ભગવદ્ગોમંડલ

કર્તા
ભગવતસિંહજી

ओ३म्

पुस्तक संख्या...... १ग/१५(३)

पञ्जिका संख्या...... २८२६१

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

Stock Verification-2024

यह पुस्तक वितरित न की जाय
NOT TO BE ISSUED

सन्दर्भ ग्रन्थ
REFRENCE BOOK

Stock Verification-2024

[illegible] १९८४-१९८५

28361(b)

CHECKED 1973

ભગવદ્ગોમંડલ

કર્તા

ભગવતસિંહજી

મહારાજા ગોંડલ, જી.સી.એસ.આઇ., જી.સી.આઇ.ઇ., એમ.ડી., એલ્એલ્.ડી., એફ્.આર.સી.પી. (એડિનબર), એફ્.આર.એસ. (એડિનબર), ડી.સી.એલ્. (ઑક્સફર્ડ), એમ.આર.આઇ. (ગ્રેટ બ્રિટન), એફ્.સી.પી. ઍન્ડ એસ. (મુંબઈ), ફેલો ઑવ બૉમ્બે યુનિવર્સિટિ.

ભાગ ૩ જો

કુ—ઙ

કાગળ, છપામણુ ને બંધામણુ
રૂા. ૨૪-૦-૦

૨૫ ઓગસ્ટ, ૧૯૪૬
ગોંડલ

વેચાણુ કીમત
રૂા. ૨૪-૦-૦

સંકેતાક્ષર અને નિશાની

વ્યુત્પત્તિના સંકેત

અ.	,	અરબી
અપ.	,	અપભ્રંશ
અવ.	,	અવસ્તા
અં.	,	અંગ્રેજી
ગુ.	,	ગુજરાતી
ગ્રી.	,	ગ્રીક
જૂ. ગુ.	,	જૂનું ગુજરાતી
તા.	,	તામિલ
તુ.	,	તુર્કી
તે.	,	તેલુગુ
દે.	,	દેશ્ય
પ.	,	પહેલવી
પોર્ટુ.	,	પોર્ટુગીઝ
પ્રા.	,	પ્રાકૃત
ફા.	,	ફારસી
ફ્રેં.	,	ફ્રેંચ
મ.	,	મરાઠી
મલ.	,	મલયલમ
યૂ.	,	યૂનાની
લે.	,	લેટિન
સં.	,	સંસ્કૃત
સ્પે.	,	સ્પેનિશ
હિં.	,	હિંદી

વ્યાકરણના સંક્ષેપ

अ.	,	અવ્યય
अ. क्रि.	,	અકર્મક ક્રિયાપદ
न.	,	નપુંસકલિંગ
पुं.	,	પુંલિંગ
ब. व.	,	બહુવચન
वि.	,	વિશેષણ
वि. पुं.	,	વિશેષણ પુંલિંગ
वि. स्त्री.	,	વિશેષણ સ્ત્રીલિંગ
श. प्र.	,	શબ્દપ્રયોગ
स.	,	સર્વનામ
स. क्रि.	,	સકર્મક ક્રિયાપદ
स्त्री.	,	સ્ત્રીલિંગ

નિશાનીની સમજ

˴	પહોળા ઉચ્ચારની નિશાની
ક઼	ક઼ાઝીના ક ના ઉચ્ચારની નિશાની
ખ઼	આલુબુખ઼ારના ખ ના ઉચ્ચારની નિશાની
ગ઼	ગ઼ાઝીના ગ ના ઉચ્ચારની નિશાની
ધ઼	ઇધ઼લામીના ધ ના ઉચ્ચારની નિશાની
ઝ	અકડબાઝના ઝ ના ઉચ્ચારની નિશાની
ઝ̄	ટ્રેઝ̄રિના ઝ ના ઉચ્ચારની નિશાની
ડ઼	અડ઼દના ડ ના ઉચ્ચારની નિશાની
થ઼	ઇથ઼રના થ ના ઉચ્ચારની નિશાની
ધ઼	ધ઼ેટના ધ ના ઉચ્ચારની નિશાની
ફ઼	આફ઼તાબના ફ ના ઉચ્ચારની નિશાની
હ઼	અહ઼ાંગળોના હ ના ઉચ્ચારની નિશાની
+	(૧) પુરવણીમાં ઉમેરેલ શબ્દ અને કરેલ અર્થવધારાની નિશાની. (૨) વધતાની નિશાની
–	થી એવા અર્થની નિશાની. જેમકે, અભિલાષા જુઓ અભિલાષ ૧–૪.
–	ઓછાની નિશાની
-	સંયુક્તની નિશાની
—	પુરવણીમાં હકીકત ઉમેર્યાની નિશાની
×	ગુણ્યાની નિશાની
÷	ભાગ્યાની નિશાની
=	બરાબરની નિશાની
≡	બધી રીતે સરખાપણાની નિશાની
∴	તેથીની નિશાની
∵	કારણકેની નિશાની
√	વર્ગમૂળની નિશાની
∛	ઘનમૂળની નિશાની
( )	શબ્દનો ઉચ્ચાર જણાવવા માટે અને વ્યુત્પત્તિમાં શબ્દના અર્થ આપવા માટે આ કૌંસ વાપરેલ છે.
[ ]	વ્યુત્પત્તિ આપવા માટે આ કૌંસ વાપરેલ છે.

ક

ક

ક ૧. [સં.] પું. એક અઘોષ વ્યંજન; ગુજરાતી ભાષાના મૂળાક્ષરોમાંનો બારમો અને વ્યંજનોમાંનો પહેલો કંઠસ્થાની હ્રસ્વ વ્યંજન વર્ણ. દેવનાગરી क જે આડો લખાય છે તે કદાચ ઊભો લખવાથી આપણો ક થયો હોય એમ મનાય છે. તેમ છતાં કાયથી લિપિનો ક, જે ઊંધા 'ક' જેવો લખાય છે તે ઉપરથી પણ વખતે હાલનો 'ક' થયો હોય. આમ બનતાં પહેલાં 'ક'ની નીચેનું પાંખડું જે ડાબી બાજુ તરફ હાલ વળેલું છે તે બહુ વરસ ઉપર જમણી બાજુ વળેલું હતું. લહીઆઓ પુસ્તક લખતાં સહેજ ઊઠવું હોય અથવા લખવાનું તે દિવસ માટે કે અમુક વખત માટે બંધ કરવું હોય તો આ અક્ષર ઉપર અટકતા નથી, કારણ કે તેઓ માને છે કે 'ક કટ જાવે'. કને બીજો વ્યંજન જોડવો હોય તો કનું વચલું પાંખડું તે વ્યંજનને અડાડીને લખાય છે. ક ને શ જોડવો હોય તો ક્ષ થાય છે અને જો ક્ષને વ્યંજન જોડવો હોય તો ક્ષ્ લખાય છે.

૨. પું. એક દેવ; અગ્નિ.

૩. પું. એક નક્ષત્ર દેવતા. વસુ, ત્વષ્ટા, ભવ, અજ, મિત્ર, સર્પ, અશ્વિનૌ, જલ, પાતા, અને ક એ નક્ષત્ર દેવતાઓ અયનોના આરંભમાં હોય છે.

૪. પું. (પુરાણ) કશ્યપ ઋષિ.

૫. પું. કામગ્રંથિ.

૬. પું. કાળ; વખત.

૭. પું. ગ્રંથિ; ગાંઠ.

૮. પું. જીવ; આત્મા.

૯. પું. (પુરાણ) દક્ષ; પ્રજાપતિ.

૧૦. પું. ધન.

૧૧. પું. પક્ષી.

૧૨. પું. પખાજના બોલોના પાંચ માંહેનો એક શબ્દ. બાંયા ઉપર હાથ દબાવવાથી તે નીકળે છે એટલે બાંયા ઉપર ખુલ્લો હાથ મારવો નહિ, પણ બાંયાનો દબાવેલો અવાજ નીકળે તેવી તરેહથી હાથ મારવો એટલે 'ક' શબ્દ નીકળશે. તેનાં પણ બારાખડીની માફક રૂપ ફરે છે. જેમકે, 'કિટતક, કિટતકા'.

૧૩. પું. પરમ પુરુષ.

૧૪. પું. પાણી; જળ.

૧૫. પું. પ્રકાશ.

૧૬. પું. પ્રલય કાળનો રુદ્ર.

૧૭. પું. પ્રલયનો અગ્નિ.

૧૮. પું. બાર; બારની સંજ્ઞા. જુઓ અંકસંજ્ઞા.

૧૯. પું. બ્રહ્મા; પ્રજાપતિ. ક (બ્રહ્મા), અ (વિષ્ણુ) અને મ (મહાદેવ) એ વિગ્રહ અનુસાર ત્રિદેવ રૂપ હોવાથી ભગવાન કામ કહેવાય છે.

૨૦. પું. બ્રાહ્મણ.

૨૧. પું. મન; અંતઃકરણ.

૨૨. પું. મસ્તક; માથું.

૨૩. પું. મહા મૃત્યુ.

૨૪. પું. માથાના વાળ.

૨૫. પું. મિલ્કત.

૨૬. પું. મેઘ.

૨૭. પું. મોર.

૨૮. પું. યમ.

૨૯. પું. રતિદેવ; કામદેવ.

૩૦. પું. રાજા.

૩૧. પું. રોગ.

૩૨. પું. લખાણુ અને લખાણુના નિયમો જુદા પાડવા માટે વપરાતો શબ્દ.

૩૩. પું. વાયુ.

૩૪. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. આ શબ્દ સુખવાચક છે, સુખરૂપથી સ્તુતિ કરાય છે તેથી પરમાત્મા ક કહેવાય છે.

૩૫. પું. શબ્દ.

૩૬. પું. શરીર.

૩૭. પું. સુખ.

૩૮. પું. સૂર્ય.

૩૯. પું. સોનું; કંચન.

> કં જલ કં સુખ કં અનિલ કં કરો કામ;
> કં કંચનથી પ્રીત તજી નિજ ભજીયે ભગવાન.
> પિંગળલઘુકોષ

૪૦. [સં. કિમ્] સ. (પ્રાકૃત) કોણુ? શું?

૪૧. અ. (ડિંગળ) અથવા.

૪૨. અ. અનિશ્ચિત અર્થ સૂચવતો પ્રત્યય. જેમકે, કશુંક; ક્યાંક.

૪૩. અ. કરનાર એવો અર્થ બતાવનાર પ્રત્યય. જેમકે, લેખક; પાલક; નિંદક; પૃચ્છક.

૪૪. [સં. કુ (ખરાબ)] અ. ખરાબ એવો અર્થ બતાવનાર પૂર્વગ. જેમકે, કજાત; કઠામ.

૪૫. અ. ના જેવું એવો અર્થ બતાવતો અરબી પૂર્વગ. જેમકે, ક-લ-નકશ = પથ્થર ઉપર કોતરવા જેવું.

૪૬. અ. નાનાપણું બતાવનાર પ્રત્યય. જેમકે, બાળક; દીપક; બતક.

૪૭. અ. નામ ઉપરથી નામ કરનાર પ્રત્યય. જેમકે, ટાઢક; સ્થાનક.

૪૮. અ. 'નું'; સંબંધ અર્થે વપરાતો પ્રત્યય. જેમકે, નામક; વિષયક.

૪૯. અ. લાલિત્ય બતાવનાર પ્રત્યય.

૫૦. અ. શબ્દની પૂર્વે કોઈ વખતે નિરર્થક લગાડાતો પૂર્વગ. જેમકે, વખોડવું ને બદલે કવખોડવું.

૫૧. અ. સમુદાય કે જથ્થો બતાવનાર પ્રત્યય. જેમકે, પંચક; શતક; દશક.

કઅબ ૧. [અ.] પું. ખાડો.

૨. પું. ધન.

૩. પું. પ્યાલો.

કઅબતૈન ૧. [અ.] પું. બ. વ. બે પાસાવાળી ગમે તે રમત.

૨. પું. બ. વ. મક્કા અને જેરુસાલેમની બે પવિત્ર મસીદો.

કઅબા [અ. કઅબ (ધન)] પું. મક્કાની મસીદ. ત્યાં મુસલમાનો જાત્રાએ જાય છે.

કઅર (કઅર) [અ.] પું. ઊંડાઈ.

કઅરે દરિયા = નદીની ઊંડાઈ.

કઅવસર [સં. કુ (ખરાબ) + અવસર (સમય)] પું. કવખત; કટાણું.

કઆડી (કઆડ઼ી) પું. કલ્પિત કથા; દંતકથા.

કઈ ૧. પું. કવિ.

૨. [અ.] સ્ત્રી. ઊલટી.

૧. કઈ આવર = ઊલટી કરાવનારી દવા.

૨. કઈ આવવી = (૧) કંટાળવું. (૨) મોળ આવવી.

૩. કઈ દસ્ત = ઊલટી અને ઝાડાનો રોગ.

૩. ન. (કચ્છી) એક જાતનો બાવળ. તેના છોડ બેથી ચાર હાથ ઊંચા, ફૂલ ગુલાબી રંગનાં અને શીંગ ચારથી ૭ સાંધાવાળી હોય છે. તેને ઝીંઝણી કહે છે.

૪. [સં. કિમ્ (શું)] સ. કોણ.

૫. સ. ‘કયું’નું સ્ત્રીલિંગ.

૬. [સં. કતિ] વિ. કેટલાક; થોડા.

૭. વિ. કેટલું.

૮. વિ. કેવું; શી જાતનું; કેવી જાતનું.

૯. વિ. સ્ત્રી. કેવી; શી; કેવી જાતની.

૧૦. વિ. સ્ત્રી. ‘કયું’નું સ્ત્રીલિંગ.

૧૧. અ. (ડિંગળ) કોઈ દિવસ; કદિ.

૧૨. અ. (ડિંગળ) ક્યારે.

કઈઆ અ. ક્યારે.

કઈએક ૧. વિ. કેટલાક.

૨. વિ. થોડા.

કઈક ૧. વિ. અનેક; બહુ જ; ઘણા.

૨. વિ. કેટલાક; ઘણાએક; કેટલાએક.

કઈકઈ ૧. સ. કેટલીક.

૨. વિ. સ્ત્રી. કેટલીક; જુદીજુદી.

કઈડવું (કઈડ઼વું) ન. ઘઉં અને જવ એકઠા હોવાપણું.

કઈડા (કઈડ઼ા) ૧. સ્ત્રી. એ નામની સુમરાની એક અટક.

૨. ન. એ અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કઈણવું અ. ક્રિ. બહુ દુઃખ કે શારીરિક પીડાથી માણસે ઊંહ ઊંહ એવો અવાજ કરવો.

કઈદફા [હિં.] અ. કેટલીએ વાર.

કઈબાર અ. વારંવાર.

કઈયવ [સં. કેતવ] ન. કપટ.

કઈલા ૧. સ્ત્રી. કડવા કણબીની એક અટક.

૨. ન. એ નામની કડવા કણબીની અટકનું માણસ.

૩. વિ. કડવા કણબીની એ નામની અટકનું.

કઈલાસ ૧. ન. શંકરનું નિવાસસ્થાન.

૨. ન. સુખનું સ્થાન.

૩. ન. હિમાલયનું એ નામનું શિખર; કૈલાસ.

કઈલાસા સ્ત્રી. કૈલાસ. જુઓ કઈલાસ.

કઈવિયા સ્ત્રી. થૂંકદાની.

કઈવો ૧. પું. કામ.

૨. પું. ખરાબ કામ.

૩. પું. યુક્તિ.

કઉઅત ન. કૌવત; તાકાત; જોર.

કઉઓ પું. કાગડો.

કઉચાં ન. કવચ; એક જાતની વનસ્પતિ. તે ક્ષયરોગ ઉપર ઉપયોગી મનાય છે.

કઉણ [સં. કઃ; પ્રા. કોઉણ] સ. (જૂ. ગુ.) કોણ.

કઉલી સ્ત્રી. કરચલો. તેને દશ પગ હોવાથી દશમૂળી પણ કહે છે.

કઉવચ પું. જેને અડતાં ચળ આવે એવો એક છોડ.

કઉવત ન. તાકાત; શક્તિ.

કઉહિ પું. ખૂંટ; ખૂંટિયો.

કઉંદલ [હિં.] ન. લાલ ઇંદ્રામણું. તેમાંથી નીકળતું તેલ કાનમાં નાખવાનાં ટીપાં તરીકે વપરાય છે.

કઊસજ ન. (જરથોસ્તી) શિયાળાની વિદાયગીરી સૂચવનાર એ નામે ઈરાનીઓનું એક જશન.

કઊંચ [હિં.] ન. કૌંચા.

કઊંહક્કા [હિં.] પું. ચાડિયો.

કઋત [ક (ખરાબ) + ઋત (ઋતુ)] સ્ત્રી. કઋતુ; ખરાબ મોસમ.

ઋત **કઋત** નહિ મેઘને મન. અખો

કઋતુ ૧. સ્ત્રી. અસ્વાભાવિક કાળ; અસાધારણ સમય.

૨. [સં. ક (ખરાબ) + ઋતુ (મોસમ)] સ્ત્રી. કમોસમ; ખરાબ ઋતુ; કરત.

કક ૧. પું. બગલો.

૨. સ્ત્રી. એ નામની લોકોની જાત.

કકઈ સ્ત્રી. બંને બાજુ દાંતાવાળો દાંતિયો.

કકચકોટિ [મ.] સ્ત્રી. કરવત.

કકડ (કકડ઼) ૧. સ્ત્રી. એ નામની લોહાણાની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

૪. વિ. કડક; કઠણ.

કકડતું (કકડ઼તું) ૧. વિ. અક્કડ.

૨. વિ. ઊકળતું; ઘણું તપી ગયેલું.

૩. વિ. ખડખડતું; અત્યંત ગરમી અથવા બહુ ટાઢની અસરથી દાંતમાં કડકડ અવાજ થતો હોય એવું.

૪. વિ. ઘણું જ.

૫. વિ. ચોખ્ખું અને ઇસ્ત્રીવાળું; કડકડતું.

૬. વિ. તંગ.

૭. વિ. ધ્રુજાવે એવું.

૮. વિ. સખત.

કકડધજ (કકડ઼ધજ) ૧. [કકડ (કડક) + ધ્વજ (વાવટો)] વિ. અક્કડ ઊભું રહે એવું; નરમ નહિ પડેલું; ટટ્ટાર.

૨. વિ. ઉત્તમ.

૩. વિ. મજબૂત; જોરાવર; તાકાતવાળું.

૪. વિ. મહાન; ભવ્ય.

૫. વિ. હોશિયાર.

કકડધૂસ (કકડ઼ધૂસ) જુઓ કકડભૂસ.

કકડભૂસ (કકડ઼ભૂસ) ૧. અ. કડકડ એવા અવાજ સાથે.

૨. અ. કોઈ મોટી ચીજ જમીન ઉપર તૂટી પડતાં થતા અવાજ સાથે.

૩. અ. ધબ દઈને; ખૂબ અવાજ સાથે.

કકડવું (કકડ઼વું) ૧. અ. ક્રિ. કડકડ એવો અવાજ થવો.

૨. અ. ક્રિ. કડકડ થાય એટલું ઊકળવું.

૩. અ. ક્રિ. ખડખડવું.

૪. અ. ક્રિ. ગુસ્સાથી દાંતનું અથડાવું.

૫. અ. ક્રિ. ધ્રૂજવું.

૬. અ. ક્રિ. બીકને લીધે કકડાટી થવી.

૭. અ. ક્રિ. સંકોચાઈ જવું.

કકડવેલ (કકડ઼વેલ) સ્ત્રી. એક જાતની ઔષધિ.

કકડાકકડી (કકડ઼ાકકડ઼ી) સ્ત્રી. કચરપચર; આચરકૂચર.

કકડાટ (કકડ઼ાટ) ૧. પું. કડકડાટ; કડકડ એવો અવાજ.

૨. પું. કંકાસ; કજિયો.

૩. પું. પ્રવાહીના ઊકળવાનો અવાજ.

૪. પું. ખડખડાટ.

૫. પું. ગડગડ એવો અવાજ.

૬. પું. મેઘગર્જના.

૭. અ. અટક્યા વગર.

૮. અ. વેગભેર; ઝપાટાબંધ.

કકડાટી (કકડ઼ાટી) સ્ત્રી. કડકડ એવો અવાજ.

કકડાલી (કકડ઼ાલી) સ્ત્રી. બગલમાં થતી ગાંઠ; બામલાઈ.

કકડાવવું (કકડ઼ાવવું) ૧. સ. ક્રિ. ઉકાળવું; ખૂબ ઊનું કરવું; કડકડાવવું.
૨. સ. ક્રિ. કડકડ એવો અવાજ થાય એમ કરવું.
૩. સ. ક્રિ. ખરૂં કરવું; સીઝવવું.
૪. સ. ક્રિ. ચાવવું; ખાઈ જવું.
૫. સ. ક્રિ. દાંત બોલાવવા.
૬. સ. ક્રિ. ધ્રુજાવવું; ખડખડાવવું.
૭. સ. ક્રિ. પચાવી પાડવું.
૮. સ. ક્રિ. વાપરી નાખવું.

કકડાશિંગી (કકડ઼ાશિંગી) [હિં.] સ્ત્રી. કાકડાશિંગી.

કકડી (કકડ઼ી) ૧. સ્ત્રી. કટકી; કરચ; નાનો કટકો.
૨. [સં. કર્કટિકા (કાકડી)] સ્ત્રી. કાકડી.
૩. સ્ત્રી. ખેતરનો નાનો ભાગ.
૪. સ્ત્રી. પોપડું; ઢેફું.
૫. વિ. અતિશય; ખૂબ; તીવ્ર.
૬. વિ. થોડુંક; નાના કકડા જેવું.
૧. કકડી ખીરા કરવી = (૧) તુચ્છ બનાવવું; કંઈ કદર ન કરવી. (૨) શાપ આપવો.
૨. કકડીના ચોરને કટારીથી મારવો = નાના ગુનામાં મોટો દંડ મૂકવો; નિષ્ઠુરતા બતાવવી.

કકડીક (કકડ઼ીક) વિ. કકડી જેટલું; બહુ જ થોડું.

કકડીકોર (કકડ઼ીકોર) ૧. સ્ત્રી. છેક નાનો કકડો.
૨. વિ. થોડુંક; જરા.

કકડી જવું (કકડ઼ી જવું) ૧. અ. ક્રિ. ઉભરાઈ જવું.
૨. અ. ક્રિ. પુષ્કળ હોવું.

કકડીને (કકડ઼ીને) ૧. અ. કડકડ થઈને; ખૂબ જોસમાં; સપાટાબંધ.
કકડીને પડવું = ખૂબ જોસમાં પડવું.
૨. અ. ખૂબ; સખત રીતે.
૩. અ. જોરથી; પરાણે.

કકડેકકડા (કકડ઼ેકકડ઼ા) ૧. પું. બ. વ. ભૂકો; ચૂરો.
૨. અ. ચૂરેચૂરા; ટુકડેટુકડા.

કકડેકકડી (કકડ઼ેકકડ઼ી) અ. જરાયે જરા; આખેઆખું.

કકડેકકડે (કકડ઼ેકકડ઼ે) ૧. અ. આંતરે.
૨. અ. કાંધાથી; હફતે હફતે.
૩. અ. ટુકડે ટુકડે.

કકડેકકડો (કકડ઼ેકકડ઼ો) ૧. અ. સંપૂર્ણાંશે; આખેઆખું.
૨. અ. જરાજરા; થોડે થોડે.

કકડેબચકે (કકડ઼ેબચકે) ૧. [કકડો (ટુકડો) + બાચકો (ટુકડો)] અ. કાંધાથી; હફતે હફતે; થોડે થોડે.
૨. અ. ધીમે ધીમે; આંતરે.

કકડો (કકડ઼ો) ૧. [સં. કૃત્ (કાપવું)] પું. આખાનો ભાગ; ખંડ.
કકડે કકડા થઈ જવું = ભાંગીને ભૂકો થઈ જવું.
૨. પું. ઉછાળો.
૩. પું. ઊભરો.

કકડોક (કકડ઼ોક) વિ. જરાક; થોડુંક.

કકડોકોર (કકડ઼ોકોર) [કકડો (ટુકડો) + કોર (કિનાર)] વિ. બહુ જ થોડું; કોરના કકડા જેટલું.

કકડોળી સ્ત્રી. મકાઈનો રોટલો.

કકણવવું સ. ક્રિ. કોચવાવવું.

કકણવું ૧. અ. ક્રિ. દુઃખ અથવા માંદગીને લઈને ઊંહકારા કરવા; કોચવાવું.
૨. અ. ક્રિ. મનમાં બબડવું.

કકણાટ ૧. પું. અવાજ; ગડબડ.
૨. પું. કણકણ એવો અવાજ; કણકણાટ.
૩. પું. કંટાળો.
૪. પું. કંપારો; થરથરાટ; ધ્રુજારો.

કકણાટો જુઓ કકણાટ.

કકણાવવું સ. ક્રિ. કણકણે એમ કરાવવું; સતવવું.

કકણો જુઓ કકણાટ.

કકના ૧. [સં.] સ્ત્રી. નાની વીંટી.
૨. સ્ત્રી. બંગડી.
૩. સ્ત્રી. વળીઆં.

કકનાસિક પું. એક જાતનું ઝાડ. તેનાં ફળનો રસ ખસ અને ખરાબ વાસ મારતાં ગૂમડાંને માટે અકસીર ઇલાજ મનાય છે. તેનું સૂકું ફળ ઊંઘ લાવનાર છે.

કકની જુઓ કકના.

કકબા પું. એક જ બાજુ દાંતાવાળો દાંતિયો.

કકમારી [હિં.] પું. એક જાતનો છોડ.

કકસુ ન. ભગવાં લૂગડાં.

કકર [સં.] ન. એક જાતનું પક્ષી.

કકરઘાટ [સં.] પું. ઝેરી મૂળિયાંવાળું એક ઝાડ.

કકર જદ [યૂ.] ન. એક જાતનું શાક.

કકરબાઈ [સં. કક્ષ (બગલ)] સ્ત્રી. (હિંદી) બગલમાં થતું પીડા કરે એવું ગૂમડું; બામલાઈ.

કકરહાટ [સં.] પું. મૂળમાં વિષ હોય એવું એક જાતનું ઝાડ; કકરઘાટ.

કકરા સ. કોણ? કયું?

કકરાઈ જુઓ કકરબાઈ.

કકરાટ ન. હોશિયારી; ચાલાકી.

કકરાટી સ્ત્રી. ચાલાકી.

કકરામણ સ્ત્રી. દાતરડાં અને કરવત વગેરેમાં ઝીણા દાંતા કરાવવાની મજૂરી.

કકરાલી જુઓ કકરાઈ.

કકરાવવું સ. ક્રિ. કાકર કઢાવવા.

કકરાવું ૧. સ. ક્રિ. કરકરૂં કરવું; જરાક જાડું રહે એમ કરવું.
૨. સ. ક્રિ. કરર કરર અવાજ થાય તેમ દાંત બોલાવવા; દાંત કટકટાવવા; દાંત કચડવા.
કકરાવી મૂકે દંત, શકે તીવ્ર કરાવે તે.
વલ્લભ
૩. સ. ક્રિ. કાકર કઢાવવા; દાતરડાં, કરવત વગેરેના દાંતા કઢાવવા; રેતડીથી ઘસી તીણું કરાવવું.
૪. સ. ક્રિ. ગુસ્સે થવું.

કકરાળા પું. બ. વ. સાળમાં સૂતર ઉપર નીચે લેવા અને તાગ છૂટા પાડવા માટે વપરાતાં લાકડાનાં પાવલાં.

કકરિયા પું. બિહારી આંબાની એક જાત.

કકરી ૧. [હિં.] સ્ત્રી. કાંકરી.
૨. સ્ત્રી. બગલ.
૩. વિ. સ્ત્રી. ખડબચડી.
૪. વિ. સ્ત્રી. સારો પાક થાય એવી.

કકરૂં ૧. વિ. આકરા સ્વભાવનું.
૨. વિ. કરકરૂં; ઝીણી ઝીણી કાંકરી જેવું લાગતું હોય એવું.
૩. વિ. ખડબચડું.
૪. વિ. ઘણું ગરમ.
૫. વિ. ચંચળ; ચાલાક.
૬. વિ. બરડ; જલદી ભાંગી જાય એવું.

કકરૂંધા [હિં.] પું. કપૂરિયો; એક જાતનો છોડ.

કકરેજી ૧. સ્ત્રી. સુતરાઉ કાપડનો એક રંગ.
૨. વિ. એ નામના રંગનું.

કકરો ૧. પું. કાળીચૌદશને દિવસે પૂરી, વડાં વગેરે વસવાયાંને વહેંચવાનું કામ.
૨. વિ. પું. આકરા સ્વભાવનો.

કકરોડિયા (કકરોડ઼િયા) સ્ત્રી. સફેદ ઝીણી કાંકરીવાળી ગોરાટ જમીન. આ જમીનની માટી ઈંટ બનાવવામાં વપરાય છે.

કકરોલ સ્ત્રી. ચોમાસામાં થતી એક જાતની વનસ્પતિ; કરકટ; કરકોલ. તેની બે જાત છે: મીઠી અને કડવી. મીઠીનું શાક થાય છે. તેના ગુણ કારેલાંને મળતા છે. કડવી જાતનાં બીનાં ફોતરાં ઉતારી ઘી કે તેલમાં તળી કે પાક બનાવી દવા તરીકે વપરાય. તે કફ, છાતીના રોગ, અંદરના ભાગનો તીક્ષ્ણ વરમ, પ્લીહાવૃદ્ધિ, કટિશૂળ, અંદરના વ્રણ, યોનિભ્રંશ અને હાડકાંનો સડો સુધારે, ગર્ભાશયની અંદરના મળ અને સુકાયેલ ગર્ભ બહાર કાઢી ગર્ભાશય સ્વચ્છ અને શક્તિમાન બનાવે, વંધ્યાપણું ટાળે અને શરદી, કફ ને ખાંસી મટાડે. બચ્ચાંના પેટમાં ભાર રહે તે માટે તે ચોક્કસ અને સલામત ઉપાય મનાય છે. બંગાળમાં તેના ચૂર્ણ સાથે બીજી ગરમ તેજાનાદાર દવાઓ નાખી એક બનાવટ કરે છે તેને ઝાલ કહે છે. તે પ્રસવ વખતે અને તે પછી થોડા દહાડા સ્ત્રી હમેશા ખાય તેથી સુખે પ્રસવ થઈ ઓર અને મળ નીકળી જાય, અંદર શરદી કે વાયુ ભરાયાં હોય તેને કાઢી પ્રસૂતા સ્ત્રીને શક્તિમાન બનાવે, યોનિભ્રંશ ટાળી યોનિનો સંકોચ કરે. તેમાં રેચક અને રક્તશોધક ગુણ સારા છે.

કકરોંદા ૧. [સં.] પું. એક જાતનો છોડ; કકરૌંદા.

૨. ન. એ નામના છોડનું ફળ.

કકરૌંદા [હિં.] પું. એક જાતનો છોડ; કપૂરિયો. તેના ઉપર ધોળા રંગની ખરસટ રૂંછાળ હોય છે. પાન મેથીનાં જેવાં ત્રણ ત્રણ ભેળાં આવે અને શીંગ કાચી હોય ત્યારે ચોખા જેવી દેખાય છે.

કકલાણ [સં. કલકલ] ન. કળકળાટ. જુઓ કકળાણ.

કકલો પું. શોરબકોર; કલકલાણ. જુઓ કકલાણ.

કકસિયા પું. એક જાતનો આંબો.

કકસી [સં. કર્કશા] સ્ત્રી. એક જાતની માછલી. ગંગા, જમના, સિંધુ વગેરે નદીઓમાં તે હોય છે.

કકહરા સ્ત્રી. 'ક' થી 'હ' સુધીની વર્ણમાળા.

કકહા પું. એક બાજુ દાંતાવાળો દાંતિયો.

કકહિયા સ્ત્રી. કાંસકી.

કકહી સ્ત્રી. બંને બાજુ દાંતાવાળો દાંતિયો.

કકળવું ૧. [સં. કલ્ (અવાજ કરવો)] અ. ક્રિ. કકળાટ કરવો; કલ્પાંત કરવો; જીવ બાળવો; મનમાં બળવું. આ શબ્દ સંસ્કૃત આક્રંદ્ ઉપરથી દેશ્ય કુલકુલઈ થઈ ઉદ્ભવ્યો છે.

૧. આંતરડી કકળી ઊઠવી = (૧) બદદુઆ દેવી; શાપ આપવો. (૨) મનમાં ઘણું જ દુ:ખ થવું; બહુ જ દિલગીર થવું.

૨. કકળી ઊઠવું = (૧) મોટેથી રાડો પાડવી. (૨) લાગણીથી ફરિયાદ કરવી.

૨. અ. ક્રિ. કરગરવું.

૩. અ. ક્રિ. ખૂબ ગરમ થઈ જવું; ઊકળવું.

૪. અ. ક્રિ. ગુસ્સે થવું; ખિજાવું.

૫. અ. ક્રિ. બબડવું; ગણગણવું.

૬. અ. ક્રિ. મળસકે કાગડાઓનું બોલવું.

૭. અ. ક્રિ. રીસમાં બોલવું; દુ:ખમાં પીડાવું.

કકળાટ ૧. પું. અસંતોષ.

૨. [સં. કલ્ (અવાજ કરવો)] પું. ઊકળતા પ્રવાહીનો અવાજ.

૩. [ફા. કિલકિલ (બકવાદ)] પું. કજિયો; કલેશ; બોલાચાલી.

કકળાટ કાઢવો = (૧) કજિયો શાંત કરવો. (૨) કાળીચૌદશની રાતે એક ખોખરૂં વાસણ ઘર બહાર કાઢીને થાળી વગાડતાં મૂંગા મૂંગા ઘરમાં આવવું. કકળાટ જાય અને લક્ષ્મી આવે એવી ભાવનાથી આસો વદ ચૌદશની રાતે આ ક્રિયા કરવામાં આવે છે.

૪. પું. કાળીચૌદશને દિવસે સાંજે ચાર રસ્તા મળતા હોય તેવા ચોકમાં પાણીનું કૂંડાળું કાઢી તેમાં મૂકવામાં આવતાં ત્રણ વડાં.

૫. પું. તળવું તે.

૬. પું. ફરિયાદ.

૭. [કકળ (રૂદન) + આટ (નામ બનાવનાર પ્રત્યય)] પું. રડારોળ; હાયપીટ; કલ્પાંત.

૮. પું. શોરબકોર; ધોંધાટ; કોલાહલ; ગરબડ; ગોકીરો; ઘુમરાણ.

કકળાટિયું ૧. વિ. કંકાસિયું; કજિયાખોર.

૨. વિ. ધોંધાટ કરે એવું.

કકળાણ ૧. [સં. કલકલ] ન. આક્રંદ; કલ્પાંત; કળકળાટ; શોક.

૨. ન. કજિયો; કલેશ; રડારોળ; કકળાટ.

૩. ન. ઘુમરાણ; શોરબકોર; ધાંધલ.

કકળામણ ૧. ન. કજિયો; કલેશ; રડારોળ.

૨. ન. ઘુમરાણ.

કકળાવવું ૧. સ. ક્રિ. ઉકાળવું.

૨. સ. ક્રિ. રિબાવવું; પીડવું.

૩. સ. ક્રિ. શેકવું.

કકંદ ૧. [સં.] પું. રાજા.

૨. પું. સોનું.

કકંબર [અં.] ન. કાકડી.

કકા [હિં.] પું. કાકો.

કકાટિકા ૧. [સં.] સ્ત્રી. ગળાનો કાકડો.

૨. સ્ત્રી. માથાની ઓડનો એક ભાગ.

૩. સ્ત્રી. લલાટનું એક હાડકું.

કકાટિયો [સં. કક્ખટ (મજબૂત)] પું. ચકમકનો પથ્થર; ચમકપહાણ; જેની સાથે પોલાદ અફાળવાથી અગ્નિના તણખા ઝરે તેવો પથ્થર.

કકાર ૧. [સં.] પું. ક અક્ષર.

૨. [સં. ક (એક વર્ણ) + કાર (અવાજ)] પું. ક ઉચ્ચાર.

કકારાંત [સં. ક (એક વર્ણ) + કાર (અવાજ) + અંત (છેડો)] વિ. જેને છેડે ક અક્ષર હોય એવું.

કકિહી પું. એક બાજૂ દાંતાવાળો દાંતિયો.

કકુડો (કકુડ઼ો) પું. કાકુ; કીકો; છોકરો; નાના છોકરાને લાડથી બોલાવવાનો શબ્દ.

કકુત્સ્થ ૧. [સં. કકુદ્ (ખૂંધ) + સ્થ (રહેલ)] પું. ઇક્ષ્વાકુના દીકરાનું નામ; ઇંદ્રવાહ; પુરંજય. વર્તમાન પુરંદર ઇંદ્રને એક વખત દૈત્યો સાથે યુદ્ધ થયું. તેમાં તેણે અયોધ્યાના રાજા કકુત્સ્થની મદદ માગી. રાજાની સવારી માટે ઇંદ્ર બળદ બનીને આવ્યો. રાજા તે બળદની પીઠ ઉપર સવાર થઈ લડાઈમાં ગયો અને અસુરોને હરાવ્યા. બળદ બનેલા ઇંદ્રની પીઠ ઉપર તેણે સવારી કરી તેથી તેનું નામ કકુત્સ્થ પડ્યું. ઇંદ્રે ધારણ કરેલા શુભ્ર વૃષભ રૂપ ઉપર તેનું આસન હતું, માટે કોઈ ગ્રંથમાં એને ચંદ્રવાહ પણ કહેલ છે. વાલ્મીકિ રામાયણમાં તેને ભગીરથનો દીકરો લખ્યો છે, પણ ક્યાંક તેને ઇક્ષ્વાકુનો પુત્ર અને ક્યાંક સોમદત્તનો પુત્ર જણાવ્યો છે.

૨. પું. ઇક્ષ્વાકુના પુત્ર શશાદનો દીકરો.

૩. પું. એક જાતનો ખરાબ પ્રેત.

૪. પું. સૂર્યવંશના ઇક્ષ્વાકુ રાજાના દીકરા વિકુક્ષિ રાજાનો દીકરો.

૫. વિ. ખાંધ ઉપર બેસનાર.

કકુદ ૧. [સં. કકુદ્] પું. પર્વતનું શિખર.

૨. પું. પ્રધાન; મંત્રી.

૩. પું. બહાર નીકળેલો ખૂણો.

૪. પું. શીંગડું.

૫. ન. બળદની ખૂંધ; ખાંધ ઉપરના ભાગનો માંસપિંડાકાર.

૬. ન. રાજચિહ્ન; છત્ર વગેરે.

કકુદાવર્ત્ત [સં. કકુદ્ (ખૂંધ) + આવર્ત (આંટો)] પું. ખૂંધ ઉપર રહેલ રુવાંટાનું દુષ્ટ ચક્ર.

કકુદી [સં. કકુદિન્] પું. ખૂંધ ઉપર રુવાંટાના ચક્કરવાળો ઘોડો.

કકુદ્ સ્ત્રી. દક્ષની એ નામની દીકરી; ધર્મની સ્ત્રીનું નામ.

કકુદ્મતિ સ્ત્રી. કેડ; કમર; કટિ.

કકુદ્મતી [સં.] સ્ત્રી. કેડ.

કકુદ્માન ૧. [સં.] પું. એક ઔષધિ; રૂષભક. તેનો આકાર શીંગડાના જેવો હોય છે. તેના પાન કકરૌંદા જેવાં અને તેના ઉપર રૂછાં પણ કકરૌંદા જેવાં હોય છે માટે તેને કકુદ્માન કહે છે.

૨. પું. કમર; કટિ; કેડ.

૩. પું. પર્વત.

૪. [સં. કકુદ્ (ખૂંધ) + મત્ (વાળું)] પું. બળદ.

૫. ન. કૈલાસ પર્વતની વાયવ્ય દિશામાં આવેલું હિમાલયનું શિખર. નંદીની ઉત્પત્તિ ત્યાં થઈ છે.

૬. વિ. ખૂંધવાળું.

કકુદ્મિ પું. (પુરાણ) રેવ રાજાનું બીજું નામ; રૈવત.

કકુદ્મિકન્યા [સં.] સ્ત્રી. બળદેવની સ્ત્રી રેવતી.

કકુદ્મિસુતા જુઓ કકુદ્મિકન્યા.

કકુદ્મી પું. રેવતના સો માંહેનો સૌથી મોટો દીકરો; રૈવત.

કકુદ્વાન ૧. [સં. કકુદ્ (ખૂંધ) + વત્ (વાળું)] પું. ખૂંધવાળો બળદ.

૨. પું. મરા પર્વત; ઍંગ્લો ઇજીપ્શિયન સુદાન અને લીબિયમાં આવેલો એ નામનો પર્વત.

૩. ન. (પુરાણ) હિમાલયનું એ નામનું એક શિખર. તે કૈલાસ શિખરની વાયવ્યમાં આવેલું છે અને નંદીનું ઉત્પત્તિસ્થાન મનાય છે.

૪. વિ. ખૂંધવાળું.

કકુધ ૧ [સં. કકુદ્] પું.;ન. (પ્રાકૃત) પર્વતની ટોચ.

૨. પું.;ન. બળદની ખૂંધ.

૩. પું.;ન. રાજચિહ્ન.

૪. વિ. પ્રધાન; મુખ્ય.

કકુપ [સં. કકુપ્] પું. એક વૈદિક છંદનું નામ.

કકુભ ૧. પું. અર્જુન વૃક્ષ; સાદડ.

૨. પું. એ નામનો એક પર્વત.

> દ્રોણ, ચિત્રકૂટ, ગોવર્ધન, રૈવતક, **કકુભ**, નીલ
> પર્વત વગેરે ભરતખંડના પર્વતો છે.
>
> ભગવતી ભાગવત

૩. પું. એ નામનો એક રોગ.

૪. પું. એક જાતનું પ્રેત.

૫. પું. (સંગીત) ત્રણ પાદના એક છંદનું નામ. તેના પહેલા પાદમાં ૮, બીજામાં ૧૨ અને ત્રીજામાં ૧૮ વર્ણ હોય છે.

૬. [સં. કકુભ્ (દિશા)] પું. દશ સૂચક સાંકેતિક શબ્દ; દશની સંજ્ઞા, કેમકે દિશા દશ છે.

૭. પું. બહેડાનું ઝાડ.

૮. પું. વીણા નીચેનું તુંબડાનું પાત્ર.

૯. પું. વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ.

૧૦. સ્ત્રી. (સંગીત) એ નામનો એક વૈદિક છંદ.

૧૧. સ્ત્રી. એક જાતની રાગિણી; ઇંદ્રપ્રસ્થ મત પ્રમાણે મુખ્ય છ રાગ માંહેના કૌશિક રાગની એ નામની રાગિણી.

૧૨. સ્ત્રી. ચંપાના ફૂલની માળા.

૧૩. સ્ત્રી. તંબૂરા કે વીણાના તુંબડા ઉપર રાખેલી દાંતની અથવા હાડકાની ઘોડી. તાર લાકડાને અથડાય નહિ એટલા માટે તારને સહેજ ઊંચો રાખવા તે ગોઠવવામાં આવે છે.

૧૪. સ્ત્રી. દિશા.

> કન્યા કાષ્ટા **કકુભ** દિશા ગો આશા દિગ જોર;
> ચિતવન કરતા નાથ તુજ જ્યમ શશિ ઉદય ચકોર.
>
> પિંગળલઘુકોષ

૧૫. સ્ત્રી. (પુરાણ) ધર્મ ઋષિની સ્ત્રી અરુંધતીનું બીજું નામ.

૧૬. [સં. કકુભ્] સ્ત્રી. પૃથ્વી.

૧૭. સ્ત્રી. પ્રાણ.

૧૮. સ્ત્રી. શાસ્ત્ર.

૧૯. સ્ત્રી. શોભા; સૌંદર્ય.

૨૦. સ્ત્રી. શિવનાં હજાર માંહેનું એક નામ.

૨૧. વિ. મોટું.

કકુભબિલાવલ પું. (સંગીત) ખમાજ થાટનો સંપૂર્ણ પ્રકારનો એ નામનો એક રાગ. તેમાં શુદ્ધ તેમ જ કોમળ નિષાદનો પ્રયોગ થાય છે. તે સિવાય બધા શુદ્ધ સ્વર હોય છે. આ રાગમાં આરોહે રિષભ વર્જ્ય છે અને ધૈવત દુર્બળ છે. તેનો વાદી સ્વર પંચમ સંવાદી રિષભ છે. તે પ્રાતઃકાળે ગવાય છે. તેમાં બિલાવલ, બિહાગ અને ખમાજ રાગોનો ભાસ થાય છે.

કકુભા ૧. સ્ત્રી. (પિંગળ) અઠ્ઠાવીસ માત્રાનો એક માત્રામેળ છંદ. તેમાં ૧૬ અને ૧૨ માત્રાએ વિસામો અને ૧, ૫, ૯, એમ દર ચાર માત્રાએ તાલ આવે છે.

૨. સ્ત્રી. દક્ષની એક દીકરીનું નામ. તે ધર્મની સ્ત્રી હતી.

૩. [સં.] સ્ત્રી. દશની સંજ્ઞા.

૪. સ્ત્રી. દિશા.

૫. સ્ત્રી. (જૂ. ગુ.) ભૈરવી રાગ સાથે સંબંધ રાખતી એક રાગિણીનું નામ.

> ત્રિગુણા **કકુભા** ખંભાઈતી,
> અમ્ભારી સામેરી સતી.
>
> લાવણ્યસમય

૬. સ્ત્રી. (સંગીત) માલકોશ રાગની એક રાગિણી. તે દિવસના બીજા પહોરે ગવાય છે.

કકુભાદિ ચૂર્ણ [સં. કકુભ (એક વનસ્પતિ) + આદિ (વગેરે) + ચૂર્ણ (ભૂકો)] ન. હૃદયરોગમાં ઉપયોગી અને શક્તિવર્ધક મનાતું એક ઔષધ. તેમાં મુખ્ય ઔષધિઓ કકુભ, વચા, રાસ્ના, કુશ, ગંગેરુકિ અને શાચિ હોય છે. તે ૧૦થી ૪૦ ગ્રેનની માત્રામાં સવારે ઘીમાં લેવાય.

કકુભૂ સ્ત્રી. દિશા.

કકુમ પું. એ નામની એક વનસ્પતિ; આસાંદરો.

કકુલ ન. વસ્ત્ર; કપડું.

કકુલી પું. બલિરાજાના દીકરાનું નામ. તે અરિષ્ટાસુર થયો હતો.

કકુહ વિ. ઊંચું; મોટું.

કકુંજલ [સં.] પું. ચાતક પક્ષી.

કકુંદની સ્ત્રી. એક ખી; માલકાંકણી.

કકુંદર [સં.] ન. કેડની નીચે કૂલાના બે ખાડામાંનો દરેક.

કકુંદર પિંડ ૧. [સં.] પું. થાપાના મૂળમાં રહેલ હાડકાનો આગળ વધેલ ગોળ ભાગ.

૨. પું. પગનો એ નામનો એક સ્નાયુ.

કકુંદરમર્મ પું. [સં.] કરોડની બંને બાજુએ બહુ નીચે નહિ પણ જંઘાના ભાગની બહારની બાજુએ આવેલું અર્ધા આંગળનું એક સંધિમર્મ. ત્યાં ઈજા થવાથી શરીરના નીચેના ભાગની ચેષ્ટા અને સંજ્ઞા નાશ પામે છે. જો થોડી ઈજા થઈ હોય તો પગમાં દુઃખાવો થાય અને બરાબર ચાલી શકાય નહિ.

કકુંમતી [સં.] સ્ત્રી. એ નામનો એક વૈદિક છંદ. તેના ત્રણ ચરણમાં પાંચ પાંચ અને એકમાં છ વર્ણ હોય છે.

કકૂ [અં. કૂકૂ] સ્ત્રી. કોયલ.

કકૂભ સ્ત્રી. (સંગીત) સંપૂર્ણ જાતિની એક રાગિણી. તેમાં નિષાદ કોમળ અને બધા સ્વર શુદ્ધ હોય છે. તેમાં રિષભ મુખ્ય સુર છે. આરોહમાં ગાંધાર ધૈવત આવતા નથી. શરદઋતુમાં દિવસના પહેલા પહોરે તે ગવાય છે.

કકેડા (કકેડ઼ા) સ્ત્રી. એક જાતની વેલ.

કકેરુક [સં.] પું. પેટમાં થતો જીવડો; કરમિયું.

કકેરૂક જુઓ કકેરુક.

કકૈયા ૧. સ્ત્રી. એ નામની ખતરીની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કકોડા (કકોડ઼ા) [સં. કર્કોટક] પું. એક શાક; કંટોલાં.

કકોર ન. એક જાતનું ઝાડ.

કકોરવું સ. ક્રિ. ખોદવું.

કકૌથા ન. કાસીઆથી નીચાણુ તરફ આઠ માઇલિ દૂર છોટા ગંડકને મળતું વહેળીઉં. ગોરખપુર જિલ્લામાં ચિટિયોંથી દોઢ માઇલિ પશ્ચિમે આવેલી ધાઘી નદી તે આ એમ કેટલાકનું માનવું છે.

કક્કટ [સં.] પું. એક જાતનો મૃગ.

કક્કટી [સં.] સ્ત્રી. એક જાતની મૃગલી.

કક્કટોકો ૧. પું. (જ્યોતિષ) કર્ક રાશિ.
૨. પું. કાચબો.

કક્કડ (કક્કડ઼) ૧. [હિં.] પું. કાપેલી તમાકુ.
૨. પું. મુસલમાન.
૩. પું. લાંબી નળીવાળો એક જાતનો હુક્કો.
૪. સ્ત્રી. લોહાણાની એ નામની અટક.
૫. ન. એ નામની અટકનું માણુસ.
૬. વિ. લોહાણાની એ નામની અટકનું.

કક્કડખાના (કક્કડ઼ખાના) ન. બીડી પીવાનો ઓરડો.

કક્કડબાઝ (કક્કડ઼બાઝ) પું. તમાકુ પીવાની ટેવવાળો માણુસ.

કક્કડવાલા (કક્કડ઼વાલા) પું. મુસાફરોને પીવા માટે હુક્કો પૂરો પાડનાર.

કક્કડી (કક્કડ઼ી) [સં. કર્કટી] સ્ત્રી. (પ્રાકૃત) એક વનસ્પતિ; કાકડી.

કક્કડો (કક્કડ઼ો) ૧. પું. (જ્યોતિષ) કર્ક રાશિ.
૨. પું. કાચબો.

કક્કર ૧. [સં. કર્કર] પું. કાંકરો.
૨. પું. જેને ચાવતાં કર કર અવાજ થાય તેવી ચીજ.
૩. સ્ત્રી. લોહાણાની એ નામની એક અટક.
૪. ન. એ નામની અટકનું માણુસ.
૫. વિ. એ નામની અટકનું.

કક્કરશિંગી સ્ત્રી. એ નામની એક વનસ્પતિ. તે શક્તિવર્ધક હોવાથી ખાંસી, ક્ષય, દમ, તાવ અને જઠરના રોગ ઉપર અપાય છે.

કક્કરી [સં. કર્કરી] સ્ત્રી. (પ્રાકૃત) ગાગર.

કક્કલ ૧. સ્ત્રી. મુસલમાન ખતરીની એ નામની અટક.
૨. ન. એ નામની અટકનો મુસલમાન ખતરી.
૩. વિ. એ નામની અટકનું.

કક્કા ૧. [સં. કેકય] પું. એ નામનો એક દેશ. પ્રાચીન કાળમાં તેને કેકય કહેતા. હાલ તે કશ્મીર દેશમાં એક પ્રાંત છે. ત્યાંના રહેવાસી કક્કરવાળા અથવા ગક્કર કહેવાય છે.
૨. પું. 'ક' અક્ષર. શીખ લોકોનાં વિશિષ્ટ ચિહ્નોનાં નામ 'ક' અક્ષરથી શરૂ થાય છે. જેમકે, કાછ (સુરવાળ), કેશ (લાંબા વાળ) અને કડા (લોઢાની વીંટી).
૩. પું. ચાચા; કાકા; બાપના ભાઈ.
૪. પું. પિતા; બાપ.
૫. પું. સીખ રાજા કે સરદારનો દીકરો અથવા પૌત્ર.

કક્કાક પું. હિંદમાં મધ્યકાળમાં થયેલ એ નામનો એક પંડિત. તેણે રતિરહસ્ય નામનું પુસ્તક લખ્યું છે.

કક્કારી સ્ત્રી. (પાલી) કાકડીની એક હલકી જાત.

કક્કાવાર અ. અનુક્રમ પ્રમાણે; ક્રમવાર.

કક્કાવારી સ્ત્રી. અનુક્રમણિકા; મૂળાક્ષર પ્રમાણે ગોઠવણ.

કક્કુટ ન. ભાવનગર પાસેના કૂકડ ગામનું પ્રાચીન નામ.

કક્કુટક પું. એક જાતનો વેલો. તેને ચચ્ચાર પાનની ચોકડી આવે છે.

કક્કુલ [સં.] પું. બોરસલીનું ઝાડ; બકુલ વૃક્ષ.

કક્કો ૧. પું. 'ક' અક્ષર; 'ક' નામનો મૂળાક્ષર.
૨. પું. 'ક' અવાજ.
૧. કક્કા કેરૂં નામ ન જાણે ને હુ મોટો પંડિત = મૂળતત્ત્વનું જ્ઞાન હોય નહિ અને પૂરું જાણવાનો ડોળ કરવો.
૨. કક્કાના પદ = કક્કાની બારાખડી; કની બારાક્ષરી.
૩. કક્કાનીએ એને ખબર નથી = એ વિદ્યા કે હુન્નરનાં મૂળતત્ત્વો પણ જાણતો નથી.
૩. પું. 'ક' વગેરે અક્ષર; 'ક' થી 'ળ' સુધીનો હરકોઈ અક્ષર; મૂળાક્ષરની આખી યોજના.
૧. કક્કા ચોડવા = ખિતાબ આપવા.
૨. કક્કાને કૂટી મારે એવું = અજ્ઞાન; નિરક્ષર.
૩. કક્કેથી માંડવું = પહેલેથી શરૂ કરવું.
૪. કક્કેથી માંડીને = શરૂઆતથી; પહેલેથી.
૫. કક્કો કાઢવો = 'ક' અક્ષર લખવો.
૬. કક્કો કાઢી જાણવો = લખતાં વાંચતાં આવડવું.
૭. કક્કો કૂટી મારવો = વાંચતાં લખતાં ન આવડવું; અભણ હોવું.
૮. કક્કો ઘુંટાવવો = (૧) પોતાનું જ ખરૂં મનાવવું. (૨) લખતાં શીખવવું.
૯. કક્કો ઘૂંટવો = લખતાં શીખવું.
૧૦. કક્કો ન હોવો = અભણ હોવું.
૧૧. કક્કો ભણવો = બોધ લેવો; શિખામણ લેવી.
૧૨. કક્કો ભણાવવો = (૧) ક વગેરે અક્ષર લખાવવા. (૨) પોતાનું જ ખરૂં મનાવવું. (૩) બોધ આપવો.
૧૩. કક્કો લખવો = (૧) ક લખવો. (૨) 'ક' થી 'ળ' સુધીના અક્ષર લખવા.
૪. પું. કોઈ પણ ભાષાના વર્ણમાળાના અક્ષર.
૫. પું. પ્રાથમિક શિક્ષણ.
૬. પું. મત.
૧. કક્કો ખરો–સાચો કરવો = હઠીલા થવું; પોતાના મતને વળગી રહેવું; પોતાનું કથન મનાવવું; આગ્રહ કરવો.
૨. કક્કો ચલાવવો = પોતાનું કહેવું ખરૂં મનાવવું.
૩. કક્કો ચાલવો = સત્તા ચાલવી.
૪. પોતાનો કક્કો ખરો કરાવવો = પોતે ધારેલું પાર પાડવું.
૭. પું. મૂળતત્ત્વ; શરૂઆતનું થોડું આવશ્યક જ્ઞાન.
૮. પું. વર્ણમાળાનો દરેક અક્ષર લઈ ને બનાવેલી કાવ્યરચના. કક્કામાં બ્રહ્મજ્ઞાન નિરૂપવાનો અથવા ભક્તિનું કવન રચવાનો વિધિ પ્રાચીન કાળથી ચાલ્યો આવતો લાગે છે. ગુર્જર સંત પુરુષોએ કક્કા લખવામાં શ્રુતિકારોનું જ અનુસરણ કરેલું દેખાય છે. ગુજરાતી ભાષામાં કક્કા ઘણા ભક્તોએ અને સંત પુરુષોએ લખ્યા છે. પ્રીતમદાસજીના કક્કા અતિશય લોકપ્રિય છે.
કક્કો કેવેલો–કક્કો કૈવલ્ય = બારાખડીનો 'ક' બ્રહ્મ અથવા સર્વ જ્ઞાન છે.
૯. પું. શરૂઆત.

કક્કોલ ૧. [સં.] પું. અભિનવ કામશાસ્ત્ર.
૨. પું. એ નામના ઝાડનું ફળ.
૩. પું. એ નામનાં ફળમાંથી બનતી સુગંધી ચીજ.
૪. પું. એ નામનું એક જાતનું ઝાડ.
૫. પું. કામશાસ્ત્ર ઉપર લખનાર એક વિદ્વાન.
૬. સ્ત્રી. ચણકબાબ.

કક્કોલક ૧. [સં.] પું. મોટું મરચું.
૨. પું. વનકપૂર.
૩. ન. કંકોલ; ગહુલા.

કકખ ૧. [સં. કક્ષ] પું. (પ્રાકૃત) કાખ; બગલ.
૨. ન. વન; જંગલ.

કકખટી [સં.] સ્ત્રી. ચાક.

કક્નુસ [ફા.] પું. હુમા પક્ષી.

કક્કા સ. કોને.

કક્કીઆ [હિં.] પું. કાકડીનો વેલો.

કક્કીલા ૧. વિ. બગાડેલું.
૨. વિ. રેતીવાળું.

કક્કૌંઢા ૧. પું. એ નામના છોડનું ફળ.
૨. પું. એ નામનો એક છોડ.
૩. [હિં.] પું. ઠૂંડા ઉપર ઊગતી નાની ગોળ કઠણ કોથળી.
૪. પું. ધાણા.

કકવટ પું. એક જાતનું પક્ષી.

કક્ષ ૧. પું. અંતઃપુર; જનાનખાનું.
૨. પું. એક જાતનો વેલો.
૩. પું. કચ્છ દેશ; દરિયા કાંઠાનો મુલક.
૪. પું. કછોટો.
૫. પું. કમરો; ઓરડો; કોટડી.
૬. [સં. કક્ષા] પું. કાખ; બગલ.
૭. પું. ગ્રહપંથ; ગ્રહને સૂર્યની આસપાસ ફરવાનો રસ્તો.
૮. પું. દરવાજો.
૯. પું. પાછળનો ભાગ.
૧૦. પું. પાડો.
૧૧. પું. પાસું; પડખું.
૧૨. પું. બહેડું; એક ફળ.
૧૩. પું. ભૂમિ.
૧૪. પું. ભેજવાળી જમીન.
૧૫. પું. વન; જંગલ.

કાનન વિપિન અરણ્ય વન ગહન કક્ષ કાંતાર,
અટવીમાં આંટા દીયે મોહન નંદકુમાર.
પિંગળલઘુકોષ

૧૬. પું. વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ.
૧૭. પું. શરીરના નીચલા ભાગ ઉપર પહેરવાના કપડાનો છેડો.
૧૮. પું. સંતાવાની જગ્યા; છુપાવાનું સ્થળ.
૧૯. પું. સીમાની દીવાલ; ચોમેર ફરતી રાંગ.
૨૦. પું. સ્ત્રીના ઉપલા વસ્ત્રના પાછળના ભાગનો છેડો.
૨૧. પું. હોડીનો એક ભાગ.
૨૨. સ્ત્રી. કંદોરો.
૨૩. સ્ત્રી. પક્ષ; બાજુ.
૨૪. સ્ત્રી. ભીંત.
૨૫. સ્ત્રી. મદદ; સહાય.
૨૬. સ્ત્રી. હાથીને બાંધવાનો દોર.
૨૭. ન. ઘોડાનું પલાણ.
૨૮. ન. પાપ; દોષ.
૨૯. ન. શીકાનું તળિયું.
૩૦. ન. સૂકું ઘાસ.

કક્ષતલ [સં.] પું. કાખ; બગલ.

કક્ષતુ પું. એ નામનું એક ઝાડ.

કક્ષદ્વિપાદાસન [સં.] ન. અઠ્યાશી માંહેનું એ નામનું એક ભોગાસન.

કક્ષધર ૧. [સં.] પું. ખભાનો સાંધો.
૨. ન. છાતી અને બગલ વચ્ચેનું એક મર્મસ્થાન.

કક્ષધરમર્મ [સં.] ન. છાતી અને બગલ વચ્ચેનું એ નામનું મર્મ. ત્યાં ઈજા થવાથી આખો હાથ રહી જાય, કેમકે ત્યાંથી હાથમાં જતી ભુજચક્રની નાડીઓ પસાર થાય છે.

કક્ષધરા [સં.] સ્ત્રી. બગલને લોહી પૂરૂં પાડનારી અક્ષાધમનીની શાખા.

કક્ષપ ૧. [સં.] પું. કાચબો.
૨. પું. કુબેરના નવ માંહેના એ નામનો એક ભંડાર.

કક્ષપટ ૧. પું. બગલ.
૨. પું. લંગોટ; લંગોટી વાળવાનો લૂગડાનો કટકો.

કક્ષપી [સં.] સ્ત્રી. કાચબી.

કક્ષપુટ ૧. ન. કાયાકલ્પના પ્રયોગ માટે વપરાતું એ નામનું ઔષધ.
૨. ન. બગલ.

કક્ષરુહા [સં.] સ્ત્રી. નાગરમોથ.

કક્ષશાય પું. કૂતરો.

કક્ષશાયી સ્ત્રી. કૂતરી.

કક્ષશાયુ ન. કૂતરૂં.

કક્ષસેન ૧. [સં.] પું. (પુરાણ) અસિત પર્વત ઉપર રહેનાર એક રાજર્ષિ.
૨. પું. પરીક્ષિત રાજાનો એ નામનો દીકરો.

કક્ષા ૧. સ્ત્રી. આંગણું.
૨. સ્ત્રી. ઓરડો; ઘરનો મધ્યખંડ.
૩. સ્ત્રી. ઉત્તરીય વસ્ત્ર; ઉપર પહેરેલું લૂગડું.
૪. સ્ત્રી. કખવા; એક જાતનો રોગ.
૫. સ્ત્રી. કચેરી; કાર્યાલય.
૬. સ્ત્રી. કંદોરો; કટિમેખલા.
૭. સ્ત્રી. કાછડી; ધોતિયાનો પાછળ ખોસેલો છેડો.
૮. સ્ત્રી. કાંડું.
૯. સ્ત્રી. કેડ; કમર.
૧૦. [સં.] સ્ત્રી. ગ્રહપંથ; એક આકાશી પદાર્થની આસપાસ બીજાને ફરવાનો માર્ગ.
૧૧. સ્ત્રી. જગ્યા; સ્થાન.
૧૨. સ્ત્રી. જનાનખાનું; અંતઃપુર.
૧૩. સ્ત્રી. દિશા.
૧૪. સ્ત્રી. (ગણિત) નિધાન; અમુક શરતોને આધીન રહીને ફરતું બિંદુ જે માર્ગમાં થઈને જાય તે માર્ગ; 'લોકસ'.
૧૫. સ્ત્રી. પાસું; પડખું.
૧૬. સ્ત્રી. પ્રમાણ; 'ડીગ્રી'.
૧૭. સ્ત્રી. બગલ; કૂખ.
૧૮. સ્ત્રી. બાજુ; પક્ષ.
૧૯. સ્ત્રી. બાંબલાઈ; કાખમંજરી; બાહુ, કાખ, ખાંધ અને બરડાની જગ્યાએ થતી પીડાકારક ગાંઠ.
૨૦. સ્ત્રી. ભાવના; ઇચ્છા.
૨૧. સ્ત્રી. ભીંત.
૨૨. સ્ત્રી. ભેઠ; કેડે બાંધવાનું લૂગડું.
૨૩. સ્ત્રી. મકાનનો એકાંત ભાગ.
૨૪. સ્ત્રી. મધ્યબિંદુ.
૨૫. સ્ત્રી. રસ્તો.
૨૬. સ્ત્રી. લંબગોળ; અસમાન ત્રિજ્યાનો ગોળ.
૨૭. સ્ત્રી. વર્ગ; કોટિ; પંક્તિ.
૨૮. સ્ત્રી. વર્તુલ.
૨૯. સ્ત્રી. વહાણનો એક ભાગ.
૩૦. સ્ત્રી. (ન્યાય) વાદવિવાદમાં પ્રશ્ન અથવા પ્રત્યુત્તર.
૩૧. સ્ત્રી. વેર.
૩૨. સ્ત્રી. વ્યાસ.
૩૩. સ્ત્રી. સાડીનો કમરબંધમાં ખોસેલો છેડો.
૩૪. સ્ત્રી. સામ્ય; સરખાપણું; સમાનતા.
૩૫. સ્ત્રી. સોનીનું એ નામનું એક માપ; રતી.
૩૬. સ્ત્રી. હદ.
૩૭. સ્ત્રી. હરીફાઈ; ચડસાચડસી.
૩૮. સ્ત્રી. હાથીને બાંધવાનું દોરડું.

કક્ષાકેંદ્રચ્યુતિ ૧. સ્ત્રી. આકાશી પદાર્થોની કક્ષાના કોઈ પણ બિંદુનું અમુક એક સ્થિર બિંદુ સુધીનું અંતર, અને તે જ બિંદુનું અમુક એક સ્થિર લીટી સુધીનું અંતર, એ બે અંતર વચ્ચેનું ગુણોત્તર.
૨. [સં. કક્ષા (ગૃહમાર્ગ) + કેંદ્ર (મધ્યબિંદુ) + ચ્યુતિ (પડવું તે)] સ્ત્રી. (જ્યોતિષ) કક્ષાની દીર્ઘવર્તુલાકાર આકૃતિથી પૂર્ણ વર્તુલાકાર આકૃતિનો ઘટાડો.

કક્ષાક્ષ [સં.] પું. આકાશી પદાર્થોની દીર્ઘવર્તુળ કક્ષાના બે અક્ષમાંથી કોઈ પણ એક. કક્ષાના કોઈ પણ બે બિંદુને જોડનારી મોટામાં મોટી સીધી લીટી તે એક અક્ષ છે અને આ અક્ષના મધ્યબિંદુમાંથી આ અક્ષને કાટખૂણે દોરેલી સીધી લીટી તે બીજો અક્ષ.

કક્ષાગ્નિ [સં.] પું. દાવાનળ.

કક્ષાછૂટો વિ. પું. કાછડીછૂટો; લંપટ; વ્યભિચારી.

કક્ષાણાંપતિ [સં.] પું. પહાડ, નદી કે ગુફાની લતામાં રહેતા જંતુઓના પાલક; વેદમાં રુદ્ર માટે વપરાયેલું એક નામ.

કક્ષાદરી સ્ત્રી. બગલ; શરીરનો છાતી અને હાથના મૂળભાગની વચ્ચે આવેલ ભાગ. આ પોલા ભાગનો આકાર દેવાલયના શિખરને મળતો આવે છે. તેની ટોચ અંદરની બાજુએ તથા ઊંચે છેક ડોકના મૂળની પાસે છે. તે ટોચ અક્ષક, અંસફલક અને પહેલી પાંસળી એ ત્રણ હાડકાંની વચ્ચે આવેલ છે. બગલનું તળિયું ચામડી અને કક્ષાપ્રચ્છદા નામની ગંભીર પ્રાવરણીથી રચાયેલું છે.

કક્ષાદીર્ઘાક્ષ પું. આકાશી પદાર્થોની દીર્ઘવર્તુલ કક્ષાના કોઈ પણ બે બિંદુને જોડનારી મોટામાં મોટી સીધી લીટી.

કક્ષાધમની [સં.] સ્ત્રી. શુદ્ધ લોહી વહી જનારી બગલમાંની મોટી નળી.

કક્ષાધરા સ્ત્રી. એ નામની ધમની. ડોકના મૂળ ભાગમાં અક્ષાધરા તરીકે ઓળખાતી જાડી ધમની બગલમાં પેસતાં પહેલી પાંસળીની બહારની ધારથી ગુર્વી અંસાધરિક્ષા પેશીની નીચલી સીમા સુધી કક્ષાધરા ધમની તરીકે ઓળખાય છે. તે તેની નજીકમાં રહેલી કક્ષાનુગા નામની નાડીઓ વચ્ચે થઈ હાથના મૂળ ભાગમાં પોતાની શાખા ફેલાવે છે. તે શાખાઓ ઉપર તેમ જ નીચે જાય છે અને ખભા તથા છાતીની બાજુને લોહી પૂરૂં પાડે છે.

કક્ષાધરાધમની [સં.] સ્ત્રી. શુદ્ધ લોહી વહી જનારી બગલમાંની એ નામની એક નાડી. જુઓ કક્ષાધરા.

કક્ષાધરાશિરા [સં.] સ્ત્રી. બગલમાંની એ નામની એક અશુદ્ધ લોહી લઈ જનારી નળી. આ શિરા તે જ નામની ધમની સાથે અંસાધરિકા ગુર્વી પેશીની નીચલી કિનારથી પહેલી પાંસળીની બહારની સીમા સુધી જાય છે અને ધીમે ધીમે મોટી થતી જાય છે. બાહવી ધમનીની સહચરી શિરાઓ અને કક્ષાધરા ધમનીની બીજી શાખાઓ સાથેની શિરાઓ તેમાં મળી જાય છે.

કક્ષાનુગા [સં.] સ્ત્રી. બગલમાંની એક નાડી. તે બગલની પાછલી બાજુએ આવેલ હોવાથી કક્ષાનુગા તરીકે ઓળખાય છે.

કક્ષાપટ ૧. પું. ફૂલો; થાપો.

૨. પું. લંગોટી.

કક્ષાપરિણતિ સ્ત્રી. સૂર્યમાંથી જોતાં ગ્રહ જ્યાં દેખાય તે ગ્રહનું રવિમધ્યસ્થાન અને પૃથ્વી ઉપરથી જોતાં ગ્રહ જ્યાં દેખાય તે ભૂમધ્યસ્થાન એ બે સ્થાન વચ્ચેનું અંતર.

કક્ષાપુટ ૧. [સં.] પું. બગલ; કાખ.

૨. પું. લંગોટી; કૌપિન.

કક્ષાપ્રચ્છદા [સં.] સ્ત્રી. બગલના તળિયામાંની એ નામની એક ગંભીર પ્રાવરણી એટલે માંસધરાકલા.

કક્ષાપ્રચ્છદાપ્રાવરણી જુઓ કક્ષાપ્રચ્છદા.

કક્ષાબંધ પું. કછોટો.

કક્ષામિતિ સ્ત્રી. અસમાન ત્રિજ્યાના લંબગોળનું ગણિત કરવાની રીતિ.

કક્ષાવત [સં. કક્ષાવત્] પું. ઋગ્વેદમાં જણાવેલ એક ઋષિ. તેણે પહેલા અને નવમા મંડલનાં અમુક સૂક્તો રચ્યાં છે.

કક્ષાવિષુવવૃત્તકોણ [સં.] પું. કોઈ પણ ગ્રહની કક્ષા એટલે સૂર્યની આસપાસ ફરવાનો માર્ગ અને વિષુવવૃત્ત એટલે ગ્રહની ધરીના બે છેડાથી સરખે અંતરે આવેલું ગ્રહ ઉપર દોરેલું વર્તુળ એ બે વચ્ચેનો ખૂણો.

કક્ષાવેક્ષક ૧. પું. કવિ.

૨. પું. ચિતારો.

૩. પું. જનાનખાનાની દેખરેખ રાખનાર અમલદાર; અંતઃપુરનો રક્ષક.

૪. [સં.] પું. જાર; વ્યભિચારી પુરુષ.

૫. પું. દ્વારપાલ.

૬. પું. માળી.

૭. પું. રંગારો.

કક્ષાસન પું. કઠેડો; મત્તવારણ; સિંહાસનના છ્યાશી ભાગ માંહેના પંદર ભાગનો બનેલો એક ભાગ.

> ઢંક સિંહાસનના ઉદયના છયાશી ભાગો કરવા અને તે ભાગોમાંથી પંદર ભાગોનું મત્તાવરણ અથવા **કક્ષાસન** કરવું જોઈએ. રાજવલ્લભ

કક્ષાસંધાન ન. બગલનો સાંધો.

કક્ષાંતર ૧. [સં. કક્ષા (જનાનખાનું) + અંતર (અંદરનો ભાગ)] ન. ખાનગી ઓરડો.

૨. ન. જનાનખાનાનો અંદરનો ઓરડો.

કક્ષાંતરીયા સ્ત્રી. બગલમાં અને તેની નજીકમાં આવેલી રસગ્રંથિ. તે મુખ્યત્વે કક્ષાધરા ધમની અને કક્ષાધરા શિરાની પડોશમાં નજરે પડે છે અને ઉરશ્ચ્છદા પેશીઓથી ઢંકાયેલી હોય છે.

કક્ષાંશ [સં.] પું. રેખાંશ; ગ્રહોના માર્ગ ઉપર અંતર દેખાડવાને માપસર કલ્પેલ વિભાગોમાંનો દરેક.

કક્ષી [સં.] વિ. પાપી.

કક્ષીકૃત વિ. સ્વીકારેલ; અંગીકાર કરેલ.

કક્ષીયશિરા સ્ત્રી. બગલમાંની અશુદ્ધ લોહી લઈ જનારી નળી.

કક્ષીયા વિ. સ્ત્રી. બગલમાંની.

કક્ષીયાધમની જુઓ કક્ષાધરાધમની.

કક્ષીવત [સં. કક્ષીવત્] પું. એ નામનો એક વૈદિક ઋષિ; પજ્રિય. તેણે પહેલા અને નવમા મંડલનાં અમુક સૂક્ત રચ્યાં છે.

કક્ષીવત સુકીર્તિ [સં.] પું. શુક્લ યજુર્વેદનો કર્ત્તા એક ઋષિ.

કક્ષીવાન ૧. પું. એ નામનો એક ઋષિ; દીર્ઘતમા ઋષિના દીકરાનું નામ.

૨. [સં. કક્ષીવત્] પું. એક ઋગ્વૈદિક ઋષિ. જુઓ કક્ષીવત.

કક્ષેયુ [સં.] પું. રૌદ્રાશ્વ રાજાનો ઘૃતાચી અપ્સરામાં ઉત્પન્ન થયેલ દીકરો.

કક્ષેષુ જુઓ કક્ષેયુ.

કક્ષોત્થા સ્ત્રી. નાગરમોથ.

કક્ષ્ય ૧. [સં.] પું. રુદ્રદેવ.

૨. ન. ત્રાંજવું; કાંટા વગેરેનું પલ્લું.

૩. ન. પાસેનો ભાગ; આજુબાજુનો ભાગ.

૪. ન. વાહનનો એક ભાગ.

૫. વિ. છૂપું; ગુપ્ત.

૬. વિ. સૂકા ઘાસનું બનેલું.

કક્ષ્યા ૧. સ્ત્રી. આંગણું.

૨. સ્ત્રી. આંગળી.

૩. સ્ત્રી. ઉદ્યોગ.

૪. સ્ત્રી. ઉપલું કપડું; ઉત્તરીય વસ્ત્ર.

૫. [સં.] સ્ત્રી. કંદોરો; કટિમેખલા.

૬. સ્ત્રી. ચણોઠી.

૭. સ્ત્રી. જનાનખાનું; અંતઃપુર.

૮. સ્ત્રી. બારણું.

૯. સ્ત્રી. ભીંત; દીવાલ.

૧૦. સ્ત્રી. રાજમંદિર વગેરેનો શરૂઆતનો કોઠો.

૧૧. સ્ત્રી. વસ્ત્રનો છેડો.

૧૨. સ્ત્રી. સમાનતા; સાદશ્ય.

૧૩. સ્ત્રી. હાથીને બાંધવાની ચામડાની દોરી.

૧૪. સ્ત્રી. હિંમત.

કક્ષ્યાકર્મ ૧. ન. હાથીને કેડથી બાંધવો તે.

૨. ન. હાથીને પેટે પાટો બાંધી તે માટે તેને હેળવવાની ક્રિયા.

કક્ષ્યાવત ૧. [સં.] પું. સ્ફોટાયન નામના ઋષિ.

૨. પું. હાથી.

કક્ષ્યાવતી [સં.] સ્ત્રી. હાથણી.

કખ ૧. સ્ત્રી. કખવા; ગરમીથી નીકળી આવતો એ નામનો એક રોગ. તેમાં કાખ અને છાતી ઉપર ફોલ્લીઓ થઈ આવે.

૨. [સં. કક્ષા] સ્ત્રી. કાખ; બગલ.

૩. સ્ત્રી. તણખલું; તરણું.

૪. સ્ત્રી. (કચ્છી). સાપ.

કખડમાકડી (કખડ઼માકડ઼ી) સ્ત્રી. એક જાતની ખડમાંકડી; જંગલી ઘાસ ઉપર થતું લાંબા પગનું જીવડું.

કખડમાંકડી (કખડ઼માંકડ઼ી) જુઓ કખડમાકડી.

કખના અ. કઈ તરફ.

કખની અ. ક્યારે; કયે વખતે.

કખરી ૧. [સં.] સ્ત્રી. બગલ.

૨. સ્ત્રી. બગલમાં થતો દુખાવો.

૩. સ્ત્રી. બાંબલાઈ.

કખવા સ્ત્રી. કાખમાં થતો એક જાતનો વા; જલપીટિકા. કાખની નીચે રાઈ જેવડી અથવા તેથી મોટી મોતીના દાણા જેવી ફોલ્લીઓ રાતી ચામડી થઈને ઉપડી આવે છે. તેમાં બળતરા તથા દુ:ખ થાય અને તાવ પણ આવી જાય. મોં ઉપર અને હોઠના ખૂણામાં એવું દરદ થાય તેને બરો મૂતર્યો કહે છે. ઉપડી આવેલ ફોલ્લીઓ સુકાય જાય અથવા એક બીજી સાથે જોડાઈ ફોલ્લા ચેરાઈ જઈ ચાંદા જેવું થાય. ઘણું કરીને કાખની નીચે પડખા ઉપર આ ફોલ્લીઓ થતી હોવાથી તેને કખવા કહે છે. તેમાં વિલાયતી મીઠું કે હીમજનો હલકો જુલાબ આપવો, અને પછી સોનાગેરૂ, કાસાંજન, સફેતો અને શંખજીરૂં એ બધી ચીજ સરખે ભાગે લઈ માખણમાં મેળવી લગાડવું.

કખા ૧. સ્ત્રી. અસ્વચ્છતા.

૨. સ્ત્રી. ઉકાળો; કાઢો; કવાથ.

૩. [સં. કક્ષા] સ્ત્રી. (પ્રાકૃત) કંદોરો. જુઓ કક્ષા.

૪. [સં. કષાય] સ્ત્રી. (જૈન) ચાર કષાયમાંનો દરેક; ક્રોધ, માન, માયા કે લોભ.

૫. સ્ત્રી. નિંદા.

૬. સ્ત્રી. ભગવો રંગ; રતાશ પડતો રંગ.

૭. સ્ત્રી. મનોવિકાર.

૮. સ્ત્રી. સિદ્ધાંત.

૯. વિ. કસાણું; તૂરૂં.

૧૦. વિ. ગ્રાહી; સંકોચનશીલ.

૧૧. વિ. ભગવું.

કખાય ૧. પું. લેપ; પડ.

૨. સ્ત્રી. કઢી.

૩. ન. હલકાપણું; અધમતા.

૪. જુઓ કખા ૧, ૨, ૪-૯.

કખારા હબ અ. કક્કાવારી પ્રમાણે.

કખિઆલી સ્ત્રી. લણનારાઓને અને ગ્રામ નોકરોને દસ્તુરી તરીકે આપવામાં આવતાં કણસલાં.

કખુ સ્ત્રી. व. व. (કચ્છી) સળીઓ.

કખુજી પું. (જરથોસ્તી) રોશનીને ઘટાડનાર એ નામનો એક અહ્રિમન. એનું બળ સૂર્ય ઊગવા સાથે ઘટે છે.

કખોડવું (કખોડ઼વું) સ. ક્રિ. વખોડવું.

કખૌરી સ્ત્રી. બાંબલાઈ; બગલમાં થતી એક જાતની પીડાકારક ફોલ્લી.

કખૌલી જુઓ કખૌરી.

કખ્યા સ્ત્રી. વાડો.

કગ ૧. પું. કાગડો.

૨. પું. કાજ; કામ.

કરતા હોઈ સો કીજીએ, અવર ન કીજે **કગ**;
મુંડી રહી સેવાળમાં, ઊંચા રહી ગયા પગ.
લોકોક્તિ

૩. અ. કદી.

૪. અ. કાંઈ પણ; કશુંએ.

કગટી સ્ત્રી. એક જાતનો કમરપટો. મારવાડ અને દક્ષિણ હિંદમાં સ્ત્રીઓ પણ તે પહેરે છે.

કગડી સાંડસી (કગડ઼ી સાંડસી) સ્ત્રી. કાગડાના મોઢાના આકારનું મોચીનું એક જાતનું સાંડસી જેવું ઓજાર.

કગર ૧. [સં. ક (પાણી) + અગ્ર (આગળ)] પું. કરચલો.

૨. પું. કાંગરી; કોર; પટી.

૩. પું. ખૂણો; કિનાર.

૪. પું. મગર.

૫. પું. મચ્છર.

કગરવા ૧. પું. કાગડો.

૨. પું. ગળાનો કાકડો.

કગરવું અ. ક્રિ. કરગરવું; કાલાવાલા કરવા.

કગરસ ૧. સ્ત્રી. કરગસ; કરચ.

૨. સ્ત્રી. રજકણ; ધાતુનો છોલ; સોનારૂપાના દાગીનાને છોલતાં કે ધાતુનાં વાસણ માંજતાં પડતી ઝીણી રજ.

કગરાટ પું. આજીજી; કાલાવાલા.

કગરાવવું સ. ક્રિ. કાલાવાલા કરાવવા.

કગલ પું. (પિંગળ) ગુરુ.

કગવા પું. કાગડા માટે કવિતામાં વપરાતો શબ્દ.

કગાર પું. ઊંચી કિનાર.

કગિરી ન. ઇંડિઅ રબરનું ઝાડ.

કગી સ્ત્રી. હાંસી; મશ્કરી.

કગ્ગ ૧. પું. કાગડો.

કરતા હોય સો કીજીએ અવર ન કીજે **કગ્ગ**,
માથું રહે સેવાળમાં ઊંચા રહી જાય પગ્ગ.
લોકોક્તિ

૨. વિ. થોડુંક.

૩. અ. કદી.

કગ્ગજ ૧. પું. કાગળ.

૨. પું. ચોપડો.

૩. પું. છાપું.

૪. પું. દસ્તાવેજ; લેખ.

કગ્ગર ૧. [હિં.] પું. કોર; કિનાર.

૨. પું. ખૂણો.

કગ્ગો પું. કાગડો.

પંડિત આગળ મૂઢ, કોકિલા આગળ **કગ્ગા**.
શામળ

કગ્વા ૧. પું. કાગડો.

૨. પું. ગળાનો કાકડો.

કઘા ૧. પું. અડચણ; અંતરાય.

૨. પું. કવેળાનો ઘા.

૩. પું. ગુહ્ય સ્થાને થએલો ઘા.

૪. પું. નઠારો ઘા; ન રૂઝે એવો ઘા.

કઘાટીલું વિ. બેડોળ; ઘાટઘૂટ વગરનું.

કઘાટું વિ. કૂબડું; બેડોળ.

કચ ૧. પું. અંબોડો; ચોટલો.

૨. પું. એ નામના એક બ્રહ્મર્ષિ.

૩. પું. કેશ; વાળ.

કેશ શિરોરુહ ચિકુર **કચ**, કુંતલ અલકીની ઢાળ,
ચંદ ચીરાણો મુખરૂપી, લટકી લટ કપાળ.
પિંગળલઘુકોષ

૪. પું. ચોખાનું ધોવણ.

કચ ખાવો = અફસોસ કરવો.

૫. પું. ઝૂંડ.

૬. પું. દેવોના ગુરુ બૃહસ્પતિનો તારાથી થયેલો દીકરો. તે મૃતસંજીવની વિદ્યા શીખવા શુક્રાચાર્ય પાસે શિષ્ય થઈ રહ્યો હતો. તે માત્ર તે વિદ્યા શીખવા જ આવ્યો છે એવું દૈત્યોએ જાણતાં જ્યારે તે વનમાં ગાયો લેવા ગયો હતો ત્યારે ત્યાં તેને પકડી તેના શરીરના ટુકડેટુકડા કરી તેઓ પોતપોતાને ત્યાં જતા રહ્યા. સાંજે કચ ઘેર ન આવ્યો ત્યારે શુક્રાચાર્યે અંતર્દૃષ્ટિથી જોયું તો દૈત્યોએ તેને મારી નાખ્યાનું જાણ્યું. આથી શુક્રાચાર્યે સંજીવની વિદ્યા ભણી 'કચ સજીવન થાઓ' એમ કહેતાં જ તેમાં જીવ આવ્યો અને તે ઘેર આવ્યો. બીજી વખત વનમાં જતાં દૈત્યોએ ફરીથી તેને મારી નાખ્યો અને તેના શરીરના કટકા કરી શિયાળ, વાઘ વગેરેને તે ખવરાવી દીધા. આ વખતે શુક્રાચાર્યની દીકરી

દેવયાનીએ અગાઉની માફક પોતાના પિતા પાસે કચને સજીવન કરાવ્યો. આ પછી ઘણી મુદ્દત સુધી કચ જંગલમાં ગયો જ નહિ. છતાં એક દિવસ જવાનો પ્રસંગ પડ્યો. આ વખતે દૈત્યોએ તેને મારી, બાળી, તેની રાખ કરી મદ્યમાં ભેળવી આચાર્યને પાઈ દીધી. આ વખતે પણ દેવયાનીનો આગ્રહ જોઈ આચાર્યે દિવ્યદૃષ્ટિથી જોયું તો કચને પોતાના પેટમાં જોયો. તેથી તેણે દેવયાનીને કહ્યું કે આજે કચ સજીવન થવો અશક્ય છે. કદાચ હું એને સજીવન કરીશ તો મારું મોત થશે. આથી દેવયાનીએ કહ્યું કે પ્રથમ કચને પેટમાં જીવતો કરો અને પછી તેને સંજીવની વિદ્યાનો ઉપદેશ આપો. આથી કચ બહાર નીકળી આપને જીવતા કરશે. આ પ્રમાણે કરવાથી કચ બહાર આવ્યો અને તેણે શુક્રાચાર્યને સજીવન કર્યા. આ બનાવ ઉપરથી બ્રાહ્મણોએ દારૂ પીવાની બંધી કરી હોય એમ મનાય છે. કચને હવે પોતાની પાસે રાખવો એ નિર્ભય નથી એમ વિચારી શુક્રાચાર્યે તેને રજા આપી. દેવયાની પાસે કચ રજા લેવા જતાં તેણે કચને પોતાનું પાણિગ્રહણ કરવા કહ્યું. ના પાડતાં કચે કહ્યું કે જે ઉદરમાંથી તારો જન્મ થયો છે તે જ ઉદરમાંથી હવે હું પણ નીકળ્યો, તેથી તું અને હું સહોદર થયાં. એટલે તારું પાણિગ્રહણ કરવું ઘટિત નથી. આથી તેણે કચને 'તારી વિદ્યા અફળ થશે' એમ શાપ આપ્યો. આથી કચે તેને સામો શાપ આપ્યો કે 'કોઈ બ્રાહ્મણપુત્ર સાથે તારાં લગ્ન થશે નહિ.' એમ કહી તે ચાલ્યો ગયો.

૭. [સં. કચ્ (બાંધવું] પું. બંધ.

૮. પું. મેઘ.

૯. [હિં.] પું. સાદાઈ.

૧૦. પું. સુકાયેલું વ્રણ.

૧૧. સ્ત્રી. કપડાનો છેડો.

૧૨. [સં. કચ્ (અવાજ કરવો)] સ્ત્રી. ટકટક; નકામી માથાફોડ.

૧૩. સ્ત્રી. તકરાર; કજિયો.

કચનું મોં કાળું = તકરાર કરવી તે સારું નહિ.

૧૪. સ્ત્રી. પટ્ટો.

૧૫. સ્ત્રી. વિટંબણા; ધર્મસંકટ.

૧૬. સ્ત્રી. હઠ; જિદ.

૧૭. વિ. કાચું.

કચ અમાની = (૧) કુલ આયાત. (૨) જમીનદાર તરફથી સરકારને આપવામાં આવતો કર.

૧૮. અ. પુષ્કળ અથવા વધારેપણું બતાવનાર અવ્યય. જેમકે, લીલું કચ.

કચક ૧. [હિં.] પું. કચરાઈ જવાની ઈજા.

૨. પું. ચંદ્રગુપ્તના વખતમાં આગ વખતે ઉપયોગમાં લેવા માટે તૈયાર રખાતાં દશ માંહેનું એક સાધન; દોરડાં વગેરે સાધન.

૩. પું. દાગીના બંધ કરવાનું ઓજાર.

૪. પું. લંગડાવું તે.

૫. સ્ત્રી. કમાનવાળી કડી. ગાડીમાં ઘોડાને જોડવા માટેના ચામડાના પટામાં છેડે લોઢાનું કચક હોય છે. તે આંકડા જેવું હોય છે. ઘોડો ગાડીમાં જોડતી વખતે તે હાંસડીના નાકામાં ભરાવાય છે.

૬. સ્ત્રી. દુઃખ; ઘાની પીડા.

૭. સ્ત્રી. મરડથી થતું દુઃખ.

કચકચ ૧. સ્ત્રી. કજિયો; કંકાસ.

૨. [હિં.] સ્ત્રી. ગપ્પાં; ગલ્લાંતલ્લાં.

૩. સ્ત્રી. ટકટક; નકામી માથાફોડ; બકવાદ.

૪. સ્ત્રી. ટોંકટોંક; ટોકણી.

૫. સ્ત્રી. વાતચીત; સંભાષણ.

૬. સ્ત્રી. હઠ; જિદ.

૭. ન. પક્ષીનો અવાજ.

કચકચણું વિ. બડબડ કરનારું; દરેક બાબતમાં વાંધા ભરેલું બોલવાવાળું.

કચકચવું ૧. અ. ક્રિ. કકળવું.

૨. અ. ક્રિ. ખદખદવું; ગૂમડાં, વ્રણ વગેરેમાં પરૂપાચનું ભરાવું.

૩. અ. ક્રિ. ખળભળી જવાથી કચકચ અવાજ થવો.

૪. અ. ક્રિ. જોરથી બાંધવું.

૫. અ. ક્રિ. ટોકણી કર્યા કરવી.

૬. અ. ક્રિ. દાંત કકડવા.

૭. [સં. કચ્ (બોલવું)] અ. ક્રિ. બોલાબોલ કરવું.

કચકચાટ ૧. પું. અવળી બોલી.

૨. પું. કચકચ એવો અવાજ.

૩. પું. કુસંપ; અણબનાવ.

૪. પું. ટોકણી.

૫. પું. દુઃખથી થતો અવાજ.

૬. પું. બડબડાટ; લવારો.

૭. પું. મનદુઃખ; વૈમનસ્ય.

૮. પું. શોરબકોર.

૯. વિ. સખ્ત; સજ્જડ.

૧૦. અ. કચકચ થાય તેમ તાણીને.

કચકચાટી સ્ત્રી. દાંતને એકબીજા સાથે જોરથી કચકચાવતાં થતો અવાજ; કચકચ એવા અવાજની પરંપરા.

કચકચાવવું ૧. અ. ક્રિ. ટોળે ટોળાં હોવાં.

૨. અ. ક્રિ. રેતાળ હોવું.

૩. સ. ક્રિ. કચકચ થાય એમ કરવું.

૪. [સં. કચ્ (બાંધવું)] સ. ક્રિ. કસીને બાંધવું.

૫. સ. ક્રિ. તાણીને પકડવું.

૬. સ. ક્રિ. દાંત ભીડવા; દાંત કચકચ કરવા.

૭. સ. ક્રિ. ધમકાવવું; ધમધમાવવું.

૮. સ. ક્રિ. હલાવવું.

૯. સ. ક્રિ. હેરાન કરવું.

કચકચાવીને અ. તાણીને; ખેંચીને.

કચકચાહટ ૧. [હિં.] સ્ત્રી. કચકચ કરવું તે.

૨. સ્ત્રી. તકરાર કરવાપણું.

કચકચિયું ૧. વિ. કચકચ કરે એવું; લવલવિયું.

૨. વિ. કજિયાખોર; તકરારી.

૩. વિ. કાદવ કરે એવું; અટકયા વગર અને થોડે થોડે પડતું.

૪. વિ. હઠીલું; જિદ્દી; માથાફોડિયું.

કચકચિયો ૧. પું. એક જાતનું પક્ષી; 'ટ્રોગન'. દક્ષિણ અમેરિકામાં તે વિશેષ હોય છે.

૨. વિ. પું. ચીકણો.

૩. વિ. પું. વાતોડિયો.

કચકડા (કચકડા) [સં. કચ્છપ (કાચબો)] પું. કાચબાનું હાડકું.

કચકડું (કચકડું) ૧. [સં. કચ્છપ (કાચબો)] ન. કાચબાની પીઠનું ભીંગડું; કોચલું; કાચબાના કોટલા ઉપરની કઠણ ચામડીનું પડ. તેની વીંટી, રમકડાં વગેરે બને છે.

૨. ન. કાચબાની પીઠનું હાડકું.

કચકડો (કચકડો) ૧. પું. કાચબાની પીઠનું ભીંગડું; કાચબાના કોટલા ઉપરની કઠણ ચામડીનું પડ; કપોટું. એનાં કાંસકી, વીંટી, રમકડાં વગેરે થાય છે.

૨. પું. સેલ્યુલોઝને કપૂર સાથે મેળવી બનાવવામાં આવતો બનાવટી નક્કર જલદી સળગી ઊઠે એવો પદાર્થ. સૌથી પહેલાં ઈ. સ. ૧૮૫૬માં ઝિલોનાઇટ નામથી તે બનાવવામાં આવ્યો હતો. પાછળથી તેમાં સુધારા થયા. તેના ઉપર વાતાવરણ, પાણી કે નરમ તેજાબની અસર થતી નથી, પણ ૭૫° ગરમી આપતાં તે નરમ થાય. તેને કાપી શકાય, તેમાં કાણાં પાડી શકાય. તેના દાંતિયા, ફિલ્મ વગેરે બને છે.

કચકર પું. (વ્રજ) જૂવો; એક જાતનું જીવડું.

કચકવું ૧. અ. ક્રિ. દુઃખ થવું.

૨. અ. ક્રિ. મરડાવું; મરડ થવો.

૩. અ. ક્રિ. લંગડાવું.

કચકાણ ૧. ન. કીચડ; ગંદા પાણીથી થતો ગારો; કાદવ.

૨. ન. ગંદવાડ.

કચકાવવું ૧. સ. ક્રિ. આંચકાથી ખેંચવું.

૨. સ. ક્રિ. કરડીને ખાવું.

કચકાવું ૧. અ. ક્રિ. દુ:ખવું.

૨. અ. ક્રિ. મરડાવું.

કચકેલા પું. કાચું કેળું. તેનું શાક થાય છે.

કચકોલ ૧. સ્ત્રી. પરચૂરણ ચોપડી.

૨. સ્ત્રી. ભિખારીનું ભીખ માગવાનું વાસણ.

કચખરા ૧. વિ. અપકવ; નહિ પાકેલું.

૨. વિ. અમુક વજન નીચેનું; વજનમાં ઓછું.

૩. વિ. અસ્થિર.

૪. વિ. આછું; પાતળું.

૫. વિ. આશરેની ગણતરીવાળું.

૬. વિ. કાચી માટીનું બાંધેલું.

૭. વિ. તકલાદી.

૮. વિ. ખરાબ.

૯. વિ. ખામીવાળું.

૧૦. વિ. ખોટું; ખરું નહિ એવું.

૧૧. વિ. ગૂઢ; છૂપું.

૧૨. વિ. નબળું.

૧૩. વિ. નિશ્ચય વગરનું.

૧૪. વિ. બરડ.

૧૫. વિ. બિનપાયાદાર; આધાર ન રખાય એવું.

૧૬. વિ. બીકણ.

૧૭. વિ. મેળવણીવાળું.

૧૮. વિ. લીલું; નવું.

કચગ્રહ [સં. કચ (ચોટલો) + ગ્રહ્ (પકડવું)] પું. ચોટલો પકડીને કરાતું અપમાન.

કચગ્રાહિણી [સં. કચ (વાળ) + ગ્રહ્ (લેવું)] સ્ત્રી. ચીપિયો.

કચગ્રાહી સ્ત્રી. ખંપાળી.

કચજીવિતદાતા [સં. કચ (બૃહસ્પતિના દીકરાનું નામ) + જીવિત (જીવતર) + દાતૃ (આપનાર)] પું. શુક્રાચાર્યનું એક નામ. તેણે પોતાની પાસે સંજીવની વિદ્યા શીખવા આવેલ કચ નામના બૃહસ્પતિના દીકરાને સજીવન કર્યો હતો.

કચટ પું. એક જાતની ભાજી; ઢીમડો.

કચડ (કચડ઼) પું. કાદવ; કીચડ.

કચડકચડ (કચડ઼કચડ઼) ૧. પું. પાટનાં કડાં કે એવી ચીજો ઘસાવાથી થતો અવાજ.

૨. પું. રેતી જેવી ચીજ દબાવવાથી, તેવી ચીજ ચાવતાં અથવા નમતા લાકડામાંથી નીકળતો અવાજ.

૩. અ. કચકચ અવાજ થાય તેવી રીતે.

કચડકાવવું (કચડ઼કાવવું) સ. ક્રિ. કરડીને ખાવું.

કચડઘાણ (કચડ઼ઘાણ) પું. તોડફોડનું નુકસાન.

કચડપચડ (કચડ઼પચડ઼) વિ. સાજામાંદા જેવું.

કચડવું (કચડ઼વું) ૧. સ. ક્રિ. ફૂટો કરવો.

૨. સ. ક્રિ. ચગદવું; જોરથી દાબવું.

૩. સ. ક્રિ. જોરથી બાંધવું.

૪. સ. ક્રિ. દાંત કચાવવા.

૫. સ. ક્રિ. પીલવું.

૬. સ. ક્રિ. વાટવું; છૂંદવું.

કચડા (કચડ઼ા) પું. બહુ નાના કદનું કાચું તરબૂચ.

કચડાકચડ (કચડ઼ાકચડ઼) સ્ત્રી. કચરાઈ જવાય એવી સખત ભીડ; ભચરડાભચરડી; ગિરદી.

કચડાકચડી (કચડ઼ાકચડ઼ી) જુઓ કચડાકચડ.

કચડાટ (કચડ઼ાટ) ૧. પું. ભચરડો.

૨. પું. કચડાકચડ; સખત ભીડ.

૩. પું. કચર એવો અવાજ થવો તે.

કચડાવવું (કચડ઼ાવવું) ૧. સ. ક્રિ. ચગદાવવું; કચરે એમ કરાવવું.

૨. સ. ક્રિ. નરમ કરાવવું.

કચડાવું (કચડ઼ાવું) ૧. અ. ક્રિ. છુંદાવું; ભંગાવું.

૨. અ. ક્રિ. જગ્યાની તંગીને લીધે શરીરનું દબાવું; ચગદાવું; ભચડાવું.

૩. અ. ક્રિ. પેચાવું; પિલાવું.

કચડો (કચડ઼ો) ૧. વિ. પું. કુમળો; અપરિપકવ.

૨. વિ. પું. સુકુમાર.

કચણ ન. સરલ વનસ્પતિના કુટુંબની એક જાતનું ઝાડ. તે આશોપાલવને કેટલીક રીતે મળતું આવે છે. તેને ઘટ્ટ બારમાસી પાંદડાં હોય છે. હિમાલય ઉપર તે થોડા ઘણા ભાગમાં ઊગે છે. તેનાં પાંદડાં છેડે શંકુના આકારનાં દેખાય છે. તેનું લાકડું બાંધકામ વગેરેમાં વપરાય છે.

કચદિલી ૧. સ્ત્રી. બીકણપણું.

૨. સ્ત્રી. મનની નબળાઈ.

કચદીલ ૧. ન. એક જાતનું પક્ષી.

૨. [ફા. કજ્દિલ] વિ. કાચા મનનું.

૩. વિ. બીકણ.

કચનાગ ન. એક જાતનું ઝાડ; કંચન.

કચનાર ૧. પું. એક છોડનું નામ. તેની કળીનું શાક અને અથાણું થાય છે.

૨. પું. દક્ષિણ હિંદમાં થતું એક જાતનું ઝાડ; કંચનવૃક્ષ.

૩. [હિં.] પું. સફેદ અને રાતાં ફૂલનો ચંપો.

૪. સ્ત્રી. ચંપાની ભાજી.

૫. ન. એક જાતની વનસ્પતિ. તેની છાલ સંકોચક, શક્તિવર્ધક અને દરદને લીધે અવયવોની બદલાઈ ગયેલી સ્થિતિને નિયમમાં લાવનાર છે. તેમાંથી ભૂરા રંગનો ગુંદર નીકળે છે. તેનાં મૂળિયાં પેટનો દુખાવો મટાડે છે. તેનાં ફૂલ પાચક પણ વધારે પ્રમાણમાં વિરેચક છે. છાલનો ઉકાળો, સૂંઠ અને ચોખાનું પાણી ગંડમાળમાં અપાય છે. લોહીનો બગાડ, અતિસાર અને સ્થૂલ શરીરવાળા માણસનું માંસ ઓછું કરવા માટે તે આપવામાં આવે છે.

૬. ન. એક જાતનું ફૂલ.

કચનાર ગૂગળ પું. એ નામની એક ઔષધિ. તે કચનારની છાલના ઉકાળામાં કંઠમાળના રોગમાં એક તોલાની માત્રાથી અપાય છે.

કચનાલ જુઓ કચનાર ૧, ૨.

કચપ ૧. ન. તૃણ; ખડ.

૨. ન. પાંદડું; પાન.

૩. ન. શાકપાન.

કચપક્ષ [સં.] પું. ચોટલો.

કચપચ ૧. સ્ત્રી. કલબલ; ધીરો ઘોંઘાટ.

૨. સ્ત્રી. ખટપટ; ચુંચાં.

૩. સ્ત્રી. છૈયાંછોકરાં.

૪. સ્ત્રી. ટોળું.

૫. સ્ત્રી. દલીલ; ચર્ચા.

૬. સ્ત્રી. બોલાચાલી; તકરાર.

૭. સ્ત્રી. ભાંજગડ.

૮. સ્ત્રી. ભીડને લીધે થતો કલબલાટ.

૯. સ્ત્રી. લવલવ; કચકચ.

૧૦. સ્ત્રી. સમજ્યા વગરનું બોલવું તે.

કચપચિયું ૧. વિ. તકરારી; કચપચ કરનારૂં.

૨. વિ. દલીલ કરે એવું; ચર્ચા કરનારૂં.

૩. વિ. બોલકણું; ધીરે ધીરે વાત કરનાર.

કચપણ ૧. [હિં.] પું. અનુભવની ખામી.

૨. પું. કચાશ; અપરિપકવપણું.

૩. પું. સાદાઈ.

કચપાશ [સં.] પું. ચોટલો; કેશપાશ.

કચપેંદિયા [હિં.] પું. નબળો માણસ.

કચબચ [હિં.] પું. બ. વ. છૈયાંછોકરાં; બાળકો.

કચબડું (કચબડું) ૧. ન. કાચબાનું હાડકું.

૨. ન. કેરીનું ચીરિયું.

કચબા સ્ત્રી. ચોળી; કંચુકી; કાંચળી.

કચભાર પું. ચોટલો; અંબોડો.

કચભૂષણ ન. ચોટલાનું ઘરેણું; ગોફણો.

કચમચ [હિં.] સ્ત્રી. અર્થ વગરની વાત.

કચમાલ ૧. [સં.] પું. અગ્નિ.
૨. પું. ધુમાડો.

કચમાલા સ્ત્રી. વાળનું ઝૂમખું; ચોટલો.

કચમોરા ૧. પું. અથાણું.
૨. પું. જંગલી કડવું ફળ.

કચર જુઓ કચ્ચર.

કચરકચર પું. કાચાં ફળ ખાવાથી થતો અવાજ.

કચરકૂટ જુઓ કચ્ચરકૂટ.

કચરઘાણ જુઓ કચ્ચરઘાણ.

કચરડવું (કચરડ઼વું) ૧. સ. ક્રિ. કચરડ એવો અવાજ થાય તેમ કરવું; જોરથી દાબવું; પીસવું. જેમકે, દાંત કચરડવા.
૨. સ. ક્રિ. જોરથી બાંધવું.

કચરડાટ (કચરડ઼ાટ) પું. કચર એવો અવાજ; વધુ પડતું દબાવવાથી નીકળતો અવાજ.

કચરડાટી ૧. (કચરડ઼ાટી) સ્ત્રી. કચર એવો અવાજ; ખૂબ દાબવાથી થતો અવાજ.
૨. સ્ત્રી. દાંત ભીંસવા તે.

કચરપચર ૧. [હિં.] સ્ત્રી. કાચાં ફળ ખાવાથી થતો અવાજ.
૨. સ્ત્રી. નાદુરસ્ત તબિયત.
૩. વિ. કચરાયેલું પણ નહિ પચેલું; અપરિપક્વ.
કચરપચર ઝાડો થવો = રહી રહીને અપરિપક્વ મળ આવ્યા કરવો.
૪. વિ. કાચુંકોરૂં; આચરકૂચર.
કચરપચર ખાવું = પહેલી વારનો ખોરાક પચી ગયો હોય નહિ તે પહેલાં બીજી વાર ને ત્રીજી વાર ખાધા કરવું.
૫. વિ. તબિયત સારી ન હોય એવું.
૬. અ. ઉપરાઉપરી; રહીરહીને.

કચરપાપડ (કચરપાપડ઼) પું. કચરપચર; થોડો મંદવાડ.

કચરબચર પું. બ. વ. બાળકો; છૈયાંછોકરાં.

કચરબો [કચ (હાડકાનો કકડો) + કરબો (ઢગલો)] પું. હાડકાના કકડાનો ઢગલો.

કચરભરક વિ. આચરકૂચર; કાચુંકોરૂં.

કચરવું ૧. સ. ક્રિ. ચગદવું; દાબવું; ભીંસવું.
૨. સ. ક્રિ. છૂંદવું; વાટવું; ખાંડવું.
૩. સ. ક્રિ. નરમ કરવું.
૪. સ. ક્રિ. ભાંગીને ભૂકો કરવો; ફૂટો કરવો.
૫. સ. ક્રિ. મારવું.
૧. કચરી ઘાલવું = (૧) કેદ કરવું. (૨) છૂંદી નાખવું; ચૂરો કરવો. (૩) જોરથી વશ કરવું; દબાણ તળે રાખવું. (૪) મારી ઝૂડીને નરમ કરી નાખવું.
૨. કચરી નાખવું = (૧) ચગદી નાખવું; રગડવું; નરમ પાડી દેવું. (૨) ફરીને ઊઠવા ન પામે તેમ કરવું; દુર્દશામાં મૂકવું; ઊંચી સ્થિતિ ન આવે એવી હાલતે પહોંચાડવું.
૩. કચરી મારવું = હેરાન કરવું; માથે બોજો પડે એમ કરવું; પીડવું.

કચરા ૧. પું. કચરોપૂંજો.
૨. પું. કશેરુક; એ નામનું એક જાતનું ઘાસ.
૩. [હિં.] પું. કાચું તરબૂચ.
૪. પું. પદકાળા જેવું પેટ.
૫. પું. માટી.
૬. પું. રૂનું જીંડવું.

કચરાકચર સ્ત્રી. કચરાઈ જવાય એવી સખ્ત ભીડ; કચડાકચડી; ભીડાભીડ.

કચરાકચરી જુઓ કચરાકચર.

કચરાપટી ૧. પું. કચરો કાઢનાર માણસ; ઝાડુવાળો.
૨. સ્ત્રી. ઉકરડો; ગંદવાડ એકઠો થતો હોય તે જગ્યા.
૩. સ્ત્રી. કચરાપૂંજાનો ઢગલો.
૪. સ્ત્રી. કચરો; પૂંજો.
૫. સ્ત્રી. કચરોપૂંજો કાઢનારી સંસ્થા; મ્યુનિસિપાલિટિ.
કચરાપટીનું કારખાનું = સુધરાઈ ખાતું.
૬. સ્ત્રી. કીચડ; ગંદકી.
૭. વિ. કચરા જેવું; ગંદું.
૮. વિ. તુચ્છ; હલકું.

કચરાપટ્ટી જુઓ કચરાપટી.

કચરાપટ્ટીખાતું ન. સુધરાઈ ખાતાનો એક ભાગ.

કચરાપેટી સ્ત્રી. કચરો ભેગો કરવાની પેટી; સુધરાઈ ખાતા તરફથી કચરો નાખવા માટે શેરીમાં રાખવામાં આવતી પેટી.

કચરાવવું ૧. સ. ક્રિ. ચગદાવવું; દબાવવું.
૨. સ. ક્રિ. છુંદાવવું; ખંડાવવું.
૩. સ. ક્રિ. નરમ કરાવવું.
૪. સ. ક્રિ. ભાંગીને ભૂકો કરાવવો.
૫. સ. ક્રિ. મરાવવું.
૬. સ. ક્રિ. હેરાન કરાવવું.

કચરાવું ૧. અ. ક્રિ. ચગદાવું; દબાવું.
૨. અ. ક્રિ. છુંદાવું; ખંડાવું.
૩. અ. ક્રિ. નરમ થવું.
૪. અ. ક્રિ. ભાંગીને ભૂકો થવો; ફૂટો થવો.
૫. અ. ક્રિ. મરાવું.
૬. અ. ક્રિ. હેરાન થવું.

કચરિપુફલા [સં.] સ્ત્રી. ખીજડાનું ઝાડ.

કચરિયા ૧. [હિં.] પું. ચીભડું.
૨. ન. ગુવાર, ભીંડો, તુરિયાં, કોઠીંબડાં વગેરેની સુકવણી.
૩. વિ. ગારો કરનાર.

કચરિયું ૧. ન. અરધ પીલેલ તલનો તેલભર્યો લોંદો; તૈલી બીજનો તેલભર્યો ફૂટો.
૨. ન. કૂચો; કચુંબર; કટકાબટકા.
કચરિયાં પકાવવાં-વેચવાં = મોટો અવાજ કરવો.
૩. ન. કેરીનો આથેલ છૂંદો.
૪. ન. માર.
૫. ન. લોંદા જેવો પદાર્થ.
૬. વિ. કચરાયેલું.

કચરી [હિં.] સ્ત્રી. અથાણા માટે વપરાતું ફળ.

કચરૂ ન. કચરો.

કચરો ૧. [સં. કર્ચૂરક] પું. એ નામનો કાદવમાં ઊગતો એક છોડ. તે મધુર, શીત, તૂરો, ગુરુ, ગ્રાહક, શુક્રવર્ધક, વાતકર, મલસ્તંભક, રુચિકર, વૃષ્ય, કફકારક અને કૃમિકર હોવાથી રક્તપિત્ત, દાહ, શ્રમ, તૃષા, રક્તદોષ, નેત્રરોગ અને પ્રમેહનો નાશ કરનાર અને પિત્ત તથા કમળો મટાડનાર મનાય છે. કચરાને છોલી, ચીરો કરી, દૂધમાં શેરડીના રસ સાથે બફાય છે તેને દૂધ કચરો કહે છે.
૨. પું. કાદવ.
૩. [સં. કચ્ચર; દે. કચ્છરો] પું. કૂચો; પૂંજો; નકામી અને ફેંકી દેવા જેવી વસ્તુ.
૧. કચરાની ટોપલીને સ્વાધીન કરવું = તુચ્છ ગણી કાઢી નાખવું; રદ કરવું.
૨. કચરે કચરો વધે = (૧) કચરો હોય ત્યાં બીજો કચરો ભળે એ રીતે વધારો થાય. (૨) પૈસો પૈસાને ખેંચે.
૩. કચરો કાઢવો = (૧) ખરાબ માણસ દૂર કરવાં. (૨) વાળવું; ઝાડવું. (૩) વ્યવસ્થા કરવી.
૪. કચરો વાળતાં જન્મારો ગયો ને ભાભીજી પૂછે ઉકરડો કયો? = ઘાંચીની છોકરી ખોળનું નામ ભૂલી ગઈ. જાણીતી બાબતમાં પૂછનાર માટે આ પ્રયોગ વપરાય છે.
૪. પું. (ડિંગળ) કૂડો.
૫. પું. ખરાબમાં ખરાબ માણસ; ઉતાર.
૬. પું. ગડબડ; ગોટાળો.
૭. પું. ચણતરમાં વપરાતી ગારાની માટી.

કચરોછાવડિયો (કચરોછાવડ઼િયો) વિ. પું. ટેકો ટાળવાવાળો; રટણપટણ કરે એવો.

કચરોડબરો પું. બ. વ. બાળકો.

કચરોદબરો પું. જમીનનો સપાટ નહિ એવો પ્રદેશ.

કચરોપૂંજો પું. નકામી અને નાખી દેવા જેવી વસ્તુ. જેમકે, ધૂળ, તરણાં.

કચરોલી પું. હિમાલયની દક્ષિણે આવેલ એ નામનો એક પર્વત.

કચર્યાકચર ૧. સ્ત્રી. ભીડાભીડ; સખત ભીડ.

૨. અ. ઠાંસ્યાઠાંસ્ય; ભર્યાભર.

કચલઘાણ જુઓ કચરઘાણ.

કચલટ સ્ત્રી. ચોટલો; વેણી; અંબોડો.

કચલહુ પું. પરૂની સાથે નીકળતી પાતળી રસી.

કચલા [હિં.] પું. માટી.

કચલી [હિં.] સ્ત્રી. સર્પની કાંચળી.

કચલો પું. પહાડમાં થતું એક ઝાડ. તે વીશ ફૂટ ઊંચું વધતું હોવાથી ઇમારતી કામમાં અને ખેતીનાં ઓજારો માટે વપરાય છે. સુશોભિત હોવાથી રસ્તાની બંને બાજુ તે વવાય છે.

કચલોટ [અં.] સ્ત્રી. સિત્તેર ફૂટ લાંબું અને બાવન ફૂટ પહોળું વ્હેલની જાતનું એક દરિયાઈ પ્રાણી. તેના માથા ઉપરનાં છિદ્રોમાં તેલ હોય છે.

કચલોણ જુઓ કચલોન.

કચલોન [હિં.] ન. ખોરાક પચાવવામાં ઉપયોગી એક જાતનું મીઠું.

કચલોહા ૧. પું. કાચું લોઢું.

૨. પું. હલકો હાથ.

કચલોહિયા સ્ત્રી. કાચું લોઢું.

કચલોહી સ્ત્રી. ઘડ્યા વગરનું લોઢું.

કચલોહુ જુઓ કચલોહૂ.

કચલોહૂ [હિં.] પું. પરૂ સાથે નીકળતી પાતળી રસી.

કચવવું સ. ક્રિ. દિલ દુખવવું; અસંતોષ ઉપજાવવો; નારાજ કરવું.

કચવા ૧. ન. એક જાતનું પક્ષી.

૨. ન. એક તંતુવાદ્ય.

કચવાટ ૧. પું. ઊંચું મન; બગાડ; ફાટફૂટ.

૨. પું. ખિન્નતા; વિરાગ.

૩. પું. ગભરાટ; જીવ ધોળાવો તે.

૪. પું. ચીડ; રીસ.

૫. પું. જીદ; માથાકૂટ; કચકચાટ.

૬. પું. જોરજુલમ.

૭. પું. દુશ્મની; ખાર; ઈર્ષા.

૮. પું. બોલાચાલી; અણબનાવ; ગડબડ.

૯. પું. ભેળસેળ; વચમાં ઘૂસવું તે.

૧૦. પું. મનનો કચવાટ; અસંતોષ; કોચવણી.

કચવાટિયું ૧. વિ. કચવાટ કરનારૂં.

૨. વિ. રાજી ન રહેતું; અસંતોષી.

કચવાણ ૧. ન. ગભરામણ; મૂંઝવણ.

૨. ન. ભેળસેળ; ખરાબી.

૩. ન. મનદુઃખ; મન કચવાવું તે; દુભણ.

૪. ન. મુસીબત.

૫. ન. વણબોલાવ્યા વચમાં બોલવું તે; ઘૂસવું તે.

કચવારો [કચકચ + વાળું] પું. નાનાં નાનાં છોકરાં.

કચવાવવું ૧. સ. ક્રિ. અનિશ્ચિત કરવું.

૨. સ. ક્રિ. આનાકાની કરે એમ કરવું; આચકો ખવરાવવો.

૩. સ. ક્રિ. ઊંધું વાળવું.

૪. સ. ક્રિ. કચવાય એમ કરવું; દિલ દુખવવું.

૫. સ. ક્રિ. કોઈથી કંટાળવું.

કચવાવું ૧. અ. ક્રિ. અકળાવું.

૨. અ. ક્રિ. આનાકાની કરવી; આચકો ખાવો; ખમચાવું.

૩. અ. ક્રિ. ઊંધું થાવું.

૪. અ. ક્રિ. ગભરાવું.

૫. અ. ક્રિ. મન દુખાવું; ખિન્ન થવું; નારાજ થવું.

કચવાહા ૧. [હિં.] સ્ત્રી. એ નામની રજપૂતની એક જાત.

૨. ન. રજપૂતની એક જાતનું માણસ.

૩. વિ. એ નામની રજપૂતની જાતનું.

કચવાંસી [હિં.] સ્ત્રી. જમીન માપણીમાં સપાટીનો નાનામાં નાનો ભાગ.

કચવિદ્યાપ્રદાયી [સં. કચ (બૃહસ્પતિનો દીકરો) + વિદ્યા + પ્રદાયિન્ (આપનાર)] પું. શુક્રાચાર્યનું એક નામ. તેણે કચને સંજીવની વિદ્યા શીખવી હતી.

કચવું ૧. વિ. ખલેલ પહોંચાડાયેલું; નુકસાન થયું હોય એવું.

૨. વિ. ગભરાયેલું.

૩. વિ. સફાઈ વિનાનું; મેલું; ગંદું.

૪. વિ. સેળભેળ; ગડબડિયું.

કચસમૂહ [સં. કચ (વાળ) + સમૂહ (જથ્થો)] પું. ચોટલો.

કચહરિયા માણસ ન. કચેરીનું ધ્યાન રાખનાર નોકર.

કચહરી ૧. [હિં.] સ્ત્રી. અદાલત; કચેરી.

૧. કચહરી આમ = સામાન્ય કચેરી.

૨. કચહરી આમ મુફત હા = ઉઘાડી સામાન્ય કચેરી.

૩. કચહરી કરવી = અદાલતના કેસ સાંભળવા.

૪. કચહરી ચડવું = અદાલતે જવું; કોર્ટે ચડવું.

૫. કચહરી બરખાસ્ત = અદાલત ઊઠવી તે.

૬. કચહરી બરખાસ્ત કરવી = અદાલત મુલતવી રાખવી; કચેરી બંધ કરવી.

૭. કચહરી લગાવવી = (૧) ગડબડ કરવી. (૨) ટોળું એકઠું કરવું.

૮. કચહરીના કુત્તા = કચેરીનો હલકા દરજ્જાનો માણસ.

૨. સ્ત્રી. કાર્યાલય; કામ કરવાની જગ્યા.

૩. સ્ત્રી. ગોષ્ઠી; વાતચીત.

૪. સ્ત્રી. દરબાર; રાજસભા.

૫. સ્ત્રી. ન્યાયનું દફતર.

૬. સ્ત્રી. મહેસૂલ એટલે વાર્ષિક ઊપજની પહોંચ આપવા માટેની જાહેર ઓફિસ.

કચહસ્ત [સં.] પું. ચોટલો.

કચંગન [સં.] ન. જકાતમાફીવાળી બજાર.

કચંગલ પું. સમુદ્ર.

કચા ૧. સ્ત્રી. એબ; ખોટ.

૨. સ્ત્રી. સૌંદર્ય; પ્રભા.

૩. [સં.] સ્ત્રી. હાથણી.

કચાઈ ૧. [હિં.] સ્ત્રી. અકુશળતા; પક્કાઈ ન હોવાપણું.

૨. સ્ત્રી. અનુભવની ખામી; બિનઅનુભવ.

૩. સ્ત્રી. કાચાપણું; કચાશ.

૪. સ્ત્રી. ખિતાબમાં ખામી હોવી તે.

૫. સ્ત્રી. ખોડ.

કચાકચ ૧. સ્ત્રી. કજિયો; તકરાર.

૨. સ્ત્રી. કોઈ વસ્તુ કપાયાથી થતો અવાજ.

૩. સ્ત્રી. ટકટક; નકામી માથાફોડ.

૪. અ. ઝપાટાબંધ કપાય એમ.

કચાકચિ ૧. વિ. તુમુલ; દારુણ; એકબીજાના વાળ પકડીને થયેલું.

૨. અ. સામસામા વાળ તોડી નાખે એમ; લડવામાં સામસામા વાળ ખેંચીને.

કચાકચી ૧. સ્ત્રી. કજિયો.

૨. સ્ત્રી. સખત તકરાર; લડાલડી.

૩. સ્ત્રી. સંભોગની ક્રિયા.

૪. સ્ત્રી. સંભોગમાં થતો અવાજ.

કચાકુ ૧. પું. સર્પ.

૨. વિ. ક્રૂર; ઘાતકી.

૩. વિ. દુઃશીલ; દુરાચારી.

૪. વિ. મુશ્કેલીથી હરાવી શકાય એવું.

કચાગ્ર [સં. કચ (વાળ) + અગ્ર (છેડો)] ન. માથાના વાળનો અગ્ર ભાગ.

કચાટ ૧. પું.; સ્ત્રી. કચકચ; કજિયો.

૨. પું.; સ્ત્રી. કચવાટ; કનડગત; જુલમ.

૩. પું.; સ્ત્રી. જીદ.

૪. પું.; સ્ત્રી. ન સમજાય એવી યોજના.

૫. સ્ત્રી. મૂંઝવણ ભરેલું કામ.

૬. વિ. હઠીલું; જિદ્દી.

કચાટિયું ૧. વિ. કચકચ કરનાર; કચકચીલું; બકબક કરનાર.

૨. વિ. કચવાટવાળું.

૩. વિ. કચાટ કરવાની ટેવવાળું.

૪. વિ. ગૂંચવણ ભરેલું; ગડબડિયું.

૫. વિ. જિદ્દી.

કચાટુર પું. એક જાતની જળકૂકડી; 'ગૅલિન્યુલ'.

કચાપણ ન. અપરિપક્વતા; કચાશ.

કચાપન ન. કચાશ.

કચાબાર પું. નિષ્ફળતા.

કચામોદ [સં.] પું. સુગંધી વાળો; ખસ.

કચાયન સ્ત્રી. લડાઈ; ઝઘડો.

કચાર [હિં.] સ્ત્રી. ભીનાશવાળી જમીન.

કચારી સ્ત્રી. કચેરી.

કચારો ૧. પું. ગભરાટમાં નાખે એવી અસર.

૨. પું. નઠારૂં ભયંકર સ્વપ્ન; ઓથાર.

કચાલ ૧. [ક (ખરાબ) + ચાલ (રિવાજ)] પું. ખોટો રિવાજ.

૨. સ્ત્રી. કુટેવ.

૩. [સં. કુ (ખરાબ) + ચારિત્ર (વર્તણૂક)] સ્ત્રી. બદચાલ; નઠારી રીતભાત.

કચાલૂ ૧. [હિં.] પું. ખવાય એવું એક જાતનું મૂળિયું.

૨. સ્ત્રી. ચટણી; ચટાકો.

કચાલૂ કરવી–બનાવવી = ખૂબ પીટવું.

કચાલે અ. ન છૂટકે; નિરુપાયે.

કચાલો ૧. પું. અમુક વગર ન ચાલે એવી સ્થિતિ; અનિવાર્યતા.

૨. પું. કુરિવાજ; ખરાબ ચાલ.

કચાવડી (કચાવડ઼ી) ન. અળવી જેવું એક કંદ.

કચાશ ૧. સ્ત્રી. અનુભવ વગરની સ્થિતિ.

૨. સ્ત્રી. કસર; ન્યૂનતા; કમીના.

૧. કચાશ કરવી–રાખવી = (૧) અપૂર્ણું છોડી દેવું. (૨) મહેનતમાં ઉણપ રાખવી; પૂરતી મહેનત ન કરવી.

૨. કચાશ ગપર હોવું = અધૂરૂં હોવું.

૩. સ્ત્રી. કાચાપણું; અપક્વતા.

૪. સ્ત્રી. ખોટ; ખામી; અધૂરાપણું.

કચાસ જુઓ કચાશ.

કચાંપચાં ન. બ. વ. બાળબચ્ચાં; કચાંબચાં.

કચાંબચાં ન. બ. વ. બાળબચ્ચાં; છોકરાંછૈયાં.

કચિત્રું ૧. વિ. આડુંઅવળું થઈ ગયેલું; ચૂંથાઈ ગયેલું.

૨. વિ. ગંદું.

૩. વિ. સેળભેળ.

કચિન સ્ત્રી. આસામમાં બોલાતી એક ભાષા.

કચિયર વિ. કાચું; ગારમાટીનું.

કચિયલ વિ. કાચી ઈંટ અને ગારાથી ચણેલું.

કચિયા [હિં.] પું.; ન. દાતરડું.

કચિયાણ ૧. પું. અવાજ; ઘોંઘાટ.

૨. ન. ભીડ; કચડાકચડી; ગિરદી.

કચિયાનોન [હિં.] પું. બંગડીખાર; એક જાતનો ક્ષાર.

કચિયારું વિ. કચાશવાળું; કાચું અને અપરિપૂર્ણું.

કચિયારો ૧. પું. ઉછેરવાં પડે એવાં બાળબચ્ચાં; નાનાં છોકરાંનો સમૂહ.

કાચો કચિયારો મૂકીને જવું = નાનાં બાળકો મૂકીને મરી જવું.

૨. પું. કચકચાટ.

૩. પું. કાચાં ફળ.

૪. પું. કાચી ઈંટોનો જથ્થો.

૫. પું. કાચી કેરીને પાકી કરવા એકસામટી રાખવી તે.

૬. પું. કાચી હાલત; અપૂર્ણું સ્થિતિ.

૭. પું. કાચો ધાબો.

કચિયાવવું અ. ક્રિ. બીવું.

કચિયાહટ [હિં.] સ્ત્રી. ધિક્કાર.

કચિયાહત ન. નાસવું તે.

કચિયું ૧. ન. કાચકું; કાચકીનું ફળ.

૨. વિ. કચકચ કરનાર; કચકચિયું.

૩. વિ. તોફાની; તકરારી; કજિયાખોર.

૪. વિ. બેઠાડુ; આળસુ થઈને વાતો કરનારૂં.

૫. વિ. માથાકૂટ કરાવનારૂં.

૬. વિ. હઠીલું; જિદ્દી; માથાફોડિયું.

કચી વિ. કાચું.

કચીકો ૧. પું. આંબલિયો; આંબલીનો ઠળિયો.

૨. પું. મણકો.

કચીર ન. માટીનું કામ.

કચુ ૧. [સં.] સ્ત્રી. એક જાતનું ઝાડ.

૨. સ્ત્રી. (પિંગળ) તે નામનો એક છંદ.

૩. સ્ત્રી. હળદર.

કચુઆટ જુઓ કચવાટ.

કચુઆંણ જુઓ કચવાણ.

કચુકકચુક અ. એવો અવાજ થાય એમ.

કચુરી સ્ત્રી. આસમાની ફૂલવાળો એક સુંદર છોડ.

કચુંબર ૧. સ્ત્રી.;ન. આદુ, લીલી હળદર, ગરમર વગેરેની મીઠું ચડાવેલ કાતળીઓનું કાચું ને તાજું અથાણું.

૨. સ્ત્રી.;ન. ગેરસમજ.

૩. સ્ત્રી.;ન. ગોટાળો; ગડબડગોટો; સેળભેળ; છિન્નભિન્નતા.

૪. સ્ત્રી.;ન. નાની અને પાતળી ચીરો અથવા કટકીઓ; ઝીણા ઝીણા કટકા; છૂંદો; કચૂમર.

૧. કચુંબર કરી નાખવી = સખ્ત માર મારવો.

૨. કચુંબર થવું = ભાંગીને છૂંદો થઈ જવો.

૩. કચુંબર નીકળવી = છૂંદો થવો.

૪. ઘરની કચુંબર = પોતાનાં નાનાં છોકરાં.

કચુંબરૂં વિ. કાચું.

કચુંભર જુઓ કચુંબર.

કચૂ [હિં.] પું. એક જાતનું ગાજર.

કચૂકો ૧. પું. આંબલીનો ઠળિયો; આંબલિયો.

કચૂકા પીલે તેલ ન નીકળે = જેમાં જે ન હોય તેમાંથી તે મેળવવાની મહેનત કરવી ફોગટ છે.

૨. પું કાચકો; કાચકીનું ફળ.

કચૂડકચૂડ (કચૂડ઼કચૂડ઼) ૧. પું. હીંચકાના ઝૂલવાથી થતો અવાજ; ભારને લીધે ઘસાવાથી કે ચાવવાથી થતો અવાજ.

૨. અ. એવો અવાજ થાય તેમ.

કચૂડિયું (કચૂડ઼િયું) વિ. કચૂડકચૂડ અવાજ કરતું.

કચૂડિયાં કરવાં = કચૂડકચૂડ અવાજ કરવો.

કચૂડો (કચૂડ઼ો) પું. હીંચકો; ઝૂલો.

કચૂમર ૧. [હિં.] પું. જંગલી કડવું ફળ.

૨. જુઓ કચુંબર.

કચૂમલ જુઓ કચુંબર.

કચૂર ૧. [સં. કર્ચૂર] પું. (હિંદી) એક જાતનો છોડ.

૨. પું. ગંધસાર; સુગંધી વસ્તુ.

કચૂરો [સં. કર્ચૂર; પ્રા. કચ્ચૂર] પું. કોંકણ તરફ થતું એક ઝાડ. હળદરના જેવા આ ઝાડને બે હાથ લાંબાં, કાળાશ પડતા લીલા રંગનાં પાન આવે. કંદ જમીનમાં થાય છે. તેનું અથાણું બને. તે કડવો, તીખો, ઉષ્ણ, તીક્ષ્ણ, અગ્નિદીપક, સુગંધી, રુચિકર, લઘુ, મુખ સ્વચ્છ કરનાર અને રક્તપિત્તને કોપાવનાર હોવાથી ગલગંડ, ગંડમાળ, કોઢ, વ્રણ, ઉધરસ, દમ, ગુલ્મ, કફ, ત્રિદોષ, કૃમિ, વાયુ, જ્વર અને પ્લીહાના રોગનો નાશ કરનાર મનાય છે. તે સુગંધી હોવાથી સુગંધી મસાલામાં વાટી શરીરે ચોપડાય છે.

કચૂંદવું ૧. સ. ક્રિ. અંદર પાણી નાખીને ચોળવું; હલાવવું; ડોળવું.

૨. સ. ક્રિ. કણસવું; મસળવું; ગૂંદવું.

૩. સ. ક્રિ. બગાડવું; ગંદું કરવું.

કચેરા ૧. [હિં.] સ્ત્રી. એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એક જાતનું.

કચેરી ૧. સ્ત્રી. કાર્યાલય; ઓફિસ; દરબાર; કોર્ટ.

૧. કચેરીએ ચડવું = (૧) દાવો માંડવો. (૨) ફરિયાદ કરવી.

૨. કચેરીએ બેસનાર = (૧) કચેરીની રીતભાતનો જાણીતો માણસ. (૨) સરકારી માણસ.

૩. કચેરીના કુત્તા = અહંકારી અમલદારો.

૪. કચેરીમાં કચરો = જ્યાં અમલ ચાલતો હોય ત્યાં અંધારૂં પણ હોય.

૨. [ફા.] સ્ત્રી. દીવાનખાનું; ઘરમાંનો બેસવા ઊઠવાનો ખંડ.

૩. સ્ત્રી. રાજકાજ કરનારની બેસવાની જગ્યા; અમલદારને કામ કરવાનું ઠેકાણું.

૪. સ્ત્રી. સભા; સંમેલન; બેઠક.

કચેલ ન. હસ્તલિખિત પાનાંઓને બાંધવાને વપરાતી દોરી અથવા પૂઠું.

કચેલા ૧. [સં.] વિ. ખરાબ કપડાં પહેરેલું.

૨. વિ. ગંદું.

કચૈડી (કચૈડ઼ી) સ્ત્રી. અદાલત; ન્યાયની કચેરી.

કચૈલા જુઓ કચેલા.

કચો પું. જંગલી લાકડાની જાત. તેની આઠ જાત છે: (૧) કલપેન, (૨) લાલપેન, (૩) મેથિયો, (૪) સાજડ, (૫) આંબો, (૬) હળદરવો, (૭) ખેર અને (૮) બાવળ.

કચોકા [હિં.] પું. અણીવાળા હથિયારથી ઘાયલ કરવું તે.

કચોખું ૧. વિ. કાંકરીવાળું.

૨. વિ. ચોખ્ખું કર્યા વગરનું; અશુદ્ધ.

૩. વિ. ભેળસેળવાળું.

કચોના પું. ખૂણોખાંચરો.

કચોરા [હિં.] પું. હળદર જેવી એક વનસ્પતિ; બનહલ્દી.

કચોરી ૧. સ્ત્રી. આંબાહળદર.

૨. [સં. કર્ચરિકા] સ્ત્રી. એક જાતની વાની. અડદના લોટની પૂરી બનાવી મરી, જીરૂં, ધાણાં, હિંગ અને ઘી સાથે મેળવેલું પૂરણ ભરવું અને ઘીમાં તળી લેવી. આ ખાવાથી શુક્રની વૃદ્ધિ થાય અને બળ આવે.

૩. સ્ત્રી. ખારી ધારી; મેંદાની પૂરીમાં એલચી અને લવિંગથી વધારેલી પલાળેલી મગની છૂટી દાળ, ખમણ, આદુ, કોથમીર વગેરે ચીજો નાખી, બીડી, તેલમાં તળેલી વાની.

૪. સ્ત્રી. પ્યાલી.

કચોરૂં ન. નાનો વાટકો.

કચોરો ૧. [સં. કર્ચૂર] પું. એ નામની ઔષધિ; ઝેરકોચલું; કચૂરો. તેની સુગંધી કપૂરને મળતી આવે છે. તે શોધક અને જ્વરનાશક છે. લોહીવિકારને લીધે થયેલાં ચામડીનાં દરદની અંદર તે ઉપયોગી મનાય છે. કોઢ, શીળસ, અપચો અને ગલગંડ વગેરેમાં પાવલાથી અર્ધાભાર સુધીની માત્રામાં અપાય છે.

૨. પું. કોંકણ તરફ થતું એક ઝાડ. જુઓ કચૂરો.

કચોલડું (કચોલડ઼ું) ૧. ન. કંકાવટી; કંકુ પલાળવાની પ્યાલી.

૨. ન. ચલાણું; માથામાં નાખવાનું તેલ કાઢવાનું નાનું પ્યાલું.

કચોલી સ્ત્રી. કચોળું.

કચોલું જુઓ કચોળું.

કચોળું ૧. [ફા. કશ્કૂલ (ભીખ માગવાનો ફકીરનો પ્યાલો)] ન. કંકાવટી; કાચની કે ધાતુની કંકુ ભરવાની પ્યાલી.

૨. ન. કાપડની એક જાત.

૩. ન. કાળો લંબગોળ પ્યાલો.

૪. ન. ચલાણું; તેલ કાઢવાનું સુંદર નાનું પ્યાલું.

૫. વિ. છલોછલ; ઊભરાય તેવું.

કચોળાઈ જવું = ઊભરાઈ જવું; છલોછલ થઈ જવું.

કચૌડી (કચૌડ઼ી) જુઓ કચોરી.

કચૌરી જુઓ કચોરી.

કચ્ચ ૧. પું. મોલના કંપનથી થતો અવાજ.

૨. વિ. અતિશય; ખૂબ.

૩. અ. ઝટ દઈને; વિચાર કર્યા વગર.

કચ્ચઈ ૧. સ્ત્રી. અપચો.

૨. સ્ત્રી. અપૂર્ણતા; કચાશ.

૩. સ્ત્રી. કચ્ચાઈ; કાચું હોવું તે.

૪. સ્ત્રી. ગેરમાહિતી; બિનવાકેફગારી.

૫. સ્ત્રી. બિનઅનુભવી હોવાપણું.

કચ્ચટ ૧. ન. વનસ્પતિની એક જાત.

૨. વિ. ખરાબ.

૩. વિ. નિંદિત; નિંદ્ય.

કચ્ચડઘાણ (કચ્ચડ઼ઘાણ) પું. કચ્ચરઘાણ; નાશ.

કચ્ચર ૧. [સં.] પું. કચરો; કકડી; કરચ.

૨. પું. શરીરનો કોઈ ભાગ કચરાવો તે; અમુક ભાગમાં ઈજા થવાથી ફૂટ નહિ થતાં દુખાવો ઊપડી જરા સોજો ચડે તે.

૩. પું.;સ્ત્રી. જળમાં પેદા થતી એક જાતની વનસ્પતિ.

૪. સ્ત્રી. કચરાયું હોય તેવી સ્થિતિ.

૫. સ્ત્રી. કટકી; કાંકરી.

૬. સ્ત્રી. ખાંડેલી અથવા દબાયેલી વસ્તુ.

૭. સ્ત્રી. વિષ્ટા.

૮. ન. છાશ.

૯. વિ. કચરાયેલું; છૂંદાયેલું; ચગદાઈ ગયું હોય તેવું.

૧૦. વિ. ખરાબ; નિંદ્ય.

૧૧. વિ. ધાતકી.

૧૨. વિ. મલિન; મેલું.

૧૩. વિ. લોહી ન નીકળ્યું હોય પણ અંદરથી સખત ઈજા થઈ હોય એવું.

૧૪. અ. ખૂબ કચરાઈને ચગદાઈ ગયેલું હોય તેમ.

કચ્ચરકૂટ ૧. સ્ત્રી. કચરવું અને કૂટવું તે.

૨. સ્ત્રી. મહેનત.

૩. સ્ત્રી. લડાલડી; મારામારી.

કચ્ચરગાણ જુઓ કચ્ચરઘાણ.

કચ્ચરઘાણ ૧. પું. કચરાઈને થયેલો નાશ; દાળોવાટો; પાયમાલી.

૧. કચ્ચરઘાણ કાઢવો = પાયમાલ કરવું.

૨. કચ્ચરઘાણ થવો = (૧) કકડે કકડા થવા. (૨) છૂંદાઈને નાશ થવું. (૩) સત્યાનાશ વળવો.

૩. કચ્ચરઘાણ વળવો = કચરાઈ જવું; છૂંદાઈ જવું.

૨. પું. છૂંદો.

૩. પું. સત્યાનાશ.

કચ્ચરિયું ન. નાશ.

કચ્ચા ૧. [હિં.] પું. કચ્છ.

૨. પું. ગર્ભ; ગર્ભાશય.

કચ્ચા જવું = કસુવાવડ થવી.

૩. વિ. અપક્વ; કાચું.

૪. વિ. અમુક વજન કે માપથી નીચેનું.

૫. વિ. અસ્થિર; ઢચુપચુ.

૬. વિ. આછું; ઘેરૂં નહિ એવું.

૭. વિ. આધાર રખાય નહિ એવું.

૮. વિ. આશરે હોય એવું; અટકળેલું.

૯. વિ. કાચી માટીનું બાંધેલું; ગારાનું.

૧૦. વિ. ખરાબ; ખામીવાળું.

કચ્ચા ખાવું = ગુસ્સે થવું.

૧૧. વિ. ખરૂં નહિ એવું.

૧૨. વિ. ચોક્કસ નિશ્ચયવાળું નહિ એવું.

૧૩. વિ. જુવાન.

૧૪. વિ. નબળું; નમતું આપે એવું.

૧. કચ્ચા કરવું = (૧) નાહિંમત બનાવવું. (૨) શરમાવવું.

૨. કચ્ચા થવું = (૧) શરમાવું. (૨) હિંમત ખોવી.

૧૫. વિ. નવું; લીલું.

૧૬. વિ. પાકેલું નહિ એવું.

૧૭. વિ. બરડ; બટકણું.

૧૮. વિ. બિનપાયાદાર.

૧૯. વિ. બીકણ.

૨૦. વિ. મૂઢ; ફૂટ થયા વગરનું.

૨૧. વિ. મૂર્ખ; બિનઅનુભવી.

૨૨. વિ. મેળવણીવાળું.

૨૩. વિ. વજનમાં ઓછું.

કચ્ચા આમદાની [હિં.] સ્ત્રી. ખર્ચ વગેરે બાદ કર્યા વિનાની કુલ આવક.

કચ્ચા આસામી [હિં.] પું. કાયમી અથવા વંશપરંપરાનો નહિ પણ હંગામી ખેડૂત.

કચ્ચાઈ ૧. સ્ત્રી. અનુભવ વગરની સ્થિતિ; બિનવાકેફગારી; અકુશળતા.

૨. સ્ત્રી. અપચો; અજીર્ણ.

૩. સ્ત્રી. કાચાપણું; કચાશ.

૪. સ્ત્રી. ઘટ; કસર.

કચ્ચાઈ નિકાલવી = (૧) ખૂબ મારવું. (૨) ખોટ પૂરી કરવી.

કચ્ચા-ઊપજ [હિં.] સ્ત્રી. ખર્ચ બાદ કર્યા વગરની કુલ ઊપજ.

કચ્ચા કુંબા [હિં.] પું. નાનાં બાળકોનું કુટુંબ.

કચ્ચા ચૂના પું. કળી ચૂનો.

કચ્ચા જિન [હિં.] પું. મૂર્ખ માણસ.

કચ્ચા તહસીલ [હિં.] સ્ત્રી. ખેડૂત પાસેથી સીધી મહેસૂલની વસૂલાત.

કચ્ચા દિન [હિં.] પું. ચાર પાંચ મહિના સુધીની ગર્ભાવસ્થાની મુદ્દત.

કચ્ચાપક્કા ૧. [હિં.] પું. ગારાથી કરેલું ઈંટનું કામ.

૨. વિ. અચોકસ; નક્કી નહિ એવું.

૩. વિ. અર્ધું પાકેલું; કાચુંપાકું.

કચ્ચાપક્કા કરવું = (૧) થોડુંઘણું તળવું. (૨) સાટું કરવું.

કચ્ચાપન [હિં.] ન. બિનઅનુભવ.

કચ્ચાબચ્ચા [હિં.] ન. ગર્ભાશય.

કચ્ચાબાર ૧. પું. પાસાની રમતમાં ૬, ૫, ૧ એમ ત્રણ પાસા ઉપર અનુક્રમે દાવ પડવા તે; પાસાનો ૧૨ આંકનો દાવ.

૨. સ્ત્રી. હાર. કોઈ બાબતમાં જે હારે તેને કચ્ચાબાર અને જીતે તેને પોબાર પડ્યા કહેવાય છે.

કચ્ચાશેર [હિં.] પું. એંશી રૂપિયાભારથી ઓછા વજનનો શેર.

કચ્ચા સંવત પું. ભારતીય ચોત્રીસ પૈકીનો એક સંવત. તે ઈસ્વી સન ચોવીસ પચીસથી શરૂ થાય છે. તેને સપ્તર્ષિ સંવત, લૌકિક કાલ, લૌકિક સંવત, શાસ્ત્ર સંવત અને પહાડી સંવત પણ કહે છે. એ સંવત લખવામાં શતાબ્દિને છોડી દઈને ઉપરનો વર્ષનો આંકડો લખાવાથી તેને ખાસ કચ્ચા સંવત કહે છે. જુઓ સપ્તર્ષિ સંવત.

કચ્ચા સીડી (કચ્ચા સીડ઼ી) [હિં.] સ્ત્રી. મૂર્ખ માણસ.

કચ્ચાંપચ્ચાં ૧. ન. બ. વ. છૈયાંછોકરાં; બાળબચ્ચાં.

૨. ન. બ. વ. પરચૂરણ નકામી વસ્તુઓ.

કચ્ચાંબચ્ચાં જુઓ કચ્ચાંપચ્ચાં.

કચ્ચી જુઓ કચ્ચા ૩-૨૩.

૧. કચ્ચી કળી તોડવી = (૧) કુંવારી કન્યાની આબરૂ લેવી. (૨) ફૂલની કળી તોડવી.

૨. કચ્ચી તૂટવી = સ્ત્રીનું ઉંમરે પહોંચતાં પહેલાં કૌમાર્યનું ખંડન થવું.

કચ્ચી આમદાની સ્ત્રી. કુલ આવક.

કચ્ચી આસામી ૧. [હિં.] પું. થોડા વખત માટેનો ખેડૂત.

૨. સ્ત્રી. ઉમરલાયક થતી કુંવારી છોડી.

૩. સ્ત્રી. થોડા વખત માટેની જગ્યા.

કચ્ચી પેશી [હિં.] સ્ત્રી. દાવાની પ્રથમ સુનાવણી.

કચ્ચી મિતિ [હિં.] સ્ત્રી. જે દિવસે નાણાં ધીર્યાં હોય તેની અગાઉના દિવસની બ્યાજ લેવાની રીત. કેટલેક ઠેકાણે નાણાવટીઓ રકમ ધીરે તેનું બ્યાજ એક દિવસ અગાઉથી લે છે, અને કેટલેક ઠેકાણે નાણાં ભરે તેના એક દિવસ પછીનું બ્યાજ ગણી આપવાની રીત છે. બીજી રીતને પક્કા મિતિ કહે છે.

કચ્ચી રસોઈ [હિં.] સ્ત્રી. રોટલી, દાળ, ભાત, શાકનું સાદું ભોજન.

કચ્ચી વડી (કચ્ચી વડ઼ી) [હિં.] સ્ત્રી. નકામી ચોપડી.

કચ્ચુ [સં. કચ્ચુ] પું. ગાજરની એક જાત.

કચ્ચું ૧. ન. કાચકું; કાચકીનું કઠણ સુંવાળું કોટલાવાળું બી.

૨. [હિં.] વિ. કાચું; અપરિપક્વ; અનુભવ વગરનું.

કચ્ચે ઘડે પાણી ભરાવવું = સખત કસોટીમાંથી પસાર કરાવવું.

૩. વિ. ચાલાક નહિ એવું.

કચ્ચૂ ૧. સ્ત્રી. અળવી.

૨. [હિં.] સ્ત્રી. એક છોડનું નામ.

૩. સ્ત્રી. ખવાય એવું એક જાતનું મૂળિયું.

૪. સ્ત્રી. ચટણી.

કચ્ચૂર [સં.] પું. કચોરા; કચૂરા.

કચ્ચો પું. કેદખાનાનો ચોકીદાર.

કચ્ચોકોઢ [હિં.] પું. કાચી ભીની ખસ.

કચ્ચોલક [સં.] પું.; ન. પ્યાલો; કચોળો.

કચ્છ ૧. પું. આકાશનું ઢાંકણ.

૨. પું. આસામમાં આવેલું કાચાર.

૩. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તેમાં ત્રેપન ગુરુ અને છેંતાળીસ લઘુ મળી કુલ નવાણું વર્ણ અને એકસો બેંતાળીસ માત્રા હોય છે.

૪. [સં.] પું. કમરે પહેરેલા કપડાની પાટલીને નાભિ આગળથી લઈ બે પગ વચ્ચે થઈ પાછળ ખોસવી તે; કાછડી; કાછડો; કછોટો; કાછોટો; લંગોટ.

કચ્છ મારવો-વાળવો = (૧) ધોતિયું કેડે ખોસવું. (૨) લડવાની તૈયારી કરવી.

૫. પું. કાચબાની ઢાલ.

૬. પું. કાચબો.

૭. પું. કિનારાનો પ્રદેશ.

૮. પું. કિનારો; કાંઠો; તટ.

૯. પું. કેસરનું ઝાડ.

૧૦. પું. ખાડી.

૧૧. પું. ખેડા.

૧૨. પું. ગંજીફાના પાનાની જાત.

૧૩. પું. ઘણા જળવાળો પ્રદેશ; અનૂપ દેશ.

૧૪. પું. તીર.

૧૫. પું. દરિયાની ભૂમિ.

૧૬. પું. નદીના પાણીથી છવાયેલું વન.

૧૭. પું. નેફો.

૧૮. પું. નૌકાનું અંગ.

૧૯. પું. પટ્ટો.

૨૦. પું. પર્વતની આસપાસની સપાટ જમીન.

૨૧. પું. (પ્રાકૃત) બગલ; કાખ.

૨૨. પું. મુખનું સંપુટ.

૨૩. પું. રજપૂતની એક જાત.

૨૪. પું. રેતીનો બેટ.

૨૫. પું. વન; જંગલ.

૨૬. પું. વિષ્ણુના દશ માંહેનો બીજો અવતાર.

૨૭. પું. શેરડીનો વાડ.

૨૮. પું. શેવાળ.

૨૯. પું. સ્ત્રીઓની સાડીનો પાછળ ખોસાતો ભાગ.

૩૦. પું.; ન. સિંધ અને કાઠિયાવાડ વચ્ચે આવેલો એ નામનો દેશ.

૩૧. ન. પાણીનું ખાબોચિયું.

કચ્છકેલાઈ પું. કચ્છમાં અંત્યજોનાં લગ્ન અને પુનર્લગ્ન પ્રસંગે લેવામાં આવતો કર.

કચ્છકેલાપ પું. કચ્છમાં હલકી કોમ પાસેથી લેવાતો એ નામનો કર.

કચ્છટિકા સ્ત્રી. કાછડી; કચ્છો; વસ્ત્રનો છેડો.

કચ્છડો (કચ્છડ઼ો) જુઓ કચ્છટિકા.

કચ્છણુ સ્ત્રી. કચ્છની સ્ત્રી.

કચ્છનગ સ્ત્રી. આસામમાં બોલાતી એ નામની ભાષા.

કચ્છનિલય પું. (પુરાણ) દક્ષિણમાં આવેલો પાણી ભરેલો પ્રદેશ.

કચ્છનીર પું. એ નામનો એક નાગ.

કચ્છપ ૧. પું. અર્ક ગાળવાનું યંત્ર.

૨. પું. (પિંગળ) આઠ ગુરુ, બત્રીસ લઘુ, ચાળીશ વર્ણ અને અડતાળીસ માત્રાનો એક અર્ધસમ માત્રામેળ છંદ. તે દોહરાનો ભેદ છે.

૩. પું. એક જાતનું ઝાડ.

૪. પું. કશ્યપ ઋષિ.

૫. પું. કાચબો.

૬. પું. કુબેરના નવ માંહેનો પાંચમો નિધિ.

૭. પું. જ્યાં કછોટો મારી શકાય તે પૂંઠનો ભાગ.

૮. પું. તાળવા ઉપરનું ગૂમડું.

૯. પું. દારૂ કાઢવાની કળા.

૧૦. પું. નાગની એક જાત.

૧૧. પું. મત્સ્યયુદ્ધનો એક દાવ.

૧૨. પું. (જ્યોતિષ) રાહુ.

૧૩. પું. વિશ્વામિત્રનો એ નામનો દીકરો.

૧૪. પું. વિષ્ણુના ચોવીસ માંહેનો એક અવતાર.

૧૫. વિ. મુખસંપુટનું રક્ષણ કરનાર.

કચ્છપતન [સં.] પું. સૂર્ય.

કચ્છપયંત્ર [સં.] ન. જલયંત્ર. તે ગંધક અને અભ્રકનું મારણ કરવા વપરાય છે. ગોળ કૂંડા જેવું કાચબાના આકારનું આ યંત્ર પાણીમાં તરતું રહે છે.

કચ્છપસુત [સં.] પું. સૂર્ય.

કચ્છપાસન [સં.] ન. (યોગ) યોગનું એ નામનું એક આસન. તેથી મન અચંચળ બને છે.

કચ્છપાળિયા પું. શેવડા ચોરાસી ગચ્છનો એક ભાગ.

કચ્છપિકા ૧. [સં.] સ્ત્રી. કાળી નગોડનું ઝાડ.

૨. સ્ત્રી. ખસનો રોગ.

કચ્છપી ૧. સ્ત્રી. (પિંગળ) એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં યગણ અને રગણ એમ ૭ અક્ષર હોય છે. ગાયત્રીનો તે ભેદ છે.

૨. સ્ત્રી. કાચબી; કાચબાની માદા.

૩. સ્ત્રી. કાળી નગોડનું ઝાડ.

૪. સ્ત્રી. ખસનો રોગ.

૫. સ્ત્રી. છેડે પાતળું અને વચ્ચે પહોળું એવું પુસ્તક.

૬. સ્ત્રી. નાની વીણા; એક જાતનું તંતુવાદ્ય.

કચ્છપી વીણા [સં. કચ્છપી (એક જાતની વીણા) + વીણા] સ્ત્રી. એક જાતનું તંતુવાદ્ય. તેની તુંબડી કચ્છ એટલે કાચબાની પીઠ જેવા આકારની હોય છે. આ વાજિંત્ર સાત તારનું બને છે. તેમાં ૭ તાર એક ખૂંટી ઉપરથી લઈ તે જુદી જુદી ખૂંટીઓને લપેટેલા હોય છે. પણ સાતમો તાર નીચલી ખૂંટી પાસેથી થોડા અંતર ઉપર એક ધાતુની ખૂંટીને લપેટેલો હોય છે. યરપનું 'ગિયર' નામનું જાણીતું વાજિંત્ર આ કચ્છપી વીણા ઉપરથી તૈયાર કરવામાં આવ્યું છે.

કચ્છપેશ [સં. કચ્છપ (કાચબો) + ઈશ (ઈશ્વર)] પું. વિષ્ણુનો બીજો અવતાર.

કચ્છપો [સં.] પું. કાચબો.

કચ્છપ્રદેશ ૧. પું. તળેટીનો નીચાણનો ભાગ.

૨. [સં. કચ્છ (કાંઠો) + પ્રદેશ (ભૂમિ)] પું. ભીનાશવાળી જગ્યા.

કચ્છબ પું. કચ્છવ; કાશ્યપ; સૂર્ય.

કચ્છભ ૧. પું. (પ્રાકૃત) કચ્છપ.

૨. પું. કાચબો.

૩. પું. (જ્યોતિષ) રાહુ.

કચ્છભિ ૧. સ્ત્રી. (પ્રાકૃત) કાચબી.

૨. સ્ત્રી. નારદની વીણા.

કચ્છભૂ [સં.] સ્ત્રી. ભેજવાળી જમીન; પાણીવાળી જમીન.

કચ્છભૂમિ સ્ત્રી. પાણી અને કાદવવાળી જમીન.

કચ્છભેર અ. માત્ર એક કચ્છ પહેરીને.

કચ્છ મલાયલામ ૧. ન. કમરપટ્ટો.

૨. ન. કાંઠો; દરિયાકાંઠો.

૩. ન. કોરૂં કાપડ.

કચ્છરુહા ૧. [સં.] સ્ત્રી. દૂર્વા; ધ્રોખડ; દાભડો.

૨. સ્ત્રી. નાગરમોથ. તેને વાળનાં જેવાં કાળાં રુવાંટાં હોય છે, માટે તેને કચ્છરુહા કહે છે.

કચ્છવ પું. કચ્છબ; સૂર્ય.

કચ્છવા ૧. સ્ત્રી. રજપૂતની એક પેટા જાત.

૨. ન. રજપૂતની એ નામની પેટા જાતિનું.

૩. વિ. એ નામની રજપૂતની પેટા જાતનું.

કચ્છવાહ ૧. સ્ત્રી. પ્રાચીન લોકોની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

કચ્છવાહ વંશ પું. જૈન મત પ્રમાણે એ નામનો એક ઉત્તમ વંશ.

કચ્છવો પું. (સંગીત) એક જાતનું તંતુવાદ્ય. આ વાદ્ય સિતારના જેવું હોય છે. સિતારમાં નહિ જેવા જ ફેરફારો કરીને તે ઉપજાવી કાઢેલું છે.

કચ્છા ૧. સ્ત્રી. એક જંતુ; તમરૂં.

૨. સ્ત્રી. એક પ્રાચીન દેશ.

૩. સ્ત્રી. કાખ; બગલ.

૪. સ્ત્રી. ચીરિકા નામની વનસ્પતિ.

૫. સ્ત્રી. જનાનખાનું; અંતઃપુર.

૬. સ્ત્રી. ધોતિયાની કાછડી.

૭. સ્ત્રી. નાગા લોકોની એ નામની એક નાની જાતિ.

૮. સ્ત્રી. પહેરવાના વસ્ત્રનો છેડો.

૯. સ્ત્રી. લંગોટી.

૧૦. સ્ત્રી. વારાહી નામની વનસ્પતિ.

૧૧. સ્ત્રી. સાથળથી થોડીક જ નીચી જતી હોય એવી ટૂંકી સુરવાલ.

૧૨. સ્ત્રી. સાથળનો ઉપલો ભાગ.

૧૩. [સં. કક્ષા] સ્ત્રી. હાથીને છાતીમાં બાંધવાની રાસડી.

કચ્છાટિકા ૧. [સં.] સ્ત્રી. કાછડી; કચ્છો.

૨. સ્ત્રી. વસ્ત્રનો છેડો.

કચ્છાટી ૧. [સં.] સ્ત્રી. કાછડી; કચ્છો.

૨. સ્ત્રી. વસ્ત્રનો છેડો.

કચ્છાર [સં.] પું. એ નામનો એક દેશ. બૃહત્સંહિતા અનુસાર તે શતભિષ, પૂર્વાભાદ્રપદ અને ઉત્તરાભાદ્રપદના અધિકારમાં છે.

કચ્છાવતાર પું. (પુરાણ) વિષ્ણુનો બીજો અવતાર. જળપ્રલયમાં મૂલ્યવાન પદાર્થનો નાશ થયેલો જોઈ તેની શોધને માટે વિષ્ણુએ કૂર્મનું રૂપ ધારણ કર્યું. કૂર્મ રૂપે તેઓ ક્ષીરસાગરને તળિયે બેઠા અને સમુદ્રમંથન સારૂ રવૈયો બનાવેલા મંદરાચળ પર્વતને પોતે પોતાની પીઠ ઉપર ધારણ કર્યો. દેવો અને દૈત્યો બંનેએ મળીને વાસુકી નાગનું નેતરૂં બનાવ્યું અને મોંની તરફ દૈત્યો અને પૂંછડાની તરફ દેવો એમ રહીને તેમણે ક્ષીરસાગરનું મંથન કરતાં તેમાંથી ચૌદ રત્ન નીકળ્યાં.

કચ્છી ૧. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તેમાં અગિયાર માત્રાના છ પાદ મળી કુલ છાસઠ માત્રા હોય છે. તેને કંછા પણ કહે છે.

૨. પું. કચ્છનો રહેવાસી.

૩. પું. ઘોડાની એક પ્રસિદ્ધ જાતિ.

કચ્છી ઘોડો = કચ્છમાંથી આવતો ખાસ ઘોડો.

૪. સ્ત્રી. કચ્છી ભાષા; છપ્પન માંહેની એક ભાષા; કચ્છની બોલી. આ ભાષામાં ‘દ’નો ‘ધ’, ‘મ’નો ‘ભ’ અને ‘ત’નો ‘દ’ બોલાય છે.

૫. સ્ત્રી. નાગરની એ નામની અટક.

૬. સ્ત્રી. લેઉઆ કણબીની એક અટક.

૭. વિ. કચ્છ દેશને લગતું.

૮. વિ. કચ્છમાં બનેલું હોય એવું.

૯. વિ. કચ્છમાં રહેનાર.

કચ્છી ગંધક પું. એક જાતનો બહુ મેલો ગંધક.

કચ્છીઢગો પું. મૂર્ખ.

કચ્છી બગલો પું. એક જાતનું પ્રાચીન વહાણ.

કચ્છી ભાષા સ્ત્રી. કચ્છમાં બોલાતી ભાષા. તેને જાડેજી ભાષા પણ કહે છે. તે ગુજરાતીથી નિરાળી છે. કચ્છી ભાષા બોલાય છે, લખાતી નથી.

કચ્છી રબરવેલ સ્ત્રી. એક જાતની ઘણી લાંબી, ચાબુક જેવી શાખાવાળી અને દુધાળી વેલ. એમાં ઘટાકાર ગુલાબી રંગનાં ફૂલ આવે છે. તેનું ક્ષીર રબરની માફક જામી જાય છે.

કચ્છી વહાણ ન. (વહાણવટું) એક જાતનું વહાણ; કોટીઆ; ધાઉ. આ વહાણને મીયાણા તથા ખારવા ચલાવે છે. કચ્છ, કાઠિયાવાડ તેમ જ મલબાર કાંઠામાં આ વહાણ બંધાય છે. ખલાસીની સંખ્યા બગલા તથા ભૂમથી ૧/૩ હોય છે. સઢ ઘણા ઘાટીલા તેમ જ તીખા હોય છે, જેથી પરમણ લાંબાં રાખવાં પડે છે. સઢના ગોસ નાના હોય છે. આ વહાણનો મોરો ઘણો ઢળતો હોય છે તથા મોરાનો ઘાટ પોપટનાં માથું અને ચાંચ જેવો હોય છે. પાછળ ચિત્રામણ હોય છે. માલ અરબી વહાણથી ઓછો ઉપાડે છે. સઢ તીખા હોવાથી સામા પવનમાં અરબી વહાણથી વધારે ચાલે છે.

કચ્છુ ૧. સ્ત્રી. કંડુ; ખંજવાળ.

૨. સ્ત્રી. કાચબો.

૩. સ્ત્રી. ખરજવું.

૪. સ્ત્રી. ખસનો રોગ.

૫. સ્ત્રી. ગૂમડા ઉપર વળેલી કપોટી; ભીંગડું.

૬. સ્ત્રી. પામા નામનો મધ્યમ કોઢ.

૭. વિ. કંઈ; કાંઈક.

કચ્છુક ૧. [સં.] પું. ખરજવું.

૨. પું. ખસ.

કચ્છુઘ્ન સ્ત્રી. શેરણી નામની ઔષધિ.

કચ્છુઘ્ની [સં.] સ્ત્રી. પટોલ નામની વનસ્પતિ.

કચ્છુમતી સ્ત્રી. એક વનસ્પતિ; શિંબી. તે ચામડીને લગાડવાથી ખરજ ઊપડે છે.

કચ્છુર ૧. પું. પારકી સ્ત્રીની પાસે જનારો માણસ; વ્યભિચારી પુરુષ.

૨. સ્ત્રી. વ્યભિચારિણી; બદમાશ સ્ત્રી.

૩. વિ. ખરજવાના રોગવાળું.

૪ વિ. ખસના રોગવાળું.

૫. વિ. જારકર્મી; રંડીબાજ.

૬. વિ. પામર; નીચ.

કચ્છુરા ૧. સ્ત્રી. એક જાતનો છોડ; જવાસો; ધમાસો.

૨. સ્ત્રી. કચૂરો નામની વનસ્પતિ; કૌવચ.

૩. સ્ત્રી. વ્યભિચારિણી સ્ત્રી.

૪. સ્ત્રી. શૂકશિંબી નામની વનસ્પતિ.

કચ્છુરાક્ષસ [સં.] ન. (વૈદ્યક) એક તેલ.

કચ્છુરી [સં. કચ્છુરા] સ્ત્રી. ધમાસાનો ગુચ્છો.

કચ્છુલ ૧. [સં. કચ્છૂલ] પું. (પ્રાકૃત) ગુલ્મ જાતનું એક ઝાડ.

૨. વિ. ખરજવાના રોગવાળું.

કચ્છૂ જુઓ કચ્છુ.

કચ્છૂમતી જુઓ કચ્છુમતી.

કચ્છેલ પું. કચ્છ.

કચ્છો ૧. [સં. કચ્છ] પું. કચ્છ; કાછડો મારવાનું કપડું; કચ્છ ભીડવાનો કપડાનો કટકો; લંગોટ; કછોટો.

૨. પું. કાછોટો; કાછડી.

૩. પું. તેલનો કટોરો.

૪. પું. નાનો કાંટો.

૫. પું. નાનો વાળ.

૬. પું. માછલીની એક જાત. તેના મોઢા આગળ વાળ હોય છે.

૭. સ્ત્રી. બગલ.

કચ્છોટિકા [સં.] સ્ત્રી. વસ્ત્રનો છેડો; કાછડી; કચ્છોટો.

કચ્છોટી ૧. સ્ત્રી. કચ્છના કપડાની પટી; લંગોટી.

૨. સ્ત્રી. કચ્છમાં આવતો અવયવ અને વૃષણને લગતું આંતરડું.

કચ્છોડો (કચ્છોડ઼ો) [સં. કચ્છ] પું. કાછડો; લંગોટ.

કચ્છોર [સં.] સ્ત્રી. એટ જાતની વનસ્પતિ; કચૂરો.

કચ્છોરા [સં.] સ્ત્રી. કપૂરકાચરી. તે કચૂરાની જાત છે. તેને પણ વાળ છે, માટે તે કચ્છોરા કહેવાય છે.

કચ્છોલા [સં.] સ્ત્રી. નાગરમોથ. તે કાળા વાળવાળી અને કચરીએ ત્યારે તેનાં છોલાં છોલાં થાય છે, માટે તેને કચ્છોલા કહે છે.

કચ્છ્રૂ સ્ત્રી. ખરજ ઉત્પન્ન કરનાર ઔષધિ; કપિકચ્છ.

કચ્છ્રૂક ૧. પું. ખરજ.

૨. પું. ખસ.

કચ્છ્રૂ ચાંદ્રાયણ [સં.] ન. એક જાતનું વ્રત.

કચ્નાર [સં.] સ્ત્રી. હિંદના જંગલમાં અને હિમાલયના નીચલા પ્રદેશમાં થતી એક વનસ્પતિ.

કચ્આય [સં.] સ્ત્રી. કાકમાચિ; દરેક જાતના તાવ અને લોહીના બગાડ ઉપર અપાતી એક ઔષધિ.

કચ્યાં [સં.] ન. બ. વ. કરંજનાં બીજ.

કચ્વી ૧. [સં.] સ્ત્રી. એક જાતનો કંદ.

૨. સ્ત્રી. એક જાતનો છોડ.

કછ ૧. [સં. કચ્છ] પું. અઠ્ઠાણું માંહેનો એક દેશ; કચ્છ દેશ.

૨. પું. કાચબો.

૩. પું. ગુપ્ત ઇંદ્રિય.

૪. પું. નદીએ બનાવેલી નીચી ભેજવાળી જમીન.

૫. પું. સાથળથી જરા નીચી એવી ટૂંકી સુરવાળ.

૬. પું. સાથળનો ઉપલો ભાગ.

૭. ન. સ્તન; કુચ.

૮. વિ. થોડું; કંઈક.

૯. સ. ક્રિ. કહે છે. નાગર લોકોમાં આ શબ્દ વપરાય છે.

કછઉં પું. (કચ્છી) કાચબો.

કછડો (કછડ઼ો) પું. કચ્છ દેશ.

કછના જુઓ કછની ૧, ૨.

કછની ૧. પું. સાથળથી સહેજ નીચે પહોંચે એવી ટૂંકી સુરવાળ.

૨. પું. સાથળનો ઉપલો ભાગ.

૩. સ્ત્રી. કપડું.

૪. સ્ત્રી. લંગોટી.

કછપ [સં. કચ્છપ] પું. કાચબો.

કછમછ ૧. પું. મુશ્કેલી.

૨. વિ. પાણીમાં રહેનાર.

કછર ન. દુઃખ.

કછરાટી ૧. સ્ત્રી. પહેરવાના કપડાનો બગલમાં આવતો ભાગ.

૨. સ્ત્રી. (કચ્છી) બગલ.

કછરી [હિં.] સ્ત્રી. અદાલત; કચેરી.

કછલત સ્ત્રી. કસરત.

કછલંપટ વિ. રંડીબાજ; ઇશ્કી.

કછલાડી (કછ્લાડ઼ી) સ્ત્રી. બાંબલાઈ; બગલમાં થતું ગૂમડું.

કછલું ૧. [સં. કૃચ્છ (ખરાબ) + લું (નાનાપણું બતાવનાર પ્રત્યય)] વિ. ખરાબ; દુષ્ટ; દુઃખદ; દુઃખદાયક.

૨. વિ. હલકું; નીચ.

કછવા ૧. પું. એક જાતના રજપૂત.

૨. [સં. કચ્છપ] પું. કાચબો.

૩. [હિં.] પું. નીચાણમાં આવેલી જમીન.

કછવા ડાબર સ્ત્રી. જમીનનો સપાટ નહિ એવો પ્રદેશ.

કછવાર [હિં.] સ્ત્રી. કૂર્મી જાતનો એક પેટા ભાગ.

કછવારા [હિં.] સ્ત્રી. કાછીઓએ ખેડેલી જમીન; બકાલું નીપજે એવી ફળદ્રુપ કસવાળી જમીન.

કછવાહા ૧. [હિં.] પું. કુશના વંશજ રજપૂતોની એક જાત.

૨. સ્ત્રી. રજપૂતોની એક અટક.

૩. ન. રજપૂતોની એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની રજપૂતોની અટકનું.

કછવું ૧. સ. ક્રિ. કછોટો મારવો; કાછડી વાળવી; કાછડો મારવો.

૨. સ. ક્રિ. કોઈનું નાગાપણું ઢાંકવું.

૩. સ. ક્રિ. ધોવું.

૪. સ. ક્રિ. પહેરવું.

૫. સ. ક્રિ. બાંધવું.

કછવો પું. એક જાતનું વાદ્ય. જુઓ કચ્છવો.

કછાર ૧. [સં. કચ્છ] સ્ત્રી. (હિંદી) નદીથી બનેલી નીચી અને ભેજવાળી જમીન.

૨. સ્ત્રી. નીચી જમીનનો મોટો પ્રદેશ.

૩. સ્ત્રી. મોટી વિશાળ જગ્યા.

કછારવું સ. ક્રિ. ધોવું.

કછારી [હિં.] સ્ત્રી. મોટા મોઢાવાળું પાણીનું માટીનું વાસણ.

કછાલા પું. દીવાલનો ખૂણો.

કછાંયો પું. બાવળના ઝાડનો છાંયો.

કછિયાર [હિં.] સ્ત્રી. બકાલું નીપજે એવી ફળદ્રુપ કસવાળી જમીન.

કછિયારો પું. સાખ પાડતો હોય તેવો આંબો.

કછી ૧. સ્ત્રી. (કચ્છી) કાખ; બગલ.

૨. સ્ત્રી. પાણા કાપવાનું લોઢાનું ઓજાર.

૩. સ્ત્રી. લેઉઆ કણબીની અટક.

૪. ન. લેઉઆ કણબીની એ નામની અટકનું માણસ.

૫. વિ. એ નામની લેઉઆ કણબીની અટકનું.

કછુઆ ૧. [હિં.] પું. કાચબો.

૨. પું. હળની એક બાજુ.

કછુઆ કા સાઝા = ખેડવા માટે જોઈતા ઢોરનાં અર્ધાં ઢોર પૂરાં પાડનાર ભાગીદાર.

કછુઆ ડાબર વિ. ખડબચડું.

કછુક [હિં.] વિ. થોડું.

કછુલી વિ. કાંઈ પણ.

કછૂ ૧. પું. કાચબો.

૨. પું. વિષ્ણુના દશ માંહેનો બીજો અવતાર.

૩. વિ. (વ્રજ) કાંઈક; કંઈ.

કછૂ આડાબાર (કછ્ૂ આડ઼ાબાર) સ્ત્રી. ખાડા-ખબડાવાળા તળિયાવાળી ક્યાંક ઊંડી અને ક્યાંક છીછરી નદી.

કછેરી સ્ત્રી. કચેરી; અદાલત.

કછોટ પું. કચ્છ; કાછડો; કછોટો.

કછોટી ૧. [સં. કચ્છ + વૃત્તિ (ફરવું તે)] સ્ત્રી. લંગોટી; કચ્છના કપડાની પાટલી.

૨. સ્ત્રી. લંગોટીમાં બંધાતો અવયવ; વૃષણ અને તેને લગતું આંતરડું.

૩. વિ. પાઘડીબંધ.

કછોટિયા ૧. સ્ત્રી. રબારીની એક અટક.

૨. ન. એ નામની રબારીની અટકનું માણસ.

૩. વિ. રબારીની એ નામની અટકનું.

કછોટીબંધ ૧. પું. સંયમ.

૨. વિ. કછોટાવાર; પુરુષવાર. મોટે ભાગે પુરુષો ધોતલી પહેરી કાછડી વાળે છે, સ્ત્રીઓ વાળતી નથી, તેથી કાછડી વાળનાર એટલે પુરુષ. એ જ પ્રમાણે પુરુષો જનોઈ પહેરે છે અને સ્ત્રીઓ પહેરતી નથી, એટલે એકલા પુરુષો, સ્ત્રીઓ નહિ એવું બતાવવાને કછોટીબંધ, જનોઈબંધ એમ નોતરાં દેવાં કહેવાય છે.

૩. વિ. કાછડી વાળનાર.

૪. વિ. લંગોટબંધ; બ્રહ્મચારી; લંગોટ બાંધી રાખનાર; વિષયથી વિરક્ત.

કછોટાબંધ રહેવું = બ્રહ્મચર્યનું પાલન કરવું.

કછોટો ૧. [સં. કચ્છ] પું. કાછડો; કચ્છો; લંગોટ.

૨. પું. કાનમાં પહેરવાના અટોટાના એક ભાગનું નામ.

૩. પું. જિંદગી સુધી બ્રહ્મચર્ય પાળવાની પ્રતિજ્ઞા.

વજ્ર કછોટો = (૧) બ્રહ્મચર્યના જીવનભર સોગંદ લેવા તે. (૨) મજબૂત બંધ.

૪. પું. ધોતિયા કે સાડીની આગલી પાટલીનો લટકતો ભાગ પાછળ ખોસી પહેરવાં તે.

૫. પું. લંગોટમાં આવી જતો શરીરનો ભાગ; કચ્છામાં બંધાતો અવયવ.

કછોરા [હિં.] પું. રજપૂતની એક જાત.

કછોરૂ ૧. [ક (ખરાબ) + છોકરૂં (બાળક)] ન. ખરાબ છોકરૂં; કુસંતાન.

૨. વિ. ખરાબ; દુષ્ટ.

છોરૂ કછોરૂ થાય, કંઈ માવતર કમાવતર થાય? = છોકરો પોતાના માબાપ તરફ એવફા થાય પણ માબાપ તો પોતાના છોકરા ઉપર પ્રેમ રાખે જ.

કછોરૂં જુઓ કછોરૂ.

કછોલિયા પું. શેવડા ચોરાશી ગચ્છનો એક પેટા ગચ્છ.

કછૌ પું. કાચબો.

કછૌટી ૧. [સં. કચ્છોટિકા] સ્ત્રી. ગુપ્ત ઇંદ્રિય સંતાડવા માટે પહેરવામાં આવતો લૂગડાનો સાંકડો પટો; લંગોટ; કચ્છ.

૨. સ્ત્રી. લંગોટીમાં બંધાતો અવયવ; વૃષણ અને તેને લગતું આંતરડું.

૩. વિ. પાઘડીબંધ.

કજ ૧. પું. વાળ.

૨. [ફા.] સ્ત્રી. એબ; દૂષણ; દોષ; કસર.

૩. [સં.] ન. કમળ.

૪. ન. કામ.

૫. ન. ઠગ લોકોની સાંકેતિક ભાષામાં આદમી અને પુરુષ મુસાફર માટે વપરાય છે.

૬. વિ. ઊંધું; આડું.

૭. વિ. વાંકું.

કજ નિકાલવું = સીધું કરવું.

૮. વિ. હઠીલું.

૯. અ. કાજે; માટે.

કજઆગંદ ન. રેશમથી ભરેલું ગળાથી કેડ સુધીનું બખ્તર.

કજઆગંદા જુઓ કજઆગંદ.

કજઆઘંદ જુઓ કજઆગંદ.

કજઆઘંદા જુઓ કજઆગંદ.

કજક [ફા.] સ્ત્રી. અંકુશ; હાથીને દાબમાં રાખવાનું ઓજાર; આર.

કજકડ (કજકડ઼) વિ. જકડ; બદલી ન શકે તેવું; બરડ.

કજકુલાહ પું. ત્રાંસી ટોપી ઓઢનાર ફાંકડો માણસ; છેલબટાઉ માણસ.

કજકોલ ૧. સ્ત્રી. ચિત્રપોથી.
૨. સ્ત્રી. પરચૂરણ ચોપડી.
૩. સ્ત્રી. ભીખારીની ખોપરી.
૪. [ફા.] સ્ત્રી. ભીખારીની ઝોળી.

કજખુલ્ક ૧. [ફા.] વિ. અનીતિવાળું.
૨. વિ. ખડબચડું.
૩. વિ. ખરાબ સ્વભાવનું.
૪. વિ. જંગલી.

કજખુલ્કી સ્ત્રી. ખડબચડું હોવાપણું.

કજગા ન. મર્મસ્થાન.

કજચશ્મ વિ. ત્રાંસી આંખવાળું; ફાંગું.

કજડિયા (કજડ઼િયા) વિ. કજિયાખોર; કજિયા કરનાર.

કજતબ વિ. ઊંધા સ્વભાવનું.

કજદાર મરેઝ (કજદાર મરેઝ઼) ૧. ન. પ્રપંચ; છળ.
૨. ન. મુલતવી રાખવું તે.

કજદુમ ૧. પું. વીંછી.
૨. [ફા. કજ (વાંકું) + દુમ (પૂંછડી)] વિ. વાંકી પૂંછડીવાળું.

કજન ન. એક જાતનું ઝાડ.

કજનઝર (કજનઝ઼ર) ૧. વિ. અદેખું.
૨. વિ. ગુસ્સાને લીધે ભવાં ચડાવતું; ડોળા કાઢતું.

કજનિહાદ વિ. ઊંધા સ્વભાવનું; ખરાબ પ્રકૃતિનું.

કજફેહમ (કજફ઼ેહમ) ૧. [ફા.] વિ. મૂર્ખ.
૨. વિ. હઠીલું.

કજફેહમી (કજફ઼ેહમી) ૧. [ફા.] સ્ત્રી. મનની આડાઈ.
૨. સ્ત્રી. હઠીલાપણું.

કજબરા [યૂ.] પું. એક જાતનો નાનો છોડ; ધનિયા.

કજબહસ ૧. [ફા.] પું. આડી દલીલ કરનાર માણસ.
૨. વિ. સંબંધ વગરની દલીલ કરનાર.

કજબહસી ૧. [ફા.] સ્ત્રી. અનિયમિત ચર્ચા.
૨. સ્ત્રી. આડા સવાલ જવાબ.
૩. સ્ત્રી. સંબંધ વગરની દલીલ કરવી તે.

કજબાઝ (કજબાઝ઼) વિ. દગાખોર; દગો રમનાર.

કજમજ [હિં.] સ્ત્રી. નહિ સમજ પડે તેવી બોલી; લવલવ; ઉતાવળું બોલવું તે.

કજમિઝાજ (કજમિઝ઼ાજ) ૧. [ફા.] વિ. ખરાબ સ્વભાવનું.
૨. વિ. મૂર્ખ.

કજર ૧. પું. ઈરાનના શાહનો વંશ.
૨. [સં. કજ્જલ] સ્ત્રી. (હિંદી) કાજળ; મેશ.

કજરડી (કજરડ઼ી) સ્ત્રી. શ્રાવણ સુદ ત્રીજના દિવસે કન્યાઓએ કરવાનું ગોરનું વ્રત.

કજરફતાર [કજરફ઼તાર] ૧. [ફા.] વિ. ત્રાંસું ચાલનાર.
૨. વિ. સિદ્ધાંત વગરનું.

કજરવ જુઓ કજરફતાર.

કજરવા [સં.] પું. મેશ.

કજરવી ૧. [ફા.] ન. ત્રાંસું ચાલવું તે.
૨. ન. સિદ્ધાંત વગરનું વર્તન.

કજરા સ્ત્રી. કાજળ; મેશ.

કજરાઈ વિ. ખોટા મતવાળું.

કજરારા સ્ત્રી. આંજણ આંજ્યા વગરની કાળી આંખ.

કજરી ૧. પું. એક જાતનું ધાન્ય.
૨. સ્ત્રી. (સંગીત) ખમાજ થાટમાંથી ઉત્પન્ન થતો એક રાગ. તેને મંજરી પણ કહે છે.
કજરી ખોલવી = હોડીને ગોળ ચક્કર ફેરવવી.

કજર્વા [હિં.] પું. આંજણ.

કજલ ૧. [સં. કટ] સ્ત્રી. કરામત; તદબીર; યુક્તિ.
૨. સ્ત્રી. રચના; યોજના.
૩. સ્ત્રી. સોગઠીની રમતની એક રીત.

કજલાવું ૧. અ. ક્રિ. કજળાઈ જવું.
૨. અ. ક્રિ. કુલાઈ જવું.

કજલી ૧. સ્ત્રી. કાળી આંખોવાળી ગાય.
૨. [સં. કજ્જલી] સ્ત્રી. પારાના મિશ્રણવાળો ગંધક.
કજલી કરવી = ગંધક અને પારાને ઘૂંટી એકતાર કરી નાખવા.

કજલીતીજ સ્ત્રી. ભાદરવા માસની અંધારી ત્રીજ.

કજલીવન ૧. ન. આસામનું એ નામનું એક જંગલ. તેમાં હાથી બહુ હોય છે.
૨. [સં. કદલીવન] ન. કેળાંનું જંગલ.

કજલો ૧. [સં. કજલ] પું. એક જાતનું પક્ષી; કપિંજલ.
૨. પું. ચાતક જેવું એક પક્ષી; તેતર.

કજલૌટી ૧. સ્ત્રી. આંજણ રાખવાની ડાબલી.
૨. સ્ત્રી. ધુમાડો એકઠો કરી કાજળ તૈયાર કરવાનું લોઢાનું એક જાતનું સાધન.

કજવા ૧. [ફા.] પું. બૈરાંઓની મુસાફરી માટેનો એક જાતનો મિયાનો.
૨. પું. લગડું.

કજળવું ૧. અ. ક્રિ. ગુંગળાવું.
૨. અ. ક્રિ. ઝાંખા પડી જવું.
૩. અ. ક્રિ. ઠરી જવું.
કજળી જવું = ઓલવાઈ જવું; ઠરી જવું.
૪. અ. ક્રિ. મોળું પડવું.
૫. અ. ક્રિ. રાખથી ઢંકાવું; અંગારાનું ઠરી જવું.
૬. અ. ક્રિ. સોગઠાબાજીની રમતમાં માંચાના ઠરાવેલા ઘરમાં પહેલું જુગ થવું.

કજળાવવું ૧. સ. ક્રિ. ગુંગળાવવું.
૨. સ. ક્રિ. ઠારી નાખવું.

કજળાવું ૧. [સં. કજ્જલ] અ. ક્રિ. ઝાંખું થવું; મેલું થવું.
૨. અ. ક્રિ. ઠરી જવું.
૩. અ. ક્રિ. રાખથી ઢંકાવું.

કજળી સ્ત્રી. પારા અને ગંધકને ઘૂંટી કરેલું મિશ્રણ.

કજા ૧. સ્ત્રી. અશુભની આશંકા.
૨. સ્ત્રી. આફત; દુઃખ.
૩. સ્ત્રી. કચવાટ; જુલમ.
૪. સ્ત્રી. કજિયો.
૫. સ્ત્રી. કથની; કહાણી.
૬. સ્ત્રી. કનડગત.
૭. સ્ત્રી. કમનસીબ.
૮. સ્ત્રી. છેડો.
૯. સ્ત્રી. જિંદગી.
૧૦. સ્ત્રી. નસીબ.
૧૧. સ્ત્રી. નુકસાન; ઈજા.
૧૨. સ્ત્રી. મૃત્યુ; મોત.
૧૩. સ્ત્રી. યુક્તિ; તદબીર.
૧૪. સ્ત્રી. લુચ્ચાઈ.
૧૫. સ્ત્રી. હકૂમત; અધિકાર.
૧૬. સ્ત્રી. હુન્નર; કળા.
૧૭. વિ. તોફાની.

કજાઅત ૧. [અ.] સ્ત્રી. કાજીની કચેરી.
૨. સ્ત્રી. કાજીપણું.

કજાઅન અં. દૈવયોગે; તકદીરથી.

કજાઈ વિ. દૈવાધીન.

કજાઈલાહી સ્ત્રી. ખોડખાંપણ.

કજાક [હિં.] પું. બહારવટિયો; ધાડપાડુ; લૂંટારો.

કજાકી ૧. સ્ત્રી. છળ; કપટ.
૨. સ્ત્રી. લૂંટારાપણું.

કજાગરું ૧. વિ. નુકસાનકારક.
૨. વિ. મરણ ઉપજાવે એવું.
૩. વિ. યુક્તિબાજ.

કજાચિત અ. કદાચ; વખતે.

કજાડ (કજાડ઼) ૧. વિ. અકોણું; સીધી રીતે નહિ ચાલનારું.
૨. વિ. કજિયાખોર; તોફાની.
૩. વિ. મુશ્કેલીવાળું.
૪. વિ. વાવેતર ન કરી શકાય તેવું.

કજાડું (કજાડું) જુઓ કજાડ.

કજાત ૧. વિ. અવિવેકી; ઉદ્ધત.
૨. વિ. નઠારું; દુર્ગુણી.
૩. વિ. નીચ; હલકા કુટુંબનું.

કજારજા ૧. સ્ત્રી. અકસ્માત.
૨. સ્ત્રી. અગાઉ કરેલી શરતમાં વાંધો નાખી તેનો ભંગ કરવો તે.
૩. સ્ત્રી. દૈવી કોપ; આફત.
૪. સ્ત્રી. પરમેશ્વરની મરજી; ઈશ્વરેચ્છા.
૫. સ્ત્રી. મોત; મરણ.

કજારી સ્ત્રી. કાજળ પાડવાનું માટીનું પાછળ ટોચકાવાળું મોટું કોડિયું.

કજાવો [ફા.] પું. ઊંટનું પલાણ.

કજિ ૧. ન. (ડિંગળ) કામ.
૨. અ. માટે; કારણે.

કજિયાકટકટ પું. ટંટો; તકરાર; વઢવાડ.

કજિયાખોર ૧. પું. તોફાન ઊભું કરનાર માણસ.
૨. વિ. તકરારી; કજિયો કરવાની ટેવવાળું.
૩. વિ. મસ્તીખોર; તોફાની.

કજિયાખોરી ૧. સ્ત્રી. કજિયો કરવાની ટેવ.
૨. સ્ત્રી. ટંટો; તકરાર.
૩. સ્ત્રી. દાદાગીરી.

કજિયાદલાલ ૧. પું. કજિયા કરાવીને અથવા કરનારાઓ મધ્યસ્થ બનીને કમાઈ ખાનાર આદમી.
૨. પું. કજિયાખોરોને ન્યાયની અદાલતમાં લડવાની ગોઠવણ કરી આપનાર દલાલ.
૩. પું. તકરાર સળગાવી દૂર રહેનાર પુરુષ.
૪. પું. વકીલ માટે તિરસ્કારમાં વપરાતો શબ્દ.

કજિયાદલાલી સ્ત્રી. દાવા લડાવવાની ઉશ્કેરણી.

કજિયારજિયા પું. બ. વ. કજિયાકંકાસ; લડાઈ-ટંટો.

કજિયાળું ૧. વિ. કજિયો કરવાની ટેવવાળું; કજિયાખોર.
૨. વિ. તોફાની; પાજી.

કજિયાળો ૧. પું. દૂધિયો વછનાગ.
૨. વિ. પું. કજિયો કરવાની ટેવવાળો.
૩. વિ. પું. તોફાન કરનારો.

કજિયો ૧. પું. ઇન્સાફ કરવાની બાબત; ફરિયાદ.
૨. [અ. કઝિયા] પું. કંકાસ; તકરાર; ટંટો.
૧. ઉછીનો કજિયો = વહોરી લીધેલી તકરાર.
૨. કજિયા કંકાસથી ગોળાનું પાણી સુકાઈ જાશે = કજિયામાંથી ભૂરું જ થાય.
૩. કજિયાનું કાલબૂત-કજિયાનો પાયો = કજિયાનું મૂળ કારણ.
૪. કજિયાનું ઘર = બહુ કજિયાખોર.
૫. કજિયાનું ઝાડ = તકરારનું મૂળ.
૬. કજિયાનું મૂળ હાંસી = મશ્કરી કરવામાંથી તકરાર ઊભી થાય.
૭. કજિયાનું મોં કાળું = કજિયામાંથી નઠારું પરિણામ જ આવે.
૮. કજિયો વેચાતો લેવો = તકરાર વહોરવી.
૯. કજિયો સળગવો = તકરારની શરૂઆત થવી.
૧૦. કજિયો સળગાવવો = લડાઈ કરાવવી.
૩. પું. મુકદ્દમો; દાવો.
૧. કજિયાની માંડવાળ કરવી = તકરાર પતાવવી; અંદરોઅંદર સમાધાન કરવું.
૨. કજિયો પતાવવો-હોલાવવો = સમાધાન કરાવવું.
૩. કજિયો માંડવો = દાવો કરવો.

કજી ૧. [ફા.] સ્ત્રી. દોષ; એબ.
૨. સ્ત્રી. વાંકાપણું.
૩. સ્ત્રી. વેર; દુશ્મનાવટ.
૪. સ્ત્રી. સ્ત્રી. ઠગ લોકોની સાંકેતિક ભાષામાં આ અર્થમાં વપરાય છે.

કજીઆરી ૧. સ્ત્રી. એક જાતનું ઝાડ. એનાં પાન કટગુંદી જેવાં થાય છે.
૨. સ્ત્રી. એક જાતનો છોડ. તેને સુંદર ફિક્કાં આસમાની રંગનાં ફૂલ થાય છે. એ ઝાડ જ્યાં ઊગ્યું હોય ત્યાં કજિયો થાય એમ કહેવાય છે.

કજુ અ. કાજે; માટે.

કજુધીરા ન. મોંઘીર જિલ્લામાં આવેલું એક ગામ. ત્યાંથી દક્ષિણ તરફ ત્રણ માઈલ ઉપર બૌદ્ધ સમયનાં ઘણાં ખંડિયેર આવેલાં છે, તેમ જ ત્યાં ઊના પાણીના પુષ્કળ ઝરા છે.

કજુરા સ્ત્રી. પાંચ ફૂટ લાંબી અને વીસથી પચીસ રતલ વજનવાળી ભોજનમાં ઉત્તમ ગણાતી એક જાતની માછલી.

કજુરી જુઓ કજુરા.

કજે અ. કાજે; માટે.

કજોકાવિશ વિ. વાંકુંચૂંકું.

કજોગ પું. કવખત; ખરાબ સંયોગ.

કજોડ (કજોડ઼) ૧. સ્ત્રી. અઘટિત જોડી.
૨. વિ. અસમ; અણસરખું; જોડી ન જામે એવું.
૩. જુઓ કજાડ.

કજોડું (કજોડું) [સં. કુ (ખરાબ) + યુગ્મ (જોડું)] ન. વય, રૂપ, સ્વભાવ વગેરેમાં અસમાન વરવહુનું જોડું.

કજોરા ૧. સ્ત્રી. વાણિયાની એક અટક.
૨. ન. વાણિયાની એ અટકનું માણસ.
૩. વિ. એ નામની વાણિયાની અટકનું.

કજોરી વિ. નબળું; તાકાત વગરનું.

કજોરું ૧. વિ. ખોટું જોર કરનારું.
૨. વિ. નબળું; કમજોર.

કજોસણ ન. દળણું કરતાં વધેલો કાંકરી કસ્તરવાળો ભાગ.

કજ્જ ૧. પું. (પિંગળ) દરેક ચરણમાં જગણ અને ભગણવાળો ૧૭ અક્ષરનો એક અક્ષરમેળ છંદ.
૨. સ્ત્રી. રસીદ; પહોંચ.
૩. ન. કાજ; કાર્ય.

કજ્જ સંગ ફૂડે પર્વે લજ્જ આવી લોડતા.

વલ્લભ

કજ્જકરિ [સં. કાર્ય (કામ) + કારિન્ (કરનાર)] વિ. સાર્થક; સપ્રયોજન.

કજ્જમ ૧. ન. ઉજાણી; જમણ.
૨. ન. કાર્ય; કામ.
૩. ન. બટન બીડવાનું ફાંકું.

કજ્જલ ૧. [સં.] પું. મેઘ.
૨. પું. સુરમો.
૩. સ્ત્રી. એક જાતની માછલી.
૪. ન. અગ્નિની જ્વાળા અથવા દીવાની જ્યોત મારફત નીકળતી કાળી રજ; મશી; મેશ; દીપસુત.
૫. ન. અંજન; આંજણ; કાજળ.
૬. ન. (પિંગળ) એક છંદ. તેના દરેક ચરણમાં ચૌદ માત્રા અને અંતમાં એક ગુરુ અને એક લઘુ હોય છે.

૭. ન. ગંધક અને પારાનું મિશ્રણ. જુઓ કજ્જલી ૨.

૮. ન. નાગ.

૯. ન. મુખ્ય પાંચ માંહેનો કાળો રંગ; ઘાટો કાળો રંગ.

આકાશમાં **કજ્જલ** શ્યામ મેઘ,
ચીરી ફૂટે વિદ્યુત જ્યહાં અનેક. નરસિંહરાવ

૧૦. ન. રૂશનાઈ; સાહી.

કજ્જલ કદલી પું. (પિંગળ) છેડે જગણ કે તગણવાળો ચૌદ માત્રાનો એક છંદ. તેમાં ૧, ૫, ૯ અને ૧૨ માત્રાએ તાલ આવે છે.

પ્રતિપદ કુલ કલ ચૌદ ધાર,
અન્ત જગણ વા તગણ સાર;
ભૂ શર નિધિ રવિ તાલ આણ,
કજ્જલ કદલી જાતિ જાણ. રણપિંગળ

કજ્જલધ્વજ [સં. કજ્જલ (મેશ) + ધ્વજ (વાવટો)] પું. દીવો.

કજ્જલરોચક [સં. કજ્જલ (કાજળ) + રોચક (અનુકૂળ)] પું. દીવાનો આધાર; દીવી; દીવો મૂકવાનું લાકડાનું સાધન.

કજ્જલશ્યામ [સં. કજ્જલ (મેશ) + શ્યામ (કાળું)] વિ. કાજળના જેવું કાળું.

કજ્જલાંગી [સં.] સ્ત્રી. કાજળ માટે દીવા ઉપર રખાતું વાસણ.

કજ્જલિકા [સં.] સ્ત્રી. પારો મિશ્રિત કરેલો ગંધક. જુઓ કજ્જલી ૨.

કજ્જલિત-૧. [સં.] વિ. કાજળવાળું થયેલ; અંજનયુક્ત.

૨. વિ. કાળું.

કજ્જલી ૧. [સં.] સ્ત્રી. એક જાતની માછલી.

૨. સ્ત્રી. ગંધક અને પારાનું મિશ્રણ; જેમાં પારો મિશ્ર કરેલો હોય તેવો ગંધક; પારદ અને ગંધક સાથે ઘૂંટવાથી થતું કાળું ચૂર્ણ. શુદ્ધ પારદ તોલો એક અને શુદ્ધ ગંધક તોલા બે લઈ તેને ઘૂંટી કાજળ જેવું બનાવવું. પછી તેને ભાંગરાના રસની સાત અથવા ઓછામાં ઓછી ત્રણ ભાવના આપવી. તેને કજ્જલ અથવા કજ્જલિકા પણ કહે છે. તે દરેક વ્યાધિનો નાશ કરનાર મનાય છે.

કજ્જલીગૌરીવ્રત [સં.] ન. એ નામનું વ્રત. સ્ત્રીઓ શ્રાવણ વદ ત્રીજને દિવસે તે કરે છે.

કજ્જા [મ.] પું. કજિયો; દાવો.

કજ્જાક (ક઼જ્જાક઼) ૧. [તુ.] પું. લૂંટારો.

૨. વિ. ચાલાક.

કજ્જાકી (ક઼જ્જાક઼ી) ૧. [તુ.] સ્ત્રી. ચાલાકી.

૨. સ્ત્રી લૂંટારાવૃત્તિ; લૂંટારાપણું.

કજૂ કસરકનો પું. કોંકણમાં થતું એક જાતનું ઝાડ. તેને નાનાં લીલાશ પડતાં ફૂલ અને નારંગી જેવાં ફળ આવે છે. આ ઝાડને ઘણો વરસાદ જરૂરનો છે.

કજૂ [હિં.] પું. આંજણ.

કજ્વલ [સં.] ન. કાજળ.

કઝ (કઝ) ૧. [ફા.] પું. રેશમ. ખાસ કરીને કાચા રેશમ માટે આ શબ્દ વપરાય છે.

૨. વિ. વાંકું.

૩. [ફા. કઅઝ] અ. જ્યાંથી.

કઝક (કઝક) સ્ત્રી. હાથીને અંકુશમાં રાખવાની એક જાતની લોઢાની કડી.

કઝત (કઝત) [અ.] સ્ત્રી. દુર્ગુણ; ડાઘ; કલંક.

કઝદુમ (કઝદુમ) ૧. પું. અજગર.

૨. [ફા. કજ (વાંકું) + દુમ (પૂંછડી)] પું. વીંછી.

૩. વિ. વાંકી પૂંછડીવાળું.

કઝલ પું. બંગાળી ચોખાની એક જાત. દારૂ બનાવવા માટે તે વપરાય છે.

કઝલબાશી (કઝલબાશી) [તુ.] પું. એક જાતનો મુગલ સિપાઈ. તે તૈમુર લંગે શૈખ હૈદરીને આપેલ કેદીઓના વંશજ હોવાનું મનાય છે. ખાસ નિશાની તરીકે તેઓ લાલ ટોપી પહેરતા.

કઝલ્બાસ ૧. પું. એક જાતની રાતી ટોપી પહેરનારો ઈરાની લશ્કરનો ઉત્તમ સિપાઈ.

૨. [તુ. કિઝિલ્બાશ] પું. તૈમુર લંગે શૈખ હૈદરીને જે ગુલામ આપ્યા હતા તેમનો વંશજ.

કઝા (ક઼ઝા) ૧. [અ. કઝી (તેણે હુકમ કર્યો)] સ્ત્રી. અધિકાર; હકૂમત.

૨. સ્ત્રી. કામ; ચેષ્ટા.

કઝા અદા કરવી–ભરવી–રાખવી = આગલી ન કરેલી ધાર્મિક ફરજનું સાટું વાળવું.

૩. સ્ત્રી. ગયેલો વખત.

કઝા કરવી = (૧) ગયેલું. ફરી હાથ કરવું. (૨) મરી જવું. (૩) મુકરર કરેલા વખતે ધાર્મિક ફરજ ન બજાવવી:

૪. સ્ત્રી. નક્કી કરેલ વખત વીતી ગયા પછીની નમાઝ.

૫. સ્ત્રી. નસીબ; વિધિ.

૧. કઝા ઓ કદર = નસીબના દેવો.

૨. કઝાયે હાજત = ખરચુ, પેશાબ વગેરે કરવા જવું તે.

૬. સ્ત્રી. ન્યાયની અદાલતનો ઠરાવ.

૭. સ્ત્રી. મોત.

૮. વિ. કવખતનું.

કઝાક (ક઼ઝાક઼) પું. લૂંટારો.

કઝાકી (ક઼ઝાક઼ી) સ્ત્રી. લૂંટ.

કઝાખી (ક઼ઝાખી) ૧. સ્ત્રી. યુક્તિ; હુન્નર.

૨. [તુ. કઝ્ઝાકી] સ્ત્રી. લૂંટફાટ.

કઝાગ (કઝાગ) જુઓ કઝાક.

કઝાગી (ક઼ઝાગી) જુઓ કઝાખી.

કઝાદાર (ક઼ઝાદાર) [અ.] નસીબદાર.

કઝારા (ક઼ઝારા) [અ.] અ. નસીબજોગે.

કઝાલિક (ક઼ઝાલિક) અ. એ રીતે.

કઝિમ (ક઼ઝિમ) ૧. [અ.] પું. સંયમી માણસ.

૨. વિ. સંયમ રાખનાર.

કઝિયા (ક઼ઝિયા) ૧. [અ.] પું. અનુમાનનાં અંગ; તર્ક.

૨. પું. કજિયો; તકરાર.

કઝિયા મોલ લેવા = બીજાનો કજિયો માથે વહોરી લેવો.

૩. પું. દાવો.

૪. પું. નિશ્ચય.

૫. પું. મૃત્યુ; મરણ; મોત.

૬. પું. યોનિ.

૭. પું. વર્ણન; ઇતિહાસ.

કઝીયા જુઓ કઝિયા.

કઝ્ઝાક (ક઼ઝઝાક઼) ૧. [તુ.] પું. લૂંટારો.

૨. વિ. ચાલાક; ચપળ.

કઝ્ઝાકી (ક઼ઝઝાક઼ી) ૧. [તુ.] સ્ત્રી. ચાલાકી; ચપળતા.

૨. સ્ત્રી. લૂંટ.

૩. વિ. લૂંટફાટ કરનારું.

કઝ્ઝાબ (કઝઝા'બ) [અ.] પું. મોટો ગપાડી.

કઝ્ફ (ક઼ઝ્ફ઼) [અ.] ન. વ્યભિચારનું તહોમત.

કઝ્બ (કઝ્'બ) [અ.] ન. જૂઠાણું.

કઝ્યા જુઓ કઝિયા.

કટ ૧. પું. એક જાતની ઔષધિ.

૨. પું. કાપણી; લણવું તે.

કટ ભલ જાન્યો ખેતમેં, મર મત આજ્યો હાર.
દુહો

૩. પું. કાળો રંગ.

૪. પું. ગંજીફાને કાપવો તે.

૫. પું. ઘડિયાળનો કટકટ અવાજ.

૬. પું. જુગાર ખેલવાનું સાધન.

૭. પું. ઠેકાનો એક બોલ.

૮. પું. નાશ.

માથે ગ્રંથી મત હરે, બીચ ગ્રંથ ધન ખાય:
ચાર તસુની લેખણે, લખનારો કટ જાય.
પુણ્યવિજય

૯. પું. પર્વતની ધાર.

૧૦. પું. પલંગ; ખાટલો.

૧૧. પું. પાસાની રમતનો એક દાવ.

૧૨. પું. મુડદું; શબ.

૧૩. પું. રૂઢિ; રિવાજ.

૧૪. પું. લગામ.

૧૫. પું. લાકડાની પાતળી પટ્ટી.

૧૬. પું. વંશ.

૧૭. [અં.] પું. વેતરવાની રીત; કાપ.

૧૮. પું. સમય; અવસર.

૧૯. પું. સુગંધી વાળો; ખસ.

૨૦. પું. સ્મશાન.

૨૧. સ્ત્રી. કઢી; આંબલીના પાણીને મસાલા સાથે ઉકાળવાથી બનતો પદાર્થ.

૨૨. સ્ત્રી. કુસંપ; અણબનાવ.

૨૩. [સં. કટિ] સ્ત્રી. કેડ; કમર.

૨૪. સ્ત્રી. ઘાસની સાદડી; ચટાઈ; ટટ્ટી.

૨૫. સ્ત્રી. મહેનત; મજૂરી; વૈતરું.

૨૬. ન. ઐક્ય; એકસંપ.

૨૭. ન. કડું; હાથનું એક ઘરેણું; કંકણ.

૨૮. ન. ગાલ.

૨૯. ન. ટોળું.

૩૦. ન. બાણ.

૩૧. ન. સાદડી બનાવવાનું ઘાસ.

૩૨. ન. હાથીનું ગંડસ્થલ; લમણું.

૩૩. વિ. અતિશય; ઘણું.

૩૪. વિ. તીવ્ર; ઉત્કટ.

૩૫. અ. કટ એવા અવાજ સાથે.

૩૬. અ. ઝડપથી; તરત.

કટક ૧. પું. કમ્મરપટ્ટો.

૨. પું. કાચનો પ્યાલો.

૩. પું. શિયાળ.

૪. સ્ત્રી. કાગડી.

૫. ન. ઉચ્ચ પ્રદેશ.

૬. ન. ઓરિસા પ્રાંતનું એક નગર.

૭. ન. કડું; કંકણ; હાથનું ઘરેણું.

૮. ન. કોટલું; ખોખું; હાંલ્લું.

૧. કટકની હાંલ્લી કટકમાં ફોડવી = જ્યાં જે કર્યું હોય તે ત્યાંનું ત્યાં રહેવા દેવું.

૨. કીડી ઉપર કટક = (૧) નજીવી બાબતને માટે ખોટી ધાંધલ કરવી. (૨) નાની વાતને માટે બહુ જ તૈયારી કરવી.

૯. ન. ઘર; રહેઠાણ.

૧૦. ન. ચક્ર; પૈડું.

૧૧. ન. ચડાઈ; હુમલો.

૧૨. ન. દુઃખ; પીડા.

૧૩. ન. દોરી.

૧૪. ન. (ડિંગળ) નિતંબ; કૂલો.

૧૫. ન. પર્વતની હાર.

૧૬. ન. બાણ.

૧૭. ન. રાજધાની; પાટનગર.

૧૮. ન. લશ્કર; સૈન્ય.

૧. ઊઠતું કટક = બધું સળગાવી દઈ નાસી જતું લશ્કર.

૨. કટકના અવળા પગ = ધાર્યું હોય તેને બદલે બીજે ઠેકાણે જવું કે બીજું કામ કરવું.

૩. કટકના ઘોડા = (૧) દુઃખ ઉપર દુઃખ આવી પડવું તે. (૨) સારી ચાલવાળો બળદ.

૪. કટકનાં દુખણાં ન લેવાય = ચડી આવેલ સૈન્યનો હથિયારથી સામનો કરવો જોઈએ.

૧૯. ન. લશ્કરની છાવણી.

૨૦. ન. લાકડું.

૨૧. ન. સમુદ્રલવણ; દરિયાઈ મીઠું.

૨૨. ન. સમૂહ; ટોળું.

૨૩. ન. સાદડી.

૨૪. ન. સાંકળનું જોડાણ.

૨૫. ન. હાથીદાંત.

૨૬. ન. હાથીના દંતૂશળ ઉપર શણગાર. રૂપે ચડાવેલ પિત્તળના બંધ.

કટકટ ૧. પું. દાંતની કચકચાટી.

૨. પું. મહાદેવ.

૩. સ્ત્રી. કજિયો; ટંટો.

૪. સ્ત્રી. કંટાળાભર્યો એક અવાજ.

૫. સ્ત્રી. ટોકણી; ચીડ ચડે એવી ટોક.

૬. સ્ત્રી. બડબડ; માથાફોડ.

૭. સ્ત્રી. ભૂલ ગોતવી તે; દોષ શોધવાપણું.

૮. સ્ત્રી. વાદવિવાદ; લડાઈ; ઝઘડો.

૯. અ. કટકટ અવાજ થાય એવી રીતે.

૧૦. અ. વ્યવસ્થિતપણે પણ વેગથી.

૧૧. અ. સૌથી સરસ રીતે.

કટકટવું ૧. અ. ક્રિ. કટકટ એવો અવાજ થવો; ખડખડવું.

૨. અ. ક્રિ. કટકટ કર્યા કરવી; ટકટક કરવી; ટોકણી કરવી.

૩. અ. ક્રિ. છિદ્ર શોધવું.

૪. અ. ક્રિ. જોરથી કટકટ એવો અવાજ નીકળે એમ ચાલવું.

કટકટા અ. હાય હાય; અફસોસ.

કટકટાક ૧. પું. કટકટ અવાજ.

૨. પું. ટકટકાટ કરવાપણું.

કટકટાટ ૧. પું. કટકટ એવો અવાજ.

૨. પું. ટકટક; ટોકણી; ટકટકાટ; કોઈની માથે ટોકણી કર્યા કરવી તે.

કટકટારો જુઓ કટકટાક.

કટકટાવવું ૧. સ. ક્રિ. ઢોરને જલદીથી હાંકવાં.

૨. સ. ક્રિ. દાંત કચકચાવવા; દાંત કટકટ કરવા.

કટકટિકા [હિં. કટકટ] સ્ત્રી. એક જાતનું બુલબુલ.

કટકટિકાપણું ૧. ન. કટકટ કરવાનો સ્વભાવ હોવો તે; કટકટ કરવાપણું; ટકટક કરવાની ટેવ.

૨. ન. ચીડિયો સ્વભાવ.

કટકટિયું ૧. વિ. કટકટ કરનાર; ટકટકિયું; ખોતરણાં કાઢીને ટોક ટોક કરે એવું.

૨. વિ. તકરારી; કજિયાખોર.

૩. વિ. પાજી; ચીડિયું.

કટકટિયો ૧. પું. એક જાતનું પક્ષી.

૨. [સં. કટક (લશ્કર)] પું. લશ્કર; ફોજ; સૈન્ય.

૩. પું. સિપાઈ; યોદ્ધો; લડવૈયો.

૪. વિ. પું. કટકટિયું. જુઓ કટકટિયું.

કટકટીઉં જુઓ કટકટિયું.

કટકડું (કટકડું) ૧. [સં. કટક (લશ્કર)] ન. સૈન્ય; લશ્કરની ટુકડી; સેના.

૨. વિ. તોફાની.

કટકણું વિ. કટ દઈને ભાંગી જાય એવું; બટકણું; બરડ.

કટકદલ [હિં.] પું. મોટું લશ્કર.

કટકના ૧. [હિં.] પું. ઈજારો.

કટકના દેવા = ઈજારા પાછા બીજાને આપવા.

૨. પું. યોજના.

૩. [હિં.] પું. લાકડા ઉપરનું ચિત્ર.

૪. વિ. લુચ્ચું.

કટકને ૧. [હિં.] પું. નમૂનો.

૨. પું. યુક્તિ.

૩. પું. લખતાં શીખનાર વિદ્યાર્થીએ પૂરા કરવાના મીંડાવાળા અક્ષર.

કટકનેદાર [હિં.] પું. ઈજારદાર; ભાડે રાખનાર.

કટકપ [સં.] ન. પાટણ; શહેર.

કટકફળ ન. એ નામની ઔષધિ; નિર્મળી.

કટકબટક ન. થોડું ઉતાવળે ખાઈ લેવું તે; નાસ્તો; ઠૂંગો; કટકોબચકું.

કટકબાલા પું. શરતી ગીરો.

કટકમર્કતક ન. વૃષણ જેવા આકારનો એક ઝેરી પદાર્થ.

કટકમાર્કતક ન. એક જાતનું ઝેર; કટકમર્કતક.

કટકમુખ પું. એક હાથથી થતા અઠ્ઠાવીસ જાતના અભિનય માંહેનો બારમો; તર્જની અને મધ્યમા અંગૂઠાને લગાડી રાખતાં થતો અભિનય. ફૂલ તોડવાં, માળા ધારણ કરવી, ધીમે ધીમે ધનુષ્ય સજ્જ કરવું, વગેરેમાં તેનો ઉપયોગ છે.

કટકર ૧. [હિં.] કૂવા ઉપર રખાતું લાકડાનું ચોકઠું.

૨. [સં.] પું. મહાદેવ.

૩. પું. રેલિંગ; આડચ.

૪. સ્ત્રી. એક જાતની વનસ્પતિ; ખીરકાકડી; ખીરા. તેની પાંચથી સાત જાત હિંદમાં થાય છે. તેનાં ફળનું શાક થાય ને કાચાં પણ ખવાય. તે ગરમ થયેલ ઓઝરીને શાંત પાડે, કાળજાના રોગ સુધારે, અને તેના રસનાં ટીપાં દુઃખતી આંખમાં પણ નખાય છે. તેમાં સારક અને પૌષ્ટિક ગુણ છે. તેનાં બી શીતળ, મૂત્રલ, સારક અને ધાતુપૌષ્ટિક છે. બે ડ્રામ બી શેકી તેનાં છોતરાં કાઢી ખાવાથી મૂત્રરેચ લાગી પેશાબમાં પથરી ને રેતી બહાર કાઢે છે. વળી તે સાકર સાથે ખાઈ ઉપર જુલાબ લેવાથી પેટનાં કૃમિનો નાશ કરે છે.

૫. વિ. અત્યંત; અતિશય.

કટકરંજ [સં. કટુકરંજ] ન. તાવ ઉતારનારૂં એક જાતનું ફળ.

કટકરા [હિં.] પું. રેલિંગ; આડચ; કટકર.

કટકરી ૧. સ્ત્રી. લોકોની એ નામની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

કટકરેજૂ ન. એક જાતનું ફળ.

કટકલેજી સ્ત્રી. એક જાતનું ફળ.

કટકવર્ધન પું. જોડેલા હાથના કાકવર્ધન, કૂર્મવરાહ, ગરુડ વગેરે ચોવીસ માંહેનો નવમો અભિનય.

કટકવલય ન. હાથના કાંડા ઉપર પહેરવાનું એક જાતનું ઘરેણું.

કટકવું અ. ક્રિ. બટકી જવું; વચમાંથી તૂટી જવું.

કટકા [હિં.] પું. ચાંચથી પકડવું તે.

કટકા ભરવા = (૧) ચાંચ મારવી. (૨) દાંતથી બટકાં ભરવાં; કરડવું.

કટકાઈ સ્ત્રી. ફોજ; લશ્કર.

કટકાણુકલા પું. બ. વ. નારા.

કટકાણું ૧. ન. કરડાકી; મર્મવચન.

૨. ન. ઘમંડાઈ; અકડાઈ; અક્કડબાજપણું.

૩. ન. સામા માણસને લાગી આવે એવી રીતે મહેણાંનું વચન ઊલટા અર્થમાં કહેવું તે; અવળી બોલી; વક્રોક્તિ; વ્યાજસ્તુતિ.

કટકાર ૧. [સં.] સ્ત્રી. સાદડી ગૂંથવાનો ધંધો કરતી એક જાતિ. શુદ્ર સ્ત્રી વૈશ્ય પુરુષ સાથે સંબંધ કરતાં ઉગ્ર નામની પ્રજાને ધારણ કરે છે. તે પ્રજા ચોરીથી થઈ હોય તો કટકાર જાતિની કહેવાય.

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની એક જાતિનું.

કટકાલ ૧. પું. અગાઉ ચાલ્યાં ગયેલાં વર્ષ.

૨. પું. (વ્યાકરણ) ભૂતકાળ.

૩. વિ. ભૂતકાળ સંબંધી.

કટકિન [સં.] ન. પર્વત; પહાડ.

કટકિયા ૧. સ્ત્રી. એ નામની કણબીની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની કણબીની અટકનું.

કટકિયાલ સ્ત્રી. એક જાતનો કઠણ વેલો. તેની ડાંડલી ધોળાશ પડતી ને બટકણી, પાન લંબગોળ ને તરેહવાર આકારનાં તથા ફૂલ સફેદ થાય છે. તેમાં શીંગો આવે છે. જમીનમાં તેના કંદ થાય તેને હેમકંદ કહે છે. તે દવાના કામમાં વપરાય છે.

કટકિયું ૧. ન. છાપરૂં.

૨. ન. માળ; મેડો.

૩. ન. શકુન; ભાવિ શુભાશુભસૂચક ચિહ્ન.

૪. [સં. કટન] વિ. બરડ; ભાંગી જાય એવું.

૫. [સં. કટક (લશ્કર)] વિ. સૈન્યને લગતું.

કટકિયો ૧. [સં. કટક (લશ્કર)] પું. લડવૈયો; સૈનિક.

૨. પું. લશ્કર સાથે વેપાર માટે જનાર વેપારી.

કટકી ૧. પું. પર્વત.

૨. સ્ત્રી. (જૂ. ગુ.) કરડી નજર.

> કીડી ઉપર કટકી કહેવી ?
> અબળા ઉપર મહેર કહેવી ? .
>
> આનંદકાવ્યમહોદધિ

૩. સ્ત્રી. નાનો કટકો.

૪. સ્ત્રી. સોગઠી; કાંકરી.

કટકીનદાર [હિં.] પું. પેટા ખેડૂત.

કટકીના [હિં.] પું. ભાડે રાખનાર પાસેથી ભાડે રાખનાર માણસ.

કટકું ૧. ન. ખેતરનો એક ભાગ.

૨. ન. નાનું ખેતર.

૩. ન. નાનો કટકો.

૪. ન. લશ્કર; કટક.

કટકો ૧. [સં. કર્ત્ (કાપવું)] પું. આખાનો એકાદ ભાગ; કકડો; ટુકડો.

૧. અંગના કટકા કરવા = શરીરના આડાઅવળા વાંક વાળવા.

૨. બબ્બે કટકા ગાળો દેવી = અપશબ્દવાળાં વેણ કાઢવાં.

૨. પું. એક વાંભ જેટલી ઊંચાઈ.

૩. પું. પૂર્ણતાનો ભાવ; પૂરેપૂરા ગુણના અંશવાળું હોવાપણું. જેમકે, સત્યનો કટકો; વટનો કટકો; હેતનો કટકો.

૪. પું. બહુ જ થોડું, નામ માત્ર એવા અર્થે બતાવવા વપરાતો એક શબ્દ. જેમકે, કટકો ય રોટલો ન આપ્યો; કટકો ય કાગળ ન લખ્યો.

કટકોબટકો પું. નાનો કટકો; નાનો ટુકડો.

કટકોમ ૧. પું. (જ્યોતિષ) કર્કરાશિ.

૨. પું. કાચબો.

કટકોર ન. કટકોબટકો.

કટકોલ [સં.] પું.; સ્ત્રી.; ન. પિકદાની; થૂંક નાખવાનું વાસણ.

કટખના વિ. કરડે એવું; હડકાયેલું.

કટખને ૧. [સં. કૃતાક્ષર] પું. (હિંદી) નમૂનો.

કટખને કાઢવા = નકલ કરવી.

૨. પું. યુક્તિ.

૩. પું. લખતાં શીખનાર વિદ્યાર્થીએ પૂરા કરવાના મીંડાવાળા અક્ષર.

કટખાદક ૧. પું. કાગડો.

૨. [સં.] પું. કાચની શીશી; કાચનું વાસણ.

૩. [સં. કટ (મુડદું) + ખાદક (ખાનાર)] પું. શિયાળ.

૪. વિ. બહુ ખાનાર; ખાઉધરૂં.

૫. વિ. ભક્ષ્યાભક્ષ્યનો વિચાર નહિ કરનાર.

૬. વિ. મુડદું ખાનાર.

કટખાના [હિં.] વિ. કરડે એવું.

કટખોર ન. એક જાતનું પક્ષી.

કટગર પું. લાકડાનું પાંજરૂં; કટઘરા.

કટગુંદી સ્ત્રી. ઝીણાં ગુંદાંનું ઝાડ.

કટગુંદો પું. જેમાં નાનાં ગુંદાં આવતાં હોય તેવું ઝાડ.

કટગ્લાસ [અં.] પું. નકશીવાળો જાડો કાચ.

કટઘરા [હિં.] પું. લાકડાનું પાંજરૂં; કટગર.

કટઘોષ પું. ગોવાળિયાને રહેવાનું ઝૂંપડું.

કટચ્છુ પું. ચમચો.

કટછાલી સ્ત્રી. મલાઈ ઉતારી લીધેલા દૂધની બનાવેલી છાશ.

१ग
१५ (२)
२७३६१

કટડા (કટડ઼ા) ૧. [હિં.] પું. બજાર.
 ૨. પું. ભેંસનું બચ્ચું; પાડો.

કટથુરિકા ૧. સ્ત્રી. એ નામનું પ્રાણી.
 ૨. સ્ત્રી. કસ્તુરી.
 ૩. સ્ત્રી. કસ્તુરી રાખવાની કોથળી.

કટદાન ૧. ન. ભગવાનની મૂર્તિની પ્રદક્ષિણા.
 ૨. [સં.] ન. વિષ્ણુ સંબંધી પાર્શ્વવર્ત નામનું ભાદરવા સુદિ અગિયારશને દિવસે કરવાનું એક કર્મ.

કટદેશ [સં.] પું. (પુરાણ) હાલનો બરદ્વાન પ્રાંતનો કાટવા નામનો દેશ; મહાભારતમાં જણાવેલ એક પ્રાચીન દેશ. ત્યાંના રાજાને અર્જુને રાજસૂય દિગ્વિજયમાં હરાવ્યો હતો.

કટદ્વીપ ન. બંગાળના બરદ્વાન જિલ્લામાં આવેલું કાટવા નામનું વૈષ્ણવોનું એક પવિત્ર ધામ. આ જગ્યાએ ચાળીસ વર્ષની ઉમ્મરે ચૈતન્યે પોતાના પિતાના ઘરનો ત્યાગ કરીને દંડ ધારણ કર્યો હતો. અહીંના એક જૂના દેવળમાં સંન્યસ્ત લેતી વખતના ચૈતન્યના વપન કરેલા વાળ સાચવી રાખવામાં આવ્યા છે.

કટન [સં.] ન. ઘરનું છાપરૂં.

કટનગરી [સં.] સ્ત્રી. પૂર્વ દેશમાં આવેલું એક ગામ.

કટનગરીય વિ. કટનગરી ગામમાં થયેલ.

કટનાસ [હિં.] પું. એક જાતનું પક્ષી.

કટની ૧. પું. લાલ રંગનો પથ્થર.
 ૨. [હિં.] સ્ત્રી. કાપણીની મોસમ; લણણીનો વખત.
 ૩. સ્ત્રી. કાપવાનું ઓજાર.
 ૪. સ્ત્રી. કાપવાનું કામ.

કટનીમ [હિં.] પું. મીઠો લીમડો.

કટપકડ (કટપકડ઼) ન. કાપવાનું અને પકડવાનું સાધન.

કટપીસ [અં.] પું. થાન મોટું થવાથી કાપી લેવામાં આવતો કપડાનો ટુકડો; કપડાના દરેક જાતના કટકા.

કટપૂતન [સં.] પું.; ન. એક જાતનું પ્રેત.

> જે ક્ષત્રિય પોતાના ધર્મકર્મથી ભ્રષ્ટ થાય છે, તે **કટપૂતન** નામનો પ્રેત થઈને વિષ્ટાનું તથા શબનું ભોજન કરે છે.
> શાસ્ત્રસિદ્ધાંત

કટપૂતના જુઓ કટપૂતન.

કટપ્રભેદ [સં.] પું. હાથીના ગંડસ્થળ ભેદીને રસ ઝરવાપણું.

કટપ્રૂ ૧. [સં.] પું. એક જાતનો કીડો; જુવારિયો.
 ૨. પું. જુગારી; પાસા ખેલનાર.
 ૩. પું. ભૂત.
 ૪. પું. મહાદેવ.
 ૫. પું. વિદ્યાધર.
 ૬. વિ. પોતાની ઇચ્છા મુજબ રૂપ ધારણ કરનાર.

કટપ્રોથ ૧. [સં.] પું. કેડ; કમર.
 ૨. પું. કેડનો માંસપિંડ; ફૂલો.

કટફલ ૧. [સં.] ન. એક જાતનું ફળ; કાયફળ. તે હરસ, દમ, મધુપ્રમેહ અને ખાંસીમાં ઉપયોગી મનાય છે. તે ઉપજીભને સાફ કરે અને બેસૂરો અવાજ સારો બનાવે. માથાનો દુખાવો અને શરદીમાં બજર તરીકે ૧ થી ૨ ગ્રેન લેવાય છે.
 ૨. ન. હિંદુસ્તાનના વાયવ્ય ભાગમાં થતું એ નામનું નાનું ઝાડ. તેની છાલ અને બિયાં દવામાં વપરાય છે. તેનાં ફળને કાયફળ કહે છે.

કટફલા સ્ત્રી. ઇંદ્રવારુણી; કડવી તુંબડીનો વેલો.

કટફલાદિક્વાથ પું. ખાંસી માટે બનાવાતો એક જાતનો ઉકાળો. તેમાં કાયફળ, ભારંગમૂળ, મોથ, ધાણા, વજ, હરડેદળ, કાકડાશીંગી, ખડસલીઓ, સૂંઠ અને દેવદાર એ વસ્તુઓને અધકચરી કરી સોળગણા પાણીમાં ઉકાળી આઠમો ભાગ રહે એટલે ઉતારી ગાળી લેવું. મધ અને હિંગનું પાણી અનુપાન તરીકે આપવું.

કટફલાદિચૂર્ણ [સં.] ન. કાયફળ અને બીજી ઔષધિનું ચૂર્ણ.

કટફલાદિપાન [સં.] ન. લાંબા વખતના તાવ માટે બનાવાતું એક જાતનું પીણું. તેમાં કાયફળ, ત્રિફળા, દેવદાર, રતાંજલી, ફાલસાં, કડુ, પદ્મકાષ્ઠ અને વાળો દરેક પા પા તોલો લઈ બશેર પાણીમાં ઉકાળી અર્ધું બાકી રહે એટલે ઉતારી ગાળી લેવું. તે જીર્ણજ્વર, ત્રિદોષ, દાહ, તૃષ્ણા વગેરે રોગ મટાડનાર મનાય છે.

કટબાજી સ્ત્રી. ગંજીફાની એક જાતની રમત; કોઈ જાત કટ થઈ નવો હુકમ થાય એવી ગંજીફાનાં પાનાંની રમત.

કટબાવળ પું. ઝૂંડ જામેલો નાની જાતનો બાવળ.

કટભંગ ૧. [સં.] પું. ઔષધિ કે અનાજનું હાથ વગેરેથી કાપવું કે મસળવું તે.
 ૨. [સં. કટ (લશ્કર) + ભંગ (ભંગાણ)] પું. સૈન્યમાં ભંગાણનું કારણ. જેમકે, રાજા વગેરેનું મૃત્યુ.

કટભા [સં.] માલકાંકણી.

કટભી ૧. સ્ત્રી. અઘેડો.
 ૨. સ્ત્રી. ટિંબરુની જાતનું એક ઝાડ; માલકાંકણી. તેનાં પાંદડાં બહુ જ કરકરિયાળાં હોવાથી તે કટભી કહેવાય છે. તેની છાલ પ્રમેહ, વ્રણ, કોઢ અને આફરામાં ઉપયોગી ગણાય છે.
 ૩. સ્ત્રી. માલકાંકણાં.
 ૪. સ્ત્રી. વાપુંભા.

કટમ ૧. ન. કદમ; પગલું.
 ૨. [સં. કુટુંબ] ન. કુટુંબ; સગાંસંબંધી.

> કટમ કરડકણું ને મોસાળ વઢકણું = ઊલમાંથી ચૂલમાં પડવું તે.

કટમરમ [મ.] પું. તરાપો. આ શબ્દ તામિલ ભાષાનો છે અને તે ભાષામાં તેનો અર્થ બાંધેલા લાકડાના કટકા એમ થાય છે.

કટમસ્તા [મ.] વિ. મજબૂત શરીરવાળું.

કટમાટી [હિં.] સ્ત્રી. જેની સપાટી તરત સુકાઈ જાય એવી માટીવાળી જમીન.

કટમાલિની ૧. [સં.] સ્ત્રી. મદિરા; દારૂ.
 ૨. સ્ત્રી. હરકોઈ કેફી આસવ.

કટમી ૧. [સં. કુટુંબ + ઇન્ (વાળું)] ન. કુટુંબનું માણસ.
 ૨. વિ. કુટુંબનું; કુટુંબી.

કટમુલ્લાં ૧. [હિં.] પું. અપ્રસિદ્ધ શિક્ષક.
 ૨. વિ. નાસ્તિક.

કટયા ૧. [હિં.] સ્ત્રી. દૂધ દોહવા માટેનું સાંકડા મોઢાવાળું વાસણ.
 ૨. સ્ત્રી. નાની પાડી.
 ૩. સ્ત્રી. બ્રાહ્મણની એક જાત. તે મરણક્રિયા કરાવે છે.
 ૪. ન. બ્રાહ્મણની એ જાતનું માણસ.
 ૫. વિ. બ્રાહ્મણની એ નામની જાતનું.

કટર ૧. પું. એક જાતનું ઝાડ અને તેનું ફળ.
 ૨. પું. પાપી માણસ; ચંડાળ.
 ૩. સ્ત્રી.; ન. એક ઘોડાવાળી નાની ગાડી.
 ૪. [અં.] સ્ત્રી.; ન. એક જાતની જલદી ચાલનારી હોડી; એક પ્રકારનો મછવો.
 ૫. [અં.] સ્ત્રી.; ન. કાપવાનું ઓજાર.
 ૬. [સં. કટીર (ખાલી જગ્યા)] સ્ત્રી.;ન. તાડ કે ખજૂરીના થડને વચ્ચેથી ઊભું વહેરી તેની અંદરનો પોચો ગર કાઢી નાખીને બનાવેલી હોડી; તાડ અથવા ખજૂરીના થડની બનાવેલી હોડી.
 ૭. [સં.] ન. એક પ્રકારનું ઘાસ.
 ૮. [સં. કઠોર] વિ. (હિંદી) ક્રૂર; દયા વગરનું.

કટરકટર ૧. [હિં.] પું. કઠણ પદાર્થ ચાવતાં થતો અવાજ; ભચડભચડ.

૨. પું. કૂતરો હાડકાં કચરતી વખતે થતો અવાજ.

કટરચૂલી સ્ત્રી. પાણીમાં ઊગતો એક છોડ. તેને ધોળાં ફૂલનાં લૂમખાં આવે છે.

કટરના [હિં.] પું. એક જાતની માછલી.

કટંરપટર ન. નાની અને પરચૂરણ ચીજો.

કટરાલી સ્ત્રી. એ નામનું એક ઝાડ; ડખૂર; કદમ; હર્ડી. તે ખારાશ અને ભેજવાળા પ્રદેશમાં ઊગે છે. ઈંડાના આકારનાં તેનાં ફળમાં એક જ બી હોય છે.

કટરિયા [હિં.] સ્ત્રી. કટારી.

કટરિયું ન. આસામમાં થતું એક પ્રકારનું ધાન.

કટરેત પું. કાનસ; રેતરડી.

કટલફિશ [અં.] સ્ત્રી. એક જાતની માછલી.

કટલરિ ૧. [અં.] સ્ત્રી. કાપકૂપ કરવાનાં સાધન.

૨. સ્ત્રી. વપરાશની ચીજો. જેવી કે, કાચ, પાટી, સાબુ.

કટલા ન. ઝવેરાતની એક જાત.

કટલામા સ્ત્રી. એક જાતની રોટી.

કટલુ ૧. સ્ત્રી. લોકોની એક જાત.

૨. ન. એ જાતનું માણસ.

૩. વિ. લોકોની એ નામની જાતનું.

કટલું ૧. [સં. કટન (છાપરૂં)] ન. કરાંડી, ઘાસ કે છાજનું નાનું ઝૂંપડું; કૂબો.

૨. ન. કરાંડીનો ખપેડો.

૩. ન. કૂવાનું ઢાંકણુ.

૪. ન. ઝાંપાનું કે ઝૂંપડાનું કરાંડીનું કમાડ; ઝૂંપડાનું બારણું.

૫. ન. સાંઠીઓ ગૂંથીને બનાવેલું છાયા કે આડચ માટેનું સાધન; કપાસની સાંઠીઓનો ગૂંથેલો આડપડદો; કડતલું.

૬. વિ. કેટલું.

કટલેસ ન. ખીમામાં મસાલો નાખી બટેટામાં મેળવી મેંદાના પડમાં લપેટી તળીને બનાવાતી પૂરી જેવી એક મુસલમાની વાની.

કટલો પું. બજાર.

કટલ્લી [હિં.] પું. ખાટકી કે મુસલમાન માટે વપરાતો તિરસ્કારવાચક શબ્દ.

કટલ્લૂ જુઓ કટલ્લી.

કટવરૂ સ્ત્રી. કઢી; ખાવાની એક વાની.

કટવા ૧. સ્ત્રી. એક જાતની નાની માછલી.

૨. સ્ત્રી. કણબીની એ નામની એક અટક.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

કટવાનક પું. જંગલી પ્રાણીની ઊનના જાડા દોરાનો બનાવેલો એક જાતનો કામળો. તે પડદા તરીકે વપરાય છે.

કટવાવું સ. ક્રિ. કપાવવું; કાપી નખાવવું.

કટવાહા [હિં.] પું. કોસિયો; કોસ હાંકનાર માણસ.

કટવાં [હિં.] વિ. કાપેલું; ફાડી નાખેલું.

કટવાં બ્યાજ = સાદું બ્યાજ.

કટવાંસૂ [હિં.] પું. એક જાતનું પક્ષી.

કટવું ૧. [સં. કટુ (કડવું)] અ. ક્રિ. કડવું થવું.

૨. અ. ક્રિ. ક્રોધે ભરાવું; ગુસ્સે થવું.

૩. અ. ક્રિ. ખાટું થવું.

૪. અ. ક્રિ. દુશ્મનાવટ કરવી; વિરુદ્ધ જવું.

કટવાં કહેવું = ખરાબ બોલવું; વિરુદ્ધ બોલવું.

૫. સ. ક્રિ. ખૂબ ઉકાળવું; ઉકાળીને ઘાટું થાય એમ કરવું.

કટવૈશ્વામિત્ર પું. ઋગ્વેદના ત્રીજા મંડલના અઢારમા સૂક્તનો કર્તા એક ઋષિ.

કટવોટર ૧. [અં. કટવૉટર] સ્ત્રી. નાળામાં પાણીના ભાગ પાડવા માટે કરવામાં આવતું અણીવાળું ચણતર.

૨. સ્ત્રી. પુલના મચ્છની અણી.

૩. સ્ત્રી. વહાણની નાળનો પાણી કાપવા માટેનો અણીવાળો આગલો ભાગ.

કટવ્રણ [સં.] પું. પાંચ પાંડવ માંહેનો બીજો; ભીમસેન.

કટશરૈણા પું. એક વનસ્પતિ; કાંટાઅશેળિયો.

કટશર્કર ન. એક જાતની કઠણ માટી.

કટશર્કરા ૧. [સં.] સ્ત્રી. ગાંગેષ્ટિ નામની વનસ્પતિ.

૨. સ્ત્રી. તૂટેલી સાદડીનો કટકો.

૩. સ્ત્રી. દાણાદાર ખાંડ.

કટશેવરી ન. એક જાતનું ઝાડ; શેમળો.

કટસરૈયા [સં. કટસારિકા] સ્ત્રી. (હિંદી) અરડૂસાની જાતનો કારતક માસમાં ખીલતો એક કાંટાદાર છોડ; કાંટાઅશેળિયો. તેમાં જાતજાતનાં ફૂલ આવે છે. લાલ ફૂલવાળી કટસરૈયાને કુરવક, પીળાં ફૂલવાળીને કુરંટક, નીલ ફૂલવાળીને આર્ત્તગલ અને ધોળાં ફૂલવાળીને સૈરેયક કહે છે.

કટસારિકા [સં.] પું. કાંટાઅશેળિયો નામની વનસ્પતિ.

કટસી [હિં.] પું. શ્મશાન; મુડદાં બાળવાનું ઠેકાણું.

કટસ્થલ ૧. [સં.] ન. કમર; કેડ.

૨. ન. હાથીનું ગંડસ્થલ; હાથીના લમણાનો ભાગ.

કટહ ૧. સ્ત્રી. લોકોની એ નામની એક જાત.

કટહ લોકોનો પ્રદેશ કથૈઅ અને કટહ લોકો કથૈઓઈ કહેવાતા. હિંદુ રાજવ્યવસ્થા

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. લોકોની એ નામની જાતનું.

કટહર ૧. ન. એક જાતનું ફળ; ફણસ.

૨. ન. ફણસનું ઝાડ. તે હિંદના બધા ગરમ ભાગોમાં થાય છે. પૂર્વ અને પશ્ચિમ ઘાટના પર્વતો ઉપર તે પોતાની મેળે ઊગે છે. તેનાં ચારથી પાંચ આંગળ લાંબાં અંડાકાર પાનના છેડા કાળાશ પડતા લીલા હોય છે. તેનું ફળ હાથ દોઢ હાથ લાંબું અને છાલ ઉપર કાંટાવાળું થાય છે. ફળની અંદર વચમાં ગોટલી હોય, તેની ચારે તરફ રેસાદાર બીજકોષ હોય. બીજકોષ પાકતાં મીઠો થાય. બીજકોષમાં પાતળું બી હોય. માહ ફાગણ માસમાં ફળ બેસે અને જેઠ અષાડમાં પાકે. કાચા ફળનું શાક અને અથાણું થાય. બીજકોષ ખાવાના કામમાં આવે અને લાકડું હોડી બનાવવામાં કામ આવે. આ ઝાડની છાલમાંથી નીકળતા દૂધમાંથી રબર બની શકે છે. છાલમાંથી નીકળતા પીળા રંગમાં બ્રહ્મદેશના સાધુ પોતાનાં કપડાં રંગે છે.

કટહરા ૧. [હિં.] પું. આડશ; રેલિંગ.

૨. પું. જે ઠેકાણે ઘાસચારો કાપવામાં આવતો હોય તે જગ્યા.

૩. સ્ત્રી. એક જાતની નાની માછલી.

કટહલ [હિં.] ન. ફણસ. જુઓ કટહર.

કટંક [સં.] પું. દુશ્મન.

કટંકટ ૧. [સં.] પું. અગ્નિ.

૨. પું. ગણેશ.

૩. પું. ચિત્રક નામનું ઝાડ.

૪. પું. મહાદેવ.

૫. પું. સોનું.

કટંકટેરી ૧. [સં.] સ્ત્રી. આંબાહળદર.

૨. સ્ત્રી. દારૂહળદર.

૩. સ્ત્રી. હળદર.

કટંકર જુઓ કટંકટ.

કટંકાયન પું. એ નામનો એક ઋષિ.

કટંબ ૧. [સં.] પું. એ નામનું એક વાજું.

૨. પું. બાણ.

૩. ન. કુટુંબ; સગાંવહાલાં.

કટંબકળો પું. કુટુંબ કલેશ.

કટંબરાં [સં.] સ્ત્રી. કડુ નામની વનસ્પતિ.

કટંભર ૧. [સં.] પું. અરડૂસો.
૨. પું. કડુ નામની વનસ્પતિ.
૩. પું. નાગવલા, પ્રસારિણી, રોહિણી, હસ્તિની, કલંબિકા, સૂર્યા વગેરે છોડ.
૪. પું. વાપુંભા નામની ઔષધિ.

કટંભરા ૧. [સં.] સ્ત્રી. કટભી નામની વનસ્પતિ.
૨. સ્ત્રી. ગંધ પ્રસારણી.
૩. સ્ત્રી. નાગવલા, રોહિણી, હસ્તિની, કલંબિકા, સૂર્યા વગેરે છોડ.
૪. સ્ત્રી. મરવી નામની વનસ્પતિ.
૫. સ્ત્રી. સાટોડી; એક જાતની વનસ્પતિ.
૬. સ્ત્રી. હાથણી.

કટંવરા [સં.] ન. કડુ. કડુના કટકા કડવા અને વળવાળા આવે છે. તેનું આખું કુટુંબ એટલે આખું ઝાડ કડવું હોવાથી તેને કટંવરા કહે છે.

કટા [હિં.] સ્ત્રી. કતલ; ખૂન.

કટાઈ ૧. સ્ત્રી. ઊભી ભોરિંગણી.
૨. [હિં.] સ્ત્રી. લણવાની મજૂરીનો દર.
૩. સ્ત્રી. લણવાનું કામ; લણણી; કાપણી.
કટાઈ કરવી = લણવું.

કટાઈયા [હિં.] પું. સામાન્ય કતલ કરનાર માણસ.

કટાઉટ ન. રક્ષણ પેટી.

કટાકકી કૂકડી (કટાકકી કૂકડ઼ી) સ્ત્રી. સાત કે વધારે રમનારાંની ટપલી ખાઈને જીત મેળવવાની મેદાનમાં રમવાની એક દેશી રમત. તેમાં રમવાની જગ્યામાં દાવ આપનાર વચ્ચોવચ્ચ ઊભો રહે. તેનાથી પાંચ છ હાથને અંતરે આસપાસ કૂંડાળામાં બધાં હાથ દોઢ હાથ વ્યાસનું કૂંડાળું કરી દરેક જણ જુદા જુદા કૂંડાળામાં ઊભો રહે. આ કૂંડાળામાંથી ગમે તે એક જણ દાવવાળાના માથામાં ટપલી મારવા જાય અને તે તેની પાછળ પકડવા દોડે, ત્યાં બીજો ટપલી મારી જાય. જો દાવવાળો ટપલી મારનારને તેના કૂંડાળામાં પહોંચ્યા પહેલાં પકડી પાડે તો દાવ ઊતરી પકડાઈ જનારને માથે જાય.

કટાકટ ૧. સ્ત્રી. અણીનો વખત; બારીક સમય.
૨. સ્ત્રી. કટકટ કરતો અવાજ.
૩. [સં. કટ્ (તોડી નાખવું)] સ્ત્રી. કતલ.
૪. સ્ત્રી. જીવલેણ દુશ્મનાવટ.
૫. સ્ત્રી. તકરાર; લડાઈ; ઝપાઝપી; મારામારી.
૬. સ્ત્રી. તીવ્ર હરીફાઈ; કસાકસી.

કટાકટી જુઓ કટાકટ.
કટાકટી કરવી = સામસામે દ્વેષથી હરીફાઈ કરવી.

કટાકુ [સં.] પું. એક જાતનું પક્ષી.

કટાક્ષ ૧. [સં.] પું.; સ્ત્રી.; ન. અભાવ.
૨. પું.; સ્ત્રી.; ન. આક્ષેપ.
૩. [સં. કટ (બાજુ) + અક્ષિ (આંખ)] પું.; સ્ત્રી.; ન. આંખને ખૂણેથી જોવાપણું; વાંકી દૃષ્ટિ; કરડી નજર.
૪. પું.; સ્ત્રી.; ન. નિંદા.
૫. પું.; સ્ત્રી.; ન. પ્રેમભરી વાંકી નજરે જોવું તે; ભાવ કે સંકેત બતાવનાર છૂપી સાન.
૬. પું.; સ્ત્રી.; ન. મર્મવચન; વક્રોક્તિ; વ્યંગમાં કહેવું તે; ઉપહાસ; વાગ્બાણ.
૭. પું.; સ્ત્રી.; ન. મહેણું.
૮. પું.; સ્ત્રી.; ન. વાંકી નજરથી સાન કરવી તે; નેત્રની સંજ્ઞા; આંખ મારવી તે.
૯. વિ. તીક્ષ્ણ.

કટાક્ષકથન ન. કટાક્ષવાળી વાણી કે લખાણ; મર્મમાં કહેવું તે; મર્માળું સાહિત્ય; અન્યોક્તિ; ઉપહાસ; વાગ્બાણ; મર્મવચન. હાસ્યરસની કૃતિનો એક પ્રકાર એવો છે કે, તેમાં ઉપહાસ સાથે આક્ષેપનો અંશ હોય મૂર્ખતા, દુર્ગુણ, દુરાચાર વગેરે દોષને હાસ્યરૂપે ચીતરી તે ઉપર તેમાં પ્રહાર કરેલા હોય. એવી કૃતિમાં અમુક નમૂનાનાં માણસો, અમુક રીતરિવાજો અથવા અમુક કૃત્યો એવી વક્રોક્તિથી વર્ણવેલાં હોય કે તે હસવા સરખાં છે એવું ભાન થાય. તે ઉપરાંત તે અનિષ્ટ છે એવી પ્રતીતિ થાય.

કટાક્ષકાર [સં.] વિ. મર્માળું સાહિત્ય લખનાર.

કટાક્ષકાવ્ય ન. વક્રોકિતવાળી કવિતા.

કટાક્ષકૃતિ [સં.] સ્ત્રી. સમાજમાં પેસી ગયેલ દુરાચાર, દુર્ગુણ, દંભ કે મૂર્ખાઈભરી પ્રથાઓને જણાવી ઉપહાસનું ગદ્ય કે પદ્ય સ્વરૂપે લખાયેલ સાહિત્ય.

કટાક્ષકૃપા [સં.] સ્ત્રી. વાંકી દૃષ્ટિ રૂપી મહેરબાની.

કટાક્ષચિત્ર [સં.] ન. કટાક્ષમાં કરેલું ચિત્ર; ઠઠ્ઠાચિત્ર.

કટાક્ષટીકા [સં.] સ્ત્રી. વક્રોકિત; મર્મવચન; અન્યોકિત.

કટાક્ષદર્શન ન. નેત્રકટાક્ષ.

કટાક્ષમય [સં.] વિ. કટાક્ષથી ભરેલું.

કટાક્ષમયતા [સં.] સ્ત્રી. કટાક્ષથી ભરેલું હોવાપણું.

કટાક્ષરાજ ન. ભારતવર્ષનું એ નામનું એક તીર્થસ્થાન. ત્યાં દેવીનું વામચક્ષુ પડેલ હતું. ચૈત્રસંક્રાંતિ સમયે ત્યાં મેળો ભરાય છે.

કટાક્ષવચન ન. ભાવ કે સંકેત જણાવનાર વચન; મર્મનું વેણ.

કટાક્ષસાહિત્ય ન. કટાક્ષકથન; અન્યોકિત; વાગ્બાણ.

કટાક્ષિત ૧. [સં.] વિ. કટાક્ષ પામેલું.
૨. વિ. કટાક્ષ ભરેલ.

કટાગ્નિ [સં.] પું. ઘાસનો અગ્નિ. અગાઉના વખતમાં અમુક ગુનાની શિક્ષા અથવા પ્રાયશ્ચિત્ત તરીકે લોકો કટાગ્નિમાં બળી મરતાં, અથવા બાળી દેવામાં આવતાં. ગુરુસિદ્ધાંતના ખંડનના પ્રાયશ્ચિત્ત તરીકે કુમારિલભટ્ટ કટાગ્નિમાં બળી મૂઓ હતો.

કટાછ [હિં.] સ્ત્રી. કટાક્ષ; તિરકસ નજર.

કટાછની ૧. [હિં.] સ્ત્રી. પાકી દુશ્મનાવટ.
૨. સ્ત્રી. લડાઈ.

કટાટ [સં. કટ (તકરાર) + વૃત્તિ (વલણ)] વિ. તકરારી; કજિયાખોર.

કટાટંક પું. મહાદેવ.

કટાણ ન. જંગલમાં લાકડાં કાપવાનું કામ.

કટાણું ૧. [કુ (ખરાબ) + ટાણું (વખત)] ન. કવેળા; ખરાબ વખત.
૨. વિ. કટાય જાય એવું.
૩. વિ. કંટાળા ભરેલું; ખિન્ન; દિલગીરી ભરેલું; કઠોર.
મોં કટાણું કરવું = નાપસંદગી દર્શાવવી; અરુચિ દેખાડવી.
૪. વિ. કાટના જેવું બેસ્વાદ.
૫. વિ. કાટવાળું; કટાયેલું.
૬. વિ. ખાટું.
૭. વિ. ધાતુના કાટને લીધે બેસ્વાદ થયેલું.

કટાણે અ. કવખતે; સમય વિના; અયોગ્ય સમયે.

કટાબ ૧. પું. રંગિત લૂગડાના કટકાનાં ફૂલ વગેરે બનાવીને ભરેલું ભરત; કપડાનો કરેલો બુટ્ટો.
૨. પું. રેશમી કમખામાં તૂઈ, પટી વગેરે મૂકીને કારીગીરી કરવી તે.

કટામણું ૧. વિ. કાટ ખાધા જેવું; કટાણું.
૨. વિ. ખાટું.
૩. વિ. ખિન્ન; અપ્રસન્ન.
૪. વિ. દાઝે એવું.
૫. વિ. બગડેલું.
૬. વિ. વસ્તુને કાટ ચડાવે એવું.

કટાયન [સં.] ન. વીરણમૂળ; ખસ.

કટાયનિ પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

કટાર ૧. પું. કામી.

૨. [સં.] પું. નાગર; નગરવાસી.

૩. [હિં.] પું. ચરપમાં થતું એક જાતનું માંસાહારી ચોપગું પ્રાણી.

૪. સ્ત્રી. કટાક્ષ; કટાક્ષભરી દૃષ્ટિ કે વચન.

૫. સ્ત્રી. કોઠો; આસન.

૬. [સં. કટ્ટાર; દે. કટ્ટારી] સ્ત્રી. (હિંદી) બેધારૂં એક શસ્ત્ર; બે બાજુએ ધાર ને છેડે અણી તથા પકડવાની મૂઠવાળું ભાલાના પાના જેવું એક નાનું હથિયાર; કટારી; સીધો જમૈયો.

કાયરને શૂરો કરે, શૂરાનો આધાર;
રઢિયાળી રીઝે ઘણું, કામની તેહ **કટાર**.
સામળ

૭. સ્ત્રી. વર્તમાનપત્રનું કોલમ; પાનાના લખાણનો ઊભો ભાગ.

૮. ન. છાપવામાં વપરાતું † આવું ચિહ્ન; ખૂણ.

કટારડી (કટારડ઼ી) ૧. સ્ત્રી. આડાઈ.

૨. સ્ત્રી. કટાક્ષ; વાંકી નજર.

૩. [સં. કટ્ટાર] સ્ત્રી. નાની કટાર; કટારનું લઘુતાદર્શક રૂપ. આ શબ્દ કવિતામાં વપરાય છે.

નેન કટારડી = ઘાયલ કરે એવી નજર.

૪. સ્ત્રી. વક્રતા; વાંક; વંકાઈ.

કટારપ્રબંધ [સં.] પું. (કાવ્ય) એક જાતની કાવ્ય રચના. તેમાં કટાર જેવી આકૃતિ હોય છે. તેના એક છેડેથી કાવ્યની શરૂઆત થાય અને બીજે છેડેથી બીજી લીટી શરૂ થાય. તેમ ઉપર ને ઉપર કટારના છેડા સુધી પહોંચી જવાય.

કટારબંધ પું. (કાવ્ય) કટારીનો આકાર બને એવા લખાણવાળું પદ્ય.

કટારબુટી સ્ત્રી. એક જાતની અમદાવાદી મશરૂ.

કટારા ૧. [હિં.] પું. એક જાતનો ઔષધિમાં વપરાતો છોડ.

૨. પું. એળિયાનો છોડ.

૩. પું. પહોળી સીધી ધારવાળું ખંજર.

૪. સ્ત્રી. રબારીની એ નામની એક અટક.

૫. ન. એ નામની અટકનું માણસ.

૬. વિ. એ નામની અટકનું.

કટારિયા ૧. સ્ત્રી: કડવા કણબી, રજપૂત, ખાટકી, ઢેઢ અને ખાંટની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. ન. ખંજર જેવા આકારના પટાવાળું ઘાઘરા કે ચણિયા બનાવવાનું રેશમી કપડું.

૪. વિ. એ નામની અટકનું.

કટારિયું ૧. વિ. અણીવાળું.

૨. વિ. કટાર જેવા આકારનું.

કટારી ૧. સ્ત્રી. એક જાતનું જંગલી ઝાડ; રંગ આપનારી એક વનસ્પતિ.

૨. સ્ત્રી. કટાક્ષ; કટાક્ષભરી દૃષ્ટિ.

નેન કટારી = આંખરૂપી કટાર.

૩. સ્ત્રી. કટાક્ષવાળું વચન.

૪. સ્ત્રી. છત્રીશ માંહેનું એક દંડાયુધ. જુઓ દંડાયુધ.

૫. સ્ત્રી. તલવારની મૂઠનો એક ભાગ. જુઓ મૂઠ.

૬. [સં. કટ્ટાર; દે. કટ્ટારી] સ્ત્રી. બે બાજુએ ધારવાળું એક હથિયાર; જમૈયો; નાનું ખંજર.

કટારી મારવી = (૧) દુઃખ દેવું; ઈજા કરવી. (૨) મારી નાખવું.

૭. સ્ત્રી. વર્તમાનપત્રનું કોલમ.

૮. [સં. કટ્] સ્ત્રી. (વહાણવટું) સહેલાણી કરવાનું એક જાતનું નાનું વહાણ.

૯. સ્ત્રી. સંબંધ દર્શાવવા છાપવામાં વપરાતું કટારના આકારનું † આવું ચિહ્ન.

૧૦. સ્ત્રી. હોકો બનાવનારનું એ નામનું ઓજાર.

કટારીદાર પું. ખંજરના આકારના પટાવાળું રેશમી લૂગડું; કટારિયા.

કટાલ ૧. [સં.] વિ. ખરાબ લમણાવાળું.

૨. વિ. બગડી ગયેલ ગાલવાળું.

કટાવ ૧. [હિં.] પું. અવયવચ્છેદન.

૨. પું. અંશ.

૩. પું. (કાવ્ય) એ નામની કવિતાની એક રચના; એક પદબંધ.

૪. પું. (પિંગળ) એક જાતનો છંદ. તેમાં બધી યતિઓ આઠ માત્રાની હોય છે. તેને અંતે પ્રાસ મળતો આવે પણ એમાં પાદની સંખ્યામાં કંઈ નિયમ નથી. જેમકે, અડકણ દડકણ, દહીંનાં ટાંકણ, દહીં દડૂકે, પીલૂ પાકે, શ્રાવણ મહિને, વેલો ચાલે. આવું જોડકણું કટાવ કહેવાય છે.

૫. પું. (પિંગળ) એક વર્ણમેળ છંદ. તે મરાઠીમાં પ્રચલિત છે. તેને અમૃતધ્વનિ તથા કટિબંધ છંદ પણ કહે છે. તેમાં પ્રારંભમાં એક દુહો અને પછી ચોવીસ માત્રાનું સમચરણ એવાં ચાર ચરણ હોય છે.

૬. પું. કટકો.

૭. પું. કટિબંધ.

૮. પું. કપડા ઉપર એક જાતનાં ફૂલ ભરવાં તે.

૯. પું. કાપ; ઘા.

કટાવ કરવો = (૧) ઘા કરવો. (૨) નાશ કરવો. (૩) પાણી માટે રસ્તો કાપવો.

૧૦. પું. કાયદો; નિયમ; ધારો; કાનૂન.

૧૧. પું. કોતરણી.

૧૨. પું. ગંજીફાની રમતમાં અમુક જાતનાં પાનાં ન હોવાં તે.

૧૩. પું. ચીપ; નાનો કટકો.

૧૪. પું. ચીર.

૧૫. [સં. કડ્ (ફાડવું)] પું. જુદાપણું.

૧૬. પું. તીક્ષ્ણ ધાર.

૧૭. પું. દંશ; ડંખ.

૧૮. પું. ઘસારો.

૧૯. પું. નુકસાન.

૨૦. પું. પતંગોના પેચ થવા કે કરવા તે.

૨૧. પું. પાણીની છોળ.

૨૨. પું. ભરતકામ.

૨૩. પું. ભાગ.

૨૪. પું. રસ્તો.

૨૫. પું. લણણી; કાપવું તે.

૨૬. પું. વિભાગ.

૨૭. પું. વિલપન; વિલાપ.

કટાવદાર [કટાવ + દાર (વાળું)] વિ. કટાવવાળું; કોતરકામવાળું; કોતરણીવાળું.

કટાવબંધ પું. (કાવ્ય) એક જાતનો છંદ.

કટાવવું ૧. સ. ક્રિ. કડવું કરવું.

૨. સ. ક્રિ. કપાવવું; વઢાવવું.

૩. સ. ક્રિ. કાટ ચડે એમ કરવું.

૪. સ. ક્રિ. ખાટું કરવું.

૫. સ. ક્રિ. ભુલાવવું.

કટાવું ૧. [સં. કર્ત્ (કાપવું)] અ. ક્રિ. કટકા થવા.

૨. અ. ક્રિ. કટાણું થવું; ખાટા પદાર્થનું કાટને લીધે બેસ્વાદ થવું.

૩. અ. ક્રિ. કાટ ચડવો; કાટવાળું થવું; ધાતુની ઉપર ક્ષાર, ખટાશ અથવા હવાથી કાટ આવવો.

૪. અ. ક્રિ. ખિન્ન બનવું; નાખુશ થવું.

૫. અ. ક્રિ. ઘડાવું; તૈયાર થવું.

૬. અ. ક્રિ. છેદાવું; કપાવું; વઢાવું.

કયાં રે ઘડાણી બંસી કયાં રે **કટાણી**
કોણ દાન તપ કીધાં રે.
નરસિંહ

કટાશીર ન. (વ્રજ) કાપેલું માથું.

કટાસ ૧. [હિં.] પું. જંગલી બિલાડો.

૨. પું. તિબેટ અને કશ્મીર તરફ થતો એક જાતનો બળદ.

કટાસણું ૧. [સં. કટ (ઘાસની સાદડી) + આસન (બેઠક)] ન. ઊન, ઘાસ કે દર્ભનું આસનિયું.

૨. ન. ઊનનું ચોરસ પથરણું.

કટાસન જુઓ કટાસણું.

કટાસરી સ્ત્રી. સ્ત્રીનું ડોકનું એક ઘરેણું; કંટેસરી.

કટાસી સ્ત્રી. કબ્રસ્તાન.

કટાહ ૧. પું. એ નામનું એક નરક.
૨. [સં.] પું. એ નામનો એક દ્વીપ.
૩. પું. કાચબાની પીઠના હાડકાનું કોટલું; ઢાલ.
૪. પું. કાચબો; કચ્છ.
૫. પું. કૂવો.
૬. પું. ખોપરી.
૭. પું. જેને શીંગડાં થોડાં બહાર નીકળ્યાં હોય તેવું પાડું; નાનો પાડો.
૮. પું. પેણી; તાવડી; કડાઈ.
૯. પું. ફૂટેલ ઘડાનો ટુકડો.
૧૦. પું. માટીનો ઢગલો; ટેકરી.
૧૧. પું. સાંતીડાને ઊંધું નાખી કઢામણું પરોવવાથી થતું ખેતીનું ઓજાર.
૧૨. પું. સૂપડું.
૧૩. પું. સ્તૂપ.

કટાહક [સં.] ન. વાસણ; પેણી.

કટાહા [હિં.] વિ. કરડનારૂં.

કટાહાકાર વિ. કમાનવાળું; મહેરાબદાર; તોરણ આકારનું.

કટિ ૧. [સં.] સ્ત્રી. કમર; કેડ; થાપાની ઉપરનો અને પાંસળાંની નીચેનો શરીરનો મધ્ય ભાગ.
૨. સ્ત્રી. ફૂલો; શ્રોણિભાગ.
૩. સ્ત્રી. ગુદા.
૪. સ્ત્રી. તીખી પીપર.
૫. સ્ત્રી. દેવાલયનું દ્વાર.
૬. સ્ત્રી. હાથીનું લમણું.

કટિકર [સં.] પું. ફૂલો; નિતંબ.

કટિકશેરુકા સ્ત્રી. કરોડના મણકા માંહેનું કેડનું હાડકું.

કટિકા ૧. પું. (પિંગળ) પંક્તિ છંદની જાતનો દશ અક્ષરનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; વિરલ. તેના દરેક ચરણમાં ભગણ, સગણ, ભગણ અને ગુરુ આવે છે.
૨. [સં.] સ્ત્રી. ફૂલો; નિતંબ.

કટિકાધમની [સં.] સ્ત્રી. કેડમાં આવેલી એ નામની શુદ્ધ લોહી વહી જનારી નાડી; 'લંબર આર્ટરિ'.

કટિકાનાડી (કટિકાનાડ઼ી) સ્ત્રી. કેડ નીચે આવેલી એ નામની નાડી; કટિનાડી; 'લંબર નર્વ'.

કટિકૂપ ૧. [સં.] પું. કમર; કેડ.
૨. પું. ફૂલો.

કટિકેસરી વિ. સ્ત્રી. સિંહ જેવી પાતળી કેડવાળી.

કટિગ્રહ [સં.] પું. કેડ ઝલાઈ જવાનો રોગ; ટચકિયું; વાયુરોગનો એક પ્રકાર.

કટિગ્રહવાયુ [સં.] પું. કેડમાંથી વાંકું વળવું હોય કે ટટ્ટાર ઊભું રહેવું હોય તો કેડમાં દુઃખ કરે એવો એક જાતનો વાયુરોગ.

કટિચતુરસ્રાપેશી સ્ત્રી. જઘનપક્ષના ત્રિકસ્થાલક નામના ભાગની પાછળ આવેલી એ નામની ચોખંડી પેશી; 'ક્વૉડ્રેટસ લંબોરમ'. આ પેશીની આગળ મોટા આંતરડાનો ભાગ, મૂત્રપિંડ, મહાપ્રાચીરા પેશીનો ભાગ તથા કટિલંબિની દીર્ઘા પેશી રહેલાં છે. તે છેલ્લી પાંસળીને નીચે ખેંચીને તેમ જ મહાપ્રાચીરા નામની પેશીના મૂળને સ્થિર પકડી રાખી, શ્વાસ અંદર લેવામાં મદદ કરે છે.

કટિચ્છદા સ્ત્રી. કેડના ભાગમાં રહેલી એ નામની માંસધરાકલા.

કટિજઘનિક પું. એ નામનો એક સ્નાયુ; 'ઇલીઓલંબર લિગમન્ટ'. અહીંથી કટિચતુરસ્રા નામની પેશી શરૂ થાય છે.

કટિજેબ સ્ત્રી. કેડ સુધીનો કંદોરો; કિંકિણી.

કટિત [હિં.] પું. વેચાણ.

કટિત઼ટ ૧. [સં.] સ્ત્રી. કમર; કેડ.
૨. સ્ત્રી. ફૂલો.

કટિતલ ૧. [સં.] પું. કેડમાં ધારણ કરવાની વાંકીચૂંકી તલવાર.
૨. ન. ફૂલો; ઢગરો; નિતંબ.

કટિતંતુ પું. કેડના ભાગમાંથી કરોડરજ્જુના નીકળતા પાંચ માંહેનો દરેક તંતુ.

કટિત્ર ૧. [સં.] ન. કટિમેખલા; ઘૂઘરીવાળો કંદોરો.
૨. ન. કેડ ઉપર ધારણ કરવાનું બખ્તર; કવચ.
૩. ન. કેડ ઉપરનું વસ્ત્ર.
૪. ન. તરખૂચ.

કટિત્રાણ ૧. સ્ત્રી. (કાવ્ય) એ નામની એક કાવ્યરચના.
૨. [સં. કટિત્ર] ન. કમરબંધ; કમરપટો.
૩. ન. કંદોરો; કેડ ઉપરનું નાનું ઘૂઘરીવાળું એક આભૂષણ.
૪. ન. કેડે બાંધવાનું વસ્ત્ર.

કટિત્રિકાંતિક પું. એ નામનો એક સ્નાયુ; 'લંબો સેક્રલ લિગમન્ટ'. આ સ્નાયુ ઉપરના ભાગમાં પાંચમી કટિકશેરુકાના બાહુપ્રવર્દ્ધનને અને નીચેના ભાગમાં શ્રોણિફલકના ત્રિકસ્થાલકની કિનારીને તેમ જ ત્રિકાસ્થિના ઉપલા ભાગને લાગેલો છે.

કટિત્રિકોણ [સં.] પું. પેટની આગલી તેમ જ પાછલી દીવાલો બનાવનાર પેશીઓની વચ્ચે રહેલો એક ત્રિકોણાકાર ખાલી પ્રદેશ. તે કેડની બાજુ ઉપર આવેલો છે.

કટિદાન [સં.] ન. સંભોગ; મૈથુન.

કટિદેશ [સં.] પું. કેડ આગળનો ભાગ; કમર.

કટિનાડી (કટિનાડ઼ી) સ્ત્રી. કેડ નીચે આવેલી એ નામની નાડી; કટિકાનાડી; 'લંબર નર્વ'..

કટિપટ ન. કેડ ઉપર પહેરવાનું વસ્ત્ર.

કટિપટ્ટક [સં.] ન. ધોતિયું.

કટિપત્ર [સં.] ન. પાતળી કમર.

કટિપાર્શ્વચ્છદાપેશી સ્ત્રી. બરડાના નીચલા અર્ધભાગને તેમ જ કેડની બાજુઓને ઢાંકનારી એ નામની એક પહોળી ત્રિકોણાકાર અને ભરાવદાર પેશી; કટિપ્રચ્છદા; કટિપ્રગંડિકા પેશી.

કટિપાર્શ્વપ્રચ્છદા સ્ત્રી. પ્રગંડાસ્થિના મહાપિંડક અને લઘુપિંડક નામના બે ઉત્સેધો વચ્ચેની ખાઈના કિનારે લાગેલી એ નામની પેશી.

કટિપાર્શ્વિકદેશ પું. ઉદરગુહાના નવ માંહેનો એક વિભાગ. તેના જમણો અને ડાબો એમ બે ભાગ છે. જમણા વિભાગમાં મોટા આંતરડાનો આરોહી ભાગ, જમણા મૂત્રપિંડનો નીચલો અર્ધ ભાગ તથા નાના આંતરડાનો થોડો ભાગ આવેલ છે. ડાબા વિભાગમાં મોટા આંતરડાનો અવરોહી ભાગ, ડાબા મૂત્રપિંડનો નીચલો અર્ધ ભાગ તથા નાના આંતરડાનો થોડો ભાગ આવેલો છે.

કટિપૃષ્ઠપ્રચ્છદાપ્રાવરણી સ્ત્રી. એ નામની એક પ્રાવરણી. તે કેડની પાછલી બાજુ ઉપર રહેલી માંશપેશીઓને ઢાંકતી હોઈ બહુ ઊંડાણમાં રહેલી છે. તેમાંથી મધ્યમા તથા ચરમા ઉરચ્છદા નામની પેશીઓનાં મૂળ નીકળે છે.

કટિપ્રગંડિકાપેશી જુઓ કટિપાર્શ્વચ્છદાપેશી.

કટિપ્રચ્છદા જુઓ કટિપાર્શ્વચ્છદાપેશી.

કટિપ્રદેશ પું. કેડની આસપાસનો ભાગ; કટિબંધ.

કટિપ્રાંત પું. કમર; કેડ.

કટિબદ્ધ [સં.] વિ. કેડ બાંધીને તૈયાર થયેલું; સજ્જ; ઉદ્યત.

કટિબંધ ૧. પું. (પિંગળ) કટાવ નામનો એક માત્રામેળ છંદ.
૨. [સં.] પું. કમરપટો; કંદોરો.
૩. પું. ગરમી અને ઠંડીનો ખયાલ બતાવવા પૃથ્વીના ગોળા ઉપર આડી ગોળ લીટીઓથી

પાડેલા પાંચ માંહેનો કોઈ પણ ભાગ; પૃથ્વીનો કમરપટો; 'ઝોન'. અક્ષાંશ અનુસાર પૃથ્વીના એવા પાંચ વિભાગ પાડેલા છે: (૧) ઉત્તર અક્ષાંશ ૨૩ાાથી દક્ષિણ અક્ષાંશ ૨૩ાા સુધીનો ઉષ્ણ કટિબંધ. (૨) ઉત્તર અક્ષાંશ ૨૩ાાથી ૬૬ાા સુધીનો ઉત્તર સમશીતોષ્ણ કટિબંધ. (૩) દક્ષિણ અક્ષાંશ ૨૩ાાથી ૬૬ાા સુધીનો દક્ષિણ સમશીતોષ્ણ કટિબંધ. (૪) ઉત્તર અક્ષાંશ ૬૬ાાથી ૯૦ સુધીનો ઉત્તર શીત કટિબંધ. (૫) દક્ષિણ અક્ષાંશ ૬૬ાાથી ૯૦ સુધીનો દક્ષિણ શીત કટિબંધ.

૪. પું. (જ્યોતિષ) મૃગ નક્ષત્રના પેટ માંહેનું ત્રણ તારાનું બાણ.

૫. પું. સારણગાંઠનો પટો.

૬. વિ. સ્ત્રીસંયોગથી વિરક્ત; બ્રહ્મચારી.

કટિબંધન ૧. [સં.] ન. કેડે બાંધવાનું વસ્ત્ર.

૨. ન. ભૂમેખલા.

કટિભાગ પું. કેડનો પ્રદેશ; કમરનો ભાગ.

કટિભૂષણ [સં.] ન. કેડનું ઘરેણું; કટિમેખળા.

કટિમણિ પું. કરોડનો મણકો.

કટિમાલિકા [સં.] સ્ત્રી. કેડનું ભૂષણ; કંદોરો; કેડ ઉપર પહેરવાનું ઘરેણું.

કટિમેખલા ૧. [સં. કટિ (કેડ) + મેખલા (પટો)] સ્ત્રી. કમરપટો; કંદોરો.

૨. સ્ત્રી. સ્ત્રીઓનું કમરનું એક ઘરેણું; રશના; સેર.

કટિમેખળા જુઓ કટિમેખલા.

કટિયા ૧. [સં. કટાહ] સ્ત્રી. (હિંદી) દૂધ રાખવાનું માટીનું નાનું વાસણ.

૨. સ્ત્રી. ભેંસ.

૩. સ્ત્રી. માછલા પકડવાની આંકડી; કાંટો.

કટિયાણું વિ. અપ્રિય; ન ગમે એવું; કડવું લાગતું.

કટિયું ૧. ન. ઝીણી જાતનું ગૂંદું.

૨. ન. ઝીણી જાતનું ચીભડું.

કટિરોહક ૧. [સં.] પું. હાથી ઉપર મહાવતની પાછળ બેસનાર માણસ.

૨. પું. હાથીની કેડ ઉપરથી હાથી ઉપર ચડનાર માણસ.

કટિલંક સ્ત્રી. કેડનો વળાંક અથવા મરોડ.

કટિલંબિની [સં.] સ્ત્રી. ઉદરગુહાની પાછલી બાજુ ઉપર આવેલી એ નામની પેશી. તેની બે જાત: દીર્ઘા અને હ્રસ્વા. હાથીની સૂંઢ જેવી આ બંને પેશી કટિવંશની બાજુએ ઉદરગુહાની પાછલી દીવાલમાં રહેલી છે.

કટિલંબિનીદીર્ઘા પેશી [સં.] સ્ત્રી. ઉદરગુહાની પાછલી બાજુ ઉપર આવેલી એક પેશી.

કટિલંબિનીબૃહતી પેશી જુઓ કટિલંબિની–દીર્ઘા પેશી.

કટિલંબિનીલઘ્વી પેશી જુઓ કટિલંબિની–હ્રસ્વા પેશી.

કટિલંબિનીહ્રસ્વા પેશી સ્ત્રી. ઉદરગુહાની પાછલી બાજુ ઉપર આવેલી એક પેશી.

કટિલ્લ [સં.] પું. કારેલાનો વેલો.

કટિલ્લક જુઓ કટિલ્લ.

કટિલ્લકા જુઓ કટિલ્લ.

કટિવાત [સં.] પું. કેડમાં થતો વાનો રોગ; કટિશૂલ.

કટિવાયુ [સં.] પું. કેડમાં થતો વાયુરોગ. તેમાં કેડ રહી જાય. લસણપાક આ રોગ ઉપર ફાયદાકારક મનાય છે.

કટિવેદના [સં.] સ્ત્રી. વાથી કમર રહી જતાં થતું દુ:ખ; કટિશૂલ; કટિવાયુ.

કટિવ્યાધિ [સં.] પું. કેડનો દુ:ખાવો.

કટિશિરાવેદના [સં.] સ્ત્રી. જ્ઞાનતંતુના દોષથી થતો સાથળ, પગ વગેરેનો સંધિવા; રાંઝણ; શ્રોણિવેદના. આ રોગ ઘૂંટણ સુધી ને ક્યારેક પગની એડી સુધી પણ પહોંચે છે.

કટિશીર્ષક [સં.] પું. કેડનો ભાગ.

કટિશૂલ ૧. [સં.] ન. કેડમાં આવતું શૂલ; કેડનો દુ:ખાવો.

૨. ન. ટચકિયું; કેડના વાનો રોગ.

કટિશૂળ જુઓ કટિશૂલ.

કટિશૃંખલા [સં.] સ્ત્રી. કેડે પહેરવાનો નાની ઘૂઘરીવાળો કંદોરો; કમરબંધ.

કટિશ્રોણિકાધમની [સં.] સ્ત્રી. કેડના નીચલા ભાગમાં રહેલી એ નામની ધમની. તેની નાની શાખાઓ બસ્તિગુહાની અંદર જ ફેલાઈને કટિલંબિની દીર્ઘા, કટિચતુરસ્રા તથા શ્રોણિપક્ષિણી વગેરે પેશીઓને પોષણ આપે છે. તેની એક નાની શાખા પૃષ્ઠવંશની અંદર પેસીને સુષુમ્ણાના સુષુમ્ણાચામર નામે ઓળખાતા નીચલા છેડાને પોષણ આપે છે.

કટિશ્રોણિકાશિરા [સં.] સ્ત્રી. દરેક અધિશ્રોણિકા આભ્યંતરીની પાછળ જતી એ નામની શાખા. આ શિરા અધિશ્રોણિકા આભ્યંતરી તથા અધિશ્રોણિકા સાધારણીને જોડે છે.

કટિસૂત્ર ૧. [સં.] ન. કટિબંધ; કમરપટો.

૨. ન. કમરે બાંધવાનો દોરો.

૩. ન. કસ્તી; પારસીની જનોઈ.

૪. ન. કેડ ઉપરનું વસ્ત્ર; બાંધવાને વપરાતું પટકૂળ. તેમાં ત્રણ કંદોરાવાળો પટો હોય છે અને સિંહના મોઢાવાળો બંધ હોય છે. કટિસૂત્રનો પટો રત્નજડિત હોવાનું મનાય છે.

કટિસ્નાન [સં.] ન. શરીરના નીચલે ભાગે નાહવું તે; કેડ ને તેથી નીચેના ભાગનું સ્નાન; અર્ધસ્નાન. આ એક કુદરતી રોગોપચાર છે. આવી રીતનું સ્નાન કરવા માટે ટિનનું અંડાકૃતિ ઘાટનું કૂંડું આવે છે. તેમાં ગરમ પાણી ભરી, લંબગોળને એક છેડે અઢેલીને અને બીજે છેડે ધાર ઉપર પગ લંબાવીને બેસવું. શરીરનું વજન નિતંબ ઉપર આવે, પાણી દૂંટી સુધી આવે, દૂંટી ઉપર ન જાય. આ રીતે અર્ધો કલાક બેસી રહેવું. તે દરમિયાન પેડુ ઉપર ખડબચડા લૂગડાના કટકાથી વારંવાર ઘસતા જવું.

કટિંગ ૧. [અં.] પું. ચાનો અધૂરો પ્યાલો.

૨. ન. કાપકૂપ; કાપણી; કાપવું તે.

૩. ન. કાપી નાખેલી ચીજ; કરચ.

૪. ન. ખડક ખોદીને કાઢેલો માર્ગ.

૫. ન. ખોદાણ.

૬. ન. છોડ કે ઝાડની રોપવા માટે કાપી લીધેલ ડાળ. દરેક કટિંગ જમીનમાં સીધું રોપવા કરતાં સહેજ ઢળતું રોપવામાં આવે તો તે સહેલાઈથી મૂળ નાખે છે.

૭. ન. વર્તમાનપત્રમાંથી કરી લીધેલ ઉતારો; ફકરો.

કટિંજરા [સં.] સ્ત્રી. (સંગીત) એ નામનો એક તાલ.

કટી ૧. [સં. કટિન્] પું. ગંડસ્થળવાળો હાથી.

૨. પું. હાથીનું બચ્ચું.

૩. સ્ત્રી. એક જાતનો અવાજ.

૪. સ્ત્રી. કડુ નામની ઔષધિ.

૫. સ્ત્રી. કમર; કેડ.

કટી કરવી = (૧) કમર સુધી નાહવું. (૨) સંબંધ તોડવો.

કટીક ૧. વિ. જરાક; સહેજ.

૨. અ. લગાર.

કટીતલ જુઓ કટિતલ.

કટીત્રાણ જુઓ કટિત્રાણ.

કટીદેશ જુઓ કટિદેશ

કટીબદ્ધ જુઓ કટિબદ્ધ.

કટીબંધ જુઓ કટિબંધ.

કટીમેખલા જુઓ કટિમેખલા.

કટીર ૧. [સં.] પું. કેડ; કમર.

૨. પું. ગુફા.

૩. પું. નાભિની નીચેનો ભાગ; પેડુ.

૪. પું. નિતંબ; ફૂલો.

૫. પું. મૂત્રાશય.

કટીરક [સં.] પું. નિતંબ; ફૂલો.

કટીરઆપક [સં.] ન. બસ્તિ માપવાનું સાધન.

કટીરમિતિ [સં.] સ્ત્રી. બસ્તિ માપવી તે.

કટીરા ૧. [હિં.] પું. એક જાતનો છોડ.

૨. સ્ત્રી. લોહાણા અને સોનીની એક અટક.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

૫. વિ. કાંટાવાળું.

૬. વિ. ચંચળ.

૭. વિ. બહાદુર.

કટીરાકાર [સં.] વિ. બસ્તિના આકાર જેવું.

કટીલા ૧. [હિં.] વિ. અણીદાર.

૨. વિ. કાંટાવાળું.

૩. વિ. ચંચળ.

૪. વિ. તીક્ષ્ણ; તીવ્ર.

૫. વિ. મોહક.

કટીલાનોન [હિં.] ન. બિડલવણ; એક જાતનું બનાવટી મીઠું.

કટીશૂલ જુઓ કટિશૂલ.

કટીશૂળ જુઓ કટિશૂલ.

કટીશૃંખલા જુઓ કટિશૃંખલા.

કટીસૂત્ર જુઓ કટિસૂત્ર.

કટીસ્નાન જુઓ કટિસ્નાન.

કટીંબડાં (કટીંબડાં) ન. બ. વ. નાનાં છોકરાં.

કટુ ૧. [સં.] પું. આકરી વાસવાળો એક રસ; કડવો રસ.

૨. પું. આરોપ.

૩. પું. (પુરાણ) એ નામનો એક બ્રહ્મર્ષિ.

૪. પું. કડવાશ.

૫. સ્ત્રી. કડુ નામની વનસ્પતિ.

૬. સ્ત્રી. કપૂર.

૭. સ્ત્રી. કવિતામાં રસની વિરુદ્ધ વર્ણોની યોજના.

૮. સ્ત્રી. કોથમીર.

૯. સ્ત્રી. ખરાબ ગંધ; દુર્ગંધ.

૧૦. સ્ત્રી. ચંપકનું ફૂલ; ચંપાનું ફૂલ.

૧૧. સ્ત્રી. રાઈ.

૧૨. સ્ત્રી. સુગંધ.

૧૩. ન. કંકોલ નામની ઔષધિ.

૧૪. ન. ખરાબ કામ; દુષ્ટ આચરણ.

૧૫. ન. ઠપકો.

૧૬. ન. દૂષણ; ખામી.

૧૭. વિ. અદેખું; ખારીલું; દ્વેષી.

૧૮. વિ. આકરી વાસવાળું; ઉગ્ર.

૧૯. વિ. કઠોર; તીક્ષ્ણ.

૨૦. વિ. કડવું; કડવા સ્વાદનું.

૨૧. [સં. કુટ્ (ભાગ પાડવા)] વિ. કાપતું; કાપે એવું.

૨૨. વિ. ખરાબ.

૨૩. વિ. ગરમ.

૨૪. વિ. તીખું; આકરૂં.

કટુત્રય–ત્રિકટુ = સૂંઠ, મરી ને પીપર.

૨૫. વિ. દુર્ગંધવાળું.

૨૬. વિ. દુઃખકારક.

૨૭. વિ. નહિ રુચે એવું; અપ્રિય.

૨૮. વિ. ભયાનક; વિકરાળ.

૨૯. વિ. સુગંધવાળું.

કટુઆ ૧. પું. કાળા રંગનો એક કીડો.

૨. પું. ખાટકી અને મુસલમાન માટે વપરાતો હલકો શબ્દ.

૩. પું. નહેરની મોટી શાખા.

કટુક ૧. પું. આકડો.

૨. પું. ઈંદ્રજવનું ઝાડ; રાજસરસવ.

૩. પું. એ નામની એક વનસ્પતિ; કંકોલ.

૪. પું. કડવો રસ.

૫. પું. તીખાશ; તીખો સ્વાદ.

૬. પું. તીખો રસ.

૭. પું. પટોલ નામની વનસ્પતિ.

૮. પું. સુગંધી ઘાસ.

૯. પું. સૂંઠ, મરી અને પીપર એ ત્રણ પદાર્થ.

૧૦. ન. મસાલો.

૧૧. વિ. કઠોર; ઉગ્ર.

૧૨. વિ. કડવું; કડવાશવાળું.

૧૩. વિ. તીખું; તમતમતું.

૧૪. વિ. ન ગમે તેવું.

૧૫. વિ. મૂર્ખ; મૂઢ.

મુગ્ધ મૂઢ જડ મૂકનર અજ્ઞ કટુક બદ સંઠ,
મૂર્ખ જન જાણે નહિ મણિ બાંધી કપિ કંઠ.
પિંગળલઘુકોષ

કટુકતા જુઓ કટુતા.

કટુકત્રય [સં.] પું. સૂંઠ, મરી અને પીપર એ ત્રણ વસ્તુનો વર્ગ.

કટુકત્રિક જુઓ કટુકત્રય.

કટુકત્વ ન. કડવાશ. જુઓ કટુતા.

કટુકફલ [સં.] સ્ત્રી. ચણકબાબ. તેમાં કડવાશ હોવાને લીધે તે કટુકફલ કહેવાય છે.

કટુકવર્ગ [સં.] પું. તીખા સ્વાદની ચીજોનો સમૂહ. કડવો તથા મીઠો સરગવો, લસણ, રાઈ, અઘેડો, ઉપલેટ, દેવદાર, રેણુકબીજ, બાબચી, અજમોદ, ગૂગળ, મોથ, લાંગલી; અરડૂસો; પીલુ વગેરે આ વર્ગનાં દ્રવ્ય છે.

કટુકવાણ પું. ટિટોડો; ટિટ્ટિભ. તેનો અવાજ તીવ્ર હોય છે.

કટુકસ્નેહ [સં. કટુક (કડવું) + સ્નેહ (તેલ)] પું. સરસવ.

કટુકંદ ૧. [સં.] પું. આદુ.

૨. પું. મૂળો.

૩. પું. લસણ.

૪. પું. સરગવાનું ઝાડ.

૫. પું. સૂંઠ.

કટુકા ૧. [સં.] સ્ત્રી. એક કડવી ઔષધિ; કડુ.

૨. સ્ત્રી. કટુ રસવાળી કોઈ સ્ત્રી.

૩. સ્ત્રી. કડવી કાકડી.

૪. સ્ત્રી. કડવી તુંબડી.

૫. સ્ત્રી. કાળી ધ્રો.

૬. સ્ત્રી. નાગરવેલ.

૭. સ્ત્રી. રાઈ.

૮. સ્ત્રી. શતપર્વા.

કટુકાદ્યલોહ ન. સોજા માટે લોહની એક બનાવટ; કડુ, ત્રિકટુ, દંતીમૂળ, વાવડિંગ, ત્રિફળા, ચિત્રક, દેવદાર, નસોતર, ગજપીપર, એલચી, એ બધું સરખે ભાગે લઈ તેનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી તેમાં બધા ચૂર્ણથી બમણી લોહભસ્મ મેળવી બનાવાતું એક ઔષધ. તેના ઉપર બનતાં સુધી દૂધ સિવાય બીજો કોઈ ખોરાક આપવો નહિ. પાણી પણ બંધ કરવું.

કટુકામ્લ પું. લાકડામાંથી નીકળતો એક જાતનો તેજાબ. તે રંગ વગરનો અને પાસાદાર હોય છે.

કટુકાલાબુ સ્ત્રી. કડવી તુંબડી.

કટુકાલાબૂ જુઓ કટુકાલાબુ.

કટુકાષ્ઠ ન. અમેરિકમાં થતું એક જાતનું ઝાડ. તેને સુંદર અને દેખાવડાં ફૂલ આવે છે. તેનાં ફળ અને લાકડું બહુ સુગંધદાર હોય છે.

કટુકિકા [સં.] સ્ત્રી. જંગલી કાસુંદ્રો.

કટુકિત પું. સફેદ અથવા રાખોડી રંગનો એક પાસાદાર ઝેરી પદાર્થ.

કટુકી ૧. સ્ત્રી. કડવી તુંબડીની વેલ.

૨. સ્ત્રી. કડુ; જુલાબ લાવનાર એક કરિયાણું.

કટુકીચૂર્ણ ન. કડુ અને બીજાં પાચક ઔષધોના ચૂર્ણવાળી દવા. કડુ, વજ, હીમજ ને ચિત્રો સરખે ભાગે લઈ ખાંડી તેનું વસ્ત્રગાળ ચૂર્ણ

કરવું. તે પા તોલાની માત્રાથી ગૌમૂત્ર સાથે આપવાથી પેટમાં આવતી ચૂંક બેસી જાય અને આફરો પણ મટે.

કટુકીટ [સં.] પું. મચ્છર; ડાંસ.

કટુકીટક [સં.] પું. મચ્છર.

કટુકીપાચન [સં.] ન. કડુ અને બીજાં પાચક ઔષધોના ચૂર્ણવાળી દવા. કડુ, જેઠીમધ, દ્રાક્ષ, લીંબડાની અંતરછાલ એ દરેક ચીજ અર્ધો તોલો લઈ બત્રીસ તોલા પાણીમાં નાખી ઉકાળવું. ચોથો ભાગ બાકી રહે ત્યારે તે દરદીને પાઈ દેવું. તેથી જ્વર પાકે, મળાવરોધ દૂર થાય અને તાવ ઊતરી જાય.

કટુકુટી સ્ત્રી. પર્ણશાળા; ઘાસની ઝૂંપડી.

કટુકેશ્વર પું. અર્ધનારીશ્વર; શિવનું એક સ્વરૂપ.

કટુકોટ [સં.] પું. ડાંસ; મચ્છર.

કટુકોષકી સ્ત્રી. કડવી ઘિસોડી.

કટુગ્રંથિ ૧. [સં.] સ્ત્રી. પીપરીમૂળ.

૨. સ્ત્રી. સૂંઠ.

૩. સ્ત્રી. સૂંઠ, લસણ, આદુ અને પીપરીમૂળનું ચૂર્ણ.

કટુચાતુર્જાત ૧. [સં.] ન. તજ, તમાલપત્ર, એલચી અને તીખાં એ ચાર ચીજ સરખે ભાગે લઈ કરેલું ચૂર્ણ.

૨. ન. તજ, તમાલપત્ર, એલચી અને તીખાં એ ચાર ચીજનો જથ્થો.

કટુચાતુર્જાતક જુઓ કટુચાતુર્જાત.

કટુચ્છદ [સં.] પું. તગરનું ઝાડ. તેનાં પાન કડવાં હોય છે.

કટુછદ જુઓ કટુચ્છદ.

કટુડિયો (કટુડિુયો) પું. ઠીકરાનું એક જાતનું વાસણ; માટીનો હાંડો.

કટુતા ૧. [સં.] સ્ત્રી. કડવાશ.

૨. સ્ત્રી. ઘાતકીપણું; ક્રૂરતા.

૩. સ્ત્રી. તીક્ષ્ણપણું; તીવ્રતા.

૪. સ્ત્રી. તીખાશ.

૫. સ્ત્રી. દ્વેષ; ખાર; ઝેર.

કટુતાઈ જુઓ કટુતા.

કટુતાલ ન. એક વાજિંત્રનું નામ.

કટુતિક્ત ૧. [સં.] પું. કટુકી નામની ઔષધિ.

૨. પું. કરિયાતું.

૩. પું. શણનું ઝાડ.

કટુતિક્તક જુઓ કટુતિક્ત.

કટુતિક્તા [સં.] સ્ત્રી. કડવી તુંબડી.

કટુતિક્તિકા જુઓ કટુતિક્તા.

કટુતુંડિકા [સં.] સ્ત્રી. એક જાતનો વેલો; કડવી ઘોલી.

કટુતુંડી જુઓ કટુતુંડિકા.

કટુતુંબી ૧. સ્ત્રી. કડવી તુંબડી; ઇક્ષ્વાકુ.

૨. સ્ત્રી. કડવી દૂધી.

કટુતૈલ [સં. કટુ (કડવું) + તૈલ (તેલ)] ન. સરસિયું તેલ.

કટુત્રય [સં. કટુ (કડવું) + ત્રય (ત્રણનો જથ્થો)] ન. સૂંઠ, પીપર અને તીખાં.

કટુત્રયરસ [સં.] પું. (વૈદ્યક) સૂંઠ, મરી, પીપર, જીરૂં, હિંગ, સિંધવ, લસણ અને ગંધક એ બધી ચીજો સમભાગે લઈ કરેલું ચૂર્ણ. તે ઝાડાના રોગમાં લીંબુનો રસ અથવા બીલીના મગજમાં મેળવીને અપાય છે.

કટુત્રિક [સં. કટુ (કડવું) + ત્રિક (ત્રણનો જથ્થો)] ન. સૂંઠ, પીપર અને તીખાં; ત્રિકટુ.

કટુત્વ ૧. [સં.] ન. કડવાશ; કટુતા.

૨. ન. બેસ્વાદપણું; સ્વાદ રહિતપણું.

કટુદલા ૧. [સં.] સ્ત્રી. કાકડીનો વેલો.

૨. વિ. સ્ત્રી. કડવાં પાનવાળી.

કટુદૌગ્ધિક [સં.] સ્ત્રી. કડવી દૂધી.

કટુનિંબ પું. કડવો લીંબડો.

કટુપટોલ સ્ત્રી. ચોમાસામાં થતી એક વેલ. તેની મીઠી અને કડવી એમ બે ઉપજાતો છે. કડવીનાં ફળ સૂકવી કવાથ કરી પીવાથી સાદો રેચ લાગી ભૂખ લાગે. તેનાં પાંદડાંનો રસ યકૃતવ્યાધિ માટે સૂંઠ અને મધ નાખી પીવાય. તાવમાં શરીરે ચોપડવાથી પરસેવો છૂટી તાવ ઊતરે.

કટુપત્ર ૧. [સં.] ન. તગરનું ઝાડ.

૨. ન. પિતપાપડો.

કટુપત્રક જુઓ કટુપત્ર.

કટુપત્રિકા [સં.] સ્ત્રી. ભોંયરીંગણી; કંટકારિ વૃક્ષ.

કટુપર્ણી [સં.] સ્ત્રી. દારૂડી.

કટુપૌષ્ટિક [સં.] ન. તાકાત આપનારી કડવી દવા. અતિવિષની કળી, કડવી નઈ, કલંભો, કાળીપાટ, વખમો, અરડૂસો, કરિયાતું, કાંકચ, ત્રાયમાણ વગેરે આ જાતની દવાઓ છે.

કટુફલ ૧. [સં.] ન. ઇંદ્રવારણું.

૨. ન. કડવું ફળ.

૩. ન. કાકડી.

૪. ન. કાચકું; કાચકીનું ફળ.

૫. ન. કાયફળ.

૬. ન. કારેલીનો વેલો; કંકોલ.

૭. ન. કારેલું.

૮. ન. ઝેરી નાળિયેર.

કટુફલદાયક ૧. [સં.] વિ. કડવાં ફળ આપનાર.

૨. વિ. નઠારૂં પરિણામ લાવનાર.

કટુફલા [સં.] સ્ત્રી. પટોલ; શ્રીવલ્લી વૃક્ષ.

કટુફળ જુઓ કટુફલ.

કટુબીજા [સં.] સ્ત્રી. પીપર. તેનું બી કડવું હોય છે.

કટુભદ્ર ૧. [સં.] ન. આદુ.

૨. ન. સૂંઠ.

કટુભર વિ. કડવું.

કટુભંગા પું. સૂંઠ.

કટુભાખી વિ. કડવું બોલનાર.

કટુભાષી [સં. કટુ (કડવું) + ભાષિન્ (બોલનાર)] વિ. કડવું બોલનાર.

કટુમંજરિકા [સં.] સ્ત્રી. અઘેડો; એ નામની એક વનસ્પતિ.

કટુમૂલ ન. પીપરીમૂળ.

કટુય [સં. કટુક] પું. (પ્રાકૃત) કડવો રસ.

કટુર ૧. ન. પાકતાં કડવો રસ આપે તેવી ચીજ.

૨. [સં.] ન. પાણી સાથે મેળવેલ છાશ.

કટુરવ ૧. [સં.] પું. કઠોર અવાજ.

૨. પું. દેડકો.

૩. વિ. કઠોર અવાજવાળું.

કટુરવી [સં.] સ્ત્રી. દેડકી.

કટુરસ પું. મુખશોધન.

કટુરિના સ્ત્રી. એ નામની એક ઔષધિ; રૂસ.

કટુરોહિણી [સં.] સ્ત્રી. કાળી કૂટકી; કડુનું ઝાડ.

કટુરોહિણીકા જુઓ કટુરોહિણી.

કટુવચન [સં.] ન. બીજાંને દુઃખ લાગે એવું કડવું વેણ.

કટુવર્ગ [સં.] પું. પીપર વગેરે તીખા રસવાળી ચીજોનો વર્ગ.

કટુવાર્ત્તાકી [સં.] સ્ત્રી. ધોળી ભોંરીંગણી.

કટુવિપાકી વિ. કડવા પરિણામવાળું.

કટુવીજા [સં.] સ્ત્રી. પીપર.

કટુશર્કરા સ્ત્રી. નક્કર રેતી.

કટુશર્કરાયોગ [સં.] પું. કફ અને પિત્તથી આવતા તાવ માટે વપરાતું એક ચૂર્ણ; કડુ તોલો ૧ અને સાકર તોલો ૧ બંનેનું વસ્ત્રગાળ ચૂર્ણ. કડુ તોલા ૧૨ અને સાકર તોલા ૪ લઈને પણ આ ચૂર્ણ બનાવાય છે.

કટુસ્નેહ ૧. [સં.] પું. ધોળા સરસવ.
 ૨. પું. રાઈનો છોડ.

કટુંભરા સ્ત્રી. કડુ. આફરો અને ઊલટીને તે બેસાડી દે છે.

કટૂક્તિ [સં. કટુ (કડવું) + ઉક્તિ (વચન)] સ્ત્રી. કડવી વાણી; અપ્રિય વચન.

કટૂત્કટ ૧. [સં.] ન. આદુ. જોડેલા કટકાવાળી ગાંઠના જેવું તે હોવાથી કટૂત્કટ કહેવાય છે.
 ૨. ન. સૂંઠ.

કટૂત્કટકં જુઓ કટૂત્કટ.

કટૂરવું સ. ક્રિ. તાકીને જોવું.

કટૂષણ ૧. પું. પીપરીમૂળ. તે કટકા અને ગાંઠવાળું તેમ જ બહુ ગરમ હોય છે તેથી તેને કટૂષણ કહે છે.
 ૨. પું. સૂંઠ, લીંડીપીપર અને પીપરીમૂળનો સમૂહ.

કટૂસિ [હિં.] સ્ત્રી. અપશબ્દ; ગાળ.

કટેચા સ્ત્રી. ઓસવાળ જૈનના બાફણા ગોત્રની એ નામની એક શાખા.

કટેરા ૧. પું. ઉજ્જડ જમીનમાં ઊગતું એક જાતનું જાડું ઘાસ.
 ૨. પું. કસાઈ.
 ૩. પું. દશ બાર ફૂટ ઊંચો ઊગતો એક જાતનો કાંટાવાળો છોડ.

કટેરી ૧. સ્ત્રી. એ નામની વનસ્પતિ; સ્વર્ણક્ષીરી; સત્યાનાશી.
 ૨. સ્ત્રી. એક જાતનો છોડ. તેનાં પાન દવાના કામમાં આવે છે.
 ૩. [હિં.] સ્ત્રી. બેઠી ભોંરીંગણી.

કટેરું ન. એક જાતનું અથાણું.

કટેરો ૧. પું. ઓટલાની કિનાર.
 ૨. પું. ઓઠિંગણ.
 ૩. પું. કઠોડો; હદને સારૂ લાકડાના કે લોઢાના સળિયાથી બનાવેલો ભાગ.
 ૪. પું. કોર; કિનાર.
 ૫. પું. ગોખ; ઘરના માળનો બહાર પડતો ભાગ.
 ૬. પું. માલ ભરી જવાનું મોટું ગાડું.

કટેલી ૧. સ્ત્રી. બંગાળમાં થતો એક જાતનો કપાસ.
 ૨. [હિં.] સ્ત્રી. ભોંરીંગણી.

કટેવ ૧. સ્ત્રી. કુટેવ; ખરાબ આદત.
 ૨. સ્ત્રી. સહેજ મંદવાડ.

કટેવાળો પું. કંટેવાળો; રસોઈનું વાસણ બળી ન જાય તે માટે તેને બહારને તળિયે કરવામાં આવતો તેલ અથવા ભીની રાખનો લેપ.

કટેશરી સ્ત્રી. ડોકમાં પહેરવાનું એક જાતનું ઘરેણું; લૂગડાની પાટી માથે સોનાની કડીઓ ટાંકેલ ડોકનો દાગીનો.

કટેશિયા ૧. સ્ત્રી. સથવારાની એ નામની એક અટક.
 ૨. ન. એ અટકનું માણસ.
 ૩. વિ. એ નામની અટકનું.

કટેસરિયા ૧. સ્ત્રી. કણબીની એ નામની એક અટક.
 ૨. ન. એ નામની અટકનું માણસ.
 ૩. વિ. એ નામની અટકનું.

કટેસરી જુઓ કટેશરી.

કટેસિયા ૧. સ્ત્રી. કોળીની એ નામની એક અટક.
 ૨. ન. એ અટકનું માણસ.
 ૩. વિ. એ નામની અટકનું.

કટૈયા ૧. [હિં.] પું. અણખેડેલ ખેતરમાં કે ઉજ્જડ જમીનમાં ઊગી નીકળતું ઘાસ.
 ૨. પું. કસાઈ; ખાટકી.
 ૩. પું. દશ બાર ફૂટ ઊંચો ઊગતો એક જાતનો કાંટાવાળો છોડ.
  બનકટૈયા = એખરા જેવો એક છોડ.

કટૈલા ૧. પું. એક કાંટાવાળો છોડ. તેનો રસ પીળો અને બહુ તીવ્ર હોય છે.
 ૨. [હિં.] સ્ત્રી. ઊભી ભોંરીંગણી.

કટૈલી જુઓ કટેરા.

કટોકટ ૧. વિ. બરાબર.
 ૨. વિ. સંપૂર્ણ; વધારે ન સમાય તેવું.

કટોકટી ૧. સ્ત્રી. અણીનો વખત; બારીક સમય.
 ૨. સ્ત્રી. કાપાકાપી.
 ૩. સ્ત્રી. મુશ્કેલી.
 ૪. સ્ત્રી. રસાકસી; અડાકડી.
 ૫. સ્ત્રી. હારજીત.

કટોત્રા વિ. કાપેલું; ફાડી નાખેલું.

કટોથા જુઓ કટોત્રા.

કટોદક [સં.] ન. પ્રેતને તર્પણમાં આપવા લાયક જલ.

કટોદાન ન. ડબરો; દાબડો.

કટોર ૧. [સં.] ન. કટોરો; ચપણિયું.
 ૨. ન. કોડિયું.
 ૩. ન. માટીનું વાસણ.

કટોરક જુઓ કટોર.

કટોરદાન [હિં.] ન. ઢાંકણવાળું તાંબાપિત્તળનું વાસણ; ડબરો.

કટોરા ૧. પું. ધાતુનો પ્યાલો.
 ૨. પું. પૂરેપૂરૂં ખીલેલું ફૂલ.
 ૩. પું. લૂગડાની કળી; ચૂડી.
 ૪. પું. સારી રીતે વસેલું શહેર.
 ૫. સ્ત્રી. ઘણું નાનું કોડિયું.

કટોરાઘાટ વિ. પ્યાલાના આકારનું.

કટોરિયું ન. ભરત કામમાં વપરાતા નાની કટોરી જેવા સતારા.

કટોરી ૧. પું. શીરો; માનભોગ.
 ૨. સ્ત્રી. કાપડામાં સળનો ભાગ.
 ૩. સ્ત્રી. ખોલ; તાલું; સ્ત્રીના કપડામાં કસબી લૂગડાના કટકાથી બનાવેલો ઘાટ.
 ૪. સ્ત્રી. જરી; કસબ.
 ૫. સ્ત્રી. તરવારની મૂઠ ઉપરનો ગોળ ભાગ.
 ૬. સ્ત્રી. ધાતુ ગાળવાની કુલ્લી.
 ૭. સ્ત્રી. ધાતુનાં પાતળાં પતરાંની તુવેરની દાળના છોડા જેવી ટીકડી; ટીકી.
 ૮. સ્ત્રી. પડઘીવાળી છાછરી વાડકી; પ્યાલી; ચલાણું.

કટોરૂં ન. પ્યાલો; જામ.

કટોરો ૧. પું. કસબ; જરી.
 ૨. પું. ટૂચકો.
 ૩. પું. પ્યાલો; જામ.
  ૧. કટોરા ખનકવા = સારી રીતે વસવું.
  ૨. કટોરા ચલાવવા = ચોર પકડવા જાદૂથી પ્યાલાને ગોળ ફેરવવો.
  ૩. કટોરા જેવી આંખો = મોટી ગોળ આંખો.
 ૪. પું. વાટકો; છાલિયું.

કટોલ ૧. પું. એક જાતનો છોડ.
 ૨. [સં.] પું. કટુ રસ.
 ૩. પું. ચાંડાલ.
 ૪. પું. તીખો રસ.
 ૫. ન. કડવી ગંધવાળું ફૂલ.
 ૬. વિ. કટુ રસવાળું.

કટોલક ૧. [સં.] પું. કટુ રસ.
 ૨. વિ. કટુ રસવાળું.

કટોલવીણા [સં.] સ્ત્રી. રાવણહથ્થો; ચાંડાલની વીણા; કિન્નરી.

કટોસરિયા ૧. સ્ત્રી. કોળીની એ નામની એક અટક.

૨. ન. એ અટકનું એક માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કટૌતી [હિં.] સ્ત્રી. વળતર; હિસાબમાંથી કાપી આપવામાં આવતી રકમ.

કટ્ ૧. [સં.] અ. ક્રિ. જવું.

૨. સ. ક્રિ. (ધાતુ) આચ્છાદન કરવું; ઢાંકવું. તે ઉપરથી નીકળેલ શબ્દો: વિકટ; સંકટ; પ્રકટ.

કટ્ટ ૧. પું. તડકો.

૨. સ્ત્રી. અક્કા; દોસ્તીનો ભંગ.

કટ્ટઈ ૧. સ્ત્રી. અહમદનગર અને નાસિક તરફ ચમારનો ધંધો કરતી લોકોની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

કટ્ટર ૧. પું. ખંડ; અંશ.

૨. પું. ગરમ મસાલો.

૩. પું. ચટણી.

૪. [સં. કદ્વર] પું. (પ્રાકૃત) છાશ.

૫. વિ. અંધવિશ્વાસી.

૬. વિ. આગ્રહી; હઠીલું.

૭. વિ. કડવું; તીવ્ર; ઝેરી.

૮. [હિં.] વિ. કરડે એવું.

૯. વિ. ઘણું સખત.

૧૦. વિ. જીવલેણ.

૧૧. વિ. દયા વગરનું.

૧૨. વિ. પાકું; ચુસ્ત.

૧૩. વિ. (જૂ. ગુ.) બહેર મારી ગયેલું.

૧૪. વિ. ભયંકર.

૧૫. વિ. મજબૂત.

કટ્ટરતા સ્ત્રી. કટુતા.

કટ્ટરતેલ ન. તાવ અને વિદાહ માટે વપરાતું એક તેલ. તેની બનાવટ: સંચળ, સૂંઠ, ઉપલેટ, મોરવેલ, લાખ, હળદર અને મજીઠ એ દરેક ચીજનું ચૂર્ણ અકેક તોલો, તેલ ૨૮ તોલા અને છાશ ૧૬૮ તોલા લઈ તૈલપાક વિધિ પ્રમાણે તેલ પકાવવું.

કટ્ટરી ૧. [હિં.] પું. ચીચોડામાં બળદનું ધોંસરું.

૨. પું. મોટી નદીઓના કાંપથી બનેલ જમીન.

૩. સ્ત્રી. ખાંડના કારખાનામાં બળદોને જોડવામાં આવે તે આડું પાટિયું.

કટ્ટહા પું. મરણક્રિયા કરાવનાર બ્રાહ્મણની એ નામની એક જાત.

કટ્ટા ૧. [હિં.] પું. અણબનાવ; વેર; શત્રુતા.

૨. પું. એક જાતનું જરીકામ.

૩. પું. ભારો; ગાંસડી.

૪. પું. મોટી જાડી જૂ.

૫. સ્ત્રી. ભાઈબંધી છોડવી તે; મિત્રભેદ. છોકરાં અંગૂઠાનો નખ દાંતમાં ઘાલી તરછોડે એટલે કટ્ટા કરી કહેવાય છે.

૬. વિ. જૂના વિચારનું; ચુસ્ત.

૭. વિ. તાજું.

૮. વિ. બળવાન; તાકાતવાળું; મજબૂત.

૯. વિ. મોટું.

૧૦. વિ. સખત; જીવલેણ.

કટ્ટાર પું. બરછી; કટાર; એક જાતનું હથિયાર.

કટ્ટી ૧. સ્ત્રી. એક જાતનું ભરતકામ.

૨. સ્ત્રી. તરવાર.

૩. સ્ત્રી. દોસ્તી તોડવી તે; સંબંધભંગ.

કટ્ટી કરવી = દોસ્તી તોડવી; છૂટા પડી જવું.

૪. સ્ત્રી. શત્રુતા; વેર.

કટ્ટી કહેવું = વિરુદ્ધ બોલવું.

૫. વિ. અંત લાવનારું.

કટ્ટીગાર ન. ચીનના અગ્નિકોણમાં આવેલું બંદર; કેન્ટન.

કટ્ટીચઠાં સ્ત્રી. એ નામની એક દેવી.

કટ્ટીબદ્ધ વિ. તૈયાર; કટિબદ્ધ.

કટ્ટું ૧. વિ. ખારીલું; દ્વેષી.

૨. વિ. ઘણું જ આકરું; બહુ સખત.

૩. વિ. ચુસ્ત; આગ્રહી.

૪. વિ. જીવલેણ.

૫. વિ. પાકું; પૂરેપૂરું.

૬. વિ. લેવાને આતુર.

કટ્ટૂ પું. ખાટકી અને મુસલમાન માટે વપરાતો હલકો શબ્દ.

કટ્ટો ૧. પું. એક આફતનું નામ.

જટો જમને કટ્ટો જો કહિયે. નિષ્કુળાનંદ

૨. સ. શેમાંથી.

૩. વિ. પું. પાકો; મજબૂત.

૪. વિ. પું. બહાદુર.

૫. વિ. પું. બહુ આકરું.

૬. વિ. પું. ભારે; જબરો; સખત.

૭. વિ. પું. હોશિયાર.

કટ્ઠ ૧. [સં. કષ્ટ] ન. (પ્રાકૃત) દુઃખ; મુશ્કેલી.

૨. [સં. કાષ્ઠ] ન. (પ્રાકૃત) લાકડું.

કટ્ઠકાર [સં. કાષ્ઠકાર] પું. (પ્રાકૃત) સુતાર.

કટ્ઠા ૧. [હિં.] પું. અનાજનું એક માપ; પાંચ શેર વજન.

૨. પું. જમીનનું એક માપ; બંગાળનો વીઘો એટલે સોળસો ચોરસ વારનો વીસમો ભાગ; સાતસો વીસ ચોરસ ફૂટ.

૩. પું. પાંચ શેર દાણાનું માપિયું.

૪. સ્ત્રી. ધાતુ ગાળવાની ભઠ્ઠી.

૫. ન. એક જાતનું ઝાડ.

૬. વિ. ઘણું જ.

૭. વિ. સાથે એકઠું થયેલું.

૮. અ. એક જ જથ્થામાં.

કટ્તૃણ [સં.] ન. એક જાતનું ઘાસ; રોહિષ ઘાસ.

કટ્ફલ ૧. ન. એક જાતનું ઝાડ; કુંભી. તેનું લાકડું આડા લાકડા તરીકે વપરાય છે.

૨. ન. કાયફળ.

કટ્ય પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ; કટુ બ્રહ્મર્ષિ.

કટ્યાર પું. એક જાતનું હથિયાર.

કટ્યારો જુઓ કટચાર.

કટ્વર ૧. ન. છાશ.

૨. વિ. તિરસ્કૃત; ધિક્કારાયેલ.

કટ્વર તૈલ જુઓ કટ્ટરતૈલ.

કટ્વંગ પું. એક ઔષધિ; અરડૂસો.

કટ્વી ૧. સ્ત્રી. કટુ રસવાળી સ્ત્રી.

૨. [સં.] ન. કડુ. તે કડવું હોય. તેનાં પાંદડાં કરકરિયાળાં હોય છે તેથી તેને કટ્વી કહે છે.

કઠ્ [સં.] અ. ક્રિ. (ધાતુ) દુઃખમાં રહેવું. તે ઉપરથી નીકળેલ શબ્દો: કઠવું; કઠણ; કઠિન.

કઠ ૧. પું. આંતરિક પીડા; અમૂંઝણ.

૨. [સં.] પું. ઋગ્વેદની એક શાખાનો અભ્યાસી.

૩. પું. એ નામનો હિંદનો એક દેશ.

૪. પું. એક ઋચા.

૫. પું. એક ઋષિનું નામ.

૬. પું. એક જાતના લોક; કથૈઅન.

કથૈઅન અથવા કઠ લોકોના બંધારણમાં રાજા ચૂંટી કહાડવામાં આવતો. હિંદુરાજવ્યવસ્થા

૭. પું. એક જાતનું લાકડું. તેમાંથી પાકો કાળો રંગ બને છે.

૮. પું. એક જાતનો અજ્ઞાનવાદી.

૯. પું. એક સ્વરનું નામ.

૧૦. પું. કાષ્ઠ; લાકડું.

૧૧. પું. ગોળ, આમલી, બાફેલી કેરી વગેરેને ઉકાળીને કરેલી. કઢી; કટ.

૧૨. પું. તાડછાંની કોથળી.

૧૩. પું. બદામ.

૧૪. પું. બફારો; ઉકળાટ.

૧૫. પું. બ્રાહ્મણ.

૧૬. પું. વૈશંપાયન ઋષિનો એ નામનો શિષ્ય.

૧૭. [હિં.] પું. શ્રમ; મહેનત.

૧૮. પું. સાદડાની ગુણ.

૧૯. [સં. કટ (સાદડી)] પું. સાદડી.

૨૦. સ્ત્રી. ઉત્પલ; પારિભદ્ર; વાપ્ય.

૨૧. સ્ત્રી. એક જાતનું ઝાડ; વજ.

૨૨. સ્ત્રી. કઢી.

૨૩. સ્ત્રી. કશ્મીરમાં વસતી એ નામની એક જાત.

૨૪. સ્ત્રી. કૃષ્ણ યજુર્વેદની એક શાખાનું નામ.

૨૫. [સં. કુષ્ટ] ન. ઉપલેટ. તેને મીઠી કવઠ તથા કપૂરકાચલી પણ કહે છે. કશ્મીરમાં તેની ઉત્પત્તિ થાય છે. તેના મૂળના કટકા ખાંડવાથી ખુશબો નીકળે છે. તેનો લેપ કરવાથી વાતવ્યાધિનો નાશ થતો હોવાનું મનાય છે.

૨૬. ન. એ નામની જાતનું માણસ.

૨૭. ન. એ નામનું એક મુખ્ય ઉપનિષદ. તે કૃષ્ણ યજુર્વેદની કાઠક શાખાની સંહિતાનો એક ભાગ છે. તેમાં યમ અને નચિકેતાનો સંવાદ છે.

૨૮. ન. એ નામનું હિંદનું એક રાજ્ય; કથૈઅન.

કઠદેશ તથા કઠ રાજ્ય એ નામો કઠ નામના કોઈ રાજદ્વારી પુરુષના નામ ઉપરથી પડેલાં.

હિંદુરાજવ્યવસ્થા

૨૯. ન. કઠણાઈ.

૩૦. વિ. ઓરમાન.

૩૧. વિ. કશ્મીરમાં વસતી એ નામની જાતનું.

કઠઉલ પું. (જૂ. ગુ.) કઠોળ; દ્વિદળ અનાજ.

વચ્ચે વાસી વલી કઠઉલ,
મજિમે એ મલવારી ગુલ.

લાવણ્યસમય

કઠકડ (કઠકડ઼) પું. કૂવા ઉપર રખાતું લાકડાનું ચોકઠું; કઠછપર.

કઠકરેજની સ્ત્રી. એક જાતનું ફળ.

કઠખુદવા પું. એક જાતનું લાકડું ખાનારૂં જીવડું.

કઠગઢ પું. કૂવા ઉપર રખાતું લાકડાનું ચોકઠું.

કઠગુલાબ ન. એક જાતનું ગુલાબ.

કઠગુંદી ન. એક જાતનું ઝાડ. તે ગુંદાના ઝાડથી ઊંચું થાય છે. તેનાં પાન અને ફળ નાનાં અને લાકડું કઠણ થાય છે.

કઠઘર ૧. વિ. કટ્ટું; જાની.

૨. વિ. જૂના વિચારનું; ચુસ્ત.

૩. વિ. મજબૂત; તાકાતવાળું.

કઠઘરા ૧. પું. કઠેડો; રેલિંગ.

૨. પું. ચારો કે ઘાસ જેના ઉપર કાપવામાં આવે તે જગ્યા.

૩. પું. લાકડાનું પાંજરૂં.

કઠચિત્ર ન. (ડિંગળ) લાકડામાં છાપેલ આકૃતિ.

કઠછપર ન. કૂવા ઉપર રખાતું લાકડાનું ચોકઠું.

કઠજીવ ૧. ન. ક્રૂર હૃદયનું માણસ.

૨. ન. મહા મુસીબતે મરે એવું પ્રાણી.

૩. વિ. નિર્દય; ક્રૂર.

કઠડા (કઠડ઼ા) ૧. પું. કાથરોટ.

૨. સ્ત્રી. જુવાન ભેંસ.

૩. સ્ત્રી. ધાતુની કૂંડી; 'ટબ'.

કઠણ ૧. વિ. અશકય; ઉપાય ન ચાલે એવું.

૨. વિ. દુઃખદાયક; કપરૂં; દુઃખ લાગે એવું.

કઠણકાળ–દહાડા–સમો = દુઃખે કરીને કઢાય એવો વખત.

૩. વિ. નિર્દય; ક્રૂર.

કઠણ કરવું = સખત બનાવવું; અસર ન થાય એવું કરવું.

૪. વિ. બારીક; મુશ્કેલીવાળું; અણીનું.

કઠણવેળ = ચામડીનો મજબૂત ભાગ.

૫. વિ. મજબૂત; મક્કમ.

૧. કઠણ છાતી = (૧) ક્રૂર. (૨) હિંમતવાન.

૨. કઠણ છાતી કરવી = (૧) દુઃખ સહન કરવું. (૨) મન દઢ કરવું.

૬. વિ. મુશ્કેલ; અઘરૂં.

૭. [સં. કઠિન] વિ. સખત; પોચું નહિ એવું.

કઠણગણિત ન. ઊંચા પ્રકારનું ગણિત.

કઠણતાઈ [સં. કઠિન] સ્ત્રી. (કચ્છી) સખતાઈ. જુઓ કઠણાઈ.

કઠણદાણા પું. બ. વ. પકવ હોવા છતાં ઊગી ન શકે તેવા કઠોળના દાણા.

કઠોળની અંદર કેટલાક દાણા સારા પરિપકવ હોવા છતાં ઊગી શકતા નથી. આવા દાણાને **કઠણદાણા** કહેવામાં આવે છે.

ગુ. સા. પરિષદ

કઠણપણું ૧. ન. કઠણાશ; કઠણ હોવું તે.

૨. ન. મજબૂતાઈ.

૩. ન. મુશ્કેલી.

૪. ન. ક્રૂરતા.

કઠણપાણી ન. કડક પાણી; ચૂનાનું પાણી.

કઠણાઈ ૧. [સં. કઠિન] સ્ત્રી. અડચણ; વિઘ્ન.

૨. સ્ત્રી. આકરાપણું.

૩. સ્ત્રી. કમનસીબ; દુર્ભાગ્ય.

૪. સ્ત્રી. દુઃખ; આફત; વિપત્તિ.

કઠણાઈ બેસવી = આફત આવવી.

૫. સ્ત્રી. નિર્દયતા.

૬. સ્ત્રી. મજબૂતાઈ.

૭. સ્ત્રી. મુશ્કેલી.

૮. સ્ત્રી. સખતાઈ; કડકાઈ.

૯. સ્ત્રી. સંગીનતા.

કઠણાર્બુદ [સં. કઠિન (કઠણ) + અર્બુદ (ગૂમડું)] ન. રસોળી; માંસમાં બંધાયેલ કઠણ ગાંઠ.

કઠણાશ જુઓ કઠણાઈ.

કઠણાંગું [સં. કઠિન] વિ. કઠણ.

કઠણી સ્ત્રી. (ડિંગળ) ખડી; ચાક.

કઠણું ૧. વિ. (કચ્છી) ખૂંચે એવું.

૨. વિ. ડંખતું.

કઠધૂર્ત્ત [સં.] પું. યજુર્વેદની કઠ નામની શાખાનો જાણકાર માણસ.

કઠન [હિં.] વિ. સખત; મુશ્કેલ; કઠણ.

કઠનપન જુઓ કઠણાઈ.

કઠનાઈ જુઓ કઠણાઈ.

કઠપંજર [સં. કાષ્ઠ (લાકડું) + પિંજર (પાંજરૂં)] ન. હાથીની પીઠ ઉપર ગોઠવવાની લાકડાની બેસણી; અંબાડી; કાઠડો.

લીધા પાખર નઈ **કઠપંજર** ઘટા રણરણકાર.

કાન્હડદેપ્રબંધ

કઠપુંઆ [હિં.] પું. શરપંખો નામની વનસ્પતિ.

કઠપૂત ૧. ન. પોતાના ધણી સિવાય બીજા માણસથી થયેલ બાળક.

૨. વિ. ઓરમાન; સાવકું.

કઠપૂતલી ૧. સ્ત્રી. પાતળી નાજુક છોકરી.

૨. સ્ત્રી. રમકડું.

૩. સ્ત્રી. લાકડાની પૂતળી.

કઠપૂતળી જુઓ કઠપૂતલી.

કઠફોડા (કઠફોડ઼ા) ૧. [સં.] ન. એક જાતનું પક્ષી; લક્કડખોદ.

૨. ન. લાકડું ખાનાર એક જાતનું જીવડું.

કઠબગડો (કઠબગડ઼ો) પું. અણઘડ દરજી.

કઠબંદન જુઓ કઠબંધન.

કઠબંધ પું. (ડિંગળ) ગળે બાંધવાનું દોરડું.

કઠબંધણ જુઓ કઠબંધ.

કઠબંધન [સં. કાષ્ઠ (લાકડું) + બંધન] ન. હાથીના પગે બાંધવાની લાકડાની કડી.

કઠબાપ પું. ઓરમાન બાપ. નાતરાવાળી કોમની સ્ત્રી એક ધણી મૂકી બીજો પરણે અને પોતાની સાથે નાનાં બાળકોને લઈ જાય ત્યારે નવો ધણી આંગળિયાત બાળકનો કઠબાપ કહેવાય અને

બાળકો તેનાં ડગર એટલે રસ્તામાંથી ઊચકી લીધેલ છોકરાં કહેવાય.

કઠબિરૂકી [સં.] સ્ત્રી. એક જાતનો મોટો દેડકો.

કઠબેલ [સં.] ન. એ નામનું એક ફળ.

કઠબેલા જુઓ કઠબેલ.

કઠમણિ [સં.] પું. બળદને ગળે થતી એક જાતની સખત ગાંઠ.

કઠમર્દ [સં.] પું. મહાદેવ; શંભુ.

કઠમસ્તા ૧. ન. આળસુ માણસ.
૨. [અ.] વિ. મજબૂત અને કદાવર.

કઠમુલ્લાં ૧. [હિં.] પું. અપ્રસિદ્ધ શિક્ષક.
૨. વિ. નાસ્તિક.

કઠમેંડક જુઓ કઠબિરૂકી.

કઠર ૧. [સં.] ન. એક જાતનું ફળ.
૨. ન. જંગલી જનાવર રાખવાનું લાકડાનું પાંજરૂં.
૩. વિ. કઠણ; કઠોર.

કઠરા ૧. [સં.] સ્ત્રી. કાથરોટ.
૨. સ્ત્રી. જુવાન ભેંસ.

કઠરાઈ સ્ત્રી. અકળામણ; મૂંઝવણ.

કઠરી ૧. સ્ત્રી. ખાંડના કારખાનામાં બળદોને જોડવામાં આવતું આડું પાટિયું.
૨. સ્ત્રી. નદીના કાંપથી બનેલ જમીન.
૩. [સં.] સ્ત્રી. નાની કાથરોટ.

કઠરુદ્ર [સં.] ન. એકસો આઠ માંહેના મુખ્ય ઉપનિષદ્નું નામ.

કઠલ ૧. [સં.] ન. એ નામનું એક ફળ; ફણસ.
૨. ન. એક જાતનું ઝાડ.

કઠલા ૧. [સં.] સ્ત્રી. ડોકમાં પહેરવાનું એક ઘરેણું.
૨. સ્ત્રી. હાર; માળા.

કઠલો ૧. પું. ઘરનાં માણસોનો સમૂહ.
૨. પું. ઘરનો સરસામાન; ઘરવખરી.
૩. પું. સાળમાં જ્યાં કોકડીઓ અંદર રહે અને જેનાથી લૂગડું વણાય તે ભાગ.

કઠવલ્લિ [સં.] ન. કૃષ્ણ યજુર્વેદની કઠ શાખાનું ઉપનિષદ. તેના પહેલા અધ્યાયમાં નચિકેતાની ગાથા છે અને બીજામાં બ્રહ્મનું લક્ષણ બતાવ્યું છે.

કઠવલ્લી જુઓ કઠવલ્લિ.

કઠવા પું. ઘાણી ઉપર ઘાંચીને બેસવાની જગ્યા.

કઠવાર ૧. પું. કાઠિયાવાડ.
૨. પું. ઘાણીના ખોડના ઉપલા ભાગમાં આડાં અવળાં ચાર લાકડાં નાખી બનાવેલ ચોકઠું.

કઠવું ૧. વિ. ઉકળાટ કરે એવું.
૨. [સં. કષ્ટ; પ્રા. કઠ] વિ. કપરૂં; કઠણ.
૩. વિ. દુઃખ આપનારૂં.
૪. અ. ક્રિ. કઠણ લાગવું.
૫. અ. ક્રિ. ખૂંચવું; ડંખવું.
૬. અ. ક્રિ. ગરમી પડવી.
૭. અ. ક્રિ. દુઃખ થવું.
૮. અ. ક્રિ. નડવું; સાલવું.
૯. અ. ક્રિ. બફારો થવો.
૧૦. અ. ક્રિ. બેચેની થવી.
૧૧. અ. ક્રિ. મૂંઝાવું.
૧૨. અ. ક્રિ. સંભોગ વખતે સ્ત્રીને દુઃખ થવું.
૧૩. અ. ક્રિ. હરકત થવી.

કઠવેલ સ્ત્રી. એક જાતની વેલ; ચમરવેલી.

કઠવેલા જુઓ કઠવેલ.

કઠવૈદ પું. ઊંટવૈદ; નીમહકીમ.

કઠવૈદી સ્ત્રી. ઊંટવૈદું.

કઠવો ૧. પું. કૂવાનો કઠોડો.
૨. પું. કૂવામાં બેસાડવામાં આવતું લાકડાનું ચોકઠું.
૩. [સં. કટોર] પું. ઘી કે તેલ ભરવાનો માટીનો ઘડો; ગાડવો.
૪. પું. ડંખે એવો જોડો.
૫. પું. પડખેથી રેતી આવતી અટકાવવા કૂવામાં ઉતારવામાં આવતું લાકડા કે લોઢાનું ગોળ ચક્ર.

કઠશાખા [સં.] સ્ત્રી. યજુર્વેદની એ નામની શાખા.

કઠશાઠ [સં.] પું. એ નામનો એક ઋષિ.

કઠશ્રોત્રિય [સં.] પું. કઠશાખા ભણનાર શ્રોત્રિય બ્રાહ્મણ.

કઠહંસા [સં.] સ્ત્રી. નાખુશ છતાં પરાણે હસવું તે.

કઠંદર [સં.] ન. જળોદર; પેટનો એક રોગ.

કઠા ૧. [હિં.] પું. પાંચ શેર અનાજ ભરવાનું માપ.
૨. પું. સોળસો ચોરસવારના એક વિઘાનો વીસમો ભાગ. વીસ કઠાનો એક એકર અને તેમાંથી ત્રણ કઠાનું વાવેતર, એનું નામ તીન કઠિયાનો રિવાજ કહે છે.

કઠાકુ [સં.] ન. પક્ષી.

કઠાઠ સ્ત્રી. સીતાફળનાં જેવાં પાનવાળો એક છોડ. તેને રાતા રંગનાં ફળ હોય છે. તેનાં લાંબાં બિયાંમાંથી નીકળતા તેલને ખેટેલ કહે છે.

કઠાધ્યાપક [સં.] પું. યજુર્વેદની કઠ શાખા શીખવનાર શિક્ષક.

કઠામ ૧. [સં. કુ (ખરાબ) + સ્થાન (જગ્યા)] ન. અપવિત્ર જગ્યા.
૨. ન. ખરાબ સ્થાન; કઠેકાણું.
૩. ન. દેખાડતાં શરમ આવે એવો શરીરનો ભાગ; કુમળી જગ્યા; ગુહ્યસ્થાન.

કઠામ ગૂમડું ને સસરો વૈદ્ય = કહેતાં અથવા દેખાડતાં શરમ ઊપજે એવી વાત.

૪. ન. નઠારી વસ્તુ.

કઠારો ૧. [સં. કઠ્ (દુઃખવું)] પું. અકળામણ; ગભરામણ.
૨. પું. ઉકળાટ; બફારો.
૩. પું. ગરમી; ઉષ્ણતા.
૪. પું. લાકડાનું પાંજરૂં.

કઠાવટે [સં. કષ્ટ (દુઃખ) + વત્ (વાળું)] અ. મહા મહેનતે; મુશ્કેલીથી.

કઠિકા [સં.] સ્ત્રી. ચાક; ખડી.

કઠિણ જુઓ કઠિન.

કઠિણુરા ૧. સ્ત્રી. (જૂ. ગુ.) વાણિયાની એક જાતનું નામ.
૨. ન. વાણિયાની એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

ખડાયતા ખંડેર ખંડાલે, **કઠિણુરા** કાકિલા કપોલ.
લાવણ્યસમય

કઠિન ૧. [સં.] પું. સ્પર્શનો એક પ્રકાર.

સ્પર્શના આઠ પ્રકાર માનવામાં આવે છે. જેમકે, **કઠિન**, મૃદુ, ગુરુ, લઘુ, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રૂક્ષ. તત્ત્વાર્થસૂત્ર

૨. સ્ત્રી. થાળી; રકાબી.
૩. ન. જંગલ.
૪. વિ. અઘરૂં; મુશ્કેલ.
૫. વિ. કઠણ; મજબૂત.
૬. વિ. ગૂંચવણવાળું; અટપટું.
૭. વિ. ઘાતકી; ક્રૂર.
૮. વિ. દુઃખ આપનારૂં.
૯. વિ. બારીક; તીક્ષ્ણ.
૧૦. વિ. વિષમ; આકરૂં.
૧૧. વિ. સ્તબ્ધ.

કઠિન અંતઃકરણ [સં. કઠિન (આકરૂં) + અંતઃકરણ (હૃદય)] વિ. ક્રૂર હૃદયવાળું.

કઠિનતા ૧. [સં.] સ્ત્રી. કઠણાશ; કઠિનત્વ.
૨. સ્ત્રી. ક્રૂરતા; ઘાતકીપણું.
૩. સ્ત્રી. ગૂંચવણ.
૪. સ્ત્રી. તીક્ષ્ણતા.
૫. સ્ત્રી. દૃઢતા; મજબૂતી.
૬. સ્ત્રી. મુશ્કેલી; મૂંઝવણ.
૭. સ્ત્રી. સખતાઈ; કઠોરતા.

કઠિનતાઈ જુઓ કઠિનતા.

કઠિનતાલુ [સં.] ન. તાળવાનો એક ભાગ; 'હાર્ડ પેલેટ'. આ અંતર્ગોળ અને કઠણ ભાગ ઉપલા જડબાનાં બે તાલુપત્રકો અને તાલ્વસ્થિઓનાં બે હ્રસ્વપત્રકો પરસ્પર દૃઢ રીતે જોડાઈ જઈને બનેલો છે.

કઠિનત્વ ૧. [સં.] ન. (ન્યાય) અવયવનો એક પ્રકારનો સંયોગ.
૨. ન. સ્પર્શનો એક પ્રકાર. જુઓ કઠિનતા ૧–૭.

કઠિનપૃષ્ઠ [સં. કઠિન (કઠણ) + પૃષ્ઠ (પીઠ)] પું. કાચબો.

કઠિનપૃષ્ઠક જુઓ કઠિનપૃષ્ઠ.

કઠિનવિદ્રધિ [સં.] ન. તંતુજાળથી બનતું કઠણ ગૂમડું.

કઠિનશાસન [સં.] સ્ત્રી. સખત સજા.

કઠિન હૃદય [સં.] વિ. ક્રૂર હૃદયવાળું.

કઠિના ૧. [સં.] સ્ત્રી. ખાંડની એક જાતની મીઠાઈ.
૨. સ્ત્રી. તપેલી.
૩. સ્ત્રી. થાળી.
૪. સ્ત્રી. રાંધવાની હાંડલી.

કઠિનાઈ જુઓ કઠિનતા.

કઠિનાસ્થિ [સં.] પું. (પિંગળ) બૃહતિ છંદની જાતનો નવ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; અહીરિ. તેમાં ભગણ, નગણ અને જગણ મળી નવ અક્ષર આવે છે.

ભા ન જ કર **કઠિનાસ્થિ**. રણપિંગળ

કઠિનાંશ [સં.] પું. સંધજીવી પ્રાણીઓના શરીરના નીચલા ભાગની ચામડીમાંથી કૃતિકનો સ્રાવ થાય તે કઠણ ભાગ.

કઠિનિકા ૧. સ્ત્રી. ખડી; ચાક.
૨. [સં. કનિષ્ઠિકા] સ્ત્રી. નાની આંગળી.

કઠિની ૧. [સં.] પું. (પિંગળ) અતિજગતી છંદની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેમાં નગણ, સગણ, જગણ, તગણ અને એક ગુરુ મળી ત્રેવીસ અક્ષર હોય છે.

રચ તું **કઠિની** ન સા જ તા ગા થકી. રણપિંગળ

૨. સ્ત્રી. ખડી; ચાક.
૩. સ્ત્રી. નાની આંગળી.

કઠિયા ૧. [સં.] પું. જાળ.
૨. પું. લાકડાની મોટી થાળી.
૩. સ્ત્રી. એ નામની એક અટક.
૪. ન. એ નામની અટકનું એક માણસ.
૫. વિ. એ નામની અટકનું.

કઠિયાર [હિં.] પું. કોઠાર.

કઠિયારણ ૧. [સં. કાષ્ઠિકા] સ્ત્રી. કઠિયારી; કઠિયારાની સ્ત્રી.
૨. સ્ત્રી. લાકડાં કાપી વેચવાનો ધંધો કરનાર સ્ત્રી.

કઠિયારી જુઓ કઠિયારણ.

કઠિયારૂં ન. કઠિયારાનો ધંધો.

કઠિયારો [સં. કાષ્ઠહારક; પ્રા. કટ્ઠહારય] પું. લાકડાં કાપી વેચવાનો ધંધો કરનાર માણસ.

કઠિયો ૧. પું. એક જાતનો જૂનો સિક્કો.
૨. પું. કટકો; ભાગ.
૩. પું. પૈસો; દોઢિયું.

કઠિયૌ સ્ત્રી. એક જાતની ભાંગ.

કઠિલા [સં.] સ્ત્રી. રાતી સાટોડી.

કઠિલ્લ ૧. પું. કારેલાનો વેલો.
૨. સ્ત્રી. તુલસી.
૩. સ્ત્રી. સાટોડી નામની વનસ્પતિ.

કઠિલ્લક ૧. [સં.] સ્ત્રી. રાતા ફૂલની સાટોડી.
૨. ન. તકમરિયાં.
૩. ન. તુલસીનો છોડ.

કઠિંજર ૧. [સં.] પું. કાળી તુળસી.
૨. ન. કડવા સરૈયાનું ઝાડ.

કઠી ૧. પું. એક જાતના ઘઉં.
૨. સ્ત્રી. કઠની સ્ત્રી શિષ્યા; કઠે કહેલ ભણનાર બ્રાહ્મણી.

કઠીણાઈ ૧. સ્ત્રી. અતિશય ચોક્કસપણું.
૨. સ્ત્રી. મુશ્કેલી; અગવડતા.
૩. સ્ત્રી. સખતાઈ.

કઠીણી વિ. સ્ત્રી. સખત.

સોમથી શીતળ આગથી ઉન્હી,
કુસમથી કોમળ કાઠ **કઠીણી**. દલપતરામ

કઠીર [સં. કઠીરવ] પું. સિંહ.

કઠીલા [હિં.] પું. ઘેરાં લીલાં પાંદડાંવાળો એખરો.

કઠૂમર [હિં.] પું. ઘેડઉંબરો.

કઠૂયા પું. લાકડાં ફાડનાર; કઠિયારો.

કઠે અ. ક્યાં.

કઠેકાણું ૧. ન. ઇંદ્રી; લિંગ.
૨. ન. ખરાબ જગ્યા.
૩. ન. ગુપ્ત સ્થાન; ઢાંકી રાખવા જેવો શરીરનો સુંવાળો ભાગ.

કઠેકાણે ગૂમડું ને સસરો વૈદ્ય = કહેતાં શરમ ઊપજે એવી વાત.

૪. ન. સગવડ વિનાનું સ્થળ.

કઠેડી (કઠેડ઼ી) સ્ત્રી. નાનો કઠેડો.

કઠેડો (કઠેડ઼ો) ૧. [સં. કાષ્ઠ (લાકડું) + ગૃહ (ઘર); પ્રા. કટ્ઠહર] પું. ઉંચી કિનાર ઉપરથી પડી ન જવાય તે માટે કરેલી આડચ; હૈયારખી; અગાસી, બારી, દાદર, વગેરે ઠેકાણે લાકડાના ગજ અથવા લોઢાના સળિયા મૂકવામાં આવે તે.
૨. પું. ખટારો; મોટું ગાડું.

કઠેડે ચડવું = અનુકરણ કરવું.

૩. પું. ગોખ; ઝરૂખો.

કઠેર ૧. પું. આર્ત્ત માણસ; દુઃખી માણસ.
૨. વિ. દુઃખી.

કઠેરણિ [સં.] પું. એ નામનો એક ઋષિ.

કઠેરાબંધ વિ. આસપાસ કઠોરો હોય એવું.

કઠેરુ [સં.] પું. ચામરનો વાયુ.

કઠેરો જુઓ કઠેડો.

કઠેસિયા ૧. સ્ત્રી. એ નામની સથવારાની અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. સથવારાની એક અટકનું.

કઠૈ અ. ક્યાં.

કઠૈડો (કઠૈડ઼ો) જુઓ કઠેડો.

કઠૈર ૧. પું. એક જાતનું ઝાડ.
૨. ન. એ નામના ઝાડનું ફળ.

કઠૈલ જુઓ કઠૈર.

કઠો ૧. પું. એકરનો વીસમો ભાગ.

૨૦ કઠા = ૧ એકર.

૨. પું. પુરુષની ઇંદ્રિય; લિંગ.

કઠોડલો (કઠોડ઼લો) પું. કઠોડો; રવેશ.

કઠોડિયું (કઠોડ઼િયું) ન. નાનું કઠોડું.

કઠોડી (કઠોડ઼ી) સ્ત્રી. નાનું કઠોડું.

કઠોડીઆ (કઠોડ઼ીઆ) ૧. સ્ત્રી. એ નામની એક રાનીપરજ કોમ.
૨. ન. એ નામની રાનીપરજ કોમનું માણસ.
૩. વિ. એ નામની રાનીપરજની કોમનું.

કઠોડું (કઠોડ઼ું) ૧. [સં. કાષ્ઠગૃહ; પ્રા. કટ્ઠહર] ન. મસાલો રાખવાની લાકડાની પેટી.
૨. ન. લાકડાની ખાનાં અને ઢાંકણાવાળી નાની પેટી.

કઠોડો (કઠોડ઼ો) ૧. પું. અથાણું રાખવા માટેનું લાકડાનું વાસણ.
૨. પું. કઠેરો; કઠેરો.
૩. પું. ગાડાનો અઢેલીને બેસવાનો પડખાનો ભાગ.
૪. પું. મકાનનો બહાર પડતો ભાગ; રવેશ.

૫. પું. રવેશમાં નખાતી લાકડાની, લોઢાની અગર પથ્થરની આડચ; હૈયારખી.

૬. પું. વહાણનો પાછલો ભાગ.

૭. પું. હોદ્દાની આડચ.

કઠોદર ૧. [સં. કષ્ટ (કઠણ) + ઉદર (પેટ)] પું. એક જાતનો જળોદરનો રોગ. તેમાં પેટ ઉપર સોજો આવે અને કાળજા ઉપર ગાંઠ બંધાય.

૨. ન. ચરબીના જમાવથી આખા શરીરનું ફૂલી જવું તે.

કઠોદ્ધતા પું. સાત અક્ષરનો એક અક્ષરમેળ છંદ. આ છંદ ઉષ્ણિક છંદનો એક ભેદ છે. તેમાં એક સગણ, એક જગણ અને એક ગુરુ હોય છે.

સ જ ગે **કઠોદ્ધતા.** રણપિંગળ

કઠોપકથન [સં.] પું. વાતચીત; સંવાદ.

કઠોપનિષદ [સં. કઠ + ઉપનિષદ્] ન. વૈશંપાયનના શિષ્ય કઠ મુનિએ યજુર્વેદની એક શાખા તરીકે કથેલું ઉપનિષદ. કૃષ્ણ યજુર્વેદની કઠ શાખાના બ્રાહ્મણનો આ ઉપનિષદ ભાગ છે. આ ઉપનિષદ લોકપ્રિય છે. કેટલાક વિવેચકોને આ ઉપનિષદ સર્વઅધિક કવિતામય લાગ્યું છે. સર્વમેધ યજ્ઞ ને નચિકેતા અગ્નિની વાર્તા ઉપરાંત આ ઉપનિષદમાં કવિતાના અંશો ઘણા છે. ઋગ્વેદના ૧૦ મા મંડળના ૧૩૫મા સૂક્તમાં કથા છે તે સાયનાચાર્ય કહે છે કે નચિકેતાની કથા છે. બટુક નચિકેતા ઉદ્બોધ ઝીલનાર અને યમદેવ જેવા જીવનની ઢાલની બંને બાજુઓના જાણણહારા સંબોધક છે. શ્રીમદ્ ભગવદ્ગીતાની પેઠે આ ઉપનિષદની પણ પ્રથમ વલ્લીમાં વાર્તાપ્રસંગનું મંડાણ છે અને પછી એ વાર્તાપ્રસંગમાંથી સદ્બોધપ્રવાહ યમ નચિકેતાના સંવાદ રૂપે વહે છે. એક ભાષાંતરકાર લખે છે કે સર્વ ઉપનિષદોમાં કઠોપનિષદ ઉત્તમ ગણાય છે.

કઠોર ૧. ન. (કાવ્ય) ૭ પ્રકારનાં પદ માંહેનું એક પદ; આનુસ્વાર, વિસર્ગ અને તેમાં દીર્ઘ સ્વરથી ગૌરવતા હોય એવું પદ.

૨. વિ. કર્કશ; કડવું લાગે એવું.

૩. વિ. તીક્ષ્ણ.

૪. વિ. નિષ્ઠુર; નિર્દય; ક્રૂર.

૫. વિ. પૂર્ણ; ભરેલું.

૬. વિ. બહુ જ કઠણ હોય એવું; ઘણું સખ્ત.

૭. વિ. ભયંકર; બિહામણું.

કઠોરગર્ભ [સં.] વિ. સ્ત્રી. ઘણા વખત થયા ગર્ભ રહ્યો હોય એવી.

કઠોરગર્ભિણી [સં.] સ્ત્રી. પૂરા માસવાળી ગર્ભિણી સ્ત્રી.

કઠોરતા ૧. [સં.] સ્ત્રી. કઠોરપણું; કઠણપણું.

૨. સ્ત્રી. તીક્ષ્ણપણું.

૩. સ્ત્રી. નિર્દયતા; નિષ્ઠુરતા; ઘાતકીપણું.

૪. સ્ત્રી. પૂર્ણ હોવાપણું.

૫. સ્ત્રી. સખતાઈ; દાબ.

કઠોરતાઈ જુઓ કઠોરતા.

કઠોરત્વ જુઓ કઠોરતા.

કઠોરપણું જુઓ કઠોરતા.

કઠોરપન જુઓ કઠોરતા.

કઠોરબોલું વિ. કઠોર શબ્દ બોલનાર.

કઠોરભાષણ ન. (બૌદ્ધ) બૌદ્ધ ધર્મના ગણાવેલા દશ અકુશલ કર્મ માંહેનો એક જૂનો કર્મપંથ.

કઠોરવચન ન. ખોટું લાગે તેવું વેણ; મર્મ છેદે એવું મહેણું.

કઠોરવાચા સ્ત્રી. કડવી વાણી.

કઠોરવિગ્રહી એ નામની એક દેવી.

કોકિલાક્ષી, કામકળા, કરૂણા, કામપૂજીતા, **કઠોરવિગ્રહી**, ધન્યા, નાકિમાન્યા અને ગભસ્તિની એ નામોથી એ દેવીનો મનુષ્યોએ જપ કરવો જોઈએ. ભગવતી ભાગવત

કઠોરાઈ જુઓ કઠોરતા.

કઠોરૂં ૧. [સં. કઠોર] વિ. આકરૂં.

૨. વિ. કઠણ; કર્કશ; સખત.

કઠોરો પું. (વહાણવટું) ધરી.

કઠોરોચ્ચાર [સં. કઠોર (કર્કશ) + ઉચ્ચાર] પું. કડવું લાગે એવું બોલવું તે.

કઠોલ ૧. વિ. કઠણ; સખત.

૨. વિ. કઠોર; ક્રૂર.

કઠોલીવાલ સ્ત્રી. વાણિયાની ચોરાશી જ્ઞાતિ માંહેની એક જ્ઞાતિ.

કઠોળ ૧. સ્ત્રી. ભૂમધ્યના કિનારા પર ઊગતી, હમેશા લીલી રહેતી એક જાતની દરિયાઈ વનસ્પતિ. તેમાં ૪થી ૧૦ ઈંચ લાંબી ભૂરાશ પડતા રંગની વાંકી શિંગો થાય છે. તેનાં બીનો અગાઉ ઝવેરીઓ હીરાનું વજન કરવામાં ઉપયોગ કરતા.

૨. [સં. કઠોલ; કઠોર (સખ્ત)] ન. જેની બે ફાડ થતી હોય એવું અનાજ; દાળ પડે એવું દ્વિદલ ધાન્ય. અડદ, મગ, મઠ, તુવેર, ચણા, વટાણા, વાલ વગેરે કઠોળ કહેવાય છે. આના છોડનાં મૂળિયામાં નાની ગાંઠો હોય છે. એ ગાંઠોમાં અતિ સૂક્ષ્મ જંતુઓ હોય છે અને એ જંતુઓમાં હવામાંથી નત્રવાયુને ગ્રહણ કરવાની શક્તિ હોય છે. આ જંતુઓ નત્રવાયુને આકર્ષી લઈ એના અનેક સંયુક્ત પદાર્થ બનાવે છે અને છોડના પોષણ માટે તૈયાર કરે છે.

કઠોમમાં કોરડું = કુલાંગાર; કુળનું નામ બોળાવે એવો માણસ.

કઠૌત ૧. પું. લાકડાનું ઠૂંઠું.

૨. સ્ત્રી. કણેક ગૂંદવાનું લાકડાનું કે પથ્થરનું વાસણ.

કઠૌતી ૧. સ્ત્રી. કણેક ગૂંદવાનું લાકડાનું કે પથ્થરનું વાસણ.

૨. [સં.] સ્ત્રી. પાણીની કૂંડી.

કઠ્ઠ [પ્રા.] ન. કાષ્ટ; લાકડું.

કઠ્ઠણ ૧. વિ. ઉપાય ચાલે નહિ તેવું.

૨. વિ. કપરૂં; આકરૂં.

૩. વિ. કંઈ અસર ન થાય એવું.

૪. વિ. જેને કાપવું અથવા જેની અંદર ઘાલવું કઠણ થઈ પડે તેવું; પોચું નહિ તેવું; સખ્ત; મજબૂત.

૫. વિ. દુઃખ લાગે તેવું કડવું.

૬. વિ. સમજાય નહિ તેવું અઘરૂં.

કઠ્ઠપિંજર ન. લાકડાનું પાંજરૂં.

ઇંદ્ર દીયો **કઠ્ઠપિંજરે**, આપ કીયો ફૂલ પાયો કે. આનંદકાવ્ય મહોદધિ

કઠ્ઠપીઠ સ્ત્રી. (જૂ. ગુ.) કાઠડો; અંબાડી; હોદ્દો.

મેઘાડંબર નિ સુહપટા, **કઠ્ઠપીઠ** પિઠાણી પટા. લાવણ્યસમય

કઠ્ઠા [સં. કાષ્ટ (લાકડું)] પું. લાકડાનું મોટું ઠૂંઠું.

કડ (કડ઼) ૧. પું. (ડિંગળ) એક જાતનો કીડો.

૨. પું. (ડિંગળ) કુસુમ; ફૂલ.

૩. પું. (ડિંગળ) કુસુમનાં બી.

૪. પું. ઘાસ.

કડ કરવો = ભીંતે સાંઠીઓનો નાનો કડો કરવો.

૫. પું. ચારની સંખ્યાનો સંકેત.

૬. પું. પર્વતનો એક ભાગ.

૭. પું. પલંગ; માંચો.

૮. પું. [પ્રા.] સાદડી.

૯. પું. હાથીનું ગંડસ્થલ.

૧૦. સ્ત્રી. આંકો; કોરણ.

૧૧. સ્ત્રી. એક બાજુ સીધો રસ્તો ને બીજી બાજુ કાટખૂણ ચડાવનો ખાડો આવે તેવો ચીલો.

૧૨. સ્ત્રી. એક વાર ખાંડેલ અધકચરી ડાંગર; કરડ; કેડ.

૧૩. [સં. કટિ] સ્ત્રી. કમ્મર; કેડ.

કડની કમાણી = સ્ત્રી હલકો ધંધો કરીને પૈસા પેદા કરે એવી કમાણી.

૧૪. સ્ત્રી. કરડ.

૧૫. સ્ત્રી. કિનારી; કોર.

૧૬. સ્ત્રી. ખાંચ.

૧૭. સ્ત્રી. ગણતરીબંધ અપાતી વસ્તુ ઉપર વધારાનાં આપવાં પડતાં નંગ.

૧૮. સ્ત્રી. ગણીને અપાતી વસ્તુ ઉપર સેંકડે ભૂલચૂક બદલ અપાતો વધારો; સો ઉપર અમુક વધારો આપવો પડે છે તે.

કડ ખાવું = ભારે વ્યાજ ખાવું.

૧૯. સ્ત્રી. ભેખડ; અધર રહેલો ભાગ.

૨૦. સ્ત્રી. મગફળીનાં બીયાં વગેરેમાં કાંકરીના પ્રમાણમાં કાપી આપવામાં આવતો તોલ.

૨૧. સ્ત્રી. માલનો ખરાબો.

૨૨. સ્ત્રી. વધારે મૂંઝવણ ભરેલી બાબત.

વહાણ કડે ચડવું–ખરાબે ચડવું = મુશ્કેલીમાં આવી પડવું.

૨૩. [સં.] વિ. (પ્રાકૃત) કરેલું; આચરેલું.

૨૪. વિ. ઘોઘરૂં.

૨૫. વિ. મૂર્ખ.

૨૬. વિ. મૂંગું.

૨૭. વિ. સચિત્તે ખરડેલું.

૨૮. અ. કડ એવો અવાજ કરીને.

કડકડ થવું = કડકડવું.

કડઈ (કડ્ઈ) ૧. સ્ત્રી. (કચ્છી) એક જાતનું ઝાડ; કડાયો. જુઓ કડાયો.

૨. અ. ક્યાં.

કડક (કડ્ક) ૧. [હિં.] પું. અવાજ.

૨. પું. કઠોર શબ્દ.

૩. પું. કાનનું ઘરેણું; વાળી; મોતી ઘાલેલી કડી.

કનક કડાં ને કાને કડકજ, દેખીને મન મોહેજી.
પ્રેમાનંદ

૪. પું. મેરિઆગ્રી દેવીનો ઉપાસક. તે તેના ખભામાં ચાબુક રાખે છે.

૫. [સં.] પું. શેરડી, જાર વગેરેનો સાંઠો.

૬. સ્ત્રી. ખેડૂત પાસેથી વેપારી તરફથી વગર કીમતે લેવાતો માલ.

૭. સ્ત્રી. ઘોડાની એક ચાલ.

૮. સ્ત્રી. ચાલાકી; ચપળતા.

૯. સ્ત્રી. તખ્તી; લાકડાની બારીની તખ્તી.

૧૦. સ્ત્રી. દુઃખ.

૧૧. સ્ત્રી. પૂર ઝડપ.

કડક દોડવું = ઘોડાનું પૂર ઝડપે દોડવું.

૧૨. સ્ત્રી. બળતરાની સાથે પેશાબ ઉતરવાનો રોગ.

૧૩. સ્ત્રી. બારી બંધ કરવાનાં પાટિયાં; બારીની ફરેડી.

૧૪. સ્ત્રી. મેઘગર્જના.

૧૫. સ્ત્રી. વીજળીનો કડાકો.

૧૬. ન. એક જાતનું મીઠું; દરિયાના પાણીને સૂકવી બનાવેલું મીઠું.

૧૭. ન. વરસાદનું પાણી.

૧૮. ન. સોમ.

૧૯. વિ. અદક પાંસળીનું; ઘેલછાવાળું.

૨૦. [સં. કટુ] વિ. આકરૂં; ગરમ; તાતું; સખત; કડકડ થાય એવું.

૨૧. વિ. કઠણ; બરડ; બટકણ.

૨૨. વિ. કંજૂસ; મખ્ખીચૂસ.

૨૩. વિ. કાચું; અપરિપક્વ.

૨૪. વિ. કાન વીંધે તેવું; કર્ણકટુ; કઠોર.

૨૫. વિ. કોરૂં; ખાલી; નિર્ધન; પૈસા વગરનું.

કડક બંગાળી = પૈસા વગરનો માણસ; સાવ નિર્ધન.

૨૬. વિ. બડૂકો બોલે એવું.

૨૭. વિ. ભૂખ્યું; ઉપવાસી.

બે દિવસના કડક હોવું = છેલ્લા બે દિવસ થયાં ખાધું ન હોવું.

૨૮. વિ. મિજાજી; તોરી.

૨૯. વિ. સખત; તીક્ષ્ણ.

કડકઈ (કડ્કઈ) સ્ત્રી. ગરીબાઈ.

કડકખા (કડ્કખા) પું. ખોટી વાત; ગપ; કડછો.

આ હકીકત શ. સ. દિનેશચન્દ્ર સેને ચૈતન્યના એક સાથી ગોવિંદદાસના કડચ્છા (અથવા **કડકખા**)માંથી લીધી છે. ગ્રંથ અને ગ્રંથકાર

કડકડ (કડ્કડ્) ૧. [સં. કટકટાપયતિ (કડકડ એમ અવાજ કરવો)] પું. કઠણ વસ્તુ તૂટવા કે ફૂટવાનો અવાજ.

૨. પું. બે ચીજોના આઘાતનો કઠોર શબ્દ; ઘોર અવાજ.

૩. અ. કડકડ એવા અવાજ સાથે.

૪. અ. ઝપાટાબંધ; સડસડાટ; કડકડાટ.

૫. અ. સ્પષ્ટ અવાજથી.

કડકડતું (કડ્કડ્તું) ૧. વિ. આકરૂં; ધ્રુજાવે એવું; સખત; તીવ્ર.

૨. વિ. કડકડ અવાજ કરતું.

૩. વિ. કડકડ એવો અવાજ થાય એમ ઘણું જ તપી ગયેલું; ઊકળતું; તાતું; અત્યંત ગરમ.

૪. વિ. ખડખડતું; અક્કડ; ચોખ્ખું અને ઇસ્ત્રીવાળું.

૫. વિ. દુઃખિત; પીડાયેલું.

કડકડતો (કડ્કડ્તો) પું. એક જમદૂતનું નામ.

કડકડધોમ (કડ્કડ્ધોમ) પું. પડઘમનો અવાજ.

કડકડ પાણી (કડ્કડ્ પાણી) સ્ત્રી. માણસની કેડ સુધી થાય એટલું પાણી.

કડકડવડી (કડ્કડ્વડી)] સ્ત્રી. ચોખામાંથી બનાવેલી એક જાતની વાની; ખાજ; કડકડ અવાજ થાય તેવી વડી; કરકરવડી; ફૂલવડી.

કડકડવું (કડ્કડ્વું) ૧. [સં. કટકટાયતે] અ. ક્રિ. અત્યંત ગરમ થવાથી, ધ્રુજારાથી અને ટાઢ વગેરેની અસરથી કડકડ એવો અવાજ થવો.

૨. અ. ક્રિ. કડકડ થાય એટલું ઊકળવું; અત્યંત ગરમ થવું.

૩. અ. ક્રિ. ખડખડવું.

૪. અ. ક્રિ. તડતડવું.

૫. અ. ક્રિ. દાંત કકડે એટલું ધ્રૂજવું; હાલવું.

કડકડા (કડ્કડા) ૧. પું. બ. વ. ટચાકિયા.

૨. વિ. સખત.

કડકડાટ (કડ્કડાટ) ૧. પું. કમાડ જોરથી ઊઘડતી વખતે થતો અવાજ.

૨. પું. ખખડવાનો અવાજ; કડ કડ કરતો અવાજ; કડકડવું તે.

૩. પું. વીજળી થતાં થતો અવાજ.

૪. અ. અટક્યા વગર; વગર આંચકે; સફાઈથી; એકસરખી રીતે; સ્પષ્ટ.

૫. અ. સડસડાટ; સપાટાબંધ; ઝપાટાબંધ; વેગભર.

૧. કડકડાટ ચાલવું = (૧) એકદમ ચાલવું; જોશથી ચાલવું. (૨) જલદી સુધારો થવો.

૨. કડકડાટ ભેટવું = વહાલથી જોશભેર ભેટવું.

કડકડાટી (કડ્કડાટી) ૧. સ્ત્રી. કડકડ એવો અવાજ.

૨. સ્ત્રી. જોર; સત્તા.

કડકડાટી બોલાવવી = સખત થવું; પોતાનું જોર અજમાવવું; કડકાઈ બતાવવી.

૩. સ્ત્રી. ખૂમરાડ.

૪. અ. કડકડાટ કરીને.

કડકડાવવું (કડ્કડાવવું) ૧. સ. ક્રિ. કડકડ એવો અવાજ થાય એમ કરવું; ઉકાળવું; ખૂબ ઊનું કરવું; ખદખદાવવું.

૨. સ. ક્રિ. ધ્રુજાવવું; ખડખડાવવું; પીસવું; કચડવું.

કડકડાવું (કડ્કડાવું) અ. ક્રિ. ગુસ્સાથી દાંત કચકચાવવા.

કડકડિત (કડ્કડિત) ૧. વિ. ઘણી સફાઈથી વાંચેલું.

૨. વિ. તાતું; અતિ ગરમ; કડક; કકરેલું.

૩. વિ. સફાઈબંધ; ઇસ્ત્રી કરેલું.

કડકડિયું (કડ્કડિયું) જુઓ કડકડિયો.

કડકડિયો (કડ્કડિયો) ૧. પું. ઇન્ફ્લુઅન્ઝાનો ચેપી રોગ.

૨. પું. ટૂંટિયું; એક જાતનો રોગ. તેમાં સાંધા રહી જાય છે.

૩. પું. મહામારી; મરકી કે કોલેરા.

૪. પું. સને ૧૯૧૮નું વર્ષ; ઇન્ફ્લુઅન્ઝાના ચેપી રોગમાં માણસો કડકડીને મરણ પામ્યાં તે વર્ષ.

૫. વિ. પું. આકરો; કઠણ.

કડકડીને (કડ઼કડ઼ીને) ૧. અ. કડકડ થઈને.

૨. અ. ખૂબ; સખત રીતે.

૩. અ. ઘણા જ જોશમાં; ધસારાબંધ; સપાટાબંધ.

કડકણ (કડ઼કણ) ૧. વિ. કરડે એવું.

૨. વિ. ચીડિયું; ઊતરી પડે એવું; લઢવાડિયું.

કડકણું (કડ઼કણું) વિ. કરડે તેવું; કરડકણું; કરડવાની ટેવવાળું.

કડકપણું (કડ઼કપણું) ૧. ન. અતડાઈ; તોછડાઈ; અભિમાન.

૨. ન. અવિવેકીપણું; અસભ્યતા.

૩. ન. એકનિષ્ઠા.

૪. ન. કડચલી વિનાનું આરવાળું હોવાપણું.

૫. ન. જુલમ.

૬. ન. મગજમાં તેજી લાવે એવું હોવાપણું.

૭. ન. રૂઆબ; રોફ; દંભ; પ્રપંચ.

૮. ન. સખતપણું; સખતાઈ.

કડકપાણી (કડ઼કપાણી) ન. ચૂનાવાળું પાણી; કડણ પાણી.

કડક બંગાળી (કડ઼ક બંગાળી) ૧. વિ. ખાલી ભપકાવાળું; ભપકામાં રહેનાર પણ ખાલી ખીસાનું; કોરડું; ધનહીન; આડંબરી; દેખાવમાં ભપકાદાર પણ ગરીબ.

૨. વિ. ઘણું કંજૂસ.

કડક બાંકા (કડ઼ક બાંકા) પું. મોટો છેલછબીલો માણસ.

કડક બિજલી (કડ઼ક બિજલી) સ્ત્રી. જામગરીવાળી બંદૂક.

કડકબોલું (કડ઼કબોલું) વિ. આકરા શબ્દ બોલવાના સ્વભાવવાળું; આખાબોલું.

કડકવું (કડ઼કવું) ૧. અ. ક્રિ. કડાકો થવો.

૨. અ. ક્રિ. કાળું ફરવું.

૩. અ. ક્રિ. ગુસ્સે થવું.

૪. અ. ક્રિ. ઢોલ વગડાવવો.

૫. અ. ક્રિ. મોટા ફૂદકાથી અવાજ થવો.

કડકા (કડ઼કા) ૧. પું. કાવ્ય.

૨. પું. નદીનો ઊભો કાંઠો.

૩. [હિં.] પું. યુદ્ધનું ગીત.

૪. પું. બ. વ. પાણી ઊકળતાં કડકડ થઈને જોશના આવતા ઉછાળા; કાકડા.

૫. પું. બ. વ. પાણી વગેરે ઘણું ઊકળવાથી તેમાં બાઝતી ઝીણી ઝીણી પરપોટીઓ.

કડકાઈ (કડ઼કાઈ) ૧. સ્ત્રી. કરડાપણું; અકડાઈ; ગુમાન; અભિમાન.

૨. સ્ત્રી. ગરીબી; નિર્ધન અવસ્થા; દરિદ્રતા; નાણાંની તાણ.

૩. સ્ત્રી. સખતાઈ; આકરાપણું; કડક્તા.

કડકાકડકી (કડ઼કાકડ઼કી) સ્ત્રી. કઠણાઈ; મુશ્કેલી.

કડકાબરૂં (કડ઼કાબરૂં) વિ. જુદી જુદી જાતના રંગવાળું; બે ત્રણ રંગની ભાતવાળું; કાળું અને ધોળું મિશ્ર.

કડકાબાલુસ (કડ઼કાબાલુસ) વિ. ખાલી; નિર્ધન; ભિખારી.

કડકાવડ (કડ઼કાવડ઼) ન. દગોફટકો. કોઈ દસ્તાવેજમાં કડકાવડ રહિત આ લેખ લખાયો છે તેમ લખવામાં આવે છે.

કડકાવવું (કડ઼કાવવું) સ. ક્રિ. વગાડવું; પડઘમ વગેરે બજાવવું.

> પડઘમચી પડઘમ તારી **કડકાવ**.
>
> કેશવ હર્ષદ

કડકાશ (કડ઼કાશ) ૧. સ્ત્રી. કડકતા.

૨. સ્ત્રી. નાણાંની તાણ.

કડકિયાં (કડ઼કિયાં) સ્ત્રી. આખા કાનની આગળ પાછળ આવી રહે અને આગલી તરફ મોતી રહે એવી મોટી વાળી.

કડકિયું (કડ઼કિયું) ન. પુરુષને કાને પહેરવાનો મોતીનો મોટો વાળો.

કડકી (કડ઼કી) ૧. [સં. કીકટી (ગરીબ)] સ્ત્રી. આકરો વખત; નિર્ધન સ્થિતિ; ગરીબાઈ; તંગી.

૨. સ્ત્રી. કામ વિનાનું હોવાપણું.

૩. સ્ત્રી. નાનો કકડો; કરચ; રેખ; કકડી.

કડકી જવું (કડ઼કી જવું) અ. ક્રિ. આકરા થવું; ક્રોધે ભરાવું.

કડકૈત (કડ઼કૈત) ૧. [હિં.] પું. એક લશ્કરી અમલદાર. તેનું કામ લડાઈનાં ગીતથી લશ્કરને ઉશ્કેરવાનું છે.

૨. પું. ભાટ; ચારણ.

કડકો (કડ઼કો) ૧. પું. આખી વસ્તુમાંથી જુદો પડેલો એકાદ ભાગ; ખંડ; હિસ્સો; કકડો; ટૂકડો. કડકો અને ટૂકડો ઘણું ખરૂં એક જ અર્થમાં વપરાય છે, જો કે ટૂકડો તુચ્છકારપણું બતાવે છે. ટૂકડો એ શબ્દ જમીનના સંબંધમાં વપરાય છે. આવા સંબંધમાં કડકો શબ્દ ટૂકડાની જગ્યાએ વપરાય પણ ટૂકડો શબ્દ કડકો શબ્દના અભાવે કોઈ વખત નથી પણ વપરાતો. પ્રવાહી પદાર્થના ભાગને માટે ટૂકડો કે કડકો શબ્દ વપરાતો નથી, પણ ભાગ અથવા હિસ્સો શબ્દ વપરાય છે. તેમ જ ભાવવાચક નામના સંબંધમાં ટૂકડો કે કકડો શબ્દ ભાગ્યે જ વપરાય છે.

૨. પું. કટકો; જરા જેટલો ભાગ.

૩. પું. બચકું; કવલ; કોળિયો.

૪. વિ. પું. આકરો; તેજ; મિજાજી.

૫. વિ. પું. ખાલી ભપકાવાળો; નિર્ધન; કડક; પૈસાની ખેંચવાળો.

૬. વિ. પું. દેખાવડો; કરડો.

૭. વિ. પું. બહાદુર.

૮. વિ. પું. લુચ્ચો.

કડકોકોર (કડ઼કોકોર) ૧. સ્ત્રી. ખાવાની વસ્તુનો થોડો ભાગ; નાનો કડકો.

૨. વિ. થોડુંઘણું; સહેજસાજ.

કડકોચલી (કડ઼કોચલી) સ્ત્રી. ચામડીનું વળિયું; કરચોલી; કરચલી.

કડકોલાપુરી (કડ઼કોલાપુરી) સ્ત્રી. જૈન મત પ્રમાણે ચોરાશી માંહેની એક જ્ઞાતિ.

કડકોશીર (કડ઼કોશીર) સ્ત્રી. કરકસર; વાપરવાનો સંકોચ; ઓછું વાપરવાનું વલણ; બચાવવાની વૃત્તિ.

કડખા (કડ઼ખા) ૧. (પિંગળ) એક માત્રામેળ છંદ. તેમાં ૧૦, ૧૦, ૧૦ ને ૭ એમ ૩૭ માત્રાની ૪ યતિઓ અને અંતે બે ગુરુ આવે. આ છંદ સિંધુ રાગમાં પણ ગવાય છે. ૧, ૬, ૧૧, ૧૬, ૨૧, ૨૬, ૩૧ અને ૩૬ માત્રાએ તાલ આવે.

૨. સ્ત્રી. કાવ્ય.

૩. સ્ત્રી. વર્ણન.

૪. સ્ત્રી. સ્તુતિગાન; વખાણ; વીરોની પ્રશંસા ભરેલું લડાઈનું ગીત; યુદ્ધનું ગીત. તે સાંભળીને વીરોને લડવાની ઉત્તેજના આવે.

> બંદીજન **કડખા** આવે, શૂણી શૂરા શીશ કપાવે.
>
> ભજનાવલિ

કડખાઉ (કડ઼ખાઉ) વિ. ચીડિયું; ક્રોધમાં જેમ આવે તેમ બોલનારૂં.

કડખાં (કડ઼ખાં) [સં. કટાક્ષ; અપ. કડકખ] ન. બ. વ. મર્મવચન.

કડખું (કડ઼ખું) ન. કાંબી. ઢોડીઆ અને નયચકાની સ્ત્રીઓ કોણીથી કાંડા સુધી તે પહેરે છે.

કડખે (કડ઼ખે) ન. ડફના જેવું એક વાજું.

કડખેદ (કડ઼ખેદ) ૧. પું. કડખો બોલનાર ભાટ.

૨. વિ. અતિ દિલગીર.

પ્રેમશૌર્યમાં મમહાલ કડખેદ બન્યો છે. નર્મદ

કડખૈત (કડ઼ખૈત) ૧. પું. ભાટ; ચારણ.

૨. પું. લશ્કરી એક અમલદાર. તેનું કામ સિપાઈઓને ઉત્તેજન આપવાનું છે.

કડખો (કડ઼ખો) પું. એ નામનો એક રાગ; દુહા જેવી એક વીરરસની રચના.

કડગ (કડ઼ગ) ૧. પું.; ન. એ નામનો એક દેશ.

૨. [સં. કટક] પું.; ન. કંકણ; કડું.

૩. પું.; ન. તળેટી.

૪. પું.; ન. પર્વતની મેખલાનો મધ્ય ભાગ.

૫. પું.; ન. પર્વતનો ઉપલો ભાગ.

૬. પું.; ન. ભીંતનું મૂળ; પાયો.

૭. પું.; ન. લશ્કરને રહેવાનું સ્થાન.

૮. પું.; ન. સમૂહ.

કડચ (કડ઼ચ) ૧. સ્ત્રી. કરચ; કડકી; કકડી.

૨. સ્ત્રી. કરોચલી; કરચલી; વળિયું.

કડચલી (કડ઼ચલી) સ્ત્રી. કરચલી; કરચોલી; વળિયું.

કડચલો (કડ઼ચલો) ૧. પું. કડચલીવાળો કાચબો.

૨. પું. દરિયામાં કે પાણીમાં થતું ઘણા પગવાળું કાચબાના જેવું એક પ્રાણી; કરચલો.

કડચી (કડ઼ચી) સ્ત્રી. કડછી.

કડચોગુંદ (કડ઼ચોગુંદ) પું. એ નામનું એક ઝાડ. તેને બંગાળીમાં ગલગોલ અને હિંદીમાં ગબડી, ગલગલ, ગંગલ, ગનીઆર અને કુંબી કહે છે. ૮ થી ૧૮ ફૂટ ઊંચા આ ઝાડનું સીધું થડ માણસના શરીર જેટલું જાડું હોય છે. તેના ઉપર રાખોડિયા રંગની લીસી છાલ હોય છે. ડાળીઓને છેડે છૂટાં છૂટાં આવતાં ૩થી ૮ ઇંચ લાંબાં પાંદડાં ઉપરથી ચકચકિત, લીસાં ને લીલાં અને નીચે ભૂરા રંગનાં હોય છે. પાંદડાનું વૃંત લાંબું હોય. ડાંખળીને છેડે કળીનાં લૂમખાં હોય છે. ડીંટની ઉપર પાંચ પાંખડી એવી રીતે પાસે પાસે આવેલ હોય છે કે તેનો આકાર પ્યાલા જેવો દેખાય છે. તેનાં સોનેરી પીળા રંગનાં મોટાં ફૂલને પાંચ બૂઠી લંબગોળ પાંદડીઓ હોય અને તેમાં ઘણાં પુંકેસર હોય છે. તેના રતાશ પડતા પરાગકોશને લીધે મધ્યનો ભાગ ખીલી ઊઠે છે. ઠંડી ઋતુમાં પાન ખરી પડે. ફૂલ ઉનાળાની શરૂઆતમાં થવા માંડે. મે થી જૂનમાં ફળ પાકે. છોટાનાગપુર, બુંદેલખંડ, ખાનદેશ, બેલગામ અને હિંદના સૂકા ટેકરાળ પ્રદેશમાં તે થાય છે. સંતલ લોકો તેની છાલના રેસામાંથી દોરડાં બનાવે છે. તેમાંથી પારદર્શક ગુંદર નીકળે છે. હિંદુસ્તાનના લોકો આ ગુંદર વાપરે છે. તેના ફળમાંથી નીકળતા રૂ જેવો પદાર્થ ઓશીકાં અને તકિયા ભરવામાં ઉપયોગી છે. બિયામાંથી લાલ તેલ નીકળે છે. તેનું પોચું લાકડું મશાલ બનાવવામાં ઉપયોગી છે. સંભલપુર તરફ તેનું લાકડું આઠ દિવસ પાણીમાં પલાળી, લોટમાં મેળવી ખોરાક તરીકે લોકો વાપરે છે. તે પુષ્ટિકારક મનાય છે. કેટલીક જગ્યાએ તેનાં બી શેકી ખવાય છે. નાનાં કૂમળાં પાંદડાં વાળ ધોવામાં ઉપયોગી છે. તેનો ગુંદ ઔષધિ તરીકે વપરાય છે. કફમાં તે અસરકારક મનાય છે. તેનું રૂ પોચું અને ઠંડું હોઈ પાટાપટી બાંધવામાં ઉપયોગી છે. તેનાં સૂકાં પાન અને ફૂલ અગ્નિવર્ધક છે.

કડચ્છા (કડ઼ચ્છા) પું. ખોટી વાત; ગપ.

કડછવું (કડ઼છવું) સ. ક્રિ. તાણીને પહેરવું; તંગ પહેરવું; પહેરવાનું કપડું ખેંચીને બાંધવું.

કડછી (કડ઼છી) ૧. સ્ત્રી. કડવા કણબીની એક અટક.

૨. સ્ત્રી. પ્રવાહી ખોરાકને હલાવવાનું અને પીરસવાનું નાની વાટકી જેવા આકારનું ને લાંબા હાથનું એક વાસણ; નાનો કડછો; છેડે વાટકીવાળો મોટો ચમચો.

૩. ન. કડવા કણબીની એ નામની અટકનું માણસ.

૪. વિ. કડવા કણબીની એ નામની અટકનું.

૫. વિ. સ્ત્રી. જરા કડવી; કડવાશવાળી.

૬. વિ. સ્ત્રી. દાઝી ગયાના સ્વાદવાળી.

કડછીપૂર (કડ઼છીપૂર) વિ. કડછીમાં માય તેટલું.

કડછું (કડ઼છું) ૧. વિ. દાઝી ગયાના સ્વાદનું.

૨. વિ. સહેજ કડવાશવાળું.

કડછો (કડ઼છો) ૧. [સં. કુણ્ઠ + સ્થ] પું. (વહાણવટું) આરસાની કૂતી ભરાવી રાખવા માટેનું જબુત્રા ઉપરનું બાંધેલું ગાળીતું.

૨. પું. કછોટો; લંગોટ.

૩. પું. ગપ; ખોટી વાત.

૧. કડછો ઠોકવો = ખોટું બોલવું.

૨. કડછો મારવો = ખોટું બોલવું; ધાપ મારવી.

૪. પું. મોટી કડછી; પીરસવા માટેનુ એક જાતનું સાધન.

કડજ (કડ઼જ) [સં.] પું. એક જાતનો દારૂ.

કડજાડ (કડ઼જાડ઼) પું. કૂતરો હાડકાં કરડતી વખતે થતો અવાજ.

કડજીલ (કડ઼જીલ) પું. સતાર, વીણા જેવાં વાદ્યોમાં પડખેનો તાર.

કડજુગ (કડ઼જુગ) [સં. કૃતયુગ] પું. સત્યયુગ; ૧૭,૨૮,૦૦૦ વર્ષનો આદિ યુગ.

કડજોગિ (કડ઼જોગિ) [સં. કૃતયોગિન્] વિ. ગીતાર્થ; જ્ઞાની.

કડડ (કડ઼ડ઼) અ. એવો અવાજ કરીને. જુઓ કડડડ.

કડડકટ (કડ઼ડ઼કટ) પું. એક પ્રકારનો અવાજ.

કડડડ (કડ઼ડ઼ડ઼) ૧. [સં. કટકટાપયતિ (કચડડ અવાજ કરવો)] અ. આકાશમાં ઉપરાઉપરી થતી ગર્જના.

૨. ન. ઝાડ, ઘર વગેરેના પડવાથી થતો કડડડ એવો અવાજ.

૩. અ. કડડડ અવાજ કરીને.

કડડડભૂસ (કડ઼ડ઼ડ઼ભૂસ) ૧. અ. એકાએક ઓચિંતું તૂટી પડતાં થતો અવાજ; ધડાકો; પાટડો, પાટડી, ભીંત કે મકાન વગેરેના પડવાથી થતો અવાજ.

૨. અ. કડડ એવા અવાજ સાથે; એકદમ.

કડડડાટ (કડ઼ડ઼ડ઼ાટ) અ. કડડ એવા અવાજ સાથે.

કડડધૂબ (કડ઼ડ઼ધૂબ) ન. આંધળિયાં કરી પડવું તે.

કડડભૂસ (કડ઼ડ઼ભૂસ) જુઓ કડડડભૂસ.

કડડા (કડ઼ડ઼ા) સ્ત્રી. એક જાતની છીપ.

કડડુ (કડ઼ડ઼ુ) સ્ત્રી. એક જાતની વનૌષધિ; કાલીકુટલી. તે બે પ્રકારની થાય છે. એક જાત નેપાળમાં અને બીજી રાતા સમુદ્રમાં મળે છે. એક જાતનાં મૂળિયાં ૪ થી ૬ ઇંચ લાંબાં અને માંહેથી કાળાં હોય અને બીજી જાતનાં મૂળિયાં માંહેથી સફેદ હોય.

કડણ ૧. [સં. કટ (બાજુ); પ્રા. કડણ] સ્ત્રી. કઢણ; ખડકની કોર; કરાડ.

૨. સ્ત્રી. કિનારી; કનેરી.

૩. સ્ત્રી. છેડે કાંબીવાળી વાંસની લાકડી.

૪. સ્ત્રી. ટેવ; આદત; લઢણ; હેવા.

૫. સ્ત્રી. પાણીના કોસની લાકડા કે લોઢાની ગોળ કાંબી; કોસના ચામડાના છેડાને વળગાડવામાં આવતું ગોળ લાકડાનું ચક્ર.

૬. વિ. ચીડિયું; મિજાજી.

કડણિ [સં. કઠિન; કઠિને; કઢિણે; કડિણે; કડણે; કડણિ] સ્ત્રી. ચડાવ. આ શબ્દ દેશ્ય જેવો છે, પણ કદાચ સંસ્કૃત કઠિન શબ્દ સાથે તેનો મૂળ સંબંધ હોય.

કડણે [પ્રા.] અ. કને; નજીક; પાસે.

વાહણ જળભૂમેં પડ્યું ડુંગર **કડણે** અઢ રે.
આનંદકાવ્યમહોદધિ

કડતલ (કડ઼તલ) ૧. [સં. કટ (બાજુ) + તલ (તળિયું)] સ્ત્રી. કરતાલ; કડતાલ.
૨. સ્ત્રી. ગપ; ખોટી વાત.
૩. સ્ત્રી. નકામી કૂથલી.
૪. સ્ત્રી. લંબાણ; છેડા કે અંત વગરની વાત; વાતનું લંબાણ.
૫. [સં. કષ્ટતલ] વિ. ખડતલ; ઘડાયેલું; માર ખમી શકે એવું.
૬. વિ. જબરૂં; જોરાવર; મજબૂત.
૭. વિ. તરણાંને તોલે હોય એવું; તુચ્છ.
૮. વિ. સહનશીલ; ખમી શકે એવું.
૯. વિ. હલકું; પાજી.

કડતલું (કડ઼તલું) ન. કપાસની સાંઠીનો ગૂંથેલો પડદો; કટલું; કડો.

કડતાલ (કડ઼તાલ) ૧. સ્ત્રી. મોટી મોગરી; નાના હાથાવાળો લાકડાનો હથોડો.
૨. ન. નાશ.
૩. [સં. કર (હાથ) + તાલ] ન. હાથ વડે વગાડાતું વાદ્ય; લાકડાની બે ચીપ વચ્ચે નાનાં ઝાંઝર ગોઠવેલાં હોય અને વાગે એવું એક વાદ્ય.

કડતીનાં પાટિયાં (કડ઼તીનાં પાટિયાં) ન. બ. વ. વહાણના બહારના ભાગમાં એ નામનો લાકડાનો એક ભાગ.

કડત્ર (કડ઼ત્ર) ૧. [સં.] ન. એક જાતનું ઠામ.
૨. ન. કડ.
૩. ન. પત્ની.
૪. ન. સ્ત્રી.

કડદાકૂટ્ડું (કડ઼દાકૂટ્ડું) વિ. ખાઈને ખૂંદે છતાં કામ ન કરે એવું.

કડદો (કડ઼દો) ૧. [સં. કટ (બાજુ) + દાય (ભાગ)] પું. ઓછું આપવું તે; કાટલું; ઘટ આપવી તે; ખુટામણ.
કડદો આપવો = ઘટાડો આપવો; ઓછું કાપીને આપવું.
૨. પું. કપાત; છૂટ; કીમતમાં કાપકૂપ.
૩. પું. ખટપટ; ગૂંચવણ; આંટી.
૪. પું. ખરાબ વસ્તુ.
૫. પું. નુકસાની.
૬. પું. સોદામાં તકરાર પડતાં તટસ્થ માણસથી કરાતી કાપકૂપ.
૭. પું. મિશ્રણ; ભેગ; ભેળ.
૧. કડદો કરવો = (૧) કાટલું કાઢવું. (૨) છૂટ મુકવી. (૩) ભેળવવું; મિશ્રણ કરવું.
૨. કડદો મેળવવો = ભેળવવું.
૮. પું: મુકાણ; છૂટછાટ.
૯. પું. મેલ; કચરો; કીટું; ગંદવાડ.
કડદો ઉતારવો = મેલ કાઢી નાખવો.
૧૦. પું. વાંધો.

કડપ (કડ઼પ) ૧. પું. કડપલું.
૨. [અ. કરબ (દાબ)] પું. કરબ; વજન; ભાર; બોજ.
૩. પું. ત્રાસ; દમ; બીક.
૪. [અ. કર્બ (શોક કરવો)] પું. દાબ; ધાક.
૫. પું. ધાતુની સાંકળનો એક જાતનો ઘાટ.
૬. પું. રોફ; રૂઆબ; પ્રભાવ.
૭. પું. હુકમ.

કડપકડપ (કડ઼પકડ઼પ) વિ. પગનાં તળિયાંથી કેડ સુધી પહોંચે તેટલું ઊંડું.

કડપચેન (કડ઼પચેન) ૧. પું. ડોકમાં પહેરવાનું એક ઘરેણું; એક જાતનો હાર.
૨. પું. સ્ત્રીઓને પગમાં પહેરવાનું રૂપાનું સાંકળું.

કડપતા (કડ઼પતા) ૧. સ્ત્રી. ત્રાસ; બીક.
૨. સ્ત્રી. રોફ; રૂઆબ.

કડપલી (કડ઼પલી) સ્ત્રી. નાનું કડપલું.

કડપલું (કડ઼પલું) ૧. ન. છોડને કાપી કાપીને ખેતરમાં થોડે થોડે છેટે કરાતા ઢગલા.
૨. ન. ચોસલું.
૩. ન. પડ; અસ્તર.
૪. ન. મૂળ ઉપર આવેલું ફોતરૂં.
૫. ન. રાંધેલા અન્નનો વાસણમાં ચોટેલો પોપડો; કપોટી.

કડપસાંકળાં (કડ઼પસાંકળાં) ન. રૂપાની સાંકળીનું બનાવેલ સ્ત્રીના પગમાં પહેરવાનું ઘરેણું.

કડપ્પ (કડ઼પ્પ) પું. સમૂહ; જથ્થો.

કડપ્પા (કડ઼પ્પા) ન. એક ગામનું નામ.

કડપ્રોથ (કડ઼પ્રોથ) પું. (ડિંગળ) નિતંબ; ફૂલો.

કડબ (કડ઼બ) ૧. [દે. કડપ્પો (ઢગલો); પ્રા. કરબ] ન. જાર બાજરીના સૂકા સાંઠા; સૂકું ઘાસ કે રાડાંનો પૂળો.

સૂકાં ખડ, ચણા નિ કોરડી,
પૂલી **કડબ** અપાર. કાન્હડદેપ્રબંધ

૧. કડબનાં કાલરાં = મોટા ઢગલા.
૨. કડબની બાબત = ખેડુ પાસેથી દર સાંતીએ અમુક પૂળા કડબના લેવાનો રિવાજ. કોઈ ઠેકાણે કડબ બદલ રોકડ રકમ પણ લેવાય છે.
૨. ન. ધાક; કરપ.
૩. ન. સરોડાનો ભારો.

કડબકાલર (કડ઼બકાલર) ન. કડબ અને કાલર; જાર બાજરાનાં રાડાં કે કડબ અને મગફળીના છોડ સહિતના મોટા ઢગલા ને કાલરાં.

કડબપટ્ટી (કડ઼બપટ્ટી) સ્ત્રી. કડબ ઉપર લેવાતો કર.

કડબવેરો (કડ઼બવેરો) પું. કડબ ઉપર લેવાતો કર; કડબપટ્ટી.

કડબિયો (કડ઼બિયો) પું. કડબ વેચનારો માણસ.

કબાડી બહુ **કડબિયા,** ને ગળિયારા ગોવાળ.
રત્નદાસ

કડબી (કડ઼બી) ૧. સ્ત્રી. એક જાતનું બરૂ જેવું ખડ. તેને ઢોર બહુ ખાતાં નથી.
૨. સ્ત્રી. જાર બાજરાના સૂકા સાંઠા.

કડબીર (કડ઼બીર) સ્ત્રી. સ્વીડન, સ્કોટલંડ અને ઈંગ્લંડમાં ઊગતા એક જાતના ઝાડનાં દીંડવાંમાંથી બનાવાતી એક ભૂકી. તે પાકા રંગના કામમાં બહુ ઉપયોગી છે.

કડબુ (કડ઼બુ) ન. બાજરા જેવો દેખાતો એક છોડ. પાકે ત્યારે તે રાતું થાય અને સુકાય ત્યારે અડવાથી કાતળીએ કાતળી ભાંગી જાય.

કડમ (કડ઼મ) સ્ત્રી. એક જાતની ભાજી.

કડમડ (કડ઼મડ઼) સ્ત્રી. સહેજ માંદગી.

કડમડવેલ (કડ઼મડ઼વેલ) સ્ત્રી. ખાટખટૂંબો; આંબલીવેલ.

કડલિયાં ન. બ. વ. પુરુષને હાથમાં પહેરવાનાં રૂપાનાં ઘરેણાં.

કડલી ૧. સ્ત્રી. એક જાતની ભાજી.
૨. સ્ત્રી. નાનું કડું.
૩. સ્ત્રી. સૂંડલી.
૪. [સં. કટક; દે. કડચ્છૂ] સ્ત્રી. સ્ત્રીઓનું પગમાં પહેરવાનું રૂપાનું ઘરેણું.
૫. સ્ત્રી. હાથનું એક ઘરેણું; નાના છોકરાના હાથનું પાતળું ને ગોળ ઘરેણું; કલ્લી.

કડલીબ્યાવી સ્ત્રી. ચણાની દાળ.

કડલું ન. સ્ત્રીઓને પગે પહેરવાનું ઘરેણું; કલ્લું.

કડલો પું. કોળી; અંગૂઠા અને આંગળી વચ્ચે સમાયેલ જથ્થો.

કડવ (કડ઼વ) ન. એક જાતનું વાદ્ય.

કડવક (કડ઼વક) [સં.] વિ. કડવું.

કડવણી (કડ઼વણી) સ્ત્રી. કનડગત; હેરાનગતિ; પજવણી.

કડવસી (કડ઼વસી) સ્ત્રી. કડછી.

કડવળિયું (કડ઼વળિયું) ન. દોરડાંને વળ દેવાનું લાકડાના બે કટકાનું સાધન.

કડવંચા (કડવંચા) ન. ચ. વ. કડવંચીનાં ફળ. તે દ્રાક્ષ જેવડાં થાય અને પિત્તકર તથા રુચિકર હોય છે.

કડવંચી (કડ઼વંચી) [સં. કટુહંચી] સ્ત્રી. મહારાષ્ટ્ર, મ્હૈસુર અને કોંકણમાં થતો એક જાતનો વેલો. જમીનમાં તેના મૂળમાં કાંદો થાય છે. આ વેલા સુકાઈ ગયા પછી પણ બીજે વર્ષે એના કાંદાને અંકુર ફૂટી તેનો વેલો થાય. એ વેલા ઉપર દ્રાક્ષ જેવાં રંગે લીલાં ફળ થાય છે. તેમાં બારીક બી હોય તે સ્ત્રીઓના રોગ ઉપર કામમાં આવે છે. તેનાં કંદ ઉષ્ણ, રુચિકર, અગ્નિદીપક, વૃષ્ય ને સારક છે. તે અર્શ, મળાવરોધ, મળગ્રંથિ, યોનિદોષ સુધારે છે. મોટી માત્રામાં તે ગર્ભપાતક છે. અનાજનાં ખેતરમાં આ વેલા ઊગી નીકળે છે. તેની ભાજી સ્વાદદાર બને છે.

કડવા (કડ઼વા) ૧. પું. કણબીની એક જાત. કણબી શબ્દ કૂર્મીનો અપભ્રંશ મનાય છે. કૂર્મ ઋષિના વંશજો કૂર્મી કહેવાયા. કૂર્મ એટલે કણબીમાં પાટીદારોનો સમાવેશ થાય છે. કણબીનો મુખ્ય ધંધો જમીન એટલે પાટી ધારણ કરવી અથવા ખેતી કરવી એ હોવાથી કણબી પાટીદાર પણ કહેવાયા. આ કૂર્મીઓ પંજાબના કરડ વિભાગમાં રહેતા હતા. તેઓના વંશજો આજ સુધી કરડ વિશેષણ ધારણ કરી રહ્યા છે. પંજાબ ઉપર વિદેશીઓનાં આક્રમણો થવાથી ત્યાંના કૂર્મીઓને પંજાબ છોડવું પડ્યું, પરંતુ પોતાની અસલ ભૂમિ અને જાત ભુલાઈ ન જાય તેટલા માટે કરડ વિભાગના અસલ વતનીઓ કરડવા કૂર્મી અને લેયા વિભાગના કૂર્મીઓએ લેયાકૂર્મી વિશેષણો ધારણ કર્યાં. ગુજરાતમાં હાલ સિદ્ધપુર તાલુકામાં જ્યાં ઉંઝા ગામ છે તે ભાગમાં કૂર્મીઓની કેટલીક ટોળીઓ આવીને વસવા લાગી. ત્યાં પણ પંજાબ અને ત્યારપછી ઉત્તર હિંદુસ્તાનના જે જે ભાગોમાંથી તે આવેલા તે અસલ વતનના નામથી તેઓ સાખો હજુ જાળવી રહ્યા છે. કડવા પોતાની ઉત્પત્તિ વિષે કહે છે કે ઉમાએ માટીનાં પૂતળાં બનાવ્યાં, શિવે તેમને સજીવન કરી એક ગામમાં વાસ આપ્યો. એ લોકે તે ગામનું નામ ઉમિયા આપ્યું ને ત્યાં દહેરૂં બંધાવ્યું. બીજી જ્ઞાતિઓ માફક એમનામાં દર વર્ષે લગ્ન થતાં નથી, પણ બાર બાર વર્ષને અંતરે થાય છે. કોઈ વખતે નવ કે પંદર વર્ષને અંતરે પણ થાય છે. એક વખત લગ્નગાળો જાય પછી નવ વર્ષ સુધી લગ્ન થતાં નથી. દશમા વર્ષની શરૂઆતમાં જ્ઞાતિનો પટેલ ઉંઝામાં આવેલ કડવાની કુળદેવી ઉમિયાના મંદિરમાં જાય. ત્યાં જઈ ચાલુ સાલ તથા લગ્નગાળા પછી બારમી અને પંદરમી સાલના આંકડા જુદી જુદી ચિઠ્ઠીઓ ઉપર લખી તે ચિઠ્ઠીઓ બંધ કરી માતા આગળ મૂકે છે. માતાનો પૂજારી એમાંથી એક ચિઠ્ઠી ઉપાડે અને એમાં જે સાલ નીકળે તે વર્ષમાં લગ્નો કરવાની માતાની ઇચ્છા છે અને દેવી બોલ્યાં એમ ગણાય છે. પછી જોષી એ વર્ષના વૈશાખ મહિનામાં એક મૂહુર્ત જોઈ આપે, કારણ કે કણબીઓ ખેડૂત હોઈને એમને વૈશાખ મહિનામાં ફુરસદ હોય છે. એ એક જ મુહૂર્તે આખી જ્ઞાતિનાં સમસ્ત કુંવારાં છોકરા છોકરીઓનાં લગ્ન કરી દેવામાં આવે છે. જો કન્યાને માટે વર ન મળે તો ફૂલના દડા સાથે પરણાવી એ દડાને લગ્નવિધિ પછી કૂવામાં નાંખી દેવામાં આવે છે, અથવા તો કોઈ પરણેલા પુરુષ સાથે કન્યાનું લગ્ન કરવામાં આવે છે, અને વિધિ થઈ રહેતાં જ એ પુરુષ છેડો ફાડી આપે છે. પછી એ કન્યા વિધવા જેવી ગણાય છે અને નાતરાના વિધિથી એને મોટી થતાં ગમે ત્યારે પરણાવી શકાય છે. નાતરા માટે દેવીની સંમતિની જરૂર રહેતી નથી. દેવી બોલે તે પછી જો બાળક કુંવારૂં રહી જાય તો એના ઉપર માતાનો કોપ ઊતરે એમ મનાય છે. કેટલીક વાર વગર જન્મેલાં બાળકોનાં લગ્ન પણ કરવામાં આવે છે. એટલે બે ગર્ભવતી સ્ત્રીઓ લગ્નવિધિ કરે છે અને જો એકને છોકરો અને બીજીને છોકરી થાય તો એ સાચું જ લગ્ન ગણાય છે.

૨. [સં. કટુ] વિ. કડવું; કટુ.

૧. કડવા–કસેલા–દિન = દુઃખના દિવસ.

૨. કડવા કસૈલા = (૧) કડવું અને બેસ્વાદ. (૨) નિર્દય.

૩. કડવા બોલ = કર્કશ શબ્દ.

૪. કડવી ખીચડી–રોટી = જેના ઘરમાં મરણ થયું હોય તેનાં સગાંઓએ મોકલેલો ત્રણ દિવસનો ખોરાક.

૫. કડવું કરવું = નામરજીથી ખર્ચવું.

૬. કડવું તેલ = રાઈ અથવા સરસવનું તેલ.

૭. કડવું થવું = (૧) કડવું બનવું. (૨) ગુસ્સે થવું.

૮. કડવું દિલ કરવું = શાંતિથી સહન કરવું.

૯. કડવું લાગવું = (૧) માઠું લાગવું. (૨) સ્વાદમાં કડવું લાગવું.

૧૦. કડવે કસેલે દિન = સખ્ત અને ક્રૂર વખત.

૧૧. કડવે વેલે ફળ ઘણાં = કડવા વેલામાં બહુ ફળ આવે છે.

૩. વિ. ખારૂં.

૪. વિ. તેજ; આકરૂં.

૫. વિ. બહાદુર.

૬. વિ. બેસ્વાદ.

૭. વિ. મજબૂત.

૮. વિ. સખ્ત હૃદયનું; કઠોર.

કડવા ઇંદ્રજવ (કડ઼વા ઇંદ્રજવ) ન. ઇંદ્રજવની એક જાત.

કડવાઈ (કડ઼વાઈ) ૧. સ્ત્રી. કજિયો; કુસંપ; ઝેર.

૨. સ્ત્રી. કડવાપણું; કડવાશ.

૩. સ્ત્રી. વિરોધ; આડાઈ.

કડવા ખરખોડા (કડ઼વા ખરખોડા) પું. વિખડોડી.

કડવાગોખરૂ (કડ઼વાગોખરૂ) પું. એક જાતનો ચીકણો છોડ. એની શાખા જમીન ઉપર ઢળેલી, ફૂલ પીળાં અને લોલક જેવાં કાંટાવાળાં મૂળ કેસરિયા રંગનાં હોય છે.

કડવાઝહર (કડ઼વાઝહર) વિ. ઝેર જેવું કડવું.

કડવાટ (કડ઼વાટ) ૧. [સં. કટુ (આકરૂં) + વૃત્તિ (સ્થિતિ)] પું.; સ્ત્રી. કડવો સ્વાદ; કડવાપણું; કડવાશ; કટુતા.

૨. પું.; સ્ત્રી. દ્વેષ; ખાર; અંટસ.

કડવાટવું (કડ઼વાટવું) ૧. સ. ક્રિ. કડવું થાય એમ કરવું.

૨. સ. ક્રિ. કરિયાતું, ઇંદ્રજવ વગેરે કડવાટ પાવું.

૩. સ. ક્રિ. ટેવ પાડવી.

કડવાણ (કડ઼વાણ) ૧. સ્ત્રી. આંખનો કદાપો.

૨. સ્ત્રી. કડવાશ.

૩. સ્ત્રી. કડવો પદાર્થ.

કડવાણી (કડ઼વાણી) ૧. પું. એક જાતનો છોડ.

૨. સ્ત્રી. કડવા કણબીની એક અટક.

૩. સ્ત્રી. કડવી દવા; કડવું ઓસડ.

૪. સ્ત્રી. પ્રસવ થયા પછી ગર્ભાશયમાંથી રુધિર સાથે પ્રવાહીનું વહેવું તે.

૫. ન. કડવા કણબીની એ નામની અટકનું માણસ.

૬. વિ. કડવા કણબીની એ નામની અટકનું.

કડવાનીમ (કડ઼વાનીમ) વિ. ઝેર જેવું કડવું.

કડવાપન (કડ઼વાપન) ૧. સ્ત્રી. કડવાશ.

૨. સ્ત્રી. કડવો સ્વાદ.

કડવાબદામ (કડ઼વાબદામ) સ્ત્રી. એ જાતની કડવી બદામ. કડવી બદામનું વાવેતર કરવામાં આવતું નથી પણ મીઠી બદામમાંથી ચૂંટી લેવામાં આવે છે.

કડવાબોલું (કડ઼વાબોલું) વિ. કડવું બોલતું; અપ્રિયવાદી.

કડવાલી (કડ઼વાલી) સ્ત્રી. ખડની સાવરણી.

કડવાવેલા (કડ઼વાવેલા) પું. એક જાતનો અડબાઉ કડવો વેલો. તે ઢોર ખાતાં નથી.

કડવાશ (કડ઼વાશ) ૧. સ્ત્રી. અણબનાવ; દુશ્મનાઈ; અંટસ; દ્વેષ; વેર.

૨. સ્ત્રી. સહેજ કડવો સ્વાદ; કડવાપણું; કટુતા.

કડવાસ (કડ઼વાસ) જુઓ કડ઼વાશ.

કડવાહટ (કડ઼વાહટ) ૧. [હિં.] સ્ત્રી. કડવું હોવાપણું.

૨. સ્ત્રી. કડવો સ્વાદ.

કડવાંતુમડાં (કડ઼વાંતુમડ઼ાં) ન. એક જાતનો વેલો.

કડવાં તુંબાં (કડ઼વાંતુંબાં) ન. બ. વ. એ નામનું એક મોટું ફળ. તેમાં કડવાં અને મીઠાં, લાંબાં ને જાડાંની જાત થાય છે. મીઠાંનું શાક થાય છે. સુકાયેલાં તુંબાં તંબૂરા બનાવવા તથા તરતાં શીખનારની કમરે બાંધવા વપરાય છે. કડવાં ફળોની અંદર તેલ, પાણી કે બીજી વસ્તુ રાખવામાં આવે તો તે ખાવાપીવામાં ન વપરાય, કારણકે તેમાં તે વધુ વખત રહે તો તેનો રેચક અને ઝેરી ગુણ તે પદાર્થોમાં આવે છે. કડવાં તુંબાં તીવ્ર રેચક, વામક, મૂત્રલ અને પિત્તઘ્ન છે. તેનો ગર સોજા અને શરીરે બળતરા થાય તે ઉપર ચોપડવામાં વપરાય છે. તેનો રસ તેલમાં સિદ્ધ કરી તે તેલ નાડીવ્રણ, મગજના રોગ, ઉન્માદ, સંનિપાત, ગાંડપણ વગેરે માટે માથા ઉપર ચોપડાય છે.

કડવાં તૂરિયાં (કડ઼વાં તૂરિયાં) ન. બ. વ. એક જાતનો વેલો. એનાં ફળોને દિવાળા પણ કહે છે. કડવાં તૂરિયાંનો વેલો તૂરિયાંના વેલા જેવો હોય છે. એ વેલાનાં પાંદડાં, ફૂલ અને ફળ તૂરિયાં કરતાં નાનાં હોય છે. આ ફળ ઘણાં જ કડવાં હોય છે. આ વેલો વર્ષાઋતુમાં આપોઆપ ઊગે છે. કડવાં તૂરિયાં શીત, સહેજ તીખાં, તૂરાં અને કડવાં છે. એ પક્વાશય, આધ્માનવાયુ અને મલાશયની શુદ્ધિ કરનાર તથા લઘુ અને રુક્ષ છે, તેમ જ વાયુ, કફ, પિત્ત, પાંડુ, વિષદોષ, યકૃત, કુષ્ઠ, અર્શ, સોજો, ઉધરસ, ઉદરરોગ, કમળો અને ગુલ્મનો નાશ કરનાર મનાય છે. તેનાં ફળ ભેદક, તીખાં, કડવાં, સ્નિગ્ધ તેમ જ દીપન છે, અને કાસ, શ્વાસ, અરુચિ, મેહ, જ્વર, કુષ્ઠ, કફ, પિત્ત અને વાયુનાં નાશક છે. બીજ મસ્તકશુદ્ધિ કરનાર છે. વિષ ઉપર તેનો કાઢો ઘી નાખી પીવાથી ઊલટી થઈ વિષ ઊતરે.

કડવી (કડ઼વી) ૧. સ્ત્રી. એક જાતની કડવી વેલ; ગળો.

કડવીની વેલમાં મોગરાની આશા રાખવી = ખરાબમાંથી સારાની આશા રાખવી.

૨. સ્ત્રી. કચરો.

૩. સ્ત્રી. ખાદી.

૪. સ્ત્રી. ઘાટું વાવેલું અને ચારા માટે કાચું કાપેલું ઘાસ.

૫. સ્ત્રી. તુંબડીનો વેલો; એક જાતનો શાકનો વેલો.

૬. સ્ત્રી. પરાળ.

૭. [સં. કુડમ્બ] સ્ત્રી. (હિંદી) હાથી અને શીંગડાંવાળાં પ્રાણીના ખોરાક તરીકે વપરાતા જુવાર બાજરીના સાંઠા.

૮. વિ. કડવું.

૯. વિ. ખારૂં.

૧૦. વિ. તેજ; આકરૂં.

૧૧. વિ. બેસ્વાદ.

કડવીકકડી (કડ઼વીકકડ઼ી) [હિં.] સ્ત્રી. કડવી કાકડી.

કડવીકવચ (કડ઼વીકવચ) સ્ત્રી. દક્ષિણ કોંકણ, મલબાર, ગોવા વગેરે સ્થાને થતું એક જાતનું ઝાડ. તેનાં સીતાફળ જેવાં અને રાતાં ફળનાં બીઆંમાંથી નીકળતું તેલ ચૈટેલ કહેવાય છે અને તે કડવું હોવાથી બાળવાના ઉપયોગમાં લેવાય છે. આ તેલમાં લોહી શુદ્ધ કરવાનો ગુણ છે અને ગરમી, ચાઠાં, ફોલ્લા પર અકસીર દવા મનાય છે. એનાં પાંદડાં સીતાફળી જેવાં પરંતુ તે કરતાં મોટાં હોય છે.

કડવીકવઠ (કડ઼વીકવઠ) જુઓ કડવીકવચ.

કડવીકંદૂરી (કડ઼વીકંદૂરી) [હિં.] સ્ત્રી. કડવીઘોલી; કડવીઘીસોડી.

કડવીકુંવાર (કડ઼વીકુંવાર) સ્ત્રી. એક જાતનો છોડ. તેનાં પાન અને શેલરાંનું અથાણું થાય અને રસમાંથી એળિયો બને.

કડવીકોઠીમડી (કડ઼વીકોઠીમડ઼ી) સ્ત્રી. એક જાતનો ચીભડા જેવો વેલો. તેની અંદર થતાં ઝીણાં પાકાં મીઠાં ફળ ખવાય છે.

કડવીકોળી (કડ઼વીકોળી) સ્ત્રી. એક જાતનો વેલો. તેમાં થતાં કોળાં સ્વાદે કડવાં હોવાથી ઔષધિમાં વપરાય. તેનાં તુંબડી તથા તંબુરા માટેનાં તુંબડાં બનાવાય છે. રતાંધળાપણા માટે તેને બાળી તેની રાખને મધમાં ભેળી આંજવામાં આવે છે.

કડવીખડખોટી (કડ઼વીખડ઼ખોટી) સ્ત્રી. એક જાતનો વેલો. તેની સૂકી શીંગ ખડખડે માટે તેને ખડખોટી કહે છે.

કડવીખીચડી (કડ઼વીખીચડ઼ી) સ્ત્રી. જેને ત્યાં મરણ થયું હોય તેને ત્યાં તેનાં સંબંધી તરફથી બે ત્રણ દિવસ સુધી મોકલાતું ભોજન.

કડવીગલકી (કડ઼વીગલકી) સ્ત્રી. ગલકાના જેવો એક જાતનો વેલો. તેનાં ફળ ગલકાનાં જેવાં પણ કડવાં હોય છે. તેનાં મૂળનો અથવા પાલાનો કાઢો કરી મધ નાખી પાવાથી વમન થઈ બધી જાતનાં વિષ ઊતરે છે. બધી જાતની બરોળ અને સોજા ઊપર તેનાં પાંદડાંનો રસ સાકર નાખી ખપાય છે.

કડવીગીસોડી (કડ઼વીગીસોડ઼ી) સ્ત્રી. એક જાતનો વેલો.

કડવીઘીલોડી (કડ઼વીઘીલોડ઼ી) ૧. સ્ત્રી. એ નામના વેલાનું ફળ.

૨. [સં. કર્કોટકી] સ્ત્રી. એક જાતનો વેલો; ઘોલી. તેનાં પાન, ફૂલ, મૂળ ઔષધીય ગુણવાળાં છે.

કડવીઘીસોડી (કડ઼વીઘીસોડ઼ી) સ્ત્રી. એક જાતનો વેલો; મહાજાલી; કડુદોકડી. કાઠિયાવાડમાં તે ઝુમખડાં ને ગુજરાતમાં કડવાં તૂરિયાંનાં નામથી ઓળખાય છે. તેનાં ફૂલ પીળાં, અને બી તરબૂચનાં બી જેવાં કાળાં હોય છે. દવામાં રેચ, ઊલટી માટે વપરાય છે. વરસાદની ઋતુમાં એની મેળે ઊગી નીકળે. હડકાયેલા કૂતરાના ઝેર, દાંતમાંના કીડા અને આધાશીશી ઉપર તે કામમાં આવે છે. કમળો થયો હોય ત્યારે તેના રસનાં ટીપાં નાકમાં નખાય છે.

કડવીઘોલી (કડ઼વીઘોલી) સ્ત્રી. બારે માસ થતો એક જાતનો વેલો. તેનાં ફૂલ ધોળાં અને ફળ લીસાં, ચમકતાં લંબગોળ હોય છે. એનાં મૂળ રક્તપિત્ત અને ક્ષય ઉપર કામ આવે છે. મૂળ અથવા પાંદડાંનો કાવો કરી પાવાથી ઊલટી થઈ વિષ ઊતરે.

કડવીછૂંછડી (કડ઼વીછૂંછડ઼ી) સ્ત્રી. એક જાતનો છોડવો. એનાં બીજ કાળા રંગનાં ને કડવા સ્વાદવાળાં હોય છે. તેનાં પાનનું શાક થાય.

કડવીજીરી (કડ઼વીજીરી) સ્ત્રી. જીરાની કડવી એક જાત; કાળીજીરી. જુઓ કાળીજીરી. આ છોડ શુમારે બે ત્રણ હાથ ઊંચા અને સીધા વધે છે. એ છોડનો દાંડો જરા બારીક હોય અને તેનાં જીંડવાનાં રૂંછાંમાં જીરૂં હોય છે. તે ઉષ્ણ, તૂરું, તીખું, સ્તંભક ને કૃમિનાશક હોય છે અને વાયુ, કફ તથા વ્રણનો નાશ કરે છે. આનો ભૂકો કપડાં ઉપર છાંટવાથી જંતુ લાગતાં નથી. લીંબુના રસમાં વાટી માથામાં લગાડવાથી જૂ અને લીખો નાશ પામે.

કડવીઝીંઝવી (કડ઼વીઝીંઝવી) સ્ત્રી. એક જાતનું ઘાસ.

કડવીતુરઈ (કડ઼વીતુરઈ) [હિં.] સ્ત્રી. કડવાં તૂરિયાં.

કડવીતૂંબડી (કડ઼વીતૂંબડ઼ી) ૧. સ્ત્રી. એક જાતનો વેલો. તેનાં મૂળ અને પાન પાણીમાં વાટી પાવાથી ઝેર ઊતરે. તૂંબડાં પાણીમાં તરવાને અને તંબુરા અને કમંડળ બનાવવામાં વપરાય છે. પાન માથાના દુખાવા ઉપર બાંધવામાં વપરાય. આ તૂંબડી તીખી, શીતલ, કડવી, ઉધરસની નાશક તથા વાયુ, સોજો, વ્રણ, વિષ, શૂલ અને પિત્તજ્વરનો નાશ કરનાર મનાય છે.

૨. ન. એ નામના વેલાનું ફળ. તેનાં ગર તથા બી ઔષધ તરીકે વપરાય છે. ગર રેચક તથા વામક અને બી શીતળ હોય છે.

કડવીતૂંબી (કડ઼વીતૂંમી) [હિં.] સ્ત્રી. કડવી તૂંબડી.

કડવી દૂધી (કડ઼વી·દૂધી) સ્ત્રી. કડવી નઈ; કડવીતૂંબડી. જુઓ કડવીતૂંબડી.

કડવી નઈ (કડ઼વી નઈ) ૧. સ્ત્રી. એક જાતની જડીબુટ્ટી. તેની ગાંઠ ઘરમાં રાખી હોય છતાં સુકાતી નથી. વીંછીનું ઝેર ઉતારવામાં તે ઉપયોગી છે.

૨. સ્ત્રી. એક જાતનો વેલો. તેના મૂળમાં ગાંઠ થાય છે. એને મોગરા જેવાં ફળ આવે છે. તેનાં પાન ૩ થી ૫ ખૂણિયાંવાળાં ધોલાનાં પાન જેવાં પણ નાનાં હોય છે. ફૂલ નર ને માદા ઘણું કરી એક જ પત્રકોણમાંથી નીકળેલાં પીળા રંગનાં હોય છે. ફળ વચમાં સિંદૂરિયા રંગનાં અને ઉપર નીચે લીલા રંગનાં હોય છે. પંજાબ, સિંધ, ગુજરાત, કચ્છ, અને દક્ષિણ હિંદમાં ચોમાસામાં આ થાય છે. તેનાં કંદ બહુ કડવાં હોય છે. તે વિષઘ્ન, કૃમિઘ્ન, રેચક, વામક, મૂત્રલ, જ્વરઘ્ન અને શોધક છે. સર્પદંશ માટે તે હિંદમાં જાણીતી દવા છે. હડકાયા કૂતરાનું, વીંછીનું તથા બીજાં ઝેરો ઉતારવા તે અપાય છે. ધાતુ બગાડ માટે તે સારી દવા કહેવાય છે. તેનો ક્વાથ વિસ્ફોટક, ઉપદંશ, લોહવિકાર, સંધિવા, અતિસાર, સંગ્રહણી, મરડો, મરકી, કોલેરા તથા ઉદરરોગમાં સારું કામ કરે. તેનું ચૂર્ણ ૧ ડ્રામ અને અર્ક ૧૦થી ૩૦ ટીપાં અપાય. મોટી માત્રામાં તે આંતરડામાં છિદ્રો પાડે છે. જીરું, ડુંગળી અને એરંડ તેલ સાથે સંધિવા ઉપર ચોપડાય.

૩. સ્ત્રી. એક વનસ્પતિ; મામેજવો.

૪. ન. એક જાતના વેલાનું ફળ. તેનાં મૂળની ગાંઠ શોધક તરીકે વપરાય. તે પાવાથી જીર્ણ જ્વર મટે. હાથ પગના દાહમાં તથા નબળાઈના સોજા ઉપર તે ચોપડાય.

કડવીનાઈ (કડ઼વીનાઈ) જુઓ કડવીનઈ.

કડવીનેવરી (કડ઼વીનેવરી) સ્ત્રી. એક જાતનો વેલો.

કડવીપખ (કડ઼વીપખ) સ્ત્રી. પુનર્વસુ અને પૂર્વાના પહેલા પંદર દિવસ. તે પંદર દહાડામાં પડતા વરસાદથી પાકને નુકસાન થાય.

કડવીપટોલ (કડ઼વીપટોલ) સ્ત્રી. એ નામની કુષ્માણ્ડાદિ વર્ગની ઔષધોપયોગી એક વનસ્પતિ.

કડવીપરવલ (કડ઼વીપરવલ) સ્ત્રી. એક જાતનો વેલો. આ વેલા કંટોલી જેવા થાય છે. ફળ કડવાં થાય છે. આને કડવી પાડર પણ કહે છે.

કડવીપાડર (કડ઼વીપાડર) સ્ત્રી. એક જાતનો વેલો. તેમાં પાનની સામસામી દિશાએ ઝીણા તારનાં ગૂંછળાં જેવા તંતુ નીકળે છે. તેની મદદથી તે પાસેના ઝાડ ઉપર ચડે છે. તેનાં પાન પહોળાં ૫ થી ૭ ખાંચાવાળાં હોય છે. તેમાં ધોળા રંગનાં ફૂલ આવે. આખા છોડમાં અણગમતી કડવી વાસ હોય છે. તેમાં કારેલાં જેવાં રાતાં ફળ થાય.

કડવીબદામ (કડ઼વીબદામ) સ્ત્રી. એક જાતના ઝાડનું કડવું ફળ. કડવી બદામ ઝેરી હોઈ ખાવામાં વપરાતી નથી. કડવી બદામનું તેલ ચામડીના રોગ અને ખરજ ઉપર કામમાં આવે છે.

કડવીબામ (કડ઼વીબામ) સ્ત્રી. એ નામની ઔષધોપયોગી એક વનસ્પતિ.

કડવીભાજી (કડ઼વીભાજી) પું. અર્ધાથી દોઢ ફૂટ ઊંચો ધોળાં ફૂલ ને ગોળાઈ લેતાં ફળવાળો એક જાતનો કડવો છોડવો.

કડવીરોટી (કડ઼વીરોટી) સ્ત્રી. જેને ત્યાં મરણ થયું હોય તેને ત્યાં તેનાં સંબંધી તરફથી બે ત્રણ દિવસ સુધી મોકલાતું ભોજન; કડવી ખીચડી.

કડવીલૂણી (કડ઼વીલૂણી) સ્ત્રી. એક જાતનો વેલો.

કડવીવાણી (કડ઼વીવાણી) સ્ત્રી. કડવી દવા.

કડવીસેના (કડ઼વીસેના) સ્ત્રી. પીલુનાં જેવાં પાન અને સફેદ ફૂલવાળો એક જાતનો છોડ. તેનાં ગોળ ફળ દવામાં વપરાય છે.

કડવું (કડ઼વું) ૧. [સં. કટ (બાજુ)] ન. એક આખ્યાનનો એકેકો ભાગ; પ્રકરણ; અધ્યાય.

૨. [સં. કલાપ; દે. કડપ્પ] ન. એક જ રાગના કાવ્યની કેટલીક કડીઓનો સમુદાય; કવિતાનું એક નાનું પ્રકરણ; એક પ્રકારનો કાવ્યપ્રબંધ. કડવાની બધી લીટી એક જ રાગમાં ગવાય.

૩. ન. એક જાતનો રાગ.

૪. ન. કવિતાની કડીનો એક ભાગ; ટૂક.

૫. [સં. કટુક; અપ. કડૂચ; પ્રા. કડુઅકડવમ્] વિ. કરિયાતાના અથવા એળિયાના જેવા સ્વાદનું; કટુ.

૧. કડવા ઝાડને બહુ રૂપી ફળ = નઠારી વસ્તુનો વિસ્તાર ઘણો હોય.

૨. કડવા લીમડાની મીઠી છાંય = પ્રિય જનનું વચન અપ્રિય હોય તોપણ તેની અસર તો સારી જ હોય.

૩. કડવાનાં કડવાં ને મીઠાંનાં મીઠાં = નઠારામાંથી નઠારું ને સારામાંથી સારું થાય.

૪. કડવી આંખ = દ્વેષભરી નજર.

૫. કડવી આંખે-નજરે જોવું = ખારીલી અથવા દ્વેષની નજરથી જોવું.

૬. કડવી જીભ = અપ્રિય વાણી.

૭. કડવું ઓસડ = હિતકર પરંતુ અપ્રિય લાગે એવી બાબત.

૮. કડવું ઓસડ મા પાય = (૧) કડવી દવા સારું પરિણામ લાવે. (૨) જેને હૈડે હિત હોય તે જ દુઃખ લગાડે.

૯. કડવું કરવું = જતું કરવું; મનમાં કાંઈ ન લાવવું.

૧૦. કડવું ઝેર = અત્યંત કડવું.

૧૧. કડવું ઝેર જેવું = ઝેર જેવું; અળખામણું; અકારું; કંટાળો ઉપજાવનારું.

૧૨. કડવે લીમડે કડવો વાસ = વસ્તુ જેવી હોય તેવી અસર કરે.

૬. વિ. દુઃખ લાગે એવું; કટુ.

૭. વિ. પસંદ પડે નહિ એવું; અપ્રિય.

૮. વિ. સ્વાદ વગરનું.

૯. સ. ક્રિ. ચામડી ઉપર દાંત મારવા; કરડવું.

કડવુંઝેર (કડ઼વુંઝેર) ૧. વિ. આકરું; અળખામણું; અણગમતું; અપ્રિય.

૨. વિ. ઝેર જેવું કડવું.

કડવુંતૂરિયું (કડ઼વુંતૂરિયું) ન. કડવી ઘીસોડી.

કડવુંતેલ (કડ઼વુંતેલ) ન. સરસવનું તેલ; સરસિયું.

કડવુંમીઠું (કડ઼વુંમીઠું) વિ. ગમતુંઅણગમતું; સારુંનરસું.

કડવુંવખ (કડ઼વુંવખ) ૧. વિ. અણગમતું; અપ્રિય.

૨. વિ. ઝેર જેવું કડવું; ખૂબ કડવું.

કડવુંવાટ ૧. સ્ત્રી. કડવો સ્વાદ.

૨. સ્ત્રી. લાગણીઓની કડવાશ.

કડવું વાટવું (કડ઼વું વાટવું) स. क्रि. કડવું ઓસડ આપવું.

કડવું સૂરણ (કડ઼વું સૂરણ) न. વવળતું સૂરણ; ખજૂળિયું સૂરણ.

કડવેરૂં (કડ઼વેરૂં) वि. કડવું.

કડવો (કડ઼વો) ૧. પું. કરડવો; નાળચાવાળો લોટો.

૨. वि. (ભીલી) કડવું.

૩. वि. ખારૂં.

મારવાડ દેશમાં ખારા સ્વાદને **કડવો** કહે છે.
રાજવલ્લભ

કડવો ઇંદ્રજવ (કડ઼વો ઇંદ્રજવ) પું. કાળો કડો; ઇંદ્રજવના બે માંહેનો એક પ્રકાર.

કડવોઓખરાડ (કડ઼વો ઓખરાડ઼) પું. એ નામની ભિસ્સટાદિ વર્ગની ઔષધોપયોગી એક વનસ્પતિ.

કડવો ખરખોડો (કડ઼વો ખરખોડો) પું. સોજા ઉપર ચોપડવામાં આવતો એક જાતનો વેલો.

કડવો ગૂગળ (કડ઼વો ગૂગળ) પું. કચ્છ તથા ધ્રાંગધ્રા તરફ થતો એક જાતનો ગૂગળ. લોહીના શ્વેતકણને તે વધારનાર અને બધી જાતના વાયુના રોગમાં ઉપયોગી મનાય છે.

કડવો ધોલારો (કડ઼વો ધોલારો) પું. એક જાતનો વેલો. એનાં મૂળ ઘણી વાર કંદ જેવાં થાય છે. એનો રસ મધુપ્રમેહ ઉપર ઉપયોગી કહેવાય છે.

કડવો રસ (કડ઼વો રસ) પું. છ માંહેનો એક રસ.

કડવો લીંબડો (કડ઼વો લીંબડ઼ો) પું. એક વનસ્પતિ. તેનાં પાન, મૂળ અને ફળ તાવમાં કામ આવે છે.

કડવો વેલો (કડ઼વો વેલો) પું. એક જાતનો વેલો. તેનાં પાંદડાંની ભાજી થાય છે.

કડવો શિરિડ (કડ઼વો શિરિડ઼) પું. એ નામનું એક સુંદર વૃક્ષ.

કડવો સરગવો (કડ઼વો સરગવો) પું. કડવી શીંગવાળું એક જાતનું ઝાડ. એનું લાકડું પોચું ને હલકું થાય છે, પાન મીઠા સરગવાથી મોટાં, ફૂલ વધારે ધોળાં પણ પીળી રાતી ઝાંયવાળાં હોય છે.

કડસ (કડ઼સ) स्त्री. પૂનામાં થતી એક જાતની ફરી. તેનું વજન વીસ રૂપિયાભાર હોય છે. તેની છાલ ઝાંખી લાલ અને ઉપર પીળા ડાઘવાળી હોય છે.

કડસલુ (કડ઼સલુ) न. ત્રાટું; ભીંત ઉપર ચોડેલો સાંઠીઓનો ત્રાપો.

કડસલો (કડ઼સલો) ૧. પું. પછીત કે કરાના નીચેના ભાગમાં લૂણો ન લાગે તેમ જ પાયામાં પાણી ન ઊતરે તે માટે બહારના ભાગમાં ધૂળ કે ગારનો ચડાવો.

૨. પું. મોટી ભીંતને લગતી નાની ભીંત ચણીને બનાવેલું ભંડારિયું; પડભીંતિયું.

કડસાં (કડ઼સાં) પું. ब. व. રોંચાં; ગામઠી માણસો.

કડહલ (કડ઼હલ) न. ફણસ. તે સ્નિગ્ધ, પૌષ્ટિક અને વિરેચક છે. વધારે પ્રમાણમાં ખાવાથી ઝાડા થાય, કારણ કે તે પચવામાં ભારે છે. કાચું ફળ કબજિયત કરનાર છે. તેના છોડનું દૂધ સુરકા સાથે મેળવી ગ્રંથિ અને બીજા સોજા ઉપર લગાડવાથી સોજો બેસી જાય.

કડહુલો (કડ઼હુલો) ૧. પું. ઠામઠીકરાનો અવ્યવસ્થિત ઢગલો.

૨. પું. નાશ; પાયમાલી; ધડોલાડવો.

કડંગ [સં.] પું. એક જાતનો પીવાનો દારૂ.

કડંગર ૧. [સં.] न. અનાજનું ફોતરૂં; થૂલું.

૨. न. એક જાતનું ઘાસ; કડબ.

૩. न. મગ વગેરેનાં મૂળ.

કડંગરીય वि. અનાજનાં ફોતરાં ખાનાર.

કડંગાવવું स. क्रि. ખખડાવવું.

કડંદિકા [સં.] स्त्री. શાસ્ત્ર; વિજ્ઞાન; સર્વવિદ્યા.

કડંદિયો પું. રૂપાનું એક ઘરેણું.

કડંબ ૧. [સં.] न. એક જાતનું વાજિંત્ર.

૨. न. ખૂણો.

૩. न. છેડો; અંત.

૪. न. ભાજીનું ડાંખળું.

૫. न. શાક વગેરેનું ડીટું.

કડંબી [સં.] स्त्री. એક જાતનું શાક.

કડા (કડ઼ા) ૧. [હિં.] પું. એક મીઠાઈ.

૨. પું. કડું; બેડી; કઢા.

૩. [સં. કટાહ] પું. કડો; ઇંદ્રજવનો છોડ.

૪. પું. જાડા રતૂમડા ચોખા.

૫. પું. બારણાનું કડું.

૬. પું. વીંટી; સાંકળીની કડી.

૭. પું. હિંદી કવિતાની એક લીટી.

૮. પું. ब. व. વાંસના ખપરડા.

૯. [સં. કટુજ] स्त्री. એક જાતની હલકી ડાંગર. કડાના ચોખા સુરત તરફ થાય છે.

૧૦. स्त्री. ગોળ રાંધવાનું લોઢાનું ગોળ વાસણ; શેરડીનો રસ ઉકાળવાની મોટી કડાઈ.

૧૧. स्त्री. તળવાનું વાસણ; પેણી. એને બે બાજુ કડાં હોય છે.

૧૨. न. ઇંદ્રિજવના છોડનાં ફૂલ. તે કઢીમાં વપરાય છે.

૧૩. न. એક જાતનું કબૂતર.

૧૪. न. ब. व. કડાં; હાથ કે પગનાં સાંકળાં.

૧૫. वि. અઘરૂં; મુશ્કેલ.

૧૬. वि. ઉગ્ર; તીવ્ર; આકરૂં.

૧૭. वि. ઓછું.

કડા સમા = અછતની ઋતુ.

૧૮. [સં. કડુ] वि. કઠણ.

કડા કરવું = (૧) કઠણ કરવું. (૨) કીમત વધારવી. (૩) સતાણ કરવું. (૪) હિંમત આપવી.

૧૯. वि. કડક; કઠોર.

૨૦. वि. કંજૂસ.

૨૧. वि. કંટાળો આપે એવું.

૨૨. वि. ખડબચડું.

૨૩. वि. ગંભીર.

૨૪. वि. ચુસ્ત.

૨૫. वि. દુઃખ ઉપજાવનારૂં.

૨૬. वि. દઢ; મજબૂત.

૨૭. वि. નિર્દય.

૨૮. वि. બહાદુર.

૨૯. वि. બળવાન; જોરાવર.

૩૦. वि. ભાગ્યહીન; કમનસીબ.

૩૧. वि. મોટું.

૩૨. वि. મોંઘું; કીમતી.

૩૩. वि. લુચ્ચું.

૩૪. वि. વજનદાર.

૩૫. वि. સહનશીલ; સહન કરે એવું.

૩૬. वि. હઠીલું.

૩૭. वि. હૃષ્ટપુષ્ટ; જાડું; તગડું.

કડાઈ (કડ઼ાઈ) ૧. स्त्री. એક જાતનું ઝાડ. તેનાં થડ અને શાખા ભૂરા રંગનાં, પાન પાંચથી સાત ખૂણિયાવાળાં, મોટાં, લાંબી ડીટવાળાં ફળ રાતા રંગનાં અને ફૂલ નાનાં જાંબલી રંગનાં થાય છે. તેના થડમાં શિયાળે ગુંદ આવે છે.

૨. [હિં.] स्त्री. કઠોરતા.

૩. [સં. કટાહ] स्त्री. તળવાનું વાસણ; પેણી; નાનું કડાયું; કડાવાળી તવી. એને બે બાજુ કડાં હોવાથી કડાઈ નામ પડ્યું છે.

કડાઈ ચડાવવી = મીઠું ભોજન બનાવવું.

૪. स्त्री. દુકાન.

૫. स्त्री. દુકાનદાર.

૬. स्त्री. બજાર.

કડાઉ (કડ઼ાઉ) ૧. न. જંગલી ગરનું ઝાડ. તેનાં પાન ભીંડાનાં પાનને મળતાં, થડ લીસું અને છાલ રતાશ પડતી હોય છે. તેનાં ફળમાં લાળ થાય છે.

૨. वि. ઊભા પથ્થરવાળું; જેમાં પથ્થર ઊભા મૂકેલ હોય એવું.

કડાઊ (કડ઼ાઊ) વિ. ઊભા પથ્થરવાળું; જેમાં પથ્થર ઊભા મૂકેલ હોય એવું.

કડાક (કડ઼ાક) ૧. પું. એક જાતનો અવાજ.
૨. અ. કડાક એવો અવાજ કરીને.
૩. અ. સપાટાબંધ.

કડાકડ (કડ઼ાકડ઼) ૧. [હિં.] પું. ઉપરાઉપરી પડવાનો અવાજ.
૨. સ્ત્રી. કટકટ; કડકડાટ.
૩. સ્ત્રી. મારામારી; લડાલડ; કડાકડી.
૪. સ્ત્રી. સામસામે કડકડ થાય તેમ કરવું તે.
૫. અ. કડકડ એમ ધીમા ઉપરાઉપરી અવાજ થતા હોય તેમ; કડાકડ એવા અવાજ સાથે.

કડાકડી (કડ઼ાકડ઼ી) ૧. સ્ત્રી. કડાઝૂડી; આવેશ.
૨. સ્ત્રી. નકોરડો ઉપવાસ; લાંઘણ.
૩. સ્ત્રી. પડાપડી; ધમાધમી.
૧. કડાકડી ઉપર આવવું = લડવાની અણી ઉપર આવવું.
૨. કડાકડીનો વખત = (૧) અણીનો વખત; બારીક સમય. (૨) બોલાબોલી કે ધડાધડીનો પ્રસંગ. (૩) લડાઈનો પ્રસંગ. (૪) સરસાઈનો વખત.
૪. સ્ત્રી. મારામારી; તડાતડી; ધડાધડી.
૫. સ્ત્રી. શત્રુવટ.
૬. સ્ત્રી. હરીફાઈ; હોંસાતોસી; ચડસાચડસી; સ્પર્ધા.

કડાકડો (કડ઼ાકડ઼ો) પું. દૂધલા જેવું એક જાતનું લાકડું. તેની છાલ કડવી હોય છે.

કડાકધૂન (કડ઼ાકધૂન) ૧. વિ. કોરૂંધાકોર; કાંઈ પણ ન હોય એવું.
૨. વિ. ભૂખ્યું તરસ્યું.

કડાકર (કડ઼ાકર) સ્ત્રી. ઓખા પાસે મળતી માછલી.

કડાકા (કડ઼ાકા) ૧. [હિં.] પું. કડાકો; ગર્જના.
૨. પું. કોઈ પણ વસ્તુના તૂટવાનો અવાજ.
૩. પું. ઘરના પડવાનો અવાજ.
૪. પું. ભૂખમરો.
૫. પું. લાંઘણ; આકરો ઉપવાસ.
કડાકા ગુઝારવા = ખોરાક વગર રહેવું.
૬. પું. બ. વ. કટકા.

કડાકાદાર (કડ઼ાકાદાર) વિ. કડાક એવો અવાજ થાય એવું.

કડાકૂટ (કડ઼ાકૂટ) ૧. સ્ત્રી. ગભરાઈ જવાય અને જલદીથી રસ્તો ન સૂઝે એવું કામ.
૨. સ્ત્રી. છૂટદડીની રમત.
૩. સ્ત્રી. માથાફોડ; પંચાત; લપછપ.

કડાકૂટિયું (કડ઼ાકૂટિયું) ૧. વિ. કચકચિયું.
૨. વિ. કડાકૂટવાળું; માથાફોડિયું.
૩. વિ. ગૂંચવણવાળું; કંટાળો ભરેલું.

કડાકૂટો (કડ઼ાકૂટો) ૧. પું. કડાકૂટ; માથાફોડ; માથાકૂટ.
૨. પું. જલદીથી રસ્તો ન સૂઝે એવું કામ.

કડાકેદાર (કડ઼ાકેદાર) વિ. કડકદાર; અક્કડ; સખત.

કડાકો (કડ઼ાકો) ૧. [સં. કડ્ (ભાંગવું)] પું. કડ એવો અવાજ; ધડાકો; ભડાકો.
૧. કડાકા થવા = જોરથી ગર્જના થવી; વાદળાનું ગાજવું.
૨. કડાકા ફોડવા = અંગ અથવા આંગળીને મરોડવાળીને કટ એવો અવાજ થાય એમ કરવું.
૨. પું. નકોરડો ઉપવાસ.
૧. કડાકા કરવા = લાંઘણો કરવી.
૨. કડાકા થવા = ખાવાનું નહિ મળવાથી ઉપવાસ પડવા.
૩. કડાકા પડવા = ઉપવાસ થવા; ભૂખ્યા રહેવું.
૪. જંગલમાં મંગળ ને વસતીમાં કડાકા = જ્યાં જેમ ન થવું જોઈએ ત્યાં તેમ થવું તે.
૩. પું. ભૂખમરા જેવી હાલત.
૪. પું. લાકડું અથવા લોઢું ભાંગતી વખતે થતો અવાજ.
૫. પું. વીજળીની ગર્જના.

કડાકૌચી (કડ઼ાકૌચી) સ્ત્રી. હલકી જાતની ડાંગર.

કડાચુ (કડ઼ાચુ) ન. એક જાતનું ઝાડ.

કડાછાલ (કડ઼ાછાલ) સ્ત્રી. કડો નામના છોડની છાલ; ઈંદ્રજવના છોડની કડવી છાલ. તે ગ્રાહી, જ્વરઘ્ન, શીતળ અને પિત્તશામક હોવાથી અતિસાર, રક્તાતિસાર, પિત્તાતિસાર, આમાતિસાર અને તાવ ઉપર વપરાય છે.

કડાઝૂડ (કડ઼ાઝૂડ઼) ૧. વિ. સેળભેળ થઈ ગયું હોય એમ બાઝેલું.
૨. [સં. કટ (અતિશય) + યુધ્ (લડવું)] અ. ખૂબ બાઝેલું હોય તેમ; બાટાચૂર; લાગટ.
૩. અ. ધમધોકાર; અડાબીડ; સજ્જડ.
૪. અ. બધી શક્તિ વડે.
૫. અ. સપાટાબંધ.
૬. અ. સામમામા.

કડાઝૂડી (કડ઼ાઝૂડ઼ી) સ્ત્રી. તડાતડી; કડાકડી.

કડાઝોડ (કડ઼ાઝોડ઼) ૧. ન. બીક દેખાડવી તે.
૨. વિ. સેળભેળ થઈ ગયું હોય એમ બાઝેલું; કડાઝૂડ.
૩. અ. ખૂબ બાઝેલું હોય તેમ.
૪. [સં. કટ (અતિશય) + યુધ્ (લડવું)] અ. મારામારી થતી હોય એમ.

કડાડા (કડ઼ાડ઼ા) [હિં.] પું. નદીનો ઊંચો અને સીધો કાંઠો.

કડાણુ સ્ત્રી. થાંભલી.

કડાપણુ (કડ઼ાપણુ) જુઓ કડાપન.

કડાપન (કડ઼ાપન) ૧. [હિં] ન. કઠણાઈ.
૨. ન. કઠોરતા.
૩. ન. દઢતા; મજબૂતી.

કડાપો (કડ઼ાપો) ૧. પું. એક જાતનું ઝાડ; કડાયો. આ ઝાડ પંદરથી પચીસ ફૂટ ઊંચાં થાય છે. થડ અને શાખા ભૂરા ધોળા રંગનાં હોય. આ ઝાડમાંથી ગુંદર આવે છે. પાન શાખાને છેડે વિશેષ હોય છે. ફૂલ સૂક્ષ્મ પીળાશ પડતા રંગનાં વસંતમાં આવે છે. ફળ હોળી ઉપર પાકે છે. તે કફનાશક મનાય છે. છાલમાંથી નીકળતા રેસાની દોરી બને છે. લાકડું પોચું અને હલકું હોવાથી તેનાં રમકડાં અને વાજિંત્ર બનાવાય છે.
૨. પું. કપાસની એક જાત.

કડાફલી (કડ઼ાફલી) ૧. સ્ત્રી. ઈંદ્રજવની શીંગ.
૨. સ્ત્રી. કડ નામના છોડની શીંગ.
૩. સ્ત્રી. કડાના ફળનો છોડ.

કડાફળી (કડ઼ાફળી) જુઓ કડાફલી.

કડાબફટ (કડ઼ાબફટ) પું. ચાબુકનો અવાજ.

કડાબંધ (કડ઼ાબંધ) ન. બંદૂક કરતાં વધારે પહોળા મોઢાનું અગ્ન્યસ્ત્ર.

કડાબીડ (કડ઼ાબીડ઼) ૧. [સં. કટ (અતિશય) + ભિદ્ (ભાંગવું)] અ. અડાબીડ; ધમધોકાર.
૨. અ. સજ્જડ; મજબૂત.

કડાબીન (કડ઼ાબીન) [ફા. કરાબીન] સ્ત્રી. ઘોડેસવારની એક નાની ટૂંકી પહોળા મુખની બંદૂક.

કડાબૂન (કડ઼ાબૂન) [હિં.] પું. એક જાતનો છોડ.

કડાભાડું (કડ઼ાભાડું) ન. ગોળ પકવવાની કડાનું ભાડું.

કડાય (કડ઼ાય) [સં. કૃતાયાસ] પું. (જૈન) સંથારો કરનાર સાધુની સેવાભક્તિ કરનાર સાધુ.

કડાયું (કડ઼ાયું) ૧. [સં. કટાહ] ન. પેણો; કડાઈ.
૨. ન. મોટી કડાઈ.

કડાયો (કડ઼ાયો) ૧. પું. કડાયા ગુંદરનું ઝાડ; કડાપો; કુટજા ધવલા. તેની છાલ રૂપા જેવી સફેદ અને ડોડવાં બદામનાં આકારનાં હોય છે.

૨. પું. કપાસની એક જાત.

૩. પું. ડુંગરી જમીનમાં થતા એક મોટા ઝાડનો ગુંદર. તે ઉપલેપક તથા પૌષ્ટિક ઔષધ તરીકે ઉપયોગમાં આવે છે.

કડાયોગૂંદ (કડ઼ાયોગૂંદ) પું. એક જાતનો ગૂંદ.

કડાર ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં યગણ, નગણ, યગણ અને બે ગુરુ મળી અગિયાર વર્ણ હોય છે.

કડારે ય ન ય ગ ગા આવે છે. રણપિંગળ

૨. પું. કાળો રંગ.

૩. પું. નકશી; કોતરકામ.

૪. પું. નોકર; ચાકર; દાસ.

૫. પું. પીળા રંગની ચીજ.

૬. પું. પીંગળો રંગ; પિંગટવર્ણ.

૭. વિ. અહંકારી; અભિમાની; ગર્વિષ્ઠ.

૮. વિ. માંજરૂં; પીંગળું.

કડાલી [સં. કટાલિકા] સ્ત્રી. ઘોડેસવારના પગ ટેકવવાને પલાણની બે બાજુએ લટકતું પેંગડું.

કડાવ (કડ઼ાવ) ૧. પું. મોટો તાવડો.

૨. વિ. ઊભું.

કડાવા (કડ઼ાવા) સ્ત્રી. સંભાળ.

કડાવું (કડ઼ાવું) ૧. અ. ક્રિ. ચિડાવું; ખિજાવું.

૨. અ. ક્રિ. જવું; દૂર થવું.

કડાસન (કડ઼ાસન) ૧. [સં. કટ (સાદડી) + આસન (બેઠક)] ન. ચામડાની બેઠક; ચામડાનું આસનિયું.

૨. ન. દર્ભની સળીઓથી બનાવેલું બેસણું; દર્ભનું આસનિયું.

કડાહ (કડ઼ાહ) ૧. [હિં.] પું. કાચબાની પીઠ.

૨. પું. તાવડો; કડાઈ.

૩. પું. પાંસળીનાં હાડકાં.

૪. પું. હથિયાર.

કડાહક (કડ઼ાહક) જુઓ કડાહ.

કડાહા (કડ઼ાહા) [સં. કટાહ] પું. (હિંદી) મોટો તાવડો.

કડાહાપૂજન (કડ઼ાહાપૂજન) ન. સારા પ્રસંગે પ્રથમ દેવતા ઉપર મુકાતાં પહેલાં તાવડાની કરવામાં આવતી પૂજા.

કડાહી (કડ઼ાહી) ૧. [સં. કટાહ] સ્ત્રી. (હિંદી) તાવડો; કડાઈ; તવી.

૧. કડાહી ચઢવી = (૧) જમણવારની તૈયારી થવી. (૨) તાવડાને અગ્નિ ઉપર મૂકવો.

૨. કડાહી ચાટવી = વાસણ ચાટવું. બૈરાંઓમાં એવો વહેમ છે કે વાસણ ચાટવાની ટેવવાળા માણસના ફૂલેકામાં વરસાદ પડે છે. તેથી જ્યારે આમ વરસાદ પડે ત્યારે સ્ત્રીઓ વરરાજાને કડાહી ચાટી હશે એમ ગાળ દે છે.

૩. કડાહી બાંધવી = તાવડાને જાદૂ કરવું.

૪. કડાહીમાં હાથ નાખવો = ઊકળતા તેલથી કસોટી કરવી. ગુનેગાર પાસે ઊકળતા તેલના વાસણમાંથી સોનાનો કટકો કઢાવવામાં આવે. જો તે બળ્યા વગર કાઢી શકે તો તે નિર્દોષ ગણાય.

૨. સ્ત્રી. મીઠાઈ.

કડાહી કરવી = દેવીને મીઠાઈ ધરવી.

કડાં (કડ઼ાં) ૧. [સં. કટક] ન. એક જાતની આતશબાજી.

૨. ન. કડું; ગોળ વાળેલો ધાતુનો જાડો કટકો.

૩. ન. ખાંડનું ગોળ બનાવેલું રમકડું.

૪. ન. મંત્રીને કોઈ પણ ગોળ વાળેલી ચીજ.

૫. ન. સોનારૂપાનું ગોળ ઘરેણું.

કડાંગધીન (કડ઼ાંગધીન) પું. નગારાંનો અવાજ.

કડાંગધીન કટધા (કડ઼ાંગધીન કટધા) પું. નોબતનો અવાજ; નગારાનો અવાજ.

કડાંપટી (કડ઼ાંપટી) સ્ત્રી. દીવાલના સાંધા ખોતરી પાણી છાંટી પીસેલો ચૂનો વાપરી કરેલી પટી.

કડાંબંગડી (કડ઼ાંબંગડ઼ી) સ્ત્રી. કાંડામાં પહેરવાની બંગડી.

કડિ (કડ઼િ) [સં. કટિ] સ્ત્રી. (જૂ. ગુ.) કેડ; કમર.

કડિકપાન (કડ઼િકપાન) સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

કડિણુ (કડ઼િણુ) [પ્રા.] ન. એક જાતનું ઘાસ. તેનાં ફૂલ ગુંથાય છે.

કડિતુલ (કડ઼િતુલ) ૧. [સં.] પું. તલવાર; ખડ્ગ; અસિ.

૨. પું. યજ્ઞમાં વપરાતી એક જાતની છરી.

કડિબંધ (કડ઼િબંધ) ૧. [સં. કટિબંધ] પું. કંદોરો.

૨. વિ. જેમાં કડીઓ એક પછી એક વળગાડેલી હોય એવું; હાર પ્રમાણે; હારદોર.

કડિબંધન (કડ઼િબંધન) [સં. કટિબંધન] ન. (જૈન) કેડે બાંધવાનું વસ્ત્ર.

કડિભાગ (કડ઼િભાગ) [સં. કટિભાગ] કેડનો ભાગ; કટિપ્રદેશ.

કડિયણ (કડ઼િયણ) સ્ત્રી. કડિયાની સ્ત્રી.

કડિયલ (કડ઼િયલ) ૧. [હિં.] પું. દેવતા રાખવાનું માટીનું વાસણ.

૨. સ્ત્રી. (પ્રાકૃત) કમર; કેડ.

કડિયલ જવાન (કડ઼િયલ જવાન) પું. જોરાવર માણસ.

કડિયા (કડ઼િયા) ૧. સ્ત્રી. એક કારીગર વર્ગની જાત; પથ્થર, ઈંટ વગેરેનું ચણતર, ઘડતર વગેરે કામ કરનાર કારીગર વર્ગ.

૨. સ્ત્રી. કુંભારની એક જાત.

૩. સ્ત્રી. ભરવાડ, માજોઠી અને સુમરાની એ નામની એક અટક.

૪. ન. એ નામની અટકનું માણસ.

૫. ન. એ નામની જાતનું માણસ.

૬. વિ. એ નામની અટકનું.

૭. વિ. એ નામની જાતનું.

કડિયાકરોળિયો (કડ઼િયાકરોળિયો) પું. એક જાતનો કરોળિયો. તે ભોંયમાં નળ ખોદી તેમાં પોતાના ભક્ષને માટે ભરાઈ રહે. એ નળને ઢાંકણું ઢાંકેલું હોય.

કડિયાકામ (કડ઼િયાકામ) ૧. ન. ઇમારતી કામ.

૨. ન. કડિયાએ કરવાનું ચણવાનું, છોવાનું વગેરે કામ.

કડિયાકામે જવું = (૧) કડિયા સાથે તેને લગતી મજૂરીનું કામ કરવા જવું. (૨) કડિયાનું કામ કરવા જવું.

કડિયાકોટ (કડ઼િયાકોટ) પું. મોઈદંડાની રમતનો એક પ્રકાર. ઉત્તર ગુજરાતમાં તે નીચે પ્રમાણે રમાય છે: રમનારના સરખે ભાગે બે પક્ષ પાડે. પ્રથમ એક પક્ષમાંથી એક છોકરો ગબીથી દા કરે. પછી બીજો છોકરો જ્યાં પહેલાની મોય પડી હોય ત્યાંથી, ત્રીજો બીજાની મોઈ પડી હોય ત્યાંથી એવી રીતે એક પક્ષના તમામ રમનારા દા કરી રહ્યા પછી એ જ રીતે બીજા પક્ષના પણ તમામ રમનારા દા કરે. બંને પક્ષમાંથી જે પક્ષવાળાની મોઈ આઘી પડી હોય તે પક્ષ દાવ લે અને બીજો પક્ષ દાવ આપે. દાવ આપનાર પક્ષમાંનો એક જણ મોઈ પડી હોય ત્યાંથી તે ગબી તરફ "કડીમડીના કટિયા કોટ–કોટ–કોટ–કોટ" એમ એક શ્વાસે બોલતો બોલતો આવે. એમ એના ત્રણ શ્વાસ પૂરા થાય એટલે બીજો છોકરો એ પ્રમાણે દાવ આપે. એમ છેવટ ગબી સુધી દાવ આપે એટલે રમત પૂરી થાય.

કડિયા કોટન (કડ઼િયા કોટન) ન. એક જાતનું કાપડ.

કડિયાટુ (કડ઼િયાટુ) ન. એક છોડ. તેનાં પાન લીલાં ને લંબગોળ હોય અને ફૂલ આસમાની રંગનાં હોય છે.

કડિયાર (કડ઼િયાર) ૧. સ્ત્રી. સોનીની એ નામની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કડિયારી (કડ઼િયારી) વિ. સ્ત્રી. કડીવાળી; કડીઓ જડેલી.

કામણગારો કંથ, ઓઢયા કાળા કામળા,
કડિયારી રહી કંથ, નેણાં જાણે આભલાં.

લોકોક્તિ

કડિયાલી (કડ઼િયાલી) સ્ત્રી. રાતી શેરડીની એક જાત.

કડિયાળ (કડ઼િયાળ) ન. કવચ.

કડિયાળી (કડ઼િયાળી) જુઓ કડિયારી.

કડિયાળું (કડિયાળું) વિ. કડીવાળું.

કડિયાં (કડ઼િયાં) ન. બ. વ. સીપવાળાં એક જાતનાં પ્રાણી.

કડિયું (કડ઼િયું) ૧. ન. કૂવા ઉપર કચિયણ મંડાણના થાળામાં નખાતું આવળ કે ઘાસનું ગૂંથેલું કડતલું.

૨. [સં. કટિવસ્ત્ર; દે. કડિલ્લ] ન. કેડ સુધી પહોંચે એટલું નીચું એક જાતનું વસ્ત્ર; કેડિયું; નાનું કેડ સુધીનું અંગરખું.

કડિયું ઉતારવું = અક્ષતયોનિ કન્યાનો ઉપભોગ કરવો.

૩. ન. પરશુપદી સંઘનું એક પ્રાણી.

૪. ન. (કચ્છી) સાંકળું; કલ્લું.

૫. ન. સાંઠીનો નાનો કડો.

કડિયેણ (કડ઼િયેણ) સ્ત્રી. કડિયાની સ્ત્રી.

કડિયો (કડ઼િયો) ૧. [દે. કડઇક; કડઇયઉ] પું. ઈંટ, માટી અને છોથી ચણવાનું અને છોવા વગેરેનું કામ કરનારો કારીગર.

૨. પું. કડિયાની નાતનો માણસ.

૩. પું. કાનનું એક ઘરેણું.

કડિયાની જાત ઉંદર જેવી ખણીખણીને કાઢે = કડિયા ફોલી ફોલીને ખાય.

૪. પું. દોકડો.

૫. પું. સલાટ.

૬. ન. (કચ્છી) એક જાતનું ઝાડ; કડાયો. જુઓ કડાયો.

કડિયોકોટ (કડ઼િયોકોટ) જુઓ કડિયાકોટ.

કડિંગ (કડ઼િંગ) પું. ઘંટ વાગવા જેવો અવાજ.

કડિંગધીન (કડ઼િંગધીન) ૧. પું. નોબત વાગતાં ઉત્પન્ન થતા ધ્વનિનો અનુકરણવાચક શબ્દ.

૨. અ. કડિંગધુમ એવો અવાજ કરીને.

કડિંગધુમ (કડ઼િંગધુમ) પું. નગારાનો અવાજ; વિજયનાદ.

કડી (કડ઼ી) ૧. [સં. કટક (કડું); અપ. કડય] સ્ત્રી. અંકોડી; આંકડી; હૂક.

કડીએ ભરાવવું = આંકડે ભરાવવું; ખીંતીએ ટાંગવું.

૨. સ્ત્રી. આવલિ; ઓળ; પંક્તિ; હાર.

૧. કડીતોડ = (૧) કડી તોડી નાખે એવું મજબૂત; અંકોડાબંધ; સખ્ત. (૨) વિસ્તારવાળું; ઝીણવટવાળું.

૨. કડીબંધ = ક્રમ પ્રમાણે હોય એવું; એક પછી એક ગોઠવાયેલું.

૩. સ્ત્રી. કઢી; ચણાનું કે ચોખાનું વેસણ તથા મસાલો નાખી ઉકાળેલ છાશ.

૪. સ્ત્રી. (કચ્છી) કલ્લું.

૫. સ્ત્રી. કવિતાનું પદ; ચરણ; ટૂક.

કડીબંધ ગાવું = કવિતાની કડીઓ જુદી પાડીને ગાવું.

૬. સ્ત્રી. કાનનું એક ઘરેણું.

૧. કાને કડી ઘાલવી-પહેરવી = કાનમાં એરિંગ પહેરવાં; કાનમાં વાળી પહેરવી.

૨. છેલકડી = ઉપલા કાનમાં પહેરવાનું સોનાનું ઘરેણું.

૭. સ્ત્રી. કુંડાળું.

૮. સ્ત્રી. કૂવાના થાળામાં નખાતું સાંઠીનું ગૂંથેલું કડપલું.

૯. સ્ત્રી. કોળિયો; નવાલો.

કડીના લાડુ = એક જાતની મીઠાઈ.

૧૦. સ્ત્રી. ગાય; ધેન.

અમારે ઘેર એક બે છે **કડીઓ** રે,
તેહેમાં સહુ વેહેપાર હરિ દેહડિઓ રે.

રાજેભક્ત

૧૧. સ્ત્રી. ગાંઠ.

૧૨. સ્ત્રી. ગૂંથણકળામાં સોયા વડે ગૂંથેલું ગોળ ચકરડું.

૧૩. સ્ત્રી. ગોળ પરિઘ.

૧૪. સ્ત્રી. ચોપગાં જાનવરોનું છાતીનું હાડકું.

૧૫. સ્ત્રી. છીપ.

૧૬. સ્ત્રી. જોડાણ.

૧૭. સ્ત્રી. ટુકડો.

૧૮. સ્ત્રી. ધાતુના સળિયાનો ગોળ અથવા વાંકો વાળેલો આકાર; ગોળ વાળેલો તાર કે સળિયો.

૧. કડી દેવાવી = મિલકત જપ્ત થવાથી સીલ દેવાવું; પહેરો મુકાવો.

૨. કડી મારવી = જપ્તી કર્યા પછી કબજો કરવો.

૧૯. સ્ત્રી. (વહાણવટું) નાનો કડો.

૨૦. સ્ત્રી. પીઢિયું; ભારોટિયું; મોભ.

૨૧. સ્ત્રી. બેડી; જંજીર; હેડ.

૧. કડી કરવી-મારવી = (૧) કોર્ટના હુકમથી કેદ કરવું. (૨) બેડી પહેરાવવી. (૩) સાંકળથી બાંધવું.

૨. પગે કડી ઘાલવી = બેડી પહેરાવવી; જંજીર પહેરાવવી.

૩. હાથે કડી કરવી = બેડી પહેરાવવી; કેદ કરવું.

૨૨. સ્ત્રી. મુશ્કેલી; દુઃખ.

૨૩. સ્ત્રી. લાકડાનો લાંબો સોટો.

૨૪. સ્ત્રી. (વ્રજ) વાર; વખત; વિલંબ.

૨૫. સ્ત્રી. વીંટી.

૨૬. સ્ત્રી. શિખર; ટોચ.

૨૭. સ્ત્રી. સાંકળીનું સંધાણ; અંકોડા.

૨૮. સ્ત્રી. હાથકડી.

૨૯. ન. ગુજરાતમાં આવેલ એક શહેરનું નામ. તેના બળદ વખણાય છે.

કડી લેતાં પાટણ ખોયું = ઓછી કીમતી વસ્તુ લેવા જતાં સારી વસ્તુ ગઈ; હવેલી લેતાં ગુજરાત ખોઈ.

૩૦. વિ. સ્ત્રી. અઘરી.

૩૧. વિ. સ્ત્રી. આકરી; કડક.

૩૨. વિ. સ્ત્રી. ઉગ્ર; આકરી.

૩૩. વિ. સ્ત્રી. ઓછી.

૩૪. વિ. સ્ત્રી. કઠણ.

૩૫. વિ. સ્ત્રી. કઠોર.

કડી કહેવી-સુણાવવી = કઠોર ભાષા વાપરવી.

૩૬. વિ. સ્ત્રી. કંજૂસ.

૩૭. વિ. સ્ત્રી. કંટાળો આપે એવી.

૩૮. વિ. સ્ત્રી. ખડબચડી.

૩૯. વિ. સ્ત્રી. ગંભીર.

૪૦. વિ. સ્ત્રી. ચુસ્ત.

૪૧. વિ. સ્ત્રી. જોરાવર; બહાદુર.

૪૨. વિ. સ્ત્રી. દુઃખ ઉપજાવે એવી.

૪૩. વિ. સ્ત્રી. દઢ; મજબૂત.

૪૪. વિ. સ્ત્રી. નિર્દય.

૪૫. વિ સ્ત્રી. ભાગ્યહીન.

૪૬. વિ. સ્ત્રી. મોટી.

૪૭. વિ. સ્ત્રી. મોંઘી.

૪૮. વિ. સ્ત્રી. વજનદાર.

૪૯. વિ. સ્ત્રી. વીર્યવાન; બળવાન.

૫૦. વિ. સ્ત્રી. સખ્ત મજૂરીવાળી.

૫૧. વિ. સ્ત્રી. સહન કરે એવી.

૫૨. વિ. સ્ત્રી. હઠીલી.

કડીઆંકડા (કડ઼ીઆંકડ઼ા) વિ. કડીઓથી આંકડા જેવું બનેલું.

કડીકડી (કડ઼ીકડ઼ી) [હિં.] અ. સખત રીતે.

કડીકાઠ (કડ઼ીકાઠ) ૧. પું. વળી.

૨. પું. વાંસડો.

કડીકાપડી (કડ઼ીકાપડ઼ી) પું. બ. વ. (જૂ. ગુ.) ભગત ભિખારી લોકો; માગણ.

કડીકાપડી રહરાઈ અડકી,
દિદ્ધે બારે જાશઈ ભડકી. લાવણ્યસમય

કડીકાંટો (કડ઼ીકાંટો) પું. બકલ; આંકડો; આંકડી.

કડીઝૂડ (કડ઼ીઝૂડ઼) વિ. આનંદ અને ઉત્સાહ આપે એવું.

કડીતોડ (કડ઼ીતોડ઼) ૧. વિ. કડી અથવા સાંકળ તોડી નાખે એવું.

૨. વિ. ભારે; વજનદાર.

૩. વિ. મજબૂત.

૪. વિ. રકમવાર; વિગતવાર.

કડીદાર (કડ઼ીદાર) વિ. કડીવાળું.

કડીધીમ (કડ઼ીધીમ) અ. ડંડો વાગવાના અવાજનું અનુકરણ કરી બતાવનાર શબ્દ.

સૂણશો તમે ડંકો **કડીધીમ**, કર્ણશૂન્ય શી ભેરવી.
પ્રેમાનંદ

કડીનીમ (કડ઼ીનીમ) ન. પશ્ચિમઘાટમાં પુષ્કળ પ્રમાણમાં થતું એક ઝાડ. તેને અણીવાળાં પાન અને ઈંડાના આકારનાં ફળ હોય છે. તેનાં પાંદડાં કરીપાક કહેવાય છે. તે કઢીમાં નાખવામાં આવે છે.

કડીપાન (કડ઼ીપાન) પું. દરિયા પાસે ઝાડ ઉપર ઊગતો એક છોડ.

કડીબદ્ધ (કડ઼ીબદ્ધ) ૧. વિ. શ્લોકબદ્ધ; કડીઓમાં રચેલું; કડીબંધ.

૨. વિ. સાંકળ રૂપે ગોઠેલું.

૩. વિ. હારબંધ.

કડીબંધ (કડ઼ીબંધ) ૧. વિ. રકમબંધ; એક કડીનું; એકસામટું.

૨. જુઓ કડીબદ્ધ.

કડીમા (કડ઼ીમા) [હિં.] પું. પદકાળું.

કડીમાલી (કડ઼ીમાલી) સ્ત્રી. ચોકઠું; લગામ.

કડીવાર (કડ઼ીવાર) ૧. સ્ત્રી. કડવા કણબીની એક જાત.

૨. ન. કડવા કણબીની એ નામની જાતનું માણસ.

૩. વિ. કડવા કણબીની એ નામની જાતનું.

કડીવાળ (કડ઼ીવાળ) ૧. સ્ત્રી. કડવા કણબીની એક અટક.

૨. ન. કડવા કણબીની એ નામની અટકનું માણસ.

૩. વિ. કડવા કણબીની એ નામની અટકનું.

કડીવાળા (કડ઼ીવાંળા) ૧. સ્ત્રી. પીંજારાની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કડીંચી (કડ઼ીંચી) ૧. સ્ત્રી. એક જાતનું વાદ્ય; સિતાર.

૨. ન. તારવાળું એક વાજું; રાવણહથ્થો.

૩. વિ. ઉતાવળું.

૪. વિ. સચોટ; મજબૂત.

કડુ (કડુ) ૧. પું. કડવો રસ.

૨. ન. આસમાની રંગનાં ફૂલવાળો એક જાતનો છોડ. તે આખો છોડ તાવ ઉપર કામમાં આવે છે. તે શીતળ, ભેદક, દીપન, કફઘ્ન, પિત્તહર, શોધક અને કૃમિઘ્ન છે. રક્તરોગ ઉપર પણ તે વપરાય છે.

૩. [સં. કટુ (કડવું)] ન. ઈંદરજવના ઝાડની સૂકી ડાંખળી; કટી; કટુકા; તિક્તા; કૃષ્ણભેદા; કટુંભરા; અશોકા; મત્સ્યશકલા; ચક્રાંગી; શકુલાદની; મત્સ્યપિત્તા; કાંડરૂહા; રોહિણી. તે જ્વરઘ્ન, પાચક, સારક અને પૌષ્ટિક મનાય છે. ટાઢિયો તાવ, મંદાગ્નિ, વાયુ, અરુચિ; કરમ, મળાવરોધ, માથાનો દુ:ખાવો વગેરે ઉપર અપાય છે.

૪. વિ. અનિષ્ટ; ખરાબ.

૫. વિ. કડવું.

૬. વિ. દારુણ; ભયંકર.

કડુઆ (કડુઆ) ૧. પું. જૈનોમાંથી નીકળેલો એક મત.

૨. [હિં.] વિ. તીક્ષ્ણ.

૩. વિ. તીખા સ્વભાવનું.

૪. વિ. વિકટ; કઠણ.

૫. વિ. સ્વાદમાં અપ્રિય.

કડુક (કડુક) ૧. પું. એ નામનો એક ઋષિ. સીતાની શોધ વખતે હનુમાને આ ઋષિના આશ્રમમાં એક રાક્ષસને માર્યો હતો.

૨. ન. ખોટું લાગે એવું વચન.

મોટમ બળ કશું કડુક ન કહીએ. દયારામ

કડુકવંઠ (કડુકવંઠ) [સં.] ન. એક જાતનું ઝાડ. તેનાં ફળ ખરબચડી ભૂખરી છાલવાળાં અને કોઠાં જેવડાં થાય છે. તેનાં બીજમાંથી નીકળતું તેલ દવાના કામમાં આવે છે.

કડુકંદ (કડુકંદ) પું. એક જાતનો કંદ; કનખડી. રાનીપરજ લોકો તેના કટકા કરી ટોપલામાં વહેતાં પાણીમાં રાતભર રાખી બીજે દિવસે તેને બાફી મસાલો ચડાવી ખાય છે.

કડુખજૂર (કડુખજૂર) પું. એક જાતનું ફળ; કાશીફળ. કદ, આકાર અને રંગમાં તે ખજૂરને મળતું આવે છે. તેમાં મોટો અને સખત ઠળિયો હોય છે. તેના માવાનો સ્વાદ કડવો અને અભાવ ઉત્પન્ન કરે એવો હોય છે.

કડુગુજરી (કડુગુજરી) સ્ત્રી. એ નામની રમત; ઢાલપિછોડો.

કડુછાલ (કડુછાલ) ન. કડવી છાલનું એક ઝાડ.

કડુડભુસ (કડુડ઼ભુસ) અ. ઊંચેથી જમીન ઉપર પડવાનો મોટો અવાજ.

કડુડાટ (કડુડ઼ાટ) અ. પેટમાં દર્દથી થતો અવાજ.

કડુડુભુસ (કડુડ઼ુભુસ) જુઓ કડુડભુસ.

કડુનિંબ (કડુનિંબ) પું. કડવો લીંબડો.

કડુમિઠા (કડુમિઠા) ન. એક જાતની ભાજી. તેનાં બી અને તેલ આંતરડાનાં કૃમિને માટે ઉપયોગી મનાય છે. તેલ ઠંડું અને શાંતિ કરનારૂં છે. માથે અને પગે તેલ માલિશ કરવાથી દરદીને ઊંઘ આવે છે.

કડુરી (કડુરી) [પં.] સ્ત્રી. ઘીલોડાં.

કડુલિંબ (કડુલિંબ) પું. કડવો લીંબડો.

કડુવ (કડુવ) [પ્રા.] ન. એક જાતનું વાજિંત્ર.

કડુવા (કડુવા) [હિં.] વિ. કડવું.

કડુશ (કડુશ) ન. કૌવચનો છોડ.

કડું (કડું) ૧. ન. (વહાણવટું) આરસો; કડછો; આરસાની કૂતી ભરાવી રાખવા માટેનું જળુત્રા ઉપરનું બાંધેલું ગાળીતું.

૨. ન. એક જાતની વનસ્પતિનું મૂળ. તાવ ઉપર તે વપરાય છે. તે કરિયાતા સાથે પણ તાવ ઉપર લેવાય છે.

૩. ન. કડાના આકારમાં વાળેલી આતશબાજી.

૪. ન. ખાંડનું ગોળ વાળેલું રમકડું.

૫. ન. ગાડા કે બેલગાડીમાં નાડાં ભરાવવા માટેનું સાધન; બેલગાડીના ડાગળાના પછવાડેના ભાગમાં ઉપળી સાથે લોઢાનું બંગડી આકારનું જડવામાં આવતું સાધન.

૬. ન. દેવતા પાડવાના કામમાં આવતું લોઢાનું એક ઓજાર.

૭. [સં. કટકં; પ્રા. કડઉં] ન. ધાતુના સળિયાને અથવા તેવી કોઈ ચીજને ગોળ વાળીને બનાવેલો વર્તુલ આકાર; ગોળ વાળેલ ધાતુનો સળિયો.

૧. કડા પોઇન્ટિંગ = ચણતરમાં તાર મારી કરેલ વાટાકામ.

૨. કડાં ભેગાં કરવાં = અગવડમાંથી સગવડ કરવી; મુશ્કેલીમાંથી રસ્તો કાઢવો.

૩. કડું મારવું = ચણતરની સાંધમાં તાર મારી વાટો કરવો.

૮. ન. મંતરેલી કોઈ ગોળ ચીજ.

૯. ન. લોઢાનું ચક્ર. અકાલી સિખ તે માથા ઉપર બાંધે છે.

૧૦. ન. હાથકડી.

કડે રાખવું = કબજે રાખવું; બંધનમાં રાખવું.

૧૧. [સં. કટક + ઉલ્લ; અપ. કડઉલ્લ] ન. હાથના કાંડા અને કોણી ઉપર ઘરેણા તરીકે પહેરવાનો સોના કે રૂપાનો ગોળ ઘાટ; વલય; કંકણ.

કડુંઉં (કડુંઉં) વિ. (જૂ. ગુ.) કડુ; કડવું.

ઇમ નિભ્રંચ્યો રાજન્ન રે,
કહીને કડુંઆં વેણ રે.

આનંદ કાવ્યમહોદધિ

કડુંછું (કડુંછું) વિ. કડવાશવાળું.

કડુંબવાળ (કડુંમવાળ) પું. (ડિંગળ) કિસાન.

કડુંરા ૧.. ન. એક જાતનો વેલો. એનાં પાન વાલોળનાં પાન જેવાં ત્રેખડાં અને ૬ થી ૯ ઇંચ લાંબાં હોય છે. ડાળખી ઉપર એક પછી એક કલગી જેમ ઘણાં ફૂલ આવે. તેની શિંગ ૨ થી ૩ ઇંચ લાંબી, વાંકી વળેલી અને રૂંછાંવાળી થાય છે. તે રૂંછાંને અડતાં ચળ આવે.

૨. ન. ભેરવ.

કડૂ (કડૂ) ૧. [મ.] પું. ગુલામ સ્ત્રીનું બાળક; દાસીપુત્ર.

૨. પું. ૭ માંહેનો કડવો સ્વાદ. ૭ સ્વાદ: (૧) કડૂ, (૨) તિખટ, (૩) તૂરટ, (૪) ખારટ, (૫) આંબટ અને (૬) મધુર.

૩. પું. પુનર્લગ્નથી થયેલ બાળક.

૪. વિ. કડવું.

૫. વિ. ખારૂં.

૬. વિ. તેજ; આકરૂં.

૭. વિ. બેસ્વાદ.

કડૂઉ (કડૂઉ) વિ. (જૂ. ગુ.) કડવું; અપ્રિય; કડુ.

પુણ્ય ઈ મુઈ નવિ, કડૂઉ ચવઈ,
પુણ્યવંત પૃથ્વી ભોગવઈ.

પદ્મનાભ

કડૂખલો (કડૂખલો) ૧. [સં. કટ + ખલ (બાજુ)] પું. ઓશરી આગળનું ભીંતડું.

૨. પું. નાની ઓરડી.

૩. પું. નાની સાંકડી અને બાજુની જગ્યા; ખૂણો; કોલો.

કડૂચું (કડૂચું) ૧. [કડુ (કડવું) + ચેહ (નાનાપણું બતાવનાર પ્રત્યય)] વિ. કડવાશ પડતું; સહેજ કડવું; વાકડવું.

૨. વિ. કસાણું; બેસ્વાદ.

કડૂસલો (કડૂસલો) ૧. પું. એક જાતનું ઘાસ.

૨. પું. માર; પાયમાલી.

કડૂસલો કાઢવો = ખૂબ માર મારવો; ઘાણ વાળવો.

૩. પું. મેળ કે ઢંગ વગરનો ઢગલો; ખડકલો; પડીને થઈ ગયેલો ઢગલો.

કડૂહલો (કડૂહલો) ૧. પું. એક જાતનું ઘાસ.

૨. પું. ઘાણ; પાયમાલી.

કડૂંબ (કડૂંબ) ન. (ડિંગળ) વંશ.

કડે ૧. અ. કેડે; ઊંધે રસ્તે.

કડે ચડવું = અંદરોઅંદર દુશ્મનાવટ થવી; મનદુ:ખ થવું.

૨. (કડે઼) અ. ક્યાં.

૩. [સં. કટ] અ. તરફ; ભણી.

૪. અ. ત્યાં.

૫. અ. ની સંભાળમાં; સાથે.

૬. અ. પાસે; કને; જોડે.

કડે કરવું (કડે઼ કરવું) ૧. સ. ક્રિ._ કબજે કરવું.

૨. સ. ક્રિ. જીતી લેવું.

૩. સ. ક્રિ. સત્તા બેસાડવી.

કડેકાંટે (કડે઼કાંટે) ૧. અ. આનંદમાં.

૨. અ. કડેધડે; પૂર બહારમાં.

૩. અ. પૂરી શક્તિમાં.

કડેચા (કડે઼ચા) ૧. સ્ત્રી. વાણિયાની એક અટક.

૨. ન. વાણિયાની એ નામની અટકનું માણસ.

૩. વિ. વાણિયાની એ નામની અટકનું.

કડેજો (કડે઼જો) ૧. [હિં.] પું. માણસનું હૃદય.

૨. પું. હિંમત; જુસ્સો.

કડેટાટ (કડે઼ટાટ) અ. સપાટાબંધ. જુઓ કડેડાટ.

કડેડવું (કડે઼ડવું) અ. ક્રિ. કડડ કરીને પડવું; ભાંગી પડવું.

કડેડાટ (કડે઼ડ઼ાટ) ૧. પું. કડડડ થતો અવાજ.

૨. અ. કડકડાટ; વગર અટકચે; બેધડક.

૩. અ. ત્વરાથી; એકદમ; સપાટાબંધ.

કડેડાટી (કડે઼ડ઼ાટી) ૧. સ્ત્રી. કડકડ એવો અવાજ.

૨. સ્ત્રી. ટાઢનું તીવ્રપણું.

કડેડાટો (કડે઼ડ઼ાટો) પું. કડ-કડ કરીને લાકડું વગેરે ભાંગવાથી થતો અવાજ.

કડેડિયાં (કડે઼ડ઼િયાં) ન. બ. વ. આંધળિયાં; યાહોમ.

કડેડી (કડે઼ડ઼ી) અ. કડેડાટ ભાંગીને.

કડેતોડ (કડે઼તોડ઼) વિ. કડીતોડ.

કડેધડે (કડે઼ધડે઼) ૧. વિ. કર્તાહર્તા.

૨. વિ. સર્વ અંગે સાબૂત; શરીરે શક્તિમાન.

૩. અ. આનંદમાં.

૪. અ. કડાબીડ; સપાટાબંધ.

૫. અ. ધમધોકાર; બહુ સારી રીતે.

૬. અ. રોફમાં; પૂર બહારમાં.

કડેમાણે કડે (કડે઼માણે કડે઼) [સં. ક્રિયમાણ: કૃત:] અ. (જૈન) કરવા માંડ્યું તે કર્યું એવો મહાવીર સ્વામીનો સિદ્ધાંત.

કડેરા (કડે઼રા) પું. ગંજીફે રમનાર માણસ.

કડેલા સ્ત્રી. કૃષ્ણા. જુઓ કૃષ્ણા.

કડેલિયો (કડે઼લિયો) પું. ગોખના કાંગરાની ઉપરનો ભાગ.

કડેલું (કડે઼લું) ન. ઠીકરાની ઠીબ.

કડેવર (કડે઼વર) [સં. કલેવર] ન. શરીર; દેહ.

કડેસા ૧. સ્ત્રી. સોનીની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કડેં (કડે઼ં) અ. (કચ્છી) ક્યારે.

કડૈ (કડૈ઼) અ. ક્યારે.

કડો (કડ઼ો) ૧. પું. એક જાતનું ઝાડ. તેને સુગંધીદાર ફૂલ થાય છે.

૨. [સં. કુટજ] પું. એક વનસ્પતિ; ડુંગરી ભાગમાં થતું એક ઝાડ; કડાછાલ્ય; કોટ; વત્સક; ગિરિમલ્લિકા; કાલિંગ; શક્રશાખી; ઇંદ્ર; યવફલ; વૃક્ષક; પાંડુરદ્રુમ; મલ્લિકાપુષ્પ; ઇંદ્રજવનું ઝાડ. તેનાં પાન મોટાં, લાંબાં અને અણીદાર હોય છે. તે ચોમાસામાં ફાલે છે અને તેમાં સફેદ અને પાંચ પાંખડીવાળાં જથ્થાબંધ ફૂલ થાય છે. તેનાં ફળને કડાફળી કહે છે. તેનું શાક અથવા અથાણું થાય છે. કડાફળી લાંબી અને વાંકી હોય છે. તેનાં બીને ઇંદ્રજવ કહે છે. બીને એક છેડે રેશમ જેવો તોરો હોય છે. તે બી બહાર નીકળતાં છત્રીની પેઠે ફેલાય છે. તેનાં છાલ તથા બી દવા તરીકે વપરાય છે: તે ગ્રાહી, ઉષ્ણ, જ્વરઘ્ન અને અગ્નિદીપક છે અને તાવ, હરસ, અતિસાર, મરડો, કરમ, જૂની ખાંસી, ત્વચારોગ અને શીળસ ઉપર ક્વાથના રૂપમાં અપાય છે.

૩. [હિં. કફ્ફા] પું. કોડો; મોટી કોડી.

૪. [સં. કટ (સાદડી)] પું. ધ્વજ; સાંઠીથી ગૂંથેલું ચોરસ કે લંબચોરસ આકારનું માંડવા ઉપર છાયા માટે વપરાતું સાધન. વંજીને બદલે તે વપરાય છે ને વાછટ ન લાગે માટે ભીંતે રખાય છે.

૫. પું. દીવાસળી બનાવવામાં વપરાતું એક જાતનું લાકડું.

૬. પું. મોટી સાદડી.

૭. પું. (વહાણવટું) વહાણ ઉપર બાઝી જતી છીપો અગર તેનો બનેલો પથ્થર.

૮. પું. સુરત જિલ્લામાં થતી હલકી ડાંગરની એક જાત.

૯. વિ. કડવું.

૧૦. વિ. ખારૂં.

૧૧. વિ. તેજ; આકરૂં.

૧૨. વિ. બેસ્વાદ.

૧૩. અ. શેમાંથી.

કડોઈંદ્રજવ (કડ઼ોઈંદ્રજવ) ન. એક જાતનું ઝાડ. જુઓ કડો ૨.

કડોકફ (કડ઼ોકફ઼) ન. ચકમક અને મુંજ કે સૂતરની દોરીવાળું દેવતા પાડવાનું એક ઓજાર.

કડોડ (કડ઼ોડ઼) વિ. સો લાખ. જુઓ કરોડ.

કડોડા (કડ઼ોડ઼ા) જુઓ કરોડા.

કડોલી ન. એક જાતનું ઇમારતી લાકડું.

કડોળ વિ. બેડોળ; બદસૂરત; કદરૂપું.

કડોળિયા ૧. સ્ત્રી. ખાંટની એ નામની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કડ્ જુઓ કંડ્.

કડ્ડા ૧. [હિં.] સ્ત્રી. એક જાતની માછલી.

૨. સ્ત્રી. મોટી કોડી; કોડો.

૩. વિ. અઘરૂં.

૪. વિ. ઉગ્ર; આકરૂં.

૫. વિ. ઓછું.

૬. વિ. કઠણ.

૭. વિ. કડક; કઠોર.

૮. વિ. કંજૂસ.

૯. વિ. કંટાળો આપે એવું.

૧૦. વિ. ખરબચડું.

૧૧. વિ. ગંભીર.

૧૨. વિ. ચુસ્ત.

૧૩. વિ. જોરાવર; બહાદુર.

૧૪. વિ. દુઃખ ઉપજાવે એવું.

૧૫. વિ. દૃઢ; મજબૂત.

૧૬. વિ. ફીણનો ઊભરો આવતું.

૧૭. વિ. મોટું.

૧૮. વિ. મોંઘું.

૧૯. વિ. વજનદાર.

૨૦. વિ. વીર્યવાન; બળવાન.

૨૧. વિ. સહન કરે એવું.

૨૨. વિ. હઠીલું.

કડ્ડાકી ૧. સ્ત્રી. મિજાજ; તોર.

૨. સ્ત્રી. વાણીની વક્રતા; કટાક્ષ.

કડ્ડાપન ન. કરડાકી; કટાક્ષ.

કડ્ડિ ખાવું સ. ક્રિ. કરડી ખાવું.

કડ્ડી (કડ્ડી઼) ૧. સ્ત્રી. ખડી; ચાક; સફેદ માટી; ધોળ.

૨. સ્ત્રી. ધાતુનો ખીલો.

૩. જુઓ કડ્ડા.

કડ્ડીખાટો (કડ્ડી઼ખાટો) પું. કઠોળની બનતી ખાવાની ચીજ. તેમાં મસાલો અને છાશ નાખેલી હોય છે.

કડ્ડુ (કડ્ડુ઼) વિ. કરડું.

કઢ [હિં.] સ્ત્રી. કસૂંબાનું બી.

કઢઈ સ્ત્રી. કડાઈ.

કઢણ ૧. [સં. કટ (બાજુ)] સ્ત્રી. ઊભા ઢોળાવવાળા ખડકની ધાર; પર્વતમાંની પથ્થરની ઊભી ને સીધી કોરણ.

૨. સ્ત્રી. ખીણ; કરાડ; તળેટી.

૩. સ્ત્રી. ચામડાના કોસનું લાકડાનું ચક્કર; કોસની કાંબી.

૪. સ્ત્રી. ચીડિયો સ્વભાવ.

૫. સ્ત્રી. છેડે ખાંપાવાળી લાકડી; અંકોડી; છેડે અંકોડો હોય એવી લાકડી; વાંસી.

૬. સ્ત્રી. મસાલા સાથે ઉકાળેલું દાળનું પાણી; મસાલાવાળું ઓસામણ.

૭. સ્ત્રી. લઢણ; આદત.

૮. ન. કઢવું તે; ઉકાળવું તે.

૯. વિ. કઢાપિયું; ચીડિયું.

૧૦. વિ. મિજાજી; રિસાળ.

કઢણિયું વિ. ચીડિયું; કઢાપો કરવાના સ્વભાવવાળું.

કઢણી સ્ત્રી. કડણાઈ.

કઢણું વિ. કાઢનાર; પસાર કરનાર.

કઢતી ૧. [હિં.] પું. ઇનામ કાઢવું તે.

૨. પું. કેટલીક ઔષધિઓના મૂળનો અને છોડનો ઉકાળો. ખાસ કરીને સ્ત્રીઓને કસુવાવડ પછી અપાય છે.

કઢન સ્ત્રી. ભરતકામ.

કઢલી સ્ત્રી. દાણિયેથી અંટાઈ ધચામાંથી બહાર નીકળી કાંઠે પડેલી કોડી.

કઢવા ૧. [હિં.] સ્ત્રી. ઉછીની આપેલી રકમમાંથી બાદ કરવું તે.

૨. સ્ત્રી. વ્યાજે આપેલી કે લીધેલી રકમ.

કઢવું ૧. અ. ક્રિ. આગળ નીકળવું.

૨. અ. ક્રિ. ઉદય થવો.

૩. અ. ક્રિ. ગુસ્સે થવું; ચિડાવું.

૪. અ. ક્રિ. બહાર આવવું; નીકળવું.

૫. અ. ક્રિ. વધવું.

૬. [સં. કવથ્ (ઉકાળવું)] સ. ક્રિ. ઊકળી ઊકળીને ઘાટું થાય એમ કરવું; ખૂબ ઉકાળવું.

૭. સ. ક્રિ. ખરચ કરવું.

૮. સ. ક્રિ. ગુસ્સાથી લોહીને તપાવી નાખવું.

કઢંગ ૧. [સં. કુ (ખરાબ) + ઢંગ (રીતભાત)] પું. અસાધારણતા; વિલક્ષણતા.

૨. પું. ગેરચાલ; કુચાલ.

કઢંગાઈ જુઓ કઢંગાપણું.

કઢંગાપણું ન. તરેહવારપણું; વિચિત્રતા.

કઢંગું ૧. [સં. કુ (ખરાબ) + ઢંગ (રીત)] વિ. આડુંઅવળું.

૨. વિ. ઓર; વિચિત્ર.

૩. વિ. ઢંગ વગરનું; વિલક્ષણ; બેડોળ.

૪. વિ. બગાડી નાખેલું.

૫. વિ. બેડોળ; બદસૂરત; કદરૂપું.

કઢા ૧. પું. ઉકાળેલો દૂધનો કઢો.

૨. [સં. કટાહ; અપ. કડાહ] સ્ત્રી. કડાઈ; મોટો પેણો; તાવડો; તળવાનું વાસણ.

તેલ **કઢા** જેમ શીતળ કીધી,
વેલ સુધન્વાની વાળી રે. નરસિંહ

૩. વિ. ભરત ભરેલું.

૪. વિ. સત્વ ખેંચેલું.

કઢાઈ ૧. સ્ત્રી. કાઢવાની ક્રિયા.

૨. સ્ત્રી. કાઢવાની મજૂરી.

૩. [સં. કટાહ; અપ. કડાહ] સ્ત્રી. ગોળ છાછરૂં પણ સહેજ ઊંડું તળવા રાંધવાનું વાસણ; પેણી; કડાઈ.

કઢાઈ ચડાવવી = મોજમજાનું ભોજન કરવું. હિંદુ કુટુંબોમાં જ્યારે શોક હોય ત્યારે એમ કહેવાય છે કે કઢાઈ ચઢાવાય એવું નથી.

કઢાઈઓ પું. એક જાતનો ગુંદર.

કઢાકઢાયા વિ. ભરત ભરેલ.

કઢાણું ૧. વિ. ઉકળેલું; જાડું કરેલું.

૨. વિ. કઢિયલ; કઢાયેલું.

૩. વિ. ચિડિયલ; કઢણિયું.

૪. વિ. બહુ ઉકાળેલું.

૫. વિ. બેસ્વાદ; સ્વાદ વગરનું.

કઢાપો ૧. [સં. ક્વથ્ (ઉકાળવું)] પું. ઉકાળો.

૨. પું. કઢી. મશ્કરીમાં અને તિરસ્કારમાં કહેવાય છે.

૩. પું. કળતર; વેદના; દુઃખ.

૪. પું. ગુસ્સો આણી લોહી તપાવવું તે; પરિતાપ; ક્લેશ; કંકાસ.

૫. પું. ધામ; બફારો; કઢારો.

૬. પું. દાઢનો દુઃખાવો.

કઢામ ૧. ન. ખેડૂત પોતાનાં સાધન ઉપાડી જવા જે ત્રિકોણાકાર ચોકઠું વાપરે છે તે; ધીંસરૂં; કઢામડું.

૨. ન: ઘોડા અને બળદ પળોટવાનું વગર પૈડાંનું જમીનને ઘસરડાતું તણાય એવું લાકડાનું ત્રિકોણાકાર ચોકઠું.

કઢામડું (કઢામડું) ન. ધીંસરૂં; કઢામ; ચોગડાના આકારનું લાકડાનું સાંતી નીચે નંખાતું બેલાખડું; સાંતીને લઈ જતાં લાવતાં તે ઘસાય નહિ માટે તેની નીચે ચોગડાના આકારનું રાખવામાં આવતું લાકડાનું ચોકઠું.

કઢામણી ૧. સ્ત્રી. પૈસા કઢાવવાની રીત.

૨. સ્ત્રી. મૂઠી ખોલાવવી તે.

૩. સ્ત્રી. લાકડું અંદર નાખી વહેરવાનું ત્રિકોણાકાર સાધન.

કઢામણું જુઓ કઢામડું.

કઢાયું ન. મોટી કડાઈ; તાવડો; નાનો તવો.

કઢાયેલું જુઓ કઢાણું.

કઢાયો ૧. પું. ચાંલ્લા વગરની છેડે મૂછ જેવી સૌથી લાંબા છેડા ઉપરની મોરની પીંછી; ગાંયજો.

૨. પું. તરીયલને ગાડા સાથે જોડવાનું વરત જેવું દોરડું; તાણિયો.

૩. પું. મુચકુંદાદિ વર્ગની એ નામની ઔષધોપયોગી એક વનસ્પતિ. એનાં બીજ કોફીની જગ્યાએ વપરાય છે અને એનો ગુંદર પૌષ્ટિક મનાય છે. તેનો ગુંદ કઢાયા ગુંદર સાથે ઓળખવામાં આવે છે અને તે એક નામના બે જાતના ગુંદનો ભેળ કરવામાં આવે છે. સાધારણ રીતે કઢાયાનો ગુંદર કતીરા ગુંદ તરીકે ઓળખાય છે અને પરદેશથી તે આવે છે.

કઢાયો ગુંદર પું. એ નામનો એક જાતનો ગુંદ. આ ગુંદ સાતપુડાના ડુંગરમાં થાય છે. તે પૌષ્ટિક હઈ સુવાવડી સ્ત્રીઓ માટે સરસ મનાય છે. પરદેશથી આવતો કતીરા ગુંદ પણ કઢાયા ગુંદર તરીકે ઓળખાય છે અને આ બંનેનો ભેળ થાય છે.

કઢારા નાણા પું.બ.વ. (ઓખામંડળ) ઉછીનાં લીધેલાં નાણાં.

કઢારૂં ૧. ન. કોઢિયું; ઢોર બાંધવાનું નાનું ઘર; પડાળી.

૨. ન. ઘરની પછવાડેનો વાડો.

૩. ન. નીચે ઉતારેલી ઓશરી.

૪. વિ. ઉછીનું; પાછું આપવાનું કહીને સાખ ઉપર લીધેલું.

કઢારે લઈ જવું = ઉછીનું લઈ જવું.

કઢારો ૧. પું. અમુક ગણા કરી પાછું આપવાની શરતે અનાજ વગેરે લેવું તે.

કાઢ **કઢારે** કંથ અંતર વ્હોર્યાં અંતરે.

દિલગીર

૨. પું. કડકડ એવો મોટો અવાજ.

૩. પું. ધીરેલાં નાણાંનો વધારો.

૪. પું. ભાવ ઠરાવીને નહિ પરંતુ ઊચક વસ્તુ લેવી દેવી તે; ઊચક વસ્તુ લેવી તે.

૫. પું. લીધેલી વસ્તુ નીમેલી મુદ્દતે સવાઈ દોઢી દેવાનો ઠરાવ.

કઢાવની [હિં.] સ્ત્રી. દૂધ ગરમ કરવામાં આવ્યું હોય એવું માટીનું વાસણ.

કઢાવલી [હિં.] સ્ત્રી. દૂધ ગરમ કરવામાં આવ્યું હોય એવું માટીનું વાસણ.

કઢાવવું ૧. [સં. કર્ષિત; પ્રા. કડ્ઢાવિય] સ. ક્રિ. ઉકાળે એમ કરાવવું; ઉકળાવવું; 'કઢવું'નું પ્રેરક રૂપ.

૨. સ. ક્રિ. કઢાપો કરાવવો; ચીડવવું; સંતાપવું.

૩. સ. ક્રિ. કાઢે એમ કરાવવું; કાઢવા લાગવું; ખેંચાવવું; 'કાઢવું'નું પ્રેરક રૂપ.

૪. સ. ક્રિ. રજા અપાવવી; કાઢી મુકાવવું.

કઢાવું ૧. અ. ક્રિ. ઊકળવું; બળવું; 'કઢવું'નું કર્મણિ રૂપ.

૨. અ. ક્રિ. નીકળવું; બહાર આવવું; 'કાઢવું'નું કર્મણિ રૂપ.

કઢાહ ન. હળની આડે રાખવાનું ઓજાર; સાંતીને લઈ જતાં લાવતાં તે ઘસાય નહિ માટે તેની નીચે ચોગડાના આકારનું રાખવામાં આવતું લાકડાનું ચોગઠું.

કઢાહ કરવો = હળ વગેરે ખેતીનાં ઓજાર નીચે કઢામણું નાખવું કે જોડવું; સામેલ કરવું.

કઢાહી ૧. પું. મોટો તાવડો.

૨. સ્ત્રી. મીઠાઈ.

૩. સ્ત્રી. મીઠાઈ ધરવી તે.

કઢાળ ૧. ન. ખેતરમાં જવા આવવા માટે વાડમાં રાખેલું લાકડાનું છીંડું; ખોડીબારૂં.

૨. ન. વાડ કે કોટ ઉપર જવાનું પગથિયું.

૩. વિ. જેનો ઢાળ બરાબર ઊતર્યો ન હોય એવું.

કઢિણ ૧. ન. પર્ણ; પાંદડું.

૨. ન. વાંસની સાદડીની ચટાઈ.

૩. [સં. કઠિન] વિ. કઠોર; મજબૂત.

કઢિયલ [સં. ક્વથિત; પ્રા. કઢિઅ] વિ. ખૂબ ઉકાળેલું; ઉકાળીને જાડું કરેલું; કઢેલું.

કઢિયલું વિ. કઢાણું; ઉકાળેલું.

કઢિયેલ જુઓ કઢિયલ.

કઢિયો ૧. પું. ગંજીફાનું એક પાનું.

૨. પું. ગોલો; નોકર.

કઢી ૧. સ્ત્રી. ખવાસનું ખીજવણું. ખવાસની કોમમાં કઢીનો પ્રચાર વધારે હોય તેથી તેને તિરસ્કારમાં કઢી કહે છે.

૨. સ્ત્રી. [સં. ક્વથ; ક્વથિકા] સ્ત્રી. બાજરી કે ચણાનો થોડો લોટ અને મસાલો ભેળવી ઉકાળેલ છાશ; ચણાના લોટને છાશ સાથે વધારીને બનાવાતી ભોજનની એક વાની.

૧. કઢી કરતાં ન આવડી ને નાખી દેતાં યે ન આવડી = ખાધું નહિ અને ખાવા દીધું ય નહિ.

૨. કઢી કરવી = (૧) ચણાની દાળ કરવી. (૨) ભાંગરો વાટવો.

૩. કઢીનો સ્વાદ ચાખવો = અનુભવ લેવો; પ્રયોગ અજમાવવો.

૪. કાચી કઢી = છાશ ૬ા શેર, ૪ માસા જીરૂં, ત્રણ રૂપિયા ને આઠ માસાભાર મીઠું, ૧ાા રૂપિયાભાર ઘી, ૮ માસા મરી, ૨ માસા હિંગ, ૫ કાગદી લીંબુ, ૪ માસા રાઈ, ૬ા રૂપિયાભાર કડવા અને મીઠા લીંબડાનાં પાંદડાં એટલી વસ્તુ લઈ બનાવાતી કઢી.

૫. બુરાની કઢી = ૧૨૫ રૂપિયાભાર ઘટ્ટ અને મીઠું દહીં, ૨ સૂકાં મરચાં, ૮ માસા લસણ, ૮ માસા રાઈ, ૧ાા રૂપિયાભાર ઘી, ૪ માસા મરી, ૪ માસા જીરૂં, ૧૬ માસા આદુ, ૧ રૂપિયાભાર મીઠું, ૧ મીઠા લીમડાની ડાંખળી અને ૮ માસા કોથમીર એટલી વસ્તુઓ લઈ બનાવાતી કઢી.

૬. વાસી કઢીમાં ઉભાલ આવવું = ઘરડા માણસના ગુસ્સાથી કઢી ઉકાળવી.

કઢીચટું ૧. વિ. કઢી ચાટનારૂં.

૨. વિ. માખણિયું.

૩. વિ. લાભ લેવાને ટેવાઈ ગયેલું.

કઢીચટો ૧. પું. અધમ માણસ; દુષ્ટ વ્યક્તિ.

૨. પું. ખવાસનું ખીજવણું.

૩. પું. ગરાસિયાનું ખીજવણું.

૪. वि. કઢી ચાટનારૂં.

૫. वि. ખુશામતિયું.

૬. वि. લાલચુ.

કઢીચટ્ટુ જુઓ કઢીચટું.

કઢીચટ્ટો જુઓ કઢીચટો.

કઢીછાંટણાં न. ब. व. મરજાદીમાં વપરાતો સંભોગ માટે સાંકેતિક શબ્દ.

કઢીદાનજી પું. માખણિયો.

કઢીલીંબડો (કઢીલીંબડ઼ો) પું. એક જાતનું ઝાડ; મીઠો લીંબડો. તેનાં પાન લીંબડાની જેમ લાંબી સળી ઉપર આવે છે. તેમાં સફેદ ફૂલના ગુચ્છા આવે છે અને લીંબોળી જેવડાં કાળાં ફળ થાય છે. તેનાં પાન મીઠાં સુગંધિત હોય છે, તેથી તેને કઢીમાં નાખવાથી સારી લહેજતદાર કઢી બને છે.

કઢૂઆ ૧. [હિં.] પું. કરજ; ઋણ.

૨. પું. ધીરેલી રકમમાંથી બાદ કરવું તે.

કઢેયું न. તળવાનો પેણો.

કઢેરા ૧. [હિં.] वि. ઊન પીંજનાર.

૨. वि. ગંજીફે રમનાર.

કઢેલ वि. ઉકાળીને જાડું કરેલું; ખદખદાવેલ.

કઢેલડ (કઢેલડ઼) ૧. [હિં.] न. ઓરમાન છોકરૂં.

૨. वि. નાત બહાર મૂકેલું.

૩. वि. હદ પાર કરેલું.

કઢેલડા (કઢેલડ઼ા) [હિં.] न. ઓરમાન સંતાન.

કઢેલું ૧. [સં. ક્વથિત; પ્રા. કઢીઅ] न. ઉકાળેલું દૂધ.

૨. न. બકડિયું; લોયું; તવી.

૩. न. માટીનું વાસણ.

૪. वि. ઉકાળીને જાડું કરેલું.

૫. वि. ખોખરૂં; અડધુંપડધું ભાંગેલું.

વહુ ફોડે ઈ માટલું ને સાસુ ફોડે તે કઢેલું = વહુથી જો માટીનું વાસણ ફૂટી જાય તો કહેવાય કે તે નીવડેલ ઠામ હતું; જ્યારે સાસુથી તે ફૂટી જાય તો તે ભાંગેલું હઈ તેની કીમત ન લેખાય. તેમ મોટા માણસની ભૂલ ધ્યાનમાં લેવાતી નથી અને નાના માણસની ભૂલને મોટું સ્વરૂપ આપવામાં આવે છે.

કઢૈયા वि. ઉકાળીને જાડું કરેલું.

નાના વિધના ભોજન ભાવે, દૂધ **કઢૈયા** લાવું રે.
નરસિંહ

કઢો ૧. પું. કઢાપો; કલેશ.

૨. પું. ક્વાથ; ઉકાળો; કાઢો.

૩ પું. ખવાસ; કઢીચટો.

૪. પું. ખૂબ ઉકાળેલ દૂધ.

૫. પું. જાડી કઢી. તિરસ્કારમાં આ શબ્દ વપરાય છે.

૬. પું. માથાનું દરદ.

કઢોર न. હલકી જાતનું પશુ. જેમકે, ગધેડું, ખચ્ચર.

કઢોરમ ૧. वि. કઠણ; સખ્ત.

૨. वि. કઠોર.

કણ્ ૧. [સં.] अ. क्रि. જવું.

૨. अ. क्रि. દુઃખની બૂમ પાડવી.

૩. अ. क्रि. (ધાતુ) નાનું થવું. તે ઉપરથી થયેલ શબ્દઃ કણ, કણક, રજકણ, કણિયો, કણિકા.

૪. अ. क्रि. મટકું મારવું; આંખ મીંચવી.

૫. अ. क्रि. રોવું.

કણ ૧. [સં.] પું. અનાજ; દાણો; બી.

૨. પું. અનાજનું ડૂંડું.

૩. પું. આંટણ; વળ.

૪. પું. (જ્યોતિષ) એ નામનો સાતમો ગ્રહ.

૫. પું. કણકી; ચોખાના ખંડિત દાણા.

૬. પું. કરચ; કટકી.

૭. પું. કાંગરી; શિખર.

૮. પું. ખૂણો.

૯. પું. ઘણો નાનો ભાગ; પરમાણુ.

૧. ઉપસેલો કણ = જીભની પાછળ આવેલ કણ. તેથી સ્વાદની ખબર પડે છે.

૨. કણ ચડવો = ફળનું પાક ઉપર આવવું.

૩. કણ પડવો-બંધાવો = દાણાદાર થવું; દાણો બંધાવો.

૪. કણનું મણ = રજનું ગજ; થોડામાંથી ઘણું.

૫. કીડીને કણ અને હાથીને મણ = જેને જેટલું જોઈએ તેને તેટલું મળી રહે છે.

૬. માલ કણે ચડવો = પુખ્ત ઉમરનું થવું; જુવાની ફૂટવી.

૧૦. પું. ચોખા; ભાત.

૧૧. પું. ટપકું; બિંદુ; ટીપું.

૧૨. પું. તણખો.

૧૩. પું. તેજ; પ્રકાશ.

૧૪. પું. દરદીના મોઢામાંથી નીકળતો દુઃખનો અવાજ.

૧૫. પું. પાસું; સપાટી.

૧૬. પું. બ્રાહ્મણ કે અભ્યાગતને આપેલ ભિક્ષાન્ન.

૧૭. પું. ભેંસોગૂગળ.

૧૮. પું. (ડિંગળ) મોતીનો દાણો.

૧૯. પું. રજ; રજકણ.

૨૦. પું. લાંબી પીપર.

૨૧. પું. લોહીનો એક જાતનો કોષ; લોહીના ટીપાનો બારીક ભાગ. તેના બે પ્રકારઃ શ્વેતકણ અને લાલકણ.

૨૨. પું. વિશેષણ બનાવનાર એક પ્રત્યય. કૃદંતને આ પ્રત્યય લાગવાથી 'તે ક્રિયા કરનારૂં', 'તેની ટેવવાળું' એ અર્થનું વિશેષણ બનાવે છે. જેમકે, બીકણ.

૨૩. પું. હીરાનો ઉપલો પ્રકાશિત ભાગ.

૨૪. સ્ત્રી. એક ગુપ્ત સંજ્ઞા.

૨૫. સ્ત્રી. પ્રસવ પછી યોનિ સંકોચન માટેની દવા.

૨૬. સ્ત્રી. ભાત; તરેહ.

૨૭. સ્ત્રી. વનમાં થતું જીરૂં.

૨૮. न. અનાજનું નાકું.

૨૯. न. હિમાલય તરફ જોવામાં આવતું એક જાનવર. તે રંગે બદામી હોય છે અને તેનો ખોરાક મરઘાં કૂકડાંનો છે.

કણઉ પું. (પિંગળ) ઉલ્લાસ છંદની જાતનો એક અર્ધમાત્રામેળ છંદ. તેમાં ૧૯ ગુરુ અને ૧૮ લઘુ મળી ૩૭ વર્ણ અને ૫૬ માત્રા હોય છે.

કણક ૧. પું. એક જાતનો વાંસ. તે ઘણો મોટો થાય અને તેને ઘઉં જેવાં બિયાં આવે છે.

૨. [સં. કનક] પું. (પ્રાકૃત) બાણ.

૩. [સં. કણિક] સ્ત્રી. કણ; ભિક્ષાન્ન; બ્રાહ્મણ કે અતિથિને અપાતું અન્ન.

૧. કણક કરાવવી = ભિક્ષા આપવી.

૨. કણક કાઢવી = (૧) જમવા માટે અન્ન જુદું કાઢવું. (૨) ભિખારીનો ભાગ કાઢવો.

૪. સ્ત્રી. ઘઉં, બાજરી જેવા અનાજમાં ભેળવેલું અનાજ.

૫. સ્ત્રી. ઘઉંનો લોટ.

૬. સ્ત્રી. બાંધેલ લોટ; કણેક.

૧. કણક કેળવવી-ગૂંદવી-ટૂંપવી = લોટને પ્રવાહીમાં બાંધી ખૂબ કણસવો; લોટ કેળવવો.

૨. કણક અને કણબી કણસ્યાં ગુણ દે-કણક બાંધ્યે અને કણબી કણસ્યે ગુણ દે = કણક અને કણબી ગૂંદવાથી ફાયદો આપે.

૩. કણકમાં પાણી પડ્યું તે પડ્યું = થયું તે ન થયું થવાનું નથી. હિંદુ લગ્ન સંબંધે આમ કહેવાય છે, કારણ કે તે રદ થઈ શકતાં નથી.

૪. ઘઉંની કણક = જેમ ફાવે તેમ કેળવાય તેવું.

૭. वि. કડક; જરા કાચું.

કણુકણુ ૧. સ્ત્રી. કચવાયેલ બાળકનો અણગમો.

૨. [સં. કણ્ (રોવું)] સ્ત્રી. કણુકણાટ; ઝીણું ઝીણું રોણું.

કણુકણુક (જ્યોતિષ) પું. અઠ્યાશી માંહેનો એ નામનો એક ગ્રહ.

કણુકણવું ૧. [સં. કણ્ (રોવું)] અ. ક્રિ. દુઃખ કે અસંતોષનો અસ્પષ્ટ અવાજ કાઢવો; ઝીણું રોવું; કણછવું.
૨. અ. ક્રિ. ધીમે ધીમે બોલવું.
૩. અ. ક્રિ. બબડવું.
૪. અ. ક્રિ. સહેજ કંપવું.

કણકણહાર પું. કણના ઢગલા.

કણકણા ૧. સ્ત્રી. કંટાળો.
૨. સ્ત્રી. થથરાટ; કંપારી.

કણકણાટ ૧. [સં. કણ્ (રોવું)] પું. કણકણવું તે; કણકણ એવો અવાજ.
૨. પું. કમકમાટી; ધ્રુજારી.
૩. પું. કંટાળો.

કણકણાવવું સ. ક્રિ. કણકણે એમ કરાવવું; સતાવવું.

કણકણિકા [સં.] સ્ત્રી. માલકાંગણી.

કણકણી ૧. સ્ત્રી. કંટાળાની લાગણી; કંટાળો.
૨. સ્ત્રી. થથરાટ; કમકમાટ.

કણકણો ૧. [સં. કણ્ (વિલાપ કરવો); પ્રા. કુણકુણ] પું. કંપ; થથરાટ.
૨. પું. ધિક્કાર.
૩. પું. સુસ્તી.

કણકપાણિ [સં. કનક (બાણ) + પાણિ (હાથ)] પું. વાસુદેવ. તેના હાથમાં ધનુષ્ય હોય છે.

કણકવું ૧. અ. ક્રિ. ઊંઘમાં બોલવું.
૨. અ. ક્રિ. કચૂડ કચૂડ થવું.
૩. અ. ક્રિ. રિબાવું; તલસવું.

કણકવો પું. પતંગ; કનકવો.

કણકસાય પું. દાણાનો વેપારી. સડેલા દાણા વેચનારને કણકસાય કહે છે.

કણકા સ્ત્રી. કણી.

કણકાં સ્ત્રી. ખોરાક; નાસ્તો. વૈષ્ણવો નાસ્તા માટે આ શબ્દ વાપરે છે.

કણકિયા ૧. સ્ત્રી. એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કણકી ૧. [તે.] સ્ત્રી. કણસલું.
૨. સ્ત્રી. દળેલા ચોખા.
૩. સ્ત્રી. નાનો દાણો; ઝીણો કણ.
૪. સ્ત્રી. ભાંગી ગયેલ ચોખા.

કણકી તબડાવવી = કણકીની વેંશ કરવી.

કણકીદાર વિ. કણકીવાળું; દાણાદાર.

કણકું ન. ચણા, અડદ, મગ વગેરેને ભરડતાં પડતો ઝીણો ભૂકો.

કણકુંડ [સં.] ન. થૂલું; કુશકી.

કણકેશ્વર પું. શંકરનું એક નામ.

કણકો પું. દાણો.

કણકોટિયા ૧. સ્ત્રી. લેઉઆ કણબીની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કણકચા સ્ત્રી. કણી; રજ; કણિકા.

કણગ ૧. [સં. કનક] ન. એક જાતનું બાણ.
૨. ન. એક વાજિંત્ર.
૩. [પ્રા.] ન. સુવર્ણ; સોનું.

કણગણ ૧. સ્ત્રી. ઓરણીમાં દાણા ઓરતાં એક બાજુએ વધારે દાણા પડવાપણું.

કણગણ વરસવી = વાવતાં બે ઓળ ધાટી ને એક પારવી થઈ જવી.

૨. સ્ત્રી. ઓરણીમાં દાણા પડે તેવી સગવડ કરવી તે.

કણગર પું. કર્ણાટક અને કોંકણ તરફ થતું એક કંદ. એની ઉપરની છાલ કઠણ અને તે ઉપર કાંટા જેવાં નાનાં મૂળિયાં હોય. તેનાં પાન ગોળ ને નાનાં હોય.

કણગરી સ્ત્રી. ઊપજ ઉપર ખેડૂત પાસેથી લેવાતી દરબારી બાબત; રાજહક્કની લેતરી.

કણગા ૧. [મ.] પું. કણસલું; અનાજની ડૂંડી.
૨. પું. કોઠાર.
૩. પું. ટોપલો.

કણગુગ્ગુલ [સં.] પું. ભેંસોગૂગળ. તે વાયુ, શૂળ, ગુલ્મ અને કફનો નાશ કરનાર મનાય છે.

કણછ ૧. સ્ત્રી. ઊંઘમાં બોલવું તે.
૨. સ્ત્રી. દુઃખનો ઊંહકારો.

કણછવું અ. ક્રિ. દુઃખથી ઊંહકારા કરવા; કણકણવું.

કણજ ૧. પું. એક ઝાડ. તેમાં થતાં અર્ધચંદ્રાકાર ફળમાંથી બીજ નીકળે છે. તેનું તેલ ગાડાં ઊંજવામાં વપરાય છે.
૨. સ્ત્રી. અનાજનો કોઠાર.
૩. સ્ત્રી. કણ; રજકણ.
૪. ન. એક જાતનું ઇમારતી લાકડું.

કણજર ન. સિંગાપુર તરફથી આવતાં એક ઝાડનાં મૂળિયાં. તે સ્વાદે તીખાં અને સૂંઠ જેવાં હોય. દીપક, પાચક, વાતહર અને પૌષ્ટિક ઔષધ તરીકે તે વપરાય છે.

કણજરી પું. એક જાતનો બાજરો.

કણજરો પું. એક છોડ. તેની ભાજી થાય છે.

કણજિયું ન. કણજીનાં બીનું તેલ. તે બાળવામાં અને ખસ, ખૂજલી વગેરે ઉપર ઔષધ તરીકે વપરાય છે.

કણજિહ્વ પું. (પુરાણ) એક બ્રહ્મર્ષિનું નામ.

કણજી સ્ત્રી. લંબગોળ પાન અને બદામના આકારનાં તેલીબિયાંવાળું એક ઘટાદાર ઝાડ. તે પાક વખતે તીખું અને ઉષ્ણ અને રસકાળે કડવું અને તૂરૂં હોય. તે ઉદાવર્ત વાયુ, યોનિદોષ, વાતગુલ્મ, અર્શ, વ્રણ, કંડુ, કફ, વિષ, પિત્ત, કૃમિ, ત્વગ્દોષ, ઉદરરોગ અને પ્રમેહનો નાશ કરનાર મનાય છે. તેનો દીવો ઠંડો છે. તેનાં બીજ, તેલ, છાલ અને પાંદડાં દરેક ઉપયોગી છે. ઉંદર વગેરેના વિષ ઉપર છાલ અને બી ઘસી તેનો લેપ કરાય.

કણજીર [સં.] ન. ધોળું જીરૂં; હલકું જીરૂં; ઝીણું જીરૂં.

કણજીરક જુઓ કણજીર.

કણજું ન. કણજીનું બી.

કણજો ૧. પું. એક છોડ. તેનાં પાન લાંબાં અને પહોળાં, ફૂલની મંજરી ગુલાબી રંગની અને ફળ બદામ જેવાં બારીક થાય. તે દવામાં ઉપયોગી છે.
૨. ન. એક જાતનું ઇમારતી લાકડું.

કણઝ (કણઝ) ૧. પું. મળોત્સર્ગ માટે આંતરડાંને જોર આપવું તે; કરાંજ; ઊંબેલો.
૨. જુઓ કણજ.

કણઝર (કણઝર) જુઓ કણજર.

કણઝરડો (કણઝરડો) પું. એક જાતનો છોડ.

કણઝરો (કણઝરો) જુઓ કણજરો.

કણઝવું (કણઝવું) અ. ક્રિ. દુઃખનો ઊંહકારો કરવો.

કણઝારિયા ૧. સ્ત્રી. સથવારાની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કણઝિયું (કણઝિયું) જુઓ કણજિયું.

કણઝી (કણઝી) જુઓ કણજી.

કણઝો (કણઝો) જુઓ કણજો.

કણડિયો (કણડિયો) પું. હાથમાં પહેરવાનું એક ઘરેણું.

કણડુકોઢ (કણડુકોઢ) પું. એક જાતનો કોઢ. તે કોડના જેવો થઈ તેમાંથી રસી વહે છે.

કણતા [સં.] સ્ત્રી. દાણા ઉપર જીવવાની સ્થિતિ.

કણતું ન. માસિક પગાર તરીકે અપાતું અનાજ.

કણદ [સં.] પું. બાર માંહેનો એ નામનો એક મેઘ.

કણદાર ૧. વિ. કાંગરીવાળું.

૨. વિ. દાણાદાર.

કણદિયો [સં. કણ + દીપ (દીવો)] પું. સ્ત્રીઓને હાથે પહેરવાનું કાંગરીવાળું એક જાતનું ઘરેણું.

કણદોરો પું. કંદોરો.

કાછ કછ્યા છે પંચવર્ણા,
કણદોરે ઘુઘરમાળ. પ્રેમાનંદ

કણપ ૧. પું. બંદૂક; પિસ્તોલ.

૨. [સં.] પું. ભાલું.

કણપતિ ૧. [સં.] પું. અનાજનો વેપારી; કણિયો.

૨. પું. ખેડૂત; અનાજ પકવનાર માણસ.

કણપરી સ્ત્રી. સોનીની પારસીમાં અગિયારની સંજ્ઞા.

કણપીઠ [સં. કણ (દાણો) + પીઠ (બેઠક)] સ્ત્રી. દાણાપીઠ; દાણાબજાર.

કણબણ સ્ત્રી. કણબીની સ્ત્રી.

કણબી ૧. [સં. કુટુમ્બિન્–કુડુમ્બી–કણબી] પું. એ નામની જ્ઞાતિનું માણસ. તેઓ રામના પુત્રો લવ અને કુશના વંશ જ ગણાય છે. વૈશ્ય વર્ગના હોવાથી ખેતી અને પશુપાલન તેમનો મુખ્ય ધંધો છે. તેમાં લેઉઆ, કડવા અને આંજણા ત્રણ ભાગ છે.

૧. કણબી કાર્તિક મહિને ડાહ્યો = વખત વીત્યા પછી ડહાપણ બતાવનાર. કાર્તિક માસમાં કહે કે ફલાણું વાવ્યું હોત તો સારૂં એ ડહાપણ વ્યર્થ છે.

૨. કણબી ને કોળું જે તરફથી ખાવું હોય તે તરફથી ખવાય = નબળાઈનો લાભ જેટલો લેવો હોય તેટલો લેવાય.

૩. કણબી પાછળ કરોડ, કણબી કો પાછળ નહિ, પણ મૂળમાં મોટી ખોડ કે ઊંહુંનું ઓસડ નહિ = આખી દુનિયાનો આધાર ખેડૂત ઉપર છે, તે કોઈ ઉપર આધાર રાખતો નથી, પણ તેની 'ના'ની 'હા' થાય નહિ.

૪. કણબી બગાડ્યા કડવે ને મણિધર બગાડ્યા પડવે = એક ઘેટું આખા ટોળાને બગાડે.

૫. કણબી વેચે કાબરો, મતવો વેચે ગા, ટીડું વેચે ટારડું, તેમાં કાંઈ લા ને કાંઇ સા = જો કણબી બળદ વેચે, મતવો ગાય વેચે અને રજપૂત ઘોડું વેચે તો એમાં કાંઈ ઠરીએ નહિ, કેમકે જેનું જેની સાથે જીવન છે તેને તે વેચે તો તે સાવ બિનઉપયોગી જ હોય તો વેચે.

૬. કણબી સમાન દાતા નહિ અને માર્યા વિના દેતા નહિ = કણબી બહુ ઉદાર હોય છે, પણ કચર્યા વગર કોઈને આપે નહિ.

૭. કણબીના હાથ સોનાના પણ જીભ કુહાડાની = કણબી ઉદાર બહુ હોય પણ બોલી કડવી હોય.

૮. કણબીની મત ફૂલે ને ભણે ભણે ને ભૂલે = કણબી જાડી બુદ્ધિનો હોય છે.

૯. કણબીનું મોં કુહાડે ચીરેલું = કણબીની બોલી માઠું લાગે એવી હોય છે.

૧૦. કણબીનો કૂબો એક મૂઓ ને બીજો ઊભો = કણબીમાં એકેય વિધવા હોતી નથી, કારણ કે તેમાં છૂટાછેડા અને પુનર્લગ્નની છૂટ હોય છે.

૧૧. ભણ્યો કણબી કુટુંબ બોળે–ભણ્યો કણબી ગામ બાળે = વધારે ભણેલ કણબી વેદિયો થઈને કુટુંબને હાનિ પહોંચાડે છે.

૨. [કણ (દાણો) + બી] પું. ખેડૂત; દાણાનો બી તરીકે ઉપયોગ કરનાર માણસ; બી રાખીને કણ વેચનાર માણસ.

૩. પું. તાબેદાર આદમી; સેવક.

૪. સ્ત્રી. એ નામની એક જ્ઞાતિ.

૫. વિ. એ નામની જ્ઞાતિનું.

કણબીકાળે ૧. સ્ત્રી. કણબીની એક જાત. તે બેલગામ તરફ રહી ખેતીનો ધંધો કરે છે.

૨. ન. એ નામની કણબીની જાતનું માણસ.

૩. વિ. કણબીની એક જાતનું.

કણબીકુંભાર ૧. સ્ત્રી. એ નામની કુંભારની એક જાત. તે ખાનદેશ તરફ રહી ખેતીનો ધંધો કરે છે.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની એક જાતનું.

કણબીવાડ (કણબીવાડ઼) સ્ત્રી. જ્યાં કણબીનો મોટો સમૂહ રહેતો હોય તેવો ગામનો ભાગ; કણબીપા.

કણબીવાડો (કણબીવાડ઼ો) જુઓ કણબીવાડ.

કણબેણ સ્ત્રી. કણબીની સ્ત્રી; કણબણ.

કણભ ૧. [સં.] પું. એક જાતનો કીડો.

૨. પું. ડંખ મારનારી એક માખી.

કણભક્ષ ૧. [સં.] પું. એક જાતનું પક્ષી.

૨. પું. કણાદ મુનિ.

કણભક્ષક જુઓ કણભક્ષ.

કણમણ ૧. વિ. મન વિનાનું.

૨. અ. મન વગર.

કણમણવું ૧. [સં. કણ્ (વિલાપ કરવો)] અ. ક્રિ. કણકણવું; ઝીણું રોવું.

૨. અ. ક્રિ. નાખુશ થવું.

કણમણાટ પું. કણકણાટ; નાખુશી; અસંતોષ.

કણમય ૧. વિ. કણથી બનેલું; દાણાવાળું.

૨. વિ. દાણાદાર.

કણમાત્ર [સં.] ન. રજકણ.

કણય ૧. પું. (પિંગળ) ઉલ્લાસની જાતનો એક અર્ધસમ માત્રામેળ છંદ. તેમાં ૨૪ ગુરુ અને ૮ લઘુ મળી ૩૨ વર્ણ અને ૫૬ માત્રા આવે છે.

૨. [સં.] ન. છત્રીશ માંહેનું એક દંડાયુધ; હળના જેવી ધારવાળું લડાઈનું એક અસલી લોખંડી હથિયાર. તે વીશથી ચોવીશ ઇંચ લાંબું હોય છે. તેના બંને છેડા ત્રિકોણાકાર હોવાથી વચ્ચેથી પકડવામાં આવતું.

કણયકપ્પડ (કણયકપ્પડ઼) [પ્રા.] ન. કિનખાબ.

કણયર [સં.] સ્ત્રી. કરેણનું ઝાડ.

કણયરી ૧. [સં. કનક; પ્રા. કણય] સ્ત્રી. સોનાનું એક ઘરેણું.

૨. વિ. સોનાનું.

૩. વિ. સોનેરી.

કણયાચલ પું. કનકાચલ; સુવર્ણગિરિ. તેના ઉપર જાલ્લોરનો કિલ્લો છે.

કણયાચલ જગિ જાણી ઈ ઠામ તણું જાબાલિ.
કાન્હડદેપ્રબંધ

કણરૂં સ. કોનું.

કણલાભ ૧. [સં.] પું. ઘંટી; લોટ પીસવાની ચક્કી.

૨. પું. પાણીનું વમળ; આવર્ત.

કણવ પું. એક જાતનું ઘાસ.

કણવટ [સં. કણવૃત્તિ; પ્રા. કણવિત્તિઉ] ન. ભિક્ષાથી ભેગું કરેલું પરચૂરણ અનાજ; ભિક્ષાનું પંચરાઉ અન્ન.

કણવટિયું જુઓ કણવટ.

કણવત જુઓ કણવટ.

કણવતિયું ૧. ન. કણવટ; ભિક્ષાનું પંચરાઉ અન્ન.

૨. વિ. ભિક્ષા ઉપર જીવનારૂં.

કણુવાહાવંશ પું જૈન મત પ્રમાણે એ નામનો એક ઉત્તમ વંશ.

કણુવિતાનક પું. (જ્યોતિષ) એ નામનો દશમો ગ્રહ.

કણુવીર ૧. [સં. કર્ણિકાર] ન. એક ફૂલઝાડ; કરેણ.

૨. ન. કરેણનું ફૂલ.

કણુવીરા સ્ત્રી. કરેણ.

કણુવું ૧. [સં. કવણ્ (સ્પષ્ટ અવાજ કરવો)] અ. ક્રિ. કણુકણવું; દુઃખને લીધે ગળામાંથી અવ્યક્ત અવાજ નીકળવો.

૨. અ. ક્રિ. કરાંજવું.

૩. અ. ક્રિ. ચણવું.

૪. અ. ક્રિ. દાણે દાણે વીણવું.

કણુવૃત્તિ [સં.] સ્ત્રી. વીણેલા દાણા ઉપર નિર્વાહ ચલાવવો તે.

કણુશલાઈ સ્ત્રી. એક જાતનો કાનખજૂરો. તે કાનમાં થઈને મગજમાં દાખલ થાય અને તેના કરડવાથી બહુ દુઃખ થાય. કોઈ વખત મરણ પણ નીપજે.

કણુશઃ [સં.] અ. કણ કણ કરીને.

કણુસ ૧. [સં. કણિશ] ન. અનાજના સાંઠા કે ઘાસ ઉપરનો કણ ભરેલો ડોડો; કણુસલું; ડૂંડું.

૨. [પ્રા.] ન. પાનું; તરવારનું ફળ.

કણુસડવું (કણુસડ઼વું) અ. ક્રિ. દુઃખના જોરને લીધે ઊંહકાર કરવો; કણવું; કણકણવું.

કણુસતાનક પું. (જ્યોતિષ) અઠ્યાસી માંહેનો એક ગ્રહ.

કણુસલાઈ જુઓ કણુશલાઈ.

કણુસલું [સં. કણિશ; પ્રા. કણિસ] ન. ડૂંડું; કણુસ.

કણુસવું ૧. અ. ક્રિ. કચરવું.

૨. અ. ક્રિ. ખટકવું.

૩. અ. ક્રિ. દુઃખના જોરને લીધે ઊંહકાર કરવો; કણુછવું.

૪. અ. ક્રિ. બબડવું.

૫. અ. ક્રિ. ભોંકવું.

કણુસાઈ [સં. કણ + સદશ (જેવું)] સ્ત્રી. એક મીઠાઈ; મોતીચૂર.

કણુસાગરા ૧. સ્ત્રી. કડવા કણબીની એક અટક.

૨. ન. કડવા કણબીની એ નામની અટકનું માણસ.

૩. વિ. કડવા કણબીની એક અટકનું.

કણુસાર ૧. પું. કણુસાર; લાપસી; બાટ.

૨. સ્ત્રી. કણબીની એ નામની અટક.

૩. ન. એ અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

કણુસારી ૧. સ્ત્રી. એક જંતુ; કંસારી.

૨. સ્ત્રી. કંસારાની સ્ત્રી.

કણુસારો [સં. કાંસ્યકાર] પું. તાંબા પિત્તળ વગેરે ધાતુનાં વાસણ કરનાર, વેચનાર કે તેને કલાઈ દેનાર માણસ; કંસારો.

કણુસાવું અ. ક્રિ. દુઃખમાં રિબાવું; વ્યથા પામવું.

કણુસિયા વિ. દાણા ઉઘરાવી ખાનાર.

એ દ્રોણ કર્ણ ને અશ્વત્થામા,
તે શું વઢે **કણુસિયા**. પ્રેમાનંદ

કણુસિયું [સં. કન્યસ; પ્રા. કણ્ણસ] વિ. અધમ; ક્ષુદ્ર; હલકું.

કણુસી સ્ત્રી. કસોટી.

કણુસું [સં. કણિશ] ન. કણુસલું; અનાજનું ડૂંડું.

કણુસ્ફટિક પું. પાસાદાર દાણો.

કણુહતું ૧. [પ્રા.] ન. પેટિયું; રોજી.

પોસાતાં દી જઈ **કણુહતાં**. કાન્હડદેપ્રબંધ

૨. ન. રિદ્ધિસિદ્ધિ; સુખભોગ.

તિહાં જિનવર પૂજા હતાં, પૂજારા પામઇ **કણુહતાં**.
લાવણ્યસમય

કણુંજ ન. ઘાટી છાયાવાળું એક ઝાડ. તેને સફેદ ગુલાબી ઝાંયવાળાં ફૂલ આવે. તેનાં બીમાંથી તેલ નીકળે.

કણુંજિયું ન. કણુંજનું તેલ. તે ઝેરી હોય છે.

કણુંદિયો ૧. પું. રોટલા મૂકવાની વાંસની ટોપલી.

૨. પું. હાથમાં પહેરવાનું રૂપાનું એક ઘરેણું.

કણા ૧. પું. ખરડાનું હાડકું.

૨. પું. વિદ્યુત અણુ.

૩. સ્ત્રી. આસો મહિનાનો કૃષ્ણપક્ષ.

૪. સ્ત્રી. એક જાતની માખી.

૫. સ્ત્રી. ક્ષુદ્ર અંશ; બારીક ભાગ.

૬. સ્ત્રી. જંગલી જીરૂં.

૭. સ્ત્રી. જીરૂં.

૮. સ્ત્રી. ધોળું જીરૂં.

૯. સ્ત્રી. પહાડની ઓળ.

૧૦. [સં.] સ્ત્રી. પીપર.

૧૧. [સં. કણિકા] સ્ત્રી. બારીક રેતી.

૧૨. સ્ત્રી. રંગોળીથી પાડેલ ચિત્ર.

૧૩. સ્ત્રી. લીંડીપીપર; કૃષ્ણા.

કણાકણી પું. દાણો અને કણુકી.

કણાચણ સ. (જૂ. ગુ.) કોઈક.

કણાચણ જઈ કો હુવે,
તો ભય ધરે અગાહ. કેશરાજ

કણાટ ન. જૈન ઓસવાળ જ્ઞાતિનું એક ગોત્ર.

કણાટીન ૧. [સં.] પું. એક જાતની માખી.

૨. પું. ખંજન પક્ષી; દિવાળીઘોડો.

કણાટીનક જુઓ કણાટીન.

કણાટીર [સં.] પું. કણાટીન; ખંજન પક્ષી; દિવાળીઘોડો.

કણાટીરક જુઓ કણાટીર.

કણાડી (કણાડ઼ી) સ્ત્રી. એક પ્રકારની લિપિ.

કણાદ ૧. પું. (પુરાણ) ઉલૂક મુનિ.

૨. [સં. કણ (પરમાણુ) + અદ્ (ખાવું)] પું. (પુરાણ) કણ વીણીને આજીવિકા કરનાર માણસ.

૩. પું. દશમી શતાબ્દિમાં આર્યાવર્તમાં વર્તતો એક ધર્મ કે મત.

૪. પું. પરમાણુના સિદ્ધાંતને સ્થાપિત કરનાર એક ઋષિ; વૈશેષિક ન્યાયશાસ્ત્રના કર્તા.

૫. પું. સોની; હેમકાર.

કણાદસૂત્ર [સં.] ન. કણાદ મુનિએ રચેલું એ નામનું એક સૂત્ર.

કણાદિઅંજન ન. આંખમાં આંજવાની એક જાતની દવા.

કણાદિકાઢો પું. એક ક્વાથ. તે પીપર, લસણ, સૂંઠ, ગળો, રીંગણી, કરિયાતું અને નાગરમોથ સરખે ભાગે મેળવી બનાવાય છે.

કણાદ્યલોહ ન. (વૈદ્યક) અતિસાર અને સંગ્રહણી માટે લોહની એક બનાવટ. પીપર, સૂંઠ, કાળીપાટ, હરડેદળ, બહેડાં, આંબળાં, મોથ, ચિત્રક, વાવડિંગ, રક્તચંદન, બીલાનો ગરભ અને વાળો સરખે ભાગે લઈ તેનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી તે બધાંની બરાબર લોહભસ્મ નાખી ઘૂંટવાથી તે બને છે.

કણાદ્વય [સં.] સ્ત્રી. પીપર અને ગજપીપર.

કણામૂલ [સં. કણા (પીપર) + મૂલ (મૂળિયું)] ન. પીપરીમૂળ.

કણાયતું ૧. [સં. કણ (દાણો) + આયાત (આવેલ)] ન. દરમાયા તરીકે અપાતું અનાજ; કણુતું; કણોતું.

૨. વિ. મહેનતાણામાં અનાજ લેનાર; કામના બદલામાં પેટિયું મેળવનાર.

કણાવટી ૧. સ્ત્રી. પિત્તળ અથવા લોઢાની પાટી. તે લોઢાના મોટા બંધ ઉપર રાખવામાં આવે છે.

૨. સ્ત્રી. સુતારનું એક ઓજાર.

કણાસુફલ [સં.] ન. એક વનસ્પતિ; અંકોલ.

કણાહ્વા [સં. કણ (લાંબી પીપર) + આહ્વા (નામ)] સ્રી. શાકનું જીરૂં. તે લીંડીપીપરના આકારનું ખરબચડું અને અણીદાર હોય છે. પીપર કદમાં મોટી હોય, પણ જીરાનો દાણો કદમાં નાનો પરંતુ બંનેનું રૂપ સરખું હોવાથી તેને કણાહ્વા કહે છે.

કણિ સ્રી. તણખો; દેવતાની ચિનગારી.

કણિક ૧. [સં.] પું. અતિ સૂક્ષ્મ ભાગ; ઘણો બારીક ભાગ.

૨. પું. (પુરાણ) એ નામનો ધૃતરાષ્ટ્રનો બ્રાહ્મણ મંત્રી. તેણે શત્રુ તરીકે પાંડવોનો નાશ કરવાની સલાહ ધૃતરાષ્ટ્રને આપી હતી.

૩. પું. ગણિયારીનું ઝાડ; અરણી.

૪. પું. ઘઉંનો લોટ; આટો.

૫. પું. ડૂંડું.

૬. પું. પાણી સાથે મેળવેલ અને ગૂંદેલ લોટનો પિંડો.

૭. પું. ભિક્ષુક; ભિખારી.

૮. પું. મેંદો.

૯. પું. યજ્ઞ સમયની એક ધાર્મિક પ્રાયશ્ચિત્ત વિધિ.

૧૦. પું. રજકણ.

૧૧. પું. શત્રુ; દુશ્મન.

૧૨. સ્રી. કણ; કરચ.

૧૩. સ્રી. કણક.

૧૪. સ્રી. થોડું અનાજ; ચપટી અનાજ. માગણને દેવાતા અનાજ માટે તે વપરાય છે.

૧૫. સ્રી. દાણો.

કણિકા ૧. સ્રી. અગથિયો; અગ્નિમંથનનું ઝાડ.

૨. સ્રી. અતિ અલ્પ ભાગ; અણુ.

૩. સ્રી. એક જાતની તાંદળજાની ભાજી.

૪. સ્રી. એક જાતનું ધાન્ય; ચોખા.

૫. સ્રી. આંટણ; કપાશી.

૬. સ્રી. ચિનગારી.

૭. સ્રી. ચોખાની કણકી.

૮. સ્રી. જીરૂં.

૯. સ્રી. જોડાનો ડંખ.

૧૦. [સં.] પું. (પિંગળ) તગણ, લઘુ અને ગુરુ મળી પાંચ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે સુપ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે.

૧૧. સ્રી. નાનું ટીપું; બિંદુ; સીકર.

૧૨. સ્રી. નાનો પથ્થર.

૧૩. સ્રી. બારીક કરચ; છેક ઝીણો કણ.

૧૪. સ્રી. બારીક રેતી; રેતીનો કણ.

૧૫. સ્રી. લોટની કણક.

કણિકી ૧. સ્રી. કણસલું.

૨. [સં.] સ્રી. ચોખાના કટકા; કણકી.

૩. સ્રી. દળેલા ચોખા.

કણિત ૧. [સં.] ન. આર્તસ્વર.

૨. ન. ધ્યાન.

કણિયર ૧. સ્રી. કરેણનું ઝાડ.

૨. સ્રી. કરેણનું ફૂલ.

કણિયાર સ્રી. (કચ્છી) કરેણ.

કણિયારો ૧. પું. જારની એક વાની.

૨. પું. દાણા વેચનાર માણસ; કણિયો.

કણિયું ૧. ન. એક જાતનું રૂ.

૨. ન. ગાદલું.

૩. ન. ગોદડું.

૪. ન. પાણીમાં ભીંજવી રાખેલ લોટ; પલાળી રાખેલ કણક.

૫. વિ. કણભોજી; કણ ચણનારૂં.

૬. વિ. કણીવાળું; કાંગરીવાળું.

કણિયેરી સ્રી. કરેણનું ઝાડ.

કણિયો પું. ફડિયો; અનાજનો વેપારી.

૧. કણિયાને કહ્યે-કણિયાના શાપથી કાંઈ વરસાદ અટકે ? = સ્વાર્થી માણસ ઇચ્છે એમ કાંઈ થાય નહિ.

૨. કણિયો સદાય રણિયો, કવચિત જ કાંકણિયો = દાણાનો વેપારી સદા સાધારણ સ્થિતિવાળો હોય, ધનાઢચ તો કોઈક જ હોય.

કણિયોઘા પું. (કચ્છી) એક જાતનું ઘાસ. એના દાણા ગરીબ માણસો દુકાળમાં ખાય છે.

કણિશ ૧. સ્રી. જવની વાડ.

૨. [સં.] ન. કણસલું; અનાજનું ડૂંડું.

કણિશા ન. કણસલું; ડૂંડું.

કણિશાકાર [સં.] વિ. કણસલાના આકારનું.

કણિષ્ઠ [સં.] વિ. ઝીણામાં ઝીણું.

કણિહ સ. (જૂ. ગુ.) કોઈ.

કણી ૧. [સં.] સ્રી. અતિ અલ્પ ભાગ.

૨. સ્રી. અફીણની કટકી.

૩. સ્રી. આંટણ; કપાશી.

૪. સ્રી. એ નામનું જાનવર. હિમાલય પર્વત ઉપર રહેતા આ જાનવરનો રંગ કાળાશ પડતો હોય છે.

૫. સ્રી. એક જાતના ચોખા.

૬. સ્રી. એક જાતની તાંદળજાની ભાજી.

૭. સ્રી. એક જાતનું રત્ન.

૮. સ્રી. ગોટી.

૯. સ્રી. ઘીસી મારવાનું સુતારનું એક ઓજાર.

૧૦. સ્રી. ચણતરકામમાં કાનસ વગેરેમાં પાડવામાં આવતો ચોરસ ખૂણો.

૧૧. સ્રી. છેક ઝીણો કણ; ઝીણી કટકી; કરચ.

૧૨. સ્રી. (શિલ્પ) જાદંબની ઉપર સહેજ જગ્યા મૂકી બિંબાકૃતિવાળી પટ્ટી.

૧૩. સ્રી. જીરૂં.

૧૪. સ્રી. ઝીણી રજ; કણ.

૧૫. સ્રી. તેરની સંજ્ઞા.

૧૬. સ્રી. તેલ કે ઘીમાં વસ્તુ તળ્યા પછી તળિયે પડી રહેતી ઝીણી ભૂકી.

૧૭. સ્રી. ધાતુના રસમાં ફેરવવાનો લોઢાનો સળિયો.

૧૮. સ્રી. નાનો સ્ફટિક.

૧૯. સ્રી. બારી દરવાજાના પાનેલ પાટાની બાજુમાં ફરતો બહાર નીકળતો ભાગ. ત્યાંથી પાટાનો ઢાળ શરૂ થાય છે.

૨૦. સ્રી. રૂપાના કંદોરામાં ગોળ ને ચોરસ આકારનું કોતરકામ.

૨૧. સ્રી. રેતીનો કણ; કણિકા.

૨૨. સ્રી. લક્કડકામમાં થતી એક જાતની ખૂણાવાળી કારીગીરી.

૨૩. સ્રી. સાંજો; ઘૂઘરામાં ભરવાનો માવો.

૨૪. સ્રી. (શિલ્પ) સિંહાસનના ઉદયના છ્યાશી માંહેના નીચેના ચાર ભાગનો એક ઘાટ.

૨૫. સ્રી. (શિલ્પ) સિંહાસનના છ્યાશીમાંના પાંચ ભાગનો બનેલ એક ભાગ.

૨૬. સ્રી. સોનીની પારસીમાં એકની સંજ્ઞા.

૨૭. સ્રી. હીરાકણી.

૨૮. વિ. કટકીવાળું; ભૂકીવાળું.

૨૯. વિ. થોડું.

કણીક ૧. પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રના બ્રાહ્મણ મંત્રીનું નામ. એણે પાંડવોની વિરુદ્ધ ધૃતરાષ્ટ્રને ભંભેર્યો હતો.

૨. [સં.] વિ. અલ્પ; થોડું.

૩. વિ. બારીક.

કણીચિ ૧. પું. રહેઠાણ; નિવાસ.

૨. [સં.] સ્રી. અવાજ.

૩. સ્રી. ગાડી.

૪. સ્રી. ચણોઠી.

૫. સ્રી. ફૂલની વેલ.

૬. સ્રી. વૃક્ષ; ઝાડ.

કણીચી જુઓ કણીચિ.

કણીદાર વિ. દાણાદાણાવાળું.

કણીનિકા સ્રી. અક્ષિતારા; આંખની કીકી.

કણીબીટ સ્રી. કણીવાળી બીટ.

કણીરા [અ.] પું. તીર બનાવવાનો ધંધો કરનાર એક જાતના લોક.

કણીષ [સં. કણિશ] ન. (જૂ. ગુ.) કણસલું; ડૂંડું.

કણીષ માગઇ આખું ગામ,
ભોજન માત્ર મિલઈ નવિ આમ. ભીમ

કણીસક [સં. કણિશ] સ્ત્રી. (ડિંગળ) અનાજની વાડ.

કણુ ન. કણ; રજ.

કણુક ૧. [સં.] ન. આંખમાં પડેલું કણું.
૨. ન. રજ; રજકણ.

કણુકા સ્ત્રી. ઝીણું ફોરૂં; પાણીનું નાનું ટીપું.

કણુગ [પ્રા.] ન. આંખમાં પડેલું કણું.

કણું ૧. [સં. કણ] ન. અનાજનો દાણો.
૨. ન. આંખમાં પડેલ રજ.
૩. ન. આંટણ; કણી; કપાસી.
૪. ન. છેક ઝીણો કણ; કરચ.
૫. ન. 'તે ક્રિયા કરનારૂં', 'તેની ટેવવાળું' એવા અર્થનું વિશેષણ બનાવનાર પ્રત્યય. જેમકે, બોલકણું; મારકણું.
૬. ન. નાનો દાણો; ઝીણી રેખ; અણુ.

કણૂકવું અ. ક્રિ. ટહુકવું.

કોટે મોરે **કણૂકિયા**, વાદળ ઝબુકી વીજ,
રૂદાને રાણો સાંભળ્યો, આવી અષાઢી બીજ.
દુહો

કણે ૧. અ. ઠેકાણે.
૨. અ. સંતોષ બતાવનાર કેવળપ્રયોગી અવ્યય.

કણેક ૧. સ્ત્રી. કણક.
૨. સ્ત્રી. ગોરી ચામડી.
૩. સ્ત્રી. પાણી નાખી બાંધેલ લોટ.
કણેકમાં પાણી પડ્યું તે પડ્યું = થયું તે થયું.
૪. સ્ત્રી. ભિખારીને અપાતું અન્ન.

કણેકણ અ. દરેક ભાગમાં; પૂરેપૂરી રીત.

કણેજ સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

કણેજરો પું. કણજો. લાંબાં પાનવાળો એક છોડ. તેમાં ગુલાબી રંગની ફૂલની મંજરી આવે. બદામડી જેવાં બારીક ફળ આવે. ફૂલ એક પછી એક ખરી જાય માટે તેનું નામ કણેજરો પડ્યું છે. તે દવામાં ઉપયોગી છે.

કણેતુ ન. (જૂ. ગુ.) દાણા ઉઘરાવવાનો હવાલદારનો હક્ક.

કણેતું ૧. ન. દર માસે પગાર પેટે મળતા દાણા; કણાયતું; અન્નવેતન.
૨. ન. બળિદાન માટે દેવદેવીનાં થતાં નિવેદ.
૩. વિ. કણે ચડેલું.

કણેથી અ. પાસેથી.

કણેર ૧. [સં.] સ્ત્રી. એક ફૂલઝાડ; કર્ણિકાર; કણવીર. તેનાં પાન એક વેંત લાંબાં અને અર્ધાથી એક આંગળ પહોળાં હોય. ફૂલ પ્રમાણે તેની ધોળી, રાતી, ગુલાબી અને પીળી એમ ચાર જાત છે. તેમાં ધોળી કણેર વધારે ઝેરી તેમ જ ઔષધના કામમાં વધારે ગુણકારી મનાય છે. ઘોડાને માટે તે ભયંકર ઝેર છે, તેથી સંસ્કૃતમાં તેને અશ્વઘ્ન, હયમાર, તુરંગારિ એવાં નામ આપેલ છે. કેટલીકનાં ફૂલનો મુરબ્બો થાય છે. કણેર ગરમ અને કૃમિનાશક મનાય છે અને તેની પાસે સર્પ આવતો નથી એમ કહેવાય છે. ધોળી કણેર તીખી, કડવી, તૂરી, તીક્ષ્ણ, ઉષ્ણવીર્ય અને ગ્રાહક છે. તે મેહ, કૃમિ, કુષ્ટ, વ્રણ, અર્શ અને વાયુનો નાશ કરનાર, અને નેત્રરોગ, વિષ, વિસ્ફોટક, કંડૂ. જ્વર વગેરેમાં ફાયદાકારક મનાય છે. રાતી કણેર શોધક, તીખી, પાક વખતે કડુ અને લેપ કરવાથી કોઢનાશક માની છે. ગુલાબી અથવા પાટલવર્ણ કણેર મસ્તકશૂળ, કફ અને વાયુનાશક હોવા ઉપરાંત તેના બીજા ગુણ ધોળી કણેર જેવા છે.
૨. સ્ત્રી. વેશ્યા; વારાંગના.
૩. સ્ત્રી. હાથણી.

કણેરા જુઓ કણેર.

કણેરી ૧. પું. એ નામનો એક રસસિદ્ધ.
૨. સ્ત્રી. એક ફૂલઝાડ.
૩. સ્ત્રી. કણી.
૪. સ્ત્રી. કળી.
૫. વિ. કણેરના રંગનું.

કણેરીકામ સ્ત્રી. કણેરની ડાળખી.

દાતણ આપીશ દાડમી, ઘેર આવોને;
કણેરીકામ જ દેશ, મારે ઘેર આવોને.
લોકગીત

કણેરુ જુઓ કણેર.

કણેરુયા [સં. કરેણુ] સ્ત્રી. હાથણી.

કણેરૂ ન. એક જાતનું ઘાસ. તે બેથી ત્રણ ફૂટ લાંબું વધે. તેની ડાંડી નરમ અને જમીન ઉપર ઢળેલી હોય. તેના સાંધામાંથી મૂળિયાં ફૂટે. પાન ઘણું કરીને વાંસના જેવાં અને ડાંડીને છેડે જરા છેટે છેટે ફૂલની ચમરી આવે. આ ઘાસ ઢોરનો ખોરાક છે અને દુકાળ વખતે ગરીબ માણસો એના દાણા ખાય છે.

કણેરૂં જુઓ કણેરૂ.

કણેં અ. પાસે.

કણો ૧. પું. કોલમ; કટાર.
૨. પું. ચરખાનો આંકાવાળો લોઢાનો જાડો સળિયો; ચરખાની આંકાવાળી લાટ. લાઠિયા અને કણા વચ્ચેથી રૂ નીકળીને ચરખાની પાછળ પડે છે.
૩. પું. થોડા દિવસનું જન્મેલું, વેંત દોઢ વેંતનું લાંબું પાતળું સાપોલિયું; સાપનું બચ્ચું.
૪. પું. દાણો; બી.
૫. પું. ફેંટો; ફાળિયું.
૬. પું. બરડાની કરોડ. હાડપિંજરનો આ મુખ્ય અને મધ્ય ભાગ નાનાં અને અનિયમિત આકારનાં હાડકાંના મણકાનો બનેલ છે.
૭. પું. મણકો.
૮. પું. રૂપું શુદ્ધ થાય ત્યારે અંકોડો જોવા માટે ઉપાડવાનું સાધન.
૯. પું. રેંટિયાની ધરી.
૧૦. પું. સર્પનું ઝેર.
૧૧. પું. સોનીની પારસીમાં એકની સંજ્ઞા.

કણોજી ન. ડુંગળીનું બી; કાંદાનું બી.

કણોતું ન. કણાયતું; કણતું; અન્નવેતન; માસિક પગાર તરીકે અપાતું અનાજ.

કણોદરા ૧. સ્ત્રી. બ્રાહ્મણની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કણ્ય ન. છત્રીશ માંહેનું એક શસ્ત્ર.

કણ્યકા ૧. [સં. કણિકા] સ્ત્રી. ઝીણી કણી; છેક ઝીણો કણ.
૨. સ્ત્રી. પગમાં પડતી કણી; કપાશી.

કણ્વ ૧. [સં.] પું. ઋગ્વેદમાં જણાવેલ એક ઋષિ. તેણે નવમા મંડલનું ચોરાણુમું સૂક્ત રચ્યું છે.
૨. પું. એ નામના ઋષિનો વંશ.
૩. પું. એક જાતના ભૂત પિશાચ કે જેની સામે મંત્રપ્રયોગ કરાય છે.
૪. પું. (જ્યોતિષ) કન્યા રાશિનો બીજા વર્ગનો તારો.
૫. પું. (પુરાણ) કશ્યપવંશી એક બ્રહ્મર્ષિ; દુષ્યંતની સ્ત્રી શકુંતલાનો પાલક ઋષિ.
૬. પું. (પુરાણ) કળિયુગનો એ નામનો એક રાજવંશ. આ વંશના રાજાઓ અલ્પગુણી હોવાથી એમણે ત્રણસો પિસ્તાળીસ વર્ષ રાજ્ય કર્યું હતું.
૭. પું. શુક્લ યજુર્વેદની એક શાખાના રચનાર ઋષિ. સાયણાચાર્યે આ ઋષિની સંહિતા ઉપર ભાષ્ય લખ્યું છે.
૮. પું. સામવેદમાં જણાવેલ એક ઋષિ.
૯. પું. (પુરાણ) સોમવંશી પુરુકુલમાં થયેલ રૌદ્રાશ્વ રાજાના દીકરા ઋતેયુના વંશના અપ્રતિરથ રાજાનો દીકરો.
૧૦. ન. આંગિરસનું એક ગોત્ર.
૧૧. ન. પાપ; પાતક.
૧૨. વિ. જાણવા લાયક.

૧૩. વિ. બહેરૂં.

૧૪. વિ. બુદ્ધિશાળી; અક્કલવાળું.

૧૫. વિ. મૂંગું.

૧૬. વિ. સ્તુતિ કરનાર.

૧૭. વિ. સ્તુતિ કરવા જેવું.

કણ્વદુહિતા [સં.] સ્ત્રી. શકુંતલા.

કણ્વશાખા [સં.] સ્ત્રી. વેદની એ નામની શાખા.

કણ્વસુતા [સં.] સ્ત્રી. શકુંતલા.

કણ્વાશ્રમ ૧. [સં.] પું. અયોધ્યાની પશ્ચિમે લખનૌમાં આવેલ હાલના બિજનૌરનું પ્રાચીન નામ. પહેલાં એ જંગલ હતું.

૨. પું. નર્મદા નદીના કિનારા ઉપર આવેલ એ નામનો આશ્રમ.

૩. પું. રજપૂતસ્થાનમાં કોટાથી આગ્નેય કોણમાં ચાર માઇલ ઉપર ચંબલ નદીના કિનારા ઉપર આવેલ એ નામનો આશ્રમ. તેને ધર્મારણ્ય પણ કહેતા.

૪. પું. શકુંતલાને ઉછેરનાર કણ્વ ઋષિનો આશ્રમ. તે માલિની એટલે સહરાનપુર અને અયોધ્યાના પરગણામાં થઈને વહેતી હાલની ચુકા નદીને કિનારે હતો. કેટલાકનું માનવું છે કે તે હરદ્વારથી પશ્ચિમે ત્રીશ માઇલ ઉપર આવેલ નાડપીઠ નામની જગ્યા ઉપર હતો.

કણ્વેશ્વર [સં.] પું. કણ્વ ઋષિના આશ્રમના મહાદેવનું નામ.

કણ્હ ૧. [સં. કૃષ્ણ] પું. (પ્રાકૃત) કાળી તુળસી.

૨. પું. કાળો રંગ.

૩. પું. કૃષ્ણ.

કણ્હઉર ન. કર્ણપુર.

કત ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો એક ઋષિ.

૨. પું. નિર્મળીનું ઝાડ.

૩. પું. (પુરાણ) ભરદ્વાજ મુનિનો એ નામનો બનેવી. ભરદ્વાજને રેવતી નામની બેડોળ બહેન હતી. તેને માટે યોગ્ય પતિ મેળવવા ભરદ્વાજે ગોદાવરી ઉપર તપ કર્યું. ત્યાં તેને કત નામે બ્રાહ્મણપુત્ર મળ્યો. ભરદ્વાજે તેને શાસ્ત્ર શીખવ્યાં. બદલામાં રેવતી સાથે પાણિગ્રહણ કરવાનું કહ્યું. કતની અનિચ્છા છતાં લગ્ન થયાં. રેવતીએ ગોદાવરી સ્નાન કર્યું, તેથી તેનું બેડોળપણું દૂર થયું હતું.

૪. સ્ત્રી. કલમની કપાયેલ અણી; કલમની ટાંક.

૫. [અ. કતઅ (તેણે કાપ્યું)] સ્ત્રી. કલમનો ત્રાંસો કાપ.

કત મારવી = કલમને ત્રાંસો કાપ મૂકવો.

૬. [અ.] સ્ત્રી. કોટની કટ કે ઘાટ.

૭. સ્ત્રી. ચાંચ.

૮. [સં. કૃત (કાપવું)] સ્ત્રી. (વહાણવટું) તૈયાર થયેલ સઢનાં ફાળ કે પોત; તાકો.

૯. [અ.] સ્ત્રી. ભાગ.

૧. કત કરવું = ઓળંગવું.

૨. કત થવું = મુસાફરી પૂરી થઈ રહેવી.

૩. કતે તરીક = ધોળે દિવસે લૂંટ.

૪. કતે નઝર = બેદરકાર.

૫. કતે રિહમ = પોતાનાં સગાં સાથે બધો સંબંધ તોડી નાખવો તે.

૧૦. સ્ત્રી. (જરથોસ્તી) મુડદાને રાખવાની ઘરમાંની ઇલાયદી જગ્યા.

૧૧. ન. એક ઋષિકુળનું નામ.

૧૨. વિ. કેટલું.

૧૩. [અ.] વિ. પૂરતું.

૧૪. અ. કેવી રીતે.

૧૫. અ. ક્યાં.

૧૬. અ. શા માટે.

કતઅ ૧. [અ.] સ્ત્રી. આકાર.

૨. સ્ત્રી. ફેશન; રીત.

૩. સ્ત્રી. ભાગ.

કતઈ ૧. પું. ખાટકી; કતલ કરનાર માણસ.

૨. અ. કાંઈ; જરા પણ.

૩. [અ.] અ. પૂરેપૂરૂં; છેવટે.

કતક ૧. [સં.] ન. એ નામનું ઝાડ; નિર્મળીનું ઝાડ.

૨. ન. એક ફળ; નિર્મળી. કતકફળ. તેનો ભૂકો પાણીમાં નાખવાથી કચરો તળિયે બેસી જઈ પાણી ચોખ્ખું થાય, માટે તેને જલપ્રસાદન પણ કહે છે.

૩. ન. હાથમાં પહેરવાનું એક ઘરેણું.

૪. અ. ઠેકાણા વગર.

કતકફળ [સં.] ન. નિર્મળી. એનો ભૂકો પાણીમાં નાખવાથી મેલું પાણી નિર્મળ થાય. વીંછીના ડંખ ઉપર તે મૂકવાથી ચોંટી જઈ વેદના ઓછી થવાનું તેમ જ કમળા ઉપર ફાયદાકારક હોવાનું મનાય છે. વામક અને મૂત્રલ તરીકે દશથી ચાળીસ ગ્રેનની માત્રામાં તે મૂત્રરોગ, મધુપ્રમેહ અને ખાંસી ઉપર આપી શકાય.

કતકબીજ જુઓ કતકફળ.

કતકરી ૧. સ્ત્રી. કોલાબા જિલ્લામાં વસતી એ નામની જંગલી જાત. તેઓ ઘાસ, લાકડાં, પાંદડાં વેચી ગુજારો ચલાવે છે. કેટલાક ખેતી પણ કરે છે.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

કતકરેણુ [સં.] સ્ત્રી. પાણીમાં નાખવાથી પાણી નિર્મળ કરનાર બી; નિર્મળીનું બી.

કતકાં ન. બ. વ. ડફણાં.

કતકાંજન ન. આંખમાં આંજવાની એક જાતની દવા.

કતકું ૧. ન. ટૂંકું બૂધું; ધોકણું; કૂતકું.

૨. ન. ભાંગ ખાંડવાનો લાકડાનો દસ્તો.

કતખુદા ૧. [ફા.] પું. કુટુંબનો વડીલ.

૨. પું. ગામનો મુખી.

૩. પું. પરણનાર માણસ.

૪. પું. પ્રતિનિધિ.

કતખુદાઈ ૧. [ફા.] સ્ત્રી. પ્રતિનિધિપણું.

૨. સ્ત્રી. લગ્ન.

કતખુદાઈ કરવી = પરણવું.

કતગીર પું. હાડકા અથવા લાકડાનો કટકો. તેના ઉપર કલમની ટાંક કાપવામાં આવે છે.

કતચિકાર ન. એક જાતનું વહાણ.

કતઝન ૧. પું. કતગીર; હાડકા કે લાકડાનો કટકો.

૨. પું. સિક્કો.

કતઝોડ (કતઝોડ઼) વિ. ગાંડાની પેઠે બાઝી પડે એવું; કતરઝોડ.

કતડ (કતડ઼) વિ. અજડ; અણસમજુ.

કતડકિયું (કતડ઼કિયું) ન. કતડિયું; કતકું; લાકડાનું ગોળ જાડું ગાંદળું.

કતડઝોડ (કતડ઼ઝોડ઼) જુઓ કતરઝોડ.

કતડવતડ (કતડ઼વતડ઼) અ. વગર વિચાર્યે; ગમે તેમ.

કતડિયું (કતડ઼િયું) ૧. ન. લાકડાનું ગોળ જાડું લાકડું; કતડિયું.

૨. વિ. ખાઈ પી અલમસ્ત થયેલ; મજબૂત.

કતડિયો (કતડ઼િયો) ૧. પું. જુવાન.

૨. વિ. પું. ખાઈ પી અલમસ્ત થયેલ; મજબૂત.

કતડુકિયો (કતડ઼ુકિયો) વિ. પું. તંદુરસ્ત અને પુષ્ટ; અલમસ્ત.

કતન ૧. [અ.] પું. રૂ.

૨. અ. કદી નહિ.

૩. અ. પૂરેપૂરૂં; છેવટે.

કતનાઈ સ્ત્રી. કાંતવું તે; કાંતણ.

કતની ૧. [હિં.] સ્ત્રી. કામ કરવાનો ટોપલો.

૨. સ્ત્રી. મુસાફરીમાં વપરાતો કપડાં વગેરે રાખવાનો કોથળો.

૩. સ્ત્રી. રૂ કાંતવાનો સામાન રાખવાની પેટી.

કતનૂસ [હિં.] ન. એક પક્ષી.

કતપ્રૂ પું. (પુરાણ) એ નામની વિદ્યાધર જેવી એક જાતિ.

કતફ [યૂ.] પું. એક જાતનો નાનો છોડ; બથુઆ.

કતફલ [સં.] ન. નિર્મળીનું ઝાડ.

કતબ [અ.] સ. ક્રિ. (ધાતુ) તેણે લખ્યું. તે ઉપરથી થયેલ શબ્દઃ કાતિબ, કિતાબ, કુતુબ, મકતૂબ, મકતબ, કુતુબખાના.

કતબા ૧. [હિં.] પું. ચોસલું; કટકો.
૨. [અ. કત્બાહ (લખેલું)] પું. લવાદનામું; પંચાતનામું.
૩. સ્ત્રી. તપાસણી.
૪. સ્ત્રી. લેઉઆ કણબીની એક અટક.
૫. ન. એ નામની અટકનું માણસ.
૬. વિ. લેઉઆ કણબીની એક અટકનું.

કતમ વિ. ઘણામાંથી એક.

કતમાલ [સં.] પું. અગ્નિ.

કતર ૧. [હિં.] સ્ત્રી. કાપલી; કટિંગ.
૨. [સં.] સ. કોણ.

કતરઝોડ (કતરઝોડ઼) ૧. ન. આડું માણસ; હઠીલું માણસ.
૨. ન. સમજણ વગરનું માણસ.
૩. વિ. અક્કલ વગરનું.
૪. વિ. કજિયાળું; તોફાની
૫. વિ. કંટાળો આપે એવું; તિરસ્કારપાત્ર.
૬. વિ. ગાંડિયું; દાધારંગું.
૭. વિ. વળગ્યું છૂટે નહિ એવું; જિદ્દી.
૮. અ. ઝોડની જેમ; છૂટે નહિ એવી રીતે.

કતરણ ૧. સ્ત્રી. ઊંડી યુક્તિ.
૨. સ્ત્રી. કાપકૂપ.
૩. સ્ત્રી. કારસ્તાનઃ તરકટ.
૪. સ્ત્રી. ધાતુનાં પતરાં, કાગળ વગેરે કાતરતાં પડેલ કચરો.
૫. સ્ત્રી. મોટી કાતર.

કતરણી [સં. કર્તની; પ્રા. કત્તણી] સ્ત્રી. ધાતુનાં પતરાં કાપવાની મોટી કાતર.

કતરન સ્ત્રી. છાંટ; કાપલા; કતરામણ.

કતરની ૧. સ્ત્રી. ઠાકોરજીના શૃંગારની વસ્તુ.
૨. [હિં.] સ્ત્રી. મલબાર દેશની નદીઓમાં થતી એક જાતની માછલી.
૩. [સં. કર્તની] સ્ત્રી. લુહાર કે સોનીની કાતર; સાણસીના આકારની કાતર.
૪. સ્ત્રી. વાળ, કપડાં વગેરે કાપવાનું એક ઓજાર; કાતર.

કતરબરા ૧. સ્ત્રી. બ્રાહ્મણની ચોરાશી માંહેની એક પેટા જ્ઞાતિ.
૨. ન. બ્રાહ્મણની એક પેટા જ્ઞાતિનું માણસ.
૩. વિ. બ્રાહ્મણની એક પેટા જ્ઞાતિનું.

કતરબિયોંત ૧. સ્ત્રી. અશાંતિ.
૨. સ્ત્રી. ઉચાપત.
કતરબિયોંત કરવી = (૧) ઉચાપત કરવી. (૨) ઓછું કરવું. (૩) કાપવું. (૪) યોજના કરવી.
૩. સ્ત્રી. કપડાં કાપવાં તે.
૪. સ્ત્રી. કાપકૂપ.

કતરબે ૧. પું. કાપી નાખવું તે.
૨. પું. ચિંતન; મનન.

કતરબેંવટ પું. દગો; છેતરપિંડી.

કતરભેદ પું. છેતરપિંડી; દગો.

કતરવતર અ. વગર વિચાર્યે; ગમે તેમ.

કતરવાઈ ૧. સ્ત્રી. કાપવાની કીમત; કાતરવાની મજૂરી.
૨. સ્ત્રી. કાપવાનું કામ.

કતરવાં [હિં.] વિ. વાંકું; આડું; તિરકસ.
કતરવાં ચાલ = યુક્તિથી ચાલતું.

કતરવેધિયું વિ. પક્ષપાતી; વગીલું; વગિયું કરનાર.

કતરા ૧. પું. એક જાતની હોડી.
૨. [અ.] પું. ટીપું.
૩. પું. ટુકડો; ખંડ.
૪. સ્ત્રી. કુંવાર.
૫. વિ. થોડું.

કતરાઈ ૧. સ્ત્રી. કાતરવાની મજૂરી.
૨. સ્ત્રી. કાતરવાનું કામ.

કતરાણ જુઓ કતરણ.

કતરાતું ૧. [સં. કર્તિત; પ્રા. કત્તિઅ] વિ. ઊલટું; પ્રતિકૂળ.
૨. વિ. જુદું પડતું.
૩. વિ. ત્રાંસું; આડું જતું.
૪. વિ. વાંકી નજરે જોતું.

કતરામણ ૧. ન. કાતરવાની મજૂરી; કતરાઈ.
૨. ન. કાતરવાનું કામ.
૩. ન. ધાતુનાં પતરાં, કાગળ વગેરે કાતરતાં પડતી કરચો.

કતરાયું જુઓ કતરાતું.

કતરાવું ૧. [સં. કર્ત્ (કાપવું)] અ. ક્રિ. કપાઈને જુદું પડવું; ચિરાવું; કપાવું.
૨. અ. ક્રિ. ગુસ્સાથી જોવું.
૩. અ. ક્રિ. ત્રાંસું જવું; આડું જવું.
૪. અ. ક્રિ. રસ્તાનું જુદું પડવું.
૫. અ. ક્રિ. રોષથી વિરુદ્ધ ચાલવું; વિરુદ્ધ જવું.
૬. અ. ક્રિ. વળી જવું.
૭. અ. ક્રિ. વાંકું જોવું.
૮. અ. ક્રિ. વાંકુંચૂકું ચાલવું.

કતરાંશ ૧. પું. દ્વેષ; ઝેર.
૨. પું. વાંકાપણું; આડાપણું; કરડ.
૩. પું. વિરુદ્ધતા.

કતરો પું. હવેલીમાં શ્રીકૃષ્ણના શૃંગાર વખતે મસ્તક ઉપર ધરવાની એક વસ્તુ.

કતરોક વિ. કેટલાક.

કતરોંત જુઓ કતરબે.

કતલ ૧. [અ.] સ્ત્રી. કાપાકાપી; ખૂનરેજી.
૨. સ્ત્રી. ઘાત; હત્યા.
કતલની રાંત = (૧) કટોકટીનો વખત. (૨) કામની ધમાલનો વખત. (૩) મોહરમની નવમી તારીખની રાત; તાબૂત કાઢવાની આગલી રાત. અલીના હસન ને હુસેન નામે બે દીકરા તે રાતે કતલ થઈ ગયા હતા.

કતલખાનું ન. કતલ થતી હોય તે જગ્યા.

કતલગાહ સ્ત્રી. કતલની જગ્યા.

કતલબાજ પું. જલ્લાદ; સંહારક.

કતલાધીન વિ. કતલ થવા જેવું.

કતલામ [અ. કત્લેઆમ] પું. સર્વસંહાર; અપરાધી, નિરપરાધી, નાનાં, મોટાં બધાંનો નાશ.

કતલેઆમ જુઓ કત્લેઆમ.

કતલો ૧. પું. સોના કે રૂપાનો તાર.
૨. પું. સોનાનું કે રૂપાનું બીબું.

કતહા વિ. કરડે એવું.

કતહું અ. (વ્રજ) ક્યાંકણે; કોઈ ઠેકાણે.

કતહૂં ૧. અ. કદાચ.
૨. અ. કોઈ જગ્યાએ.

કતા ૧. [અ.] સ્ત્રી. આકાર.
૨. સ્ત્રી. કટકો.
૩. સ્ત્રી. કપાત.
૪. સ્ત્રી. કવિતાની કડી.
૫. સ્ત્રી. ઘાટ.
કતા કરવી = (૧) ઘાટ ઘડવો. (૨) ટૂંકું કરવું. (૩) તોડવું.
૬. સ્ત્રી. ઘાયલ કરવું તે.
૭. સ્ત્રી. જમીનનો ટુકડો.
૮. સ્ત્રી. તૂટફૂટ.
૯. સ્ત્રી. ભાગ; વિભાગ.
૧. કતા કલામ કરવી = વાત તોડી નાખવી.
૨. કતા કુરહ = ગોલખંડ; ગોળાનો ભાગ.

૧૦. સ્ત્રી. રીત; ઢંગ.
૧૧. સ્ત્રી. વાઢકાપ.
૧૨. ન એ. નામનું ગોત્ર.
૧૩. વિ. કેટલા.
૧૪. અ. કદી નહિ.

કતાઈ ૧. સ્ત્રી. કાંતવાનું મહેનતાણું.

કતાઈ કરીને ખાવું = કાંતવા ઉપર જીવન ગુજારવું.

૨. સ્ત્રી. કાંતવું તે; કાંતવાનું કામ.
૩. વિ. છેલ્લું; આખરતું.

હિબા કતાઈ = સર્વ હક્ક સહિત આપવું તે.

કતાઈ બુનાઈ સ્ત્રી. કાંતવા વણવાનું કામ.

કતાદાર વિ. ભભકાબંધ; ફેશનદાર.

કતાન ૧. [અ.] સ્ત્રી. અળસી.

૨. [ફા.] ન. શણનું કાપડ; કંતાન. એમ માનવામાં આવે છે કે તે એટલું બધું ઝીણું હોય છે કે જો ચાંદનીમાં રાખવામાં આવે તો તેના ચીરા થઈ જાય.

કતાનઝર (કતાનઝર) ૧. અ. ઉપરાંત.

૨. અ. એમ છતાં પણ.

૩. અ. લક્ષ આપ્યા વગર.

કતાર ૧. [અ. કિત્તાર] સ્ત્રી. કતલ; કાપાકાપી; લડાઈ.

૨. [અ. કતર (ઉંટને એક હારમાં બાંધવા તે)] સ્ત્રી. પંક્તિ; હાર; ઓળ; અલગાર.

કતાર બાંધવી = હારબંધ અનુક્રમે ગોઠવવું.

૩. સ્ત્રી. સમૂહ; ઝૂંડ.
૪. [ઉર્દૂ] સ્ત્રી. હદરેષા; સીમરેખા.
૫. સ્ત્રી. હારબંધ જથ્થો.
૬. વિ. પુષ્કળ.

કતારથ વિ. (ગ્રામ્ય) કૃતાર્થ.

કતારા ૧. [હિં.] સ્ત્રી. આમલી.

૨. સ્ત્રી. એક જાતની ઔષધિનો છોડ.

૩. સ્ત્રી. એક જાતની શેરડી.

કતારિયાચાંદ ન. એક જાતનું રેશમી કાપડ.

કતારિયું વિ. કજિયાળું; ધાંધલ કરનાર.

કતારે અ. કયારે.

કતાલ ૧. [હિં.] પું. વસંત ઋતુની ભરતી.
૨. પું.; સ્ત્રી. કજિયો; અણબનાવ.
૩. [અ.] પું.; સ્ત્રી. કાપાકાપી.
૪. [અ. કતલ (તેણે ખૂન કર્યું)] પું.; સ્ત્રી. ખૂન.
૫. પું.; સ્ત્રી. રડારોળ; કલ્પાંત.
૬. પું.; સ્ત્રી. શોક; અફસોસ.
૭. ન. એક ઝાડ. તેનું દાતણ કરવાથી મનુષ્ય પતિત થવાનું મનાય છે.
૮. વિ. ખૂની.
૯. [કુ (ખરાબ) + તાલ (ઠેક)] વિ. ખોટા તાલવાળું; તાલહીન.

કતાલુ ૧. પું. એક જાતનું કાવ્ય. તેમાં એકી લીટીમાં પ્રાસ મળે અને દરેક કડીનો પહેલા ભાગનો અર્થ છેલ્લામાં પૂરો થાય.
૨. પું. છૂટો ભાગ.
૩. પું. જમીનનો અમુક પ્રદેશ.

કતાળ જુઓ કતાલ.

કતાં ૧. [યૂ.] પું. અળસી.

૨. [ફા.] પું. શણ.

કતિ ૧. સ્ત્રી. (ડિંગળ) કીડા.
૨. [સં.] વિ. અમુક; અનિશ્ચિત સંખ્યાવાળું; કેટલુંક.
૩. વિ. કંઈ.
૪. વિ. કેટલું.
૫. વિ. થોડું.
૬. [હિં.] વિ. બહુ; અગણિત.

કતિકા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કૃતકતિકા. તેના દરેક ચરણમાં ત્રણ નગણ અને એક સગણ એમ બાર અક્ષર હોય. આ છંદ જગતી છંદનો એક ભેદ છે.

કતિધા ૧. [સં.] અ. કેટલા પ્રકારે.
૨. અ. કેટલા ભાગમાં.
૩. અ. કેટલી જગ્યાએ.
૪. અ. કેટલી વખત.

કતિપય [સં.] વિ. અમુક; કેટલુંક; અનિશ્ચિત સંખ્યાવાળું.

કતિપયોગાસન [સં.] ન. એ નામનું યોગનું એક આસન.

કતિફ [અ.] પું. અંસફલક.

કતિરા [ફા.] ન. એક જાતનું ઔષધ; કશીસ.

કતિવિધ [સં.] વિ. કેટલા પ્રકારનું; કેવી રીતનું.

કતી ૧. [અ.] સ્ત્રી. દરજીનું એક માપ.
૨. વિ. અમુક; અનિશ્ચિત સંખ્યાવાળું; કેટલુંક.
૩. વિ. કંઈ.
૪. વિ. કેટલુંક.
૫. [હિં.] વિ. બહુ; અગણિત.
૬. [અ.] અ. ખરેખર.

કતીકડું (કતીકડું) વિ. હૃષ્ટપુષ્ટ; માતેલું.

કતીકો પું. નાની લાકડી; ધોકો; દંડો.

કતી તલવાર સ્ત્રી. ટૂંકી અને અવળા વાંકવાળી તલવાર.

કતીતુરાઈ [હિં.] ન. તૂરિયું; ધિસોડું.

કતીબડું (કતીબડું) ૧. ન. નાનું બચ્ચું.

૨. વિ. કજિયાળું; તોફાની.

કતીર ગુંદ પું. એક જાતનો ગુંદ. તે ભૂરાશ પડતો અને પારદર્શક હોય. તેના અનિયમિત ગોળાકાર ગાંગડા થાય છે અને બરડ હોવાથી તેનો સહેલાઈથી ભૂકો થઈ શકે. પાણીમાં તે ઓગળે છે. ઉધરસ, દમ અને ગળાના દાહ ઉપર તે વપરાય છે.

કતીરા ૧. [હિં.] પું. એક જાતનો ગુંદ.
૨. સ્ત્રી. સોનીની એ નામની એક અટક.
૩. ન. એ નામની અટકનું માણસ.
૪. વિ. એ નામની અટકનું.

કતીરાગોંદ [હિં.] પું. એક જાતનો ગુંદ; કડાયોગુંદર.

કતીરામપુરી સ્ત્રી. એક જાતની તલવાર.

કતીરો પું. એક જાતનો ગુંદ. તે પાણીમાં પલાળવાથી ફૂલે છે.

કતીરોગુંદ પું. ગનેરી ઝાડમાંથી નીકળતો ગુંદ. તેને સ્ત્રીઓ ઘીમાં તળી, સાકર નાખી ખાય છે. તે ગ્રાહી, કફઘ્ન અને પૌષ્ટિક હોવાથી મૂત્રાશયમાંના ક્ષત, પ્રદર, ગર્ભાશયની નબળાઈ અને અત્યાર્તવમાં સારૂં કામ કરનાર મનાય છે. તે કસુવાવડ થતી અટકાવે છે.

કતીલ [અ.] વિ. મારી નાખેલું; ખૂન કરેલું.

કતીલા ૧. [હિં.] પું. એક જાતનો ગુંદ.

૨. [અ.] વિ. મારી નાખેલું; ખૂન કરેલું.

કતીલું ન. કુરકુરિયું.

કતીસ [યૂ.] પું. કાગળ.

કતુ પું. (જરથોસ્તી) વોહુનેમંધ તથા વોહુવઝબંધ નામના બે ભાઈનો બાપ.

કતુરિસ ૧. સ્ત્રી. રત્નાગિરિ જિલ્લામાં વસતી જંગલી જાત.
૨. ન. એ નામની જંગલી જાતનું માણસ.
૩. વિ. એ નામની જંગલી જાતનું.

કતૂક ન. નિર્મળીનું ઝાડ.

કતૂકો ૧. પું. નાના ટૂંકા લાકડાથી મારવું તે.
૨. પું. નાનું ટૂંકું લાકડું.

કતૂતર [સં.] પું. વૈદિક સમયનો હિંદુસ્તાનનો એક પ્રાચીન દેશ.

કતૂહલ ન. કુતૂહલ.

કતેઓ [હિં.] સ્ત્રી. ખરાબ ટેવ.

કતેક ૧. વિ. કેટલા.
૨. અ. કેટલાં; કેટલું.

કતેબ ૧. સ્ત્રી. કિતાબ.

કહે કબિર યા સૈન ગુંગા તંઈ,
ભેદ **કતેબ** કી ગંમ નાહી. વિશ્વજ્યોતિ

૨. સ્ત્રી. મીન; માછલું.

કતેરિયા ૧. સ્ત્રી. કણબીની એક અટક.

૨. ન. એ અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કતેવડું (કતેવડું) ન. કટકે કટકે પૂરૂં કરેલું કામ.

કતોદય ૧. [સં. કૃત (કરેલું) + ઉદય (ચડતી)] પું. કૃત કર્મનો ઉદય; કર્મફળ.

૨. પું. નસીબ; દૈવયોગ; પ્રારબ્ધ.

કતોદિયો પું. લૂંટારો; વાટપાડુ.

કતોસળ વિ. મોટું; જબરૂં.

કતોહલ ૧. પું. એક જાતનો ઘોડો. તેનાં પગ, પેટ, પુચ્છ અને કેશવાળી કાળાં હોય.

૨. પું. તોફાન; કજિયો.

ઘર ઘરસે ગોપી સબ આઈ,
કરત **કતોહલ** ભારી. મુક્તાનંદ

૩. વિ. જબરદસ્ત; કદમાં બહુ જ મોટું.

કત્ત ૧. [અ.] પું. સંહાર.

૨. સ્ત્રી. કલમની ટાંક.

૩. સ્ત્રી. ટાંક કાપવી તે.

કત્તર ૧. [સં. કૃત્ (કાપવું)] સ્ત્રી. જીવતા ઘેટા ઉપરથી કાતરેલ ઊન.

૨. સ્ત્રી. પટી; કોર.

કત્તરઝોડ (કત્તરઝોડ઼) જુઓ કતરઝોડ.

કત્તરી સ્ત્રી. કાતર.

કત્તલ ૧. સ્ત્રી. અણીવાળો પાણો કે ઈંટ.

૨. સ્ત્રી. કાપલી.

૩. [અ. કત્લ] સ્ત્રી. કાપાકાપી; હિંસા.

૪. [હિં.] સ્ત્રી. પથ્થર, ઈંટ કે માટીનો ઢગલો.

કત્તલતિરા સ્ત્રી. પાણીની સપાટી ઉપર ટપ્પો પડે એવી રીતે પાણીમાં ઠીકરી ફેંકવી તે.

કત્તલબાજ [ફા. કત્લ્ (હિંસા) + બાઝ (વાળું)] વિ. લોહીતરસ્યું; હિંસક.

કત્તા ૧. [સં. કપર્દિકા; પ્રા. કત્તા] સ્ત્રી. કોડી.

૨. સ્ત્રી. જુગાર.

૩. સ્ત્રી. ઠીકરીનો ઘસીને કરેલો ગોળ કકડો; કૂકો.

૪. સ્ત્રી. નાની તરવાર.

કત્તાન [અ.] પું. એક જાતનું કપડું. તે ચંદ્રના અજવાળામાં રહેવાથી ફાટી જાય છે, માટે પૂર્વના કવિઓ તેને ચંદ્ર ઉપર મોહિત થઈ ગયેલું કહે છે.

કત્તાલ [અ.] પું. ખૂની.

કત્તિ પું. (કચ્છી) કાર્તિક મહિનો.

કત્તિવાસા પું. ચંદ્રશેખર; શંકર.

કત્તી ૧. પું. (કચ્છી) કાર્તિક મહિનો.

૨. સ્ત્રી. કટારી; નાની તરવાર. સાત આઠ પેઢી સુધી એક જ વંશમાં રહેલી અને ઇતિહાસમાં પ્રસિદ્ધ થયેલી આ તરવાર તેરમા સૈકામાં યરપમાં તૈયાર થઈ અને ધર્મયુદ્ધો થયા બાદ તે હિંદુસ્તાનમાં આવી. તેને સાદી કત્તી અથવા ફરાસી કત્તી કહે છે. તેનું પાનું ફરાસી પોલાદનું બનેલું, બે ફૂટ ને ત્રણ ઇંચ લાંબું અને એક ઈંચ પહોળું હોય. પાનાની એક બાજુ ધાર અને ઉપર એક તેર ઇંચ લંબાઈની ને બીજી બાર ઇંચ લંબાઈની એમ બે લીટી હોય. દિલ્હીશાહી મૂઠમાં બેસાડેલ આ હથિયાર ઘણું જ સરળ હોઈ તેની અનેક જાતો છે.

૩. સ્ત્રી. ચાકૂ; છરી.

કત્તીર સ્ત્રી. એ નામનું એક હથિયાર. એનો મુઠ્ઠો સોનાના ગોળાનો અને ઉપર હીરો બેસાડેલ હોય. મ્યાન ચાંદીનું ને બંને બાજુ ફૂલની નકશીવાળું હોય.

કત્તુકિતાલ ન. સિલોનમાં ઊગતું તાડની જાતનું એક ઝાડ.

કત્તૃણ ૧. [સં.] પું. (પુરાણ) એક બ્રહ્મર્ષિ.

૨. ન. એક જાતનું સુગંધી ઘાસ; રોહિષ ઘાસ.

કત્તો [અ. કતઅ (કટકો)] પું. જાડા અક્ષર થાય એવા કાપની કલમ; કિત્તો.

કત્તોય ૧. [સં.] ન. ખરાબ અથવા થોડું પાણી જ્યાં હોય તે.

૨. ન. શરાબ; મદ્ય.

કત્થ્ ૧. [સં.] સ. ક્રિ. (ધાતુ) બડાઈ મારવી; શેખી કરવી.

૨. સ. ક્રિ. વખાણવું.

૩. સ. ક્રિ. વઢવું; ગાળો દેવી. તે ઉપરથી થયેલ શબ્દઃ કત્થન, કત્થિન વગેરે.

કત્થઈ ૧. પું. કથાઈ; કાથા જેવો રંગ.

૨. વિ. કાથા જેવા રંગનું.

કત્થક ૧. [સં. કથક] પું. ગાવા, બજાવવા ને નાચવાનું કામ કરનાર એક જાતિ.

૨. પું. નાચનાર છોકરો.

૩. [હિં.] વિ. ગાનાર.

કત્થન ૧. [સં.] ન. બડાઈ; બણગાં.

૨. વિ. બડાઈ મારતું; ખોટાં વખાણ કરતું.

કત્થા ૧. [હિં.] પું. કાથો. તે પાનમાં નાખી ખવાય છે. પેઢાનો દુઃખાવો, મોઢાનાં દરદ, બસૂરો અવાજ, અને અંદરના ગૂમડાને લીધે પેટના દુખાવામાં કોગળા કરવા માટે અપાય છે.

દૂધિયા કત્થા = ધોળો કાથો.

૨. અ. ક્યાં.

કત્થાઈ જુઓ કત્થઈ.

કત્પય ૧. [સં.] ન. સુખ ઉપજાવનાર પ્રાણી.

૨. વિ. ઊપસતું; ચડતું.

કત્ફે [અ.] પું. અંસફલક; ખભાનું ચપટું હાડકું.

કત્ફેલ ન. કાયફળ.

કત્બા [અ.] પું. લેખ.

કત્ર્ [સં.] અ. ક્રિ. (ધાતુ) ઢીલું પાડવું; પોચું પાડવું.

કત્ર ૧. [અ.] પું. ટીપું.

૨. [હિં.] પું. બજાર; પડું.

૩. સ્ત્રી. અણીવાળો પાણો અથવા ઈંટ.

૪. સ્ત્રી. કાપલી.

૫. [અ.] ન. પાડવું તે.

કત્રઝન ન. ઉતાવળથી આમ તેમ દોડવું તે.

કત્રઝમાન જુઓ કત્રઝન.

કત્રન સ્ત્રી. કટકા.

કત્રા ૧. પું. કટકો.

૨. [હિં.] પું. બજાર; પડું.

૩. [અ.] પું. બિંદુ; ટીપું.

કત્રા આવવો = અજાણતાં પેશાબ છૂટી પડવો.

કત્રાઈ ૧. સ્ત્રી. કાપવાની આપવી પડતી કીમત.

૨. અ. એક બાજુએ.

કત્રાત [અ.] ન. બ. વ. ટીપાં.

કત્રાતે શબનમ = ઝાકળનાં ટીપાં.

કત્રાન [અ.] પું. શણ.

કત્રાયણ ન. શણ.

એ કપટીનો પ્રીછો પાર,
કત્રાયણનો મંગાવ્યો હાર. નરસિંહ

કત્રાસ પું. દ્વેષ; કલેશ; વૈમનસ્ય.

કત્રુ પું. કાપનાર.

કત્લ (ક઼ત્લ) ૧. [અ.] પું. કાપી નાખવું તે; મારી નાખવું તે; ખૂન; વધ.

૧. ઇફ્દામે કત્લ = ખૂન કરવાનો યત્ન.

૨. કત્લ કરવું = મારી નાખવું; ખૂન કરવું.

૩. કત્લ કી રાત = શબે શહાદત; મોહરમની દશમી રાત, જે વખતે હુસેનને મારી નાખવામાં આવ્યો હતો.

૪. કત્લે અમદ–અમ્દ = ઇરાદાપૂર્વક કરેલ ખૂન.

૫. કત્લે આમ = ઘણાંનાં ખૂન કરવાં તે; આમવર્ગની કતલ.

૬. કત્લે ખતા = ભૂલથી મારી નાખવું તે; અકસ્માતી ખૂન.

૭. કત્લે પિદર = પિતૃહત્યા.

૨. પું. ખૂનામરકી.

૩. પું. બલિદાન.

કત્લગારત (ક઼ત્લગારત) વિ. ભસ્મીભૂત.

કત્લગાહ (ક઼ત્લગાહ) ૧. સ્ત્રી. ફના કરવાની જગ્યા; વધસ્થાન.

૨. સ્ત્રી. ફાંસી.

૩. ન. કતલખાનું.

કત્લા (ક઼ત્લા) ૧. [હિં.] પું. કટકો; ચોસલું.

૨. વિ. ગંધાતું; ખોરૂં.

કત્લેઆમ (ક઼ત્લેઆમ) ૧. સ્ત્રી. અંકુશ કે વિવેક વગરની કતલ; હાથમાં આવ્યું તેની કતલ કરવી તે.

૨. [અ. કત્લ (ખૂન) + આમ (સામાન્ય)] સ્ત્રી. આમવર્ગની કતલ; માણસોની સામાન્ય કતલ.

કત્વાઈ [હિં.] સ્ત્રી. કાંતણની મજૂરી.

કત્સિત વિ. હલકું.

કથ્ ૧. [સં.] સ. ક્રિ. (ધાતુ) કથન કરવું; કહેવું. તે ઉપરથી થયેલ શબ્દ-કથન, કથા, કથિત, કથનીય, કથાનક, કથિતપાઠ, કથ્ય, અકથ્ય.

૨. સ. ક્રિ. ખબર આપવી; માહિતી આપવી.

૩. સ. ક્રિ. જાહેર કરવું.

૪. સ. ક્રિ. ધ્યાનમાં લેવું.

૫. સ. ક્રિ. ફરિયાદ કરવી.

૬. સ. ક્રિ. બતાવવું; સૂચવવું.

૭. સ. ક્રિ. વર્ણન કરવું.

૮. સ. ક્રિ. વાતચીતમાં ઊતરવું.

કથ ૧. પું. (ડિંગળ) કથાયશ.

૨. [હિં.] પું. કાથો.

૩. સ્ત્રી. લોકોની એ નામની એક જાત. તે કારકુન અને હિસાબ રાખનાર હોય છે.

૪. ન. એ નામના લોકોની જાતનું માણસ.

૫. ન. કથન; વચન; વાણી.

૬. ન. હિંદુની એ નામની એક જાતનું માણસ.

૭. વિ. એ નામના લોકોની જાતનું.

કથક ૧. પું. એ નામના એક બ્રહ્મર્ષિ.

૨. [સં.] પું. નટ અને ગાયક; હાવભાવ કરી નાચનાર અને ગાનાર માણસ.

૩. પું. પુરાણી; પુરાણ વાંચનાર માણસ.

૪. પું. વક્તા.

૫. સ્ત્રી. ભાંડની એક જાત.

૬. ન. કહેવત; કહાણી.

૭. ન. ભાંડની જાતનું માણસ.

૮. ન. વર્ણન.

૯. ન. વાર્તા કહેવી તે.

૧૦. વિ. કથાકાર; કથા કહેનાર; વાત કહેનાર.

૧૧. વિ. કહેનારૂં; બોલનારૂં; વર્ણવનારૂં.

૧૨. વિ. જાહેર ભાષણ કરનાર.

૧૩. વિ. નાટકનું વર્ણન કરનાર; નટ.

૧૪. વિ. નાયકાને શીખવનાર.

૧૫. વિ. ભાંડની જાતનું.

૧૬. વિ. વાદવિવાદ કરનાર; ચર્ચા કરનાર.

કથડનાયકા (કથડ઼નાયકા) ૧. સ્ત્રી. કાળીપરજની નાયકા જ્ઞાતિની એક પેટા જાત.

૨. ન. એ નામની પેટા જાતનું માણસ.

૩. વિ. એ નામની એક પેટા જાતનું.

કથણી ૧. [સં. કથ્ (કહેવું)] સ્ત્રી. કહેવાની રીત.

૨. સ્ત્રી. કહેવત; લોકોક્તિ.

૩. સ્ત્રી. નિંદા; કૂથલી.

૪. સ્ત્રી. વાત; કથા.

કથન ૧. [સં.] ન. ઉપન્યાસનો એક ભેદ, જેમાં પૂર્વપીઠિકા તથા ઉત્તરપીઠિકા ન હોય.

૨. ન. કથા કહેવી તે.

૩. ન. કવિતા; કાવ્ય.

૪. ન. કહેવત; કહાણી.

૫. ન. કેફિયત; અધિકારી આગળ રજૂ કરાતી હકીકત.

૬. ન. નિવેદન.

૭. ન. પ્રચલિત શબ્દ.

૮. ન. બોલ; વચન.

૯. ન. વિવેચન; નિરૂપણ; વ્યાખ્યાન.

૧૦. ન. હકીકત.

૧૧. ન. હાવભાવપૂર્વક નૃત્ય, ગાયન ને કથા.

૧૨. ન. હેતુ અને સાધ્યનો નિર્દેશ કરનારૂં વાક્ય.

૧૩. વિ. વાતોડિયું; બહુ બોલે એવું.

કથનકલા [સં.] સ્ત્રી. વર્ણન કરવાની કળા.

કથનકાર [સં. કથન (કહેવું) + કૃ (કરવું)] વિ. કથા કહેનાર; વાત કરનાર.

કથનચિત્ર [સં.] ન. કથાચિત્ર; દષ્ટાંત.

કથનવૃત્તિ [સં.] સ્ત્રી. કહેવાની ઇચ્છા.

કથનશૈલી સ્ત્રી. કહેવાની રીત.

કથના [સં.] સ્ત્રી. કથન.

કથનાત્મકભેદ [સં.] પું. નિબંધના ત્રણ માંહેનો એક ભેદ.

કથનાનુસાર [સં.] અ. કહેવા પ્રમાણે.

કથનાર ૧. વિ. કહેનાર.

૨. વિ. કથા કે વાત કહી બતાવનાર.

કથનાવલિ ૧. [સં. કથન (કહેવું તે) + આવલિ (હાર)] સ્ત્રી. કથનોની માળા; કહેવતોનો સંગ્રહ.

૨. સ્ત્રી. કહાણી કે કિસ્સાની વાર્તાઓનો સંગ્રહ.

કથનાવલી જુઓ કથનાવલિ.

કથનાવળિ જુઓ કથનાવલિ.

કથનાવળી જુઓ કથનાવલિ.

કથની ૧. [સં. કથ્ (કહેવું)] સ્ત્રી. અહેવાલ; વર્ણન.

૨. સ્ત્રી. કથા કહેવી તે.

૩. સ્ત્રી. કથા વાર્તા કહેવાની ધાંટી; કહેવાની રીત.

૪. સ્ત્રી. કૂથલી; નિંદા.

૫. સ્ત્રી. ગપ્પો; ટાહેલું.

૬. સ્ત્રી. વાત; કહેવું તે.

૭. સ્ત્રી. વાર્તા; કથા; ઇતિહાસ; કહાણી.

કથનીય ૧. [સં. કથ્ (કહેવું) + અનીય (યોગ્ય)] વિ. કહેવા યોગ્ય; કહેવા જેવું; વર્ણનીય.

૨. વિ. નિંદનીય; ખરાબ.

કથમ અ. કયાં.

કથમપિ અ. કોઈ પણ રીતે.

કથમિતિક પું. માથે ઓઢવાનો એક જાતનો કામળો; કુલમિતિક.

કથયાન [સં.] વિ. કહેતું; બોલતું.

કથયિતવ્ય [સં.] વિ. કહેવા યોગ્ય.

કથરા ૧. સ્ત્રી. ચોરાશી માંહેની એક જ્ઞાતિનું માણસ.

૨. સ્ત્રી. જૈન મત પ્રમાણે ચોરાશી માંહેની એક જ્ઞાતિ.

૩. વિ. ચોરાશી માંહેની એક જ્ઞાતિનું.

કથરિયા ૧. સ્ત્રી. કણબીની એ નામની એક અટક.

૨. ન. એ અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કથરી ૧. [સં. કથા] સ્ત્રી. ગોદડી. તે ચીંથરાની બનાવેલ હોય છે.

૨. સ્ત્રી. ઢોરની ચામડી ઉપર થતું નાનું જંતુ; ઇંતડી.

૩. સ્ત્રી. બિછાનું; પથારી.

કથરોઈ ન. એ નામનું એક હિંદી પ્રજાસત્તાક રાજ્ય.

કથરોટ [સં. કાષ્ઠિકા] સ્ત્રી. લાકડાનું, ધાતુનું કે માટીનું ગોળ અને છાછરૂં વાસણ; મોટો થાળ.

૧. કથરોટ કૂંડાને શું હસે ? = અવગુણથી જ ભરેલ હોય તે પોતાથી જ ઓછા અવગુણવાળાને શું કહી શકે ?

૨. મન ચંગા તો કથરોટમાં ગંગા = મન પવિત્ર હોય તો તીર્થાટનની શું જરૂર છે ? જેવું મન શુદ્ધ હોય તેને ઘરનું પાણી ગંગાજળ જેવું છે.

કથરોટી ૧. સ્ત્રી. વાણિયાની એક જાત.
૨. ન. વાણિયાની એક જાતનું માણસ.
૩. વિ. વાણિયાની એક જાતનું.

કથલવું સ. ક્રિ. બગડવું.

કથલાવવું સ. ક્રિ. બગાડવું; ખરાબ કરવું.

કથલો ૧. પું. કડાકૂટનું કામ.
૨. પું. કુથલી.
૩. પું. કૂથો; નાની મોટી ઘણી વસ્તુનો ગોટાળો.

કથલ્યાગોંદ ન. કાંડોળીનું ઝાડ. તેને સફેદ ગુંદ આવે. તે ઉપયોગી હોય છે.

કથવું ૧. [સં. કથ્ (કહેવું)] સ. ક્રિ. કહેવું; બોલવું; ભાષણ કરવું.
૨. સ. ક્રિ. ઠપકો આપવો.
૩. સ. ક્રિ. વાત કહેવી; કથા કરવી.
૪. સ. ક્રિ. વિવેચન કરવું; ટીકા કરવી.

કથવો પું. આંખનું એક દરદ. માતાનું ધાવણ ધાવવાથી બાળકોને આ દરદ થાય છે.

કથળવું ૧. [સં. કુ (ખરાબ) + સ્થલ્ (મજબૂત હોવું)] અ. ક્રિ. ઊલટું થવું; વિફરવું; ફરી બેસવું.
૨. અ. ક્રિ. કાર્યસિદ્ધિ ન થવી.
૩. અ. ક્રિ. ખળભળવું.
૪. અ. ક્રિ. ખિજાવું; ગુસ્સે થવું.

કથળી પડવું = (૧) કજિયાની અણી ઉપર હોવું. (૨) નાખુશ થવું.

૫. અ. ક્રિ. તોફાને ચડવું; કજિયો કરવો.
૬. અ. ક્રિ. બગડવું; ખરાબ થઈ જવું.
૭. અ. ક્રિ. વાંકું થઈ બેસવું.
૮. અ. ક્રિ. શક્તિહીન થવું; શિથિલ બનવું.
૯. અ. ક્રિ. સ્થાનભ્રષ્ટ થવું; ઊતરી જવું.
૧૦. અ. ક્રિ. હઠ કરવો; ચટકવું.
૧૧. અ. ક્રિ. હાથથી જવું.

કથળાવું ૧. અ. ક્રિ. કાર્યસિદ્ધિ ન થવાવી.
૨. અ. ક્રિ. ખળભળાવું; શક્તિહીન થાય એમ કરાવું.
૩. અ. ક્રિ. ખીજાવાવું.
૪. અ. ક્રિ. ચટકાવું.
૫. અ. ક્રિ. તોફાને ચડાવવામાં આવવું; કજિયો કરાવો.
૬. અ. ક્રિ. બગડાવું; ખરાબ થઈ જવાવું.
૭. અ. ક્રિ. વાંકું થવાવું.
૮. અ. ક્રિ. વિફરાવું.
૯. અ. ક્રિ. સ્થાનભ્રષ્ટ બનાવવામાં આવવું; હાડકાનું ઊતરી જવાવું.
૧૦. અ. ક્રિ. હાથથી જવાવું.

કથં ૧. [સં.] અ. કઈ રીતે; કેમ.
૨. અ. ક્યાંથી.

કથંકથા [સં.] સ્ત્રી. રાગદ્વેષ પેદા કરનારી હકીકત; વિકથા.

કથંચિત્ ૧. [સં.] અ. કોઈ પ્રકારે; કોઈ પણ રીતે.
૨. અ. ઘણી સાવધાનીથી.
૩. અ. મુશ્કેલીપૂર્વક; મહાકષ્ટથી.

કથા ૧. [સં. કથ્ (કહેવું)] સ્ત્રી. ઈશ્વર કે ધર્મ સંબંધી ભાષણ, કીર્તન કે વાર્તા.

૧. કથા તે વૃથા ને ગીતા તે જિતા = વાર્તાથી કંઈ મોક્ષ મળે જ નહિ, એ તો જ્ઞાનથી મળે.

૨. કથા ત્યાં વાર્તા = ઈશ્વરના ગુણાનુવાદ સાથે વાર્તા પણ જોઈએ.

૩. કથા બેસાડવી = (૧) ખર્ચ કરાવવું. (૨) ધાર્મિક કાર્યની કે ઈશ્વર સંબંધી ભાષણ, કીર્તન કે વાર્તાની શરૂઆત કરવી. (૩) નિંદા કરવી.

૪. કથા માંડવી = કથા બેસાડવી.

૫. કથા વાંચવી = (૧) ઉપદેશ આપવો. (૨) પવિત્ર પુસ્તક વાંચવું.

૨. સ્ત્રી. ઉપન્યાસનો એક ભેદ. તેમાં પૂર્વપીઠિકા અને ઉત્તરપીઠિકા હોય. પૂર્વપીઠિકામાં એક વક્તા અને એક અથવા અનેક શ્રોતા બતાવવામાં આવે છે. શ્રોતા એવો ઉત્સાહ બતાવે કે વક્તાને પણ ઉત્સાહ આવી જાય. વક્તાને મોઢે સારી કહાણી કહેવડાવવામાં આવે છે. કથાની સમાપ્તિ થતાં ઉત્તરપીઠિકા હોય છે. તેમાં વક્તા અને શ્રોતાનું ઊઠી જવું વગેરે ઉત્તર દશા દેખાડવામાં આવે છે.
૩. સ્ત્રી. ચર્ચા; વાદવિવાદ.
૪. સ્ત્રી. ટૂચકો; આખ્યાયિકા; ઓઠું.
૫. સ્ત્રી. ધાર્મિક ઉપદેશ.
૬. સ્ત્રી. નવલકથા; વાર્તા; સંસારચિત્ર.

કાદંબરી **કથા** કરી ઉત્તમ, પ્રીછિ જે અતિ જાણ.
ભાલણ

૭. સ્ત્રી. (ન્યાય) પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષને પ્રતિપાદન કરનારાં વાક્યનો વિસ્તાર; વસ્તુવિષયક વાક્યોની ગૂંથણી. તેના ત્રણ ભેદ છેઃ વાદ, જલ્પ અને વિતંડા.
૮. સ્ત્રી. મૈથુનના આઠ માંહેનો એક પ્રકાર. સ્ત્રીનું ધ્યાન, કથા, સ્પર્શ, ક્રીડા, દર્શન, આલિંગન, એકાંતવાસ અને સમાગમ એ આઠ જાતનું મૈથુન કહેવાય છે.
૯. સ્ત્રી. રજપૂતની એક જાતિ.
૧૦. સ્ત્રી. વર્ણન; બયાન; હકીકત; હેવાલ.
૧૧. સ્ત્રી. વૃત્તાંત; ચરિત્ર.
૧૨. સ્ત્રી. સમાચાર; ખબર.
૧૩. ન. રજપૂતની એ નામની એક જાતનું માણસ.
૧૪. વિ. એ નામની રજપૂતની એક જાતનું.

કથાઈ ૧. પું. કાથા જેવો રંગ.
૨. વિ. કાથા જેવા રંગનું.

કથાકથન ૧. [સં.] ન. આપવીતી.
૨. ન. ચોસઠ પ્રકારનાં વિજ્ઞાન માંહેનું એક.
૩. ન. ધાર્મિક વાત કહેવાપણું.

કથાકર ૧. પું. કથા કહેનાર બ્રાહ્મણ; કથાભટ.
૨. [સં.] વિ. કથા વાંચનાર.
૩. વિ. વાર્તા બનાવનાર.

કથાકલિ પું. કેરલ પ્રાંતનો એક જાતનો નાચ. ઘણું કરીને તેમાં બે ગાનારા રામાયણ કે મહાભારતમાંથી કોઈ જૂની વાર્તા ગાય છે. તેમની સાથે પ્રાસ રાખવા અને હાવભાવ બતાવવા બે ઢોલ વગાડનારા હોય છે. નટોનાં કપડાં અને રંગબેરંગી શણગારથી આ નાચ બહુ શોભાયમાન બને છે. હાવભાવપ્રધાન આ નાચ શીખવો બહુ અઘરો છે. ઘણાં વર્ષના અનુભવ પછી નટ આ નૃત્યમાં પ્રવીણ થાય છે. તેમાં છોકરી કે સ્ત્રી ભાગ લેતી નથી. આ નાચ શીખવા માટે ઘણી શારીરિક કસરત અને તેલ ચોપડવાની જરૂર પડે છે. તેલ ચોળી સ્નાયુને મજબૂત બનાવવાની અને શરીરને ચાલાક બનાવવાની ખાસ ઋતુ ચોમાસું મનાય છે. આ નાચ એટલો બધો મુશ્કેલ છે કે નાચનારનું શરીર સંપૂર્ણ હોય તો જ તે થઈ શકે છે. તેનાં પગલાં પાડવા માટે અને ૭ તાલ માટે ઘણા અભ્યાસની જરૂર છે.

કથાકાર જુઓ કથાકર.

કથાકીર્તન ૧. [સં.] ન. કહાણી; હકીકત; વર્ણન.
૨. ન. ધાર્મિક વૃત્તાંતનું વાચન કે ભજન.

કથાકોષ [સં.] પું. ધાર્મિક વૃત્તાંતોનો સંગ્રહ.

કથાક્રમ ૧. [સં.] પું. ધાર્મિક પુસ્તકના વાચનની શરૂઆત.

૨. પું. વાતચીતની શરૂઆત.

કથાગીત [સં.] ન. વિષય અને રચનામાં સાદું વાર્તાપ્રધાન કાવ્ય; લોકગીત; 'બૅલેડ'.

કથાગ્રંથ [સં.] પું. ધાર્મિક વૃત્તાંતનું પુસ્તક. નરસિંહ મહેતાના સમયનું 'ગદ્ય રામાયણ' તે પણ કથાગ્રંથ તરીકે અપવાદમાં મૂકી શકાય.

કથાગ્રંથિ [સં.] સ્ત્રી. વાર્તા રૂપી સંબંધ; કહાણી.

પુરુરવા અને ઉર્વશીની **કથાગ્રંથિ** જગજૂની છે.
કેશવ હર્ષદ

કથાચક્ર [સં.] ન. વાર્તા રૂપ આધાર.

કથાચિત્ર [સં.] ન. દૃષ્ટાંત; ઉદાહરણ; કથનચિત્ર.

કથાનક ૧. [સં.] ન. આડકથા; ઉપકથા.

૨. ન. કઢંગાણું; ખોટું અથવા અયોગ્ય સ્થાન; નરસી જગ્યા.

૩. ન. નાની કથા; ટૂંકી વાર્તા; આખ્યાન.

૪. ન. મોટી કથાનો સારાંશ.

કથાનાયક [સં.] પું. કથા, ચરિત્ર કે વાર્તાનું મુખ્યપાત્ર; કથાનો મુખ્ય અને આગળ પડતો પુરુષ. જેમકે, રામાયણના કથાનાયક રામ છે.

કથાનિકા [સં.] સ્ત્રી. ઉપન્યાસનો એક ભેદ. તેમાં બધાં લક્ષણ કથોપન્યાસનાં હોય છે, પણ અનેક પાત્રોની વાતચીતથી મુખ્ય કહાણી કહેવામાં આવે છે.

કથાનુરાગ ૧. [સં.] પું. કથા ઉપર પ્રેમ; કથા કહેવામાં કે સાંભળવામાં આસક્તિ.

૨. પું. વાતચીતમાં આનંદ લેવાપણું.

કથાનુસંધાન ૧. ન. આગળપાછળનો સંબંધ.

૨. [સં.] ન. કથા કે વાર્તાનાં જુદાં જુદાં અંગ છૂટાં નહિ પડી જતાં તેમનો પરસ્પર એકસરખો સંબંધ જળવાઈ રહેવો તે; વાર્તાના પ્રસંગનું એકબીજા સાથે જોડાણ.

૩. ન. દૃષ્ટાંતરૂપે આપેલી આડકથા; ઉપકથા.

કથાપીઠ [સં.] સ્ત્રી. કથાના પ્રસ્તાવસૂચક ગ્રંથનું મુખ; કથાની પ્રસ્તાવના; આમુખ.

કથાપુરુષ [સં.] પું. કથા, ચરિત્ર, વાર્તા કે નાટકનું મુખ્ય પાત્ર; કથાનાયક.

કથાપ્રબંધ ૧. [સં.] પું. કથાની રચના; વાર્તાનું બંધારણ; સંવિધાન.

૨. પું. વાર્તા; કહાણી.

કથાપ્રસંગ ૧. [સં.] પું. અનેક જાતની વાતચીત.

૨. પું. આખ્યાન; ઉપકથા; ટૂંકી વાર્તા.

૩. પું. કથા ઉપર પ્રેમ.

૪. પું. કથાનો વિષય; કથામાં જેના બાબત વાત ચાલતી હોય તે.

૫. પું. મદારી; વાદી; ગારુડી.

૬. પું. મંત્રથી ઝેર ઉતારનાર; વિષવૈદ્ય.

૭. પું. વાર્તા કહેવાનો વખત; કથાવાર્તા માટેનો અનુકૂળ સમય.

૮. વિ. મૂર્ખ; બેવકૂફ.

૯. વિ. વાચાળ; વાયડું; બહુ બોલનારૂં.

કથાપ્રાણ ૧. [સં.] પું. કથા કરી ગુજરાન ચલાવનાર પુરુષ; હરદાસ.

૨. પું. નટ; ખેલ કરનાર માણસ.

કથાપ્રાવીણ્ય [સં.] ન. કથા અથવા ધાર્મિક વાર્તા કહેવામાં કુશળતા.

કથાબંધ [સં.] પું. કથાની રચના; વાર્તાનું બંધારણ.

કથાબોધ [સં.] પું. ધાર્મિક વાર્તા ઉપરથી મળતો ઉપદેશ.

કથાબોલો પું. કથા વાંચનાર પુરુષ; કથાભટ. પ્રાચીન સમયમાં તેને રાજસભામાં સ્થાન મળતું.

કથાભટ ૧. [સં.] પું. કથા વાંચી ગુજરાન ચલાવનાર પુરુષ; પુરાણી; વ્યાસ.

૨. પું. ગાઈ વગાડી કથા વાર્તા કરનાર માણસ.

કથાભટ્ટ જુઓ કથાભટ.

કથાભાગ ૧. [સં.] પું. આદિ કવિઓએ પ્રાચીન સાહિત્યમાંથી લીધેલું તત્ત્વ.

૨. પું. ચાલુ વાર્તાનો હરકોઈ કિસ્સો.

કથાભાસ [સં.] પું. (ન્યાય) વાદી અને પ્રતિવાદીએ એકબીજા ઉપર ખોટાં દૂષણ ઉત્પન્ન કરવાં તે.

કથામહિમા ૧. [સં.] પું. કથાનો મહત્ત્વનો ભાગ.

૨. પું. વાર્તાનું મહત્ત્વ.

કથામુખ ૧. [સં.] ન. કથાની શરૂઆતનું લખાણ; પ્રસ્તાવના; ઉપોદ્‍ઘાત.

૨. ન. વાર્તાની શરૂઆત.

કથામૃત ૧. [સં.] ન. કથાની આનંદદાયક લહેજત; વાતમોહ.

૨. ન. સાંભળતાં રસ પડે એવી વાર્તા.

કથાયોગ ૧. [સં.] પું. કથા ચાલતી હોય તે વખત.

૨. પું. કથા માટે પ્રાપ્ત થયેલો અવસર; કથાપ્રસંગ.

૩. પું. વાતચીત; સંભાષણ; વાર્તાલાપ.

૪. પું. વાર્તા; વ્યાખ્યાન; કથા.

કથારત [સં.] વિ. કથા સાંભળવામાં મગ્ન.

કૃષ્ણ **કથારત** જેનું ચિત્ત, લજ્જા છાંડી ગાયે ગીત.
ભીમ

કથારંભ [સં.] પું. કથાની શરૂઆત; વાર્તાનો પ્રારંભ; કથામુખ.

કથાર્ણવ ૧. [સં.] પું. એ નામનું વાર્તાનું એક પુસ્તક. તેના ચાર ભાગ છે. પહેલા બે ભાગ ઉપરથી વૈતાલપચીસી અને સિંહાસનબત્રીશી લખાયાં છે.

૨. પું. વાર્તાનો સાગર; વાર્તાનો ભંડાર.

કથાલય [સં.] ન. કથા કરવાનું સ્થળ; વાર્તાઘર.

કથાલાપ [સં.] પું. ધાર્મિક વાતો કહેવી તે.

કથાવક્તા [સં.] પું. કથા વાંચનાર પુરુષ; કથાભટ.

કથાવટ સ્ત્રી. મુશ્કેલી; મહેનત; કપરાઈ.

કથાવટી જુઓ કથાવટ.

કથાવત્થુ ૧. [સં. કથાવસ્તુ] ન. (બૌદ્ધ) અભિધર્મપિટક માંહેનાં નાનાં સાત માંહેનું એ નામનું એક પુસ્તક.

૨. ન. વાર્તાની મુખ્ય હકીકત.

કથાવલિ ૧. [સં.] સ્ત્રી. એ નામનો નંદિશ્વરસુરીએ રચેલો પ્રાકૃત ગ્રંથ.

૨. સ્ત્રી. વાર્તાની હારમાળા; વાર્તાનો સંગ્રહ.

કથાવશેષ ૧. [સં.] પું. વાર્તાની સમાપ્તિ; કથા પૂરી થવાપણું.

૨. વિ. મરી ગયેલું; મૃત.

૩. અ. નામ માત્ર; જેને વિષે માત્ર કથા કરવાનું જ રહે એમ.

કથાવસ્તુ [સં.] ન. વાર્તાની મુખ્ય હકીકત.

કથાવળી ૧. [સં. કથાવલિ] સ્ત્રી. વાત; કથની; કહાણી.

૨. સ્ત્રી. વાતોની પરંપરા.

કથાવાર્તા ૧. [સં.] સ્ત્રી. અનેક જાતની વાત.

૨. સ્ત્રી. ઈશ્વર સંબંધી ચર્ચા.

કથાવિરક્ત [સં.] વિ. બહુ બોલે નહિ એવું; થોડાબોલું.

કથાવિષય ૧. [સં.] પું. વાર્તાનું વસ્તુ.

૨. વિ. વાર્તાના રૂપમાં હોય એવું.

૩. અ. કહેવા પૂરતું.

કથાશરીર ૧. [સં.] ન. વાતનો મુખ્ય ભાગ.

૨. ન. વાર્તાની રચના; કથાગોળ.

કથાશેષ જુઓ કથાવશેષ.

કથાશ્રવણ [સં.] ન. ધાર્મિક વાર્તાનું સાંભળવાપણું.

કથાસરિતસાગર [સં.] પું. સોમદેવ ભટ્ટે બારમી સદીમાં લખેલું મનાતું વાર્તાના સંગ્રહનું એ નામનું એક પુસ્તક.

કથાસર્જન [સં.] ન. વાર્તા રચવાપણું; કથાની રચના; વાતની ગૂંથણી.

કથાસંદર્ભ જુઓ કથાસર્જન.

કથાસાહિત્ય [સં.] ન. લખાણનો વાર્તારૂપી સંગ્રહ.

કથાસૂત્ર [સં.] પું. વાર્તાનો અગત્યનો ભાગ.

કથાસિદ્ધિ [સં.] સ્ત્રી. વાર્તા સફળતાપૂર્વક પૂરી થવી તે; વાતનું ઇચ્છેલ પરિણામ આવવાપણું.

કથાહ અ. (ગ્રામ્ય) ક્યાંથી; કયે સ્થળેથી.

> ખીજડ ઝાડ ને ભૂરડ ખડ, ઊંડો નીર અથાહ,
> ઢોલો પૂછે મારૂને, એવડો રૂપ **કથાહ**.
> ઢોલા મારૂનો દુહો

કથાળવું ૧. સ. ક્રિ. ખરાબ કરવું; બગાડવું.
૨. સ. ક્રિ. ગુસ્સે થાય એમ કરવું.

> સ્ત્રી કે' **કથાળો** કાં કંથજી,
> રાખો દૃઢ વિશ્વાસ. પ્રેમાનંદ

૩. સ. ક્રિ. ચૂંથી નાખવું.

કથાળો પું. કંટાળો; અણગમો.

કથાંચિત ૧. [સં.] પું. સ્યાદ્વાદમાં માનનાર પુરુષ.
૨. વિ. કથા સાંભળવામાં લાગેલા મનવાળું.

કથાંતર ૧. [સં.] ન. આડકથા; ઉપકથા; પેટાવાર્તા.
૨. ન. કહેવાનું હોય તેને બદલે બીજું કંઈ કહી નાખવું તે.
૩. ન. મુખ્ય ઉપરથી બીજી વાત ઉપર ચાલ્યા જવું તે.
૪. ન. મૂળ કથાનું રૂપાંતર.
૫. ન. વાતચીત ચાલતી હોય તે વખત.

કથાંશ [સં.] પું. વાર્તાનો કોઈ પણ ભાગ અથવા હિસ્સો.

કથિક ૧. [સં. કથક] સ્ત્રી. ગાવા બજાવવાનું કામ કરનારી એક જાતિ.
૨. ન. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.
૪. વિ. વાર્તા કહેનાર.

કથિત ૧. [સં.] પું. ઈશ્વર. વેદાદિકોએ પરરૂપથી જ ભગવાનનું કથન કરેલ છે, અથવા સર્વ વેદોથી પણ ભગવાન કથિત છે, અથવા સર્વ કથાના વિષયરૂપ તે છે તેથી પરમાત્મા કથિત કહેવાય છે.
૨. પું. મૃદંગના બાર પૈકી એક પ્રબંધ.
૩. પું. વિષ્ણુ.
૪. ન. કહેવું તે.
૫. ન. વાતચીત; ચર્ચા.
૬. વિ. કહેલું; ભાખેલું; વર્ણવેલું.
૭. વિ. પ્રતિપાદન કરેલ.

કથિતપદ ૧. [સં.] ન. અનુવાદ; ભાષાંતર.
૨. ન. વાક્યદોષનો એક ભેદ.

> કહેવાઈ ગયેલા પદનું ફરી કથન એ **કથિતપદ** દોષ. કાવ્યશાસ્ત્ર

૩. ન. વારંવાર કહેવું તે; પુનરુક્તિ.

કથિતપદતા [સં.] સ્ત્રી. અલંકારશાસ્ત્ર પ્રમાણે એક વાક્યદોષ. જુઓ કથિતપદ.

કથિતપદત્વ [સં.] ન. પુનરુક્તિ; જુઓ કથિતપદ.

> એકનું એક પદ પ્રયોજન વિના પુનઃ પ્રયોજનથી **કથિતપદત્વ** કે પુનરુક્તિ દોષ થાય છે.
> કમળાશંકર

કથિતપાઠ ૧. પું. પ્રયોગ કરી અપાતું શિક્ષણ.
૨. [સં.] પું. વાંચન દ્વારા નહિ પણ વસ્તુ દેખાડી તેના સંબંધી મોઢેથી શિક્ષણ આપવાની રીત; વસ્તુ પ્રત્યક્ષ રાખી તેના સંબંધી હકીકત દાખલા દલીલથી સમજાવવાની શિક્ષણપદ્ધતિ.

કથિતવ્ય ૧. [સં.] ન. કહેવાની હકીકત.
૨. વિ. કહી શકાય એવું.
૩. વિ. કહેવા જેવું.

કથી ૧. સ્ત્રી. વાત; કથની.

> ઠાલી કરે પુણ્ય પાપની **કથી**. પ્રેમાનંદ

૨. વિ. કહેનાર; વર્ણન કરનાર.

કથીડ્રલ [અં.] ન. ખ્રિસ્તી ધર્માધ્યક્ષની જ્યાં ગાદી હોય તે દેવળ.

કથીર ૧. [સં. કસ્તીર] ન. કલાઈ.
૨. ન. કલાઈ અને સીસાના ભેળસેળવાળી હલકી જાતની એક ધાતુ; જસત. તે જલદી પીગળી જાય અને કાળી પડી જાય.
૩. ન. તુચ્છ વસ્તુ.
૪. [સં. કુત્સિત] વિ. નઠારૂં; માલ વગરનું; તુચ્છ.

કથીરિયું ૧. વિ. કથીરના જેવા રંગનું.
૨. વિ. કીમત વિનાનું; હલકું; તુચ્છ.

કથીરી સ્ત્રી. પશુઓના વાળમાં પડતું લોહી ચૂસનારૂં એક સ્વેદજ જીવડું; ઈતડી; જિંગોડી તેને કેટલાક જુવો પણ કહે છે. તેના કરડથી ઢોર દૂબળાં પડે, દૂઝણાં ઢોરનું દૂધ ઓછું થાય, બળદની કામ કરવાની શક્તિ ઘટે અને જુવાન ઢોર વધી શકતાં નથી. તેનાથી પશુને ક્યારેક તાવ પણ આવે અને તે કથીરીઓ તાવ કહેવાય છે. તે લોહીના લાલ ભાગનો નાશ કરે છે. આ જીવડું ઢોરની કોડમાં રહે છે, માટે કોડની જમીન એક ફૂટ ખોદી નાખવી અને તે માટી ગામથી દૂર જ્યાં ઢોરની અવરજવર ન હોય તેવી જગ્યાએ નાખી દેવી અને નવી માટી પૂરવી. કોડની દિવાલો કળીચૂનાથી ધોળવી.

કથીરીઆ ૧. સ્ત્રી. લેઉઆ કણબીની એક અટક.
૨. ન. લેઉઆ કણબીની એક અટકનું માણસ.
૩. વિ. એ નામની લેઉઆ કણબીની અટકનું.

કથીરો પું. ઢોરના વાળમાં કે કાનમાં પડતો લોહી ચૂસનારો જીવડો; ગીંગોડો; મોટી કથીરી.

કથીલ [હિં.] ન. એક જાતની ધાતુ. જુઓ કથીર.

કથીલા ન. કથીર; કથીલ.

કથેલું વિ. કહેલું; બોલેલું.

કથૈઅ ૧. પું. કટક લોકોનો પ્રદેશ.
૨. સ્ત્રી. પ્રાચીન હિંદના લોકોની એક જાત.
૩. ન એ નામની જાતિનું માણસ.
૪. વિ. એ નામની જાતિનું.

કથૈઅન ૧. સ્ત્રી. પ્રાચીન હિંદની એક જાતિ.

> યુદ્ધકળામાં ચાતુર્ય તથા બહાદુરી માટે **કથૈઅન** લોકોની પ્રતિષ્ઠા ભારે હતી.
> હિંદુરાજ્યવ્યવસ્થા

૨. ન. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

કથૈઓઈ જુઓ કથૈઅન.

કથૈડી (કથૈડ઼ી) પું. રાવી અને બિયાસ નદીની વચ્ચેના પ્રદેશમાં રહેતા લોક.

કથો ૧. પું છેડો; અંત.
૨. પું. ધાબળો.
૩. પું. પાછો; કેડો.

કથોદ્ઘાત ૧. [સં.] કથાનો શરૂઆતનો ભાગ; પ્રસ્તાવના; આમુખ.
૨. પું નાટકમાં સૂત્રધારની વાત.
૩. પું. સૂત્રધારની વાત ઉપરથી પહેલવહેલો રંગભૂમિ ઉપર પાત્રનો પ્રવેશ; અભિનયનો આરંભ.

કથોપકથન ૧. ન. કથા કહેવી તે.
૨. [સં] ન પરસ્પર ખાનગી વાતચીત; ગુફ્તેગો.
૩. ન. વાદવિવાદ; ચર્ચા.

गुरुकुल कांगड़ी

કથોપાખ્યાન જુઓ કથોપકથન.

કથોરૂં ૧. [સં. કુસ્થલ] ન. અવરજવર સહેલાઈથી થઈ શકે નહિ એવું ઠેકાણું.
૨. ન. શરીરનો ગુપ્ત ભાગ.
૩. વિ. અયોગ્ય; અજુગતું.
૪. વિ. કટાણાનું; કસમયનું.
૫. વિ. ખરાબ જગ્યાએ આવેલું; કઠેકાણાનું.
૬. વિ. ધાર્યા બહારનું; ઓચિંતું; એકાએક.
૭ વિ. નોધારૂં; આધાર વિનાનું.
૮. વિ. મુશ્કેલ; અગવડ ભરેલું.
૯. વિ. મેળ વિનાનું; અનુકૂળ નહિ એવું.
૧૦. વિ. લાગવગ વગરનું.

કથોલ ૧. ન. નિષ્ફળતા.
૨. ન. સારો લાગ ન હોવાપણું.
૩. ન. કથળવું તે; બગડી જવાપણું.
૪. વિ. અગવડ ભરેલું; મુશ્કેલ.
૫. વિ. કઠેકાણાનું. જુઓ કથોરૂં.

કથોલું જુઓ કથોરૂં.

કથોળું જુઓ કથોરૂં.

કથ્થક ૧. [સં.] પું. એક જાતનું નૃત્ય.
૨. સ્ત્રી. ઉત્તર હિંદની ગાવા નાચવાનું કામ કરતી એક જાતિ.
૩. ન. એ નામની જાતિનું માણસ.
૪. વિ. એ નામની જાતિનું.

કથ્થા [હિં.] પું. કાથો.

કથ્થાઈ વિ. કાથાના જેવા રંગનું; કાથિયું.

કથ્ય ૧. [સં.] વિ. કથા કરવા જેવું.
૨. વિ. કહેવા જેવું.

કથ્યા [સં.] સ્ત્રી. નકામી વાત; કુથલી; નિંદા.

કદ ૧. [સં. કર્દમ] પું. કાદવ; કદડો; કીચડ.
૨. પું. છરો.
૩. પું. પગ.
૪. સ્ત્રી. ઈર્ષ્યા; દ્વેષ.
૫. સ્ત્રી. નાગરમોથ.
૬. સ્ત્રી. હઠ; જિદ.
૭. [અ.] ન. ઊંચાઈ; ઉન્નતપણું.
૮. ન. ઘર; રહેઠાણ.
૯. ન. દરજ્જો; પદવી; હોદ્દો.
૧૦. ન. ભાર; બોજ; વજન.
કદ ખસવું-ખસી જવું = (૧) પ્રતિષ્ઠા ઓછી થવી. (૨) વજન ઘટવું.
૧૧. [અ.] ન. લંબાઈ, પહોળાઈ, ઊંચાઈ અને જાડાઈથી બનતો ઘેરાવ.
૧૨. ન. વાદળું; મેઘ.
૧૩. ન. વિસ્તાર; ઘનફળ.
૧૪. ન. શરીરની કાઠી; બાંધો.
પસ્તાકદ = ટૂંકું; ઠીંગણું.
૧૫. ન. સાદું રેશમી વસ્ત્ર; કોર વગરનો મુગટો.
૧૬. વિ. પાણી આપનાર.
૧૭. વિ. સુખદાયક.
૧૮. અ. ક્યારે; કયે વખતે.
૧૯. અ. શું.

કદક ૧. [સં.] પું. ચંદ્ર.
૨. પું. ડેરો; તંબૂ.
૩. પું. મંડપ.
૪. ન. ચકોર પક્ષી.
૫. ન. ચંદરવો; છત; ઉલેચ.

કદકા પું. (પિંગળ) એ નામનો એક પ્રચૂર્ણ ગીતિ માત્રામેળ છંદ; સ્કંધક; ખંધા; ખંધાન.

કદકારી ૧. સ્ત્રી. થોડો આનંદ.
૨. સ્ત્રી. સંભોગની ઇચ્છા.

કદકો ૧. પું. ઠેકડો; કૂદકો.
૨. પું. નાની લાકડી; ધોકો.

કદકા ધોકાને કહે, કદકા ઊગ્યા જેહ;
કદકાનાં બીડાં અને કદકા દીધા એહ.
પિંગળલઘુકોષ

કદક્ષર ૧. [સં.] પું. ખરાબ દસ્કત.
૨. પું. માઠી હકીકતનો કાગળ.

કદખલાઈ ૧. [સં. કદ્ (ઈજા કરવી) + ખલ (લુચ્ચું)] સ્ત્રી. ધૂર્તપણું; લુચ્ચાઈ; શઠતા.
૨. સ્ત્રી. નકામી દખલગીરી.
૩. સ્ત્રી. મશ્કરી; મજાક; વિનોદ.
૪. સ્ત્રી. મસ્તી; તોફાન; ટીખળ.

કદખલિયું ૧. વિ. ખોટી દખલગીરી કરનાર.
૨. વિ. તોફાની; મસ્તીખોર; ટીખળી.
૩. વિ. ધૂર્ત; લુચ્ચું; ઠગારૂં.
૪. વિ. મશ્કરૂં; વિનોદી; મજાક ઉડાવનાર.

કદખળાઈ જુઓ કદખલાઈ.

કદખળિયું જુઓ કદખલિયું.

કદખુદા ૧. [ફા.] પું. ગામનો મુખી.
૨. પું. ધણી; માલિક; સ્વામી.
૩. પું. પરણનાર માણસ.
૪. પું. પરણેલો માણસ.
ઔરતે કદખુદા = પરણેલી સ્ત્રી.
૫. પું. પિતા; કુટુંબનો વડીલ.

કદખુદાઈ ૧. સ્ત્રી. કુટુંબની સ્થાપના.
૨. સ્ત્રી. ધણીપણું; માલિકી.
૩. સ્ત્રી. લગ્ન.

કદખોળ ૧. સ્ત્રી. આળ.
૨. સ્ત્રી. નિંદા; બદગોઈ.
૩. વિ. નિંદા કરનારૂં; નિંદક.

કદગ્નિ ૧. [સં.] પું. થોડો દેવતા.
૨. પું. મંદાગ્નિ; પાચનશક્તિ બરાબર ન હોવાપણું.
૩. વિ. ઓછી જઠરાગ્નિનું.
૪. વિ. થોડા અગ્નિવાળું.

કદઘન [ફા.] સ્ત્રી. ફિકર; ચિંતા.

કદડું (કદડું) [સં. કુ (ખરાબ) + દંડ (શરીર)] વિ. બેડોળ; કદરૂપું.

કદડો (કદડો) ૧. [સં. કર્દમ] પું. કાદવનો રેડો.
૨. પું. મેલ; ગંદવાડ.
૩. પું. રેશમ કે સૂતરનો કંદોરો.

કદધ્વ [સં. કદધ્વન્] પું. (ડિંગળ) ખરાબ રસ્તો; કુમાર્ગ.

કદધ્વન [સં. કત્ (ખરાબ)+અધ્વન્ (માર્ગ)] પું. ખરાબ માર્ગ; કદધ્વ.

કદન ૧. પું. (પિંગળ) જેમાં ૫૫ ગુરુ અને ૧૪ લઘુ મળી ૬૯ વર્ણ આવે એવો એક સમજાતિ માત્રામેળ છંદ. તે સવૈયાનો ભેદ છે.
૨. [સં.] ન. કતલ; નાશ; વધ; વિનાશ.
૩. ન. ગાળ; અગ્રપાત; બે પદાર્થનું મિશ્રણ કરી તેમાંના અદ્રાવ્ય પદાર્થને પ્રવાહીને તળિયે બેસાડવાની ક્રિયા; 'પ્રેસિપિટેશન'.
૪. ન. દુ:ખ; આફત.

કદન વિધુર સંકટ તુદન ગહન વૃજિન અઘ નામ;
દુખ દેમાં તું નાથને, હે પ્યારી સુખધામ.
પિંગળલઘુકોષ

૫. ન. પાપ; હિંસા.
૬. ન. બુદ્ધિ.
૭. ન. મર્દન; ચોળવાની ક્રિયા.
૮. ન. યુદ્ધ; સંગ્રામ.
૯. ન. વિઘ્નગતા; વ્યાકૂળતા.
૧૦. વિ. નાશ કરનાર; ઘાતક.

કદનકર ૧. [સં.] વિ. દુ:ખ દેનાર.
૨. વિ. નાશ કરનાર; મારી નાખનાર.
૩. વિ. પાપી.

કદનપ્રિય [સં.] વિ. લડાઈ ચાહનારૂં.

કદનસુત ૧. [સં.] પું. કામદેવનો વધ કરનાર શંકરના પુત્ર કાર્તિક સ્વામી.
૨. પું. ગણેશ.

કદનાભંજન પું. સીધો ઊગતો એક છોડ.

કદનું વિ. નાશકારક; વધ કરનાર.

કદન્ન [સં.] ન. શાસ્ત્રમાં નિષેધેલું અથવા તંદુરસ્તીને હાનિકારક અન્ન; ખરાબ અન્ન.

જેને મન સરખાં સદૈવ,
કદન્ન ને કંસાર છે.
કેશવકૃતિ

કદન્નભોજી [સં. કદન્નભોજિન્] વિ. શાસ્ત્રમાં મના કરેલ અથવા તંદુરસ્તીને નુકસાનકારક અનાજ ખાનાર.

કદપત્ય [સં.] ન. ખરાબ સંતાન.

કદપ્રદ ન. ફણગા ફૂટવાની ક્રિયા.

કદબાનૂ [ફા.] સ્ત્રી. ઘરની શેઠાણી.

કદભ્યાસ [સં.] પું. ખરાબ ટેવ.

કદમ ૧. પું. (પિંગળ) નાગપિંગળમાં જણાવેલ એક વર્ણમેળ છંદ.

૨. ન. અઢી ફૂટનું એક માપ.

૩. ન. એક જાતનું ઘાસ.

૪. [સં. કદંબ] ન. કદંબનું ઝાડ. તેને વર્ષાઋતુમાં ગોળ પીળાં ફૂલ આવે છે. તેનાં ફળ પ્રથમ પીળાં હોય અને પાકે ત્યારે કંઈક લાલ રંગનાં થાય. તેનાં ખટમીઠાં ફળ ચટણી અને અથાણામાં કામ આવે છે. અગાઉ તેમાંથી કાદંબરી નામનો દારૂ બનતો. વૈદક મતે તે વિરેચક, શીતળ અને ભારે તથા કફ અને વાયુ વધારનાર મનાય છે. શ્રીકૃષ્ણ ભગવાનને તે ઝાડ બહુ પ્રિય હતું. તેની ઉપર ચડીને કાળીનાગ નાથવા માટે તેમણે યમુનામાં કૂદકો માર્યાનું કહેવાય છે.

૫. ન. ઘોડાની એક ચાલ. તેમાં પગલાં ભરીને ગતિ થાય અને પગ થોડા થોડા દૂર પડે છે.

૬. ન. ચાલ; પગલું ભરવાની રીત; હીંડ.

૭. (ક઼દમ) [અ.] ન. પગ.

૧. કદમ ઉડાવવા = ઝડપથી ચાલવું.

૨. કદમ ચૂમવા = (૧) પગે લાગવું. (૨) રજા લેવી.

૩. કદમ દેખાડવા = નાસી જવું.

૪. કદમ રાખવા = (૧) ઊતરવું; પગ મૂકવો. (૨) દખલગીરી કરવી. (૩) ભાગ લેવો.

૫. કદમ લેવા = બીજાનું ઉપરીપણું સ્વીકારવું.

૬. નકશે કદમ = પગની છાપ.

૭. સબ્ઝ કદમ = અભાગિયું.

૮. હમ કદમ = સાથે ચાલવું.

૮. ન. પગલું; ડગલું; બે પગ વચ્ચેનું અંતર.

૧. કદમવા = એક પગલાને અંતરે.

૨. કદમ શરીફનો મેળો = (૧) ધાર્મિક સભા. (૨) મહંમદ પેગંબરના મરણની યાદગીરીમાં ભરાતો મેળો.

૩. કદમે રસૂલ–શરીફ = (૧) મસજીદમાં મહંમદ પેગંબરના પગલાંની છાપવાળી તક્તી રાખવા માટે જમીનદારોને અપાતી રકમ. (૨) મહંમદના પગની છાપ.

કદમ કદમ (ક઼દમ ક઼દમ) જુઓ કદમ બ કદમ.

કદમખંડી સ્ત્રી. એક જાતનું ઝાડ.

કદમચસ્પી (ક઼દમચસ્પી) [ફા.] સ્ત્રી. પગને અડવું તે; પાદસ્પર્શ.

કદમચા (ક઼દમચા) ન. પાયખાનામાં બેસતી વખતે પગ રાખવાનું પગું.

કદમનાટ સ્ત્રી. (સંગીત) રાત્રીએ ગવાતી મેઘરાગની એક પુત્રવધૂ રાગિણિ. વાઘેશ્રી અને હમીરનાટથી મિશ્ર આ રાગિણી શ્રીકૃષ્ણના ભાઈ બળદેવજીએ કાઢેલી કહેવાય છે.

કદમનિવાજ (ક઼દમનિવાજ) [ફા.] વિ. મહેરબાન; કૃપાળુ; દયાવંત.

કદમપેશી (ક઼દમપેશી) [ફા.] સ્ત્રી. પગપેસારો.

કદમ બ કદમ (ક઼દમ બ ક઼દમ) ૧. [ફા.] અ. પગલે પગલે.

૨. અ. સાથે સાથે.

૩. અ. હળવે હળવે; ધીમે ધીમે.

કદમબાજ (ક઼દમબાજ) ૧. [ફા.] વિ. ઉતાવળે ચાલનારૂં.

૨. વિ. કદમ નામની ચાલ ચાલનાર.

૩. વિ. છટાદાર ચાલવાળું.

૪. વિ. મોટાં અને લાંબાં પગલાંવાળું.

કદમબાઝ (ક઼દમબાઝ) જુઓ કદમબાજ.

કદમબોસ (ક઼દમબોસ) ૧. પું. બેસી; માનીતો સેવક.

૨. વિ. ચરણ ચૂમનારૂં; પગનું ચુંબન કરનાર.

૩. વિ. નમ્ર; આજ્ઞાંકિત.

કદમબોસ થવું = (૧) પગ ચૂમવા. (૨) માન આપવું.

કદમબોસી (ક઼દમબોસી) ૧. [અ.] સ્ત્રી. દંડવત પ્રણામ; નમસ્કાર.

૨. સ્ત્રી. પગલું; ડગલું.

૩. સ્ત્રી. વડીલ, ગુરુ કે મોટા માણસને માન આપતાં તેના પગનું ચુંબન કરવું તે; ચરણ ચૂમવાપણું.

કદમા સ્ત્રી. કદંબના ફૂલના આકારની એક જાતની મીઠાઈ.

કદમી (ક઼દમી) ૧. [અ. કદીમ્] પું. પારસીઓનો એ નામનો એક વિભાગ. ગરીબો જે પહેલા આવ્યા તે કદમી કહેવાયા અને રાજવંશીઓ જે પછી આવ્યા તે શહેનશાહી કહેવાયા એમ મનાય છે.

૨. પું. પુરુષ.

૩. પું. યુવાન.

૪. વિ. આગલા જમાનાનું; અસલી; જૂનું.

૫. વિ. પહેલા આવનાર અને ગરીબ.

કદમોહર ન. એક જાતનું પક્ષી.

કદર ૧. પું. ધોળો ખેર. યજ્ઞમાં તે યૂપને માટે વપરાય છે.

૨. પું. ભાગ; જથ્થો.

૩. પું. વાંસની એક જાત.

૪. પું. હાથીને કાબૂમાં રાખવાનું લોઢાનું હથિયાર; અંકુશ.

૫. સ્ત્રી. આદરસત્કાર; મહેમાની.

૬. સ્ત્રી. કપાસી; પગમાં પથ્થરની અણી કે કાંટો વાગી ભરાઈ રહેવાથી બંધાતી ગાંઠ.

૭. સ્ત્રી. કરવત; લાકડાં ચીરવાની કરવત.

૮. સ્ત્રી. ગુણ, રસ વગેરે જાણીતા થવાની શક્તિ.

૯. સ્ત્રી. ગોરડ; એક જાતની વનસ્પતિ.

૧૦. સ્ત્રી. દયા; દિલસોજી.

૧૧. સ્ત્રી. દૂધની એક જાતની ખીર.

૧૨. (ક઼દર) [અ.] સ્ત્રી. બૂજ; કીમત કરવાપણું.

કદર કરવી–જાણવી–બૂઝવી = લાયકાત જોઈ યોગ્ય બદલો આપવો.

૧૩. સ્ત્રી. માન; પ્રતિષ્ઠા; આબરૂ.

૧૪. સ્ત્રી. માપ; માત્રા; પ્રમાણ.

ઈસ કદર = (૧) આટલું; આટલા માપનું. (૨) આ રીતે.

૧૫. સ્ત્રી. યોગ્યતા; લાયકાત.

૧૬. સ્ત્રી. વખાણ; પ્રશંસા.

૧૭. સ્ત્રી. સાર; તાત્પર્ય.

૧૮. ન. બંદર.

૧૯. વિ. અંધશ્રદ્ધાવાળું.

૨૦. વિ. કદરૂપું; બેડોળ.

૨૧. વિ. કરડે એવું.

૨૨. વિ. ગારાવાળું.

૨૩. વિ. દૃઢ; મક્કમ.

૨૪. વિ. મુંઝાયેલું; ગભરાયેલું.

કદર થવું = પીડાવું; હેરાન થવું.

૨૫. [અ.] સ. ક્રિ. (ધાતુ) તેણે ગોઠવ્યું. તે ઉપરથી નીકળેલા શબ્દ: તકદીર, મકદૂર, મુકદ્દર.

કદરજ ૧. પું. એ નામનો એક ભક્ત.

૨. વિ. કદરૂપું; બેડોળ.

૩. [સં. કદર્ય] વિ. કંજૂસ; કૃપણ.

૪. વિ. પાજી; ક્ષુદ્ર; હલકું.

કદરદાન (ક઼દરદાન) ૧. [ફા.] પું. મુરબ્બી; આશ્રયદાતા.

૨. વિ. ગુણજ્ઞ; ગુણગ્રાહી.

૩. વિ. ઘણું; વધારે પડતું.

૪. વિ. બૂજ જાણે એવું; કામની પિછાન કરનારૂં.

કદરદાની (ક઼દરદાની) ૧. [ફા.] સ્ત્રી. કદર જાણવાપણું.
૨. સ્ત્રી. કામની કીમત કરી યોગ્ય બદલો આપવો તે.
૩. સ્ત્રી. કૃતજ્ઞતા; આભારની લાગણી.
૪. સ્ત્રી. ગુણજ્ઞતા; ગુણગ્રાહકતા.
૫. સ્ત્રી. મહેરબાની; કૃપા.
૬. વિ. કદર કરનાર.

કદરદાર (ક઼દરદાર) જુઓ કદરદાન.

કદરમસ સ્ત્રી. મારપીટ; લડાઈ.

કદરવાન (ક઼દરવાન) જુઓ કદરદાન.

કદરવું ૧. [અ. કદ્ર] સ. ક્રિ. કદર કરવી.
૨. સ. ક્રિ. બૂઝવવું; ઠારી નાખવું.

કદરવૃત્તિ (ક઼દરવૃત્તિ) જુઓ કદરદાની.

કદરશનાસ (ક઼દરશનાસ) જુઓ કદરદાન.

કદરશનાસી (ક઼દરશનાસી) જુઓ કદરદાની.

કદરશીન (ક઼દરશીન) જુઓ કદરદાન.

કદરસનાશી (ક઼દરસનાશી) જુઓ કદરદાની.

કદરસનાહી (ક઼દરસનાહી) જુઓ કદરદાની.

કદરહીણ વિ. કદર કરે નહિ એવું; યોગ્ય કીમત આંકે નહિ એવું.

કદરાવલા ૧. સ્ત્રી. સગરની એક અટક.
૨. ન. એ અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કદરાવવું ૧. સ. ક્રિ. કદર કરાવવી.
૨. સ. ક્રિ. બૂઝાવવું; ઓલવાવવું.

કદરાવું ૧. અ. ક્રિ. કદર થવી.
૨. અ. ક્રિ. બુઝાવું; ઓલવાવું.

કદરી (ક઼દરી) ૧. પું. ઢોરનો એક જાતનો રોગ; અલસ; ખરવા.
૨. [સં. કદર્ય] વિ. કંજૂસ; કૃપણ.
૩. વિ. ગુણજ્ઞ; કદર જાણનારૂં.

કદરૂપ જુઓ કદરૂપું.

કદરૂપતા જુઓ કદરૂપાપણું.

કદરૂપાપણું ૧. ન. નાનુંમોટું હોવું તે.
૨. ન. બેઢોળપણું; વરવાપણું.

કદરૂપું ૧. [સં. કુરૂપ] વિ. કૂબડું; વરવું; બેડોળ.
૨. વિ. સરખા કદનું નહિ એવું; નાનું મોટું.

કદર્થ ૧. [સં.] પું. ખરાબ અર્થ.
૨. પું. નકામી વસ્તુ.

કદર્થન ૧. [સં.] ન. ખરાબ અર્થ કરવો તે.
૨. ન. દુઃખ; પીડા.

કદર્થના ૧. [સં.] સ્ત્રી. ખરાબ અર્થ કરવો તે.
૨. સ્ત્રી. બૂરી દશા; દુર્ગતિ.
૩. સ્ત્રી. વિનતિ; પ્રાર્થના.

કદર્થિત ૧. [સં.] વિ. ખરાબ અર્થવાળું.

પ્રેમાનંદે શબ્દોને **કદર્થિત** કર્યાં નથી.
રમણભાઈ

૨. વિ. દુઃખી; પીડિત.
૩. વિ. દોષવાળું.
૪. વિ. ધિક્કારને પામેલું; તિરસ્કારાયેલું.
૫. વિ. લોભી; કૃપણ.

કદર્થ્ય ૧. [સં.] પું. પોતાનું કુટુંબ, ધર્મ વગેરે નાશ પામે છતાં પૈસાનો સંગ્રહ કર્યે જાય એવો માણસ.
૨. વિ. નીચ; હલકું.
૩. વિ. લોભી; કૃપણ.

કદર્પ ન. તેજ; કાંતિ.

કદર્ય ૧. [સં.] વિ. કૃપણ; લોભી; કંજૂસ.

ધન મદઈ **કદર્ય** પામઈ શોક. ભીમ

૨. વિ. ખરાબ; અનુકૂળ નહિ એવું.
૩. વિ. તુચ્છ; હલકું.

કદર્યતા ૧. [સં.] સ્ત્રી. કંજુસાઈ; લોભીપણું.
૨. સ્ત્રી. હલકાઈ; અધમતા.

કદર્યત્વ જુઓ કદર્યતા.

કદલ ૧. [સં.] ન. કેળનું ઝાડ.
૨. ન. કેળું.
૩. ન. પુલ; સેતુ.
૪. ન. શીમળાનું ઝાડ.

કદલક જુઓ કદલ.

કદલા ૧. [સં.] સ્ત્રી. કેળનું ઝાડ.
૨. સ્ત્રી. શીમળાનું ઝાડ.

કદલિકા ૧. [સં.] સ્ત્રી. કેળનું ઝાડ.
૨. સ્ત્રી. ધજા; વાવટો.
૩. ન. શ્રાવણ વદ દશમને દિવસે કરાતું એક વ્રત. તે દિવસે પરણેલી સ્ત્રીઓ અપવાસ કરી એક હજાર અક્ષત અથવા ફૂલ મહાદેવ ઉપર ચડાવી પૂજન કરે છે.

કદલી ૧. પું. એક જાતનો ગુંદર; કોવિદાર.
૨. પું. દશ ગુરુ ને એકસો ચાર લઘુ મળી એકસો ચૌદ માત્રાનો એક સમજાતિ માત્રા મેળે છંદ; કજ્જલ. તે સવૈયાનો ભેદ છે.
૩. સ્ત્રી. કંબોજ દેશની કાળા અને લાલ રંગની એક જાતની મૃગલી.
૪. [સં.] સ્ત્રી. કેળનું ઝાડ.
૫. સ્ત્રી. ધજા; પતાકા.
૬. સ્ત્રી. હિંદુસ્તાનની એ નામની એક નદી.
૭. ન. કેળું.
૮. ન. હિમાલય ઉપર અરોહ નામની જગ્યાએ મળી આવતું ખરબચડું અને બે ફૂટ લાંબું એક જાતનું ચામડું.

કદલીકંદ [સં.] ન. કેળનું મૂળ.

કદલીકુસુમ [સં.] ન. કેળનું ફૂલ.

કદલીક્ષાર પું. અઢાર મુખ્ય ક્ષાર માંહેનો એક.

કદલીખંડ [સં.] ન. કેળનું વન.

કદલીદંડ ૧. [સં.] પું. કેળના થડની અંદરનો સુંવાળો ભાગ.
૨. પું. ન્યાયપ્રસિદ્ધ એક મત.

કદલીનાલ [સં.] પું. કેળના થડની અંદરનો સુંવાળો ભાગ; ગાભો.

કદલીનાળ જુઓ કદલીનાલ.

કદલીપત્ર [સં.] ન. કેળનું પાન.

કદલીપુષ્પ [સં.] ન. કેળનું ફૂલ.

કદલીફલ [સં.] ન. કેળું.

કદલીફળ જુઓ કદલીફલ.

કદલીવન ૧. [સં.] ન. ગંધમાદન પર્વત ઉપરનું એ નામનું એક વન. ત્યાં હનુમાન રહેતા.
૨. ન. ઘણી કેળો ઊગતી હોય એવું જંગલ.

કદલીવ્રત [સં.] ન. કાર્તિક, મહા, વૈશાખ કે ભાદરવા માસની સુદ ૧૪ને દિવસે કરાતું એક વ્રત. તે દિવસે કેળ વાવીને તેને એક વર્ષ સુધી હાથે પાણી પાવાનો વિધિ છે.

કદલીસાર જુઓ કદલીનાલ.

કદલીસ્કંધ [સં.] પું. કેળનો થાંભલો.

કદલીસ્તંભ જુઓ કદલીસ્કંધ.

કદલીસ્થંભ જુઓ કદલીસ્કંધ.

કદવા ૧. સ્ત્રી. અપયશ; અપકીર્તિ.
૨. સ્ત્રી. કનડગત; હેરાનગતિ.
૩. સ્ત્રી. શાપ; કદુવા; અંતઃકરણથી બૂરૂં ઈચ્છવું તે.

કદવાઈ ૧. સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેનાં બી ઘણાં ઉપયોગી છે.
૨. સ્ત્રી. શાપ. જુઓ કદવા.

કદવાન ૧. પું. કદાવર અને હષ્ટપુષ્ટ પુરુષ.
૨. વિ. મોટા કદ અથવા આકૃતિવાળું; કદાવર.

કદવું [સં. કદ્] સ. ક્રિ. મારવું; ઈજા કરવી.

કદવો પું. કાળાશ પડતા રંગની, ભીંગડાંવાળી અને એક કાંટાવાળી માછલી.

કદવ્ય અ. કદાચ; ક્યારેક:

> કદવ્ય બાળકજુ ઉછરી, મજને પાળે એહ.
> નાકર

કદશાના ૧. સ્ત્રી. કાળજી; દરકાર.
૨. સ્ત્રી. ચિંતા; ફીકર.
૩. સ્ત્રી. દ્વેષભાવ.
૪. સ્ત્રી. બેદરકારી; ધ્યાન ન આપવું તે.

કદશ્વ [સં.] પું. ખરાબ ઘોડો.

કદસ વિ. પાક; પવિત્ર.

કદહ ૧. [અ.] પું. આડાઅવળા સવાલ પૂછવા તે.
૨. પું. તોડ; નિકાલ.
૩. પું. પ્યાલું.
રદોકદહ = (૧) ઝપાઝપી. (૨) દલીલ; ચર્ચા.

કદહાડે (કદહાડ઼ે) ૧. અ. અઘટિત.
૨. અ. ઋતુ વગર; કમોસમે.
૩. અ. કમનસીબ દિવસે.

કદહાડો (કદહાડ઼ો) ૧. પું. કમોસમ; જે ઋતુમાં જેમ હોવું જોઈએ તેમ ન હોતાં અન્ય ઋતુના જેવું હોવું તે.
કદહાડે કંકોડાં = સમય વિના જે ન હોવું જોઈએ તે હોવાપણું.
૨. પું. દુ:ખનો દહાડો; મુશ્કેલીનો વખત.
૩. અ. કમનસીબ દિવસે.

કદહી અ. ક્યારેક; કોઈ વખતે.

કદહુ જુઓ કદહી.

કદળ ૧. પું. કેળું.
૨. પું. પુલ; સેતુ.

કદળી ૧. સ્ત્રી. એક જાતનું હરણ. જુઓ કદલી.
૨. સ્ત્રી. કેળના પાનના આકારની ધજાપતાકા; વાવટો.
૩. સ્ત્રી. કેળનું ઝાડ. પોચી અને ભરપૂર પાણીવાળી જમીનમાં તે ઊગે છે. તે એક જ વાર ફળે છે. તેનાં બી નથી હોતાં, પણ તેના મૂળમાંથી બીજા ફણગા ફૂટી નીકળી નવા નવા રોપ થાય છે. ફળ્યા પછી તે એની મેળે જ સુકાઈ જાય છે. તેનાં લાંબાં, પહોળાં અને લીલાં પાન જમવાની પતરાવળી તરીકે વપરાય છે. તેના રેસાનાં દોરડાં બને છે.
૪. સ્ત્રી. દુર્વાસા મુનિની સ્ત્રી.
૫. સ્ત્રી. હાથી ઉપરનો જરીનો પટકો.

કદળીકંદ પું. કેળનું મૂળ.

કદળીકુસુમ જુઓ કદલીકુસુમ.

કદળીક્ષાર જુઓ કદલીક્ષાર.

કદળીખંડ જુઓ કદલીખંડ.

કદળીદંડ જુઓ કદલીદંડ.

કદળીનાલ જુઓ કદલીનાલ.

કદળીનાળ જુઓ કદલીનાળ.

કદળીપત્ર જુઓ કદલીપત્ર.

કદળીપુષ્પ જુઓ કદલીપુષ્પ.

કદળીફલ જુઓ કદલીફલ.

કદળીફળ જુઓ કદલીફલ.

કદળીવન જુઓ કદલીવન.

કદળીવ્રત જુઓ કદલીવ્રત.

કદળીસાર જુઓ કદલીસાર.

કદળીસ્તંભ જુઓ કદલીસ્તંભ.

કદળીસ્થંભ જુઓ કદલીસ્તંભ.

કદંકર ન. કઠોળ.

કદંબ ૧. પું. એક જાતનો ખનીજ પદાર્થ.
૨. પું. ક્રાંતિવૃત્તનો ઉત્તર અને દક્ષિણ ધ્રુવ. ક્રાંતિવૃત્તથી ઉત્તરે અથવા દક્ષિણે ૯૦ અંશને અંતરે આવેલાં બે બિંદુ પૈકી એક. સ્પષ્ટ ન કહેવાયું હોય ત્યાં ઉત્તરબિંદુ સમજવું.
૩. ન. આસોપાલવનું ઝાડ.
૪. ન. એક જાતનું ઘાસ; દેવતાડ.
૫. ન. એક જાતનું ફૂલઝાડ; કદમ. તેનાં પાન મોટાં અને પહોળાં હોય છે. ચોમાસાની શરૂઆતમાં મેઘગર્જના થતાં જ એના ફૂલની કળીઓ ફૂટે છે. સંસ્કૃત સાહિત્યમાં કદંબના પુષ્પનાં ઘણાં વર્ણન છે. તેની છાલનો ઉકાળો અઢીથી પાંચ તોલા તાવ ઉપર અપાય છે. તેની છાલનો રસ બાળકને ગળું પડે ત્યારે તાળવા ઉપર લગાડવા તથા પાવામાં વપરાય છે. તેનાં ફળનો રસ જીરૂં અને સાકર સાથે બાળકની ઊલટી ઉપર ફાયદાકારક મનાય છે. તેનું દાતણ સ્મરણશક્તિ વધારે છે. મધ્ય તથા દક્ષિણ હિંદુસ્તાનનાં જંગલોમાં આ ઝાડ ૭૦ ફૂટથી યે ઊંચું થાય છે. તેનું લાકડું ઘણું મજબૂત હોઈ ઘર ઉપયોગી સામાન, ખેતીનાં ઓજાર અને કોલસા બનાવવામાં વપરાય છે. તેનાં ફૂલ પીળાં અને ફળ ગોળ હોય છે. રાજકદંબ, ધારાકદંબ, ધૂલીકદંબ, નીપકદંબ, ભૂમિકદંબ અને કદંબિકા એમ તેની જાતો છે. તેના ઝાડને ગુંદર આવે છે. તેનાં મૂળ જનનેંદ્રિયના રોગ, સંધિવા અને સર્પદંશમાં ઉપયોગી મનાય છે. એકંદર આ ઝાડ તીખું, કડવું, તૂરૂં, ખારૂં, શુક્રવર્ધક, શીતળ, ગુરુ, રુક્ષ, ગ્રાહક અને રક્તરોગ, પિત્ત, કફ, વ્રણ, દાહ, વિષ, મૂત્રકૃચ્છ્ર તથા વાયુનો નાશ કરનાર લેખાય છે. શ્રીકૃષ્ણે આ વૃક્ષ ઉપર બેસી વાંસળી વગાડી ગોપીઓને રીઝવી હતી, તેથી તે પવિત્ર ગણાય છે.

> નીપ તુલ્ય હરિપ્રિય અને મદિરા ગંધ સવાહ,
> એ કદંબં પર ચઢી કૂધા નાગનથન દ્રહમાંહ.
> પિંગળલઘુકોષ

૬. ન. કદંબના ઝાડનું ફૂલ.
૭. ન. જસતની ભસ્મ.
૮. ન. પિશાચ જાતના વ્યંતરોનું ચિહ્ન. અશોક, ચંપક, નાગ, તુંબરૂ, વટ, ખટ્વાંગ, સુલસ અને કદંબ એ આઠ પ્રકારના વ્યંતરોનાં અનુક્રમે ચિહ્ન છે.
૯. ન. રાઈનો છોડ.
૧૦. ન. શિશિર ઋતુ.
૧૧. ન. સમૂહ; સંઘ; ટોળું.
૧૨. ન. સરસવનું ઝાડ.
૧૩. ન. હળદરનું ઝાડ.

કદંબક જુઓ કદંબ.

કદંબકવિ પું. એ નામનો પ્રતાપરુદ્ર રાજાનો દિવાન. તે કલિંગદેશમાં જન્મ્યો હતો. તેણે જ્યોતિષનો અભ્યાસ કર્યો હતો. તેનો જ્યોતિષાર્ણવ નામનો ગ્રંથ પંચાંગ બનાવવામાં બહુ ઉપયોગી મનાય છે.

કદંબકેસર [સં.] ન. કદંબના ફૂલની અંદરનો રેસો.

કદંબકોરક જુઓ કદંબકોરકન્યાય.

કદંબકોરકન્યાય [સં.] પું. (ન્યાય) કદંબના ફૂલના બધા અવયવોમાં જેમ એકી સાથે કળીઓની ઉત્પત્તિ થાય છે તેમ એક જ વખતે ઉત્પન્ન થનારી બાબતો સંબંધમાં અપાતું દૃષ્ટાંત.

કદંબકોરન્યાય જુઓ કદંબકોરકન્યાય.

કદંબખડી (કદંબખડ઼ી) સ્ત્રી. કદંબડી; કદંબનું ઝાડ.

કદંબગોલકન્યાય જુઓ કદંબકોરકન્યાય.

કદંબદ ૧. [સં.] પું. રાઈનો છોડ.
૨. પું. સરસવનો છોડ.

કદંબનટ [સં.] પું. ધનાશ્રી, કાનરા, ટોલ, આભીરી, મધુમાધ અને કેદાર રાગ મળીને બનતો બધા શુદ્ધ સ્વરવાળો એક રાગ.

કદંબપુષ્પા [સં.] સ્ત્રી. મુંદેરી નામની વનસ્પતિ; ગોરખમુંડી. તેનાં ફૂલ કદંબનાં ફૂલ જેવાં હોય છે.

કદંબપુષ્પિકા જુઓ કદંબપુષ્પા.

કદંબપુષ્પી જુઓ કદંબપુષ્પા.

કદંબમુકુલન્યાય જુઓ કદંબકોરકન્યાય.

કદંબવન ૧. [સં.] ન. કદંબનાં ઝાડ પુષ્કળ હોય તેવું જંગલ.
૨. ન. મથુરા શહેરનું જૂનું નામ.

કદંબવાયુ [સં.] પું. કદંબના ફૂલની વાસથી ભરેલો પવન.

કદંબસૂત્રીયયુતિ [સં.] સ્ત્રી. (ગણિત) આકાશના કોઈ પણ બે પદાર્થને જોડનારૂં મહાવૃત્ત કદંબમાં થઈને જાય તે સ્થિતિ; 'કન્જન્કશન ઇન લૉન્જિટ્યૂડ'.

કદંબાનિલ જુઓ કદંબવાયુ.

કદંબાભિમુખભોગ [સં.] પું. (ગણિત) કોઈ પણ આકાશીય પદાર્થ અને કદંબમાં થઈને જતું મહાવૃત્ત ક્રાંતિવૃત્તને જ્યાં છેદે તે છેદનબિન્દુથી ક્રાંતિવૃત્તના આરંભસ્થાન સુધીનું અંતર.

કદંબાભિમુખશર [સં.] પું. (ગણિત) કોઈ પણ આકાશીય પદાર્થ અને કદંબમાં થઈને જતું મહાવૃત્ત ક્રાંતિવૃત્તને જ્યાં છેદે તે છેદનબિન્દુથી તે પદાર્થ સુધીનું અંતર.

કદંબિકા [સં.] સ્ત્રી. એક જાતનું લાંબાં અને પહોળાં પાન, ધોળાશ પડતાં પીળાં ફૂલ અને લીંબુ જેવડાં નાનાં ગોળ ફળવાળું એક ઝાડ. જુઓ કદંબ.

કદંબિની [સં.] સ્ત્રી. વાદળાંની હાર.

કદંબી [સં.] સ્ત્રી. દેવદાસી નામનો વેલો.

કદંભ ન. માથું; મસ્તક.

કદા ૧. ન. ઘર; સ્થળ.
૧. આતિશકદા = અગ્નિમંદિર.
૨. મયેકદા = દારૂનું પીઠું.
૩. માતમકદા = શોક કરવાનું સ્થળ.
૨. ન. મોટું લશ્કર.
૩. અ. કદાચ; ક્યારેક; કોઈ વખતે.
૪. [સં.] અ. ક્યારે; કયે વખતે.

કદાકાર ૧. [સં] પું. ખરાબ આકાર.
૨. વિ. બેડોળ; વરવું; બદસૂરત.

કદાગરો ૧. પું. અદાવત; વેર.
૨. પું. કજિયો; કંકાસ; બખેડો.

કદાગ્રહ [સં.] પું. દુરાગ્રહ; હઠ; મમત.

કદાગ્રહી ૧. વિ. મમતી; જિદ્દી; ખોટો આગ્રહ રાખનારૂં
૨. વિ. સહન કરી શકે નહિ એવું.

કદાઘરો જુઓ કદાગરો.

કદાચ ૧. [સં. કદાચિત] અ. કોઈક વાર; કદાપિ.
૨. અ. જો; એમ બને તો.
૩. અ. દૈવયોગે; રખેને; અચાનક.

કદાચન જુઓ કદાચ.

કદાચપિ જુઓ કદાચ.

કદાચાર ૧. [સં.] પું. દુરાચાર; ખરાબ વર્તન.
૨. વિ. દુષ્ટ; ખરાબ.

કદાચિ જુઓ કદાચ.

કદાચિત્ જુઓ કદાચ.

કદાચિદપિ ૧. [સં.] અ. આકસ્મિક રીતે; ઓચિંતું.
૨. અ. કદી પણ; કોઈક વખતે જ.

કદાચિદ્ભાવી ૧. [સં.] વિ. ક્યારેક બનનારૂં; અનિશ્ચિત.
૨. વિ. સ્થિર નહિ એવું; અધ્રુવ.

કદાડે (કદાડ઼ે) અ. અઘટિત વખતે; કમોસમે.

કદાની સ્ત્રી. કેળનું ઝાડ.

કદાપિ ૧. અ. કદાચ.
૨. [સં.] અ. કોઈક વાર; કોઈ દહાડો પણ; ક્યારેક.
૩. અ. જો; એમ બને તો.
૪. અ. દૈવયોગે; અચાનક.
૫. અ. હરગિજ.

કદામત ૧. સ્ત્રી. નોકરીની મુદ્દત.
૨. (ક઼દામત) [અ. કદમ (આગળ જતું)] સ્ત્રી. યુગ.
૩. સ્ત્રી. લાંબા વખતના ભોગવટાથી મળતો હક્ક.
૪. ન. પ્રાચીનતા; જૂનું હોવાપણું.
૫. અ. કદાચ; ક્યારેક; કોઈ વખતે.
૬. અ. દૈવયોગે; અચાનક.

કદામત્ત [સં.] પું. એ નામનો એક ઋષિ.

કદાવટ ૧. [હિં.] ન. તિરસ્કાર; ધિક્કાર.
૨. ન. વેર; દુશ્મનાવટ.

કદાવર (ક઼દાવર) ૧. [અ.] વિ. ઊંચા, જાડા અને ભવ્ય દેખાવવાળું; મોટા કદ અથવા આકૃતિવાળું; જાજરમાન.
૨. વિ. જરૂરનું; ઉપયોગી.
૩. વિ. દેખાવડું; ભવ્ય; પ્રૌઢ.
૪. વિ. મજબૂત; જોરાવર.

કદાવલા ૧. સ્ત્રી. સગરની એ નામની એક અટક.
૨. ન. એ અટકનું એક માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કદાશ જુઓ કદાચ.

કદાસ જુઓ કદાચ.

કદાસણ ૧. સ્ત્રી. કજિયાખોર સ્ત્રી; વઢકણી બાયડી.
૨. સ્ત્રી. ખરાબ સ્વભાવની દાસી.

કદાહ ૧. [અ.] પું. પ્યાલું.
૨. પું. વક્રોક્તિ; કટાક્ષનાં વેણ.

કદિર ૧. [અ.] વિ. અજાણ્યું.
૨. વિ. કાદવવાળું.

કદી ૧. સ્ત્રી. નાની વાટકી.
૨. [સં. કદાપિ] અ. કદાપિ; ક્યારેય પણ.
૩. અ. કોઈક વેળા; ક્યારેક.

કદીક અ. જવલ્લે; ભાગ્યે જ. જુઓ કદી.

કદીકદી અ. કોઈ કોઈ વાર.

કદીકે અ. ક્યારેક; કોઈ વખતે.

કદીમ (ક઼દીમ) ૧. [અ.] પું. ગામની જૂની વસતી.
૨. વિ. જૂના જમાનાનું; અસલી; પ્રાચીન.
૩. વિ. વંશપરંપરાથી આવેલું; પરાપૂર્વનું.
કદીમ રૈયત = વંશપરંપરાથી જમીનનો માલિક.
૪. અ. અગાઉ; લાંબા વખત પહેલાં.

કદીમદી અ. કોઈક વાર; ક્યારેક; કદાપિ.
કદીમદી મીઆં ચાલ્યા નદી તો નદી ગઈ આઘી = અસાધારણ બનાવોમાં અણધારી મુશ્કેલીઓ આવે છે.

કદીમા ૧. [હિં.] સ્ત્રી. લોઢાની આંકડ.
૨. સ્ત્રી. લોઢાની કોશ.
૩. ન. પદકાળું; મીઠું કોળું.

કદીમી (ક઼દીમી) જુઓ કદીમ.

કદીમુલઐયામ (ક઼દીમુલઐયામ) ૧. [અ.] વિ. અસલી; પ્રાચીન; જૂના કાળનું.
૨. વિ. પરાપૂર્વનું; વંશપરંપરાથી આવેલું.

કદીર ૧. [અ.] પું. ઈશ્વર; પરમાત્મા.
૨. વિ. સર્વશક્તિમાન.

કદુ ૧. વિ. દુષ્ટ; ખરાબ.
૨. વિ. હલકું; તુચ્છ.

કદુવત સ્ત્રી. બુરાઈ; દુષ્ટતા.

કદુવા ૧. [અ.] સ્ત્રી. અપકીર્તિ; અપયશ.
૨. સ્ત્રી. શાપ.
૩. સ્ત્રી. હૃદયનો બળાપો.

કદુષ્ણ ૧. [સં.] સ્ત્રી. સૂંઠ.
૨. ન. લગારં ગરમ સ્પર્શ.
૩. વિ. થોડું ગરમ.

કદ્દૂ ૧. [ફા.] પું. પદકાળું.
૨. પું. પુરુષની જનનેંદ્રિય.

કદ્દૂકો પું. લાકડી; લાકડાનો નાનો કટકો.

કદ્દૂદાના ૧. [ફા.] પું. શરીર ઉપર પદકાળાનાં બી જેવાં ચાઠાં પડે તે રોગ.
૨. ન. બ. વ. આંતરડાનાં જીવડાં.

કદૂરત ૧. [અ.] સ્ત્રી. જુસ્સો નરમ પડવો તે.
૨. સ્ત્રી. દિલગીરી; અફસોસ.
૩. સ્ત્રી. ધૂળ.
૪. સ્ત્રી. બેચેની; અસ્વસ્થતા.
૫. સ્ત્રી. મન ખાટું થવાપણું.
૬. સ્ત્રી. મલિનતા; ડહોળાપણું; ગંદકી.
૭. સ્ત્રી. મૂંઝવણ.
૮. સ્ત્રી. મેલ; કીટું.
૯. સ્ત્રી. વેર; દ્વેષ.
૧૦. સ્ત્રી. શક ઉત્પન્ન થવો તે; શંકા.
૧૧. વિ. વહેમ ઉપજાવે એવું.

કદૂઓ પું. કુટુંબ; કુળ.

કદૃષ્ટિ ૧. સ્ત્રી. અવકૃપા; ખફા.
૨. સ્ત્રી. વિકારની દૃષ્ટિ; કામી નજર.
૩. સ્ત્રી. સ્વાર્થ ભરેલી ખરાબ નજર; બદદાનત.

કદેઆદમ [ફા. કદ + એ (નું) + આદમ (માનવી)] વિ. આખા કદનું; 'લાઇફ સાઇઝ'.

કદેવર [ફા.] પું. બાધઆન; માળી.

કદેંક અ. (કચ્છી) કોઈક વખત; કોઈ વાર.

કદો ૧. પું. (કચ્છી) એક જાતનો હાંડલા કે પાટિયા જેવા પેટાળવાળો નાની બેઠકનો વાટકો.
૨. પું. નાની વાટકી.

કદ્દ ૧. [અ.] સ્ત્રી. પરીક્ષા; તપાસ.
૨. સ્ત્રી. પ્રયત્ન; મહેનત.

કદ્દહ ૧. [અ.] પું. આડાઅવળા સવાલ પૂછવા તે.
૨. પું. તોડ; નિકાલ.
૩. પું. પ્યાલું.

કદ્દુ ૧. પું. ગોળ, ટૂંકો અને જાડો મજબૂત લાકડાનો દંડો; બત્તો; ઉપરવટણો.
૨. પું. દૂધી; તુંબડી.
દૂધમાં કદ્દુ ઓરવું = ફાંસ મારવી; વિઘ્ન નાખવું.
૩. પું. ધોકણું; ખૂસલું.
૪. પું. પુરુષની જનનેંદ્રિય.
૫. [ફા.] ન. કોળું; પદકાળું.

કદ્દુકશ [ફા.] પું. પદકાળું કાપવાનાં અને સાફ કરવામાં ઉપયોગી એક હથિયાર.

કદ્દૂ ૧. [હિં.] ન. ધિયા નામની વેલનાં ફળ. તેનું તેલ માથાના રોગમાં ઉપયોગી છે.
૨. જુઓ કદ્દુ.

કદ્ર (ક઼દ્ર) ૧. [અ.] સ્ત્રી. કીમત; યોગ્યતા. જુઓ કદર.
૨. સ્ત્રી. જથ્થો; સંગ્રહ.
૩. સ્ત્રી. નસીબ.
૪. વિ. અજાણ્યું.
૫. વિ. કાદવવાળું.
૬. વિ. કાળું.

કદ્રઅંદાઝ (ક઼દ્રઅંદાઝ) [ફા.] પું. નિશાન તાકવામાં હોશિયાર માણસ; નિશાનબાજ.

કદ્રથ પું. ખરાબ રથ.

કદ્રદાન (ક઼દ્રદાન) જુઓ કદરદાન.

કદ્રદાની (ક઼દ્રદાની) જુઓ કદરદાની.

કદ્રબખ્શ (ક઼દ્રબખ્શ) ન. માનમરતબાનું કારણ.

કદ્રશનાસ (ક઼દ્રશનાસ) જુઓ કદરદાન.

કદ્રશનાસી (ક઼દ્રશનાસી) જુઓ કદરદાની.

કદ્રુ ૧. પું. એ નામનો એક ઋષિ.
૨. પું. પીંગળો અથવા કાબરચીતરો રંગ.
૩. પું. સ્કંદગ્રહ નામનું ભૂત. જે સ્ત્રીને તે વળગ્યું હોય તે જો ગર્ભિણી હોય તો તેને સર્પ અવતરે એમ મનાય છે.
૪. [સં.] સ્ત્રી. (પુરાણ) પ્રાચેતસ દક્ષની કન્યા અને કશ્યપની તેરમાંની એક સ્ત્રી; સર્પોની માતા; નાગમાતા. તેને વિનતા નામે શોક હતી. કશ્યપે પ્રસન્ન થઈને કહ્યું કે કદ્રુને હજાર પુત્ર થશે અને વિનતાને બે અતિ બળવાન પુત્રો થશે. પછી બંને ગર્ભવતી થઈ. વિનતાએ બે અને કદ્રુએ હજાર ઈંડાં પ્રસવ્યાં. પાંચ હજાર વર્ષે કદ્રુનાં ઈંડાં ફૂટ્યાં, તેમાંથી શેષ, વાસુકિ, કર્કોટક, શંખ, ઐરાવત, કંબલ, ધનંજય, મહાનીલ, પદ્મ, અશ્વતર, તક્ષક વગેરે નાગ નીકળ્યા. વિનતાએ અદેખાઈથી પોતાનું કાચું ઈંડું ફોડયું. એમાંથી ઘૂંટણ સુધી અંગવાળો, પાંગળો, લોહી નીંગળતો દીકરો નીકળ્યો. તે અરુણના નામથી ઓળખાય છે. કાચું ઈંડું ફોડવા માટે પુત્રે એને શાપ આપ્યો કે તેં જેની અદેખાઈ કરી તેને જ ઘેર દાસી થઈને સહસ્ર અયન સુધી રહેજે. એક વખતે કદ્રુએ કપટથી વિનતાને કહ્યું કે ચાલ આપણે સૂર્યના ઘોડા જોઈએ. પછી ઘેર આવીને પૂછ્યું કે સૂર્યના ઘોડાનું પૂંછ કાળું હતું કે ધોળું? વિનતાએ કહ્યું કે ધોળું. કદ્રુએ કહ્યું કે જો ધોળું હોય તો હું હજાર અયન સુધી તારી, અને કાળું હોય તો હજાર અયન સુધી તું મારી દાસી થઈને રહે. પછી કદ્રુએ પોતાના પુત્રોને સૂર્યના અશ્વને પૂંછડે વીંટાવાનું કહ્યું. તેથી બધા નાગ જઈને પૂંછડાને વાળની જગ્યાએ બાઝયા. જ્યારે કદ્રુ એને બતાવા ગઈ ત્યારે પૂંછડું કાળું જોઈને વિનતા ઝંખવાઈ ગઈ. તેથી કદ્રુએ તેને દાસી કરીને રાખી. એક હજાર વર્ષ પછી વિનતાનું બીજું ઈંડું ફૂટ્યું. તેમાંથી સૂર્ય સરખો તેજસ્વી ગરુડ નીકળ્યો. એ તરત જ પોતાની માનું દર્શન કરવા કદ્રુને ત્યાં ગયો. માની દુર્દશા જોઈ ગરુડે કાંઈ માગવાનું કહ્યું. વિનતાએ કદ્રુના સામું જોયું એટલે એ બોલી કે જો તું મને અને મારા પુત્રોને અમૃત આણી આપ તો હું તારી માતાને મુક્ત કરૂં. પછી ગરુડે યુદ્ધ કરી ઇંદ્ર પાસેથી અમૃત કળશ લીધો, પણ એને ઇંદ્રે સમજાવ્યો કે દુષ્ટ નાગો અમર થશે તો સહુને પીડા કરશે. ગરુડે કહ્યું કે હું કળશ લઈ જઈ નાગોને બતાવી દર્ભના વનમાં મૂકીશ. ત્યાંથી તમે કોઈ ન જાણે એમ લઈ જજો. ગરુડે કળશને દર્ભના વનમાં મૂક્યો અને નાગોને કહ્યું કે સ્નાન કરીને પીજો. નાગ નહાવા ગયા. કદ્રુએ વિનતાને છૂટી કરી. નાગ નાહીને આવ્યા ત્યારે ઇંદ્ર કળશ ચોરી ગયો હતો. તે ત્યાં હતો નહિ. સર્પો કળશ મૂક્યો હતો તે જગ્યા ચાટવા લાગ્યા. આથી તેમની જીભ ચિરાઈ ગઈ અને અણી આગળથી બે પાંખિયાવાળી થઈ.
૫. વિ. પીંગળું; કાબરચીતરૂં.
૬. વિ. સોના જેવું.

કદ્રુકુમાર ૧. [સં.] પું. કર્કોટક નાગ.
૨. પું. નાગ; સર્પ; એરૂ.
૩. પું. શેષનાગ.

કદ્રુજ [સં.] પું. સર્પ; નાગ.

કદ્રુજાયા [સં.] સ્ત્રી. નાગણી; સર્પિણી.

કદ્રુણ [સં.] વિ. પીંગળું; માંજરૂં.

કદ્રુદ્ર ૧. [સં.] પું. રુદ્ર.
૨. પું. શિવ; શંકર.

કદ્રુપુત્ર જુઓ કદ્રુકુમાર.

કદ્રુસુત જુઓ કદ્રુકુમાર.

કદ્રૂ [સં.] સ્ત્રી. સર્પોની માતા; કદ્રુ.

કદ્રૂપ વિ. બેડોળ; કદરૂપું; કૂબડું.

કદ્રૂપતા સ્ત્રી. બેડોળપણું; કદરૂપતા.

કદ્રૂપું જુઓ કદ્રૂપ.

કદ્રૂપુત્ર જુઓ કદ્રુપુત્ર.

કદ્રૂસુત જુઓ કદ્રુસુત.

કદ્રે (ક઼દ્રે) [ફા.] અ. થોડે અંશે; જરા.

કદ્રેકદ્રે (ક઼દ્રેક઼દ્રે) અ. ધીમેધીમે.

કદ્રેકલીલ (ક઼દ્રેકલીલ) જુઓ કદ્રે.

કદ્વદ ૧. [સં.] વિ. દુઃખથી સાંભળી શકાય તેવા શબ્દવાળું.
૨. વિ. નિંદા ભરેલાં વાક્ય બોલનાર.

કદ્વર [સં.] ન. પાણી મેળવેલી છાશ.

કધણી પું. ખરાબ માણસ.

કધપ્રિય ૧. [સં.] પું. સ્કંધને તૃપ્ત કરનાર.

૨. વિ. પ્રશંસાનો લોભી.

કધપ્રી જુઓ કધપ્રિય.

કધરાયું ૧. વિ. અવિવેકી; અવિનયી.

૨. વિ. કદર વિનાનું.

૩. વિ. સમજ વગરનું; મૂર્ખ.

૪. વિ. સમય બહારનું; અનિયમિત.

કધરોકું જુઓ કધરાયું.

કધરોળું જુઓ કધરાયું.

કધાન ૧. [સં. કુધાન્ય] ન. ખરાબ અને હલકી જાતનું અનાજ. કળથી, કોદરો, કાંગ, બંટી વગેરે સત્ત્વ વગરનું ખડધાન કધાન કહેવાય છે.

કધાનને કેળવીને ખાવું = હલકી જાતની વસ્તુ હોય, તેને પણ સારી રીતે કેળવીને ઉપયોગમાં લેવી.

૨. ન. બગડી ગયેલું અનાજ.

કધાં ૧. અ. કોઈ કોઈ વખત; કોઈ વાર.

૨. અ. ભાગ્યે જ; જવલ્લે.

૩. અ. હમેશા.

કધી જુઓ કધાં.

કધીકધાર જુઓ કધાં.

કધીકધાસ જુઓ કધાં.

કધીકધાં જુઓ કધાં.

કધીં જુઓ કધાં.

કધૂ જુઓ કધાં.

કધૂં જુઓ કધાં.

કધે જુઓ કધાં.

કધોટું ૧. વિ. ખરાબ રીતે ધોયેલું.

૨. વિ. ધોયું ધોવાય નહિ એટલું મેલું.

કધોણ ૧. ન. સંભાળ વિના ધોવું તે.

૨. જુઓ કધોટું.

કધોણી ૧. સ્ત્રી. ખરાબ ધોલાઈ; કપડાં ખામી ભરેલી રીતે ધોવાવાં તે.

૨. સ્ત્રી. લાંબો વખત ન ધોવાથી થયેલી ઘણી મેલભરી સ્થિતિ; ગમે તેટલું ધોવા છતાં પણ દૂર ન થાય એવી મલિનતા.

કધોણું જુઓ કધોટું.

કધોતું જુઓ કધોટું.

કધોવણ જુઓ કધોટું.

કધ્રોક ૧. વિ. ઊંધું; અવળું.

૨. વિ. મૂર્ખ.

૩. વિ. મેળ વગરનું; ઠેકાણા વિનાનું.

૪. વિ. વ્યવહારિક રીતરિવાજ નહિ સમજનારું.

કધ્રોકું જુઓ કધ્રોક.

કધ્રોળ વિ. બેડોળ; કદરૂપું.

કન્ ૧. અ. ક્રિ. જવું.

૨. અ. ક્રિ. પ્રકાશવું.

૩. અ. ક્રિ. સંતોષાવું; પ્રસન્ન થવું.

૪. સ. ક્રિ. ચાહવું.

કન ૧. [સં. કર્ણ] પું. કાન.

૨. પું. ચોખાની ધૂળ.

૩. પું. દાણો.

૪. પું. ફૂલ; મોર.

૫. પું. ભીખ; ભિક્ષાનું અન્ન.

૬. પું. હીરાનો પાસો.

૭. સ્ત્રી. એ નામની શાકભાજી.

૮. સ્ત્રી. એક કાનથી બીજા કાન સુધી પહોંચતી કાળી ટીલી.

૯. સ્ત્રી. કીમતની આંકણી.

૧૦. [હિં.] ન. કણ; રજકણ.

૧૧. ન. ખોદવાની ક્રિયા.

૧૨. ન. જીતવૃક્ષ; 'ઑલિવ'.

૧૩. ન. જોર; તાકાત.

૧૪. ન. બાણ.

૧૫. વિ. ખેતરની કીમત આંકનારું.

૧૬. વિ. ખોદનાર.

૧૭. વિ. નાનું.

૧૮. અ. નજીક; પાસે.

કનઅમ ૧. પું. ઘઉં.

૨. પું. ધતૂરો.

૩. પું. સોનું.

કનઆંખી સ્ત્રી. સ્ત્રીની ત્રાંસી નજર.

કનઉંગલી સ્ત્રી. ટચલી આંગળી; કનિષ્ઠિકા.

કનક ૧. [સં.] પું. (જ્યોતિષ) એ નામનો આઠમો ગ્રહ.

૨. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તેમાં ૧૧૦ લઘુ અને ૨૧ ગુરુ મળી ૧૫૨ માત્રા હોય છે. તે ષટ્પદી છપ્પયનો એક ભેદ છે.

૩. પું. (પિંગળ) એક સમજાતિ માત્રામેળ છંદ. તેમાં ૧૨ ગુરુ અને ૧૦૦ લઘુ મળી ૧૧૨ વર્ણ હોય છે, તે સવૈયાનો એક ભેદ છે.

૪. પું. કાળો ધતૂરો.

૫. પું. ખાખરાનું ઝાડ; કેસૂડો.

૬. પું. ઘઉં.

૭. પું. ઘઉંનો લોટ.

૮. પું. ચંપાનો છોડ.

૯. પું. ધતૂરાનાં બી.

૧૦. પું. મેરુ પર્વત.

૧૧. પું. શિવ; શંકર.

૧૨. સ્ત્રી. એ નામની દક્ષિણની નદી.

૧૩. ન. અબનૂસનું લાકડું.

૧૪. ન. એક જાતનું બાફીને ખવાતું બટાટા જેવું પૌષ્ટિક કંદ. તેના વેલાનાં પાન નાગરવેલનાં પાન જેવાં હોય છે. આ કંદ રતાળુ જેવું જાડું અને રંગે લાલ હોય છે. તેને પિંડાળુ પણ કહે છે.

૧૫. ન. ધન; દોલત.

૧૬. ન. સોનું; હેમ.

૧. કનક અને કામની = મોહ ઉપજાવનારી વસ્તુઓ.

૨. ક્યાં કનક અને ક્યાં કથીર ? = હીરા અને પથ્થર જેટલો તફાવત.

કનકકદલી [સં.] ન. સોનેરી કેળ.

કનકકમલ [સં.] ન. સોનેરી કમળ.

કનકકલી પું. કાનમાં પહેરવાનું એક ઘરેણું.

કનકકશિપુ [સં.] પું. હિરણ્યકશ્યપુ નામનો રાક્ષસ.

કનકકશ્યપુ જુઓ કનકકશિપુ.

કનકકંદર્પરસ [સં.] પું. (વૈદ્યક) શુદ્ધ પારો, શુદ્ધ ગંધક, કાંતલોહ ભસ્મ, વૈક્રાંત ભસ્મ અને સુવર્ણભસ્મ મેળવી બનાવાતો એક વાજીકરણ રસ.

કનકકામિની પું. (પિંગળ) જગણ, તગણ, સગણ, લઘુ અને ગુરુ મળી અગિયાર વર્ણનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ત્રિષ્ટુપનો ભેદ છે.

જ, તા, સ, લા, ગે **કનકકામિની.** રણપિંગળ

કનકકાંત [સં.] પું. સોનાનો વરખ.

કનકકિંકિણી [સં.] સ્ત્રી. સોનાની ઘૂઘરી.

કનકકુસુમ [સં.] ન. સોનેરી ફૂલ.

કનકકૂટ ૧. [સં.] પું. મેરુ પર્વત.

૨. પું. સોની.

૩. પું. સોનેરી શિખરવાળો પર્વત.

કનકકેતકી પું. (પિંગળ) તેર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કનકકેતન. તેના દરેક ચરણમાં તગણ, સગણ, બે જગણ અને ગુરુ હોય છે. તે અતિજગતીનો ભેદ છે.

થાશે **કનકકેતકી** ત, સ, જા, જ, ગે.

રણપિંગળ

કનકકેતન જુઓ કનકકેતકી.

કનકકેલ પું. સોનાનો ગઠ્ઠો.

કનકકોટ પું. સોનાનો કિલ્લો.

કનકક્ષાર [સં.] પું. ટંકણખાર. તે સોનું ઝારવામાં વપરાય છે.

કનકક્ષીરી સ્ત્રી. હિમાલયમાં થતું એક ઝાડ.

કનકગિરિ [સં.] પું. મેરુ પર્વત.

કનકચંપો પું. ધોળા રંગનાં મોટાં સુગંધી ફૂલવાળું એક ઝાડ. તેનાં પાન છ થી દશ ઈંચ પહોળાં અને દશથી ચૌદ ઈંચ લાંબાં હોય છે. તેનાં પાનનો ઉપરનો રંગ કાળાશ પડતો લીલો અને નીચેનો ધોળો હોય છે. માર્ચ એપ્રિલમાં તેને ફૂલ આવે છે. દરિયાઈ હવા તેને અનુકૂળ છે.

કનકચ્છત્ર [સં.] ન. સોનાનું છત્ર; રાજછત્ર.

કનકજીરા [હિં.] પું. ચોખાની એક ઊંચી જાતનું નામ.

કનકટંક [સં.] પું. સોનાની કુહાડી.

કનકટા ૧. વિ. કાન વગરનું; કાન કપાયેલું.

૨. વિ. બીજાના કાન કાપનાર.

કનકટી સ્ત્રી. કાનમાં દુ:ખાવો થવાનો રોગ.

કનકતરુ ૧. [સં.] ન. કાળો ધતૂરો.

૨. ન. ખાખરાનું ઝાડ; કેસૂડો.

૩. ન. ચંપાનો છોડ.

કનકતારા સ્ત્રી. ફૂલઝર જેવું એક દારૂખાનું.

કનકતૈલ [સં.] ન. (વૈદ્યક) ચામડીના રોગમાં વપરાતું એક તેલ.

કનકદંડ ૧. [સં.] પું. છડી; રાજાનો દંડ.

૨. પું. રાજછત્ર. તેનું કપડું સફેદ હોય અને તેના ઉપર સોનાનો કળશ હોય.

કનકદંડક જુઓ કનકદંડ.

કનકદંડિકા ૧. [સં.] સ્ત્રી. તરવાર માટેનું સોનાનું મ્યાન.

૨. પું. સોનાની છડી.

કનકદીપ ૧. [સં.] પું. સૂર્ય.

૨. પું. સોનાનો દીવો.

કનકધ્વજ [સં.] પું. ધૃતરાષ્ટ્રના એક દીકરાનું નામ.

કનકનક પું. (જ્યોતિષ) એ નામનો નવમો ગ્રહ.

કનકનકો પું. કનકવો; પતંગ.

કનકનમ સ્ત્રી. સોના કે રૂપાની બંગડી.

કનકનયન [સં.] પું. હિરણ્યકશિપુ દૈત્ય.

કનકનંદી પું. શંકરનો એક ગણ.

કનકપત્ર ૧. [સં.] ન. કાનનું સોનાનું એક જાતનું ઘરેણું.

૨. ન. ચંપાનું પાન.

કનકપદ્મ [સં.] ન. સોનેરી કમળ.

કનકપરાગ [સં.] પું. સોનાની બારીક રજ; સોનાની ઝીણી ભૂકી.

કનકપર્વ [સં.] ન. સુવર્ણ મહોત્સવ; 'ગોલ્ડન જ્યુબિલી.'

કનકપલ ૧. [સં.] સ્ત્રી. એક જાતની માછલી.

૨. ન. સોનાનું એક માપ.

કનકપાટી સ્ત્રી. સોનાનો પટ્ટો.

કનકપાણિ [સં.] પું. વાસુદેવ.

કનકપાત્ર [સં.] ન. સોનાનું વાસણ.

કનકપુષ્પી [સં.] સ્ત્રી. એ નામની વનસ્પતિ; સ્વર્ણક્ષીરી.

કનકપ્રતિમા [સં.] સ્ત્રી. સોનાની મૂર્તિ.

કનકપ્રભ ૧. [સં.] પું. શિવ; શંકર.

૨. પું. સોમની ચોવીશ પૈકી એક જાત.

કનકપ્રભા ૧. [સં.] પું. (વૈદ્યક) તાવ અને ઝાડા માટે રસની એક બનાવટ. કાળા ધતૂરાનાં બી, મરી, કંકણ, વછનાગ, પારદ અને ગંધક એ બધી વસ્તુ સરખે ભાગે લઈ તેને ભાંગના કવાથની એક ભાવના આપી એકેક રતીની ગોળી કરવી.

૨. પું. (પિંગળ) તેર અક્ષરનો એક અક્ષરમેળ છંદ; મંજુભાષિણી. તેના પાંચમા અક્ષર ઉપર વિસામો આવે છે. તે અતિજગતીનો ભેદ છે.

૩. સ્ત્રી. પીળી જૂઈ.

૪. સ્ત્રી. માલકાંકણી.

કનકપ્રાસાદ [સં.] પું. સુવર્ણ મંદિર; સોનાનો મહેલ.

કનકફલ ૧. ન. જમાલગોટો.

૨. [સં.] ન. ધતૂરાનું ફળ.

કનકફૂલ ૧. [સં.] ન. કાનનું સોનાનું એક ઘરેણું; એરિંગ.

૨. ન. ધતૂરાનું ફૂલ.

૩. ન. સોનાનું ફૂલ.

કનકબીજ [સં.] પું. ધતૂરો.

કનકભંગ [સં.] પું. સોનાનો ટુકડો.

કનકમય [સં.] વિ. સોનાનું બનેલું; સોનેરી.

કનકમહોત્સવ [સં.] પું. સુવર્ણ મહોત્સવ; 'ગોલ્ડન જ્યુબિલી.'

કનકમંજરી [સં.] પું. (પિંગળ) દરેક ચરણમાં નગણ, બે રગણ, લઘુ અને ગુરુ એમ અગિયાર અક્ષરનો એક અક્ષરમેળ છંદ; લલિત. તે ત્રિષ્ટુપનો ભેદ છે.

કનકમાલા [સં.] સ્ત્રી. સોનાની કંઠી; સુવર્ણમાળા.

કનકમાલિકા [સં.] પું. (પિંગળ) ત્રણ રગણ, ત્રણ નગણ અને રગણ મળી એકવીશ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પ્રકૃતિનો ભેદ છે.

કનકમુદ્રા [સં.] સ્ત્રી. સોનામહોર; એક જાતનો સિક્કો.

કનકમુનિ [સં.] પું. વર્તમાન કાળના પાંચ બુદ્ધ માંહેનો એક. અક્ષોભ્ય તેના ધ્યાનિ બુદ્ધ છે.

કનકમૂર્તિ [સં.] સ્ત્રી. સોનાની પ્રતિમા.

કનકમેરુ પું. (સંગીત) એક જાતનો તાલ.

કનકરત્ન [સં.] ન. દાનના સોળ માંહેનો એક પ્રકાર. તેમાં સોનું અને રત્નનું દાન અપાય છે.

કનકરસ ૧. [સં.] પું. ગંધક.

૨. પું. ધતૂરાનો રસ.

૩. પું. સોનાનો રસ.

૪. પું. હરતાળ.

કનકરસના [સં.] સ્ત્રી. સોનાનો કંદોરો.

કનકરંભા [સં.] સ્ત્રી. સોનેરી કેળ.

કનકરેખા [સં.] સ્ત્રી. સોનેરી લીટી.

કનકલ ૧. પું. ધઉં.

૨. પું. ધતૂરો.

૩. પું. સોનું.

કનકલતા ૧. [સં.] પું. (પિંગળ) દરેક ચરણમાં છ નગણ, લઘુ અને ગુરુ મળી વીશ અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તે કૃતિનો ભેદ છે.

૨. સ્ત્રી. એક જાતની વેલ.

૩. ન. પીતચમેલીનું ફૂલ.

કનકલંક સ્ત્રી. સોનાની લંકા; રાવણની રાજધાનીનું શહેર.

કનકલોદ્ભવ [સં.] પું. રાળ.

કનકવટી સ્ત્રી. (વૈદ્યક) શ્વાસ, ઉધરસ તથા જૂના તાવ માટે ધતૂરાની બનતી એક દવા. ધતૂરાનાં લીલાં તાજાં પાન બે તોલા તથા કાળા મરીનું ચૂર્ણ બે તોલા મેળવી ઘૂંટી ચણા જેવડી ગોળી બનાવી છાંયે સૂકવી લેવી. દિવસમાં ત્રણ વખત એકેક ગોળી પાણી સાથે આપવી. ઉન્માદરોગ મટાડવા માટે પણ તે વપરાય છે. તે માટે ધતૂરાના શુષ્ક બીજનું બારીક ચૂર્ણ કરી નાગરવેલના પાનના રસમાં ત્રણ કલાક ખરલ કરી મરી જેવડી ગોળી કરી છાંયે સૂકવવી. રોજ સવારે એક ગોળી આપી ઉપર પાંચ તોલા ઘી પીવરાવવું. ઘી પીવરાવ્યા પછી એક બે કલાક સુધી પાણી પીવરાવવું નહિ. ત્રણ કલાક

પછી અથવા ભૂખ લાગે ત્યારે જમવા આપવું. જમવામાં ઘી દૂધ વધારે આપવાં. આઠ દિવસ પછી જરૂર પડે તો સવારે બે ગોળી આપવી. વાત, રક્ત અને કફ સહિતના હરસ મટાડવા પણ કનકવટીનો ઉપયોગ થાય છે. તે માટે શુદ્ધ પારદ, શુદ્ધ ગંધક, શુદ્ધ હરતાળ, સિંધાલૂણ, લાંગલી, ઇંદ્રજવ, કડવી તૂંબડી દરેક એકેક પલ અને લસણ ચાર પલ લઈ તેને કારેલીના રસમાં એક દિવસ ઘૂંટી ગોળીઓ કરવી. તેની માત્રા એક રતી છે. ભીલામા, ત્રિફળા, દંતીમૂળ અને ચિત્રક સરખે વજને લઈ બધાંની બરાબર સિંધાલૂણ નાખી વસ્ત્રગાળ ચૂર્ણ કરી બહુ થોડા અગ્નિથી તેને માટીના કલેડામાં શેકી તે ચૂર્ણ નાખેલી છાશ સાથે કનકવટી લેવાથી હરસ મટતા હોવાનું મનાય છે.

કનકવર્ણું ૧. વિ. સુંદર.

૨. વિ. સોનાના રંગનું; સોનેરી.

કનકવર્મ [સં. કનકવર્મન] ન. સોનાનું બખતર.

કનકવાટિકા [સં.] સ્ત્રી. સોનાની વાટકી.

કનકવાળુ સ્ત્રી. સોનેરી રેતી.

કનકવી સ્ત્રી. પતંગડી; નાનકડો પતંગ.

કનકવૃક્ષ [સં.] ન. ખેડૂત. ધૂળમાંથી ધાન એટલે સોનું ઉત્પન્ન કરનાર હોવાથી ખેડૂતને સોનાના ઝાડની ઉપમા આપવામાં આવે છે.

કનકવેલ સ્ત્રી. ડોકનું એક જાતનું ઘરેણું.

કનકવો પું. પતંગ; કાગડિયો; પડાઈ. પતંગની ઘણી જાત છે. સૌથી નાનો પતંગ પૈચુડી, સૌથી મોટો તાવો અને તેનાથી નાનો પોણીઓ અને અર્ધો કહેવાય છે. પતંગની પૂછડી જો ત્રિકોણાકાર હોય તો ચાપટ કહે છે. પૂછડીને બદલે જો ફૂમકું હોય તો તુક્કલ, અને કામડી બહુ જ વળી જાય તેવી હોય તેવા પતંગને બખૂક કહે છે. પતંગનો દોર સારો વળદાર અને મજબૂત પણ બહુ જાડો ન જોઈએ. દોરને લુગદી ચોપડીને માંજો બનાવાય છે. ચોખા, કાચ, ઈંડાં, ટંકણખાર, પંજાબી સાલમ, ધોળી મૂસળી અને કુંવારનો ચીકણો રસ મેળવીને આ લુગદી બનાવાય છે. લુગદી દોર ઉપર ત્રણ ચાર વખત ચોપડે એટલે માંજો તૈયાર થાય છે. માંજાના બે પ્રકાર છે: કરકરો અને લીસો. જે માંજાનો કાચ ધીમે હાથ ફેરવતાં હાથને લાગતો નથી તેને લીસો કહે છે, પણ જે લાગે છે તેને કરકરો કહે છે. દોર પૂઠાના કપડા ઉપર વીંટાય છે જેને પિંડો કહે છે. થોડો દોર હાથના અંગૂઠા અને ટચલી આંગળી ઉપર વીંટાય છે, જેને ગૂંછળી કહે છે. પતંગ કન્નો બાંધી ઉડાડાય છે. પતંગની સ્થિરતાનો આધાર સારા કન્ના ઉપર છે.

૧. કનકવાના રોટલા થવા = પેચ થતી વખતે બંને કનકવા એકઠા થઈ જવા. ત્યારે બંનેનો રોટલા જેવો ઘાટ થાય તેથી તેના રોટલા થયા કહેવાય છે. આવે વખતે બંનેની દોરી ઉપર જોસ રહેતું નથી, અને બંને નીચે પડી જાય. આને ‘રામ રોટલો’ થઈ ગયો એમ પણ કહેવાય છે.

૨. કનકવાના સાંતરા પાડવા = ચગેલો કનકવો ઉતાર્યા પછી તેની દોરી પિંડા ઉપર વીટાળવા માટે ગૂંચ ન પડે તેવી રીતે ભોંય ઉપર છૂટી છૂટી પાથરવી.

૩. કનકવાની કામ મરોડવી = કનકવો બરાબર ચગે તે માટે કામ વાંકી વાળી જરા વાર રહેવા દઈ છોડી દેવી.

૪. કનકવાનું ભર દોરીએ જવું = ઘણી દોરી સાથે કનકવો તૂટી અથવા કપાઈ જઈ હવામાં એમને એમ ચાલ્યો જવો.

૫. કનકવાનું સૂઈ જવું = ચગતા કનકવાનું નીચે નમી છાપરા વગેરે ઉપર પડવું.

૬. કનકવાને ગાંઠ મારવી = ઉપર કે નીચેના કન્ના આગળ કનકવો વધારે લોટતો હોય તો તે ઓછો લોટે તેને માટે ગાંઠ બાંધવી.

૭. કનકવાને ભભકી દેવી = કનકવાની દોરી એકદમ છોડવી.

૮. કનકવાને સરકી કરવી = કનકવો દૂર જાય તે માટે દોરી વધારે છોડવી.

૯. કનકવાને હાથ મારવા = હાથ વતી ઝડપથી દોરી ખેંચી કનકવો ઉતારી લેવો. ખાસ કરીને ઘણો દોર મૂકેલો હોય અને કોઈ અચાનક પેચ નાખવા આવે ત્યારે આમ હાથ મારવામાં આવે છે.

૧૦. કનકવો અપાવવો–છોડાવવો–મુકાવવો = કનકવો ચગાવનાર તેના હાથમાં દોરી ઝાલી રાખી બીજો માણસ તે લઈને થોડેક દૂર જઈ ચગાવનાર તરફ મોં રાખી કન્નાના બે છેડા આગળથી તે ઝાલી તેને જરાક ઊંચો કરી ચગાવનાર તે ખેંચવાને તૈયાર થાય એટલે પતંગ હવામાં છોડી દેવો.

૧૧. કનકવો ઉડાવવો = પતંગ ચઢાવવો.

૧૨. કનકવો ઉતારવો = ચગતા કનકવાની દોરી ખેંચી લેવી.

૧૩. કનકવો કન્નાય છે–કન્નો ખાય છે = કનકવો એક બાજુ તરફ નમી જાય છે. કનકવાની બંને બાજૂ સમતોલ હોતી નથી ત્યારે આ પ્રમાણે થાય છે. આમ થવાથી કનકવો બરાબર ચગી શકતો નથી.

૧૪. કનકવો માથે આવવો = કનકવો આકાશમાં ઊંચે ચગાવનારના માથાથી ઊભી સીધી લીટીમાં લગભગ આવવો.

૧૫. કનકવો વંટોળે ચડવો = ચગેલો કનકવો ખૂબ ચક્કર ચક્કર ફરવાથી તથા ઊંચે નીચે જવાથી સ્થિર ન રહેવો.

૧૬. કનકવો સાદીમાં નાખવો–સાદીમાંથી લેવો = ચગતા કનકવાની સાદી દોરી હોય તેમાં પેચ નાખવા.

૧૭. કનકવો હાથ ઉપર ઉતારવો = કનકવો ચગાવેલો હોય તે હાથ આગળ આવે અને સૂઈ ન જાય એવી રીતે પાછો ખેંચી લેવો.

૧૮. કનકવો હાથ ઉપર ચગાવવો–ચડાવવો = સામા માણસના મુકાવ્યા વગર કનકવો ચગાવવો.

૧૯. કનકવો હાથ ઉપર પડવો = સામા ચગાવનારના હાથ આગળની દોરીની લગભગ પાસેથી પેચ કરવાને તેના ઉપર કનકવો નાખવો; ગોથ ખવરાવી તે ભાગ આગળ પેચ કરવા.

૨૦. કનકવો હાથ ઉપર લેવો = (૧) ચગાવનારના હાથ આગળના ભાગ તરફ પેચ થયેલા હોય ત્યારે તે જગ્યાએ પેચનો આંટો પડ્યો હોય તે લેવો અને છોડી નાખવો. (૨) ચગાવેલો કનકવો પાછો ખેંચી લેવો.

૨૧. કનકવો હાથ ઉપરથી તોડવો = ચગતા કનકવાની દોરી હાથ આગળથી તોડી નાખવી.

૨૨. જોસદાર કનકવો = કેટલીક દોરી ઉપર ગયા પછી કનકવો વજનમાં ભારે લાગવો તે.

કનકશક્તિ [સં.] પું. કાર્તિક સ્વામી; કાર્તિકેય.

કનકશૃંગ [સં.] ન. ઉજ્જૈનનું પ્રાચીન નામ.

કનકશૈયા ૧. [સં.] સ્ત્રી. લાંબા પાટલામાં અણીદાર ખીલા ઠોકી સાધુએ તપ કરવા માટે તેની બનાવેલી પથારી.

૨. સ્ત્રી. સોનાની પથારી.

કનકશૈલ [સં.] પું. સુમેરુ પર્વત.

કનકસપ્તતિ સ્ત્રી. જૈનોનો એ નામનો ગ્રંથ.

કનકસંકોચ પું. (વૈદ્યક) શ્વેત કુષ્ઠ માટેની એક દવા. તે બનાવવા સુવર્ણ ભસ્મ, અભ્રક ભસ્મ, અને સૂંઠ દરેક એકેક તોલો, પારદ ત્રણ તોલા, અને ગંધક ત્રણ તોલા લઈ તેને લીંબુના રસમાં ઘૂંટી ગોળો કરવો. આ ગોળાને લોઢાની કડાઈમાં ધીમા અગ્નિથી સરસિયા તેલમાં પકવવો. પાકી જાય એટલે ગોળાનું ચૂર્ણ કરી તેમાં તજ તોલો એક, વાવડિંગ તોલો એક, શુદ્ધ વછનાગ તોલો એક તથા ત્રિફળા તોલા ત્રણ મેળવી એક દિવસ બકરીના મૂત્રમાં ઘૂંટી રતી રતી જેવડી ગોળી કરવી. એકથી બે ગોળી બાબચીના તેલના એક તોલા સુધી અનુપાન સાથે આપવી.

કનકસંગ [સં.] પું. સોનાના ટોપકાવાળું કોસીસું.

કનકસંતાનક [સં.] પું. (જ્યોતિષ) અડ્યાશી માંહેનો એ નામનો એક ગ્રહ.

કનકસારિકા [સં.] સ્ત્રી. યરપ, આફ્રિકા અને એશિઅમાં જોવામાં આવતું એક પક્ષી. હિમાલયમાં ૧૦૦૦૦ ફૂટની ઊંચાઈ સુધી તે નજરે પડે છે. ઉત્તર હિંદુસ્તાનમાં કેરી પાકવાનો સમય આવે ત્યારે આ પક્ષી દેખાય છે. આથી તથા નર અને માદાનો પીળો અને લીલો રંગ કેરીના રંગને મળતો આવવાથી આ પક્ષી આમ્રપક્ષી પણ કહેવાય છે. આ પક્ષી જમીન ઉપર તેમ જ નાનાં ઝાડ ઉપર કોઈ દિવસ ઊતરતું જ નથી. તે ભીરુ અને એકાંતપ્રિય છે. જીવજંતુ અને ફળ તેનો ખોરાક છે. તે એકી સાથે બેથી ચાર ઈંડાં મૂકે છે. આ પક્ષીની બીજી જાત કાળા માથાવાળી પણ હોય છે.

કનકસુંદર ૧. [સં.] પું. (વૈદ્યક) જ્વર અને અતિસાર માટેની એક દવા. તે બનાવવા શુદ્ધ પારદ, શુદ્ધ ગંધક, મરી, ટંકણ અને અભ્રક ભસ્મ સરખે ભાગે લઈ તેને ભારંગમૂળના કવાથની છ કલાક ભાવના દઈ ગોળી કરવી. તેની માત્રા રતી ૧ થી ૨ છે. શુદ્ધ હીંગળો, મરી, ગંધક, પીપર, ટંકણખાર, કાળીજીરી, શુદ્ધ વછનાગ અને કાળા ધતૂરાનાં બી સરખે ભાગે લઈ એક પહોર સુધી ભાંગના કવાથમાં ઘૂંટી ચણા જેવડી ગોળી કરવાથી પણ આ દવા બને છે. ક્ષય માટે પણ આ દવા ઉપયોગી મનાય છે. સુવર્ણ ભસ્મ તોલો એક, પારદ, ગંધક, શુદ્ધ મનઃશીલ, શુદ્ધ મોરથૂથુ, માક્ષિક ભસ્મ, શુદ્ધ હરતાલ, શુદ્ધ વછનાગ અને ટંકણખાર દરેક ચચ્ચાર તોલા લઈ જાઈ, ભાંગરો, કાળીપાટ, અરડૂશી, અગથીઓ, લાંગલી અને ચિત્રક એ સાત ચીજની એકેક ભાવના આપી પછી આદુના રસની સાત ભાવના આપવી. તેની માત્રા રતી ૨ થી ૩ છે. મધ, ઘી, પીપર, મરી અથવા આદુનો રસ તેના અનુપાન તરીકે છે. આ દવા ચાલતી હોય ત્યારે ખટાશ ન ખાવી.

૨. પું. નાકર યુગનો એક જૈન કવિ. તેણે સં. ૧૬૬૭માં શગાળશાહ રાસ બનાવ્યો હતો.

૩. પું. હાથી.

કનકસૂત્ર ૧. [સં.] પું. સોનાની માળા.

૨. પું. સોનાનો કંદોરો.

કનકસેન પું. ઈ. સ. ૨૦૦માં વલ્લભી સંવત ચલાવનાર સિસોદિયા વંશનો એક પ્રતિષ્ઠિત રાજા.

કનકસૌભાગ્ય પું. નાકર યુગનો એક કવિ. જુઓ કનકસુંદર.

કનકસ્થલી [સં.] સ્ત્રી. સોનાની ખાણ; સુવર્ણભૂમિ.

કનકસ્વરસ [સં.] પું. ધતૂરાનાં પાન વાટી લૂગડા વતી ગાળેલો રસ.

કનકા ૧. સ્ત્રી. પતંગ.

૨. ન. એક જાતનો જંગલી છોડ.

કનકાઈ ૧. સ્ત્રી. એ નામની એક દેવી.

૨. સ્ત્રી. એ નામનું કાઠિયાવાડમાં આવેલું એક ગામ. રુક્મિણિના પિતા ભીષ્મકની રાજધાની કુંડીનપુર તેજ આ ગામ મનાય છે.

કનકાકાર [સં.] વિ. સોનેરી; સોનાનું.

કનકાચલ ૧. [સં.] પું. સુમેરુ પર્વત.

૨. પું. સોનાનો પહાડ.

કનકાચળ જુઓ કનકાચલ.

કનકાદ્રિ જુઓ કનકાચલ.

કનકાધ્યક્ષ [સં.] પું. સોનાનું રક્ષણ કરવા માટે નીમેલો અધિકારી.

કનકાની પું. એક જાતનો ઘોડો. તે ગધેડાથી જરા મોટો, કદમબાજ તથા તેજ હોય છે.

કનકાપુરી ન. ભરૂચ જિલ્લામાં જંબુસર પરગણાનું એક ગામ. તે શ્રાવકોનું યાત્રાસ્થાન છે. અહીંનાં સાસુવહુનાં મંદિર જોવા જેવાં છે. દંતકથા એવી છે કે સાસુએ બંધાવેલું દહેરૂં જોવા જતાં વહુ ઊંચા કદની હોઈ બારણું નીચું હતું તે તેના માથામાં વાગ્યું. તેથી વહુ બોલી કે આવો દરવાજો શું કર્યો છે? સાસુ બોલી ત્યારે તું સારો બંધાવજે. તે પછી વહુએ સસરા પાસે નાણું માગતાં તેણે કહ્યું કે હવે આવતાં સાત વહાણનો નફો આવે તે આપશું. આ પછી તે વહાણોનો નફો રૂા. ૧૧,૦૦,૦૦૦ આવ્યો અને બીજું દહેરૂં બંધાવ્યું. આ દહેરાંનો વહીવટ હાલ શ્રાવકો કરે છે.

કનકાભિષેક [સં.] પું. વિવાદમાં જીતેલા આચાર્યનો કરવામાં આવતો અભિષેક.

કનકાયુ [સં.] પું. ધૃતરાષ્ટ્રના સો પુત્રમાંના એકનું નામ.

કનકાર [સં.] પું. કોવિદાર વૃક્ષ.

કનકારક જુઓ કનકાર.

કનકારિષ્ટ [સં.] પું. (વૈદ્યક) શ્વાસ, ઉધરસ, દમ, સળેખમ, તથા છાતીના બધા રોગમાં ઉપયોગી મનાતી એક આયુર્વેદિક દવા.

કનકાલુકા [સં.] સ્ત્રી. સોનાની ઝારી; સોનાનો કળશ.

કનકાવતી ૧. સ્ત્રી. ચૌદ યક્ષિણીમાંની એક. મહાયક્ષિણી, સુરસુંદરી, મનોહરી, કનકાવતી, કામેશ્વરી, રતિકરી, પદ્મિની, નટી, અનુરાગિણી, વિશાલા, ચંદ્રિકા, લક્ષ્મી, શોભના અને મદના એ ચૌદ યક્ષિણીઓ છે. ત્રિકાળદર્શકદર્પણ

૨. ન. જમના નદી તથા પૈશુનીનો સંગમ થાય છે ત્યાં દક્ષિણ કાંઠા ઉપર આવેલું કંકોટા અથવા કનકકોટ ગામ.

કનકાવલિ ૧. [સં.] પું. ડોકમાં પહેરવાનો સોનાનો હાર.

૨. ન. (જૈન) પાંચ વર્ષ નવ માસ અઢાર દિવસમાં થતું એક તપ. તેની આંકડામાં સ્થાપના કરતાં કનકાવલિનો આકાર નીચે પ્રમાણે થાય છે:



ઉપરના કોષ્ટકમાં ચાર પરિપાટી એટલે કટકા

છે. તેમાં પહેલી પરિપાટીમાં એક ઉપવાસથી શરૂ કરી છઠ એટલે બે ઉપવાસ અને અઠમ એટલે ત્રણ ઉપવાસ સુધી ચડી આઠ અઠમ કરી વળી એક ઉપવાસથી સોળ ઉપવાસ સુધી ચડાવવા. બીજી પરિપાટીમાં ચોત્રીશ અઠમ કરવા. ત્રીજી પરિપાટીમાં પહેલી પરિપાટીથી ઊલટી રીતે કરવું એટલે સોળથી ઘટાડી એક સુધી આવી આઠ અઠમ કરી અઠમ, છઠ અને એક ઉપવાસ કરવો. ચોથી વચ્ચેની પરિપાટીમાં ચોત્રીશ અઠમ કરવા. એકેક પરિપાટીમાં એક વરસ પાંચ માસ અને બાર દિવસ લાગે. ચારેમાં પાંચ વર્ષ, નવ માસ અને અઢાર દિવસ લાગે.

કનકાવલિતપ જુઓ કનકાવલિ ૨.

કનકાસન ૧. [સં.] ન. બેસવાનું સોનાનું આસન.

૨. ન. સોનાનું સિંહાસન.

કનકાસવ [સં.] પું. (વૈદ્યક) હેડકી, શ્વાસ, ફેફસાનાં દરદ, ઉધરસ, ક્ષય અને ન્યુમોનિઅમાં ફાયદાકારક મનાતો એક આયુર્વેદિક દારૂ. તે બનાવવા ધતૂરાનું પંચાંગ પળ ૪, અરડૂસાનું પંચાંગ પળ ૪, જેઠીમધ, પીપર, ભોરિંગડીનાં મૂળ, નાગકેસર, સૂંઠ, ભારંગમૂળ અને તાલિસપત્ર એ બધાનું વસ્ત્રગાળ ચૂર્ણ એકેક તોલો, ધાવડીનાં ફૂલ એક પ્રસ્થ, દ્રાક્ષ વાટેલી પળ ૨૦, પાણી દ્રોણ બે, સાકર તુલા એક, અને મધ તુલા અરધી બધાં સાથે મેળવી એક માસ સુધી માટીના રીઢા વાસણમાં રાખી મૂકવું. આ આસવ દિવસમાં એકથી બે ચમચા બે વખત પાણી સાથે આપવો.

કનકાસ્ત્ર [સં.] ન. અગ્નિ ઝરતો હોય એવું સોનાનું એક હથિયાર.

કનકાહ્વ ૧. [સં.] પું. ધતૂરો.

૨. પું. નાગકેસર.

૩. ન. ફૂલ.

કનકાહ્વય જુઓ કનકાહ્વ.

કનકાંગદ ૧. પું. ધૃતરાષ્ટ્ર રાજાનો સો માંહેનો એક દીકરો.

૨. [સં.] પું. સોનાનો બાજૂબંધ.

કનકાંગદી [સં.] પું. વિષ્ણુ ભગવાન. માયાવતારમાં સોનાના બાજૂબંધ તેમણે પહેરેલા હોવાથી તેઓ કનકાંગદી કહેવાય છે.

કનકિતા [સં.] પું. (પિંગળ) બે ભગણ, બે નગણ, અને ગુરુ મળી ૧૩ વર્ણનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ.

ભા ભ ન ના ગ થકી રચ **કનકિતા.**
રણપિંગળ

કનકી ૧. [હિં.] સ્ત્રી. ભાંગેલા ચોખા; કણકી.

૨. વિ. સોનાનું.

કનકુતા જુઓ કનકૂત.

કનકૂ ૧. [અ.] પું. કિનારો.

૨. પું. પાંખ.

૩. પું. બાજૂ.

કનકૂડો (કનકૂડ઼ો) પું. કનકવો; પતંગ.

કનકૂત ૧. [હિં.] પું. ઊભા પાકની માપણી કરવા અને તેની કીમત આંકવા નિમાયેલ અધિકારી.

૨. સ્ત્રી. ઊભા મોલની કીમત.

કનકૂન સ્ત્રી. ઝાડ ઉપર રહેતી અને ઘણે દૂર કૂદકો મારી શકતી ઘણી બેડોળ, ઝેરી, પાંચથી છ ઈંચ લાંબી, દોઢ ઇંચની પૂછડીવાળી ગરોળી. એના ડંખથી મનુષ્ય કવચિત જ જીવે.

કનકૈયા ૧. સ્ત્રી. એક જાતનો જંગલી છોડ.

૨. સ્ત્રી. પતંગ.

કનકો જુઓ કનકૂડો.

કનકોજજવલ [સં.] વિ. સોનાના જેવું પ્રકાશિત.

કનકોત્સવ [સં.] પું. સુવર્ણ મહોત્સવ.

કનકૌવા જુઓ કનકૂડો.

કનખ જુઓ કનકૂડો.

કનખલ [સં.] ન. હરદ્વારની પૂર્વે ગંગા અને નીલધારાના સંગમ આગળ બે માઇલ ઉપર આવેલું એક ગામ. દક્ષયજ્ઞ અહીં થયાનું મનાય છે. મહાભારતમાં આને એક તીર્થસ્થળ તરીકે વર્ણવેલ છે. તેની ઉત્તરમાં બે માઇલ ઉપર ગંગાની નહેર આવેલી છે.

કનખલ ઘાટ ઉપર સ્નાન કરાય છે. કાંઠા ઉપર રાધાકૃષ્ણનું અલૌકિક બાંધકામનું મંદિર છે. પાસે જ બીજું બ્રહ્મેશ્વરનું મંદિર છે. દક્ષ પ્રજાપતિની ત્યાં જગ્યા છે. ઉમિયાજી જ્યાં સમાયાં હતાં તે કુંડ પણ ત્યાં છે.
આર્યાવર્તયાત્રા

કનખલા પું. (બૌદ્ધ) ચોરાશી માંહેનો એ નામનો એક સિદ્ધ.

કનખૂલ જુઓ કનખલ.

કનગુરિઆ [હિં.] સ્ત્રી. ટચલી આંગળી.

કનછુંગલી જુઓ કનગુરિઆ.

કનછેદ પું. છિદ્રાળુ હોવાપણું.

કનજર સ્ત્રી. કુદૃષ્ટિ; ખરાબ નજર.

કનજરી ૧. સ્ત્રી. રખાત; ઉપસ્ત્રી.

૨. વિ. ખરાબ દૃષ્ટિવાળું.

કનજા ૧. સ્ત્રી. (જ્યોતિષ) એ નામની રાશિ.

૨. સ્ત્રી. દશ વર્ષ નીચેની કુંવારી છોકરી.

૩. સ્ત્રી. દુર્ગા; પાર્વતી.

૪. સ્ત્રી. પરણતી છોકરી.

કનટારી ૧. પું. કસાઈ.

૨. પું. દશ બાર ફૂટ ઊંચો થતો કાંટાળો એક છોડ.

૩. પું. વેરાન જમીનમાં ઊગતું જાડું ઘાસ.

કનટી સ્ત્રી. રાતો સોમલ.

કનડ (કનડ઼) ૧. સ્ત્રી. દુઃખ; પીડા; સંકટ.

૨. સ્ત્રી. નડતર; અડચણ; હરકત.

૩. સ્ત્રી. હેરાનગતિ; પજવણી.

કનડગત (કનડ઼ગત) જુઓ કનડ.

કનડવું (કનડ઼વું) ૧. સ. ક્રિ. દુઃખ દેવું; પીડવું.

૨. સ. ક્રિ. પજવવું; હેરાન કરવું.

૩. સ. ક્રિ. હરકત કરવી; વિઘ્ન નાખવું.

કનડાટ (કનડ઼ાટ) જુઓ કનડ.

કનડી (કનડ઼ી) [હિં.] સ્ત્રી. (સંગીત) એ નામની એક રાગણી.

કનતાન ન. શણનું બનતું એક જાતનું કાપડ. વહાણના સઢ બનાવવામાં તે ઉપયોગી છે.

કનદિયારી સ્ત્રી. રક્તપિત્ત, દમ, ખાંસી અને તાવમાં ઉપયોગી મનાતી એક વનસ્પતિ; ઊભી ભોરિંગડી.

કનદોઈ ૧. પું. ભાડભૂંજો.

૨. સ્ત્રી. ખાંડ ઉકાળવાની કડાઈ.

કનન [સં.] વિ. કાણું; એક આંખવાળું.

કનપટી સ્ત્રી. કાન અને આંખ વચ્ચેનો ભાગ.

કનફટા ૧. પું. ગોરખનાથનો અનુયાયી યોગી. તે કાન ફડાવી તેમાં લાકડાં, માટી વગેરેની મુદ્રા પહેરે છે.

૨. વિ. કાન ફાટેલું.

કનફડા (કનફ઼ડ઼ા) જુઓ કનફટા.

કનફૂલ ન. સ્ત્રીઓનું કાનનું ઘરેણું; કનકફૂલ.

કનફેડ (કનફેડ઼) પું. કાન અને ગળા વચ્ચેની કોથળી સોજી જવી તે; ગાલપચોળિયાં.

કનફેર જુઓ કનફેડ.

કનબુઝ જુઓ કનફેડ.

કનમાત્ર અ. ઘણા થોડા પ્રમાણમાં.

કનયૂન પું. સફેદ કશ્મીરી ચોખાની એક જાત.

કનર સ્ત્રી. કોડીનાર પાસેના દરિયામાં થતી એક માછલી.

કનરસ [હિં.] પું. સંગીત વગેરે સાંભળવાનો આનંદ.

કનરસિયું વિ. ગાવું, બજાવવું વગેરે સાંભળવાનો શોખીન; સંગીતપ્રિય.

કનરા ન. એક જાતનું પક્ષી; બુલબુલ.

કનરાજ ન. એ નામનું ઝાડ; બિડૂલ; રક્તકંચન.

કનરો પું. (સંગીત) દિવસને ચોથે પહોરે ગવાતો એક રાગ.

કનલ [સં.] વિ. પ્રકાશિત; દેદીપ્યમાન.

કનવઈ સ્ત્રી. માટીવાળી જમીનની એક જાત.

કનવક [સં.] પું. એ નામનો યદુવંશી એક ક્ષત્રિય.

કનવા ૧. સ્ત્રી. દરકાર; ચિંતા.
૨. સ્ત્રી. શેરના વીશમા ભાગનું માપ.

કનવાઈ સ્ત્રી. કાન વીંધવા તે.

કનવાત ન. દરજી લોકોના કબીલાનું એક નામ.

કનવાર ૧. સ્ત્રી. ખણખોજ; પંચાત.
૨. સ્ત્રી. દરકાર; ચિંતા.
૩. સ્ત્રી. નિષેધ; અટકાવ; મનાઈ.
૪. સ્ત્રી. પરવા; તમા.
૫. સ્ત્રી. લક્ષ; ધ્યાન; કાળજી.

કનશલાઈ પું. કાનખજૂરાની એક જાત. તે કાનમાં થઈને મગજમાં પેસી જાય. તેના કરડવાથી બહુ દુઃખ થાય અને કોઈ વખત મૃત્યુ પણ થાય.

કનશી સ્ત્રી. પંજાબ તરફની એક ભાષા.

કનસલાઈ જુઓ કનશલાઈ.

કનસલો જુઓ કનશલાઈ.

કનસાર ૧. પું. કંસાર; લાપસી.
૨. વિ. તામ્રપટ ઉપર લેખ કોતરનાર.

કનસારા જુઓ કનશલાઈ.

કનસારી ૧. સ્ત્રી. કંસારાની સ્ત્રી.
૨. સ્ત્રી. કંસારી; એક જીવડું.
૩. સ્ત્રી. જટામાંસી નામની વનસ્પતિ.

કનસારો પું. કંસારો.

કનસ્તર ૧. [અં. કેનિસ્ટર] ન. ખાંડ ભરવાની ગુણ.
૨. ન. ચાર હજાર પડીઆનો જથ્થો.
૩. ન. ટિનના પતરાનો દાબડો.
૪. ન. નેતર અથવા વાંસની ચીપોની ગુણ.
૫. ન. પડો; શીંકી.
૬. ન. વાંસ અથવા ઘાસની ચીપોની ટોપલી અથવા કંડિયો.

કનહા પું. ઊભા મોલની કીમત આંકનાર અમલદાર.

કનહાઈ ૧. સ્ત્રી. ઊભા પાકની કીમતની આંકણી.
૨. વિ. ઊભા પાકની કીમત આંકનાર.

કનહાઈ બંસી પું. પાતળી છાલની, ધોળા માવાવાળી, રેશા વિનાની, ગુલાબના જેવી સુગંધવાળી, લાંબી અને પહોળી કેરીની એક જાત.

કનહારો ૧. પું. બળવાન માણસ.
૨. પું. મલ્લ.

કનહૈયો ૧. પું. કૃષ્ણ ભગવાન; કનૈયો.
૨. પું. ખૂબસૂરત છોકરો.
૩. પું. છેલબટાઉ.

કનંગર પું. પથ્થરનું એક જાતનું હથિયાર.

કનંદા ૧. ન. ખોદવાનું ઓજાર.
૨. વિ. ખોદનાર.

કના ૧. [સં.] સ્ત્રી. સૌથી નાની છોકરી.
૨. વિ. સ્ત્રી. સૌથી નાની.

કનાઅત [અ.] સ્ત્રી. સંતોષ; તૃપ્તિ.
કનાઅત કરવી = જેટલું હોય તેટલાથી સંતોષ માનવો.

કનાઈ ૧. પું. કનૈયો; શ્રીકૃષ્ણ.
૨. સ્ત્રી. લજ્જા; શરમ.

કનાઈબશી સ્ત્રી. દશથી બાર ઇંચ લાંબાં અને ઘણાં સ્વાદિષ્ટ કેળાંની એક જાત.

કનાકચૂ [હિં.] પું. એક જાતની શાકભાજી.

કનાગત ૧. પું. આસો માસનું કૃષ્ણપક્ષ.
૨. પું. મરણક્રિયા.
૩. પું. શ્રાદ્ધ.

કનાજા ૧. સ્ત્રી. ચુંવાળિયા કોળીની એ નામની જાતિ.
૨. ન. ચુંવાળિયા કોળીની એ નામની જાતિનું માણસ.
૩. વિ. કોળીની એ નામની જાતનું.

કનાણી ૧. સ્ત્રી. કડવા કણબીની એ નામની અટક.
૨. ન. એ નામની કણબીની અટકનું માણસ.
૩. વિ કણબીની એ નામની અટકનું.

કનાત ૧. [અ.] સ્ત્રી. જાડા બેવડા કપડાનો વાંસની સાથે સીવીને બનાવેલો પડદો.
કનાત ખેંચવી–ઘેરવી = તંબૂની આસપાસ વાડ કરવી.
૨. સ્ત્રી. તબેલો; ઘોડાર.
૩. સ્ત્રી. તંબૂની કપડાની દીવાલ.

કનાન [અ.] પું. એ નામનો એક દેશ.

કનાની [અ.] વિ. કનાન દેશ સંબંધી.

કનાયન પું. ગૌતમ ઋષિનો એ નામનો શિષ્ય.

કનાર ૧. સ્ત્રી. બોર.
૨. સ્ત્રી. બોરડીનું ઝાડ.
૩. સ્ત્રી. લોઢાની આંકડી; હાથી મારનો અંકુશ.
૪. સ્ત્રી. સરહદ; કિનાર.

કનારવું અ. ક્રિ. ફરિયાદ કરવી.

કનારા ૧. સ્ત્રી. આહીરની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કનારો પું. (ડિંગળ) કિનારો; કાંઠો.

કનાલ ૧. [અં. કનૅલ] સ્ત્રી. વહાણોને જવા આવવાની સરળતા માટે બે મોટી નદી, અખાત કે સમુદ્રની વચ્ચે કાઢવામાં આવતી કૃત્રિમ ખાડી.
૨. સ્ત્રી. સાંતીનો આઠમો ભાગ.

કનાસા સ્ત્રી. જમીનમાં નાખેલી સાંકળ. તેની સાથે હાથીને બાંધેલી સાંકળ આઘીપાછી ન થાય તે માટે બાંધવામાં આવે છે.

કનાસ્તર જુઓ કનસ્તર.

કનાહ ૧. પું. ફળનો સડેલો ગર્ભ.
૨. વિ. કાણું; એક આંખવાળું.

કનાહુ સ્ત્રી. પ્રહ્લાદની માનું નામ.

કનિકા ૧. સ્ત્રી. કોકિલા; કોયલ.
૨. સ્ત્રી. ટુકડો.
૩. સ. કોણ.

કનિત ૧. [સં.] વિ. પવિત્ર; શુદ્ધ.
૨. વિ. સારૂં.

કનિયાહટ સ્ત્રી. શરમાળપણું.

કનિયાં ૧. સ્ત્રી. ખોળો.
૨. સ્ત્રી. નાળિયેર, મીઠાઈ અને રાતા નાડાની કન્યાને ભેટ.
૩. સ્ત્રી. બાળકને ખોળે બેસાડવાની ક્રિયા.

કનિશ પું. લોબિયો.

કનિશ્ત [ફા.] પું. ખ્રિસ્તી દેવળ.

કનિષ્ક પું. બૌદ્ધ ધર્મનો પ્રચાર કરનાર એક સમર્થ રાજા.

કનિષ્કપુર ન. શ્રીનગરની દક્ષિણે દશ માઈલ ઉપર આવેલું ગામ; કામપુર. તે કનિષ્કે વસાવ્યું હતું.

કનિષ્ઠ ૧. [સં.] પું. નાનો ભાઈ.

અનુજ અવજંસ નાભિ વળી જવિષ્ઠ **કનિષ્ઠ** કનીય,
લઘુ સહોદરની સકુચ, હોય નહિ હે ત્તીય.
પિંગળલઘુકોષ

૨. પું. શિવ; શંકર; મહાદેવ.
૩. વિ. અતિ તરુણ.

૪. વિ. ઉત્તર કાળે થયેલ.

૫. વિ. ઉમરમાં સૌથી નાનું.

૬. વિ. છેક ઊતરતું; હલકામાં હલકું; નીચ.
કનિષ્ઠ ચાકરી = ગરીબાઈવાળી સ્વતંત્રતા એ
શ્રીમંતાઈવાળી ગુલામી કરતાં સારી છે.

૭. વિ. પગ નીચા હોય એવું.

૮. વિ. બહુ થોડું.

૯. વિ. સૌથી નાનું.

કનિષ્ઠઉદય પું. ૭ હાથ ઊંચાઈ.

કનિષ્ઠક [સં.] ન. એક જાતનું ઘાસ.

કનિષ્ઠકાલકંજ પું. (જ્યોતિષ) શામશબલ નક્ષત્રનો એક તારો.

કનિષ્ઠતા ૧. [સં.] સ્ત્રી. અત્યંત નાનાપણું.

૨. સ્ત્રી. બહુ થોડાપણું.

૩. સ્ત્રી. હલકાપણું; અધમતા; ઊતરતાપણું.

કનિષ્ઠત્વ જુઓ કનિષ્ઠતા.

કનિષ્ઠપક્ષ ૧. [સં.] પું. છેક ઊતરતો પક્ષ.

૨. પું. છેલ્લી પાયરી.

૩. પું. છેલ્લો ઉપાય.

૪. પું. હલકી રીત.

કનિષ્ઠપક્ષે ૧. અ. કમમાં કમ; ઓછામાં ઓછી રીતે.

૨. અ. છેવટે; ન ચાલતાં.

કનિષ્ઠપદ ૧. [સં.] ન. બીજગણિત.

૨. ન. બીજગણિતમાં કહેલું એક વર્ગમૂળ.

કનિષ્ઠફલ [સં.] ન. (ગણિત) આપેલાં સમીકરણોમાંથી અજ્ઞાત ઉડાડી મૂકયા પછી સમીકરણો જે રૂપમાં રહે તે રૂપ; 'ડિટર્મિનેશન'.

કનિષ્ઠમાન [સં.] ન. અઢીસો દંડ ઊંચી પાળવાળું તળાવ.

કનિષ્ઠમૂલ [સં.] ન. (ગણિત) જો કોઈ સંખ્યાના વર્ગને આપેલી સંખ્યાએ ગુણી અથવા ભાગીને આપેલી સંખ્યા ઉમેરવાથી અથવા બાદ કરવાથી બીજી કોઈ સંખ્યાનો વર્ગ થાય તેવી પહેલી મૂળ સંખ્યા.

કનિષ્ઠા ૧. [સં.] પું. (જ્યોતિષ) હસ્ત નક્ષત્રનો સૌથી ચળકતો તારો.

૨. સ્ત્રી. એક જાતની નાયિકા.

૩. સ્ત્રી. ટચલી આંગળી; સૌથી નાની આંગળી.

૪. સ્ત્રી. દુર્બળ આંગળી.

૫. સ્ત્રી. નાના ભાઈની સ્ત્રી.

૬. સ્ત્રી. નાની ઉમરની સ્ત્રી.

૭. સ્ત્રી. નાની બહેન.

૮. સ્ત્રી. બે અથવા વધુ સ્ત્રીમાં જેના ઉપર સૌથી ઓછો પ્રેમ હોય તે સ્ત્રી.

૯. સ્ત્રી. બે કે વધારે સ્ત્રીમાં સૌથી છેલ્લી પરણેલી સ્ત્રી.

૧૦. વિ. સ્ત્રી. નાની.

કનિષ્ઠાપ્રકર્ષણી [સં.] સ્ત્રી. એ નામની એક પેશી. તે વર્તુળક નામના કૂર્ચ્ચાસ્થિના ફેણ જેવા ભાગ ઉપરથી તેમ જ કંકણિક સ્નાયુ ઉપરથી ઉત્પન્ન થઈને ટચલી આંગળીના પાછલા વેઢાના મૂળમાં લાગેલી છે.

કનિષ્ઠાપ્રસારણી [સં.] સ્ત્રી. ટચલી આંગળીને લાંબી કરનાર એક પેશી.

કનિષ્ઠામૂલકર્ષણી [સં.] સ્ત્રી. ફણધર નામના કૂર્ચ્ચાસ્થિના ફેણ જેવા ભાગ ઉપરથી તેમ જ કંડણિક સ્નાયુ ઉપરથી ઉત્પન્ન થઈ કનિષ્ઠામૂળશલાકાની અંદરની બાજુને લાગેલી પેશી.

કનિષ્ઠામૂલશલાકા [સં.] સ્ત્રી. ટચલી આંગળીના મૂળમાં રહેલું હાડકું. તેના મૂળ ભાગની બહારની બાજુ ઉપર એક મોટું અર્બુદ એટલે ઉપસેલો ભાગ છે.

કનિષ્ઠાસંકોચની [સં.] સ્ત્રી. એ નામની પાદતલની એક પેશી. છેલ્લી આંગળીની મૂળ શલાકા ઉપરથી ઉત્પન્ન થઈ તેના જ પાછલા પર્વના મૂળ ભાગને આ પેશી લાગેલી છે. પગની કનિષ્ઠા આંગળીને તે સંકોચે છે.

કનિષ્ઠિકા ૧. [સં.] સ્ત્રી. ટચલી આંગળી.

૨. સ્ત્રી. નાની બહેન.

૩. સ્ત્રી. (જ્યોતિષ) હસ્ત નક્ષત્રનો પહેલો તારો.

કનિસ્ત [ફા.] પું. ખ્રિસ્તી દેવળ.

કનિહા વિ. વેર રાખે એવું.

કની ૧. [સં.] સ્ત્રી. કણ; રજકણ.

૨. સ્ત્રી. કન્યા; કુંવારી છોકરી.

૩. સ્ત્રી. (જ્યોતિષ) કન્યા રાશિ.

૪. સ્ત્રી. ચોખાનો રાંધ્યા વગરનો દાણો.

૫. સ્ત્રી. દીકરી.

૬. સ્ત્રી. દુર્ગા; પાર્વતી.

૭. સ્ત્રી. પતંગની દોરી.

૮. સ્ત્રી. બહેન.

૯. સ્ત્રી. ભાંગેલા ચોખા; કણકી.

૧૦. સ્ત્રી. હીરાની કણી.

૧૧. અ. અથવા નહિ; કે નહિ.

કનીઆ પું. શેવડા ચોરાશી ગચ્છનો એ નામનો એક પેટા ગચ્છ.

કનીઆર ન. એક જાતનું ઝાડ; વનરાજ.

કનીઓ પું. રાંપની બંને બાજુના છેડાને દાઢામાં રાખવાના કામમાં આવતો હળનો ભાગ.

કનીક [સં.] વિ. ઘણું બારીક.

કનીચિ ૧. [સં.] સ્ત્રી. ગાડું.

૨. સ્ત્રી. ચણોઠી.

૩. સ્ત્રી. લતા; વેલ.

કનીજ પું. ઘાણા.

કનીઝ (કનીઝ) [ફા.] સ્ત્રી. ગુલામ સ્ત્રી; લોંડી; ગુલામડી.

કનીઝક (કનીઝક) [ફા.] જુઓ કનીઝ.

કનીઝકઝાદા (કનીઝકઝાદા) [ફા.] પું. ગુલામડીનો દીકરો.

કનીઝકી (કનીઝકી) [ફા.] સ્ત્રી. ગુલામી; દાસત્વ.

કનીઝગી (કનીઝગી) જુઓ કનીઝકી.

કનીઝા (કનીઝા) જુઓ કનીઝ.

કનીઝી (કનીઝી) જુઓ કનીઝકી.

કનીઝોર પું. સંયોગ.

કનીન ૧. [સં.] વિ. જુવાન.

૨. વિ. સુંદર.

કનીનક ૧. [સં.] પું. કન્યાની ઇચ્છાવાળો પુરુષ.

૨. પું. છોકરો.

૩. પું. યુવાન.

૪. ન. આંખની કીકી.

કનીનકા ૧. [સં.] સ્ત્રી. આંખની કીકી; સુંદર પૂતળી.

૨. સ્ત્રી. કન્યા.

કનીનિકા ૧. [સં.] સ્ત્રી. કીકી; આંખની પૂતળી.

૨. સ્ત્રી. ટચલી આંગળી; નાની આંગળી.

કનીનિકાસંકોચ [સં.] પું. આંખની કીકી સંકોચવાથી થતો એક રોગ.

કનીની જુઓ કનીનિકા.

કનીય ૧. [સં. કનીયસ્] પું. નાનો ભાઈ.

અનુજ અવર્જંસ નાભિ વળી જવિષ્ઠ કનિષ્ઠ **કનીય,**
લઘુ સહોદરની સકુચ હોય નહિ હે ત્તીથ.
પિંગળલઘુકોષ

૨. ન. તાંબું.

૩. વિ. ઊતરતું; ગૌણ.

૪. વિ. ઓછું; થોડું.

૫. વિ. નાનું.

૬. વિ. યુવાન.

કનીયસ ૧. [સં.] ન. તાંબું.

૨. વિ. ઉમરમાં નાનું.

૩. વિ. ઓછું; થોડું.

કનીયા પું. (પિંગળ) તગણ, સગણ, યગણ, યગણ અને લઘુ મળી તેર વર્ણનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કનૈયા. તે અતિજગતીનો ભેદ છે.

તા, સા, ય, ય, લથી **કનીયા** કરો વૃત્ત.
રણપિંગળ

કનીયાન [સં. કનીયસ્] જુઓ કનીય.

કનીયો પું. રાંપનો વાળેલો છેડો.

કનીરા ૧. [અ.] પું. તીર બનાવનારા લોકો.
૨. સ્ત્રી. આહીરની એક અટક.
૩. ન. એ અટકનું માણસ.
૪. વિ. એ નામની અટકનું.

કનુ [અં. કૅનો] ન. ઝાડના થડમાંથી કોતરી કાઢી બનાવેલું હોડકું.

કનૂજ [સં.] ન. ગંગા નદી ઉપર આવેલું એક પ્રાચીન શહેર; કાન્યકુબ્જ.

કનૂન ૧. પું. ધારો.
૨. સ્ત્રી. વીણા.

કનૂરક પું. એ નામનો એક સુશોભિત છોડ.

કને ૧. [સં. કર્ણે-કણ્ણે-કન્હઈ-કને] અ. તાબે; કબજે.

૨. અ. નજીક; પાસે; સોડે.

કનેક્શન [અં.] ન. સંબંધ; જોડાણ.

કનેટી [હિં.] સ્ત્રી. કાન ખેંચવા તે.

કનેડ (કનેડ઼) સ્ત્રી. સરહદ; સીમા.

કનેડગત (કનેડ઼ગત) સ્ત્રી. હેરાનગતિ; નડતર.

કનેડવું (કનેડ઼વું) સ. ક્રિ. હેરાન કરવું; સતાવવું.

કનેત પું. સીમલા તરફ વસતા એક જાતના કોળી લોક.

કનેતર ન. બાધ; નડતર; અડચણ.

કનેર ૧. સ્ત્રી. કણેરનું ઝાડ. તેનાં પાન, ફૂલ તથા મૂળ બહુ જ ઝેરી હોવાથી તેનો ઉપયોગ બહાર લગાડવામાં જ કરાય છે. કણેરનાં પાનના રસનું તેલ કોઢ અને ખસ ઉપર લગાડાય છે.
૨. સ્ત્રી. કોડીનાર પાસેના દરિયામાં થતી એક જાતની માછલી.
૩. સ્ત્રી. સીમા; સરહદ.

કનેરા ૧. સ્ત્રી. કસબણ.
૨. સ્ત્રી. વેશ્યા.
૩. સ્ત્રી. હાથણી.

કનેરિયા ૧. સ્ત્રી. કડવા કણબીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કનેરી ૧. સ્ત્રી. એક જાતનું નાનું પક્ષી.
૨. સ્ત્રી. ઓઢણા અથવા પછેડા ઉપર ચડાવવાની કોર; લેસ.
૩. સ્ત્રી. કાંજી; ચોખાની રાબ.
૪. સ્ત્રી. કિનારી; કોર.
૫. સ્ત્રી. કોડીનાર પાસેના દરિયામાં થતી એક જાતની માછલી.
૬. સ્ત્રી. ચોખાના લોટની ખારી પૂરી.
૭. સ્ત્રી. પાટડાના મથાળાનો ભાગ; તાંતરો; તંત્રક.
૮. સ્ત્રી. ભીંતનો છાપરા નજીકનો ભાગ.
૯. સ્ત્રી. સોનારૂપાની કાંગરી.

કનેરૂં ૧. ન. કિનારો; કોર.
૨. ન. છાપરાંની પાંખે મૂકેલી પાપડી.
૩. અ. પાસે; કને; બાજૂમાં.

કનેલ જુઓ કનેર.

કનેવાળિયો પું. મકાનમાં ઘૂસેલા ચોરનો બહાર નજર રાખવા ઊભેલો સાથી.

કનેં અ. નજીક; પાસે.

કનૈટા ૧. પું. ફળનો સડેલો ગર્ભ.
૨. વિ. કાણું; એક આંખવાળું.

કનૈય પું. કાન વીંધવાની ક્રિયા.

કનૈયા ૧. પું. કાન વીંધવાની ક્રિયા.
૨. પું. કૃષ્ણ ભગવાન.
૩. પું. (પિંગળ) તગણ, સગણ, યગણ, યગણ અને લઘુ મળી તેર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કનીયા. તે અતિજગતીનો ભેદ છે.
૪. સ્ત્રી. બ્રાહ્મણની અને કણબીની એ નામની એક અટક.
૫. ન. એ નામની અટકનું માણસ.
૬. વિ. એ નામની અટકનું.

કનૈયાજી ૧. પું. કૃષ્ણ.
૨. પું. બહુ વહાલો પુરુષ.

કનૈયો ૧. [સં. કમનીય] પું. કૃષ્ણ; કાન; કનાઈ.
૨. પું. નાનો રંગીલો દિયર.
૩. પું. બેલી અથવા રપટાના લાકડાના દાઢામાં રાંપ રાખવાને પાડેલો ખાંચો.
૪. પું. રૂપાળો જુવાન.
૫. વિ. લાલ; ફક્કડ; વરણાગિયું.

કનૈયોકુંવર ૧. પું. કૃષ્ણ. જુઓ કનૈયો.
૨. પું. જુવાનીમાં આવતો પુરુષ.

કનૈલ ૧. પું. એક જાતનું ફૂલઝાડ.
૨. પું. રણમાં ઊગતો કાંટાવાળો એક છોડ; કરિરો. તે ઊંટને ખાવાના કામમાં આવે છે.

કનો પું. સાંઢો.

કનોકન ૧. અ. તદ્દન નજીક; સાવ પાસે.
૨. અ. રૂબરૂ; પોતાને કાને.

કનોચાં ન. બ. વ. કાનની બૂટો.

કનોછા [હિં.] પું. એક જાતનો છોડ. તેનાં પાન ગૂમડાં ઉપર બંધાય છે. એનાં બી માણસના કાનની બૂટને મળતાં હોવાથી તેને હિંદીમાં કનોછા કહે છે. તેને પીળાં કે રાતાં નાનાં ફૂલ થાય છે. તેનાં ફળ આમળાં જેવાં લીલાં થાય છે.

કનોજ ૧. ન. જૈન ઓસવાળ જ્ઞાતિનું એક કુટુંબ.
૨. ન. હિંદુસ્તાનનું એક પ્રાચીન શહેર. ત્યાં પોરસ રાજ્ય કરતો હતો એમ મનાય છે.

કનોજદેશ પું. ગંગા અને જમના નદી વચ્ચેનો પ્રદેશ.

કનોજિયા જુઓ કનોજી.

કનોજી ૧. પું. કનોજ દેશનો માણસ.
૨. સ્ત્રી. એ નામની બ્રાહ્મણની એક જાત.
૩. સ્ત્રી. મધ્ય ગંગા, યમુના અને ઉત્તર પ્રદેશની હિંદી બોલી.
૪. ન. બ્રાહ્મણની એ નામની જાતનું માણસ.
૫. વિ. કનોજ દેશનું રહેવાશી.
૬. વિ. બ્રાહ્મણની એક જાતનું.

કનોટા [સં. કર્ણ] પું. બ. વ. વહાણના રોધ માટેનાં બહારનાં ઢાંકણાનાં પાટિયાં.

કનોટી પું. ઘોડાનો કાન.

કનોડ (કનોડ઼) ૧. પું. કાટખૂણાની સામેની બાજૂ.
૨. પું. કાન; શ્રવણેંદ્રિય.
૩. પું. ગુરુ અક્ષરનો ગણ.
૪. પું. ધ્યાન.
૫. પું. વહાણનો પાછલો ભાગ.
૬. પું. વળાંક; વાંક.
૭. પું. વાસણનો હાથો.

કનોર જુઓ કનોરૂં.

કનોરૂં ૧. વિ. એકલું; અટૂલું; પાડોશ વિનાનું.
૨. વિ. છેવાડાનું.
૩. વિ. મેળ વગરનું; લાગ વિનાનું; કચોરૂં.
૪. વિ. સગવડ વિનાનું.

કનૌજ જુઓ કનોજ.

કનૌજિયા જુઓ કનોજી.

કનૌકા ૧. [હિં.] પું. કિનારો; બગલ.
૨. પું. ખૂણો.
૩. પું. ભાઈ.

કનૌતી ૧. (હિંદી) સ્ત્રી. કાનનું ઘરેણું; એરિંગ.
૨. સ્ત્રી. ઘોડાની કાનસૂરી ચડાવવી તે.
૩. સ્ત્રી. બાજૂના વાળ.

કનૌર ન. એક જાતનું ફળ; 'ચેસ્ટનટ.'

કનૌંડ ૧. પું. કલંક; ડાઘ.
૨. પું. ખામી.
૩. સ્ત્રી. શરમ; લજ્જા.

કન્ટ્રી ૧. [અં.] પું. કેરીની એક જાત.
૨. પું. દેશ; રાષ્ટ્ર; ભૂમિ.
૩. વિ. ગામડાનું; ગ્રામ્ય.

કન્ડક્ટર ૧. [અં.] પું. આગેવાન; નાયક; સંચાલક.
૨. પું. જેમાંથી વીજળી પસાર થઈ શકે તે તાર.
૩. વિ. ઉષ્ણુતાવાહક.
૪. વિ. દોરનાર; ચલાવનાર; લઈ જનાર.

કન્ડક્શન [અં.] ન. જુદી જુદી ગરમીવાળા પદાર્થ એકમેકના સંબંધમાં આવતાં તેમાં થતો ગરમીનો સંચાર.

કન્ડિશન ૧. [અં.] સ્ત્રી. શરત; બોલી.
૨. સ્ત્રી. સ્થિતિ; હાલત.

કન્ડેન્સર ૧. [અં.] ન. ઘનીકરણનું સાધન.
૨. ન. પ્રકાશને એકત્ર કરી જોરથી બહાર ફેંક્નારો કાચ.

કન્ન ૧. પું. કાન.
૨. [સં.] ન. પાપ; પાતક.
૩. ન. મૂર્ચ્છા.
૪. ન. સ્વપ્ન.

કન્નઈ અ. નજીક; પાસે.

કન્નજલૂકા પું. કાનખજૂરો.

કન્નડ (કન્નડ઼) ૧. પું. મહારાષ્ટ્રની દક્ષિણે આવેલો કાનડા પ્રાંત.
૨. વિ. કાનડી.

કન્નબ ૧. [અ.] પું. ગાંજો.
૨. પું. ભાંગ.

કન્નરી ન. એક જાતનું ખંજર.

કન્ના ૧. [સં. કર્ણ] પું. કોર; બાજૂ.
૨. પું. જોડાની સજાઈની બે બાજૂ.
૩. પું. ધાતુના વાસણનું કડું.
૪. પું. પતંગ ઊડી શકે તે માટે ઢઢ્ઢા અને કમાન સાથે બંધાતી દોરી.
૫. પું. બે સામસામેના ખૂણાને જોડનારી લીટી; કર્ણરેખા.

કન્નાડી (કન્નાડ઼ી) સ્ત્રી. દ્રાવિડી ભાષાનો એક પ્રકાર.

કન્નાત સ્ત્રી. તંબૂની દીવાલ.

કન્નાદાર [ફા.] પું. એક જાતના જોડા; 'સ્લિપર'.

કન્નારા ૧. [અ.] પું. કત્લખાનું.
૨. પું. લોઢાની કડીની હાર. તેના ઉપર ખાટકી માંસના કટકા લટકાવે છે.

કન્યાલીક [સં.] ન. કન્યા સંબંધી જૂઠું બોલવું તે.

કન્નાવું ૧. અ. ક્રિ. આનાકાની કરવી.
૨. અ. ક્રિ. પતંગનું એક બાજૂ નમતા રહેવું; ગિન્નાવું.
૩. અ. ક્રિ. મગરૂર થવું.
૪. અ. ક્રિ. હઠ કરવી.

કન્નાસ ૧. પું. રાક્ષસ.
૨. પું. લાલચુ અને ખરાબ સ્વભાવનો માણસ.
૩. પું. લોભી પુરુષ.
૪. [અ. કનસ] વિ. વાળનાર.

કન્નાં [સં. કર્ણ] ન. બ. વ. કનકવાના કપડા અને કાપ એ બેનું જે જગ્યા ઉપર મળવું થાય છે ત્યાં અને તેથી થોડેક દૂર કપડા સાથે બાંધેલી દોરીના બે છેડાની વાળેલી ગાંઠ. જુઓ કન્ના.

કન્નાં લેવાં-કન્નાંમાંથી લેવો = ચગતા કનકવાની સાથે કન્ના આગળથી પેચ કરવા.

કન્ની ૧. [સં. કનિષ્ઠ] સ્ત્રી. નાની પતંગ.
૨. સ્ત્રી. પતંગને કન્નાતી ઓછી કરવા માટે તેને છેડે ચોડાતી પૂંછડી. જુઓ કન્ના.

કન્ની ખાવી = કન્નાવું; પતંગનું એક બાજૂ નમતા રહેવું.

૩. સ્ત્રી. શ્રાવણથી આસો માસ સુધીનો વખત.
૪. સ્ત્રી. હીરાનો કટકો.
૫. ન. થૂલું.

કન્ની કાટવી = છળકપટ કરી નાશ કરવો.

કન્નીદાર વિ. કોરવાળું; ભરત ભરેલું.

કન્નું ન. કનકવાને બાંધેલી દોરી. જુઓ કન્નાં.

કન્નોજ જુઓ કનોજ.

કન્યક ૧. [સં.] પું. એ નામના એક બ્રહ્મર્ષિ.
૨. પું. મહાભારતમાં જણાવેલો એક પ્રાચીન દેશ.

કન્યકા ૧. પું. એ નામનો એક દેશ.
૨. સ્ત્રી. કન્ના; પતંગ નમી ન જાય તે માટે બાંધવાની દોરી.
૩. સ્ત્રી. કન્યાકુમારી નામનું તીર્થ.
૪. સ્ત્રી. કાકડીનો વેલો.
૫. સ્ત્રી. કુંવાર નામની વનસ્પતિ.
૬. સ્ત્રી. ગળો.
૭. સ્ત્રી. દિશા.
૮. સ્ત્રી. દુર્ગા; પાર્વતી.
૯. સ્ત્રી. નાની અને કુંવારી દશ વર્ષની છોકરી; કુમારિકા.
૧૦. સ્ત્રી. નાયિકાનો એક પ્રકાર.
૧૧. સ્ત્રી. નિત્ય યૌવનવાળી સ્ત્રી.
૧૨. સ્ત્રી. બાર માંહેની છઠ્ઠી રાશિ.
૧૩. સ્ત્રી. બાળકી; છોડી; દીકરી.
૧૪. સ્ત્રી. મોટી ઇલાયચી.
૧૫. સ્ત્રી. વાછડી.
૧૬. સ્ત્રી. વારાહીકંદ.
૧૭. સ્ત્રી. વાંઝણી કંટોલી.

કન્યકાછલ [સં.] પું. છોકરીને લલચાવી ઉપાડી જવાપણું.

કન્યકાજન [સં.] સ્ત્રી. કુંવારી છોકરી.

કન્યકાજાત ૧. [સં.] પું. કર્ણ.
૨. પું. કુંવારી છોકરીને જન્મેલો પુત્ર; કાનીન.
૩. પું. વ્યાસ.
૪. વિ. કન્યાથી ઉત્પન્ન થયેલ.

કન્યકાપતિ [સં.] પું. જમાઈ.

કન્યકાપુરાણ [સં.] ન. તિમચ્યા સાતી નામે કવિએ તૈલંગી ભાષામાં રચેલો એક ગ્રંથ. તેનો સાર આ પ્રમાણે છે: રાજમહેન્દ્રી શહેર પાસે વેનુગોડા નામે ગામ હતું. ત્યાંના રાજકુમાર વિષ્ણુધર્મે એક વૈશ્ય કન્યા ઉપર બળાત્કાર કરી તેના કૌમારત્વનો ભંગ કર્યો હતો. તેથી શોકમાં તે કન્યા અગ્નિમાં પડી બળી મૂઈ. આ જાણતાં તેનાં ઘરનાં તથા સગામાંનાં આશરે ૧૦૦ માણસોએ અગ્નિપ્રવેશ કર્યો. વાણિયાઓએ ત બાઈનું નામ કન્યકા પરમેશ્વરી આપી તેની મૂર્તિ કરી બેસાડી. કન્યકા પુરાણમાં તેની હકીકત કરુણ, રસિક તેમ જ ચિત્તવેધક છે.

કન્યકારત્ન [સં.] ન. કન્યારૂપી રત્ન; દીકરી; પુત્રી.

કન્યદ [સં.] પું. બાર મેઘમાંનો એ નામનો એક.

કન્યલા ૧. સ્ત્રી. કન્યા.
૨. [સં.] સ્ત્રી. છોકરી; દીકરી; પુત્રી.

કન્યા ૧. [સં.] પું. (પિંગળ) મગણ અને ગુરુ મળી ચાર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ.

મા ગા **કન્યા**. રણપિંગળ

૨. સ્ત્રી. કન્યાકુમારી નામનું તીર્થ.
૩. સ્ત્રી. કાકડી.
૪. સ્ત્રી. કાકડીનો વેલો.
૫. સ્ત્રી. કુમારિકા; દશ વર્ષની કુંવારી છોકરી.

૬. સ્ત્રી. કુંવાર નામની વનસ્પતિ.

૭. સ્ત્રી. ગળો.

૮. સ્ત્રી. દિશા.

> **કન્યા** કાષ્ઠા કકુભ દિશા ગો આશા દિગજોર,
> ચિંતવન કરતા નાથ તુજ જ્યમ શશિ ઉદય ચકોર.
>
> પિંગળલઘુકોષ

૯. સ્ત્રી. દુર્ગા; પાર્વતી.

૧૦. સ્ત્રી. નાયિકાનો એક પ્રકાર.

૧૧. સ્ત્રી. નિત્ય યૌવનવાળી સ્ત્રી; તરુણી; રમણી.

૧૨. સ્ત્રી. પતંગની દોરી; કન્ના.

૧૩. સ્ત્રી. પુત્રી; દીકરી.

૧૪. સ્ત્રી. (જ્યોતિષ) બાર માંહેની છઠ્ઠી રાશિ. વાહન ઉપર બેઠેલી કુમારિકા જેવી આ રાશિની આકૃતિ છે. તેની કેડ ઉપર આરસી રહેલી છે. આ રાશિના ૫, ઠ, ણ અક્ષર છે. આને દ્વિ સ્વભાવની રાશિ પણ કહે છે. ઉત્તરા ફાલ્ગુનનો પોણો ભાગ તથા હસ્ત અને ચિત્રા નક્ષત્રનો અરધો ભાગ આ રાશિમાં આવે છે. આ રાશિ પાકની કાપણીનો સમય સૂચવે છે.

૧૫. સ્ત્રી. મોટી ઇલાયચી.

૧૬. સ્ત્રી. વાછડી.

૧૭. સ્ત્રી. વારાહીકંદ.

૧૮. વિ. વાંઝણી કંટોલી.

કન્યાકલંક [સં.] ન. કુમારિકાદોષ; કુંવારી અવસ્થામાં લાગેલું લાંછન.

કન્યાકાલ ૧. [સં.] પું. કન્યાને પરણાવી દેવાનો વખત.

૨. પું. કુંવારાપણાનો સમય.

કન્યાકાળ જુઓ કન્યાકાલ.

કન્યાકુબ્જ ૧. [સં.] પું. કનોજ પ્રાંત; કનોજની આજુબાજુનો એ નામનો એક પ્રાચીન દેશ.

૨. સ્ત્રી. બ્રાહ્મણની એક જાત.

૩. ન. કનોજ શહેર.

૪. ન. બ્રાહ્મણની એ નામની જાતનું માણસ.

૫. વિ. બ્રાહ્મણની એ નામની જાતનું.

કન્યાકુમારી ૧. સ્ત્રી. એ નામની દક્ષિણ હિંદની ભૂશિર; રાસકુમારી; 'કેપ કોમોરિન.'

> **કન્યાકુમારીથી** છેટે દૂર અરબી સમુદ્રનાં અને બંગાળી મહાસાગરનાં મોજાં પરસ્પર અથડાતાં દૃશ્ય રમ્ય લાગે છે.
>
> આર્યાવર્તયાત્રા

૨. [સં.] સ્ત્રી. દુર્ગા; પાર્વતી.

૩. સ્ત્રી. હિંદુસ્તાનની દક્ષિણે આવેલું એ નામનું તીર્થ.

કન્યાકૂપ [સં.] ન. એ નામનું તીર્થ.

કન્યાગત ૧. [સં.] ન. (જ્યોતિષ) કન્યા રાશિમાં ગ્રહની સ્થિતિ.

૨. ન. કન્યાની પહેરામણી; પલ્લું; સ્ત્રીધન.

૩. વિ. કન્યા રાશિમાં ગયેલું.

૪. વિ. કન્યાને દાનમાં અપાયેલું.

કન્યાગર્ભ ૧. [સં.] પું. કર્ણ.

૨. પું. કુંવારી અવસ્થામાં જન્મેલ પુત્ર; કાનીન.

૩. પું. ગર્ભમાં કન્યાનું ધારણ થવું તે.

૪. પું. વ્યાસ.

કન્યાગુરુકુલ [સં.] ન. જ્યાં રહી છોકરીઓ જ્ઞાન મેળવે તે સંસ્થા.

કન્યાગૃહ [સં.] ન. છોકરીઓ માટેનું છાત્રાલય.

કન્યાગોલક [સં.] ન. એક જાતનું ધાન્ય.

કન્યાગ્રહણ [સં.] ન. લગ્ન; વિધિપૂર્વક પરણવું તે; કન્યાનું પાણિગ્રહણ.

કન્યાચૂડી (કન્યાચૂડી) સ્ત્રી. પરણતી વખતે કન્યાએ પહેરવાની મંગળચૂડી.

કન્યાચોરી ૧. સ્ત્રી. કન્યા પરણાવવા માટે બ્રાહ્મણને અપાતી દક્ષિણા.

૨. સ્ત્રી. કુંવરીના લગ્ન વખતે લેવાતો કર.

૩. સ્ત્રી. કોઈ પણ માણસની દીકરી પરણતી હોય ત્યારે રાજ્યને આપવાનો કર.

કન્યાચોળી જુઓ કન્યાચોરી.

કન્યાટ [સં.] પું. કન્યા રમે તે ઘરનો મધ્યભાગ; વાસભવન.

કન્યાતીર્થ ૧. [સં.] ન. કાવેરી નદીના કાંઠા ઉપર આવેલું એ નામનું તીર્થ.

૨. ન. કુરુક્ષેત્રમાં આવેલું એક તીર્થ.

૩. ન. દક્ષિણ સમુદ્રના કાંઠા આગળ આવેલું પ્રાચીન તીર્થસ્થાન.

કન્યાદાતા [સં. કન્યાદાતૃ] પું. વિવાહમાં કન્યાનું દાન કરનાર પુરુષ.

કન્યાદાન ૧. [સં.] ન. કન્યાને શાસ્ત્રવિધિ મુજબ કંઈ પણ બદલો લીધા વિના પરણાવવી તે.

૨. ન. પહેરામણી; કન્યાને પરણાવતી વખતે જે કંઈ આપવામાં આવે તે.

કન્યાદાયો પું. કન્યાને અપાતો દાયજો; પહેરામણી.

કન્યાદુર્ગા [સં.] સ્ત્રી. એ નામની એક દેવી. તેનું સ્થાન દક્ષિણ સમુદ્રને કાંઠે છે. બળરામ અહીં તીર્થયાત્રાએ આવ્યા હતા.

કન્યાદૂષણ ૧. [સં.] ન. કન્યા ઉપર જુલમ કરી તેનો શિયળભંગ કરવો તે.

૨. ન. કન્યા ઉપર મૂકેલું આળ.

૩. ન. કન્યાના કુળ અથવા શરીર સંબંધી ખોડખાંપણ.

કન્યાદોષ જુઓ કન્યાદૂષણ.

કન્યાધન ૧. [સં.] ન. કન્યા રૂપી ધન.

૨. ન. કન્યાકાળે મેળવેલું ધન; દ્રવ્ય; કન્યાના બાપને દીકરીના બદલામાં આપેલું નાણું.

૩. ન. પલ્લું; કન્યાને અપાયેલું ધન.

કન્યાપતિ ૧. [સં.] પું. કાર્તિકસ્વામી.

૨. પું. જમાઈ; દીકરીનો ધણી.

કન્યાપત્ય [સં.] સ્ત્રી. આઠ જાતની વાંઝણી માંહેની એક. જુઓ અષ્ટવંધ્યા. આવી સ્ત્રીને પુત્રીઓ જ થાય છે, પુત્ર જન્મતો નથી.

કન્યાપાય જુઓ કન્યાપત્ય.

કન્યાપાયા જુઓ કન્યાપત્ય.

કન્યાપાલ ૧. [સં.] પું. કન્યાઓને ગુલામ તરીકે વેચનાર પુરુષ.

૨. પું. દીકરીને ઉછેરી મોટી કરનાર પિતા.

૩. પું. બંગાળની પાલ નામની એક શૂદ્ર જાતિ.

૪. વિ. કન્યાનું રક્ષણ કરનાર.

કન્યાપાળ જુઓ કન્યાપાલ.

કન્યાપુત્ર ૧. [સં.] પું. કર્ણ.

૨. પું. કુંવારી કન્યાને થયેલો પુત્ર; કાનીન.

૩. પું. દૌહિત્ર; ભાણેજ.

૪. પું. વ્યાસ.

કન્યાપુર [સં.] ન. કન્યાને રહેવાનું ઠેકાણું; અંતઃપુર; જનાનખાનું.

કન્યાપ્રકર્મ [સં.] ન. આડો વહેવાર; વ્યભિચાર.

કન્યાભર્તા જુઓ કન્યાપતિ.

કન્યામય જુઓ કન્યાપુર.

કન્યારત્ન ૧. [સં.] ન. પુત્રી રૂપી રત્ન; દીકરીને માટે વહાલ સૂચક શબ્દ.

૨. ન. બહુ સુંદર કન્યા.

કન્યારાશ જુઓ કન્યારાશિ.

કન્યારાશિ ૧. [સં.] સ્ત્રી. (જ્યોતિષ) બાર રાશિમાંની એ નામની એક.

૨. વિ. નામર્દ; બાયલું.

કન્યારાશી જુઓ કન્યારાશિ.

કન્યાર્ક પું. (જ્યોતિષ) સૂર્યનું કન્યારાશિમાં આવવું તે.

કન્યાલીક [સં. કન્યા (દીકરી) + અલીક (જૂઠાણું)] ન. (જૈન) કન્યાના સગપણ સંબંધમાં ખોટું બોલવાપણું.

કન્યાલક્ષણશાસ્ત્ર [સં.] ન. બભ્રુ ઋષિએ રચેલું કન્યા સંબંધી શાસ્ત્ર.

કન્યાલોહાદ્રિ [સં.] સ્ત્રી. (વૈદક) કમતાકાત, પાંડુરોગ અને અનિયમિત ઋતુવાળી સ્ત્રીને

અપાતી દવા. તે બનાવવા એળિયો ૧૦ તોલા, હીરાકસી ૭ા તોલા, તજ ૫ તોલા, એલચી ૫ તોલા, સૂંઠ ૫ તોલા અને ગુલકંદ ૨૦ તોલા લઈ બબ્બે વાલની ગોળી કરવી.

કન્યાવય [સં.] સ્ત્રી. કન્યા તરીકેની ઉમર.

કન્યાવસ્થા ૧. [સં.] સ્ત્રી. કન્યાકાળ.
૨. સ્ત્રી. છોકરીની કુંવારી અવસ્થા.

કન્યાવાણી [સં.] સ્ત્રી. સૂર્ય કન્યારાશિમાં હોય ત્યારે પડતો વરસાદ.

કન્યાવિક્રય ૧. [સં.] પું. કન્યા દેવા બદલ પૈસા લેવા તે.
૨. પું. દીકરીનું વેચાણ.

કન્યાવેદી [સં.] પું. જમાઈ.

કન્યાવ્યવહાર [સં.] પું. એકબીજા સાથે કન્યા લેવાદેવાનો સંબંધ.

કન્યાવ્રત [સં.] ન. છોકરીનું કુંવારાપણું; કૌમારાવસ્થા.

કન્યાશાળા સ્ત્રી. છોકરીઓ માટેની ખાસ નિશાળ.

કન્યાશુલ્ક [સં.] ન. કન્યાના બાપને કીમત તરીકે આપેલું ધન. જુઓ કન્યાધન.

કન્યાશ્રમ [સં.] ન. ભારતવર્ષનું એ નામનું એક તીર્થ. સતીના પૃષ્ઠ દેશનું આ પીઠસ્થાન છે.

કન્યાસમ્પ્રયુક્તક [સં.] ન. વાત્સ્યાયન કામસૂત્રનું સ્ત્રીપુરુષના સંયોગ સંબંધી એક પ્રકરણ.

કન્યાસંવેદ્ય જુઓ કન્યાશ્રમ.

કન્યાસૂત જુઓ કન્યાપુત્ર.

કન્યાસ્વયંવર [સં.] પું. કન્યાએ પોતે જ પતિ પસંદ કરવાની ક્રિયા.

કન્યાહરણ ૧. [સં.] ન. કન્યાને ચોરીને છાનીમાની લઈ જવી તે.
૨. ન. કન્યાને બળાત્કારે હરી જઈ તેની સાથે લગ્ન કરવું તે.

કન્યાહાથ પું. લગ્ન; વિવાહ; પાણિગ્રહણ.

કન્યાહ્રદ [સં.] ન. એ નામનું એક તીર્થ.

કન્યાળું ૧. ન. ચણતર કર્યા વિનાનો કૂવો.
૨. ન. નદી અથવા તળાવના સૂકા પટમાં ખોદેલો કાચો કૂવો; વીરડો.
૩. વિ. કન્યાવાળું.

કન્યો ૧. પું. પુત્ર; દીકરો.
૨. સ્ત્રી. મોટી ઉમરની કન્યા.

કન્વાર ગંદલ કુમારી સ્ત્રી. ભેજવાળી અને છાંયાવાળી જગ્યાએ ઊગતો એક છોડ. તે પંજાબ અને હિંદના દક્ષિણ કિનારે થાય છે.

કન્વાલ ન. એક જાતનું કમળ. તે ઠંડું, તરસ છિપાવનાર, બળતરા કમી કરનાર અને ઝેર ઉતારનાર મનાય છે.

કન્વિક્ટ ૧. [અં.] પું. ગુનો કરનાર માણસ; અપરાધી.
૨. સ. ક્રિ. ગુનેગાર ઠરાવવો.

કન્વેન્શન [અં.] ન. અરસપરસ વ્યવહાર માટે ઠરાવેલ નિયમ.

કન્સેશન [અં.] ન. નિયમથી ઓછું લેવું તે.

કન્હડનાટ (કન્હડ઼નાટ) સ્ત્રી. (સંગીત) કાન્હરા અને નટરાગિણીના મિશ્રણથી થતી એક રાગિણી. જુઓ નટ.

કન્હડશ્યામ (કન્હડ઼શ્યામ) પું. (સંગીત) શ્યામ રાગની બાર જાતિ માંહેની એ નામની એક.

કન્હરેપાતકેળ સ્ત્રી. કેળની એક જાત. તેનાં ફળ ઉપયોગી છે. જુઓ કેળ.

કન્હૈયા ૧. [હિં.] પું. એક જાતનું પક્ષી; અબાબીલ.
૨. પું. કૃષ્ણ.
૩. પું. પૂર્વ હિમાલય ઉપર થતું એક પહાડી ઝાડ.
૪. પું. બહુ જ સુંદર છોકરો.
૫. [હિં.] પું. વહાલો આદમી; પ્રિય માણસ.
૬. વિ. મોજી; લહેરી; વિલાસી.

કન્હો ૧. પું. કૃષ્ણ.
૨. પું. ખૂબસૂરત છોકરો.
૨. પું. એ નામનું પીણું.
૩. પું. કાદવ; કાંપ; ચીકણી માટી.
૪. પું. ચકમક અને લોઢાને અફાળીને તેમાંથી પડતો તણખો ઝીલવાનું સૂતર કે મુંજનું દોરડું; જામગરી.
૫. પું. ચકમકનો તણખો.
૬. પું. દૈત્યનો એક વર્ગ.
૭. પું. પ્યાલો; વાટકો; કટોરો.
૮. પું. (ડિંગળ) લંગૂર.
૯. પું. વરુણ દેવ.
૧૦. પું. સીમળાના ઝાડના ફળમાંથી નીકળતું રૂ. તે ઓસીકાં ભરવામાં વપરાય છે.

કપકપાહટ [હિં.] સ્ત્રી. થરથરવું તે; ધ્રુજારો.

કપકપી ૧. [હિં.] સ્ત્રી. કંપારી; ધ્રુજારી.
૧. કપકપી ચડવી = તાવની ટાઢ આવવી.
૨. કપકપી છૂટવી = ધ્રુજારી આવવી.
૨. સ્ત્રી. પક્ષઘાત; લકવો.

કપકંપી ૧. [હિં.] સ્ત્રી. કંપન; ધ્રુજારી.
૨. સ્ત્રી. માનસિક અશાંતિ.

કપચટ જુઓ કપછટ.

કપચી ૧. સ્ત્રી. કાતર.
૨. સ્ત્રી. છાપરાના આધારરૂપ એક ત્રિકોણાકાર ચોકઠું.
૩. સ્ત્રી. તાસ; ચપટી રકાબી.
૪. સ્ત્રી. પાકા રસ્તા બનાવવા વપરાતા નાના પથ્થરના ટુકડા; કાંકરેટ.
૫. સ્ત્રી. લાદીની કટકી.
૬. સ્ત્રી. વહાણનું મથાળું.

કપચું ન. પથ્થરનો છીપતરો કટકો; પાણાનું પાતળું બટકું; ટોકું. જુઓ કપચી.
કપચું મારવું = ચણતરને એકરગું કરવા માટે પથ્થરનો લીસો કટકો પેસાડવો.

કપછટ ૧. સ્ત્રી. તરખડ; માથાકૂટ; ભાંજગડ; પંચાત.
૨. સ્ત્રી. હરકત; મુશ્કેલી.

કપછપ ૧. સ્ત્રી. રીત.
૨. સ્ત્રી. લખવાની શૈલી.

કપઝટ જુઓ કપછટ.

કપટ ૧. પું. (પુરાણ) દનુ પુત્ર એક દાનવ.
૨. [સં.] પું. નાટ્યના તેત્રીસ અલંકારમાંનો એ નામે એક અલંકાર.
૩. ન. ઢોળ; દમામ.
૪. ન. ઢોંગ; દંભ.
૫. ન. દ્વેષ; અદાવત.
૬. ન. બોતેર કળામાંની એક.
૭. ન. ભેદ; દગો.
૮. ન. માયા.
૯. [સં.] ન. લુચ્ચાઈ; ઠગાઈ; છળ; પ્રપંચ.
૧. કપટ કરવું-ખેલવું-રમવું = છેતરવું.
૨. કપટ તેનું ચપટ = (૧) ચોરીનો માલ ચંડાળે જાય. (૨) ચોરીનો માલ પચે નહિ. (૩) જેવી દાનત તેવી બરકત. (૪) ઠગબાજીએ ઘર ન ભરાય. (૫) દગો કોઈનો સગો નહિ. (૬) પાપનો ઘડો ફૂટ્યા વગર રહે નહિ.
૩. કપટ ત્યાં ચપટ = (૧) છળનું પરિણામ નાશ. (૨) લુચ્ચાઈ કરનાર કવચિત જ ફાવે.

કપટકલા ૧. સ્ત્રી. કપટ કરવાની આવડત; છળકૌશલ્ય.
૨. સ્ત્રી. બોતેર કલા માંહેની એક.

કપટકલુષ [સં.] ન. લુચ્ચાઈવાળું કામ; કપટીપણું.

કપટકળા જુઓ કપટકલા.

કપટકુરંગ [સં.] ન. બનાવટી મૃગ.

કપટકોટ ૧. [સં.] પું. ઠગવા માટે ઊભો કરેલો બનાવટી કોટ.

૨. પું. ઢોંગનો પડદો; છળ.

વેશ્યા કેરાં વચનનો, જેહ કરે વિશ્વાસ,
કપટકોટ માની ખરો, જાયે તેની પાસ.
રત્નેશ્વર

૩. પું. વસ્ત્રનો કોટ; કનાત.

કપટકોટ કરાવીઓ, એકાંત રસોઈનું ધામ રે.
પ્રેમાનંદ

કપટખોર વિ. કપટી; ઠગ; દગલબાજ; પ્રપંચી.

કપટચતુર [સં.] વિ. કપટશાસ્ત્રમાં પ્રવીણ.

કપટચારી [સં.] વિ. પ્રપંચી; ઢોંગી.

કપટજાળ સ્ત્રી. પ્રપંચ કે દગાની યોજના.

કપટટારી સ્ત્રી. કપટરૂપી પડદો.

કપટતંત્ર [સં. કપટ (દગો) + તંત્ર (યોજના)] ન. કાવતરૂં.

કપટતા [સં.] સ્ત્રી. ઠગાઈ; છળ; પ્રપંચ.

કપટતાપસ પું. ઋષિ તરીકે ખોટો ઢોંગ કરનાર માણસ.

કપટત્વ જુઓ કપટતા.

કપટધારી [સં.] વિ. કપટી.

કપટનિંદા [સં.] સ્ત્રી. કોઈને છેતરવાને કરાતી કોઈની ખોટી નિંદા; પ્રપંચ ભરેલી નિંદા.

કપટપટુ [સં.] વિ. કપટ કળામાં ચતુર; ઇંદ્રજાળમાં કુશળ.

કપટપાશ [સં.] પું. દગાનો ફાંસો.

કપટપ્રબંધ ૧. [સં.] પું. કપટની યોજના.

૨. પું. કાવતરૂં.

કપટબાજ ૧. વિ. કપટખોર; ધૂર્ત; દગલબાજ.

૨. વિ. કપટી; પ્રપંચી.

કપટબાજી ૧. સ્ત્રી. કપટની જાળ.

૨. સ્ત્રી. ઠગબાજી; દગલબાજી; ધૂર્તતા.

કપટભાવ [સં.] પું. દગાની વૃત્તિ.

કપટભેક પું. ઢોંગી પાત્ર.

કપટમુદ્રા [સં.] સ્ત્રી. બનાવટી નાણું; ખોટો સિક્કો.

કપટયુદ્ધ ૧. [સં.] ન. કપટથી લડાતું યુદ્ધ.

૨. ન. ખોટી દેખાડવાની લડાઈ; આભાસયુદ્ધ.

કપટરૂપ ૧. [સં.] ન. ખોટો દેખાવ; છળ.

૨. વિ. બનાવટી; કૃત્રિમ.

અહીંઆથી લાવી, **કપટરૂપ** સુવર્ણમૃગને,
નઠારા પાપીએ છળવિધિ કર્યો રાક્ષસ જને.
ઉત્તરરામચરિત

કપટરૂપધારી ૧. [સં.] પું. દંભી માણસ.

૨. વિ. દગાવાળું રૂપ ધારણ કરનાર.

કપટલગામ ન. ઘોડાને કાબૂમાં રાખવાની કડીવાળી લગામ.

કપટલેખ ન. જૂઠો દસ્તાવેજ; બનાવટી ખત.

કપટલેખ્ય [સં.] ન. ખોટો દસ્તાવેજ; ખોટી સહીવાળો દસ્તાવેજ.

કપટવચન [સં.] ન. છેતરે એવી વાતચીત.

કપટવધ [સં.] પું. દગાથી મારી નાખવું તે; કપટથી કરેલું ખૂન.

કપટવર્જિત [સં.] વિ. કપટ વિનાનું; કૂડ વગરનું.

કપટવિદ્યા [સં.] સ્ત્રી. કપટ કરવાની આવડત; છળવિદ્યા.

કપટવેશ ૧. [સં.] પું. કપટી રૂપ; છૂપો વેશ; છળ વેશ.

૨. વિ. રૂપધારી; કપટી વેશવાળું.

કપટવેશધારી જુઓ કપટવેશી.

કપટવેશી ૧. [સં.] પું. દંભી માણસ.

૨. વિ. રૂપધારી.

કપટશક્તિ [સં.] સ્ત્રી. દગો કરી શકે એવી બુદ્ધિ.

કપટશીલ [સં.] વિ. કપટ કરવાની વૃત્તિવાળું.

કપટાઈત પું. અસલના વખતમાં રાજસભાનો એક અમલદાર.

કપટાચરણ [સં.] ન. દગાબાજ વર્તન.

કપટાચાર પું. કપટી વર્તણૂક.

કપટાચારી [સં.] વિ. પ્રપંચી; ઢોંગી.

કપટિક ૧. [સં.] પું. ઠગારો; લુચ્ચો માણસ.

૨. વિ. કપટવાળું.

કપટિયાળું વિ. કપટી; કપટ કરનાર.

કપટી ૧. સ્ત્રી. એક જાતની સુગંધ.

૨. સ્ત્રી. એક જાતનું માપ.

૩. સ્ત્રી. તમાકુના છોડમાં થતો એક રોગ.

૪. સ્ત્રી. ધાનનો પાક નાશ કરનાર એક કીડો.

૫. [સં. કપટિન્] વિ. કપટ કરનારૂં; પ્રપંચી; ઢોંગી.

૬. વિ. જૂઠું; ભ્રામક.

વ્યાજ જિહ્મ કૈતવ કુટિલ છદ્મી ધૂર્ત છબી નામ,
બંચક **કપટી** કાનને ભલો કહત તું ભામ.
પિંગળલઘુકોષ

૭. વિ. પેટમાં પાપ રાખનાર.

કપટી મિત્ર કરતાં દાનો દુશ્મન વધારે સારો = કપટ કરનાર મિત્ર કરતાં ખુલ્લો શત્રુ ઇચ્છવા યોગ્ય છે.

કપટીલગામ જુઓ કપટલગામ.

કપટેશ્વરી [સં.] સ્ત્રી. ધોળી ભોંરિંગણી.

કપટો ૧. પું. કપડું.

૨. [હિં.] પું. દરવાજાનું બારણું.

૩. પું. દરવાજો.

કપટોપાય [સં.] પું. યુક્તિ; ચાલાકી.

કપઠાર ૧. ન. કમઠાળ; ચિતાળ; બાળવા માટે કાપેલો લાંબો, પહોળો અને જાડો લાકડાનો કટકો.

૨. ન. ફાડેલું લાકડું; ફાડો.

કપઠાળ જુઓ કપઠાર.

કપડ (કપડ઼) [સં. કર્પટ] ન. કપડું.

કપડોંની પોટ = કપડાંની ગાંસડી.

કપડકોટ (કપડ઼કોટ) ૧. [હિં.] પું. તંબૂ; ડેરો.

૨. ન. કપડાથી ઢાંકી દેવું તે.

કપડકોથા (કપડ઼કોથા) [હિં.] પું. તંબૂ; ડેરો.

કપડછાણ (કપડ઼છાણ) ૧. પું. વસ્ત્રગાળ ચૂર્ણ; બારીક ભૂકો.

૨. ન. કપડાથી છણવું તે; ચાળવાપણું.

કપડછાણની માટી = ખારી માટી; ઊસ.

૩. વિ. ઊંડું.

૪. વિ. કપડાથી ચાળેલું.

કપડછાણ કરવું = કપડાથી વીંટી માટી લગાવવી; માટીના ઠામમાં ઓસડ ભરી તેના મોં આડું લૂગડું રાખી તે લૂગડા ઉપર છાણ માટી વગેરે લગાડી તેનું મોં બંધ કરવું.

૫. વિ. કપડામાં વીંટી લઈ છાણ માટીથી લીંપેલું.

૬. વિ. ખૂબ વિચાર કરેલ.

કપડછાન (કપડ઼છાન) જુઓ કપડછાણ.

કપડછીણ (કપડ઼છીણ) ન. કપડાથી ચાળવું તે; વસ્ત્રગાળ.

કપડદારની (કપડ઼દારની) વિ. પોષાક સાચવનાર.

કપડદુઆર (કપડ઼દુઆર) પું. તોશાખાનું.

કપડદ્વાર (કપડ઼દ્વાર) ન. કીમતી ચીજો રાખવાનો ઓરડો; તોશાખાનું.

કપડધૂલ (કપડ઼ધૂલ) ૧. [હિં.] પું. એક જાતની જાળી.

૨. પું. વણેલું બુટ્ટીદાર કપડું.

કપડપોટ (કપડ઼પોટ) ન. કપડાંની ગાંસડી.

કપડફૂલ (કપડ઼ફૂલ) ૧. પું. કપડધૂલ. જુઓ કપડધૂલ.

૨. પું. સોનેરી કે રૂપેરી ફૂલવાળું રેશમી લૂગડું.

કપડભાંગ (કપડ઼ભાંગ) પું. કસમી આંબાની એક જાત.

કપડમટ્ટી (કપડ઼મટ્ટી) ૧. સ્ત્રી. કપડાથી ચાળવું તે.

૨. સ્ત્રી. કપડાં અને માટીથી હવા ન પેસી શકે એવી રીતે ડાટો મારવો તે.

૩. સ્ત્રી. શરાવસંપુટને બંધ કરવા માટે માટી અને કપડાનો ઉપયોગ કરવાની ક્રિયા.

કપડમાટી (કપડ઼માટી) જુઓ કપડમટ્ટી.

કપડમેટ (કપડ઼મેટ) વિ. કપડછાણું; કપડું બાંધી માટીથી છાંદેલ.

કપડવંજી (કપડ઼વંજી) ૧. સ્ત્રી. પીંજારાની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

૪. વિ. કપડવંજ શહેરનું.

કપડવિદાર (કપડ઼વિદાર) ૧. પું. (ડિંગળ) કપડાં વેતરનાર દરજી.

૨. પું. રફૂગર; તૂણનાર.

કપડસોયા (કપડ઼સોયા) પું. એક જાતનો કીડો.

કપડા (કપડ઼ા) ૧. પું. ઋતુસ્રાવ; રજોદર્શન.

કપડું આવવું = રજસ્વલા થવું.

૨. [હિં.] પું. કાપડ.

કપડું રંગવું = (૧) ફકીર થવું. (૨) લૂગડાને રંગ ચડાવવો.

૩. પું. પોશાક.

કપડાજોડ (કપડ઼ાજોડ઼) પું. મઠ.

કપડાંલત્તાં (કપડ઼ાંલત્તાં) [સં. કર્પટ (કપડું) + લત્તક (ચીંથરૂં)] ન. બ. વ. કપડાં; પોશાક; પહેરવાનાં લૂગડાં.

કપડી (કપડ઼ી) સ્ત્રી. મુદ્દો.

કપડું (કપડ઼ું) ૧. [સં. કર્પટ (કપાસ)] ન. કાપડ; સીવ્યા વગરનું કપડ.

૨. ન. જાળું.

૩. ન. પોશાક; પહેરવાનું લૂગડું.

ઊજળે કપડે ડાઘ લાગે = સારૂં હોય તેને જ લાંછન લાગે.

૪. ન. રૂ, રેશમ, ઊન અથવા શણ વગેરેનાં તંતુઓને વણીને બનાવેલો પહેરવા ઓઢવા, ઢાંકવા કે પાથરવાના કામમાં આવે એવો ધાટ કે પટ.

કપતરું ૧. ન. ગાબચું; ડગળું.

૨. [સં. કુ (ખરાબ) + પત્ર (પાંદડું)] ન. ઝાડની છાલ; છોતરું.

કપતળું ૧. ન. ગાબચું; ડગળું.

કપતળું કાઢવું = બહુ વાંપરી નાખવું; બહુ ખર્ચ કરવું.

૨. ન. ઝાડની છાલ.

૩. ન. ફળ કે શાકનું કાપેલ ફોડવું.

કપતાન ૧. [અં. કૅપ્ટિન] પું. આગબોટ કે વહાણના ખલાસીઓનો ઉપરી; ટંડેલ.

૨. પું. આગેવાન; મુકાદમ.

૩. પું. નૌકાધિપતિ; નૌકાધ્યક્ષ.

૪. પું. લશ્કરની પલટણનો ઉપરી.

કપન ન. લાકડું કોરી ખાનાર એક જાતનો કીડો; ઘુણ.

કપના જુઓ કપન.

કપની વિ. લોભી.

કપભન [પોર્ટુ.] પું. ઉપરી.

કપમાઈક્રોમિટર [અં.] ન. રોપો કેટલો વધે છે તેનું માપ લેવા માટે ડાર્વિને શોધેલું એ નામનું યંત્ર.

કપય પું. ભારદ્વાજ ગોત્રની એક શાખા.

કપર ૧. પું. (પુરાણ) એ નામનો એક દાનવ.

૨. પું. જમીનની સરહદ; ખેતરનો સેઢો.

૩. પું. (કચ્છી) નદીના કિનારાની ભેખડ.

૪. પું. સિંધ તરફ થતા સર્પ. તેની ત્રણ જાતઃ (૧) કપરકોરકંદ, (૨) કપરલીંબી અને (૩) કપરલોંડી. કપરકોરકંદ આઠથી નવ ઇંચ લાંબા અને ઘણી બારીક પૂછડીવાળા હોય છે. તે પથ્થર નીચે રહે અને ઘણા ઝેરી હોય. ઝેર ચડતાં માણસના શરીરનો રંગ સીસા જેવો થઈ જાય અને મોંમાંથી લોહી પડી મરણ પામે. કપરલોંડી સાપ ઘણો બદસૂરત હોય અને તેથી જ તેને લોંડી નામ અપાયેલું છે.

૫. ન. કપડ; કાપડ.

કપરકોરકંદ પું. સિંધ તરફ થતા સર્પની એક જાત. જુઓ કપર ૪.

કપરધૂળ ૧. [હિં.] પું. એક જાતની જાળી.

૨. ન. એક જાતનું રેશમી લૂગડું; ગાજ.

કપરલીંબી પું. સિંધ તરફ થતા સર્પની એક જાત. જુઓ કપર ૪.

કપરલોંડી પું. સિંધ તરફ થતા સર્પની એક જાત. જુઓ કપર ૪.

કપરવેલ સ્ત્રી. એક જાતનો વેલો; કમળવેલ.

કપરાશ સ્ત્રી. આકરાપણું; મુશ્કેલીવાળું હોવાપણું.

કપરી સ્ત્રી. કાળી વેલ.

કપરી કાઢવું = જમીનમાંથી પાછું કાઢવું.

કપરું ૧. વિ. અઘરું; મુશ્કેલ; કઠણ.

૨. વિ. આકરું; જલદ; ઉગ્ર સ્વભાવનું; ક્રોધી.

૩. વિ. કોઈથી ગાંજ્યું જાય નહિ અને પોતાના હાથ નીચેનાને ધાકમાં રાખે એવું.

૪. વિ. દયા વગરનું; લાગણી વગરનું.

૫. વિ. દુઃખદાયક; વસમું.

કપરૂ ન. કૂચો.

કપરોડ (કપરોડ઼) પું. ખાડાની અથવા કૂવાની અંદરનું આડું પોલાણ; બખોલ.

કપર્દ ૧. [સં.] પું. અંબોડો; શિખાની ગાંઠ.

૨. પું. (વૈદ્યક) એક જાતનો ઉપરસ.

૩. પું. નાનો શંખ; કોડી.

૪. પું. મહાદેવની જટા.

કપર્દક જુઓ કપર્દ.

કપર્દકરસ પું. (વૈદ્યક) રક્તપિત્ત માટે રસની એક બનાવટ. રસસિંદૂરને કપાસનાં ફૂલના રસમાં એક દિવસ ઘૂંટી તેને પીળી કોડીઓમાં ભરવો. પછી એ કોડીઓના મુખ ઉપર ટંકણખાર અને શંખના ચૂર્ણની મુષા કરી તેને અંધમુષા કે સંપુટમાં મૂકી એ મુષાને વાલુકાયંત્રમાં મૂકી પકાવવી. સ્વાંગ શીત થયે કાઢી લઈ કોડીઓનું વસ્ત્રગાળ ચૂર્ણ કરવું અને તેનાથી બમણું મરીનું ચૂર્ણ તેની સાથે મેળવવું. આ રસ ૧ રતીની માત્રામાં ઘી સાથે ચાટવો. અનુપાન તરીકે ઉંબરાનાં પાકાં ફળને ઘીમાં પકાવી મરી અને સાકર નાખી ખાવાં.

કપર્દિકભસ્મ [સં. કપર્દિક (કોડી) + ભસ્મ (રાખ)] સ્ત્રી. (વૈદ્યક) એ નામની ભસ્મ. જે ચીજનો ચૂનો કરવામાં આવ્યો હોય તે ચીજ પ્રમાણે શંખભસ્મ, કપર્દિકભસ્મ, શુક્તિકભસ્મ શંબુકભસ્મ વગેરે નામ અપાય છે.

કપર્દિકા ૧. [સં.] સ્ત્રી. કોડી.

૨. સ્ત્રી. છેક હલકી કીમતનો સિક્કો; દમડી.

૩. સ્ત્રી. ષટ્પદી વર્ગનું એક જીવડું.

કરોળિયા, વીંછુ, કરચલા અને **કપર્દિકા**માં બે વિરુદ્ધ પ્રકારની આંખની રચના જોવામાં આવે છે.
પ્રાણીસૃષ્ટિ

કપર્દિની [સં.] સ્ત્રી. અંબા; દુર્ગા; ભવાની.

કપર્દિનેશ્વર [સં.] પું. મહાદેવનું એક નામ. તેના મંદિરમાં વૈશાલીથી આવેલો અગ્નિવેશ્ય ઊતર્યો હતો.

કપર્દિવિનાયકવ્રત [સં.] ન. એ નામનું એક વ્રત. આ વ્રતમાં શ્રાવણ સુદ ચોથથી ભાદરવા સુદ ચોથ સુધી માણસ એક વાર ભોજન કરીને એક માસ સુધી ગણેશનું પૂજન કરે. તેથી સર્વ કાર્ય સિદ્ધ થાય એમ મનાય છે.

કપર્દી ૧. [સં.] પું. શિવ; શંકર; મહાદેવ.

ઉગ્ર **કપર્દી** ભૂતપતિ પશુપતિ મૃડ ઈશાન;
નીલકંઠ શ્રીકંઠ શિતિકંઠ સકલ કલ્પાન.
પિંગળલઘુકોષ

૨. પું. સૂર્ય; પૂષા.

૩. સ્ત્રી. ઈયળ.

૪. વિ. જટાવાળું.

કપર્દીગિરિ પું. પેશાવર નજીકનું એ નામનું એક સ્થળ. ત્યાં અશોકે બૌદ્ધ ધર્મની આજ્ઞાઓ મોટા પથ્થર ઉપર કોતરાવેલી છે.

કપર્દીભસ્મ [સં.] સ્ત્રી. કોડી બાળી રાખ કરીને થતી દવા. જુઓ કપર્દિકભસ્મ.

કપર્દીયક્ષ [સં.] પું. માથું બળદનું અને બાકીનું શરીર માણસ જેવું હોય એવી મૂર્તિ.

કપર્દીશ [સં.] પું. કાશી માંહેના એક શિવલિંગનું નામ.

કપર્દેય [સં.] પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

કપર્દી [સં.] પું. વડનું ઝાડ. તેને વડવાઈ રૂપી જટા હોય છે.

> જટા કપર્દી રક્તફલ બહુપાદ ધ્રુવ ન્યગ્રોધ;
> આ વંશી વટ હે સખી સહુ સુખનો અવરોધ.
> પિંગળલઘુકોષ

કપલ ૧. [સં.] ન. (વૈદ્યક) અર્ધો ભાગ.

૨. ન. એ નામની એક વનસ્પતિ; પુટપત્ર.

કપલા [સં. કપિલા] સ્ત્રી. બદામી રંગની ગાય.

કપલાસ ન. મોચીનું એક ઓજાર.

કપલીન [અં. કપ્લિંગ] ન. બે નળીઓ જોડવા માટે વપરાતો નળનો નાનો કટકો.

કપવલ પું. (કચ્છી) એક જાતનો છોડ.

કપસટ સ્ત્રી. મહેનત.

કપળ ન. સમાર; એક જાતનું ખેતીનું ઓજાર; 'હેરો'.

કપા પું. (કચ્છી) કપાસ.

કપાઈ મરવું ૧. અ. ક્રિ. એકબીજાની અદેખાઈ કરવી.

૨. અ. ક્રિ. કપાઈને મરી જવું.

૩. અ. ક્રિ. માંહોમાંહે ટંટો કરીને પાયમાલ થઈ જવું; અંદરઅંદર લડી મરવું.

કપાઓરાયન પું. (જ્યોતિષ) મૃગ નક્ષત્રમાંનો બારમો તારો.

કપાટ ૧. [સં.] ન. ઉઘાડવા અને બંધ કરવાનું પાટિયું.

૨. ન. કબાટ.

૩. ન. કમાડ; બાર; બારણું.

૪. ન. બારણાનું પાનેલ.

૫. ન. લાકડાની ફરેરી.

કપાટઉદ્ઘાટન ૧. [સં.] ન. બારણું ઉઘાડવું તે.
૨. ન. કૂંચી.

કપાટઘ્ન [સં.] પું. બારણું તોડી નાખનાર ચોર; ચોરટો.

કપાટપુટ [સં. કપાટ (પાટિયું) + પુટ (પોલાણ)] પું. પહોળું પોલાણ.

> છાતી કપાટપુટ શી હરખે પ્રસારી,
> આલિંગવીર કર દીધે ગળે વિંટાળી.
> પ્રતિમા નાટક

કપાટપ્રબંધ [સં.] પું. એક જાતનું ચિત્ર–કાવ્ય; કબાટના આકારમાં કાવ્ય ગોઠવવાનો પ્રકાર.

કપાટબદ્ધ જુઓ કપાટપ્રબંધ.

કપાટબંધ જુઓ કપાટપ્રબંધ.

કપાટભંગા [સં.] સ્ત્રી. છાલ સડી જાય તોપણ અંદર સારી સ્થિતિમાં રહેનારી સ્વાદિષ્ટ કેરીની એક જાત.

કપાટસંધિ [સં.] પું. કમાડમાં રહેલ સાંધો; દરવાજાનો સાંધો.

કપાટસંધિક [સં.] પું. કાનના પંદર જાતના રોગ માંહેનો એ નામનો એક.

કપાટસ્તંભિકા [સં.] સ્ત્રી. એ નામની દક્ષિણ નિલયની દીવાલ ઉપર આવેલી નાની માંસપેશી.

કપાટા પું. બ. વ. નસીબ.

કપાટા ફાટવા = સાહૂકાર થઈ જવું; એકદમ નસીબ ઊઘડવું.

કપાટિકા ૧. [સં.] સ્ત્રી. કીમત.

૨. સ્ત્રી. નાની બારી; નાનું કમાડ.

કપાટિયા પેશી સ્ત્રી. દલસ્નાયુ.

કપાટોદ્ઘાટન [સં.] ન. બારણું ખોલવું તે.

કપાડકૂટ (કપાડ઼કૂટ) સ્ત્રી. માથાકૂટ.

કપાડો (કપાડ઼ો) પું. ઘડવામાં ન ચાલે એવી ધાતુની મેળવણી.

કપાણ ૧. ન. ઉઘાડે પગે ચાલવાથી લાગતી ગરમી.

૨. ન. કપાવું તે.

૩. ન. કાપવાની ક્રિયા.

૪. ન. કાપવાનું એક ઓજાર.

> **કપાણ** તોળવાનું અને કપાણ લાગે તેહ;
> કપાણ તે હથિયાર છે, કપાણ કપડું એક.
> લોકોક્તિ

૫. ન. તડકાની ઝાળ; લૂ.

૬. ન. પાણ પાડ્યા વિનાનું કપડું.

૭. ન. વજન કરવાનો પેટીકાંટો.

કપાત ૧. પું. અગિયાર માંહેનો એક રુદ્ર; કપાદ.

૨. સ્ત્રી. કમી કરવું તે.

૩. સ્ત્રી. પગાર કાપવો તે.

કપાતર ૧. [સં. કુપાત્ર] પું. ખરાબ વાસણ; કુપાત્ર.

૨. વિ. ખરાબ; નઠારું; હીણું.

૩. વિ. નાલાયક.

૪. વિ. બેઅદબ; છકેલ.

૫. વિ. લડકણું; લાંડ.

૬. વિ. લુચ્ચું.

કપાત્ર [સં. કુ (ખરાબ) + પાત્ર (કામ)] નઠારૂં ઠેકાણું. જુઓ કપાતર.

કપાદ પું. અગિયાર માંહેનો એક રુદ્ર; કપાત.

કપાપચિની સ્ત્રી. એક જાતનું ફળ.

કપાબિયા ૧. સ્ત્રી. પીંજારાની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. પીંજારાની એ નામની અટકનું.

કપામણી ૧. સ્ત્રી. કપાવવાનો ખર્ચ.

૨. સ્ત્રી. કાપણી; કાપકૂપ.

કપાર ૧. [સં. કપાલ] પું. ખોપરી.

૨. પું. નસીબ; ભાગ્ય.

૩. પું. માથાની આગળનો ભાગ.

કપારચીરવા [હિં.] પું. હિંદુ સાધુનો એક વર્ગ. તે પોતાની માગણી સંતોષવા માટે પથ્થર સાથે માથું અથડાવે છે.

કપારી ૧. [હિં.] પું. ખોપરી.

અરધી કપારી = (૧) આધાશીશી. (૨) બે ફાડિયાવાળી સોપારી. એક ફાડિયાની એક બાજુ બહારથી ગોળ હોય છે અને બીજી બાજુ સપાટ હોય છે. આ સોપારી ઘસીને ચોપડવાથી આધાશીશી મટે છે.

૨. પું. ઘોડાના નાકની આસપાસ બાંધવાનો ચાપડો.

૩. પું. ભાજીપાલો વેચનાર બંગાળી લોકોની એક જાત.

૪. પું. શંકર, કેમકે તે પોતાના હાથમાં ખોપરી અને ગળામાં ખોપરીનો હાર રાખે છે.

કપાલ ૧. [સં. ક (ઉત્પન્ન કરનાર) + પા (રક્ષણ કરનાર) + લ (નાશ કરનાર)] પું. ભૈરવ; શિવ; ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ કરનારા ત્રિમૂર્તિસ્વરૂપ મહેશ્વર.

૨. ન. ઈંડા ઉપરનો ભાગ.

૩. ન. એક જાતનો કોઢ.

૪. ન. એક પ્રકારનું અસ્ત્ર.

૫. ન. કપાળ; લલાટ; ભાલ.

૬. ન. ખપ્પર; ભીખ માગવાનું વાસણ.

૭. ન. ખોપરીનો કટકો.

૮. ન. ગૂમડું.

૯. ન. જમાત; સમૂહ; સમુદાય.

ન. ઠીમ: શકોરું; ભંગેલ ઘડાનો કટકો.

૧૧. ન. ઢાલ.

૧૨. ન. ઢાંકણ.

૧૩. ન. તાલકું; ખોપરી.

૧૪. ન. નસીબ; ભાગ્ય.

૧. કપાલ ખૂલવું = સારું નસીબ થવું; ભાગ્ય ઊઘડવું.

૨. કપાલ ફૂટવું = કમનસીબ હોવું.

૧૫. ન. પ્યાલો; કૂજો.

૧૬. ન. મસ્તક; મગજ.

૧૭. ન. માણસના પગનું ચપટું હાડકું.

૧૮. ન. યજ્ઞના પુરોડાશ વગેરેના સંસ્કાર માટે આધારરૂપ માટીનું વાસણ.

૧૯. ન. શેકવાનું એક જાતનું વાસણ.

૨૦. ન. સમૂહ.

કંદલ જાલ કપાલ કુલ કૂટ અનેક સુવૃંદ;
ઘણી વાત તુજને કહી થઈ તવા પર બુંદ.
પિંગળલઘુકોષ

૨૧. ન. સરખી શરતે કરેલી સંધિ; પરસ્પર એકમત થઈ કરેલ કોલકરાર.

કપાલક [સં.] સ્ત્રી. સર્પાક્ષી; એ નામની એક ઔષધિ.

કપાલકાપાલસંયોગ [સં.] પું. દાંતા એક બીજામાં બેસતા આવી જઈ ઘડાના બે અરધિયાંનું આખું થઈ જવું તે.

કપાલકુહર [સં.] ન. તાળવાનો વચ્ચેનો ખાડો.

કપાલકૂટિયું વિ. માથાફોડિયું; ટકટક કરનાર.

કપાલકેતુ [સં.] પું. (જ્યોતિષ) એ નામનો એક ધૂમકેતુ તારો. તે આકાશના પૂર્વાર્ધમાં અમાવાસ્યાને દિવસે ઊગે. તેના ઉદયથી ભારે અનાવૃષ્ટિ થાય અને દુકાળ પડે એમ મનાય છે.

કપાલક્રિયા [સં.] સ્ત્રી. હિંદુઓમાં મરણ વખતે થતી એક વિધિ. જ્યારે શબની લગભગ રાખ થાય છે ત્યારે મરનારનો નજીકનો સગો વાંસડાથી શબની ખોપરી ભાંગી તેની અંદર ઘી નાખે છે.

કપાલક્રિયા કરવી = (૧) અરધા બળેલા શબની ખોપરી તોડવી. (૨) કોઈનું મગજ ફેરવવું; મૂંઝવવું.

કપાલગંડી [સં.] ન. મગજમાં સોજો આવવાનું દરદ.

કપાલચોટી ૧. સ્ત્રી. ઘોડાને કપાળે બાંધવાનો ચામડાનો પટો.

૨. સ્ત્રી. મુસલમાની એક જાતની હજામત.

કપાલછેદનકર્મ [સં.] ન. માથાની વાઢકાપ.

કપાલછેદની [સં.] સ્ત્રી. માથાની વાઢકાપ.

કપાલજલંધર [સં.] ન. કપાળ બહુ મોટું થઈ જવાનો રોગ.

કપાલદુર્ગ [સં.] પું. એક પહાડી કિલ્લો. તે શ્રીરંગપટ્ટણથી ૩૦ માઇલિ ઉત્તર પૂર્વમાં ચંદન વૃક્ષોની વચમાં છે. ટીપુ સુલતાને આ સ્થાન કેદીઓ માટે રાખ્યું હતું.

કપાલધારી ૧. [સં.] પું. સાધુરૂપે ફરતા અઘોરી લોકોની એક જાત. તેઓ ખોપરીની માળા ધારણ કરે છે.

૨. વિ. ખોપરીની માળા ધારણ કરનાર.

કપાલપત્રાંતરિકા [સં.] સ્ત્રી. ખોપરીનાં કપાલાસ્થિઓનાં બે પડ વચ્ચે ફેલાયેલ શિરા. આમાંની ચાર મુખ્ય છે: (૧) અગ્રિમા કપાલિકા, (૨) શંખપૂર્વા, (૩) શંખપશ્ચિમા અને (૪) પશ્ચિમ કપાલિકા. આ શિરાઓ પુરઃકપાલ અને પશ્ચિમકપાલાસ્થિઓનાં પત્રકો વચ્ચે ફેલાયેલી સૂક્ષ્મ શાખાઓ વડે પરસ્પર જોડાય છે.

કપાલપદી ૧. [સં. કપાલ (કપાળ) + પદિન્ (પગવાળું)] ન. એક જાતનું દરિયાઈ પ્રાણી. તેના કપાળનો ભાગ ઘણો પહોળો હોય છે.

૨. ન. એક જાતનું મૃદુકાય પ્રાણી. માથાની અંદર પગ એકાકાર થઈ જતા હોવાને લીધે તેનું આ નામ પડ્યું છે.

૩. ન. કપાળમાં પગ હોય એવું જીવડું.

૪. વિ. કપાળમાં પગ હોય એવું.

૫. વિ. પહોળા કપાળવાળું.

કપાલપા પું. (બૌદ્ધ) ચોરાશી માંહેનો એ નામનો એક સિદ્ધ.

કપાલપાટી સ્ત્રી. આટાપાટાની રમતમાં મુખ્ય આડી લીટી.

કપાલપાણિ [સં. કપાલ (ખોપરી) + પાણિ (હાથ)] પું. શંકર.

કપાલફોડી (કપાલફોડ઼ી) સ્ત્રી. દક્ષિણ હિંદમાં થતી એક જાતની વેલ.

કપાલભાગ [સં.] પું. ખોપરીના હાડકાનો સાપની ફેણ જેવો પહોળો ભાગ.

કપાલભાતિ [સં.] સ્ત્રી. (યોગ) એ નામની એક ક્રિયા. તેમાં સુખાસન કે પદ્માસનમાં બેસી બેઉ હાથના પંજા બેઉ પગના ઢીંચણ ઉપર રાખવા જોઈએ. આંખ બંધ રાખવી, કમર, બરડો તથા ડોક સીધાં રાખવાં, છાતી સહેજ આગળની તરફ ફેલાવી રાખવી, મુખમુદ્રાને આનંદમય રાખવું ને પછી બન્ને નસકોરામાંથી શ્વાસ ફેફસામાં ભરવો અને કાઢી નાખવો. એક વખત શ્વાસ ફેફસામાં ભરીને કાઢી નાખવાથી એક ઘર્ષણ થાય. આવી રીતે દસ ઘર્ષણ કર્યા પછી શ્વાસ ભરી લેવો. યથાશક્તિ કુંભક કરીને બેઉ નસકોરાંમાંથી ધીમેધીમે શ્વાસ બહાર કાઢી નાખવો. આ ક્રિયાને કપાલભાતિ કર્મ કહેવામાં આવે છે. ચાર દિવસ સુધી ત્રણ વખત, ચારથી દસ દિવસ સુધી પાંચ વખત, દસથી વીસ દિવસ સુધી સાત વખત, વીસ દિવસ પછી સાતથી દસ કપાલભાતિ કર્મ કરવાં જોઈએ. કપાલભાતિ કર્મ કરતી વખતે ખાસ ધ્યાન રાખવાનું કે જેમ પ્રાણાયામ કરતી વખતે ત્રણ બંધ પૂરક, કુંભક અને રેચક કરવામાં આવે છે, તેમ આમાં પણ કરવું જોઈએ. માત્રાનું પ્રમાણ બીજા પ્રાણાયામની માફક જ છે. કુંભક કરતી વખતે જમણા હાથના અંગૂઠા, અનામિકા અને કનિષ્ઠિકાથી નાક પકડી રાખવું. ઘર્ષણ કરતી વખતે ફેફસાંને આંચકો ન લાગવો જોઈએ. જેમ બને તેમ લાંબો શ્વાસ લેવાય અને મુકાય તેમ કરવું. નૈતિ, ધૌતિ, બસ્તિ, નૌલિ, ત્રાટક અને કપાલભાતિ એ હઠયોગનાં ષટ્કર્મ છે અને જેના શરીરમાં મેદ તથા શ્લેષ્મ વધારે હોય તેણે પ્રાણાયામની સિદ્ધિને અર્થે તે સાધવાં જોઈએ. પાચનશક્તિ અને લોહીના ભ્રમણ ઉપર તેની સરસ અસર થવાનું મનાય છે.

કપાલભૃત ૧. [સં. કપાલ (મસ્તક) + ભૃ (ધારણ કરવું)] પું. મહાદેવ; શિવજી. તે ખોપરીની માલા ધારણ કરે છે.

૨. વિ. ખોપરી ધારણ કરનાર.

૩. વિ. ભિક્ષાપાત્ર ધારણ કરનાર.

કપાલભૈરવ [સં.] પું. એ નામના મંત્રશાસ્ત્રના દેવતા.

કપાલમાપકયંત્ર [સં.] ન. ચશ્માનું ચોકઠું બેસાડવા માટે કપાળ માપવા વપરાતું યંત્ર.

કપાલમાલિની [સં.] સ્ત્રી. દુર્ગા દેવી.

કપાલમાલી ૧. પું. અઘોરી બાવાનો એક વર્ગ.

૨. [સં.] પું. મહાદેવ; શિવ; શંભુ.

૩. વિ. ખોપરીઓની માળા પહેરનાર.

૪. વિ. ભીખ માગવાનું વાસણ ધારણ કરનાર.

કપાલમૂલિક ત્રિકોણ [સં.] પું. મસ્તકના મૂળમાં આવેલ ત્રિકોણાકાર પ્રદેશ.

કપાલમૂલિકા ૧. [સં.] સ્ત્રી. એ નામની એક શિરા. ખોપરીના પાછલા ભાગમાંથી નીકળી પશ્ચિમ કપાલના મૂલ ભાગની બહારની

બાજુ ઉપર પૃષ્ઠચ્છદા નામની પેશીનું મૂલ ભેદીને તે બહાર આવે છે. તેમાં ડોકની ઊંડી શિરાઓ જોડાય છે.

૨. સ્ત્રી. ડોક અને માથાના સાંધાની પાછળ પશ્ચિમ કપાલાસ્થિના મૂળ ભાગ આગળ રહેલી બે ત્રણ ગ્રંથી. ખોપરીના પાછળના ભાગની રસાયનીઓ એમાં દાખલ થાય છે.

કપાલમૂલિની [સં.] સ્ત્રી. પશ્ચિમ કપાલાસ્થિના મૂળ ભાગને લાગેલી પેશીઓને ભેદીને ફેલાતી ધમની. તેની ૭ અનુશાખા: (૧) મન્યાનુગા, (૨) ગોસ્તનિકા, (૩) કર્ણપાલિગા, (૪) માંસગા, (૫) મસ્તિષ્કવૃત્તિગા અને (૬) પશ્ચિમ કપાલિકા.

કપાલમોચન ૧. [સં.] ન. એ નામનું મહાભારતમાં જણાવેલું પ્રાચીન તીર્થસ્થાન.

૨. ન. કાશીનું એ નામનું પવિત્ર તળાવ.

કપાલમોચનતીર્થ ૧. [સં.] ન. ગુજરાતમાં સાબરમતીના કાંઠા ઉપર આવેલ તીર્થનું નામ.

૨. [સં.] ન. તામ્રલિપ્તા અથવા તામલકમાંનું એ નામનું એક તીર્થ.

૩. ન. માયાપુરમાં આવેલું તીર્થ.

૪. ન. વારાણસીમાં આવેલા એક તીર્થનું નામ.

૫. ન. સરસ્વતીને તીરે આવેલું એ નામનું તીર્થ. એને ઔશનસ પણ કહે છે. કેટલાકના મત પ્રમાણે કપાલમોચન નામનું આ પવિત્ર સરોવર સરસ્વતીના પૂર્વ કિનારા ઉપર આધોરાથી આગ્નેયમાં દસ માઈલ દૂર આવેલું છે.

કપાલરંધ્રધૌતિ [સં.] ન. (યોગ) દંતધૌતિના પાંચ માંહેનો એક ભેદ. જમણા હાથના અંગૂઠાને ઘંટિકા પરથી અંદર લઈ જઈ કપાલની પાછળનો ભાગ ઘસવાથી તે થાય છે. આ ક્રિયા કફદોષને દૂર કરે, નાડીઓને નિર્મલ કરે અને આથી દિવ્ય દૃષ્ટિ પણ મળે એમ કહેવાય છે.

કપાલરંધ્રશોધન [સં.] ન. (હઠયોગ) ધૌતિનો એક પ્રકાર. ઊંઘમાંથી ઊઠ્યા પછી, ભોજન કરી રહ્યા પછી તેમ સૂર્યાસ્ત સમયે કપાલરંધ્ર એટલે માથાની વચમાંના ખાડાને જમણા હાથના અંગૂઠા વડે દરરોજ પાણીથી સાફ કરવો તે.

કપાલયંત્ર [સં.] ન. વખત માપવાનું એક યંત્ર; ઘટિકાયંત્ર. પાણીથી ભરેલ એક મોટા વાસણમાં તળિયે છિદ્રવાળો એક કટોરો રાખવામાં આવે છે. છિદ્ર દ્વારા તે કટોરામાં પાણી ભરાય. પૂરો કટોરો ભરાય ત્યારે તે ડૂબી જાય. એવી રીતે એક રાતદિવસમાં સાઠ વખત ભરાય. આ કટોરાને કપાલયંત્ર અથવા ઘટિકાયંત્ર કહેવાય છે.

કપાલવાન [સં.] પું. શિવનાં હજાર માંહેનું એક નામ. તે ખોપરીની માળા પહેરે છે.

કપાલવિદ્યા [સં.] સ્ત્રી. કર્પરવિદ્યા; મસ્તિષ્ક સામુદ્રિક.

કપાલશાસ્ત્ર [સં.] ન. મસ્તકાકાર શાસ્ત્ર.

કપાલસંધિ [સં.] સ્ત્રી. રાજાઓમાં એકમત થઈ સરખી રીતે થયેલ કોલકરાર; સંપસલાહ.

કપાલસ્નાયુશૂલ [સં. કપાલ (માથું) + સ્નાયુ (માંસપેશી) + શૂલ (સબાકો)] ન. (હિંદી) આધાશીશી.

કપાલસ્ફોટ [સં.] પું. માથાફૂટ; માથાફોડ.

કપાલાધિકરણ [સં.] ન. જૈમિની સૂત્રમાં કહેલ એ નામનું એક અધિકરણ.

કપાલાસન [સં. કપાલ (માથું) + આસન (બેઠક)] ન. (યોગ) એ નામનું એક આસન; વૃક્ષાસન; શીર્ષાસન. બંને હાથના પંજા જરા ચત્તા રાખી તેની પાસે માથું ભૂમિથી ટેકાવી, પગ સીધા લાંબા કરી, પગના અંગૂઠા પાસે રાખી, ઊંધે મસ્તકે રહેવાથી આ આસન થાય છે. આ આસનને મુંડાસન, વિપરીતકરણી ને નરાસન પણ કહેવામાં આવે છે.

કપાલાસ્ત્ર ૧. [સં.] સ્ત્રી. એક જાતનું અસ્ત્ર.
૨. સ્ત્રી. ઢાલ.

કપાલાસ્થિ [સં.] ન. માથાનું હાડકું.

કપાલાસ્થિભંગ [સં.] પું. ખોપરીનું હાડકું તૂટી જવું તે.

કપાલિ ૧. પું. (પુરાણ) આઠ માંહેનો એક ભૈરવ. એનું કુપતિ એવું બીજું નામ પણ છે.
૨. પું. એક રુદ્ર.
૩. પું. મહાદેવ.

કપાલિક [સં.] પું. ખપ્પરમાં ભોજન કરનાર.

કપાલિકા ૧. [સં.] સ્ત્રી. કાલિ; રણચંડી.
૨. સ્ત્રી. ઘડાનો નીચેનો અથવા ઉપરનો ભાગ.
૩. સ્ત્રી. દાંતનો એક રોગ. આ રોગથી દાંત પડવા માંડે છે.
૪. સ્ત્રી. ભાંગેલા માટીના ઠામની ઠીકરી.

કપાલિની ૧. [સં.] સ્ત્રી. (પિંગળ) ત્રિભંગીની જાતનો એક માત્રામેળ છંદ. તેમાં ૫૪ લઘુ અને ૩૭ ગુરુ મળી ૧૨૮ માત્રા આવે છે.
૨. સ્ત્રી. દુર્ગા; પાર્વતી; ભવાની.
૩. વિ. સ્ત્રી. ખોપરી ધારણ કરનારી.

કપાલી ૧. [સં.] પું. અગિયાર માંહેનો એક રુદ્ર.
૨. પું. કપાળમાં શૂળની પીડા થવાનો રોગ.
૩. પું. ખપ્પર ધારણ કરનાર અઘોરી બાવાનો એક વર્ગ; ખોપરી ધારણ કરનાર એક જાતનો સંન્યાસી.
૪. પું. બ્રાહ્મણી મા અને માછીમાર બાપથી ઉત્પન્ન થયેલ એક વર્ણસંકર જાતિ.
૫. પું. ભૈરવનું એક નામ. તેની મૂર્તિ નેપાલના પીઠસ્થાનમાં છે.
૬. પું. શંકર; શિવ.
૭. સ્ત્રી. ભીખ માગવાનું વાસણ.
૮. સ્ત્રી. માથાફોડ; મગજમારી.
૯. ન. (સંગીત) બહુ ઊંચો સ્વર.
૧૦. વિ. ખપ્પર ધારણ કરનાર.
૧૧. વિ. ખોપરીની માળા પહેરી હોય એવું; ખોપરીનો હાર પહેરનાર.
૧૨. વિ. પહાડી સૂરવાળું; ઊંચે અવાજે ગાનારું.

કપાલીક પું. એક જાતનો કોઢ.

કપાલીક્રિયા [સં.] સ્ત્રી. મૃત દેહનો એક સંસ્કાર. તેમાં બળતા શબની ખોપરીને વાંસથી ફોડી તેની બખોલમાં ઘી નાખવામાં આવે છે.
કપાલીક્રિયા કરવી = બહુ જ વિચાર કરવો.

કપાલીવિદ્યા [સં.] સ્ત્રી. અઘોરીની વિદ્યા.

કપાલેશ્વર [સં.] પું. શંકર; મહાદેવ.

કપાવવું ૧. અ. ક્રિ. આમંત્રણ ન મેળવાવું.
૨. અ. ક્રિ. ઓછું અપાવવું.
૩. અ. ક્રિ. કપાય એમ કરાવવું; વઢાવવું.
૪. અ. ક્રિ. જુદું પડાવવું; બાતલ કરાવવું.

કપાવું ૧. અ. ક્રિ. અંદર અંદર અદેખાઈથી કજિયો કરવો.
૨. અ. ક્રિ. ઓછું થવું; બાદ થવું.
૩. અ. ક્રિ. છેદાવું; વઢાવું.
૪. અ. ક્રિ. મારામારી કરવી.

કપાશિયું ૧. વિ. કપાસનું; કપાસમાંથી બનેલું.
૨. વિ. કપાસનો પાક થતો હોય એવું; કપાસના પાકને લાયક.

કપાશિયો ૧. પું. પાકેલાં ગૂમડાં, ખીલ વગેરેમાંથી નીકળતો ગંઠાયેલો દાણો.
૨. પું. રૂનાં કોકડાં જેવા માથાની અંદરના માંસના લોચા.
૩. પું. રૂનું બી.
કપાશિયે કોડી ફાટે નહિ = ઘણામાં થોડું સહેલાઈથી સમાઈ શકે. જમતાં આગ્રહ કરતી વખતે આ પ્રયોગ વપરાય છે.

કપાશી ૧. પું. કપાશિયાના જેવો ધોળો રંગ.
૨. પું. કપાસના છોડને મળતો આવતો રંગ; આછો લીલો રંગ.

૩. પું. કપાસનો વેપારી.

૪. સ્ત્રી. કાળી પાંખોવાળી સમળી.

૫. સ્ત્રી. શેરડીમાં થતો એક જાતનો રોગ. તેથી સાંઠો પોચો થઈ જાય છે.

૬. સ્ત્રી. હાથપગમાં કાંટો અથવા કાંકરી પેસી જવાથી કે ઘા રુઝાયા પછી તે જગ્યાએ બંધાતી ગ્રંથિ; પગમાં ડંખ પડવાથી કે કાંટો વાગવાથી પડી ગયેલ ઘૂંટી કે આંટી; પગની કણી.

૭. વિ. રૂ જેવું નરમ.

કપાસ ૧. પું. અટકળ; અનુમાન; અડસટ્ટો; અંદાજ.

૨. [સં. કર્પાસ] પું. કપાસિયા સહિત રૂ; બી સાથેનું રૂ; સૂત્રપુષ્પ.

૩. પું. કપાસિયો; રૂનું બી.

૪. પું. રૂ.

૫. પું. રૂ થાય એવો પીળાં ફૂલનો એક છોડ; સારિણી; કપોતકી; વણ. તે એકાદ માથોડું ઊંચો થાય. તેનાં પાન એરંડાનાં પાનને મળતાં પણ તેનાથી નાનાં હોય છે. તેનાં ફૂલ પીળાં થાય છે. તેનું થડ પાતળું અને સીધું હોય. તે થડને સાંઠી કહે છે, અને બાળવાના કામમાં આવે. તેનાં ફળને જીંડવાં કહે છે. તે પાકે ત્યારે તેને કાલાં કહે અને તેમાંથી કપાસ નીકળે. કપાસમાં અંદર બી અને ઉપર સફેદ તંતુઓનું ગૂંચળું હોય. આ તંતુઓને રૂ અને બીને કપાસિયા કહે છે. રૂમાંથી લૂગડાં વગેરે બનાવાય છે, અને કપાસિયા ઢોરને ખવડાવાય. કપાસની મુખ્ય બે જાત છેઃ કપાસ અને નરમો. બાગમાં કે ઘેર વાવેલ હોય તેને નરમો અથવા હીરવણી કપાસ કહે છે. ખેતરમાં વાવેલ હોય તેને વણ કે વણરાજ કહે છે. નરમાના બે ત્રણ પ્રકાર છેઃ એકનાં બી કપાસ જેવાં જ હોય છે અને બીજાનાં બી લાંબાં અને કાળાં હોય છે. આ છોડને ફૂલ આવે ત્યારથી કપાસ વિણાય ત્યાંસુધી એક જીવડો તેને નુકસાન કરે છે. તે જીવડાની માદા થડની છાલ ઉપર ઈંડાં મૂકે. તેમાંથી નીકળતો જીવડો થડની અંદર દાખલ થઈ અંદરનો ગર ખાય. છોડ સુકાતો માલમ પડે કે તરત તેને ઉપાડી નાખી દેવાથી આ રોગ ફેલાતો અટકી જાય. કપાસની અનેક જાત છેઃ (૧) કાનપુરી કપાસઃ આ કપાસનો ફાલ સારો અને પોષ માસમાં થાય અને ફૂલ ધોળાશ પડતાં પીળાં થાય છે. (૨) લારીઓ કપાસઃ તેનાં કાલામાં રૂ તારની માફક ટિંગાઈ રહે છે. તેને ફૂલ પીળાં થાય છે. (૩) સાંઠિયો કપાસઃ તેના છોડ સોટી જેવા ડાળીઓ વગરના હોય અને ઊંચા વધે છે. તે દિવાળી ઉપર પાકી જાય. તેનાં ફૂલ પીળાં થાય છે. (૪) કડાયો કપાસઃ તેનાં પાન તથા જીંડવાં મોટાં થાય છે. તેને જીવડાં બહુ ખાય છે. (૫) હીરવણી કપાસઃ તેને ફૂલ લાલ રંગનાં થાય છે. (૬) ઘૂંબડઃ તેનાં કાલાં બંધ રહે છે, તથી તેને ઢાંકણીઓ કે ડાબલીઓ કપાસ પણ કહે છે. તે પાકે ત્યારે જીંડવાં સહિત ઉતારી તેને ફોલીને કપાસ કાઢે છે. (૭) કપાસ ઇજિપ્તઃ તે ઇજિપ્ત દેશની પેદાશ છે. (૮) મઠીઓ અને દેશી કપાસઃ તે ઓછી મહેનતે તૈયાર થાય છે. વરસાદ ઓછો હોય તોપણ તે ઊગે છે. (૯) લાલીઓઃ દાણો તૈયાર થતી વખતે તે ફાટી જાય છે. (૧૦) વાગડીઓ કપાસ. (૧૧) ઢાંકણીઓ અથવા ડાબલીઓ કપાસઃ તેનાં કાલાં બંધ રહે છે. (૧૨) લંબરફૂવાઃ આ નામ માંગરોળ પાસે આવેલા ફૂવા ઉપરથી પડ્યું છે. કપાસનાં મૂળિયાં દસ્તાન વધારનાર હોવાથી તે દુઃખથી થતા ઋતુસ્રાવ અને ઠંડીને અંગે બંધ થયેલ રજોદર્શનમાં અપાય. ગર્ભધારણ પછીના થોડા વખત માટે મૂળિયાં વધારે પ્રમાણમાં આપી શકાય. તેનાં ફૂલનો મુરબ્બો પિત્તરોગમાં અપાય છે, કારણ કે તે ઉત્તેજક છે. સ્ત્રીના રક્તસ્રાવ ઉપર કપાસનાં પાંદડાંનો રસ કાઢી પવાય છે. વીંછીનો દંશ, કાનનો દુખાવો અને સર્પદંશ ઉપર તેનો રસ ચોળાય છે. સ્ત્રીને દૂધની વૃદ્ધિ કરવા કપાસનાં મૂળ વાટીને પવાય છે. અફીણના ઝેર ઉપર કપાસનાં બિયાંનો ચૂરો ને ફટકડી અપાય. રૂ કંઈક ઉષ્ણ, વાતનાશક, લઘુ અને મધુર છે. તે કફ, પિત્ત, તૃષા, દાહ, ભ્રમ, શ્રમ, ઊલટી અને મૂર્છાનો નાશ કરનાર મનાય છે. જીંડવાં મૂત્રવર્ધક છે.

કપાસદાન [સં. કર્પાસ (કપાસ) + દાન (આપવું તે)] ન. કપાસનું દાન.

કપાસપતિ [સં. કર્પાસ (કપાસ) + પતિ (શેઠ)] પું. કપાસનો સૌથી મોટો વેપારી.

કપાસયંત્રાલય [સં.] ન. કપાસ લોઢવાનું કારખાનું.

કપાસસંકોચનયંત્ર [સં.] ન. રૂની ગાંસડી બાંધવાનો સંચો.

કપાસસૂત્ર [સં.] ન. સૂતર; રૂનો તાર.

કપાસિયાહાટ ન. કપાસિયા વેચનારનું બજાર.

કપાસિયું ૧. વિ. કપાસનું; કપાસમાંથી બનેલું.

૨. વિ. કપાસ વાવવા લાયક. જુઓ કપાશિયું.

કપાસિયો પું. કપાસનું બી. જુઓ કપાશિયો. કપાસિયાનું તેલ જ્ઞાનતંતુનાં દરદ અને ચામડી ઉપરનાં ચાઠાં દૂર કરવા માટે વપરાય છે. કપાસિયા ગુરુ, વૃષ્ય અને સ્નિગ્ધ છે. કપાસિયાને પાણીમાં વાટી મરડા ઉપર અપાય છે. તે વિરેચક અને શક્તિવર્ધક છે. માથાના દુખાવામાં જ્ઞાનતંતુને પુષ્ટિ આપવા માટે તે વપરાય છે.

કપાસી ૧. પું. કપાસના ફૂલ જેવો પીળો રંગ.

૨. પું. કપાસનો વેપારી.

> કપાસી રે કપાસી વેપાર કરજે તપાસી,
> નહિ તો છૈયાં રહેશે ઉપાસી = કપાસના
> વેપારીએ કાળજીથી વેપાર કરવો જોઈએ.
> નુકસાન થાય તો ઘણું આકરૂં પડે. તે
> ઉપરથી દરેક કામ બરાબર વિચારીને કરવું,
> નહિ તો બહુ નુકસાન થાય.

૩. સ્ત્રી. કપાસનો વેપાર કરનારની અટક.

૪. સ્ત્રી. શેરડીમાં થતો એક જાતનો રોગ.

૫. સ્ત્રી. સિપાઈ અને વોરાની એ નામની અટક.

૬. ન. એ નામની અટકનું માણસ.

૭. વિ. એ નામની અટકનું.

૮. વિ. કપાસનું.

૯. વિ. રૂનું બનાવેલું.

કપાસીઆ પું. રૂનું બી. જુઓ કપાસિયો.

કપાસીઆમીલ સ્ત્રી.; ન. જીન; કપાસ લોઢવાનું કારખાનું.

કપાસીઉં વિ. કપાસનું. જુઓ કપાસિયું.

કપાસીયો ૧. પું. એક જંતુ. તે કપાસિયા ખાય છે.

૨. જુઓ કપાસિયો.

કપાસીરંગ પું. કપાસના ફૂલ જેવો પીળો રંગ.

કપાસીવાડ (કપાસીવાડ઼) સ્ત્રી. કપાસી લોકોનો લત્તો.

કપાસ્ત્ર ન. એક જાતનું બાણ. તે અસ્તિક ઋષિએ અર્જુનને આપેલ હતું.

કપાહ [હિં.] સ્ત્રી. કપાસનો છોડ; કપાસ.

કપાળ ૧. પું. એક જાતનો કોઢ. આ કોઢવાળાની ચામડી કાળી લાલ અને ઠેકાણે ઠેકાણે ફૂટેલી ઠીબડીની માફક ફાટેલી, લૂખી, કઠોર અને સૂકી હોય છે.

૨. ન. કંઈ નહિ તે; ધૂળ.

૩. [સં. કપાલ (ખોપરી)] ન. ખોપરી; ખપ્પર; તુંબલી.

૪. ન. (સંગીત) ગ્રામનો ઊંચો તાર.

૫. ન. થીગડું; લૂગડાનો કટકો.

૬. ન. નસીબ; ભાગ્ય.

૧. કપાળ ધોઈ જોવું–નાખવું = નસીબના સારાનરસા લેખ ઊકેલવા અથવા અનુભવવા; નસીબ અજમાવી જોવું.

૨. કપાળ ફૂટવું = (૧) ઇચ્છેલું ન મળવું; લાંબા વખતની આશા ધૂળ મળવી. (૨) કપાળમાં વાગવાથી માંહેથી લોહી વહેવું. (૩) ઘણું નુકસાન થવું. (૪) મોટું દુ:ખ આવી પડવું. (૫) હમેશને માટે દુર્ભાગ્ય થવું.

૩. કપાળં તો ફળે ભૂપાળં = નસીબ સારાં હોય તો રાજયોગ થાય.

૪. કપાળે કાજળ = કલંક; મેશનો ચાંલ્લો; કાળી ટીલી; અપયશ; ખોટું આળ.

૫. કપાળે લખાવી લાવવું = (૧) નિર્માણ થવું. (૨) સુભાગ્ય લઈને જન્મવું.

૬. મોટું કપાળ = (૧) નસીબદાર; ભાગ્યશાળી. (૨) ભવ્ય લલાટવાળું.

૭. ન. ભ્રમર ઉપરનો અને માથાના વાળની નીચેનો ચહેરાનો સપાટ ભાગ; ભાલ; લલાટ.

૧. કપાળ ફૂટવું = (૧) નકામી મહેનત કરવી; માથું દુ:ખતાં સુધી મહેનત કરવી. (૨) નિરાશાને લીધે હાથથી માથામાં મારવું. (૩) નુકસાન થવાથી દિલગીર થવું. (૪) પશ્ચાત્તાપ કરવો. (૫) માથાકૂટ કરવી; મહેનત લેવી. (૬) શોક, દુ:ખ કે ક્રોધના આવેશમાં કપાળને કોઈ ચીજ સાથે અફાળવું અથવા કોઈ ચીજ કપાળમાં મારવી.

૨. કપાળ ખૂલવું = નસીબ સારૂં થવું.

૩. કપાળ ધોઈ આવવું = વિધાતાના લેખ ફેરવવા.

૪. કપાળ પ્રમાણે ટીલું = જેવા દેવ તેવી પૂજા; જેને જેવું શોભે તેવું.

૫. કપાળ ફૂટવું = (૧) કમનસીબ હોવું. (૨) મહાન આશા પૂર્ણ થવામાં નિષ્ફળ થવું; આશાભંગ થવું. (૩) માથામાં વાગવું. (૪) મોટી ખોટ આવવી.

૬. કપાળ ફૂટે નસીબ ન ઊઘડે = શોક કરવાથી કાંઈ દી ન વળે.

૭. કપાળનું ટીલું કપાળે થાય–કપાળનું ટીલું ગાલે ન થાય = જે પ્રમાણે શોભતું હોય તેમ થાય.

૮. કપાળનું ટીલું પૂંઠે ન થાય = દરેકને છાજે એવું આપવું; જ્યાં જે થતું હોય ત્યાં તે થાય.

૯. કપાળમાં ચાંલ્લો કરવો = (૧) કંઈ ન આપવું. તિરસ્કારમાં આ અર્થમાં વપરાય છે. (૨) નકામું આપી દેવું.

૧૦. કપાળમાં ચોડવું = આપી દેવું. તિરસ્કારમાં આ અર્થમાં વપરાય છે.

૧૧. કપાળમાં ડામ = આપવાનું કાંઈ નથી. તિરસ્કારમાં કાંઈ નહિ આપતાં આમ કહેવાય છે.

૧૨. કપાળમાં ડામ દેવો = કાંઈ ન આપવું.

૧૩. કપાળે કપાળે જુદી મતિ = દરેક માણસના અભિપ્રાયમાં ફેર હોય છે; માણસે માણસે જુદા અભિપ્રાય હોય.

૧૪. કપાળે કંકુ = યશ; માન; પ્રતિષ્ઠા; સુખપ્રાપ્તિ.

૧૫. કપાળે ચોટવું = (૧) કર્યા કે ભોગવ્યા વગર છૂટકો ન થવો. (૨) માથે પડવું; છેડે બંધાવું. (૩) હમેશને માટે જોડાયેલું હોવું.

૧૬. કપાળે ડૂંડું–બાજરિયું વધવું = ઘણી હજામત વધવી.

૧૭. કપાળે રેલા ઊતરવા = મહેનત પડવી; પરસેવો ઊતરતાં સુધી મહેનત કરવી; ઘણો પ્રયાસ કરવો; સખત અને મુશ્કેલી ભરેલી મહેનત કરવી.

૧૮. કપાળે લખેલું = નિર્મિત; નિર્માણ થયેલું. જન્મ્યા પછી છઠ્ઠે દિવસે વિધાતા લેખ લખી જાય છે એવી માન્યતા ઉપરથી આ પ્રયોગ થયો છે.

૧૯. કપાળે હાથ દેવો = (૧) નિરાશ થવું. (૨) પસ્તાવો કરવો. (૩) નસીબ પ્રમાણે થયું એમ માની મન વાળવું; કોઈને નહિ પણ પોતાના ભાગ્યને દોષ દેવો.

૨૦. કોડિયા જેટલું કપાળ = કમનસીબ; હીણભાગ્ય.

૨૧. કોડિયા જેવું કપાળ હોવું = (૧) કમનસીબ હોવું. (૨) ઠોઠ હોવું.

૮. ન. મગજ.

કપાળે કપાળે જુદી મત = માણસે માણસે જુદી બુદ્ધિ.

કપાળકૂટ ૧. સ્ત્રી. એક ને એકજ જાતની મહેનત; એકસરખી મહેનતવાળી કામગીરી.

૨. સ્ત્રી. માથાફોડ; મગજમારી.

કપાળકૂટિયું ૧. વિ. માથાફોડિયું; કટકટ કરતું.

૨. વિ. માથું દુ:ખી જાય એવી મહેનતવાળું; કપાળ કુટાવે એવું; ઘણી મગજમારી કરાવે એવું.

કપાળકૂટું જુઓ કપાળકૂટિયું.

કપાળકૂટો જુઓ કપાળકૂટ.

કપાળગરાસ પું. રાજાએ ભાયાતો અથવા રાજકુંવરોના ગુજરાન માટે આપેલી જાગીર.

કપાળચક્રક ન. ખોપરી બનાવનારા કપાલાસ્થિઓના સાંધામાં આવેલું એક ઝીણું અને બેડોળ હાડકું.

કપાળચોટી સ્ત્રી. ઘોડાના કપાળ ઉપરનો વાળનો ગુચ્છો. તે બે કાન વચ્ચેથી શરૂ થઈ બે આંખ વચ્ચે કપાળ ઉપર લટકતો રહે છે.

કપાળદંતચૂડિક (કપાળદંતચૂડિક) [સં.] પું. પશ્ચિમ કપાલના મૂળ ભાગને દંતચૂડાના પિંડ સાથે જોડનાર સ્નાયુ.

કપાળપટી સ્ત્રી. ઘોડાના કપાળ ઉપર રાખવાની ચામડાની પટી.

કપાળભસ્ત્રા સ્ત્રી. યોગની ૭ માંહેની એક ક્રિયા.

કપાળભાતિ જુઓ કપાલભાતિ.

કપાળિયો પું. ખપ્પર ધારણ કરનાર અઘોરી બાવો; કપાલી.

કપાળી જુઓ કપાલી.

કપિ ૧. [સં.] પું. અશુદ્ધ શિલારસ.

૨. પું. આમલીનું ઝાડ.

૩. પું. આંબાનું ઝાડ.

૪. પું. ઇંદ્ર.

૫. પું. કરમદાનું ઝાડ.

૬. પું. કરંજનું ઝાડ.

૭. પું. તામસ મન્વંતરમાંના સપ્તર્ષિમાંનો એક ઋષિ.

૮. પું. પિંગળો રંગ.

૯. પું. ભારદ્વાજાંગિરસ વંશનો એક ઋષિ.

૧૦. પું. રાતા ચંદનનું ઝાડ.

૧૧. પું. લાલ રંગ.

૧૨. પું. વરાહ; ડુક્કર; ભુંડ.

૧૩. પું. વાંદરો; મર્કટ; વાનર.

કપિ શાખામૃગ બલિમુખ કીશ પ્લવંગ લાંગૂર,
વાનર કરમાં નાળિયર દેત વિધાતા ક્રૂર.
પિંગળલઘુકોષ

૧૪. પું. વિષ્ણુ.

૧૫. પું. (જ્યોતિષ) વૃષભ રાશિનો તારો.

૧૬. પું. સમાધિ પ્રાપ્ત કરી લેવાનો માર્ગ.

૧૭. પું. સૂર્ય.

૧૮. પું. હનુમાન.

૧૯. પું. હાથી.

૨૦. સ્ત્રી. કાઠિયાવાડી ઘોડીની એક જાત.

૨૧. સ્ત્રી. પથ્થર કે વજન ઊંચકવાની ગરેડી.

૨૨. ન. અઢાર મુખ્ય ધન માંહેનું એક.

૨૩. ન. એ નામનું એક ગોત્ર.

૨૪. ન. રાતું ચંદન.

૨૫. વિ. પિંગળું.

૨૬. વિ. રાતું.

કપિકચ્છૂ ૧. [સં.] સ્ત્રી. વાંદરી; મર્કટી.

૨. ન. કવચ; કૌંચાં; એક જાતનું ખરજ ઉત્પન્ન કરનારૂં કરિયાણું. તેનાં બી શક્તિવર્ધક અને

વાનું જોર નરમ કરનાર કહેવાય છે. બી બે કલાક સુધી દૂધમાં ઉકાળવાથી શુદ્ધ થાય. તેનાં પાંદડાં ઉપર નાની રુંવાટી હોય છે. તેને જો ચામડી અડી જાય તો દાહ થાય. જ્ઞાનતંતુની નબળાઈ, શ્વેતપ્રદર, વીર્યસ્ખલન અને વીંછીના ડંખ ઉપર ચોપડવા આ ઔષધિ કામ આવે છે.

કપિકુલ [સં.] ન. વાંદરાનું ટોળું.

કપિકુંજર [સં.] પું. ઉત્તમ વાંદરો.

કપિકેતન [સં.] પું. અર્જુન. તેના ધ્વજમાં હનુમાનનું ચિહ્ન હતું.

કપિકેતુ જુઓ કપિકેતન.

કપિકોલિ [સં.] પું. બોરનું ઝાડ.

કપિચુડા ૧. સ્ત્રી. અંબાડાનું ઝાડ.
૨. [સં.] સ્ત્રી. આંબાનું ઝાડ.
૩. સ્ત્રી. પારસપીપળો.

કપિચુત જુઓ કપિચુડા.

કપિચૂત જુઓ કપિચુડા.

કપિજ [સં.] પું. શિલારસ.

કપિતક સ્ત્રી. દારૂહળદર.

કપિતાન ૧. ન. એક જાતનું ઝાડ; પારસપીપળો.
૨. વિ. ખંધું; લુચ્ચું.
૩. વિ. વાંદરા જેવું; તોફાની; અટકચાળું.

કપિતૈલ [સં.] ન. શિલારસ. તે સ્વાદિષ્ટ હોઈ વાંદરા તે ચાટ્યા કરે છે. ચાટતાં તેના હાથ, પગ, મોઢું રસથી તેલ તેલ થઈ જાય છે, માટે તેને કપિતૈલ કહે છે.

કપિત્થ ૧. [સં.] ન. એક જાતની આતશબાજી.
૨. ન. ઉપરી અધિકારીનું રહેઠાણ.
૩. ન. કારખાનું.
૪. ન. કોઠી; કોઠાનું ઝાડ. તેનાં ફળ વાંદરાને પ્રિય છે. કાચું ફળ સંકોચક હોવાથી અતિસાર અને મરડામાં ઉપયોગી મનાય છે. પાકું ફળ તરસ અને હેડકી મડાડે, અવાજ સુધારે, પણ પચવામાં મુશ્કેલ કહેવાય છે. દારૂ બનાવવામાં તેનો ઉપયોગ થાય છે.
૫. ન. કોઠું; કોઠીનું ફળ.
૬. ન. ચણકબાબ.
૭. ન. છાશ.
૮. ન. ફરૂખાબાદ જિલ્લામાં ફતેહગઢની પશ્ચિમે ત્રીશ માઇલ ઉપર ઇક્ષુમતી નદીને કાંઠે આવેલું ગામ; સાંકાસ્ય.
૯. ન. માટીનું મોટું વાસણ.
૧૦. ન. માલ રાખવાનું મકાન; 'ગોડાઉન'.
૧૧. ન. હાથ અને આંગળાંથી થતો એક જાતનો અભિનય. હાથની તર્જની અંગૂઠાની ટોચ ઉપર મૂકવાથી આ અભિનય થાય. લક્ષ્મી, સરસ્વતી, ગાય દોહવી, રમતમાં ફૂલ ઝાલી રાખવાં, સાડીનો છેડો પકડી રાખવો, માથા ઉપર છેડો ધરી રાખવો એ દર્શાવવા આ અભિનય કરાય છે.

કપિત્થક ૧. [સં.] ન. કોઠાનું ઝાડ.
૨. ન. કોઠું.

કપિત્થપત્રા [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

કપિત્થપર્ણી જુઓ કપિત્થપત્રા.

કપિત્થશિખર જુઓ કપિત્થ ૫.

કપિત્થાષ્ટક [સં.] ન. (વૈદ્યક) એક જાતનું ચૂર્ણ. તે બનાવવા કોઠાં આઠ ભાગ, સાકર ૭ ભાગ, દાડમનો રસ, આમલી, બીલી, ધાવડીનાં ફૂલ, અજમોદ અને પીપર ત્રણત્રણ ભાગ, મરી, જીરૂં, ધાણા, સંચળ, એલચી, તજ, તમાલપત્ર, નાગકેસર, ચિત્રો અને સૂંઠ એકેક ભાગ લઈ વસ્ત્રગાળ ચૂર્ણ કરવું. સંગ્રહણી અને અતિસારમાં તે ફાયદાકારક મનાય છે. તેની માત્રા પાવલીથી અર્ધાભારની છે.

કપિત્થાષ્ટકચૂર્ણ જુઓ કપિત્થાષ્ટક.

કપિત્થાસ્ય [સં.] ન. કોઠા જેવા મોંવાળો ગોલાંગૂલ નામે એક જાતનો વાંદરો.

કપિત્વ [સં.] ન. વાંદરા જેવું અટકચાળાપણું.

કપિથ જુઓ કપિત્થ.

કપિદળ [સં.] ન. વાંદરાનું ટોળું.

કપિધ્વજ [સં.] પું. અર્જુન. તેના રથની ધજામાં હનુમાન હતા. એક વખત અર્જુને રામેશ્વરનાં દર્શન કરી હનુમાનના મુખથી રામચરિત્ર સાંભળ્યું. અર્જુને હસીને કહ્યું કે, 'રામનું એટલું સામર્થ્ય, તો બાણ વડે તેણે સેતુ કેમ ન બાંધ્યો?' હનુમાને કહ્યું કે, 'બાણ તો ભાંગી જાય.' અર્જુન બોલ્યો કે, 'હું જો હોત તો બાણનો સેતુ બાંધત'. હનુમાને કહ્યું કે, 'બાંધ જોઉં.' પછી અર્જુને એક યોજનનો બાણસેતુ બાંધ્યો અને કહ્યું કે, 'એ જો ભાંગે તો હું અગ્નિકાષ્ટ ભક્ષ કરીશ.' હનુમાને કહ્યું કે, 'જો હું ન ભાંગું તો તારી ધજા ઉપર બેસી મારે તારે અધીન રહેવું.' હનુમાને કૂદકો મારી સેતુ ભાંગ્યો અને અર્જુને લાકડાં એકઠાં કરી સળગાવી તેમાં પ્રવેશ કરવાની તૈયારી કરી. એટલામાં કૃષ્ણે બ્રાહ્મણ રૂપે આવી તેની બધી વાત સાંભળી. પછી કૃષ્ણે હનુમાનને કહ્યું કે, 'સાક્ષી કોણ છે? માટે ફરીથી સેતુ રચાય અને તું ભાંગે તો સાચી વાત.' અર્જુને તે બાંધ્યો. કૃષ્ણે તેની નીચે છાની રીતે સુદર્શન મૂકેલું. તેથી એ સેતુ હનુમાનથી તૂટ્યો નહિ. ત્યારે બ્રાહ્મણે હનુમાનને કહ્યું કે, 'એની ધ્વજા ઉપર બેસી એને સહાય કરજો.'

> જિષ્ણુ ધનંજય વિજય નર ફાલ્ગુન કિરીટી હોઈ,
> ગુડાકેશ ગાંડિવધર પાર્થ કપિધ્વજ સોઈ.
> પિંગળલઘુકોષ

૨. વિ. જેની ધ્વજામાં વાંદરાની આકૃતિ હોય એવું.

કપિનાથ [સં.] પું. હનુમાન.

કપિનામ [સં.] ન. શિલારસ.

કપિનામા જુઓ કપિનામ.

કપિપીપ્પલી [સં.] પું. રાતો અઘેડો.

કપિપ્રભા [સં.] સ્ત્રી. કવચ.

કપિપ્રભુ ૧. [સં.] પું. રામચંદ્ર.
૨. પું. સુગ્રીવ.
૩. પું. હનુમાન.

કપિપ્રિય ૧. [સં.] ન. અંબાડાનું ઝાડ.
૨. ન. કોઠાનું ઝાડ.
૩. ન. કોઠું; કપિત્થ.

કપિપ્લુત [સં.] સ્ત્રી. વાંદરાની માફક કૂદકા મારી ચાલવાની ઘોડાની એક ચાલ.

કપિભૂ [સં.] પું. એ નામના એક બ્રહ્મર્ષિ.

કપિમાર્ગ [સં.] પું. ઉપાસના, ભક્તિ વગેરેથી અંતઃકરણની શુદ્ધિ દ્વારા આત્મજ્ઞાન મેળવવાનો રસ્તો; મુક્તિના ત્રણ પૈકીનો એક માર્ગ.

કપિમુખ ૧. [સં.] ન. વાંદરાના જેવું મોં.
૨. ન. વાંદરાનું મોં.
૩. વિ. વાનરમુખું; વાંદરાના જેવા મોંવાળું.

કપિમૂર્તિ [સં.] પું. હનુમાન.

કપિરથ જુઓ કપિપ્રભુ.

કપિરસ [સં.] પું. પીપરનું ઝાડ.

કપિરાજ જુઓ કપિપ્રભુ.

કપિલ ૧. [સં.] પું. અશ્વશાસ્ત્રના પ્રણેતા શાલિહોત્ર ઋષિના પિતાનું નામ.
૨. પું. ઉંદર.
૩. પું. એ નામના એક ઋષિ; સાંખ્યશાસ્ત્રના કર્તા ઋષિ. કર્દમ પ્રજાપતિને દેવહૂતિથી થયેલ આ મહામુનિનો જન્મ પુષ્કર પાસે થયો હતો. સિદ્ધ નામથી તેમની દેવમાં ગણના થાય છે. વિષ્ણુના તે પાંચમા અવતાર મનાય છે. સાંખ્યયોગ રચી તેમણે અનેક ધર્મોનો ઉદ્ધાર કર્યો. તેમનું મન સંસારમાં બિલકુલ ચોંટયું ન હતું. માતા દેવહૂતિને તેમણે સરસ્વતી ક્ષેત્રમાં બ્રહ્મવિદ્યાનો ઉપદેશ આપ્યો, જેથી માતા મુક્તિ પામ્યાં. ત્યાં તેમનો આશ્રમ છે. ત્યાંથી તેઓ ઉત્તરમાં

ગંગાકિનારે ગયા. ગંગાસાગરમાં આવતાં સમુદ્રે તેમની પૂજા કરી બેસવાને આસન આપ્યું. અહીં બેસી તેમણે યોગાભ્યાસ કર્યો. આજે પણ ગંગાસાગર નામે કલકત્તાની પાસે એ મુનિનો આશ્રમ છે. સગર રાજાના અશ્વમેધ યજ્ઞનો ઘોડો ઇંદ્રે ચોરી લાવી કપિલ મુનિની પાછળ બાંધી દીધો. તે વખતે ઋષિ સમાધિમાં હતા. ઘોડો શોધતા શોધતા સગરના સાઠ હજાર પુત્રો અહીં આવી ચડ્યા. તેઓએ ચોર માની સમાધિસ્થ કપિલને માર માર્યો. સમાધિ ઊતરતાં સગરના બધા પુત્રો ઋષિના ક્રોધાગ્નિમાં બળી ભસ્મ થયા. તેઓ અખંડ ભક્તિ દ્વારા બ્રહ્મસ્વરૂપને પામી ગયા.

૪. પું. એ નામનો એક દૈત્ય.

૫. પું. એ નામનો એક યતિ. તેણે ગાયના શરીરમાં પ્રવેશ કરીને સ્યૂમરશ્મિ નામના ઋષિ સાથે યજ્ઞમાં ગાય અવધ્ય છે એવો સંવાદ કર્યો હતો.

૬. પું. એ નામનો ચોરાશી અક્રિયાવાદીઓ માંહેનો એક.

૭. પું. એક જાતનો ઘોડો.

૮. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તેમાં ૬ ગુરુ અને ૪૪ લઘુ મળી ૫૦ વર્ણ અને ૫૬ માત્રા હોય છે. તે રસઉલ્લાસનો ભેદ છે.

૯. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તેમાં ૯ ગુરુ અને ૬૬ લઘુ મળી ૭૫ વર્ણ અને ૮૪ માત્રા હોય છે. તે રાયવસ્તુનો ભેદ છે.

૧૦. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તેમાં ૧૨ ગુરુ અને ૭૨ લઘુ મળી ૮૪ વર્ણ અને ૯૬ માત્રા હોય છે. તે રોલાવસ્તુનો ભેદ છે.

૧૧. પું. કદ્રુપુત્ર એક નાગ.

૧૨. પું. કુશ દ્વીપના સાત માંહેનો એક પર્વત.

૧૩. પું. કૂતરો.

૧૪. પું. કૌશંબી નગરના રાજા જિતશત્રુના ઉપાધ્યાયનો એ નામનો દીકરો.

૧૫. પું. ગણેશ. તે રાતા અને ભૂરા રંગના મિશ્રણવાળા છે.

૧૬. પું. છદ સરોવરથી ઉત્તરનો દેશ.

૧૭. પું. દેવતા; અગ્નિ.

૧૮. પું. પીંગળો રંગ; બદામી અથવા માંજરો વર્ણ.

૧૯. પું. બ્રહ્મદેવનો એ નામનો માનસપુત્ર.

૨૦. પું. ભરૂચ જિલ્લામાં રહેતા બ્રાહ્મણની એક જાતિ. તેઓ ખેતીનો ધંધો કરે છે.

૨૧. પું. મહાદેવ; શંકર.

૨૨. પું. મેરુપર્વતના મૂળ ભાગમાં આવેલો પર્વત.

૨૩. પું. રુદ્ર ગણમાંનો એક.

૨૪. પું. વડવાનલ; સમુદ્રમાં રહેલ અગ્નિ.

૨૫. પું. વાસુદેવ.

૨૬. પું. વિશ્વામિત્રનો એ નામનો એક દીકરો.

૨૭. પું. વિષ્ણુ.

૨૮. પું. વિંધ્ય પર્વતમાં રહેતો એક વાનર.

૨૯. પું. શિલારસ.

૩૦. પું. સુતનુ નામની સ્ત્રીથી થયેલો વસુદેવનો નાનો દીકરો.

૩૧. પું. સૂર્ય.

૩૨. પું. હિરણ્યગર્ભ; સૂક્ષ્મ શરીરના અભિમાની દેવ.

૩૩. સ્ત્રી. કપિલા ગાય.

૩૪. ન. અઢાર ઉપપુરાણ માંહેનું એ નામનું એક.

૩૫. ન. એ નામનું એક ગોત્ર.

૩૬. ન. એક જાતનું પંખી.

૩૭. ન. પ્રાચીન હિંદનું એક શહેર. જુઓ કપિલવસ્તુ.

૩૮. ન. સીસમનું ઝાડ. ૪૦, ૫૦ વર્ષનું થયા પછી તેનું લાકડું મજબૂત થાય છે. કાળી અને ધોળી એવી તેની બે જાત છે.

૩૯. વિ. કાળું.

૪૦. વિ. પીળા કે ઘેરા બદામી રંગનું; પીંગળું.

૪૧. વિ. પીંગળા વાળવાળું.

૪૨. વિ. સફેદ; ધોળું.

કપિલગીતા [સં.] સ્ત્રી. પદ્મપુરાણમાંથી લીધેલો હઠયોગ પ્રધાન એક ગ્રંથ. કાપિલેય ઉપાખ્યાનને કેટલાક કપિલગીતા માને છે. ચૌદ જાણીતી ગીતા માંહેની આ એક છે.

કપિલચ્છાયા [સં.] સ્ત્રી. કસ્તૂરી.

કપિલતા ૧. [સં.] સ્ત્રી. કવચ; કૌંચ.

> કોલ વલિકા **કપિલતા** નાવિ શ્રેયસી નામ,
> કંડુક સ્પર્શે કોઈ જો વીંછી વેદના પામ.
>
> પિંગળલઘુકોષ

૨. સ્ત્રી. ચંદ્રકન્યકા; એલચી.

> ચંદ્રકન્યકા **કપિલતા** ત્રિકૂટી બાલિકા વેલી,
> એલા તવ પગમાં પડી રંચક મુખમાં મેલી.
>
> પિંગળલઘુકોષ

૩. સ્ત્રી. ભૂરાપણું; પીંગળાશ.

૪. સ્ત્રી. લાલાશ; રાતાપણું.

૫. સ્ત્રી. સફેદપણું.

કપિલતીર્થ [સં.] ન. મહાભારતમાં જણાવેલ એક પ્રાચીન યાત્રાનું સ્થળ.

કપિલદેવ જુઓ કપિલ ૩.

કપિલદેવજી જુઓ કપિલ ૩.

કપિલદેવમુનિ જુઓ કપિલ ૩.

કપિલદ્યુતિ ૧. [સં.] પું. આકડાનો છોડ.

૨. પું. પીંગળી કાંતિ.

૩. પું. સૂર્ય.

કપિલદ્રાક્ષા [સં.] સ્ત્રી. એક જાતની ભૂરી દ્રાક્ષનો વેલો.

કપિલદ્રુમ [સં.] ન. એક જાતનું સુગંધી ઝાડ.

કપિલધારા ૧. [સં.] સ્ત્રી. અમરકંટકમાંથી નીકળ્યા પછી નર્મદા નદીના પહેલા ધોધનું નામ.

૨. સ્ત્રી. કપિલા ગાયના દૂધની ધાર.

૩. સ્ત્રી. ગંગા નદી; ભાગીરથી.

૪. ન. એ નામનું કાશીમાં આવેલ એક તીર્થ.

૫. ન. ગયામાં આવેલું એક તીર્થસ્નાન.

૬. ન. નાસિકની નૈર્ઋત્યમાં આવેલું એક તીર્થ. ત્યાં કપિલનો આશ્રમ હતો.

કપિલપુરાણ [સં.] ન. એ નામનું એક ઉપપુરાણ. રામપુરાણ, કપિલપુરાણ, વરાહપુરાણ, બ્રહ્મવૈવર્તપુરાણ, શિવપુરાણ, ભાગવતપુરાણ, દુર્ગાપુરાણ અને ભવિષ્યોત્તરપુરાણ શુકનમાં ઉત્તમ ગણાય છે.

કપિલફલા [સં.] સ્ત્રી. એક જાતની દ્રાક્ષ.

કપિલર પું. એ નામનો એક તામિલ કવિ. તે ચૌલ દેશમાં વેલ્લુવર ગામમાં જન્મ્યો હતો અને એક બ્રાહ્મણને ત્યાં ઉછર્યો હતો. આગવર નામનો ગ્રંથ તેણે રચ્યો છે. તેમાં ભાઈ-બેનનો જન્મવૃત્તાંત કાવ્યરૂપે લખેલ છે.

કપિલવત [સં. કપિલવત્] વિ. ઉંદરના જેવા રંગનું.

કપિલવર્ણ [સં.] પું. પીંગળો રંગ; બદામી વર્ણ.

કપિલવસ્તુ [સં.] ન. ગૌતમબુદ્ધના પિતા શુદ્ધોદન રાજાની રાજધાનીનું શહેર. અહીં બુદ્ધનો જન્મ થયો હતો. તે નેપાળના તેરાઈમાં બસ્તી જિલ્લામાં રોહિણિ નદીને કાંઠે આવેલું હતું. હાલના સમયમાં ચિત્રદેઈ, રામઘાટ, સંડવા અને તિલૌરા નામનાં ગામો આવેલાં છે તે વિસ્તારમાં કપિલવસ્તુ શહેર હતું. હાલના તિલૌરાની જગ્યાએ કપિલવસ્તુનો કિલ્લો અને રાજમહેલ હતાં. એ કિલ્લો બાણગંગાના પૂર્વ કિનારા ઉપર હતો. ભાગીરથી એ જ બાણગંગા. કેટલાક લખનારાઓનો મત છે કે કપિલવસ્તુ ભાગીરથીના કિનારા ઉપર આવેલ હતું.

કપિલશ્મશ્રુ [સં.] પું. શિવનું એક નામ.

કપિલસીસમ ન. સીસમના ઝાડની એક જાત.

કપિલસૂત્ર [સં.] ન. કપિલ મુનિએ રચેલ સાંખ્યશાસ્ત્રનું ટૂંકું વાક્ય.

કપિલસ્મૃતિ [સં.] સ્ત્રી. કપિલ મુનિએ રચેલી સાંખ્યસ્મૃતિ.

કપિલા ૧. પું. (પિંગળ) ચૌદ માત્રાનો એક છંદ; હંસગતિ. તેમાં ૧, ૫, ૯ અને ૧૩ માત્રાએ તાલ આવે છે.

૨. પું. બ્રાહ્મણની એ નામની એક જ્ઞાતિ.

૩. પું. શિલારસ.

૪. સ્ત્રી. અગ્નિ ખૂણાની એ નામની હાથણી.

૫. સ્ત્રી. અગ્નિની એ નામની એક કલા.

ધૂમ્રા, અર્ચિ, ઊષ્મા, જ્વલિની, જ્વાલિની, વિસ્ફુલિંગિની, સુશ્રી, સુરૂપા, **કપિલા** ને હવ્યકવ્યા એ દશ અગ્નિની કલાનાં નામો છે.
યોગકૌસ્તુભ

૬. સ્ત્રી. ઈશાન કોણના પુંડરિક નામના દિગ્ગજની હાથણી.

૭. સ્ત્રી. એ નામની દેવી.

મહાલિંગમાં **કપિલા** નામની દેવીની પીઠ છે.
ભગવતી ભાગવત

૮. સ્ત્રી. એક જાતની ઔષધિ; વસંતગંધા. તેનાં ફળની ભૂકો કપડાં રંગવાના કામમાં આવે છે.

૯. સ્ત્રી. કામધેનુ; ઇંદ્રની ગાયનું નામ.

૧૦. સ્ત્રી. કેટલાંક સૂકાં ફૂલોનો લાલ સુગંધી ભૂકો.

૧૧. સ્ત્રી. તદ્દન એક રંગની ગાય.

૧૨. સ્ત્રી. તદ્દન કાળા રંગની ગાય.

૧૩. સ્ત્રી. તદ્દન બદામી રંગની ગાય; સોનાના રંગની ગાય.

૧૪. સ્ત્રી. દૂઝણી ગાય.

૧૫. સ્ત્રી. ધૂપ.

૧૬. સ્ત્રી. (પુરાણ) પંચશિખ નામના ઋષિની માનું નામ.

૧૭. સ્ત્રી. પિત્તળ.

૧૮. સ્ત્રી. પૂર્વ દિશાના લોકપાલ અગ્નિના ઐરાવતની સ્ત્રી.

૧૯. સ્ત્રી. (પુરાણ) પ્રાચેતસ દક્ષ પ્રજાપતિની એ નામની દીકરી અને કશ્યપ ઋષિની તેર સ્ત્રી માંહેની એક.

૨૦. સ્ત્રી. ફૂલવાળી શિંશપા; સીસમ.

૨૧. સ્ત્રી. મહાભારતમાં જણાવેલી મધ્ય પ્રદેશની એક પ્રાચીન નદી. તે પવિત્ર કુંડના પશ્ચિમ ભાગમાંથી નીકળીને નર્મદા નદીમાં બે માઈલ સુધી વહીને સિત્તેર ફૂટની ઊંચાઈથી કપિલધારા નામે ધોધ રૂપે પડે છે.

૨૨. સ્ત્રી. મેંદીનાં બી.

૨૩. સ્ત્રી. મ્હૈસુર રાજ્યમાં આવેલ એક પ્રાચીન નદી.

૨૪. સ્ત્રી. રાજનીતિ.

૨૫. સ્ત્રી. રેણુકા નામની સુગંધી ઔષધિ.

૨૬. સ્ત્રી. લોભી સ્ત્રી.

૨૭. સ્ત્રી. સફેદ રંગની ગાય. આ ગાય બહુ સારી મનાય છે.

૨૮. સ્ત્રી. સુશ્રુતે ઝેરી નહિ એવી ૭ પ્રકારની જણાવેલી જળો માંહેની એક.

૨૯. ન. બ્રાહ્મણની એ જ્ઞાતિનું માણસ.

૩૦. વિ. બ્રાહ્મણની એ નામની જ્ઞાતિનું.

૩૧. વિ. સ્ત્રી. ઘેરા બદામી રંગની.

૩૨. વિ. સ્ત્રી. ધોળા રંગની.

૩૩. વિ. સ્ત્રી. ભૂરા રંગની.

૩૪. વિ. સ્ત્રી. શરીરમાં સફેદ ડાઘવાળી.

૩૫. વિ. સ્ત્રી. સીધી; સાદી.

કપિલાક્ષી ૧. [સં.] સ્ત્રી. એક જાતનું હરણ.

૨. સ્ત્રી. પીંગળાં ફૂલવાળી શિંશપા.

કપિલાગમ [સં.] પું. સાંખ્યશાસ્ત્ર.

કપિલાચાર્ય ૧. પું. વિષ્ણુ.

૨. પું. શિવ.

૩. પું. સાંખ્યાચાર્ય કપિલ મુનિ.

કપિલાછઠ સ્ત્રી. ભાદરવો મહિનો, કૃષ્ણ પક્ષ, છઠનો દહાડો, હસ્ત નક્ષત્ર, વ્યતિપાત યોગ અને મંગળવાર એટલાં વાનાના યોગવાળો દિવસ. આવો યોગ લગભગ બાર વરસે આવે અને તે પુણ્યતિથિ તરીકે ગણાય. એ દિવસે સ્ત્રીઓ સૂર્યની પૂજા કરે છે. આ દિવસે કપિલા ગાયનું બ્રાહ્મણને દાન આપવાનો મોટો મહિમા ગણાય છે.

કપિલા છઠ બાર વરસે એક વાર આવે = સારો પ્રસંગ લાંબે વખતે આવે છે.

કપિલાતીર્થ [સં.] ન. મહાભારતમાં જણાવેલું એ નામનું એક પ્રાચીન તીર્થસ્થાન.

કપિલાદાન [સં.] ન. કપિલા ગાયનું દાન.

કપિલાવટ [સં.] ન. મહાભારતમાં જણાવેલ એક પ્રાચીન ક્ષેત્ર; ગંગાદ્વારની પાસે આવેલું એક તીર્થ.

કપિલાશ્રમ ૧. [સં.] પું.; ન. ગંગા નદીના મુખ આગળ સાગરદ્વીપમાં આવેલ કપિલ મુનિનો આશ્રમ.

૨. પું.; ન. ગુજરાતમાં આવેલું સિદ્ધપુર નામનું શહેર.

કપિલાશ્વ ૧. [સં.] પું. ઇંદ્ર; દેવોનો રાજા; દેવરાટ. તેનો ઘોડો પીળા રંગનો મનાય છે.

૨. પું. (પુરાણ) સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળમાં થયેલ કુવલાશ્વ રાજાના ત્રણ માંહેના એક દીકરાનું નામ.

કપિલાષષ્ઠી જુઓ કપિલાછઠ.

કપિલાહ્રદ [સં] પું. કાશીની ઉત્તરે આવેલું એક તીર્થ.

કપિલાંજન [સં.] પું. શિવ.

કપિલાંબર [સં.] પું. ભૈરવનું એક નામ. તેની મૂર્તિ ઉજ્જૈન નામના પીઠસ્થાનમાં છે.

કપિલિક [સં.] વિ. ઘેરા બદામી રંગનું.

કપિલિકા [સં.] સ્ત્રી. એક પ્રકારની શતપદી.

કપિલેશ [સં.] કાશીમાં આવેલું એક શિવલિંગ.

કપિલો જુઓ કપીલો.

કપિલોદક ન. (પુરાણ) ભાતવર્ષીય એક તીર્થ.

કપિલોહ [સં.] ન. પિત્તળ.

કપિલ્લક ૧. [સં.] પું. એક ઔષધિ; કપિલો.

૨. સ્ત્રી. રાતી સાટોડી.

કપિલ્લિકા [સં.] સ્ત્રી. ગજપીપર; કપિવલ્લિકા.

કપિવક્ત્ર ૧. [સં.] પું. (પુરાણ) નારદ. શાપથી તેનું મોઢું વાનર જેવું થઈ ગયું હતું એવી પૌરાણિક માન્યતા છે.

૨. ન. વાનરનું મુખ.

કપિવતી સ્ત્રી. (પુરાણ) ભારતવર્ષીય એક નદી; રામગંગા નદીને મળનારી એક શાખા નદી; ભૈગૂ.

કપિવર [સં.] પું. હનુમાન.

કપિવલ્લિકા [સં.] સ્ત્રી. ગજપીપર; કપિલ્લિકા.

કપિવલ્લી [સં.] સ્ત્રી. ગજપીપર. એ વેલને ગુવારના જેવી શીંગો થાય છે.

કપિવાત [સં.] પું. પારસપીપળાનું ઝાડ.

કપિશ ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો એક દાનવ.

૨. પું. કાબુલનું પ્રાચીન નામ; કાફિરસ્તાન.

બ્રહ્મવન ઘાટના મસાણમાંથી જાગેલું એ ભૂતાવળ **કપિશ**, ગાંધાર, ટક્ક વગેરે ધૂણાવવા લાગ્યું.
કેશવ હર્ષદ

૩. [સં.] પું. કાળો પીળો મિશ્રિત રંગ.

૪. પું. ભૂખરો રંગ; ભૂરો રંગ.

૫. પું. લાલ કાળો મિશ્રિત રંગ.

૬. પું. વૈદિક કાળના હિંદુસ્તાનનો એક પ્રાચીન દેશ.

૭. પું. શિલારસ.

૮. પું. શિલારસનું ઝાડ. તે ઘણું ઊંચું હોય છે. તેમાં વાંદરાનો ઘણો વાસ હોય છે, તેથી કપિશ કહેવાય છે.

૯. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૧૦. ન. એક જાતનો દારૂ.

૧૧. વિ. કાળું પીળું મિશ્ર.

૧૨. વિ. બદામી રંગનું.

૧૩. વિ. ભૂરૂં.

૧૪. વિ. રતાશ પડતું ભૂરૂં.

૧૫. વિ. રાતું; લાલ રંગનું.

૧૬. વિ. રાતું અને કાળું; લાલ કાળું મિશ્ર.

કપિશસ્થાન ન. કાફિરસ્તાન; કાબુલ.

કપિશા ૧. સ્ત્રી. એ નામની એક નદી; બંગાળાના મિદનાપુર જિલ્લામાં વહેતી કશાઈ નદી. રઘુવંશ પ્રમાણે આ નદી ઊતરીને રઘુ ઉત્કલ દેશમાં ગયા હતા.

૨. સ્ત્રી. એક જાતનો દારૂ.

૩. સ્ત્રી. ઓરિસામાં આવેલી એ નામની નદી; સુવર્ણરેખા.

૪. સ્ત્રી. (પુરાણ) કશ્યપની એક સ્ત્રી. તેનાથી પિશાચ ઉત્પન્ન થયાનું મનાય છે.

૫. સ્ત્રી. કાબુલ નદીની ઉત્તરે ૧૫૦ માઇલ ઉપર આવેલો ઉત્તર અફઘાનિસ્તાનનો પ્રદેશ. ચિનાઈ મુસાફરોએ એને કિપિન કહ્યો છે.

૬. સ્ત્રી. માધવી લતા.

૭. સ્ત્રી. હાલનું કાબુલ. કપિશા નગરી એક સમયે ગાંધારની રાજધાની હતી.

કપિશાક ન. ટૂંકા થડવાળી અને તેની ઉપર પાંદડાંનો જથ્થો હોય એવી એક વનસ્પતિ; કોબીજ. તેનું શાક થાય છે.

કપિશા પુત્ર [સં.] પું. પિશાચ.

કપિશાયન ૧. [સં.] પું. એક જાતનો દારૂ.

૨. પું. દેવ.

કપિશાવદાન ન. બૌદ્ધ ધર્મનું એ નામનું અવદાન.

કપિશાંજન [સં.] પું. શિવ.

કપિશિલ પું. એક જાતનો રસાયણિક પ્રવાહી પદાર્થ.

કપિશી ૧. [સં.] સ્ત્રી. દારૂ.

૨. પું.; સ્ત્રી. માધવી લતા.

કપિશીકા [સં.] સ્ત્રી. એક જાતનો દારૂ.

કપિશીર્ષ ૧. [સં.] ન. કિલ્લાનો કાંગરો. તે કિલ્લાની પહોળાઈના અર્ધભાગે મનુષ્યનાં માથાં બહારથી દેખાય નહિ એટલો ઊંચો ચણવામાં આવે છે.

> એવા કિલ્લાના વિસ્તારના (પહોળાઈના) અર્ધ ભાગમાં કાંગરા કરવા અને તે કાંગરા અથવા **કપિશીર્ષ** એકબીજાથી આઠ આંગળ અથવા આઠ તસુના છેટે હોવા જોઈએ. રાજવલ્લભ

૨ ન. પથ્થરનું નિશાન; શિલાસેતુ; સીમાસ્તંભ; ખૂંટ.

કપિશીર્ષક ન. હિંગળોક; હિંગળો.

કપિશીર્ષ્ણી ન. એક જાતનું વાજિંત્ર.

કપિષ્ઠલ ૧. [સં.] પું. એ નામનો એક ઋષિ.

૨. સ્ત્રી. યજુર્વેદની એક શાખા.

૩. ન. વાંદરાંઓનું સ્થાન.

કપિસુખ પું. (પુરાણ) એક બ્રહ્મર્ષિ.

કપિસ્કંધ [સં.] પું. એ નામનો એક દાનવ.

કપિહસિત ૧. [સં.] ન. વાંદરાનાં દાંતિયાંની પેઠે વાદળાં વગર આકાશમાં થતી વીજળી; સ્વચ્છ આકાશમાં વીજળીનું અચાનક દર્શન.

૨. ન. વાંદરાની જેમ દાંતિયાં કરવાપણું.

કપિંગ [અં.] ન. શરીરનું બગડેલું લોહી કાઢી નાખવા માટે વપરાતું એક સાધન. તેમાં નાના મોટા કદનાં ગોળ ફોરવાળાં કાચનાં પ્યાલાંઓ તેમ જ ગોળ ધારવાળાં છરીનાં પાનાંઓ કે જે કમાનની મદદથી ઊઘડે બિડાય છે તે હોય છે. તેવી ધાતુની ડાબલી જ્યાંથી લોહી કાઢવાનું હોય ત્યાં છરીના છીછરા કાપ પાડી તે ઉપર મેથિલેટેડ સ્પિરિટ લગાડેલો કાચ કે જેને કપિંગગ્લાસ કહે છે તેને દીવાસળી દેખાડી મૂકી દેવામાં આવે છે. તેથી બળતો સ્પિરિટ ઓલવાઈ જઈ અંદરનો બાફ નરમ પડતાં ચામડી ખેંચાઈને ઊપસી આવે છે અને લોહી ખેંચાઈ આવે છે. આ ક્રિયાને વેટ કપિંગ કહે છે. શરીરમાં ગમે તે ભાગમાં કપિંગ થઈ શકે છે. કાચના પ્યાલામાંથી હવા કાઢી નાખ્યા પછી જે ભાગ ઉપર તે મૂકવામાં આવે ત્યાં બધું લોહી ખેંચાઈ આવે છે ને તેથી ઘણાં દરદ મટવાનું મનાય છે.

કપિંજલ ૧. પું. (પુરાણ) એ નામનો એક બ્રહ્મર્ષિ.

૨. [સં.] પું. એક જાતનું પક્ષી; ધોળું તેતર.

૩. પું. કાદંબરીની કથા માંહેનો શ્વેતકેતુ ઋષિનો દીકરો; પુંડરિકનો મિત્ર.

૪. પું. ચાતક પક્ષી; બપૈયો.

> પ્રયાણ વખતે **કપિંજલ** અને ગણપતિ એ બે જમણી તરફ બોલે તો સારાં. રાજવલ્લભ

૫. વિ. પીળું; પીળા રંગનું.

કપિંજલ તીર્થ [સં.] ન. મહાભારતમાં જણાવેલ એક પ્રાચીન તીર્થ.

કપિંજલા [સં.] સ્ત્રી. મહાભારતમાં જણાવેલી એક પ્રાચીન નદી.

કપિંજલાદ પું. (પુરાણ) ચાંડાલથી પેદા થયેલ એ નામનો એક બ્રહ્મર્ષિ.

કપિંજલ્ય પું. (પુરાણ) ઇંદ્રપ્રમિતિ ઋષિનું બીજું નામ.

કપી ૧. પું. (ડિંગળ) સૂર્ય.

૨. સ્ત્રી. (વહાણવટું) નાનો કપો.

૩. સ્ત્રી. પાણો કે વજન ઊંચકવાની ગરેડી.

૪. સ્ત્રી. વાંદરી.

કપીજ્ય ૧. [સં.] પું. ક્ષીરિકાવૃક્ષ.

૨. પું. રામચંદ્ર.

૩. પું. સુગ્રીવ.

કપીણુ ન. (વહાણવટું) કપી.

કપીત [સં.] પું. એક જાતનું ઝાડ.

કપીતક સ્ત્રી. દારૂ હળદર.

કપીતન ૧. [સં.] ન. અંબાડાનું ઝાડ.

૨. ન. જાસૂદનું ઝાડ; શિરીષ વૃક્ષ.

૩. ન. પીપળાનું ઝાડ.

૪. ન. બીલીનું ઝાડ.

૫. ન. સરસડિયો નામનું ઝાડ.

૬. ન. સોપારીનું ઝાડ.

કપીતર પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

કપીથ ૧. ન. એક જાતનું ઝાડ; કોઠી.

૨. ન. કોઠી ઝાડનું ફળ; કોઠું.

કપીલિકા સ્ત્રી. નવલિકા; નાની વાર્તા.

> નાની વાર્તા novel, જેને માટે હાલ નવલિકા શબ્દ યોજાયો છે તેને માટે હું તો યોજું **કપીલિકા**. પ્રસ્થાન

કપીલુ ન. ઝેરકોચલું.

કપીલો ૧. [સં. કપિલ્લક] પું. સુરત તરફ થતા પુન્નાગ નામના ડુંગરી ઝાડના ડોડવા ઉપર બાઝતી ગાંઠ. દીવાસળીની સળી તથા ડાબલી બનાવવા માટે આ ઝાડનું લાકડું કીમતી ગણાય છે. આ ગાંઠનો ઈંટના ભૂકા જેવો લાલ રંગનો ભૂકો થાય છે. તે કફઘ્ન, રેચક, તીખટ ને ઉષ્ણ છે. મધ અથવા માખણ સાથે બે આનીથી પાવલીભારની માત્રામાં તે અપાય છે. ગૂમડાં, ખૂજલી, કફ, ઉધરસ, જંતુ અને કૃમિનો નાશ કરે છે. ચપટાં કૃમિ ઉપર કપીલો વિશેષ લાગુ પડે છે. તે આપ્યા પછી જુલાબ આપવાથી કરમ બહાર પડે છે. રેચ તથા પિત્તગુલ્મ ઉપર પણ અપાય છે. તેને કાંપિલ્ય, કર્કશ, ચંદ્ર, રક્તાંગ અને રોચન પણ કહે છે.

૨. પું. રેશમને રંગવાનો પીળો રંગ.

૩. વિ. પું. બદામી; તપખીરિયો.

કપીવહ [સં.] ન. એ નામનું એક સરોવર.

કપીશ ૧. પું. એ નામનો એક ઋષિ.

૨. [સં.] પું. વાનરોનો રાજા. જેમકે, સુગ્રીવ, વાલિ.

૩. પું. હનુમાન.

કપીષ્ટ ૧. [સં.] પું. કોઠનું ઝાડ.

૨. પું. રાજાદન નામનું વૃક્ષ.

કપીસ્થળ ન. પંજાબમાં આવેલ કૈથલ ગામનું એક પ્રાચીન નામ; કવિસ્થળ.

કપીંદ્ર ૧. પું. રામચંદ્ર.

૨. પું. વાનરોનો રાજા.

૩. પું. વિષ્ણુનાં હજાર નામ માંહેનું એક. કપિ એટલે વાંદરાઓના ઇંદ્ર એટલે સ્વામી હોવાથી તેઓ કપીંદ્ર કહેવાય છે.

૪. પું. સુગ્રીવ.

૫. પું. હનુમાન.

કપુત્ર જુઓ કપૂત.

કપુપરા ૧. સ્ત્રી. લેઉઆ કણબીની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. લેઉઆ કણબીની એ અટકનું.

કપુરાસ સ્ત્રી. આરસપહાણની એક જાત.

કપુરિયા ૧. સ્ત્રી. બિહારી કલમી આંબાની એક જાત. તેને કપૂરની માફક સુગંધવાળી કેરી આવે છે.

૨. સ્ત્રી. લેઉઆ કણબીની એ નામની અટક.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

કપુરૂં વિ. ખરાબ; વાંકું.

કપુલ ૧. ન. (વહાણવટું) મોટી લોથારીનું દોરડું.

૨. ન. (વહાણવટું) વાલ વીંટવાનું લાકડું.

કપુષ્ટિકા [સં.] સ્ત્રી. ચોટલાનું સંસ્કાર કર્મ.

કપૂત ૧. [સં. કુ (ખરાબ) + પુત્ર] પું. કહ્યું ન માનનાર દીકરો.

૨. પું. કુટુંબને લાંછન લગાડે એવો છોકરો; નઠારો દીકરો.

૩. પું. નઠારાં આચરણ કરનારો નામબોળ છોકરો.

૧. કપૂત દીકરો કુળમાં અંગારો = કપૂત દીકરે કુળ હીણું પડે.

૨. કપૂતનો કોથળીએ મેળ = ખરાબ છોકરો ખરચનો હિસાબ રાખે નહિ.

૪. વિ. પું. ફરજ ન બજાવે એવો.

કપૂતી ૧. [સં. કુ (ખરાબ) + પુત્ર + ઈ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. કહ્યું ન માનનાર પુત્રી.

૨. સ્ત્રી. કુળને લાંછન લગાડે તેવી પુત્રી.

૩. સ્ત્રી. નામબોળ છોકરી.

૪. સ્ત્રી. નામ બોળે એવો પુત્ર થવાપણું.

કપૂર ૧. પું. ચંદ્ર; સોમ.

૨. પું. નાગપિંગળ માંહેનો વર્ણમેળ છંદ.

૩. [સં. કર્પૂર; અપ. કપ્પુર; પ્રા. કપૂર] ન. એ નામનું ઝાડ. વરસાદમાં બી વાવી તેના રોપ કરવામાં આવે છે. આઠ મહિનામાં રોપા ફેરવી વાવવા લાયક થાય છે. મૂળિયાં કાપી વાવવાથી પણ નવાં ઝાડ થાય. ડાળી વાવવાથી ન થાય. મે અને જૂનમાં તેને સફેદ ફૂલ આવે છે. તેનાં પાન થોડાં લંબગોળ, સુંવાળાં અને શિરાવાળાં હોય છે. પાનની ઉપરની બાજુ પીળા રંગની ઝાંયવાળી લીલા રંગની અને નીચેની બાજુ નીલી ઝાંયવાળી લીલા રંગની હોય છે. પાનનું ડીટડું લાંબું અને શાખાની છાલ ઉપરથી ખરબચડી હોય છે, પણ અંદરનો ભાગ લીસો હોય છે. ફળ વટાણા સરખાં થાય છે. ઝાડના દરેક ભાગમાં કપૂરની સુગંધ આવે છે. ઘણી ઊંચાઈવાળી જગાએ આ ઝાડ સારાં થાય છે. હવા આવતી હોય તે દિશામાં બીજાં વાવેતરનાં રક્ષણ તરીકે બાગોને ફરતાં કપૂરનાં ઝાડનું વાવેતર સીલોનમાં કરે છે. ઝાડની પાંચ ફૂટથી વધારે ઉંચાઈ થવા દેવી નહિ. ત્રીજા કે ચોથા વરસથી તેમાંથી કપૂર કાઢવા માટે પાતરાં, લાકડું, મૂળ વગેરે લેવામાં આવે છે.

૪. ન. કેરડાના ઝાડનું ફૂલ.

૫. ન. સફેદ રંગનું એક સુગંધી દ્રવ્ય. તે હવામાં ઊડી જાય અને બાળવાથી બળે. તેની પકવ અને અપકવ એમ બે જાત છે. જે કપૂર ઝાડમાંથી તૈયાર મળે છે તે અપકવ અને જે બાહ્ય વરાળની ક્રિયા કરીને બનાવવામાં આવે તે પકવ. અપકવ કપૂરમાં વધારે ગુણ રહેલો છે. તેના પોતાસ, ચીની, ભીમસેની વગેરે ઘણા ભેદ છે. ભીમસેની કપૂર ઊંચી જાતનું ગણાય છે. તેમાં આકરી સુગંધ હોય છે. પાંચ દશ જાતના ઝાડમાંથી કપૂર નીકળે છે. હિંદમાં કેળની જાતિનું એક ઝાડ છે તેમાંથી કપૂર કાઢે છે. તે ઝાડને કપૂરકેળ કહે છે. કપૂર તે ઝાડના ગર્ભમાંથી નીતરનારૂં જાડું અને પોતાની મેળે ઘટ્ટ થનારૂં તેલ હોય છે. કેટલાકની માન્યતા એવી છે કે કેળમાં સ્વાતિ નક્ષત્રનું પાણી પડવાથી કપૂર થાય છે. હાલ કેટલાંક ઝાડમાંથી કપૂર કાઢવામાં આવે છે. તે બધાં તજના ઝાડની જાતનાં હોય છે. આ બધા ઝાડમાં ઉત્તમ ઝાડ દારચીની કપૂરનું છે, જે ચીન, જપેન, કોચીન અને ફારમોસામાં થાય છે. કપૂર સ્વાદમાં કડવું, સુગંધમાં તીક્ષ્ણ. અને ગુણમાં શીતલ, કૃમિઘ્ન, સ્વેદક અને વાયુશોધક છે. તે તાવ, ખાંસી, દમ, કામશાંતિ અને કોલેરા ઉપર તથા આંખના દરદોમાં તેમ જ દંતમંજનમાં વપરાય છે. જંતુનાશક તરીકે હવા સુધારવામાં તથા ચામડીના રોગમાં ચળ માટે તેનો ઉપયોગ થાય છે. વસ્ત્ર અને પુસ્તકમાં કપૂર રાખવાથી તેને ઊધઈ લાગતી નથી. જે કપૂર કષાય સ્વાદવાળું અને ચીકણું હોય તે ઉત્તમ ગણાય છે. કલાનિધિ, કલાધર, કલાપૂર્ણ, શશી, શશાંક, ભગ, શીતરશ્મિ, શીતકર, સિંધુજ, સિંધુપુત્ર, સારસ, સુમ, સુધાવાસ, સુધાકર, શાંભવ એ બધાં કપૂરનાં નામ છે. કપૂરનો રસ જંતુઘ્ન, સંકોચક અને ઉત્તેજક છે. તે કોગળિયું અને ઉનાળામાં થતા અતિસાર, કે જે પીચાશના નામથી ઓળખવામાં આવે છે, તેમાં અકસીર ઇલાજ મનાય છે. આ રસ ઝાડા અને ઊલટી બંધ કરે છે, પણ મૂત્રના પ્રમાણમાં ફેર પડવા દેતો નથી. તે ઉત્તેજક હોવાથી હૃદય બંધ પડવા દેતો નથી. વધુ માત્રામાં લેવાથી તે વિષનું કામ કરે છે. કપૂરનું તેલ વાતરોગ, દાંત હાલવા, દાંતોની અશક્તિ વગેરે રોગો ઉપર અપાય છે. કપૂરનાં ઝાડનાં પાતરાં, મૂળિયાં ને લાકડામાંથી અર્ક ખેંચી કપૂર બનાવવામાં આવે છે. તેના કકડા કરી ત્રણ કલાક સુધી પાણીમાં ડુબાડી રાખવામાં આવે છે, એટલે કપૂરનું તમામ સત્ત્વ પાણીમાં ખેંચાઈ જાય છે. તેમાંથી એક ટકો ચોખ્ખું કપૂર ને ત્રીશ ટકા કપૂરનું તેલ નીકળે છે. ડાંખળાં, પાતરાં વગેરે તેની ખાસ કાતરથી કાપવાં. વરસમાં ત્રણ, કે ચાર વખત ડાળીઓ કાપી શકાય. જો આ ઝાડને કાપવામાં ન આવે તો વધીને ચાળીશ ફૂટ સુધીનું થાય.

૧. કપૂરથી કંઈ દાંત ન પડે = ખાનદાની ખાનદાનીમાં પરિણમે છે.

૨. કપૂરનું વહીતરૂં = પ્રેમની મહેનત.

૩. કપૂરે કોગળા કરવા = સુખી હોવું.

૬. ન. હિમ; ઠાર.

કપૂરકચરી ૧. સ્ત્રી. કપૂરકાચલી.

૨. સ્ત્રી. સુગંધી ઝાડનું એક મૂળિયું.

૩. [હિં.] સ્ત્રી. સુગંધી મૂળવાળી એક વેલ. આસામના લોકો તેનાં પાનની સાદડી બનાવે છે. તેનું મૂળ ખાવામાં કડવું અને તીક્ષ્ણ હોય છે.

કપૂરકાચરી જુઓ કપૂરકચરી.

કપૂરકાચલી ૧. સ્ત્રી. એ નામની વેલનું મૂળિયું.

૨. સ્ત્રી. એક જાતની વેલ. તેનાં પાંદડાં ખાખરાના પાંદડાં જેવાં થાય છે. એનો વિસ્તાર પુષ્કળ થાય છે. વેલાને વચ્ચોવચથી ચીરી તેનો દોરડાના કામમાં ઉપયોગ કરે

છે. આ દોરો મજબૂત હોય છે. કપૂરકાચલી અને ઘઉંલાને સાથે ખાંડીને તેનો અબીલ બને છે અને પૂજામાં સુગંધી અબીલ તરીકે વપરાય છે. તે તીક્ષ્ણ, દાહક, તીખી, કડવી, તૂરી, શીતવીર્ય, લઘુ, પિત્તકર અને કાસ, શ્વાસ, જ્વર, શૂળ, હેડકી, ગુલ્મ, રક્તરોગ, વાયુ, ત્રિદોષ, અરુચિ, દુર્ગંધ, વ્રણ, આમ, ઊલટી વગેરે રોગનો નાશ કરે છે. ચામડીના રોગ અને રક્તવિકાર માટે ઔષધ તરીકે વપરાય છે. ઔષધિના તેલમાં તે નખાય છે. ટોપરૂં અને આંબળાં સાથે તે વાટીને માથે નાહતાં વાળ વધે છે. તેને ગંધપલાસી, શઠી, પલાશી, ષડ્ગ્રંથા, સુવ્રતા, ગંધમૂલિકા, ગંધારિકા, ગંધવધૂ, પૃથુપ અને લાશિકા પણ કહે છે.

કપૂરકાચળી જુઓ કપૂરકાચલી.

કપૂરકાટ પું. એક પ્રકારનું ધાન.

કપૂરકેળ સ્ત્રી. કેળની જાતનું એક ઝાડ. તેમાંથી કપૂર કાઢવામાં આવે છે.

કપૂરખપાટ સ્ત્રી. બંગાળમાં થતી એક સુગંધી વનસ્પતિ. તેની ગંધથી લૂગડામાં જીવાત પડતી નથી.

કપૂરચિનઈ સ્ત્રી. કપૂરવેલ.

કપૂરચીની ૧. સ્ત્રી. એક જાતની વનસ્પતિ; એક ઔષધિ.

૨. સ્ત્રી. ચિનાઈ સાકર.

કપૂરતેલ ૧. ન. કપૂરનું તેલ.

૨. ન. કપૂરનો લેપ.

કપૂરધૂળ ન. અસલી કાપડની એક જાત. તે ઘણું કીમતી હતું.

કપૂરનારી સ્ત્રી. ખાવાની ગળી ચીજ; માવો, સાકર, ઘી, લવિંગ ભેળવી બનાવેલી ગળી પૂરી.

કપૂરફૂટી સ્ત્રી. એ નામનો એક સુશોભિત છોડ; ચવ; કુમ્રિપિંડ.

કપૂરબરાસ પું. કપૂરના ઝાડના રસની બનાવેલી ટીકડીના આકારની દવા. તે જંતુનાશક છે. બોર્નિયો અને સુમાત્રામાં તે થાય છે. સો વર્ષથી વધુ જૂના ઝાડની અંદરથી તથા તેની ગાંઠોમાંથી જામેલું કપૂર નીકળે છે. કોઈ કોઈ વાર ઝાડને છેદ કરીને દૂધ કાઢે છે અને તે જામવાથી કપૂર થાય છે.

કપૂરભેંડી સ્ત્રી. એક જાતનું ડુંગરાઉ ઝાડ. તે ૬ થી ૧૦ ફૂટ ઊંચું થાય છે. નાગના કરડ ઉપર તેનું મૂળ ઘસી ચોપડાય છે. ભગંદર ઉપર પણ તે કામ આવે છે.

કપૂરમધુરી સ્ત્રી. કપૂરની જેવી સુગંધીવાળો એક જાતનો છોડ. તેનાં તુલસીનાં પાન જેવાં પણ ધોળાશ પડતાં લીલાં પાન સાકર સાથે ખાવાથી ઉધરસ મટે છે.

કપૂરવાટી સ્ત્રી. એક જાતની મીઠાઈ.

કપૂરવેલ સ્ત્રી. લાંબાં, સુંવાળાં પાનવાળી એક જાતની વેલ. એમાં ધોળી માંજર આવે છે. પાંદડાંની વાસ કપૂર જેવી આવે છે તેથી તેનું નામ કપૂરવેલ પડેલું છે. તેને કપૂરચિનઈ પણ કહે છે. કપૂરવેલના ફૂલને પાંચ પાંખડી હોય છે. તે કેસર પુષ્પ જેવું હોય છે. શહેનશાહ અકબરના વખતમાં તે યરપથી હિંદમાં લાવવામાં આવ્યું હતું.

કપૂરહલ્દી [હિં.] સ્ત્રી. આંબાહળદર.

કપૂરા ૧. [હિં.] પું. વૃષણ.

૨. સ્ત્રી. વૃષણની કોથળી.

કપૂરિયાં જુઓ કપૂરીઆં.

કપૂરિયો જુઓ કપૂરીઓ.

કપૂરી ૧. પું. લાંબાં અને કડવાશવાળાં પીળાશ પડતાં નાગરવેલનાં પાન. તેની કોર કાંઈક વાંકીચૂંકી હોય છે.

૨. પું. હલકો પીળો રંગ.

૩. સ્ત્રી. (કચ્છી) એ નામની પદ્મિની સ્ત્રી.

૪. વિ. કપૂરના જેવી વાસવાળું.

૫. વિ. કપૂરના જેવું; સફેદ.

૬. વિ. કપૂરનું બનેલું.

૭. વિ. નાગરવેલના પાનની જાતનું.

કપૂરીઆં ૧. સ્ત્રી. આંબાની એક જાત.

૨. [સં.] ન. બ. વ. કાચી કેરીનાં બટકાં.

૩. ન. બ. વ. કોરાં ઢોકળાં.

૪. ન. બ. વ. ખજૂરીનાં ઝાડનાં કાચાં ફળ.

૫. ન. બ. વ. નાગરવેલની કપૂરના જેવી ધોળાં પાનની એક જાત.

૬. ન. બ. વ. નાનાં બચ્ચાંના અંડકોષ.

કપૂરીઓ ૧. પું. એક જાતનો છોડ. તેનાં પાન જાડાં રૂંછાળ હોય છે. તે એક એકને અંતરે આવેલાં કોર ઉપર દાંતાવાળાં હોય છે. તેમાં પીળાં ફૂલ થાય છે. છોડમાંથી કપૂર જેવી વાસ આવે છે. પાન મેથીની પેઠે ત્રણ ત્રણ ભેળાં આવે છે.

૨. પું. ચાંચડમારી.

૩. પું. પુરુષની ઇંદ્રિય.

૪. પું. હલાલ કરેલ જાનવરનું વૃષણ.

કપૂરીમધુરી સ્ત્રી. તુલસીને મળતો એક છોડ. તેના ઉપર ધોળા માંજરના ઝુંડા થાય છે. કોઢ, વિષ, પ્રમેહ અને દાહ ઉપર કામ આવે છે. તેનાં પાંદડાંનો રસ પેટના દુઃખાવા ઉપર અપાય છે.

કપૂરીહળદર સ્ત્રી. હળદરની એક જાત. એ સર્વે પ્રકારની ખરજનો નાશ કરે છે.

કપેચાં ન. બ. વ. એક જાતનું વસાણું.

કપેચું ૧. વિ. અટપટું; કઠણ; મુશ્કેલ; અઘરૂં.

૨. વિ. આંટીવાળું; પેચવાળું.

કપેરૂં વિ. કપરૂં; અઘરૂં; કઠણ.

કામ **કપેરૂં** કાંઈક આવે. દયારામ

કપૈ [સં. કંપ્ (ધ્રૂજવું)] વિ. કાંપતું; ધ્રૂજતું; થરથરતું.

કપો [સં. કાષ્ઠ (લાકડું) + પત (પડવું)] પું. વહાણનો એક ભાગ; ઝાઝી ગરેડી રહી શકે એવું લાકડાંનું ચોકઠું.

કપોક પું. વેસ્ટ ઇંડીઝમાં થતો એક જાતનો છોડ. તેનાં ફૂલ પીળાં હોય છે અને તે ઉપર રેશમ જેવું પડ હોય છે. તેનાં બીની આસપાસ પણ રેશમ જેવા તાંતણા હોય છે. આનાં ઓશીકાં ભરાય છે. તેનાં બીમાંથી એક જાતનું તેલ નીકળે છે.

કપોટ [સં. કપોત] ન. કબૂતર. જુઓ કપોત.

કપોટી ૧. સ્ત્રી. છારી.

મેલની **કપોટી** દાંત પર બાઝીને દાંતને સોડવે છે. દિનચર્યા

૨. સ્ત્રી. પાતળી છાલ; છોતરું.

૩. સ્ત્રી. પાતળું અને ફૂલાને ઊંચું થયેલું પડ.

૪. સ્ત્રી. ભીંગડું; પોપડી.

કપોટું ૧. ન. ઊખડી ગયેલું ભીંતનું પડ.

૨. ન. ગૂમડું સુકાયા પછી ઊખડતું છોડું.

૩. ન. ચાળણીમાં રહેલો જાડો અને મજબૂત દાણો.

૪. ન. છોડું; પાતળી છાલ.

૫. ન. પોપડો; પોડું; ભીંગડું.

૬. ન. ભાખરાના ગોંગડા; ભાખરા અથવા મૂઠિયાંને ખાંડી ચાળતાં બાકી રહે તે.

કપોત ૧. પું. અબધૂતનો એક ગુરુ.

૨. પું. એ નામના બે તારાપુંજ. પહેલો વિષુવાંશ ૨૦૦થી ૨૭૦ અને દક્ષિણ ક્રાંત્યંશ ૬૫થી ૮૦ વચ્ચે આવેલ છે, અને બીજો વિષુવાંશ ૬૦થી ૧૦૦ વચ્ચે અને દક્ષિણ ક્રાંત્યંશ ૨૫થી ૪૫ વચ્ચે આવેલ છે.

૩. પું. એક આત્મજ્ઞાની રાજા.

૪. પું. (શિલ્પ) એક જાતનું કોતરકામ.

૫. પું. એક જાતનો ઉંદર.

૬. પું. (પિંગળ) એક સમજાતિ માત્રામેળ છંદ. આ સવૈયા છંદનો એક ભેદ છે. તેમાં ૨૨ ગુરુ અને ૮૦ લઘુ એમ ૧૦૨ વર્ણ હોય છે.

૭. [સં.] પું. કબૂતરની જાતનું પરંતુ તેનાથી સહેજ નાનું એક જાતનું પંખી; હોલો.

કુત્સિત કાગ **કપોત**ની વાણી,
કહે સઘળા કવિઓ અવખાણી. દલપતરામ

૮. પું. કબૂતરનો ભૂરો રંગ.

૯. પું. (પુરાણ) ગરુડ પુત્ર.

૧૦. પું. ડોકે રંગની છાંટવાળું કબૂતર; પારેવું.

૧૧. પું. ભૂરા રંગનો કાચો સુરમો.

૧૨. પું. હાથના ચોવીસ પ્રકારના અભિનયમાંનો બીજો.

૧૩. ન. કુષ્માંડ; કોળું.

૧૪. વિ. આસમાની.

કપોતક ૧. પું. સાજીખાર.

૨. પું. હાથનો એક અભિનય.

૩. ન. અંજન.

૪. ન. નાનું કબૂતર.

૫. [સં. કપોત (હોલું) + ક (નાનાપણું બતાવનાર પ્રત્યય)] ન. નાનો હોલો.

૬. ન. સુરમો.

કપોતકી પું. કપાસ; વણ.

કપોતચરણ [સં.] પું. કબૂતરનો પગ.

કપોતચરણા [સં.] સ્ત્રી. એક જાતનું ઝાડ; નાલી. તેમાંથી નલી નામની સુગંધી નીકળે છે.

કપોતની ૧. સ્ત્રી. કબૂતરી.

કપોતની કહે છે કંથ મારું કહ્યું કરો.
ધીરો

૨. સ્ત્રી. હોલી; કપોતની માદા.

કપોતપાક [સં.] પું. કબૂતરનું બચ્ચું.

કપોતપાદ [સં.] વિ. કબૂતરના જેવા પગવાળું.

કપોતપાલિકા [સં.] સ્ત્રી. કબૂતરખાનું; ચબૂતરો; પક્ષીઓને રહેવાની છત્રી.

કપોતપાલી જુઓ કપોતપાલિકા.

કપોતપુટ પું. જમીન ઉપર આઠ અડાયાં છાણાં મૂકી અપાતા પુટનો એક પ્રકાર. કેટલીક ભસ્મો બનાવવામાં આ પુટનો ઉપયોગ થાય છે.

કપોતભંજ ન. ગુજરાતમાં આવેલ એ નામનું એક તીર્થસ્થાન.

કપોતમંડલ [સં.] ન. એ નામના બે તારાપુંજ. જુઓ કપોત ૨.

કપોતરાજ [સં.] પું. કબૂતરોનો મુખી.

કપોતરું ન. જાડી છાલ; ગાબચું.

કપોતરેતસ પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

કપોતરોતા ૧. પું. (પુરાણ) એ નામનો એક રાજર્ષિ; ઔશનીર શિબિનો પુત્ર.

૨. પું. (પુરાણ) સોમવંશી યદુકુળમાં સાત્વત રાજાના પુત્ર અંધકના વંશના વિલોમ રાજાનો પુત્ર.

કપોતરોમન ૧. [સં.] પું. ઉશીનર રાજાનો પુત્ર.

૨. પું. એ નામનો એક રાજા.

૩. પું. યદુવંશી એક રાજાનું નામ.

કપોતલી સ્ત્રી. મંદિરમાં ભરણી ઉપરનો ભાગ. તેમાં કણી તથા ખાંચવાળી પટી એટલા ભાગ હોય છે.

કપોતલુબ્ધકીય [સં.] ન. મહાભારતની એક આખ્યાયિકા.

કપોતવર્ણા [સં.] સ્ત્રી. એક જાતની સુગંધ.

કપોતવર્ણી [સં.] સ્ત્રી. હોલાના જેવા રંગવાળી એલચી.

કપોતવલ્લી [સં.] સ્ત્રી. નાની એલચી.

કપોતવંકા [સં.] સ્ત્રી. બ્રાહ્મી વૃક્ષ. જુઓ બ્રાહ્મી.

કપોતવાણા સ્ત્રી. કપોતચરણા.

કપોતવૃત્તિ ૧. [સં.] સ્ત્રી. રોજ કમાવું અને રોજ ખાવું તે; કબૂતર જેવું સંચય રહિત જીવન.

૨. વિ. કબૂતરના જેવા જીવનવાળું.

કપોતવેગા [સં.] સ્ત્રી. બ્રાહ્મી વૃક્ષ.

કપોતવ્રત [સં.] ન. મૂંગે મોઢે દુઃખ સહન કરવું તે.

કપોતશરીર [સં.] ન. પારેવાના શરીરના રંગવાળું ફળ; કોળું.

કપોતસાર [સં.] ન. સુરમો; નેત્રાંજન.

કપોતહસ્ત [સં.] પું. ભય અથવા યાચના વખતે હાથ રાખવાની એક સ્થિતિ.

કપોતાક્ષી [સં.] સ્ત્રી. બંગાળની એક નદીનું નામ. તેના કાંઠા ઉપર આવેલ રફ્લી આચાર્ય પ્રફુલ્લચંદ્ર રોયની જન્મભૂમિ માટે જાણીતું છે.

કપોતાભ ૧. [સં.] પું. એક જાતનો ઉંદર.

૨. પું. કબૂતરના જેવો રંગ.

૩. વિ. કબૂતરના રંગ જેવું.

કપોતારિ [સં. કપોત (કબૂતર) + અરિ (શત્રુ)] પું. સીંચાણો; શકરો; બાજ પક્ષી.

કપોતાલી ૧. સ્ત્રી. કબૂતરખાનું.

૨. [સં.] સ્ત્રી. કબૂતરોની હાર.

૩. સ્ત્રી. કાંગરી.

૪. સ્ત્રી. ઝાલર; કોર.

કપોતાશ્મ પું. એક જાતનો ચકચકતો પાસાદાર પથ્થર.

કપોતાંજન [સં.] ન. સુરમો; નેત્રાંજન.

કપોતાંઘ્રિ ૧. [સં.] સ્ત્રી. નલિકા; એક જાતની સુગંધી વસ્તુ.

૨. સ્ત્રી. માલકાંકણી.

૩. વિ. કબૂતરના જેવા પગવાળું.

કપોતિકા ૧. [સં.] સ્ત્રી. કબૂતરની માદા.

૨. સ્ત્રી. હોલી.

કપોતિની ૧. સ્ત્રી. કબૂતરી.

૨. સ્ત્રી. હોલી; કપોતની માદા.

કપોતી ૧. [સં.] સ્ત્રી. એક જાતનો યજ્ઞસ્તંભ.

૨. સ્ત્રી. કબૂતરી.

૩. સ્ત્રી. નાગની એક જાત.

૪. સ્ત્રી. હોલી.

૫. વિ. પારેવાના રંગનું.

કપોતો [સં. કપોત] પું. (પાલી) પારેવું.

કપોપનતા સ્ત્રી. (સંગીત) એકવીસ માંહેની દશમી મૂર્છના.

કપોપરા ૧. સ્ત્રી. કણબીની એ નામની અટક.

૨. ન. એ અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કપોરૂં વિ. આકરૂં; કઠણ; અઘરૂં.

કપોલ ૧. [સં.] પું. કપાળ.

કપોલું કાઢવું = કપાળ ઉપરના વાળ અસ્ત્રા વતી ચંદ્રાકારમાં કાઢી નાખવા. એ કપોળું નાનાં છોકરાં કઢાવે છે અને મોટા માણસ વાળ ચીપીઆ વતી ખેંચી કઢાવે છે.

૨. પું. ગલાસ્થિ.

૩. પું. ગાલ.

૪. પું. નૃત્યમાં ગાલની એક જાતની ચેષ્ટા. તે સાત પ્રકારની છેઃ કુંચિત (લજ્જાને વખતે), કંપિત (ક્રોધને વખતે), કુલ્લ (હર્ષને વખતે), રોમાંચિત (ભયને વખતે), સમ (સ્વાભાવિક), પૂર્ણ (ગર્વ અથવા ઉત્સાહને વખતે), ક્ષામ (કષ્ટને વખતે).

૫. પું. લમણું; શંખ.

૬. સ્ત્રી. વાણિયાની એક જાત; જૈન વૈશ્યોની ચોરાસી માંહેની એક જાત.

૭. ન. વાણિયાની એ નામની જાતનું માણસ.

૮. વિ. વાણિયાની એ નામની જાતનું.

કપોલકલ્પના [સં.] સ્ત્રી. પાયા વિનાની વાત; ગપ; મનની કલ્પના.

કપોલકલ્પિત ૧. [સં.] પું. ગપ્પો; જૂઠાણું; તુક્કો; બનાવટી વાત.

૨. વિ. કૃત્રિમ; ગોઠવી કાઢેલું.

કપોલકાષ [સં.] પું. હાથીનું ગંડસ્થલ.

કપોલકાંતિ સ્ત્રી. ચહેરાની ખૂબસૂરતી.

કપોલગેંદુઆ ન. ગાલમસૂરિયું.

કપોલચેષ્ટા [સં.] સ્ત્રી. નૃત્યમાં ગાલની એક જાતની ચેષ્ટા. જુઓ કપોલ ૪.

કપોલદેશ [સં.] પું. લમણાનો ભાગ.

કપોલદ્યુતિ [સં.] સ્ત્રી. ગાલ ઉપર તરવરતું તેજ.

કપોલનતા [સં.] સ્ત્રી. (સંગીત) મધ્યમ ગ્રામની એ નામની એક મૂર્છના. જુઓ મૂર્છના.

કપોલનૈર્ઋત પું. એક ઋગ્વેદિક ઋષિ. તેણે દશમા મંડલનું ૧૬૫મું સૂક્ત રચ્યું છે.

કપોલપ્રદેશ ૧. [સં.] પું. કપાળનો ભાગ.

૨. પું. ગાલ.

કપોલપ્રસર [સં.] પું. ગંડપ્રવર્દ્ધન; પશ્ચિમ પ્રવર્દ્ધન શંખિક.

કપોલફલક પું. ગાલ.

કપોલરાગ [સં.] પું. હર્ષને લીધે ગાલનું ફૂલવું તે.

કપોલશાસ્ત્ર [સં.] ન. મસ્તક સામુદ્રિકશાસ્ત્ર.

કપોલશાસ્ત્રી [સં.] પું. કપોલશાસ્ત્રપ્રવીણ; મસ્તક સામુદ્રિકશાસ્ત્રી.

કપોલાસ્થિ [સં.] ન. ગંડાસ્થિ; યુગલાસ્થિ.

કપોલિકા ૧. સ્ત્રો. કોડી.

૨. સ્ત્રી. ગાલની લગભગ ચતુષ્કોણ અને પાતળી એક પેશી. આ પેશી ચાવવામાં સહાયભૂત થાય છે. ચાવતી વખતે તે ગાલને સંકોચી કોળિયાને બન્ને દાંતોની હારો વચ્ચે ધકેલે છે. શંખ વગાડતાં કે સીસોટી વગાડતાં તે પેશી ગાલને સંકોચી, હવાને હોઠ વચ્ચેથી બહાર ધકેલે છે.

કપોલિકાપેશી જુઓ કપોલિકા ૨.

કપોલી [સં.] સ્ત્રી. ધૂંટણ; ઢીંચણ.

કપોલીઆ ૧. સ્ત્રી. એ નામની કડિયાની અટક.

૨. સ્ત્રી. ચોરાશી બ્રાહ્મણ જ્ઞાતિ પૈકીની એક જ્ઞાતિ.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

કપોળ જુઓ કપોલ.

કપૌલા સ્ત્રી. એક જાતની વેશ્યા.

કપ્ચા [હિં.] પું. એક જાતનું જાકીટ.

કપ્તાન [અં. કૅપ્ટિન] ૧. પું. ટંડેલ; નાખુદા; વહાણ કે આગબોટ ઉપરના ખલાસીઓનો ઉપરી.

૨. પું. નાયક; અધિપતિ.

૩. પું. રખવાળ; ગાર્ડ.

૪. પું. લશ્કરની પલટણનો ઉપરી; સરદાર.

૫. પું. વડો; ઉપરી અમલદાર.

કપ્તાનગીરી સ્ત્રી. કપ્તાનપણું; નાયકપણું; સરદારી.

કપ્પડ (કપ્પડ઼) ન. કપડું; કાપડ; વસ્ત્ર.

કપ્પડકણુય (કપ્પડ઼કણુય) [સં. કર્પટ (કાપડ) + કનક (સોનું)] ન. સોનેરી કપડું; કિનખાબ.

કપ્પડકોટ (કપ્પડ઼કોટ) જુઓ કપડકોટ.

કપ્પડિય (કપ્પડ઼િય) ૧. [સં. કર્પદિક] પું. કાપડી બાવો.

૨. વિ. કપટી; માયાવી.

કપ્પર ૧. સ્ત્રી. કપાળ; ખોપરી.

૨. સ્ત્રી. (કચ્છી) નદીના કિનારાની ભેખડ; કરાડ.

૩. વિ. આકરૂં; કપરૂં.

કપ્પરો પું. (પાલી) કપાળ; ખોપરી.

કપ્પવડંસિયા (કપ્પવડ઼ંસિયા) ન. જૈન ધર્મનું એ નામનું ઉપાંગ સૂત્ર.

કપ્પા ૧. પું. વ. વ. ઘી તેલ ભરવાનાં ચામડાનાં ઠામ; કુલ્લાં.

૨. પું. વ. વ. છાલ કે સાદડાંને ગૂંથીને બનાવેલ ખજૂર, ખાંડ વગેરે ભરવાના કોથળા; ગુણો; થેલા.

૩. ન. અર્ધું મનુષ્ય અને અર્ધું કાચબા જેવું નદીઓના મુખ પાસે ફરતું અને સમુદ્રના તારાઓને મારી નાખનારૂં એક જાતનું જળપ્રેત.

કપ્પાય [સં. કલ્પાય] પું. કર; રાજભાગ.

કપ્પાસ [સં. કાર્પાસ] પું. કપાસ; રૂ.

કપ્પાસિ [સં. કાર્પાસિક] ૧. સ્ત્રી. કપાસનો વેપારી.

૨. વિ. કપાસનું બનેલું.

કપ્પાસી [સં. કાર્પાસી] સ્ત્રી. કપાસમાં રહેનારૂં જીવડું.

કપ્પિયસૂત્ર ન. જૈનનાં ઉપાંગ સંબંધી ૧૨ પુસ્તક માંહેનું એક.

કપ્પિયા ન. જૈન ધર્મનું એ નામનું અંગ.

કપ્પી ૧. [સં. કૂપી] સ્ત્રી. કુલ્લી; કુલડી.

૨. સ્ત્રી. કોથળો.

૩. સ્ત્રી. ગરગડી; ગરેડી; ફરકડી.

૪. સ્ત્રી. થીગડી; પટ્ટી.

૫. સ્ત્રી. નાનો શીશો.

કપ્પૂર [સં. કર્પૂર] પું. કપૂર.

કપ્પો ૧. [સં. કૂપ] પું. કૂંપો; શીશો.

૨. પું. કોથળો.

૩. પું. ગરગડી; ગરેડી.

૪. પું. ભાર ઉપાડવાનો નાનો રેંટ.

કપ્યાસ ન. વાંદરાનું મુખ.

કપ્લિંગ ૧. [અં.] સ્ત્રી. અનુસંધાન; જોડાણ.

૨. સ્ત્રી. પાસેના ભાગ કે વસ્તુઓ જોડવાનું સાધન.

કફ ૧. [સં.] પું. ઉધરસ; ખાંસી.

૨. પું. ખમીસની બાંયનો છેડો.

૩. પું. થૂંક.

૪. પું. દુઃખ દેતા રસને બહાર કાઢી નાખવાની ફેફસાંની તજવીજ.

૫. પું. પગનું તળિયું.

૬. પું. ફેફસાનો ક્ષય; એક જાતનો રોગ.

૭. પું. ભીનું લૂગડું.

૮. પું. મુંજની જામગરી; ચકમકના તણખા ઝીલવાનું રૂ.

૯. [અ.] પું. લોઢાની નાલ; આગ પાડવા માટેનો ચકમક સાથે ઘસવાનો લોઢાનો કટકો.

૧૦. પું. શરીરમાં રહેલી એક ધાતુ; શ્લેષ્મ. તેને રહેવાનું સ્થાન આમાશય, હૃદય, કંઠ, માથું અને સાંધા છે. ત્યાં રહેતા કફનાં નામ અનુક્રમે ક્લેદન, અવલંબન, રસન, સ્નેહન અને શ્લેષ્મ છે. હાલના પાશ્ચાત્ય મત પ્રમાણે તેનું સ્થાન શ્વાસની નળી અને આમાશય છે. કફ દુષિત થવાથી તેને દોષ ગણવામાં આવે છે.

૧૧. [સં.] પું. શ્લેષ્મ; બલગમ; બળખો. આયુર્વેદમાં કફને જળતત્ત્વ કહેલ છે. ઉધરસ ખાતી વખતે છાતીમાંથી જે ચીકણો પીળા રંગનો પદાર્થ પડે છે તેને કફ કહે છે. આ કફ વખતે બહુ ચીકણો હોય છે. ત્યારે તે ઉધરસ ભેગો બહુ મહેનતે નીકળે છે. વખતે તે બહુ પાતળો હોય છે. કેટલીક વખતે તે રક્તમિશ્રિત અથવા પરૂમિશ્રિત હોય છે.

૧૨. [ફા.] પું. હાથની હથેલી.

૧૩. [ફા.] સ્ત્રી. ફીણ.

કફક ૧. [ફા.] પું. થૂંકાથૂંક કરવું તે.

૨. પું. હથેળીનો બગડેલો ભાગ.

કફકર [સં.] વિ. કફ કરનાર.

કફકારક વિ. કફ વધારનાર.

કફકાસ સ્ત્રી. ઉધરસનો એક જાતનો રોગ. જુઓ ઉધરસ. આવી ઉધરસથી મોઢું અંદરના ભાગમાં લિંપાયેલું રહે છે. દરદી ઉદાસી અને સુસ્ત રહે છે. માથામાં વેદના થાય છે. બધું શરીર કફથી ભરાઈ જાય છે. અનાજ દેખી

ઉબકા આવે છે. અંગ ભારે લાગે છે. શરીરે ચળ આવે છે.

કફકુઠારરસ સ્ત્રી. એક પ્રકારની ઔષધિની બનાવટ. તે બનાવવા શુદ્ધ પારો ०। તોલો, શુદ્ધ વછનાગ ०। તોલો, શુદ્ધ ગંધક ०। તોલો, લોહભસ્મ ०॥ તોલો, ધતૂરાનાં બીજ ૧ તોલો, ફુલાવેલો ટંકણખાર ०॥ તોલો તથા જાવંત્રી, અક્કલકરો, સૂંઠ અને કલાઈની ખાખ એકેક તોલો લઈ આદુના રસમાં ખરલ કરી રતી પ્રમાણે ગોળી કરી તે મધ, આદુનો રસ અથવા તુલસીના રસમાં આપવી. એથી કફ અને ખાંસી મટવાનું મનાય છે. તેની માત્રા ૨ થી ૩ રતી છે. તે દૂધ કે પાણી સાથે પણ લેવાય છે.

કફકૂચિકા [સં.] સ્ત્રી. થૂંક; લાળ.

કફકેતુ સ્ત્રી. કફ કાપવાની એક દવા.

કફકેતુરસ પું. કફની વ્યાધિ મટાડવાની રસની બનાવટ. તે બનાવવા ટંકણખાર, પીપર, શંખભસ્મ, વછનાગ એ બધું સમાન ભાગે લઈ આદુના રસની ત્રણ ભાવના દેવી. માત્રા રતી ૧ છે. આથી દમ, સ્વરભંગાદિ, પીનસ, શ્વાસ, ઉધરસ, ગળાના રોગ, દંતરોગ, કર્ણરોગ અને નેત્રરોગ મટવાનું મનાય છે.

કફકોપ [સં.] પું. કફનો વ્યાધિ. તેથી દમ થાય છે અને પાચનશક્તિ મંદ પડે.

કફક્ષય [સં.] પું. છાતીનો ક્ષય; ફેફસાંનો ક્ષય; યક્ષ્મા.

કફગી (કફ઼ગી) [ફા. ખફગી] સ્ત્રી. નારાજી; ઇતરાજી.

કફગીર (કફ઼ગીર) ૧. [ફા.] પું. કડછો.
૨. પું. ચમચો.

કફગીરા (કફ઼ગીરા) પું. ઘોડાના નખનો રોગ.

કફઘ્ન ૧. [સં.] ન. કફ મટાડનાર દવા. તે શ્વાસનળીના શ્લેષ્મપિંડ ઉપર અસર કરી તેના સ્રાવના ગુણ તથા સમુદાયને બદલાવે છે.
૨. વિ. કફ મટાડનાર; કફ નિવારક.

કફઘ્ની સ્ત્રી. એ નામની વનસ્પતિ.

કફજનક [સં.] વિ. કફ પેદા કરે તેવું.

કફજન્ય અતિસાર પું. ઝાડો ચીકણો, સફેદ, દુર્ગંધવાળો, થોડી પીડાની સાથે ઊતરે તથા શરીર ભારે રહે અને ભોજનમાં અરુચિ રહે તેવો રોગ.

કફજ્વર [સં.] પું. કફ વિકારને લીધે આવતો તાવ. પ્રતિકૂળ ખોરાકથી દૂષિત થયેલો કફ જઠરમાં જઈ રસને બગાડે ને ઉષ્ણતાને બહાર કાઢે. શરીર ભીના કપડાથી વિંટાળ્યા જેવું લાગવું, તાવનો વેગ મંદ હોવો, આળસ આવવું, મોંનો સ્વાદ મધુર હોવો, ઝાડો, પેશાબ, ચામડી વગેરે સફેદ હોવાં, શરીર જકડાઈ જવું, ખાધા વિના પેટ ભરેલું લાગવું, શરીર ભારે હોવું, ટાઢ ચડવી, ઊબકા આવવા, રૂવાડાં ઊભાં થવાં, ખૂબ ઉધરસ આવવી, સળેખમ થવું, ખાંસી હોવી અને આંખનો રંગ સફેદ થવો એ બધાં આ તાવનાં લક્ષણ છે. આ રોગનો દરદી લંઘન વિશેષ સહન કરી શકે છે. યોગ્ય લંઘનથી દૂષિત થયેલો દોષ દૂર થાય છે.

કફઝટ (કફ઼ઝટ) વિ. ખેંચતાણ; હોંશાતોંશી.

કફટ (કફ઼ટ) પું. કાચબો.

કફદરિયા (કફ઼દરિયા) [યૂ.] પું. સમુદ્રનાં ફીણ.

કફદાર (કફ઼દાર) ૧. વિ. કફવાળું.
૨. વિ. કસદાર; શક્તિવાન.

કફણિ (કફ઼ણિ) [સં.] પું.; સ્ત્રી. કોણી.

કફણી જુઓ કફણિ.

કફન (કફ઼ન) ૧. પું. ચાદર.
૨. ન. ખાલી બારદાન.
૩. ન. ત્યાગીઓને પહેરવાનું કપડું.
૪. [અ.] ન. શબ મૂકવાની પેટી; 'કૉફિન'.
૧. કફન કાઠી કરવી = દફનાવવું.
૨. કફનદફન કરવું = અંતિમક્રિયા કરવી.
૩. કફન ફાડીને બોલવું = એકદમ જોરથી બોલવું.
૪. કફન શિર પર બાંધવું-લપેટવું = મરવા તૈયાર હોવું; જાન જોખમમાં નાખવો.
૫. કફનાંના દફનાના = દફનક્રિયા.
૫. ન. શબને ઢાંકવાનું લૂગડું.

કફનખસોટ (કફ઼નખસોટ) વિ. કંજૂસ; અત્યંત લોભી.

કફનખસોટી (કફ઼નખસોટી) ૧. સ્ત્રી. કંજૂસી.
૨. સ્ત્રી. શ્મશાનમાં લેવાતો કર.
૩. સ્ત્રી. હરકોઈ રીતે ધન એકત્ર કરવાની વૃત્તિ.

કફનચોર (કફ઼નચોર) ૧. [હિં.] પું. કબર ખોદીને કફન ચોરનાર પુરુષ.
૨. પું. દુષ્ટ માણસ; બદમાશ.
૩. પું. મોટો ચોર.

કફનફાડુ (કફ઼નફાડુ) વિ. શબને ઓઢાડેલ કપડાનો ઉઠાવગીર.

કફનફાડુ ગયો અને મેખમારૂ આવ્યો = સારો ગયો અને નરસો આવ્યો; એકએકથી વધારે નઠારૂં.

કફનાશક (કફ઼નાશક) ૧. ન. જીરૂં. તેમાં કફ મટાડવાનો ગુણ છે.
૨. વિ. કફઘ્ન; કફ મટાડનાર.

કફનાશક ગુટિકા (કફ઼નાશક ગુટિકા) સ્ત્રી. (વૈદ્યક) એ નામની એક દવાની બનાવટ. તે બનાવવા ટંકણખાર, ફુલાવેલો જવખાર, લીંડીપીપર અને હરડેદળ એ બધાંનું ચૂર્ણ ગોળમાં નાખી ગોળીઓ વાળવી. તેનાથી ઉધરસ, શૂળ, શ્વાસ, હેડકી વગેરે મટવાનું મનાય છે.

કફનાશન (કફ઼નાશન) વિ. કફને મટાડનાર; કફનો નાશ કરનાર.

કફની (કફ઼ની) ૧. [અ.] સ્ત્રી. ગળાથી ઘૂંટણ સુધીનું ટૂંકી બાંયનું સાદું લાંબું પહેરણ; જોગી કે ફકીરનું ટૂંકી બાંયનું ઘૂંટી સુધીની લંબાઈનું પહેરણ; ફકીરનું કુડતું.
૨. સ્ત્રી. ટૂંકી બાંયનું લાંબું પહેરણ; મુસલમાન લોકો હજની વખતે ગળામાં નાખે છે તે સીવ્યા વિનાનું કપડું. મુસલમાન લોકો મુડદાંને પણ એવી જ કફની પહેરાવે છે.
કફની પહેરવી = સાધુ થવું; વૈરાગી થવું.

કફપાંડુ (કફ઼પાંડુ) પું. પાંડુ રોગનો એક પ્રકાર.

કફપિત્ત (કફ઼પિત્ત) [સં.] પું. એક પ્રકારનો કફ અને પિત્તનો મિશ્ર દોષ.

કફપિત્તજ્વર (કફ઼પિત્તજ્વર) [સં.] પું. કફ તથા પિત્ત બંને મિશ્ર દોષવાળો તાવ. અરુચિ, આળસ, ચીકણું અને કડવું મોઢું, ઘેન, બેસુધી, ખાંસી, ઘડીમાં દાહ તો ઘડીમાં ઠંડી લાગવી તે આ તાવનાં લક્ષણ છે.

કફપ્રકૃતિ (કફ઼પ્રકૃતિ) [સં.] સ્ત્રી. ઘણી વખત કફનું જોર વધવા પામે એવી તાસીર. આ પ્રકૃતિવાળાને કાસ, શ્વાસ, પરસેવો, અરુચિ અને ઊંઘ વધે છે.

કફપ્રકોપ (કફ઼પ્રકોપ) [સં.] પું. કફના વધવાથી થતો નવો રોગ.

કફપ્રતિસ્યાય (કફ઼પ્રતિસ્યાય) પું. નાકના ૩૪ જાતના રોગ પૈકીનો એક.

કફપ્રધાન (કફ઼પ્રધાન) [સં.] વિ. શ્લેષ્મપ્રધાન; કફનું જોર હોય એવું.

કફરા (કફ઼રા) વિ. કઠિન; કપરૂં; મુશ્કેલ.

કફરુહા (કફ઼રુહા) [સં.] સ્ત્રી. નાગરમોથ.

કફરૂં જુઓ કપરૂં.

કફલ (કફ઼લ) [સં.] ૧. પું. કડવું બી.
૨. [અ.] પું. કૂલો; ઢેકો.
૩. પું. ઘોડાનું હાડું.
૪. વિ. કફકારક; કફદાયક.
૫. વિ. કફપ્રકૃતિવાળું.

કફલાત (કફ઼લાત) ૧. સ્ત્રી. ગિલાવો; ચૂનાની ગાર.

૨. સ્ત્રી. મરામત.

કફવર્ણી (કફ઼વર્ણી) વિ. ધૂપછાંવ રંગનું.

કફવર્ધક (કફ઼વર્ધક) વિ. કફ વધારનાર.

કફવર્ધન (કફ઼વર્ધન) ૧. [સં.] પું. પિંડિતક વૃક્ષ.

૨. વિ. કફ વધારનાર.

કફવાચક (કફ઼વાચક) [સં.] વિ. કફ મટાડનાર.

કફવાવું (કફ઼વાવું) અ. ક્રિ. કબર માટેની ચાદર ઓઢાડવી.

કફવિકાર (કફ઼વિકાર) [સં.] વિ. કફ સંબંધી રોગ. આ વિકાર ૨૦ જાતના છે: (૧) તૃપ્તિ–હમેશા ધરાયેલ છીએ એમ લાગવું. (૨) તન્દ્રા–અર્ધનિદ્રા અવસ્થા રહેવી. (૩) નિદ્રાધિક્ય–વધારે પ્રમાણમાં ઊંઘ આવવી. (૪) સ્તૈમિત્ય–શરીર ભીના કપડાથી ઢાંકેલ હોય એવું લાગવું. (૫) ગુરુગાત્રતા–શરીર ભારે લાગવું. (૬) આલસ્ય–આળસ આવવી. (૭) મુખસ્રાવ–મુખમાંથી લાળ પડવી. (૮) મુખમાધુર્ય–મુખમાં મીઠાશ લાગવી. (૯) શ્લેષ્મોકિરણ–કફ નીકળવો. (૧૦) બલનાશન–બળનો નાશ થવો. (૧૧) અપક્તિ–ખાધેલું અનાજ ન પચવું. (૧૨) હૃદયોપલેપ–હૃદય ઉપર કંઈ લેપ લગાડ્યો હોય એવું માલૂમ પડવું. (૧૩) કંઠોપલેપ-કંઠ ભારે થવો. (૧૪) ધમની પ્રવિચય–નાડી ભારે અને મોટી થવી. (૧૫) ગલગંડ–ગળામાં ગૂમડાં થવાં. (૧૬) અતિસ્થૌલ્ય–બહુ જ જાડા થઈ જવું. (૧૭) શીતાગ્નિતા–અગ્નિ મંદ પડી જવો. (૧૮) ઉદ્દર્દ–ખંજવાળ આવે એવી લાલ ફોડકીઓ થવી. (૧૯) શ્વેતાવભાસ–શરીરનો રંગ સફેદ થઈ જવો. (૨૦) શ્વેતનેત્રમૂત્રવર્ચ્ચસ્ત્વ–આંખ, મૂત્ર અને મળનો રંગ સફેદ થઈ જવો.

કફવિદગ્ધદૃષ્ટિ (કફ઼વિદગ્ધદૃષ્ટિ) [સં.] સ્ત્રી. આંખના રોગના અઠ્ઠોતેર માંહેનો એક પ્રકાર. તેમાં કફને લીધે બધા પદાર્થ ધોળા દેખાય. ખાખરાનાં અને પીપળીનાં બી બકરીની લીંડીના અથવા ગાયના છાણના રસમાં વાટી અંજન કરવાથી તે મટવાનું મનાય છે.

કફવિદ્રધિ (કફ઼વિદ્રધિ) [સં.] પું. કંઠરોગના સત્તર માંહેનો એક પ્રકાર.

કફવિરોધી (કફ઼વિરોધી) ૧. [સં.] પું. તીખાં; મરી.

૨. વિ. કફનો નાશ કરનાર.

કફવિલયન (કફ઼વિલયન) [સં.] ન. અતિશુષ્ક કફને પાતળો પાડી દૂર કરનાર દવા.

કફશતગ (કફ઼શતગ) [યૂ.] સ્ત્રી. શિંગડાવાળાં ચોપગાં પ્રાણીની ખરી.

કફશામક (કફ઼શામક) [સં.] વિ. શ્વાસ નળીના શ્લેષ્મપિંડના સંકોચને શાંત કરી અથવા સ્રાવને કમી કરી ઉધરસ ઓછી કરે તેવું.

કફશિરા (કફ઼શિરા) સ્ત્રી. સફેદ નસ.

કફસ (કફ઼સ) ૧. પું. કેદખાનું; બંદીગૃહ.

૨. પું. ચબૂતરો.

૩. પું. પાંજરૂં.

૪. પું. શરીર.

૫. પું. સાંકડી અંધારી જગ્યા.

કફસર્વેસર (કફ઼સર્વેસર) પું. મોઢું પાકવાનો એક જાતનો રોગ. તેમાં પીડા વગર પણ ચળ સહિત ધોળો કફ નીકળે.

કફસંશનવર્ગ (કફ઼સંશનવર્ગ) [સં.] પું. ખાન-પાન અને આહારવિહારમાં વપરાતાં કફ શમાવનારાં દ્રવ્ય અથવા ક્રિયા. રૂક્ષ, ક્ષાર, તુરો, કડવો અને તીખો રસ, કસરત, થૂકવું તે, ધૂમ્રપાન, ઉષ્ણ પદાર્થ, શિરો, વિરેચન, વમન, સ્વેદ, ઉપવાસ, ગ્રામ્ય ધર્મ, ચાલવું, દ્વન્દ્વ યુદ્ધ, જાગરણ કરવું વગેરે કફસંશનવર્ગ ગણાય છે.

કફસ્રાવ (કફ઼સ્રાવ) ૧. [સં.] પું. કફ પડવો તે.

૨. પું. કફનો એક રોગ.

કફહર (કફ઼હર) [સં.] વિ. કફ મટાડનાર.

કફા (કફ઼ા) [અ. ખફા] ૧. પું. અફીણ છાનુંમાનું લાવવું તે.

૨. પું. ખસખસના રસમાં બોળેલો અને બીજાની સાથે પોટકામાં વાળેલો લૂગડાનો કટકો.

૩. સ્ત્રી. ઇતરાજી; ગેરમહેરબાની; ખફગી.

૪. સ્ત્રી. ક્રોધ.

૫. સ્ત્રી. ડોકનો પાછલો ભાગ.

૬. વિ. ઇતરાજ; નાખુશ; નારાજ.

૭. અ. ગુપ્ત રીતે.

કફાઅત (કફ઼ાઅત) [અ.] ન. સરખાપણું.

કફાઈ (કફ઼ાઈ) સ્ત્રી. ગળીના પીપનું ફીણ.

કફાકાર (કફ઼ાકાર) વિ. ગુસ્સો કરનાર.

કફાત (કફ઼ાત) ૧. [અ.] પું. કજિયો; ટંટો.

૨. સ્ત્રી. આપઘાત; કમોત.

૩. સ્ત્રી. ઉપાધિ; ઉત્પાત.

૪. સ્ત્રી. જૂઠો બનાવ; દગલબાજી; લુચ્ચાઈ.

૫. સ્ત્રી. ગેરલાભ; તુકસાન; હાનિ.

૬. સ્ત્રી. પ્રાયશ્ચિત્ત.

૭. [અ.] સ્ત્રી. મુસલમાની રિવાજ પ્રમાણે પાપમાંથી છૂટવા માટે કરાતું પુણ્યદાન.

કફાતિસાર (કફ઼ાતિસાર) પું. અતિસારનો એક જાતનો રોગ. તેમાં ઝાડો ચીકણો, સફેદ, દુર્ગંધવાળો, શીતળ અને થોડી પીડા સાથે ઊતરે અને ભોજન માટે અરુચિ રહે.

કફાત્મક (કફ઼ાત્મક) વિ. કફવાળું.

કફાદૃષ્ટિ (કફ઼ાદૃષ્ટિ) સ્ત્રી. ઇતરાજી; નાખુશી.

કફાપસ્માર (કફ઼ાપસ્માર) ન. કફપ્રકોપથી થતો એક રોગ. તેમાં ચહેરો, આંખો તથા મોઢામાંથી નીકળતાં ફીણ ધોળાં હોય, લાળમાં ચીકાશ હોય, શરીર ઠંડું હિમ જેવું હોય, અને વાઈનું જોર ઘણી વાર ટકે.

કફાપહા (કફ઼ાપહા) ન. કાળું જીરૂં.

કફાફ (કફ઼ાફ) ૧. [અ.] પું. આજીવિકા; રોજી.

૨. વિ. સરખું.

કફાબંદ (કફ઼ાબંદ) [ફા.] પું. કુસ્તીનો એક દાવ.

કફામરજી (કફ઼ામરજી) ૧. સ્ત્રી. ઇતરાજી; નાખુશી.

૨. સ્ત્રી. ગુસ્સો; રીસ.

કફાયત (કફ઼ાયત) ૧. સ્ત્રી. કિફાયત; સસ્તાપણું.

૨. સ્ત્રી. નફો; લાભ.

૩. વિ. સસ્તું; સોંઘું.

કફાયદો (કફ઼ાયદો) પું. ગેરલાભ; નુકસાન.

કફારત (કફ઼ારત) ૧. [અ.] સ્ત્રી. ટંટો; મતભેદ.

૨. સ્ત્રી. પાપનો પસ્તાવો.

કફારા (કફ઼ારા) [અ.] પું. પશ્ચાત્તાપ.

કફારિ (કફ઼ારિ) ૧. [સં.] પું. આદુ.

૨. પું. સૂંઠ.

૩. વિ. કફ મટાડનાર; કફનિવારક.

કફારિઆવ (કફ઼ારિઆવ) ૧. પું. કજિયો; કંકાસ.

૨. પું. ખળભળાટ.

કફારો જુઓ કફ્ફારો.

કફાલત (કફ઼ાલત) ૧. [અ. કફ્ફલ] પું. જામીન; હામી.

૨. પું. જુમ્મેદારી.

૩. પું. હાથ મુચરકો.

કફાલતનામા (કફ઼ાલતનામા) [હિં.] પું. જામીનખત.

કફાલત બિન નફ્સ (કફ઼ાલત બિન નફ્સ) ન. અંગત જામીન.

કફાલત બિલ માલ (કફ઼ાલત બિલ માલ) પું. પૈસા સંબંધી જામીન.

કફાશય (કફ઼ાશય) [સં.] ન. કફનું સ્થાન. તેનાં પાંચ સ્થાનઃ આમાશય, કંઠ, શિર, સાંધા અને હ્રદય.

કફાંતક (કફ઼ાંતક) ૧. [સં.] પું. બાવળનું ઝાડ.
૨. વિ. કફનો નાશ કરનાર.

કફિતા (કફ઼િતા) ૧. [સં.] સ્ત્રી. કફપ્રધાન પ્રકૃતિ.
૨. વિ. કફ મટાડનાર.

કફિત્વ (કફ઼િત્વ) [સં.] ન. કફપ્રધાન પ્રકૃતિ.

કફિન (કફ઼િન) ૧. પું. એક જાતનો હાથી.
૨. પું. કફનો રોગી.

કફિની (કફ઼િની) [સં.] સ્ત્રી. કફપ્રધાન પ્રકૃતિવાળી સ્ત્રી.

કફી (કફ઼ી) સ્ત્રી. ગરેડી; ગરગડી.

કફીઝ (કફ઼ીઝ) ૧. ન. એકસો ચુમ્માલીસ ચોરસ કયુબિટ એટલે બોતેર ચોરસવાર જેટલી જમીનની સપાટીનું માપ.
૨. ન. ચોસઠ રતલનું માપ.

કફીડ (કફ઼ીડ઼) પું. કોણી.

કફીલ (કફ઼ીલ) ૧. [અ. કફ્લ] પું. જામીન; જુમ્મેદાર.
૨. પું. સલાહના કોલ પાળવાની ખાતરી માટે સાનમાં આવેલું માણસ.

કફીલકાર (કફ઼ીલકાર) પું. જવાબદાર માણસ.

કફીલા (કફ઼ીલા) પું. કાફલો.

કફુર (કફ઼ુર) પું. કપૂર.

કફે અસ્પીના (કફ઼ે અસ્પીના) વિ. પાંચ; ઘોડાના વેપારીઓમાં પાંચનો સંકેત.

કફેદસ્ત મૈદાન (કફ઼ેદસ્ત મૈદાન) ન. ઉજ્જડ વેરાન જગ્યા.

કફેદસ્તી (કફ઼ેદસ્તી) પું. કરતલ; હથેલી.

કફે દેંગર (કફ઼ે દેંગર) પું. ઘોડાના વેપારીમાં પચાસ માટે વપરાતો સંકેત.

કફેરૂક (કફ઼ેરૂક) પું. વિષ્ટામાં થતો એક જાતનો કૃમિ.

કફેલાંગ (કફ઼ેલાંગ) પું. ઘોડાના વેપારીમાં પાંચસો માટે વપરાતો સંકેત.

કફેલુ (કફ઼ેલુ) [સં.] વિ. કફવાળું.

કફેલૂ (કફ઼ેલૂ) જુઓ કફેલુ.

કફૈ પું. ઈંદ્રગોપ; ચોમાસામાં થતું એક જાતનું રાતું જીવડું.

કફૈ જીવ જે રાતો રંગ,
અવની આભ્રણ પહેર્યાં અંગ. રામાયણ

કફોડ (કફ઼ોડ઼) પું. કોણી.

કફોડું (કફ઼ોડું) ૧. [સં. કુ (ખરાબ) + સ્ફુટ્ (ભાંગવું)] વિ. અઘરૂં; કઠણ; મુશ્કેલ; વિકટ.
૨. વિ. કજોડું; રોજ માથાકૂટ કર્યા કરે એવું; અભાગિયું.
૩. વિ. કઢંગું; જેમ હોવું જોઈએ તેમ ન હોય એવું.
૪. વિ. તોફાની; નઠારૂં.
૫. વિ. વિપરીત; વિષમ.

કફોણિ ૧. [સં.] સ્ત્રી. બાહુમાં વચ્ચે રહેલી ગાંઠ.
૨. સ્ત્રી. હાથની કોણી.

કફોણિસંધિ પું. કોણીનો સાંધો.

કફોદર (કફ઼ોદર) ૧. [સં. કફ (શરીરમાંની એક ધાતુ) + ઉદર (પેટ)] ન. કફ દોષને લીધે થતો પેટનો એક રોગ. તેમાં સુસ્તી, ભારેપણું અને સોજા થાય, નિદ્રા બહુ આવે, ભોજન ઉપર અરુચિ થાય, ઉધરસ આવે, પેટ ભારે રહે, પેટમાં ગડગડાટ થયા કરે અને શરીર ટાઢું રહે.
૨. ન. જળોદર જેવો એક જાતનો રોગ.

કફોન્માદ (કફ઼ોન્માદ) [સં. કફ (એક દોષ) + ઉન્માદ (ઘેલછા)] પું. કફની અધિકતાને લીધે થતો ઉન્માદ. તેમાં થોડું બોલવું, એકાંત વસવાટ, સ્ત્રી ઉપર રુચિ, ઊંઘવું, ઊબકા, ફીકાશ, મોઢામાં મોળ, અને જમ્યા પછી રોગનો વધારો થાય. ખાનપાનથી પિત્ત સહિત કફ વધવા પામતાં હ્રદયમાં રહી તે બુદ્ધિ અને સ્મરણશક્તિને હણી નાખે, અને ચિત્તને મોહયુક્ત બનાવવાથી કફોન્માદ જામે.

કફોપદંશ (કફ઼ોપદંશ) પું. ચાંદીનો એક જાતનો રોગ.

કફોરૂં વિ. કઠિન; કપરૂં; મુશ્કેલ.

કફ્ફક (કફ્ફ઼ક) ૧. [ફા.] પું. કફ; બળખો.
૨. પું. હથેળીનો બગડેલો ભાગ.

કફ્ચા (કફ્ચા) ૧. પું. કબજો.
૨. પું. ચમચો.
૩. પું. સર્પની ફેણ.

કફ્ત (કફ્ત) [ફા.] સ્ત્રી. તરડ; ફાટ.

કફ્તા (કફ્તા) [ફા.] વિ. ફાટેલું; ભાંગેલું.

કફ્તાન (કફ્તાન) [તુ.] પું. માનસૂચક ઝભ્ભો.

કફ્તાર (કફ્તાર) [ફા.] પું. સિરિઅમાં જોવામાં આવતું વરૂ અને કૂતરાને મળતું એક જાતનું પ્રાણી.

કફ્ફે (કફ્ફ઼) ૧. [અ.] પું. પગનું તળિયું.
૨. પું. હાથની હથેળી.
૧. કફ્ફી દસ્ત = (૧) સપાટ અને ઉજ્જડ મેદાન. (૨) હાથની હથેળી.
૨. કફ્ફી પા = પગનું તળિયું.
૩. કફ્ફે પાઈ = પગના જોડા.

કફ્ફન (કફ્ફ઼ન) ૧. પું. ચાદર.
૨. પું. શબની પેટી; 'કૉફિન'.

કફ્ફા (કફ્ફ઼ા) [અ.] સ્ત્રી. અફીણની ચોરી.

કફ્ફારો (કફ્ફ઼ારો) પું. ધાર્મિક ક્રિયા ન થઈ શકવાથી ધર્મફરમાન મુજબ તેનો આપવાનો બદલો.

કફ્ન (કફ્ન) [ફા.] ન. ઇસ્લામ ધર્મનો ત્યાગ.

કફ્શ (કફ્શ) [ફા.] પું. ઊંચી એડીવાળો અને લોઢાની નાલવાળો જોડો.

કફ્શખાના (કફ્શખાના) [ફા.] ન. પોતાનું ઘર.

કફ્શગર (કફ્શગર) [ફા.] પું. જોડા બનાવનાર મોચી.

કફ્શદોઝ (કફ્શદોઝ) જુઓ કફ્શગર.

કબ ૧. [અ.] પું. એડી.
૨. [સં.] પું. કવિ.
૩. પું. ગુફા.
૪. પું. ઘૂંટી.
૫. પું. છાનો અર્થ.
૬. પું. તબકડી.
૭. પું. ધન.
૮. પું. પ્યાલો.
૯. [હિં.] અ. કદાપિ નહિ; નહિ.
૧૦. [હિં.] અ. કયારે ? કયે વખતે ?
૧૧. અ. હમેશા નહિ પણ કોઈ વખતે.

કબઇં [હિં.] અ. ક્યાં સુધી ?

કબક ૧. [ફા.] પું. એક જાતનું તેતરની જાતનું પક્ષી.
૨. પું. ચકોર.
૩. ન. (સંગીત) બાર માંહેનું એક વિકૃત. જ્યારે નિષાદ સ્વર ધૈવત સ્વરની એક શ્રુતિ ગ્રહણ કરે ત્યારે કબક નામનું વિકૃત થાય છે.

કબકબ [હિં.] અ. કોઈ કોઈ વાર; ક્વચિત.

કબકા ૧. [હિં.] અ. કયા વખતનું ?
૨. અ. કયા સમયથી ?
૩. અ. લાંબા વખતથી.

કબકી ૧. [હિં.] અ. કયા વખતની ?
૨. અ. (વ્રજ) ક્યારની ?

કબકે [હિં.] अ. ક્યા વખતનું ?

કબચ [હિં.] न. કવચ; બખ્તર.

કબચીયા પું. (જૂ. ગુ.) ઘોડાની એક જાતનું નામ.

> કે હાડા **કબચીયા** કાળુઆ,
> જલ વટા ગંગાજલ જૂઆ.
>
> લાવણ્યસમય

કબછૂટ સ્ત્રી. કકળાટ; કડાકૂટ; માથાકૂટ.

કબડ (કબ઼ડ઼) ૧. સ્ત્રી. ખવાસની એ નામની એક અટક.
૨. न. એ નામની અટકનું માણુસ.
૩. वि. એ નામની અટકનું.

કબજ ૧. [અ. કબ્જ (તેણે લીધું)] પું. કબ્જામાં કરી લેવું તે.
૧. કબજ કરવું = (૧) અટકાવવું; રોકવું. (૨) કેદ કરવું. (૩) જપ્ત કરવું. (૪) તાબે રાખવું. (૫) પકડવું અને પછી ખસવા નહિ દેવું. (૬) પોતાને સ્વાધીન રાખવું.
૨. કબજ રાજા તો મુલક ટેં ટેં = (૧) પોલું વાસણ સૌથી વધારે ગાજે છે. (૨) રાજાને હાથમાં લઈ લીધો એટલે થયું; પ્રજા થોડો ખળભળાટ કરીને બેસી રહે.
૨. પું. પહોંચ; પટવારી તરફથી ખેડૂતને અપાતી મહેસૂલ ભર્યાની પહોંચ.
૩. वि. તાબામાં હોય એવું; સ્વાધીન.
૪. [અ. કબ્જ (તેણે બાંધ્યું)] वि. બંધકોશવાળું.

કબજદસ્ત वि. કબ્જે કરેલું; હસ્તગત.

કબજા પું. એક જાતનું શસ્ત્ર.

કબજા અદાલત [અ.] સ્ત્રી. કબ્જા ન્યાયાધીશી; માલિકીના પ્રકારના દાવા ચૂકવવાના અધિકારવાળી કચેરી.

કબજાગીરો ૧. [અ. કબ્ઝહ + ફા. ગિરિફ્તન (પકડવું)] પું. મિલકતનો કબ્જો આપીને તે ઉપર વ્યાજે નાણાં લેવાં તે.
૨. वि. હવાલા સાથે ઘરેણે આપેલું હોય એવું.

કબજાદાર ૧. [અ. કબ્ઝહ + ફા. દાર (વાળું)] પું. ખાતાદાર.
૨. પું. ભૂમિભોક્તા; ભૂમિધારક; કબ્જો ધરાવનાર માણસ.

કબજાન ૧. [અ. કબ્ઝહ] પું. કબ્જો; હવાલો.
૨. પું. દાબ; સત્તા.

કબજાન્યાયાધીશી સ્ત્રી. માલિકીને લગતા દાવા ચૂકવવાના અધિકારવાળી અદાલત.

કબજાહક્ક ૧. પું. ખાતાની જમીન ધારણ કરવાનો હક્ક.
૨. પું. ભોગવટાનો હક્ક; માલિકીનો હક્ક.

કબજિયત ૧. [અ. કબ્ઝ (તેણે બાંધ્યું)] સ્ત્રી. બંધકોષ; મળાવરોધ; શારીરિક આરોગ્ય જળવાવા માટે ઊતરવા જોઈતા દસ્ત કરતાં કમી દસ્ત ઊતરવા અથવા ઊતરતાં વધુ વખત લાગવાનો રોગ. આથી પેટમાં જાણે ભાર હોય તેમ લાગે, પેટ જરા ચડેલું દેખાય, ભૂખ બરાબર લાગે નહિ, બેચેની જણાય, માથું દુ:ખે, આળસ આવે, પગમાં તૂટ થાય, તેમ જ અજીર્ણનાં ચિહ્ન જણાય. બચ્ચાંઓને તો ઘણી વાર આંચકી જેવો ભયંકર ઉપદ્રવ થઈ આવે.
૨. સ્ત્રી. રોકાણ; અટકાવ.

કબજિયાત જુઓ કબ્જિયત.

કબજી જુઓ કબજિયત.

કબજીઅત જુઓ કબજિયત.

કબજેદાર ૧. [અ. કબ્ઝહ + ફા. દાર (વાળું)] પું. ભોક્તા; ભોગવટો કરનાર; વહીવટદાર; કબ્જો ધરાવનાર માણસ.
૨. પું. સ્વામી.
૩. वि. કબ્જો ધરાવનારૂં.

કબજો ૧. પું. ઉપભોગ; ભોગવટો; માલિકી.
૨. પું. ચોળી.
૩. પું. દબાણ; પકડ; સત્તા.
૪. પું. બાંય વગરનું અથવા ટૂંકી બાંયનું બદન; બાંય વગરનું કૂડતું.
૫. [અ. કબ્ઝહ] પું. હવાલો; પકડી કે ઘેરીને સત્તામાં રાખવું તે; તાબે હોવાપણું; તાબો.
૧. કબજો કરવું = (૧) ખસી કે નાસી ન જાય તેમ બંધનમાં રાખવું; તાબામાં લેવું. (૨) દાબમાં રાખવું; હાકમાં રાખવું. (૩) વશ કરવું.
૨. કબજો રાખવું = તાબે રાખવું; પોતાને વશ રહે એમ કરવું; ખસી કે નાસી જાય તેમ અટકાવી રાખવું; હુકમમાં રહે એમ કરવું.
૩. કબ્જો આપવો–છોડવો = સોંપી દેવું; હવાલો આપવો.
૪. કબ્જો કરવો = કબ્જો લેવું; સ્વાધીન રાખવું.
૫. કબ્જો છોડવો = કોઈ ચીજ ઉપરથી પોતાની માલિકી છોડવી; સત્તા ખોવી.
૬. કબ્જો મેળવવો = કોર્ટ તરફથી કાયદેસર ભોગવટો લેવો.
૭. કબ્જો લેવો = આપઅખત્યારી પ્રાપ્ત કરવી.

કબજો ભોગવટો પું. ઉપભોગ કરવાના હક્ક સાથે કબ્જામાં હોવું તે; કબ્જો અને તેની સાથે ભોગવટો.

કબઝિઅત (કબ઼ઝિઅત) ૧. [અ.] સ્ત્રી. કબજે લેવું તે.
૨. સ્ત્રી. બંધકોષ; મળાવરોધ.

કબટ ૧. પું. એક જાતની સ્વાદિષ્ટ વાની.
૨. પું. કબાટ.
૩. પું. છળભેદ; દગો.
૪. પું. દ્વેષ.
૫. સ્ત્રી. ડોલચી; નાની ડોલ.
૬. न. ટાંકાબારી; તાકું.
૭. न. પિસ્તોલ રાખવાનું ચામડાનું સાધન.
૮. न. હાટિયું; ભંડારિયું.

કબડ (કબ઼ડ઼) ૧. સ્ત્રી. મેમણની એ નામની અટક.
૨. न. એ અટકનું માણસ.
૩. न. તાકું; નાનું ભંડારિયું.
૪. वि. એ જાતની અટકનું.
૫. [સં. કુ (ખરાબ) + બુદ્ધિ (અક્કલ)] वि. કમઅક્કલ; મૂર્ખ.
૬. वि. ખરાબ; નમાલું; બગડી ગયેલું.
૭. वि. ગામડિયું; ભોટ.

કબડવું (કબ઼ડ઼વું) ૧. अ. क्रि. કચરવું.
૨. स. क्रि. ઘોડા ઉપર સવાર થઈને તેને આડુંઅવળું ખૂબ દોડાવવું.
૩. स. क्रि. જુદી જુદી તકલીફ આપીને કોઈને થકવવું.
૪. स. क्रि. હેરાન કરવું.

કબડામણ (કબ઼ડ઼ામણ) સ્ત્રી. હેરાનગતિ.

કબડામણી (કબ઼ડ઼ામણી) જુઓ કબડામણ.

કબડાવું (કબ઼ડ઼ાવું) ૧. [સં. કુ (ખરાબ) + વૃધ્ (વધવું)] अ. क्रि. કથળવું; બગડવું; સુધરતાં સુધરતાં એકદમ શરીરનું બગડી જવું.
૨. अ. क्रि. દૂબળું થવું.
૩. अ. क्रि. માંદું થવું.
૪. अ. क्रि. સુકાવું.

કબડિયા (કબ઼ડ઼િયા) [હિં. કબાડ] સ્ત્રી. શાકભાજી વાવનાર અને વેચનાર અયોધ્યાની એક મુસલમાન જાતિ.

કબડ્ડી (કબ઼ડ્ડી) [હિં.] સ્ત્રી. એક જાતની રમત; હુતુતુ. તેમાં રમનારના બે પક્ષ પાડી એક પક્ષ જમીન ઉપર બનાવેલા પાલા નામના લીટાની એક બાજુએ અને બીજો બીજી બાજુએ ઊભો રહે. 'કબડ્ડી' 'કબડ્ડી' એમ રાડ પાડતો એક રમનાર લીટીની પેલી પાર જાય અને સામા પક્ષમાંના એકને અડવાનો પ્રયત્ન કરે. જો તે આમ કરી પોતાના પક્ષમાં આવી શકે તો અડાયેલો

રમનાર મરી ગયેલો મનાય અને તે રમતમાંથી બેસી જાય. પણ જો હુમલો કરનાર પકડાઈ જાય અને પાછો ન આવી શકે તો તે મરી જાય અને રમતમાંથી બેસી જાય. આવી રીતે બેઉ પક્ષ વારાફરતી હુમલા કરે અને સામાપક્ષવાળા બધા મરી ગયા પછી જે પક્ષમાં થોડાઘણા રમનાર બાકી રહ્યા હોય તે પક્ષ જીત્યો મનાય.

કબ્બત ૧. [હિં.] પું. ચાર લીટીવાળી હિંદી કવિતા.

૨. સ્ત્રી. ચોરસ મકાન.

૩. સ્ત્રી. મક્કાની મસ્જિદ.

૪. સ્ત્રી. રમવાનો પાસો.

કબ્બતક અ. ક્યાં સુધી ?

કબ્બતગ જુઓ કબ્બતક.

કબ્બતલક જુઓ કબ્બતક.

કબ્બતાઈ જુઓ કબ્બતક.

કબ્બતુલા [અ. કઅબ] પું. કઅબા; મક્કાની મસ્જિદ. મુસલમાનો તેની યાત્રાએ જાય છે.

કબ્બતેં અ. ક્યારથી ?

કબ્બતૈન ૧. [અ.] સ્ત્રી. બે પાસાથી રમાતી રમત.

૨. સ્ત્રી. મક્કા અને જેરુસાલેમનાં બે પવિત્ર દેવળ.

કબ્બતોડી (કબ્બતોડ઼ી) જુઓ કબ્બતક.

કબ્બર ૧. [અ.] પું. એક જાતનો વેલો; કવરી. તેની છાલ પક્ષઘાત, જળોદર, સંધિવા જેવાં દરદ ઉપર વપરાય છે.

૨. પું. જાડેજા રજપૂત.

૩. સ્ત્રી. એક જાતનું પક્ષી; કાબર.

૪. સ્ત્રી. ઘોર; મુડદું દાટી તેની આગળ પાછળ અને ઉપર કરેલું ચણતર.

૧. કબ્બર ખોદવી = પોતાનો નાશ થાય એમ વર્તવું.

૨. કબ્બર પૂરવી = (૧) મરી જવું. (૨) મારી નાખવું.

૩. મૂઆ પહેલાં કબ્બર = પહેલાંથી જ અમંગળ કામ કરવું.

૫. સ્ત્રી. પ્રેતકુંડ.

૬. ન. ખટાઈ.

૭. ન. મીઠું; લવણ.

૮. વિ. બરતું ન હોય એવું.

૯. અ. ક્રિ. (ધાતુ) તે મોટો હતો. આ ધાતુ ઉપરથી નીકળેલા શબ્દો: અકબ્બર; કબીર; તકબ્બુર; મુસ્તકબિર.

૧૦. સ. ક્રિ. (ધાતુ) તેણે દાટ્યું. આ ધાતુ ઉપરથી નીકળેલા શબ્દો: કબ્બર; કબ્બસ્તાન; મકબરા.

કબ્બરક ન. એ નામનું ફળઝાડ.

કબ્બરકન પું. કબ્બર ખોદનાર.

કબ્બરગાહ જુઓ કબ્બરસ્તાન.

કબ્બરપરસ્તી સ્ત્રી. કબ્બરની પૂજા.

કબ્બરસ્તાન ૧. [અ.] ન. ગોરસ્તાન; મુસલમાન અથવા ખ્રિસ્તીઓનું શ્મશાન; મુડદાં દાટવાની જગ્યા.

૨. ન. દખમું; પારસીઓનાં શબને ઠેકાણે પાડવાનું સ્થળ.

કબ્બરસ્થાન જુઓ કબ્બરસ્તાન.

કબ્બરા ૧. [સં. કર્બ્બુર] સ્ત્રી. નાનો સમેરવો; પૃષ્ઠપર્ણી.

૨. વિ. કાબરૂં; ભૂરા રંગનું.

કબ્બરાજા પું. (ડિંગળ) કવિ.

કબ્બરિસ્તાન જુઓ કબ્બરસ્તાન.

કબ્બરી ૧. [સં.] સ્ત્રી. એક જાતનું શાક.

૨. સ્ત્રી. કવલી ગાય.

૩. સ્ત્રી. ચોટલો; વેણી.

કબ્બરીબંધ જુઓ કબ્બરી ૩.

કબ્બરું વિ. કાબરચીતરૂં.

કબ્બરૂત [અ.] પું. ગંધક.

કબ્બરૂં સ્ત્રી. કબ્બર; ઘોર.

કબ્બલ ૧. [અ. કબ્લ] ન. નસીબ.

૨. વિ. પ્રથમનું; પ્રાથમિક.

૩. અ. પહેલાં.

૪. અ. ક્રિ. (ધાતુ) તે નજીક પહોંચ્યો. આ ધાતુ ઉપરથી નીકળેલા શબ્દો: ઇકબાલ, ઇસ્તેકબાલ, મુકબિલ, મુસ્તકબિલ.

કબ્બલગ અ. ક્યાં સુધી ?

કબ્બલા પું. અનાજ રાખવાનો વાંસનો મોટો ટોપલો.

કબ્બલાચોથ સ્ત્રી. સ્ત્રીઓમાં અંદરોઅંદર થતી નકામી ગરબડ.

કબ્બલી સ્ત્રી. અનાજ ભરવાને વાંસની ચીપોની બનાવેલી ટોપલી.

કબ્બલું ૧. વિ. કાળું.

૨. વિ. નબળું.

કબ્બલો ૧. પું. કોળિયો.

૨. પું. નિંદા; બદગોઈ.

૩. પું. મૂઠી.

કબ્બલોં અ. ક્યાં સુધી ?

કબ્બસ ૧. [અ.] પું. વીજળી.

૨. વિ. અઘરૂં; મુશ્કેલ.

કબ્બસૂં જુઓ કબ્બહૂં.

કબ્બસેં જુઓ કબ્બહૂં.

કબ્બહુ અ. કદી પણ; કોઈક દિવસે.

પણે કબ્બહુ = ક્યારેક પણ.

કબ્બહુક જુઓ કબ્બહુ.

કબ્બહૂં ૧. અ. કોઈ કોઈ વખત.

૨. અ. ભાગ્યે જ.

૩. અ. હમેશા.

કબંધ ૧. [સં.] પું. અથર્વવેદનો એક ઋષિ; સુમન્તુનો શિષ્ય.

૨. પું. એ નામનો દંડકારણ્યનો એક અસુર; કશ્યપ અને દનુનો એ નામનો પુત્ર. તે પૂર્વ જન્મમાં વિશ્વાવસુ નામનો ગંધર્વ હતો. એક વખત સ્થૂલશિરા ઋષિ તેના ગાયનથી અપ્રસન્ન થયા ત્યારે તેને હસવું આવ્યું. આથી ઋષિએ તેને રાક્ષસ થવાનો શાપ આપ્યો. બ્રહ્માની તપશ્ચર્યા કરી તેણે દીર્ઘાયુ થવાનું વરદાન પ્રાપ્ત કર્યું હતું. વરદાનના ગર્વથી તે હમેશા ઇન્દ્રનું અપમાન કર્યા કરતો. આથી ગુસ્સે થઈને ઇન્દ્રે તેના ઉપર વજ્રપ્રહાર કર્યો અને તેનાં જાંઘ, મોઢું અને મસ્તક તોડી નાખ્યાં. પછી તેની વિનવણીથી તેના હાથ યોજન પ્રમાણ લાંબા કરી દીધા અને તેના પેટની અંદર તીક્ષ્ણ દાંતયુક્ત મુખ બનાવી દીધું. તે પછી તે દંડકારણ્યમાં રહેવા લાગ્યો અને સિંહ, વાઘ વગેરેને પકડી પકડીને ખાવા લાગ્યો. જ્યારે રામચંદ્રજી દંડકારણ્યમાં આવ્યા ત્યારે તેના હાથને કાપી નાખી તેને મુક્ત કર્યો. મરતી વખતે તેમાંથી એક દિવ્ય પુરુષ નીકળી રામની સ્તુતિ કરી અદૃશ્ય થઈ ગયો.

૩. પું. ખરાબ બંધ.

૪. પું. (જ્યોતિષ) ધૂમકેતુ. તેના ઉદયનું ફળ દારુણ મનાય છે.

૫. પું. પેટ; ઉદર.

૬. પું. સારિકયુલરનો પ્રદેશ. પામીરમાં તગ્દુમ્બાશમાં આવેલ તશખુરઘાન તેની રાજધાની હતી. હ્યુ-ન્સ્યાંગે એને ‘‘કી-પો-તો’’ નામે વર્ણવી છે.

૭. ન. જળ; પાણી.

૮. ન. ભગવતી ભાગવત.

૯. ન. માથું.

૧૦. ન. માથું અને હાથ કે પગ વિનાનું હાલતું ચાલતું શરીર; ધડ.

૧૧. ન. (જ્યોતિષ) રાહુ. તેનું ધડ ગ્રહણ સમયે સૂર્યચન્દ્રને પીડે છે એમ મનાય છે.

૧૨. ન. વાદળ; મેઘ.

કબંધજ્વર [સં.] પું. હાથ, પગ અને મસ્તક સિવાયના શરીરના બીજા ભાગમાં આવતો વિષમજ્વર. અતિરસથી દૂષિત થયેલું પિત્ત કોઠામાં જ રહે અને દૂષિત થયેલો કફ હાથ પગમાં રહે તો કબંધજ્વર આવે.

કબંધતા [સં.] સ્ત્રી. મસ્તક રહિતપણું.

કબંધી ૧. પું. એ નામનો એક ઋષિ; પિપ્પલા ઋષિનો શિષ્ય કાત્યાયન.

૨. પું. મરુત; દેવ.

૩. વિ. માથા વિનાના શરીરવાળું.

કબંધો પું. માથા વિનાનું ધડ.

કબા (કૅબા) ૧. પું. ઘૂંટણ સુધી લાંબો અને કાંઈક ઢીલો ઝભ્ભો. તે આગળના ભાગમાં ખુલ્લો હોય અને તેની બાંય ઢીલી હોય.

કબા યે પોસ્તીન = રૂંવાંનો ઝભ્ભો.

૨. પું. ચોરસ મકાન.

૩. પું. મક્કાની મસ્જિદ.

૪. સ્ત્રી. અરબસ્તાનમાં મદીના નજીક આવેલ એ નામનું એક ગામ.

૫. સ્ત્રી. જમીન.

કબાજી ૧. સ્ત્રી. ઊંધો ધંધો; મૂર્ખાઈ ભરેલું કૃત્ય.

૧. કબાજી કરવી = (૧) ખરાબ કામ કરવું. (૨) વસ્તુસ્થિતિને ઉલટાવી નાખે એવી મૂર્ખાઈ કરવી.

૨. કબાજી સૂઝવી = (૧) ખરાબ કામમાં સામેલ થવું. (૨) જેમાંથી ગેરલાભ કે હાનિ થાય એવું સૂઝવું.

૩. કબાજીનું = (૧) ખોટું. (૨) ગેરલાભ કરનારૂં.

૪. કબાજીનું કામ કરવું = અયોગ્ય કામ કરવું.

૫. બાજીની કબાજી થવી = (૧) ધારેલું કામ નિષ્ફળ થવું. (૨) વ્યવસ્થાવાળું કામ બગડી જવું.

૨. સ્ત્રી. ખેલ બગડી જવાપણું; સારૂં કરવા જતાં ખરાબ થઈ જવું તે.

૩. સ્ત્રી. ધાંધલ; ધમાલ; અવ્યવસ્થા.

કબાટ પું. કપડાં, પુસ્તક વગેરે સામાન મૂકવા માટે બનાવેલો બે કે વધારે ખાનાંવાળો ઊભો ઘાટ; હાટિયું.

કબાટા ફાટવા = ઘણો પૈસો મળવાથી ન્યાલ થઈ જવું.

કબાડ (કબાડ઼) ૧. પું. ઘાસની ગંજી; ભોર.

૨. પું. દરવાજો; બારણું.

૩. પું. પડી ગયેલા મકાનનો કચરો.

૪. પું. લાકડાનો રદ્દી સામાન.

૫. ન. ઇમારતી લાકડું.

૬. ન. એક ગાડાંનો ભાર.

૭. વિ. કદરૂપું; બેડોળ.

૮. વિ. દુષ્ટ; હલકું; નીચ.

કબાડકઠ (કબાડ઼કઠ) ૧. સ્ત્રી. નકામી મહેનત; વૈતરું.

૨. સ્ત્રી. હલકી મજૂરી.

કબાડાવાળો (કબાડ઼ાવાળો) પું. કઠિયારો; લાકડાં કાપી ગુજરાન ચલાવનાર માણસ.

કબાડિયું (કબાડ઼િયું) ૧. વિ. ખરાબ રીતભાતવાળું.

૨. વિ. છળકપટ કરનાર; કૌભાંડી; તરકટી; લુચ્ચું.

૩. વિ. જાડું અને જોરવાળું.

૪. વિ. મૂર્ખ.

૫. વિ. લોભી.

કબાડિયા (કબાડ઼િયા) ૧. પું. કઠિયારો.

૨. વિ. ઉઘાડા દરવાજામાં લટકાવેલી જૂતી ચીજો બતાવનાર.

૩. વિ. ક્ષુદ્ર; નીચ; હલકું.

૪. વિ. જૂનો અને ભાંગેલો સામાન વેચનાર.

કબાડી (કબાડ઼ી) ૧. પું. ઇમારતી લાકડાં વેચવાનો ધંધો કરનાર પુરુષ.

૨. પું. કઠિયારો.

૩. પું. ધૂર્ત; લુચ્ચો.

૪. પું. મૂર્ખ માણસ.

૫. સ્ત્રી. ગેરવર્તણૂક.

૬. સ્ત્રી. મૂર્ખાઈ.

૭. વિ. કજિયાખોર.

૮. વિ. કબાડાં કરનારૂં; કૌભાંડી.

૯. વિ. લોભી.

૧૦. વિ. વાંસનો તરાપો વહેવડાવનાર.

કબાડું (કબાડ઼ું) ૧. ન. અનીતિનું કામ; વ્યભિચાર.

૨. ન. અપકૃત્ય; ખરાબ કામ.

કબાડું કરવું = (૧) દુષ્કર્મ કરવું. (૨) વ્યભિચાર કરવો.

૩. ન. ઘોડા ઉપર બે બાજુ લાદેલો ઘાસનો ભારો.

૪. વિ. અસત્ય; ખોટું.

૫. વિ. કદરૂપું; બેડોળ.

૬. વિ. કપટી; લુચ્ચું.

૭. વિ. દુષ્ટ; નીચ.

૮. વિ. વિષમ; વાંકુંચૂંકું.

૯. વિ. વ્યભિચારી.

કબાડ્ડી સ્ત્રી. એક રમત. જુઓ કબડ્ડી.

કબાદા [ફા.] પું. શીખવા માટે બહુ મજબૂત નહિ એવું ધનુષ્ય.

કબાનભારી સ્ત્રી. લોખંડની પટીની એક જાતની ભારી.

કબાબ ૧. [ફા.] ન. બાફેલું માંસ.

૨. ન. માંસનું મૂઠિયું કે ભજિયું.

૧. કબાબ કરવું = (૧) પકવવું. (૨) માંસ બાફવું. (૩) સળગાવવું.

૨. કબાલ થવું = (૧) અદેખાઈ, ગુસ્સા કે પ્રેમથી બળવું. (૨) પ્રેમમાં નાસીપાસ થવું. (૩) માંસ બફાવું.

૩. કબાબકી ચરબી = (૧) કબૂતરનું માંસ. (૨) બાજપક્ષીની ચરબી.

કબાબચીની સ્ત્રી. સુમાત્રા અને જાવામાં થતાં એક જાતનાં દવામાં ઉપયોગી તીખાં, કડવાં અને સારી વાસવાળાં વનસ્પતિનાં બી. તેનાં ઝાડને મૂળની પાસેથી ડાળીઓ ફૂટે અને તે ઘણું જ ઘાટું ઊગે. આ બી દીપક, પાચક અને રેચક કહેવાય છે. અને તે ખાધા પછી જીભ બહુ ઠંડી માલૂમ પડે. તેમાંથી નીકળતું તેલ શીતળ તથા મૂત્રલ તરીકે પ્રમેહ તેમ જ પેશાબના બીજા રોગોમાં વપરાય છે.

કબાબા જુઓ કબાબચીની.

કબાબા-ઇ-મુબારક પું. દિલ્હીનો કિલ્લો.

કબાબી ૧. ન. બાફવા માટે મોટા કદનું મરચું.

૨. વિ. માંસ ખાનાર.

૩. વિ. માંસ બાફનાર.

૪. વિ. માંસ વેચનાર.

કબાબું ન. બાજરાના લોટની એક વાની.

કબાયલ ૧. સ્ત્રી. બ. વ. કુટુંબ; બૈરાંછોકરાં.

૨. સ્ત્રી. બ. વ. જાતો.

કબારિ પું. ખેડનો ધંધો કરનારા એક જાતના લોક.

કબાલત [અ.] સ્ત્રી. પ્રમાણપત્ર કે દસ્તાવેજ બનાવીને કરેલું વેચાણ; કબાલા.

કબાલદાર પું. ઇજારદાર; ઠેકેદાર.

કબાલહ [અ.] પું. ધરતી માલિકીનો દસ્તાવેજ.

કબાલા જુઓ કબાલત.

કાટ કબાલા = શરતી વેચાણનો દસ્તાવેજ; જો અમુક નક્કી કરેલા વખતમાં ખરીદેલી ચીજ પાછી આપવામાં ન આવે તો વેચાણ પાકું થાય એવો દસ્તાવેજ.

કબાલાદાર [હિં.] પું. દસ્તાવેજને આધારે જેનું લેણદેણ રહેતું હોય તેવો શખ્સ.

કબાલાનવીસ [ફા.] વિ. દસ્તાવેજ લખનાર.

કબાલાપત્ર ન. દસ્તાવેજ; પ્રમાણપત્ર; સનદ.

કબાલાબુક સ્ત્રી. કબાલા નોંધ; વાયદાના સાટાં નોંધી રાખવાની અને તેનો ભાવ ખંડાય ત્યારે તેનો જમાખર્ચ નાખવાની ચોપડી.

કબાલાવહી જુઓ કબાલાબુક.

કબાલેદાર જુઓ કબાલાદાર.

કબાલો ૧. [અ. કબ્બાહ] પું. કરારપત્ર; ખત; દસ્તાવેજ; સાટાનો કરાર.

૨. પું. કાંધું.

૩. પું. ઠેકો; ઇજારો.

૪. પું. બૈરાંછોકરાં.

૫. પું. વાયદે નાણાં આપવાનું ઠરાવીને કરેલી ખરીદી.

૧. કબાલો કરવો = માલ ઠરાવથી લેવો.

૨. કબાલો પાકવો = નાણાં ભરવાની મુદ્દત થવી.

૬. પું. સોદો; સાટું.

૭. પું. હાથીના સામાનનું નામ.

૮. પું. હોડ; કરારદાદ.

૯. સ્ત્રી. લેખી કબૂલત.

કબાહ ૧. પું. કામળો; ધાબળો.

જોબન ગયે જોરૂ મિલે, ઠંડી પછી કબાહ;
ભૂખ ગયે ભોજન મિલે, એ ત્રણને આગ લગાહ.
લોકોક્તિ

૨. સ્ત્રી. કપાસ.

કબાહત (કબાહત) ૧. [અ. કબહ (ખરાબ)] પું. અગવડ; અડચણ.

૨. પું. અપશબ્દ; ગાળ.

૩. પું. અપૂર્ણતા; ખામી; ખોટ.

૪. પું. ઈજા; નુકસાન.

૫. પું. દુર્ગુણ.

૬. પું. દુઃખ; સંકટ.

૭. પું. નબળાઈ.

૮. પું. ખૂરાઈ; ખરાબી.

૯. પું. ભૂલ; દોષ.

૧૦. પું. માઠું પરિણામ.

૧૧. પું. મૂંઝવણ.

૧૨. પું. લુચ્ચાઈ.

કબાળો પું. માટીનો બનાવેલો નાનો કોઠલો.

કબિ ૧. [હિં.] પું. કવિ.

૨. પું. દૈત્યના ગુરુ શુક્રાચાર્ય.

કબિત [હિં.] પું. ચાર લીટીવાળી હિંદી કવિતા.

કબિતા [હિં.] સ્ત્રી. કવિતા.

કબિતાઈ જુઓ કબિતા.

કબિત્થ [સં.] ન. કોઠાનું ઝાડ.

કબિદ (ક઼બિદ) [અ.] પું. કાળજું; હૃદય.

કબિલ ૧. [સં.] પું. પીંગળો વર્ણ; માંજરો રંગ.

૨. વિ. પીંગળું; માંજરૂં.

કબિલે ઉઝ્ર (ક઼બિલે ઉઝ્ર) ૧. વિ. માફ થાય એવું.

૨. વિ. વાંધા પડતું.

કબિલે માહી (ક઼બિલે માહી) [ફા. કબ્લિ-માહ] વિ. મહિના પહેલાનું.

કબિલું (ક઼બિલું) ન. સગુંવહાલું.

કબિસેહ પું. (જરથોસ્તી) અધિકમાસ.

કબી ૧. [હિં.] અ. કદી; કોઈ વાર; કોઈ દહાડો.

૨. અ. છેવટે.

કબીકજ ૧. [ફા.] પું. એક જાતનું ઝેર.

૨. પું. એક જાતનો જંગલી છોડ.

૩. પું. વાંદા નામના જંતુનો રાજા. ચોપડીના પહેલા પાના ઉપર આ શબ્દ લખવાથી જંતુઓથી ચોપડીનું રક્ષણ થતું હોવાનું મનાય છે.

કબીઠ ન. કોઠું.

કબીર ૧. પું. અકબરના વખતનો એક સિક્કો. ઇબ્રાહીમ નામનો સિક્કો ૧૪ કબીર બરાબર થતો.

૨. પું. એ નામનો એક ભક્ત, કવિ, જ્ઞાની અને સુધારક પુરુષ. પંદરમી સદીમાં તેનો જન્મ કાશીમાં સ્વામી રામાનંદના આશીર્વાદથી એક બ્રાહ્મણીને પેટે થયો હોવાનું કહેવાય છે. માતાએ કોઈ કારણને લીધે પુત્રને રાતને સમયે એક તળાવમાં તરતો મૂક્યો. સવારમાં નૂરઅલી નામના એક જુલાહે તેને જોયો અને પોતાને ઘેર લાવી તેનું પાલનપોષણ કર્યું. આથી કબીર જુલાહા કહેવાયો અને જીવનભર જુલાહાનું કામ કર્યું, પરંતુ એ જન્મથી જ સંતભાવ લઈને જન્મ્યો હતો. તેણે સ્વામી રામાનંદને પોતાના ગુરુ બનાવ્યા અને સાધનાથી બહુ સારી ગતિ પ્રાપ્ત કરી. તેણે કાશીમાં રહી નીડરતાથી ઘણા કડક શબ્દોથી તે સમયની સામાજિક બદીઓનું ખંડન કર્યું અને સાચો બોધ આપ્યો. તેનો ઉત્તમ બોધ સાંભળી અસંખ્ય હિંદુ અને મુસલમાન એના શિષ્ય બન્યા. આજ પણ એના પંથના સાધુ લગભગ હિંદના બધા ભાગમાં જોવામાં આવે છે. તેનાં ભજનોનો અનુવાદ અંગ્રેજી અને ફારસીમાં પણ થયો છે અને બીજા દેશોમાં પણ તે ઘણા માનથી વંચાય છે. બસ્તી જિલ્લાના મગહર નામના ગામમાં તેનું મરણ થયું. કહેવાય છે કે તેના મૃત્યુ સમયે હિંદુ મુસલમાન વચ્ચે ઝઘડો થયો. હિંદુઓ સમાધિ કરવાની ત્યારે મુસલમાનો કબર કરવાની ઇચ્છા રાખતા હતા. આ દરમિયાન તેનું શબ અદૃશ્ય થઈ ગયું અને કફનની નીચે શબને સ્થાને થોડાં ફૂલ પડેલાં હતાં. આ ફૂલોને હિંદુ અને મુસલમાનોએ વહેંચી લીધાં અને પોતપોતાની રીતિ અનુસાર અલગ અલગ સમાધિ અને કબર બનાવી. એનો જીવનકાલ સંવત ૧૪૫૫થી ૧૫૭૫ સુધીનો માનવામાં આવે છે. સિકંદર પાદશાહે એના ઉપર ઘણા અત્યાચાર કરેલા, પણ રામચંદ્રજીએ તેની રક્ષા કરેલી એમ કહેવાય છે. હિંદુ મુસલમાન વચ્ચેના ભેદ દૂર કરી તેમના એકીકરણ માટે તેણે ઘણા પ્રયત્નો કર્યા હતા. વર્ણભેદ તથા બ્રાહ્મણોના શિક્ષણમાં શ્રદ્ધા રાખવા સામે તેણે વાંધો ઉઠાવ્યો હતો. ભક્તિ સિવાય કશું યે કામનું નથી એ તેનો સિદ્ધાંત હતો.

૩. વિ. કવિ; માર્મિક વચન કહેનાર ચારણ; ભાટ.

૪. ન. હોળીમાં હલકા વર્ણોથી ગવાતું એક પ્રકારનું બીભત્સ ગીત કે પદ.

કબીરના ઉલ્ટા = એક ઠેકાણેથી બીજે ઠેકાણે ફેરવવું તે.

૫. [અ. કબર (તે મોટો હતો)] વિ. ઉપરી.

૬. વિ. તત્ત્વજ્ઞાની.

૭. વિ. મહાન; મોટું.

કબીર ચૌર પું. કબીરના દેહની રાખ હિંદુઓએ દાટી તે સ્થળ. કહેવાય છે કે કબીરનો દેહ છૂટ્યા પછી તેના અર્ધ શરીરમાં તુલસી અને અર્ધમાં મરવો દેખાયાં. તુલસીને લઈ જઈ હિંદુઓએ બાળીને તેની રાખ કાશીમાં દાટી. મુસલમાન શિષ્યોએ મરવાને ગોરખપુર નજીક મગર ગામમાં દાટ્યો.

કબીરપંથ પું. કબીરની પાછળ શરૂ થયેલો પંથ. ઉત્તર હિંદમાં આ પંથ ઘણો પ્રખ્યાત છે. કાશીમાં તેનું મુખ્ય સ્થળ છે. રામાનંદી અને કબીરપંથની તિલક કરવાની રીત એકસરખી છે. રામાનુજ સંપ્રદાયવાળા તિલકમાં વચલી લીટી પીળી અને રામાનંદી તથા કબીરપંથી વચલી લીટી રાતી કરે છે. આ પંથની પાછળ દાદુપંથ, બાબાલાલી, સતનામી, મલુકદાસી, શિવનારાયણી વગેરે અનેક પંથ ઉત્પન્ન થયા છે. ઈશ્વર એક જ છે એવા અદ્વૈત મતને આ પંથ અનુસરે છે.

કબીરપંથી ૧. પું. તુલસીની માળા ગળામાં ઘાલી વૈષ્ણવ જેવું તિલક કરનાર કબીરપંથનો અનુયાયી.

૨. વિ. કબીરપંથનું.

કબીરવડ (કબીરવડ) પું. ગુજરાતમાં ભરૂચ શહેર પાસે નર્મદાના મુખ આગળ આવેલું એક વિખ્યાત વડનું વિશાળ ઝાડ. આ ઝાડની હજારો વડવાઈઓ એકબીજી સાથે એવી તો ઓતપ્રોત થઈ ગઈ છે કે અસલ થડ કયું તે જાણી શકાતું નથી. આ ઝાડ અને તેની ડાળીઓએ બે હજાર ફૂટના ઘેરાવાની જગ્યા રોકી છે. તેની નીચે ૭૫૦૦ માણસો ખુશીથી આરામ કરી શકે એવો મોટો તેનો વિસ્તાર છે. તેને ૩૫૦ કરતાં વધારે મોટાં જાડાં થડ અને લગભગ ૩૦૦૦ નાનાં થડ અથવા વડવાઈ છે. સંખ્યાબંધ વાંદરાં, વડવાંગડાં અને પક્ષીઓએ ત્યાં પોતાનાં ઘર બાંધ્યાં છે. કબીરપંથીઓ કહે છે કે કબીરે પોતાનું દાતણ આ સ્થળે રોપ્યું હતું તેથી તેનું નામ કબીરવડ પડ્યું છે. એમ પણ કહેવાય છે કે આ વૃક્ષ નીચે બેસીને કબીરે લોકોને ધર્મનો ઉપદેશ કર્યો હતો. ગુજરાતનાં જોવા લાયક સ્થળો અને અદ્ભુત વસ્તુઓમાં તેની ગણના છે.

કબીરવાણી સ્ત્રી. ભક્તકવિ કબીરે રચેલ કાવ્યો અને ભજનોનો સંગ્રહ.

કબીરવાલા ૧. સ્ત્રી. મેમણની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કબીરસાગર ન. એ નામનું કબીર ઉપર લખાયેલ પુસ્તક. તેમાં લોકપરલોકનું વર્ણન, કબીરનું પૃથ્વી ઉપર આવવું, તેના જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય અને યોગના ઉપદેશ વગેરે વિષયોનો તેમાં સંગ્રહ કરવામાં આવ્યો છે.

કબીરા ૧. [હિં.] પું. કબીર નામનો મોટો હિંદુ સુધારક. જુઓ કબીર ૨.

૨. સ્ત્રી. અંત્યજની, ભરવાડની અને મેમણની એ નામની અટક.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

કબીરિયા ૧. પું. કબીરપંથનો અનુયાયી.

૨. પું. તપસ્વી; ત્યાગી; વૈરાગી.

૩. સ્ત્રી. મેમણની એ નામની એક અટક.

૪. ન. એ અટકનું માણસ.

૫. વિ. એ નામની અટકનું.

કબીરી ન. એક જાતનું ફળ.

કબીરો ૧. પું. કટોરો; પહોળું શકોરૂં.

૨. પું. કબીરપંથીઓનું પહોળા મોઢાવાળું ભિક્ષાનું પાત્ર.

૩. પું. મહાન અપરાધ. ઇસ્લામી શરેહ પ્રમાણે નાના અપરાધને સગીરા અને મોટાને કબીરા કહે છે.

કબીલ ૧. [અ.] પું. કુટુંબ; બૈરાંછોકરાં.

૨. પું. જાતિ; વર્ગ.

૧. અઝ કબીલ = જેવું.
૨. કબીલે અનાસ = સ્ત્રીજાતિ.
૩. મિન કબીલ ઉનાસ = સ્ત્રીજાતિનું.

૩. પું. જામીન.

૪. પું. જામીનખત.

કબીલદાર વિ. કબીલાવાળું; કુટુંબી; ગૃહસ્થ; પરણેલ અને છૈયાંછોકરાંવાળું.

કબીલા ૧. [અ.] પું. અફઘાનિસ્તાન અને ભારતની પશ્ચિમની સીમા તરફ રહેતી એક કોમ.

૨. [હિં.] પું. એ નામનું એક કરિયાણું; કપીલો.

૩. સ્ત્રી. કુટુંબ.

૪. સ્ત્રી. કોમ.

૫. સ્ત્રી. પત્ની; વહુ.

કબીલાદાર વિ. કુટુંબવાળું; વિસ્તારવાળું.

કબીલું ન. સગુંવહાલું.

કબીલો ૧. [અ. કબીલહ (એક માબાપનાં છૈયાંછોકરાં)] પું. કુટુંબ; પરિવાર.

૨. પું. પત્ની.

૩. પું. બૈરાંછોકરાં.

૪. પું. સગો.

૫. વિ. પું. પરણેલો.

કબીશર [હિં.] પું. શ્રેષ્ઠ કવિ.

કબીશ્વર જુઓ કબીશર.

કબીસર ૧. [હિં.] પું. કબીશર.

૨. વિ. લોભિયું.

કબીસો ૧. [અ. કબીસહ (માટીથી પૂરી દીધેલો કૂવો કે નહેર)] પું. ચાંદ્રવર્ષ કરતાં સૌરવર્ષમાં આવતા વધારાના અગિયાર દિવસોનો સમૂહ.

સાલે કબીસા = ચાંદ્રવર્ષ.

૨. પું. જરથોસ્તી વર્ષના છેલ્લા માસના પાંચ દિવસોનો સમૂહ. પારસી લોકો છેલ્લા મહિનાના પાંત્રીસ દિવસો ગણે છે, અને એ પાંચ દિવસ કબીસાના કહેવાય છે. તે તહેવાર પણ ગણાય છે.

કબીહ [અ.] વિ. ખરાબ; નાલાયક; ધિક્કારપાત્ર; બેડોળ; બેશરમ.

કબીં અ. કોઈ વખતે.

કબુઈ સ્ત્રી. આસામમાં વપરાતી એક ભાષા.

કબુએ અ. (વ્રજ) ક્યારે પણ.

કબુક ન. પક્ષીને પૂરવાનું પાંજરૂં.

કબુચ પું. ચોખાની એક જાત; કડાના ચોખા.

કબુજન ન. કુલીજન; નાગરવેલના પાનની જડ.

કબુદ્ધિ ૧. [સં. કુ (ખરાબ) + બુદ્ધિ (અક્કલ)] સ્ત્રી. કુબુદ્ધિ; ખોટી સમજણ; દુર્મતિ; મનમાં ખરાબ વિચાર આવવા તે.

કબુદ્ધિ થવી-સૂઝવી = મન દુષ્ટ થવું.

૨. સ્ત્રી. મૂર્ખાઈ.

૩. વિ. ખરાબ બુદ્ધિનું.

કબુદ્ધિયું ૧. વિ. અક્કલ વગરનું; મૂર્ખ.

૨. વિ. અવળી મતિનું; કુબુદ્ધિવાળું.

૩. વિ. ક્રૂર; ખરાબ; દુષ્ટ.

કબુલાવવું ૧. સ. ક્રિ. કબૂલ કરાવવું; મનાવવું.

૨. સ. ક્રિ. પોતે નહિ તો પોતાનો જામીન આમ કરશે એવું સામાને ખાતરીથી કહેવરાવવું.

કબુલાવું ૧. અ. ક્રિ. કબૂલત અપાવી.

૨. અ. ક્રિ. સ્વીકારાવું.

કબૂ [ફા.] અ. કોઈવાર; કદી; કદાપિ.

કબૂતર [સં. કપોત] ન. કપોત પક્ષી; ખબૂતર; દુનિયાના બધા પ્રદેશમાં મળી આવતું અને ખાસ કરીને ઉષ્ણ પ્રદેશોમાં મોટી સંખ્યામાં માલૂમ પડતું એક પક્ષી. તે ગામે ગામ દેવાલયો, મસ્જિદો વગેરે નાનાં મોટાં ઘરોની છત તથા એવી જગ્યાએ રહે છે અને ઘૂ ઘૂ જેવો અવાજ કરે છે. આ બહુ ગરીબડું પંખી જમીન ઉપર પડેલ દાણા અને બિયાંનો ચારો કરે છે. તે ટોળામાં રહે છે અને પોતાનાં સ્થાનને કદી ભૂલતું નથી. માદા એકી વખતે બે ઈંડાં આપે. માત્ર હર્ષને વખતે તે ગુરરગૂં એવો અસ્પષ્ટ સ્વર કાઢે છે. પીડા કે બીજે કોઈ વખતે તે બોલતું નથી. તેને મારી નાખે તોપણ તે મોઢું ખોલતું નથી. સૌ પંખીમાં તે બહુ ઉપયોગી, વફાદાર અને પ્રેમાળ છે. પ્રાચીન કાળમાં યુદ્ધના સંદેશા લઈ જવા કબૂતરોનો ઉપયોગ થતો, કેમકે તેનાં સ્મરણશક્તિ અને દિશાજ્ઞાન અદ્ભુત હોય છે. આ પંખી રાખોડિયા, ધોળા, કાબરા વગેરે ઘણાં રંગનાં હોય છે. કબૂતરની જાતો: અક્કડ કે કરતા, કાસદ કે સંદેશા લઈ જનાર, લોટણ અને ગિરેબાજ. ગિરેબાજ કબૂતર એ હિંદુસ્તાનની અને કેળવેલ કબૂતરની જાત છે. એ જાતનાં કબૂતર ઘણી ઝડપથી અને બહુ ઊંચે ઊડી શકે છે, પણ તે ઊડતાં ઊડતાં ગિરી કરી શકે છે એટલે ગુલાંટ ખાઈ શકે છે, તેથી તેનું નામ ગિરેબાજ પડ્યું છે. હવાઈની પેઠે સૂસવાટ કરતું એ ઊડે

અને એકાદ વાંસ જેટલે ઊંચે જાય કે 'ફટાક' કરતું પાંખોનો અવાજ કરીને પાછલી ગુલાંટ ખાય. બ્રિટિશ ટાપુઓમાં કબૂતરની જોવામાં આવતી એક જાતને રિંગડવ કહે છે. તે ખૂબ ખાનારૂં અને વિનાશક પક્ષી છે. કબૂતરનું આયુષ્ય વીશ વર્ષનું કહેવાય છે. પાકેલું ગૂમડું ફોડવા માટે કબૂતરની હગારનો લેપ કરાય છે. એથી ત્રણ માસા સુધી કબૂતરની હગાર મધમાં મેળવી ગોળી કરી ગળી જવાથી મોટા વધેલા વાળાનો નાશ થાય છે, અને કબૂતરની હગાર અને કાકડીનાં બિયાં ચોખાના ધોવાણમાં વાટી અને લેવાથી પથરી ઝરી પડે. કબૂતરની હગાર ભાર ઉપર પણ મધની સાથે આપવામાં આવે છે.

કબૂતરખાનું ૧. [સં. કપોતપાલિકા] ન. કબૂતરને રહેવાનું પીંજરૂં, માળો કે સ્થળ.
૨. ન. ગંદી જગ્યા.
૩. ન. ઘણાં ખાનાંવાળું કબાટ.

કબૂતરજડ (કબૂતરજડ઼) ન. એક જાતનો છોડ.

કબૂતર ઝાડ (કબૂતર ઝાડ઼) ન. એક જાતનું ઝાડ.

કબૂતરનાં ફૂલ ન. સુગંધી વગરનાં એક જાતનાં ઝાડનાં સફેદ ફૂલ.

કબૂતર બચા ૧. પું. કાચા ખસખસના ડોડવાનું ઘી કે તેલમાં તળેલું ભજિયું.
૨. પું. નાનું કબૂતર.

કબૂતરબાજ [ફા.] પું. કબૂતર પાળનાર અને તેને ઉડાડવાની શરત કરનાર માણસ.

કબૂતરબાજી [ફા.] સ્રી. કબૂતર પાળવાનો કે ઉડાડવાનો શોખ.

કબૂતરબાઝ (કબૂતરબાઝ) જુઓ કબૂતરબાજ.

કબૂતરબાઝી (કબૂતરબાઝી) જુઓ કબૂતરબાજી.

કબૂતરબાઝીંદા (કબૂતરબાઝીંદા) પું. ફૂદકા મારતું બાજપક્ષી.

કબૂતરબાન જુઓ કબૂતરબાજ.

કબૂતરા પું. ઘોડાની એક જાત.

કબૂતરિયાં સ્રી. સોલાપુરમાં થતી એ નામની કેરીની એક જાત. તેનું વજન લગભગ સાડા સત્તર રૂપિયાભાર હોય છે. રસ કેસરિયો હોય અને રેસા મુદ્દલ હોતા નથી.

કબૂતરી ૧. સ્રી. કબૂતરની માદા.
૨. સ્રી. કબૂતરની માફક શરીરને વાળીને ગોળ દડા જેવું કરી નાખનાર નટડી.
૩. સ્રી. નાચનારી સ્રી. તે તેના પછેડાના છેડા કબૂતરની પાંખ જેમ રાખે છે એટલે તેને કબૂતરી કહે છે.
૪. સ્રી. પગમાં પહેરવાની રૂપાની કરડી.
૫. સ્રી. સુંદર સ્રી.

કબૂતરીબનાત સ્રી. પોલંડ દેશનું એક જાતનું ગરમ કાપડ. ડગલા બનાવવામાં તે વપરાય છે.

કબૂતરૂં [સં. કપોત] ન. કબૂતર; ખબૂતર; પારેવું.

કબૂદ ૧. ન. એક જાતનું પક્ષી; બગલું.
૨. ન. ઘેટાની એક જાત. તે આસમાની રંગનું હોય છે.
૩. વિ. આસમાની.

કબૂદી [ફા.] વિ. આસમાની.

કબૂધ સ્રી. કુબુદ્ધિ; માઠી અક્કલ.

કબૂધિયું વિ. અવળી બુદ્ધિનું; ઊંધી મતિનું; કમઅક્કલ; કુબુદ્ધિવાળું.

કબૂલ ૧. પું. તાજક જ્યોતિષનો એક યોગ.
૨. [અ.] વિ. માન્ય; મંજૂર; સ્વીકૃત.
૧. કબૂલ કરવું-થવું = મંજૂર રાખવું; વચન આપવું.
૨. કબૂલ રાખવું = સંમતિ આપવી.
૩. કબૂલ હોવું = મંજૂર રાખવું.

કબૂલકતબા [ફા.] પું. પટેલે મુકરર કરેલ મહેસૂલના દરનો મામલતદાર પાસે ખેડૂત તરફથી કરવામાં આવતો લિખિત સ્વીકાર.

કબૂલકદપા જુઓ કબૂલકતબા.

કબૂલકરાર [હિં.] પું. મોઢાનો કરાર.

કબૂલજવાબ [હિં.] પું. દાવામાં જણાવેલ રકમનો સ્વીકાર કરનાર લિખિત જવાબ.

કબૂલણી [અ.] સ્રી. કરાર; કબૂલવું તે; લિખિત કે મોઢાનો ઠરાવ; વચન.

કબૂલત ૧. સ્રી. કબૂલ કરાવવું તે; કરાર; ઠરાવ.
૨. સ્રી. લિખિત સ્વીકાર; વચન.

કબૂલતખત ન. બે પક્ષો વચ્ચે પરસ્પર નિર્ણયોની લિખિત ખાતરી આપવી તે.

કબૂલતખાતું ન. કોઈની પાસેથી કોઈ બીજા આસામીને રૂપિયા અપાવતાં જેની પાસેથી અપાવીએ તેના જમા કરવાનો અને જેને અપાવીએ તેને ખાતે ઉધારવાનો હિસાબ.

કબૂલતનામું [અ. કબૂલિય્યત + ફા. નામહ્] ન. બે કરાર કરનાર પક્ષો વચ્ચે લેખી કબૂલત; સ્વીકારપત્ર.

કબૂલતપત્ર જુઓ કબૂલતનામું.

કબૂલમંજૂર વિ. મંજૂર થયેલું; સ્વીકાર કરાયેલું.

કબૂલમંજૂરી સ્રી. મંજૂર થયેલ હોવું તે.

કબૂલવું ૧. સ. ક્રિ. કબૂલત આપવી.
૨. સ. ક્રિ. હા પાડવી; સ્વીકારવું.

કબૂલ સૂરત ૧. [અ.] ન. કબૂલ કરેલ.
૨. વિ. સુંદર.

કબૂલાત ૧. [અ. કબૂલિય્યત] સ્રી. કબૂલવું તે; ખાતરી; વચન; સ્વીકાર.
૧. કબૂલાત આપવી = (૧) ખાતરી આપવી. (૨) વચન આપવું; મંજૂર કરવું.
૨. કબૂલાત કરવી = મંજૂર રાખવું; સ્વીકાર કરવો.
૩. કબૂલાત માગવી = ખાતરી માગવી.
૪. કબૂલાત લેવી = ખાતરી કરી લેવી; મંજૂરી લેવી.
૨. સ્રી. પાવતી.

કબૂલાતનામું પું. કબૂલાતનો લેખ; કરારનામું.

કબૂલાતપત્ર જુઓ કબૂલતપત્ર.

કબૂલિયત સ્રી. કબૂલત; કોલકરાર; લિખિત કરાર; સ્વીકારપત્ર.

કબૂલી ૧. [અ.] સ્રી. એક જાતનો પુલાવ; એક જાતની વાની.
૨. સ્રી. ચોખા અને ચણા મેળવીને બનાવાતી એક જાતની ખાદ્ય ચીજ; ખીચડી.
૩. સ્રી. પ્રાણીના શરીરનો પાછળનો ભાગ.
૪. વિ. કબૂલતવાળું.

કબૂલો પું. ઘોડેસ્વારની બંદૂક રાખવાનું ચામડાનું મિયાન.

કબેલું ૧. [સં. કપાલ] ન. કચરાની પાકી કોઠી અથવા માટલાની જાડી અને બેડોળ ઠીબ.
૨. ન. ઘાટ વગરનું ઠીકરૂં.
૩. ન. જાડું અને મોટું તરેહવાર રાભા જેવું માણસ.
૪. ન. માટીના ભાંગેલા વાસણનો કટકો.
૫. ન. મોભારિયું; જાડું અને મોટું નળિયું.

કબેં અ. (વ્રજ) ક્યારે પણ.

કબો ૧. પું. કોળિયો.
૨. પું. મૂઠી.

કબોકા પું. યુગન્ડના સુલતાનની ઉપાધિ.

કબોલ [સં.] ૧. પું. કુવચન; ગાળ.
૨. પું. ટોણો મહેણું.

કબ્ક [ફા.] પું. ચકોર પક્ષી.
૧. કબ્ક રફતાર = સુંદર ચાલવાળું.
૨. કબ્કે દરી = તેતરની એક સુંદર જાત.

કબ્કેદારી [ફા.] પું. એક જાતનું પક્ષી.

કબ્જ [હિં.] સ્રી. કબજિયત.

કબ્ઝ (ક઼બ્ઝ઼) ૧. સ્રી. અપચો.
૨. સ્રી. કબજિયત; બંધકોષ.
૩. સ્રી. ખંડણી.
૪. સ્રી. ગ્રહણ; પકડ.

૫. સ્ત્રી. પહોંચ.

૬. સ્ત્રી. સંકોચ.

કબ્જા (કૂબ્ઝા) ૧. [અ.] પું. ઉપલો હાથ; ખંભાથી કોણી સુધીનો ભાગ.

૨. પું. કુશ્તીનો એક દાવ.

૩. પું. તલવારની મૂઠ.

૪. પું. તાબો; હવાલો; કબજો.

૧. કબ્ઝા પટ્ટીદારી = જેમાં બીજા કોઈનો ભાગ કે લેવાદેવા ન હોય તેવી સ્થિતિમાં કબજાવાળી જમીન.

૨. કબ્ઝાયે નાહક કરવું = ગેરકાયદેસર કબજો લેવો.

૩. કબ્ઝાયે વાકઈ = ખરેખરો અને વાસ્તવિક કબજો.

૪. કબ્ઝો કરવો–કબ્ઝામાં લાવવું = કબજો લેવો.

૫. કબ્ઝો દેવો = કબજો સોંપવો; આપી દેવું.

૬. કબ્ઝો બહાલ રાખવો = કબજાનો હક્ક કાયમ રાખવો.

૫. પું. પંજો.

૬. પું. મજાગરાં.

૭. પું. સત્તા.

૮. પું. સ્થાવર મિલ્કતનો ભોગવટો.

૯. પું. હાથો; પકડ.

કબ્ઝાદાર (કૂબ્ઝાદાર) ૧. વિ. દાખલ કરનાર.

૨. વિ. સ્થાવર મિલ્કતનો ઉપભોગ કરનાર.

કબ્ઝિયત (કૂબ્ઝિયત) ૧. સ્ત્રી. અપચો.

૨. સ્ત્રી. કબજો; પકડવું તે.

૩. સ્ત્રી. બંધકોષ.

કબ્ઝીયત જુઓ કબ્ઝિયત.

કબ્બ [અ.] પું. પડતી તલવારનો અવાજ.

કબ્બલીગર પું. બેલગામ અને ધારવાડ તરફ રહેતા એક જાતના લોકો. તેઓ માછીનો, હોડી હાંકવાનો અને પાલખી લઈ જવાનો ધંધો કરે છે.

કબ્બાન ૧. પું. શસ્ત્ર; હથિયાર.

૨. [અ.] વિ. કબજે રાખનાર.

કબ્બાર [અ.] વિ. બહુ મોટું.

કબ્બુ સ્ત્રી. શેરડીની એક જાત.

કબ્ર [અ.] સ્ત્રી. કબર; ઘોર.

કબ્ર ખોદવી–બનાવવી = (૧) કબર ખોદવી. (૨) કબરમાં સૂવું. (૩) મરણતોલ કરી નાખવું.

૨. કબ્રનાં મુડદાં ઉખેડવાં = જૂના કજિયા તાજા કરવા.

૩. કબ્રમાં પગ લટકાવવા = મરણની અણી ઉપર હોવું.

કબ્રકાવ્ય ન. મરશિયું; શોકસૂચક ગીત; 'એલેજિ.'

લાંબી 'એલેજી'ને માટે ગુજરાતીમાં કરુણપ્રશસ્તિ શબ્દ વાપરવામાં આવ્યો છે, તે 'પ્રશસ્તિ' શબ્દ ઉપર દર્શાવેલો ઐતિહાસિક અર્થ સંભારતાં અજુગતું લાગે છે. ક. દ. ડા. એ વાપરેલું વિરહનામ, સંસ્કૃતસાહિત્યમાં જાણીતું નામ વિલાપ કે વિરહોર્મિકાવ્ય કે **કબ્રકાવ્ય** જેવું નામ એવા અસંગતિદોષથી તે મુક્ત છે.

બળવંતરાય ઠાકોર

કબ્રગાહ [ફા.] ન. મુડદાં દાટવાનું સ્થળ; કબ્રસ્તાન.

કબ્રઝા [અ.] પું. કબજો; માલિકી; હવાલો.

કબ્રસલામી સ્ત્રી. કબર ખોદવી હોય તે જગ્યાના માલિકને રજા મેળવવા માટે આપવી પડતી રકમ.

કબ્રસ્તાન [ફા.] ન. કબર કરવાનું ઠેકાણું.

કબ્રા ૧. [હિં.] વિ. કાબરૂં; ડાઘાડપકાવાળું.

૨. વિ. રંગબેરંગી.

કબ્રિસ્તાં પું. મુડદાં દાટવાનું સ્થળ.

કબ્રીજહાજ ન. હલકી જાતનું વહાણ. આવાં જહાજ બળવાની લડાઈઓ પછીના અરસામાં ઇંગ્લંડમાં બંધાયાં હતાં. તે દરિયાઈ સફર માટે નાલાયક હતાં અને તોફાન વિના પણ ડૂબી જતાં એટલે તે અંગ્રેજ વહાણોનું નામ કબ્રીજહાજ અથવા કબરી વહાણો પાડવામાં આવ્યું હતું.

કબ્લ ૧. [અ.] પું. મોઢા આગળનો ભાગ.

૨. વિ. અગાઉનું; પ્રથમનું; શરૂઆતનું.

કબ્સ ૧. [અ.] પું. અગ્નિનો તણખો.

૨. પું. દીવાસળી.

૩. પું. બીજામાંથી સળગાવવું તે.

૪. પું. શીખવવું તે.

૫. વિ. ઉતાવળું.

કભ [અ.] ન. કદરૂપાપણું.

કભળતું વિ. અણબનાવ.

કભા [અ. કેબાહ] પું. પરણતી વખતે પહેરવાનું કિનખાબનું કડિયું; વરને પહેરવાનો જરિયન જામો; વાઘો.

કભાય ૧. [અ. કેબાહ] પું. ઓટો.

૨. પું. કભા; જામો; વાઘો.

૩. સ્ત્રી. બાંય.

કભારજા [સં. કુ (ખરાબ) + ભાર્યા (સ્ત્રી)] સ્ત્રી. કર્કશા; કુભારજા; કંકાસ કર્યા કરે એવી કુલક્ષણી, નઠારી અને ભરણપોષણને માટે અયોગ્ય એવી સ્ત્રી.

કભાવ ૧. [સં. કુ (ખરાબ) + ભાવ (લાગણી)] પું. અપ્રીતિ; કમન; કંટાળો; તિરસ્કાર.

૨. પું. ખોટી લાગણી; દુશ્મનાવટ.

૩. પું. શ્રદ્ધા વગરનું હોવાપણું.

કભાવો જુઓ કભાવ.

કભી [હિં.] અ. કદાપિ; કદી.

૧. કભી કભી = કોઈ કોઈ વાર; પ્રસંગોપાત્ત.

૨. કભી ન કભી = (૧) ભાગ્યે જ. (૨) વહેલાં કે મોડાં.

૩. કભીકે = થોડા વખત પહેલાં.

કભીકભાર અ. કોઈ કોઈ વાર; વખતે વખતે.

કભીકભાસ જુઓ કભીકભાર.

કભીકા અ. લાંબા વખત અગાઉ.

કભીકી જુઓ કભીકા.

કભીતો અ. કોઈ કોઈ વાર; વખતે વખતે.

કભીસે અ. અગાઉ.

કભીં [હિં.] ૧. અ. કોઈ કોઈ વખત.

૨. અ. ભાગ્યે જ.

૩. અ. હમેશા.

કભૂ જુઓ કભીં.

કભેણ પું. ગુસ્સો; રીસ.

કભોડું ૧. વિ. કધોણું; ધોયું ધોવાય નહિ એવું મેલું.

૨. વિ. કોઈ દરકાર ન રાખે એવી રીતે પડેલું; ખૂણેખાંચરે પડેલું.

કભોમ સ્ત્રી. ખરાબ જમીન.

કમ ૧. [સં.] અ. ક્રિ. (ધાતુ) ઇચ્છવું. તે ઉપરથી નીકળેલ શબ્દો: કમનીય; કાન્ત; કામ; કામ્ય.

૨. સ. ક્રિ. ચાહવું; પ્રેમ થવો.

૩. સ. ક્રિ. બહુ કીમત આપવી.

૪. સ. ક્રિ. સંભોગ કરવો.

કમ ૧. સ્ત્રી. ઊલટી; વમન.

૨. ન. (કચ્છી) કામ.

૩. [ફા.] વિ. અલ્પ; ઓછું; થોડું.

૧. કમ કરવું = (૧) ઓછું કરવું; ઘટાડવું; સંક્ષેપવું. (૨) કાપવું. (૩) ખરચ બચાવવું. (૪) ઢીલ કરવી. (૫) બાદ કરવું. (૬) હલકું કરવું.

૨. કમ જોર ગુસ્સા બોત = ઓછા બળવાળો માણસ વધારે ક્રોધી હોય છે.

૩. બે કમો કાસ્ત = વધઘટ વિનાનું.

૪. વિ. ખરાબ; હીણું.

૫. વિ. બિનઉપયોગી; નકામું.

૬. અ. કેમ; કેવી રીતે; શી રીતે.

૭. અ. નહિ, વિના એવો અર્થ બતાવતો એક પૂર્વગ. જેમકે, કમઝોર, કમબખ્ત.

કમઅકલ જુઓ કમઅક્કલ.

કમઅક્કલ ૧ [ફા. કમ (ઓછું) + અકલ (બુદ્ધિ)] સ્ત્રી. અજ્ઞાન; કમસમજ; થોડી અક્કલ.

૨. સ્ત્રી. જડતા; મૂર્ખપણું.

૩. વિ. અણુસમજુ; ઓછી બુદ્ધિનું; મૂર્ખ.

કમઅસબાબ ૧. વિ. ઓછું બોલનારૂં; નમ્ર.

૨. વિ. ગરીબ; થોડાં સાધનવાળું.

કમઅસલ ૧. [ફા. કમ (ઓછું) + અ. અસલ (ખાનદાન)] વિ. કમજાત; રાખેલીના પેટનું.

કમ અસલ ઔલાદ = રખાતનું સંતાન.

૨. વિ. વર્ણસંકર.

કમઅંદેશ [ફા.] વિ. ઓછા વિચારવાળું.

કમઆઝાર (કમઆઝાર) વિ. ઓછી ઈજાનું.

કમઆવડ (કમઆવડ્) ૧. સ્ત્રી. અકુશળતા; ઓછી આવડત.

૨. સ્ત્રી. અનુભવની કચાશ.

કમઆવડત (કમઆવડ્ત) જુઓ કમઆવડ.

કમઇખ્તિલાત (કમઇખ્તિલાત) ન. મળતાવડો સ્વભાવ ન હોવાપણું.

કમઈજ્જત (કમઈજ્જ્ત) સ્ત્રી. અપ્રતિષ્ઠા.

કમઈયાર પું. હલકો સિક્કો.

કમઉમ્ર [ફા. કમ (ઓછું) + ઉમ્ર (જિંદગી)] વિ. નાજુક વયનું; નાનું.

કમઉમ્રી સ્ત્રી. નાનું હોવાપણું.

કમક [સં.] ૧. પું. એ નામનો એક ઋષિ.

૨. વિ. ઇચ્છા કરનાર; કામુક.

કમકદમ વિ. ધીમી ગતિવાળું.

કમકદર ૧. [ફા. કમ (ઓછું) + અ. કદ્ર (બૂજ)] પું. ઓછી કદર કરનાર માણસ; કોઈના કામની જેને ઓછી કીમત હોય તે.

૨. પું. થોડી કદર; અવગણના કરવી તે.

૩. વિ. કદર વગરનું; અગુણજ્ઞ; જેનામાં સામાના કામની બૂજ ન હોય એવું.

૪. વિ. નકામું.

કમકદ્ર વિ. નીચ; હલકું.

કમકદ્ર થવું = હલકું પડવું.

કમકદ્રી ૧. સ્ત્રી. અપમાન.

૨. સ્ત્રી. પડતી.

કમકમ અ. થોડે થોડે.

કમકમવું ૧. [સં. કંપ્ (ધ્રૂજવું)] અ. ક્રિ. કંપારી અનુભવવી; ધ્રૂજવું; ભય, ત્રાસ, શોક અથવા રોગની અસરથી થરથરવું; રોમાંચ અનુભવવો.

૨. અ. ક્રિ. ટાઢ ચડવી; કંપવું.

૩. અ. ક્રિ. ત્રાસવું; ડરવું; બીવું.

૪. અ. ક્રિ. સૂગ ચડવી; કણુકણી આવવી; કંટાળો લાગવો.

કમકમા સ્ત્રી. અરેરાટી; ધ્રુજારી.

કમકમાટ ૧. [સં. કંપ્] પું. કમકમવું તે; કંપ; ધ્રુજારો; થરથરાટ.

૨. પું. કમકમાટી; ટાઢ આવતાં થતી કંપની લાગણી.

૩. પું. કંટાળો; રોમાંચ.

૪. પું. તિરસ્કાર; ધિક્કાર; અરુચિ; જુગુપ્સા.

૫. પું. ત્રાસ; ભય.

કમકમાટી ૧. સ્ત્રી. અરુચિ; સૂગ; જુગુપ્સા.

૨. સ્ત્રી. કમકમી; કંપારો; ધ્રુજારી.

૩. સ્ત્રી. કંટાળો; રોમાંચ.

૪. સ્ત્રી. ટાઢ આવતાં થતી કંપની લાગણી.

૫. સ્ત્રી. ત્રાસ; ભય.

કમકમાટી આવવી = (૧) કંપારી આવવી. (૨) ટાઢિયો તાવ આવવો.

કમકમાં ૧. ન. બ. વ. અરેરાટી.

૨. ન. બ. વ. કંપારી; ધ્રુજારી.

૩. ન. બ. વ. ત્રાસની લાગણીને પરિણામે થતી કંપારી.

કમકમી ૧. સ્ત્રી. અંગભંગ; ગાત્રભંગ; ધ્રુજારી; કંપારી; થરથરાટ.

૨. સ્ત્રી. કંટાળો.

૩. સ્ત્રી. સૂગ.

કમકમી ખાવી = (૧) આંચકો ખાવો; પાછું હઠવું. (૨) થરથરવું; ધ્રૂજવું.

કમકમો પું. કણુકણા; થરેરી; થથરાટ; કંપારી.

કમકસ વિ. આળસુ; સુસ્ત.

કમકસર [અ. કમ + કસ્ર (ન્યૂન)] વિ. ઓછામાં ઓછું.

કમકાર [ફા.] વિ. ધંધામાં અનુભવ વિનાનું; બિનઅનુભવી.

કમકારો પું. ખેડ કરનારો મજૂર; સાથી.

કમકાશ્ત પું. પાકમાં આગલી મોસમ કરતાં થયેલો ઘટાડો.

કમકિસ્મ ૧. [ફા. કમ (હલકું) + કિસ્મ (પ્રકાર)] સ્ત્રી. ઊતરતા પ્રકારની જમીન.

૨. વિ. ઊતરતી જાતનું.

કમકીમત [ફા. કમ (ઓછું) + અ. કીમત] વિ. ઓછી કીમતનું; સસ્તું.

કમકુવત [ફા. કમ (ઓછું) + અ. કૌવત (બળ)] વિ. અશક્ત; નિર્બળ.

કમકુવ્વત જુઓ કમકૌવત.

કમકોરી ૧. સ્ત્રી. વોરાની એ નામની એક અટક.

૨. ન. એ નામની વોરાની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કમકૌવત [ફા. કમ (ઓછું) + કૌવત (તાકાત)] વિ. અશક્ત; નબળું; ઓછું. કૌવત હોય એવું; શક્તિહીન; કમતાકાત.

કમકૌવતી [ફા. કમ (ઓછું) + અ. કૌવત (બળ) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. અશક્તિ; નબળાઈ; દુર્બળતા.

કમખત વિ. ભાગ્યહીન.

કમખરચ જુઓ કમખર્ચ.

કમખરચાળ ૧. વિ. ઓછા ખરચવાળું; મિતવ્યયી.

૨. વિ. સસ્તું; સોંઘું.

કમખરચી ૧. [ફા. કમ (ઓછું) + ખર્ચ (ખરચ) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. ઓછું ખરચ હોવું તે.

૨. સ્ત્રી. નિર્ધનતા; પૈસા ન હોય તેવી સ્થિતિ.

૩. સ્ત્રી. પરાણે ભોગવવું પડતું ખર્ચ.

કમખરચીમેં આટા ગીલા = ગરીબ માણસને પરાણે ભોગવવું પડતું ખર્ચ. રોટલીના લોટમાં વધારે પાણી પડી જાય તો લોટ એટલો નરમ થઈ જાય કે તેમાં વધારે લોટ નાખવો પડે. જે માણસને વધારે લોટ મેળવવાની શક્તિ ન હોય તે માણસને આવું બન્યું હોય તેને પરાણે વધુ ખર્ચ ભોગવવો પડે. આ ઉપરથી આ પ્રયોગ થયો હોવાનું લાગે છે.

૪. વિ. લોભી; કંજૂસ.

કમખર્ચ ૧. [ફા. કમ (ઓછું) + ખર્ચ (ખરચ)] પું. ઓછું ખરચ.

કમખર્ચ બાલા નિશીન = સસ્તામાં ખરીદેલ સારી વસ્તુઓ.

૨. વિ. કરકસરિયું.

૩. વિ. લોભિયું; કંજૂસ.

કમખર્ચાળ જુઓ કમખરચાળ.

કમખાચોલી જુઓ કમખાચોળી.

કમખાચોળી સ્ત્રી. કમખાઘાટની ચોળી.

કમખાબ ૧. [ફા.] પું. કિનખાબ; એક જાતનું રેશમી કપડું. તેના ઉપર વેલ બુટ્ટા હોય છે.

૨. પું. દેખાવ; ભપકો.

કમખિરદ [ફા.] વિ. અણસમજુ; નાદાન; મૂર્ખ.

કમખી ૧. સ્ત્રી. કંચુકી; ચોળી; નાનો કમખો.

૨. સ્ત્રી. ઘાઘરા કે ગાદલાં બનાવવામાં વપરાતું એક જાતનું કાપડ.

કમખુઆબ [ફા.] સ્ત્રી. કિનખાબ; જરી ભરેલું એક જાતનું રેશમી કાપડ.

કમખુઆબી ૧. સ્ત્રી. ઓછી ઊંઘ.

૨. વિ. ભરત ભરેલું.

કમખુર વિ. થોડું ખાનાર. ખાસ કરીને ઘોડાને માટે આ શબ્દ વપરાય છે.

કમખુરાક જુઓ કમખોરાક.

કમખૂરાક વિ. થોડું ખાનાર.

કમખો પું. કંચુકી; કાંચળી; ચોળી; સ્ત્રીઓનું છાતી ઉપર પહેરવાનું સીવેલું વસ્ત્ર.

કમખોડવું (કમખોડ્વું) સ. ક્રિ. વખોડવું.

વિષણ્ણ બની શણગાર **કમખોડ્યો.**

ગીતગોવિંદ

કમખોર જુઓ કમખુર.

કમખોરા [હિં.] જાનવરનો મોઢાનો એક રોગ; મોવાસો. તેમાં તે ખાઈ શકતું નથી.

કમખોરાક ૧. પું. ખોરાકની અછત; ઓછો ખોરાક હોવો તે.

૨. વિ. થોડું ખાનાર.

કમખોરાકી સ્ત્રી. પૂરતો ખોરાક નહિ હોવો તે; ખોરાકની તંગી.

કમગુફતાર [ફા.] વિ. ઓછું બોલનાર; ગંભીર.

કમગો જુઓ કમગુફતાર.

કમગોઈ સ્ત્રી. થોડું બોલવું તે.

કમચલ ૧. પું. ધીમી ગતિવાળો ઘોડો.

૨. વિ. ધીમી ચાલે ચાલનારૂં.

કમચી ૧. સ્ત્રી. કોરડો; ચાબુક; સાટ.

૨. સ્ત્રી. ચાબુકની દોરી.

૩. સ્ત્રી. ડાળી.

૪. સ્ત્રી. પંજા લડાવવામાં હાથનો ઝટકો. તેમાં આંગળીઓ તૂટી જાય છે.

૫. સ્ત્રી. લાકડી વગેરેની પાતળી પટી.

૬. સ્ત્રી. વાંસ, નેતર વગેરેની પાતળી સોટી. તેની ટોપલી બનાવાય છે.

કમચો ૧. ન. એક જાતનું તંતુવાદ્ય. તે નીચેથી કાચબા જેવું અને ઉપરથી દિલરૂબાને મળતું હોય છે.

૨. ન. શુદ્ધબુદ્ધ; મનની સારી સ્થિતિ; ભાન.

કમચો ખસી ગયો = ડગળી ખસી ગઈ; ભવન ફરી ગયો.

કમચોર પું. સંતાઈ જનાર માણસ; કામનો ચોર; કામ માટે અણગમાવાળું માણસ.

કમચ્છા [સં. કામાખ્યા] સ્ત્રી. (હિંદી) આસામ પ્રાંતમાં આવેલ કામરૂપ જિલ્લાની એક દેવી.

કમચ્યા સ્ત્રી. અલાબુ સારંગી; ઘણા જૂના વખતમાં શોધાયેલું એક વાજિંત્ર. તેને યરપમાં 'ઇંડિયન વાયોલિન' અને મુસલમાનો 'કમચ્યા' કહે છે.

કમજબાન ૧. [ફા. કમ (ઓછું) + જબાન (જીભ)] સ્ત્રી. અપશબ્દ; ભૂંડી બોલી; ગાળ.

૨. ન. અબોલપણું; મૌન.

૩. ન. મિતભાષણ.

૪. વિ. અલ્પભાષી; મિતભાષી; ઓછાબોલું.

૫. વિ. આજ્ઞાંકિત; બહાનાં કાઢ્યા વિના હુકમ માનનારૂં.

૬. વિ. બોલતાં જેની જીભ અટકતી હોય એવું; તોતડું.

૭. વિ. ભૂંડાબોલું.

કમજબાં જુઓ કમજબાન.

કમજરે [ક + મુજરા (જારી રાખવું)] અ. નિરુપયોગીપણે; નિષ્ફળ; બરબાદ; નિરર્થક; એળે.

કમજરે જવું = કંઈ પણ ફળ ન મળવું; નકામું જવું; એળે જવું.

કમજાત ૧. [કમ + જાત (જન્મેલું)] વિ. અકુલીન; અધમ; ક્ષુદ્ર; હલકી જાતનું; અનાર્ય; હલકા કુળમાં જન્મેલ.

૨. વિ. કમઅસલ; રખાતના પેટનું.

૩. વિ. લુચ્ચું; કુટિલ.

૪. વિ. વર્ણસંકર.

કમજાતિ જુઓ કમજાત.

કમજાદે [ફા. કમ + અ. જ્યાદહ] વિ. ઓછુંવત્તું; કમીજાસ્તી.

કમજુરત [ફા. કમ (ઓછું) + જુરત (હિંમત)] વિ. બીકણ.

કમજુશ્ત ૧. [ફા. કમ (ઓછું) જોશીદન (ઊકળવું)] વિ. અશક્ત; નિર્બળ; કમજોર.

૨. વિ. કાયર; બાયલું; હિચકારૂં.

૩. વિ. જુસ્સા વગરનું.

૪. વિ. બીકણુ; ડરકણુ.

કમજોર ૧. [ફા. કમ્જોર] વિ. અશક્ત; કમતાકાત; નિર્બળ; નબળું.

૨. વિ. નરમ; ઓછું જોર કરેલું.

કમજોર ગુસ્સા બોત = આવડત ઓછી અને ક્રોધ વિશેષ હોવો તે.

કમજોરી સ્ત્રી. અશક્તિ; અસામર્થ્ય; કમકૌવતી; નબળાઈ.

કમજોશ ૧. વિ. અશક્ત; કમજોર; કમતાકાત.

૨. વિ. જુસ્સા વિનાનું.

૩. વિ. નમાલું.

કમજોસ જુઓ કમજોશ.

કમઝ (કમઝ઼) વિ. અલ્પમતિ; થોડી બુદ્ધિવાળું.

કમઝદની (કમઝ઼દની) સ્ત્રી. ઘણી નમ્રતા.

કમઝદની કરવી = બહુ નમ્રતા બતાવવી.

કમઝર્ફ ૧. વિ. અક્કલ વગરનું; મૂર્ખ.

૨. વિ. અધમ; હલકું.

૩. [ફા. કમ (ઓછું) + ઝર્ફ (ઊંડું)] વિ. ઊંડું નહિ એવું; છીછરૂં.

કમઝર્ફી ૧. [ફા.] સ્ત્રી. અધમતા; હલકાઈ.

૨. સ્ત્રી. કમઆવડત.

૩. સ્ત્રી. છીછરાપણું.

કમઝાત (કમઝ઼ાત) વિ. હલકું; હલકી ઓલાદનું.

કમઝાતી (કમઝ઼ાતી) સ્ત્રી. હલકું કુળ.

કમઝાદ ૧. [ફા.] સ્ત્રી. ખરાબ જાત; હલકી ઓલાદ.

૨. વિ. નીચ; હલકું; અધમ.

કમઝિયાદ (કમઝ઼િયાદ) [ફા.] વિ. થોડું ઘણું.

કમઝિહ્ન (કમઝ઼િહ્ન) ૧. વિ. ભૂલી જાય એવું; ભૂલકણું.

૨. વિ. શક્તિ વગરનું.

કમઝોર (કમઝ઼ોર) [ફા.] ૧. વિ. નબળું; કમજોર.

૨. વિ. સત્તા વગરનું.

કમઝોરી (કમઝ઼ોરી) સ્ત્રી. નબળાઈ; કમજોરી.

કમટા [હિં.] પું. કાંટાવાળો એક જાતનો છોડ.

કમટી ૧. [હિં.] સ્ત્રી. ઝાડની પાતળી વળી જાય એવી ડાળી.

૨. સ્ત્રી. વાંસ અથવા લાકડીની પાતળી પટી.

કમઠ ૧. [સં.] પું. એ નામનો એક દેવતા.

૨. પું. એક જાતનો ક્ષત્રિય.

૩. પું. (પિંગળ) એક જાતનો છંદ. તે રસઉલ્લાસ છંદનો એક ભેદ છે. તેમાં ૨૨ ગુરુ

અને ૧૨ લઘુ મળી ૩૪ વર્ણ અને ૫૬ માત્રા હોય છે.

૪. પું. એક દૈત્યનું નામ.

૫. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે રોલાવસ્તુનો એક ભેદ છે. તેમાં ૪૪ ગુરુ અને ૮ લઘુ મળી બાવન વર્ણ અને ૯૬ માત્રા હોય છે.

૬. પું. કચ્છપ; કાચબો.

૭. પું. ચામડાથી મઢાયેલું એક પુરાણું વાજું.

૮. પું. (પિંગળ) છેંતાલીસ લઘુ અને ત્રેપન ગુરુ મળી એકસોબાવન માત્રાનો એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે ષટ્પદી છપ્પયનો એક ભેદ છે.

૯. પું. (પિંગળ) દોહરાની એક જાત. તેમાં ૧૧ ગુરુ અને ૨૬ લઘુ મળી ૩૭ વર્ણ હોય છે.

૧૦. પું. મુનિનું જળપાત્ર; સંન્યાસીનું કમંડળ; સાધુનું તૂંબડું; કાચબાના આકારનું માટીનું વાસણ.

૧૧. પું. વાંસ.

૧૨. પું. વિષ્ણુના અગિયારમા અવતારનું નામ.

૧૩. પું. સલ્લકીવૃક્ષ; સલઈનું ઝાડ.

કમઠક ૧. પું. કમંડલ.

૨. પું. (જૈન) સાધ્વીઓને પહેરવાનું એક વસ્ત્ર.

કમઠકર પું. (પિંગળ) સોળ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અષ્ટિ છંદનો ભેદ છે. તેને કમલકર પણ કહે છે. તેના દરેક ચરણમાં નગણ, યગણ, નગણ, યગણ, ભગણ અને ગુરુ એમ સોળ અક્ષર હોય છે.

કમઠપતિ [સં.] પું. કાચબાઓનો રાજા; મોટો કાચબો.

કમઠપીઠ પું. કાચબો.

કમઠરૂપ [સં. કમઠ (કાચબો)] પું. કૂર્માવતાર.

કમઠવત વિ. કમાન જેવું.

કમઠા ૧. [હિં.] પું. કમાન; કામઠું; ધનુષ્ય.

૨. પું. (જૈન) તપોબળથી સકામનિર્જરા કરનાર એક મહાત્માનું નામ.

કમઠાકારબંધ પું. ચિત્રકાવ્યનો એક પ્રકાર.

કમઠાડું (કમઢાડું) ન. ખપાટિયું. ખાસ કરીને વાંસના ખપાટિયા માટે આ શબ્દ વપરાય છે.

કમઠાણ ૧. ન. ઇમારતનું કાચું ખોખું.

૨. ન. કામનો બંદોબસ્ત; કામની ગોઠવણ.

૩. ન. કારભાર.

૪. ન. ધસડાવું તે.

૫. ન. ઝટ વ્યવસ્થા થઈ ન શકે એવો મોટો ખટલો; રસાલો.

૬. ન. તોફાન.

૭. ન. પ્રપંચ; યુક્તિ.

૮. ન. પ્રારંભેલું કામ.

૯. ન. બોજો.

૧૦. ન. મુશ્કેલ કામ.

૧૧. ન. લફરું; પંચાત.

૧૨. [સં. કર્મન્ (કામ) + સ્થાન (જગ્યા)] ન. વાખરો; મુલકગીરીએ નીકળતા અમલદારોના કામકાજને લગતો તથા તેના ઉતારા, ભોજન વગેરેની ગોઠવણને લગતો તંબૂ, વાહન, નોકર, ચાકર વગેરેનો જથ્થો; સરસામાન.

કમઠાણું ૧. ન. લાકડાની જાડી ડાળ.

૨. ન. લાકડાનો બત્તો.

૩. ન. લાકડું સારું કરવાનું સાધન.

કમઠાયો ૧. પું. રસોઇયો.

૨. પું. શિલ્પવિદ્યા પ્રમાણે કામ કરનાર સુતાર કે કડિયો; ગજ્જર; મિસ્ત્રી; બાંધકામનો સારો અનુભવી સુતાર અથવા કડિયાકામથી સારી રીતે માહિતગાર માણસ.

કમઠાલ સ્ત્રી. ગાંઠ; ડફણું; ડંગોરું; ઠૂંઠું; લાકડાનો કટકો; વળો.

કમઠાળ ૧. સ્ત્રી. દંડ; દંડૂકો; લાકડી; વાંસનો પરોણો.

૨. સ્ત્રી. ફાડેલું લાકડું; ચિતાળ.

કમઠી ૧. [સં.] સ્ત્રી. કાચબી.

૨. સ્ત્રી. વાંસની પાતળી પટી.

કમઢ ૧. પું. નદીની આજુબાજુના મોટા ખાડા.

૨. પું. નદીનો ફાટેલો બીજો માર્ગ.

કમઢા [હિં.] પું. એક જાતનું તૂંબડું.

કમણ ૧. ન. કોઈ માણસ.

૨. સ. કોણ ?

કમણવું ૧. [સં. કુ (ખરાબ) + મનસ્ (મન)] અ. ક્રિ. અસંતોષ બતાવવો; કચવાવું; કણકણવું; મનથી અપ્રસન્નતા બતાવવી.

૨. અ. ક્રિ. દુખાવું.

કમણહી અ. કેમ ?

કમણા અ. (જૂ. ગુ.) ક્યાં ?

કમણાનો સ. (જૂ. ગુ.) કોનો ?

કમણી સ્ત્રી. પગરખાં.

કમણે ૧ સ. (ચારણી) કોણે ?

૨. અ. કદી યે.

કમણો સ. (ચારણી) કોનો ?

કમત [સં. કુમતિ] સ્ત્રી. કુબુદ્ધિ; કુમતિ.

કમતડી (કમતડ઼ી) જુઓ કમત.

કમતર ૧. [ફા. કમ (ઓછું) + તર (વધારે એવા અર્થનો પ્રત્યય)] વિ. ઊતરતું; વધારે ઓછું; કમતી. આ શબ્દ ‘કમ’ ફારસી અને તર સંસ્કૃત તુલનાત્મક પ્રત્યયથી બનેલો સંકર નથી. સંસ્કૃતની માફક ફારસીમાં પણ અધિકતાવાચક ‘તર’ પ્રત્યય છે.

કમતર કરવું = ઓછું કરવું; કાપવું; ઘટાડી નાખવું.

૨. વિ. નબળું.

૩. વિ. હલકું.

કમતરતા ૧. સ્ત્રી. ઓછાપણું; ઘટાડો.

૨. સ્ત્રી. નબળાપણું.

૩. સ્ત્રી. હલકાઈ.

કમતરી વિ. બેનસીબ; અભાગિયું.

કમતરીન ૧. વિ. કમભાગ્ય.

૨. વિ. કંગાળ; ગરીબ; રાંક.

૩. વિ. તુચ્છ; પામર.

૪. વિ. દાસાનુદાસ; તાબેદાર.

૫. વિ. બહુ નરમ.

૬. [ફા. કમ (ઓછું) + તરીન (સૌથી વધારે એવા અર્થનો પ્રત્યય)] વિ. સૌથી ઓછું.

૭. વિ. સૌથી હલકું; હીણું.

કમતવજજહી સ્ત્રી. ધ્યાનરહિતપણું; બેદરકારી.

કમતાઈ ૧. સ્ત્રી. ઓછાપણું; ઘટાડો.

૨. સ્ત્રી. રક્તક્ષીણતા; લોહીની ઊણપ.

કમતાકાત ૧. [ફા.] સ્ત્રી. અશક્તિ; નબળાઈ.

૨. વિ. અશક્ત; શક્તિહીન; કમજોર; નબળું.

કમતાકાતવાન વિ. અશક્ત; કમંજોર; નિર્બળ.

કમતાકાતી સ્ત્રી. અશક્તિ; કમજોરી; નબળાઈ.

કમતિયું ૧. વિ. ઓછી અક્કલવાળું.

૨. વિ. કુમતિવાળું; દુર્બુદ્ધિ.

કમતી ૧. [ફા.] સ્ત્રી. ખૂટ; ખૂટકો; ખોટ; ખામી; ઘટ.

૨. વિ. અસંપૂર્ણ; ઓછું; થોડું; કમ.

૩. વિ. ખૂટતું; ઘટતું.

કમતીબાત પું. હલકું વજન.

કમતોલ ૧. વિ. ઓછા વજનનું; તોલમાં તોલ કરતાં ઓછું.

૨. વિ. જેનો બોજ ઝાઝો પડતો ન હોય એવું; ઓછા ભાર કે વક્કરવાળું.

કમતોલા પું. ઓછું જોખનાર માણસ.

કમત્કાપુર પું. એક પુરાણું શહેર. એમ કહેવાય છે કે તેને નાગોએ નાબૂદ કર્યું છે.

કમત્ય ૧. [સં. કુમતિ] સ્ત્રી. અવળો વિચાર.

૨. સ્ત્રી. કુમતિ; દુષ્ટ બુદ્ધિ; નઠારો વિચાર.

કમદ ન. અગાઉ લડાઈમાં વપરાતું એક જાતનું હથિયાર.

કમધ પું. ધાધલ કુળને માટે વપરાતો એક શબ્દ.

મોસાળે વાળા મરદ, સે કોઈ **કમધ** સવાય,
રાઠાને રણમાંય, નાઠાની બારી નહિ.
રસધાર

એટલે કે જેનાં મોસાળિયાં વાળા વંશનાં છે, અને જેના પિતૃપક્ષના વંશને, એટલે કે ધાધલ કુળને ''કમધ''ની ઉપમા મળી છે, તેવા બંને ઉજ્જ્વળ કુળનાં સંતાન રાઠોડ ધાધલને રણક્ષેત્રમાંથી બહાર નીકળવાની બારી હોય નહિ.

કમન ૧. પું. અશોકવૃક્ષ.
૨. પું. અસંતોષ.
૩. પું. આસોપાલવનું ઝાડ.
૪. પું. કંટાળો; અભાવ.
૫. પું. (ડિંગળ) કામદેવ.
૬. પું. કામી; કામુક.
૭. પું. જુલમ; બળાત્કાર.
૮. પું. બ્રાહ્મણ.
૯. સ્ત્રી. અનિચ્છા.
૧૦. સ્ત્રી. અપ્રીતિ; નાખુશી; નામરજી.
કમનના પકવાન કરતાં સુમનનો સૂકો રોટલો સારો = કચવાતે મને આપેલ સારી વસ્તુ કરતાં ભાવપૂર્વક આપેલ સામાન્ય વસ્તુ પણ વધારે ઇચ્છવાજોગ છે.
૧૧. વિ. ઇચ્છા કરવા જેવું.
૧૨. વિ. કામનાવાળું; કામુક.
૧૩. વિ. ખૂબસૂરત.
૧૪. ન. સુંદર; અભિરૂપ.

કમનચ્છદ ૧. [સં.] પું. કંકપક્ષી; બગલો.
૨. વિ. સુંદર ઢાંકણવાળું

કમનચ્છદી સ્ત્રી. કંકપક્ષીની માદા.

કમનજર ૧. સ્ત્રી. અવકૃપા; મહેરબાનીની ઓછપ.
૨. [ફા. કમ (ઓછું) + અ. નજર (જોવાની શક્તિ)] સ્ત્રી. ટૂંકી નજર.
૩. સ્ત્રી. ખરાબ નજર.
૪. સ્ત્રી. નાખુશી; કફા મરજી.
૫. વિ. જેના તરફ કફાદૃષ્ટિ હોય એવું.
૬. વિ. ટૂંકી નજરવાળું.

કમનઝર (કમનઝર) જુઓ કમનજર.

કમનનું ૧. વિ. અંતરના ઊંડાણથી નહિ એવું; ઉપર ઉપરનું; મન વિનાનું; ખુશી વગરનું.
૨. વિ. જોરજુલમનું; બળાત્કારનું.

કમનસીબ ૧. ન. કમભાગ્ય; દુર્ભાગ્ય.
૨. [ફા.] ન. દારિદ્ર્ય.
૩. વિ. અકર્મી; દુર્ભાગી; હીણભાગી.
૪. વિ. દુઃખસંપન્ન; દુઃખી.
૫. વિ. પાપશાળી; પાપી.

કમનસીબી [ફા.] સ્ત્રી. કમનસીબપણું; દુર્ભાગ્ય.

કમની પું. (પિંગળ) ૭ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ગાયત્રી છંદનો એક ભેદ છે. તેમાં સગણ અને યગણ મળી ૭ અક્ષર હોય છે.

કમનીય ૧. વિ. અભાગિયું; કમનસીબ.
૨. વિ. ઇચ્છા કરવા જેવું.
૩. [સં. કમ્ (ચાહવું) + અનીય (જેવું)] વિ. ચાહવા જેવું; પ્રીતિને લાયક.
૪. વિ. દુઃખદાયક.
૫. વિ. મનોહર; મોહક; રૂપાળું; સુંદર.

કમનીયતા ૧. સ્ત્રી. ઇચ્છવાયોગ્યપણું.
૨. સ્ત્રી. ચાહવા જેવું હોવાપણું.
૩. સ્ત્રી. મનોહરતા; સુંદરપણું.

કમનીયત્વ [સં.] ન. ઇચ્છવાયોગ્યપણું. જુઓ કમનીયતા.

કમને અ. ઇચ્છા વગર; અનિચ્છાએ.

કમનૈત [ફા.] પું. બાણાવળી; ધનુર્ધારી.

કમનૈતી [ફા.] સ્ત્રી. બાણવિદ્યા; ધનુર્વિદ્યા.

કમપા ૧. [હિં.] સ્ત્રી. શિકારીઓની પક્ષીઓ પકડવાની લાંબી લાકડી.
કમપા મારવી-લગાવવી = કમપાથી પક્ષી પકડવાં.
૨. વિ. ક્ષણભંગુર; નાશવંત; ચંચળ.

કમપાઇરી વિ. નીચ; હલકું.

કમપાક ૧. [ફા.] પું. ઊપજ ઓછી ઊતરવી તે; ઓછો પાક.
૨. વિ. ઓછા પાકવાળું.
૩. વિ. સુંદર.

કમપાલ વિ. અલભ્ય; દુર્લભ.

કમપીલો પું. કપીલો.

કમપેશ [ફા.] વિ. ઓછુંવત્તું.

કમપૈદાવારી સ્ત્રી. ઓછી ઊપજ; ઓછો પાક.

કમફહમ (કમફ઼હમ) વિ. મૂર્ખ.

કમફહમી (કમફ઼હમી) સ્ત્રી. કમસમજ; સમજની ખામી.

કમફુરસતી (કમફ઼ુરસતી) સ્ત્રી. વખત ન હોવો તે.

કમફુરસદ (કમફ઼ુરસદ) ૧. [ફા.] સ્ત્રી. કમફુરસદી; નવરાશ થોડી હોવાપણું.
૨. વિ. ઓછી નવરાશવાળું.

કમફુરસદી (કમફ઼ુરસદી) સ્ત્રી. નવરાશનું ઓછાપણું.

કમબખત (કમબખ઼્ત) ૧. [ફા.] સ્ત્રી. પડતી; વિપત્તિ.
૨. ન. દુર્દૈવ; કમનસીબ.
૩. વિ. અભાગિયું; દુર્ભાગી; ભાગ્યહીન.
૪. વિ. ખરાબ; નઠારૂં.
૫. વિ. ખંધું; ઠગ; દોંગું; ધૂર્ત.
૬. વિ. દુઃખી.
૭. વિ. હરામખોર; કૃતઘ્ની.

કમબખતી (કમબખ઼્તી) ૧. [ફા.] સ્ત્રી. અભાગ્ય; કમનસીબ; પડતી હાલત; ભાગ્યહીનતા.
૨. સ્ત્રી. ખંધાઈ; ધૂર્તતા; બદમાશી.
૩. સ્ત્રી. દુઃખ; પીડા; આપત્તિ.
કમબખતી આવવી = દુઃખથી ઘેરાવું.
૪. સ્ત્રી. હરામખોરી.

કમબખ્ત (કમબખ઼્ત) જુઓ કમબખત.

કમબખ્તી (કમબખ઼્તી) જુઓ કમબખતી.

કમબર ૧. પું. આઠ રંગનાં પાનાંવાળા ગંજીફાનો એક વિભાગ; કંબર.
૨. પું. તાજ.
૩. વિ. કનિષ્ઠ; હલકામાં હલકું.

કમબહા [ફા.] વિ. થોડી કીમતનું.

કમબિઝાઅત ૧. વિ. ઓછું બોલનારૂં; મિતભાષી.
૨. વિ. ગરીબ; સ્વભાવનું રાંક.

કમબુદ્ધિ સ્ત્રી. ઓછી મતિ હોવાપણું.

કમબેશ [ફા. કમ્બેશ] વિ. ઓછુંવત્તું; થોડુંઘણું.

કમબેશી [ફા. કમ્બેશી] સ્ત્રી. ઓછાવત્તાપણું; ન્યૂનાધિકતા.

કમભાગ્ય ૧. ન. દુર્ભાગ્ય.
૨. વિ. કમનસીબ; દુર્દશા; દુર્ભાગી.

કમમહેનતી સ્ત્રી. આળસ.

કમમાયગી [ફા.] સ્ત્રી. ઓછી મૂડી હોવાપણું.

કમમાયા [ફા.] વિ. કંગાલ; ગરીબ.

કમયાબ [ફા. કમ્યાબ] વિ. ભાગ્યે જ મળે એવું; દુર્લભ.

કમયાબી [ફા.] સ્ત્રી. અછત; તંગી.

કમર ૧. [ફા.] પું. ચંદ્ર.
૨. પું. (વહાણવટું) જાનાર.
૩. પું. નૃત્યમાં ગતિ ભરવાના સોળ માંહેનો એ નામનો એક પ્રકાર. તેમાં જમણા હાથનો અંગૂઠો કમર ઉપર રાખી અને ડાબો હાથ સીધો રાખી કમર લચકાવી નૃત્ય કરવું. ડાબા હાથની આંગળીઓ, કાંડું, કોણી, ખભો, કમર, નિતંબ અને છાતી હલાવવાં. ગત ભરવામાં ઝડપ રાખી પ્રેક્ષકોનું મન રંજન કરવું.

૪. પું. વસ્તુનો વચલો ભાગ.

૫. સ્ત્રી. કટિ; કમ્મર; કેડ.

૧. કમર કસવી = કટિબદ્ધ થવું; તૈયાર થવું; તૈયારી કરવી; હામ ભીડવી.

૨. કમર ઝૂકવી = મોટા ભારથી અથવા ઘડપણથી વાંસો વળી જવો.

૩. કમર ટૂટવી–તૂટવી = (૧) કેડથી અશક્ત થવું. (૨) દીકરો ખોવો. (૩) નિરાશ થવું. (૪) મિત્રોથી તજાવું. (૫) વાંસામાં હાડકું ભાંગવું. (૬) વિશ્વાસ કે હિમ્મત ખોવી.

૪. કમર ઠોકવી = વાંસો થાબડવો.

૫. કમર તોડવી = (૧) આશા ભંગ કરવી. (૨) ઘણી સખત મહેનત કરવી; છાતી તોડી મહેનત કરવી. (૩) મિત્રોને દુશ્મનના પક્ષમાં લઈ જવા.

૬. કમર થાપવી = (૧) કેડથી પકડવું. (૨) ટેકો આપવો.

૭. કમર પકડવી = (૧) કેડથી પકડવું. (૨) કોઈની સામે હક્ક ઉઠાવવો. (૩) ટેકો આપવો. (૪) દાવો કરવો.

૮. કમર પકડી નીચે લાવવું = મલ્લવિદ્યામાં કરાતો એક દાવ. સામસામા પહેલવાનો લડે ત્યારે એકે સામાવાળાની નજર ચુકાવી તેની ગરદન ઉપર હાથ મૂકી, તેની બગલમાં ડૂબી, કમર ઉપર જવું અને તેની કમર પકડી તેને નીચે પાડવો. સામાવાળા પહેલવાને પોતાનો બચાવ કરવા તેનો પગ પોતાના બંને પગ વચ્ચે લઈ ખેંચવો.

૯. કમર પકડીને ઊઠવું = અશક્ત હોવું; નબળું હોવું.

૧૦. કમર પર કાંકરો મૂકીને કામ કરવું = સખત મહેનતથી કોઈ કામમાં મંડ્યા રહેવું.

૧૧. કમર બાંધવી = કટિબદ્ધ થવું; તૈયાર થવું; સજ્જ થવું.

૧૨. કમર બેસવી = આશાભંગ થવું; જુસ્સો નરમ પડવો; નાઉમેદ થવું.

૧૩. કમર ભાંગવી = (૧) કમર ઉપર માર પડવો. (૨) હિંમત હારવી.

૧૪. કમર ભાંગી જવી = આશાભંગ થવું.

૧૫. કમર મજબૂત કરવી = ખર્ચવાળું કામ માથે લેવું.

૧૬. કમર મારવી = (૧) એક બાજુએ મારવું. (૨) લશ્કરના મુખ્ય ભાગ ઉપર હુમલો કરવો.

૧૭. કમર રહી જવી = (૧) પક્ષઘાત થવો. (૨) લાંબા વખત સુધી ઊભા રહેવાથી કેડ દુઃખવી.

૧૮. કમર લચકવી = વાંસો વાંકો વળવો.

૧૯. કમર લાગવી = (૧) ઘોડાને વાંસામાં ચાંદું પડવું. (૨) પથારીમાં લાંબા વખત સુધી સૂવાથી કંટાળવું.

૨૦. કમર સીધી કરવી = આરામ લેવો; સૂવું.

૨૧. કમર હલાવવી = (૧) કોશિશ કરવી; યત્ન કરવો. (૨) સંભોગ કરવો.

૨૨. કમરનું ટૂટું–ઢીલું = કમજોર; કાયર; છાતી વગરનું; નબળું.

૨૩. કમરનું મજબૂત = તાકાતવાળું; વીર્યવાન.

૨૪. કમરમાં જોર = હિંમત.

૬. સ્ત્રી. કમરના થાપા.

૭. સ્ત્રી. કમાન.

૮. સ્ત્રી. પટો.

૯. સ્ત્રી. પર્વતનો મધ્ય ભાગ.

૧૦. સ્ત્રી. લશ્કરની એક બાજુ.

૧૧. [સં.] વિ. ઇચ્છાવાળું; કામુક.

૧. કમર ખોલવી = (૧) આરામ લેવો. (૨) નોકરી છોડવી.

૨. કમર ખોલી બેસવું = આરામથી બેસવું.

૧૨. વિ. કામવાસનાવાળું.

કમરક ૧. સ્ત્રી. એક જાતનું શણનું ઝીણું સફેદ કપડું.

૨. ન. એક જાતનું ફળ; કમરખ.

કમરકટા સ્ત્રી. હૈયારખી.

કમરકશ ૧. પું. લડવૈયો; વીર પુરુષ.

૨. પું. લુચ્ચો માણસ.

૩. ન. કમરમાં કસ લાવનાર એક જાતની ઔષધિ.

૪. ન. કેડની મજબૂતી.

૫. વિ. કમર કસનારૂં.

૬. વિ. શૂર.

કમરકશી [ફા.] સ્ત્રી. લડાઈ; વિરોધ.

કમરકસ ૧. પું. આસન નામના ઝાડમાંથી ઝરતો ચીકણો ગુંદ; બીઅલાના ઝાડનો ગુંદ.

૨. પું. લડવૈયો; વીર પુરુષ.

૩. ન. કેડને મજબૂતી આપનાર એક ઔષધિ. તેનાં ગોળ નાનાં ભૂખરા રંગનાં બીજ દવા તરીકે વપરાય છે. પાણીમાં પલાળવાથી તેનો ચીકણો લુવાબ થાય છે. તેનાં બીજ પાણીમાં પલાળી પીવાથી પેશાબમાં થતી બળતરા તથા પ્રમેહ મટવાનું મનાય છે.

૪. વિ. કમર કસનારૂં; જોરનું કામ કરનારૂં.

૧. કમરકસ બાંધવી = કોઈ કામ માટે નિશ્ચય કરવો.

૨. કમરકસ હોવું = કોઈ કામ કરવાને તૈયાર થવું.

૫. [ફા.] વિ. બહાદુર.

કમરકસાઈ [ફા.] સ્ત્રી. પેશાબ પાયખાનાની છૂટી આપવા માટે સિપાઈઓ આગળના વખતમાં અપરાધીઓ પાસેથી જે પૈસા વસૂલ કરતા તે.

કમરકાકડી (કમરકાકડ઼ી) સ્ત્રી. એક જાતની દેશી ઔષધિ.

કમરકાટ ૧. પું. કમર કાપે તેવો ઘા.

૨. પું. તરવાર વગેરેના જુદા જુદા હાથ માંહેનો એક હાથ.

કમરકુશાઈ ૧. સ્ત્રી. અટકાયત હેઠળના લશ્કરી માણસોને લશ્કરી કપડાં ઉતારવા અને જીવન વ્યવહારનાં સામાન્ય કામો કરવા માટે સરકારી માણસોથી લેવાતો લાગો.

૨. [ફા.] સ્ત્રી. કમરપટો ખોલવો તે.

કમરકોઠા પું. દીવાલની બહાર આવતો ભારોટિયાંનો ભાગ.

કમરખ ૧. ન. એ નામના ઝાડનું ફળ.

૨. [સં. કર્મરંગ] ન. એ નામનું એક જાતનું આશરે ૨૫ ફૂટ ઊંચું થતું ફળઝાડ; કમરખી. તે કર્ણાટક, ગોવા, મુંબઈ, ગુજરાત, ઉત્તર હિંદ વગેરે ઠેકાણે લાલ જમીનમાં થાય છે. તેને સુંદર ગુલાબી ફૂલ અને ફિક્કા જાંબૂડા રંગનાં લાંબાં ને ત્રણ ચાર ધારવાળાં ફળ આવે છે. તેની મીઠી ને ખાટી એમ બે જાત છે. બારે માસ પાકતાં ખટમધૂરાં આ ફળનું અથાણું ને મુરબ્બો થાય, ખોરાકમાં ખવાય અને તેનું શરબત પણ બને. તે ગ્રાહી, કફઘ્ન ને વાતહર મનાય છે.

કમરખારી સ્ત્રી. એક જાતનું ઝાડ.

કમરખી ૧. [હિં. કમરખ] સ્ત્રી. કમરખનું ઝાડ.

૨. વિ. કમરખના જેવું.

કમરખો પું. એક જાતનું ઝાડ. જુઓ કમરખ.

કમરખોગ પું. કુસ્તીનો એક દાવ. તેમાં હરીફની ઉપર સવારી કરી તેના પેટ નીચેથી પગ નાખી, બીજો પગ ભરાવી મજબૂત પકડ નાખવી. પછી જમણે હાથે જમણું કાંડું પકડી જમણી બાજુ તરફ નમી જવું અને હાથને બરાબર ખેંચવો એટલે તે ચીત પડશે.

કમરખોડો (કમરખોડ઼ો) પું. મલ્લવિદ્યામાં કરાતો એક દાવ. તેમાં જોડીદાર પહેલવાનને નીચે પટકી બંને હાથ તેની બગલમાં ઘાલી તેના હાથ ખેંચવા. પછી પોતાનો એક પગ તેની કમર નીચે ઘાલી બીજા પગથી પોતાની પગની આંટી ભિડાવવી. તેથી તેને બહુ તકલીફ થશે ને તે જલદી ચીત થઈ જશે.

કમરગુર્દા [મ.] પું. કમરે બાંધવાની ગદા.

કમરચંડી સ્ત્રી. તરવાર.

કમરજી સ્ત્રી. મરજી ન હોવી તે; અનિચ્છા.

કમરટૂટ ૧. વિ. નામર્દ.
૨. વિ. સુસ્ત.

કમરટૂટા ૧. વિ. ખૂંધવાળું.
૨. વિ. નપુંસક.

કમરથેલી સ્ત્રી. કમરે બાંધી શકાય તેવી થેલી.

કમરદરઅકરબ પું. વીંછીડો. ઇસ્લામી મઝહબમાં વીંછીડાને કમર દર અકરબ કહે છે અને મુસલમાની જે તારીખે વીંછીડો હોય તે દિવસે મુસાફરી અને લગ્ન કરવાં ખરાબ ગણેલ છે.

કમરદવાલ પું. ચામડાનો પટો.

કમરદિવાલ જુઓ કમરદવાલ.

કમરદસ્ત સ્ત્રી. દોઅંગ લકડીની એક કસરતનું નામ.

કમરદાર પું. નોકર.

કમરનિશાન વિ. ચંદ્ર જેવું.

કમરની ગત સ્ત્રી. નૃત્યમાં ગતિ ભરવાના મુખ્ય સોળ માંહેનો એક પ્રકાર. આ ગત ભરવાની બે રીતઃ (૧) જમણા હાથનો અંગૂઠો કમર ઉપર રાખી ડાબો હાથ ખુલ્લો સીધો રાખી કમર લચકાવીને નૃત્ય કરવું તે. (૨) જમણા હાથની આંગળીઓ કમર ઉપર જમાવી ડાબો હાથ ખુલ્લો સીધો લાંબો રાખી નૃત્ય કરવું તે. ડાબા હાથની આંગળીઓ, કાંડું, કોણી, ખભો, કમર, નિતંબ, છાતી એટલાં વાનાં હલાવતાં રહેવું. ગત ભરવામાં ચાલાકી રાખી જોનારાનું મનરંજન થાય એવી તરેહથી નૃત્ય કરવું.

કમરપટી ૧. સ્ત્રી. કમરે અથવા કોઈ પણ ચીજના મધ્ય ભાગમાં બાંધવામાં આવતી પટ્ટી; સાટ.

૨. સ્ત્રી. કોઈ પણ ચીજનો વચલો ને લાંબો ચીચરવટો.

કમરપટો ૧. પું. કેડે બાંધવાનો પટો; સાટ; કમરબંધ.

૨. પું. કોઈ પણ ગોળ અથવા લંબગોળની વચ્ચેનો પટી જેવો ભાગ.

૩. પું. સ્ત્રીઓને કેડે પહેરવાનો સોના કે રૂપાનો કંદોરો; કટિમેખલા.

કમરપટ્ટી જુઓ કમરપટી.

કમરપટ્ટો જુઓ કમરપટો.

કમરપૂર વિ. કમર સુધી પહોંચે તેટલું; કમરબૂડ.

કમરફેર સ્ત્રી. દોઅંગ લકડીની એક કસરતનું નામ; લેજીમની કસરતનો એક ભેદ.

કમરબસ્તન ૧. [ફા.] ન. કમર કસવી તે; કમરપટ્ટો બાંધવો તે.
૨. ન. કામ કરવા તૈયાર થવાપણું.

કમરબસ્તા ૧. પું. નોકર.
૨. વિ. તૈયાર થયેલું.

કમરબંદ ૧. [ફા. કમર + બસ્તન (બાંધવું)] પું. કમરપટો; કટિમેખલા; કેડે બાંધવાનો પટો; કંદોરો.
૨. પું. કેડની આસપાસ પહેરાતા લૂગડાનો લાંબો કટકો.
૩. પું. લંગોટી.
૪. વિ. લડવાને માટે તૈયાર; કટિબદ્ધ.

કમરબંદી ૧. [ફા.] સ્ત્રી. લડાઈની તૈયારી.
૨. સ્ત્રી. લશ્કરી એકસરખો પહેરવેશ; ગણવેશ.

કમરબંધ ૧. [ફા. કમર્બંદ] પું. કંદોરો; કમરપટો.

૨. પું. કુસ્તીનો એક પેચ.

૩. પું. હિંદુસ્તાનમાં બનતો સુતરાઉ, રેશમી કે જરીનો કમરે બાંધવાનો પટો.

૪. પું. મુઘલ દરબારનું એક ઊંચી જાતનું માન.

૫. વિ. કમર બાંધનાર.

૬. વિ. સુસજ્જ; તૈયાર; સાવધાન.

કમરબૂડ વિ. કમર બૂડે તેટલું; કેડ સુધીનું.

કમરવ [ફા.] વિ. કમરાહ; ધીમું.

કમરવા પું. કમરનો એક રોગ; કમરનો વા.

કમરવાલ ન. અસલી કાપડની એક જાત.

કમરવેલ સ્ત્રી. એક જાતનો વેલો; દાળિયાવેલ; થાનવેલ. આ વેલો ૬ થી ૧૦ ફૂટ લાંબો થાય. પાન વાલોળનાં પાન જેવાં ત્રણ ત્રણ ભેગાં હોય છે. ફૂલ ઝીણી સળી ઉપર જાંબલી છાંયવાળાં પીળાં નાનાં થાય છે. શીંગ વાલોળ જેવી બબ્બે બીવાળી થાય છે. આ વેલો દવામાં ઉપયોગી છે.

કમરસાર [મ.] ન. સ્ત્રીઓને કેડની આસપાસ પહેરવાનું એક જાતનું ઘરેણું; કમરસાલ.

કમરસાલ જુઓ કમરસાર.

કમરંગ વિ. ઝાંખા રંગનું.

કમરા ૧. [હિં.] પું. ઘર.

ગોલ કમરા = લગ્ન પ્રસંગે સત્કાર કરવા માટે ખાસ શણગારેલો ઓરડો.

૨. પું. વહાણમાં ઉપલા માળની ઓરડી.

કમરાઈબેલ પું. આફ્રિદી તાયફાવાળાઓની એક શાખા. તે મેદાન અને બરાવેલીમાં રહે છે.

કમરાહ [ફા.] વિ. કમરવ; ધીમું.

કમરિપા પું. (બૌદ્ધ) ચોરાશી માંહેનો એ નામનો એક સિદ્ધ.

કમરિયું ૧. ન. મોર; માંજર.
૨. ન. બ. વ. કૂણાં પાન, ડાંડલી વગેરે.

કમરિયાં ૧. [હિં.] સ્ત્રી. કમર; કેડ.
૨. ન. બ. વ. કૂણાં લીલાં પાન.

કમરી ૧. પું. એક જાતનો ફિક્કા રંગનો અગર.
૨. [ફા.] સ્ત્રી. કબૂતર.
૩. સ્ત્રી. ટૂંકું બદન.
૪. સ્ત્રી. ધાબળી.
૫. વિ. કેડ સંબંધી.
કમરી અંગરખા = ટૂંકું જાકીટ.
૬. વિ. કેડથી અશક્ત; નબળું.
૭. વિ. ચંદ્રનું.

કમરીક ન. એક જાતનું કપડું; 'કેમ્બ્રિક'.

કમરીસાલ પું. ચાંદ્ર વર્ષ.

કમરૂ ૧. વિ. અધમ; નીચ; હલકું.
૨. વિ. કદરૂપું.
૩. વિ. બીકણ.

કમરૂઆબ ન. એક જાતનું કાપડ.

કમરૂદેશ પું. એ નામનો એક દેશ.

કમરો ૧. [હિં.] પું. ઓરડો; ખંડ; હોલ.
૨. પું. કામળો; કંબલ.

કમર્ગા ૧. [ફા. કમર્ગાહ] પું. કટિભાગ; કેડ.
૨. પું. મધ્ય ભાગ; વચલો પ્રદેશ.

કમર્બંદ [ફા.] પું. કેડે બાંધવાનો પટો.

કમલ ૧. [સં.] પું. એક જાતનો હરણ; મૃગ.
વનમાં સીતાજીએ વિચિત્ર **કમલ** જોયો.
તર્કસાગર

૨. પું. (પિંગળ) એક સમજાતિ માત્રામેળ છંદ. તેના દરેક ચરણની ૨૭ માત્રા માંહેની ૧, ૫, ૯, ૧૩, ૧૭, ૨૧ ને ૨૫ માત્રા ઉપર તાલ આવે છે.

૩. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; લસદસુ. તેના દરેક ચરણમાં નગણ, સગણ, લઘુ અને ગુરુ મળી આઠ અક્ષરો હોય છે.

૪. પું. કામળો; ધાબળો.

૫. પું. ખોજા લોકોની માન્યતા પ્રમાણે વિષ્ણુના સત્તર માંહેનો બારમો અવતાર.

૬. પું. (પિંગળ) ગુરુ.

૭. પું. (પિંગળ) ૭ માત્રાનો એક છંદ.

૮. પું. (પિંગળ) છપ્પાના ૭૧ ભેદ માંહેનો એક.

૯. પું. (પિંગળ) જેના દરેક ચરણમાં નગણુ હોય એવો ત્રણુ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; હરિણી.

૧૦. પું. (સંગીત) ધ્રુપદના સોળ પ્રકાર માંહેનો એક. તેના દરેક પાદમાં ૧૭ અક્ષર હોય છે.

૧૧. પું. (પિંગળ) પચ્ચીશ અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં આઠ સગણુ અને ગુરુ હોય છે. તેમાં બારમા અક્ષર પછી યતિ આવે. આ છંદનાં મુદિર, મલ્લી, સુમિલા, માધવી, અમલા, ચંદ્રકલા, સુછંદ, સુંદરી, સવૈયા, સુખદા, સુખદાની એવાં નામ છે.

૧૨. પું. ફેફસાંનો જમણો ભાગ; કુક્કો. તે કમળના આકારનો હોય છે.

૧૩. પું. બ્રહ્મા.

૧૪. પું. વૈશંપાયન ઋષિના એક શિષ્યનું નામ.

૧૫. પું. (પિંગળ) ષટ્પદી છપ્પયની જાતનો એક વિષમજાતિ માત્રામેળ છંદ. તેમાં ૬૮ લઘુ અને ૪૨ ગુરુ મળી ૧૫૨ માત્રા હોય.

૧૬. પું. સંગીતશાસ્ત્ર પ્રસિદ્ધ એક ધ્રુવ.

૧૭. પું. સારસ પંખી.

૧૮. પું. (સંગીત) હનુમંત મત પ્રમાણે દીપક રાગના આઠ પુત્ર માંહેનો એક. આ રાગ અપ્રસિદ્ધ છે.

૧૯. ન. આંખ. તેને કમલની ઉપમા આપવામાં આવે છે.

૨૦. ન. આંખમાં પડતું ફૂલું.

૨૧. ન. (શિલ્પ) એક પ્રકારનું દ્વિશાળ ઘર; વૃદ્ધિ અને સુખ આપનાર મનાતું એક ઘર. વિલાસ ઘર આગળ એક મંડપ આવે તો તે કમલ ઘર થયું કહેવાય.

૨૨. ન. કથીર.

૨૩. ન. કમળકાકડીનું ફૂલ.

૨૪. ન. કમળના આકારની બેઠક.

૨૫. ન. કમળાનો રોગ.

૨૬. ન. કાંસું.

૨૭. ન. ગર્ભસ્થાન; ગર્ભાશય.

કમળનું ક્ષત = ગર્ભાશયમાં સોજો આવી ઘારૂં પડવું તે.

૨૮. ન. ગર્ભસ્થાનનો નીચલો ભાગ; ગર્ભાશયનું મોઢું; ગર્ભાશયની દીવાલ સાથે ગર્ભ જે ઠેકાણે ચોંટેલ છે અને જ્યાં ગર્ભની નાલનો છેડો હોય તે અંગ. કમલ એક ગર્ભધારક ગોળાકાર અંગ છે અને એ વડે ગર્ભ માતાના શરીર સાથે જોડાયેલ રહે છે. તે ગર્ભને પોષણપદાર્થ પૂરો પાડે છે. કમળ સામાન્ય રીતે ગર્ભાશયના ઊર્ધ્વાંશની નજીક કે તેની આગલી અથવા પાછલી દીવાલોમાં બને છે. એ ઠેકાણે કમલની ઉત્પત્તિ ઠીક રહેતી નથી, કેમકે ગર્ભના વધવાથી ગર્ભાશય પણ વધે ત્યારે એ ઠેકાણે રક્તસ્રાવ થઈ ગર્ભસ્રાવ કે ગર્ભપાત થવાનો ભય રહે છે ને માતાના જીવનની પણ શોચનીય દશા થઈ જાય છે. એવા કમલને પૂર્વકમલ કહે છે. કમલના નાનો ને મોટો એમ બે ભાગ જુદા જુદા હોય છે. મોટા ભાગમાંથી નાનામાં રક્તસંચાર થાય છે. પ્રસવકાલમાં નાનો ભાગ ગર્ભાશયની અંદર રહી જવાનો ભય રહે છે. તે ભાગ જો અંદર રહી જાય તો કાં તો જોરદાર રક્તસ્રાવ થાય છે, અથવા ગર્ભ ગર્ભાશયની અંદર સડી જઈ વિષજ લક્ષણુ ઉત્પન્ન થાય છે. ગર્ભને ત્રીજે મહિને કમલ પૂર્ણુ બને છે. પૂર્ણુ બન્યા પછી નાલની રક્તવાહિનીઓ કેવળ કમલના સ્થાનમાંથી જ પૌષ્ટિક પદાર્થ ગ્રહણુ કરે છે. કમલ ગર્ભનાં ફેફસાંનું કામ કરે છે. પ્રસવકાલમાં કમલ ગોળાકાર અને ચપટું અંગ બની જાય છે. તેનો વ્યાસ ઘણું કરીને નવ ઇંચ ને મોટાઈ મધ્યમાં પોણો ઇંચ હોય છે. ગર્ભ તરફની બાજુના મધ્યમાં નાલ જોડાયેલ હોય છે. કમલનો ભાર ઘણું કરીને ગર્ભના ભારનો છઠ્ઠો ભાગ એટલે કે ૧ પૌંડથી થોડોક વધારે હોય છે. શ્વાસોચ્છ્વાસ, પોષક અને શરીરની રચનામાં સાકર ઉત્પન્ન કરનાર પદાર્થ ઉત્પન્ન કરવા તથા ગર્ભનું રક્ષણુ કરવું એ કમલનું કર્તવ્ય છે. માતાના રોગ ઘણું કરી કમલ દ્વારા ગર્ભમાં પહોંચી શકતા નથી. સામાન્ય રીતે માતાના લોહીથી ગર્ભના લોહીમાં જવાનો કોઈ એવો રસ્તો નથી કે જેથી મલેરિઅ જેવા રોગના મોટા કીટાણુ જઈ શકે, પણુ ટાઇફોઈડનાં જંતુ કમલ દ્વારા ગર્ભમાં પેસી જાય છે. કમલનું પતન થતું ન હોય તો ભોજપત્ર, લાંગલીકંદ, કડવી તુંબી, સર્પની કાંચળી અને સરસવ એ બધાંનો યોનિ ઉપર લેપ કરવાથી કે ધુમાડો દેવાથી તરત જ પ્રસવ થાય છે ને કમલપતન થાય છે. વળી કૂઠમીઠી અને તાલીસપત્રના કલ્કને સુરામંડની સાથે અગર કળથીના યૂષની સાથે કે બિલ્વાસવની સાથે પીવરાવવાથી તરત જ કમલ પતન થાય છે. જો કમલ કે ઝિલ્લીનો કોઈ ભાગ અંદર રહી ગયો હોય તો દશમૂલારિષ્ટ દેવું.

૨૯. ન. ગુજરાતમાં થતું એક કંદમૂળ.

૩૦. ન. તાંબું.

૩૧. ન. પાણી; જળ.

૩૨. [સં. કમલ; પ્રા. અપ. કવલુ, કમલુ] ન. પાણીમાં થતું લાંબી દાંડીવાળું એક ફૂલ. એનાં કંદ ગોળ કે લંબગોળ હોય છે તેને લોઢ કહે છે. એ કંદ ઉપર દાંડી આવી ફૂલ થાય છે. દાંડી લાંબી ને પોલી હોય છે. તેનાં મૂળ જળાશય, કુંડ, તળાવ, સરોવર, ખાબોચિયાના તળિયામાં રહેલા કાદવ કીચડમાં હોય છે. તેની દાંડી સદા સર્વદા મીઠા પાણીમાં જ રહે છે ને દાંડીનો ચાર આંગળ જેટલો ભાગ પાણી બહાર રહી તેના ઉપર વિવિધ રંગવાળાં ફૂલ થાય છે. કમળ સદા પાણીમાં રહેવા છતાં ફૂલ પાણીથી અલગ રહે છે. ગમે તેવો સખત વરસાદ વરસે છતાં આ ફૂલ ડૂબી ન જતાં પાણીની સપાટી ઉપરનું પોતાનું હતું તેનું તે અંતર જાળવી રાખે છે. કમળના આ સ્વભાવને શાસ્ત્રમાં બહુ મહત્ત્વ અપાયું છે. સંસારમાં રહીને સંસારવ્યાપાર બધી રીતે કરવામાં પ્રવૃત્ત રહેવા છતાં સંસારનાં કર્મબંધનથી અલિપ્ત રહેવાનું શિક્ષણુ આ પુષ્પ આપે છે. કેટલીક જાતનાં કમળ વાસવાળાં અને કેટલાંક વાસ વગરનાં હોય છે. ચોમાસામાં આ ફૂલ વધારે આવે છે. કમળનાં ફળને ઘીતેલાં કહે છે. તેમાં બી અથવા ઠળિયા હોય તેને કમળકાકડી કહે છે. રાતું કમળ કોકનદ, ધોળું કમળ કુમુદ કે પુંડરીક, કાળું કમળ નીલોત્પલ કે ઇંદીવર અને પીળું કમળ પીતકમળ કહેવાય છે. રાત્રિવિકાસી, દિવસવિકાસી તથા સંધ્યાવિકાસી એવી પણુ તેની જાત છે. કમલાક્ષ નામે એક કમલની જાત છે. તેનાં પાંદડાં છત્રી જેવાં મોટાં હોઈ તે જમવામાં ઉપયોગી છે. સરોવરમાં ઊગતા કમલને સરોજ કહે છે. પર્વત ઉપરના પ્રદેશમાં જમીન ઉપર છૂટા પરંતુ સામાન્ય રીતે ઝાડના મૂળ પાસે ઊગતા કમલને નાગફેણી કમલ કહે છે. બીજાં કમલમાં જ્યારે અનેક પાંખડીઓ હોય ત્યારે આ નાગફેણી કમલમાં એક જ પાંખડી નાગની ઊંચી કરેલી ફેણના જેવી હોય છે. ઔષધ તરીકે ફૂલનો ઉપયોગ ખાંસી અને રક્તસ્રાવમાં શરબત તરીકે થાય છે. ડાંડલી તથા પાન બળતરા ઉપર વાટીને ચોપડાય છે. કમળ શીતળ, સ્વાદુ, સુગંધી, ભ્રાંતિહારક, તાપનાશક, વર્ણકર ને તૃપ્તિકર છે. રક્તપિત્ત, શ્રમ, કફ, પિત્ત, તરસ, બળતરા, વિસ્ફોટક, રક્તદોષ, ગૂમડાં, વિસર્પ અને ઝેરનો તે નાશ કરે છે. દૂઝતા હરસ, નાક અને જઠરમાંથી લોહીનું વહેવું અને બડખામાં લોહીનું પડવું વગેરે રક્તસ્રાવમાં કમલ અસરકારક ઔષધ મનાય છે. કમલનાં પંકજ, જલજ, અબ્જ, અંબુજ, અંભોજ, પદ્મ, નલિન, અરવિંદ, મહોત્પલ, સહસ્રપત્ર, શતપત્ર, કુશેશય, તામરસ, સારસ, સરોજ, પુષ્કર, પુંડરીક, કુવલય, કુંજ, મકરંદી, પંકેરુહ, સરસિરુહ, બિહ, પ્રસૂન, રાજીવ, અંભોરુહ એવાં ઘણાં નામ છે. સંસ્કૃત સાહિત્યકારો શરીરના

અવયવોમાં કમળની સુંદરતા જુએ છે. દેવની કથાઓમાં લક્ષ્મી, બ્રહ્મા વગેરેની ઉત્પત્તિના સ્થાનરૂપ કે આસનરૂપ કમળ મનાયું છે. તત્ત્વજ્ઞાનના કઠિન પ્રદેશમાં પણ તેણે પ્રવેશ કરી સહસ્ર દલપદ્મને નામે પરબ્રહ્મના આસનરૂપ હોવાની મહત્તા પ્રાપ્ત કરી છે.

કમલ હંસ નઈ કુસુમની,
તિયમતિ જાણી અલી. પ્રબોધચિંતામણી

૩૩. ન. ભગવાનના જમણા ચરણારવિંદમાં અંકુશની ઉપર આવેલું એક ચિહ્ન.

૩૪. ન. ભાથું.

૩૫. ન. માથું; મસ્તક.

૩૬. ન. મૂત્રાશય.

૩૭. ન. સુગંધ.

૩૮. વિ. ગુલાબી.

૩૯. અ. ક્રિ. (ધાતુ) તે પૂર્ણ હતો. આ ધાતુ ઉપરથી નીકળેલ શબ્દો: કમાલ, કામિલ, અકમલ, ઇસ્તેકમાલ, મુકમ્મિલ વગેરે.

કમલક [સં.] ન. નાનું કમલ.

કમલકર પું. (પિંગળ) અષ્ટિ છંદની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કમઠકર. તેમાં નગણ, યગણ, નગણ, યગણ, ભગણ અને ગુરુ મળી ૧૬ અક્ષર હોય છે.

કમલકંદ ૧. [સં.] ન. કમળનું મૂળ; શાલૂક; કરહાટ.

૨. ન. ગર્ભાશયનું મૂળ.

કમલકંદનું ક્ષત = સ્ત્રીઓનું એક દરદ. આ રોગ સખત ઝેરી તાવથી અથવા પ્રમેહના રોગમાંથી અથવા કમલને ઇજા થવાથી થાય છે. આ રોગમાં કમલ સૂઝી જઈ લાલ થઈ જાય છે.

કમલકાકડી (કમલકાકડ઼ી) [સં. કમલ + કર્કટી (કાકડી)] સ્ત્રી. એક ઔષધિ; કમળનું બીજ; કાળા કઠણ પડનું એરંડીના જેવડું નાનું લંબગોળ ધોળા મીંજવાળું કમળના ડોડામાં થતું એક ફળ કે બી; પબડી; કમળાક્ષ. કમલકાકડી એ રક્તકમળનું ફળ કહેવાય છે. તેના મીંજનો ગુણ શીતળ છે. શરીરના કોઈ પણ ભાગમાં દાહ થતો હોય ત્યારે તે વાટીને ચોપડાય કે પાવાય છે. કમલકાકડી એ સ્વાદિષ્ટ મેવો મનાય છે. પાકમાં તે નખાય છે. તેનું પાણી કરી પીવાથી પિત્તજ્વરની સખત તૃષા અને ઊલટી શમે છે. તેનાં લીલાં મીંજ, પાંદડાં અગર કેસર મધની સાથે લેવાથી અતિસાર મટે અને ગુદભ્રંશ થતો અટકે.

કમલકીટ [સં.] પું. કમલના રંગનો એક કીડો.

કમલકીટક [સં.] પું. એક જાતનો કીડો.

કમલકુંપલ ન. એક જાતની વનસ્પતિ.

કમલકેસર [સં.] ન. પદ્મકેસર; એક ઔષધિ.

કમલકોમલ [સં.] વિ. કમલના જેવું કોમળ.

કમલકોશ [સં.] પું. કમળના ફૂલનો ડોડો; કમળની નહિ ખીલેલી કળી.

કમલકોષ જુઓ કમલકોશ.

કમલખ ન. કમળનો સમૂહ.

કમલખંડ [સં.] ન. કમળનો જથ્થો.

કમલગટા પું. (હિંદી) એક જાતનું ઔષધ; કમળકાકડી; પદ્મબીજ; કમળનું ફળ.

કમલગટ્ટા જુઓ કમલગટા.

કમલગર્ભ [સં.] પું. કમલનો બીજકોશ.

કમલગ્રીવા [સં.] સ્ત્રી. ગર્ભાશયના મુખ અને માર્ગને જોડનારી નળી; ગર્ભાશયગ્રીવા; 'સર્વિક્સ'.

કમલછત્ર ન. એ નામનું એક કરિયાણું.

કમલજ ૧. [સં.] પું. બ્રહ્મા; ચતુરાનન.

અજ **કમલજ** વેધા પિતા ધાતા શતધૃતિ થાય,
સ્રષ્ટા ચતુરાનન વિષન ધિષન દ્રુહિન કહેવાય.
પિંગળલઘુકોષ

૨. ન. રોહિણી નક્ષત્ર.

૩. વિ. કમળમાંથી જન્મેલ.

કમલજન્મા [સં.] પું. બ્રહ્મા.

કમલજા ૧. [સં.] સ્ત્રી. લક્ષ્મી; રમા; કમલા, કેમકે તે કમલમાંથી ઉત્પન્ન થયેલ મનાય છે.

૨. વિ. સ્ત્રી. કમલમાંથી જન્મેલ.

કમલજાળ [સં.] સ્ત્રી. કમળનો સમૂહ.

કમલતન પું. (ડિંગળ) ચંદ્ર.

કમલતનયા ૧. [સં.] સ્ત્રી. સરસ્વતી; વિદ્યાની દેવી.

૨. વિ. સ્ત્રી. કમળમાંથી પેદા થયેલ.

કમલતંતુ [સં.] પું. કમળનો રેસો; કમળફૂલની અંદરનો તાંતણો.

કમલદલ ૧. [સં.] ન. કમલપત્ર; કમળનું પાંદડું.

૨. ન. કમળની પાંખડી.

કમલદલલોચન [સં. કમલ + દલ (પાંખડી) + લોચન (આંખ)] પું. કૃષ્ણ, કેમકે તેનાં નેત્ર કમળની પાંખડી જેવાં કહેવાય છે.

કમલદલવિહારિણી [સં.] સ્ત્રી. મહાલક્ષ્મી.

કમલદંડ [સં.] પું. કમળની દાંડી.

કમલદોડી સ્ત્રી. કમળાક્ષ નામની કમળની એક જાતમાં થતાં નાનાં ચપટાં ફળવાળી દોડી.

કમલધવલ [સં.] વિ. કમલ જેવું ધોળું.

કમલધ્વનિ સ્ત્રી. કમલમાં થતો ભમરાનો અવાજ.

કમલનયન ૧. [સં.] પું. કૃષ્ણ.

૨. પું. રામચંદ્ર.

૩. પું. વિષ્ણુ.

૪. ન. કમલ જેવી આંખ.

૫. વિ. સુંદર નેત્રવાળું; કમળ જેવી મોટી અને સુંદર આંખોવાળું.

કમલનયના ૧. [સં.] સ્ત્રી. કમળની પાંખડીના આકારની આંખોવાળી સુંદરી; કમલલોચના; કમલાક્ષી.

૨. વિ. સ્ત્રી. કમલના જેવી સુંદર આંખો ધરાવનારી.

કમલનયની જુઓ કમલનયના.

કમલનંદન [સં.] પું. બ્રહ્મા, કેમકે તેની ઉત્પત્તિ રાતા કમળમાંથી થયાનું કહેવાય છે.

કમલનંદનનંદિની [સં.] સ્ત્રી. બ્રહ્માની દીકરી; સરસ્વતી.

કમલનાભ [સં.] પું. વિષ્ણુ; કેશવ, કેમકે તેની દૂંટીમાં કમળ ઊગેલું છે ને તે કમળમાંથી બ્રહ્માની ઉત્પત્તિ થઈ મનાય છે.

કમલનાલ ૧. પું. કમળનો છોડ.

૨. [સં.] સ્ત્રી. કમળની લાંબી સીધી ને અંદરથી પોલી દાંડી; મૃણાલ.

કમલનાળ જુઓ કમલનાલ.

કમલનૃત્ય [સં.] ન. ચિત્રનૃત્યનો એક પ્રકાર.

કમલનેત્ર ૧. [સં.] પું. કૃષ્ણ.

૨. ન. કમળ જેવી આંખ.

૩. વિ. કમળના જેવા નેત્રવાળું; કમલનયન.

કમલનેન જુઓ કમલનેત્ર.

કમલનેના ૧. સ્ત્રી. કમળના જેવા નેત્રવાળી સ્ત્રી.

૨. વિ. સ્ત્રી. કમળના જેવી સુંદર આંખોવાળી.

કમલપત્ર [સં.] ન. કમળની પાંદડી.

કમલપત્રક ન. ડમરો; સુગંધવાળી એક વનસ્પતિ.

કમલપત્રાક્ષ ૧. [સં.] પું. કૃષ્ણ.

૨. વિ. કમલદલ જેવી આંખોવાળું.

કમલપરૂ સ્ત્રી. રાતડિયો; રાતી જુવાર. એનાં કણસલાં છૂટાં થાય અને રંગ રાતો હોય.

કમલપુત્ર [સં.] પું. બ્રહ્મા.

કમલપુર [સં.] ન. વીશ જાતનાં નગર માંહેનું એક. નદીથી પશ્ચિમ દિશામાં હોય તેવું નગર. જુઓ નગર.

કમલપુષ્પ [સં.] ન. કમળનું ફૂલ.

કમલપૂજા ૧. [સં.] સ્ત્રી. ઇષ્ટદેવને પ્રસન્ન કરવા માટે પોતાનું માથું કાપીને ચડાવવાની ક્રિયા.

કમલપૂજા કરવી–ખાવી = દેવને પ્રસન્ન કરવા મસ્તક કાપીને અર્પણ કરવું; પોતાનું અથવા પોતાના સંબંધીનું માથું પોતાને હાથે કાપીને દેવને ચડાવવું. સ્ત્રી માટે ચારે જણે, શિવને સોંપ્યાં શીશ; કમળપૂજા કોડે કરી ઢાંકી દીધા ઈશ–સામળ.

૨. સ્ત્રી. કમળ ચડાવીને કરાતી પૂજા.

કમલપોયણું [સં. કુમુદિની] ન. કમળનું ફૂલ.

કમલપ્રબંધ પું. એક ચિત્રકાવ્ય; કમલબંધ.

કમલફૂલ ન. એક જાતનું સુતરાઉ ભાતીગળ છીંટ.

કમલબંધ [સં.] પું. જેના અક્ષરોને અમુક ક્રમમાં લખવાથી કમળના આકારનું ચિત્ર બને એવું એક પ્રકારનું ચિત્રકાવ્ય. તે મૂળમાંથી વાંચતાં એકરૂપ કાવ્ય બને છે, જ્યારે ડાબી જમણી બાજુથી અથવા શિરોભાગથી વાંચતાં વિધવિધ રૂપનાં કાવ્ય ઘડાય છે.

કમલબંધુ [સં.] પું. સૂર્ય.

કમલબાઈ [હિં.] પું. કમળો; આંખ અને શરીર પીળાં પડી જાય એવો એક રોગ; કમલબાય.

કમલબાએ જુઓ કમલબાઈ.

કમલબાય [હિં.] પું. એક જાતનો રોગ; કમળો.

કમલબાવ પું. એ નામનો રોગ; કમળો.

કમલબીજ [સં.] ન. કમળકાકડી; પબડી.

કમલભવ [સં.] પું. બ્રહ્મા.

કમલભાવ [હિં.] પું. કમળો.

કમલભૂ ૧. [સં.] પું. બ્રહ્મા.

કમલભૂ તમે કૃપા કીધી,
માગ્યું એ વરદાન. પ્રેમાનંદ

૨. વિ. કમળમાંથી ઉત્પન્ન થયેલું.

કમલભૂકન્યા સ્ત્રી. સરસ્વતી; ભારતી; વિદ્યાદેવી.

કમલભૂકુંવરી સ્ત્રી. સરસ્વતી.

કમલભૂતનયા સ્ત્રી. બ્રહ્માની દીકરી; સરસ્વતી.

કમલમુખ ૧. [સં.] ન. કમલ જેવું સુંદર મોં.

૨. ન. ગર્ભાશયનું યોનિમાર્ગને છેડે આવેલું મુખ; યોનિમાર્ગને જોડતો ગર્ભાશયનો નીચેનો સાંકડો છેડો; યોનિમાર્ગ અને ગર્ભાશયને જોડતો સંધિમાર્ગ. તેના કમલ આભ્યંતર મુખ અને કમલ બાહ્યમુખ એવા બે ભાગ છે.

૩. વિ. કમળ જેવા મુખવાળું.

કમલમુખી ૧. [સં.] સ્ત્રી. કમળ જેવા મુખવાળી સ્ત્રી.

૨. ન. સૂરજફૂલ.

૩. વિ. સ્ત્રી. કમળના જેવા મુખવાળી; કમલવદના.

કમલમુદ્રા [સં.] સ્ત્રી. આંગળાંને કમળના આકારે વાળવાં તે; દેવવંદન કરવામાં હાથનાં આંગળાંને કમળના આકારે જોડવાં તે.

કમલમૂલ [સં.] ન. કમળનું મૂળ.

કમલયોનિ ૧. [સં.] પું. બ્રહ્મા; પ્રજાપતિ.

૨. વિ. કમળમાંથી જન્મેલું.

કમલલોચન ૧. [સં.] પું. કૃષ્ણ: પુંડરીકાક્ષ.

૨. વિ. કમળના જેવી આંખોવાળું.

કમલલોચના ૧. [સં.] સ્ત્રી. કમળના જેવી આંખોવાળી સ્ત્રી.

૨. વિ. સ્ત્રી. કમળના જેવાં સુંદર લોચનવાળી.

કમલલોચની જુઓ કમલલોચના.

કમલવદન ૧. [સં.] ન. કમળ જેવું મોં; કમલમુખ.

૨. વિ. કમળ જેવા મુખવાળું.

કમલવદના ૧. [સં.] સ્ત્રી. કમળના જેવા મોંવાળી સ્ત્રી.

૨. વિ. સ્ત્રી. કમળના જેવા મુખવાળી; કમલમુખી.

કમલવનું વિ. (જૂ. ગુ.) કમળના વનની છાપવાળું.

કમલવના કમખા ઘાટડી,
કે કાલી ફાલી કુટડી. લાવણ્યસમય

કમલવાસિની [સં.] સ્ત્રી. દુર્ગાદેવીનું એક નામ.

કમલવેલ સ્ત્રી. એક પ્રકારની વેલ; સરોજિની. તેની શીંગ નાની વાલોળ જેવી થાય છે.

કમલશીલ પું. નાલંદા વિદ્યાપીઠનો એ નામનો એક પંડિત.

કમલસંભવ [સં.] પું. બ્રહ્મા.

કમલસુતન પું. (ડિંગળ) બ્રહ્મા.

કમલા ૧. પું. (પિંગળ) અતિકૃતિની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; માધવી; ચંદ્રકલા; સુંદરી; સુખદા. તેના દરેક ચરણમાં આઠ સગણ અને ગુરુ મળી પચીસ અક્ષર હોય છે.

૨. પું. અનાજ અથવા સડેલા ફળમાં પડતો લાંબો કીડો.

૩. પું. (પિંગળ) અનુષ્ટુપની જાતનો એક અક્ષરમેળ છંદ; લસદસુ. તેના દરેક ચરણમાં નગણ, સગણ, લઘુ અને ગુરુ મળી આઠ અક્ષર હોય છે.

૪. પું. (હિંદી) એક જાતનો ઝાડને નુકસાન કરતો કીડો; કંબલ; કામળો. તેની ઉપર ઝીણા ઝીણા કાંટા હોવાથી તે ચામડીને ચોંટી જાય છે. આ કીડાને અડતાં અથવા હાથવતી ચેપતાં તેનો રસ અડી જાય તો સોજો થઈ ચળ આવે છે.

૫. પું. (હિંદી) કામળો; ધાબળો.

૬. પું. (પિંગળ) ગાયત્રીની જાતનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; વસુમતી. તેના દરેક ચરણમાં તગણ અને સગણ મળી છ અક્ષર હોય છે.

૭. પું. (પિંગળ) દશ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; સંયુતા. તેના દરેક ચરણમાં સગણ, જગણ, જગણ અને ગુરુ મળી દશ અક્ષર હોય ને પાંચમે અક્ષરે વિસામો આવે.

૮. પું. (પિંગળ) બૃહતિની જાતનો એક અક્ષરમેળ છંદ; રતિપદ; મદનક. તેના દરેક ચરણમાં નગણ, નગણ અને સગણ મળી નવ અક્ષર હોય છે.

૯. પું. (પિંગળ) સંકીર્ણ જાતનો એક અર્ધ સમવૃત્ત છંદ; સુંદરી. તેના પહેલા તથા ત્રીજા ચરણમાં સગણ, સગણ, જગણ અને ગુરુ મળી દશ અક્ષર અને બીજા તથા ત્રીજા તથા ચોથા ચરણમાં સગણ, ભગણ, રગણ, લઘુ અને ગુરુ મળી અગિયાર અક્ષર હોય છે.

૧૦. [સં.] સ્ત્રી. અધિક માસની અજવાળી તથા અંધારી અગિયારશ. બધી તિથિઓમાં તે ઉત્તમ ગણાય છે. તે દિવસે વિષ્ણુપૂજન વગેરે કાર્ય કરાય છે.

૧૧. સ્ત્રી. (શાક્ત) એ નામની દેવી. તેનું સ્થાન કમલાલયમાં છે.

૧૨. સ્ત્રી. એક પ્રકારની મોટી નારંગી; સંતરું.

૧૩. સ્ત્રી. દરભંગા શહેર પાસે આવેલી એ નામની એક નદી.

૧૪. સ્ત્રી. ધન; સંપત્તિ; પૈસો.

૧૫. સ્ત્રી. બાવન જલરશ્મિ દેવતા માંહેની એક. જુઓ જલરશ્મિદેવતા.

૧૬. [સં. કમલ + આ] સ્ત્રી. લક્ષ્મી; વિષ્ણુની પત્ની.

શ્રી પદ્મા પદ્માલયા **કમલા** ચપલા જેહ,
સિંધુસુતા મા ઇંદિરા વિષ્ણુ વલ્લભા તેહ.
પિંગળલઘુકોષ

૧૭. સ્ત્રી. સુભાગી સ્ત્રી; સુંદરી.

૧૮. ન. એક જાતનું લીંબુ.

૧૯. વિ. સ્ત્રી. કમળમાં રહેનારી.

કમલાએકાદશી [સં.] સ્ત્રી. અધિક માસમાં આવતી બંને અગિયારશ.

કમલાકર ૧. [સં.] પું. કૃષ્ણ, કેમકે તેના હાથ કમળ જેવા કહેવાય છે.

પકડી **કમળાકરે** આણી આગે ધરે. નરસિંહ

૨. પું. (પિંગળ) ષટ્પદી છપ્પયની જાતનો વિષમજાતિ માત્રામેળ છંદ.

૩. પું. (પિંગળ) સંકીર્ણની જાતનો એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ. તેના પહેલા તથા ત્રીજા ચરણમાં ભગણ, ભગણ, ભગણ, ગુરુ અને ગુરુ મળી અગિયાર અક્ષર અને બીજા તથા ચોથા ચરણમાં ભગણ, નગણ, જગણ અને યગણ મળી બાર અક્ષર હોય છે.

૪. ન. કમળોનો સમુદાય.

૫. ન. ઘણાં કમળ થતાં હોય એવું તળાવ.

૬. ન. સરોવર; જળાશય.

કમલાકંથ પું. લક્ષ્મીપતિ; વિષ્ણુ.

કમલાકાર ૧. પું. (પિંગળ) છપ્પયની જાતનો એક છંદ. તેમાં ૨૭ ગુરુ અને ૯૮ લઘુ મળી ૧૨૫ વર્ણ અને ૧૫૨ માત્રા હોય છે.

૨. [સં.] વિ. કમળના આકારનું.

કમલાકારબંધ પું. કાવ્યનો એક પ્રકાર. જુઓ કમલબંધ.

કમલાકાંત [સં.] પું. વિષ્ણુ; લક્ષ્મીપતિ; નારાયણ.

કમલાક્ષ ૧. પું. કૃષ્ણ.

૨. પું. (પુરાણ) ત્રિપુરમાંના સુવર્ણપુરનો અધિપતિ એ નામનો એક અસુર.

૩. પું.; સ્ત્રી. કમળકાકડી; કમળનું બીજ.

૪. ન. રાતાં ફૂલ, ધોળું ડીંટ અને છત્રી જેવડાં પાનવાળા કમળની એક જાત. તેને નાનાં ચપટાં ફળ આવે છે.

૫. વિ. કમળ જેવી સુંદર આંખવાળું.

કમલાક્ષી ૧. [સં.] સ્ત્રી. કમળ જેવી આંખવાળી સ્ત્રી.

૨. સ્ત્રી. લક્ષ્મી.

૩. વિ. સ્ત્રી. કમળ જેવી સુંદર આંખવાળી.

કમલાનાથ [સં.] પું. લક્ષ્મીપતિ; વિષ્ણુ.

કમલાનિવાસ ૧. [સં.] પું. કમળનું ફૂલ.

૨. પું. લક્ષ્મીને રહેવાનું સ્થાન.

કમલાપતિ [સં.] પું. લક્ષ્મીપતિ; વિષ્ણુ; નારાયણ.

કમલાપત્ય પું. વિષ્ણુ.

> ક્રોધે સતીએ સાંભળ્યું સત્ય,
> રોઈ સમર્યા **કમલાપત્ય.** પ્રેમાનંદ

કમલાપ્રાસાદ ન. દેવળની એક જાત.

કમલાભિરામ વિ. કમળથી શોભતું.

કમલામોદ [સં.] સ્ત્રી. કમલના પરાગની સુગંધ.

કમલાયજિ પું. (પુરાણ) એક બ્રહ્મર્ષિ.

કમલારિ પું. ચંદ્ર.

> **કમલારિ** કારમો જો, કલંકિત શોભે કેવો.
> વલ્લભ

કમલાલય ન. (પુરાણ) ભારતવર્ષનું એ નામનું એક ક્ષેત્ર.

કમલાલયા [સં.] સ્ત્રી. લક્ષ્મી, કેમકે તે કમળમાં વાસ કરે છે.

કમલાલીંબુ ન. ખરબચડી છાલવાળું ને રંગવાના કામમાં વપરાતું ઘણું ખાટું એક જાતનું મોટું ફળ.

કમલાવતી ૧. પું. (પિંગળ) એક માત્રામેળ છંદ; જલહરણ. તેના દરેક ચરણમાં ૩૨ માત્રા હોય ને તેમાં ૧૦, ૮, ૮, ૬ માત્રાએ યતિ આવે. વળી ૩, ૭, ૧૧, ૧૫, ૧૯, ૨૩, ૨૭ ને ૩૧ માત્રાએ તાલ હોય છે.

૨. પું. (પિંગળ) પદ્માવતી છંદનું બીજું નામ.

૩. સ્ત્રી. એ નામની એક દેવી.

કમલાવર ૧. [સં.] પું. કૃષ્ણ.

૨. પું. લક્ષ્મીપતિ; વિષ્ણુ.

કમલાવલી પું. (પિંગળ) અતિજગતીની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; પંકવતી. તેના દરેક ચરણમાં ભગણ, નગણ, જગણ, જગણ અને લઘુ મળી તેર અક્ષર હોય છે.

કમલાસખ ૧. પું. કૃષ્ણ.

૨. [સં.] પું. વિષ્ણુ; નારાયણ.

કમલાસન ૧. [સં.] પું. કમળ જેનું આસન છે એવા બ્રહ્મા; વિધાતા.

૨. ન. યોગનું એ નામનું એક આસન; પદ્માસન.

કમલાસનસ્થ [સં.] પું. બ્રહ્મા; વિધાતા.

કમલાસના ૧. સ્ત્રી. મણિદ્વીપની અંદર આવેલી ચોસઠ કલા માંહેની એક.

૨. સ્ત્રી. લક્ષ્મી.

કમલાસની [સં.] સ્ત્રી. અંબિકા દેવી.

> **કમલાસની** કરુણા કરો, અભિલાષ પૂરો આશ.
> વસ્તો

કમલાહોળી સ્ત્રી. હોળીના પર્વ પહેલાંનો દિવસ; ફાગણ સુદ ૧૪.

કમલિ પું. (પિંગળ) મધ્યમા છંદની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; હરિણી. તેના દરેક ચરણમાં નગણ હોય છે.

કમલિની ૧. [સં.] સ્ત્રી. એક જાતની વેલ. તેને એક ડાંડીમાં એક જ ગોળ લીલું પાન થાય છે અને ગુલાબી રંગનાં ફૂલ થાય છે.

૨. સ્ત્રી. કમળની એક જાત.

૩. સ્ત્રી. કમળની વેલ; ઊંડા પાણીમાં ઊગતી અને પાણીની સપાટી ઉપર પથરાઈ શરદ ઋતુમાં સુંદર ફૂલથી ફાલતી એક જાતની વેલ. તેનાં ફૂલને કમળ કહે છે. આ વેલના મુખ્ય બે ભેદ છે. એક વેલનાં ફૂલ દિવસે સૂર્યને જોઈ ખીલે અને સૂર્ય આથમતાં બિડાઈ જાય છે. આ જાત કમલિની કહેવાય છે. બીજી વેલનાં ફૂલ રાત્રે ચંદ્રમાને જોઈ ખીલે અને દિવસે બિડાઈ જાય છે. આ જાત પોયણી કહેવાય છે.

૪. સ્ત્રી. કમળની વેલથી ભરપૂર તળાવ.

૫. સ્ત્રી. કમળનો સમૂહ; પદ્મનો જથ્થો.

> **કમલિની** ખીલી ખાલી
> હશી હશી ધોળા કેશ રે. નરસિંહરાવ

૬. સ્ત્રી. જ્યાં કમળ ઘણાં હોય તે જગ્યા.

૭. સ્ત્રી. તળાવ.

૮. સ્ત્રી. નાનું કમળ.

કમલિસુકંદ કાંતિ ૧. પું. શ્વેત કાંતિવાળો ચંદ્રમા.

૨. સ્ત્રી. કમલિનીના કાંદાની કાંતિ. કમલિનીનો કાંદો શ્વેત હોય છે.

કમલી ૧. [સં.] પું. બ્રહ્મા.

૨. સ્ત્રી. આઠ જાતની વંધ્યા માંહેની એ નામની એક.

૩. સ્ત્રી. એક જાતની મૃગલી.

૪. સ્ત્રી. કમળનો સમૂહ.

૫. સ્ત્રી. (જૈન) જ્ઞાન મેળવવાનું એ નામનું એક ઉપકરણ.

> જ્ઞાનોપકરણ પાટીપોથી **કમલી** સંપુડ
> સાંપડી આશાતન પણ લાગઈ. જૂનું ગદ્ય

૬. સ્ત્રી. (હિંદી) નાની કામળી; ઊનની ધાબળી.

૭. સ્ત્રી. નાનું કમળ.

૮. સ્ત્રી. સારસ પક્ષિણી.

કમલીકીડા (કમલીકીડ઼ા) પું. (હિંદી) વાળવાળું પતંગિયું.

કમલૂન પું. બ્રહ્મા.

કમલેક્ષણ ૧. [સં.] પું. શિવ; શંકર.

૨. વિ. કમળ જેવી આંખવાળું; કમલનયન.

> **કમલેક્ષણ** શ્રી લક્ષ્મણ રામ,
> પદપલ્લવ સેવક વિશ્રામ. ભીમ

કમલેક્ષણા ૧. [સં.] સ્ત્રી. કમળ જેવી આંખવાળી સ્ત્રી.

૨. વિ. સ્ત્રી. કમળ જેવી આંખવાળી.

કમલેક્ષન જુઓ કમલેક્ષણ.

કમલેશ [સં. કમલા (લક્ષ્મી) + ઈશ (સ્વામી)] પું. કમલાના સ્વામી; લક્ષ્મીપતિ; વિષ્ણુ.

કમલોત્તર [સં.] ન. કુસુંભપુષ્પ; કેસૂડું.

કમલોદય પું. આબાદી.

કમલોદ્ભવ ૧. [સં.] પું. બ્રહ્મા; પ્રજાપતિ, કેમકે તે કમલમાંથી ઉત્પન્ન થાય છે.

૨. ન. (શિલ્પ) એક જાતનું ઘર. આવા ઘરને ચાર દ્વાર અને ચારે દ્વાર આગળ એકેક ભદ્ર અને ૨૩૬ સ્તંભ હોય છે. રાજવલ્લભમાં લખ્યું છે કે: ઘરની ભૂમિના સમભાગ (આઠ ભાગ) કરી તેમાંથી અર્ધા ભાગની ભીંત કરવી. બાકીના સાડા સાત ભાગોનું ઘર કરવું. ઘરમાં એક સો સ્તંભ આવે એવા ઘરને ચાર દ્વાર કરવાં. તે દરેક દ્વાર આગળ ભદ્ર કરવું. તે ભદ્રના પહેલા ભાગમાં સાત ચોકીની પંક્તિ કરવી. તે જ ભદ્રના બીજા ભાગમાં વળી સાત ચોકીની બીજી પંક્તિ કરવી અને એ પ્રતિભદ્રના આગળના મુખભદ્રમાં ત્રણ ચોકી કરવી. એ રીતે એક એક ભદ્ર થયું. તે આખા ભદ્રના સર્વ મળી ચોત્રીશ સ્તંભો થાય. એવા ચારે ભદ્રોના સર્વ સ્તંભો એકસો છત્રીશ થાય. તે સ્તંભોમાં ઘરના એકસો સ્તંભ મેળવતાં ૨૩૬ સ્તંભ થાય તેથી તેવા ઘરનું કમલોદ્ભવ નામ થાય છે.

૩. વિ. કમલમાંથી ઉત્પન્ન થયેલું.

કમલોપકાર ૧. [સં.] પું. કમળને પ્રફુલ્લિત કરવું તે.

૨. પું. લક્ષ્મી વડે કરેલો ઉપકાર.

કમવજન ૧. ન. ઓછું વજન.

૨. વિ. ઓછા વજનવાળું.

કમવજનદાર વિ. ઓછા વજનવાળું.

કમવઝન (કમવઝન) જુઓ કમવજન.

કમવઝનદાર (કમવઝનદાર) જુઓ કમવજનદાર.

કમવવું ૧. સ. ક્રિ. ચામડું સારૂં અને સુંવાળું થાય તેમ કરવું; ચામડું કેળવવું.

૨. સ. ક્રિ. રોજી મેળવવામાં મદદ કરવી.

કમવાવું સ. ક્રિ. કામ કરાવવું.

કમવીર્ય ૧. ન. ઓછી શક્તિ.

૨. વિ. ઓછી શક્તિવાળું.

૩. વિ. ઓછા પુરુષાતનવાળું.

કમશક્તિ સ્ત્રી. ઓછી શક્તિ; કમજોરી; નબળાઈ.

કમશરહ ૧. પું. ઓછો દર.

૨. પું. થોડી શરત.

૩. પું. હલકો પગાર.

કમશર્ર વિ. સારા સ્વભાવનું.

કમશહવત વિ. નબળું; તાકાત વગરનું.

કમશાન વિ. નમ્ર.

કમશુકન જુઓ કમસખુન.

કમશો પું. મિજાજ.

કમશૌક વિ. બેદરકાર.

કમસખુન ૧. [ફા. કમ (ઓછું) + સખુન (શબ્દ)] ન. અયોગ્ય ભાષા.

૨. ન. ભૂંડાં વેણ; ગાળ; અપશબ્દ.

૩. ન. વચનભંગ.

૪. વિ. અણઘટતા શબ્દ કાઢનાર; ગાળ ભાંડનાર.

૫. વિ. ઓછાબોલું.

૬. વિ. વચનભંગ કરનાર.

કમસમજ ૧. સ્ત્રી. ઓછી અક્કલ; અલ્પજ્ઞતા; મૂર્ખતા.

૨. વિ. નાદાન; મૂર્ખ.

કમસમઝ (કમસમઝ) જુઓ કમસમજ.

કમસમઝી (કમસમઝી) સ્ત્રી. અલ્પજ્ઞતા; મૂર્ખપણું; નાદાની.

કમસલા પું. સાંકેતિક ભાષાથી સંદેશો મોકલવાની રીત.

કમસાલ [ફા.] વિ. ઉમરમાં નાનું.

કમસિન વિ. નાની ઉમરનું; નાનું; નાજુક વયનું.

કમસિની સ્ત્રી. નાનું હોવું તે; સગીરપણું.

કમસુકન જુઓ કમસખુન.

કમસુકની જુઓ કમસખુન.

કમસુખન જુઓ કમસખુન.

કમસુખની જુઓ કમસખુન.

કમસુફરા (કમસુફ઼રા) [ફા.] વિ. જેના મેજ ઉપર ઓછું ખાવાનું હોય એવું.

કમ સે કમ વિ. ઓછામાં ઓછું; થોડામાં થોડું.

કમહરકત ૧. સ્ત્રી. ઓછી અડચણ.

૨. વિ. ઓછી અડચણવાળું.

૩. વિ. સુસ્ત; આળસુ.

કમહિંમત ૧. સ્ત્રી. ઓછી હિંમત.

૨ વિ. જુસ્સા વગરનું; બીરુ; ડરપોક; નાહિંમત.

કમહિંમતા જુઓ કમહિંમત ૨.

કમહિંમતી સ્ત્રી. નાહિંમત હોવાપણું.

કમહુર્મત વિ. અપમાન થયેલ; માન ઘટેલ.

કમહૈસિયત ૧. વિ. ઓછાં સાધનવાળું.

૨. વિ. ગંદું.

૩. વિ. સાંકડા મનનું.

કમહૌસલગી સ્ત્રી. ઓછી હિંમત હોવી તે.

કમહૌસલા વિ. ઓછી હિંમતવાળું.

કમહૌસિલા ૧. વિ. આશા વગરનું.

૨. વિ. જુસ્સા વિનાનું.

કમળ જુઓ કમલ.

કમળક જુઓ કમલક.

કમળકર જુઓ કમલકર.

કમળકંદ જુઓ કમલકંદ.

કમળકાકડી (કમળકાકડ઼ી) જુઓ કમલકાકડી.

કમળકીટ જુઓ કમલકીટ.

કમળકીટક જુઓ કમલકીટક.

કમળકુંપળ જુઓ કમલકુંપલ.

કમળકેસર જુઓ કમલકેસર.

કમળકોમળ જુઓ કમલકોમલ.

કમળકોશ જુઓ કમલકોશ.

કમળકોષ જુઓ કમલકોષ.

કમળખ જુઓ કમલખ.

કમળખંડ જુઓ કમલખંડ.

કમળગટા જુઓ કમલગટા.

કમળગટ્ટા જુઓ કમલગટ્ટા.

કમળગર્ભ જુઓ કમલગર્ભ.

કમળગ્રીવા જુઓ કમલગ્રીવા.

કમળછત્ર જુઓ કમલછત્ર.

કમળજ જુઓ કમલજ.

કમળજન્મા જુઓ કમલજન્મા.

કમળજા જુઓ કમલજા.

કમળજાળ જુઓ કમલજાળ.

કમળતન જુઓ કમલતન.

કમળતનયા જુઓ કમલતનયા.

કમળતંતુ જુઓ કમલતંતુ.

કમળદળ જુઓ કમલદલ.

કમળદલલોચન જુઓ કમલદલલોચન.

કમળદલવિહારિણી જુઓ કમલદલવિહારિણી.

કમળદંડ જુઓ કમલદંડ.

કમળદોડી જુઓ કમલદોડી.

કમળધ્વનિ જુઓ કમલધ્વનિ.

કમળનયન જુઓ કમલનયન.

કમળનયના જુઓ કમલનયના.

કમળનયની જુઓ કમલનયની.

કમળનંદન જુઓ કમલનંદન.

કમળનાભ જુઓ કમલનાભ.

કમળનાળ જુઓ કમલનાલ.

કમળનૃત્ય જુઓ કમલનૃત્ય.

કમળનેત્ર જુઓ કમલનેત્ર.

કમળનેન જુઓ કમલનેન.

કમળનેના જુઓ કમલનેના.

કમળપત્ર જુઓ કમલપત્ર.

કમળપત્રક જુઓ કમલપત્રક.

કમળપત્રાક્ષ જુઓ કમલપત્રાક્ષ.

કમળપુર જુઓ કમલપુર.

કમળપુષ્પ જુઓ કમલપુષ્પ.

કમળપૂજા જુઓ કમલપૂજા.

કમળપ્રબંધ જુઓ કમલપ્રબંધ.

કમળફૂલ જુઓ કમલફૂલ.

કમળબંધ જુઓ કમલબંધ.

કમળબંધુ જુઓ કમલબંધુ.

કમળબીજ જુઓ કમલબીજ.

કમળભવ જુઓ કમલભવ.

કમળભાવ જુઓ કમલભાવ.

કમળભૂ જુઓ કમલભૂ.

કમળભૂકન્યા જુઓ કમલભૂકન્યા.

કમળભૂકુંવરી જુઓ કમલભૂકુંવરી.

કમળભૂતનયા જુઓ કમલભૂતનયા.

કમળમુખ જુઓ કમલમુખ.

કમળમુખી જુઓ કમલમુખી.

કમળમુદ્રા જુઓ કમલમુદ્રા.

કમળમૂળ જુઓ કમલમૂલ.

કમળયોનિ જુઓ કમલયોનિ.

કમળલોચન જુઓ કમલલોચન.

કમળલોચના જુઓ કમલલોચના.

કમળલોચની જુઓ કમલલોચની.

કમળવદન જુઓ કમલવદન.

કમળવદના જુઓ કમલવદના.

કમળવદની વિ. સ્ત્રી. કમળના જેવા મુખવાળી.

કમળવાસિની જુઓ કમલવાસિની.

કમળવેલ જુઓ કમલવેલ.

કમળસંભવ જુઓ કમલસંભવ.

કમળસુતન જુઓ કમલસુતન.

કમળા જુઓ કમલા.

કમળા એકાદશી જુઓ કમલા એકાદશી.

કમળાકર જુઓ કમલાકર.

કમળાકંથ જુઓ કમલાકંથ.

કમળાકાર જુઓ કમલાકાર.

કમળાકારબંધ જુઓ કમલાકારબંધ.

કમળાકાંત જુઓ કમલાકાંત.

કમળાક્ષ જુઓ કમલાક્ષ.

કમળાક્ષી જુઓ કમલાક્ષી.

કમળાનાથ જુઓ કમલાનાથ.

કમળાનિવાસ જુઓ કમલાનિવાસ.

કમળાપતિ જુઓ કમલાપતિ.

કમળાપ્રાસાદ જુઓ કમલાપ્રાસાદ.

કમળાભિરામ જુઓ કમલાભિરામ.

કમળામોદ જુઓ કમલામોદ.

કમળારિ જુઓ કમલારિ.

કમળાલય જુઓ કમલાલય.

કમળાલયા જુઓ કમલાલયા.

કમળાલીંબુ જુઓ કમલાલીંબુ.

કમળાવતી જુઓ કમલાવતી.

કમળાવર જુઓ કમલાવર.

કમળાવલી જુઓ કમલાવલી.

કમળાશંકર પું. ગુજરાતી ભાષાના 'બૃહદ્ વ્યાકરણ'ના એ નામના કર્તા. તેઓ ગુજરાતી સાહિત્ય પરિષદના એક વખતના પ્રમુખ હતા. ગુજરાતી ભાષાની એમની સેવા સારી હતી.

કમળાસખ જુઓ કમલાસખ.

કમળાસન જુઓ કમલાસન.

કમળાસનસ્થ જુઓ કમલાસનસ્થ.

કમળાસના જુઓ કમલાસના.

કમળાસની જુઓ કમલાસની.

કમળાહોળી જુઓ કમલાહોળી.

કમળિ જુઓ કમલિ.

કમળિની જુઓ કમલિની.

કમળિયા [હિં.] સ્ત્રી. કામળી; કામળો.

કમળિયું ૧. ન. કમળનું મૂળ. તેનું શાક થાય છે.
૨. ન. કૂણું કૂંપળ.
૩. ન. દાડમનું નાનું ફળ.
૪. ન. ફૂલ.

કમળિસુકંદ કાંતિ જુઓ કમલિસુકંદ કાંતિ.

કમળી ૧. સ્ત્રી. આંખનો એક રોગ.
૨. સ્ત્રી. કમળ જેવું એક જાતનું આસમાની ફૂલ.
૩. [હિં.] સ્ત્રી. કામળી; કામળો.
૪. સ્ત્રી. પિત્તના વિકારથી શરીર ઉપર પીળાશ આણનારો એક રોગ; કમળો. કમળાનો વ્યાધિ લંબાતાં તેને લીધે થયેલો આંખ, ચામડી વગેરેનો પીળો રંગ બદલાઈને લીલો થાય છે. વખતે તે એટલો તો ઘેરો થઈ જાય છે કે કેટલેક ઠેકાણે ચામડી કાળા રંગની દેખાય છે. જ્યારે એ રીતે લીલો અથવા કાળો રંગ પકડે ત્યારે તેને આપણા લોકો કમળીના નામથી ઓળખે છે. આવો વ્યાધિ સારો થવો મુશ્કેલ મનાય છે.
૫. જુઓ કમલી.

કમળીકીડા (કમળીકીડા) જુઓ કમલીકીડા.

કમળેશ જુઓ કમલેશ.

કમળો ૧. પું. અદેખાઈ; ઈર્ષા.

આંખમાં કમળો હોવો = (૧) અદેખાઈ કરવી. (૨) વિકાર અથવા દ્વેષની નજરથી જોવું. (૩) શંકાશીલ હોવું.

૨. પું. નારંગી; મીઠા લીંબુની જાતનું એક ફળ.
૩. [સં. કામલા] પું. પિત્ત આંતરડામાં નહિ જતાં પાછું લોહીમાં દાખલ થાય ત્યારે થતો એક રોગ; પીળિયો; પિત્તકમળી; કમળી. અતિ પિત્તકારક પદાર્થોના સેવનથી પિત્ત, લોહી અને માંસ દૂષિત થવાથી આ રોગ થાય છે. પિત્ત કલેજામાં પેદા થયા પછી તેને આંતરડામાં જવાના માર્ગમાં અટકાવ થઈ, પિત્તાશયમાં પિત્ત ઘણું એકઠું થઈ લોહીમાં તેનો પ્રવેશ થવાથી, કલેજાનાં દરદને લઈ, પિત્ત પેદા કરવાની શક્તિનો નાશ થવાથી અને તે સિવાય ચિંતા, બીક, શોક, ફેફસાં, મગજ અને રક્તાશયનાં દરદ, અજીર્ણ, જુદી જુદી જાતના તાવ, સર્પદંશ, તાંબું પારાનાં ઝેર વગેરે કારણથી આ દરદ થાય છે. તેમાં આંખનો ધોળો ડોળો પીળો થાય, પેશાબ પીળો ઊતરે, વખતે નખ અને ચામડી પણ પીળાશ પડતી દેખાય, થૂંક, પરસેવો કદાચ પીળાં થાય અને સઘળા પદાર્થ પીળા દેખાય. પેટમાં વાયુનો વધારો થાય અને તે બહુ ગંધાય. ઓડકાર આવે અને અનાજ પાચન થાય નહિ, ઝાડો કબજ રહે ને તેમાં ચરબીનો ભાગ વધારે હોય. કોઈ વાર નાકમાંથી, ઊલટીમાં, ઝાડામાં અગર મોઢામાંથી લોહી નીકળે, મનની શક્તિ મંદ થઈ નિદ્રા અને ઘેન જણાય. આ રોગથી મળ અને મૂત્ર રાતાં ને પીળાશ પડતાં થાય અને દાહ, અગ્નિમાંદ્ય, નબળાઈ વગેરે લક્ષણો

થાય. આ દરદ જોરમાં હોય તો દરદી આખરે ગાફલ અને બેસુધ થઈ બકે છે અને મરણ પામે છે. તેમાં ઝાડો ખુલાસે થાય એવા ઉપાય કરવા માટે પ્રથમ ઘી કે દૂધ પાઈને રેચ આપવો અથવા એરડાનાં પાંદડાંનો કે કૂંખોનો રસ ચાર તોલા કાઢી તેમાં ગાયનું દૂધ નાખી પાવો. આ રોગમાં જવ, ઘઉં, ચોખા, મગ, મસૂર, તુવેર, પરવળ અને તાંદળજો એ હિતાવહ છે અને ભાજીપાલો, હિંગ, તેલપોળી, પાન તથા તીખું, ખાટું અને ઊનું અન્ન નુકસાનકર્તા મનાય છે.

૧. એની આંખમાં કમળો છે = એને અમુક જાતની નઠારી અસર છે; આંખમાં વિકાર અથવા દ્વેષ છે.

૨. કમળાવાળો બધું ય પીળું દેખે = (૧) આપ તેવું જગ. (૨) જેને જેવી અસર થઈ હોય તેને બધું ય તેના જેવું જણાય.

૪. પું. વિકૃત દૃષ્ટિ.

કમળોત્તર જુઓ કમલોત્તર.

કમળોદ્ભવ જુઓ કમલોદ્ભવ.

કમળોપકાર જુઓ કમલોપકાર.

કમંગર ૧. પું. ધનુષ્ય બનાવનાર માણસ.

૨. પું. હાડકાં બેસાડનાર પુરુષ.

કમંગરી ૧. સ્ત્રી. ધનુષ્ય બનાવવું તે.

૨. સ્ત્રી. હાડકાં બેસાડવાનું કામ.

કમંડ પું. ઝરાનો એક વિભાગ.

કમંડલ ૧. [સં.] ન. કડવા નાળિયેરના અંડાકાર ખોખાનું સંન્યાસીનું પાણીપાત્ર; જોગીનું જલપાત્ર.

૨. ન. પ્રવાહી રસોઈ પીરસવાનું અર્ધવર્તુલાકૃતિ ધાતુનું એક વાસણ.

૩. ન. લાકડા અથવા ધાતુનું પાણી પીવાનું નાળચાવાળું વાસણ.

૪. ન. સાધુનો લાકડાનો પાણીનો ઘડો.

૧. દંડ કમંડલ = (૧) સરસામાન; વસ્તુ. (૨) સાધુનો ઘડો કે લાકડી.

૨. દંડ કમંડલ બાંધવાં = (૧) સાધુ થવું. (૨) સામાન બાંધવો.

કમંડલુ ૧. [સં.] પું. ખાખરાનું ઝાડ.

૨. પું. પારસપીપળો; એક સુંદર ઝાડ.

૩. પું. પીપરનું ઝાડ.

૪. ન. કમંડલ; પીરસવાનું ધાતુપાત્ર.

૫. ન. નાળચાવાળું જળપાત્ર.

૬. ન. સંન્યાસીનું જલપાત્ર.

કમંડલુતરુ ૧. [સં.] પું. કમંડલુ બનાવવાનું ઝાડ.

૨. પું. ખાખરાનું ઝાડ.

૩. પું. પીપરનું ઝાડ.

કમંડલુદ્રુમ જુઓ કમંડલુતરુ.

કમંડલુધર [સં.] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

કમંડલુવૃક્ષ જુઓ કમંડલુતરુ.

કમંડળ જુઓ કમંડલ.

કમંડળી ૧. [સં.] પું. બ્રહ્મા.

૨. વિ. કમંડળ રાખનાર; સાધુ; વૈરાગી.

૩. વિ. પાખંડી; આડંબરી.

કમંડળુ જુઓ કમંડલુ.

કમંઢ પું. નદીની બાજુમાંથી સરણું નીકળી નદીને મળે તે; વોંકળો.

કમંતક [સં.] પું. એ નામનો એક ઋષિ.

કમંદ ૧. પું. કબંધ; ધડ.

૨. પું. દોરડાની બનાવેલી એક જાતની નિસરણી. ખાસ કરીને ચોર તે વાપરે છે.

૩. પું. ફાંસી દેવાની દોરી.

૪. [ફા.] પું. ફાંસો; પાશ; ગાળો.

૫. પું. (પિંગળ) મત્ત છંદની જાતનો એક સમજાતિ માત્રામેળ છંદ. તેના દરેક ચરણમાં બાવીસ માત્રા હોય છે.

૬. પું. (પિંગળ) મહારૌદ્ર છંદ; બાવીસ માત્રાનો એક માત્રામેળ છંદ. પ્રસ્તાર ભેદથી તેની મહાદીપ વગેરે ૨૮૬૫૬ વૃત્તિ થાય છે.

૭. પું. (પિંગળ) સવૈયાની જાતનો એક સમજાતિ માત્રામેળ છંદ. તેમાં ૧૧ ગુરુ અને ૧૦૨ લઘુ મળી ૧૧૩ વર્ણ હોય છે.

કમા ૧. [સં.] સ્ત્રી. ખૂબસૂરતી; સુંદરપણું; સૌંદર્ય; શોભા.

૨. સ્ત્રી. સંધીની એક અટક.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

૫. [અ.] વિ. જેવું.

૧. કમા ફિલ અવ્વલ = પહેલાંના જેવું.

૨. કમા હક્કુ હુ = જેમ હોવું જોઈએ તેમ; ઘટતું.

કમાઈ ૧. [હિં. કમાના] સ્ત્રી. આવક; પેદાશ; પ્રાપ્તિ.

૨. સ્ત્રી. કમાણી.

નિત્ય નિત્ય નવલા ખાય, બીજાને આપે નહિ,
ધૂળ પડી એ **કમાઈ**, સાચું સોરઠિયો ભણે.
લોકોક્તિ

૩. સ્ત્રી. કમાયેલું ધન; મેળવેલ નાણું.

જોરૂની કમાઈ ખાવી = (૧) ભડવા થવું. (૨) સ્ત્રીની કમાણી ખાઈને જીવવું.

૧. કમાઈ કોડીની ને ખરચ લાખોનું = કમાવું થોડું ને ખરચ વધારે તે દિવાળાની નિશાની છે.

૨. કમાઈના કોથળા ને દીવાસળીના ટોપલા = જેમ વધારે કમાઈ તેમ તેનો વધારે ધુમાડો.

૩. પાઈની કમાઈ નહિ ને ઘડીની નવરાઈ નહિ = (૧) ખોટી માથાફોડ કરવી તે; ખાલી ધામધૂમ. (૨) ઘેર નવરો ને બહાર પણ નવરો.

૪. સ્ત્રી. કામ; ધંધો; ઉદ્યમ; કમાવાનું કામ.

૧. કમાઈકા પૂત–બેટા = જુવાન દીકરો.

૨. બીજાંની કમાઈ ખાવી = બીજાંની કમાણી ઉપર નભવું.

૫. સ્ત્રી. ખરાબ કામ. જેમકે, સૌની કમાઈ સૌને આડે આવશે.

૬. સ્ત્રી. લાભ; નફો; ફાયદો.

કમાઈવેરો પું. કમાણી ઉપર લેવાતી જકાત.

કમાઈશ [ફા.] સ્ત્રી. ધંધો.

કમાઈસા પું. બ. વ. અનાજ ખાઈ જનારી એક જીવાત.

કમાઉ ૧. પું. ધણી; પતિ.

૨. પું. મજૂર.

૩. [હિં.] વિ. કમાઈ કરનાર; રળનાર; કમાતું; રળતું.

૧. કમાઉ દીકરો દેશાવર ફરે અને હીણકમાઉ તે મોજો કરે = જેને કમાવાની ખંત છે તેને સુખ હોતું નથી અને જેને પારકા ઉપર જીવન ગાળવું છે તેને હમેશ તાનબાજી સૂઝે છે.

૨. કમાઉ દીકરો માબાપને વહાલો લાગે = જેનાથી લાભ મળતો હોય તે પ્રિય લાગે.

૩. કમાઉ ધન = (૧) દીકરો. (૨) ભાડે આપેલ વાહન.

૪. કમાઉ પૂત = રળતો દીકરો.

૪. વિ. મહેનતુ; ઉદ્યમી.

કમાકમા સ્ત્રી. કંપારી; ધ્રુજારી.

કમાચણ ૧. [સં.] સ્ત્રી. ગુણકા.

૨. સ્ત્રી. છિનાળ; વેશ્યા.

કમાડ (કમાડ઼) ૧. [સં. કપાટ; પ્રા. કિવિડી; અપ. કવાડ–કવાડુ–કમાડ] ન. ખુલ્લી વસ્તુને બંધ કરવાનું લાકડા કે બીજા કશાનું ઢાંકણ.

૨. ન. ઢોરના પૂછડાના મૂળ નીચેનો અને ગુદાની ઉપરનો પોલાણવાળો ભાગ.

૩. ન. દરવાજો; બારણું; દ્વાર.

તહિ જિન બારિ **કમાડ** ભલાં,
કીજઈ અતિ સુવિઘટ્ટ.
ખત (સંવત ૧૩૨૭)

૧. ઉઘાડે કમાડે તાળાં દેવાં = (૧) ખોટી સાવચેતી રાખવી. (૨) નકામું કામ કરવું.

૨. કમાડ કરતાં ઉલાળો ભારે = વાતમાં કાંઈ માલ નહિ ને ગોકીરો ઝાઝો; બાર હાથનું ચીભડું ને સોળ હાથનું બી.

૩. કમાડ દેવું-વાસવું = બારણું બંધ કરવું.

૪. કમાડ ભાંગવાં = પૈસા આપવાની તાકીદ કરવી; ઉઘરાણીને માટે બારણે બેસવું; ચાંપીને ઉઘરાણી કરવી; તકાદો કરવો.

૫. પગે કમાડ વાસવાં = (૧) છૂપા ગોળા ગબડાવવા. (૨) જાહેરમાં નહિ આવતાં અંદરખાનેથી કાર્ય કરવું.

૬. વાએ કમાડ દેવાઈ જવાં = અણધારી આફત આવી પડવી.

કમાડ જેઠવા (કમાડ઼ જેઠવા) પું. છત્રીશ કુળ માંહેના એક ઓળખના રજપૂત.

કમાડવાસિયું (કમાડ઼વાસિયું) ન. બારસાખ સાથે લાકડાના પાટિયાના સાંધાવાળું જડવામાં આવતું ચોકઠું. તે વડે બારણું ઊઘાડબીડ થાય છે.

કમાડિયું (કમાડ઼િયું) ન. નાનું કમાડ.

કમાડું (કમાડ઼ું) ૧. ક્યારામાં પાણી આવવા કે આવતું બંધ કરવા માટે નીકમાં કરાતી કે તોડાતી નાની પાળ.

૨. ન. ક્યારામાં પાણી પાવાનું કામ.

કમાડું કરવું = ક્યારામાં વારાફરતી પાણી વાળવું.

કમાડ્યો (કમાડ઼્યો) પું. કૂંવાડિયાનો છોડ.

કમાણ ન. પગ કળી જાય તેવી પોચી જમીન.

કમાણચી ન. કશ્મીર તરફ વપરાતું એક દેશી તંતુવાદ્ય.

કમાણમારી [મ.] વિ. ધનુષ્ય ધારણ કરનાર.

કમાણસ ન. ખરાબ માણસ; અવગુણ ભરેલ માણસ.

સોનું રૂપું વાઝ્યું વળે, ને લોઢું વળે તાપે;
સમાણસ સમજાવ્યું વળે, ને **કમાણસ** તો લાતે.
લોકોક્તિ

કમાણી ૧. પું. કારીગર.

ભોઈ મેહર અનઈ ઠાઠીયા,
ચાલઈ કાહર **કમાણી**. કાન્હડદેપ્રબંધ

૨. સ્ત્રી. કણબીની એ નામની એક અટક.

૩. [હિં. કમાઈ] સ્ત્રી. કમાઈ; રળતર.

૪. સ્ત્રી. નફો; લાભ; ફાયદો.

૫. સ્ત્રી. પેદાશ; પ્રાપ્તિ; આવક.

૬. સ્ત્રી. સંગ્રહ; સંચય.

૭. ન. એ નામની અટકનું માણસ.

૮. વિ. એ નામની અટકનું.

કમાતલ ૧. વિ. કમાઈ કરનાર; કમાઉ.

૨. વિ. કમાણી આપે એવું.

કમાદી ૧. સ્ત્રી. તુંબડી.

તરે કદા બચે **કમાદી** ગ્રાહાથી. દયારામ

૨. સ્ત્રી. લાકડી.

કમાન ૧. [ફા. ખમ (વાંક)] સ્ત્રી. (વહાણવટું) અક્ષાંશ રેખાંશ જાણવાનું યંત્ર.

૨. સ્ત્રી. અંગરખાના એક છેડાની ગળાથી પેટ સુધીની ગોળાકાર પટી.

૩. સ્ત્રી. આધાર; આશ્રયસ્થાન.

૪. સ્ત્રી. કનકવામાં આડી વાળીને ચોટાડેલી પાતળી સળી.

૫. સ્ત્રી. કળ; યંત્રની ચાવી.

૬. સ્ત્રી. કામઠાનો આકાર; એ આકારની કોઈ પણ રચના કે બનાવટ; મહેરાબ.

૭. સ્ત્રી. (ગણિત) ગોળનો એક ભાગ.

૮. સ્ત્રી. ઘોડાગાડીની ધરી ઉપર બંને બાજુએ જડવામાં આવતી લોઢાની પટી. તેના ઉપર ગાડીનું છાયાવાળું ખોખું રાખવામાં આવે છે.

૯. સ્ત્રી. ચણતરમાંનો અથવા લાકડાનો બનાવેલો ખેંચેલા ધનુષ્ય જેવો અર્ધગોળાકાર ઘાટ; 'આર્ક'. ઊભડી કમાન, બેઠી કમાન, ગલોફાવાળી કમાન, તલકાંવાળી કમાન, ચોરસ કમાન, ચોથડી કમાન વગેરે ઘણી જાતની કમાન થાય છે, પણ ખાસ તો તેની બે જાત કહેવાય છેઃ ગોળ અને અણીવાળી, અથવા રોમન અને ગોથિક. તેની પેટા જાતો ઘણી થઈ શકે છે. મિસર દેશના રહેવાસીઓએ અને બીજા અગાઉના લોકોએ આ શબ્દ વાપર્યો છે. હાલની ગોળાકાર કમાન રોમન લોકોએ શરૂ કરેલ છે અને સેક્સન ને નોર્મન લોકોનાં મકાનમાં જોવામાં આવે છે. ખ્રિસ્તી લોકોએ તેના ધર્મની નિશાની તરીકે કમાન ગ્રહણ કરી છે.

ગુજરાતમાં એ **કમાનો** હિંદુ સ્થાપત્યમાં કેમ ન વપરાઈ તેનું કારણ તો એ છે કે, પૂરતાં જોઈએ તેટલી લંબાઈનાં લાકડાં અને પથ્થરો મળી શકતા. સ્થાપત્ય

કમાનનો ધ્રુ = કમાનનું કેન્દ્ર; કૂંચી.

૧૦. સ્ત્રી. તાક.

૧૧. સ્ત્રી. તોપ; બંદૂક.

કમાન દાગવી = બંદૂક ફોડવી.

૧૨. સ્ત્રી. તોરણ.

૧૩. સ્ત્રી. ધનુષ્ય; ચાપ; કામઠું.

૧. કમાન ઉતારવી = ધનુષ્યને સીધું કરવું.

૨. કમાન કાઢવી = અર્ધગોળ ચીતરવો.

૩. કમાન ખેંચવી-ચડાવવી-તાણવી = (૧) કાર્ય માટે તૈયાર રહેવું. (૨) ધનુષ્યની પણછ ચડાવવી; ધનુષ્યને વાંકું વાળવું. (૩) ધનુષ્યને દોરી બાંધવી.

૪. કમાન ચડવી = (૧) ગુસ્સામાં હોવું. (૨) ધનુષ્ય ખેંચવું. (૩) વિજયી થવું; વિજયવંત બનવું.

૫. કમાન છટકવી = બાજી બગડવી; બાજી હાથમાં ન રહેવી; મામલો બગડવો. રખેને કમાન છટકે એ ભીતિથી દીવાન વચમાં જ બોલી ઊઠ્યો–વીરની વાતો

૬. કમાન ઢીલી પડવી = (૧) કામ તરફ ધ્યાન ન આપવું; કામ ધીરૂં કરવું. (૨) ધનુષ્યની સ્થિતિસ્થાપકતા ગુમાવવી.

૭. કમાન વાળવી = (૧) કમાનનું ચણતર કામ કરવું. (૨) ધનુષ્ય કરવું; ચાપ કરવી; લોઢા વગેરેને ગોળ વાળવું. (૩) શરીરને કેડથી પાછલી બાજુએ ખૂબ વાળવું.

૧૪. [હિં.] સ્ત્રી. નોકરી.

૧. કમાન ઉપર જવું = (૧) નોકરી ઉપર જવું. (૨) લડાઈમાં જવું; લશ્કરી નોકરી કરવા જવું.

૨. કમાન બોલવી = (૧) નોકરી ઉપર જવાનો હુકમ દેવો. (૨) લડાઈ ઉપર જવાની આજ્ઞા દેવી.

૧૫. સ્ત્રી. ફિડલ અને એવાં બીજાં તંતુવાદ્યો વગાડવાના કામમાં આવતો અબનૂસના લાકડાનો અને ઘોડાના વાળથી ગૂંથેલો ગજ.

૧૬. સ્ત્રી. મલ્લ લોકોની એક કસરત. તેમાં એક બાજુ પગ રાખી શરીરને પાછળ વાળી બીજી બાજુ હાથ લઈ જવામાં આવે છે.

કમાનના હાથ = મગદળની રમતનો એ નામે એક પ્રકાર. તેમાં પ્રથમ મગદળને જમીન ઉપર મૂકી, સલામ કર્યા પછી મગદળ લઈ ખભા ઉપર ફીંચા કરવા અને પછી બંને મગદળને ભેગા કરી કમાન કરવી તે.

૧૭. સ્ત્રી. મેઘધનુષ્ય; ઇંદ્રધનુષ્ય.

આકાશમાં કમાન ખેંચાઈ છે = મેઘધનુષ્ય દેખાય છે.

૧૮. સ્ત્રી. લોઢાના કોસના મોઢા ઉપર જડવામાં આવતી લોઢાની પટી.

૧૯. સ્ત્રી. સ્થિતિસ્થાપક ગુણવાળું ધાતુનું કામઠું અથવા ગૂંછળું; ઘડિયાળ, ગાડી, કોચ વગેરેમાં રખાતો સ્થિતિસ્થાપક પોલાદનો વીંટલો; 'સ્પ્રિંગ'.

૧. કમાન ચલાવવી–નખાવવી–બેસડાવવી = ઘડિયાળ કે ગાડીમાં કમાન નખાવવી.

૨. કમાન તૂટવી = ઘડિયાળ કે ગાડીની કમાન ભાંગી જવી.

૨૦. [અં. કમાન્ડ] સ્ત્રી. હુકમ; આજ્ઞા.

૨૧. વિ. સ્થિતિસ્થાપક.

કમાનઅફસર પું. હુકમ આપનાર લશ્કરી અમલદાર.

કમાનઅબ્રૂ ૧. સ્ત્રી. બ. વ. કમાન જેવાં આંખનાં ભવાં.

૨. વિ. સ્ત્રી. કમાન જેવી ભમરવાળી.

કમાનકશ ૧. [ફા.] પું. તીર ફેંકવાવાળો માણસ; તીરંદાઝ.

અબ્રૂયે કમાનકશ = આંખની ભમર.

૨. વિ. નાશ કરનાર.

કમાનકાંટો પું. કમાનવાળું ત્રાજવું.

કમાનગર ૧. પું. કમાન ચણનારો કારીગર.

૨. [હિં.] પું. કામઠું બનાવનાર માણસ.

૩. પું. ચિતારો; ચિત્રકાર.

૪. પું. હાડવૈદ; હાડકાં બેસાડનાર પુરુષ.

૫. સ્ત્રી. આરબ, મેમણ અને સંધીની એ નામની અટક.

૬. ન. એ અટકનું માણસ.

૭. વિ. એ નામની અટકનું.

કમાનગરી સ્ત્રી. કમાનગરનું કામ.

કમાનગાર જુઓ કમાનગર.

કમાનચા ૧. [ફા.] પું. કમાનવાળું છાપરૂં.

૨. પું. ખાનગી ઓરડો.

૩. પું. નાનું ધનુષ્ય.

૪. પું. પોલાદની કમાન.

૫. પું. સારંગીની કમાન.

કમાનચેંડૂ પું. (મરાઠી) એ નામની એક રમત.

કમાનઠા ન. નાનું ધનુષ્ય.

કમાનડોર સ્ત્રી. (ગણિત) જ્યા.

કમાનદડો (કમાનદડ઼ો) જુઓ કમાનચેંડૂ.

કમાનદંડ પું. દંડ કવાયતનો એક પ્રકાર. દંડના નીચલા છેડાને બગલમાં રાખી, હાથને દંડ સરસો લંબાવી, દંડને ઊંચે ઊભો તીરકસ રાખવો. બે જણે સામસામા ગોઠવાઈ જઈને પોતપોતાના આવા ત્રાસા દંડને ઉપરથી ભેગા કરી કમાન બનાવવી.

કમાનદાન [ફા.] ન. બાણુ રાખવાનું ભાથું.

કમાનદાર ૧. [ફા.] પું. ધનુષ્યથી સજ્જ થયેલ માણસ.

૨. પું. ફોજી અફસર.

૩. વિ. અર્ધગોળાકાર.

૪. વિ. કમાનવાળું; મહેરાબદાર.

૫. વિ. ધનુષ્યથી લડનાર.

કમાનબરદાર [ફા.] પું. ધનુષ્ય ઉપાડનાર.

કમાનસાઝ [ફા.] પું. ધનુષ્ય બનાવનાર.

કમાનાર વિ. રળનાર; પેદા કરનાર.

કમાની ૧. [ફા.] સ્ત્રી. કામઠું; કમાન.

૨. સ્ત્રી. પોલાદની ઘડિયાળની કમાન.

૧. છોટી કમાની = (૧) ઘડિયાળની વજનમાં હલકી કમાન. (૨) બંદૂકની નાની કમાન.

૨. બડી કમાની = મુખ્ય અથવા મોટી કમાન.

૩. બાલ કમાની = નાની કમાન.

૩. વિ. કમાનવાળું; વાંકું.

કમાન્ડન્ટ [અં.] પું. સરદાર; નાયક; કમાન્ડર.

કમાન્ડર ૧. [અં.] પું. વહાણનો નાયક; કપ્તાનથી ઊતરતા દરજ્જાનો અમલદાર.

૨. પું. સરદાર; સેનાપતિ.

કમાન્ડર-ઇન-ચીફ [અં.] પું. લશ્કરનો સર્વથી ઉપરી અમલદાર; સેનાધ્યક્ષ; સેનાપતિ.

કમાફિતૂસ [યૂ.] પું. એક જાતનો નાનો છોડ; કુકરાંધા.

કમાયંબંધી વિ. જેવું જોઈએ તેવું; બરાબર.

કમાયા સ્ત્રી. અવિદ્યા; દુષ્ટ માયા.

કમાયો પું. એ નામનું એક વાજિંત્ર.

કરણાટ **કમાયા** સ્વર અલગોસાર,
નવલ ત્રાસા ખંજરી, એહ આદિક વાજાં અપાર.
નિષ્કુળાનંદ

કમાર પું. અઢાર મુખ્ય શિલ્પજ્ઞ માંહેનો એક. જુઓ શિલ્પજ્ઞ.

કમારગ પું. કુમાર્ગ.

કમારી [અ.] સ્ત્રી. એક જાતનું માદા પક્ષી.

કમારૂ પું. મજૂર.

કમાલ ૧. પું. કબીર સાધુનો એ નામનો દીકરો ને શિષ્ય. તે કબીરનો ભક્ત પુત્ર હોઈ પિતા સાથે એક વખત રામધૂનમાં લીન હતો. તે બંનેને અયાચક વ્રત હોવાથી યાત્રામાં ચિત્રકૂટ પર્વત ઉપર એક સાહૂકારે કબીરના પોટકામાં છાનોમાનો હીરો નાખી દીધેલો. તે તેને પાછો આપી આવ્યો ત્યારે જ કબીરજીએ પુત્રનો અંગીકાર કર્યો હતો એમ કહેવાય છે. જાત મહેનતથી જ પેટ ભરવું, સેવકભાવ રાખવો અને માબાપની સેવા કરવી એ તેમનો આશય હતો.

કબીર કહે **કમાલકું**, દો બાતાં શીખ લે;
કર સાહેબકી બંદગી, ભૂખ્યાંકુ કુછ દે.
કબીર

૨. સ્ત્રી. અજાયબી; અદ્‌ભુત કામ.

૩. સ્ત્રી. આબેહૂબ ચિતાર.

૪. સ્ત્રી. કારીગરી.

૫. સ્ત્રી. કુશળતા; નિપુણતા.

કમાલના બના હુઆ = પ્રવીણ માણસ.

૬. સ્ત્રી. કુસ્તીની એક લડત. આ લડત બધી લડતમાં કમાલ અથવા શ્રેષ્ઠ મનાય છે. નીચે નમતા હોઈએ તેવો દેખાવ કરી સામાવાળો હલ્લો કરે એટલે પોતાનો બચાવ કરી સફાઈથી તેને મહાત કરવો એ રીત કમાલ કહેવાય છે.

૭. સ્ત્રી. નિયમિતપણું.

૮. [અ. કમલ (તે સંપૂર્ણ હતું)] સ્ત્રી. પરિપૂર્ણતા; પૂરાપણું; સંપૂર્ણતા.

૧. કમાલ કરવી = (૧) ના કરતાં ચડિયાતા હોવું. (૨) સંપૂર્ણ વિજય મળવો; મોટા જોખમના કાર્યમાં ફતેહ મેળવવી.

૨. કમાલ રાખવી = (૧) માલિક હોવું. (૨) સંપૂર્ણતા હોવી.

૯. સ્ત્રી. પુખ્તપણું; પકવતા.

૧૦. સ્ત્રી. ફતેહ; વિજય.

૧૧. સ્ત્રી. વિઘોટીનો પૂરેપૂરો દર.

કમાલ આકાર-દર = જમીનનો પૂરેપૂરો દર; સંપૂર્ણ આકાર.

૧૨. સ્ત્રી. વિચિત્રતા.

૧૩. સ્ત્રી. સુંદર કામ; શ્રેષ્ઠ કામ.

૧૪. સ્ત્રી. હદ; મર્યાદા; છેડો.

કમાલ બોલાવવી = તોબા પોકરાવવી.

૧૫. વિ. અજાયબ પમાડે એવું; અદ્‌ભુત.

કામણ કર્યું **કમાલ**, ખાંભી ખોડી ખળભળે;
પાણા કરે પ્રીતાળ, દુહો અમારા દેશનો.
વિહારી

કમાલ દેખાડવી = અજબ શક્તિ બતાવવી; હેરત પમાડે એવાં કામ કરવાં.

૧૬. વિ. અતિ; ઘણું; ઝાઝું; અત્યંત; વધારેમાં વધારે.

૧. કમાલ દરજ્જાનું = અતિ વિશેષ.

૨. કમાલ પગાર = વધારેમાં વધારે પગાર.

૧૭. વિ. ખરાબ; મોટી ખોડવાળું. આપણી ભાષામાં જેમ સર્વગુણસંપન્ન પદ વ્યંગાર્થે ખરાબમાં ખરાબ એવા અર્થમાં વપરાય છે, તેમ આ કમાલ શબ્દ પણ ખરાબ, મોટી ખોડવાળું એવા અર્થમાં વપરાય છે.

કમાલ પુત્ર કોઈનો નહિ = નઠારો છોકરો કોઈનો-પોતાનો પણ નહિ.

૧૮. વિ. ઘણું સારૂં; ઉત્કૃષ્ટ.

૧૯. વિ. સંપૂર્ણ; પૂરેપૂરૂં.

૨૦. વિ. સુંદર; ખૂબસૂરત.

કમાલ એબ = પૂરેપૂરી મોટામાં મોટી એબ.

કમાલ આકાર ૧. પું. (મરાઠી) મહેસૂલનો એકંદર આંકડો.

૨. પું. વધારેમાં વધારે લાગત.

કમાલકર [અ.] પું. વધારેમાં વધારે લાગત.

કમાલખાની પું. એક જાતના ઉત્તમ પ્રકારના ફૂલના હારનું નામ.

કમાલજમા સ્ત્રી. (મરાઠી) આખા પ્રાંતની એકંદર મહેસૂલ.

કમાલત [અ.] સ્ત્રી. કમાલિયત; સંપૂર્ણતા.

કમાલમર્યાદા સ્ત્રી. વધુમાં વધુ હદ.

કમાલા ૧. પું. અખાડાની કસરત.

૨. પું. બુદ્ધિના દાવ બતાવવા માટેનો કુસ્તીનો ખોટો ખેલ.

કમાલાત ૧. સ્ત્રી. વ. વ. આશ્ચર્યજનક બનાવો.

૨. સ્ત્રી. વ. વ. સંપૂર્ણતાઓ.

કમાલિયત જુઓ કમાલાત.

કમાલિયા ૧. પું. વ. વ. બહુચરાજીની માનતામાં મુકાયેલ છોકરાઓ, કે જે પાવૈયા સાથે ફરે છે.

૨. સ્ત્રી. ઘેટાં, બકરાંને ઉછેરનારી રબારીને મળતી એક કોમ.

૩. ન. ઘેટાં ઉછેરનારી એ કોમનું માણસ.

૪. વિ. એ નામની કોમનું.

કમાલિયો ૧. [અ. કમાલ (સંપૂર્ણતા)] પું. નપુંસક; વ્યંઢળ; પંઢ; બહુચરાજી માતાને પોતાનું જીવન અર્પી સ્ત્રીનો પોશાક પહેરીને ફરનાર પુરુષત્વહીન પુરુષ.

૨. પું. પુરુષના જેવી સ્ત્રી; ઊંચી અને અસુંદર અથવા શરમાળપણા વિનાની સ્ત્રી.

૩. પું. બહુચરાજી માતાનો ભક્ત.

૪. પું. બહુચરાજીના દહેરાનો પૂજારી.

૫. પું. બેશરમી માણસ; શરમ વગરનો પુરુષ.

૬. પું. હીજડો; ફાતડો.

કમાલી સ્ત્રી. છોકરી. બંગાળામાં આ શબ્દ વપરાય છે.

કમાવતર ન. બ. વ. માબાપના સ્વાભાવિક ગુણ વિનાનાં એટલે છોકરાંનું ભૂંડું કરે એવાં માબાપ; નઠારાં માબાપ.

કમાવવું ૧. સ. ક્રિ. ઓછું કરવું.

૨. સ. ક્રિ. કામ કરવું.

૩. સ. ક્રિ. કોઈ કમાય તેમ કરવું; રળાવવું; કમાણી કરાવવી.

૪. [પ્રા. કમ્મવ (કામમાં લેવું)] સ. ક્રિ. ચામડાને પકવવું; ચામડું કેળવવું.

૫. સ. ક્રિ. સાફ કરવું.

કમાવાવું ૧. અ. ક્રિ. ઓછું થવું.

૨. અ. ક્રિ. કામ થવું.

૩. અ. ક્રિ. કોઈ માણસ કમાય તેમ થવું; કમાવવુંનું કર્મણિ રૂપ.

૪. અ. ક્રિ. ચામડાનું સાફ થવું.

કમાવિસ પું. (મરાઠી) મિલ્કતનો વહીવટ.

કમાવિસદાર પું. (મરાઠી) કુમાવિસદાર; પરગણાનો કે તાલુકાનો અધિકારી; મામલતદાર; મહાલકારી. કમાવિસદાર, પાટેધર વગેરે એવાં બીજાં અનેક નામ મરાઠી રાજ્યતંત્રમાં ને સમાજતંત્રમાં દાખલ થઈ ગયાં છે.

કમાવિસી સ્ત્રી. (મરાઠી) મહેસૂલ; તહસીલ.

કમાવીસ જુઓ કમાવિસ.

કમાવીસદાર જુઓ કમાવિસદાર.

કમાવીસી જુઓ કમાવિસી.

કમાવું ૧. [સં. કર્મ] અ. ક્રિ. ઉદ્યમ કરવો; મહેનત કરવી.

કમાવું ધમાવું = કામકાજ કરીને રૂપિયા પેદા કરવા; ઉદ્યમ વેપાર કરવો.

૨. અ. ક્રિ. ચામડું સાફ થવું; કેળવાવું; કમાવાવું.

૩. અ. ક્રિ. જમીન ફળદ્રુપ બનવી.

૪. અ. ક્રિ. પેશાબ કરવાની કૂંડી સાફ થવી.

૫. અ. ક્રિ. લાભ થાય એમ કરવું.

૬. અ. ક્રિ. વ્યભિચારવેડાથી જીવન ગુજારવું.

૭. [હિં. કમાના (પેદા કરવું)] સ. ક્રિ. પેદા કરવું; રળવું.

૮. સ. ક્રિ. વેપાર કરવો.

૯. સ. ક્રિ. સંગ્રહ કરવો; સંચવું.

કમાઈ ખાવું = પોતાની કમાણી ખાઈને જીવવું.

કમાશ ૧. [અ.] પું. ઘરનું રાચરચીલું.

૨. પું. નજીવી વસ્તુ.

૩. પું. રીતભાત.

કમાસિયાં ન. વ. વ. મોલને નુકસાન કરનારી ખરપડીની જાતની એક જીવાત; બાજરીનાં ડૂંડાંમાં થતા દાણા ખાઈ જનાર પાંખાળાં જીવડાં; કાંસિયાં. જેઠ અશાડ માસમાં આ જીવડાં ઇયળના રૂપમાં રહી ખાતર વગેરે ગંદી ચીજો કે ખપેડી તથા તીડનાં ઈંડાં ખાઈને મોટાં થાય છે. અમુક ઉમરનાં થયા પછી તેઓ આરામની અવસ્થામાં પડ્યાં રહે છે. તે પછી તેઓને પાંખ તથા ઊડવાની શક્તિ પ્રાપ્ત થાય છે. તેઓનો કુદરતી સ્વભાવ એવો છે કે જેવાં આરામની અવસ્થામાંથી પસાર થાય કે તરત જ ઊડીને બાજરાનાં થૂલીવાળાં ડૂંડાં ઉપર બેસે છે. આ થૂલીની અંદરથી નીકળતો લોટ જેવો પરાગ આ જીવડાં ખાઈ જાય છે. જ્યારે થૂલી પરાગ વગરની થઈ જાય ત્યારે તે પરાગને દૂધિયા દાણા સાથે સમાગમ થઈ શકતો ન હોવાને લીધે ડૂંડાં કાળાં પડી જાય અને દાણો પાકી શકે નહિ. એકાદ બે અઠવાડિયાં પછી અથવા જોરથી વરસાદ પડવાથી આ જીવાત નાશ પામે છે.

આવે અમાસિયાં તો જાય કમાસિયાં = અમાસને દિવસે જન્મનારો માણસ ખેતરમાં આવે તો આ જીવડાં જાય એવી માન્યતા છે.

કમાસુત ૧. [હિં.] પું. નોકર.

૨. પું. મુસાફરી કરનાર માણસ.

૩. પું. રળતો દીકરો.

કમાસ્વતી સ્ત્રી. બંગાળામાં આવેલી કસાઈ નદીનું જૂનું નામ.

કમાહિયા ૧. [અ.] સ્ત્રી. ખરી વસ્તુસ્થિતિ; કમાહી.

૨. અ. જેમ બાબત હોય તેમ.

કમાહી જુઓ કમાહિયા.

કમાળિયો જુઓ કમાલિયો.

કમાળી પું. (ડિંગળ) મહાદેવ.

કમાળીજોધ પું. (ડિંગળ) ભૈરવ.

કમિટ કરવું [અં. કમિટ] સ. ક્રિ. હવાલે કરવું; બીજા ન્યાયાધીશ તરફ ઇન્સાફ માટે મોકલવું.

કમિટી [અં.] સ્ત્રી. પંચાયત; મંડળી; સમિતિ; પંચ.

કમિટીબાન પું. અજાયબગૃહ; મ્યુઝીઅમ.

કમિતા ૧. [સં. કમિતૃ] વિ. ઇચ્છા કરનાર; કામના રાખનાર.

૨. વિ. કામી; વિષયી.

૩. વિ. ચાહનાર; સોબતી.

કમિનિહાર પું. ખેડ કરનાર મજૂર.

કમિયત [અ.] સ્ત્રી. જથ્થો.

કમિયા ૧. [હિં.] પું. ખેતીનું કામ કરનાર મજૂર.

૨. વિ. કાર્ય કરતાં મેળવેલું.

કમિલા પું. દહેરાદૂન તરફ થતી એક વનસ્પતિ. કમિલાનાં બીનો ૧ થી ૩ ડ્રામ સુધીની માત્રામાં ભૂકો મધ કે ગરમ પાણી સાથે આપવાથી આંતરડાંની અંદરનાં મરેલ જીવડાં અને કૃમિ બહાર નીકળી જાય છે. બીનું સત્વ જંતુનાશક હોવાથી દરેક જાતના કૃમિના ઉપદ્રવમાં ૧ થી ૩ ડ્રામની માત્રામાં દર ત્રણ કલાકને અંતરે બધું મળીને ૩ ઔંસ થાય ત્યાં સુધી આપવું અને પછી એરંડિયાનો જુલાબ આપવો.

કમિશન ૧. [અં.] ન. અખત્યારનામું; સનદ.
૨. ન. અધિકાર; અખત્યાર.
૩. ન. અધિકૃત પુરુષ; પંચ; નિયુક્ત જન.
૪. ન. આદેશ; પરવાનો.
૫. ન. કોઈ કામ, અપરાધ કે અગત્યના પ્રશ્નની તપાસ કરવાને નિમાયેલી અધિકૃત મંડળી; બીજા માણસ ઉપર કામ ચલાવવા માટે અમુક માણસોની નીમવામાં આવતી ટુકડી; તપાસપંચ.
કમિશન બેસવું = કમિશનથી તપાસ કરવી.
૬. ન. કોર્ટમાં ન આવી શકે એવા માણસની જુબાની લેવાની અમુક માણસ કે માણસોને અપાયેલ સત્તા.
૭. ન. દલાલી; આડત; હકસાઈ.
કમિશન દેવું = દલાલી આપવી.
૮. ન. મહેનતાણું; ઇનામ.
૯. ન. માલ ખરીદતાં કાપી અપાતું વળતર.
૧૦. ન. સવાલપત્ર.
૧૧. ન. સોંપરત; ભાળવણી.

કમિશન્ડ [અં.] વિ. નિમાયેલ; અધિકાર અપાયેલ.

કમિશ્નર ૧. [અં.] પું. અંગ્રેજી રાજ્યનો એક અમલદાર; સરસૂબો; જેના અધિકારમાં કેટલાક જિલ્લા હોય એવો અમલદાર.
૨. પું. ખાસ કામ માટે નિમાયેલો માણસ.
૩. પું. જેને કોઈ કામ કરવાની સત્તા હોય તેવો અધિકારી. જેમકે, રેવિન્યૂ કમિશ્નર, પોલીસ કમિશ્નર વગેરે.
૪. પું. મુખત્યાર; મુનીમ; અમીન.

કમિશ્નરી ૧. [અં.] સ્ત્રી. કમિશ્નર તરીકેની સત્તા.
૨. સ્ત્રી. કમિશ્નરની કચેરી.
૩. સ્ત્રી. વિભાગ.

કમિસરીખાતું ન. મોદીખાતું; ખોરાકી પૂરી પાડનાર સંસ્થા.

કમિસા [પોર્ટું.] સ્ત્રી. ખમીસ; શર્ટ.

કમી ૧. [ફા.] સ્ત્રી. અછત; તંગી.
૨. સ્ત્રી. ઓછપ; ઊણપ; અપૂર્ણતા; ન્યૂનતા.

કમી ન રાખો કાંઈ પણ,
સુખતું મૂળ સંતોષ. દલપતરામ

૩. સ્ત્રી. કાપ.
૪. સ્ત્રી. ખોટ; તોટો; નુકસાન.
૫. સ્ત્રી. ઘટાડો; ખાધ; ઘટ.
૬. સ્ત્રી. છૂટ; માફી; મોચન.
૭. સ્ત્રી. ઢીલું કરવું તે.
૮. વિ. ઓછું; કમતી; થોડું; કમ.
૧. કમી કરવું = (૧) ઓછું કરવું. (૨) નોકરીમાંથી બાતલ કરવું.
૨. કમી થવું = (૧) થોડું થવું. (૨) નોકરીમાંથી બાતલ થવું.
૩. કમીમાં કમી = ઓછામાં ઓછું.
૪. કમી હોવું = થોડું હોવું.

કમીજ [અ.] સ્ત્રી. ખમીસ; શર્ટ.

કમીજાસ્તી ૧. [ફા. કમી (ઘટવાપણું) + ઝિયાદતી (વધવાપણું)] સ્ત્રી. વધઘટ; ઓછું કેટલું અને વધારે કેટલું તે બાબતની તપસીલ.
૨. વિ. ઓછુંવત્તું.

કમીઝ [અ.] સ્ત્રી. ખમીસ; કફકોલરવાળું પહેરણ.

કમીઝદાન [અ.] સ્ત્રી. થેલી; કોથળી.

કમીઠડાં (કમીદડાં) ન. દુખણાં; ઓવારણાં.

કમીન ૧. [ફા. કમીના (નીચું)] પું. હલકો નોકર.
૨. સ્ત્રી. ઝાડી; સંતાવાની જગ્યા.
૩. વિ. નીચ; હલકા મનનું.
૪. વિ. મેલા મનનું; કપટી.

કમીનકાંદૂ પું. બ. વ. હલકા નોકર.

કમીનકોમ સ્ત્રી. હલકી જાત.

કમીનગાહ ૧. [અ.] સ્ત્રી. સંતાવાની જગ્યા; ઝાડી.
૨. સ્ત્રી. હુમલો કરવા માટે સંતાઈ રહેલું સૈન્ય.

કમીનઝાત (કમીનઝાત) [અ.] સ્ત્રી. બ. વ. હલકા વર્ણ.

કમીનપણુ ન. હલકાઈ; નીચતા.

કમીના ૧. [ફા.] પું. બ. વ. હલકા-નીચ લોકો.
૨. સ્ત્રી. કમીપણું; ઓછાપણું; ઊણપ; તાણ.
૩. સ્ત્રી. ખોટ; ઓછપ; ખામી.
૪. વિ. કપટી; હલકા સ્વભાવનું; હૈયામેલું.
૫. વિ. નીચ; હલકા કુટુંબનું; ક્ષુદ્ર.
૬. વિ. બાકી; ઓછું; ઊણું.

કમીનાપણુ ન. હલકાઈ; નીચતા.

કમીનાશ સ્ત્રી. કમી હોવું તે; ખોટ; ખામી.

કમીની ૧. [ફા. કમીના (નીચ)] પું. બ. વ. હલકા નીચ લોકો.
૨. સ્ત્રી. દૂરનાં સગાં સંબંધીઓને સંદેશો પહોંચાડવા માટે હજામ અને પુરોહિતને અપાતી ફી.
૩. સ્ત્રી. હજામ અને પુરોહિતનું કામ.
૪. વિ. નીચ; કમજાત.

કમીનીબાઈ [હિં.] સ્ત્રી. ઊભડવેરો.

કમીનું ૧. વિ. દીન; ગરીબ.
૨. વિ. નજીવું; પામર.
૩. વિ. નાનું.

કમીનો ૧. [ફા. કમીના (હલકું)] પું. તોટો; ખોટ; ખામી; ઊણપ; કસર.
૨. વિ. પું. કપટી; હલકા સ્વભાવનો.
૩. વિ. પું. કંગાલ; ગરીબ; દીન.
૪. વિ. પું. પામર; છેક હલકો.
૫. વિ. પું. લુચ્ચો; દુષ્ટ.

કમીપણું ન. ઊણપ; ન્યૂનતા; અછત; ઓછાપણું.

કમીપૂરક હુંડી સ્ત્રી. ખોટ પૂરી કરવા લખેલી હુંડી.

કમીબેશી ૧. સ્ત્રી. ફાયદો અને નુકસાન; ફેરફાર.
૨. સ્ત્રી. વધારો અને ઘટાડો.

કમીયત [અ.] સ્ત્રી. જથ્થો.

કમીયસ્ [સં.] વિ. અત્યંત ઇચ્છા કરનાર; કામુક.

કમીયા પું. ખેડ કરનાર મજૂર.

કમીલા ૧. [હિં.] પું. કરમિયાનું ઓસડ; કૃમિઘ્ન ઔષધ; કપીલો.
૨. ન. એ નામનું ઝાડ. રાતા રંગનો તેનો ભૂકો બજારમાં વેચાય છે. આ ભૂકો જીવડાંનો નાશ કરે છે. તેનાં ફળના ગુચ્છા થાય છે. તે ઝાડ હિમાલયના કિનારે કશ્મીરથી નેપાળ સુધી તથા બંગાળ, સંયુક્ત પ્રાંત, પંજાબ, મધ્ય હિંદ અને દક્ષિણમાં મળે છે. તેના ફળ ઉપર એક જાતની લાલ ધૂળ જામી જાય છે. તે ધૂળ પણ કમીલાને નામે ઓળખાય છે. તે રેશમ રંગવાના કામમાં આવે છે. તે સ્વભાવે ગરમ, રેચક અને ઝેરીલું છે. તેથી ૬ રતીથી તે વધારે લઈ શકાતું નથી.

કમીવેશી [ફા.] સ્ત્રી. કમીજાસ્તી; વધઘટ.

કમીસ [અ.] ન. પહેરણ જેવું બદન; ખમીસ.

કમુક ૧. [સં.] ન. સોપારી.
૨. વિ. વિષયી.

કમુદ ૧. ન. ધોળું કમળ. તેની પાંખડીઓ રાત્રે ખીલે અને દિવસે બંધ થઈ જાય છે.
૨. ન. પાણીનું કમળ.

કમુની [અ.] ન. કલોંજી જીરું.

કમુરત ૧. ન. અયોગ્ય સમય.
૨. [સં. કુ (ખરાબ) + મુહૂર્ત (વખત)] ન. અશુભ મુહૂર્ત; અમંગળ કાળ.

કમુરતાં ન. બ. વ. મંગળ કાર્ય ન થાય એવા દિવસ; જેમાં શુભ કાર્ય કરવાનાં મુહૂર્ત આવતાં ન હોય એવા કેટલાક દિવસનો કાળ.

કમુહલ્લુ ૧. ન. વરિયાળી.
૨. ન. સુવા.

કમુહૂર્તાં [સં. કુ (ખરાબ) + મુહૂર્ત (વખત)] ન. બ. વ. ખરાબ દિવસો. જુઓ કમુરતાં.

કમૂદ [હિં.] પું. રંગવા માટે વપરાતી એક ઔષધિ. તે રેચક અને વીર્યવર્ધક પણ ગણાય છે.

કમૂનઅવૈજ [યૂ.] ન. સફેદ જીરૂં.

કમૂનરૂમી [યૂ.] ન. કાળું જીરૂં.

કમૂની ૧. સ્ત્રી. અપ્રાપ્ય વસ્તુ; મેળવી ન શકાય એવી ચીજ.
૨. સ્ત્રી. પાચક મીઠી દવા.

કમૂલ અ. કીમત વિના; ફોગટ.
ધોબી ધૂએ મૂલે ને પાપી ધૂએ કમૂલે = નિંદા કરનાર માણસ બીજાનાં પાપ પૈસા વગર ધોઈ નાખે છે.

કમૂળ ૧. વિ. અક્કલ વગરનું.
૨. [સં. કુ (ખરાબ) + મૂલ (મૂળ)] વિ. કુપાત્ર; કૂળને એબ લગાડે એવું.
૩. વિ. ખરાબ મૂળવાળું.
૪. વિ. હલકું; અધમ; નઠારૂં.

કમેટી [અં. કમિટી] સ્ત્રી. સમિતિ; સભા.

કમેડી (કમેડ઼ી) [ફા. કમરી] સ્ત્રી. (હિંદી) કબૂતર.

કમેડ (કમેડ઼) [હિં.] પું. તાણ.

કમેરા [હિં.] પું. મજૂર.

કમેરિયા ૧. સ્ત્રી. એ નામની ખાંટની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. ખાંટની એક અટકનું.

કમેરૂ પું. દક્ષિણ ગોળાર્ધ.

કમેરે ન. એક જાતનું પક્ષી.

કમેલા ૧. [હિં.] પું. કતલખાનું.
કમેલા કરવું = મારી નાખવું.
૨. પું. કરમિયાંનું ઓસડ.

કમો વિ. કમી; ઓછો.
વિધાત્રામાં પણ વિવેક દેખું ના **કમો** જો.
દયારામ

કમોઈ ૧. [હિં.] સ્ત્રી. માટીનું નાનું વાસણ.
૨. સ્ત્રી. શીંગડાં ઉપર માર લાગવાથી થતો એક જાતનો રોગ. ઢોરના મગજમાં જીવડાં પડવાથી શીંગડું નમી જાય છે. આ રોગ માણસના ક્ષયરોગ જેવો છે.
૩. અ. ભેળવીને.

કમોકાસ્ત [ફા.] સ્ત્રી. ખોટ; ઘટ.

કમોડ [અં.] ન. ઝાડે બેસવાની પેટી; મળપાત્ર.

કમોડી (કમોડ઼ી) સ્ત્રી. ઢોરના શીંગડાંમાં થતો એક જાતનો રોગ. આમાં શીંગડું કરવતથી કાપી નાખવું અને તેલ, સિંદૂર અને કપૂરની મેળવણી કરી નવશેકું કરી તેમાં લૂગડું બોળી જખમ ઉપર પાટો બાંધવો.

કમોત ૧. [સં. કુ (ખરાબ) + મૃત્યુ (મરણ)] ન. અકાળ મૃત્યુ; અકસ્માતથી થતું મોત.
૨. ન. આપઘાત.

કમોતડી (કમોતડ઼ી) સ્ત્રી. કુમતિ; નઠારી બુદ્ધિ; કમતિ.

કમોતા અ. કમોતે; મોત વિના.
કમોતા મરો આજ હું ને વરી. પ્રેમાનંદ

કમોતિયું ૧. વિ. કમોતે મરી ગયેલું.
૨. વિ. કમોતે માર્યું જાય એવું.
૩. વિ. સાહસિક.

કમોદ ૧. [સં. કુમુદ (સફેદ કમળ)] સ્ત્રી. કુમુદ; ધોળું કમળ.

૨. સ્ત્રી. ડાંગર. ડાંગર અને કમોદની સુખવેલ, પંખાળી, ત્રણ પાંખડી વગેરે ઘણી જાત છે. તેના છોડ ઘઉં જેવા થાય છે. ઉપર ફાલની લોફમાં ફોતરાં સહિત ચોખા થાય છે. ખાંડવાથી ફોતરાં અને ચોખા નોખા પડે છે.

૩. સ્ત્રી. દીપક રાગની ભાર્યા રૂપી રાગણી; શ્રી રાગની સ્ત્રી; કલ્યાણ રાગનો એક ભેદ. તે ગાવાનો વખત સવારે ૯થી ૧૨ ને ઋતુ હેમંત એટલે માગશર અને પોષ માસ છે. આ રાગણી સ્ત્રી જાતિ રૂપે, સુંદર ચળકતા રંગના પોશાકવાળી, ઉપરનાં વસ્ત્રો સફેદ, અંદરનાં કપડાં લાલ, સોળે શણગારમાં સજેલી છતાં પિયુની મહોબતમાં ઇંતેજાર નજરે રાહ જોતી ચંચળ મનવાળી છે. તેનો પુત્ર કવિ છે.

૪. સ્ત્રી. માર મારવો તે.
૧. કમોદ આપવી = માર મારવો.
૨. કમોદ ઝીલવી = માર ખાવો.

કમોદડો (કમોદડ઼ો) પું. કમોદથી ઊતરતી જાતની ડાંગર.

કમોદણહીતુ પું. (ડિંગળ) ચંદ્ર.

કમોદણિ સ્ત્રી. (ડિંગળ) કુમુદિની.

કમોદની સ્ત્રી. કુમુદિની; કમળ. તેની પાંખડીઓ રાત્રે ઊઘડે છે અને દિવસે બિડાય છે.

કમોદવન ન. વૃંદાવન પાસે આવેલ એ નામનું એક વન.

કમોદિક ૧. [સં. કામોદ (એક રાગ) + ક (વાળું)] પું. કામોદ રાગ ગાનાર પુરુષ.
૨. પું. ગવૈયો.

કમોદિની જુઓ કમોદની.

કમોદિયા સ્ત્રી. કમોદ પાકતી હોય એવી જમીન.

કમોદિયું ૧. ન. એક જાતનું લાકડું.
૨. ન. એક જાતનો કંદ.
૩. વિ. જેમાં કમોદ પાકતી હોય એવું.
૪. વિ. સુગંધીદાર.

કમોદિયું ખેતર ન. કમોદ ઉગાડી શકાય એવું ખેતર; કમોદના પાકને લાયક ખેતર.

કમોદિયો ૧. પું. એ નામનો કંદ.
૨. પું. જેમાં કમોદ પાકે એવી જમીન.
૩. પું. સાગટીનું લાકડું.

કમોદિયો રતાળુ પું. રતાળુની એક જાત; સુગંધી રતાળુ.

કમોબેશ [ફા. કમ (ઓછું) + વ (અને) + બેશ (વધારે)] વિ. ઓછુંવધતું; થોડું અથવા ઘણું; આશરે.

કમોબેશી ૧. સ્ત્રી. જમીન વહેંચણમાં ઓછા વધતા ભાગ માટે ભાગીદારોમાં પડતી તકરાર.
૨. [હિં.] સ્ત્રી. વધઘટ.

કમોરી ૧. સ્ત્રી. ઇંઢોણી.
સિરતેં સરકી રે **કમોરી**. દયારામ
૨. સ્ત્રી. નાનું માટીનું વાસણ.

કમોવું સ. ક્રિ. મોણ દેવું; કરમો આપવો.

કમોસમ ૧. સ્ત્રી. કરત; કઋતુ; કદહાડો.
૨. વિ. મોસમ વિનાનું; અયોગ્ય વખતનું.
કમોસમનાં કેટોલાં સ્વાદ નહિ આપે = દરેક વસ્તુ તેને યોગ્ય સમયે સારી લાગે.

કમોહ ૧. સ્ત્રી. (જૈન) ચોરાશી માંહેની એક જ્ઞાતિ.
૨. ન. એ નામની જ્ઞાતિનું માણસ.
૩ વિ. એ નામની જ્ઞાતિનું.

કમ્કા [મ.] વિ. બાકી રહેલું; વધેલું.

કમ્ચી ૧. [તુ.] સ્ત્રી. ડાળી; શાખા.
૨. સ્ત્રી. નાની વળે એવી ડાળી; સોટી.

કમ્મ ૧. પું. એ નામનો એક રાજા. દ્વૈતમત પ્રવર્તક મધ્વાચાર્ય પ્રથમ આ રાજાના મુખ્ય ઉપદેશક અને મંત્રી હતા.
૨. [સં. કર્મન્] પું. (કચ્છી) કામ.
૩. ન. (જૈન) કર્મ; જ્ઞાનાવરણાદિ આઠ કર્મ.
૪. ન. (પ્રાકૃત) કામગીરી.
૫. ન. કામધંધો.

૬. ન. ભાગ્ય; નસીબ.

કમ્મપયડી (કમ્મપયડ઼ી) સ્ત્રી. (પ્રાકૃત) કર્મપ્રકૃતિ.

કમ્મર ૧. સ્ત્રી. જાડી ધાબળી.

૨. સ્ત્રી. પર્વતનો વચલો ભાગ.

૩. [ફા. કમર (ચીજનો વચલો ભાગ)] સ્ત્રી. પેટ અને કરોડની નીચેનો અને બે પગના થાપાઓની ઉપરનો શરીરનો વચલો ભાગ; કટિ; કેડ; કમર.

૧. કમ્મર કસવી = તૈયાર થવું.

૨. કમ્મર તોડવી = બહુ મહેનત લેવી.

૩. કમ્મર પર કાંકરો મૂકી કામ કરવું = આડાઅવળા ચસકાય નહિ એવી સખત મહેનતથી કોઈ કામમાં મંડ્યા રહેવું.

૪. કમ્મર બાંધવી = તૈયાર થવું; જોરનું કે હિંમતનું કામ કરવા તત્પર થવું.

૫. કમ્મર બેસવી-ભાંગવી = (૧) કેડ ઉપર મારવું. (૨) જુસ્સો નરમ પડવો. (૩) નાઉમેદ થવું; આશાભંગ થવું.

૬. કમ્મર ભાંગવી = નિરાશ કરવું; ઉત્સાહભંગ કરવું.

૭. કમ્મરનું ઢીલું = બીકણ; બાયલું.

૮. કમ્મરનો વા = કટિવેદના; કેડમાં થતું દુ:ખ.

૯. કમ્મરમાં જોર = હિંમત.

૪. સ્ત્રી. લશ્કરની એક બાજુ.

કમ્મરપુર વિ. કેડ સુધી પહોંચતું.

કમ્મરસૂત પું. (ડિંગળ) સોના ચાંદીનો કંદોરો.

કમ્મલ ૧. પું. એક જાતનું એરિંગ.

૨. પું. કાનની બૂટમાં પહેરાતી તાડની વીટેલી ચીપ.

૩. પું. ધાબળો.

કમ્મવિવાગ [સં. કર્મવિપાક] પું. (પ્રાકૃત) ત્રીજા કે ચોથા સૈકાના અરસામાં થયેલા શિવશર્માનો રચેલો એ નામનો એક જૈન ગ્રંથ.

કમ્મા ૧. પું. કામકાજ.

૨. પું. તાડના ઝાડનાં પાંદડાં ઉપર લખેલા દસ્તાવેજનો ગોળ વીંટો.

૩. પું. હોશિયારી.

કમ્માલિયત સ્ત્રી. પ્રવીણતા; હોશિયારી.

કમ્મિયા સ્ત્રી. (પ્રાકૃત) અભ્યાસ કરતાં ઉત્પન્ન થયેલી બુદ્ધિ.

કમ્મૂન [અ.] પું. જીરૂં; એક કરિયાણું.

કમ્મૂની [અ.] સ્ત્રી. જેમાં જીરૂં મેળવવામાં આવ્યું હોય એવી દવા.

કમ્મેડી (કમ્મેડ઼ી) સ્ત્રી. (ડિંગળ) કબૂતરની જાતનું એક નાનું પક્ષી.

કમ્યુનિક [અં.] પું. સરકારી વિજ્ઞપ્તિ.

કમ્યૂનિઝમ (કમ્યૂનિઝ઼મ) [અં.] ન. સામ્યવાદ; સામાન્ય સ્વામિત્વ; જીવનઐક્ય; સંઘમાલિકી; સમષ્ટિવાદ.

કમ્યૂનિસ્ટ [અં.] પું. સામ્યવાદી; સમષ્ટિવાદમાં માનનાર.

કમ્ર ૧. વિ. કામી; કામુક; મૈથુનની ઇચ્છાવાળું.

૨. વિ. મનોહર; સુંદર; ખૂબસૂરત.

કમ્રખ ન. એક જાતનું ફળઝાડ. તેનું પીણું ઠંડક આપે છે. ફળનો રસ લૂગડાં ઉપરના ડાઘ કાઢવામાં વપરાય છે. બીજાં શાક સાથે તેને રાંધવાથી સ્વાદ અને પાચનશક્તિ વધારે છે.

કમ્રા પું. ઓરડો.

કમ્હૌ સ્ત્રી. આસામમાં વપરાતી એ નામની એક ભાષા.

કય ૧. સ્ત્રી. ઊલટી.

૨. [અવ.] ન. એ નામનું એક કુળ; કયાંની.

કયખુશરૂ પું. કયાંની કુળનો સૂર્ય.

કયડું (કયડ઼ું) ૧. ન. માંદા માણસને આપવાની રાબ.

૨. ન. સુવાવડીને અપાતી મસાલાવાળી રાબ.

કયડો (કયડ઼ો) ૧. પું. કાઢો; ઉકાળો; ક્વાથ.

૨. પું. ધાતુના વાળાની એક આંટાવાળી વીંટી; ધાતુનો આમળાવાળો વીંટલો.

૩. [સં. કટક (સાંકળનો સાંધો)] પું. પતંગનો ઢઢ્ઢો; પતંગના ચોરસ કાગળને સામસામે ખૂણે આવી રહે તેવી રીતે ચોટાડેલી વાંસની સળી; કનકવાની ઊભી સળી.

૪. પું. સોનીનું એક ઓજાર.

કયતન પું. પ્રયાસ.

કયરાકંધ સ્ત્રી. કેળાંની લૂમ.

કયરી સ્ત્રી. (જૂ. ગુ.) કેરી; આમ્રફળ.

કયવાડનલ (કયવાડ઼નલ) પું. એક જાતના પિતૃ.

કયસરે હિંદ પું. એક જાતનો ખિતાબ.

કયસ્થા [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; કાકોલી.

કયાજી ૧. સ્ત્રી. મેમણની એક અટક.

૨. ન. એ અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કયાડા (કયાડ઼ા) ૧. સ્ત્રી. કણબીની એ નામની એક અટક.

૨. ન. એ અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કયાડીગુચ્છ (કયાડ઼ીગુચ્છ) પું. એક જાતનો સફેદ ફૂલવાળો વર્ષાયુ છોડ.

કયાધુ ૧. પું. (પુરાણ) યયાતિ વંશના ત્રિભાનુના દીકરાનું નામ. તે ઘણો ઉદાર બુદ્ધિનો હતો.

૨. સ્ત્રી. (પુરાણ) જંભાસુરની દીકરી, હિરણ્યકશિપૂની સ્ત્રી અને પ્રહ્લાદની માનું નામ. એ જ્યારે સગર્ભા હતી અને પ્રહ્લાદ પેટમાં હતો ત્યારે હિરણ્યકશિપૂ તપ કરવા ગયો હતો. એ વખતે ઇંદ્રે આવી દૈત્યોને હરાવ્યા અને કયાધુને લઈ સ્વર્ગમાં તે જતો હતો. માર્ગમાં તેને નારદ મળ્યા. તેણે ઇંદ્રને કહ્યું કે એ બાઈના ઉદરમાં જે બાળક છે તે વિષ્ણુતેજવાળો હોવાથી તારો દ્વેષી નથી. આમ કહી ઇંદ્ર પાસેથી તેને છોડાવી ભાગીરથીને તીરે આશ્રમ કરીને રહ્યા અને બાઈને જ્ઞાનનો ઉપદેશ કર્યો. પ્રહ્લાદે તે ઉપદેશ ગર્ભમાં રહીને સાંભળ્યો અને તેથી તે મોટો ભગવદ્ભક્ત થયો. કયાધુ સ્ત્રીસ્વભાવને લીધે ઉપદેશ ભૂલી ગઈ.

કયાધૂ જુઓ કયાધુ ૨.

કયામ (ક઼યામ) ૧. [અ.] પું. વિશ્રામ.

૨. પું. વિશ્રામસ્થાન.

૩. પું. સ્થિરતા; નિશ્ચય.

કયામત (ક઼યામત) ૧. પું. આફત; વિપત્તિ.

૨. પું. પ્રલય.

૩. [અ. કિઆમત] ન. ઇન્સાફનો દિવસ; મહાપ્રલય પછી બધા જીવને જીવતા કરી તેમનાં સારાં નરસાં કર્મનો બદલો આપવાનો દિવસ; મુસલમાન, ખ્રિસ્તી અને યહૂદીની માન્યતા પ્રમાણે સૃષ્ટિનો છેલ્લો દિવસ. આ દિવસે બધાં મુડદાં ઊઠીને એકાં થઈ ઈશ્વર સામે પોતાનાં કર્મનો હિસાબ આપશે એમ તેઓ માને છે.

કયારસોરૂ અ. કયે વખતે.

કયાલ [હિં.] વિ. ખળાનું અનાજ વગેરે તોળનાર કે ભરનાર.

કયાસ ૧. [અ. કયાસ] પું. અટકળ; અનુમાન.

૨. પું. અભિપ્રાય.

૩. પું. કલ્પના.

બેકયાસ = અકલ્પનીય; અપાર.

૪. પું. તુલના; ધારણા; વિચાર.

કયાંની [અપ.] પું. એ નામનું એક કુળ.

કયાંહિક અ. કોઈ ઠેકાણે.

કયુ પું. (કચ્છી) એક જાતનો છોડ; કાળો અરડૂસો.

કયું ૧. [સં. કિમ] સ. કોણ; શું; એક પ્રશ્નવાચક સર્વનામ.

૨. વિ. શું.

૩. સ. ક્રિ. કહ્યું.

કયુંનું અ. ક્યારનું; ઘણા વખતથી.

કયૂઓન પું. વાયવ્ય પ્રાંતના તાબાનો એક પ્રાંત. તેની અલકંદા નદીની રેતીમાં સોનું તેમ જ કેદારનાથ તરફ ગ્રેનાઇટ પથ્થર મળે છે. તેની આસપાસમાં લોઢાની ખાણો છે.

કયૂરેસો ન. મધ્ય અને દક્ષિણ અમેરિકમાંનું એક જાતનું પક્ષી. તેની ચાંચ ઉપર કલગી જેવો તુરો હોય છે, અને ચાંચની ઉપરની બાજુએ બે આંખ હોય છે.

કયેદ [અ.] સ્ત્રી. બેડી; ગુલામી; અડચણ.

૧. કયેદખાના = તુરંગ; બંદીખાનું.

૨. કયેદે મહઝ = આસાન કેદ.

૩. કયેદે સખ્ત = સખ્ત મજૂરી સાથની કેદ.

કયેદી [અ.] પું. કેદી.

કયેસર [અ.] પું. શહેનશાહ; બાદશાહ.

કયેસા ૧. અ. કેમ; કેવી રીતે.

૨. અ. કેવી જાતનું.

૩. અ. કોના જેવું.

૪. અ. શા માટે.

કયેં અ. ક્યારે.

કયેંચી [અ.] સ્ત્રી. કાણું પાડવાનું ઓજાર.

કય્યાર પું. એક જાતનું હથિયાર.

કય્યાલ [અ.] પું. જોખનાર; અનાજ માપનાર.

કય્યાલી [અ.] સ્ત્રી. અનાજ જોખવા માટે જોખનારને આપવી પડતી રકમ.

કર ૧. પું. (જ્યોતિષ) અઠ્યાશી માંહેનો એક ગ્રહ.

૨. પું. કરો; કુદરતી બરફની નાની કટકી.

૩. પું. કિરણ; રશ્મિ.

અંશુ ગભસ્તિ મયુખ કર ગો મરીચિ વસુ જોત,
રશ્મિ પશરી સૂરની, જગમગ જગમગ હોત.

પિંગળલઘુકોષ

૪. પું. ખરાબ દિવસ; અપવિત્ર દિન.

૫. પું. ખંડણી.

૬. પું. ગામડાના અમલદારો અને નોકરોનો નક્કી કરેલ પગાર.

૭. પું. ગ્રહણનો બીજો દિવસ.

૮. પું. ચોવીસ અંગૂઠાની લંબાઈ જેટલું એક માપ.

૯. પું. (વ્યાકરણ) છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય.

૧૦. પું. દાપું; બ્રાહ્મણ કે ભાટનો લાગો.

કર ઘાલવો = દાપું બેસાડવું.

૧૧. પું. દેવદેવીનાં નૈવેદ્ય.

૧. કર રહી ગયા = (૧) નૈવેદ્ય કરવાં રહી ગયાં. (૨) શરીર નબળું થઈ ગયું.

૨. કરના વાળ = દેવદેવીનાં નૈવેદ્ય થતાં સુધી આખે માથે અથવા માથાના અમુક ભાગમાં રાખવામાં આવતા બાળમોવાળા.

૧૨. પું. નામ બનાવનાર એક પ્રત્યય. જેમકે, વણકર.

૧૩. પું. પથ્થર.

૧૪. પું. બળ.

૧૫. પું. બાળમોવાળા ઉતરાવવાનો પ્રસંગ.

૧૬. પું. બેની સંજ્ઞા; બે સૂચક સાંકેતિક શબ્દ, કેમકે હાથ બે હોય છે.

૧૭. પું. ભાડું; કિરાયું.

૧૮. પું. ભાવવાચક નામ ઉપરથી વિશેષણ બનાવનાર એક પ્રત્યય. જેમકે, સુખકર, દુઃખકર.

૧૯. પું. યુક્તિ; છળ.

૨૦. પું. રસ્તાદસ્તુરી; પથશુલ્ક.

૨૧. [મ.] પું. રહેનાર અથવા વસનાર એવા અર્થનો પ્રત્યય. જેમકે, પુણેકર (પુણાનો રહેવાસી), થાણેકર (થાણામાં વસનાર), મુધોલકર.

૨૨. પું. વિઘોટી; મહેસૂલ.

જેને કર નહિ તેને ડર શાનો ? = જેણે ગુનો કરેલ નથી તેણે બીવું શા માટે જોઈએ ?

૨૩. પું. વેરાથી થતી ઊપજ.

૨૪. પું. વેરો; લાગો; જકાત.

૧. કર નાખવો-બેસાડવો = વેરો નાખવો.

૨. કર લેવો = વેરો ઉઘરાવવો.

૩. કર નાખનારો જાય, પણ કર ન જાય = એક વખત નાખેલો કર ભાગ્યે જ રદ થાય છે; પડેલું લાકડું નીકળે નહિ.

૨૫. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૨૬. પું. શ્વેત ઘોડો.

૨૭. પું. સીખ લોકોથી હાથે પહેરાતું કડું.

૨૮. પું. સુખ.

૨૯. પું. હક્ક.

૩૦. પું. (જ્યોતિષ) હસ્ત નક્ષત્ર.

૩૧. [સં.] પું. હાથ; હસ્ત; કાંડાથી નીચેનો હાથનો આંગળીઓવાળો ભાગ.

હસ્ત બાહુ ભુજ પાતિ કર, ધરે ગાલ પર વામ;
કમળ નાળ પર મુખ શશી, જાણે કરે આરામ,

પિંગળલઘુકોષ

૩૨. પું. હાથીની સૂંઢ.

૩૩. પું. હેતુ.

૩૪. [સં. કટિ] સ્ત્રી. કેડ; કમર.

૩૫. સ્ત્રી. વાંસો.

૩૬. ન. વિષ.

કર ગજ પુરકર હસ્તકર કર કહિયે કરબાન,
કર વિષ સમજી જગતને ભજ હરિ અમ્રત સમાન.

પિંગળલઘુકોષ

૩૭. [ફા.] વિ. બહેરૂં.

૩૮. અ. કરીને.

૩૯. અ. સ્વસ્તિ.

કરઅમાલકવેધ પું. બંદૂકનો એક પ્રયોગ; હાથમાં પકડેલા લક્ષ્યનો એવી રીતે વેધ કરવો કે જેથી હાથને ઈજા ન થાય.

કરઇ ૧. પું. ઓરડો.

૨. અ. ક્રિ. (જૂ. ગુ.) કર ક્રિયાપદનું જૂનું રૂપ; કરે.

સાહામી સાહામી ગૂખ વિશાલ,
કરઇ આલોચ હાથિ દઈ તાલ.

બિ. પં.

કરઉઘાઉ પું. કર ઉઘરાવનાર.

કરઋદ્ધિ [સં.] સ્ત્રી. એ નામનું એક વાજિંત્ર; ઝાંઝ.

કરક ૧. પું. એ નામનો એક ભક્ત કવિ. તે જાતે ખત્રી હતો. તેનું નામ હરકિસનદાસ હતું. પણ પોતાની કર્ક રાશિ ઉપરથી પોતાનું કરક ઉપનામ રાખી તેણે ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યનાં અનેક પદ રચ્યાં છે. તેનાં અમુક પદ કરકકાવ્ય નામે પ્રગટ થયાં છે.

૨. પું. એક જાતનું પક્ષી.

૩. [સં. કર્ક] પું. કરચલો.

૪. પું. કરવો; કરવડા જેવું એક વાસણ; ઝારી.

૫. પું. (જ્યોતિષ) કર્ક રાશિ.

૬. પું. ખાખરાનું ઝાડ.

૭. પું. ઢગલો.

૮. પું. દાડમનું ઝાડ; દાડમી.

૯. [હિં.] પું. દુઃખ; દુખાવો; પીડ.

૧૦. પું. મહાભારતમાં જણાવેલ એક પ્રાચીન દેશ.

૧૧. પું. મેઘનો કરો; જામેલું પાણી.

૧૨. પું. લાગો; વેરો.

૧૩. પું. (ડિંગળ) હાડપિંજર.

૧૪. પું. હાથ.

૧૫. ન. કમંડલ; સંન્યાસીનું જલપાત્ર.

૧૬. ન. કરમદાનું ઝાડ.

૧૭. ન. કરંજનું ઝાડ.

૧૮. ન. કારસું દરદ.

૧૯. ન. કેરડાનું ઝાડ.

૨૦. ન. કોવિદારનું વૃક્ષ.

૨૧. ન. દાડમ.

રક્તબીજ દાલિમ કરક શુકપ્રિય કુદ્રિમ માર;
એ દાડમના બીજને મળતા દશનાકાર.

પિંગળલઘુકોષ

૨૨. ન. પાણીના વાસણ તરીકે વપરાતી નાળિયેરની કાચલી.

૨૩. ન. બોલસરી.

૨૪. ન. શરીર.

૨૫. ન. સસલું.

કરકકાવ્ય ન. કરક નામના ભક્ત કવિએ રચેલ પદોના સંગ્રહનું એ નામનું પુસ્તક.

કરકચ ૧. [સં.] પું. (જ્યોતિષ) એ નામનો એક યોગ.

૨. ન. એ નામની એક ઔષધિ.

૩. ન. એક જાતનું મીઠું; દરિયામાં વરાળથી પાકેલું મીઠું.

૪. ન. કાંકચનું ઝાડ.

૫. [યૂ.] ન. કેસર.

કરકચતુર્થી ૧. સ્ત્રી. આસો વદિ ચોથ.

૨. સ્ત્રી. કાર્તિક વદિ ચોથ.

કરકચતુર્થીવ્રત [સં.] ન. કાર્તિક વદિ ચોથને દિવસે સ્ત્રીઓથી કરાતું એ નામનું વ્રત. તેમાં ગણેશ અને પાર્વતીનું પૂજન થાય છે. દક્ષિણમાં આ વ્રત આસો વદિ ચોથને દિવસે થાય છે.

કરકચો પું. એક વનસ્પતિ; કાચકો.

કરકજાતીય પું. કરકદેશમાં જન્મેલ માણસ.

કરકટ ૧. પું. કરચલો.

૨. પું. કંપાસ.

૩. પું. કૂકડો.

૪. પું. કુમાર પક્ષી.

૫. [હિ] પું. ઝાડનાં ખરી પડેલ પાનનો ઢગલો; કતવાર.

૬. સ્ત્રી. ચોમાસામાં થતી એક વનસ્પતિ.

કરકટિકા સ્ત્રી. (ડિંગળ) કાકડી નામનું ફળ.

કરકટિયો ૧. પું. બખ્તર પહેરેલો યોદ્ધો.

૨. પું. લાકડાં વહેરનાર પુરુષ.

૩. વિ. બખ્તરધારી.

કરકટી ૧. સ્ત્રી. કરચલી.

૨. સ્ત્રી. (ડિંગળ) કાકડી નામનું ફળ.

૩. સ્ત્રી. કુમારપક્ષિણી.

૪. સ્ત્રી. કૂકડી.

૫. સ્ત્રી. (જૂ. ગુ.) જૂના વખતનું લડાઈનું એક હથિયાર.

૬. સ્ત્રી. પ્રાચીન કાળમાં ફાંસીના કેદીને પહેરાવવામાં આવતું એક જાતનું વસ્ત્ર.

૭. સ્ત્રી. શબ ઊચકી જવાની ખાટલી; ઠાઠડી; નનામી; જનાજો; શબવાહિકા.

કરકટીઓ પું. બખ્તર પહેરેલ લડવૈયો; બખ્તરિયો.

કરકઠી સ્ત્રી. ઠાઠડી; જનાજો.

કરકઠોળ ન. જુદી જુદી જાતનું કઠોળ; પરચૂરણ કઠોળ.

કરકડ (કરકડ઼) [સં. કર્કટ] પું. કડકડ થતો અવાજ.

કરકડતું (કરકડ઼તું) ૧. વિ. ઊકળતું.

૨. વિ. કડકડ અવાજ કરતું.

કરકડવડી (કરકડ઼વડ઼ી) ૧. સ્ત્રી. ખારી અને તીખી કડકડ થતી એક જાતની વડી.

૨. અ. છટાબંધ; ઝપાટાબંધ; વગર આંચકે.

કરકડવું (કરકડ઼વું) ૧. અ. ક્રિ. ધ્રૂજવું.

૨. અ. ક્રિ. નમવું; કડકડ એમ અવાજ થવો.

૩. અ. ક્રિ. બહુ ઊનું થઈ ઊકળવું.

કરકડાટ (કરકડ઼ાટ) ૧. પું. કડકડ કરતો અવાજ.

૨. અ. એકદમ; સડસડાટ; સપાટાબંધ.

કરકડી (કરકડ઼ી) ૧. સ્ત્રી. કકડી; કટકી.

૨. સ્ત્રી. હાથનાં આંગળાંને મરડવાથી ફૂટતો ટચાકો.

કરકડું (કરકડ઼ું) વિ. આકરૂં.

કરકડો (કરકડ઼ો) પું. કટકો; ટુકડો.

કરકદેશીય ૧. પું. કરક નામના દેશના લોક.

૨. વિ. કરક નામના દેશનું.

કરકનાથ [સં. કર્કરેટુ] પું. એક કાળું જળચર પક્ષી. તેનાં હાડકાં પણ કાળાં હોવાનું મનાય છે.

કરકપાત્રિકા [સં. કરક (કમંડળ) + પાત્રિકા (વાસણ)] સ્ત્રી. કમંડળરૂપી પાત્ર.

કરકપાલી દ્વિરેફ ન. પર્ણપદી વર્ગનું તળાવમાં રહેતું એક પ્રાણી; 'કાપ્ટસેફેલસ ડાયેફનસ'.

કરકમ [ફા.] ન. જાફરાન; કેસર.

કરકમળ [સં. કર (હાથ) + કમલ (કમળનું ફૂલ)] પું. કમળ જેવો શોભીતો હાથ; હાથરૂપી કમળ.

કરકમીન પું. હલકો નોકર.

કરકર ૧. પું. કેરડાનું ઝાડ.

૨. પું. ક્ષુધા વાયુ; ભૂખ લગાડનાર વાયુ.

૩. પું. (ડિંગળ) વાંસનો અંકુર.

૪. સ્ત્રી. અદેખાઈ; ઈર્ષા; દ્વેષ; ખાર.

૫. સ્ત્રી. એ નામની કણબીની એક અટક.

૬. સ્ત્રી. એક જાતનું લીટીવાળું જાડું સૂતરાઉ કાપડ.

૭. [સં. કર્કર] સ્ત્રી. ઝીણી કાંકરી.

આંખમાં કરકર હોવી = (૧) અદેખાઈ કરવી. (૨) આંખમાં કણું હોવું.

૮. સ્ત્રી. સ્ત્રીઓના ચણિયા બનાવવા માટે વપરાતું જાડું કાપડ.

૯. સ્ત્રી. (ડિંગળ) હાડકું; હડ્ડી; અસ્થિ.

૧૦. ન. કણબીની એ નામની અટકનું માણસ.

૧૧. વિ. કણબીની એ નામની અટકનું.

૧૨. વિ. કરકરિયાંવાળું.

૧૩. [હિ. કરના] અ. કરીને.

૧૪. અ. કોઈ ચીજ કાપતાં થતો અવાજ.

૧૫. અ. વિચારપૂર્વક.

કરકર પાંચમ સ્ત્રી. કાર્તિક માસની અજવાળી પાંચમ. તે દિવસ લોકો ઘરમાંથી કચરો કાઢે અને પૂરી ખાય.

કરકરવટ ન. વ્યાજુ ધીરધાર કરવાનો ધંધો.

કરકરવડી (કરકરવડ઼ી) સ્ત્રી. રાંધેલા ચોખામાંથી બનાવેલ એક જાતની વાની; ફરફર. તે ચાવવાથી કરકર અવાજ થાય છે.

કરકરા ૧. [યૂ.] પું. એક જાતનું પક્ષી; ચક્રાવતી.

૨. [અ.] પું. ખૂબ હસાહસ.

૩. પું. ખોટો સિક્કો.

કરકરાક પું. ભોજનની ગોઠવણ કરનાર.

કરકરાવવું ૧. સ. ક્રિ. કકરાવવું; કાકર કઢાવવા.

૨. સ. ક્રિ. જરાક જાડું રહે તેમ કરવું.

કરકરાવું અ. ક્રિ. મરઘીની પેઠે અવાજ કરવો.

કરકરાસીંગી [હિં.] સ્ત્રી. એક જાતની દવા.

કરકરાહટ ૧. સ્ત્રી. આંખમાં કાંકરી પડવાથી થતી પીડા.

૨. સ્ત્રી. કડાકો; ફડાકો.

૩. [હિં.] સ્ત્રી. ચીરો પડવો તે.

કરકરિયાવર [કર (હક્ક) + કરિયાવર (ભેટ)] પું. કન્યાના લગ્ન પ્રસંગે કરેલો આપવા લેવાનો ઠરાવ; રીત; પહેરામણી; કન્યાને પરણાવતાં અને પરણાવ્યા પછી તેને અને તેના વરને રીત મુજબ જે કાંઈ આપવું પડે તે.

કરકરિયાં ન. બ. વ. ઝીણાં કાંકર; કાંગરી.

કરકરિયું ન. ઘઉંનો લોટ, ઘી અને ગોળની એક બનાવટ.

કરકરી વિ. આકરૂં; તીવ્ર.

કરકરું ૧. વિ. કર્કશ; કઠોર.

૨. વિ. કોરૂં.

૩. વિ. ખરબચડું; બરછટ.

૪. વિ. ખરાબ; માઠું.

૫. વિ. ચંચળ; ચાલાક.

૬. [સં. કર્કર (સખ્ત)] વિ. ઝીણી કણીદાર લાગતું હોય એવું; રવાદાર; ઝીણી કાંકરી જેવું લાગતું.

૭. વિ. તીવ્ર; આકરા સ્વભાવનું.

કરકરેજ ન. એક જાતનું ફળ.

કરકર્ષ પું. (પુરાણ) સોમવંશી શિશુપાળ રાજાના એક દીકરાનું નામ.

કરકલશ [સં. કર (હાથ) + કલશ (ઘડો)] પું. ખોબો; અંજલિ; હાથરૂપ કળશ.

કરકલો પું. પાણીમાં થતું એક બહુપગું જળચર; કરચલો.

કરકલ્લા ન. કરાચી શહેરનું પ્રાચીન નામ. મેગેસ્થિનીસે તેને ક્રોકલ કહ્યું છે.

કરકવારિ ન. વરસાદના કરાનું પાણી.

કરકવું ૧. અ. ક્રિ. ટૂકડા થઈ જવા.
૨. અ. ક્રિ. છાતીમાં કારી ધા થવો.
૩. અ. ક્રિ. દુઃખવું.

કરકશ ૧. [સં. કર્કશ] વિ. કઠોર; કઠણ; સખત.
૨. વિ. કડવાબોલું.
૩. વિ. ચિડિયું.
૪. વિ. નઠારા સ્વભાવનું.

કરકશા ૧. [સં. કર્કશા] સ્ત્રી. કજિયાખોર સ્ત્રી; વઢવાડિયેણ.
૨. વિ. સ્ત્રી. કર્કશા.

કરકસર [સં. કર (હાથ) + કૃષ્ (ખેંચવું)] સ્ત્રી. હાથ ખેંચીને વાપરવું તે; સંભાળીને જરૂર જેટલું જ ખર્ચ કરવું કે થવા દેવું તે; ત્રેવડ.

કરકસરખાતું ન. રાષ્ટ્રીય દ્રવ્યનો મિતવ્યય કરવાને લગતું મંડળ.

કરકસરશાસ્ત્રી પું. અર્થશાસ્ત્રમાં નિષ્ણાત માણસ.

કરકસરિયું વિ. કરકસર કરનારૂં; કોસરિયું; મિતવ્યયી.

કરકસંક્રાંતિ [સં. કર્ક (એક રાશિ) + સંક્રાંતિ (જવું તે)] સ્ત્રી. (જ્યોતિષ) કર્ક રાશિમાં સૂર્યનું આગમન.

કરકસા ૧. [સં. કર્કશા] સ્ત્રી. કજિયાળી સ્ત્રી.
૨. વિ. સ્ત્રી. કજિયાખોર; લડે એવી.

કરકસૂર સ્ત્રી. ભૂલચૂક.

કરકંકણ [સં. કર (હાથ) + કંકણ (હાથનું ઘરેણું)] ન. હાથમાં પહેરવાનું કડું.

કરકંકણન્યાય [સં. કર (હાથ) + કંકણ (હાથનું ઘરેણું) + ન્યાય (દૃષ્ટાંત)] પું. હાથમાં રહેલા કંકણના દૃષ્ટાંતને સૂચવનારો ન્યાય; નજીકનું દૃષ્ટાંત. કંકણ કહેવાથી હાથનું ઘરેણું સમજાય છે, એટલે કર શબ્દ કહેવાની જરૂર રહેતી નથી, છતાં કરકંકણ કહેવાય છે. આવો જ્યાં અભિપ્રાય હોય ત્યાં આ ન્યાય વપરાય છે.

કરકંકન પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે ષટ્પદી છપ્પયનો એક ભેદ છે. તેને કનકછંદ પણ કહે છે.

કરકંગન સ્ત્રી. હાથની ચૂડી; બંગડી.

કરકંટક [સં. કર (હાથ) + કંટક (કાંટો)] પું. નખ.

કરકંઠ પું. અઠ્ઠાણુ માંહેનો એક દેશ.

કરકંદલ [સં. કર (કિરણ) + કંદલ (સમૂહ)] પું. કિરણનો જથ્થો.

કરકા ૧. પું. પહેલો વરસાદ.
૨. [હિં.] પું. યુદ્ધનું ગીત.
૩. પું. વર્ષાકાલ; વરસાદની મોસમ.
૪. પું. હાડકું.
૫. પું. બ. વ. કરા; શિલાવૃષ્ટિ.
૬. સ્ત્રી. એક જાતનું પક્ષી.
૭. સ્ત્રી. વરસાદનો કરો.

કરકાક્ષ પું. (પુરાણ) ભારતના યુદ્ધમાં દુર્યોધન પક્ષનો એ નામનો એક રાજા.

કરકાચતુર્થી સ્ત્રી. કાર્તિક માસની અંધારી ચોથ.

કરકાજ [સં. કરકા (વરસાદનો કરો) + જ (જન્મેલ)] ન. વરસાદના કરામાંથી થતું પાણી.

કરકાજલ [સં. કરકા (વરસાદનો કરો) + જલ (પાણી)] ન. વરસાદના કરામાંથી થતું પાણી.

કરકાટક ૧. ન. ચિત્રકામ કરવામાં વપરાતી પીછી.
૨. ન. વર્તુળ કાઢવાનું ઓજાર; કંપાસ.

કરકાટિયું વિ. સુક્કલકડી; સુકાયેલ શરીરનું; હાડપિંજર જેવું.

કરકાપિલી સ્ત્રી. થડ અને ડાળી ઉપર કાંટાવાળું એક જાતનું ઝાડ. તેનાં પાન બોરડીનાં પાનથી નાનાં અને લંબગોળ હોય છે. તેને ગોળ વાંકડા કાતરા આવે છે.

કરકાભવ [સં. કરકા (વરસાદનો કરો) + ભવ (થવાપણું)] ન. દિવ્યજળનો એક પ્રકાર.

કરકાયુ [સં.] પું. ધૃતરાષ્ટ્રનો એ નામનો એક દીકરો.

કરકારૂ ન. (ડિંગળ) કોળું; કુષ્માંડ.

કરકાવૃષ્ટિ [સં. કરકા (વરસાદનો કરો) + વૃષ્ટિ (વરસાદ)] સ્ત્રી. વરસાદની સાથે કરાનું વરસવું તે; કરાનો વરસાદ.

કરકાસાર [સં.] પું. શિલાવૃષ્ટિ; કરાનો વરસાદ.

કરકિમાસ [યૂ.] ન. કેસર.

કરકિસલય [સં. કર (હાથ) + કિસલય (કૂણગો)] પું. કોમળ હાથ; કમળના જેવો હાથ.

કરકી [યૂ.] સ્ત્રી. કુલંગ પક્ષી.

કરકુલા પું. ઊકરડા કે ભીની જમીન ઉપર ઊગતો એક જાતનો છોડ. તેને અળવીની માફક એકેક પાન થાય છે.

કરકું ૧. [સં. કરક] ન. અસ્થિ; હાડકું.
૨. ન. પીઠ ઉપરનું બહાર દેખાતું હાડકું.

કરકૂટ પું. અઠ્ઠાણુ માંહેનો એ નામનો એક દેશ.

કરકૂર્ચ્ચાંતરીય સંધિ પું. હાથના કાંડામાંનાં નાજુક હાડકાંનો સાંધો. દરેક હાથના કાંડામાં બે હારમાં ગોઠવાયેલ આઠ કૂર્ચ્ચાસ્થિ છે. દરેક હારમાં ચાર ચાર રહેલાં છે. આમાંનાં ઊપલી હારમાંનાં નૌનિભ, અર્દ્ધચંદ્ર અને ઉપલક એ ત્રણ મણિબંધ સંધિમાં ભાગ લે છે અને વર્તુલક તે સંધિની બહાર રહે છે. ઉપલી હારમાંનાં ત્રણ હાડકાં ચાર સ્નાયુ વડે અને નીચલી હારમાં રહેલાં ચાર કૂર્ચ્ચાસ્થિ પાંચ સ્નાયુ વડે પરસ્પર જોડાયેલ છે. બંને હારમાં રહેલાં કૂર્ચ્ચાસ્થિઓને પરસ્પર જોડનારા સ્નાયુ ચાર છે.

કરકૂર્ચ્ચાસ્થિ ન. હાથનું નાજુક હાડકું.

કરકોચલી સ્ત્રી. કરચલી; કરચોલી; વસ્તુની સપાટીનું સંકોચાવું તે.

કરકોટ ન. એક જાતનું માછલી પકડનારૂં પક્ષી; પળીકોલા; માહીગીર.

કરકોટક પું. નળરાજાને વરદાન આપનાર એ નામનો એક નાગ.

કરકોટકી સ્ત્રી. કંટોલાનો વેલો.

કરકોદક ન. એક જાતનું ઝવેરાત.

કરકોલ સ્ત્રી. ચોમાસામાં થતી એક વનસ્પતિ. જુઓ કકરોલ.

કરકોલવું ૧. સ. ક્રિ. અંદરથી ખોતરવું.
૨. સ. ક્રિ. ધીમે ધીમે કોતરી ખાવું; કોરી ખાવું.

કરકોલે ૧. અ. ઓધવાડે.
૨. અ. વંશમાં ઉત્તરોત્તર.

કરકોશ જુઓ કરકોષ.

કરકોષ [સં. કર (હાથ) + કોષ (ગોખલો)] પું. ખોબો; અંજલિ; કરપુટ; હાથ જોડીને બનાવેલી અંજલિ.

કરકોસર સ્ત્રી. કરકસર; ત્રેવડ.

કરકોસીર જુઓ કરકોસર.

કરકૌશલ્ય [સં. કર (હાથ) + કૌશલ્ય (હોશિયારી)] ન. હાથચાલાકી; હાથની હોશિયારી.

કરક્ષા ૧. સ્ત્રી. છિનાળ; બદચાલવાળી સ્ત્રી.

૨. સ્ત્રી. વઢકણી સ્ત્રી; કજિયાળી બાઈ.

૩. સ્ત્રી. શંખણી.

૪. સ્ત્રી. સ્ત્રીઓને દેવાતી એક ગાળ.

કરખ ૧. [સં. કૃષ્ (ખેંચવું)] પું.; ન. તાણ; મુશ્કેલી.

૨. પું.; ન. દુઃખ; શોક.

કરખે હરખે અનુભવ કશા,
આકાશ ઉદરમાં વરતે દશેદશા. અખો

કરખા ૧. પું. યુદ્ધનું ગીત.

૨. સ્ત્રી. (પિંગળ) સાડત્રીસ માત્રાનો એક માત્રામેળ છંદ. તેમાં ૮, ૧૨, ૮ અને ૯ માત્રાએ યતિ એટલે વિસામો આવે છે. રણપિંગળમાં તેની વ્યાખ્યા એમ છે કે:

આઠ પર પ્રથમ, પછી બાર પર યતિ કરી,
આઠ પર આણી, નવ ઉપર કરજે,
એમ યતિ ચાર, કલ ત્રીશ ને સાતમાં,
પ્રતિ પદે થાય, ઉર એમ ધરજે;
એક પછી પાંચ, પર તાલ ચડતા રચી,
સકળ મળી આઠ, ઠિક તાલ રાજે,
થાય છે સરસ, કરખા ભલી ભાતની,
પ્રભુ તણા ગુણ, તે માંહ ગાજે.

કરખી ૧. [સં. કૃષ્ (ખેડવું)] પું. ખેડૂત; કૃષિકાર; ખેતી કરનાર.

૨. પું. ખેતી; કૃષિ.

કરખેલીઆ ૧. સ્ત્રી. બ્રાહ્મણની એક જાત.

૨. ન. બ્રાહ્મણની એ જાતનું માણસ.

૩. વિ. બ્રાહ્મણની એ નામની જાતનું.

કરખોલી સ્ત્રી. ભેજવાળા પ્રદેશમાં ઊગતી એક વેલ.

કરખ્ત (કરખ્ત) [ફા.] વિ. આકરૂં; ઉગ્ર; સખ્ત; કઠણ.

કરખ્તગી (કરખ્તગી) [ફા.] સ્ત્રી. ઉગ્રતા; આકરાપણું.

કરખ્તી (કરખ્તી) જુઓ કરખ્તગી.

કરખ્યાપન [સં. કર (વેરો) + ખ્યાપન (જણાવવું તે)] ન. કરજ્ઞાપન; આકારની સુનાવણી; કરની પ્રસિદ્ધિ.

કરગ ૧. પું. (ડિંગળ) પંજો; કરાગ્ર.

૨. પું. હાથ.

કરગટી સ્ત્રી. ઠાઠડી.

કરગઠડા (કરગઠડા) ૧. સ્ત્રી. સુતારની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણુસ.

૩. વિ. એ નામની અટકનું.

કરગઠડી (કરગઠડી) સ્ત્રી. ઠાઠડી; નનામી.

કરગઠિયું ન. બાવળ વગેરેના લાકડાનો ઝીણો નાનો કટકો; બળતણ તરીકે વપરાતું બાવળ વગેરેનું પાતળું લાકડું.

કરગઠી સ્ત્રી. ઠાઠડી.

કરગડી (કરગડી) ન. ખેતીનું એક ઓજાર.

કરગત [સં. કર (હાથ) + ગત (પહોંચેલું)] વિ. હાથમાં આવેલું; પ્રાપ્ત થયેલું.

કરગથરા જુઓ કરગઠડા.

કરગથીઆ જુઓ કરગઠડા.

કરગદન [યૂ.] પું. ગેંડો.

કરગર ૧. સ્ત્રી. અદેખાઈ; દ્વેષ; ઝેર.

૨. સ્ત્રી. કરકર; ઝીણી કાંકરી; રજ.

૩. સ્ત્રી. (જૂ. ગુ.) ટકટક; કટકટ; લવારો.

કુહુ કાકા **કરગર** શી કરૂ,
શૂં કિહિશૂ તેડી નિઅર હુ. લાવણ્યસમય

કરગરવું ૧. અ. ક્રિ. ઘણી ગરીબાઈથી કાલાવાલા કરવા; આજીજી કરવી.

૨. અ. ક્રિ. દયા માગવી; માફી માગવી.

૩. અ. ક્રિ. બહુ દીનતાથી યાચવું.

કરગરાટ ૧. પું.; સ્ત્રી. કાલાવાલા; આજીજી.

૨. પું.; સ્ત્રી. બહુ દીનતાથી કરાતી યાચના.

૩. પું.; સ્ત્રી. માફી માગવી તે.

કરગરાશ સ્ત્રી. ખાડા ટેકરા જેવી ઊંચીનીચી ખરબચડી કોતરણ.

કરગરી સ્ત્રી. એક જાતનું ઘરેણું; બુટી. આ દાગીનો પુરુષો કાનમાં પહેરે છે.

કરગરૂં ૧. વિ. કસ્તરવાળું; ઝીણી કાંકરીવાળું.

૨. વિ. જાડું; ઝીણી કાંકરી જેવું.

૩. વિ. તીવ્ર; ચંચળ.

કરગવું અ. ક્રિ. કાલાવાલા કરવા; આજીજી કરવી; કરગરવું.

કરગસ ૧. [ફા.] પું. ગીધ.

૨. સ્ત્રી. કણ.

૩. સ્ત્રી. કરચ.

૪. સ્ત્રી. મેલ; કચરો.

૫. સ્ત્રી. રજ; કરકર; કસ્તર.

કરગહી પું. શાળ ઉપરનો કર.

કરગાહ ૧. [ફા.] પું. વણકરની શાળ.

૨. પું. વણકરે કામ કરતી વખત પગ રાખવાનો જમીન માંહેનો ખાડો.

કરગેયા સ્ત્રી. (પુરાણ) દિનાજપુર અને રંગપુર જિલ્લામાં થઈને વહેતી એ નામની નદી; બંગાળ અને કામરૂપ દેશની સીમા રૂપ નદી.

કરગ્રહ ૧. [સં. કર (હાથ) + ગ્રહ્ (લેવું)] પું. પાણિગ્રહણ; લગ્ન; વિવાહ; હસ્તમેળાપ.

૨. [સં. કર (વેરો) + ગ્રહ્ (લેવું)] પું. પ્રજા પાસેથી કર લેવો તે; વેરો નાખવાપણું.

૩. પું. હાથ પકડવો તે; આશ્રય આપવાપણું.

૪. પું. હાથથી ધારણ કરવું તે.

કરગ્રહણ જુઓ કરગ્રહ.

કરગ્રહન [સં. કર (હાથ) + ગ્રહ્ (લેવું) + અન (પણું)] ન. પાણિગ્રહણ; વિવાહ.

પત્ની સેવન **કરગ્રહન** ઉદ્વાહ વ્યાહ વિવાહ;
સાંત પરી થાતાં લગી, બહુ દુઃખ દેતી નાહ.
પિંગળલઘુકોષ

કરગ્રહારંભ ૧. [સં. કર (વેરો) + ગ્રહ્ (લેવું) + આરંભ (શરૂઆત)] પું. પ્રજા પાસેથી કર લેવાની શરૂઆત.

૨. [સં. કર (હાથ) + ગ્રહ્ (લેવું) + આરંભ (શરૂઆત)] પું. વિવાહનો આરંભ; લગ્નની શરૂઆત.

કરગ્રાહ જુઓ કરગ્રાહી.

કરગ્રાહક [સં.] પું. કર ઉઘરાવનાર.

કરગ્રાહી ૧. [સં. કર (હાથ) + ગ્રાહિન્ (ઝાલનાર)] પું. પતિ; હાથ ગ્રહણ કરનાર પુરુષ; ભર્તાર.

૨. [સં. કર (વેરો) + ગ્રાહિન્ (લેનાર)] પું. વેરો ઉઘરાવનાર અમલદાર.

૩. વિ. આશ્રય આપનાર.

૪. વિ. કર ઉઘરાવનાર; રાજાનો કર લેનાર.

૫. વિ. હાથ ગ્રહણ કરનાર.

કરઘટી ૧. ન. એક જાતનું સુંદર નાનાં પાનવાળું ઝાડ.

૨. વિ. સ્ત્રી. પાણી હાથે લેવાય તેવી.

કરઘર્ષણ ૧. પું. દહીં વલોવવાનો રવૈયો.

૨. [સં. કર (હાથ) + ઘર્ષ્ (ઘસવું) + અન (પણું)] ન. હાથથી ઘસવું તે.

કરઘર્ષી ૧. [સં. કર (હાથ) + ઘર્ષિન્ (ઘસનાર)] પું. દહીં વલોવવાનો રવૈયો.

૨. વિ. હાથ ઘસનાર.

કરઘહી સ્ત્રી. લાંબાં પાનવાળું અને પુષ્કળ ગુંદ આપતું એક જાતનું ઝાડ.

કરઘા સ્ત્રી. હાથે વણુવાની શાળ.

કરઘાટ [સં.] ન. એક જાતનું સ્થાવર વિષ.

કરચ ૧. પું. તીક્ષ્ણ અણીવાળું હથિયાર શરીરમાં પેસતાં થતો અવાજ.

૨. સ્ત્રી. કાચનો અણીદાર નાનો કટકો.

૩. [કર્ત્ (કાપવું) + ચેહ (નાનાપણું બતાવનાર પ્રત્યય)] સ્ત્રી. છેક નાની અને પાતળી કકડી; કટકી; નાનો કટકો.

૪. સ્ત્રી. ઝીણો ભૂકો; રજ.

૫. સ્ત્રી. ધાતુનો પાતળો કરડો.

કરચરણ [સં. કર (હાથ) + ચરણ (પગ)] પું. હાથપગ.

કરચલામૂળ ન. અમેરિકામાં થતું એક જાતનું ઝાડ. કોઠાને કબજ કરવાનો તેમાં ગુણ છે.

કરચલિયાળું વિ. કરચલીવાળું; કરચલી પડી હોય એવું.

કરચલિયો પું. એક જાતનું પક્ષી.

કરચલી ૧. સ્ત્રી. કરચલાની માદા.

૨. સ્ત્રી. કોઈ સુંવાળી સાફ વસ્તુ સંકોચાવાથી પડતું વળું.

કરચલું [સં. કુરચિલ્લ] ન. એક જળચર પ્રાણી; કરચલો. તેના શરીર ઉપર ચોડે ચોડે છેટે આડા આંકા હોય છે.

કરચલો [સં. કુરચિલ્લ] પું. દશપદી વર્ગનું એક કવચી પ્રાણી. તેના શરીર ઉપર ટૂંકી, પહોળી અને ઘણુંખરૂં ચપટી ઢાલ હોય છે. તેનું માથું અને છાતી એ બેઉ ભાગ જોડાયેલા હોય છે. છાતીના ભાગ ઉપર કવચ જેવું મજબૂત ઢાંકણુ હોય છે. તેને નાનું પેટ હોય છે અને તે શરીરની નીચે ગૂંછળા રૂપે હોય છે. વક્ષઃસ્થળ અને નાની મૂછ આગળ આવેલી બખોલમાં તે ગૂંછળું ગોઠવાયેલું હોય છે. કરચલો જમીન ઉપર ગમે તે દિશામાં ફર્યા વિના ચાલી શકે, પણ તે ઘણું ખરૂં બાજુએ થઈ ને ચાલે છે. તે મોટે ભોગે જળચર હોય છે. કેટલાક કરચલા લગભગ આખું જીવન જમીન ઉપર ગાળે છે અને કેટલાકને ઝાડ ઉપર ચડવાની ટેવ પડેલી હોય છે. તેઓ ઘણુંખરૂં બીજાં પ્રાણીઓ ઉપર જીવે છે. તેમાંના કેટલાક વીશથી ત્રીશ શેર વજન સુધી પહોંચે છે. આ પ્રાણીને બે જબરા ચીપિયા હોય છે. તેના આગલા બે પગ તરવામાં મદદ કરે છે. તે વધે છે ત્યાં લગી વર્ષોવર્ષ પોતાની છીપ બદલે છે. દરિયાને તળિયે તે પેટે ચાલે છે. આંકડાથી તે પોતાના ખોરાકનાં જંતુને પકડે છે.

કરચળિ સ્ત્રી. ઘરડું પાન; વૃદ્ધાવસ્થાએ પહોંચેલું માણુસ.

કરચળિયાળું વિ. કરચલીવાળું.

કરચળી સ્ત્રી. કરચલી; કરચોલી.

કરચંગ પું. એક જાતનું ડફ અથવા મોટી ખંજરી.

કરચા ૧. પું. જાર બાજરો વાઢી લીધા પછી ખેતરમાં રહેતાં ભોથાં.

૨. પું. શેરડીના વાડ કે પડામાંથી શેરડી કપાઈ ખલાસ થતાં બાકી રહેલ કટકાબટકા.

૩. પું. હીરાની ઝીણી કણી.

કરચાવવું ૧. સ. ક્રિ. ઉપરઉપરથી કાપી નખાવવું; કરચા રહે એમ કપાવવું.

૨. સ. ક્રિ. ખીજવવું; ચીડવવું.

કરચાવું [સં. કર્ત્ (કાપવું)] અ. ક્રિ. ભૂકેભૂકા થવા; ઝીણી કરચરૂપ બની જવું.

કરચાં ન. બ. વ. હાડકાં.

કરચિયાં સ્ત્રી. બ. વ. હીરાની ઝીણી લાંબી કણીઓ.

કરચું ૧. સ્ત્રી. બ. વ. હાથની આંગળીમાં પહેરવાના સોના રૂપાના નાના કરડા.

૨. ન. ખેડૂતને માટે તિરસ્કારવામાં વપરાતો શબ્દ.

૩. વિ. કાચું.

કરચૂડી (કરચૂડ઼ી) સ્ત્રી. હાથમાં પહેરવાની ચૂડલી.

કરચો ૧. પું. અભણ; ગામડિયો માણુસ.

૨. પું. કણબી માટે તિરસ્કારવામાં વપરાતો શબ્દ.

૩. પું. ખૂંપરો; સાફ ન મુંડાયાથી રહી ગયેલ આછા કેશ.

૪. પું. વાળનો બહાર નીકળેલો નાનો ભાગ.

૫. વિ. મૂર્ખ; બેવકૂફ.

કરચોલી ૧. સ્ત્રી. કરચલી; સુંવાળી વસ્તુ સંકોચાવાથી પડતી રેખા.

૨. સ્ત્રી. ચીણુ; કલ્લી.

કરચોળાયેલું વિ. કરચલી પડેલું.

કરચોળાવું અ. ક્રિ. કરચલી પડવી.

કરચોળી જુઓ કરચોલી.

કરચ્છદ ૧. [સં. કર (હાથ) + છદ (ઢાંકણુ)] પું. શાખોટ વૃક્ષ; સિંદૂરપુષ્પી. તેનાં પાંદડાં હથેળી જેવડાં હોય છે.

૨. પું. સાગનું ઝાડ.

કરચ્છેદ ૧. પું. રાજભાગ કમી કરનાર પુરુષ.

૨. પું. રાજા.

૩. [સં. કર (હાથ) + છેદ (કાપ)] પું. હાથ કાપી નાખવા તે.

૪. વિ. હાથ કાપનાર.

કરછ પું. રાજા.

કરછક ન. તુણી.

કરછદ જુઓ કરચ્છદ.

કરછપિકા સ્ત્રી. પ્રમેહપિટિકા; પરમાના રોગમાં થતી ફોડકી.

કરછલ ૧. પું. ચમચો.

૨. પું. હસ્તકૌશલ્ય; છેતરીને હાથમાંથી લઈ જવાની કળા.

કરછા [હિં.] સ્ત્રી. ચમચો.

કરછિયા [હિં.] સ્ત્રી. પાણીવાળી જગ્યાને કાંઠે રહેતું એક જાતનું પહાડી પક્ષી. તે હિમાલય, કશ્મીર, નેપાળ આદિ પ્રદેશોમાં જોવામાં આવે છે. તે પાણીમાં તરે છે અને તેનો શિકાર કરવામાં આવે છે.

કરછી સ્ત્રી. કડછી; ચમચી.

કરછુ પું. ચમચો.

કરજ ૧. પું. કરમદાનું ઝાડ.

૨. [સં. કર (હાથ) + જ (ઊગેલ)] પું. નખ.

કરજ પુનર્ભવ નખર નખ હે રંગ ભીની ભામ;
નખથી ક્ષિતિ ખોદવી, એ નથી નખનું કામ.
પિંગળલઘુકોષ

૩. પું. પાણીને રંગિત કરનાર ચીજ.

૪. પું. માથાને રંગનાર પદાર્થ.

૫. પું. વાઘનખ નામનું ગંધદ્રવ્ય; નખલો; નાખૂન.

૬. સ્ત્રી. આંગળી.

૭. [સં. ક (ખરાબ) + રજ] સ્ત્રી. ખરાબ રજ.

૮. સ્ત્રી. યમના હાથથી નીપજેલ વસ્તુ.

૯. ન. કરંજ; કંજા. જુઓ કરંજ.

૧૦. ન. (સંગીત) તાલના છ માંહેનું એ નામનું એક અંગ; એક માત્રાને અંતરે તાળી પડે તે ભાગ; અણુદ્રુત્ત અંગ; વિરામ અંગ; અર્ધચંદ્ર; અર્ધબિંદુક; અર્ધદ્રુત.

૧૧. [અ. કરઝ (તેણે કાપ્યું)] ન. દેવું; ઋણુ; કોઈ પાસેથી વ્યાજે લીધેલું નાણું. નાણાં કોઈ પાસેથી લેવાથી મિત્રતા કપાઈ જાય છે માટે તે કરજ કહેવાય છે.

૧. કરજ અદા કરવું–આપવું–ફેડવું–વાળવું = દેણું ભરી આપવું.

૨. કરજ અને કન્યા કરગરે મળે નહિ = કરગરવાથી નહિ, પરંતુ સાખથી જ કન્યા અને વ્યાજે નાણાં મળે.

૩. કરજ કરવું = દેણું કરવું.

૪. કરજ–કરજે કાઢવું = નાણાં વ્યાજે લેવાં.

૫. કરજ પતાવવું = (૧) દેણું ભરી આપવું. (૨) દેવાની ભાંજગડ કરી આપવી; ઓછુંવત્તું આપી દેવું.

૧૨. ન. પાણી.

૧૩. વિ. હાથમાં થયેલ.

કરજગ્રસ્ત [કરજ (દેવું) + ગ્રસ્ત (સપડાયેલ)] વિ. બોજાવાળું; દેણદાર; દેણામાં ઘેરાયેલ.

કરજદાર ૧. ન. જેને માથે દેણું હોય તેવું માણસ.

૨. [અ. કર્ઝ (દેણું) + ફા. દાર્ (વાળું)] વિ. દેવાદાર; કરજી; ઋણી.

કરજદારી [અ. કર્ઝ (દેણું) + ફા. દાર (વાળું) + ઈ (નામ બનાવનાર પ્રસય)] સ્ત્રી. દેવાદારપણું; કરજદારની સ્થિતિ; દેવાદારી.

કરજફેરિસ્ત [અ. કર્ઝ (કરજ) + ફેરિસ્ત (નોંધ)] પું. લેણાનું પત્રક.

કરજા [અ. કર્ઝ] વિ. કરજદાર.

કરજાઉ ૧. વિ. દેવાદાર; જેને માથે દેણું હોય તેવું.

૨. વિ. વ્યાજુ; કરજે લીધેલું.

કરજાઉખત ન. ધરેણે કે ઉધાર વ્યાજે લીધેલ નાણાંને લગતો દસ્તાવેજ.

કરજાખ્ય ૧. [સં. કરજ (નખ) + આખ્યા (નામ)] ન. નખ. માણસોના નખ આંગળામાં ઊગે છે, માટે તે કરજાખ્ય કહેવાય છે.

૨. [સં. કરજ (નખલો નામનું દ્રવ્ય) + આખ્યા (નામ)] ન. નખલો નામનું દ્રવ્ય.

કરજાલ ૧. પું. તેજનો પ્રવાહ.

૨. [સં. કર (કિરણ) + જાલ (સમૂહ)] ન. કિરણનો સમૂહ.

કરજાળ ૧. સ્ત્રી. ધુમાડિયું.

૨. વિ. કરજવાળું.

૩. વિ. લાંબું.

કરજાળા ન. કાઠિયાવાડમાં શેલ નદીની પૂર્વે આવેલું એ નામનું ગામ. આ ગામને લગતી એક કથા એવી છે કે તે પહેલાં વાજા ગરાસિયાના તાબામાં હતું અને મેરજી વાજો તેનો મુખી હતો. તે મેરજીનું લગ્ન ધારીની ચુડાસમા રજપુતાણી સાથે થતાં જાન કરજાળે જતી હતી. ત્યાં બાબરિયા ગામનાં ઢોર વાળી લઈ ગયાનું સાંભળી મીંઢળ સહિત મેરજીએ પાછળ પડી ધણ વાળ્યું પણ પોતે મરાયો. બાઈ ત્યાં સતી થઈ. સતીનો પાળિયો શેલ નદીને કાંઠે છે.

કરજાળી ૧. [સં. કજ્જલ (મશ) + આલય (સ્થાન)] સ્ત્રી. કાજળ પાડવાનું કોડિયું.

૨. સ્ત્રી. કોડિયાની ઢાંકણી; ધુમાડિયું.

કરજી વિ. કરજદાર; ઋણી; દેવાદાર.

કરજોડ (કરજોડ઼) ૧. પું. પૂજારી.

૨. વિ. હાથ જોડી ઊભેલું.

કરજોડિ (કરજોડિ઼) [સં.] પું. એ નામનું એક ઝાડ.

કરજ્ઞાપન [સં.] ન. વેરાની જાહેરાત; કરની પ્રસિદ્ધિ.

કરઝ જુઓ કરજ.

કરઝાડ (કરઝાડ઼) વિ. ઊંચું; મોટું.

કરઝાળી ૧. [સં. કજ્જલ (આંજણ) + આલય (સ્થળ)] સ્ત્રી. આંજણ પાડવાનું કોડિયું.

૨. સ્ત્રી. ધુમાડિયું; કોડિયાની ઢાંકણી.

કરટ ૧ [સં.] પું. અધમ બ્રાહ્મણ.

૨. પું. એક જાતનું વાજિંત્ર.

૩. પું. એકાદશા વગેરે શ્રાદ્ધ.

૪. પું. કાક; કાગડો.

૫. પું. કેસૂડાનું ઝાડ.

૬. પું. ચોરીનું શાસ્ત્ર બનાવનાર કર્ણીસુત.

૭. પું. જેના મતનો ઉચ્છેદ ન થઈ શકે એવો વાદી.

૮. પું. ન સમજાવી શકાય તેવો નાસ્તિક.

૯. પું. મહાભારતમાં જણાવેલ એક પ્રાચીન દેશ.

૧૦. પું. હલકો ધંધો કરતો પુરુષ.

૧૧. પું. હાથીનું ગંડસ્થળ.

૧૨. સ્ત્રી. દોહવામાં મુશ્કેલ ગાય.

૧૩. વિ. નિંદ્ય જીવનવાળું.

૧૪. વિ. હલકો ધંધો કરનાર.

કરટક જુઓ કરટ.

કરટા [સં.] સ્ત્રી. ઘણી મુશ્કેલીએ દોહવા દે તેવી ગાય.

કરટારવ પું. કાગડાનો અવાજ.

કરટી ૧. પું. હાથી.

૨. ન. એક જાતનું વાદ્ય.

કરટુ [સં.] ન. અશુભ મનાતું એક પક્ષી; બગલું.

કરટેશ્વર [સં.] પું. શિવ; શંકર. સતારા અને પંઢરપુર વચ્ચે તેનું મોટું મંદિર છે.

કરટોલી ૧. [મ.] સ્ત્રી. કંટોલીનો વેલો.

૨. ન. કંટોલું.

કરઠવું ૧. વિ. બરછટ; અક્કડ; જલદી વળે નહિ એવું.

૨. વિ. બરડ; એકદમ ભાંગી જાય એવું.

કરડ (કરડ઼) ૧. સ્ત્રી. એક વાર ખાંડેલી ડાંગર; ડાંગરનું એકવારિયું; ઉભેળો.

૨. સ્ત્રી. કરડેલો ભાગ.

૩. સ્ત્રી. કેળાં, કેરી વગેરેની ખરીદી ઉપર સેંકડે અપાતો વધારો.

૪. સ્ત્રી. ચૂલાની બળેલી માટી.

૫. સ્ત્રી. ચૂંટ; ખૂજલી.

૬. સ્ત્રી. ડંખ; દંશ; બટકું.

૭. વિ. કઠણ; જલદી ભાંગે નહિ એવું.

૮. વિ. બહુ ઝેરી.

૯. વિ. વિકરાળ; ભયંકર.

કરડઈ (કરડ઼ઈ) સ્ત્રી. એક જાતની ભાજી. તેનાં ફૂલમાંથી કસૂંબાનો રંગ નીકળે છે. પાન તથા ડાંખળીનું શાક થાય છે.

કરડકણાપણું (કરડ઼કણાપણું) ૧. ન. આકરો સ્વભાવ; તાતો મિજાજ.

૨. ન. કઠોરતા; કર્કશતા.

૩. ન. કરડવાની ટેવ.

૪. ન. કરડવું હોય તેમ ઘૂરકવાની આદત.

કરડકણું (કરડ઼કણું) ૧. વિ. આકરા સ્વભાવનું.

૨. વિ. કઠોર; કર્કશ.

૩. વિ. કરડવાની ટેવવાળું.

૧. કરડકણા કૂતરાને હડકવા હાલ્યો = કૂતરૂં કરડકણું હોય અને પછી હડકાયું થાય ત્યારે તે ખૂબ રંજાડે છે; વઢકણી વહુએ દીકરો જણ્યો.

૨. કાણું ધોકું ને કરડકણું = (૧) કમ જોર ગુસ્સા બોત. (૨) ઠોઠ નિશાળિયાને વતરણાં ઝાઝાં.

૪. વિ. ઘૂરકવાની ટેવ હોય એવું.

કરડકરડ (કરડ઼કરડ઼) અ. ઢોર વગેરે લીલું ઘાસ ચાવે ત્યારે થતો અવાજ.

કરડણું (કરડ઼ણું) જુઓ કરડકણું.

કરડપાંચમ (કરડ઼પાંચમ) સ્ત્રી. શ્રાવણ સુદ પાંચમનો દિવસ. તે દિવસે સ્ત્રીઓ કરડની ખીચડી ખાઈ વ્રત કરે છે.

કરડલી (કરડ઼લી) સ્ત્રી. ચોમાસામાં વાડ ઉપર થતી એક વેલ; શિવલિંગી. તેનાં ૧૦–૧૫ ફળ પાણીમાં બાફી તેલમાં વઘારી ખાવાથી સાદો જુલાબ લાગી પેટ સાફ થાય છે. તે યકૃત અને પ્લીહાના રોગ, કોઢ, આમ, રક્તદોષ, સોજા અને પેટના રોગમાં ફાયદાકારક છે. તેનાં બી શિવલિંગની આકૃતિનાં હોય છે. તે શોધક,

સારક, ચિરગુણકારી અને પૌષ્ટિક છે. દવા માટે વાપરતા પહેલાં તેના ઉપરનું ફોતિરૂં ઝેરી હોવાથી કાઢી નાખવું. બીજમાંથી નીકળતું તેલ પિત્તપ્રકોપમાં અપાય છે.

કરડવું (કરડ઼વું) ૧. અ. ક્રિ. તીવ્રપણે ખૂંચવું.
૨. સ. ક્રિ. ડંખવું; આંકડો મારવો.
૩. સ. ક્રિ. દાંતથી ખાવું; બચકું ભરવું.
૧. કરડવા ધાવું = ડરાવવું; બીવરાવવું.
૨. કરડે માકણ, માર ખાય ખાટલો = કરે કોઈ, ભોગવે કોઈ.
૩. કાંડાં–પોંચા–કરડવા = હતાશ થઈ જોયા કરવું.

કરડવો (કરડ઼વો) પું. કરડૂઓ; કરવડો.

કરડા (કરડ઼ા) ૧. સ્ત્રી. સુમરાની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કરડાઈ (કરડ઼ાઈ) ૧. સ્ત્રી. અવળાઈ; ટેડાઈ.
૨. સ્ત્રી. કસુંબીના બીનું તેલ.
૩. સ્ત્રી. બળ; શક્તિ.
૪. સ્ત્રી. શૂરાતન; બહાદુરી.
૫. વિ. દૃઢ નિશ્ચયવાળું.
૬. વિ. બિહામણું; ભયંકર.

કરડાકી (કરડ઼ાકી) ૧. [સં. કટાક્ષ–કડક્ખા–કયડાગી–કરડાકી] સ્ત્રી. કટાક્ષ; વક્રતા; વાણીની માર્મિકતા.
૨. સ્ત્રી. કડકાઈ; સખ્તાઈ.
૩. સ્ત્રી. ગર્વ; ઉદ્ધતાઈ; ઘમંડ.
૪. સ્ત્રી. છેલાઈ; અકડાઈ.

કરડાકીખોર (કરડ઼ાકીખોર) ૧. વિ. કટાક્ષ બોલનારૂં; વક્ર.
૨. વિ. કડક; સખ્ત.
૩. વિ. ઘમંડી; ડોળઘાલુ.
૪. વિ. છેલ; અક્કડ.

કરડાકો (કરડ઼ાકો) ૧. પું. ઝબ્બો.
૨. પું. મિજાજ.

કરડાગી (કરડ઼ાગી) જુઓ કરડાકી.

કરડાગીખોર (કરડ઼ાગીખોર) જુઓ કરડાકીખોર.

કરડાટ (કરડ઼ાટ) ૧. પું. આકરાપણું; સખ્તાઈ.
૨. પું. કટાક્ષ; વાણીની માર્મિકતા.
૩. પું. કઠોરતા; નિર્દયતા.
૪. પું. ગર્વ; ઘમંડ.
૫. પું. છેલાઈ; અકડાઈ.
૬. પું. બેસ્વાદ; કરડો સ્વાદ.
૭. પું. વૈર; દ્વેષ.

કરડાણી (કરડ઼ાણી) ૧. સ્ત્રી. કડવા કણબીની એક અટક.
૨. ન. કડવા કણબીની એ નામની અટકનું.
૩. વિ. એ નામની અટકનું.

કરડાપાટી (કરડ઼ાપાટી) ૧. સ્ત્રી. નાનાં બાળકો કક્કો ઘૂંટી શકે અને એકડા લખી શકે તે માટે તૈયાર કરેલું લાકડાનું પાટિયું.
૨. સ્ત્રી. સોનીનું કાંસાનું અથવા લોઢાનું ઓજાર; ખરડાપાટી.

કરડાવવું (કરડ઼ાવવું) સ. ક્રિ. કરડે એમ કરવું; કરડવાને ઉશ્કેરવું.

કરડાશ (કરડ઼ાશ) જુઓ કરડાટ.

કરડાળી અડી (કરડ઼ાળી અડ઼ી) સ્ત્રી. જાળીનાં ચીવટીઆં દાબવામાં કામ લાગતું એક ઓજાર.

કરડિયો (કરડ઼િયો) ૧. પું. એ નામનો એક યમદૂત.
૨. પું. ભૂવો.

કરડી (કરડ઼ી) ૧. સ્ત્રી. આકરી ટેવ.
૨. સ્ત્રી. એ નામની શાકભાજી.
૩. સ્ત્રી. એ નામનો એક દાગીનો; અંગૂઠી.
૪. સ્ત્રી. એ નામનો છોડ. તેનાં ફૂલમાં મકરંદ પુષ્કળ હોવાથી મધમાખીઓ તેનું મધ બનાવે છે.
૫. ન. કસૂંબીનાં છોડનું બી; કાવરી.
૬. ન. એક જાતનું અનાજ.

કરડી આંખ (કરડ઼ી આંખ) જુઓ કરડી નજર.

કરડી નજર (કરડ઼ી નજર) ૧. સ્ત્રી. અવકૃપા; ગેરમહેરબાની.
૨. સ્ત્રી. આંખ બેસવી તે; અમંગળ થાય એવી રીતે જોવાપણું.
૩. સ્ત્રી. ખફા; ગુસ્સો.

કરડુ (કરડ઼ુ) ૧. પું. (જૂ. ગુ.) શિકારી કૂતરો.
૨. ન. કૂંડાળું; ગોળ.
૩. ન. લાકડું રંગતી વખતે તેમાં રહી જતી ઝીણી ઝીણી સફેદ ટપકી. તે પૂરવા ચટ મારવી પડે છે.
૪. ન. સુવાવડીને અથવા માંદા માણસને અપાતી તેજાનાવાળી રાબ.
૫. ન. સ્ત્રીઓના કાનનું એક ઘરેણું; ઘુલેર.
૬. વિ. ક્રોધી; ગુસ્સે થાય એવું; તીખું; તેજી.
૭. વિ. ચડે નહિ અને કઠણ રહે તેવું.
૮. વિ. નિર્દય; દયાહીન; ક્રૂર.
૯. વિ. ભયાનક; બીક ઉપજાવે એવું.
૧૦. વિ. મર્મ ભેદે એવું; આકરૂં; કઠોર; સખ્ત.
૧૧. વિ. માર્મિક; છૂપા અર્થવાળું.
૧૨. વિ. શૂર; બહાદુર.
૧૩. વિ. સહેજ કડવું; બેસ્વાદ.

કરડું (કરડ઼ું) જુઓ કરડુ.

કરડૂઓ (કરડ઼ૂઓ) પું. કરડવો; કરવડો.

કરડો (કરડ઼ો) ૧. પું. એક જાતની મીઠાઈ; ખાંડનો ઘૂઘરો.
૨. પું. કનકવાની ઊભી કાંબડી.
૩. પું. કાંગરો; કરડાનો આકાર.
૪. પું. કૂંડાળું; વળ; આંટો.
૫. પું. કેરડાનું ઝાડ. તેને પાંદડાં હોતાં નથી, લાલ ફૂલ આવે છે અને નાનાં બોર જેવડાં ફળ આવે છે.
૬. પું. રાતા અને ધોળા રંગનો ઘોડો.
૭. પું. સોનારૂપાનો આંગળીએ પહેરવાનો આમળાવાળો વીંટલો.
૮. પું. સોનીનું એક જાતનું ઓજાર.

કરણ ૧. [સં.] પું. ઈશ્વર; પ્રભુ.
૨. પું. ઉચ્ચાર; બોલવું તે.
૩. પું. કાન.
૪. પું. કાયસ્થ.
૫. પું. કોઈ પણ શકથી ગણિતનો આરંભ કરનાર ગ્રંથ; ખગોળશાસ્ત્રનું ગણિત કરવા માટેના નિયમો અને પદ્ધતિ જેમાં આપેલાં હોય તે ગ્રંથ.
૬. પું. ખૂણો.
૭. પું. ગુજરાતનો એક રાજા. તે કરણઘેલા તરીકે ઓળખાય છે.
૮. પું. ગુરુ તરીકેનો ગુણ.
૯. પું. તાલ.
૧૦. પું. પતિ; ધણી.
૧૧. પું. પ્રકૃતિ; સ્વભાવ.
૧૨. પું. પ્રયોગ; અખતરો.
૧૩. પું. મદદ કરનાર પુરુષ; મદદનીશ.
૧૪. પું. લેખ; ખત; દસ્તાવેજ.
૧૫. પું. લેખક.
૧૬. પું. વર્ણસંકર; વૈશ્ય પુરુષ અને શૂદ્ર સ્ત્રીથી ઉત્પન્ન થયેલ પ્રજા.
૧૭. પું. વિષ્ણુ. સંસારની ઉત્પત્તિ વખતે મહાન સાધન છે.
૧૮. પું. શિવ.
૧૯. પું. સૂર્ય.
૨૦. સ્ત્રી. આસામ, બરમા અને સિયામની એક જંગલી જાતિ.
૨૧. સ્ત્રી. એ નામની ફૂલવેલ. તેનાં ફૂલ કરેણનાં જેવાં થાય છે.
૨૨. સ્ત્રી. એક જાતનું ફૂલઝાડ; કણેર.
૨૩. સ્ત્રી. (ગણિત) ત્રિકોણની નીચલી બાજુ; 'બેસ'.

૨૪. સ્ત્રી. રેખા; લીટી.

૨૫. સ્ત્રી. વર્ણ; જાતિ.

૨૬. ન. આંજણા ક્ષત્રિય જાતિની અટકનું માણસ.

૨૭. ન. એક જાતનું લીંબુ.

૨૮. ન. કરવું તે; કર્મ; ક્રિયા.

૨૯. ન. (ગણિત) કાટખૂણાની સામેની બાજૂ.

૩૦. ન. કારણ; નિમિત્ત; સબબ; હેતુ.

૩૧. ન. કાળના અવધિનો ભેદ; ત્રીસ ઘડીનો વખત. કરણ ૧૧ છે: બલ, બાલવ, કૌલવ, તૈતિલ, ગરજ, વણિજ, વિષ્ટિ, કિંસ્તુઘ્ન, શકુનિ, ચતુષ્પદ, નાગ.

૩૨. ન. કિરણ.

> કરણ કહાવત રવિ તનય કહાવત કાન,
> કરણ નાવ ભવસિંધુમાં કરણધારી ભગવાન.
> પિંગળલઘુકોષ

૩૩. ન. કૌશિક ગોત્રનું પ્રવર.

૩૪. ન. ક્રિયાનું સાધન.

૩૫. ન. ખેતર; ક્ષેત્ર.

૩૬. ન. ગણિતની સરવાળો, બાદબાકી વગેરે કોઈ રીત; 'ઓપરેશન'.

૩૭. ન. ગાયન.

૩૮. ન. જ્ઞાનનું સાધન; ઈંદ્રિય.

૩૯. ન. તાલની વ્યવસ્થા કરવાનું એક જાતનું તાડન.

૪૦. ન. (વ્યાકરણ) ત્રીજી વિભક્તિથી સુચવાતો અર્થ.

૪૧. ન. દેહ; શરીર.

૪૨. ન. ધંધો; રોજગાર.

૪૩. ન. નૃત્યમાં હાથ હલાવી ભાવ બતાવવાપણું; નાચતી વખતે એકમેકના હાથમાં હાથ અથવા પગમાં પગ જોડી નાચ કરવાપણું. આ કરણ ૧૬ પ્રકારનાં છે, અને તે દરેકમાં હાથપગની મરોડ આપવાની જુદી જુદી રીત છે. તેમાં મુખ્ય નીચે પ્રમાણે છે: છિન્ન, ગંગાવતરણ, વૈશાખ, રેચિત, મતુ, લીન, સમનખ, ઉર્ધ્વજાનુ, લલાટ, તિલક, નામલતા, વૃશ્ચિક.

૪૪. ન. મનનું પરિણામ.

૪૫. ન. મૈથુન; સુરત.

૪૬. ન. યજ્ઞમાં હોમવાનો પદાર્થ; હવિ.

૪૭. ન. યોગનું એક આસન.

૪૮. ન. વહાણનું સુકાન.

૪૯. ન. સંભોગનું એક આસન.

૫૦. ન. હથિયાર; ઓજાર.

૫૧. ન. હાથથી લેપ કરવો તે.

૫૨. ન. હૃદય; અંતઃકરણ.

૫૩. વિ. અગિયાર.

૫૪. વિ. બાહોશ; હોશિયાર; નિપુણ.

૫૫. અ. કરવું તે એવો અર્થ દેખાડતો પ્રત્યય.

કરણઘેલો પું. ગુજરાતી ભાષાનું એ નામનું એક ઐતિહાસિક નવલકથાનું પુસ્તક.

કરણજી ન. (જૈન) પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, પ્રતિક્રમણ, પડિલેહણ વગેરે સંયમ પાળવાની ક્રિયાનો વારંવાર ઉપદેશ કરવા છતાં જડપણાને લીધે તે પ્રમાણે નહિ વર્તવું તે.

કરણતા ૧. [સં.] સ્ત્રી. અનુમાન.

૨. સ્ત્રી. ક્રિયા; કામ; કરવાપણું.

કરણત્રય [સં.] ન. મન, વચન અને શરીર એ ત્રણ ક્રિયાનાં સાધન.

કરણત્રાણ [સં.] ન. મસ્તક; માથું.

કરણત્વ જુઓ કરણતા.

કરણધાર [સં.] પું. સુકાની; ખલાસી.

કરણધારી જુઓ કરણધાર.

કરણનિયમ ૧. [સં.] પું. ઇંદ્રિયોને વશ રાખવાપણું.

૨. પું. કરવાનો નિયમ.

કરણપરા ૧. સ્ત્રી. કોળીની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કરણપુત્ર [સં.] પું. વ્રાત્ય ક્ષત્રિયથી વ્રાત્ય જાતિની ક્ષત્રિય કન્યામાં ઉત્પન્ન થયેલો પુત્ર.

કરણપુરી સ્ત્રી. ચંપાપુરી નામની નગરી.

કરણપુંખું ન. કમાડની સાખને સાલ અને કાતરાથી ભેગી કરી એકબીજાની સાથે જોડવી કરેલું કમાડ.

કરણફૂલ ૧. ન. એ નામનો વેલો. ઉત્તમ જમીનમાં થતા આ વેલાને રંગબેરંગી ફૂલ આવે છે.

૨. ન. કરેણનું ફૂલ.

૩. ન. કાનની વાળી.

૪. ન. કાનમાં પહેરવાનું સોનાનું ઘરેણું.

કરણવાન [સં.] પું. મલબાર પ્રાંતમાં સંયુક્ત કુટુંબનો વહીવટ કરનાર મુખ્ય માણસ.

કરણવું અ. ક્રિ. ઝાડને કૂંપળ આવવાં.

કરણવ્યાપાર [સં.] પું. ઇંદ્રિયોનો ધર્મ.

કરણશાઈ પું. લાડુની એક જાત.

કરણસત્ય ૧. [સં.] ન. ક્રિયામાં દેખાતું સત્ય; સાચી પ્રવૃત્તિ.

૨. ન. (જૈન) પડિલેહણાદિ ક્રિયા યથોક્ત રીતે કરવી તે.

કરણહાર ૧. વિ. કરનાર.

૨. વિ. યજ્ઞ કરાવનાર.

કરણાટ ૧. પું. સદ્ગુણ.

૨. સ્ત્રી. (ગણિત) નિઃશેષ મૂળ બરાબર નીકળી ન શકે તેવી સંખ્યા.

૩. ન. કડિયાનું એક ઓજાર.

૪. ન. કાનના ઘાટનું એક વાજું; મોટું તતૂડું.

કરણાણી ૧. સ્ત્રી. કડવા કણબીની એ નામની અટક.

૨. ન. કડવા કણબીની એ અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કરણાધિપ ૧. [સં.] પું. આત્મા; જીવ.

૨. પું. ઇંદ્રિયોનો અધિષ્ઠાતા દેવ.

કરણાધિપાધિપ [સં.] પું. પરમેશ્વર; ઈશ્વર; પ્રભુ.

કરણાર્થક [સં.] વિ. કરણના અર્થવાળું.

કરણાલી ન. નર્મદા કાંઠા ઉપર આવેલું એક ગામ. અહીં હરિએ કર્ણના શરીરને ખાંધે ચડાવી રેવા તટે અગ્નિદાહ આપ્યાનું કહેવાય છે.

કરણાવતી સ્ત્રી. સિદ્ધરાજના પિતા કરણદેવે વસાવેલી નગરી.

કરણાંનીર સ્ત્રી. ખરજ ઉત્પન્ન કરે એવી વનસ્પતિ.

કરણિ જુઓ કરણી.

કરણિક [સં.] પું. અમલદાર; અધિકારી.

કરણિકાર પું. કણેરનું ઝાડ.

કરણી ૧. સ્ત્રી. કડિયાનું એક ઓજાર; થાપી.

૨. સ્ત્રી. કરેણનું ઝાડ.

૩. સ્ત્રી. કાર્યશૈલી; કામ કરવાની રીત.

૪. સ્ત્રી. ક્રિયા; કામ; ક્રિયમાણ; કરતૂક.

૫. સ્ત્રી. ગુણ; યોગ્યતા; લાયકાત.

૬. સ્ત્રી. જાદુ.

૭. સ્ત્રી. દેવી.

૮. સ્ત્રી. (ગણિત) નિઃશેષ મૂળ ન નીકળી શકે એવી રકમ.

૯. સ્ત્રી. પુણ્ય.

૧૦. સ્ત્રી. યજ્ઞની વેદી.

૧૧. સ્ત્રી. વરો; પ્રસંગ.

૧૨. સ્ત્રી. વર્ણસંકર જાતિની સ્ત્રી; વૈશ્ય વડે શૂદ્ર સ્ત્રીમાં ઉત્પન્ન થયેલી સ્ત્રી.

૧૩. સ્ત્રી. વર્તણૂક; આચરણ.

કરણી તેવી પાર ઉતરણી = કરવું તેવું પામવું.

૧૪. સ્ત્રી. સદાચાર; સારૂં વર્તન.

૧૫. સ્ત્રી. હાથણી.

૧૬. વિ. નિઃશેષ મૂળ ન નીકળી શકે એવું.

કરણીકા ૧. સ્ત્રી. ફૂલની અંદરનો ગર્ભ.

૨. સ્ત્રી. હાથની વચલી આંગળી.

કરણીગત ૧. વિ. જે સંખ્યાનું વર્ગમૂળ બરાબર નીકળી શકે નહિ એવું. જેમકે, √૩૩માં ૩૩ કરણીગત છે.

૨. વિ. મૂર્ખાઈ ભરેલું; અવિચારી.

કરણીજી સ્ત્રી. ચારણની દેવી. તેમનો જન્મ જોધપુર તાબે શેરગઢ પરગણામાં શુયાપ ગામમાં કિનિયા શાખાના ચારણ મોહાજીનાં ધર્મપત્ની દેવલબાઈ–આઢીજીની કૂખે થયો હતો. તેમનું મોસાળ આઢા ગામે હતું. બિકાનેર રાજ્યની સ્થાપના કરનાર બિકાજી રાઠોડ ઉપર શ્રીકરણીજી પ્રસન્ન થયાં અને તેમની કૃપાથી જ બિકાજી મહારાજા બન્યા હતા. બિકાજીથી આજ સુધી ઉત્તરોત્તર બિકાનેરના દરેક રાજા શ્રીકરણીજીને ઇષ્ટદેવી તરીકે પ્રેમથી પૂજતા આવે છે. બિકાનેર પાસે દેશણોક ગામે શ્રીકરણીજીનું મહા મંદિર છે. આ મંદિરનો આરસનો દરવાજો જોવા લાયક છે.

કરણીપદ [સં.] ન. (ગણિત) વર્ગમૂળ નિઃશેષ નીકળે નહિ એવી સંખ્યા.

કરણીપદી [સં.] સ્ત્રી. (ગણિત) વર્ગમૂળ નિઃશેષ નીકળે નહિ એવી સંખ્યાવાળી રકમ.

કરણીય ૧. [સં.] ન. હાથમાં લીધેલું કામ.

૨. વિ. કરવા જેવું.

૩. વિ. કર્યા વગર ચાલે નહિ એવું.

કરણીલાયન [સં.] ન. રોહિણી નક્ષત્રનું ગોત્ર.

કરણીવરણી સ્ત્રી. સુંદર કામ.

કરણીસમીકરણ [સં.] ન. (ગણિત) એક અથવા બંને પક્ષમાં જે સંખ્યાનું વર્ગ કે અન્ય મૂલ બરાબર નીકળી શકતું ન હોય તેવી સંખ્યાના મૂળવાળાં પદો હોય તેવું સમીકરણ; 'ઇરૅશનલ ઇક્વેશન'.

કરણીસુતા [સં.] સ્ત્રી. દત્તક કન્યા.

કરણેજપ [સં.] વિ. ચાડીખોર; ચુગલી કરનાર.

કરણોપકરણ [સં.] વિ. એક કાનેથી બીજે કાને સાંભળેલું.

કરણ્યાત્મક વિ. મૂલભૂત; 'રૅડિક્લ.'

કરણ્યું ૧. ન. કિરણ.

૨. ન. તેજ; ચળકાટ; નૂર.

કરત ૧. સ્ત્રી. કમોસમ; નઠારી ઋતુ; કઋતુ.

કરત કહે ઉકળાટને કરત કૃત્ય કહેવાય,
કરત બનાવતને કહે, કરત ઋતુ નહિ થાય.

દુહો

૨. સ્ત્રી. કૃત્ય; કામ.

૩. સ્ત્રી. ધામ; બફારો.

૪. સ્ત્રી. બનાવ; હકીકત.

૫. સ્ત્રી. વપરાશ; ઉપયોગ.

કરતક ૧. ન. કામ; કર્મ.

૨. ન. ટુચકો; કામણટૂમણ.

કરતકા [સં.] સ્ત્રી. (જ્યોતિષ) કૃત્તિકા નક્ષત્ર.

કરતજ સ્ત્રી. કરવત.

કરતણી સ્ત્રી. કાતર; કાપવાનું સાધન.

કરતબ ૧. ન. અખતરો; પ્રયોગ.

૨. ન. કરામત; જાદુ.

૩. ન. કળા; હુન્નર.

૪. ન. કાર્ય; કામ.

૫. ન. દાન.

૬. ન. પરાક્રમ.

કરતબવિદ્યા [સં.] સ્ત્રી. પ્રાયોગિક વિજ્ઞાન.

કરતબી ૧. વિ. કામ કરનાર; પુરુષાર્થી.

૨. વિ. નિપુણ; કુશળ.

૩. વિ. બાજીગર; કરામત દેખાડનાર.

કરતલ ૧. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ; કલકલ. તેમાં ૧૦૦ લઘુ અને ૨૬ ગુરુ મળી ૧૫૨ માત્રા હોય છે. તે ષટ્પદી છપ્પયનો ભેદ છે.

૨. પું. (પિંગળ) ચાર માત્રાના ગણનું એક રૂપ. તેમાં પ્રથમ બે માત્રા લઘુ અને અંતમાં એક ગુરુ હોય છે.

૩. ન. ઊંડો મણિબંધ; 'ડીપ વોલર'.

૪. [સં.] ન. હાથના પંજાનું તળિયું; હથેળી.

૫. વિ. કરનાર; કરવાવાળું.

૬. વિ. દુષ્ટ; નીચ.

કરતલગત [સં.] વિ. હથેળીમાં હોય એવું.

કરતલપાત્ર [સં.] ન. હથેળીરૂપી વાસણ.

કરતલપુટ પું. સંપુટ; ખોબો.

કરતલભિક્ષા ૧. [સં.] સ્ત્રી. ઘેર ઘેર ભિક્ષા માગવી અને ખોબામાં જેટલું મળે તેટલું ત્યાં ને ત્યાં જ ખાવું એવી પ્રતિજ્ઞા.

૨. સ્ત્રી. હથેળીમાં કે ખોબામાં માય તેટલી જ ભિક્ષા લેવી અને વધારે નહિ એવું એક વ્રત.

કરતલમંડળ ન. (જ્યોતિષ) વિષુવાંશ ૧૭૫થી ૧૯૫ અને દક્ષિણ ક્રાંત્યંશ ૧૦થી ૨૭ વચ્ચેનો તારાસમૂહ. તેના મોટા ભાગમાં હસ્ત નક્ષત્ર આવેલું છે.

કરતલવત્ [સં.] વિ. હાથની હથેળીમાં રહેલું હોય એવું.

કરતલસ્થ જુઓ કરતલવત્.

કરતલાસ્થિ [સં.] ન. હથેળીનું હાડકું; 'મેટકાર્પલ બોન'.

કરતલિક પું. હથેળીની માંસપેશીઓ, શિરા અને ધમનીને ઢાંકનાર એક સ્નાયુ.

કરતલિકા સ્ત્રી. હાથનું તળિયું; હથેળી.

કરતલી ૧. સ્ત્રી. તાલી.

૨. સ્ત્રી. બેલગાડીમાં હાંકનારને બેસવાની જગ્યા.

૩. સ્ત્રી. હથેળી; કરતલ.

કરતલું વિ. કરતું.

કરતવ ૧. ન. કર્તવ્ય; ફરજ.

૨. ન. કાર્ય; કામ.

૩. ન. જાદુ; જંત્રમંત્ર; વશીકરણ.

કરતવાતટ ન. ભારતવર્ષનું એ નામનું એક પીઠસ્થાન; ભવાનીપુર. ત્યાં સતીના ડાબા પડખાનો ભાગ પડ્યો હતો. વૈશાખ મહિનાના શનિ તથા મંગળવારે અને રામનવમી તથા દિવાળીના રોજ ત્યાં મેળો ભરાય છે.

કરતળ ૧. ન. હાથનું તળિયું; હથેળી.

૨. વિ. ઘણું ખરાબ.

કરતળિયું ન. હાથનું તળિયું; હથેળી.

કરતળી જુઓ કરતલી.

કરતા ૧. પું. ઈશ્વર; સર્જનહાર.

૨. પું. કુટુંબમાં કામ કરનાર પુરુષ.

૩. પું. (પિંગળ) દરેક ચરણમાં એક નગણ અને એક લઘુગુરુવાળો છંદ. તે સુપ્રતિષ્ઠા છંદનો ભેદ છે.

૪. વિ. અનુભવી; કેળવાયેલું.

૫. વિ. કરનાર.

કરતા પુત્ર–પુત્રી = બાપની મરણક્રિયા કરનાર દીકરો કે દીકરી. તેથી તે વારસદાર ગણાય છે.

૬. વિ. બનાવનાર.

૭. વિ. લખનાર.

કરતાકારવતા ૧. પું. કુટુંબનો મુખ્ય માણસ.

૨. વિ. હલનચલન વધારે હોય એવું; જેનું વધારે ઊપજતું હોય એવું; મુખ્ય; આગેવાન.

કરતાણું ન. જે ખેડૂતના ખેતરમાંથી ઢોર મોલ ખાઈ ગયાં હોય તે ખેડૂતને ઢોરના માલિક પાસેથી નુકસાન તરીકે અપાવવા ઠરાવેલી રકમ.

કરતાધરતા જુઓ કરતાકારવતા.

કરતાર ૧. પું. પરમેશ્વર; પ્રભુ.

૨. વિ. કરનાર; બનાવનાર.

કરતાલ ૧. સ્ત્રી. હાથ વડે અપાતી તાલી.

૨. ન. અંગૂઠો અને વચલી આંગળીઓ વડે વગાડવાની લાકડાં કે ધાતુંની ચીપો.

૩. ન. ગાયનમાં તાલ આપવા માટે વગાડવાનું એક ધન વાદ્ય; ઝાંઝ; કાંસીજોડાં.

કરતાલક જુઓ કરતાલ.

કરતાલિકા જુઓ કરતાલ.

કરતાલિયો પું. કરતાલ બજાવવાવાળો માણસ.

કરતાલી જુઓ કરતાલ.

કરતાળ જુઓ કરતાલ.

કરતાં ૧. અ. જ્યારે કામ ચાલતું હોય ત્યારે.

૨. અ. તોપણ; છતાં.

૩. અ. થી; થકી; ના કરતાં.

૪. અ. વળી; વધારામાં.

કરતી સ્ત્રી. મરેલા વાછડાનું ભૂસો ભરેલ ચામડું. તે વાછડાના આકારનું હોય છે. તે ગાય પાસે લઈ જઈ ભરવાડ દૂધ દોહે છે.

કરતીયા સ્ત્રી. એ નામની નદી. જુઓ કરતોયા.

કરતુ ૧. [સં. ક (ખરાબ) + ઋતુ (મોસમ)] ન. કમોસમ; કઋતુ.

૨. [સં. કૃત્ય] ન. કૃત્ય; કર્મ.

૩. ન. પ્રતિકૂળ વખત.

કરતુત ૧. ન. કર્મ; કામ.

૨. ન. કાવતરૂં; પ્રપંચ; યુક્તિ.

૩. ન. બનાવટ; કારીગરી.

૪. ન. વર્તણૂક; આચરણ. આ શબ્દ નઠારાં કામ અથવા આચરણ માટે વપરાય છે.

૫. ન. હુન્નર; કલા.

કરતુતી જુઓ કરતુત.

કરતું ન. કૃત્ય; કર્મ.

કરતુંકારવતું વિ. કર્તાહર્તા; મુખ્ય; આગેવાન.

કરતુંહરતું જુઓ કરતુંકારવતું.

કરતૂક જુઓ કરતુત.

કરતૂત જુઓ કરતુત.

કરતૂમ સ્ત્રી. એક જાતની કસ્તૂરી.

કરતેલું વિ. કરેલું હોય એવું.

કરતોકારવતો વિ. પું. મુખ્ય; આગેવાન; અગ્રેસર.

કરતોયા [સં.] સ્ત્રી. મહાભારતમાં જણાવેલી ગંધમાદન પર્વત પાસેની એક પ્રાચીન નદી. તે રંગપુર અને દિનાજપુર જિલ્લામાં થઈને વહે છે. બંગાળા અને કામરૂપ દેશની મધ્યસ્થ મર્યાદારૂપ તે નદી હતી. તેનું બીજું નામ સદાનીરા અથવા સદાનીરવહા છે. પાર્વતીના વિવાહમાં પાણિગ્રહણ વખતે શિવના હાથમાંથી વહેલા જળથી તે ઉત્પન્ન થયેલી મનાય છે. ચોમાસામાં બધી નદીઓ અપવિત્ર મનાય છે, પરંતુ ચોમાસામાં પણ આ નદી પવિત્ર મનાય છે. તેના ઉપર ચંપાનગર આવેલું છે.

કરતોયિની જુઓ કરતોયા.

કરતોલી સ્ત્રી. કંટોલીની વેલ; કંકોડી.

કરતૌયા જુઓ કરતોયા.

કરત્રિમ વિ. બનાવટી; કૃત્રિમ; અસ્વાભાવિક.

કરથ ૧. પું. આયુર્વેદનો એ નામનો એક આચાર્ય.

૨. સ્ત્રી. ઉપયોગ; કામ.

કરથરા સ્ત્રી. સિંધ અનેં બલુચિસ્તાન વચ્ચેની હાલા પહાડની શ્રેણી.

કરથોટું ન. કળથીનો પાલો.

કરદ ૧. સ્ત્રી. ચાકું.

૨. સ્ત્રી. છરી.

૩. સ્ત્રી. તરવાર.

૪. [સં.] વિ. કર ભરનાર.

૫. વિ. ખંડણી આપનાર.

૬. [સં.] વિ. રક્ષણ માટે આડો હાથ આપનાર; હાથ લંબાવી મદદ કરનાર.

કરદક્ષ ૧. [સં.] વિ. ડાહ્યું; ચતુર.

૨. વિ. હાથનું ચંચળ.

કરદક્ષતા ૧. [સં.] સ્ત્રી. ડહાપણ; ચતુરાઈ.

૨. સ્ત્રી. હાથની ચંચળતા.

કરદમ ૧. પું. એ નામનો એક પ્રજાપતિ:

૨. પું. કાદવ; કીચડ; ગારો.

કરદળી સ્ત્રી. પાણીના ઓવારા પાસે ઊગતું કેળનાં પાન જેવાં પાંદડાંવાળું જુદા જુદા રંગનાં ફૂલવાળું એક ઝાડ.

કરદંડ [સં.] પું. સુકોમળ હાથ.

કરદંત [સં.] વિ. અણીદાર તંતુનું બનેલું.

કરદંતી જુઓ કરદંત.

કરદા ૧. પું. અધ્યાય; પ્રકરણ.

૨. પું. બદલો; સાટું.

૩. પું. માલની અદલબદલ.

૪. પું. વેચાતી લીધેલ જમીનનો માલિક.

૫. પું. વેપારીએ હિસાબમાં કાપી આપેલા પૈસા; છૂટ; મુકાણ.

કરદાતા [સં. કર (વેરો) + દાતૃ (આપનાર)] પું. કર ભરનાર માણસ.

કરદીવો પું. કુંવારી કન્યાથી નાહી ધોઈ હમેશા ઘરમાં કરાતો દીવો.

કરદેઆ ૧. સ્ત્રી. એ નામની રજપૂતની એક જાત.

૨. ન. એ. નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

કરદો ૧. પું. અધ્યાય; પ્રકરણ.

૨. પું. ઘટાડો; કાપછૂટ.

કરદો કરવો = રકઝક કરી ભાવ ઘટાડવો; મારીમથીને ભાવ ઉતારવો.

કરદ્રુમ [સં.] ન. કિંપાક વૃક્ષ; કારસ્કર વૃક્ષ.

કરધન [સં.] ન. પોતે મેળવેલ નાણું.

કરધની સ્ત્રી. કંદોરો; મેખલા.

કરધમ વિ. હાથથી પવન નાખનાર.

કરધા પું. (પિંગળ) સંકીર્ણ વર્ગનો એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ. તેનાં વિષમ પાદ વિરાટ છંદ મુજબ અને સમ પાદ સુભદ્રિકા છંદ પ્રમાણે હોય છે. તેના પહેલા અને ત્રીજા ચરણમાં મગણ, સગણ, જગણ અને ગુરુ એમ દશ અક્ષર અને ત્રીજા અને ચોથા ચરણમાં બે નગણ, રગણ, લઘુ અને ગુરુ એમ અગિયાર અક્ષર હોય છે.

કરન ૧. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે ગાહિનીકુંડલિનીનો ભેદ છે. તેમાં ૪૧ ગુરુ અને ૭૬ લઘુ મળી ૧૧૭ વર્ણ અને ૧૫૮ માત્રા હોય છે.

૨. પું. કાન.

૩. પું. ગ્રહયોગ. જુઓ કરણ.

૪. પું. નાના નાના કટકા કરી ટોપી ઉપર મૂકેલ કોર.

૫. પું. બાર અથવા ચોવીશ વર્ષની મુદ્દત.

૬. ન. કરવું તે.

૭. ન. કિરણ.

૮. ન. પગમાં પહેરવાની કાંબી.

કરનખ [સં.] પું. હાથનો નખ.

કરનજ ૧. ન. એક જાતનું ઝાડ.

૨. ન. જવ, બાજરી, જાર વગેરેની કૂગ.

૩. ન. ભૂરો રંગ.

કરનફૂલ ન. લવિંગ.

કરનલ ૧. પું. પલટણનો સરદાર.

૨. સ્ત્રી. કરણી; દેવી.

કરનશાહી સ્ત્રી. તરવારની મૂઠનો એક પ્રકાર.

કરનહાર ૧. પું. ઉત્પાદક; બનાવનાર માણસ.

૨. પું. (વ્યાકરણ) કર્તા.

૩. પું. કુટુંબમાં કામ કરનાર માણસ.

૪. વિ. કરનાર; કરવાવાળું.

કરનહારા જુઓ કરનહાર.

કરના ૧. ન. એક જાતનું સંતરૂં.

૨. ન. મોઢેથી વગાડવાનું શરણાઈ જેવું વાજિંત્ર. તે સોનું, રૂપું, પિત્તળ અથવા બીજી ધાતુનું બનેલું હોય છે.

કરનાઈ ન. મોઢેથી વગાડવાનું વાજું; કરના.

કરનાટ ન. એક જાતનું વાજિંત્ર; કરના.

કરનાટક પું. (સંગીત) વીરરસથી પ્રાતઃકાળમાં ગવાતો એ નામનો રાગ.

કરનાટી કાન્હરા સ્ત્રી. (સંગીત) કાન્હરા રાગિણીની અઢાર માંહેની એક જાતિ.

કરનાર વિ. કર્તા; કંઈ કામ કરે તે.

કરનારા ૧. સ્ત્રી. બ્રાહ્મણની ચોરાશી માંહેની એ નામની એક જ્ઞાતિ.

૨. ન. એ નામની જ્ઞાતિનું માણસ.

૩. વિ. બ્રાહ્મણની એ નામની જ્ઞાતિનું.

કરનારૂં જુઓ કરનાર.

કરનાલ ૧. પું. એક જાતની તોપ.

૨. પું. મોટો ઢોલ.

૩. પું. (ડિંગળ) સૂર્ય.

૪. ન. પંજાબનું એ નામનું શહેર.

કરનાલી ન. એ નામનું નર્મદા કાંઠાનું એક તીર્થ.

કરનાળી જુઓ કરનાલી.

કરનિરૂપક [સં.] પું. આકાર ઠરાવનાર માણસ; જમાબંદી કરવાવાળો પુરુષ.

કરનિર્ઘોષણ [સં.] ન. આકારની સુનાવણી.

કરનિર્ણાયક જુઓ કરનિરૂપક.

કરનિર્ધારક જુઓ કરનિરૂપક.

કરનિર્ધારણ [સં.] ન. કર નક્કી કરવાપણું; આકાર ઠરાવવો તે; જમાબંદી.

કરનિર્ધારિત [સં.] વિ. જેના ઉપરનો કર નક્કી કરવામાં આવ્યો હોય એવું.

કરની ૧. સ્ત્રી. કરણી; દેવી.

૨. સ્ત્રી. કામ; કર્મ; કરણી.

૩. સ્ત્રી. બાગબાનનું એક ઓજાર; ખરપડી.

કરન્યાસ [સં.] પું. સંધ્યાપૂજા કરતાં હાથનાં આંગળાં અને બીજા અવયવો મંત્ર ભણીને અમુક દેવને સોંપવાં તે; મંત્ર ભણીને શરીરના ભાગ ઉપર જુદા જુદા દેવનું સ્થાપન.

કરન્સી ૧. [અં.] સ્ત્રી. ચલણી નાણું; ચલણ.

૨. વિ. લેણદેણના વ્યવહારમાં ધનની માફક કામ આવે એવું.

કરપ ૧. પું. દાબ; અંકુશ; ધાક; કડપ.

કરપ બેસાડવો-રાખવો = દાબ રાખવો.

૨. પું. ભાર; બોજ; વજન.

૩. પું. માન; આબરૂ; શેહ.

૪. પું. રોફ; કડકાઈ; મિજાજ.

૫. ન. નાનું કળિયું; એકલિયું; વખરડું.

કરપટ ન. કપડું.

કરપટા ન. કાંકડનું ઝાડ. તેનાં પાન સાધારણ મોટાં અને લીમડાનાં પાનને મળતાં હોય છે. આંબળાના જેવા તેના ફળમાં ઠળિયા હોતા નથી, પણ બે ત્રણ બી હોય છે. તે ફળનું અથાણું થાય છે.

કરપટી જુઓ કરપટા.

કરપટુ ૧. ન. કઠગૂંદીનું ઝાડ.

૨. [સં.] વિ. હાથનું ચાલાક.

કરપટુતા [સં.] સ્ત્રી. હાથચાલાકી; હસ્તલાઘવ.

કરપટું ન. કરપટીનું ફળ; ઓડવું.

કરપડો (કરપડ઼ો) ૧. સ્ત્રી. કાઠીની એ નામની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. કાઠીની એ જાતનું.

કરપણ ૧. [સં. કૃપણ] વિ. કંજૂસ; બખીલ.

૨. વિ. દીન; ગરીબ.

કરપણતા ૧. [સં. કૃપણતા] સ્ત્રી. કંજૂસાઈ; બખીલપણું.

૨. સ્ત્રી. દીનતા; ગરીબાઈ.

કરપતીગુંદી સ્ત્રી. એક જાતનું ઝાડ. તેનાં પાન ગૂંદાનાં પાન જેવાં પણ નાનાં એક એકને અંતરે આવેલાં હોય છે. તેમાં પીળું, અણીવાળું, ગોળ, લીસું, ચળકતું ફળ થાય છે. તેમાં ગૂંદા જેવો ચીકણો રસ અને ઠળિયો હોય છે. તે ખાવાના કામમાં આવે છે.

કરપતીરાઈ સ્ત્રી. એક જાતનો છોડ. તે જ્યાં ઊગે ત્યાં તલવણી પેઠે જથ્થાબંધ ઊગે. તેમાંથી દૂધ જેવો રસ નીકળે છે. તેનાં પાન સામસામાં અણીવાળાં અને ફૂલ નાનાં ધોળા રંગનાં હોય છે. એક ફૂલમાંથી બબ્બે ભેળી શિંગ નીકળે છે. દરેક શિંગમાં ૧૦ થી ૧૨ કાળાં ઝીણાં બી નીકળે છે.

કરપત્ર ૧. [સં.] ન. કરવત; આર.

૨. ન. જળક્રીડા.

૩. ન. હાડકાં કાપવાનું એક ઓજાર.

કરપત્રક જુઓ કરપત્ર.

કરપત્રિકા [સં.] સ્ત્રી. જળક્રીડા; નાહતી વખતે પાણી આમતેમ ઉડાડવું તે.

કરપત્રી જુઓ કરપત્ર.

કરપદ [સં.] ન. હથેળી; હાથનું તળિયું.

કરપદ્મ [સં.] પું. કમળ જેવો સુંદર કોમળ હાથ.

કરપર ૧. સ્ત્રી. ખોપરી.

૨. વિ. કૃપણ; કંજૂસ.

કરપર્ણ ૧. [સં.] પું. ભીંડાનો છોડ.

૨. પું. લાલ એરંડાનું ઝાડ.

કરપલું ન. હાથરૂપી પલ્લું; બે હાથમાં રહે એટલું માપ; ઉંડળ.

કરપલ્લવ ૧. [સં.] પું. નાજુક હાથ.

૨. પું. હથેળી.

૩. પું. હાથના ઇશારાથી બોલાવવું તે.

૪. પું. હાથની આંગળી.

૫. પું. હાથનો પંજો.

૬. પું. હાથરૂપી કૂંપળ.

કરપલ્લવી ૧. [સં. કર (હાથ) + પલ્લવી (ઇશારો)] સ્ત્રી. ઇશારત વિદ્યા; હાથ અને હાથનાં આંગળાં વગેરે આમતેમ હલાવીને સામાને સમજાવવાની રીત; હાથના ચાળાથી વિચાર સમજાવવાની વિદ્યા. કરપલ્લવીના સંકેત નીચે પ્રમાણે છેઃ 'અ' વર્ગના અક્ષરોની સંજ્ઞા અહીણ, 'ક' વર્ગની કમળ, 'ચ' વર્ગની ચક્ર, 'ટ' વર્ગની ટંકાર, 'ત' વર્ગની તરુ, 'પ' વર્ગની પવન, 'ય'ની યૌવન અને 'શ'ની શણગાર. 'અ' વર્ગના અક્ષર બતાવવા અહિફેણ એટલે સર્પની ફેણ જેવો હાથનો દેખાવ કરી પછી અક્ષરની સંખ્યા આંગળીથી બતાવાય છે. આ પ્રમાણે દરેક વર્ગના અક્ષર બતાવાય છે. 'ક' વર્ગના અક્ષરો બતાવવા હાથથી કમળનો, 'ચ' વર્ગના અક્ષર બતાવવા હાથની એક આંગળી ઉંચી કરી ફેરવી ચક્રનો, 'ટ' વર્ગના અક્ષર બતાવવા ઉંધે હાથે ટોકરી ખખડાવવાનો, 'ત' વર્ગના અક્ષર બતાવવા હથેળી નીચી કરી તરુવર એટલે ઝાડ દર્શાવવાનો, 'પ' વર્ગના અક્ષર બતાવવા હથેળીથી પવન નાખવાનો, 'ય' અને તે પછીના અક્ષર બતાવવા છાતી કાઢી તે ઉપર હાથથી યૌવન એટલે જુવાની બતાવવાનો, અને 'શ' અને પછીના અક્ષરો ડોક કે બીજે અંગે હાથથી શણગાર બતાવવાનો દેખાવ કરી જણાવવામાં આવે છે. ઉપરના દરેક વર્ગના અક્ષરની સંજ્ઞા આંગળાંથી જણાવાય છે. દરેક અક્ષરને લાગેલા સ્વરની નિશાની તે સાથે થતી જાય છે.

૨. સ્ત્રી. બહેરાં મૂંગાંને સમજાવવાની રીત.

૩. સ્ત્રી. શિલાલેખની લિપિ.

૪. સ્ત્રી. સંકેત; હાથનો ઇશારો.

૫. સ્ત્રી. હથેલીરૂપી વેલ.

૬. સ્ત્રી. હાથનાં આંગળાંથી શીખવાની વિદ્યા.

કરપલ્લવોદ્ધતા પું. (પિંગળ) બે યગણ, સગણ, જગણ અને ગુરુ મળી તેર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિજગતીનો એક ભેદ છે.

ય યા સા જ ગાથી **કરપલ્લવોદ્ધતા.**

રણપિંગળ

કરપવું ૧. સ. ક્રિ. કળપવું; મરનારની પાછળ ઉત્તરાયણ કે ધ્રોઆઠમને દિવસે દાન કરવું.

૨. સ. ક્રિ. કોતરવું.

૩. સ. ક્રિ. ધીરે ધીરે ખાઈ જવું; કાતરી ખાવું; થોડું થોડું કરડવું.

કરપા ૧. પું. બ. વ. ખૂંપા; કરચા.

૨. [સં. કૃપા] સ્ત્રી. કૃપા; મહેરબાની; દયા.

કરપાત [સં.] પું. થપાટ.

કરપાત્ર ૧. ન. અંજલિ; ખોબો.

૨. ન. નાહતી કે જળક્રીડા વખતે પાણી ઉડાડવું તે.

૩. ન. હાથથી પાણી ઉછાળી જળમાં કરાતી ક્રીડા.

૪. [સં. કર (હાથ) + પાત્ર (વાસણ)] ન. હાથનું પાત્ર; હાથરૂપી વાસણ.

કરપાત્રિકા [સં.] સ્ત્રી. સાધુઓથી વપરાતું એક જાતનું માટીનું વાસણ.

કરપાદ ૧. [સં. કર (હાથ) + પાદ (પગ)] પું. બ. વ. હાથ અને પગ.

૨. ન. ૭ આંગળનું માપ; પા ગજ; કડિયા, સુતાર, સલાટ વગેરેના ગજ ઉપર જે માપ હોય છે તેમાં ૭ આંગળનું માપ.

કરપાન ૧. પું. ચામડીનો એક રોગ. તેમાં બચ્ચાંના શરીર ઉપર લાલ દાણા નીકળી આવે છે.

૨. પું. જમૈયો.

કરપાલ ૧. પું. કર વસૂલ કરનાર પુરુષ.

૨. [સં.] પું. તરવાર; ખડ્ગ.

રિષ્ટ કુસેય કૃપાણ અસિ મંડલાગ્ર **કરપાલ**,
ખડ્ગ ધાર પર ચલન સમ સ્નેહ રાખ તું બાલ.
પિંગળલઘુકોષ

૩. પું. સોટો.

૪. ન. આંગળાનો નખ.

કરપાલિકા ૧. [સં.] સ્ત્રી. એક તરફ ધારવાળું હથિયાર.

૨. સ્ત્રી. તરવાર.

૩. સ્ત્રી. મોટો સોટો.

કરપાલી [સં.] સ્ત્રી. હાથમાં રાખવાની લાકડી.

કરપાવું ૧. અ. ક્રિ. કોરેથી કપાઈ જવું; થોડે થોડે કપાઈ જવું.

૨. [સં. કૃપ્] અ. ક્રિ. ખરી પડવું; પોતાની મેળે છૂટું પડી જવું.

૩. અ. ક્રિ. બટકાવું; તૂટી જવું.

કરપાસ પું. (ડિંગળ) કપાસ.

કરપિંજરી સ્ત્રી. શિંગડા જેવા તંતુના હાડપિંજરવાળું એક જાતનું જીવડું.

કરપી ૧. [સં. કૃપણ] પું. કંજૂસ; કૃપણ; લોભી; બખીલ.

શુષ્ક જ્ઞાની વ્યંડળ મુચ્છ,
કરપી ધન ને કૂતરાનું પુચ્છ. અખો

કરપીનું ધન એળે જાય = કંજૂસ બાપને ઉડાઉ દીકરો હોય.

૨. [સં. કલૃપ્ (કાપવું)] સ્ત્રી. રાંપડી; રાંપ; નિંદામણ કરવાનું ઓજાર; કરબડી.

૩. વિ. નરમ; કમકૌવતવાળું; નબળું.

૪. વિ. નિર્દય; ઘાતકી; કમકમાટીભર્યું.

કરપીડણ (કરપીડ઼ણ) ન. (જૂ. ગુ.) હસ્તમેળાપ; લગ્ન.

બોલ લઈને રે બાળા ઇમ કહે,
કરપીડણ કર કંત. જિનહર્ષ

કરપીડન (કરપીડ઼ન) [સં.] ન. હાથેવાળો; પાણિગ્રહણ; લગ્ન; કરગ્રહ.

કરપીણ ૧. [સં. કૃપણ] વિ. કંજૂસ; બખીલ; લોભી.

૨. વિ. નબળું.

૩. વિ. નિર્દય; ઘાતકી; ક્રૂર; કમકમાટીભર્યું.

૪. વિ. નીચ; અધમ; દુષ્ટ.

૫. વિ. ભયંકર.

કરપીધન ન. લોભિયાનો પૈસો.

સિંહમૂછ ભોરિંગમણિ, **કરપીધન** સતી નાર;
જીવ ગયે પર કર ચઢે, ત્યમ ક્ષત્રી તરવાર.
લોકોક્તિ

કરપુટ ૧. [સં.] પું. ખોબો; પસલી.

૨. પું. નમસ્કાર માટે હાથ જોડવા તે.

કરપુર ન. (ડિંગળ) કપૂર.

કરપુરા સ્ત્રી. બંગાળી આંબાની એ નામની એક ઊંચી જાત.

કરપુષ્કર [સં.] ન. હસ્તકમળ; કરકમળ; હાથરૂપ કમળ.

કરપુષ્ટ [સં.] વિ. હાથ વડે પોષેલું.

કરપુસ્તક [સં.] ન. લઘુગ્રંથ; નાની ચોપડી.

કરપુંજ [સં.] પું. કિરણનો સમૂહ.

કરપૂર [સં.] ન. કપૂર.

કરપૂરક ન. (ડિંગળ) કપૂર.

કરપૃષ્ટ જુઓ કરપૃષ્ઠ.

કરપૃષ્ઠ [સં. કર (હાથ) + પૃષ્ઠ (પીઠ)] પું. હથેલીનો પાછલો ભાગ; હાથનો અવળો ભાગ.

કરપૃષ્ઠિક [સં. કર (હાથ) + પૃષ્ઠ (પીઠ) + ઇક (લગતું)] પું. હથેલીની પાછલી બાજુ ઉપર આવેલી શિરાઓની જાળ.

કરપેશી [સં.] સ્ત્રી. હથેલી માંહેની પેશી. અંગૂઠાના મૂળની આસપાસ ચાર, ટચલી આંગળીના મૂળની આસપાસ ચાર, અને આંગળીઓની મૂળશલાકાઓ વચ્ચે આગલી અને પાછલી મળી અગિયાર એમ હથેલીમાં કુલ ઓગણીશ પેશી છે.

કરપો ૧. પું. ઢેકું કે લાકડાના કટકાથી ગુદા સાફ કરવાની ક્રિયા.

૨. પું. પક્ષીઓને ઉડાડવા માટે ખેતર વચ્ચે બાંધેલો માળો.

૩. પું. પુરુષની જનનેન્દ્રિય.

કરપોટાં ન. બ. વ. બેલગાડીના ઓછાડ નીચેનાં લોઢાનાં પતરાં.

કરપ્રચાર [સં.] પું. આકારની સુનાવણી.

કરપ્રતિકર [સં.] પું. અમુક ઠરાવેલ રકમના બદલામાં ગોવાળને સોંપવામાં આવતું ગાયનું ધણ; દૂધ વગેરેની અમુક ચોક્કસ પેદાશ લેવી એવી શરતે સોંપેલું ગાયનું ધણ. ચંદ્રગુપ્તના વખતમાં દરેક ગોવાળિયાને ૨૦ ઘરડી ગાય, ૨૦ દૂઝણી ગાય, ૨૦ ગાભણી ગાય, ૨૦ જુવાન ગાય અને ૨૦ વાછરડી એમ ૧૦૦ ઢોર સોંપવામાં આવતાં અને તેને લવાજમ તરીકે દર વર્ષે ૮ વારક એટલે $૩\frac{૩}{૨૦}$ શેર ઘી અને મરી ગયેલ ગાયોનાં ચામડાં આપવામાં આવતાં.

કરફેહ ન. પ્રમાણિકતા; ન્યાયીપણું.

કરફૂસ (કરફ઼ૂસ) [ફા.] ન. ફુદીનો.

કરફૂસકોટી (કરફ઼ૂસકોટી) [યૂ.] સ્ત્રી. પહાડી અજમોદ.

કરબ ૧. પું. અંકુશ; કડપ; ધાક; શેહ; દાબ.

૨. પું. ભાર; બોજ; વજન.

૩. ન. ખેતીનું એક ઓજાર. જમીન પોચી કરવાનું તથા ઘાસ કચરો કાઢી નાખવાનું કામ જુદા જુદા કદનાં પાનાંથી થાય છે. આ પાનું તદ્દન સીધું અથવા સહેજ વાંકવાળું હોય છે. તેની લંબાઈ ૨૧થી ૪૮ ઇંચ અને પહોળાઈ ૨॥ ઇંચથી ૪ ઇંચ જેટલી હોય છે. હળની પેઠે કરબ ખેડ કરવાનું ઓજાર પણ છે.

૪. [અ.] ન. દુઃખ.

૫. ન. સૂકું ઘાસ; કડબ; જુવાર બાજરીના સાંઠા.

૬. [અ.] અ. ક્રિ. (ધાતુ) તે નજીક હતો. તેના ઉપરથી નીકળેલ શબ્દઃ કરીબ; અકરિબ; અકારિબ; કુરબત.

કરબટ પું. નાનાં ગામોવાળો પ્રદેશ.

કરબડા (કરબડ઼ા) ૧. [હિં.] ન. અછત; તંગી.

૨. વિ. ધોળું; ભૂરૂં.

કરબડી (કરબડ઼ી) ૧. સ્ત્રી. પક્ષીઓને ચણ નાખવા ટાંગેલું શીકું.

૨. સ્ત્રી. રાંપડી; ખેડૂતનું એક ઓજાર.

૩. વિ. સ્ત્રી. ભૂરી.

કરબડો (કરબડ઼ો) પું. નાળચાવાળો લોટો.

કરબદર [સં.] ન. હાથમાંનું બોર; હસ્તામલક; તદ્દન સ્પષ્ટ વસ્તુ.

કરબદરવત્ [સં.] અ. હાથમાંના બોર જેટલી સ્પષ્ટ રીતે; દીવા જેવી સ્પષ્ટ રીતે; હાથમાં રહેલા બોરની પેઠે; સંપૂર્ણ રીતે તપાસી કે જાણી શકાય તેમ.

કરબદરસદૃશ જુઓ કરબદરવત્.

કરબરી સ્ત્રી. એક જાતનું જળચર પક્ષી.

કરબલા ૧. સ્ત્રી. તાજિયા ટાઢા કરવામાં આવે તે જગ્યા.

૨. સ્ત્રી. પાણી વગરની ઉજ્જડ જગ્યા.

૩. સ્ત્રી. મુસલમાનની કબર.

૪. સ્ત્રી. મુસલમાનનું કબરસ્તાન.

૫. [અ. કર્બલા] ન. ઇરાકમાં આવેલું મુસલમાનોનું એ નામનું પવિત્ર સ્થળ; જે જગ્યાએ મહંમદ પેગંબર સાહેબના દૌહિત્ર ઇમામહુસેન શહીદ થયા અને જ્યાં તેની કબર છે તે સ્થળ.

કરબલાઈ [અ.] વિ. કરબલાનું.

કરબવું ૧. સ. ક્રિ. કડપ રાખવો; અંકુશમાં રાખવું; દાબમાં રાખવું.

૨. સ. ક્રિ. રાંપડી દેવી.

કરબસ [હિં.] પું. દરિયાઈ ઘોડાના ચામડાનો બનતો એક જાતનો ચાબુક. આફ્રિકમાં સિનાર ગામમાં આ જાતના ચાબુક બને છે.

કરબાલ ૧. પું. તરવાર; ખડ્ગ; શમશેર.

૨. [સં. કર (હાથ) + બાલ (બચ્ચું)] પું. નખ.

કરબાલિકા [સં.] સ્ત્રી. એક જાતનું હથિયાર.

કરબી ૧. પું. (હિંદી) કડબ; જાર બાજરાના સૂકા સાંઠા.

૨. સ્ત્રી. ખેતીનું એક ઓજાર.

કરબીર ન. કરેણનું ફૂલ.

કરબીરક ન. (ડિંગળ) સ્મશાન.

કરબુજા ન. (કાનડી) એ નામનું એક ફળ; સાકરટેટી.

કરબુર ૧. પું. (ડિંગળ) રાક્ષસ.

૨. વિ. કાબરું.

કરબો પું. કરવું તે.

કરબોરું ન. બરૂની જાતનો એક સાંઠો; એક જાતનું બરૂ; કલમ કરવાના કામમાં આવતું એક જાતનું જાડું રાડું.

કરભ ૧. [સં.] પું. ઊંટ.

૨. પું. ઊંટનું બચ્ચું; બોતડું.

૩. પું. (પિંગળ) એક અર્ધસમ માત્રામેળ છંદ. તે દોહરા છંદનો એક ભેદ છે. તેમાં સોળ ગુરુ અને સોળ લઘુ મળી બત્રીસ વર્ણ અને અડતાલીસ માત્રા હોય છે.

૪. પું. કોણીથી કાંડા સુધીનો હાથનો ભાગ.

૫. પું. ગાયકથી થતો એક દોષ; ઊંટના જેવી ગરદન લાંબી કરીને અથવા હાથીના બચ્ચાની માફક માથાને ઊંચુંનીચું નમાવી ગાવું તે.

૬. પું. નખલો નામનું ગંધદ્રવ્ય.

૭. પું. નાનો જુવાન હાથી; હાથીનું બચ્ચું.

૮. પું. (જ્યોતિષ) રાશિચક્ર અથવા નક્ષત્રચક્રની ઉત્તરે ગોળાર્ધમાં આવેલ એક તારાનો સમૂહ. તેનો આકાર લાંબી ડોકવાળા ઊંટ જેવો છે.

૯. પું. (જ્યોતિષ) વિષુવાંશ ૪૫થી ૧૨૦ અને ઉત્તર ક્રાંત્યંશ ૫૨ થી ૮૦ વચ્ચે આવેલો તારાપુંજ.

૧૦. પું. હથેળીની અંદરની કોર. તે ટચલી આંગળીથી ઉપર સીધી લીટીમાં આવી છે.

૧૧. પું. હથેળીનો પાછલો ભાગ; કરપૃષ્ઠ; કાંડાથી આંગળીઓના મૂળ સુધીના હાથનો પાછલો ભાગ.

૧૨. પું. હરકોઈ જનાવરનું બચ્ચું.

૧૩. પું. હાથીની સૂંઢ.

૧૪. સ્ત્રી. કેડ; કમર.

૧૫. સ્ત્રી. દોરી.

૧૬. વિ. ઊંટની જેમ ઊંચી ડોક કરી ગાનાર.

કરભક ૧. પું. ઊંટ.

૨. પું. ઊંટનું બચ્ચું.

૩. પું. કાંડાથી ટચલી આંગળી સુધીનો હાથનો બહારનો ભાગ.

૪. પું. નખલો નામનું ગંધદ્રવ્ય.

૫. પું. સાંઢણી સવાર.

૬. પું. હરકોઈ જનાવરનું બચ્ચું.

૭. પું. હાથીનું બચ્ચું.

કરભપ્રિયા [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; ઝીણો ધમાસો.

કરભલ્લ ન. નાનું ભાલું.

કરભવલ્લભ ૧. [સં.] પું. ઊંટને વહાલી હરકોઈ વસ્તુ.

૨. પું. કોઠનું ઝાડ.

૩. પું. પીલુનું ઝાડ.

કરભસંકોચની [સં.] સ્ત્રી. ટચલી આંગળીના મૂળમાં રહેલી એ નામની એક પેશી. આ ત્રાંસી પેશી કંકણિક અને કરતલિક નામના સ્નાયુઓ ઉપરથી ઉત્પન્ન થઈ હથેળીની અંદરની બાજુએ કાંડાના સાંધાથી સહેજ નીચે ચામડીમાં લાગેલી છે.

કરભંજ [સં.] પું. મહાભારતમાં જણાવેલ એ નામનો એક પ્રાચીન દેશ.

કરભંજક પું. (પુરાણ) એ નામનો એક દેશ.

કરભંજિકા ૧. [સં.] સ્ત્રી. કરમદાનું ઝાડ.

૨. સ્ત્રી. કોઈ એક પ્રકારે હાથનું મર્દન.

૩. સ્ત્રી. મોટું કરંજ વૃક્ષ; ઉદકીર્ય.

કરભાગ [સં] પું. રૈયત પાસેથી રાજા કર તરીકે ઊપજનો ભાગ લે તે; ઊપજમાંથી કરરૂપે લેવાતો રાજભાગ.

કરભાજન પું. એક ઋષિ; ઋષભદેવના નવ સિદ્ધ પુત્ર માંહેના એકનું નામ.

કરભાદની સ્ત્રી. ધમાસો નામની વનસ્પતિ.

કરભામી વિ. હાથ જોડનાર.

જેમ કહે જગદીશ જીભે, તેમ કરે તે **કરભામીને.**
નિષ્કુળાનંદ

કરભાર ૧.[સં.] પું. કરવેરાનો બોજો.

૨. પું. ખંડણીની મોટી રકમ.

૩. પું. ઘણો ભારે બોજો.

૪. પું. હાથરૂપી ભાર.

કરભારણ ન. વેરાનો બોજો.

કરભાસ્થિ ન. હથેળીને ટેકો આપનાર કરાંગુલી; મૂળ શલાકા.

કરભિકા [સં.] સ્ત્રી. ઊંટડી.

કરભિણી [સં.] સ્ત્રી. હાથણી.

કરભિત પું. (પિંગળ) બે સગણ અને એક ગુરુ મળી સાત વર્ણનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉષ્ણિકનો ભેદ છે.

કરભિદૂ સ સ ગાથી. રણપિંગળ

કરભી ૧. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ; નવપદી; ઉષ્ટ્રી; કલભી. તેમાં પહેલા, ત્રીજા, પાંચમા, છઠ્ઠા અને આઠમા પાદમાં ૧૩ માત્રા અને બીજા, ચોથા, સાતમા અને નવમા પાદમાં ૧૧ માત્રા હોય છે.

૨. [સં. કરભિન્] પું. હાથી.

૩. સ્ત્રી. અનાજ ભરવાનું એક મોટું વાસણ.

૪. [સં.] સ્ત્રી. ઊંટડી.

૫. સ્ત્રી. નાની જુવાન હાથણી.

કરભીર [સં.] પું. સિંહ; વનરાજ.

કરભુ વિ. ઊંટની પેઠે ઊંચી ડોક કરી ગાનાર.

કરભૂ [સં.] પું. આંગળીનો નખ.

કરભૂષણ ૧. [સં.] ન. દાન.

૨. ન. પતિ.

૩. ન. હાથનું ઘરેણું.

કરભેંડો પું. લોંકડીની જાતનું એક પ્રાણી.

કરભોદ્ધતા પું. (પિંગળ) એક અર્દ્ધ સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના પહેલા અને ત્રીજા ચરણમાં ભગણ, તગણ, રગણ, લઘુ અને ગુરુ એમ અગિયાર અક્ષર અને બીજા તથા ચોથા ચરણમાં સગણ, નગણ, રગણ, લઘુ અને ગુરુ એમ અગિયાર અક્ષર હોય છે.

કરભોરુ ૧. [સં. કરભ (હાથીની સૂંઢ) + ઊરુ (સાથળ)] સ્ત્રી. હાથીની સૂંઢના જેવા સાથળવાળી સ્ત્રી.

૨. વિ. સ્ત્રી. સુંદર જાંઘવાળી.

કરમ ૧. પું. (વ્યાકરણ) કર્મ વિભક્તિ.

૨. પું. કાંડાની અને આંગળીઓનાં હાડકાંની વચ્ચેનો ભાગ. માણસમાં આ પાંચ હાડકાંનો બનેલો હોય છે.

૩. પું. ધંધો.

૪. પું. ધાર્મિક ક્રિયા.

૫. પું. ફરજ.

૬. [અ. કરમ (તે ઉદાર હતો)] સ્ત્રી. કૃપા; મહેરબાની.

૭. સ્ત્રી. કોબીચ.

૮. સ્ત્રી. વિધાતા; નસીબની દેવી.

૯. ન. અવળું ફરતાં અટકાવવાનો ખૂંટો.

૧૦. ન. ઉત્તમતા; શ્રેષ્ઠપણું.

૧૧. ન. ઉદારતા; સખાવત.

૧૨. ન. એક જાતનું ઘરેણું.

૧૩. ન. કપાળ.

૧૪. [સં. કર્મ] ન. કર્મ; કામ; કૃત્ય.

૧૫. ન. કાંઈ કરવું તે.

૧૬. ન. કુકર્મ; નિંદ્ય કામ.

૧. કરમ કરવું = ખરાબ કામ કરવું.

૨. કરમ બાંધવાં = પાપ કરવાં.

૩. કાળાં કરમનો કરનાર = ખરાબ કામો કરનાર.

૧૭. [ફા. કિર્મ] ન. કૃમિ; કરમિયો; પેટમાં પોષાતું એક જાતનું જીવડું. જુઓ કૃમિ.

૧૮. ન. (કચ્છી) ધોળાશ પડતા પીળા રંગનાં સુગંધી ફૂલવાળું એક જાતનું ઝાડ. તેને કલમ પણ કહે છે.

૧૯. ન. નસીબ; પ્રારબ્ધ; ભાગ્ય; કિસ્મત.

૧. કરમ ઊઘડવું-ખૂલવું = નસીબ ખૂલવું; નસીબદાર થવું.

૨. કરમ જાગવું = સારૂં નસીબ થવું.

૩. કરમ ઠોકવું = કરમ ઉપર રોવું.

૪. કરમ ફૂટવું = (૧) કમનસીબ હોવું. (૨) વિધવા થવું.

૫. કરમના ભોગ = નસીબે માંડેલ દુઃખ; કમબખ્તી; દુર્દૈવ.

૬. કરમનો આગળો-બળિયો = નસીબદાર.

૭. કરમનો કાળો = કમનસીબ.

૮. કરમનો ધણી-બળિયો = ભાગ્યશાળી.

૯. કરમનો ફૂટેલો-ફૂટચો = કમનસીબ.

૧૦. કરમે ચોટેલું-લખેલું-લાગેલું-વળગેલું = નસીબમાં માંડેલું.

૧૧. કરમ કઠણ ને કાયા સુંવાળી = સારૂં મળે નહિ અને ખરાબ ગમે નહિ.

૧૨. કરમ કઠિયારાનું અને દેહ રાજાની-કરમ કથીર ને દેહ સોનાની = સ્થિતિ સારી હોવી પણ સંજોગો પ્રતિકૂળ હોવા.

૧૩. કરમ કરે તે કોઈ ન કરે = નસીબની રસ્તા છૂપા છે; નસીબમાં લખેલું કોઈ મિથ્યા ન કરે.

૧૪. કરમ કહે કોઠીમાં પેસું ને મન કહે માળવે જાઉં = ગજા ઉપરાંતની મોટી મોટી આશા બાંધવી.

૧૫. કરમ પ્રમાણે બુદ્ધિ ને જળ પ્રમાણે પોયણું = માણસની ઇચ્છા તેના ભૂતકાળના વર્તન અને આસપાસની હકીકત ઉપરથી જોઈ શકાય છે.

૧૬. કરમ વગરનો ખેતી કરે, બળદ મરે કે સુકવાણું પડે = ભાગ્યહીન માણસ જે કાંઈ કામ આદરે તેમાં તેને અનેક મુશ્કેલીઓ પડે.

૧૭. કરમ હોય પાધરાં તો વૈરી સૌ આંધળાં = ઈશ્વર સાનુકૂળ હોય તો કોઈ પ્રતિકૂળ ન થાય; સાનુકૂળ નસીબ બધા વિરોધીને ચૂપ કરી દે છે.

૧૮. કરમના આગળા કે પરણ્યા પહેલાં રાંડ્યા = નસીબ પ્રતિકૂળ હોય ત્યારે તેની સામું થવું નકામું છે.

૧૯. કરમની રતી, નાંખી ઊંધી તો થઈ છતી = સારૂં નસીબ બધું ફેરવી શકે.

૨૦. કરમને કંઈ શરમ નથી = કરમ નિષ્ઠુર છે.

૨૧. કરમમાં ન હોય કોઠાં ને કોનાં જોઉં ઓઠાં = નસીબની સામે કોઈ મદદ ન કરી શકે.

૨૨. કરમમાં ને ધરમમાં કોઈનો ભાગ નથી = નસીબ અને ભક્તિમાં કોઈ ભાગ પડાવતું નથી.

૨૩. જનમ આપે જનેતા પણ કરમ ન આપે કોઈ = પોતાનાં કર્યાં પોતે જ ભોગવવાં પડે.

૨૪. જ્યાં જાઉં ત્યાં કરમ આગળ ને આગળ = નસીબ બે ડગલાં આગળ ને આગળ; વધારે મહેનત કરૂં છું તેમ વધારે નિષ્ફળ થાઉં છું.

૨૦. ન. પગલું; કદમ.

૨૧. ન. પરોપકાર.

૨૨. ન. પ્રારબ્ધ કર્મ.

૨૩. ન. બે કદમ અથવા ત્રણ હાથનું ખેડૂતનું ભરતરીનું માપ.

૨૪. [અ.] અ. ક્રિ. (ધાતુ) તે ઉદાર હતો. તેના ઉપરથી બનેલ શબ્દો: કરમ, અકરામ, કરીમ, કરામત.

કરમ-અલ-જમાન [અ.] પું. નૂરે જહાન; આખી દુનિયાનો પ્રકાશ.

કરમક ૧. ન. એક જાતનું ફળ.

૨. ન. (ડિંગળ) શુદ્ધ આચરણ.

કરમકથા ૧. સ્ત્રી. ખરાબ નસીબની વાત.

૨. સ્ત્રી. નજીવી વાત; ટાયલું.

૩. સ્ત્રી. પોતાની વડાઈની વાત.

૪. સ્ત્રી. વીતકની વાત; કરમકહાણી.

કરમકર પું. (ડિંગળ) દાસ.

કરમકર્તા ૧. [સં. કર્મન્ (કામ) + કર્તૃ (કરનાર)] પું. કામ. કરનાર; આડતિયો; એજંટ.

૨. પું. હિંદુ ઉપદેશ દેનાર.

કરમકલ્લા [ફા.] પું. કોબીચ; કોબીજ.

કરમકલ્લો [ફા. કરંકલ્લા (કોબીચ)] સ્ત્રી. એક જાતનું શાક; કોબીજ.

કરમકહાણી સ્ત્રી. વીતકની વાત. જુઓ કરમકથા.

કરમકળિયું વિ. નસીબમાં માંડેલું.

કરમકૂટ ૧. સ્ત્રી. એકની એક વાતનું પીંજણ.

૨. [સં. કર્મન્ (પ્રારબ્ધ) + કૂટ્ (દુઃખી થવું)] સ્ત્રી. ખોટી માથાફોડ; નકામી મહેનત.

૩. સ્ત્રી. નિત્યક્રમ.

૪. સ્ત્રી. વિતંડા; અસાર વિવાદ.

૫. સ્ત્રી. વેઠ; વૈતરૂં.

કરમકૃત [સં. કર્મકૃત્] વિ. કર્મ કરનાર.

કરમગત સ્ત્રી. કર્મની ગતિ.

કરમચડી (કરમચડ઼ી) સ્ત્રી. (ડિંગળ) તરવાર.

કરમચંડાળ વિ. ઘાતકી; નીચ; હલકું.

કરમચારી પું. ગામડાના અમુક ભાગની વસૂલાત એકઠી કરવા નિમાયેલ અધિકારી.

કરમજ ૧. [સં. કૃમિ (કરમિયો જીવડો) + જ (જન્મેલું)] પું. એક જાતના કીડાની માદામાંથી થતો રંગ. એ કીડાને એકઠા કરી

વાસણમાં નાખી ગરમી આપવામાં આવે એટલે તે કીડા મરી જાય અને તેનો રંગ બને છે. જુઓ કિરમજ.

૨. પું. કરમિયો; એક જાતનો જીવડો.

કરમજી [સં. કૃમિજ; અ. કિરમિઝ] વિ. ઘેરૂં લાલ; રક્ત વર્ણું.

કરમઝ (કરમઝ) [ફા.] વિ. કિરમજી; ઘેરૂં લાલ.

કરમટા ૧. સ્ત્રી. કણબીની અને રબારીની એ નામની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કરમટ્ટ [સં.] પું. સોપારીનું ઝાડ.

કરમઠું વિ. લોભી; કંજૂસ.

કરમડું (કરમડું) ૧. ન. કાર્ય; કરમ.

૨. ન. નસીબ; ભાગ્ય.

કરમડો (કરમડ઼ો) ૧. પું. ચોખા અને દહીં.

૨. પું. ચોખા અને દહીંની બનાવેલી વાની.

કરમણ ૧. સ્ત્રી. ગૃહસ્થની દીકરી.

૨. સ્ત્રી. ગૃહસ્થની સ્ત્રી.

કરમણવું ૧. અ. ક્રિ. અગવડતા થવી; અડચણ પડવી.

૨. [સં. કુ (ખરાબ) + મનસ્ (મન)] અ. ક્રિ. કચવાવું; કણમણવું; અસંતોષથી ગણગણવું.

૩. અ. ક્રિ. વિનોદ કરવો; ગમ્મત કરવી.

કરમણુંક ૧. સ્ત્રી. રમત; લીલા; વિનોદ; ક્રીડા; વિહાર.

૨. [મ. કર્મણૂંક] સ્ત્રી. સુખ ઊપજે એવો વ્યવસાય; ઉદ્યોગ સાથે સુખ મળે એવો વ્યાપાર.

કરમણૂક જુઓ કરમણુંક.

કરમત પું. એ નામનો એક પ્રખ્યાત ધુતારો. ઈ.સ. ૮૯૧માં તે કરમ અથવા કરમતીઅન પંથનો વડો હતો. એનું મૂળ નામ અબુઝાર હતું. તેણે હઝરત મહંમદનાં ફરમાનો ઊંધા વાળવાની કોશિષ કરી હતી. આ પંથ હવે નાબૂદ થઈ ગયો છે.

કરમથિત [સં.] વિ. હાથે કરી મથેલું.

કરમદિકા જુઓ કરમદી.

કરમદી [સં. કરમર્દક] સ્ત્રી. એક જાતનુ ફળઝાડ. તેનાં પાન લીંબોઈ જેવાં અને ફળ જાંબુડાં જેવાં થાય છે. તેનાં ફૂલ સફેદ હોય છે અને ઝાડને કાંટા હોય છે. તેનાં કાચા ફળનું અથાણું થાય. તે ખાટાં, અગ્નિદીપક, ભારે, પિત્તકર, ગ્રાહક, ઉષ્ણ અને રુચિપ્રદ છે. પાકાં ફળ મીઠાં, રુચિકર, લઘુ અને શીતળ હોય છે. તે ખવાય છે. તેનાં લાકડાં બાળવાના કામમાં આવે છે. કરમદીની એક કડવી જાત પણ થાય છે. તેનાં મૂળ મીઠા તેલ સાથે ચોપડવાથી ખરજનું દરદ મટવાનું મનાય છે. સર્પદંશ ઉપર કાળી કરમદીનાં મૂળ ઘસી પાવામાં આવે છે.

કરમદું ૧. [સં. કરમર્દ] ન. કરમદીનું ફળ; કરમર્દ; સુષેણ. તે નાનું હોય ત્યારે ખાટું અને પાકતાં જાંબુડિયા રંગનું અને મીઠું થાય છે. તેની સફેદ અને લીલી એમ બે જાત છે. કેટલાક લોકો તેનું અથાણું કરે છે. પાકાં ફળ મધુર, રુચિકર, લઘુ અને શીતળ છે. તે રક્તપિત્ત, ત્રિદોષ, વિષ અને વાયુનો નાશ કરનાર મનાય છે.

૨. ન. ડુંગરમાં થતું એક જાતનું કાંટાવાળું ઝાડ. તે બહુ મોટું થતું નથી. પોચી અને ડુંગરાઉ જમીન, જેમાં પાણી ભરાઈ રહેતું હોય ત્યાં કરમદાં કુદરતી રીતે ઘણાં થાય છે. તેની ડાળીઓમાં કાંટા હોય છે. આ ઝાડને ફાગણ માસમાં ફાલ આવે અને જેઠ અષાડમાં તે પાકે ત્યારે તે કાળાં થાય છે. કાચાં કરમદાં સફેદ ને લાલ રંગનાં હોય છે ને ખાવામાં જરા કડવાં લાગે છે. કરમદાં વાવ્યાં પછી ચોથે કે પાંચમે વર્ષે ફળે છે.

૩. [સં. કરંભ] ન. દૂધ ચોળેલ રોટલો અને ભાતનું મિશ્રણ.

કરમદો ૧. પું. એક જાતનું ફળઝાડ. જુઓ કરમદી.

૨. પું. દૂધ, ભાત અને રોટલાનું મિશ્રણ.

ગોવાળીયા મંડળી મળી, ઉભી ગોવર્ધનને માથ,
કૃષ્ણ આરોગે રૂડો **કરમદો**, આહીરડાંની સાથ.
નરસિંહ

કરમર્દ્ય ૧. પું. કંપનિશાહી એક રૂપિયાભારનું વજન.

૨. પું. મગધ દેશનો એક કર્ષનો તોલ.

કરમન પું. એક જાતનો રંગ.

કરમપુરાણ ન. અઢાર માંહેનું એ નામનું એક પુરાણ.

કરમફૂટ વિ. કમનસીબ; અકર્મી; હીનભાગ્ય.

કરમફૂટ્યું જુઓ કરમફૂટ.

કરમફોડ (કરમફોડ઼) વિ. કરમફૂટ; કમનસીબ.

કરમબક્ષિસ ૧. [અ. કરમ (ઉદારતા) + ફા. બક્ષિસ (ઇનામ)] સ્ત્રી. ભાગ્યશાળીપણું; સારૂં નસીબ.

૨. સ્ત્રી. રહેમિયત; ક્ષમાશીલતા.

૩. સ્ત્રી. સખાવત; ઉદારતા.

કરમબખ્ખસેશ જુઓ કરમબક્ષિસ.

કરમબખ્શી [અ. કરમ (ઉદારતા) + ફા. બખ્શીદન્ (મહેરબાની કરવી)] સ્ત્રી. મહેરબાની કરવાપણું.

કરમબળી વિ. બળવાન નસીબવાળું.

કરમભાગ પું. ભાયાતો કે રાજકુંવરોને ગુજરાન સારૂ અપાયેલ જાગીર; કપાળગરાસ.

કરમર સ્ત્રી. (ડિંગળ) તરવાર.

કરમરાટ પું. કચવાટ; બળાપો.

કરમરી [સં. કરમરિન્] પું. કેદી; બંદીવાન.

કરમરૂ વિ. આઠ આનીથી પણ ઓછા પાકવાળું.

કરમરેખ ૧. [હિં.] સ્ત્રી. કર્મની રેખા.

૨. સ્ત્રી. નસીબરૂપી હાથ.

કરમરેખા સ્ત્રી. ભાગ્ય; નસીબની રેખા.

કરમર્દ ૧. [સં.] પું. કરમદાનું ઝાડ.

૨. ન. કરમદું; એક ફળ.

કરમર્દક જુઓ કરમર્દ.

કરમર્દન ૧. [સં.] પું. કરમદાનું ઝાડ.

૨. પું. હાથનો મેળાપ.

કરમર્દિકા સ્ત્રી. નાનું કરમદું.

કરમર્દી [સં.] સ્ત્રી. કરમદાનું ઝાડ.

કરમલ [સં.] પું. કરંબળ; એ નામની એક ઔષધોપયોગી વનસ્પતિ; રોમફળનું ઝાડ. તેનાં ફળ ખટમધુરાં અને મૃદુરેચક છે. તાવ અને કફમાં તે ફળનો રસ પાણી અને સાકર સાથે અપાય છે.

કરમલડી (કરમલડ઼ી) સ્ત્રી. કમલિની; કમળનો છોડ.

કરમલડો (કરમલડ઼ો) ૧. પું. કરમો; દહીં, જીરું તથા મીઠું નાખેલા ભાતનું માતાનું નૈવેદ્ય.

૨. પું. કલવો.

૩. [સં. કલ્યવર્ત] પું. ઘી ગોળમાં ચોળેલો બાજરાનો લોટ; કુલેર.

૪. પું. કુમરો.

૫. પું. રોટલો.

વહાલો અહીંયાં બેસતા રે
જમતાં **કરમલડો** ને ખીર. નરસિંહ

કરમલો જુઓ કરમલડો.

કરમવું અ. ક્રિ. કરમાવું; સુકાવું.

કરમવેરો ૧. [સં. કરમ + વ્યવહાર (રિવાજ)] પું. જજિયાવેરો; માથાવેરો; માણસ દીઠ લેવામાં આવતો કર.

૨. પું. નસીબમાં લખાયેલી વેઠ.

કરમશ ૧. સ્ત્રી. ઢેઢની એ નામની એક અટક.

૨. ન. એ અટક્નું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કરમસદિયું વિ. કમનસીબ; ભાગ્યહીન.

કરમસાખી પું. (ડિંગળ) સૂર્ય.

કરમસેંક ૧. પું. હુક્કો.

૨. સ્ત્રી. કઠણ સૂકી રોટલી.

કરમહીણું વિ. હીણભાગી; કરમફૂટ; કમનસીબ.

રતનાગર સાગર ભર્યો, રતન તણાતાં જાય;
કરમહીણાં ભરે મૂઠી, શંખલે હાથ ભરાય.
લોકોક્તિ

કરમળ સ્ત્રી. તરવાર.

કરમળો જુઓ કરમલડો.

કરમંદડી (કરમંદડ઼ી) સ્ત્રી. કરમદાંનું ઝાડ.

કરમા ૧. [સં. કર્મા] સ્ત્રી. એ નામની એક ભક્ત સ્ત્રી. તેનું મંદિર જગન્નાથજીમાં છે. તેની ખીચડીનો જગન્નાથજીને ભોગ ધરાય છે.

૨. [સં. ક (બ્રહ્મા) + રમા (સ્ત્રી)] સ્ત્રી. બ્રહ્માની સ્ત્રી સરસ્વતી.

કરમાઇલ પું. એ નામનો એક ઈરાની. ઈરાન ઉપર એક વખત ઝોહાક નામે એક પરદેશીનું રાજ્ય હતું. તેનો રોગ મટાડવા દરરોજ બે માણસને મારી નાખવામાં આવતા. આ વખતે અરમાઇલ અને કરમાઇલ નામના બે દયાળુ પુરુષ વેષબદલો કરી રાજા પાસે ગયા અને તેના રસોયા તરીકે નોકર રહ્યા. તેઓની પાસે દરરોજ બે માણસ લાવવામાં આવતાં તેમાંથી તેઓ માત્ર એકને મારતા અને બીજાને બચાવતા. આ રીતે તેઓએ શુમારે ૨૦૦ માણસ બચાવ્યાં અને તેમને દૂર દેશાવર મોકલી આપ્યાં. આ દેશાવર મોકલી આપેલ લોકો કુર્દ લોકોના પૂર્વજો હોવાનું મનાય છે.

કરમાણી અજમો [ફા. કર્માણી (કર્માન પ્રાંતનું) + અજમો (એક જાતની ઔષધિ)] પું. કિર્માન કે કર્માન નામના પ્રાંતમાંથી આવતું એક જાતનું કડવું વસાણું; કિરમાણી અજમો; ખુરાસાની અજમો; છુવારી અજમો. આ અજમો ગાયના મૂત્રમાં ત્રણ દિવસ પલાળી રાખી, મૂત્ર હમેશા બદલતા રહી પછી શુદ્ધ પાણીથી ધોઈને દવામાં વપરાય છે.

કરમાધરમી ૧. [સં. કર્મન્ (નસીબ) + ધર્મ] વિ. ભાગ્યને અધીન; કર્મધર્મ અનુસાર એવું.

૨. અ. કર્મ અને ધર્મને અનુસાર.

કરમાધર્મી જુઓ કરમાધરમી.

કરમાન ન. ઈરાનનું એ નામનું એક શહેર.

કરમાલ [સં.] પું. ધુમાડો.

કરમાલા ૧. [સં.] પું. (પિંગળ) બાર અક્ષરનો એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેમાં સ, ભ, ત અને ય ગણ હોય છે. તે જગતી છંદનો એક ભેદ છે.

કરમાલા કર સા ભા ત ય આણી. રણપિંગળ

૨. જુઓ કરમાળા.

કરમાલી [સં.] પું. સૂર્ય.

કરમાવવું ૧. સ. ક્રિ. ઓછું થાય તેમ કરવું.

૨. સ. ક્રિ. ચિમળાવવું; કરમાય એમ કરવું.

૩. સ. ક્રિ. શરમાવવું.

કરમાવું ૧. અ. ક્રિ. નરમ પડવું; ઢીલા થવું.

૨. અ. ક્રિ. બિડાવું; બંધ થવું; સંકોચાવું.

૩. અ. ક્રિ. વિલાવું; ચીમળાવું; ફિક્કું પડવું; તાજગી ઊતરી જવી; ઝાંખું પડવું.

૪. અ. ક્રિ. શરમાવું.

૫. અ. ક્રિ. સુકાવું; ઓસરી જવું.

કરમાશ સ્ત્રી. કરમાવું તે.

કરમાહી સ્ત્રી. (જરથોસ્તી) એક જાતની માછલી. તે હોમનાં ઝાડની રખેવાળી કરવા પેદા કરેલ મનાય છે.

કરમાળ ૧. [સં. કર (કિરણ) + માલા (જથ્થો)] પું. સૂર્ય; સૂરજ.

૨. સ્ત્રી. (જૂ. ગુ.) તરવાર; અસિ.

કરમાળની કોદાળી કરી, સજડે કાઢયું સૂડ;
જડે નહિ જડમૂળ, ભારાવાળું ભોજલ.
લોકોક્તિ

કરમાળા ૧. [સં. કર (હાથ) + માલા (હાર)] સ્ત્રી. જપમાળા; બેરખો; તસબી; જપ કરવાની માળા.

૨. સ્ત્રી. હાથની આંગળીઓ રૂપી જપમાળા. સંધ્યાદિ નિત્યકર્મમાં જણાવેલ છે કે અનામિકાનો વચલો વેઢો, પછી તેના મૂળ પાસેનો એટલે પહેલો વેઢો, પછી ટચલી આંગળીનો પહેલો, બીજો અને ત્રીજો વેઢો, પછી અનામિકા અને મધ્યમાના ઉપલા વેઢા અને પછી તર્જનીનો ત્રીજો, બીજો અને પહેલો વેઢો એમ દશ વેઢાની કરમાળા થાય છે. કનિષ્ઠિકાના ઉપલા વેઢાથી શરૂ કરી દરેક આંગળીના ત્રણ ત્રણ વેઢા ગણતાં તર્જનીના મૂળ સુધીના બાર વેઢાની કરમાળા થતી હોવાનું કેટલાક માને છે.

કનિષ્ઠિકાને આદિ લઈ અનામિકાથી તર્જનીના મૂળ સુધી બબ્બે પર્વને અડતું જવું એ **કરમાળા** કહેવાય છે. ભગવતી ભાગવત

કરમાળું વિ. કર્મવાળું.

કરમાંણી સ્ત્રી. એક જાતનું કરિયાણું; છુવારો.

કરમિયો ૧. [સં. કૃમિ] પું. કૃમિ; પેટમાં થતો એક જીવ. ખાધેલું પચ્યું ન હોય ને બીજું ખાવું, રોજ મધુરામ્લ ખાવું, ખાવાના વખતનો નિયમ ન હોવો, દૂધ આદિ પીવાં, મિષ્ટાન્ન અને ગોળ સાકર વગેરે વધારે પ્રમાણમાં ખાવાં, કસરત ન કરવી એ કૃમિ થવાનાં સાધારણ કારણ કહેવાય છે.

૨. પું. વિષ્ટામાં ઉત્પન્ન થતો બે ઇંદ્રિયવાળો જીવ.

કરમી ૧. પું. કણબી.

સાંભળો રામા મા'રી વિનતિ,
દુ:ખ **કરમીનાં** કહીએ. લોકોક્તિ

૨. વિ. કર્મઠ; કર્મરત.

૩. વિ. નસીબદાર; ભાગ્યશાળી.

૪. વિ. પૈસાદાર; તાલેવંત; ધનાઢય.

૫. વિ. બહાદુર.

૬. વિ. હોશિયાર; ચાલાક.

કરમીવટ સ્ત્રી. કરમીપણાનું બિરદ.

રંગ રંગ રજપૂત, **કરમીવટ** કામો કર્યાં.
દુહો

કરમીવટો પું. ભાગ્યશાળીપણું; નસીબદારી; મોટાઈ.

કરમીસ પું. એક જાતનો કીડો. ફ્રાન્સ અને સ્પેન તરફ ઊગતાં ઝાડ ઉપર તે હોય છે. તે કિરમજી જેવા રંગના ઉપયોગમાં આવે છે.

કરમુક્ત ૧. [સં.] ન. એક જાતનું અસ્ત્ર.

૨. વિ. કર વિનાનું; મહેસૂલ માફ; નિષ્કર.

કરમુદ્રડી (કરમુદ્રડ઼ી) [કર (હાથ) + મુદ્રા (વીંટી) + ડી (નાનાપણું બતાવનાર પ્રત્યય)] સ્ત્રી. આંગળીની વીટી.

કરમુષ્ટ્યાકારબંધ પું. (કાવ્ય) કાવ્યનો એ નામનો એક પ્રકાર.

કરમુંહા ૧. વિ. કલંકી.

૨. વિ. કાળા મોઢાવાળું.

કરમૂલશલાકા સ્ત્રી. હાથની આંગળીઓના મૂળ આગળનું હાડકું.

કરમો ૧. પું. ઘઉં, ચોખા, દાળ વગેરેને તેલનો પટ આપવો તે; મોણ નાખવું તે.

કરમો દેવો = ઔષધના ભૂકામાં કોઈ પ્રવાહી પદાર્થ છાંટી તે વડે તેને ભીંજવવો.

૨. પું. ઢોરને શરીરે નીકળતા વાળા.

કરમો ફૂટવો = ઢોરને શરીરના કોઈ ભાગમાંથી લોહી નીકળવું.

૩. પું. દહીં, જીરું તથા મીઠું નાખેલા ભાતનું માતાનું નૈવેદ્ય.

૪. પું. ભાત.

કરમંદડી (કરમંદડ઼ી) સ્ત્રી. કરમદાનું ઝાડ.

કરમૈથુન [સં.] ન. હસ્તમૈથુન; સ્વયં વીર્યનો નાશ કરવો તે.

કરમોચન ૧. [સં.] ન. પાણિગ્રહણ.

કરમોચન અધિક પ્રમોદ શું,
રાજા દીધો નિજ રાજ રે. જિનહર્ષ

૨. ન. વેરાની માફી.

કરમોચનનિયમ પું. માફીની યોજના; માફીનો કાયદો.

કરમોડ (કરમોડ઼) ૧. પું. ઢોરને થતો એક રોગ.

૨. [સં. કર + મુટ્] સ્ત્રી. કરમોડાવું તે; લચક. ગુજરાતી મોડ શબ્દ મૂળ સંસ્કૃત મુટ્ અને પ્રાકૃત મોડ ઉપરથી થયો છે. મોળ, મોર, મરોડ, મરડ વગેરે એનો પરિવાર છે.

કરમોડ ખાવી = મરડાઈ જવું; લચકાઈ જવું.

કરમોડવું (કરમોડ઼વું) ૧. સ. ક્રિ. મરડવું; લચકાવવું; અવયવ મોચ ખાય તેમ કરવું.

૨. સ. ક્રિ. મસળવું; ચોળવું.

૩. સ. ક્રિ. સહેજ પલાળવું; કરમોવવું.

કરમોડાયેલું (કરમોડ઼ાયેલું) વિ. મરડાયેલું; લચકી ગયેલું.

કરમોડાવું (કરમોડ઼ાવું) અ. ક્રિ. મરડાવું; લચકાવું.

કરમોડિયો (કરમોડ઼િયો) પું. પશુને થતો એક રોગ. જુઓ કરમોડી.

કરમોડી (કરમોડ઼ી) ન. પશુના શિંગડામાં થતો એક રોગ. જે ઢોરને આ રોગ થયો હોય તે ઢોર બરાબર ખાતું નથી અને શિંગડું એક બાજુ નમતું રાખે છે. કેટલીક વખત કાનની નીચે સોજો હોય છે અને શિંગડાના મૂળમાં દબાવવાથી દુ:ખે છે. આ રોગવાળા ઢોરની સામે ઊભા રહી જોવાથી અને બંને શિંગડાં સરખાવવાથી કરમોડીવાળું શિંગડું નમેલું જણાશે અને બંને આંખો સરખાવવાથી કરમોડીવાળા શિંગડા તરફની આંખ સહેજ ફૂલેલી અને ડોળાયેલી માલૂમ પડશે. કરમોડીવાળું શિંગડું ધીમે ધીમે નમતું જાય અને આખરે ખરી પડે છે. સાજા શિંગડા કરતાં રોગી શિંગડું વધારે ગરમ હોય અને કઠણ વસ્તુ તેના ઉપર ઠોકવાથી ખોખરો અવાજ થાય. આ રોગના ઉપાય તરીકે કરમોડીવાળા શિંગડાંને સાબુ અને ગરમ પાણીથી ધોઈ વાળની નજીક કરવતીથી કાપી નાખવું, કરમોડીવાળો બધો ભાગ કાઢી નાખી શિંગડાનાં કાણાં ચોખ્ખાં કરવાં અને જખમ ફીનાઇલના પાણીથી ધોઈ નાખવો. તે જ પાણીમાં પૂમડું બોળી જખમ ઉપર મૂકવું અને તે ઉપર સ્વચ્છ કપડાનો પાટો બાંધી દેવો. રૂઝ આવતાં સુધી આમ દરરોજ કરવું. રૂઝ આવ્યા પછી શિંગડું દરરોજ ધોઈ ટિંક્ચર આયોડિન ચોપડવું અને રૂ મૂકી પાટો બાંધવો. કરમોડીનું શિંગડું જેમ બને તેમ વહેલું કાપવું. બહુ મોડું થાય તો રોગ વધી જાય અને મોડું કાપવાથી રોગ મટતો નથી.

કરમોવવું ૧. સ. ક્રિ. કરમોડવું; સહેજ પ્રવાહી સાથે ભેળવવું કે મસળવું; પ્રવાહીથી સહેજ પલાળવું.

૨. સ. ક્રિ. ચોળવું; જોરથી ભીંજવવું.

૩. સ. ક્રિ. બીજાને કરમો દેવો.

કરમોવું સ. ક્રિ. કરમોડવું; લોટ જેવી વસ્તુને જોરથી ચોળીને ભીંજવવી; હાથથી મોવું; મસળવું.

કરમ્બીક [અ.] ન. પાણી સ્વચ્છ કરવાનું વાસણ.

કરયદેશ પું. પ્રાચીન કાળમાં ગણના કરવામાં આવેલ બાર માંહેનો એક દેશ; કારવાડ.

કરયુગ્મ [સં.] ન. બે હાથનું જોડું.

કરરણસોચ વિ. (ડિંગળ) કાયર; બાયલું.

કરરધૂસ જુઓ કરરભૂસ.

કરરભૂસ ૧. પું. ધડાકા સાથે ભાંગી પડતાં થતો અવાજ.

૨. અ. ધડાકા સાથે ભાંગી પડે એમ.

કરરુહ ૧. પું. તરવાર.

૨. [સં. કર (હાથ) + રુહ્ (ઊગવું)] પું. નખ.

કરલ ૧. [સં.] પું. કેરડાનું ઝાડ.

૨. સ્ત્રી. ઝીણી કરચલી; કરચોલી; સીવેલ કપડામાં રાખવામાં આવતી વળી.

૩. ન. કોઠીનું ઝાડ.

૪. ન. ચીકણી અને કઠણ માટી.

કરલગાન [હિં.] ન. કર નાખવો તે.

કરલજામણું વિ. હાથને લજાવે એવું.

કરલાવું અ. ક્રિ. આક્રંદ કરવું.

ઊંચું આભ ચડી, **કરલાય** મન કુંજાં જેમ.
દુહો

કરલાં ન. બ. વ. તલના છોડવા ઉપરથી ખરેલાં ડોડવાં.

કરલિયું ન. ઊંટનું બચ્ચું; બોતડું.

કરલી [સં. કુલિકા] સ્ત્રી. એક જાતની પલાંડુ વર્ગની ઔષધોપયોગી એક વનસ્પતિ; કાલક; શ્રાદ્ધશાક; કાલશાક; નાડિક. તેના છોડ ચોમાસે પહેલો વરસાદ પડતાં જ ઊગી નીકળે અને લગભગ એક અઠવાડિયામાં ફળફૂલ આવી જાય. પાણકંદા જેવાં તેનાં પાન મથાળે સાંકડાં ને કોર ઉપર વળેલ થાય. તેની વચમાંથી ફૂલ ધારણ કરનારી લીસી સળી નીકળે છે. પાનની મીઠી ભાજી કફઘ્ન અને શીત છે. ફૂલ ધોળાં નાનાં અને ફળ ત્રણ ખૂણાવાળાં એલચી જેવાં નાનાં થાય છે. આ છોડને જમીનમાં કંદ થાય છે.

કરલું ન. ઊંટનું બચ્ચું; બોતડું.

કરલો ૧. પું. ઊંટ.

કરલો કાંટા નહ ચરે,
ચરે જ દૂજા ઊંટ. દુહો

૨. પું. પૂણીનો જથ્થો.

કરવ ૧. સ્ત્રી. એક જાતનું જળપાત્ર.

૨. સ્ત્રી. રાંપ; પાક લીધા પછી જમીન ઉખેડવાનું ખેડનું એક સાધન.

કરવટ ૧. [હિં.] સ્ત્રી. એક પડખે નમવાની મુદ્રા.

૨. સ્ત્રી. એકનો પક્ષ.

૩. સ્ત્રી. પડખાભર સૂવાની શરીરની સ્થિતિ.

૧. કરવટ કરવી = ફેરવવું.

૨. કરવટ બદલવી–બદલાવવી–લેવી = (૧) એકની બાજુ ઉપર જવું. (૨) દુશ્મનના પક્ષમાં જવું. (૩) પથારીમાં પડખું ફેરવવું; પાસું બદલવું.

૪. સ્ત્રી. પડખું; પાસું.

કરવટિયું ૧. ન. પડખું.

૨. વિ. પડખાભર સૂતેલું.

કરવટ્યા સ્ત્રી. એકનો પક્ષ.

કરવઠું ૧. સ્ત્રી. કોળીની એ નામની એક અટક.

૨. ન. એ અટકનું માણસ.

૩. ન. દર વરસે દેવદેવી નિમિત્તે કરવી પડતી ફરજિયાત ક્રિયા; કરવેઠું.

૪. વિ. એ નામની અટકનું.

કરવડા (કરવડ઼ા) વિ. પું. લાંબા હાથવાળો.

કરવડાચોથ (કરવડ઼ાચોથ) સ્ત્રી. આસો વદ ચોથનો દહાડો; કર્કચતુર્થી.

કરવડી (કરવડ઼ી) ૧. [કરવ (એક જાતનું જળપાત્ર) + ડી (નાનાપણું બતાવનાર પ્રત્યય)] સ્ત્રી. નાળચાવાળી લોટી; ઝારી.

૨. સ્ત્રી. બે હાથનો ખોબો.

૩. સ્ત્રી. રાંપડી; ખેતીનું એક ઓજાર.

કરવડું (કરવડ઼ું) ૧. ન. કોઈ કોઈ જગ્યાએ વરસાદ થાય તેવું વરસ.

૨. ન. નાળચાવાળું વાસણ.

૩. ન. નાળચું.

કરવડો (કરવ઼ડો) [સં. કર + વૃત (ફેરવવું)] પું. મટોડીનો કે તાંબા પિત્તળનો ટૂંકા નાળચાવાળો લોટો; વાઢી; ઝારી. કેટલીક જ્ઞાતિમાં કરવડો મરનારને દશમે દહાડે પાણી ભરી ચકલે મૂકવામાં આવે છે.

> કરવડાને એક આંધળું ને ચાળણીને બોંતેર આંધળાં. લોકોક્તિ

કરવત ૧. [સં. કર + પત્ર] સ્ત્રી.; ન. લાકડાં, પથ્થર વગેરે વહેરવાનું દાંતાદાંતાવાળું એક ઓજાર.

૧. કરવત મુકાવવી–કાશીનું કરવત મુકાવવું = મોક્ષ પામવાને કાશીમાં કે કોઈ બીજા તીર્થમાં કરવતે વહેરાઈને મરણ પામવું. આગલા વહેમી જમાનામાં કાશીમાં કેટલાક ક્રૂર લોકો કરવત મૂકવાનો ધંધો ચલાવતા. તે પછી એક મોક્ષકૂપ કરી તેમાં ધારવાળું આડું કરવત મૂકેલું હતું. ઇચ્છિત મેળવવાની કામનામાં ઘેલો થયેલો માણસ બે પગ પહોળા રાખી ઉપરથી તેની ઉપર પડતો એટલે તેના શરીરનાં બે ફાડચાં થઈને કૂવામાં પડતાં.

૨. કરવત મૂકવી–મેલવી = કરવતથી વહેરવું.

૩. કાશીનું કરવત આડું યે વહેરે ને અવળું યે વહેરે = જેમ કરીએ તેમ વાંધો અને વાંધો જ આવે.

૪. ધકો કરવત = ત્રાંસી ઊંધા દાંતાવાળી કરવત.

૫. માચવાળું કરવત = ચારે બાજુ ફરતી ફ્રેમવાળું ઊભાં લાકડાં વહેરવાનું હથિયાર.

૬. સીંધણ કરવત = ચોરસ કરવત.

૨. સ્ત્રી.; ન. શાણ; કસોટીનો પથ્થર.

કરવતાકૃતિ વિ. દાંતાદાર; કાંગરાવાળું; દંતુર.

કરવતિયો ૧. પું. વહેરણિયો; કરવતથી કામ કરનાર પુરુષ.

૨. વિ. પું. કરવતવાળો; વહેરનાર.

કરવતી ૧. પું. હાથી.

૨. સ્ત્રી. એક જાતની ઘોડાગાડી.

૩. સ્ત્રી. લાકડું વહેરવાનું ઓજાર; નાનું કરવત. હાથ કરવતી = એક માણસ વાપરી શકે એવી નાની કરવતી.

૪. સ્ત્રી. સોનીનું એક ઓજાર.

૫. વિ. કરવત જેવું દાંતાવાળું.

કરવતી કોર સ્ત્રી. કરવતીના જેવા દાંતાવાળી કોર; શિંગોડા કોર.

કરવતી ગૂંદી સ્ત્રી. એક જાતનુ ઝાડ; કટગૂંદી.

કરવતી દાવ પું. કુસ્તીનો એક દાવપેચ.

કરવતી માછલું ન. તરવારના પાના જેવા અને અતિશય લાંબા નાકવાળું એક જાતનું આશરે પંદર ફૂટ લાંબું માછલું. તેની ઉપર મજબૂત ને તીણા અણીવાળા હાડકાંના કાંટા કાંટા હોય છે.

કરવતી રાઈ સ્ત્રી. રાઈની શીંગ જેવી શીંગવાળો એક જાતનો છોડ; ઊભી શીંગણી.

કરવતું [સં. કરવેત્ર; પ્રા. કરવેત્ત] ન. ડાંગ.

> બ્હાથે ગ્રહીને **કરવતું** મહારાજ પૂંઠે થાય. રત્નદાસ

કરવરું ૧. [અ. કહત (દુષ્કાળ)] ન. ખરડિયું; નાનો દુકાળ; ઓછા પાકવાળું વર્ષ.

> કૃતિકા કરે **કરવરો**, રોહણ કરે સકાળ. લોકોક્તિ

૨. ન. (જૂ. ગુ.) મૃત્યુ; મરણ.

> ઉછે ઝેરઈ હુઈ **કરવરૂં**,
> કલિયુગ તણઉં પારખૂં ખરૂં. લાવણ્યસમય

૩. વિ. ઓછા પાકવાળું.

> કાર્તિક શુદિ પડવા દિન, હોય જો બુધવાર;
> વરસ હોય તે **કરવરૂં**, ન કરીશ વળી વિચાર. ભડલી

કરવર્ષણા વિ. સ્ત્રી. ઉદાર; દાન આપ્યા કરે એવી.

કરવલા ૧. (મ.) પું. જેઠ.

૨. પું. દિયર.

૩. પું. સાળો.

કરવલી ૧. [મ.] સ્ત્રી. જેઠાણી.

૨. સ્ત્રી. દેરાણી.

૩. સ્ત્રી. સાળી.

કરવલું ૧. ન. કલંક; આળ; લાંછન; બટ્ટો.

૨. ન. કહેવા જેવું.

૩. ન. માથામાં થતી ઉંદરી જેવી ફોડકી. બહુવચનમાં કરવલાં વપરાય છે.

કરવલ્લી લતા સ્ત્રી. કારેલાંનો વેલો.

કરવહી [સં.] સ્ત્રી. આકારવહી; આકારાવલિ; આકારપુસ્તક.

કરવંત ૧. સ્ત્રી. દક્ષિણી બ્રાહ્મણની એક જાત.

૨. ન. એ નામની બ્રાહ્મણની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

કરવંદી ૧. સ્ત્રી. એ નામની વનસ્પતિ.

૨. ન. એક જાતની વનસ્પતિનું ફળ.

કરવા ૧. [સં. કરક] પું. (હિંદી) નાળચાવાળું વાસણ; વાઢી.

૨. [સં. કર્ક] સ્ત્રી. પંજાબ, બંગાળા અને દક્ષિણ હિંદની નદીઓમાં થતી એક જાતની માછલી.

૩. ન. વહાણમાં લગાડવાનો લોઢાનો ખૂણિયો.

૪. ન. સાંબેલાની નીચેની લોખંડની ખોળી; સાંભ.

કરવા ચતુર્થી જુઓ કરવા ચોથ.

કરવા ચોથ ૧. [સં. કર્ક ચતુર્થી] સ્ત્રી. આસો વદ ચોથ.

૨. સ્ત્રી. કારતક વદ ચોથ. તે દહાડે સૌભાગ્યવતી સ્ત્રીઓ ઉપવાસ કરી ગૌરીનું વ્રત કરે છે, ને સાંજે કરવા વડે ચંદ્રને અર્ધ્ય આપી પક્વાન્ન સાથે કરવાનું દાન કરે છે. ઉત્તર હિંદમાં તે દિવસે લોકો પટ ઉપર ચંદ્રમાની મૂર્તિ ચીતરી તેની નીચે શંકર, પાર્વતી તથા કાર્તિક સ્વામીની મૂર્તિ આલેખી તેની પૂજા કરી પૌંઆથી ભરેલાં દશ માટીનાં નાનાં પાત્રનું દાન કરી કથા શ્રવણ કરે છે.

કરવાજજ (કરવાજ઼જ) [યૂ.] સ્ત્રી. મોટી મા.

કરવાનક [અ.] પું. એક જાતનું પક્ષી.

કરવાફેર ન. ભૂલ.

કરવાર ૧. [હિં.] પું. સુકાન.

૨. [સં. કરવાલ] સ્ત્રી. તલવાર.

કરવારા ૧. [હિં.] પું. કૂવામાંથી પાણી ખેંચવાનું સાધન. જેમકે કોસ, ડોલ.

૨. પું. યંત્રનું પૈડું.

૩. પું. સુકાન.

કરવાલ ૧. પું. નખ.

૨. [હિં.] પું. યંત્રનું પૈડું.

૩. પું. સુકાન.

૪. [સં. કરવાલિકા] સ્ત્રી. તલવાર; ખડ્ગ.

> દક્ષિણ કર ઝાલી **કરવાલ**,
> ગઢ ઉલંઘિઓ દેઈ ફાળ. લાવણ્યસમય

કરવાલા [હિં.] પું. ડોલ. તે પાણી ઊંચું કરવા માટેના યંત્રના દોરડા સાથે બાંધવામાં આવે છે.

કરવાલિકા ૧. [સં.] સ્ત્રી. એક તરફ ધારવાળું હથિયાર; તલવાર; ખાંડું; ગુપ્તી.

૨. સ્ત્રી. નાની જાડી લાકડી.

કરવાલી [સં. કરવાલ] સ્ત્રી. નાની તલવાર.

કરવાલું ન. તલવાર; ખડ્ગ.

કરવાળ જુઓ કરવાલ.

કરવાળી ૧. સ્ત્રી. કરવાલી; નાની તલવાર.

૨. સ્ત્રી. સાવરણી. આ શબ્દ ઝાલાવાડમાં વપરાય છે.

કરવાળું ૧. ન. કરવાલું; તલવાર.

૨. ન. પાવળું. આ શબ્દ ઝાલાવાડમાં વપરાય છે.

કરવાંસી [હિં.] સ્ત્રી. જમીન માપણીનો નાનામાં નાનો ભાગ.

કરવિવર્ત્તનીદીર્ઘા [સં.] સ્ત્રી. પ્રકોષ્ઠના નીચેના ભાગની આગલી બાજુ ઉપર મણિબંધથી સહેજ ઉપર આવેલી ટૂંકી અને પહોળી પેશી.

કરવી ૧. [સં.] સ્ત્રી. અંબોડો.

૨. સ્ત્રી. (જૂ. ગુ.) નાળચાવાળું પાત્ર; ઝારી.

સોવન કેરી **કરવી** લેય,
રાજન પ્રતિ અભોખો દેય. લાવણ્યસમય

૩. સ્ત્રી. હિંગનું ઝાડ; હિંગુપત્ર વૃક્ષ.

કરવીર ૧. પું. એ નામનો એક દેશ.

૨. પું. (પુરાણ) એ નામનો એક સર્પ.

૩. પું. એક જાતનું ફૂલઝાડ; કરેણ; કણેર. તેની ધોળી, રાતી, પીળી અને ગુલાબી એમ ચાર જાત થાય છે.

૪. પું. કરેણનું ફૂલ.

૫. પું. કંજૂસ; કૃપણ.

૬. પું. કેરડાનું ઝાડ.

૭. પું. તલવાર.

૮. પું. (પુરાણ) મેરુ પર્વતની દક્ષિણે આવેલ એક પર્વત.

૯. પું. રાતો સોમલ.

૧૦. ન. એ નામનું એક તીર્થ.

૧૧. ન. ચેદિ દેશનું એક નગર.

૧૨. ન. પ્રાચીન હિંદનું એક નગર; કોલ્હાપુર.

૧૩. ન. બ્રહ્માવર્તની એક પ્રાચીન રાજધાની.

૧૪. ન. મસાણ; શ્મશાન.

કરવીરક ૧. [સં.] પું. અગથિયાનું ઝાડ.

૨. પું. એ નામનો એક દેશ.

૩. પું. કેરડાનું ઝાડ.

૪. પું. તલવાર.

૫. પું. મસાણ.

૬. ન. એ નામનું એક તીર્થ.

૭. ન. કેરડાના મૂળથી થતું એક જાતનું ઝેર.

કરવીરપટ્ટણી ન. એ નામનું એક પ્રાચીન શહેર.

કરવીરપુર ૧. ન. કૃષ્ણા નદીની વેણ્વ નામની શાખા ઉપર આવેલ પદ્માવતીનું પ્રાચીન નામ.

૨. ન. બ્રહ્માવર્તની એ નામની એક પ્રાચીન રાજધાની.

૩. ન. ભારતવર્ષનું એ નામનું એક પીઠસ્થાન; શર્કરા. ત્યાં પાર્વતીજીની ત્રણે આંખો પડી હતી.

૪. ન. મુંબઈ ઇલાકામાં આવેલ કોલ્હાપુરનું પ્રાચીન નામ. આ સ્થળના લોકો એને કર્વિર કહેતા. આ ઠેકાણે કૃષ્ણ પરશુરામને મળ્યા હતા અને અહીંના શૃંગાળ નામના રાજાનો વધ કર્યો હતો. કોલ્હાપુરનું બીજું નામ ક્ષુલ્લકપુર હોવાનું એક શિલાલેખ ઉપરથી જણાય છે.

કરવીરા ૧. સ્ત્રી. કરેણ નામનું ફૂલઝાડ.

૨. [સં.] સ્ત્રી. રાતો સોમલ.

કરવીરાક્ષ પું. (પુરાણ) ખર રાક્ષસના બાર અમાત્યો માંહેનો એ નામનો એક; પરવીરાક્ષ. તેને રામચંદ્રજીએ માર્યો હતો.

કરવીરાદ્રિ તેલ ન. કરેણનું તેલ. ધોળી અથવા રાતી કરેણનાં મૂળનો ક્વાથ ૮ શેર, ગૌમૂત્ર ૮ શેર, મીઠું તેલ ૪ શેર, ચિત્રકમૂળ અને વાવડિંગ બંને અરધો શેર એ બધાં સાથે ઉકાળીને તેલ બનાવવું. ખરજવું, વિસ્ફોટક, દરાજ અને બીજા કેટલાક ચામડીના રોગ ઉપર તે લગાડાય છે.

કરવીરી ૧. [સં.] સ્ત્રી. અદિતિ; અસુરોની માતા.

૨. સ્ત્રી. પુત્રવાળી સ્ત્રી.

૩. સ્ત્રી. સારી ગાય.

કરવીર્ય [સં.] પું. એ નામનો એક ઋષિ.

કરવું ૧. સ. ક્રિ. આતુર હોવું.

૨. સ. ક્રિ. ઉઘાડવું.

૩. [સં. કૃ (કરવું)] સ. ક્રિ. કામ કરવું.

૪. સ. ક્રિ. ગણવું.

૫. સ. ક્રિ. ઘડવું; યોજવું.

૬. સ. ક્રિ. ઘોંચવું.

૭. સ. ક્રિ. ચાળવું; છણવું.

૮. સ. ક્રિ. ઝાડો કરવો; ખરચુ જવું.

૯. સ. ક્રિ. ઠારવું.

૧૦. સ. ક્રિ. તૈયાર થવું.

૧૧. સ. ક્રિ. દાખલ કરવું.

૧૨. સ. ક્રિ. ધંધો ચલાવવો; ફરજ બજાવવી.

૧૩. સ. ક્રિ. નવું ઉપજાવવું; બનાવવું; નવી દિશામાં લાવવું.

૧૪. સ. ક્રિ. પહેરવું.

૧૫. સ. ક્રિ. પૂરૂં કરવું.

૧૬. સ. ક્રિ. પોતાનું કરવું.

૧૭. સ. ક્રિ. બક્ષિસ આપવું.

૧૮. સ. ક્રિ. બાંધવું; પાળવું.

૧૯. સ. ક્રિ. ભય ઉત્પન્ન કરવો.

કર્યો અંગમાં અતિ ઉત્પન્ન,
મોહ મે'ર ટાળીને. પ્રેમાનંદ

૨૦. સ. ક્રિ. ભાડે રાખવું.

૨૧. સ. ક્રિ. મહેનત લેવી; પ્રવૃત્તિ ચલાવવી; ધારેલું કામ પાર પાડવું કે પૂર્ણ હાલતમાં લાવવું. આ ક્રિયાપદ જુદા જુદા શબ્દો સાથે જોડાઈ જુદા જુદા અનેક અર્થોમાં વપરાય છે. જેમકે, મન કરવું; ભોજન કરવું; હિત કરવું; શયન કરવું.

૨૨. સ. ક્રિ. માથું ચોળવું.

૨૩. સ. ક્રિ. મારી નાખવું.

૨૪. સ. ક્રિ. મોહ પમાડવું.

૨૫. સ. ક્રિ. યુક્તિ કરવી.

૨૬. સ. ક્રિ. રાખવું.

૨૭. સ. ક્રિ. રાંધવું.

૨૮. સ. ક્રિ. રેડવું.

૨૯. સ. ક્રિ. લઈ જવું.

૩૦. સ. ક્રિ. વાપરવું.

૩૧. સ. ક્રિ. વિધુર કે વિધવાએ પરણવું.

૩૨. સ. ક્રિ. વ્રત પાળવું; આચરવું; વ્રત દાખલ ગણવું. જેમકે, તે સોમવાર કરે છે.

૩૩. સ. ક્રિ. શરૂ કરવું.

૩૪. સ. ક્રિ. સળગાવવું.

૩૫. સ. ક્રિ. સંભોગ કરવો.

૧. અછો અછો કરવું–ઘણાં વાનાં કરવાં = (૧) ઘણી બરદાસ કરવી. (૨) દાબવું; દબાણ કરવું. (૩) વહાલથી રમાડવું; મોંએ ચડાવવું.

૨. કર અને જો–કરવું તેવું પામવું ને વાવવું તેવું લણવું–કરતું તેવું ભરવું–કરશે તે ભરશે ને પોંકશે તે પસ્તાશે–કરીએ તેવું પામીએ = જેવાં કર્મ તેવાં ફળ; ભલા કરેગા ભલા હોયગા.

૩. કરતા હો તે કરો ને છાશની દોણી ભરો–કરતા હોય સો કરીએ ને છાશની દોણી ભરીએ–કરતા હોય સો કીજીએ ઓર ન કરીએ કામ = પોતાના હિતનું કરવાનું કામ હોય તેજ કરવું અને બીજાના કામમાં માથું મારવું નહિ.

૪. કરતો કારવતો પુરુષ = કુટુંબનો મુખ્ય માણસ; જેનું હલણચલણ હોય તે પુરુષ.

૫. કરના સો ડરના નહિ, ડરના સો કરના નહિ–કરવું તો ડરવું નહિ અને ડરવું તો કરવું નહિ = કાં તો કરવું નહિ, અને જો કરવું તો તે કામ પાર ઉતારવું; હિંમત સો હથિયાર.

૬. કરવા ગયા કંસાર ને થઈ ગઈ થૂલી = ધાર્યું હતું તેથી ઊલટું થઈ ગયું; કામ બગડી ગયું.

૭. કરી લેવું = (૧) અગાઉથી બજાવવું; આગળથી કરી લેવું. (૨) પોતાનું હોય એમ કરવું.

૮. કરે ચાકરી તો પામે ભાખરી–કરે તે પામે–કરેગા સો પાવેગા = મહેનત વગર નફો મળતો નથી.

૯. કરે હાથે ને વાગે માથે = હાથનાં કર્યાં હૈયે વાગે; ખાડો ખોદે તેજ પડે; આપણાં કામ આપણનેજ નડે; કોઈનું ભૂંડું કરતાં પોતાનું ભૂંડું થાય.

૧૦. કર્યાં કરમ ભોગવવાં પડશે = આપણાં કામનાં ફળ આપણે જ ભોગવ્યા વિના છૂટકો નથી.

૧૧. કર્યું એ કામ ને વીંધ્યું એ મોતી = આજ જેવી કાલ નથી; અગમચેતી સૌથી ભલી.

૧૨. કર્યું તે ખરૂં ને કરશું તે ખોટું = આજની વાત કાલ ઉપર ન રાખવી.

૧૩. કર્યું પણ શેકી વાળ્યું = પોતાની ઇચ્છા વિરુદ્ધ કામ કર્યું.

૧૪. કર્યું ભગાના જેવું–કર્યું ભગાના ભાઈ જેવું = કામ બગાડી નાખ્યું.

કરવું કારવવું ૧. અ. ક્રિ. આપવું; મેલવું.

૨. અ. ક્રિ. કરવા ન કરવાનું નક્કી કરીને વર્તવું.

૩. અ. ક્રિ. ક્રિયાથી બધી રીતે પરવારવું.

૪. અ. ક્રિ. શું કરવું શું ન કરવું અને આખી ક્રિયાને કેવી વ્યવસ્થાથી પાર ઉતારવી તે લક્ષમાં રાખીને કામ કરવું.

૧. કરતા કારવતા = કુલ મુખત્યાર; પોતાની મુનસફી પ્રમાણે વ્યવસ્થા કરનાર.

૨. કર્યું કારવ્યું = કરેલું ને કરાવેલું; દીકરી દીકરાને માટે જે શ્રમ લીધો હોય, જે ખરચ્યું વાવર્યું હોય તથા બીજું જે કાંઈ કરાવ્યું હોય તે બધું.

૫. સ. ક્રિ. સાંગોપાંગ કરવું.

કરવેઠું ન. દેવ દેવી નિમિત્તે દર વરસે ફરજિયાત કરવો પડતો ખરચ.

કરવેરો ૧. પું. જકાત.

૨. પું. લાગોટકો.

કરવેલડી (કરવેલડ઼ી) [સં. કરવલ્લી] સ્ત્રી. હાથ; હાથ રૂપી વેલ.

કરવૈયો ૧. પું. કરતોકારવતો માણસ; પંચાતિયો. આ શબ્દ કર અને વાલા મળીને થયો છે.

૨. પું. કુશળ કાર્યકર્તા.

૩. વિ. પું. કરી જાણનારો; કરનારો.

૪. વિ. પું. કાર્યકુશળ; અનુભવી.

કરવૈવિધ્ય ૧. [સં.] ન. કરવેરાની વિવિધતા.

૨. ન. ભિન્ન ભિન્ન કળાકારોનું કૌશલ્ય; વિધવિધ કરોનું કૌશલ્ય.

જગતના કોઈ પણ ચિત્રભંડારમાં અજંતા જેટલું
કમનીય **કરવૈવિધ્ય** ભાગ્યે જ મળશે.
અજંતાના કલામંડપો

કરવો પું. કરવડો; નાળચાવાળો તાંબાનો લોટો.

કરવ્યવસ્થાશાસ્ત્ર ન. કરશાસ્ત્ર; જમાવસૂલશાસ્ત્ર.

કરશડો (કરશડ઼ો) પું. દિવાલનો ઓથ.

કરશણ ૧. [સં. કૃષ્ (ખેડવું)] ન. (જૂ. ગુ.) કૃષિ; ખેતી.

વિપ્ર શોભે વિદ્યા વડે, **કરશણ** શોભે ખેત.
સામળ

૨. ન. ડૂંડું; કણસલું.

૩. ન. મોલ; વાવેતર; અનાજના છોડ; ઊગેલું અનાજ.

૪. વિ. ખેતરમાં ઊગેલું.

કરશણી ૧. [સં. કર્ષક] પું. ખેડૂત; ખેડ કરનાર માણસ.

૨. સ્ત્રી. કૃષિ વિદ્યા; ખેતી વિદ્યા.

કરશયા પું. (પિંગળ) બૃહતિની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં નગણ, ભગણ અને રગણ મળી નવ અક્ષર હોય છે.

કરશયા ન ભ રે કરો.
રણપિંગળ

કરશર ન. હાથ રૂપી બાણ.

કરશલી [સં. કલશ] સ્ત્રી. નાનો લોટો; કસલી.

કરશાખા [સં.] સ્ત્રી. આંગળી.

કરશાણી જુઓ કરશણી.

કરશાસ્ત્ર [સં.] ન. કરવ્યવસ્થાશાસ્ત્ર; જમાવસૂલશાસ્ત્ર.

કરશીકર [સં.] ન. હાથીની સૂંઢમાંથી નીકળેલ જળકણ.

કરશીપ્ર ન. એક જાતનું પક્ષી. જરથોસ્તીઓની માન્યતા પ્રમાણે આ પક્ષીને અક્કલ, હોશિયારી અને બોલવાની સર્વ શક્તિ મળેલી મનાય છે. આ પક્ષી મારફતે ખુદાએ જમશેદની ગુફામાં ધર્મફરમાન રવાના કર્યું ત્યારે આ પક્ષી ત્યાં જઈ મધુર અવાજે અવસ્તા ભણ્યું હતું.

કરશુદ્ધિ [સં.] સ્ત્રી. હાથની શુદ્ધિ.

કરશૂક [સં.] પું. નખ.

કરશોથ [સં.] પું. હાથ સૂજી જવાપણું.

કરશ્મા ૧. [ફા.] પું. ચમત્કાર; દેખાવ.

૨. પું. જાદૂ.

૩. પું. મોહક નજર.

કરશ્યા [ફા. કરસાન (માટી કે લાકડાનું વાસણ)] પું. (જરથોસ્તી) યઝશ્નગાહમાં વપરાતો કળશો. ધાર્મિક ક્રિયામાં વાપરવાની ચીજો પવિત્ર કરવા માટેનું પાણી રાખવામાં તેનો ઉપયોગ થાય છે.

કરષણ જુઓ કરશણ.

કરષણિ ન. (ડિંગળ) કર્ષણ; ખેંચવું તે.

કરસ ૧. પું. એક જાતનો તોલ; કર્ષ.

૨. સ્ત્રી. છાણાનો કટકો.

૩. વિ. (ડિંગળ) દૂબળું.

કરસક પું. (ડિંગળ) કિસાન; ખેડૂત.

કરસડું (કરસડ઼ું) ન. કણસલું; ડૂંડું.

કરસડો (કરસડ઼ો) ૧. પું. ભીંતના આધાર માટે ચણવામાં આવતો ત્રાંસો ટેકો; કરસણો.

૨. પું. ભીંતના રક્ષણ માટે તેના મૂળમાં ચડાવવામાં આવતો માટી કે પથ્થરનો પાળો.

૩. પું. રેંટિયાનો એક ભાગ.

કરસણ જુઓ કરશણ.

કરસણકાર પું. (જૂ. ગુ.) કૃષિકાર; ખેડૂત.

કરસણકારી વૈશ્ય કહાઈ,
નાટકિયા નર શૂદ્ર કહાઈ.
લાવણ્યસમય

કરસણા સ્ત્રી. દવામાં વપરાતી એક જાતની વનસ્પતિ.

કરસણી જુઓ કરશણી.

કરસણો પું. (જૂ. ગુ.) પાયાના રક્ષણ માટે ફરતી નાખેલી માટી. જુઓ કરસડો.

કસુ કરુ પુત્તકલત્તથી,
કસુ કરુ **કરસણ** વાડિ.
તેરમા શતકનું ગુજરાતી

કરસન ૧. પું. કૃષ્ણ.

૨. વિ. કાળું.

કરસફ ૧. પું. રજસ્વલા સ્ત્રીએ વાપરવાનાં ચીથરાં.

૨. પું.; સ્ત્રી. શાહીના ખડિયામાં ઘાલવાનો રેશમ કે વાળનો ડૂચો; ધાગો.

૩. સ્ત્રી. ચીથરૂં.

કરસમભારવાદ [સં.] પું. જુદી જુદી વસ્તુઓ ઉપર અને જેમ બને તેમ કરનો બોજો દરેક વ્યક્તિને સરખો આવે તે ફાયદાકારક છે એવો મત.

કરસમિતિ સ્ત્રી. કર સંબંધી નિર્ણય કરવા માટે નીમેલી મંડળી.

કરસલિયા ૧. સ્ત્રી. આહીરની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કરસલી [સં. કલશ] સ્ત્રી. નાનો લોટો; કસલી; કરશલી; ટબૂડી.

કરસંપાત ૧. પું. કર ભરવાનો બોજો.

૨. પું. પ્રસંગ; ઘટના; બનાવ.

૩. પું. હાથનો ધબ્બો; ધોલ.

કરસંપુટ ૧. [સં. કર + સંપુટ] પું.; ન. ખોબો.

૨. પું.; ન. નમસ્કાર કરવા માટે બે હાથ જોડવા તે.

૩. પું.; ન. વચ્ચે પોલાણ રહે એમ હાથ ઉપર હાથ રાખવો તે.

૪. પું.; ન. હાથના પંજાને છીપના આકારે કોચલા જેવો કરી બીજા હાથના પંજાને તેવો જ કરી તેના ઉપર ઢાંકવાથી કમળના ડોડા કે કેળના ફૂલ જેવો થતો આકાર.

કરસંવાહન [સં.] ન. હાથ મિલાવવાપણું; કરાલિંગન; હસ્તાંદોલન; હસ્તધૂનન.

કરસાખ સ્ત્રી. (ડિંગળ) અંગુલિ; આંગળી.

કરસાણ પું. (ડિંગળ) કિસાન; ખેડૂત; કરસણ.

કરસાણું વિ. બગડેલું; કસાણું. મોઢા માટે આ શબ્દ વપરાય છે.

કરસામુદ્રિક સ્ત્રી. હસ્તલક્ષણ વિદ્યા; સામુદ્રિક વિદ્યા.

કરસારા ૧. સ્ત્રી. એ નામની સુતારની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કરસાલું જુઓ કરસાણું.

કરસી [સં. કરીષ] સ્ત્રી. છાણાનો કટકો.

કરસુક પું. (ડિંગળ) કિસાન; ખેડૂત; કરસાણ.

કરસૂચી ૧. સ્ત્રી. કરનો દર બતાવનાર પુસ્તક; આકારસૂચી; આકારપંજિકા.

૨. સ્ત્રી. જકાતનું ધોરણ.

કરસૂત્ર [સં.] ન. ધાર્મિક વિધિમાં શુભ માટે કાંડાની આસપાસ બંધાતો દોરો.

કરસૈલા પું. એક જાતનો કાંટાવાળો છોડ. તેનો રસ પીળા રંગનો અને બહુ તીવ્ર હોય છે. કાસ્ટિક તરીકે તેનો ઉપયોગ થાય છે.

કરસો પું. (ડિંગળ) કિસાન; ખેડૂત.

કરસોટો પું. સાવરણો; ઝાડુ; કરાંઠો.

કરસોઠો જુઓ કરસોટો.

કરસ્કર ૧. પું. કારસ્કરનો પ્રદેશ; દક્ષિણ હિંદુસ્તાનમાં કાનડામાં આવેલ કારકળ દેશ.

૨. પું. પૂર્વ બંગાળનું પ્રાચીન નામ.

કરસ્થ [સં.] વિ. હાથમાં રહેલું.

કરસ્થાલી [સં.] પું. મહાદેવ.

કરસ્ન પું. બાહુ; ભુજા.

કરસ્રુવ પું. નાનો સ્રુવ; ચાટવો.

કરસ્રુવા જુઓ કરસ્રુવ.

કરસ્વમ ન. હાથથી તાળી પાડવી તે.

કરહ ૧. પું. (પિંગળ) ઉષ્ણિકની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; દ્તિ. તેના દરેક ચરણમાં નગણ, સગણ, અને ગુરુ મળી સાત અક્ષર હોય છે.

૨. [અ.] સ્ત્રી. દુઃખ; ઈજા.

૩. સ્ત્રી. ધિક્કાર.

૪. [સં. કરભ] ન. ઊંટ.

૫. ન. એક જાતનું વાહન.

અશ્વ કુંજર રથ પાચક અપાર,
કરહ સુખાસન પાલખી સાર. દેવીદાસ

૬. [યૂ.] ન. ચક્રાવત.

કરહડ (કરહ઼ડ઼) સ્ત્રી. નળિયાં ચાળવાનું કે ગારમાટી વગેરે કરવાનું કામ.

કરહડા (કરહ઼ડ઼ા) ૧. સ્ત્રી. વાણિયાની ચોરાશી નાત માંહેની એ નામની એક.

૨. ન. વાણિયાનું એ નામની જાતનું માણસ.

૩. વિ. વાણિયાનું એ નામની જાતનું.

કરહડી (કરહ઼ડ઼ી) વિ. સ્ત્રી. કરઘટી; હાથેથી પાણી લઈ શકાય એવી.

સાદદા વાવિ **કરહડી** જાણી. કાન્હડદેપ્રબંધ

કરહડો (કરહ઼ડ઼ો) પું. કરસડો; ભીંતના મૂળમાં કરેલ છાંદણ; ભીંતના આધાર કે રક્ષણ માટે કરવામાં આવતું છાંદણ.

કરહણ (કરહ઼ણ) ન. ખેતરમાં ઊગેલું તરતનું અનાજ; તૂલ; કરસણ.

કોદરા કહે મારો કાળો દાણો,
મારૂં **કરહણ** નીચું;
ચાર દહાડા મુજને ખાય તો,
હગતાં આંખો મીચું. લોકોક્તિ

કરહણિયો (કરહ઼ણિયો) પું. કૃષ્ણ.

કરહણિયા મને દરહણ દેજે,
હું ચ્યારની રહી છું રાચી. નરસિંહ

કરહન [અ.] અ. નાખુશીથી.

કરહર ૧. [હિં.] પું. મીંઢિયાવળ.

૨. પું. મીંઢોળ.

કરહલ [હિં.] ન. ફણસ.

કરહંચ પું. (પિંગળ) ઉષ્ણિકની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; અહરિ; કરહંજ; કરહંચી; કરહંત; કરહંતા; કરહંતૃ; કરહંસ; કરહંસી. તેના દરેક ચરણમાં નગણ, સગણ અને લઘુ મળી સાત અક્ષર હોય છે.

કરહંચા પું. (પિંગળ) ગાયત્રીની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; પુટમર્દિ. તેના દરેક ચરણમાં નગણ અને જગણ મળી છ અક્ષર હોય છે.

કરહંચી જુઓ કરહંચ.

કરહંજ જુઓ કરહંચ.

કરહંત જુઓ કરહંચ.

કરહંતા જુઓ કરહંચ.

કરહંતૃ જુઓ કરહંચ.

કરહંસ જુઓ કરહંચ.

કરહંસી જુઓ કરહંચ.

કરહા ૧. [હિં.] પું. ઊંટ.

૨. [અ.] પું. ફોડલો.

૩. [હિં.] સ્ત્રી. કેડ.

કરહાટ ૧. [સં. કરહાટક] પું. અઠ્ઠાણુ માંહેનો એક દેશ; હાલના સતારા જિલ્લા માંહેનો કહ્રાડ પ્રાંત; કરાડ.

૨. પું. એક જાતનું વૃક્ષ; અશોકનું ઝાડ.

૩. પું. કમળનું જૂથ; કમળ વગેરેનો સમૂહ.

૪. પું. કમળનું તંતુવાળું મૂળ.

૫. પું. મદનવૃક્ષ.

૬. પું. હાથના અલંકારરૂપ સોનું.

૭. [સં.] ન. મીંઢોળ; કરહાટક.

કરહાટક ૧. પું. સતારા જિલ્લામાં કૃષ્ણા અને કોયનાના નદીના સંગમ ઉપર આવેલ કરાડ પ્રદેશનું પ્રાચીન નામ. તેને યુધિષ્ઠિરના દિગ્વિજય વખતે સહદેવે જીતી લીધાનું કહેવાય છે. જુઓ કરહાટ.

૨. [સં.] ન. એક જાતનું ઝાડ.

૩. ન. (કાવ્ય) છ શ્લોકનું કાવ્ય.

૪. [સં. કર (કસુંબો) + હાટક (સોનું)] ન. મીંઢોળ. મીંઢોળના વૃક્ષનાં પાંદડાં કસુંબાના પાન જેવાં અને સોનાનાં જેવાં પીળા રંગનાં ચળકતાં હોય તેથી તેને કરહાટક કહે છે.

૫. ન. સોનું.

૬. ન. હાથનું ઘરેણું.

કરહાદ પું. એ નામનો દેશ; દક્ષિણ કોંકણ.

કરહાના [હિં.] સ્ત્રી. કેડ.

કરહાર પું. મીંઢોળ.

કરહિયા ૧. સ્ત્રી. વાણિયાની ચોરાશી નાત માંહેની એક.

સુરહિયા માથર કંબોજા **કરહિયા**.
લાવણ્યસમય

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

કરહો (કરહ઼ો) ૧. પું. ઉતાર; ચોરનું ડીંડલું, આકડાનાં પાન, મીઠું, રાંધ્યું અન્ન, લીમડાની ડાળી વગેરે લઈ મૂંગાં મૂંગાં ગામ બહાર મૂકવામાં આવે તે ટૂચકો; મરઘી.

૨. પું. (ડિંગળ) ઊંટ.

૩. પું. કર.

૪. પું. પિત્તળનો ઘડો.

૫. પું. (જૂ. ગુ.) વરસાદનાં ફોરાં ઠરી જવાથી ઘનરૂપે બંધાઈ નીચે પડે છે તે; કરો.

હિમ કરહા વિષ સવિ રસ મલ્યાં.
લાવણ્યસમય

કરહોર [હિં.] પું. ઘાસનું છાવણ.

કરંક ૧. [સં.] પું. એ નામનો એક અસુર.

૨. પું. એક જાતની શેરડી.

૩. પું. કમંડલ; કરવો.

૪. પું. પોલું કરેલું નાળિયેર; ખોપડી.

૫. પું. માથાની ખોપરી.

૬. પું. શબ; મડદું.

૭. પું. હાડકું; અસ્થિ.

૮. પું હાડપિંજર.

કરંકશાલિ [સં.] પું. એક જાતની શેરડી.

કરંગિયો પું. સ્ત્રીઓને હાથે પહેરવાનું કણબી લોકનું એક ઘરેણું.

કરંચ ન. એક જાતનું ઝાડ; કરંજ.

કરંજ ૧. પું. એક જાતની આતશબાજી.

૨. પું. ફુવારો.

૩. પું. (પિંગળ) માગધી પિંગળ પ્રમાણે એક અર્ધ સમવૃત્ત માત્રામેળ છંદ. તે ઉલ્લાલ છંદનો ભેદ છે. તેમાં ૮ ગુરુ અને ૪૮ લઘુ મળી ૫૬ માત્રા હોય છે.

૪. [હિં. કિરમાલ] ન. એક જાતનું શોભાદાર ઝાડ; કણજી; નક્તમાલ; ચિરબિલ્વક; ઘૃતપૂર્ણક; પ્રકીર્ય; પૂતિક; પૂતિકરંજ; સોમવલ્ક. આશરે ૪૦ ફૂટ ઊંચાઈના આ ઝાડની છાયા ઘણી ઘાટી અને શીતળ હોય છે. લાકડું ઇમારતના કામમાં આવતું નથી. તેને ગુલાબી ઝાંયવાળાં ધોળાં, જાંબુડા રંગનાં ગુચ્છાદાર ફૂલ થાય છે. આ ઝાડ પાક વખતે તીખું, નેત્ર્ય, ઉષ્ણ, રસકાળે કડવું ને તૂરૂં છે અને ઉદાવર્ત, વાયુ, યોનિદોષ, વાતગુલ્મ, અર્શ, વ્રણ, કંડૂ, કફ, વિષ, વિષૂચિકા, પિત્ત, કૃમિ, ત્વગ્દોષ, ઉદરરોગ, પ્રમેહ અને પ્લીહાનો નાશ કરે છે. તેનાં ફળ ઉષ્ણ તથા લઘુ છે અને મસ્તકરોગ, વાયુ, કફ, કુષ્ઠ, અર્શ અને પ્રમેહનો નાશ કરે છે. ફળની પાપડીમાંથી બદામી રંગનું ચપટું બી નીકળે છે. તેનાં ૨૦ રતલ બિયાંમાંથી ૧૩ રતલ તેલ નીકળે છે. તે તેલ વાયુનો તથા કૃમિનો નાશ કરે છે અને ખસ, ઉંદરી, ગૂમડાં વગેરે ચામડીનાં દરદ ઉપર લગાડાય છે. છાલનો ઉકાળો વાયુનાં દરદમાં વપરાય છે.

૫. ન. કરમદાંનું ઝાડ.

૬. ન. ભાંગરાનો છોડ.

કરંજક ૧. [સં.] પું. કરમદાંનું ઝાડ.

૨. પું. ભાંગરાનો છોડ.

કરંજદ્વય [સં.] ન. કરંજ અને ચરેલ.

કરંજફલ [સં.] પું. કોઠનું ઝાડ.

કરંજફલક જુઓ કરંજફલ.

કરંજવલ પું. એક જાતનો વેલો; શંખાવલી.

કરંજવા ૧. [સં. કરંજ] પું. એક જાતનું ઝાડ.

૨. પું. જાર, બાજરી વગેરેમાં થતી ફૂગ.

૩. પું. ભૂરો રંગ.

કરંજા ૧. [મ.] પું. એક જાતનું ઝાડ.

૨. પું. મીઠાઈની એક વાની; ઘૂઘરો.

૩. પું. મુંબઈની પૂર્વે આવેલ એક ટાપુ.

૪. વિ. દુખવા આવેલી અને પાણી ઝરતી આંખવાળું.

કરંજાદિઘૃત [સં.] ન. કરંજ, લીંબડો, સાજી, રાલનું ઝાડ, જાંબુડો અને વડ વગેરે વૃક્ષોની છાલના કલ્ક તથા કવાથથી સિદ્ધ કરેલ ઘી. તે ચોપડવાથી દાહ, પાક તથા રસીના સ્રાવવાળો ઉપદંશ મટવાનું મનાય છે.

કરંજાદિતૈલ ન. કરંજ વગેરેથી બનાવેલ તેલ.

કરંજિ પું. (પિંગળ) અનુષ્ટુપની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં જગણ, નગણ, ગુરુ અને લઘુ મળી આઠ અક્ષર હોય છે.

કરંજિ જ ન ગ લેથી.
રણપિંગળ

કરંજિકા [સં.] સ્ત્રી. કરંજ વૃક્ષ.

કરંજિયો ૧. પું. એક જાતની કેરી. આ ફળ મોટું, રસદાર અને રેસા વગરનું હોય છે.

૨. પું. એક જાતનો કલમી આંબો.

૩. પું. કરંજનું બીજ.

કરંજી ૧. પું. એક જાતનો રંગ.

૨. સ્ત્રી. કરંજનું વૃક્ષ; ઉદકીર્ય.

૩. વિ. એ નામના રંગવાળું.

૪. વિ. દુખવા આવેલી અને પાણી ઝરતી આંખવાળું.

કરંજીઆ ૧. સ્ત્રી. પારસીની એ નામની એક અટક.

૨. ન. પારસીની એક અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કરંજેલી ન. એક જાતનું કેળું.

કરંજો ૧. પું. ફુવારાવાળી જાહેર જગા.

૨. પું. ફુવારાવાળો ભાગ.

૩. [ફા. કારંજ (હોજ)] પું. ફુવારો; ધારાયંત્ર.

કરંઝ ન. એ નામનું ઝાડ; કરંજ.

કરંટ ૧. [અં.] પું. વીજળીનો પ્રવાહ.

૨. સ્ત્રી. એક જાતની નાની દ્રાક્ષ. તેની કાળી અને લાલ એમ બે જાત થાય છે. લાલ ખાટી મીઠી હોય છે.

૩. ન. દરિયા કિનારે રહેતું એક જબરૂં જળચર પક્ષી. તે માછલી અને દરિયાઈ જીવડાં ખાય છે. તરવામાં અને ઊડવામાં આ પક્ષી જબરૂં છે. છીપવાળાં પ્રાણીઓને પકડી ઊંચે ઊડી તેને ખડક ઉપર પડતાં મેલે એટલે છીપ ભાંગી જાય અને પ્રાણી મરી જાય એટલે પછી તે તેને ખાઈ જાય છે. આ પક્ષીની ઘણી જાત થાય છે.

૪. વિ. ચાલુ.

કરંટ અકાઉન્ટ [અં.] પું. ચાલતું ખાતું.

કરંટ ફૂલ ન. એ નામનું પક્ષી. તે સ્થલાંતર કરી શરદ ઋતુમાં કાઠિયાવાડમાં આવે છે.

કરંટિયો પું. એક જાતનો દાગીનો; ઘરેણું.

કરંડ ૧. પું. એક જાતનું જળચર પક્ષી; બતક; કારંડવ નામનું હંસ.

૨. [સં. કરંડક] પું. કરંડિયો; કંડિયો; ટોપલો.

૩. પું. ચક્રવાક પક્ષી.

૪. પું. તરવાર.

૫. પું. મધપૂડો.

૬. પું. શરીરમાં રહેલું યકૃત; લીવર.

૭. પું. સમુદ્ર.

કરંડક [સં.] પું. કરંડિયો; ઘાસ અથવા વાંસનો ડબો, પેટી કે ટોપલી જેવો ઢાંકણાવાળો ઘાટ.

કરંડા સ્ત્રી. યકૃતની બીમારી.

કરંડિકા [સં.] સ્ત્રી. નાનો કરંડિયો.

કરંડિયા ૧. પું. ચોમાસામાં ઊગતો દોઢથી ત્રણ ફૂટ ઊંચાઈનો એક જાતનો છોડ. તેનાં પાન બળદાણાનાં પાન જેવાં લંબગોળ અને કોર ઉપર દાંતાવાળાં ને સ્વાદે ખાટાં હોય છે. તેમાં થતાં ગંધક જેવા રંગનાં પીળાં ફૂલ બપોર સુધીમાં ઊઘડી રહી બપોર પછી પાછાં બંધ થઈ જાય છે. ભૂરા રંગનાં અને કાંટાવાળાં તેનાં ફળમાં પાંચ ખાનાં થાય છે. તે વિષ અને પિત્તનો નાશ કરનાર મનાય છે.

૨. સ્ત્રી. ખાટી છાશ.

કરંડિયો ૧. [સં. કરંડક; કરંડિકા; પ્રા. કરંડિયા–કરંડ્અ] પું. કંડિયો; ઘાસ અથવા વાંસની ચીપોને ગૂંથીને બનાવેલ દાબડો.

૨. પું. ગરાશિયાઓમાં મરનારની પાછળ વાંસના દાબડામાં ભરીને અમુક ચીજો મોકલાય છે તે.

૩. પું. ચોમાસામાં ઊગતો એક છોડ. જુઓ કરંડિયા.

કરંડી ૧. [સં. કરંડિન્] સ્ત્રી. એક જાતનું પક્ષી; કારંડવ.

૨. [હિં.] સ્ત્રી. કાચા રેશમની બનેલી શાલ.

૩. સ્ત્રી. માછલીની એક જાત; 'પિલકાર્ડ'. ફ્રાન્સની પશ્ચિમે આ માછલી મળી આવે છે.

૪. સ્ત્રી. વાંસની બનાવેલી નાની પેટી.

કરંડી પિંડલ ન. કવચી વર્ગનું ઊંચી કોટિનું એક પ્રાણી.

કરંડુ વિ. આકરા સ્વભાવનું.

કરંડો ૧. [સં. કરંડક] પું. કરંડિયો.

> શિયાને કરડે સાપ, કાળો કરંડા માયલો;
> હલામણ ભરથાર, શિયો અમારો સાસરો.
>
> દુહો

૨. પું. ચક્રવાક પક્ષી.

કરંઢિયું ૧. ન. એ નામની વનસ્પતિનું મૂળ.

૨. ન. ખડની જાતનો એક છોડ.

૩. ન. ચોમાસામાં થતો એક જાતનો વેલો. તેનાં પાન પાતળાં અને કાંઈક ગોળાકાર હોય છે. નર અને માદા જાતનાં ફૂલ જુદા જુદા વેલા ઉપર આવે છે. તેમાં નર ફૂલની ગુચ્છીઓ હોય અને માદા ફૂલો સૂક્ષ્મ પુષ્પપત્રોની લટમાં આવે. ફળ રાતા રંગનાં અને નાના ચણા જેવડાં પીલુડી જેવાં હોય. તે શોધક, ગ્રાહી, કટુ, પૌષ્ટિક, જ્વરઘ્ન અને મૂત્રલ હોવાથી તાવ, અજીર્ણ, ચામડીનાં દરદ, પેશાબની બળતરા અને સોજા ઉપર ઉપયોગમાં આવે છે. એનાં કડવાં મૂળનો કાઢો ઝાડા, સંગ્રહણી, પેટના વ્યાધિ, તાવ, શીળસ, બદહજમી ઉપર અપાય છે. ગૂમડાંનાં ધારાં રૂઝવવા મૂળ અને પાન વપરાય છે.

૪. ન. બાંગ; નમાઝનો સમય સૂચવતો પોકાર.

કરંતું વિ. કરતું-શબ્દનું કવિતામાં વપરાતું રૂપ.

કરંદું ૧. [સં. કૃ (કરવું)] વિ. ઉદ્યોગી; કરે એવું; પ્રવૃત્તિ કરનાર.

કામ કરંદો = કામ કરનાર.

૨. વિ. ચાલાક; ચપળ; હોશિયાર; બાહોશ.

કરંઢો ૧. [સં. કૃ (કરવું)] પું. કામગરો; કામઢો પુરુષ; કામ કરનાર પુરુષ.

૨. પું. ટેકરી ઉપર રહેનાર માણસોની ઊંડી ટોપલી; કરંઢિયો.

કરંધમ ૧. પું. (પુરાણ) ઇક્ષ્વાકુ વંશનો એ નામનો એક રાજા.

૨. પું. (પુરાણ) યયાતિના દીકરા તુર્વસુના કુળના ત્રિભાનુ રાજાના એક દીકરાનું નામ.

૩. પું. (પુરાણ) સૂર્યવંશી દિષ્ટકુળના ખનિનેત્ર રાજર્ષિનો એક દીકરો. એક સમયે કેટલાક રાજાઓએ મળીને એને અતિશય ઉપદ્રવ કર્યો. એ ઉપરથી એણે પોતાના હાથ કંપિત કરીને સૈન્ય ઉત્પન્ન કર્યું અને બધાને હરાવ્યા. આ ઉપરથી એનું નામ સુવર્ચા એવું હતું છતાં કરંધમ પડ્યું.

૪. [સં.] વિ. પું. હાથથી વાયુ નાખનારો; ધમનારો.

કરંધવ [સં.] વિ. હાથ ચાટનાર.

કરંબ ૧. [ફા.] પું. એક જાતનું કોબી ફલાવર.

૨. [સં.] પું. દહીં ચોખાના મિશ્રણથી બનેલો એક ખાદ્ય પદાર્થ; કરંબો.

૩. પું. મિશ્રણ.

૪. પું. મેળાપ.

૫. વિ. જડેલું; બેસાડેલું.

૬. વિ. ભેળવેલું; મિશ્રણ કરેલું.

કરંબળ [સં. ભવ્ય] પું. હમેશા લીલું રહેતું એ નામનું એક સુશોભિત અને સીધું ઝાડ. તે બંગાળીમાં ચલીતા, હરગેશા અને રૂવ્યા, મુંબઈ તરફ મોથકરમળ અથવા મોથકરમાળ, ગુજરાતમાં કરંબળ અને ઓતફળ એવાં નામથી ઓળખાય છે. આસામ, બર્મા અને દક્ષિણ હિંદના ભેજવાળા પ્રદેશની ફળદ્રુપ જમીનમાં ઊગતા આ ઝાડની ઊંચાઈ ૩૦ થી ૪૦ ફૂટ હોય છે. વિસ્તારમાં ફેલાતી તેની ડાળીઓ ઝાડની ઉપર લીલો તાજ હોય એવો દેખાવ આપે છે. ડાળીને છેડે ઊગતા પાનનું દીટું અંદરથી પોલું હોય છે. પાંદડું ૮ થી ૧૨ ઇંચ લાંબું અને ૪ ઇંચ પહોળું હોય છે. ત્રણ ચાર પાંદડાં ભેગાં કરવાથી મોટી પાતર બને. પાનનો ઉપરનો ભાગ અને નીચેની નસો ઝીણી રૂંવાટીથી ઢંકાયેલ હોય છે. મોટાં સુગંધી ધોળાં ફૂલ ડાળીને છેડે છૂટાં છૂટાં દેખાય છે. તેનો વ્યાસ ૬ ઇંચ હોય છે. તે ફૂલનું જાડું, ગોળ, લીસું અને ત્રણ ઇંચ લાંબું વૃંત પાંચ દળદાર લીલી પાંખડી જેવા પાનનું બનેલું હોય છે. જૂન જુલાઈમાં આવતાં ફૂલની ઉપર પીળા પુંકેસરનાં ટોપકાં દેખાય છે. આરપાર ત્રણથી ચાર ઇંચ જેટલા માપનું ફળ કઠણ, મજબૂત અને અંદરના ભાગમાં માવાદાર હોય છે. તે માવામાં ઘણાં ચપટાં બિયાં હોય છે. ફળ પાણીમાં તરે છે. જંગલના હાથી આ ફળ ખાય છે. પાન, ફૂલ અને ફળ બધાં દેખાવડાં છે. તસરના રેશમી કીડા તેનાં પાન ખાઈને જીવે છે. તેની લીસી અને રાતી છાલ ચામડું કમાવવામાં ઉપયોગી છે. લાકડું રાતું, ધોળાં ટપકાંવાળું, દાણાદાર અને મજબૂત હોય છે. પાણીમાં પણ તે સારી રીતે ટકી શકે છે. બંદૂકના કુંદા બનાવવામાં તે વપરાય છે. તેના કોલસા પણ સારા બને છે. તેનાં ફળના દીંટાની જાડી પાંખડી ખાવામાં ઉપયોગી છે. તેમાં રેસા હોઈ ખાવામાં મઝા પડતી નથી પણ કઢીમાં તે નાખવાથી સ્વાદિષ્ટ બને છે. તેનો મુરબ્બો અને શરબત પણ બને છે. તેની છાલ અને પાંદડાં કબજિયત કરનારાં છે. છાલ સંધિવા ઉપર ગુણકારી અને દહીંમાં આપવાથી ઝાડા બંધ કરનાર મનાય છે. તેનું કાચું ફળ ખાટું અને સખત વાસવાળું અને પાકું ફળ ખટમધુરું ને મૃદુરેચક છે. ફળ શરીરની ગરમીનું સમતોલપણું રાખે, થાક ઉતારે અને છાતીનાં તથા જ્ઞાનતંતુનાં દરદ મટાડે. તાવ અને કફમાં ફળનો રસ પાણી અને સાકર સાથે અપાય છે.

કરંબળો પું. કરંબળનું ઝાડ.

કરંબા [ફા.] સ્ત્રી. કોબી ફલાવરની બનતી એક વાની.

કરંબાડી (કરંબાડ઼ી) ન. કરંબળ ઝાડ.

કરંબિત ૧. વિ. આંબા ઉપર બેઠેલ.

૨. વિ. જડેલું; બેસાડેલ.

૩. વિ. ભેળવેલ; મિશ્ર થયેલું.

કરંબીક [અ.] સ્ત્રી. કલાલની ભઠ્ઠી.

કરંબો પું. (જૂ. ગુ.) દહીંમાં રાખી મૂકેલો ભાત.

કરંભ ૧. [સં.] પું. ઉત્તમ અરણી; ઉદમન્થ.

૨. પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

૩. પું. (પુરાણ) એ નામનો એક રાક્ષસ; રંભના ભાઈનું નામ.

> વૃત્રાસુરને મારનારા ઇંદ્રે પંચનદમાં જઈ ઝુડનું રૂપ ધરીને કરંભના પગ પકડીને એ દુષ્ટને મારી નાખ્યો. ભગવતી ભાગવત

૪. પું. કાદવ.

૫. પું. દહીં મિશ્રિત સાથવો

૬. પું. પ્રિયંગુ વૃક્ષ.

૭. પું. (પુરાણ) ભારતવર્ષના કરૂષક દેશનો એ નામનો એક રાજા.

૮. પું. મિશ્ર ગંધ.

૯. પું. શતાવરીનો છોડ.

૧૦. પું. શેકેલા જવ.

કરંભક ૧. [સં.] પું. ઉદમન્થ; ઉત્તમ અરણી.

૨. પું. એક જાતનું ઝાડ; પ્રિયંગુ.

૩. પું. દહીં ભેળવેલ સાથવો.

૪. પું. શતાવરીનો છોડ.

૫. પું. શેકેલા જવ.

કરંભા ૧. [સં.] સ્ત્રી. પ્રિયંગુ વૃક્ષ.

૨. સ્ત્રી. શતાવરી નામની વનસ્પતિ.

કરંભાદ પું. સૂર્ય; પૂષા.

કરંભિ [સં.] પું. (પુરાણ) એ નામનો યદુવંશી એક રાજા; શકુનિ રાજાનો એ નામનો એક દીકરો.

કરંસી ૧. સ્ત્રી. વાણિયાની એક અટકનું નામ.

૨. ન. વાણિયાની એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કરા ૧. [સં. કરકા] પું. બ. વ. આકાશમાંથી પડતા કુદરતી બરફના કટકા; હિમકણ.

કરા પડવા = બરફના કકડાનો વરસાદ વરસવો.

૨. પું. બ. વ. ગાંઠ; કંદ.

૩. પું. બ. વ. ઘરની બાજુની દીવાલ.

૪. પું. બ. વ. પટારાનાં પડખેનાં પાટિયાં.

૫. પું. બ. વ. સૂપડાની બંને તરફની ઢળકતી દીવાલ.

કરાઇત [સં. કિરાત] પું. એક જાતનો કાળો સર્પ. તે બહુ ઝેરી હોય છે.

કરાઇયત [અ. કરહ તેણે ધિક્કાર્યું)] સ્ત્રી. અણગમો; સૂગ; તિરસ્કાર.

કરાઈ ૧. પું. કરવતિયો; લાકડાં વહેરવાંનો ધંધો કરનાર માણસ; વહેરણિયો.

૨. પું. ભોઈ; પાલખી ઊચકનાર.

૩. સ્ત્રી. કરામણ; કરાવવાનું ખર્ચ.

૪. સ્ત્રી. કોણીથી પંજા સુધીનો હાથનો ભાગ.

૫. સ્ત્રી. કોશ; પરાઈ.

૬. ન. છાતીનું હાંડકું.

કરાઈન [અ.] પું. બ. વ. સંજોગો.

કરાઉ ૧. [હિં.] ન. દેરવટું; વિધવાનાં તેના દિયર સાથે પુનર્લગ્ન.

કરાઉ રીત = જાટ, ગુજર, આહીર વગેરે જાતિમાં સ્ત્રીનો ધણી મરી ગયા પછી તેણીના દિયર ઉપર છેડો નાખે છે તે રીત.

૨. ન. વેશ્યાવૃત્તિ.

કરાએજા [મ.] પું. લંબગોળ પાંદડાંવાળી એક વનસ્પતિ. તેનાં બીને ઇંદ્રજવ કહે છે.

કરાઓ ૧. પું. રખાત રાખવી તે.

૨. [હિં.] પું. વિધવાએ ગુજરનાર ધણીના નાના ભાઈ સાથે કરેલ લગ્ન; દેરવટું; કરાઉ.

કરાકર ૧. [સં. કર (કિરણ) + આકાર (જથ્થો)] પું. કિરણનો જથ્થો.

વિલાસી બન્યા રતિમૂઢ કરાકર સૂર્યતણા.

સ્નેહમુદ્રા

૨. [અ.] પું. તાંત વાગતાં થતો અવાજ.

કરાકા ૧. સ્ત્રી. પારસીની એક અટક.

૨. ન. પારસીની એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કરાકુર [અ.] પું. વાયુથી પેટમાં થતી ગરબડ.

કરાકુર થવું = પેટમાં વાયુનો અવાજ થવો.

કરાકુલ ૧. [સં. ક્રૌંચ] ન. એક જાતનું બગલું.

૨. ન. રાતી કલગીવાળું એક કાળું પક્ષી. તે શિયાળામાં મોટા ટોળામાં ઉત્તર હિંદુસ્તાનના મેદાનમાં આવે છે.

કરાકો પું. કપાસના અથવા તુવેરના છોડની સાંઠીનો બાંધેલો સાવરણો.

કરાખી ૧. સ્ત્રી. ખડકી; ઘરની આગળનો ભાગ.

૨. [સં. કક્ષા–કક્ષિકા–કક્ખિઆ–કખ્ખી–કરકખ–કરાખી] સ્ત્રી. સીવેલા કાપડામાં બગલ આગળ આવતો ત્રિકોણાકાર કટકો; કળી; સીવણમાં વળણના ભાગ આગળ મુકાતી ત્રિકોણાકાર કાપલી.

કરાગ્ર ૧. [સં.] પું. નખ.

૨. ન. આંગળી.

૩. ન. હાથનો આગલો ભાગ.

૪. ન. હાથીની સૂંઢનો છેડાનો ભાગ.

કરાગ્રજ [સં. કર (હાથ) + અગ્ર (આગલો ભાગ) + જ (ઉત્પન્ન થયેલ)] પું. નખ; કરજ; કરરુહ.

કરાગ્રપલ્લવ પું. આંગળી. જુઓ કરપલ્લવ.

કરાઘાત [સં.] પું. હાથનો પ્રહાર; થપ્પડ.

કરાચી સ્ત્રી. ઘાણીના જે ભાગ ઉપર ઘાંચી બેસે તે ચોકઠું.

કરાજી સ્ત્રી. નાખુશી.

કરાટ વિ. વિકટ.

કરાઠી [હિં.] સ્ત્રી. કડાઈ; તવી.

કરાડ (કરાડ઼) ૧. પું. (ડિંગળ) એક વનસ્પતિ; કલાર.

૨. પું. મહાજન.

૩. પું. વૈશ્ય.

૪. [સં. કરાલ] સ્ત્રી. ઊતરતા ઢોળાવની પર્વત ફાટીને બનેલી ખો.

૫. સ્ત્રી. ઊંચું શિખર; ટેકરી.

૬. સ્ત્રી. ઊંચો છોડ.

કરાડે જવું = ખેતરમાં ઊગેલા મોલનું બહુ ઊંચું વધવું.

૭. સ્ત્રી. ઊંડા ખાડા ઉપરની પથ્થરની ઊભી કોરણ; ભેખડ.

૮. સ્ત્રી. ખડક.

કરાડો પહાડોમાં નિરભય બની દે રઝળવા.

વીરસુ

૯. સ્ત્રી. ખરાબો.

૧૦. સ્ત્રી. પંજાબમાં વસતી એ નામની વાણિયાની એક કોમ.

૧૧. ન. વાણિયાની એ નામની કોમનું માણસ.

૧૨. ન. સતારા જિલ્લામાં કૃષ્ણા અને કોઈના નદીના સંગમ ઉપર આવેલ એક પ્રાચીન ગામ; કરહાટક; કારાહાટક.

૧૩. વિ. વાણિયાની એ નામની કોમનું.

૧૪. વિ. વિકરાળ; ભયંકર.

કરાડવલ (કરાડ઼વલ) પું. (કચ્છી) ડાંડલીમાંથી દૂધ નીકળે એવો એક જાતનો વેલો.

કરાડવું (કરાડ઼વું) અ. ક્રિ. બહુ ઊંચું વધી જવું.

કરાડા (કરાડ઼ા) ૧. [મ.] પું. કિનારો.

૨. સ્ત્રી. દક્ષિણી બ્રાહ્મણની એક જાતિ. સાંવતવાડી સંસ્થાન અને રત્નાગિરિ વચ્ચેના પ્રદેશ કરાહટ ઉપરથી આ નામ પડ્યું જણાય છે.

૩. ન. બ્રાહ્મણની એ જાતિનું માણસ.

૪. વિ. બ્રાહ્મણની એ નામની જાતિનું.

કરાડાં (કરાડ઼ાં) ૧. ન. બ. વ. ઓથ.

૨. ન. બ. વ. મોરચા.

કરાડિયા (કરાડ઼િયા) ૧. સ્ત્રી. કોડીનાર તરફ રહેતી રજપૂત ખેડૂતની એક પેટા જાત. સરકારને કર ભરવો પડ્યો તેથી તેઓ કરાડિયા કહેવાયા.

૨. ન. રજપૂતની એ નામની જાતનું. માણસ.

૩. વિ. રજપૂતની એ નામની જાતનું.

કરાડિયો (કરાડ઼િયો) પું. કરોળિયો; ઊર્ણનાભ.

કરાડી (કરાડ઼ી) ૧. સ્ત્રી. ધરો; નદીમાં ખાડો હોવાથી જ્યાં ઘણું પાણી રહેતું હોય એવું ઠેકાણું.

૨. સ્ત્રી. નદીનો ભેખડવાળો કાંઠો.

૩. સ્ત્રી. પર્વતની સાંકડી અને ઊંચી ફાટ; પર્વતમાં પથ્થર ફાટવાથી પડેલી સાંકડી અને ઊંડી ફાટ; ખો.

૪. સ્ત્રી. સોનીનું એક ઓજાર.

કરાડો (કરાડ઼ો) ૧. પું. ખડક; કરાડ.

૨. પું. જે આડા લાકડા ઉપર વહેરવાનું લાકડું મુકાય છે તે લાકડું.

૩. પું. નદીનો ઊંચો અને સીધો કાંઠો; ભેખડ.

૪. પું. લાકડાં કાપવાનું હથિયાર; કુહાડી.

કરાઢા જુઓ કરાડા.

કરાઢી સ્ત્રી. એક જાતની લિપિ.

કરાણુ પું. કર્ણનું એક નામ.

મુખમુદ્રા ઊગતે ભાણુ,
બાર વર્ષનો બાલ **કરાણુ**. પ્રેમાનંદ

કરાણી ૧. [હિં.] પું. કારકુન; હિસાબ રાખનાર.

૨. પું. તાબેદાર દરજ્જાનો નોકર.

૩. પું. વહાણમાં તપાસ રાખનાર માણસ; વહાણનો નિરીક્ષક; વહાણનો કારકુન કે ભંડારી.

૪. પું. વ્યવસ્થાપક.

૫. સ્ત્રી. પારસીની એ નામની એક અટક.

૬. ન. પારસીની એ નામની અટકનું માણસ.

૭. વિ. પારસીની એ નામની અટકનું.

કરાત [અ. કિરાત] પું. ચાર જવનું એક વજન. સોનું, ચાંદી અને દવા તોળવામાં તે વપરાય છે.

કરાતી [હિં.] પું. લાકડાં વહેરનાર; વહેરતિયો.

કરાતું વિ. અણગમતું; અળખામણું.

જેનું મન જે સાથે બંધાણું,
પેહેલું હતું ઘર **કરાતું** રે. નરસિંહ

કરાદો પું. કર; હક્ક.

કરાદા કરવા = કરવેરો નાખવો.

કરાધિકારી [સં. કર + અધિકારિન્] પું. મુલકી અધિકારી; વસૂલાતી અમલદાર.

કરાન ૧. [ફા.] પું. કિનારો; હદ.

૨. ન. ઉત્તર ગુજરાતમાં બાજરીના જેવાં ડૂંડાંમાં થતું એક તૃણ ધાન્ય. તે પૌષ્ટિક મનાય છે.

કરાના ૧. [ફા.] પું. કિનારો; કાંઠો.

૨. પું. છેડો.

૩. પું. લૂગડાની કોર.

કરાફત વિ. તોબા પોકરાવે એવું; કરાફાટ.

કરાફળી સ્ત્રી. અંદરજવની શીંગ.

કરાફાટ વિ. બળવાન; શક્તિવાળું; જોરાવર.

કરાફાડ (કરાફાડ઼) જુઓ કરાફાટ.

કરાફાત ૧. [ફા.] વિ. ઘણી શક્તિવાળું; બળવાન.

૨. વિ. જંગી; જબરજસ્ત; મોટું.

૩. વિ. મોટા સાદવાળું.

કરાબત ૧. [અ. કરબ (નજીક)] સ્ત્રી. નજીકપણું.

૨. સ્ત્રી. સગાઈ; સગપણ.

૩. સ્ત્રી. સલાહ; મિત્રાચારી.

૪. સ્ત્રી. સંબંધ; નાતો.

કરાબતદાર ન. કુટુંબીજન; સગું.

કરાબતદારી સ્ત્રી. સગાઈ હોવાપણું.

કરાબતી [અ.] વિ. સગું; સંબંધવાળું.

કરાબતે તર્ફી ન. એક ગોત્રનું હોવાપણું; એક જ લોહી હોવાપણું.

કરાબા ૧. પું. અર્ક વગેરે રાખવાનું મોટું વાસણ.

૨. [અ.] પું. કૂજાના આકારનો કાચનો શીશો.

૩. સ્ત્રી. ગુફા; કરાડ.

કરાબાઝીન (કરાબાઝીન) [અ.] સ્ત્રી. રામબાણ દવા; કરાબાદીન.

કરાબાદીન ૧. [અ.] સ્ત્રી. જુદી જુદી જાતનાં ઓસડ કરવા બાબતનો ગ્રંથ.

૨. સ્ત્રી. રામબાણ દવા.

કરાબીન [તુ.] સ્ત્રી. ઘોડેસવારને રાખવાની એક જાતની નાની બંદૂક.

કરાબ્તી ન. સગું; કુટુંબીજન; કરાબતદાર.

કરામણ ૧. [સં. કૃ (કરવું)] ન. કરવાની આવડત; કરવાની ખૂબી.

૨. ન. કરવાની મજૂરી; કરવાનું મહેનતાણું.

૩. ન. કળા.

૪. ન. ચતુરાઈ; ચાતુર્ય; કૌશલ્ય.

૫. ન. જાદૂ; મોહિની.

૬. ન. બુદ્ધિ.

૭. ન. યુક્તિ;

કરામણી જુઓ કરામણ.

કરામત ૧. [અ. કરમ (તે ઉદાર હતો)] સ્ત્રી. ઉદારતા.

૨. સ્ત્રી. કળા; કસબ; હુન્નર.

૩. સ્ત્રી. કારીગરી.

૪. સ્ત્રી. કૃતિ; કામ; બનાવટ.

૫. સ્ત્રી. ખાનદાની.

૬. સ્ત્રી. ચતુરાઈ; ખૂબી.

૭. સ્ત્રી. ચમત્કાર; જાદૂ.

૮. સ્ત્રી. હિકમત; યુક્તિ.

કરામતા પું. એ નામનો એક જાતનો પંથ. હિજરી ૩૭૮ સુધી આ પંથનું જોર અરબએરાક અને શામમાં રહ્યું.

કરામતી ૧. [અ.] વિ. કરામત કરી જાણનાર; કળાકુશળ.

૨. વિ. કરામતવાળું; ચતુર.

૩. વિ. ચમત્કારવાળું.

૪. વિ. પક્કું; ધુરંધર.

૫. વિ. પ્રપંચી.

કરામલકવત્ ૧. [સં. કર (હાથ) + આમલક (આંબળું) + વત્ (વાળું)] વિ. સરલ; સહેલું; સુલભ.

૨. વિ. સ્પષ્ટ; ચોખ્ખું.

૩. અ. હાથમાંના આંબળાની જેમ.

કરામાખેડુ (કરામાખેડુ) પું. ભાગબટાઈવાળો ખેડૂત.

કરામાત ૧. [અ.] સ્ત્રી. પુરુષની ઇંદ્રિય.

૨. સ્ત્રી. સાધુ પુરુષે કરેલો ચમત્કાર.

૩. [અ. કરમ (તે ઉદાર હતો)] સ્ત્રી. વ. વ. ઉદારતાનાં કામ.

૪. સ્ત્રી. વ. વ. ચમત્કારો.

૫. અ. એક સંબોધન.

કરામાતી [અ.] વિ. અજબ; ચમત્કારી.

કરામાસાંતી ન. જેની ઉપર વેરો નાખવામાં આવ્યો હોય તેવી ખેતીની જમીન.

કરામી વિ. સ્ત્રી. કર ભરવી પડે તેવી; પસાયતી નહિ પણ વિઘોટી કે ભાગામી.

કરામું વિ. ભાગબટાઈવાળું; કર આપવો પડતો હોય તેવું.

કરામો ૧. પું. દરબારી ખેડૂત.

૨. પું. બહારખલી જમીન ખેડનાર પાસેથી લેવાતી રકમ.

કરામ્લક [સં.] પું. કરમદાનું ઝાડ.

કરાય ૧. પું. વૈશ્ય.

૨. પું. શૈવ.

કરાયજા [હિં.] પું. લંબગોળ પાંદડાંવાળો ગુલાબનો છોડ. તેનાં બિયાં શક્તિ આપનાર મનાય છે.

કરાયન ૧. [અ. કરીના] પું વ. વ. આગળ પાછળનો સંબંધ.

૨. પું. વ. વ. સંજોગો.

કરાયલ ૧. [હિં.] પું. રાળ.

૨. સ્ત્રી. કલોંજી; કાળીજીરી.

કરાયા [અ.] પું. કિરાયા; ભાડું.

કરાયિકા ૧. [સં.] સ્ત્રી. નાનું બગલું; બગલી.

૨. સ્ત્રી. બલાકા નામની વનસ્પતિ.

કરાયુધ પું. કૂકડો.

કરાયું ન. કડાં વગેરે વાળવાનું સોનીનું લાકડાનું એક હથિયાર.

કરાર (ક઼રાર) ૧. [અ. કર્ (તેણે આરામ લીધો)] પું. આરામ; દુઃખની શાંતિ; રોગથી છુટકારો.

૧. કરાર આવવો = આરામ થવો.

૨. કરાર થવો–હોવો = (૧) આરામ થવો; માંદગીમાંથી સાજા થવું. તરફડે ત્રાસે તારુણી, કરાર થશે એ કાલ–સામળ. (૨) કબૂલત થવી.

૨. પું. કબૂલત; કરારનામું; 'એગ્રીમન્ટ'.

૧. કરાર ધોળીને પી જવા = રદ સમજવું; નકામું ગણવું.

૨. કરાર લખવો = કબૂલત લખવી; ઠરાવ લખવો.

૩. પું. કાયમ કરવું તે.

૪. પું. કોલ; વચન.

> બરબે હાદ સતણુ બોલિયો,
> કાકા ભાંતર રાખ **કરાર**. સોરઠી સાહિત્ય

૫. પું. તહનામું; સંધિ.

૬. પું. દઢતા; સ્થિરતા.

૭. પું. ધીરજ; ધૈર્ય.

૮. [સં. કરાલ] પું. નદીનો ઊંચો કિનારો; ઊંચો કાંઠો.

૯. પું. ફિકરચિંતા રહિતપણું; નચિંતતા.

૧૦. પું. વાયદો.

૧૧. પું. સાટું; શરત.

૧. કરાર કરવો = (૧) શરત નક્કી કરવી; ઠરાવ કરવો; સાટું કરવું. (૨) સગાઈ કે વિવાહ કરવો. (૩) સંબંધ કરવો. (૪) સંમતિથી કામ કરવું. (૫) સ્થિર થવું; નક્કી થવું.

૨. કરાર તોડવો = સાટું તોડી નાખવું.

૩. કરાર પામવો = (૧) નિશ્ચય થવો. (૨) સ્થિર થવું; નક્કી થવું.

૪. કરાર પાળવો = ઠરાવ મુજબ વર્તવું.

૧૨. પું. સ્ત્રીપુરુષનાં વિધિપૂર્વક થયેલાં લગ્ન; લગ્ન.

૧૩. સ્ત્રી. કાંકરાવાળી જમીન.

૧૪. ન. મધ્યમ કદનું એક જાતનું ઝાડ.

૧૫. વિ. ઢાળ પડતું.

કરારદાદ (ક઼રારદાદ) ૧. [અ.] પું.; સ્ત્રી. નચિંતતા માટે માગણી કરવાપણું.

૨. પું.; સ્ત્રી. નિર્ણય; નિશ્ચય; ઠરાવ.

૩. પું.; સ્ત્રી. સમાધાન; કબૂલત.

૪. પું.; સ્ત્રી. સાટું; કબાલો.

૫. પું.; સ્ત્રી. સુલેહનામું; કબૂલતનો કાગળ; સમાધાનપત્ર.

૬. પું.; સ્ત્રી. સુલેહશાંતિની અરજ.

કરારનામું (ક઼રારનામું) ૧. [અ.] ન. કરારપત્ર; સાટાખત; શરતવાળું લખાણ.

૨. ન. દસ્તાવેજ.

૩. ન. સંધિપત્ર.

કરારપત્ર જુઓ કરારનામું.

કરારલેખ જુઓ કરારનામું.

કરારવકઈ ૧. [અ.] અ. અચૂકપણે; ચોક્કસ.

૨. અ. અસરકારક થાય એમ.

૩. અ. બરાબર; નિયત કર્યા પ્રમાણે.

કરારવાકે જુઓ કરારવકઈ.

કરારવું [અ. કરાર્] સ. ક્રિ. કરાર કરવો; ઠરાવ કરવો.

> મેં તો વચને કીધેલ છે વાત,
> **કરારેલ** કોલ રે. ભોજો

કરારશે અ. ખસૂસ; સર્વથા; ખચીત.

કરારસે અ. શાંતિથી; આરામથી.

> નખ્ખોદ ગીયો, **કરારસે** અંદર ભરાઈ રહ્યો અને નાહક આપણે માસ્તર સાથ લડી મુઆ. કાબરાજી

કરારા ૧. પું. ઇટલિમાં થતો એક જાતનો આરસ. આ પથ્થર દુનિયામાં સૌથી સફેદ અને સ્વચ્છ ગણાય છે. તે દુનિયાના જુદા જુદા ભાગોમાં મોકલવા માટે હજારો ટન ખાણમાંથી ખોદી કાઢવામાં આવ્યો છે. એક વખત ૨૫૦ ફૂટ ઊંચો અને ૬૫૦ ફૂટ પહોળો પથ્થર ખોદી કાઢવામાં આવ્યો હતો. તેનું વજન કેટલાક હજાર ટન થયાનું અને તેને તોડવામાં બે ટન દારૂગોળો વપરાયાનું કહેવાય છે.

૨. [હિં.] પું. નદીનો સીધો ઊભો કાંઠો.

૩. [સં. કર્કર] વિ. (હિંદી) જોરાવર; સ્નાયુબળવાળું.

૪. વિ. નવું ને પૂરેપૂરા વજનનું. આ વિશેષણ સિક્કા માટે વપરાય છે.

૫. વિ. ફીણનો ઊભરો આવતું.

૬. વિ. મોંઘું; કીમતી.

૭. વિ. સખત.

કરારાપણ ૧. [હિં.] ન. ફીણનો ઊભરો; જોશ.

૨. ન. સખતાઈ.

૩. ન. સ્નાયુબળ.

કરારી ૧. [અ.] સ્ત્રી. બેફિકરાઈ; નિશ્ચિંતપણું; નિરાંત; શાંતિ.

> હિંદુઓ ઇતિહાસના પ્રભાતના પ્રારંભથી જ આત્માના અભ્યાસની અંદર **કરારીથી** મશગૂલ થયેલા હતા. આયુર્વેદનો સંક્ષિપ્ત ઇતિહાસ

૨. સ્ત્રી. મજબૂતપણું.

૩. સ્ત્રી. માલિકી માટે વાંધા વિનાની મિલ્કત.

૪. વિ. કરારવાળું; શરત કરેલું.

૫. વિ. દઢ; સ્થિર.

૬. વિ. નક્કી કરેલું; કબૂલ કરેલું.

કરારે ૧. અ. દાવો ધરાવીને; હક્કથી.

૨. અ. નિરાંતે; શાંતિથી.

૩. અ. બેલાશક; ખુશીથી.

૪. [અ. કરાર] અ. ભય વગર; બીક વિના.

૫. અ. શરમ રાખ્યા વગર.

કરારેદમ ૧. વિ. દઢ; ફરે નહિ એવું.

૨. વિ. મજબૂત.

૩. વિ. વળે નહિ એવું.

કરારોટ [સં.] પું. વીંટી; અંગૂઠી.

કરારોમદાર પું. ઇકરાર; કબૂલત.

કરાલ ૧. [સં.] પું. એ નામનો એક ઋષિ.

> આત્રેય, હારિત, પરાશર, ભેલ, ગર્ગ, સુશ્રુત, વસિષ્ઠ અને **કરાલ** તો પ્રાચીન આયુર્વેદિક સાહિત્યને પરિચિત છે. પુરાતત્ત્વ

૨. પું. એ નામનો એક છોડ; શેવંતી.

૩. પું. (પુરાણ) એક ગંધર્વનું નામ.

૪. પું. એક જાતનો ઘોડો. આ જાતનો ઘોડો બલિ રાજા પાસે હતો એમ કહેવાય છે.

૫. પું. કસ્તૂરી મૃગ.

૬. પું. ખાડો.

૭. પું. દાંતનો એક જાતનો રોગ. તેમાં ધીમે ધીમે દાંત મોટા અને બેડોળ થાય છે.

૮. પું. લંકાનો એ નામનો એક દૈત્ય.

> હે મા! દુઃસહ અને **કરાલ** આદિ દૈત્યને તમે જ માર્યા હતા. ભગવતી ભાગવત

૯. પું. (પુરાણ) વિદેહ વંશનો એ નામનો એક જનક રાજા. તેને વસિષ્ઠ ઋષિ સાથે સંવાદ થયો હતો.

૧૦. સ્ત્રી. કાળી તુલસી.

૧૧. સ્ત્રી. જમીનની એક જાત. આ જાતની જમીનના પેટા ભાગ: શુદ્ધ કરાલ, કાંપાળ કરાલ, ફૂલ કરાલ, ખોપ કરાલ, હાડી કરાલ, કોબી કરાલ, ગોરાડુ કરાલ, કુંડ કરાલ, રેચક કરાલ, ખારચ કરાલ અને ઉફરકી કરાલ.

૧૨. ન. અનંતમૂળ; ઉપલસરી નામની ઔષધિ.

૧૩. ન. એક જાતની મીઠાઈ.

૧૪. ન. એક જાતનું તેલ; ગર્જન તેલ; સરગવાના રસવાળું તેલ.

૧૫. ન. એક જાતનું દ્વિશાળ ઘર; ઘરની ૨૯૪ જાત માંહેની એક; કુર્કુટ નામના ઘરની આગળ બે અલિંદો આવે અને શાળા વચ્ચે ષટ્દારૂ આવે તેવું ઘર.

૧૬. ન. સુતારનું એ નામનું એક ઓજાર.

૧૭. વિ. આગળ પડતા દાંતવાળું; મોટા દાંતવાળું.

૧૮. વિ. ઉગ્ર; તીવ્ર; કઠોર.

૧૯. વિ. ઊંચું; ઉન્નત.

> ભાલચંદ્ર **કરાલ** શોભિત,
> શિર મુગટ ઝળકાર. સીતાસ્વયંવર

૨૦. વિ. કદરૂપું.

૨૧. वि. ખરબચડું.

૨૨. वि. ખુલ્લું; ઊઘડતું; પહોળું.

૨૩. वि. (ડિંગળ) જોરાવર; મજબૂત.

૨૪. वि. ઢાળ વગરનું; સીધું.

૨૫. वि. ભયંકર; બિહામણું; વિકરાળ.

૨૬. वि. મોટું; વિશાળ; પ્રચંડ.

કરાલક [સં.] પું. કાળી તુલસી.

કરાલકર ૧. [સં] પું. કઠણ સૂંઢવાળો હાથી.

૨. પું. મોટી સૂંઢવાળો હાથી.

કરાલતા [સં.] સ્ત્રી. ભયંકરપણું.

કરાલત્વ જુઓ કરાલતા.

કરાલદંત પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

કરાલદંષ્ટ્ર [સં.] वि. ભયંકર દાંતવાળું; મોટા દાંતવાળું.

કરાલદેહા ૧. સ્ત્રી. દેવીનું એક નામ.

> સર્વ દેવતાઓનાં ઈશ્વરી એ દેવીનું પૂજન દેવપૂજ્યા, મહોત્સાહા, કાલરૂપા, મહાનના, કર્મફલદા, કાંતાર, ગ્રહણેશ્વરી, **કરાલદેહા** એ નામોથી થાય છે. ભગવતી ભાગવત

૨. वि. સ્ત્રી. ભયંકર શરીરવાળી.

કરાલભૈરવ ન. એક જાતનું તંત્રશાસ્ત્ર.

કરાલમંચ [સં.] પું. (સંગીત) એ નામનો એક તાલ.

કરાલમુખ [સં.] वि. બિહામણા મુખવાળું.

કરાલવદન ૧. [સં.] પું. ઉપરના દાંત મોટા અને નીચેના નાના હોય એવો ઘોડો.

૨. वि. ભયંકર મુખવાળું.

કરાલવદના ૧. [સં.] સ્ત્રી. દુર્ગા દેવી.

૨. वि. સ્ત્રી. ભયંકર મુખવાળી.

કરાલંબ ૧. [સં.] પું. મદદ.

૨. પું. હાથથી આધાર આપવાપણું.

કરાલા ૧. [સં.] સ્ત્રી. અનંતમૂળ; ઉપલસરી વનસ્પતિ.

૨. સ્ત્રી. અભિમાની સ્ત્રી; માનિની.

> માગો માગો મરાળે મુખવધું અરપું,
> ક્લેશ ત્યાગો **કરાલા.** પ્રેમાનંદ

૪. સ્ત્રી. છપ્પન પાર્થિવતત્ત્વ દેવતા માંહેની એકનું નામ.

૫. સ્ત્રી. દુર્ગા દેવીનું એક ભયંકર રૂપ.

૬. સ્ત્રી. પાર્વતી.

૭. સ્ત્રી. પૂતના.

૮. સ્ત્રી. બાસઠ તેજસ્તત્ત્વ દેવતા માંહેની એક.

૯. સ્ત્રી. વાવડિંગ.

કરાલિક ૧. [સં.] પું. ઝાડ.

૨. પું. તરવાર.

કરાલિકા ૧. [સં.] સ્ત્રી. એ નામની શક્તિ.

૨. સ્ત્રી. દુર્ગા દેવીનું એક નામ.

૩. સ્ત્રી. રાજસ અગ્નિની જીભ.

કરાલિની ૧. [સં.] સ્ત્રી. એક ભયંકર બિહામણી પૌરાણિક દેવી.

૨. સ્ત્રી. દુર્ગાનું એક ભયંકર સ્વરૂપ.

૩. वि. સ્ત્રી. ભયંકર દેખાવવાળી.

કરાલિયો ૧. પું. કરોળિયો; એક જંતુ.

૨. [સં. કુલાલ] પું. માટીનાં વાસણ વેચનાર; માટીના જુદા જુદા ઘાટ અને રમકડાં વેચનાર માણસ.

૩. પું. સાંઢિયો; ઊંટ.

કરાલિંગન [સં.] ન. હસ્તમિલન; હસ્તાંદોલન.

કરાલી ૧. પું. (પિંગળ) અનુષ્ટુપની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કામતાકા; કેતુમાલા. તેના દરેક ચરણમાં બે તગણ અને બે ગુરુ મળી આઠ અક્ષર હોય.

> તા તા ગ ગાથી **કરાલી.** રણપિંગળ

૨. સ્ત્રી. અગ્નિની સાત માંહેની કાંટાવાળી એક જીભ.

૩. સ્ત્રી. અગ્નિવાળી હાંડલી; તોપડી.

૪. સ્ત્રી. કસ્તુરી મૃગલી.

૫. સ્ત્રી. (સંગીત) તારસ્થાનીય બાવીશ માંહેની વીશમી શ્રુતિ.

૬. સ્ત્રી. પાર્વતી.

૭. સ્ત્રી. માછલીની એક જાત; દતાલી.

૮. वि. સ્ત્રી. ભયંકર મોં ફાડીને ગાનાર.

૯. वि. સ્ત્રી. ડરાવે એવી; ભયંકર.

કરાવ [હિં.] પું. ગુજરનાર ધણીના નાના ભાઈ સાથે વિધવાએ કરેલ લગ્ન; દેરવટું. આ ચાલ જાટ, આહીર વગેરે જાતોમાં છે.

કરાવણિ સ્ત્રી. (જૂ. ગુ.) કરાવવું તે.

> અઢાર પાપસ્થાન ત્રિવિધિવિ મનિ વચનિ કાયિ કરણિ **કરાવણિ** અનુમતિ પરિહરઉ.
> પ્રાચીન ગદ્યસંગ્રહ

કરાવલ ૧. [તુ. કરા (સિપાઈ)] પું. ઘોડેસવાર.

૨. પું. ચોકીદાર.

૩. પું. જંગલનાં પશુઓનું ધ્યાન રાખનાર.

૪. પું. લશ્કરનો મોખરાનો ભાગ.

૫. પું. શિકારી.

કરાવલી [તુ.] સ્ત્રી. દોડતાં દોડતાં લડવું તે.

કરાવવું ૧. સ. ક્રિ. કરે એમ કરવું; બીજાની પાસેથી કામ લેવું. કરવુંની માફક કરાવવું પણ નામ, વિશેષણ અને બીજા શબ્દોની સાથે જોડાઈ વિવિધ અર્થમાં વપરાય છે. જેમકે, નામ કરાવવું; કાળું કરાવવું; કરવું કરાવવું.

કરાવી લેવું = (૧) અમલ ચલાવવો; બજાવરાવવું. (૨) બનાવરાવવું. (૩) સમજાવી પટાવીને કામ કાઢી લેવું; ભૂલથાપ આપીને કાર્ય કાઢી લેવું.

૨. સ. ક્રિ. બનાવરાવવું.

૩. સ. ક્રિ. વવરાવવું. જેમકે, આ સાલ ચણા કરાવ્યા છે.

કરાવાવું ૧. અ. ક્રિ. કરે એમ થવું.

૨. અ. ક્રિ. બનવું; થવું.

૩. અ. ક્રિ. વવાવું.

કરાવું અ. ક્રિ. થવું; બનવું; ઊપજવું.

કરાસ [યૂ.] પું એક જાતનો મસાલો.

કરાસન પું. (પિંગળ) અત્યષ્ટિની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ક્રૂરાશન. તેના દરેક ચરણમાં તગણ, નગણ, તગણ, નગણ, સગણ અને બે ગુરુ મળી સત્તર અક્ષર હોય છે.

કરાસી ન. જમરૂદ નામના ઝવેરાતની એક જાત. તે સફાઈમાં, વજનમાં, કઠણાઈમાં અને કીમતમાં શ્રેષ્ઠ મનાય છે.

કરાસોર પું. શોરબકોર; અવાજ.

> ગુંદરાટવું અને **કરાસોર** (શોરબકોરના અર્થમાં) આવા પ્રાંતિક શબ્દો ઘણી વખત વધારે સૂચક હોય છે. સાહિત્ય

કરાસ્ફોટ ૧. [સં.] પું. છાતીની જગા; વક્ષ:સ્થળ.

૨. પું. લડાઈને વખતે હાથ ઉપર તાલ મારવો તે.

૩. પું. હાથ ઠોકવો તે; હાથ થાબડવાપણું.

કરાહ ૧. [હિં.] પું. પીડાનો એક શબ્દ; દુ:ખ વખતે પ્રાણીના મુખમાંથી નીકળતા આહ, ઊંહ વગેરે શબ્દ.

૨. પું. માટીનું શકોરૂં. તેમાં શીતળા દેવીને ધરવાના ઉકાળેલા ચોખા વગેરે હોય.

૩. પું. મોટો તાવડો.

૪. અ. હાથથી.

કરાહત [અ.] સ્ત્રી. ધિક્કાર; અણગમો.

કરાહતન [અ.] અ. ધિક્કારપૂર્વક.

કરાહપા પું. (બૌદ્ધ) ચોર્યાશી માંહેનો એ નામનો એક સિદ્ધ.

કરાહિયત [અ. કરહ (ધિક્કારવું)] સ્ત્રી. ધિક્કાર; અણગમો; તિરસ્કાર; ઘૃણા.

કરાહી [હિં.] સ્ત્રી. લોઢા, પિત્તળ કે માટીનું કડાઈ જેવું વાસણ.

૧. કરાહી ચાટવી = વાસણ ચાટવું. જે વરરાજાના વરઘોડામાં વરસાદ વરસે તેને મહેણું મારવા માટે આ પ્રયોગ વપરાય છે.

૨. કરાહી લેવી = એક જાતની પરીક્ષા થવી. તેમાં કરાહી વાસણમાં તેલ ઉકાળાય છે. તેમાં સોનાની વીંટી જેવી નાની વસ્તુ નખાય અને શંકાવાળો માણુસ હાથથી તે બહાર કાઢે. જો હાથને ઈજા પામ્યા વગર કાઢી શકે તો તે નિર્દોષ ગણાય.

કરાહોલ પું. કોલાહલ; ધોંધાટ; શોરબકોર; ખૂમરાણ.

કરાહોળ જુઓ કરાહોલ.

કરાહોળિયું વિ. ધાંધલિયું.

કરાળ જુઓ કરાલ.

કરાળા જુઓ કરાલા.

કરાળિયો જુઓ કરાલિયો.

કરાળી જુઓ કરાલી.

કરાં ૧. ન. બ. વ. વરસાદનું બંધાઈ ગયેલું પાણી; હવાથી થયેલ બરફ.

૨. [સં. કર (હાથ)] ન. બ. વ. બંગડીઓ.

૩. અ. ક્યારે ? કયે વખતે ?

કરાકુશ પું. નખ.

કરાંગણ ૧. ન. મેળો.

૨. [સં.] ન. રાજાનો કર લેવાનું સ્થાન; માંડવા.

કરાંગુલ [સં.] સ્ત્રી. હાથની આંગળી.

કરાંગુલ નલક [સં.] ન. હાથનાં આંગળાંનાં હાડકાં.

કરાંગુલમૂલશલાકા [સં.] સ્ત્રી. હાથની આગળીઓના મૂળમાં રહેલ શલાકા. તેઓ હથેળીનો ટેકો આપે છે. તેઓનો આગલો ભાગ નલકાસ્થિઓના પાછલા છેડા જોડે અને પાછલો ભાગ કૂર્ચ્ચાસ્થિઓ જોડે અનુકૂળતા પ્રમાણે જોડાય છે.

કરાંગુલ સંધિ [સં.] પું. હાથની આંગળી માંહેનો સાંધો. હાથની દરેક આંગળીમાં ત્રણ તથા અંગૂઠામાં બે મળી આખા હાથની આંગળીઓમાં ચૌદ સંધિ હોય છે.

કરાધ્રિ [સં.] સ્ત્રી. હાથની હથેળી.

કરાંચ પું. સુતારનો કંપાસ.

કરાંચી ૧. સ્ત્રી. એક જાતનું ઓજાર.

૨. સ્ત્રી. સિંધનું એ નામનું મોટું શહેર અને બંદર. તેનું જૂનું નામ કરકલ્લા હતું. મેગેસ્થિનીસે એને કોકલ કહેલ છે. એમ પણ કહેવાય છે કે 'બલોચી'નું અપભ્રંશ લોચી, કોચી, કરાંચી થયું છે.

કરાંજ ૧. [સં. કર્જ્ (દુઃખ થવું)] સ્ત્રી. આંત્રવેણ; ઊંબેલો; આંકડી; આંતરડાંનો જોરદાર સંકોચ.

૨. સ્ત્રી. ન સમજાય એવો અવાજ.

કરાંજણ જુઓ કરાંજ.

કરાંજવા પું. ડૂબકી ખાનાર.

કરાંજવું ૧. અ. ક્રિ. જોર કરવું.

> બાળક ઓર સાથે બહાર પડે ત્યાંસુધી તારામાં
> જેટલું બળ હોય તેટલા બળથી તું **કરાંજ.**
> આયુર્વેદનો સંક્ષિપ્ત ઇતિહાસ

૨. અ. ક્રિ. જોરથી બોલવું; ઊંચે સાદે બોલવું.

૩. [સં. કર્જ્ (દુઃખ થવું)] અ. ક્રિ. દુઃખથી ઊંહકારા કરવા; દુઃખથી ઝીણો અવાજ કરવો.

૪. અ. ક્રિ. દુઃખની શાંતિ માટે આળોટવું.

૫. અ. ક્રિ. મલોત્સર્ગ માટે જોર કરવું; ઝાડે ફરતાં પેટને જોર આપવું.

કરાંઝવું જુઓ કરાંજવું.

કરાંટિયો પું. મુસલમાન ધર્મ સ્વીકારનાર કુંભાર જ્ઞાતિનો પુરુષ.

કરાંટી જુઓ કરાંઠી.

કરાંટું ન. કરેટું; ખરેટું; ઢોર વિયાયા પછી તરત કાઢેલું દૂધ. તેમાં ૭૫ ટકા પાણી, ૬ ટકા ચરબી અને ૧૯ ટકા બીજા પદાર્થ હોવાનું મનાય છે.

કરાંઠાં ૧. ન. બ. વ. તુવેર, કપાસ વગેરેનાં સોટી જેવાં સૂકાં ડાળખાં.

૨. ન. બ. વ. માતાજીના કર.

કરાંઠી સ્ત્રી. તુવેર, કપાસ વગેરેની સૂકી ડાંખળીઓ; સાંઠી.

કરાંઠું ન. તુવેર, કપાસ વગેરેનું સૂકું ડાંખળું; સાંઠી.

કરાંઠો પું. સાવરણો; ઝાડુ.

કરાંણી પું. (વહાણવટું) પાણીવાળો.

કરાંત [સં. કરપત્ર] સ્ત્રી. લાકડાં ચીરવાની કરવતી.

કરાંતી ૧. [હિં. કરાંત] પું. લાકડાં વહેરનાર પુરુષ.

૨. વિ. કરવતથી કામ કરનાર.

કરાંદા સ્ત્રી. એ નામની એક શાકભાજી.

કરાંધિસ સ્ત્રી. ભેજવાળા પ્રદેશમાં ઊગતી પીળાં ફૂલવાળી એક વનસ્પતિ; પહાડવેલ.

કરાંબલો [સં. કરંબ] પું. (જૂ. ગુ.) દહીં સાથે મેળવેલ સાથવો.

> ભોજનિ કૂર **કરાંબલુ,**
> આંબલુ જરહુ લહેસ. વસંતવિલાસ

કરાંબુજ [સં. કર (હાથ) + અંબુજ (કમળ)] પું. કમળના જેવો હાથ; સુંદર હાથ.

કરાંશ [સં.] પું. સલામી; છોડતી વખતે અપાતી બક્ષિસ.

કરાંશી સ્ત્રી. સુતારનું કંપાસ જેવું એક ઓજાર.

કરાંહવું (કરાંહ્‌વું) ૧. અ. ક્રિ. ઝાડો ઉતારવા જોર કરવું.

૨. અ. ક્રિ. દુઃખને લીધે ઊંહકારા કરવા.

કરિ ૧. પું. (પિંગળ) આઠની સંજ્ઞા.

૨. [સં. કરિન્] પું. હાથી; ગજ.

કરિઅરિ [સં. કરિન્ (હાથી) + અરિ (દુશ્મન)] પું. સિંહ.

કરિઆ ૧. વિ. કાળું; ઘેરૂં.

૨. વિ. મોટું.

કરિઆઈ ૧. સ્ત્રી. (ગણિત) અ, બ, ક્ષ, વગેરેને મળતી નિશાની.

૨. સ્ત્રી. કાળાશ.

કરિક ૧. પું. (જ્યોતિષ) અઠ્ઠાસી માંહેનો એ નામનો ગ્રહ.

૨. [સં.] પું. એક જાતનો ખેર.

કરિકણવલ્લી [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; ચવક.

કરિકા [સં.] સ્ત્રી. આંગળીના નખથી થયેલો જખમ.

કરિકુસુંભ [સં.] પું. નાગકેસરનું સુગંધી ચૂર્ણ.

કરિકુંભ [સં.] પું. હાથીનું ગંડસ્થળ.

કરિકેસર [સં.] ન. નાગકેસર.

કરિખા પું. (પિંગળ) ત્રીસ માત્રાનો એક સમજાતિ માત્રામેળ છંદ.

કરિગર્જિત [સં.] ન. હાથીની ગર્જના.

કરિગોલ ૧. પું. કળાકાર.

૨. પું. કામ કરનાર માણસ.

કરિજ [સં. કરિન્ (હાથી) + જ (જન્મેલું)] ન. હાથીનું બચ્ચું.

કરિણા ૧. પું. અનર્થ.

૨. પું. યોગ્યાયોગ્યનો વિચાર.

૩. પું. સંબંધ.

૪. પું. હકીકત; કૈફિયત.

કરિણી ૧. સ્ત્રી. એક જાતની સ્ત્રી. તેનાં નાક, કાન અને ગળું મોટાં, ગાલ ફૂલેલા, હોઠ લાંબા, આંખનો રંગ તપખીરી, મોઢું ભયાનક, ચાલતાં

સાંધામાં અવાજ થાય, વાળ ટૂંકા અને કાળા, હાથપગ ટૂંકા તથા જાડા, અવાજ જાડો, દાંત તીક્ષ્ણ, ખોરાક વધારે, કામાતુર અને પાપથી ન ડરે તેવી હોય છે.

૨. સ્ત્રી. (શિલ્પ) એક જાતની શાળા. દક્ષિણ અને અગ્નિ એ બે કોણના બે કોઠામાં એ શાળા હોય અને તે બંનેનાં મુખ ઉત્તર દિશાનાં હોય તો તે શાળાનું નામ કરિણી કે હસ્તિની શાળા કહેવાય.

૩. સ્ત્રી. એક દેવતાનું નામ.

૪. સ્ત્રી. વૈશ્ય પિતા અને શૂદ્ર માતાથી થયેલ કન્યા.

૫. [સં.] સ્ત્રી. હાથણી; હાથીની માદા.

કરિદંત [સં.] પું. હાથીદાંત.

કરિદારક [સં. કરિન્ (હાથી) + દારક (ચીરનાર)] પું. સિંહ.

કરિદારણ જુઓ કરિદારક.

કરિનાસિકા ૧. [સં.] સ્ત્રી. એ નામનું એક યંત્ર.

૨. સ્ત્રી. એક જાતનું વાજિંત્ર.

કરિપ [સં.] પું. હાથીનો મહાવત.

કરિપત્ર ન. તાલિપત્ર વૃક્ષ.

કરિપીપળી [સં.] સ્ત્રી. એક ઔષધિ; ગજપીપર.

કરિપુચ્છ [સં.] ન. હાથીનું પૂછડું.

કરિપોત [સં.] ન. હાથીનું બચ્ચું.

કરિબંધ ૧. [સં.] પું. હાથી બાંધવાનો ખીલો.

૨. પું. હાથીને બાંધવો તે.

કરિમદ [સં.] પું. હાથીનો મદ.

કરિમાચલ [સં.] પું. સિંહ.

કરિમુખ ૧. [સં.] પું. ગણેશ; ગણપતિ.

૨. પું. હાથીનું મોં.

કરિમુંડમંડલ ન. (જ્યોતિષ) વિષુવાંશ ૧૭૫થી ૨૦૫ અને ઉત્તર ક્રાંત્યંશ ૧૫થી ૩૫ની વચ્ચે આવેલો એક તારાપુંજ.

કરિયા ૧. પું. સોગંદ.

૨. [સં. ક્રિયા] સ્ત્રી. નિત્યનિયમ; ધ્યાનધારણા.

૩. સ્ત્રી. મરણ પાછળનો વિધિ; ઉત્તરક્રિયા.

કરિયાણું ૧. ન. કરિયાવર.

૨. ન. ગાંધીનો ધંધો.

૩. ન. દરરોજની વપરાશની જુદી જુદી ચીજ.

૪. ન. ધન; દોલત.

૫. ન. વસાણું; ગાંધીને ત્યાં મળતું ઓસડ, મસાલો વગેરે.

કરિયાત જુઓ કરિયાતું.

કરિયાતિ સ્ત્રી. (જૂ. ગુ.) વેચાતી લેવાતી વસ્તુ.

મલિક લહઇ બિમ બી **કરિયાતી.**
કાન્હડદેપ્રબંધ

કરિયાતું [સં. કિરાતક] ન. એક જાતની કડવી વનસ્પતિ. તેના છોડ હાથ દોઢ હાથ ઊંચા થાય છે. પાંદડાં લીમડાનાં પાન જેવાં હોય છે. તેની ડાંડલી કરતાં પાંદડી અને ફૂલમાં વધારે કડવાશ હોય છે. તે સારક, શીતળ, કફઘ્ન, પિત્તહર અને રક્તશોધક હોવાથી અજીર્ણ, મંદાગ્નિ, કફ, તૃષા, તાવ, દાહ, ખરજ, પ્રમેહ, શ્વાસ, પ્રદર, અર્શ, ઉધરસ, સોજો અને કૃમિરોગ ઉપર વપરાય છે. તે ચૂર્ણ અને કવાથના રૂપમાં અપાય છે.

કરિયારિ સ્ત્રી. લાંગલિકા; એક ઔષધિ. તેનું મૂળિયું શક્તિવર્ધક અને પાચક પણ વધારે પ્રમાણમાં લેવાથી ઝેરી છે. ગર્ભપાત માટે આ દવા દેવામાં આવે છે. તે મૃદુ વિરેચક હોવાથી કોઢ, સોજો અને હરસમાં અપાય છે.

કરિયારી ૧. સ્ત્રી. લગામ.

૨. ન. એક જાતનું ઝાડ; કલિહારી; ઇંદ્રપુષ્પા.

કરિયાવર [સં. કર + વર (ધણી) + વૃ (પસંદ કરવું)] પું. રીત; દીકરીને કરેલ પહેરામણી; દાયજો.

કરિર [સં.] પું. કેરડાંનું ઝાડ.

કરિરત ૧. [સં.] ન. એક જાતનો રતિબંધ.

૨. ન. હાથીનું રમવું તે.

કરિરદ [સં. કરિન્ (હાથી) + રદ (દાંત)] પું. હાથીદાંત.

કરિરાજ [સં. કરિન્ (હાથી) + રાજન્ (રાજા)] પું. મોટો હાથી.

કરિરો પું. એક જાતનો રણમાં ઊગતો કાંટાવાળો છોડ. ઊંટ તે ખાય છે.

કરિલ [હિં.] પું. ફણગો; અંકુર.

કરિલા ૧. પું. એક કડવું શાક; કારેલાં.

૨. પું. (પિંગળ) દરેક ચરણમાં બે સગણ, લઘુ અને ગુરુ મળી આઠ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; કલિલા. તે અનુષ્ટુપનો એક ભેદ છે.

કરિવદન [સં.] પું. ગણેશ. તેનું મોઢું હાથી જેવું હોય છે.

કરિવર [સં. કરિન્ (હાથી) + વર (ઉત્તમ)] પું. ઉત્તમ હાથી.

કરિવલ્લભ [સં.] પું. પરમાત્મા; ગજપ્રભુ. મગરે પકડેલા હાથીના તે રક્ષક હોવાથી તે કરિવલ્લભ કહેવાય છે.

કરિશાવ [સં. કરિન્ (હાથી) + શાવ (બચ્ચું)] ન. હાથીનું બચ્ચું.

કરિશાવક જુઓ કરિશાવ.

કરિશ્મા ૧. [ફા. કિરિશ્મા] પું. જાદૂ.

૨. પું. દેખાવ; ચમત્કાર.

૩. પું. મોહક જ્વર.

કરિસુંદરિકા [સં.] સ્ત્રી. લૂગડાં સુકવવા માટે આંગણામાં રાખેલી વળગણી.

કરિસ્કંધ ૧. [સં.] પું. હાથીની ખાંધ.

૨. પું. હાથીનું ટોળું.

કરિહાર પું. સિંધ પ્રાંતમાં થતો સાત આઠ ફૂટ લાંબો એક જાતનો ઘણો ઝેરી સર્પ. તે ઉંદર, દેડકાં, ચકલાં, નાનાં જાનવર વગેરેનો ભક્ષ કરે છે. જેને તે ડંખે તે માણસ કાળું પડી જાય અને નાક, કાન, મોઢું તથા મૂત્ર માર્ગે લોહી પડે અને તે માણસ મરી જાય. સિંધી લોક ડંખવાળા ભાગ ઉપર તપાવેલ સળિયાથી કે અંગારાથી ડામ દે છે. કેટલાક સાપનો મોહરો હોય તો તેથી તે ઝેર ઉતારે છે. પણ ઝેર ઊતર્યા પછી જુલાબ અથવા ઊલટીની દવા પાઈ હિંગ સુંઘાડે છે.

કરિંદ ૧. [સં. કરીન્દ્ર] પું. ઉત્તમ હાથી.

૨. પું. ઐરાવત.

કરી ૧. પું. (પિંગળ) આઠની સંખ્યા.

૨. પું. એક જાતનો છોડ. ત્રણથી ચાર ફૂટ ઊંચા આ છોડનાં પાંદડાં આઠથી દશ ઇંચ લાંબાં અને છથી આઠ ઇંચ પહોળાં હોય છે. તે રંગે ઘેરા લીલા રંગનાં, ગોળ અથવા સહેજ લંબગોળ અને ઉપર ધોળી રુવાંટીવાળાં, સ્વાદે તીખાં અને બહુ આકરી ગંધવાળાં હોય છે. આ પાંદડાં શક્તિવર્ધક અને કૃમિઘ્ન મનાય છે.

૩. પું. નાગકેસર.

૪. પું. પરહેજી; પથ્ય.

૫. પું. (પિંગળ) પંદર માત્રાનો એક છંદ; ચોપાઈ.

૬. [સં. કરિન્] પું. હાથી; ગજ.

હસ્તી દંતી દ્વિરદ દ્વિપ પદ્મી વારણ વ્યાલ,
કુંજર ઇભ કુંભી **કરી** સ્તંબેરમ શુંડાલ.
પિંગળલઘુકોષ

૭. સ્ત્રી. અણૂજો; છૂટી.

૮. સ્ત્રી. કઢી.

૯. સ્ત્રી. કરવા જેવો આચાર.

સંભાળી જે કુલ માંહિ **કરી,**
છાની વાત કહી કુઅરી. કાન્હડદેપ્રબંધ

૧૦. સ્ત્રી. ખડ ભરવાનો ડેલો.

૧૧. સ્ત્રી. ભરવાડની એ નામની એક અટક.

૧૨. ન. એ નામની અટકનું માણુસ.

૧૩. વિ. એ નામની અટકનું.

૧૪. અ. નામનો.

૧૫. અ. વડે; થી.

કરીઅર [અં.] સ્ત્રી. કારકિર્દી.

કરીઓ પું. એક જાતનો ગુંદર.

કરીઓર સ્ત્રી. રખાત.

કરીકલ [સં.] સ્ત્રી. એ પૈડાંની ગાડી.

કરીજો ૧. પું. કરિયાવર.

૨. પું. શિરપાવ.

કરીટ ૧. પું. (ડિંગળ) પાઘડી.

૨. પું. મુગટ.

કરીટી ૧. પું. (ડિંગળ) અર્જુન.

૨. પું. (પિંગળ) દરેક ચરણુમાં આઠ ભગણુવાળો ચોવીસ અક્ષરનોં એક સમવૃત્ત વર્ણુમેળ છંદ; મેદુરદંત. તે સંસ્કૃતિનો એક ભેદ છે.

૩. વિ. મુગટ પહેર્યો હોય એવું.

કરીત ૧. પું. (પુરાણુ) ભારતવર્ષનો એ નામનો એક દેશ.

૨. સ્ત્રી. ખરાબ રિવાજ; કુરીતિ.

કરીતય [સં.] પું. મહાભારતમાં જણુાવેલો એક પ્રાચીન દેશ.

કરીતા [અવ.] પું. પ્રકરણુ; અધ્યાય.

કરીતું ન. એક જાતનું શાક.

કરીદિન પું. અગતો; કામકાજ બંધ રાખવાનો દિવસ.

કરીન ૧. સ્ત્રી. બ્રહ્મી લોકોની એ નામની એક જાતિ.

૨. ન. બ્રહ્મી લોકોની એ નામની જાતનું માણુસ.

૩. [અ.] વિ. જોડેલું; સંબંધવાળું.

૧. કરીને ઇન્સાફ = ન્યાયી.

૨. કરીને મસ્લહત – સલાહ = સલાહ આપવા લાયક.

૪. વિ. પાસેનું; નજીકનું.

૫. વિ. બ્રહ્મી લોકોની એ નામની જાતનું.

૬. વિ. વાળું.

ઇઝ્ઝત કરીન = આબરૂદાર.

કરીના ૧. પું. આગળપાછળનો સંબંધ.

૨. પું. ગોઠવણુ; વ્યવસ્થા.

૩. પું. રીત; ઢંગ.

૪. પું. સરખાપણું.

૫. પું. સંબંધ; કારણુ.

કરીનાર સ્ત્રી. રખાત.

કરીનિંબ ન. એક જાતની વનસ્પતિ. તેનાં પાંદડાંને છૂંદી તેની ચટણી અને મસાલો બનાવાય છે.

કરીને ૧. અ. કારણે; ને લીધે.

૨. અ. થી; વડે.

૩. અ. ધારીને; વિચારીને.

૪. અ. નામનું.

કરીનો ૧. પું. ક્રમ.

૨. [અ. કરન (તેણે જોડયું)] પું. દસ્તૂર; ધારો.

૩. પું. રીતિ; વ્યવહાર.

૪. પું. હુક્કાનો કપડાથી લપેટેલો નીચલો ભાગ.

કરીપત્ર [સં.] ન. કેળના પાન જેવું લાંબું અને વચમાં ડાંડીવાળું તાલીસ પત્રનું પાંદડું.

કરીપાક [હિં.] પું. એક જાતનો છોડ. તેનાં પાંદડાં રસોઈમાં વપરાય છે.

કરીપિપ્પલી સ્ત્રી. એક જાતનું કરિયાણું; ગજપીપર. તેનાં પાન હાથીના કાન જેવાં લાંબાં હોય છે.

કરીબ (ક઼રીબ) ૧. [અ. કરબ (તે નજીક હતો)] વિ. નજીકનું; પાસેનું.

૨. વિ. સગું; સંબંધી.

૩. અ. આશરે; લગભગ.

૪. અ. ઘણું કરીને.

૫. અ. પાસે; નજીક.

કરીબકર (ક઼રીબકર) અ. લગભગ.

કરીબકરીબ (ક઼રીબક઼રીબ) [અ.] અ. પાસેપાસે.

કરીબત (ક઼રીબત) [અ.] સ્ત્રી. નજીકનું સ્ત્રી સગું.

કરીબતર (ક઼રીબતર) [અ.] અ. વધારે નજીક.

કરીબદષ્ટિ (ક઼રીબદષ્ટિ) સ્ત્રી. ટૂંકી નજર.

કરીબન (ક઼રીબન) [અ.] અ. નજીક.

કરીબંત ન. એ નામનો એક છોડ; અનંતમૂળ; ઉપલસરી; દૂધશાલિ.

કરીબા (ક઼રીબા) જુઓ કરીબત.

કરીમ ૧. [અ. કરમ (તે ઉદાર હતો)] પું. પરમેશ્વર; ખુદા; ઈશ્વર.

૨. પું. પૃથ્વીનો ધણી; રાજા.

૩. ન. અણુસિયું.

૪. વિ. ઉદાર; દાતાર.

૫. વિ. કૃપાળુ; દયાળુ.

કરીમન [અ.] અ. દયાથી; મહેરબાનીથી.

કરીમા ૧. સ્ત્રી. એ નામની એક ચોપડી. શેખ સાદીએ તે પદ્યમાં લખી છે. તેનો પહેલો શબ્દ કરીમા છે માટે એ નામથી પ્રખ્યાત છે.

૨. સ્ત્રી. એ નામની સીદીની એક અટક.

૩. ન. એ અટકનું માણુસ.

૪. વિ. એ નામની અટકનું.

૫. [અ.] શ. પ્ર. હે દયાળુ પ્રભુ.

કરીમાર પું. સિંહ.

કરીમી [અ.] સ્ત્રી. દયા; મહેરબાની.

કરીમુન્નફસ [અ.] વિ. સ્વભાવે ઉદાર.

કરીર ૧. પું. આફત.

૨. પું. કતલ; જુલમ.

૩. પું. કેરડાંનું ઝાડ.

૪. પું. ઘડો; કુંભ.

૫. પું. ચીરિકા વનસ્પતિ.

૬. પું. બેહદપણું; અતિશયતા.

૭. પું. માણસો અને પશુને મારવાં તે.

૮. પું. વાંસનો અંકુર; વશાંકુર.

કરીરક જુઓ કરીર.

કરીરા ૧. [સં.] સ્ત્રી. એ નામનું એક જીવડું.

૨. સ્ત્રી. હાથીના દાંતનું મૂળ.

કરીરાજ પું. હાથી.

કરીરાશિ પું. એ નામના એક બ્રહ્મર્ષિ.

કરીરિકા [સં.] સ્ત્રી. હાથીના દાંતનું મૂળ.

કરીરિતા પું. (પિંગળ) સંકીર્ણ વર્ગનો અર્દ્ધસમવૃત્ત વર્ણમેળ છંદ. તેના પહેલા અને ત્રીજા ચરણુમાં સગણુ, ભગણુ, જગણુ અને રગણુ એમ બાર અક્ષર અને બીજા અને ચોથા ચરણુમાં બે સગણુ, જગણુ અને ગુરુ એમ દશ અક્ષર હોય છે.

કરીરી ૧. [સં.] પું. કેરડો.

૨. સ્ત્રી. એ નામનું એક જીવડું.

૩. સ્ત્રી. ચીરિકા વનસ્પતિ.

૪. સ્ત્રી. હાથીના દાંતનું મૂળ.

કરીલ [સં.] પું. એક છોડનું નામ; રણુમાં ઊગતો કાંટાળો છોડ. ઊંટ તે ખાય છે.

કરી લુગાઈ [હિં.] સ્ત્રી. રખાત સ્ત્રી.

કરી લેવું અ. ક્રિ. દત્તક લેવું.

કરીવર ૧. પું. ચંદ્ર.

૨. પું. હાથી.

કરીવૈજયંતી પું. હાથીએ ઉપાડેલો વાવટો.

કરીશ [સં. કરિન્ (હાથી) + ઈશ (ઉત્તમ)] પું. ગજરાજ.

કરીષ ૧. [સં.] પું. એ નામનું ઝાડ.
૨. પું. એક બ્રહ્મર્ષિનું નામ.
૩. ન. અડાયું છાણું.
૪. ન. છાણુ.

કરીષક [સં.] પું. મહાભારતમાં જણાવેલો એક પ્રાચીન દેશ.

કરીષગંધી [સં. કરીષ (છાણુ) + ગંધિન્ (ગંધવાળું)] વિ. છાણના જેવી ગંધવાળું.

કરીષાગ્નિ [સં.] પું. અડાયાં છાણાંનો અગ્નિ.

કરીષિણી [સં.] સ્ત્રી. લક્ષ્મીદેવી.

કરીહ ૧. [અ.] વિ. ધિક્કાર ઉપજાવે એવું.
૨. વિ. નાપાક; ગંદું.

કરીહમનઝર (કરીહમનઝર) [અ.] વિ. કદરૂપું; બેડોળ.

કરીંઠી સ્ત્રી. કપાસની સાંઠી.

કરીંદ્ર [સં. કરિન્ (હાથી) + ઇન્દ્ર (ઉત્તમ)] પું. ઉત્તમ હાથી; ગજરાજ.

કરીંપના સ્ત્રી. તાડનું ઝાડ.

કરુ ૧. પું. કર; હાથ.
૨. પું. કિરણ.

કરુઆ ૧. વિ. કડવું.
૨. વિ. ખારૂં.
૩. વિ. તેજ; આકરૂં.
૪. વિ. બેસ્વાદ; અપ્રિય.

કરુઈ જુઓ કરુઆ.

કરુકરુ ન. ઠપકો આપવો તે.

કરુકર્મ ન. શિલ્પકળાનો ઉદ્યોગ.

કરુણ ૧. [સં.] પું. એક જાતનું ઝાડ.
૨. પું. કાર્તિકા પુરાણમાં જણાવેલ એ નામનું એક તીર્થ.
૩. પું. કાવ્યના આઠ માંહેનો એક રસ; સાંભળનારને કરુણા ઉત્પન્ન કરે તેવો રસ. આ રસનો અધિષ્ઠાતા વરુણ દેવ મનાય છે.
૪. પું. પરમેશ્વર.
૫. પું. વિયોગથી થતું દુઃખ; શોક.
૬. પું. સંન્યાસી.
૭. સ્ત્રી. દયા.
૮. ન. ધોળા ફૂલનું એક ઝાડ.
૯. વિ. દયાજનક; દયા ઉપજાવે એવું.
૧૦. વિ. દયાળુ.
૧૧. વિ. દીન; ગરીબ.

કરુણ કાવ્ય [સં.] ન. સાંભળનારને કરુણા ઉપજાવે તેવું કાવ્ય.

કરુણગણી ન. લાંબા તારવાળું ઊંચા નંબરનું સુતર કાંતી શકાય એવા હિંદી રૂનો એક પ્રકાર.

કરુણતા ૧. [સં.] સ્ત્રી. દયા ઉપજાવે એવી સ્થિતિ.
૨. સ્ત્રી. દયાળુપણું.
૩. સ્ત્રી. દીનતા; ગરીબાઈ.

કરુણદંભી [સં.] વિ. કરુણતાના ડોળવાળું; કરુણરસનો ડોળ કરનારૂં.

કરુણ નાટક [સં.] ન. દુઃખ પરિણામક નાટક; શોકવિષય નાટક.

કરુણપરિણામક [સં.] વિ. દુઃખાંત; કરુણતામાં પરિણમે એવું; જેનો અંત કરુણ હોય એવું; કરુણરસાંત.

કરુણપ્રધાન [સં.] વિ. કરુણ રસ વધારે હોય એવું.

કરુણપ્રશસ્તિ [સં.] સ્ત્રી. વિલાપ; શોકગીત; 'એલીજી'. એલીજીનો મૂળ ગ્રીક શબ્દ એલેજીઅ કરુણકાવ્યને જ લાગુ પાડવામાં આવે એમ નિયમ ન હતો, પ્રેમ અને શૌર્યનાં તત્ત્વો પણ એ જાતનાં કાવ્યમાં જોવામાં આવતાં હતાં. તથાપિ અંગ્રેજી ભાષામાં તો અમુક પ્રકારના કરુણ કાવ્યને માટે જ એલીજી શબ્દ વપરાય છે. કરુણ પ્રશસ્તિ અંગ્રેજીમાં 'એલીજી' કહે છે એ જાતિનું છે. એમાં લક્ષણભૂત સઘળાં તત્ત્વોનો વિચાર કરતાં એને માટે 'મરણ નિમિત્તક કરુણ પ્રશસ્તિ' અથવા ટૂંકામાં 'કરુણપ્રશસ્તિ' એવું નામ યોજવું ઠીક લાગે છે. 'સ્મરણ સંહિતા'ની પ્રસ્તાવનામાં યથાર્થ કહે છે કે કરુણપ્રશસ્તિમાં મરણ નિમિત્તક કરુણ શોકોદ્ગાર ઉપરાંત જેને નિમિત્તે એ શોકોદ્ગાર થયો હોય એના ગુણાનુવાદ પ્રશસ્તિરૂપે હોવા જોઈએ. રઘુવંશમાં ઇન્દુમતિના મરણથી ઉત્પન્ન થયેલો અજવિલાપ કે કુમારસંભવમાં કામદેવના મૃત્યુથી થયેલો રતિવિલાપ એ કરુણશોકોદ્ગાર છે. આપણા 'રાજીઆ' અને 'રાસડા' એ એલીજી જાતિનાં કાવ્ય છે અને તે પૂર્વોક્ત સામાન્ય અર્થ કરતાં પણ વિશેષ અર્થમાં. કારણ કે એમાં સ્વજનના મૃત્યુનિમિત્તક શોકોદ્ગાર ઉપરાંત મરનારના ગુણાનુવાદની પ્રશસ્તિનું રૂપ આપવામાં આવેલું હોય છે. વળી તેમાં સાથે સાથે કેટલુંક ચિંતન પણ હોવું જોઈએ. આથી કરુણપ્રશસ્તિનું લક્ષણ એમ છે કેઃ મરણ નિમિત્તક કરુણ રસથી ભરેલું, ધ્યાનાત્મક વા ચિંતનાત્મક તથા ટૂંકું અને વિલાપરૂપ કાવ્ય.

કરુણભાવવાહી [સં. કરુણભાવવાહિન્] વિ. કરુણ ભાવવાળું.

કરુણમલ્લી [સં.] સ્ત્રી. નવી માલતીની લતા; બટમોગરો.

કરુણરવ [સં. કરુણ (દયાળુ) + રવ (અવાજ)] પું. દયા ઉપજાવે તેવો અવાજ.

કરુણરસ ૧. [સં.] પું. (કાવ્ય) આઠ માંહેનો એક રસ; દયાવૃત્તિ; કરુણારસ. કંઈ જોતાં અથવા વર્ણન, શ્રવણ અગર મનન કરતાં મનુષ્યનું હૃદય દયાથી પીગળી જાય એવી થતી લાગણીને કરુણરસ કહે છે. એના અધિષ્ઠાતા વરુણદેવ મનાય છે. ઇષ્ટવિયોગ અને અનિષ્ટ સંપ્રયોગ એ શોકના વિભાવ છે. દૈવ, ઉપાલંભ, નિઃશ્વાસ, કૃશત્વ, મૂળશોષણ, સ્વરભેદ, અશ્રુપાત, વૈવર્ણ્ય, પ્રલય, ચિંતા, કંપ, આક્રંદ એ શોકના અનુભાવ છે. કરુણરસ સ્વનિષ્ટ અને પરનિષ્ટ બે પ્રકારનો છે. સ્વેષ્ટનાશ, સ્વશાપ, સ્વબંધન, સ્વક્લેશ વગેરેથી થયેલ સ્વનિષ્ટ વિભાવ વડે કરીને સ્વનિષ્ટ છે અને પરેષ્ટનાશ, પરબંધન વગેરે પરનિષ્ટ છે.
૨. પું. નૃત્યના બાર માંહેનો શોક દર્શાવનાર રસ.

કરુણરસાંત [સં.] વિ. કરુણ પરિણામક.

કરુણરસિક [સં.] વિ. કરુણ રસવાળું.

કરુણલોચન [સં.] વિ. આંખો દયાથી ભરપૂર હોય એવું.

કરુણવિપ્રલંભ [સં.] પું. એક પકારનો શૃંગાર રસ. બે કામી સ્ત્રીપુરુષોમાંથી એકનું મરણ થતાં બીજાને તેને માટે શોક થાય, પરંતુ તે શોકમાં બીજી દુનિયામાં ફરીથી સંયોગ થવાની આશા હોય તો તે શૃંગાર કરુણવિપ્રલંભ કહેવાય છે.

કરુણવિમુખ [સં.] વિ. નિષ્ઠુર; દયા વગરનું.

કરુણ વ્યંગોક્તિ [સં.] સ્ત્રી. કરુણકટાક્ષ; જે બોલાયું હોય તેમાંથી કરુણ અર્થ નીકળે તેવી વક્ર ભાષા.

કરુણહાસ્યમય [સં.] વિ. કરુણરસ સાથે હાસ્ય રસની જમાવટવાળું.

કરુણા ૧. [સં.] સ્ત્રી. અનુકંપા; દયા; રહેમ.
૧. કરુણા આણવી–કરવી–લાવવી = દયા કરવી; રહેમ નજર રાખવી.
૨. કરુણા માગવી = દયાને માટે આજીજી કરવી.
૨. સ્ત્રી. (સંગીત) ચતુસ્રજાતિ આઠ માત્રાનો તાલ. કોટડીના બોલઃ સમ–ધા ધીં ધા ધા તાં તિં કિડનક. તાલનાં સ્થાન અનુક્રમે એક અને પાંચ માત્રા ઉપર છે.
૩. સ્ત્રી. પારકાનું દુઃખ દૂર કરવાની ઇચ્છા.
૪. સ્ત્રી. પ્રિયબંધુ અથવા ઇષ્ટ મિત્રના વિયોગથી થતું દુઃખ; શોક.

૫. સ્ત્રી. યોગશાસ્ત્રમાં કહેલી ચાર માંહેની એક ભાવના.

૬. સ્ત્રી. (કાવ્ય) રસના નવ માંહેનો એક પ્રકાર.

૭. વિ. દયાવાળું; દયાળુ.

૮. વિ. દીન; ગરીબ; કંગાલ.

૯. વિ. સ્ત્રી. શ્રુતિના પાંચ માંહેના એક પ્રકારની. પાંચ પ્રકાર: દીપ્તા, આયતા, મૃદુ, કરુણા, મધ્યા.

કરુણાઅંત [સં.] વિ. દયાજનક છેડાવાળું.

કરુણાકટાક્ષ જુઓ કરુણ્વ્યંગોક્તિ.

કરુણાકર ૧. [સં.] પું. ઈશ્વર.

૨. વિ. કરુણાના ભંડાર; કરુણાનિધિ; દયાળુ.

કરુણાકાર [સં.] વિ. દયાળુ; કરુણાળુ.

કરુણાજનક ૧. [સં.] વિ. દયા ઉપજાવે એવું.

૨. વિ. દયાવાળું; દયાળુ.

કરુણાતાલ પું. (સંગીત) આઠ માત્રાનો એક તાલ; લાવણી. તેની પહેલી અને પાંચમી માત્રા ઉપર તાલ આવે છે.

કરુણાત્મ [સં.] વિ. કરુણાથી ભરપૂર; દયાવાળું.

કરુણાત્મક [સં.] વિ. દયાવાળું; કરુણાયુક્ત.

કરુણાદગ [સં. કરુણા (દયા) + દશ્ (નજર)] સ્ત્રી. કૃપાદષ્ટિ.

કરુણાદષ્ટિ ૧. [સં.] સ્ત્રી. દયાદષ્ટિ; કૃપાનજર.

૨: સ્ત્રી. નૃત્યની છત્રીસ દષ્ટિ માંહેની એક.

કરુણાધર્મ [સં.] પું. દયાધર્મ.

કરુણાધ્વનિ [સં.] પું. દુઃખનો અવાજ.

કરુણાનિધ જુઓ કરુણાનિધિ.

કરુણાનિધાન ૧. [સં.] પું. કરુણાસિંધુ; દયાનો ભંડાર.

૨. વિ. દયાળુ.

કરુણાનિધિ ૧. [સં.] કરુણાનો ભંડાર; કરુણાસિંધુ; દયાનો સાગર.

૨. વિ. દયાળુ.

કરુણાન્વિત ૧. પું. સૂર્યનાં એકસો આઠ માંહેનું એક નામ.

૨. [સં. કરુણા (દયા) + અન્વિત (વાળું)] વિ. દયાળુ.

કરુણાપતિ ૧. [સં.] પું. કરુણાસાગર.

૨. વિ. દયાળુ.

કરુણાપર [સં.] વિ. દયાળુ.

કરુણાપાત્ર ૧. [સં.] ન. દયા ખાવા જેવું માણસ.

૨. વિ. દયા આણવા જેવું; અનુકંપનીય.

કરુણાપૂર્ણ [સં.] વિ. દયાવાળું; અનુકંપા ભરેલું.

કરુણાપ્રદર્શકતંતુ [સં.] પું. માથાના તળિયામાંથી નીકળતા બાર માંહેનો ચોથો તંતુ. તે આંખમાં કરુણાના ભાવને બતાવે છે તેમ જ અશ્રુવાહિનીઓને ગતિ આપે છે.

કરુણાભાવ [સં.] પું. દયાની લાગણી.

કરુણાભીનું વિ. દયાર્દ્ર; દયાથી પીગળી ગયેલું.

કરુણામય ૧. [સં.] વિ. કરુણાવાળું; દયાળુ.

૨. વિ. દયા કરવા પાત્ર.

કરુણારસ ૧. પું. દયાની લાગણી; કરુણાભાવ.

૨. પું. (કાવ્ય) શૃંગારાદિ આઠ માંહેનો એક રસ; શોક થઈ દયા ઊપજે તે જાતનો રસ.

કરુણાર્દ્ર ૧. [સં. કરુણા (દયા) + આર્દ્ર (ભીનું)] વિ. દયા ઉત્પન્ન કરે તેવું.

૨. વિ. દયાથી ગદ્‌ગદ્ થઈ ગયેલું.

કરુણાલ વિ. કરુણાવાળું; દયાળુ.

કરુણાલુ વિં. દયાળુ.

કરુણાવતી [સં.] વિ. સ્ત્રી. દયાવાળી.

કરુણાવરુણાલય વિ. દયાના સાગર; કરુણાનિધિ.

કરુણાવલોક ૧. પું. શ્રીકૃષ્ણ.

૨. વિ. દયાળુ.

કરુણાવલોકન [સં.] ન. દયાદષ્ટિ.

કરુણાવંત [સં.] વિ. દયાળુ; કરુણાળુ.

કરુણાવિમુખ [સં.] વિ. નિર્દય; દયાહીન.

કરુણાશ સ્ત્રી. કરુણતા.

કરુણાશીલ [સં.] વિ. દયાવાળું.

કરુણાસાગર ૧. [સં.] પું. દયાસાગર; કરુણાસિંધુ.

૨. વિ. ઘણું દયાળુ.

કરુણાસિંધુ જુઓ કરણાસાગર.

કરુણાળ વિ. દયાળુ.

કરુણાળુ વિ. કરુણાવાળું; દયાળુ.

કરુણાંત [સં.] વિ. કરુણા ઉપજાવે એવા અંતવાળું; જેનો અંત કરુણ હોય એવું.

કરુણાંતપ્રબંધ [સં.] પું. દુઃખ પરિણામક નાટક; શોકનાટક.

કરુણાંતપ્રયોગ જુઓ કરુણાંતપ્રબંધ.

કરુણી ૧. સ્ત્રી. કોંકણ દેશ તરફ થતું એક જાતનું ફૂલઝાડ.

૨. [સં. કરુણિન્] વિ. દયાળુ.

૩. વિ. દુઃખી; દયા ઉપજાવે એવું.

કરુણેશ [સં.] પું. પરમાત્મા; ઈશ્વર.

કરુણોત્પાદક [સં.] વિ. કરુણાજનક.

કરુત્થામ [સં.] પું. એ નામનો એક રાજા.

કરુમ [સં.] પું. એક જાતનો પિશાચ.

કરુર પું. કોરુર દેશ. ત્યાં વિક્રમે શક લોકોને હરાવ્યા હતા.

કરુવરુ ૧. ન. અભાવ અથવા તિરસ્કારથી ફટફટ કરવું તે.

૨. ન. વઢવું તે.

કરૂં ૧. વિ. કડવું.

૨. વિ. ખારૂં.

૩. વિ. તેજ; આકરૂં.

૪. વિં. બેસ્વાદ.

કરૂઆ ન. નાળચાવાળું વાસણ.

કરૂઆ ચૌથ = કાર્તિક મહિનામાં ઉજવાતો એક હિંદુ તહેવાર.

કરૂખ પું. એ નામનો એક પ્રાચીન દેશ; કરૂષ.

કરૂડફરૂડ (કરૂડ઼ફરૂડ઼) પું. બરડ ચીજ ચાવતાં થતો અવાજ.

કરૂપ વિ. બદસૂરત; કદરૂપું; બેડોળ.

કરૂપડું (કરૂપડ઼ું) વિ. કદરૂપું; બદસૂરત; બેડોળ.

કરૂપી વિ. સ્ત્રી. કદરૂપી; બેડોળ.

કરૂપું વિ. રૂપ વગરનું; બદસૂરત; કદરૂપું.

કરૂબીમ [અ.] પું. દેવદૂત.

કરૂબો જુઓ કરૂબીમ.

કરૂમડા (કરૂમડ઼ા) સ્ત્રી. રેસાવાળી એક જાતની વનસ્પતિ.

કરૂરી ન. ભયાનક અવાજ કરતું પક્ષી.

કરૂલા ૧. સ્ત્રી. બંગડી.

૨. સ્ત્રી. હાથ કે પગનાં સાંકળાં.

કરૂષ ૧. પું. એક પ્રાચીન દેશનું નામ. રામાયણ પ્રમાણે તે ગંગાને કિનારે હતો. ત્યાં રામના વખતમાં ઘોર વન હતું અને તાડકા નામની રાક્ષસી રહેતી હતી. વાયુપુરાણ અને મત્સ્યપુરાણમાં કરૂષને . વિંધ્ય પર્વત ઉપર જણાવેલ છે, તેથી હાલનો શાહાબાદ જિલ્લો તે પ્રાચીન કરૂષ દેશ જણાય છે. તેને કારૂષા પણ કહે છે. પુંડ્રને પણ કરૂષ કહેતા.

૨. પું. વૈવસ્વતમનુનો એ નામનો એક પુત્ર.

કરૂષક ૧. પું. ભરતખંડનો એક દેશ.

૨. પું. સોમવંશી વૈવસ્વત મનુના દશ માંહેનો એ નામનો એક દીકરો.

કરૂષજ જુઓ કરૂષાધિપ.

કરૂષાધિપ [સં.] પું. કરૂષ દેશનો રાજા દંતવક્ર.

કરૂષાધિપતિ જુઓ કરૂષાધિપ.

કરૂંચા સ્ત્રી. એ નામનો એક છોડ; કુર્વંદા; પાકફલા; અવિંગા.

કરેઉ સ. ક્રિ. (જૂ. ગુ.) કરૂં છું.

કરેકર [હિં.] અ. સાથે; જોડે.

કરેક્ટ [અં.] વિ. ખરૂં; સાચું.

કરેક્ટ એકસપોઝર [અં. કરેક્ટ એક્સપોઝર] ન. ફોટો પાડતી વખતે પ્લેટને બરોબર યોગ્ય પ્રકાશ આપવો તે.

કરેક્શન [અં.] ન. સુધારો.

કરેક્શન સ્લિપ [અં.] સ્ત્રી. શુદ્ધિપત્રક.

કરેજા [સં. યકૃત્] પું. (હિંદી) કલેજું; હૃદય.

કરેજી [હિં. કરેજા] સ્ત્રી. પશુઓના કલેજાનું માંસ. તે ખાવામાં સારૂં મનાય છે.

કરેટ [સં. કરેડ્ટ] પું. આંગળીનો નખ.

કરેડુ [સં.] ન. એક જાતનું પક્ષી.

કરેઠું ૧. ન. આડું; કરેઠું.
૨. ન. ખરેઠું; વિયાયેલ ઢોરનું તરતનું જાડું દૂધ.
૩. ન. ખોટું પડવું તે.
૪. ન. ઘીની અંદર રહેલ છાશ.
૫. ન. દેવીને અપાતી વાર્ષિક ભેટ.

કરેટો પું. રેંટિયાનો ઊભો થાંભલો.

કરેઠા ૧. પું. રેંટિયાનો ઊભો થાંભલો.
૨. સ્ત્રી. બ્રાહ્મણની એ નામની એક અટક.
૩. ન. એ નામની અટકનું માણસ.
૪. વિ. એ નામની અટકનું.

કરેઠી ૧. સ્ત્રી. કરાંઠી; તુવેર કે કપાસની સૂકી સોટી.
૨. સ્ત્રી. સફેદ રેતી; કળોટી; કળોઠી.

કરેઠું જુઓ કરેટું.

કરેડા (કરેડ઼ા) પું. બ. વ. કપાસ પીલવાના લાકડાના ચરખામાં જેની અંદર લાઠિયું અને લોઢાનો કણો રાખવામાં આવે છે તે ઊભાં બે લાકડાં.

કરેડાટ (કરેડ઼ાટ) પું. કડ કડ એવો અવાજ.

કરેડી (કરેડ઼ી) ૧. સ્ત્રી. એક જાતનો છ સાત ફૂટ ઊંચો થતો છોડ; ભંગેરૂ. તેનાં પાન લાંબાં, અણીવાળાં, બંને છેડે સાંકડાં અને તળિયે ટૂંકી ડીંટવાળાં હોય છે. તેની ચમરી ડાંડીને છેડે આવે છે.
૨. સ્ત્રી. પથ્થરની લખોટી.
૩. સ્ત્રી. ફળિયાની સરહદ ઉપરની વંડી.

કરેડીને (કરેડ઼ીને) અ. એકદમ; કડડીને.
કરેડીઆં કરવાં = મરણિયા થઈ પડવું; યાહોમ કરવું.

કરેડું (કરેડ઼ું) [સં. કષાય (કરડું)] વિ. ખરાબ સ્વાદવાળું; બેસ્વાદ.

કરેડો (કરેડ઼ો) [સં. કરાલ (ઊંચું)] પું. રેંટિયાનું ઊભું પાટિયું; કરાડો.

કરેઢી સ્ત્રી. ગઢની રાંગની અંદરની બાજુએ જેના ઉપર ઊભા રહીને લડવૈયા દુશ્મન ઉપર ગોળી બાર કરે તેવી ઊંચી કરી લીધેલી ઓટલી કે પાળ; કડાણ.

કરેણ ૧. [સં.] પું. હાથી.
૨. [સં. કર્ણિકાર] સ્ત્રી. એક જાતનું ફૂલઝાડ; કરવીર. એની ઊંચાઈ શુમારે છથી દશ ફૂટ હોય છે. એની ધોળી, રાતી, પીળી, ગુલાબી એવી ચાર જાતો છે. તે ઝેરી હઈ ઔષધિમાં વપરાતી નથી. ફક્ત પીળી કરેણની છાલ જ તાવ ઉપર વપરાય છે. બહાર લગાડવાથી ખસ જેવા ચામડીના રોગમાં તે ઘણો સારો ફાયદો કરે છે. કરેણ જંતુનો નાશ કરનાર ગણાય છે. ધોળી કરેણ તીખી, કડવી, તૂરી, તીક્ષ્ણ અને ગ્રાહક હોવાથી મેદ, કૃમિ, કુષ્ટ, વ્રણ, અર્શ અને વાયુનો નાશ કરે છે. રાતી કરેણ શોધક, તીખી, પાક વખતે કડુ અને લેપ કરવાથી કોઢનાશક છે. પાટલ વર્ણ એટલે ગુલાબી કરેણ મસ્તકશૂળ, કફ અને વાયુનો નાશ કરે છે.
૩. ન. એક જાતનું ફૂલ.

કરેણકાંબ સ્ત્રી. કરેણના ઝાડની કોમળ ડાળી.

કરેણા [સં. કરવીર] સ્ત્રી. કણેર; કરેણ.

કરેણાં [સં. કરવીર] ન. બ વ. કરેણનાં ફૂલ.

કરેણિયા ન. બિહારી કલમી આંબાની એક જાત.

કરેણુ ૧. પું. (પિંગળ) ગાયત્રીની જાતનો રગણ અને મગણ મળી છ વર્ણનો એક અક્ષરમેળ છંદ.
૨. પું. હાથી.
૩. [સં. કર્ણિકાર] સ્ત્રી. કરેણ.
૪. સ્ત્રી. હાથણી.

કરેણુક ૧. [સં.] ન. કરેણનું ફળ.
૨. ન. કરેણનું ફૂલ.

કરેણુકા ૧. [સં.] એ નામની એક ઔષધિ; કરેણ.
૨. સ્ત્રી. હાથણી.

કરેણુપાતિ પું. (પુરાણ) એ નામનો એક ઋષિ.

કરેણુભૂ ૧. [સં.] પું. હાથી સંબંધી શાસ્ત્ર રચનાર એક મુનિ.
૨. વિ. હાથીમાંથી ઉત્પન્ન થયેલ.

કરેણુમતી [સં.] સ્ત્રી. (પુરાણ) પાંડવ નકુલની સ્ત્રીનું નામ.

કરેણુવર્ય [સં.] પું. સૌથી સારો હાથી.

કરેણુસુત જુઓ કરેણુભૂ.

કરેણું ૧. પું. હાથી.
૨. ન. કરેણના પાન જેવાં નાનાં પાનવાળું જમીન ઉપર પથરાતું એક જાતનું ઘાસ.
૩. સ્ત્રી. હાથણી.

કરેણૂ જુઓ કરેણુ.

કરેણો ૧. [સં. કર્ણિકાર] પું. કરેણ.
૨. પું. કરેણનું ફૂલ.

કરેનર [સં.] પું. એક સુગંધી દ્રવ્ય.

કરેપ ૧. પું. એક જાતનું ચિનાઈ વણાટનું રેશમી કપડું.
૨. સ્ત્રી. ચિનાઈ સાડી.

કરેબ જુઓ કરેપ.

કરેબી સ્ત્રી. રકાબી.

કરેરડો (કરેરડ઼ો) પું. કોરડો; લાંબા લૂગડાને આમળી તેના બે છેડા ભેગા કરી બેવડ વાળી વળ દેવાથી હાથ વડે ઝાપટ મારી શકાય એવો આકાર.

કરેરા વિ. સખત.

કરેરાટ પું. રોકકળ; પોક.

કરેરી સ્ત્રી. કારમી ચીસ.

કરેલ ૧. પું. આંબાની એક જાત.
૨. [હિં.] પું. એક જાતનો મોટો મગદળ.
૩. પું. મગદળ ફેરવવાની કસરત.
૪. સ્ત્રી. એક જાતની ચકચકિત અને સુંદર માછલી. તેની પીઠ ઘેરા લીલાશ પડતા જાંબુડા રંગની અને તેની બાજુઓ રૂપેરી રંગની હોય છે. તેનું માંસ કઠણ અને સુગંધીદાર હોય છે.
૫. સ્ત્રી. કણબીની એ નામની એક અટક.
૬. ન. એ અટકનું માણસ.
૭. વિ. એ નામની અટકનું.

કરેલડ (કરેલડ઼) પું. ઊંટ.

કરેલા ૧. [સં. કારવેલ્લ] પું. (હિંદી) એક કડવી શાકભાજી; કારેલાં.
૨. પું. એક જાતની આતશબાજી.

કરેલિયાં જુઓ કરેલા.

કરેલિયો પું. ઊંટ; સાંઢિયો.

કરેલી ૧. સ્ત્રી. કટસરૈયા; અરડૂસાની જાતનો એક છોડ.

૨. [હિં.] સ્ત્રી. કારેલી. તેનાં ફળ નાનાં અને કડવાં હોય છે.

કરેલું ૧. ન એક જાતનું મોટું મગદળિયું.

૨. ન. કારેલું.

કરેવક્કલ ૧. સ્ત્રી. ખેતીનો ધંધો કરતી કેનેરા તરફની એક જાતિ.

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

કરેવર [સં.] પું. શિલારસ.

કરેવા [હિં.] પું. વિધવાવિવાહ.

કરેવાન ન. દરિયા કિનારે ઊગતું એક જાતનું ઝાડ.

કરેવું અ. ક્રિ. (ચારણી) કરવું.

ક્રોધ નો અતીસે ક્રોઈ દી કરેવો,
ઘાત પાણી મધે નકે ધરવું.
ચારણી સાહિત્ય

કરેહાન પું. ઈરાની ચલણનો સિક્કો; દશ આના કે દશ પેન્સની કીમતનો સિક્કો.

કરેળી ૧. સ્ત્રી. ક્રોધ; ક્રોધની ઝાળ.

૨. સ્ત્રી. ચીસ; મોટેથી રોકકળાણ કરવું તે; કિકિયારી.

પડે કરો તો ઊતરે બરો = માથે આવી પડે ત્યારે ખરી ખબર પડે અને ગર્વ જતો રહે. ઘરનાં બીજાં બધાં સમારકામ કરતાં કરાનું સમારકામ બહુ ખરચાળ થઈ પડે તે ઉપરથી આ કહેવત કહેવાય છે.

કરેંજ સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેનાં પાન પહોળાં અને સહેજ ગોળ, તેનાં ફૂલ સફેદ અને જરા આસમાની, તેનાં ફળ પીતપાપડા જેવાં અને મીંજ બદામને મળતાં થાય છે.

કરેંઢિયું ન. પંજાબ અને સિંધમાં થતી એક જાતની વનસ્પતિ. શૂળ, જ્વર અને અતિસારમાં ઉપયોગી મનાય છે. તે ઉષ્ણ, વાતહર અને કફઘ્ન છે.

કરેંદુક [સં.] પું. એક જાતનું ઘાસ.

કરૈ ૧. પું. (કચ્છી) ઓરડો.

૨. પું. કરાઈ; કરવતથી વહેરનાર માણસ.

૩. અ. ક્રિ. (જૂ. ગુ.) કરૈ.

સોવન બરાબર તોલઈ જોય,
વંધિ ધરી કરૈ તીરથ કોય;
ઇન્દ્રમાલ પહરાવૈં માથ,
ત્રણ ઉસંકલ તોઈ ન થાય. ચતુરસાગર

કરૈત [હિં.] પું. ઘણો ઝેરી કાળો નાગ.

કરૈતા જુઓ કરૈત.

કરૈયું ૧. પું. (કચ્છી) ઓરડો.

૨. ન. કરાનું ઢાળ પડતું ચણતર.

કરૈલ પું. એક કડવી શાકભાજી; કારેલાં.

કરો ૧. પું. ઠરેલ પાણીનું ઘન ટીપું.

૨. [સં. કરાલ (ઊંચું)] પું. મકાન અથવા ઇમારતની બાજુની દીવાલ.

સહિયારો કરો = આજુબાજુના ઘરની વચ્ચે બે જણની માલિકીનો કરો.

૩. સ્ત્રી. પ્રાણપોક; મરણ પામેલા પાસે કરવામાં આવતી રોકકળ.

કરોઈ સ્ત્રી. ઢોરની છાતી નીચેનું હાડકું.

કરોચ ૧. પું. કૂકડો; મરઘડો.

૨. પું. તેતર; ક્ષેત્રપંખી.

૩. પું. પુરાણોમાં વર્ણવેલ સપ્તદ્વીપોમાંનો એક.

૪. પું. બગલું.

૫. પું. હંસ.

૬. પું. હિમાલયમાંનો એક પર્વત.

૭. પું. હિંદુશાસ્ત્ર મુજબ પાંચ ટાપુમાંના એકનું નામ.

કરોચળી સ્ત્રી. કરચલી; વળિયું.

કરોટ ૧. પું. કરવત.

૨. [સં.] સ્ત્રી. ખોપરી; માથાનું હાડકું.

૩. સ્ત્રી. પ્યાલો.

૪. ન. ભિક્ષાનું પાત્ર.

કરોટક [સં.] પું. એક જાતનો સર્પ.

કરોટિ જુઓ કરોટ.

કરોટિકા જુઓ કરોટ.

કરોટિતલ [સં.] ન. ખોપરીની નીચલી બાજુ; કરોટિભૂમિતલ. આ ઘણી જ ખરબચડી છે. તે મોઢું તેમ જ ગળાના ભાગનું છાપરું બનાવે છે.

કરોટિપક્ષ [સં.] પું. ખોપરીની બાજુ.

કરોટિપટલ [સં.] ન. ખોપરીનું ઢાંકણું. કરોટિપટલનો આકાર જુદા જુદા માણસોમાં જુદો જુદો હોય છે. કોઈની ખોપરી ગોળ તો કોઈની લંબગોળ હોય છે. તેની બહારની બાજુ અથવા બાહ્યતલ કાચબાની પીઠ જેવું બહિર્ગોળ, અંદરની બાજુ અંતર્ગોળ તથા ખાડાખડિયાવાળી છે. તે મગજને ઢાંકે છે. તેના ઉપર બધે સ્થળે મગજનાં વળિયાં માટેની તેમ જ કલાપોષણી ધમનીની શાખાઓ માટેની ખાઈઓ, તેમ જ કલાગ્રંથિઓ માટેના નાના નાના ખાડા નજરે પડે છે.

કરોટિપીઠ [સં.] સ્ત્રી. મસ્તિષ્કપીઠ. કરોટિનો ઉપલો ભાગ કરવતથી વહેરીને જુદો પાડતાં આ બાજુ નજરે પડે છે. આના ઉપર આવેલા ત્રણ ખાડા અનુક્રમે પુરોગમહાખાત, મધ્યમ મહાખાત તથા પશ્ચિમ મહાખાત તરીકે ઓળખાય છે. તે અનુક્રમે મગજના પુરઃપિંડ, મધ્યપિંડ તથા પશ્ચિમપિંડને આશ્રય આપે છે.

કરોટિભૂમિ [સં.] સ્ત્રી. ખોપરીનો નીચલો દસ હાડકાંનો બનેલો ખરબચડો ભાગ. મગજ તેને આધારે રહેલું છે.

કરોટિભૂમિતલ [સં.] ન. કરોટિભૂમિની નીચલી બાજુ.

કરોટી ૧. [સં. કરોટિ] સ્ત્રી. ખોપરી; માથાનું હાડકું.

૨. સ્ત્રી. પાનદાન.

૩. સ્ત્રી. પ્યાલું.

૪. સ્ત્રી. ભિક્ષાનું વાસણ.

૫. સ્ત્રી. મોટા મોઢાવાળું કાંસાનું ઠામ.

કરોઠ જુઓ કરોઠી.

કરોઠી ૧. સ્ત્રી. બાજુ; પાર્શ્વ; પાસું.

૨. સ્ત્રી. બાધા; નિયમ; વ્રત.

કાર્તકી કેરી કરોઠી રે,
અંબા આવ્યાની મોટી. દેવીગીત

કરોઠું ૧. [સં. કલ્પ (લખેલો ધારો) + અવસ્થા (આધાર રાખવો તે)] ન. રીતરિવાજ; પરંપરાથી ચાલતો આવતો ધારો; પરંપરા; ચાલ.

૨. ન. લાગો; કર.

૩. વિ. આડું; વાંકું.

કરોડ (કરોડ઼) ૧. [સં. ક્રોડ] સ્ત્રી. પૃષ્ઠવંશ; બરડાનું ઊભું હાડકું. ઉચ્ચ પ્રાણીઓના હાડપિંજરનો તે સૌથી અગત્યનો ભાગ છે. તે ખોપરી અને પાંસળીઓને આધારરૂપ છે અને શરીર ટટ્ટાર રાખે છે. કરોડ સંખ્યાબંધ હાડકાંની બનેલ છે. દરેક હાડકાની વચમાં એક ચકતી હોય છે. આ ચકતીનો હેતુ ચાલવાથી થતા આંચકાથી રક્ષણ કરવાનો હોય છે. આખો દિવસ સીધા ઊભા રહેવાથી શરીરનો ભાર આ ચકતીને દાબે છે. દાબવાથી તેઓ સહેજ ચપટી થાય છે અને તેથી માણસની ઊંચાઈ ઘટે છે. સૂતી વખતે આ સ્થિતિસ્થાપક ચકતી હતી તેવી જ થઈ જાય છે, તેટલા માટે સવારમાં માણસની ઊંચાઈ સાંજના કરતાં સહેજ વધારે હોય છે. કરોડ ઉપર આખા શરીરનો આધાર છે, કારણ એને આધારે જ માથું, હાથ, પગ વગેરે અવયવો રહેલા છે. તેમાં સુષુમ્ણાકાંડ અથવા કરોડરજ્જુ રહેલો છે. એકબીજા ઉપર ગોઠવાયેલા ચોવીસ મણકાનો તે બનેલો છે. દરેક મણકો એકબીજા ઉપર સહેજસાજ હાલીચાલી શકે છે. પૃષ્ઠવંશનો ઉપલો ભાગ

પાતળો અને નીચેનો ભાગ જાડો છે. ઉપર આથા સાથે અને નીચે ત્રિકાસ્થિ સાથે તે જોડાય છે. તે ત્રણ જગ્યાએ ધનુષ્યની માફક વાંકો છે. ડોકમાં તથા કેડમાં તે કાચબાની ઢાલની માફક આગળ ઊપસેલો છે, જ્યારે બરડાના ભાગમાં તેનામાં ખાડો દેખાય છે. ડોકના સાત, બરડાના બાર તથા કેડના પાંચ મળી કુલ ચોવીસ મણકા એટલે કશેરૂકાનો તે બનેલો છે.

૧. કરોડ વગરનાં = જેને કરોડ ન હોય તેવાં પ્રાણીનો વિભાગ.

૨. કરોડવાળાં = જેને કરોડ હોય તેવાં પ્રાણીનો વિભાગ. જેને કરોડ હોય તે પ્રાણીમાં બુદ્ધિ વધારે હોવાનું મનાય છે.

૨. [સં. ક્રોડ (વચલો ભાગ)] સ્ત્રી. વાંસો; બરડો.

૩. [સં. કોટિ] સ્ત્રી. સો લાખ.

કરોડખુખ (કરોડ઼ખુખ) પું. જૂઠ્ઠા બોલો માણસ.

કરોડગીરી (કરોડ઼ગીરી) સ્ત્રી. કરોડ રૂપિયાની માલિકી.

કરોડપતિને **કરોડગીરી**નો વાવટો પોતાના ઘર ઉપર ઉરાડવાની છૂટ હતી.

ગુજરાતનું વહાણવટું

કરોડનળી (કરોડ઼નળી) સ્ત્રી. આખા વાંસાની મધ્યમાં આવેલ લાંબા હાડકાનો પોલો ભાગ. જુઓ કરોડ.

કરોડના ત્રિક (કરોડ઼ના ત્રિક) ન. કરોડમાં આવેલ ત્રિકાસ્થિ.

કરોડપતિ (કરોડ઼પતિ) પું. કરોડની સંખ્યાએ ગણાતો લક્ષ્મીનો માલિક; જેની પાસે કરોડ રૂપિયા હોય એવો ધનાઢ્ય.

કરોડરજ્જુ (કરોડ઼રજ્જુ) [સં. ક્રોડ + રજ્જુ (દોરી)] સ્ત્રી. કરોડના મણકાની વચ્ચેના પોલાણમાંની તેમને સંકલિત રાખનારી જાડી નાડી; વાંસામાં મગજથી ઠેઠ નિતંબના ભાગ સુધી આવેલું અઢાર ઇંચનું અને તર્જની જેવું પહોળું જ્ઞાનતંતુનું દોરડું.

કરોડવાળું (કરોડ઼વાળું) વિ. મણકાવાળું.

કરોડસ્તંભ (કરોડ઼સ્તંભ) પું. વાંસામાં આવેલો કરોડરજ્જુમાં પરોવાયેલો મણકાનો બનેલ થાંભલો.

કરોડા (કરોડ઼ા) ૧. [હિં.] પું. કર ઉઘરાવનાર માણસ.

૨. ન. અછત; તંગી.

કરોડાતીર્થ (કરોડ઼ાતીર્થ) ન. કલિંજરના કિલ્લામાં આવેલ એક પવિત્ર તળાવ; કોટતીર્થ.

કરોડાધિપતિ (કરોડ઼ાધિપતિ) પું. કરોડપતિ; જેની પાસે કરોડ રૂપિયા હોય તેવો ધનાઢ્ય; કરોડ રૂપિયાનો આસામી.

કરોડાવધિ (કરોડ઼ાવધિ) વિ. અસંખ્ય; કરોડો.

કરોડી (કરોડ઼ી) ૧. પું. કર ઉઘરાવનાર અમલદાર.

૨. વિ. કર ઉઘરાવનાર; તપાસદાર.

કરોડો (કરોડ઼ો) ૧. વિ. અસંખ્ય; અગણિત.

૨. [સં. કોટિ] વિ. ઘણા કરોડ.

કરોત સ્ત્રી. આરા; કરવત.

કરોતરા ૧. સ્ત્રી. રબારીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કરોત્કર [સં.] પું. જુલમ કરી કર લેવો તે.

કરોત્તાનની સ્ત્રી. એ નામની એક પેશી.

કરોત્તાનનીદીર્ઘા [સં.] સ્ત્રી. પ્રગંડાસ્થિના મધ્યનળકના નીચેના ભાગની બહારની ધારામાંથી નીકળતી બે પેશીમાંની એ નામની એક. આ પેશી બંને છેડે પાતળી અને વચમાં જાડી છે. તે હથેળીને ચત્તી અથવા સવળી કરે છે.

કરોત્તાનનીહ્રસ્વા [સં.] સ્ત્રી. એ નામની પેશી. તે બહિ:પ્રકોષ્ઠાસ્થિના ઉપલા ત્રીજા ભાગની આસપાસ વીંટળાયેલી છે, અને તે હાડકાને બહારની બાજુ તરફ ફેરવી ઊંધા હાથને ચત્તો કરવામાં ભાગ લે છે.

કરોદાન પું. ડબ્બો; ઢાંકણાવાળું વાસણ.

કરોધ [સં. ક્રોધ] પું. ગુસ્સો; રીસ; રોષ.

કરોની સ્ત્રી. [હિં.] દૂધ ઉકાળ્યા પછી વાસણને તળિયે ચોટી રહેતો ભાગ.

કરોફર પું. દબદબો.

કરોબરા ૧. સ્ત્રી. રબારીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કરોયલ ૧. [સં. કલાધર] પું. મોર.

૨. [સં. કોકિલા] સ્ત્રી. કોયલ; કોકિલા.

કરોર વિ. સો લાખ; કરોડ.

કરોરૂં ન. ભેંસના હડા પાસે ઝૂલતી ચામડી.

કરોલ ૧. પું. બંદૂકસવાર.

૨. પું. રીંછ.

૩. પું. વનરક્ષક; વનનું રક્ષણ કરનાર માણસ.

કરોલા પું. ભાલૂ; રીંછ.

કરોહ [ફા.] પું. લગભગ બે માઇલના અંતરનું માપ.

કરોળ જુઓ કરોલ.

કરોળિયણ સ્ત્રી. કરોળિયાની માદા.

કરોળિયા પું. બ. વ. પ્રતિકૂળ ખોરાક ખાવાથી શરીરના અમુક ભાગ ઉપર ચામડીમાં દેખાતા ધોળા ચાંલ્લા. આ રોગ પિત્તપ્રકોપથી થાય છે. તેમાં લોહીનો વિકાર થવાથી ઉપત્વચા ઉપરથી ઉખડી જાય અને નીચેથી સફેદ ચાઠાં નીકળતાં જાય. કરોળિયાના હલકા સ્વરૂપને ચિત્રી કહે છે. ઘણી વખત આ ચાઠાં આખા શરીર ઉપર દેખાય છે.

કરોળિયો ૧. પું. એક જાતની વનસ્પતિ. તેનાં બી ચણોઠી જેવાં પણ કાળાં અને ધોળાં મોંવાળાં હોય છે. તે રજસ્રાવ વધારવાનો ગુણ ધરાવે છે. તેનાં પાન બકાન લીંબડાનાં પાન જેવાં કતરાયેલાં ત્રિકોણાકાર હોય છે. તેમાં બારીક સફેદ ફૂલ થાય છે. ફળ ત્રિકોણ કોથળી જેવાં હોય છે. તેનું ઉપલું પડ પાતળું અને તે ઉપર જાળીદાર નસો હોય છે. ઉપરનું પાતળું પડ કાઢી નાખતાં અંદર કરોળિયાના પડ જેવાં ધોળાં પાતળાં ત્રણ પડ દેખાય છે. દરેક પડમાં વટાણા જેવડું ગોળ બી હોય છે.

૨. [સં. કુલાલ] પું. કરાળિયો; માટીનાં વાસણ વેચનારો માણસ.

૩. પું. ચામડીનો એક રોગ; ચહેરા અને શરીર ઉપરની પાતળી ચામડી ઊતરી જઈ પડતો સફેદ ડાઘ. જુઓ કરોળિયા.

૪. પું. બ્રહ્મા. બ્રહ્માએ કરોળિયાની પેઠે આ સંસારની મહાજાળ રચી છે એ ઉપરથી એમને કરોળિયાની ઉપમા આપવામાં આવે છે.

કરોળિયાનો સામાન = લગ્ન પ્રસંગમાં કુંભારને ત્યાંથી ઘડા, કૂંડાં, કોડિયાં વગરે લાવવાનાં હોય છે તેને કરોળિયાનો સામાન કહેવાય છે.

૫. [સં. કૌલિક (વણનાર)] પું. મુખની લાળના તંતુઓની જાળ બાંધનાર અને ક્વચિત્ ધોળા કાગળનાં જેવાં ભીંતિ ઘર કરનાર એક જીવડું; ઊર્ણનાભ. તે બધે જોવામાં આવે છે. ઉષ્ણ દેશોમાં તે બે ઇંચ લાંબો થાય છે. જંતુઓ પકડી શકાય એવી જાળ તે કાંતે છે. તેના કાંતવાના અવયવ તેના પેડુમાં હોય છે, અને પગમાં દાંતિયો હોય છે. કાંતવાના ભાગમાંથી તે રેશમી દોરા જેવી લાળ બહાર કાઢે છે. કરોળિયાને આઠ આંખ, કેટલાકને છ અને થોડાને જ બે હોય છે. દરેક બાજુએ ચાર ચાર મળી આઠ પગ હોય છે. તેના દરેક પગમાં સાત સાત આંગળાં હોય છે. છેલ્લા સાંધાને છેડે વાંકા નખ જેવા બે આંકડા હોય

છે. તેનું આયુષ્ય ચાર વરસનું કહેવાય છે. વસિષ્ઠ તથા વિશ્વમિત્રના કલેશ વખતે વસિષ્ઠ મુનિના લલાટમાંથી તીક્ષ્ણ તેજવાળાં પસીનાનાં બિંદુઓ કાપેલા (લૂત) ખડમાં પડ્યાં. તેમાંથી કરોળિયા ઉત્પન્ન થયા માટે તેઓ લૂતા કહેવાય છે. કરોળિયો રહેવા માટે અને ઈંડાં મૂકવા માટે કાગળ જેવું પાતળું અને ધોળું પડ બનાવે છે. આ પડ ઉખેડી તેની ગોળી ગોળમાં આપવાથી વિષમજ્વર ઊતરી જાય અને આંખમાંથી બહુ પાણી પડતું હોય તો તે પણ બેસી જાય. બ્રાઝિલની શહેનશાહ બાનુએ કરોળિયાના તાંતણાનો પોષાક મહારાણી વિકટોરિઅને ભેટ મોકલ્યો હતો.

કરોળિયાનો એક ટાંગો તૂટ્યો તો યે શું અને ન તૂટ્યો તો યે શું = નજીવું નુકસાન.

કરોળી સ્ત્રી. બંદૂકસવારનો હલ્લો.

કરોંઠી સ્ત્રી. કપાસ, તુવેર વગેરેની સાંઠી.

કરોંદુ ન. કરમદું.

કરૌત [સં. કરપત્ર] પું. કરવત.

કરૌબી ૧. [તુ.] સ્ત્રી. ચોકી.

૨. સ્ત્રી. છરો.

કરૌલ ૧. [તુ. કરાવલ] પું. ઘોડેસવાર.

૨. પું. ચોકીદાર.

૩. પું. શિકારી.

કરૌલી ૧. [તુ.] સ્ત્રી. ચોકિયાત.

૨. [સં. કરવાલી] સ્ત્રી. ભોંકવાના કામમાં વપરાતી સીધી છરી.

૩. ન. રજપુતસ્તાનનું એક શહેર.

કરૌંટ સ્ત્રી. એકનો પક્ષ.

કરૌંદા ૧. [સં. કરમર્દ] પું. (હિંદી) કરમદું.

૨. પું. કરમદી; એક ફળઝાડ.

૩. પું. ઢૂંડા ઉપર ઊગતી નાની ગોળ કઠણ કોથળી.

૪. પું. ધાણા.

કર્ક ૧. પું. અગ્નિ.

૨. [સં.] પું કરચલો; ખેકડો.

૩. પું. કાકડાશીંગનું ઝાડ.

૪. પું. કાત્યાયન શ્રૌતસૂત્રનો ભાષ્યકાર એ નામનો એક આચાર્ય.

૫ પું. કટિ; ત્રાજવું.

૬. પું. ઘડો.

૭. પું. ધોળો ઘોડો.

૮. પું. ખીલીનું ઝાડ.

૯. પું. સુંદરતા.

૧૦. સ્ત્રી. (જ્યોતિષ) કાચબાના આકારનું તારાનું ઝૂમખું; કર્ક રાશિ. ચર રાશિ પણ આને કહે છે. આ રાશિમાં જન્મનારનું નામ ડ-હ અક્ષરથી પ્રારંભાતા શબ્દથી પડે છે. તેમાં પંચાશી તારા છે. આ રાશિનો સંક્રમણારંભ બાવીસમી જૂને થાય છે. કર્ક રાશિ એવો વખત દર્શાવે છે કે જ્યારે સૂર્ય વિષુવવૃત્ત એટલે પૃથ્વીની ધરીની વચ્ચે કાટખૂણે કલ્પેલા કૂંડાળા તરફ પાછો જાય છે. કરચલાની ચાલ પણ સૂર્યની માફક હોય છે.

કર્ક મકર બે બેનડી, આવે એક જ વાર;
ભડો કહે ભડલીને, નિશ્ચે પડે કાળ.

લોકોક્તિ

૧૧. ન. કાચ; આભલું; દર્પણ; આરસી.

૧૨. વિ. ધોળું.

૧૩. વિ. સારું; શ્રેષ્ઠ.

કર્કક [સં.] સ્ત્રી. કરચલાની એક સ્થિતિ.

કર્કખંડ [સં.] પું. એ નામનો એક દેશ.

કર્કચ વિ. કઠોર; ખેસરું.

કર્કચતુર્થી સ્ત્રી. કરવડા ચોથ; આસો વદ ચોથ.

કર્કજાતીય [સં.] વિ. કઠણ પડવાળું; કરચલાના વર્ગનું. ઝીંગા, કરચલો વગેરે આ જાતનાં પ્રાણી છે. તેનું માથું અને છાતી બંને ભેગાં જોડાયેલાં હઈ એક જ સાંધાનાં બનેલાં હોય છે. છાતીના ભાગ ઉપર કવચ જેવું મજબૂત ઢાંકણ હોય છે અને તેમાંના કેટલાકને ઘણે ભાગે મોઢા ઉપર ચાર મૂછ હોય છે.

કર્કટ ૧. પું. એક જાતનો રતિબંધ.

૨. [સં.] પું. કમળનો કંદ.

૩. પું. કરચલો; કમઠ.

૪. પું. કાંટો.

૫. પું. જોડેલા હાથનો એક અભિનય.

૬. પું. તૂંબડાનો વેલો.

૭. પું. ત્રાજવામાં વચ્ચે નાખવાનો લોઢાનો ખીલો.

૮. પું. બગલો.

૯. પું. શેમળો.

૧૦. પું. સારસ.

૧૧. સ્ત્રી. (જ્યોતિષ) કર્ક રાશિ; વિષુવાંશ બસો વીસથી બસો ચાળીસ અને દક્ષિણાંશ પંચાવનથી પાંસઠ વચ્ચેનો તારાપુંજ.

૧૨. સ્ત્રી. કાકડાશૃંગી.

૧૩. સ્ત્રી. કાકડી.

૧૪. સ્ત્રી. ખીલીનું ઝાડ.

૧૫. સ્ત્રી. વૃત્તની ત્રિજ્યા.

૧૬. ન. વર્તુલ દોરવાનું યંત્ર; કંપાસ.

કર્કટક ૧. પું. એક જાતની શેરડી.

૨. પું. એક જાતનું યંત્ર; કંપાસ.

૩. પું. કાચબો; કમઠ. એની ઉપલી ચામડી ઢાલ જેવી સખત હોય છે. તે જમીન ઉપર, મીઠા પાણીમાં તથા દરિયામાં વસે છે. તે રેતીમાં ઈંડાં મૂકે છે. તેનો વિકાસ ઘણો જ ધીમો છે અને તે ઘણાં વર્ષ જીવે છે. જે કાચબા પાણીમાં રહે છે તેને જ વિદ્વાનો કર્કટક કહે છે અને જમીન ઉપર રહેનારને તેઓ કાચબા અથવા કૂર્મ કહે છે.

૪. પું. ખીલીનું ઝાડ.

૫. પું. હાડકાનો વાંક.

૬. સ્ત્રી. (જ્યોતિષ) કર્ક રાશિ.

૭. સ્ત્રી. કાકડી.

૮. ન. દોડતા ઘોડાના પેટમાં ઊછળતો વાયુ.

કર્કટકી [સં.] સ્ત્રી. કરચલી.

કર્કટક્રાંતિ [સં.] સ્ત્રી. ભૂમધ્યરેખાની સાડી ત્રેવીસ અંશ ઉપર પૃથ્વીને ફરવાની કાલ્પનિક રેખા; કર્કવૃત્ત.

કર્કટયોગ [સં.] પું. (જ્યોતિષ) શનિવારે છઠ, શુક્રવારે સાતમ, ગુરુવારે આઠમ, બુધવારે નોમ, મંગળવારે દશમ, સોમવારે અગિયારસ, અને રવિવારે બારસ આવવાથી થતો યોગ.

કર્કટરોગ [સં.] પું. વિદ્રધિ.

કર્કટવલ્લી [સં.] સ્ત્રી. ગજપીપર; મોટી તીખી પીપર.

કર્કટશૃંગ ન. જેલમ નદીથી આસામ પ્રાંત સુધીમાં તેમ જ હિમાલયમાં ઊગતું એક ઝાડ. તેની ઊંચાઈ ત્રીસ ફૂટ જેટલી થાય છે. તેનાં પાંદડાં ને છાલમાંથી એક સફેદ રસ નીકળે છે. તેમાંથી ઊડી જાય એવું તેલ નીકળે છે. તેલનો ઉપયોગ કપડાં ઉપર નામ પાડવામાં કરાય છે.

કર્કટશૃંગિકા [સં.] સ્ત્રી. કાકડાશીંગી.

કર્કટશૃંગી જુઓ કર્કટશૃંગિકા.

કર્કટા [સં.] સ્ત્રી. એક જાતની વેલ. તેને કારેલાંની માફક નાનાં ફળ આવે છે. તે ફળનું શાક થાય છે.

કર્કટાક્ષ [સં.] પું. કાકડી.

કર્કટાખ્યા [સં.] સ્ત્રી. કાકડાશીંગી.

કર્કટાદિલોહ [સં.] પું. (વૈદક) કાકડાશીંગી, અતિવિષની કળી, સૂંઠ, ધાવડીનાં ફૂલ, બીલીનો ગર્ભ, વાળો, મોથ, બોરના ઠળિયાનાં મીંજ એ બધાંનું વસ્ત્રગાળ ચૂર્ણ કરવાથી બનતો બાળકોનાં દરદોમાં વપરાતો અવલેહ. આ ચાટણ તાવ, ઝાડા અને સંગ્રહણી મટાડનાર મનાય છે.

કર્કટિ ૧. સ્ત્રી. એક જાતનું ઝાડ.

૨. સ્ત્રી. કાકડાશીંગી.

૩. [સં.] સ્ત્રી. કાકડી.
૪. સ્ત્રી. કાકડીનો વેલો.
૫. સ્ત્રી. શીમળાનું ઝાડ.

કર્કટિક [સં. કર્કટક] ન. કૂંડાળું કાઢવાનું યંત્ર; કંપાસ.

કર્કટિકા ૧. [સં.] સ્ત્રી. કાકડી.
૨. સ્ત્રી. કાકડીનો વેલો.
૩. સ્ત્રી. ચીભડું.

કર્કટિની [સં.] સ્ત્રી. દારૂહળદર.

કર્કટી ૧. પું. ઘડો.
૨. પું. સાપ.
૩. [સં.] સ્ત્રી. કરચલી; ખેકડી.
૪. સ્ત્રી. કાકડાશીંગી.
૫. સ્ત્રી. કાકડી.
૬. સ્ત્રી. કુકડવેલ.
૭. સ્ત્રી. ચીભડાં.
૮. સ્ત્રી. નનામી; ઠાઠડી.
૯. સ્ત્રી. વીંછણ.
૧૦. સ્ત્રી. કંપાસને મળતું લીટી માપવાનું ઓજાર.

કર્કટીવ્રત [સં.] ન. સ્ત્રીઓનું એક વ્રત. કર્ક સંક્રાંતિ બેસે ત્યારે શ્રાવણ માસમાં સ્ત્રીઓ આ વ્રત કરે છે. તેમાં કાકડીના વેલાનું પૂજન કરી શંકર પાર્વતી તથા તેના પોઠિયાનું પૂજન પણ કરાય છે.

કર્કટુ ૧. [સં.] પું. એક જાતનું પક્ષી; બગલો.
૨. પું. કરચલો.

કર્કણી સ્ત્રી. એક સુંદર છોડ. તે દ્રાક્ષના વાવેતરમાં નડતરરૂપ થાય છે.

કર્કપ્રકરણમ્ [સં.] ન. મહર્ષિ અંગીરસે રચેલ એક શાસ્ત્ર. તેમાં સૂર્યનાં કિરણોની શક્તિ તથા વનસ્પતિ, પથ્થર, રત્ન, શંખ, પરવાળાંની ઉત્પત્તિ વગેરે બાબતનું વર્ણન કરેલ છે.

કર્કફલ [સં.] ન. ઝીણું આમળું.

કર્કમંડલ [સં.] ન. (જ્યોતિષ) કર્કરાશિના તારાઓનો સમૂહ.

કર્કર ૧. [સં.] પું. આરસી; દર્પણ.
૨. પું. (પુરાણ) એ નામનો સર્પ.
૩. પું. એક જાતનું નીલમ.
૪. પું. ચામડાનો કટકો.
૫. પું. ચૂતો.
૬. પું. મગદળ.
૭. પું. મોગરી; હથોડો.
૮. પું.; સ્ત્રી. કાંકરો; પથ્થરની ઝીણી કરચ.
૯. ન. ચૂનાનો કાંકરો.
૧૦. ન. હાડકું; ખોપરીના હાડકાનો ટુકડો.
૧૧. વિ. ખરબચડું; કરકર થાય એવું.
૧૨. વિ. દૃઢ; સખત.
૧૩. વિ. મક્કમ; સ્થિર.
૧૪. વિ. મજબૂત; કઠણ.

કર્કરયુગ [સં.] પું. ભૂસ્તરવિદ્યાનો એક યુગ. તેમાં માટીનો ગુણ ધરાવતા ચૂનાના પથ્થર બંધાય છે.

કર્કરા [અ.] પું. એક જાતનું ઉચ્ચાલન.

કર્કરાક્ષ [સં.] ન. એક જાતનું પક્ષી; ખંજન પક્ષી.

કર્કરાજ [સં.] પું. રાષ્ટ્રકૂટ વંશમાં થયેલ એક રાજાનું નામ.

કર્કરાશિ [સં.] સ્ત્રી. (જ્યોતિષ) એ નામની રાશિ.

કર્કરાંગ ન. ખંજન પક્ષી.

કર્કરાંધુક [સં.] પું. ઘણા અંધકારવાળો કૂવો.

કર્કરિ ન. એક પ્રકારનું વાદ્ય.

કર્કરિકા [સં.] સ્ત્રી. આંખમાં ખરજ આવવાનો રોગ.

કર્કરી સ્ત્રી. ઝારી; નાળચાવાળું પાણી છાંટવાનું વાસણ.

કર્કરીક [સં.] ન. શરીર.

કર્કરીકૃત [સં.] વિ. કાંકરી છાંટી કઠણ કરેલ.

કર્કરેખા [સં.] સ્ત્રી. (જ્યોતિષ) વિષુવવૃત્તની ઉત્તરે કે દક્ષિણે ૨૩° ૨૭′ના અંશ ઉપર આવેલી રેખા; કર્કવૃત્ત.

કર્કરેટ [સં.] પું. ગળે હાથ મૂકી ધક્કો મારી કાઢી મૂકવું તે.

કર્કરેટુ [સં.] ન. એક પક્ષી; એક જાતનો સારસ.

કર્કલોક [સં.] પું. યમલોક.

કર્કવ [સં.] પું. ઉકાળેલ શેરડીનો રસ.

કર્કવર્તુલ [સં.] ન. કર્કરાશિનું વર્તુલ.

કર્કવંશ પું. વાંસની એક જાત.

કર્કવૃત્ત [સં.] ન. (જ્યોતિષ) ઉત્તરાયણ વૃત્ત; વિષુવવૃત્તથી ઉત્તરે વિષુવવૃત્તને સમાંતર ક્રાંતિવૃત્તના ઉત્તરાયણ બિંદુમાં પસાર થાય તે ગોળ; કર્કરાશિનું વર્તુલ; કર્કરાશિના મંડળનો માર્ગ; ‘ ટ્રૉપિક ઑવ કૅન્સર’.

કર્કશ ૧. પું. એક ઋષિનું નામ.
૨. પું. એક જાતનું ઝાડ. તેનાં ફળ ચણીબોર જેવડાં થાય છે.
૩. પું. કઠોર અવાજથી ગાવું તે.
૪. પું. કાકડાશીંગ.
૫. પું. કાસુંદરો.
૬. પું. તજનું ઝાડ.
૭. પું. તરવાર.
૮. પું. શેરડી.
૯. ન. એક ઔષધિ; પટોલ.
૧૦. વિ. અત્યંત.
૧૧. વિ. અપવિત્ર; હલકું.
૧૨. વિ. આકરું; કઠોર; સખત; કઠણ.
૧૩. વિ. કડવાબોલું.
કર્કશ કરવું = કંકાસ કરવો; કચવાટ કરવો.
૧૪. વિ. ખરબચડું.
૧૫. વિ. ખરાબ ચાલનું.
૧૬. વિ. ધાટું.
૧૭. વિ. ચીડિયું; સહેજસાજમાં ચિડાઈ જતું.
૧૮. વિ. તીવ્ર; તીક્ષ્ણ.
૧૯. વિ. દુર્બોધ; ન સમજાય એવું.
૨૦. વિ. નિર્દય; ક્રૂર; ઘાતકી.
૨૧. વિ. બેસૂરું; અમધુર.
૨૨. વિ. ભયંકર.
૨૩. વિ. મજબૂત.
૨૪. વિ. મરણની દરકાર નહિ કરનારું.
૨૫. વિ. રાડો પાડવાવાળું.
૨૬. વિ. સાહસિક.

કર્કશચ્છદ [સં.] ન. પરવળ; પટોલ વૃક્ષ.

કર્કશતા ૧. [સં.] સ્ત્રી. કઠોરપણું; કઠોરતા.
૨. સ્ત્રી. ક્રૂરતા; નિર્દયપણું.
૩. સ્ત્રી. બેસૂરો અવાજ કે રાગ.
૪. સ્ત્રી. સાહસિકતા.

કર્કશત્વ ૧. [સં.] ન. કઠોરતા.
૨. ન. ક્રૂરપણું; નિર્દયપણું.
૩. ન. સાહસિકતા.

કર્કશપણું જુઓ કર્કશતા.

કર્કશપર્વ ન. સંધિપદી પ્રાણીનો ન વળી શકે તેવો કઠણ ભાગ.

કર્કશવાક્ય [સં.] ન. કઠોર વચન; ક્રૂર વાક્ય.

કર્કશા ૧. સ્ત્રી. એક જાતની વેલ; યુગ્મફલા.
૨. સ્ત્રી. કઠોર વેદના; આકરી પીડા.
૩. સ્ત્રી. કડવાબોલી બાઈ; ટંટાખોર સ્ત્રી.
૪. સ્ત્રી. ખરાબ ચાલવાળી બેવફા સ્ત્રી.
૫. સ્ત્રી. જંગલી બોરનું ઝાડ.
૬. સ્ત્રી. લઘુ મરડાશીંગીનું ઝાડ.
૭. વિ. સ્ત્રી. કંકાસિયણ; વઢકણી.
૮. વિ. સ્ત્રી. હલકી; ખરાબ.

કર્કશિકા [સં.] સ્ત્રી. જંગલી બોરનું ઝાડ.

કર્કટશૃંગી [સં.] સ્ત્રી. કાકડાશીંગી.

કર્કસરિયા ૧. સ્ત્રી. કંસારાની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. ન. કરકસર કરનાર.

૪. વિ. કંસારાની એક અટકનું.

કર્કસા ૧. [ફા. ખરખશા (કજિયો)] સ્ત્રી. (તેલૂગુ) કજિયો.

૨. સ્ત્રી. તોફાન.

કર્કસા ભૂમિ સ્ત્રી. (તેલૂગુ) સીમાડાની તકરારવાળી જમીન.

કર્કસાર [સં.] પું. દહીંમિશ્ર સાથવો.

કર્કંધુ ૧. [સં.] ન. એક જાતનું શાકફળ; વનકારેલાં; કંકોડાં.

૨. ન. બોરડી.

કર્કંધૂ જુઓ કર્કંધુ.

કર્કંધૂફલ [સં.] ન. બોર.

કર્કાટક ન. કંપાસ; વર્તુલ કાઢવાનું યંત્ર.

કર્કાટસૂત્ર ન. કંપાસ; વર્તુલ કાઢવાનું કડિયા તથા સુતારનું ઓજાર.

કર્કારુ ૧. [સં.] સ્ત્રી. કાકડી.

૨. સ્ત્રી. કોળું.

૩. સ્ત્રી. તુંબડું.

કર્કારુક ૧. [સં.] પું. કાકડીનો વેલો.

૨. પું. કોળાનો વેલો.

૩. પું. તરબૂચ.

કર્કારૂ [સં.] ન. સક્કરટેટી.

કર્કારૂક [સં.] ન. કુષ્માંડ; કોળું.

કર્કાર્ક [સં. કર્ક + અર્ક (સૂર્ય)] પું. કર્ક રાશિનો સૂર્ય. જ્યારે સૂર્ય કર્કવૃત્તમાંથી પસાર થતો હોય ત્યારે તે કર્કાર્ક કહેવાય છે.

કર્કિ [સં.] સ્ત્રી. (જ્યોતિષ) કર્ક રાશિ.

કર્કીપ્રસ્થ [સં.] ન. પ્રાચીન હિંદનું એક શહેર.

કર્કુચવું અ. ક્રિ. (જૂ. ગુ.) ધ્યાન દેવું.

કર્કેતન [સં.] ન. એક જાતનું રત્ન.

કર્કેતર [સં.] પું. એક જાતનો કીમતી પથ્થર.

કર્કોટ ૧. પું. એક રાજાનું નામ.

૨. પું. કશ્મીરનો એક રાજવંશ.

૩. પું. નાગોનો એક નાયક; કર્કોટક; નાગરાજ.

૪. પું. ફળવાળો એક જાતનો વેલો.

૫. પું. બીલીનું ઝાડ.

૬. સ્ત્રી. શેરડી.

૭. ન. એક જળચર; પાનકૌવા. એશિઆ, યરપ અને આફ્રિકનાં નદી, તળાવ વગેરે પાણીવાળી ટેકરાળ જગ્યામાં તે જોવામાં આવે છે. ઘણે ભાગે નરમાદાની જોડી અથવા કોઈ કોઈ વખત ચાર પાંચ પક્ષી સાથે ફરતાં દેખાય છે. તેની ચાંચ બદામી, પગ કાળા અને તેની લંબાઈ ચાર ફૂટની હોય છે. તેનો રંગ કાળો પણ મોઢું, માથાની બાજુઓ અને હડપચી ધોળાં હોય છે.

કર્કોટક ૧. [સં.] પું. (પુરાણ) કદ્રુપુત્ર એ નામનો એક નાગ. તે નારદના શાપને લીધે દવમાં બળતો હતો, તેમાંથી નળરાજાએ બહાર કાઢી એને ઉગાર્યો હતો. એના ઉપકારમાં એણે નળને દંશ કરીને કેવળ વિરૂપ બનાવી દીધો હતો કે જેથી કલિથી એને પીડા ન થાય અને વનવાસમાં એને કોઈ ન ઓળખે. વનવાસ પૂરો થતાં નળનું રૂપ અગાઉના જેવું કરીને એ પોતાને સ્થાને ચાલ્યો ગયો હતો.

૨. પું. કારેલી વનસ્પતિ.

૩. પું. કોડિયા કાબરા નાગની એક જાત; દૃષ્ટિવિષ.

૪. પું. બીલીનું ઝાડ.

૫. પું. (પુરાણ) ભગ નામના સૂર્યની સાથે પોષ મહિનામાં સંચાર કરનાર એક નાગ.

૬. સ્ત્રી. શેરડી.

૭. ન. અલ્લાહાબાદથી એકતાળીશ માઈલ ઉપર વાયવ્યમાં આવેલું એ નામનું પ્રાચીન નગર. એ જગ્યાએ શક્તિ પાર્વતીનો હાથ કપાઈ ગયો હતો તેથી તે શક્તિપીઠ ગણાય છે.

૮. ન. કંકોડું.

૯. ન. બંગાળના ઉપસાગરને કાંઠે તામ્રલિપિની સામે આવેલ આરાકાનનું પ્રાચીન નામ.

કર્કોટકી ૧. સ્ત્રી. કડવી ઘિસોડી.

૨. [સં.] સ્ત્રી. કંકોડાનો વેલો.

કર્કોટકી ફલ [સં.] ન. કંકોડું; કંટોલું.

કર્કોટવાપી [સં.] સ્ત્રી. કાશીમાં આવેલ એ નામનું એક તીર્થ.

કર્કોટિ સ્ત્રી. એક જાતની વનસ્પતિ; કંકોડી.

કર્કૌટક [સં.] પું. કંકોડું.

કર્કૌટકી [સં.] સ્ત્રી. કંકોડીની વેલ.

કર્ગ પું. જળઘોડો.

કર્ગદન જુઓ કર્ગ.

કર્ગદા [હિં.] પું. કેડની આસપાસ પહેરવાની દોરી.

કર્ગહન [સં.] પું. રક્ષણ.

કર્ચરિકા [સં.] સ્ત્રી. એક જાતની પૂરી; કચોરી.

કર્ચરી જુઓ કર્ચરિકા.

કર્ચૂર ૧. પું. કચૂરો; ઝેરકોચલું.

૨. પું. કાબરચીતરો રંગ.

૩. સ્ત્રી. આંબાહળદર.

૪. ન. સુવર્ણ; સોનું.

૫. ન. હરતાલ.

૬. વિ. કાબરચીતરું.

કર્ચૂરક ૧. [સં.] પું. કપૂરકાચલી.

૨. પું. કાબરચીતરો રંગ.

૩ સ્ત્રી. હળદર.

૪. બ. સોનું.

૫. ન. હરતાલ.

કર્ચૂરો પું. એક જાતની ઔષધિ. કચૂરો. હરસ, રક્તપિત્ત, 'ખાંસી, દમ વગેરેમાં તે અપાય છે. તે કફ ઓછો કરે. તે વાળવર્ધક છે અને ગૂમડાં રૂઝાવે છે. સંગીતકારો તે ચાવે છે, કારણકે તે અવાજને શુદ્ધ કરે છે. તેનાં મૂળિયાં જંતુનાશક છે.

કર્છની [હિં.] સ્ત્રી. લોઢાનો ઝારો.

કર્છા [હિં.] પું. મોટો ચમચો; કડછો.

કર્છાલ [હિં.] સ્ત્રી. ફૂદકો.

કર્છી [હિં.] સ્ત્રી. કડછી; ચમચો.

કર્છૂલ ૧. [હિં.] સ્ત્રી. નરમ લોઢાની તરવાર.

૨. સ્ત્રી. લોઢાનો ચમચો.

કર્જૂણા પું. એક જાતનું બાજ; શકરાની જાતનું એક પક્ષી.

કર્ઝ (ક઼ર્ઝ) [અ.] પું. કરજ; દેવું.

૧. કર્ઝ અદા કરવું–ચુકાવવું–છોડાવવું = દેવું ભરી દેવું; કરજમુક્ત થવું.

૨. કર્ઝ ઉઠાવવું–કાઢવું = દેણું કરવું; ઉધાર લેવું.

૩. કર્ઝ દેવું = ધીરવું; વ્યાજે આપવું.

૪. કર્ઝ રાખવું = દેણદાર હોવું.

કર્ઝખત (ક઼ર્ઝખ઼ત) [અ.] ન. દસ્તાવેજ.

કર્ઝખાહ (ક઼ર્ઝખ઼ાહ) [અ.] વિ. લેણદાર.

કર્ઝખુખાહ (ક઼ર્ઝખ઼ુખ઼ાહ) ૧. પું. ઉઘરાણી કરનાર માણસ.

૨. વિ. ઉધાર દેનાર.

કર્ઝગીરિંદા (ક઼ર્ઝગીરિંદા) [અ.] વિ. દેણદાર.

કર્ઝગ્રસ્ત (ક઼ર્ઝગ્રસ્ત) વિ. દેવાના બોજાવાળું.

કર્ઝદાર (ક઼ર્ઝદાર) ૧. પું. દેણદાર માણસ.

૨. વિ. દેવાદાર.

કર્ઝદારી (ક઼ર્ઝદારી) સ્ત્રી. દેવાદાર હોવું તે; ઋણગ્રસ્તતા.

કર્ઝનામા (ક઼ર્ઝનામા) [અ.] પું. કરજનો દસ્તાવેજ.

કર્ઝપત્ર (ક઼ર્ઝપત્ર) પું. ઋણસ્વીકારપત્ર; લેણાની વ્યાજુ ચિઠ્ઠી. કોઈ કંપનિને શેરહોલ્ડરો મારફત

મળેલી પૂંજીથી વધારે પૂંજીની જરૂર હોય ત્યારે તે આવી ચિઠ્ઠી કાઢે છે.

કર્ઝમુક્તિ (ક઼ર્ઝમુક્તિ) સ્ત્રી. કરજમાંથી છુટકારો; ઋણમુક્તિ; ઋણશોધન.

કર્ઝરૂક્કા (ક઼ર્ઝરૂક્કા) પું. કરજનો દસ્તાવેજ. જુઓ કર્ઝપત્ર.

કર્ઝવહી (ક઼ર્ઝવહી) સ્ત્રી. દેણાંની નોંધનો ચોપડો.

કર્ઝવામ (ક઼ર્ઝવામ) ન. ઋણ; દેવું.

કર્ઝશોધ (ક઼ર્ઝશોધ) સ્ત્રી. દેણાની તપાસ.

કર્ઝા (ક઼ર્ઝા) [અ.] પું. કરજ; દેવું.

કર્ઝાઉ (ક઼ર્ઝાઉ) વિ. વ્યાજે લીધેલ.

કર્ઝી (ક઼ર્ઝી) ૧. [અ.] પું. કરજદાર; દેણદાર.

૨. વિ. ઉછીનું લીધેલું.

કર્ઝે મુતનાઝેઅ (ક઼ર્ઝે મુતનાઝેઅ) ન. વાંધાવાળું લેણું.

કર્ઝે હસના (ક઼ર્ઝે હસના) પું. વગર વ્યાજુ અને પૈસા લેનારની મરજી પડે ત્યારે આપવાની રકમ.

કર્ઝે હસ્ના જુઓ કર્ઝે હસના.

કર્ડ (કર્ડ઼) પું. કબાટ; મજૂસ.

કર્ડા (કર્ડ઼ા) ૧. વિ. ખોટું.

૨. વિ. સખત; કઠણ.

કર્ડુ (કર્ડુ) સ્ત્રી. એક વન ઔષધિ. તેનાં બિયાંમાંથી તેલ અને ફળમાંથી કસૂંબા નામે લાલ રંગ નીકળે છે.

કર્ણ્ ૧. [સં.] સ. ક્રિ. ધોંચવું; ભેદવું; વીંધવું.

૨. સ. ક્રિ. (ધાતુ) સાંભળવું. તે ઉપરથી નીકળેલા શબ્દો: કર્ણ; કર્ણિત; કરણ.

કર્ણ ૧. પું. (શિલ્પ) એક જાતનું કોતરકામ.

૨. પું. એક જાતનું ઝાડ.

૩. પું. એક જાતનો તાવ.

૪. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ભુજંગી. તે ત્રિષ્ટુપનો એક ભેદ છે.

૫. પું. કર્ણનું ગોલક.

૬. પું. (ગણિત) કાટખૂણ ત્રિકોણની કાટખૂણા સામેની લીટી.

૭. પું. કુંતીને સૂર્યથી કૌમારાવસ્થામાં મંત્ર પ્રભાવથી થયેલ દીકરાનું નામ. કુમારી અવસ્થામાં બાળક થવાથી કુંતીને લજ્જા આવતાં તેણે બાળકને પેટીમાં મૂકી તે પેટી અશ્વ નદીમાં તરતી મૂકી. પેટી સત્યકર્માના અધિરથ નામના પુત્રના જોવામાં આવી. અંદર બાળક જોઈ તેને ઘણો હર્ષ થયો અને પોતાની રાધા નામની સ્ત્રીને તે આપ્યો. તેનું નામ વસુષેણ પાડ્યું. પાંડવો અને ધાર્તરાષ્ટ્રો જ્યારે દ્રોણાચાર્યની પાસે અસ્ત્રવિદ્યા શીખતા હતા ત્યારે કર્ણને પણ ત્યાં મોકલવામાં આવ્યો અને તે અસ્ત્રવિદ્યામાં અર્જુનનો બરાબરિયો નીકળ્યો તેથી દુર્યોધન તેના તરફ પ્રેમ રાખવા માંડ્યો અને તેને અંગદેશનું આધિપત્ય આપ્યું. વસુષેણ જબરો સૂર્યોપાસક હતો અને સૂર્યના મંત્રના પ્રભાવે જ જન્મ્યો હતો તેથી સૂર્ય તેના ઉપર પુત્ર પ્રમાણે ભાવ રાખતો. વસુષેણ જ્યારે જન્મ્યો ત્યારે એના શરીર ઉપર કવચ અને કાનોમાં દેદીપ્યમાન કુંડલો સહિત જન્મ્યો હતો. સૂર્યે એક દિવસ બ્રાહ્મણના રૂપમાં આવીને તેને કહ્યું કે ઇંદ્ર બ્રાહ્મણના રૂપમાં આવીને તારી પાસેથી કુંડળ અને કવચ માગશે ત્યારે તું આપીશ નહિ. જો આપે તો તેની અમોઘ શક્તિ લઈને આપજે. પણ કર્ણ જબરો દાનેશ્વરી હતો. ઇંદ્ર જ્યારે માગવા આવ્યો ત્યારે શક્તિ લઈને પોતાના શરીર ઉપરથી કવચ, કુંડળો કાતરી આપ્યાં, તેથી તેનું નામ કર્ણ પડ્યું. પછી તેણે પરશુરામ પાસે જઈને વિદ્યા સંપાદન કરવાનો વિચાર કર્યો. પરશુરામ બ્રાહ્મણ સિવાય કોઈને વિદ્યા ભણાવતા ન હતા તેથી હુ બ્રાહ્મણ છું એમ જૂઠું બોલીને તે ભણવા લાગ્યો. એક દિવસ કર્ણના ખોળામાં માથું મૂકીને પરશુરામ સૂતા હતા તેવામાં તીક્ષ્ણ કીટયોનિ પામેલા એક દૈત્યે તેની સાથળ કોરવા માંડી. તેમાંથી એટલું બધું લોહી નીકળ્યું કે પરશુરામ જાગી ઊઠ્યા અને કર્ણ દુઃખને લીધે જરા પણ હલ્યો નહિ તેથી તે ક્ષત્રિય હોવો જોઈએ એવી શંકા ગઈ. તેને પૂછતાં તેણે કહ્યું કે હુ સૂતપુત્ર છું. તે ખોટું બોલ્યો માટે પરશુરામે એને શાપ દીધો કે જે વિદ્યા તું અહીં ભણ્યો છે તે તને દ્વંદ્વ પ્રસંગે સ્ફુરશે નહિ. એક વખતે તે શિકારે ગયો હતો, ત્યાં એનું બાણ એક બ્રાહ્મણની ગાયને વાગવાથી તે મરી ગઈ. તે ગાયના માલિકે એને શાપ આપ્યો કે યુદ્ધ પ્રસંગે તારા રથનું પૈડું જમીનમાં કળી જશે. એક વખત કર્ણે દિગ્વિજય કરી અપરિમિત દ્રવ્ય લાવી દુર્યોધનને આપ્યું હતું અને તેની પાસે વિષ્ણુયાગ કરાવ્યો હતો. અજ્ઞાતવાસમાંથી પાંડવો પ્રગટ થયા પછી કૃષ્ણ જ્યારે પાંડવોને રાજ્ય આપવા માટે દુર્યોધનને સમજાવવા ગયા ત્યારે તેણે કર્ણને તેના જન્મની વાત કહી પાંડવોના પક્ષમાં આવવા કહ્યું હતું પણ તેણે ના પાડી હતી. કુંતીએ પણ તેને બહુ સમજાવ્યો છતાં માન્યો નહિ, ત્યારે કુંતીએ કહ્યું કે ધનુર્વિદ્યામાં અર્જુન તારો બરોબરિયો છે તેવા બીજા પાંડવો નથી, તેથી યુદ્ધમાં તું બીજા પાંડવોને હાથ અડાડીશ નહિ. કર્ણે કુંતીના આ કહેવાને માન્ય કર્યું હતું. પાંડવ-કૌરવના યુદ્ધ વખતે જેટલા દિવસ ભીષ્મ સેનાધિપતિ રહ્યા તેટલા એટલે દશ દિવસ કર્ણે શસ્ત્ર ધારણ કર્યાં નહિ કારણકે એણે પ્રતિજ્ઞા કરી હતી કે ભીષ્મ હશે ત્યાંસુધી હુ યુદ્ધ નહિ કરૂં. દ્રોણાચાર્ય પડ્યા પછી કર્ણને સેનાધિપતિપદ મળ્યું ત્યારે તેણે આવેશથી યુદ્ધ મચાવ્યું. સાંજે તેણે દુર્યોધનને કહ્યું કે જો શલ્યરાજા મારા સારથિ થવાનું સ્વીકારે તો ચોક્કસ હુ આવતી કાલે પાંડવોને મારી તને રાજ્યાભિષેક કરીશ. આ ઉપરથી કર્ણને લઈને દુર્યોધન શલ્યના તંબૂએ ગયો અને તેને વિનતિ કરી, તેથી તેને ગુસ્સો ચડ્યો. પણ તેની જ્યારે સ્તુતિ કરી ત્યારે તેણે સારથિ થવાનું કબૂલ રાખ્યું. બીજે દિવસે શલ્ય કર્ણનો સારથિ થયો પણ અર્જુનનાં વખાણ કરવા લાગ્યો. તે કર્ણથી સહન થઈ શક્યાં નહિ અને બંને વચ્ચે ટપાટપી ચાલતી હતી તેવામાં દુર્યોધન ત્યાં આવી પહોંચ્યો અને બંનેને બોલતા અટકાવ્યા. પછી કર્ણે ભયંકર યુદ્ધ આરંભ્યું. તેણે યુધિષ્ઠિર, સહદેવ, નકુળ વગેરેને હરાવ્યા પણ કુંતીના વચનથી જવા દીધા. પછી તેણે અર્જુન સાથે યુદ્ધ આદર્યું અને બહુ પરાક્રમ કર્યું પણ જ્યારે તેના રથનાં પૈડાં જમીનમાં ચોંટી રહ્યાં તે વખતે અર્જુને તેને મારી નાખ્યો. બાણશય્યાએ પોઢેલા સૂર્યપુત્ર કર્ણને બ્રાહ્મણ રૂપે શ્રીકૃષ્ણ તેને છળવા આવ્યા. બ્રાહ્મણને પરણવા ધન જોઈતું હતું. કર્ણે પણછ વતી પથ્થર ખેંચી લીધો ને તે વડે દાંતમાંથી સુવર્ણરેખા કાઢી. પણ બ્રાહ્મણને તે આપતાં સ્વસ્તિ કહ્યું નહિ કારણકે રેખા અપવિત્ર હતી. તેથી તેને શુદ્ધ કરવા બાણ સાંધી ગંગાનીર આણ્યું. પ્રસન્ન થયેલા શ્રીકૃષ્ણે વરદાન આપવાથી કર્ણે કુંવારી ધરતી ઉપર દહન માગ્યું. કૃષ્ણે કર્ણના શબને સ્કંધે ચડાવી કાલિંદી વગેરે સ્થળે ફરી, છેવટે રેવા તટે કરણાલી ગામે એને દાહ દીધો. કર્ણનાં ઘણાં નામ છે: વૈકર્તન, વસુષેણ, આધિરથિ, સૂતપુત્ર, રાધેય, અંગરાજ, ચાંપેશ, કાનીન.

૮. પું. ખૂણો.

૯. પું. ગુરુ તરીકેનો ગુણ.

૧૦. પું. ચાર માત્રાવાળા ગણની સંજ્ઞા.

૧૧. પું. જેનાથી કુંભાર જાતની ઉત્પત્તિ થઈ છે તે ઋષિ.

૧૨. પું. ત્રણ ભુજાવાળું ક્ષેત્ર.

૧૩. પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રના સો માંહેના એક દીકરાનું નામ.

૧૪. પું. બે ભારદર્શક પદનું બનેલું કવિતા ચરણ.

૧૫. પું. બે સૂચક સાંકેતિક શબ્દ.

૧૬. પું. (ગણિત) ભુજના અંતથી તે કોટિ સુધીની રેખા.

૧૭. પું. મંદિરની બેડક ઉપરનો પ્રતિભદ્રની નજીકનો ખૂણાવાળો પાણો.

૧૮. પું. વાસણનો આગળનો ઝાલવાનો ભાગ.

૧૯. પું. (જ્યોતિષ) વિષુવાંશ ૨૯૬ અને ઉત્તર ક્રાંત્યંશ ૧૦માં આવેલો ત્રીજા મહત્ત્વનો એક તારો.

૨૦. પું. (પિંગળ) ષટ્પદી છપ્પયની જાતનો એક વિષમજાતિ માત્રામેળ છંદ. તેમાં ૧૮ લઘુ અને ૬૭ ગુરુ મળી ૧૫૨ માત્રા હોય છે.

૨૧. પું. સફેદ વાળ.

૨૨. પું. સાંભળવાની ઇંદ્રિય; કાન.

૨૩. પું. સુકાન.

૨૪. પું. હથિયારની પેટી.

૨૫. સ્ત્રી. (ગણિત) કોણાકોણી રેખા; ચાર કે વધારે બાજુવાળી આકૃતિમાં બે સામસામેના ખૂણાને જોડનાર લીટી.

૨૬. ન. એક જાતની નારંગી.

૨૭. ન. એક જાતનું મોટું વાજિંત્ર.

૨૮. ન. (જ્યોતિષ) ગયેલી તિથિને બમણી કરી, શુક્લ પક્ષની પ્રતિપદાને આદિ ગણી તેમાંથી એક ઓછો કરી, સાતે ભાગવાથી રહેતો શેષ. તેનાં નામ: બવ, બાલવ, કૌલવ, તૈતલ, ગીર, વણિજ, વિષ્ટિ, શકુનિ, ચતુષ્પદ, નાગ અને કસ્તુઘ્ન.

૨૯. ન. હિંદુસ્તાન, આફ્રિક અને અમેરિકમાં થતું એક પક્ષી. તેને લાંબાં અને ચળકતાં પીછાં હોય છે.

૩૦. વિ. લાંબા કાનવાળું.

કર્ણક ૧. પું. (પુરાણ) અત્રિના કુળમાં થયેલા ૭ મંત્રદ્રષ્ટામાંનો એ નામનો એક.

૨. પું. એક જાતનો તાવ.

૩. પું. એક બ્રહ્મર્ષિ.

૪. પું. કાન.

૫. પું. કાનની પાછળ પડતું ધાઈ.

૬. પું. ઝાડની ડાળી અને પાંદડાં.

૭. પું. ઝાડનો એક જાતનો રોગ.

૮. પું. ત્રણ માસનો સનેપાત.

૯. પું. ધોળા વાળ.

૧૦. પું. હાથી.

૧૧. પું. હાથો.

૧૨. સ્ત્રી. કાન જેવા ઘાટની છીપ.

૧૩. ન. અલિંદ; હૃદયનું ઉપલું ખાનું.

કર્ણકટુ ૧. પું. એક પ્રકારનો રસદોષ.

૨. [સં.] વિ. કાનને કડવું લાગે એવું; કર્કશ; અમધુર.

કર્ણકઠોર [સં.] વિ. સાંભળતાં કાનને સખત લાગે એવું; આકરૂં; કર્કશ.

કર્ણકર્કશ જુઓ કર્ણકઠોર.

કર્ણકવા પું. કાનનો એક જાતનો રોગ.

કર્ણક સન્નિપાત [સં.] પું. એક જાતનો સન્નિપાતનો રોગ. તેમાં દરદીને બડબડાટ, બહેરાપણું, ગળું પકડાવું, આખા શરીરમાં પીડા થવી, શ્વાસ, ખાંસી, મોંમાંથી લાળ પડવી, સખત તાવ, કાનનાં મૂળ પાસે ગળામાં દુખવું વગેરે ચિહ્નો જણાય. આ રોગમાં તાવ આવતા પહેલાં, મધ્યમાં અથવા તો અંતમાં કાનના મૂળ પાસે ભયંકર સોજો થઈ આવે. તે શરૂઆતથી જ હોય તો અસાધ્ય, મધ્યમાં હોય તો કષ્ટસાધ્ય અને અંતમાં હોય તો સુખસાધ્ય મનાય છે.

કર્ણકંડુ [સં.] ન. કાનનું ખરજવું; કાનનો એક જાતનો રોગ.

કર્ણકંડૂ જુઓ કર્ણકંડુ.

કર્ણકંબુક સ્ત્રી. કાનની ચક્રાકાર કંદરા.

કર્ણકી ન. નર્મદા કિનારે આવેલું એ નામનું એક શહેર.

કર્ણકીટ [સં.] પું. કાનના રોગમાં પડતાં જીવડાં.

કર્ણકીટા [સં.] સ્ત્રી. નાનો કાનખજૂરો.

કર્ણકીટી જુઓ કર્ણકીટા.

કર્ણકુટ વિ. અપ્રિય; કાનને સાંભળવું ન ગમે તેવું.

કર્ણકુબ્જ ૧. [સં.] પું. કનોજ દેશ.

૨. ન. કાઠિયાવાડમાં આવેલું જૂનાગઢ.

કર્ણકુહર પું. નળી જેવો વચલો કાન; કાનનું છિદ્ર.

કર્ણકુંડલ [સં.] ન. કાને પહેરવાનું કુંડળ; એક જાતનું ઘરેણું.

કર્ણકુંડલી [સં.] સ્ત્રી. ગૂંછળા જેવા દેખાવનું કાનનું ઘરેણું.

કર્ણકૃમિ [સં.] સ્ત્રી. કાનમાં કીડા પડવાનો રોગ.

કર્ણકોટર [સં.] પું. કાનની અંદરનો પોલો ભાગ.

કર્ણકોલાહલ પું. કલબલાટ; ઘોંઘાટ.

કર્ણકોષ્ટ [સં.] ન. પ્રાચીન હિંદનું એક શહેર.

કર્ણકૌતુક [સં.] વિ. કાનને વિસ્મય પમાડે એવું.

કર્ણક્ષત [સં.] ન. કાન ઉપર પાડેલ છેદ.

કર્ણક્ષ્વેડ [સં.] પું. કાનનો એક જાતનો રોગ. તેમાં કાનની અંદર કાયમ એક અવાજ થયા કરે છે.

કર્ણગઢ ન. ભારતવર્ષનું એ નામનું એક તીર્થસ્નાન. બંગાળના મિદનાપુર જિલ્લામાં એ ગામ આવેલું છે. તે દાનવીર કર્ણનું નિવાસસ્થાન છે. અત્યારે પણ તેનું વિશાલ પથ્થરનું જૂનું મંદિર જંગલમાં મોજૂદ છે.

કર્ણગતરોગ [સં.] પું. કાનનો રોગ.

કર્ણગમ્ય [સં.] વિ. કાનથી જાણી શકાય તેવું.

કર્ણગંગા [સં.] સ્ત્રી. ગરવાલ પરગણામાં અલકનંદા નદીને મળનારી એ નામની નદી.

કર્ણગૂથ ૧. પું. કાનનો મેલ.

૨. [સં.] પું. કાનમાં મેલ જામી જવાનો રોગ. તેમાં કાનનો મળ પાતળો થઈ મોંમાં તથા નાકમાં આવે છે.

કર્ણગૂથક જુઓ કર્ણગૂથ.

કર્ણગોચર ૧. [સં.] ન. કાનથી થતું ઇંદ્રિય જ્ઞાન; કાનનો વિષય.

૨. વિ. સંભળાય તેવું; શ્રાવ્ય.

કર્ણગોચર થવું = હકીકત કાને આવવી; વાત સાંભળવી.

૩. વિ. સાંભળેલું; શ્રુત.

કર્ણગ્રાહ ૧. [સં.] પું. નાવિક.

૨. પું. સુકાની.

કર્ણચૂડિકા [સં.] સ્ત્રી. શંખાસ્થિના ગોસ્તન પ્રવર્દ્ધન ઉપરથી ઉત્પન્ન થઈ કાનના ફૂલેલા ભાગને લાગેલી એ નામની એક પેશી. તે મનુષ્યોને નકામી છે, પરંતુ પશુઓને કાન ફટફટાવવામાં ઉપયોગી છે.

કર્ણચૂંડિકા જુઓ કર્ણચૂડિકા.

કર્ણચ્છિદ્ર [સં. કર્ણ (કાન) + છિદ્ર (કાણું)] ન. કાનમાં છેદ; કાનમાં બાકું.

કર્ણચ્છેદ પું. કાનમાં છેદ; કાન વીંધવા કે કાપવા તે.

કર્ણછંદ પું. (પિંગળ) ત્રણ યગણ, એક લઘુ અને એક ગુરુનો બનેલો એ નામનો છંદ. તેમાં ૭ અક્ષરે યતિ એટલે વિસામો આવે છે.

કર્ણછિદ્ર જુઓ કર્ણચ્છિદ્ર.

કર્ણજપ ૧. [સં.] પું. એકની વાત બીજાને કહેનાર માણસ.

૨. ન. આઘાપાછી; ચાડી; એકની વાત બીજાને કહેવી તે.

૩. ન. નિંદા; બદગોઈ.

કર્ણજલૂકા [સં.] સ્ત્રી. કાનખજૂરો.

કર્ણજલૌકા [સં. કર્ણજલૌકસ્] સ્ત્રી. કાનખજૂરો.

કર્ણજાપ જુઓ કર્ણજપ.

કર્ણજાહ [સં.] ન. કાનનું મૂળ.

કર્ણજિત [સં. કર્ણજિત્] પું. અર્જુન.

કર્ણજ્વર [સં.] પું. કાનમાં વેદના થવાપણું.

કર્ણતાડ (કર્ણતાડ઼) ૧. [સં.] પું. કાન ઉપરનો પ્રહાર.

૨. પું. હાથીના કાનનું આજુબાજુ અથડાવું તે.

કર્ણતાલ ૧. [સં.] પું. (સંગીત) એક ચતુસ્ર જાતિ આઠ માત્રાનો તાલ.

૨. પું. કાન ઉપર પ્રહાર કરવાપણું.

૩. પું. હાથીના કાનનું આજુબાજુ અથડાવું તે.

કર્ણતૈલ [સં.] ન. કાનમાં નાખવાનું તેલ.

કર્ણતોડ (કર્ણતોડ઼) વિ. કાન ફાડી નાખે એવું; મોટા અવાજવાળું.

કર્ણત્રિભુજ [સં.] પું. (ગણિત) કોઈ પણ આકૃતિના કર્ણો દોરવાથી બનતા ત્રિકોણ.

કર્ણદર્પણ [સં.] ન. કાનનું ઘરેણું.

કર્ણદર્શકયંત્ર [સં.] ન. કાનની અંદરનો બધો ભાગ જેનાથી દેખાય એવી જાતની આરસી.

કર્ણદાહ [સં.] પું. કર્ણશોફ; કાનની અંદર બળતરા થવી તે.

કર્ણદુંદુભિ [સં.] પું કાનખજૂરો.

કર્ણદેવતા [સં.] પું. કાનનો દેવતા; વાયુ.

કર્ણદોષ [સં.] પું. સાંભળવાનો દોષ.

કર્ણદ્વાર [સં.] ન. કાનનો આગલો બારણા રૂપે રહેલો ભાગ.

કર્ણધાક સ્ત્રી. કાનમાં ધાક પડી જવી તે; બહેરાપણું.

કર્ણધાર ૧. પું. કપાસની ભૂલ ખોળી કાઢનાર યંત્ર.

૨. [સં.] પું. ખલાસી; નાવિક.

૩. પું. ગુરુ.

૪. પું. નેતા; સુકાની.

૫. પું. વળાવિયો; ભોમિયો; માર્ગદર્શક.

૬. વિ. દુઃખ દૂર કરનાર.

૭. વિ. વહાણનું સુકાન ધારનાર; વહાણને ચલાવનાર.

કર્ણધારિણી [સં.] સ્ત્રી. હાથણી.

કર્ણધારી જુઓ કર્ણધાર.

કર્ણધૌતિ [સં.] સ્ત્રી. (યોગ) ધૌતિનો એક પ્રકાર. તર્જની અને અનામિકા એ બે આંગળાથી કાનનાં બંને છિદ્રને શુદ્ધ કરવાં તે. આથી એક પ્રકારનો શુદ્ધ આનંદ પ્રગટ થાય છે.

કર્ણનળ પું. બહારના કાનથી શરૂ થઈ અંદરના ભાગમાં શુમારે સવા ઇંચ ઊંડો, કાનના પડદા સુધી જતો લંબગોળ નળ. કાન ઉપર પડતી ધ્વનિની લહેરો આ નળની ભીંત મારફત કાનના પડદાને પહોંચે છે. કર્ણનળમાં હવા ભરી હોઈ તેમાં પ્રતિધ્વનિ થાય છે.

કર્ણનળી ૧. સ્ત્રી. કાનની નળી; અવાજને કાનમાં જવાનો માર્ગ.

૨. સ્ત્રી. રોગપરીક્ષા માટે તપાસવાની નળી; 'સ્ટેથોસ્કોપ'.

કર્ણનાદ ૧. [સં.] પું. અઠ્ઠાવીસ જાતના કાનના રોગ માંહેનો એક. તેમાં કાનમાં ચાલુ ઝણઝણાટ થાય, થોડીઘણી ધાક પડે. મધ્ય ભાગમાં મેલ અગર બહારની ચીજના દબાણથી આ રોગ થાય છે.

૨. પું. કાનને આંગળી વતી બંધ કર્યા પછી તેમાં સંભળાતો અવાજ.

કર્ણનાલિકા [સં.] સ્ત્રી. અવાજ લઈ જનારી નળી.

કર્ણનિર્વાક [સં.] પું. એ નામનો ઋષિ.

કર્ણપટલ [સં.] ન. કાનનો પડદો.

કર્ણપડદો (કર્ણપડ઼દો) પું. મધ્યકાન તથા કર્ણનળની વચમાં આવેલો પડદો. ધ્વનિની લહેરો કર્ણનળ દ્વારા આ પડદા ઉપર પડતાં અને મધ્ય કાનનાં અસ્થિ અને તેની અંદરની હવા દ્વારા અંદરના કાનમાં આવેલા શ્રવણતંતુ ઉપર અથડાતાં શ્રવણજ્ઞાન થાય છે.

કર્ણપત્ર ૧. [સં.] પું. કાન બહારનો ઘાટ.

૨. ન. પાંદડી; કાનમાં પહેરવાનું એક ઘરેણું.

કર્ણપત્રક [સં.] પું. કાનનું રક્ષણ કરનાર કાનનો એક ભાગ.

કર્ણપત્રભંગ [સં.] પું. કર્ણફૂલ, કુંડલ વગેરે કાનના આભૂષણ બનાવવાની રીત; ચોસઠ માંહેની એક કલા.

કર્ણપથ [સં.] પું. કાનમાં રહેલો છિદ્રરૂપ માર્ગ.

કર્ણપરંપરા સ્ત્રી. એક કાનેથી ઉત્તરોત્તર બીજે કાને પડવું તે; શ્રવણપરંપરા.

કર્ણપરીક્ષા ૧. [સં.] સ્ત્રી. કાન વડે થતી પરીક્ષા.

૨. સ્ત્રી. કાનની ચિકિત્સા કરવી તે.

કર્ણપરૂ ન. કાનમાંથી વહેતો ગંધાતો પીળો પદાર્થ.

કર્ણપર્પટિકા [સં.] સ્ત્રી. કાનનો પડદો.

કર્ણપશ્ચિમા [સં.] સ્ત્રી. ખોપરીની બાજુ ઉપરની માંસધરાકલામાંથી ઉત્પન્ન થઈ કાનના બહારના ભાગને લાગેલી એ નામની એક પેશી. તે મનુષ્યોને નકામી છે, પરંતુ પશુઓને કાન ફફડાવવામાં ઉપયોગી છે.

કર્ણપાક ૧. [સં.] પું. કાનનું પાકવું તે; કાનમાંથી પરૂ નીકળવાનો રોગ.

૨. પું બહારના કાનનો સોજો.

કર્ણપાલિ ૧. સ્ત્રી. કાનના લોલકમાં થતો એક રોગ.

૨. સ્ત્રી. કાનની બૂટ.

૩. [સં.] સ્ત્રી. કાનનું એક ઘરેણું; વાળી.

૪. સ્ત્રી. કાનનું રક્ષણ કરનાર કાનનો એક ભાગ.

કર્ણપાલિકા ૧. [સં.] પું. (પિંગળ) પંક્તિની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કમદા; મરાલિકા. તેમાં રગણ, યગણ, જગણ, અને એક ગુરુ મળી દશ વર્ણ આવે છે. તેમાં પાંચમે અક્ષરે વિસામો આવે છે.

૨. સ્ત્રી. કાનના ઉપરના ભાગમાં પહેરવાની વાળી.

કર્ણપાલી જુઓ કર્ણપાલિ.

કર્ણપાશ ૧. પું. કાનની બખોલ.

૨. [સં.] પું સુંદર કાન.

કર્ણપિશાચ ૧. [સં.] પું. અફવા; ગપાટો; લોકવાયકા.

૨. પું. કહેતાકહેતી સાંભળવાથી થયેલી અસર; ભંભેરણી.

૩. પું. મંત્રથી વશ થતું કલ્પિત ભૂત એમ કહેવાય છે કે જેણે આ પિશાચ સાધ્યો હોય તેને તે ભૂત, વર્તમાન તથા જોઈતી હકીકત કાનમાં અદૃશ્ય રૂપે કહી જાય છે.

કર્ણપિશાચી ૧. [સં.] પું. પિશાચના કહેવા ઉપરથી જવાબ આપનાર જોશી; કોઈ પિશાચની ઉપાસના કરવાથી તે પિશાચ ઉપાસના કરનારને કાનમાં પ્રશ્નનો જવાબ આપી જાય તેવો ભવિષ્યવેત્તા.

૨. સ્ત્રી. એક જાતની દેવી.

કર્ણપીડનાસન [સં.] ન..(યોગ) એ નામનું એક આસન. સૂઈને કેડ ભણી બંને હાથ લાંબા કરી બંને પગને માથા ભણી પાછા વાળી બંને

ઢીંચણ બેઉ કાનને અડાડી બંને પગનાં આંગળાં ભૂમિને અડાડી સ્થિર થવાથી આ આસન થાય છે. તે જઠરાગ્નિ પ્રદીપ્ત કરનારૂં છે.

કર્ણપીડમૂલાસન (કર્ણપીડ़મૂલાસન) જુઓ કર્ણપીડનાસન.

કર્ણપુટ ૧. પું. અવાજ સાંભળવાનો કાનનો રસ્તો.
૨. પું. કાનનો પડદો.
૩. પું. બંને કાન.

કર્ણપુત્રિકા [સં.] સ્ત્રી. કાનની પાળ.

કર્ણપુર ન. ભાગલપુરની પાસે આવેલું કર્ણગઢ; ચંપાપુરી.

કર્ણપુરી જુઓ કર્ણપુર.

કર્ણપુષ્પ ૧. [સં.] ન. કાન ઉપર લટકાવેલ મોતીનો તોરો.
૨. ન. કાનમાં પહેરવાનું ફૂલ.

કર્ણપૂર ૧. [સં.] પું. આસોપાલવનું ઝાડ.
૨. પું. કાનનું એક ઘરેણું.
૩. પું. જાસૂદનું ઝાડ.
૪. પું. શિરીષનું ઝાડ.
૫. ન. કર્ણફૂલ.
૬. ન. કાનનું એક ઘરેણું.
૭. ન. કાળું કમળ.
૮. ન. ભાગલપુરની પાસે આવેલ એક શહેર.
૯. ન. હાથીના કાનનું આભૂષણ.

કર્ણપૂરક જુઓ કર્ણપૂર.

કર્ણપૂરણ [સં.] ન. વૈદ્યકના નિયમ પ્રમાણે કાનમાં તેલ પૂરવાપણું.

કર્ણપૂર્વિકા [સં.] સ્ત્રી. ખોપરીની બાજુ ઉપરની માંસધરાકલામાંથી થઈને કાનના બહારના ભાગને લાગેલી એ નામની પેશી. તે મનુષ્યોને નકામી છે, પરંતુ પશુને કાન ફફડાવવામાં ઉપયોગી છે.

કર્ણપ્રણાદ [સં.] પું. કાનનો એક જાતનો રોગ.

કર્ણપ્રતિનાહ [સં.] પું. કાનનો એક જાતનો રોગ.

કર્ણપ્રતિવાદ પું. એક જાતનો કાનનો રોગ.

કર્ણપ્રદાહ [સં.] પું. કાનનો સોજો; કાનમાં ચસકા આવવા તે.

કર્ણપ્રદેશ [સં.] પું. લમણાનો પ્રદેશ; કાનની આજુબાજુનો ભાગ.

કર્ણપ્રયાગ [સં.] ન. અલકનંદા અને પિંડાર નદીના સંગમ ઉપર આવેલ ગઢવાલનું એક નામ. અહીં સ્નાન કરવાનું ઘણું માહાત્મ્ય મનાય છે.

કર્ણપ્રવેશી [સં.] વિ. કાનને ગમે એવું.

કર્ણપ્રાય [સં.] પું. તે નામનો એક દેશ.

કર્ણપ્રાંત ૧. [સં.] પું. કાનની બૂટ.
૨. પું. (જ્યોતિષ) નૌકા; એ નામનું એક નક્ષત્રમંડળ.

કર્ણપ્રિય [સં.] વિ. કાનને મધુર લાગે એવું.

કર્ણફલ [સં.] પું. એક જાતનું માછલું.

કર્ણફૂલ [સં.] ન. સ્ત્રીઓને કાનમાં પહેરવાનું એક ઘરેણું; કુંડળ; કાંપ.

કર્ણબંધન [સં.] ન. (વૈદ્યક) કાન ઉપર પાટો બાંધવો તે.

કર્ણબિલ [સં.] વિ. બહેરૂં; બધિર.

કર્ણબિલ હરિગુણ નવિ સુણઈ,
જિહ્વા દર્દુરિકા નવિ ભણઈ. ભીમ

કર્ણભૂષણ [સં.] ન. કર્ણાભરણ; કાનનું એક ઘરેણું.

કર્ણભેદી [સં. કર્ણભેદિન્] વિ. કાન ફોડી નાખે તેવું.

કર્ણભેરી [સં. કર્ણ (કાન) + ભેરી (નગારૂં)] ન. કાનમાં આવતો અવાજ.

કર્ણમત્સ્ય [સં.] ન. માછલીની એક જાત.

કર્ણમધુર [સં.] વિ. સુસ્વર; કાનને સારૂં લાગે એવું.

કર્ણમલ [સં.] પું. કાનનો મેલ.

કર્ણમાધુર્ય [સં.] ન. સ્વરમધુરતા; કાનને ગમે તેવો અવાજ.

કર્ણમુકુટ [સં. કર્ણ (કાન) + મુકુટ (તાજ)] પું. એરિંગ; કાનનું એક ઘરેણું.

કર્ણમૂલ ૧. પું. કાનના મૂળ આગળનો ભાગ.
૨. [સં.] પું. કાનનો સોજો; સન્નિપાત જ્વરમાં કાનના મૂળમાં થતો સોજો.

કર્ણમૂલચ્છદા [સં.] સ્ત્રી. એ નામની એક પ્રાવરણી એટલે મેદોધરાકલા; ગ્રીવામધ્યકંચુકનું આગલું પડ.

કર્ણમૂલપિંડ [સં.] ન. ગોસ્તન પ્રવર્દ્ધનકથી ઓળખાઈ આવતો શંખાસ્થિનો પાછલો ભાગ. તે કાનના મૂળમાં રહેલો છે.

કર્ણમૂલિકજ્વર [સં.] પું. ગાલપચોળાં; વાત, અને શ્લેષ્મના દૂષિત થવાથી બાળકો અને યુવાનોમાં આ રોગ ફાટી નીકળે છે. એક પછી એક કાનનાં અને જડબાંનાં મૂળ પાસે સોજો આવી દુખાવો થાય અને તાવ આવે, ગાલ ફૂલેલા દેખાય અને કોઈ વાર ચહેરો લાલ થઈ જાય. લગભગ પાંચમે દિવસે પોતાની મેળે જ સોજો તથા પીડા શમી જાય.

કર્ણમૂલિકા [સં.] સ્ત્રી. હનુકૂટકર્ષણી નામની પેશીની પાછલી બાજુએ આવેલી એ નામની એક મોટી લાલા ગ્રંથિ. બધી લાલા ગ્રંથિઓમાં આ સૌથી મોટી છે. તેનો દેખાવ રૂના લોચા જેવો અને વજન બેથી ત્રણ તોલા જેટલું છે. તે કાનના મૂળની નીચે તથા આગળ હનુમુંડસંધિને વીંટીને રહેલી છે.

કર્ણમૂલિકાગ્રંથિ જુઓ કર્ણમૂલિકા.

કર્ણમૂળ ૧. પું. અઠ્ઠાવીશ જાતના કર્ણરોગ માંહેનો એ નામનો એક રોગ; સન્નિપાત જ્વરમાં કાનના મૂળને આવતો સોજો.
૨. ન. કાનનું મૂળ; કાનના મૂળ આગળનો ભાગ. જે ઘોડાને બંને કાનની બહારની બાજુમાં ભમરી હોય તે ખરાબ મનાય છે.

કર્ણમૂળપિંડ પું. ગોસ્તન પ્રવર્દ્ધનક વડે ઓળખાઈ આવતો કાનના મૂળમાં રહેલો શંખાસ્થિનો પાછલો ભાગ. શંકુ આકારના આ પ્રવર્દ્ધનકનું મોં નીચું છે. તે અંદરથી વાદળીના જેવું છિદ્રમય હોઈ તેનાં છિદ્રો કાનના અંદરના ભાગ સાથે સંબંધ રાખે છે.

કર્ણમૃદંગ [સં.] પું. કાનનો ઢોલ.

કર્ણમોટી [સં.] સ્ત્રી. દુર્ગાદેવીનું એક રૂપ.

કર્ણયવનિકા [સં.] સ્ત્રી. કાનનો પડદો.

કર્ણયુગ્મની સ્ત્રી. એ નામની એક દેવી.

કર્ણયોનિ ૧. [સં.] સ્ત્રી. યોનિરોગના વીશ માંહેનો એ નામનો એક પ્રકાર. કર્ણફૂલના આકારે યોનિ હોય તેમાંથી કફ અને લોહી નીકળે તે રોગ.
૨. વિ. કાનથી ગ્રહણ કરવા જેવું.
૩. વિ. કાનમાં જેનું મૂળ હોય એવું; કાનમાંથી ઉત્પન્ન થયેલું.

કર્ણરક્તસ્રાવ [સં.] પું. કાનમાંથી લોહી નીકળવાનો રોગ.

કર્ણરચનાશાસ્ત્ર [સં.] ન. કર્ણરોગશાસ્ત્ર.

કર્ણરવા સ્ત્રી. નર્મદા અને તાપીની દક્ષિણે આવેલી રામાયણ વખતની એ નામની નદી.

કર્ણરસિક [સં.] વિ. સાંભળવામાં રસ લેનારૂં; સાંભળવાનું શોખીન.

કર્ણરસી સ્ત્રી. કાનમાંથી નીકળતું પરૂ.

કર્ણરંધ્ર [સં.] ન. કાનનું છિદ્ર; કાનનું ગોલક.

કર્ણરંધ્રધૌતિ [સં.] સ્ત્રી. (યોગ) ધૌતિનો એ નામનો એક પ્રકાર. જમણા હાથની તર્જની કે અનામિકા વડે બંને કર્ણરંધ્રોને ક્રમથી સારી રીતે ઘસવાથી વામ અને દક્ષિણ એ બંને પ્રકારની કર્ણરંધ્રધૌતિ થાય છે. આ ક્રિયા સતત કરવાથી નાદનું અનુસંધાન થાય છે.

કર્ણરિપા પું. (બૌદ્ધ) એ નામનો એક સિદ્ધ.

કર્ણરેખા [સં.] સ્ત્રી. (ગણિત) કાટખૂણ ત્રિકોણમાં કાટખૂણાની સામેની બાજુ; કર્ણરેષા.

કર્ણરેષા [સં.] સ્ત્રી. (ગણિત) કર્ણરેખા. કાટખૂણ ચોખૂણના સામસામેના ખૂણાનાં શિરોબંદુને સાંધનારી સીધી લીટી.

કર્ણરોગ [સં.] પું. કાનનો વ્યાધિ; કાનના અઠ્ઠાવીશ રોગઃ (૧) કર્ણશૂળ, (૨) કર્ણનાદ, (૩) બાધિર્ય, (૪) ક્ષ્વેડ, (૫) કર્ણસ્રાવ, (૬) કર્ણકંડૂ, (૭) કર્ણગૂથ, (૮) કર્ણ પ્રતિનાદ, (૯) કૃમિકર્ણ, (૧૦) કૃમિવિદ્રધિ, (૧૧) વ્રણ, (૧૨) કર્ણપાક, (૧૩) પૂતિકર્ણ, (૧૪-૧૭) વાયુ, પિત્ત, કફ અને લોહીના પ્રભાવથી થયેલા મસા, (૧૮-૨૧) વાયુ, પિત્ત, કફ અને લોહીના સોજા, (૨૨-૨૮) વાયુ, પિત્ત, કફ, લોહી, માંસ, મેદ અને નસોના કર્ણાર્બુદ એટલે અર્બુદ જેવી ગાંઠો.

કર્ણરોગશાસ્ત્ર [સં.] ન. કર્ણરચનાશાસ્ત્ર.

કર્ણલ ૧. [સં.] વિ. કાનની શ્રેષ્ઠ શક્તિવાળું.
૨. વિ. કાનવાળું.

કર્ણલઘુતા [સં.] સ્ત્રી. કાન નાના હોવાપણું.

કર્ણલટિકા સ્ત્રી. કાનની બૂટ.

કર્ણલતા ૧. [સં.] પું. (પિંગળ) અતિશર્કરીની જાતનો પંદર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેમાં સગણ, બે ભગણ અને બે સગણ આવે છે.

૨. જુઓ કર્ણપાલી.

કર્ણલતિકા [સં.] સ્ત્રી. કાનની બૂટ; કાનનું રક્ષણ કરનાર એક ભાગ.

કર્ણલીટી જુઓ કર્ણરેષા.

કર્ણવર્જિત ૧. [સં.] પું. સર્પ. અસલના લોકોનું એવું માનવું હતું કે સર્પને કાન નથી હોતા. પણ ખરી રીતે તેને આંખની પાસે કાનના છેદ દેખાઈ આવે છે.
૨. વિ. કાન વિનાનું.
૩. વિ. બહેરૂં.

કર્ણવર્ણન [સં.] ન. કાનનું બયાન.

કર્ણવલય પું. કાનનું કૂંડાળું.

કર્ણવલયઅર્દ્ધ પું. ચંદ્રાકાર નલિકા.

કર્ણવંશ [સં.] પું. માંચડો; ખાટલો.

કર્ણવાન સ્ત્રી. સંયુક્ત કુટુંબની વ્યવસ્થા કરનાર સ્ત્રી. આ શબ્દ મલબાર તરફ બોલાય છે.

કર્ણવાલ ૧. પું. કાન અને વાળ.
૨. પું. કાન ઉપરના વાળ.

કર્ણવિટ [સં. કર્ણવિષ્] પું. કાનનો મેલ.

કર્ણવિટ્કુંડ પું. છ્યાસી નરકકુંડ માંહેનો એ નામનો કાનના મેલથી ભરેલો કુંડ.

> જે માણસ બહેરાંની હાંસી કરે અને અભિમાનથી નિંદા કરે તે માણસ કર્ણવિટ્કુંડમાં સો વર્ષ સુધી પડે છે. ભગવતી ભાગવત

કર્ણવિદ્યા [સં.] સ્ત્રી. કાન સંબંધી વિદ્યા.

કર્ણવિદ્યાવિશારદ [સં.] વિ. કાનને લગતી વિદ્યામાં પ્રવીણ.

કર્ણવિદ્રધિ [સં.] પું. કાનમાં થતો ગડ; કાનનો એક રોગ.

કર્ણવિવર [સં.] ન. કાનનું છિદ્ર; કાનનું ગોલક; કર્ણરંધ્ર.

કર્ણવિવરણ [સં.] ન. કાનમાં અવાજ જવાનો રસ્તો.

કર્ણવિશ ૧. પું. એકની વાત બીજાને કહેવી તે.
૨. [સં. કર્ણવિષ્] સ્ત્રી. કાનનો મેલ.

કર્ણવિષ ૧. [સં. કર્ણવિષ્] સ્ત્રી. કાનનો મેલ.
૨. ન. કાનનું ઝેર; કાન ભંભેરવાપણું.
૩. ન. નિંદા.

કર્ણવીક્ષણયંત્ર [સં.] ન. કાન તપાસવાનું યંત્ર.

કર્ણવિધ ૧. [સં.] પું. કાન વીંધવા તે. પુષ્ય, ત્રણ ઉત્તરા, ધનિષ્ઠા, રેવતી, હસ્ત, અશ્વિની, શ્રવણ, ચિત્રા, પુનર્વસુ, અનુરાધા અને મૃગશીર્ષ એટલાં નક્ષત્રોમાં બાળકોના કાન વિંધાવવા એ સારૂં કહેવાય છે.
૨. પું. કાનમાં પાડેલું છિદ્ર.
૩. પું. હિંદુના સોળ માંહેનો કાન વીંધવાનો દશમો સંસ્કાર.

કર્ણવેધન [સં.] પું. કાન વીંધવા તે.

કર્ણવેધનક [સં.] પું. કાન વીંધવાના સંસ્કારને લગતો ઉત્સવ.

કર્ણવેધનિકા [સં.] સ્ત્રી. કાન વીંધવાની સોય.

કર્ણવેધની [સં.] સ્ત્રી. કાન વીંધવાની સળી.

કર્ણવેધસંસ્કાર [સં.] પું. કાન વીંધવાની ક્રિયા.

કર્ણવેધી ૧. [સં. કર્ણવેધિન્] વિ. કાનને કડવું લાગે એવું.
૨. વિ. કાનને વીંધે તેવું; તીક્ષ્ણ.

કર્ણવેષ્ટ ૧. [સં.] પું. એ નામનો પાંડવ પક્ષનો એક રાજા.
૨. પું. કુંડલ; કાનનું ઘરેણું.

કર્ણવેષ્ટક જુઓ કર્ણવેષ્ટ.

કર્ણવેષ્ટન જુઓ કર્ણવેષ્ટ.

કર્ણશક્તિ [સં.] સ્ત્રી. સાંભળવાની શક્તિ; શ્રવણ શક્તિ.

કર્ણશલ્ય [સં.] ન. કાનમાં પેસી ગયેલ બહારનો પદાર્થ.

કર્ણશષ્કુલિ ૧. [સં.] સ્ત્રી. ઉપકર્ણ; બહારનો કાન.
૨. સ્ત્રી. એક જાતની માછલી.
૩. સ્ત્રી. કર્ણભૂષણ; કાનનું ઘરેણું.
૪. સ્ત્રી. કાનની બૂટ.
૫. સ્ત્રી. કાનની લંબાઈ.
૬. સ્ત્રી. કાનનું છિદ્ર.
૭. સ્ત્રી. કાનનો પડદો; કર્ણોદર.

કર્ણશંખ [સં.] પું. આભૂષણ તરીકે હાથીના કાનમાં પહેરાવવામાં આવતો શંખ.

કર્ણશૂલ ૧. [સં.] ન. કાનમાં નીકળતા ચસકા; કાન પાકવાથી થતું દુઃખ; કર્ણદાહ.
૨. વિ. સાંભળવું ન ગમે તેવું; કાનને પીડાકારક લાગે એવું.

કર્ણશૂળ જુઓ કર્ણશૂલ.

કર્ણશોધનક ન. કાનખોતરણી; કાનને ખોતરવાની સળી.

કર્ણશોફ પું. કર્ણશૂલ; કર્ણદાહ.

કર્ણશ્રવ ૧. [સં.] વિ. જેના શબ્દ સાંભળવા યોગ્ય હોય એવું.
૨. વિ. સાંભળી શકાય એવું; મોટા અવાજનું.

કર્ણશ્રવા પું. (પુરાણ) એ નામનો એક ઋષિ. પાંડવો દ્વૈત વનમાં હતા ત્યારે તે તેમની પાસે હતો.

કર્ણશ્રાવ પું. કાનમાંથી રસી નીકળવી તે.

કર્ણશ્રુતવાસિષ્ઠ પું. એક ઋગ્વૈદિક દેવતા. તેણે ઋગ્વેદના નવમા મંડલનું ૯૭મું સૂક્ત રચ્યું છે.

કર્ણસરોજ ૧. [સં.] પું. કાનરૂપી કમળ.
૨. પું. કુંડળ વગરના કાન.

કર્ણસંસ્રવ ૧. પું. કાનમાંથી મેલ નીકળવો તે.
૨. પું. કાનમાંથી રસી નીકળવી તે; કર્ણસ્રાવ.

કર્ણસંસ્રાવ [સં.] પું. એક જાતનો કાનનો રોગ. જુઓ કર્ણસ્રાવ.

કર્ણસાગર પું. મોઢેરા પાસે રૂપેણ નદીને બાંધી કર્ણ સોલંકીએ બંધાવેલું તળાવ. તેનો બંધ ૭૫૦ વર્ષ ચાલી ઈ. સ. ૧૮૧૪માં તૂટી ગયો.

કર્ણસુખ ૧. [સં.] ન. ગમતી વાત સાંભળીને થતું સુખ.
૨. વિ. કાનને આનંદ આપનારૂં; કર્ણપ્રિય.

કર્ણસુવર્ણ ન. બંગાળમાં મુર્શિદાબાદ જિલ્લામાં બરહામપુરની દક્ષિણે ૭ માઈલ ઉપર ભાગીરથીને જમણે કિનારે આવેલું રાંગામતી શહેર; કાનસોના. રાંગામતીની ભોંયનો રંગ લાલ છે. એવી આખ્યાયિકા ચાલે છે કે, રાવણના ભાઈ વિભીષણને એક ગરીબ બ્રાહ્મણે રાંગામતીમાં જમવાને નિમંત્રણ આપ્યું હતું. એ સભ્યતાના ઉપકારમાં વિભીષણે ત્યાં સોનાનો વરસાદ વરસાવ્યો હતો, તેને લીધે એ જમીનનો રંગ લાલ થયો કહેવાય છે.

કર્ણસૂ [સં.] સ્ત્રી. કર્ણની માતા કુંતા.

કર્ણસ્પૃષ્ટ જાનુ પદ્માસન [સં.] ન. (યોગ) એ નામનું પેટનું એક આસન. પદ્માસન વાળી બેઠા પછી હાથ પછવાડે મેળવવા અને નમીને જમણા ગોઠણને જમણો અને ડાબો કાન અડાડવો. એ જ રીતે ડાબા ગોઠણને ડાબો તથા જમણો કાન અડાડવો. આ આસનથી પેટ, પાંસળાં, ગરદન અને પીઠ વિકાર રહિત બને છે.

કર્ણસ્ફોટ પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં નગણ, યગણ, તગણ, નગણ, મગણ, ગુરુ અને લઘુ મળી સત્તર વર્ણ હોય છે. તે અત્યષ્ટિ છંદનો ભેદ છે.

કર્ણસ્ફોટા સ્ત્રી. એ નામની એક ઔષધિ; તીલવણ.

કર્ણસ્રાવ ૧. [સં.] પું. કાનમાંથી પરુ વહેવાનો રોગ. કાનના હાડકામાં સડો પડેલો હોય તેથી અથવા કર્ણનળીના માર્ગમાં ધારું પડ્યું હોય તેથી આ રોગ થાય છે.

૨. પું. કાનમાંથી મેલ નીકળવો તે.

કર્ણસ્રોત [સં. કર્ણસ્રોતસ્] ન. કાનનો મેલ.

કર્ણસ્રોતોભવ [સં.] પું. વિષ્ણુના કાનના મેલમાંથી ઉત્પન્ન થયેલ મધુ અને કૈટભ નામના અસુર.

કર્ણહલ્લીકા સ્ત્રી. કાનમાં જીવડા પડવાનો રોગ.

કર્ણહીન ૧. [સં.] પું. સર્પ.

૨. વિ. કાન વગરનું.

૩. વિ. બહેરું.

કર્ણા [ફા. કર્ના] પું. શરણાઈની જાતનું એક વાજિંત્ર. તેના મોં ઉપર પાંદડાની અથવા હાથીદાંતની પિપૂડી અને પાતળો નળો હોય છે.

કર્ણાકર્ણિ જુઓ કર્ણાકર્ણી.

કર્ણાકર્ણી ૧. સ્ત્રી. એક કાનેથી બીજે કાને ફેલાયેલી વાત.

૨. સ્ત્રી. કાને કાને સાંભળવા જેવી એક બીજાની વાત.

૩. અ. એક કાનેથી બીજે કાને ફરતું હોય એમ.

કર્ણાકાર વિ. કર્ણપાલિ.

કર્ણાકારપૃષ્ઠ ન. ત્રિકસ્થાલક.

કર્ણાગ્રવર્તી [સં. કર્ણાગ્રવર્તિન્] વિ. કાનની આગળની બાજુ ઉપર આવેલ.

કર્ણાગ્રવર્તી લાળગ્રંથી સ્ત્રી. ચર્વણપિંડ; ઉપકર્ણ ગ્રંથિ. કાનની આગળની બાજુએ આવેલી આ ગ્રંથી મોંમાં લાળ ઉત્પન્ન કરે છે.

કર્ણાઘાત [સં.] પું. કાનને અપ્રિય લાગવાપણું.

કર્ણાટ ૧. પું. એક જાતની વનસ્પતિ; એક જાતનો હંસરાજ.

૨. પું. કર્ણાટકી બ્રાહ્મણ; એક જાતનો દ્રવિડ બ્રાહ્મણ.

૩. [સં. કર્ણાટક] પું. દક્ષિણ હિંદુસ્તાનમાં આવેલો એ નામનો પ્રદેશ; રામાનંદ અને શ્રીરંગપટ્ટણ વચ્ચેનો કર્ણાટકનો ભાગ. એનું બીજું નામ કુંતલ દેશ છે અને એની રાજધાની કલ્યાણ છે. તારાતંત્રમાં લખ્યા પ્રમાણે મહારાષ્ટ્ર તે જ કર્ણાટપુર. તેની સીમા બામનાથથી શ્રીરંગમ સુધી હતી અને તેની રાજધાની દ્વારાસમુદ્રમાં હતી. વિજયનગરના રાજ્યને પણ કર્ણાટ કહેતા. મ્હૈસુર, કુર્ગ, કાનડા અને હસ્તગત કરેલ બીજા જિલ્લા એ બધાને પણ કર્ણાટ દેશ કહ્યો છે. મ્હૈસુરનું રાજ્ય પણ કર્ણાટ કહેવાતું.

૪. પું. (સંગીત) સંપૂર્ણ જાતિનો એક રાગ. તે મેઘ રાગનો બીજો પુત્ર મનાય છે. તે રાતને પહેલે પહોરે ગવાય છે. હિંદીમાં તેને કાન્હડો કહે છે.

મૂળમાં **કર્ણાટ** રાગને એક તાલી તાળ આપેલ છે.
ગીતગોવિંદ

૫. સ્ત્રી. (સંગીત) દીપક રાગની ૭ માંહેની એક રાગિણી.

૬. ન. કાનના આકારનું એક વાજિંત્ર; રણશીંગું; તતૂડું.

કર્ણાટક ૧. [સં.] પું. કન્યાકુમારીથી ઉત્તર સરકાર સુધી આવેલો મદ્રાસ પ્રાંતનો ભાગ; કર્ણાટ; દક્ષિણ હિંદુસ્તાનનો એ નામનો એક પ્રાંત; કોરોમાંડલ કિનારા ઉપર આવેલો હિંદનો એક વિભાગ. હાલ તેનો મદ્રાસ ઇલાકામાં સમાવેશ કરવામાં આવેલ છે.

૨. પું. ગોત્રપ્રવર્તક એ નામનો એક ઋષિ.

૩. પું. (પિંગળ) દરેક ચરણમાં તગણ, ભગણ, જગણ, ભગણ, જગણ, ભગણ, બે નગણ, લઘુ અને ગુરુ મળી છવીસ વર્ણનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉત્કૃતિ છંદનો ભેદ છે.

૪. ન. એ નામનું એક વાજિંત્ર.

કરણાટક કમાચા, સ્વર અલગોની સાર;
નવલ ત્રાસ ખંજરી, એહ આદિ વાજા અપાર.
નિષ્કુળાનંદ

કર્ણાટકી ૧. સ્ત્રી. એ નામની એક ભાષા.

૨. સ્ત્રી. એ નામની દ્રવિડ બ્રાહ્મણની એક જાત.

૩. સ્ત્રી. કર્ણાટક દેશની સ્ત્રી.

૪. સ્ત્રી. ગણિકા; નાયકા.

૫. સ્ત્રી. (સંગીત) પંચમ રાગની એક રાગણી.

૬. વિ. કર્ણાટકનું.

૭. વિ. સંગીતની એ નામની પદ્ધતિનું.

કર્ણાટકી કાફી પું. (સંગીત) એ નામનો એક રાગ.

કર્ણાટકી પદ્ધતિ સ્ત્રી. (સંગીત) દક્ષિણ હિંદમાં પ્રચાર પામેલી એ નામની સંગીતપદ્ધતિ. તેના આઠ ભાગ: પલ્લવી, કીર્તન, પદ, તાનવર્ણ, ચૌકવર્ણ, જાવલી, ગીતા અને રામમાલિકા.

કર્ણાટકી સૈફ સ્ત્રી. તરવાર. દક્ષિણના રાજાઓ આ તરવાર વાપરતા.

કર્ણાટકીય વિ. કર્ણાટક દેશનું.

કર્ણાટિકી સ્ત્રી. (સંગીત) મદ્રાસ ઇલાકો અને અને મ્હૈસુરમાં પ્રચલિત સંગીતપદ્ધતિ.

કર્ણાટી ૧. સ્ત્રી. એ નામની એક લતા; હંસપદી.

૨. સ્ત્રી. (કાવ્ય) એક જાતનો શબ્દાલંકાર; અનુપ્રાસ. તેમાં માત્ર 'ક' વર્ગના અક્ષર આવે છે.

૩. સ્ત્રી. કર્ણાટ દેશની ભાષા.

૪. [સં.] સ્ત્રી. કર્ણાટ દેશની સ્ત્રી.

૫. સ્ત્રી. (સંગીત) સંપૂર્ણ જાતિની એક શુદ્ધ રાગિણી. કેટલાકના મત પ્રમાણે તે દીપક રાગની પત્ની છે. તે રાતના બીજા પહોરની બીજી ઘડીમાં ગવાય છે. તેને કાન્હડી પણ કહે છે.

કર્ણાટ્ટ [સં.] ન. (શિલ્પ) એક જાતના આકારનું ઘર.

કર્ણાત્મજ [સં.] પું. કુમારી કુંતાના દીકરા કર્ણનો કુમાર.

કર્ણાદર્શ [સં.] પું. કુંડળ.

કર્ણાદ્વિવટી સ્ત્રી. એ નામનું એક ઔષધ; હાથીપગું નામના દરદ માટે વપરાતી ગોળી. તેની બનાવટ: પીપર, વજ, સાટોડીનાં મૂળ, બીલીનો ગર્ભ અને વરધારો એ બધી ચીજ સરખે ભાગે લઈ તેનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી મધમાં ગોળી વાળવી. તેની માત્રા એક વાલની છે. અનુપાન તરીકે કાંજી અપાય છે.

કર્ણાદ્દોલન ન. અણુપરમાણુની ગતિ.

કર્ણાધાર [સં.] પું. સુકાની; વહાણ અથવા વિમાનને કાબૂમાં રાખનાર માણસ. બંદરોમાં સનદ ધરાવતા કર્ણાધાર રાખવામાં આવે છે.

જ્યારે વહાણ બંદર કે નદીમાં આવવા ઇચ્છે ત્યારે તેના તરફથી વાવટો બતાવવામાં આવે એટલે સ્થાનિક કર્ણધાર ત્યાં જાય અને વહાણ બંદરમાં લાવે. બંદરથી બહાર જતા વહાણમાં પણ જ્યાંસુધી તે વહાણ મહાસાગર કે ખુલ્લા પાણીમાં ન જાય ત્યાંસુધી સ્થાનિક કર્ણધાર જાય અને ત્યાંથી પાછો ફરે. હવાઈ વિમાનના કર્ણધાર અમુક કેળવણી કે અખતરા કર્યા પછી કર્ણધાર તરીકેનું પ્રમાણપત્ર મેળવી શકે છે.

કર્ણાનુજ [સં.] પું. ધર્મરાજા; યુધિષ્ઠિર. તે કર્ણની પાછળ જન્મેલ હોવાથી કર્ણાનુજ કહેવાય છે.

કર્ણાપવર્ણન [સં.] ન. કાનનું વિજ્ઞાનની રીતે કરેલું વર્ણન.

કર્ણાભરણક [સં.] પું. ગરમાળો. તેનાં પીળાં ફૂલ કાનમાં પહેરાય છે.

કર્ણાભૂષણ [સં.] ન. કાનનું ધરેણું.

કર્ણામૃત [સં.] ન. કાનને પ્રિય લાગે એવી વાત.

કર્ણારા [સં.] સ્ત્રી. હાથીના કાન વીંધવાની સળી.

કર્ણારિ ૧. [સં.] પું. અર્જુન.

૨. પું. એક જાતનું ઝાડ; સાદડ.

કર્ણાર્જુન પું. એ નામનો એક નાટકકાર.

કર્ણાર્પણ [સં.] ન. કાન દઈ સાંભળવાપણું.

કર્ણાર્બુદ [સં.] પું. કાનમાં અર્બુદ જેવી ગાંઠો થાય એવો કાનનો એક જાતનો રોગ.

કર્ણાર્શ [સં.] પું. કાનમાં થતા હરસ.

કર્ણાલંકાર [સં.] ન. કાનનું ધરેણું.

કર્ણાવટી સ્ત્રી. (શિલ્પ) મકાનમાં કરાતો એક જાતનો ધાટ.

કર્ણાવતંસ [સં.] ન. કાનનું ધરેણું.

કર્ણાવતી ૧. સ્ત્રી. અમદાવાદ શહેર.

> પોતાની રાજધાની ત્યાંથી ફેરવીને હાલનું અમદાવાદ જે તે વખતનું **કર્ણાવતી** હતું ત્યાં રાખી.
>
> ગુ. સા. પરિષદ

૨. સ્ત્રી. આશાપલ્લી; કર્ણદેવે વસાવેલું ગુજરાતનું એક જૂનું શહેર. હાલના અમદાવાદ પાસે તે આવેલ હતું.

૩. સ્ત્રી. ખંભાતનું બીજું નામ.

૪. સ્ત્રી. બુંદેલખંડની એ નામની નદી.

કર્ણાવર્ણ ન. એક જાતનું ઝાડ.

> કોઠ કોઠવડી **કર્ણાવર્ણ**, બેર ખાખર ખજૂર ખરા.
>
> નિષ્કુળાનંદ

કર્ણાવલંબન [સં.] ન. કાન તાણવાપણું.

કર્ણાશ્મ [સં.] પું. કાનની ઊંડાણમાં પડદાવાળા ભાગમાં બંધાતો ચૂર્ણમય ગઠ્ઠો; માછલાં અને તેવાં પ્રાણીના કાનમાંનો પથ્થર જેવો એક અવયવ.

કર્ણાસ્થિ [સં.] ન. કાનનું હાડકું; લમણા આગળનું કાનના ભાગનું હાડકું.

કર્ણાસ્થિશૃંગ [સં.] ન. કાનના હાડકાની ટોચ.

કર્ણાસ્ફાલ [સં.] ન. હાથીના કાનનો ફડફડાટ.

કર્ણાંજલિ [સં.] સ્ત્રી. કર્ણબહિર્દ્વાર; બહારના કાનનો એક ભાગ. તેમાં અવાજનાં મોજાં અથડાય છે.

કર્ણાંજલી જુઓ કર્ણાંજલિ.

કર્ણાંતરદ્વાર [સં.] ન. પશ્ચિમ મહાખાતની દરેક બાજુએ આવેલું કાનનું અંદરનું દ્વાર.

કર્ણાંતિક [સં.] વિ. કાન પાસેનું.

કર્ણાંત્ર ન. એક જાતનું જંગલી પ્રાણી.

કર્ણિ ૧. [સં.] પું. કાન જેવા આકારનું ફળાવાળું એક જાતનું બાણ.

૨. પું. ભેદવું તે; ચીરી નાખવાપણું.

કર્ણિક ૧. [સં.] પું. ખલાસી.

૨. સ્ત્રી. એ નામની અટક.

૩. સ્ત્રી. એક જાતનું ઝાડ; કરેણ.

૪. સ્ત્રી. કમળની અંદરનો ભાગ.

૫. ન. એ નામની અટકનું માણસ.

૬. વિ. એ નામની અટકનું.

૭. વિ. લાંબા કાનવાળું.

૮. વિ. સુકાનવાળું.

કર્ણિકર ન. એક જાતનું ફૂલ.

કર્ણિકા ૧. [સં.] સ્ત્રી. અજશૃંગી નામનું વૃક્ષ; મેંઢાશીંગનું ઝાડ.

૨. સ્ત્રી. અરણીનું ઝાડ; અગ્નિમંથ વૃક્ષ.

૩. સ્ત્રી. એ નામનું તરુણાસ્થિ.

૪. સ્ત્રી. (પુરાણ) એક અપ્સરાનું નામ.

૫. સ્ત્રી. કળી; બીજકોશ.

૬. સ્ત્રી. કમળનો બીજકોષ; કમળનો ડોડો.

૭. [સં. કર્ણિકાર] સ્ત્રી. કરેણ; કરવીરનું ફૂલઝાડ. તે પીળી, ધોળી, લાલ, ગુલાબી એમ ચાર જાતની હોય છે.

૮. સ્ત્રી. કાનનું ધરેણું; કર્ણફૂલ.

૯. સ્ત્રી. કાવેરી નદીનો એક ફાંટો.

૧૦. સ્ત્રી. કાંટાવાળી શેવંતીનું ઝાડ.

૧૧. સ્ત્રી. ખૂણો.

૧૨. સ્ત્રી. ગાંઠ; ગ્રંથિ.

૧૩. સ્ત્રી. ચાક.

૧૪. સ્ત્રી. છત્રનો અંદરનો ભાગ.

૧૫. સ્ત્રી. જેમાં માંસના અંકુર થાય એવી યોનિ.

૧૬. સ્ત્રી. થોડું દુ:ખ; વ્યાધિ.

૧૭. સ્ત્રી. ધોળી જૂઈ.

૧૮. સ્ત્રી. ફળનું ડીંટું.

૧૯. સ્ત્રી. બહારનો કાન.

૨૦. સ્ત્રી. બિંબ.

૨૧. સ્ત્રી. લેખણ; કલમ.

૨૨. સ્ત્રી. વચલી આંગળી.

૨૩. સ્ત્રી. વધારે સંભળાય એવી તરેહનું કાને રાખવાનું એક જાતનું ભૂંગળું.

૨૪. સ્ત્રી. (પુરાણ) વસુદેવના ભાઈ કંકની સ્ત્રી. એને ઋતુધામા અને જય એવા બે પુત્ર હતા.

૨૫. સ્ત્રી. સફેદ ગુલાબ.

૨૬. સ્ત્રી. હાથીની સૂંઢની અણી.

૨૭. સ્ત્રી. હૃદયનું ઉપરનું ખાનું; રક્તાશયની માંસમય થેલીના ઉપરના બે ખંડમાંનો દરેક.

કર્ણિકાકાર ૧. [સં.] પું. કમલ પુષ્પની કર્ણિકાનો આકાર.

૨. વિ. ગળણી જેવું.

કર્ણિકાચલ [સં.] પું. સુમેરુ પર્વત.

કર્ણિકાપર્વત જુઓ કર્ણિકાચલ.

કર્ણિકાર ૧. [સં.] પું. એક જાતનું ફૂલઝાડ; કણેરનું ઝાડ.

૨. પું. કણેરનું ફૂલ.

૩. પું. ગરમાળો.

૪. પું. (પુરાણ) જટાયુના એક દીકરાનું નામ.

૫. પું. પદ્મકોષ.

૬. પું. શિવ.

કર્ણિકારપ્રિય [સં.] પું. શંકર.

કર્ણિકારમહાસ્રગ્વી [સં.] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

કર્ણિકારંધ્ર [સં.] ન. એક નાની ધમની તથા નાડીને અશ્મકૂટમાં થઈ કાનમાં જવાનું છિદ્ર.

કર્ણિકારિ ન. એક સુંદર ઝાડ. તેનાં પાન ૧૦થી ૧૪ ઈંચ લાંબાં અને ૬ થી ૧૦ ઈંચ પહોળાં હોય છે.

કર્ણિકી ૧. પું. એ નામનો એક પર્વત.

૨. [સં. કર્ણિકિન્] પું. હાથી.

કર્ણિની ૧. [સં.] પું. (પિંગળ) અસંકીર્ણ વર્ગનો એક અર્દ્ધસમવૃત્ત વર્ણમેળ છંદ. તેના પહેલા અને ત્રીજા ચરણમાં રગણ, નગણ, ભગણ, અને બે ગુરુ એમ અગિયાર અક્ષર અને બીજા અને ચોથા ચરણમાં રગણ, નગણ, રગણ, લઘુ અને ગુરુ એમ અગિયાર અક્ષર હોય છે.

૨. સ્ત્રી. ગર્ભસ્થાનના ચીકણા પડદાની સપાટી ઉપર માંજર જેવી ગાંઠ થાય એવો યોનિરોગ.

કર્ણિરથ [સં.] પું. આચ્છાદન કરેલ રથ; પડદાવાળો રથ.

કર્ણિલ [સં.] वि. લાંબા કાનવાળું.

કર્ણિશર પું. (પિંગળ) ત્રણ ભગણ, તગણ, લઘુ અને ગુરુ મળી ચૌદ અક્ષરનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. તે શર્કરી છંદનો એક ભેદ છે.

કર્ણી ૧. પું. એ નામનો એક યોનિરોગ. જુઓ કર્ણિની.

૨. પું. એ નામનો એક વર્ષપર્વત.

૩. પું. કાન જેવા આકારના ફળાવાળું એક જાતનું બાણ; કર્ણિ.

૪. પું. ગધેડો.

૫. પું. સુકાની.

૬. સ્ત્રી. કાંટાવાળું તીર.

૭. સ્ત્રી. મૂલદેવ રાજાની માતા.

૮. ન. કરેણનું ઝાડ.

કર્ણી અરણી ચંપક ચંદન, સુખડ દાડમ સોહામણી,
લિંબ લિંબોઈ હરડા ધવડા, જેઠી મજેઠી જોર બણી.
નિષ્કુળાનંદ

૯. वि. વધેલા કાનવાળું; લાંબા કાનવાળું.

૧૦. वि. વાળાવાળું.

કર્ણીકાર જુઓ કર્ણિકાર.

કર્ણીજપ [સં.] પું. પીઠ પાછળ નિંદા કરનાર; ચુગલીખોર.

કર્ણીરથ ૧. પું. (પુરાણ) એક બ્રહ્મર્ષિનું નામ.

૨. [સં.] પું. પાલખી; ડોળી.

કર્ણીસુત ૧. [સં.] પું. કંસ રાક્ષસ.

૨. પું. મૂલદેવ રાજા; ચોરીના શાસ્ત્રનો રચનાર.

કર્ણેજપ ૧. [સં.] પું. કાનમાં કહેનાર પુરુષ.

૨. પું. ખલ; દુર્જન.

૩. પું. ચાડિયો.

કર્ણેંદુ [સં.] ન. સ્ત્રીનું કાનનું એક ઘરેણું; કાનનો અર્દ્ધચંદ્રાકાર એક દાગીનો. તે કાનની પાછલી બાજુએ પહેરાય છે.

કર્ણેંદ્રિય [સં.] સ્ત્રી. કાનરૂપી ઇંદ્રિય; સાંભળવાનો અવયવ; કાન; શ્રવણ; શ્રોત.

કર્ણોચ્છેદ [સં. કર્ણ (કાન) + ઉચ્છેદ (નાશ)] પું. કાન કાપી નાખવા તે.

કર્ણોત્તંસ ન. કાનનું ઘરેણું.

કર્ણોત્પલ [સં.] ન. કર્ણાવતંસ તરીકે વાપરેલું કમળ.

કર્ણોદર [સં.] ન. કાનનો પડદો.

કર્ણોપકર્ણ ૧. અ. ઉત્તરોત્તર; એક પાસેથી બીજા પાસે.

૨. અ. એક કાનેથી બીજે કાને; કર્ણાકર્ણિ.

૩. અ. પેઢી દર પેઢી.

કર્ણોપકર્ણિ ૧. [સં.] સ્ત્રી. એક કાનેથી બીજે કાને પહોંચેલી વાત; ગપ.

૨. वि. જોયેલું નહિ પણ સાંભળેલું: ઊડતું સાંભળેલું.

૩. અ. કર્ણાકર્ણિ; એક કાનેથી બીજે કાને.

કર્ણોપકર્ણિક જુઓ કર્ણોપકર્ણિ.

કર્ણોપકર્ણિકા [સં.] સ્ત્રી. કાને કાને પરસ્પર સાંભળવારૂપ વાતચીત; અફવા.

કર્ણોપદિષ્ટ [સં.] वि. છૂપું; ગુપ્ત.

કર્ણોર્ણ [સં.] ન. એક જાતનું હરણ.

કર્ત્ ૧. [સં.] સ. ક્રિ. (ધાતુ) ખસેડવું.

૨. સ. ક્રિ. પોચું કરવું; ઢીલું કરવું.

કર્તક ન. કામ; કૃત્ય.

કર્તકા સ્ત્રી. નાની તરવાર; ચાકુ.

કર્તદંત [સં. કૃત્ (કાપવું) + દંત (દાંત)] પું. ખોરાક કાપવામાં વપરાતો દાંત.

કર્તદંતી ૧. [સં.] ન. કરડી ખાનારૂં પ્રાણી.

૨. वि. કાપવા માટે જરૂરી તીક્ષ્ણ દાંત કે દાંતાવાળું.

કર્તન ૧. [સં.] ન. કાપવું તે; ઉચ્છેદ; છેદન; કાપણી.

૨. ન. કાંતવું તે.

૩. ન. ઢીલું કરવું તે.

૪. ન. દગો; કપટ.

૫. वि. કાપી નાખે એવું.

કર્તનકદંત પું. છેદક દાંત.

કર્તનકદાંત પું. ખોરાકના કટકા કરનાર દાંત.

કર્તનશીલ वि. કરડી ખાનાર.

કર્તનશીલપ્રાણી ન. કરડી ખાનારૂં પ્રાણી.

કર્તનિકા ૧. [સં.] સ્ત્રી. કાતર.

૨. સ્ત્રી. જ્યોતિષ પ્રસિદ્ધ એક યોગ.

૩. સ્ત્રી. નાની છરી.

૪. સ્ત્રી. નાની તરવાર; કટાર.

કર્તની જુઓ કર્તનિકા.

કર્તબ ૧. પું. કલા; હુન્નર.

૨. [સં. કર્તવ્ય] પું. (હિંદી) કામ; ધંધો.

૩. પું. જાદૂ; કરામત.

૪. પું. બુદ્ધિ.

૫. પું. વ્યવસ્થા.

કર્તબગારી સ્ત્રી. કામ કરવાની શક્તિ.

કર્તર [સં.] ન. કાતર; કાતરવાનું સાધન.

કર્તરિ वि. કર્તાના અર્થનું અભિધાન કરનાર.

કર્તરિક ન. શસ્ત્રક્રિયાનાં વીશ માંહેનું એ નામનું એક શસ્ત્ર.

કર્તરિકા ૧. [સં.] સ્ત્રી. કાતર; કાતરવાનું સાધન.

૨. સ્ત્રી. છરી.

૩. સ્ત્રી. નાની તરવાર.

કર્તરિપ્રયોગ ૧. પું. (વ્યાકરણ) જે પ્રયોગ કરતાં કર્ત્તાનાં લિંગવચનનો સંબંધ ક્રિયાપદ સાથે રહેતો હોય તે; જેમાં કર્તા પ્રમાણે ક્રિયાપદ જાતિ અને વચન લેતું હોય તેવો પ્રયોગ. પ્રયોગ ત્રણ છે: ૧. અકર્મક કર્તરિ: જેમકે, જમુ સમજી બેઠો. ૨. સકર્મક કર્તરિ: જેમકે, ગંગા ખોરાક ખાતી નથી. અને ૩. ભાવ કર્તરિ: જેમકે, પેટમાં દુ:ખે છે.

૨. પું. મૂળ ભેદ.

કર્તરી ૧. પું. જોડેલા હાથના ચોવીસ માંહેનો એક જાતનો અભિનય.

૨. પું. ત્રણ અક્ષરવાળા મંત્રનું નામ.

૩. [સં. કૃત્ (કાતરવું)] સ્ત્રી. કાતર; કાપવાનું ઓજાર; કાતરણી.

૪. સ્ત્રી. છત્રીસ માંહેનું એક દંડાયુધ.

૫. સ્ત્રી. છરી.

૬. સ્ત્રી. તાલ દેવાનું એક વાજું.

૭. સ્ત્રી. નાની તરવાર.

૮. સ્ત્રી. ફલિત જ્યોતિષનો એક યોગ. જ્યારે બે ક્રૂર ગ્રહો વચ્ચે ચંદ્રમા કે કોઈ લગ્ન હોય ત્યારે કર્તરી યોગ થાય છે.

કર્તરીમુખ પું. એક હાથના અઠ્ઠાવીશ માંહેનો એક પ્રકારનો અભિનય.

કર્તરીમુખહસ્ત [સં.] પું. અનામિકાને અડધેથી નમાવી દઈ, મધ્યમા અને નિદર્શિકાને સહેજ પહોળી કરવાથી થતો એક અભિનય.



કર્તરીષષ્ઠી [સં.] સ્ત્રી. (વ્યાકરણ) કર્તાના અર્થમાં વપરાતી છઠ્ઠી વિભક્તિ. ગુજરાતીમાં બહુધા એવો પ્રયોગ કૃદંતને યોગે થાય છે. જેમકે, રાજાનો માનીતો.

કર્તવ્ય ૧. [સં. કૃ (કરવું)] ન. અવશ્ય છેદવું કે કાપવું તે.

૨. ન. કર્મ; કામ; કૃત્ય.
૩. ન. ધર્મ; ફરજ.
૪. ન. વર્તન; વર્તણૂક; આચાર.
૫. વિ. કરવા જેવું.
૬. વિ. છેદવા જેવું; કાપવા જેવું.
૭. વિ. જરૂરનું.

કર્તવ્યકરણ [સં.] ન. કરવા જેવું કામ.

કર્તવ્યકર્મ [સં. કર્તવ્ય (કરવા જેવું) + કર્મન્ (કામ)] ન. કરવાનું કામ; નિત્ય ફરજ.

કર્તવ્યક્ષમ વિ. કામમાં કે કર્તવ્યમાં ધ્યાન રાખનાર.

કર્તવ્યક્ષેત્ર [સં.] ન. કામ કરવાનો વિસ્તાર.

કર્તવ્યગણિત ન. વ્યાવહારિક રીતે હિસાબ કે રચના સંબંધી ગણિતનો વિભાગ.

કર્તવ્યગામી [સં. કર્તવ્યગામિન્] વિ. કર્તવ્યપરાયણ; બરાબર ફરજ બજાવે એવું.

કર્તવ્યચ્યુત [સં.] વિ. કર્તવ્યથી પડેલું; ફરજ ચૂકેલું.

કર્તવ્યચ્યુતિ [સં.] સ્ત્રી. ફરજભંગ; કર્તવ્યવિમુખતા; કર્તવ્યભ્રષ્ટતા.

કર્તવ્યજ્ઞ [સં.] વિ. પોતાની ફરજ સમજનાર.

કર્તવ્યજ્યોત સ્ત્રી. કામ કરવાનો જુસ્સો.

કર્તવ્યતા ૧. સ્ત્રી. કરવાની રીત.
૨. સ્ત્રી. કરવાપણું.
૩. સ્ત્રી. કર્તવ્યબુદ્ધિ; ફરજનું ભાન.
૪. સ્ત્રી. કર્મકાંડની દક્ષિણા.
૫. સ્ત્રી. કામ; કર્મ.
૬. સ્ત્રી. ધર્મ; ફરજ.

કર્તવ્યત્વ [સં.] ન. કરવા યોગ્યપણું.

કર્તવ્યદક્ષ [સં.] વિ. કામ કરવામાં હોશિયાર; બાહોશ.

કર્તવ્યદર્શક [સં.] વિ. ફરજ બતાવનારૂં.

કર્તવ્યદ્રોહ [સં.] પું. કર્તવ્યથી વિમુખ થવાપણું; ફરજભંગ.

કર્તવ્યધુરા [સં.] સ્ત્રી. કામની ઝૂંસરી; કામનો બોજો; ફરજનું ભારણ.

કર્તવ્યનિશ્ચય [સં.] પું. કામ પાર પાડવાનો દૃઢ સંકલ્પ.

કર્તવ્યનિષ્ઠ [સં.] વિ. કર્તવ્યપરાયણ; પોતાની ફરજને વળગી રહેનાર.

કર્તવ્યનિષ્ઠતા [સં.] સ્ત્રી. કર્તવ્યપરાયણતા.

કર્તવ્યનિષ્ઠા જુઓ કર્તવ્યનિષ્ઠતા.

કર્તવ્યપણું ૧. ન. કરવાની રીત.
૨. ન. કરવાપણું.
૩. ન. કર્તવ્યતા; ફરજ.

કર્તવ્યપથ [સં.] પું. ફરજનો માર્ગ.

કર્તવ્યપરાયણ [સં.] વિ. ફરજને વળગી રહેનાર; કર્તવ્યનિષ્ઠ.

કર્તવ્યપરાયણતા [સં.] સ્ત્રી. કર્તવ્યનિષ્ઠતા; ફરજને વળગી રહેવાપણું.

કર્તવ્યપાલન [સં.] ન. ફરજ બજાવવી તે; કર્તવ્યનું પાલન.

કર્તવ્યપ્રદેશ પું. કામ કરવાનો વિસ્તાર.

કર્તવ્યપ્રીતિ [સં.] સ્ત્રી. કામમાં પ્રીતિ; કામમાં હોંશ.

કર્તવ્યબળ ન. કામ કરવાનું જોર.

કર્તવ્યબંધન ન. ફરજનું બંધન.

કર્તવ્યબુદ્ધિ [સં.] સ્ત્રી. ફરજની સમજ.

કર્તવ્યભાન ન. કર્તવ્યનું ભાન; પોતાની ફરજની સમજણ.

કર્તવ્યભાવના સ્ત્રી. ફરજનો ખયાલ.

કર્તવ્યભૂખ્યું વિ. ફરજ બજાવવાને આતુર.

કર્તવ્યભૂમિતિ સ્ત્રી. (ગણિત) તત્ત્વ રૂપે કંઈ સિદ્ધ કરવાનું ન હોય તેવી ભૂમિતિ; 'પ્રેક્ટિકલ જ્યૉમિટ્રિ'.

કર્તવ્યભ્રષ્ટ [સં.] વિ. ધર્મભ્રષ્ટ; ફરજભંગ કરનાર.

કર્તવ્યભ્રષ્ટતા સ્ત્રી. કર્તવ્ય નહિ બજાવવાપણું.

કર્તવ્યભ્રંશ ન. માંડવાળ; આપલે; લેમૂક.

કર્તવ્યમૂઢ ૧. [સં.] વિ. ગભરાટના કારણથી કંઈ ન કરી શકે એવું.
૨. વિ. પોતાની ફરજ ન સમજનાર.

કર્તવ્યરત [સં.] વિ. કામમાં મશગૂલ.

કર્તવ્યલીન [સં.] કામકાજમાં મગ્ન.

કર્તવ્યવશ [સં.] વિ. કામને અધીન.

કર્તવ્યવાદ [સં.] પું. કર્મમાં માનવું તે.

કર્તવ્યવિમુખ [સં.] વિ. પોતાની ફરજ ભૂલી જનાર.

કર્તવ્યવિમૂઢ જુઓ કર્તવ્યમૂઢ.

કર્તવ્યવિષયક [સં.] વિ. કર્તવ્ય સંબંધી.

કર્તવ્યશાસ્ત્ર [સં.] ન. નીતિશાસ્ત્ર; નીતિવિદ્યા.

કર્તવ્યશીલ [સં.] વિ. કામ કરવાના વલણવાળું.

કર્તવ્યશૂન્ય [સં.] વિ. કામ કરવાની ઇચ્છા ન હોય એવું; આળસુ.

કર્તવ્યાકર્તવ્ય [સં.] ન. કરવા જોગ અને નહિ કરવા જોગ કામ; ઉચિત તથા અનુચિત કર્મ.

કર્તવ્યાભિમુખ [સં.] વિ. કરવા જેવા કામ તરફ વળેલું.

કર્તવ્યેચ્છા [સં.] સ્ત્રી. કામ કરવાની લાગણી.

કર્તા ૧. [સં. કર્તૃ] પું. આદિ પુરુષ; સ્થાપક; ઉત્પાદક; પેદા કરનાર.
૨. પું. કરનાર પુરુષ; બનાવનાર માણસ.
૩. પું. કરારની દરખાસ્ત કરનાર.
૪. પું. (વેદાંત) કાર્યના ઉપાદાનનું જ્ઞાન, કાર્ય કરવાની ઇચ્છા, અને ઇચ્છાજન્ય પ્રયત્ન, એ ત્રણનો જે આધાર હોય એટલે એ ત્રણ જેનામાં હોય તે.
૫. પું. ક્રિયાનાયક; વાક્યના અર્થમાં ક્રિયાનું કરનારૂં ફલાણું છે એમ જેને વિષે બોલાતું હોય તે.
૬. પું. ગ્રંથકર્તા; રચયિતા; રચનાર.
૭. પું. ચાલક; કર્મકારી.
૮. પું. તાવથી થતો દાહ.
૯. પું. ધર્મગુરૂ.
૧૦. પું. પરમેશ્વર; કિરતાર; વિધાતા.

અહો ! કેવું સુખી જોડું કર્તાએ નિરમ્યું દીસે.
કલાપી

૧૧. પું. પરિચાલક; વ્યવસ્થાપક.
૧૨. પું. (વેદાંત) બીજા કોઈ કારણથી પ્રેરાવા યોગ્ય ન હોઈને સઘળાં કારકોનો પ્રયોક્તા.
૧૩. પું. બ્રહ્મા.
૧૪. પું. મજમુ કુટુંબનો કૌટુંબિક વહીવટદાર.
૧૫. પું. યજ્ઞાદિ ક્રિયાના પાંચ પ્રકારના કારક માંહેનો એક; યજમાને પોતાના તરફથી હોમવાને નીમેલો અધ્વર્યુ.
૧૬. પું. યોજક; પ્રણેતા.
૧૭. પું. (વેદાંત) વિજ્ઞાનમય કોશની ઉપાધિવાળો આત્મા.
૧૮. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. સ્વતંત્ર હોવાથી તે કર્તા કહેવાય છે. તે જોકે અકર્તા છે અને તેની માયા જગતની ઉત્પત્તિમાં કર્તા છે, પણ માયાને તેનો આશ્રય હોવાથી જ તે કરી શકે છે. તેથી માયા સહિત તે જ જગતના કર્તા છે.
૧૯. પું. વ્યાકરણમાં છ કારક માંહેનું એક, જેનાથી ક્રિયાના કરનારનો અર્થ ગ્રહણ થાય છે; કારકના ૭ માંહેનો એક પ્રકાર; બીજા કારકથી પ્રેરાય નહિ અર્થાત્ સ્વતંત્ર હોય અને બીજા કારકોને પ્રેરે તે. કર્તાના પાંચ પ્રકાર છે: (૧) સ્વતંત્ર કર્તા, (૨) હેતુ કર્તા, (૩) કર્મ કર્તા, (૪) અભિહિત કર્તા, (૫) અનભિહિત કર્તા.

૨૦. પું. શિવ.

૨૧. પું. સ્વામી; માલિક; ધણી.

૨૨. વિ. કરનાર; બનાવનારૂં.

૨૩. વિ. કાપનારૂં; છેદનાર.

કર્તાકારયિતા પું. કરનાર કરાવનાર પ્રભુ.

કર્તાકારવતા પું. કાર્યકર્તા; મુખ્ય કામ કરનાર.

કર્તાકારવતા થવું = રળતા થવું; કમાતા થવું.

કર્તાધર્તા પું. કરતાકારવતા; મુખ્ય કાર્યકર.

કર્તાધર્તાસાઝી (કર્તાધર્તાસાઝી) [કર્તાધર્તા (મુખ્ય કામ કરનાર) + સાઝી (ભાગીદાર)] પું. વ્યાપાર ચલાવવામાં ખાસ ભાગ લેતો હોય એવો ભાગીદાર.

કર્તાપણું ન. કર્તૃત્વ.

કર્તાર ૧. [સં. કર્તૃની પહેલી વિભક્તિનું બ. વ.] પું. કર્તા; ઉત્પન્ન કરનાર માણસ.

૨. પું. કિરતાર; સ્રષ્ટા; વિધાતા; ઈશ્વર.

૩. પું. દૈવી અંશ.

૪. પું. બ્રહ્મા.

કર્તાર્થે અ. ક્રિયા કરનારને અર્થે.

કર્તાવારી સ્ત્રી. પુસ્તકોના કર્તાઓની અનુક્રમણિકા.

કર્તાહર્તા ૧. [સં. કૃ (કરવું) + હૃ (લઈ લેવું)] પું. ઉત્પન્ન કરી જાણે તેમ જ નાશ કરે એવો પરમેશ્વર.

૨. પું. કારભારી; ધણીરણી.

૩. પું. મુખ્ય વહીવટ કરનાર.

૪. પું. સર્વોપરી સત્તા ધરાવનાર પુરુષ; મુખ્ય ધણી.

કર્તિકા સ્ત્રી. કાપવાનું યંત્ર; કાતર.

કર્તુક ૧ ન. કર્મ; કામ.

૨. ન. કાવાદાવા; ખરાબ કામ; કારસ્તાન.

૩. ન. ખરાબ ચારિત્ર.

૪. ન. વર્તણૂક; આચરણ.

કર્તુગ ૧. ન. કરતુક; કરણી.

૨. ન. કર્મની કહાણી.

સુખ દુઃખ વિગત વારતા, **કર્તુગ** તહારા કહાવ.
સામળ

કર્તુત જુઓ કર્તુક.

કર્તુમકર્તુ ૧. વિ. કરતાહરતા.

૨. વિ. કરેલું ફોક કરનાર.

કર્તુમકર્તુ સામર્થ્ય તારે, પ્રભુ કેમ આવ્યો ઘેર મારે.
પ્રેમાનંદ

કર્તુમ વિ. અસિદ્ધ કામ કરવા સમર્થ. આ ભગવાનનું વિશેષણ છે.

કર્તૂક ૧. ન. કર્મ; કામ,

૨. ન. પાપ; દુરિત; નઠારૂં કામ.

૩. ન. પ્રપંચ; ખટપટ; કાવતરું.

૪. ન. વર્તણૂક; આચરણ.

કર્તૃ ૧. પું. (પિંગળ) પ્રતિષ્ઠા છંદની જાતનો ચાર અક્ષરનો સમવૃત્ત વર્ણમેળ છંદ. તેને વારિ છંદ કહે છે.

૨. [સં.] પું. બનાવનાર માણસ; કર્તા; રચયિતા.

૩. ન. નાની તરવાર.

૪. વિ. કરનાર; બનાવનારૂં.

૫. વિ. ગ્રંથ રચનાર.

કર્તૃક ૧. [સં.] પું. નાની તરવાર; કટારી.

૨. વિ. કરેલું; બનાવેલું; સંપાદિત.

૩. વિ. કામ કરનાર; ઉદ્યોગી.

કર્તૃકા [સં.] સ્ત્રી. નાની તરવાર.

કર્તૃતંત્ર વિ. કર્તાને અધીન.

વિચાર કરવાથી જે પરોક્ષાનુભવ થાય તે **કર્તૃતંત્ર** જાણવો.
સિદ્ધાંતદર્શન

કર્તૃત્વ ૧. [સં.] ન. કરવાની શક્તિ.

૨. ન. કરવાપણું; ક્રિયા; વ્યાપાર.

૩. ન. કર્તાપણું; સરજવાપણું.

૪. ન. કાપનારપણું.

૫. ન. (જૈન) પારિણામિક ભાવો માંહેનો એક; અનાદિસિદ્ધ એક ભાવ.

અસ્તિત્વ, અન્યત્વ, **કર્તૃત્વ**, ભોક્તૃત્વ, ગુણવત્ત્વ, પ્રદેશવત્ત્વ, અસંખ્યાત પ્રદેશત્વ, અસર્વગતત્ત્વ, અરૂપત્વ આદિ અનેક પારિણામિક ભાવો છે.
તત્ત્વાર્થસૂત્ર

૬. ન. ભ્રમના પાંચ માંહેનો એક પ્રકાર.

કર્તૃત્વકાળ પું. કર્મ કરવાનો સમય.

કર્તૃત્વવાન વિ. કર્તાહર્તા; કર્તવ્યનિષ્ઠ; કાર્યકાર.

કર્તૃત્વશક્તિ ૧. [સં.] સ્ત્રી. ઉત્પાદક બળ; પેદા કરવાની શક્તિ.

૨. સ્ત્રી. ગુંજાશ; દૈવત; કામ કરવાની શક્તિ.

કર્તૃત્વહીન [સં. કૃ (કરવું) + તૃ (નાર) + ત્વ (પણું) + હીન (વગરનું)] વિ. કંઈ કામ નહિ કરનાર; આળસુ.

કર્તૃત્વાભિમાન ૧. [સં.] ન. જીવનું માયામાં રચ્યુંપચ્યું રહેવું તે.

૨. ન. હું કરૂં છું એવું અભિમાન.

કર્તૃપ્રધાનક્રિયા [સં.] સ્ત્રી. જેમાં કર્તા પ્રધાન હોય તેવી ક્રિયા.

કર્તૃપ્રધાનવાક્ય [સં.] ન. જેમાં કર્તા પ્રધાન રૂપે આવ્યું હોય તેવું વાક્ય.

કર્તૃવાચક ૧. સ્ત્રી. (વ્યાકરણ) પહેલી વિભક્તિ; પ્રથમા; કર્તા વિભક્તિ.

૨. વિ. કર્તાનો બોધ કરનારૂં.

કર્તૃવાચી [સં.] વિ. જેથી કર્તાનો બોધ થાય એવું.

કર્તૃવાચ્ય ૧. પું. મૂળભેદ.

૨. વિ. (વ્યાકરણ) જેમાં કર્તાનું પ્રાધાન્ય હોય એવું; કર્તા પ્રમાણે જેને જાતિવચન લાગતાં હોય એવું.

કર્તૃસ્વાતંત્ર્ય [સં.] ન. સ્વયંભાવ; સ્વતંત્રકૃતિશક્તિ.

કર્ત્તદંત જુઓ કર્તદંત.

કર્ત્તદંતી જુઓ કર્તદંતી.

કર્ત્તન જુઓ કર્તન.

કર્ત્તનક [સં.] પું. મધ્યરેખાની દરેક બાજુ ઉપર રહેલો એક દાંત.

કર્ત્તનકદંત જુઓ કર્તનકદંત.

કર્ત્તનકદાંત જુઓ કર્તનકદાંત.

કર્ત્તનશીલ જુઓ કર્તનશીલ.

કર્ત્તનિકા જુઓ કર્તનિકા.

કર્ત્તની જુઓ કર્તની.

કર્ત્તર જુઓ કર્તર.

કર્ત્તરિ જુઓ કર્તરિ.

કર્ત્તરિક જુઓ કર્તરિક.

કર્ત્તરિકા જુઓ કર્તરિકા.

કર્ત્તરિપ્રયોગ જુઓ કર્તરિપ્રયોગ.

કર્ત્તરી જુઓ કર્તરી.

કર્ત્તરીષષ્ઠી જુઓ કર્તરીષષ્ઠી.

કર્ત્તવ્ય જુઓ કર્તવ્ય.

કર્ત્તવ્યકરણ જુઓ કર્તવ્યકરણ.

કર્ત્તવ્યકર્મ જુઓ કર્તવ્યકર્મ.

કર્ત્તવ્યક્ષમ જુઓ કર્તવ્યક્ષમ.

કર્ત્તવ્યક્ષેત્ર જુઓ કર્તવ્યક્ષેત્ર.

કર્ત્તવ્યગણિત જુઓ કર્તવ્યગણિત.

કર્ત્તવ્યગામી જુઓ કર્તવ્યગામી.

કર્ત્તવ્યચ્યુત જુઓ કર્તવ્યચ્યુત.

કર્ત્તવ્યચ્યુતિ જુઓ કર્તવ્યચ્યુતિ.

કર્ત્તવ્યજ્ઞ જુઓ કર્તવ્યજ્ઞ.

કર્ત્તવ્યજ્યોત જુઓ કર્તવ્યજ્યોત.

કર્ત્તવ્યતા જુઓ કર્તવ્યતા.

કર્ત્તવ્યત્વ જુઓ કર્તવ્યત્વ.

કર્ત્તવ્યદક્ષ જુઓ કર્તવ્યદક્ષ.

કર્ત્તવ્યદર્શક જુઓ કર્તવ્યદર્શક.

કર્ત્તવ્યદ્રોહ જુઓ કર્તવ્યદ્રોહ.

કર્ત્તવ્યધુરા જુઓ કર્તવ્યધુરા.

કર્ત્તવ્યનિશ્ચય જુઓ કર્તવ્યનિશ્ચય.

કર્ત્તવ્યનિષ્ઠ જુઓ કર્તવ્યનિષ્ઠ.

કર્ત્તવ્યનિષ્ઠતા જુઓ કર્તવ્યનિષ્ઠતા.

કર્ત્તવ્યનિષ્ઠા જુઓ કર્તવ્યનિષ્ઠા.

કર્ત્તવ્યપણું જુઓ કર્તવ્યપણું.

કર્ત્તવ્યપથ જુઓ કર્તવ્યપથ.

કર્ત્તવ્યપરાયણ જુઓ કર્તવ્યપરાયણ.

કર્ત્તવ્યપરાયણતા જુઓ કર્તવ્યપરાયણતા.

કર્ત્તવ્યપાલન જુઓ કર્તવ્યપાલન.

કર્ત્તવ્યપ્રદેશ જુઓ કર્તવ્યપ્રદેશ.

કર્ત્તવ્યપ્રીતિ જુઓ કર્તવ્યપ્રીતિ.

કર્ત્તવ્યબળ જુઓ કર્તવ્યબળ.

કર્ત્તવ્યબંધન જુઓ કર્તવ્યબંધન.

કર્ત્તવ્યબુદ્ધિ જુઓ કર્તવ્યબુદ્ધિ.

કર્ત્તવ્યભાન જુઓ કર્તવ્યભાન.

કર્ત્તવ્યભાવના જુઓ કર્તવ્યભાવના.

કર્ત્તવ્યભૂખ્યું જુઓ કર્તવ્યભૂખ્યું.

કર્ત્તવ્યભૂમિતિ જુઓ કર્તવ્યભૂમિતિ.

કર્ત્તવ્યભ્રષ્ટ જુઓ કર્તવ્યભ્રષ્ટ.

કર્ત્તવ્યભ્રષ્ટતા જુઓ કર્તવ્યભ્રષ્ટતા.

કર્ત્તવ્યભ્રંશ જુઓ કર્તવ્યભ્રંશ.

કર્ત્તવ્યમૂઢ જુઓ કર્તવ્યમૂઢ.

કર્ત્તવ્યરત જુઓ કર્તવ્યરત.

કર્ત્તવ્યલીન જુઓ કર્તવ્યલીન.

કર્ત્તવ્યવશ જુઓ કર્તવ્યવશ.

કર્ત્તવ્યવાદ જુઓ કર્તવ્યવાદ.

કર્ત્તવ્યવિમુખ જુઓ કર્તવ્યવિમુખ.

કર્ત્તવ્યવિમૂઢ જુઓ કર્તવ્યવિમૂઢ.

કર્ત્તવ્યવિષયક જુઓ કર્તવ્યવિષયક.

કર્ત્તવ્યશાસ્ત્ર જુઓ કર્તવ્યશાસ્ત્ર.

કર્ત્તવ્યશીલ જુઓ કર્તવ્યશીલ.

કર્ત્તવ્યશૂન્ય જુઓ કર્તવ્યશૂન્ય.

કર્ત્તવ્યાકર્ત્તવ્ય જુઓ કર્તવ્યાકર્તવ્ય.

કર્ત્તવ્યાભિમુખ જુઓ કર્તવ્યાભિમુખ.

કર્ત્તવ્યેચ્છા જુઓ કર્તવ્યેચ્છા.

કર્ત્તા જુઓ કર્તા.

કર્ત્તાકારયિત્તા જુઓ કર્તાકારયિતા.

કર્ત્તાકારવતા જુઓ કર્તાકારવતા.

કર્ત્તાધર્ત્તા જુઓ કર્તાધર્તા.

કર્ત્તાપણું જુઓ કર્તાપણું.

કર્ત્તાર જુઓ કર્તાર.

કર્ત્તાર્થે જુઓ કર્તાર્થે.

કર્ત્તાવારી જુઓ કર્તાવારી.

કર્ત્તાહર્ત્તા જુઓ કર્તાહર્તા.

કર્ત્તિકા જુઓ કર્તિકા.

કર્ત્તિત [સં.] વિ. કાપેલું.

કર્ત્તુક જુઓ કર્તુક.

કર્ત્તુત જુઓ કર્તુત.

કર્ત્તુમકર્ત્તુ જુઓ કર્તુમકર્તુ.

કર્ત્તુમ્ જુઓ કર્તુમ્.

કર્ત્તૃ જુઓ કર્તૃ.

કર્ત્તૃક જુઓ કર્તૃક.

કર્ત્તૃતંત્ર જુઓ કર્તૃતંત્ર.

કર્ત્તૃત્વ જુઓ કર્તૃત્વ.

કર્ત્તૃત્વકાળ જુઓ કર્તૃત્વકાળ.

કર્ત્તૃત્વવાન જુઓ કર્તૃત્વવાન.

કર્ત્તૃત્વશક્તિ જુઓ કર્તૃત્વશક્તિ.

કર્ત્તૃત્વાભિમાન જુઓ કર્તૃત્વાભિમાન.

કર્ત્તૃપ્રધાનક્રિયા જુઓ કર્તૃપ્રધાનક્રિયા.

કર્ત્તૃપ્રધાનવાક્ય જુઓ કર્તૃપ્રધાનવાક્ય.

કર્ત્તૃવાચક જુઓ કર્તૃવાચક.

કર્ત્તૃવાચ્ય જુઓ કર્તૃવાચ્ય.

કર્ત્તૃસ્વાતંત્ર્ય જુઓ કર્તૃસ્વાતંત્ર્ય.

કર્ત્રિપુર ન. એ નામનું એક પ્રાચીન રાજ્ય. કયુમાઉન, આલ્મોરા, ગરવાલ અને કાંગરાનો એમાં સમાવેશ થતો. સમુદ્રગુપ્તે એ રાજ્ય જીત્યું હતું.

કર્ત્રિમ [સં. કૃત્રિમ] વિ. બનાવટી; કુદરતી નહિ એવું; માયાવી.

કર્ત્રી ૧. [સં.] સ્ત્રી. કરનાર સ્ત્રી.

૨. સ્ત્રી. કાતર.

૩. સ્ત્રી. છરી; કટાર.

કર્દ ૧. [સં.] પું. કીચડ; કર્દમ.

૨. પું. પાણીમાં ઊગતો છોડ.

૩. પું. પાંપણનો એક રોગ.

૪. ન. આંતરડામાં થતો ગડગડાટ.

૫. ન. કમળનું તંતુવાળું મૂળિયું.

૬. ન. કાગડાના જેવો કા કા અવાજ.

કર્દટ જુઓ કર્દ.

કર્દન [સં.] પું. પેટનો ગડગડાટ.

કર્દનક ૧. [સં.] પું. એક જાતનું ફળ.

૨. પું. સર્પની એક જાત.

કર્દનબરતન [ફા.] ન. હિસાબ.

કર્દની ૧. [સં.] સ્ત્રી. ચૈત્રી પૂનમ.

૨. [ફા.] વિ. કરવા જેવું; વ્યાવહારિક.

કર્દમ ૧. [સં.] પું. એ નામનો એક સર્પ.

૨. પું. એક બ્રહ્મર્ષિનું નામ.

૩. પું. કાદવ; કીચડ.

૪. પું. છાયા.

૫. પું. જાતિઓનું સેળભેળ થવું તે; સંકરપણું.

૬. પું. પાપ.

> કારણ સુષ્ટિતણું કહ્યું કર્દમ તપ મહિમા ય.
>
> ભીષ્મ

૭. પું. પુલહ ઋષિનો એ નામનો પુત્ર.

૮. પું. (પુરાણ) ભગવાન નારાયણે ઉત્પન્ન કરેલ વિરજ નામના માનસિક પુત્રનો પૌત્ર. તેના બાપનું નામ કીર્તિમાન હતું.

૯. પું. મગનો છોડ.

૧૦. પું. (પુરાણ) સ્વાયંભૂ મન્વંતરમાં થયેલો એ નામનો બ્રહ્મમાનસ પુત્ર. તે એક પ્રજાપતિ હતો. એણે સરસ્વતીને તીરે ઘણું આકરું તપ આરંભ્યું હતું. ત્યાં ભગવાને દર્શન આપી કહ્યું, ‘સ્વયંભૂ મનુ પોતાની ત્રણ કન્યામાંથી એક તને આપશે તે પરણજે.’ તેથી સ્વયંભૂ મનુએ પોતાની દેવહૂતી નામની કન્યા એને પરણાવી હતી. આથી તેને નવ કન્યા અને એક પુત્ર કપિલદેવ નામે થયાં. એ નવ કન્યાઓ મહર્ષિઓને પરણાવી હતી. કલા મરીચિને, અનસૂયા અત્રિને, શ્રદ્ધા અંગિરા ઋષિને, હવિર્ભુવા પુલસ્ત્યને, ગતિ પુલહાસને, ક્રિયા ઋતતે, ખ્યાતિ ભૃગુને, અરુંધતી વસિષ્ઠને અને શાંતિ અથર્વણને આપી હતી.

૧૧. સ્ત્રી. ઈરાનમાં આવેલી એ નામની એક નદી.

૧૨. સ્ત્રી. એક જાતની મટોડી; ‘હાઇડ્રસ સિલિકેટ ઑવ એલ્યુમિના’.

૧૩. સ્ત્રી. મળી.

૧૪. ન. માંસ.

૧૫. વિ. કાદવવાળું.

કર્દમક ૧. [સં.] પું. એક જાતની ડાંગર.

૨. પું. એક જાતનો નાગ.

કર્દમચારી ૧. [સં.] પું. કાદવમાં ફરનાર એક જાતનો કીડો.

૨. [સં.] ન. એક જાતનું તંતુવાળું ફળ.

કર્દમનીય [સં.] વિ. કાદવ કીચડમાં રહેનારું.

કર્દમપાત્ર [સં.] ન. માટીનું વાસણ.

કર્દમભૂમિ [સં.] સ્ત્રી. કાદવવાળી જમીન.

> કર્દમભૂમિ કળણ ભરેલી, ને ગિરિવર કેરી કરાળ.
> નરસિંહરાવ

કર્દમમત્સ્ય [સં.] સ્ત્રી. કાદવમાં થતી એક જાતની માછલી; 'મડ ફિશ'.

કર્દમવાન [સં. કર્દમવત્] વિ. કાદવ જેવું.

કર્દમવિસર્પ [સં.] પું. વિસર્પ રોગનો એક પ્રકાર.

કર્દમાલ [સં.] ન. (પુરાણ) ભારતવર્ષીય એક પુરાણું તીર્થ. અહીં ઋષિઓએ ભરત રાજાને રાજ્યાભિષેક ક્ર્યો હતો.

કર્દમાશ્રમ [સં.] ન. ગુજરાતમાં આવેલ સિદ્ધપુરનું પ્રાચીન નામ. ત્યાં અગાઉ કર્દમ ઋષિનો આશ્રમ હતો અને ત્યાં તેના પુત્ર કપિલ મુનિનો જન્મ થયો હતો. વિષ્ણુ ભગવાનના અશ્રુજળ વડે થયેલા બિંદુ સરોવરના તટ ઉપર આ આશ્રમ આવેલો હતો.

કર્દમિલ ન. જુઓ કર્દમાલ.

કર્દમી ૧. સ્ત્રી. ચૈત્ર માસની પૂનમ.
૨. સ્ત્રી. મગનો છોડ.
૩. વિ. કાદવવાળું.

કર્દમેષ્ટપ્રદાતા [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

કર્દા ૧. [ફા.] પું. કાર્ય; કામ.
૨. [હિં.] પું. બદલો; સાટું.
૩. વિ. કરેલું.

કર્દાર [ફા.] પું. કામ.

કર્દુ [હિં.] પું. એ નામનો શાકનો એક છોડ. તેને ખુલ્લી જગ્યા માફક આવે છે અને વાડાના ગમે તે વર્ગનું ખાતર તેને માટે વાપરી શકાય છે. ચાસમાં એક ફૂટ પહોળા અને એ ફૂટ ઊંડા ખાડા કરી જમીન તૈયાર કરવી. દરેક ખાડામાં બી વાવવાં અને છોડ ઊગે ત્યારે ટેકા મૂકવા. જે છોડ ઉનાળામાં ફળ આપે તેને ટેકાની જરૂર પડતી નથી. સાધારણ રીતે બી વર્ષમાં ત્રણ વાર વવાય છે. પહેલી વાવણી ડિસેંબરની અધવચથી ફેબ્રુઅરિની અધવચ સુધી, બીજી એપ્રિલથી જૂન સુધી અને છેલ્લી વાવણી સપ્ટેંબર અધવચથી નવેંબર આખર સુધી કરાય છે. વાવ્યા પછી અઢીથી ત્રણ મહિને ફળ આવે છે. આ છોડની ઉછેર અને પાલનપોષણ કોળાની માફક થાય છે.

કર્દોરા ૧. સ્ત્રી. કંદોરો.
૨. સ્ત્રી. કેડની આસપાસની દોરી. તેની સાથે લંગોટી બાંધવામાં આવે છે.

કર્ધની સ્ત્રી. પટો.

કર્ન ૧. [અ.] પું. ગ્રહોનું એકઠું થવું તે.
૨. પું. દશથી એકસો વીસ વરસની મુદ્દત.
૩. પું. શિંગડું.

કર્નફૂલ ન. લવિંગ.

કર્નફૂલી સ્ત્રી. આસામના પહાડોમાંથી નીકળી બંગાળના અખાતમાં પડતી એક નદી. ચટગાંવ શહેર આ નદીને કાંઠે છે.

કર્નમ પું. ગામડાનો હિસાબી.

કર્નલ [અં.] પું. પલટણનો મુખ્ય સરદાર.

કર્ના ૧. પું. મોસંબીની જાતનું એક ફળ.
૨. [અ.] સ્ત્રી. એક જાતનું રણશિંગું.

કર્નાઈ [અ.] સ્ત્રી. રણશિંગું.

કર્નાટ ૧. સ્ત્રી. (સંગીત) મુખ્ય ૭ રાગમાંના નાટ રાગની એક રાગિણી.
૨. [સં.] ન. ભારતવર્ષનું એ નામનું એક પીઠસ્થાન. અહીં સતીના બંને કાન પડ્યા હતા.

કર્નાટક [સં.] પું. (પિંગળ) ત્રેપન ગુરુ અને છેતાલીસ લઘુ મળીને નવાણું વર્ણનો એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે કુંડલિયા છંદનો ભેદ છે.

કર્નાટકી ૧. સ્ત્રી. એક જાતનું શસ્ત્ર.
૨. સ્ત્રી. તરવારની મૂઠનો એક પ્રકાર.

કર્નાટીરાગ પું. દેશી સંગીતશાસ્ત્ર મુજબ એક રાગિણી. એમાં વિકૃત નિ નામની મૂર્ચ્છના, આરંભ અને અંતમાં સ્વર નિ હોય છે. જેમકે, નિ સ રિ ગ મ પ ધ નિ નિ.

કર્નાલ ન. રણશિંગાના સિદ્ધાંત ઉપર રચાયેલ એક વાદ્ય.

કર્નાલી સ્ત્રી. ગંગાને મળનારી એ નામની નદી.

કર્ની ૧. પું. વિશ્વને જુદા પાડનાર સાત માંહેનો એ નામનો એક પર્વત.
૨. સ્ત્રી. (ગણિત) કરણી; 'સર્ડ'.
૩. સ્ત્રી. દામ; પૈસો.
૪. સ્ત્રી. બાગવાનનું એક ઓજાર; ખરપડી.
૫. [હિં.] વિ. બહેરું.

કર્પ પું. ધાક; બીક.

કર્પકર્પ પું. અત્યંત બીક; અતિશય દહેશત.

> આવીયો આરપાર કંપ કર્પકર્પ તો.
> વલ્લભ

કર્પટ ૧. પું. ઉપરણો; ભગવું વસ્ત્ર.
૨. [સં.] પું. એ નામનો એક પર્વત.
૩. પું. રૂમાલ.
૪. ન. કપડું; લૂગડું.
૫. ન. ચીંથરું; જૂનો ગાભો.

> સો સો કર્પટની કુંથા ધારો
> છતાં કામાગ્નિ તો પીડશે જ.
> તર્કસાગર

૬. ન. લડાઈનું તીર જેવું એક અસલી હથિયાર. તેના પાનાનું વજન સાતથી નવ કર્ષ જેટલું થતું.

કર્પટધારી ૧. [સં.] પું. કપડાના ટુકડા ધારણ કરનાર ભિક્ષુક.
૨. વિ. કપડાના ટુકડા પહેરનાર.

કર્પટવાણિજ્ય [સં.] ન. ગુજરાતનું એક જૂનું શહેર; કપડવંજ. ચોરાસી ગામડાંના જિલ્લાનું એ મુખ્ય શહેર હતું. નવમી સદીમાં તેની અગત્ય મધ્ય હિંદમાંથી કિનારા ઉપર માલ લઈ જનાર મથક તરીકે હતી. બારમી અને તેરમી સદીમાં એ ઘણું મહત્ત્વનું શહેર હોવાનું મનાય છે.

કર્પટિક [સં.] વિ. કપડાના ટુકડા પહેરનાર.

કર્પટી જુઓ કર્પટિક.

કર્પણ [સં.] પું. એક જાતનું હલમુખાનિ હથિયાર; એ વેંત જેવડું હાથે ફેંકવાનું તીર.

કર્પદક [સં.] સ્ત્રી. કોડી.

કર્પર ૧. [સં.] ન. ઉંબરાનું ઝાડ; અંજીરનું ઝાડ.
૨. ન. એક જાતનું શસ્ત્ર.
૩. ન. કપાળ.
૪. ન. કેડનું હાડકું.
૫. ન. ઠીકરું; ઠીબ; કલેડું.

> અંતે કર્પરમાં ભિક્ષા માગી ખાવાનો વખત તારા માટે આવ્યો.
> તર્કસાગર

૬. ન. માટીનું ભાંગેલું વાસણ.
૭. ન. માથાની ખોપરી.
૮. ન. મોટું કડાયું; કઢાઈ; તવી.

કર્પરભંગ [સં.] પું. ખોપરી, કપાળ અથવા માથાની વાઢકાપ.

કર્પરભંજન જુઓ કર્પરભંગ.

કર્પરમાપક [સં.] ન. ખોપરી માપવાનું સાધન.

કર્પરરેખા [સં.] સ્ત્રી. મગજના દરેક પાર્શ્વક્ષેપકની દીવાલમાંની ધાર; 'કોર્પોરા સ્ટ્રિએટા'.

કર્પરવિદ્યા [સં.] સ્ત્રી. કપાળ, ખોપરી વગેરેને લગતું શાસ્ત્ર; કપાલસામુદ્રિક.

કર્પરવેત્તા [સં.] પું. કર્પરવિદ્યા જાણનાર.

કર્પરા ૧. [સં.] પું. એક જાતનું હથિયાર.
૨. પું. લોઢાનું લોહિયું; કઢાઈ.

કર્પરાપાક [સં.] પું. નળિયાની ભઠ્ઠી.

કર્પરાલ [સં.] ન. પહાડી પીલુનું ઝાડ.

કર્પરાવરણ [સં.] ન. માથાની ચામડી; ખાલ.

કર્પરાશી [સં. કર્પરાશિન્] પું. બટુક ભૈરવ દેવ.

કર્પરાળ ૧. [સં. કર્પરાલ] ન. અખરોટ.

૨. ન. પીલુનું ઝાડ.

કર્પરી ૧. [સં.] સ્ત્રી. ખાપરિયું; એક ઔષધિનું નામ.

૨. સ્ત્રી. ઠીકરી; કલેડી.

કર્પાન પું. બાળકોને થતો એક જાતનો ચામડીનો રોગ.

કર્પાસ ૧. [સં.] પું. કપાસ; રૂ.

૨. પું. રૂનો છોડ.

૩. ન. રૂનું વસ્ત્ર.

કર્પાસકુસુમ [સં.] ન. રૂની પોલ.

કર્પાસફલ ન. કપાસિયો.

કર્પાસિકા ૧. [સં.] સ્ત્રી. કપાસનો છોડ; વણ.

૨. સ્ત્રી. માલવાનું બીજું નામ. ત્યાં કપાસ બહુ ઊગે છે.

કર્પાસી ૧. [સં.] સ્ત્રી. કપાસનો છોડ.

૨. વિ. રૂનું બનેલું.

કર્પીં સ્ત્રી. કાદવ કે માટીમાં થતી એક માછલી.

કર્પૂર ૧. પું. (પિંગળ) અક્ષરમેળ છંદની એક જાત.

૨. ન. એક જાતનું ઝાડ.

૩. [સં.] ન. કપૂર. તે ચીન, જપેન અને હિંદના દહેરાદૂન પ્રાંતમાં થાય છે. તે જ્વરનાશક, જંતુઘ્ન, ઉત્તેજક, આક્ષેપનિવારક અને ઊંઘ લાવનાર છે. વેદનાહર તરીકે શરીર ઉપર લગાડવા માટે તે કામમાં આવે છે. તે તાવ ઉતારીને પરસેવો લાવે તથા વા અને પેટનો દુખાવો મટાડે. થોડા પ્રમાણમાં તેનો અર્ક આપવાથી રક્તસ્રાવ બંધ થાય. કપૂર સૂંઘવાથી શરદી મટે, તેની વરાળ સૂંઘવાથી છાતીનો દુખાવો મટે. તે દૂધમાં ઓગાળીને અને શુદ્ધ કર્યા પછી વપરાય છે.

કર્પૂરક ૧. [સં.] પું. કચૂરો.

૨. વિ. કપૂરને લગતું.

કર્પૂરકાચલી સ્ત્રી. એક જાતનું સુગંધીદાર મૂળિયું.

કર્પૂરખંડ ૧. [સં.] પું. કપૂરનું ખેતર.

૨. પું. કપૂરનો કટકો.

કર્પૂરગૌર ૧. [સં. કર્પૂર + ગૌર (ધોળું)] પું. શિવ; શંકર; મહાદેવ.

કર્પૂરગૌર સ્વરૂપ શોભા; ધર્યાં ઉમયા ડાબે પાસ.
પ્રેમાનંદ

૨. વિ. કપૂરના જેવું ગોરૂં; શ્વેતવર્ણું; ધવલ; ઊજળું.

કર્પૂરગૌરી સ્ત્રી. (સંગીત) સંકરજાતિની એક રાગિણી. તે જ્યોતિ, ખંબાવતી, જગતશ્રી, ટંક અને બરાટીના મિશ્રણથી બની છે.

કર્પૂરતિલક [સં.] પું. તે નામનો એક હાથી.

કર્પૂરતિલકા [સં.] સ્ત્રી. પાર્વતીની સખી વિજયા.

કર્પૂરતૈલ [સં.] ન. કપૂરનું તેલ.

કર્પૂરદ્વિપદી [સં.] પું. (પિંગળ) એક અર્દ્ધ સમજાતિ માત્રામેળ છંદ. તેની માત્રા અઠ્ઠાવીસ છે અને ૧, ૫, ૯, ૧૩, ૧૬, ૨૦, ૨૪, ૨૭ માત્રાએ તાલ આવે છે.

કર્પૂરનાલિકા [સં.] સ્ત્રી. એક જાતનો ખોરાક.

કર્પૂરભસ્મ [સં.] સ્ત્રી. વૃથા કલ્પના; આકાશપુષ્પ; વંધ્યાપુત્ર.

કર્પૂરભાલ [સં.] ન. કપૂરના જેવું શ્વેત કપાળ.

કર્પૂરમણિ ૧. [સં.] પું. એક જાતનો પથ્થર. તે વાયુનાશક હોઈ દવાના કામમાં આવે છે.

૨. પું. કપૂરના રંગનું એક જાતનું રત્ન.

કર્પૂરમાર [સં.] ન. ઓસ્ટ્રેલિઅનું એક જાતનું ઝાડ; 'યુકેલિપ્ટસ'.

કર્પૂરરસ ૧. [સં.] પું. (વૈદ્યક) કપૂર અને પારદની બનાવટવાળી એક દવા. શુદ્ધ હિંગળો, અફીણ, મોથ, ઇંદ્રજવ, જાયફળ અને કપૂરને પાણીમાં ઘૂંટી બબ્બે રતિની ગોળી કરવી. તે અતિસાર માટે વપરાય છે.

૨. પું. રસકપૂર.

કર્પૂરશિલાજિત [સં.] ન. કપૂરના જેવી એક સફેદ ઔષધિ. પથરી, પ્રમેહ, મૂત્રકૃચ્છ્ર, કમળો અને પાંડુરોગ વગેરે દરદો ઉપર તે બેથી ચાર વાલ સાકર સાથે અપાય છે. લીંબુના રસમાં બાફવાથી તે શુદ્ધ થાય છે.

કર્પૂરસુંદરીગુટિકા [સં.] સ્ત્રી. (વૈદ્યક) એ નામની દવાની બનાવટ. તે બનાવવા જાયફળ, જાવંત્રી, કપૂર, ધતુરાનાં બી, સમદરશોષનાં બી, અક્કલકરો, સૂંઠ, પીપર, મરી, ચોપચીની અને કાંકચિયાનાં મીંજ એ દરેક ચાર તોલા, શોધેલી ભાંગ તોલા ૨૨, શોધેલ ત્રણ વર્ષનું જૂનું અફીણ તોલા ૨૨, શુદ્ધ વછનાગ તોલા ૧૧ એ બધાંને એક કરી ભાંગરાના રસમાં ઘૂંટી ચણોઠી જેવડી ગોળી વાળવી. તે સવાર સાંજ મધમાં ચટાડવી. તેથી શીતવાત, સંગ્રહણી, હરસ, ઝાડા અને મંદાગ્નિ વગેરેને મટાડે અને કામ જાગ્રત કરે એમ કહેવાય છે.

કર્પૂરસુંદરીવટી [સં.] સ્ત્રી. (વૈદ્યક) અતિસાર, ઝાડા તથા મરડા ઉપર અપાતી એક દવા. તેની માત્રા એકથી ત્રણ ગોળી છે અને તે મધ કે પાણી સાથે લેવાય છે.

કર્પૂરહરિદ્રા [સં.] સ્ત્રી. આંબાહળદર.

કર્પૂરા [સં.] સ્ત્રી. આંબાહળદર.

કર્પૂરાદિ [સં.] ન. (વૈદ્યક) અફીણ, કપૂર, હિંગ, મરી અને લસણ સરખે ભાગે લઈને બનાવેલી ગોળી. તે કોલેરા, ઝાડા અને અજીર્ણ ઉપર અપાય છે.

કર્પૂરાદિગુટિકા [સં.] સ્ત્રી. (વૈદ્યક) મરડો, સંગ્રહણી વગેરે માટે રસની બનાવટ. કપૂર, હિંગળો, અફીણ, લવિંગ અને રૂમીમસ્તકી એ બધું સરખે ભાગે લઈ કપૂર સિવાય દરેકનું જુદું જુદું વસ્ત્રગાળ ચૂર્ણ કરી કપૂરની સાથે ઘૂંટી ગોળી વાળવી.

કર્પૂરાદિતૈલ [સં.] ન. (વૈદ્યક) વાળને દૂર કરવા તેલની બનાવટ. કપૂર, ભિલામો, શંખચૂર્ણ, જવખાર અને મનઃશિલ એ બધાં સમાન ભાગે લઈ તેનાથી ચારગણું તેલ અને તેલથી ચારગણું પાણી લઈ તેલની રીતે સિદ્ધ કરી તેમાં હરતાલ મેળવીને વાપરવું.

કર્પૂરાસવ [સં.] પું. કપૂરનો આસવ.

કર્પૂરાસ્થિ [સં.] ન. હાથના કાંડાથી કોણી સુધીનાં બે હાડકાં માંહેનું એક; અંતઃપ્રકોષ્ઠાસ્થિ.

કર્પૂરી [સં. કર્પૂરિન્] વિ. કપૂરવાળું.

કર્પ્યાસ્ત્ર [સં.] ન. કાતર.

અવળે બંધ બાંધ્યો નાથે,
કરપ્યાસ્ત્ર મૂક્યું જદુનાથે. માધવદાસ

કર્ફર પું. દર્પણ; આરસી.

કર્ફ્યૂ [અં.] પું. રાતે ઘંટ વગાડતાં બધે ઠેકાણે દીવો કે દેવતા ઓલવી નાખવાનો હુકમ.

કર્બ [અ.] ન. દુઃખ.

કર્બટક પું. (જ્યોતિષ) એક ગ્રહનું નામ.

કર્બન [અં. કાર્બન] પું. એક રસાયણી તત્ત્વ; કાર્બન નામનો પદાર્થ.

કર્બલા ૧. [અ.] પું. ઇરાકમાં એ નામની એક જગ્યા. ત્યાં અલીના નાના ભાઈ હુસેનને મારી નાખીને દાટવામાં આવ્યો હતો.

૨. પું. પાણી ન મળી શકે એવી ગમે તે વેરાન જગ્યા.

૩. પું. મુસલમાનોની તાજિયા મૂકવાની જગ્યા.

કર્બી [હિં.] સ્ત્રી. જુવાર બાજરીના સાંઠા; કરબ.

કર્બુ [સં.] વિ. કાબરચીતરું; ડાઘાંડબકાંવાળું.

કર્બુદાર ૧. [સં.] પું. ગુંદો.

૨. પું. પર્વત ઉપર થતું એક ઝાડ.

૩. પું. શ્વેતકાંચવૃક્ષ.

કર્બુર ૧. [સં.] પું. કચૂરો.-

૨. પું. કપૂરકાચલી.

૩. પું. કાબરચીતરો રંગ.

૪. પું. ચોખાની એક જાત.

૫. પું. ધંતૂરો.

૬. પું. નદી ઉપર થતું એક જાતનું ધાન્ય.

૭. પું. પાપ.

૮. પું. રાક્ષસ.

૯. પું. સર્પની એક જાત.

૧૦. પું. હરતાલ.

૧૧. ન. (જ્યોતિષ) એક જાતનું નક્ષત્ર.

૧૨. ન. પાણી.

૧૩. ન. પોલાદના જેવા રંગવાળી, મજબૂત અને નિકલને મળતી એક ધાતુ.

૧૪. ન. સોનું.

૧૫. વિ. અનેક રંગવાળું; બહુરંગી; કાબરું.

૧૬. વિ. ખાખી રંગનું; કપોતના જેવા ભૂરા રંગનું.

કર્બુરક [સં.] પું. (જ્યોતિષ) અડ્યાસી ગ્રહો માંહેનો એક.

કર્બુરવૃત્તિ [સં.] સ્ત્રી. આંખના ડોળાનું એક પડ.

કર્બુરા ૧. [સં.] સ્ત્રી. એ નામની વનસ્પતિ; કૃષ્ણપૃક્કા.

૨. સ્ત્રી. તુલસીની એક જાત; કૃષ્ણતુલસી.

૩. સ્ત્રી. સુશ્રુતે વર્ણવેલ એક જાતની ઝેરી જળો.

કર્બુરિત [સં.] વિ. કાબરચીતરા રંગનું.

કર્બુરી [સં.] સ્ત્રી. દુર્ગા દેવી.

કર્બૂર જુઓ કર્બુર.

કર્બૂરક વિ. કપૂરનું.

કર્બૂરા [સં.] સ્ત્રી. એક જાતની જળો. જુઓ કર્બુરા.

કર્બોદિત વિ. સાકરવાળું; 'કાર્બોડ્રૂટસ'.

કર્મ ૧. [સં. કર્મન્] ન. આચાર; વર્તણૂક; ચાલ.

૨. ન. આઠ માંહેનું એક પુર.

૩. ન. ઇંદ્રિય.

૪. ન. કપાળ.

૫. ન. કરણના વ્યાપારનો વિષય. જેમકે, વાંસલો કરણ છે, તેને ઊંચો નીચો કરી લાકડા ઉપર અફાળવા રૂપ વ્યાપારનો વિષય લાકડું છે, માટે લાકડું એ કર્મ કહેવાય.

૬. ન. (વ્યાકરણ) કર્તરિ પ્રયોગમાં દ્વિતીયાંત અને કર્મણિ પ્રયોગમાં પ્રથમાંત જે કારક આવે તે.

૭. ન. કર્તવ્ય; ફરજ; ધર્મ. ધર્મનાં કર્મો: યજ્ઞ, સ્નાન, સંધ્યા, પૂજા, પાઠ, જપ, હોમ, અર્ચન, આતિથ્ય, વૈશ્વદેવ વગેરે. મીમાંસા પ્રમાણે કર્મના બે પ્રકાર: ગુણ અથવા ગૌણ કર્મ અને પ્રધાન અથવા અર્થ કર્મ. જેથી દ્રવ્યની ઉત્પત્તિ કે સંસ્કાર થાય તે ગૌણ કર્મ. ગૌણ કર્મનું ફળ નજરે દેખાય છે. ગૌણ કર્મના ચાર ભેદ: ઉત્પત્તિ, આપ્તિ, વિકૃતિ અને સંસ્કૃતિ. જે કર્મમાં દ્રવ્યની ઉત્પત્તિ કે શુદ્ધિ ન હોય પણ તેનો ઉપયોગ હોય તે પ્રધાન કર્મ. જેમકે, યજ્ઞ. પ્રધાન કર્મનું ફળ અદૃષ્ટ હોય છે. વર્ણ અને આશ્રમ પ્રમાણે પ્રધાન કર્મના ત્રણ ભેદ: નિત્ય, નૈમિત્તિક અને કામ્ય. મીમાંસકો કર્મને પ્રધાન માને છે અને વેદાંતીઓ જ્ઞાનને પ્રધાન માની તેથી મુક્તિ માને છે. યોગસૂત્ર પ્રમાણે કર્મના ત્રણ પ્રકાર: વિહિત, નિષિદ્ધ અને મિશ્ર. સામાન્ય રીતે કર્મ બે પ્રકારનાં છે: શુભ અને અશુભ. શુભ કર્મ સુખ આપે અને અશુભ કર્મ દુઃખ આપે. યોગના સંકેત પ્રમાણે કર્મના ચાર પ્રકાર: (૧) કૃષ્ણ એટલે પરદારાનો સમાગમ જેવાં નઠારાં કર્મ. (૨) શુક્લ એટલે સકામ પુણ્ય કર્મ. (૩) મિશ્ર એટલે જેમાં પુણ્ય અને પાપ બંને હોય તેવાં સોમયાગાદિ કર્મ. (૪) અશુક્લઅકૃષ્ણ એટલે કોઈ પ્રકારની કામના રાખ્યા વિના કર્તવ્ય સમજીને કરાતાં પુણ્ય કર્મ. આજની ક્ષણ સુધી કરેલાં જે કર્મ, પછી તે આ જન્મનાં હોય કે પૂર્વ જન્મનાં હોય, તે સંચિત એટલે એકઠાં થયેલાં કર્મ કહેવાય. સંચિત કર્મ એકદમ ભોગવવાં શક્ય નથી, કેમકે તેવાં કર્મનાં પરિણામ માંહેનાં કોઈ સારાં તો કોઈ નઠારાં એમ પરસ્પર વિરોધી ફળ આપનાર પણ હોઈ શકે. સંચિત પૈકી જેટલાં કર્મનાં ફળ ભોગવવાની શરૂઆત થઈ ચૂકી હોય તેટલાંને પ્રારબ્ધ કહેવાય. ક્રિયમાણ એટલે જે હાલ ચાલુ છે તે અથવા હાલ કરવામાં આવે તે કર્મ. જેના ફળનો આરંભ થયો નથી એવાં જન્માંતરનાં સંચિત અને જ્ઞાનોત્પત્તિની પૂર્વનાં આ જન્મનાં સંચિત પુણ્ય પાપ કર્મો જ્ઞાનપ્રાપ્તિથી નાશ પામે છે. જ્ઞાનીને જો અસંપ્રજ્ઞાત યોગ પ્રાપ્ત ન થયો હોય તો મંદ, મધ્યમ અને તીવ્ર વેગવાળાં ત્રણે પ્રકારનાં પ્રારબ્ધ કર્મોનું ફળ ભોગવવું પડે છે. શ્રુતિમાં જણાવ્યા મુજબ જ્ઞાનીનું શુભ કર્મ તેમના ભક્તના અંતઃકરણમાં સજાતીય વૃત્તિ ઉપજાવી તેની શુભ કર્મમાં પ્રવૃત્તિ કરાવી તેને શુભ ફળ આપે છે. તેથી જ્ઞાનીના પુણ્યને તેમના ભક્તો લઈ જાય અને પાપકર્મને તેમના નિંદકો લઈ જાય એમ મનાય છે.

૮. ન. કામગીરી; પ્રવૃત્તિ.

૯. ન. (વ્યાકરણ) કારકના ૭ માંહેનો એક પ્રકાર.

૧૦. ન. કુદરતી મિલ્કત.

૧૧. ન. ક્રિયા; કાર્ય. વૈશેષિક મત પ્રમાણે કર્મ પાંચ છે: ઉત્ક્ષેપણ એટલે ઊંચે ફેંકવું તે, અવક્ષેપણ એટલે નીચે ફેંકવું તે, સંપ્રસારણ એટલે ફેલાવવું તે, આકુંચન એટલે સંકોચાવું તે અને ગમન એટલે જવું તે.

૧૨. ન. (વૈદ્યક) ચિકિત્સા; રોગશાંતિનો ઉપાય. કર્મ પાંચ છે: વમન, વિરેચન, આસ્થાપન કે નિરુહબસ્તિ, અનુવાસન કે સ્નેહબસ્તિ અને શિરેવિરેચન.

૧૩. ન. (જૈન) જીવના રાગદ્વેષાદિક પરિણામોના નિમિત્તથી કાર્મણ વર્ગણારૂપ જે પુદ્ગલસ્કંધ જીવની સાથે બંધને પ્રાપ્ત થાય તે. કર્મની ત્રણ અવસ્થા મનાય છે: બંધ અવસ્થા, સત્તા અવસ્થા અને ઉદય અવસ્થા. પ્રથમ કર્મ બંધાય છે ત્યારે બાંધવાના સમયમાં તેની બંધ અવસ્થા. બાંધેલું કર્મ અમુક વખત સુધી કંઈ પણ ફળ દર્શાવ્યા સિવાય એમને એમ પડ્યું રહે તેને કર્મની સત્તા અવસ્થા કહે છે. સત્તાનો કાળ પૂરો થતાં કર્મ ઉદય અવસ્થામાં આવે. કર્મના બે પ્રકાર: ઘાતિ અને અઘાતિ. મુક્તિને બાધક હોય તે ઘાતિ અને અબાધક હોય તે અઘાતિ કહેવાય છે.

૧૪. ન. જીવોની ઉપાધિમાં રહેલો ક્રિયા કરવાનો વેગ.

૧૫. ન. (વ્યાકરણ) જે ધાતુના અર્થનું અવચ્છેદક હોય અને જે ક્રિયાનું ફળ અન્યને પ્રાપ્ત થતું હોય તે. જેમકે, 'પુસ્તક લખે છે' એમાં 'લખ' ધાતુનો અર્થ જે લેખનક્રિયા તેનું અવચ્છેદક પુસ્તક છે અને તે પુસ્તકલેખનનો ફલભોક્તા લેખક છે અને તે લેખક પુસ્તકથી પર છે. માટે એ લેખન ફલભોક્તાએ કરેલી લેખનરૂપ ક્રિયાનું નામ કર્મ છે.

૧૬. ન. દશ માંહેનો એક વાયુ. આંખના પલકારા મારવા એ આ વાયુનું કામ છે.

૧૭. ન. દશની સંખ્યા બતાવનાર સાંકેતિક શબ્દ.

૧૮. ન. (જ્યોતિષ) દશમું ચાંદ્ર નક્ષત્ર.

૧૯. ન. ધંધો; રોજગાર; વ્યવસાય; વ્યાપાર.

૨૦. ન. નિર્ગુણ પદાર્થમાં રહેનારી તથા ગુણ વિષે નહિ રહેનારી એવી કર્મત્વ જાતિવાળો પદાર્થ.

૨૧. ન. પદાર્થનો સ્વાભાવિક ગુણ.

૨૨. ન. પરિણામ; ઊપજ.

૨૩. ન. પાપ; નઠારાં કામ; કુકર્મ.

કર્મ બાંધવાં = પાપ કરવાં; પાપનાં પોટલાં બાંધવાં.

ધર્મગુરુ થઈ **કર્મ** બાંધે, તે શેનો રે હોય દયાળુ.
નર્મદ

૨૪. ન. મામલો.

૨૫. ન. (વૈશેષિક) મોક્ષ મેળવવાના સાત પદાર્થ માંહેનો એક. દ્રવ્ય, ગુણ, કર્મ, વગેરે છ પદાર્થો નિત્ય છે. તમામ પદાર્થોનું અવલોકન કરતાં કણાદ તેનું સાત પદાર્થોમાં પૃથક્કરણ કરે છે.

૨૬. ન. યોગનાં છ કર્મઃ ધોતી, બસ્તી, નેતી, ત્રાટક, નોલી અને કપાલભસ્ત્રા.

૨૭. ન. વાદમાર્ગના જ્ઞાન માટે જાણવી જોઈતી ચાળીશ વસ્તુ માંહેની એક.

૨૮. ન. વાસના.

૨૯. ન. વેદના ત્રણ કાંડ માંહેનું એક.

૩૦. ન. શુભ કે અશુભ અદૃષ્ટને ઉત્પન્ન કરનારો વ્યાપાર. નિત્ય, નૈમિત્તિક, કામ્ય, પ્રાયશ્ચિત્ત અને નિષિદ્ધ એવા તેના પાંચ પ્રકાર છે.

૩૧. ન. (ગણિત) સરવાળો, બાદબાકી વગેરે ગણિતની કોઈ પણ ક્રિયા.

૩૨. ન. સંભોગ.

૩૩. ન. સંયોગ અને વિભાગ એ બંનેનું નિરપેક્ષ કારણ.

૩૪. ન. સંયોગથી ભિન્ન હોય તથા સંયોગનું અસમવાયી કારણ હોય તે પદાર્થ. જેમકે, ઘટાદિક મૂર્તદ્રવ્યોમાં રહેલું કર્મ સંયોગથી ભિન્ન છે તથા ઘટાદિક ઉત્તર દેશ સંયોગનું અસમવાયી કારણ પણ છે.

૩૫. ન. સંસ્કાર; નસીબ.

૧. કર્મ કઠણ ને કાયા કુમળી–કર્મ કઠિયારાનું અને દેહ રાજાનો = શરીરે સુંદર હોય પણ નસીબ ખરાબ હોવાથી જાતમહેનત બહુ કરવી પડે.

૨. કર્મ કરે તે કોઈ ના કરે = નસીબમાં હોય તો ન માગ્યું ઓચિંતું મળી જાય અને ન હોય તો વલખાં મારવા છતાં પાસે હોય તે પણ ચાલ્યું જાય.

૩. કર્મ ધર્મમાં કોઈનો ભાગ નથી = સંચિત પાપપુણ્યનું ફળ કર્તાએ જ ભોગવવાનું હોય છે.

૪. કર્મ વિનાની ખેતી કરે તો બળદ મરે કે સુકવણું પડે = હતભાગી માણસનો પુરુષાર્થ પણ નકામો જાય છે.

૫. કર્મના જોગ–ભોગ = દૈવયોગ; માઠી દશા.

૬. કર્મના કાળા તેને શા ઉજાળા = જેનું નસીબ ખરાબ તેને કંઈ લાભ ન હોય.

૭. કર્મનાં કાળાં = નસીબના ભૂંડા લેખ.

૮. કર્મનાં કોઠાં તો કોનાં જોવાં ઓઠાં = કમનસીબ માણસે કોઈ નસીબદારનો દાખલો લેવો નહિ.

૯. કર્મનું પાનું ફરવું = નસીબ ઊઘડવું.

કર્મઆર્ય [સં.] પું. કર્મને લીધે ગણાતો આર્ય. યજન, યાજન, પઠન, પાઠન, કૃષિ, લિપિ, વાણિજ્ય વગેરેથી આજીવિકા કરનાર કર્મઆર્ય કહેવાય છે.

કર્મક ૧. [સં.] ન. કર્મસમુદાયરૂપ દ્રવ્ય.

૨. વિ. કરવા યોગ્ય.

૩. વિ. જેમાં કર્મ હોય એવું.

૪. વિ. બજાવનાર; કરનાર.

કર્મકડા (કર્મકડ઼ા) વિ. મરજીમાં આવે ત્યાં પગલું ભરીને ખોદાવતાં જેનાથી સોના મહોરોની કડા નીકળે તેવું.

કર્મકઢા જુઓ કર્મકડા.

કર્મકથા [સં.] સ્ત્રી. દુઃખની વાત; કરમની કથની.

કર્મકપાટ [સં.] ન. નસીબનું બારણું; કર્મદ્વાર.

કર્મકર ૧. [સં.] પું. કારીગર.

૨. પું. નોકર; દાસ; પગાર લઈ કામ કરનાર માણસ.

૩. પું. પગ.

૪. પું. મજૂર; કામ કરનાર માણસ.

૫ પું. યમ.

૬. વિ. કર્મ કરનારૂં.

કર્મકરણ [સં.] ન. કર્મનું સાધન.

કર્મકરી ૧. [સં.] સ્ત્રી. ચાકરડી; દાસી; નોકરડી.

૨. સ્ત્રી. દૂર્વા લતા.

કર્મકર્તા ૧. [સં. કર્મકર્તૃ] પું. (વ્યાકરણ) કર્મ રૂપ કર્તા.

૨. વિ. કામ કરનાર.

કર્મકર્તૃ જુઓ કર્મકર્તા.

કર્મકંચુક [સં.] ન. કર્મનું બંધન.

કર્મકાયિક [સં.] ન. સ્થૂલ શરીરથી થતું કામ.

કર્મકાર ૧. [સં.] પું. અઢાર મુખ્ય કર્મરૂપ માંહેનો એક.

૨. પું. કામ કરનાર પુરુષ; કાર્યકર્તા.

૩. પું. કારીગર.

૪. પું. દાસ; નોકર; સેવક.

૫. પું. બળદીઓ; ખૂંટ.

૬. પું. લવાદ; પંચાતિયો.

૭. પું. લુહાર.

૮. પું. વર્ણસંકરની એક જાત.

૯. પું. વેઠિયો; બેગારી; વગર પગારે મહેનત કરનાર.

૧૦. વિ. કારીગરીનું કામ કરનાર.

કર્મકારક ૧. પું. (વ્યાકરણ) કર્મ વિભક્તિ.

૨. [સં.] પું. નોકર.

૩. વિ. કામ કરનારું.

કર્મકારી જુઓ કર્મકાર.

કર્મકારીમંડલ [સં.] ન. અધિકારી મંડળ.

કર્મકાર્મુક [સં.] ન. યુદ્ધમાં વપરાતું ધનુષ્ય.

કર્મકાલવિદ [સં.] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

કર્મકાષ્ટ [સં.] ન. (જૈન) જ્ઞાનાવર્ણાદિ આઠ કર્મરૂપી ઈંધણ.

કર્મકાંડ ૧. [સં.] પું. બ્રાહ્મણ ગ્રંથો; કર્મ સંબંધી શિક્ષાવાળો વેદનો ભાગ; દ્રવ્ય અને દેવતા વગેરે અર્થનું સ્મરણ કરાવનાર વેદનો ભાગ. સૂર્ય, અગ્નિ, ઇંદ્ર, વરુણ, રુદ્ર વગેરે વૈદિક દેવતાઓનું યજ્ઞો કરીને પૂજન કરી તેમના પ્રસાદથી આ લોકમાં પુત્રપૌત્રાદિ, ગાય, ઘોડા, વગેરેની અથવા ધાન્ય, ધન વગેરે સમૃદ્ધિ મેળવીને મરણ પછી સદ્ગતિ મેળવવી તેનું વર્ણન તેમાં કરેલ છે.

૨. ન. ધાર્મિક ક્રિયાઓ અને કર્મો.

કર્મકાંડાત્મક [સં.] વિ. કર્મકાંડથી ભરપૂર.

કર્મકાંડી [સં.] વિ. વૈદિક કર્મ કરનાર તથા કરાવનાર; કર્મકાંડને અનુસરનારૂં.

કર્મકિલ્વિષ વિ. કર્મચંડાળ; ખરાબ કામ કરનાર.

કર્મકીલક [સં.] પું. ધોબી.

કર્મકુશળ વિ. કામ કરવામાં હોશિયાર.

કર્મકુશળતા સ્ત્રી. કામ કરવામાં હોશિયારી.

કર્મકૂટ ૧. સ્ત્રી. અર્થ વગરની વાત.

૨. સ્ત્રી. કર્મકાંડી કડાકૂટ.

૩. સ્ત્રી. રોજનું એકનું એક કામ.

૪. સ્ત્રી. હમેશની કંટાળારૂપ થઈ પડેલી એકની એક બાબત; માથાઝીક; માથાફોડ; પંચાત.

કર્મકૃત [સં. કર્મકૃત્] પું. કર્મ કરનાર; કામ કરનાર.

કશ્યપ સંહિતામાં નૃકર, ભૃગુ સંહિતામાં **કર્મકૃત**, મયસંહિતામાં કર્મી અને અંગ્રેજીમાં લેબરર કહે છે.
શિલ્પશાસ્ત્ર

કર્મકેતકી ન. એક જાતનું ઝાડ.

> કર્મદી ને કર્મકેતકી કેસર કણિયર કેવડી.
>
> નિષ્કુળાનંદ

કર્મકોષ [સં.] પું. કર્મનો ખજાનો; પાપનો પુંજ; કર્મભંડાર.

કર્મકૌશલ ન. કામ કરવામાં કુશળતા.

કર્મક્ષપણા સ્ત્રી. (જૈન) કર્મ ખપાવવાં તે.

કર્મક્ષમ [સં.] વિ. કોઈ પણ કામ કરવામાં સમર્થ.

કર્મક્ષય [સં.] પું. કર્મનો નાશ.

કર્મક્ષેત્ર ૧. [સં.] ન. કર્મ કરવા માટે યોગ્ય સ્થાન.

૨. ન. (જૈન) કર્મભૂમિ; અસિ, મસિ અને કૃષિ કરીને ગુજરાન ચલાવાતું હોય એવી ભૂમિ.

૩. ન. પોતાનાં કામ કરવાનું સ્થળ; ક્રિયા કરવાનું યોગ્ય ક્ષેત્ર.

૪. ન. ભારતવર્ષ; હિંદુસ્તાન.

કર્મગતિ ૧. સ્ત્રી. નસીબ; ભાગ્ય.

> વિષમ કર્મગતિ કિમ ટલઈ હો,
> મનિ વખવાદ મ આણિ.
>
> કાન્હડદેપ્રબંધ

૨. સ્ત્રી. સંચિતોનું પરિણામી ફળ.

કર્મગુણ પું. કાર્યક્ષમતા.

કર્મગૃહીત [સં.] વિ. કામ કરતાં પકડાયેલ.

કર્મગ્રંથ [સં.] પું. કર્મ વિષયક પુસ્તક.

કર્મગ્રંથિ [સં.] સ્ત્રી. અજ્ઞાનજન્ય વાસનારૂપી દોષ; કર્મબંધન.

કર્મઘાત [સં.] પું. કામ છોડી દેવું તે; કામ કરતાં બંધ થવું તે.

કર્મઘ્ન [સં.] વિ. કર્મનો નાશ કરનારૂં.

કર્મચક્ર [સં.] ન. કાર્યની ઘટમાળ.

> સર્વ કર્મો પણ બ્રહ્માત્મૈક્યના જ્ઞાનની સાથે અને સામ્યબુદ્ધિથી આસક્તિ છોડીને કર અને એમ કરીશ તો **કર્મચક્ર** કાયમ રાખવા છતાં તું મુક્ત છે.
>
> ગીતારહસ્ય

કર્મચંડાળ [સં. કર્મચંડાલ] પું. કર્મથી ચંડાળ માણસ; અધર્મી; દુરાચારી. જુઓ કર્મચાંડાલ.

કર્મચારી ૧. [સં. કર્મચારિન્] પું. અમલદાર; અધિકારી.

૨. પું. કામ કરનાર પુરુષ; કાર્યકર્તા.

૩. પું. સેવક; દાસ; નોકર.

કર્મચારીકોષ [સં.] પું. નોકરોએ એકઠું કરેલું ભંડોળ.

કર્મચારીતંત્ર [સં.] ન. નોકરશાહી; નોકરોથી ચલાવાતું રાજ્યતંત્ર.

કર્મચાંડાલ ૧. [સં.] પું. કર્મથી ચાંડાલ માણસ.

૨. પું. ક્રોધ, માન, માયા અને લોભના આવેશવાળો માણસ.

૩. પું. રાક્ષસ; દૈત્ય.

૪. પું. રાહુ.

૫. વિ. હલકું કામ કરનાર; નિર્દય કામ કરનાર.

કર્મચિત ૧. [સં.] વિ. કર્મથી એકઠું થયેલું.

૨. વિ. કર્મથી સિદ્ધ કરવા યોગ્ય.

કર્મચેષ્ટા [સં.] સ્ત્રી. કર્મ કરવા વિષે લાંબો પ્રયત્ન; પુરુષાર્થ.

કર્મચોદના ૧. [સં.] સ્ત્રી. કર્મ કરવાની પ્રથમ પ્રેરણા; કર્મમાં પ્રેરણા.

> કોઈ પણ કર્મ ઇંદ્રિયો હાથમાં લે તે પહેલાં મને કરીને નિશ્ચય કરવો પડે છે એટલે આ માનસિક વિચારને **કર્મચોદના** એટલે કર્મ કરવાની પ્રથમ પ્રેરણા એમ કહે છે.
>
> ગીતારહસ્ય

૨. સ્ત્રી. ધાર્મિક કર્મ કરવાનું ફરમાવે એવો સિદ્ધાંત.

કર્મચોર [સં.] વિ. કામમાં ચોર દાનતનું.

કર્મચ્છિદ્ર પું. એ નામનું પ્રાચીન હિંદનું એક ગામ.

કર્મચ્યુત [સં.] વિ. નોકરીમાંથી કાઢી મૂકેલું.

કર્મજ ૧. પું. (જૈન) આઠ કર્મના જથ્થારૂપ કાર્મણ શરીર.

૨. પું. એ નામના એક પ્રકારના દેવ.

૩. પું. કળિકાળ; કલિયુગ.

૪. પું. રાહુ.

૫. પું. વડ.

૬. સ્ત્રી. માણુસોના કામથી ઉત્પન્ન થતી અસર.

૭. ન. અંજીરનું ઝાડ.

૮. ન. (વેદાંત) કર્મની સૂક્ષ્મ અવસ્થાને પામેલ કોઈ સંસ્કાર.

૯. ન. ધર્મ અધર્મ રૂપ એક ગુણ.

૧૦. ન. નરક.

૧૧. ન. સ્વર્ગ.

૧૨. વિ. કર્મ જેનું કારણ છે તેવું.

૧૩. [સં.] વિ. કર્મથી ઉત્પન્ન થયેલું; કર્મજન્ય.

૧૪. વિ. કાયિક, વાચિક તથા માનસિક કર્મથી પ્રાપ્ત થનાર.

કર્મજગુણ [સં.] પું. ક્રિયાજન્ય ગુણ.

કર્મજડ (કર્મજડ઼) ૧. સ્ત્રી. કર્મ રૂપી સાધન.

> જ્ઞાન ધ્યાન કાષ્ટા, **કર્મજડ** તુમ નહિ પાવે.
>
> દયારામ

૨. વિ. પશુ જેવું.

૩. વિ. યજ્ઞ વગેરે કર્મો કરવામાં જડ થઈ ગયેલું.

કર્મજડતા (કર્મજડ઼તા) [સં.] સ્ત્રી. પશુ જેવી સ્થિતિ.

કર્મજતાદાત્મ્ય [સં.] ન. (વેદાંત) અહંકારનું સ્થૂલ દેહ સાથે તાદાત્મ્ય.

કર્મજન્ય [સં.] વિ. કર્મથી પ્રાપ્ત થયેલું; કર્મથી મળેલું.

કર્મજન્યગુણ [સં.] પું. કર્મથી ઉત્પન્ન થયેલ ગુણ. જેમકે, સંયોગ, વિભાગ, વેગ.

કર્મજવિભાગ [સં.] પું. (વેદાંત) ક્રિયારૂપ કર્મ વડે જન્ય વિભાગ.

કર્મજા ૧. સ્ત્રી. કર્મ સંબંધી સિદ્ધિ.

૨. [સં.] સ્ત્રી. કામ કરતાં ઊપજે તે બુદ્ધિ.

કર્મજાતિ [સં.] સ્ત્રી. કર્મનો પ્રકાર.

કર્મજિત ૧. [સં. કર્મજિત્] પું. ઓરિસાનો એ નામનો એક રાજા.

૨. પું. જરાસંધના વંશનો મગધ દેશનો એક રાજા.

૩. પું. (પુરાણ) સોમવંશી પૂરુકુલોત્પન્ન ઉપરિચર વંશના બૃહત્સેન રાજાનો પુત્ર. એને સૃતંજય નામે પુત્ર હતો.

કર્મજ્ઞ [સં.] વિ. કર્મકાંડ, ધાર્મિક ક્રિયાઓ વગેરે જાણનારૂં. હિંદુસ્તાનમાં મુખ્ય અઢાર કર્મજ્ઞ કહ્યા છેઃ માંર્જક, રક્ષક, ધરક, માપક, ક્ષુરક, દાપક, શલાક, પ્રતિગ્રાહક, કણિક, દાસ, કર્મકર, સૂપકર, લેખક, વાદક, ગાયક, નર્તક, તક્ષક અને વધક.

કર્મઠ ૧. પું. (પિંગળ) ચાર ભગણ અને એક ગુરુ મળી તેર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિજગતી છંદનો એક ભેદ છે.

> **કર્મઠ**માં રચ આપ ભ ભા ભ ભ ગા.
>
> રણપિંગળ

૨. પું. યજ્ઞમાંનો મુખ્ય પુરુષ.

૩. વિ. આરંભેલા કાર્યનો અંત લાવનાર.

૪. વિ. કર્મ સિદ્ધ કરવાને સમર્થ.

૫. [સં.] વિ. કર્મકાંડી.

૬. વિ. કર્મકુશળ; કર્મનિષ્ઠ.

> મેં **કર્મઠ** સંગ બહુ કર્યા, સંન્યાસી જોગી અત્ય.
>
> દયારામ

૭. વિ. ચતુર; હોશિયાર.

૮. વિ. બાહ્ય આચારમાં આગ્રહી.

૯. વિ. યજ્ઞયાગાદિક કર્મમાં જ પરમાર્થ માનનાર; કર્મમાર્ગી; યાજ્ઞિક.

કર્મઠતા ૧. [સં.] સ્ત્રી. કર્મકાંડ ઉપરનો હક્ક.

૨. સ્ત્રી. કર્મકાંડીપણું; કેવળ યજ્ઞયાગાદિમાં મશગૂલતા.

૩. સ્ત્રી. કામમાં ખંત.

૪. સ્ત્રી. કાર્યકુશળતા; હોશિયારી.

કર્મણુ પું. જૂના સમયનો એ નામનો એક કવિ.

કર્મણા ૧. [સં.] સ્ત્રી. કામ; ક્રિયા.

૨. અ. કર્મ વડે; કર્મ દ્વારા.

કર્મણિ ૧. [સં.] સ્ત્રી. કર્મની સમાપ્તિ સમયે કરવાની પ્રાયશ્ચિત્ત ઇષ્ટિ.

૨. વિ. (વ્યાકરણ) કર્મ પ્રમાણે જાતિવચન વગેરે લેનારૂં.

કર્મણિદ્વિતીયા [સં.] સ્ત્રી. (વ્યાકરણ) કર્મ અર્થે થતો બીજી વિભક્તિનો પ્રયોગ.

કર્મણિપ્રયોગ [સં.] પું. (વ્યાકરણ) કર્મ પ્રમાણે જેમાં ક્રિયાપદ જાતિવચન લેતું હોય એવો પ્રયોગ; સહ્યભેદ.

કર્મણિવાચ્ય ૧. [સં.] વિ. (વ્યાકરણ) કર્મ પ્રમાણે જાતિવચન લેનારૂં.

૨. વિ. કર્મનું પ્રાધાન્ય હોય એવું.

કર્મણિષષ્ઠી સ્ત્રી. (વ્યાકરણ) છટ્ઠી વિભક્તિનો એક પ્રકાર. કર્મના અર્થમાં છટ્ઠી વિભક્તિ વપરાય છે. જેમકે, શિષ્યની શિક્ષા યોગ્ય હતી.

કર્મણૂક [મ.] સ્ત્રી. મનોરંજન.

કર્મણ્ય ૧. [સં.] ન. પ્રવૃત્તિ; ઉદ્યોગ.

૨. ન. શૌર્ય; પરાક્રમ.

૩. વિ. ઉદ્યોગી; યત્નશીલ.

૪. વિ. ચાલાક; કુશળ; હોશિયાર.

કર્મણ્યતા ૧. [સં.] સ્ત્રી. ઉદ્યોગીપણું.

૨. સ્ત્રી. કાર્યકુશળતા; હોશિયારી.

કર્મણ્યા [સં.] સ્ત્રી. વેતન; પગાર.

કર્મતંત્ર ન. કર્મનું તંત્ર.

કર્મત્યાગ [સં.] પું. કર્મનો ત્યાગ; સંસાર છોડી દેવો તે.

કર્મત્રય [સં.] ન. (વેદાંત) પ્રારબ્ધ, સંચિત અને આગામી એવા કર્મના ત્રણ પ્રકાર.

કર્મત્વ [સં.] ન. ક્રિયા; સંસાર સંબંધી કર્મ.

કર્મદ ન. કરમદું.

કર્મદલ [સં.] પું. કર્મનો સમૂહ.

કર્મદલિક ન. કર્મનો સમૂહ.

> ખરૂં સુખ, આત્મામાં રહેલાં **કર્મદલિકને** ઉડાડી, આત્માને આત્મારૂપે પરિણમવવામાં છે.
>
> સનાથ અનાથ નિર્ણય

કર્મદળ [સં. કર્મદલ] ન. કર્મનો સમૂહ.

કર્મદંડ [સં.] પું. કરેલાં કામની શિક્ષા; કર્મની સજા.

કર્મદા પું. (પિંગળ) દરેક ચરણમાં એક રગણ અને એક સગણ મળી છ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ગાયત્રી છંદનો એક ભેદ છે. તેને તિલ છંદ પણ કહે છે.

> **કર્મદા ર સ થી**
>
> રણપિંગળ

કર્મદાન [સં.] પું. નાલંદા વિદ્યાપીઠના પંડિતોના અધ્યક્ષથી ઊતરતા દરજ્જાનો પંડિત; વિહારસ્વામી; વિહારપાલ.

કર્મદી ૧. સ્ત્રી. કરમદાનું ઝાડ.

૨. ન. કરમદું.

કર્મદુષ્ટ [સં.] વિ. હલકાં કામ કરવાવાળું; નીચ; અધમ.

કર્મદેવ ૧. [સં.] પું. એક જાતનો દેવ; અગ્નિહોત્ર વગેરે કર્મથી દેવપણાને પામેલા દેવ. દેવતા બે પ્રકારના છે: કર્મદેવો અને આજાનદેવો.

૨. પું. કાર્ય કરનાર વ્યક્તિ.

કર્મદેવતા [સં.] સ્ત્રી. કર્મ વડે દેવપણાને પામેલા દેવતા; કર્મદેવ.

કર્મદેવી સ્ત્રી. મેવાડના રાણા સમરસિંહની શૂરવીર રાણી. જ્યારે સમરસિંહ શાહબુદ્દીન સાથે લડતાં માર્યો ગયો ત્યારે આ રાણીએ પોતાનો દેશ બચાવવા લશ્કરની સરદારી લઈ શાહબુદ્દીનના સરદાર કુતબુદ્દીનને અંબાર નજીક પકડી પાડી હરાવ્યો અને મેવાડીઓને ઇસ્લામી પંજામાંથી બચાવી લીધા.

કર્મદોષ ૧. [સં.] પું. કર્મનાં માઠાં પરિણામ.

૨. પું. કર્મનું કારણ વાસનારૂપ દોષ.

૩. પું. કર્મનો હેતુ.

૪. પું. દુરાચાર; ખરાબ આચરણ.

૫. પું. પાપ; દુષ્કર્મ.

૬. પું. ભૂલ; કર્મનો દોષ.

કર્મદ્વાર [સં.] ન. કર્મરૂપી બારણું; કર્મકપાટ.

કર્મધર્મસંયોગ [સં.] પું. કર્માનુસાર પૂર્વના સંસ્કારથી બનેલું કાર્ય.

કર્મધારક [સં.] વિ. ફલરૂપ; વિધેય.

કર્મધારય ૧. [સં.] પું. (વ્યાકરણ) ક્રિયાની સાથે સરખો સંબંધ રાખનાર પદોનો સમાસ; તત્પુરુષ સમાસમાં બંને પદો સમાનાધિકરણ હોય તે સમાસ. તેમાં વિશેષણ પૂર્વપદ હોય અને વિશેષ્ય ઉત્તરપદ હોય છે. જેમકે, મહારાજા, પીતાંબર, શુક્લપક્ષ, ઘનશ્યામ, વદનકમળ.

૨. પું. ખેતી.

કર્મધારય સમાસ [સં.] પું. (વ્યાકરણ) જે સમાસમાં પૂર્વપદ વિશેષણ હોય અથવા પહેલું કે બીજું પદ સરખામણી બતાવનારૂં હોય અથવા રૂપક હોય તે જાતનો સમાસ; વિશેષણ અને વિશેષ્ય સમાન અધિકરણવાળાં જેમાં હોય તેવો સમાસ. જેમકે, કૃષ્ણમૃગ, શ્વેતપતાકા.

કર્મધ્વંસ ૧. [સં.] પું. ધાર્મિક ક્રિયા કરવાથી મળેલા ફળનો નાશ.

૨. પું. નિરાશા; હતાશ થવું તે.

કર્મનક્ષત્ર ન. (જ્યોતિષ) જન્મ નક્ષત્રથી દશમું નક્ષત્ર.

કર્મનામ [સં.] ન. કૃદંતમાંથી બનાવેલું નામ.

કર્મનાશ [સં.] પું. કર્મોનો નાશ.

કર્મનાશા ૧. [સં.] સ્ત્રી. કરેલાં કુકર્મો મટાડે તેવી નદી; દેવગંગા.

૨. સ્ત્રી. જેના પાણીના સ્પર્શથી પુણ્ય નાશ પામે તેવી એક નદીનું નામ. તે કાશી પ્રાંતની સીમા ઉપર ફરી વળી ઉત્તર તરફથી ભાગીરથીને મળે છે. હિંદુશાસ્ત્ર પ્રમાણે આ નદીના પાણીને અડકવાની પણ મના છે, પરંતુ તેના કાંઠે વસતા લોકોને તેના પાણીથી સ્નાન કરવું પડે છે. આ નદી ત્રિશંકુ રાજાની લાળથી અથવા રાવણના મૂત્રથી ઉત્પન્ન થયેલ મનાય છે. હિંદુઓના મંતવ્ય પ્રમાણે વિશ્વામિત્ર ઋષિના કૃપાપાત્ર ત્રિશંકુના પાપના સંસર્ગથી એનું જળ પતિત બન્યું. આ નદી પૂર્વે જેને બંગાળ પ્રાંત કહેતા તેમાંના શાહબાદ જિલ્લાની પશ્ચિમ સીમારૂપ છે. હાલ એ બિહાર અને સંયુક્ત પ્રાંતની સીમા ગણાય છે ને તે સરોદ નામના ગામના એક ઝરામાંથી નીકળે છે.

૩. ન. વૈદ્યનાથમાં આવેલું એક નાનું વહોળિયું.

કર્મનાસા ન. હરીતકીવન વ્યાને હારલાજુડીની ઉત્તરમાં વહેતું એ નામનું વહોળિયું. રાવણે મલોત્સર્ગ કરવાથી તે ઉત્પન્ન થયું હોવાનું મનાય છે.

કર્મનિરત [સં.] અ. કામ ઉપર; હોદ્દા ઉપર.

કર્મનિર્જરા [સં.] સ્ત્રી. (જૈન) કર્મબંધનનો અંશથી ક્ષય.

કર્મનિષ્ઠ ૧. [સં.] વિ. કર્મ ઉપર આસ્થાવાળું.

૨. વિ. કામમાં આસક્ત; કર્તવ્યપરાયણ.

૩. વિ. ચારિત્રશીલ.

૪. વિ. શાસ્ત્રવિહિત કર્મોમાં નિષ્ઠા રાખનાર; અગ્નિહોત્ર, યજ્ઞયાગ ઇત્યાદિ કર્મ ઉપર નિષ્ઠા રાખનાર.

કર્મનિષ્ઠા ૧. [સં.] સ્ત્રી. કર્મ ઉપર પૂર્ણ શ્રદ્ધા; નસીબ ઉપરનો વિશ્વાસ.

૨. સ્ત્રી. કામમાં આસક્તિ; કર્તવ્યપરાયણતા.

કર્મનિષ્ઠાઈ જુઓ કર્મનિષ્ઠા.

કર્મન્યાસ [સં] પું. કર્મ ઈશ્વરને અર્પણ કરી દેવાં તે; કર્મસંન્યાસ.

કર્મપક્ષ [સં.] પું. કર્મયોગ; કર્મમાર્ગ.

કર્મપથ ૧. [સં.] પું. કર્મ કરવાનો રસ્તો; કાર્યમાર્ગ; કર્મમાર્ગ. બૌદ્ધ ધર્મમાં દશ કર્મપથ ગણાવેલા છે: (૧) પ્રાણઘાત, (૨) અદત્તાદાન, (૩) વ્યભિચાર, (૪) અસત્ય ભાષણ, (૫) ચાડી, (૬) કઠોર ભાષણ, (૭) બડબડાટ, (૮) પર દ્રવ્યનો લોભ, (૯) ક્રોધ અને (૧૦) નાસ્તિકતા.

૨. પું. કામનું મૂળ.

કર્મપદાર્થ [સં.] પું. (વેદાંત) કર્મરૂપી પદાર્થ. એના પાંચ પ્રકાર: (૧) ઉત્ક્ષેપણ, (૨) અવક્ષેપણ, (૩) આકુંચન, (૪) પ્રસારણ અને (૫) ગમન. એ કર્મ પૃથ્વી, જળ, તેજ, વાયુ અને મન એ પાંચ મૂર્ત દ્રવ્યોમાં રહે છે.

કર્મપદ્ધતિ [સં] સ્ત્રી. કર્મકાંડની રીત; વિધિ.

કર્મપરંપરા [સં.] સ્ત્રી. વ્યાપાર.

કર્મપરાયણ [સં.] વિ. ફરજ બજાવે એવું.

કર્મપરાયણતા [સં.] સ્ત્રી. ફરજ બજાવવાપણું.

કર્મપરિણામી [સં. કર્મપરિણામિન્] વિ. કર્મના પરિણામ રૂપે થયેલું હોય એવું.

કર્મપંચક [સં.] ન. (વેદાંત) નિત્યકર્મ, નૈમિત્તિક કર્મ, કામ્ય કર્મ, પ્રાયશ્ચિત્ત કર્મ, નિષિદ્ધ કર્મ એવા કર્મના પાંચ પ્રકાર.

કર્મપંચમી [સં.] સ્ત્રી. (સંગીત) લલિત, વસંત, હિંડોલ અને દેશકારના સંયોગથી બનેલી એક રાગિણી.

કર્મપાક [સં.] પું. આગલા જન્મનાં કર્મો ફળવાની તૈયારી; પૂર્વજન્મનાં સારાંનરસાં કામોનો બદલો મળવાના સમયનું આગમન; કર્મફળ.

કર્મપાકવશાત્ [સં.] અ. કર્મના પાકવાથી; આગલા જન્મનાં કર્મો ફળવાની તૈયારીથી.

કર્મપાશ [સં.] પું. કર્મબંધન; કર્મની જાળ.

કર્મપ્રકૃતિ ૧. [સં.] પું. (જૈન) એ નામનો એક ગ્રંથ.

૨. સ્ત્રી કર્મનો સ્વભાવ; કર્મનો ગુણ.

કર્મપ્રધાન ૧. [સં.] વિ. ક્રિયાકાંડી.

૨. વિ. જ્યાં માણસો ખૂબ મહેનત કરતાં હોય એવું.

કર્મપ્રધાનક્રિયા [સં.] સ્ત્રી. (વ્યાકરણ) જે ક્રિયામાં કર્મ મુખ્ય હોઈ કર્તાની સમાન આવે અને જેનાં જાતિવચન તે કર્મ અનુસાર આવે તે ક્રિયા.

કર્મપ્રધાનવાક્ય [સં.] ન. જેમાં કર્મ મુખ્ય રૂપે કર્તા સમાન આવે તે વાક્ય.

કર્મપ્રવચનીય [સં.] પું. નામ અથવા ક્રિયાપદની સાથે સંબંધ ધરાવે નહિ એવાં ક્રિયાવિશેષણ કે નામયોગી અવ્યય. કર્મપ્રવચનીય ૧૧ છે. જેમકે, અનુ, ઉપ, અપ, પરિ, આ, પ્રતિ, અભિ, અધિ, સુ, અતિ, અપિ.

કર્મપ્રવીણતા સ્ત્રી. કામમાં મશગૂલતા.

કર્મપ્રવેશ પું. વસ્તુના સોળ સંસ્કાર માંહેનો બારમો સંસ્કાર. જુઓ સંસ્કાર.

કર્મફલ ૧. પું. દક્ષિણા અને યજ્ઞ પુરુષનો પુત્ર.

૨. ન. એક જાતના ઝાડનું ફળ.

૩. [સં.] ન. કર્મનો પરિપાક; કર્મવિપાક; સારાં નરસાં કર્મોનાં પરિણામ. સારાં કર્મના બદલામાં સ્વર્ગ મળે છે અને નઠારાં કર્મના બદલામાં અનેક પ્રકારની નરકમાં શિક્ષા ખમવી પડે છે અને મોક્ષ મળે ત્યાંસુધી અસંખ્ય યોનિમાં વારંવાર પુનર્જન્મ લેવો પડે છે.

કર્મફલદા [સં.] સ્ત્રી. કર્મનું ફળ આપનારી દેવી.

કર્મફલપ્રદાતા [સં. કર્મફલપ્રદાતૃ] વિ. કર્મનાં ફળ આપનાર.

કર્મફલવ્યતિકર [સં.] (વેદાંત) એકના સુખ દુઃખથી બધાંને સુખ દુઃખ થવું તે.

કર્મફળ જુઓ કર્મફલ.

કર્મફૂટેલ વિ. ભાગ્યહીણ; કમનસીબ.

કર્મફૂટ્યું વિ. કમનસીબ; દુર્ભાગી; હતભાગી.

કર્મબદ્ધ [સં.] વિ. શુભાશુભ કર્મના બંધવાળું.

કર્મબંધ ૧. [સં.] પું. કર્મબંધન; કર્મથી આત્માનું બંધન; કર્મની બેડી.

૨. પું. (જૈન) રાગ, દ્વેષ, મોહ કરવાથી કાર્મણ વર્ગણા નામનાં એક જાતનાં સૂક્ષ્મ પુદ્ગલોનું આત્માના પ્રદેશમાં એકમેક મળી જવાપણું.

કર્મબંધન જુઓ કર્મબંધ.

કર્મબાજી સ્ત્રી. કામ કરવામાં હાથચાલાકી.

કર્મબાધ [સં.] પું. કર્મનો દોષ.

કર્મબાહુલ્ય [સં.] ન. ઘણું કામ; કામનું ઘણાપણું.

કર્મબીજ [સં.] ન. કર્મનું બીજ; રાગ, દ્વેષ, મોહ વગેરે.

કર્મભંડાર [સં.] પું. કર્મકોષ; કર્મનો ખજાનો.

કર્મભાર [સં.] પું. કર્મરૂપી બોજો.

કર્મભાવ ૧. [સં.] પું. (જૈન) જ્ઞાનાવરણત્વ આદિ પ્રકૃતિ.

> આત્મપ્રદેશો સાથે બંધાતા પુદ્ગલસ્કંધોમાં **કર્મભાવ** અર્થાત્ જ્ઞાનાવરણત્વ આદિ પ્રકૃતિઓ બને છે.
> તત્ત્વાર્થસૂત્ર

૨. સ્ત્રી. જ્યોતિષ કુંડલીનો દશમો ભાવ.

કર્મભુવન [સં.] ન. (જ્યોતિષ) જન્મકુંડલીમાંનું દશમું ભુવન. આ ભુવનમાં કર્મ, કીર્તિ, આજીવિકા, પ્રવૃત્તિ, આજ્ઞા, ભાગ્ય, રાજ્યદ્વાર તથા વેપાર વિષે અને પિતાનું સુખદુઃખ પણ જોવામાં આવે છે.

કર્મભૂ ૧. [સં.] સ્ત્રી. ખેડેલી ભોંય; ખેતી કર્મની ભૂમિ.

૨. સ્ત્રી. જે કોઈ સ્થળે કર્મ કરાય તે સ્થળ; કર્મક્ષેત્ર.

૩. સ્ત્રી. હિંદુસ્તાન; ભારતવર્ષ; આર્યાવર્ત.

કર્મભૂમિ ૧. [સં] સ્ત્રી. (જૈન) અસિ, મસિ એટલે વ્યાપાર અને કૃષિ જ્યાં થતી હોય તેવી ભૂમિ; મનુષ્યને રહેવાનાં પંદર ક્ષેત્ર. તેમાં મોક્ષમાર્ગને જાણનારા અને તેનો ઉપદેશ કરનારા તીર્થંકર પેદા થઈ શકે છે. કર્મભૂમિઓ પંદર જ છે. જેમકે, પાંચ ભરત, પાંચ ઐરવત અને પાંચ વિદેહ.

૨. સ્ત્રી. કાર્યક્ષેત્ર; કર્મ કરવાનું ક્ષેત્ર.

૩. સ્ત્રી. ખેડેલ ભોંય; ખેતી કર્મની ભૂમિ.

૪. સ્ત્રી. ભારતવર્ષ; આર્યાવર્ત; ભરતખંડ.

કર્મભૂમિક ૧. [સં.] વિ. (જૈન) કર્મભૂમિના ક્ષેત્રમાં રહેનાર; અસિ, મસિ અને કૃષિ એટલે તરવાર, કલમ અને ખેતી એ ત્રણ કર્મ ઉપર નિર્વાહ ચલાવનાર.

૨. વિ. કર્મભૂમિમાં પેદા થયેલ.

કર્મભૂમિજ [સં.] ન. કર્મભૂમિમાં પેદા થયેલ મનુષ્ય.

કર્મભોગ ૧. [સં.] પું. એક પક્ષીનું નામ.

૨. પું. કર્મજન્ય સુખદુઃખનો ભોગ.

૩. પું. કર્મફલ; કરણીનું ફળ.

૪. પું. પૂર્વજન્મનાં કર્મનું પરિણામ.

૫. પું. ભક્તિ.

કર્મભ્રષ્ટ ૧. [સં. કર્મન્ + ભ્રંશ્ (નીચે પડવું)] વિ. કર્મચ્યુત; કર્તવ્ય કર્મોથી વિમુખ થઈ ગયેલું.

૨. વિ. પોતાની ફરજ નહિ બજાવતું.

કર્મમર્યાદા [સં.] પું. વિષ્ણુનું નામ.

કર્મમર્યાદાદર્શનોત્સુક [સં.] પું. પુરુષોત્તમનાં હજાર નામ માંહેનું એક.

કર્મમલ [સં.] પું. કર્મરૂપી મેલ.

કર્મમલહીન [સં.] વિ. કર્મના મેલ વિનાનું.

કર્મમહત્તા [સં.] સ્ત્રી. કર્મનું મોટાપણું.

કર્મમળ [સં. કર્મમલ] પું. કર્મરૂપી કચરો.

કર્મમંત ન. બંગાળના ટીપરી જિલ્લામાં આવેલ કમતા ગામનું પ્રાચીન નામ. ખડગના રાજાઓના કાળમાં એ સમતટની રાજધાની હતું.

કર્મમાદક [સં.] પું. કર્મરૂપી કેફી પદાર્થ.

કર્મમાર્ગ ૧. [સં.] પું. કર્મયોગ; પાઠ, પૂજા, હોમ વગેરે કર્મ કરીને સ્વર્ગે જવાય તે માર્ગ; કર્તવ્ય કર્મથી અથવા કર્મકાંડને અનુસરવાથી મોક્ષ મેળવવાનો માર્ગ.

૨. પું. ધાર્મિક ક્રિયાઓ કરવાથી જ કલ્યાણ થાય એવું માનનારાઓનો પંથ; કર્મપક્ષ.

૩. પું. પિતૃયાનનો એક માર્ગ. જુઓ પિતૃયાન.

કર્મમાર્ગનિયામક ૧. [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

૨. પું. વિષ્ણુનું એક નામ.

કર્મમાર્ગપ્રદર્શક [સં.] પું. વિષ્ણુનું એક નામ.

કર્મમાર્ગી ૧. [સં. કર્મમાર્ગિન્] વિ. કર્મમાર્ગને અનુસરતું.

૨. વિ. ધર્મની ક્રિયાઓ કરવાથી જ કલ્યાણ થાય છે એમ માનનાર; મીમાંસક.

કર્મમાર્ગીય જુઓ કર્મમાર્ગી.

કર્મમિશ્રાઉપાસના [સં.] સ્ત્રી. ભગવાનને અર્પણ કરવાની બુદ્ધિથી કર્મ કરવા વડે ભગવાનની સમીપમાં હોવાપણું.

કર્મમીમાંસા ૧. [સં.] સ્ત્રી. કર્મની ફિલસૂફી; કર્મ સંબંધી વિચારણા.

૨. સ્ત્રી. પૂર્વમીમાંસા; કર્મકાંડને પ્રતિપાદન કરનારા વેદના વિચારનો ગ્રંથ; જૈમિનિ મુનિએ રચેલું કર્મકાંડપ્રધાન દર્શન.

કર્મમીમાંસામાર્ગી [સં. કર્મમીમાંસામાર્ગિન્] વિ. કર્મની ફિલસૂફીમાં માનનાર.

કર્મમુક્ત [સં.] વિ. કર્મના બંધનથી છૂટું થયેલ.

કર્મમૂલ ૧. [સં.] ન. કર્મનું મૂળ.

૨. ન. (જૈન) કર્મનું મૂળ કારણ. મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એવાં કર્મનાં પાંચ કારણ છે.

૩. ન. દર્ભ; દાભ; કુશતૃણ. તેનાથી વૈદિક કર્મો કરાય છે.

કર્મમોચન [સં.] પું. પરમાત્મા; સિદ્ધ; અંતર્યામી.

કર્મયુક્તિ [સં.] સ્ત્રી. નૈષ્કર્મ્ય સિદ્ધિ.

કર્મયુગ ૧. [સં.] પું. કલજુગ; કલિયુગ.

૨. પું. કાર્ય કરવાનો જમાનો.

કર્મયોગ ૧. [સં.] પું. કર્મ કરવાની કુશળતા.

૨. પું. કર્મને પરમાત્માના માર્ગમાં જોડવાપણું.

૩. પું. ગીતાના અઢાર માંહેનો એ નામનો ત્રીજો અધ્યાય. આ અધ્યાય ગીતાનું સ્વરૂપ જાણવાની કૂંચી મનાય છે. તેમાં કર્મ કેમ કરવું, કયું કરવું તથા ખરૂં કર્મ કોને કહેવું જોઈએ તે સ્પષ્ટ કર્યું છે અને બતાવ્યું છે કે ખરૂં જ્ઞાન પારમાર્થિક કર્મોમાં પરિણમવું જ જોઈએ. જ્ઞાનીઓએ પોતે જ્ઞાની હોઈ સમબુદ્ધિ રાખી કર્મ કર્યા વિના બેસી રહેવા કરતાં સમબુદ્ધિ રાખી બીજાં માંણસો કે પુષ્કળ મનુષ્યના હિતને માટે એટલે આખા જગતના કલ્યાણ માટે કર્મ કરતાં રહેવું એ શ્રેયસ્કર છે. એ કર્તવ્યની મહત્તાનું વર્ણન આ અધ્યાયમાં આપવામાં આવ્યું છે, માટે એને કર્મયોગ કહ્યો છે.

૪. પું. ચિત્ત શુદ્ધ કરનાર શાસ્ત્રવિહિત કર્મ.

૫. પું. ધાર્મિક તથા વ્યાવહારિક કર્માનુષ્ઠાન કરવાં તે; કર્મમાર્ગની સાધના.

૬. પું. નિષ્કામ કર્મરૂપી ભક્તિ.

૭. પું. બનાવ; નસીબનો યોગ.

કર્મયોગમાર્ગ [સં.] પું. આયુષ્યક્રમણ માર્ગના ચાર માંહેનો એક પ્રકાર.

કર્મયોગશાસ્ત્ર [સં.] ન. એ નામનું એક પુસ્તક; ભગવદ્ગીતારહસ્ય.

કર્મયોગિની [સં.] સ્ત્રી. કર્મયોગમાં માનનારી સ્ત્રી.

કર્મયોગી ૧. [સં. કર્મયોગિન્] પું. કર્મયોગનો સાધક.

૨. વિ. કર્મમાં જોડવાવાળું.

કર્મરત [સં.] વિ. કર્મમાં રચ્યુંપચ્યું રહેનાર.

કર્મરહિત [સં.] વિ. પવિત્ર; પાવન; પાપ રહિત.

કર્મરંગ ૧. [સં.] ન. એક જાતના ઝાડનું ફળ. તે ખાવાથી ભોજનમાં રુચિ વધે છે.

૨. ન. એક જાતનું ઝાડ; કમરખ.

કર્મરી [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; વંશલોચન.

કર્મરૂપિયું વિ. કર્મ રૂપે રહેલું હોય એવું.

ત્યાં **કર્મરૂપિયાં** ઘાલ્યાં ઢોર,
મેલું મન અંધારૂં ઘોર. અખો

કર્મરેખ [સં.] સ્ત્રી. કર્મની રેખા; તકદીર.

કર્મરેખા ૧. [સં.] સ્ત્રી. કર્મગતિ; કર્મનો આલેખ.

૨. સ્ત્રી. નસીબ.

૩. સ્ત્રી. માણસના કપાળમાં વિધાતાની લખેલ લીટી.

૪. સ્ત્રી. શુભાશુભ ભાવિસૂચક હસ્તપાદાદિમાંનો આંકો અથવા લીટી; ભાવિસૂચક આંકો.

કર્મલ સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેને સુંદર પીળાં ફૂલ આવે છે. ડાંગનાં જંગલમાં તથા આસામમાં તે ઊગે છે. તેનાં મોટાં પાંદડાં રતાશ પડતાં તાંબાના રંગ જેવાં હોય છે.

કર્મલઘુ [સં.] વિ. હળુકર્મી; કર્મ પાતળાં પડ્યાં હોય એવું.

કર્મલડો (કર્મલડ઼ો) ૧. પું. કરમો; દહીંભાત.

૨. પું. સાથવો; કુલેર.

કરે કરીને **કર્મલડો** ખવરાવું રે. ભાલણ

કર્મલાક ન. કોમિલ્લા. બંગાળના ટીપરી જિલ્લાની રાજધાનીનું છઠ્ઠી સદીનું પ્રાચીન શહેર. ચિનાઈ મુસાફર હ્યુન્શ્યાંગે તેને ક્રિયાંમોલાંકિયા જણાવ્યું છે.

કર્મલોક [સં.] પું. મૃત્યુલોક.

મૃત્યુલોકમાં વિશેષતા એ છે કે તેમાં કર્મ કરાય
છે અને તેથી તેને **કર્મલોક** પણ કહેલો છે.
સૂતસંહિતા

કર્મવચન [સં.] ન. (બૌદ્ધ) ધાર્મિક ક્રિયાઓ.

કર્મવજ [સં.] પું. શૂદ્ર.

કર્મવત્તા સ્ત્રી. કર્મ કરનારા હોવાપણું; કર્મયુક્તતા.

કર્મવધ પું. બેદરકારી.

કર્મવર્ગણા સ્ત્રી. કર્મદ્રવ્ય; કર્મ સંબંધી અજાતીય પદાર્થ.

કર્મવશ ૧. [સં.] પું. આગલા જન્મમાં કરેલાં કર્મોનું ફળ.

૨. વિ. પુનર્જન્મનાં કરેલાં કર્મનાં ફળ આ જન્મે જેને ભોગવવાં હોય તેવું; નસીબને આધીન એવું.

કર્મવશાત્ [સં.] અ. કર્મને લઈને.

કર્મવાચ ન. સભા આગળ મુકાતો ઠરાવ અથવા પ્રતિજ્ઞા.

કર્મવાચકસંજ્ઞા સ્ત્રી. (વ્યાકરણ) ક્રિયાપદ ઉપરથી બનેલું ભાવવાચક નામ.

કર્મવાટી [સં.] સ્ત્રી. તિથિ.

કર્મવાદ ૧. [સં.] પું. કર્મને લગતો ઝઘડો; કર્મને લગતો વાદ.

૨. પું. કર્મયોગ.

૩. પું. પ્રારબ્ધવાદ; દૈવવાદ; નસીબમાં લખેલું મિથ્યા થનાર નથી એવો મત.

૪. પું. મીમાંસા. તેમાં કર્મને પ્રધાન માન્યું છે.

કર્મવાદયુક્ત [સં.] વિ. કર્માનુસાર ફળ મળે એવા સિદ્ધાંતવાળું.

કર્મવાદી ૧. [સં. કર્મવાદિન્] પું. કર્મવાદમાં માનનાર પુરુષ.

૨. વિ. કર્મકાંડ અથવા કર્મને પ્રધાન માનનાર; મીમાંસક.

૩. વિ. કર્મને માનનાર; કર્મવાદમાં માનનાર.

૪. વિ. નસીબ ઉપર આધાર રાખનાર; દૈવવાદી.

કર્મવાન ૧. [સં. કર્મવત્] વિ. ક્રિયાવાન; કર્મ કરનાર.

૨. વિ. વેદવિહિત નિત્યકર્મને વિધિપૂર્વક કરનાર.

કર્મવારી [સં.] સ્ત્રી. તિથિ; મિતિ.

કર્મવાસના [સં.] સ્ત્રી. કર્મમાંથી બંધાતી વાસના.

કર્મવિધિ [સં.] પું. અપૂર્વ વિધિના ચાર માંહેનો એક પ્રકાર.

કર્મવિપાક ૧. [સં. કર્મન્ + વિપાક (પરિપક્વપણું)] ન. કર્મનું ફળ; કર્મપાક.

૨. ન. કેવાં કેવાં કર્મે કેવા કેવા જન્મ મળે તે બતાવનારૂં પુસ્તક.

કર્મવીર ૧. [સં.] પું. કર્તવ્ય કર્મ કરવામાં બહાદુર માણસ.

૨. વિ. કામ કરવામાં હિંમતવાન.

કર્મવૃત્તિ [સં.] સ્ત્રી. કર્મ કરવાની ઇચ્છા; કાર્યબુદ્ધિ.

કર્મવ્યતિહાર ૧. [સં.] પું. કામનો અદલોબદલો; કર્મનો વિનિમય; ક્રિયાનું સામસામે થવું તે.

૨. પું. (વ્યાકરણ) સમાસની એક જાત. તેમાં ક્રિયા વારંવાર થાય છે એમ બતાવાય છે. જેમકે, મુષ્ટામુષ્ટિ; દંડાદંડી.

કર્મવ્યતિહારવાચક [સં.] વિ. કર્મવ્યતિહાર બતાવનારૂં.

કર્મશક્તિ ૧. [સં.] પું. સૂર્યનું એક નામ.

૨. સ્ત્રી. કાર્ય કરવાનું બળ.

કર્મશાલા ૧. [સં.] સ્ત્રી. કારખાનું; કાર્યાલય; ઉદ્યોગશાળા; કારીગરીની શાળા.

૨. સ્ત્રી. કુંભારનું વાસણ બનાવવાનું સ્થળ.

કર્મશાલી [સં. કર્મશાલિન્] પું. વિષ્ણુનું એક નામ.

કર્મશાસ્ત્ર [સં.] ન. કર્મો સંબંધી શાસ્ત્ર.

કર્મશીલ ૧. [સં.] વિ. ઉદ્યોગી.

૨. વિ. નિરંતર કામમાં લાગેલું; કામ કરવાના સ્વભાવવાળું; પ્રવૃત્તિશીલ; ઉદ્યમી.

૩. વિ. ફલની અભિલાષા છોડી સ્વભાવતઃ કામ કરનાર; કર્મવાન.

કર્મશૂન્ય [સં.] વિ. આળસુ; કામ ન કરતું હોય એવું.

કર્મશૂન્યતા [સં.] સ્ત્રી. નૈષ્કર્મ્ય; આળસાઈ.

કર્મશૂન્યત્વ [સં.] ન. અકર્મ; કામ ન કરવું તે.

કર્મશૂન્યાધિકાર ૧. [સં.] પું. કામ વગરની ચાકરી.

૨. પું. કામકાજ નહિ કરવાની વૃત્તિ.

કર્મશૂર ૧. પું. કર્મઠ; કામ કરવામાં શૂરવીર; આરંભેલું કામ પૂરૂં કરનાર.

૨. વિ. સાહસ તથા દઢતા સાથે કામ કરનાર; ઉદ્યોગી.

કર્મશેષ [સં.] ન. બ. વ. ભોગવ્યા વગર બાકી રહેલાં કર્મ.

કર્મશૌચ [સં.] ન. નમ્રતા; ગરીબાઈ.

કર્મશ્રેષ્ઠ ૧. [સં.] પું. પુલહ ઋષિનો ગતિ નામની સ્ત્રીથી થયેલો પુત્ર.

૨. વિ. કર્મ કરવામાં શ્રેષ્ઠ.

કર્મષટ્ક [સં.] ન. (વેદાંત) સ્નાન, સંધ્યા, જપ, હોમ, આતિથ્ય અને વૈશ્વદેવ એ છ કર્મ.

કર્મસચિવ [સં.] પું. રાજાને ખાનગી વિચાર સિવાયનાં કામમાં સહાય કરનાર.

કર્મસચીવ જુઓ કર્મસચિવ.

કર્મસર્વબંધવિમોચન [સં.] પું. શિવનું એક નામ.

કર્મસંગ ૧. [સં.] પું. 'આ હું કરૂં છું અને તેનું ફળ હું ભોગવીશ' એ પ્રમાણે ઇરાદાવાળો અભિનિવેશ.

૨. પું. કર્મના ફળની આશા રાખવી તે.

૩. પું. કર્મમાં આસક્તિ; સાંસારિક કર્મો અને તેનાં ફળો પ્રત્યેની આસક્તિ.

કર્મસંગી ૧. [સં.] પું. મનુષ્યલોક.

> રજોગુણમાં મૃત્યુ થાય તો દેહધારી **કર્મસંગી**ના લોકમાં જન્મે છે. અનાસક્તિયોગ

૨. વિ. કર્મનો સંગ કરનારૂં; કર્મની સાથે સંબંધ રાખનારૂં.

૩. વિ. કર્મો કરનાર.

કર્મસંગ્રહ [સં.] પું. કર્મમાં આવશ્યક સાધના. તે ત્રણ છેઃ કરણ, કર્મ અને કર્તા.

કર્મસંજોગ ૧. [સં. કર્મસંયોગ] પું. નસીબનો તાકડો; ભાવિનો યોગ.

૨. અ. ભોગજોગે; દૈવયોગે.

કર્મસંન્યાસ ૧. [સં.] પું. ઈશ્વરાર્પણ બુદ્ધિથી કરેલાં કર્મફળનો વિધિથી ત્યાગ; કર્મનો ત્યાગ.

૨. પું. કર્મના ફળનો ત્યાગ.

કર્મસંન્યાસિક [સં.] પું. દીક્ષિત ભિક્ષુક; સંન્યાસી. જુઓ કર્મસંન્યાસી.

કર્મસંન્યાસી ૧. [સં.] પું. પરમહંસ; કર્મનો ત્યાગ કર્યો હોય એવો માણસ.

૨. વિ. કર્મફળનો ત્યાગી; કર્મત્યાગી.

કર્મસંપૂર્તિકર્તા [સં. કર્મસંપૂર્તિકર્તૃ] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

કર્મસંવત્સર [સં.] પું. (જ્યોતિષ) ઋતુ સંવત્સર.

કર્મસાક્ષી ૧. [સં. કર્મસાક્ષિન્] પું. કર્મને જોનાર પુરુષ.

૨. પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

૩. પું. શુભાશુભ કર્મના પરિપાકનો જેણે અનુભવ લીધેલો હોય કે જોયાં હોય એવો પુરુષ. નવ કર્મસાક્ષી છેઃ પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, સૂર્ય, મંગળ (ચંદ્ર), યમ અને કાળ.

૪. પું. સૂર્ય.

૫. વિ. કર્મને જોનાર; હરકોઈ કામમાં સાક્ષી.

કર્મસાધન ૧. [સં.] ન. કર્માનુષ્ઠાન; જેથી કર્મ સિદ્ધ થાય તે.

૨. ન. કામનું સાધન; કર્મ સિદ્ધ કરવા જરૂરી સાધન.

કર્મસાપેક્ષ [સં.] વિ. કર્મની અપેક્ષાવાળું.

> ઈશ્વરને **કર્મસાપેક્ષ** કહેતા હો તો તે સંભવ નથી, કારણ કે પ્રથમ કાર્યનો વિભાગ કરેલો હોતો નથી. શરીર અને કર્મ એવા બે જુદા ભાગ હોય તો બની શકે. અણુભાષ્ય

કર્મસિદ્ધિ ૧. [સં.] સ્ત્રી. કર્મ ફળવાં તે; સારાં નઠારાં ફળની પ્રાપ્તિ.

૨. સ્ત્રી. કાર્યમાં સફળતા.

૩. સ્ત્રી. જન્મોત્રીમાં લગ્નસ્થાનનું દશમું ઘર.

કર્મસિંહ પું. નાકરયુગનો એ નામનો એક કવિ. તે સં. ૧૬૭૮માં થઈ ગયો. તે નમયાસુંદરી ચોપાઈ, કુમતિવિધ્વંસ ચોપાઈના લેખક મનાય છે.

કર્મસ્કંધ [સં.] પું. (જૈન) દ્વિપ્રદેશાદિક ઘણા પરમાણુ મળીને બનેલ કર્મનો જથ્થો.

> પ્રદેશબંધ એ એક જાતનો સંબંધ છે અને તે સંબંધના **કર્મસ્કંધ** અને આત્મા એ બે આધાર છે. તત્ત્વાર્થસૂત્ર

કર્મસ્થાન ૧. [સં.] ન. કર્મ કરવાનું ઠેકાણું; કાર્યાલય; કામધંધો કરવાની જગ્યા.

૨. ન. દેહ; શરીર.

૩. ન. (જ્યોતિષ) લગ્નથી દશમું સ્થાન.

૪. ન. સંસાર; જગત.

કર્મહીણ ૧. [સં. કર્મહીન] વિ. અભાગિયું; હીણભાગી; કમનસીબ; હતભાગી.

૨. વિ. કર્મ વિનાનું.

૩. વિ. કર્મભ્રષ્ટ; કર્તવ્ય કર્મથી વિમુખ થયેલું.

૪. વિ. દુઃખી.

૫. વિ. પાપી; અધર્મી.

કર્મહીણું વિ. નિર્ભાગી; અભાગિયું; કમનસીબ.

કર્મહીન જુઓ કર્મહીણ.

કર્મહેતુ [સં.] પું. કામનું કારણ.

કર્મળો ૧. પું. કમળો.

અમને દયા કરો ગુરુદેવ,
કાપીને કર્મ **કર્મળો** જી રે. ભોજો

૨. પું. કલવો. કન્યાનાં માતાપિતા કન્યાનું લગ્ન કરતાં પહેલાં વરને કંસાર અથવા સુખડી જમાડવા જાય તેને કલવો કહે છે.

કર્મંદ [સં.] પું. ભિક્ષુસૂત્રનો કર્તા એક ઋષિ.

કર્મંદી ૧. [સં. કર્મંદિન્] પું. સંન્યાસી.

૨. વિ. કર્મંદે રચેલ ભિક્ષુસૂત્ર ભણનાર.

કર્માકર્મી અ. કર્મ અને ધર્મને અનુસરતી રીતે; કર્મ અને ધર્માનુસાર; નસીબ પ્રમાણે.

કર્માક્ષમ [સં.] વિ. કંઈ પણ કરવાને અશક્ત.

કર્માગત ૧. [સં.] વિ. દંતકથા માંહેનું.

૨. વિ. વારસામાં આવેલું.

કર્માગતદાસ [સં.] પું. વારસાથી થયેલો દાસ.

કર્માચરણ [સં.] ન. વર્તન.

કર્માજીવ ૧. [સં.] પું. ધંધો કરી ગુજરાન ચલાવનાર માણસ.

૨. વિ. કામ કરી જીવનાર.

કર્માટવી [સં.] સ્ત્રી. કર્મ રૂપી જંગલ.

કર્માડંબર ૧. [સં.] પું. કર્મનો ઢગલો.

૨. પું. કર્મનો દેખાવ.

કર્માતીત [સં.] વિ. કર્મથી પર; કર્મના બળને પણ ઉલ્લંઘી ગયેલું.

કર્માત્મક [સં.] વિ. કર્મ સંબંધી.

કર્માત્મા ૧. [સં. કર્માત્મન્] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

૨. પું. વિષ્ણુનું એક નામ.

૩. પું. સંસારી જીવ.

૪. વિ. કામ કરવામાં આસક્ત.

કર્માદાન ૧. [સં.] ન. કર્મોને આવવાનો માર્ગ.

૨. ન. (જૈન) પંદર પ્રકારનો વેપાર. તે શ્રાવકને માટે નિષિદ્ધ છે.

કર્માદાની વિ. કર્માદાન સંબંધી.

કર્માધર્મી ૧. [સં.] પું. વરસાદ સરખો ન થવાથી ખેતરમાં થતો ઓછોવત્તો પાક.

૨. વિ. અકસ્માતથી થયેલું.

૩. વિ. નસીબ ઉપર આધાર રાખતું.

૪. વિ. નસીબદાર.

૫. વિ. સદ્ગુણી.

૬. અ. કર્મ અને ધર્મને અનુસરતી રીતે; કર્મ અને ધર્માનુસાર.

કર્માધિકાર [સં.] પું. કર્મકાંડ કરવાનો હક્ક; ધાર્મિક વિધિ કરવાનો અધિકાર.

કર્માધીન ૧. [સં.] વિ. કર્મવશ; કર્મ ઉપર આધાર રાખનાર; દૈવાધીન.

૨. વિ. પોતાનાં આગલાં કૃત્ય ઉપર આધાર રાખનાર.

કર્માધ્યક્ષ [સં.] પું. ક્રિયાસાક્ષી; કામ કર્યું ન કર્યું તપાસનાર.

કર્માનુબંધ [સં.] પું. કામનો સંબંધ; કામ ઉપર આધાર.

કર્માનુબંધી [સં. કર્માનુબંધિન્] વિ. કર્મ સાથે જોડાયેલ; કર્મ સાથે સંબંધવાળું.

કર્માનુરૂપ ૧. [સં.] વિ. કર્મને અનુરૂપ; જેવાં કર્મ કર્યાં હોય એ પ્રમાણેનું.

૨. અ. કર્મને અનુસરીને; કર્મ મુજબ; કર્મ પ્રમાણે.

કર્માનુષ્ઠાન [સં.] ન. ફરજ બજાવવી તે; પોતાનાં કર્મધર્મ કરવાં તે.

કર્માનુસાર ૧. [સં.] પું. કાર્યને અનુસરનાર.

૨. અ. કર્મ પ્રમાણે; કર્મને અનુસરીને; જેવાં કર્મ કરેલાં હોય તે પ્રમાણે.

કર્માનુસારી ૧. [સં. કર્માનુસારિન્] વિ. કર્મને અનુસરતું.

૨. વિ. કામને અનુસરનાર.

કર્માનુસ્થાયી [સં. કર્માનુસ્થાયિન્] વિ. કામ કરનાર; યજ્ઞાદિ કર્મ કરનાર.

કર્માબાઈ સ્ત્રી. બે હજાર વર્ષ પૂર્વે જગન્નાથમાં થઈ ગયેલ એ નામની સ્ત્રીભક્ત. એનો પતિ, પુત્ર તથા પૌત્ર અકાળ મરણ પામવાથી તે અતિ શોક પામી ત્યારે એક સાધુએ તેને એક મૂર્તિ આપી તેની ભક્તિ કરવા કહ્યું. તે બાઈએ બચ્ચાંની માફક તે મૂર્તિની સંભાળ લીધી અને કેટલીક મુદ્દતે તે મૂર્તિ તેના હાથે ભોજન લેવા માંડી. ત્યારથી આજ સુધી જગન્નાથને ભોજનનું નૈવેદ્ય મૂકવાનો ચાલ ચાલતો આવ્યો છે. પ્રભુએ એને ત્યાં ખીચડો ખાધો હતો એમ મનાય છે.

કર્માભિધસાર [સં.] ન. મહર્ષિ આપસ્તંભે રચેલું એક શાસ્ત્ર. તેનો વિષય મનુષ્યોથી કરાતાં કર્મો છે. દરેક વ્યક્તિએ કરવાનાં કર્મો, અમુક કર્મનું ફળ, કર્મો ક્યારે અને કેમ કરવાં વગેરે જ્ઞાન તેમાં આપવામાં આવ્યું છે.

કર્માયન પું. (પુરાણ) એક બ્રહ્મર્ષિ.

કર્માર ૧. [સં.] પું. એક જાતિ.

૨. પું. કમરખ.

૩. પું. કર્મરંગ વૃક્ષ.

૪. પું. કારીગર.

કરણા સ્ત્રી સાથે માહિષ્ય પુરુષનો સંબંધ થતાં તથા તક્ષા સ્ત્રી સાથે રથકાર પુરુષનો સંબંધ થતાં શિલ્પિ, વર્ધકા, લોહકાર તથા **કર્માર** જાતિઓ બને છે. સૂતસંહિતા

૫. પું. લુહાર.

૬. પું. વાંસ.

૭. પું. વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ.

૮. પું. શિલ્પશાસ્ત્રનો જાણનાર.

૯. વિ. કર્મને પ્રાપ્ત થયેલ.

૧૦. વિ. કારીગરનું.

કર્મારપા પું. (બૌદ્ધ) ચોરાશી માંહેનો એ નામનો એક સિદ્ધ.

કર્મારંભ [સં.] પું. કર્મની શરૂઆત.

કર્માર્થે [સં.] અ. કર્મને માટે; કર્મને અર્થે.

કર્માર્ય [સં.] પું. કર્મમાં આર્ય; નિર્દોષ વ્યાપાર કરનાર.

કર્માર્હ ૧. [સં.] પું. પુરુષ.

૨. વિ. કામ કરવામાં સમર્થ.

કર્માવરણ ન. કર્મનું આવરણ; માયાજાળ.

કર્માશય ૧. [સં.] પું. કરેલ કર્મના સંસ્કાર.

૨. પું. કર્મજન્ય ધર્મ અધર્મરૂપ ગુણ.

કર્માસક્તિ [સં.] સ્ત્રી. કર્મમાં મોહ.

કર્માસેધ [સં. કર્મ (કામ) + **આસેધ** (પ્રતિબંધ)] પું. અમુક કામ કરવાની અટકાયત.

કર્માસ્રવ [સં.] પું. કર્મનું વહન; કર્મનો બંધ.

કર્માંગ [સં.] ન. કર્મનું અંગ.

કર્માંત ૧. [સં.] પું. અનાજનો કોઠાર; ધાન્યનું સંગ્રહસ્થાન.

૨. પું. કામનો અંત; કર્મની સમાપ્તિ.

૩. પું. ખેડેલી જમીન.

૪. પું. શાસ્ત્રમાં જણાવેલ આત્મ અને અનાત્મનો તત્ત્વનિશ્ચય.

૫. પું. શિલ્પકળાનો એક ઉદ્યોગ.

૬. ન. કર્મબંધનનું કારણ.

૭. ન. કારખાનું.

કર્માંતપુર ન. ગુજરાતનું એ નામનું એક જૂનું શહેર; કંતારગ્રામ.

કર્માંતર ૧. [સં.] ન. કર્મનો વિધિ; સંસ્કારાદિ ક્રિયા; વૈદિક કિંવા પૌરાણિક રીતે વ્રતઉદ્યાપન, હોમ હવન અને લગ્નાદિ સંસ્કારોની ક્રિયા.

૨. ન. ક્રિયાની અંદરનો વિરામ.

૩. ન. ફુરસદ; નવરાશનો વખત.

૪. ન. બીજું કામ.

૫. ન. શુભ કાર્યમાં અને ખાસ કરીને અધરણીમાં કરાવાતું વિધિયુક્ત કર્મ.

કર્માંતસૂત્ર [સં.] ન. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચતુર્વિધ પુરુષાર્થ સાધ્ય કરવા માટે ગૃહસ્થે કેવી રીતે વર્તવું તેવું વર્ણન કરતું એક સૂત્ર.

કર્માંતિક ૧. [સં.] પું. કારખાનાનું ધ્યાન રાખનાર અધિકારી.

૨. પું. મજૂર; નોકર.

૩. વિ. છેવટનું; છેલ્લું.

કર્માંશ [સં.] પું. કર્મનો અંશ.

કર્મિયો ૧. પું. એક જાતનો યમદૂત.

૨. વિ. કર્મ કરનાર.

કહિયે કર્મિયોને અધર્મિયો. નિષ્કુળાનંદ

કર્મિષ્ઠ ૧. [સં.] વિ. કર્મમાં માનનાર.

૨. વિ. કર્મરત; કર્મ કરવા ઉપર જેને પ્રીતિ હોય એવું.

૩. વિ. શ્રેષ્ઠ કર્મયોગી.

૪. વિ. હમેશા સ્નાન, સંધ્યા, હોમ કરે તેવું.

૫. વિ. હોશિયાર; કાર્યકુશળ.

કર્મિષ્ઠા પું. (પિંગળ) નવ અક્ષરનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; કિર્મિષ્ઠા. તે બૃહતી છંદનો એક ભેદ છે. તેમાં ભગણ, સગણ અને મગણ મળી નવ વર્ણ હોય છે.

ભૂ સ મ રચતાં કર્મિષ્ઠા. રણપિંગળ

કર્મી ૧. પું. મજૂર; કારીગર.

કશ્યપસંહિતામાં નૃકર, ભૃગુસંહિતામાં કર્મકૃત, મયસંહિતામાં કર્મી અને અંગ્રેજીમાં લેબરર કહે છે. શિલ્પશાસ્ત્ર

૨. પું. (પુરાણ) શુક્રાચાર્યને શતપર્વાથી થયેલ ચાર માંહેનો નાનો દીકરો.

૩. [સં. કર્મિન્] પું. સકામ કર્મયોગી.

૪. સ્ત્રી. ખાવા લાયક શાક.

૫. વિ. ઉદ્યોગી; મહેનતુ.

૬. વિ. કર્મના લેપવાળું; જેને કર્મ લાગેલાં હોય એવું.

૭. વિ. કામવાળું.

૮. વિ. કારીગર.

૯. વિ. ધની; ધનાઢ્ય; વૈભવી.

૧. કર્મીની જીભ અને અકર્મીના પગ = ગરીબને પરસેવે મોટાઓએ મોજ માણવી.

૨. કર્મીનો મંદવાડ અને અકર્મીનું છિનાળું કદી છાનાં જ રહે નહિ = નસીબ બે ડગલાં આગળ જ છે.

કર્મી ખાય ને રૂપવંતી રૂવે = સૌંદર્ય કરતાં નસીબ વધારે બળવાન છે.

૧૦. વિ. ધાર્મિક ક્રિયાઓ કરાવનાર.

૧૧. વિ. નસીબદાર.

૧૨. વિ. ફળની ઇચ્છા રાખી યજ્ઞ વગેરે કામ કરનાર.

૧૩. વિ. સારાં કર્મ કરવાવાળું.

૧૪. વિ. સારાં કર્મવાળું.

૧૫. વિ. સારૂં; ઊંચી જાતનું.

કર્મીર ૧. [સં.] પું. કાબરચીતરો રંગ.

૨. પું. નારંગી રંગ.

૩. વિ. કાબરચીતરા રંગનું; ડાધાડપકાવાળું.

કર્મીવટો ૧. પું. વૈભવી સ્થિતિવાળો અમલ; સુખચેનનો સમય.

૨. પું. સાહુકારી; અમીરાત.

કર્મુક ૧. [સં.] ન. તાલવૃક્ષનું બનાવેલ કામઠું.

૨. ન. સોપારી. સૂકી સોપારીનો ભૂકો નબળાઈને લીધે થયેલ ઝાડા અટકાવે છે. તે મૂત્રાશયના દરદોમાં ઉપયોગી છે. માખણની સાથે સોપારી આપવાથી કૃમિનો નાશ થાય છે. પેઢાં સખ્ત થયાં હોય ત્યારે ૧ ભાગ સોપારીનું અરિષ્ટ ૪ ભાગ પાણી સાથે મેળવી આપવું. આ અરિષ્ટ રક્તસ્રાવ પણ બંધ કરે છે. સોપારીની રાખ, અકલકરો અને કાળું મીઠું વાટીને દંતમંજન તરીકે વપરાય છે.

૩. ન. સોપારીનું ઝાડ.

કર્મુખ જુઓ કર્મુક.

કર્મેચ્છા [સં.] સ્ત્રી. કર્મ કરવાની ઇચ્છા.

કર્મેધર્મે અ. કોઈ વખત.

કર્મેવા [હિં.] પું એક શાકભાજીનું નામ.

કર્મેંદ્રિય [સં.] સ્ત્રી. ક્રિયાને સિદ્ધ કરવાવાળી ઇંદ્રિય; સ્થૂળ કામ કરનાર ઇંદ્રિય. જુઓ ઇંદ્રિક. સાંખ્ય મત અનુસાર ઇંદ્રિયો અગિયાર છે: પાંચ કર્મેંદ્રિયો, પાંચ જ્ઞાનેંદ્રિયો અને મન. વાક્, પાણિ, પાદ, પાયુ અને ઉપસ્થ એ પાંચ કર્મેંદ્રિયો કહેવાય છે અને અનુક્રમે વાણી, ગ્રહણ કરવું, ચાલવું, મલ બહાર કાઢવો અને મૈથુન કરવું એ તેમનાં કર્મ છે. આકાશના રજોગુણ અંશમાંથી વાણી, વાયુના રજોગુણ અંશમાંથી હાથ, તેજના રજોગુણ અંશમાંથી પગ, જલના રજોગુણ અંશમાંથી ઉપસ્થ અને પૃથિવીના રજોગુણ અંશમાંથી ગુદા થયેલ છે. કર્મેંદ્રિયોના દેવ: વાક્નો અગ્નિ, હાથનો ઇંદ્ર, પાદનો ઉપેન્દ્ર, વાયુનો મૃત્યુ અને ઉપસ્થનો પ્રજાપતિ દેવ છે.

પંચમહાભૂતના રાજસ અંશોમાંથી પાંચ કર્મેંદ્રિય થઈ છે. ભગવતી ભાગવત

કર્મેંદ્રિયપંચક [સં.] ન. (વેદાંત) વાક્, પાણિ, પાદ, પાયુ, ઉપસ્થ એ પાંચ કર્મનાં સાધન.

કર્મોડો (કર્મોડ઼ી) પું. શિંગડાનો એક રોગ. બળદ અને બીજાં ઢોરને, ખાસ કરીને બળદને, આ રોગ થઈ શિંગડા માંહેનો ગર્ભ કોહી જઈ જીવડાં પડી પ્રાણી ઘણું દુ:ખી થાય છે.

કર્મોદય [સં.] પું. કર્મનો ઉદય; કર્મ પ્રગટ થવાપણું.

કર્મોપાદન [સં.] વિ. કર્મ બંધાવનાર.

કર્મોપાર્જન [સં.] ન. કર્મનું ઉપાર્જન; કર્મ બાંધવાં તે.

કર્મોપાસના [સં.] સ્ત્રી. ત્રણ જાતની ઉપાસના માંહેની એક.

કર્મોર્ધ્વગામી [સં.] વિ. સારાં કર્મ કરી મોક્ષને પંથે જનારૂં.

કર્મ્મ ૧. [સં. કર્મન્] પું. (વ્યાકરણ) કર્મ વિભક્તિ.

૨. પું. કાર્ય.

૩. પું. ધાર્મિક ક્રિયા.

૪. પું. ફરજ.

૫. પું. ભાગ્ય; નસીબ.

કર્મ્મભૂમિ સ્ત્રી. (જૈન) તલવાર, કલમ અને ખેતી એ ત્રણ જાતનાં કર્મ ઉપર નિભાવ ચલાવનાર માણસોને રહેવાનાં પંદર ક્ષેત્ર.

કર્મ્મરી [સં.] ન. વંશલોચન. તે ધોળું અને કરકરિયાંવાળું ઝીણી ઝીણી ગાંગડીવાળું આવે છે, માટે તેને કર્મ્મરી કહે છે.

કર્ય ૧. [સં.] પું. કારણ; કામ.

૨. પું. ગામડું.

કર્યાત ૧. [અ. કર્યત (ગામ)] સ્ત્રી. તાલુકો.

૨. સ્ત્રી. દશ બાર ગામ ભેળાં થઈ બનતો મહાલ.

કર્યું ૧. ન. કરેલ કૃત્યનું ફળ.

૨. ન. કરેલું કામ.

કર્યુંકારવ્યું ૧. ન. મહેનત.

૨. વિ. જાતે કરેલું અને કરાવેલું.

કર્યોવશેક પું. ડામણડુમણ.

કર્ર્ર્ર્ભૂસ અ. ભીંત કે ભારે ચીજ પડતાં કર્ર્ર્ એવો થતો અવાજ.

કર્ર ૧. ન. કસુંબો.

૨. ન. કુસુમ; ફૂલ.

કર્રા ૧. પું. વારો; વખત.

૨. વિ. ઉગ્ર.

૩. વિ. ઓછું.
૪. વિ. કઠણ.
૫. વિ. કડક; કઠોર.
૬. વિ. કંજૂસ.
૭. વિ. કંટાળો આપે એવું.
૮. વિ. ખરબચડું.
૯. વિ. ખોટું; ચલણમાં ન ચાલે એવું.
૧૦. વિ. ગંભીર.
૧૧. વિ. ચુસ્ત.
૧૨. વિ. જોરાવર; બહાદુર.
૧૩. વિ. દુઃખ ઉપજાવે એવું.
૧૪. વિ. દૃઢ.
૧૫. વિ. ભાગ્યહીન.
૧૬. વિ. મજબૂત.
૧૭. વિ. મોટું.
૧૮. વિ. મોંઘું.
૧૯. વિ. વજનદાર.
૨૦. વિ. વીર્યવાન.
૨૧. વિ. સહન કરે એવું.
૨૨. વિ. હઠીલું.

કર્રાત [અ.] ન. બ. વ. વખત; સમય.
કર્રાત મર્રાત = વારંવાર.

કર્રાદ [અ.] વિ. પૈસા સાચવનાર.

કર્રાર ૧. [અ.] પું. જોરથી હુમલો કરવો તે.
૨. પું. ફરીથી કરેલું આક્રમણ.

કર્રાહટ સ્ત્રી. દુઃખનો અવાજ.

કર્રાહવું ૧. અ. ક્રિ. દિલગીર થવું.
૨. અ. ક્રિ. શોક કરવો.

કર્રૂબિયાન [અ.] પું. એક જાતનો દેવદૂત.

કર્રૉફર (કર્રૉફ઼ર) ૧. [અ. કર્ર (હુમલો કરવો) + ફા. ફર (વૈભવ)] પું. ઠાઠમાઠ; ભપકો.
૨. પું. દબદબો અને અભિમાન.

કર્વ્ [સં.] અ. ક્રિ. બડાઈ કરવી; મગરૂર થવું.

કર્વ ૧. પું. ઉંદર.
૨. પું. પ્રેમ.
૩. પું. વક્ર રેષા; વાંકી લીટી.
૪. [અં.] પું. વાંક; ગોળાઈ.
૫. [સં.] પું. વિષયવાસના; કામ.

કર્વટ ૧. પું. એક જાતની જાડી સુકાઈ ગયેલ લીલ.
૨. પું. ખનિજ અંગાર; હલકી જાતનો કોલસો.
૩. [સં.] પું. ઘણાં ગામની વચ્ચેનું શ્રેષ્ઠ ગામ; પુર; નગર; મોટું શહેર.
૪. પું. પર્વતનો નીચાણવાળો ભાગ.
૫. પું. બંગાળની પાસે આવેલો એક પ્રાચીન દેશ. તેનો રાજા તામ્રલિપ્ત હતો. આ દેશને ભીમે યુધિષ્ઠિરના દિગ્વિજય વખતે જીતી લીધો હતો.

કર્વડો (કર્વડ઼ો) પું. ઝારી જેવો લોટો.

કર્વનક પું. ધીમાં ધીમાં પગલાં ભરતું એક જાતનું મોટું પક્ષી.

કર્વર ૧. [સં.] પું. એક જાતની ઔષધિ.
૨. પું. રાક્ષસ.
૩. પું. વાઘ.
૪. ન. પાપ.
૫. વિ. કાબરચીતરા રંગનું.

કર્વરી ૧. [સં.] સ્ત્રી. એ નામની વનસ્પતિ; હિંગુપત્રી.
૨. સ્ત્રી. દુર્ગા.
૩. સ્ત્રી. રાક્ષસી.
૪. સ્ત્રી. રાત્રિ.
૫. સ્ત્રી. વાઘણ.
૬. સ્ત્રી. શિયાળ.
૭. સ્ત્રી. હળદર.

કર્વંદા સ્ત્રી. એ નામની કાંટાવાળી એક વનસ્પતિ. તે વાડ તરીકે ઉપયોગમાં લેવાય છે. તેને વધારે વરસાદની જરૂર છે.

કર્વિર સ્ત્રી. કનેર; કણેર. પશ્ચિમ અફ્ઘાનિસ્તાન, પંજાબ અને હિંદના ઘણાખરા પ્રાંતમાં તે થાય છે. તેની છાલ અને મૂળ બહુ જ ઝેરી હોવાથી તેનો ઉપયોગ બહાર લગાડવા માટે જ કરવામાં આવે છે. મૂળ ગર્ભપાતમાં ઉપયોગી મનાય છે. પાંદડાંના રસનું તેલ કોઢ અને ખસ વગેરે ઉપર ચોપડવામાં આવે છે.

કર્વિરાદિ તેલ ન. -એક જાતનું તેલ. તેનો ઉપયોગ ચામડીનાં દરદો અને કોઢ ઉપર થાય છે.

કર્ષ ૧. [સં.] પું. ઉઝરડો.
૨. પું. એ નામનો રૂપાનો સિક્કો.
૩. પું. એંશી રતી અથવા બે રૂપિયાભારનું વજન; ઉદુંબર. આ વજન કલિંગ દેશમાં વપરાય છે.
૪. પું. ખેડ; ખેતી.
૫. પું. ખેડવા લાયક ખેતર.
૬. પું. ખેંચવું તે; આકર્ષણ.
૭. પું. ચાસ; ખેડનો આંકો.
૮. પું. જોખવામાં વપરાતું એક પ્રાચીન વજન. સોનીનો કર્ષ લગભગ હાલના તોલા વજનનો મનાય છે.
૫ ગુંજા = ૧ માષ
૧૬ માષ = ૧ કર્ષ
૯. પું. તાવ.
૧૦. પું. તોલાનો $\frac{૫}{૬}$ ભાગ.
૧૧. પું. બહેડાનું ઝાડ.
૧૨. પું. વિવર; છિદ્ર.
૧૩. પું. સોનાનો એક સિક્કો.
૧૪. પું. સોળ માસાભાર સોનું.

કર્ષક ૧. [સં.] પું. ખેડૂત; કણબી.
૨. પું. લેખક.
૩. વિ. ખેંચનાર; આકર્ષે એવું.
૪. વિ. ખોતરનાર.

કર્ષકનળી સ્ત્રી. શોષણ કરનાર ભૂંગળી.

કર્ષકયંત્ર [સં.] ન. બંબો; ચૂસવાનું યંત્ર.

કર્ષણ ૧. [સં.] ન. ઊંચું કરવું તે; ઉત્કર્ષણ.
૨. ન. કણસલું; ડૂંડું.
૩. ન. ખેડેલી જમીન.
૪. ન. ખેતી; ખેડ.
૫. ન. ખેંચ; તાણ; આકર્ષણ.
૬. ન. ખોતરવું તે.
૭. ન. ચૂસવું તે; શોષણ; ચૂસણ.
૮. ન. તૂલ; મોલ.
તેં તો કર્ષણ કોદરા વાવિયા, ક્યાંથી જમે દાળરોટી.
લોકોક્તિ
૯. ન. (વૈદ્યક) દોષોને ઘટાડવા તે; રોગને નિદાનપૂર્વક ઓછો કરવાપણું.
૧૦. ન. નુકસાન કરવું તે.
૧૧. ન. વિદારણ; ચીરવું તે.
૧૨. વિ. આકર્ષણ કરનાર.
૧૩. વિ. નુકસાન કરનાર.

કર્ષણચિકિત્સા [સં.] સ્ત્રી. (વૈદ્યક) વાતાદિ વિકારને હલકા કરવાની ક્રિયા.

કર્ષણયંત્ર [સં.] ન. હળ.

કર્ષણિ [સં.] સ્ત્રી. વ્યભિચારિણી સ્ત્રી; કુલટા.

કર્ષણી ૧. [સં.] સ્ત્રી. ક્ષીરિણી ઝાડ.
૨. સ્ત્રી. ઘોડાની લગામ.
૩. સ્ત્રી. ધોળી વેખંડ.
૪. સ્ત્રી. પેચ; સ્ક્રૂ.

કર્ષણીય ૧. [સં.] વિ. ખેડવા જેવું.
૨. વિ. ખેંચવા યોગ્ય.

કર્ષપણ જુઓ કર્ષાપણ.

કર્ષફલ ૧. ન. બહેડાનું ઝાડ. તેનું ફળ વજનમાં એક કર્ષ મનાય છે.
૨. [સં.] ન. બહેડું; બહેડાનું ફળ.

કર્ષફલા સ્ત્રી. આમલી.

કર્ષવું [સં. કૃષ્] સ. ક્રિ. ખેંચવું.

કર્ષાપકર્ષ [સં.] સ્ત્રી. ખેંચાખેંચ; તાણાતાણ.

કર્ષાપણ [સં.] પું. એક પ્રાચીન સિક્કો.

૮૦ કોડી = ૧ પણ
૧૬ પણ = ૧ કર્ષાપણ

કર્ષાર્દ્ધ [સં.] ન. એક તોલો.

કર્ષાહ્વ [સં.] પું. એંશી ચણોઠીભારનું એક વજન.

કર્ષિણી ૧. [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; ક્ષીરિણી વૃક્ષ.

૨. સ્ત્રી. ઘોડાના મોઢામાં રખાતું લોઢાનું ચોકડું.

કર્ષિત ૧. [સં.] વિ. ખેડેલ.

૨. વિ. ખેંચેલ; તાણેલ.

૩. વિ. જૂનું થઈ ગયેલું; ઘસાઈ ગયેલું.

કર્ષિતા [સં.] વિ. સ્ત્રી. પાતળી.

કર્ષી ૧. [સં.] પું. ખેડૂત.

૨. વિ. ખેંચનાર; આકર્ષણ કરનાર.

કર્ષૂ ૧. [સં.] પું. અડાયાં છાણાંનો અગ્નિ.

૨. પું. ખેતરમાં કરેલો ચાસ.

૩. સ્ત્રી. આજીવિકા; ગુજરાન.

૪. સ્ત્રી. ખાડામાં દેવતા ભરી કરાતો શેક.

૫. સ્ત્રી. ખાડી.

૬. સ્ત્રી. ખેતી.

૭. સ્ત્રી. નહેર.

૮. સ્ત્રી. નાની નદી.

૯. સ્ત્રી. નાનો અગ્નિકુંડ.

કર્સ ૧. [અ.] પું. ગોળાકાર વસ્તુ.

૨. પું. બે પેન્સની કીમતનો રૂપાનો સિક્કો.

૩. પું. સૂર્યનું બિંબ.

કર્સી [સં.] સ્ત્રી. બળતણ માટે સૂકવેલાં છાણાં.

કર્હા ૧. [હિં.] સ્ત્રી. કેડ; વાંસો.

૨. સ્ત્રી. ખેતરમાં પાણી લઈ જવાની નહેર.

કલ્ ૧. [સં.] અ. ક્રિ. (ધાતુ) અવાજ કરવો.

૨. અ. ક્રિ. ગણતરી કરવી; ગણવું.

૩. સ. ક્રિ. અસર થવી.

૪. સ. ક્રિ. ચડાવવું; ઉશ્કેરવું.

૫. સ. ક્રિ. જવું.

૬. સ. ક્રિ. જાણવું; ઓળખવું.

૭. સ. ક્રિ. ધારવું; વિચારવું; સમજવું.

૮. સ. ક્રિ. પકડવું; ઉંચકવું.

૯. સ. ક્રિ. લેવું; માલિકીમાં હોવું.

કલ ૧. [સં.] પું. અજીર્ણ.

૨. [સં. કલ્ (અવાજ કરવો)] પું. અવાજ.

૩. પું. અસ્પષ્ટ મધુર શબ્દ.

૪. પું. આરામ.

૫. પું. એ નામનો એક પિતૃ.

૬. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તેમાં ૭ ગુરુ અને બાવન લઘુ મળી અઠ્ઠાવન વર્ણ અને ચોસઠ માત્રા હોય છે.

૭. પું. કલિયુગ.

૮. પું. કળ; વેદના.

૯. પું. કાદવ; કીચડ.

૧૦. પું. કુળ; કુટુંબ.

૧૧. પું. કોલિવૃક્ષ; બોરનું ઝાડ.

૧૨. પું. ઘડિયાળ.

૧૩. પું. ઘા.

મદનબાણ તણા બહુધા કલે,
ટલવલું પણ વૈદ્ય ન કો મલે. રૂપસુંદરકથા

૧૪. પું. ઝોક; વલણ; ઇચ્છા.

૧૫. પું. (સંગીત) બાવન તાલ માંહેનો એ નામનો એક.

૧૬. પું. મધરાતનું અથવા બપોરનું થોડુંએક વટી જવું તે.

૧૭. પું. વીર્ય; શુક્ર.

૧૮. પું. સાગનું ઝાડ; સાલવૃક્ષ.

૧૯. સ્ત્રી. આરોગ્યતા; તંદુરસ્તી.

૨૦. [હિં.] સ્ત્રી. આવતી કાલ.

કલકા આદમી = (૧) આજકાલનો માણસ; લેભાગુ. (૨) બહુ નબળો માણસ.

૨૧. સ્ત્રી. કળ; વિધિ; યુક્તિ.

૨૨. સ્ત્રી. ચાવી; ચાંપ.

૧. કલ ઊતરી જવી-ખોટકાવી = સંચો ખોટો થવો.

૨. કલ ખસી જવી = ગાંડા થઈ જવું; ચિત્તભ્રમ થઈ જવું.

૪. કલ ઠીક કરવી-સુધારવી = સંચો દુરસ્ત કરવો.

૩. કલ ઘુમાવવી-મોડવી = (૧) અસર કરવી; જીતી લેવું. (૨) દુરસ્ત કરવું. (૩) સંચો ચલાવવો.

૫. કલ બેકલ થવું = સ્ક્રૂ ઢીલો થવો.

૬. કલના ઘોડા = (૧) યાંત્રિક ઘોડો. (૨) સારી રીતે કેળવાયેલ અને તાબેદાર ઘોડો.

૭. કલનો આદમી = (૧) ઘણો જ નબળો માણસ. (૨) નામનો માણસ. (૩) બિન અનુભવી માણસ.

૮. પાણીની કલ = (૧) પાણીનો સંચો. (૨) સોડા વોટરનું યંત્ર.

૨૩. સ્ત્રી. તાળું.

૨૪. સ્ત્રી. પક્ષી અથવા ભ્રમરનું ઝીણું અને મધુરૂં ગુંજન; ગુંજારવ; ગણગણાટ; કલરવ.

૨૫. સ્ત્રી. ફૂલની કળી.

૨૬. સ્ત્રી. બંદૂકનો ઘોડો.

૨૭. સ્ત્રી. બાજુ; પક્ષ.

૨૮. સ્ત્રી. માત્રા; કળા.

૨૯. સ્ત્રી. સગવડ.

૩૦. વિ. અવાજ કે ગુંજન કરતું.

૩૧. વિ. અસ્પષ્ટ અને મધુર.

૩૨. વિ. કાળું.

૩૩. વિ. કોમળ.

૩૪. વિ. ટાલિયા માથાવાળું.

૩૫. વિ. ન સમજાય એવું.

૩૬. વિ. નબળું.

૩૭. વિ. પાચન નહિ થયેલું.

૩૮. વિ. મનોહર; સુંદર.

૩૯. અ. ગઈ કાલ.

૪૦. અ. ભવિષ્યમાં.

કલઆની પું. દરૂઝી લોકના એક કબીલાનું નામ.

કલઈ ૧. સ્ત્રી. એક જાતની રૂપાના જેવી ચકચકિત અને ઝટ ઓગળી જાય એવી પોચી ધાતુ; બંગ. દવા તરીકે ઉપયોગ કરવામાં તેની ભસ્મ કરતાં પહેલાં તે શુદ્ધ કરવી પડે છે. શુદ્ધ કરવા માટે તેને ઉકાળી તેના રસને આકડાના ક્ષીરમાં અથવા ગૌમૂત્રમાં ઠારવો. પછી તેને કદંબના પાણીથી ધોવાથી તે શુદ્ધ થાય છે. શુદ્ધ થયેલ કલઈના બારીક કટકા કર્યા પછી મોટા છાણા ઉપર થોડી પારેવાંની ચરક પાથરીને કલઈની કરચ પાથરવી. આમ ત્રણ ચાર થર દઈ માથે પારેવાંની ચરક રાખી મોટું છાણું મૂકવું. આ બેઉ છાણાં ઉપર બીજાં થોડાં છાણાં ખડકી તેને સળગાવવાં. આથી ભસ્મ થયેલ કલઈની સફેદ ગાંગડીઓ બંધાઈ રહેશે. જ્યારે અગ્નિ આપોઆપ ઠરી જાય ત્યારે આજુબાજુનાં છાણાં ખસેડી ઉપલું છાણું હળવેથી ઉતારી લેતાં ભસ્મ થયેલ કલઈની જામી ગયેલ સફેદ ગાંગડી ભૂકો થઈ પારેવાંની ચરક સાથે મળી ન જાય એ ધ્યાન રાખવું. જામેલ ગાંગડીઓ લઈ લેવી. પારેવાંની ચરકને બદલે ભાંગ અથવા અજમાની ભૂકી સાથે મૂકીને સળગાવવાથી પણ સફેદ કલઈ ભસ્મ થાય છે. કલઈનો ઉપયોગ બૃહત્ બંગેશ્વર, સુવર્ણ બંગ વગેરેની બનાવટમાં થાય છે. તે શોધક, પૌષ્ટિક અને મૂત્રલ છે. પેશાબનાં દરદ, ક્ષય, ખાંસી, જૂનો પ્રમેહ, મધુપ્રમેહ અને મૂત્રકૃચ્છ્ર ઉપર તે અપાય છે.

૧. કલઈ કરાવવી = (૧) ખોટું ખર્ચ થવું. (૨) માથું મુંડાવવું.

૨. કલઈ ખુલના = (૧) ઉઘાડા પડી જવું; અસલી ભેદ ખુલી જવો. (૨) ખોટો વેશ દૂર થવો. (૩) માલૂમ થઈ જવું.

૩. કલઈ ખોલવી = પડદો ઉંચકવો; બહાર પાડવું.

૨. સ્ત્રી. ઓપણી; ચળકાટ.
૩. સ્ત્રી. કોણી નીચેનો ભાગ.
૪. સ્ત્રી. ચૂનો.
૫. સ્ત્રી. ચૂનો છાંટવો તે.
૬. સ્ત્રી. પિત્તળના કે તાંબાના વાસણને કલઈ ચડાવવી તે. તેથી ખાટા પદાર્થ કટાય નહિ.
૭. સ્ત્રી. રંગ ચડાવવા અથવા ચમકાવવા માટે કોઈ વસ્તુ ઉપર ચડાવવામાં આવતો લેપ.

કલઈગર ૧. [ફા.] પું. કલઈ કરનાર માણસ.
૨. પું. હજામ.

કલઈગરી સ્ત્રી. કલઈ કરવાનો ધંધો.

કલઈચટ પું. કલઈ કરનારના દીકરા માટે વપરાતો હલકો શબ્દ.

કલઈદાર [ફા.] વિ. કલઈવાળું; કલઈ કરી હોય એવું.

કલક ૧. પું. એક જાતની માછલી; 'પેન ફિશ'.
૨. પું. એક જાતનું ગદ્ય.
૩. પું. તાણખેંચ.
૪. પું. દુઃખ; ખેદ.
૫. પું. પકવેલી ધાતુનો ભૂકો. તે બીજામાં મેળવવાથી એના રૂપમાં ફેરફાર કરે છે.
૬. પું. પાપ.
૭. પું. બેચેની.

કલકત્તા ન. હિંદુસ્તાનની પૂર્વમાં આવેલું બંગાળની રાજધાનીનું એ નામનું શહેર.

કલકત્તાઅમીન પું. આંબાની એક જાત.

કલકમ ૧. ન. આંજણ.
૨. ન. કેસરનું ફૂલ.

કલકલ ૧. પું. ગુંજન; ગુંજાર.
૨. પું. નદીનો ખળખળ અવાજ.
૩. પું. પાણી પડવાનો અવાજ.
૪. પું. બોલાચાલી; શબ્દયુદ્ધ.
૫. પું. રાળ.
૬. પું. વાદવિવાદ; ઝઘડો; કજિયો.
૭. પું. શોરબકોર; કલબલ; ઘોંઘાટ; કોલાહલ.
૮. પું. (પિંગળ) ષટ્પદી છપ્પયની જાતનો એક વિષમજાતિ માત્રામેળ છંદ; કરતલ.
૯. પું. સાગનો રસ.
૧૦. સ્ત્રી. સંપૂર્ણ ખીલી રહેવાપણું.

કલકલપા પું. (બૌદ્ધ) ચોરાશી માંહેનો એક સિદ્ધ.

કલકલવું ૧. [સં. કલ્] અ. ક્રિ. ઊનું થવાથી અવાજ થવો; ઊકળવું.
૨. અ. ક્રિ. કલ્પાંત કરવો.
૩. અ. ક્રિ. ખળભળવું; ઉશ્કેરાવું.
૪. અ. ક્રિ. ચણચણવું; મનમાં દાઝવું.
૫. અ. ક્રિ. ઝીણો અવાજ કરવો; ગણગણવું.
૬. અ. ક્રિ. ફરિયાદ કરવી.
૭. અ. ક્રિ. બડબડવું.

કલકલાટ પું. કલબલ; શોરબકોર; ઘોંઘાટ.

કલકલાણ ૧. ન. કચકચ.
૨. ન. કલ્પાંત; રડાપીટ.
૩. ન. ઘોંઘાટ; ઘુમરાણ; શોરબકોર.

કલકલાંકો ૧. અ. કદાચ.
૨. અ. ભવિષ્યમાં.

કલકલિત [સં.] વિ. કલકલાટ અવાજવાળું.

કલકલિયો ૧. પું. ઊંધે માથે પાણીમાં મરાતો ઠેકડો.
૨. પું. કચકચ કરનારો માણસ.
૩. પું. કલબલ કરનારો માણસ; બટકબોલો પુરુષ.
૪. પું. માછલાં ખાઈ નભનાર એક પક્ષી. તેની લંબાઈ આશરે ૧૨ ઈંચ હોય છે. નરના માથાનું મથાળું અને નાની માંજર કાળાં અને સફેદ રેખાવાળાં હોય છે. આંખ ઉપર દેખાઈ આવે એવી સફેદ લીટી હોય છે. ઉપલા ભાગનાં પીછાં કાળાં અને ધોળાનું મિશ્રણ હોય છે. પૂછડું સફેદ અને તેને છેડે કાળો પટો હોય છે. નીચલા ભાગનાં પીછાં સફેદ અને છાતી ઉપર બે કાળા પટા હોય છે. ગળાની બાજુમાં કાળાં ટપકાં હોય છે. માદામાં કાળો પટો હોતો નથી. તેની મુખ્ય ત્રણ જાતઃ સફેદ છાતીવાળો, પટાવાળો અને વાદળી. હિંદુસ્તાનમાં સફેદ જાત બહુ પરિચિત છે. તે રંગે વાદળી અને લાલ, અને તેનાં માથું, મોં, ગરદન, પડખાં, પેટ, પૂંછડી હેઠળનાં પીંછાં ચળકતાં ઘેરા લાલ રંગનાં હોય. ખભા આછા મેલા વાદળી, પાંખો ઘેરી લાલ અને એમાં સફેદ પટો હોય છે. તેની છાતી સફેદ પણ દેહ આસમાની અને ઘેરા લાલ રંગનો હોય છે. એની ચાંચ લાંબી ભાલા જેવી કઠોર હોય છે. આ પક્ષીના વિવિધ રંગો માટે પ્રચલિત દંતકથા છે કે, વાયુદેવ અને ઇંદ્રધનુના સંયોગથી એક કન્યા જન્મી. તેનું નામ આલ્સીઓન રાખ્યું. મુગ્ધાવસ્થામાં તે ગ્રીક નાવિક સેઈક્સ સાથે પ્રેમમાં પડી. કાલાંતરે સેઈક્સનું નાવ ભાંગતાં એ ડૂબી મૂઓ. ઝૂરતી આલ્સીઓનને વાયુદેવે પતિને સહજ ભેટવાની સગવડ કરી આપવા પંખી બનાવી. એ પંખી તે આ શ્વેતવક્ષા કલકલિયો. આજે પણ પાણીમાં ફરતા એના પતિના આત્મા સાથે હૃદય મિલાવીને નદી કે સમુદ્રના પાણી ઉપર તે ત્વરાથી ફર્યા કરે છે. બીજી દંતકથા છે કે, જગતના જળપ્રલય વખતે પિતામહ 'નોહઅ' પ્રત્યેક યોનિના નરમાદા યુગલને વહાણમાં સાથે લઈ નીકળ્યા. છેવટે જળના પ્રાંતદેશની ભાળ લેવા ચાણાક્ય કાગડાને મોકલ્યો. એ ન આવ્યો એટલે હોલાને મોકલ્યો. એને વાર થતાં કલકલિયાને મોકલ્યો. એના સ્પર્શથી એનું વાન સુંદર સૌમ્ય, નીલવર્ણથી રંગાઈ ગયું. ત્યાં દૂર દૂર સવિતા દેવના તેજરાશિથી આકર્ષાઈ તેને સ્પર્શવા જતાં એની છાતીનાં પીછાં દાઝી જતાં લાલ અંગારરૂપ થઈ ગયાં. બળતો તે નીચે પડ્યો, જળમાં ડૂબકી મારી. ભાનમાં આવી બહાર ડોકું કરે ત્યાં નહિ વહાણ કે નહિ દાદા 'નોહઅ'. આજે એની એ પાણી ઉપર શોધ કર્યા કરે છે. આ કલકલિયો ઇજિપ્તથી ચીન સુધી, હિંદુસ્તાન, બ્રહ્મદેશ અને સિલોનમાં જોવામાં આવે છે. ટેકરીઓમાં તે ૨૫૦૦ ફૂટથી વધારે ઊંચે ઊડતો નથી. જંગલના મધ્યભાગ સિવાય જ્યાં પાણી હોય ત્યાં મેદાનમાં આ પક્ષી જોવામાં આવે છે. તેનો ખોરાક માછલી છે. પહેલાં તે પાણીથી દશથી વીસ ફૂટની ઊંચાઈએ ઊડે છે અને પાણીમાં માછલીની સંખ્યાને જુએ એટલે એકાએક હવામાં જોરથી પાંખો ફફડાવતો સ્થિર રહે છે અને નિશાન ટાંકતો હોય તેમ તેની ચાંચ સીધી માછલાં તરફ હોય છે. એકાએક તે પાણીની સપાટી ઉપર સીધું ઊતરે છે અને નિશાન સાચું હોય તો ચાંચમાં એક નાની માછલી પકડીને ઉપર આવે અને સંતોષની ચીસો પાડતો ઊડી જાય, પણ અનેક વખત તેનાથી માછલી નથી પકડાતી એટલે કેટલીક વખત તે અર્ધે હવામાં અટકી જાય અને અંતમાં ડૂબકી માર્યા વિના જ ઊડી જાય. ઊડતાં ઊડતાં તે નિરાશાની ચીસો પાડે છે. જ્યારે આ પક્ષી માછલી ન મારતું હોય ત્યારે તે ન પચે તેવાં માછલીનાં ભીંગડાં જઠરમાંથી પાછાં કાઢી નાખે છે. તેની માદા એકી સાથે ચારથી ૭ ઈંડાં મૂકે છે.

કલકલિયો કોડિયો પું. કોડવાળો એટલે બુટ્ટાદાર છાતીવાળો કલકલિયો; એક જાતનું પક્ષી.

કલકલિયો ઘૂબકો પું. કલકલિયાની જેમ પાણીમાં વેગથી મરાતી ડૂબકી.

કલકલી ૧. [હિં.] સ્ત્રી. ખસ; ગળ.
૨. ન. સુખડના ઝાડની એક જાત.

કલકલીઓ જુઓ કલકલિયો.

કલકવલય [સં.] ન. પગના કાંડામાં પહેરવાનું એક ઘરેણું.

કલકળાણ જુઓ કલકલાણ.

કલકંઠ ૧. પું. (પિંગળ) અતિકૃતિની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેમાં પચીસ

વર્ણું હોય છે. આઠ, આઠ અને નવ વર્ણે યતિ આવે છે.

૨. પું. કોયલ.

૩. [સં.] પું. ગળાનો મધુર અવાજ.

સુણી **કલકંઠ** હવે,
કોકિલસ્વર રુચતો ચિત્ત વિષે ના;
કરિણીની ગતિ તુચ્છ,
પ્રિયા ગતિના સ્મરણે લાગે હા.
રાસગોપાળ

૪. પું. પારેવું.

૫. પું. હંસ.

૬. વિ. મધુર શબ્દ નીકળે એવા ગળાવાળું.

કલકંઠિની [સં.] સ્ત્રી. કોયલ.

કલકંઠી ૧. [સં.] પું. એ નામનું એક પક્ષી; શ્વેતકંઠી. ભૂમધ્ય સમુદ્ર નજીકના દેશમાં અને આફ્રિકમાં આ પક્ષી ખાસ દેખાય છે. તેનો અવાજ ઘણો મધુર હોય છે. જ્યારે તે ગુસ્સે થાય ત્યારે દેડકાના જેવો કર્કશ અવાજ કરે છે. તેની ચાંચ અક્કડ, માથું રાખોડિયું, કંઠ સફેદ અને ધોળી છાતીમાં ગુલાબી નાજુક ટપકાં હોય છે. આ પક્ષીની નાની મોટી ઘણી જાત થાય છે. તે જીવડાં અને અનાજના દાણા ઉપર નભે છે. આ જાતનાં મોટાં પક્ષી એપ્રિલ મહિનામાં ઈંડાં મૂકીને સેવે છે. તેને પીંછાં બહુ ઝડપથી ઊગે છે અને થોડા સમયમાં નાનાં બચ્ચાં ઊડતાં થઈ જાય છે.

૨. સ્ત્રી. કોયલ, હંસ કે કબૂતરની માદા.

૩. વિ. સારૂં ગાઈ શકનારું; મધુર અવાજ કાઢનારું.

કલકંઠી પંખાપૂછ ૧. સ્ત્રી. કોયલની માદા.

૨. સ્ત્રી. પારેવી.

૩. સ્ત્રી. હંસલી.

૪. ન. એક જાતનું પક્ષી. તેની લંબાઈ ચાર ઈંચ હોય છે. નર અને માદા દેખાવ અને કદમાં સરખાં હોય છે. ઉપરનાં પીછાં કાળાં ભૂરા રંગનાં અને કોરે બદામી રંગનાં હોય છે. એનું પૂછ અસલ પંખાની માફક પ્રસરી શકે છે. આ પક્ષી દક્ષિણ યુરપ, આફ્રિક અને એશિઅમાં જોવામાં આવે છે. હિંદુસ્તાનમાં પણ લગભગ આખા દેશમાં જોવામાં આવે છે. ઘાસવાળી જગ્યામાં અથવા આંબલીની ઘટામાં તે રહે છે. તેને એકાંત પ્રિય હોવાથી તે બહુ જોવામાં આવતું નથી. તેને છેડવામાં આવે ત્યારે થોડી વાર ઊંચે ઊડીને ખરરર પોતાના માળામાં ઊતરી આવે છે.

૫. વિ. સારૂં ગાઈ શકનારું; મધુર અવાજ કાઢનારું.

કલકા પું. (પિંગળ) એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; મૌરલિક. તે ઉષ્ણિક છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે ભગણ અને ગુરુ એમ સાત અક્ષર હોય છે.

કલકાગારી સ્ત્રી. કજિયાળી સ્ત્રી.

કલકાગારી કાળી નાગણ, મન વિચારી એવું રે,
નારીને સંગે મુનિવરને નવિ રહેવું.
ખોડીદાસ

કલકી ૧. પું. કલ્ક; પાપ.

૨. પું. દશાવતારી ગંજીફાના પાનાની એક જાત. દશાવતારનાં પ્રતીક નીચે પ્રમાણે છે: (૧) મત્સ્ય (માછલાનું, લાલ રંગનું), (૨) કચ્છ (કાચબાનું, રાતું), (૩) વરાહ (ડુક્કરનું, પીળું), (૪) નૃસિંહ (સિંહનું, લીલું), (૫) વામન (લોટાનું, લીલું), (૬) પરશુરામ (ફરશીનું, બદામી), (૭) રામ (ધનુષ્ય, બાણ અથવા હનુમાનનું, પીળું), (૮) કૃષ્ણ (ચક્ર અથવા ગાયોનું, બદામી), (૯) બુદ્ધ (શંખનું, શ્યામ), (૧૦) કલકી (ભાવી અવતાર બતાવનાર તરવાર કે સફેદ અશ્વનું, કાળું).

૩. પું. દંભ; ઢોંગ.

૪. પું. વિષ્ણુનો કલયુગમાં થનારો દશમો અને છેલ્લો અવતાર.

૫. પું. સફેદ ઘોડો.

૬. સ્ત્રી. કલગી; છોગું.

૭. સ્ત્રી. કૂકડાની માંજર.

૮. સ્ત્રી. તાજ ઉપરનું પીંછું.

૯. સ્ત્રી. માછલીની એક જાત.

૧૦. સ્ત્રી. શિખર; ટોચ.

કલકીટ ૧. પું. એક જાતનો કીડો.

૨. પું. સંગીતમાં એક ગ્રામ.

કલકુંડ ન. ગોલકંડા. તે નિઝામના રાજ્યમાં આવેલ હતું અને હીરાની ખાણ માટે પ્રસિદ્ધ હતું.

કલકૂજિકા [સં.] સ્ત્રી. વેશ્યા; વ્યભિચારિણી સ્ત્રી.

કલકૂજિત [સં.] પું. મધુર અવાજ.

કલકૂટ [સં.] પું. એ નામનું એક શહેર.

કલકૂણિતા જુઓ કલકૂજિકા.

કલકો પું. ઘોંઘાટ; શોરબકોર.

કલક્ષણ ૧. [સં. કુ (ખરાબ) + લક્ષણ (નિશાની)] ન. અપલક્ષણ; કુચાલ; કુટેવ.

૨. ન. ખરાબ ચિહ્ન.

૩. ન. ગેરવર્તણૂક; દુરાચાર.

કલક્ષણું ૧. [સં.] વિ. અપલક્ષણું.

૨. વિ. અભાગિયું; કમનસીબ.

૩. વિ. દુરાચારી.

૪. વિ. નઠારી ટેવવાળું.

કલખણું જુઓ કલક્ષણું.

કલખાપરી ૧. સ્ત્રી. જસતનો એક ક્ષાર.

૨. [સં. કલ (કાચું) + ખર્પર (ઠીકરૂં)] સ્ત્રી. પકવેલી અથવા બાળેલી માટીની એક ઔષધિ.

૩. સ્ત્રી. યુક્તિથી પકવેલી એક જાતની પોચી માટી.

કલખાપરો ૧. પું. જસતનો એક ક્ષાર.

૨. [સં. કલ (કાચું) + ખર્પર (ઠીકરૂં)] પું. પકવેલી અથવા બાળેલી માટીની એક ઔષધિ.

કલખો પું. પહોળો ઝબ્બો.

કલખ્ખણ [સં. કુલક્ષણ] ન. અપલક્ષણ. જુઓ કલક્ષણ.

કલગર વિ. વઢવાડિયું

કલગલવું અ. ક્રિ. (જૂ. ગુ.) પક્ષીનું બોલવું; કળેળવું.

કલગાન ન. મધુરું ગાયન; ધીમું મીઠું સંગીત.

કલગારી [સં. કલિકારી] સ્ત્રી. કલિહારી; હલિની; લાંગલી; શુક્રપુષ્પી; એક જાતનો વેલો. ઘણું કરીને વડના આશ્રયે તે થાય છે. એનાં પાન આદુનાં પાન જેવાં અને ફૂલ ઘંટાકાર રાતા રંગનાં હોય છે. જમીનમાં તેનો કંદ થાય તેને દૂધિયો વછનાગ કહે છે. તેને ત્રણ હાંસનાં મરી જેવડાં ફળ થાય. તેનાં રાતાં ઝીણાં બી વિષારિ છે. કોઢ, સોજા, અર્શ અને શૂળ ઉપર તે ઉપયોગી મનાય છે. બાંબલાઈ, કમળો, સ્ત્રીના રોગ, સર્પનું ઝેર, ખરજવું વગેરે ઉપર દવાના કામમાં તે આવે છે. ફૂલ રાતાં, પીળાં, ભગવાં, ધોળાં એમ રંગબેરંગી હોય છે. અંદર રાતી છાલવાળાં ઇલાયચીનાં બીજ જેવાં બીજ હોય છે.

કલગી ૧. સ્ત્રી. એક શાક્ત લાવણી.

૨. સ્ત્રી. (સંગીત) ખયાલની એક જાત.

૩. સ્ત્રી. ખંડણી.

૪. સ્ત્રી. ઘોડાના માથા ઉપર શોભાને માટે મૂકવામાં આવતો પીંછાંનો તોરો.

૫. સ્ત્રી. ટોચ; ઇમારતનું શિખર.

૬. સ્ત્રી. દેવગીતની એક તરેહ.

૭. સ્ત્રી. પક્ષીના માથા ઉપરની ચોટલી.

૮. સ્ત્રી. ફૂલનો ગોટો; મંજરી.

૯. સ્ત્રી. ફૂલવાળું ઝાડ.

૧૦. [ફા.] સ્ત્રી. માથે પહેરવાના મુગટ ઉપર ખોસવાનો એક શણગાર; પાઘડી કે ટોપીમાં ખોસેલું મોરપીછ.

૧૧. સ્ત્રી. હાથીનો એક સાજ; હાથીના માથા ઉપર શોભા માટે સવારી વખતે રખાતો રૂપાનો કે સોનાનો સાવજ અગર મોર.

કલગીત પું. (પિંગળ) દશ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; વિશદચ્છાય. તેના દરેક ચરણમાં સગણ, તગણ, યગણ અને ગુરુ એમ દશ અક્ષર હોય છે. તેના પાંચમે અક્ષરે વિસામો આવે છે.

કલગીતોરા પું. ફૂલની કલગી અને તોરા.

કલગીદાર [તુ.] વિ. કલગીવાળું; છોગાળું.

કલગીલળતું વિ. કલગીવાળું; કલગીધર.

કલગેર સ્ત્રી. ઊંચા રેશમનું અને મોંઘી કીમતનું સ્ત્રીઓને પહેરવાનું ધરચોળું; બાંટ; એક કીમતી રેશમી વસ્ત્ર.

કલગો ૧. પું. એક જાતની વનસ્પતિ; ગુલ મખમલ.

૨. પું. મુગટ ઉપરનો એક શણગાર.

કલઘોર પું. એક જાતનો અવાજ.

કલઘોષ [સં.] પું. કોયલ. તેનો અવાજ મીઠો હોય છે.

કલઘોષી [સં.] સ્ત્રી. કોયલ માદા.

કલચરમોતી ન. કર્ષણમોતી; 'કલ્ચર પર્લ'. આ મોતી ખરાં મોતી જેવાં થાય છે. અમુક જાતની રસાયનની ગોળી ચોક્કસ જાતની માછલીના પેટમાં નાખી તે માછલીને પાછી તળાવમાં નાખવામાં આવે છે. થોડી મુદ્દતે તે નાખેલી ગોળી ઉપર મોતીનું પડ બંધાય છે અને તે ખરાં મોતી જેવું દેખાય છે. તે વીંધવામાં કઠણ હોય છે.

કલચરિયું વિ. નકલી; બનાવટી

કલચલો પું. નાની ગોળ કાંટા વગરની લીસી ચામડીવાળી માછલી.

કલચીખુત્રો પું. વહાણનો એક ભાગ.

કલચૂરપતિ પું. ચેદિરાજ.

કલચૂરિ ૧. પું. દક્ષિણનો એક પ્રાચીન રાજવંશ. તેના અધિકારમાં કર્ણાટક, ચેદિ, દાહલ, મંડલ વગેરે દેશ હતા.

૨. વિ. ચેદિ દેશનું; ચેદિને લગતું.

કલચૂરિકાલ પું. કલચૂરિસંવત.

કલચૂરિસંવત પું. ચેદિ સંવત; ત્રૈકૂટક સંવત; ભારતીય ૩૪ પૈકીનો એક સંવત. તે ઈ. સ. ૨૪૯ થી શરૂ થાય છે.

કલછલી સ્ત્રી. ચમચો.

કલછી સ્ત્રી. કડછી; ચમચી.

કલજ [પ્ર.] સ્ત્રી. મેંદાલકડી.

કલજગ [સં. કલયુગ] પું. કલિયુગ; ચાર પૈકીનો છેલ્લો યુગ.

કલજહવાં [હિં.] વિ. ઉદાસ ચહેરાવાળું.

કલજિભા ૧. વિ. અદેખું.

૨. વિ. જેની વાણી ફળે એવું.

કલજીબી વિ. અદેખું.

કલજુગ ૧. [સં. કલિયુગ] પું. ચાર માંહેનો ચોથો યુગ. તે ૪૩૨,૦૦૦ વર્ષનો છે. તે ઈ. સ. પૂર્વે ૩૧૦૨ વર્ષે ફેબ્રુઅરિની ૧૮મી તારીખ ને શુક્રવારે શરૂ થયો હોય એમ મનાય છે.

૨. પું. નઠારો માણસ; દુર્ગુણી કે અધર્મી માણસ.

૩. પું. નઠારો વખત; અધર્મનો સમય.

કલટ [સં.] ન. ઘાસનું છાપરું.

કલટી સ્ત્રી. કલડી; કેરલમાં આવેલું એ નામનું સ્થળ. શંકરવિજયમાં કહ્યું છે કે આ સ્થળે ખ્રિસ્તની સાતમી શતાબ્દિમાં શ્રીશંકરાચાર્યનો જન્મ થયો હતો.

કલટાંતરિતા ૧. સ્ત્રી. ધણી સાથે કલહ કરી રૂસણું લઈ બેઠેલી સ્ત્રી.

૨. સ્ત્રી. પતિનો અનાદર કરી રિસાયા પછી શોક કરતી નાયિકા.

કલટ્ટર પું. પ્રાંતનો મુખ્ય વસૂલાતી અધિકારી; 'કલેક્ટર'.

કલટ્ટરી સ્ત્રી. કલેક્ટરની કચેરી.

કલડી (કલડ઼ી) ૧. સ્ત્રી. એ નામનું કેરલમાં આવેલું સ્થાન. ત્યાં શંકરાચાર્યનો જન્મ થયો હતો એમ માનવામાં આવે છે.

૨. સ્ત્રી. જ્યેષ્ઠા દેવી.

કલણ ૧. [સં. કલન] ન. કળી એટલે ઊતરી જવાય એવી પાણીપોચી કાદવની જગ્યા.

૨. ન. જમીનના ઉપલા પડ નીચે ઢંકાઈ રહેલું પોલાણ.

૩. ન. જોખમ; કલંક.

૪. ન. શબ્દ; અવાજ.

કલણા [સં. કલ્ (ગણવું)] સ્ત્રી. સમજ; અક્કલ.

કલત [સં.] વિ. ટાલિયું; વાળ વગરનું.

કલતર ૧. સ્ત્રી. કળતર; પીડા.

૨. ન. અડસટ્ટો; અનુમાન.

૩. [સં. કલ્ (જાણવું)] ન. કળી જવાય એવું હોવાપણું.

૪. ન. કોસ ફેરવવાનું સાધન.

કલતા પું. કલકલ અવાજ.

કલતાણા સ્ત્રી. મહેસૂલ વસૂલ લેવાનો એક પ્રકારનો વહીવટ.

કલતી ન. કાનડામાં પૂર્ણાને કાંઠે આવેલ એ નામનું ગામ. અહીં શંકરાચાર્યનો જન્મ થયો હોવાનું મનાય છે.

કલતૂલિકા [સં.] સ્ત્રી. વેશ્યા.

કલત્ર ૧. [સં.] સ્ત્રી. વહુ; પત્ની; ભાર્યા.

૨. સ્ત્રી. (જ્યોતિષ) સાતમું ચાંદ્ર નક્ષત્ર.

૩. ન. કુટુંબ; પરિવાર.

૪. ન. દુર્ગ; કિલ્લો.

૫. ન. નિતંબ; ફૂલો.

કલત્રવાન [સં. કલત્ર (સ્ત્રી) + વત્ (વાળું)] વિ. પું. સ્ત્રીવાળો; પરણેલ; વિવાહિત.

કલથિયું [સં. કુલિત્થ (કળથી)] વિ. કળથીના રંગનું.

કલથી ૧. સ્ત્રી. એક જાતનો છોડ.

૨. [સં. કુલિત્થ] સ્ત્રી. કળથી; એક જાતનું હલકું કઠોળ.

૩. સ્ત્રી. જાડું ઘાસ.

કલદાર ૧. પું. આંકડાવાળો સિક્કો; રૂપિયો.

૨. વિ. અંગ્રેજી ચલણનું.

૩. વિ. કલવાળું; પેચદાર.

૪. વિ. નગદ; રોકડું.

૫. વિ. હુન્નરકળાવાળું.

કલધર સ્ત્રી. એક જાતની સાડી.

કલધાર ન. બાંધણીનું લૂગડું.

કલધુનિ પું. (પિંગળ) ઉત્કૃતિ છંદની જાતનો ૨૬ વર્ણનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેમાં સગણ, જગણ, સગણ, જગણ, નગણ, સગણ, એ નગણ, ગુરુ અને લઘુ આવે છે.

કલધૂત [સં.] ન. રૂપું.

કલધેર ૧. પું. (પિંગળ) સોળ અક્ષરનો એક અક્ષરમેળ છંદ.

૨. સ્ત્રી. સ્ત્રીઓને પહેરવાની એક જાતની સાડી.

કલધો ન. બ્રિટિશ બનાવટનું સુતરાઉ છાપેલું કાપડ.

કલધૌત ૧. [સં.] ન. મધુર અવાજ.

૨. ન. રૂપું.

૩. ન. સોનું.

કલધૌતપદ પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અષ્ટિ છંદનો એક ભેદ છે. પાંચ સગણ અને એક ગુરુ મળી સોળ વર્ણ તેમાં હોય છે.

કલધૌતપદે સ સ સા સ સ ગા ધર પાદે.

લઘુપિંગળ

કલધ્વનિ ૧. પું. કબૂતર.

૨. પું. કોયલ.

૩. પું. મધુર અસ્પષ્ટ શબ્દ.

૪. પું. મોર.

૫. પું. હોલો.

કલન ૧. ન. આચરણ.

૨. ન. ખોડ; ખામી.

૩. ન. ગણતરી; સંખ્યા.

૪. ન. ગર્ભાધાન થયા પછી ગર્ભની શરૂઆતની સ્થિતિ; સ્ત્રીના ઉદરમાં દાખલ થયેલ પુરુષના વીર્યનો એક રાત્રિમાં થતો વિકાર.

૫. ન. ગ્રહણ કરવું તે; પકડવું તે; ધારણ કરવું તે.

૬. ન. ગ્રાસ.

૭. ન. ચિહ્ન; નિશાની.

૮. ન. જ્ઞાન; સમજ; જાણવું તે.

૯. ન. નેતર.

૧૦. ન. વાત, પિત્ત વગેરેનો દોષ.

૧૧. ન. શબ્દ; અવાજ.

૧૨. ન. (ગણિત) શૂન્યલબ્ધિ; ગણિતશાસ્ત્રનું એક અંગ.

૧૩. ન. સંબંધ.

કલનવિદ્યા [સં.] સ્ત્રી. (ગણિત) શૂન્યવત્ એટલે અત્યંત અલ્પ પરિમાણોનું ગણિત.

કલના ૧. પું. (પિંગળ) અસંકીર્ણ વર્ગનો એક અર્દ્ધસમવૃત્ત વર્ણમેળ છંદ. તેના પહેલા અને ત્રીજા પાદમાં સગણ, જગણ, બે સગણ અને ગુરુ મળી તેર વર્ણ અને બીજા તથા ચોથા પાદમાં સગણ, જગણ, સગણ, જગણ અને ગુરુ મળી તેર વર્ણ હોય છે.

૨. પું. (પિંગળ) એક માત્રામેળ છંદ. તેમાં ૧૪ માત્રા હોય છે. તેમાં ૧, ૫, ૯, અને ૧૩ માત્રાએ તાલ આવે છે.

ત્રણ ચોકલિયા ગુણ ઠિક ધર,
તે પર બે કલ છૂટી કર;
ચૌદ બને કલ **કલના**માં,
તાલ રાશિ શર નવ જખમાં. રણપિંગળ

૩. [સં. કલન] સ્ત્રી. અટકળ; શુમાર; અડસટ્ટો.

૪. સ્ત્રી. કરવું તે.

૫. સ્ત્રી. જ્ઞાન; જાણવું તે.

૬. સ્ત્રી. તુલના.

૭. સ્ત્રી. પહેરવું તે.

૮. સ્ત્રી. પિછાણ.

૯. સ્ત્રી. મૂકવું તે; છોડવું તે.

૧૦. સ્ત્રી. સમજ; ગ્રહણ.

કલનાઈ [સં. કલન] સ્ત્રી. ઓળખાણ; સમજ.

કલનાદ ૧. [સં.] પું. એક પ્રકારની વર્ણસંકર જાતિ.

૨. પું. ધીમો અને મધુરો સાદ.

૩. પું. રાજહંસ.

૪. વિ. ધીમા અને મધુર અવાજવાળું.

કલનાદી ૧. સ્ત્રી. તુલના.

૨. સ્ત્રી. પિછાણ.

૩. [સં.] સ્ત્રી. રાજહંસી.

૪. સ્ત્રી. શુમાર; અડસટ્ટો.

કલનાયિકા પું. (પિંગળ) તેર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિજગતી છંદનો એક ભેદ છે. તેમાં જગણ, તગણ, નગણ, જગણ અને એક ગુરુ એમ કુલ તેર વર્ણ હોય છે.

જ તા ન જા ગે કર તું **કલનાયિકા**.
રણપિંગળ

કલનાવતી પું. (પિંગળ) અસંકીર્ણ વર્ગનો એક અર્દ્ધસમવૃત્ત વર્ણમેળ છંદ.

કલપ ૧. પું. કલ્પ.

૨. પું. કંકાસ.

૩. પું. કાંજી; ખેળ.

૪. પું. ન્યાય.

૫. પું. પ્રલય.

૬. [અ. કલ્ફ] પું. વાળ રંગવાની એક બનાવટ; કલફ.

૭. પું. ષટ્વેદાંગ.

કલપત વિ. વિલાપ કરતું.

કલપત્રક ન. ડમરો.

કલપના ૧. [સં. કલ્પના] સ્ત્રી. અટકળ; અનુમાન; શુમાર.

૨. સ્ત્રી. અનુમતિ.

૩. સ્ત્રી. તર્ક; તરંગ; બુટ્ટો.

૪. સ્ત્રી. નિયમ; સંપાદન.

૫. સ્ત્રી. બુદ્ધિ.

૬. સ્ત્રી. યુક્તિ; કળા.

૭. સ્ત્રી. શક; ભ્રાન્તિ.

કલપની સ્ત્રી. (ડિંગળ) કેંચી.

કલપવું ૧. અ. ક્રિ. કલ્પાંત કરવું; રડવું.

૨. સ. ક્રિ. (જૈન) ખપવું; ઉપયોગમાં આવવું; કળપવું.

૩. અ. ક્રિ. શોકથી પિલાવું; ઝૂરવું.

૪. [સં. કલૃપ્ (અટકળ બાંધવી)] સ. ક્રિ. અટકળ બાંધવી; ધારવું; કલ્પવું.

૫. અ. કામમાં આવવું.

૬. સ. ક્રિ. મૂએલાને નામે કોઈ વસ્તુનું સંકલ્પ કરી દાન આપવું; મરનાર પાછળ પુણ્ય કરવું; કરપવું; સારવું.

કલપવૃક્ષ ૧. [સં. કલ્પવૃક્ષ] પું. ઇચ્છા પૂરી પાડે તેવું એક કાલ્પનિક દેવવૃક્ષ; કલ્પદ્રુમ; કલ્પતરુ. તેનાં પાંચ પ્રકારઃ (૧) પારિભદ્ર, (૨) મંદાર, (૩) પારિજાતક, (૪) સંતાન, (૫) હરિચંદન.

૨. પું. ઘણાં ફળવાળું ઝાડ.

૩. પું. ઘણું મળી શકે એવો ધંધો.

૪. પું. મનોવાંછિત વસ્તુ જેની પાસેથી મળે તે.

કલપાવવું સ. ક્રિ. દુઃખ દેવું; પીડવું.

કલપાંત ૧. પું. કકળાટ; કાકલૂદી.

૨. [સં. કલ્પાંત] પું. રડાપીટ; રડારોળ.

કલપિત [સં. કલ્પિત] વિ. કલ્પેલું; કલ્પિત.

કલપી ન. ખેતીવાડીનું એક ઓજાર. તેથી તૂલ, કરસણના ચાસ વચ્ચેનું ખડ વગેરે સાફ કરી શકાય છે.

કલપૂજિતાય [સં.] પું. શંકરનાં હજાર માંહેનું એક નામ.

કલફ (કલફ઼) ૧. [અ.] પું. આર; અસ્તર.

૨. પું. કાંજી; ખેળ.

૩. પું. ખાંડ.

૪. પું. તાળું.

૫. પું. ધ્યાન.

૬. [સં. કલ્ક] પું. મોઢા ઉપરનો ડાઘ કે ફોલ્લી.

૭. પું. રંગ વગરનું થવું તે.

૮. પું. વાળ રંગવા માટે વપરાતી એક બનાવટ. તે લોખંડ, હરડાં અને આંબળાં બબ્બે તોલા અને બહેડાં એક તોલો લઈ મિશ્ર કરી પાણીમાં ઘૂંટીને બનાવાય છે. તે સફેદ કેશને લગાડવાથી કાળા થાય છે.

કલફાત (કલફ઼ાત) ૧. [અ. કલફ (તેણે કલફ લગાડ્યો)] પું. ચોપડવાપણું.

૨. [અ.] સ્ત્રી. વહાણ બાંધવામાં થતી એક જાતની ક્રિયા; વહાણનાં પાટિયાનાં સાંધાને જૂના દોરડાનાં કે તેના કકડાને ઉકેલી કરેલાં રૂંછાં કે કૂચા વડે એવી રીતે બંધ કરવા કે હવાપાણી તેની વચમાં થઈને વહાણમાં દાખલ થઈ શકે નહિ.

કલબ (ક઼લબ) ૧. [અ.] પું. કૂતરો; શ્વાન.

૨. પું. મુસલમાન.

કલબક સ્ત્રી. પીળી સુખડ.

કલબલ ૧. [સં. કલા + બલ] પું. ઉપાય.

૨. સ્ત્રી. અનેક અવાજોનો સેળભેળ ઘોંઘાટ; એકથી વધારે માણસોના બોલવાથી થતો અવાજ; ગડબડાટ; શોરબકોર.

૩. સ્ત્રી. કાબરની બોલી.

૪. સ્ત્રી. ન સમજાય તેવું બોલવું તે.

૫. સ્ત્રી. પક્ષીઓથી થતો અવાજ.

૬. સ્ત્રી. લપલપાટ; લવલવ.

કલબલવું અ. ક્રિ. કલબલાટ કરવો.

કલબલાટ જુઓ કલબલ.

કલબલિયાં ન. બ. વ. ઝાંઝ.

કલબલું વિ. ન સમજી શકાય તેવું.

કલબંદા [હિં.] સ્ત્રી. સુખડના ઝાડની એક જાત.

કલબાણ ૧. પું. નિશાન.

૨. પું. (ગ્રામ્ય) શત્રુ.

કલબાના સ્ત્રી. ગાવાની પદ્ધતિ.

કલબી ૧. પું. (ચારણી) કણબી.

> **કલબી** થઇને કૃપાસાગર, રહી ત્રિલોચન ઘેર;
> વિશ્વંભરીઓ પટલ કહાવ્યો, એ પ્રભુની પેર.
> લોકોક્તિ

૨. [અ.] વિ. ખરા અંતઃકરણનું.

કલબેન સ્ત્રી. (વ્રજ) કાલી વાણી.

> બિકલ કરી **કલબેન** નમે. દયારામ

કલબોલ ૧. પું. કલબલ.

૨. પું. મધુર સ્વર; મીઠો સૂર.

૩. પું. મીઠા લાગે તેવા શબ્દ.

કલભ ૧. પું. ઊંટનું બચ્ચું; બોતડું.

૨. પું. ત્રીશ વર્ષનો હાથી.

૩. પું. ધંતૂરો.

૪. [સં.] પું. પાંચ વર્ષનું હાથીનું બચ્ચું; કરભ.

કલભપ્રિય [સં.] પું. પીલુનું ઝાડ.

કલભવ ૧. સ્ત્રી. બ્રાહ્મણની એ નામની જાત.

૨. ન. બ્રાહ્મણની એ નામની જાતનું માણસ.

૩. વિ. બ્રાહ્મણની એ જાતનું.

કલભવલ્લભ [સં.] પું. પીલુનું ઝાડ.

કલભા [સં.] સ્ત્રી. હાથીનું માદા બચ્ચું.

કલભાષણ [સં.] ન. બાળકનો બબડાટ.

કલભાષિણી સ્ત્રી. કાલાં કાઢનારી સ્ત્રી; મીઠું બોલનારી સ્ત્રી.

કલભિકા [સં.] સ્ત્રી. નાની હાથણી.

કલભી ૧. પું. (પિંગળ) એક વિષમ જાતિ માત્રામેળ છંદ. તે રંડા છંદનો એક ભેદ છે. તેની ૧૦૯ માત્રા છે. તેને કરભી પણ કહે છે. જુઓ કરભી.

૨. સ્ત્રી. એક જાતનું ઝાડ; ચંચુ.

૩. સ્ત્રી. ત્રીશ વર્ષની હાથણી.

૪. સ્ત્રી. હાથી કે ઊંટનું માદા બચ્ચું.

કલમ ૧. [સં.] પું. ચોર; લુચ્ચો; શઠ.

૨. પું. જુવાન હાથી.

૩. પું. બંગાળમાં થતી ચોખાની એક જાત. તેનું વાવેતર મે જૂનમાં થાય અને તે ડિસેમ્બર જાન્યુઅરિમાં પાકે.

૪. પું. (ડિંગળ) મુસલમાન.

૫. પું. વંશમાં જન્મેલ માણસ.

૬. સ્ત્રી. અક્ષર; દસ્કત.

૭. સ્ત્રી. ઉખેડીને પાછું વાવેલ ધાન્ય; ડાંગર.

૮. સ્ત્રી. એક જાતની આતશબાજી; છછુંદર.

૯. સ્ત્રી. એક ઝાડની કુંપળ બીજા ઝાડ સાથે જોડાવાથી સંધાઈ રહેલી ડાળી. એક ઝાડ ઉપર બીજાનાં ફળ લગાડવા માટે એક ઝાડની ડાળીને બીજાં ઝાડની ડાળી સાથે મેળવી દેવામાં આવે છે.

૧૦. સ્ત્રી. કરારની શરત.

૧૧. સ્ત્રી. કૌશલ્ય; કળા.

૧૨. સ્ત્રી. ગ્લાનિ; થાક.

૧૩. સ્ત્રી. ચબરખી; ચિઠ્ઠી.

૧૪. સ્ત્રી. ચીતરવાની ઢબ; લેખનશક્તિ.

૧૫. સ્ત્રી. ઝાડની ડાળને કલમની માફક ત્રાંસી કાપી જમીનમાં રોપવી તે.

૧. કલમ કરવી = ઝાડની ડાળીને ત્રાંસી કાપી જુદી ઉગાડવી.

૨. કલમ કરવું = કાપી નાખવું; ખંડિત કરવું.

૩. કલમ મારવી = કલમથી આડો લીટો કાઢવો.

૪. કલમ રોપવી = ઝાડની ડાળી કાપી ભોંયમાં રોપી દેવી.

૫. કલમ લગાવવી = કલમ વાવવી.

૧૬. સ્ત્રી. ઝાડની ડાળીએ છાણમાટીનો લોચો વળગાડી ઉપર કપડું બાંધી તેનાં ઉપર પાણીનું ટપકતું વાસણ બાંધતાં તે ડાળીને તે જગ્યાએથી મૂળ ફૂટ્યા પછી કાપી બીજી જગ્યોએ રોપવી તે.

૧૭. સ્ત્રી. દાઢીનો ઉપલો અણીવાળો ભાગ.

કલમેં છોડવી = દાઢીના ઉપલા ભાગમાં થોડા વાળ રાખવા.

૧૮. સ્ત્રી. ધારો; નિયમ.

૧૯. સ્ત્રી. નવું ઉપજાવેલું લખાણ; મુસદ્દો.

૨૦. (ક઼લમ) [અ.] સ્ત્રી. પાસાદાર કટકો.

૨૧. [અ.] સ્ત્રી. પીંછી.

૨૨. [અ.] સ્ત્રી. પુરુષની જનનેન્દ્રિય.

૨૩. સ્ત્રી. પેન્સિલ; સીસાપેન.

૨૪. સ્ત્રી. બોલી; ભાષા.

૨૫. [હિં.] સ્ત્રી. રવો.

૨૬. સ્ત્રી. લખવા માટે લાકડાના કાદાનું બનેલું સાધન; લેખિની.

૧. કલમ અંદાઝ કરવી = લખવાનો અમુક ભાગ છોડી દેવો.

૨. કલમ કપાવી = (૧) ગુનામાં આવ્યાથી નોકરી ઉપરથી ગડગડિયું મળવું.. (૨) બેઆબરૂ થવી.

૩. કલમ કાપવી = (૧) કલમનો છેડો કાપવો. (૨) નોકરીમાંથી કાઢી મૂકવું.

૪. કલમ કરવી-ઘડવી = કલમની અણી કાઢવી; બરૂને ઘડી કલમ કાઢવી; લેખણ બનાવવી.

૫. કલમ ચાલવી = લખવી.

૬. કલમ બંદ કરવી = ઉતારવું; લખવું.

૭. કલમ, કડછી ને બરછી = મુસદ્દી લખાણ લખવાની આવડત, રસોઈની આવડત અને યુદ્ધકળા અથવા સિપાઈગીરીની આવડત.

૨૭. સ્ત્રી. લાંબાં અને પહોળાં પાનવાળું કદંબની જાતનું ઝાડ. તેને ધોળાશ પડતાં પીળાં ફૂલ આવે છે. ફળ ગોળ નાનું લીંબુ જેવડું હોય છે. તેનું લાકડું ઘર બાંધવામાં, ફર્નિચર બનાવવામાં, કાંસકી, પ્યાલા, ચમચા વગેરે બનાવવામાં વપરાય છે.

૨૮. સ્ત્રી. લાંબાં લખાણ કે વિષયનો નાનો ભાગ; પેરેગ્રાફ; પર્વ; કાંડ; ખંડ; કંડિકા.

કલમ વારી દેવી = લખ્યા મુજબ વર્તવું.

૨૯. સ્ત્રી. શરણાઈ જાતનું એક વાજિંત્ર. તે કલમ જેવું હોય છે. તે ચિનાઈ વાંસનું બનાવાય છે.

૩૦. સ્ત્રી. રૂઢની આઠ માંહેની એક જાત.

૩૧. સ્ત્રી. સંપ્રદાય; પક્ષ; મત.

૩૨. સ્ત્રી. હેવાલની નોંધ.

૩૩. ન. એક જાતનું ઇમારતી લાકડું.

૩૪. ન. પદ; વાક્ય.

૩૫. ન. બાબત.

૩૬. ન. સર્પના મંત્રની કલમ.

૩૭. [અ.] સ. ક્રિ. (ધાતુ) તે બોલ્યો. આ ધાતુ ઉપરથી નીકળેલા શબ્દોઃ કલમા, કલામા, મુકાલેમત.

કલમક સ્ત્રી. સિંધમાં થતી એક જાતની અંગૂર.

કલમકલ [હિં.] સ્ત્રી. દુઃખ; ફિકર; ચિંતા.

કલમકશ (ક઼લમકશ) ૧. [અ.] પું. કુશળ લેખક; મુસદ્દી.

૨. પું. લહિયો.

૩. વિ. લેખણ વાપરી જાણનારૂં.

કલમકશી (ક઼લમકશી) [અ.] સ્ત્રી. કલમ વાપરવી તે; સુંદર છટાદાર લખાણ કરવાપણું.

કલમકસાઈ (ક઼લમકસાઈ) ૧. [ફા.] પું. કચેરીના કારકુનો માટે તિરસ્કારવાચક શબ્દ.

૨. પું. લખાણ મારફત બહુ સખત શિક્ષા કરનારો કઠોર લેખક.

૩. પું. વાણીથી નહિ પરંતુ કલમથી કસાઈના જેવું ક્રૂર કર્મ કરનારો માણસ.

કલમકાચલી ૧. સ્ત્રી. કલંભો.

૨. ન. પીળી છાંટવાળું એક જાતનું ફળ. તે ખુશબોદાર હોવા છતાં સ્વાદે કડવું હોય છે. તેનો રસ જઠરાગ્નિ વધારનારો મનાય છે.

કલમકાર (ક઼લમકાર) ૧. [ફા.] પું. કલમથી લખનાર.

૨. પું. કોતરનાર.

૩. પું. ચિતારો; ચિત્રકાર.

૪. પું. વેલબુટ્ટાથી ભરેલું એક પ્રકારનું કપડું.

કલમકારી (ક઼લમકારી) ૧. [ફા.] સ્ત્રી. કલમથી કરેલું કામ.

૨. સ્ત્રી. કોતરણી.

૩. સ્ત્રી. ચિત્રકામ.

૪. સ્ત્રી. બુટ્ટાવાળું છીંટ.

કલમકુચરાઈ ૧. [મ.] સ્ત્રી. ખરાબ અથવા ભૂલ ભરેલું લખાણ.

૨ સ્ત્રી. ખાનામાં બદદાનતથી નહિ ચડાવેલી રકમ.

કલમક્રિયા સ્ત્રી. કલમ રોપવાની પદ્ધતિ.

કલમખ ૧. [સં. કિલ્વિષ] પું. કલંક; લાંછન.

૨. પું. દોષ; પાપ.

કલમચિત્ર ન. શબ્દમાં દોરેલું ચિત્ર.

કલમચૂક સ્ત્રી. લખાણમાં થતી ભૂલ.

કલમજારી સ્ત્રી. વિજ્ઞપ્તિપત્ર.

કલમતરાશ (ક઼લમતરાશ) ૧. [અ. કલમ + ફા. તરાશીદન્ (કાપવું)] પું. એક જાતનું હથિયાર; અરહરની ખૂંટી.

૨. પું. કલમ ઘડનાર આદમી.

૩. પું. કલમ ઘડવાની છરી; ચાકૂ.

૪. પું. હોશિયાર લેખક.

૫. વિ. કલમ ઘડનાર; મરોડદાર અક્ષર આવે એવો ત્રાંસો કલમકાપ મૂકી જાણનાર.

૬. વિ. કલમના છેડાની માફક ઊભું અને ત્રાંસું કાપેલું.

કલમતરાંશ (ક઼લમતરાંશ) જુઓ કલમતરાશ.

કલમતલ્લિકા પું. (પિંગળ) પ્રકૃતિની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેમાં નગણ, રગણ, નગણ, રગણ, નગણ, રમણ, રગણ એમ ૨૧ વર્ણ હોય છે.

કલમતસ્વીર (ક઼લમતસ્વીર) સ્ત્રી. શબ્દોમાં દોરેલું ચિત્ર.

કલમતાકાત (ક઼લમતાક઼ાત) [અ.] સ્ત્રી. જોરદાર લખાણ લખવાની શક્તિ.

કલમત્રાંસ (ક઼લમત્રાંસ) વિ. કલમની માફક ત્રાંસું કાપેલું.

કલમદવાત (ક઼લમદવાત) પું. લેખન સામગ્રી.

કલમદાન (ક઼લમદાન) ૧. [અ.] સ્ત્રી. એક જાતની સાહીની શીશી. તે ઈરાની બનાવટની હોય છે. તેના ઉપર તરેહ તરેહની કારીગીરી કરવામાં આવે છે.

૨. ન. કલમ વગેરે રાખવાની વાંસની, ધાતુની અથવા લાકડાની શણગારેલી ભૂંગળી અથવા પેટી; કલમનું ઘરૂં.

૩. ન. ખડિયો.

કલમદાન દેવી = લખવા શીખવાની નોકરી દેવી.

કલમદાનિયું (ક઼લમદાનિયું) ૧. ન. કલમ રાખવાનું ગોળ ભૂંગળી આકારનું ઘરૂં. તે દોરીથી ખડિયાની સાથે જ બાંધેલું હોય છે.

૨. ન. બારણા ઉપરની બારી.

કલમદાની (ક઼લમદાની) સ્ત્રી. કલમ રાખવાનું ઘરૂં.

કલમદાનીઉં (ક઼લમદાનીઉં) જુઓ કલમદાનિયું.

કલમદાનું ન. જાળિયું; હવાબારી.

કલમદાર (ક઼લમદાર) [અ.] પું. લખનાર.

કલમદાવાત (ક઼લમદાવાત) સ્ત્રી. કાગળ, સાહી, ખડિયો વગેરે લેખન સામગ્રી.

કલમધોરો ૧. પું. હોશિયાર પુરુષ.

૨. વિ. અક્કલવાન; હોશિયાર.

૩. વિ. એકલો; કુટુંબ વિનાનો; છડો; ફક્કડ.

કલમન [અ.] પું. અબજદપદ્ધતિના આઠ શબ્દસમૂહનો ચોથો શબ્દ. જુઓ અબજદપદ્ધતિ. તેના દરેક અક્ષરની કીમત નીચે પ્રમાણે છે:—

કાફ	લામ	મીમ	નુન
૨૦	૩૦	૪૦	૫૦

કલમપાક (ક઼લમપાક) ન. કલમ લૂછવાનું કપડું.

કલમપોશી (ક઼લમપોશી) [અ.] સ્ત્રી. લેખનકલા.

કલમબહાદુર (ક઼લમબહાદુર) ૧. પું. લખવામાં હોશિયાર.

૨. પું. સારો લેખક.

કલમબહાદુરી (ક઼લમબહાદુરી) સ્ત્રી. જોરદાર લખાણ.

કલમબંદ (ક઼લમબંદ) ૧. [અ.] વિ. ઘુસાડેલું.

૨. વિ. લક્ષમાં લેવાયેલું.

કલમબંદ કરવું = નોંધ લેવી; લખવું; લખાવી લેવું.

૩. વિ. લખેલું; લિખિત.

૪. અ. પૂરેપૂરૂં; ઠીકઠીક.

કલમબંદી (ક઼લમબંદી) ૧. સ્ત્રી. કોઈ પણ ભાગની વ્યવસ્થા તથા કામકાજનું ધોરણ બતાવનારૂં લખાણ; તપસીલ.

૨. [અ.] સ્ત્રી. કોલકરાર; શરત.

કાચી કલમબંદી = હુકમનામું થતાં પહેલાં સરકારના કબજામાં રાખેલી મિલ્કત.

૩. સ્ત્રી. જપ્ત કરેલી વસ્તુની યાદી.

૪. સ્ત્રી. જપ્તી; ટાંચ.

૫. સ્ત્રી. મુદ્દાસરનું લખાણ; પેરા પાડીને કરેલ ચોક્કસ કલમવારી લખાણ.

૬. સ્ત્રી. રાજકીય બંદોબસ્ત; રાજનૈતિક વ્યવસ્થા.

૭. સ્ત્રી. સરકાર અને જમીનદારની વચ્ચે થયેલી કબૂલત; ગામ અથવા જમીનની કલમવાર તપસીલનું પત્રક.

૮. સ્ત્રી. હકીકત; વર્ણન.

૯. વિ. વિગતવાર લખાયેલું.

કલમબંદીવેરો (ક઼લમબંદીવેરો) પું. ખેડૂતો પાસેથી એકસરખી રીતે લેવાતો કર.

કલમબંધી (ક઼લમબંધી) જુઓ કલમબંદી.

કલમબાજ (ક઼લમબાજ) [અ.] વિ. લેખનકાર્યમાં કુશળ; કલમ વાપરવામાં હોશિયાર.

કલમબાજી (ક઼લમબાજી) સ્ત્રી. લેખનકાર્યમાં કુશળતા.

કલમબિરાદર (ક઼લમબિરાદર) પું. લેખકબંધુ.

કલમરથી પું. પાદશાહી; સલ્તનત.

કલમરવ (ક઼લમરવ) [અ.] પું. કલમ અથવા હુકમ ચાલે એટલો પ્રદેશ; તાબાનો મુલક; રાજ્ય.

કલમરૂમી [યૂ.] સ્ત્રી. ભોંયપાથરી.

કલમલ પું. (જૈન) જઠરમાં રહેલો દ્રવ્યનો સમૂહ.

કલમલડો (કલમલડ઼ો) પું. એક જાતની વાની; કરમલડો; કરમલો.

કલમલવું ૧. અ. ક્રિ. કંપવું; ધ્રૂજવું.

૨. અ. ક્રિ. ભયભીત થવું.

૩. અ. ક્રિ. સળવળવું.

કલમલો ૧. પું. એક જાતની વાની; કરમલો.

૨. પું. વહેમ; શંકા.

કલમવાર (ક઼લમવાર) અ. તપસીલવાર; દરેક કલમ અથવા ફકરાના ક્રમ પ્રમાણે.

કલમવું અ. ક્રિ. સળકવું.

કલમશિખા પું. (પિંગળ) પ્રકૃતિની જાતનો એક સમવૃત્ત વર્ણભેદ છંદ. તેમાં નગણ, યગણ, મગણ, ભગણ, અને ત્રણ સગણ એમ કુલ ૨૧ વર્ણ હોય છે.

કલમષ [સં. કિલ્મિષ] ન. પાપ.

કલમસ ૧. [સં. કિલ્મિષ] ન. પાપ.

૨. ન. (ડિંગળ) મેલું.

કલમસવાર (ક઼લમસવાર) પું. લેખક.

કલમસવારી (ક઼લમસવારી) સ્ત્રી. લખાણ.

કલમા ૧. [અ. કલમ (તે બોલ્યો)] પું. ઇસ્લામનો મૂળ મંત્ર હોય એવું વાક્ય. જેમકે, 'લાઇલાહ ઇલ્લિલ્લાહ, ઉર્ રસૂલિલ્લાહ,' એટલે અલ્લાહ એક છે અને મુહમ્મદ તેના પયગંબર છે.

૧. કલમપે કુફ્ર = ઇશ્વરનિંદા; નાસ્તિકવાદ.
૨. કલમા પઢવા = મુસલમાન ધર્મની દીક્ષા લેવી.

૨. પું. ઇસ્લામનો સ્વીકાર.
૩. પું. કુરાનના મંત્રો.
૪. પું. વાત; વાક્ય.
૫. પું. શબ્દ.

કલમાક [ફા.] પું. મધ્ય એશિઅનો એક તાર્તાર જાતિનો વતની.

કલમાકની [ફા.] સ્ત્રી. કલમાક જાતિની સ્ત્રી. ઘણી વખત આ જાતિની સ્ત્રીઓ સશસ્ત્ર બની રાજપુત્રીઓની અંગરક્ષિકાઓ તરીકે કામ કરતી.

કલમાકાર વિ. બરૂના આકારનું.

કલમાગો પું. કલમા પઢનાર માણસ; મુસલમાન.

કલમાણ પું. (ડિંગળ) મુસલમાન.

કલમાસ વિ. (ડિંગળ) કાબરું.

કલમિષતા [સં. કિલ્મિષ] સ્ત્રી. પાપ; અપરાધ.

કલમી ૧. [સં. કુલ (કુટુંબ) + આ (વધારે) + લમ્બ્ (લટકવું)] પું. કણબી; ખેડૂત.

૨. પું. ચોખાની એક જાતનું નામ.

૩. [અ.] પું. (વહાણવટું) છતેડી ઉપર રખાતો બીજો કૂવો; વહાણમાં મોટા કૂવા પાછળનો અથવા તે કૂવા ઉપરનો સુકાન તરફનો સઢ; નાનો સઢ.

૪. સ્ત્રી. કરેમૂ; કલગીસાગ.
૫. વિ. અણીવાળું.
૬. [હિં.] વિ. આધાર લાયક.
૭. વિ. કલમ કરીને ઉગાડેલું.
૮. વિ. કલમ સંબંધી.
૯. [હિં.] વિ. દસ્તાવેજી.
૧૦. વિ. પાસાદાર.
૧૧. [હિં.] વિ. લિખિત.
૧૨. [હિં.] વિ. સરકારી.
૧૩. વિ. હસ્તલિખિત.

કલમી કરવું = લખવું.

કલમીઆમ ૧. (ક઼લમીઆમ) પું. કલમી આંબો.
૨. સ્ત્રી. કલમી આંબાની કેરી.

કલમીઆંબો (ક઼લમીઆંબો) જુઓ કલમીઆમ.

કલમીડોલ (ક઼લમીડોલ) સ્ત્રી. વહાણની કાઠી.

કલમીદાર (ક઼લમીદાર) વિ. ફૂલની કળિઓનું ગૂંથેલું.

કલમીન (ક઼લમીન) ૧. સ્ત્રી. વહાણની ડોલ કાઠી; નાનો સઢ.

૨. સ્ત્રી. વહાણનો બીજો ડોળ-કૂવો; સુકાન તરફનો નાનો કૂવો.

કલમીઓએડી (કલમીઓએડ઼ી) ન. (કચ્છી) એક જાતનું ઝાડ; કાસગંજી બોરડી; ખારેક બોરડી.

કલમીબોર ન. એક જાતનું ફળઝાડ.

કલમીશૂરા જુઓ કલમીશોરા.

કલમીશોરા પું. શુદ્ધ કરેલો સુરોખાર.

કલમુઇ ૧. સ્ત્રી. કાળાં મોઢાંવાળી સ્ત્રી.
૨. સ્ત્રી. બિલાડી.
૩. સ્ત્રી. બેડોળ ચહેરો.

કલમુખી પું. (પિંગળ) સુપ્રતિષ્ઠાની જાતનો પાંચ અક્ષરનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; સુલૂ. તેના દરેક ચરણમાં નગણ, લઘુ અને ગુરુ એમ પાંચ અક્ષર હોય છે.

કલમુદે [હિં.] સ્ત્રી. સાત માંહેની એક દેવી. તે શીતળા, ઓરી વગેરેની દેવી છે.

કલમુંહી સ્ત્રી. હલકી સ્ત્રી.

કલમૂન પું. કાકીડો.

કલમેકુફ્ર સ્ત્રી. ઇશ્વરનિંદા.

કલમેશરીફ (કલમેશરીફ઼) ૧. પું. કલમો પઢનાર ધર્મગુરુ.
૨. પું. કુરાન.
૩. વિ. કલમામાં પારંગત.

કલમો ૧. [અ. કલમ (તે બોલ્યો)] પું. આદેશ; આજ્ઞા.
૨. પું. ઉપદેશ; વચન.
૩. પું. કળ; કૂંચી; ચાવી.
૪. પું. કુરાનની કડી; કુરાનનું મૂળ સૂત્ર. જુઓ કલમા ૧.
૫. પું. મુસલમાની ધર્મની દીક્ષા લેતાં બોલાતાં વચન.

૧. કલમો પઢવો = ઇસ્લામ ધર્મ સ્વીકારવો.
૨. કલમો પઢાવવો = મુસલમાન કરવો.

૬. પું. મોટેથી બોલવું તે.
૭. પું. લગ્નના સંસ્કાર.
૮. પું. સિદ્ધાંત.

કલમોત્તમ [સં.] પું. ઉત્તમ જાતની સુગંધી ડાંગર.

કલમોહકીકી (કલમોહક઼ીક઼ી) ન. અલૌકિક શાસ્ત્ર; આધ્યાત્મિક શાસ્ત્ર.

કલયત્રી સ્ત્રી. કલાકાર સ્ત્રી.

કલર ૧. [હિં.] પું. ઊસ; ખારી માટી; ખારો.
૨. [અં.] પું. રંગ; વર્ણ.
૩. પું. લૂણો.
૪. ન. ડોકમાં પહેરવાનું સોનાનું ઘરેણું.

કલરવ ૧. [સં.] પું. કલકલાટ; પંખીનો મધુર ધ્વનિ.
૨. પું. મધુર અસ્પષ્ટ અવાજ.
૩. પું. મોર.
૪. પું. હંસનો કલકલાટ.
૫. ન. કબૂતર; પારેવું.
૬. ન. કોયલ.
૭. વિ. મધુર અસ્પષ્ટ શબ્દવાળું.

કલરવું અ. ક્રિ. અવાજ કરવો.

કલરોળ પું. ઘોંઘાટ; મોટો કલબલાટ; મોટો અસ્પષ્ટ અવાજ.

કલલ ૧. [સં.] ન. એક માસનો ગર્ભ.
૨. ન. જરાયુ; ગર્ભ ઉપર વીંટાતી ચામડી; ઓર.

કલલજ ૧. [સં.] પું. ગર્ભ.
૨. પું. રાળ.

કલલબિંદુવિદ્યા [સં.] સ્ત્રી. કોષવિદ્યા; ગર્ભના બીજ સંબંધી વિદ્યા.

કલલરસ [સં.] પું. પ્રાણરસ; 'પ્રોટોપ્લેઝમ'.

કલલિ પું. (પિંગળ) સુપ્રતિષ્ઠાની જાતનો પાંચ અક્ષરનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; સુતસંગક. તેના દરેક ચરણમાં નગણ અને બે ગુરુ એમ પાંચ અક્ષર હોય છે.

કલવકલ સ્ત્રી. યુક્તિપ્રયુક્તિ.

કલવન ન. (કચ્છી) એક જાતનું ઘાસ.

કલવડો (કલવડ઼ો) પું. (ગ્રામ્ય) કલવો.

કલવર્ટ [અં. કલ્વર્ટ] ન. ગરનાળું.

કલવલ ૧. સ્ત્રી. કલબલ; ઝીણું ઝીણું બોલવું તે.
૨. સ્ત્રી. દાવપેચ; યુક્તિ.
૩. સ્ત્રી. દુ:ખ; આફત.

કલવલવું ૧. અ. ક્રિ. ઉશ્કેરાવું.
૨. અ. ક્રિ. ઊકળવું.
૩. અ. ક્રિ. કકળવું.

કલવલાટ પું. ગોકીરો; રાડારાડ.

કલવલ્લીવિહ્ર પું. (પિંગળ) બાર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે. તેમાં જગણુ, તગણુ અને બે યગણુ એમ બાર અક્ષર હોય છે.

કલવવું ૧. સ. ક્રિ. કરગરણાં કરાવવાં.

૨. સ. ક્રિ. કોચવવું.

૩. સ. ક્રિ. ખીજવવું.

૪. સ. ક્રિ. ટગવવું; મૂંઝવવું.

૫. સ. ક્રિ. બાળકને કલકલ કરી મૂકે તેમ ગમત કરીને રમાડવું.

કલવહીચ [અ.] સ્ત્રી. ઘોડાગાંઠ; ખીલા કે થાંભલા ઉપર બાંધવામાં આવતી ગાંઠ.

કલવહ્નિ પું. દુઃખરૂપી અગ્નિ.

કલવાટ પું. કાલાવાલા.

કલવાબીર [હિં.] પું. એક કલ્પિત પ્રેત, મદારીઓ અને જાદુગરો તેની મદદ માગે છે.

કલવાર ૧. [સં. કલ્યપાલ] પું. શરાબ બનાવનાર તથા વેચનાર માણસ.

૨. સ્ત્રી. દૂધિયા સોપારી; ભાંગવાથી સફેદ દેખાય અને ખાતાં તૂરી લાગે તેવી સોપારી.

૩. સ્ત્રી. સડેલી સોપારી.

કલવાવવું સ. ક્રિ. કોચવવું.

કલવિકરણ ૧. [સં.] પું. કળકળતા પાણીના અસ્પષ્ટ અવાજ જેવા અસ્પષ્ટ જગતને વિવિધ પ્રકારે રચનાર આદિપુરુષ.

૨. પું. વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ.

કલવિંક ૧. [સં.] પું. ઇંદ્રજવનું ઝાડ.

૨. પું. એક તીર્થનું નામ.

૩. પું. કલિંગ વૃક્ષ.

૪. પું. ચકલો પક્ષી.

૫. પું. તરબૂચ.

૬. પું. ત્વષ્ટાનો પુત્ર વિશ્વરૂપ ત્રણ મસ્તકમાંથી જે વડે તે શરાબ પીતો હતો તે મસ્તકનું મુખ.

૭. પું. દોષ; ડાઘ; કલંક.

૮. પું. ધોળી ચમરી.

કલવિંગ જુઓ કલવિંક.

કલવી ૧. સ્ત્રી. એક જાતની વનસ્પતિ; ઊલટ ચંડેલ; નાગલી; લાંગૂલી.

૨. સ્ત્રી. બિલાડી.

૩. સ્ત્રી. સમળી.

કલવું ૧. [સં. કવલ] ન. કન્યા તરફની સ્ત્રીઓનું વરને મંગળ કોળિયો ભરાવવા જવું તે; કલવો.

૨. અ. ક્રિ. સાંધામાં દુખાવો હોવો.

૩. સ. ક્રિ. અટકળ કરવી; કળવું.

૪. સ. ક્રિ. જાણવું; સમજવું.

કલવેટ પું. નર કાળિયાર.

કલવો ૧. [સં. કલ્યવર્ત; અપ. કલ્લવઉ–કલવઉ–કલવો] પું. કવલ; કોળિયો.

૨. પું. છોટાહાજરી; નાસ્તો.

૩. પું. લગ્ન પ્રસંગે વરને સસરા પક્ષ તરફથી મોકલાતું પહેલવહેલું ભોજન; મંગલકવલ.

કલશ ૧. [સં.] પું. આઠ માંગલિકમાંનું છઠ્ઠું.

૨. પું. એક દ્રોણ અથવા આઠ શેરનું એક માપ; ૧૦૨૪ રૂપિયાભાર.

૩. પું. (પિંગળ) એક પ્રચૂર્ણ ગીતિ માત્રામેળ છંદ; કુંભ. તે સ્કંધક ગીતિનો એક ભેદ છે.

૪. પું. (પુરાણ) એક સર્પનું નામ.

૫. પું. એકએકથી નાના કળશોની ઉતરડ.

૬. પું. કશ્મીરનો એક રાજા; રણાદિત્ય. તે શક ૯૫૮ની સાલમાં થઈ ગયો. તે બહુ કુમાર્ગી, અન્યાયી, પિતા ઉપર અત્યાચાર કરનાર અને પોતાની બેનનું સતીત્વ નષ્ટ કરનાર હતો. મંત્રીઓએ તેને સિંહાસનથી ઉઠાડી તેના પિતાને ગાદી પર ફરી બેસાડ્યો હતો.

૭. પું. કળશો; લોટો.

૮. પું. કુંભ; ગાગર; ઘડો. તંત્ર અનુસાર ઓછામાં ઓછા ૫૦ આંગળના વ્યાસવાળો, ઊંચાઈમાં ૧૩ આંગળ અને જેનું મુખ ૮ આંગળથી ઓછું ન ન હોય એવો ઘડો વપરાય છે.

કલશ સ્થાપન કરવો = દેવને પાણીનો ઘડો અર્પણ કરવો. તેમાં અશ્વત્થ, ઉદુંબર, વટ, શમી અને આમ્ર એ પાંચ પવિત્ર વૃક્ષનાં પાંદડાં નાખવામાં આવે છે.

૯. પું. ઘુંમટની ટોચ; દેરા ઉપર મુકાતું ઘડાના આકારનું ધાતુ કે છોનું શિખર; મંદિરના શિખર ઉપર ચડાવેલું પિત્તળ, પથ્થર સોના વગેરેનું ઈંડું.

૧૦. પું. પ્રધાન અંગ.

૧૧. પું. બત્રીશ કે ચોત્રીશ શેરનું એક માપ.

૧૨. પું. સમુદ્ર.

કલશક્ષેત્ર [સં.] ન. કર્ણાટક માંહેનું એ નામનું એક તીર્થ.

કલશજન્મ [સં. કલશ (ઘડો) + જન્મન્ (જન્મ)] પું. અગસ્ત્ય ઋષિ.

કલશતીર્થ [સં.] ન. મહાભારતમાં જણાવેલું એક પ્રાચીન તીર્થ.

કલશપોતક પું. (પુરાણ) એ નામનો એક સર્પ.

કલશિ ૧. [સં.] સ્ત્રી. એ નામની વનસ્પતિ; પૃશ્નિપર્ણી; સમેરવો.

૨. સ્ત્રી. એક જાતનું વાજું.

૩. સ્ત્રી. કુંજો.

૪. સ્ત્રી. (જ્યોતિષ) કુંભરાશિ.

૫. સ્ત્રી. ઘડો.

૬. સ્ત્રી. નાનો કળશો.

૭. સ્ત્રી. બત્રીશ કે ચોત્રીશ શેરનું એક માપ.

કલશિકા ૧. [સં.] સ્ત્રી. નાનો કળશો.

૨. ન. (સંગીત) એક જાતનું કળશાના આકારનું વાદ્ય. જુઓ વાદ્ય.

કલશિરા ૧. [સં.] પું. માણસ.

૨. વિ. કાળા માથાવાળું.

કલશી જુઓ કલશિ.

કલશીકંઠ [સં.] પું. એ નામનો એક ઋષિ.

કલશીપદી [સં.] સ્ત્રી. કળશ જેવા આકારના પગવાળી સ્ત્રી.

કલશીપૂજા ૧. [સં.] સ્ત્રી. કુંભપૂજા.

૨. સ્ત્રી. વારતુની ક્રિયા.

કલશીમુખ [સં.] પું. એક જાતનું વાદિત્ર.

કલશીસુત [સં.] પું. અગસ્ત્ય મુનિ. કેમકે તેનો જન્મ ઘડામાંથી થયેલો મનાય છે.

કલશોદધિ [સં.] પું. મહાસાગર.

કલશોદર ૧. [સં.] પું. એ નામનો એક દાનવ.

૨. વિ. કળશના જેવા પેટવાળું.

કલશોદ્ભવ જુઓ કલશજન્મ.

કલશોર પું. અવાજ; કલરવ.

કલસ ૧. [સં. કલશ] પું. (હિંદી) કુંભ; ઘડો. જુઓ કલશ.

૨. પું. (જ્યોતિષ) કુંભરાશિ.

૩. પું. (ચારણી) નાગપિંગળ માંહેનો માત્રામેળવાળો એક છંદ.

કલસા ૧. પું. (પિંગળ) એક માત્રામેળ છંદ. તે ત્રિભંગી છંદનો એક ભેદ છે. તેમાં ૧૬ લઘુ અને ૫૬ ગુરુ આવે છે.

૨. [હિં.] પું. મંદિરનું શિખર.

૩. પું. સાંકડા મોંનું ધાતુનું વાસણ.

કલસાય [પ્રા.] પું. કલશ.

કલસિરા [સં.] ૧. પું. દુશ્મન.

૨. પું. ભ્રષ્ટ; વિષયી પુરુષ.

કલસી ૧. [સં.] સ્ત્રી. માટીનો પાણીનો ઘડો; કુંભ; કળશ; કલશિ.

૨. સ્ત્રી. સોળ મણનું માપ.

કલસીસુત [સં.] પું. અગસ્ત્ય મુનિ. કેમકે તે ઘડામાંથી ઉત્પન્ન થયાનું મનાય છે.

કલસેહિરા સ્ત્રી. (જૈન) ઓસવાલ વંશના બાફણા ગોત્રની શાખા.

કલસો ૧. [સં. કલશ] પું. (શિલ્પ) કુંભાની ઉપરનો ભાગ. તેમાં એક કર્ણું અને ગોળો તથા ઉપરની કણી એટલા ભાગ હોય છે.

૨. પું. ઘુંમટના મથાળા ઉપરનો કળશ.

૩. પું. પાણીનું એક વાસણ.

૪. પું. મંદિરનું શિખર.

કલસ્વનવંશ પું. (પિંગળ) અગિયાર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; પાયકા. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં બે ભગણ, તગણ, લઘુ, ગુરુ એમ અક્ષર આવે છે.

કલસ્વર [સં.] પું. મધુર અસ્પષ્ટ અવાજ.

કલહ ૧. [સં.] પું. કજિયો; કલેશ; કંકાસ.

૨. પું. ચીસ; રાડ.

૩. પું. છેતરપિંડી.

૪. પું. તરવારનું મ્યાન; અસિકોષ.

૫. પું. (પિંગળ) બૃહતિ છંદની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેમાં સગણ, ભગણ, મગણ એમ નવ વર્ણ હોય છે.

૬. પું. માર.

૭. પું. યુદ્ધ; લડાઈ; વિગ્રહ.

૮. પું. રસ્તો.

૯. પું. વિવાદ.

૧૦. ન. (જૈન) અઢાર માંહેનું બારમું પાપસ્થાન.

કલહકર ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ અષ્ટિ છંદનો એક ભેદ છે: ચાર નગણ, એક ભગણ, એક ગુરુ એમ સોળ વર્ણનો તે બને છે.

૨. [સં.] વિ. કજિયો કરનાર.

કલહકવિર [અ.] સ્ત્રી. એલચી.

કલહકંકાસ ૧. પું. કજિયો.

૨. પું. દુશ્મનાવટ; વેર.

કલહકાર ૧. [સં.] પું. કજિયાખોર; કલેશ કરનાર માણસ.

૨. વિ. કજિયો કરનાર.

કલહકારિણી ૧. [સં.] સ્ત્રી. કજિયાખોર સ્ત્રી.

૨. વિ. સ્ત્રી. કજિયા કરનારી.

કલહકારી [સં. કલહકારિન્] વિ. કજિયો કરનાર; કજિયાખોર; ઝઘડો કરનાર.

કલહકાળ [સં. કલહકાલ] પું. કલિયુગ.

કલહખોર પું. તોફાની; બંડખોર; કજિયાળું.

કલહગાંવ જુઓ કલહગ્રામ.

કલહગ્રામ [સં. કલહ (કજિયો) + ગ્રામ (ગામ)] ન. બંગાળના ભાવલપુર પરગણામાં આવેલું એક પ્રાચીન ગામ; કલહગાંવ; કોલગાંવ; તેની પાસે આવેલા કલહી પહાડ ઉપર પૂર્વે દુર્વાસા ઋષિ રહેતા હતા. એમના ઉગ્ર સ્વભાવને લઈને આ ગામનું આવું નામ પડ્યું હોવાનું મનાય છે.

કલહનિમગ્ન [સં.] વિ. કજિયામાં પડેલું.

કલહપ્રિય ૧. [સં.] પું. નારદ. તે જ્યાંત્યાં સાચાંખોટાં કરી લડાઈ કરાવનાર તરીકે પ્રખ્યાત છે.

૨. વિ. કજિયાનું શોખીન; ઝઘડાખોર.

કલહપ્રિયા ૧. [સં.] સ્ત્રી. કજિયાળી સ્ત્રી; કર્કશા; કુભારજા.

૨. સ્ત્રી. મેના; સારિકા.

કલહબીજ [સં.] ન. લડાઈનું કારણ.

કલહમય [સં.] વિ. કજિયાથી ભરેલું.

કલહર ૧. સ્ત્રી. મધ્ય પ્રદેશની એક વણિક કોમ.

૨. ન. વાણિયાની એ જ્ઞાતિનું માણસ.

૩. વિ. એ નામની કોમનું.

કલહરસિક [સં.] પું. કજિયામાં આનંદ લેનાર.

કલહશીલ [સં.] વિ. કજિયો કરવાની વૃત્તિવાળું; કજિયાખોર.

કલહસ્થાન [સં.] ન. તકરારની જગ્યા.

કલહંસ ૧. પું. (પિંગળ] એક સમવૃત્ત વર્ણમેળ છંદ; મણિહંસ. તે અતિશર્ક્કરી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં સગણ, બે જગણ, ભગણ અને રગણ એમ પંદર અક્ષર હોય છે.

૨. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; મંજુભાષિણી. તેમાં સગણ, જગણ, સગણ, જગણ, એક ગુરુ એમ તેર અક્ષરો હોય અને પાંચમે તથા આઠમે અક્ષરે યતિ આવે.

૩. [સં.] પું. કાલું, અસ્પષ્ટ બોલતું હંસનું નાનું બચ્ચું; નાનો બાળ હંસ.

૪. પું. કાલું કાલું બોલતું બાળક.

૫. પું. (પિંગળ). દરેક ચરણમાં સગણ, જગણ, બે સગણ અને ગુરુ એમ તેર અક્ષરનો એક છંદ; સિંહનાદ. તેના છઠ્ઠા અને સાતમા અક્ષરે યતિ હોય છે. આ અતિજગતી છંદનો એક ભેદ છે.

કલહંસ માંહ સ જ સા સ ગ આવે.

રણપિંગળ

૬. પું. પરમાત્મા; બ્રહ્મ.

૭. પું. બતક.

૮. પું. રાજહંસ. દર વર્ષે શિયાળામાં અનેક પંખી હિંદમાં આવે છે. તેમાં હંસની છ સાત જાત દેખાય છે. આમાંની ચાર પાંચ તો થોડી સંખ્યામાં દેખાય છે. માત્ર બે જ અસંખ્ય પ્રમાણમાં આવે છે: (૧) રાજહંસ. (૨) કાદંબ. દેખાવે બંનેમાં જરા પણ ભેદ નથી હોતો. તેની લંબાઈ દોઢેક ગજ અને તેનો રંગ મેલો હોય છે. તેનાં માથું, ગરદન અને પીઠ ધૂળિયા રંગનાં બદામી અને હડપચી અને છાતી ફિક્કાં બદામી હોય છે. બાકીનો નીચેનો ભાગ સફેદ હોય છે. તેનાં ચાંચ અને પગ પીળાશ પડતાં અથવા લાલ મજીઠ જેવાં હોય છે. આ પક્ષી અતિશય સાવધાન અને ચપળ હોય છે. એશિઅ, સાઈબીરિઅ, તુર્કસ્તાન, ઇરાન વગેરે દેશમાં તે વસે છે. અક્ટોબરના આરંભમાં હિંદમાં આવી માર્ચમાં તેઓ પાછા જવા માંડે છે. તેઓ વિશાળ જળાશય કે નદી કિનારે રેતમાં રહે અને રાત પડ્યે ખેતરોમાં ચરવા જાય.

૯. પું. શ્રેષ્ઠ રાજા.

૧૦. પું. (સંગીત) સંકર જાતિની એક રાગિણી. તે મધુ, શંકરવિજય અને આભીરીના યોગથી બને છે.

૧૧. પું. (પિંગળ) સાત અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉષ્ણિક છંદનો એક ભેદ છે. તેમાં જગણ, સગણ અને લઘુ આવે.

૧૨. સ્ત્રી. રજપૂતોની એક જાતિ.

૧૩. ન. રજપૂતોની એ નામની કોમનું માણસ.

૧૪. વિ. એ નામની રજપૂત કોમનું.

કલહંસવધૂ સ્ત્રી. કલકલ અવાજ કરતી હંસી.

કલહંસી ૧. સ્ત્રી. (પિંગળ) શર્ક્કરી છંદની જાતનો ચૌદ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેમાં તગણ, યગણ, સગણ, ભગણ બે ગુરુ એમ ચૌદ અક્ષર આવે છે. તેમાં ૭ અને આઠ અક્ષરે યતિ આવે છે.

તા યા સ ભ ગા ગે, ૭ દિશાથી **કલહંસી**.

રણપિંગળ

૨. સ્ત્રી. હંસલી.

કલહાભિરત [સં.] વિ. કંકાસમાં આનંદ માનનાર.

કલહાર ન. સફેદ કમળ.

કલહારા [ફા.] વિ. કજિયાખોર.

કલહારી [સં.] સ્ત્રી. કર્કશા; કજિયાળી સ્ત્રી.

કલહાસ [સં.] પું. હાસ્યના ચાર પ્રકાર પૈકી એક. તેમાં થોડો કોમળ તથા મધુર ધ્વનિ નીકળે છે.

કલહાંતરિકા જુઓ કલહાંતરિતા.

કલહાંતરિતા ૧. [સં.] સ્ત્રી. (કાવ્ય) આઠ માંહેની એક જાતની નાયિકા. પોતાના પ્રિયનું અપમાન કરી પશ્ચાત્તાપ કરવાવાળી સ્ત્રી. ભ્રાંતિ, મોહ, સંતાપ, સજ્વર શરીર, શ્વાસ અને પ્રલાપ એ એની ચેષ્ટા છે.

૨. સ્ત્રી. ધણીથી કંકાસને લીધે છૂટી પડેલી સ્ત્રી; રૂસણું લઈ બેઠેલી સ્ત્રી.

૩. વિ. સ્ત્રી. પતિનો અનાદર કરી રિસાયા પછી શોક કરનારી.

કલહિની ૧. [સં.] સ્ત્રી. કજિયાળી સ્ત્રી.

૨. સ્ત્રી. (જ્યોતિષ) શનિની સ્ત્રીનું નામ.

કલહી [સં. કલહિન્] વિ. કજિયાખોર; તકરારી.

કલહુ [સં. કલહ] પું. કલેશ; લડાઈ; વિગ્રહ.

કલહેતિકા પું. (પિંગળ) ચૌદ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ શકર્રી છંદનો એક ભેદ છે. સગણ, બે જગણ, ભગણ, લઘુ અને ગુરુ એમ અક્ષર આવે છે.

કલહેતિકા સ જ જા ભ લા ગ થી રચો.
રણપિંગળ

કલહો ૧. પું. ઝઘડો; તકરાર.

૨. પું. દુ:ખ; પીડા.

કલળા ૧. સ્ત્રી. બિલાડી.

૨. સ્ત્રી. સમળી.

કલળાવી સ્ત્રી. લાંગૂલી નામની વનસ્પતિ.

કલળી જુઓ કલળા.

કલંક ૧. પું. તાંબા વગેરે ધાતુનો કાટ.

૨. પું. વાંસની બનાવેલી વાડ.

૩. ન. અપવાદ; ડાઘ; બદનામ; બટ્ટો.

૪. ન. કેસરતંતુ બેસે તે દીંટાનો ભાગ.

૫. ન. ચંદ્રમામાં દેખાતો કાળો ડાઘ.

૬. ન. ચિહ્ન; નિશાની.

૭. ન. તહોમત; આળ.

૧. કલંક-આવવું-ચડવું-ચોંટવું-બેસવું-લાગવું= (૧) આળ ચડવું. (૨) ખોડ બેસવી. (૩) ડાઘ પડવો. (૪) લાંછન લાગવું.

૨. કલંક ઉતારવું-ધોઈ નાખવું = આવેલા આળમાંથી મુક્ત થવું.

૮. ન. દ્વેષ.

૯. ન. પાપ.

કલંકકથા [સં.] સ્ત્રી. અપકીર્તિ; પાપની કહાણી.

કલંકકારિણી [સં.] સ્ત્રી. કલંક લગાડનારી સ્ત્રી.

કલંકભંજન ૧. [સં.] પું. પરમેશ્વર.

૨. વિ. બદનામી ભાંગનાર.

કલંકભૂત [સં.] વિ. બદનામવાળું.

કલંકલ ૧. વિ. અયોગ્ય.

૨. વિ. અશુભ.

કલંકલીભાવ ૧. પું. કલકલાટ; ગભરાટ.

૨. પું. સંસારમાં કરાતું પર્યટન.

કલંકવું સ. ક્રિ. કલંકિત કરવું.

કલંકષ [સં.] પું. સિંહ.

કલંકષી ૧. [સં.] સ્ત્રી. એક વાજિંત્ર; કરતાલ.

૨. સ્ત્રી. સિંહણ.

૩. સ્ત્રી. હાથની તાળી.

કલંકહીન [સં.] વિ. કલંક લાગ્યું ન હોય એવું; નિષ્કલંક.

કલંકહીનતા [સં.] સ્ત્રી. નિષ્કલંક હોવાપણું.

કલંકાવહ [સં.] વિ. અપકીર્તિ ભરેલું; નિંદ્ય.

કલંકાંક [સં.] પું. ચંદ્ર માંહેનો કાળો ડાઘ.

કલંકિત [સં.] વિ. એબદાર; કલંકવાળું; ડાઘવાળું.

કલંકિતા [સં.] સ્ત્રી. કલંક પામેલી સ્ત્રી.

કલંકિની [સં.] વિ. સ્ત્રી. કલંકવાળી.

કલંકી ૧. [સં. કલંકિન્] પું. કલંકવાળો ચંદ્ર.

૨. પું. ગાય અથવા બ્રાહ્મણને મારનાર પુરુષ.

૩. પું. વિષ્ણુનો કળિયુગમાં થનારો દશમો કલ્કિ અવતાર.

૪. સ્ત્રી. બ્રાહ્મણની એ નામની એક જ્ઞાતિ.

૫. ન. બ્રાહ્મણની એ નામની જ્ઞાતિનું માણસ.

૬. વિ. અપરાધી; દોષયુક્ત; કલંકવાળું.

૭. વિ. ચિહ્નવાળું.

૮. વિ. બ્રાહ્મણની એ નામની જ્ઞાતિનું.

કલંકી અવતાર પું. વિષ્ણુના દશ અવતારમાંનો એક. તે કળિયુગમાં દુર્મુખ સંવત્સરમાં શ્રાવણ સુદિ છઠ શનિવાર પૂર્વાષાઢા નક્ષત્ર સિદ્ધિયોગ અને રાતને ત્રીજે પહોરે થશે એમ મનાય છે.

કલંકુર [સં.] પું. પાણીમાં પડતી ઘૂમરી.

કલંકો [સં. કલંક] ન. બદનામ; બટ્ટો.

કલંગ ૧. [ફા.] પું. ઘણો ઊંચો માણસ.

૨. ન. એક જાતનું પક્ષી.

૩. ન. એક દેશનું નામ.

૪. વિ. સારી રીતે ઉછરેલું.

કલંગી ૧. પું. એક જાતનો ઘોડો.

૨. પું. વિષ્ણુનો દશમો અને છેલ્લો અવતાર. જુઓ કલંકી અવતાર.

૩. સ્ત્રી. ફૂલનો ઝૂમખો.

૪. વિ. મોટું.

કલંગી મરમર ૧. સ્ત્રી. એક જાતનો છોડ. તેમાં ફૂલોની ચમરી ખુલ્લી દબાયેલી ગોળ કલગી માફક હોય છે.

૨. ન. એક જાતનું ઘાસ.

કલંચા [મ.] ન. એક જાતનું પાણીમાં થતું ફળ; તરબૂચ.

કલંજ ૧. પું. ઝેર પાયેલ અસ્ત્રથી મારેલું મૃગ કે કોઈ પક્ષી.

૨. પું. તામ્રકૂટ પક્ષી.

૩. ન. ઝેર ચોપડેલા બાણથી મારી નાખેલ હરણ કે પક્ષીનું માંસ.

૪. [સં.] ન. તમાકુ.

૫. ન. દશ રૂપિયાભારનું માપ.

કલંજાધિકરણ [સં.] ન. તે નામનો એક ન્યાય.

કલંજૂ પું. એ નામનો સિક્કો.

કલંજો ન. બ્રહ્મદેશમાં થતું એ નામનું એક મોટું ઝાડ. તેનાં ફળ નારંગી જેવડાં થાય છે.

કલંઠ ૧. [સં. કુ (ખરાબ) + લટુ (લુચ્ચું)] વિ. કલાંઠ; કલેંઠ; તોફાની; મસ્તીખોર.

૨. વિ. કાબેલ; લુચ્ચું.

૩. વિ. નીચ; દુષ્ટ; પાપી.

૪. વિ. હઠીલું.

કલંડર [અં. કૅલેંડર] ન. તિથિપત્ર; તારીખિયું.

કલંતર [સં. કલ્પાંતર] ન. કાળાંતર.

કલંદ ૧. [સં.] પું. આર્ય જ્ઞાતિના એક જાતના મનુષ્ય.

૨. પું. કુંડ.

૩. પું. રંગનું કૂંડું.

કલંદક [સં.] પું. એક ઋષિનું નામ.

કલંદર (ક઼લંદર) ૧. [અ.] પું. એક જાતનો ફકીર; પરમહંસ. આવા ફકીર ઘરબાર, ઓરત, બાલબચ્ચાં તથા દોસ્ત તેમ જ ધનમાલના લોભને ત્યાગી માથાના તેમ જ દાઢીમૂછના વાળને મુંડાવી ગમે ત્યાં ભટકતા ફરે છે.

૨. [અ.] પું. તંબૂના થાંભલામાં ભરાવવાનું બેવડું કંતાન.

૩. પું. નિ:સ્પૃહ માણસ.

૪. [સં.] પું. માંકડાં, રીંછ અને સાપ વગેરે પ્રાણીને કેળવી તેના ખેલ લોકોને બતાવી આજીવિકા કમાનાર માણસ; મદારી; વાદી.

૫. પું. વર્ણસંકર આદમી.

૬. ન. રંગનાં ટપકાંવાળું ધોળું લૂગડું.

૭. વિ. તોફાની.

૮. વિ. મિશ્ર જાતનું.

કલંદર ઉસમાની (ક઼લંદર ઉસમાની) પું. એ નામનો એક મુસલમાન સંત. તેણે જલાલી સંપ્રદાય મુલ્તાનમાં સ્થાપ્યો. ઈ. સ. ૧૨૭૪માં તેનું મરણ નીપજ્યું હતું.

કલંદરા (ક઼લંદરા) ૧. [અ.] પું. એક જાતનું રેશમી લૂગડું.

૨. પું. તંબૂનું કપડું.

કલંદરી (ક઼લંદરી) ૧. સ્ત્રી. એક જાતનો તંબૂ.

૨. સ્ત્રી. કલંદરનું જીવન કે ધંધો.

૩. [અ.] સ્ત્રી. મોમ લગાડેલું કપડું; મીણતું.

કલંદિકા [સં.] સ્ત્રી. ચતુરાઈ; ડહાપણ; બુદ્ધિ.

કલંધર ૧. પું. કલંકને ધારણ કરનાર ચંદ્ર.

૨. પું. લાજશરમ ન હોય એવો માણસ.

૩. વિ. કલંકને ધારણ કરનારું.

૪. વિ. લાજશરમ વિનાનું.

કલંબ ૧. [સં.] પું. કદંબનું ઝાડ.

૨. પું. તીર; બાણ.

૩. પું. દીંટું.

૪. પું. પાંચની સંખ્યા.

૫. પું. ભાજીનું ડાંખળું.

૬. પું. શાકનું ફોતરું.

૭. સ્ત્રી. ઇલાવૃત્તની પશ્ચિમે વહેતી એક નદીનું નામ.

કલંબક ન. એક વૃક્ષનું નામ.

કલંબડંબર પું. (પિંગળ) એક વિષમવૃત્ત વર્ણમેળ છંદ.

કલંબિકા [સં.] સ્ત્રી. ડોકના પાછળના ભાગમાં રહેલી એક નાડી.

કલંબી [સં.] સ્ત્રી. એક જાતનું શાક; કોબીજ.

કલંબુ [સં.] સ્ત્રી. એક જાતનું શાક.

કલંબુટ [સં.] ન. માખણ.

કલંબૂ [સં.] સ્ત્રી. એક જાતનું શાક.

કલંબો [સં. કલંભ] પું. એક ઔષધિ; તેના ગોળ કટકા અર્ધાથી બે ઇંચ સુધીના હોય છે. તે કોલંબોથી આપણા દેશમાં આવે છે તેથી તેનું નામ કલંભો પણ કહેવાય છે. તે તાવમાં વપરાય છે. તેનાં પતીકાં બહુ હલકાં અને સ્વાદે કડવાં હોય છે. તે જઠરાગ્નિ પ્રદીપ્ત કરે છે. બાળકોને દાંત આવતી વખતે ઊલટી તથા ઝાડો થતાં હોય ત્યારે તેનો ક્વાથ અગર તેને ઠંડા પાણીમાં ઘસીને અપાય છે.

કલંભો જુઓ કલંબો.

કલા ૧. પું. (પિંગળ) એક જગણ અને ગુરુ મળી ચાર માત્રાનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; નગાનિકા; કુમારિકા; નગા; નગણિકા; નગી; નગન્નિકા; જયા; નિર્ગલા; નગાલિકા. આ છંદ સુપ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે.

૨. પું. એક પ્રાચીન તોલ.

૩. [અ.] પું. કિલ્લો; ગઢ.

૪. પું. કોણીથી કાંડા સુધીનો ભાગ.

૫. સ્ત્રી. અક્ષર; વર્ણ.

૬. સ્ત્રી. અગ્નિનો એક ભાગ.

૭. સ્ત્રી. અઢી પળનો સમય.

૮. સ્ત્રી. અદ્ભુત શક્તિ. શાસ્ત્રોમાં જણાવેલ ચોસઠ પ્રકારની કલા નીચે પ્રમાણે છે: (૧) ગીત (ગાવું). (૨) વાદ્ય (બજાવવું). (૩) નૃત્ય (નાચવું). (૪) નાટ્ય (અભિનય કરવા). (૫) આલેખ્ય (ચીતરવું). (૬) વિશેષકચ્છેદ્ય (તિલકનો સંચો બનાવવો). (૭) તંડુલ-કુસુમાવલિ-વિકાર (ચોખા અને ફૂલોનો ચોક પૂરવો). (૮) પુષ્પાસ્તરણ (ફૂલોની સેજ બનાવવી). (૯) દશનવસનાંગરાગ (દાંત અને અંગોને રંગવાની વિધિ જાણવી). (૧૦) મણિભૂમિકાકર્મ (ઋતુને અનુકૂળ ઘર ચણવું). (૧૧) શયનરચના (પલંગ બિછાવવો). (૧૨) ઉદકવાદ્ય (જલતરંગ બજાવવું). (૧૩) ઉદકઘાત (ગુલાબદાની વાપરવાની વિદ્યા). (૧૪) ચિત્રયોગ (અવસ્થા પરિવર્તન કરવી એટલે કે જુવાનને બુઢ્ઢો કે બુઢ્ઢાને જુવાન બનાવવો). (૧૫) માલ્યગ્રંથન વિકલ્પ (દેવપૂજાને માટે કે પહેરવાને માટે માળા ગૂંથવી). (૧૬) કેશશેખરાપીડ યોજન (શિખર ઉપર ફૂલોથી અનેક જાતની રચના કરવી કે માથાના વાળમાં ફૂલ લગાવી ગૂંથવું). (૧૭) નેપથ્યયોગ (દેશકાળ અનુસાર વસ્ત્ર, આભૂષણ વગેરે પહેરવાં). (૧૮) કર્ણપત્ર ભંગ (કાને પહેરવા માટે કર્ણફૂલ વગેરે આભૂષણ બનાવવાં). (૧૯) ગંધયુક્તિ (સુગંધી પદાર્થ બનાવવાં). (૨૦) ઇંદ્રજાલ (જાદુગીરીના પ્રયોગો). (૨૧) કૌચમારયોગ (કદરૂપાને સુંદર બનાવવું). (૨૨) ભૂષણ યોજના (ઘરેણાં પહેરવાની પદ્ધતિ). (૨૩) હસ્તલાઘવ (હાથની ચાલાકી). (૨૪) ચિત્રશાકાપૂપભક્ષ્ય વિકાર ક્રિયા (અનેક જાતનાં શાક તથા માલપૂઆ વગેરે ખાવાના પદાર્થ બનાવવા). (૨૫) પાનકરસરાગાસવયોજન (અનેક જાતનાં શરબત, અર્ક અને શરાબ વગેરે બનાવવાં). (૨૬) સૂચીકર્મ (સીવવું). (૨૭) સૂત્રકર્મ (સીવણકામ). (૨૮) પ્રહેલિકા (બીજાને બોલતો બંધ કરવા માટે ગૂંચવણ ભરેલા પ્રશ્નો પૂછવા). (૨૯) પ્રતિમાલા (અંત્યાક્ષરી કહેવી). (૩૦) દુર્વાચક્યોગ (કઠિન પદો અને શબ્દોના અર્થ કાઢવા). (૩૧) પુસ્તકવાચન (સ્પષ્ટ રીતે પુસ્તકનું વાચન કરવું). (૩૨) કાવ્યસમસ્યાપૂર્તિ (કવિતાની પાદપૂર્તિ કરવી). (૩૩) પટ્ટિકાવેત્રગણવિકલ્પ (દોરી કે નેતરથી ભરવું). (૩૪) નાટિકાખ્યાયિકા-દર્શન (નાટક જોવું ને બતાવવું). (૩૫) તર્કકર્મ (દલીલ કરવી). (૩૬) તક્ષણ (સુતાર તથા કડિયાનું કામ). (૩૭) વાસ્તુવિદ્યા (ઘર બનાવવું). (૩૮) રૂપ્યરત્નપરીક્ષા (સોના, ચાંદી તથા રત્નોની પરીક્ષા). (૩૯) ધાતુવાદ (કાચી ધાતુ સાફ કરવી). (૪૦) મણિરાગજ્ઞાન (રત્નોના રંગ જાણવા). (૪૧) આકારજ્ઞાન (ખાણની વિદ્યા). (૪૨) વૃક્ષાયુર્વેદયોગ (વૃક્ષનું જ્ઞાન, ચિકિત્સા તથા રોપવાની વિધિ). (૪૩) મેષકુક્કુટલાવકયુદ્ધ વિધિ (મરઘાં, કુકડાં, લાવક વગેરે પક્ષીને લડાવવાની ક્રિયા). (૪૪) શુકસારિકા આલાપન (પોપટ, મેના પઢાવવાં). (૪૫) ઉત્સાહન (શરીર ચોળવું). (૪૬) અક્ષરમુષ્ટિકાકથન (કરપલ્લવી). (૪૭) કેશમાર્જન (કુશળતાથી વાળ ઓળવા તથા તેલ નાખવું). (૪૮) મ્લેચ્છિતકલા વિકલ્પ (મ્લેચ્છ અથવા વિદેશી ભાષાઓ જાણવી). (૪૯) દેશી ભાષાજ્ઞાન (પ્રાકૃતિક બોલીઓ જાણવી). (૫૦) પુષ્પશકટિનિમિત્તજ્ઞાન (વાદળાં ગાજવાં, વીજળી ચમકવી વગેરે દૈવી લક્ષણ જાણીને આગામી ભાખવી). (૫૧) યંત્રમાતૃકા (યંત્રનિર્માણ). (૫૨) ધારણમાતૃકા (સ્મરણશક્તિ વધારવી). (૫૩) પાઠ્ય (કોઈને બોલતું ગાતું સાંભળી તે પ્રમાણે બોલવું ગાવું). (૫૪) માનસી કાવ્યક્રિયા (મનમાં કાવ્ય કરીને શીઘ્ર કહેવું). (૫૫) ક્રિયાવિકલ્પ (ક્રિયાનો પ્રભાવ બદલવો). (૫૬) છલિતકયોગ (છલ કે ધૂર્તતા કરવી). (૫૭) અભિધાન કોષ (છંદોનું જ્ઞાન). (૫૮) વસ્ત્રગોપન (વસ્ત્રોની રક્ષા કરવી). (૫૯) દ્યુતવિશેષ (જુગાર રમવો). (૬૦) આકર્ષણક્રીડા (પાસા વગેરે ફેંકવા). (૬૧) બાળક્રીડા કર્મ (બાળકને રમાડવું). (૬૨) વૈનાયકી વિદ્યાજ્ઞાન (વિનય, શિષ્ટાચાર, ઇલ્મ વગેરે કરવાં). (૬૩) વૈજયિકી વિદ્યાજ્ઞાન (જય મેળવવાને માટે જાણવાની ક્રિયા. જેમકે, શિકાર, લશ્કરી તાલીમ વગેરે). (૬૪) વૈતાલિકી વિદ્યાજ્ઞાન (રાગ, પાધ, પરખ, નાડી, ન્યાય, તરવું, તંતરવું અને ચોરી કરવી).

૯. સ્ત્રી. અંશ; નાનો ભાગ.

૧૦. સ્ત્રી. (ગણિત) અંશનો ૬૦મો અને વર્તુળનો ૨૧૬૦૦મો ભાગ.

૧૧. સ્ત્રી. ઇલમ; ઇલાજ; ઉપાય.

૧૨. સ્ત્રી. એ નામની મણિદ્વીપની દેવી. તે ચોસઠ છે: પિંગલાક્ષી, વિશાલાક્ષી, સમૃદ્ધિ, વૃદ્ધિ, શ્રદ્ધા, સ્વાહા, સ્વધા, અભિખ્યા, માયા, સંજ્ઞા, વસુંધરા, ત્રિલોકધાત્રી, સાવિત્રી, ગાયત્રી, ત્રિદશેશ્વરી, સુરૂપા, બહુરૂપા, સ્કંદમાતા, અચ્યુતપ્રિયા, વિમલા, અમલા, અરુણી, આરુણી, પ્રકૃતિ, વિકૃતિ, સૃષ્ટિ, સ્થિતિ, સંહૃતિ, સંધ્યા, માતા, સતી, હંસી, મર્દિકા, વજ્જિતા, દેવમાતા, ભગવતી, દેવકી, કમલાસના, ત્રિમુખી, સપ્તમુખી, અન્યા, સુરાસુરમર્દિની, લંબોષ્ઠી, ઊર્ધ્વકેશી, બહુશીર્ષા, વૃકોદરી, રથરેખા, શશિરેખા, ગગનવેગા, પવનવેગા, ભુવનપાલા, મદનાતુરા,

અનંગા, અનંગમદના, અનંગમેખલા, અનંગકુસુમા, વિશ્વરૂપા, સુરાદિકા, ક્ષયંકરી, અક્ષોભ્યા, સત્યવાદિની, શુચિવ્રતા, ઉદારા અને વાગીશી.

૧૩. સ્ત્રી. (પુરાણ) કર્દમ ઋષિની એ નામની દીકરી. તે મરીચિ પ્રજાપતિને પરણી હતી. તેનાથી તેને કશ્યપ તથા પૂર્ણિમા નામનાં બે સંતાન થયાં હતાં.

૧૪. સ્ત્રી. કોઈ પણ વસ્તુનો એક ભાગ.

૧૫. સ્ત્રી. કૌતુક; નવાઈ.

૧૬. સ્ત્રી. ગતિનું એક માપ.

પ્રાચીન	અર્વાચીન
૧૬ કલા = ૧ બિંબ	૬૦ વિકલા = ૧ કલા
મધ્યકાલીન	૬૦ કલા = ૧ અંશ
૩૦ કલા = ૧ રાશિ	૩૦ અંશ = ૧ રાશિ
૧૧ રાશિ = ૧ વલય	૧૨ રાશિ = ૧ ચક્ર

૧૭. સ્ત્રી. (સંગીત) ગાવા તથા વગાડવામાં ધ્વનિનું પ્રમાણ. તેના બે પ્રકાર: સૂક્ષ્મકલા અને સ્થૂલકલા.

૧૮. સ્ત્રી. ચંદ્રનો સોળમો ભાગ. ચંદ્રની સોળ કળા: ૧. અમૃતા, ૨. માનદા, ૩. પૂષા, ૪. પુષ્ટિ, ૫. તુષ્ટિ, ૬. રતિ, ૭. ધૃતિ, ૮. શશની, ૯. ચંદ્રિકા, ૧૦. કાંતિ, ૧૧. જ્યોત્સ્ના, ૧૨. શ્રી, ૧૩. પ્રીતિ, ૧૪. અંગદા, ૧૫. પૂર્ણા, ૧૬. પૂર્ણામૃતા. પુરાણમાં લખ્યું છે કે ચંદ્રમામાં અમૃત છે. તેને દેવતાઓ પીએ છે. શુક્લપક્ષમાં ચંદ્રમા કલાએ કરીને વધતો જાય છે અને પૂર્ણિમાને દિવસે તેની સોળ કળા પૂર્ણ થાય છે. કૃષ્ણપક્ષમાં તેનું એકઠું કરેલું અમૃત કલા કરીને નીચે પ્રમાણે દેવતાઓ પીએ છે: પહેલી કળાને અગ્નિ, બીજીને સૂર્ય, ત્રીજીને વિશ્વેદેવા, ચોથીને વરુણ, પાંચમીને વષટ્કાર, છઠ્ઠીને ઇંદ્ર, સાતમીને દેવર્ષિ, આઠમીને અજએકપાત, નવમીને યમ, દશમીને વાયુ, અગિયારમીને ઉમા, બારમીને પિતૃગણ, તેરમીને કુબેર, ચૌદમીને પશુપતિ, પંદરમીને પ્રજાપતિ અને સોળમી કળા અમાવાસ્યાને દિવસે પાણી અને ઔષધિઓમાં પ્રવેશ કરી જાય છે, જે ખાવાપીવાથી પશુઓમાં દૂધ થાય છે. દૂધમાંથી ઘી થાય છે અને આહુતિ દ્વારા ઘી ચંદ્રમા સુધી પહોંચે છે.

૧૯. સ્ત્રી. ચંદ્રભાગામાં રહેલી એ નામની દેવીની પીઠ.

૨૦. સ્ત્રી. ચોપન વાયુતત્ત્વ દેવતા માંહેની એક. જુઓ વાયુતત્ત્વ દેવતા.

૨૧. સ્ત્રી. (તાંત્રિક) છત્રીસ તત્ત્વ માંહેનું આઠમું તત્ત્વ. જુઓ અષ્ટાંગ.

૨૨. સ્ત્રી. છળ; કપટ.

૨૩. સ્ત્રી. જાનકીની એક સખીનું નામ.

૨૪. સ્ત્રી. જીભ.

૨૫. સ્ત્રી. જોજનનો ઓગણીસમો ભાગ.

૨૬. સ્ત્રી. ઝિલ્લી; અસ્તર; પડ.

૨૭. સ્ત્રી. (સંગીત) તાલનાં ૭ મુખ્ય અંગ માંહેનું ચોથું અંગ.

૨૮. સ્ત્રી. તેજ; કાંતિ.

કલા પાડવી-કલાની ઝાંખી થવી = દેહની કાંતિ ઓછી કરવી; તેજ કમી થવું.

૨૯. સ્ત્રી. ત્રીસની સંખ્યા.

૩૦. સ્ત્રી. ધર્મપુરુષાર્થમાં જણાવેલ બત્રીસ ક્રિયા માંહેની દરેક. તે નીચે પ્રમાણે છે: ધ્યાન, આવાહન, પાદ્ય, અર્ઘ્ય, આચમન, આસન, મધુપર્ક, સ્નાન, નિરાંજન, વસ્ત્ર, ઉપવીત, ભૂષા, દર્પણ, ગંધ, પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય, પાનીય, ફલ, તાંબૂલ, અનુલેપ, પુષ્પહાર, ગીત, વાદ્ય, નૃત્ય, હવન, દક્ષિણા, પ્રદક્ષિણા, નમસ્કાર, સ્તુતિ અને વિસર્જન.

૩૧. સ્ત્રી. નૃત્યનો એક ભેદ.

૩૨. સ્ત્રી. નૌકા; હોડી.

૩૩. સ્ત્રી. પાણી ભરવાનો ઘડો.

૩૪. સ્ત્રી. પુરુષના દેહના સોળ અંશ માંહેનો દરેક. તે ઉપનિષદમાં નીચે પ્રમાણે વર્ણવેલ છે: ૧. પ્રાણ, ૨. શ્રદ્ધા, ૩. વ્યોમ, ૪. વાયુ, ૫. તેજ, ૬. જળ, ૭. પૃથિવી, ૮. ઇંદ્રિય, ૯. મન, ૧૦. અન્ન, ૧૧. વીર્ય, ૧૨. તપ, ૧૩. મંત્ર, ૧૪. કર્મ, ૧૫. લોક અને ૧૬. નામ.

૩૫. સ્ત્રી. બહાનું.

૩૬. સ્ત્રી. બે આંગળનું માપ.

૩૭. સ્ત્રી. બોલતાં ૧½ માત્રા જેટલો કાળ લાગે એવો સંગીતનો સ્વર; કલાસ્વર.

૩૮. સ્ત્રી. ભગવાનનો એક અવતાર.

૩૯. સ્ત્રી. (પિંગળ) માત્રા; લઘુવર્ણ. તેમાં એક જ માત્રા હોય છે.

૪૦. સ્ત્રી. મિનિટ; બે પળનો સમય. કમળની સો પાંખડી એક ઉપર એક ગોઠવી, તેમાં ઉપરથી નીચે સુધી સોય એવી રીતે ભોંકવી કે બધી પાંખડી ભોંકાઈ જાય. એ પ્રમાણે દરેક પાંખડીને વીંધતાં જે વખત લાગે તેને ક્ષણ કહે છે. એ પ્રમાણે ૪૦૯૬ ક્ષણનો વખત તે કલા કહેવાય છે.

૪૧. સ્ત્રી. મોટી ચીસ.

કલા પાડવી = જાહેર કરવું.

૪૨. સ્ત્રી. મોર પક્ષીએ ઊભાં કરેલ પોતાનાં પીછાં.

કલા કરવી = (૧) મોરે કળા ચડાવવી. (૨) યુક્તિ રચવી; ઇલાજ કરવો. (૩) શોભા બનાવવી; કાંતિ પ્રસારવી.

૪૩. સ્ત્રી. યજ્ઞના ત્રણ પૈકી કોઈ અંગ. મંત્ર, દ્રવ્ય અને શ્રદ્ધા એ ત્રણ યજ્ઞનાં અંગ અથવા કલા છે.

૪૪. સ્ત્રી. યંત્ર.

૪૫. સ્ત્રી. (જ્યોતિષ) રાશિના ત્રીશમા ભાગનો સાઠમો ભાગ.

૪૬. સ્ત્રી. વિદ્યા. શિલ્પસંહિતામાં નીચે પ્રમાણે ચોસઠ કલા વર્ણવેલી છે: (૧) સીરાધ્યાકર્ષણ, (૨) વૃક્ષારોહણ, (૩) યાવાદિક્ષુવિકાર, (૪) વેણુતૃણાદિકૃતિ, (૫) ગજાશ્વસ્વારથ્ય, (૬) દુગ્ધદોહવિકાર, (૭) ગતિશિક્ષા, (૮) પલ્યાણક્રિયા, (૯) પશુચર્માંગનિર્હાર, (૧૦) ચર્મમાર્દવક્રિયા, (૧૧) ક્ષુરકર્મ, (૧૨) કંચુકાદિસીવન, (૧૩) ગૃહભાંડાદિમાર્જન, (૧૪) વસ્ત્રસંમાર્જન, (૧૫) મનોનુકૂલસેવા, (૧૬) નાના દેશીય વર્ણલેખન, (૧૭) શિશુસંરક્ષણ, (૧૮) સુયુક્ત તાડન, (૧૯) શય્યાસ્તરણ, (૨૦) પુષ્પાદિગ્રથન, (૨૧) અન્નપાચન, (૨૨) જલવાયવગ્નિસંયોગ, (૨૩) રત્નાદિસદસદ્જ્ઞાન, (૨૪) ક્ષારનિષ્કાસન, (૨૫) ક્ષારપરીક્ષા, (૨૬) સ્નેહનિષ્કાસન, (૨૭) ઇષ્ટિકાદિભાજન, (૨૮) ધાત્વૌષધીના સંયોગ, (૨૯) કાચપાત્રાદિકરણ, (૩૦) લોહાભિસાર, (૩૧) ભાંડક્રિયા, (૩૨) સ્વર્ણાદિતાથાત્મ્યદર્શન, (૩૩) મકરંદાદિકૃતિ, (૩૪) સંયોગધાતુજ્ઞાન, (૩૫) બાહ્વાદિભિર્જલતરણ, (૩૬) સૂત્રાદિરજ્જુકરણ, (૩૭) પટબંધન, (૩૮) નૌકાનયન, (૩૯) સમભૂમિક્રિયા, (૪૦) શિલાર્ચા, (૪૧) વિવરકરણ, (૪૨) વૃતખંડબંધન, (૪૩) જલબંધન, (૪૪) વાયુબંધન, (૪૫) શકુંતશિક્ષા, (૪૬) સ્વર્ણલેપાદિસત્ક્રિયા, (૪૭) ચર્મકૌષેયવાર્ક્ષ્યકાર્પાસાદિપટબંધન, (૪૮) મૃત્સાધન, (૪૯) તૃણાદ્યાચ્છાદન, (૫૦) ચૂર્ણોપલેપા, (૫૧) વર્ણકર્મ, (૫૨) દારુકર્મ, (૫૩) મૃત્કર્મ, (૫૪) ચિત્રાદ્યાલેખન, (૫૫) પ્રતિમાકરણ, (૫૬) તલક્રિયા, (૫૭) શિખરકર્મ, (૫૮) મલ્લયુદ્ધ, (૫૯) શસ્ત્રસંધાન, (૬૦) અસ્ત્રનિપાતન, (૬૧) વ્યૂહરચના, (૬૨) શલ્યાદતિ, (૬૩) વ્રણવ્યાધિનિરાકરણ, (૬૪) વનોપવનરચના.

૪૭. સ્ત્રી. (પુરાણ) વિભીષણની મોટી દીકરી. એ વારંવાર અશોકવનમાં જઈ સીતાને રામના કુશળ વર્તમાન કહેતી.

૪૮. સ્ત્રી. વૃદ્ધિ.

૪૯. સ્ત્રી. વ્યાજનું ધન.

૫૦. સ્ત્રી. શક્તિ; સામર્થ્ય.

૫૧. સ્ત્રી. શરીરની ગરમીથી પાકતો ધાતુનો ભીનાશવાળો ભાગ; શરીરમાં રહેલ એક ધાતુ; ક્લેદ.

૫૨. સ્ત્રી. શિવની શક્તિ.

૫૩. સ્ત્રી. શોભા.

૫૪. સ્ત્રી. સમયનું એક માપ; ક્ષણનો ત્રીશમો ભાગ.

૧૮ નિમિષ = ૧ કાષ્ઠા
૩૦ કાષ્ઠા = ૧ કલા
૪૦ કલા = ૧ નાડિકા

૫૫. સ્ત્રી. સૂર્યનાં ૧૦૮ માંહેનું એક નામ.

૫૬. સ્ત્રી. સૂર્યનો બારમો ભાગ. વર્ષની બાર સંક્રાંતિના વિચારથી સૂર્યનાં બાર નામ છે. તેના તેજને કલા કહે છે. તે બાર કલાનાં નામ: ૧. તપિની, ૨. તાપિની, ૩. ધૂમ્રા, ૪. મરીચિ, ૫. જ્વાલિની, ૬. રુચિ, ૭. સુષુમ્ણા, ૮. ભોગદા, ૯. વિશ્વા, ૧૦. બોધિની, ૧૧. ધારિણી અને ૧૨. ક્ષમા.

૫૭. સ્ત્રી. સોનાના એક સિક્કાનું નામ; શહેનશાહ અકબરના સમયનો સોના કે ચાંદીનો એક સિક્કો. તે ઇલાહીથી $\frac{૧}{૨}$ હતો અને તેની બંને બાજુ ઉપર જંગલી ગુલાબનાં ફૂલ હતાં. ચાંદીનો સિક્કો ચોખૂણાકાર હતો. તે જબાલી રૂપિયાની $\frac{૧}{૨}$ની બરાબર હતો.

૫૮. સ્ત્રી. સોળની સાંકેતિક સંખ્યા.

૫૯. સ્ત્રી. સૌંદર્યયુક્ત રચના કે તેની હિકમત.

૬૦. સ્ત્રી. સ્ત્રીરજ.

૬૧. સ્ત્રી. (યોગ) હઠયોગમાં રહેલી કુંડલિની શક્તિ.

૬૨. સ્ત્રી. હુન્નર; કસબ. જુદા જુદા લોકોની જુદી જુદી કલાઓ માનવામાં આવે છે. જેમકે, વાણિયાની ૬૪, સ્ત્રીની ૫૨, વેશ્યાની ૬૪, ગણિકાની ૩૬, કાયસ્થની ૧૬, દરિદ્રની ૧૨, જુગારીની ૧૬, મદની ૩૨, ગવૈયાની ૧૨, સોનીની ૬૪, ચોરની ૩૬, મદ્યપીની ૧૬, કામીની ૬૪, દીવાનની ૧૬, ધુતારાની ૬૪, ગૃહસ્થની ૨૫, યોગની ૨૩, ધર્મની ૬૪.

કલાઈ ૧. સ્ત્રી. કઠોળ.

૨. [હિં.] સ્ત્રી. કોણી સુધીનો હાથનો ભાગ.
કલાઈ કરવી = કાંડાં મરડીને લડવું.

૩. [અ. કલઈ] સ્ત્રી. ધોળી અને ઝટ ઓગળી જાય એવી એક હલકી ધાતુ; ખાટા પદાર્થે કટાય નહિ તે માટે તાંબાપિત્તળનાં અને લોઢાનાં વાસણને લગાડવામાં આવે તે ધાતુ.
કલાઈ કરાવવી = માથું મુંડાવવું.

૪. સ્ત્રી. મગદળ જોડીની એક કસરત.

૫. સ્ત્રી. વાસણ ઉપર ચડાવાતું કલાઈનું પાતળું પડ.

૬. સ્ત્રી. વાસણને કલઈ કરવાની ક્રિયા.

કલાઈગર પું. કલાઈ કરનારો; વાસણો ઉપર કલાઈ દેવાનો ધંધો કરનાર.

કલાઈગરો જુઓ કલાઈગર.

કલાઈગાર જુઓ કલાઈગર.

કલાઈગારો જુઓ કલાઈગર.

કલાઈસપેતો જુઓ કલાઈસફેતો.

કલાઈસફેતો ૧. પું. કલાઈ બાળીને કરેલી સફેદ રાખ. તે ધારાં અને ચાંદાં ઉપર લગાડવાની દવા તરીકે વપરાય છે.

૨. પું. સફેદ ચાક.

કલાઈસફેદો જુઓ કલાઈસફેતો.

કલાક [અં. ઓકલૉક] પું. દિવસ અને રાત મળીને જે કાળ થાય તેનો ૨૪ મો ભાગ; સાઠ મિનિટ જેટલો સમય.

કલાકર ૧. [સં.] પું. અશોકના જેવું એક ઝાડ; દેવદાર.

૨. પું. મોર. તે પોતાનાં પીછાંની કલા ચડાવે છે.

કલાકલાપ વિ. કલાથી ભરપૂર.

કલાકલ્યા [સં.] સ્ત્રી. એ નામની પેશી.

કલાકશીશી સ્ત્રી. રેતી ગરવા ઉપરથી સમય જોવાની શીશી.

કલાકંદ [ફા.] પું. એક પ્રકારની બરફી.

કલાકાર ૧. [સં.] વિ. કલાયુક્ત રચના કરનારો. જેમકે, કવિ, ચિત્રકાર, શિલ્પી, હુન્નરી.

૨. વિ. દગાબાજ; કપટી.

કલાકારણ સ્ત્રી. સ્ત્રી કલાકાર.

કલાકુર ન. હળાહળ ઝેર; વિષ.

કલાકુલ [સં.] ન. અસહ્ય ઝેર; કલાકુર.

કલાકુશલ ૧. [સં.] પું. (પિંગળ) એક અક્ષરમેળ છંદ. તેમાં આઠ જગણ અને એક લઘુ મળી પચીસ અક્ષર હોય છે.

૨. વિ. કળામાં કુશળ.

કલાકુશલતા [સં.] સ્ત્રી. કળામાં હોશિયારી.

કલાકૃતિ [સં.] સ્ત્રી. કળાની કૃતિ; કળાની રચના.

કલાકેલિ ૧. [સં.] પું. કામદેવ; મદન.

૨. સ્ત્રી. યુક્તિવાળી રમત; જેમાં કંઈ કલા જેવું હોય એવી મોજ.

૩. વિ. વિલાસી.

કલાકોવિદ [સં.] પું. કલાનો પંડિત; કલાનો ઉસ્તાદ.

કલાકૌશલ [સં.] ન. કોઈ કળાની નિપુણતા. જુઓ કલાકૌશલ્ય.

કલાકૌશલ્ય ૧. [સં.] ન. કલાની આવડત; હોશિયારી.

૨. ન. હુન્નરઉદ્યોગમાં નિપુણતા.

કલાક્ષય ૧. [સં.] પું. ઓછું થવું તે.

૨. પું. ચંદ્રની કળામાં થતો ઘટાડો.

કલાક્ષેત્ર [સં.] ન. કામરૂપ પ્રદેશમાંનું એક પ્રાચીન તીર્થ.

કલાગું ૧. વિ. અઘટિત; અયોગ્ય.

૨. વિ. નાલાયક.

૩. વિ. લાગ વગરનું; કથોરૂં.

કલાગૃહ [સં.] ન. કળાનું મકાન; સંગ્રહસ્થાન.

કલાઘ [ફા.] પું. કાગડો.

કલાઘચા [ફા.] પું. નાનો કાગડો.

કલાઘપેશા [ફા.] પું. જંગલી કાગડો; દ્રોણ.

કલાઘાટ પું. કલાનું ક્ષેત્ર.

કલાચાતુર્ય [સં.] ન. કારીગરી.

કલાચાર્ય [સં.] પું. કળા શીખવનાર ગુરુ; શિક્ષાગુરુ.

કલાચિક ૧. [સં.] પું. આગલો હાથ.

૨. પું. ચમચો.

કલાચીક ૧. [સં.] પું. ચમચો.

૨. ન. કરાંચીનું જૂનું નામ. અગાઉ તે મચ્છીમારોનું ગામડું હતું. કલાચી–જો–ગોઠ એ નામે તે ઓળખાતું. એ ગોઠનો નેતા ‘કલાચી’ આ મચ્છીમારોમાં મુખ્ય હતો.

કલાજન જુઓ કલાજંગ.

કલાજંગ [હિં.] પું. કસરતમાં કરાતો એક દાવ. બંને પહેલવાન સામસામા લડતા હોય ત્યારે સામાવાળો પહેલવાન ઊભો હોય તે વખતે તેનો એક હાથ પોતાના હાથે ઝાલી, બીજા હાથે તેનો પગ પકડી, પોતાની ગરદન ઉપર તેને લઈ, નીચે પાડવાથી તે માણસ ચીત આવે છે. જો સામો પહેલવાન તેના પગનું મોજું પકડે તો બચે છે.

કલાટીન પું. પાણીમાં રહેનારૂં એક જાતનું પક્ષી.

કલાડ (કલાડ઼) [મ.] પું. બોજ; ભાર.

કલાડિયા (કલાડ઼િયા) ૧. સ્ત્રી. કોળીની એક જાત.

૨. સ્ત્રી. મુસલમાન અને વાઘરીની એ નામની એક અટક.

૩. ન. એ અટકનું એક માણસ.

૪. ન. કોળીની એ નામની જાતનું માણસ.

૫. વિ. એ નામની અટકનું.

૬. વિ. કોળીની એ જાતનું.

કલાડી (કલાડ઼ી) સ્ત્રી. ઠીબડી. ચરોતર પ્રદેશમાં તેને કલાડી કહે છે.

કલાડું (કલાડ઼ું) ન. માટીની તાવડી. જુઓ કલેડું.

કલાઢપરૂ જુઓ કલેઢું.

કલાણ ૧. સ્ત્રી. કણબીની એ નામની એક અટક.

૨. સ્ત્રી. ભેજવાળી જગ્યા.

૩. ન. એ અટકનું નામ.

૪. વિ. એ નામની અટકનું.

૫. [સં. કલ્યાણ] વિ. શુભ; ભલું; સારૂં.

કલાતચી ન. કરાંચીનું જૂનું નામ.

કલાત્મ વિ. કળાથી ભરપૂર.

કલાત્મક [સં.] વિ. કલાવાળું.

કલાદ ૧. [સં.] પું. સોની; હેમકૂટ.

૨. સ્ત્રી. સોનીની કારીગીરી.

કલાદક [સં.] પું. સોની.

કલાદ ત્રાગડ (કલાદ ત્રાગડ઼) ૧. સ્ત્રી. બ્રાહ્મણની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કલાદૃષ્ટિ [સં.] સ્ત્રી. કલાવિષયક નજર; સૌંદર્ય તરફનું વલણ.

કલાદેવી [સં.] સ્ત્રી. કાવ્યદેવી; શારદા.

કલાધર ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે શર્કરી છંદનો એક ભેદ છે. તેમાં બે રગણ, જગણ, રગણ, લઘુ અને ગુરુ એમ ચૌદ વર્ણ હોય છે.

આણજો રા ર જા ર લા ગ આ કલાધરે.

રણપિંગળ

૨. [સં.] પું. કપૂર.

૩. પું. કલાકાર.

૪. પું. કળાને ધારણ કરનાર ચંદ્રમા; કલાનિધિ.

૫. પું. ચોસઠ પ્રકારની કળા જાણનાર પુરુષ; હુન્નરખાન.

૬. પું. (પિંગળ) દંડક છંદનો એક ભેદ. તેના પ્રત્યેક ચરણમાં એક ગુરુ, એક લઘુ એ ક્રમમાં ૧૫ ગુરુ અને ૧૫ લઘુ આવી છેવટે ગુરુ હોય છે.

૭. પું. મોર.

૮. પું. શિવ.

૯. વિ. કલાવાન; કળા જાણનાર.

કલાધર્મ [સં.] પું. કલા પ્રત્યેની ભાવના.

કલાધામ [સં.] પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિજગતી છંદનો એક ભેદ છે. તેમાં બે ભગણ, જગણ, મગણ અને એક ગુરુ એમ તેર વર્ણ હોય છે.

ભા ભ જ મા ગ ધરજો કલાધામે તો.

રણપિંગળ

કલાધારી [સં. કલાધારિન્] વિ. કલા ધારણ કરનાર.

કલાધિક [સં.] પું. કૂકડો.

કલાધિકી [સં.] સ્ત્રી. કૂકડી.

કલાધીશ [સં.] પું. કલાકાર. જુઓ કલાકાર ૧.

કલાન [ફા.] વિ. મોટું; વડું.

કલાનક [સં.] પું. શિવના એક ગણનું નામ.

કલાનતર [ફા.] વિ. વધારે મોટું.

કલાનભિજ્ઞ [સં.] પું. કલાને સંપૂર્ણ રીતે નહિ જાણનાર.

કલાનાથ ૧. [સં.] પું. એક ગંધર્વનું નામ. તેણે સંગીતાચાર્ય સોમેશ્વરને સંગીત શીખવ્યું હતું.

૨. પું. કલા ઉપર સંપૂર્ણ પ્રભુત્વવાળો કલાકાર; પારંગત કલાકાર.

૩. પું. ચંદ્ર.

કલાનિધિ ૧. પું. (પિંગળ) એક સમજાતિ માત્રામેળ છંદ. તેના દરેક ચરણમાં સત્તાવીશ માત્રા હોય છે.

૨. [સં.] પું. કપૂર.

૩. પું. કલાકાર પુરુષ.

૪. પું. ચંદ્ર.

૫. પું. ચિત્ર સંબંધી જ્ઞાન આપનારૂં એક પુસ્તક.

૬. પું. મોર.

૭. વિ. કલાપૂર્ણ.

કલાનિર્ભેદિની [સં.] સ્ત્રી. બહિર્જંઘિકા ધમનીની શાખાઓ માંહેની એક; 'પર્ફોરેટિંગ આર્ટરિ'.

કલાનિષ્પત્તિ [સં.] સ્ત્રી. કલા નિપજાવવી તે.

કલાનિષ્પાદક [સં.] વિ. કલા નિપજાવનાર.

કલાની [ફા.] સ્ત્રી. મહત્તા; મોટાઈ.

કલાનુનાદી ૧. [સં. કલાનુનાદિન્] પું. કપિંજલ પક્ષી.

૨. પું. ચકલો.

૩. પું. ચાતક; બપૈયો.

૪. પું. ભમરો.

કલાનુરાગી [સં. કલાનુરાગિન્] વિ. કલાપ્રેમી.

કલાનુવાદી જુઓ કલાનુનાદી.

કલાનૈપુણ્ય [સં.] ન. કલામાં નિપુણતા.

કલાન્યાસ [સં.] પું. તંત્રશાસ્ત્ર પ્રસિદ્ધ એક ન્યાસ. તે શિષ્યના શરીર ઉપર કરવામાં આવે છે.

કલાન્વિત [સં.] વિ. કલાવાળું; કલાને જાણનાર.

કલાપ ૧. [હિં.] પું. અફસોસ.

૨. પું. અર્ધચંદ્રાકાર અસ્ત્રનું નામ.

૩. પું. ઇંદ્રિય સમૂહ.

૪. પું. એક અર્ધચંદ્રાકાર ઘરેણું.

૫. પું. એક જ રાગમાં કે છંદમાં લખેલી કવિતા.

૬. પું. એક સંકર રાગિણી. તે બિલાવલ, મલ્લાર, કાન્હડા અને નટ રાગો મેળવવાથી બને છે.

૭. પું. કમરબંદ; પેટી.

૮. પું. (ડિંગળ) કરધની; કેડે પહેરવાનું એક ઘરેણું; કંદોરો.

૯. પું. કાર્તિક સ્વામીએ રચેલ સંસ્કૃત વ્યાકરણ.

૧૦. પું. ચંદ્રમા.

૧૧. પું. ડોકમાં પહેરવાનું ઘરેણું.

૧૨. [હિં.] પું. તંગી; ખામી.

૧૩. પું. દિલગીરી; શોક.

૧૪. પું. બદરિકાશ્રમની પાસેનું એક ગામ.

૧૫. પું. બાણ; ધનુષ.

૧૬. પું. બાણ રાખવાનો ભાથો.

૧૭. પું. માથાની લટોને ઉપરાઉપરી વીંટાળવાથી થતો મુગટના જેવો ઘાટ.

૧૮. પું. મોતીની સેર.

૧૯. પું. મોર નાચે ત્યારે એટલે કે ચોમાસામાં ચૂકવવાનું દેણું.

૨૦. પું. મોરનાં પીછાંનો જથ્થો.

૨૧. પું. મોરની કળા.

૨૨. પું. મ્યાન.

૨૩. પું. વહાણ.

૨૪. પું. વેદની એક શાખા.

૨૫. પું. વ્યાપાર.

૨૬. પું. સમૂહ; જથ્થો; ઝૂંડ.

૨૭. પું. હાથીના ગળાનો દોરો.

૨૮. વિ. પંડિત; વિદ્વાન.

૨૯. વિ. પીછાં ફેલાવતું.

કલાપક ૧. [સં.] પું. એકમાં અન્વય થતો હોય તેવો ચાર શ્લોકનો સમૂહ.

૨. પું. કટિમેખલા; કંદોરો.

૩. પું. કપાળમાં કરેલું તિલક.

૪. પું. ડોકમાં પહેરવાનું આભૂષણ.

૫. પું. મોતીની સેર.

૬. પું. હાથીની ખાંધનું બંધન.

૭. ન. મોર તેનાં પીછાં પ્રસારે ત્યારે એટલે વર્ષા ઋતુમાં આપવામાં આવતું ઋણ.

કલાપક્ષપાતી ૧. [સં. કલાપક્ષપાતિન્] પું. સાહિત્યનો પક્ષકાર.

૨. વિ. કલાનો શોખ હોય એવું.

કલાપખંજ પું. એક પ્રકારનો વાયુરોગ. આ વાયુથી માણસ ચાલતી વેળાએ શરીરે કંપે તથા ચાલતાં ચાલતાં પગ વાંકાચૂંકા કરી ચાલે.

કલાપગ્રામ [સં.] ન. વિષ્ણુ ભગવાનના દશમા અવતાર કલ્કિએ મ્લેચ્છરાજનો નાશ કર્યા પછી

પોતાને અનુક્રમે અયોધ્યા અને હસ્તિનાપુરનાં રાજ્ય મળે એ માટે સૂર્યવંશી રાજા મરુ અને ચંદ્રવંશી રાજા દેવાપિએ જે સ્થળમાં તપ કર્યું હતું તે પ્રાચીન ગામ. મહાભારત પ્રમાણે તે હિમાલયના પ્રદેશમાં આવેલું હતું અને એ સ્થળે અપ્સરા ઉર્વશી પુરુરવા સાથે કેટલોક કાળ રહી હતી. ગઢવાલમાં આવેલા બદરિનાથની પાસે અલકનંદાને મળતી સરસ્વતીના મૂળ પાસે આ સ્થળ આવેલું છે એમ મનાય છે.

કલાપટ ન. કલા જે ઉપર દોરાય તે વસ્તુ; ‘કેન્વાસ’.

કલાપટુ [સં.] વિ. કલાવાળું.

કલાપતિપ્રભા પું. (પિંગળ) તેર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. અતિજગતી છંદનો એક ભેદ છે. તેને રાગ કે નંદરાગ છંદ પણ કહે છે. તેમાં રગણ, જગણ, રગણ, જગણ અને એક ગુરુ એમ તેર વર્ણ હોય છે.

છ **કલાપતિપ્રભા** ર જા ર જા ગ થી. રણપિંગળ

કલાપદીપક પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ અતિવૃત્તિ છંદનો એક ભેદ છે. તેમાં રગણ, જગણ, રગણ, જગણ, રગણ, જગણ અને ગુરુ એમ ઓગણીશ વર્ણ હોય છે.

રાજ રાજ રાજા ગા ધરો
સદા તમે **કલાપદીપકે**. રણપિંગળ

કલાપદ્દીપ ૧. [સં.] ન. એ નામનું એક ગામ; કલાપગ્રામ.

૨. ન. કાતંત્ર વ્યાકરણ ઉપરના એક ભાષ્યનું નામ.

કલાપદ્વીપ [સં.] પું. એ નામનું એક ગામ.

કલાપની સ્ત્રી. બંગાળના આંબાની એક ઊંચી જાત. આ કેરી શ્રાવણ ભાદરવામાં પાકે છે.

કલાપવંશ પું. જૈન મત પ્રમાણે એક ઉત્તમ વંશ.

કલાપશિરા [સં.] પું. એક ઋષિનું નામ.

કલાપહાર સ્ત્રી. કેરીની એક જાત.

કલાપા ૧. [હિં.] પું. અફસોસ.

૨. પું. તંગી; ખામી.

૩. પું. દિલગીરી; શોક.

કલાપાક ૧. પું. દોરી.

૨. ન. (કાવ્ય) પાંચ પ્રકારનાં પદ્યો પૈકીનું એક.

કલાપાંતરિતા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ પંક્તિ છંદનો એક ભેદ છે. તેમાં યગણ, સગણ, યગણ અને ગુરુ એમ દશ વર્ણ હોય છે.

કલાપાંતરિતા ય સે યા ગે. રણપિંગળ

કલાપિત પું. વૈશંપાયનનો એક શિષ્ય.

કલાપિતા સ્ત્રી. મોરપીંછનો સમૂહ.

કલાપિન પું. એક પ્રાચીન ઋષિનું નામ.

કલાપિની ૧. [સં.] સ્ત્રી. નાગરમોથ.

૨. સ્ત્રી. મયૂરી; ઢેલ.

૩. સ્ત્રી. રાત્રિ; રાત.

કલાપિપાસુ [સં.] વિ. કળા ચાહનાર.

કલાપી ૧. [સં. કલાપિન્] પું. એક પક્ષી; મોર; મયૂર; શિખી; શિખંડી; નીલકંઠ.

૨. પું. કોયલ.

૩. પું. ચંદ્ર.

૪. પું. પ્લક્ષનું ઝાડ; ઊમરો.

૫. પું. લાઠીના ઠાકોર સુરસિંહજીએ લેખક તરીકે ધારણ કરેલ તખલ્લુસ. તેમનો જન્મ ઈ. સ. ૧૮૭૪માં થયો હતો. ‘કલાપી’ નામથી તેમણે સાહિત્યમાં અમર નામ સંપાદન કરેલ છે. સત્તર અઢાર વર્ષની વય સુધી રાજકોટની રાજકુમાર કોલેજમાં એમણે અભ્યાસ કર્યો હતો. પછી એમણે કશ્મીર તથા હિંદનો પ્રવાસ કરેલો. એ કશ્મીરના પ્રવાસનું એમનું પુસ્તક પ્રવાસ-વર્ણનના સાહિત્યમાં ઠીક સ્થાન લે છે. એ પ્રવાસને એ ‘સ્વર્ગનું સ્વપ્નું’ કહે છે. ઈ. સ. ૧૮૯૫માં રાજ્યનો અધિકાર એમને મળેલો. એ અધિકાર એમણે માત્ર પાંચ વર્ષ ભોગવ્યો હતો. એમનો કાવ્યસંગ્રહ ‘કલાપીનો કેકારવ’ નામે ઈ. સ. ૧૯૦૦માં થયેલ તેમના મૃત્યુ પછી બહાર પડ્યો છે. એમણે આરંભેલું ‘હમીર કાવ્ય’ નામનું મહાકાવ્ય ત્રણ સર્ગથી અધૂરૂં રહેલું છે. તે પછી ‘માલા અને મુદ્રિકા’નું અંગ્રેજી અનુવાદનું પુસ્તક, ‘જેસલ તોરલ’ જેવા ચાર સંવાદ તથા સ્વીડનબોર્ગના ‘ધાર્મિક વિચારો’ની ચર્ચા–એટલાં એમણે લખેલાં છે. ‘કલાપીના પત્રો’ એ પણ કવિની આત્મકથાના સ્વરૂપનું વાચન પૂરૂં પાડે છે. છતાં કલાપી જીવશે તો તેમની કવિતાથી જ. લાગણી એ તેમની કવિતાનું ખાસ લક્ષણ છે. પ્રેમમાં જ તેઓ પ્રવૃત્તિ સમજતા હતા. કુદરત, માનવસ્વભાવ, ઈશ્વરનો અગમ્યભાવ, ઇશ્ક, દર્દ એટલાં તત્ત્વો એમની કવિતામાંથી બાદ કરીએ એટલે એમની કવિતામાં કશું રહેવા પામશે નહિ. કલાપીએ લાગણીને કેળવી છે. તેનું નરમ, કોમળ અને ઉદાર દિલ લાગણીઓથી સહજવારમાં આંદોલિત થાય છે અને તે કોમળ લાગણીઓ સરળ અને સ્વચ્છ શૈલીમાં ઉદ્ગાર પામે છે. કલાપીએ કુદરતદર્શનને લાગણીના ઊભરા સાથે એવી સુંદર રીતે જોડી દીધેલું છે કે લાગણીના જોસમાં વહેતાં વહેતાં કુદરતનો સમભાવ એમાં જોઈ શકાય છે અને તેથી કુદરતમાંથી જરૂર કાંઈ કીમિયા જડી આવે છે. કાઠિયાવાડની અનેક સુંદર લોકકથાઓમાંની એકમાંથી ‘જેસલ તોરલ’નો સંવાદ લેવાયો છે. આ પછીના સંવાદો અદ્ભુત કલ્પનાઓમાં છુપાયેલા, રસભરી દંતકથાઓથી વીંટાઈ રહેલા મધ્યકાલીન હિંદુસ્તાનના ઇતિહાસમાંથી લેવામાં આવ્યા છે. ગોપીચંદ, ભર્તૃહરિ, વિક્રમ જેવા રાજવીઓ તેમ જ જાલંધરનાથ સરખા હઠયોગી, આ સંવાદોમાં પાત્રો તરીકે યોજાયા છે. આ સંવાદોમાં ઘણે ભાગે કવિના જીવનનું જ પ્રતિબિંબ જોઈ શકાય છે. ઘણે ભાગે એમાં પોતાના સ્વતંત્ર સિદ્ધાંતોની ચર્ચા એમણે કરી છે. અંગ્રેજી કવિઓમાંથી વર્ડ્ઝવર્થ, શેલી, કીટસ, બર્ન્સ વગેરેની છાપ એમનાં કાવ્યો ઉપર સ્પષ્ટ જણાય છે. કલાપીની ગઝલો ઉપર મણિલાલ નભુભાઈની ગઝલોની અસર વિશેષ છે. તેમની શરૂઆતની ગઝલોમાં વિચારની સ્પષ્ટતા નથી. ફારસી ગઝલની મીઠાશ, કલ્પના કે સુંદરતા કલાપીની ગઝલોમાં ઓછાં જ જણાય છે, છતાં “સાગ” તથા “આપની યાદી” જેવી સોહિણીની ગઝલોમાં કલાપીને સફળતા મળી છે.

૬. પું. વડનું ઝાડ.

૭. પું. વૈશંપાયન ઋષિનો એક શિષ્ય.

૮. સ્ત્રી. ઘાસની ભારી.

૯. સ્ત્રી. સ્ત્રી.

૧૦. વિ. કલાપ વ્યાકરણ ભણેલું.

૧૧. વિ. ઝૂંડમાં રહેનાર.

૧૨. વિ. બાણનું ભાથું બાંધેલું હોય એવું; તરકશબંદ.

કલાપીટ ૧. સ્ત્રી. ધોંધાટ; શોરબકોર; ધાંધલ.

૨. સ્ત્રી. માથાફોડ.

૩. સ્ત્રી. રડારોળ; રોકકલાણ; રોકૂટ; આક્રંદ; કળકળાટ.

કલાપુંગી પું. મોર.

કલાપૂજક [સં.] વિ. કલાભક્ત; કલા તરફ ભાવનાવાળું.

કલાપૂજન [સં.] ન. કલાનો શોખ; કળા પ્રત્યે ભક્તિભાવ.

કલાપૂર [સં.] પું. એક જાતનું વાદિત્ર.

કલાપૂર્ણ ૧. [સં.] પું. કપૂર.

૨. પું. કલાધર.

૩. પું. કલાનિધિ; ચંદ્ર.

૪. વિ. કળાવાન.

૫. વિ. ચોસઠ કળાથી સંપૂર્ણ.

કલાપોષક [સં.] વિ. કલાને પોષનાર.

કલાપોષણી [સં.] સ્ત્રી. ધમનીની શાખાનો એક પ્રકાર.

કલાપ્રચાર [સં.] પું. કળાનો ફેલાવો.

કલાપ્રધાન [સં.] વિ. કળા જેમાં મુખ્ય હોય એવું.

કલાપ્રિય ૧. [સં.] વિ. કળા પ્રત્યે પ્રેમ ધરાવનાર; કળાનું શોખીન.
૨. વિ. કુદરત પ્રત્યે પ્રેમવાળું.

કલાપ્રેમી વિ. કળા પ્રત્યે પ્રેમભાવવાળું.

કલાફિલસૂફી સ્ત્રી. કલાશાસ્ત્ર; આનંદમીમાંસા.

કલાફૂલ [સં.] ન. સ્ત્રીઓના કાનનું એક સુંદર ઘરેણું; કોકરવું.

કલાબ પું. નપુંસક.

કલાબકૂ પું. ઊંચો મૂર્ખ માણસ.

કલાબકોર પું. કળાહોર; ધમસાણ; ધાંધલ; ધમાચકડી.

કલાબતી જુઓ કલાબત્તૂ.

કલાબત્તૂ ૧. [હિં.] પું. વણેલું રેશમ અને રૂપેરી દોરો.
૨. પું. સોના ચાંદીનો તાર.

કલાબત્તૂન ૧. [ફા.] ન. કસબનું કામ.
૨. ન. સોનાનો કે રૂપાનો દોરો.

કલાબત્તૂની વિ. કલાબત્તૂનું બનેલું.

કલાબર્તુ ૧. પું. એક પ્રકારનું કરિયાણું.
૨. પું. સોનેરી કે રૂપેરી દોરી; જરી.
૩. ન. કોર; લેસ.

કલાબંધ પું. ઉચ્ચારણના કાલમાનને આધારે રચાતું પદ કે પ્રબંધ વગેરેનો વર્ગ.

કલાબા [ફા.] પું. દોરા વીંટવા માટેનું ચક્કર.

કલાબાજ ૧. [હિં.] વિ. કલામાં પ્રવીણ.
૨. વિ. નટનું કામ કરનાર.

કલાબાજી જુઓ કલાબાઝી.

કલાબાઝ જુઓ કલાબાજ.

કલાબાઝી ૧. [હિં.] સ્ત્રી. કલામાં પ્રવીણતા.
૨. સ્ત્રી. ગુલાંટ; ગોથું.
કલાબાઝી ખાવી = ગોથું ખાઈ જવું.
૩. સ્ત્રી. નટનું કામ.
૪. સ્ત્રી. યુક્તિ.

કલાબૂત ૧. [ફા. કલાબત્તૂન (સોનાનો તાર)] પું. કસબ; રેશમના દોરા સાથે વણેલો સોના રૂપાનો તાર; સોનેરી અથવા રૂપેરી તારથી વીંટેલો રેશમનો તાર.
૨. પું. તલવાર ઉપર નકશીનો એક પ્રકાર.

કલાબો ૧. [અ. કુલાબા (માછલાં પકડવાનો લોઢાનો કાંટો)] પું. અંગરખાં વગેરે કપડાંની બાંયોને મુકરવેલ કાપ; બાંયનો કાપ.
૨. પું. કાંપવાળી જમીન.
૩. પું. ચૂનો પીસવાની ચક્કીનો લોઢાનો એક ભાગ. તેનો એક છેડો પેચવાળા ખીલા સાથે અને બીજો છેડો લાકડાના ડાંડા સાથે જોડવામાં આવેલ હોય છે. તેના મથાળાનો ભાગ એક સળિયાની પેચપાટલી સાથે જોડવામાં આવે છે એટલે ચક્કીના એક ચક્કર સાથે પેચપાટલીનું પણ એક ચક્કર પૂરૂં થાય.
૪. પું. છેડો.
૫. પું. તરવારની મૂઠનો એક ભાગ.
૬. પું. દોરા વીંટવાનું ફેરકણું.
૭. પું. બે છેડાને સાંધવા માટે વચ્ચે લોઢાની ચોખંડી કડી નખાય છે તે; બરડવું.
૮. પું. બેલગાડીના કઠોડામાં લોઢાની પાટીનો આડું અંદર રહી શકે તેવડા કાણાવાળો જડવામાં આવતો કકડો.
૯. પું. લોઢું અથવા લાકડાને જોડી મજબૂત કરનાર લોઢાનો ઘડાવ ઘાટ.

કલાભવન ન. કળાના શિક્ષણ માટેની શાળા; હુન્નરકળાની શાળા.

કલાભંડાર [સં.] પું. કલાકૃતિઓનો ભંડાર; સંગ્રહસ્થાન.

કલાભાવના [સં.] સ્ત્રી. કલા પ્રત્યેની લાગણી.

કલાભિજ્ઞ [સં.] વિ. જુદી જુદી કલામાં રસ લેનાર; કલામાં પ્રવીણ.

કલાભિજ્ઞતા [સં.] સ્ત્રી. કલામાં પ્રવીણતા.

કલાભુવન [સં.] ન. ઉદ્યોગો તથા કલાઓ શીખવવા માટેનું સ્થાન; હુન્નરશાળા.

કલાભૃત ૧. પું. કપૂર.
૨. [સં.] પું. કારીગર; ચિતારો.
૩. પું. ચંદ્ર; ચાંદો.

કલામ ૧. [અ.] પું. આંકડો.
૨. [હિં.] પું. ધંધા તરીકે ગાનાર તથા બજાવનાર પુરુષ.
૩. પું. નસીબ.
૪. પું. નિયમ; ધારો; ધોરણ.
૫. પું. વાતચીત; વાર્તા; કથન.
૬. પું. વાંધો; સવાલ.
૭. સ્ત્રી. ઇસ્લામનું ફરમાન.
૧. કલામ અલ્લાહ ઉઠાવવું = ધર્મગ્રંથના સોગન ખાવા.
૨. કલામે અલ્લાહ = (૧) ઈશ્વરવાણી. (૨) ધર્મપુસ્તક.
૮. સ્ત્રી. ટીકા.
૯. સ્ત્રી. ફકરો; પદ; વિભાગ.
૧૦. [અ. કલમ (તે બોલ્યો)] સ્ત્રી. ભાષા; બોલી; ભાષણ; વાણી.
૧૧. સ્ત્રી. રજપૂતની એક જાતિ.
૧૨. સ્ત્રી. લખાણ.
૧૩. સ્ત્રી. શબ્દ; વચન.
૧૪. ન. બહાનું; મિષ; ખોટું કારણ.
૧૫. ન. ભજન.
૧૬. ન. રજપૂતની એક જ્ઞાતિનું માણસ.
૧૭. ન. વાયદો; પ્રતિજ્ઞા.
૧૮. વિ. રજપૂતનું એ નામની જ્ઞાતિનું.

કલામક [સં.] પું. એક જાતના શિયાળુ ચોખા; કલમી ડાંગર.

કલામણ ન. ફોસલામણી; કલાવવું તે.

કલામત [હિં.] પું. ધંધા તરીકે ગાનાર તથા બજાવનાર પુરુષ.

કલામય [સં.] વિ. કળાથી ભરેલું.

કલામયતા [સં.] સ્ત્રી. કલામય હોવાપણું.

કલામંડપ પું. કળાનો મંડપ.

કલામંદિર [સં.] ન. કલાનું મંદિર; કલાભવન.

કલામાધવ ન. ખગોળવિદ્યા ઉપર માધવાચાર્યે લખેલ એ નામનું પુસ્તક.

કલામિત [સં.] ન. કલાથી થતું માપ.

કલામીમાંસક [સં.] પું. હુન્નર કળાઓનો વિચારક.

કલામીમાંસા [સં.] સ્ત્રી. કલાપ્રકરણ.

કલામુલ્લાહ ૧. [અ.] પું. અલ્લાહનો કલામ; આકાશી વાણી; ઈશ્વરી આજ્ઞા.
૨. પું. કુરાને શરીફ; ઇસ્લામ ધર્મનું પવિત્ર પુસ્તક.

કલામે મજીદ ૧. [અ.] પું. ઈશ્વરનો શબ્દ; પવિત્ર વાણી.
૨. પું. કુરાને શરીફ.

કલામે લહ્દીદ [અ.] સ્ત્રી. ધમકી ભરેલી ભાષા.

કલામે શરીફ [અ.] ન. મુસલમાન લોકોનું ધર્મનું પુસ્તક; કુરાન.

કલામુંદી સ્ત્રી. ઉલગુલાંટિયું.

કલાય ૧. [સં.] ન. એક જાતનું અનાજ.
૨. ન. એક જાતનું ફૂલ. તેનો રંગ જાંબુડો હોય છે.
૩. ન. લાંગલી; એક જાતની વનસ્પતિ.
૪. ન. વટાણા.

કલાયક ૧. પું. એક જ વાકયનો સમૂહ.
૨. પું. ક્ષયનું ધારૂં; ક્ષયવણ.

કલાયકતના સ્ત્રી. વટાણાની ઈયળ.

કલાયખંજ [સં.] વિ. ચાલતાં ચાલતાં ધ્રૂજતું.

કલાયન [સં.] પું. તરવારની ધાર ઉપર નાચનાર નટ; નૃત્યકાર.

કલાયા ૧. પું. લાંબો, પાતળો, નાનો અને કાળો વટાણો. તે ઘોડાના ખોરાક તરીકે વપરાય છે.
૨. પું. સૂતરનું કોકડું.
૩. પું. હાથીની ડોકની આસપાસનું દોરડું.
૪. [સં.] સ્ત્રી. ગંડદૂર્વા વનસ્પતિ.

કલાયુક્ત [સં.] વિ. કલામય; સુંદર.

કલાર ૧. પું. એક જાતનો છોડ. એનાં પાન સરસવનાં પાન જેવાં હોય છે. તેમાં પીળાં ફૂલ થાય છે અને નાનાં ગોળ ફળ થાય છે. એ ઔષધિમાં વપરાય છે.
૨. પું. એક જાતનો છોડ. તેનાં પાંદડાંને ઉધિયું કરતાં વાસણનું મોં બંધ કરવામાં વાપરે છે.
૩. પું. (વનસ્પતિ) ગોરખમુંડી; કકરૂડા; જંગલી તમાકુ; ગંગાજમની. કલારની નાની અને મોટી એમ બે જાત હોય છે. નાના કલારને બોડિયો કલાર અને મોટા કલારને ફાફડિયો કલાર કહે છે. ફાફડિયો કલાર ઢીંચણપૂર ઊંચો વધે છે. તેમાં ગાડર જાય તો આંધળું થઈ જાય. તેથી એને ગાડર કલારના નામથી ઓળખે છે. કલાર ઉપર નાની સોપારી જેવડાં છંડવાં જેવાં ગુલાબી રંગનાં ફળો આવે છે. એ ઝાડનાં પાંદડાં બારીક અને લાંબાં હોય છે. તેની વાસ ઘણી ઉગ્ર આવે છે. એ ઝાડ લીલી જમીનમાં થાય છે. ગોરખમુંડી તૂરી, ઉષ્ણ, પાકકાળે તીક્ષ્ણ, કડવી, મધુર, ભેદક, લઘુ, મેધાકારક, બલકર તથા રસાયન છે. તે ગડગૂમડાં, ગંડમાળ, અપચો, કફ, વાયુ, પ્લીહા, મેદ, અપસ્માર, શ્લીપદ, પાંડુરોગ, પિત્ત, આમરોગ, કૃમિ, દમ, કોઢ, વિષદોષ, અતિસાર તથા ઊલટીનો નાશ કરે છે.
૪. પું. દારૂના પીઠાનો માલિક; કલાલ.
૫. [હિં.] પું. દારૂ સ્વચ્છ કરનાર.
૬. સ્ત્રી. હિંદુની એક જાતિ.
૭. [સં. કલ્હાર (ધોળું કમળ)] ન. એક જાતની વનસ્પતિ; કલ્હાર; કંકોલી. એનાં લાલ ફૂલ શિવને ચડે છે.
૮. ન. હિંદુની એ નામની જાતિનું માણસ.
૯. વિ. એ નામની જાતિનું.

કલારણી સ્ત્રી. કલારની સ્ત્રી.

કલારત્ન ન. ઉત્તમ કલા.

કલારવ પું. કલરવ; કોલાહલ.

કલારસ ૧. [સં.] પું. કળા ઉપરનો ભાવપ્રેમ; સુંદર કારીગરી પ્રત્યેનો રસભાવ; કલાનો રસ.
૨. પું. યુક્તિમય હુન્નર.

કલારસજ્ઞ [સં.] વિ. કલામાં રસ લેનારૂં.

કલારસિક જુઓ કલારસજ્ઞ.

કલારસિકતા [સં.] સ્ત્રી. કલામાં રસ લેવાપણું.

કલારિણ જુઓ કલારણી.

કલારી [હિં.] પું. દારૂના પીઠાનો માલિક; કલાલ.

કલારુચિ સ્ત્રી. કલા તરફનો ભાવ.

કલાલ ૧. પું. કુંભાર.
૨. [સં. કલ્યા (મદિરા) + પાલ (રાખનાર)] પું. દારૂ બનાવી વેચનાર; દારૂનો દુકાનદાર; પીઠાનો માલિક.

કલાલખાનું ૧. [અ. કલાલ (દારૂ વેચનાર) + ફા. ખાના (ઘર)] ન. દારૂની દુકાન; પીઠું; શરાબખાનું.
૨. ન. ધીંગાણું; તોફાન; મસ્તી.
૩. ન. (લાક્ષણિક) વ્યસનીઓને ભેગા થવાની જગ્યા.

કલાલજમા [હિં.] સ્ત્રી. દારૂની જકાતની ઊપજ.

કલાલણ ૧. સ્ત્રી. કલાલની સ્ત્રી.
૨. સ્ત્રી. દારૂ વેચનાર સ્ત્રી.

કલાલણી જુઓ કલાલણ.

કલાલય [સં.] ન. સંગ્રહસ્થાન; મ્યુઝિઅમ.

કલાલવાડ (કલાલવાડ઼) સ્ત્રી. કલાલ લોકોનો મહોલ્લો.

કલાલાપ ૧. [સં.] પું. અસ્પષ્ટ મધુર શબ્દનું ઉચ્ચારણ.
૨. પું. ભમરો.
૩. પું. મધમાખ.
૪. પું. મધુર વાર્તાલાપ.

કલાલી ૧. પું. દારૂ વેચવાવાળો પુરુષ.
૨. સ્ત્રી. દારૂ ગાળવા વેચવાનો ધંધો; કલાલપણું.
૩. ન. પ્રેમ; સનમ.

કલાલેણ જુઓ કલાલણ.

કલાવત ૧. [સં.] પું. કપૂર.
૨. પું. કારીગર.
૩. પું. ચંદ્ર.

કલાવતી ૧. સ્ત્રી. ઉસ્તાદી ગાયન.
૨. [સં.] સ્ત્રી. એ નામની એક સ્વર્ગની વેશ્યા.
૩. સ્ત્રી. એક અપ્સરાનું નામ.
૪. સ્ત્રી. એક પ્રકારની મંત્રદીક્ષા.
૫. સ્ત્રી. એક સમવૃત્ત વર્ણમેળ છંદ; રૂચિરા. આ છંદ અતિજગતીનો ભેદ છે.
૬. સ્ત્રી. (પુરાણ) કાશીપતિની કન્યાનું નામ. સોમવંશના યદુકુળના દશાર્હ રાજાના પુત્ર વ્યોમની સ્ત્રી. એ દુર્વાસા ઋષિની શિષ્યા હોઈ ઘણી જ પવિત્ર હતી. વ્યોમરાજા એનું પાણિગ્રહણ કરીને પોતાને નગર લઈ ગયા અને રાત્રે પોતાના મંદિરમાં એને આલિંગન આપતાં એનું શરીર બહુ વ્યથિત થઈ દુઃખ પામવા લાગ્યું. એના પતિએ તેનું કારણ પૂછ્યું. એણે કહ્યું કે તમે અભક્ષ્ય પદાર્થો ખાધા હશે તેથી એમ થયું હશે. તે ઉપરથી તે ભર્ગ મુનિને શરણ ગયો અને શરીર શુદ્ધ કરાવ્યું. પછી એને એનું શરીર ચંદન જેવું શીતળ લાગવા માંડ્યું.
૭. સ્ત્રી. ગંગા.
૮. સ્ત્રી. ગંધર્વની વીણા.
૯. સ્ત્રી. ગોકુળની ગોવાળણ.
૧૦. સ્ત્રી. દ્રુમિલ રાજાની પત્ની.
૧૧. સ્ત્રી. શોભાવાળી સ્ત્રી.
૧૨. વિ. કળાઓની આવડતવાળું.
૧૩. વિ. સ્ત્રી. કાંતિવાળી; શોભાવાળી.
૧૪. વિ. સ્ત્રી. નૃત્યાદિ કળા જાણનારી; નાયકણ.

કલાવર વિ. ઊગતી જુવાનીવાળું.

કલાવવું ૧. સ. ક્રિ. અનાજ સૂકવવું.
૨. સ. ક્રિ. ખીજવવું; ગુસ્સે કરવું.
૩. સ. ક્રિ. ગોટો કરવો; ભેગું કરવું.
૪. [સં. કલ્ (ચડાવવું] સ. ક્રિ. ચડાવવું; વખાણ કરીને બોલાવવું.
૫. સ. ક્રિ. પટાવવું; કળાથી સમજાવવું; ફોસલાવવું.
૬. સ. ક્રિ. લડાવવું.

કલાવવું પટાવવું સ. ક્રિ. કળાથી સમજાવવું; ફોસલાવવું.

કલાવંત ૧. [સં.] પું. ગવૈયો; સંગીતકાર.
૨. પું. નટ; ખેલાડી.
૩. પું. મોર.
૪. [સં.] સ્ત્રી. રત્નગિરિ અને સાવંતવાડી તરફ નાચવાનો ધંધો કરનાર લોકોની એક જાત.
૫. વિ. કળા જાણનાર.

કલાવંતણ જુઓ કલાવંતન.

કલાવંતન [હિં.] સ્ત્રી. ગાનાર બજાવનાર સ્ત્રી.

કલાવંતિણ સ્ત્રી. વેશ્યા.

કલાવંતી ૧. [સં.] સ્ત્રી. નર્તકી; નાચનારી; નાચ અને ગાન કરનારી સ્ત્રી.
૨. વિ. નૃત્યાદિ કળા જાણનારી.

કલાવંતીણ જુઓ કલાવંતિણ.

કલાવા ૧. પું. દોરાનો દડો.
૨. પું. સૂતરનું કોકડું.
૩. સ્ત્રી. હાથીની ગરદન.

૪. પું. હાથીની ડોકની આસપાસનું દોરડું.

કલાવાદ ન. ચોસઠ માંહેનું એક તંત્ર.

કલાવાદી [સં.] વિ. કલા જાણનાર.

કલાવાન ૧. [સં.] પું. કપૂર.

૨. પું. ચંદ્ર.

૩. વિ. કલાવાળું; કળા જાણનારૂં.

કલાવાહ જુઓ કલાવાદ.

કલાવિક [સં.] પું. કૂકડો.

કલાવિકલ [સં.] પું. ચકલો.

કલાવિકલી [સં.] સ્ત્રી. ચકલી.

કલાવિકી [સં.] સ્ત્રી. કૂકડી.

કલાવિજ્ઞ [સં.] પું. કલાવિજ્ઞાન જાણનાર.

કલાવિજ્ઞાન [સં.] ન. કળા સંબંધી શાસ્ત્ર.

કલાવિદ [સં. કલાવિદ્] પું. કલા જાણનાર માણસ.

કલાવિદ્યા ૧. [સં.] સ્ત્રી. કળા સંબંધી શાસ્ત્ર.

૨. સ્ત્રી. કળાનું શિક્ષણ.

કલાવિધાન [સં.] ન. કલાનું સર્જન; કલાની રચના.

કલાવિધાની [સં.] પું. કારીગર.

કલાવિધાયક ૧. [સં.] પું. કલાકાર; કલાધર.

૨. વિ. કલાનું સર્જન કરનારૂં.

કલાવિભૂતિ [સં.] પું. દિવ્ય શક્તિવાળો પુરુષ.

કલાવિરોધી [સં.] વિ. કલાનો વિરોધ કરનાર.

કલાવિવેચક [સં.] વિ. કલા સંબંધી ચર્ચા કરનાર.

કલાવિવેચન [સં.] ન. કલા સંબંધી ચર્ચા.

કલાવિશારદ ૧. [સં.] પું. કલામાં પ્રવીણ માણસ.

૨. પું. ચરિત્ર સંગ્રહનો એક ભાગ.

કલાવિષયક [સં.] વિ. કળા સંબંધી; કલાત્મક.

કલાવી સ્ત્રી. મીઠું મરચું ભભરાવી વાત કહેવાપણું.

કલાવીર [સં.] પું. ઉત્તમ કલાકાર.

કલાવૃત્તિ સ્ત્રી. કળા પ્રત્યેનું વલણ.

કલાવેત્તા પું. કળા વિજ્ઞાન જાણનાર.

કલાવ્યક્તિત્વ [સં.] ન. કળાથી પડતી પ્રતિભા.

કલાશાલા [સં.] સ્ત્રી. સંગ્રહસ્થાન; મ્યુઝિઅમ.

કલાશાસ્ત્ર ૧. [સં.] ન. ભારતના ત્રીશ પ્રાચીન ગ્રંથમાંનો કોકકૃત એક ગ્રંથ.

૨. ન. સૌંદર્યશાસ્ત્ર; રસશાસ્ત્ર.

કલાશિક્ષક [સં.] પું. કલા શીખવનાર પુરુષ.

કલાશિક્ષણ [સં.] ન. કળા શીખવવાપણું; કલાવિદ્યા.

કલાશિક્ષા જુઓ કલાશિક્ષણ.

કલાશિંબિકા [સં.] સ્ત્રી. શીંગવાળું ધાન્ય.

કલાશેષ [સં.] પું. બીજનો ચંદ્ર.

કલાશેષી [સં.] વિ. કળાથી ઓછું થયેલું.

કલાશ્લાઘ્ય [સં.] ન. કલાને વખાણવું તે.

કલાશ્લાઘ્યપિનાક પું. કલાને વખાણનાર શંકર.

કલાસ ૧. [સં. કલશ] પું. કળશ; કળશિયો; લોટો.

૨. [અં. ક્લાસ] પું. વર્ગ.

કલાસમ ન. ચોખા અને કોપરાથી ભરેલ પૂજા માટેનું પાત્ર.

કલાસર પું. મોજણીદાર; સર્વેયર.

કલાસર્જક [સં.] પું. કલાકાર; કલા ઉત્પન્ન કરનાર પુરુષ.

કલાસર્જન [સં] ન. કલા ઉત્પાદન.

કલાસંગ્રહસ્થાન [સં.] ન. કલામય વસ્તુઓ જ્યાં એકઠી કરવામાં આવી હોય તેવું સ્થળ; મ્યુઝિઅમ.

કલાસંપન્ન [સં.] વિ. કલામાં પ્રવીણ કળાવાળું.

કલાસંપાદન [સં.] ન. કલા મેળવવી તે.

કલાસંપ્રદાય [સં.] પું. કલામાં રસ લેનારા લોકોનો સમૂહ.

કલાસંવેદન [સં.] ન. કળાનું ભાન; કલાની સ્ફુરણા.

કલાસા [ફા.] પું. મક્કાના યાત્રાળુઓ જેમાંથી પાણી પીએ તે કૂવો.

કલાસાધ્ય [સં.] વિ. કલાથી મેળવી શકાય તેવું.

કલાસાર ન. ચોસઠ માંહેનું એક તંત્ર.

કલાસિકા પું. માપણી કરવાનો ગજ.

કલાસિદ્ધિ [સં.] સ્ત્રી. કલામાં મળેલી ફતેહ.

કલાસૂક્ત [સં.] વિ. શિષ્ટ ગુણવાળું; સૌષ્ઠવપ્રિય.

કલાસૂત્ર ૧. [સં.] ન. આયોજન; વ્યવસ્થા કરવી તે.

૨. ન. રમતગમત; ખેલ.

કલાસૂત્રી ૧. પું. ખેલાડી.

૨. [મ.] પું. ગાનાર નાચનાર માણસ.

૩. પું. જાદૂગર.

૪. વિ. દોરડા ઉપર નાચનાર.

કલાસૌષ્ઠવ [સં.] ન. કલાનું શોભાયમાનપણું..

કલાહક [સં.] પું. એક જાતનું વાજિંત્ર; કાહલ વાદિત્ર.

કલાહિ ૧. પું. કોલ.

૨. સ્ત્રી. કાંડું; પોંચો.

કલાહૃદય [સં.] ન. કલા પ્રત્યે ભાવવાળી મનોવૃત્તિ.

કલાહોમ પું. કકલાણ; ગડબડ; ધોંધાટ.

કલાહોળ જુઓ કલાહોમ.

કલાળ પું. (ડિંગળ) કલાર.

કલાં ૧. વિ. ઉપરનું.

૨. [ફા.] વિ. ઊંચું; બુલંદ.

૩. વિ. ખાનદાન.

૪. વિ. પ્રખ્યાત.

૫. વિ. મુખ્ય.

૬. વિ. મોટું.

કલાંકલાં અ. સંપૂર્ણ ખીલેલું હોય એમ.

કલાંકુર ૧. [સં.] પું. કંસ અસુર.

૨. પું. ચોરીનું શાસ્ત્ર બનાવનાર મૂળદેવ.

૩. ન. સારસ પક્ષી.

કલાંગરૂ ન. દુ:ખી હોવાનો ઢોંગ.

કલાંઠ ૧. પું. કજિયાખોર માણસ.

૨. વિ. કજિયાખોર.

૩. વિ. ગાંઠે નહિ એવું.

૪. વિ. લુચ્ચું; બેશરમ.

૫. વિ. સ્ત્રી. સરલતાથી દોહવા ન દે તેવી.

કલાંઠી ૧. [સં. કટિ] સ્ત્રી. એક પાસું.

૨. સ્ત્રી. શરીરની પાંસળી; કલોઠ.

કલાંતર ૧. [સં.] ન. ચંદ્રની બીજી કળા.

૨. ન. વ્યાજનો વધારો.

કલાંપ પું. ચીપિયો.

કલાંહાં વિ. કેટલું.

કલિ ૧. પું. એકની સંખ્યા.

૨. પું. કપિલવસ્તુ પાસે આવેલું એ નામનું એક રાજ્ય. દેવદર તેની રાજધાની હતી.

૩. પું. કબૂતર.

૪. પું. કલહ; કંકાસ; કલેશ; કજિયો.

૫. પું. કલિયુગનો અધિષ્ઠાતા પાપમય કલિદેવ; કળિયુગનો અધિષ્ઠાતા પુરુષ–અસુર.

૬. સ્ત્રી. (પુરાણ) કશ્યપ ઋષિને મુની નામની સ્ત્રીથી થયેલા દેવગંધર્વમાંનો એક; કશ્યપ અને દક્ષની કન્યાથી ઉત્પન્ન થયેલ દેવગંધર્વ.

૭. [સં.] પું. કળિયુગ; જગતના આયુષ્યનો ચોથો અને છેલ્લો ભાગ; કલ્પ નામના કાળ પરિમાણનો એક છેલ્લો યુગ. તેમાં લોકો અધર્મી અને પાપી થશે એવું હિંદુ ધર્મશાસ્ત્રોમાં લખેલું છે. એ ૪૩૨૦૦૦ વર્ષનો ગણાય છે. તેમાંથી ૪૯૭૧ વર્ષ ગયાં છે. હાલ કલિયુગનાં ૫૦૨૮ સૌરવર્ષ ગયાં છે. ચાલુ મન્વંતરમાં આ યુગ ૨૮મો છે.

૮. પું. કળીચૂનો.
૯. પું. ક્રોધ.
૧૦. પું. છંદમાં ટગણનો એક ભેદ. તેમાં પહેલા બે ગુરુ અને પછી બે લઘુ હોય છે.
૧૧. પું. જુગારનો દાવ. વૈદિક સંસ્કૃતિમાં આ શબ્દનો અર્થ 'જુગારનો દાવ' થાય છે. પાલી સાહિત્યમાં તેનો અર્થ 'હારનો દાવ' થાય છે અને પછી લક્ષણાથી 'હાનિ' થાય છે.
૧૨. પું. જુગારમાં એકના અંકવાળો પાસો.
૧૩. પું. જૂઠ; અસત્ય.
૧૪. પું. દુર્ગુણ.
૧૫. પું. દુઃખ.
૧૬. પું. ધોળો ધતૂરો.
૧૭. પું. (વ્યંગ્ય) પાપબુદ્ધિ; દુરાચરણ.
૧૮. પું. પ્રાચીન હિંદનો એક પ્રાંત; વૃન્દાવન.
૧૯. પું. બહેડાનું ઝાડ. વામન પુરાણમાં એવી કથા છે કે જ્યારે દમયંતીએ નળ રાજાને જયમાળા પહેરાવી ત્યારે કલિ ચિડાઈને નલ પાસેથી બદલો લેવા માટે બહેડાના ઝાડમાં ચાલ્યો ગયો. આથી બહેડાનું નામ કલિ પડ્યું.
૨૦. પું. બાણ.
૨૧. પું. શિવ; શંકર.
૨૨. પું. શૂરવીર પુરુષ.
૨૩. પું. સંગ્રામ; લડાઈ; યુદ્ધ.
૨૪. પું. સુરમો.
૨૫. પું. સૂર્યનાં ૧૦૮ માંહેનું એક નામ.
૨૬. પું. (પુરાણ) હિંસાથી ઉત્પન્ન થયેલ એક પુત્ર. તેની બહેન દુરુક્તિ અને તેના બે પુત્રો ભય અને મૃત્યુ છે.
૨૭. સ્ત્રી. ફૂલની કળી; નહિ ઊઘડેલું ફૂલ.
૨૮. વિ. કાળું.

કલિઅબ્દ [સં.] ન. કળિયુગનું વર્ષ.

કલિઆર [સં. કાલસાર (કાલિઆર)] પું. હરણના ટોળાનો વડો નર; કાળિયાર. એને શિંગડાં અને શરીરે કાળાં ધાબાં હોય છે.

કલિક [સં.] પું. એક જાતનું બગલું; ક્રૌંચ પક્ષી.

કલિકચ્છ સ્ત્રી. ઉત્તમ પ્રકારના ઘોડાની એક જાતિ.

કલિકર્મ [સં.] ન. યુદ્ધ; સંગ્રામ.

કલિકલુષહારી [સં. કલિકલુષહારિન્] વિ. કળિયુગનાં પાપને હરનાર.

કલિકા ૧. પું. (પિંગળ) એક વિષમવૃત્ત વર્ણમેળ છંદ; મંજરી; મંડરી. તેના પહેલા પદમાં બે ગુરુ, દશ લઘુ એમ બાર વર્ણ, બીજામાં બે ગુરુ અને છ લઘુ એમ આઠ વર્ણ; ત્રીજામાં બે ગુરુ અને ચૌદ લઘુ એમ સોળ વર્ણ અને ચોથામાં બે ગુરુ અને અઢાર લઘુ એમ વીસ વર્ણ હોય છે.
૨. [સં.] સ્ત્રી. અણખીલેલું ફૂલ; કળી.
૩. સ્ત્રી. અંશ; ભાગ.
૪. સ્ત્રી. કલા; મુહૂર્ત.
૫. સ્ત્રી. કલૌંજી જીરૂં.
૬. સ્ત્રી. ચંદ્રની એક કળા.
૭. સ્ત્રી. પદની પરંપરાવાળી એક રચના.
૮. સ્ત્રી. પ્રાચીન કાળનું એક વાજું.
૯. સ્ત્રી. વીણાનો મૂળભાગ.
૧૦. સ્ત્રી. સંસ્કૃત છંદનો એક ભેદ.

કલિકાપૂર્વ ન. અંશથી ઉત્પન્ન થનારૂં કોઈ વૈદિક કર્મ.

કલિકાર ૧. [સં.] પું. નારદ મુનિ.
૨. પું. પીળા માથાવાળું એક જાતનું પક્ષી.
૩. પું. પૂતિકરંજ; કરંજનું ઝાડ.
૪. વિ. કજિયાખોર.
૫. વિ. કળીને પામનાર.

કલિકારક જુઓ કલિકાર.

કલિકારિણી [સં.] વિ. સ્ત્રી. કજિયો કરનારી; કંકાસખોર.

કલિકારી [સં.] સ્ત્રી. એ નામનો એક છોડ; ઇંદ્રપુષ્પિકા; વિષલાંગલી.

કલિકારૂપ [સં.] વિ. કળી જેવું સુકોમળ.

કલિકાલ ૧. પું. અધર્મનો જમાનો; અન્યાયનો સમય.
૨. [સં.] પું. કલિયુગ; ચાર માંહેનો છેલ્લો યુગ.

કલિકાલલિતા પું. (પિંગળ) એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ. તે સંકીર્ણ છંદનો ભેદ છે. તેના પહેલા અને ત્રીજા પાદમાં સગણ, ભગણ, તગણ, યગણ, સગણ, ભગણ અને બે ગુરુ એમ વીસ વર્ણ, તથા બીજા અને ચોથા પાદમાં સગણ, ભગણ, તગણ, યગણ અને બે સગણ એમ અઢાર વર્ણ છે.

કલિકાલસર્વજ્ઞ [સં.] વિ. કળિયુગનાં બધાં શાસ્ત્ર જાણનાર. જૈન મુનિ હેમચંદ્રાચાર્ય શાસ્ત્રમાં ઘણા પ્રવીણ હોવાથી કલિકાલ સર્વજ્ઞ કહેવાતા.

કલિકાવલિ [સં.] સ્ત્રી. કાવાદાવા.

કલિકાળ પું. કળિયુગ. જુઓ કલિકાલ.

કલિકિલ્મિષ [સં.] ન. કળિયુગમાં થતાં પાપ.

કલિક્રિય [સં.] પું. નારદ.

કલિજુગ [સં. કલિયુગ] પું. કાળપરિમાણનો ચોથો યુગ; અત્યારનો ચાલતો યુગ. તેનાં વર્ષ ૪,૩૨૦૦૦ છે. તે પૂરાં થયે દુનિયાનો નાશ થવાનો એમ મનાય છે.

કલિત ૧. [સં. કલ્ (જાણવું)] ન. કથન.
૨. ન. ગ્રહણ.
૩. ન. જ્ઞાન.
૪. ન. બંધન.
૫. ન. ભેદન.
૬. ન. લાભ.
૭. ન. વિચાર.
૮. વિ. ઉક્ત; કહેલ.
૯. વિ. કલકલ અવાજ કરતું.
૧૦. વિ. કળાયેલું; જાણેલું; સમજાયેલું.
૧૧. વિ. કળાવાળું.
૧૨. વિ. ગ્રહણ કરેલ; પકડેલ.
૧૩. વિ. જુદું પાડેલું.
૧૪. વિ. ધીમે બોલાયેલું; સંભળાય તેમ નહિ બોલાયેલ.
૧૫. વિ. પૂર્ણ; પૂરેપૂરૂં.
૧૬. વિ. પ્રાપ્ત કરેલ.
૧૭. વિ. બંધાયેલ; બાંધેલું.
૧૮. વિ. ભેગું કરેલું; ચૂંટેલું.
૧૯. વિ. ભેદેલ.
૨૦. વિ. મિશ્રિત; મેળવેલું.
૨૧. વિ. વિચારેલ.
૨૨. વિ. સંખ્યા કરેલ; ગણેલ.
૨૩. વિ. સુશોભિત; સુંદર.

કલિતક ન. જેઠીમધ.

કલિતકમલમાલા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં બે નગણ, એક મગણ અને બે ગુરુ એમ અગિયાર વર્ણ હોય છે.

> કલિતકમલમાલામાં લાવો,
> ન ન મ ગ ગ ધરીને શોભાવો. રણપિંગળ

કલિતકર ૧. પું. કળાકૌશલ્ય દર્શાવનાર હાથ.
૨. પું. ઘૂઘરીવાળી વીંટી પહેરેલ હાથ.

કલિતકંઠ [સં.] પું. એ નામનું પક્ષી; બપૈયો.

કલિતકા સ્ત્રી. ગળી.

કલિતક્રીડા ૧. [સં.] સ્ત્રી. કલકલ અવાજ થતો જાય એવી કામક્રીડા.
૨. સ્ત્રી. કળાયુક્ત રમત.

કલિતનક ન. જેઠીમધ.

કલિતરુ [સં.] પું. બહેડાનું ઝાડ.

કલિતા ૧. પું. એક સમવૃત્ત વર્ણમેળ છંદ; મૌરલિક. આ છંદ ઉષ્ણિક છંદનો એક ભેદ છે. તેમાં બે ભગણ અને ગુરુ એમ સાત વર્ણ હોય છે.
૨. વિ. કળી શકાય એવું.

કલિતારક [સં.] પું. સહજાનંદ સ્વામી. તે અઘોર કલિમાં અપાર અધર્મરૂપ સમુદ્રમાં ડૂબતા જનોને સુખરૂપ પાર ઉતારનાર મનાતા હોવાથી કાલિતારક કહેવાયા.

કલિદ્રુમ ૧. [સં.] ન. બહેડાનું ઝાડ. તેમાં ઝીણી ઝીણી કળીઓ થાય છે.

૨. ન. બહેડું; બિભિતક.

કલિનાથ [સં.] પું. સંગીતના ચાર આચાર્યો માંહેનો એક.

કલિનિગ્રહકર્તા [સં. કલિનિગ્રહકર્તૃ] પું. વિષ્ણુનું નામ; પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

કલિપાત પું. ચિત્ર રચનાવાળો એક છંદ.

કલિપુર ૧. [સં.] ન. પદ્મરાગમણિ અથવા માણેકની એક જૂના વખતની ખાણનું નામ.

૨. ન. પદ્મરાગમણિનો એક ભેદ.

કલિપ્રગાથ [સં.] પું. સામવેદનો એક ઋષિ.

કલિપ્રાગાથ પું. એક ઋગ્વૈદિક ઋષિ. તેણે આઠમા મંડળનું ૬૬મું સૂક્ત રચ્યું છે.

કલિપ્રિય ૧. [સં.] પું. નારદ.

૨. પું. બહેડાનું ઝાડ.

૩. પું. વાંદરો.

૪. વિ. કજિયાળું.

કલિમલ ૧. પું. કલિયુગની દુષ્ટ અસર.

૨. પું. પાપ; અસદ્વાસના.

૩. પું. રોગ.

કલિમલાપહ [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ. કલિયુગમાં ભક્તનાં પાપોનો તે જ માત્ર નાશ કરનાર મનાય છે.

કલિમષ [સં. કિલ્વિષ] ન. પાપ; પાતક.

કલિમા ૧. [અ.] પું. ધર્મ સંબંધી મુસલમાનોની માન્યતા.

૨. પું. શબ્દ.

૩. પું. (વ્યાકરણ) શબ્દભેદ.

૪. સ્ત્રી. ભાષણ.

કલિમારક [સં.] પું. પૂતિકરંજ નામનું ઝાડ.

કલિમાલક જુઓ કલિમારક.

કલિયા ૧. [અ.] પું. માંસની એક જાતની વાની.

૨. સ્ત્રી. કળી.

કલિયાણ પું. (ડિંગળ) વિષ્ણુ.

કલિયાન [ફા.] પું. નાનો હુક્કો. ઈરાનીઓ તેને 'કલિયૂં' કહે છે.

કલિયાર [સં.] પું. હરણ; મુખી મૃગ; શિંગડાંવાળું કાળા રંગનું નર હરણ.

કલિયારી ૧. [સં. કલિહારી] સ્ત્રી. એક ઝેરી ઝાડ; કલગારી; દૂધિયો વછનાગ.

૨. સ્ત્રી. વનસ્પતિની એક જાત; લાંગૂલી; નાગલી.

કલિયાવું અ. ક્રિ. ખીલવું.

કલિયુગ ૧. [સં.] પું. કાળપરિમાણના ચાર યુગમાંનો છેલ્લો યુગ; અધર્મનો યુગ. મહાભારત અને મનુસ્મૃતિ પ્રમાણે ૧૦૦૦થી ૧૨૦૦ વર્ષનો આ યુગ ગણાય છે, પરંતુ પૌરાણિક રીતે ૧૨૦૦×૩૬૦ = ૪૩૨૦૦૦ વર્ષનો કલિયુગ ગણાય છે. હિંદુઓની કાળગણના અનુસાર કલિયુગ એક મહાયુગનો દશમો અંશ માત્ર છે. મહાયુગમાં ચાર યુગ મનાયા છેઃ કૃત, ત્રેતા, દ્વાપર અને કલિ. દ્વાપર કલિયુગથી બમણો, ત્રેતાયુગ કલિયુગથી ત્રણ ગણો અને કૃતયુગ કલિયુગથી ચાર ગણો મનાય છે. એવા ૧૭ મહાયુગનો એક મન્વંતર અને ૧૪ મન્વંતર ને ૬ મહાયુગનો એક કલ્પ કે બ્રહ્માનો દિવસ કહેવાય છે. કેટલાકને મતે આ યુગનો આરંભ કાર્તિક સુદ ૯ સોમવારે થયો કહેવાય છે. કોઈ કહે છે કે આ યુગનો આરંભ શ્રાવણ સુદ ૫ થી છે. કોઈના મત પ્રમાણે ભાદરવા વદ ૧૩ રવિવારે મધરાતે આશ્લેખા નક્ષત્રમાં વ્યતિપાત યોગમાં અને મિથુન લગ્નના ઉદયમાં કલિયુગની ઉત્પત્તિ થઈ. આ યુગની શરૂઆત ઈ. સ. પૂર્વે ૩૧૦૨ થી થઈ છે એમ પણ કેટલાક માને છે. આમાં વિષ્ણુના બે અવતાર છેઃ એક બુદ્ધ અને બીજો કલ્કી. આ યુગમાં મનુષ્યની ઊંચાઈ ૩॥ હાથ અને આયુષ્યપ્રમાણ સો વર્ષનું ગણાય. આ યુગનાં વિશિષ્ટ લક્ષણોઃ અન્નમય પ્રાણ, ભાગીરથી તીર્થ, વિશ્વેશ્વર દેવ, કાશીક્ષેત્ર, ધર્મને આરંભમાં ૧ પગ, શાપનું બિલકુલ નષ્ટ થવું, નોકરી એ જ ધંધો વગેરે. આ ઉપરાંત એવું પણ ભવિષ્ય ભાખવામાં આવ્યું છે કે જે લોકોને વિશ્વાસ હોય તે જ કળિયુગમાં ઈશ ચિંતવન કરશે, માટી અને લોઢાં તેમ જ તાંબાનાં વાસણોનો વપરાશમાં ઉપયોગ થશે, વ્યવહારમાં પણ તાંબાની ધાતુનો ઉપયોગ થશે, જમીન નિઃસત્ત્વ થશે, બ્રાહ્મણાદિ વર્ણ પેટભરા અને મીઠું બોલનારા જણાશે, લોકો ઠરાવે તે જ એટલે લૌકિક ધર્મ તે ધર્મ મનાશે, દીર્ઘદૃષ્ટિ નષ્ટ થશે, લોકો ખોટું બોલનારાં થશે, પિતાપુત્રમાં' વેર અને દ્વેષભાવ માલૂમ પડશે, સ્ત્રીઓની સંખ્યા પુષ્કળ થશે અને તે પણ વ્યભિચારિણી થશે. યુગની આખરે અંગૂઠાના વેઢાના એક ભાગ જેવડી માણસોની આકૃતિ થશે. ધર્મરાજ, વિક્રમાદિત્ય વગેરે શકકર્તા રાજાઓ તેમ જ મ્લેચ્છાદિ તથા શ્વેતવર્ણીય રાજાઓ થશે. ગાયનું દૂધ બશેર ઉપર આવશે. વેદની ક્રિયાઓ, ભલાઈનાં કામો, વિધિઓ અને યજ્ઞો થતાં બંધ થશે, દુઃખ, આફત, રોગ, શ્રમ, ભૂલદોષ, ગુસ્સો વગેરે અનિષ્ટો વધી પડશે. આવી રીતે પ્રજા વિનાશને રસ્તે ધસડાવા લાગશે અને મનુષ્યની જિંદગીનું કોઈ ચોક્કસ માપ નહિ હોય. આ યુગમાં માટીનાં પાત્ર થશે, હાડકાંનો વેપાર થશે, લુચ્ચાઓની પૂજા થશે, પ્રસવ સાત થશે અને રાજા ધર્મકર્મ રહિત બનશે. કલિનું સ્વરૂપઃ તે પિશાચના જેવા મોઢાવાળો, ક્રૂર તથા કલહપ્રિય છે. તે ડાબા હાથથી પોતાની ઇંદ્રિય તથા જમણા હાથથી પોતાની જીભ પકડીને રહેલ છે. એના પ્રભાવથી મનુષ્યોની દેવતાઓમાં ભક્તિ રહેતી નથી, તપસ્વીઓ કપટવેશધારી થાય છે, મનુષ્યો જૂઠાં બોલે છે, વરસાદ કોઈક કોઈક સ્થળે થાય અને નીચ જન મજા કરે. કળિયુગમાં છ શકવર્તી રાજા ઉત્પન્ન થશે એમ મનાય છેઃ (૧) હસ્તિનાપુરમાં યુધિષ્ઠિર. તેનો શક આરંભમાં ૩૦૪૪ વર્ષ. (૨) ઉજ્જયિનીમાં વિક્રમ. તેનો શક ૧૩૫ વર્ષ. (૩) પૈઠણમાં શાલિવાહન. તેનો શક ૧૮૦૦૦ વર્ષ. (૪) વૈતરણી નદીને ઠેકાણે સિંધુસંગમ વિજયાભિનંદન. તેનો શક ૧૦૦૦૦ વર્ષ. (૫) ગૌડ દેશમાં ધારાતીર્થમાં નાગાર્જુન. તેનો શક ૪૦૦૦૦૦ વર્ષ. (૬) કર્ણાટક દેશમાં કરવીર ક્ષેત્રમાં કલ્કી અવતાર. તેનાં વર્ષ ૮૨૧. આ પ્રમાણે છ શકકર્તા રાજાઓ થયા બાદ કલિયુગની સમાપ્તિ થશે. કલિનો પાંચ ઠેકાણે વાસ કહેવાય છેઃ (૧) સ્ત્રી, (૨) જૂગટું, (૩) મદ્યપાન, (૪) જીવહિંસા અને (૫) સુવર્ણ.

૨. પું. ખરાબ વખત.

૩. પું. દુષ્ટ માણસ.

૪. પું. સૂર્યનાં એકસો આઠ માંહેનું એક નામ.

કલિયુગ સંવત પું. ભારતીય ૩૪ સંવત માંહેનો એક. તેનો પ્રારંભ ઈ. સ. પૂર્વે ૩૧૦૨ માં ૧૮ ફેબ્રુઅરિના શુક્રવારે પ્રાતઃકાલથી થયાનું કહેવાય છે. તેને ભારત યુદ્ધ સંવત અથવા યુધિષ્ઠિર સંવત પણ કહે છે. એ સંવતનો વિશેષ ઉપયોગ જ્યોતિષના ગ્રંથો તથા પંચાંગોમાં, પણ ક્યારેક ક્યારેક શિલાલેખ આદિમાં પણ મળી આવે છે. જુઓ સંવત.

કલિયુગાદ્યા [સં.] સ્ત્રી. માઘ માસની પૂર્ણિમા.

કલિયુગાલય [સં.] ન. બહેડાનું ઝાડ. તેમાં કળીઓ બહુ થાય છે તેથી તેને આ નામ આપવામાં આવ્યું છે.

કલિયુગી ૧. [સં.] વિ. કલિયુગનું.

૨. વિ. ખરાબ પ્રવૃત્તિવાળું.

કલિયો પું. હાથનું એક ઘરેણું.

કલિરવ પું. શોરબકોર; ધાંધલભર્યો અવાજ.

કલિલ ૧. [સં.] ન. અવ્યવસ્થિત ઢગલો.

૨. ન. ગોટાળો; ગૂંચવણ.

૩. વિ. અકળ; ગહન.

૪. વિ. અસર થયેલું.

૫. વિ. ઊંડું; અગાધ.

૬. વિ. એક થયેલું; મિશ્રિત.

૭. વિ. દુર્ભેદ્ય; અભેદ્ય.

૮. વિ. ભરેલું; ભરપૂર.

૯. વિ. સમૂહવાળું.

કલિલા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કરિલા. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં બે સગણ, એક લઘુ અને એક ગુરુ એમ આઠ વર્ણ હોય છે.

કલિલા સ સ લા ગ થી. — રણપિંગળ

કલિલિ સ્ત્રી. ઢોરમાં જંતુથી થતો એક રોગ.

કલિવર ન. કલેવર; શરીર.

કલિવર્જ્ય [સં.] વિ. કલિયુગમાં નિષેધ હોય એવું. અશ્વમેધ, ગોમેધ, દેવર વગેરેનો નિયોગ, સંન્યાસ, માંસનું પિંડદાન વગેરે કલિયુગમાં વર્જ્ય છે.

કલિવલ્લભ [સં.] પું. ચાલુક્ય વંશનો એક રાજા; ધ્રુવ.

કલિવિક્રમ [સં.] પું. દક્ષિણ દેશનો એક ચાલુક્ય વંશી રાજા. તેને ત્રિભુવનમલ્લ અથવા ચોથો વિક્રમાદિત્ય પણ કહે છે. તેના પિતાનું નામ આહવમલ્લ હતું. તેણે સંવત ૯૯૧ થી ૧૦૪૮ સુધી રાજ્ય કર્યું.

કલિવૃક્ષ [સં.] પું. કલિદ્રુમ; બહેડાનું ઝાડ.

કલિસંતરણ [સં.] ન. કૃષ્ણ યજુર્વેદની શાખાનું એક ઉપનિષદ.

કલિસંતારણ જુઓ કલિસંતરણ.

કલિહાર [સં.] પું. કૃષ્ણસાર; કાળું હરણ.

કલિહારિ [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; દૂધિયો વછનાગ; કલિયારી.

કલિહારી ૧. સ્ત્રી. એક જાતની વનસ્પતિ; કલિહારિ.

૨. સ્ત્રી. કજિયાળી સ્ત્રી.

કલિંગ ૧. પું. અત્રિ ગોત્રમાં થયેલ એ નામનો એક ચંદ્રવંશી રાજપુત્ર. તેના પિતાનું નામ બલિ હતું. કલિંગ દેશનું નામ તેના નામ ઉપરથી પડ્યું છે.

૨. [સં.] પું. આંધ્રની પૂર્વે આવેલો વૈદિક કાળનો હિંદુસ્તાનનો એક પ્રદેશ.

૩. પું. ઇંદ્રજવ; અંદરજો.

૪. પું. એ નામનું યાત્રાનું એક સ્થળ; મુખલિંગમ્. તે ગંજમ પરગણામાં પરલખિમેદીથી ૨૦ માઇલ વંશધારા નદીના મુખ ઉપર આવેલું છે.

૫. પું. એક પર્વતનું નામ.

૬. પું. એક પ્રાચીન દેશનું નામ; ઓરિસા; તૈલંગ દેશ. તેનો વિસ્તાર ગોદાવરી અને વૈતરણી નદી વચ્ચે હતો. વૈતરણી નદીની અને લંગૂલિય નદીની વચ્ચે બંગાળના ઉપસાગરના કાંઠાની પાસે જે જમીનનો ભાગ હતો તે એ કાળનો કલિંગ દેશ હતો. ત્યાંના લોકો વહાણ ચલાવવામાં બહુ પ્રસિદ્ધ હતા. ચંદ્રગુપ્તના વખતમાં ત્યાંના હાથી ઉત્તમ ગણાતા.

૭. પું. ઓરિસામાં આવેલા ભુવનેશ્વર ગામનું પ્રાચીન નામ. સાતમા સૈકામાં લલાટેન્દુ કેસરીના સમયમાં આ નામ ફેરવીને ભુવનેશ્વર નામ રાખવામાં આવ્યું હતું. આ નગર ઓરિસાની રાજધાની હતું.

૮. પું. (સંગીત) કલિંગડો રાગ. આ રાગ દીપક રાગનો પાંચમો પુત્ર માનવામાં આવે છે. તે સંપૂર્ણ જાતિનો રાગ છે અને રાતના ચોથા પહોરે ગવાય છે.

૯. પું. કાકાકૌઆ.

૧૦. [સં. ક (મસ્તક) + લિંગ (ચિહ્ન)] પું. કાલિંગડું; તરબૂચ.

૧૧. પું. ચીપિયા જેવી પાંખવાળું દશ ઇંચની લંબાઇવાળું એક પક્ષી; દીર્ઘપક્ષી. આ માંસાહારી પક્ષી સિંહના મુખ ઉપર બેસી તેના દાંત વચ્ચે ભરાઈ રહેલા માંસનો ચારો કરે છે. નર તથા માદા દેખાવ અને કદમાં સરખાં હોય છે. તેને ચાંચથી એક પહોળો કાળો પટો શરૂ થઈ આંખ ઉપર થઈને પસાર થાય છે. તેને ઉપરના ભાગમાં પીછાં વાદળી કે ભૂરાં, પાંખો ઉપરનાં લગભગ સફેદ અને નીચલા ભાગનાં તદ્દન સફેદ હોય છે. પૂંછડી જરા લાંબી હોય છે. ચાંચ લાંબી અને વળેલી હોય છે. આ પક્ષી યરપ, આફ્રિક, એશિઅ અને ઉત્તર અમેરિકમાં જોવામાં આવે છે. ઉત્તર હિંદુસ્તાનમાં પણ આ પક્ષી દેખા દે છે. આ પક્ષી જંગલથી તો દૂર જ ભાગે છે. એક અથવા બે પક્ષી એકી સાથે રહે છે. ઘણું કરીને તે જમીન ઉપરથી પોતાનો ખોરાક લે છે. બીજી ઉપજાતિને તે પાસે આવવા દેતું નથી. માદા ત્રણથી છ ઈંડાં મૂકે છે.

૧૨. પું. (પુરાણ) તે નામનો એક ક્ષત્રિય. દ્રૌપદીના સ્વયંવરમાં તે આવ્યો હતો.

૧૩. પું. પીપરનું ઝાડ.

૧૪. પું. પૂતિકરંજ નામનું ઝાડ.

૧૫. પું. પ્રાચીન કાળનો એક રાજા. તે બલિ રાજાની રાણી સુદેષ્ણા અને દીર્ઘતમસ ઋષિના નિયોગથી ઉત્પન્ન થયેલ મનાય છે.

૧૬. પું. ભારતની એ નામની એક લિપિ.

૧૭. પું. (પુરાણ) ભારતવર્ષનો એક દેશ. એ ઇંદ્રપ્રસ્થની દક્ષિણે હોવાનું મનાય છે. એની રાજધાની રાજપુર કહેલી છે. પાંડવના સમયમાં ત્યાં ભાનુમંત નામનો રાજા હતો. આ પ્રદેશને સહદેવે યુધિષ્ઠરના દિગ્વિજય વખતે જીતી લીધો હતો.

૧૮. પું. રાઈનું ઝાડ.

૧૯. પું. (શિલ્પ) વેસર ઢબના બાંધકામની વિદ્યાની બે શાખામાંની એક. બીજી શાખા આંધ્ર કહેવાય છે.

૨૦. પું. હિંદી મહાસાગરમાં જાવાની દક્ષિણ પશ્ચિમે ૫૦૦ માઈલ ઉપર આવેલ ટાપુઓનો] એક સમૂહ. કેપ્ટન કલિંગે ઈ. સ. ૧૬૦૯માં તેની શોધ કરી અને તેના નામ ઉપરથી જ આ ટાપુઓનું નામ કલિંગ પડ્યું.

૨૧. વિ. બાહોશ; હોશિયાર; ચતુર.

૨૨. વિ. લુચ્ચું.

કલિંગક ૧. [સં.] પું. કુટજવૃક્ષનું બી; ઇંદ્રજવ.

૨. ન. તરબૂચ.

કલિંગડ (કલિંગડ઼) ૧. ન. એ નામનો એક વિલાયતી ભાજીપાલો. એનાં બી અરધો શિયાળો ગયા પછી વવાય. જમીન રેતાળ અને ખૂબ ખાતર નાખેલી હોવી જોઈએ.

૨. [સં. કલિંગ] ન. ખડબૂચ; કાલિંગડું; તરબૂચ; આરિયાં અને ટેટીની જાતનું ઉપરથી લીલું અને અંદરથી લાલ પાણીથી ભરપૂર મિષ્ટ ગરવાળું એક મોટું ફળ. તે નદીની રેતીમાં વાવવામાં આવે છે. તેના વેલા બહુ જલદીથી વધે છે. કુમળા કલિંગડનું શાક કે અથાણું થાય છે.

કલિંગડા (કલિંગડ઼ા) પું. (સંગીત) સંપૂર્ણ જાતિનો એક રાગ. તેના રિખબ, ધૈવત, કોમળ અને મધ્યમ મૂર્છના સહિત ન્યાસ છે. બાકીના સૂર શુદ્ધ છે. તે શાંતરસપ્રધાન છે અને રાતના ત્રીજા પહોરે ગવાય છે.

કલિંગડું (કલિંગડ઼ું) જુઓ કલિંગડ.

કલિંગડો (કલિંગડ઼ો) [સં. કલિંગ] પું. (સંગીત) ભૈરવ રાગને મળતો એ નામનો એક રાગ. શાંત વાતાવરણમાં તે ઘણો અસરકારક છે. તેની જાતિ સંપૂર્ણ એટલે ખરજ શુદ્ધ, રિખબ કોમળ, ગાંધાર તીવ્ર, મધ્યમ કોમળ, પંચમ ધૈવત કોમળ,

અને નિખાદ તીવ્ર એ પ્રમાણે સાતે સ્વર આવે છે. આ રાગ દીપક રાગનો પાંચમો પુત્ર માનવામાં આવે છે. તે સંપૂર્ણ જાતિનો રાગ છે અને રાતના ચોથા પહોરે ગવાય છે.

કલિંગણો પું. (ચારણી) તરબૂચ.

કલિંગદેશ ૧. પું. ઓઢિયા; ઉડિયા પ્રાંત.

૨. [સં.] પું. દક્ષિણ હિંદુસ્તાનમાં આવેલો એક દેશ.

કલિંગબીજ [સં.] ન. ઇંદ્રજવ; કુડાના ઝાડનાં કાળાં ફળમાં રહેલ તરબૂચ જેવાં કાળાં બી.

કલિંગર ન. (ગ્રામ્ય) તરબૂચ.

કલિંગરાજ પું. કલિંગ દેશનો રાજા.

કલિંગલિપિ સ્ત્રી. દક્ષિણી શૈલીની ૭ માંહેની એક જાતની લિપિ. આ લિપિ મદ્રાસ ઇલાકાના ચિકાકોલ અને ગંજામના મધ્ય પ્રદેશમાં માલૂમ પડે છે. આ મધ્યપ્રદેશી લિપિને મળતી આવે છે. તેના અક્ષર સામાન્ય રીતે સમકોણવાળા હોય છે. છેવટમાં એમાં નાગરી, કાનડી તથા ગ્રંથલિપિનું મિશ્રણ થઈ ગયું છે.

કલિંગા ૧. [સં.] સ્ત્રી. એક છોડનું નામ. તે સાધારણ રીતે તઓરી કહેવાય છે. તે રેચક તરીકે વપરાય છે.

૨. સ્ત્રી. નસોતર.

૩. સ્ત્રી. સુંદર સ્ત્રી.

કલિંગાદિકષાય [સં.] પું. (વૈદ્યક) વિષમજ્વર તથા પિત્તજ્વર માટે વપરાતો એક કાઢો. તેની બનાવટ: ઇંદ્રજવ, પટોલ અને કડું એ દરેક એકેક તોલો લઈ તેને અધકચરાં કરી ૧૬ ગણા પાણીમાં ઉકાળી છ તોલા પાણી બાકી રહે એટલે ઉતારી ગાળીને પાવું.

કલિંગાદિગુટિકા [સં.] સ્ત્રી. (વૈદ્યક) જ્વરાતિસાર માટેની ગોળી. તેની બનાવટ: ઇંદ્રજવ, બીલીનો ગર્ભ, જાંબુડાની છાલ કે ઠળિયા, આંબાની ગોટલી, કોઠનો ગર્ભ અને રસવંતી, લાખ, હળદર, વાળો, કાયફળ, અરડૂસાની છાલ, લોધ્ર, મોચરસ, શંખભસ્મ, ધાવણીનાં ફૂલ અને વડવાઈ એ બધાંનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી ચોખાના ધોણમાં ઘૂંટી તેની ગોળીઓ કરવી.

કલિંગાન મચ્છી સ્ત્રી. એક જાતની માછલી.

કલિંજ ૧. [સં.] સ્ત્રી. સાદડી.

૨. સ્ત્રી. સૂકી લાકડી.

૩. સ્ત્રી. સૂંડલી.

૪. ન. નરકટ નામનું ઘાસ.

કલિંજર ૧. પું. એ નામનો એક પર્વત.

૨. ન. એક કસબાનું નામ.

કલિંદ ૧. પું. એક આર્ય જાતિ.

૨. [સં.] પું. એક વનસ્પતિ; બહેડાનું ઝાડ.

૩. પું. તે નામનો પર્વત; હિમાલય પર્વતની વાંદરપુચ્છ ગિરિમાળામાં આવેલો પહાડી પ્રદેશ. આ પર્વતને યામુન પર્વત પણ કહે છે. ત્યાંથી જમના નદી નીકળે છે. એ ઉપરથી જ જમનાનું નામ કાલિંદી પડયું છે.

૪. પું. સૂર્ય.

૫. ન. એક જાતનું ફળ; કલિંગર; તરબૂચ

કલિંદકન્યા [સં.] સ્ત્રી. યમુના નદીનું એક નામ; કાલિંદી; જમના નદી. તે કલિંદ નામના પર્વતમાંથી નીકળે છે.

કલિંદગિરિ [સં.] પું. કલિંદ પર્વત.

કલિંદગિરિજા જુઓ કલિંદકન્યા.

કલિંદજા જુઓ કલિંદકન્યા.

કલિંદતનયા જુઓ કલિંદકન્યા.

કલિંદનંદિની જુઓ કલિંદકન્યા.

કલિંદરા સ્ત્રી. ભરતખંડમાં અસલના વખતમાં થતા કાપડની એક જાત.

કલિંદસુતા જુઓ કલિંદકન્યા.

કલિંદી [હિં.] સ્ત્રી. કાલિંદી.

કલિંદ્રા [હિં.] પું. તરબૂચ.

કલી ૧. પું. કળીચૂનો.

૨. પું. જુગારનો દાવ. જુઓ કલિ.

૩. સ્ત્રી. એક જાતની ભાજી.

૪. [અ.] સ્ત્રી. ઓપણી; ચળકાટ.

૫. સ્ત્રી. કલઈ; કલાઈ.

કલી કરવી = (૧) પિત્તળનાં વાસણની અંદર કલાઈનો ઓપ ચડાવવો. (૨) માથું બોડાવવું. (૩) લૂગડાંને સંકેલીને મૂકવાં; ઘડી વાળીને કપડાં મૂકવાં.

૬. સ્ત્રી. ઘાસની એક જાત.

૭. [અ.] સ્ત્રી. ચૂનો છાંટવાપણું.

૮. સ્ત્રી. ચોરણામાં ગોઠણથી નેફા સુધી નખાતો લૂગડાનો ત્રાંસિયો.

૯. સ્ત્રી. તમાકુ પીવાની નળીની એક જાત.

૧૦. સ્ત્રી. પહેરણમાં આગલો તથા પાછલો ભાગ જોડનાર લૂગડાનો ત્રાંસિયો.

૧૧. સ્ત્રી. પીછું.

૧૨. સ્ત્રી. પુરુષનો સમાગમ ન થયો હોય એવી સ્ત્રી.

૧૩. [સં.] સ્ત્રી. ફૂલની કળી.

૧૪. સ્ત્રી. વૈષ્ણવોનું એક જાતનું તિલક. તે ફૂલની કળી જેવું હોય છે.

૧૫. ન. બહેડાં.

૧૬. અ. કળીને; જાણીને.

કલીઅણ વિ. કુળવાન; ખાનદાન.

કલીઆણ ન. કકલાણ.

કલીઆર ન. એ નામનું એક ઝાડ; દેવકંચન; રક્તકંચન.

કલીઆરો પું. સુરત તરફ થતી એક જાતની ભાજી.

કલીઓ પું. છાશ રાખવાનું કલઈનું પાત્ર.

કલીકલુષ ન. કલિકાળનો કંકાસ; કજિયો.

કલીકલોલ ૧. સ્ત્રી. વાણિયાની એ નામની એક અટક.

૨. ન. એ અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કલીકામ ૧. ન. ટોડાંની ગૂંથણીવાળું ચણતર.

૨. ન. લાઈનવાળું સીધું વાટકામ; સરખા ચાપનો વાટો.

કલીકો પું. અસ્તરનું ઘાટું લૂગડું.

કલીદ [ફા.] સ્ત્રી. કૂંચી.

કલીદાર વિ. ઘડીવાળું; ઇસ્ત્રીબંધ.

કલીદી [હિં.] સ્ત્રી. ઢોરમાં જંતુનો એક રોગ.

કલીદ્રુમ [સં.] ન. બહેડાંનું ઝાડ.

કલીફો પું. એક જાતનો શોભાવાળો પાનનો છોડ. તેનાં પાન સિંદોરિયાનાં પાન જેવાં લાલ પીળા રંગનાં કરકરિયાંવાળાં હોય છે.

કલીમ [અ.] પું. જાણીતો માણસ.

કલીમત ૧. [અ.] પું. વર્ણભેદ.

૨. સ્ત્રી. મુસલમાન ધર્મની કબૂલત.

૩. સ્ત્રી. શબ્દ; ભાષા.

કલીમરૂભી [યૂ.] સ્ત્રી. ફૂલવાળું ઘાસ.

કલીમલ ૧. [સં. કિલ્મિષ] ન. અપરાધ.

૨. ન. પાપ.

૩. ન. રોગ.

કલીમલી સ્ત્રી. એક જાતની ભાજી. તેનો છોડ ચોમાસામાં ધારમાં કે નદીને કાંઠે ઊગે છે. તેનાં પાન જમીન ઉપર પાતળાં ને લાંબાં ડુંગળીનાં પાનની માફક ઊભાં રહે છે.

કલીમા જુઓ કલીમત.

૧. કલીમા પઢવા = મુસલમાન ધર્મની કબૂલત ફરી ફરી બોલવી.

૨. કલીમા યે હક્ક = સત્ય બોલવું.

૩. કલ્મામાની આંગળી = આંગલી આંગળી; તર્જની.

કલીમીલુતા સ્ત્રી. એક જાતનો છોડ; ફંગ; ફંડી. પથ્થરવાળી જગ્યામાં તે ઘણો લાંબો વખત જીવી શકે છે. જ્યાં થોડું પાણી હોય ત્યાં તે વવાય છે. તેનાં ધોળાં અને સુગંધી ફૂલ સાંજે ખીલે. તેનાં કુમળાં પાન ગુજરાત તરફ શાક બનાવવામાં વપરાય છે.

કલીમુલ્લાહ પું. ખુદા તરફથી બોધ આપનાર.

કલીયન [હિં.] ન. ફૂલની કળી.

કલીયાં આવવાં = (૧) ખીલવું. (૨) નવાં પીછાં મેળવવાં.

કલીર પું. (પિંગળ) ગુરુ.

કલીલ ૧. [અ.] વિ. અધૂરું; અપૂર્ણ.

૨. વિ. અલ્પ; થોડું; કમ.

૧. કલીલો કસીર = ઓછુંવત્તું; થોડુંઘણું.

૨. મિઆદે કલીલ = થોડી મુદ્દત.

૩. વિ. નજીવું.

૪. વિ. મર્યાદિત; સાંકડું.

કલીસ આસ્કર પું. સાજીખાર.

કલીસા પું. (ગ્રીક) ખ્રિસ્તી દેવળ.

કલીસોબોરા ન. કૃષ્ણપુર.

કલીંગ [સં.] પું. ઇંદ્રજવ. જુઓ ઇંદ્રજવ.

કલીંગડ (કલીંગડ઼) ન. તરબૂચ.

કલીંગર જુઓ કલીંગડ.

કલીંગું જુઓ કલીંગડ.

કલીંગો પું. દશમા નકલંક અવતારની સામે લડનાર દૈત્ય; ઇસ્લામ દન્ભલ.

કલીંદો પું. તરબૂચ.

કલુઓ [સં. કવલ] પું. લગ્ન વખતે વરને કન્યાના બાપને ત્યાંથી પહેલવહેલો મોકલવામાં આવતો મંગળ કવલ; કલવો.

કલુખ [સં. કલુષ] ન. (ડિંગળ) પાપ.

કલુખાઈ સ્ત્રી. કલુષાઈ.

કલુખી વિ. કલંકી; દોષી.

કલુડી (કલુડ઼ી) ૧. સ્ત્રી. કુલડી.

૨. સ્ત્રી. મેમણની એક અટક.

૩. ન. એ અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

કલુઢું વિ. કાળુંભૂરું; મેલા રંગનું.

કલુરણા ૧. સ્ત્રી. બ્રાહ્મણની એક જાતિ.

૨. ન. બ્રાહ્મણની એ નામની જાતનું માણસ.

૩. વિ. બ્રાહ્મણની એ નામની જાતનું.

કલુવો જુઓ કલુઓ.

કલુષ ૧. [સં.] પું. ગુસ્સો; ક્રોધ.

૨. પું. પાડો.

૩. પું. પાપ.

૪. સ્ત્રી. ભેંસ.

૫. સ્ત્રી. મલિનતા.

૬. ન. કજિયો.

૭. ન. કાદવ; મળ.

૮. ન. કુકૃત્ય; ખરાબ કામ.

૯. વિ. અસમર્થ.

૧૦. વિ. અંધારાવાળું.

૧૧. વિ. આળસુ.

૧૨. વિ. ઉશ્કેરાયેલું; ગુસ્સે થયેલું; ક્રુદ્ધ.

૧૩. વિ. કપટી.

૧૪. વિ. કાદવવાળું; ગંદું; ડોળું.

૧૫. વિ. ઘાતકી.

૧૬. વિ. ઘોઘરા અવાજવાળું.

૧૭. વિ. દુષ્ટ.

૧૮. વિ. નિંદ્ય.

૧૯. વિ. પાપમય; પાપી.

૨૦. વિ. બદલાયેલું.

૨૧. વિ. ભરેલું; પૂર્ણ.

કલુષચરિત્ર [સં.] વિ. દૂષિત; ભ્રષ્ટ.

કલુષતા સ્ત્રી. અપવિત્રતા; અશુદ્ધપણું.

કલુષન ન. પાપ.

કલુષભાવ [સં.] પું. પાપી વૃત્તિ.

કલુષયોનિ [સં.] વિ. અશુદ્ધ ઉત્પત્તિવાળું; વર્ણસંકર.

કલુષયોનિજ જુઓ કલુષયોનિ.

કલુષવ્યવહાર [સં.] પું. પાપમય વર્તણૂક.

કલુષહર [સં.] વિ. પાપ દૂર કરનાર.

કલુષાઈ ૧. સ્ત્રી. અપવિત્રતા; મલિનપણું.

૨. સ્ત્રી. બુદ્ધિની મલિનતા.

કલુષિત ૧. [સં.] વિ. અપવિત્ર; મલિન.

૨. વિ. અસમર્થ.

૩. વિ. કચવાયેલું; રિસાયેલું.

૪. વિ. કાદવવાળું; મેલું.

૫. વિ. ક્રૂર; ઘાતકી.

૬. વિ. ક્ષુબ્ધ.

૭. વિ. દુષ્ટ; પાપી.

૮. વિ. દુઃખિત.

૯. વિ. દૂષિત.

કલુષી ૧. [સં.] સ્ત્રી. ભેંસ; મહિષી.

૨. વિ. અપવિત્ર; મલિન.

૩. વિ. કચવાયેલું; રિસાયેલું.

૪. વિ. દુઃખી.

કલુષ્ઠુ ૧. [સં.] ન. અપવિત્રતા; મલિનપણું.

૨. ન. પાપ.

૩. વિ. ગંદું; મેલું.

૪. વિ. પાપી.

કલુસ ૧. ન. (ડિંગળ) કાદવવાળું પાણી.

૨. ન. પાપ.

કલુંજી ન. એક પ્રકારનું કરિયાણું; કલોંજી.

કલુંબો પું. એક જાતનું કરિયાણું.

કલૂ પું. તેલ પીલનાર અને વેચનાર ઘાંચી.

કલૂટા ૧. [હિં.] વિ. કાળું.

૨. વિ. બદામી; પીળ઼ચટું.

કલૂતર ૧. [સં.] પું. તે નામનો એક દેશ.

૨. વિ. તે નામના દેશમાં રહેનાર.

કલેઉ પું. સવારનો થોડો હલકો નાસ્તો.

કલેક્ટર ૧. [અં.] પું. જિલ્લાનો વડો મહેસૂલી અમલદાર; વસૂલાતી અધિકારી.

૨. પું. સૂઓ.

૩. વિ. એકઠું કરનાર.

કલેક્ટરપદું ન. કલેક્ટરનો હોદ્દો.

કલેક્ટરી ૧. સ્ત્રી. કલેક્ટરની કચેરી.

૨. સ્ત્રી. કલેક્ટરનું પદ.

કલેક્શન [અં.] ન. જથ્થો; એકઠું કરવું તે.

કલેજવા જુઓ કલેજા.

કલેજા ૧. [હિં.] ન. કલેજું; પિત્તાશય.

૨. ન. જુસ્સો; હિંમત.

કલેજી [હિં.] સ્ત્રી. ખોરાક તરીકે વપરાતું પશુનું કલેજું.

કલેજું ૧. [સં. કાલેય] ન. પિત્ત ઉત્પન્ન કરનાર અને શિરાઓનું લોહી સારું કરનાર એક મોટો અવયવ; કાળજું; લીવર. શરીરની બધી ગ્રંથિઓમાં કલેજું સૌથી મોટું અને ઉપયોગી છે. આ ઉપયોગી આશય અંદરથી સહેજ પોલું છે. પેટની અંદર તેનો મોટો ભાગ હૃદયાધરિક પ્રદેશમાં પ્રસરેલો છે. તે લગભગ ત્રિકોણાકાર હોય છે. તેનું વજન આશરે ૨॥ થી ૩॥ શેર હોય છે. સ્ત્રીઓમાં તે સહેજ ઓછું હોય છે. તેની બંને પડખાં વચ્ચેની પહોળાઈ ૬ થી ૮ ઇંચ, આગળ પાછળ લંબાઈ ૪॥ થી ૬ ઇંચ હોય છે. તેનો જમણો છેડો ૬ થી ૭ ઇંચ જાડો અને ડાબો ભાગ પાતળો હોય છે. રોગોને પરિણામે તેના કદમાં વધઘટ થાય છે. તેને બે તળિયાં, બે ધારા, બે પિંડ અથવા પિંડિકા, પાંચ સીતાઓ અથવા ખાઈઓ તથા પાંચ પ્રબંધનીઓ હોય છે.

૨. ન. મન; હૃદય; અંતઃકરણ.

૧. કલેજા જલાવવું = હૃદય બાળવું.

૨. કલેજા થામ થામ કર રોવું = અતિશય વિલાપ કરવો.

૩. કલેજા પર ચોટ લાગવો = સખ્ત પ્રહાર લાગવો.

૪. કલેજા પર હાથ ધરવો = (૧) પોતાના આત્માને પૂછવું. (૨) પોતાની લાગણીને સતેજ કરવી. (૩) હૃદય ઉપર હાથ મૂકવો.

૫. કલેજાની કોર = (૧) અત્યંત પ્રિય વ્યક્તિ. (૨) આંખની કીકી સમાન. (૩) સંતાન. (૪) હૃદયનો કટકો; પ્રાણ સમાન વહાલું.

૬. કલેજાનું નરવું = સાવધ.

૭. કલેજાને લગાવી રાખવું = બાથ ભરવી.

૮. કલેજામાં આગ લાગવી = (૧) બહુ તરસ લાગવી. (૨) બહુ દુઃખ અથવા શોક થવો.

૯. કલેજામાં ડાલ રાખવું = અતિ ચાહવું.

૧૦. કલેજું ઊછળવું = (૧) ગભરાટ હોવો. (૨) ધડકવું. (૩) હૃદય પ્રફુલ્લિત હોવું.

૧૧. કલેજું ઊલટવું = વધારે પડતી ઊલટીથી થાકી જવું.

૧૨. કલેજું કંપવું = (૧) ઠંડી લાગવી. (૨) બીવું. (૩) હૃદય ધડકવું.

૧૩. કલેજું કાઢવું = (૧) કોઈની પ્રિય વસ્તુ લઈ લેવી. (૨) છેવટ સુધી લૂટી લેવું. (૩) જીવ કચવવો. (૪) ઝાડા થવા. (૫) મેલી વિદ્યાથી કોઈનું હૃદય ખાઈ જવું.

૧૪. કલેજું કાઢી દેવું = (૧) કોઈને માટે પોતાનો જીવ આપવો. (૨) પોતાની અત્યંત પ્યારી વસ્તુ દેવી.

૧૫. કલેજું કાપવું = (૧) અંતઃકરણમાં લાગણી થવી. (૨) હૃદય વીંધવું.

૧૬. કલેજું ચાળણી થવું = હૃદયમાં ભોંકાવું.

૧૭. કલેજું જલવું = (૧) અફસોસ થવો. (૨) ખેદ અથવા ઈર્ષાથી કાળજું બળવું.

૧૮. કલેજું ટાઢું કરવું = (૧) આનંદ કરવો; સંતોષ પામવો. (૨) તરસ છીપવી. (૩) તૃપ્ત થવું; ખુશી થવું.

૧૯. કલેજું ઠંડું કરવું = શાંતિ મેળવવી.

૨૦. કલેજું ઠંડું થવું = (૧) તદ્દન આરામ લેવો. (૨) તૃપ્તિ થવી. (૨) ધાર્યું થવું.

૨૧. કલેજું ઠંડું હોવું = સંતોષ થવો.

૨૨. કલેજું તર હોવું = (૧) તૃપ્તિ થવી. (૨) ધારેલું થવું. (૩) સુખી હોવું.

૨૩. કલેજું ધડકવું = ભયથી વ્યાકુળ હોવું; બીકથી જીવ કાંપવો.

૨૪. કલેજું પાકવું = ઊંડો જખમ લાગવો.

૨૫. કલેજું ફાટવું = (૧) અદેખાઈ આવવી. (૨) કોઈનું દુઃખ દેખી મનમાં અત્યંત કષ્ટ થવું. (૩) ઘેલા થવું. (૪) દયા આવવી. (૫) દિલ ફાટવું.

૨૬. કલેજું બળવું = બહુ શોક કરવો; દિલગીર થવું; પશ્ચાત્તાપ થવો.

૨૭. કલેજું બળીને ખાખ થવું = ઘણું જ માઠું લાગવું.

૨૮. કલેજું બેસી જવું = હૃદયનું ડૂબવું.

૨૯. કલેજું વીંધવું–સાલવું–કોઈનું હૃદય દુભવવું.

૩૦. કલેજું સળગવું = અત્યંત દુઃખ થવું.

૩. ન. વક્ષઃસ્થળ; છાતી.

૪. ન. સાહસ; હિંમત.

કલેટ ૧. પું. બે લાકડાના ભીડા.

૨. વિ. તોફાની.

કલેડી (કલેડ઼ી) ૧. સ્ત્રી. એકે વેતર ન વિયાઈ હોય એવી ગાય કે ભેંસ; જોટડી.

૨. સ્ત્રી. ઠીકરી; ઠીબ.

૩. સ્ત્રી. નાનું કલેડું; માટીની નાની તવી.

૪. ન. કચ્છમાં ઊગતી એક વનસ્પતિ.

કલેડું (કલેડ઼ું) ૧. [પ્રા. કાહલ્લી; દે. કાહિલ્લિયા] ન. માટીની ઠીબ.

૨. ન. માટીનું કપાલ; ઘડા અથવા માટલીનું નીચેનું પાસું.

૩. ન. માટીનો તવો.

૪. ન. રોટલા શેકવાની માટીની તાવડી.

૫. ન. વિયાઈ ન હોય તેવી ગાય કે ભેંસ; જોટડી.

કલેઢી જુઓ કલેડી.

કલેઢું ન. માટીના વાસણની ઠીબ. જુઓ કલેડું.

૧. કલેઢા વગર શું શ્રાદ્ધ રહેશે ? = અમુક વસ્તુ નહિ હોય તો અમુક કામ કદી અટકી પડે નહિ.

૨. કલેઢું ઊંધું વાળવું = હજામત વધી જવી.

૩. છેલછટાક ને હાથમાં છાણું, ઘરમાં જોઈએ તો કલેઢું કાણું = ઉપરથી સારૂં લાગતું હોય પણ વસ્તુતઃ માલ વગરનું હોય.

૪. સાસુ ભાંગે તે કલેઢાં અને વહુ ભાંગે તે ઠીકરાં = મોટું માણસ કરે તે સહુ સારૂં અને નાનું માણસ કરે તે બધું ખોટું.

કલેણું ૧. ન. જુવાન માણસનું મરણ.

૨. વિ. જુવાન માણસનું.

કલેપ પું. આર; કાંજી; ખેળ.

કલેપાસ [અં. કૅલિપર્સ] ન. ગોળ પદાર્થનો વ્યાસ માપવાનું એક સાધન; કમાનદાર પરકાર; કૅલિપર.

કલેફ પું. વાળને લગાવવાનો રંગ; સફેદ વાળ કાળા કરવાની એ નામની બનાવટ. લોઢાનો ભૂકો બે તોલા, કેરીની ગોઠલી પાંચ તોલા, હરડાં બે તોલા, આમળાં બે તોલા, બહેડાં એક તોલો, એ બધાંને એકઠાં કરી પાણીની અંદર ઘૂંટી એક રાત સુધી લોઢાના ઠામની અંદર રાખી મૂકવાથી કલેફ બને છે.

કલેબર જુઓ કલેવર.

કલેમ સ્ત્રી. કલમ; લેખણ.

કલેમા પું. શબ્દ.

કલેમાન પું. બ. વ. શબ્દો.

કલેમેશરીફ (કલેમેશરીફ઼) ૧. [અ.] ન. પ્રતિષ્ઠાવાળું વચન.

૨. ન. મુસલમાની ધર્મપુસ્તક; કુરાન.

કલેમો પું. શબ્દ.

કલેય ન. એક જાતનું ફૂલ.

કલેરી ૧. પું. સિંધમાં સિંધુના જમણા કાંઠાથી છૂટો પડી ઠઠ્ઠાથી પૂર્વમાં ત્રણ માઈલ ઉપર વહેતો પાણીનો એક મોટો પાટ. પશ્ચિમે વધતાં એ ધારાની ખાડીને નામે ઓળખાય છે અને તેનાં પાણી અરબી સમુદ્રને મળે છે.

૨. ન. આયર્લંડના મન્સ્ટર પરગણામાં સમુદ્રકાંઠા ઉપર આવેલું એ નામનું એક શહેર.

કલેલાં [સં. કલ્ (ફેંકવું)] ન. બ. વ. (વહાણવટું) ફૂટ દોઢ ફૂટ લાંબા માથા વગરના ખીલા.

કલેવર ૧. ન. કાળજું.

૨. ન. મુદ્દાની બાબત; સત્ત્વ.

૩. [સં. કલ (વીર્ય) + વર (શ્રેષ્ઠ)] ન. શરીર; દેહ; કાયા.

૪. ન. શબ; મૃતદેહ.

કલેવરક ન. છોડવાઓનું એક નાનું ઢાંકણ.

કલેવરવિધાન ન. સ્વરૂપનું ઘડતર; શરીરનું બંધારણ.

કલેવા ૧. પું. કોળિયો; ભક્ષ્ય.

૨. [સં. કલ્યાહાર] પું. થોડો હલકો નાસ્તો.

૩. પું. વાસી ખોરાક.

કલેશ ૧. પું. અવિદ્યા.

૨. [સં. ક્લેશ; પ્રા. કલેસ] પું. કજિયો; કંકાસ.

૩. પું. દુઃખ.

૪. પું. દ્વેષ.

કલેસ જુઓ કલેશ.

કલેસર ૧. પું. એક જાતનું કૂતરા જેવું શિકારી પ્રાણી.
૨. ન. એક જાતનું પક્ષી.

કલેસહાયા પું. કજિયાળો માણસ.

કલેસી વિ. દુ:ખી; રિબાતું.

કલેંઠ ૧. સ્ત્રી. કઠણ શેડવાળી ગાય.
૨. વિ. તોફાની; કજાકું; ધમપછાડા કરે તેવું; સરલતાથી દોહવા ન દેનારૂં.
૩. વિ. લુચ્ચું.

કલેંતું ન. બચ્ચાંને માથે બાંધવાની કસવાળી ટોપી.

કલેંદુ પું. કલારૂપી ચંદ્ર; બીજનો ચંદ્ર.

કલેંધુ ૧. વિ. એક કોરના ખૂણાવાળું.
૨. વિ. રસ્તાની બાજુનું.

કલૈ સ્ત્રી. ધોળી અને ઝટ ઓગળી જાય એવી એક હલકી ધાતુ; કલાઈ; કલઈ.

કલૈગર પું. વાસણને કલાઈ કરનારો; કલાઈગર.

કલૈગરો જુઓ કલૈગર.

કલૈઘડો (કલૈઘડ઼ો) પું. કલાઈના ઘાટ ઘડનારો માણસ.

કલૈયા સ્ત્રી. મલખમની રમતનો થાંભલાનો એક દાવ; ઊલટી. તેમાં ખેલાડીની પીઠ મલખમની તરફ કે સામે જોનારાંની તરફ રહે અને બંને પગને પાછળ ફેંકી તે મલખમ ઉપર ચડે ઊતરે.

કલૈયું ન. છાશ, દહીં વગેરેને માટે તાવડીના આકારનું કલૈનું વાસણ.

કલૈયો ૧. પું. કનૈયો.
૨. વિ. પું. સુંદર; સુશોભિત; રૂપાળો.

કલૈયો કુંવર પું. કનૈયા જેવો રૂપાળો પુત્ર.

કલૈ-સપેતો પું. કલાઈને બાળીને બનાવેલી ખાખ; ધારાં અને ચાંદાં ઉપર લગાડવાનું ધાતુનું ચૂર્ણ.

કલો ૧. પું. કજિયો; કંકાસ; કલહ.
૨. પું. બે જણની તકરાર; બોલાચાલી.

કલોઈ ન. ભાણેજડું.

કલોઉ પું. હળવો નાસ્તો.

કલોગું ૧. વિ. ખરાબ.
૨. વિ. નોધારૂં.
૩. વિ. લાગ વિનાનું; બંધબેસતું નહિ એવું.

કલોચડી (કલોચડ઼ી) સ્ત્રી. કરચલી.

કલોઝ ન. ફેફસું.

કલોટિયા ૧. સ્ત્રી. વોરાની એ નામની એક અટક.
૨. ન. એ અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કલોઠું ૧. ન. કરોઠું; રાડું; સાંઠો.
૨. ન. વરસોવરસ વ્રત પાળવાનો ધારો.

કલોઢી (કલોઢ઼ી) સ્ત્રી. નાની ગાય; બે ત્રણ વરસની વાછડી.

કલોડ્ય [સં.] ન. કમળકાકડી; પદ્મબીજ.

કલોથોચ્ચુરંડી પું. કરોળિયાની એક જાત. આ કરોળિયો એક પ્રકારનો તંબૂ બાંધી તેમાં રહે છે અને પોતાનાં બચ્ચાંને ઊછેરે છે. બહારથી તે તંબૂનું પડ મેલું રાખે પણ અંદર ધોળું અને સ્વચ્છ હોય છે. કોઈ પ્રાણી તેમાં પ્રવેશ કરી શકતું નથી.

કલોધો વિ. પું. મુશ્કેલ; અડચણ પડે એવો.

કલોપનતા [સં.] સ્ત્રી. (સંગીત) એકવીસ મૂર્છનામાંની એક; મધ્યમ ગ્રામની એક મૂર્છના. સાતે સ્વરના ક્રમસર આરોહ અવરોહને મૂર્છના કહે છે. આ મૂર્છના મધ્યસ્થાની કોમળ રિખભથી આરોહ કરી તારસ્થાનના રિખભ સુધી ચડે છે અને પછી આરોહ કરી મૂળ સ્વર ઉપર આવે છે.

કલોયું વિ. અયોગ્ય.

કલોર [હિં.] ન. વાછરડું.

કલોલ ૧. [સં. કલ્લોલ] પું. આનંદ; ઉમંગ; હર્ષ.
૨. પું. ક્રીડા; કેલિ.
૩. પું. તરંગ; મોજું.
૪. પું. નકામો વિચાર.
૫. પું. મોજાંનો અવાજ.
૬. પું. મોટો અવાજ.
૭. પું. મોટો વિચાર.
૮. પું. વનસ્પતિની એક જાત.
૯. સ્ત્રી. ઉપભોગ.
૧૦. ન. એ નામનું ગુજરાતનું ગામ.

કલોલક ૧. વિ. આનંદવાળું.
૨. વિ. સુંદર; રૂપાળું.

કલોલવું અ. ક્રિ. કલોલ કરવો.

કલોલા ૧. સ્ત્રી. કણબીની એ નામની એક અટક.
૨. ન. એ અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કલોલ્હ જુઓ કલોલ.

કલોવો પું. પરણવા જતા વરને કન્યાના બાપને ત્યાંથી પહેલવહેલી મોકલાતી મીઠાઈ; મંગલકવલ; કલવો.

કલોંજી સ્ત્રી. કાળીજીરી. તેનાં બી કાળાં, ઝીણાં અને કડવાં હોય છે. તાવ અને કૃમિ ઉપર તે આપવામાં આવે છે.

કલોંજી જીરૂં ૧. ન. કાળીજીરીની એક જાત. તેના ત્રિકોણાકાર અને એક કોરને છેડે અણીદાર દાણા ડુંગળીના બી જેવા કાળા, જીરા જેવી ખુશબોવાળા હોય છે. તે અન્નપચાઉ, કૃમિઘ્ન અને તાવમાં ઉપયોગી હોય છે. જ્યારે તેને હથેળીમાં ચોળવામાં આવે ત્યારે તેમાંથી લીંબુના જેવી ખુશબો નીકળે છે. તેની અંદર કંઈક ગાજરની ખુશબો મળેલી હોય તેમ જણાય છે. ઉત્તર હિંદુસ્તાનમાં એની ઉત્પત્તિ વિશેષ થાય છે. આ જીરૂં કડવું, તીખું, ઉષ્ણ, અગ્નિદીપક, વૃષ્ય, અજીર્ણનાશક અને ગર્ભાશયને શુદ્ધ કરનાર, તેમ જ આધ્માન, વાયુ, ગુલ્મ, રક્તપિત્ત, આમદોષ, કૃમિ, વાયુ તથા શૂળ મટાડનાર કહેવાય છે.
૨. ન. શંખજીરૂં; શાજીરૂં.

કલોંઠ ૧. વિ. કજિયાળું.
૨. વિ. દોહવા ન આપે એવું; અકોણું.
૩. વિ. વ્યવહારમાં ન સમજનારૂં.

કલોંઠું વિ. કસાયેલું.

કલૌ પું. કળિયુગ.

કલૌજી જુઓ કલોંજી.

કલૌજી જીરૂં જુઓ કલોંજી જીરૂં.

કલૌતા [હિં.] પું. એકનો એક ખોટનો દીકરો.

કલૌવો પું. કલવો; કલોવો.

કલૌંજી જુઓ કલોંજી.

કલૌંડા વિ. શરમાળ.

કલૌંસ ૧. સ્ત્રી. (ગણિત) अ, ब, क વગેરેને મળતી નિશાની.
૨. સ્ત્રી. કલંક; બટ્ટો.
કલૌંસના ટીકા = (૧) ડાઘ. (૨) દૂષણ; બટ્ટો.
૩. [હિં.] સ્ત્રી. કાળાશ.

કલ્ક ૧. [સં.] પું. એક સુગંધી પદાર્થ.
૨. પું. ઔષધનો ક્વાથ; કાઢો; ઉકાળો.
૩. પું. કાદવ; કીચડ; પંક.
૪. પું. કાનનો મેલ.
૫. પું. ગર્વ; અહંકાર.
૬. પું. ગુદા.
૭. પું. ઘી, તેલ વગેરેનો એક પ્રકારનો પાક સંસ્કાર.
૮. પું. ચટણી જેવો વાટેલો પદાર્થ.
૯. પું. ચૂર્ણ; ભૂકો.
૧૦. પું. છેતરપિંડી.
૧૧. પું. દંભ; આડંબર; ઢોંગ.
૧૨. પું. ધૂપ.
૧૩. પું. પાપ; પાતક.
૧૪. પું. બહેડાનું ઝાડ.

૧૫. પું. રેતીના પાંચ માંહેનો એક પ્રકાર.
૧૬. પું. લૂગદી; લોંદો.
૧૭. પું. વિષ્ટા; મળ.
૧૮. પું. શઠતા.
૧૯. પું. હાથીદાંત.
૨૦. ન. કીટું.
૨૧. વિ. પાપમય; પાપી; પાતકી.

કલ્કકુરુકા સ્ત્રી. દંભથી થતી છેતરપિંડી.

કલ્કગુરુક ન. માયા; કપટ.

કલ્કન ૧. [સં.] ન. અસત્ય.
૨. ન. છેતરપિંડી.
૩. ન. દંભ.
૪. ન. શઠતા.

કલ્કના ૧. [સં.] સ્ત્રી. પાપ.
૨. સ્ત્રી. માયા.

કલ્કફળ ન. અનાર; દાડમ.

કલ્કાસ્થિ [સં.] ન. (વૈદક) ખભાની ઢાલનું ત્રિકોણાકાર હાડકું. તે ખભાની પાછળ ઉપરના ભાગમાં આવેલું છે.

કલિક ૧. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે રોલાવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૪ ગુરુ, ૮૮ લઘુ, ૯૨ વર્ણ અને ૯૬ માત્રા હોય છે.

૨. પું. (પુરાણ) કલિને અંતે સંભલ ગામમાં રહેનારા વિષ્ણુયશા નામના બ્રાહ્મણને ત્યાં થનારો વિષ્ણુનો દશમો અવતાર. એ હાથમાં તલવાર લઈ, લીલે ઘોડે બેસી અધર્મીઓને મારી સંસારમાં સત્યયુગનો ધર્મ ચલાવશે એવી માન્યતા છે.

૩. પું. તીનાવેલીમાં તામ્રપર્ણી નદીના મુખ પાસે આવેલ ટયૂરિકોરિનનું પ્રાચીન ગામ. ટોલેમીએ એને સોસિકૌરાઈ કહ્યું છે. એ પૂર્વે પાંડ્ય રાજ્યની રાજધાની હતું.

૪. પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

૫. પું. (પિંગળ) સુપ્રતિષ્ઠા છંદની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ.

કલિકક [સં.] ન. માંસ.

કલિક જયંતિ સ્ત્રી. શ્રાવણ સુદિ છઠનો દિવસ. પ્રથમ યુગમાં થયેલા અને ભવિષ્યમાં થનારા કલ્કિ અવતારની આ જયંતિ છે.

કલિક પુરાણ [સં.] ન. એ નામનું એક ઉપપુરાણ. તેમાં કલ્કિ મહારાજ કલિયુગના અંતમાં અવતાર લઈ દુષ્ટોનો કેમ સંહાર કરશે તેનું વર્ણન છે.

કલ્કી ૧. [સં. કલ્કિન્] પું. વિષ્ણુનો દશમો કે છેલ્લો અવતાર. જુઓ કલ્કિ ૨.

૨. વિ. ગંદું; મેલું.
૩. વિ. દુષ્ટ; પાપી.

કલ્કી અવતાર [સં.] પું. (પુરાણ) કલિયુગને અંતે વિષ્ણુ ભગવાનનો થનારો અવતાર. એ અવતાર અશ્વારુઢ થઈ ધૂમકેતુ જેવી પ્રકાશિત તરવાર ધારણ કરશે. પાપીઓ અને અધર્મીઓનો સંહાર કરી સદ્ધર્મની પુનઃ સ્થાપના કરશે. આ અવતાર સંભવ નામના ગામમાં વિષ્ણુયશા નામના બ્રાહ્મણના પવિત્ર ઘરમાં મહા વીર્યવાન, મહા બુદ્ધિમાન અને મહા પરાક્રમી એવા બ્રાહ્મણને રૂપે થશે. એ મનમાં વિચાર કરશે એટલે સર્વ વાહનો, આયુધો, યોદ્ધા, શસ્ત્રો અને બખ્તર એની પાસે આવી પહોંચશે અને એ ધર્મ પ્રમાણે વિજય કરી ચક્રવર્તી રાજા થશે. વળી તે લોકોને યોગ્ય વ્યવસ્થામાં મૂકશે અને ક્ષુદ્ર મનુષ્યને નાશ પમાડશે. દિવ્યમાન એ ભૌમમાન કરતાં ૩૬૦ ગણું મોટું છે, તેથી ૧૨૦૦ દિવ્ય વર્ષ એટલે ૧૨૦૦ × ૩૬૦ = ૪૩૨૦૦૦ ભૌમ એટલે પૃથ્વીનાં વર્ષોનો કલિયુગ થાય છે. હાલમાં કલિયુગમાં શાલિવાહનનો શક ૧૮૬૬ પૂરો થયો છે, તે ૧૮૦૦૦માંથી બાદ કરતાં આ શકનાં બાકીનાં વર્ષો ૧૬૧૩૪ રહે છે. ત્યારપછી ૧૦૦૦૦ વર્ષે વિજયાભિનંદન નામનો શક થશે. ત્યારબાદ ૪૦૦૦૦૦ વર્ષ નાગાર્જુન શકનાં મળી હાલના શાલિવાહન શક ૧૮૬૬ના ચૈત્ર સુદિ ૧ થી ૪૨૬૧૩૪ પૃથ્વીનાં વર્ષો પૂરાં થયા બાદ કલ્કીનો અવતાર થવાનું કહેવાય છે.

કલ્ગઢ સ્ત્રી. કુહાડી.

કલ્ગા ૧. [હિં.] પું. એક ફૂલનું નામ.
૨. પું. કૂકડાનો તોરો.
૩. પું. જટાધારી બાવો.
૪. પું. રાજાની કલગી.

કલ્ગી સ્ત્રી. ઘરેણું.

કલ્ઘી ૧. [તુ.] સ્ત્રી. એક જાતનું ગીત.
૨. સ્ત્રી. કૂકડાનો તોરો.
૩. સ્ત્રી. પાઘડીમાં ખોસાતું એક જાતનું આભૂષણ; તોરો.
૪. સ્ત્રી. ઘુંમટના મથાળા ઉપરનો કળશ.

કલ્ચરિયાં ન. બ. વ. એક જાતનાં મોતી; 'કલ્ચર્ડ પર્લ્ઝ'.

કલ્ચા ૧. [ફા.] પું. તંબૂના થાંભલા ઉપર ઉપલા છેડાની નજીક રાખવામાં આવતો લાકડાનો ગોળ કટકો.
૨. પું. નાનો રોટલો.
૩. પું. મીઠાઈ.

કલ્તબાન ૧. [અ.] પું. આંખ આડા કાન કરતો ભડવો.

૨. પું. લુચ્ચો માણસ.
૩. પું. સંતોષી માણસ.

કલ્તબાની [અ.] સ્ત્રી. ભડવાની રીતભાત.

કલ્પ ૧. [સં.] પું. અધિવાસ; સ્થાન.
૨. પું. અભિપ્રાય.
૩. પું. અમલ; શાસન; સત્તા.
૪. પું. અવાજ; શબ્દ; ધ્વનિ.
૫. પું. આચાર; રીતભાત.
૬. પું. (પુરાણ) ઉત્તાનપાદ રાજાના પુત્ર ધ્રુવને ભ્રમી નામની ભાર્યાને પેટે થયેલા બે પુત્રોમાંનો મોટો દીકરો.
૭. પું. એક પ્રકારનું નૃત્ય.
૮. પું. ઔષધોની ખાસ બનાવટ. જેમકે, કલ્પસ્થાન, ગંધકકલ્પ, અભ્રકકલ્પ.
૯. પું. કંકાસ.
૧૦. પું. ગુફા; ગુહા.
૧૧. પું. ચિકિત્સા.
૧૨. પું. (જૈન) છની સંજ્ઞા.
૧૩. પું. જગતના આયુષ્યનો કાળ; જગતની ઉત્પત્તિથી માંડીને તેનો નાશ થાય ત્યાં સુધીનો વખત; સો યુગ; બ્રહ્માનો એક દિવસ; કૃત, ત્રેતા, દ્વાપર અને કલિ એમ ચાર યુગની એક ચોકડી એવી ૯૯૪ ચોકડી જેટલો કાળ; ૪,૩૨૦,૦૦૦,૦૦૦ વર્ષોનો સમય. બ્રહ્માના એક દિવસમાં સ્વર્ગમાં ચૌદ ઇંદ્ર અને પૃથ્વી ઉપર ચૌદ મનુ વીતે છે. બ્રહ્મદેવે બ્રહ્માંડની રચના કેવળ પોતાના કલ્પનાબળથી જ કરેલી હોવાથી તેના દિવસને સંકલ્પ અથવા કલ્પના ઉપરથી કલ્પ કહે છે. કલ્પ બે જાતના છે: (૧) બ્રાહ્મકલ્પ અને (૨) પાદ્મકલ્પ. કલ્પ એકંદર ત્રીશ છે: શ્વેત, નીલ લોહિત, વામદેવ, રથંતર, રૌરવ, દેવ, બૃહત્, કંદર્પ, પદ્મ, ઈશાન, તમ, સારસ્વત, ઉદાન, ગરુડ, કૌર્મ, નારસિંહ, સમાન, આગ્નેય, સોમ, માનવ, તત્પુરુષ, વૈકુંઠ, લક્ષ્મી, સાવિત્રી, ઘોર, વારાહ (હાલમાં ચાલુ છે), વૈરાજ, ગૌરી, માહેશ્વર અને પિતૃકલ્પ. એક કલ્પમાં ૧૦૦૦ મહાયુગ વીતી જાય છે.
૧૪. પું. તર્ક; વાદ.
૧૫. પું. તુરંગ.
૧૬. પું. (પુરાણ) તેર સિંહિકામાંની એક.
૧૭. પું. દરખાસ્ત.
૧૮. પું. દંભ.
૧૯. પું. દેવલોક.
૨૦. પું. ધર્મના કાર્યનો વિધિ; નિયમ; વિધાન.
૨૧. પું. નિશ્ચય; ઠરાવ.
૨૨. પું. ન્યાય; ન્યાયશાસ્ત્ર.
૨૩. પું. પછેડી.
૨૪. પું. બ્રહ્માની રાત્રિરૂપી પ્રલય.

૨૫. પું. પ્રાતઃકાળ.
૨૬. પું. (જૈન) બારમા દેવલોક નિવાસી દેવ.
૨૭. પું. (જૈન) બારમો દેવલોક.
૨૮. પું. મનોરથ.
૨૯. પું. મંત્રના અર્થના સામર્થ્યનો પ્રકાશ કરનાર.
૩૦. પું. યજ્ઞયાગાદિક ક્રિયાના નિયમોનું પ્રતિપાદન કરતું ૭ વેદાંગમાંનું એક અંગ; યજ્ઞમાં વપરાતાં પાત્રો બનાવવાના પ્રકારનું પ્રતિપાદન કરનારૂં શાસ્ત્ર. જેમકે, કાત્યાયનસૂત્ર, આશ્વલાયનસૂત્ર, આપસ્તંબસૂત્ર.
૩૧. પું. યોગ; રૂઢિ; યોગક્રિયાનો ઉપદેશ.
૩૨. પું. લાયકાત.
૩૩. પું. વડીઓ; વડ.
૩૪. પું. વાદ.
૩૫. પું. વિકલ્પ.
૩૬. પું. વિધિ જણાવનાર શાસ્ત્ર.
૩૭. પું. વિભાગ; પ્રકરણ.
૩૮. પું. વિષોપચાર અને વિષઘ્ન ઔષધોનું વિવેચન.
૩૯. પું. વિસ્તાર.
૪૦. પું. વેશ.
૪૧. પું. શક; વહેમ.
૪૨. પું. શિવ.
૪૩. પું. સંકલ્પ.
૪૪. પું. સિદ્ધાંત.
૪૫. પું. સૂચન.
૪૬. પું. સ્વર્ગનું વૃક્ષ; કલ્પતરુ.
૪૭. પું. હરકોઈ આચારગ્રંથ.
૪૮. સ્ત્રી. સૃષ્ટિ.
૪૯. ન. એક જાતનો માદક દારૂ.
૫૦. ન. કપટ.
૫૧. ન. નીરોગીપણું.
૫૨. ન. વર્ણન.
૫૩. ન. સોળ પ્રકારનાં દાનમાંનું એક.
૫૪. વિ. નિશ્ચિત; નક્કી કરેલ.
૫૫. વિ. મજબૂત; જોરાવર.
૫૬. વિ. યોગ્ય; ઉચિત.
૫૭. વિ. શક્ય.
૫૮. વિ. સમર્થ; સશક્ત.
૫૯. વિ. સરખું; બરાબર.
૬૦. અ. નામ અને વિશેષણને જરા ઓછાપણું દેખાડવા માટે લગાડાતો પ્રત્યય; શબ્દને અંતે 'જેવું' અર્થમાં વપરાતો પ્રત્યય. જેમકે, દ્વિપકલ્પ.

કલ્પક ૧. [સં.] પું. આચાર; વિધિ.
૨. પું. કચૂરો; વનસ્પતિની એક જાત.
૩. પું. બુદ્ધિશાળી પુરુષ.
૪. પું. રીત; રિવાજ.
૫. પું. સ્રષ્ટા.
૬. પું. હજામ; વાળંદ.
૭. વિ. આરોપ કરનાર.
૮. વિ. ઉત્પન્ન કરવાની શક્તિવાળું; ઉત્પાદક; રચનાર.
૯. વિ. કલ્પના કરનાર; અનુમાન બાંધનાર.
૧૦. વિ. કસબી; શોધક બુદ્ધિનું; યોજક.
૧૧. વિ. વિધિ કરનાર.

કલ્પકતા ૧. [સં.] સ્ત્રી. કલ્પનાશક્તિ; તર્કબુદ્ધિ.
૨. સ્ત્રી. કલ્પવૃક્ષ.
૩. સ્ત્રી. સર્જકતા; સર્જનશક્તિ.
૪. ન. કલ્પવું તે.

કલ્પકાન્તા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ શર્કરી છંદનો એક ભેદ છે. તેમાં ર, ત, ત, ત, બે ગુરુ એમ ૧૪ વર્ણ હોય છે.

કલ્પકાર ૧. [સં.] પું. કલ્પસૂત્ર વગેરે આચારગ્રંથ લખનાર પુરુષ.
૨. પું. હજામ.
૩. વિ. વેશ વગેરે કરનાર.

કલ્પકારક જુઓ કલ્પકાર.

કલ્પક્ષય [સં.] પું. પ્રલય; સૃષ્ટિનો ક્ષય.

કલ્પગ્રંથ [સં.] પું. વેદ મંત્રોનો કેવી રીતે ઉપયોગ કરવો તે જણાવનાર ગ્રંથ.

કલ્પચારિ પું. (પિંગળ) અષ્ટિની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કલ્પધારિ. તેમાં સોળ અક્ષર હોય છે. તેના દરેક ચરણમાં રગણ, રગણ, રગણ, જગણ, રગણ અને લઘુ એમ સોળ અક્ષર હોય છે.

કલ્પતરુ ૧. પું. ઉદાર માણસ.
૨. પું. એ નામનો એક ગ્રંથ.
૩. પું. (પિંગળ) એક સમજાતિ માત્રામેળ છંદ. આ સવૈયા છંદનો એક ભેદ છે.
૪. ન. કલ્પવું તે.
૫. [સં.] ન. કલ્પવૃક્ષ; જોઈએ તે આપનારૂં એક કાલ્પનિક દેવવૃક્ષ. સમુદ્રમંથનમાંથી પ્રાપ્ત થયેલ ચૌદ રત્નોમાંનું આ એક રત્ન મનાય છે.
૬. ન. જેમાંથી મનોવાંછિત મળે તેવી કોઈ પણ બાબત.
૭. ન. ઝાઝાં ફળવાળું ઝાડ.
૮. ન. ઘણું મળે તેવો ધંધો.

કલ્પતરુવર [સં.] પું. કલ્પવૃક્ષ.

કલ્પદ્રુ જુઓ કલ્પવૃક્ષ.

કલ્પદ્રુમ જુઓ કલ્પતરુ.

કલ્પધર ન. (જૈન) સંવત્સરી આડા પાંચ દિવસ હોય તે ધર. અમાસનો દિવસ કલ્પધરનો કહેવાય છે, એટલે અમાસથી સુદ ત્રીજ સુધી કલ્પસૂત્ર સાંભળવામાં આવે છે.

કલ્પધારિ પું (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કલ્પચારિ. તે અષ્ટિ છંદનો એક ભેદ છે. તેમાં રગણ, રગણ, રગણ, જગણ, રગણ, લઘુ એમ સોળ વર્ણ હોય છે.

કલ્પન ૧. [સં.] ન. અનુમાન; અનુમિતિ.
૨. ન. (વેદાંત) અર્થાપત્તિ.
૩. ન. આરોપ.
૪. ન. કલ્પિત કથા; જોડી કાઢેલી વાર્તા.
૫. ન. કાપવું તે.
૬. ન. કામ કરવું તે.
૭. ન. નિશ્ચય.
૮. ન. બનાવટી લખાણ કે સહી.
૯. ન. રક્ષણ.
૧૦. ન. રચના.
૧૧. ન. શિલ્પ વગેરે ક્રિયા.

કલ્પના ૧. [સં.] સ્ત્રી. અનુમાન; અનુમિતિ; અટકળ; ધારણા. વેદાંત પરિભાષામાં તેની વ્યાખ્યા એમ છે કેઃ જે પદાર્થ વિદ્યમાન નથી, અથવા જે પદાર્થ બીજી કોઈ જગ્યાએ હોય છતાં જોનારની સન્મુખ નથી તે પદાર્થનો જે બીજી જગ્યાએ પ્રતિભાસરૂપ વ્યાપાર તે કલ્પના.
૨. સ્ત્રી. આકાશગંગા.
૩. સ્ત્રી. ઉપાય.
૪. સ્ત્રી. કરવું તે; ક્રિયા.
૫. સ્ત્રી. ખોટી સહી.
૬. સ્ત્રી. દિલગીરી; અફસોસ.
૭. સ્ત્રી. નવું ચિંતવી કે ઉપજાવી કાઢવાની શક્તિ.
૮. સ્ત્રી. નિબંધ; લખાણ.
૯. સ્ત્રી. નિયમ.
૧૦. સ્ત્રી. નિશ્ચય; ઠરાવ.
૧૧. સ્ત્રી. પક્ષ.
૧૨. સ્ત્રી. પ્રતિજ્ઞા.

કલ્પના કરવી = (૧) ધારવું. (૨) પ્રતિજ્ઞા લેવી.

૧૩. સ્ત્રી. બખ્તર, શસ્ત્રાસ્ત્ર વગેરે સજવાં તે.
૧૪. સ્ત્રી. બનાવટ; રચના; વિધાન.
૧૫. સ્ત્રી. બંધબેસતું કરવું તે; ગોઠવવું તે.
૧૬. સ્ત્રી. બુદ્ધિ; તર્ક; તરંગ; બુટ્ટો.

કલ્પનાના ઘોડા દોડાવવા = પોતાની મરજી પ્રમાણે વિચાર કરવો.

૧૭. સ્ત્રી. ભ્રાન્તિ; શક.
૧૮. સ્ત્રી. મનમાં ધારેલ મૂર્તિ.
૧૯. સ્ત્રી. મનોબળ.
૨૦. સ્ત્રી. મનોભાવના.

૨૧. સ્ત્રી. મીમાંસા અને વેદાંતમતે અર્થાપત્તિરૂપ પ્રમાણ.

૨૨. સ્ત્રી. યુક્તિ; કળા.

૨૩. સ્ત્રી. વલખાં; તીવ્ર ઇચ્છા.

કલ્પના કાપવી = આશા પૂર્ણ કરવી.

૨૪. સ્ત્રી. વાદ.

૨૫. સ્ત્રી. શોધખોળ.

૨૬. સ્ત્રી. સંકેત.

૨૭. સ્ત્રી. સંભવ; સંભાવના.

૨૮. સ્ત્રી. સિદ્ધાંત.

૨૯. સ્ત્રી. હાથીને શણગારવો તે; હાથી તૈયાર કરવો તે.

કલ્પનાગમ્ય [સં.] વિ. કલ્પના પહોંચી શકે એવું; વિચાર થઈ શકે એવું.

કલ્પનાગોચર [સં.] વિ. જેને વિષે વિચાર થઈ શકે એવું; સમજણમાં આવે તેવું.

કલ્પનાગૌરવ [સં.] ન. (વેદાંત) કાર્ય કરવામાં સમર્થકારણની અલ્પતાની કલ્પના હોવાપણું. જેમ કન્યાનો એક વર સમર્થ સિદ્ધ થયા છતાં પણ અનેક વરની કલ્પના એ કલ્પનાગૌરવ છે.

કલ્પનાચક્ષુ [સં.] ન. કલ્પનારૂપી આંખ.

કલ્પનાચિત્ર [સં.] ન. કલ્પના વડે ખડું કરેલું ચિત્ર.

કલ્પનાજનિત [સં.] વિ. કલ્પનાથી ઉત્પન્ન થયેલું; વિચારથી ખડું કરેલ.

કલ્પનાતરંગ [સં.] ન. કલ્પનાનું મોજું.

કલ્પનાતીત [સં.] વિ. કલ્પનામાં ન આવી શકે તેવું.

કલ્પનાત્મક [સં.] વિ. કલ્પના સંબંધી.

કલ્પનાત્મકવીરકથા [સં.] સ્ત્રી. અદ્ભુતકૃતિ; ગાથા; કલ્પનામાં ઘડેલ અદ્ભુત વાર્તા.

કલ્પનાપ્રધાન [સં.] વિ. વિચાર જેમાં પ્રધાન હોય તેવું.

કલ્પનાપ્રભાવ [સં.] પું. પ્રતિભાશક્તિ; વિચારોનું સામર્થ્ય.

કલ્પનાબલ [સં.] ન. નવી બનાવટ કરવાનું સામર્થ્ય; કલ્પનાનું જોર; કલ્પનાનું બળ.

કલ્પનાબળ જુઓ કલ્પનાબલ.

કલ્પનાબાજ વિ. કલ્પના કરવામાં પ્રવીણ.

કલ્પનાબીજ [સં.] ન. વિચારનું ઉદ્ભવસ્થાન.

કલ્પનાભાસ [સં.] પું. હયાતીમાં ન હોય તે છે એવો દેખાવ.

કલ્પનાભૂત [સં.] વિ. કલ્પનાથી બનાવેલ; કાલ્પનિક.

કલ્પનામય [સં.] વિ. કલ્પનાથી ભરેલું.

કલ્પનામૂલક [સં.] વિ. જેની પાછળ કલ્પનાનો આશ્રય હોય તેવું.

કલ્પનાર પું. કલ્પના કરનાર.

કલ્પનાલક્ષી [સં.] વિ. કલ્પના સંબંધી.

કલ્પનાલાઘવ [સં.] ન. કાર્યના ઉત્પન્ન કરવા વિષે સમર્થ વસ્તુની કલ્પના. સર્વ જગતના કર્તારૂપે કલ્પેલો ઇશ્વર એક માનીએ તે કલ્પનાલાધવ કહેવાય છે.

કલ્પનાલાલિત્ય [સં.] ન. તરંગવૃત્તિ; કલ્પનાના તરંગ.

કલ્પનાલીલા [સં.] સ્ત્રી. મનના ઉઠાવેલ તરંગ.

કલ્પનાવાદ [સં.] પું. કળા એટલે કુદરતનું અનુકરણ નહિ પણ કલ્પનાબળે નવું સર્જન એ પ્રકારનો મત; કળા એ અનુભવ ઉપરથી કરેલી કલ્પના છે એવો વાદ.

કલ્પનાવાદી [સં.] વિ. કલ્પનાવાદમાં માનનાર.

કલ્પનાવિહાર [સં.] પું. કલ્પનામાં મશગૂલ રહેવાપણું.

કલ્પનાવિહારી [સં.] વિ. કલ્પનામાં વિહાર કરનારો.

કલ્પનાશક્તિ ૧. [સં.] સ્ત્રી. અપ્રત્યક્ષ વસ્તુ કલ્પનાથી જોવાની કે તે વિષે વિચાર કરવાની શક્તિ; તર્કશક્તિ.

૨. સ્ત્રી. નવું ચિંતવી કે ઉપજાવી કાઢવાની શક્તિ.

કલ્પનાશીલ [સં.] વિ. કલ્પના કરવાના સ્વભાવવાળું.

કલ્પનાશીલતા [સં.] સ્ત્રી. કલ્પના કરવાની શક્તિ.

કલ્પનાસરણિ સ્ત્રી. વિચારોની પરંપરા.

કલ્પનાસામર્થ્ય [સં.] ન. કલ્પના કરવાનું બળ; તર્કશક્તિ.

કલ્પનાસૃષ્ટ [સં.] વિ. કલ્પનામાં ઉત્પન્ન થયેલ.

કલ્પનાસૃષ્ટિ [સં.] સ્ત્રી. તર્કથી ઉત્પન્ન કરેલી બાબત; મનોરાજ્ય.

કલ્પની ૧. [સં.] સ્ત્રી. કાતર.

૨. સ્ત્રી. છરી.

કલ્પનીક વિ. (જૈન) ખપે એવું.

કલ્પનીય ૧. [સં.] વિ. અનુમાનને યોગ્ય; કલ્પના કરવા જેવું; કલ્પી શકાય એવું.

૨. વિ. (જૈન) ખપે એવું; કામ આવે એવું.

૩. વિ. બનાવવા જેવું.

૪. વિ. શક્ય; સંભવિત; બની શકે એવું.

કલ્પનોત્થ [સં.] વિ. કલ્પના જગાડે એવું.

કલ્પપતિ [સં.] પું. કલ્પવાસી દેવતાઓનો અધિપતિ; ઇંદ્ર.

કલ્પપાદપ ૧. [સં.] પું. કલ્પવૃક્ષ.

૨. પું. મહાદાન તરીકે આપવાનું સોનાનું વૃક્ષાકાર કોઈ દ્રવ્ય.

કલ્પપાદપદાન [સં.] ન. કલ્પવૃક્ષનું દાન; એક મહાદાન, જેમાં સોનાનું ઝાડ, ફૂલ વગેરે બનાવી દાન દેવામાં આવે છે.

કલ્પપાલ [સં.] વિ. દારૂ વેચનાર.

કલ્પબ્રિછ [સં. કલ્પવૃક્ષ] ન. સુરતરુ; સ્વર્ગનું એક કલ્પિત ઝાડ. તે ઇચ્છિત વસ્તુ આપે એમ મનાય છે.

કલ્પભવ [સં.] પું. (જૈન) એક પ્રકારના દેવગણ.

કલ્પમીલિતા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે શર્કરી છંદનો એક ભેદ છે. તેમાં ૪ રગણ, ૧ લઘુ અને ૧ ગુરુ એમ ૧૪ વર્ણ હોય છે.

કલ્પસુખી પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; લીલા છંદ. તે ઉષ્ણિક છંદનો એક ભેદ છે. તેમાં ૧ ભગણ, ૧ તગણ અને ૧ ગુરુ એમ ૭ વર્ણ હોય છે.

કલ્પરુકખ [પ્રા.] ન. કલ્પવૃક્ષ; વાંછિત ફળ આપનારૂં ઝાડ.

કલ્પલતા ૧. [સં.] સ્ત્રી. ઇચ્છેલ પૂરૂં પાડનારી સ્વર્ગની એક લતા; દેવતાઈ વેલ.

૨. સ્ત્રી. મહાદાન તરીકે આપવાનું સોનાનું એક દ્રવ્ય.

કલ્પલતાદાન [સં.] ન. એ નામનું એક મહાદાન. જુઓ કલ્પલતા ૨.

કલ્પલતાપતાકિની પું. (પિંગળ) અતિધૃતિ છંદની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેમાં મગણ, નગણ, નગણ, સગણ, સગણ, જગણ અને એક ગુરુ એમ ૧૯ વર્ણ હોય છે.

કલ્પલતિકા જુઓ કલ્પલતા.

કલ્પવર્ષ [સં.] પું. ઉગ્રસેનનો નાનો ભાઈ અને દેવકનો પુત્ર એ નામનો એક યાદવ.

કલ્પવાસ [સં.] પું. આખો માહ માસ ગંગા કિનારે સંયમ સાથે રહેવું તે.

કલ્પવિટપ [સં.] સ્ત્રી. કલ્પવૃક્ષ.

કલ્પવિદ્યા સ્ત્રી. અઢાર વિદ્યા માંહેની એક. જુઓ વિદ્યા.

કલ્પવું ૧. [સં. કલ્પ્] સ. ક્રિ. અનુમાન કરવું; અટકળ બાંધવી; ધારવું.

૨. સ. ક્રિ. ખપવું; કામમાં આવવું.

૩. સ. ક્રિ. તરંગ ઉઠાવવો; કલ્પના કરવી.

૪. સ. ક્રિ. નવી રચના ઊભી કરવી.

૫. સ. ક્રિ. યુક્તિ કરવી.

૬. સ. ક્રિ. યોગ્ય હોવું; સમર્થ હોવું.

કલ્પવૃક્ષ ૧. [સં.] ન. આખી દુનિયામાં સૌથી મોટામાં મોટું મનાતું જાડા થડવાળું એક ઝાડ. તેનું આયુષ્ય ૧૦૦ થી ૫૦૦૦૦ વર્ષનું અટકળવામાં આવે છે. તેની છાલમાંથી રેસા નીકળે છે. તેનાં દોરડાં બનાવવામાં આવે છે.

૨. ન. એક જાતનું ઝાડ. તેનાં પાન શીમળાના પાન જેવાં હોય છે. તેને વેંતભર લંબાઈનાં દૂધી જેવાં ફળ થાય છે. તેની બહારની છાલ કઠણ હોય છે. અંદર ખાટા લોટના ગોળા હોય છે. આંબલીને બદલે તેનો ઉપયોગ થાય છે.

૩. ન. દેવતરુ; કલ્પતરુ; કલ્પદ્રુમ; સુરતરુ. તે સમુદ્રમંથન વખતે નીકળ્યું હતું અને ચૌદ રત્નોમાંનું એક માનવામાં આવે છે. તેનો નાશ કલ્પાંત સુધી થતો નથી. પારિભદ્ર, મંદાર, પારિજાતક, સંતાન અને હરિચંદન એ પાંચ કલ્પવૃક્ષો મનાય છે. તેની નીચે બેસનાર જેનો સંકલ્પ કરે તે વસ્તુ તેને મળે એમ મનાય છે.

૪. ન. ફળ ઘણાં હોય એવું ઝાડ.

૫. ન. બહેડાનું ઝાડ.

૬. ન. મનોવાંછિત જેમાંથી મળે તેવી કોઈ પણ વસ્તુ, માણસ વગેરે.

૭. ન. લાભ જેમાંથી ઘણો મળે તેવો ધંધો.

કલ્પવૃક્ષગુણબંધ પું. (કાવ્ય) ગુણબંધ કાવ્યનો એક ભેદ.

કલ્પવૃત્તિ [સં.] સ્ત્રી. કલ્પનાશક્તિ.

કલ્પવેલડી (કલ્પવેલડ઼ી) સ્ત્રી. ઇચ્છેલ વસ્તુ પૂરૂં પાડનારી સ્વર્ગની એક લતા. જુઓ કલ્પલતા.

કલ્પવ્યવહાર પું. (જૈન) કાલિક શ્રુતજ્ઞાનનો એક પ્રકાર.

કલ્પશાખી [સં.] ન. કલ્પવૃક્ષ.

કલ્પસૂત્ર ૧. [સં.] ન. વૈદિક કર્મોના વિધિઓનું શાસ્ત્ર; યજ્ઞની ક્રિયા કેમ કરવી તેના નિયમો આપેલા હોય એવો ગ્રંથ; કર્મકાંડને લગતા નિયમોનું શાસ્ત્ર. સૂત્રોના ત્રણ પ્રકાર છે: શ્રૌતસૂત્ર, ગૃહ્યસૂત્ર અને ધર્મસૂત્ર. શ્રૌતસૂત્રોમાં શ્રૌતયજ્ઞની વિધિઓ કેમ કરવી તે આવે છે. ગૃહ્યસૂત્રોમાં ગૃહ્યાગ્નિ ચેતવ્યા પહેલાં પુરોહિતની સહાય વગર કરી શકાતાં કર્મોની વિધિ કહેવામાં આવી છે. ધર્મસૂત્રો વેદનાં અંગો માનવામાં આવે છે. તેથી ચાર વેદ પ્રમાણે તેની જુદી જુદી શાખા હોય છે: જેમકે, ૧. ઋગ્વેદનાં–આશ્વલાયન અને સાંખ્યાયન. ૨. સામવેદનાં–મટક, લાટચાયન અને દ્રાહ્યાયણ. ૩. કૃષ્ણયજુર્વેદનાં–માનવ, બૌધાયન, ભારદ્વાજ, આપસ્તમ્બ અને હિરણ્યકેશિન્ અથવા સત્યાષાઢ. ૪. શુકલ યજુર્વેદનું–કાત્યાયન. ૫. અથર્વવેદનાં–કૌશિક અને વૈતાન.

૨. ન. (જૈન) સાધુઓના આચાર વર્ણવતું ધર્મપુસ્તક. તે પાંચ છે: ૧. ઉત્તરાધ્યયન સૂત્ર, ૨. નિશિથ સૂત્ર, ૩. કલ્પ સૂત્ર, ૪. વ્યવહાર સૂત્ર, ૫. જિતકલ્પ સૂત્ર.

કલ્પસ્ત્રી સ્ત્રી. દેવની સ્ત્રી; દેવી.

કલ્પસ્થ પું. બાળક.

કલ્પસ્થિકા સ્ત્રી. તરુણ સ્ત્રી.

કલ્પહિંસા [સં.] સ્ત્રી. (જૈન) રાંધવા, ખાંડવા વગેરેમાં થતી હિંસા.

કલ્પા [સં.] સ્ત્રી. એક જાતનો દારૂ.

કલ્પાકર ન. છોકરૂં.

કલ્પાઝાડ ન. (કલ્પાઝ઼ાડ) કલ્પતરુ. જુઓ કલ્પવૃક્ષ.

કલ્પાતીત ૧. પું. (જૈન) ઊર્ધ્વલોકના બે ભાગ માંહેનો એ નામનો એક. જ્યાં ઈંદ્રાદિકની કલ્પના નથી તે ભાગને કલ્પાતીત કહે છે. જ્યાં ઈંદ્રાદિકની કલ્પના હોય છે તે ભાગને કલ્પ કહે છે.

૨. પું. નવ ગ્રૈવેયકથી માંડી પાંચ અનુત્તર વિમાન સુધીના દેવતા; વિમાનિક દેવોનો એક પ્રકાર. આ દેવો કલ્પ–સ્વર્ગ–બહાર હોવાથી તેઓ કલ્પાતીત કહેવાય છે.

૩. વિ. જેનો અંત કલ્પમાં પણ ન થાય એવું; નિત્ય.

૪. વિ. બાર દેવલોકથી ઉપરના દેવલોકનું.

૫. [સં.] વિ. (જૈન) સર્વ પ્રકારની મર્યાદા જતી રહી હોય એવું. જ્યાં પરસ્પર સ્વામીસેવકભાવ જતો રહ્યો છે, જ્યાં પરસ્પર નાનામોટાપણાની મર્યાદા હોતી નથી, જેઓને જિનેશ્વરોના કલ્યાણિકાદિ પ્રસંગોમાં આવવાની મર્યાદા સાચવવાની નથી તે કલ્પાતીત કહેવાય.

કલ્પાદિ ૧. [સં.] પું. શિવ.

૨. સ્ત્રી. કલ્પની શરૂઆત.

૩. ન. ચૈત્ર માસમાં કરવામાં આવતી એક ધાર્મિક ક્રિયા.

કલ્પાદિકાલ [સં.] પું. કલ્પનો આદિ સમય.

કલ્પાદિતિથિ [સં.] સ્ત્રી. બ્રહ્માના દિવસની પહેલી તિથિ; કલ્પની શરૂઆતનો દિવસ.

કલ્પાય પું. (જૈન) કર; રાજને આપવાનો ભાગ.

કલ્પારંભ [સં.] પું. બ્રહ્માના દિવસની શરૂઆત.

કલ્પાવતંસક ન. તે નામનું વિમાન.

કલ્પાવતંસિકા સ્ત્રી. (જૈન) કાલિક શ્રુતજ્ઞાનનો એક પ્રકાર. જુઓ કાલિકશ્રુતજ્ઞાન.

કલ્પાવવું ૧. સ. ક્રિ. અમુક બાબતનો ચોક્કસ નિશ્ચય કરાવવો; નક્કી કરાવવું.

૨. સ. ક્રિ. ઉત્સર્ગ કરાવવો; સરાવવું; કોઈના મરણ પાછળ સંકલ્પ કરીને કંઈ વસ્તુ આપવી તે.

૩. સ. ક્રિ. કાળજું બાળવું; કળકળાવવું.

૪. સ. ક્રિ. દુ:ખી કરવું; શોક કરાવવો; રોવરાવવું; અંતર દાઝે એમ કરવું.

કલ્પાવું ૧. અ. ક્રિ. કલ્પનાથી બનવું.

૨. [સં. કલૃપ્ (મેળવવું)] અ. ક્રિ. મળવું; સંપાદિત થવું.

કલ્પાહારી પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. અષ્ટિ છંદનો તે એક ભેદ છે. તેમાં ૪ નગણ, ૧ મગણ અને ૧ ગુરુ એમ ૧૬ વર્ણ હોય છે.

કલ્પાંત ૧. [સં.] પું. કલ્પનો અંતકાળ; જગતનો પ્રલયકાળ; મહાપ્રલયનો સમય. વિવસ્વાન્–સૂર્યથી ઉત્પન્ન થયેલા મનુમનુષ્યાદિ પ્રાણી–સમૂહનો કાલ તે વૈવસ્વત મન્વંતર. ચાર યુગનો એક મહાયુગ, એકોતેર મહાયુગનો એક મન્વંતર અને ચૌદ મન્વંતરનો એક કલ્પ થાય છે. કલ્પાંત થાય ત્યારપછી ચાલતો ક્રમ ગયેલ કલ્પના જેવો હોય. કલ્પાંતમાં સાત લોક પર્યંત પ્રલય થાય એમ મનાય છે.

૨. ન. અત્યંત રોવું કકળવું તે; કકળાટ.

૩. ન. ક્ષય.

૪. ન. રડારોળ.

કલ્પાંતકારી ૧. [સં. કલ્પાંતકારિન્] વિ. કકળાટ ઉત્પન્ન કરે એવું.

૨. વિ. ભયંકર.

કલ્પાંતકાળ પું. બ્રહ્માના દિવસનો અંત સમય; કલ્પનો છેડો; મહાપ્રલયનો કાળ.

કલ્પાંતસ્થાયી [સં. કલ્પાંતસ્થાયિન્] વિ. પ્રલયકાળ સુધી રહેનાર.

કલ્પાંતાવધિકાર્યે [સં.] પું. વિષ્ણુનું એક નામ.

કલ્પાંતાવધિકાર્યેકૃત [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

કલ્પિકા સ્ત્રી. (જૈન) કાલિક શ્રુતજ્ઞાનનો એક પ્રકાર.

કલ્પિત ૧. [સં.] પું. લડાઈ માટે શણગારાયેલો હાથી.

૨. ન. કલ્પેલી વસ્તુ; કલ્પના; યુક્તિ.

૩. વિ. આરોપાયેલ.

૪. વિ. કલ્પેલું; કૃત્રિમ; બનાવટી; નકલી.

૫. વિ. છેદેલું; કટકા કરેલું; કાપેલું.

૬. વિ. જણાયેલ.

૭. વિ. જોડી કાઢેલું; મનમાં ધારેલું; ખોટું.

૮. વિ. રચેલું; સ્થપાયેલું.

૯. વિ. વ્યવસ્થિત.

૧૦. વિ. (જૈન) સાધુને લેવા જેવું.

કલ્પિતકથા [સં.] સ્ત્રી. જોડી કાઢેલ વાર્તા; દંતકથા; પુરાણકથા.

કલ્પિતગ્રંથ [સં.] પું. જોડી કાઢેલ વાર્તાસંગ્રહ.

કલ્પિતભૂભાગ [સં.] ન. પૃથ્વીનો અજાણ્યો પ્રદેશ.

કલ્પિતયુગ પું. જોડી કાઢેલી વાર્તાનો જમાનો.

કલ્પિતરાશિ [સં.] પું. ગણિતમાં ધારેલી સંખ્યા.

કલ્પિતાકલ્પિત ન. (જૈન) એ નામનું ઉત્કાલિક સૂત્ર.

કલ્પિતાર્થ ૧. [સં.] પું. અનુમાનાશ્રય; સિદ્ધાંતાશ્રય.

૨. પું. તર્ક; વાદ; અટકળ.

૩. પું. પક્ષ; પ્રતિજ્ઞા.

૪. પું. સંભાવના; ઉપન્યાસ.

૫. ન. (ગણિત) જે બાબતો આપવામાં આવી હોય અને જેના ઉપરથી બીજી બાબતો સિદ્ધ કરવાની હોય અથવા રચવાની હોય તે બાબતો.

કલ્પિતોપમા [સં.] સ્ત્રી. (કાવ્ય) એક પ્રકારનો ઉપમા અલંકાર; અમૃતોપમા. જ્યાં કોઈ ઉપમેયની ઉપમા માટે ઉપમાનની પ્રાપ્તિ કવિને ન હોય ત્યાં ઉપમેયના યોગ્ય ઉપમાનની કલ્પના કરીને ઉપમા આપવામાં આવે તે કલ્પિતોપમા.

કલ્પી ૧. [સં. કલ્પિન્] પું. હજામ.

૨. વિ. કલ્પના કરનાર.

૩. વિ. રચનાર.

૪. વિ. વેશ કરનાર.

કલ્પેલું વિ. કલ્પિત.

કલ્પોપપન્ન ૧. પું. (જૈન) વૈમાનિક દેવોનો એક પ્રકાર. બાર દેવલોકમાં રહેનારા દેવ કલ્પોપપન્ન દેવ કહેવાય છે. દિગંબરી જૈન બારને બદલે સોળ દેવલોક માને છે.

૨. [સં.] વિ. (જૈન) જેમાં ઇંદ્રાદિકની કલ્પના હોય એવું.

કલ્ય ૧. [સં.] પું. ભાગ.

૨. ન. આરોગ્ય.

૩. ન. ધ્વનિ; અવાજ.

૪. ન. સંખ્યા.

૫. વિ. આચરવા યોગ્ય; કરવા જેવું.

૬. વિ. કલ્પના કરવા યોગ્ય.

૭. વિ. કલ્પી શકાય એવું; કલ્પનામાં આવે એવું.

૮. વિ. રચવા લાયક.

કલ્બ ૧. પું. આત્મા.

૨. [અ.] પું. કાળજું.

૩. પું. કૂતરો.

૪. પું. ગર; માવો.

૫. પું. દિલ; હૃદય.

૬. પું. લશ્કરનો મધ્યભાગ.

૭. વિ. ઊંધું કરેલું.

કલ્બ કરવું = ઊંધું વાળવું.

૮. વિ. બગાડેલું.

કલ્બલાવવું સ. ક્રિ. મચાવવું; ખળભળાવવું.

કલ્બસાઝ પું. ખોટા સિક્કા પાડનાર માણસ.

કલ્બસાઝી ન. ખોટા સિક્કા પાડવાનું કામ.

કલ્બા [અ.] પું. હળ.

કલ્બારાની [અ.] ન. હળ હાંકવું તે.

કલ્બી ૧. વિ. ખોટા સિક્કાવાળું.

૨. અ. હૃદયપૂર્વક; ખરા ભાવથી.

કલ્મ ૧. [સં.] પું. અભિપ્રાય.

૨. પું. આચાર.

૩. પું. ધર્મકર્મનો વિધિ.

૪. પું. સંકલ્પ; વિચાર.

૫. પું. હકૂમત.

૬. અ. જેવું અર્થમાં વપરાતો પ્રત્યય.

કલ્મબી [હિં.] સ્ત્રી. એક જાતનું શાક; કોબીચ.

કલ્મષ ૧. [સં.] પું. એ નામનો એક માસ.

૨. પું. કોણીની નીચેનો હાથ; હાથનો છેડો.

૩. ન. અપરાધ; દોષ; ગુન્હો.

૪. ન. કાળપ; કાળાશ; મેલ.

૫. ન. કાળી ટીલી; લાંછન.

૬. ન. દુઃખ; પીડા.

૭. ન. નરક.

૮. ન. પાપ; પાતક.

૯. વિ. કાદવવાળું; ગંદું; મેલું.

૧૦. વિ. ખરાબ; પાપી; દુષ્ટ.

કલ્મષકારી [સં.] વિ. પાપી; દુષ્ટ.

કલ્મષતા [સં.] સ્ત્રી. મલિનતા.

કલ્મા ૧. [અ.] પું. કુરાનનું મૂળ સૂત્ર.

૧. કલ્મા પઢવવા = મુસલમાન બનાવવું.

૨. કલ્મા પઢવા = (૧) કુરાનનાં સૂત્ર બોલવાં. (૨) કોઈનું ઉપરીપણું કબૂલ રાખવું.

૩. કલ્મા યે કુફ્ર = ઈશ્વરની નિંદા.

કલ્માક ૧. સ્ત્રી. તાતાર લોકોની એક જાત.

૨. ન. એક જાતનું માણસ.

૩. વિ. એ નામની એક જાતનું.

કલ્માગો ૧. પું. ચુસ્ત મુસલમાન.

૨. પું. શુભેચ્છક.

કલ્માન પું. દાઢી અને મૂછનો ઉપલો ભાગ.

કલ્માષ ૧. [સં.] પું. એક જાતનો અગ્નિ.

૨. પું. (પુરાણ) એક જાતનો સર્પ.

૩. પું. કાળો રંગ.

૪. પું. રાક્ષસ.

૫. પું. સુગંધી ડાંગરની એક જાત.

૬. ન. કલંક; ડાઘ.

૭. ન. વિષ; ઝેર.

૮. વિ. કાળા અને ધોળા રંગના મિશ્રણવાળું; કાબરચીતરું.

૯. વિ. કાળું.

કલ્માષકંઠ [સં.] પું. મહાદેવ; શિવ.

કલ્માષગ્રીવ [સં.] પું. શંકર.

કલ્માષપાદ [સં.] પું. ઇક્ષ્વાકુ વંશમાં હરિશ્ચંદ્રથી ૨૦મા સૂર્યવંશી સુદાસ રાજાનો પુત્ર; વીર્યસહ; મિત્રસહ; સૌદાસ. એક વખત એ રાજાએ મૃગયા કરવા જતાં બે રાક્ષસ જોયા. તેમાંના એકને તેણે માર્યો. બીજો નાસી ગયો. નાસી ગયેલ રાક્ષસે વેર લેવા તેને ત્યાં અતિથિ તરીકે પધારેલ વસિષ્ઠ ઋષિના ભોજનમાં નરમાંસ ભેળવી દીધું. વસિષ્ઠને આ વાતની ખબર પડતાં તેણે રાજાને શાપ આપ્યો કે તું રાક્ષસ થઈશ અને બાર વરસ પછી પાછો રાજા થઈશ. રાજા પણ વસિષ્ઠને શાપ આપવા તૈયાર થયો, પણ તેની સ્ત્રી મધ્યંતીએ તેને વાર્યો. તેથી તેણે મંત્રેલું પાણી પોતાના જ પગ ઉપર નાખ્યું. તેથી તેનો પગ કાળો થઈ ગયો અને એનું નામ કલ્માષપાદ પડ્યું. રાજા જ્યારે રાક્ષસયોનિમાં હતો ત્યારે વિશ્વામિત્રે એના શરીરમાં કિંકર નામના રાક્ષસને પ્રવેશાવી એને હાથે વસિષ્ઠના શક્તિ આદિ સો પુત્રોને મરાવ્યા. તેમ જ એક બ્રાહ્મણનું જોડું અયોધ્યા જતું હતું, તેમાંના બ્રાહ્મણને આ રાક્ષસે માર્યો. તેથી બ્રાહ્મણની સ્ત્રીએ શાપ આપ્યો કે તું મધ્યંતીનો સમાગમ કરીશ કે તત્કાળ મરણ પામીશ.

કલ્માષા સ્ત્રી. (પુરાણ) ભારતવર્ષની એક નદીનું નામ.

કલ્માષી ૧. [સં.] સ્ત્રી. કાબરચીતરી સ્ત્રી.

૨. સ્ત્રી. જમદગ્નિની ગાય.

૩. સ્ત્રી. યમુના નદી.

૪. વિ. ચિત્રવિચિત્ર રંગનું.

કલ્મી સ્ત્રી. એક જાતની કંદમૂળ વનસ્પતિ.

કલ્મુંહી [હિં.] વિ. કલંકિત; કાળા મોઢાવાળું.

કલ્મેશરીફ [અ.] ન. ઇસ્લામીઓનું ધર્મપુસ્તક; કુરાન.

કલ્મો પું. કુરાનનું સૂત્ર.

કલ્ય ૧. [સં.] સ્ત્રી. આવતી કાલ.

૨. સ્ત્રી. ગઈ કાલ.

૩. સ્ત્રી. દારૂ.

૪. સ્ત્રી. પરોઢિયું; પ્રભાત; પ્રાતઃકાલ.

૫. સ્ત્રી. મધ.

૬. સ્ત્રી. સારા ખબર.

૭. વિ. ઉદ્યોગી; ખંતીલું.

૮. વિ. કાલું; બોબડું.

૯. વિ. ચતુર; હોશિયાર.

૧૦. વિ. નીરોગી.

૧૧. વિ. પઢાવેલું; શીખવેલું.

૧૨. વિ. બહેરૂં.

૧૩. વિ. મૂંગું.

૧૪. વિ. શિખામણ આપનાર.

૧૫. વિ. સજ્જ; તૈયાર.

૧૬. વિ. સમર્થ; શક્તિવાળું.

૧૭. વિ. સુખી.

કલ્યતા [સં.] સ્ત્રી. આરોગ્ય.

કલ્યત્વ જુઓ કલ્યતા.

કલ્યપાલ [સં.] પું. દારૂ વેચનાર; કલાલ.

કલ્યપાલક જુઓ કલ્યપાલ.

કલ્યવર્ત ૧. [સં.] ન. નજીવી વસ્તુ.

૨. ન. સવારનું ખાણું; નાસ્તો.

કલ્યા ૧. [અ.] પું. ઉકાળેલું માંસ.

૨. [સં.] સ્ત્રી. અભિનંદન.

૩. સ્ત્રી. દારૂ.

૪. સ્ત્રી. નીરોગી સ્ત્રી.

૫. સ્ત્રી. શુભ વાણી.

૬. સ્ત્રી. હરડે; હરડાં.

૭. સ્ત્રી. (ભીલી) હાથે પહેરવાની રૂપાની કલ્લી.

કલ્યાકલ્ય [સં.] અ. પ્રતિદિન; હમેશા.

કલ્યાણ ૧. પું. એ નામનો પથ્થર.

૨. પું. (સંગીત) એક સંપૂર્ણ જાતિનો રાગ. તે મેઘરાગના આઠ માંહેનો એક પુત્ર મનાય છે. તેમાં ખરજ શુદ્ધ, રિખભ તીવ્ર, ગંધાર તીવ્ર, મધ્યમ તીવ્ર, પંચમ શુદ્ધ, ધૈવત તીવ્ર, નિષાદ તીવ્ર એમ સાતે સ્વર આવે છે. આ કલ્યાણને શુદ્ધ કલ્યાણ સમજવો. તેનો વાદી સ્વર ગંધાર છે. તે વીર, અદ્ભુત, શાંત અને સાત્ત્વિક શૃંગાર રસ ઉત્પન્ન કરે છે. આ રાગ ગાવાનો વખત સંધ્યાકાળથી માંડીને રાત્રિના પહેલા પહોર સુધીનો છે. આ રાગની બાર જાત છે: (૧) શુદ્ધ કલ્યાણ, (૨) યમન કલ્યાણ, (૩) ભૂપાલી કલ્યાણ, (૪) હમીર કલ્યાણ, (૫) શ્યામ કલ્યાણ, (૬) પૂરિયા કલ્યાણ, (૭) સપિરી કલ્યાણ, (૮) કામોદ કલ્યાણ, (૯) નટ કલ્યાણ, (૧૦) હેમ કલ્યાણ, (૧૧) ક્ષેમ કલ્યાણ અને (૧૨) જયંત કલ્યાણ. આદિ તાલથી પણ કલ્યાણ રાગ ગાઈ શકાય છે. તેમાંથી ચંદ્રકાંત, માલખી, હિંડોળ, કેદાર, છાયાનટ, ગૌડસારંગ એ રાગ ઉત્પન્ન થયા છે.

૩. પું. કઠોળનો એક છોડ.

૪. પું. નાગપિંગળ માંહેનો એક વર્ણમેળ છંદ.

૫. પું. રામદાસ સ્વામીનો એ નામનો શિષ્ય. મોરોપંત કવિએ તેને ભરતના અવતાર તરીકે વર્ણવેલ છે.

૬. પું. સૌરાષ્ટ્રમાં થયેલ એક કવિનું નામ.

૭. સ્ત્રી. ગાય.

૮. સ્ત્રી. વાછડી.

૯. ન. આનંદ.

૧૦. ન. આબાદી; ચડતી; સમૃદ્ધિ.

કલ્યાણ થવું = (૧) આબાદ થવું. (૨) નાશ થવો.

૧૧. ન. ઉત્સવ.

૧૨. ન. એક જાતનું ત્રિશાળ ઘર. તે ઘરના મુખ આગળ પાંચ અલિંદ હોય છે. તે ઘરની જમણી અને ડાબી તરફ એક એક અલિંદ હોય. તે બે અલિંદની જમણી તરફ વળી એક અલિંદ વધારી બે અલિંદ કરવામાં આવે તો તે ઘર કલ્યાણ ઘર કહેવાય છે.

૧૩. ન. એક જાતનું પ્રાયશ્ચિત્ત.

૧૪. ન. એક પ્રકારનું ઘી.

૧૫. ન. ગુણ; સદ્ગુણ.

૧૬. ન. (જૈન) તીર્થંકરનાં છ કલ્યાણિકમાંનું કોઈ એક.

૧૭. ન. દયા.

૧૮. ન. દાન.

૧૯. ન. નિર્વાણ; મોક્ષ.

૨૦. ન. પુણ્ય; શુભકર્મ.

૨૧. ન. પૂરૂં કરવું તે; સમાપ્તિ.

૨૨. ન. મુંબઈથી રેલવે રસ્તે ૩૪ માઈલ ઉપર આવેલું એક શહેર.

૨૩. ન. રાળનું ઝાડ.

૨૪. ન. શ્રેય; હિત; ભલું.

૨૫. ન. સચ્ચ.

૨૬. ન. સારૂં; શુભ; મંગળ.

૧. કલ્યાણ ઇચ્છવું-ચાહવું = ભલું કરવાની ખ્વાહિશ રાખવી.

૨. કલ્યાણ કરવું = (૧) ઉદ્ધાર કરવો; તારવું. (૨) ભલું કરવું.

૨૭. ન. સુખ.

૨૮. ન. સુંદરતા.

૨૯. ન. સોનું; હેમ.

૩૦. વિ. સારૂં; શુભ.

૩૧. વિ. સુખી; ભાગ્યશાળી.

૩૨. વિ. સુંદર; મનોહર.

૩૩. વિ. હિતકારક.

કલ્યાણક ૧. પું. (જૈન) તપવિશેષ; વખત વીત્યા પછી પડિલેહણ થાય તેનું પ્રાયશ્ચિત્ત.

૨. ન. (જૈન) તીર્થંકરના જીવનને લગતા મુખ્ય પ્રસંગના સમય. તે પાંચ મનાય છે: ચ્યવન, જન્મ, દીક્ષા, કૈવલ્ય અને નિર્વાણ.

૩. વિ. આબાદ.

૪. વિ. કલ્યાણ કરનારૂં.

૫. વિ. પવિત્ર.

કલ્યાણકગુડ (કલ્યાણકગુડ઼) પું. વૈદ્યક વિધિથી ઔષધરૂપ કરેલો ગોળ; સંગ્રહણી માટે ગોળવાળી ગોળીઓ. તેની બનાવટ: આંબળાનો રસ પ્રસ્થ ૩ અને ગોળ શેર ૫ એ બંને સાથે પકવવા. જરા ઘાટું થાય એટલે પીપરીમૂળ, જીરૂં, ચવક, સૂંઠ, મરી, પીપર, ગજપીપર, પલાંચી, અજમોદ, વાવડિંગ, સિંધાલૂણ, હરડેદલ, બેડાંની છાલ, આંબળાં, અજમા, કાળીપાટ, ચિત્રક અને ધાણા એ બધાં એકેક પળ, અને ત્રિસુગંધ (તજ, તમાલપત્ર અને એલચી) એક પળ એટલી ચીજો નાખી પકાવવું. નસોતરનું ચૂર્ણ આઠ પલ, તેને આઠ પલ તેલમાં શેકીને તેમાં નાંખવું. તેની માત્રા તોલો ૧ છે.

કલ્યાણકઘૃત [સં.] ન. ઔષધરૂપ તૈયાર કરેલું ઘી. તે ઉન્માદ તથા વિષચિકિત્સામાં વપરાય છે. તેની બનાવટ: વાવડિંગ, ત્રિફળાં, દંતીમૂળ, મોથ, દેવદાર, રેણુકબીજ, તાલીસપત્ર, મજીઠ, નાગકેસર, કમળ, પદ્મકાષ્ઠ, દાડિમસાર, જાઈનાં ફૂલ, હળદર, દારુહળદર, કાળી તથા સફેદ કપૂરીમધુરી, શાલિપર્ણી, પૃશ્નિપર્ણી, ધઉલા, તગર, ઉપલેટ, સુખડ, ઇન્દ્રામણાંનાં મૂળ દરેક બબ્બે તોલા અને બધા ચૂર્ણથી ચારગણું ઘી અને ઘીથી ચારગણું પાણી નાખીને ઘીની રીતે પકવવું.

કલ્યાણકતિથિ સ્ત્રી. (જૈન) ચૈત્ર સુદ ૫. શ્રી અજિતનાથ, શ્રીસંભવનાથ અને શ્રીઅનંતનાથ તે દિવસે મોક્ષ પામેલા છે.

કલ્યાણકર [સં.] વિ. કલ્યાણ કરે એવું; હિતકારક.

કલ્યાણકર્તા ૧. [સં. કલ્યાણકર્તૃ] પું. કલ્યાણ કરનાર પુરુષ.

૨. પું. પરમેશ્વર.

૩. વિ. કલ્યાણ કરે એવું; સારૂં કરનાર.

૪. વિ. તારણ કરનાર; ઉદ્ધાર કરનાર.

કલ્યાણકલવણ [સં.] ન. વૈદ્યકવિધિથી ઔષધ રૂપ કરેલું મીઠું.

કલ્યાણકવાદી [સં. કલ્યાણકવાદિન્] વિ. હિતેચ્છુ.

કલ્યાણકામ વિ. જેને પોતાના આત્માનું કલ્યાણ કરવાની ઇચ્છા હોય એવું.

કલ્યાણકામોદ [સં.] પું. (સંગીત) સંપૂર્ણ જાતિનો એક સંકર રાગ. તે રાતના પહેલા પહોરે ગવાય છે.

કલ્યાણકારિણી ૧. [સં.] સ્ત્રી. કલ્યાણ કરનારી સ્ત્રી.

૨. વિ.સ્ત્રી. કલ્યાણ કરનારી.

કલ્યાણકારી ૧. [સં. કલ્યાણકારિન્] પું. કલ્યાણ કરનાર પુરુષ.

૨. વિ. ઉદ્ધાર કરનાર; તારણ કરે એવું; મોક્ષ અપાવે તેવું.

૩. વિ. કલ્યાણ કરે એવું; મંગળકારી.

૪. વિ. હિતકારી; સુખાવહ.

કલ્યાણકાવલેહ [સં.] પું. (વૈદ્યક) એક પ્રકારનું દવા તરીકે તૈયાર કરેલ ચાટણ. તે પાંડુરોગ, સંગ્રહણી, ઉદરરોગ વગેરે ઉપર અપાય છે.

કલ્યાણકૃત ૧. [સં. કલ્યાણકૃત] વિ. બીજાનું ભલું કરનાર.

૨. વિ. શાસ્ત્ર પ્રમાણે કામ કરનાર.

કલ્યાણગુણનામ [સં.] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

કલ્યાણગ્રામ [સં.] ન. લોકો માટે શુભ કાર્યો થતાં હોય તેવું અને જ્યાં સમસ્ત પ્રજાનું હિત થતું હોય તેવું ગામડું. સરસ્વતીચંદ્રમાં સાક્ષર ગોવર્ધનરામભાઈ એ આનું સુંદર દૃષ્ટાંત આપ્યું છે.

કલ્યાણચર્યા [સં.] સ્ત્રી. જનતાનું શ્રેય કરવા માટે થતું પર્યટન.

કલ્યાણચિંતન [સં.] ન. કલ્યાણ કરવાનો વિચાર.

કલ્યાણચૂર્ણ [સં.] ન. સૂંઠ, મરી, લીંડીપીપર, ચવક, ચિત્રક, ત્રિફળાં, બીડલોણ, સિંધવ, વાવડિંગ, કરંજ, અજમો, ધાણા અને જીરાનું ચૂર્ણ. આ ચૂર્ણ વાત, કફ, અપસ્માર, ઉન્માદ, હરસ, સંગ્રહણી અને અગ્નિમાંદ્યને મટાડે એમ મનાય છે.

કલ્યાણજનક [સં.] વિ. કલ્યાણ કરનાર. જુઓ કલ્યાણકારી.

કલ્યાણજી પું. શ્રીકૃષ્ણનું એક નામ.

કલ્યાણથાટ પું. (સંગીત) પું. બત્રીસ થાટો માંહેનો એક. તેમાં સાતે સ્વર આવે છે. મધ્યમ તીવ્ર છે. આ થાટમાં માત્ર મધ્યમ વિકૃત થાટ હોવાથી તે શંકરાભરણ પછી અનુક્રમે આવી શકે છે. શંકરાભરણ શુદ્ધ સ્વરોનો થાટ હોવાથી તેને પ્રથમ ગણ્યો છે. આ થાટમાં આવતા રાગો: હિંદોલ, માલશ્રી, ભૂપાલી, ભૂપકલ્યાણ, યમન કલ્યાણ, યમની બિલાવલ, ગૌડસ્મરંગ, શ્યામ કલ્યાણ, હમીર કલ્યાણ, કેદાર, કામોદ (કામ્બોધી), જલધર કેદાર અને બિહાગ.

કલ્યાણનટ [સં.] પું. (સંગીત) સંપૂર્ણ જાતિનો એક સંકર રાગ. તે કલ્યાણ અને નટના સંયોગથી બને છે.

કલ્યાણનિષ્ઠ [સં.] વિ. કલ્યાણ કરવાની વૃત્તિવાળું.

કલ્યાણપરિણામી વિ. જેનું પરિણામ કલ્યાણકારક હોય એવું.

કલ્યાણપંથ પું. કલ્યાણનો માર્ગ.

કલ્યાણપુર ન. નિઝામના રાજ્યમાં બિડરથી પશ્ચિમે ૩૬ માઈલ ઉપર આવેલ કલ્યાણ અગર કલ્યાણીનું પ્રાચીન નામ. એ કુંતલ દેશની રાજધાની હતું.

કલ્યાણપુરિયા સ્ત્રી. (સંગીત) એ નામની એક રાગિણી. તે દિનની પુરિયા રાગની ચાર જાતિ માંહેની એક મનાય છે. તે સંધ્યા પછી ગવાય છે.

કલ્યાણપ્રકૃતિ [સં.] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

કલ્યાણપ્રદ [સં.] વિ. કલ્યાણ કરનારૂં.

કલ્યાણફલ [સં.] ન. સારૂં ફળ.

કલ્યાણબીજ [સં.] ન. એક જાતનું કઠોળ; મસૂર.

કલ્યાણબુદ્ધિ સ્ત્રી. ભલું કરવાની ઇચ્છા.

કલ્યાણમય [સં.] વિ. હિતકારક.

કલ્યાણમયી ૧. [સં.] સ્ત્રી. કલ્યાણ કરે તેવી સ્ત્રી.

૨. વિ. સ્ત્રી. કલ્યાણથી ભરપૂર હોય એવી.

કલ્યાણમલ્લ પું. લાડખાનના દરબારમાં રહેતો તેનો એક મહાકવિ રાજર્ષિ. તેણે લાડખાનના કોડ પૂરવા ખાતર વિલાસી લોકોને પ્રિય થઈ પડે તેવો અનંગરંગ નામનો ગ્રંથ રચ્યો છે.

કલ્યાણમસ્તુ [સં.] અ. કલ્યાણ થાઓ; સારૂં થાઓ.

કલ્યાણમંત્ર પું. કલ્યાણકારી ધ્વનિ.

કલ્યાણમૂર્તિ ૧. [સં.] સ્ત્રી. કલ્યાણની મૂર્તિ.

૨. વિ. હિત કરનારૂં.

કલ્યાણમૂર્ત્તિ જુઓ કલ્યાણમૂર્તિ.

કલ્યાણમેઘ [સં.] પું. કલ્યાણનો વરસાદ.

કલ્યાણયાત્રા [સં.] સ્ત્રી. હિતકારક મુસાફરી.

કલ્યાણયોગ [સં.] પું. (જ્યોતિષ) એ નામનો એક યોગ.

કલ્યાણરાય [સં.] પું. વિષ્ણુ ભગવાનનું એક નામ.

કલ્યાણલેહ પું. વાત, હેડકી અને શ્વાસ માટે વપરાતું એક ચાટણ. તેની બનાવટ: હળદર, ઘોડાવજ, પીપર, ઉપલેટ, સૂંઠ, જીરૂં, અજમોદ, જેઠીમધ, અને સિંધાલૂણ એ બધું સમાન ભાગે લઈ તેનું વસ્ત્રગાળ ચૂર્ણ કરવું. તે ઘીમાં મેળવીને ચટાય છે.

કલ્યાણવચન [સં.] ન. આશિષ; ભલી ઇચ્છા.

કલ્યાણવત [સં. કલ્યાણવત્] વિ. કલ્યાણવાળું.

કલ્યાણવાચન [સં.] ન. સ્વસ્તિવાચન.

કલ્યાણવિધાત્રી [સં.] સ્ત્રી. ધર્મપત્ની.

કલ્યાણવેષ પું. કલ્યાણકારી દેખાવ.

કલ્યાણશ્યામ પું. (સંગીત) શ્યામ રાગની બાર જાતિ પૈકીની એક.

કલ્યાણસંપત્તિ [સં.] સ્ત્રી. ઘણું શુભ; અતિશય મંગળ.

કલ્યાણસાધના [સં.] સ્ત્રી. આત્માનું શ્રેય કરવાનો પ્રયાસ.

કલ્યાણસુંદરાભ્ર [સં.] પું. (વૈદ્યક) રાજયક્ષ્મા માટે રસની એક બનાવટ. એક પળ અભ્રક ભસ્મ લઈ તેને આંબળાં, મોથ, ઊભીભોરિંગણીનાં મૂળ, શતાવરી, શેરડી, બીલી, અરણી, વાળો, અરડૂસી, બેઠીભોરિંગણીનાં મૂળ, અરડૂસો, પાડલ, બળદાણાનાં મૂળ, એ બધાંના ક્વાથ કે રસની એકેકી ભાવના દઈ ઘૂંટીને રતી રતીની ગોળીઓ કરવી.

કલ્યાણાભિલાષી [સં. કલ્યાણાભિલાષિન્] વિ. શુભેચ્છક.

કલ્યાણિકા ૧. [સં.] સ્ત્રી. મનઃશિલ; એક ખનિજ ધાતુ.

૨. સ્ત્રી. લાલ સોમલ.

કલ્યાણિની ૧. [સં.] સ્ત્રી. એક જાતની ઔષધિ; બલા ઔષધિ.

૨. સ્ત્રી. ધર નામના વસુની સ્ત્રી.
૩. વિ. સ્ત્રી. કલ્યાણ કરનારી.
૪. વિ. સ્ત્રી. ભાગ્યવાન; ભાગ્યશાળી.
૫. વિ. સ્ત્રી. માંગલિક; શુભ.

કલ્યાણી ૧. [સં.] સ્ત્રી. એ નામની ગંધર્વોની નગરી.
૨. સ્ત્રી. એક જાતની વનસ્પતિ.
૩. સ્ત્રી. કલ્યાણ કરનારી દેવી; મંગળમૂર્તિ.
૧. બાઈ કલ્યાણી = (૧) 'બાઈનું કલ્યાણ થજો' એમ રાડો પાડીને ભીખ માગતો માણસ. (૨) ભીખ. (૩) સ્ત્રીવશ; સ્ત્રી જેમ કહે તેમ કરનાર; નબળો; બાયલો. (૪) હલકાઈ.
૨. બાઈ કલ્યાણી કરવું = (૧) આજીજી કરવી. (૨) ભીખ માગવી.
૩. બાઈ કલ્યાણીપણું = હલકાઈ.
૪. સ્ત્રી. ગાય.
૫. સ્ત્રી. ઘેરઘેર ભટકનારી સ્ત્રી.
૬. સ્ત્રી. ચાર વર્ષની કન્યા. બે વર્ષની કન્યા કુમારિકા, ત્રણ વર્ષની ત્રિમૂર્તિની, ચાર વર્ષની કલ્યાણી, પાંચ વર્ષની રોહિણી, છ વર્ષની કાલી, સાત વર્ષની ચંડિકા, આઠ વર્ષની શાંભવી, નવ વર્ષની દુર્ગા અને દશ વર્ષની સુભદ્રા નામથી ઓળખાય છે.
૭. સ્ત્રી. ચોખાની એક જાત.
૮. સ્ત્રી. જંગલી અડદ.
૯. સ્ત્રી. પ્રયાગતીર્થની એક પ્રસિદ્ધ દેવી.
૧૦. સ્ત્રી. રાળ.
૧૧. સ્ત્રી. સૌભાગ્યવતી સ્ત્રી; સોહાગણ સ્ત્રી.
૧૨. વિ. કલ્યાણકારી; કલ્યાણવાળું; સુખી.

કલ્યાણેચ્છુક વિ. કલ્યાણ ઇચ્છનાર.

કલ્યાણેશ્વરી [સં.] સ્ત્રી. એ નામની એક દેવી.

કલ્યાનસ પું. એ નામનો કીમતી પથ્થર.

કલ્યાપાલ [સં.] પું. દારૂ વેચનાર; માણસ.

કલ્યાપાલક જુઓ કલ્યાપાલ.

કલ્યુષ [સં.] ન. મણિબંધ.

કલ્લ્ ૧. [સં.] અ. ક્રિ. શાંત રહેવું.
૨. અ. ક્રિ. સ્પષ્ટ અવાજ કરવો.

કલ્લ ૧. ન. આરોગ્ય.
૨. [સં. કલ્લિ] ન. આવતી કાલ.
૩. ન. પ્રાતઃકાળ; પ્રભાત.
૪. ન. શુભ કર્મ.
૫. વિ. બહેરૂં.

કલ્લઈ સ્ત્રી. એક જાતની ધાતુ.

કલ્લઢ [હિં.] વિ. ઉજ્જડ; ફળદ્રુપ નહિ એવું.

કલ્લતા ૧. [સં.] સ્ત્રી. બહેરાપણું.
૨. સ્ત્રી. વાયુરોગના એંશી માંહેનો એક પ્રકાર.
૩. સ્ત્રી. સ્વર કાઢવો તે.

કલ્લત્વ ૧. [સં.] ન. બહેરાપણું.
૨. ન. સ્વર કાઢવો તે.

કલ્લમ ૧. સ્ત્રી. આવતી કાલ.
૨. સ્ત્રી. ગઈ કાલ.

કલ્લર ૧. [હિં.] સ્ત્રી. નરમ અને લીસી જમીન.
૨. સ્ત્રી. લૂટારાની એક જાત.
૩. ન. એક જાતનું શક્તિ આપનાર કંદ; ઊષક.
૪. ન. સુરોખાર.
૫. વિ. ઉજ્જડ; ફળદ્રુપ નહિ એવું.
કલ્લર ખાઈ ધરતી = ઉજ્જડ જમીન.
૬. વિ. ખારાશવાળું; ખારૂં.
૭. વિ. દુકાળમાં પોતાની જ્ઞાતિ ગુમાવી હોય તેવું.
૮. વિ. લૂટારાની જાતનું.

કલ્લરી સ્ત્રી. એક જાતની વેલ.

કલ્લહ ૧. સ્ત્રી. કજિયો; કલહ.
૨. સ્ત્રી. ચળ; વલૂર.

કલ્લહકારિન સ્ત્રી. કજિયાળી સ્ત્રી.

કલ્લહડ (કલ્લહડ઼) [હિં.] સ્ત્રી. ખારવાળી જમીન.

કલ્લા ૧. પું. અવાજ; ગરબડ.
૨. પું. કરચલી.
૩. [ફા.] પું. કોબીચ.
કલ્લા પા એચા = (૧) ખાવાની એક વાની. (૨) માથું અને પગ.
૪. પું. ગળું.
૫. પું. જડબું.
૬. પું. માથું.
૭. પું. મોઢિયું; 'અર્નર'.
૮. પું. લુચ્ચું માણસ.
કલ્લા ખુરક = દગાખોર.
૯. પું. બ. વ. થોભિયા; થોભા; મૂછના બંને છેડા આગળ ગાલના ભાગ ઉપર વધારેલ વાળના ગુચ્છા.
૧૦. પું. બ. વ. લમણાના વાળના ગુચ્છા.

કલ્લાઈ સ્ત્રી. કપડાની ગડી; એક ઉપર એક ગડી કરવી તે; પાટલી.

કલ્લાકાર [ફા.] વિ. અવાજ કરે એવું.

કલ્લાચ [તુ. કલ્લાશ] વિ. ગરીબ.

કલ્લાઝન [ફા.] પું. ગપ્પીદાસ.

કલ્લાઝની [ફા.] સ્ત્રી. ગપ્પાં.

કલ્લાતોડ (કલ્લાતોડ઼) [હિં.] વિ. જડબાંતોડ.

કલ્લાથલ્લા [ફા.] પું. તેજ અને ભપકો.

કલ્લાપરવાર [હિં.] પું. એક જાતની મીઠાઈ.

કલ્લાબ [અ.] પું. કૂતરા રાખનાર માણસ.

કલ્લાય ૧. [તુ.] વિ. અદેખું.
૨. વિ. ચાલાક.
૩. વિ. દારૂ પીનારૂં; દારૂડિયું.
૪. વિ. દુષ્ટ; લુચ્ચું.

કલ્લાલ [સં. કલ્યપાલ] પું. દારૂ અથવા તાડી વેચનાર માણસ.

કલ્લાશ ૧. [તુ.] વિ. ગરીબ.
૨. વિ. ચાલાક.

કલ્લાંચ જુઓ કલ્લાચ.

કલ્લાંત ૧. પું. અવાજ અને ગડબડ.
૨. પું. બળવો.

કલ્લિનાથ પું. કાલિનાથ.

કલ્લિયાન ૧. [હિં.] પું. આનંદ.
૨. પું. આબાદી.
૩. પું. પૂરૂં કરવું તે.
૪. પું. મુક્તિ; મોક્ષ.

કલ્લી ૧. સ્ત્રી. આંગળીઓ અને અંગૂઠાથી કપડાંની કરેલી ધડ, ગડી કે પાટલી.
૧. કલ્લી કરવી-પાડવી = કપડાની પડ ઉપર પડ એમ ગડી કરવી.
૨. કલ્લી ખોસવી = લૂગડાનો ગડીવાળો છેડો બાંધવો.
૨. સ્ત્રી. ગડી પાડીને કપડું લપેટવું તે.
૩. સ્ત્રી. નાનો કલ્લો.
૪. સ્ત્રી. હાથના કાંડામાં પહેરવાનું એક ઘરેણું; હાથને કાંડે પહેરવાનું પાતળું સોનારૂપાનું કડું.

કલ્લું ૧. ન. તલનો ખાલી ડોડવો. ખાલી તલનાં ડોડવાંને કલ્લાં કહે છે.
૨ [સં. કટક + ઉલ્લ; અપ. કડઉલ્લ] ન. પગમાં પહેરવાનું એક ઘરેણું; કડલું. તે સોનાનું અથવા રૂપાનું નક્કર અથવા પોલું હોય છે. સુરત તરફ એક પગે કલ્લું પહેરવાનો રિવાજ છે. ગુજરાતમાં અન્ય સ્થળે તે બંને પગે પહેરવામાં આવે છે.
કલ્લાં કાંબી = સ્ત્રીઓને પગમાં પહેરવાનાં સોનારૂપાનાં ઘરેણાં.
૩. ન. બંગડી; પોંચી.
૪. ન. સ્ત્રીઓને પહેરવાનું ધડીબંધ કપડું.

કલ્લેદરાઝ ૧. [મ.] વિ. ગરબડ કરે એવું.
૨. વિ. ગાળો આપનારૂં; દુર્વચન કહેનાર.

કલ્લેદરાઝી ૧. સ્ત્રી. જીભ લાંબી હોવાપણું; ઝબાન દરાઝી.

૨. વિ. ગાળો આપે તેવું.

કલ્લેવાલી સ્ત્રી. કજિયાળી સ્ત્રી.

કલ્લૈ સ્ત્રી. કપડાંની ગડી; પાટલી.

કલ્લો ૧. [સં. ક્વલ] પું. આંગળીઓ અને અંગૂઠાથી પકડી શકાય એટલો ઘાસનો જથ્થો; હાથમાં સમાય તેટલું ઘાસ; કોળિયું.

૨. પું. કોળિયો; ગ્રાસ.

૩. પું. ઘોંઘાટ; કોલાહલ; શોરબકોર.

૪. પું. ઝૂડી.

૫. પું. પૂળો.

૬. પું. બાળકનો જન્મ થયા પછી ઓર ચડી જાય નહિ તે માટે આંગળીઓ અને અંગૂઠાથી શિથિલ થયેલા પેટ ઉપર જોરથી કરવામાં આવતું દબાણ; પ્રસવમાં મદદ કરવા માટે એ સમયે સ્ત્રીની કેડના ભાગ ઉપર હાથથી અથવા પાટાથી કરવામાં આવતું દબાણ.

કલ્લો કરવો-દેવો = બાળકના જન્મ થયા પછી ઓર ચડી જાય નહિ તે માટે આંગળીઓ અને અંગૂઠાથી શિથિલ થયેલા પેટનો ભાગ જોરથી દબાવવો.

૭. પું. ભરાવદાર લાંબી મૂછ.

કલ્લોલ ૧. [સં.] પું. આનંદ; મોજ; હર્ષ.

૨. પું. ભારે અવાજ; ઘોંઘાટ.

૩. પું. શત્રુ; દુશ્મન.

૪. સ્ત્રી. તોફાની સમુદ્ર.

૫. સ્ત્રી. ભારે પવનનો સુસવાટો.

૬. સ્ત્રી. મોટો તરંગ; મોટું મોજું.

૭. વિ. શત્રુભાવ રાખનારૂં; વૈરી.

કલ્લોલક વિ. કલ્લોલ કરનારૂં.

કલ્લોલધ્વનિ પું. આનંદનો અવાજ.

કલ્લોલવું અ. ક્રિ. આનંદ કરવો; કલ્લોલ કરવું.

કલ્લોલિતા સ્ત્રી. મધુર અવાજ.

કલ્લોલિની ૧. [સં.] સ્ત્રી. મોટા તરંગવાળી નદી.

૨. વિ. સ્ત્રી. મોટા તરંગવાળી.

કલ્લોલી ૧. [સં. કલ્લોલિન્] પું. એ નામનો એક દેશ.

૨. વિ. કલ્લોલ કરનારૂં; કલ્લોલ કરતું.

૩. વિ. મોટા તરંગોવાળું.

કલ્વરી ૧. પું. એક પ્રકારનો વેલો; ક્વરી.

૨. સ્ત્રી. એ નામની એક વનસ્પતિ. આ કાંટાળા છોડને ઠંડી ઋતુમાં સુશોભિત ફૂલ આવે. ૪૦થી ૫૦ ઇંચ જ્યાં વાર્ષિક વરસાદ હોય ત્યાં આ છોડની વાડ ઘણી સુંદર બની શકે.

કલ્વર્ટ [અં.] ન. નાળું.

કલ્સ્ટરર્પિક [અં.] પું. એ નામનો એક જાતનો ગુલાબનો છોડ.

કલ્હ ૧. સ્ત્રી. આવતી કાલ.

૨. સ્ત્રી. ગઈ કાલ.

કલ્હણ પું. મધ્યકાલીન હિંદમાં થઈ ગયેલ કશ્મીરનો એક પંડિત. તેણે રાજતરંગિણી નામનો કશ્મીરનો ઇતિહાસ લખ્યો છે.

કલ્હાર ૧. [સં.] પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે કુંડલિયા છંદનો એક ભેદ છે. તેમાં ૨૧ ગુરુ અને ૧૧૦ લઘુ મળી કુલ ૧૩૧ વર્ણ હોય છે.

૨. સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેનો ઉપયોગ સાપનું ઝેર ઉતારવામાં થાય છે.

૩. ન. એક જાતનું ઘાસ.

૪. [સં. કહ્લાર] ન. ધોળું કમળ.

૫. ન. પાણીમાં થતો એક જાતનો છોડ. આ છોડને એક ડાંડલી ઉપર એક જ ગોળ અને મોટું પાન થાય.

૬. ન. લાલ કમળ.

કલ્હારાદ્યઘૃત [સં.] ન. (વૈદ્યક) રક્તપિત્ત તથા હૃદરોગ માટે કમળના ઘીની બનાવટ. તે બનાવવા કલ્હાર એટલે રાતું કમળ, પોયણાં, સફેદ કમળ, રાત્રિવિકાસી કમળ અને જેઠીમધ એટલી વસ્તુનો ક્વાથ કરી તેમાં ક્વાથથી ચોથા ભાગનું ઘી અને ઘીથી ચોથા ભાગનું જીવનીય ગણનાં ઔષધોનું ચૂર્ણ નાંખી ઘીની રીતે પકવવું.

કલ્હારી પું. વછનાગ.

કલ્હિ સ્ત્રી. કજિયાળી સ્ત્રી.

કવ્ ૧. [સં.] સ. ક્રિ. (ધાતુ) રંગવું; ચીતરવું.

૨. સ. ક્રિ. વખાણવું.

૩. સ. ક્રિ. વર્ણવવું; લખવું. તે ઉપરથી થયેલ શબ્દો: કવિ, કવિત, કાવ્ય.

કવ ૧. પું. ખોજા મજહબ પ્રમાણે નીચલા કલ્પમાં થયેલ વિષ્ણુના ચાર માંહેનો એક અવતાર.

૨. સ્ત્રી. પીડા; દુઃખ.

૩. સ. કોણ; કયું.

૪. અ. કદા; ક્યારે.

૫. અ. કોઈ પણ વખતે.

કવક ૧. [સં.] પું. કોળિયો; ગ્રાસ.

૨. ન. ચોમાસામાં થતો બિલાડીનો છત્રાકાર ટોપ; એક જાતનો છોડ.

૩. વિ. આસપાસ ફરતું.

કવકવ પું. એક જાતનો કીવકીવ અવાજ.

કવખત ૧. પું. કવેળા; કુસમય; કટાણું.

૨. પું. કાર્ય માટે અયોગ્ય સમય; આસપાસના સંજોગોને લઈ અનુકૂળ ન ગણાય એવો વખત. ત્રીજે પહોરે દવા ખાવી, સંન્યાસીએ ભિક્ષા કરવા જવું અને દીવાળું કાઢ્યા પછી ઘેર બેઠેલા શેઠને ઘેર સખાવતની અરજ કરવા જવું એ બધા કવખત કહેવાય.

કવખોડવું (કવખોડ઼વું) સ. ક્રિ. દોષ કાઢવો; તુચ્છકારવું; વખોડવું.

કવગું ૧. વિ. અજાણ્યું; અપરિચિત.

૨. વિ. કલાગું; કથોરૂં; અગવડવાળું.

૩. વિ. વગ વગરનું.

કવગો પું. આંચકી; આંકડી; ચસક.

કવચ ૧. [સં.] પું. એક ઝાડ.

૨. પું. કવચરૂપે 'હું' અક્ષર.

૩. પું. ગર્દભાંડવૃક્ષ; પિતપાપડો; પીતપર્ણી.

૪. પું. ચોપડો.

૫. પું. જાળ.

૬. પું. તજ.

૭. પું. ભોજપત્રનું ઝાડ.

૮. પું. લાંબી પીપરનું ઝાડ.

૯. પું. સમૂહ.

૧૦. સ્ત્રી. એક જાતનો વેલો. માગશર માસમાં તેનો છોડ ઊગે. પછી તેનો વેલો થઈ ઝાડ ઉપર ચડે. આ વેલાનાં પાનની બાજુએ ડીંટ ફૂટી ફૂલનો ઝૂમખો આવે. તેમાં દશ બાર શીંગો થાય. શીંગો ઉપર કાંટા હોય. તે શરીરને લાગતાં શરીરે બળતરા થઈ તે ભાગ સૂઝી આવે. શીંગનાં બીજને કવચબીજ કહે છે. કવચ દવામાં વપરાય છે.

૧૧. સ્ત્રી. બહારની નળી; સંરક્ષક નળી.

૧૨. ન. કાચલી; ઉપરનું કઠણ છોડું; ફોતરૂં.

૧૩. ન. કાનનું બહારનું છિદ્ર; કર્ણબહિર્દ્વાર.

૧૪. ન. ગોળ શરીરવાળું, ઝાડ ઉપર વળગી રહેતું નાનું જીવડું; શલ્ક. ઈંડામાંથી નીકળ્યા પછી તેઓ પાંદડાં અને ડાળીઓ ઉપર ફરે છે. તેઓ ચપટાં, અંડાકાર અને પાંખ વિનાનાં હોય છે. પાંદડાંનો રસ ચૂસવા તેઓને એક ડંખ હોય છે. માદા કરતાં નર ચપળ હોય છે. માદા ઈંડાં મૂક્યા પછી મરણ પામે છે.

૧૫. ન. ઢાંકણ.

૧૬. ન. ઢોલ; નગારૂં; દુંદુભી.

૧૭. ન. તાવીજ; ભૂત, પિશાચ કે મૂઠચોટથી શરીરનું રક્ષણ કરે એમ મનાતો મંત્ર.

૧૮. ન. બખ્તર; અસ્ત્રશસ્ત્રથી શરીરનું રક્ષણ કરનારૂં અભેદ્ય પહેરણ.

૧૯. ન. સુતરાઉ વસ્ત્રનું બનાવેલું દેહરક્ષક વસ્ત્ર.

૨૦. ન. સ્તોત્ર; પીડા ટાળનાર કોઈ દેવની સ્તુતિ.

૨૧. ન. હિંદમાં અને ગુજરાતમાં ઊગતું એક પ્રકારનું ઝાડ. તે ઔષધિ તરીકે ઉપયોગમાં આવે છે. ચરપમાં ૨૦૦ વર્ષ ઉપર તેની છાલના તંતુઓમાંથી કાપડ બનાવવામાં આવતું. કવચની ત્રણ જાત છે: (૧) નાની, (૨) મોટી અને (૩) રૂમી.

કવચકુંડલ ન. વ. વ. કવચ અને કુંડલ.

કવચન ૧. ન. કવેણ; કુબોલ; કુવચન.
૨. ન. ગાળ; અપશબ્દ.

કવચપત્ર [સં.] ન. ભોજપત્રનું ઝાડ. તેની છાલ ઉપર ગુપ્તમંત્ર લખવામાં આવે તો તે જાદૂ તરીકે કામ કરે એમ મનાય છે.

કવચબીજ ન. કપિકચ્છૂ; કવચ નામની વનસ્પતિનું બી; કવચું.

કવચવિદ્યા સ્ત્રી. મંત્રવિદ્યા.

કવચહર ૧. [સં.] પું. કવચ ધારણ કરી શકે તેવો કુમાર.
૨. વિ. બખ્તર પહેરી શકે એવી ઉમરનું.
૩. વિ. બખ્તર પહેરેલું હોય એવું.

કવચાત્મા ૧. [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માહેનું એક નામ.
૨. પું. વિષ્ણુ.

કવચાં ન. વ. વ. કૌંચનાં બી; કૌચાં; કપિકચ્છૂ; આત્મગુપ્તા; વૃષ્યા; મર્કટી; અજરા; કંડુરા; વ્યંગ્યા; દુઃસ્પર્શા; પ્રાવૃષાયણી; લાંગલી; શુકશિંબી. કૌંચની વેલ વાડોમાં એની મેળે જ ઊગી નીકળે છે. એને આંબલીના જેવા કાતરા થાય છે, અને તેની ઉપર મખમલના જેવી રુવાંટી હોય છે. આ કાતરાની રુવાંટી શરીરને લાગી હોય તો ખણુજ આવે. કાતરા સુકાઈ જતાં એની મેળે જ ફાટે છે અને તેમાંથી એરંડીને મળતાં બિયાં નીકળે છે. તે કવચું, કવચાં કે કૌચાં કહેવાય છે. દેશી દવામાં તે પૌષ્ટિક અને વાજીકરણ ગણાય છે. કવચાનું ઝાડ લીંબુના ઝાડ કરતાં જરા મોટું થાય છે. તેના ઝાડને ભૈરવશીંગનું ઝાડ કહે છે. કવચાંની શીંગ વાંકી થાય છે. તે આશરે ત્રણ ચાર ઇંચ લાંબી હોય છે. તેમાં પાંચ કે છ બી હોય છે. તેની શીંગના કાંટા $\frac{૧}{૧૦}$ થી $\frac{૧}{૮}$ ઇંચ લાંબા હોય છે. ઔષધની અંદર તેના કાંટા, મૂળ, બી વગેરે વપરાય છે. ભૈરવશીંગના કાંટા છરીથી ખેરી દહીં, દૂધ, મધ અગર ગોળમાં નાખી અપાય છે. આ બે ત્રણ દિવસ સુધી દરરોજ સવારે આપવાથી કૃમિ જખમી થઈ બહાર નીકળે છે. કવચાંનાં બી ધાતુપૌષ્ટિક ચૂર્ણમાં આવે છે. તેનાં મૂળનો ક્વાથ પીવાથી વાતવ્યાધિ મટવાનું મનાય છે. પક્ષઘાત તેમ જ શરીરનો બીજો કોઈ પણ ભાગ વાયુથી શક્તિહીન થઈ ગયો હોય ત્યારે કવચાંવાળો ક્વાથ અપાય છે.

કવચાંપાક પું. (વૈદ્યક) કૌવચનાં બીજનો બનાવેલો એક પૌષ્ટિક અને પુરુષત્વ આપનારો પાક. કૌચાં તોલા ૩૨, ચાર શેર દૂધમાં ઉકાળી બનાવાય માવામાં ઘી અને સાકર મેળવી તે અપાય.

કવચી ૧. [સં.] પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રના સો માંહેનો એક પુત્ર.
૨. પું. શિવ; વેદમાં વપરાયેલ રુદ્રનું એક નામ.
૩. સ્ત્રી. હલકી જાતની ડાંગર.
૪. ન. કવચવાળું પ્રાણી; બખ્તર જેવી કઠણ ચામડીના પડવાળું પ્રાણી. ઇંગ્લંડના કિનારા ઉપર તે વિશેષે કરીને જોવામાં આવે છે. ઝીંગા, ચીંગડી, કરચલા, ઘણુ, પાણીના ચાંચડ, વહાણિયાં વગેરે પ્રાણી આ જાતનાં છે. તેના શરીર ઉપર ચૂર્ણમય પદાર્થથી બનેલી ચીકણી છીપ હોય છે. માથું, વક્ષઃસ્થળ અને પેટ એવા ત્રણ વિભાગ તેના શરીરના થયેલા હોય છે. મોટાં પ્રાણીઓમાં એ વિભાગની સંખ્યા ૨૦ કે ૨૧ની હોય છે, પણ કનિષ્ઠ પ્રાણીઓમાં તેની સંખ્યા વધુ ઓછી હોય છે. મૂછ અથવા સ્પર્શેંદ્રિયની ઘણુંખરૂં બે જોડી હોય છે.
૫. વિ. કવચ ધારણ કરનાર; કવચયુક્ત; કવચવાળું.
૬. વિ. કાચબા વગેરે કઠણ પ્રાણીની જાતનું.

કવચું ન. કૌંચનું બી; કૌચું. કૌંચની વેલને આંબલીના જેવા કાતરા થાય છે. તેના ઉપર રુવાંટી હોય છે. તે રુવાંટી શરીરને લાગે તો ખણુજ આવે. એ કાતરામાંથી કાળાં બિયાં નીકળે છે, તે કવચાં કહેવાય છે. દેશી દવામાં તે પૌષ્ટિક અને વાજીકરણ ગણાય છે.

કવછટ ૧. સ્ત્રી. અટકાવનો સમય; ઋતુકાળ.
૨. સ્ત્રી. મહેનત; શ્રમ; વૈતરૂં.

કવટ ન. કમાડ; બાર; બારણું.

કવટાવું અ. ક્રિ. રગદોળાવું.

કવટિયો પું. પાણી સુકાઈ ગયું હોય તેવો કૂવો.

કવટી ૧. [સં.] સ્ત્રી. કમાડ; બારણું.
૨. સ્ત્રી. બારણાની પાનેલ.

કવઠ ૧. ન. એ નામના ઝાડનું ફળ; કોઠું.
૨. ન. ગુજરાત અને દક્ષિણ પ્રદેશમાં ઊગતું એક ઝાડ. તેનો ગુંદર અતિસાર ઉપર અપાય છે. એના ફળને કોઠું કે કવઠ કહે છે. તે કેરી જેવડાં થાય છે. પાકેલા કોઠામાં ગોળ અથવા ખાંડ મેળવી ખાવામાં આવે, લીલા કવઠનું શાક, મુરબ્બો, ચટણી વગેરે બનાવાય છે. કમળા ઉપર તે ઔષધિ તરીકે વપરાય છે.

કવઠકડવી (કવકકડ઼વી) સ્ત્રી. મલબારમાં થતું એક વૃક્ષ. તેનું લાકડું ઈમારતી કામમાં વપરાતું નથી. તે ખસ ઉપર ઔષધિ તરીકે વપરાય છે.

કવઠવું ૧. અ. ક્રિ. કથળવું; બગડવું; વંઠવું.
૨. અ. ક્રિ. જુદા પડવું; અલગ થવું.
૩. અ. ક્રિ. જૂઠું થવું.

કવઠાવું ૧. અ. ક્રિ. અળખામણું થવું.
૨. અ. ક્રિ. દુઃખી થવું.
૩. અ. ક્રિ. નબળું થવું.
૪. અ. ક્રિ. પ્રસવ વખતે કષ્ટ થવું; પીડાવું.
૫. અ. ક્રિ. ભાંગી પડવું; બગડવું; અવળું થવું.
૬. અ. ક્રિ. લોહીના ઓસરી જવાથી ઝાંખું પડવું.

કવડ (કવડ઼) ૧. સ્ત્રી. (જૂ. ગુ.) કોડી.
૨. સ્ત્રી. ખોટો ભાગ.
૩. સ્ત્રી. મોઢું ધોવાનું પાણી.

કવડી (કવડ઼ી) ૧. સ્ત્રી. કોડી; દરિયાઈ ખડકો ઉપર થતાં જલચર જંતુઓની છીપ. કોડી અગાઉ હલકી જાતના સિક્કા તરીકે ચલણમાં ચાલતી.
૨. સ્ત્રી. મોઈદંડાની રમત.
૩. સ્ત્રી. સિક્કો; એક જાતનું ચલણી નાણું.

કવઢ ૧. વિ. બરોબર.
૨. વિ. વેંતમાં આવે નહિ તેવું.

કવઢાવું ૧. અ. ક્રિ. અળખામણું થવું.
૨. અ. ક્રિ. નબળું થવું.

કવણ ૧. ન. કલંક; બદનામી.
૨. ન. ખરાબ વચન; કવેણ.
૩. [સં. કિમ્; પ્રા. કોઉણ-કઉણ-કવણ] સ. કોણ; કયું.
૪. સ. શું.
૫. વિ. નીચ; હલકું.

કવણુક વિ. કોઈ એક.

કવણુત ન. આથડવું તે; ભટકવું તે; રખડપટ્ટી.

કવણુન ન. કહેવું તે.

કવણમાત્ર અ. શા હિસાબમાં; કોણ માત્ર.

કવણવું અ. ક્રિ. દુઃખને લીધે ગણગણવું.

કવતી સ્ત્રી. કરવતી.

કવત્રી ૧. પું. ગુલર જેવાં પાંદડાંવાળો વાડામાં થતો એક છોડ. એનાં પાંદડાંની પાછળ કાકર હોવાથી લાકડી છોલવા વગેરે કામમાં આવે છે.
૨. સ્ત્રી. એક જાતનું માછલું.

કવથાવું અ. ક્રિ. બગડી જવું.

કવદડિયા (કવદડ઼િયા) ૧. સ્ત્રી. બારોટની એ નામની એક અટક.

૨. ન. એ અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કવદ્યા [સં. કુવિદ્યા] સ્ત્રી. કપટ; છળ; પ્રપંચ.

કવદ્યાળું વિ. કપટી; પ્રપંચી.

કવન ૧. પું. કવિ; ભાટ.

૨. ન. અમલમાં મૂકવું તે.

૩. ન. એ નામનું એક સુશોભિત ઝાડ; વરણો.

૪. [સં. કવ્ (કહેવું)] ન. કવિતા; કાવ્ય; ગીત.

ગંગાનું દર્શન કરતાં આપણને વ્યાસ વાલ્મીકિનાં **કવનો**, બુદ્ધ મહાવીરના વિહારો નજરે પડે છે અથવા યાદ આવે છે. મધપૂડો

કવન કવવાં = કવિતા કહેવી.

૫. ન. કવિતા કરવી તે.

૬. ન. કહેણ; વચન; બોલ; ભાષણ.

૭. ન. કહેતી; કહેવાની ઢબ.

૮. ન. ખાડાખાબોચિયાંવાળું વન.

મૂકિશું ન મૃગયા વન **કવને**. પ્રેમાનંદ

૯. ન. પાણી.

૧૦. ન. સંગીતનો સૂર; સ્વર.

૧૧. [હિં.] સ. કોણ; કવણ; શું.

કવન કવન ૧. [હિં.] વિ. કયું.

૨. વિ. કેટલા.

કવનકાલ ૧. [સં. કવન (કવિતા) + કાલ (વખત)] પું. કવિતા લખવાનો સમય.

૨. પું. કવિનો કવિ તરીકેનો જીવનકાળ.

કવનકાળ જુઓ કવનકાલ.

કવનશક્તિ સ્ત્રી. કવિતા કરવાની શક્તિ.

કવની ૧. પું. કવિ; કવિતા રચનાર પુરુષ.

૨. પું. ઠગારો; ઠગ; છેતરનાર માણસ.

૩. પું. ભાટ; માગધ.

૪. સ્ત્રી. કહેતી; કહેવાની ઢબ.

કવબાન સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; ગજિરા; ગાવઝબાન. તે પિત્તજ્વર, ખાંસી, અને હૃદય તથા પેટના દુઃખાવા ઉપર તેમજ પૌષ્ટિક તરીકે અને તરસ છિપાવવા આપવામાં આવે છે. તેનો અર્ક તાવમાં પાણીને બદલે અપાય છે. તેની માત્રા ૪ ડ્રામથી ૧ ઔંસની છે.

કવયિત્રી [સં.] સ્ત્રી. કવિતા રચનાર સ્ત્રી; સ્ત્રીકવિ; કવિયણ.

કવચી [સં.] સ્ત્રી. એક જાતની માછલી.

કવર ૧. પું. અમ્લ; ખટાશ.

૨. પું. કાબરચીતરો રંગ.

૩. પું. કેશનો અલંકાર.

૪. [સં.] પું. કેશપાશ; વેણી.

૫. પું. કોળિયો.

૬. પું. પાઠક; પાઠ કરનાર માણસ.

૭. પું. મૂઠી.

૮. ન. કવચ.

૯. ન. ક્ષારવાળું હોવું તે.

૧૦. ન. ખાણાની તૈયાર થાળી.

૧૧. ન. ગલેફ; ઓછાડ.

૧૨. [અં.] ન. ઢાંકણ; આચ્છાદન; આવરણ.

૧૩. ન. પરબીડિયું.

૧૪. ન. પૂઠું.

૧૫. ન. ભેગું કરવું તે; દેણ વાળી લેવું તે. વાયદાના વેપારમાં આ શબ્દ વપરાય છે.

૧૬. ન. મીઠું; લવણ.

૧૭. ન. વચ્ચે ખીલાવાળું એક ચપટું લોઢું. તેની ઉપર રંદાનું પાનું રખાય છે.

૧૮. વિ. ચિત્રવિચિત્ર; કાબરચીતરૂં.

૧૯. વિ. જડેલું; મઢેલું.

૨૦. વિ. ભાષણ કરનાર; વક્તા.

૨૧. વિ. ભેળવેલું; મિશ્રણ કરેલું.

કવરક [સં.] પું. કેદી; બંદીવાન.

કવરકી [સં.] સ્ત્રી. કેદમાં રહેલી સ્ત્રી.

કવરણ ૧. [સં. કુ (ખરાબ) + વર્ણ (જાતિ)] સ્ત્રી. કવર્ણ; કુજાતિ; હલકી જાત.

૨. વિ. હલકી જાતનું.

કવરધું ૧. વિ. કઠોર; કડવું; કટુ.

૨. [સં. કુ (ખરાબ) + વૃદ્ધ (ઘરડું)] વિ. ગેરવાજબી; ખોટું; અઘટિત.

કોણે વચન કહ્યું રે **કવરધું**. પ્રેમાનંદ

કવરપોઇંટ [અં. કવરપૉઇંટ] ન. ક્રિકેટની રમતમાં પોઇંટ અને મિડની વચ્ચેથી પસાર થતો દડો રોકવા માટે ઊભા રહેવાની જગ્યા.

કવરમની [અં.] ન. સોદો કરતી વખતે દલાલને ખોટ બદલ શેર દીઠ આપવાની રકમ. જો બજાર ગ્રાહકની પ્રતિકૂળ હોય અને ખોટ બદલ આપેલી રકમ જેટલી ખોટ થાય તો દલાલે સોદો બંધ કરવો પડે, એટલે કે ગ્રાહકે આપેલ કવરમનીની ખોટ વધવી ન જોઈએ, પણ સોદો નફાકારક નીવડે તો ગ્રાહકને કવરમની ઉપરાંત નફો મળે છે.

કવરા ૧. [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; ખરપુષ્પા.

૨. ન. બ. વ. પડખાંની દીવાલો.

કવરાવવું ૧. સ. ક્રિ. કવિતા કરાવવી.

૨. સ. ક્રિ. વખાણ કરાવવાં.

૩. સ. ક્રિ. વર્ણન કરાવવું.

૪. સ. ક્રિ. હેરાન કરવું; સતાવવું.

કવરિંગ [અં.] ન. ઢાંકણ.

કવરી ૧. સ્ત્રી. એક જાતનો ચોમાસામાં થતો વેલો. તે ઘણી શાખાવાળો અને હાથના કાંડા જેવો જાડો હોય છે. પાન લંબગોળ, અંડાકૃતિનાં, જાડાં, વાટેલી રાય જેવી વાસવાળાં અને છેડે વળેલ તીક્ષ્ણ કાંટાવાળાં થાય. ફૂલ ધોળાં, તેમાંનાં પુંકેસર જાંબુડા રંગનાં અને ફળ લંબગોળ હોય છે.

૨. સ્ત્રી. કચ્છમાં થતી કેરડાની જાતની એક વનસ્પતિ. તે જૂની દીવાલોમાં ઊગે. તેની શાખા વેલાની જેમ લટકતી, પાન લીસાં અને ચળકતાં હોય. તેનાં ફળ અને પાનનું અથાણું થાય છે.

૩. સ્ત્રી. કલગી.

૪. સ્ત્રી. કવલી; અવાછરૂ દોહવા દેતી નાની ગાય.

૫. [સં.] સ્ત્રી. ચોટલો; અંબોડો; વેણી.

૬. સ્ત્રી. બહુફળી.

૭. સ્ત્રી. (કચ્છી) સારડી. તે કૂવો ખોદવામાં વપરાય છે.

૮. ન. હિંગનું ઝાડ.

કવરીત [યૂ.] પું. ગંધક.

કવરીભર [સં.] પું. સુંદર વાળવાળું માથું.

કવરીભાર જુઓ કવરીભર.

કવરું ૧. [સં. કુ (ખરાબ) + વૃ (વરવું)] ન. કજોડું; હીણવરૂં.

૨. વિ. કવર; ચિત્રવિચિત્ર; કાબરચીતરૂં.

કવરો પું. આકરો વરો; અણઘટતું ખર્ચ.

કવર્ગ [સં.] પું. (વ્યાકરણ) ક, ખ, ગ, ઘ, ઙ એ પાંચ અક્ષરો.

કવર્ગીય [સં.] વિ. કવર્ગમાં હોનાર.

કવર્ણ ૧. પું. ક, ખ, ગ, ઘ, ઙ એ પાંચ અક્ષર.

૨. સ્ત્રી. હલકી જાત; કુજાતિ.

૩. વિ. હલકી જાતનું.

કવલ ૧. પું. એક જાતનું તોલું; કર્ષ.

૨. પું. એક જાતનું માછલું.

૩. [હિં.] પું. એક જાતનો ઘોડો.

૪. પું. ઓધાવ્યા વગર ખવાતું કાચું અનાજ.

૫. પું. કાચનો ચંદો.

૬. [યૂ.] પું. કૂતરો.

૭. [સં.] પું. (વૈદ્યક) કોગળા કરવામાં વપરાતી પ્રવાહી દવા.

૮. પું. મોં ભરાય તેટલો જથ્થો; ગ્રાસ; કોળિયો.

૯. પું. રોગના નાશ માટે કોઈ દ્રવ્યની અમુક ક્રિયા.

૧૦. પું. (ડિંગળ) સ્વર.

૧૧. પું. હૃદય.
૧૨. વિ. ખાનદાન; સારા કુટુંબનું.
૧૩. વિ. ત્રાંસું ફાટે તેવું; વળ પ્રમાણે નહિ ફાટતું.

કવલગ્રહ ૧. [સં.] પું. કોળિયો.
૨. પું. કોળિયો લેવો તે.
૩. પું. મગધ દેશનો એક કર્ષનો તોલ; સોળ માસાનું વજન.

કવલન [સં.] ન. ખાવું તે.

કવલપ્રસ્થ [સં.] પું. કોળિયા માટેનું એક માપ.

કવલા ૧. સ્ત્રી. જંગલમાં એની મેળે ઊગતી એક ભાજી; કલાઈ. તે એક વેંત ઊંચી થાય અને પચવામાં ભારે મનાય છે.
૨. ન. નારંગીની જાતનું એક ફળઝાડ. તેનાં ફળ પાકતાં પહેલાં જ પીળાં થાય છે.

કવલાહાર [સં.] પું. કોળિયા લઈને જમવું તે.

કવલાં ૧. ન. બ. વ. નળિયાં.
૨. ન. બ. વ. મોભારિયાં.

કવલિકા [સં.] સ્ત્રી. ગડગૂમડ ઉપર બાંધવાની પોટીસ.

કવલિકાર સ્ત્રી. પાટો.

કવલિત ૧. [સં.] વિ. કોળિયો કરેલ; ખાધેલ.
૨. વિ. ચાવેલું.
૩. વિ. લીધેલું; પકડેલું.
૪. વિ. વ્યાપ્ત; ફેલાયેલું.

કવલી ૧. સ્ત્રી. અવાછરૂ દોહવા દેતી નાની ગાય.
કવલી દોઈ કૂતરાં ધરવવાં–કવલી મારી કૂતરાં ધરવવાં = સારા અને ગરીબ માણસ પાસેથી લઈ લુચ્ચા અને ધનવાન માણસને આપવું.
૨. સ્ત્રી. મેળો.
૩. વિ. સ્ત્રી. કૂણી.

કવલું ૧. ન. એક જાતનો બાલરોગ.
૨. ન. નળિયું.
૩. ન. બરોળ.
૪. ન. મોભારિયું.
૫. વિ. કૂણું.

કવલું નારંગી સ્ત્રી. એક જાતની નારંગી. તેનું વજન ૭ ઔંસનું અને છાલ પાકે ત્યારે ઘેરા કેસરિયા રંગની થાય. ઉપર ખરબચડી ગાંઠ જેવું હોય અને તેમાં દશ ખાનાં હોય.

કવલે સ્ત્રી. ખરાબ વલે; બૂરી દશા.

કવવું ૧. અ. ક્રિ. કળવું; લવકારો થવો; થોડું થોડું ત્રમ ત્રમ દુઃખવું.
૨. સ. ક્રિ. કવિતા કરવી; પદ્યરચના કરવી; કાવ્ય કરવું.
૩. સ. ક્રિ. કાવ્યભરી વાણી ઉચ્ચારવી.
૪. [સં. કવ્ (વખાણવું)] સ. ક્રિ. વખાણ કરવાં; ગુણ ગાવા.
૫. સ. ક્રિ. વર્ણવવું; બયાન કરવું; કહેવું.

કવશ ૧. પું. (પુરાણ) એ નામનો એક ઋષિ.
૨. સ્ત્રી. અટકાવ; ઋતુકાળ.
૩. સ્ત્રી. ઓપટી; અડચણ.
૪. સ્ત્રી. જરૂર; અગત્ય.
૫. [કુ (ખરાબ) + વશ (સત્તા)] વિ. પરવશ; પરાધીન; તાબેદાર; આશ્રિત.

કવશે અ. નિરુપાયે; પરાણે; નછૂટકે.

કવષ ૧. પું. (પુરાણ) ઇલૂષનો પુત્ર એક ઋષિ. તેના બનાવેલ મંત્ર ઋગ્વેદના દશમા મંડલમાં છે. ઐતરેય બ્રાહ્મણમાં લખેલું છે કે, સારસ્વત પ્રદેશમાં કેટલાક ઋષિ યજ્ઞ કરતા હતા. તેમની પંક્તિમાં બેસી ખાવાપીવાની આ ઋષિને ચાહના હતી, પણ ઋષિઓએ તેને દાસીપુત્ર કહી કાઢી મૂકતાં વનમાં જઈ તેણે એક પ્રાર્થના રચી અને તેથી સરસ્વતી પ્રસન્ન થયાં અને તેની આજુબાજુ સરસ્વતીનાં પાણી ફરી વળ્યાં. આ દેવોની ખાસ કૃપાનું પરિણામ છે એમ સમજી ઋષિઓએ એને પોતાના મંડળમાં દાખલ કર્યો.
૨. [સં.] પું. (પુરાણ) એ નામનો એક ઋષિ. યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં તે હોતા હતો.
૩. પું. ઢાલ.
૪. વિ. છિદ્રવાળું.

કવષઐલૂષ ૧. પું. (પુરાણ) ઋગ્વેદના દશમા મંડલનાં ત્રીશથી ચોત્રીશ સૂક્તોના રચનાર એક રાજર્ષિ; એ નામના ઇલૂષના પુત્ર એક ઋષિ; કવષ.
૨. પું. (પુરાણ) સામવેદમાં જણાવેલ એક ઋષિ. તે મૂળ શૂદ્ર હતો, પણ વેદનાં સૂક્તો લખવાથી ઋષિ થયો.

કવષા સ્ત્રી. (પુરાણ) એક ઋષિપત્ની. તે તુર નામના ઋષિની માતા થાય.

કવસ ૧. [સં.] પું. એક જાતનો કાંટાવાળો છોડ.
૨. પું. બખ્તર.

કવળ ૧. [સં. કવલ] પું. એક વાર મોં ભરાય એટલો જથ્થો; કોળિયો; ગ્રાસ.
૨. ન. કઠેકાણું.
૩. ન. ખોટી ગૂંથણી.
૪. [કુ (ખરાબ) + વળ] વિ. ઘડતાં આડુંઅવળું ફાટે એવું. લાકડાના સંબંધમાં આ શબ્દ વપરાય છે.

કવળ આહાર પું. કોળિયા લઈને ખાવું તે.

કવળલાલ ન. (ડિંગળ) લાલ કમળ.

કવળા સ્ત્રી. અષાઢ શ્રાવણ માસમાં એની મેળે ઊગી નીકળતી એક ભાજી. ખેડૂતો નકામી ગણી તેને નીંદી કાઢે. શ્રાવણ માસમાં દર સોમવારે આ ભાજી ખાવાનું માહાત્મ્ય હોવાથી હિંદુઓ તેનું ભોજન કરે છે.

કવળાસે અ. રીતે.

અણનમ માથાં લઈને કિમ **કવળાસે** જાય સે
ઈ જોતો જો. સોરઠી સાહિત્ય

કવળાં ન. બ. વ. નળિયાં; નળિયાંની હારો.

કવળાંસ ન. કૈલાસ; સ્વર્ગ.

કવળી ૧. [સં. કપિલા] સ્ત્રી. નાની ગાય; કવલી.
૨. સ્ત્રી. પુસ્તકો ઉપર વીંટવાની વાંસની નાની સાદડી.
૩. વિ. સ્ત્રી. નાની.

કવળું વિ. વિકટ; કપરું; ખરાબ.

દીકરો કેજો સુખ દુખની વાત જો,
કવળાં સાસરીયામાં જીતવું રે લોલ.
રઢિયાળી રાત

કવંઠ ન. કોઠનું ઝાડ; કપિત્થ.

કવંધ સ્ત્રી. વીજળીનો ચમકારો.

કવા ૧. પું. અહિત.
૨. [અ.] પું. ઉકાળો; કાવો; કાઢો.
૩. પું. એક જાતનો રોગ. તે પવન વાવાથી થાય અને ફેલાય.
૪. પું. એક હિંસક પક્ષી: કાગડો.

ગીધ ગર્જ્યં **કવા** ચિલ ચાર,
કરે ઉલૂક શબ્દ ભયંકાર. નિષ્કુળાનંદ

૫. પું. કુસંપ; અણબનાવ; અંટસ.
૬. પું. દોષ; ધાણ; બગાડ.
કવા પેસવો = માંદગીએ ઘર ઘાલવું.
૭. પું. પ્રતિકૂળ સંજોગ; ઊલટી પરિસ્થિતિ; પ્રતિકૂળ વાતાવરણ.
કવા હોવો = વાતાવરણ બગડવું.
૮. પું. પ્રતિકૂળતા.
૯. પું. મોલમાં આવતી નુકસાની.
૧૦. પું. વધારે ખરાબ થવા માટે બદલવું તે.
૧૧. [સં. કુ (ખરાબ) + વાયુ (પવન)] પું. વહાણ ચલાવવાને પ્રતિકૂળ પવન; સામો વા. વહાણવટીઓ અનુકૂળ પવનને સવા અને પ્રતિકૂળ પવનને કવા કહે છે.
સવાએ હીરા તે કવાએ કાંકરા = (૧) અણીને વખતે આવે તે સૌથી વધારે કીમતી છે. (૨) કુસંપ એ સર્વનાશનું મૂળ છે. નાશ થયા પહેલાં કુસંપ આવે છે.

૧૨. સ્ત્રી. લોહારની એ નામની એક અટક.
૧૩. ન. એ અટકનું માણસ.
૧૪. વિ. એ નામની અટકનું.
૧૫. વિ. કવખતનું.
૧૬. વિ. પ્રતિકૂળ; ઊલટું.

કવાઇદ ૧. પું. કસરત.
૨. પું. લશ્કરી તાલીમ.
૩. [અ. કાયદાનું બ. વ.] પું. બ. વ. ધારા.
૪. પું. બ. વ. વ્યાકરણના નિયમ.

કવાઇદગાહ [ફા.] સ્ત્રી. કસરત કરવાની જગ્યા.

કવાઈર ૧. ન. દેવળમાં કીર્તન ગાનાર મંડળ.
૨. ન. દેવળમાં ગાનાર મંડળીને બેસવાની જગ્યા.

કવાએત ૧. [અ.] સ્ત્રી. યુદ્ધકળા; લશ્કરી કસરત.
૨. સ્ત્રી. રચના; કળા; જુક્તિ.

કવાએતી ૧. વિ. કેળવાયેલું; સુધરેલું.
૨. વિ. લશ્કરી કળામાં જાણીતું; રણચતુર.

કવાકિબ ૧. [અ.] પું. બ. વ. (જ્યોતિષ) ગ્રહો.
૨. પું. બ. વ. તારાઓ.

કવાકી સ્ત્રી. બેડોળપણું.

કવાગા ન. દક્ષિણ આફ્રિકમાં થતું ઘોડાની જાતનું પ્રાણી.

કવાજ ૧. પું. ઘોડાની એક ચાલ.
૨. પું. હિકમત; કરામત; યુક્તિ.

કવાજી વિ. કરામતી; કળાબાજ; યુક્તિબાજ.

કવાટ ૧. પું. કપાટ; કબાટ.
૨. [સં. કુ (ખરાબ) + વર્ત્મન્ (રસ્તો)] સ્ત્રી. કુમાર્ગ; નઠારો રસ્તો.
૩. સ્ત્રી. ગેરવર્તણૂક; અનીતિનો માર્ગ; ખરાબ રીતભાત.
૪. ન. કમાડ; બારણું.
૫. ન. લાકડાનું પાટિયું.

કવાટઘ્ન [સં.] વિ. બારણું તોડી શકનાર.

કવાટવક્ર [સં.] ન. એક જાતનું ઝાડ.

કવાટી [સં.] સ્ત્રી. બારણું.

કવાડ (કવાડ઼) ન. કમાડ.

કવાઢ ૧. પું. આડો વાઢ; આડો કાપ.
૨. વિ. વેંતમાં ન આવે એવું; માપસર ઉપયોગમાં નહિ આવતું.

કવાણ ૧. [કુ (ખરાબ) + વાણ (તંગી)] સ્ત્રી. ખામી; ખોટ; કસર; ઊણપ. જેમકે, માંડવીને એક વરસાદની કવાણ રહી ગઈ.
૨. [સં. કુ (ખરાબ) + વાણી (બોલી)] સ્ત્રી. નઠારી વાણી; ખરાબ બોલી.
૩. ન. અનારોગ્ય; માંદગી.
૪. નં. નુકસાન.
૫. ન. લાંછન; ખોડખાંપણ.

કવાણું ૧. ન. કલંક; લાંછન; ખોડખાંપણ.
૨. [કુ (ખરાબ) + વાનું (ચીજ)] વિ. ખરાબ; જેમાં કંઈક નઠારી વસ્તુ હોય એવું.
૩. વિ. ખોટવાળું; કલંકિત.

કવાણો ૧. પું. ખોટો વાણો.
૨. પું. ખોડખાંપણ.

કવાત ન. લડાઈમાં બચાવ માટે વપરાતું લાકડાનું પાટિયું.

કવાદ ૧. પું. બ. વ. કાર્યવાહીનાં ધારાધોરણ.
૨. પું. બ. વ. વ્યાકરણના નિયમ.
૩. પું. બ. વ. સિદ્ધાંતો.
૪. સ્ત્રી. લશ્કરી તાલીમ.
૫. ન. ધારાધોરણ.

કવાનિયત સ્ત્રી. એ નામની એક દેવી. ચીન અને જપેનમાં તે સંતાન આપનારી કહેવાય છે.

કવાની ૧. વિ. કમાઉ; હોશિયાર.

લાભ વિનાની કરે છે લવાની,
થયો કુળમાં મોટો **કવાની.** નિષ્કુળાનંદ

૨. વિ. લુચ્ચું.

કવાનીન [અ. કાનૂન (ધારો)નું બ. વ.] પું. બ. વ. કાયદા; ધારાધોરણ; બંધારણો.

ક. વા. પ્ર. પું. (વ્યાકરણ) કર્તૃવાચક પ્રત્યયનું ટૂંકું રૂપ.

કવાફિ (કવાફ઼િ) [અ.] પું. બ. વ. નાસ્તિકો.

કવાબ [ફા. કબાબ] પું. માંસનું ભજિયું.
કવાબમાં હાડકું = (૧) નડતર; આડખીલી. (૨) સારા કામમાં વિઘ્ન.

કવાબચીની [હિં.] સ્ત્રી. ચણકબાબ.

કવામ [અ.] પું. ન્યાય.

કવાયત ૧. સ્ત્રી. તાલીમ; તરતીબ.
૨. સ્ત્રી. યુક્તિ; તરકીબ; હિલચાલ.
૩. [અ. કવાએત] સ્ત્રી. સૈનિકશિક્ષણ; યુદ્ધકળા; રણચાતુર્ય; લશ્કરી તાલીમ.

કવાયતી ૧. [અ. કવાઇદી] વિ. કવાયત પામેલું; લડાયક; રણચતુર.
૨. વિ. કેળવાયેલું; સુશિક્ષિત.

કવાયદ ૧. [અ. કવાએત] સ્ત્રી. કવાયત; સૈનિકશિક્ષણ; યુદ્ધકળા; રણચાતુર્ય; લશ્કરી તાલીમ.
૨. સ્ત્રી. તાલીમ; તરતીબ.
૧. કવાયદ કરવી = કસરત કરવી.
૨. કવાયદ લેવી = કસરત કે તાલીમ લેવી.
૩. [અ. કઅદ (તે બેઠો)] પું. બેસનારો માણસ.
૪. સ્ત્રી. યુક્તિ; તરકીબ; હિલચાલ.
૫. સ્ત્રી. લડનારા સિપાઈઓની યુદ્ધનિયમોના અભ્યાસની ક્રિયા.
૬. સ્ત્રી. બ. વ. નિયમ; વ્યવસ્થા; ધારા.
કવાયદે ઝન્ની = અનુમાન માટેના નિયમો.
૭. સ્ત્રી. બ. વ. યુદ્ધકળાના નિયમ.
૮. સ્ત્રી. બ. વ. વ્યાકરણના નિયમ.

કવાયદદાં ૧. વિ. કસરતના નિયમ જાણનાર.
૨. વિ. વ્યાકરણમાં પ્રવીણ.

કવાયુ ૧. પું. પ્રતિકૂળ પવન.
૨. પું. પ્રતિકૂળ સંજોગ, સમય કે વાતાવરણ.

કવાયું વિ. પ્રતિકૂળ.

કવાયેદ જુઓ કવાયદ.

કવાર ૧. પું. અશુભ સમય; અશુભ દિવસ.
૨. [સં.] ન. કમળ.
૩. ન. બહુ લાંબી ચાંચવાળું એક જળચર પક્ષી.

કવારિ ૧. [સં.] પું. ખરાબ શત્રુ.
૨. વિ. સ્વાર્થી.

કવારી [સં. કર્વર] સ્ત્રી. અપકીર્તિ; બેઆબરૂ; ઉરવા; ગીબત.

કવારે અ. અશુભ દિવસે; ખરાબ સમયે.

કવાલ ૧. પું. ખયાલ ગાનાર માણસ.
૨. પું. (સંગીત) તાણીને ગાવાનો એક રાગ; ખયાલ.
૩. [અ. કઅલ (તે બોલ્યો)] પું. રાડ તાણીને ગાનાર ગવૈયો.

કવાલા ૧. [અ. કબાલા] પું. કબાલો; સોદાપત્ર.
૨. પું. ગીરોખત.
૩. પું. વેચાણનો દસ્તાવેજ.

કવાલી ૧. [અ. કવ્વાલી] પું. (સંગીત) એક ચતુરસ્રજાતિ આઠ માત્રાનો તાલ. કોટડીના બોલ: સમ $\overset{\text{૧}}{\text{ધા}}$ ધા $\overset{\text{૨}}{\text{ધા}}$તી $\overset{\text{૦}}{\text{તં}}$ક $\overset{\text{૦}}{\text{ધિં}}$ ધા $\overset{\text{૩}}{\text{ધીં}}$. તાલનાં સ્થાન અનુક્રમે ૧–૩–૫–૭ માત્રા ઉપર છે.
૨. પું. ગાયક; કવાલ ગાનાર માણસ.
૩. સ્ત્રી. ખયાલટપ્પાનું ગાણું.
૪. સ્ત્રી. સંગીતનો એક રાગ; ગઝલ. ખાસ કરીને સૂફીવાદની ગઝલ માટે આ શબ્દ વપરાય છે. અલ્લાઉદ્દીન ખીલજીના દરબારમાં અમીર ખુશરૂ નામે એક પ્રખ્યાત કવિ અને ગવૈયો હતો. તેણે ઈરાની અને હિંદી નમૂનાના વિવેકપૂર્ણ મિશ્રણથી કવાલી ગાવાની રીત દાખલ કરી હતી.

૫. વિ. ખયાલટપ્પાનું; તાણીને ગાવાનું.

૬. વિ. રમતું.

કવાવ સ્ત્રી. દુઃખ; ઉપદ્રવ.
વગોઈય દાણવ કીધી કવાવ. હરિરસ

કવાવચીની સ્ત્રી. કબાબચીની; ચીનીકબાલા.

કવાવવું [સં. કવ્ (કવિતા કરવી)] સ. ક્રિ. કવિતા કરાવવી; કાવ્ય કરવાની ફરજ પાડવી અથવા વિનતિ કરવી.

કવાવું ૧. અ. ક્રિ. ઊચી જવું; દૂધ આપતું બંધ થવું; વસૂકી જવું.

૨. અ. ક્રિ. ગવાવું; વર્ણવાવું; કવિતા કરાવી.

૩. અ. ક્રિ. બગડી જવું; કથળી જવું; લથડવું.
કવાઈ જવું = ખરાબ થવું; કથળી જવું.

૪. અ. ક્રિ. રોગ થવો; શરીરમાં કવા પેસવો; શરીરનું બગડવું.

૫. અ. ક્રિ. વગોવાવું; નિંદાવું.

૬. અ. ક્રિ. સામા વાને લીધે ખરાબે ચડવું.
કવાયે કાંકરા = કુસંપ નાશને નોતરે છે; વિનાશ કાળે વિપરીત બુદ્ધિ.

કવાસ ૧. [સં. કુ (ખરાબ) + વાસ (રહેઠાણ)] પું. ખરાબ સ્થાન; કઠામ; નઠારૂં ઠેકાણું.

૨. પું. જવ, મધ અને મીઠાની મેળવણીનું પીણું; રશિઅનોની કઢી. આ પીણું રશિઅના ગામડિયા લોકો વાપરે છે.

૩. [સં. કુ (ખરાબ) + વાસ (ગંધ)] સ્ત્રી. દુર્ગંધ; નઠારી વાસ; બદબો.

કવાસખ [સં.] વિ. ખરાબ સહાયક.

કવાસવા ૧. [કવા (પ્રતિકૂળ પવન) + સવા (અનુકૂળ પવન)] પું. પ્રતિકૂળ અને અનુકૂળ પવન.

૨. પું. પ્રતિકૂળ અને અનુકૂળ વચન.

૩. વિ. વિરુદ્ધ છતાં પરિણામે હિતકર.
આ જૂના પણ નવાસવા રોપ તરૂ પર વાયુ વાઓ કવાસવા. વિક્રમોર્વશીય

કવાળી સ્ત્રી. કુવાડી.

કવાંગું ૧. વિ. કલાગું; કથોલું; સગવડ વગરનું.

૨. વિ. વગ વગરનું; કવગું.

૩. વિ. વિચિત્ર.

કવાંરી વિ. સ્ત્રી. કુંવારી.
નવલ નવેલી નારી, હમ કવાંરી બારી. લોકોક્તિ

કવિ ૧. [સં.] પું. (પિંગળ) અગિયાર ગુરુ અને સોળ લઘુ મળી સત્તાવીશ વર્ણનો એક અર્ધસમવૃત્ત માત્રામેળ છંદ. તે નંદ છંદનો એક ભેદ છે.

૨. પું. આકડાનો છોડ.

૩. પું. ઉલ્લૂ.

૪. પું. ઋગ્વેદના નવમા મંડલનાં ૭૫ થી ૭૯ સૂક્ત રચનાર એ નામનો એક ઋષિ.

૫. પું. ઋષભદેવના નવ સિદ્ધ પુત્ર માંહેનો મોટો દીકરો.

૬. પું. ઋષિ.

૭. પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

૮. પું. એ નામનો એક અગ્નિ.

૯. પું. (પુરાણ) કલ્કિદેવના મોટા ભાઈનું નામ.

૧૦. [સં. કવ્ (જોડવું)] પું. કવિતા કરનાર વ્યક્તિ; કાવ્ય બનાવનાર માણસ; શાયર.

૧. કવિ ચિતારો ને પારધી ત્રણેની એક ગત = કવિ ચિતારો ને શિકારી ત્રણેય પોતપોતાના કામમાં એકચિત્ત હોય તો જ કામ કરી શકે.

૨. જ્યાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ = કવિની કલ્પનાશક્તિ અગાધ હોય છે.

૧૧. પું. (પુરાણ) કૃષ્ણનો એ નામનો પ્રપૌત્ર. એ મહારથી હતો.

૧૨. પું. (પુરાણ) કૃષ્ણનો કાલિંદીથી થયેલ એ નામનો દીકરો.

૧૩. પું. (પુરાણ) કૌશિક ઋષિના સાત માંહેનો એક પુત્ર.

૧૪. પું. ગવૈયો.

૧૫. પું. (પુરાણ) ચાક્ષુષ મનુનો વૈરાજ પ્રજાપતિની દીકરીથી થયેલ એ નામનો એક દીકરો.

૧૬. પું. ચોર યોદ્ધો.

૧૭. પું. જ્ઞાની.

૧૮. પું. (પુરાણ) તામસ મન્વંતરમાં થયેલ સાત માંહેનો એક ઋષિ.

૧૯. પું. (પુરાણ) તુષિત નામના બાર માંહેનો એ નામનો એક દેવ; યજ્ઞને દક્ષિણા નામની સ્ત્રીથી થયેલ બાર માંહેનો એક દીકરો.

૨૦. પું. નવ માંહેના એ નામના એક યોગેશ્વર.

૨૧. [સં. કુ (ઉપદેશ કરવો)] પું. પરમેશ્વર. તે વેદ મારફત બધી વિદ્યાનો ઉપદેશ કરે છે.

૨૨. પું. પંચાલ લોક.
જૂના જમાનામાં કવિને નામે ઓળખાતા પંચાલ લોકો તેમની પાસે અગ્નિ ખૂણા તરફ વસતા. હિંદના ઇતિહાસની વાતો

૨૩. પું. પંડિત; સમર્થ વિદ્વાન.

૨૪. પું. (પુરાણ) પ્રિયવ્રત રાજર્ષિને બર્હિષ્મતીથી થયેલ દશ માંહેનો સૌથી નાનો દીકરો. એ બાળપણથી જ વિરક્ત હતો.

૨૫. પું. બ્રહ્મ.

૨૬. પું. (પુરાણ) બ્રહ્મપુત્ર વારુણિ કવિના આઠ માંહેનો મોટો દીકરો.

૨૭. પું. ભાટ.

૨૮. પું. (પુરાણ) રૈવત મનુના દશ માંહેનો પાંચમો દીકરો.

૨૯. પું. (પિંગળ) રોલાવસ્તુની જાતનો એક વિષમજાતિ માત્રામેળ છંદ. તેમાં ઓગણીસ ગુરુ, અઠ્ઠાવન લઘુ મળી સત્તોતેર વર્ણ અને છન્નું માત્રા હોય.

૩૦. પું. (પુરાણ) વાલ્મીકિ મુનિ.

૩૧. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. કાવ્ય કરનારા આદિકવિ વેદવ્યાસરૂપ તે છે, સર્વ જાણનારા જ્ઞાની એટલે મહાજ્ઞાની પણ તે છે, વળી મહાન કર્તા પણ તે છે, તેથી તે કવિ કહેવાય છે.
દર્શી એટલે સર્વને જોનાર હોવાથી તે કવિ કહેવાય છે. વિષ્ણુસહસ્રનામ

૩૨. પું. વૈદ્ય.

૩૩. પું. (પુરાણ) વૈવસ્વત મનુના દશ માંહેનો સૌથી નાનો દીકરો. એ વિરક્ત હોવાથી અરણ્યમાં ચાલ્યો ગયો હતો.

૩૪. પું. (પુરાણ) વૈવસ્વત મન્વંતર માંહેના બ્રહ્મપુત્ર વારુણિ કવિના આઠ માંહેનો મોટો દીકરો.

૩૫. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૩૬. પું. શુક્રાચાર્ય.

૩૭. પું. સૂક્ષ્મ અર્થને દેખનાર માણસ.

૩૮. પું. સૂર્ય.

૩૯. પું. (પુરાણ) સોમવંશી પુરુ કુળના રૌદ્રાશ્વ વંશના ભરત રાજાના કુળના દુરિતક્ષય રાજાના ત્રણ માંહેનો વચલો દીકરો. તપે કરીને એ બ્રાહ્મણ થયો હતો.

૪૦. પું. (પુરાણ) સ્વાયંભુવ મનુનો પૌત્ર; પ્રિયવ્રતના દશ માંહેનો એક પુત્ર.

૪૧. પું. (પુરાણ) સ્વાયંભૂ મન્વંતરમાંના બ્રહ્મપુત્ર ભૃગુ ઋષિના ત્રણ માંહેનો નાનો પુત્ર.

૪૨. સ્ત્રી. એ નામની બ્રાહ્મણની એક અટક.

૪૩. સ્ત્રી. ઘોડાના જીનનો એક ભાગ; લગામ.

૪૪. ન. બ્રાહ્મણની એ નામની અટકનું માણસ.

૪૫. વિ. અતિ જ્ઞાની; અનુભવી; સિદ્ધાંત પ્રતિપાદન કરી શકે એવું.

૪૬. વિ. એ નામની બ્રાહ્મણની અટકનું.

૪૭. વિ. ડાહ્યું; શાણું; બુદ્ધિમાન.

૪૮. વિ. પ્રશંસનીય; વખાણ કરવા લાયક; સ્તુત્ય; સ્તુતિ કરવા જેવું.

૪૯. વિ. વિચારશીલ; વિચાર કરવાવાળું.

૫૦. વિ. સર્વજ્ઞ.

૫૧. વિ. સ્તુતિ કરનાર.

કવિક ૧. [સં.] પું. લગામ.

૨. પું. લગામનો આંકડો.

૩. ન. મલાયા દ્વીપકલ્પમાં થતું એક જાતનું ઝાડ.

કવિકર્મ [સં. કવિ + કર્મન્ (કામ)] ન. કાવ્ય.

કવિકલા સ્ત્રી. કાવ્યસૃષ્ટિ.

૧. કવિકલાનું સત્ય = કાવ્યસૃષ્ટિનું સત્ય.

૨. કવિકલાનો ન્યાય = કાવ્યસૃષ્ટિનો ન્યાય; કવિકલ્પિત ન્યાય.

કવિકલ્પકતા [સં.] સ્ત્રી. એ નામનો એક ગ્રંથ.

કવિકલ્પદ્રુમ [સં.] પું. બોપદેવ પંડિતે રચેલો એ નામનો ધાતુપાઠ ગ્રંથ.

કવિકલ્પિત [સં.] વિ. કવિનું કલ્પેલું.

કવિકલ્પિતન્યાય [સં.] પું. કવિકલાનો ન્યાય; કાવ્યસૃષ્ટિનો ન્યાય; કવિમાન્યન્યાય. કાવ્ય, નાટક, વાર્તા વગેરેનો રચનાર પોતાની કૃતિનાં પાત્રોને તેમનાં સારાં નરસાં કર્મો પ્રમાણે તેમને સુખદુઃખરૂપ જે બદલો આપે છે તેને કવિકલ્પિતન્યાય કહે છે.

કવિકંકણ ન. કવિને અપાતું એક ઉપનામ.

કવિકા ૧. સ્ત્રી. એક જાતનું ફૂલ.

૨. [સં.] સ્ત્રી. એક જાતનું માછલું.

૩. સ્ત્રી. કેવડો.

૪. સ્ત્રી. લગામ.

૫. સ્ત્રી. લગામનો આંકડો.

કવિકાજ ન. કવિનું કામ.

કવિકુલગુરુ પું. કવિકુળમાં શ્રેષ્ઠ; સર્વોત્તમ કવિ. કાલિદાસ કવિકુલગુરુ કહેવાય છે.

કવિકુલનૃપ [સં.] પું. કવિકુલમાં શ્રેષ્ઠ; કવિકુલગુરુ; કાલિદાસ.

કવિકુલભૂપ જુઓ કવિકુલનૃપ.

કવિકુળગુરુ જુઓ કવિકુલગુરુ.

કવિકુળનૃપ જુઓ કવિકુલનૃપ.

કવિકુળભૂપ જુઓ કવિકુલનૃપ.

કવિકૃત [સં.] વિ. કવિએ કરેલ.

કવિકોવિદ [સં.] પું. કવિવર; ઉત્તમ કવિ; કવિરત્ન.

કવિક્રતુ પું. એક જાતનો દેવ.

> હોતા, કવિક્રતુ, સત્ય અને ચિત્ર શ્રવસ્તમ અગ્નિદેવ દેવો સાથે આવો. ગુ. સા. પરિષદ

કવિચક્રવર્તી ૧. સ્ત્રી. એ નામની એક પદવી.

૨. વિ. એ નામની પદવી મેળવેલું; કવિરાજ.

> મહામંત્રી વસ્તુપાળ **કવિચક્રવર્તી** આદિ ઘણાં બીરૂદોથી વિભૂષિત હતો.
>
> ગુ. સા. પરિષદ

કવિચિત્ર ન. કવિ સંબંધી વસ્તુસ્થિતિ.

કવિચૂડામણિ ૧. સ્ત્રી. એ નામની એક પદવી.

૨. વિ. કવિમાં મણિરૂપ; એ નામની પદવીવાળું.

કવિચોર ન. તફડંચી.

> આથી કોઈ એમ તો ન જ સમજે કે આ રીત તો કવિચોર જેવી થઇ. પુરાતત્ત્વ

કવિછૂટ સ્ત્રી. કવિને શબ્દના રૂપમાં ફેરફાર કરવાનો હક્ક. પદબંધ કરતાં પ્રાસ મેળવવા શબ્દને તે મરજી પ્રમાણે વાપરી શકે. જેમકે, વસ્તુને બદલે વસ્ત.

કવિજન ૧. [સં.] પું.; ન. કવિમાણસ; કવિલોક.

૨. પું.; ન. બ. વ. કવિઓ; શાયર.

કવિજીવન [સં.] ન. કવિ તરીકેનું જીવન.

કવિજ્યેષ્ઠ [સં.] પું. આદિકવિ; વાલ્મીકિ.

કવિડું (કવિડું) ન. તુચ્છ કવિ.

કવિણી સ્ત્રી. સ્ત્રીકવિ; કવયિત્રી.

કવિત ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; વર્ણદંડક; મનહર; મનહરણ. એનાં આઠ ચરણ માંહેનાં એકી ચરણમાં સોળ અને બેકી ચરણમાં પંદર અક્ષર આવે. લઘુ ગુરુના નિયમ વગર એકત્રીશ વર્ણ હોય અને ૮, ૮, ૮, ૭ માત્રાએ યતિ હોય. ભાટ લોકોનાં કવનો મોટે ભાગે કવિતમાં હોય છે.

૨. પું. (પિંગળ) દરેક ચરણમાં બે નગણ અને સત્તર રગણ મળી સત્તાવન અક્ષરવાળો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ઈશ; સુરામ.

૩. ન. એક જાતનું ફળ.

૪. [સં. કવિત્વ; પ્રા. કવિત્ત] ન. કવન; કવિતા; કાવ્ય.

૫. ન. ચોસઠ માંહેનું એક વિજ્ઞાન.

કવિતબંધ પું. છંદશાસ્ત્ર પ્રમાણે કવિતાની રચના.

કવિતરસિયું વિ. કવિત સાંભળવા રસ ધરાવતું; કવિત માટે રસવાળું.

કવિતરેલા પું. (પિંગળ) અતિશર્કરી છંદની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; એલા છંદ. તેના દરેક ચરણમાં સગણ, જગણ, બે નગણ, અને યગણ મળી પંદર અક્ષર આવે. પાંચમા અને દશમા અક્ષર ઉપર વિસામો હોય.

કવિતર્ક [સં.] પું. કવિના વિચાર; કવિકલ્પના.

કવિતવિલાસ પું. કવિતાની ચેનબાજી.

> ચંદ છંદ પદ સૂરકે, દુહા બિહારીદાસ,
> ચોપાઈ તુલસીદાસકી, કેશવ કવિતવિલાસ.
>
> ગુ. સા. પરિષદ

કવિતા ૧. પું. કવિ; કવિતા કરનાર માણસ.

૨. [સં. કવિતૃ] પું. વિદ્વાન; પંડિત.

૩. સ્ત્રી. કલ્પનાની વાત.

૪. સ્ત્રી. કવિનું કથન; કાવ્ય.

૫. સ્ત્રી. પદબંધ; અમુક નિયમાનુસાર ગોઠવાયેલ અક્ષર અને માત્રા એ બેના નિયમથી થતી રચના; છંદ; વૃત્ત. તેની ત્રણ જાતઃ ગીતકવિતા, વીરકવિતા અને નાટ્યકવિતા. અંતર્ભાવપ્રેરિત તે જ ખરી કવિતા ગણાય છે.

૬. સ્ત્રી. રસ ઉત્પન્ન કરનારી વાણી.

૭. ન. કવિનું કામ.

૮. ન. કવિપણું.

૯. ન. કાવ્યનો ગુણ.

કવિતાઈ ૧. સ્ત્રી. અતિશયોક્તિ.

૨. સ્ત્રી. કવિતા કરવાપણું; કવિપણું; કાવ્ય કરવાનો ધંધો.

૩. વિ. કવિતા સંબંધી.

૪. વિ. કવિને લગતું.

કવિતાકરણ [સં. કવિતા + કૃ (કરવું) + અન (પણું)] ન. કાવ્યકળા; કવિતા કરવાની કુશળતા; કાવ્ય કરવાનો હુન્નર.

કવિતાકાર પું. કવિ; કવિતા કરનાર માણસ.

કવિતાકાંત પું. કવિતા કરનાર માણસ; કવિ.

કવિતાગોંફ સ્ત્રી. કવિતાની ગૂંથણી; કવિતાની બનાવટ.

કવિતાજ પું. કવિનો મુગટ; કવિશિરોમણિ.

કવિતાપરિચય [સં.] પું. કવિતાની પિછાણ.

કવિતાબદ્ધ વિ. પદ્યમાં રચાયેલું.

કવિતાભાસીપદાવલિ સ્ત્રી. કવિતાના બધા ગુણ ન હોય છતાં કવિતા જેવી દેખાતી કાવ્યશૈલી.

કવિતાભાસીપદાવલી જુઓ કવિતાભાસીપદાવલિ.

કવિતાભોગી વિ. કવિતામાં રસ લેનાર.

કવિતામય ૧. વિ. કવિતાથી ભરપૂર; કવિતાથી ઓતપ્રોત.

૨. વિ. કવિતારૂપ; કાવ્યરૂપ.

કવિતામયપદાવલિ સ્ત્રી. કવિતાવાળી શૈલી; કાવ્યભાષા.

કવિતામયપદાવલી જુઓ કવિતામયપદાવલિ.

કવિતારાશિ [સં.] પું. કવિતાનો અમુક વર્ગ.

> લિરિક **કવિતારાશિ**માં પેટા જાતિઓ અનેક છે.
>
> બ. ક. ઠાકોર

કવિતારૂઢિ સ્ત્રી. કવિતામાં વપરાતો શબ્દપ્રયોગ.

કવિતારૂપ વિ. કાવ્યમય; કવિતાના રૂપમાં ગોઠવેલું; કવિતામાં હોય તેવી ચમત્કૃતિવાળું.

કવિતાલાપ પું. (સંગીત) કોઈ રાગનો આલાપ કર્યા પછી ત રાગનું ગાયન ગાઈ જવું અને ગાઈ રહ્યા પછી આલાપ ચાલુ રાખવો તે.

કવિતાવૃત્તિ સ્ત્રી. કાવ્યવૃત્તિ; કવિતા રચવાની મનોદશા.

કવિતાવેશધારીભાષા સ્ત્રી. કાવ્યભાષા; કવિતાની શૈલી.

કવિતાશક્તિ ૧. [સં.] સ્ત્રી. કવિતા બનાવવાનું સામર્થ્ય.

૨. સ્ત્રી. કવિની ચતુરાઈ.

કવિતાશૈલી સ્ત્રી. લલિતશૈલી; કાવ્યમયશૈલી; કવિતામયપદાવલિ.

કવિતાશ્રવણ [સં.] ન. કવિતા સાંભળવી તે.

કવિતાસર્જન [સં.] ન. નવી કવિતા લખવી તે.

કવિતોચિત છૂટ સ્ત્રી. કવિને મળતી છૂટ.

કવિતોચિતપદાવલિ સ્ત્રી. કવિતાની શૈલી; કાવ્યભાષા; કાવ્યમયશૈલી.

કવિતોચિતપદાવલી જુઓ કવિતોચિતપદાવલિ.

કવિત્ત જુઓ કવિત.

કવિત્વ ૧. [સં.] ન. કવિતા કરવાપણું.

૨. ન. કવિતા બનાવવાની શક્તિ.

૩. ન. કવિનું કામ.

૪. ન. કવિપણું.

૫. ન. કાવ્યનો ગુણ.

૬. ન. પદ; કાવ્ય.

૭. ન. પ્રતિભા.

કવિત્વકાયપદાવલિ સ્ત્રી. કવિતાની શૈલી.

કવિત્વકાયપદાવલી જુઓ કવિત્વકાયપદાવલિ.

કવિત્વગુણ પું. કવિપણાની શક્તિ.

કવિત્વજન્ય [સં.] વિ. કવિપણાથી થતું.

કવિત્વભાવના સ્ત્રી. કવિતા કરવાની લાગણી.

કવિત્વમયપદાવલિ સ્ત્રી. કવિતાની શૈલી; કાવ્યભાષા.

કવિત્વમયપદાવલી જુઓ કવિત્વમયપદાવલિ.

કવિત્વયુક્ત વિ. કવિત્વવાળું.

કવિત્વરીતિ સ્ત્રી. કાવ્યરચનાની શૈલી; કવિતા દ્વારા ભાવ પ્રકટ કરવાની રીતિ.

કવિત્વવૃત્તિ [સં.] સ્ત્રી. કવિતા બનાવવાની મનોદશા.

કવિત્વશક્તિ [સં.] સ્ત્રી. કાવ્ય રચવાનું સામર્થ્ય; કવિતા રચવાની શક્તિ.

કવિત્વશૂન્ય [સં.] વિ. કવિપણા વગરનું.

કવિત્વસત્ત્વ [સં.] ન. કવિતા બનાવવાની શક્તિ.

કવિત્વાભાસીપદાવલિ સ્ત્રી. કવિતાના બધા ગુણ ન હોવા છતાં કવિતા જેવી દેખાતી કાવ્યશૈલી; કવિતાભાસીપદાવલિ.

કવિત્વાભાસીપદાવલી જુઓ કવિત્વાભાસીપદાવલિ.

કવિત્વાંકુર પું. કવિતાનું ઝરણ; કવિતાનું સ્ફુરણ.

કવિદૃષ્ટિ સ્ત્રી. કવિ તરીકેની જોવાની શક્તિ; કુદરતની લીલા જોવાની તથા તેના ભેદ ઉકેલવાની કવિની શક્તિ.

કવિદ્યા ૧. [સં. કુ (ખરાબ) + વિદ્યા] સ્ત્રી. જ્ઞાનનો દુરુપયોગ.

૨. સ્ત્રી. તંત્રવિદ્યા; ભૂતપિશાચની ઉપાસનાનો માર્ગ; મંત્રવિદ્યા; મેલી વિદ્યા.

૩. સ્ત્રી. ભૂંડું બોલવું તે; અપશબ્દ કહેવો તે.

૪. સ્ત્રી. લુચ્ચાઈ; ઠગાઈ; કપટતંત્ર; છળવિદ્યા.

કવિનયન ૧. [સં.] ન. કવિની આંખ; કવિનાં દિવ્ય ચક્ષુ.

૨. ન. કવિની કલ્પનાસૃષ્ટિ; કવિની મૌલિક દૃષ્ટિ.

> અરે એ સૃષ્ટિને **કવિનયન**થી જો ઘડી.
>
> કલાપી

કવિનામધારી વિ. કવિનું નામ ધારણ કરનાર.

કવિનામશેષ પું. કવિત્વ વગરનો માત્ર કવિ નામ ધારણ કરનાર માણસ.

કવિનામી ૧. પું. કવિ.

૨. પું. નામનો કવિ.

કવિપદ ન. કવિનો દરજ્જો.

કવિપદલોલુપ ૧. પું. કવિ થવાને નાલાયક છતાં તે પદ મેળવવાની ઇચ્છા રાખનાર માણસ.

૨. વિ. કવિનો દરજ્જો મેળવવાની ઇચ્છાવાળું.

કવિપદવી સ્ત્રી. કવિનો દરજ્જો.

કવિપયગંબર પું. અવતારી કવિ.

કવિપુત્ર ૧. [સં.] પું. કવિનો દીકરો.

૨. પું. દૈત્યગુરુ; શુક્રાચાર્ય.

૩. પું. ભૃગુના એક પુત્રનું નામ.

કવિપૂંજી સ્ત્રી. કવિની દોલત; કવિનું કાવ્યરૂપી ધન.

કવિપ્રતિભા સ્ત્રી. કવિની બુદ્ધિશક્તિ; કવિનું કૌશલ.

કવિપ્રવર પું. શ્રેષ્ઠ કવિ.

કવિપ્રૌઢોક્તિસિદ્ધ વિ. જેમાં કલ્પિત અર્થ હોય એવું.

કવિબંધુ પું. કવિતા કરનાર માણસ.

કવિભક્ત પું. ઈશ્વરનો કવિતા કરનાર ભક્ત; ભક્ત અને કવિ.

કવિભક્તાણી સ્ત્રી. કવિતા કરનાર અને ભક્ત સ્ત્રી.

કવિભાર્ગવ પું. (પુરાણ) ઋગ્વેદના નવમા મંડલના સુડતાળીસથી ઓગણપચાસ સૂક્તનો કર્તા એક ઋષિ.

કવિમણિ [સં.] પું. કવિઓમાં શિરોમણિ; સર્વોત્તમ કવિ; શ્રેષ્ઠ કવિ.

કવિમંડળ ન. કવિઓનું મંડળ.

કવિમાન્યન્યાય પું. કવિકલાનો ન્યાય; નાટક વગેરેનાં પાત્રોને કરણી પ્રમાણે સારાં માઠાં ફળ આપવાનો કવિનો સંકેત; કવિકલ્પિતન્યાય.

કવિમેધાવી પું. (પુરાણ) સામવેદમાં જણાવેલ એ નામનો એક ઋષિ.

કવિયણ સ્ત્રી. સ્ત્રીકવિ; કવયિત્રી.

કવિયશ:પ્રાર્થી [સં. કવિયશ:પ્રાર્થિન્] વિ. કવિને મળતા યશની ઇચ્છા રાખનાર.

> કાલિદાસ પણ એક વખત **કવિયશ:પ્રાર્થી** હતો.
>
> કૌમુદી

કવિયેણ જુઓ કવિયણ.

કવિરત્ન [સં.] પું. શ્રેષ્ઠ કવિ; કવિવર.

કવિરથ પું. (પુરાણ) કળિયુગમાં થયેલ યુધિષ્ઠિર વંશનો એક રાજા. તે ચિત્રરથનો દીકરો અને વૃષ્ટિમાન રાજાનો પિતા થાય. અઠ્ઠોતેર વર્ષ, આઠ માસ અને ઓગણત્રીશ દિવસ રાજ્ય ભોગવી કલિયુગમાં સાતસો ચાલીસમે વર્ષે તેની સમાપ્તિ થઈ. દરમિયાન ચાર્વાક અને ક્ષપણક એ બે પુરુષોએ પોતાના નાસ્તિક મતનો પ્રચાર કર્યાનું જૈનગ્રંથો જણાવે છે.

કવિરહસ્ય [સં.] ન. એ નામનો એક ગ્રંથ.

કવિરાજ ૧. [સં.] પું. એક જાતની બંગાળમાં વૈદ્યોને અપાતી પદવી.

૨. પું. ભાટ; ચારણ.

૩. પું. રાઘવપાંડવીય નામના મહાન કાવ્યનો રચનાર મધ્યકાલીન હિંદમાં થઈ ગયેલો એક કવિ.

૪. પું. વૈદ્ય.

૫. પું. શ્રેષ્ઠ કવિ; ઉત્તમ કવિ.

કવિરાજરાજ [સં.] પું. સૌથી ઉત્તમ કવિ.

> ગૌડ દેશનો **કવિરાજરાજ** તે ગીતગોવિંદકાર જ.
>
> ગીતગોવિંદ

કવિરાજા ૧. પું. ઉત્તમ કવિ.

૨. પું. રાજા અને કવિ.

કવિરામાયણ [સં.] પું. વાલ્મીકિ મુનિ.

કવિલ ૧. [સં.] વિ. વખાણુ કરનાર; સ્તુતિ કરનાર.

૨. વિ. શબ્દ રચનાર.

કવિલાસિકા [સં.] સ્ત્રી. એક જાતની વીણા.

કવિવર [સં.] પું. શ્રેષ્ઠ કવિ; કવિરાજ.

કવિવર્ય જુઓ કવિવર.

કવિવાક્ય જુઓ કવિવાણ.

કવિવાણ સ્ત્રી. કવિની વાણી; કવિવચન.

કવિવાણી જુઓ કવિવાણ.

કવિવાલ્મીકિ [સં.] પું. વાલ્મીકિ મુનિ.

કવિવિરચિત [સં.] વિ. કવિનું રચેલું; કવિએ બનાવેલું.

કવિશ સ્ત્રી. નારાજી; નાખુશી.

કવિશિરોમણિ વિ. કવિઓમાં શ્રેષ્ઠ.

કવિશેખર ૧. [સં.] પું. શ્રેષ્ઠ કવિ.

૨. પું. સંગીતશાસ્ત્ર પ્રસિદ્ધ એક તાલ; તાલના મુખ્ય સાઠ માંહેનો એક ભેદ.

કવિસમ્રાટ ૧. પું. કવિરાજ; શ્રેષ્ઠ કવિ.

૨. વિ. કવિઓમાં શ્રેષ્ઠ.

કવિસૃષ્ટિ [સં.] સ્ત્રી. સાહિત્યકારની દુનિયા; સાહિત્યજગત.

> કર્તાના સંકલ્પથી તેના સર્વ અનુભવનું રહસ્ય ગતિમાં આકાર થઈ કવિસૃષ્ટિ નિર્માણ થાય છે.
>
> પ્રસ્થાન

કવિસ્થળ ન. કપિસ્થળ; પંજાબમાં આવેલ કૈલાસ ગામનું એક પ્રાચીન નામ.

કવી ૧. [સં.] સ્ત્રી. લગામ.

૨. [અ.] વિ. મજબૂત; બળવાન.

કવી કરવું સ. ક્રિ. વધારે ખરાબ બનાવવું.

કવીજુસ્સા વિ. જોરાવર; મજબૂત શરીરવાળું.

કવીટ ન. એ નામનું એક ઝાડ.

કવીત [સં. કપિત્થ] ન. કોઠું.

કવીપૈ [અ.] વિ. સ્નાયુવાળું.

કવીબાઝૂ ૧. વિ. જોરાવર.

૨. વિ. મજબૂત હાથવાળું.

કવીબાલ વિ. મજબૂત હાથવાળું.

કવીય [સં.] ન. લગામ.

કવીશ જુઓ કવીશ્વર.

કવીશ્વર ૧. [સં. કવિ + ઈશ્વર (શ્રેષ્ઠ પુરુષ)] પું. શ્રેષ્ઠ કવિ.

૨. સ્ત્રી. બ્રાહ્મણની એ નામની એક અટક.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

કવીશ્વરતા સ્ત્રી. શ્રેષ્ઠ કવિ હોવાપણું.

કવીહૈકલ જુઓ કવીજુસ્સા.

કવીંદ્ર જુઓ કવીશ્વર.

કવું ૧. ન. ઓરસિયા ઉપર વપરાતો સુખડનો કકડો.

૨. ન. મકાન ઉપર ચાળેલી નળિયાની હાર.

કવૂલ [સં.] ન. જ્યોતિષ પ્રસિદ્ધ એ નામનો એક યોગ.

કવૃત્તિ ૧. [સં. કુ (ખરાબ) + વૃત્તિ (વર્તન)] સ્ત્રી. ખરાબ વર્તન; હલકું આચરણ.

૨. સ્ત્રી. દુષ્ટ ઇચ્છા.

કવે અ. ક્યારે; કયે વખતે.

કવેણ ૧. સ્ત્રી. કવયિત્રી; કવિ સ્ત્રી.

૨. ન. અઘટિત વેણ; અપશબ્દ; ગાળ.

કવેત ૧. સ્ત્રી. કવિતાની કડી.

૨. સ્ત્રી. સરખું ન હોવાપણું.

૩. અ. ઉપયોગમાં ન આવે તેમ; નકામું જાય તેમ.

કવેતર ન. ઢોરની કસુવાવડ.

કવેતાઈ વિ. કાવ્યમય; કવિતાવાળું.

કવેતાઈ બાની સ્ત્રી. કવિતામાં વપરાયેલ શબ્દ-રચના.

કવેરજા સ્ત્રી. કાવેરી નદી.

કવેલ [સં.] ન. કમળ.

કવેલું ૧. ન. લોઢી તથા બકડિયું ખોલવવાનું ઓજાર.

૨. વિ. કુએલું; કચરાવાળું.

કવેલૂ [મ.] પું. નળિયું.

કવેશ્વર [સં. કવીશ્વર] પું. શ્રેષ્ઠ કવિ.

કવેસર જુઓ કવેશ્વર.

કવેસિયા પું. લાંબાં પાન અને રાતા રંગનાં ફૂલવાળો એક છોડ.

કવેળા ૧. [સં. કુ (ખરાબ) + વેલા (વખત)] સ્ત્રી. અશુભ સમય; અમંગળ વખત.

૨. સ્ત્રી. કમોસમ; કરત.

૩. સ્ત્રી. કવખત; કટાણું.

કવૈંત ૧. વિ. નકામું.

૨. વિ. માપ વગરનું.

કવૈયા ૧. સ્ત્રી. એ નામની લોહારની એક અટક.

૨. ન. એ અટકનું માણસ.

૩. ન. પીલૂડી.

૪. વિ. એ નામની અટકનું.

કવો ૧. પું. કાગડો.

૨. પું. કૂવો.

૩. પું. ઘોડાના ખભાની ટોચ અથવા ઉપલો ભાગ; ખોગીરનો આગલો ભાગ. ત્યાં કેશવાળી પૂરી થાય છે.

૪. પું. દોરીને એક છેડે પથ્થર બાંધી બીજો છેડો હાથમાં રાખી પથ્થરને અદ્ધરની કોઈ પણ વસ્તુ લેવાને તેની ઉપર થઈને જાય તેમ ફેરવવાની ક્રિયા.

૫. પું. પતંગ.

૬. પું. બરડાનું હાડકું.

કવોઠું ન. ખરાબ સ્થળ; અયોગ્ય ઠેકાણું.

> દેહ છાંડું હું માહરો, દુઃખે ન ભાવે અન,
> કવોઠે કુંવરી પડી, મારૂં મન ઘણું દાઝે તન.
>
> સામળ

કવોષ્ણ ૧. [સં.] ન. થોડો ગરમ સ્પર્શ.

૨. વિ. નવશેકું; થોડું ગરમ.

૩. વિ. સુગંધી; ખુશબોદાર.

કવ્ય ૧. [સં.] પું. એ નામના પિતૃઓનો એક વર્ગ.

૨. પું. કવિ.

૩. ન. પિતૃઓને આપવાનો બલિ; પિતૃ નિમિત્તે કરાતું પિંડ, શ્રાદ્ધ, બ્રહ્મભોજન વગેરે. દેવતાઓને આપવાનું તે હવ્ય અને પિતૃઓને અર્પણ થતું કવ્ય કહેવાય.

૪. વિ. સ્તુતિ કરનાર.

૫. વિ. સ્તુતિ કરવા યોગ્ય.

કવ્યદાન [સં.] ન. પિતૃઓને આપવામાં આવતો બલિ.

કવ્યભુક્ ૧. [સં.] પું. એ નામનો એક અગ્નિ.

૨. પું. પિતૃ.

કવ્યવાડ (કવ્યવાડ઼) ૧. [સં.] પું. અગ્નિ.

૨. પું. એ નામનો પિતૃદેવ.

કવ્યવાડનલ (કવ્યવાડ઼નલ) [સં.] પું. એ નામના એક પિતૃ.

કવ્યવાલ જુઓ કવ્યવાડ.

કવ્યવાહ [સં.] પું. જેમાં પિંડ વડે પિતૃયજ્ઞની આહુતિ અપાય તે અગ્નિ.

કવ્યવાહક [સં.] વિ. માંસની આહુતિ લેનાર.

કવ્યવાહન [સં.] પું. પિતૃકાર્ય માટે સ્થાપેલ અગ્નિ.

કવ્યસ્તવ [સં.] પું. પિતૃઓને બલિ અર્પણ કરતી વખતે ગવાતી સ્તુતિ.

કવ્યાન્ન [સં.] ન. શ્રાદ્ધમાં આપવાનું માંસરૂપ અન્ન.

કવ્લી ન. નાગરવેલનાં પાનનું એક માપ.
૪૦૦ પાન = ૧ કવ્લી
૪૪ કવ્લી = ૧ કુર્તન
૪ કુર્તન = ૧ ઓજહે

કવ્લેસ ૧. પું. તકરાર; ઝઘડો.

૨. પું. દુઃખ; પીડા.

કવ્વચ પું.; સ્ત્રી. કૌવચનો વેલો. તેના રોપા મૃગશરનો વરસાદ પડવા માંડે કે તરત વગડામાં ચોતરફ ઊગવા માંડે. મોટા થતાં તે ઝાડ કે વાડ ઉપર ચડે. પાંદડાની બાજુએ લાંબું ડીટું ફૂટી ઉપર ચડે. પાંદડાની બાજુએ લાંબું ડીટું ફૂટી આવતા ઝૂમખામાં વીશ કે પચીશ ફૂલ હોય. તેમાં એક એક આંગળ લાંબા અને તેટલા જ જાડા શિંગના ગુચ્છા થાય. દરેક ગુચ્છામાં પાંચથી દશ શિંગ આવે. શિંગ ઉપર આવતા બારીક કાંટા શરીરે લાગે તો બળતરા થઈ સૂજી જાય. શિંગમાંનાં બિયાંને કૌબીજ કહે છે. મીઠી કૌવચની શિંગ થોડી મોટી અને નાજુક હોઈ ઉપરના કાંટા નુકસાનકારક હોતા નથી. કાંટા છરીથી છોલી નાખી શિંગનું થતું શાક લીલાં કેળાં જેવું થાય. કૌવચ મધુર, વૃષ્ય, શીત, ધાતુવર્ધક, બલકર, ગુરુ તથા કડવી હોઈ ક્ષય, વાયુ, શીતપિત્ત, રક્તદોષ, વ્રણ, કફ અને રક્તપિત્તનો નાશ કરનાર મનાય છે.

કવ્વા [સં. કાક] પું. (હિંદી) કાગડો.

૧. કવ્વે ઉચર જા = કાગડા ઊડી જા. આમ બોલતાં કાગડો ઊડી બીજી જગ્યાએ બેસે તો આવનાર પતિ કે કાગળ વગેરે તુરત આવવાનું મનાય છે.

૨. કવ્વે કા નિશાસ્ત = એક જાતનું આરારૂટ.

૩. કાલા કવ્વા = કાગડા જેવું કાળું; બહુ જ કાળું.

૪. પહાડી કવ્વા = જંગલી કાગડો.

૫. સુફેદ કવ્વા = ધોળો કાગડો.

કવ્વાઠેંઠી [હિં.] સ્ત્રી. એક જાતનું ફૂલ; અપરાજિતા.

કવ્વાપરી સ્ત્રી. બહુ કાળી સ્ત્રી.

કવ્વાલ ૧. [અ.] પું. કવ્વાલી ગાવામાં ટેવાયેલ માણસ.

૨. પું. ગવૈયો; ગાયક.

૩. પું. તાણીને ગાનાર ગવૈયો.

૪. પું. તાણીને ગાવાનો એક રાગ.

૫. પું. વાર્તાકાર.

૬. વિ. ખયાલ ગાનાર.

૭. વિ. બોલતું; વાત કરતું.

કવ્વાલની [હિં.] સ્ત્રી. કવ્વાલી ગાનાર સ્ત્રી.

કવ્વાલી ૧. [અ.] સ્ત્રી. (સંગીત) એક જાતનો તાલ. કવ્વાલ અને તવાયફો ગમે તે રાગને આ તાલમાં ગાય છે.

૨. સ્ત્રી. ખયાલટપ્પાનું ગાણું.

૩. સ્ત્રી. ગાયન; ખાસ કરીને સૂફીવાદની ગઝલ.

૪. સ્ત્રી. ગાયનનો એક પ્રકાર. સાધારણ ભાવવાળાં અને સરળ રાગનાં ગાયનો જે પદ્ધતિમાં રચાયાં હોય તેને કવ્વાલી કહે છે. તેની શબ્દરચના મનોહર હોઈ તે ગઝલ, રેક્તા, લાવણી વગેરેમાં ગવાય છે.

૫. સ્ત્રી. ગાવું બજાવવું તે.

૬. વિ. અતિ ચપળ.

કવ્વાલીબાની સ્ત્રી. (સંગીત) ગાયનની એક પદ્ધતિ. જે રાગ અતિક્ષુદ્ર, જેની પદ્ધતિ અસ્થિર, મધ્યમસર, ગંભીર કે એને મળતી હોય તેવા રાગનાં ગાયન દાદરા, ગઝલ, હોરી, ઠુમરી, રેકતા વગેરેમાં રચવામાં આવે છે. તેને મુસલમાન ગવૈયા કવ્વાલીબાની એવા નામથી ઓળખે છે.

કવ્વેઉડાની ૧. સ્ત્રી. કલંકિત સ્ત્રી.

૨. સ્ત્રી. હલકું કામ કરવા રાખેલ છોકરી.

કવ્વો પું. (વ્રજ) ગરીબ મજૂર.

કશ્ [સં.] અ. ક્રિ. અવાજ કરવો.

કશ ૧. [ફા.] પું. ખેંચવું તે.

૨. પું. હુક્કા અથવા ચલમની ફૂંક; હુક્કાનો દમ.

૩. સ્ત્રી. અણુચી; કપટ; ફૂડ.

૪. સ્ત્રી. અંગરખું, બંડી વગેરે ભીડવાની નાની દોરી.

૫. [સં.] સ્ત્રી. કોસનું દોરડું; વરત.

૬. સ્ત્રી. ચાબુક; કોરડો.

૭. સ્ત્રી. પેશાબ વધારનાર એક કરિયાણું.

૮. સ્ત્રી. લોઢાનો ચપટી અણીવાળો દંડ; કોશ.

૯. સ્ત્રી. હળની કોશ.

૧૦. ન. (પારસી) પથ્થર ઉપર મૂકેલ શબની આસપાસ ખીલા કે ધાતુના સળિયા વડે કાઢવામાં આવતું કૂંડાળું.

૧૧. [ફા. કશીદન (ખેંચવું)] વિ. ખેંચનાર; જેમકે, બારકશ; તીરકશ.

કશક ૧. પું. ઘઉં, જવ અને માંસને ભેગાં કરી ધીમે તાપે ઉકાળી બનાવેલ ખાવાની એક વાની.

૨. પું. જવનો ઉકાળો.

૩. [ફા.] પું. પટ્ટો; લીટો.

૪. ન. ફાળ; છલંગ.

કશકચીબાશી [તુ.] પું. રક્ષણ કરનાર સિપાઈ; ચોકીદાર.

કશકશાવું અ. ક્રિ. હાંકવું.

કશકૂલ ૧. [ફા.] પું. ભિખારી.

૨. પું. ભિખારીનું શકોરૂં.

કશકૃત્સ્ન [સં.] પું. (પુરાણ) એ નામનો એક ઋષિ.

કશકોલ ૧. [ફા.] પું. ભિખારી.

૨. પું. ભિખારીનું શકોરૂં.

૩. સ્ત્રી. ચિત્રપોથી.

૪. સ્ત્રી. પરચૂરણ ચોપડી.

૫. સ્ત્રી. ભિખારીની ટોળી.

કશટો ૧. [સં. કષ્ટ] પું. કષ્ટ; દુઃખ.

૨. પું. શારીરિક મહેનત.

કશણ ૧. સ્ત્રી. કુમળી કળી.

૨. સ્ત્રી. દોરી; દોરડું.

૩. ન. અનાજનું ડૂંડું.

૪. ન. અંગરખું, બંડી વગેરે ભીડવાની નાની દોરી.

કશણી ૧. સ્ત્રી. કમખાની કસ.

૨. જુઓ કસણી.

કશણું [સં. કણિશ] ન. કણસલું; ડૂંડું.

કશન [ફા.] વિ. ઘણું; પુષ્કળ.

કશનળી સ્ત્રી. અમુક રસાયણ ચકાસવાની નળી; ચિકિત્સાનળી; પ્રયોગનળી.

કશનીઝ સ્ત્રી. ધાણાભાજી; કોથમીર.

કશફ ૧. [ફા.] સ્ત્રી. કરચલો.

૨. સ્ત્રી. કર્કરાશિ.

૩. સ્ત્રી. કાચબો.

કશમકશ ૧. [ફા.] સ્ત્રી. ખેંચતાણ.

૨. સ્ત્રી. ગૂંચવણ; ગભરાટ.

૩. સ્ત્રી. દુઃખ.

૪. સ્ત્રી. ભીડ; ધક્કાધક્કી.

કશમલ પું. હિમાલયના સમશીતોષ્ણ ભાગમાં છ થી દશ હજાર ફૂટની ઊંચાઈએ ઊગતી એક વનસ્પતિ. તેની મુખ્ય ત્રણ જાત છે. તેનાં પાંદડાં લાંબાં હોય. થડમાંથી નીકળતો રસ રંગવાના કામમાં આવે અને બીજા ભાગો દવામાં ઉપયોગી મનાય છે.

કશમી સ્ત્રી. કર ભરવો પડે એવી જમીન.

કશર [યૂ.] ન. ફળ ઉપરનું બહારનું પડ કે છાલ.

કશરાતું ૧. વિ. કરકસરવાળું.

૨. વિ. કિફાયત; વાજબી ભાવનું.

કશરી ૧. સ્ત્રી. દોરી; કશ.

૨. સ્ત્રી. નાડ; રગ.

કશરુ [સં.] સ્ત્રી. નાગરમોથ.

કશલી ૧. [સં. કલશ] સ્ત્રી. નાનો લોટો; કળશિયો.

૨. સ્ત્રી. લોટા ઉપર બરાબર બેસતું મુકાય તેવું નાનું વાસણ.

કશવટ સ્ત્રી. દોરીવાળી કોથળી.

કશવું ૧. [સં. કશ્ (અવાજ કરવો)] અ. ક્રિ. અવાજ કરવો.

૨. [સં. કષ્; પ્રા. કસ] સ. ક્રિ. કસવું; પરીક્ષવું.

પ્રભો! તથાપિ મુજને **કશ્યો** કાં ?
નરસિંહરાવ

૩. સ. ક્રિ. ખેંચવું.

કર કેશ બાંધ્યા **કશી** તાણી રે. ખોડીદાસ

૪. સ. ક્રિ. ઘટવું; ઓછું થવું.

૫. સ. ક્રિ. મજબૂત બાંધવું; કસકસાવીને બાંધવું.

કશ્યું કાયા સૂત્રે. નરસિંહરાવ

કશળિયું ૧. ન. ટૂંટિયું.

૨. ન. રાતડિયું; ગાજર.

કશળ્યું [સં. કુશલ] વિ. સાજું નરવું.

કશા ૧. સ્ત્રી. અગ્નિ.

૨. [સં.] સ્ત્રી. ગુણ.

૩. સ્ત્રી. ચાબુક.

૪. સ્ત્રી. ચાબુક મારવો તે.

૫. સ્ત્રી. મોઢું.

૬. સ્ત્રી. રસી; દોરડું.

૭. વિ. કોઈ; કાંઈ.

૮. વિ. હતાશ; નિરાશ.

કશાક ૧. વિ. કાંઈ.

૨. અ. કાંઈ પણ.

કશાકશ ૧. સ્ત્રી. કજિયો; ખેંચતાણ.

૨. [ફા.] સ્ત્રી. ખેંચાણ.

૩. સ્ત્રી. મૂંઝવણ; ગભરાટ.

૪. સ્ત્રી. વિપત્તિ.

કશાઘાત [સં.] પું. ફટકા મારવાની શિક્ષા.

કશાણું ૧. ન. કણસલું; ડૂંડું.

૨. વિ. કસાઈ ગયેલું; દૂબળું.

૩. વિ. દયામણું.

કશાત્રય [સં.] ન. ઘોડાને ત્રણ પ્રકારે ચાબુક મારવાની રીત.

કશાદંડ [સં.] પું. ફટકા મારવાની શિક્ષા.

કશાન ૧. [ફા.] વિ. ખેંચનાર.

૨. વિ. સહન કરનાર.

કશાફ વિ. શોધ કરનાર; શોધક.

કશામ્ર ન. એ નામનું એક ઝાડ.

કશારિ [સં.] સ્ત્રી. કર્મકાંડમાં યજ્ઞની ઉત્તરવેદી. તેના ઉપર અગ્નિ સળગાવવામાં આવે છે અને કોઈ વાર અગ્નિકુંડ પણ બનાવવામાં આવે છે.

કશારુકા [સં.] સ્ત્રી. પીઠનું હાડકું.

કશાર્હ [સં.] વિ. ચાબુક મારવા યોગ્ય.

કશાલો ૧. [સં. કષ્ (ઈજા કરવી)] પું. અચો; કડાકૂટ.

૨. પું. જુલમ.

૩. પું. ભીડ.

કશાવું અ. ક્રિ. શિકાર ઉપર ટાંપવું.

તેની પાતળી કેડનો લાંક **કશાયેલા** સિંહના જેવો છે. પ્રવીણસાગર

કશાસંધાન પું. બગલની પાસેનો એક સાંધો.

કશાસ્થિ [સં.] ન. બગલ પાસેનું હાડકું.

કશાંબી સ્ત્રી. એ નામની એક નગરી. ત્યાંના રાજા શતાનીકને મહાવીર સ્વામીએ પોતાના ધર્મમાં લીધો હતો.

કશિક [સં.] પું. નોળિયો.

કશિકા [સં.] સ્ત્રી. ચાબુક.

કશિદ ન. ઉનાળામાં ખીલતું એ નામનું ફૂલઝાડ. તેને પીળા રંગનાં ફૂલ આવવાથી બહુ જ સુંદર દેખાય છે.

કશિન [ફા.] વિ. ઘણું; પુષ્કળ.

કશિપ ન. ચંદ્રગર્ગ ગોત્રનું એ નામનું એક પ્રવર.

કશિપુ ૧. [સં.] ન. અન્ન; ખોરાક.

૨. ન. એક જાતનું આસન.

૩. ન. ઓશીકું; ગાલમસૂરિયું.

૪. ન. કપડું; વસ્ત્ર.

૫. ન. ઢાંકણ.

૬. ન. પાથરણ; બિછાનું.

૭. ન. સાદડી.

કશિયર ન. ગારાનું ચણતર.

કશિયા પું. એક જાતનો કાઠિયાવાડી ઘોડો.

કશિયાળું વિ. અણચી કરનારું.

કશિયો પું. ત્રણ કણની ફરાળમાં વપરાતી એક વાની.

કશિશ ૧. સ્ત્રી. આકર્ષણ; ખેંચાણ.

૨. [ફા. કશીદન (ખેંચવું)] સ્ત્રી. ખેંચતાણ.

૩. સ્ત્રી. ઢીલ; વિલંબ.

૪. સ્ત્રી. તકરાર; વાંધો.

૫. સ્ત્રી. મતભેદ.

૬. સ્ત્રી. મુશ્કેલીનો વખત.

૭. સ્ત્રી. લાલચ.

૮. સ્ત્રી. વખાણની લીટી.

કશી ૧. સ્ત્રી. એક જાતનું ઝાડ.

૨. સ્ત્રી. સલાટનું પથ્થર કાપવાનું લોઢાનું બંને બાજુ અણીવાળું હથિયાર.

૩. વિ. કાંઈ પણ; કોઈ પણ.

૪. [ફા.] વિ. કશ; ખેંચનાર. સમાસમાં વપરાય છે.

કશીદગી ૧. [ફા. કશીદન (ખેંચવું)] સ્ત્રી. ખેંચાવું તે.

૨. સ્ત્રી. ગેરસમજ.

૩. સ્ત્રી. નાખુશી.

કશીદા ૧. [ફા.] પું. એક જાતનું ભરતકામ.

૨. વિ. ખેંચાયેલ; તાણી કાઢેલ.

કશીદા ૨ = લાંબો અને કરચલીવાળો ચહેરો.

૩. વિ. ચીડિયું; ખિજાળ.

૪. વિ. ભળે નહિ એવું; સોગિયું.

૫. વિ. મલિન; ગંદું.

કશીદાખાતિર ૧. [ફા.] વિ. ગુસ્સે થયેલું.

૨. વિ. મનમાં દુઃખ પામેલું.

કશીદું ન. કશીદો; જરીનું ભરતકામ.

કશીદો ૧. પું. એક જાતનું પ્રશંસાકાવ્ય.

૨. [ફા. કશીદન (ખેંચવું)] પું. ઈંટ અથવા નળિયાંને ઓગાળીને બનાવેલ કીટો; છાંગળ. ઈંટ કે નળિયાંને બહુ તાપ લાગી જતાં તેમાંની રેતી ઓગળી જઈ કાચ જેવા ગઠ્ઠા બને છે.

૩. પું. જરીનું ભરતકામ; રેશમ સાથે વણેલ સોનારૂપાના તારનું ભરતકામ; કારચોબ.

કશુ ૧. [સં.] પું. ચેદિપુત્ર એક રાજા.

૨. [ફા.] વિ. ઘણું; પુષ્કળ.

કશું ૧. [સં. કશ્ચન] વિ. કંઈ; કોઈ; કંઈ પણ.

૨. [સં. કીદશ–કઈસ–કઇસું–કિસ્યૂં–કિસુ] વિ. કેવું; કયા પ્રકારનું; કઈ જાતનું.

૩. વિ. શું.

૪. અ. ક્યાંથી; શી રીતે.

કુબુદ્ધિ જેને મન વસી, લાજ મર્યાદા તેને **કશી**.
સામળ

કશુંક વિ. કંઈક.

કશૂન [તુ.] પું. લશ્કરનો એક ભાગ.

કશેરક [સં.] પું. એ નામનો એક યક્ષ.

કશેરુ ૧. [સં.] પું. જંબુદ્વીપનો એક ભાગ.

૨. પું. ભારતવર્ષના નવ માંહેનો એક ખંડ.

૩. પું.; ન. બરડો; વાંસાનું હાડકું; બરડાની કરોડ; મેરુદંડ; બ્રહ્મદંડ; કશેરુકા.

૪. સ્ત્રી. ત્વષ્ટાની ચૌદમી કન્યા.

૫. ન. એક જાતનું ઘાસ.

૬. ન. ઝાડનો ફાંટો.

કશેરુક ૧. પું. (પુરાણ) એ નામનો એક ક્ષત્રિય. તેને શ્રીકૃષ્ણે માર્યો હતો.

૨. [સં.] પું. એક જાતનો કંદ.

૩. સ્ત્રી. ઝીણી મોથ.

૪. ન. એક જાતનું ઘાસ.

કશેરુકા [સં.] સ્ત્રી. બરડો; પૃષ્ઠાસ્થિ; વાંસાનું હાડકું. સામાન્ય રીતે દરેક કશેરુકાના બે મુખ્ય ભાગ હોય છેઃ (૧) કશેરુપિંડ અને (૨) કશેરુચક્ર અને તેનાં સાત પ્રવર્દ્ધનકો. દરેક કશેરુચક્રને સાત પ્રવર્દ્ધનક હોય.

કશેરુકાસ્થિ [સં.] ન. કરોડના મણકાનું હાડકું.

કશેરુ ચક્ર [સં.] ન. ચક્ર જેવા આકારનો કરોડના મણકાનો પાછલો ભાગ; મેણક; ચાપ. એની વચમાં આવેલ મોટા છિદ્રનું નામ સુષુમ્ણા વિવર છે, કારણકે પૃષ્ઠવંશની કશેરુકાઓના એ પોલા ભાગમાં સુષુમ્ણા નાડી રહેલી છે.

કશેરુ ચક્રાંતરાલ [સં.] પું. કશેરુચક્રોને પરસ્પર જોડનાર પીળા રંગનો સ્થિતિસ્થાપક સ્નાયુ.

કશેરુ ચક્રાંતરીયા શિરા [સં.] સ્ત્રી. કશેરુચક્રમાં વચ્ચે રહેલી એ નામની એક શિરા.

કશેરુનલકા સ્ત્રી. કરોડરજ્જુ.

કશેરુનલિકા જુઓ કશેરુનલકા.

કશેરુપત્રક [સં.] ન. કશેરુચક્રના મૂળમાંથી પાછળ તથા મધ્યરેખા તરફ પરસ્પર મળી જતા પહોળા અને પાતળા બે ભાગ. આ બંને પત્રકો પરસ્પર મળવાથી સુષુમ્ણા વિવર બને છે.

કશેરુપશ્ચિમ સાધારણ સ્નાયુ પું. એ નામનો એક સ્નાયુ. આ લાંબો સ્નાયુ કશેરુકાઓના પિંડોની પાછલી બાજુ સાથે લાગેલો હોઈ સુષુમ્ણા વિવરની અંદર રહેલો છે. કશેરુચક્રો દૂર કરીએ તો તે નજરે પડે છે. તે સુષુમ્ણા વિવરની આગલી સીમા ઉપર છે.

કશેરુપિંડ [સં.] પું. કરોડના મણકાનો ગોળાકાર આગલો ભાગ. તેનો અંદરનો ભાગ પોચો અને બહારનો ભાગ કઠણ હોય છે.

કશેરુપિંડાંતરાલ સ્નાયુ પું. પાસે પાસે રહેલ કશેરુપિંડોને જોડનારો પાતળો સ્નાયુ. એમની સાથે જ કશેરુપિંડો વચ્ચે રહેલાં તરુણાસ્થિચક્રો માલૂમ પડે છે. તે ચક્રો ઉપર નીચે રહેલા કશેરુપિંડોનું સંધાન મજબૂત કરે છે. આ ચક્રોનો મધ્યભાગ પોચો અને સ્થિતિસ્થાપક છે.

કશેરુપિંડાંતરીયા સ્ત્રી. એ નામની શિરા. તે કશેરુપિંડોને ભેદીને બહાર આવે છે, અને આભ્યંતર તથા બાહ્ય શિરાચક્રોમાં મળી જાય છે.

કશેરુપુરસ્ત્ય સાધારણ સ્નાયુ પું. એ નામનો સ્નાયુ. આ જાડો, લાંબો અને પટ્ટી જેવો સ્નાયુ કશેરુકાઓના પિંડોની આગલી બાજુ સાથે લાગેલો છે. ઉપર તે પશ્ચિમકપાલના બાહ્યતલને, જ્યારે નીચે તે ત્રિકાસ્થિના ઉપલા ભાગને લાગેલો છે. અત્યંત મજબૂત હોઈ તે બધા પિંડોના સંધિઓને ટેકો આપે છે.

કશેરુબાહુ ન. કશેરુચક્રનાં સાત માંહેનું કશેરુચક્રની દરેક બાજુ ઉપર આવેલ હાથના જેવું પ્રવર્દ્ધનક; બાહુપ્રવર્દ્ધનક. તેને માંસપેશીઓ તેમ જ સ્નાયુઓ લાગેલ હોય છે.

કશેરુમાન પું. (પુરાણ) એ નામનો એક ક્ષત્રિય. તેને શ્રીકૃષ્ણે માર્યો હતો.

કશેરુશૂળ ન. બરડામાં થતો દુઃખાવો અથવા ચસકો.

કશેરૂ ૧. [સં.] પું. મોથ.
૨. જુઓ કશેરુ.

કશોભા સ્ત્રી. ખોટી શોભા; ખરાબ દેખાવ.

કશોભીતું વિ. અણઘટતું; નહિ શોભતું; છાજે નહિ એવું.

કશ્ચિત્ ૧. [સં.] સ. કોઈ.
૨. વિ. કોઈ; કોઈ એક.
૩. અ. કોઈ એક; કશ્ચન.

કશ્ટો [સં. કષ્ટ] સ્ત્રી. લેણદારને અમુક અમુક મુદ્દતે ઠરાવેલી રકમ આપવી તે; કાંધું; હફતો. તે દુઃખ વેઠીને પણ આપવું પડે છે, માટે કશ્ટો કહેવાય છે.

કશ્તી ૧. [ફા.] સ્ત્રી. ભિખારીની ઝોળી.
૨. સ્ત્રી. મોટી રકાબી.
૩. સ્ત્રી. શેતરંજનું મહોરું.
૪. સ્ત્રી. હોડી.

કશ્તીલ [ફા.] સ્ત્રી. (વહાણવટું) ફની.

કશ્નીજ ૧. [યૂ.] પું. એક જાતનો નાનો છોડ.
૨. ન. કોથમીર.

કશ્ફ ૧. [અ.] પું. જાહેરાત; બહાર પાડવું તે.
૨. પું. દેખાવ; બતાવવું તે.
૩. પું. સ્વર્ગમાંથી પ્રેરણા.

કશ્ફી ૧. વિ. જે વિષે સ્વર્ગમાંથી પ્રેરણા મળી હોય એવું.
૨. વિ. બતાવેલું; દેખાડેલું.
૩. વિ. બહાર પાડેલું.

કશ્બુલ જીરા [યૂ.] પું. દોઢ હાથ જેટલો ઊંચો વધતો એક છોડ; ચિરાયતા.

કશ્બુલ શકર [યૂ.] સ્ત્રી. એક જાતનું મીઠું ઘાસ; ઈખ; ગન્ના.

કશ્મલ ૧. ન. એક જાતનું ફળઝાડ; ચલટા. તેને નવથી દશ ઈંચ વ્યાસનાં ધોળાં અને પીળાં સુગંધી ફૂલ આવે અને નાળિયેર જેવડાં ફળ થાય છે.
૨. [સં.] ન. દુઃખ; વ્યાધિ.
૩. ન. પાપ; અઘ.
૪. ન. ભય; બીક.
૫. ન. મલિનપણું; મેલ.
૬. ન. મૂઢપણું; મૂર્ખતા.
૭. ન. મૂર્ચ્છા; બેહોશી.
૮. ન. મોહ; ગાંડાઈ; ઘેલાપણું.
૯. વિ. કલંકવાળું; નામોશી ભરેલું.
૧૦. વિ. ગંદું; મલિન; ખરાબ.
૧૧. વિ. પાપયુક્ત; પાપી.

કશ્મીર ૧. પું. કાશ્મીર દેશ.
૨. [ફા.] પું. નાચ.
૩. ન. કશ્મીરનું લૂગડું.
૪. ન. કેસર.
૫. ન. ભારતવર્ષનું એ નામનું એક પીઠસ્થાન. અહીં સતીનું ગળું પડેલ હતું.

કશ્મીરજ ૧. [સં.] ન. કાશ્મીર દેશનું કેસર.
૨. ન. કુંકુમ.

કશ્મીરજન્મ જુઓ કશ્મીરજ.

કશ્મીરણ ૧. સ્ત્રી. કાશ્મીરમાં રહેનારી સ્ત્રી.
૨. વિ. સ્ત્રી. નાચનારી.

કશ્મીરણી જુઓ કશ્મીરણ.

કશ્મીરી ૧. [ફા.] પું. કાશ્મીર દેશનો ઘોડો.
૨. પું. કાશ્મીરનો રહેવાસી.
૩. પું. નાચ કરનાર છોકરો.
૪. સ્ત્રી. કાશ્મીરની ભાષા.
૫. વિ. કાશ્મીરનું.

કશ્ય ૧. [સં.] ન. ચાબુકના પ્રહારને યોગ્ય ઘોડાનો મધ્ય ભાગ.
૨. ન. દારૂ; શરાબ.
૩. વિ. ચાબુકના પ્રહારને યોગ્ય.

કશ્યપ ૧. [સં.] પું. અઢાર માંહેનો એ નામનો એક જ્યોતિષી.
૨. પું. (પુરાણ) અથર્વણવેદનો એક આચાર્ય; પૌરાણિક.
૩. પું. (પુરાણ) અથર્વવેદમાં જણાવેલ એક ઋષિ.
૪. પું. (પુરાણ) અંશુ નામના સૂર્યના સમાગમમાં માગશર મહિનામાં સંચાર કરનાર એક ઋષિ.
૫. પું. (પુરાણ) ઋગ્વેદમાં જણાવેલ એક ઋષિ. તેણે નવમા મંડલનાં અમુક સૂક્તો રચ્યાં છે.
૬. પું. (પુરાણ) એ નામનો એક ઋષિ. તેનો આશ્રમ શ્રીનગરથી ત્રણ માઈલ છેટે આવેલ હરિ પર્વત ઉપર હતો. વળી કશ્મીર નામ તેના નામ ઉપરથી પડ્યું લાગે છે.

૭. પું. (પુરાણ) એ નામનો એક પ્રજાપતિ.

૮. પું. (જ્યોતિષ) એ નામનો તારો. વિષુવાંશ અઠ્ઠાણુ અને ઉત્તરક્રાંત્યંશ પચ્ચીશમાં આવેલ આ તારો ત્રીજા મહત્ત્વનો છે.

૯. પું. એક જાતનું માછલું.

૧૦. પું. એક જાતનું હરણ.

૧૧. પું. કચ્છપ; કાચબો.

૧૨. પું. (પુરાણ) ગાયત્રીના ચોવીશ માંહેના એ નામનો એક ઋષિ.

૧૩. પું. (પુરાણ) પરશુરામે પૃથ્વી નક્ષત્રી કરીને યજ્ઞમાં પૃથ્વીનો મધ્ય ભાગ જેને દાનમાં આપ્યો હતો તે ઋષિ.

૧૪. પું. (પુરાણ) ભીષ્મ શરપંજરમાં સૂતા હતા ત્યારે એમની પાસે આવેલ એક ઋષિ.

૧૫. પું. મુખ્ય અઢાર માંહેનો એક શિલ્પજ્ઞ. કેટલાક શિલ્પશાસ્ત્રોના આદિ પ્રણેતા તરીકે કશ્યપ બ્રહ્મનું નામ જણાવે છે. કશ્યપ બ્રહ્મે શિલ્પશાસ્ત્રના બે ભાગ પાડ્યા: (૧) શિલ્પશાસ્ત્ર અને (૨) ચિત્રલેખનાશાસ્ત્ર. એ બંને ભાગના ચૌદ ચૌદ વિભાગ પાડેલા છે. નામાર્થકલ્પમાં ચૌદ વિભાગનાં નામ આ પ્રમાણે બતાવેલાં છે: (૧) બ્રહ્મશિલ્પ, (૨) સ્કંદશિલ્પ, (૩) ઋભુશિલ્પ, (૪) સૂર્યશિલ્પ, (૫) દેવશિલ્પ, (૬) યક્ષશિલ્પ, (૭) ત્વષ્ટુશિલ્પ, (૮) ગાંધર્વશિલ્પ, (૯) ગુહ્યશિલ્પ, (૧૦) શેખશિલ્પ, (૧૧) કૂર્મશિલ્પ, (૧૨) વારુણશિલ્પ, (૧૩) સુદર્શનશિલ્પ અને (૧૪) દંડધરશિલ્પ.

૧૬. પું. (પુરાણ) વૈદ્યકશાસ્ત્ર પ્રવીણ એક બ્રાહ્મણ. તક્ષકે દંશ કરેલ પરીક્ષિત રાજાને નિર્વિષ કરવા ચિકિત્સા' કરવા તે જતો હતો ત્યારે તેને વાટમાં જ ધન આપીને તક્ષકે પાછો વાળ્યો હતો.

૧૭. પું. શિવ; શંકર.

૧૮. પું. (પુરાણ) શુક્લ યજુર્વેદમાં જણાવેલ એ નામનો એક ઋષિ.

૧૯. પું. (પુરાણ) સપ્તર્ષિમાંનો એ નામનો એક ઋષિ.

૨૦. પું. (પુરાણ) સામવેદમાં જણાવેલ એક ઋષિ.

૨૧. પું. (પુરાણ) સ્વાયંભૂ મન્વંતરમાંના બ્રહ્મમાનસપુત્ર મરીચિ ઋષિને કર્દમની કન્યા કલાને પેટે થયેલ બેમાંનો મોટો પુત્ર. તેને અરિષ્ટનેમી, મરીચિનો પુત્ર હોવાથી મારીચ અને પ્રાણીસૃષ્ટિનો ઉત્પાદક હોઈ પ્રજાપતિ પણ કહે છે. તે મનુના બાપ વિવસ્તનો પિતા થાય. સર્વ ઋષિ મુનિઓમાં તેની શ્રેષ્ઠતા વિશેષ હતી. દક્ષ પ્રજાપતિની અદિતિ, દિતિ, દનુ, દનાયુ, કાલા, કપિલા, ક્રોધા, પ્રાધા, ઇલા, વનિતા, સિંહિકા, મુનિ અને કદ્રુ એ તેર કન્યાને પ્રજાવૃદ્ધિ માટે કશ્યપ પરણ્યા હતા. આ સિવાય તેને બીજી પણ ઘણી સ્ત્રી હતી, તેમાં અદિતિ ઘણી પ્રિય હતી. તેથી બાર આદિત્ય પછી ઇંદ્ર વગેરે દેવતાઓ થયા. દિતિથી દૈત્યો થયા. કશ્યપની સૃષ્ટિમાં દેવ, દૈત્ય, મનુષ્ય, નાગ, પક્ષી ઇત્યાદિ પ્રાણીઓ ઉત્પન્ન થયાં છે. વિષ્ણુએ કશ્યપની પત્ની અદિતિને પેટે અવતાર ધર્યો હતો. આ સુર અને અસુરના મૂળ પુરુષ કશ્યપ મુનિનો આશ્રમ મેરુ પર્વતના શિખર ઉપર હતો. તેને નીતિ બહુ જ વહાલી હતી. તેઓ નિરંતર ધર્મોપદેશકનું કાર્ય બજાવતા અને પૃથ્વીની પ્રજાને સત્ય ધર્મે ચલાવવા પ્રયત્ન કરતા. સર્વ દેવ, દાનવ અને મનુષ્ય તેની આજ્ઞામાં રહેતા. તેમણે સ્મૃતિગ્રંથ રચેલ છે. પરશુરામ અને રામચંદ્રજીના તે ગુરુ હતા.

૨૨. ન. એ નામનું એક ગોત્ર. કશ્યપની મુખ્ય નિધ્રુવ, રેભ અને શાંડિલ એમ ત્રણ વંશમાલિકા જણાય છે. એના કુળમાં એ પોતે અને એના બે પુત્ર અવત્સાર અને અસિત મળીને ત્રણ મંત્રદ્રષ્ટા થયા છે.

૨૩. ન. પૂર્ણ ગોત્રનું એ નામનું એક પ્રવર.

૨૪. વિ. કાળા દાંતવાળું.

૨૫. વિ. શરાબી; મદ્ય પીનાર.

કશ્યપકુમાર ૧. [સં.] પું. ગરુડ.

૨. પું. સૂર્ય.

કશ્યપતન જુઓ કશ્યપકુમાર.

કશ્યપનંદન જુઓ કશ્યપકુમાર.

કશ્યપમાતંગ પું. એ નામનો એક ઋષિ.

કશ્યપમારિચ પું. અથર્વવેદમાં જણાવેલ એક ઋષિ.

કશ્યપમારીચ પું. સામવેદમાં જણાવેલ એક ઋષિ.

કશ્યપરાઉત ૧. પું. કશ્યપ ઋષિનો કુંવર; સૂર્ય.

ભલે ઉગા ભાણ, ભાણ તું દારાં ભામણાં,
મરણ જીઅણ લગમાણ, રાખો **કશ્યપરાઉત.**
લોકોક્તિ

૨. પું. ગરુડ.

કશ્યપશ્વેતકેતુ પું. એ નામનો એક ધૂમકેતુ. શૂળીના અગ્ર જેવી શિખા ધારણ કરનાર કશ્યપશ્વેતકેતુ પંદરસો વર્ષ પ્રવાસ કરી પદ્મકેતુ નામે ધૂમકેતુ આવી ગયા પછી પૂર્વદિશામાં ઉદય પામે છે. તેની શિખા અર્ધ પ્રદક્ષિણાકાર હોય છે. તે બ્રહ્મનક્ષત્ર, ધ્રુવ, બ્રહ્મરાશિ અને સપ્તર્ષિને સ્પર્શ કરીને આકાશના ત્રીજા ભાગનું આક્રમણ કરીને અપસવ્ય માર્ગે પાછો જઈ અસ્ત પામે છે. કશ્યપ ઋષિએ તે કેતુને જોયો હશે અથવા તેનો ઉદયકાળ ઠરાવ્યો હશે તે ઉપરથી તેને આ નામ આપેલ જણાય છે.

કશ્યપસુત ૧. [સં.] પું. ગરુડ.

૨. પું. સૂર્ય.

કશ્યપાદિતિસંભવ [સં.] પું. પુરુષોત્તમ; વિષ્ણુ.

કશ્યપેય ન. ભારદ્વાજ ગોત્રનું એ નામનું એક પ્રવર.

કશ્યું ૧. [સં. કશ્ચન] વિ. કંઈ; કંઈ પણ; કોઈ.

૨. [સં. કિમ્ + દશ] વિ. કેવું; કઈ જાતનું.

૩. અ. ક્યાંથી; શું.

૪. અ. શા હિસાબમાં.

કશ્ર [અ.] પું. છાલ.

કશ્રપ ૧. પું. સંગમ; મેળાપ.

૨. ન. ટોળું.

કશ્શાફ ૧. [અ.] વિ. બહુ ચોખ્ખું; સ્પષ્ટ.

૨. વિ. શોધનાર.

કષ્ ૧. [સં.] સ. ક્રિ. ઇજા કરવી.

૨. સ. ક્રિ. ફૂદકો મારવો.

૩. સ. ક્રિ. ખંજોળ આવવી; ચોળવું.

૪. સ. ક્રિ. (ધાતુ) ઘસવું. તે ઉપરથી થયેલ શબ્દ: કષ, કષણ.

૫. સ. ક્રિ. નાશ કરવું; ક્ષીણ કરવું.

૬. સ. ક્રિ. પથ્થર ઉપર ઘસીને પરીક્ષા કરવી; કસ કાઢવો.

કષ ૧. [સં.] પું. કસોટી કરવાનો પથ્થર.

૨. પું. ઘસીને કસોટી કરવી તે.

૩. પું. રંગવાળી વસ્તુનો ઉકાળો.

૪. પું.; ન. સંસાર; જગત.

૫. સ્ત્રી. પરીક્ષા; તપાસણી.

૬. સ્ત્રી. ઘસવું તે; ઘર્ષણ.

૭. ન. કર્મ.

૮. વિ. ઘસનાર.

૯. વિ. હિંસક; મારનાર.

કષક પું. માંસ, ચોખા, ઘી, ચણા, નિમક, કાંદા, આદુ, તજ, કેસર, લવંગ, જાફરાન અને જીરું મળીને બનતો ખાવાનો એક પદાર્થ.

કષકુંડ [સં.] પું. છ્યાશી માંહેનો એ નામનો એક નરકકુંડ. ભગવતી ભાગવતમાં મનાય છે કે, બ્રાહ્મણ બ્રાહ્મણજાતિની પરસ્ત્રીનો, ક્ષત્રિય ક્ષત્રિયજાતિની પરસ્ત્રીનો, વૈશ્ય વૈશ્યજાતિની પરસ્ત્રીનો અને શૂદ્ર શૂદ્રજાતિની પરસ્ત્રીનો સંગ કરે તો તે પુરુષ અને સ્ત્રી બાર વર્ષ સુધી કષકુંડમાં વસે છે.

કષણુ ૧. [સં.] ન. કંપારી.

૨. ન. ખંજોળવું તે.

૩. ન. ઘસવું તે; ઘર્ષણ.

૪. ન. ચલાવવું તે.

૫. ન. પથ્થર ઉપર ઘસી કરાતી સોનાની પરીક્ષા.

૬. વિ. નાશ કરનાર.

૭. વિ. પાક્યા વગરનું; કાચું.

કષણી ૧. સ્ત્રી. આપત્તિ; દુઃખ.

૨. સ્ત્રી. કસોટી.

૩. સ્ત્રી. નાનાં છોકરાંને થતો એક રોગ.

૪. સ્ત્રી. વાંસળી; પૈસા ભરવાની લાંબી કેડે બંધાય એવી કોથળી.

કષનલિકા [સં.] સ્ત્રી. રાસાયણિક પ્રયોગમાં એક છેડેથી બંધ હોય એવી કસોટી કરવા માટેની કાચની નળી.

કષનળી જુઓ કષનલિકા.

કષપટ્ટ પું. કસોટીનો પથ્થર.

કષપટ્ટિકા જુઓ કષપટ્ટ.

કષપત્ર પું.; ન. એક પ્રકારના રાસાયણિક દ્રાવણથી સંયુક્ત થયેલો ચોષક કાગળ. તેનો રંગ અમ્લમાં અને ક્ષારમાં બદલાય છે.

કષવું સ. ક્રિ. પરીક્ષવું; કસોટી કરવી; ચકાસવું.

કષાકુ ૧. [સં.] પું. અગ્નિ.

૨. પું. સૂર્ય.

કષાય ૧. પું. ઉકાળો; કાવો; કાઢો.

૨. પું. કડવી વસ્તુ; તૂરી ચીજ.

૩. પું. કડૂચો કે કટાણો સ્વાદ; તૂરો રસ.

૪. પું. કલિયુગ.

૫. પું. કસાયેલો રસ.

૬. પું. કાટ; મેલ; ગંદકી.

૭. પું. કોઠનું ઝાડ.

૮. પું. ગુંદ.

૯. પું. ગેરુવો ભગવો રંગ; લાલપીળો મિશ્ર રંગ.

૧૦. પું. (જૈન) જેના ઉદયથી સંસારમાં જન્મમરણ કરવાં પડે તે; કામ, ક્રોધ, માયા અને લોભ એ ચારમાંથી કોઈ એક. કષાયના સોળ ભેદ છેઃ અનંતાનુબંધી ક્રોધ, અનંતાનુબંધી માન, અનંતાનુબંધી માયા, અનંતાનુબંધી લોભ, અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, અપ્રત્યાખ્યાનાવરણ લોભ, અપ્રત્યાખ્યાનાવરણ માન, અપ્રત્યાખ્યાનાવરણ માયા, અપ્રત્યાખ્યાનાવરણ લોભ, પ્રત્યાખ્યાની ક્રોધ, પ્રત્યાખ્યાની માન, પ્રત્યાખ્યાની માયા, પ્રત્યાખ્યાની લોભ, સંજ્વલન ક્રોધ, સંજ્વલન માન, સંજ્વલન માયા અને સંજ્વલન લોભ. કષાયના ઉદયથી ૫૮ પ્રકૃતિનો બંધ થાય છેઃ ૧ દેવાયુ, ૨ નિદ્રા, ૩ પ્રચલા, ૪ તીર્થંકર, ૫ નિર્માણ, ૬ પ્રશસ્તવિહાયોગતિ, ૭ પંચેન્દ્રિય જાતિ, ૮ તૈજસ શરીર, ૯ કાર્માણ શરીર, ૧૦ આહાર શરીર, ૧૧ આહારકાંગોપાંગ, ૧૨ સમચતુસ્ત્ર સંસ્થાન, ૧૩ વૈક્રિયક શરીર, ૧૪ વૈક્રિયકાંગોપાંગ, ૧૫ દેવગતિ, ૧૬ દેવગત્યાનુપૂર્વી, ૧૭ રૂપ, ૧૮ રસ, ૧૯ ગંધ, ૨૦ સ્પર્શ, ૨૧ અગુરુલઘુ, ૨૨ ઉપઘાત, ૨૩ પરઘાત, ૨૪ ઉચ્છ્વાસ, ૨૫ ત્રસ, ૨૬ બાદર, ૨૭ પર્યાપ્ત, ૨૮ પ્રત્યેક, ૨૯ સ્થિર, ૩૦ શુભ, ૩૧ સુભગ, ૩૨ સુસ્વર, ૩૩ આદેય, ૩૪ હાસ્ય, ૩૫ રતિ, ૩૬ જુગુપ્સા, ૩૭ ભય, ૩૮ પુરુષવેદ, ૩૯ સંજ્વલન ક્રોધ, ૪૦ સંજ્વલન માન, ૪૧ સંજ્વલન માયા, ૪૨ સંજ્વલન લોભ, ૪૩ મતિજ્ઞાનાવરણ, ૪૪ શ્રુતજ્ઞાનાવરણ, ૪૫ અધધિજ્ઞાનાવરણ, ૪૬ મનઃપર્યયજ્ઞાનાવરણ, ૪૭ કેવલજ્ઞાનાવરણ ૪૮ ચક્ષુદર્શનાવરણ ૪૯ અચક્ષુદર્શનાવરણ, ૫૦ અવધિદર્શનાવરણ, ૫૧ કેવલદર્શનાવરણ, ૫૨ દાનાંતરાય, ૫૩ ભોગાંતરાય, ૫૪ ઉપભોગાંતરાય, ૫૫ વીર્યાંતરાય, ૫૬ લાભાંતરાય, ૫૭ યશસ્કીર્તિ અને ૫૮ ઉચ્ચગોત્ર.

૧૧. પું. તરંગ.

૧૨. પું. તીવ્ર રાગદ્વેષની વાસના.

૧૩. પું. ધાવડીનું ઝાડ.

૧૪. પું. નાશ.

૧૫. પું. નિર્વિકલ્પ સમાધિનું એક વિઘ્ન.

૧૬. પું. ભગવું વસ્ત્ર.

૧૭. પું. મનોવિકાર.

૧૮. પું. મૂર્ખાઈ.

૧૯. પું. રાગદ્વેષથી થતી વ્યાકુળતા; ચિત્તની સ્તબ્ધતા.

૨૦. પું. રાળનું ઝાડ.

૨૧. પું. લેપ; વિલેપન; સુગંધી પદાર્થ શરીરે ચોપડવા તે.

૨૨. પું. વિષયોમાં રસ લાવવો તે.

૨૩. પું. શ્યોનાક વૃક્ષ.

૨૪. પું. (જૈન) સમુદ્ઘાતના સાત માંહેનો એક ભેદ. વેદનીય, કષાય, મરણાન્વિય, વૈક્રિય, આહારક, તૈજસ અને કેવળ એ સમુદ્ઘાતના સાત ભેદ છે.

૨૫. [સં. કષ (સંસાર) + આય (લાભ)] પું. (જૈન) સંસારપ્રાપ્તિ; સંસારવૃદ્ધિ.

૨૬. ન. પાપ.

૨૭. વિ. કષાય વિકારવાળું.

૨૮. વિ. કસાણું; બેસ્વાદ.

૨૯. વિ. ગંદું; મેલું.

૩૦. વિ. ગેરુના રંગનું; ભગવું.

૩૧. વિ. તૂરું.

૩૨. વિ. ભૂરું; બદામી રંગનું.

૩૩. વિ. મધુર અવાજવાળું.

૩૪. વિ. રંગેલું; રંગના પાશવાળું.

૩૫. વિ. રાગી; અનુરાગવાળું.

૩૬. વિ. લાલ રંગવાળું.

૩૭. વિ. સુગંધિત; ખુશબોદાર.

કષાયકુશીલ [સં.] પું. (જૈન) ૭ પ્રકારના નિર્ગ્રંથમાંનો કષાયયુક્ત સાધુ. આ જાતના મુનિએ સંજ્વલન કષાય સિવાય બીજા કષાયોને જીતી લીધા હોય છે.

> તીવ્ર કષાયને કદી વશ ન થતાં માત્ર મંદ કષાયને ક્યારેક વશ થાય તે **કષાયકુશીલ**.
>
> તત્ત્વાર્થસૂત્ર

કષાયક્ષમ પું. (જૈન) ક્રોધ, માન, માયા અને લોભનો નાશ.

કષાયદુષ્ટ પું. (જૈન) અલ્પ કારણથી ઘણો કષાય કરનાર વ્યક્તિ.

કષાયદોષ પું. (જૈન) મનના દશ માંહેનો એક દોષ.

> સામાયિક ક્રોધથી કરવા બેસી જાય કે કંઈ કારણથી પછી ક્રોધ, માન, માયા અને લોભમાં વૃદ્ધિ કરે એ **કષાયદોષ**. રાજ્યંદ્ર

કષાયનિમિત્તક [સં.] વિ. કષાયના સંબંધવાળું.

કષાયપાક [સં.] પું. વૈદ્યકપ્રસિદ્ધ એક જાતનો ક્વાથ.

કષાયપાણી [સં.] સ્ત્રી. એ નામનો એક દેશ.

કષાયપાન [સં.] ન. ઉકાળો પીવો તે.

કષાયમૂલક [સં.] વિ. કષાયમાંથી ઉદ્ભવેલું.

કષાયમોહનીય [સં.] ન. (જૈન) કષાયરૂપ મોહનીય કર્મની પ્રકૃતિ.

કષાયમોહનીયકર્મ [સં.] ન. (જૈન) ક્રોધાદિ કષાયજન્ય કર્મ.

કષાયલાપણું ન. સ્વાદમાં તૂરું હોવાપણું.

કષાયલું વિ. હીમજ કે હરડે જેવા સ્વાદવાળું.

કષાયવક્ત્રતા [સં.] પું. મોઢું તૂરું થઈ જાય એવો એક જાતનો વાયુરોગ.

કષાયવેદનીય ન. (જૈન) ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાય હોઈ તે દરેકના અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન એમ ચાર ચાર મળી સોળ ભેદ છે.

> દર્શનમોહ, ચારિત્રમોહ, **કષાયવેદનીય** અને નોકષાયવેદનીયના અનુક્રમે ત્રણ, બે, સોળ અને નવ ભેદો છે.
>
> તત્ત્વાર્થસૂત્ર

કષાયસમુદ્ઘાત પું. (જૈન) કષાયથી વ્યાકુળ થયેલ આત્મા પોતાના આત્મપ્રદેશો બહાર કાઢી

મુખ વગેરે પોલાણ ભાગો પૂરી દંડાકાર થઈ પ્રબળ ઉદીરણા વડે કષાયમોહનીય કર્મના કેટલાએક પરમાણુઓને ઉદયાવલિકામાં નાખી ઉદયમાં લાવી વિનાશ પમાડે તે.

કષાયા ૧. [સં.] પું. તૂરો સ્વાદ.
૨. સ્ત્રી. ધમાસો; દુરાલભા નામની વનસ્પતિ.

કષાયાત્મન્ [સં.] પું. કષાયવાળો આત્મા.

કષાયાત્મા જુઓ કષાયાત્મન્.

કષાયાસ્યતા સ્ત્રી. એક જાતનો વાતવિકાર; મોંમાં તૂરો સ્વાદ આવવો તે.

કષાયિત ૧. [સં.] વિ. કસાણું; બેસ્વાદ.
૨. વિ. તૂરૂં થયેલ.
૩. વિ. પાશવાળું.
૪. વિ. બગડેલું.
૫. વિ. ભગવું; લાલપીળું.
૬. વિ. મેલું; મલિન.
૭. વિ. રંગીલું; રંગવાળું.
૮. વિ. રિસાયેલું; દુભાયેલું.
૯. વિ. વિકારવાળું.
૧૦. વિ. વિષયરોગવાળું.

કષાયી ૧. [સં. કષાયિન્] પું. ખજૂરનું ઝાડ.
૨. પું. લકુચ વૃક્ષ.
૩. પું. સાગનું ઝાડ.
૪. વિ. ક્રોધ, માન, માયા અને લોભવાળું.
૫. વિ. તૂરૂં; કસાયલું.
૬. વિ. દુનિયામાં ફસાયેલું; મોહ પામેલું.
૭. વિ. લાલપીળા રંગનું; ભગવા રંગવાળું.

કષાવટ [સં.] સ્ત્રી. તૂરી વસ્તુ.

કષાહિ પું.; સ્ત્રી. એક જાતનો મુકુલિત સર્પ.

કષાંચવું સ. ક્રિ. ખેંચવું; તાણવું.

આકર્ણાન્ત **કષાંચીને**, ટંકાર સુણાવે હો.
કેશવરાજ

કષિકા ૧. [સં.] સ્ત્રી. કોદાળી.
૨. સ્ત્રી. ખંપાળી.
૩. સ્ત્રી. પક્ષી.

કષિત [સં.] વિ. ઈજા પામેલું.

કષીરી ૧. વિ. ખેડૂતનું; ખેડૂત સંબંધી.
૨. વિ. ખેતીને લગતું.

કષેરુકા ૧. સ્ત્રી. એક જાતનો તૃણકંદ.
૨. [સં.] સ્ત્રી. કરોડનું હાડકું.

કષૌટી સ્ત્રી. કસોટી કરવાનો પથ્થર.

કષ્કુબેગી પું. અકબરના વખતનો એક અમલદાર.

કષ્કપ [સં.] પું. એક જાતનું ઝેરી જીવડું.

કષ્ટ ૧. [સં.] ન. તંગી; ખેંચ.
૨. ન. દુઃખ; પીડા; સંતાપ.

૧. કષ્ટ કરવું–કાયા કષ્ટવી = (૧) ઉપવાસ, વ્રત, તપ વગેરેથી શરીરે દુઃખ સહન કરવું. (૨) રોવું; કંકાસ કરવો. (૩) સંકોચથી મહા કષ્ટે રહેવું; પોતાને કષ્ટી નાખવું.

૨. કષ્ટ ખમવું–વેઠવું = દુઃખ કે મુશ્કેલી સહન કરવી.

૩. કષ્ટ થવું–પડવું = (૧) દુઃખ થવું; મુશ્કેલી પડવી. (૨) શારીરિક કસરત કરવી.

૪. કષ્ટ દેવું = દુઃખ આપવું; સંતાપવું.

૫. કષ્ટ વિના ફળ નહિ = ખમે એ ખાય; દુઃખ ખમે એ સુખ પામે; મહેનતનાં ફળ મીઠાં.

૩. ન. પાપ; દોષ.
૪. ન. મહેનત; શ્રમ.
૫. ન. સંકટ; મુશ્કેલી; આપત્તિ.
૬. વિ. અઘરૂં; મુશ્કેલ.
૭. વિ. અનિષ્ટ; ખરાબ.
૮. વિ. ઈજા કરે એવું; નુકસાન કરનારૂં.
૯. વિ. ખરાબ થવાનું છે એમ આગળથી જણાવનારૂં.
૧૦. વિ. ગહન; ગૂઢ.
૧૧. વિ. દાબી ન શકાય એવું.
૧૨. વિ. દુઃખ ઉત્પન્ન કરનારૂં.
૧૩. વિ. દુઃખી; પીડાવાળું.
૧૪. અ. અરેરે.

કષ્ટકથા સ્ત્રી. દુઃખની વાત.

કષ્ટકર ૧. [સં.] વિ. અઘરૂં; મુશ્કેલ.
૨. વિ. અનિષ્ટ; ખરાબ.
૩. વિ. દુઃખ ઉત્પન્ન કરે એવું.
૪. વિ. નુકસાન કરનારૂં.
૫. વિ. મહેનતવાળું; શ્રમ ઉપજાવે એવું.

કષ્ટકલ્પિત [સં.] વિ. મુશ્કેલીથી ખયાલમાં આવે એવું; દૂરાકૃષ્ટ; દૂરાન્વિત.

કષ્ટકાર ૧. [સં.] પું. સંસાર.
૨. જુઓ કષ્ટકર.

કષ્ટકારક ૧. [સં.] પું. સંસાર.
૨. જુઓ કષ્ટકર.

કષ્ટકારી જુઓ કષ્ટકર.

કષ્ટકારો પું. બેઠી ભોરિંગણી.

કષ્ટકાલ ૧. [સં.] પું. દુઃખના દિવસ; આપત્તિકાળ.
૨. પું. મુશ્કેલીનો વખત.
૩. પું. સુવાવડનો વખત.

કષ્ટકાળ જુઓ કષ્ટકાલ.

કષ્ટજન્યા [સં.] વિ. સ્ત્રી. દુઃખ ભોગવવા ઉત્પન્ન થયેલી; દુઃખી.

કષ્ટતપ [સં.] વિ. ઉગ્ર તપ કરનારૂં.

કષ્ટતપસ્વી [સં.] પું. ઉગ્ર તપથી ઇંદ્રિયોના સમૂહને જીતી લેનાર મુનિ.

કષ્ટતમ [સં.] ન. સૌથી વધારે દુઃખ.

કષ્ટતર [સં.] ન. વધારે દુઃખ.

કષ્ટતા સ્ત્રી. દુઃખ હોવાપણું; દુઃખી દશા.

કષ્ટદાયક [સં.] વિ. દુઃખ દેનારૂં; પીડા કરનારૂં.

કષ્ટદાયી જુઓ કષ્ટદાયક.

કષ્ટનષ્ટાષ્ટક [સં.] ન. કષ્ટને નાશ કરનારૂં આઠ શ્લોક કે કડીનું સ્તોત્ર.

કષ્ટપૂર્ણ [સં.] વિ. દુઃખથી ભરપૂર.

કષ્ટપ્રદ જુઓ કષ્ટદાયક.

કષ્ટપ્રદપ્રસૂતિ જુઓ કષ્ટપ્રસવ.

કષ્ટપ્રસવ પું. સ્ત્રીને બાળકનો જન્મ થવામાં મુશ્કેલી પડવી તે.

કષ્ટપ્રસૂતિ જુઓ કષ્ટપ્રસવ.

કષ્ટભંજન ૧. [સં.] પું. પ્રભુ.
૨. પું. સારંગપુરમાં બિરાજતા હનુમાનનું નામ. સ્વામીનારાયણ સંપ્રદાયના ગોપાળાનંદ સ્વામીએ તેની સ્થાપના કરી છે. તે ભૂતપ્રેતાદિના ઉપદ્રવ નિવારક મનાય છે.
૩. વિ. દુઃખ ટાળનાર.

કષ્ટભારા પું. દુઃખનો ભાર.

કષ્ટમય વિ. દુઃખથી ભરેલું.

કષ્ટમોચન ૧. [સં.] ન. દુઃખમાંથી મુક્તિ; દુઃખનો છુટકારો.
૨. વિ. દુઃખમાંથી ઉગારે એવું.

કષ્ટમૌન [સં.] ન. (યોગ) એક પ્રકારનું મૌન. તેમાં શરીરની ચેષ્ટાઓનો પણ ત્યાગ કરાય છે.

કષ્ટમ્ [સં.] અ. અફસોસ; અરેરે!

કષ્ટરિપુ [સં.] પું. ઘણા પ્રયાસથી સાધી લેવાય એવો શત્રુ.

કષ્ટવાર્તા [સં.] સ્ત્રી. દુઃખની વાત.

કષ્ટવિસારા પું. દુઃખની વાત કરી વિરમવું તે.

કો આગળ જે કરીએ **કષ્ટવિસારા.** યોભણ

કષ્ટવું સ. ક્રિ. દુઃખ આપવું; પીડવું.

કષ્ટી નાખવું = દુઃખ દઈ દૂબળું કરવું.

કષ્ટસહિષ્ણુ [સં.] વિ. દુઃખ સહવાની શક્તિવાળું.

કષ્ટસહિષ્ણુતા [સં.] સ્ત્રી. દુઃખ સહન કરવાની શક્તિ.

કષ્ટસંશ્રય [સં.] વિ. ઘણી મુશ્કેલીવાળું.

કષ્ટસાધિત [સં.] વિ. મુશ્કેલીથી મેળવાય એવું.

કષ્ટસાધ્ય ૧. [સં.] વિ. દુઃખથી મળે એવું.
 ૨. વિ. મુશ્કેલીથી પાર પડે એવું.
 ૩. વિ. મુશ્કેલીથી મટે એવું.

કષ્ટસિદ્ધ જુઓ કષ્ટસાધ્ય.

કષ્ટસ્થાન [સં.] ન. દુઃખનું ઠેકાણું; વિપત્તિવાળી જગ્યા.

કષ્ટહર્તા [સં. કષ્ટહર્તૃ] વિ. દુઃખ હરનાર.

કષ્ટહારિણીઘાટ પું. રામાયણમાં વર્ણવેલ એ નામનો મોંગીરમાં આવેલ એક ઘાટ.

કષ્ટહારી [સં. કષ્ટહારિન્] વિ. દુઃખ હરે એવું; મુશ્કેલી મટાડનારૂં.

કષ્ટાનુષ્ઠાન [સં.] ન. કઠણ ધર્મક્રિયા.

કષ્ટાર્તવ [સં.] ન. અટકાવ આવતી વખતે દુઃખ થાય એવો સ્ત્રીનો એક રોગ. કષ્ટાર્તવ બે કારણથી થાયઃ (૧) વાયુવિકારથી અને (૨) ગર્ભાશયના સોજાને લીધે. વાયુના વિકારથી થતા કષ્ટાર્તવમાં રજોદર્શન અગાઉ બે દિવસથી ચૂંક શરૂ થાય છે. ઊલટી, ભ્રમ, મસ્તકશૂળ, આંચકી ને હીસ્ટિરિયા જેવા વ્યાધિ થાય. ગર્ભાશયમાં સોજાને લીધે થતા કષ્ટાર્તવમાં માથાનો દુખાવો, કેડનો દુખાવો અને શૂળ આવવું વગેરે ચિહ્ન થાય છે. તેના ઉપાય તરીકે ગરમ પાણીમાં સવાર સાંજ બેસવું, અથવા ગરમ પાણીનો પેડુ ઉપર શેક કરવો, અથવા એરડીનાં મીંજ તોલા ૫, ધોળા પાણાનો ભૂકો તોલા ૫, બાજરાનો લોટ તોલા ૫ લઈ ગરમ પાણીમાં ખદખદાવી પેડુ ઉપર બંધાણ બાંધવું. આથી રજોદર્શન પીડા વિના થાય. કેસર, એળિયો, હીરાબોળ સરખે વજને લઈ તેની કોકમના તેલમાં સોગઠી બનાવી જનનેંદ્રિયના અંદરના ભાગમાં પહેરવાથી પણ કષ્ટાર્તવ મટી જવાનું મનાય છે.

કષ્ટાર્ત્તવ જુઓ કષ્ટાર્તવ.

કષ્ટાર્થ પું. (કાવ્ય) એક જાતનો અર્થદોષ; કવિતાનો અર્થ કરવામાં મુશ્કેલી પડવી તે.

કષ્ટાવસ્થા ૧. [સં.] સ્ત્રી. દુઃખી સ્થિતિ; ખરાબ હાલત.
 ૨. સ્ત્રી. વિટંબણા; મુશ્કેલી.

કષ્ટાવું ૧. અ. ક્રિ. દુઃખ થવું; પીડાવું.
 ૨. અ. ક્રિ. પ્રસવની પીડ આવવી; વેણ આવવી.
 ૩. અ. ક્રિ. શ્રમ લેવો; મહેનત કરવી.

કષ્ટાળુ ૧. [સં. કષ્ટાલુ] વિ. જાતમહેનત કરી જીવનારૂં; જીવનનિર્વાહ માટે ખૂબ દુઃખ સહન કરતું.
 ૨. વિ. દુઃખ ભરેલું.

કષ્ટિ ૧. [સં.] સ્ત્રી. પરીક્ષા; ખાતરી.
 ૨. સ્ત્રી. પીડા; દુઃખ.
 ૩. સ્ત્રી. શ્રમ; મહેનત.

કષ્ટિત ૧. [સં.] વિ. જેમાં મુશ્કેલી પડી હોય એવું; શ્રમથી પ્રાપ્ત થયેલું.
 ૨. વિ. દુઃખી; પીડિત.

કષ્ટી ૧. સ્ત્રી. અખતરો; અજમાયશ.
 ૨. સ્ત્રી. દુઃખ આપે એવું હોવાપણું; કષ્ટકારકતા.
 ૩. સ્ત્રી. પીડા; દુઃખ.
 ૪. સ્ત્રી. મુશ્કેલી; સંતાપ.
 ૫. સ્ત્રી. શ્રમ; મહેનત.
 ૬. વિ. જાતે દુઃખ વેઠનાર; વ્રત ઉપવાસાદિથી દેહને દુઃખ આપનાર.
 ૭. વિ. દુઃખી; પીડિત.
 ૮. વિ. સ્ત્રી. પ્રસવ વેદનાથી પીડાતી.

કષ્ટો સ્ત્રી. લેણદારના લેણા પેટે આપવાની રકમની ઠરાવેલી મુદ્દત; હફતો.

કષ્ટોપાર્જ્ય [સં.] વિ. મુશ્કેલીથી મેળવી શકાય એવું; દુર્લભ.

કસ્ [સં.] અ. ક્રિ. જવું; ખસવું. તે ઉપરથી થયેલ શબ્દઃ કસિત.

કસ ૧. પું. અર્ક; સત્ત્વ; તત્ત્વ.
  ૧. કસ આવવો–વધવો = સત્ત્વ કે જોર વધવું.
  ૨. કસ કાઢવો = (૧) ચોખ્ખું કરવું. (૨) સત્ત્વ લઈ લેવું.
  ૩. કસ ચૂસવો–લેવો = સત્ત્વ લઈ લેવું.
  ૪. કસ ચોરવો = સત્ત્વ કે જોર ગુમાવવું.
  ૫. કસ ન રહેવો = (૧) ખરાબ થવું; બગડવું. (૨) પૈસા વિનાના થઈ જવું.
  ૬. કસ પર આવવું–કસે આવવું–ચડવું–ભરાવું = (૧) રસાકસી થવી. (૨) સત્ત્વમાં વધારો થવો. (૩) હઠ પકડવી; જિદ્દી થવું. (૪) હદ આવી જવી.
 ૨. પું. એક જાતના ઝાડની છાલમાંથી કાઢેલ દારૂ.
 ૩. પું. કસોટી ઉપરથી નક્કી કરેલ સોનારૂપાના ભાવનો આંક.
  ૧. કસ કરવો–કાઢવો–જોવો–લેવો = ઘસીને પરીક્ષા કરવી.
  ૨. કસ દેવો = (૧) ઉશ્કેરવું; પાનો ચડાવવો. (૨) સોનાને કસોટી ઉપર ઘસી લીટી કાઢવી.
 ૪. [સં.] પું. કસોટી કરવાનો પથ્થર.
 ૫. પું. (ડિંગળ) ખસ; ખંજવાળ.
 ૬. પું. ચામડું પકવવામાં વપરાતી બાવળ કે આવળની છાલ.
 ૭. પું. ચોમાસામાં વરસાદ થવા માટેનાં વાદળાંનાં ચિહ્ન; આકાશમાં દેખાતો વરસાદની આગાહી જણાવતો રંગિત દેખાવ.
 ૮. પું. જમીનની ફળદ્રુપતા.
 ૯. પું. જમીનમાં જતો પાણીનો માર્ગ.
 ૧૦. [સં. કષ] પું. તરવારની લચક.
 ૧૧. પું. (વૈદક) દવા વગેરેની મેળવણી કરી તેને ગાળી, ઘાટું ને ચીકણું થતાં સુધી ઉકાળી બનાવેલું મિશ્રણ.
 ૧૨. પું. દોરેલો લીટો.
 ૧૩. પું. ફાયદો; લાભ.
 ૧૪. પું. બંધ; બંધન; ગાંઠ.
 ૧૫. પું. મનુષ્ય; માણસ.
  ૧. કસો કોબ = કુટુંબ.
  ૨. કસો નાકસ = ખાનદાન, નમ્ર અને ભોળું માણસ.
  ૩. ફી કસ = દરેક માણસ.
  ૪. બે કસ = મિત્ર વગરનું.
 ૧૬. [સં. કષાય] પું. (હિંદી) રંગના પદાર્થનો ઉકાળો.
 ૧૭. પું. વાવવું તે.
 ૧૮. પું. શરીરની શક્તિ; કૌવત; બળ.
 ૧૯. [સં. કશા (દોરી)] સ્ત્રી. અંગરખું, બંડી વગેરે ભીડવાની બટનને બદલે વપરાતી નાની દોરી.
  ૧. કસ ચોડવી–ટાંકવી–દેવી–મારવી = અંગરખું વગેરેની કસ સાંધવી.
  ૨. કસ તૂટવી = (ઉમળકાથી અંગરખાની કસો તૂટે છે તે ઉપરથી) આનંદમાં આવી જવું; ઉમળકો આવવો.
  ૩. કસ ધવરાવવી = ખોટી આશા આપવી.
  ૪. કસ બાંધવી = અંગરખું વગેરેની કસોની ગાંઠ વાળવી.
  ૫. લાંબી કસે ધવરાવવું = ટગાવવું; ખોટી આશા આપવી.
 ૨૦. સ્ત્રી. ખામી; અપૂર્ણતા.
 ૨૧. સ્ત્રી. ચીકટતા.
 ૨૨. સ્ત્રી. ધાતુ, માખણ વગેરેની કસોટી.
 ૨૩. સ્ત્રી. નાદુરસ્તી; તબીઅત સારી ન હોવાપણું.
 ૨૪. સ્ત્રી. મહેનત; શ્રમ.
 ૨૫. સ્ત્રી. લાલચ; ખોટી આશા.
 ૨૬. સ્ત્રી. સાબિતી.
 ૨૭. વિ. (વ્રજ) કાંઈ.
 ૨૮. [હિં.] અ. (વ્રજ) શા માટે; કેમ; શું કામ.

કસઈ ૧. પું. ખૂની માણસ; ગળકટ્ટો.
 ૨. પું. કસાઈ; ખાટકી. તે પશુઓને મારીને તેનું માંસ વેચવાનો ધંધો કરે છે.

૩. ન. એક જાતનો ઘાસનો છોડ. તે મીઠું પાણી ભરાઈ રહેતું હોય ત્યાં કાંઠે ઊગે. તેમાં થતા ધોળા દાણાને કસિયાં કહે છે. તે ગરીબ માણસો ખાય છે. આ છોડ ત્રણથી ચાર હાથ ઊંચો થતો હોવાથી ઘરનું છાજ કરવામાં વપરાય, પણ દુષ્કાળ વખતે તે ઢોર ખાય છે.
૪. વિ. ક્રૂર; નિર્દય; ઘાતકી.
૫. વિ. હિંસક; ખૂની.

કસક ૧. સ્ત્રી. અભિલાષા; અરમાન.
૨. સ્ત્રી. કળતર; શૂળ.
૩. સ્ત્રી. જૂનું વેર.
૪. [સં. કષ્ટ] સ્ત્રી. દુઃખ; પીડા.
૫. [હિં.] સ્ત્રી. મરડવાથી થતું દુઃખ.
૬. સ્ત્રી. હમદર્દી; સહાનુભૂતિ.

કસકન ૧. [સં. કુ (ખરાબ) + શકુન] ન. અપશકન.
૨. ન. કડવું વેણ; અપશબ્દ.

કસકર્સીસ સ્ત્રી. ઈરાનમાં બોલાતી એ નામની એક ભાષા.

કસકવું સ. ક્રિ. શૂળ નીકળવું.

કસકસ સ્ત્રી. ખૂબ ખેંચીને બાંધવાથી થતો અવાજ.

કસકસઉ વિ. (જૂ. ગુ.) કસકસું; સુંવાળું; લીસું.

ઉરસીઉ આણઉ **કસકસઉ**,
તેણઈ સુકડિ અલગી ઘસઉ. વિમલપ્રબંધ

કસકસતું ૧. વિ. તસતસતું; તંગ; ખૂબ ખેંચીને બાંધેલું.
૨. વિ. થનગનતું; નાચતું.
૩. વિ. પરાણે બેસતું થતું; કાંટોકાંટ.

કસકસવું ૧. [સં. કૃષ્ (ખેંચવું]] અ. ક્રિ. ખૂબ ખેંચાવું; તણાવું.
૨. અ. ક્રિ. પરાણે માપસર થવું; મુશ્કેલીએ બંધબેસતું થવું.
૩. સ. ક્રિ. ખૂબ ખેંચીને બાંધવું.
કસકસાવી = પૂરા જોરથી.
૪. સ. ક્રિ. જોરથી ઘસવું; ચોળવું.
૫. સ. ક્રિ. પરીક્ષા કરવી; તાવવું.

કસકસા [હિં.] વિ. કાંકરીવાળું; રેતાળ.

કસકસાયે [હિં.] વિ. બાંધેલું; તૈયાર.

કસકસાવવું ૧. સ. ક્રિ. કસકસ થાય એમ તાણવું; ખેંચવું.
૨. સ. ક્રિ. જોરથી ઘસવું.
૩. સ. ક્રિ. જોસથી બાંધવું.
૪. સ. ક્રિ. તાવવું; પરીક્ષા કરી જોવી.
૫. સ. ક્રિ. પરાણે બરાબર થાય એમ કરવું.

કસકસીને ૧. અ. ખેંચીને; જોર કરીને.
૨. અ. તાવીને; પરીક્ષા કરીને.
૩. અ. પરાણે બરોબર થાય એમ.

કસકસું વિ. સુંવાળું; લીસું.

કસકાવવું સ. ક્રિ. જોરથી પકડવું; તાણીને પકડી રાખવું.

કસકુટ ૧. [સં. કાંસ્યકૂટ] પું. (હિંદી) કાંસું.
૨. પું. ધાતુઓનું મિશ્રણ.
૩. પું. મિશ્ર જાતિ.
૪. પું. મેળવણીવાળી ધાતુ.

કસકૂટ જુઓ કસકુટ.

કસકો પું. (પાલી) તીકમ; ખોદવાનું ઓજાર.

કસખ ન. દુઃખ; પીડા.

કસગણ ૧. ન. અપશબ્દ; કડવું વેણ.
૨. ન. અપશુકન.

કસગર ૧. [ફા. કાસાગર] સ્ત્રી. એ નામની માટીનાં વાસણ બનાવનારી મુસલમાનની એક જાતિ.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

કસટ ૧. ન. દુઃખ; પીડા.
૨. ન. પ્રસવ વખતની વેદના.

કસટાવવું સ. ક્રિ. દુઃખ દેવું; હેરાન કરવું.

કસટાવું ૧. અ. ક્રિ. અરર ! અરર ! કરવું.
૨. અ. ક્રિ. દુઃખી થવું.
૩. અ. ક્રિ. પ્રસવ વખતે પીડાવું.
૪. અ. ક્રિ. હાંફવું; શ્રમપૂર્વક શ્વાસ લેવો.

કસટિયું ૧. વિ. આખર વખતનું.
૨. વિ. દુઃખથી ભરેલું.
૩. વિ. મહેનતવાળું.

કસટિયો ૧. પું. એકના સવાયા કરનાર માણસ; માલ ઘરાણે રાખી પૈસાની ધીરધાર કરનાર વ્યક્તિ.
૨. પું. દુઃખ; વેદના; પીડા.

કસડો (કસડ઼ો) પું. સોનાનો કે રૂપાનો કંદોરો; કમરબંધ.

કસણ ૧. [સં. કષ] સ્ત્રી. કસોટી.
૨. સ્ત્રી. દુઃખ; આપત્તિ.
૩. સ્ત્રી. નાનાં છોકરાંને થતો એક રોગ.
૪. સ્ત્રી. વાંસળી; પૈસા ભરવાની લાંબી કેડે બંધાય એવી કોથળી.
૫. સ્ત્રી.; ન. બંડી, અંગરખું વગેરે બીડવાની બટનને બદલે વપરાતી નાની દોરી.
૬. ન. કોસને લોઢાની કાંબી સાથે બાંધવા માટેનો ચામડાનો લાંબો સાંકડો બંધ.
૭. ન. ખેંચાવું તે.
૮. વિ. કઠણ.
૯. વિ. કસકસતું; તંગ.

કસણવું ૧. સ. ક્રિ. જોરથી મસળવું; ગૂંદવું; કેળવવું.
૨. સ. ક્રિ. ભેળું કરવું; એકઠું કરવું.
૩. સ. ક્રિ. માર મારવો.

કસણાયેલું ૧. વિ. કેળવાયેલું; ગૂંદાયેલું; ચોળાયેલું.
૨. વિ. મિશ્ર થયેલું.

કસણાવવું ૧. સ. ક્રિ. કેળવાવવું; ચોળાવવું.
૨. સ. ક્રિ. ભેળું કરાવવું.

કસણી ૧. સ્ત્રી. આપત્તિ; દુઃખ; પીડા.
કસણ્ય પાડવી = (૧) ધાવતા બાળકનું માથું કે કંઈ વાગવાથી સ્તનમાં દૂધની નસો બંધાઈ જતાં દૂધ આવતું બંધ થવું. (૨) સ્તનમાં દૂધની નસો બંધાઈ જતાં પીડા થવી.
૨. સ્ત્રી. કસોટી; ચકાસણી; પરીક્ષા.
૩. સ્ત્રી. ઘસીને પરીક્ષા કરવી તે; કસવાની રીત.
૪. [સં. કાસ (ઉધરસ)] સ્ત્રી. નાનાં છોકરાંને થતો ફેફસાંનો એક રોગ.
૫. સ્ત્રી. ભાર કે બોજો બાંધવાની દોરી; બંધિયો.
૬. સ્ત્રી. વાંસળી; પૈસા ભરવાની કેડે બંધાય એવી લાંબી કોથળી.

કસણું ૧. [સં. કણિશ] ન. અનાજનું ડૂંડું; ઉંબી.
૨. [સં. કૃચ્છ્ર] વિ. નબળું; દુર્બળ.

કસણો પું. લાપસી, ખીચડી વગેરેમાં ઘી નાખી ચોળીને બનાવેલું મિશ્રણ.

કસતર ન. કચરો; કસ્તર; ઝીણી રજ.

કસતી સ્ત્રી. (જરથોસ્તી) જનોઈ.

કસતુરી ૧. [સં. કસ્તૂરી] સ્ત્રી. કસ્તૂરી; એક જાતનો સુગંધી પદાર્થ.
૨. સ્ત્રી. કાળા માથાનું કાળા રંગનું પક્ષી.

કસતું ૧. વિ. કમી; જોખમાં ઓછું.
૨. વિ. પરાણે બરોબર બેસતું થતું; તણાતું.

કસદ (કસ઼દ) ૧. [અ. કસ્દ] પું. આશય; મકસદ; હેતુ.
કસદે મુસમ્મમ = દૃઢ નિશ્ચય.
૨. પું. કોશિશ; મહેનત.
૩. પું. વિચાર; યુક્તિ; યોજના.
૪. વિ. કઠોર અવાજવાળું.

કસદન ૧. [અ.] અ. ઈરાદાપૂર્વક.
૨. અ. રાજીખુશીથી.

કસદા જુઓ કસદન.

કસદાન અ. એકદમ; તુરત.

કસદાર ૧. વિ. કસવાળું; સત્ત્વવાળું.
૨. વિ. ચંચળ; કસોટીમાંથી પાર ઊતરે એવું; ઓજસ્વી.
૩. વિ. ચીકટ; ચીકણું.
૪. વિ. ધનવાન; પૈસાવાળું.
૫. વિ. બહુ નફાવાળું.
૬. વિ. મજબૂત; તાકાતદાર.
૭. વિ. રસાળ; ફળદ્રુપ.

કસન ૧. [સં.] પું. ઉધરસ; સસણી.
૨. પું. (ડિંગળ) વિષ્ણુ.
૩. ન. કસોટી ઉપર ઘસી પરીક્ષા કરવી તે.
૪. ન. ઘોડાનો તંગ.
૫. ન. તપાસ; ચકાસણી.
૬. ન. દુઃખ; પીડા.

કસનળી સ્ત્રી. પ્રયોગનળી; 'ટેસ્ટ ટ્યૂબ'.

કસના ૧. સ્ત્રી. ચીજ વસ્તુ રાખવાની ઝોળી; થેલી.
૨. સ્ત્રી. ઝેરી કરોળિયો.

કસની સ્ત્રી. એક જાતની ઔષધિ. તેનાં બી પેટનો દુખાવો મટાડનાર અને અગ્નિવર્ધક હોવાથી વિષમજ્વરમાં વપરાય છે. વળી તે કફનાશક, વિરેચક અને લોહી શુદ્ધ કરનાર હોવાથી ઇન્ફ્લુઅંઝા તાવમાં પણ અપાય. તેની માત્રા ૩ થી ૬ ડ્રામ છે.

કસનું વિ. કાળું.

કસનોત્પાટન પું. અરડૂસો.

કસપરજવાળી સ્ત્રી. (ડિંગળ) પૃથ્વી.

કસફ ૧. [અ.] પું. ટોળું; જથ્થો.
૨. પું. વહાણને ભાંગી નાખે એવો પવન.
૩. પું. સૂસવાટા સાથે વાતો પવન.

કસબ ૧. [અ.] પું. ઇજિપ્તમાં બનાવાતું એક જાતનું શણનું કાપડ.
૨. પું. કલમ; કાઠું.
૩. પું. કળા; યુક્તિ; આવડત; કારીગીરી.
૪. પું. ધંધો; રોજગાર; ઉદ્યમ; હુન્નર.
કસબ હોવો = (૧) પારંગત હોવું. (૨) શણગાર રૂપ હોવું.
૫. પું. નફો; લાભ.
૬. પું. પરિશ્રમ; મહેનત.
૭. પું. મોટું ગામ; શહેર.
૮. પું. રેશમના તાંતણા સાથે વણેલ સોનારૂપાના તારવાળું બારીક કાપડ; જરી ભરેલ કાપડ.
૧. ખોટો-જૂઠો કસબ = નકલી લેસ.
૨. સાચો કસબ = સોનેરી રૂપેરી લેસ.
૯. પું. લુચ્ચાઈ; ઠગબાજી.
૧૦. પું. વાંસ.
૧૧. પું. વ્યભિચાર; છિનાળું; અનીતિનું કામ.
કસબ કમાવો-કરવો = વેશ્યાની જિંદગી ગુજારવી.
૧૨. પું. સ્ત્રીનો માથાનો પોશાક.
૧૩. પું. હોશિયારી; નિપુણતા; કળાકુશળતા.

કસબકામ ન. ભરતકામ; ગૂંથણ.

કસબખાનું ન. ગણિકાલય; વેશ્યાનું ઘર.

કસબગૂંથણ જુઓ કસબકામ.

કસબચોર ૧. પું. આવડત છૂપી રાખનાર આદમી.
૨. પું. આવડનો પૂરેપૂરો ઉપયોગ નહિ કરનાર પુરુષ.
૩. પું. છૂપી રીતે હુન્નર શીખી લેનાર વ્યક્તિ.
૪. પું. ધંધામાં ઠગાઈ કરનાર માણસ.
૫. પું. પોતાની આવડથી બીજો જાણે નહિ તેમ લાભ કરનાર માણસ.
૬. પું. સોંપેલ ચીજ ચોરી જનાર માણસ.

કસબચોરી ૧. સ્ત્રી. કસબચોરનું કામ; પોતાના ધંધાની બીજાને ખબર ન પડે તેમ લાભ કાઢી લેવાની કળા.
૨. સ્ત્રી. છૂપી રીતે શીખી લેવું તે.
૩. સ્ત્રી. સોંપેલ ચીજ અપ્રમાણિકપણે ચોરી લેવી તે.

કસબણ ૧. સ્ત્રી. અનીતિને માર્ગે આજીવિકા ચલાવનાર સ્ત્રી; વેશ્યા.
૨. સ્ત્રી. કસબ જાણનાર સ્ત્રી.
૩. સ્ત્રી. નાચગાન કરનાર સ્ત્રી; ગુણિકા; રામજણી.

કસબલજીરા ન. કરિયાતું; ચીરૈતા.

કસબવેરો પું. કારીગરો પાસેથી લેવાતો કર.

કસબાતણ ૧. સ્ત્રી. કસબાતીની સ્ત્રી.
૨. સ્ત્રી. કસબામાં રહેનારી સ્ત્રી.
૩. સ્ત્રી. પાતર; વેશ્યા.

કસબાતી ૧. [અ. કસબા] પું. કસબાનો માલિક.
૨. પું. કસબામાં રહેનાર માણસ; શહેરી.
૩. પું. ગામડિયો; ગામડાનો રહીશ.
૪. સ્ત્રી. વટલેલ હિંદુ જાતિ. મેમણ, ખોજા, વોરા વગેરે.
૫. ન. એ નામની જાતનું માણસ.
૬. વિ. એ નામની જાતનું.
૭. વિ. કસબને લગતું.
૮. વિ. કસબાનું; શહેરનું.

કસબાવેરો પું. કારીગરો અને બિનખેડૂતો ઉપર નાખેલ કર.

કસબિન્ની સ્ત્રી. રખાત સ્ત્રી.

કસબાઈ સ્ત્રી. કસબ; કળ; હિકમત; યુક્તિ.

કસબી ૧. [કસબ (ધંધો)] પું. હુન્નરકળા જાણનાર આદમી; કારીગર.
૨. સ્ત્રી. ખુશબો; સુગંધી.
૩. સ્ત્રી. વેશ્યા.
૪. સ્ત્રી. વ્યભિચારિણી સ્ત્રી; છિનાળ સ્ત્રી.
૫. વિ. કસબનું; જરીનું; કસબ ભરેલ.
કસબી કોર = જરીની કિનારી.
૬. વિ. કસબને લગતું; કળા કે હુન્નર સંબંધી.
૭. વિ. ચાલાક; નિપુણ.
૮. વિ. માહિતગાર; શીખેલ; ભણેલ.
૯. વિ. મેળવવાપાત્ર.
૧૦. વિ. હુન્નરકળા જાણનાર; હુન્નરી; કળાકુશળ; કારીગર.

કસબીણ સ્ત્રી. વેશ્યા.

કસબીન સ્ત્રી. રખાત સ્ત્રી.

કસબેણ સ્ત્રી. પાતર; વેશ્યા.

કસબો ૧. પું. એક જાતનો કર.
૨. પું. કસબાતીનું ગામ; કસબો; શહેરથી નાનું અને ગામડાથી મોટું ગામ.
૩. પું. તાલુકો; પરગણું.
૪. પું. મહાલ, પરગણું કે તાલુકાનું મામલતદારની કચેરી હોય તેવું મુખ્ય ગામ.
૫. પું. મુસલમાનની વસતી વધારે હોય તેવું ગામ.
૬. પું. વધારે પડતો મંદવાડ.
૭. પું. શહેર; નગર.

કસબે તુર્ક ન છેડીએ, ઉનાળે અંગાર;
વગડે જાટ ન છેડીએ, અને બન્નરે બકાલ.
લોકોક્તિ

૮. વિ. તોફાની.

કસબોઈ સ્ત્રી. ખુશબો; સુગંધ.

કસભરા [હિં.] પું. કંસારો.

કસભૂના વિ. સ્ત્રી. વિવિધ કસ ધારણ કરનાર.
વસુંધરા છે કસભૂના. પ્રેમાનંદ

કસમ (ક઼સમ) ૧. પું. પ્રતિજ્ઞા.
કસમ તોડવા = પ્રતિજ્ઞા ભંગ કરવી.
૨. પું. સમ; સોગન; શપથ.
૧. કસમ ખવડાવવા-દેવા = સોગન લેવરાવવા.
૨. કસમ ખાઈને ઇન્કાર કરવો = સોગન ખાઈને નાકબૂલ જવું.
૩. કસમ ખાવા = (૧) પ્રતિજ્ઞા કરવી. (૨) સોગન લેવા.
૩. [અ.] સ. ક્રિ. (ધાતુ) તેણે વહેંચ્યું. તે ઉપરથી નીકળેલ શબ્દઃ કિસ્મ = (૧) નસીબ. (૨) વહેંચણી. તકસીમ = વહેંચણ.

કસમજ ૧. સ્ત્રી. અણસમજુપણું; બાળકબુદ્ધિ.

૨. સ્ત્રી. ખોટી સમજ; ગેરસમજ.

૩. સ્ત્રી. નબળી યાદદાસ્ત.

કસમનામું (કસમનામું) ૧. [અ.] न. સોગંદ ખાઈને અદાલતમાં ખરી હકીકતની રજૂઆત.

૨. न. સોગંદનામું; સોગન ઉપર લખાવેલું લખાણ; 'ઍફિડેવિટ'.

કસમય [સં. કુ (ખરાબ) + સમય (વખત)] પું. અયોગ્ય વખત; કવેળા.

કસમસ સ્ત્રી. ખૂબ ખેંચીને બાંધવાથી થતો અવાજ.

હીંડે છે કેડ ધોલી, **કસમસ** થાય ચોળી.
પ્રેમાનંદ

કસમસતું वि. ખેંચાતું; ચપોચપ; તંગ.

કસમસવું ૧. अ. क्रि. ખૂબ ખેંચવાથી અવાજ કરવો.

૨. [સં. કૃશ્] अ. क्रि. શરીરે ગળી જવું.

કસમસે રાધિકા કેશ છૂટે,
ઉર થકી ચોસરા હાર તૂટે. · પ્રેમાનંદ

કસમસાવવું स. क्रि. હચમચાવવું.

કસમાકસમી [હિં.] સ્ત્રી. પરસ્પર પ્રતિજ્ઞા.

કસમાડો (કસમાડો) પું. (ગ્રામ્ય) હળનો એક ભાગ. ચવડા ને હળપૂણી વચ્ચે રહેતા આ ભાગને હળોતરા કરવાને દિવસે શુકનમાં સુતારને ત્યાંથી લાવવામાં આવે છે.

કસમારો પું. હળમાં કોશ બેસાડવાના કામમાં આવતું ખેડૂતનું એક ઓજાર.

કસમાં સ્ત્રી. વનસ્પતિ ઉત્પન્ન કરવામાં સારી કસવાળી જમીન.

કસમિયા (કસમિયા) ૧. [અ.] वि. સોગન ખાતું.

૨. अ. સોગન ખાઈને.

કસમી (કસમી) [અ.] वि. સોગન લીધેલ.

કસમી થવું = સોગન લેવા.

કસમીર પું. (ડિંગળ) કશ્મીર દેશ.

કસમીરજ न. (ડિંગળ) કેસર.

કસમો [સં. કુ (ખરાબ) + સમય (વખત)] પું. કવખત; કસમય; અયોગ્ય વખત.

કસમોડા (કસમોડા) ૧. પું. ब. व. આળસથી કે રોગના પૂર્વ દેખાવનાં ચિહ્નથી વારંવાર શરીર મરોડવું તે.

૨. પું. ब. व. દુ:ખ; પીડા.

૩. પું. ब. व. પ્રસવ વખતનું શરીરનું દુખવું અને આંકડી આવવી તે; વેણ.

૪. પું. ब. व. શ્રમ; મહેનત.

કસમોડાવું (કસમોડાવું) ૧. अ. क्रि. કસમોડા ખાવા; ઉકાંટા આવવા; અંગ તણાવું; અંબળાવું.

૨. अ. क्रि. તાવ ભરાવો; ધગશ આવવી.

૩. अ. क्रि. પેટમાં દુ:ખવું.

૪. अ. क्रि. બેચેની થવી.

૫. अ. क्रि. મનમાં વળ ખાવો; દુભાવું.

૬. अ. क्रि. વચકાવું; વંકાવું.

કસમોડું (કસમોડું) ૧. वि. અણગમો બતાવતું; કચવાયેલ.

૨. वि. બેચેનીવાળું; કસમોડાયુક્ત.

૩. वि. વાંકું; ચિડિયલ.

કસમોડો (કસમોડો) જુઓ કસમોડા.

કસયસ न. એક જાતનું ફૂલઝાડ.

કસર ૧. પું. કૂવા ઉપર લેવાતો કર.

કૂવા ઉપર કૂવાનો દર, જેનું નામ **કસર** કહેવાય છે તે રૂા. ૬૦૦ ચઢે છે. મહાદેવ દેસાઈ

૨. પું. જોર; શક્તિ.

૩. પું. નસાડી મૂકવું તે.

૪. (કસર) પું. મહેલ; મોટું મકાન.

૫. પું. લઘુ સ્વર.

૬. પું. વેર; દ્વેષ.

૭. પું. સવારનું અજવાળું.

૮. પું.; न. ખસનો રોગ.

૯. સ્ત્રી. અપચો; અજીર્ણ.

૧૦. સ્ત્રી. અપૂર્ણાંક.

૧૧. સ્ત્રી. અસર; છાપ.

૧૨. સ્ત્રી. એક જાતની માછલી.

૧૩. સ્ત્રી. કચાશ; ખામી; અપૂર્ણતા; ન્યૂનતા.

૧. કસર રહેવું = (૧) અપૂર્ણ હોવું. (૨) રોગમાં થોડો કચાશનો અંશ રહી જવો.

૨. કસર રાખવી = (૧) ખામી હોવી. (૨) ન્યૂનતા રાખવી; જોઈએ તેવું પૂરું ન કરવું. (૩) બેદરકાર રહેવું. (૪) ભૂલ ખાવી.

૩. કસર હોવી = ખામી રહેવી.

૧૪. સ્ત્રી. કબજિયત.

૧૫. સ્ત્રી. કરકસર; વિવેકથી વાપરવું તે.

૧. એક કસર અને સો સફર–ઘરની કસર અને વહાણની સફર = પૈસા બચાવવા એ પૈસા મેળવવાની બરાબર છે.

૨. કસર કરવી = સંભાળીને વાપરવું; હાથ ખેંચીને જોઈતું વાપરવું.

૧૬. સ્ત્રી. કસૂર; દોષ; વાંક.

૧૭. સ્ત્રી. કંજૂસાઈ; કૃપણતા.

૧૮. સ્ત્રી. ખાતાની જમે ઉધાર બંને બાજુ સરખી કરવા ગમે તે બાજુએ બાદ થતી કે વધારાતી રકમ; છોડ; મુકાણ; છૂટછાટ.

૧૯. સ્ત્રી. ખોટ; ઘટ; નુકસાન; ઊણપ.

૧. કસર આપવી–દેવી–કસર કાપી આપવી–દેવી = (૧) ઓછા પૈસા આપવા; નુકસાન દેવું. (૨) ઘટનો બદલો આપવો. (૩) ફાળા માટે વળત કાપી આપવી.

૨. કસર કાઢવી = (૧) ખોટ પૂરી પાડવી. (૨) બદલો લેવો. (૩) વેર લેવું.

૩. કસર ખાવી–સહેવી = ખોટ સહન કરવી; નુકસાન ભોગવવું.

૪. કસર જવી = નુકસાન થવું.

૫. કસર પડવી = નિષ્ફળ જવું.

૬. કસર ભરવી = ખોટ પૂરી કરવી.

૭. કસરે શાન = આબરૂ ઘટી જવી તે; માન કે મોભાનું ઓછું થવાપણું.

૨૦. સ્ત્રી. નાગડદાઈ.

૨૧. સ્ત્રી. પાણીમાંની ભમરી.

૨૨. સ્ત્રી. ફેર; તફાવત.

૨૩. સ્ત્રી. બેચેની.

૨૪. સ્ત્રી. મટી ગયેલ રોગનાં આછાં ચિહ્ન; સહેજ મંદવાડ; રોગનું કંઈક બાકી રહેવું તે.

૨૫. સ્ત્રી. વટક; બદલો.

૨૬. સ્ત્રી. વૃદ્ધિ; વધારો.

કસરઇલાતાજ न. એક જાતનું ઝાડ; બિજોરું.

કસરખોર ૧. वि. કરકસરિયું; કસર કરનાર.

૨. वि. કંજૂસ; કૃપણ; બખીલ.

કસરગિયાહ [યૂ.] न. એક જાતનું કપડું; નાખૂના.

કસરત ૧. સ્ત્રી. અભ્યાસ; મહાવરો; તાલીમ.

૨. સ્ત્રી. ટેવ; ચાલ.

૩. સ્ત્રી. દુ:ખ.

૪. સ્ત્રી. પુષ્કળતા; ઘણું હોવું તે.

૫. સ્ત્રી. વધારો; બરકત; અધિકતા.

૬. સ્ત્રી. શરીર કસવાની ક્રિયા; વ્યાયામ.

૭. સ્ત્રી. શારીરિક ચલનવલનના ખેલ.

કસરતબાજ ૧. वि. કસરતી; કસરતના શોખવાળું; નિયમિત રીતે શરીરને કસાતું રાખનાર.

૨. वि. તાલીમવાળું; અનુભવી.

૩. वि. હોશિયાર; ચાલાક.

કસરતબાજી वि. કસરતના શોખવાળું.

કસરતશાળા સ્ત્રી. કસરત કરવાનું કે શીખવાનું ઠેકાણું; અખાડો; વ્યાયામશાળા.

કસરતશિક્ષક પું. કસરત કરાવનાર શિક્ષક.

કસરત સે अ. પુષ્કળપણે.

કસરતસ્થાન જુઓ કસરતશાળા.

કસરતિયું ૧. वि. કસરતબાજ; કસરત કરનારું.

૨. वि. તાલીમ પામેલ; કેળવાયેલ.

૩. वि. મહાવરાવાળું; ટેવાયેલું.

૪. वि. હોશિયાર; ચાલાક.

કસરતી ૧. વિ. કસરતબાજ; વ્યાયામી; અખાડામાં તાલીમ પામેલું.

૧. કસરતી આદમી = અખાડામાં તાલીમ પામેલ માણસ; મલ્લ.

૨. કસરતી જુવાન = કસરતથી શરીરને કસેલું હોય તેવો તરુણ.

૩. કસરતી બદન = સારી રીતે વિકાસ પામેલું શરીર.

૨. વિ. તાલીમ પામેલ; કેળવાયેલું.

૩. વિ. મહાવરાવાળું; ટેવાયેલું.

૪. વિ. હોશિયાર; ચાલાક.

કસરદમ [યૂ.] પું. વીંછી.

કસરપટ્ટી સ્ત્રી. મહેસૂલની વસૂલાતમાં આવેલ ખોટ પૂરી કરવા માટે નખાતો વધારાનો વેરો.

કસરપૂર્ણ વિ. કરકસરવાળું.

કસરહટ્ટા [હિં.] પું. કંસારાનો લત્તો.

કસરા ૧. [અ.] પું. પીડા; દુઃખ.

૨. પું. લઘુ સ્વર 'ઇ'.

૩. પું. લશ્કરની નાસભાગ.

૪. [ફા.] પું. શહેનશાહ; ઈરાનના રાજાનો ઇલ્કાબ.

કસરાત [અ.] સ્ત્રી. બ. વ. ખોટ; નુકસાની.

કસરાતું વિ. ફાયદાવાળું; ઓછી કીમતનું.

કસરાયેલું વિ. સહેજ આજારી; બેકરારવાળું.

કસરાવું [સં. કૃચ્છ્રાયતે] અ. ક્રિ. અઠીક લાગવું; તાવ આવે એવું અથવા માંદા પડાશે એવું લાગવું.

કસરિયું ૧. [અ. કસ્ર (ટૂંકું કરવું)] વિ. કસર કરનાર; કરકસરિયું.

૨. વિ. કંજૂસ; કૃપણ.

કસરિયો ૧. પું. કરકસર કરનાર માણસ.

૨. પું. કૃપણ; કંજૂસ.

કસલ ૧. [અ.] પું. થાક.

૨. પું. પ્રમાદ; આળસ.

૩. પું. બીકણપણું.

૪. પું. મંદવાડ.

૫. પું. હિમ્મત હારી જવી તે.

૬. સ્ત્રી. એક જાતની કાકડી; ખીરા.

કસલનાક [અ.] વિ. આળસુ.

કસલમંદ ૧. [ફા.] વિ. અસ્વસ્થ; આજારી; બીમાર; માંદું.

૨. વિ. આળસુ.

૩. વિ. મૂંઝાયેલ.

કસલા [સં. કુશી] પું. (હિંદી) ખોદવાનું એક ઓજાર; તીકમ.

કસલાન ૧. [ફા.] વિ. આળસુ.

૨. વિ. ધીમું.

૩. વિ. બીકણ.

કસલિયું ન. કોગળિયું મટીને થયેલ આરામ.

કસલી ૧. [સં. કલશી] સ્ત્રી. કશલી; પાણી પીવાની નાની લોટી; ટબૂડી.

૨. સ્ત્રી. કાચની નળી.

૩. ન. એક જાતનું વહાણ.

કસલું ૧. ન. કણસલું.

૨. ન. કસલી; ટબૂડી.

કસવટ વિ. ગૂંથેલ; વણેલ.

હાથ કાંસકડી ને **કસવટ** નાડાં,
વેણ ગૂંથવાને ઘેણ ચાલ્યાં. લોકોક્તિ

કસવટની કોથળી = કન્યાને આણામાં સોપારી, તજ, લવિંગ, એલચી વગેરે ભરેલ આપવામાં આવતી કોથળી.

કસવટી જુઓ કસવટ્ટી.

કસવટ્ટી [સં. કષ્ટપટ્ટક] સ્ત્રી. (જૂ. ગુ.) કસોટી; પરીક્ષા.

કસવાટ [સં.] ન. ઘાણીમાંનું આંટાવાળું ચોકઠું, જેમાં થઈને તેલ બહાર આવે છે.

કસવાડો (કસવાડ઼ો) પું. હળનો એક ભાગ; હળપૂણી ને ચવડામાં બરાબર બેસાડવા માટે વપરાતી લાકડાની લાંબી મેખ કે ફાચર; તુંગાની નીચેની ખીલી.

કસવાઢ પું. ઘાણીના ખોડ ઉપરનું લાકડાનું ચોકઠું.

કસવાણ સ્ત્રી. શરીરની અનારોગ્ય સ્થિતિ; બેચેની; માંદગી.

કસવારો પું. હળનો એક ભાગ; કોશને પકડ કરવાનું સાધન.

કસવાવડ (કસવાવડ઼) સ્ત્રી. ગર્ભસ્રાવ; કસુવાવડ; પરિપક્વ થયા પહેલાં ગર્ભનું સરી જવું તે.

કસવાળા ૧. સ્ત્રી. એ નામની લેઉઆ કણબીની અટક.

૨. ન. લેઉઆ કણબીની એ નામની અટકનું માણસ.

૩. વિ. લેઉઆ કણબીની અટકનું.

કસવાળી સ્ત્રી. હળમાં કોશ બેસાડવા માટેની લાકડાની ચીપ.

કસવાળું ૧. વિ. કસદાર; સત્ત્વવાળું.

૨. વિ. ચંચળ; તેજસ્વી.

૩. વિ. ચીકટ; ચીકણું.

૪. વિ. ધનવાન; પૈસાવાળું.

૫. વિ. મજબૂત.

૬. વિ. રસાળ; ફળદ્રુપ.

કસવાળો ૧. પું. હળનો એક ભાગ; ચવડા અને કોસ વચ્ચે નાખવાની લાકડાની ફાડ; ફાચર.

૨. વિ. પું. પૈસાવાળો.

કસવું ૧. અ. ક્રિ. ક્લેશ પામવું.

૨. અ. ક્રિ. ઘટવું; ઓછું રહેવું.

૩. [સં. કષ્] સ. ક્રિ. અજમાવવું.

૪. સ. ક્રિ. ઓછું આપવાનો પ્રયત્ન કરવો.

૫. સ. ક્રિ. કીમત વધારવી.

૬. સ. ક્રિ. કેળવવું.

ટેવ કસવી = ટેવ પાડવી; મહાવરો રાખવો.

૭. સ. ક્રિ. ખૂબ ખેંચવું; સખત બાંધવું.

કમર કેડે કસવી = (૧) કેડને સખત બાંધવી; ભેડ બાંધવી. (૨) ખરા દિલથી કામ કરવું. (૩) શૂરાતન બતાવવા તત્પર થવું.

૮. સ. ક્રિ. ખેડવું.

૯. [સં. કૃષ્ (પરીક્ષા કરવી)] સ. ક્રિ. તપાસવું; કસોટી કરવી; પરીક્ષા કરવી.

૧. કસીને કામ પાડવું = અનુભવ લીધા પછી કામ પાડવું.

૨. કસીને કામ લેવું = સખતાઈથી કામ લેવું.

૩. સોનું જોઈએ કસી, ને માણસ જોઈએ વસી = કસવાથી સોનાની અને સાથે રહેવાથી માણસની પરીક્ષા કરવી.

૧૦. સ. ક્રિ. દાબવું; પીસવું.

૧૧. સ. ક્રિ. પીડવું; સતાવવું; હેરાન કરવું.

૧૨. સ. ક્રિ. ફાયદા પડતું કરવું.

૧૩. સ. ક્રિ. બંદૂકમાં દારૂ ભરવો.

૧૪. સ. ક્રિ. ભણવું.

૧૫. સ. ક્રિ. ભોગવવું.

૧૬. સ. ક્રિ. મજબૂત કરવું.

૧૭. સ. ક્રિ. મહેનત આપવી; રગડવું.

કાયા–શરીર કસવું = શરીરને મહેનત આપવી; ખડતલ બનવું.

૧૮. સ. ક્રિ. સૂકવવું.

કસહીણ વિ. કસ વગરનું; સત્ત્વ વિનાનું.

કસહીણું વિ. કસ વગરનું.

કસળ વિ. સહીસલામત; હેમખેમ; કુશળ.

કીંથે તારા કુંડલા, ભડ વખતાને ભોગ્ય,
આલણકા આરોગ્ય, હોય નહિ **કસળ** હાદાઉત.
સોરઠી સાહિત્ય

કસળિયાં ન. બ. વ. કુશળ સમાચાર.

ખરા બપોરે નીસર્યાં, બાવલીઓ પૂછે **કસળિયાં**.
રઢિયાળી રાત

કસળિયું વિ. ઘણું જ ખરાબ; ન મટે તેવું.

કસંદ ન. એક જાતનું કાંસું.

કસંપ પું. કુસંપ; કજિયો.

કસંબો ૧. પું. અફીણનું પાણી.

૨. પું. એક જાતનો લાલ રંગ; કસૂંબો.

૩. પું. કોકમના ફૂલનો રંગ.

૪. પું. લાલ રંગનો સાળુ.

કસા ૧. સ્ત્રી. તરવાર ખભામાં ટીંગાડવા માટેની ચામડાની વાધરી.

૨. [હિં.] વિ. તૈયાર.

૩. વિ. પટો બાંધેલ.

૪. વિ. મજબૂત; સખ્ત.

૫. વિ. વજનમાં ઓછું.

૬. અ. કેમ.

કસાઈ (ક઼સાઈ) ૧. [અ. કસ્સાબ] પું. ખાટકી; પશુને મારી તેનું માંસ વેચવાનો ધંધો કરનાર માણસ.

૧. કસાઈની નજરથી જોવું = ક્રૂરતાથી જોવું.

૨. કસાઈને ગાય સોંપવી = ચોરને ધન સોંપવું; વાઘરીને બકરી સોંપવી; જેની વહાર તેની ધાડ.

૩. કસાઈને ઘેર કલ્લોલ ને ધર્મી વગાડે ઢોલ = પાપી મોજ કરે અને ધર્મી દુઃખ પામે.

૪. કસાઈને ઘેર કુશળ ને ધર્મીને ઘેર ધાડ = ભલાઈની દુનિયા નથી; પતિવ્રતા ભૂખે મરે ને કસબણ ખાય લાડુ; પાપીનું સારૂં થાય ને ધર્મીનું બૂરૂં થાય એવો દુનિયાનો નિયમ છે.

૫. કસાઈને ઘેર ગાય બાંધવી = નિર્દય માણસને કન્યા આપવી.

૬. કસાઈને ઘેરથી ગાય છોડાવવી = નિર્દોષ પ્રાણીને દુઃખમાંથી મુક્ત કરવું.

૭. કસાઈનો બિલ્લો = (૧) ખૂબ ખાધેલ બળદ. (૨) જાડો પુરુષ.

૮. કસાઈવાડે જવું ને હાડકાની આભડછેટ કેમ પાલવે? = સંજોગોને અનુસરીને વર્તવું જોઈએ.

૨. પું. ખૂની માણસ; દુષ્ટ આદમી; ગળકટ્ટો.

૩. [હિં.] સ્ત્રી. મજબૂત કરવું તે.

૪. વિ. ક્રૂર; નિર્દય.

૫. વિ. ખૂની; ઘાતકી; હિંસક.

કસાઈખાનું (ક઼સાઈખ઼ાનું) ન. વધસ્થાન; કસાઈનું કર્મ કરવાની જગા.

કસાઈદ (ક઼સાઈદ) [અ.] સ્ત્રી. બ. વ. ઘઝલ કરતાં વધારે લાંબી કવિતાઓ; કસાઈદાત.

કસાઈદાત (ક઼સાઈદાત) [અ.] સ્ત્રી. બ. વ. ઘઝલ કરતાં વધારે લાંબી કવિતાઓ.

કસાઈની (ક઼સાઈની) ૧. [અ.] પું. કસાઈ.

૨. સ્ત્રી. કસાઈની સ્ત્રી.

કસાઈની સાવરણી સ્ત્રી. એક જાતનું ઝાડ; રૂક્ષવૃક્ષ. થડના સાંધાના ખૂણામાંથી નીકળતી તેની શાખાઓ પાન જેવી હોય અને થડને પણ પાન આવે.

કસાઈબીજ ન. એ નામની એક ઔષધિ. તેનાં બી મોટાં, ચકચકિત અને કડવું હોય છે. તેનો રંગ ભૂરાશ પડતો ધોળો અને આંસુનાં ટીપાંને મળતાં આવે છે. મૂત્રલ ઔષધિ તરીકે વપરાતાં આ બી ખોરાકમાં કાંજીના રૂપમાં લેવાય છે.

કસાઈવાટ (ક઼સાઈવાટ) પું. કસાઈવાડો.

કસાઈવાડ (ક઼સાઈવાડ઼) જુઓ કસાઈવાડો.

કસાઈવાડો (ક઼સાઈવાડ઼ો) ૧. પું. કસાઈનો મહોલ્લો; ખાટકીવાડો; કસાઈને રહેવાનો લત્તો; કતલખાનું.

કસાઈવાડેથી ગાય છોડાવવી = માણસને મહા દુઃખમાંથી ઉગારવું; જુલમમાંથી બચાવવું.

૨. ન. ગંદું સ્થાન.

૩. ન. ધોંધાટિયું ઠેકાણું.

કસાઉલા ન. એક જાતનું રત્ન.

કસાઓડા (ક઼સાઓડ઼ા) પું. ખાટકીનો દીકરો. તે તિરસ્કારમાં વપરાય છે.

કસાકસ ૧. સ્ત્રી. અવિચારીપણું.

૨. [ફા. કશીદન (ખેંચવું)] સ્ત્રી. ખેંચાખેંચી; કસાકસી; ચડસાચડસી; રસાકસી.

૩. સ્ત્રી. તંગી; ખેંચ; અછત.

કસાકસાયા ૧. વિ. તૈયાર.

૨. વિ. પટો બાંધેલું.

૩. વિ. મજબૂત.

કસાકસી ૧. સ્ત્રી. અવિચારીપણું.

૨. સ્ત્રી. ખેંચાખેંચી; રસાકસી.

૧. કસાકસી ચાલવી–હોવી = સખત સ્પર્ધા કરવી.

૨. કસાકસીનો વખત = બહુ જ હરીફાઈ કરવાનો વખત.

૩. સ્ત્રી. તંગી; તાણ; ખેંચ.

કસાણું ૧. વિ. કંટાળા ભરેલું; અરુચિદર્શક.

કસાણું મોં કરવું = કંટાળો બતાવે તેવો અરુચિદર્શક ચહેરો કરવો.

૨. [સં. કષાય] વિ. કાટના સ્વાદવાળું; કટાણું; ધાતુને કાટ લાગવાથી બેસ્વાદ બનેલું.

૩. વિ. ખરાબ મિજાજવાળું.

૪. વિ. નાખુશ; નારાજ.

૫. વિ. બગડી ગયેલું; વિકૃત થયેલું.

૬. વિ. વીલું; ઢીલું; ઓશિયાળું.

કસાતું વિ. કસતું; ઓછું; ઘટતું; કમ.

કસાદ ૧. સ્ત્રી. ખરાબ બજાર.

૨. [અ.] સ્ત્રી. ગરીબાઈ.

૩. વિ. ચાલુ નહિ એવું.

કસાન [ફા.] પું. બ. વ. માણસો.

કસાનગર ૧. સ્ત્રી. વોરાની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કસાફત (ક઼સાફ઼ત) ૧. [અ.] સ્ત્રી. આળસ.

૨. સ્ત્રી ગંદકી; ગંદું હોવાપણું.

૩. સ્ત્રી. ગ્રહણ.

૪. સ્ત્રી. ધનતા.

૫. [અ. કસફ (તે જાડું હતું)] સ્ત્રી. જાડાઈ.

૬. સ્ત્રી. નિચોડ; નિચોવીને કાઢેલ રસ.

૭. સ્ત્રી. નીચે બેઠેલ કચરો.

૮. વિ. બાંધેલ.

કસાબ (ક઼સાબ) ૧. [અ. કસ્સાબ] પું. કસાઈ; ખાટકી.

૨. ન. કતલ કરવાનું પ્રાણી.

કસાબા [અ.] પું. માથાની આસપાસ બંધાતો રૂમાલ. તે ખાસ કરીને સ્ત્રીઓ પહેરે છે.

કસાબી (ક઼સાબી) ૧. [અ. કસ્સાબી] સ્ત્રી. ખાટકીનો ધંધો.

૨. સ્ત્રી. નિર્દયતા; ક્રૂરપણું.

કસામ વિ. સમતા વગરનું; મેળ વિનાનું.

કસાય ૧. [સં. કષાય] પું. ક્રોધ, માન, માયા અને લોભની મર્યાદા તોડવી તે, કેમકે તેનાથી સંસારનું પરિભ્રમણ વધે છે.

૨. સ્ત્રી. કાકડી.

કસાયણ (ક઼સાયણ) સ્ત્રી. ખાટકી સ્ત્રી.

કસાયણી (ક઼સાયણી) સ્ત્રી. ખાટકી સ્ત્રી.

કસાયન (ક઼સાયન) પું. કસાઈ.

કસાયલ ૧. વિ. અજમાવેલું.

૨. વિ. કટાયેલું; કાટ ચડેલું.

૩. વિ. કસવાળું; મજબૂત; જોરાવર.

૪. વિ. કસાઈ ગયેલું; ઊતરી ગયેલું.

૫. વિ. પલોટાયેલું; અનુભવી; ઘડાયેલું.

કસાયલું જુઓ કસાયલ.

કસાયા [હિં.] વિ. તૈયાર.

કસાચી પું. (ડિંગળ) કસાઈ.

કસાયું [સં. કષાય] વિ. બેસ્વાદ.

કસાયેલ જુઓ કસાયલ.

કસાયેલું જુઓ કસાયલ.

કસાર ૧. [સં. કૃસર] પું. કંસાર.

૨. પું. (પિંગળ) છવ્વીશ ગુરુ અને સો લઘુ મળી એકસો છવ્વીશ વર્ણનો એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે કુંડલિયા છંદનો એક ભેદ છે.

૩. પું. પિત્તળનાં વાસણ બનાવનાર માણસ.

૪. પું. લાપશી; ઘઉંના લોટને ગોળના પાણીમાં બાફી બનાવેલ એક વાની.

કસારકણાં ન. બ. વ. ઈંધણાં; બાળવાનાં લાકડાં.

કસારબાફણાં ન. બ. વ. બાળવાનાં લાકડાં; બળતણ; સરપણ.

કસારિયા ૧. પું. બ. વ. મુહૂર્ત તરીકે નાખવામાં આવતા ચૂલા.

૨. પું. બ. વ. શુભ પ્રસંગની તૈયારી.

કસારિયા નાખવા = લગ્નપ્રસંગના કામકાજની શરૂઆત કરવી.

કસારી ૧. સ્ત્રી. કંસારાની સ્ત્રી.

૨. સ્ત્રી. ભીનાશવાળી જગ્યામાં થતું એક જાતનું જીવડું. તે પુષ્કળ ઈંડાં મૂકતી હોવાથી એકી વખતે સેંકડો કસારી ઉત્પન્ન થાય છે. ચીનાઓ તેને પૂજ્ય માનતા હોવાથી મારતા નથી.

૩. ન. એક જાતનું ઘાસ. તેને છેડે મોતીના ઘાટનાં બિયાં લટકે છે.

કસારો પું. ધાતુના ઘાટ ઘડનાર તેમ જ વેચવાનો ધંધો કરનાર માણસ.

કસાલ ૧. સ્ત્રી. આપદા; પીડા.

૨. ન. મુઝાવું તે; મનનું આનંદમાં ન રહેવું તે.

કસાલત ૧. સ્ત્રી. કષ્ટ; તકલીફ.

૨. સ્ત્રી. દુઃખ; દર્દ.

૩. સ્ત્રી. મંદતા; શિથિલપણું.

૪. સ્ત્રી. મુશ્કેલી; આફત.

૫. વિ. માંદું.

કસાલા જુઓ કસાલત.

કસાવ [હિં.] પું. ખેંચી પકડવાનો ગુણ.

કસાવટ ૧. [હિં.] સ્ત્રી. ખેંચવું તે.

૨. સ્ત્રી. બંધકોષ કરનારી દવા.

૩. સ્ત્રી. બંધકોષ કરવાપણું.

૪. સ્ત્રી. મજબૂત કરવું તે.

૫. સ્ત્રી. સાબિત કરવું તે.

કસાવડા (ક઼સાવડ઼ા) પું. કસાઈ.

કસાવત (ક઼સાવત) [અ.] સ્ત્રી. હૃદયની બળતરા; દુઃખ.

કસાવવું ૧. અ. ક્રિ. ખાટું થઈ જવું.

૨. સ. ક્રિ. કસ કઢાવવો; કસોટી કરાવવી; પરીક્ષા કરાવવી.

કસાવા પું. સતી વખતે માથાની આસપાસ બાંધેલો રૂમાલ.

કસાવું ૧. અ. ક્રિ. કટાવું; કાટ લાગવાથી બેસ્વાદ થવું.

૨. અ. ક્રિ. કસાયેલા થવું; પલોટાવું; કાર્યક્ષમ થવું.

૩. અ. ક્રિ. ખેંચાઈને મજબૂત થવું.

૪. અ. ક્રિ. થાકી જવું.

૫. અ. ક્રિ. દુઃખ, મહેનત, કામ વગેરેનો અનુભવ લેવો.

૬. અ. ક્રિ. દુઃખી થવું; હેરાન થવું.

૭. સ. ક્રિ. ખેંચીને બાંધવું.

૮. સ. ક્રિ. મોટું કરવું.

કસાસ (ક઼સાસ) [અ.] પું. વેર લેવાનો નિયમ.

કસાહટ [અ.] સ્ત્રી. સાબિતી.

કસાંજણ ૧. [સં. કાંસ્ય (કાંસું) + અંજન (આંજણ)] ન. કાંસાના પાત્રમાં ઘૂંટીને બનાવેલ આંખમાં આંજવાનું એક જાતનું ઓસડ; કસાંજન.

૨. ન. જસતનાં ફૂલ; જસતને ઠીકરાના વાસણની ભઠ્ઠીમાં મૂકવાથી ગરમ થઈ ઊડી જઈ વાસણના ઉપરના ભાગમાં બાઝેલ ફૂલનો ઝીણો ભૂકો. તે અંજન તરીકે વપરાય છે.

કસાંજન જુઓ કસાંજણ.

કસાંજળ જુઓ કસાંજણ.

કસાંબુ [સં.] ન. શ્રાદ્ધ વખતે પિતૃઓને આપવામાં આવતું જળ.

કસિન [અ.] સ્ત્રી. જાત.

કસિફ (કસિફ઼) [અ.] વિ. મજબૂત ન હોય એવું; ભાંગી ગયેલું.

કસિયર વિ. માટીનું; ધૂળનું બનાવેલું.

કસિયા પું. બ. વ. કસી ઘાસના છોડવામાં થતા ધોળા દાણા. તે ફળાહારમાં તેમ જ છોકરાંઓની રમતમાં વપરાય છે.

કસિયારો પું. એક જાતનું ઘાસ; કસી; કસઈ. તે મીઠું પાણી ભરાઈ રહેતું હોય ત્યાં કે રણમાં ઊગે. તેમાં થતા ધોળા દાણા છોકરાંઓને રમવામાં તેમ જ અગિયારશ વગેરેના ઉપવાસમાં ફળાહાર તરીકે વપરાય છે. દાણા કાઢી લીધેલ ઘાસ છાજ તરીકે વપરાય છે.

કસિયું ૧. ન. એક જાતનું ઘાસ.

૨. ન. સૂતરનો કસ તપાસવાનું સાધન.

કસિર [અ.] વિ. ઘણું; પુષ્કળ.

કસિરુલ ઇયાલ = મોટા કુટુંબવાળું.

કસિલ [અ.] વિ. બીકણ.

કસી ૧. પું. કસબ.

૨. [સં. કશકુ] સ્ત્રી. એ નામનું ઝાડ. તેને સંસ્કૃતમાં ગવેધુક પણ કહે છે. વૈદિક કાળમાં યજ્ઞમાં તેના ચરૂનો પ્રયોગ થતો.

૩. સ્ત્રી. એક જાતનું ઘાસ. જુઓ કસિયારો.

૪. સ્ત્રી. એક જાતનો છોડ. તેનાં પાન ખેરનાં પાન જેવાં, ફૂલ ગુલાબી રંગનાં ને શિંગો વાંકી, ચપટી, સાંધાવાળી ને કાંટાવાળી હોય છે. તેનાં બી ચપટાં અને કાળાં હોય છે.

૫. સ્ત્રી. છત્રીશ ઇંચ પહોળું એવાં બે પગલાંનું માપ.

૬. સ્ત્રી. પથ્થરનો ચોરસ વાઢ આપવાનું અણીવાળું હથિયાર.

૭. [હિં.] સ્ત્રી. પાણા કાપવાનો કુહાડો.

કસીકસીને ૧. અ. ખેંચીને; તાણીને; જોર કરીને.

૨. અ. તાવીને; પરીક્ષા કરીને.

કસીદા (ક઼સીદા) ૧. પું. (કાવ્ય) ગઝલના જેવી એક જાતની કવિતા.

૨. [અ.] પું. પ્રશંસાત્મક કાવ્ય; પ્રશંસાગીત. તેમાં ઘણે ભાગે કોઈની સ્તુતિ અથવા નિંદા કરવામાં આવે છે. આ કવિતામાં સત્તરથી ઓછી પંક્તિ હોતી નથી. તેથી વધારેનો કાંઈ નિયમ હોતો નથી.

૩. પું. ભરતકામ.

કસીદાકારી (ક઼સીદાકારી) સ્ત્રી. ભરતકામ.

કસીદો (ક઼સીદો) ૧. પું. ઈંટ કે નળિયાંને બહુ તાપ લાગવાથી તેમાંની રેતી ઓગળી જઈ કાચ જેવા રસના બનતા ગઠ્ઠા; કીટો; છાંગળ.

૨. [અ. કશીદન (ખેંચવું)] પું. જરીનું ભરતકામ; રેશમ સાથે વણેલ સોનારૂપાના તારનું ભરત.

૩. [અ. કસીદા] પું. સ્તુતિ કે પ્રશંસા માટે લખાયેલું કાવ્ય.

કસીને અ. ભેટ વાળીને.

કસીનો ન. જુગારખાનું.

કસીફ (કસીફ઼) ૧. [અ.] પું. ગંદો માણસ.

૨. વિ. ગંદું; અપવિત્ર.

૩. વિ. જાડું; ઘાટું.

૪. વિ. નાખુશ.

૫. વિ. બાંધેલ.

કસીમ [અ.] વિ. સુંદર.

કસીર ૧. [અ.] વિ. ઘણું; વધારે; અતિશય; પુષ્કળ.

૧. કસીર–ઉલ–અઝ્લા = ઘણી બાજુવાળી આકૃતિ; ઘણા ખૂણાવાળી આકૃતિ.

૨. કસીર ઉલ ,અયાલ–ઔલાદ = મોટા કુટુંબવાળું.

૩. કસીર-ઉલ-જિમા = અતિ સંભોગ કરનાર.

૪. કસીર-ઉલ-માની = ઘણા અર્થવાળું.

૨. વિ. બહુ મોટું.

કસીલા [અ.] વિ. મજબૂત.

કસીલા જાળી સ્ત્રી. એક પ્રકારની ગૂંથણીનું ચિત્ર. આ ચિત્ર ચોરીમાં અથવા નવરાત્રિમાં સ્થાપનને ઠેકાણે કઢાય છે.

કસીસ ૧. [અ.] પું. ધર્મગુરુ.

૨. [સં. કાસીસ] પું. (હિંદી) લોહભસ્મ.

૩. પું. હીરાકસી.

કસુખ ન. અસુખ; દુઃખ.

કસુતર ૧. વિ. અગવડતાવાળું; વધારે બળ પડે એવું.

૨. [સં. કુ (ખરાબ) + સુ (સારૂં) + તૄ (સોંસરવું જવું)] વિ. અઘરૂં; મુશ્કેલ; કઠણ; વસમું.

૩. વિ. આડું; વાંકું.

૪. વિ. ગૂંચવણ ભરેલું.

૫. વિ. તોફાની.

૬. વિ. બગડી ગયેલું; કસોજ; ખરાબ થયેલું.

કસુતરપણું ન. ગૂંચવણ; ગૂંચવાડો.

કસુતરું જુઓ કસુતર.

કસુમ ૧. પું. આંખનું દરદ.

૨. પું. કસૂંબાનો છોડ. તેનાં સૂકાં ફૂલોનો રાતો રંગ બને છે.

૩. પું. કસૂંબામાંથી બનાવેલ રાતો રંગ.

૪. પું. રજસ્રાવ.

કસુમુ સ્ત્રી. ધાર; અણી.

કસુર સ્ત્રી. એ નામની એક જાતની વનસ્પતિ.

કસુલી સ્ત્રી. નૃત્યબાલા. ઈરાનમાં નૃત્ય કરનારીને કસુલી કહેતા.

કસુલું વિ. આકરૂં; વસમું.

કસુલે ૧. [સં. કુ (ખરાબ) + શૂલ (આકરી પીડા)] અ. અધૂરે માસે સગર્ભાને પ્રસવનું પીડાકારી શૂળ આવતાં.

કસુલે કળથી ખાવી પડે = મુશ્કેલીના પ્રસંગે અરુચતું પણ સ્વીકારવું પડે. કસુવાવડને પ્રસંગે સખત અને કવખતનું શૂળ આવે ત્યારે કળથી દવા તરીકે ખવરાવાય છે, એટલે જેમણે કોઈ દિવસ કળથી ખાધી નથી, તેને પણ આ પ્રસંગે કળથી ખાવી પડે છે. તે ઉપરથી આ પ્રયોગ થયો છે.

૨. અ. નછૂટકે; પરાણે.

૩. અ. મુશ્કેલીમાં; વિષમ સંજોગોમાં.

કસુવાણુ સ્ત્રી. અસ્વાસ્થ્ય; કસવાણુ; એચેની; માંદગી.

કસુવાવડ (કસુવાવડ઼) ૧. [સં. કુ (ખરાબ) + સૂ (જન્મ આપવો) + વૃત્તિ (હોવું તે)] સ્ત્રી. કવેળાની સુવાવડ; નિયત કાળ પહેલાં ગર્ભનું સ્ત્રવી જવું તે; કાચા ગર્ભનું પડવું તે. ગર્ભાધાનની મુદ્દત સાધારણ રીતે નવથી સાડાનવ મહિનાની છે, પણ તે વખત પૂરો થયા પહેલાં એટલે અધૂરે માસે ગર્ભ ગળી પડે તેને કસુવાવડ કહે છે. ગર્ભાધાનના સાતમા મહિના પહેલાં જો ગર્ભ નીકળી પડે તો તે કસુવાવડ કહેવાય. પાંચમા, છઠ્ઠા કે સાતમા મહિનાની કસુવાવડ બીજા કે ત્રીજા મહિનાની કસુવાવડ કરતાં વધારે ભયંકર છે. ઊલટી, મોળ અને મોઢામાં યૂંક આવવું એ ગર્ભાધાનનાં ચિહ્ન છે. તે જો બહુ જોસમાં દેખાતાં હોય તો તેથી કસુવાવડ થવા સંભવ છે. જ્યારે કસુવાવડ થવાની હોય ત્યારે પ્રથમ પેટમાં દુખાવો થાય ને લોહી વહેવા માંડે. દુખાવો ધીરે ધીરે વધતો જાય છે. બંને પેડુમાં ને વાંસામાં દુખાવો થાય ને સાથળ ફાટ્યા કરે. ગર્ભ ત્રણ કે તેથી વધુ માસનો હોય તો તેનો લોચો તરત બહાર પડી જાય, પેટમાં વીંટ પણ આવે ને તેની સાથે મોળ કે ઊલટી થાય. કસુવાવડ પછીની મુખ્ય વિકૃતિઃ (૧) ઓર બરાબર બહાર પડતી નથી ને તેનો કંઈક ભાગ અંદર રહી જાય છે ને તે મસાની પેઠે જામી રહે છે. (૨) કેટલીક સ્ત્રીમાં એમ પણ બને કે ગર્ભ પડ સહિત નહિ નીકળતાં પડ ફૂટી જાય છે. (૩) અત્યાર્તવ જેવું જણાય છે. (૪) વખતે અંદર રહેલ ભાગ સડે છે. (૫) તીક્ષ્ણ અગર દીર્ઘ વરમને ઉત્પન્ન કરે છે. (૬) પ્રદરનો વ્યાધિ સ્થાપિત થાય છે. (૭) ગર્ભાશય મોટું રહી જાય છે. (૮) પાંડુતા ઘણી આવે છે, આંખો બળે છે, જઠરાગ્નિ મંદ થાય છે. (૯) હિસ્ટિરિયા જેવાં ચિહ્ન દેખાય છે. કસુવાવડમાં શીરો, તેલ ને ચોળા ખવાય છે.

કસુવાવડે કળથી ખાવી પડે = મુશ્કેલીને વખતે ન ગમતું પણ સ્વીકારવું પડે.

૨. સ્ત્રી. દુઃખની સાથે સુવાવડ આવવી તે.

૩. સ્ત્રી. નિષ્ફળ પ્રયત્ન.

કસુંદી સ્ત્રી. ત્રણથી ૭ ફૂટ ઊંચો થતો એક જાતનો છોડ. તેનાં પાન લંબગોળ અને છેડે અણીવાળાં, ઉપર લીલાં ને નીચે ઝાંખાં ભૂખરાં હોય. તે સર્વાંગ રેચક, કફઘ્ન હોઈ મોટી ઉધરસમાં ઉપયોગી મનાય છે. બી પૌષ્ટિક છે. ધાધર ઉપર સુખડ સાથે તેના મૂળની પોટીસ કરી બંધાય છે.

કસુંબ ૧. [સં. કુસુંભ] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ. તેને ધોળાં ફૂલ આવે અને ફળ ખાવામાં તેમ જ તેલ કાઢવામાં વપરાય છે. ફૂલમાંથી રાતો રંગ નીકળે છે.

૨. ન. કસુંબીનું ફૂલ.

૩. ન. કેસૂડાનું ફૂલ.

૪. ન. પલાશ.

૫. વિ. કસૂંબીના રંગનું; કસૂંબેલ; લાલ.

કસુંબગર પું. કસૂંબાનો રંગ ચડાવનાર.

કસુંબડી (કસુંબડ઼ી) સ્ત્રી. એક જાતનો છોડ. એનું પાન મોઢામાં રાખી કાનમાં ફૂંક મારવાથી વીંછી ઊતરવાનું મનાય છે. દુખતી આંખ ઉપર પણ તે બંધાય છે.

કસુંબડું (કસુંબડ઼ું) વિ. કસૂંબાના ફૂલ જેવા રંગનું; કસૂંબલ; લાલ.

કસુંબડો (કસુંબડ઼ો)] ૧. પું. એક જાતનો છોડ. તે કફ તથા વાયુ મટાડનાર મનાય છે.

૨. વિ. પું. કસૂંબાના રંગનો.

કસુંબલ ૧. પું. કસૂંબાના ફૂલ જેવો રંગ; લાલ રંગ.

૨. વિ. કસૂંબાના રંગનું; લાલ.

કસુંબલા પું. બ. વ. કસૂંબા.

મોટો કાઢે છે રોજ કાવા **કસુંબલા**,
નાનેરો ઘૂમે ધમસાણ,
વીરાજી કેરી ભેટે ઝૂલે છે તરવાર.

લોકગીત

કસુંબલું વિ. કસૂંબાના રંગનું; લાલ.

કસુંબા સ્ત્રી. એક જાતની મદ્રાસી. ચરપ, જપેન અને હિંદુસ્તાનમાં બનતું આ કપડું ગોદડાંનાં પડ ને પાઘડીમાં વપરાય છે.

કસુંબાછઠ સ્ત્રી. અષાડ સુદિ છઠ. હવેલીમાં તે દિવસથી ઠાકોરજીને રંગીન વસ્ત્ર પહેરાવવાનું શરૂ થાય છે.

કસુંબાપાણી ૧. ન. કસૂંબો; પાણીમાં ઘોળેલ અફીણ.

૨. ન. વૈરની શાંતિ; સમાધાન.

કસુંબાપાણી કરાવવું = સમજૂત કરાવવી; સમાધાન કરાવવું.

કસુંબાષષ્ઠી સ્ત્રી. કસૂંબાછઠ; અષાડ સુદિ છઠ. હવેલીમાં તે દિવસથી ઠાકોરજીને રંગીન વસ્ત્ર પહેરાવવાનો આરંભ થાય છે.

કસુંબી ૧. પું. કપડાં રંગવાનો ધંધો કરનાર માણસ.

૨. પું. કસૂંબાના ફૂલનો રંગ; ઘેરો લાલ રંગ.

૩. [સં. કુસુંભ] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; કસુમ. તેનાં પાન લાંબાં હોય છે. કસુંબીમાં

કાંટાવાળી અને કાંટા વિનાની એમ બે જાત છે. કસુંબીના છોડ કેડ સુધી ઊંચા થાય. તેને પીળા રંગનાં ફૂલ આવે. ફૂલમાંથી રાતો રંગ નીકળે. તેમાં કેસર જેવા તંતુ હોય. ફૂલોને સૂકવી તેનો કસૂંબો કરે છે. ફૂલો કાઢી લેવાથી કસૂંબીનો પાક વધતો નથી. ફૂલમાંથી મોટી સોપારી જેવડું જીંડવું નીકળે તેને કાબરા અને જીંડવામાં કસુંબીના દાણા હોય તેને કાબરી કહે છે. તેનાં બિયાંનું તેલ ખાવાના તેમ જ બાળવાના ઉપયોગમાં લેવાય. ખોળ ઢોર ખાય છે. કુમળી કસુંબીના પાલાની ભાજી થાય છે. ચરોતરમાં અને દક્ષિણ હિંદમાં કસુંબીની ખેતી થાય છે. તે વાતુલ, રુક્ષ, વિદાહી અને તીખી છે તથા મૂત્રકૃચ્છ્ર, કફ તેમ જ રક્તપિત્તનો નાશ કરે છે. તેનાં ફૂલ સ્વાદુ, ત્રિદોષનાશક, ભેદક, રુક્ષ, ઉષ્ણ, પિત્તકર, કેશરંજનકારક, કફનાશક અને લઘુ છે. તેની ભાજી મધુર, નેત્ર્ય, ઉષ્ણ, તીખી, અગ્નિદીપક, અતિરુચિકર, રુક્ષ, ગુરુ, સારક, પિત્તકર, ખાટી તથા ગુદરોગકારક મનાય છે અને કફ, મળ, મૂત્ર તથા મેદનો નાશ કરે છે. તેનું તેલ બળકર, વીર્યવર્ધક, ખારૂં, કડવું, વિદાહી, ગુરુ, તીક્ષ્ણ, ઉષ્ણ, મલસ્તંભક, કફપિત્તકારક, ખાટું, ત્રિદોષકારક અને કૃમિ તથા વાયુનાશક મનાય છે.

૪. સ્ત્રી. મેમણની એ નામની એક અટક.

૫. ન. એ અટકનું માણસ.

૬. ન. એ નામના છોડનું ફૂલ.

૭. ન. કસુંબાનું બીજ.

૮. વિ. કસુંબીના રંગનું; લાલ.

૯. વિ. મેમણની એ નામની અટકનું.

કસુંબીવાડો (કસુંબીવાડ઼ો) પું. રંગારાઓનો લત્તો; રંગારા રહેતા હોય તે જગ્યા.

કસુંબું વિ. કસૂંબાના રંગનું; કસૂંબી; લાલ.

કસુંબેલ વિ. કસૂંબી; લાલ,

કસુંબો ૧. [સં. કુસુંભ] પું. એ નામની એક વનસ્પતિ; પાવક; વહ્નિશીખ; વસ્ત્રરંજક. આ છોડને ભોંયરીંગણી જેવા કાંટા અને મકાઈના ડોડાની જેમ કેસર જેવા તંતુ નીકળે છે. ફૂલમાંથી રંગ અને બિયાંમાંથી તેલ નીકળે છે. કસુંબો વાયુકર, રક્તપિત્તહર અને કફઘ્ન મનાતો હોવાથી મૂત્રકૃચ્છ્રમાં ફાયદાકારક મનાય છે. હિંદુસ્તાન, આફ્રિક અને એબિસિનિઅમાં ઊગતી આ વનસ્પતિનો ઈ.સ. પૂર્વે ૨૦૦ અગાઉ ચીનાઓ ઉપયોગ અને ખેતી જાણતા. યરપમાં તે વખણાતો.

૨. પું. કસૂંબાનાં સૂકાં ફૂલ.

૩. પું. કસૂંબી રંગ; લાલ રંગ.

૪. પું. જમીનનો લેખ કરતાં દરબારને કસુંબા તરીકે અપાતી રકમ; ખેતરની બદલીમાં લેવાતો કર; નજરાણું.

૫. પું. પાણીમાં ધોળેલ અફીણ; અફીણને ઘૂંટીને બનાવેલ ઘાટો રસ.

૧. કસુંબાપાણી કરવાં = (૧) અફીણનું પીણું જેમાં હોય એવી ઉજાણી કરવી. (૨) બે હરીફ વચ્ચે સમાધાની થવી. તેમાં ઉજાણીમાં બંને સાથે બેસી કસુંબો પીએ છે.

૨. કસુંબો ઊગવો-ચડવો = અફીણના પીણાની અસર થવી.

૩. કસુંબો કાઢવો = (૧) અફીણનું પીણું બનાવવું. (૨) કસુંબાનાં ફૂલમાંથી રાતું પાણી કાઢવું. (૩) મસલત કરવી. (૪) રાતું પાણી બનાવવું. (૫) સંપસલાહ કરવી. ગરાસિયા, રજપૂત વગેરે લોકોમાં સલાહ કરતી વખતે અથવા મેળાપને પ્રસંગે કસુંબો કાઢવાનો રિવાજ છે.

૪. કસુંબો ગાળવો = (૧) અફીણનો રસ તૈયાર કરવો. (૨) કસુંબાનાં ફૂલમાંથી રાતું પાણી કાઢવું.

૫. કસુંબો ચડાવવો-દેવો-મુકાવવો = રાતો રંગ ચડાવવો.

૬. કસુંબો પીવો = (૧) અફીણનો રસ પીવો. (૨) સુલેહ કરવી; મિત્રતા કરવી.

૬. પું. સ્ત્રીઓને પહેરવાનું કસુંબી રંગનું લૂગડું.

કસુંભા જુઓ કસુંબો.

કસૂચ વિ. બગડેલું.

કસૂઝ ૧. સ્ત્રી. ખોટી સમજણ; કસમજ.

૨. સ્ત્રી. ખોટી સૂઝ; અનાવડ.

૩. સ્ત્રી. થોડું સૂઝવું તે; ઓછી સૂઝ.

કસૂટી સ્ત્રી. કસોટી; પરીક્ષા.

કસૂત્ર ૧. ન. ખોટું સૂત્ર; અયોગ્ય નિયમ.

૨. ન. બગડવું તે.

૩. વિ. બગડેલું; ખરાબ.

૪. વિ. મુશ્કેલ; અઘરૂં.

કસૂફ (કસૂફ઼) [અ.] ન. સૂર્યગ્રહણ.

કસૂબો ૧. પું. આંખનું દરદ.

૨. પું. રજસ્રાવ.

કસૂર (ક઼સૂર) ૧. સ્ત્રી. અપરાધ; દોષ.

૨. [અ. કસર (તે અપૂર્ણ હતું)] સ્ત્રી. અપૂર્ણતા; ખામી; ખોડ.

૩. સ્ત્રી. ઇરાદાપૂર્વકની અવગણના.

૪. સ્ત્રી. ખરાબ વિચાર.

૫. સ્ત્રી. નિષ્ફળતા.

૬. સ્ત્રી. પાપ.

૭. સ્ત્રી. ભૂલચૂક.

૧. કસૂર કરવી = ભૂલ કરવી; ખામી લાવવી; વાંકમાં આવવું.

૨. કસૂર કાઢવી = દોષ કાઢવો; ગુનો પકડવો.

૩. કસૂર થવી = ભૂલ કરવી; વાંકમાં આવવું.

કસૂરદાર (ક઼સૂરદાર) ૧. વિ. કસૂર કરનાર; ગુનેગાર.

૨. વિ. ઠપકાપાત્ર.

૩. વિ. ભૂલ કરનાર; અપરાધી; દોષી.

કસૂરમંદ (ક઼સૂરમંદ) [અ.] વિ. દોષી; અપરાધી. જુઓ કસૂરદાર.

કસૂરવાર જુઓ કસૂરદાર.

કસૂરી (ક઼સૂરી) ૧. વિ. કસૂરને લગતું; કસૂર સંબંધી.

૨. વિ. ખરાબ સૂરવાળું.

કસૂરો વિ. પું. વિકટ; ભયાનક.

કસૂસ [યૂ.] ન. અમરવેલનું બીજ.

કસૂંબ જુઓ કસુંબ.

કસૂંબગર જુઓ કસુંબગર.

કસૂંબડી (કસૂંબડ઼ી) જુઓ કસુંબડી.

કસૂંબડું (કસૂંબડ઼ું) જુઓ કસુંબડું.

કસૂંબડો (કસૂંબડ઼ો) જુઓ કસુંબડો.

કસૂંબલ જુઓ કસુંબલ.

કસૂંબલા જુઓ કસુંબલા.

કસૂંબલું જુઓ કસુંબલું.

કસૂંબા જુઓ કસુંબા.

કસૂંબાછઠ જુઓ કસુંબાછઠ.

કસૂંબાપાણી જુઓ કસુંબાપાણી

કસૂંબાષષ્ઠી જુઓ કસુંબાષષ્ઠી.

કસૂંબી જુઓ કસુંબી.

કસૂંબીવાડો (કસૂંબીવાડ઼ો) જુઓ કસુંબીવાડો.

કસૂંબું જુઓ કસુંબું.

કસૂંબેલ જુઓ કસુંબેલ.

કસૂંબો જુઓ કસુંબો.

કસે ૧. [ફા.] વિ. કોઈ.

કસે કે = તે જે.

૨. [હિં.] અ. કેમ; કેવી રીત.

કસે પનિયાં ભરનકો જાઉં. લોકોક્તિ

કસેર [હિં.] સ્ત્રી. સેવાળ.

કસેરહટ પું. કંસારાનો લત્તો.

કસેરહટ્ટા પું. કંસારાનો લત્તો.

કસેરહાટ પું. કંસારાનો લત્તો.

કસેરા ૧. પું. કંસારો.
૨. પું. ભૂરા રંગનું ઢોર.
૩. વિ. ધાતુનાં વાસણ વેચનાર.

કસેરુ ૧. [સં.] પું. કરોડ.
૨. [હિં.] સ્ત્રી. એક જાતની મોથનું મૂળ.
૩. પું. એક જાતનો જળકંદ. તે ભૂંડને પ્રિય હોય છે.
કસેરુસા સિર = ખોડકું માથું.

કસેરુક [સં.] ન. વગડામાં થતી એક વનસ્પતિ. તેનાં મૂળ દવામાં વપરાય છે. શીતળ, પિત્તહર અને પાચન હોવાથી તે જ્વર ને કૃમિમાં ઉપયોગી મનાય છે.

કસેરુકા [સં.] સ્ત્રી. પીઠનું હાડકું; કરોડ.

કસેરુનલિકા [સં.] સ્ત્રી. કરોડરજ્જુ.

કસેરુપાક પું. (વૈદ્યક) એક જાતનો પાક. કસેરુ અને બીજી ઔષધિ નાખી બનાવાતા આ પાકના સેવનથી પ્રદર ને યોનિરોગનો નાશ થવાનું કહેવાય છે.

કસેરો પું. (કચ્છી) એક જાતનો છોડ; ધોળો કાંટાશેળિયો.

કસેલું ન. એ નામનું એક કંદશાક.

કસેલો જુઓ કસેરો.

કસૈલા ૧. [સં. કષાય] વિ. (હિંદી) કબજ કરે એવું; બંધક.
૨. વિ. કષાય સ્વાદવાળું; તૂરૂં.

કસૈલાપન ૧. ન. કબજિયત કરે એવું હોવાપણું.
૨. ન. ખેંચી પકડવાનો ગુણ.
૩. [હિં.] ન. તૂરાપણું.

કસૈલી ૧. સ્ત્રી. સોપારી.
૨. વિ.સ્ત્રી. બંધક; કબજ કરે એવી.

કસો ૧. પું. આંખની બે પાંપણની સંધિ.
૨. પું. તરવાર લટકાવવાનો ચામડાનો પટો.

કસોકસ વિ. પૂરેપૂરું; સંપૂર્ણ.
ભાટ, ચારણ ને તાપસ પામ્યા મનગમતું **કસોકસ**.
પ્રેમાનંદ

કસોજ ૧. વિ. કડવું; આકરૂં બોલે એવું.
૨. [સં. કુ (ખરાબ) + સજ્જ (તૈયાર)] વિ. કસુતર; બગડેલું; ખરાબ. જેમકે, રેંટિયો કસોજ થઈ ગયો છે.
૩. વિ. કસ્તરકાંકરીવાળું; કસોજું.
૪. વિ. તૈયાર નહિ એવું.

કસોજણ ૧. ન. છાલાં; ફોતરી.
૨. ન. ઝટકામણ; કસોજી ચીજનું ઝાટકણ.
૩. ન. દાણો સાફ કરતાં પાછળ રહેતો કચરો, કાંકરી વગેરે.

કસોજું ૧. વિ. કડવું; આકરાબોલું.
જીભ કસોજી કરવી = ગાળો આપવી.
૨. વિ. કસુતર; બગડેલું; ખરાબ.
૩. વિ. કાંકરીકસ્તરવાળું; અશુદ્ધ.
૪. વિ. તૈયાર ન હોય એવું; કસોજ.

કસોટી ૧. [સં. કષ; કસપટ્ટ; કસવટ્ટ; પ્રા. કસપટ્ટ] સ્ત્રી. કસોટી કરવાનો પથ્થર; સોનારૂપાનો કસ જોવાની પથરી.
કસોટીએ ચડાવવું = (૧) કસવું; તાવી જોવું. (૨) પરીક્ષા કરી લેવી; અનુભવ કરી જોવો; ખાતરી કરવી.
૨. સ્ત્રી. જુવાન ગુનેગારને કેદમાં નહિ મોકલતાં ચાલ સુધારવાની શરતે જામીન ઉપર છોડવાની પ્રથા.
૩. સ્ત્રી. તાળો; સાબિતી.
૪. [સં. કષપટ્ટિકા–કસવટીઆ–કસઉટી–કસોટી] સ્ત્રી. પરીક્ષા; તપાસણી.
૧. કસોટી કરવી–કાઢવી = તપાસી જોવું; અનુભવ લેવો; પરીક્ષા કરવી.
૨. કસોટીમાં લેવું = (૧) કસીને સખતાઈથી કામ લેવું. (૨) પરીક્ષામાં આણવું.
૫. સ્ત્રી. પરીક્ષા કરનારી વસ્તુ.
૬. સ્ત્રી. પ્રતિમાન; લક્ષણ.
૭. સ્ત્રી. શાલિગ્રામ.
૮. સ્ત્રી. સંકડામણનો વખત; મુશ્કેલીનો સમય.
૯. સ્ત્રી. સોનારૂપાને ઘસીને પરખ કરવાની રીત; કસ કાઢવાની રીત.

કસોટીકાર વિ. કસોટી કરનાર.

કસોટીનળી સ્ત્રી. કાચની નાની નળી; 'ટેસ્ટ ટ્યૂબ'. તેમાં કોઈ પણ દ્રવ્યની કસોટી કરી શકાય છે.

કસોટીસ્થાન ન. તપાસણીથાણું; 'ટેસ્ટિંગ સ્ટેશન'.

કસોબું વિ. મુશ્કેલીવાળું; વિકટ.

કસોરા [હિં.] પું. માટીનું નાનું પ્યાલું.

કસોલી ૧. સ્ત્રી. નાની કુહાડી.
૨. વિ. સ્ત્રી. સરસ; મન માને તેવી.
આજ પછી કાંઈ કહેવું નથી માહરે,
સૂખે કરો **કસોલી** હેલડી. દયારામ

કસોલું વિ. કલોંઠું.

કસોશી ૧. સ્ત્રી. દક્ષતા.
૨. [ફા. કોશિશ] સ્ત્રી. મહેનત.

કસૌટી ૧. [હિં.] સ્ત્રી. કસોટીનો પથ્થર.
૨. સ્ત્રી. પરીક્ષા; પરખ.
૩. સ્ત્રી. સાબિતી.

કસૌલી ન. સીમલા પાસે ૭ હજાર ફૂટની ઊંચાઈએ પહાડ ઉપર આવેલ એ નામનું ગામ. તે હવા ખાવાનું સ્થળ છે અને ત્યાં હડકાયાં કૂતરાંના ઝેરની દવા કરવામાં આવે છે.

કસૌંદી ૧. [હિં.] સ્ત્રી. એક જાતનો મુરબ્બો.
૨. [હિં. કાસુંદી] સ્ત્રી. પંજાબમાં થતો એ નામનો છોડ. તેનાં પાન અને ફળ રેચક હોય છે.

કસ્ખરા વિ. મજબૂત કરે એવું.

કસ્ટડિ [અં.] સ્ત્રી. હવાલો.

કસ્ટમ ૧. [અં.] સ્ત્રી. જકાત; દાણ.
૨. સ્ત્રી. રૂઢિ; ચાલ; રસમ.

કસ્ટમ ડ્યુટિ [અં.] સ્ત્રી. જકાત.

કસ્ટમહાઉસ [અં.] ન. માલ ઉપર લેવાતી જકાતની જગ્યા; માંડવી.

કસ્ટમ્સલાઈન [અં.] સ્ત્રી. જ્યાં દાણ ઉઘરાવાતું હોય તે નાકું.

કસ્ટોડિયો પું. જુલાઈ માસમાં પાકતી એ નામની એક જાતની કેરી. તેનું વજન લગભગ ૭૦ રૂપિયાભાર હોય છે. છાલ લીલી પીળી અને રસ પીળો તેમ જ રેસા વગરનો હોય. તેનું એક પડખું ઘણું ઊંચું હોય.

કસ્ત ૧. પું. દરિદ્રતા; ગરીબી.
૨. [સં. કષ્ટ] સ્ત્રી. તકલીફ; મહેનત.
૩. સ્ત્રી. દિશા; બાજુ.

કસ્તર ૧. પું. એખરો.
૨. ન. ગંદવાડ; મલિનતા.
૩. ન. તણખલું; રજ; કચરો.
૪. ન. વરણમાં નખાતી સાંઠી.
૫. ન. સાંધવાના વાસણને કરાતો લેપ.

કસ્ત શીરીન [અ.] ન. મીઠું કડુ.

કસ્તી ૧. [ફા.] સ્ત્રી. પારસીની જનોઈ. જરથોસ્તી ધર્મના ફરમાન મુજબ સ્ત્રી અને પુરુષો તેને ત્રણ આંટા દઈને કમરે રાખે છે. પેહેલ્વીમાં તેને કુસ્તી કહે છે. કુસ્તી શબ્દ કસ્ત એટલે દિશા અથવા બાજુ ઉપરથી નીકળેલ છે. આથી કુસ્તી શબ્દનો અર્થ યોગ્ય દિશા કે રાહ બતાવનાર થાય. પારસીનો સદરેહ ફાયદેમંદ રાહ બતાવે છે અને કુસ્તી તે રાહ ઉપર જવાની યોગ્ય દિશા જણાવે છે. વળી એ જ કસ્તી શબ્દ ઉપરથી કુસ્તીનો અર્થ જરથોસ્તી ધર્મની બાજુએ હોનાર એટલે કે તે ધર્મમાં માનનારની નિશાની પણ થાય. કોઈ વળી કોશ્ત એટલે કમર ઉપરથી આ શબ્દ થયાનું કહે છે, કેમકે કસ્તી કમર ઉપર વીંટાળવાની હોય છે.

વળી કોશ્ત શબ્દનો અર્થ હદ અથવા મર્યાદા પણ થાય છે અને તેથી કુસ્તીનો અર્થ યોગ્ય હદ કે મર્યાદામાં રાખનાર અથવા રહેવાનું યાદ દેનાર પણ થઈ શકે છે. વળી કેટલાક આ કસ્તી શબ્દ કિશ્તી એટલે વહાણ હોવાનું માને છે અને કહે છે કે તે પ્રમાણિકપણાના સલામતી ભરેલા બંદરમાં લઈ જાય છે. કસ્તી ઘેંઢાની ઊનની બને છે. ઊન પ્રથમ સાફ કરવામાં આવે છે અને પછી હાથની ત્રાક ઉપર બારીક કાંતવામાં આવે છે. આ પ્રમાણે બે ત્રાક ઉપર ઊન તૈયાર કરવામાં આવે છે. તે પછી તે બંનેને વળ દઈને એક કરવામાં આવે છે. આ ઊનને જંતર એટલે હાથની સાળ ઉપર વણીને કસ્તી બનાવવામાં આવે છે. કસ્તી બોતેર દોરાની બને છે, જે યજ્નના બોતેર પ્રકરણની યાદ આપે છે. ચોવીશ દોરાનું એકેકું ફૂમતું બનાવવામાં આવે છે તે ચોવીશ દોરા વિસ્પરદની ચોવીશ કલમ જણાવે છે. બાર બાર દોરાના જે છ વિભાગ કરવામાં આવ્યા હોય છે તે દરેક વિભાગમાં અખંડ દોરો કાઢવામાં આવે છે, તે જરથોસ્તીની છ ધાર્મિક ફરજો સૂચવે છે. દરેક વિભાગના બાર દોરા વર્ષના બાર માસ સૂચવે છે. છ ફૂમતાં જરથોસ્તી વર્ષના છ ઋતુને લગતા તહેવાર એટલે ગાહમબારની યાદ આપે છે. છેવટે કસ્તીના બધા દોરા બાંધવામાં આવે છે તે વિશ્વબંધુત્વ સૂચવે છે. જ્યારે ફૂટ જેટલા દોરા વણવા બાકી રહે છે ત્યારે સાળ ઉપરથી આખી કસ્તી ઉતારી લેવામાં આવે છે અને તે કાપવા તથા પવિત્ર કરવા ધર્મગુરુને આપવામાં આવે છે. ધર્મગુરુની બાનુઓ કસ્તી વણે છે તથા તૈયાર કરે છે. ધર્મગુરુ કસ્તીને પવિત્ર કર્યા બાદ તેના માલિકને પાછી સોંપે છે. પછી વણવાનું બાકી રહેલું કામ પૂરું કરાય છે. કસ્તીને બંને છેડે ચોવીસ દોરાનું એક એવાં ત્રણ ફૂમતાં બનાવવામાં આવે છે. કસ્તી બાંધવાનો રિવાજ જરથોસ્તની પહેલાં હતો અને તે રિવાજ પેશદાદિયન વંશના જમશેદે દાખલ કર્યાનું કહેવાય છે. જરથોસ્તે તે રિવાજ મજબૂત કર્યાનું અને અમુક ધાર્મિક સૂત્ર બોલ્યા બાદ પવિત્ર સદરેહ ઉપર પહેરવાનું ફરમાવ્યાનું કહેવાય છે. કસ્તી કમર ઉપર પહેરવામાં આવે છે ત્યારે તેની બે ગાંઠ વાળવામાં આવે છે, એક આગળ અને એક પાછળ. આ ગાંઠો અર્થસૂચક છે. કસ્તીનો બીજો આંટો મોઢા આગળ આવતાં ત્યાં પહેલી ગાંઠ વાળવામાં આવે છે. તે ગાંઠનો પહેલો અર્ધ ભાગ બાંધતી વખતે જરથોસ્તીએ એમ વિચારવાનું છે કે અહૂરમઝદ હયાત છે, તે એક છે, પવિત્ર છે અને અનુપમ છે. તે ગાંઠનો બીજો ભાગ બાંધતી વખતે તેણે યાદ કરવાનું હોય છે કે મારે ખુદામાં પૂરી આસ્થા રાખવી જોઇએ. કસ્તીના ત્રીજા આંટામાં પાછળના ભાગમાં બીજી ગાંઠ વાળવામાં આવે છે. તે ગાંઠનો પહેલો અર્ધ ભાગ બાંધતી વખતે જરથોસ્તીએ યાદ રાખવાનું હોય છે કે જરથોસ્ત ખુદાનો પયગંબર છે અને ભક્તિનો ખરો માર્ગ બતાવનાર છે. આ બીજી ગાંઠનો બીજો અર્ધ ભાગ બાંધતી વખતે તેણે યાદ રાખવાનું છે કે મારે સદા સદ્વિચાર, સદ્વચન અને સત્કર્મને વળગી રહેવાનું છે.

કસ્તી કરવી = અપવિત્ર થવાય એવું કાર્ય કર્યા પછી હાથ મોં ધોઈ કસ્તીને છોડી સુખડના ધૂપ પાસે અમુક વચનો ભણી ફરીને કમરે બાંધવી.

૨. સ્ત્રી. બંદગી; પ્રભુપ્રાર્થના.

૩. સ્ત્રી. રૂઢિ.

કસ્તીર ૧. [સં.] ન. એ નામનું એક શહેર.

૨. ન. એક ધાતુ; કથીર.

કસ્તુઘ્ન [સં.] ન. અગિયાર માંહેનું એક કરણ.

કસ્તુર મોગરો પું. એ નામનું એક ફૂલ.

કસ્તુરા સ્ત્રી. સિસોટી વગાડતી મેના.

કસ્તુરિકા જુઓ કસ્તૂરિકા.

કસ્તુરિકામૃગ જુઓ કસ્તૂરિકામૃગ.

કસ્તુરીબિલાડી (કસ્તુરીબિલાડ઼ી) જુઓ કસ્તૂરીબિલાડી.

કસ્તુંબ ન. (સંગીત) એક પ્રકારનું વાદ્ય.

કસ્તૂરમાર્જાર જુઓ કસ્તૂરીબિલાડી.

કસ્તૂરા ૧. [હિં.] પું. એક પક્ષી.

૨. સ્ત્રી. એક જાતની માછલી.

કસ્તૂરિકા [સં.] સ્ત્રી. કસ્તૂરી; મૃગમદ; મૃગનાભિ.

કસ્તૂરિકામૃગ [સં.] પું. કસ્તૂરીમૃગ. તેની દૂંટીમાં કસ્તૂરી હોય છે.

કસ્તૂરિયું ૧. વિ. કસ્તૂરીના રંગનું.

૨. વિ. કસ્તૂરીવાળું; કસ્તૂરીમિશ્રિત.

કસ્તૂરિયો પું. કસ્તૂરીમૃગ.

કસ્તૂરિયોકોળ પું. કોળની જાતનું કાતરનારૂં પ્રાણી. ઉત્તર અમેરિકા અને હિંદમાં કોઈ સ્થળે થતું આ પ્રાણી સસલા જેવડું હોય. તેની પૂછડીમાંના દૂધ જેવા પ્રવાહી પદાર્થને કસ્તૂરી કહે છે.

કસ્તૂરિયો બળદ પું. એ નામનું એક પ્રાણી. તે ઘેટાંને તેમ જ કેટલીક રીતે બળદને મળતું છે. તેનું માથું મોટું, ઊપસેલું, શીંગડાં મૂળમાંથી પહોળાં, નરનાં શીંગડાં એક જ જગ્યાએથી જુદી જુદી દિશામાં ફેલાયેલાં હોય. કોઈ વખતે બે શીંગડાંનું વજન દોઢ મણ થાય. આ બળદ રંગે આસમાની હોય અને માદા નર કરતાં નાની હોય. તેના માંસમાં કસ્તૂરી જેવી વાસ હોય. આ પ્રાણી છેક ઉત્તરધ્રુવ તરફ વસે છે.

કસ્તૂરિયો બાંટ પું. કસ્તૂરીના જેવી વાસવાળી એક વનસ્પતિ. તે વા ઉપર ફાયદાકારક મનાય છે.

કસ્તૂરિયો મૃગ પું. એક જાતનું હરણ. તેની દૂંટીમાંથી કસ્તૂરી નીકળે છે.

કસ્તૂરી ૧. સ્ત્રી. એ નામનું એક પ્રાણી.

૨. સ્ત્રી. એક જાતનો છોડ.

૩. [સં.] સ્ત્રી. એક પ્રાણીજ પદાર્થ; મૃગમદ; મૃગનાભિ; સહસ્રભિત; કસ્તૂરિકા; વેધમુખ્યા; બહુગંધદા; શ્યામલા; લલિતા; શ્યામા; યોજનગંધિકા. મધ્ય એશિઆ અને હિમાલયના નેપાળ, ભૂતાન, ટિબેટ, આસામ વગેરે પ્રદેશોમાં ૮૦૦૦ ફૂટની ઊંચાઈએ રહેતા નર મૃગની દૂંટીમાંથી કસ્તૂરી મેળવાય છે. નાભિ પાસે એક ગાંઠ થાય છે, તેમાં અત્યંત સુગંધી કાળા ભૂરા રંગનું એક દ્રવ્ય એકઠું થાય છે, તેને કસ્તૂરી કહે છે. આ મૃગ ત્રણ ફૂટ લાંબો થાય છે. શિકારીઓ આ મૃગનો કસ્તૂરી માટે શિકાર કરે છે. તેની દૂંટી કાપી લઈ તેમાં લોહી વગેરે મેળવી તેને સૂકવે છે. દરેક પ્રાણીમાંથી છ માસાથી દોઢ તોલા સુધી કસ્તૂરી મળે છે. જુવાન મૃગની કસ્તૂરી બહુ સારી અને ખુશબોદાર હોય. ઘરડા મૃગની કસ્તૂરીની વાસ બહુ જ ઉગ્ર હોય. મૃગની નાભિમાંથી નીકળતી કસ્તૂરી ખરી કસ્તૂરી છે. આજનું વિજ્ઞાન કોલસામાંથી થોકબંધ બનાવટી કસ્તૂરી બનાવે છે. શુદ્ધ કસ્તૂરીની વાસ વીશ વર્ષ સુધી કાયમ રહેવાનું મનાય છે. કસ્તૂરીને ખુલ્લી રાખીએ તો તેની વાસ ઊડી જાય છે. શુદ્ધ કસ્તૂરી સૂંઘવાથી નાકમાંથી લોહી પડે છે. હાથ ઉપર લસણ ચોળી તે ઉપર કસ્તૂરી ચોળવાથી લસણની વાસ ઊડી જાય તો કસ્તૂરી સાચી માનવી. કસ્તૂરી જેવો સુગંધી પદાર્થ કેટલાક જંતુઓની નાભિમાંથી નીકળે છે. જબાદી બિલાડીની દૂંટીમાંથી નીકળતી કસ્તૂરી જબાદીકસ્તૂરી કહેવાય છે, પણ તે મૃગકસ્તૂરી કરતાં હલકી ગણાય છે. વૈદકમાં ત્રણ પ્રકારની કસ્તૂરી માની છેઃ (૧) નેપાળની કસ્તૂરી કપિલ (સફેદ), (૨) કશ્મીરની પિંગળ અને (૩) કામરૂપ એટલે સિકિમ, ભૂતાન વગેરેની કૃષ્ણ. બંગાળની કસ્તૂરી ઉત્તમ મનાય

૭. કસ્તૂરીની ઘણી જાત છે: મૃગનાભિજા-હંસની દૂંટીનો મગજ (દૂંટીમાંથી નીકળતી), યોજનગંધિકા -(યોજન જેટલી જેની વાસ દૂર જાય), ગંધશેખર-(ગંધમાત્રાની ટોચરૂપ), મૃગમદ-(કામદેવ ઉત્પન્ન કરનારી), ગંધબોધિકા-(માણસ જાણી જાય એવી ગંધવાળી), ધૂપસંચારી-(ગરમી પેદા કરવાવાળી), ગંધપિશાચિકા-(ગંધમાત્રને ખાવાવાળી ડાકણી, એટલે બધી ગંધને ઢાંકવાવાળી), કામાંધા-(વિષયમાં અંધ કરવાવાળી) અને મોદિની સહસ્રભિત-(હજાર ગણો આનંદ આપવાવાળી). કસ્તૂરી આકરી વાસવાળી, તીખી, કડવી, સુગંધી, ઉષ્ણ, શુક્રપ્રદ, ગુરુ, વૃષ્ય, કફઘ્ન, વાતહર, સ્નાયુઓને શૈથિલ્યકર, આક્ષેપારિ, વાજીકર, ક્ષાર અને રસાયન છે. તે કિલાસકુષ્ઠ, મુખરોગ, કફ, દુર્ગંધ, અલક્ષ્મી, મળ, વાયુ, તૃષા, ઊલટી, શોષ અને વિષનો નાશ કરે છે. શરીર ક્ષીણ થઈ જાય ત્યારે, જુદી જુદી જાતના જ્વર, સન્નિપાત જ્વર વગેરે દરદોમાં દરદી બેભાન પડ્યો હોય કે ત્રિદોષ અવસ્થામાં ગણગણ્યા કરતો હોય ત્યારે, વૃદ્ધ માણસને વરમ થાય ત્યારે, સન્નિપાત અને વિશેષે કરીને શીતાંગ સન્નિપાતમાં, વાત, પિત્ત, શરદી વગેરેમાં કસ્તૂરી બહુ ગુણકારી મનાય છે. તે મગજને તર ને લોકોને તૃપ્ત કરે છે. તે ઉત્તેજક હોવાથી નબળાઈ વખતે શક્તિવર્ધક દવામાં નખાય છે. ત્રિદોષમાં જ્યારે સખ્ત હેડકી ઊપડી આવે છે ત્યારે કસ્તૂરી અને બાવળનાં છોડિયાં ચલમમાં ભરી ફૂંક મારવાથી તે એકદમ બંધ થાય છે. તેની માત્રા ૧ થી ૨ રતી છે. શ્વાસ, મોટી ઉધરસ, હિસ્ટીરિયા ને આંચકીમાં ૫ થી ૧૦ ગ્રેન અપાય. ઔષધ તરીકે વપરાવા ઉપરાંત કપાળે બિંદી કરવામાં કે ચંદનમાં નાખવાના દ્રવ્ય તરીકે પણ તે વપરાય છે. તે બહુ જ મોંઘી મળે છે, છતાં સેળભેળ વગરની ભાગ્યે જ મળે છે.

૪. સ્ત્રી. કસ્તૂરી રાખવાની કોથળી.

૫. સ્ત્રી. ડુંગળી. આ શબ્દ વ્યંગમાં બોલાય છે.

૬. સ્ત્રી. બાવળ જેવાં ફૂલવાળી એક વનસ્પતિ; વિટ્ખિર. તેની સુગંધ સારી હોય. તે સૂકી હવામાં સારી થાય છે.

કસ્તૂરીકોષ [સં.] પું. કસ્તૂરીની કોથળી.

કસ્તૂરીગંધા [સં.] સ્ત્રી. લતાકસ્તૂરી.

કસ્તૂરી ગોળી સ્ત્રી. અંબર તથા કસ્તૂરી સાથે કેટલીક ભસ્મો નાખીને બનાવવામાં આવતી એક દવા. શક્તિ લાવવા માટે તેમ જ મગજ, હૃદય અને પેટનાં દરદ ઉપર તે વપરાય છે. ૧ થી ૨ ગોળી મધ, દૂધ કે પાણી સાથે લેવાય છે.

કસ્તૂરીપ્રદ [સં.] વિ. કસ્તૂરી આપનાર; કસ્તૂરી પેદા કરનાર.

કસ્તૂરી બિલાડી (કસ્તૂરી બિલાડ઼ી) સ્ત્રી. કસ્તૂરી આપનાર બિલાડી; જબાદી બિલાડી; ગંધમાર્જાર. તેના શરીરનો રંગ પીળચટો, આખે ડીલે કાળાં ટપકાં, ગળું ધોળું, ગરદનની બંને બાજુ કાળો લિસોટો અને પગ કાળા હોય. ચાર ફૂટ મોટા થતા આ પ્રાણીનો ખોરાક મરઘાં, બતક, હંસ, બગલાં વગેરે છે. એમની પૂછડી પાસે કોથળી હોય છે, તેમાંથી કસ્તૂરીની વાસ આવતી હોવાથી કૂતરાં તેને શોધીને તેનો શિકાર કરે છે.

કસ્તૂરી ભીંડો સ્ત્રી. શાલ્મલ્યાદિ વર્ગની એ નામની એક વનસ્પતિ. તેનાં બીમાં કસ્તૂરી જેવી સુગંધ હોય છે.

કસ્તૂરી ભૈરવ [સં.] સ્ત્રી. એ નામની એક દવા. તે શક્તિવર્ધક મનાય છે.

કસ્તૂરી ભૈરવરસ [સં.] પું. શીતાંગ સન્નિપાત માટેનો એક રસ. તેની બનાવટ: શુદ્ધ હિંગુલ, શુદ્ધ વછનાગ, ટંકણખાર, જાવંત્રી, જાયફળ, પીપર અને કસ્તૂરી એ બધું સમાન ભાગે લઈ વસ્ત્રગાળ ચૂર્ણ કરવું. માત્રા ૧થી ૨ રતી.

કસ્તૂરી મલ્લિકા [સં.] સ્ત્રી. કસ્તૂરીના જેવી ગંધવાળો એક વેલો.

કસ્તૂરી મૂષક [સં.] પું. એક જાતનો ઉંદર. તેના પેટમાંથી કસ્તૂરી નીકળે છે.

કસ્તૂરી મૃગ [સં.] પું. એક જાતનું હરણ. તેની દૂંટીમાંથી કસ્તૂરી નીકળે છે. ચીનની ઉત્તરે મધ્ય એશિઅ ને હિમાલયના પ્રદેશમાં થતા આ પ્રાણીને શિંગડાં હોતાં નથી. કાન પહોળા ને ટૂંકા, મોંમાંથી બહાર નીકળતા બે બાજુ બે અણીવાળા દાંત હોય, જે માદાને હોતા નથી. તેની ઊંચાઈ અઢી ફૂટ અને લંબાઈ ત્રણ ફૂટ તથા પૂછડી નહિ જેવી હોય છે. તેનો રંગ કાળો ને વચમાં વચમાં લાલ પીળાં ચાંભાં હોય છે. આગલા પગના ઘૂંટણને સાંધા હોતા નથી. ઋતુ પ્રમાણે તેના રંગ બદલાય છે. ઘાસ અને શેવાળ તેનો ખોરાક છે. તે બહુ ડરકણ હોય છે. તેને હજુસુધી કોઈએ પાળેલ નથી. તેમ કરતાં તે દૂબળું થઈ અપંગ થઈ મરણ પામે છે. જાળથી પકડાય છે, પણ તેમાં રાખી મૂકતાં જીવડાં નીચેની ચામડી ચીરી ખાઈ જાય છે. હરણ ત્રણ વરસનું થાય ત્યાંસુધી કસ્તૂરી બરાબર થતી નથી. જુવાન થતાં તે સુગંધીદાર બને છે.

કસ્તૂરી મેંદી સ્ત્રી. એક જાતની સુગંધી મેંદી. તેનાં ફૂલ સુંદર દેખાવડાં, રંગે પીળાં ને વચ્ચે જાંબુડાં હોય.

કસ્તૂરી મોગરો ૧. પું. એક જાતનો વેલો. તેનાં પાન મોટાં ને ફૂલ સફેદ અને સુવાસવાળાં થાય છે.

૨. પું. મધુમાધવી.

કસ્તૂરી મોદક [સં.] પું. મધુપ્રમેહ માટેની ગોળી. તેની બનાવટ: કસ્તૂરી, ધઉંલો, બેઠી ભોરીંગણીનાં મૂળ, ત્રિફળા, જીરૂં, શાહજીરૂં, પાકાં કેળાં, ખજૂર, કાળા તલ, એખરો અને અડદ સરખે ભાગે લઈ કલ્ક કરી તેથી બમણી સાકર અને સાકરથી બમણો આંબળાંનો રસ, દૂધ, તથા ભૂરા કોળાનો રસ નાખી બહુ જ ધીમા અગ્નિથી પકવી ઘાટું થાય એટલે એકેક તોલાની ગોળી કરવી. તેની માત્રા એક ગોળી છે.

કસ્તૂરી લતા [સં.] સ્ત્રી. એક જાતની વેલ.

કસ્તૂરી વલ્લિકા [સં.] સ્ત્રી. કસ્તૂરી જેવી ગંધવાળો એક જાતનો વેલો.

કસ્તૂરીહરણ જુઓ કસ્તૂરીમૃગ.

કસ્તૂરો ૧. પું. મિજાજ.

૨. પું. સુસવાટ કરતું એક પક્ષી.

કસ્તૂર્યાદિ ગુટિકા [સં.] સ્ત્રી. કસ્તૂરી મેળવેલ દવાની ગોળી. તે ઉધરસ ઉપર મોંમાં રખાય. તે બનાવવા કસ્તૂરી અને કપૂર એકેક તોલો, લવિંગ બે તોલા, મરી, પીપર, બહેડાં ને કુલીંજન એ અરધો તોલો અને દાડમની છાલ ચાર તોલા લઈ તે બધાંને કાથાના રસમાં વાટી મગ જેવડી ગોળીઓ કરવી. તેની માત્રા ૧ થી ૨ વાલ છે.

કસ્દ (કૃસ્દ) ૧. [અ.] પું. ઇરાદો; વિચાર.

કસ્દ કરવો = (૧) ઇરાદો હોવો; વિચાર રાખવો. (૨) યત્ન કરવો.

૨. પું. ઠેકાણું.

૩. પું. નિશ્ચય.

૪. પું. યત્ન.

કસ્દન (કૃસ્દન) ૧. અ. ઇરાદાપૂર્વક.

કસ્દન ઇઆનત કરવી = ઇરાદાપૂર્વક મદદ કરવી.

૨. અ. જાણીબૂજીને.

૩. અ. જુસ્સા વગર.

૪. અ. બેશક.

કસ્ન ન. એ નામની એક વનસ્પતિ.

કસ્ના ૧. [હિં.] પું. કાપડનો તાકો.

૨. પું. ખાટલાની પાટી.

કસ્ની [હિં.] પું. એ નામનો એક છોડ.

કસ્પ ૧. પું. કોઈ પણ સ્થાનનો શરૂઆતનો અંશ.

૨. ન. (જ્યોતિષ) કુંડળીમાં કોઈ પણ સ્થાનમાં જવાની શરૂઆત.

કસ્બ ૧. [અ.] પું. એક જાતનું બારીક કપડું.
૨. પું. ધંધો; હુન્નર.
૩. પું. નળી.
૪. પું. મહેનત કરીને મેળવેલ નફો.
૫. પું. હાડકું.
૬. જુઓ કસબ.

કસ્બણ ૧. [ફા. કસ્બ (હુન્નર)] સ્ત્રી. કસ્બાતણ; વેશ્યા.
૨. જુઓ કસબણ.

કસ્બા ૧. [અ.] પું. મકાન.
૨. પું. મોટું ગામ; શહેર.
૩. પું. લત્તો.
૪. પું. શહેર અને તેની આસપાસનો પ્રદેશ.

કસ્બાજકાત સ્ત્રી. દસ્તૂરી; ચુંગી; દાણ.

કસ્બાતણ ૧. [અ. કસબહ (નાનું શહેર)] સ્ત્રી. કસ્બાતીની સ્ત્રી.
૨. સ્ત્રી. કસ્બામાં રહેનાર સ્ત્રી.
૩. સ્ત્રી. વેશ્યા.

કસ્બાતી ૧. [અ.] પું. કસ્બાનો ધણી; ગામધણી; તાલુકદાર; ગરાસિયો.
૨. પું. રાજ તરફનો ગરાસ ખાનાર માણસ.
૩. પું. શહેરમાં રહેનાર માણસ; કસ્બાનો રહેવાસી; શહેરી.
૪. સ્ત્રી. ધાડપાડુ મુસલમાનની એક જાત. આ જાત પઠાણ, બલૂચ કે રજપૂતમાંથી બની છે. તેઓ મુસલમાનને કન્યા આપતા અથવા રજપૂત કોળીની કન્યા લેતા.
૫. ન. મુસલમાનની એક જાતનું માણસ.
૬. વિ. કસ્બામાં રહેનાર; શહેરનું રહેવાસી.
૭. વિ. મુસલમાનની એક જાતનું.

કસ્બો જુઓ કસબો.

કસ્મ (ક઼સ્મ) ૧. [અ.] પું. સોગંદ; પ્રતિજ્ઞા.
૨. સ્ત્રી. જાત.
૩. વિ. બાંધેલ.

કસ્મક પું. એ નામનો એક દેશ.

કસ્મલ ૧. [સં.] ન. દુઃખ; ઉદાસી.
૨. ન. પાપ; કશ્મલ.
૩. વિ. ખરાબ; ગંદું.
૪. વિ. નામોશી ભરેલું.
૫. વિ. પાપી.

કસ્માકસ્મી સ્ત્રી. સોગંદ આપવા તે.

કસ્માત્ [સં.] અ. શાથી; કયા કારણથી.

કસ્માસાહટ [હિં.] સ્ત્રી. બેચેની.

કસ્મિયા અ. સોગંદ ઉપર.

કસ્યાવ [સં. કૃષ્ (ખેંચવું)] પું. ખેંચી પકડવાનો ગુણ.

કસ્યું ૧. વિ. બીજું.
૨. અ. શાને; શા માટે.

કસ્વાદ વિ. સ્વાદ વગરનું; બેસ્વાદ.

કસ્વાર સ્ત્રી. એક જાતની શેરડી. તેનો રંગ કાળો તથા ધોળો હોય.

કસ્સન [હિં.] સ્ત્રી. ઢોલનો ચામડાનો પટો.

કસ્સા ૧. [સં. કષાય] પું. (હિંદી) ચામડું પકવવામાં વપરાતી બાવળની છાલ.
૨. [હિં.] પું. તીકમ; ખોદવાનું એક ઓજાર.
૩. પું. બાવળની છાલમાંથી બનતો મદ્ય.
૪. [હિં] પું. વટાણા.

કસ્સાબ (ક઼સ્સાબ) ૧. [અ. કસબ (તેણે કાપ્યું)] પું. કસાઈ; હલાલખોર.
૨. પું. દુષ્ટ માણસ; દયાહીન માણસ.
૩. વિ. માંસ કાપનાર.

કસ્સાબા (ક઼સ્સાબા) [અ.] પું. ગળાની આસપાસ વીંટાળેલો રૂમાલ. તે ખાસ કરીને સ્ત્રીઓ પહેરે છે.

કસ્સાબી (ક઼સ્સાબી) [અ.] સ્ત્રી. કસાઈનો ધંધો.

કસ્સીદા (ક઼સ્સીદા) [અ.] પું. ગઝલ જેવી એક જાતની કવિતા.

કહ (ક઼હ) ૧. પું. કસ; સાર; સત્ત્વ.
૨. પું. (ડિંગળ) કોલાહલ; શોરબકોર.
૩. પું. બળ; જોર.
૪. પું. વરસાદ થવા માટે વાદળાંનાં ચિહ્ન.
૫. સ્ત્રી. અંગરખું બાંધવાની દોરી.

કહકરા [અ.] ન. પાછું હઠવું તે; પીછેહઠ.

કહકશાં [ફા.] સ્ત્રી. દૂધગંગા; આકાશગંગા.

કહકહ પું ખુશાલીનો અવાજ.

કહકહા (ક઼હક઼હા) [ફા.] પું. ખડખડાટ હસવું તે; અટ્ટહાસ્ય.

કહકહાહટ (ક઼હક઼હાહટ) પું. જોરથી હસવાનો અવાજ.

કહકૂ [અ.] ન. ગુફા.

કંહગલ જુઓ કહગિલ.

કહગિલ [ફા. કાહ (પરાળ) + ગિલ (ધૂળ)] સ્ત્રી. દીવાલ માટે ગારો અને પરાળની તૈયાર કરેલી ગાર.

કહજ [હિં.] પું. એક જાતનું ફળ; 'સ્ટ્રૉબેરિ.'

કહજું (કહ઼જું) વિ. વસમું; મુશ્કેલ.

કહટાવું (કહ઼ટાવું) ૧. અ. ક્રિ. અરર અરર એમ કરવું.
૨. અ. ક્રિ. દુઃખી થવું; કષ્ટ પામવું.
૩. અ. ક્રિ. પ્રસવ વખતે પીડાવું.
૪. અ. ક્રિ. હાંફવું.

કહટિયું (કહ઼ટિયું) વિ. કષ્ટદાયક; મુશ્કેલ.

કહટિયો (કહ઼ટિયો) ૧. પું. એકના સવાયા કરનાર માણસ; માલ ધરાણે રાખી પૈસાની ધીરધાર કરનાર પુરુષ.
૨. પું. દુઃખ; વેદના; પીડા.

કહડવું (કહ઼ડવું) વિ. ખરાબ; હલકું.

કહડાવું (કહ઼ડાવું) અ. ક્રિ. દૂર થવું; ચાલ્યા જવું.

કહડેલ (કહ઼ડેલ) વિ. કસાયેલું; અનુભવી.

પહેલ કરતાં કહડેલ વધતો,
કહડેલ કરતાં ફરેલ વધતો,
ને ફરેલ કરતાં ચરેલ વધતો. લોકોક્તિ

કહણ ૧. ન. કોસના ઉપર રહેતી લોઢાની કાંબી સાથે કોસને બાંધવાની ચામડાની વાધરી.
૨. ન. (ડિંગળ) વચન; કથન.

કહણવું (કહ઼ણવું) સ. ક્રિ. ચોળવું; મસળવું.

કહણહાર પું. કહેનાર; બોલનાર.

કહણિયાં ન. બ. વ. પલંગ ઉપરના ઓછાડને ચારે છેડે નાનાં ફળના ઘાટનાં બાંધવામાં આવતાં સોના કે રૂપાનાં લટકણિયાં.

કહત (ક઼હત) ૧. પું. અકાળ; કમોસમ.
૨. [અ.] પું. ખરાબ સમય.
૩. પું. ખામી; અછત.
૪. પું. ગાળ; અપશબ્દ.
૫. પું. દુષ્કાળ; દુર્ભિક્ષ.
૬. પું. મોંઘવારી.

કહતઝદા (કહ઼તઝદા) ૧. [અ. કહત (દુકાળ) + ઝદા (મારેલું)] વિ. દુકાળથી પીડાતું.
૨. વિ. ભૂખે મરતું.

કહતસાલ સ્ત્રી. દુકાળનું વરસ.

કહતસાલી જુઓ કહતસાલ.

કહત્તર [હિં.] વિ. એકોતેર; ૭૧.

કહદાર (કહ઼દાર) ૧. વિ. તોલદાર; વજનવાળું.
૨. વિ. પૈસાદાર.

કહન ૧. સ્ત્રી. કથન; વચન; ઉક્તિ.
૨. સ્ત્રી. કવિતા.
૩. સ્ત્રી. કહેતી; કહેવત.
૪. સ્ત્રી. રચના; વિધાન.

કહના જુઓ કહન.

કહના અન કહના [હિં.] સ્ત્રી. ખરાબ ભાષા; અપશબ્દ.

કહનાવત ૧. સ્ત્રી. કહેવત.
૨. સ્ત્રી. ઢંગ; આચાર.
૩. સ્ત્રી. વાત; કથન.

કહના સુના ૧. પું. કજિયો; તકરાર.
૨. પું. લાગવગ.

કહનેવાલા પું. (વ્યાકરણ) પહેલો પુરુષ સર્વનામ.

કહપૂછ ૧. સ્ત્રી. બોલાચાલી; વાદવિવાદ.
૨. સ્ત્રી. વાંધો; તકરાર.
૩. સ્ત્રી. સલાહ; મત; અભિપ્રાય.

કહફ (કહ્ફ઼) [અ.] ન. ગુફા.
અસહાબે કહ્ફ = ગુફામાં રહેનાર મિત્ર.

કહબગી [અ.] સ્ત્રી. વેશ્યાવૃત્તિથી જીવન ચલાવવું તે.

કહબત સ્ત્રી. (ડિંગળ) વચન; બોલ.

કહબા ૧. [અ.] પું. ઉધરસ.
૨. સ્ત્રી. ડોશી; ઘરડી સ્ત્રી. કેમકે સાધારણ રીતે તેને ઉધરસ હોય છે.
૩. [અ. કહબ (ખોંખારો મારવો)] સ્ત્રી. વેશ્યા, કેમકે તે ખોંખારો ખાઈને પોતાના ધંધાની જાણ કરવા ટેવાયેલી કહેવાય છે.
૪. વિ. સ્ત્રી. કુલટા; વ્યભિચારિણી.

કહબો (કહ્બો) વિ. ખરાબ.

કહમરડ (કહમરડ઼) સ્ત્રી. થોડો મંદવાડ; કોશીરાઈ.

કહય [સં.] પું. સૂર્યનો ઘોડો.

કહર (ક઼હર) ૧. પું. આફત; વિપત્તિ; સંકટ.
૧. કહરે ઇલાહી = કુદરતી આફત; ઈશ્વરી કોપ.
૨. કહરે ક્યામત = મોટું દુઃખ.
૨. પું. ક્રોધ; કોપ.
કહર તોડવો = ગુસ્સે થવું.
૩. પું. ખરાબ સૂર; કુસ્વર.
૪. વિ. જાણી શકાય નહિ એવું; અગમ્ય.
૫. વિ. ભયંકર; બીક ઉપજાવે એવું.

કહરકા વિ. આફતવાળું; દુઃખી.

કહરયા સ્ત્રી. કહાર એટલે પાલખી ઉપાડનાર અને ઘાસ કાપનારાઓને ભાર ઉપાડવાનું સાધન.

કહરવા ૧. [હિં.] પું. એક જાતનું કહાર લોકોથી સવારે ગવાતું ગીત.
૨. પું. (સંગીત) વાગેશ્વરી રાગનો એ નામનો એક તાલ.
૩. પું. વિષયથી ભરપૂર નાચ.

કહરા પું. કરા પડવા તે; શિલાવૃષ્ટિ.

કહરાવું અ. ક્રિ. બડબડવું; ગણગણવું.

કહરી ૧. [અ. કહ્રી] વિ. કડક; નિષ્ઠુર; ક્રૂર.
૨. વિ. પ્રાણહારક; મર્મભેદી.

કહરુબા જુઓ કહરુવા.

કહરુબાઈ ૧. [ફા.] સ્ત્રી. એક જાતનું અંબર.
૨. વિ. અંબર સંબંધી.

કહરુવા ૧. [હિં.] પું. અંબર.
૨. પું. એક જાતનો દવામાં ઉપયોગી ગુંદ. તેની માળા બને છે.

કહરૂભી [યૂ.] સ્ત્રી. એક જાતની ફેલાતી વેલ; પેઠા.

કહર્બા જુઓ કહરુવા.

કહલ [અ.] સ્ત્રી. આળસ; સુસ્તી.

કહલવું અ ક્રિ. કરમાઈ જવું.

કહલસુનલ ૧. સ્ત્રી. તકરાર; કજિયો.
૨. સ્ત્રી. લાગવગ.

કહલા વિ. રોગી.

કહલાટ [સં. કહ્લાર] ન. ધોળું કમળ.

કહલાવવું ૧. અ. ક્રિ. આળસુ થવું.
૨. અ. ક્રિ. નામ અપાવવું.
૩. અ. ક્રિ. સુકાવું.
૪. સ. ક્રિ. કહેવડાવવું.

કહલાવું અ. ક્રિ. કહેવાવું.

કહલુ [સં. કલહ] ન. કલહ; કજિયો.

કહવા ૧. [અ.] પું. કહેવત.
૨. પું. બુંદદાણાનો ઉકાળો; કોફી; કાવો.
૩. પું. બુંદની બુકનીમાંથી બનાવેલું શરબત.
૪. પું. બુંદનું ઝાડ.
૫. પું. શિખામણ.
૬. પું. હુકમ.

કહવાખાના [અ.] ન. ધાવાખાનું; કાવાની હોટલ.

કહવાણ્ય (કહ્વાણ્ય) સ્ત્રી. મુશ્કેલી.
સુવાણ્યે કે કહવાણ્યે. લોકોક્તિ

કહવાદાન [અ.] ન. ધાવાદાની.

કહવાળો પું. હળમાં ચવડા અને કોશની વચ્ચે નાખવાની લાકડાની ફાડ.

કહવૈયા [હિં.] પું. બોલનાર.

કહળ્યું (કહ્ળ્યું) વિ. કુશળ; સલામત.

કહંઇ ૧. અ. કદાચ.
૨. અ. કોઈ જગ્યાએ.

કહા ૧. પું. કબૂલત.
૨. પું. કહેવું તે.
૩. પું. રજા.
૪. પું. શિખામણ.
૫. પું. હુકમ.
કહા કરવો = હુકમ ઉઠાવવો.
૬. સ્ત્રી. ઘોડી.
૭. સ્ત્રી. બનાવટ.
૮. અ. કે.
૯. અ. કેટલું.
૧૦. અ. જોકે.
૧૧. અ. નહિ.
૧૨. અ. શું.
૧૩. [હિં.] સ. ક્રિ. કહ્યું; કીધું.

કહાકહી સ્ત્રી. વાદવિવાદ; તકરાર.

કહાડવું (કહાડ઼વું) ૧. સ. ક્રિ. અંદાજ ઉપજાવવો.
૨. સ. ક્રિ. આકૃતિ પાડવી; ચીતરવું.
૩. સ. ક્રિ. ઉપજાવવું; બનાવવું.
૪. સ. ક્રિ. ઉપાડવું.
૫. સ. ક્રિ. કાંતવું.
૬. સ. ક્રિ. ખસેડવું; દૂર કરવું.
૭. સ. ક્રિ. ખેંચવું; નિકાલવું; બહાર લાવવું.
૮. સ. ક્રિ. ગણવું.
૯. સ. ક્રિ. ઘાંટો પાડવો; મોટેથી બોલવું.
૧૦. સ. ક્રિ. ઘૂંટવું.
૧૧. સ. ક્રિ. છણવું; છેડવું.
૧૨. સ. ક્રિ. નીચોવી લેવું; ગાળવું.
૧૩. સ. ક્રિ. પ્રસિદ્ધ કરવું.
૧૪. સ. ક્રિ. બતાવવું.

મામીજી ફઈજી કહી બોલાવે,
સહુકો સગપણ **કહાડતું** આવે. વિજયવાણી

૧૫. સ. ક્રિ. લખવું.
૧૬. સ. ક્રિ. લેવું.
૧૭. સ. ક્રિ. વણવું.
૧૮. સ. ક્રિ. વિલંબ કરવો.
૧૯. સ. ક્રિ. સાધવું; સાધી લેવું.
૨૦. સ. ક્રિ. સ્થાપવું.
૨૧. સ. ક્રિ. હાંકી મૂકવું.
૧. કહાડી નાખવું = (૧) બાતલ કરવું. (૨) ભૂંસી નાખવું.
૨. કહાડી મેલવું = (૧) બરતરફ કરવું. (૨) હાંકી મૂકવું.

કહાડા (કહાડ઼ા) ૧. સ્ત્રી. એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કહાડો (કહાડ઼ો) પું. ખેતરમાંથી પાણી બહાર જવાનો રસ્તો. તેને ગોહિલવાડમાં નિહાર અને સુરત તથા વલસાડ પ્રાંતમાં કહાડો કહે છે.

કહાણી ૧. [સં. કથાનિકા–કહાનિયા–કહાણી] સ્ત્રી. અદ્‌ભુત વાત; ચમત્કારિક તેમ જ વીતેલા દુ:ખ કે સંકટના હેવાલથી ભરપૂર વાર્તા.
૨. સ્ત્રી. કહેણી; કહેવત; કહેતી.
૩. સ્ત્રી. જૂઠી વાત.
૪. સ્ત્રી. દંતકથા; જનવાર્તા.
૫. સ્ત્રી. લોકાપવાદ: લાંછન.
કાળ ગયો ને કહાણી રહી = લોકોમાં ખરાબ વાત રહી જાય છે.

કહાણું ૧. वि. કટાણું; કસાયેલું.
૨. वि. કાણું; આંખ ફાંગી કે ત્રાંસી હોય એવું.
૩. वि. ક્રોધથી બગાડેલું; ચિડાયેલું.
૪. वि. રોતલ; દયામણું.
૫. वि. શરમિંદું.

કહાન [સં. કૃષ્ણ; પ્રા. કન્હ] પું. કૃષ્ણ.

કહાનડ (કહાનડ઼) પું. કૃષ્ણ; કહાન.

કહાનડો (કહાનડ઼ો) જુઓ કહાનડ.

કહાનવા ન. ભરૂચ જિલ્લાના જંબુસર પરગણામાં આવેલ એક ગામ. ત્યાં ભરત–કલ્યાણની પાદુકા છે. ત્યાં દર વર્ષે આસો સુદિ પૂનમે યાત્રા ભરાય છે. ત્યાં એક સ્વચ્છ પાણીનો કૂવો છે. તે વિષે એવી માન્યતા છે કે, હડકાયું કૂતરૂં જો કોઈને કરડ્યું હોય તો તે કૂવાનું પાણી પીવાથી તેનું હડખું મટે છે.

કહાના [હિં.] પું. કહેવત.

કહાની ૧. [સં. કથાનક] સ્ત્રી. કલ્પિત કથા; દંતકથા. જુઓ કહાણી.
૨. [હિં.] સ્ત્રી. વાર્તા.
કહાની જોડવી = વાર્તા બનાવી કાઢવી.

કહાનો [સં. કૃષ્ણ; પ્રા. કન્હ] પું કૃષ્ણ.

કહાપણ પું. હિંદુસ્તાનનો એક જૂનો તાંબાનો સિક્કો.

કહાર ૧. [સં. સ્કંધધાર] પું. પાણી ખેંચનાર અને ડોળી, પાલખી વગેરે ઉપાડનાર માણસ; ભોઈ.
૨. પું. રસોઈનાં વાસણ માંજનાર માણસ.
૩. वि. નિર્દય; ક્રૂર.

કહારણ ૧. સ્ત્રી. કહાર તરીકેનો પગાર.
૨. સ્ત્રી. કહારની સ્ત્રી.

કહારભોઈ ૧. સ્ત્રી. ભોઈની એક પેટા જ્ઞાતિ.
૨. ન. ભોઈની એક જાતનું માણસ.
૩. वि. ભોઈની એ નામની જાતનું.

કહારવા પું કેરબો; એક જાતનો નાચ.

કહારિન જુઓ કહારણ.

કહારિં જુઓ કહારણ.

કહારી જુઓ કહારણ.

કહારૂં ૧. ન. વૂંદો; એક જાતનો જીવડો.
૨. वि. કટાયેલું; કાટ ચઢેલું.

કહાલ [અ.] પું. સુરમો.

કહાલત [અ.] સ્ત્રી. આળસ; સુસ્તી.

કહાલા પું. મુશ્કેલી; દુ:ખ.

કહાવત [હિં.] સ્ત્રી. કહેવત.

કહાવન [સં.] પું. બારસો એંશી કોડીની એકત્ર સંખ્યા.

કહાવવું ૧. स. क्रि. કહેવરાવવું; સંદેશો મોકલવો.
કરોડ સંદેશા **કહાવ્યા**, કાગળ એક લાખ લખાવ્યા.
દલપતરામ
૨. स. क्रि. નામ અપાવવું; બોલાવવું; ઓળખાવવું.
સરળ તત્વ તું એક **કહાવે**. વલ્લભ
૩. स. क्रि. હુકમ કરાવવો; આજ્ઞા કે ફરમાન મોકલવું.

કહાસુના ૧. [હિં.] પું. કઠોર ભાષા.
૨. પું. ભલામણ; દલીલ.
૩. પું. ભૂલચૂક.

કહાસુની [હિં.] સ્ત્રી. ચર્ચા; વાદવિવાદ.

કહાહ પું. પાડો.

કહાં [સં. કુત્ર] अ. ક્યાં; કઈ જગ્યાએ.

કહાંતક ૧. [હિં.] अ. કેટલે દૂર.
૨. अ. ક્યાં સુધી.

કહાંતલક જુઓ કહાંતક.

કહાંલગ જુઓ કહાંતક.

કહાંલો જુઓ કહાંતક.

કહાંસે अ. ક્યાંથી.

કહિ ૧. स. (જૂ. ગુ.) કોઈ; કો.
કહિનુ તાત નિ કહિની માત. લાવણ્યસમય
૨. अ. ક્યાં ય; કોઈ ઠેકાણે.

કહિઓ अ. અમુક દિવસે.

કહિઢ સ્ત્રી. (જૂ. ગુ.) કટિ; કેડ.
કહિઢિ કંદોરો કાઢીઓ, ચાચકની કહિ લેય.
ઋષભદાસ

કહિન [સં. કક્ષ] अ. કને; પાસે.

કહિય [સં.] પું. એ નામનો એક ઋષિ.

કહિયો ૧. अ. કોઈ વખત.
૨. अ. ભાગ્યે જ.
૩. अ. હમેશા.

કહિલ [સં.] પું. એ નામનો એક ઋષિ.

કહિં अ. ક્યાંક; કોઈ ઠેકાણે; કોઈ સ્થળે; કહીં.

કહિંક જુઓ કહિં.

કહિંય अ. ક્યાં; કયે સ્થળે.

કહી ૧. [હિં.] સ્ત્રી. ઘાસદાણો; ચારો.
૨. वि. ઘાસદાણો શોધનાર.
૩. अ. કદી પણ.

કહીઈ [સં. કર્હિ] अ. ક્યારે.

કહીલો પું. તાંત ઉપર મારવાનું પીંજારાનું લાકડાનું એક ઓજાર.

કહીં ૧. अ. કદાચ; ક્યારેક; કદી.
૨. [સં. કસ્મિન્–કર્હી–કહી–કહીં] अ. કયે સ્થળે; ક્યાં; કયે ઠેકાણે.
૧. ઔર કહીં = બીજી ગમે તે જગ્યાએ.
૨. કહીં કા = વિચિત્ર.
૩. કહીં કા કહીં = (૧) અહીંયાં અને ત્યાં.
(૨) ક્યાંનું ક્યાં; અતિ દૂર.
૪. કહીં ન કહીં = એક યા બીજે સ્થળે.
૫. જહાં કહીં = ગમે તે જગ્યાએ કે ભાગમાં.
૬. હર કહીં = દરેક જગ્યાએ.

કહીંએક ૧. वि. કેટલુંક; જરા; થોડું.
૨. अ. કોઈ ઠેકાણે; કોઈક સ્થળે.

કહીં ઔર अ. (હિંદી) બીજે ક્યાંક.

કહીંક ૧. अ. કોઈ સ્થળે; કોઈ ઠેકાણે; ક્યાંક.
૨. अ. ક્યારેક.

કહીં કહીં अ. કોઈ કોઈ ઠેકાણે; ક્યાંક ક્યાંક; કેટલેક સ્થળે.

કહીં સે अ. ગમે ત્યાંથી.

કહુ [હિં.] પું. એક જાતનો છોડ.

કહુડાં થવાં (કહુડ઼ાં થવાં) अ. क्रि. ભૂખ્યા રહેવું.

કહુલું वि. આકરૂં; વસમું; મુશ્કેલ.

કહુલે अ. પરાણે; વગર ઇચ્છાએ; નછૂટકે.

કહુવા [અ. કહવા] સ્ત્રી. ઘી, ખાંડ, તીખાં અને સૂંઠની મેળવણીથી બનાવેલી દવા. તે શરદીમાં દેવામાં આવે છે.

કહું જુઓ કહીં.

કહુંબો (કહુંબો) પું. કસુંબો; પાણીમાં ઘોળેલું અફીણ.

કહુંબું (કહુંબું) ન. હળપૂણીની અણી.

કહૂં ૧. अ. કદાચ; ક્યારેક.
૨. अ. કોઈ જગ્યાએ.

કહેણ ૧. [સં. કથન] ન. તેડું; નોતરૂં.
૨. ન. દરખાસ્ત; અરજી.

૩. ન. માગું.

૪. ન. વેણ; વચન; બોલ.

૫. ન. સંદેશો; કહેવરાવવું તે.

કહેણ મોકલવું = (૧) આમંત્રણ આપવું. (૨) સંદેશો કહેવરાવવો.

૬. ન. હુકમ; આજ્ઞા.

કહેણી ૧. [સં. કથના; પ્રા. કહણા] સ્ત્રી. કહાણી; કહેવત; કહેતી.

કહેણી છે પણ રહેણી નથી એમાં શું ફળ પામે? = કહેવા કરતાં કરીએ તો જ પરિણામ આવે.

૨. સ્ત્રી. કહેવાની રીત; ઇબારત; ધાટી.

૩. સ્ત્રી. કહેવું તે; વચન; બોલ.

૪. સ્ત્રી. લોકાપવાદ; દોષ.

૫. સ્ત્રી. વાર્તા; કથા.

શેઠાણી પગ ખેંચી રહી,
ને શુકે પછી એ કહેણી કહી. સામળ

૬. વિ. કહેવા પૂરતું; ખરેખરૂં નહિ તેવું.

નહિ મામા કરતાં કહેણો મામો સારો = કાંઈ ન હોય એના કરતાં થોડું હોવું એ વધારે સારૂં છે.

કહેણું જુઓ કહેણ.

કહેત ૧. ન. કુસંપ; અણબનાવ.

૨. ન. હાણ; નુકસાન.

હેત કરતાં **કહેત** થયું, હવે નિશ્ચે એ નરધાર.
પ્રેમાનંદ

કહેતલ વિ. કહેનાર; વાત કરનાર.

કહેતલ બાળા પણ સુણતલે ય બાળા ? = કહેનાર તો મૂરખ પણ સાંભળનાર પણ મૂરખ ?

કહેતાર જુઓ કહેતલ.

કહેતાં અ. એટલે કે.

કહેતી ૧. સ્ત્રી. કહેવત; કહાણી.

૨. સ્ત્રી. કિંવદંતી; લોકવાયકા; અફવા.

૩. સ્ત્રી. લોકાપવાદ; દોષ.

૪. સ્ત્રી. વાર્તા; કથા.

કહેનૂચ સ. કોનું.

એ બાલ તાં કહેનૂચ છે,
એહનું કારણ કહેશું પછે. નાકર

કહેર ૧. પું. કેર; જુલમ; સિતમ; ગજબ.

અસ્ત્રીએ જાણ્યું સ્વામી કરે કહેર,
નીશા પણ નવ આવે ઘેર. દયારામ

કાળો કહેર = ઘણો જ જુલમ.

૨. અ. ભારે; અપાર; બેહદ.

કહેરવા પું. (સંગીત) એ નામનો એક રાગ.

કહેવડાવવું (કહેવડ઼ાવવું) જુઓ કહેવરાવવું.

કહેવણ ન. કહેણી; કહેવત. જુઓ કહેણી.

કહેવત ૧. સ્ત્રી. ઉક્તિ; કહેતી; કહાણી; લોકોક્તિ.

કહેવત ચાલે છે = કહેણી એવી છે કે.

૨. સ્ત્રી. ઉદાહરણ; દૃષ્ટાંત.

૩. સ્ત્રી. કોયડો; સમસ્યા; ઉખાણો.

૪. સ્ત્રી. બદનામી; કલંક; આળ; કહેવરામણ.

માથે કહેવત આવવી = કલંક આવવું; આળ ચડવું; બદનામ થવું.

કહેવતસંગ્રહ પું. લોકોક્તિ સમુદાય; ઉખાણાંઓનો એકઠો કરેલ જથ્થો.

કહેવરામણ સ્ત્રી.; ન. દોષ; ખામી; કહેવાપણું; બદનામી.

કહેવરાવણ જુઓ કહેવરામણ.

કહેવરાવવાપણું જુઓ કહેવરામણ.

કહેવરાવવું ૧. સ. ક્રિ. બીજા માણસ મારફત જણાવરાવવું.

૨. સ. ક્રિ. સંદેશો મોકલવો.

૩. સ. ક્રિ. હુકમ કરાવવો.

કહેવાગરૂં વિ. કહેવું માને એવું; આજ્ઞાધીન.

કહેવાટ સ્ત્રી. ધાણીના ઉપર આડાં ચોડેલાં લાકડાં.

કહેવાડવું (કહેવાડ઼વું) જુઓ કહેવરાવવું.

કહેવાતું વિ. માત્ર નામનું; ખોટું; કૃત્રિમ.

કહેવાનું ૧. ન. કહેવું હોય તે.

૨. વિ. કહેવા યોગ્ય; જણાવવાનું; કથનીય.

કહેવાપણું ૧. ન. કહેવું પડે એવી સ્થિતિ; બોલવાની જરૂર.

૨. ન. દોષ; ખામી; કહેવું પડે એવું હોવું તે.

કહેવામાત્ર વિ. નામનું; ખોટું.

ઉત્પત્તિ તો હરિને નથી, જન્મ તો **કહેવામાત્ર**.
પ્રેમાનંદ

કહેવાવું ૧. અ. ક્રિ. આરોપ આવવો.

૨. અ. ક્રિ. પ્રસિદ્ધ થવું; જાહેર થવું.

૩. અ. ક્રિ. બોલાવું; વદાવું.

૪. અ. ક્રિ. લોકાપવાદ ફેલાવો; અફવા ઊડવી.

કહેવું ૧. [સં. કથ્] ન. વાત; કથન; વચન.

૨. સ. ક્રિ. જમવા તેડવું.

૩. સ. ક્રિ. જવાબ આપવો.

૪. સ. ક્રિ. જાહેર કરવું; પ્રકટ કરવું.

૫. સ. ક્રિ. ઠપકો દેવો.

૬. સ. ક્રિ. નામ આપવું; બોલાવવું.

૭. સ. ક્રિ. નીમવું.

૮. સ. ક્રિ. બોલવું; કથવું; ઉચ્ચારવું; વાત કહેવી.

૧. કહી આપવું = તત્કાળ અસર થવી.

૨. કહી છૂટવું–નાખવું = કહેવાનું પૂરૂં કરવું.

૩. કહી દેવું = બહાર પાડવું; કહી બતાવવું.

૪. કહી બતાવવું–સંભળાવવું = (૧) કથવું; વર્ણન કરવું. (૨) ગાળો આપવી. (૩) મેણું મારવું.

૫. કહું તો મા મરી જાય, ન કહું તો બાપ કુત્તા ખાય = બોલવામાં યે નુકસાન અને ન બોલવામાં યે નુકસાન.

૬. કહે લૂંડી નવાબ તો કહે નવાબ = જેવો હુકમ તેમ કરવું; હાજીહા કરવું.

૭. કહેતા બી દીવાના ને સૂણતા બી દીવાના = કહેનાર અને સાંભળનાર બંને સરખા.

૮. કહેતાં તો કહેવાયું પણ આખી રાત ન રહેવાયું = બેદરકારીથી બોલવાથી પાછળથી ખરાબ પરિણામ આવે.

૯. કહેનાર કહી છૂટે ને વહેનાર વહી છૂટે = સલાહ આપવી એટલી જ પોતાની ફરજ છે.

૧૦. કહેવા કરતાં કરવું ભલું = કહ્યા કરતાં કરવું તે સારૂં.

૧૧. કહેવા કરવામાં ફેર છે = કહેવું તેમ કરવું મુશ્કેલ છે.

૧૨. કહેવા સૌ આવે પણ કરી આપે કોઈ નહિ = કહેવું સહેલ પણ કરવું મુશ્કેલ.

૧૩. કહેવું કંઈ અને કરવું કંઈ = કહેવું જુદું અને કરવું જુદું; બતાવે ઉત્તરમાં તો જાય દક્ષિણમાં.

૧૪. કહેવું થોડું કરવું ઘણું = (૧) કહ્યા કરતાં વધારે કરી દેખાડવું. (૨) વચન આપવા અધીરા ન થવું, પણ વચન પાળવા અધીરા થવું.

૧૫. કહેવું સહેલું છે પણ કરવું સહેલું નથી = પારકે ભાણે મોટો લાડવો.

૧૬. કહો છો ને વર ઘરડા ? = અનુભવ ઘણી વખત દેખાવને ખોટો પાડે છે.

૧૭. કહો ના કહો પણ = ગમે તેમ હોય તોપણ.

૧૮. કહ્યું કરવું = કીધેલું કામ કરવું.

૧૯. કહ્યું તે કર્યા બરાબર છે = (૧) ઇચ્છા એ કૃત્યની બરાબર છે. (૨) બહાદુર માણસો વચન પ્રમાણે વર્તે છે.

૨૦. કહ્યે ઘણું કે સહ્યે ઘણું ? = બડબડાટ કર્યા કરતાં સહેવું તે વધારે સારૂં છે.

૨૧. મારા પગ કહ્યું કરતા નથી = હું એટલો બધો થાકી ગયો છું કે હું ચાલી શકતો નથી.

૨૨. મારી અક્કલ કહ્યું કરતી નથી = (૧) હું કાંઈ સમજતો નથી. (૨) હું તેથી અજાયબ પામું છું.

૨૩. મારી આંખ કહ્યું કરતી નથી = (૧) આ દેખાવ હું સહન કરી શકતો નથી. (૨) આ દેખાવથી હું આશ્ચર્ય પામું છું. (૩) મને અદેખાઈ આવે છે.

૨૪. મારી છાતી કહ્યું કરતી નથી = મારી ધીરજ રહેતી નથી.

૨૫. મારૂં કાળજું કહ્યું કરતું નથી = (૧) હું તે માની શકતો નથી. (૨) મારા હૃદયને હું રોકી શકતો નથી; મને તેને માટે દયા આવે છે.

૨૬. મારૂં મગજ કહ્યું કરતું નથી = ઉશ્કેરાઈ જવાથી અથવા ન સમજવાથી મારૂં મગજ મારા કહેવા પ્રમાણે ચાલતું નથી.

૨૭. મારૂં મન કહ્યું કરતું નથી = (૧) મારા મનને સંતોષ થતો નથી. (૨) મારૂં મન નિરંકુશ થઈ ગયું છે. (૩) હું તે જોઈને અજાયબી પામું છું.

૨૮. મારો જીવ કહ્યું કરતો નથી = મને સંતોષ થતો નથી.

૨૯. હા કહું તો હાથ વઢાય, ના કહું તો નાક કપાય = વિકલ્પ નક્કી કરવો મુશ્કેલ છે; બંને રીત મુશ્કેલી છે.

૯. स. क्रि. ભણાવવું; સમજાવવું.

૧૦. स. क्रि. શિખામણ દેવી; હિત બતાવવું.

૧૧. स. क्रि. સલાહ આપવી.

૧૨. स. क्रि. સૂચના દેવી; જણાવવું; ખબર આપવી.

૧૩. स. क्रि. હુકમ કરવો; આજ્ઞા આપવી.

કહેવું સાંભળવું न. અરજ અહેવાલ.

કહે स्त्री. (ડિંગળ) વચન; બોલ.

કહો ૧. પું. ચામડી ઉપર થતો ગડગૂમડનો લોહીવિકાર અથવા માંસપાક; સડો.

૨. પું. પોપચું.

૩. પું. બગાડ; વિકાર.

૪. स. क्रि. કહેવું ક્રિયાપદના આજ્ઞાર્થનું બીજા પુરુષનું બહુવચન; બોલો; જણાવો.

કહોકહ (કહ઼ોકહ઼) ૧. अ. ચપોચપ.

૨. अ. બરાબર.

૩. अ. બે કાંટામાં હોય તેમ.

૪. अ. માપસર.

કહોજ वि. કસૂતરૂં; બગડેલું.

કહોજણ (કહ઼ોજણ) न. સૂપડાથી અનાજ સાફ કરતાં બાકી રહેલો કચરો.

કહોડ (ક્હોડ઼) ૧. [સં.] પું. એ નામનો એક ઋષિ; ઉદ્દાલકનો એક શિષ્ય; અષ્ટાવક્રના પિતાનું નામ. આ ઋષિ યુધિષ્ઠિરના અશ્વમેધ યજ્ઞમાં સોળ ઋત્વિજમાંનો એક હતો. ગુરુને ઘેર રહીને ગુરુની સારી રીતે સેવા કરવાથી એના ઉપર પ્રસન્ન થઈ ગુરુએ એને પોતાની કન્યા પરણાવી હતી. પોતાની પત્નીને લઈ એણે ગૃહસ્થાશ્રમ માંડ્યો. એક સમયે એ અભ્યાસમાં જ રહી પોતાની સ્ત્રીની અવગણના કરતો હતો, તેથી નારાજ થઈ એની સ્ત્રીના ગર્ભે એની ટકોર કરી હતી, કે "હજુ તમારે આવૃત્તિ કરવી પડે છે કે?" તે ઉપરથી ક્રોધ કરી એણે ગર્ભને શાપ આપ્યો કે તું અષ્ટાંગે વાંકો થઈશ. પછી કહોડ જનક રાજા પાસે દ્રવ્યની યાચના કરવા ગયો. ત્યાં વરુણપુત્ર બંદીએ અનેક ઋષિઓને વાદમાં જીતી પાણીમાં ડુબાડ્યા હતા. તેમાં એને પણ ડુબાડ્યો હતો. એના પુત્રે બંદીની સાથે વાદ કરી તેને જીતીને કહોડને છોડાવી આણ્યો હતો. ગ્રંથોમાં એને કાષીતકેય પણ કહ્યો છે.

૨. स्त्री. કારીગરને કામ કરવા માટે બેસવાની જગ્યા; કાર્યાલય.

૩. स्त्री. ઢોર બાંધવાની જગ્યા; ગમાણ.

૪. न. શરીર કોહી જઈ પડેલ ચાઠું.

કહોડિયું (કહોડ઼િયું) ૧. न. કોઢના રોગવાળું માણસ.

૨. न. ઢોર બાંધવાની જગ્યા; કહોડ; ગૌશાળા.

કહોણી [સં. કફોણિ] स्त्री. કોણી.

કહોબું ૧. वि. ખરાબ; તોફાની.

૨. वि. જુલમી.

૩. वि. ત્રાસદાયક સત્તાવાળું.

૪. वि. બેડોળ; કદરૂપું.

૫. वि. વેઠવું મુશ્કેલ હોય એવું.

કહોયડો (કહોયડ઼ો) પું. ઉખાણું; સમસ્યા.

કહોર ૧. પું. પીળી, ધોળી, લાલ એવી ઘણી જાતોવાળા ફૂલનો ઔષધીય છોડ. એનાં દૂધ, મૂળ વગેરેનો ઉપયોગ થાય છે.

૨. स्त्री. કાઠીની એ નામની એક અટક.

૩. न. એ અટકનું માણસ.

૪. वि. એ નામની અટકનું.

કહોલ [સં.] પું. એક ઋષિ. જુઓ કહોડ ૧.

કહોલું न. ચીચોડો.

કહોવડામણ (કહોવડ઼ામણ) ૧. न. સડી ગયેલી વસ્તુ.

૨. न. સડો.

કહોવણ न. કહોવાપણું; સડો; બગાડ; વિકાર.

કહોવરામણ ૧. न. ગંદકી; ગંદવાડ.

૨. न. સડો; બગાડ.

કહોવરાવવું अ. क्रि. સડાવવું.

કહોવાટ પું. ક્હોવાણ; બગાડ; વિકાર; સડો.

કહોવાડો (કહોવાડ઼ો) પું. લાકડાં કાપવા તથા ચીરવાનું લાકડાના હાથાવાળું લોઢાનું ઓજાર; કુહાડો; કુઠાર.

સ્કંધે તે કહોવાડા ધર્યા, સરપણ સામળિયો સાંચર્યાં.
પ્રેમાનંદ

કહોવાણ ૧. न. ક્હોતી અને કહોઈ ગયેલ વસ્તુ.

૨. न. કહોવાની ક્રિયા; કહોવાટ.

૩. न. સડો; વિકાર; બગાડ.

કહોવાણિયું वि. અતિ વરસાદવાળું; ભીનિયું. વર્ષ ક્હોવાણિયું હોય છે તે સાલે જુવારને બદલે ઘઉંનું વાવેતર થાય છે.

કહોવાવું अ. क्रि. સડો પેસવો; બગાડ લાગવો.

કહોવું [સં. ક્ષી; પ્રા. કુહિઅમ્ (કોહવું)] अ. क्रि. બગડવું; સડવું; ખરાબ થઈ જવું.

કહોયું ત્યાંથી કાપી નાખવું = વધારે બગડે નહિ તેમ કરવું.

કહોળ ૧. પું. ઋગ્વેદનો એ નામનો એક આચાર્ય.

૨. પું. મોટો ઉંદર.

કહોળ નોળ કચ્છપ તજી, પામ્યા મનુષ અવતાર.
સામળ

કહોળ કૌશીતકિ પું. એ નામનો એક આચાર્ય.

કહોળાપાક પું. સાકરની ચાસણીમાં થતો કહોળાનો પાક.

કહોળું न. એક જાતના વેલાનું ફળ.

કહોંસે अ. ઉલટ વિના; હોંસ વગર.

કહ્ન न. પાણીવાળી જગ્યામાં ઊગતું એક સુશોભિત ઘાસ; કાંસ; દ્વિરિપ.

કહ્નઈ अ. કને; પાસે.

કહ્યાગરું ૧. वि. કહ્યું કરે એવું; કહેવા પ્રમાણે કરનારૂં; વિનિત; આજ્ઞાંકિત.

૨. वि. ગરીબ; રાંક.

કહ્યામાં अ. તાબે; કાબૂમાં.

કહ્યું ૧. [સં. કથિત; પ્રા. કહિઅ] न. આજ્ઞા; હુકમ.

૨. न. કહેલું; કહેણ.

૩. न. વચન; શિખામણ; ઉપદેશ.

૪. वि. કહેલું; કહેવામાં આવેલું; જણાવેલું; સૂચવેલું.

૧. અક્કલ કહ્યું કરતી નથી = મને ગમ પડતી નથી; અચંબો લાગે છે; સમજણ પડતી નથી.

૨. આંખ કહ્યું કરતી નથી = (૧) જોઈ જોઈને મન આકર્ષાય છે ને આંખ થાકી જાય છે. (૨) નજર કરતી નથી. (૩) સારૂં દેખીને ખમાતું નથી.

૩. કહ્યું કરવું = (૧) અક્કલમાં ઉતારવું. (૨) અમુક માણસ કહે તેમ કરવું કે માનવું.

૪. કાળજાું કહ્યું કરતું નથી = (૧) કાળજામાં ઘણી જ અસર થાય છે; લાગણી થઈ આવે છે. (૨) મન કબૂલ કરતું નથી; અંતરમાં ઊતરતું નથી.

૫. છાતી કહ્યું કરતી નથી = ધીરજ રહેતી નથી.

૬. જીવ કહ્યું કરતો નથી = જીવ ખુશ થતો નથી; વૃત્તિ થતી નથી.

૭. પગ કહ્યું કરતા નથી = ચાલી ચાલીને બહુ થાક લાગ્યો છે; વધારે ચાલવાની શક્તિ નથી; આગળ ચલાય તેમ નથી.

૮. મગજ કહ્યું કરતું નથી = (૧) અક્કલ ચાલતી નથી. (૨) મગજ ભમે છે; મગજ તપી જાય છે; મિજાજ જાય છે.

૯. મન કહ્યું કરતું નથી = (૧) મન કબૂલ કરતું નથીં; મન માનતું નથી. (૨) મન વશ નથી રહેતું; મન વાર્યું વળતું નથી; મન કબજામાં રહેતું નથી. (૩) વિસ્મય પમાય છે; અચંબો ઊપજે છે. (૪) સંતોષ થતો નથી.

કહ્ડ સ્ત્રી. ઘોડી.

મકરાણી કહ્ડ પલાણ્યા હો, વળી વૃષભ વાહન જી.
દેવીદાસ

કહ્ડનાક વિ. ક્રોધાયમાન.

કહ્લાર ૧. [સં. કલ્હાર] ન. એક જાતનું ધોળું સ્વાદિષ્ટ કમળ. આ કમળને લોકો ખાય છે.

૨. ન. એક જાતનું ફૂલઝાડ.

કહ્વ [સં.] પું. બગલો; એક જાતનું પંખી.

કહ્વય [સં.] પું. એ નામનો એક ઋષિ.

કહ્હાર ૧. [અ.] વિ. ફતેહ પામનાર.

૨. વિ. વેર લેનાર.

કહ્હાલ [અ.] પું. આંખ અને ચશ્માં સંબંધી કામ કરનાર.

કળ ૧. પું. ખબર.

૨. પું. મધુર ગાણું.

૩. પું. હાથ.

અસ્ત્રી તે નહિ આપણી, મર કળના દિયે કોલ;
માગિયે તયેં માથા આગમે, પછે બીજા કાઢે બોલ.
લોકસાહિત્ય

૪. સ્ત્રી. આસામી; માણુસ.

૫. સ્ત્રી. ઉકેલ; આવડ; ગમ; સૂઝ.

૬. સ્ત્રી. ઓળખાણ.

૭. સ્ત્રી. કળતર.

કળ ઉતારવી = (૧) પગને તળિયે માખણ તથા મીઠું કાંસાના વાટકા વડે ઘસીને પગ ધોવા. આમ કરવાથી કળતર મટે છે. (૨) શરીરના કોઈ પણ ભાગ ઉપર પથ્થર કે જડ વસ્તુ વાગી જતાં પાણી રેડવું.

૮. [સં. કલા] સ્ત્રી. કળા; હુન્નર.

૯. સ્ત્રી. કૂંચી; ચાવી; યંત્રની ચાવી; ચાંપ.

૧. કળ દેવી-વાસવી = કૂંચી આપવી; બંધ કરવું.

૨. કળ ચડાવવી-મરડવી = (૧) બીજી બાજુએ ફરે એમ કરવું. (૨) બીજે રસ્તે ચડાવવું; ઉશ્કેરવું.

૧૦. સ્ત્રી. કૂંચી ફેરવીને ઉઘાડી તથા બંધ કરી શકાય એવું પેટી વગેરેને જડવામાં આવતું યંત્ર.

કળ દેવી-મારવી = યંત્ર બંધ કરવું.

૧૧. સ્ત્રી. ખાર.

૧૨. સ્ત્રી. ચાલ.

૧૩. સ્ત્રી. જોવું તે.

૧૪. [સં. કલ્ (જાણવું)] સ્ત્રી. જ્ઞાન; સમજણ.

૧૫. સ્ત્રી. ડોળ; મેલ.

૧૬. સ્ત્રી. તાળું; આંકડી.

૧. કળ ઉઘાડવી = ચાંપ અને તાળું વગેરે ખોલી દેવાં.

૨. કળ દાબવી = (૧) આંકડી અથવા ચાંપ ફેરવવી. (૨) ઉશ્કેરવું. (૩) ખરો માર્ગ પકડવો; ખરી રીત લેવી. (૪) ફેરવવું; પ્રવૃત્ત થાય એમ કરવું. (૫) યંત્ર ફરે તેમ કરવું; સંચો ચલાવવો. (૬) સંજ્ઞા કરવી.

૧૭. સ્ત્રી. દંતાળ હાંકતાં દાંતાને ગુલીએ ગારો ચોટી બિયારણ વવાતું બંધ પડે તે.

૧૮. સ્ત્રી. દુઃખની ઝણઝણી; પીડા.

૧૯. સ્ત્રી. નિરાંત; શાતા; સ્વસ્થતા; ટાઢક.

૨૦. સ્ત્રી. પીંજણનો એક ભાગ; કાકર અને પાટિયા વચ્ચે રખાતી ચામડાની ફાચર.

૨૧. સ્ત્રી. ભમરી; ઘૂમરી.

૨૨. સ્ત્રી. માત્રા; અક્ષરનો ઉચ્ચાર કરવામાં જેટલો વખત લાગે તેની ગણતરી. તેને કળ, કળા, મત્તા કે માત્રા કહે છે.

૨૩. સ્ત્રી. મૂર્ચ્છા; તમ્મર.

૧. કળ આવવી-ચડવી = અતિ દુઃખ અને શોક વગેરેથી સમજ જવી; આકુળવ્યાકુળ થઈ જવું.

૨. કળ ઊતરવી = દુઃખમાંથી મુક્ત થવું.

૩. કળ ખાઈને રોવું = ખૂબ રડવું.

૪. કળ ખાઈને હસવું = ખૂબ હસવું; હદ ઉપરાંત હસવું.

૫. કળ વળવી = (૧) દુઃખમાંથી મુક્ત થવું; નિરાંત થવી. (૨) સંજ્ઞા આવવી; શાંત પડવું; સ્વાસ્થ્ય મેળવવું.

૨૪. સ્ત્રી. યંત્ર; કરામત; સંચો.

૨૫. સ્ત્રી. યુક્તિ; ઉપાય.

૧. કળ પડવી = યુક્તિ સૂઝવી.

૨. કળ બતાવવી = ખુલ્લું કરાય એવી યુક્તિ બતાવવી; માર્ગ બતાવવો; સૂઝ પાડવી.

૩. કળથી થાય તે બળથી ન થાય = યુક્તિથી કાર્યસિદ્ધિ થાય છે, બળથી નહિ.

૨૬. સ્ત્રી. રહસ્ય; મર્મ.

૨૭. સ્ત્રી. હથોટી; હાથનો કસબ.

૨૮. સ્ત્રી. હરકત.

૨૯. સ્ત્રી. હોંસમાં આવવું તે.

૩૦. [સં. કલુષ] ન. કાદવ; કાંપ.

૩૧. ન. કુળ; ઘર; કુટુંબ.

૩૨. ન. ખાતેદાર ખેડુ.

૩૩. ન. ગ્રાહક; અસીલ; ઘરાક.

૩૪. ન. તલનાં ખાલી ડોડવાં.

કળકલાણ જુઓ કકલાણ.

કળકળ ૧. [સં. કલ્ (ઝીણો અવાજ કરવો)] સ્ત્રી. અફસોસ.

૨. સ્ત્રી. ઊકળતા પાણીનો અવાજ.

૩. સ્ત્રી. કળકળાટ; કળકળ્યા કરવું તે; ટિટિયારો.

૪. સ્ત્રી. કંકાસ; કજિયો; ક્લેશ.

૫. [મ.] સ્ત્રી. તાલાવેલી.

૬. સ્ત્રી. પંખીનાં બચ્ચાંનો ઝીણો અને ધીરો ચાલુ અવાજ; પંખીનો કલરવ; કલકલ.

૭. સ્ત્રી. માથાઝીક; પંચાતી.

કળકળતું ૧. વિ. અટાટનું; અણધાર્યું.

૨. વિ. કંકાસ કરતું; કટકટિયું.

૩. વિ. ખૂબ ઊકળતું; ખળખળતું.

૪. વિ. ગણગણતું; બબડતું.

૫. વિ. રડતું; આક્રંદ કરતું.

કળકળતો પું. એક જમદૂતનું નામ.

કળકળવટ ૧. સ્ત્રી. કળને ધીરધાર કરવાનો ધંધો; વ્યાજુ ધીરધારનો ધંધો.

૨. ન. ધીરધારવાળું ઘરાક.

કળકળવું ૧. [સં. કલકલ] અ. ક્રિ. ઊનું થવાથી પાણીનો અવાજ થવો; ખળખળવું; ઊકળવું.

૨. અ. ક્રિ. કલકલવું.

ડાબી ભેરવ **કળકળે**, જમણાં જાંગળ થાય,
લોડી ખંભાતણ ઈ ભણે, (આ) સંઘ દ્વારકા ન જાય.
દુહો

૩. અ. ક્રિ. કંટાળવું.

૪. અ. ક્રિ. ઝીણો અવાજ કરવો; બોલવું; ગણગણવું; બબડવું.

૫. અ. ક્રિ. ટિટિયારો કરવો; કોઈના દોષ માટે બડબડવું.

૬. અ. ક્રિ. દુઃખવવું.

૭. અ. ક્રિ. રુદન કરવું; કળકળ કરવું.

૮. અ. ક્રિ. શોક કરવો; કલ્પાંત કરવું; જીવ બાળવો.

કળકળાટ ૧. પું. કકળાટ; હાયપીટ; રડારોળ.

૨. પું. કળકળ એવો ઝીણો અવાજ.

૩. પું. ક્લેશ; કંકાસ; કજિયો.

૧. કળકળાટ કાઢવો = જે શોક, સંતાપ કે હમેશની ફરિયાદ હોય તે દૂર કરવી; પતાવવું; સંપવું.

૨. કળકળાટ ગયો = શોક અને સંતાપ દૂર થયો. જ્યારે જમીન ઉપર તેલ ઢોળાય છે ત્યારે આ શબ્દો બોલાય છે.

૩. કાળીચૌદશનો કળકળાટ = કાળીચૌદશે બધો શોક સંતાપ કાઢી નાખી આનંદની શરૂઆત કરવી; સારાં સારાં ભોજન કરવાં અને ખાવાં; તળેલું ખાવાનું કરવું.

૪. પું. ટીક ટીક કરવું તે; ટિટિયારો; બડબડાટ.

૫. ન. શોરબકોર; ઘોંઘાટ; ઘુમરાણ.

કળકળાણ ૧. ન. ઘુમરાણ; શોરબકોર; ઘોંઘાટ.

૨. ન. રડારોળ; હાયપીટ; કલ્પાંત; કળકળવું તે.

કળકળાવવું ૧. સ. ક્રિ. ઊકળે એમ કરવું.

૨. સ. ક્રિ. કળકળે એમ કરવું; ક્લેશ કરાવવો.

કળકળિયો જુઓ કલકલિયો.

કળકાંકણ ૧. ન. અસીલ; ઘરાક.

૨. ન. ધીરધાર લેનાર વર્ગ.

કળકૂંચી સ્ત્રી. કળ અને કૂંચી.

કળખાધ સ્ત્રી. ખાતેદાર તરફથી નુકસાની; ખાતેદાર, ભાગી જતાં વેપારીનું લેણું ખોટું થવાથી લાગતી નુકસાની.

કળગારી પું. શીંગડિયો વછનાગ; વખમો.

કળછા ૧. [સં. કલેશ] સ્ત્રી. અણબનાવ.

૨. સ્ત્રી. તકરાર; કજિયો; ટંટો.

કળજક પું. કળિયુગ.

કંચન હતું તેને કાટ ચડ્યો,
કળજક આવ્યો કુડો. •

લોકસાહિત્ય

કળજગ પું. કળિયુગ; કળજુગ.

કળજુગ ૧. [સં. કલિયુગ] પું. અસત્કાલ; ચાર માંહેનો છેલ્લો યુગ. જુઓ કલિયુગ.

૧. કળજુગ આવવો = અસત્કર્મોની પ્રવૃત્તિ થવી; કલિયુગનાં લક્ષણ આવવાં; દુર્ગુણ ભરાવા; પાપકર્મ કરવાની ઇચ્છા થવી.

૨. કળજુગ ભરાવો = મનુષ્યના મનમાં પાપી વિચારો ઉત્પન્ન થવા; અસત્ ઇચ્છાઓ થવી.

૩. કળજુગનું માણસ = પાપી કે અધર્મી માણસ.

૪. કળજુગનો પોરો = (૧) અત્યંત અધર્મી કે પાપી માણસ. (૨) અસત્કાલનો જમાનો.

૫. હડહડતો કળજુગ = (૧) ખરાબમાં ખરાબ માણસ; મહા અધર્મી માણસ. (૨) ખરેખરો અસત્કાળ; અજુગતા બનાવ બને એવો સમય. (૩) જૂઠાણાની મૂર્તિ. (૪) બહુ ખરાબ દિવસ; ભયંકર દિવસ.

૨. પું. ક્રોધ, કપટ, કલહબુદ્ધિ વગેરે દુર્ગુણ.

૩. પું. નઠારો માણસ; અધર્મી માણસ.

૪. વિ. કજિયો કરાવનાર.

કળણ ૧. [સં. કલંક] ન. કાળો ડાઘ.

૨. [સં. કલ્ (જાણવું)] ન. જ્ઞાન; સમજણ.

૩. [સં. કલ્ (ગળવું)] ન. પગ મૂકતાં કળી જવાય એવી જમીન કે જગ્યા. નદી અથવા તો જળાશયોના કેટલાક કિનારા એવા નરમ માટીવાળા હોય છે કે જેમાં ઊતરતાં માણસ કે પ્રાણી અંદર ઊતરી જાય. આવા ભાગને કળણ કહેવામાં આવે છે.

કળણા [સં. કલના] સ્ત્રી. જાણ; માહિતી; સમજ; જ્ઞાન; સૂઝ.

કળણા રહિત કોઈ નિબંધ. અખો

કળણો જુઓ કળણ.

કળતર ૧. સ્ત્રી. ઝીણો ઝીણો તાવ; તાવની અસરથી થતી શરીરની પીડ.

૨. સ્ત્રી. શરીરની અંદર થતી પીડા; વેદના.

૩. ન. અટકળ; અંદાજ; અટસટ્ટો.

૪. ન. કલણ; અંદર કળી જવાય એવી જગ્યા.

૫. ન. પાણીના કોસને લગતાં ઓજારો અને સાધનો. જેમકે, વરત, ચાક.

કળતરુ ન. પાકનો અંદાજ કરનાર વ્યક્તિ.

કળતાણું ૧. ન. કળતરુનું મહેનતાણું; પાકનો અડસટ્ટો કાઢવાનું મહેનતાણું. આર્ય રાજાઓ અને ક્ષત્રિયો પાકનો અડસટ્ટો કરાવી અમુક ઉતાર થશે એવું નક્કી કરી તેના છઠ્ઠા ભાગ જેટલો ભાગ મહેસૂલ તરીકે લેતા. સરકારના અમલદારો અને ખેડૂત ખેતરોમાં જઈ પાક આટલો ઊતરશે એવા અડસટ્ટા કરાવતા. આમ કરનારને જે મહેનતાણું મળતું તે કળતાણું કહેવાતું.

૨. ન. પાકની આનાવારી કરતાં ઘણો ઓછો પાક થયેલો જણાતાં ખેડૂતને મળતી રાહત.

કળત્ર [સં. કલત્ર] ન. સ્ત્રી; ધણિયાણી; અંગના; વહુ; બૈરી.

કળથિયા ૧. સ્ત્રી. આંજણ ક્ષત્રિય જ્ઞાતિની એ નામની અટક.

૨. સ્ત્રી. ગોહિલવાડી લેઉઆ કણબીની એક અટક.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

કળથિયું ૧. વિ. કળથીના બીજના રંગનું.

૨. વિ. કળથીનું.

કળથી ૧. સ્ત્રી. એક વનસ્પતિ.

૨. [સં. કુલત્થ] સ્ત્રી. હલકી જાતનું એક કઠોળ; હલકું ધાન્ય; કુલત્થિકા. તેના છોડ ઊંચાઈમાં એક હાથ જેટલા હોય છે. એની શીંગ જરા વાંકી અને ચપટી હોય છે. રંગ રાતો હોય છે. જવલ્લે ક્યાંક કાળા અને ધોળા રંગની પણ કળથી થાય છે. કળથીને ઉકાળી તેના ઉપરનું પાણી કાઢી તેનો સાર કરે છે તેને કાઠ કહે છે. આ ધાન્ય બધે થાય છે. તે મધુર, તીક્ષ્ણ, રક્તપિત્તકારક, સારક, ઉષ્ણ, પાક કાળે ખાટી, તીખી તથા વિદાહી, તૂરી, પિત્તકર અને લઘુ છે. હેડકી, કફ, શ્વાસ, કાસ, વાત, અશ્મરી, દૃષ્ટિરોગ, પીનસ, આનાહ, ગુલ્મ, અર્શ, જ્વર, મેદ, કૃમિ તથા સોજાનો નાશ કરનાર મનાય છે. કળથીની પોટલીને ગૌમૂત્રની અંદર પલાળી તેનાં ફોતરાં ઉતારી ઝીણી વાટી તેની અંદર સિંધવ, હીરાબોળ અને હળદર નાખી ત્રણ દિવસ સુધી રાત્રે લેપ કરવાથી ઊઠેલી આંખ સુધરે છે. તેનો લોટ શરીરે ઘસવાથી અત્યંત પરસેવો વળતો અટકે છે. તેનો ક્વાથ પેશાબમાં રેતી પડતી હોય તે ઉપર અપાય છે. તેમ જ ધાતુઓનું શોધન કરવા માટે તેમને તપાવી કળથીના ક્વાથમાં બોળવામાં આવે છે. તે ઢોરને ખવરાવાય છે. કસુવાવડમાં સ્ત્રીઓ ખાય છે.

૧. કહુલે કળથી ખાવી = નછૂટકે લાચારીથી અણગમતું કામ કરવું.

૨. કળથી કરવી = (૧) કજિયો કરવો. (૨) ચિડાવું; કચળવું.

કળથી બાશિયા સ્ત્રી. કળથીની એક જાત.

કળથીવાયું વિ. કળથી વાવેલું.

કળથોટું ન. કળથીના છોડની ડાંખળી અને પાલો.

કળદાર વિ. કૂંચીવાળું.

કળના સ્ત્રી. તુલના; પિછાન. જુઓ કલન.

કેટલાં કામ એમ કરતા હોય,
કળના તેની ન કરે કોય. સામળ

કળપ પું. વાળ કાળા કરવાનો લેપ. જુઓ કલપ.

કળપટ પું. કૂંચીનું પાટિયું.

કળપણું ન. મરનારની પાછળ લૂગડાં, ગોદડું, થાળી, વાટકો, ટબૂડી વગેરે આપવાં તે.

કળપવ ન. જમીનનાં ઢેફાં ભાંગવાનું ખેતીનું એક ઓજાર.

કળપવું ૧. [સં. કલૃપ્] સ. ક્રિ. ખપવું; ઉપયોગમાં આવવું.

૨. સ. ક્રિ. ખેતરમાં રાંપડી ફેરવવી.

૩. સ. ક્રિ. ઝૂરવું; તલસવું.

રાય વિલપે ઘણું **કળપે**, સંભારે સુખ સ્નેહ.
નળાખ્યાન

૪. સ. ક્રિ. નિશ્ચય કરવો.

૫. સ. ક્રિ. મૂએલા માણસને માટે કોઈ વસ્તુનો દાન તરીકે ઉત્સર્ગ કરવો; ક્લપવું.

૧. પાટિયો કળપવો = સંકલ્પ કરી બ્રાહ્મણને દાન આપવું.

૨. માટલી કળપવી = મરનાર સ્ત્રીની પાછળ અમુક પ્રકારનું દાનપુણ્ય કરવું.

કળપાવવું ૧. સ. ક્રિ. કળપે એમ કરવું; કલ્પાવવું; દુ:ખી કરવું; રિબાવવું.

૨. સ. ક્રિ. મરનારની પછવાડે લૂગડાં વગેરે ગોરને દેવાં.

કળપી સ્ત્રી. ખેતરમાંથી ખુંપરાં, નકામું ઘાસ વગેરે કાઢી નાંખવાનું ઓજાર; રાંપડી; દંતાળી; દંતાળો; કોટિશ.

કળપેય અ. ક્યારે ય.

કળપેલું વિ. બીજાને આપવાનો સંકલ્પ કરેલું.

કળબ સ્ત્રી. મોટી રાંપડી; કળપી; દંતાળી.

કળબણ સ્ત્રી. (ગ્રામ્ય) કણબીની સ્ત્રી.

કળબવું સ. ક્રિ. રાંપડી ફેરવવી; ખેતરમાં અનાજ વાવ્યા પછી અનાજના તુલના ચાસની બહાર જે નકામું ઘાસ ઊગ્યું હોય તેને કાઢી નાખવાને મોટી ખરપડી જેવું ઓજાર ફેરવવું.

કળબેણ (ગ્રામ્ય) જુઓ કળબણ.

કળબ્રછપતા પું. (ડિંગળ) સમુદ્ર.

કળમ ૧. સ્ત્રી. એક જાતનું ઘણું ઊંચું ઝાડ. તેનાં પાન ગોળાઈ લેતાં જરા લાંબાં હોય છે. તેમાં ચંપાની સુગંધવાળાં પીળાં ફૂલ થાય. ફળ લંબગોળ ઘણાં બીજવાળાં થાય છે

૨. સ્ત્રી. દાઝ; લાગણી; કોઈના દુ:ખ તરફ થતી દયાની વૃત્તિ; સહાનુભૂતિ.

કળમળતું વિ. અસંતુષ્ટ; નાખુશ; કચવાતું; કણમણતું.

કળમળો ૧. પું. વસવસો; દગદગો.

૨. પું. વહેમ; શંકા; સંદેહ.

કળમી ૧. પું. એક શૂદ્ર જાતિ.

૨. પું. કણબી; ખેડૂત.

કળલાવી સ્ત્રી. એક જાતની વનસ્પતિ; લાંગુલી. તેનાં ફૂલ ઘણાં સુંદર થાય છે. ઔષધમાં વપરાતી તેની ગાંઠ આશરે સાત આઠ ઈંચ લાંબી હોય છે. તેના એક મૂળમાં બે ગાંઠ હોય ને તે કાટખૂણાથી જોડાયેલી હોય. આ કાટખૂણા ઉપર તેનું થડ ઊગે. તેનાં મૂળમાંથી ધોળા લોટ જેવો ભૂકો ખરે છે. તે વેણ લાવે છે. તેનાં મૂળને વાટી ડૂંટી અને પેડુ ઉપર ચોપડવાથી વેણ ટૂંકી ટૂંકી મુદ્દતે અને ખૂબ આવે, અને સ્ત્રીને જલદીથી પ્રસૂતિ થાય.

કળવકળ ૧. [સં. કલવિકલ] સ્ત્રી. ચેન; શાતા; નિરાંત.

૨. સ્ત્રી. માહિતી; ખબર; જાણ.

૩. સ્ત્રી. યુક્તાયુક્ત વિચાર; સારાસાર બુદ્ધિ.

૪. સ્ત્રી. યુક્તિ; કળા; હિકમત; તદબીર.

૫. સ્ત્રી. સૂઝ; સમજ; આવડત.

કળવકળિયું વિ. યુક્તિથી કામ કાઢી લેનારું; અકલી; તદબીરવાળું; યુક્તિપ્રયુક્તિ જાણનાર; યુક્તિબાજ.

કળવઠ સ્ત્રી. (વહાણવટું) ઝોક; ડોલવું તે; લથડિયું.

કળવવું ૧. સ. ક્રિ. કોચવાવવું; દુ:ખ થાય એમ કરવું.

૨. સ. ક્રિ. જણાવવું; જાણી શકે તેમ કરવું અથવા કહેવું.

૩. સ. ક્રિ. મેળવવું; ભેગું કરવું.

કળવળ ૧. સ્ત્રી. કલબલ; ગુંજ; ઝીણો હળવો ઘોંઘાટ; સમજાય નહિ તેવો અવાજ.

૨. સ્ત્રી. યુક્તિ; દાવપેચ.

કળવળવું ૧. અ. ક્રિ. કલબલ કરવું; ગુંજવું; ઝીણો ઝીણો ઘોંઘાટ કરવો.

૨. સ. ક્રિ. જણાવવું; ખબર પડે તેમ કરવું.

કળવંત વિ. કળા જાણનાર; હુન્નરી.

હર્ષી **કળવંત** કે'તા ધન્ય તારો સર્જતા.
વલ્લભ

કળવાઈ જવું ૧. અ. ક્રિ. કળ ચડવી.

૨. અ. ક્રિ. ગભરાઈ જવું.

૩. અ. ક્રિ. ભોળવાવું; ફોસલાઈ જવું.

કળવાન વિ. કુળવાન; ખાનદાન.

કળવિકળ જુઓ કળવકળ.

કળવી સ્ત્રી. જમીનનાં ઢેફાં ભાંગવાનું ઓજાર.

કળવું ૧. ન. મૃત્યુ પછીની એક ક્રિયા. તેમાં મરનારની પાછળ સાત વસ્તુઓ કળવામાં આવે છે.

૨. અ. ક્રિ. કાદવમાં ખૂંચી જવું; ગારામાં ખૂંચવું.

કળી જવું = કાદવમાં ઊતરી જવું.

૩. અ. ક્રિ. ઘણા નુકસાનમાં આવવું.

૪. અ. ક્રિ. દુખવું; કળતર થવી; અત્યંત ઠંડી કે શરદીથી માંસના લોચામાં પીડા થવી.

પગ કળવા = પગમાં સખત દુ:ખ થવું.

૫. સ. ક્રિ. કલ્પવું; ધારવું; અટકળ કરવી.

૬. [સં. કલ્] સ. ક્રિ. જાણવું; ઓળખવું; પારખવું; સમજવું.

૧. કળી કાઢવું–જવું = (૧) કાદવમાં ઊતરી જવું. (૨) સમજી જવું.

૨. કળ્યો કોયડો કોડીનો–કળ્યો કોયડો કોડીનું મૂલ = જાણી વાતની કંઈ જ કીમત નહિ.

૩. વાત કળવી = (૧) અનુમાન કરવું. (૨) કોઈ પણ બાબત બધું સમજવું.

કળવો પું. નાળચાવાળો તાંબાનો લોટો.

કળવ્રછ ન. (ડિંગળ) પંચદેવવૃક્ષ.

કળશ ૧. પું. ખાવામાં વપરાતો એ નામનો એરૂ જેવો દરિયાઈ જીવ.

૨. [સં. કલશ] પું. ઘૂમટની ટોચ; શિખર.

કળશ ઉતારવો–કરવો = (૧) લૂણ ઉતારવું. (૨) વહુ દીકરી ઘેર આવતાં તેના માથા ઉપરથી પાણીનો કળશ ઉતારી, તેનાં દુખડાં ઢોળી નાખી, ઓવારણાં લીધાં પછી ઘરમાં આવવાની વિધિ કરવી.

૩. પું. પાણી ભરવાનું ગોળ અને નાના મોંનું ધાતુનું વાસણ; કળશિયો; લોટો.

કળશ ઢોળવો = પસંદ કરવું.

૪. પું. મંદિરના શિખર ઉપરનો સોનાનો કળશ; દેરા ઉપર કળશના આકારનું ધાતુ અથવા છોનું શિખર; કુંભ ઉપરની નાની લોટી.

કળશ ચડાવવો = (૧) મંદિરના શિખર ઉપર ઈંડું ચડાવવું. (૨) શ્રેષ્ઠ કામ કરવું.

૫. પું. રબારી લોકોનું કળશ ભરવાનું એક ખર્ચ એટલે જમણવાર; રબારી લોકોનું નાતતેડું.

કળશ ભરવો = ગામોગામના રબારી ભેગા કરી જમાડવા.

૬. પું. શ્રીહરિના ડાબા ચરણારવિંદમાં અંગૂઠાથી નીચે રહેલ એક ચિહ્ન.

૭. પું. હથેલીમાંનું એક શુભ ચિહ્ન.

૮. સ્ત્રી. ઇસ્માઇલી ખોજાની એક ધાર્મિક ક્રિયા.

૯. સ્ત્રી. લીલા રંગની પોણા ફૂટ લંબાઈની લીસી ચામડીવાળી દરિયાને કાંઠે થતી માછલી. તેને એક જ કાંટો હોય છે.

૧૦. સ્ત્રી. સોદાગીરી મશરૂની એક જાત.

૧૧. ન. અનાજની એક જાત.

૧૨. ન. એક જાતનું ઘર; ઉત્તરે ઓરડી અને પૂર્વ, દક્ષિણ અને પશ્ચિમે અલિંદવાળું ઘર.

સુમુખ ઘરની ડાબી તરફ અપવર્ક આવે તો તે
કળશ નામે ઘર થાય. રાજવલ્લભ

કળશઘર પું. સિંહાસનનો કળશના ચિહ્નવાળો સુશોભિત ભાગ.

કળશપૂજા સ્રી. મંગળ પ્રસંગે જે કળશમાં દેવોનું આવાહન કરેલું હોય તે કળશની પૂજા.

કળશભાત ન. અમદાવાદી કિનખાબની એક જાત.

કળશલી સ્રી. લોટી; કસલી.

કળશિયો ૧. [સં. કલશ] પું. કળશ; લોટો; ચંબુ; પાણી પીવાનું તાંબા પિત્તળનું વાસણ.

૧. કળશિયે-કળશે જવું = ઝાડે ફરવા જવું; જંગલ જવું; દિશાએ જવું.

૨. કળશિયો ઉતારવો-કરવો = (૧) લૂણ ઉતારવું. (૨) વહુ કે દીકરી ઘેર આવતાં તેના માથા ઉપરથી પાણીનો કળશો ફેરવી, તેનાં દુઃખડાં ઢોળી નાખી, ઓવારણાં લીધાં પછી ઘરમાં આવવા દેવાની વિધિ કરવી. (૩) સૌભાગ્ય યુગલને ઘર આંગણે કંકુ અને રાખના પિંડથી સત્કારવાની વિધિ કરવી. પરિણીત યુગલને સૌભાગ્યવતી સ્ત્રી કળશિયો કરે ત્યારપછી દંપતિ ગૃહમાં પ્રવેશે. નાગરી વિવાહવિધિમાં આ સૌભાગ્યયુક્ત શકુન છે.

૨. પું. ઝાડો થવાનો રોગ.

૧. કળશિયાળું = કોલેરા; કોગળિયું; ઝાડા ઊલટી થવાનો એક રોગ.

૨. કળશિયો ઊતરવો-થવો = ઝાડો થવો; પેટ છૂટી જવું.

કળશી ૧. સ્રી. વીસ મણનું વજન. કળશી ત્રણ જાતની છે: ૮૦ માપની, ૪૮ માપની અને ૧૪૪ માપની.

૨. સ્રી. વીસનો જથ્થો.

૩. સ્રી. સોળ મણનું વજન; અરધું બેડિયું.

૪. વિ. બહોળું; મોટું.

કળશીકુટુંબ ન. બહોળો પરિવાર.

કળશે [સં. કલશ (કળશો)] અ. ખરચુ; ઝાડે; જંગલ; પાયખાને.

કળશે જવું = જંગલ જવું.

કળશો ૧. [સં. કલશ] પું. કળશિયો; લોટો; કુંભ.

કળશો ઉતારવો = કળશિયો ઉતારવો.

૨. પું. હાજત; દસ્ત; ઝાડો.

કળશોદ્ભવ પું. અગસ્ત્ય ઋષિ, કેમકે તે ઘડામાંથી ઉત્પન્ન થયેલ મનાય છે.

તેથી કળશોદ્ભવ ક્રોધાયમાન થયા.
ચરિત્રચંદ્રિકા

કળશ્યો જુઓ કળશિયો.

કળસલા [સં. કલશ] પું. કળશો; ઘડો.

કળસલી [સં. કલશી] સ્રી. કળશલી; લોટી; કસલી.

કળસિયો [સં. કલશ] પું. કળશ; લોટો.

કળહ [સં. કલહ] પું. (ડિંગળ) યુદ્ધ.

કળહાવહ ન. એક જાતનું દ્વિશાળ ઘર. જે દ્વિશાળ ઘરનું મુખ પશ્ચિમમાં હોય, ઘરના મુખ આગળ બે અલિંદો અને તે અલિંદો આગળ એક મંડપ હોય, ઘરની જમણી તરફ બે અલિંદ હોય અને તેથી છેલ્લી ભીંત હોય, અને પછીતે પણ એક અલિંદ હોય તે ઘર કળહાવહ કહેવાય છે.

કળહીણ ૧. [સં. કલાહીન] વિ. અબુધ; અક્કલ વગરનું; અનાવડવાળું.

૨. વિ. કળ અથવા ચાંપ વગરનું.

૩. વિ. કળા વગરનું; નિસ્તેજ.

૪. વિ. નિરુદ્યમી; આળસુ.

૫. [સં. કુલહીન] વિ. હીણા કુળનું; કજાત.

કળહો [સં. કલહ] પું. (જૂ. ગુ.) ક્લેશ; કંકાસ; કજિયો.

કળહો પ્રિય છે જેહને રે,
કડૂઆં વચન કઠોર રે. જિનહર્ષ

કળળવું ૧. [સં. કલ્ (અવાજ કરવો)] અ. ક્રિ. કકળવું; કળકળવું; મોટેથી બૂમ પાડવી; અવાજ કરવો.

૨. સ. ક્રિ. કોચવવું.

કળળાવી ૧. સ્રી. અગ્નિશિખા જેવાં રાતાં ફૂલવાળો વેલા જેવો એક છોડ.

૨. સ્રી. ખડિયો નાગ.

૩. સ્રી. શીંગડિયો વછનાગ.

કળંડિયો પું. સ્ત્રીઓનું હાથે પહેરવાનું એક ઘરેણું.

કળંબ પું. એક જાતની ગિરિરાજ પર્વત ઉપર થતી વનસ્પતિ.

કળા ૧. સ્રી. લુવારની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

૪. જુઓ કલા.

કળાઈ સ્રી. આગલો હાથ; હાથનો કોણીથી કાંડા સુધીનો ભાગ.

કળાકર [સં. કલા (કળા) + કૃ (કરવું)] પું. કળા કરનાર મોર; મયૂર.

કળાકાર ૧. [સં. કલાકાર] પું. કળાનો નિષ્ણાત ઇસમ.

૨. વિ. કળા કરનાર.

કળાકુશળ ૧. પું. (પિંગળ) દરેક ચરણમાં આઠ જગણ અને એક ગુરુ મળી પચીસ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; લવિંગલતા. તે અતિકૃતિ છંદનો એક ભેદ છે. તેમાં બારમા અક્ષરે વિસામો આવે છે.

૨. [સં. કલા + કુશલ (હોશિયાર)] વિ. કળામાં પાવરધું; કળામાં નિષ્ણાત; કળાની બાબતમાં હોશિયાર.

કળાકૃતિ [સં. કલાકૃતિ] સ્રી. કળામય બનાવટ.

કળાકોવિદ [સં. કલાકોવિદ્] વિ. કળામાં હોશિયાર.

કળાકૌશલ્ય ૧. [સં. કલાકૌશલ્ય] ન. કળાની આવડત કે હોશિયારી; હુન્નરઉદ્યોગની આવડત.

૨. ન. કોઈ પણ વિષયમાં પ્રવીણ બનવું તે.

કળાચિકિત્સક વિ. કળાનું પારખું કરનાર.

કળાજન્ય વિ. કળાથી થયેલું.

કળાણ ૧. [સં. કલુષ] ન. પગ મૂકે તે તરત ગળી જાય એટલે કે ઊતરી જાય તેવી ભીની જગ્યા; ઊંડા કાંપવાળી જગ્યા; પોચી, કીચડ ગારાવાળી જગ્યા; કળણ.

૨. ન. સૂઝ; સમજણ; ગમ.

૩. વિ. કળી જવાય એવું; કીચડમાં ઊતરી પડાય એવું.

કળાત્મક [સં. કલાત્મક] વિ. કળાવાળું.

કળાદૃષ્ટિ [સં. કલાદૃષ્ટિ] સ્રી. કળા સમજી શકાય એવી નજર.

કળાધર ૧. [સં. કલાધર] પું. ચંદ્ર.

૨. પું. (પિંગળ) દરેક ચરણમાં રગણ, જગણ, રગણ, જગણ, રગણ, જગણ, રગણ, જગણ, રગણ, જગણ અને એક ગુરુ મળી એકત્રીસ વર્ણનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ.

૩. [સં. કલા (મોરની કળા) + ધૃ (ધારણ કરવું)] પું. મોર; મયૂર.

૪. પું. લેખક.

૫. વિ. કળાને ધારણ કરનાર કે જાણનાર.

૬. વિ. હુન્નરી; કારીગર; કળાવાન.

કળાનિધિ [સં. કલા (ચંદ્રમંડળનો સોળમો ભાગ) + નિધિ (ભંડાર)] પું. ચંદ્ર; ચંદ્રમા; શશી; સુધાંશુ; ઇંદુ.

કળાનિપુણ વિ. કળામાં હોશિયાર.

કળાપટુ વિ. કળાનું શોખીન.

કળાપારખ વિ. હુન્નરની પરીક્ષા કરનાર.

કળાપો ૧. પું. આક્રંદ; રડારોળ.

૨. પું. કઢાપો; ક્લેશ; કંકાસ.

જેના ઘરમાં કળાપો, તેનાં ગોળાનાં પાણી સુકાય.
લોકોક્તિ

કળાફકીર વિ. કળાને માટે ફકીરી લેનાર.

કળાફૂલ ન. કાનનું એક જાતનું ઘરેણું.

કળાબકોર પું. કોલાહલ.

કળાભવન ન. જુદી જુદી કળાઓનું શિક્ષણ આપનારી સંસ્થા; હુન્નરકળાની શાળા; કલાભવન.

કળાભિજ્ઞ [સં. કલા + અભિજ્ઞ (કાબેલ)] વિ. કળા જાણનાર; જુદી જુદી કલામાં રસ લેનાર.

કળાભુવન જુઓ કળાભવન.

કળામીમાંસક વિ. કળા સંબંધી શાસ્ત્ર જાણનાર.

કળાયલ ૧. પું. મોર.

૨. વિ. કલગીદાર; મોરપીંછની જેની ઉપર કલગી કાઢેલી હોય એવું.

૩. વિ. ખીલેલું; પ્રફુલ્લ.

૪. વિ. ભભકાદાર; શોભાયમાન.

કળાયું ન. બ. વ. હાથનો નીચલો ભાગ; કોણીથી કાંડા સુધીનો ભાગ.

કળાયેલ વિ. કલાપવાળું; કળાવાળું.

કળારોળ પું. રોકકળાણ; રડારોળ.

કળાવવું ૧. [સં. કલ્ (ચડાવવું)] સ. ક્રિ. ચડાવવું; વખાણ કરીને બોલાવવું.

૨. સ. ક્રિ. દુઃખાવવું; દુઃખ આપવું.

શેરડીનો રસ ખારા ધ્રૂધવા જેવો થઈને કાઠીઓની દાઢને કળાવતો રહ્યો. સોરઠી સાહિત્ય

૩. સ. ક્રિ. ફોસલાવવું.

કળાવંત ૧. વિ. કળાઓ આવડતી હોય એવું; કારીગર.

૨. [સં. કલાવત્] વિ. કળાકાંતિવાળું.

૩. વિ. ગાનાર.

કળાવંતણી ૧. સ્ત્રી. નાચગાન કરનારી સ્ત્રી; તાયફો.

૨. સ્ત્રી. રામજણી; વેશ્યા.

કળાવંતિણી જુઓ કળાવંતણી.

કળાવંતી ૧. સ્ત્રી. નાચગાન કરનારી સ્ત્રી; તાયફો.

૨. સ્ત્રી. રામજણી; વેશ્યા.

૩. વિ. સ્ત્રી. નૃત્ય વગેરે કળા જાણનારી.

કળાવાન ૧. [સં. કલાવત્] પું. ચંદ્ર.

૨. વિ. કળાવાળું; કળા જાણનારૂં; હુન્નરી.

કળાવિદ [સં. કલાવિદ્] વિ. કળા જાણનાર.

કળાવિધાન [સં. કલાવિધાન] ન. કળાનું સર્જન.

કળાવિધાની વિ. કળામય રચના કરનાર.

કળાવિવેચક [સં. કલાવિવેચક] વિ. કળાની ચર્ચા કરનાર.

કળાવિષયક [સં. કલાવિષયક] વિ. કળા સંબંધી.

કળાવું ૧. અ. ક્રિ. ઓળખાવું; જણાઈ આવવું.

૨. અ. ક્રિ. દેખાવું.

૩. અ. ક્રિ. લાગવું.

કળાશત્રુ પું. કળાનો શત્રુ; કળાની કૃતિઓનો નાશ કરનાર.

કળાસર્જન [સં. કલાસર્જન] ન. કળામય રચના.

કળાસીંદરી સ્ત્રી. પાણા વચ્ચેનો સાંધો પૂરતો બેસાડવો તે; પૂરતો વાટો દેવો તે.

કળાહી સ્ત્રી. બે પાંખડાંવાળું સુથારનું લોઢાનું એક ઓજાર.

કળાહીણ વિ. કળા વગરનું; જેને કળાનું જ્ઞાન ન હોય એવું.

કળાહીન જુઓ કળાહીણ.

કળાહોર પું. ધોંધાટ; કોલાહલ; શોરબકોર; ગડબડાટ.

કળાહોળ જુઓ કળાહોર.

કળાંશ ૧. પું. કળાનો ભાગ.

૨. પું. સોનારૂપામાં અજાણી ધાતુનું મિશ્રણ.

કળાંસી ૧. સ્ત્રી. યંત્રકળા.

૨. સ્ત્રી. સાલની સાંધ બંધબેસતી કરવા માટે વપરાતું ચીપટા ઘાટનું એક ઓજાર.

૧. કળાંસી કાપવી = ફરતું કાપીને બેસતું કરવું.

૨. કળાંસી લેવું = (૧) બેલગાડીના પૈડાના પાટલાના છેડા ભેળા થઈ ગયેલા હોય તેને સરખા કાપવા. (૨) લાકડામાં કાણું પાડીને બીજું લાકડું સરખી રીતે બેસાડવું.

કળિ જુઓ કલિ.

કળિકાળ પું. કલિયુગ; ચાર યુગમાંનો છેલ્લો યુગ; અસત્કાલ. જુઓ કલિકાળ.

કળિત [સં. કલિત] વિ. જાણવામાં આવેલું; જાણેલું; સમજેલું. જુઓ કલિત.

કળિતા પું. (પિંગળ) સાત અક્ષરનો એક અક્ષરમેળ છંદ.

કળિમલ પું. કલિનો મેલ; કલિયુગનાં પાપ.

કળિયણ [સં. કુલીન] વિ. કુળવાન; ઊંચા કુળનું.

કળિયાણ સ્ત્રી. ખાનદાની; પ્રતિષ્ઠા; કુલીનતા.

કળિયાત ૧. વિ. અપ્રસન્ન; નારાજ.

૨. વિ. નાસીપાસ; નાઉમેદ.

કળિયાત ન થાયે કોઈ દિયે, રહે મનમાંય તે મગન,
દુઃખ પડતાં આ દેહને, દિલગીર ન થાય કો દિન.
લલ્લુભાઈ

કળિયુગ જુઓ કલિયુગ.

કળિયું ૧. ન. જમીન રાંપલવાનું ખેતીનું એક ઓજાર; લોઢાની મોટી રાંપવાળું લાકડાનું ખેતીના કામનું બેલીથી મોટા કદનું એક સાધન.

૨. ન. તરબૂચનાં બી.

૩. [સં. કુલીન] વિ. કુળવાળું; કુળવાન; ખાનદાન.

કળિયો ૧. પું. કુળવાન પુરુષ; ખાનદાન માણસ.

૨. પું. ઠળિયો; ફળનું બી.

૩. પું. ડોડો.

૪. પું. મગજ.

૫. વિ. કુળવાન; કુલીન.

કળિંગડું (કળિંગડું) ન. એક જાતનું ફળ; તરબૂચ; કલિંગડું.

કળી ૧. પું. ચૂનો.

૨. સ્ત્રી. અંતઃકરણ.

જીવ કળીએ કળીએ કપાવો = ખૂબ લાગી આવવું; અત્યંત દુઃખની લાગણી થવી.

૩. સ્ત્રી. આનંદ અનુભવનાર અવયવ; અંતઃકરણની સ્થિતિ.

કળી ખીલવી = (૧) અંતઃકરણની સ્થિતિ બદલવી. (૨) આનંદમાં મગ્ન થઈ જવું; લહેરે ચડવું. (૩) ખુશ થવું. (૪) યૌવનમાં આવવું. (૫) શોભવું; રૂપે સુંદર દેખાવું; દીપવું.

૪. [સં. કલિકા] સ્ત્રી. ઉપરથી અણીદાર હોય એવી કોઈ લંબગોળ આકૃતિ.

૫. સ્ત્રી. કપડાનો ત્રિકોણાકાર કટકો; કરાખી.

૬. [સં. કલિ] સ્ત્રી. કલિયુગ.

૧. ઘરમાં કળી પેસવો = ઘરમાં કજિયા કે ઝઘડા હોવા.

૨. શરીરમાં કળી પેસવો = વ્યભિચારી થવું.

૭. સ્ત્રી. કવિતાની તૂક; કડી.

૮. સ્ત્રી. ખાવાની કરી; પરહેજ.

૯. સ્ત્રી. ચણાના વેસણની લોલક જેવી કણી; બુંદી.

૧૦. સ્ત્રી. છૂટો મોતીચૂર.

૧૧. સ્ત્રી. જામગરી.

૧૨. સ્ત્રી. બુંદીનો લાડવો.

૧૩. સ્ત્રી. વગર ખીલેલું નાનું ફૂલ; મુકુલ; કોરક.

૧૪. સ્ત્રી. સૂતર કે રૂની છેડે બળેલી વાટ.

૧૫. સ્ત્રી. સેવ; ચણાના લોટની બનાવેલી ખાવાની એક વાની.

૧૬. સ્ત્રી. હોકાની નળી.

૧૭. ન. કથીર.

કળીએર વિ. કાળું અને ઝેરી.

કાનુડો **કળીએર** નાગ છે રે,
મારા રૂદીયે રે રહ્યો ડસી. નરસિંહ

કળીચૂનો ૧. પું. આરસપહાણની જાતના ધોળા પથ્થર બાળીને બનાવેલી રાખ; વિશુદ્ધ કરેલો, પાનમાં ખાવાનો તથા ઘર ધોળવામાં વપરાતો ચૂનો. દંભક તરીકે કળીચૂનો, સાજીખાર અને મૂળાના ક્ષારનો લેપ પાણીમાં વાટી લગાડવાથી નાના મસ ખરી પડે; મોટી ગાંઠો, અર્બુદ વગેરે ગળી પોચાં પડી જાય. કળીચૂનો અને હરતાલ સમભાગે લઈ પાણીમાં નાખી ગરમ કરી તેનો વાળવાળા ભાગ ઉપર લેપ કરવાથી વાળ તરત ખરી પડે. કળીચૂનો અને નવસાર બંને સમભાગે ભેગાં કરી સૂંઘવાથી છીંક આવે.

૨. પું. મોચીનું શીંગડાનું એક હથિયાર.

કળી જવું ૧. અ. ક્રિ. ટાઢથી માંસના લોચાઓમાં પીડા થવી; ઠીંગરાઈ જવું; કળતર થવી.

૨. અ. ક્રિ. પોચી અને ગારાવાળી જમીનમાં ઊતરી પડવું; કાદવમાં ગળકાઈ જવું.

૩. [સં. કલ્] સ. ક્રિ. જાણી જવું; સમજી જવું.

કળીબર સ્ત્રી. કળણ; ગારાવાળી પોચી જમીન.

કળીયલ [સં. કુલીન] વિ. કુળવાન; ખાનદાન.

કળીયાર પું. કાળિયાર; હરણ.

અતીશે કોમળ રૂપ અપાર,
કનક આસન બેઠો **કળીયાર**. સામળ

કળુ સ. (ભીલી) કોણ.

કળુંઢું જુઓ કળૂંઢું.

કળુંઢાસ સ્ત્રી. શ્યામતા; કાળાશ; કૃષ્ણતા.

કળૂઠું ૧. વિ. કાદવીઆ રંગનું.

૨. વિ. ગારાવાળું; કળણવાળું.

કળૂંઠું વિ. માટી કે કાદવવાળું.

કળૂંઢું ૧. [સં. કલુષ] વિ. કળી જવાય એવું; ગારાવાળું.

૨. વિ. ધૂળના રંગ જેવું; ઝાંખું; મેલું.

૩. વિ. શામળું; કૃષ્ણવર્ણું.

કળે અ. યુક્તિથી.

કળેકળે અ. યુક્તિપ્રયુક્તિથી; સમજાવટથી.

કળેજો પું. (ડિંગળ) કાળજું.

કળેરૂં ન. કાળિયા નામના ઘાસને મળતું પણ મોટાં પાંદડાંવાળું એક જાતનું ઘાસ.

કળેવળે ૧. અ. ગમે તે રીત.

૨. અ. યુક્તિથી; તદબીરથી.

કળેવા પું. લગ્નને આગલે દિવસે રાત્રે કરવામાં આવતી એક ધાર્મિક ક્રિયા.

કળેશ પું. (ગ્રામ્ય) કલેશ; કંકાસ.

કળેળવું ૧. અ. ક્રિ. કકળવું; કકળાટ કરવો.

માઠે થકને નીસર્યાં, માથે **કળેળે** કાગ;
જીવતાં હશું તો આવશું, (નહિ તો) ગઢ ધુમલને જુહાર
ફુહો

૨. અ. ક્રિ. રોવું; વિલાપ કરવો.

કળેળાટ પું. છાતીફાટ રૂદન કરવું તે; કલ્પાંત.

કળેળાટી જુઓ કળેળાટ.

કળો ૧. [સં. કલહ] પું. કઢાપો; ઉદ્વેગ.

૨. પું. કલહ; કલેશ; ઝઘડો; કજિયો; કંકાસ.

કુટુંબ **કળો** ને ભીંતે ભોરિંગ વેરી ભેળો વાસ,
માથે જૂન રણ ને ઘેર દીકરી એટલાં કરે વણાસ.
લોકોક્તિ

૩. પું. ગુલાંટ; ઊથલો; પરિવર્તન.

૪. પું. તણેણી; ખેંચ; તાણ; આવેશ.

કળો ખાઈને રોવું = પુષ્કળ રોવું.

૫. પું. (ભીલી) હાથે પહેરવાનું કડું.

૬. સ્ત્રી. કવિતામાં ગણાતી માત્રાનું નામ.

કળોઈ જુઓ કળોયું.

કળોટી સ્ત્રી. સાથિયા પૂરવાની પથ્થરની ભૂકી; શેકાવાથી ઊજળી થતી એક જાતની સફેદ રેતી.

કળોટું ન. કરોઠું.

કળોઠ ન. પાસું; પાર્શ્વ; બાજુ.

કળોઠી જુઓ કળોટી.

કળોઠું ૧. ન. વરસોવરસનો વ્રત પાળનારો ધારો; કરોઠું.

૨. અ. કેમ; શા સારૂ.

કળોઢું વિ. ઝાંખું; મેલું.

કળોયું ૧. ન. ગાઢ સંબંધવાળું માણસ; સંબંધી.

૨. વિ. ગાઢ સંબંધવાળું.

૩. વિ. માગીને લેવા યોગ્ય કે વગર માગ્યે દેવા લાયક. ભાણેજ, બેન, દીકરી વગેરે કળોઈ કહેવાય છે.

ખણી ખૂંચવી ખોઈ, ખાનદાન ખવરાવતી,
કાંઠે રૂવે **કળોઈ**, છાંટો ન દે છછુંદરી.
દિલગીર

કળોયાંનું ન ખપે = બેન, ભાણેજ વગેરેના ઘરનું અગ્રાહ્ય છે.

કળોંઢી જવું અ. ક્રિ. રોગને લીધે કાળું થવું.

કં ૧. પું. અગ્નિ.

૨. પું. (પુરાણ) પ્રાચેતસ દક્ષનું નામ.

૩. ન. નીર; જળ; વારિ.

મેઘપુષ્પ વિષ સર્વમુખ કં કબંધ રસ તોય,
ઉદક પાથ સંબલ સલિલ, અપ કૃપીટ પણ હોય.
પિંગળલઘુકોષ

૪. ન. મસ્તક; માથું.

૫. ન. સુખ.

૬. ન. સોનું.

કંઈ ૧. [સં. કિંચિત] સ. કેટલાંએક; કેટલાં યે.

૨. સ. કોઈ; કોઈ એક.

૩. વિ. અનેક.

૪. વિ. અમુક; અનિશ્ચિત અથવા ન સમજાય એવું.

૫. વિ. કશું.

૬. વિ. કેટલાક.

૭. વિ. કેટલું.

૮. વિ. કોણ; કેવું; શી જાતનું.

૯. વિ. થોડું; જરા; લગાર; લેશ.

૧૦. વિ.. શું શું; જુદું જુદું.

૧૧. અ. ક્યાં; શીદ; કહીં.

૧૨. અ. નકામો અર્થ વગર વપરાતો એક શબ્દ.

૧૩. અ. વાક્યમાં પ્રશ્નાર્થવાચક ને નકારસૂચક વપરાતો શબ્દ. જેમકે, કંઈ મારાથી અવાય ?

કંઈએક ૧. વિ. કેટલાંએક.

૨. વિ. થોડુંએક; લગારેક.

કંઈક ૧. વિ. થોડુંક; જરાક; કશુંક; કાંઈક.

૨. અ. કહીંક; ક્યાંક; કોઈ ઠેકાણે.

કંઈ કંઈ ૧. વિ. કેટલુંક.

૨. વિ. જુદું જુદું.

૩. વિ. શું શું.

૪. અ. કહીં કહીં; કહીંક કહીંક; કોઈ કોઈ ઠેકાણે.

૫. અ. શું શું; કશું કશું; કશુંક કશુંક.

કંઈતિ ૧. ન. એક જાતના ફળમાંથી બનતું કેફી પીણું.

૨. ન. એક જાતનું ફળ.

કંઈ નહિ ૧. અ. જરા યે નહિ; થોડું કે નહિ; લગારે નહિ.

૨. અ. ફિકર નહિ; અગત્ય જેવું નથી; હશે; હોય.

કંઈ પણ ૧. અ. કશું પણ; નામે; નામનું.

૨. અ. જરાક; લગારેક.

કંઈ બી અ. કંઈ પણ; લગારે; જરાએ.

કંક ૧. પું. એ નામના લોકો; એક હલકી જાતના લોકનું નામ.

૨. પું. એ નામનો ભારતવર્ષનો એક મોટો દેશ. શ્રીકૃષ્ણ આ દેશમાં ગયા ત્યારે ત્યાંના લોકોએ એમનું સ્વાગત કર્યું હતું.

૩. પું. (પુરાણ) એ નામનો મ્લેચ્છ રાજવંશ.

૪. [સં.] પું. એક જાતનું પંખી. તેની પાંખમાંથી શરપુંખ થાય છે. આ જળચર પક્ષીની કદમાં અને રંગમાં જુદી પડતી અનેક જાત છે. સામાન્ય રીતે તેની ચાંચ માથાં

કરતાં વધારે લાંબી અને અણીદાર હોય છે. તેના પગ લાંબા અને પાતળા હોય. તેની લંબાઈ સાધારણ રીતે ત્રણથી ચાર ફૂટની હોય અને માથા ઉપર કલગી જેવાં કાળાં પીછાં હોય. રંગે તે કાળાશ પડતા, આસમાની રતાશ પડતા અને જાંબુડા રંગનું હોય છે. માછલી, કરચલા, દેડકાં અને બીજાં જીવડાંઓ તેનો ખોરાક છે.

૫. પું. એક જાતનો કાગડો.

ઉપર ઉડે શકરા સમળા, કંક કોશી હરવા પ્રાણ.
નિષ્કુળાનંદ

૬. પું. એક જાતનો મોટાં ફળવાળો આંબો.

૭. પું. એક યાદવનું નામ. એ વાસુદેવનો ભાઈ હતો. એની સ્ત્રીનું નામ કણિકા હતું. તેનાથી તેને ઋતધામા અને જય નામે બે પુત્રો થયા.

૮. પું. ક્ષત્રિય.

૯. પું. ખંડના અઢાર વિભાગ માંહેનો એક.

૧૦. પું. નામધારી બ્રાહ્મણ; બ્રાહ્મણનું ખોટું રૂપ ધારણ કરનાર પુરુષ.

૧૧. પું. પંખીનાં પીંછાં લગાડેલ તીર; પીંછાંળું તીર; પુંખલા.

૧૨. પું. બગલો.

૧૩. પું. યમ.

૧૪. પું. વિરાટના દરબારમાં ગુપ્ત રહેતાં યુધિષ્ઠિરે ધારણ કરેલું નામ. ત્યાં તે વિરાટ રાજા સાથે પાસાથી રમતા. જ્યારે સુશર્મા રાજા વિરાટ રાજાને પકડીને લઈ જતો હતો ત્યારે કંકે પોતાના ભાઈઓ સાથે જઈ તેને છોડાવ્યો હતો.

૧૫. પું. વૃષ્ણિ ઋષિ.

૧૬. પું. સોમવંશી ઉગ્રસેનના નવ પુત્ર માંહેનો ચોથો પુત્ર. એ કંસનો ભાઈ હતો.

૧૭. ન. (સંગીત) ઓડવનું એક તાન. ષડ્જ ગ્રામમાં ષડ્જ અને પંચમનો ત્યાગ કરવાથી ઉત્પન્ન થતું એક તાન.

કંકઈ સ્ત્રી. સિક્કિમ અને નેપાલની વચ્ચે આવેલી એ નામની નદી.

કંકટ ૧. [સં.] પું. આયુધ.

૨. પું. બખ્તર; કવચ; વર્મ.

૩. પું. લોઢાનો હૂક; પરોણી.

૪. ન. હાથીનો અંકુશ.

કંકટક ૧. [સં.] ન. કવચ; બખ્તર.

૨. ન. હાથીનો અંકુશ.

કંકટી [સં. કંકટિન્] વિ. બખ્તર ધારણ કરનાર; બખ્તર પહેરેલ.

કંકટેરી [સં.] સ્ત્રી. એક વનસ્પતિ; હળદર.

કંકડ (કંકડ઼) પું. કવચ; બખ્તર.

કંકડી (કંકડી) [હિં.] પું.;સ્ત્રી. કાંકરી.

કંકણ ૧. પું. (પિંગળ) ઉલ્લાસની જાતનો એક અર્ધસમ માત્રામેળ છંદ. તેમાં ૬ ગુરુ અને ૪૪ લઘુ મળી ૫૦ વર્ણ અને ૫૬ માત્રા હોય છે

૨. પું. (પિંગળ) એક અર્ધ સમજાતિ માત્રામેળ છંદ. તે બટવૈ છંદનો ભેદ છે. તેમાં ૧૩ ગુરુ અને ૧૨ લઘુ મળી ૨૫ અક્ષર હોય છે.

૩. પું. (સંગીત) તાલના આઠ માંહેનો એક ભેદ.

૪. [સં.] પું. પાણીનો કણ.

૫. ન. કાંકણ; વિવાહની વિધિ કરી કાંડે બાંધેલો મીંઢળ સાથેનો નાડાછડીનો ધાગો; કાંકણદોરો.

૬. ન. રાખડી; કાંડે બાંધવામાં આવતી દોરી; હસ્તસૂત્ર.

૭. ન. વરૂણીમાં વરાયેલા બ્રાહ્મણોને બાંધવામાં આવતું નાડું.

૮. ન. શેખર; મુકુટ.

૯. ન. સોનારૂપાનું કાંડા ઉપર પહેરવાનું કાંગરાવાળું ઘરેણું; કાંગરાવાળી ચૂડી કે બંગડી.

૧૦. ન. સ્ત્રીઓને હાથે પહેરવાનું રંગીત કાચનું ગોળ કડું; બંગડી; કટક; કાચની, સોનાની અથવા બીજી ધાતુની સ્ત્રીઓને કાંડે પહેરવાની બંગડી. સુશોભિત છેડાવાળા કારીગરીથી બનાવેલા પટા એ કંકણની જૂનામાં જૂની જાત હતી. જૂના વખતમાં પુરુષો તેમ જ સ્ત્રીઓ કંકણ પહેરતાં પણ લગભગ બારમી સદીની આખરથી કંકણ પહેરવાનું મુખ્યત્વે કરીને સ્ત્રીઓમાં જ જોવામાં આવે છે. ત્યારપછીના વખતમાં કોતરેલાં તથા રત્નજડિત તકતીઓવાળાં કડાં પ્રચારમાં આવ્યાં છે.

કંકણ વેચીને શેઠાણી કહેવડાવવું = ઘરેણાં વેચીને પણ શેઠાઈ ટકાવી રાખવી.

૧૧. ન. હરકોઈ ઘરેણું.

કંકણકવાણ પું. (પિંગળ) સાત રગણ અને એક ગુરુ મળી બાવીસ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે આકૃતિ છંદનો એક ભેદ છે.

કંકણકવાણવાણી પું. (પિંગળ) દરેક ચરણમાં મગણ, છ રગણ અને ગુરુ મળી બાવીસ અક્ષરનો એક અક્ષરમેળ છંદ.

કંકણગ્રહણ ન. (જ્યોતિષ) કંકણના આકારની સૂર્યની ગોળ કોર દેખાય એવું ગ્રહણ; સૂર્યગ્રહણની જે સ્થિતિમાં સૂર્યની કોરને ગ્રહણ ન લાગતાં વચલો ભાગ જ કાળો દેખાય તે સ્થિતિ.

કંકણદોરા પું. લગ્ન થઈ રહ્યા પછી કંકણદોરો છોડવાની એક છેવટની ક્રિયા. તે ગોત્રજ આગળ કરવામાં આવે છે.

કંકણદોરો પું. લગ્નવિધિ શરૂ કરતાં વર તથા કન્યાને કાંડે બંધાતો મીંઢળ અને લાલ દોરો; કાંકણદોરો.

કંકણદ્વીપ [સં.] પું. પરવાળાથી બનેલો ટાપુ.

કંકણધર [સં.] વિ. કંકણ ધારણ કરેલ.

કંકણપા પું. (બૌદ્ધ) ચોરાશી માંહેના એક સિદ્ધ.

કંકણરવ [સં.] પું. કંકણનો અવાજ.

કંકણવંતું [સં. કંકણવત્] વિ. કંકણવાળું.

કંકણા પું. ચાર ઈંદ્રિયવાળા જીવનો એક પ્રકાર.

કંકણાકાર ૧. [સં.] વિ. કંકણના જેવા આકારનું; કડા, બંગડી જેવું વચમાંથી પોલું ગોળ.

૨. વિ. મંડલાકાર; વલયાકાર.

૩. વિ. વીંટીના આકારનું.

કંકણાકૃતિ ૧. [સં.] સ્ત્રી. કંકણ જેવી આકૃતિ; કડા અથવા બંગડીના જેવો વચ્ચે પોલો ગોળ આકાર.

૨. વિ. કંકણ જેવી આકૃતિવાળું; 'એન્યુલર.'

કંકણાકૃતિગ્રહણ જુઓ કંકણગ્રહણ.

કંકણાસ્ત્ર [સં.] ન. એક પ્રકારનું હથિયાર.

કંકણાંક [સં.] ન. કંકણનું ચિહ્ન; ગળે હાથ ભેરવવાથી થતી નિશાની.

ધનુ ભેરવી ગળે જ્યાં કંકણાંકો રતિના.
કુમારસંભવ

કંકણિક [સં.] ન. કાંડામાં કૂર્ચાસ્થિઓની આગલી બાજુ ઉપર આડો રહેલો, ઘણે ઊંડે આવેલો અને ઘણો અગત્યનો સ્નાયુમય પટો.

કંકણી ૧. સ્ત્રી. કંપારી; કમકમી; થરથરાટ.

૨. [સં. કિંકીણી (ઘૂઘરી)] સ્ત્રી. કાંગરા કાંગરાંવાળી સોનાની બંગડી; કાંકણી; કિંકીણી.

૩. સ્ત્રી. ગુજરાતમાં વસતા કાળીપરજ લોકોની એ નામની એક જાત.

૪. સ્ત્રી. ઘૂઘરીઓવાળો કંદોરો; કટિમેખળા; કમરપટો.

૫. સ્ત્રી. નાની ઘંટડી; ઘૂઘરી.

૬. ન. કાળીપરજ લોકોની એક જાતનું માણસ.

૭. વિ. કાળીપરજ લોકોની એ નામની જાતનું.

૮. [સં. કંકણિન્] વિ. ઘરેણાંવાળું.

૯. વિ. મુકુટધારી.

કંકણીકા ૧. [સં.] સ્ત્રી. ઘંટડીવાળું ઘરેણું.

૨. સ્ત્રી. નાની ઘંટડી; ઘૂઘરી.

કંકણીકૃતવાસુકી [સં.] પું. શિવ.

કંકણીભૂષણ [સં.] વિ. ઘૂઘરીવાળાં ઘરેણાંથી શણગારેલું.

કંકણીમણિ [સં.] પું. બંગડીમાં રહેલો હીરો.

કંકણે અ. પૈડાના ઘરેલામાં એરંડિયા સાથે ચીંથરાં તથા સૂતર નાખે તેમ.

કંકત ૧. પું. એક જાતનું ઝાડ; નાગબલા વૃક્ષ.

૨. પું. એક જાતનો ઝેરી સર્પ.

૩. પું. કાંસકો; દાંતિયો.

કંકતિ ન. એ નામનો એક ઋષિ.

કંકતિકા ૧. [સં.] સ્ત્રી. કાંસકી; ફણી.

૨. સ્ત્રી. નાગબલા નામની ઔષધિ.

૩. સ્ત્રી. સાથળની આગલી બાજુ ઉપરની એ નામની પેશી. આ ટૂંકી તથા ચતુષ્કોણ પેશી શ્રોણિફલકની બસ્તિકંઠિકા નામની રેખા ઉપરથી નીકળી ત્રાંસી રીતે નીચે આવીને ઉર્વસ્થિની પીઠ ઉપર લઘુશિખરકની નીચે લાગેલી છે.

કંકતી ૧. સ્ત્રી. કાંસકીના દાંતા જેવાં હાડકાંવાળી માછલી.

૨. સ્ત્રી. થોડા ઝેરવાળી સાપણ.

૩. સ્ત્રી. માથું ઓળવાની કાંસકી.

કંકતીય [સં.] પું. એ નામનો એક ઋષિ.

કંકત્રોટ [સં.] પું. એક જાતનું માછલું.

કંકત્રોટિ જુઓ કંકત્રોટ.

કંકત્રોટી જુઓ કંકત્રોટ.

કંકના [હિં.] ન. કંકણ.

કંકપક્ષ [સં.] પું. કંકપક્ષીની પાંખ.

કંકપક્ષી [સં.] ન. એક જાતનું માંસાહારી પક્ષી.

કંકપત્ર ૧. [સં.] પું. કંકપક્ષીનાં પીછાંવાળું બાણ.

> ચૂડા ચુંબિત **કંકપત્ર** શરના ભાથા પુઠે બે કસી.
>
> ઉત્તરરામચરિત

૨. પું. કંકપક્ષીની પાંખ.

૩. વિ. કંકપક્ષીનાં પીછાવાળું.

કંકપત્રી જુઓ કંકપત્ર.

કંકપુરી [સં.] સ્ત્રી. બનારસ; કાશી.

કંકપૃષ્ઠી [સં.] સ્ત્રી. એક જાતની માછલી.

કંકમાલા [સં.] સ્ત્રી. એક જાતનું વાદિત્ર; કરતાલ.

કંકમુખ ૧. [સં.] પું. બગલાની ચાંચ જેવા આકારનો ચીપિયો.

૨ ન. વાગેલો કાંટો ખેંચી કાઢવાનું એક યંત્ર.

૩. વિ. કંકપક્ષીના જેવા મોઢાવાળું.

કંકર ૧. [સં.] પું. કાંકરો; નાનો પથ્થર.

> નર્મદામાં કંકર એટલા શંકર = (૧) નર્મદા નદીના કાંકરા શંકર તરીકે પૂજાય છે. (૨) સારા માણસની સોબત કરનારનો તેવી સોબતથી મોભો વધે છે.

૨. પું. દાણો; કણ.

૩. [સં. કિંકર] પું. નોકર; દાસ.

૪. પું. રેતી સાથે ભળેલી કાંકરી; મરડિયો.

૫. પું. સો નિયુતની એક સંખ્યા.

૬. ન. છાશ.

૭. વિ. ધિક્કારવા પાત્ર.

કંકરગોધુમન્યાય પું. મોટાની સોબતથી નાનાની પણ કીમત વધે એવો દાખલો. કાંકરાવાળા ઘઉં વેચતાં ઘઉં ભેગા કાંકરા ઘઉંની કીમતમાં જાય પણ જ્યારે ઘઉંમાંથી તે વીણી નાખવામાં આવે ત્યારે તેની કાંઈ પણ કીમત ઊપજતી નથી, તેમ પ્રભુના ભક્તોની મહત્તા પ્રભુને લીધે જ છે. આવું જ્યાં કહેવું હોય ત્યાં આ ન્યાય વપરાય છે.

કંકર જમીન સ્ત્રી. મોટા પથ્થર તથા કાંકરાનું પ્રમાણ વધારે હોય એવી જમીન.

કંકર પથ્થર પું. કચરોપૂંજો.

કંકરમય [સં.] વિ. કાંકરાવાળું.

કંકરસ્નાન [સં.] ન. કાંકરાથી કરાયેલું સ્નાન. ઠંડા પ્રદેશમાં ટાઢ વખતે પાણીમાં કાંકરો નાખી તેનો અવાજ સાંભળી બ્રાહ્મણ વગેરે નાહ્યા માની માથે તિલક, ભસ્મ વગેરે કરે છે. આવી રીતે કરેલું સ્નાન કંકરસ્નાન કહેવાય છે.

કંકરા [સં.] સ્ત્રી. લખોટો.

> અડારા કંકરા = અઢાર કાંકરાથી રમાતી એક રમત.

કંકરાહારી [સં.] વિ. પથ્થરાને ખાઈ જનારૂં; પથ્થરખાઉ.

કંકરિયા ૧. સ્ત્રી. કણબીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કંકરિયાં ૧. સ્ત્રી. કાંકરી.

૨. સ્ત્રી. કાંકરીઓની એક રમત.

> **કંકરિયાં** છોકરીઆં ખેલે, શેતરંજ ખેલે કાજી;
> ગંજીફા તો સબ કોઈ ખેલે, ચોપાટ ખેલે પાજી.
>
> લોકોક્તિ

કંકરી ૧. સ્ત્રી. નાનો કકડો.

૨. સ્ત્રી. નાનો ગોળ કાંકરો; કાંકરી.

૩. સ્ત્રી. લખોટો.

કંકરીલા ૧. પું. પથ્થરવાળી જમીન.

૨. વિ. કાંકરાવાળું.

કંકરીલી ૧. [સં.] સ્ત્રી. પથ્થરવાળી જમીન.

૨. વિ. કાંકરાવાળું.

કંકરોલ ૧. [સં.] પું. પિસ્તાનું ઝાડ.

૨. સ્ત્રી. એ નામની વનસ્પતિ; નિકોચક.

કંકલાટ [હિં.] સ્ત્રી. મજબૂત રેતીવાળી જમીનની એક જાત.

કંકલોજ્ઞ (કંકલોડ્ય) [સં.] ન. એક જાતની વનસ્પતિ.

કંકલોહ ૧. [સં.] ન. એક જાતનું મજબૂત લોઢું.

> પંચવર્ણું તેજી પાખરીયા, **કંકલોહ** પ્રમાણ.
>
> પદ્મનાભ

૨. ન. એક પ્રકારનું ઘોડાનું જીન; એક જાતનું પલાણ.

કંકવદન ૧. [સં.] પું. સાંડસી; ચીપિયો.

૨. વિ. કંકપક્ષીના જેવા મોઢાવાળું.

કંકશાય [સં.] પું. કૂતરો.

કંકા ૧. [સં.] સ્ત્રી. ઉગ્રસેનની એ નામની એક દીકરી; કંસની બેનનું નામ.

૨. સ્ત્રી. એક જાતની સુખડ.

૩. સ્ત્રી. એક પ્રકારનું ઝાડ.

૪. સ્ત્રી. કમળની સુગંધ.

૫. સ્ત્રી. ગોરોચન.

૬. સ્ત્રી. વાસુદેવના ભાઈ આનકની સ્ત્રીનું નામ. આનકથી એને પુરુજિત્ અને સત્યજિત્ એવા બે પુત્ર થયા હતા.

કંકાઈ ૧. [સં.] સ્ત્રી. ઘોડાંની ઉછેર માટે પ્રખ્યાત જગ્યા.

૨. વિ. કંકાનું; કંકા સંબંધી.

કંકાણ પું. ઘોડો.

કંકાયુ [સં. કંક (બગલું) + આયુ (આયુષ્ય)] પું. એક જાતનો સાપ; બગલાની દયા ઉપર જેના આયુષ્યનો આધાર હોય એવાં માછલાંના જેવો પાણીનો સાપ.

કંકાલ ૧. [સં.] સ્ત્રી. એક જાતની કાંટાવાળી વનસ્પતિ; કાંકોલ.

૨. સ્ત્રી. ચામડી.

૩. ન. એક પ્રકારનું ભયંકર અસ્ત્ર.

૪. ન. માંસ વિનાનું હાડપિંજર; અસ્થિપિંજર.

૫. વિ. નઠારૂં.

કંકાલક ન. વાદળીના અસ્થિપિંજરના વળી શકે એવા રેષા બતાવતો મુખ્ય પદાર્થ; એક જાતનો સરેશ જેવો પદાર્થ.

કંકાલમાલી ૧. [સં.] પું. ભૈરવ.

૨. પું. મહાદેવ; શંકર; શંભુ.

૩. વિ. હાડકાંની માળા પહેરનાર.

કંકાલય [સં.] ન. દેહ; શરીર.

કંકાલશર [સં.] પું. હાડકાના માથાવાળું બાણ.

કંકાલશેષ [સં.] વિ. માત્ર હાડપિંજર જ હોય એવું દૂબળું બનેલું.

કંકાલાસ્ત્ર [સં.] ન. હાડકાંનું બનતું એક અસ્ત્ર.

કંકાલિન [સં.] સ્ત્રી. એક જાતની ડાકણ; જાદૂગરણ.

કંકાલી ૧. [સં.] પું. કપાલી; શિવ.

૨. પું. શિવભક્ત.

૩. સ્ત્રી. કાંટાવાળી એક વનસ્પતિ; કાંકોલ.

૪. સ્ત્રી. દુર્ગાનું એક રૂપ.

૫. સ્ત્રી. બંગાળમાં કોપાઈ નદીની પાસેના સ્મશાનમાં આવેલી દેવીની બાવન માંહેની એક પીઠ.

૬. સ્ત્રી. ભિક્ષાવૃત્તિથી જીવતી એક હલકી જાતિ.

૭. ન. એક જાતનું ઝાડ; અશોક; આસોપાલવ. જુઓ આસોપાલવ.

૮. વિ. કર્કશા; કલહપ્રિય.

કંકાલીપા પું. (બૌદ્ધ) ચોરાશી માંહેનો એક સિદ્ધ.

કંકાવટી ૧. સ્ત્રી. એ નામનું પુરાતની ગામ.

૨. સ્ત્રી. કપાળ.

૩. [સં. કુંકુમ (કંકુ) + વટ (ઠેકાણું)] સ્ત્રી. કંકુ રાખવાની લાકડાની કે ધાતુની નીચે ગોળ બેસણીવાળી ગોળ પ્યાલી.

૪. સ્ત્રી. (વ્યંગ્ય) ગાંજો ફૂંકવાની ચલમ.

કંકાવેલ વિ. કંકુ જેવું રાતું.

કંકાસ ૧. [ફા. કંગાશ (સલાહ લેવી)] પું. કલેશ; કજિયો; તકરાર; બોલાચાલી.

૧. કંકાસથી ગોળીનું પાણી પણ સુકાય = (૧) કમનસીબીનું મૂળ કજિયો છે. (૨) કલેશથી સમૂળગો નાશ થાય.

૨. કંકાસનું મોં કાળું = કલેશ મટાડવો; આપણું નીચું પડે તોપણ ગમે તેમ કરીને કંકાસ કાઢવો.

૨. પું. જિદ્દ.

કંકાસણી ૧. સ્ત્રી. એક જાતની ઔષધિ.

૨. સ્ત્રી. કંકાસ કરે એવી સ્ત્રી.

૩. વિ. સ્ત્રી. કંકાસ કર્યા કરનારી.

કંકાસણું વિ. કંકાસ કરનારૂં; કંકાસિયું; કલેશ કરે એવું.

કંકાસિણી ૧. સ્ત્રી. કંકાસ કરવાવાળી સ્ત્રી.

૨. વિ. સ્ત્રી. કંકાસ કરે એવી.

કંકાસિયણ ૧. સ્ત્રી. કંકાસિણી; કલેશ કર્યા કરે એવી સ્ત્રી.

૨. વિ. સ્ત્રી. કંકાસિયા સ્વભાવની.

કંકાસિયું ૧. વિ. કલહકારી; કજિયાખોર; કંકાસ કરવાના સ્વભાવનું.

૨. વિ. રોતડું; રો રો કરે એવું.

કંકાસીલું જુઓ કંકાસિયું.

કંકાળ ન. હાડપિંજર.

કંકાળી ૧. સ્ત્રી. કંકાલ.

૨. સ્ત્રી. ત્રિશૂલ લઈ ભિક્ષા માગનાર ભાટની એક પેટા જ્ઞાતિ.

૩. ન. ભાટની એ જાતનું માણસ.

૪. વિ. કજિયાળું; કજિયાખોર.

૫. વિ. ભાટની એ નામની જાતનું.

કંકિડો (કંકિડ઼ો) પું. કાકીડો.

કંકિલ્લી પું. આસોપાલવનું ઝાડ.

કંકીરા પું. શેવડા ચોરાશી ગચ્છનો એક પેટા ગચ્છ.

કંકુ ૧. પું. ઉગ્રસેન રાજાના એક દીકરાનું નામ.

૨. ન. એક જાતનું ખડધાન્ય; કાંગ.

૩. [સં. કુંકુમ] ન. ચાંલ્લો કે તિલક કરવાનો એક જાતનો લાલ ભૂકો; હળદર ને ખાટા રસની મેળવણીથી બનતું લાલ રંગનું ચૂર્ણ. તે કોરૂં તેમ જ પાણીમાં પલાળી ચાંલ્લા, પિયેળ વગેરે કરવાના કામમાં આવે છે. વિવાહ વગેરે શુભ કાર્યમાં કંકુનો ઉપયોગ થાય છે.

૧. કંકુ છાંટવું = શુભ છે એવું દેખાડવું; મંગળમય કરવું.

૨. કંકુના કોગળા કરવા = મોજમજા કરવી; સુખવૈભવ ભોગવવાં.

૩. કંકુનાં કરવાં = (૧) આનંદમંગળ કરવાં; ફતેહ કરવી; મંગળકાર્યનાં પગરણ કરવા માંડવાં. (૨) જશનાં કરવાં. (૩) વિદાય થવું. (૪) શુભ કાર્યને આરંભે સારાં શુકન કરવાં.

૪. કંકુનાં પગલાં = સારા શુકનનાં શુભ પગલાં; સુભાગ્ય, કે ઉન્નતિનું ચિહ્ન; જેનાથી શુભ થવું હોય તે.

૫. કંકુનાં પગલાં કરવાં = (૧) આનંદ ફેલાવવો; ખુશીભેર જવું અને સામાને ખુશ કરવું. (૨) રવાના થઈ જવું. જાન વળાવતી વખતે હાથમાં કંકુ ચોપડી તે વડે થાપા મારી વિદાય લેવાય છે.

૬. કંકુને ચાંદલે = સામી કન્યા કે પૈસા લીધા વગર કન્યા આપવી તે.

૭. કંકુને પગલે = માનભેર; શુભ શુકનથી; ઊભી આબરૂએ; આદરમાન સહિત.

૮. કંકુનો ચાંદલો = માન, વિજય, વખાણ, ફતેહ વગેરેની પ્રાપ્તિ.

૯. કંકુનો ચાંલ્લો સહુને વહાલો, મેશનો કોઈને વહાલો ન હોય = દરેકને સુખી થવું ગમે છે; સૌ યશની ઇચ્છા રાખે, અપયશની આશા કોઈ ન કરે.

૧૦. કંકુવાળે હાથે = સૌભાગ્યભેર; મંગળમય.

કંકુઘોળણ ન. કંકુ ઘોળવું તે.

કંકુટ પું.; ન. એક જાતની વૈદ્યકીય માટી. રૂપેરી અને સોનેરી, અથવા આછો પીળો અને ઘેરો પીળો એવા તેના બે જાતના રંગ હોય છે.

કંકુડાં (કંકુડ઼ાં) ન. કંકુ.

કુમકુમ કેશર કૃષ્ણજી, આગળ કંકુડાં મેલી રે.

નરસિંહ

કંકુડી (કંકુડ઼ી) ૧. સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

૨. સ્ત્રી. નાની પતંગડી.

૩. સ્ત્રી. સ્ત્રીનું હુલામણું નામ.

કંકુડો (કંકુડ઼ો) ૧. પું. પતંગ.

૨. પું. બગલો.

કંકુપગલું વિ. સારા શુકનનું; શુકનિયાળ.

કંકુપડી (કંકુપડ઼ી) સ્ત્રી. કંકુની પડીકી. જુઓ કંકુપડો.

કંકુપડો (કંકુપડ઼ો) [સં. કુંકુમ (કંકુ) + પુટ (ઢાંકણું)] પું. કંકુનું પડીકું; કંકુનો પડિયો; જેમાં કંકુ ભરેલું હોય એવી કાગળ, પાંદડાં વગેરેની નાડાછડી બાંધેલી પોટલી; કંકુનો પડો.

કંકુરોલ વિ. કંકુથી રોળાયેલું; કંકુ ચોપડેલું.

પંચવર્ણ તેજી પાખરીઆ, **કંકુરોલ** પલ્હાણ.

કાન્હડદેપ્રબંધ

કંકુવરણું વિ. કંકુના રંગ જેવું રાતું; લાલાશ પડતું.

કંકુવરણો હોલો પું. એક જાતનું લાલ રંગનું અને ગળાંની બંને તરફ કાળાં ધોળાં ટપકાંની ચાળણીવાળું પક્ષી. એની તામ્રવર્ણી પાંખો ઉપર જુવારના દાણા જેવડાં આછાં લાલ બિંદુ હોય છે.

કંકુવોણું વિ. કંકુ વગરનું; જેમાં કંકુ થઈ રહ્યું હોય એવું.

કંકુષ [સં.] ન. અંદરનું શરીર.

કંકુષ્ટપ્રભા સ્ત્રી. દારૂડી.

કંકુષ્ઠ ૧. પું ઔષધ તરીકે વપરાતી એક જાતની મટોડી; પીળિયો. તે હિમાલય નજીકના પર્વતમાં નીકળે છે. તે રૂપેરી અને સોનેરી એમ બે રંગનો હોય છે. ગુણમાં તે હલકો છે. કેટલાક કહે છે કે તુરત જન્મેલા હાથીના બચ્ચાની વિષ્ટા તે પીળિયો છે. સફેદ પડતો પીળિયો જલદી જુલાબ લાવે છે. તે કડવો, તીખો અને ઉષ્ણવીર્ય છે. ગુલ્મ, ગૂમડાં, શૂળ, તાવ અને આમજ્વર વગેરેને તે મટાડે છે. ચણોઠીભારની માત્રામાં નાગરવેલનાં પાન સાથે તે ખવરાવવાથી જુલાબ લાગે; આમજ્વર, જીર્ણજ્વર અને બાદીનો તાવ ઉતારે.

૨. ન. મુડદારશિંગ.

૩. ન. રેવંચીનો શીરો.

કંકૂડો (કંકૂડ઼ો) ૧. પું. કનક્વો; પતંગ.

૨. [સં. કંક] પું. બગલો.

કંકેરુ [સં.] પું. એક જાતનો કાગડો.

કંકેલ સ્ત્રી. એક જાતની વનસ્પતિનાં બી; ચિનીકબાલા; કંકોલ.

ઉલ્લક્ષિ કંકેલ કર્મકુંપલિ આમ્ર ખાય ન કોય.
દયારામ

કંકેલિ [સં.] પું. આસોપાલવ; અશોકવૃક્ષ.

કંકેલી ૧. પું. આસોપાલવ.

૨. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; વર્ણદંડક. તેમાં નગણ, ગુરુ અને તેર રગણ મળી ૪૩ વર્ણ હોય છે.

કંકેલ્ય જુઓ કંકેલ.

કંકેલ્લ ૧. [સં.] પું. આસોપાલવ; અશોકવૃક્ષ.

૨. પું. એક જાતનું શાક.

કંકેલ્લી [સં.] પું. આસોપાલવ; અશોકવૃક્ષ.

કંકોડાં (કંકોડ઼ાં) ન. બ. વ. કંટોલાં; એક જાતનું શાકફળ. તે જઠરાગ્નિને પ્રદીપ્ત કરનાર અને ચામડીના રોગો, મોળ, અરુચિ, શ્વાસ, ખાંસી અને તાવને મટાડનાર મનાય છે. કેટલાકના મત પ્રમાણે તે વાં, પિત્ત તેમ જ વિષ મટાડનાર છે.

કંકોડી (કંકોડ઼ી) ૧. [સં. કર્કોટકી] સ્ત્રી. એક જાતની વેલ; કંકોડાની વેલ. તે પહાડી જમીનમાં ઊગે છે. એના કાંદા જમીનમાં થાય છે. તેના ઉપર વરસાદ પડતાં અંકુર ફૂટી વેલા થાય છે. તે ઉપર ઝીણા કાંટા થાય છે. એનાં પાંદડાંની ભાજી સ્વાદિષ્ટ બને છે. તેને કંટોલી પણ કહે છે. જે કંકોડીના વેલા ઉપર ફૂલો આવે છે તે ઉપર ફળો આવતાં નથી, તેથી તેને વાંઝણી કંકોડી કહે છે. જેને ફળ આવે છે તેને અષાડ મહિનામાં ફળો આવે છે. એનું શાક સારૂં થાય છે. કંકોડી રુચિકર, તીખી, અગ્નિદીપક, કડવી અને ગરમ છે તથા વાયુ, કફ, વિષ અને પિત્ત મટાડનાર મનાય છે. ફળ મધુર, લઘુ, પાકકાળે તીખાં તથા અગ્નિદીપક છે, તેમ જ ગુલ્મ, શૂળ, પિત્ત, ત્રિદોષ, કફ, કુષ્ઠ, લાલસ્રાવ, અરુચિ અને હૃદ્રોગ મટાડે છે. પાંદડાં રુચિકર, વૃષ્ય અને ત્રિદોષનાશક છે, તથા કૃમિ, જ્વર, ક્ષય, દમ, ઉધરસ, હેડકી અને અર્શ મટાડનાર મનાય છે.

૨. સ્ત્રી. કબાડીની સ્ત્રી.

૩. સ્ત્રી. કંટોલાનું મૂળિયું; કપૂરકાચલી.

૪. સ્ત્રી. લીલા રંગનું તળિયું.

૫. સ્ત્રી. શરદીમાં ગરમી ઉત્પન્ન કરવાને વપરાતી એક વનસ્પતિ.

૬. સ્ત્રી. સૂતક કાઢવા માટે સ્નાન વખતે માથામાં નખાતી એક ભૂકી; નાહવા માટે વપરાતી એક સુગંધી ઔષધિ.

કંકોડીઆ (કંકોડ઼ીઆ) ૧. સ્ત્રી. વાઘરીની એક જાત.

૨. ન. વાઘરીનું એ નામની જાતનું માણસ.

૩. વિ. વાઘરીની એ નામની જાતનું.

કંકોડું (કંકોડું) [સં. કંક્રોલ; દે. કંકોડ] ન. કંકોડીનું ફળ; એક જાતનું કાંટાકાંટાવાળું લંબગોળ અને નાનું શાક તરીકે વપરાતું ફળ; કંટોલું.

કંકોતરી [સં. કુંકુમપત્રિકા; અપ. કંકવત્તરી–કંકઉત્તરી-કંકોત્તરી] સ્ત્રી. કુંકુમપત્રિકા; મંગળપત્રિકા; વિવાહ અને બીજા શુભ અવસરોની જેની ઉપર કંકુ છાંટેલું હોય એવી આમંત્રણપત્રિકા; લગ્નપત્રિકા.

કંકોત્રી જુઓ કંકોતરી.

કંકોરેલ વિ. મીઠું; સુંદર.

કંકોલ ૧. [સં. કોપફલ] પું. એક જાતની વનસ્પતિનાં બી; ચિનીકબાલા; ચણકબાબ; કબાબચીની. તે કદમાં મરી જેવાં, લીસાં અને ડીંટીઆંવાળાં થાય છે અને તેમાંથી તેલ પણ નીકળે છે. તે શીતળ તથા મૂત્રલ તરીકે પ્રમેહ તથા પેશાબના બીજા રોગમાં વપરાય છે.

૨. પું. કંકોલક; કોશફળ; ધઉંલા; કટુક.

૩. સ્ત્રી. એક જાતનો વેલો. તેના વેલા ચીન તથા હિમાલયમાં થાય છે. તેનાં ફળ કંકોળ કહેવાય છે. તેના દાણા ચણકબાબ જેવા પણ મોટા અને સુગંધીદાર હોય છે. મગજનાં અને છાતીનાં દરદમાં તે વપરાય છે. તે કફઘ્ન ને વાતહર મનાય છે.

૪. સ્ત્રી. ચણોઠી.

કંકોલું વિ. કોકરવરણું.

કંકોળ [સં. કંકોલ] ન. કંકોલ. એના વેલા થાય છે. તેનાં ફળને મરચકંકોળ કહે છે. જુઓ કંકોલ.

કંકોળી ૧. સ્ત્રી. કંકુ રાખવાનું પાત્ર; કંકાવટી.

૨. સ્ત્રી. (ચારણી) કંકુવરણી કટારી.

૩. વિ. સ્ત્રી. પીઠિયાળી; રંગવાળી.

કંકોળું ન. એક જાતનું શાકફળ.

કંકોળેલ ૧. વિ. કંકુ જેવા લાલ રંગવાળું; કંકુવરણું.

૨. વિ. મીઠું; સુંદર; કંકોરેલ.

આછર પાણી આંબડે, ચરવા કંકોળેલ કાસ,
મેયુંને નો મેલાવીયેં, ડોળે સરનો ચાસ.
દુહો

કંક્રીલા ૧. વિ. બગાડેલું.

૨. વિ. રેતીવાળું.

કંખ [સં.] ન. મોજમજા.

કંખલ ન. હરદ્વારથી પૂર્વે બે માઈલ ઉપર ગંગા ને નીલધારાના સંગમ ઉપર આવેલ એક નાનું ગામડું. પુરાણોમાં કહેલો દક્ષયજ્ઞ અહીં થયો હતો.

કંખા ૧. પું. એક જ બાજુ દાંતાવાળો દાંતિયો.

૨. [સં. કાંક્ષા] સ્ત્રી. (પ્રાકૃત) આસક્તિ.

૩. સ્ત્રી. ઇચ્છા; આકાંક્ષા; ચાહના.

કંખાપદોષ [સં. કાંક્ષાપ્રદોષ] પું. (પ્રાકૃત) પું. મિથ્યાત્વ મોહનીયનો એક પ્રકાર.

કંખિ [સં. કાંક્ષિન્] વિ. (પ્રાકૃત) ઇચ્છનાર.

કંખિય [સં. કાંક્ષિત] વિ. (પ્રાકૃત) ઇચ્છેલું.

કંખી ૧. સ્ત્રી. આંખનો ખૂણો.

૨. સ્ત્રી. ત્રાંસી નજર.

કંગ ૧. [સં.] ન. કાંગ નામનું ધાન્ય.

૨. ન. બખ્તર; કવચ.

કંગટી ૧. સ્ત્રી. એક જાતનો સોનાનો કમરપટો. મારવાડ અને દક્ષિણમાં સ્ત્રીઓ કમર ઉપર તે પહેરે છે.

૨. ન. ખાતરિયું. બેરડ લોકો ખાતરિયાને કંગટી કહે છે.

કંગણ ૧. ન. અકાલી સીખનું માથા ઉપર બાંધવાનું લોઢાનું કડું.

૨. ન. કંકણ; ચૂડી.

૩. ન. ગૂંથણ કામમાં કાંગરી જેવી ગૂંથણીની એક જાતની ભાત. તે કિનારી નીચેના ભાગમાં ગુંથાય છે.

૪. ન. સોનારૂપાનું કાંડા ઉપર પહેરવાનું કાંગરાવાળું ઘરેણું.

કંગણી ૧. સ્ત્રી. કંગની.

૨. સ્ત્રી. કાંગરાવાળું સોનારૂપાનું હાથનું ઘરેણું; કંગણ.

૩. સ્ત્રી. કાંસકી; ઓળણી.

૪. સ્ત્રી. ચોખાની એક જાત.

કંગણીદાર વિ. કાંગરાવાળું.

કંગધર ન. એક જાતનું ગાનારૂં પાળી શકાય એવું પક્ષી; ધોળી કલગીવાળું બુલબુલ પક્ષી. પૂર્વ ગોલાર્ધમાં તે વસે છે.

કંગન ૧. [સં. કંકણ] ન. કંકણ; વલય; કટક; હિંદુ સ્ત્રીઓને કાંડે પહેરવાનું એક ઘરેણું.

૨. ન. કાંડે બાંધવાનો પટો.

૩. ન. જરી ઝીકની દેશી કારીગરી.

કંગનવા ૧. [સં. કંકતિકા] પું. કાંસકો; દાંતિયો.

૨. ન. કંગન માટે કાવ્યમાં વપરાતું રૂપ; કંગણ; કંકણ.

કંકાલિન [સં.] સ્ત્રી. એક જાતની ડાકણ; જાદૂગરણ.

કંકાલી ૧. [સં.] પું. કપાલી; શિવ.

૨. પું. શિવભક્ત.

૩. સ્ત્રી. કાંટાવાળી એક વનસ્પતિ; કાંકોલ.

૪. સ્ત્રી. દુર્ગાનું એક રૂપ.

૫. સ્ત્રી. બંગાળમાં કોપાઈ નદીની પાસેના સ્મશાનમાં આવેલી દેવીની બાવન માંહેની એક પીઠ.

૬. સ્ત્રી. ભિક્ષાવૃત્તિથી જીવતી એક હલકી જાતિ.

૭. ન. એક જાતનું ઝાડ; અશોક; આસોપાલવ. જુઓ આસોપાલવ.

૮. વિ. કર્કશા; કલહપ્રિય.

કંકાલીપા પું. (બૌદ્ધ) ચોરાશી માંહેનો એક સિદ્ધ.

કંકાવટી ૧. સ્ત્રી. એ નામનું પુરાતની ગામ.

૨. સ્ત્રી. કપાળ.

૩. [સં. કુંકુમ (કંકુ) + વટ (ઠેકાણું)] સ્ત્રી. કંકુ રાખવાની લાકડાની કે ધાતુની નીચે ગોળ બેસણીવાળી ગોળ પ્યાલી.

૪. સ્ત્રી. (વ્યંગ્ય) ગાંજો ફૂંકવાની ચલમ.

કંકાવેલ વિ. કંકુ જેવું રાતું.

કંકાસ ૧. [ફા. કંગાશ (સલાહ લેવી)] પું. કલેશ; કજિયો; તકરાર; બોલાચાલી.

૧. કંકાસથી ગોળીનું પાણી પણ સુકાય = (૧) કમનસીબીનું મૂળ કજિયો છે. (૨) કલેશથી સમૂળગો નાશ થાય.

૨. કંકાસનું મોં કાળું = કલેશ મટાડવો; આપણું નીચું પડે તોપણ ગમે તેમ કરીને કંકાસ કાઢવો.

૨. પું. જિદ્દ.

કંકાસણી ૧. સ્ત્રી. એક જાતની ઔષધિ.

૨. સ્ત્રી. કંકાસ કરે એવી સ્ત્રી.

૩. વિ. સ્ત્રી. કંકાસ કર્યા કરનારી.

કંકાસણું વિ. કંકાસ કરનારું; કંકાસિયું; કલેશ કરે એવું.

કંકાસિણી ૧. સ્ત્રી. કંકાસ કરવાવાળી સ્ત્રી.

૨. વિ. સ્ત્રી. કંકાસ કરે એવી.

કંકાસિયણ ૧. સ્ત્રી. કંકાસિણી; કલેશ કર્યા કરે એવી સ્ત્રી.

૨. વિ. સ્ત્રી. કંકાસિયા સ્વભાવની.

કંકાસિયું ૧. વિ. કલહકારી; કજિયાખોર; કંકાસ કરવાના સ્વભાવનું.

૨. વિ. રોતડું; રો રો કરે એવું.

કંકાસીલું જુઓ કંકાસિયું.

કંકાળ ન. હાડપિંજર.

કંકાળી ૧. સ્ત્રી. કંકાલ.

૨. સ્ત્રી. ત્રિશૂલ લઈ ભિક્ષા માગનાર ભાટની એક પેટા જ્ઞાતિ.

૩. ન. ભાટની એ જાતનું માણસ.

૪. વિ. કજિયાળું; કજિયાખોર.

૫. વિ. ભાટની એ નામની જાતનું.

કંકિડો (કંકિડ઼ો) પું. કાકીડો.

કંકિલ્લી પું. આસોપાલવનું ઝાડ.

કંકીરા પું. શેવડા ચોરાશી ગચ્છનો એક પેટા ગચ્છ.

કંકુ ૧. પું. ઉગ્રસેન રાજાના એક દીકરાનું નામ.

૨. ન. એક જાતનું ખડધાન્ય; કાંગ.

૩. [સં. કુંકુમ] ન. ચાંલ્લો કે તિલક કરવાનો એક જાતનો લાલ ભૂકો; હળદર ને ખાટા રસની મેળવણીથી બનતું લાલ રંગનું ચૂર્ણ. તે કોરૂં તેમ જ પાણીમાં પલાળી ચાંલ્લા, પિયેળ વગેરે કરવાના કામમાં આવે છે. વિવાહ વગેરે શુભ કાર્યમાં કંકુનો ઉપયોગ થાય છે.

૧. કંકુ છાંટવું = શુભ છે એવું દેખાડવું; મંગળમય કરવું.

૨. કંકુના કોગળા કરવા = મોજમજા કરવી; સુખવૈભવ ભોગવવાં.

૩. કંકુનાં કરવાં = (૧) આનંદમંગળ કરવાં; ફતેહ કરવી; મંગળકાર્યનાં પગરણ કરવા માંડવાં. (૨) જશનાં કરવાં. (૩) વિદાય થવું. (૪) શુભ કાર્યને આરંભે સારાં શુકન કરવાં.

૪. કંકુનાં પગલાં = સારા શુકનનાં શુભ પગલાં; સુભાગ્ય, કે ઉન્નતિનું ચિહ્ન; જેનાથી શુભ થવું હોય તે.

૫. કંકુનાં પગલાં કરવાં = (૧) આનંદ ફેલાવવો; ખુશીભેર જવું અને સામાને ખુશ કરવું. (૨) રવાના થઈ જવું. જાન વળાવતી વખતે હાથમાં કંકુ ચોપડી તે વડે થાપા મારી વિદાય લેવાય છે.

૬. કંકુને ચાંદલે = સામી કન્યા કે પૈસા લીધા વગર કન્યા આપવી તે.

૭. કંકુને પગલે = માનભેર; શુભ શુકનથી; ઊભી આબરૂએ; આદરમાન સહિત.

૮. કંકુનો ચાંદલો = માન, વિજય, વખાણ, ફતેહ વગેરેની પ્રાપ્તિ.

૯. કંકુનો ચાંલ્લો સહુને વહાલો, મેશનો કોઈને વહાલો ન હોય = દરેકને સુખી થવું ગમે છે; સૌ યશની ઇચ્છા રાખે, અપયશની આશા કોઈ ન કરે.

૧૦. કંકુવાળે હાથે = સૌભાગ્યભેર; મંગળમય.

કંકુઘોળણ ન. કંકુ ઘોળવું તે.

કંકુટ પું.; ન. એક જાતની વૈદ્યકીય માટી. રૂપેરી અને સોનેરી, અથવા આછો પીળો અને ઘેરો પીળો એવા તેના બે જાતના રંગ હોય છે.

કંકુડાં (કંકુડ઼ાં) ન. કંકુ.

કુમકુમ કેશર કૃષ્ણજી, આગળ **કંકુડાં** મેલી રે.
નરસિંહ

કંકુડી (કંકુડ઼ી) ૧. સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

૨. સ્ત્રી. નાની પતંગડી.

૩. સ્ત્રી. સ્ત્રીનું હુલામણું નામ.

કંકુડો (કંકુડ઼ો) ૧. પું. પતંગ.

૨. પું. બગલો.

કંકુપગલું વિ. સારા શુકનનું; શુકનિયાળ.

કંકુપડી (કંકુપડ઼ી) સ્ત્રી. કંકુની પડીકી. જુઓ કંકુપડો.

કંકુપડો (કંકુપડ઼ો) [સં. કુંકુમ (કંકુ) + પુટ (ઢાંકણું)] પું. કંકુનું પડીકું; કંકુનો પડિયો; જેમાં કંકુ ભરેલું હોય એવી કાગળ, પાંદડાં વગેરેની નાડાછડી બાંધેલી પોટલી; કંકુનો પડો.

કંકુરોલ વિ. કંકુથી રોળાયેલું; કંકુ ચોપડેલું.

પંચવર્ણ તેજી પાખરીઆ, **કંકુરોલ** પલ્હાણ.
કાન્હડદેપ્રબંધ

કંકુવરણું વિ. કંકુના રંગ જેવું રાતું; લાલાશ પડતું.

કંકુવરણો હોલો પું. એક જાતનું લાલ રંગનું અને ગળાંની બંને તરફ કાળાં ધોળાં ટપકાંની ચાળણીવાળું પક્ષી. એની તામ્રવર્ણી પાંખો ઉપર જુવારના દાણા જેવડાં આછાં લાલ બિંદુ હોય છે.

કંકુવોણું વિ. કંકુ વગરનું; જેમાં કંકુ થઈ રહ્યું હોય એવું.

કંકુષ [સં.] ન. અંદરનું શરીર.

કંકુષ્ટપ્રભા સ્ત્રી. દારૂડી.

કંકુષ્ઠ ૧. પું. ઔષધ તરીકે વપરાતી એક જાતની મટોડી; પીળિયો. તે હિમાલય નજીકના પર્વતમાં નીકળે છે. તે રૂપેરી અને સોનેરી એમ બે રંગનો હોય છે. ગુણમાં તે હલકો છે. કેટલાક કહે છે કે તુરત જન્મેલા હાથીના બચ્ચાની વિષ્ટા તે પીળિયો છે. સફેદ પડતો પીળિયો જલદી જુલાબ લાવે છે. તે કડવો, તીખો અને ઉષ્ણવીર્ય છે. ગુલ્મ, ગૂમડાં, શૂળ, તાવ અને આમજ્વર વગેરેને તે મટાડે છે. ચણોઠીભારની માત્રામાં નાગરવેલનાં પાન સાથે તે ખવરાવવાથી જુલાબ લાગે; આમજ્વર, જીર્ણજ્વર અને બાદીનો તાવ ઉતારે.

૨. ન. મુડદારશિંગ.

૩. ન. રેવંચીનો શીરો.

કંકૂડો (કંકૂડ़ो) ૧. પું. કનક્વો; પતંગ.
 ૨. [સં. કંક] પું. બગલો.

કંકેરુ [સં.] પું. એક જાતનો કાગડો.

કંકેલ સ્ત્રી. એક જાતની વનસ્પતિનાં બી; ચિનીકબાલા; કંકોલ.

> ઉલ્લક્ષિ કંકેલ કર્મકુંપલિ આમ્ર ખાય ન કોય.
> દયારામ

કંકેલિ [સં.] પું. આસોપાલવ; અશોકવૃક્ષ.

કંકેલી ૧. પું. આસોપાલવ.
 ૨. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; વર્ણદંડક. તેમાં નગણ, ગુરુ અને તેર રગણ મળી ૪૩ વર્ણ હોય છે.

કંકેલ્ય જુઓ કંકેલ.

કંકેલ્લ ૧. [સં.] પું. આસોપાલવ; અશોકવૃક્ષ.
 ૨. પું. એક જાતનું શાક.

કંકેલ્લી [સં.] પું. આસોપાલવ; અશોકવૃક્ષ.

કંકોડાં (કંકોડ़ां) ન. બ. વ. કંટોલાં; એક જાતનું શાકફળ. તે જઠરાગ્નિને પ્રદીપ્ત કરનાર અને ચામડીના રોગો, મોળ, અરુચિ, શ્વાસ, ખાંસી અને તાવને મટાડનાર મનાય છે. કેટલાકના મત પ્રમાણે તે વા, પિત્ત તેમ જ વિષ મટાડનાર છે.

કંકોડી (કંકોડ़ी) ૧. [સં. કર્કોટકી] સ્ત્રી. એક જાતની વેલ; કંકોડાની વેલ. તે પહાડી જમીનમાં ઊગે છે. એના કાંદા જમીનમાં થાય છે. તેના ઉપર વરસાદ પડતાં અંકુર ફૂટી વેલા થાય છે. તે ઉપર ઝીણા કાંટા થાય છે. એનાં પાંદડાંની ભાજી સ્વાદિષ્ટ બને છે. તેને કંટોલી પણ કહે છે. જે કંકોડીના વેલા ઉપર ફૂલો આવે છે તે ઉપર ફળો આવતાં નથી, તેથી તેને વાંઝણી કંકોડી કહે છે. જેને ફળ આવે છે તેને અષાડ મહિનામાં ફળો આવે છે. એનું શાક સારૂં થાય છે. કંકોડી રુચિકર, તીખી, અગ્નિદીપક, કડવી અને ગરમ છે તથા વાયુ, કફ, વિષ અને પિત્ત મટાડનાર મનાય છે. ફળ મધુર, લઘુ, પાકકાળે તીખાં તથા અગ્નિદીપક છે, તેમ જ ગુલ્મ, શૂળ, પિત્ત, ત્રિદોષ, કફ, કુષ્ઠ, લાલસ્રાવ, અરુચિ અને હૃદ્રોગ મટાડે છે. પાંદડાં રુચિકર, વૃષ્ય અને ત્રિદોષનાશક છે, તથા કૃમિ, જ્વર, ક્ષય, દમ, ઉધરસ, હેડકી અને અર્શ મટાડનાર મનાય છે.
 ૨. સ્ત્રી. કબાડીની સ્ત્રી.
 ૩. સ્ત્રી. કંટોલાનું મૂળિયું; કપૂરકાચલી.
 ૪. સ્ત્રી. લીલા રંગનું તળિયું.
 ૫. સ્ત્રી. શરદીમાં ગરમી ઉત્પન્ન કરવાને વપરાતી એક વનસ્પતિ.
 ૬. સ્ત્રી. સૂતક કાઢવા માટે સ્નાન વખતે માથામાં નખાતી એક ભૂકી; નાહવા માટે વપરાતી એક સુગંધી ઔષધિ.

કંકોડીઆ (કંકોડ़ीआ) ૧. સ્ત્રી. વાઘરીની એક જાત.
 ૨. ન. વાઘરીનું એ નામની જાતનું માણસ.
 ૩. વિ. વાઘરીની એ નામની જાતનું.

કંકોડું (કંકોડું) [સં. કંક્કોલ; દે. કંકોડં] ન. કંકોડીનું ફળ; એક જાતનું કાંટાકાંટાવાળું લંબગોળ અને નાનું શાક તરીકે વપરાતું ફળ; કંટોલું.

કંકોતરી [સં. કુંકુમપત્રિકા; અપ. કંકવત્તરી–કંકઉત્તરી-કંકોત્તરી] સ્ત્રી. કુંકુમપત્રિકા; મંગળપત્રિકા; વિવાહ અને બીજા શુભ અવસરોની જેની ઉપર કંકુ છાંટેલું હોય એવી આમંત્રણપત્રિકા; લગ્નપત્રિકા.

કંકોત્રી જુઓ કંકોતરી.

કંકોરેલ વિ. મીઠું; સુંદર.

કંકોલ ૧. [સં. કોષફલ] પું. એક જાતની વનસ્પતિનાં બી; ચિનીકબાલા; ચણકબાબ; કબાબચીની. તે કદમાં મરી જેવાં, લીસાં અને ડીંટીઆંવાળાં થાય છે અને તેમાંથી તેલ પણ નીકળે છે. તે શીતળ તથા મૂત્રલ તરીકે પ્રમેહ તથા પેશાબના બીજા રોગમાં વપરાય છે.
 ૨. પું. કંકોલક; કોશફળ; ધઉલા; કટુક.
 ૩. સ્ત્રી. એક જાતનો વેલો. તેના વેલા ચીન તથા હિમાલયમાં થાય છે. તેનાં ફળ કંકોળ કહેવાય છે. તેના દાણા ચણકબાબ જેવા પણ મોટા અને સુગંધીદાર હોય છે. મગજનાં અને છાતીનાં દરદમાં તે વપરાય છે. તે કફઘ્ન ને વાતહર મનાય છે.
 ૪. સ્ત્રી. ચણોઠી.

કંકોલું વિ. કોકરવરણું.

કંકોળ [સં. કંકોલ] ન. કંકોલ. એના વેલા થાય છે. તેનાં ફળને મરચકંકોળ કહે છે. જુઓ કંકોલ.

કંકોળી ૧. સ્ત્રી. કંકુ રાખવાનું પાત્ર; કંકાવટી.
 ૨. સ્ત્રી. (ચારણી) કંકુવરણી કટારી.
 ૩. વિ. સ્ત્રી. પીઢિયાળી; રંગવાળી.

કંકોળું ન. એક જાતનું શાકફળ.

કંકોળેલ ૧. વિ. કંકુ જેવા લાલ રંગવાળું; કંકુવરણું.
 ૨. વિ. મીઠું; સુંદર; કંકોરેલ.

> આછર પાણી આંબડે, ચરવા **કંકોળેલ** કાસ,
> મેયુંને નો મેલાવીયેં, ડોળે સરનો ચાસ.
> દુહો

કંક્રીલા ૧. વિ. બગાડેલું.
 ૨. વિ. રેતીવાળું.

કંખ [સં.] ન. મોજમજા.

કંખલ ન. હરદ્વારથી પૂર્વે બે માઈલ ઉપર ગંગા ને નીલધારાના સંગમ ઉપર આવેલ એક નાનું ગામડું. પુરાણોમાં કહેલો દક્ષયજ્ઞ અહીં થયો હતો.

કંખા ૧. પું. એક જ બાજુ દાંતાવાળો દાંતિયો.
 ૨. [સં. કાંક્ષા] સ્ત્રી. (પ્રાકૃત) આસક્તિ.
 ૩. સ્ત્રી. ઇચ્છા; આકાંક્ષા; ચાહના.

કંખાપદોષ [સં. કાંક્ષાપ્રદોષ] પું. (પ્રાકૃત) પું. મિથ્યાત્વ મોહનીયનો એક પ્રકાર.

કંખિ [સં. કાંક્ષિન્] વિ. (પ્રાકૃત) ઇચ્છનાર.

કંખિય [સં. કાંક્ષિત] વિ. (પ્રાકૃત) ઇચ્છેલું.

કંખી ૧. સ્ત્રી. આંખનો ખૂણો.
 ૨. સ્ત્રી. ત્રાંસી નજર.

કંગ ૧. [સં.] ન. કાંગ નામનું ધાન્ય.
 ૨. ન. બખ્તર; કવચ.

કંગટી ૧. સ્ત્રી. એક જાતનો સોનાનો કમરપટો. મારવાડ અને દક્ષિણમાં સ્ત્રીઓ કમર ઉપર તે પહેરે છે.
 ૨. ન. ખાતરિયું. એરડ લોકો ખાતરિયાને કંગટી કહે છે.

કંગણ ૧. ન. અકાલી સીખનું માથા ઉપર બાંધવાનું લોઢાનું કડું.
 ૨. ન. કંકણ; ચૂડી.
 ૩. ન. ગૂંથણ કામમાં કાંગરી જેવી ગૂંથણીની એક જાતની ભાત. તે કિનારી નીચેના ભાગમાં ગુંથાય છે.
 ૪. ન. સોનારૂપાનું કાંડા ઉપર પહેરવાનું કાંગરાવાળું ઘરેણું.

કંગણી ૧. સ્ત્રી. કંગની.
 ૨. સ્ત્રી. કાંગરાવાળું સોનારૂપાનું હાથનું ઘરેણું; કંગણ.
 ૩. સ્ત્રી. કાંસકી; ઓળણી.
 ૪. સ્ત્રી. ચોખાની એક જાત.

કંગણીદાર વિ. કાંગરાવાળું.

કંગધર ન. એક જાતનું ગાનારૂં પાળી શકાય એવું પક્ષી; ધોળી કલગીવાળું બુલબુલ પક્ષી. પૂર્વ ગોલાર્ધમાં તે વસે છે.

કંગન ૧. [સં. કંકણ] ન. કંકણ; વલય; કટક; હિંદુ સ્ત્રીઓને કાંડે પહેરવાનું એક ઘરેણું.
 ૨. ન. કાંડે બાંધવાનો પટો.
 ૩. ન. જરી ઝીકની દેશી કારીગરી.

કંગનવા ૧. [સં. કંકતિકા] પું. કાંસકો; દાંતિયો.
 ૨. ન. કંગન માટે કાવ્યમાં વપરાતું રૂપ; કંગણ; કંકણ.

કંગના ૧. [સં.] પું. વરકન્યાને કાંડે બાંધેલ દોરો.

૨. સ્ત્રી. કંગનવા.

કંગની ૧. સ્ત્રી. અનાજનો દાણો.

૨. સ્ત્રી. એક જાતની વેલ; કાંગની.

૩. સ્ત્રી. એક જાતનું હલકું ધાન્ય; કાંગ.

૪. સ્ત્રી. કાનસ.

૫. સ્ત્રી. કાંસકી; ઓળણી.

૬. સ્ત્રી. માલકાંકણી.

૭. સ્ત્રી. સોના કે રૂપાની બંગડી; કંકણ.

૮. સ્ત્રી. હાથમાં પહેરવાનો બંગડી જેવો દાગીનો.

કંગર ૧. ન. કાંગરાં.

૨. ન. માટીનું રાંધવાનું વાસણ.

કંગરા ન. ગોરખપુર જિલ્લામાં આવેલું એ નામનું એક સરોવર.

કંગરીવરો પું. ખેડૂત પાસેથી અનાજને બદલે લેવાતો રોકડ વેરો.

કંગરૂ જુઓ કંગારૂ.

કંગરોડ (કંગરોડ઼) ૧. [હિં.] પું. એક જાતનું જળચર પક્ષી.

૨. પું. બરડો; કરોડ.

કંગલા [હિં.] પું. ભિખારી.

કંગલાઈ ન. એક જાતનું ફૂલ. તેને પાંચ પાંખડી હોય છે અને દરેક પાંખડી ચાર આંગળ લાંબી થાય છે. દરેક ડાળે માત્ર અેકેક ફૂલ બેસે છે.

કંગલીંગ ન. દેખાવમાં બેડોળ અને ફૂંકીને વગાડી શકાય તેવું એક વાજું. આ વાજું લાકડાનું બનાવવામાં આવે છે. માણસના સાથળના હાડકાનું બનાવેલું આવું જ વાજું તિબેટના ધર્મગુરુઓ વાપરે છે.

કંગલું ૧. વિ. કંગાલ; રાંક; દીન.

૨. વિ. દરિદ્રી; નિર્માલ્ય.

૩. વિ. દૂબળું; કમજોર.

૪. વિ. નિર્માલ્ય; માલ વિનાનું.

કંગવો પું. કંગની; કાંસકી; ઓળણી; નાની કાંસકી.

કંગહી [હિં.] સ્ત્રી. કાંસકી; ઓળણી.

કંગા [હિં.] પું. દાંતિયો; કાંસકી.

કંગારૂ [અં. કેંગરૂ] ન. ઓસ્ટ્રેલિઅ, ન્યૂ ગિની વગેરે ટાપુઓમાં થતું એક જાતનું પ્રાણી. તેની ઘણી જાતિ છે. તે ૬ થી ૭ ફૂટ લાંબું હોય અને નરથી માદા નાની હોય. તેની દૂંટી પાસે એક કોથળી હોય છે, જેમાં તે પોતાનાં બચ્ચાંને સંતાડે છે. તેના પાછલા પગ લાંબા અને આગલા બિલકુલ નાના અને નકામા જેવા હોય છે. તેનું પૂછડું લાંબું તથા મોટું, ડોક પાતળી અને કાન લાંબા હોય છે. તેનો રંગ ખાખી જેવો હોય છે. તે ૧૫ થી ૨૦ ફૂટની છલંગ મારી શકે છે અને સ્વભાવે બહુ બીકણ હોય છે. ઓસ્ટ્રેલિઅન લોકો તેનો શિકાર કરે છે.

કંગાલ ૧. [ફા. કંગાલહ (અરજ કરવી)] વિ. અનાથ; નિરાધાર.

૨. વિ. ઊજડ; અફળદ્રુપ.

૩. વિ. ગરીબ; દીન.

૪. વિ. તદ્દન; એકદમ.

૫. વિ. નાદાર; દેવાળિયું.

૬. વિ. નિર્માલ્ય; માલ વગરનું; તુચ્છ.

૭. વિ. રખડાઉ.

૮. વિ. રસકસ વગરનું.

૯. વિ. લાચાર; વિવશ.

કંગાલકાનૂન પું. ગરીબ લોકોને નિભાવવાનો ધારો; 'પૂઅર લૉ'.

કંગાલખાનું ન. દરિદ્રગૃહ; ભૂખે મરતાં લોકોનું જ્યાં ભરણપોષણ થાય તેવું સ્થાન.

કંગાલત સ્ત્રી. ગરીબાઈ.

કંગાલતર વિ. મિથ્યાભિમાની.

કંગાલતા સ્ત્રી. કંગાલિયત.

કંગાલબંકા વિ. પૈસા વગરનું ફક્કડ.

કંગાલબાંકા વિ. ગરીબ અને અભિમાની.

કંગાલિન સ્ત્રી. ડાકણ; જાદૂગર સ્ત્રી.

કંગાલિયત ૧. સ્ત્રી. દૈન્ય; ગરીબી; નિર્ધનતા.

૨. સ્ત્રી. નિરાધાર સ્થિતિ.

૩. સ્ત્રી. નિર્માલ્યતા.

૪. સ્ત્રી. હાલહવાલી; ખરાબ સ્થિતિ; કંગાલ દશા.

કંગાલી જુઓ કંગાલિયત.

કંગાળ જુઓ કંગાલ.

કંગાળિયત જુઓ કંગાલિયત.

કંગી ૧. સ્ત્રી. અનાજ ભરવાની મોટી કોઠી.

૨. [હિં.] સ્ત્રી. અનાજનો કોઠાર.

૩. સ્ત્રી. કાંસકી; ઓળણી.

૪. સ્ત્રી. તંગી; તાણ.

૫. સ્ત્રી. નિંદા.

૬. સ્ત્રી. ફજેતી; બદનામી.

૭. સ્ત્રી. મશ્કરી; ઠેકડી.

૮. સ્ત્રી. માછલીની એક જાત.

કંગુ ૧. [સં.] ન. એક જાતની વેલ.

૨. ન. કાંગ; એક જાતનું અનાજ.

કંગુક [સં.] પું. ધઉંલા.

કંગુકા [સં.] સ્ત્રી. કાંગ.

કંગુન પું. કાંગ.

કંગુની [સં.] સ્ત્રી. કાંગ.

કંગુરાદાર [ફા.] વિ. અણીદાર; શંકુ આકારનું.

કંગુરીઆ સ્ત્રી. નાની આંગળી; ટચલી આગળી.

કંગુરેદાર વિ. કાંગરાવાળું.

કંગુરો ૧. પું. કાંકરો; કંકર.

૨. [ફા. કંગુરહ] પું. કાંગરો; દાંતો.

૩. પું. કોટનો કાંગરો; મિનારા ઉપરની નકશી.

૪. પું. તાજ ઉપરનો શણગાર.

૫. પું. નાનો તીણો શિખાંત ભાગ; અણી; ટોચ.

૬. પું. નાનો મિનારો.

૭. પું. બારી.

કંગુલ [સં.] પું. હાથ.

કંગુલતા [સં.] સ્ત્રી. એ નામની એક જાતની વેલ.

કંગુલિકા [સં.] સ્ત્રી. ઝાડો પેશાબ.

કંગુષ્ઠ [સં.] ન. એક જાતની દવામાં વપરાતી માટી. તે રૂપેરી અને સોનેરી બે રંગની હોય છે.

કંગૂરા ૧. [ફા.] પું. કિલ્લાનો કાંગરો.

૨. પું. તાજનો હીરો.

૩. પું. બુરજ.

કંગૂરી [હિં.] સ્ત્રી. કાનની બૂટ.

કંગોઈ [સં.] પું. કાંસકી.

કંઘઈ સ્ત્રી. એ નામની ઔષધિ; બલદાણા.

કંઘા [સં. કંકત] પું. (હિંદી) સ્ત્રી. એક જ બાજુ દાંતાવાળો દાંતિયો; કાંગસી; કાંચકી.

કંઘી ૧. સ્ત્રી. એક જાતની ઔષધિ; બલા; બળ. તેનાં મૂળિયાંનો ઉકાળો નાડી અને ગર્ભાશયના રોગમાં અપાય છે. તેનાં પાંદડાંનું શાક દૂઝતા હરસમાં ફાયદાકારક કહેવાય છે.

૨. સ્ત્રી. કાંગસી; કાંચકી.

૧. કંઘી કરવી = વાળ ઓળવા.

૨. કંઘી સંવારવી = ઊંઘમાં વાળ અવ્યવસ્થિત થયા હોય તે સરખા કરવા.

કંઘીચોટી સ્ત્રી. વાળ ઓળી ચોટલો બાંધવો તે.

કંઘૂઆ પું. એક જાતની ખંપાળી.

કંચ્ ૧. [સં.] અ. ક્રિ. પ્રકાશવું; ચળકવું; ચમકવું.

૨. સ. ક્રિ. બાંધવું.

કંચકુરી સ્ત્રી. વાડમાં ઊગતી એક જાતની વેલ. તેનાં પાન વાળવાળાં અને ત્રણ ખાંચાવાળાં

હોય છે. તેનું મૂળ પરસેવો લાવતું મનાય છે. તાવમાં અને ગરમીના રોગમાં તેનો ઉકાળો અપાય છે.

કંચકો સ્ત્રી. સર્પની કાંચળી.

કંચટાદિ [સં.] ન. સંગ્રહણી મટાડનાર એક ઔષધ.

કંચણ ૧. [સં. કાંચન] ન. કંચન નામનો પર્વત.

૨. ન. કંચન પર્વતના અધિપતિ દેવતાનું નામ.

૩. [પ્રા.] ન. સુવર્ણ; સોનું.

કંચન ૧. પું. કાંચનાર; ચંપો.

૨. પું. ત્ર્યંબકમાંનો એ નામનો એક કુંડ. ત્યાં સરાવવા આવેલ બ્રાહ્મણ યાત્રાળુ ચોખાના પિંડ આ કૂંડમાં નાખે છે.

૩. પું. ધતૂરો; કનકરાજ. તેને સફેદ ફૂલો આવે છે. તેની ત્રણ જાત છે: લાલ, સફેદ અને પીળાં ફૂલવાળી. તેને બંગાળીમાં બિડૂલ, કોવિદાર, લાલકંચન, રક્તકંચન, વાગકંચન અને યુગપત્ર, વરાડમાં કચનાગ, કચનાર અને સંસ્કૃતમાં અશ્માંતક, ચંપાવિદાલ, ઉદ્દાલક અને યુગપત્રક કહે છે. તેનાં પાન ૪ થી ૬ ઇંચ લાંબાં હોય છે. શિયાળામાં તે ખરી પડે છે. કુમળાં હોય ત્યારે તેના ઉપર રૂવાં હોય છે. તેના પાનમાં ૧૧ થી ૧૫ રેસા હોય છે. તેનું વૃંત ૧ થી ૧½ ઇંચ લાંબું અને ફૂલ મોટાં અને સુગંધી હોય છે. જ્યારે પાંદડાં ન હોય ત્યારે ફૂલ આવે. ફૂલની પાંખડી ૨ થી ૨½ ઇંચ લાંબી હોય. તેની શિંગ ૬ થી થી ૧૨ ઇંચ લંબાઈમાં અને ¾ થી ૧ ઇંચ પહોળાઈમાં હોય છે. તેમાં ૧૦ થી ૧૫ બિયાં હોય છે. ડિસેંબરથી એપ્રિલ સુધીમાં તેને ફૂલ આવે છે. સિંધુ નદીના પૂર્વ ભાગમાં, હિમાલય નજીક, આસામ, બર્મા, છોટાનાગપુર, મધ્ય પ્રાંત અને પશ્ચિમ ઘાટમાં તે ઊગે છે. માર્ચ મહિનામાં તેનાં પાન ખરી પડે. નવાં પાંદડાં એપ્રિલ અને મે મહિનામાં આવે. પરાગગમન મધમાખીઓ કરે છે. તેના થડમાંથી એક જાતનો ગુંદર નીકળે છે. તેની છાલ ચામડાં કમાવવામાં વપરાય છે. તેના રેસા પણ ઉપયોગી છે. તેનાં પાન સિગારેટના ઢાંકણ તરીકે વપરાય છે. તેનાં બિયાંમાંથી તેલ નીકળે છે. તેનું લાકડું મજબૂત હોય છે. તેનાં પાન, ફૂલ અને શિંગ શાક તરીકે ઉપયોગમાં આવે છે. બૌદ્ધ લોકો તેને પવિત્ર માને છે.

૪. સ્ત્રી. એક જાતની વેશ્યા.

કંચન બાણુ = જન્મથી કંચન જાતિનું.

૫. સ્ત્રી. કેરીની એક જાત.

૬. ન. ધન; દોલત; પૈસો; લક્ષ્મી.

૭. [સં. કાઞ્ચન] ન. શુદ્ધ સોનું; હેમ; ચોખ્ખું સોનું.

> **કંચન** અર્જુન કાર્તસ્વર હેમ હિરણ્ય સુબર્ન,
> અષ્ટાપદ હાટક પુરટ શાંત કુંભ હરિ સ્વર્ન.
> પિંગળલઘુકોષ

૧. કંચન છે પણ પડ્યું કથીરને હાથ = નીચ માણસની સોબતથી સારા માણસનો મોભો ઘટે છે.

૨. કંચન જેવું = (૧) નિર્મળ; સ્વચ્છ. (૨) ભૂલ વગરનું.

૩. કંચનની નદીઓ વહેવી = નદીના પ્રવાહની પેઠે પુષ્કળ દ્રવ્ય આવવું; ઘણા પૈસાની આવક હોવી.

૪. ક્યાં કંચન ને ક્યાં કથીર = શ્રેષ્ઠ વસ્તુની તુચ્છ વસ્તુ સાથે સરખામણી કરવી એ નકામું છે.

૮. વિ. નિર્દોષ.

૯. વિ. નીરોગ; સ્વસ્થ.

૧૦. વિ. ભેળ વગરનું.

૧૧. વિ. શુદ્ધ; પવિત્ર.

૧૨. વિ. સ્વચ્છ; સુંદર; મનોહર.

કંચનકીર પું. સોનેરી પોપટ.

કંચનખચિત વિ. સોનાથી જડેલું.

કંચનગંગા ન. હિમાલયનું એ નામનું એક શિખર. તે ૨૮,૧૫૦ ફૂટ ઊંચું છે. તે દુનિયામાં બીજે નંબરે ઊંચું ગણાય છે.

કંચનચૂર પું. એક ઊંચી જાતના ચોખા.

કંચનનીર ન. ચોખ્ખું પાણી.

કંચન પુરુષ ૧. પું. યજ્ઞપુરુષ.

૨. પું. સોનાના પત્ર ઉપર કોતરેલી પુરુષની મૂર્તિ. તે મૃતકકર્મમાં બ્રાહ્મણને દેવામાં આવે છે.

કંચનમ ૧. પું. વેશ્યાનો એક વર્ગ.

૨. પું. વેશ્યાનો દીકરો.

૩. ન. સોનું.

કંચનમય [સં.] વિ. સોનાનું બનેલું.

કંચનરાતો પું. એક પ્રકારનું ઝાડ. તેમાં રાતી અને જાંબુડી છાયાવાળાં ફૂલ આવે છે.

કંચનવરણી વિ. સોનાના રંગ જેવી; સુવર્ણરંગી.

કંચનવૃક્ષ [સં.] ન. એ નામનું એક પુષ્પવૃક્ષ; કંચનાર; આસોંદરાને મળતું એક વૃક્ષ. તેની છાલ શોધક, પૌષ્ટિક અને ગ્રાહી તરીકે ગંડમાળ, ત્વચારોગ અને નબળાઈ ઉપર દવામાં વપરાય છે.

કંચનસાલ સ્ત્રી. એ નામની વનસ્પતિ; કંચનાર.

કંચનાર ન. એક જાતનું ઘણું મોટું ઝાડ. એનાં પાંદડાં આંસોદરીના જેવાં થાય છે. એની ધોળી, કાળી ને પીળી એમ ત્રણ જાત છે અને દવાના કામમાં વપરાય છે. એનાં ફૂલની સાધારણ સુવાસ આવે છે. એને શિંગો આવે છે. એના લાકડાનો રંગ રાતો હોય છે અને એ રંગના કામમાં આવે છે. એનાં લાકડાં ઘણાં ચીકણાં હોવાથી એની લાકડીઓ કરાય છે. રાતો કંચનાર શીતળ, સારક, અગ્નિદીપક, તૂરો અને ગ્રાહક છે. તે કફ, પિત્ત, વ્રણ, કૃમિ, ગંડમાલ, રક્તપિત્ત, કોઢ, ક્ષય, પ્રદર, ઉધરસ, વાયુ તથા ગુદભ્રંશનો નાશ કરે છે. ધોળો કંચનાર ગ્રાહક, તૂરો, મધુર, રુચિકર અને રુક્ષ છે. તે દમ, ઉધરસ, પિત્ત, રક્તવિકાર, ક્ષત તથા પ્રદરનો નાશ કરે છે. પીળો કંચનાર ગ્રાહક, દીપક તથા તૂરો છે અને મૂત્રકૃચ્છ્ર, કફ તથા વાયુનો નાશ કરે છે.

કંચનારગૂગલ પું. (વૈદ્યક) એ નામનું ઔષધ. તે બનાવવા ગૂગળ ૧૨, કંચનછાલ ૧૦, ત્રિફલા ૨, ત્રિકટુ ૧, વાયવરણ ૧ અને એલચી, તજ તથા તમાલપત્ર ½ ભાગ લઈ સર્વ દવાઓનું ચૂર્ણ કરી ગોળીઓ બનાવવી. તેમાં મુખ્ય ઔષધિ કંચનારત્વક, ત્રિફલા, ત્રિકટુ, વરુણ અને ગૂગળ છે. તે ધાતુ પરિવર્તક અને ઉત્તેજક છે. તે કંઠમાળ, ભગંદર, કોઢ, નાસૂર અને ગૂમડામાં ઉપયોગી છે. મુંડિના ઉકાળામાં ૪ થી ૧૬ ગ્રેઇનની માત્રામાં તે લેવાય છે.

કંચનિક ન. સોનાની કાચી ધાતુ.

કંચની ૧. [સં. કુંચ્ (અનીતિથી ચાલવું)] સ્ત્રી. ગાઈ બજાવીને આજીવિકા કરનારી સ્ત્રી; જાતથી અને ધંધાથી નાચનાર સ્ત્રી; રામજની; કળાવંતણી; ગણિકા.

૨. સ્ત્રી. સુંદરી; કામિની.

૩. વિ. સોનાનું.

કંચન્ન ન. હિમાલયના નીચાણના પ્રદેશમાં, ભુતાનમાં ૫૦૦૦ ફૂટની ઊંચાઈ સુધી અને પશ્ચિમ તથા દક્ષિણ હિંદમાં થતું એક ઝાડ; જંગલી મિરચ.

કંચપક પું. ગોવાળિયાથી વપરાતો એક જાતનો ધાબળો; કામળો.

કંચમોગા સ્ત્રી. બંગાળના આંબાની ઊંચી જાત માંહેની એક.

કંચરપટ્ટી [મ.] પું. કાચની બંગડીઓ બનાવનાર પાસેથી લેવાતો કર.

કંચરાઈ સ્ત્રી. કાબર.

કંચરી [સં.] પું. કાચનું કામ કરનાર કારીગર.

કંચલી સ્ત્રી. કમખો; ચોળી.

કંચવો ૧. [સં. કંચુક; પ્રા. કંચુઅ] પું. કમખો; ચોળી; કાંચળી; કાપડું.
૨. પું. ઘેટાના ઊનની વણેલી બંડી.
૩. પું. સ્ત્રીઓને ઓઢવાનું કપડું.

કંચહરીતકી સ્ત્રી. સોજા માટે વપરાતી હરડેની બનાવટ. દશમૂળના એક આઢક કવાથમાં એકસો હરડે પકાવી તેમાં જૂનો ગોળ દશ શેર નાખી અવલેહની જેમ ઘાટું થતાં સુધી પકાવવું. પછી તેમાં ૨૪ તોલા ત્રિકટુ, ૮ તોલા જવખાર, તજ તોલા ૨, તમાલપત્ર તોલા ૨, એલચી તોલા ૨ અને મધ તોલા ૬૪ મેળવી ચાટણ જેવું બનાવવું. તેની માત્રા તોલા ૨ થી ૪ છે.

કંચાર ૧. [સં.] પું. આકડાનો છોડ.
૨. પું. સૂર્ય.

કંચાવું ૧. અ. ક્રિ. છેતરાવું; ઠગાવું.
૨. અ. ક્રિ. ભોળવાઈને સોબત કરાવવી.
૩. અ. ક્રિ. હેરાન થવું; સહન કરવું.
કંચાયા સારા પણ વંચાયા ખોટા = હેરાન થવું, મૂંગે મોઢે સહન કરવું તે સારૂં પણ ફજેત થવું તે ખોટું; ધન કરતાં આબરૂની કીમત વધારે છે.

કંચિકા ૧. [સં.] સ્ત્રી. એક જાતનો ક્ષુદ્ર ફોલ્લો; નાનું ગૂમડું.
૨. સ્ત્રી. વાંસની શાખા.

કંચિની ૧. સ્ત્રી. જાતથી અને ધંધાથી નાચનારી સ્ત્રી.
૨. સ્ત્રી. વેશ્યા.

કંચી [હિં.] સ્ત્રી. કાંસકી; ઓળણી.

કંચુ સ્ત્રી. કાંચળી; ચોળી; કમખો.

કંચુઈ ૧. પું. અંતઃપુરરક્ષક.
૨. પું. સર્પ.

કંચુઓ પું. કમખો; ચોળી; કાપડું.

કંચુક ૧. [સં.] પું. કમખો; કાંચળી; ચોળી.
૨. પું. કવચ; બખ્તર.
૩. પું. કોથળી.
૪. પું. ચામડાનો પટો.
૫. પું. છોતલું; ફોતરૂં.
૬. પું. ઝભ્ભો.
૭. પું. પુત્ર વગેરેના જન્મોત્સવ વખતે સેવક વગેરેએ સ્વામીના અંગ ઉપરથી બલાત્કારે ગ્રહણ કરેલ વસ્ત્ર.
૮. પું. વસ્ત્ર; કપડું.
૯. પું. વાલ.
૧૦. પું. સાપે ઉતારી નાખેલી ત્વચા; સાપની કાંચળી.

કંચુકા [હિં.] સ્ત્રી. કાંચળી.

કંચુકાદિસીવન ન. શિલ્પસંહિતામાં વર્ણવેલ ચોસઠ માંહેની એક કળા.

કંચુકાલુ [સં.] પું. સર્પ.

કંચુકિકાર [સં. કંચુકિન્ (કમખો) + કાર (બનાવનાર)] પું. દરજી; ચોળી સીવનાર દરજી.

કંચુકિત ૧. [સં.] વિ. ઉત્તરીય પહેરેલું.
૨. વિ. કાંચળીવાળું.
૩. વિ. બખ્તર પહેરેલું.

કંચુકી ૧. [સં. કંચુકિન્] પું. અંતઃપુરરક્ષક; જનાનખાનાનો ચોપદાર; ખોજો.
૨. પું. ચણક નામનો મુનિ.
૩. પું. ચણા.
૪. પું. છિનાળવો; વ્યભિચારી પુરુષ.
૫. પું. જવ.
૬. પું. ઢાલવાળો કરચલો.
૭. પું. નાટકમાંનું એક ઉપયોગી પાત્ર.
૮. સ્ત્રી. એક જાતની ઔષધિ.
૯. સ્ત્રી. ઓઢણી.
૧૦. સ્ત્રી. કાંચળી; ચોળી; કમખો.
૧૧. સ્ત્રી. દરવાન; દ્વારપાલ.
૧૨. સ્ત્રી. દાસી; પ્રતિહારી.
૧૩. સ્ત્રી. પહેરામણી.
૧૪. સ્ત્રી. બખ્તર.
૧૫. સ્ત્રી. શરીરનો રંગ ગમે તેવો હોય પણ ચારે પગ ધોળા હોય તેવો ઘોડો.
૧૬. સ્ત્રી. સાપ.
૧૭. વિ. કંચુક ધારણ કર્યું હોય તેવું.
૧૮. વિ. લાંબો ઝભ્ભો પહેરનાર.

કંચુકીકુંભ ૧. [સં.] પું. કમખાનો છાતીને ઢાંકનારો ભાગ.
૨. પું. સ્તન.

કંચુકીય પું. નાજર; દ્વારપાળ.

કંચુકોત્સર્ગ [સં. કંચુક (કાંચળી) + ઉત્સર્ગ (કાઢવું તે)] પું. ચામડી ઉતારવી તે; ખોળ ઉતારવી તે.

કંચુગ ૧. પું. ચોળી; કંચવો.
૨. પું. સર્પની કાંચળી.

કંચુમર યોગ પું. એ નામનો યોગ.

કંચુરી ૧. સ્ત્રી. કાંચળી.
૨. સ્ત્રી. ખોળ.

કંચુલિકા [સં.] સ્ત્રી. કંચુકી; ચોળી; કમખો; કાંચળી.

કંચુલી [સં.] સ્ત્રી. કંચુકી; ચોળી; કમખો.

કંચુવો પું. કંચવો; કમખો; ચોળી.

કંચૂલ [સં.] ન. સ્ત્રીઓનો એક અંગાલંકાર; ચોળી.

કંચેરા ૧. [હિં.] સ્ત્રી. કાચ બનાવનાર તથા કાચનું કામ કરનાર એક જાતિ. આ જાતિના લોકો ઘણે ભાગે મુસલમાન હોય છે, પણ ક્યાંક હિંદુ પણ હોય છે.
૨. ન. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું.

કંચેલી સ્ત્રી. હજારા, સીમલા અને જૌસરમાં થતું એક ઝાડ. તેનું લાકડું સફેદ રંગનું અને મજબૂત હોય છે.

કંચોકી સ્ત્રી. કંચુકી; કમખો; સ્ત્રીઓનું એક વસ્ત્ર.

કંચોલું ૧. ન. એક જાતની સુગંધીદાર વનસ્પતિ.
૨. ન. પડઘીવાળો પ્યાલો; કચોલું.

કંચોળું જુઓ કંચોલું ૧.

કંછરાઈ સ્ત્રી. કંચરાઈ; કાબર.

કંછાકચ્છી પું. (પિંગળ) અગિયાર માત્રાના દરેક એવા ૭ પાદની છાસઠ માત્રાવાળો એક વિષમજાતિ માત્રામેળ છંદ.

કંજ ૧. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે કુંડલિયા છંદનો એક ભેદ છે. તેમાં ત્રેવીસ ગુરુ અને એકસો ૭ લઘુ મળી ૧૨૯ વર્ણ હોય છે.
૨. પું. કોયલ.
૩. પું. દર્ભ; દાભ; કાસ.
૪. પું. બ્રહ્મા.
૫. [સં.] પું. માથાના વાળ; કેશ.
૬. સ્ત્રી. પગની એક રેખા. વિષ્ણુના પગમાં તે હોવાનું માનવામાં આવે છે.
૭. ન. અમૃત.
૮. [સં. કં (જલ) + જા (પેદા થવું)] ન. કમળ; પદ્મ; અરવિંદ; પંકજ.

પુંડરીક પુષ્કર કમલ જલજ અબ્જ અંભોજ;
પંકજ સારસ તામરસ કુવલય કંજ સરોજ.
પિંગળલઘુકોષ

૯. ન. લીલાડો; ચોમાસામાં ઊગતો એક જાતનો નાનો છોડ.

કંજઅવલી પું. (પિંગળ) દરેક ચરણમાં ભગણ, નગણ, બે જગણ અને લઘુ મળી તેર અક્ષરવાળો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; પંકવતી. તે અતિજગતી છંદનો એક ભેદ છે.

કંજક [સં.] ન. એક જાતનું પાળી શકાય એવું પક્ષી; મેના; હિંદ અને ઇન્ડિઅન ટાપુઓમાં વસતું એક પક્ષી. આ પક્ષી ચાલાક, બુદ્ધિશાળી અને ચપળ હોવાથી શીખવેલા બોલ પોપટની માફક બોલી શકે છે. ધણી પ્રત્યે તે બહુ જ

ચાહનાવાળું છે. તેનો રંગ થૂથો કાળો છે અને પાંખની કોર ઉપર સફેદ પીછાં હોય છે. માથાની ચાંચ અને પગ પીળા રંગનાં હોય છે. પાછળ ઊજળા પીળા રંગની બે કલગી હોય છે. આ પક્ષીનું શરીર મખમલ જેવું સુંવાળું હોય છે. તેનો ખોરાક ફળ ફળાદિ અને જીવડાં છે.

કંજકી [સં.] સ્ત્રી. મેના પક્ષીની માદા.

કંજજ [સં.] પું. બ્રહ્મા.

કંજડ (કંજડ] સ્ત્રી. એક અનાર્ય જાતિ. તે ભારતવર્ષનાં અનેક સ્થાનોમાં અને ખાસ કરીને બુંદેલખંડમાં જોવામાં આવે છે. આ જાતિનાં લોકો દોરડાં વગેરે બનાવે છે અને ભીખ માગે છે.

કંજન ૧. [સં. કિમ્ (કોણ) + જન (માણસ)] પું. કામદેવ; મદન.

૨. સ્ત્રી. મેના.

કંજનયની વિ. સ્ત્રી. કમળ જેવી આંખવાળી.

વાલમ ગયો વિદેશ, **કંજનયની**નો જ્યારથી;
સાજ સુખોનો સર્વ, તોડી નાખ્યો છે ત્યારથી.
કાવ્યશાસ્ત્ર

કંજનાભ [સં.] પું. વિષ્ણુ.

કંજપુંજગંજન ન. કમળના જથ્થામાં થતો ગુંજારવ.

કંજમુખી વિ. સ્ત્રી. કમળના જેવા મુખવાળી.

કંજર ૧. પું. ઋષિ.

૨. પું. (ભીલી) એક જાતનો છોડ.

૩. [હિં.] પું. એક હલકી જાતિ. સંયુક્ત પ્રાંતોમાં વસતી આ જાતિના લોકો ભીંડી, સૂતર અને ચામડાની દોરી બનાવી વેચે છે.

૪. પું. ગંદો અને બેડોળ માણસ.

૫. [સં.] પું. બ્રહ્મા.

૬. પું. ભડવો.

૭. પું. મોર.

૮. પું. સૂર્ય.

૯. પું. હાથી.

૧૦. ન. આકડાનો છોડ.

૧૧. ન. ઉદર; પેટ.

કંજરા [હિં.] પું. શાકભાજી વેચનાર; કાછિયો; બકાલી.

કંજરાવું ૧. અ. ક્રિ. કજળાઈ જવું.

૨. અ. ક્રિ. ફુગાઈ જવું.

કંજરી ૧. [સં. કંજલ] સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

૨. સ્ત્રી. એક પંખી.

૩. સ્ત્રી. કાંચળી; કાપડું.

૪. સ્ત્રી. ઝાંઝ; ખંજરી.

૫. વિ. લાંબી ચાંચવાળું.

કંજર્યા ૧. સ્ત્રી. કંજરની સ્ત્રી.

૨. સ્ત્રી. કંજરીથી ગવાતા ગીતની જાત.

૩. સ્ત્રી. રખાત.

કંજલ [સં.] પું. મેના પક્ષી.

કંજલાવું ૧. અ. ક્રિ. કજળાઈ જવું.

૨. અ. ક્રિ. ફુગાઈ જવું.

કંજવન ન. કમળવન.

કંજા ૧. પું. કાંક્ચ; કાંકચિયો.

૨. પું. કુવાડિયો.

૩. પું. (પિંગળ) દરેક ચરણમાં જગણ અને મગણ મળી ૭ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ.

જ મા થકી **કંજા**. રણપિંગળ

૪. [હિં.] વિ. આસમાની; ભૂરા રંગવાળું.

૫. વિ. દુખવા આવેલી અને પાણી ઝરતી આંખવાળું.

કંજાનના સ્ત્રી. (પુરાણ) દાશરથિ રામના પુત્ર લવની સ્ત્રી.

કંજાર ૧. પું. આકડાનો છોડ.

૨. પું. ઉદર; પેટ.

૩. પું. ઋષિ; મુનિ.

૪. પું. બ્રહ્મા.

૫. પું. મોર.

૬. પું. સૂર્ય.

૭. પું. હાથી.

૮. સ્ત્રી. મધ્ય હિંદુસ્તાનની એક ભટકતી કોમ.

કંજારિ [સં. કંજ (કમળ) + અરિ (દુશ્મન)] પું. ચંદ્ર.

કંજારી ૧. સ્ત્રી. પૂના બેલગામ તરફ રહેતી શણ અથવા સૂતરનાં દોરડાં બનાવી વેચનાર એક કોમ.

૨. સ્ત્રી. મંજીરાં; તબલાં.

૩. ન. એ નામની કોમનું માણસ.

૪. વિ. એ નામની કોમનું.

કંજાલ પું. શેવાળ.

કંજાવલિ [સં.] પું. (પિંગળ) એક વર્ણમેળ છંદ; પંકજવાટિકા; એકાવલી. તેના દરેક ચરણમાં ભગણ, નગણ, બે જગણ અને એક લઘુ આવે છે.

કંજાવવું ૧. અ. ક્રિ. કજળાઈ જવું.

૨. અ. ક્રિ. ફુગાઈ જવું.

કંજિકમ ૧. સ્ત્રી. ઉકાળેલા ચોખાનું પાણી.

૨. સ્ત્રી. પાણીમાં ચોખા પલાળીને અને દારૂને સોડવીને બનાવેલો સુરકો.

૩. સ્ત્રી. પાણીમાં પલાળેલી રાઈ.

કંજિકા [સં.] સ્ત્રી. બ્રહ્મયષ્ટિકા નામની ઔષધિ.

કંજિયા [હિં.] સ્ત્રી. નાની આંજણી.

કંજી ૧. સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; ભારંગી.

૨. સ્ત્રી. કાંજી.

૩. વિ. આસમાની.

૪. વિ. દુખવા આવેલી અને પાણી ઝરતી આંખવાળું.

કંજીર પું. એક મોટો અને સુશોભિત છોડ; ખારશુફ. આ છોડ સૂકા પ્રદેશમાં ઊગે છે. ઉત્તર હિંદમાં ૨૦૦૦થી ૭૦૦૦ ફૂટ સુધીની ઊંચાઈએ તે સારી રીતે ઊગી શકે છે.

કંજીરા પું. બ. વ. મંજીરાં.

કંજુ ન. એક જાતનું ઝાડ.

કંજૂસ ૧. [સં. કણ (અનાજ) + ચૂષ્ (ચૂસવું)] પું. બખીલ; લોભિયો; મખ્ખીચૂસ.

૨. વિ. કૃપણ; વધારે પડતી કરકસર કરે એવું.

કંજૂસાઈ સ્ત્રી. કૃપણતા; સૂમપણું; બખીલાઈ.

કંજૂસી [હિં.] સ્ત્રી. લોભ; કૃપણતા; ઉદારતાનો અભાવ.

કંઝ ૧. [અ.] પું. ખજાનો.

૨. ન. અમેરિકમાં વસતું એક જાતનું પક્ષી. તે સુંદરતાને એટલી ચાહે છે કે તેના માળા નાના પ્રકારનાં કોડાકોડીથી સજાવેલા હોય છે.

કંઝરી ૧. [સં. કંજર] સ્ત્રી. એક જાતનું પંખી; જળપંખી.

૨. સ્ત્રી. એક વનસ્પતિ.

૩. સ્ત્રી. કાંચળી.

૪. સ્ત્રી. ઝાંઝ; ખંજરી.

૫. સ્ત્રી. લાંબી ડોકનું કાબરચીતરૂં પંખી.

કંઝાર સ્ત્રી. બહુ લીલા રંગની વસ્તુ.

કંટ ૧. [સં.] પું. કાંટો.

૨. વિ. કાંટાવાળું.

કંટક ૧. પું. અણીવાળું હાડકું.

૨. [સં.] પું. આડખીલી; ખલેલ; ફાંસ.

૩. પું. આંગળાંનો નખ.

૪. પું. કાંટો.

૫. પું. કોઈ પણ વસ્તુનો આગળનો ભાગ.

૬. પું. ખરાબ માણસ; કાંટા જેવો નડતો પુરુષ.

૭. પું. ખીલો.

૮. પું. ખોડ; ભૂલ.

૯. પું. ડંખ; ઉઝરડો.

૧૦. પું. તીવ્ર વેદના.

૧૧. પું. દુશ્મન; ક્ષુદ્ર શત્રુ.

૧૨. પું. દુ:ખ આપે એવી વસ્તુ.

૧૩. પું. દુ:ખ કરે એવી વાણી.

૧૪. પું. નડતર; હરકત.

૧૫. પું. બખ્તર; કવચ.

૧૬. પું. મકર એટલે જળરાક્ષસનું એક નામ. તે કામદેવનું એક ચિહ્ન છે.

૧૭. પું. (ન્યાય) ભૂલ બતાવી દલીલો તોડી પડાવી તે.

૧૮. પું. માછલાં પકડવાનો આંકડો; બડિશ; ગલ.

૧૯. પું. રોમાંચ; રૂવાં ઊભાં થવાં તે.

૨૦. પું. લગ્નથી ૧લું, ૪થું, ૧૦મું તથા ૭મું સ્થાન.

૨૧. પું. વર્કશોપ; કારખાનું.

૨૨. પું. વામમાર્ગીનો વિરોધી પુરુષ.

૨૩. પું. વાંસ.

૨૪. પું. વાંસના વર્ગની એક જાતની વનસ્પતિ. તેને ઘઉં જેવાં બિયાં થાય છે.

૨૫. પું. વીંછીનો આંકડો.

૨૬. ન. એક જાતનું દ્વિશાળ ઘર. જે ઘરના મુખ આગળ ચાર અલિંદો કરી તે ચાર આગળ એક મંડપ હોય, જેમાં બે ષટ્દારુઓ આવે તેમ જ જેનું મુખ પશ્ચિમે હોય તે ઘર કંટક ઘર કહેવાય.

૨૭. વિ. કાંટાવાળું.

૨૮. વિ. ઘાતકી; ક્રૂર.

૨૯. વિ. જ્યાં કાંઈ મનમાન્યું ખાવાપીવાનું ન મળે તેવું દરિદ્રી.

૩૦. વિ. દુ:ખદાયક.

૩૧. વિ. માથું ફોડાવનાર.

કંટકકીટ [સં.] પું. શરીરે કાંટા કાંટા હોય તેવો એક કીડો; છોડ ઉપર થતો એક જાતનો કીડો.

કંટકકુંડ [સં.] પું. એ નામનો ૮૬ માંહેનો એક નરકકુંડ.

> છવીશમો કંટકકુંડ ચાર ચાર હાથ શેમળાના કાંટાથી વ્યાપ્ત છે. ભગવતી ભાગવત

કંટકક્ષત [સં.] પું. કાંટાથી થયેલ ઈજા.

કંટકચર્મ [સં. કંટક (કાંટો) + ચર્મન્ (ચામડું)] ન. કાંટાકાંટાવાળું ચામડું.

કંટકચર્મી ૧. [સં.] પું. માત્ર પાણીમાં જ રહેનારાં પ્રાણીઓનો એક ગણ. તેમાં તારકમત્સ્ય, દરિયાઈ શેળા અને તેમના જાતભાઈઓ આવે છે.

૨. વિ. કાંટાળી ચામડીવાળું.

કંટકતરુતન ન. બોરડીનું ઝાડ.

કંટકતૃતીય [સં.] પું. ધમાસો, ભોરીંગણી અને ડમરો.

કંટકત્રય [સં.] ન. ઊભી ભોરિંગડી, બેઠી ભોરિંગડી અને ગોખરૂ. તે ત્રિદોષ તથા ભ્રમનો નાશ કરે તથા જ્વર, પિત્ત, હેડકી, તંદ્રા અને પ્રલાપને મટાડે.

કંટકદ્રુમ ૧. [સં.] ન. કાંટાવાળો કોઈ પણ છોડ.

૨. ન. બાવળ.

૩. ન. શીમળાનું ઝાડ. તે કાંટાવાળું હોય છે.

કંટકદ્વીપ જુઓ કટદ્વીપ.

કંટકનગર ન. બંગાળના બર્દવાન જિલ્લામાં આવેલું એ નામનું એક ગામ.

કંટકનાલ વિ. કાંટાળી દાંડીવાળું.

> પાણીમાં વૃદ્ધિ પામેલું **કંટકનાલ** કમળ પાણીથી અને કાદવથી અલિપ્ત રહે છે. સુત્તનિપાત

કંટકપક્ષક [સં.] વિ. કાંટાળી પાંખવાળું.

કંટકપત્રી જુઓ કંટકપક્ષક.

કંટકપંચમૂલ [સં.] ન. કરમદાં, ગોખરૂ, ભોરિંગણી, કાંટાશેળિયો અને શતાવરી એ પાંચ કાંટાવાળી વનસ્પતિનાં મૂળ. તે રક્તપિત્તને હરનાર, ત્રિદોષજન્ય સોજાનો નાશ કરનાર, દરેક પ્રકારના મેદને મટાડનાર તથા શુક્રના દોષનો નાશ કરનાર કહેવાય છે.

કંટકપાલી ન. એ નામનું ઘાસ.

કંટકપૂર્ણ ૧. [સં.] વિ. કાંટાથી ભરેલું.

૨. વિ. મુશ્કેલીથી પૂર્ણ.

કંટકપૃષ્ઠી [સં.] ન. માછલાંની એક જાત. તેની આંખ માથાની પાછલી બાજુ હોય છે. તેની પૂછડી ઉપર કાંટા હોય છે અને તે કાંટાથી તે પોતાનું રક્ષણ કરે છે.

કંટકપ્રાવૃતા [સં.] સ્ત્રી. એક જાતની કુંવાર.

કંટકફલા સ્ત્રી. કંટોલાનો વેલો.

કંટકફળ ૧. [સં. કંટકફલ] ન. ગોખરૂનું ઝાડ.

૨. ન. ફણસનું ઝાડ.

કંટકભક્ષક [સં.] પું. ઊંટ.

કંટકભાવ [સં.] પું. (જ્યોતિષ) કુંડલીમાં ૧, ૪, ૭, ૧૦ તે દરેક ભાવ; ચતુષ્ટયભાવ.

કંટકભુજ [સં. કંટકભુજ્] પું. ઊંટ.

કંટકમય [સં.] વિ. કાંટાવાળું.

કંટકમર્દક પું. દશમી શતાબ્દિમાં આર્યાવર્તમાં વર્તતો એક ધર્મ.

કંટકમારીષ પું. એક જાતની વનસ્પતિ; ડાંભો.

કંટકયુક્ત [સં.] વિ. કાંટાવાળું.

કંટકયોગ [સં.] પું. (જ્યોતિષ) રવિવારે ત્રીજો, સોમવારે બીજો, મંગળવારે પહેલો, બુધવારે સાતમો, ગુરુવારે છઠ્ઠો, શુક્રવારે પાંચમો અને શનિવારે ચોથો અર્ધપ્રહર.

કંટકરક્ષક [સં.] ન. કાંટારખું; જોડો.

કંટકરંજ [સં.] પું. કાંકચિયો.

કંટકવતી [સં.] વિ. સ્ત્રી. જેમાં ભાલાં જડેલાં હોય એવી.

> ભગ્ન ખડગ થતો મધ્યે તણે,
> અતિ **કંટકવતી** લીધી ગદાય. પ્રેમાનંદ

કંટકવત્ ૧. [સં.] વિ. કાંટાવાળું.

૨. વિ. દુ:ખદાયક; અડચણરૂપ.

કંટકવન [સં.] ન. કાંટાવાળા ઝાડનું વન.

કંટકવિશોધન [સં.] ન. દરેક જાતની અડચણનો નાશ.

કંટકવૃક્ષ જુઓ કંટકદ્રુમ.

કંટકવૃંતાકી [સં.] સ્ત્રી. રીંગણી.

કંટકવેધી [સં. કંટકવેધિન્] વિ. કાંટો ખોસતાં સોંસરો નીકળે એવું પાતળું.

કંટકશય્યા ૧. [સં.] સ્ત્રી. કાંટાની પથારી.

૨. સ્ત્રી. મુશ્કેલીવાળું કામ.

કંટકશિરીષ [સં.] ન. કાંટાળો સરસડો; એ નામની ઔષધ તરીકે વપરાતી એક વનસ્પતિ.

કંટકશોધન [સં.] ન. ચંદ્રગુપ્તના વખતની એક જાતની ન્યાયની અદાલત; ત્રણ અમાત્ય અથવા ત્રણ પ્રદેષ્ટારની બનેલી અદાલત.

કંટકશ્રેણિ ૧. [સં.] સ્ત્રી. કંટકારીવૃક્ષ; ભોંયરીંગણી.

૨. સ્ત્રી. શેઢાડી; એ નામનું એક પ્રાણી.

કંટકસંજ્ઞા જુઓ કંટકભાવ.

કંટકસ્થલ [સં.] ન. એ નામનો એક દેશ.

કંટકાગાર ૧. [સં.] પું. એક જાતનું પ્રાણી; શેળો.

૨. પું. કાકીડો.

કંટકાગ્ર [સં.] પું. એક જાતની ગરોળી.

કંટકાઢ્ય [સં.] પું. શીમળો.

કંટકાર [સં.] પું. એક જાતની વનસ્પતિ; શાલ્મલિ; શીમળાનું ઝાડ.

કંટકારિકા [સં.] સ્ત્રી. એક લતા; ભોંયરીંગણી.

કંટકારી ૧. [સં.] સ્ત્રી. ભોંયરીંગણીની જાતિ; બેઠી ભોરિંગડી.

૨. સ્ત્રી. શીમળાનું ઝાડ.

કંટકારી અવલેહ [સં.] ન. (વૈદ્યક) હેડકી, શ્વાસ વગેરે દરદ ઉપર અપાતી એ નામની દવા. તેની બનાવટ: ચારસો તોલા ભોરિંગડી લઈ બે હજાર અડતાલીશ તોલા પાણીમાં

ઉકાળવી. ચોથો ભાગ રહે ત્યારે તેની અંદર ગળો, ચિત્રક, નાગરમોથ, કાકડાશિંગી, સૂંઠ, મરી, પીપર, ધમાસો, ભારંગીમૂળ, રાસ્ના અને કચૂરો એ દરેક ચાર ચાર તોલા, સાકર એંશી તોલા, ઘી બત્રીસ તોલા નાખવાં. ઠંડું થાય ત્યારે તેની અંદર બત્રીસ તોલા મધ, સોળ તોલા વંશલોચન ને સોળ તોલા પીપર નાખી માટીના ઠામમાં રાખી મૂકવું.

કંટકારી ક્વાથ [સં.] પું. ભોરિંગડીનો ઉકાળો; એક ઔષધ.

કંટકારીઘૃત [સં.] ન. (વૈદ્યક) એક જાતની ઘીની બનાવટ; વૈદ્યક પ્રસિદ્ધ એક ઔષધ. તેની બનાવટ: ભોરિંગડીનાં મૂળનો ક્વાથ શરાવ ૧૬, રાસ્ના, ગોખરૂ, બલાનાં મૂળ, સૂંઠ, પીપર અને મરી એ ૭ દ્રવ્યનું સમાન ભાગે બનાવેલું ચૂર્ણ તોલા ૩૨ અને ઘી શરાવ ચાર એ સર્વેને ઘીની રીતે પકવવું. આ દવા મૂત્રકૃચ્છ્ર, પ્રમેહ અને પ્રમેહપીટિકામાં વપરાય છે.

કંટકારીત્રય [સં.] પું. ઊભી રીંગણી, બેઠી ભોરિંગડી અને ગોખરૂ એ ત્રણ ઔષધિનો સમૂહ.

કંટકારીપુટપાક [સં.] પું. ભોરિંગડીનો પુટપાક; દમ તથા કફ ઉપર અપાતી એ નામની દવા. તેની બનાવટ: ભોરિંગડીનાં કુંપળ લઈ તેને કૂટી ગોળો કરવો. પછી તેને વડનાં પાનમાં વીંટી ઉપર કપડમાટી કરી તેને અગ્નિમાં પકવવો. તે પાકે ત્યારે તે કાઢી લઈ તેને પીસી તેમાંથી રસ કાઢવો.

કંટકારીલવણ [સં.] ન. (વૈદ્યક) એક જાતની દવા. તે ખાંસીના દરદ માટે બહુ ઉપયોગી મનાય છે.

કંટકારી સ્વરસ [સં.] પું. (વૈદ્યક) ભોરિંગડીને ખાંડીને ચોળી કાઢેલો રસ.

કંટકાર્યવલેહ [સં.] ન. (વૈદ્યક) દવામાં વપરાતું એક ચાટણ. તેથી ખાંસી, દમ, કફ, છાતીની નબળાઈ, હૃદયરોગ મટે છે. સવારસાંજ અરધા તોલાથી એક તોલા જેટલું લેવાય.

કંટકાર્યાદિક્વાથ [સં.] પું. (વૈદ્યક) પિત્ત, કફજ્વર માટે વપરાતો ક્વાથ. તેની બનાવટ: ભોરિંગડીનાં મૂળ, ગળો, ભારંગમૂળ, સૂંઠ, ઈંદ્રજવ, ધમાસો, કરિયાતું, રતાંજલી, મોથ, પટોળ અને કડુ દરેક સમાન વજને લઈ અધકચર્યાં ખાંડી તેમાંથી ત્રણ તોલા દ્રવ્ય સોળગણા પાણીમાં ઉકાળી આઠમો ભાગ બાકી રહે એટલે ઉતારી ગાળીને પાવું.

કંટકાર્યાદિપાચન [સં.] ન. ભોરિંગડી ને બીજી દવાઓથી બનાવાતી પાચક ફાકી.

કંટકાર્યાદિવર્ગ [સં.] પું. ધતૂરાનો વર્ગ.

કંટકાર્યાવલેહ [સં.] પું. ભોરિંગડીની બનાવટનું ચાટણ. આ દવા ઉધરસ, પીનસ, શ્વાસ ઉપર અપાય છે.

કંટકાલ [સં.] પું. ફણસનું ઝાડ. જુઓ કંટકફલ.

કંટકાલી ૧. સ્ત્રી. કાંટો.
૨. સ્ત્રી. શત્રુ.

કંટકાલુક [સં.] પું. એક જાતનું ઝાડ; જવાસો.

કંટકાવન [સં.] ન. (પુરાણ) મહારૌરવ નરક કરતાં ચોગણી પીડા જ્યાં ભોગવવી પડે તેવું એક નરક.

કંટકાશન [સં. કંટક (કાંટો) + અશન (ખાવું તે)] ન. ઊંટ. તે કાંટા પણ ખાય છે.

કંટકાષ્ઠીલ [સં.] સ્ત્રી. એક જાતની માછલી. તેને ઘણાં હાડકાં હોય છે.

કંટકાંતરાલ [સં.] પું. ખાસ કરીને બરડા તથા કેડના ભાગમાં રહેલી કશેરૂકાઓમાં નજરે પડતા પાતળા સ્નાયુ.

કંટકિ ન. એક જાતનું ઝાડ; સંદેશરો.

કંટકિત ૧. [સં.] વિ. કાંટાવાળું; જેને કાંટા ઊગ્યા હોય તેવું.
૨. વિ. નડે એવું; નડતરરૂપ.
૩. વિ. પ્રસન્ન; ખુશ.
૪. વિ. મુશ્કેલ; વિષમ.
૫. વિ. રોમાંચિત; પુલકિત; રૂવાં ઊભાં થયાં હોય એવું.

કંટકિની ૧. [સં.] સ્ત્રી. બેઠી ભોરિંગડી.
૨. સ્ત્રી. મીઠી ખજૂરી.

કંટકિફલ ૧. [સં.] પું. ખજૂરીનું ઝાડ.
૨. પું. ગોખરૂ.
૩. પું. ફણસ.
૪. પું. રીંગણી.

કંટકિલ ૧. [સં.] પું. એક જાતનો વાંસ; કાંટાકાંટાવાળો વાંસ.
૨. વિ. કાંટાવાળું.

કંટકિલતા ૧. સ્ત્રી. કાકડીનો વેલો.
૨. સ્ત્રી. કાંટાવાળું હોવાપણું.

કંટકિવૃક્ષ [સં.] પું. કંટકવૃક્ષ.

કંટકિંશૂક ન. એક જાતનું ઝાડ; પાંડેરવો.

કંટકી ૧. પું. ખજૂરનું ઝાડ.
૨. [સં.] પું. ગોખરૂ.
૩. પું. બોરડી.
૪. પું. માછલું.
૫. પું. રાતા ખેરનું ઝાડ.
૬. પું. વાંસ.
૭. સ્ત્રી. એક જાતની રીંગણી.
૮. સ્ત્રી. વીકળો.
૯. ન. એક જાતનું ઝાડ; પાંડેરવો.
૧૦. ન. મીંઢોળનું ઝાડ.
૧૧. વિ. અડચણવાળું; અડચણકર્તા.
૧૨. વિ. કાંટાવાળું; કંટકિત.
૧૩. વિ. મુશ્કેલ; વિષમ.
૧૪. વિ. રોમાંચિત; રૂવાં ઊભાં થયાં હોય એવું.

કંટકીઆ વિ. કંટિયા.

કંટકીજ ૧. [સં.] વિ. કંટકીના ઝાડમાંથી ઉત્પન્ન થતું.
૨. વિ. માછલીમાંથી ઉત્પન્ન થતું.

કંટકીદ્રુમ ૧. [સં.] પું. ખેરનું ઝાડ.
૨. પું. બાવળનું ઝાડ.

કંટકીની સ્ત્રી. વંતાકડી; મીઠી ખજૂરી.

કંટકીફલ [સં.] ન. ફણસનું ઝાડ.

કંટકીફલા [સં.] સ્ત્રી. ખજૂરીનું ઝાડ.

કંટકીલ વિ. કાંટાળું.

કંટકોદ્ધરણ ૧. [સં.] ન. કાંટા કાઢી નાખવા તે.
૨. ન. માર્ગમાંથી મુશ્કેલી દૂર કરવી તે.

કંટતનુ [સં.] સ્ત્રી. બૃહતી નામની વનસ્પતિ.

કંટદલા ૧. [સં.] સ્ત્રી. કેતકી.
૨. સ્ત્રી. કેવડાનું ઝાડ.

કંટદ્રુમ ન. શીમળાનું ઝાડ.

કંટપત્ર [સં.] પું. વિકંકત વૃક્ષ.

કંટપત્રફલા [સં.] સ્ત્રી. બ્રહ્મદંડી નામની વનસ્પતિ; પાંદડાં તથા ફળ કાંટાવાળાં હોય તેવી વનસ્પતિ.

કંટપાદ જુઓ કંટપત્ર.

કંટફલ ૧. [સં.] પું. એક જાતનો એરંડો.
૨. ન. ગોખરૂનું ઝાડ.
૩. ન. ધતૂરાનું ઝાડ.
૪. ન. ફણસનું ઝાડ.

કંટફલા [સં.] સ્ત્રી. એક જાતનો વેલો.

કંટર ૧. [અં. કેંટર] સ્ત્રી. ઘોડાની એક ચાલ.
૨. સ્ત્રી. દારૂ ભરી રાખવાની કાચની બાટલી.

કંટલ ૧. [સં.] પું. બાવળિયો; બાવળનું ઝાડ.
૨. વિ. કાંટાવાળું; કાંટાળું.

કંટલાપડું (કંટલાપડું) ન. એક જાતનું ખડ.

કંટવાડ (કંટવાડ) [સં. કંટક (કાંટો) + વાટ (વાડ)] સ્ત્રી. કાંટાવાડ; કાંટાની વાડ.

કંટવાં વિ. ચોથું.

કંટા ૧. પું. (પિંગળ) એક માત્રામેળ છંદ. તે ત્રિભંગી છંદનો એક ભેદ છે. તેમાં ૩૪ લઘુ અને ૪૭ ગુરુ મળી ૧૨૮ માત્રા હોય છે.

૨. પું. ડગલાને જડવાની પિત્તળની કડી.

૩. પું. દાંતાવાળું હથિયાર.

૪. પું. દુશ્મન.

૫. પું. નાનું ત્રાજવું.

૬. પું. માછલી પકડવાની કડી.

૭. પું. માછલીનું હાડકું.

૮. પું. વળગી રહેવું તે.

૯. પું. શૂળ; કંટક.

૧૦. પું. શેઢાઈનું પીછું.

૧૧. પું. સળેંથો.

૧૨. પું. (ગણિત) સાબિતી; મેળ.

કંટાઈ [હિં.] સ્ત્રી. વીકળો.

કંટાણું વિ. કટાણું; બગડી ગયેલું.

કંટાફેલ [સં.] ન. ફણસ.

કંટાર ૧. [હિં.] વિ. કાંટાળું; કાંટારૂપ.

૨. વિ. લોભિયું.

કંટારા ૧. સ્ત્રી. રબારીની એ નામની એક અટક.

૨. ન. એ અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કંટારિયા ૧. સ્ત્રી. કણબી, લોહાણા, ઢેઢ અથવા મેમણની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કંટારિયું ન. શબ ઉપરનું કપડું; કાંટિયું; ખાંપણનું લૂગડું; કાંટા અથવા ઝરડાં ઉપર ભરવી દીધેલું શબ ઉપરનું વસ્ત્ર.

પ્રથમ કંટારિયું પહેરીને ચાલીઆ,
મરી મટચા તેને કોણ મારે. અખો

કંટારો પું. એક જાતની વનસ્પતિ.

કંટારોથોર પું. એક જાતની વનસ્પતિ; હથેળિયો થોર. તેની ખેતરને વાડ થાય છે. તેનાં પાન મોટાં અને તીક્ષ્ણ કાંટાવાળાં હોય છે. તેનાં લાલ રંગનાં ફળ ઉપર પણ કાંટા થાય છે. તે ગરમ હોવાથી શરદીવાળાં દરદ ઉપર વપરાય છે. એનાં ફૂલ લાલ રંગનાં થાય છે. ફળની અંદરનો ગર્ભ લાલ હોય છે. તે ખાવાના કામમાં આવે છે.

કંટાલુ ૧. પું. ઊંટકટાર નામનો એક કાંટાળો છોડ.

૨. [સં.] સ્ત્રી. બાવળ.

૩. સ્ત્રી. બૃહતી નામની વનસ્પતિ.

૪. સ્ત્રી. રીંગણી.

૫. સ્ત્રી. વાંસ.

કંટાવડાવ્યાસ (કંટાવડાવ્યાસ) ૧. સ્ત્રી. ઔદીચ્ય બ્રાહ્મણની એક અટક.

૨. ન. એ નામની ઔદીચ્ય બ્રાહ્મણની અટકનું.

૩. વિ. ઔદીચ્ય બ્રાહ્મણની એ નામની અટકનું.

કંટાહા પું. મરણક્રિયા કરાવનાર બ્રાહ્મણની એક જાત.

કંટાહ્વય [સં.] ન. કમળનું ગાંઠવાળું મૂળિયું.

કંટાળ ૧. વિ. કાંટારૂપ.

૨. વિ. ધાડ, ચોરી, લૂંટ વગેરે કરનાર.

કંટાળવું ૧. અ. ક્રિ. અકળાઈ જવું; નિરુત્સાહ થવું; અણગમો થવો.

૨. અ. ક્રિ. આળસી જવું.

૩. અ. ક્રિ. ખેદ થવો; દુ:ખી થવું.

૪. અ. ક્રિ. થાકી જવું; કાયર થઈ જવું.

૫. અ. ક્રિ. ધિક્કારવું.

૬. અ. ક્રિ. નાપસંદ પડવું.

કંટાળી ૧. [સં. કંટાસેલ; પ્રા. કંટરૂલ; દે. કંટાલી] સ્ત્રી. કાંટાકાંટાવાળી વનસ્પતિ; હાથિયો થોર.

૨. વિ. સ્ત્રી. કાંટાવાળી; જેને કાંટા થતા હોય એવી.

કંટાળુ ૧. [સં. કંટાલુ] સ્ત્રી. બાવળ. જુઓ કંટાલુ.

૨. ન. ભૂરૂં કોળું. પંચમહાલ તરફ ભૂરા કોળાને કંટાળુ કહે છે.

૩. વિ. કાંટાવાળું.

કંટાળું ૧. [સં. કંટકિલ; પ્રા. કંટરૂલ] ન. કાંટાવાળું ઝાડ; બાવળ, રીંગણી વગેરે.

૨. ન. ભૂરૂં કોળું. તેને સંસ્કૃતમાં કુષ્માંડ, પંજાબીમાં ગોલકદુ, બંગાળીમાં કુમ્રા, મરાઠીમાં પાદરીચીકી, તેલૂગુમાં પુલારા કહે છે. કૂમળાં ફળનું શાક થાય છે. પાંદડાંનો ગર્ભ દવામાં વપરાય છે. તે પૌષ્ટિક, બલ્ય, શીતળ, સારક, મૂત્રલ, રક્તસંગ્રાહક, રક્તપિત્તપ્રશમન, રક્તશોધક, અર્શોઘ્ન, વૃષ્ય, શોધક અને પિત્તશામક છે. પથરી અને મધુપ્રમેહમાં તેનો રસ હિંગ અને જવખાર નાખી પીવાય. પ્રવાલ ભસ્મ સાથે તેનું સેવન કરવાથી રક્તપિત્ત અને ક્ષય રોગને નાબૂદ કરી શરીરની શક્તિ વધારે છે. ક્ષયનાં જંતુઓને નાશ કરવાના ગુણો તેમાં છે. દવા માટે તેનો અવલેહ, મુરબ્બો કે પાક બનાવી શકાય. તેના બીજનું $\frac{1}{2}$ ઔંસ તેલ ભૂખે પેટે આપી ઉપરથી સાદો જુલાબ આપ્યાથી ગોળ, ચપટા અને દરેક જાતના કૃમિ દૂર થાય છે.

૩. વિ. કાંટાવાળું; જેને કાંટા થતા હોય એવું.

કંટાળો ૧. [અ. કંટક (ખલલ) + આલુ (વાળું)] પું. અકળામણ; અણગમો; કાયર થઈ જવું તે.

૨. પું. આળસ.

૩. પું. એક જાતનો થોર; કાંટાનું ઝાડ. આ થોરમાં થોડે છેટે કાંટા હોય અને ફરતી ચાર ધાર હોય.

૪. પું. તિરસ્કાર; ધિક્કાર.

૫. પું. થાક.

૬. વિ. પું. કાંટાવાળો.

ખેર ખાખર ને કાચકી કંટાળા થુએર.
પ્રેમાનંદ

કંટાળોગરિયો પું. પહોળાં પાન અને ગુલાબી ફૂલવાળી એક જાતની વનસ્પતિ.

કંટાળોથોર પું. એક વનસ્પતિ; દૂધિયો થોર.

કંટિ સ્ત્રી. બાજરાનું દાણા કાઢી લીધેલ ડૂંડું.

કંટિયા ૧. પું. બ. વ. લાંઘા; લાંઘણ; ઉપવાસ.

૨. [હિ.] સ્ત્રી. તેલ રાખવાનું વાસણ.

૨. સ્ત્રી. માછલી પકડવાની આંકડ.

૪. વિ. ગળે કાંટો પડે તેવું; થોડું ઘી નાખેલ. લાડુના સંબંધમાં આ શબ્દ વપરાય છે.

કંટિયું ૧. ન. કાપવા માટેનું બકરૂં.

૨. ન. ગાડર બકરાંના માલધારી પાસેથી રાજહક્ક તરીકે ખોરાક માટે લેવાતું બકરૂં અથવા ગાડર.

૩. ન. ડૂંડું; લોળિયું; ડોડો.

કંટિયો પું. ખૂબ જમ્યા પછી બીજે દિવસે કરેલી લાંઘણ.

કંટિજંટ [અં.] ન. પરચૂરણ ખરચ; આકસ્મિક ખર્ચ.

કંટી ૧. સ્ત્રી. અઘેડાનું ઝાડ.

૨. સ્ત્રી. અનાજનું ડૂંડું; ડોડો; કણસલું; લોળિયું.

૩. સ્ત્રી. એક જાતની માછલી.

૪. સ્ત્રી. ખેરનું ઝાડ.

૫. સ્ત્રી. ગોખરૂનું ઝાડ.

૬. સ્ત્રી. ઘોડાંનું જોગાણ.

૭. સ્ત્રી. ચોખાના દાણાના કણ.

૮. સ્ત્રી. ડાંગર, ઘઉં વગેરેના છોડ ઉપરનો ડોડો અથવા ડૂંડી.

૯. સ્ત્રી. તાજી લીલી ડાંગર.

૧૦. સ્ત્રી. બાજરીનાં ડૂંડાંનો લાગો; બાજરાની જન્સીમાંથી રાજહક્ક તરીકે લેવાતી લેતરી. ખેતરમાં ડૂંડાં થવા આવે ત્યારે ગામ દીઠ એકેક બબ્બે ઘોડાં દરબાર મોકલતા. તેને માટે એકુ પાસેથી વારા પ્રમાણે સકણસી એટલે ડૂંડાં સહિત જાર વેઠિયા પાસે મંગાવવામાં આવતી. ઘોડા મોકલવા બંધ થતાં આ બાબત વહીવટમાં દાખલ થઈ.

૧૧. સ્ત્રી. બાવળની કાંટનું ઝીણું સોરણ.

૧૨. [સં. કંટિન્] વિ. કાંટાવાળું.

૧૩. વિ. સ્ત્રી. હઠીલી; તોફાની.

કંટીલું વિ. મોહક.

કંટીલી આંખ = મોહક નજર.

કંટીવાળો ૧. પું. (વ્યંગ્ય) કપાળે લગાડાતી ભસ્મ અથવા કરાતું તિલક.

૨. પું. કંટેવાળો; દેવતા ઉપર મૂકવાના રસોઈના વાસણને આંચ લાગે એવી બહારની બાજુએ માટી અથવા રાખનો લેપ.

કંટીવેરો પું. બાજરીનાં ઠૂંઠાંનો લાગો. જુઓ કંટી ૧૦.

કંટુ સ્ત્રી. ઘણે ભારે વ્યાજે ધીરવામાં આવતી નાની રકમ.

કંટુકરણ પું. વ્યાજખાઉ; બહુ ભારે વ્યાજે નાની રકમ ધીરનાર માણસ.

કંટુકા ન. કડું.

કંટુડિયા (કંટુડ઼િયા) [સં. કર્ણ (કાન) + ગુટ્ (ભાંગવું)] સ્ત્રી. બાળકને રમવાની કુલ્લી જેવડી નાની કોઠી.

કંટુલ પું. એક જાતનો છોડ; બીલવતી અનનાસ. તે પોચી જમીનમાં ઊગે છે.

કંટું ૧. ન. ખરેટું; ગાય ભેંસનું વિયાયા પછીનું એક બે દિવસનું જાડું ચીકણું દૂધ.

૨. વિ. આકરૂં; કડક; ઉગ્ર.

૩. વિ. ક્રોધી; મિજાજી; જલદ સ્વભાવવાળું.

કંટૂડિયો (કંટૂડ઼િયો) પું. માટીનું એક જાતનું નાનું વાસણ; બાળકોને રમવાની કુલડી.

કંટૂનમેંટ [અં. કેંટન્મેંટ] સ્ત્રી. (હિંદી) છાવણી.

કંટેવાળો ૧. પું. (વ્યંગ્ય) કપાળે ભસ્મ લગાડવી અથવા તિલક કરવું તે.

૨. [સં. કંઠ (ડોક) + વૃ (ઢાંકવું)] પું. દેવતા ઉપર મૂકવાના રાંધવાના વાસણને આંચ લાગે એવી બહારની બાજુએ માટી અથવા રાખનો લેપ; કંટીવાળો.

૩. પું. બધું ખાઈ જવું તે; તદ્દન ઉકેલી મૂકવું તે.

કંટેસરિયા ૧. સ્ત્રી. કડવા કણબીની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

કંટેસરી ૧. [સં. કંઠ (ગરદન) + સર (જવું તે)] સ્ત્રી. કંઠી; કંઠે પહેરવાની સેર; ગળામાં પહેરવાનો એક દાગીનો.

૨. સ્ત્રી. કાંટાસળિયો નામની એક વનસ્પતિ.

કંટો ૧. પું. કાંટો.

૨. વિ. પું. ખારો; તીખો; તેજ; આકરો; ક્રોધી.

કંટોડિયું (કંટોડ઼િયું) ૧. ન. અધણુખાડ.

૨. ન. કચરોપૂંજો નાખવાનો ખાડો; ઉકરડાનો ખાડો.

કંટોલ ન. કંટોલું; કંકોડું.

કંટોલી [સં. કર્કોટકી; દે. કંટોલ] ન. એક વનસ્પતિ. તે ચોમાસે રાનમાં ઊગે છે. જમીનમાં એના કંદ હોય છે. વરસાદ પડવાથી તે અંદર ફૂટી વેલા થાય છે. તેને પીળાં ફૂલ અને ગોળ નાનાં કાંટાવાળાં લીલાં ફળ આવે છે. ફળને કંટોલાં કહે છે. એનો વેલો પાંચ દશ હાથ લાંબો હોય છે. અષાડ માસમાં ફળ આવે છે. જે કંટોલીના વેલાને ફક્ત ફૂલો જ આવે છે પણ ફળ આવતાં નથી તે વેલાને વાંઝણી કંકોડી કહે છે. કંટોલાં ભેદક, પિત્તહર, કફઘ્ન, શીતલ, વાતલ અને મૂત્રલ છે.

કંટોલું [સં. કર્કંધુ] ન. કંકોડું; એક જાતનું શાકફળ. તેની સપાટી ઉપર લીલા લીલા કાંટા એટલે રૂવાં થાય છે. કૂમળાં ફળોનું શાક બહુ સ્વાદિષ્ટ થાય છે. પંજાબમાં તે નાનાં અને જરાં કડવાં, બંગાળમાં લંબગોળ, મોટાં અને મીઠાં, ગુજરાત અને દખ્ખણમાં ગોળ અને મીઠાં થાય છે. તાવ કે બીજી બીમારીમાં તે પથ્ય પ્રિય શાક છે. તેના કટકા કરી મીઠું લગાડી નીચોવીને પાણી કાઢી નાખવાથી તેના કટુ પૌષ્ટિક ગુણો ઓછા થાય છે. તેનાં સૂકાં ફળોનું ચૂર્ણ સૂંઘવાથી છીંકો આવી શિરોવિરેચન થઈ માથાનો દુખાવો, નાકના રોગ અને કફરોગ મટે છે. તેમાં ઉત્તેજક, ગ્રાહી, આરોગ્યવર્ધક, સારક, રક્તશોધક અને મૂત્રલ ગુણો છે. તેથી રક્તાર્શ મટે છે એમ મનાતું હોવાથી અર્શનું લોહી લાલ કરવા અને આંતરડાના રોગોમાં વૈદો વાપરે છે.

કંટોલો ૧. પું. એક જાતનો કંટોલીના જેવો વેલો. તેમાં નરફૂલ થાય છે પણ માદાફૂલ થતાં નથી, એટલે ફળ પણ થતાં નથી.

૨. પું. વાંઝણી કંકોડી.

કંટોળ પું. કંટોલીના મૂળનો ભૂકો.

કંટોળું જુઓ કંટોલું.

કંટૌ ૧. પું. ઘોડાને મારવાનો કાંટો.

૨. પું. જીભનું ખરબચડું હોવાપણું.

૩. પું. ડગલો બીડવાની પિત્તળની કડી અને આંકડી.

૪. પું. દાંતાવાળું હથિયાર.

૫. પું. દુશ્મન.

૬. પું. નાનું ત્રાજવું.

૭. પું. પેગડું.

૮. પું. માછલી પકડવાની કડી.

૯. પું. માછલીનું હાડકું.

૧૦. પું. વળગી રહેવું તે.

૧૧. પું. શેઢાઈનું પીછું.

૧૨. પું. સળેથો.

૧૩. પું. (ગણિત) સાબિતી; મેળ.

૧૪. પું. સૂળ; કંટક.

કંટ્રાક્ટ ૧. [અં. કૉંટ્રેક્ટ] પું. અમુક કામ કરવાની કબૂલાત.

૨. પું. ઈજારો.

૩. પું. ઊધડું રાખેલું કામ.

કંટ્રાક્ટર [અં. કૉંટ્રેક્ટર] પું. ઈજારદાર; ઠેકેદાર.

કંટ્રાટ [અં. કૉંટ્રેક્ટ] પું. ઈજારો.

કંટ્રાટી [અં. કૉંટ્રેક્ટર] પું. ઈજારદાર.

કંટ્રોલ [અં.] પું. અંકુશ.

કંઠ્ ૧. અ. ક્રિ. (ધાતુ) આતુર હોવું; દિલગીરીથી યાદ કરવું. તે ઉપરથી નીકળેલા શબ્દો: કંઠિત; ઉત્કંઠા.

૨. અ. ક્રિ. દિલગીર થવું; અફસોસ કરવો.

કંઠ ૧. પું. અગ્નિકુંડને ફરતી એક તસુ જગ્યા; યજ્ઞનો અગ્નિ રાખવાની વેદિના ખૂણાથી એક ઇંચનું અંતર.

૨. પું. અવાજ જેમાંથી નીકળે તે ભાગ અથવા અવયવ.

કંઠે કાંટા પડવા = (૧) કંઠ બેસી જવો. (૨) કંઠ સુકાઈ જવો.

૩. પું. એક જાતની ઔષધીય વનસ્પતિ.

૪. પું. (શિલ્પ) એક જાતનું કોતરકામ. જુઓ અબ્જ.

૫. પું. (સંગીત) એક જાતનો મધ્યમ સુર.

૬. પું. (પિંગળ) એક માત્રામેળ છંદ. તે કાવ્ય છંદનો એક ભેદ છે. તેમાં ૫૪ લઘુ અને ૨૧ ગુરુ મળી ૯૬ માત્રા હોય છે.

૭. પું. કાંઠલો; કાંઠો.

૮. પું. કિનારો; તીર.

૯. પું. ગર્ભાશયનું મુખ.

૧૦. પું. ઘોષ સ્વર.

૧૧. પું. ધડ અને માથાની વચ્ચેનો શરીરનો ભાગ; ગળું; ગ્રીવા; ગરદન; ડોક.

ગલ નલ કંધર ગ્રીવ અને કંઠ કપોત સમાન;
તાંબુલ રસની રેખ તીર્યાં શોભી રહી મહાન.
પિંગળલઘુકોષ

૧. કંઠ ફૂટવો = (૧) ઘાંટી ફૂટવી; ગળાની આગળ એક મોટા હાડકાનું વધવું. (૨) જુવાની આવતાં છોકરાનો અવાજ ઘોઘરો થવો. (૩) પક્ષીને કાંઠલો આવવો. (૪) બોલવાનું શરૂ કરવું.

૨. કંઠ બંધ થવો-રૂંધાવો = (૧) ગળામાંથી દમ લેવાતો બંધ લેવો. (૨) શ્વાસ રૂંધાવો એ મૂળ અર્થ ઉપરથી લાક્ષણિક અર્થે તકરારમાં હારવું; નિરુત્તર થવું; મોં બંધ થઈ જવું.

૩. કંઠ ભરાવો = જુસ્સાથી બોલતાં ગદ્‌ગદ્‌ થઈ જવું; નહિ બોલી શકાવું.

૪. કંઠ સુકાવો = (૧) ગળે શોષ પડવો; તરસથી ગળું સુકાવું. (૨) દૂબળા થવું.

૫. કંઠે પ્રાણ આવવો = (૧) અંત આવવો; આવી બનવું; અવધ આવી રહેવી. (૨) કોઈ વસ્તુ અથવા વિષયમાં સામેલ થવા નાખુશ થવું. (૩) ગભરાઈ જવું. (૪) બહુ મુશ્કેલ પડવું. (૫) મરણાંત ભય લાગવો; મહા આપત્તિમાં પડવું. (૬) મરવા જેવું થવું; મરવા જેવું લાગવું.

૬. કંઠે પ્રાણ આવે તોપણ = જિંદગી જોખમમાં હોય તોપણ.

૭. કંઠે શોષ પડવો = તરસ લાગવી.

૧૨. પું. નહિ ઉઘડેલી કળી.

૧૩. પું. પડોશ; નજીકપણું.

૧૪. પું. મીંઢોળ. લોકો મીંઢોળની માળા કરીને ગળામાં નાખે છે માટે તેને કંઠ કહે છે.

૧૫. પું. મોઢાની બારી, તેની તળેટી અને તેની આસપાસનો નળાકાર ભાગ; હૈડિયો.

કંઠ નીકળવો = (૧) પુખ્ત ઉમરનું થવું. (૨) હૈડિયો બહાર નીકળવો.

૧૬. પું. સ્વર; સાદ; ઘાંટો; અવાજ.

૧. કંઠ ખૂલવો = બહુ સારો સ્વર નીકળવો.

૨. કંઠ બેસવો = ગળું બેસી જવું.

૩. કંઠ બેસી જવો = (૧) ઝીણો ઘાંટો નહિ નીકળવો; અવાજ બેસૂરો થઈ જવો.

૪. કંઠ વિનાનું શાનું ગાવું? = મધુર અવાજ વિના સારા ગાનારા થવાતું નથી.

૫. ખુલ્લે કંઠે ગાવું = ચોખ્ખા અવાજે ગાવું; સ્વતંત્રપણે ગાવું; ખુલ્લેથી ગાવું.

૬. જાડો કંઠ = મોટો અને ઘોઘરો અવાજ.

૭. ઝીણો કંઠ = તીણો સ્વર.

૮. મધુર કંઠ = મોહ પમાડે એવો અવાજ.

૧૭. સ્ત્રી. ઓખા તરફ મળતી એક જાતની માછલી.

૧૮. ન. મીંઢોળનું ઝાડ; મદનવૃક્ષ.

૧૯. વિ. કંઠેથી ઉચ્ચારેલું.

૨૦. અ. મોઢે; જીભને ટેરવે.

૧. કંઠ કરવું = ગોખી મોઢે કરવું; યાદ રાખવું.

૨. કંઠે કરવું = મોઢે કરવું; પાઠે કરવું; ગોખીને તૈયાર કરવું.

૩. કંઠે હોવું = જીભને ટેરવે હોવું.

કંઠઅસ્થિક [સં.] ન. ડોકનું હાડકું; હૈડિયો.

કંઠકરેજ ન. કાંકચ.

કંઠકર્ણસુરંગા સ્ત્રી. ગળા અને કાન વચ્ચે આવેલી નળી.

કંઠકળા સ્ત્રી. ગાવાની કળા.

કંઠકુબ્જ [સં.] પું. ફેફસાંના પડનો વરમ; સન્નિપાતની મુખ્ય તેર જાતો માંહેની એક; 'પ્લ્યુરસિ'. ગળું દુખવું, દાહ, બેસાવધપણું, કંપ, જ્વર, બડબડ, મૂર્ચ્છા એ તેનાં મુખ્ય લક્ષણ છે.

કંઠકૂજિકા જુઓ કંઠકૂણિકા.

કંઠકૂણિકા [સં.] સ્ત્રી. વીણા નામનું વાદિત્ર.

કંઠકૂપ [સં.] પું. ગળાના ભાગમાં ખાડા જેવો પ્રદેશ; ઉરઃફલકના ગ્રૈવેયક નામના ભાગની ઉપલી કિનારીમાંનો એ નામનો ખાડો.

કંઠક્ષય [સં.] પું. ગળાનો ક્ષય.

કંઠગ [સં.] વિ. ગળા સુધી પહોંચતું.

કંઠગત ૧. [સં.] વિ. ગળામાં આવેલું.

૨. વિ. ગળા સુધી પહોંચેલું.

કંઠગાયન ન. મોઢેથી બોલવાનું ગાયન.

કંઠગુણ પું. કંઠી.

કંઠગ્રહ ૧. [સં.] ન. આલિંગન.

૨. ન. કમંડળને નાળચેથી પકડવું તે.

કંઠગ્રંથિ ૧. [સં.] સ્ત્રી. એક પ્રકારનું કોમલાસ્થિ. તે કૂકના પાછલા ઉપલા ભાગનું ઘટ છે. માનુષી આરંભક ગર્ભાવસ્થા દરમિયાન શૃંગાટકના નીચલા ભાગમાંથી અંદર ને અંદર બંધાતી તે એક નળી હીન ગ્રંથિ છે.

૨. સ્ત્રી. ગળાંની એક ગ્રંથિ; 'થાઇરૉઈડ ગ્લૅંડ'.

કંઠચક્ર [સં.] ન. ગળામાં આવેલું નાડીનું ગૂંચળું.

કંઠચર્મ [સં. કંઠચર્મન્] ન. ગળાની ચામડી.

કંઠચાપીકરન્યાય [સં. કંઠ (ડોક) + ચાપીકર (સોનું) + ન્યાય (દાખલો)] પું. ડોકમાં સોનાનો હાર હોય છતાં તે માટે અહીં તહીં શોધતા ફરવું તે. આનંદસ્વરૂપ બ્રહ્મ પોતાનામાં હોવા છતાં અજ્ઞાનતાને લીધે સુખ માટે અનેક જાતનું દુઃખ ભોગવવાના દૃષ્ટાંતમાં આ ન્યાય કહેવાય છે.

કંઠચેતની [સં.] સ્ત્રી. ગળાની એક નાડી; મન્યાનાડી.

કંઠતટ [સં.] પું. ગળાની બાજુ.

કંઠતટી જુઓ કંઠતટ.

કંઠતરંગ [સં.] ન. એક જાતનું વાદ્ય.

કંઠતલાસિકા [સં.] સ્ત્રી. ઘોડાની ડોકની આસપાસ વીંટાતો દોરો.

કંઠતંતુ [સં.] પું. સ્વરતંતુ; વાચિકતંતુ; ધ્વનિવાહકતંતુ.

કંઠતાન પું. (સંગીત) કંઠમાંથી લેવામાં આવતુ તાન.

કંઠતાલવ્ય [સં.] વિ. કંઠ અને તાલુ એ બંનેની મદદથી ઉચ્ચારાતું.

કંઠતાલુ ૧. ન. કંઠ અને તાલુસ્થાનથી બોલાતો શબ્દ.

૨. ન. વર્ણનું એક સ્થાન.

કંઠત્રાણ [સં.] ન. ગળાનું બખ્તર; ડોકનું રક્ષણ કરનાર બખ્તર.

કંઠદોરી સ્ત્રી. કંઠનળીની અંદર આવેલી ઝીણી તાંત. તેની વચ્ચે હવા પસાર થતાં તે તંગ અથવા ઢીલી થાય અને તેમાંથી અનેક પ્રકારના અવાજ નીકળે.

કંઠદ્વાર [સં.] ન. ગળાનું બારણું; નળગોટાના તારની વચ્ચેનો લાંબો, સાંકડો ને ત્રિકોણાકાર રસ્તો, જેમાં થઈને હવા જાય આવે છે.

કંઠદ્વારપાલ [સં.] પું. શ્વાસમાર્ગનો પડદો; સ્વરયંત્રચ્છદ; ગોજિહ્વિકા; ગળામાંથી ખોરાક કે પ્રવાહી પસાર થતી વખતે શ્વાસરંધ્રને બંધ કરતું ઢાંકણ જેવું કોમળ હાડકાનું બનેલું ઉપાંગ; ઉપજિહ્વા.

કંઠધાન [સં.] પું. એ નામનો એક દેશ.

કંઠનલિકા [સં.] સ્ત્રી. વાયુનળી; શ્વાસનળી. આ નળી લગભગ ચાર ઈંચ લાંબી છે. ગળાના નીચેના ભાગમાં ફેફસાં સુધી વાયુ પહોંચાડવાનું કામ તે કરે છે.

કંઠનળી જુઓ કંઠનલિકા.

કંઠનાડી (કંઠનાડ઼ી) સ્ત્રી. ગળાની એક નાડી; ગ્રૈવેયક નાડી.

કંઠનાલી જુઓ કંઠનલિકા.

કંઠનાલી અવરોધ [સં.] પું. શ્વાસનળીનું રૂંધાઈ જવું તે.

કંઠનાલીપ્રદાહ [સં.] પું. શ્વાસનળીનો સોજો.

કંઠનાલી રોગ [સં.] પું. શ્વાસનળીનો વ્યાધિ.

કંઠનાલી વિજ્ઞાન [સં.] ન. શ્વાસનળી સંબંધી વિદ્યા.

કંઠનાળ ૧. સ્ત્રી. ગળાની નળી; શ્વાસ લેવા માટેની ગળાની નળી.

૨. સ્ત્રી. નરડી; અવાજનળી. તે ત્રિકોણ આકારની છે અને નવ કુમળાં હાડકાંની બનેલી છે.

કંઠનીડક (કંઠનીડ઼ક) ૧. [સં.] પું. એક જાતનું પક્ષી; સમળી.

૨. પું. પતંગ.

કંઠનીલક [સં.] પું. મશાલ; મોટો દીવો.

કંઠપટલ [સં.] ન. કરોટિતલના મધ્યભાગમાં આવેલો એક ભાગ.

કંઠપરંપરા સ્ત્રી. એક મોઢેથી બીજે મોઢે વાત જવી તે.

કંઠપાક [સં.] પું. ગળાનો એક જાતનો રોગ.

કંઠપાશ ૧. [સં.] પું. કંઠલો; કાંઠલો.

૨. પું. કંઠાશ્લેષ; કોટી કરવી તે.

૩. પું. ગલપટ્ટો.

૪. પું. ગળાફાંસો; ગળે વીંટાય એવું વસ્ત્ર, દોરડું વગેરે જે કાંઈ હોય તે.

કંઠપાશક [સં.] પું. હાથીને ગળે વીંટવાની દોરી.

કંઠપાસ જુઓ કંઠપાશ.

કંઠપિંડ [સં.] પું. ગળામાં આવેલી એક ગ્રંથિ.

કંઠપીડનાસન (કંઠપીડ઼નાસન) [સં.] ન. (યોગ) ચોરાસી માંહેનું એક આસન. જુઓ યોગાસન.

કંઠપ્રસર [સં.] ન. મન્યા પ્રવર્દ્ધન; અનુકૂટ પ્રવર્દ્ધન.

કંઠબંધ ૧. [સં.] પું. (યોગ) કંઠના મૂળમાં દાઢીને દબાવી રાખવાની ક્રિયા. તે સમયે પીઠ, કેડ, ગળું અને માથું સીધી લીટીમાં એકસરખાં રહેવાં જોઈએ. તે વિના લાભ થતો નથી. આથી બરડાની કરોડમાંના મણિઓનું સ્થાન શુદ્ધ થાય છે. થોડો વખત દાઢીને કંઠમૂળમાં દબાવી રાખ્યા પછી માથું અને ગળું સીધાં કરી લેવાં. વળી ફરીથી દાઢીને કંઠમૂળમાં લગાડવી. આ પ્રમાણે વારંવાર કરવું. ખૂબ મહાવરો થયા પછી લાંબા વખત સુધી કંઠબંધ કરવો. પછી માથાનો પાછલો ભાગ ગળાના પાછલા ભાગ સાથે અડાડવો. તે સમયે આંખ, નાક અને મુખ આકાશ તરફ આવી રહેશે અને છાતી આગળ નીકળી આવશે. પછી જમણા ખભા સાથે જમણો કાન અને ડાબા ખભા સાથે ડાબો કાન અડાડવો. આમાં ખભો ઊંચો ન થવો જોઇએ. આ પ્રમાણે વારંવાર કરવાથી વિરુદ્ધ દિશાની નાડીઓ શુદ્ધ થાય. પછી ગળું ફેરવીને દાઢી એક ખભા સાથે અડાડી રાખવી ને થોડી વાર પછી એ જ પ્રમાણે બીજા ખભા સાથે દાઢીને અડાડી રાખવી. આ પ્રમાણે વારંવાર કરવાથી ગળું શુદ્ધ થાય છે. પછી દાઢીને સ્કંધાસ્થિમાં લગાડવી અને પછી શીર્ષાચક્રની ક્રિયા કરવી, એટલે સમસૂત્રમાં ઊભા રહીને ગળું અને માથું બંનેને ગોળ ફેરવવાં, જેટલાં ફેરવી શકાય તેટલા ફેરવવાં. આ પ્રમાણે ડાબું, જમણું વારંવાર ઘુમાવવાથી ઘણો ફાયદો થશે.

૨. પું. હાથીની ડોક માટેની દોરડી.

કંઠબંધકા [સં.] પું. ગળાફાંસો; ગળામાં બંધન.

કંઠબંધન ૧. [સં.] ન. ગળાફાંસો.

૨. ન. ગળે બાંધવાનુ કપડું; ગળેબંધન.

કંઠભૂષણ [સં.] ન. ગળાનો દાગીનો.

કંઠભૂષા [સં.] સ્ત્રી. કંઠો; હાર; ડોકમાં પહેરવાનું ઘરેણું.

કંઠમણિ ૧. [સં.] પું. અત્યંત પ્રિયજન; વહાલો માણસ.

૨. પું. કંઠી એટલે હારમાંનો હીરો.

૩. પું. ગળામાં ધારણ કરવાનો કોઈ મણિ.

૪. પું. ઘણી જ વહાલી વસ્તુ.

૫. પું. ઘોડાના ગળા ઉપર દેખાતી એક ભમરી.

૬. પું. હૈડિયો; ગળાનો બહાર તરતો દેખાતો ભાગ; ગળાની ઘાંટી.

૭. વિ. અતિ વહાલું.

કંઠમણિન્યાય [સં.] પું. મણિ ગળામાં જ હોય છતાં તે વીસરી જઈને બીજે શોધવા બેસવું તે; છોકરું કેડમાં હોય છતાં ગામમાં ગોતવા જવું તે.

કંઠમણી જુઓ કંઠમણિ.

કંઠમાધુર્ય [સં.] ન. સૂરની મધુરતા; અવાજની મીઠાશ.

કંઠમાલા ૧. પું. કંઠમાળ; ગળાનો એક રોગ; ગંડમાળ. કીટાણુઓના દાખલ થવાથી આ રોગ થાય છે. તેથી જડબાની નીચેની ગ્રંથીઓ ફૂલે અને તેમાં વ્રણ થાય. તે ક્ષયનું એક રૂપ છે. તેમાં ગળાની રગો વધે છે. શરૂઆતમાં હડપચી અને કાનની પાછળ ઝીણી ઝીણી ગાંઠો થઈ વખત જતાં વધી પડી પાકે, અથવા તો થોડે દિવસે કે મહિને પાછી ઊપડે. રસપિંડમાં ટ્યુબરકલ નામનાં સૂક્ષ્મ જંતુનો જમાવ થવાથી તેની વૃદ્ધિ થઈ પાક થવાથી ગળામાં તેની ગાંઠો થાય. તે ગળાની બંને બાજુએ માળાની માફક થઈ રહે. છેવટે દુખાવો થઈ તે પાકે અને તેમાં પડેલાં ક્ષત ઘણા દિવસ સુધી રૂઝાતાં નથી. કાખ, બાહુમૂળ, બોચી અને ગળું એવા ઠેકાણે કફથી મેદ દુષ્ટ થઈ નાનાં બોર, મોટાં બોર અને આમળાં જેવડી ગાંઠો ઉત્પન્ન થાય તેને કંઠમાળ કહે છે. આ ગંડમાળ ઘણી ગાંઠોયુક્ત હોઈ ઘણા કાળે હલકી પાક દશા પર જાય. કંઠમાળની ગાંઠો કેટલીક પાકી ફૂટી વહે અને નહિ જેવી થઈ ફરી બીજી ઉત્પન્ન થાય એ રોગને અપચી પણ કહે છે. તેમાં પેટની ગાંઠ પણ ફૂલે અને દરદીને અતિસાર અને તાવ પણ આવે.

૨. સ્ત્રી. ગળાનો હાર.

૩. સ્ત્રી. ઘોડાની એક એબ. ઘોડાના ગળા પાસેની ભમરી જો જડબા આગળ હોય તો તે કંઠમાળ કહેવાય છે.

કંઠમાળ જુઓ કંઠમાલા.

કંઠમાળા જુઓ કંઠમાલા.

કંઠમુખી ૧. [સં.] સ્ત્રી. ગળાનું ઘરેણું.

૨. સ્ત્રી. માદળિયું.

કંઠરણકો પું. ગળાનો અવાજ.

કંઠરવ જુઓ કંઠરણકો.

કંઠરૂંધન [સં.] ન. ગુંગળાઈ જવું તે.

કંઠરોગ [સં.] પું. ગળાનો રોગ; મુખરોગના પાંસઠ માંહેનો એક પ્રકાર.

કંઠરોધ [સં.] પું. કંઠનો અવરોધ.

કંઠરોહિણી [સં.] સ્ત્રી. એ નામનો એક ચેપી રોગ. તેમાં ગળાની અંદર સોજો આવી એક પડ બંધાય, જે સ્વરયંત્ર સુધી લંબાઈ તેને ઢાંકી દે. તેથી છોકરું ગભરાય અને તે ઉતાવળું હાંફવા માંડે. આ રોગમાં શસ્ત્રવૈદ્યો ગળામાં કાપ મૂકીને સ્વરયંત્રમાં અથવા શ્વાસનલિકામાં છિદ્ર પાડે છે. શલ્યને કાઢ્યા બાદ અથવા રોગનિવૃત્તિ થયા બાદ આ છિદ્ર બંધ કરી દેવામાં આવે છે, પરંતુ ત્યાંસુધી આ છિદ્રમાંથી મૂકેલા એક નાડીયંત્ર દ્વારા દરદીના શ્વાસોચ્છ્વાસ ચાલ્યા કરે છે. આ રોગમાં તાળવાનો કોમળ ભાગ તદ્દન નિશ્ચેષ્ટ બની જાય છે. તેથી બાળક ગૂંગણું બોલે છે અને ખોરાક બરાબર ગળે ઉતારી શકતું નથી.

કંઠલગ્ન ૧. [સં.] પું. ગળાની આસપાસ હાથ વીંટવા તે; બાથ ભીડવી તે.

૨. વિ. ગળા ઉપર લટકાવેલું.

૩. વિ. ગળે વળગેલું; ગળે બાંધેલું; ગળે આલિંગેલું; ભેટેલ.

કંઠલગ્ના સ્ત્રી. માયાનો એક પ્રકાર.

કંઠલતા ૧. [સં.] સ્ત્રી. ગળાનું ઘરેણું.

૨. સ્ત્રી. ઘોડાની ડોકમાં નાખવાનું દોરડું.

કંઠલા [સં.] પું. સોના રૂપાના પારાનો એક હાર. ખરાબ નજરથી દૂર રહેવા માટે બાળકોને તે પહેરાવવામાં આવે છે.

કંઠલોકેશ [સં.] પું. કંઠમાળ, ગાલપચોળિયાં, વગેરે ગળાનાં દરદ ઉપર અપાતું એક ઔષધ.

पुस्तकालय
गुरुकुल कांगड़ी

તેની માત્રા બે રતી છે અને તે મધ, દૂધ કે પાણી સાથે લેવાય છે.

કંઠવપ્ર [સં.] ન. ગળાનો ક્ષય.

કંઠવર્તી ૧. [સં. કંઠવર્તિન્] વિ. ગળે આવેલું.
૨. વિ. જવાની અણી ઉપરનું.

કંઠવસ્ત્ર ન. ગળેબંધ; ગળપટો.

કંઠવાદ્ય [સં.] ન. ગળેથી વગાડવાનું વાજું. તેનાં નામઃ વાંસળી, શિંગ, શંખ, અલગુંજ, કર્ણો, શરણાઈ, શીલ, ચંગ, પીપુડી, પીપી, પાવો, ભુંગલ, મોરચંદ, મોરલી.

કંઠશબ્દ [સં.] પું. ગળામાંથી કાઢેલો સૂર.

કંઠશલ્ય [સં.] ન. શ્વાસનળીમાં પેસી ગયેલી બહારની વસ્તુ.

કંઠશાલૂક [સં.] ન. ગળામાં થતો એક રોગ. તેમાં ગળાની અંદર કફપ્રકોપથી બોરના ઠળિયા જેવડી, કાંટા જેવું દુઃખ દેનારી, સ્થિર, કઠણ; કફજન્ય ગાંઠ થાય છે. આ દરદ શસ્ત્રસાધ્ય મનાય છે.

કંઠશિરા [સં.] સ્ત્રી. ગળાની નસ.

કંઠશુંડી [સં.] સ્ત્રી. ગળામાં ચોરિયાનો સોજો.

કંઠશૂલ [સં.] સ્ત્રી. ઘોડાના ગળાની એક ભમરી. તેને એબ માનવામાં આવે છે.

કંઠશૂલી [સં.] સ્ત્રી. તાળવે ગયેલો મુખનો એક રોગ.

કંઠશૂંડી [સં.] સ્ત્રી. ગળાના કાકડાનો સોજો.

કંઠશોષ ૧. પું. એક જાતનો પિત્તરોગ.
૨. [સં.] પું. ગળું સુકાઈ જવું તે.
૩. પું. તરસ; પ્યાસ.
૪. પું. નકામો બડબડાટ.

કંઠશ્રી [સં.] સ્ત્રી. ગળામાં પહેરવાનો સોનાનો એક જડાઉ દાગીનો.

કંઠશ્લેષ્મ ૧. [સં.] ન. કંઠમાં આવેલો કફ.
૨. ન. કંઠમાં લાળ અને ચીકણા ભાગથી થયેલ રૂંધન.

કંઠસજ્જન [સં.] ન. ગળાની આસપાસ વળગવું તે.

કંઠસર્પ [સં.] પું. ગળાનો એક જાતનો રોગ.

કંઠસાલુક પું. ગળાનો એક જાતનો રોગ.

કંઠસૂત્ર ૧. [સં.] પું. બ્રાહ્મણ, ક્ષત્રિય ને વૈશ્ય, જેને કંઠે સૂત્ર એટલે જનોઈ હોય છે.
૨. ન. એક જાતનું આલિંગન.
૩. ન. એક પ્રકારનો સુરતબંધ.
૪. ન. કંઠી; ગળામાં પહેરવાનું ઘરેણું.
૫. ન. દાણિયું; મંગળસૂત્ર.

કંઠસ્થ ૧. [સં.] વિ. કંઠમાં રહેનાર; ગળામાં હોનાર.
૨. વિ. કંઠમાંથી બોલાતું; કંઠસ્થાની.
૩. વિ. મોઢે યાદ હોય એવું; મુખપાઠ હોય એવું.
૪. વિ. મોઢેથી બોલી શકાય એ રીતે શિખાયેલું.

કંઠસ્થતા [સં.] સ્ત્રી. કંઠે હોવાપણું; મોઢે હોવાપણું.

કંઠસ્થ સાહિત્ય [સં.] ન. લખેલું નહિ પણ ફક્ત મોઢે જ યાદ હોય તેવું સાહિત્ય.

કંઠસ્થ સ્તોત્ર [સં.] પું. મોઢે કરેલ મંત્ર કે શ્લોક.

કંઠસ્થાન ૧. [સં.] ન. કંઠની જગ્યા.
૨. ન. કૂક; સ્વરનળ; કંઠનાલી; કંઠનળી; 'લેરિંક્સ.'
૩. વિ. કંઠસ્થાની; કંઠની બોલાતું.

કંઠસ્થાની ૧. [સં.] પું. ગળામાંથી બોલાતા અક્ષર; અ, ક્, ખ્, ગ્, ઘ્, ઙ્, હ્.
૨. વિ. કંઠમાંથી બોલાતું.

કંઠસ્નાન ૧. [સં.] ન. ગળા સુધી નાહવું તે; કંઠ નીચેના ભાગથી નાહવું તે.
૨. ન. શિરચ્છેદ; ગળું કાપી નાખવું તે.

કંઠહાર [સં.] પું. ગળામાં પહેરવાની માળા; ડોકમાં પહેરવાનું એક ઘરેણું.

કંઠા ૧. [હિં.] પું. ડોકનું એક ઘરેણું; સોનું, રૂપું અથવા મોતીનો હાર.
૨. પું. ફૂલનો હાર.
૩. પું. રૂપું, બિલોરી કાચ કે કરબલાની માટીના બનેલા મોટા મણકાનો હાર.
૪. સ્ત્રી. પક્ષીની ડોકનો કાંઠલો.

કંઠાકંઠી સ્ત્રી. સામસામે ગળું પકડવું તે.

કંઠાક્ષર [સં.] પું. બ. વ. ગળામાંથી બોલાતા અક્ષર; અ, ક્, ખ્, ગ્, ઘ્, ઙ્, હ્.

કંઠાગત વિ. કંઠ સુધી આવેલું; ગળા સુધી આવેલું.

કંઠાગ્નિ [સં.] પું. એક જાતનું પક્ષી. તેના ગળામાં ભોજન પાચન થઈ જાય છે.

કંઠાગ્ર ૧. પું. જીભનું ટેરવું; જિહ્વાગ્ર.
૨. [સં.] પું.; ન. ગળાનો આગલો ભાગ.
૩. વિ. કંઠે કરેલું; મોઢે કરેલું.
૪. અ. કંઠે; મોઢે; પાઠે.
કંઠાગ્ર હોવું = જીભને ટેરવે હોવું.

કંઠાડ (કંઠાડ઼) પું. કંઠાળ પ્રદેશ.

કંઠાતાગડ (કંઠાતાગડ઼) સ્ત્રી. (વહાણવટું) તાડીના ઉપલા ભાગે સાથી ઉપરના કાંઠા ઉપરની તાગડ.

કંઠાધાર [સં.] ન. (યોગ) યોગશાસ્ત્ર પ્રમાણે સોળ માંહેનું આઠમું આધાર. તેમાં દાઢી હૃદય સાથે રાખી ધ્યાન કરવાથી ઈડા પિંગળામાં વહન કરતો વાયુ સ્થિર થતો મનાય છે.

કંઠાભરણ [સં.] ન. ગળચવો; ગળાનું ઘરેણું; હાર.

કંઠાર ૧. પું. એક જાતનું ઝાડ.
૨. પું. કાંઠો; કિનારો.
૩. પું. દરિયા કિનારાનો મુલક; સમુદ્ર કિનારાનો પ્રદેશ.
૪. ન. એ નામના ઝાડનું ફળ.

કંઠારૂંધન [સં.] ન. ફાંસો દેવો તે; ગળેફાંસો.

કંઠાલ ૧. [સં.] પું. ઊંટ.
૨. પું. કાંઠા ઉપરનો પ્રદેશ.
૩. પું. કોથળો.
૪. પું. ગાય તથા બળદના ગળા નીચે લટકતું માંસ.
૫. પું. વહાણનો એક ભાગ.
૬. ન. એક જાતનું કંદ; સૂરણ.
૭. ન. કતલ.
૮. ન. કોદાળી.
૯. ન. લડાઈ; યુદ્ધ.
૧૦. અ. અક્ષરશઃ.

કંઠાલા [સં.] સ્ત્રી. દહીં વલોવવાનું વાસણ.

કંઠાલિકા સ્ત્રી. બેડી ભોરિંગણી.

કંઠાલિંગન [સં.] ન. ડોકથી કરેલું આલિંગન.

કંઠાવરોધ ૧. [સં.] પું. ગળું બંધ થઈ જવું તે; રૂંધામણ; શ્વાસ ગૂંગળાવો તે.
૨. પું. પ્રાણરોધ; શ્વાસાવરોધ.
૩. પું. હરકત.

કંઠાવરોધી [સં.] વિ. ગૂંગળાવી નાખનારૂં; કંઠાવરોધ કરે એવું.

કંઠાવસક્ત [સં.] વિ. ગળાને વળગી રહેલું.

કંઠાશ્લેષ [સં.] પું. કોટે આલિંગન દેવું તે; ગળે બાથ ભીડવી તે.

કંઠાસાપણ સ્ત્રી. (વહાણવટું) ઠેઠ સૌથી ઉપરની સાપણનું પાટિયું.

કંઠાસાર [હિં.] પું. કંઠમાળ.

કંઠાસ્થિ [સં.] ન. ગળાનું હાડકું; હાંસડીનું હાડકું.

કંઠાળ ૧. પું. કચ્છનો એક ભાગ; કચ્છની પાસે આવેલો દેશ.
૨. પું. કાંઠો.
૩. પું. દરિયા કાંઠાનો કાઠિયાવાડનો ભાગ.
૪. પું. દરિયા કિનારો.

૫. સ્ત્રી. કમઠાળ; ચિતાળ; લાકડાની ફાચર.

૬. સ્ત્રી. ઘોડા અથવા ગધેડા ઉપર માલ લાદવાની બેપાસિયા ગૂણ.

૭. સ્ત્રી. વાસણ ભરવાનો કરંડિયો-કોથળો.

કંઠાળી વિ. દરિયા કાંઠે આવેલું.

કંઠિકા ૧. [સં.] સ્ત્રી. કંઠપ્રદેશ; તોરણ.

૨. સ્ત્રી. ગળામાં પહેરવાની એક સરની કંઠી; માળા.

૩. સ્ત્રી. પુસ્તકનું પૂંઠું.

કંઠિકાપિંડ [સં.] પું. કંઠિકાસ્થિનો વચલો ભાગ. જુઓ કંઠિકાસ્થિ.

કંઠિકાસ્થિ [સં.] ન. ડોકના આગલા ભાગમાં શ્વાસનળીની આગળ તથા હૈડિયાની સહેજ ઉપર આવેલું એક નાનું હાડકું. તેની આગળ જ જીભનું મૂળ છે. તેનો આકાર ઘોડાની ખરી જેવો છે. તેને ઘણી પેશીઓ લાગેલી છે. તે ગળામાં જાણે અદ્ધર લટકતું ન હોય તેમ જણાય છે. તેના ત્રણ ભાગ છેઃ કંઠાસ્થિપિંડ, બે મોટાં શૃંગ તથા બે નાનાં શૃંગ.

કંઠિકોત્તરા [સં.] સ્ત્રી. કંઠાસ્થિથી સહેજ ઊંચે મધ્યરેખાની દરેક બાજુએ રહેલી એ નામની ગ્રંથિ.

કંઠિયા પું. તુલસીની કે ધ્રોની કંઠી બનાવીને વેચનારા હલકી જાતના લોકો.

કંઠિયું ૧. વિ. ગળું પકડે એવું; ગળે ઊતરતાં વસમું લાગે એવું; કઠણ.

૨. વિ. લૂખું; ઓછા ઘીવાળું.

કંઠી ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેને વિલાસ યશોદા પણ કહે છે. આ છંદ સુપ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે. તેમાં જગણ, ગ, ગ એમ પાંચ વર્ણ હોય છે.

જ ગગ કંઠી. રણપિંગળ

૨. [હિં.] પું. કંઠના અક્ષરો.

૩. સ્ત્રી. ઉંબી; ઘઉંની ડૂંડી.

૪. સ્ત્રી. કાંઠલો; ગળાની આસપાસની કિનારી.

૫. સ્ત્રી. ગળા આગળના અંગરખાના ભાગ ઉપરનું શોભીતું સીવણ કે ભરતકામ.

૬. સ્ત્રી. ગળું; કંઠ.

૭. સ્ત્રી. ગુરુએ શિષ્યને ઉપદેશ કરીને શિષ્યને કોટે બાંધેલી તુલસી, સુખડ વગેરેની માળા; ગળામાં પહેરવાની ગુરુએ બંધાવેલી માળા.

૧. કંઠી દેવી-બાંધવી = (૧) ઉપદેશ કરવો; શિષ્ય કરવો; ચેલો મૂંડવો. (૨) ગળાની આસપાસ કંઠી પહેરવી. (૩) પોતાના ગુણ દોષ બીજાને આપવા; ભણાવી મૂકવું; ઉપદેશ કરવો; બોધ આપવો. ગુરુ ઉપદેશ કરતી વખતે શિષ્યની કોટે તુલસી, સુખડ વગેરેની માળા બાંધે છે તે ઉપરથી લાક્ષણિક અર્થે. (૪) પોતાના મતનું કરી લેવું. (૫) પોતાને કબજે કરવું. (૬) માંસાહાર અને દારૂનો ત્યાગ કરવો.

૨. કંઠી લેવી = (૧) મદ્યમાંસનો ત્યાગ કરવો. (૨) વૈષ્ણવ હોવું; ભક્ત હોવું.

૮. સ્ત્રી. (ભીલી) ઘંટી.

૯. સ્ત્રી. ઘોડાને ગળે બાંધવાનો ચામડાનો પટો કે દોરી.

૧૦. સ્ત્રી. ડોકનું સોના, રૂપા કે મોતીનું ઘરેણું; હાર; માળા.

૧૧. સ્ત્રી. પક્ષીના ગળાની આસપાસનો પટો.

૧૨. સ્ત્રી. હાથીને અંકુશમાં રાખવાનું એક સાધન. હાથી જ્યારે બહુ જ તોફાન કરતો હોય ત્યારે લોખંડનું બનાવેલું આ હથિયાર ગળામાં પહેરાવાય છે. તેને ગોખરૂ જેવા મોટા લોખંડના અણીદાર કાંટા હોય છે. તે ગળામાં આવવાથી હાથી જમણી કે ડાબી બાજુ ગળું ફેરવી શકતો નથી, કારણ કે કાંટા વાગે છે. આથી તે સીધી નજર જ રાખી શકે છે.

૧૩. વિ. સ્ત્રી. કંઠવાળી; રાગવાળી. તે સમાસને છેડે આવે છે. જેમકે, કિન્નરકંઠી; કોકિલકંઠી.

કંઠીપગલું ન. વિષ્ણુના પગની છાપવાળું ચગદું જેમાં હોય તેવી સોનાની કંઠી.

કંઠીપંથી વિ. ધાર્મિક ચિહ્ન તરીકે ડોકમાં કંઠી પહેરી હોય એવું.

કંઠીબંધ ૧. વિ. કંઠી બાંધનાર.

૨. વિ. જેણે ગુરુની કંઠી બાંધી હોય તેવું.

કંઠીબંધા ૧. પું. બ. વ. વૈષ્ણવો.

કંઠીબંધા વાણિયા = વૈષ્ણવ વાણિયા.

૨. પું. બ. વ. શિષ્યો; સેવકો

૩. વિ. પું. બ. વ. અમુક જાતની જેમણે કંઠી બાંધેલી હોય તેવા.

કંઠીરવ ૧. [સં.] પું. કબૂતર.

૨. પું. ચોખ્ખી બાબત; સ્પષ્ટ વક્તવ્ય.

૩. પું. મદોન્મત્ત હાથી; મદ ઝરતો હાથી.

૪. પું. સિંહ.

કંઠીરવ હરિ કેસરી પુંડરીક હર્યક્ષ,
મૃગપતિ દ્વીપી વ્યાઘ્ર અને પંચાનન પલભક્ષ.
પિંગળલઘુકોષ

કંઠીરવી ૧. [સં.] સ્ત્રી. અરડૂસી.

૨. સ્ત્રી. કપોતી; કબૂતરની માદા.

૩. સ્ત્રી. સિંહણ.

કંઠીલ [સં.] પું. ઊંટ.

કંઠીલા [સં.] સ્ત્રી. દહીં વલોવવાનું વાસણ.

કંઠેકાલ [સં.] પું. મહાદેવ; શંભુ; નીલકંઠ.

કંઠેલ સ્ત્રી. દીવાદાંડી.

કંઠો ૧. પું. અવાજ.

૨. [સં. કંઠિકા] પું. એક જાતનું ડોકમાં પહેરવાનું સોનાનું ઘરેણું.

૩. પું. ગળા આગળના ભાગ ઉપરનું શોભીતું સીવણ કે ભરતકામ.

૪. પું. ગળું.

૫. પું. ગળે પહેરવાનો મોટો મણકો.

૬. પું. સત્તાવીશ મોટા મણકાની બનાવેલ માળા.

૭. પું. સફરજન.

૮. પું. હાર; માળા; મોટા મોટા હીરા અથવા મોતીનો હાર.

કંઠોકંઠ અ. ગળા સુધી.

કંઠોક્ત [સં.] વિ. પોતે બોલેલું; જાતે જણાવેલ.

કંઠોડા (કંઠોડ઼ા) પું. બ. વ. આશરે નવ ઈંચ લાંબા લોઢાના ખીલા, જે ઘર ફાડવા માટે ગુના કરનારી જાતો ઉપયોગમાં લે છે.

કંઠોદ્ગત [સં.] વિ. કંઠમાંથી નીકળેલું.

કંઠોદ્ધ્વંસ [સં.] પું. સૂકી ખાંસી આવવી અને કંઠનું બેસી જવું તે.

કંઠોધર પું. (કચ્છી) કંઠોદર; એક જાતનો પેટનો રોગ.

કંઠોપકંઠ અ. એક મોઢેથી બીજે મોઢે.

કંઠોષ્ટ જુઓ કંઠોષ્ઠ.

કંઠોષ્ઠ ૧. [સં.] પું. કંઠ ને હોઠ વડે બોલાતા અક્ષર; અક્ષરનો એક ભેદ. 'ઓ' અને 'ઔ'નું સ્થાન કંઠોષ્ઠ છે.

૨. પું. વર્ણનું એક સ્થાન.

કંઠૌષ્ઠ્ય [સં.] વિ. કંઠ અને હોઠ· એ બે સ્થાનથી એક સાથે ઉચ્ચારાતું. 'ઓ' અને 'ઔ' કંઠૌષ્ઠ્ય વર્ણો છે.

કંઠ્ય ૧. પું. કંઠ માટે ફાયદાકારક ઔષધ. આ વર્ગમાં નીચેનાં દ્રવ્યો છેઃ કપૂરીમધુરી, શેરડીનાં મૂળ, જેઠીમધ, પીપર, દ્રાક્ષ, વિદારીકંદ, કટ્‌ફલ કે શીવણ, હંસરાજ, ઊભી તથા બેઠી ભોરિંગડી.

૨. પું. કંઠમાંથી ઉચ્ચારાતો વર્ણ; કંઠમાંથી બોલાતા ક્, ખ્, ગ્, ઘ્, ઙ્ વ્યંજનો.

૩. [સં.] વિ. કફ ઉત્પન્ન કરનાર.

૪. વિ. કંઠ અથવા સ્વરને હિતકારક.

૫. વિ. કંઠને લગતું; કંઠ સંબંધી; કંઠનું.

૬. વિ. કંઠસ્થાની; કંઠમાંથી જેનો ઉચ્ચાર થતું હોય એવું.

૭. વિ. ગળામાં હારની જેમ પહેરેલું.

જનોઈને કંઠ્ય કરવું = જનોઈ ગળામાં કંઠીની જેમ પહેરવું.

૮. વિ. ગળામાંથી ઉત્પન્ન થવું.

કંઠ્યવર્ગ [સં.] પું. અવાજ સુધારનાર ઔષધ. કપૂરીમધૂરી, શેરડીનાં મૂળ, જેઠીમધ, પીપર, દ્રાક્ષ, વિદારીકંદ, કટ્ફલ, કાળો હંસરાજ, ઊભી ભોરિંગડીનાં મૂળ, બેઠી ભોરિંગડીનાં મૂળ એ દશ ચીજો કંઠ સુધારનાર ગણાય છે.

કંઠ્યવિધાન [સં.] ન. વાગ્વ્યાપારની પ્રથમ ક્રિયા. તેનાથી અકાર પ્રગટે છે. બીજો વ્યાપાર સ્થાનાંતર વિધાન. તેની પ્રવૃત્તિ ઇકાર અને ઉકારના આવિર્ભાવમાં દેખાય છે. ત્રીજો વ્યાપાર વિલંબન વિધાન. તેનાથી દીર્ઘ સ્વર આ, ઈ, ઊ નીપજે છે. ચોથો વ્યાપાર ગુણવૃદ્ધિવિધાન, જેનું કાર્ય એ, ઓ, ઐ, ઔ છે. પાંચમો વ્યાપાર વિવૃત્તિવિધાન. તેને લીધે ઍ, ઑ ઉદ્ભવે છે.

કંડ્ ૧. [સં.] અ. ક્રિ. ખુશ થવું; સંતોષ પામવો.

૨. અ. ક્રિ. (ધાતુ) મગરૂબ થવું. તે ઉપરથી થયેલ શબ્દઃ કંડન.

કંડ ૧. [સં.] પું. ઉચ્ચારનાં આઠ સ્થાનકો માંહેનો એક ભાગ.

૨. પું. કુંડ; ખાડો; ચોખૂણ કે બીજી કોઈ આકૃતિથી બાંધેલો કે ખણીને બનાવેલો ખાડો.

૩. પું. કૂવો ચણવાની વાંકી ઈંટ.

૪. પું. પાણી રાખવા માટે કરેલું ચાર ખૂણાવાળું જળાશય.

૫. પું. વૈશ્વદેવ કરવા માટે કરેલું કુંડના આકારનું તામ્રપત્ર.

૬. સ્ત્રી. એક જાતની માછલી.

૭. સ્ત્રી. ચળ.

૮. ન. કાંડું.

૯. ન. ધનુષ્યબાણ.

૧૦. ન. પર્વતમાં કોતરેલું ઘર.

કંડક પું. એ નામનો યજ્ઞ.

કંડછુ (કંડ્છુ) પું. ચમચો.

કંડન ૧. [સં.] ન. ખાંડવું તે.

૨. ન. છાલાં; ફોતરાં.

કંડની ૧. [સં.] સ્ત્રી. ખાંડણિયો; ખાંડણી.

૨. સ્ત્રી. મૂસળી; સાંબેલું.

કંડમ ૧. પું. કુંડ.

૨. વિ. નબળું; નમાલું.

કંડરા ૧. [સં.] સ્ત્રી. દોરડાં જેવી લાંબી]પેશીનો છેડો; અસ્થિ માંસપેશી; સંયોજક રજ્જુ; મોટો સ્નાયુ; તાણ. તે ધોળી, ચીકાશવાળી અને મજબૂત હોય છે. તે સ્નાયુઓની બનેલી હોવાથી દેખાવમાં રૂપા જેવી ધોળી અને ઘણું વજન ઊચકવા છતાં પણ તૂટે નહિ એવી મજબૂત હોય છે.

૨. સ્ત્રી. શરીરમાં રહેલી મોટી નાડી; મોટી નસ. સુશ્રુતમાં સોળ કંડરા માની છે, જેનાથી શરીર સંકોચી તથા ફેલાવી શકાય છે.

કંડરાવું ૧. અ. ક્રિ. અણગમો હોવો; ધિક્કારવું.

૨. અ. ક્રિ. પ્રકાશવું.

કંડરી [હિં.] પું.;સ્ત્રી. એક જાતની શાકભાજી.

કંડરીક [સં.] પું. એ નામનો એક બ્રાહ્મણ; બ્રહ્મદત્ત રાજાના મંત્રપુત્રમાંનો પહેલો.

કંડલી સ્ત્રી. ટોપલી.

કંડવણી સ્ત્રી. હેરાન કરવું તે; કનડગત.

કંડવા સ્ત્રી. એક જાતનું વાજિંત્ર.

કંડળ વિ. મૂર્ખ.

કંડા ૧. [હિં.] પું. કાઠું; પોલું ઘાસ.

૨. પું. ઘોડાને મારવાનો કાંટો.

૩. પું. જીભનું ખરબચડું હોવાપણું.

૪. પું. ડગલાને જડવાની પિત્તળની કડી અને આંકડી.

૫. પું. દાંતાવાળું હથિયાર.

૬. પું. દુશ્મન.

૭. પું. નાનું ત્રાજવું.

૮. પું. પેગડું.

૯. પું. માછલી પકડવાની કડી.

૧૦. પું. માછલીનું હાડકું.

૧૧. પું. રૂપિયા.

> દામ કીસી સેં માગે નહિ, ફુલ જો દેવે વાસ;
> ગરવા સહેજે ગુણ કરે, **કંડા** કારણ ન જાણ.
>
> લોકોક્તિ

૧૨. પું. વળગી રહેવું તે.

૧૩. પું. શેઢાઈનું પીછું.

૧૪. પું. સળેંથો.

૧૫. પું. (ગણિત) સાબિતી; મેળ.

૧૬. પું. સૂળ; કંટક.

૧૭. સ્ત્રી. ઘોડાની ડોકનું ઘરેણું.

૧૮. ન. અડાયું છાણું.

૧૯. ન. (સંગીત) એક પ્રકારનું વાજિંત્ર.

કંડાનક [સં.] પું. શંકરનો એ નામનો એક ગણ.

કંડાર ૧. પું. આલેખ; ચિત્રકામ.

૨. પું. નકશી; કોતરણી; શિલ્પકામ.

કંડારવું ૧. [સં. ઉત્કૄ; પ્રા. કંડાર] સ. ક્રિ. કોતરવું.

૨. સ. ક્રિ. લાકડું કે પથ્થરમાં લોઢાના હથિયાર વડે ચિત્રકામ કરવું.

કંડારી ૧. પું. નકશી કામ કરનાર માણસ.

૨. પું. સુકાની.

૩. સ્ત્રી. કોડીનાર પાસે દરિયામાં થતી એક જાતની માછલી.

કંડારેલ વિ. કોતરણી કરેલ; કોતરેલ.

કંડાલ [સં. કરનાલ; ફા. કરનાવ] પું. (હિંદી) પિત્તળની નળીનું બનેલું એક વાજું; તૂરી. તે મોઢેથી વગાડવામાં આવે છે.

કંડિક [સં. કંડિકા] સ્ત્રી. નાનું પ્રકરણ.

કંડિકા ૧. [સં.] સ્ત્રી. ઉપાંગ; પેટા ભાગ; નાનું પ્રકરણ; ફકરો; પરિચ્છેદ; ખંડ.

૨. સ્ત્રી. એ નામનો એક દેશ.

૩. સ્ત્રી. વેદનો એક ભાગ; વેદની ઋચાઓનો સમૂહ.

૪. સ્ત્રી. શ્રુતિનું વાક્ય; સંહિતાનું વાક્ય.

કંડિત [સં.] વિ. ખાંડેલું; છડેલું.

કંડિયો ૧. [સં. કરંડક] પું. કરંડિયો; ફળફૂલ વગેરે તેમ જ સર્પ વગેરેને રાખવાને બનાવવામાં આવતું વાંસનું પાત્ર; વાંસ, નેતર કે ઘાસનો બનાવેલો ઢાંકણાવાળો દાબડો; ટોપલો.

> કાપે ઉંદર **કંડિયો**, સાપ ઉંદરને ખાય,
> ઉદ્યોગે અવળું પડે, ધણીનું ધાર્યું થાય.
>
> દલપતરામ

૨. પું. ગરાસિયામાં મરનારની પાછળ અમુક ચીજો ભરીને સગાંમાં મોકલવામાં આવતો વાંસનો દાબડો.

૩. પું. વર્તુલના ભાગ હોય એવી ઈંટોએ બાંધેલો કૂવો.

૪. પું. હાથમાં પહેરવાનું એક ઘરેણું.

કંડિલ જુઓ કંડીલ.

કંડી ૧. પું. લાંબા સૂંડલા જેવામાં બેસાડી લઈ જનાર નેપાલનો માણસ.

૨. પું. વાદી; સાપ પાળનારો મદારી.

૩. [હિં. કરંડ] સ્ત્રી. ઊંડી ટોપલી.

૪. સ્ત્રી. કંડિયા જેવું બેસવાનું વાહન.

૫. સ્ત્રી. છાણાં.

૬. સ્ત્રી. નાનો કંડિયો; લાંબો સૂંડલો.

૭. સ્ત્રી. ભાંગેલા ચોખા.

૮. [હિં. કંઠી (હાર)] સ્ત્રી. હોળીના તહેવાર ઉપર હિંદુ બાળકોને પહેરાવાતો ફળનો હાર.

કંડીર [સં.] સ્ત્રી. જંગલી કારેલી; જંગલી સૂરણ.

કંડીલ ૧. ન. અબરખ કે કાગળનું દીવો મૂકવાનું ફાનસ.

૨. [અ. કંદીલ (મીણબત્તી)] ન. જેમાં દીવો કરવામાં આવે એવો કાચનો પ્યાલો.

૩. ન. ઝુંમર; હાંડી.

૪. ન. ફાનસ.

૫. ન. મીણબત્તી રાખવાની ઘોડી.

કંદીલિયું ૧. ન. ખંત; ઉત્સાહ.

૨. ન. દીવાદાંડી.

૩. ન. દીવાને પવન લાગે નહિ તેમ રાખવાને બનાવેલું એક જ તરફ ખુલ્લું ફાનસ જેવું નાનું માટીનું વાસણ.

૪. ન. ફાનસ.

કંડુ ૧. પું. (પુરાણ) એ નામનો એક મુનિ. પ્રમ્લોચા નામની અપ્સરાએ એની તપશ્ચર્યામાં ભંગ કરી તેની સાથે ઘણો કાળ ક્રીડા કરી હતી. તે અપ્સરા જ્યારે સ્વર્ગમાં ગઈ ત્યારે આ ઋષિથી રહેલા ગર્ભને એક ઝાડ નીચે મૂકતી ગઈ હતી.

૨. પું. (પુરાણ) એક બ્રહ્મર્ષિ. એનો એક દશ વર્ષનો પુત્ર જે વનમાં મરી ગયો હતો તે વનને એણે ઝાડ અને પાણી વિનાનું કર્યું હતું.

૩. [સં.] સ્ત્રી. ખણજ; વલૂર; ચળ; ખંજવાળ.

૪. સ્ત્રી. ખરજવું.

૫. સ્ત્રી. ખસ.

૬. સ્ત્રી. તવો.

૭. સ્ત્રી. સફેદ રાઈ.

કંડુઆ [હિં.] પું. જાડો દાણો.

કંડુક ૧. [સં.] પું. એક ઋષિ. તેને મારિષા નામની કન્યા હતી.

૨. ન. તમાલ.

૩. ન. ભિલામું.

કંડુકર વિ. ખરજ કરનાર; વલૂર પેદા કરનાર.

કંડુકીટ [સં.] ન. ખસનું જંતુ.

કંડુઘ્ન ૧. [સં.] પું. ગરમાળો. ગરમાળાનો ગોળ ખાવાથી શરીરની ચામડી ઉપર જે કરોળિયા, ધોળો કોઢ વગેરે રોગો થાય તે મટે એમ મનાય છે.

૨. પું. ધોળો સરસવ.

કંડુપ્રતિકાર [સં.] પું. ચળનો ઉપાય; વલૂરનો ઇલાજ.

કંડુયનક [સં.] પું. ગલગલિયાં કરનાર માણસ.

કંડુર ૧. [સં.] પું. એક જાતની વનસ્પતિ; અતિઅમ્લપર્ણી.

૨. પું. એક જાતની વેણુ.

૩. પું. કારેલાનો વેલો.

૪. પું. શુકશિંબી.

૫. વિ. ખંજવાળ ઉત્પન્ન કરે એવું.

કંડુરા [સં.] સ્ત્રી. એક જાતની ઔષધિ; કૌવચ.

કંડૂ ૧. પું. એક જાતનો વાયુરોગ. આ રોગમાં શરીરે ખરજ ઉત્પન્ન થાય છે.

૨. સ્ત્રી. (પુરાણ) અક્રોધની સ્ત્રીનું નામ; કલિંગની.

૩. સ્ત્રી. ખણજ; ચળ; ખંજવાળ.

૪. સ્ત્રી. ખસ.

૫. સ્ત્રી. તવો.

૬. સ્ત્રી. સફેદ રાઈ.

કંડૂકરી ૧. [સં.] સ્ત્રી. કારેલાનો વેલો.

૨. સ્ત્રી. પદ્મબીજ.

કંડૂઘ્ન ૧. [સં.] પું. ગરમાળો.

૨. પું. ધોળો સરસવ.

કંડૂતિ ૧. [સં.] સ્ત્રી. ખણજ; ચળ.

૨. સ્ત્રી. ખસ.

કંડૂતી જુઓ કંડૂતિ.

કંડૂયક [સં.] વિ. ખંજવાળનાર.

કંડૂયન [સં.] ન. ખણજ; ખંજવાળ; ચળ; વલૂર.

કંડૂયની [સં.] સ્ત્રી. ખણવાનું સાધન; ખંજોળવાનું બ્રશ.

કંડૂયિત ન. ખણજ; ચળ.

કંડૂરા [સં.] સ્ત્રી. કવચ નામની ઔષધિ. તે ખણજ ઉત્પન્ન કરે છે.

કંડૂલ ૧. [સં.] ન. સૂરણ.

૨. વિ. ખરજવાળું; ચળવાળું.

૩. વિ. ખસ ઉત્પન્ન કરે એવું.

૪. વિ. ખસના રોગવાળું.

કંડૂહિં સ્ત્રી. ખરજ.

કંડેન્સર [અં.] વિ. શીતક; ઠંડું કરનાર.

કંડેરા ૧. [હિં.] પું. ગંજીફો રમનાર પુરુષ.

૨. વિ. રૂ સાફ કરનાર.

કંડેલિયો [અ. કંદીલ (મીણબત્તી)] પું. દીવાદાંડી; બંદર ઉપરનો દીવો.

કંડો ૧. પું. ખીજડો; શમીવૃક્ષ.

૨. પું. સૂંડલો.

કંડોરવું સ. ક્રિ. મોકલવું; પાઠવવું.

કંડોરિયા ૧. સ્ત્રી. ખાંટની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કંડોલ ૧. [સં.] પું. ઉંટ.

૨. સ્ત્રી. એક જાતની વીણા; કિંગરી.

૩. પું. ઘાસથી બનાવેલો કરંડિયો; ઝાંપી.

કંડોલક ૧. [સં.] પું. ઉંટ.

૨. પું. કરંડિયો.

૩. પું. કોઠાર.

૪. પું. તિજોરી.

કંડોલવીણા [સં.] સ્ત્રી. ચાંડાલની વીણા; કિંગરી.

કંડોલિયા ૧. પું. કપોળ તથા સોરઠિયા વાણિયાના ગોર; એક જાતના બ્રાહ્મણ.

૨. પું. જૈન મત પ્રમાણે ૮૪ માંહેની એક જ્ઞાતિ. જુઓ જ્ઞાતિ.

૩. સ્ત્રી. કોળી અને ખાંટની એ નામની એક અટક.

૪. ન. એ અટકનું માણસ.

૫. વિ. એ નામની અટકનું.

કંડોલી ૧. [સં.] સ્ત્રી. ઉંટડી.

૨. સ્ત્રી. કંડિયો.

૩. સ્ત્રી. ચાંડાલની વીણા.

કંડોષ [સં.] પું. એક જાતનું પતંગિયું.

કંડોળ ૧. સ્ત્રી. બ્રાહ્મણની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. બ્રાહ્મણની એ નામની અટકનું.

કંડોળિયા જુઓ કંડોલિયા.

કંડ્રા પું. અડાયું છાણું.

કંઢા ૧. પું. (કચ્છી) કાંટો.

૨. [હિં.] પું. ખભો.

કંઢાઆસેરિયો પું. (કચ્છી) એક જાતની વનસ્પતિ. એના છોડ ૨ થી ૪ હાથ ઊંચા વધે છે. છોડ ઉપર ૪ થી ૬ લાંબા કાંટા આવે છે. ફૂલ પીળાં કેસરિયા રંગનાં અને સુકોમળ હોય છે. તેનાં પાનનો રસ તાવ અને સળેખમમાં અપાય છે.

કંઢારાવંઝ પું. (કચ્છી) એક પ્રકારનું ઝાડ; કાંટાવાળો જાડો અને ઊંચો વાંસ.

કંઢારી પું. (કચ્છી) એક જાતનો છોડવો. તેમાં ઝીણા કાંટા હોય છે. છોડ ઉપર ધોળાં રૂંછાં હોય છે. તે ઉંટ બકરાંનો ચારો છે.

કંઢારી ઇંદ્રાણ ન. (કચ્છી) કાંટાળું ઇંદ્રવારણું. એના વેલા પાતળા અને નાના થાય છે. રેતાળ કે ખારચ જમીનમાં તે ઊગે છે.

કંઢારી પોટિયાલ પું. (કચ્છી) સાંજે ઊઘડતાં ગુલાબી ફૂલવાળો એક પ્રકારનો વેલો. તેનાં પાન વાળાના દરદીને તથા ગૂમડાના સોજા ઉપર બંધાય છે.

કંઢી ૧. સ્ત્રી. માછલાં પકડવાનું હથિયાર; લોઢાનો આંકડો.

૨. સ્ત્રી. હોળીના તહેવાર ઉપર હિંદુ બાળકોને પહેરાવાતો ફળનો હાર.

કંઢેરી પું. (કચ્છી) એક પ્રકારનો છોડવો. એકથી બે ફૂટ લાંબો થતો આ છોડ જમીન ઉપર ઢળેલો હોય છે. તેનાં ફૂલ ફિક્કા જાંબુડા રંગનાં ને ફળ બીજ ઊભી ધારવાળાં, સાંકડાં, ખરસટ વાળની પીછીમાં આવેલાં હોય છે. આનાં ફૂલ વાટીને પીવાથી ઘેલછા મટવાનું કહેવાય છે..

કંઢેરી કોકડી (કંઢેરી કોકડ઼ી) પું. (કચ્છી) એક જાતનો છોડ.

કંઢેરી પોટિયાલ સ્ત્રી. (કચ્છી) એક જાતની વેલ; ગુલાબી ગરિયો. તેમાં ચોમાસે ગુલાબી ફૂલ આવે છે.

કંઢો ૧. [સં. કંટક] પું. કાંટો.

૨. પું. હરમાનું ઝાડ.

કંત ૧. પું. (પિંગળ) એક અર્ધસમવૃત્ત માત્રામેળ છંદ. તે ઉલ્લાસનો ભેદ છે. તેમાં ૨૦ ગુરુ અને ૧૬ લઘુ મળી ૩૬ વર્ણું અથવા ૫૬ માત્રા હોય છે.

૨. [સં. કમ્ (ચાહવું)] પું. કંથ; પતિ; ધણી.

૩. પું. માલિક; ઈશ્વર.

૪. ન. કાંતિ; પ્રભા; તેજ.

૫. વિ. સુખી.

કંતર [સં. કાંતાર] ન. અટવી; જંગલ.

કંતરાણ [ફા. કંતાન (શણ)] ન. શણનું કપડું; શણિયું; કેનવાસ. જુઓ કંતાન.

કંતરેહ [કુ (ખરાબ) + તરહ (રીત)] પું. અણબનાવ; કુસંપ.

કંતલિપા પું. (બૌદ્ધ) ચોરાશી માંહેના એક સિદ્ધ.

કંતા ૧. પું. (પિંગળ) સાત માત્રા અને બે તાલવાળો માત્રામેળ છંદ.

૨. સ્ત્રી. કાંતા; સુંદરી.

૩. [હિં.] સ્ત્રી. હલકી જમીન.

કંતાઈ ૧. સ્ત્રી. કંતામણ; કાંતવાનું મહેનતાણું.

૨. સ્ત્રી. કાંતવાની ક્રિયા; કાંતવાપણું.

૩. સ્ત્રી. કાંતવાની રીત.

કંતાણ જુઓ કંતાન.

કંતાન ૧. [ફા.] ન. કંતરાણ; શણિયું; શણનું જાડું કપડું.

૨. ન. ગૂણપાટ; ટાટિયું.

૩. ન. ચીનનું એ નામનું એક શહેર.

૪. ન. નાહીને પહેરવાનું શણનું પવિત્ર લૂગડું.

કંતામણ જુઓ કંતાઈ.

કંતામણી જુઓ કંતાઈ.

કંતાયેલું ૧. વિ. કાંતવામાં આવેલું; કાંતેલું.

૨. વિ. બળહીન થઈ ગયેલું; તૂટી કે ઘસાઈ ગયેલું; દુર્બળ; નબળું પડેલું.

કંતાર [સં. કાંતાર] ન. અટવી; જંગલ.

કંતારગ્રામ ન. ગુજરાતનું એક જૂનું શહેર; કર્માંતપુર. સુરતથી ત્રણ માઈલ ઉત્તરે આવેલ કત્તરગામ તે આ જ શહેર કહેવાય છે. ૧૬૦૦ ગામડાંના જિલ્લાનું તે મુખ્ય શહેર હતું.

કંતારી સ્ત્રી. ખાદી; હાથે વણેલું જાડું સુતરાઉ કપડું.

કંતાલી ન. એ નામનું લીલાશ પડતા પીળા રંગનું સુગંધી ફૂલ.

કંતાવવું ૧. સ. ક્રિ. કાંતવાનું કામ કરાવવું.

૨. સ. ક્રિ. શણ, રેશમ, ઊન વગેરે જે વસ્તુમાંથી તાર નીકળી શકે તેમાંથી તાર કઢાવવા.

કંતાવું ૧. અ. ક્રિ. ઘટવું; ઓછું થવું.

૨. અ. ક્રિ. નબળું થઈ જવું; દૂબળું થવું.

૧. કંતાઈ ગયેલું = કંતાયેલું; દુર્બળ; નબળું થઈ ગયેલું.

૨. કંતાઈ જવું = દુર્બળ થઈ જવું; ફિકર ચિંતાથી નબળા પડી જવું; કોઈ રોગથી ધોવાઈ જવું.

૩. અ. ક્રિ. રૂ, ઊન વગેરેના વળ ચડી તાર નીકળવા; લાંબા તંતુના રૂપમાં તણાવું.

૪. અ. ક્રિ. સુકાવું; પાતળું થઈ જવું.

૫. અ. ક્રિ. હાલહવાલ થઈ જવું; ઘસાઈને છિન્નભિન્ન થઈ જવું; બગડવું.

૬. અ. ક્રિ. હેરાન થવું; પીડાવું.

કંતાળી સ્ત્રી. દક્ષિણમાં થતી ઘણા રેસાવાળી એક જાતની કેળ.

કંતિ ૧. પું. (પિંગળ) પચ્ચીસ લઘુ અને સોળ ગુરુ મળી એકતાલીસ વર્ણનો એક માત્રામેળ છંદ. તેમાં ૫૭ માત્રા આવે છે. તે આર્યાનો એક ભેદ છે.

૨. સ્ત્રી. અહિંસા.

૩. [સં. કાન્તિ] સ્ત્રી. પ્રભા; તેજ.

૪. વિ. સુખી.

કંતિકા સ્ત્રી. વાળ ઓળવાની કાંસકી.

કંતી [હિં.] સ્ત્રી. ગળીનું રાડું કે સાંઠો.

કંતુ ૧. [સં.] પું. કામદેવ.

૨. પું. કાંત; ધણી; સ્વામી.

૩. પું. કોઠાર.

૪. ન. હૃદય.

૫. વિ. સુખી; સુખવાળું.

કંતો પું. (પિંગળ) આડત્રીસ ગુરુ અને ચુમાળીશ લઘુ મળી ૧૨૦ માત્રાનો એક માત્રામેળ છંદ. તે સાટકનો ભેદ છે.

કંત્યાણ ન. શણનું કપડું; કંતાન.

કંત્રાટ [અં. કૉન્ટ્રેક્ટ] પું. ઈજારો; સાટું.

કંત્રાટી ૧. પું. ઈજારદાર.

૨. વિ. બંધણીદાર; ઈજારાનું.

કંત્રાણ ન. બનાતની જાતનું કપડું. હાથી ઉપર નાખવાની ઝૂલ ઘણું કરીને એની બનાવવામાં આવે છે.

કંત્રોડિયા (કંત્રોડ઼િયા) ૧. સ્ત્રી. સોનીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કંત્લ ન. જંગલી અનનાસ. કંત્લ અને સારસાપરિલાનો ઉકાળો ચાંદીનો રોગ મટાડનાર મનાય છે.

કંથ ૧. પું. કીમતી પથ્થર.

૨. પું. ત્રાક.

૩. [સં. કાન્ત] પું. વર; પતિ; સ્વામી; ધણી.

રસ્તો જોઈને ચાલીએ અને કંથ જોઈને મહાલીએ = ગજા પ્રમાણે કામ કરવું; જેમ ઘટતું હોય તેમ કરવું.

૪. વિ. પ્રિય; વહાલું.

૫. વિ. સુંદર; શોભીતું.

કંથઆવલા સ્ત્રી. લાંબાં પાંદડાંવાળી એક ઔષધીય વનસ્પતિ. તેનાં તાજાં ફળ પીળાં હોય છે. પાંદડાંનો ઉકાળો પરસેવો લાવે. તે પ્રમેહમાં પણ અપાય છે. પાકાં ફળ ઉધરસ માટેની દવામાં વપરાય છે.

કંથક ૧. પું. એ નામનો એક ઋષિ.

૨. પું. એ નામનો ગૌતમબુદ્ધનો ઘોડો. તેના ઉપર સવાર થઈ રાતની વેળાએ તેમણે કપિલવસ્તુ નગરી છોડી હતી.

૩. પું. જાતવાન ઘોડો.

કંથકોટ પું. કચ્છમાં વાગડની પૂર્વ દિશાએ આવેલ એ નામનો મજબૂત પહાડી કિલ્લો. મુહમ્મદ ગઝનીથી હાર પામી ભીમદેવે આ કિલ્લામાં આશ્રય લીધો હતો. ત્યાં કાઠીઓનું સુવર્ણ મંદિર તથા મહાવીર સ્વામીનું મંદિર છે.

કંથકોડામણી (કંથકોડ઼ામણી) વિ. સ્ત્રી. પતિની ઇચ્છા પ્રમાણે વર્તનારી.

કંથજી પું. કાંત; ધણી; પતિ.

કંથડ (કંથડ઼) પું. ધણી; પતિ.

કંથડનાથ (કંથડ઼નાથ) પું. કાનફટા નામના બાવાઓમાં થયેલ એ નામનો એક યોગી.

કંથડી (કંથડ઼ી) પું. એ નામનો હઠવિદ્યાનો એક યોગી.

કંથડો (કંથડ઼ો) પું. પતિ; ધણી; સ્વામી.

કંથડો એક ને દેશાવર ઘણા = એક જ માણસને ઘણાં કામ હોવાં.

કંથરી [સં.] સ્ત્રી. તીક્ષ્ણ કાંટાવાળું એક ઝાડ.

કંથલ ન. એ નામનું એક ઝાડ; ફણસ.

કંથલડો (કંથલડ઼ો) પું. પતિ; ધણી; સ્વામી.

કંથવો ૧. પું. ચોમાસામાં થતું તંતુ જેવું પાતળું અને નાનું જીવડું; વાળ કરતાં પણ ઝીણો એક જાતનો જીવડો. તેને સ્પર્શન, રસન અને ઘ્રાણ એ ત્રણ ઇંદ્રિયો હોય છે.

૨. પું. દીન જન; અત્યંત ગરીબ માણસ.

૩. પું. ધણી; પતિ.

૪. પું. પશુના શરીર ઉપર પડતું એક જીવડું.

૫. [સં. કંથા (ગોદડી) + વહ્ (લઈ જવું)] પું. સાધુ; બાવો; વેરાગી.

કંથા ૧. પું. કંથ; ધણી; પતિ.

૨. સ્ત્રી. કંદ.

૩. સ્ત્રી. કાપડના ટુકડાઓની બનાવેલી ગોદડી; જીર્ણ થયેલો ઓઢવા પાથરવાનો ગાભો.

૪. સ્ત્રી. (વેદાંત) ગૃહસ્થ પુરુષે તજી દીધેલું વસ્ત્ર વિધિપૂર્વક ગામની બહાર શ્રમ કરીને ધોઈ અને પછી તેને એક હજાર દોરાના ટાંકાથી સીવી લેવાથી બનતું કપડું.

૫. સ્ત્રી. ચીંથરાનું બનાવેલું વસ્ત્ર; થીગડાવાળો ઝભ્ભો.

૬. [સં.] સ્ત્રી. જીર્ણ અને ફાટ્યુંતૂટ્યું વસ્ત્ર.

૭. સ્ત્રી. જોગીની ઝોળી.

૮. સ્ત્રી. દીવાલ.

૯. સ્ત્રી. માટીની ભીંત.

૧૦. સ્ત્રી. વાર્તા.

૧૧. સ્ત્રી. શહેર.

૧૨. વિ. જૂનું; માલ વિનાનું.

કંથાગોદડી (કંથાગોદડ઼ી) સ્ત્રી. જ્ઞાનગોદડી.

કંથાધારણ [સં.] ન. કંથા ધારણ કરવી તે; યોગી લોકોની માફક ફાટેલુંતૂટેલું વસ્ત્ર પહેરવું તે.

કંથાધારિણી ૧. [સં.] સ્ત્રી. કંથા ધારણ કરનાર સ્ત્રી; યોગિની.

૨. વિ. સ્ત્રી. કંથા પહેરનારી.

કંથાધારી ૧. [સં. કંથાધારિન્] પું. સાધુ; ભગવાં વસ્ત્ર પહેરનાર યોગી.

૨. વિ. કંથા ધારણ કરનાર; કંથા પહેરનાર.

કંથાર [સં. કંથારી] ન. કંઠેરો; એક કાંટાવાળી વનસ્પતિ; મરીકંથાર. તે શોફઘ્ન અને કફવાતઘ્ન મનાય છે.

કંથારાં ન. બ. વ. કંથેરનાં બી; કંથારનાં ફળ.

કંથારિયા ૧. સ્ત્રી. બાવાની એ નામની એક અટક.

૨. ન. એ અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કંથારી [સં.] સ્ત્રી. કંથેર; કંથાર; તીક્ષ્ણ કાંટાવાળી એક જંગલી વનસ્પતિ.

કંથારું ન. કંથેરનું બી; કંથારનું ફળ.

કંથારો પું. એક જાતની કાંટાળી વનસ્પતિ. તેનાં પાન લંબગોળ, સાંકડાં અને નાનાં હોય છે. તેમાં ધોળાં નાનાં ફૂલની ગુચ્છીઓ આવે છે અને ફળ નાનાં કાળા રંગનાં કડવાં થાય છે.

કંથાળ [સં. કંઠ (ગરદન) + આવલી (લીટી)] સ્ત્રી. ગધેડાં, ઘોડાં કે પોઠિયા ઉપર માલ લાદવાની બે બાજુએ ખોલવાળી ગૂણ.

કંથી પું. જોગી.

કંથેર [સં. કંથારી; પ્રા. કંથાર] સ્ત્રી. કાંટાવાળી ગીચ ડાળીઓવાળી એક જંગલી વનસ્પતિ. તેનાં બહુ ઘટ જાળાં બને છે અને તેમાં સારી જાતનું મધ થાય છે.

કંથેરનાં ઝાડે કેળાં નવ ઉતરે. સામળ

૧. કંથેરમાં કોઈ હાથ ઘાલે નહિ = વસમાને કોઈ છેડે નહિ.

૨. કંથેરમાં હાથ ઘાલી વિમાસવું = વગર સમજ્યે અયોગ્ય કામ કરનારને તેનું ફળ મળ્યે પસ્તાવું પડે. કાંટાવાળું ઝાડ છે તે જાણવા છતાં હાથ ઘાલીએ તો કાંટા વાગે જ અને વાગ્યા પછી પસ્તાવો કરવો પડે એ ઉપરથી આ પ્રયોગ થયો છે.

કંદ ૧. પું. એક જાતનું કપૂર.

૨. પું. એક રંગ.

૩. પું. (પિંગળ) એક સમજાતિ માત્રામેળ છંદ. આ સવૈયા છંદનો એક ભેદ છે. તેમાં ૧૬ ગુરુ અને ૯૨ લઘુ મળી ૧૦૮ વર્ણ હોય છે.

૪. પું. ખાંડ; મિસરી.

૫. પું. ગાજર.

૬. પું. ગાંઠ; ગ્રંથિ.

૭. પું. (પિંગળ) ચિત્રરચનાવાળો એક છંદ

૮. પું. (પિંગળ) છપ્પય છંદના ૭૧ માંહેનો એક ભેદ. તેમાં ૪૨ ગુરુ અને ૬૮ લઘુ મળી ૧૧૦ વર્ણ અને ૧૫૨ માત્રા અથવા ૪૨ ગુરુ અને ૬૪ લઘુ મળી ૧૦૬ વર્ણ અને ૧૪૮ માત્રા હોય છે.

૯. પું. (પિંગળ) તેર અક્ષરવાળો એક અક્ષરમેળ છંદ; કંદા; કુંદ; સારંગ. આ છંદ અતિજગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ચાર યગણ અને લઘુ એમ તેર અક્ષર હોય છે.

૧૦. પું. મેઘ; વાદળ.

૧૧. પું. યોનિનો એક રોગ; સ્ત્રીની જનનેંદ્રિય ઉપરનો સોજો.

૧૨. પું. રાતું મજલીન.

૧૩. પું. લસણ.

૧૪. ન. (યોગ) એ નામનું શરીરમાંનું એક સ્થાન. નાભિથી નીચે ને ઉપસ્થથી ઉપર કંદ નામનું સ્થાન છે. એ કંદમાંથી સુષુમ્ણા નામની નાડી નીકળી મેરુદંડમાં થઈ કંઠપ્રદેશની આગળ આવે છે. ત્યાંથી એ નાડીની બે શાખા થઈ એક પાછળના ભાગ વાટે ભ્રમરગુફામાં થઈ અને બીજી ત્રિકુટીમાં થઈ બ્રહ્મરંધ્રમાં જાય છે.

૧૫. ન. જડમૂળ.

૧૬. ન. જેમાં ખાવા જેવો ગર હોય એવું મૂળિયું અથવા મૂળની સાથે થતી ગરવાળી ગાંઠ; કંદમૂળ.

૧૭. ન. ડોલરનું ફૂલ.

૧૮. ન. દુર્ગુણ; દોષ.

૧૯. ન. ધાન્યનું મૂળ; વનસ્પતિનું મૂળ.

૨૦. ન. નાગરમોથ.

૨૧. ન. મૂળ; કારણ. તે સમાસના ઉત્તરપદ તરીકે વપરાય છે. જેમકે, આનંદકંદ, સુખકંદ.

૨૨. ન. વ્યંતર દેવોની એક જાત.

૨૩. ન. સિંહાસનના ઉદયનો નીચેથી ત્રીજો ભાગ. સિંહાસનમાં સૌથી નીચે ભિટ્ટ, તે ઉપર જાડંબો ને તે ઉપર કંદ હોય છે.

૨૪. ન. સૂરણ.

૨૫. વિ. ખોખરું.

૨૬. વિ. બુઠ્ઠું.

૨૭. વિ. મીઠું; મધુર.

૨૮. વિ. હળવું.

કંદઈમીસરી સ્ત્રી. બિહારી કલમી આંબાની એક જાત.

કંદક ૧. [સં.] પું. એ નામનો શાલ્મલી દ્વીપનો એક પર્વત. સરસ, શતશૃંગ, વામદેવ, કંદક, કુમુદ, પુષ્પવર્ષ અને સહસ્રશ્રુતિ એ નામના શાલ્મલી દ્વીપના સાત પર્વત છે.

૨. પું. પાલખી.

કંદકપાલી વિ. ડુંગળી જેવા માથાવાળું.

કંદક્ષીરા સ્ત્રી. પર્વત ઉપર થતી એક પ્રકારની વેલ. તેને થોડો અને જલદ રસ આવે છે. પારદબંધન માટે તે ઉપયોગી છે.

કંદગળો [સં. કંદોદ્ભવા] સ્ત્રી. એક વનસ્પતિ. તેના ગુણદોષ ગળો પ્રમાણે મનાય છે.

કંદગુડૂચી ૧. [સં.] સ્ત્રી. એક જાતની ગળો.

૨. સ્ત્રી. એક જાતનું કંદ.

કંદચતુર્થીવ્રત ન. હરિતાલિકા વ્રત. આ વ્રતને દિવસે શિવની પૂજા કંદપુષ્પોથી થાય છે.

કંદટ [સં.] ન. ધોળું કમળ.

કંદણયા [સં. ક્રંદન] સ્ત્રી. આક્રંદન; રડારોળ.

કંદન ૧. [સં.] પું. નાશ; ધ્વંસ.

૨. ન. એ નામનું ઝાડ.

૩. ન. કોતરણી.

૪. ન. ખોદાણ.

જાન કંદન-કંદની = મૃત્યુ જેવું દુઃખ.

કંદપત્ર [સં.] પું. બાણ; તીર.

કંદપત્રિકા સ્ત્રી. એક પ્રકારની વેલ. પારદબંધનમાં તે ઉપયોગી મનાય છે.

કંદપાણ ન. ખીખરાનો એક ભાગ.

કંદપીડનાસન (કંદપીડ઼નાસન) [સં.] ન. (યોગ) એ નામનું એક આસન. બેસીને બંને પગની પાનીઓ નાભિથી થોડી નીચે રાખી, પગના પંજા ભૂમિ ભણી ત્રાંસા રાખી બંને હાથ જોડવાથી આ આસન થાય છે. પલાંઠી વાળીને જમીન ઉપર બેસી, એક પગનો પંજો બે હાથે ધીમે ધીમે મચડીને પેટ ઉપર ઊંચો લઈ જવાથી અર્ધકંદપીડનાસન થાય. એ જ પ્રમાણે બીજા પગથી થાય. બંને પગનું જુદું જુદું સિદ્ધ થાય એટલે બંને પગનું સાથે કરવું. આનાથી ઢીંચણના દોષ દૂર થાય અને મજ્જાગ્રંથિઓની શુદ્ધિ થાય. આ આસને બેસવાથી કંદ કે જે સર્વ નાડીઓનું મૂળ છે ત્યાં દબાણ આવવાથી તમામ નાડીઓની શુદ્ધિ થાય અને અપાનવાયુ પણ સાફ થાય. ગરમી વિશેષ થવાથી કુંડલિની જાગ્રત થાય છે અને સુષુમ્ણાનો માર્ગ શુદ્ધ થવાથી અંદર પ્રાણવાયુ સંચાર કરવા લાગે છે.

કંદપીડા (કંદપીડ઼ા) ન. યોગનું એક આસન. તેથી મજ્જાગ્રંથિ ખુલ્લી થાય છે.

કંદફેલા [સં.] સ્ત્રી. એક જાતની કારેલી.

કંદબહુલા [સં.] સ્ત્રી. ત્રિપર્ણિકા વૃક્ષ.

કંદમૂલ જુઓ કંદમૂળ.

કંદમૂળ ૧. ન. કંદનું મૂળિયું.

૨. [સં. કંદ + મૂલ] ન. ખવાય તેવાં કંદ અને મૂળ.

૩. ન. મૂળો.

કંદમૂળની વેલ સ્ત્રી. એક જાતની વેલ. તેનાં પાન નાગરવેલનાં પાનને મળતાં થાય છે. તેને જમીનમાં શકરિયાં ગાજર જેવી ગાંઠ જામે છે. તે શેકીને ખવાય છે.

કંદર ૧. [સં.] પું. ગુફાના આકારનું પર્વતનું નિતંબસ્થાન.

૨. સ્ત્રી. એક જાતની મોટી માછલી.

૩. સ્ત્રી. ગુફા; ખો; બખોલ.

૪. સ્ત્રી. હાથીને વશ રાખવાનો અંકુશ.

૫. ન. અંગૂર.

૬. ન. આદુ; સૂંઠ.

૭. ન. કાણું.

કંદરા ૧. [સં.] સ્ત્રી. કાણું.

૨. સ્ત્રી. ગુફા; ખો; બખોલ.

૩. સ્ત્રી. ધોરી નસ.

કંદરાકર [સં.] પું. ડુંગર; પર્વત; પહાડ.

કંદરાકંઠ પું. ગુફાનો કાંઠો.

કંદરાલ ૧. [સં.] પું. અખરોટ.

૨. પું. અખરોટનું ઝાડ.

૩. પું. પીપળો; લાખિયો પીપળો.

કંદરાલક જુઓ કંદરાલ.

કંદરી ૧. [સં.] સ્ત્રી. ગુફા.

૨. [હિં.] ન. બ. વ. ઘીલોડાં.

કંદરૂલ [સં.] પું. કડવું સૂરણ.

કંદરોહિણી [સં.] સ્ત્રી. એક જાતની ગળો.

કંદર્પ ૧. પું. અભિમાન; હુંપદ.

૨. પું. અહંકાર કરનાર માણસ.

૩. પું. (સંગીત) એ નામનું એક ધ્રુવપદ.

૪. પું. (જૈન) કામ વધે એવી વાતો કરવી તે; અનર્થદંડવિરમણ વ્રતનો એક અતિચાર.

૫. પું. કામદેવ; મદન.

૬. પું. કામવાસના; વિષયવાસના.

૭. પું. (પુરાણ) બ્રહ્માના ત્રીસ માંહેનો આઠમો દિવસ.

૮. પું. (સંગીત) રુદ્રતાલના અગિયાર માંહેનો એક ભેદ.

૯. સ્ત્રી. ડુંગળી.

૧૦. વિ. કામી; કામયુક્ત.

કંદર્પકલાપ [સં.] પું. મદનની કળા.

કંદર્પકલ્પ [સં.] પું. (પુરાણ) દિવસોના અનુક્રમમાં બ્રહ્માના ચાલુ માસમાંનો આઠમો દિવસ. આ કલ્પના આરંભમાં મદન એટલે કંદર્પનો જન્મ થયો હતો.

કંદર્પકૂપ [સં.] પું. યોનિ.

કંદર્પકેલિ ૧. [સં.] પું. કામક્રીડા.

૨. પું. કામક્રીડાને ઉદ્દેશી રચેલ એ નામનો એક ગ્રંથ.

કંદર્પચૂડામણિ [સં.] પું. કામશાસ્ત્ર ઉપરનો એક ગ્રંથ.

કંદર્પજીવ [સં.] પું. ફણુસનું ઝાડ; કામવાસનાને વધારનારૂં એક ઝાડ.

કંદર્પજ્વર [સં.] પું. અત્યંત કામવાસનાને લીધે આવેલો તાવ; કામની પીડાનો તાવ.

કંદર્પદર્પદલન [સં.] પું. કામદેવ.

કંદર્પદહના [સં.] વિ. સ્ત્રી. કંદર્પને દહન કરનારી; કામશાંતા.

કંદર્પપાક પું. ધોળી ડુંગળીની બનાવટનો પાક. આ પાકના સેવનથી નપુંસકને પણ વીર્ય પ્રાપ્ત થવાનું મનાય છે.

કંદર્પબલસાતન ન. (સંગીત) ઓડવનું એક તાન; મધ્યમ ગ્રામમાં રિષભ અને ધૈવત વર્જવાથી ઉત્પન્ન થતું એક તાન.

કંદર્પભૂષણાવલેહ [સં.] પું. શરીર પુષ્ટ કરનારો ધોળી ડુંગળી બાફી બનાવવામાં આવતો એક અવલેહ.

કંદર્પમથન [સં.] પું. મહાદેવ; શંભુ.

કંદર્પમૂલ [સં.] ન. પુરુષનું ચિહ્ન; લિંગ.

કંદર્પમૂષલ [સં.] પું. પુરુષનું ચિહ્ન; પુરુષનું ઉપસ્થ.

કંદર્પવત [સં. કંદર્પવત્] વિ. રૂપાળું; સુંદર.

કંદર્પશત્રુ [સં.] પું. મહાદેવ.

કંદર્પશૃંખલ જુઓ કંદર્પશૃંખલા.

કંદર્પશૃંખલા [સં.] પું. એક પ્રકારનો રતિબંધ.

કંદલ ૧. [સં.] પું. એક લતા.

૨. પું. કપાળ; ખોપરી.

૩. પું. વાણીનું યુદ્ધ; વાદવિવાદ.

૪. પું. સૂરણ.

૫. ન. અપવાદ.

૬. ન. અપશુકન; ખરાબ ચિહ્ન.

૭. ન. ઉપરાગ.

૮. ન. એ નામનું એક ફૂલ.

૯. ન. કેળનું ઝાડ.

૧૦. ન. ગંડસ્થળ; ગાલ.

૧૧. ન. નવાંકુર.

૧૨. ન. યુદ્ધ; લડાઈ.

૧૩. ન. સમૂહ કલાપ.

> **કંદલ** જાલ કપાલ કુલ કૂટ અનેક સુવૃંદ;
> ઘણી વાત તુજને કહી થઈ તવા પર બુંદ.
>
> પિંગળલઘુકોષ

૧૪. ન. સુંદર શબ્દ.

૧૫. ન. સોનું.

કંદલતા [સં.] સ્ત્રી. માણેક.

કંદલા ૧. [હિં.] પું. એક જાતનો રૂપાનો દોરો.
૨. પું. સીધું ચઢાણ.
૩. પું. સોના કે રૂપાનો તાર.

કંદલિ ૧. સ્ત્રી. અનાજની સૂંડલી.
૨. ન. બિલાડીનો ટોપ.

કંદલિકા [સં.] સ્ત્રી. કેળનું ઝાડ.

કંદલિત ૧. [સં.] વિ. અંકુર પામેલ.
૨. વિ. બહાર આવેલું.

કંદલી ૧. [સં.] સ્ત્રી. એક જાતનો કંદ.
૨. સ્ત્રી. કમળનો ડોડો.
૩. સ્ત્રી. કેળ.
૪. સ્ત્રી. ગુલ્મ.
૫. સ્ત્રી. ધજા; પતાકા.
૬. સ્ત્રી. નદીકિનારે થતું એક ઝાડ.
૭. સ્ત્રી. પ્રગંડાસ્થિના નીચલા છેડા ઉપર બાહ્યાર્બુદની આગળ આવેલો સંધિલક્ષ્મવાળો એક ગોળ ભાગ.
૮. સ્ત્રી.; ન. માટલી; માટલું.
૯. ન. એક જાતનું હરણ.
૧૦. વિ. અંકુરવાળું.

કંદલીકુસુમ ૧. [સં.] ન. કેળનું ફૂલ.
૨. ન. બિલાડીનો ટોપ.

કંદલેકશ પું. રૂપાનો તાર ખેંચનાર.

કંદવર્ગ [સં.] પું. કંદના વર્ગની ચીજો; બધાં કંદ.

કંદવર્ધન [સં.] પું. સૂરણ.

કંદવલ્લી [સં.] સ્ત્રી. એક જાતની કાકડી.

કંદવિનોદ પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં ભગણ, મગણ, સગણ અને બે ગુરુ મળી અગિયાર વર્ણ હોય છે.

> કંદવિનોદે ભો મ સ ગી ગા છે. રણપિંગળ

કંદશાક [સં.] ન. બટાટા, સૂરણ વગેરે કંદનું શાક.

કંદશૂરણ [સં.] પું. સૂરણ.

કંદસ [ફા.] પું. તમાકૂ જેવો એક છોડ. તેનાં પાંદડાંનો ભૂકો સૂંઘવાની બજર તરીકે વપરાય છે.

કંદસંજ્ઞ [સં.] ન. સ્ત્રીની યોનિનો વિકાર; યોનિમાં થતો હરસ.

કંદસાર ૧. [સં.] ન. ઇંદ્રનો બગીચો; નંદનવન.
૨. ન. એક જાતનું હરણ.
૩. ન. સુવર્ણ; સોનું.

કંદહાર ૧. ન. અફઘાનિસ્તાનનું એ નામનું એક શહેર.
૨. ન. હિમાલયની ઉત્તર તરફનો દેશ. તેની આસપાસનો મુલક ગાંધાર કહેવાય છે.

કંદહારી વિ. કંદહારનું; કંદહારમાં વસતું.

કંદા ૧. [હિં.] પું. એક જાતનો છોડ.
૨. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કંદ. આ છંદ અતિજગતી છંદનો એક ભેદ છે. જુઓ કંદ.
૩. પું. ફળ.
૪. [ફા.] વિ. કોતરેલું.
૫. વિ. ખોદેલું.

કંદાઈ [કણી (એકની સંજ્ઞા] + દાઈ (શૂન્યની સંજ્ઞા)] સ્ત્રી. દશની સંખ્યા બતાવતી સોનીની સંજ્ઞા.

કંદાકાર [ફા.] પું. કોતરનાર.

કંદાકારી [ફા.] સ્ત્રી. કોતરવું તે; કોતરણીકામ.

કંદાકૃતિ [સં.] વિ. કાંદાના જેવા આકારનું.

કંદાઢ્ય [સં.] પું. ભૂમિકંદ; બટાટા.

કંદામૃતા [સં.] સ્ત્રી. એક જાતની ગળો.

કંદાર્હ [સં.] પું. સૂરણ.

કંદાલુ ૧. [સં.] પું. ત્રિપર્ણિકા; કરસાલુ.
૨. પું. બટાટા; ભૂમિકંદ.

કંદાવર ૧. સ્ત્રી. બ્રાહ્મણની એક અટકનું નામ.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કંદાસા [હિં.] પું. પુરુષની જનનેંદ્રિય.

કંદાહાર [સં.] પું. કંદનો આહાર કરનાર તાપસનો એક વર્ગ.

કંદાહારી [સં.] વિ. કંદમૂળનો આહાર કરનાર.

કંદિ સ્ત્રી. ગાંઠ; મૂળ.

કંદિકા [સં.] સ્ત્રી. નાનું યકૃત. યકૃત અનેક નાની નાની કંદિકા મળીને બનેલું છે. દરેક કંદિકા લગભગ ગોળાકાર હોઈ તેનો વ્યાસ એક ઇંચના દશમાથી વીસમા ભાગ જેટલો હોય છે. દરેક કંદિકા અનેક સૂક્ષ્મ કોષોની બનેલી છે.

કંદિકાકેંદ્રણી [સં.] સ્ત્રી. યકૃતની કંદિકાના મધ્યબિંદુમાં રહેલી એ નામની સૂક્ષ્મ શિરા.

કંદિત સ્ત્રી. વાણવ્યંતર દેવોની એક જાત.

કંદિય ૧. [સં. કન્દિત] પું.; ન. વાણવ્યંતર દેવતાની એક જાત; વ્યંતર દેવતાની સોળ માંહેની એક જાત.
૨. પું.; ન. વિયોગિની સ્ત્રીનું રૂદન.

કંદિયારી પું. એક જાતનો છોડ; મોહોકિ. તે ઉજ્જડ જમીનમાં ઊગે છે. તેને આસમાની રંગનાં ફૂલ અને પીળાં ફળ આવે છે.

કંદિરી [સં.] ન. લજ્જાળુ વૃક્ષ; રિસામણી.

કંદિલ ૧. [અ.] ન. ફાનસ.
૨. ન. બત્તી; દીવી.
૩. ન. મીણબત્તી.
૪. ન. હાંડી; કંડીલ; દીવો કરવાનો કાચનો પ્યાલો.

કંદિલિય સ્ત્રી. દીવાદાંડી.

કંદી ૧. [સં. કંદિન્] પું. સૂરણ.
૨. સ્ત્રી. માંસકંદી નામની વનસ્પતિ.
૩. વિ. કંદવાળું.

કંદીત [પ્રા.] પું. (જૈન) એક પ્રકારના વાણવ્યંતર દેવ.

કંદીલ ૧. ન. ફાનસ. જુઓ કંદિલ.
૨. ન. મીણબત્તી.
૩. ન. વહાણનો એક ભાગ. ત્યાં પાણી રહે છે અને લોકો ત્યાં પાયખાનું કરે તેમ જ નહાય છે.
૪. ન. હાંડી; દીવા કરવાનો કાચનો પ્યાલો.

કંદીલિયું ન. દીવાદાંડી. જુઓ કંડીલિયું.

કંદુ ૧. પું. (પુરાણ) એ નામનો એક ઋષિ. તેણે ઘોર તપ કર્યું. આ તપમાંથી ચલચાવવા ઇંદ્રે પ્રમ્લોચા નામની પરી તેની પાસે મોકલી. ઋષિ તેની સાથે ઘણાં વર્ષ રહ્યો. પણ છેવટે પ્રમ્લોચાને તજી દઈ વિષ્ણુલોકમાં જતો રહ્યો. તેને પ્રમ્લોચાથી થયેલ મારિષા નામની પુત્રી હતી.
૨. પું. કાચબો.
૩. પું. શેકવાનું વાસણ; તવો.

કંદુક ૧. પું. એક જાતની વનસ્પતિ.
૨. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કંદ. આ છંદ અતિજગતી છંદનો એક ભેદ છે. તેમાં ચાર યગણ અને એક ગુરુ મળી તેર અક્ષર હોય છે.

> ય, યા, યા, ય, ગા થાય છે કંદુકે કંદે.
> રણપિંગળ

૩. પું. એઢું.
૪. પું. ઓશીકું; ઉપધાન; ઉસીર.

> ઉપબરહન ઉપધાન અને કંદુક સોઈ ઉસીર,
> મૃદુલ ઓશીસે આલીને બેઠી માન ગંભીર.
> પિંગળલઘુકોષ

૫. પું. ગુચ્છો.
૬. પું. રમવાનો દડો; દડી.
૭. પું. લાકડી; ગેડી.
૮. સ્ત્રી. સોપારી.

કંદુકક્રીડા (કંદુકક્રીડા) [સં.] સ્ત્રી. દડાની રમત.

કંદુકતીર્થ [સં.] ન. વ્રજનું એક તીર્થ. ત્યાં શ્રીકૃષ્ણ ગેડીદડો ખેલ્યા હોવાનું મનાય છે.

કંદુકલીલા [સં.] સ્ત્રી. દડો ફેંકવાની રમત.

કંદુકુંભી સ્ત્રી. લોઢાની કડાઈ; તાવડી.

કંદુકેશ્વર [સં.] ન. કાશીમાં આવેલ એક શિવલિંગનું નામ.

કંદુપક્વ ૧. [સં.] વિ. ચોડવેલું; રાંધેલું.

૨. વિ. પાણી નાખ્યા સિવાય લોખંડની કડાઈમાં પકવેલ; શેકેલું.

કંદુપ્રશમનચૂર્ણ ન. ખસ, ખરજવું, ચામડીમાં બળતરા અને ચામડીનાં ખૂજલીવાળાં દરદમાં વપરાતું એક જાતનું જંતુઘ્ન ચૂર્ણ. ચંદન, વલક, કરંજ, નિમ્બત્વક, સરસવ, દર્વિ વગેરેનું તે બને છે.

કંદુરી સ્ત્રી. ઘીલોડી; ધોલી.

કંદૂ [સં.] સ્ત્રી. નારકીને ઊપજવાની કુંભી.

કંદૂરી ૧. [હિં.] સ્ત્રી. એક રાતું ફળ.

૨. સ્ત્રી. ટીંડોરીનો વેલો.

૩. સ્ત્રી. દેવોને ભોગ આપવો તે.

૪. સ્ત્રી. મુસલમાન સાધુપુરુષોની સ્મૃતિ અર્થે કરવામાં આવતી પ્રાર્થના તથા અન્નદાનનો સમારંભ. જ્યારે આ ઉત્સવ ફાતિમાના માનમાં ઊજવાય છે ત્યારે ફક્ત પવિત્ર સ્ત્રીઓ જ ભાગ લઈ શકે છે અને કોઈ પુરુષ તે તૈયાર કરેલો ખોરાક જોઈ શકતો નથી.

૫. સ્ત્રી. મેજ ઉપર પાથરવાનું મીણતું કપડું.

૬. સ્ત્રી. રાતા હોઠ.

કંદેલ પું. એ નામના ગુંદરની જાત.

કંદો ૧. પું. ઠેકાણું.

૨. પું. નફો; લાભ.

૩. પું. બંદૂકનો નીચલો લાકડાનો પહોળો ભાગ.

૪. પું. મજબૂત લાકડી; ડંડો; ધોકો.

૫. પું. વનસ્પતિનો કંદો.

૬. પું. વ્યવસ્થા; સફાઈ.

કંદોઈ ૧. [સં. કાન્દવિક (રાંધવાવાળો)] પું. મીઠાઈ બનાવનાર તથા વેચનાર આદમી; હલવાઈ; સુખડિયો. અરબી કંદ એટલે મીઠી વસ્તુ ઉપરથી આ શબ્દ નીકળ્યો હોવાનું કોઈ માને છે.

૨. સ્ત્રી. મીઠાઈબનાવનાર તથા વેચનાર લોકોની એક નાત.

કંદોઈની છોડી ખાજાની ભૂકી દેખી રહી છે = ગરીબનું દુઃખ ગૃહસ્થથી સમજાતું નથી.

કંદોઈવગો જુઓ કંદોઈવાડ.

કંદોઈવાડ (કંદોઈવાડ઼) સ્ત્રી. કંદોઈ લોકોનો મહોલ્લો; કંદોઈઓનો લત્તો.

કંદોટ [સં.] પું. કમળ.

કંદોયણ [કાન્દવિક (કંદોઈ) + અણ (નારી જાતિનો પ્રત્યય)] સ્ત્રી. કંદોઈની સ્ત્રી.

કંદોરાબંધ ૧. ન. કમરપુર ઊંચાઈએ ખાંચો પાડી ઉપર જતાં પાતળી એટલે ઓસારમાં ઘટતી એવી દીવાલની બાંધણી; કમર જેટલી ઊંચી દીવાલ બાંધી કોર મૂકી આગળ કરાતું ચણતર.

૨. વિ. કંદોરો બાંધનાર કે પહેરનાર. આ શબ્દ પુરુષને લાગુ પડે છે, સ્ત્રીને નહિ. ગામડાના લોકો કાનામાત્રા વગરના અક્ષર લખતા હોવાથી દીકરો અને દીકરી એકસરખું લખાય. તેથી દીકરો જન્મ્યો કે દીકરી તે સ્પષ્ટ કરવા માટે દીકરાને 'કંદોરોબંધ' અને દીકરીને 'ચુંદડી ઓઢનારી' એમ છોકરું સાંપડ્યાની ખબર કાગળમાં લખે છે.

કંદોરાબંધ નોતરાં = પુરુષોને નોતરાં.

કંદોરિયો પું. ભીંતની વચ્ચે બહાર પડતી ઈંટોની કિનાર; ચણતરમાં પાડવામાં આવતો બહાર નીકળતો ખાંચો.

કંદોરી ૧. સ્ત્રી. ઊનનું કારખાનું.

૨. [સં. કટિ + દોરક; ફા. કમર (કેડ) + દોર (આસપાસ)] સ્ત્રી. કમરની દોરી; નાનો કંદોરો.

૩. સ્ત્રી. ચિહ્ન; આંકો.

૪. સ્ત્રી. દોરી; રસી.

૫. સ્ત્રી. મજલાની ઊંચાઈએ દીવાલની ઊભી સપાટીની બહાર નીકળતી ધાર; ભીંતની કિનારી; પાળ.

૬. સ્ત્રી. રેખા; લીટી.

૭. ન. અન્ન.

કંદોરો ૧. [સં. કટિ + દોરો] પું. કમરનો સોના રૂપાનો દાગીનો; કમરબંધ.

૨. પું. કેડે પહેરવાનો કોઈ પણ દોરો કે સેર; કમરપટો; કાંચી.

૩. પું. ચિહ્ન; આંકો; લીટો.

૪. પું. ભીંતની બહાર ઈંટની કિનાર.

૫. પું. મકાનની આંટ.

૬. પું. (વહાણવટું) વહાણનો એક ભાગ; ગીલતા સાપણ.

કંધારા [હિં.] પું. એક જાતની નાની શાહુડી.

કંદ્ર સ્ત્રી. ગુફા.

કંદ્રપ [સં. કંદર્પ] પું. કામદેવ.

કાળજું છેદી કંદ્રપનાં શર વાગે હો, રંગ રસિયાજી.
દયારામ

કંદ્રા ૧. પું. જંગલી કાંદો.

૨. [સં.] પું. ડુંગળી.

કંડુ ન. ખરજ ઉત્પન્ન કરનાર વનસ્પતિ; ખાજવણી.

કંધ ૧. પું ડાળી.

૨. [સં.] પું. મેઘ; વાદળ.

૩. [સં. સ્કંધ] સ્ત્રી. કાંધ; ખાંધ; ખભો.

૪. સ્ત્રી. ડોક; ગરદન.

૫. સ્ત્રી. નાગરમોથ.

૬. સ્ત્રી. ભાર વહેનાર પશુઓની ખાંધ; બળદની બોચી.

૭. ન. એક જાતનું ઘાસ.

કંધકડી (કંધકડ઼ી) સ્ત્રી. અકોટો; કાનમાં પહેરવાના દાગીનાના એક ભાગનું નામ.

કંધની [સં. કટિબંધની] સ્ત્રી. કેડે પહેરવાનો કંદોરો; મેખલા.

કંધર ૧. પું. (શિલ્પ) એક જાતનું કોતરકામ. જુઓ અબ્જ.

૨. પું. એક જાતનું ઘાસ.

૩. [સં.] પું. ડોક; ગ્રીવા; ગરદન; કંધરા.

ગલ નલ **કંધર** ગ્રીવ અને કંઠ કપોત સમાન,
તાંબુલ રસની રેખ તીયાં શોભી રહી મહાન.
પિંગળલઘુકોષ

૪. પું. તાંદળજો.

૫. પું. મેઘ; વાદળ.

૬. પું. મોથ.

કંધરા ૧. સ્ત્રી. એક જાતનું શાક.

૨. [સં.] સ્ત્રી. ડોક; બોચી; ગ્રીવા; ગળું; ગરદન.

કંધા ૧. [સં. સ્કન્ધ] પું. ખભો; કાંધ.

૧. કંધા દેવો = (૧) ખભા ઉપર ઉપાડવું. (૨) પૈડું ઊંચું કરવા ખભાનો ટેકો આપવો. (૩) શબ ઉપાડવું.

૨. કંધા પકડીને ચાલવું = કોઈની મદદથી ચાલવું.

૩. કંધે ચડાવવા = બાળકોને ખભા ઉપર ઉપાડવા.

૨. પું. (પિંગળ) તેર અક્ષરનો એક અક્ષરમેળ છંદ; કંદ. તેના દરેક ચરણમાં ચાર યગણ અને લઘુ એમ તેર અક્ષર હોય છે. તેમાં સાત ને ૭ અક્ષરે વિસામો આવે છે.

કંધાર ન. સિંધુ નદીને પશ્ચિમે આવેલ એક દેશ; ગાંધાર. તેની રાજ્યધાની તક્ષશિલા હતી. ગાંધારનું અપભ્રંશ કંદહાર થયેલું મનાય છે.

કંધારા પું. શેવડા ચોરાશી ગચ્છનો એક પેટાગચ્છ.

કંધારી ૧. [સં. ગાંધારી] પું. કંદહારમાં થતા ઘોડાની એક જાત.

૨. સ્ત્રી. કિસમિસની એક જાત.

૩. વિ. કંદહારમાં થતું.

કંધિ ૧. [સં. કં (પાણી) + ધિ (ધારણ કરનાર)] પું. સમુદ્ર; સાગર.

૨. સ્ત્રી. ગ્રીવા; ડોક; ગરદન; ગળું.

૩. ન. સ્થાન; સ્થળ.

દેસ ઘણાની આવી સંધિ,
એક થલિ ઉછઈ આવી કંધિ.
લાવણ્યસમય

કંધી [હિં.] સ્ત્રી. કાંસકી.

કંધીલ [સં. કાષ્ટદ્વીપ] પું. દીવો. જુઓ કંદીલ.

કંધીલિયા [સં. સ્કંધ] પું. બ. વ. (વહાણવટું) પડખામાં ધરી પાસેના ઊપસતા ભાગ.

કંધૂર સ્ત્રી. ડોક; ગરદન.

કંધેજોર પું. સમતોલાનો એક પ્રકાર.

કંધેલી સ્ત્રી. ઘોડા અથવા બળદની પીઠ ઉપર પલાણની નીચે રાખવાની ગાદી.

કંધો પું. હોકો.

કંધોડ (કંધોડ઼) પું. નવવધુની સાથે જનાર માણસ. ઘણું કરીને તે બાઈનો સગો અથવા પિતરાઈ ભાઈ હોય છે.

કંધોડું (કંધોડું) ન. ખેતર ખેડવા માટે અમુક શરતે ઢોર ભાડે રાખવાં તે.

કંધોતર ૧. [સં. સ્કંધધર] પું. મોટો પુત્ર; પાટવી પુત્ર.

કંધોતર ઊઠી જવા = દીકરા ગુજરી જવા.

૨. વિ. કામ માથે ઉપાડી લે તેવું; પહેલવાન; મજબૂત.

૩. વિ. જુવાન; આખા કુટુંબના નિર્વાહનો ભાર જેના ઉપર હોય એવું.

કંધોયાણી સ્ત્રી. (કચ્છી) સુખડિયાણી.

કંધોયો પું. (કચ્છી) સુખડિયો; કંદોઈ.

કંધોલ ૧. [સં. સ્કંધ] સ્ત્રી. ખાંધ; ખભો.

છોકરૂં કંધોલે અને આખા ગામમાં શોધવું = (૧) પોતાની પાસે બાળક હોય છતાં તે આખા ગામમાં ગોતવું. (૨) રજનું ગજ કરવું.

૨. સ્ત્રી. ગળું; ગરદન.

૩. ન. બળદની ખૂંધ.

કંધોલા પું. ધોંસરાને છેડે રહેતો ભાગ.

કંધોલું જુઓ કંધોલ.

કંનપરા ૧. સ્ત્રી. કોળીની એ નામની એક અટક.

૨. ન. એ અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કંની સ્ત્રી. કનકવાને નમતો અટકાવી સમતોલ રાખવા સારૂ તે નમતો હોય તેથી સામેની બાજુએ બાંધવામાં આવતી ચીંદરડી.

કંન્નું ન. કંન્નાં.

કંન્નાં ન. પતંગ ઊડી શકે એ માટે એના ઢઢ્ઢા અને કમાન સાથે બંધાતી દોરીની યોજના.

કંપ્ ૧. [સં.] અ. ક્રિ. ધ્રૂજતા હોય એવી રીતે બોલવું.

૨. અ. ક્રિ. (ધાતુ) ધ્રૂજવું. તે ઉપરથી નીકળેલા શબ્દઃ કંપ, કંપાયમાન, ધરતીકંપ, કંપિત અનુકંપા.

કંપ ૧. પું. (જ્યોતિષ) અઠ્ઠાવીસ માંહેનો એ નામનો એક યોગ. તેનાથી ભય અને દુઃખ થવાનું મનાય છે.

૨. પું. (કાવ્ય) આઠ સાત્ત્વિક ભાવ માંહેનો એ નામનો એક.

૩. પું. આંદોલન; કોઈ પણ પદાર્થના બે છેડાની વચ્ચે થતી વારંવારની આવજા; સ્પંદન.

૪. પું. (શિલ્પ) એક જાતનું કોતરકામ. જુઓ અબ્જ ૧૩.

૫. પું. કણકણા; કંટાળો.

૬. પું. ધ્રુજારો; થરથરાટ; કંપારો. સમાસના ઉત્તરપદ તરીકે આવે છે. જેમકે, ભૂકંપ, ધરતીકંપ.

૭. પું. શરીર કંપ્યા કરે એવો વાયુરોગ.

૮. પું. સુધારેલો અથવા સ્વરિત ઉચ્ચાર.

૯. પું. (જ્યોતિષ) સૂર્ય જે નક્ષત્રમાં હોય તેનાથી બાવીસમું નક્ષત્ર.

કંપક [સં.] વિ. આંદોલક; સ્પંદક.

કંપકંપી સ્ત્રી. થરથરાટ; કંપવું તે.

કંપક્ષેત્રત્રિજ્યા જુઓ કંપવિસ્તાર ૧.

કંપજ્વર [સં.] પું. ટાઢિયો તાવ.

કંપત સ્ત્રી. કંપવા માટે કવિતામાં વપરાતું રૂપ.

કંપતિ [સં. કં (પાણી) + પતિ (ધણી)] પું. સમુદ્ર; સાગર.

કંપદર્શક [સં.] ન. દોલાયમાન ગતિ નિહાળવાનું યંત્ર.

કંપદોષ [સં.] પું. (જૈન) કાઉસગ્ગ કરતાં યક્ષાવેશિતની પેઠે માથું ધુણાવવાપણું.

કંપન ૧. [સં.] પું. (પુરાણ) લંકાનો એ નામનો એક રાક્ષસ. તેને અંગદે યુદ્ધમાં માર્યો હતો.

૨. સ્ત્રી. (પુરાણ) ભારતવર્ષીય એક નદીનું નામ.

૩. ન. એક અસ્ત્ર.

૪. ન. (શિલ્પ) એક જાતનું કોતરકામ.

૫. ન. એક જાતનો સન્નિપાત જ્વર.

૬. ન. ગભરાટ; ભય; બીક.

૭. ન. ડોલન; ઝૂલણું.

૮. ન. ધ્રુજારો; થરથરાટ; કંપવું તે.

૯. ન. માનસિક અશાંતિ; માનસિક ઉદ્વેગ; અસ્થિરતા.

૧૦. ન. શિશિર ઋતુ.

૧૧. વિ. ધ્રુજાવનાર; ડગમગાવનાર. જેમકે, અરિકંપન.

કંપનવાત પું. કંપવાયુ નામનો રોગ.

કંપનવાતિક વિ. કંપવાયુ નામના રોગવાળું.

કંપના ૧. [સં.] સ્ત્રી. (સંગીત) કંપ સહિત વાદ્ય વગાડવાની કળા.

૨. સ્ત્રી. કંપન; ધ્રુજારી.

૩. સ્ત્રી. મહાભારતમાં જણાવેલી એ નામની એક નદી.

કંપનાત્મક [સં.] વિ. ડોલતું; આમતેમ હાલતું.

કંપનિ ૧. [અં.] સ્ત્રી. ઈ. સ. ૧૬૦૦ માં ઈંગ્લંડમાં ઊભું થયેલ વેપારીમંડળ; 'ઈસ્ટ ઈંડિઅ કંપનિ'. રાણી ઇલિઝાબેથની પરવાનગીથી તેણે હિંદ જોડે વેપાર શરૂ કર્યો. પહેલાં કોઠી નાખી, પછી જમીનદારી ખરીદી અને છેવટે અધિકાર મેળવ્યો.

૨. સ્ત્રી. ટોળી; મંડળી.

૩. સ્ત્રી. નાટકમંડળી.

૪. સ્ત્રી. પેઢી; ભાગીદારો મેળવીને વેપાર ઉદ્યોગ વગેરે મોટાં કાર્ય કરવાને બાંધેલું મંડળ; ભાગીદારોની ટોળી.

૫. સ્ત્રી. લશ્કરી સેનાનો એક ભાગ. તેમાં ૧૮૦ સિપાઈ હોય છે. પલટણના ૪થી ૧૦ સુધી ભાગ કરાય છે અને તેને કંપનિ કહે છે.

૬. સ્ત્રી. સોબત; સમાગમ; સહવાસ; સંગત.

કંપનિકાળ પું. ઈસ્ટ ઈંડિઅ કંપનિના રાજઅમલનો વખત.

કંપનિશાહી વિ. ઈસ્ટ ઈંડિઅ કંપનિના વખતનું.

કંપનિ સરકાર સ્ત્રી. એક વખત હિંદનો રાજવહીવટ કરતી મંડળી; 'ઈસ્ટ ઈંડિઅ કંપનિ'.

કંપમાન વિ. કંપાયમાન; ધ્રૂજતું; થરથરતું; કંપતું.

કંપરત્ન ન. (શિલ્પ) એક જાતનું કોતરકામ. જુઓ અબ્જ.

કંપરોગ [સં.] પું. શરીરના ધ્રુજારાનો રોગ.

કંપલપાલિકા સ્ત્રી. (પુરાણ) ભીમસેનની સ્ત્રી હિડિમ્બાનું બીજું નામ.

કંપવા [સં. કંપ + વાયુ (પવન)] પું. શરીર અથવા શરીરનો અમુક ભાગ કંપ્યા કરે એવો એક જાતનો વાયુરોગ; કંપવાયુ; ધ્રુજારીનો રોગ. આ રોગમાં કોઈ એક અવયવ અથવા આખા શરીરની માંસપેશીમાં અનિયમિત ધ્રુજારી રહે છે અને રોગીનું શરીર હલતું રહે છે. જે બાળકનો સ્વભાવ ચીડિયો અને પ્રકૃતિ મૃદુ હોય તેનામાં આ રોગની પ્રકૃતિ વધુ હોય છે

આ રોગવાળાને પૌષ્ટિક આહાર, સ્વચ્છ વાયુ અને થોડી કસરત આપવાં અને માનસિક ક્ષોભ ન થવા દેવો.

કંપવાત જુઓ કંપવા.

કંપવાયુ જુઓ કંપવા.

કંપવિસ્તાર ૧. [સં.] પું. (જ્યોતિષ) તારા, ગ્રહ વગેરે ક્ષિતિજની પૂર્વ દિશાના જે બિંદુએ ઊગે અથવા પશ્ચિમ દિશાના જે બિંદુએ આથમે તેનાથી જે અંતર પડતું હોય તે અંતર.

૨. પું. દોલનવિસ્તાર; લોલકના આંદોલનનાં બે છેડાનાં સ્થાન વચ્ચેનું અંતર.

૩. પું. વિશાળપણું; ફેલાવો.

કંપવું ૧. [સં. કમ્પ્] અ. ક્રિ. ધ્રૂજવું; કાંપવું; થરથરવું.

૨. અ. ક્રિ. બીવું; ડરવું; ભય પામવો; ત્રાસવું.

કંપસંતાનસંસ્કાર [સં.] પું. અવાજનાં આંદોલનનો વેગ; 'મોમેન્ટમ ઑવ વાઇબ્રેશન'.

કંપસૂચક યંત્ર [સં.] ન. ધરતીકંપના આંચકા સંબંધી માપ કાઢવાનું યંત્ર; 'સિસ્મોગ્રેફ'.

કંપસ્વર [સં.] પું. ધ્રૂજતો અવાજ.

કંપહીન [સં.] વિ. કંપ વિનાનું; હાલચાલ વગરનું.

કંપા ૧. સ્ત્રી. એક પ્રાચીન નદીનું નામ. વિષ્ણુ ભગવાને તેમાં સ્નાન કરીને મહેશ્વરના આદિ લિંગનું પૂજન કર્યું હતું એવી માન્યતા છે.

૨. [સં.] સ્ત્રી. કંપવું તે; ધ્રુજારી; થથરાટ.

૩. સ્ત્રી. ગરગડી.

૪. સ્ત્રી. કુક્કરની દાંતરડી.

૫. સ્ત્રી. પતંગની કમાન.

૬. સ્ત્રી. પાતળી કમર.

૭. સ્ત્રી. વહાણમાં નાની ચીજો લેવા માટે ઉપાડવાનું લાકડાનું એક સાધન; તાલિયા.

કંપાઉંડ ૧. [અં.] ન. છૂટું ન થઈ શકે એવું મિશ્રણ.

૨. ન. વાડ કરી લીધેલ ફળિયું; ઘર કે મકાનની આસપાસ જાળી, વાડ કે વંડો કરીને આંતરી લીધેલી છૂટી જગ્યા.

૩. વિ. મિશ્ર; ઘણી ચીજો એકઠી થઈ બનેલું.

કંપાઉંડ ફ્રેક્ચર [અં. કંપાઉંડ ફ્રેક્ચર] ન. હાડકાનું તૂટી જવું અને માંસવાળા ભાગને પણ ઈજા થવી તે.

કંપાઉંડર [અં.] પું. દવાઓનું મિશ્રણ તૈયાર કરનાર; દાક્તરે લખ્યા પ્રમાણે જુદી જુદી દવાઓ મેળવી ઔષધ તૈયાર કરી આપનાર.

કંપાક [સં.] પું. વાયુ; પવન.

કંપાણ ૧. ન. તડકામાં ફરવાથી થતો એક રોગ.

૨. [સં. કંપમાન (ધ્રૂજતું)] ન. ભારે અને મોટી વસ્તુ જોખવાનો કાંટો; ધાતુની તુલા.

કંપાણી ૧. પું. કંપાણથી તોળવા જોખવાનો ધંધો કરનારો આદમી; તોલાટ.

૨. સ્ત્રી. તોળવા જોખવાનો ધંધો કરનાર વણિકોની એક અટક.

૩. ન. વાણિયાની એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

૫. વિ. જોખવાનો ધંધો કરનાર.

કંપાન જુઓ કંપાણ.

કંપાન્વિત [સં.] વિ. ધ્રૂજતું; થરથરતું.

કંપાયમાન ૧. [સં.] વિ. અસ્થિર; ચલિત.

૨. વિ. ધ્રૂજતું; થરથરતું; કંપતું.

કંપાર વિ. કંપાયમાન; ધ્રૂજતું.

> શેષ ધરણી રહ્યો નાંખી, ચૌદ લોક થયાં કંપાર.
> રતનજી

કંપારવ ૧. પું. થરથરાટ; ધ્રુજારો.

૨. વિ. કંપાયમાન; ધ્રૂજતું.

કંપારી ૧. સ્ત્રી. અકળામણ; ગભરામણ.

૨. સ્ત્રી. અપ્રીતિ; અભાવ; કમકમાટી.

કંપારી આવવી–છૂટવી–વછૂટવી = (૧) અણગમો થવો; તિરસ્કાર આવવો. (૨) ધ્રૂજવું; થરેરાટ થવો; શરીર ધ્રૂજવું; શરીરનાં રૂવાં ઊભાં થઈ થરેરાટ વછૂટવો.

૩. સ્ત્રી. તિરસ્કાર; ધિક્કાર; તુચ્છકાર.

૪. સ્ત્રી. ધ્રુજારી; થરથરાટ; કંપ.

કંપારૂ ન. ગોળાકાર કાઢવાનું લોઢાનું ઓજાર.

કંપારો જુઓ કંપારી.

કંપાર્ટમેંટ [અં.] ન. ડબાનું ખાનું; ખંડ.

કંપાલેખક [સં.] ન. ધ્રુજારી માપવાનું યંત્ર; 'વાઇબ્રોગ્રેફ'.

કંપાવવું ૧. [સં. કંપ્ (ધ્રૂજવું)] સ. ક્રિ. ધ્રુજાવવું; હલાવવું; કંપે એમ કરવું.

૨. સ. ક્રિ. બીવરાવવું; ડરાવવું.

કંપાવસ્થા સ્ત્રી. (જ્યોતિષ) ચંદ્રમાની બાર માંહેની એક અવસ્થા.

કંપાવું ૧. અ. ક્રિ. ધ્રૂજવું; કાંપવું; થરથરવું; હાલવું.

૨. અ. ક્રિ. બીવું; ડરવું; ભય પામવો.

કંપાસ ૧. પું. કપડાં ઉપર ભરત ભરવાનું પ્રમાણ બાંધવાનું સાધન.

૨. પું. કાંટો; તુલા.

૩. પું. ગણતરી, માપ વગેરે લેવાનું કાંટાવાળું એક યંત્ર.

૪. [અં. કંપસ] પું. (ગણિત) ત્રિકોણમિતિમાં અંતર માપવાનું યંત્ર.

૫. પું. વર્તુળ દોરવાનું સાધન; કર્કટ; કૈવાર.

૬. પું. હોકાયંત્ર; મત્સ્યયંત્ર; દિશાસૂચકયંત્ર; ધ્રુવમત્સ્યયંત્ર; ખલાસીનું દિગ્યંત્ર.

૭. સ્ત્રી. ઘોડાની ધૂંસરી.

કંપાસઘર ન. વહાણમાં જે સ્થાને દિગ્દર્શકયંત્ર રહે તે સ્થાન.

કંપાસવાલ પું. જમીન માપનાર; મોજણીદાર.

કંપિત ૧. સ્ત્રી. (સંગીત) ગમકના સાત માંહેનો એક પ્રકાર. જુઓ ગમક. એક સ્વર ઉપર આઘાતથી નાદ ઉત્પન્ન કરી તે સ્વરને દ્રુતગતિમાં કંપિત કરવાની પદ્ધતિને કંપિત નામની ગમક કહેવામાં આવે છે.

૨. સ્ત્રી. ગાયન ગાતાં ડોલવું તે. તે ગાયકનો એક દોષ ગણાય છે.

૩. સ્ત્રી. માથું હલાવવાના નવ પ્રકાર માંહેનો છઠ્ઠો પ્રકાર; ક્રોધ દેખાડવો, ઊભા રહેવાનું કહેવું, સવાલ પૂછવો, હાંક મારવી, ભીતિ પમાડવી વગેરે માટે ઊંચુંનીચું ડોકું હલાવવું તે.

૪. સ્ત્રી. (સંગીત) સ્વરને ગળાથી અથવા તારથી કંપાવવો તે; બરજા.

૫. ન. કંપ; ધ્રૂજ.

૬. વિ. કંપવાળું; હાલતું.

૭. વિ. ચલાયમાન; ચંચળ.

૮. વિ. (સંગીત) ધ્રૂજતો અવાજ કાઢનાર.

૯. વિ. ભયભીત.

કંપિલ ૧. [સં.] પું. કરંજનું ઝાડ; રોચની.

૨. ન. ફરૂખાબાદ જિલ્લાનું એક પુરાણું નગર. તે અગાઉ દક્ષિણ પાંચાલની રાજધાની હતું. દ્રૌપદીનો સ્વયંવર ત્યાં થયો હોવાનું મનાય છે.

કંપિલા [સં.] સ્ત્રી. કપિલો. જુઓ કપિલો.

કંપિલ્ય જુઓ કંપિલ.

કંપિલ્લ ૧. [સં.] પું. એ નામનું એક નગર; કંપિલ્લપુર; ફરૂખાબાદ જિલ્લાનું એક જૂનું નગર.

૨. પું. કપિલો; એક જાતના ઝાડના ફળનો રસ. તે ખાવાથી ઝાડા થાય અને રુવાંટાં ઊભાં થઈ જાય.

૩. પું. ગોરોચના.

કંપિલ્લક [સં.] પું. કપિલો. તે ખાવાથી થરથરાટી થાય છે, માટે તેને કંપિલ્લક કહે છે.

કંપિલ્લપુર ન. એ નામનું નગર; કંપિલ્લ.

કંપી સ્ત્રી. (વહાણવટું) વહાણનો એક ભાગ; કુપી.

કંપીલ જુઓ કંપિલ.

કંપીલો પું. ગડંગૂમડની એક ઔષધિ.

કંપુ ૧. [અં. કૅમ્પ] ન. છાવણી; પડાવ; મુકામ.

૨. ન. મંડળ; ટોળી.

૩. ન. લશ્કરની ટુકડી; ફોજ.

કંપૂ [મ.] સ્ત્રી. લશ્કરી છાવણી; 'કૅમ્પ'.

કંપેનિયન [અં.] પું. સોબતી; સાથી.

કંપેશ [ફા. કમપેશ] ન. ઓછુંવધતું કરવું તે.

કંપો પું. પડાવ; કંપુ; છાવણી; 'કૅમ્પ'.

કંપોઝ (કંપોઝ) [અં.] ન. બીબાં ગોઠવી તૈયાર કરવું તે.

કંપોઝિટર (કંપોઝિટર) [અં.] પું. બીબાં ગોઠવનાર; છાપખાનામાં બીબાં ગોઠવનારો માણસ.

કંપોઝિંગ (કંપોઝિંગ) ૧. [અં.] ન. બીબાં ગોઠવવાની મજૂરી.

૨. ન. બીબાં ગોઠવવાનું કામ.

કંપ્ય [સં.] વિ. કંપિત કરી શકાય તેવું; ચલ.

કંપ્ર ૧. સ્ત્રી. ધ્રુજારી; ટાઢ ચડવી તે.

૨. વિ. ચપલ; ચાલાક.

૩. વિ. ધ્રૂજતું; હાલતું; કંપતું.

કંપ્રી જુઓ કંપ્ર.

કંપ્લીટ ૧. [અં.] વિ. તમામ.

૨. વિ. પૂરું; પૂર્ણ.

કંપ્લેન્ટ ૧. [અં.] સ્ત્રી. દાદ; ફરિયાદ.

૨. સ્ત્રી. વિલાપ.

૩. સ્ત્રી. વ્યાધિ; પીડા.

કંબ સ્ત્રી. (જૂ. ગુ.) કાંબડી; સોટી.

જા વાડી માંહી કણયદ કંબ લેઈ આવિ.

દર્શનવિજય

કંબખ્ત (કંબખ્ત) [ફા. કમબખ્ત] વિ. ભાગ્યહીન; બેનસીબ.

કંબખ્તી (કંમખ્તી) સ્ત્રી. પાયમાલી; ખરાબ દશા.

કંબર ૧. [સં.] પું. કાબરચીતરો રંગ.

૨. વિ. કાબરું; કાબરચીતરા રંગનું.

કંબરખેલ પું. આફ્રિદી તાયફાવાળાઓની એક શાખા.

કંબરીખોન સ્ત્રી. ટોલેમિના લખાણ પ્રમાણે ગંગા નદીના ત્રીજા મુખનું નામ. આ નામ કુંભીરખાનમ ઉપરથી વિકૃત થયું છે. એનો અર્થ મગરોની ખાડી એવો થાય છે.

કંબર્ગા ૧. [ફા. કમર્ગાહ] પું. કટિભાગ.

૨. પું. વચલો ભાગ; મધ્ય.

કંબલ ૧. [સં.] ન. આસન.

૨. ન. ઇન્દ્રિય.

૩. ન. કમળ.

૪. ન. કામળી; ધાબળો.

૫. ન. કુશદ્વીપમાં આવેલો એ નામનો એક દેશ.

૬. ન. ખેસ; પછેડી; ઉત્તરીય વસ્ત્ર.

૭. ન. ગોદડી; ગાય, બળદની ગરદન નીચે લબડતી જાડી ચામડી.

૮. ન. દીવાલ.

૯. ન. નવ નાગ માંહેનો એ નામનો એક.

૧૦. ન. (પુરાણ) નાગના અષ્ટકુળ માંહેનું એ નામનું એક.

૧૧. ન. નાનો કીડો; એક જાતનો નાનો કીડો.

૧૨. ન. પાણી.

૧૩. ન. બાર મેઘ માંહેનો એ નામનો એક.

૧૪. ન. રંગિત કે શણગારેલા કાગળનો બનાવેલ મીણબત્તી ઉપર રાખવાનો શેડ એટલે પોટો.

૧૫. ન. સર્પનો રાજા; કદ્રુપુત્ર એક નાગ.

૧૬. ન. હરણની એક જાત.

કંબલક [સં.] પું. ધાબળો.

કંબલકારક [સં.] પું. કામળો વગેરે ઊનનું વસ્ત્ર બનાવનાર માણસ.

કંબલનૈન વિ. કમળના ફૂલ જેવી આંખવાળું.

કંબલપોશ પું. એકલો ધાબળો પહેરીને રહેનાર સાધુ.

કંબલબર્હિષ [સં.] પું. (પુરાણ) સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના જ્યામઘ કુળના સાત્વત રાજાના પુત્ર અંધક રાજાના ચાર પુત્ર માંહેનો સૌથી નાનો.

કંબલબાહ્યક [સં.] ન. બળદથી ખેંચાતું ધાબળો ઢાંકેલ ગાડું.

કંબલભોજ [સં.] વિ. ધાબળો વાપરનાર.

કંબલયા જુઓ કંમલાયા.

કંબલહાર ૧. [સં.] પું એ નામનો એક ઋષિ.

૨. વિ. કામળો લઈ જનાર.

કંબલહારિ [સં.] પું. કંમલહાર ઋષિના દીકરાનું નામ.

કંબલાયા પું. (પિંગળ) નવ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; મદનક. તેના દરેક ચરણમાં બે નગણ અને સગણ એમ નવ અક્ષર હોય છે.

કંબલાયી [સં. કંમલાયિન્] પું. એક જાતની સમળી.

કંબલિકા ૧. [સં.] સ્ત્રી. નાની ધાબળી.

૨. સ્ત્રી. મૃગલી.

કંબલી ૧. [સં.] સ્ત્રી. એક જાતની મૃગલી.

૨. સ્ત્રી. જાડી ધાબળી.

૩. [સં. કંબલિન્] વિ. ધાબળાવાળું.

૪. વિ. ગળે લબડતી ગોદડીવાળું. જેમકે, બળદ, ગાય.

કંબલો ૧. પું. કીમતી વસ્ત્ર.

૨. પું. જાડો ધાબળો.

કંબશ્ચન [અં] ન. અગ્નિદાહ; બળવું તે.

કંબા ૧. સ્ત્રી. કરણની સોટી.

૨. [સં. કંમ્બી] સ્ત્રી. વાંસની ચીપ.

૩. સ્ત્રી. સુતારનો વાંસનો ગજ.

કંબાકોનમ ન. દક્ષિણ હિંદમાં મદ્રાસની દક્ષિણે ૧૯૩ માઈલે આવેલું એ નામનું એક શહેર.

કંબાવવું ૧. સ. ક્રિ. અમુક જાતના રસનો પટ દેવો; ભાવના દેવી.

૨. સ. ક્રિ. નરમ કરવું; કૂણું કરવું. ઢોરનું ચામડું ઉતારી તેને સીવી કોથળી જેવું કરી તેમાં પાણી ભરી ચામડું કંમાવે છે.

૩ સ. ક્રિ. માર મારવો.

કંબાસુહુ પું. વાંદરાની એક જાત. તેનું રહેઠાણ હિમાલય પર્વતની ધાર ઉપર છે. તેની પીઠ કાળાશ ઉપર અને માથું અને પેટ પીળાશ ઉપર હોય છે. તેઓની પૂંછડી ઉપર આછાઆછા વાળ હોય છે.

કંબિ ૧. સ્ત્રી. અંકુર.

૨. સ્ત્રી. કડછી; તાવેથો.

૩. સ્ત્રી. મૂળિયું.

૪. સ્ત્રી. વાંસની ગાંઠ.

કંબી જુઓ કંબિ.

કંબીલા [હિં.] પું. કપિલો.

કંબીસન ન. ટોલેમિની માન્યતા પ્રમાણે ગંગા નદીનું છેક પશ્ચિમમાં આવેલું મુખ. આ નામ કપિલાશ્રમ ઉપરથી વિકૃત થયેલું જણાય છે.

કંબુ ૧. પું. એ નામનો એક પર્વત. તેમાંથી રૂપું નીકળે છે.

૨. પું. એક જાતનો અસુર.

૩. પું. કંડ.

૪. પું. દશ લાખની સંખ્યા.

૫. પું. શંખ.

૬. પું. શંખની બંગડી; વલય; ચૂડો.

૭. પું. શંમ્બૂક; શિયાળ.

૮. પું. હાથી.

૯. સ્ત્રી. ગળું; ડોક.

૧૦. સ્ત્રી. નલક; નળી.

૧૧. ન. કડું.

૧૨. ન. કદંબનું ઝાડ.
૧૩. ન. કાબરચીતરો રંગ.
૧૪. ન. કુંજપક્ષી.
૧૫. વિ. કાબરચીતરૂં; કાબરૂં.

કંબુક ૧. [સં.] પું. ક્ષુદ્ર માણસ.
૨. પું. શંખ.
૩. વિ. કંબુ પર્વતમાંથી નીકળતા રૂપાની એક જાત. તેનો રંગ કુંદના ફૂલને મળતો આવે છે.
૪. વિ. નીચ.

કંબુકંઠ [સં.] વિ. શંખ જેવી ડોકવાળું.

કંબુકંઠી ૧. [સં.] સ્ત્રી. શંખ જેવું જેનું ગળું હોય તેવી સ્ત્રી; કંબુગ્રીવા; શંખની માફક કંઠ ઉપર ચામડીની ત્રણ સુંદર આવલીવાળી સ્ત્રી.
૨. સ્ત્રી. શંખના જેવા મધુર કંઠવાળી સ્ત્રી.
૩. સ્ત્રી. સુશોભિત રંગનો હાર.

કંબુકા ૧. [સં.] સ્ત્રી. આસંધ વનસ્પતિ.
૨. સ્ત્રી. ડોક.

કંબુકાષ્ઠા [સં.] સ્ત્રી. આસંધ વનસ્પતિ.

કંબુકુસુમા [સં.] સ્ત્રી. શંખપુષ્પી વનસ્પતિ.

કંબુગ્રીવ ૧. [સં.] પું. (પુરાણ) ઇંદ્રદેશના સુધન્વા રાજાનો પુત્ર.
૨. વિ. શંખના જેવી ડોકવાળું.

કંબુગ્રીવા ૧. [સં.] સ્ત્રી. શંખ જેવા ગળાવાળી સ્ત્રી. શંખને ત્રણ રેષા હોય છે તેમ ગરદન ઉપર જેને ત્રણ રેષા હોય તેને કંબુગ્રીવા કહેવાય છે.
૨. વિ. સ્ત્રી. શંખના જેવા ગળાવાળી.

કંબુજ પું. શંખ.

કંબુધર [સં.] વિ. કમળધર; પદ્મ ધારણ કરનાર.

કંબુપુષ્પી [સં.] સ્ત્રી. શંખપુષ્પી વનસ્પતિ.

કંબુમાલિની જુઓ કંબુપુષ્પી.

કંબૂ ૧. [સં.] પું. ચોર.
૨. સ્ત્રી. એ નામની એક વનસ્પતિ.
૩. સ્ત્રી. કાંડાનું એક ઘરેણું; ચૂડી.
૪. સ્ત્રી. ડોક.
૫. વિ. ચોરટું; ચોર સ્વભાવનું; ચોટ્ટું.

કંબૂલ [સં.] પું. એ નામનો એક યોગ.

કંબોઈ ૧. [સં. કામ્બોજ] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ. એની ડાળી સીધી ને સોટી જેવી થાય છે અને દાતણ તરીકે તેમ જ ટોપલી બનાવવામાં વપરાય છે. તે બીની જગ્યામાં ઊગે છે. પાન વાટી બળતરાવાળા સોજા કે ગૂમડાં ઉપર ચોપડાય છે.
૨. સ્ત્રી. ઢોરને શીંગડાંમાં થતું દરદ. જુઓ કમોડી.

કંબોજ ૧. પું. એક જાતનો શંખ.
૨. પું. એક હાથી.
૩. પું. કંબોજ દેશનો રહેવાશી.
૪. પું. કંબોજની ઉછેરનો ઘોડો.
૫. પું. ખંભાત. તાંત્રિકો ખંભાતને કંબોજ કહે છે.
૬. પું. હિંદુસ્તાન અને અફઘાનિસ્તાનની વચ્ચે આવેલ દેશનું જૂનું નામ. ત્યાંના ઘોડા પ્રસિદ્ધ હતા.
૭. સ્ત્રી. એ નામની લોકોની એક જાતિ. મનુએ તે જાતિને મ્લેચ્છ ગણી છે.

કંબોજા પું. વાણિયાની ચોરાશી માંહેની એક નાત.

સુરહિયા માથર **કંબોજા** કરહિયા.
લાવણ્યસમય

કંબોડાં (કંબોડ઼ાં) ન. કેડનો સાંધો.

કંબોડિયા (કંબોડ઼િયા) ૧. સ્ત્રી. તરગાળા કે ભવાયાની એ નામની એક અટક.
૨. ન. એ અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કંબોડી (કંબોડ઼ી) સ્ત્રી. ઢોરના શીંગડામાં થતો એક રોગ. જુઓ કમોડી.

કંબોય ૧. [સં. કંબોજ] પું. (પ્રાકૃત) કંબોજ દેશ.
૨. વિ. કંબોજ દેશમાં જન્મેલ.

કંબોયા ૧. સ્ત્રી. કોળીની એ નામની અટક.
૨. ન. એ અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કંબોહ સ્ત્રી. કાબુલ નદીનું એક નામ.

કંભ્રા સ્ત્રી. જાડી ધાબળી.

કંભાય સ્ત્રી. બાંય.

કંભારિયા સ્ત્રી. એક જાતની વનસ્પતિ; ગાંભારી.

કંભારી ૧. [સં.] સ્ત્રી. એક વનસ્પતિ; ગાંભારી.
૨. સ્ત્રી. સીવણ.

કંભુ [સં.] ન. સુગંધી વાળો; ખસ.

કંમર ૧. સ્ત્રી. આયરની એ નામની એક અટક.
૨. ન. એ અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કંમલ ૧. ન. ઘોડાના સામાનના એક ભાગનું નામ.
૨. [સં. કંમલ] ન. ધાબળો; કામળો.

કંયકા સ્ત્રી. (જૂ. ગુ.) કણિકા.

કંયેં અ. ક્યારે.

કંવર ૧. પું. જુવાન માણસ.
૨. [સં. કુમાર] પું. દીકરો.
૩. પું. રાજકુંવર; રાજાનો દીકરો.

કંવરણા પું. ધોબી.

કંવલ ૧. પું. અબરખ અને રંગીન કાગળનાં આકારનો ચંદો. તેની અંદર મીણબત્તી બાળવામાં આવે છે અને ભાદરવા મહિનામાં ગુરુવારે ખ્વાજા ખ઼ીઝરને આહુતિ તરીકે પાણીમાં તરતો મૂકવામાં આવે છે.
૨. [સં. કુવલય] પું. આસમાની કમળ.
૩. પું. કાચનો ચંદો.
૪. પું. હૃદય.

કંવલગટ્ટા [હિં.] પું. કમળકાકડી; કમળનું બીજ.

કંવલચરણ ન. કમળના જેવો પગ.

કંવલદહ ન. ઘણાં કમળવાળું બહુ ઊંડું પાણી.

કંવલનૈન [સં. કુવલયનયન] વિ. કમળના ફૂલ જેવી આંખવાળું.

કંવલનૈની જુઓ કંવલનૈન.

કંવલબાઈ પું. કમળો.

કંવલબાદ જુઓ કંવલબાઈ.

કંવલબાવ જુઓ કંવલબાઈ.

કંવલરૂપી વિ. કમળના જેવા આકારનું.

કંવાર પું. એળિયાની એક જાત.

કંવારયો પું. કુહાડી.

કંવુલ [સં.] ન. (જ્યોતિષ) એક પ્રકારનો ગ્રહયોગ.

કંશ ૧. [સં.] પું. અલક; વાળની લટ.
૨. પું. પીવાનું પાત્ર; પ્યાલો.

કંશીર પું. એ નામનો એક સુશોભિત છોડ.

કંસ ૧. પું. (જ્યોતિષ) અઠયાસી માંહેનો એક ગ્રહ. જુઓ ગ્રહ.
૨. પું. આઢક; એક જાતનું માપ.
૩. પું. કાંસું.
૪. પું. કાંસું, સોનું અને રૂપું વગેરેથી બનાવેલ ગોળ આકારનું એક પાત્ર.
૫. પું. (ગણિત) કૌંસ. જ્યારે કોઈ બૈજિક પદસમુદાયને એક જ પદ તરીકે ગણવાનું હોય ત્યારે તે બધાં પદોને ( ) અથવા { } અથવા [ ] આવી બે નિશાનીઓની વચ્ચે લખવામાં આવે છે.
૬. પું. તાંબાના મેલમાંથી થતું ધાતુદ્રવ્ય; તૈજસ દ્રવ્ય.
૭. પું. પાણિનિના સમયમાં વપરાતો એક સિક્કો.

૮. પું. પીવાનું પાત્ર; પ્યાલો; કટોરો.

૯. પું. (પુરાણ) મથુરાના ઉગ્રસેન રાજાના નવ માંહેનો મોટો પુત્ર; કૃષ્ણનો એ નામનો મામો. એ કાળનેમિ નામના અસુરના અંશથી જન્મ્યો હતો. ઉગ્રસેનની સ્ત્રી પવનરેખા એક દિવસ પોતાની સાહેલીઓ સાથે વનવિહાર કરવા ગઈ હતી. ત્યાં તેમનાથી છૂટી પડી એકલી ઝાડની ઘટામાં ચાલી ગઈ. એવામાં કોઈ દ્રુમલિક રાક્ષસે ઉગ્રસેન રૂપે આવીને ભોગવવાથી એને ગર્ભ રહ્યો તે કંસ. એ દુષ્ટબુદ્ધિનો હતો અને પ્રજાને બહુ ઉપદ્રવ કરતો. જરાસંધને કુસ્તીમાં એણે માત્ર આઠ વર્ષની વયે હરાવ્યો હતો તેથી જરાસંધે એને પોતાની બે દીકરીઓ અસ્તિ અને પ્રાપ્તિ પરણાવી હતી. પોતાના કાકા દેવક રાજાની દીકરી દેવકીને એણે પાળીને મોટી કરી હતી. એનો વિવાહ વસુદેવ યાદવ સાથે કર્યો અને તેના ઉપર એટલું બધું વહાલ રાખતો કે વરકન્યા વળાવતી વખતે તેમના રથના સારથિ તરીકે તે બેઠો. પણ માર્ગમાં દેવવાણી થઈ કે "હે કંસ, આ દેવકીનો આઠમો ગર્ભ તને મારશે." આથી દેવકી તરફની એની વૃત્તિ બદલાઈ ગઈ અને તેને મારવા દોડ્યો. પણ વસુદેવે તેને અટકાવ્યો અને પોતાનાં સંતાન તેને આપી દેવાનું કબૂલ કર્યું. છતાં તેણે વસુદેવ દેવકીને પોતાની પાસે કેદમાં રાખ્યાં અને ઉગ્રસેનને પણ ગાદી ઉપરથી ઉઠાડી મૂકી તેને નજરકેદ કર્યો. પ્રથમના દેવકીના છ પુત્રોને તેણે મારી નાખ્યા. સાતમી વખતના ગર્ભને દેવમાયાએ દેવકીના ઉદરમાંથી લઈને વસુદેવની સ્ત્રી રોહિણી ગોકુળમાં રહેતી હતી તેના ઉદરમાં મૂક્યો. આઠમા બાળકને વસુદેવે સુરક્ષિત ગોકુળમાં નંદને ઘેર પહોંચાડ્યું અને ત્યાં થયેલી કન્યા બંદીશાળામાં આણી. આ કન્યાને કંસે પથ્થર ઉપર પછાડી પણ એ એના હાથમાંથી છૂટી આકાશમાં અદૃશ્ય થઈ ગઈ. જ્યારે કંસને માલૂમ પડ્યું કે દેવકીના બે પુત્ર ગોકુળમાં ઊછરે છે ત્યારે એણે પૂતના, અઘાસૂર, કેશી વગેરેને ક્રમે ક્રમે ગોકુળ મોકલ્યાં. પણ એ બધાંનો નાશ થવાથી એને ખાતરી થઈ કે એ દેવકીના જ પુત્રો છે. પછી પોતે ધનુર્યાગ કરવાને બહાને એ છોકરાઓને મથુરામાં આણવા અક્રૂરને મોકલ્યો. અક્રૂરે તેને મથુરા આણ્યા. ત્યાં તેઓએ કુસ્તીમાં ચાણૂર, મુષ્ટિક વગેરે મલ્લોને મારીને છેવટે કંસને પણ મારી નાખ્યો.

૧૦. પું. મંજીરા; કાંસી.

૧૧. પું. લાલચ.

૧૨. પું. (જ્યોતિષ) વિષુવાંશ ૨૭૦ અને ઉત્તર ક્રાંત્યંશ ૬૫માં આવેલો ચોથા મહત્ત્વનો એક તારો.

૧૩. સ્ત્રી. કસ; અંગરખા, કાંચળી વગેરેનો બંધ.

૧૪. ન. લંબાઈ માપવાનું એક માપ; કિરકુ.

૧૨ અંગુલ = ૧ વિતસ્તિ
૨ અંગુલ = ૧ ધનુર્મુષ્ટિ
૨ વિતસ્તિ + ૧ ધનુર્મુષ્ટિ = ૧ કંસ

૧૫. વિ. દુષ્ટ; જુલ્મી.

કંસક ૧. [સં.] ન. આંખની એક દવા.

૨. ન. કાંસું; એક જાતની ધાતુ.

કંસકાર ૧. પું. એક મિશ્ર જાતિ.

૨. [સં. કંસ (કાંસું) + કાર (બનાવનાર)] પું. કંસારો; કાંસાનાં વાસણ બનાવનાર.

કંસકૃષ [સં. કંસ + કૃષ્ (કચરી નાખવું)] પું. વાસુદેવ; કૃષ્ણ.

કંસછેદન [સં.] ન. કંસનો વધ.

કંસજ જુઓ કંસક.

કંસજિત [સં. કંસજિત્] પું. વાસુદેવ; કંસને જીતનાર કૃષ્ણ.

કંસતાલ [સં.] પું. ઝાંઝ.

કંસદ્વિષ [સં. કંસદ્વિષ્] પું. કૃષ્ણ.

કંસનાભ [સં.] પું. (જ્યોતિષ) અઠયાસી માંહેનો એ નામનો એક ગ્રહ.

કંસનિકંદન [સં.] પું. કંસનું નિકંદન કાઢનાર કૃષ્ણ.

કંસની પું. (પિંગળ) એક માત્રામેળ છંદ. તે ત્રિભંગી છંદનો એક ભેદ છે. તેમાં ૧૧૨ લઘુ અને ૮ ગુરુ મળી ૧૨૮ માત્રા હોય છે.

કંસપાત્ર ૧. [સં.] ન. એક માપ; આઢક; ચાર શેર.

૨. ન. કાંસાનું વાસણ.

કંસમાક્ષિક [સં.] ન. એ નામની એક ધાતુ.

કંસલું ન. કમળનો ડોડો.

કંસવણિક [સં.] પું. કાંસું વેચનાર વાણિયો.

કંસવતી સ્ત્રી. (પુરાણ) ઉગ્રસેનની દીકરીનું નામ. તે કંસની બહેન અને વસુદેવના નાના ભાઈ દેવશ્રવાની સ્ત્રી હતી. એને સુવીર અને ઇષુમાન એમ બે પુત્ર હતા.

કંસવધ [સં.] પું. કંસનો નાશ.

કંસવર્ણ પું. (જ્યોતિષ) એ નામનો ગ્રહ.

કંસવર્ણાભ પું. (જ્યોતિષ) અઠયાસી માંહેનો એ નામનો એક ગ્રહ.

કંસહનન [સં.] ન. કંસનો નાશ.

કંસહરિતકચવલેહ [સં.] પું. દશમૂળ તથા હરડેનું ચાટણ. તે ધાતુરોગ, મૂત્રરોગ અને પથરી ઉપર અપાય છે.

કંસહા પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે ષટ્પદી છપ્પયનો એક ભેદ છે. તેમાં ૧૪ ગુરુ અને ૧૨૮ લઘુ મળી ૧૪૨ વર્ણ હોય છે.

કંસા [સં.] સ્ત્રી. ઉગ્રસેનની પુત્રી; કંસની બહેન. તે વસુદેવના નાના ભાઈ દેવભાગની સ્ત્રી હતી. તેને ચિત્રકેતુ, બૃહદ્બલ અને ઉદ્ધવ એમ ત્રણ પુત્ર હતા.

કંસાધૃષ્ય પ્રતાપવાન પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

કંસાયેલું વિ. બગડી ગયેલું; સ્વાદફેર થઈ ગયેલું.

કંસાર ૧. પું. કંસારો.

૨. પું. ચૂલો.

૩. પું. ચોખામાં ઘી રેડી કરેલું રાબડું.

૪. [સં. કણ (દાણો) + સાર (સત્ત્વ)] પું. લાપસી; બાટ. ઘઉંના લોટને ગોળના પાણીમાં બાફીને બનાવેલો ખાવાનો પદાર્થ.

કંસાર કઢાવવો = પરણ્યા પછી જમાઈ પહેલી જ વાર તેના સાસરાને ત્યાં જાય ત્યારે તેને જમાડી લૂગડું, ઘરેણું અથવા રોકડ રકમ આપવી.

૫. ન. હાડકું.

કંસારણ સ્ત્રી. કંસારાની સ્ત્રી.

કંસારવાડો (કંસારવાડો) પું. કંસારા લોકોનો લત્તો.

કંસારા ૧. પું. પોપટ.

૨. પું. લક્કડફોડ નામનું પક્ષી. તે કદમાં ચકલી જેવડું અને દેખાવે લગભગ એવું જ હોય છે, છતાં એના ચળકતા રંગને લીધે તેને તરત ઓળખી શકાય. તેનો આહાર મોટે ભાગે ફળ છે. જીર્ણ ઝાડમાં ફોર ચાંચ વડે કાણું પાડી તે આછા મેલા રંગનાં ત્રણ ઈંડાં મૂકે છે. આરાવળ, અરવલ્લિ, આબુ, ઈડરની ગિરિમાળાઓ અને જંગલોમાં તે બહુ નજરે પડે છે. તેનો રંગ ઉપર લીલો, નીચે અને પડખે આછો લીલો અને પૂંછડી હેઠળ પીળાશ પડતો હોય. તેનું માથું, ગરદન, છાતી અને પેટ બદામી, ચાંચ ઘેરી બદામી અને પગ આછા ફિક્કા પીળા રંગના હોય છે.

૩. ન. દરિયાના કાંઠા પાસે કાદવમાં દટાયેલી છીપમાંથી નીકળતું એક જાતનું મોતી.

કંસારાઓળ સ્ત્રી. કંસારા લોકોનો લત્તો.

કંસારાતિ ૧. [સં.] પું. આંજણ; સુરમો.

૨. પું. કંસનો શત્રુ; કૃષ્ણ.

૩. પું. જટામાંસી નામની વનસ્પતિ.

કંસારાવાડ (કંસારાવાડ) જુઓ કંસારાઓળ.

કંસારિ ૧. [સં.] પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ગાયત્રીનો એક ભેદ છે. તેમાં મગણ અને ભગણ એમ ૬ વર્ણ હોય છે.

૨. પું. કંસનો શત્રુ; શ્રીકૃષ્ણ.

કંસારી ૧. સ્ત્રી. ઊધઈની જાતનું કપડાં ખાનારૂં જીવડું.

૨. સ્ત્રી. કંસારાની સ્ત્રી.

૩. સ્ત્રી. જટામાંસી નામની વનસ્પતિ.

૪. સ્ત્રી. હાથ.

૫. વિ. અનાજ શેકનાર.

કંસારી ઘાસ ન. એક જાતનું ઘાસ. તેના ઉપર કંસારી જેવા ગુચ્છાં થાય છે.

કંસારો ૧. પું. કલાઈ કામ કરવાવાળો માણસ.

૨. [સં. કાંસ્ય (કાંસું) + કાર (કરનાર)] પું. કાંસાનું કામ કરનાર પુરુષ.

૩. પું. ધાતુનાં વાસણ ઘડવાનો તેમ જ વેચવાનો ધંધો કરનારો માણસ.

કંસાલ પું. મોટી નોબત.

કંસાલું ન. લડાઈના મેદાનમાં વગાડવાનું એક વાજિંત્ર.

કંસાવતી સ્ત્રી. (પુરાણ) સોમવંશી યદુકુળમાં થયેલા સાત્વત કુળના દેવશ્રવાની એ નામની સ્ત્રી; પ્રદ્યુમાનની માતું નામ.

કંસાસારી પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉષ્ણિકનો ભેદ છે. તેમાં યગણ, મગણ અને લઘુ મળી સાત વર્ણ હોય છે.

કંસાસુર [સં.] પું. કંસ નામનો રાક્ષસ.

કંસાસ્થિ [સં.] ન. કાંસું.

કંસાંતક [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

કંસિક [સં.] વિ. કાંસાનું બનેલું.

કંસિકા ૧. [સં.] સ્ત્રી. એક જાતનું વાદ્ય.

૨. સ્ત્રી. કાચની નળી.

૩. સ્ત્રી. તાલ.

કંસિકી જુઓ કંસિક.

કંસીકરણ ન. (ગણિત) કૌંસની અંદર મૂકવાપણું.

કંસીય ૧. [સં.] ન. કાંસું.

૨. વિ. કાંસાનું બનેલું.

કંસુબો પું. એક જાતનું ફૂલ.

કંસો પું. (પિંગળ) એક માત્રામેળ છંદ. તે સાટકનો ભેદ છે. તેમાં ૧૩ ગુરુ અને ૯૪ લઘુ મળી ૧૨૦ માત્રા હોય છે.

કંસોદ્ભવા [સં.] સ્ત્રી. સોરઠ દેશની સુગંધી માટી.

કંહકાવું (કંહ્કાવું) અ. ક્રિ. દુઃખનો અવાજ કરવો.

કંહર ન. સુકાન.

કંહરા પું. ધ્યાન; લક્ષ.

કંહરીલા પું. સુકાની.

કંહા પું. પાકની કીમત આંકનાર અમલદાર.

કંહાઈ સ્ત્રી. પાકની કીમત આંકવી તે; આંકણી.

કંહાગિરિ પું. પ્રાચીન હિંદનો એ નામે એક પર્વત.

કેહી અ. કયાં; કયે ઠેકાણે.

કઃ ૧. [સં. કિમ્] પું. વિષ્ણુ. કઃ એટલે કોણ? તેના ઉત્તરમાં અયમ્ એટલે આ જે દેખાય છે તે, એટલે જે અપરોક્ષસૂચક છે તે. વળી સુખરૂપ અથવા આનંદકંદ પણ વિષ્ણુ જ છે. તેથી તે કઃ કહેવાય છે.

૨. સ. કોણ.

કા ૧. પું. 'ક' અક્ષર.

૨. પું. યઝદથી ઊતરતા દરજ્જાનો ફિરસ્તો.

૩. પું. રણ.

કાએ બસીત = મોટું રણ.

૪. પું. સપાટ જમીન; મેદાન.

૫. ન. કાગડાનું બોલવું તે.

૬. સ. કોને.

૭. સ. શું.

૮. વિ. કુત્સિત; નઠારૂં; તુચ્છ.

૯. વિ. કેટલું.

૧૦. અ. કે.

૧૧. અ. જોકે.

૧૨. અ. નહિ.

૧૩. અ. નું; ની માલિકીનું.

કાઅબા ન. ઈસ્લામ ધર્મનું મક્કામાં આવેલું પવિત્ર સ્થળ.

કાઆન પું. તાર્તર લોકોનો એક જાતનો ઇલ્કાબ; શહેનશાહ. ખાન તેથી ઊતરતો ખિતાબ છે.

કાઇનેટોસ્કોપ [અં.] ન. કોઈ પણ ચીજનો આબેહૂબ દેખાવ એકી વખતે સંપૂર્ણ કદ સાથે જોઈ શકાય એવું એડિસને શોધેલું યંત્ર.

કાઇયાં ૧. પું. હોશિયાર અને ચતુર માણસ.

૨. સ્ત્રી. મારવાડીની એક જાત.

૩. ન. એ નામની જાતનું માણસ.

૪. વિ. એ નામની જાતનું.

૫. વિ. લોભિયું; કંજૂસ.

કાઇયાંપણ ૧. ન. કૃપણતા; લોભિયાપણું.

૨. ન. લુચ્ચાઈ.

કાઇસાર પું. રૂમનો એ નામનો પાદશાહ.

કાઈ ૧. [સં. કાવર] સ્ત્રી. ઊલટી; મોળ.

૨. સ્ત્રી. કાટ; મેલ.

૩. સ્ત્રી. કાયા; શરીર; દેહ.

૪. સ્ત્રી. પાતળું પડ; આચ્છાદન; આવરણ.

૫. સ્ત્રી. શેવાળ.

૬. વિ. કાયર; કંટાળેલું.

૧. કાઈ જવું = કંટાળવું.

૨. કાઈને કાંઠે આવવું = બહુ કંટાળી જવું.

કાઈ આવર સ્ત્રી. ઊલટી કરાવે એવી દવા.

કાઈ કાઈ ૧. પું. અવાજ.

૨. પું. કાગડાનો કા કા અવાજ.

કાઈઝા પું. ઘોડાને માલિશ કરતી વખતે તે કરડે નહિ એટલા માટે લગામને પૂછડીમાં પરોવી ઘોડાનું માથું બાંધવું તે.

કાઈઝી સ્ત્રી. ઘોડાને સાફ કરતી વખતે વપરાતી લગામ.

કાઈદ ૧. પું. (જ્યોતિષ) નાના સપ્તર્ષિની પૂછડીનો એક તારો.

૨. પું. સરદાર.

કાઈદસ્ત પું. ઊલટી અને ઝાડાનો રોગ; કોગળિયું.

કાઈન પું. ઈવનો પહેલો દીકરો. આરબોએ આ શબ્દને બદલે કાબિલ શબ્દ કરી નાખ્યો છે. તે ઉપરથી હાબિલ, આબેલ થયેલ મનાય છે.

કાઈનાત ૧. સ્ત્રી. દુનિયા; જગત.

૨. સ્ત્રી. બ. વ. હયાતી ધરાવતી બધી વસ્તુ.

કાઈફૂલ ન. એક જાતની ઉત્તેજક દવા.

કાઈભોલ સ્ત્રી. માછલીની એક જાત. આ જાતની એક રાક્ષસી માછલી સને ૧૯૩૦ ના ડિસેમ્બરમાં હુગલી નદીના મુખ આગળ માછીમારોએ પકડી હતી. તે પોણાસાત ફૂટ લાંબી અને લગભગ પાંચ મણ વજનમાં હતી. તેની પાંખ માપતાં ૧૮ ઇંચ થઈ હતી. તેના મોઢાની પહોળાઈ ૨૦ ઇંચ હતી. જાળમાંથી ભાગી જવાનો પ્રયત્ન કરતાં તે માછલીએ માછીમારોની હોડીને ઊંધી વાળી દીધી હતી.

કાઈમ ૧. પું. કાટખૂણો.

૨. સ્ત્રી. (વૈદ્યક) હોજરીમાં પચેલો ખોરાક એકરસ થઈ બનતો રસ.

૩. વિ. અડગ; સ્થિર.

કાઈર ન. એક જાતનું પક્ષી.

કાઈરસ પું. પારસી શહેનશાહત સ્થાપનાર પુરુષ. એના જન્મ વિષે દંતકથા છે કે જન્મ થતાં તે

આલમનો શહેનશાહ થશે એમ જણાયાથી તેને મારવાને ઘણી યુક્તિ રચાયેલ. તે બધી નિષ્ફળ ગઈ. અંતે તે શહેનશાહ થયો. સિકંદર તેની કબર પાસે ગયો હતો.

કાઈરા ન. કેળું.

કાઈલ ૧. પું. આંતરડામાંની એક જાતની નળી અંદરનો રસ. તેમાં ચરબીના પરમાણુ હોય છે. રંગે તે સફેદ દૂધ જેવો અને ઘટ હોય છે.
 ૨. પું. તાબેદારી; શરણ.
 ૩. પું. વેપારી.
 ૪. પું. સંમતિ; કબૂલત.
 ૫. સ્ત્રી. શેરડીનો રસ કાઢવાની મોટી કડાઈ.
 ૬. ન. સાગનું ઝાડ.
 ૭. વિ. ખાતરીથી કહેનાર.
 ૮. વિ. રદ; બાતલ.

કાઈલા વિ. માંદું; આજારી.

કાઉ ૧. પું. એક જાતનું દક્ષિણ અમેરિકનું ઝાડ. તેમાંથી જાડો સફેદ મલાઈ જેવો રસ નીકળે છે.
 ૨. પું. કાગડો.
 ૩. સ. શું.

કાઉકાઉ ૧. પું. એકસામટાં ઘણાં માણસ બોલાબોલી કરે તે.
 ૨. પું. કાગડાનો અવાજ.
 ૩. સ્ત્રી. તિરસ્કારભર્યો કલબલાટ.
 ૪. સ્ત્રી. શોધખોળ.
 ૫. અ. ગડબડાટભર્યું અને ન સમજાય તેમ.

કાઉચો ન. દક્ષિણ અમેરિકમાં પેરૂમાં ઊગતું રબ્બરનું એક જાતનું ઝાડ.

કાઉ ટ્રી [અં.] ન. અમેરિકના જંગલમાં ઊગતું એક જાતનું ઝાડ. તેની ડાંખળીમાંથી નીકળતો રસ ગાયના દૂધને મળતો આવે છે.

કાઉન્ટ [અં.] પું. અમીર ઉમરાવનો એક ખિતાબ.

કાઉન્ટર [અં.] ન. ગણતરી તથા કામગીરી કરવાનું મેજ.

કાઉન્ટેસ [અં.] સ્ત્રી. અમીર ઉમરાવની સ્ત્રીનો એક ખિતાબ.

કાઉન્સિલ [અં.] સ્ત્રી. સભા; મંડળ.

કાઉન્સિલર [અં.] પું. સલાહકાર.

કાઉન્સિલ હોલ [અં. કાઉન્સિલ હૉલ] પું. સભાગૃહ.

કાઉન્સેલ [અં.] પું. ધારાનો હિમાયતી; વકીલ.

કાઉપિન [અં.] ન. સાત ઈંચ લાંબું અને રંગે ઝાંખું લાલ ઉત્તર અમેરિકનું એક પક્ષી.

કાઉલ સ્ત્રી. પ્રતિજ્ઞા આપતી વખતે અથવા લખત કરી આપતી વખતે લેવાતી રકમ.

કાઉવાઉ જુઓ કાઉકાઉ.

કાઉસગ જુઓ કાઉસગ્ગ.

કાઉસગ્ગ ૧. [પ્રા.] પું. (જૈન) કાયાનો વ્યાપાર છોડી એક આસને ધ્યાન ધરવું તે; કાયોત્સર્ગ.
 ૨. પું. શરીર ઉપરના મમત્વનો ત્યાગ.

કાઉરિલપ [અં.] ન. ચરપમાં થતું સુગંધી ફૂલવાળું એક જાતનું ઘાસ. તેનાં ફૂલનો મુખ્ય ઉપયોગ ખાંડ સાથે ભેળવી દારૂમાં જોશ ચડાવવા કરવામાં આવે છે.

કાઉસ્સગ જુઓ કાઉસગ્ગ.

કાઉંસ પું. કૌંસ.

કાએદા ૧. [અ.] પું. આધાર; સમર્થન.
 ૨. પું. કાનૂન. ધારો; નિયમ.
 ૩. પું. ચાલ; રીત.
 ૪. પું. ટેવ; આદત.
 ૫. પું. (ગણિત) ત્રિકોણ કે સમાંતર બાજુવાળી આકૃતિનો પાયો.
 ૬. પું. બંદોબસ્ત; વ્યવસ્થા.
 ૭. પું. બાળપોથી.
 ૮. પું. સિદ્ધાંત; સૂત્ર.

કાએદેદાન પું. કાયદાબાજ; કાયદો બરાબર જાણનાર માણસ.

કાએદો જુઓ કાએદા.

કાએનાત ૧. [અ.] સ્ત્રી. કીમત.
 ૨. સ્ત્રી. દુનિયા; જગત.
 ૩. સ્ત્રી. પૂંજી; મિલ્કત.

કાએમ વિ. કાયમ; સ્થિર; જાથૂકનું.

કાએમહ પું. કાટખૂણો.

કાએર ૧. વિ. કંટાળેલું.
 ૨. વિ. કાયર; નાહિંમત.

કાઓંકાઓં જુઓ કાઉકાઉ.

કાક ૧. [સં.] પું. એ નામના લોકોની એક જાત.
 ૨. પું. એ નામનો એક દ્વીપ.
 ૩. પું. (જ્યોતિષ) એ નામનો ગ્રહ.
 ૪. પું. કાકજંઘા વનસ્પતિ.
 ૫. પું. કાગડાની માફક પાણીમાં માત્ર માથું ડુબાવી નાહવું તે.
 ૬. પું. કાગડો.
 ૭. પું. ડટ્ટો; બૂચ.
 ૮. પું. તિલક; ટીલું.
 ૯. પું. પ્રવાહી પદાર્થ બહાર કાઢવાની નળી ઉપરની ચાંપ; ચકલી; કોક.
 ૧૦. પું. બિસ્કિટ; ખાવાની એક વાની.
 ૧૧. પું. લંગડો માણસ.
 ૧૨. પું. હલકો માણસ; નિંદ્ય પુરુષ.
 ૧૩. સ્ત્રી. એ નામની એક વિદ્યા.
 ૧૪. ન. એ નામનું એક હિંદી પ્રજાસત્તાક રાજ્ય.
 ૧૫. ન. એક જાતનું માપ.
 ૧૬. ન. એક પ્રકારનો સુરતબંધ.
 ૧૭. ન. કાગડાનું ટોળું.
 ૧૮. ન. કાળા ઉમરડાનું ઝાડ.

કાકઋષિ ૧. [સં.] પું. એક જાતનું તિલક.
 ૨. પું. એક પ્રકારનો સુરતબંધ.
 ૩. પું. કાકજંઘા વનસ્પતિ.
 ૪. પું. કાગડો.

કાકઓ પું. એક જાતનું પક્ષી.

કાકકર્કટી પું. ખજૂર.

કાકકલા ૧. [સં.] સ્ત્રી. કાકજંઘા નામની વનસ્પતિ.
 ૨. સ્ત્રી. (સંગીત) ચતુર્દશ તાલનો એક ભેદ.

કાકકુંડ પું. છ્યાશી માંહેનો એ નામનો એક નરકકુંડ.

કાકકેતુ [સં.] સ્ત્રી. કાગડા કે કૂકડાના ચિહ્નવાળી ધજા.

કાકખ વિ. નિર્માલ્ય; તુચ્છ; હલકું.

કાકગંધા [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

કાકઘ્ની [સં.] સ્ત્રી. મહાકરંજ નામનું ઝાડ.

કાકચ સ્ત્રી. સાગરગોટા નામની વનસ્પતિ.

કાકચંચા [સં.] સ્ત્રી. ચણોઠી.

કાકચંચુકા [સં.] સ્ત્રી. ચણોઠી.

કાકચંડીશ્વર ૧. પું. એ નામનો એક રસસિદ્ધ.
 ૨. પું. એ નામનો હઠવિદ્યાનો એક મોટો યોગી.

કાકચંડીશ્વરનાથ પું. નાથધર્મનો એ નામનો એક સિદ્ધ પુરુષ.

કાકચિંચા જુઓ કાકચંચુકા.

કાકચિંચિ જુઓ કાકચંચુકા.

કાકચિંચી જુઓ કાકચંચુકા.

કાકચંદ્રેશ્વર પું. એ નામનું પારાના અદ્‌ભુત ગુણ દર્શાવતું એક પુસ્તક.

કાકચી ૧. સ્ત્રી. એક જાતની કાંટાવાળી વનસ્પતિ.
 ૨. સ્ત્રી. ગળાના દ્વાર આગળ થતો એક રોગ. તેને લીધે અન્ન જળ આદિ ગળામાં થઈને નીચે ઊતરી શકે નહિ.
 ૩. સ્ત્રી. મુશ્કેલી; સંકડામણ.

કાકચું ન. કાચકીનું ફળ; કાચકું.

કાકચ્છદ ૧. [સં.] પું. ખંજન પક્ષી; દિવાળીઘોડો.

૨. પું. વાળનો જથ્થો.

કાકછત્ર ન. બિલાડીનો ટોપ.

કાકછદિ જુઓ કાકચ્છદ.

કાકજંઘા ૧. [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

૨. સ્ત્રી. ચણોઠી.

કાકજંબુ [સં.] સ્ત્રી. એક પ્રકારની જાંબુડી.

કાકજંબૂ જુઓ કાકજંબુ.

કાકજાત [સં.] પું. કોયલ.

કાકડ (કાકડ઼) ૧. [સં. કર્કટ] પું. કસ્તૂરીમૃગ.

૨. ન. એક જાતનું અથાણામાં ઉપયોગી કાકડી જેવું ફળ.

૩. ન. એક જાતનું વાજિંત્ર બનાવવાના કામમાં આવતું ઇમારતી લાકડું. તે નરમ અને વજનમાં હલકું હોય છે. ઉત્તર હિંદુસ્તાનમાં તે બળતણ તરીકે વપરાય છે.

૪. ન. ચીભડું.

૫. ન. નાળિયેરનું પાણી.

કાકડકૂંભો (કાકડ઼કૂંભો) પું. એ નામની એક દેશી રમત; અડીઅડી. આ રમતમાં દાવ દેનાર ઊભે પગે બેસે અને બીજાં ઊભાં રહી પોતાના બંને હાથની મૂઠી ઉપરાઉપરી ચડાવી તેના માથા ઉપર મૂકે. ઊભાં રહેલમાંથી જેની સૌથી ઊંચી મૂઠી હોય તેની અને દાવ દેનાર વચ્ચે નીચે પ્રમાણે સવાલ જવાબ થાય: "કાંટો કેટલો ખૂંચ્યો ?" "આર જેટલો." "લોહી કેટલું નીકળ્યું ?" "પાશેર ભરીને." "દાતણ ક્યાં કર્યું ?" "કૂવા ઉપર." "મરધાં બરધાં ઢાંક્યાં કે ?" "ઢાંક્યાં." "રોટલો કેટલો ખાધો ?" "ચાનકી." "દાળ કેટલી ખાધી ?" "કડછી ભરીને." "પાણીછાણી ભર્યું કે ?" "ભર્યું." "થાળી બાળી વગાડી કે ?" "વગાડી." "કાકડકૂંભા કેટલો ભાર ?" "એક ઉતાર (મૂઠી)." આ પ્રમાણે છેલ્લો જવાબ થતાં સવાલ કરનાર પોતાની મૂઠી લઈ લે. એ જ પ્રમાણે બધાં વારાફરતી કરે અને બધાંની મૂઠી ઊપડી રહે એટલે પછી બધાં નાસવા માંડે. દાવ દેનાર તેઓને અડકવા દોડે. જેને તે અડકે તેની પાસેથી ઉપર પ્રમાણે દાવ લેવાય. કેટલેક ઠેકાણે ફક્ત છેલ્લું વાક્ય જ બોલાય છે. અમુક ઠેકાણે "અકલી ચકલી કેટલો ભાર ? એક ઉતાર" એમ અથવા "કુકડ સુકડ કેટલો ભાર ? એક ઉતાર" એમ પણ સવાલ જવાબ થાય છે.

કાકડશીંગ (કાકડ઼શીંગ) સ્ત્રી. હિમાલય ઉપર થતું. એક જાતનું ઝાડ. તેની ડાંખળી ઉપર પાંદડાંની બાજુએ રસ નીકળી એકઠો થઈ ગ્રંથિ થાય. રંગ પાકો કરવામાં તે વપરાય છે. તે ઉષ્ણ, કડવી, તૂરી અને જડ છે. વાયુ, અરુચિ, દમ, ઉધરસ, રક્તદોષ, અતિસાર અને ક્ષયમાં એની છાલની ભૂકી એક માસા કેસર, એલચી વગેરે સુગંધી પદાર્થો અને મધમાં અપાય છે. સુશ્રુતમાં તેને કફહારક પણ કહેલ છે. તેનું મૂળ પુષ્ય નક્ષત્રમાં કાઢી લાવી શરીરે બાંધનાર ઉપર રાજાની પ્રીતિ થતી મનાય છે.

કાકડા (કાકડ઼ા) ૧. પું. એક જાતનું ચામડું.

૨. પું. બ. વ. ગળા માંહેના ચોરિયા.

૩. ન. (જૈન) રાઠોડ રજપૂતોને પ્રતિબોધ કરીને જિનદત્તસુરિજીએ સંવત ૧૧૧૭માં સ્થાપેલું ઓશવાળ વંશનું એ નામનું એક ગોત્ર.

કાકડાશીંગ (કાકડ઼ાશીંગ) જુઓ કાકડાશીંગી.

કાકડાશીંગી (કાકડ઼ાશીંગી) સ્ત્રી. એક જાતની ઔષધોપયોગી વનસ્પતિ; કાકકશીંગ.

કાકડાસીંગ (કાકડ઼ાસીંગ) જુઓ કાકડાશીંગી.

કાકડાસીંગી (કાકડ઼ાસીંગી) જુઓ કાકડાશીંગી.

કાકડિયા (કાકડ઼િયા) ૧. સ્ત્રી. એ નામની કણબી, લોહાણા તથા બાવાની એક અટક.

૨. ન. એ નામની કણબી, લોહાણા તથા બાવાની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કાકડિયું (કાકડ઼િયું) ન. એક જાતનું રેશમ.

કાકડિયો કુંભાર (કાકડ઼િયો કુંભાર) ૧. પું. એ નામની એક રમત. જુઓ કાકડકૂંભો.

૨. પું. એ નામનું બારે માસ દેખાતું એક પક્ષી. તે ઢૂક-ડૂક એવો અર્ધરાત્રિએ ઠલવાતા કોસ જેવો અવાજ કરે છે.

કાકડી (કાકડ઼ી) ૧. [સં. કર્કટિકા] સ્ત્રી. એક જાતનો વેલો. તેનાં લાંબાં વાંકાં વળેલ જાડાં ફળ કાકડી કહેવાય છે. તે સ્વાદમાં તૂરી અને ક્યારેક કડવી પણ થાય છે. કાકડીનું અથાણું, શાક, રાયતું તથા વડી પણ કરાય છે. તે મધુર, શીત, રુચિકર, લઘુ, મૂત્રલ, છાલને ઠેકાણે તીખી, કડવી, પાચક, અગ્નિદીપક, અતૃષ્ય અને ગ્રહિણી છે તથા મૂત્રરોધ, અશ્મરી, મૂત્રકૃચ્છ, વમન, દાહ અને શ્રમનો નાશ કરે છે. પાકવાથી તે રક્તદોષકર, ઉષ્ણ અને બલકર થાય છે.

૨. સ્ત્રી. ચીભડું; આરિયું.

૩. સ્ત્રી. ચીંથરાને વળ દઈને બનાવેલ જાડી દિવેટ.

૪. ન. ટાઢ વગેરેથી કોઈ ચીજનું વળી જવાપણું.

કાકડો (કાકડ઼ો) ૧. પું. કાચું નાળિયેર.

૨. પું. ગળાના દ્વારમાં આવેલો અવયવ; પડજીભ.

૧. કાકડા કરાવવા = મોંની બારી આગળના માંસના લોચા દબાવરાવવા.

૨. કાકડા ચોળવા = નકામું કરી નાખવું.

૩. કાકડા નાખવા = (૧) બાળકોની હાથ ચાલાકી કરવી. (૨) હાથ ચત્તા ઊંચા નાખવા.

૪. કાકડા મળી જવા = ચોરિયા આવી જવા.

૩. [સં. કાર્પટ] પું. ચીથરાને વળ દઈ અથવા ગોળ વીંટાળી સળગાવવા માટે બનાવેલો જાડો અને દિવેટથી લાંબો વાટો.

૧. કાકડા ઉતારવા-બાળવા = ભૂત અથવા ઝોડઝપટ કાઢવા માટે માણસના માથા ઉપર મશાલ સળગાવીને મૂકવી.

૨. કાકડા ફાકવા = બળતા કાકડાને મોંમાં નાખવા અને કાઢવા.

૩. કાકડો કરવો = (૧) મશાલ સળગાવવી. (૨) મશાલની વાટને વળ દેવો.

૪. વિ. પું. ગોરો; ઊજળો.

કાકડોળિયા સ્ત્રી. એક જાતની વેલ. તેની ડાંડલી રાતી, પાન ત્રણ ત્રણ સાથે, ડોડવાં પરપોટા જેવાં ફૂલેલાં ત્રણ ધારનાં અને બીજ પણ ત્રણ ત્રણ આડાં, કાળાં અને મોઢે સફેદ રંગવાળાં થાય છે. તેનાં બી મધુર, તૂરાં, વીર્યવર્ધક અને પુષ્ટિકારક છે. બી દીપડા ખાય તો મરી જાય એમ મનાય છે.

કાકડોળે અ. આતુરતાથી; ઇંતેજારીપૂર્વક.

કાકણ [સં.] પું. એક પ્રકારનો કોઢ. તે તીવ્ર વેદનાયુક્ત, વચ્ચે લાલ અને કોરે કાળો એટલે ચણોઠી જેવો હોય છે.

કાકણક જુઓ કાકણ.

કાકણઘીવટી સ્ત્રી. એક જાતની દવા. તે બનાવવા લોહભસ્મ, શુદ્ધ વછનાગ, ચિત્રક, કડુ, સૂંઠ, મરી અને પીપર એ બધું સમાન ભાગે લઈ તેને હરડેદલ, લીંબડાની અંતરછાલ, વાવડિંગ, ખેર, અરડૂસીનાં પાન અને ગળોના કવાથની ત્રણ ભાવના આપવી.

કાકણહાર પું. એક જાતનું ઘરેણું.

કાકણાસ સ્ત્રી. કાકનાસા નામની ઔષધિ.

કાકણિ જુઓ કાકણી.

કાકણી ૧. પું. એક જાતનો અસલી સિક્કો.

૨. સ્ત્રી. ચોસઠ ગોચર્મનું એક માપ. ક્ષેત્રગણનામાં તેનો ઉપયોગ થાય છે.

૬૪ ગોચર્મ = ૧ કાકણી
૪ કાકણી = ૧ માષ.

૩. સ્ત્રી. દેરાના નીચેના ભાગમાંની ધારવાળી કોર.

કાકતાલ અ. હમણાં; તરત.

કાકતાલીય ૧. [સં.] ન. અણધારી રીતે બનેલો બનાવ; અકસ્માત.

૨. વિ. કાગનું તાડ ઉપર બેસવું અને અકસ્માત તાડફળીનું પડવું થાય એવું; અણધાર્યું; ઓચિંતું.

કાકતાલીયતા સ્ત્રી. કાગડાનું તાડના ઝાડ ઉપર બેસવું અને તાડનું પડવું એના જેવી સ્થિતિ.

કાકતાલીયન્યાય [સં.] પું. કાકતાલીય એવો ન્યાય; કાગડો બેસે અને તાડ પડે તેવું દૃષ્ટાંત. અણધાર્યું કાર્ય કરતાં બીજું અણધાર્યું જ કાર્ય બની જાય એવા બનાવ માટે આ દૃષ્ટાંત વપરાય છે.

કાકતાલુકી [સં.] વિ. તુચ્છ; ધિક્કારવાપાત્ર.

કાકતિક્તા ૧. [સં.] સ્ત્રી. અઘેડી.

૨. સ્ત્રી. પીલુડી.

કાકતીર્થ ૧. [સં.] ન. કાગડાઓનું ભેગા મળવાનું સ્થળ.

૨. ન. કામી મનુષ્યોનું આનંદનું સ્થાન.

કાકતુંડ ૧. [સં.] પું. એ નામનું એક અપવિત્ર ગણાતું વૃક્ષ.

૨. ન. કાળું અગર.

કાકતુંડફલા [સં.] સ્ત્રી. કાકનાસા વનસ્પતિ.

કાકતુંડસંધ [સં.] પું. કાગડાની ચાંચ જેવો સાંધો.

કાકતુંડી ૧. [સં.] સ્ત્રી. કાકમારી; એ નામની એક ઔષધિ; લાલ પીલુડી; કાકનાસાવૃક્ષ.

૨. ન. પિત્તળની એક જાત. પિત્તળને તપાવી સુરકામાં બુઝાવવાથી કાળું થાય તે કાકતુંડી કહેવાય છે.

કાકદધ્યુપઘાતક [સં.] પું. (ન્યાય) કાગડાથી દહીં બચાવવાનું કહેતાં કૂતરાં, બિલાડાં વગેરે બધાં પ્રાણીથી દહીં બચાવવાનું પણ સમજવામાં આવે છે તેમ કોઈ એક વાતમાં બીજી ઘણીએ વાતોનો સમાવેશ થતો હોય એવો ન્યાય.

કાકદની સ્ત્રી. એક જાતનો ઘણા મોટા વિસ્તારવાળો કાંટાળો લાંબો વેલો; ગૃધ્રનખી; કંથારો. આ વેલો ઝાડના ઝુંડ જેવો લાગે છે. એનાં પાન લંબગોળ અને સાંકડાં હોય છે. તેમાં ફૂલોની છત્રાકાર ધોળા રંગની ગુચ્છીઓ આવે છે અને કરમદાં જેવાં કાળાં ફળ થાય છે.

કાકદંત ૧. [સં.] પું. અસંભવિત વાત.

૨. પું. કાગડાનો દાંત.

કાકદંતગવેષણ [સં.] પું. (ન્યાય) કાગડાના દાંતની શોધ કરવાની પેઠે લાભ વિનાની અશક્ય બાબતની તપાસ; નિષ્ફળ પ્રમાણસૂચક ન્યાય.

કાકદૃષ્ટિ ૧. [સં.] સ્ત્રી. કાગડાના જેવી છિદ્ર શોધક દૃષ્ટિ; ચંચળ તેમ જ સ્વાર્થ ભરેલી નજર.

૨. સ્ત્રી. કાચઆની આંખ.

૩. સ્ત્રી. ચપળ દૃષ્ટિ.

કાકદૌન પું. ખારવાળી જગ્યામાં ઊગતો એ નામનો એક છોડ. તેને ઊગતી વખતે પુષ્કળ ગરમીની જરૂર છે.

કાકધ્વજ ૧. [સં.] પું. વડવાનલ; સમુદ્રમાં રહેલો અગ્નિ.

૨. પું. (પુરાણ) વારુણિ ભૃગુના પુત્ર માંહેના મોટા ચ્યવનના દીકરા ઉર્વનો પુત્ર; ઔર્વ, કેમકે તેની ધજામાં કાગડો હોય છે.

૩. સ્ત્રી. જયેષ્ઠા દેવી, કેમકે તેની ધજામાં કાગડાનું ચિહ્ન હોય છે.

કાકનજ [સં.] સ્ત્રી. એ નામની વનસ્પતિ. તેનાં ફળનું પાણી દૂધમાં નાખવાથી દહીં જેવું જામી જાય છે. તે શોધક, મૂત્રલ અને અજીર્ણ તથા કલેજાના વ્યાધિ મટાડે છે.

કાકનંતી [સં.] સ્ત્રી. ચણોઠી.

કાકનાદ ન. ભોપાળ રાજ્યમાં આવેલ ને બુદ્ધના સ્તૂપોને લીધે પ્રસિદ્ધ થયેલ સાંચીનું પ્રાચીન નામ.

કાકનામા સ્ત્રી. (જૈન) એક જાતની ભોજનાંતરામ; સાધુ ચાલતા હોય અથવા ઊભા રહે તે વખતે કાગડો વગેરે વિષ્ટા કરે તેથી આવતી અંતરાય.

કાકનાસા ૧. [સં.] સ્ત્રી. એક જાતની ઔષધિ; નસોતર; કાગડાના નાક જેવી શીંગોવાળી વનસ્પતિ; કાકાંગી; કાકતુંડફલા.

૨. સ્ત્રી. કાંગનું ઝાડ.

કાકનાસિકા જુઓ કાકનાસા.

કાકનિદ્રા [સં.] સ્ત્રી. જલદી ઊડી જાય એવી ઊંઘ; સાવચેતી ભરેલી ઊંઘ.

કાકનિષદ પું. એ નામનો જૂના વખતનો એક સિક્કો.

કાકર્નિદુક ૧. પું. કચૂરો.

૨. પું. કાકટિંબરવો.

૩. પું. પીલુનું ઝાડ.

૪. ન. પીલુનું ફળ.

કાકપક્ષ ૧. પું. ચોટલી.

૨. પું. વાળેલા વાળનો કાગડાની પાંખ જેવો ગુચ્છો.

૩. ન. એક જાતનું ત્રિશાળ ઘર.

૪. ન. કાગડાનું પીછું.

૫. ન. કાનછેરિયાં; મસ્તક નીચે છેક કાન સુધી પહોંચેલા કેશ.

કાકપક્ષક જુઓ કાકપક્ષ.

કાકપક્ષધર [સં.] વિ. કાનછેરિયાં રાખનાર.

કાકપક્ષી પું. કાગડો.

કાકપગલું ન. હંસપદ; કાગડાના પગના આકારનું ચિહ્ન.

કાકપત્ર ૧. [સં.] ન. કાગડાના પગના આકારનું ચિહ્ન; હંસપદ.

૨. ન. (સંગીત) ચાર લઘુ માત્રા જેટલો સમય.

કાકપદ ૧. [સં.] ન. એક જાતનો રતિબંધ.

૨. ન. કાગડાના પગના આકારનું ચિહ્ન; હંસપદ.

૩. ન. કાગડાના પગલા જેવડું કોઈ માપ.

૪. ન. કાગડાનું પગલું.

૫. ન. કાગડાનો પગ.

૬. ન. ચામડીમાં અસ્ત્રથી કરેલો છેકો.

૭. ન. (સંગીત) ચાર લઘુમાત્રા જેટલો સમય; કાળનું એ નામનું એક પરિમાણ.

૮. ન. (સંગીત) રાગમાં સ્વરનો એક પ્રકાર.

૯. ન. હીરાનો એક દોષ.

કાકપદચિહ્ન [સં.] ન. લખાણમાં બે શબ્દો વચ્ચે ઉમેરો કરવા મુકાતું ^ આવું ચિહ્ન.

કાકપદદોષ [સં.] પું. હીરાના દશ પ્રકારના દોષ માંહેનો એક.

કાકપર્ણી [સં.] સ્ત્રી. જંગલી મગ; એક જાતની વનસ્પતિ.

કાકપાદ સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેનાં ફૂલ ચળકતાં પીળા રંગનાં હોય છે.

કાકપાલમ પું. દૂધીની જાતનો એક વેલો. તેનું ફળ નારંગી જેવડું લાલ હોય છે. તેને સુશોભિત ધોળાં ફૂલ આવે છે. પશ્ચિમ ઘાટમાં તે ખૂબ ઊગે છે.

કાકપીલુ ૧. [સં.] પું. ધોળી ચણોઠીનું ઝાડ.

૨. પું. રાતી ચણોઠીનું ઝાડ.

૩. ન. કુચ્ચીર નામનું ઝાડ.

કાકપુચ્છ ૧. [સં.] સ્ત્રી. કોયલ.

૨. સ્ત્રી. તગરની ગાંઠ.

કાકપુષ્ટ પું. કોયલ.

કાકપુષ્પ [સં.] ન. એક જાતનું વૃક્ષ.

કાકપેય [સં.] વિ. છીછરું; બહુ ઊંડું નહિ એવું.

કાકફલા [સં.] સ્ત્રી. એક જાતનું જાંબુ.

કાકફળ ૧. [સં. કાકફલ] પું. લીંબડાનું ઝાડ.

૨. [સં. કાકમારી] ન. એક જાતની વનસ્પતિ. તેનાં ફળ દવામાં વપરાય છે. તે માથાનાં દરદ

અને ત્રિદોષ મટાડે છે. તેથી ધાવણ પણ વધે છે.

૩. ન. કાકમારીનું ફળ.

૪. ન. લીંબોળી.

કાકબ ૧. પું. મહુડાંનો જાડો અને કાળો રસો; મહુડાંનો ગોળ. તે તમાકુમાં ભેળી ગડાકુ બનાવવામાં આવે છે.

૨. ન. હલકી જાતનાં લોકો રહેતાં હોય એવું ગામ.

કાકબલિ [સં.] પું. શ્રાદ્ધ સમયે ભોજનનો કાગડાને અપાતો ભાગ.

કાકભીરુ ૧. [સં.] પું. ઘુવડ.

૨. પું. બીકણ અને મૂર્ખ માણસ.

કાકભુશુંડી [સં.] પું. (પુરાણ) એક ઋષિનું નામ. લોમશના શાપથી તે કાગડો બની ગયો હતો. તે રામનો મોટો ભક્ત હતો.

કાકમ ૧. પું. એક જાતનું નોળિયાની જાતનું સુંદર જનાવર.

૨. પું. પ્રવાહી ગોળ જેવો થાય ત્યાંસુધી ઉકાળેલો શેરડીનો રસ; સહેજ કાચો પાતળો શેરડીનો ગોળ.

કાકમદ્ગુ ૧. [સં.] સ્ત્રી. જળકૂકડી.

૨. સ્ત્રી. દાત્યૂહ પક્ષી.

કાકમરી જુઓ કાકમારી.

કાકમર્દ [સં.] પું. મહાકાલ વૃક્ષ.

કાકમાચી [સં.] સ્ત્રી. કાયફળનો વેલો; ભોરિંગડીની જાતનો એક બે હાથ ઊંચો થતો છોડ. તેમાં નાનાં નાનાં ધોળાં ફૂલનાં ઝૂમખાં થાય છે. તેનાં ફળ ગોળ કાળા રંગનાં થાય છે. તેનું પંચાંગ રેચક અને મૂત્રલ છે અને યકૃતોદર, પ્લીહોદર તથા જીર્ણ ત્વક્દોષમાં ઉપયોગી છે.

કાકમાતા જુઓ કાકમાચી.

કાકમાતૃ જુઓ કાકમાચી.

કાકમારી સ્ત્રી. હિંદ, સિલોન, મલબાર, કોંકણ અને મલાયાના પહાડોમાં ઊગતી એ નામની એક વેલ. તેનાં ફળ ઝેરી અને માદક છે. અરબસ્તાનમાં તેનો આસવ બનાવે છે. તે નિદ્રા કે ઘેન લાવવા વપરાય છે. હિંદમાં યૂનાની હકીમો પણ તે વાપરે છે. ચામડીનાં દર્દ, ખસ, ખરજવું, દાદર, ઉંદરી, જૂનાં નહિ રૂઝાતાં પરૂ વહેતાં ઝેરી વ્રણો, પોપડા બાઝેલાં પાઠાં, જંતુ પડેલ વ્રણોને રૂઝવવા તેનાં બીજ ઉપરની છાલ કાઢી બારીક કપડછાણ કરી મલમમાં ભેળવી ચોપડાય છે. તેલમાં નાખી તે વાળમાં નાખવાથી જૂ નાશ પામે છે. મરી ગયેલાં ઢોરોને ઉપાડવાનો ઇજારો લેનાર ઢેઢ લોકો ભામનો ઇજારો મોંઘો પડે તે વખતે લોઢાની આર ઉપર તેનો લેપ લગાડે ને તે આર જાનવરોને ભોંકે તેથી ઢોર બીમાર પડી એક બે દિવસમાં મરણ પામે. તેનાં પાંદડાંના રસમાં લાંગૂલીનાં પાન વાટી કલ્ક બનાવી વાળા ઉપર બાંધવાથી વાળો જલદી બહાર નીકળી પડે.

કાકમુખસ્વસ્તિક [સં.] પું. કાગડાના મોઢા જેવો ચીપિયો.

કાકમુખી પું. આખું શરીર એકસરખા રંગનું પણ મોઢું કાળું હોય તેવો ઘોડો.

કાકમુદ્ગા જુઓ કાકપર્ણી.

કાકમૈથુન ન. કાગડા કાગડીનો સંયોગ.

કાકયવ [સં.] પું. અનાજ વગરનું ઠૂંઠું.

કાકર ૧. [સં. કકર] પું. કરવતનો દાંતો.

૨. પું. કાંકરો; પથ્થર.

૩. પું. કાંટો.

૪. પું. ચામડીમાં પડેલો કઠણ ચીરો.

૫. પું. ઢળિયો.

૬. પું. સૂવરાદિ પ્રાણીઓના દાંત; દંતૂશળ.

૭. સ્ત્રી. કણબીની એ નામની એક અટક.

૮. સ્ત્રી. ઘેટાં બકરાંની કરોડ ને પાંસળી સાથેનું માંસ.

૯. સ્ત્રી. પીંજણને છેડે આવેલ સૂપડા જેવા પાટિયાની કોર ઉપર બંધાતી બકરાના ચામડાની પટી. તે ન હોય તો તાંતનો અવાજ થઈ શકે નહિ.

૧૦. ન. કણબીની એ નામની અટકનું માણસ.

૧૧. ન. લગામ; ચોકડું.

૧૨. વિ. કણબીની એ નામની અટકનું.

કાકરકોમ સ્ત્રી. વસવાયાં; કારીગરવર્ગ.

કાકરડી (કાકરડ઼ી) સ્ત્રી. ઝીણા ઝીણા ઘણા દાંતાવાળી ધાર.

કાકરડો (કાકરડ઼ો) પું. ઇંદ્રજવનું ઝાડ; કડો; કુટજ.

કાકરણી સ્ત્રી. રેતરડી; કાનસ; અતરડી.

કાકરબોકર ૧. પું. નાનાં મોટાં છોકરાંછૈયાં.

૨. વિ. બરાબર પલળેલ ન હોય એવું.

કાકરવ ૧. [સં.] પું. કાગડાનો અવાજ.

૨. પું. ડરકણ વ્યક્તિ; અસાહસી માણસ.

૩. પું. રાજાનો મધ્યમ સેવક.

કાકરવાળું વિ. સજાવ્યા વગરનું.

કાકરવું ૧. સ. ક્રિ. ઉશ્કેરવું; ચડાવવું; ઉત્તેજન આપવું.

૨. સ. ક્રિ. કરવતના દાંતા કાઢવા.

કાકર કાઢવા = તીક્ષ્ણ બનાવવું.

૩. સ. ક્રિ. કાપી કાપીને કે કકડા પાડીને ધીરે ધીરે લઈ લેવું; ધીરે ધીરે ખોતરી ખોતરીને ખાવું.

કાકરા સ્ત્રી. મૃગની ચામડી.

કાકરાણા પું. એક જાતનો વેલો. તેનાં પાંન પીપળનાં પાનથી નાનાં અને કાળાશ પડતાં થાય છે. તેનું જામફળ જેવું ફળ પાકે ત્યારે રાતું થાય છે.

કાકરિયા ૧. પું. તલના લાડુ.

૨. પું. બ. વ. લોટ ગોળની બનાવેલી એક વાની.

કાકરિયા કુંભાર ૧. પું. એ નામની એક રમત. તેમાં બે ત્રણ બાળક દાવ દેનારના માથા ઉપર મુઠ્ઠી મૂકી બોલે છે, 'કાકરિયા કુંભાર, તારો કેટલો ભાર, એક ઉતાર.' એમ બોલી મુઠ્ઠી ઉતરાવે છે અને પછી કાકડકૂંભાની રમત જેમ રમે છે.

૨. પું. એક જાતનું કાબરચીતરૂં માથે લાંબી ચોટલીવાળું કલગીદાર પક્ષી.

કાકરિયાળું વિ, કાંકરીવાળું; જે ખેતર કે જમીનમાંથી કાંકરા, કાંકરી નીકળતા હોય એવું.

કાકરિયું ૧. ન. અમદાવાદનું એ નામનું એક તળાવ.

૨. ન. તલ અને ગોળ મેળવીને બનાવેલી નાની ગોળી.

૩. ન. તલસાંકળી; તલ અને ગોળની બનતી એક વાની.

૪. ન. મોટા પ્રમાણમાં કાંકરા હોય તેવું ખેતર.

૫. વિ. કાંકરીવાળું.

૬. વિ. ગોળની ચાસણીમાં શેકેલું.

૭. વિ. જેમાંથી ગોળ નીકળે એવું.

કાકરી ૧. [સં.] સ્ત્રી. કાંકરી; નાનો કાંકરો.

કાકરી ચાળો = મશ્કરીમાં કાંકરી ફેંકવી; અડપલું.

૨. સ્ત્રી. ઝીણા ઝીણા દાંતાઓની ધાર; નાનાં દાંતાવાળી ધાર.

૩. સ્ત્રી. ધીરેથી કંઈક આઘુંપાછું કરવું તે.

૪. સ્ત્રી. રેતી; કરકર.

કાકરુક જુઓ કાકરૂક.

કાકરુત [સં.] ન. કાગડાનો ઝીણો અવાજ.

કાકરુત્વા સ્ત્રી. એક જાતની સ્ત્રી. તે કારણ વિના દુઃખી રહે છે અને અંગ ઘડીઘડી ફેરવતી હોય છે.

કાકરુહા સ્ત્રી. એક જાતનું ઝાડ.

કાકરૂક ૧. પું. ઘુવડ.

૨. પું. દંભ; પાખંડ.

૩. [સં.] પું. સ્ત્રીને વશ થયેલો પુરુષ;

સ્ત્રીના કહેવા પ્રમાણે વર્તનારો માણસ; સ્ત્રીભક્ત; સ્ત્રીનો ગુલામ.

૪. વિ. દિગંબર; નાગું.

૫. વિ. નિર્ધન; ગરીબ.

૬. વિ. બીકણ.

કાકરૂલ સ્ત્રી. પીળાં પાંદડાંવાળી એક જાતની મોટી વેલ.

કાકરેજ (કાકરેઝ) [ફા.] પું. જાંબલી રંગ.

કાકરોધા પું. (કચ્છી) ભાંગરાનો છોડ.

કાકર્થ પું. ઊલટો અર્થ.

કાકલ ૧. [સં.] પું. એક જાતનો જંગલી કાગડો; દ્રોણકાક.

૨. પું. ગળાનો કાકડો; નરગોટો.

૩. પું. ડોકે પહેરવાનું એક રત્ન.

કાકલક ૧. [સં.] પું. એક જાતનો કાગડો.

૨. પું. ગલશુંડિકા; પડજીભ. તે એક નાની સૂંઢના જેવી માંસપેશી છે. આ ઉપજિહ્વા જ્યારે વધારે પડતી લાંબી હોય અથવા સૂજી આવે ત્યારે ગળામાં ચાલુ ઉશ્કેરણી કર્યા કરે અને તેથી ખાલી ઉધરસ આવ્યા કરે.

૩. પું. ગળાનું એક ઘરેણું.

૪. પું. ચોખાની એક જાત.

૫.. પું. સાઠ દિવસે થતું એક જાતનું ધાન્ય.

કાકલક ગ્રંથિ સ્ત્રી. ગળાની સામી બાજુ ઉપર આરપાર આવેલી એક માંસપેશી. જ્યારે તે ફૂલેલી હોય ત્યારે સહેલાઈથી દેખાય છે. તેનું વજન માત્ર એક ઔંસ જેટલું છે તોપણ આખા શરીરની તંદુરસ્તી આ નાની ગ્રંથિના કામ કરવા ઉપર આધાર રાખે છે. જો બાલ્યાવસ્થામાં આ ગ્રંથિનું સ્રવણ બરાબર પૂરતું ન થતું હોય તો બાળક વધતું નથી અને બુદ્ધિહીન થાય છે. બાળકને ગમે તેવું સારૂં પોષણ આપવામાં આવે પણ જો આ ગ્રંથિ બરાબર કામ ન કરે તો બાળક અક્કલ વગરનું અને ઠીંગણું થાય છે. મોટી ઉમરનું માણસ ગમે તેવું તંદુરસ્ત, મજબૂત અથવા ચાલાક હોય, પરંતુ આ ગ્રંથિ યોગ્ય રીતે કામ કરતી બંધ થાય કે તરત તે માણસ મૂર્ખ, જાડું અને આળસુ બની જાય. આ નાની સરખી ગ્રંથિ માણસના શરીર અને મગજ ઉપર આવી અસર કરી શકે એ પહેલી નજરે નવાઈ જેવું લાગે છે, પણ આ ગ્રંથિ તપાસતાં માલૂમ પડે છે કે તેને ઘણું લોહી મોકલવામાં આવે છે. ૭ મોટી ધોરી નસો આ ગ્રંથિ તરફ લોહી લાવે છે અને બીજી નાની નસો લોહી લઈ જાય છે. તેથી આખા શરીરનું લોહી આ ગ્રંથિમાંથી ઝડપથી પસાર થઈ જાય છે. આ ગ્રંથિની અવ્યવસ્થા મટાડવા બે ફીરંગી તબીબોએ શોધી કાઢયું છે કે ઘેટાની ગ્રંથિ માણસના શરીરમાં મૂકી શકાય અને તે સંતોષકારક સ્રવણ કરી શકે અને આથી મૃષાશોથ રોગ થતો મટી જાય. એમ પણ માલૂમ પડયું છે કે ઘેટાનું કાકલક સત્ત્વ પિચકારીથી અથવા મોઢાથી પણ આપી શકાય અને તેમ કરવાથી મૂર્ખાઈ અને અક્કલહીનતા આવતી અટકે છે. આ ગ્રંથિને શરીરની ભઠ્ઠી પણ કહી શકાય. જો આ ભઠ્ઠી બરાબર કામ આપે તો શરીરનો અગ્નિ તેજ રહે છે, પણ જો તે અવ્યવસ્થિત થાય તો શરીરનો અગ્નિ મંદ પડી જાય.

કાકલકિની સ્ત્રી. તાલ્વસ્થિને લાગેલી નાની સૂંઢના જેવી એ નામની એક માંસપેશી.

કાકલ ગ્રંથિ જુઓ કાકલક ગ્રંથિ.

કાકલાકબીર [યૂ.] સ્ત્રી. મોટી એલચી.

કાકલાસગીર [યૂ.] સ્ત્રી. નાની એલચી.

કાકલિ ૧. [સં.] સ્ત્રી. ચણોઠી.

૨. સ્ત્રી. ચોરીનું એક સાધન. જુઓ કાકલી.

૩. સ્ત્રી. ઝીણો અને મધુર અસ્ફુટ અવાજ; ધીમો મીઠો અવાજ.

કાકલિયા ૧. પું. મામો; માનો ભાઈ.

૨. પું. બ. વ. સૈયડ; શીતળાનો રોગ; બળિયાકાકા.

૩. સ્ત્રી. વાણિયાની ચોરાશી જ્ઞાતિ માંહેની એ નામની એક.

૪. ન. એ નામની જ્ઞાતિનું માણસ.

૫. વિ. એ નામની વાણિયાની જ્ઞાતિનું.

કાકલી ૧. સ્ત્રી. ઇક્ષુમતી નદી; કુરુક્ષેત્રની એ નામની નદી; તે રોહિલખંડ અને કનોજ જિલ્લામાં થઈને વહે છે.

૨. સ્ત્રી. (સંગીત) એક વિકૃત સ્વર. જ્યારે ગાંધાર રિખબની પહેલી શ્રુતિ લે છે ત્યારે તે વિકૃત સ્વર કાકલી કહેવાય છે.

૩. સ્ત્રી. કાકભાષા; પંખીની બોલી.

૪. સ્ત્રી. કાતર.

૫. [સં.] સ્ત્રી. ચણોઠી.

૬. સ્ત્રી. ચોરીના સાધન માટે વપરાતું વાદ્ય; માણસ જાગે છે કે સૂતેલ છે તે નક્કી કરવા ચોર લોકો તરફથી વપરાતું એક ધીમા અવાજનું વાજિંત્ર.

૭. સ્ત્રી. સાઠી ધાન.

૮. સ્ત્રી. સૂક્ષ્મ અને મધુર અસ્ફુટ અવાજ; ધીમો મીઠો અવાજ.

૯. વિ. કોમળ ને મધુર.

૧૦. વિ. દયામણું; કરુણા ઉપજાવે એવું.

કાકલીક [સં.] પું. ધીમો મધુર અવાજ.

કાકલીકલ ૧. [સં.] પું. કોયલ.

૨. પું. સૂક્ષ્મ અને મધુર અવાજ.

કાકલીકલ કોકિલ પું. (પિંગળ) રગણ, સગણ, બે જગણ, ભગણ, રગણ, સગણ, જગણ, એક લઘુ અને એક ગુરુ મળી છવ્વીશ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉત્કૃતિનો ભેદ છે.

કાકલીકલ કોકિલે રસ ને દ્વિજ પર ભાર છે
સજ અન્ત લાગ કરો. રણપિંગળ

કાકલીદ્રાક્ષા [હિં.] સ્ત્રી. બી વગરની ઝીણી દ્રાક્ષ.

કાકલીદ્વાર ન. સ્વરનળીનું મુખ.

કાકલી નિષાદ [સં.] પું. (સંગીત) ચતુઃશ્રુતિ નિષાદ; બાર વિકૃત સ્વર માંહેનો એ નામનો એક. જ્યારે નિષાદ ષડ્જની બે શ્રુતિ ગ્રહણ કરે ત્યારે તે ચાર શ્રુતિવાળો થાય છે.

કાકલીરવ જુઓ કાકલીકલ.

કાકલીરવા [સં.] સ્ત્રી. કોયલ.

કાકલી સાધારણ ન. (સંગીત) સ્વર સાધારણનો ચાર માંહેનો એ નામનો એક પ્રકાર.. સ્વર સાધારણના કાકલી સાધારણ, અંતર સાધારણ, મધ્યમ સાધારણ અને ષડ્જ સાધારણ એમ ચાર પ્રકાર છે. કાકલી સ્વર નિષાદ અને ષડ્જ વચ્ચે સાધારણપણે રહેલો છે, એટલે કે તેથી નિષાદ ચાર શ્રુતિવાળો થઈ તેણે ષડ્જની બે શ્રુતિ ગ્રહણ કર્યાથી બંનેનું પરસ્પર મળી જવા જેવું થાય છે. એટલા માટે એ કાકલીત્વથી નિષાદ તથા ષડ્જ એ બંનેનું સાધારણ્ય એટલે સાધારણપણું થવાથી તે કાકલી સાધારણ એમ સંગીત જાણનારા વિદ્વાનો કહે છે.

કાકલુફગી [ફા.] સ્ત્રી. કાકલુદી; આજીજી.

કાકલુદી સ્ત્રી. દયા ઉપજાવે એવી આજીજી; કાલાવાલા; વિનતિ; લાચારી.

કાકલુદીવેડા (કાકલુદીવેડા) ૧. પું. બ. વ. કાકલુદી ભરેલું વર્તન; કાલાવાલા કરવા તે.

૨. પું. બ. વ. હાથપગ અફાળી ચાળા પાડવા તે.

કાકલૂત સ્ત્રી. લોભ; તૃષ્ણા.

કાકલૂતી વિ. લોભી; તૃષ્ણાવાળું.

કાકલૂદી જુઓ કાકલુદી.

કાકલૂદીવેડા (કાકલૂદીવેડા) જુઓ કાકલુદીવેડા.

કાકલોહ [હિં.] સ્ત્રી. આસક્તિ; મોહ.

કાકલ્યંતર પું. (સંગીત) એક જાતનો સ્વર. શુદ્ધ નિષાદ અને ગાંધાર.

સાધારણ લોકવ્યવહારમાં ગાયનમાં તો કાકલ્યંતર (હાલના શુદ્ધ નિ. ગાં.) સ્વરો વપરાતા હતા.

સા. પરિષદ

કાકવર્ણ પું. (પુરાણ) પ્રદ્યોત પછી ગાદી ઉપર આવેલા શિશુનાગનો એ નામનો દીકરો. કલિના રાજાઓમાં આ મહાન હતો અને તેણે ઘણાં વર્ષ રાજ્ય કર્યું હતું.

કાકવલ્લભા [સં.] સ્ત્રી. એક જાતની જાંબુડી.

કાકવલ્લરી ૧. સ્ત્રી. કાકફળ.

૨. સ્ત્રી. રાતી ચણોઠી.

૩. સ્ત્રી. સ્વર્ણવલ્લી નામનો વેલો.

કાકવલ્લી જુઓ કાકવલ્લરી.

કાકવંઝા જુઓ કાકવંધ્યા.

કાકવંધ્યા ૧. [સં.] સ્ત્રી. એક જ વાર ફળ આપનાર વનસ્પતિ. જેમકે, કેળ.

૨. સ્ત્રી. જેને એક જ છોકરૂં થયા પછી કાંઈ સંતાન ન થયું હોય એવી સ્ત્રી.

૩. વિ. સ્ત્રી. કાગડી અને કેળની જેમ એક જ વાર જણનારી.

> કાકવંધ્યા અને મૃતવત્સા સ્ત્રી પણ જો આ ભાગવત સાંભળે તો તેને દીર્ઘાયુષ પુત્ર થાય.
>
> ભગવતી ભાગવત

કાકવાશિક વિ. કા કા એવો અવાજ કરવાવાળું.

કાકવિ ૧. સ્ત્રી. વાણિયાની એ નામની એક જ્ઞાતિ.

૨. ન. એ નામની જ્ઞાતિનું માણસ.

૩. વિ. એ નામની જ્ઞાતિનું.

કાકવિષ્ટા [સં.] સ્ત્રી. કાગડાની ચરક.

કાકવિષ્ટાવત [સં. કાકવિષ્ટાવત્] વિ. કાગડાની ચરક જેવું તુચ્છ.

> બ્રહ્મલોક સુધીના ભોગને **કાકવિષ્ટાવત** ગણી તેમાં ઉદાસીનતા રાખવી તે વૈરાગ્ય.
>
> ત્રિકાળદર્શક દર્પણ

કાકવી ૧. સ્ત્રી. ગોળ.

૨. સ્ત્રી. ગોળની રસી; ઉકાળીને મધ જેવો ઘાટો કરેલો શેરડીનો રસ; કાકમ.

૩. સ્ત્રી. ચાસણી.

કાકવો ૧. પું. ગોળ.

૨. વિ. પું. કાન જેટલો; કાનસૂરી.

કાકશબ્દ [સં.] પું. કાગડાનો અવાજ.

કાકશિખંડ [સં.] પું. બાબરી; માથા ઉપર વાળનો ગુચ્છો.

કાકશીર્ષ [સં.] પું. એક જાતનું ઝાડ; બકવૃક્ષ.

કાકશૂર વિ. કાગડા જેવું શૂરવીર.

કાકસકોમ ૧. પું. દોઢથી બે ફૂટ ઊંચો થતો એ નામનો એક ફૂલછોડ. તેનાં પાન રંગિત, લાંબાં અને પહોળાં અને તેનાં ફૂલ મખમલ જેવાં લીસાં, કૂકડાની માંજર જેવાં, રાતાં તથા પીળાં થાય છે.

૨. પું. રાતો મુરઘો.

કાકસકોંબ જુઓ કાકસકોમ.

કાકસત્ત્વા સ્ત્રી. નકામો ઉદ્યોગ કરનારી, વારંવાર નેત્રને અસ્થિરપણે આમતેમ ફેરવનારી, ખાઉધર સ્ત્રી.

કાકસું ન. એક જાતનું પક્ષી.

કાકસો પું. એક જાતનું પક્ષી.

કાકસ્ત્રી [સં.] સ્ત્રી. એક જાતનું ઝાડ; બકવૃક્ષ.

કાકસ્પર્શ [સં.] પું. કાગડાનું અડવાપણું. આ બ્રહ્માંડમાં જેટલા પ્રદેશો છે તે દરેકનો એકેક અંશ આ મૃત્યુલોકમાં પશુ, પક્ષી, વનસ્પતિ, ઔષધિ ઇત્યાદિરૂપે સ્થૂલરૂપે અને સ્થૂલ દેહથી હોય છે જ. તે ધોરણે ચંદ્રગોલકનો અંશ કિંવા પ્રતિનિધિ કાકપક્ષી એટલે કાગડો છે. તેને આ લિંગ દેહધારી વાસનાત્મક જીવ ચંદ્રગોલકમાં પહોંચ્યો કે કેમ તેની બરાબર માહિતી હોય છે. આથી જ તે જીવ નાક્ષત્ર કિંવા ભભ્રમ ગોલક છોડી જ્યારે ચંદ્રગોલકમાં પ્રવેશ કરે ત્યારે અત્રે કાગડો પિંડને તાબડતોબ સ્પર્શ કરે છે. કેટલીક વખતે કાગડો પિંડને જલદી સ્પર્શ કરે છે અને કેટલીક વખતે ઘણા વખત સુધી સ્પર્શ કરતો નથી. આવા સમયે ક્રિયા કરનાર પિંડની પ્રાર્થના કરી તેને અત્રેની કોઈપણ પ્રકારની ચિંતા કે વાસના નહિ રાખવા સમજાવે છે. આ મુજબ પ્રાર્થના કરતાં કરતાં મૃત જીવની જે દૃઢ વાસના કિંવા મરણ સમયે ખાસ ચિંતા રહી હોય તેની જ્યારે ક્રિયા કરનાર જવાબદાર કુટુંબીઓ તરફથી ખાતરી મળે છે ત્યારે જ તે જીવ આ ગોલકને છોડી ઉપરના ચંદ્રગોલકમાં ચાલ્યો જાય છે, એટલે તાત્કાલિક કાગડો અત્રે પિંડને સ્પર્શ કરે છે એમ મનાય છે.

કાકસ્વર ૧. [સં.] પું. કાગડા જેવો કઠોર અવાજ.

૨. પું. ગાયકના મુખ્ય ચૌદ માંહેનો એક દોષ; કઠોર સ્વરથી ગાવાપણું.

કાકસ્વરા વિ. સ્ત્રી. કાગડાના જેવા સ્વરવાળી.

કાકળકોમ જુઓ કાકરકોમ.

કાકંતિક પું. લોંકડી.

કાકંદક વિ. કાકંદી દેશમાં રહેનાર, હોનાર કે થનાર.

કાકંદિ સ્ત્રી. એ નામનો એક દેશ.

કાકંદી ૧. સ્ત્રી. એ નામનો એક દેશ.

૨. ન. પ્રાચીન હિંદનું એ નામનું એક નગર. અત્યારે તેને કોકંદ કહે છે. તુર્કસ્તાનમાં કોકંદ નામનું નગર સમરકંદની પૂર્વે છે.

કાકંદીય પું. કાકંદી દેશમાં વસનાર આયુધજીવી સંઘ.

કાકા ૧. પું. કાગડાનો સ્વર.

૨. [ફા.] પું. ગુલાબ.

૩. પું. નોકરી કરતાં ઘરડા થયેલ નોકર માટે માનાર્થે વપરાતું સંબોધન.

૪. પું. ન્યૂઝીલંડનો એક જાતનો પોપટ. તે જીવડાં અને ફૂલના રસ ઉપર જીવે છે. ઝાડના ખામણામાં ઈંડાં મૂકે છે.

૫. પું. પીરાણા પંથમાં ગુરુને મદદ કરવા નિમાયેલ માણસ. આ પંથમાં ગુરુ મુસલમાન હોય છે. એ ગુરુનો એક પાટીદાર મદદનીશ હોય છે, તેને કાકા કહે છે.

૬. [અ.] પું. બતકનો અવાજ.

૭. પું. બાપને માટે વપરાતો સંબોધનનો શબ્દ.

૮. પું. બાપનો નાનો ભાઈ.

૧. કાકા કહીને = જખ મારીને; હારી અને થાકીને.

૨. કાકા ખીચડી ખા કે નાખો ખાળમાં–ગાંડમાં = આગ લાગી રહ્યા પછી પાણી લાવવું. બહુ મોડી વસ્તુ મળે ત્યારે આ પ્રયોગ વપરાય છે.

૩. કાકા પરણ્યા અને ફૂઈ રંડાયાં = લાભ અને નુકસાન બંને જેમાં હોય એવી બાબત.

૪. કાકા મટીને ભત્રીજા થવું = ઓશિયાળા થવું; લેતનું દેત થવું.

૫. કાકા મામા કરવા = (૧) આજીજી કરવી; કાલાવાલા કરવા. (૨) ખુશામત કે વખાણ કરવાં; જૂઠી તારીફ કરવી. (૩) સગપણનો દાવો કરવો.

૬. કાકા મામા કહેવાના અને ઘરમાં–ગાંઠે હોય તો ખાવાના = પૈસાનાં સૌ સગાં; ખરચી ખૂટી કે યારી તૂટી.

૭. કાકા લગી કુટુંબ અને મામા લગી મોસાળ = કાકા અને મામા જીવતા હોય ત્યાં સુધી સગપણ સંબંધ રહે, પછી બહુ ફેર પડી જાય.

૯. પું. મલબારના મોપલા માટે રંગુનમાં વપરાતો શબ્દ. ત્યાં મલબારનાં મોપલાને કાકા અને ચિતાગોંગના રહેવાસીઓને મામા એ ઉપનામથી સંબોધવામાં આવે છે.

૧૦. [ફા.] પું. મોટો ભાઈ.

૧૧. પું. શીખ રાજા કે સરદારના નાના દીકરા અને પૌત્રો.

૧૨. પું.;સ્ત્રી. કાગડાનું સંતાન.

૧૩. સ્ત્રી. કાકજંઘા વનસ્પતિ.

૧૪. સ્ત્રી. કાકનાસાવૃક્ષ.

૧૫. સ્ત્રી. કાકોલી વૃક્ષ.

૧૬. સ્ત્રી. કાયફળનો વેલો.

૧૭. સ્ત્રી. ચણોઠી.

૧૮. સ્ત્રી. મલપૂ નામની વનસ્પતિ.

કાકાકઉઓ જુઓ કાકાકૌવો.

કાકાકચોળું ૧. ન. કન્યાને માવતર તરફથી આપવામાં આવતું ધાતુનું ચલાણું.

૨. ન. નાગરમાં લગ્ન વખતે કાકાના હાથથી અપાતો સાકર ભરેલ કાંસાનો વાટકો.

કાકાકૌઓ જુઓ કાકાકૌવો.

કાકાકૌવો પું. પોપટની જાતનું એક પક્ષી. ઓસ્ટ્રેલિઅ, મલાયા ટાપુ, અને આફ્રિકના પૂર્વ કાંઠાનાં જંગલોમાં તે થાય છે. જંગલનાં પ્રાણીઓની બોલીનું તે બહુ જ સારૂં અનુકરણ કરે છે અને કેટલીક વાર તો જંગલમાં તે બીજાં પ્રાણીઓને તેમના જેવા અવાજ કાઢી ભ્રમમાં નાખી દે છે. લોકો આ પંખીને પાળે છે. તે માણસની ભાષા શીખી તે પ્રમાણે બોલે છે. તે રંગે સફેદ અથવા કાબરચીતરો હોય છે. માથા ઉપર કલગી જેવાં પીછાં હોય છે, જેને તે મરજી પ્રમાણે ઊંચાંનીચાં કરી શકે છે. આથી તેની ખૂબસૂરતીમાં વધારો થાય છે. મૂળિયાં, બિયાં, દાણા વગેરે તેનો ખોરાક છે. આ પક્ષીની અનેક જાત છે અને તે રૂપે રંગે એકબીજાથી જુદા દેખાય છે.

કાકાક્ષિગોલકન્યાય [સં.] પું. કોઈ શબ્દ કે વાક્યનો ઇચ્છા પ્રમાણે અર્થ કરવો તે; બેઉ તરફ સંબંધ જણાવતો દાખલો. કહેવાય છે કે કાગડાને એક ડોળો હોય છે અને જરૂર પ્રમાણે તે એક આંખમાંથી બીજી આંખમાં ફેરવે છે. તેમ એક જ વસ્તુ બે જગ્યાએ કામ કરતી હોય તેને માટે આ ન્યાય વપરાય છે.

કાકાજી ૧. પું. પારસીઓમાં બાપના ભાઈ માટે માનાર્થે વપરાતો શબ્દ.

૨. પું. સસરાનો ભાઈ; કાકાસસરા માટે માનાર્થે વપરાતો શબ્દ.

કાકાટૂઆ જુઓ કાકાકૌવો.

કાકાટૌઆ પું. કાકાકૌવા માટે મલય ભાષાનો શબ્દ.

કાકાત આપાત પું. ઓરમાન બાપ.

કાકાતુવા [હિં.] પું. કાકાકૌવો.

કાકાનૂઆ પું. પોપટની જાતનું એક પક્ષી. જુઓ કાકાકૌવો.

કાકાદની ૧. [હિં.] સ્ત્રી. કંથાર.

૨. સ્ત્રી. રાતી ચણોઠી.

૩. સ્ત્રી. રાતી પીલુડીનો વેલો; કાકમારી.

૪. સ્ત્રી. સફેદ ઘુંઘચી; ધોળી ચણોઠી.

કાકાદિપિંડહરણ ન. (જૈન) ખોરાકમાં એક જાતની અંતરાય. કાગડા વગેરે ગ્રાસ લઈ જાય તો તે કાકાદિપિંડહરણ અંતરાય કહેવાય છે.

કાકાદુંબરિકા સ્ત્રી. કાળો ઉંબરો.

કાકાનંતી સ્ત્રી. રાતી ચણોઠી.

કાકાપંથ પું. પીરાણા પંથ. આ પંથ ઇમામશાહે સ્થાપેલ છે. આ મતમાં મોટો ભાગ પાટીદારોનો છે. ગુજરાતમાં લગભગ પંદરમી સદીથી આ પંથ ચાલે છે. આ પંથનાં લોકો હિંદુ રીતરિવાજો પાળે છે. તેઓનાં નામ અને આચરણ પણ હિંદુઓ જેવાં જ છે. ફક્ત તેમનો ગુરુ મુસલમાન હોય છે. એ ગુરુનો એક પાટીદાર મદદનીશ હોય છે, તેને કાકા કહે છે. તેઓ બ્રાહ્મણ અને કાકા બંને પાસે ધાર્મિક ક્રિયા કરાવે છે અને મરણ બાદ કબરમાં દટાય છે. તેઓનો ઉપાસ્ય દેવ નકલંક અથવા નિષ્કલંકી કહેવાય છે આ પંથની આઠ શાખા છે. મૂળ સ્થાન કચ્છમાં છે.

કાકાપુરી ૧. પું. ગુલામ; શેઠના ઘરમાં જન્મ થયો હોય એવો ગુલામ.

૨. પું. જારજ સંતાન.

૩. પું. વર્ણસંકર.

૪. વિ. છિનાળના પેટનું; જારજ.

૫. વિ. ઠેકાણા વગરનું; નિર્માલ્ય.

૬. વિ. તકલાદી; થોડી વાર ટકે એવું.

૭. વિ. નબળું; દૂબળું.

૮. વિ. હલકી પ્રતિનું; નીચ કુળમાં જન્મેલું.

કાકાબળિયા ૧. પું. બ. વ. ઢોકળા તેરસને દિવસ પાણિયારાની ભીંતે કાઢવામાં આવતી એક જાતની આકૃતિ. ચૈત્ર માસની અંધારી તેરસને દિવસે સ્ત્રીઓ પાણિયારાની દીવાલે ભેંસના છાણથી અમુક આકાર બનાવી તેને લીમડાનાં પાંદડાં ચોંટાડે છે. કોઈ સ્થળે કંકુના સાથિયા પૂરે છે.

૨. પું. બ. વ. બળિયાકાકા; શીતળા; સૈયડ; એક જાતનો ચેપી અને ઊડતો રોગ. તેમાં એકાદ દિવસ તાવ આવ્યા પછી દરદીના આખા શરીર ઉપર રાતા દાણા ફૂટી નીકળે. આઠ દિવસમાં તે દાણા ભરાઈને કરમાઈ જાય. તાવ ઓછોવત્તો ચાલુ રહે. આઠ દિવસ પછી નમવા માંડે.

૩. પું. બ. વ. શીતળાના દેવ; બળિયાકાકા દેવ.

કાકાબાસી [કાકલ + આબાસ (ઇરાની અખાત ઉપરનું એક બંદર)] ન. એક જાતનું હલકું મોતી; બંદર આબાસ તરફનું મોતી; એબવાળું અને ઊંચી જાતના પાણી વગરનું મોતી.

કાકાયુ ન. કાકફળ.

કાકાર વિ. પાણીને ઝરનાર કે સ્રવનાર.

કાકારિ [સં. કાક (કાગડો) + અરિ (દુશ્મન)] પું. ઘુવડ.

કાકાલ [સં.] પું. એક જાતનો કાગડો.

કાકાસસરા પું. કાકાજી; સસરાનો ભાઈ.

કાકાહ્વા ૧. સ્ત્રી. ચોમાસામાં થતો એક જાતનો વેલો; કાગડોળિયો.

૨. [સં.] સ્ત્રી. પીલુડી.

કાકાંગા [સં.] સ્ત્રી. કાકજંઘા નામની વનસ્પતિ.

કાકાંગી ૧. [સં.] સ્ત્રી. કાકજંઘા.

૨. સ્ત્રી. કાકનાસા.

કાકાંચી જુઓ કાકાંગા.

કાકાંડ ૧. [સં.] પું. મહાનિંબ વૃક્ષ.

૨. પું.; ન. કાગડીનું ઈંડુ.

કાકાંડફળ [સં. કાકાંડફલ] ન. કૌચું; કૌવચબીજ.

કાકાંડા [સં. કાકાંડા] જુઓ કાકાંડી.

કાકાંડી ૧. સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; મહાજ્યોતિષ્મતી.

૨. [સં. કાકાંડી] સ્ત્રી. કાકનાસા વનસ્પતિ.

૩. સ્ત્રી. કોલશિંબી નામની વનસ્પતિ.

કાકાંડીલા [સં.] સ્ત્રી. કોલશિંબી નામની વનસ્પતિ; શૂકરપાદિકા.

કાકાંડોલા સ્ત્રી. કાગડોળિયો.

કાકિણિકા ૧. [સં.] પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેમાં બે જગણ, ભગણ, જગણ, લઘુ અને ગુરુ મળી ચૌદ અક્ષર હોય છે. તે શર્કરી છંદનો એક ભેદ છે.

૨. સ્ત્રી. એક પૈસો.

૩. સ્ત્રી. પણનો ચોથો ભાગ.

૪. સ્ત્રી. માસાનો ચોથો ભાગ.

કાકિણી ૧. સ્ત્રી. એ નામની એક વેલ.

૨. સ્ત્રી. એક પૈસો; એક દમડી.

૩. સ્ત્રી. કંકણી રોગ.

૪. સ્ત્રી. કોડી; છીપોલી. તેનો સિક્કા તરીકે પણ ઉપયોગ થાય છે.

૫. સ્ત્રી. ઘૂઘરીઓ બાંધી હોય એવી કંકણી.

૬. સ્ત્રી. (જૈન) ચક્રવર્તીનાં ચૌદ માંહેનું એ

નામનું એક રત્ન. તેને ૭ તળાં, આઠ ખૂણા અને બાર હાંસ હોય છે.

૭. સ્ત્રી. ચણોઠી.

૮. સ્ત્રી. ત્રાજવાની દાંડી.

૯. સ્ત્રી. પણનો ચોથો ભાગ; વીસ કોડી.

૧૦. સ્ત્રી. પા માસો; માસાનો ચોથો ભાગ; સવા ચણોઠી ભાર વજન.

૧૧. સ્ત્રી. પાજી સ્ત્રી.

૧૨. સ્ત્રી. ભરવામાં વપરાતો હાથ.

૧૩. સ્ત્રી. રાજ્ય.

કાકિણીમાંસ ન. કોડીને આકારે કોડી જેવડા માંસના કટકા શરીરમાંથી કાઢવા તે.

કાકિણીરત્ન ન. (જૈન) ચક્રવર્તીનું એ નામનું એક રત્ન. તે લક્ષ્મી ભંડારમાં ઉત્પન્ન થાય છે અને વિષહર છે. તે ૭ દિશાએ ૭ તલવાળું, સમચતુરસ્ત્ર આકારે, બાર હાંસ અને આઠ કર્ણિકાવાળું, અતિશય પ્રકાશ પાડનારૂં અને સોનીની એરણ જેવું હોય છે.

કાકિણીલક્ષણ ન. કાકિણી રત્નને જોવાની કળા.

કાકિની ૧. સ્ત્રી. એ નામની છપ્પન પાર્થિવ તત્ત્વ દેવતા માંહેની એક.

૨. સ્ત્રી. કોડી.

૩. સ્ત્રી. ક્ષીરકાકોલી; કાળાં ફૂલની પીલુડી.

૪. સ્ત્રી. બોંતેર આકાશ તત્ત્વ દેવતામાંની એ નામની એક.

કાકિલ ૧. [સં.] પું. કાકો.

૨. પું. ડોકનો ઉપરનો ભાગ.

૩. પું. ડોકે પહેરવાનું ઘરેણું.

કાકિલા ૧. સ્ત્રી. વાણિયાની ચોરાશી માંહેની એ નામની એક જ્ઞાતિ.

> ખડાયતા ખંઢેર ખંડોલ, કઠિણુરા **કાકિલા** કપોલ.
> લાવણ્યસમય

૨. ન. વાણિયાની એ નામની જ્ઞાતિનું માણસ.

૩. વિ. એ નામની વાણિયાની જ્ઞાતિનું.

કાકી ૧. પું. (સંગીત) કાગડા જેવા ક્રૂર અવાજથી ગાનાર પુરુષ.

૨. પું. (સંગીત) ગાયકનો એ નામનો એક દોષ; કાગડાના જેવો સ્વર કરી ગાવું તે.

૩. સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

૪. સ્ત્રી. એક જાતની વેલ.

૫. સ્ત્રી. (પુરાણ) કશ્યપથી તામ્રાને થયેલ એ નામની દીકરી.

૬. સ્ત્રી: કાકવિદ્યા; કાગડા સંબંધી વિદ્યા.

૭. સ્ત્રી. કાકાની વહુ.

૮. સ્ત્રી. કાગડી.

૯. સ્ત્રી. બાને માટે વપરાતો શબ્દ.

૧૦. સ્ત્રી. માના જેવડી ઉમરની સ્ત્રીને સંબોધવાનો માનવાચક શબ્દ.

૧૧. સ્ત્રી. યોગની પચીસ માંહેની એ નામની એક મુદ્રા.

૧૨. સ્ત્રી. (પુરાણ) સ્કંદના શરીરમાંથી ઉત્પન્ન થયેલ એક દેવતા.

૧૩. વિ. કાગડાના જેવો કઠોર અવાજ કાઢનાર.

કાકીજી સ્ત્રી. કાકી સાસુ; કાકા સસરાની વહુ; વર કે વહુના કાકાની સ્ત્રી.

કાકીડો પું. સરડો; ગરોળીના આકારનું જંગલમાં ઝાડ અને વેલા ઉપર વસનારૂં એક પ્રાણી. વરસાદ આવવાનો હોય ત્યારે કાકીડો રતાશ પકડે છે. શરીર ઉપર કાકીડો ચડે તો તેનું ફળ નીચે મુજબ સમજવામાં આવે છે: માથા ઉપર ચડે તો રાજ્યલક્ષ્મી પ્રાપ્તિ, કપાળ ઉપર ચડે તો ઐશ્વર્ય અને સમૃદ્ધિ, કાન ઉપર ચડે તોં ઘરેણાં, આંખ ઉપર ચડે તો કુટુંબ મેળાપ, નાક ઉપર ચડે તો સુગંધી પદાર્થ, મોઢા ઉપર ચડે તો મિષ્ટાન્ન, ગળે ચડે તો લક્ષ્મી, હાથે ચડે તો વૈભવ, બાહુબાવડાં ઉપર ચડે તો ધનલાભ, કાંડા નીચેના હાથ ઉપર ચડે તો ધન, સ્તન ઉપર ચડે તો સૌભાગ્ય, છાતી ઉપર ચડે તો સુખમાં વધારો, કમર ઉપર ચડે તો વસ્ત્રલાભ, ગુહ્ય ભાગ ઉપર ચડે તો મરણ, જાંઘ ઉપર ચડે તો ધનનો નાશ, ગુદા ઉપર ચડે તો રોગનો ભય, સાથળ ઉપર ચડે તો વાહનનો લાભ અને બંને પગ ઉપર ચડે તો મુસાફરી મળે. કાકીડો શરીર ઉપર પડે તો ઉપરનાથી ઊલટું પરિણામ મળે. કાકીડો રાત્રે શરીર ઉપર પડે તો મરણ થાય એમ મનાય છે.

૧. કાકીડાનું જમાનગતું = જે પૂછો તે હા.

૨. કાકીડો ચડાવવો = ગુનો કબૂલ કરાવવા માટે સ્ત્રીના ઘાઘરામાં કાકીડો મૂકવો.

કાકીમુખ ન. કંઠસ્થાન.

કાકીમુદ્રા સ્ત્રી. (યોગ) એક પ્રકારની મુદ્રા; શીતલી નામના કુંભક પ્રાણાયામમાં જીભને મુખ બહાર કાઢી તે વડે પવન આકર્ષવાની ક્રિયા.

> મુખને કાગડાની ચાંચના જેવું બનાવી ધીરે ધીરે વાયુ અંદર પીવો તેનું નામ **કાકીમુદ્રા** છે.
> ત્રિકાળદર્શકદર્પણ

કાકીમોનો પું. જપાની લોકોના ઘરમાં ચિત્રો રાખવાની જગ્યા.

કાકીયો ૧. પું. કીમિયો.

૨. પું. તેલિયો કંદ.

૩. પું. લંબગોળ અને સાંકડાં પાનવાળો એક જાતનો છોડ. તેને ઝાંખા ધોળા રંગનાં ફૂલ આવે છે અને મગફળી જેવી કાળી શીંગ થાય છે. તે પાકીને ઊઘડે ત્યારે તેની અંદરનો ગર રાતા રંગ જેવો દેખાય છે. તેમાં રાઈ જેવાં કાળાં બી હોય છે. તેના મૂળમાં તેલનો અંશ હોય છે.

કાકી સાસુ સ્ત્રી. કાકીજી; કાકા સસરાની સ્ત્રી.

કાકુ ૧. પું. અવાજને મરડવો તે.

૨. પું. કીકો; ગગો; દીકરો; પુત્ર.

૩. પું. છોકરાને બોલાવવાનું એક લાડકું નામ.

૪. પું. જીભ.

૫. પું. ધીમે બોલવું તે.

૬. પું. શબ્દ ઉપર ભાર; જોર.

૭. પું. હકાર સૂચવવા વપરાયેલ નકારવાચક શબ્દ.

૮. સ્ત્રી. ધ્વનિભેદ; શોક, ભય, ક્રોધ વગેરેથી થતો કંઠધ્વનિનો વિકાર.

૯. [સં.] સ્ત્રી. વક્રોક્તિ; કરડાકીમાં કે વ્યંગમાં બોલવું તે.

કાકુત્સ્થ ૧. પું. ઇક્ષ્વાકુ રાજા.

૨. પું. (પુરાણ) કકુત્સ્થ રાજાનો દીકરો; અનના અથવા સુયોધનનું બીજું નામ.

૩. પું. જેની ખાંધ બળવાન અને જામેલી હોય એવો પુરુષ.

૪. પું. રામ.

૫. પું. વિશાલા નગરીના વિશાલથી નવમો રાજા.

૬. [સં.] પું. સૂર્યવંશી કકુત્સ્થ રાજાના વંશમાં થયેલ રાજામાંનો દરેક; સૂર્યવંશી રાજા.

કાકુત્સ્થકુળદીપન પું. રઘુવંશને શોભાવનાર વ્યક્તિ.

કાકુદ ૧. [સં.] ન. તાળવું.

૨. ન. સ્વાદ.

કાકુપ્રશ્ન [સં.] ન. વ્યંગમાં પુછાયેલો સવાલ.

કાકુભ પું. (પિંગળ) એક વૈદિક છંદ. વેદની કુલ પંચાવન ઋચામાં આ છંદ વપરાયો છે.

કાકુમ [અ.] પું. નોળિયાની જાતનું એક સુંદર જનાવર.

કાકુર [ફા.] પું. કપૂર.

કાકુલ ૧. [સં.] પું. (સંગીત) એ નામનો એક તાલ.

૨. [ફા.] સ્ત્રી. ચોટલી.

૩. સ્ત્રી. લાંબા વાળનો ગુચ્છો; વાળની લટ.

કાકુલા (ક઼ાકુ઼લા) [અ.] સ્ત્રી. એલચી.

કાકુવાક્ય [સં.] ન. શોક, રોગ વગેરેથી વિકૃત સ્વરવાળું વાક્ય; ઉલ્લાપ.

કાકુવિશેષ પું. (કાવ્ય) વ્યંજકનો અર્થ કરવાના દશ માંહેનો એક પ્રકાર.

કાકુવિશેષવ્યંગ્ય ન. (કાવ્ય) એ નામનું એક વ્યંગ્ય. જેમકે,

ચમકી રહી છે ચપળા, ડરામણા ઘન ગાજે દિનરાત;
શું કરવાને હમણા, પ્યારા! કરવી પ્રયાણની વાત.

અહીં પ્રયાણની વાત હમણા ચલાવો નહિ એ વ્યંગ્ય છે.

કાકુસે જવું અ. ક્રિ. જંગલ જવું; ઝાડે જવું.

કાકુસ્થ પું. કકુત્સ્થનો વંશજ. જુઓ કાકુત્સ્થ.

કાકુસ્વર પું. એક સ્વર ઉપરથી બીજા સ્વર તરફ જતાં વચ્ચે એક વચલા સ્વરનું કણ લાગે છે તે. તેનો માત્ર લોકસંગીતમાં અવારનવાર અનુભવ થાય છે.

કાકૂ સ. કોને.

કાકે [યૂ.] પું. એક જાતના રોગનું નામ. ચોખા ઝટઝટ ખાવાથી તે થવાનું મનાય છે. ખાવામાં ફેરફાર કરવાથી તે હુમલો કરતો નથી. ચીન અને જપાનમાં તે સાધારણ રોગ છે. તેથી સુસ્તી અને નબળાઈ આવે છે.

કાકેક્ષુ પું. એક જાતનું ઘાસ; કાસડો.

કાકેયસ્થ પું. (પુરાણ) એ નામનો એક બ્રહ્મર્ષિ.

કાકેષ્ટ [સં.] પું. લીમડાનું ઝાડ. કાગડાને તે બહુ પ્યારૂં હોય છે.

કાકેંદુ ૧. [સં.] પું. કુલિકવૃક્ષ.

૨. ન. ઝેરકોચલું.

કાકો ૧. પું. ઘરડા માણસને સંબોધવામાં વપરાતો માનવાચક શબ્દ.

૨. પું. જંગલી પ્રાણી માટે વપરાતો શબ્દ.

૩. પું. બાપ. કેટલાક લોકોમાં બાપને કાકા કહી બોલાવે છે.

૪. પું. બાપ તરફનો કોઈ પુરુષસગો; વહાલેસરી.

૫. [ફા. કાકા (મોટો ભાઈ)] પું. બાપનો નાનો ભાઈ. જુઓ કાકા.

કાકા મામા કરવા = (૧) કાલાવાલા કરવા. (૨) વખાણ કરવાં. (૩) સગાઈ બતાવવી.

૬. પું. (વ્યંગ્ય) વેરી; કટ્ટો દુશ્મન.

કાકોકૌઓ જુઓ કાકાકૌવો.

કાકોચિક [સં.] પું. એક જાતનું માછલું.

કાકોચી [સં.] સ્ત્રી. એક જાતની માછલી.

કાકોડુંબર [સં.] પું. એક જાતનું ઉંબરાનું ઝાડ.

કાકોડુંબરિકા [સં.] સ્ત્રી. એક જાતનો ઉંબરો.

કાકોદર [સં.] પું. સર્પ; એક જાતનો ફેણવાળો સાપ.

પન્નગ નાગ ભુજંગ ને જિહ્મગ ભોગી સર્પ,
ચક્ષુશ્રવા સરીસૃપ હરિ કાકોદર ગર દર્પ.

પિંગળલઘુકોષ

કાકોદુંબર [સં.] પું. એક જાતનો ઉંબરો; કાળો ઉંબરડો.

કાકોદુંબરિકા [સં.] પું. એક જાતના ઉંબરાનું ઝાડ; કાળો ઉંબરો; ફલ્ગુ; ધુલરડો.

કાકોપમા સ્ત્રી. કાગડાની વાત.

કાકોલ ૧. પું. એકવીસ માંહેનું એ નામનું એક નરક.

૨. પું. કાકોલી નામની વનસ્પતિ.

૩. પું. કુંભાર.

૪. પું. જંગલી કાગડો.

૫. પું. ડુક્કર; એક જાતનું સૂઅર.

૬. [સં.] પું. સાપ.

૭. પું.; ન. એક જાતનું સ્થાવર વિષ.

કાકોલી ૧. સ્ત્રી. અશ્વગંધા.

૨. સ્ત્રી. અષ્ટકવર્ગની એક ઔષધિ.

૩. સ્ત્રી. એ નામનો એક કંદ. તે કંદ કાગડાના રંગનો અને આકારનો થાય છે માટે તેને કાકોલી કહે છે. હિમાલયના શિખર ઉપર તે થાય છે. તેમાંથી દૂધ ઝરે છે ને વાસ આવે છે. તે ધાતુની વૃદ્ધિ કરનાર અને વાયુ, દાહ, શોષ અને તાવનો નાશ કરનાર મનાય છે.

૪. સ્ત્રી. કાગડાના જેવો સ્વર.

૫. સ્ત્રી. કાગડી.

૬. સ્ત્રી. જીવનીય ગણની દશ માંહેની એક ઔષધિ.

૭. વિ. કાગડાના સ્વરને મળતું આવતું.

કાકોલૂક [સં.] પું. કાગડો અને ઘુવડ.

કાકોલૂકિકા [સં.] સ્ત્રી. કાગડો અને ઘુવડ વચ્ચે વૈરભાવ.

કાકોલૂકીય [સં.] ન. કાગડા અને ઘુવડ વચ્ચેનું કુદરતી શત્રુત્વ.

કાકોલ્યાદિગણ [સં.] પું. જીવનીય અને વૃષ્ય ગણની ઔષધિઓનો સમૂહ; કાકોલી વગેરે વનસ્પતિનો જથ્થો. આ વર્ગમાંની ઔષધિ: કાકોલી, ક્ષીરકાકોલી, જાવક, ઋષભક, ઋદ્ધિ, વૃદ્ધિ, મેદા, મહામેદા, ગળો, જંગલી મગ, જંગલી અડદ, પદ્મક, વોરાકપૂર, કાકડાશિંગી, પ્રપાડરિક, જીવંતી, દોડી, જેઠીમધ અને દ્રાક્ષ. આ ઔષધિઓ ધાવણ વધારનાર, અને રક્તપિત્ત તથા વાયુને શમાવનાર મનાય છે.

કાકોલ્યાદિઘૃત ન. વાતરક્ત માટે ઉપયોગી એક ઘીની બનાવટ. તે બનાવવાની રીત: કાકોલી, ક્ષીરકાકોલી, જેઠીમધ, હરડે, આંબળાં, જીવંતી, મેદા, મહામેદા, શાલિપર્ણી, પૃશ્નપર્ણી, દ્રાક્ષ, પદ્મક, વોરાકપૂર, કાકડાશિંગી, જીરૂં અને શાહજીરૂં એ દરેક ચીજ અક્કેક તોલો લઈ બધાંથી સોળ ગણું પાણી, એક પ્રસ્થ ઘી અને એક પ્રસ્થ ગળોનો રસ લઈ તથા ઘીથી ચોથા ભાગનો ગૂગળ નાખી પકવવું.

કાકોષ્ટક [સં.] પું. સુશ્રુતપ્રસિદ્ધ એક કર્ણબંધાકૃતિ.

કાકોષ્ઠિકા સ્ત્રી. એ નામની એક માંસપેશી; તુંડપ્રગંડિકા પેશી. તે અંસફલકના તુંડ ઉપરથી નીકળી પ્રગંડાસ્થિના મધ્યનલકની અંદરની સીમામાં લાગેલી છે. તે હાથને આગળ છાતી તરફ ખેંચે છે તેમજ અંદરની બાજુ તરફ ફેરવે છે.

કાકોસસરો પું. સસરાનો ભાઈ; કાકોજી.

કાક્કરશૃંગી સ્ત્રી. એ નામની એક વનસ્પતિ. હિમાલયના નીચલા ભાગમાં ૨૫૦૦ ફૂટ સુધી અને ખાસ કરીને કાંગ્ર જિલ્લો અને તેહરિગાહરવાલ જિલ્લામાં તે થાય છે.

કાક્વાક્ષિપ્ત પું. (કાવ્ય) મધ્યમ કાવ્યના આઠ માંહેનો એક ભેદ. જ્યાં સ્વરભેદથી ધ્વનિ પ્રકટ થાય છે તે કાક્વાક્ષિપ્ત કહેવાય છે.

કાક્રેઝ (કાક્રેઝ) પું. જાંબુડિયા જેવો એક જાતનો રંગ.

કાક્રેઝી (કાક્રેઝી) વિ. જાંબુડિયા રંગનું; ઘેરૂં જાંબુડિયું.

કાક્ષ ૧. ન. કટાક્ષ નજર; અપાંગ દર્શન.

૨. ન. ગુસ્સાની નજરે કોઈ તરફ જોવું તે.

૩. વિ. જેની આંખ થોડી ખરાબ હોય એવું.

કાક્ષા [સં. કાંક્ષા] સ્ત્રી. ઇચ્છા.

કાક્ષી ૧. [સં.] સ્ત્રી. એક જાતની સુગંધી માટી.

૨. સ્ત્રી. તુવેર.

કાક્ષીવ ૧. [સં.] પું. ગૌતમથી શૂદ્ર જાતિની સ્ત્રીમાં ઉત્પન્ન થયેલ એ નામનો એક દીકરો.

૨. પું. સરગવાનું ઝાડ.

કાક્ષીવક [સં.] પું. સરગવાનું ઝાડ.

કાક્ષીવત ૧. પું. એ નામનું એક પ્રવર.

૨. [સં.] પું. કક્ષીવત મુનિનો દીકરો.

૩. વિ. કક્ષીવત મુનિ સંબંધી.

કાક્ષીવતી સ્ત્રી. ઋગ્વેદની મંત્રદ્રષ્ટી સ્ત્રીઋષિ.

કાક્ષીવાન [સં. કાક્ષીવાન્] પું. (પુરાણ) દીર્ઘતમા ઋષિનો શૂદ્ર સ્ત્રીમાં થયેલો દીકરો. અનુકુલમાં થયેલ બલિરાજાએ પોતાની સુદેષ્ણા નામની સ્ત્રીને પુત્ર સંપાદન સારૂ દીર્ઘતમા ઋષિની સેવા કરવા જવાનું કહ્યું હતું. તેણે એક

વખત પોતે ન જતાં એક દાસીને તેમની પાસે મોકલી. આ દાસીને દીર્ઘતમા ઋષિથી કાક્ષીવાન દીકરો થયો. તે તપાચરણ કરીને બ્રહ્મલોકમાં ગયો હતો.

કાખ ૧. સ્ત્રી. ઉપલો માળ; ઝરૂખો.

૨. [સં. કક્ષા] સ્ત્રી. બગલ; ખભાની નીચેનો હાથના મૂળનો ભાગ.

૧. કાખમાં છોકરૂં અને ગામમાં શોધ્યું = ચીજ પોતાની નજર આગળ છતાં તેને માટે બીજે શોધાશોધ કરવી.

૨. કાખમાં રાખવું = (૧) છુપાવવું. (૨) નહિ લેખવવું. (૩) બગલમાં સંતાડવું. (૪) સંભાળવું.

૩. સ્ત્રી. મહેલ.

કાખઘોડી (કાખઘોડ઼ી) સ્ત્રી. લંગડાની કાખમાં રાખવાની લાકડાની ઘોડી; ચાલણકાઠી; ચાલતાં જમીનથી પગ ઊંચો રાખવાને ખોભણવાળી લાકડી.

કાખજી ૧. સ્ત્રી. પ્રપંચ.

૨. વિ. છેતરપિંડીવાળું.

કાખબલાઈ સ્ત્રી. બગલમાં થતું ગૂમડું; બામલાઈ.

કાખબલાડી (કાખબલાડ઼ી) જુઓ કાખબિલાડી.

કાખબિલાડી (કાખબિલાડ઼ી) સ્ત્રી. બામલાઈ; કાખબલાઈ; કાખમાં થતું ગૂમડું. તેને તરત પિગળાવી નાખવી જોઈએ, નહિતર તે હેરાન કરે. શિવલિંગી નામના વેલાનાં પાન વાટી લેપ કરવાથી પાંચ સાત દિવસમાં તે બેસી અથવા ફૂટી જાય. ફૂટી ગયા પછી પણ તે જ લેપ લગાડવાથી તે રૂઝાઈ જાય.

કાખમાંજરી સ્ત્રી. કાખબલાઈ; બામલાઈ. કાખમાંજરી અને વાળા માટે કલગારીનો કંદ ઘસી ચોપડાય છે.

કાખલાઘોડી (કાખલાઘોડ઼ી) સ્ત્રી. લંગડાની કાખમાં રાખવાની ઘોડી.

કાખલી સ્ત્રી. બગલ; કાખ.

૧. કાખલી ફૂટનાર = બીજાની હાર જોઈને રાજી થનાર.

૨. કાખલી ફૂટવી = (૧) અતિ હરખથી નાચવું કૂદવું; બેહદ આનંદમાં આવી જવું. અનાર્ય લોકો ખુશ થાય ત્યારે કાખલીઓ ફૂટે છે તે ઉપરથી આ પ્રયોગ થયો છે. (૨) સામા માણસની હાર જોઈ તેની મશ્કરી કરીને હસવું.

કાખા ૧. [સં. કાકુ] સ્ત્રી. અડચણ; હરકત.

૨. સ્ત્રી. પથ્થરો; દાવામાં પ્રતિપક્ષને હરાવવા માટે આણેલી નડતર.

કાખાઈ સ્ત્રી. (ભીલી) કાંસકી.

કાખી સ્ત્રી. અંગરખા કે કાપડાની બગલની કળી; કાપડું બનાવવામાં કાખના ભાગમાં ચોડેલો ટુકડો.

કાખું ન. કાખનો વાળ; બગલનો મોવાળો.

કાખેસદેહ [અવ.] પું. (જરથોસ્તી) સદેહનું જશન ઊજવવા માટેનું મકાન.

કાખોલાઈ ૧. સ્ત્રી. આંબલી.

૨. સ્ત્રી. બગલની ગાંઠ; બાંબલાઈ; પિત્તના કોપથી બગલમાં થતો કાળો ફોલ્લો.

કાખોલી સ્ત્રી. અજમોદ.

કાગ ૧. પું. (જરથોસ્તી) કાક નામનો ગ્રહ.

૨. [સં. કાક] પું. કાગડો; વાયસ; કાક; કૌવો.

૧. કાગનું પીંછ = રજનું ગજ થવું; મરચું મીઠું ભભરાવેલી વાત; થોડાનું ઘણું કહેવું તે.

૨. કાગનું બેસવું ને તાડનું-ડાળનું પડવું = અકસ્માત સંજોગ; કાકતાલીય નિયમ.

૩. કાગને કહે-શાપે ઢોબાં મરતાં નથી = શંખણીનો શાપ લાગે નહિ.

૪. કાગને ડોળે = આતુરતાથી; અધીરાઈથી.

૫. કાગને ડોળે રાહ-વાટ જોવી = આતુરતાથી રાહ જોવી.

૬. કાગનો વાઘ કરવો = નજીવી વાતને મોટી કરી થાપવી; હોય તે કરતાં અતિશય વધારીને કહેવું; તરણાનો મેરૂ કરવો.

૭. તારે બારણે કાળો કાગ કળકળે = તારા ઘરમાં કોઈ મરે.

૩. પું. ગળાનો કાકડો.

કાગ ઉડાવવો = ગળાનો કાકડો ઊંચો કરવો.

૪. [ફા.] પું. બિસ્કિટ; નાસ્તાની એક વાની.

૫. પું. કુચ.

૬. સ્ત્રી. એક જાતની માછલી.

૭. સ્ત્રી. (ભીલી) ગાગર.

૮. સ્ત્રી. ચારણની એ નામની એક અટક.

૯. ન. ચારણની એ નામની અટકનું માણસ.

૧૦. વિ. એ નામની અટકનું.

૧૧. વિ. હોશિયાર; લુચ્ચું; ઠગ; ખળ.

કાગઋષિ પું. ધુતારો; ઠગ; લુચ્ચો.

કાગકેલા પું. (કચ્છી) એક જાતનો છોડ. કેળાં ઉપર જેમ ધાર હોય તેમ આની શીંગ ઉપર ધાર હોય છે.

કાગગીસોડી (કાગગીસોડ઼ી) સ્ત્રી. (કચ્છી) પીળાં ફૂલ અને છ ધારવાળી શીંગનો એક છોડ. ઘીસોડાં ઉપર ધાર હોય છે એવી આની શીંગ ઉપર ધાર હોય છે. માટે તેને કાગગીસોડી કહે છે.

કાગગીસોડો (કાગગીસોડ઼ો) પું. (કચ્છી) એક જાતનો છોડ; છૂંછડો. એની શીંગ ઉપર ગીસોડાં જેવી ઊભી હાંસ હોય છે. માટે તેને કાગગીસોડો કહે છે.

કાગછત્ર પું. એક જાતની વનસ્પતિ; બિલાડીનો ટોપ; જોડા, પુસ્તક, કે ચામડાનાં પૂંઠા ઉપર ચોમાસામાં થતી ફૂગ.

કાગજ ૧. [અ.] પું. કાગળ; નહિ લખેલો કે નહિ છાપેલો કાગળ.

૨. પું. ચોપડો.

૩. પું. છાપું.

૪. પું. દસ્તાવેજ.

૫. પું. પત્ર; પત્રિકા; લખેલો કાગળ.

૬. પું. લેખ.

૭. પું. ઘાસ, વાંસ વગેરેમાંથી કરાતી લખવા વગેરેના કામની એક બનાવટ.

કાગજપત્ર ૧. પું. પ્રામાણિક લેખ; દસ્તાવેજ.

૨. પું. લખેલો કાગળ.

કાગજીનિંબુ ૧. ન. એક જાતનું ઝાડ. તેને કાગદી લીંબુ કહે છે. તેની દેશી, હિંદી અને અમદાવાદી જાતો છે.

૨. ન. કાગદી લીંબુ; કાગળના જેવી પાતળી છાલવાળું લીંબુ.

કાગજીબદામ સ્ત્રી. કાગદી બદામ; જેની છાલ કાગળના જેવી પાતળી હોય તેવી બદામ.

કાગજીમુદ્રા સ્ત્રી. ચલણી નોટ.

કાગજીસિક્કો પું. ચલણી નોટ.

કાગઝ (કાગઝ઼) જુઓ કાગજ.

કાગઝાત (કાગઝ઼ાત) પું. બ. વ. કાગળો; કાગઝનું બહુવચન.

કાગઝાતે મૌજૂદા = જેવી હાલતમાં હોય તેવી હાલતનું દફતર.

કાગઝી (કાગઝ઼ી) ૧. પું. કાગદી; કાગળ વગેરે ચીજો વેચનાર.

૨. સ્ત્રી. એ નામની એક અટક.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

કાગટંગોઘા ન. (કચ્છી) એક જાતનું ઘાસ.

કાગડા (કાગડ઼ા) ૧. પું. કાઠીની આઠ માંહેની એ નામની એક જાત.

૨. પું. પારસી લોકો માટે ગુજરાતમાં મશ્કરીમાં વપરાતો શબ્દ.

૩. પું. માટલા ઉપરનું ગોળાકાર ઢાંકણ.

૪. પું. શણિયારને મળતું એક જાતનું ઘાસ. તેમાં થતી ડૂંડીઓ ડાભશૂળ કહેવાય છે. તેની સળી નીકળી ઉપર કાળી લોળ આવે છે. તે સળી ઉપર અડી હોય છે અને પાકે ત્યારે ખરી પડે છે. તેમાં ડાભૂડિયાં થાય છે.

કાગડાકાગડી (કાગડ઼ાકાગડ઼ી) ૧. સ્ત્રી. ઇતરાજી; નાખુશી; નાપસંદગી; બેદિલી; અસંતોષ.

૨. સ્ત્રી. એકબીજામાં વિશ્વાસ ન હોય એવી સ્થિતિ; અણવિશ્વાસ.

કાગડાકેરી (કાગડ઼ાકેરી) ૧. સ્ત્રી. આકડાનું ડોડવું.

૨. સ્ત્રી. કેરીના જેવું એક જાતનું ફળ. તે અથાણા અને શાકમાં કામ આવે છે.

કાગડાટોપી (કાગડ઼ાટોપી) સ્ત્રી. કાગડાની પૂંછડી જેવાં પાછળ ફૂમતાંવાળી ટોપી; કાગડા જેવી દેખાતી લાંબી પૂંછડીવાળી ટોપી.

કાગડાસાણશી (કાગડ઼ાસાણશી) સ્ત્રી. ધાતુ ગાળવાની કુલડીને પકડવાની સાણસી. તે કાગડાની ચાંચ જેવી હોય છે.

કાગડાસાણસી જુઓ કાગડાસાણશી.

કાગડાની પાંખ (કાગડ઼ાની પાંખ) સ્ત્રી. કાગડાની પાંખના રૂપે છાપરૂં ઢાંકવાનો પ્રકાર; છાપરૂં ઢાંકવાના છ માંહેનો એક પ્રકાર. તેમાં ઢાળ થોડો આવે છે.

કાગડિયો (કાગડ઼િયો) ૧. પું. કાઠિયાવાડી ઘોડાની એ નામની એક જાત.

૨. પું. પતંગ; કનકવો. કાગડા ઉપરથી આ શબ્દ બન્યો છે.

કાગડિયો કુંઢેર (કાગડ઼િયો કુંઢેર) ૧. પું. એક જાતની ઔષધિ; ઉસબો.

૨. પું. એક જાતનો વેલો. તેનાં પાન લાંબાં, સાંકડાં અને તેજસ્વી, ફૂલ સૂક્ષ્મ લીલાશ લેતાં પીળાં કે સહેજ જાંબુડી છાયા લેતા રંગનાં હોય છે. તેને વેંત એક લાંબી સામસામી બે શીંગ આવે છે. તેમાં સફેદ ચપટાં બી હોય છે. તે દવામાં વપરાય છે.

કાગડિયો કુંભાર (કાગડ઼િયો કુંભાર) પું. કાગડાને મળતું કંઈક લાંબી પૂંછડીવાળું કાળા રંગનું પક્ષી.

કાગડી (કાગડ઼ી) ૧. સ્ત્રી. એ નામનો એક દરિયાઈ જીવ. તે ખોરાક તરીકે વપરાય છે.

૨. સ્ત્રી. કાગડાની માદા.

૩. સ્ત્રી. ગાડાની બે ઊંધની પિત્તળથી જડેલી અણી; ગાડાના ધોરિયાનો ધૂંસરીથી આગળનો ચાંચ જેવો ભાગ.

૪. સ્ત્રી. ચાલાક સ્ત્રી; ચકોર બૈરી.

૫. સ્ત્રી. ભાંગેલા સળિયા કાઢવાનું ઓજાર.

૬. સ્ત્રી. સોની લોકોથી વપરાતી એક જાતની સાણસી.

કાગડૂંડું ન. એક જાતની રમત; ઘંટીખીલડો.

કાગડો (કાગડ઼ો) ૧. પું. અદેખો માણસ.

૨. પું. ઊંધું થવાપણું. જેમકે, છત્રી કાગડો થઈ ગઈ.

૩. પું. એક જાતનો વેલો. તેનાં પાન ચંબેલીનાં પાન જેવાં હોય છે. તેમાં આસો માસમાં રાન મોગરીનાં ફૂલ જેવાં ફૂલ થાય છે.

૪. પું. ઓખા પાસે થતું એક જાતનું માછલું; ભીંગડાં વગરની માછલી. તેનું મોં કાગડાની ચાંચ જેવું હોય છે તેથી તેનું નામ કાગડો પડ્યું છે.

૫. પું. કલકલ કરે એવો માણસ; બહુબોલો માણસ.

૬. [સં. કાક] પું. કાળા રંગનું એક ચકોર પક્ષી; વાયસ. કોઈ પણ શહેર એવું નહિ હોય કે જ્યાં કાગડા નહિ વસતા હોય. એંઠવાડ, કોહેલું માંસ, જીવડાં એ તેનો ખોરાક છે. જનાવરોનાં મુડદાંની આંખો ઠોલવાનું તેમ દૂબળાં અને મરવા પડેલાં ઢોરના શરીર ઉપર ચાંચ મારવાનું તેને ગમે છે. સાપ, દેડકાં, ગરોળી, ઉંદર વગેરે નાનાં પ્રાણીનો પણ તે શિકાર કરે છે, અને વખતે ઘણા કાગડા મળીને સસલાં જેવાં પ્રાણીને પણ મારી નાખે છે. કાગડી પોતાનાં બચ્ચાં તેમ જ કાગડા માટે મરી પડે છે. નર માદાના સ્નેહમાં તે બીજાં બધાં પક્ષીથી ચડી જાય છે. જ્યાં વાંદરાં વધારે હોય ત્યાં કાગડા થોડા હોય છે, કેમકે કાગડા માળો બાંધી ઈંડાં મૂકે છે ત્યારે વાંદરાં ઝાડ ઉપર ચડીને તેનાં ઈંડાં નીચે જમીન ઉપર નાખી દે છે. કાગડો શકુન શાસ્ત્રવેત્તા હોવાની કેટલાકોની માન્યતા છે અને તેથી કોઈ સંબંધી પરદેશ ગયેલ હોય અને આવવાની તક થઈ હોય ત્યારે કાગડો ફળિયામાં આવી બેસે તો તેને ઘરનું કોઈ કહે કે 'અમારો ફલાણો માણસ આવતો હોય તો ઊડી જજે.' જો ઊડી જાય તો તે માણસ તરતમાં આવશે એમ ધારે છે અને ન ઊડે તો વિલંબ થશે એમ માને છે. આ વહેમ કાકતાલીય ન્યાયની પેઠે ફળે છે. વળી રાતે કાગડા બોલે તો તે દુકાળની નિશાની ગણાય છે. તે માટે ભડલીનું વાક્ય છે કે:

રાતે બોલે કાગડા, દીના બોલે શિયાળ;
તો ભડલી એમ કહે, નિશ્ચે પડશે કાળ.

કાગડાની કેટલીક જાત:—ઘરનો કાગડો: આ જાતના કાગડાની લંબાઈ ૧૮ ઈંચ, નર માદા કદમાં સરખાં, ડોકની આસપાસ રાખોડિયા ભૂરા રંગનો પહોળો પટો, છાતીનો નીચલો ભાગ ઝાંખા કાળા કે ભૂરા રંગનો અને બાકીનો ભાગ જાંબુડિયા આસમાની અને લીલા રંગની ખૂલતી ઝાંયવાળો કાળો હોય છે. તે હમેશા માણસની સોબતમાં માલૂમ પડે છે. સિંધ, વાયવ્ય સરહદનો પ્રાંત, પંજાબ અને કશ્મીર સિવાય હિંદુસ્તાનમાં બધે આ કાગડો દેખાય છે. આ જાત સ્થાયી છે. બધાં પક્ષી કરતાં આ કાગડો વધારે નજરે પડે છે. પરદેશથી આવતા જતા મુસાફરને આગબોટ ઉપર આવકાર આપવા તથા વિદાય દેવા આ કાગડો હાજર હોય જ. માણસનું રહેઠાણ એ જ એનું રહેઠાણ છે. ૬૦૦૦થી ૭૦૦૦ ફૂટની ઊંચાઈની ટેકરી ઉપર માણસનો વસવાટ હોય તો આ કાગડો પણ હોય. તેનું સંઘચારીપણું સવારે અને સાંજે ખાસ દેખા દે છે. સાંજે તેઓ હજારોની સંખ્યામાં પસંદ કરેલાં ઝાડ તરફ સૂવા માટે ઊડતા જતા જણાય છે. માણસ સાથેના સહવાસે એને હિંમતવાન અને ચોરવાની વૃત્તિનો બનાવ્યો છે. કેટલીક વખત તે ઘરમાં અને દુકાનમાં છૂપી રીતે દાખલ થઈ જાય છે અને કંઈ ખાદ્ય વસ્તુ લઈને ઝડપથી ઊડી જાય છે. આ હિંમતની સાથે તેનામાં એટલી જ સાવચેતી પણ છે. માણસને નહિ પણ પશુ પક્ષીઓને પણ તે હેરાન કરે છે. કેટલીક વખત ગીધ, બળદ, ગાય વગેરેની પીઠ ઉપર બેસીને કંઈ ભાઠું હોય તો ઠોલી ખાય છે. એની બધી લુચ્ચાઈ છતાં તેને એક પક્ષી મહાત કરે છે અને તે કોયલ છે. કોયલ પોતાનાં ઈંડાં કાગડાના માળામાં મૂકી આવે છે. કાગડી તે સેવે છે અને બચ્ચાંને મોટાં કરે છે. તે મોટાં થાય એટલે કોયલ તેને લઈ જાય છે. આ પક્ષી સર્વભક્ષી છે. તે ઝાડના પાંદડાંવાળી ડાળીમાં પોતાનો માળો બાંધે છે. કાગડી એક વખતે ચારથી પાંચ ઈંડાં મૂકે છે, પણ કેટલીક વખત છથી સાત પણ મૂકે છે. કાળો કાગડો: તેની લંબાઈ ૨૪ ઈંચ હોય છે અને નર તથા માદા કદમાં સરખાં હોય છે. તે રંગે તદ્દન કાળો હોય છે. એ કાળા રંગ ઉપર સહેજ જાંબુડિયા રંગની ઝાંય હોય છે. ઉત્તર ગોળાર્ધમાં લગભગ દરેક ભાગમાં અને હિંદુસ્તાનમાં પંજાબ, વાયવ્ય સરહદનો પ્રાંત, સિંધ અને પશ્ચિમ રજપુતસ્થાનના રણના ભાગોમાં આ કાગડો જોવામાં આવે છે. હિમાલયમાં તે દેખાતો નથી. માળા માટે તે એકાંત પસંદ કરે છે છતાં એ મિલનસાર તો છે જ અને પંદરથી વીસના ટોળામાં જોવામાં આવે છે. આ કાગડો ઝાડું કાઢનારનું કામ પણ ઠીક કરે છે. કેટલીક વખત બાજરાનાં આખાં ડૂંડાં કાપી નાખીને પાકને નુકસાન પહોંચાડે છે. પશુનાં મુડદાં પાસે તે જોવામાં આવે છે. તે મુક મુક એવો અવાજ કાઢે છે. સામાન્ય રીતે આ પક્ષી જીવનભર એક સાથી સાથે રહે છે

અને જ્યાં ખોરાક પુષ્કળ હોય ત્યાં ઘણાં યુગલો એકઠાં મળે છે. સાંજ પડયે પચાસથી સાઠ પક્ષી નિયત કરેલી જગ્યાએ રાત્રિ પસાર કરવા ઊડચે જાય છે. કોઈ કૂવો, ઘર અથવા ખડક પાસે તેઓ મજબૂત માળો બાંધે છે. એ પક્ષીઓ તરફથી હુમલો થવાની ધાસ્તી વિના કોઈ માણસ તેનાં ઈંડાંની આશા રાખી શકે નહિ. માદા એક વખતે ચારથી છ ઈંડાં મૂકે છે. એક વખતનાં ઈંડાં સરખાં હોય છે જ્યારે જુદા જુદા વખતનાં ઈંડાંમાં તફાવત હોય છે. રાની કાગડો-અરણ્યવાયસ-ગીરનો કાગડો: આ જાતના કાગડાની લંબાઈ ૧૭ ઈંચ હોય છે. નર અને માદા બંને સરખી લંબાઈનાં હોય છે. તેની ડોકનો પાછલો ભાગ તથા ડોકની બે બાજુ સિવાય તેનું બધું શરીર ઘેરા વાદળી અથવા જાંબુડિયા રંગની ઝાંયવાળા કાળા રંગનું હોય છે. ડોકની પાછળનો ભાગ અને છાતી તદ્દન કાળાં હોય છે. આ તેને સામાન્ય કાગડાથી જુદો પાડે છે. હિંદુસ્તાન, બ્રહ્મદેશ, સિલોન અને જાવાથી ઓસ્ટ્રેલિઅ સુધીના પ્રદેશમાં તે જોવામાં આવે છે. તેના નામ પ્રમાણે તે જંગલમાં રહે છે, પણ કેટલીક વખત ગામડા કે શહેરમાં પણ જોવામાં આવે છે. સામાન્ય કાગડા જેટલો તે હિંમતવાન નથી. ક્યાંય ખોરાક હોય કે કોઈ શિયાળ કે બીજા કોઈ પ્રાણી ઉપર હુમલો કરવો હોય તો ત્યાં ટોળાબંધ ભેગા થાય છે. એઠવાડ, કચરો, ઊડતાં જીવડાં, ફળ, નાનાં પક્ષી, નાનાં જંતુ તેનો ખોરાક છે. બધાં પક્ષીનાં ઈંડાં તથા નાનાં બચ્ચાંનો તે નાશ કરે છે. 'કૉ' એવો તે અવાજ કરે છે અને તે કાનને અપ્રિય લાગતો નથી. તેની માદા માર્ચથી મે સુધીમાં ઈંડાં મૂકે છે. ડાળીડાંખળાંનો તે સાધારણ ઊંડા પ્યાલા જેવો મોટો માળો બાંધે છે અને તેમાં વાળ, સૂકાં તરણાં, ઊન, નાળિયેરનાં છોતલાં અને એવી બીજી ચીજોનું તેને અસ્તર કરે છે. આ જાતની કાગડી એકી વખતે ચારથી પાંચ પણ કોઈ વખત્ છ ઈંડાં મૂકે છે. ઈંડાં સાધારણ લંબગોળ અને નાના છેડા તરફ ઘણા અણીદાર હોય છે. જંગલી કાગડો: તેની લંબાઈ તેર ઈંચ હોય છે. નર અને માદા કદમાં સરખાં હોય છે. તેનાં ઉપરનાં બધાં પીછાં, પાંખો અને પૂંછડી ચળકતાં કાળાં હોય છે. માથાની બાજુથી પહોળો ગળાનો પટ્ટો ઝાંખો ભૂરો હોય છે, ક્યાંક ક્યાંક એટલો ઝાંખો હોય છે કે લગભગ સફેદ થઈ જાય છે. દાઢી, ગળું અને ગળાનો આગલો ભાગ કાળાં હોય છે, બાકીનાં નીચલાં પીછાં ઝાંખાં સલેટિયા કાળાં હોય છે. છેક વાયવ્યમાં અને કશ્મીરમાં આ પક્ષી દેખાય છે. તે ઘરના કાગડા જેટલો જ ધૃષ્ટ છે. કાગડાની ઘણીખરી જાત કરતાં આનો અવાજ મધુરો છે અને કેટલાક વાતો કરતાં પણ શીખે છે. આ જાતના કાગડા ૨૪૦ વર્ષ જીવ્યાના હોવાનું કહેવાય છે.

૧. કાગડા ઊડવા = (૧) કોઈની હાજરી ન હોવી. (૨) ખંડેર થઈ જવું. (૩) નિર્વંશ જવો; સત્યાનાશ જવું; ઘરનાં બધાં માણસનું મરણ થવું. બદદુઆ દેવામાં આ અર્થમાં વપરાય છે.

૨. કાગડા કળકળવા = સત્યાનાશ જવું; છેક જ ખરાબી થવાનાં ચિહ્ન જણાવાં. કાગડા શકુન શાસ્ત્રવેત્તા છે એવી માન્યતા ઉપરથી આ કહેવત થઈ છે.

૩. કાગડાની કોટે કંકોતરી = તરત વાત જાહેર કરે એવું; ગામવાતોડિયું.

૪. કાગડાની કોટે દહીંથરૂં-રતન = (૧) અપાત્રે દાન; સારા માણસનું નઠારાને પનારે પડવું. (૨) ગરીબ માણસ પાસે સારી વસ્તુ હોવી.

૫. કાગડાની ગુદામાંથી ગંગાજળ કાઢવું = ઘણું મુશ્કેલ કાર્ય કરવું.

૬. કાગડાની નજરે જોવું = ભયને માટે સાવધાન રહેવું; ચાલાક રહેવું; ચેતતા રહેવું; ચોતરફ તપાસ રાખવી.

૭. કાગડાનું ઊડી બેસવું-બોલવું = સારાં શુકન થવાં; પરદેશ ગયેલ માણસ ઘેર આવશે એવું સૂચવનાર શુભ ચિહ્ન થવું.

૮. કાગડાનું બેસવું ને તાડનું પડવું = અણચિંત્યું કાંઈ બનવું; દૈવયોગે બનવું.

૯. કાગડાનું હસવું ને દેડકાના પ્રાણ જાય = બીજાને તુકસાન થાય અને પોતાને લાભ થાય તેવું કામ.

૧૦. કાગડાને કાળો રંગવો પડે ? = નીચ માણસમાં નીચપણું જ હોય.

૧૧. કાગડાને મન રમત અને ઉંદરનો જીવ જાય = બીજાને તુકસાન થાય અને પોતાને લાભ થાય એવું કામ.

૧૨. કાગડાને મોંયે રામ ન હોય = પાપીના મોઢામાંથી સારાં વેણ ન નીકળે.

૧૩. કાગડાને શાપે ઢોર ન મરે = સ્વાર્થીલા માણસની સ્વાર્થીલી ઇચ્છા પાર પડે નહિ.

૧૪. કાગડાને સોળે દહાડા શ્રાદ્ધ = માગી ખાનારને હમેશા સારૂં સારૂં ખાવા મળે.

૧૫. કાગડાને હાથે કંકોતરી = રડતો જાય ને મુઆના ખબર લાવે.

૧૬. કાગડો કાગડીને ન ધીરે = લુચ્ચો લુચ્ચાનો વિશ્વાસ ન કરે.

૧૭. કાગડો કોયલને હસે = કોઈ પોતાનો દોષ જુએ નહિ અને બીજાને હસવા જાય.

૧૮. કાગડો દહીંથરૂં લઈ ગયો = છેતરી ગયો; સારી વસ્તુ નઠારાને હાથ ગઈ.

૧૯. કાશીમાં યે કાગડા તો કાળા = મેલા મનનું માણસ ગમે ત્યાં જાય તોપણ મલિન જ રહેવાનું.

૨૦. છત્રી કાગડો થઈ જવી = પવનના જોશથી છત્રી વિખાઈ જઈ તેનો ઢાળ ઊંધો થઈ જવો.

૭. પું. કાળા રંગનો માણસ; કરૂપવાન માણસ.

૮. પું. ચતુર માણસ; પેચમાં ન આવે એવો માણસ; ચકોર આદમી.

૯. પું. પતંગ.

૧૦. પું. પારસી; પારસી માટે વપરાતો શબ્દ.

૧૧. પું. માટીનું શકોરૂં; ગોળી વગેરે ઉપર ઢાંકવાનું માટીનું ઢાંકણું.

૧૨. પું. માથાના આગળના વાળ બાંધી લેવાથી થતો દેખાવ. માથાના આગલા વાળ આંખ આડે આવતા હોય ત્યારે તેને દોરો લઈ આગળ આવે એવી રીતે બાંધી દે છે તેને કાગડો બાંધ્યો કહે છે.

કાગડો મોર (કાગડ઼ો મોર) પું. એ નામની એક રમત. તેમાં રમનારાંઓ પાસે પાસે બે હારમાં એકબીજાને પીઠ અડાડી બેસે. ત પછી રમાડનાર એક વાત કહેવા માંડે. તેમાં જે પક્ષનું નામ આવે તે પોતાનું નામ સાંભળતાં જ ચટ દઈને ઊઠી નાસવા લાગે અને બીજો પક્ષ તેને પકડવા પાછળ દોડે.

કાગડોલી સ્ત્રી. એક જાતનું ઝાડ. તેની છાલમાંથી મજબૂત દોરડાંના બરના રેસા નીકળે છે.

કાગડોળ વિ. બદસિકલ; કદરૂપું; વરવું.

કાગડોળિયું ૧. ન. એક જાતની રેચક વનસ્પતિ. ૨. વિ. કાણું; એકાક્ષી; કાગડાના જેવા ડોળાવાળું.

કાગડોળિયો પું. ચોમાસામાં ઊગી નીકળતી એક જાતની વનસ્પતિ. તેના વેલા વીસ ફૂટ સુધી લાંબા વધે છે. તેનાં પાન બકાન લીંબડાનાં જેવાં, કતરાયેલાં અને ત્રિકોણાકાર હોય છે. ફૂલ બારીક, સફેદ અને ફળ ત્રિકોણ કોથળી જેવાં હોય છે. ભાદરવામાં તે પાકે છે. તેના બધા ભાગ ઉપયોગી છે. તે સ્વેદલ, સારક, ઊલટી કરાવનાર અને મૂત્રલ છે. ફૂલની અંદર અડદ જેવા ત્રણ ત્રણ દાણા હોય છે. દાણા ઉપર ધોળો ડાઘ હોય છે. ત્રણ ગોળા સાથે જોડ્યા હોય તેવા તેને પોપટા થાય છે. જેને શરીરે કરોળિયા નીકળે તે માણસ તેની માળા પહેરે છે.

કાગડોળે અ. કાગને ડોળે; ઘણી આતુરતાથી.

કાગડ્યો (કાગડ઼્યો) ૧. પું. કાગળ.
 ૨. પું. પતંગ.

કાગણ સ્ત્રી. કાગડી; કાગડાની માદા.

કાગત ૧. પું. કાગળ.
 ૨. પું. ચોપડો.
 ૩. પું. છાપું.
 ૪. પું. દસ્તાવેજ.
 ૫. પું. લેખ.

કાગતલ ૧. પું. એક જાતનો છોડ. તેમાં નીચેનાં પાન વખતે બેથી ત્રણ ખૂણિયાવાળાં પણ વિશેષ કરી બધાં પાન સાદાં હોય છે. તેનાં ફૂલ તથા ફળ અડબાઉ તલી જેવાં હોય છે. તેનાં કાળાશ પડતાં કે રતુંબડી ઝીણી તલી જેવાં બીને કાગતલ કહે છે. ગામડાનાં લોકો ધર્મક્રિયામાં તે વાપરે છે.
 ૨. પું. તલી જેવાં એક જાતનાં છોડનાં બી.

કાગતાડી ન્યાય (કાગતાડ઼ી ન્યાય) પું. દૈવયોગનો બનાવસૂચક ન્યાય; કાગડાનું બેસવું અને તાડના ફળનું પડવું એ જાતની આકસ્મિક પ્રાપ્તિ જણાવનાર ન્યાય.

કાગતિર પું. (કચ્છી) એક જાતનો છોડ. તેને અડબાઉ ઉતલી કહે છે. તેનાં ફૂલ અને ફળ છોકરાં ખાય છે, અને સાકર સાથે પ્રમેહના રોગવાળાને પણ અપાય છે.

કાગદ ૧. [અ.] પું. કાગળ; કાગજ; લખવાનો કાગળ.
 ૨. પું. ચિઠ્ઠી.
 ૩. પું. ચોપડો.
 ૪. પું. છાપું.
 ૫. પું. દસ્તાવેજ.
 ૬. પું. લેખ.

કાગદપત્ર ૧. પું. કાગળ; પત્ર.
 ૨. પું. દસ્તાવેજ.
 ૩. પું. પહોંચ.

કાગદી ૧. પું. આંબાની એક જાત.
 ૨. [ફા.] પું. કાગળ બનાવનાર કારીગર.
 ૩. પું. કાગળ વેચનાર વેપારી; કાગળનો ધંધો કરનાર.
 ૪. પું. ચોપડા બાંધનાર વેપારી.
 ૫. સ્ત્રી. એ નામની વાણિયા અને મેમણની એક અટક.
 ૬. ન. એ નામની અટકનું માણસ.
 ૭. વિ. ઊંચી જાતનું.
 ૮. વિ. એ નામની અટકનું.
 ૯. વિ. તકલાદી કાગળનું હોય એવું; નાજુક.
 ૧૦. વિ. દસ્તાવેજી; લિખિત.
 ૧૧. વિ. પાતળી છાલવાળું. જેમકે, કાગદી એલચી, કાગદી લીંબુ.
 ૧૨. વિ. બારીક; સૂક્ષ્મ.

કાગદીઆફૂસ સ્ત્રી. કલમી આંબાની એક જાત. જુઓ કાગદીહાફૂસ.

કાગદીએલચી સ્ત્રી. કાળા દાણાવાળી ઝીણી છાલની એલચી.

કાગદીકુંજ સ્ત્રી. લાંબી ડોક અને મોર જેવા નહોરવાળા પગવાળું રાખોડી રંગનું એક પક્ષી.

કાગદીચલણ ન. નાણા તરીકે ધાતુને બદલે કાગળનું ચલણ.

કાગદીજવાન જુઓ કાગદીજુવાન.

કાગદીજુવાન પું. નાજુક તબિયતવાળો માણસ; જેનાથી ઘણું કામ થઈ ન શકે તેવો માણસ.

કાગદીબદામ સ્ત્રી. ઊંચી જાતની બદામ; મીંજ ઉપર ઝીણી છાલ હોય એવી બદામ.

કાગદીલીંબુ ન. એક જાતનું લીંબુ; પાતળી છાલવાળું લીંબુ.

કાગદીલીંબોઈ સ્ત્રી. નાનાં ગોળ પાન અને સફેદ ફૂલવાળું એક જાતનું ઝાડ. તેનાં ફળને કાગદીલીંબુ કહે છે.

કાગદીવાડ (કાગદીવાડ઼) સ્ત્રી. કાગદીઓનો લત્તો; શહેરના જે ભાગમાં કાગદીઓની દુકાનો આવી હોય તે ભાગ.

કાગદીહાફૂસ સ્ત્રી. મુંબઈમાં થતી એ નામની કેરીની જાત. આ જાતની કેરીની છાલ લીલાપીળા રંગની હોય છે. ફળનું વજન પચીસ રૂપિયાભાર હોય છે. રસ કેસરિયા રંગનો હોય છે અને તેમાં રેસા હોતા નથી.

કાગદૃષ્ટિ ૧. સ્ત્રી. કાગડા જેવી તીક્ષ્ણ નજર.
 ૨. સ્ત્રી. કાગડાની નજર.

કાગપક્ષ ૧. પું. કાગડાની પાંખ.
 ૨. પું. ઝુલ્ફાં; વાળના ગુચ્છા.

કાગપગ પું. કાકપદ; કાગડાના પગના આકારનું ચિહ્ન; હંસપદ.

કાગપગો ૧. પું. કાળા છાંટા હોય એવો હીરો.
 ૨. વિ. પું. કાગડાના પગ જેવો.

કાગફળ ન. એ નામનું એક જાતનું ફળ.

કાગબી સ્ત્રી. દાણા ઉપર થતી ગાંઠ.

કાગભુજ પું. કાગડો; કાગ.

કાગભુશંડી પું. (પુરાણ) એ નામનો એક ઋષિ; કાકભુશંડી. તે પૂર્વે બ્રાહ્મણ હતો. જ્ઞાન માટે ફાંફાં મારતો તે લોમશ મુનિ પાસે આવ્યો. લોમશ મુનિને એકલા જ્ઞાનનો અને બ્રાહ્મણને જ્ઞાનવાળી ભક્તિનો ઘણો મોહ હતો. વાતો કરતાં તે બે વચ્ચે વાંધો પડ્યો. આથી લોમશે બ્રાહ્મણને શાપ આપ્યો કે જેમાં તેમાં શંકા કરે છે માટે તું કાગડો થઈ જા. ભક્ત બ્રાહ્મણે આ શાપ રાજી થઈને સ્વીકાર્યો. બ્રાહ્મણ કાગડો બન્યો તે કાગભુશંડી.

કાગભુસંડ ૧. પું. એક ઋષિ અથવા કાગડાનો દેવ, જેણે કાગડાને રૂપે રામનું એઠું ખાધું હતું.
 ૨. પું. લાંબા નાકવાળો જાડો કાળો પુરુષ.

કાગમગી પું. (કચ્છી) પીળા રંગનાં ફૂલવાળો અને નાની મગફળી જેવી શીંગવાળો એક જાતનો છોડ.

કાગમાળ ૧. વિ. કાગડાના માળા જેવું; ખાખાવીખી; નિર્માલ્ય; માલ વગરનું; દમ વિનાનું; અવાસ્તવિક.
 ૨. વિ. કામચલાઉ.

કાગમાળો ૧. પું. કાગડાનો માળો.
 ૨. પું. કામઠાનું ઘર.
 ૩. પું. થોડી વાર ટકે એવું કામ.
 ૪. પું. હલકો ધંધો.
 ૫. વિ. અચિરસ્થાયી; કામચલાઉ.
 ૬. વિ. નિર્માલ્ય.
 ૭. વિ. હલકી કીમતનું.

કાગમું ૧. ન. અડા આગળનું લાકડું.

અર્જુન લાજે ઓસરે પણ, હું નમાવ્યો નહિ નમું,
એમ કહીને દ્રોણરથનું, બાણે કાઢયું **કાગમું**.
પ્રેમાનંદ

 ૨. ન. ગાડાના ઊંટડાને જે ઠેકાણે ધોંસરું બંધાય છે તે ભાગ.

કાગમેંદી સ્ત્રી. એ નામની કંટકાર્યાદિ વર્ગની ઔષધોપયોગી એક વનસ્પતિ. તેનાં પાન ઝીણાં અને ટૂંકાં હોય છે. તેની શાખાઓ કાંટાવાળી ધોળા ફિક્કા રંગની હોય છે. તેમાં સફેદ નાનાં ફૂલ આવે છે અને નાનાં પીળાં કે રાતાં ફળ થાય છે. તેનાં પાન ગૂમડાં ઉપર બંધાય છે.

કાગરક્ષી સ્ત્રી. પશુપંખીની ભાષા.

કાગરખવાળી સ્ત્રી. ખેતરમાંથી કાગડાને હાંકી કાઢવાનું કામ.

કાગરવા [હિં.] પું. બ. વ. કાગડા.

ઊંચી અટરિયા પે **કાગરવા** બોલે. સ્વામી

કાગરા પું. (ભીલી) ઘાઘરો.

કાગરાજ પું. કાગડો.

કાગરાશ સ્ત્રી. કાગડાની બોલી.

કાગરાશિયો પું. ભવિષ્ય ભાખનાર બ્રાહ્મણ; ભોગળભટિયો.

કાગરાશી સ્ત્રી. ભવિષ્ય જાણવાની વિદ્યા.

કાગરાસ જુઓ કાગરાશ.

કાગરો પું. (વહાણવટું) અગ્નિ ખૂણો.

કાગલ પું. કાગળ.

કાગલફૂટો પું. કાગદી; કાગળ બનાવનાર માણસ.

ચાલઈ વુહરા કાગલફૂટા. કાન્હડદેપ્રબંધ

કાગલો પું. કાગડો.

કાગવંધ્યા ૧. સ્ત્રી. એક જ છોકરૂં થયું હોય એવી સ્ત્રી.

૨. સ્ત્રી. કેળ. તે એક જ વાર ફળે છે.

કાગવાણી સ્ત્રી. કાગડાનો અવાજ.

કાગવાણી શકુનમાં ન લાવું,
મારે આજ પછી શ્યામ રંગ સમીપે ન જાવું.
દયારામ

કાગવાસ ૧. [સં. કાક (કાગડો) + વાસ (રહેઠાણ)] પું. દુર્દશા.

૨. પું. મોતીની એક જાત. તેને બખા કહે છે. આ જાત અરબસ્તાનમાં મોખામાંથી નીકળે છે. તે રંગે પીળું અને સહેજ કાળાશ પડતું હોય છે.

૩. સ્ત્રી. કાગડા બોલાવવાને કાગડાની માફક બોલવું તે.

૪. [કાગ + વાસના (ઇચ્છા)] સ્ત્રી. શ્રાદ્ધને દિવસે પિતૃ નિમિત્તે કાગડાને આપવામાં આવતો બલિ; વાયસાન્ન; કાકબલિ.

કાગવાસ નાખવી = છાપરા ઉપર કાગડાને બલિ આપવો.

૫. સ્ત્રી. શ્રાદ્ધને દિવસે પિતૃ નિમિત્તે કાગડાને બલિ નાખતી વખતનો ઉદ્ગાર.

કાગવાસી વિ. પશુપક્ષીની ભાષા જાણનાર.

કાગવિદ્યા ૧. સ્ત્રી. કાગડાની ભાષા જાણવાની વિદ્યા.

૨. સ્ત્રી. જાદુ; ઠગવિદ્યા; કર્ણપિશાચવિદ્યા; તેલિયા રાજાની વિદ્યા.

૩. [સં. કાક (કાગડો) + વિદ્યા] સ્ત્રી. પશુ પંખીની ભાષા સમજવાની વિદ્યા.

૪. સ્ત્રી. પંખીઓની બોલી ઉપરથી ભવિષ્ય જાણવાની વિદ્યા. એવું મનાય છે કે કેટલાંક પક્ષીને ભવિષ્યમાં બનવાના બનાવ પ્રેરણાથી જણાય છે અને તે તેઓ પોતાની વાણીમાં બોલે છે.

૫. સ્ત્રી. ભવિષ્ય કહેવાની વિદ્યા.

કાગવું ૧. ન. કાગમું; આડીનું બહાર નીકળેલું ઠેબું.

૨. ન. ધોંસરાથી આગળ નીકળતો ગાડી કે રથના ઊંટડાનો આગલો છેડો; ગાડાના ઊંટડા ઉપર જ્યાં ધોંસરૂં બંધાય છે તે ભાગ.

કાગવૃંદ ન. કાગડાનું ટોળું.

કાગવો પું. ગાડું, રથ વગેરેનો ઊંટડા ઉપરનો એક ભાગ.

કાગસર ન. કશ્મીરનું એક પ્રાચીન નામ.

કાગસુવા પું. એક જાતનો છોડ. તે પથ્થરવાળી જમીન ઉપર છૂટાછવાયા ઊગે છે. તેનાં ફૂલ પીળાં અને ફળ, બી તથા પાન સુવા જેવાં હોય છે; આથી તેને કાગસુવા કહે છે.

કાગળ ૧. [ફા. કાગદ] પું. ચીથરાંને કોહાવ્યા બાદ કૂટીને તેમાંથી અથવા ઘાસના તાંતણામાંથી અથવા લાકડાના માવામાંથી બનાવેલ સફાઈદાર કોરાં પતરાં. મુસલમાનો હિંદમાં આવ્યા પછી આ શબ્દ કાગજ ઉપરથી ગુજરાતી ભાષામાં દાખલ થયો. તે પહેલાં તાડપત્ર ઉપર લખાણ થતું. ઘણું કરીને મિસર, ચીન અને જપેનમાં પહેલવહેલો કાગળ બનાવવામાં આવ્યો હતો. મિસરમાં પેપીરસ નામનો એક છોડ થાય છે તેમાંથી કાગળ બનાવવામાં આવતો. ચીના લોકોના મત પ્રમાણે રૂ અને બીજા વનસ્પતિના તાંતણામાંથી કાગળ બનાવવાની શરૂઆત ઈ.સ. પૂર્વે બીજા સૈકામાં થઈ હતી. યરપમાં કાગળ બનાવવાનો હુન્નર મૂર લોકોએ દાખલ કર્યો હતો અને કાગળ પહેલવહેલો સ્પેનમાં શુમારે અગિયારમા સૈકામાં રૂના રેસામાંથી બનાવવામાં આવ્યો હતો. ત પછી તે હુન્નર જર્મનિ, ફ્રાન્સ અને ઇટલિમાં દાખલ થયો. ઇંગ્લંડમાં આ હુન્નર ઈ. સ. ૧૪૯૫માં અને સ્કોટલંડમાં ૧૬૮૫માં દાખલ થયો. અત્યાર સુધી કાગળ મુખ્યત્વે કરીને લૂગડાનાં ચીથરાંમાંથી બનાવવામાં આવતા; પણ ૧૮૬૦થી એસ્પાર્ટો નામનું ઘાસ, પરાળ, લાકડાનો માવો વપરાવા લાગ્યાં. હવે ચારસો જાતનાં લાકડાં તથા ઘાસ કાગળ બનાવવા માટે વપરાય છે. મિસર અને સિરિઅમાં આસમાની કાગળ શોક બતાવવા માટે વપરાતો. ફાંસી દેવાના હુકમો પણ એ જ રંગના કાગળોમાં અપાતા. રાતો કાગળ સુખ અને સારા નસીબની નિશાનીવાળો ગણાતો. કોઈક જ મોટા માણસને ખલીફ કે સુલતાન ઉપર કાગળ લખવા માટે રાતા કાગળની છૂટ દેવામાં આવતી. આછા જાંબુડિયા રંગનો કાગળ રાજાઓ જ કાગળ લખવામાં વાપરતા, કારણ કે તે રંગ રાજ્યરંગ તરીકે ગણાતો, પીળા કાગળ સાધુઓ અને સરદારો વાપરતા. હિંદુસ્તાનમાં સંવત ૧૨૦૦ લગભગ કાગળ વપરાતા થયા. તે પહેલાં ગ્રંથલેખન માટે મુખ્ય સાધન તાડપત્રો જ હતાં.

૨. પું. તુમાર.

૩. પું. દસ્તાવેજ; ખત.

૪. પું. પત્ર; પત્રિકા.

૧. કાગળ કરવો = (૧) છૂટાછેડા કરવા. (૨) લખાણું કરવું. (૩) સ્ત્રીને મૂકી દેવી.

૨. કાગળ ફોડવો = (૧) કાગળમાં લખેલી વાત જાહેર કરવી. (૨) પરબીડિયું ફાડી કાગળ કાઢવો.

૩. કાગળ બીડવો = (૧) કાગળ ચોડવો. (૨) કાગળ મોકલવો.

૪. કાગળ માગવો = ભલામણપત્ર કે ઓળખાણપત્ર માગવો.

૫. કાગળ લખવો = (૧) કાગળ મોકલવો. (૨) પત્ર લખવો.

૬. કાગળ લાવવો = ભલામણ લાવવી.

૭. કાગળની કોથળી = બહુ નાજુક વસ્તુ.

૮. કાગળની કોથળીમાં ઢબુઆ ભરવા = હલકા પાત્રને ઊંચે ચડાવવું.

૯. કાગળની હોડીથી દરિયો ન તરાય = જેવું કામ તેવાં સાધન જોઈએ.

૧૦. કાગળે ચડવું = (૧) પ્રસિદ્ધ થવું; જાહેરમાં આવવું. (૨) મરણના સમાચાર આવવા.

૫. પું. ફોર્મોસા ટાપુમાં થતું એક જાતનું ઝાડ. તેનાં પાન પોપૈયાનાં પાન જેવાં અને ધોળાશ પડતા લીલા રંગનાં હોય છે. ચીનમાં તેને તંગત્સૌ કહે છે. તે કદે નાનું અને એક જ ડાંખળીનું હોય છે. ફૂલ આવ્યા પછી તે બે ત્રણ ડાંખળીમાં વહેંચાઈ જઈ ૨૦થી ૩૦ ફૂટ ઊંચું થાય છે. આ ઝાડનો માવો કાગળ બનાવવામાં વપરાય છે. આવા કાગળનાં ફૂલ વગેરે બનાવાય છે.

૬. પું. લખાણ.

૭. પું. શેર અથવા લોનનો કાગળ.

૮. પું. હૂંડી લખી આપનાર તરફનો ચોથા તબક્કાનો દસ્તાવેજ; હૂંડી, પેંઠ અને પરપેંઠ ગેરવલ્લે જતાં લખાતું લખાણ. હૂંડી લખી આપનાર પ્રથમ લખી આપે તે હૂંડી કહેવાય. તે ગેરવલ્લે જતાં લખી આપે તે પેંઠ, તે પણ ગેરવલ્લે જાય તો લખી આપે તે પરપેંઠ કહેવાય. આ પ્રમાણે હૂંડી, પેંઠ અને પરપેંઠ ખોવાઈ જાય, ચોરાઈ જાય, મળે નહિ, ફાટી જાય અથવા નાશ થાય અને હૂંડી, પેંઠ અને પરપેંઠનાં નાણાં મળી શકે તેમ ન હોય તો હૂંડી લખનાર હૂંડી, પેંઠ અને પરપેંઠમાં લખેલી વિગત સાથે ચોથો દસ્તાવેજ લખી આપે તે કાગળ કહેવાય.

કાગળદાબણિયું ન. કાગળોને દબાવવાનું સાધન; 'પેપરવેટ'.

કાગળપત્તર જુઓ કાગળપત્ર.

કાગળપત્ર પું પત્ર; પત્રિકા.

કાગળવા ૧. વિ. કાગળની જાડાઈ જેટલું; પાતળું.

૨. અ. ઘણા થોડા પ્રમાણમાં. જેમકે, સાગ, સીસમ અને સોનું, સો વર્ષે કાગળવા જાતું.

કાગળસ્વરૂપ ગુરુ પું. (જૈન) ગુરુનો એ નામનો એક પ્રકાર. ગુરુના ત્રણ પ્રકારઃ કાષ્ઠસ્વરૂપ, કાગળસ્વરૂપ અને પથ્થરસ્વરૂપ. કાગળસ્વરૂપ ગુરુ એ મધ્યમ છે. તે સંસાર સમુદ્રને પોતે તરી શકે નહિ, પરંતુ કંઈ પુણ્ય મેળવી શકે. બીજાને તે તારી શકે નહિ.

કાગળિયાવાડ (કાગળિયાવાડ઼) પું. કાગદીવાડ; કાગળ બનાવનાર કે વેચનારનો મહોલ્લો.

કાગળિયાહાટ ન. કાગળ વેચનારની દુકાન કે બજાર.

કાગળિયાં ૧. ન. વ. વ. અગત્યના કાગળો.

૨. ન. વ. વ. નિરુપયોગી કાગળો.

કાગળિયું ૧. ન. કાગળ માટે તિરસ્કારમાં વપરાતો શબ્દ.

૨. ન. કાગળનો કટકો.

૩. ન. કામકાજનો અગત્યનો દસ્તાવેજ.

૪. ન. ચલણી નોટ; જેનાં નાણાં થાય એવો હૂંડી કે શેર જેવો કાગળ.

૫. ન. નકામો કાગળ.

૬. ન. લેખ.

કાગળિયો ૧. પું. કામકાજનો કાગળ.

૨. પું. કાસદ; કાગળ લઈ જનારો માણસ; એપિયો.

૩. પું. ખતપત્ર.

૪. પું. તુમાર.

૫. પું. પતંગ.

કાગળિયો કુંઢેર પું. ઉશબો; એ નામનું એક કરિયાણું.

કાગા ૧. પું. [હિં.] ગળાનો કાકડો.

૨. પું. વ. વ. કાગડા.

કાગાચુડા (કાગાચુડ઼ા) પું. દયામણી સ્થિતિ દેખાડવાપણું.

કાગાનિદ્રા જુઓ કાગાનીંદર.

કાગાનીંદર સ્ત્રી. અર્ધીપર્ધી ઊંઘ; કાગડાના જેવી ઊંઘ; ઝટ ઊડી જાય એવી ઊંઘ.

કાગાબાસી ભાંગ સ્ત્રી. મથુરાના ચોબાથી સવારે લેવાતી ભાંગ. બપોરે લેવાની ભાંગને ભોગવિલાસી ભાંગ અને સાંજ પછી લેવાની ભાંગને સત્યાનાશી ભાંગ કહે છે.

કાગાબાસી મોતી ન. એક જાતનું કાળું મોતી.

કાગામૂઠો પું. ખોટા ઢોંગ કરનારો માણસ.

કાગારિ [સં.] પું. ઘુવડ. તે કાગડાનો દુશ્મન ગણાય છે.

કાગારોળ ૧. [હિં. કાગ (કાગડો) + રોર (શોર)] પું. કાગડાનું 'કાકા' કરીને બોલવું તે.

૨. પું. કેર; મોટો અનર્થ.

૩. પું. મુશ્કેલી.

૪. પું. શોરબકોર; ધોંધાટ.

૫. સ્ત્રી. રડારોળ; રોકકળ; હાયપીટ.

કાગારોળ કરવી = (૧) કાગડાની પેઠે ગોકીરો કરવો. (૨) દેખાવ કરવો. (૩) નકામો કજિયો કરવો.

કાગારોલ જુઓ કાગારોળ.

કાગાસુર પું. કંસે કૃષ્ણને મારવા માટે મોકલેલ એ નામનો રાક્ષસ. કૃષ્ણે તેનો નાશ કર્યો હતો.

કાગિયો પું. કાગડાને ખવરાવવાનો લાડવો.

કાગી પું. કાગડો.

કાગુઆ [હિં.] પું. દાણા ઉપર થતી ગાંઠ.

કાગો ૧. પું. કાગડો.

૨. પું. ફજેતી.

કાગોલિયાં ૧. ન. વ. વ. કાગડાનાં બચ્ચાં.

૨. ન. વ. વ. બચ્ચાં.

કાગોલિયું ન. કાગડાનું બચ્ચું.

કાગૌર સ્ત્રી. શ્રાદ્ધમાં કાગડાને અપાતો ખોરાકનો ભાગ.

કાગ્નિ [સં.] પું. થોડો અગ્નિ.

કાઘઝ (કાધઝ) ૧. [ફા.] પું. કાગળ.

૧. કચ્ચા કાધઝ = (૧) દેશી હલકો કાગળ. (૨) સિક્કા વિનાનો કાગળ.

૨. કાધઝ કરવો–લખવો–લખી દેવો = ખત કરી આપવું.

૩. કાધઝ કલમ દાવાત = લખવાનાં સાધન; સ્ટેશનરિ.

૪. કાધઝ ખોલવો = કોઈનાં ખરાબ કામ બહાર પાડવાં.

૫. કાધઝ મેળવવો = હિસાબ તપાસવો.

૬. કાધઝનો પટાબાઝ = (૧) નામનો માણસ. (૨) પાતળો ચાલાક માણસ.

૭. કાધઝે નિકા = લગ્નનો દસ્તાવેજ.

૮. ચિઠ્ઠીના કાધઝ = નોટપેપર.

૯. પક્કા કાધઝ = (૧) જાડો કાગળ. (૨) સિક્કાવાળો કાગળ.

૨. પું. ચિઠ્ઠી; પત્ર.

૩. પું. ચોપડો; હિસાબી નોંધબુક.

કાધઝ કરવો = હિસાબ તૈયાર કરવો.

૪. પું. છાપું; ચોપાનિયું.

૫. પું. દસ્તાવેજ; ખત; લેખ.

કાઘઝફરોશ (કાધઝફરોશ) [ફા.] પું. કાગદી; કાગળનો વેપારી.

કાઘઝસા (કાધઝસા) વિ. કાગળ જેવું પાતળું.

કાઘઝી (કાધઝી) ૧. પું. એક જાતનો છોડ.

૨. પું. કાગળ બનાવનાર માણસ.

૩. [ફા.] પું. કાગળ વગેરેનો વેપારી; કાગદી.

૪. પું. કાગળનું ખાનું.

૫. પું. ધોળું કબૂતર.

૬. પું. હિસાબી કારકુન.

૭. સ્ત્રી. ઊંચી જાતનાં પાતળી છાલનાં લીંબુ, જામફળ, અખરોટ, બદામ વગેરેની જાત.

૮. વિ. નાજુક; નરમ.

૯. વિ. પાતળું; બારીક.

૧૦. વિ. બરડ.

૧૧. વિ. લખનાર.

કાઘઝીન (કાધઝીન) [ફા.] વિ. કાગળનું બનેલું.

કાઘઝી મોહલ્લા (કાધઝી મોહલ્લા) પું. કાગળ બજાર.

કાઘઝે સરકારી (કાધઝે સરકારી) ૧. પું. ચલણી નાણાંની નોટ.

૨. પું. સ્ટાંપવાળો કાગળ.

કાઘદ પું. કાગળ. જુઓ કાગળ.

કાચ ૧. પું. એક જાતની માટી.

૨. પું. એક જાતનું ઉપરત્ન; એક જાતનો મણિ.

૩. પું. એક. જાતનો નેત્રરોગ; મોતિયો. તેમાં આંખમાં પડદો આવી જાય છે.

૪. પું. (પ્રાકૃત) કચ્છ દેશ.

૫. પું. કાચની પેઠે ચળકાટ કરતું એક જાતનું લવણ.

૬. પું. ખાંડ કે ગોળની ચાસણીને ઠારવાથી બનતો ખાદ્ય પદાર્થ. તે કાચ જેવો દેખાતો હોવાથી તેનું આ નામ પડયું છે.

૭. પું. જોવા માટે વપરાતું પારદર્શક સાધન; દર્પણ; 'લેન્સ'.

૮. પું. તાજા દહીંને ગાળવાથી નીતરતું પાણી. જેને દૂધ પચતું ન હોય તેવા દરદીને આવું તાજું પાણી પાવામાં આવે છે.

૯. પું. ત્રાજવાની દોરી.

૧૦. પું. દર્પણ; અરીસો.

૧૧. પું. પહેરવાના કપડામાં બોરિયા માટે પાડવામાં આવતું કાણું; ગૂંથીને બનાવેલું બટનનું નાકું.

૧૨. પું. પાસાદાર ચકચકતી વસ્તુ.

૧૩. પું. બરડ અને સહેજમાં ભાંગી જાય તેવો પદાર્થ.

૧૪. પું. ભસ્મ.

૧૫. પું. (કચ્છી) મરેલ માણસને કેડથી ગોઠણ સુધી પહેરાવવાનું લૂગડું.

૧૬. પું. મીણ.

૧૭. [ફા. ચાક (ફાટેલું)] પું. રેતી અને ખારવાળી માટી ઓગાળીને બનાવાતો ચળકતો એક પદાર્થ. સફેદ રેતી, ચિરોડી અથવા એવા બીજા પદાર્થના મિશ્રણથી કાચ બને છે. કાચનો રસ બીબામાં પડ્યા પછી ઘન બને છે. કાચને ઘણી વાર 'જામેલો પ્રવાહી' કહેવામાં આવે છે. ગમે તે આકારમાં તેને ફેરવી શકાય છે. કાચના ગુણનો આધાર તેમાં વપરાતી ચીજો અને એકબીજાના મિશ્રણથી થતી અસર ઉપર આધાર રાખે છે. સાધારણ કાચ બનાવવા માટે સોડા અને ચૂનો વપરાય છે અને સખ્ત કાચ માટે લેડ ઓક્સાઇડ, પોટાશ અથવા સોડા વપરાય છે. લેડ ઓકસાઇડને લીધે કાચમાં ચળકાટ અને વજન આવે છે. તે ઉપરાંત તે ઘણા લાંબા વખત સુધી ટકી શકે છે. બેરિયમ ઓકસાઇડ વાપરવાથી કાચનો ચળકાટ વધે છે અને ચોકઠામાં જડી શકાય તેવો કાચ બનાવી શકાય છે. ચૂનાથી કાચ પ્રવાહી જેવો પદાર્થ બને છે અને સખ્ત ગરમી સહન કરી શકે છે. યંત્રમાં વપરાતા કાચ માટે ચૂનો ઘણો ઉપયોગી છે. ચૂનો કાચને સખ્ત બનાવે છે. આ રીતે બનાવાતો કાચ શીશી બનાવવા માટે ઘણો ઉપયોગી છે. મેગ્નેશિયા પણ ચૂના જેટલી અસર કરે છે. એલ્યુમિનિયમની માટી કાચની મજબૂતી વધારે છે અને સહેલાઈથી કાચને ઠંડો થતાં અટકાવે છે. કાચ ઉપર કોતરકામ થઈ શકે છે. કાચ પ્રકાશને સહેલાઈથી ઝીલી શકે છે. કાચમાંથી પ્રકાશ જ્યારે પસાર થાય છે ત્યારે તે જુદા જુદા રંગ ધારણ કરે છે. જે કાચમાં મેગ્નેશિયા હોય તે કાચમાંથી જ્યારે પ્રકાશ પસાર થાય છે ત્યારે તેમાંથી ઘેરો વાદળી રંગ પણ જોવામાં આવે છે. કાચમાંથી ગરમી સહેલાઈથી પસાર થતી નથી. કાચ જેમ જાડો હોય તેમ સહેલાઈથી તેના ઉષ્ણતામાનમાં અચાનક ઝડપી ફેરફાર થવાથી ભાંગી જાય છે, કારણ કે જે બાજુ ગરમ થાય છે તે ફૂલે છે જ્યારે બીજી બાજુની સપાટી એમ ને એમ રહે છે. આથી કાચમાં ફાટ પડે છે. પારદર્શક, અપારદર્શક, ખરબચડો, ક્રાઉન ગ્લાસ, બિલોરી કાચ, બોહિમી કાચ, ક્રાઉન કાચ, સંગીન કાચ, સોડાનો કાચ; બારીનો કાચ, ઘસેલો કાચ, આંધળો કાચ અને દૂધિયો કાચ એમ કાચના અનેક પ્રકાર છે.

૧. કાચ પાયેલ કાગળ = (૧) કાગળ ઉપર સરેસ અને તેના ઉપર કાચની ભૂકી ચોટાડેલ કાગળ; કાચની રજકણ જેના ઉપર છાંટી હોય તેવો કાગળ. (૨) રેખમાલ.

૨. કાચ ફાકવો = મરણ થાય એમ કરવું; આત્મઘાત કરવાને કાચની ભૂકી ખાવી.

૩. કાચના ઘરમાં રહીને પથ્થર ન મારવા = પોતાને નુકસાન થાય એવું કામ ન કરવું.

૪. કાચનો કૂપો = (૧) કાચની શીશી. (૨) ભાંગી જાય તેવી વસ્તુ.

૫. કાચનો ચંબુ = પ્રવાહી પદાર્થ નિતારનાર વાસણ.

૧૮. પું. શીકું.

૧૯. સ્ત્રી. એ નામની કડિયાની એક અટક.

૨૦. સ્ત્રી. પુનર્લગ્ન; નાતરું.

૨૧. ન. એ નામની અટકનું માણસ.

૨૨. ન. એક જાતનું દ્વિશાળ ઘર. હસ્તિની અને છાત્રી એ બે શાળા જે ઘરમાં ભેગી હોય તે ઘરનું નામ કાચઘર કહેવાય છે.

૨૩. વિ. કડિયાની એ નામની અટકનું.

૨૪. વિ. લીલું.

કાચએળિયો ૧. પું. જૈન ઓસવાળ જ્ઞાતિની એ નામની એક પેટા જ્ઞાતિ.

૨. પું. શુદ્ધ કરેલો એળિયો; કાચના જેવો સ્વચ્છ એળિયો.

કાચક ૧. પું. કાચ.

૨. પું. બંગડી.

૩. પું. ભસ્મ.

૪. પું. સ્ફટિક.

૫. વિ. કાચનું બનેલ.

કાચકા સ્ત્રી. શિંબી વર્ગની એ નામની એક વનસ્પતિ. તે કૃમિઘ્ન છે અને તાવમાં તથા સૂતિકાજ્વરમાં ઉપયોગી મનાય છે.

કાચકાગળ પું. કાચ પાયેલો કાગળ.

કાચકી ૧. સ્ત્રી. એક જાતની કાંટાવાળી વનસ્પતિ.

૨. સ્ત્રી. કાચલું.

કયાં શ્રીફળ ને કયાં કાચકી, કયાં કકંટ ને કયાં કેળ.
વસ્તો

૩. સ્ત્રી. ગળાની બારી આગળ થતો એક રોગ; ખોરાક અથવા પાણી ગળામાં થઈને ઊતરી શકે નહિ એવો કંઠમાં થતો રોગ; કાચબી.

૪. સ્ત્રી. તરસને લીધે ગળામાં થતો સૂકવાટ.

૫. સ્ત્રી. મોટી મુશ્કેલી; સંકડામણ.

કાચકી જળકૂંડું ન. એ નામની એક દેશી રમત; બે કે વધારે છોકરાંએ તાકીને કાચકું મારવાની રમત. આમાં બધાં રમનારાં કાચકાં ભેગાં કરી તેનું એક કૂંડાળું બનાવે છે. પછી જેનો પહેલો વારો હોય તે પોયા આગળ ઊભો રહે. બાકીનાં રમનારાંમાંથી કોઈ એક જણ કૂંડાળામાંના અમુક કાચકાને આંટવાનું બતાવે. તે જો આંટી શકે તો કૂંડાળાવાળાં બધાં કાચકાં લઈ જાય. આંટવામાં નિષ્ફળ જાય તો તેણે પોતાના પદરનું એક કાચકું કૂંડાળામાં મૂકવું પડે. પછી બીજા વારાવાળો તાકે. આ પ્રમાણે રમતાં જ્યારે કોઈ જીતીને બધાં કાચકાં લઈ જાય ત્યારે રમત પૂરી થાય. આ રમત કાચકાંને બદલે કોડી, બદામ કે લખોટીથી પણ રમાય છે.

કાચકું ૧. ન. કાંકોલનું ફળ.

૨. ન. સોપારી જેવડું ભૂરા અને લીસા કોટલાનું કાચકીનું ફળ. તેનો ગર્ભ કરમિયાં જીવડાંના દરદ ઉપર વપરાય છે. આને કેટલાક કાચકો પણ કહે છે. છોકરાંઓ આ ફળને રમતમાં લખોટાને ઠેકાણે વાપરે છે.

કાચકૂચી [હિં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ.

કાચકૂરી [હિં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; કૌંચ.

કાચકૂંપી સ્ત્રી. કોઈ વસ્તુને અગ્નિમાં તપાવવા માટે વપરાતી કાચની શીશી; અગનશીશી.

કાચકો ૧. પું. કાચકું; કાચકીનું ફળ. કરમના રોગ ઉપર ઓસડમાં તે વપરાય છે.

૨. પું. કાચનો કટકો; કાચ.

કાચગૃહ ન. કાચનું ઘર; કાચની દીવાલોવાળી પેટી.

કાચગોલ પું. તાલ; દફકાચ.

કાચઘટી સ્ત્રી. કાચનો કૂજો; પાણી માટેનું કાચનું વાસણ.

કાચઘર જુઓ કાચગૃહ.

કાચચીભડી (કાચચીભડ઼ી) સ્ત્રી. એક ફળ; પોપૈયું.

કાચડ (કાચડ઼) ન. દડળું; ફોલ્લાની આસપાસની સૂજી આવેલી જગ્યા; ગૂમડાની આજુબાજુનો સૂજેલો ભાગ.

કાચડો (કાચડ઼ો) ૧. પું. કાચું તરબૂચ.

૨. પું. પદકાળા જેવું પેટ.

૩. પું. રૂનું જીંડવું.

કાચતનુ સ્ત્રી. રજનો એક પેટા વિભાગ.

કાચતરંગ ન. જલતરંગ જેવું એક જાતનું સંગીતવાદ્ય. તેમાં સ્વર ઉત્પન્ન થાય એવી રીતના કાચના કટકાની રચના હોય છે.

કાચત્વ ન. કાચની અવસ્થા.

કાચદાર પું. કાચનું કામ કરનાર કારીગર.

કાચદીપાશ્રમ ૧. [સં.] પું. દીવો કરવાનો કાચનો પ્યાલો.

૨. પું. ફાનસ.

૩. પું. હાંડી.

કાચદઢ વિ. લંગોટીબંધ.

કાચધામ ન. ફાનસ.

કાચન ૧. [સં.] ન. કાગળનું બંડલ.

૨. ન. ચોપડીનાં પાનાં બાંધવામાં વપરાતો દોરો.

કાચનક જુઓ કાચન.

કાચનકિન [સં.] પું. લેખપત્ર.

કાચનલિકા [સં.] સ્ત્રી. કાચની નળી.

કાચનળી ૧. સ્ત્રી. કસનળી; 'ટેસ્ટ ટ્યુબ'.

૨. સ્ત્રી. કાચની નળી.

કાચનિદીન પું. પીળો નારંગી રંગ; ઉદ્ધરિદ.

કાચપ સ્ત્રી. કચાશ; કાચાપણું; અપક્વતા.

કાચપરશુ [સં.] પું. પહેલદાર કાચ; ત્રણ સપાટ પાસાવાળી કાચની ત્રિકોણ આકૃતિ. તેને સૂર્યકિરણમાં ધરી રાખીએ ત્યારે કિરણોનું પૃથક્કરણ થઈ જુદા જુદા સાત રંગનાં કિરણ પડે છે.

કાચપાત્રાદિકરણ ન. ચોસઠ માંહેની એ નામની એક કળા.

કાચફલક પું. કાચની તકતી.

કાચબ સ્ત્રી. પાઠું; બરડાના કાંઠા ઉપર, બોચી ઉપર, ખભા તેમ જ ફૂલાની વચ્ચેના હાડકા ઉપર થતું ગૂમડું; અદીઠ ગૂમડું. તેમાં ગોળ, સખ્ત, ચપટો અને કાચબાની પીઠ જેવો ઊપસેલો ફોલ્લો થાય છે.

કાચબડો (કાચબડ઼ો) પું. કાચબો.

કાચબા ૧. સ્ત્રી. એ નામની મેમણની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કાચબાફૂદડી (કાચબાફૂદડ઼ી) સ્ત્રી. એક જાતની રમત. તેમાં છોકરાં પોતપોતાના પગ વચ્ચે હાથ ઘાલી અને આગલી બાજુએ બંને હાથની મૂઠી વાળી રાખીને જમીન ઉપર બેસે અને બેઠાં બેઠાં જ કૂંડાળાં ફરે છે, અથવા તો પાંચ છ હાથ આગળ જઈ ત્યાંથી પાછા ફરે અને મોઢેથી ફૂ ફૂ ફૂ કરે છે.

કાચબિંદુ ન. આંખનો મોતિયો; આંખનો એક રોગ. તેનો ઉપચાર: મરી ૧ાા માસો, લીંડીપીપર ०ા તોલો, સમુદ્રફીણ ०ા તોલો, સિંધવ ૧ાા માસો અને સુરમો ૨ા તોલા એકત્ર કરી તેને બારીક ખરલ કરવું. આ અંજનથી આ રોગ મટતો હોવાનું મનાય છે.

કાચબી ૧. સ્ત્રી. એક જાતનો યકૃતનો વ્યાધિ; કલેજાનું ગડ; કલેજાનો પાક.

૨. [સં. કચ્છપી] સ્ત્રી. કાચબાની માદા.

૩. સ્ત્રી. ગળાની બારીના સોજાનો રોગ; કાચકી.

૪. સ્ત્રી. દુ:ખની લાગણી.

કાચબી મારવી = (૧) અકળામણ થવી; મૂંઝવણ થવી. (૨) અસુખ થવું; ખૂબ દુ:ખની લાગણી થવી. (૩) ચીતરી ચડવી; બેસુધી આવવી. (૪) જીવ છોતાપાણી થઈ જવો.

૫. સ્ત્રી. મેઘધનુષ્ય; ઇંદ્રચાપ; ઇંદ્રધનુષ્ય.

પૂર્વ તાણે **કાચબી**, જો આથમતે સૂર,
ભડલી વાયક એમ ભણે, દૂધે જમાડું ક્રૂર.
ભડલી

કાચબો ૧. [સં. કચ્છપ] પું. કૂર્મ; કર્ક; કરક. તે જમીન ઉપર તેમ જ પાણીમાં પણ રહે છે. તેની પીઠનું કોટલું બહુ કઠણ હોય છે અને તેની ઢાલ બને છે. તે સલામતી માટે પોતાના અંગ, ઉપાંગ, માથું તેની ઢાલમાં સંકેલી શકે છે. તે ગરમ પ્રદેશમાં વસે છે. શંકર સન્મુખ કાચબાની સ્થાપના થાય છે. કાચબાની આયુમર્યાદા આશરે ૪૦૦ વર્ષની મનાય છે.

કાચબાની આંખ = (૧) ઈર્ષ્યાથી જોનાર આંખ. (૨) કાચબાની પેઠે કાંઈ પણ નજર બહાર જાય નહિ એવી ચંચળ આંખ.

૨. પું. ધાતુનો રસ ઢાળવાનું ઓઠું; ધાતુનો ઢાળો પાડવાનું ચોકઠું.

૩. પું. વિષ્ણુનો એ નામનો એક અવતાર.

કાચભાજન [સં.] ન. કાચનું વાસણ.

કાચમણિ ૧. પું. એક જાતનો પથ્થર; શિલા સ્ફટિક; ક્રિસ્મ પથ્થર. તે છ ખૂણાવાળા કે પાસાના રૂપમાં નજરે પડે છે. એ સાધારણ રીતે રંગહીન અને પારદર્શક હોય છે. તે પીળા, ભૂખરા, જાંબુડા, લીલા અને બીજા રંગના પણ હોય છે.

૨. પું. કાચ.

૩. પું. કાચનો કટકો.

કાચમલ [સં.] ન. કાચમાંથી થતું એક જાતનું મીઠું; કાચલવણ.

કાચર ૧. સ્ત્રી. કરચ; કકડી; ટુકડો.

૨. સ્ત્રી. ચાકી; ગડગૂમડની આસપાસ બંધાતી કઠણ માંસની ગાંઠ.

કાચરકૂચર ૧. ન. આચરકૂચર; કાચુંકોરૂં.

૨. ન. ભાંગીતૂટી ચીજોનો જથ્થો.

૩. વિ. પરચૂરણ.

૪. વિ. ભાંગ્યુંતૂટ્યું; આલતુફાલતુ.

કાચરસ ૧. પું. આંખના ડોળામાંનો કાચના રસ જેવો પદાર્થ.

૨. પું. કાચનો રસ.

૩. પું. કોષના કોષરસની અને કોષેશની જાળીદાર રચનાથી ભિન્ન, પ્રાણરસનો વધારે પ્રવાહી આધારભૂત પદાર્થ. કોષકવચની ઉપર આવેલું ઘટનાહીન પડ આનું બનેલું હોય છે.

૪. પું. રસની જાળીના વચલા ભાગમાં રહેલો નિર્મળ પારદર્શક કાચ જેવો પ્રવાહી પદાર્થ.

કાચરિયું ન. કચૂમર; કચરિયું; કૂચો.

કાચરી ૧. સ્ત્રી. ફળની ચીર કરી એમ ને એમ અથવા મીઠામાં આંથી સૂકવેલી કટકીઓ.

૨. સ્ત્રી. શાકની સૂકવણી.

૩. સ્ત્રી. સૂકવેલી લીલોતરીને શેકવા કે તળવાથી થતી વાની.

કાચરું ૧. ન. ફાડચું; ચીરિયું.

૨. વિ. ખોખરૂં.

કાચરૂપરસ પું. આંખના ગોળામાં લેન્સ એટલે સ્ફટિકરૂપરસની પછવાડે અને નેત્રદર્પણની આગળના પોકળ ભાગમાં આવેલો એક રસ. નેત્રગોળની પોલાણનો ચાર પંચમાંશ ભાગ આ રસથી ભરેલો છે અને બાકીના એક પંચમાંશ ભાગમાં લેન્સ અને જળરૂપરસ આવેલા છે. આ રસની આગળની બાજુએ આવેલા ખાડામાં લેન્સનું પાછળનું બાહ્યગોળ બેસે છે. તે સંપૂર્ણ પારદર્શક તથા મુરબ્બાના જેવો નરમ છે અને પાણી તથા કેટલાક ક્ષારનો બનેલો છે. તેની આસપાસ એક પાતળું પારદર્શક પડ છે.

સ્ફટિકરૂપરસ અથવા લેન્સ આ કનીનિકાની પછવાડે તથા **કાચરૂપરસ**ની આગળ રહેલ છે.
ત્રિભોવનદાસ શાહ

કાચરો પું. આંબલીનો કાતરો.

કાચલ ૧. સ્ત્રી. ખોપરી; તાલકું.

૨. સ્ત્રી. ટોચકું.

૩. સ્ત્રી. તાલકા ટોપી; માથા ઉપર બરાબર બેસી રહે એવી ટોપી.

૪. સ્ત્રી. નાના મછવા માટે વપરાતું એક જાતનું હલેસું.

કાચલપટ્ટા વિ. વ્યભિચારી.

કાચલવણ ૧. ન. કાચમાંથી થતું એક જાતનું મીઠું; કાચમલ. તે કાચની ભઠ્ઠીમાં ઉત્પન્ન થાય છે. એનો રંગ ધોળો હોય છે. તે પિત્તકારક, કંઈક ખારૂં, રૂક્ષ, અગ્નિદીપક, ઉષ્ણ, ચક્ષુષ્ય

અને દાહકારક છે અને શૂળ, ગુલ્મ, કફ, વાયુ તથા પિત્ત મટાડનાર મનાય છે.

૨. [સં.] ન. બંગડીખાર; બીડલવણ; કાચ બનાવવામાં વપરાતો ખાર.

૩. ન. સંચળ.

કાચલિયોપંથ જુઓ કાચલીપંથ.

કાચલી ૧. સ્ત્રી. કાચરી; શાકની અને ખાસ કરીને કોઠીમડાંની સૂકવણી.

૨. સ્ત્રી. કાપડું; કમખો; કાંચળી.

૩. સ્ત્રી. કોઈ પણ ફળનું વાટકી જેવું કોટલું.

૪. સ્ત્રી. ગોઠણની ઢાંકણી.

૫. સ્ત્રી. નાળિયેરનું ભાંગેલું કોટલું.

કાચલીનો ચૂવો = નાળિયેરના કોટલાને બાળતાં તેની ધૂણીમાંથી બનેલું પ્રવાહી. તે દાદર અને ચામડીના રોગ ઉપર વપરાય છે.

૬. સ્ત્રી. ભિક્ષાપાત્ર; માગી ખાવાનું કોટલાનું નાનું વાસણ.

કાચલી આપવી = ભીખ માગવા જેવી સ્થિતિ કરી નાખવી.

૭. સ્ત્રી. લાકડાનું વાસણ; કાષ્ઠપાત્ર.

કાચલીપંથ પું. કાંચળિયાપંથ; એ નામનો એક સંપ્રદાય.

કાચલું ૧. ન. કોઈ પણ ભાંગેલું અર્ધગોળ જેવું કઠણ કોટલું; ઠીબ.

૨. ન. કોઈ પણ ભાંગેલો અર્ધગોળ વાટકો.

૩. ન. ગર, મીંજ અથવા કોપરૂં કાઢી લીધા પછી રહેલું ફળનું અડધું ગોળ કઠણ છોડું.

૪. ન. ઠીકરૂં.

૫. ન. નદીના ભાઠાની ખેડેલી જમીન.

૬. ન. નાળિયેરનું ભાંગેલું કોટલું.

કાચલાં કૂટવાં = મિથ્યા પ્રયાસ કરવો; નકામી મહેનત કરવી.

૭. ન. પાણીનું વેન ચાલવા માટે કરવામાં આવતો ચણતરનો ઘાટ.

કાચવત [સં. કાચવત્] વિ. કાચ જેવું; પારદર્શક.

કાચવિદ્યુત [સં. કાચવિદ્યુત્] સ્ત્રી. કાચને રેશમ જેવા પદાર્થ સાથે ઘસવાથી ઉત્પન્ન થતી વીજળી.

કાચસદૃશ [સં.] વિ. કાચ જેવું; પારદર્શક.

કાચસંભવ [સં.] પું. કાચલવણ.

કાચસાર [સં.] પું. સાંદ્રરસ; પારદર્શક પદાર્થ.

કાચસૌવર્ચલ [સં.] ન. કાચલવણ; કાચમાંથી થતું એક જાતનું મીઠું.

કાચસ્થાલી ૧. [સં.] સ્ત્રી. કાચની રકાબી.

૨. સ્ત્રી. વેલપાટલાનું ઝાડ; ફ્લેરુહા વૃક્ષ.

કાચળા પું. એક જાતનું દરિયાઈ પ્રાણી. તેને પૂંછડિયા કાચળા પણ કહે છે. તે કાચબાને ખોરાક તરીકે વાપરે છે.

કાચળી સ્ત્રી. નાગના શરીરની ખોળ.

કાચંડી ૧. સ્ત્રી. કાકીડાની માદા.

૨. સ્ત્રી. નાનો કાકીડો.

કાચંડો પું. કાકીડો; સરડો; કાચિંડો.

કાચા ૧. પું. ગુહ્ય ભાગ ઢાંકવા માટે વપરાતો લૂગડાનો સાંકડો પટો; લંગોટ.

૨. સ્ત્રી. કુંભાર, કડિયા અને મેમણની એક અટક.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. અનિત્ય; અસાર.

૫. વિ. એ નામની અટકનું.

૬. [હિં.] વિ. કાચું.

કાચાઈ ૧. સ્ત્રી. અનુભવની ખામી.

૨. સ્ત્રી. કચાશ; કાચાપણું; અપક્વતા.

કાચાકાન પું. બ. વ. ભોળાપણું; તપાસ્યા કર્યા વગર વાત માની લેવાપણું.

કાચાકાનનું વિ. ભોળું; શ્રદ્ધાળુ.

કાચાકામનું વિ. જેની હજુ તપાસ ચાલતી હોય એવું.

કાચા કામનો કેદી = જેની તપાસ હજુ ચાલતી હોય એવો કેદી.

કાચાકૂટ સ્ત્રી. માથાકૂટ.

કાચાક્ષ [સં.] પું. એક જાતનો બગલો.

કાચાપાકું ૧. વિ. અચોક્કસ.

૨. વિ. અધકચરૂં.

કાચાપ્રાજા સ્ત્રી. લગભગ સાત એકર જમીન.

કાચામલમલ ન. એક જાતનું કોરૂં બારીક કાપડ.

કાચામીઠા ન. આંબાની એ નામની એક જાત.

કાચારી ૧. સ્ત્રી. અહમદનગર અને નાસિક તરફ વસતી એ નામની એક જાત. આ જાતનાં લોકો કાચની બંગડી બનાવવાનો ધંધો કરે છે.

૨. સ્ત્રી. આસામ અને બંગાળ તરફ બોલાતી એક ભાષા. મેદાની કાચારી અને ડુંગરી કાચારી એવા તેના બે પ્રકાર છે.

૩. સ્ત્રી. આસામી લોકોની એ નામની એક જાત.

૪. ન. એ નામની જાતનું માણસ.

૫. વિ. એ નામની જાતનું.

કાચા રૂપિયા પું. કાચો આંકડો; જે આંકડામાંથી શાહી કે વળતરની રકમ બાદ કરવાની હોય તેવી રકમ.

કાચાશ્મ પું. કાચિયો પથ્થર.

કાચાંતક પું. હરિતને મળતો એક મૂળ તાત્ત્વિક પદાર્થ.

કાચિઘ ૧. [સં.] પું. ઉંદર.

૨. પું. ચાડિયો.

૩. પું. સોનું.

૪. ન. શાકભાજી.

કાચિત [સં.] વિ. શીકા ઉપર ચડાવેલ.

કાચિમ પું. દેવમંદિરમાં થયેલ એક જાતનું ઝાડ.

કાચિયું વિ. કાચ જેવું.

કાચિયો પથ્થર પું. જેમાંથી કાચમણિ નીકળે તે પથ્થર.

કાચિંડો પું. કાકીડો; સરડો.

કાચી ૧. [હિં.] સ્ત્રી. એક જાતની મીઠાઈ.

૨. સ્ત્રી. કાકી.

૩. સ્ત્રી. પૂના તરફ મેવો વેચવાનો ધંધો કરતી એ નામની એક જાત.

૪. ન. એ નામની જાતનું માણસ.

૫. વિ. એ નામની જાતનું.

૬. વિ. સ્ત્રી. અનિશ્ચિત.

૭. વિ. સ્ત્રી. અપક્વ; નહિ પાકેલી.

૮. વિ. સ્ત્રી. ટૂંકી; નાની.

કાચી કેદ સ્ત્રી. નજરકેદ; પહેરામાં રાખવું તે; ચાલતા મુકદ્દમાએ અટકાયતમાં રાખવું તે.

કાચીકેળ સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

કાચી કોડીનું વિ. કીમત વિનાનું.

કાચી ખાતાવહી સ્ત્રી. ઉપરટપકે હિસાબની નોંધ રાખવાની ચોપડી.

કાચી જગન્નાથી સ્ત્રી. એક જાતનું કાપડ.

કાચી જપતી સ્ત્રી. પાકી જપતી કરતા પહેલાં માલને કબજે રાખવો તે.

કાચી જમાબંદી ૧. સ્ત્રી. અડસટેલી આંકણી.

૨. સ્ત્રી. ઉત્પન્ન થવાની ઊપજનો અડસટ્ટો.

કાચી ધાતુ સ્ત્રી. જમીનમાંથી ખોદી કાઢેલ ધાતુ; ખનિજ.

કાચી નોંધ ૧. સ્ત્રી. ઉપરટપકે લખી રાખેલું નામું.

૨. સ્ત્રી. ખરડો.

૩. સ્ત્રી. પાકું નહિ કરેલું એવું સંક્ષિપ્ત લખાણ.

કાચી બુટ્ટી ૧. વિ. અણસમજુ.

૨. વિ. ઓલિયું; ભોળિયું.

૩. વિ. ગાફલ; બેદરકાર.

૪. વિ. નિ:સત્ત્વ; નિર્માલ્ય.

૫. વિ. બોથડ; મૂર્ખ.

કાચી બુદ્ધિ ૧. સ્ત્રી. અપરિપક્વ સમજણ.
૨. સ્ત્રી. છોકરમત; બાળક જેવી હઠ.
૩. સ્ત્રી. નાદાની; મૂર્ખાઈ.
૪. સ્ત્રી. સમજ વિનાનું હોવાપણું.

કાચીમન સ્ત્રી. રામફળનું ઝાડ.

કાચી મુદ્દત ૧. સ્ત્રી. નક્કી નહિ કરેલી મુદ્દત; અદબદ રાખેલી મુદ્દત.
૨. સ્ત્રી. પાકયા વગરની મુદ્દત.

કાચીવય સ્ત્રી. નાની ઉમર; સગીર અવસ્થા.

કાચીંડો જુઓ કાચિંડો.

કાચું ૧. ન. કચાશ; અધૂરાપણું; કસર.
૨. વિ. અકુશળ; અણઘડ.
૩. વિ. અજાણ; અનુભવ વગરનું.
૧. કાચું કપાવું = (૧) અણઘટતું બોલાઈ જવું. (૨) ખરાબ થવું. (૩) ખાનગી વાત બહાર પડવી. (૪) દિલગીર થવું. (૫) બળવું.
૨. કાચું કાપવું = (૧) અણઘટતું બોલવું. (૨) ખરાબ કરવું. (૩) ખાનગી વાત બહાર પાડવી. (૪) દિલગીર કરવું. (૫) બાળવું.
૪. વિ. અડસટ્ટાવાળું; આશરે હોય એવું.
૫. વિ. અધૂરૂં; અપૂર્ણ.
૬. વિ. અનિત્ય; અસાર; નાશવંત.
૭. વિ. અનિશ્ચિત; નક્કી નહિ એવું; અદઢ.
કાચે તાંતણે તણાય એવું = વશ વર્તે તેવું; આપબુદ્ધિ ન વાપરતાં સામાની બુદ્ધિ પ્રમાણે વર્તે એવું.
૮. [સં. કૃત્ય; પ્રા. કિચ્ચ; અપ. કચ્ચુ, કાચ્ય] વિ. અપક્વ; પાકેલ નહિ એવું.
કાચે ઘડે પાણી ભરવું = (૧) મેળ વિનાની વાત કરવી; મિથ્યા પ્રયત્ન કરવો. (૨) લાકડાની તરવારે લડવું.
૯. વિ. આંધળું.
૧૦. વિ. ઊડી જાય એવું.
કાચો રંગ = ઊડી જાય તેવો રંગ; હાથે ચોટે તેવો રંગ.
૧૧. વિ. એકવચની.
કાચે તાંતણે બંધાવું = વચન પ્રમાણે વર્તે તેવું.
૧૨. વિ. કડક; પોચું નહિ એવું.
૧૩. વિ. કામચલાઉ; ઉપરચોટિયું.
કાચો દસ્તાવેજ = અધૂરો અને સાદા કાગળ ઉપર લખેલો કરાર.
૧૪. વિ. કુદરતી સ્થિતિમાં હોય એવું.
૧૫. વિ. ખામીવાળું.
૧. કાચું કઢાવવું = (૧) દીવાળું કઢાવવું. (૨) ભડ વેરવી. (૩) ભોપાળું નીકળે તેમ કરવું.
૨. કાચું પડવું = દીવાળું કાઢવું.
૧૬. વિ. તકલાદી; નાજુક.
૧૭. વિ. નકામું; વ્યર્થ.
કાચે પાયે = (૧) કારણ વગરનું; અમસ્તું. (૨) વિચાર કર્યા સિવાય.
૧૮. વિ. નવું; તાજું.
૧૯. વિ. નાદાન; મૂર્ખ.
૨૦. વિ. નાનું.
૧. કાચો કબીલો = નાનાં નાનાં છોકરાંવાળું કુટુંબ.
૨. કાચો વીઘો = નાનો વીઘો.
૨૧. વિ. પોચું; નરમ.
૨૨. વિ. બરાબર નહિ રંધાયેલું.
૨૩. વિં. બિનપાયાદાર.
૨૪. વિ. બીકણ; ડરપોક.
૨૫. વિ. મેળવણવાળું.
કાચું સોનું = (૧) ઓછું શુદ્ધ થયેલું સોનું. (૨) ખરેખરૂં કીમતી. (૩) જેમાંથી સોનું મળે છે તેવી જણસ. (૪) રસાળ; ફળદ્રુપ; કીમતી. (૫) સોના જેવી વસ્તુ.
૨૬. વિ. વજનમાં ઓછું.

કાચું કચિયારું ૧. વિ. નાનાં નાનાં બાળક હોય એવું.
૨. વિ. બહુ કાચું હોય તેવું.

કાચું કામ ૧. ન. અધૂરૂં કામ; અપૂર્ણ કામ.
૨. ન. ઘણો વખત સુધી ન રહે તેવું કામ.
૩. ન. તકલાદી કામ.

કાચું કુંવારું ૧. વિ. નાનાં બાળકોવાળું; બચરવાળ.
૨. વિ. નાની ઉમરનું; નહિ પરણેલ.

કાચું કોરું ૧. ન. ટૂંગો; નાસ્તો.
૨. વિ. આચરકૂચર; પરચૂરણ.
૩. વિ. કોરું શેકેલું અને લૂખું.
૪. વિ. નહિ રાંધેલું.

કાચું ખાવું ૧. સ. ક્રિ. પેટમાં દુખવું.
૨. સ. ક્રિ. ભીડ ભોગવવી.

કાચું દઝાયું ૧. વિ. અર્ધપક્વ; કાચું પણ નહિ તેમ બળી ગયેલું નહિ એવું.
૨. વિ. કાચું અને ઝાળ લાગી હોય એવું.

કાચુંનચ વિ. તદ્દન અપક્વ; સાવ કાચું.

કાચું નામું ન. કાગળ ઉપર પેન્સિલથી અગર સ્લેટ ઉપર ટપકાવવામાં આવતું નામું. આવરામાં ઉતાર્યા પછી તે પાકું કહેવાય છે.

કાચુંપાકું વિ. કંઈક કાચું અને કંઈક પાકું એવું; ચડયું ન ચડયું હોય એવું.

કાચુંપોચું ૧. વિ. અકુશળ; આવડત વગરનું.
૨. વિ. અનુભવ વિનાનું.
૩. વિ. કોમળ; નાજુક.
૪. વિ. ડરપોક; બીકણ.
૫. વિ. નબળું.

કાચું પ્લાસ્ટર ન. મગિયા ચૂનાની ગાર.

કાચું હૈયું ૧. વિ. ઝટ પીગળે એવું; દયાની લાગણીવાળું.
૨. વિ. હિંમત વગરનું.

કાચૂ ન. ચાકું; છરી.

કાચૂક ૧. પું. કાકીડો; કાચંડો.
૨. [સં.] પું. કૂકડો.
૩. પું. ચક્રવાક પક્ષી.
૪. પું. મોર.
કાચે પાસે = (૧) અમસ્તું; કારણ વગરનું. (૨) વિચાર કર્યા સિવાય.

કાચેલા ૧. સ્ત્રી. લોહાણાની એ નામની અટક.
૨. ન. લોહાણાની એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કાચો કાન ૧. પું. ભોળો માણસ.
કાચા કાનનું = તરત જ માની લે એવું.
૨. વિ. ભોળું; વિશ્વાસવાળું.

કાચોકૂચો ૧. પું. કચરોપૂંજો; નકામી વસ્તુ.
૨. પું. છેવટનો બાકી રહેલો ભાગ.

કાચોતોલ પું. ચાળીસ રૂપિયાભારનો એક શેર અને ચાળીસ શેરનો એક મણ એનાથી ઓછો લેખાતો તોલ.
૨. પું. બારદાન સાથેનો તોલ; સંતોલો.

કાચોદ્ભવ ન. કાચમલ; કાચમાંથી થનારૂં એક જાતનું મીઠું.

કાચો પારો પું. ન પચી શકે તેવી ચીજ.

કાચો બાવળો પું. ઝાંખો લાલ અને ધોળા રંગનો ઘોડો.

કાચો મીઠો સ્ત્રી. કેરીની એક જાત.

કાચો રોજમેળ પું. હિસાબની કાચી નોંધ.

કાચોલ્લેખન ન. કાચ ઉપરનું લખાણ.

કાચ્ચપ સ્ત્રી. કચાશ; કાચાપણું; કાચપ.

કાછ ૧. [સં. કચ્છ] પું. કચ્છ; કાછડો; લંગોટ; લંગોટી.
૨. પું. કાયા.
૩. પું. ગોઠણ સુધીની ટૂંકી ચોરણી.
૪. પું. બ્રહ્મચર્ય; ઇંદ્રિય વશ રાખવાપણું.
૫. પું. સાથળનો ઉપલો ભાગ.
કાછ ખોલવો = (૧) કોઈને નાગું કરવું. (૨) શિયળ હરવું; સંભોગ કરવો.

કાછઈ [સં. કચ્છ] સ્ત્રી. નદીના કાંઠાની જમીન; ભાઠું.

કાછડ (કાછ઼ડ) ૧. પું. કછોટો; કાછડો.
૨. પું. ધોતિયું પહેરનાર માણુસ.
૩. સ્ત્રી. આહેરની એ નામની એક અટક.
૪. ન. આહેરની એક અટકનું માણુસ.
૫. વિ. એ નામની અટકનું.

કાછડિયા (કાછડ઼િયા) ૧. સ્ત્રી. કણબીની એ નામની અટક.
૨. ન. એ નામની અટકનું માણુસ.
૩. વિ. એ નામની અટકનું.

કાછડી (કાછડ઼ી) ૧. [સં. કચ્છ; દે. કચ્છટ્ટી] સ્ત્રી. ધોતિયું અથવા સાડી સાડલાની આગલી પાટલીને બે પગ વચ્ચેથી લઈ પાછળ ખોસવાનો છેડો.
૧. કાછડી છૂટી જવી = (૧) ભય લાગવો; બીવું; ડરી જવું. (૨) હિંમત હારવી; હિંમત જતી રહેવી. (૩) હોશકોશ ઊડી જવા.
૨. કાછડી ઝાલીને દોડવું = (૧) કાંઈ કામ બગડી જવાની ધાસ્તીથી તાકીદ કરવી. (૨) બહાવરૂં બનવું. (૩) લે મેલ થવી.

કાછડીછૂટ (કાછડ઼ીછૂટ) વિ. લંપટ; વિષયી; વ્યભિચારી.

કાછડીછૂટો (કાછડ઼ીછૂટો) ૧. પું. છિનાળવો માણુસ; વિષયી; વ્યભિચારી.
૨. વિ. પું. વ્યભિચારી; લંપટ.
૩. વિ. પું. હિંમત હારી ગયેલ; કાયર.

કાછડીદાસ (કાછડ઼ીદાસ) પું. ધોતિયું પહેરનારને માટે તિરસ્કારમાં વપરાતો શબ્દ; પોતડીદાસ.

કાછડો (કાછડ઼ો) ૧. [સં. કચ્છ] પું. કચ્છ; કછોટો.
૨. પું. ધોતિયા અથવા સાડલાની આગલી પાટલીને બે પગ વચ્ચેથી લઈ પાછળ ખોસવી તે.
૩. પું. ધોતિયું પહેરનાર માણુસ.

કાછણ ૧. સ્ત્રી. માળણ.
૨. સ્ત્રી. શાક વેચનારી સ્ત્રી; કાછિયણ.

કાછન વિ. શાકભાજી વાવનાર અને વેચનાર.

કાછની જુઓ કાછડી.

કાછપ પું. કાછિયો; શાક વેચનાર માણુસ.

કાછબ પું. (જૂ. ગુ.) કાચબો.

કાછબો જુઓ કાછબ.

કાછર ન. એક જાતનું ઘાસ.

કાછલી ૧. સ્ત્રી. નદીના ભાઠાની ખેડેલી જમીન.
૨. સ્ત્રી. નાળિયેરની કાચલી.

કાછલું ન. નાળિયેરની કાચલીનો કટકો.

કાછવું ૧. સ. ક્રિ. કચ્છ પહેરવો.
૨. સ. ક્રિ. ધોતી તરીકે પહેરવું.
૩. સ. ક્રિ. નાગાપણું ઢાંકવું.
૪. સ. ક્રિ. બ્રહ્મચર્ય પાળવું.
૫. સ. ક્રિ. મલાઈ કાઢી લેવી.

કાછા ૧. પું. કચ્છ; કછોટો; કાછડો.
૨. પું. ગોઠણ સુધીની સુરવાળ.
૩ પું. સાથળનો ઉપલો ભાગ.
૪. સ્ત્રી. કડિયા તથા કુંભારની એ નામની અટક.
૫. ન. કડિયા તથા કુંભારની એ નામની અટકનું માણુસ.
૬. વિ. એ નામની અટકનું.

કાછિયણ ૧. સ્ત્રી. કાછિયા કોમની સ્ત્રી.
૨. સ્ત્રી. બકાલીની સ્ત્રી.

કાછિયા ૧. પું. બકાલું વેચનાર પુરુષ; બકાલી.
૨. સ્ત્રી. એ નામની એક કોમ.
૩. સ્ત્રી. કણબીની એક અટકનું નામ.
૪. ન. એ નામની કોમનું માણુસ.
૫. ન. કણબીની એક અટકનું માણુસ.
૬. વિ. એ નામની અટકનું.
૭. વિ. એ નામની કોમનું.

કાછિયાવાડ (કાછિયાવાડ઼) સ્ત્રી. કાછિયા લોકોનો મહોલ્લો.

કાછિયો ૧. પું. એ નામની જ્ઞાતિનો માણુસ.
૨. સ્ત્રી. શાકભાજી વેચવાનો ધંધો કરનાર લોકોની એક જાત.
૩. વિ. પું. શાકભાજી વેચનારાની નાતનો.

કાછી ૧. પું. કાછિયો; બકાલી; શાકભાજી વેચનાર માણુસ.
૨. પું. નદીનું તળિયારૂં; નદીના પાણીનો પ્રવાહ ખસી દૂર ચાલ્યો જવાથી ખેડાણના કામમાં આવતી જમીન.
૩. સ્ત્રી. કડિયા અને ખેડૂતની એક અટક.
૪. ન. એ નામની અટકનું માણુસ.
૫. વિ. એ નામની અટકનું.

કાછું વિ. (કચ્છી) કાચું.

કાછૂ [હિં.] પું. કાચબો.

કાછૂટો વિ. પું. વ્યભિચારી; વિષયી.

કાછેલા ૧. સ્ત્રી. ચારણની અને લોહાણાની એ નામની અટક. તેઓ કચ્છમાંથી ઊતરી આવેલા મનાય છે.
૨. ન. એ નામની અટકનું માણુસ.
૩. વિ. એ નામની અટકનું.

કાછો ૧. પું. એ નામનો એક રોગ.
૨. પું. કચ્છ; કછોટો; કાછડો.
૩. પું. કચ્છામાં બંધાતો અવયવ.
૪. પું. ખળું કરવાનો વાડો.
૫. પું. ઘર પાછળનો વાડો.
૬. પું. વાડી થાય તેવી જમીન; બાગાયતી જમીન.

કાછોટિયા ૧. સ્ત્રી. રજપૂતની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણુસ.
૩. વિ. એ નામની અટકનું.

કાછોટી ૧. સ્ત્રી. કચ્છથી જેને ભીડી લેવામાં આવે છે તે દૂંટી નીચેનો ભાગ.
૨. સ્ત્રી. લંગોટી.
૩. સ્ત્રી. લંગોટીમાં બંધાતો અવયવ.

કાછોટો ૧. પું. કચ્છામાં બંધાતો અવયવ.
૨. પું. કચ્છો; કાછડો.
૩. પું. દૂંટી અને તેની નીચેનો વૃષણ સુધીનો ભાગ.

કાજ ૧. [સં. કાર્ય] ન. અર્થ; ઉદ્દેશ; હેતુ; પ્રયોજન.
૨. ન. ઉપયોગ.
૩. ન. કહેણ; માગું.
૪. ન. કામ; કાર્ય.
૫. ન. કારજ; મૃત્યુભોજન; પ્રેતજમણ.
૬. ન. ધંધો; રોજગાર; વ્યવસાય.
૭. ન. નાતરું; લગ્ન.
૮. ન. નોતરું.
૯. ન. બટન બીડવાનું ફાંકું.
૧૦. ન. સગપણ.
૧૧. અ. કાજે; માટે; લેખે; વાસ્તે; સારૂ.

કાજક ૧. પું. કાગળ.
૨. પું. ચોપડો.
૩. પું. છાપું.
૪. પું. દસ્તાવેજ.

કાજકરું ૧. ન. દલાલ.
૨. વિ. કામ કરનાર.
૩. વિ. સગપણ કે લગ્નના સોદા કરનાર.

કાજકાર ૧. વિ. કામ કરનાર.
૨. વિ. કામગરું; કાબેલ.
૩. વિ. બુદ્ધિમાન.

કાજખરું જુઓ કાજગરું.

કાજગરું ૧. વિ. અતિપ્રિય; વહાલું.
૨. વિ. કથોરૂં; લાગ વગરનું.
૩. [સં. કાર્યકર] વિ. કામ કરનાર.
૪. વિ. કાર.વાળું.
૫. વિ. કોમળ; તકલાદી; નાજુક.
૬. વિ. જુવાન; તરુણ.
૭. વિ. લાડકું; લાડકવાયું; માનીતું.
૮. વિ. શક્તિવાળું; કાબેલ.

કાજન પું. કારણ.

કાજબ પું. (ભીલી) કાચબો.

કાજર ૧. [હિં.] ન. કાજળ; આંજણ.

કાજર કોટડી = બદનામ થાય એવી જગ્યા.

૨. વિ. કાબરચીતરું.

કાજરા [સં. કારસ્કર] સ્ત્રી. એક ઝાડનું નામ; પીલું; કુચલા. તેનાં બિયાં ઝેરી છે.

કાજલ ૧. [સં. કજ્જલ] ન. (હિંદી) આંજણુ; આંખને ચકચકિત બનાવવા વપરાતો પદાર્થ.

૨. ન. ખરાબ પાણી.

૩. ન. મેશ.

કાજલ લટોરી સ્ત્રી. એક જાતનું પક્ષી.

કાજલિયો પું. ફૂજો; ચંબુ. જુઓ કાજળિયો.

કાજલી ૧. [સં. કજ્જલ] સ્ત્રી. આંજણ.

૨. સ્ત્રી. કાંજળ; મેશ.

૩. સ્ત્રી. કાજળ પાડવાનું વાસણ; મેશ પાડવાનું કોડિયું.

૪. સ્ત્રી. કાળી ફૂગ.

૫. સ્ત્રી. ખોવાયેલી વસ્તુ કે બનેલો બનાવ જાણવાની એક વિદ્યા.

૬. સ્ત્રી. ગાય પૂજવાનું સ્ત્રીઓનું એક વ્રત. તેમાં રાત્રિએ જાગરણ કરવામાં આવે છે.

૭. સ્ત્રી. મડું બળી ગયા પછી નહિ બળેલ ભાગનું કાળું કોકડું. તેને બાળવું મુશ્કેલ થઈ પડે છે.

૮. સ્ત્રી. રાખનું પડ; દેવતાના અંગારા ઉપર બંધાયેલું પડ.

૯. સ્ત્રી. સોવાસણ સ્ત્રી.

૧૦. વિ. સ્ત્રી. કાળા રંગવાળી.

કાજવાલી સ્ત્રી. લગ્ન સંબંધી સાટાં કરનારી સ્ત્રી.

કાજવું વિ. કચરાવાળું; બગડેલું; ખરાબ.

કાજળ ૧. ન. કાળું અંજન.

૨. ન. ખરાબ પાણી.

૩. [સં. કજ્જલ] ન. મેશ; દીવા ઉપર થતી ધુમાડાની કાળી રજ; દીપકીટ.

૧. કાજળઘેરું = મેશના જેવું કાળું; બહુ જ કાળું.

૨. કાજળની કોટડી = મેશનું ઘર; લાંછન લગાડે એવું ઠેકાણું.

કાજળકંકુ ન. સોહાગણ સ્ત્રીના શણગારની વસ્તુ.

કાજળરાણી સ્ત્રી. કાજલી ત્રીજ; શ્રાવણ વદ ત્રીજ.

કાજળલટોરી સ્ત્રી. એક જાતનું પક્ષી.

કાજળવું ૧. અ. ક્રિ. કજળી જવું; રાખથી છવાતાં ઓલવાઈ જવું; મેશ વળવી.

૨. અ. ક્રિ. કાળું થવું.

કાજળા પું. આંખની અંદરનો કાળો ભાગ.

કાજળિયું ન. કાજળ; આંજણુ.

કાજળિયો ૧. પું. ફૂજો; ચંબુ.

૨. પું. ખોવાયેલી વસ્તુ શોધી આપવા કે બનેલો બનાવ જણાવવા બીજા માણસને બેસાડી તેલ કે શાહીના ટીપામાં બનેલ બનાવની વિગત બતાવનાર માણસ.

કાજળી જુઓ કાજલી.

કાજળી ગોકરણ ૧. ન. એક જાતનો છોડ.

૨. [સં. કજલોગી] ન. ગળી; કસુંબો અને આંબોળિયાના મિશ્રણથી થતો રંગ.

કાજળી ત્રીજ સ્ત્રી. શ્રાવણ વદ ત્રીજ.

કાજળ્ય જુઓ કાજળ.

કાજા ૧. [સં. કાર્ય] સ્ત્રી. કાર્યપદ્ધતિ; કામની રીત.

૨. વિ. સ્ત્રી. અર્થવાળી; કામની.

કાજાગરું ૧. વિ. કામનું; કામગરું.

૨. વિ. ફાયદાકારક.

કાજારી ૧. [મ.] સ્ત્રી. એ નામની એક જ્ઞાતિ.

૨. ન. એ નામની જ્ઞાતિનું માણસ.

૩. વિ. એ નામની જ્ઞાતિનું.

૪. વિ. કાચની બંગડી બનાવનાર.

કાજી ૧. પું. ઇસ્લામી વિદ્વાન; પંડિત.

૨. પું. કજિયાખોર.

૩. [અ. કાઝી (હુકમ કરનાર)] પું. કજિયો ચૂકવનાર માણસ; કુરાનના ફરમાન પ્રમાણે ઇન્સાફ કરનાર પુરુષ; ઇસ્લામી ન્યાયાધીશ.

૧. કાજી તો કહેનેકા, કરનેકા નહિ = પારકે ભાણે મોટો લાડવો.

૨. કાજી બનવું = દોષ જોવા.

૩. કાજી વિના હલાલ ન થાય = (૧) જેનું કામ હોય તેજ તે કરે. (૨) માણુસ તીર્થે જ મુંડાય.

૪. કાજીની કૂતરી = અમલદાર અથવા મોટા માણસની મોટી ગણાતી નાની તુચ્છ વસ્તુ. કોઈ એક ગામમાં એક કાજી હતો. તેનું એ ગામમાં ઘણું માન હતું. તેની એક પાળેલી કૂતરી મરી ગઈ ત્યારે તેને દાટવાને હજારો માણસોની ઠઠ ભરાઈ હતી, પણુ જ્યારે કાજી પોતે મરી ગયો ત્યારે ચકલું પણુ તેને દાટવાને માટે આવ્યું નહિ. તે ઉપરથી આ પ્રયોગ વપરાતો થયો છે.

૪. પું. માનાર્થે વપરાતો શબ્દ.

૫. સ્ત્રી. શેખ, મેમણુ, સિપાઈ અને સિંધીની એક અટક.

૬. ન. એ નામની અટકનું માણુસ.

૭. વિ. એ નામની અટકનું.

૮. [હિં.] વિ. કામમાં રોકાયેલું.

કાજીજી પું. કાજી સાહેબ. જુઓ કાજી.

કાજીશરા [અ.] પું. ધર્મશાસ્ત્ર જાણુનાર.

કાજુ ૧. પું. કચરો.

૨. સ્ત્રી. કેરીની એક જાત.

૩. ન. એક જાતનું ઝાડ. કાજુનાં નવાં ઝાડ ડાળીને જમીનમાં વાળી દાબી કરાય છે. તેનાં તાજાં બી વાવવાથી નવાં ઝાડ કરી શકાય છે. ઘણો વરસાદ તથા હવામાં ભીનાશ હોય ત્યાં આ ઝાડ સારાં થાય છે. કાજુનો રોપ વાવ્યા પછી સાત વર્ષે ફળે. પહેલાં ત્રણ વર્ષ સુધી તેને દર ચોમાસામાં તથા શિયાળામાં છાણનું, દીવેલના ખોળનું કે દરિયાઈ માછલીનું પૂરતું ખાતર ક્યારા ગોડીને નાખવું. આ ઝાડ આંબાના ઝાડ જેવું મોટું થાય છે. તેને સફેદ રંગનાં નાનાં ફૂલ આવે છે. તેમાં કેરીની માફક ફળ થાય છે. પોષ મહિનામાં ફૂલ આવે છે ને વૈશાખ જેઠમાં ફળ પાકી જાય છે. આ ઝાડ મોટું થયા પછી પાણી પાવાની જરૂર નથી.

૪. [પોર્ટુ.] ન. એક જાતનું તૈલી ફળ; એક જાતનો સૂકો મેવો. આ ફળ ધોળું, મીઠું અને તેલિયા મીંજનું થાય છે. તે તૂરૂં, મધુર, ઉષ્ણુ, લઘુ અને ધાતુવર્ધક છે. એ વાયુ, કફ, ગુલ્મ, ઉદરજ્વર, કૃમિ, વ્રણુ, અગ્નિમાંદ્ય, કોઢ, સંગ્રહણી અને અર્શ મટાડનાર મનાય છે. તેનાં ઝાડ મદ્રાસ, ચિતાગોંગ, તિનાસરીમ વગેરે સ્થળે થાય છે.

૫. વિ. વિનયી.

૬. વિ. વેવલું; કાલું.

૭. વિ. સારૂં; સુંદર; ખાસું.

કાજુકળિયા ૧. પું. કાજુ.

૨. પું. બ. વ. ખાંડ ચડાવેલા કાજુ; શેકેલા કાજુ; સાકરિયા કાજુ.

કાજુકળી સ્ત્રી. કાજુની આગળનું બીજ. તેનો રસ શરીરને અડે તો ફરફોલા થાય છે.

કાજુ ગોવાઈ ન. કાજુની એક જાત.

કાજુડી (કાજુડી) સ્ત્રી. કાજુનું ઝાડ.

કાજુપુટ સ્ત્રી. એક જાતની વનસ્પતિ; કાયાકુટી. તેને પીળાં અને સફેદ ફૂલનાં ઝૂમખાં હોય છે. ઓસ્ટ્રેલિઅ અને હિંદી ટાપુઓમાં તે થાય છે.

કાજુપુતીતેલ ન. એક જાતનું પોપટિયા રંગનું તેલ. તેની સુગંધ આનંદદાયક અને કપૂરના જેવી હોય છે. સ્વાદમાં તે તીખું પણુ ઠંડું હોય છે. તેનો રંગ લીલાશ પડતો હોવાનું કારણુ

તેમાંનું તાંબું છે. તે પક્ષઘાત અને સંધિવા જેવાં દરદમાં દવા તરીકે કામ આવે છે.

કાજુમાલવણુ ન. કાજુની એક જાત.

કાજૂત જુઓ કાજુ.

કાજૂતક [સં.] ન. કાજુનું ઝાડ. જુઓ કાજુ.

કાજૂભોજૂ ૧. વિ. નબળું.
૨. વિ. નાશવંત.

કાજે [સં. કાર્યે; પ્રા. કાજ્જે] અ. માટે; સારુ; વાસ્તે; અર્થે. તે ચતુર્થી વિભક્તિ કે સંપ્રદાય વિભક્તિ દર્શાવનાર પ્રત્યય છે.

કાજો [સં. કર્દમ] પું. કચરો; પૂંજો.

કાઝ (કાઝ) ૧. [તુ.] પું. હંસ.
૨. સ્ત્રી. હંસની માદા; હંસી.
ચીની કાઝ = કાળા લીટાવાળી હંસની માદા.

કાઝગી (કાઝગી) સ્ત્રી. લગામ; રેન.

કાઝરી (કાઝરી) સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેની વેલ દક્ષિણ કોંકણ, ગોવા, ત્રાવણકોર અને ઘાટ ઉપર ઊગે છે. તેનું મૂળિયું તથા લાકડું ઝેરી હોય છે. કોંકણમાં તેને ગોહાગરી અને તામિલમાં નાગમુષ્ટિ કહે છે. તામિલ વૈદ્યો સર્પદંશ ઉપર તેનું લાકડું વાપરે છે. લાકડાને ચાર છ વખત ઉકાળી તેમાંથી એક ચમચાભાર ઉકાળો બે વખત આપી ઊલટી કરાવે છે.

કાઝા (કાઝા) ૧. સ્ત્રી. કાઝગી; લગામ.
૨. ન. નસીબ.

કાઝાદાર (કાઝાદાર) વિ. પું. ઘોડાવાળો.

કાઝિફ (કાઝિફ઼) [અ.] વિ. ખોટું તહોમત મૂકનાર.

કાઝિબ (કાઝિબ) ૧. [અ.] પું. જૂઠાણું.
૨. પું. જૂઠું બોલનાર માણસ.
૩. વિ. ખોટું; અસત્ય.

કાઝી (કાઝી) ૧. પું. ધાર્મિક પેશ્વા. તે નિકાહ તથા અંતિમ ક્રિયા વખતે હાજર રહી ધાર્મિક ક્રિયાઓનો અંજામ આપે છે. જુઓ કાજી.
કાઝીનું પ્યાદું = (૧) ઉમદા અમલદાર. (૨) કુદરતી હાજત. (૩) ન્યાયની અદાલતનો પટાવાળો.
૨. [અ. કઝા (હુકમ)] પું. નસીબનો નિર્ણય કરનાર માણસ.
૩. પું. હંસ.

કાઝીબ ૧. પું. નાની તરવાર.
૨. પું. પુરુષની જનનેંદ્રિય.
૩. [અ.] પું. સળિયો.

કાઝુગી જુઓ કાઝગી.

કાટ ૧. [સં. કાષ્ઠ] પું. ઇમારતી લાકડું; ઇમારતનું નવું જૂનું લક્કડ. કાઠી શબ્દ બળતણનાં લાકડાં માટે વપરાય છે. લાકડાં શબ્દ બાળવાનાં તેમ જ ઇમારતી લાકડાં માટે વપરાય છે. બાળવાનાં લાકડાં વેચનાર તે કઠિયારો અને ઇમારતી લાકડાં વેચનારને કાટપીટિયો કહેવાય છે.
૨. પું. એક વનસ્પતિનું નામ; અરબી ચા. અરબસ્તાનમાં યમનના પર્વત ઉપર તે ઊગે છે. જ્યાં જ્યાં કોફી ઊગે છે ત્યાં ત્યાં આ સુશોભિત વનસ્પતિ ઊગે છે. પાંદડાંવાળી તેની કુમળી ડાળી ચાવવાથી માણસનું મન પ્રફુલ્લિત રહે છે.
૩. પું. કપાત.
૪. [સં. કૃત્ (કાપવું)] પું. કાપ; ઘા; જખમ.
૫. પું. કૂવો.
૬. પું. ચીર.
૭. પું. જંગલ.
૮. પું. જુદાપણું.
૯. પું. ઝેર.
૧૦. પું. ડંશ; ડંખ.
૧૧. પું. ધાર; અણી.
૧૨. પું. નડતર; અડચણ; આડ.
કાટ કાઢવો = (૧) નડતર દૂર કરવી. (૨) પતાવવું; માંડી વાળવું; સમાધાન કરવું; નિકાલ કરવો. (૩) મારી નાખવું; કાસળ કાઢવું.
૧૩. પું. નાશ; ઘાણ.
૧૪. પું. ભાગ; અંશ; કટકો.
૧૫. [સં. કટ્ (ઘેરી લેવું)] પું. ભીનાશમાં રહેવાથી કેટલીક ધાતુ ઉપર પેદા થતો રાતો, નારંગી અથવા લીલો થર; ધાતુઓનો વિકાર; મંડૂર; મેલ.
૧૬. પું. મીઠાઈ.
૧૭. પું. રસ્તો.
૧૮. પું. વાંસ.
૧૯. પું. સામો દાવ; પ્રતિકાર.
૨૦. સ્ત્રી. કાંગરી; કોર.
૨૧. સ્ત્રી. ઘોડાનું જીન.
૨૨. સ્ત્રી. ચિતા; ચેહ.
૨૩. સ્ત્રી. તરવારનું મયાન.
૨૪. સ્ત્રી. મોજાં.
૨૫. સ્ત્રી. શરીર; દેહ.
૨૬. ન. લોઢામાં કટાવેલું ઓસડ.
૨૭. વિ. પાકું; હોશિયાર.
૨૮. વિ. લુચ્ચું; ખંધું.
૨૯. [સં. કર્ત; પ્રા. કટ્ટ] વિ. લોભિયું; કંજૂસ.

કાટકબૂલ પું. દુરાગ્રહ; કબૂલ ન કરવાની હઠ.

કાટકવું અ. ક્રિ. તૂટી પડવું; ત્રાટકવું; હલ્લો કરવો.

કાટકસર સ્ત્રી. કરકસર; કાપકૂપ.

કાટકા ૧. પું. તકરારમાં બે હાથનાં આંગળાં એક બીજામાં ભેરવી ગાળ દેવાપણું.
૨. પું. બ. વ. અબોલા.
૩. પું. બ. વ. મોટા અવાજ.

કાટકાથિયા ૧. સ્ત્રી. કણબીની એ નામની અટક.
૨. ન. કણબીની એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કાટકામ ન. લાકડકામ; ઇમારતી લાકડાનું કામ.

કાટકૂટ ૧. સ્ત્રી. કટકાંબટકાં.
૨. સ્ત્રી. કાપકૂપ; કાપીને ઓછું કરવું તે.
૩. સ્ત્રી. કાપવું અને કૂટવું તે; ખાંડવું અને ટીચવું તે.
૪. સ્ત્રી. (બંગાલી) ચડેલાં રોજ ન આપવાં અથવા અટકાયતમાં રાખવાપણું.
૫. સ્ત્રી. છેકછાક.
૬. સ્ત્રી. નજીવો બચાવ.
૭. સ્ત્રી. પગારનો ઘટાડો.
૮. સ્ત્રી. ભાંગ્યોતૂટ્યો સરસામાન.
૯. સ્ત્રી. વાદવિવાદ.

કાટકો ૧. પું. મોટો અવાજ; મોટી ગર્જના.
૨. [સં. કર્ત્ (કાપવું) + કોણ (ખૂણો)] પું. (ગણિત) સમકોણ; ઋજુકોણ.

કાટકોટિયા ૧. સ્ત્રી. વાણિયાની એ નામની અટક.
૨. ન. વાણિયાની એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કાટકોણ ૧. પું. (ગણિત) એક આડી સીધી લીટીને બીજી બરોબર ઊભી સીધી લીટીથી કાપતાં જે નેવું અંશનો ખૂણો થાય છે તે; કાટખૂણો.
કાટકોણચતુર્ભુજ = સામસામી બાજુ સમાંતર હોય અને એક ખૂણો કાટકોણ હોય તેવી આકૃતિ.
૨. પું. કાટખૂણો બરાબર છે કે નહિ તે તપાસવાનું કડિયા સુતારનું એક ઓજાર.

કાટકોરિયા જુઓ કાટકોટિયા.

કાટખાવું ૧. સ. ક્રિ. કરડવું.
૨. સ. ક્રિ. નુકસાન સહન કરવું.

કાટખૂણ ૧. પું. નેવું અંશના ખૂણાના માપનું કડિયા સુતારનું ઓજાર.
૨. પું. (ગણિત) નેવું અંશનો ખૂણો; એક સીધી લીટી ઉપર બીજી લીટી લંબ પડવાથી થતો ખૂણો.

કાટખૂણચોખૂણ પું. (ગણિત) ચારે ખૂણા ૯૦°ના હોય તેવી લંબચોરસ ચાર કાટખૂણાવાળી આકૃતિ. તેની સામસામી બાજુ સમાંતર અને સરખી હોય છે.

કાટખૂણત્રિકોણ પું. (ગણિત) જેનો એક ખૂણો કાટખૂણો હોય તેવો ત્રિકોણ.

કાટખૂણપૂર્ણિખૂણો પું. જે ખૂણો આપેલા ખૂણામાં ઉમેરવાથી સરવાળો એક કાટખૂણા બરાબર થતો હોય તેવો ખૂણો.

કાટખૂણિયું ન. કાટખૂણો દોરવાનું સાધન.

કાટખૂણિયો કાઉંસ પું. જે કાઉંસમાં ૯૦ અંશનો ખૂણો હોય તેવો કાઉંસ; આવો [ ] કાઉંસ.

કાટખૂણો ૧. પું. (ગણિત) નેવું અંશનો ખૂણો.
૨. પું. સુતાર કડિયાનું કાટખૂણો માપવાનું સાધન.

કાટચાંટ [હિં.] પું. કાપવું અને કાતરવું તે.

કાટચોખૂણ પું. (ગણિત) ચાર કાટખૂણાવાળો ચતુષ્કોણ.

કાટઝુ वि. સોનેરી વાળવાળું.

કાટછાંટ ૧. સ્ત્રી. કાપકૂપ.
૨. સ્ત્રી. સુધારોવધારો.

કાટત સ. ક્રિ. (વ્રજ) કાપવું.

કાટત્રિકોણ પું. (ગણિત) કાટખૂણાનો ત્રિકોણ.

કાટન ૧. [હિં. કાટના (કાપવું)] ન. કપાત.
૨. ન. કપાસ; રૂ.
૩. [હિં.] ન. કાપવાની ક્રિયા.
૪. ન. (બંગાળી) કાંતવાની ક્રિયા; કાંતવું તે.
૫. ન. જખમ.
૬. ન. સુતરાઉ કાપડ.

કાટના સ. ક્રિ. કાપવું; ચીરવું.

કાટનિયા પું. (બંગાલી) કાંતનાર પુરુષ.

કાટની ૧. સ્ત્રી. (બંગાલી) કાંતનારી સ્ત્રી.
૨. ન. કંતામણ.

કાટનીબંદી સ્ત્રી. લણણી.

કાટનેવાલા પું. વાઢકાપ કરનાર.

કાટપગલું ન. હંસપદ.

કાટપીટિયાવાડ (કાટપીટિયાવાડ઼) સ્ત્રી. ઇમારતી લાકડાં વેચનારાઓની દુકાનો હોય એવો શહેરનો લતો.

કાટપીટિયો પું. ઇમારતી લાકડાં વેચનાર માણસ; ઇમારતી લાકડાંનો વેપારી.

કાટફળ ન. કાયફળ.

કાટફાંસ ૧. [હિં.] સ્ત્રી. ઈજા; હાનિ.
૨. સ્ત્રી. ઓછું કરવું તે; કાપકૂપ.
૩. સ્ત્રી. ચાડીચુગલી.

કાટબંધન ન. હાથી બાંધવાનો ખીલો.

કાટમાલ ૧. પું. ઘર માટેનો લાકડ સામાન.
૨. [સં. કિટ્ટ] પું. જૂનું નવું પરચૂરણ ઇમારતી લાકડું.

કાટમાળ જુઓ કાટમાલ.

કાટરહો (કાટરહ઼ો) ૧. પું. કટાઈને અથવા બીજી રીતે બગડીને ખરાબ થઈ ગયેલો માલ.
૨. પું. પ્રવાહી વસ્તુનો મેલ; ઠરેલો કચરો.

કાટલ ૧. वि. કટાવેલ.
૨. वि. છેતરાય નહિ એવું.

કાટલાં ૧. ન. બ. વ. વજનનાં જોખ; તોલાં.
૧. કાટલાં કૂટવાં = વ્યર્થ પ્રયાસ કરવો.
૨. કાટલાં કૂવામાં નાખવાં = ગઈ ગુજરી –વાત ભૂલી જવી.
૩. કાટલાં સાંખવાં = (૧) જોખ મેળવી જોવો. (૨) વ્યભિચાર કરવો.
૨. ન. બ વ. વસાણાના લાડુ.

કાટલાંદાસ ૧. પું. દખલગીરી કરી ઓછું આપનાર માણસ.
૨. वि. વચમાં પડીને નુકસાન કરાવનાર.

કાટલિયો ૧. પું. અગિયારમું સરાવનાર બ્રાહ્મણ.
૨. પું. કાયટિયો; કાટ્ટી.
૩. वि. પું. લુચ્ચો; પાકલ; ગઠીઓ.

કાટલું ૧. ન. કાશ; બલા; પાપ; નડતર.
૨. ન. ઘડી કે ટીપી નાખવું તે.
૩. [સં. કર્ત્ (કાપવું)] ન. જોખ; વજન.
૪. ન. નુકસાન; ખોટ; ટોટો.
૫. ન. મારી નાખવું તે; કાસળ કાઢવું તે; નાશ.
૬. ન. સુવાવડમાં સ્ત્રીઓને શક્તિ આપવા માટે અપાતું ગુંદર વગેરેનું વસાણું; સૂંઠપાક. કાટલું બનાવવાની રીતઃ ગુંદર શેર એકને ઘીમાં તળી લઈ ઘઉંનો લોટ શેર ૨ ઘીમાં શેકી, ઘી શેર ૨॥, ગોળ શેર ૩નો પાક મૂકી તેમાં ટોપરૂં તોલા ૫૦, સુવાદાણા તોલા ૨૦, આસોંધ તોલા ૪, શતાવરી તોલા ૨॥, તજ તોલો ૧, એલચી તોલો ૧, વાવડિંગ તોલા ૪, સૂંઠ તોલા ૧૦, મરી તોલા ૪, પીપર તોલા ૨॥, પીપરીમૂળ તોલા ૧॥, નાગકેસર તોલો ૧, જીરૂં તોલા ૨, અજમા તોલા ૨, મેથી તોલા ૩, ધાણા તોલા ૨, અતિવિષની કળી તોલા ૨॥ એ બધી ઔષધિઓનો ભૂકો નાખી ચોસલાં ઢાળવાં. તેની માત્રા ૨॥થી ૧૦ તોલા છે.
૧. કાટલું કરવું = (૧) ઓછું કરવું; કાપકૂપ કરવી. (૨) ઘડીઘડીને પાંસરૂં કરવું; ટીપી નાખવું. (૩) નુકસાન કરવું; હાનિ કરવી.
૨. કાટલું કાઢવું–કરી નાખવું = મારી નાખવું.

કાટવરણ ન. ઇમારતી લક્કડકામ; માળણ.

કાટવળણ જુઓ કાટવરણ.

કાટવાળો જુઓ કાટવરણ.

કાટવું ૧. वि. કાટના રંગ જેવું; રતાશ પડતું.
૨. સ. ક્રિ. અલગ કરવું; છૂટું પાડવું.
૩ સ. ક્રિ. ઓળંગવું.
૪. સ. ક્રિ. કજિયાની પતાવટ કરવી.
૫. સ. ક્રિ. કરડવું; બચકું ભરવું.
૬. સ. ક્રિ. કાટ ચડવો.
૭. સ. ક્રિ. કાતરવું.
૮. [સં. કર્ત; પ્રા. કટ્ટ] સ. ક્રિ. કાપવું; વાઢવું; છેદવું; કટકા કરવા.
૯. સ. ક્રિ. કોતરી ખાવું.
૧૦. સ. ક્રિ. ખવાઈ જવું.
૧૧. સ. ક્રિ. ખેંચી કાઢવું.
૧૨. સ. ક્રિ. છેતરવું.
૧૩. સ. ક્રિ. જંગલ સાફ કરવું; લણવું.
૧૪. સ. ક્રિ. પસાર કરવું.
૧૫. સ. ક્રિ. પૈસો મેળવવો.
૧૬. સ. ક્રિ. બાતલ કરવું; બાદ કરવું.
૧૭. સ. ક્રિ. ભૂંસી નાખવું.
૧૮. સ. ક્રિ. માર મારવો.
૧૯. સ. ક્રિ. લૂલું કરવું.
૨૦. સ. ક્રિ. વચમાં પડીને વાત કાપી નાખવી.

કાટવો ૧. પું. એક ઔષધિનું નામ.
૨. પું. કાળો પોશાક.
૩. वि. શોકનો કાળો સાલ્લો.

કાટસપિંલ પું. કોઈ ગતિમાન પદાર્થથી અમુક સ્થિર બિંદુ સુધીનું જે અંતર હોય તે અંતરના ઘનના વ્યસ્ત પ્રમાણમાં આવેલા બળને આધીન જે તે પદાર્થ ફરતો હોય તો તે પદાર્થનો માર્ગ.

કાટળ જુઓ કાટલ.

કાટા ૧. પું. કરડ.
૨. वि. અતિ; વધારે પડતું.
૩. वि. કરડેલું.

કાટાકાટ ૧. સ્ત્રી. અદાવત; અંટસ.
૨. [સં. કર્ત્ (કાપવું)] સ્ત્રી. કાપાકાપી; યાદવાસ્થળી; કતલ.
૩. સ્ત્રી. ખર્ચની કાપકૂપ.

કાટિયાવરણ ૧. સ્ત્રી. લડાયક, નીડર અને શૂરાતની લોકોની જાત.
૨. वि. કઠોર.

કાટિયું ૧. ન. મડદાને માટે કપડાં, વળી, સૂતર વગેરે સામાન.

૨. ન. વાણું; ભીંડીની દોરી.

૩. વિ. લડાયક કોમમાં જન્મેલું.

કાટી ૧. પું. કસાઈ.

૨. સ્ત્રી. ઇમારતી લાકડું.

૩. સ્ત્રી. ધોરીઓ સાફ કરવાનું સાધન.

૪. વિ. નાનું.

કાટી કાલીંગ સ્ત્રી. કડાછાલ.

કાટી તરોઈ સ્ત્રી. તૂરિયું; ધિસોડું.

કાટુ વિ. કાપનાર.

કાટુક ૧. [સં.] ન. કટુક રસ.

૨. ન. ખટાશ.

કાટુડી (કાટુડ઼ી) સ્ત્રી. બકરી.

કાટૂ ન. દક્ષિણ હિંદુસ્તાનમાં સમુદ્ર કાંઠા ઉપર ઊગતું એક જાતનું ઝાડ. તે દક્ષિણ અમેરિકમાંથી લાવવામાં આવેલ છે.

કાટેકાટ વિ. સરખે સરખું લુચ્ચું.

કાટેલ ૧. વિ. કટાયેલું; કાટવાળું.

૨. વિ. લુચ્ચું.

કાટેલું વિ. કટાયેલું. જુઓ કાટેલ.

કાટોડિયા (કાટોડ઼િયા) ૧. સ્ત્રી. ભરવાડની એ નામની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કાટોડો (કાટોડ઼ો) ૧. પું. કચરો; પ્રવાહી નીતરીને નીચે ઠરેલો મેલ.

૨. પું. કાચી ધાતુમાંથી લોઢું કાઢી લીધા પછી ભઠ્ઠીમાં રહેતો અવશેષ.

૩. પું. ચકમક.

૪. પું. બગડીને કટાઈ ગયેલો માલ.

૫. પું. લોઢાનો કાટ; લોહકીટ.

કાટ્ટિ [હિં.] વિ. અંત લાવે તેવું.

કાટ્ટી ૧. પું. અગિયારમું સરાવનાર બ્રાહ્મણ; કાયટિયો.

૨. સ્ત્રી. મરનારના અગિયારમાને દિવસે કરવામાં આવતી ક્રિયા અથવા જમણ; કાયટું.

કાટ્ય ૧. [સં.] પું. વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ.

૨. વિ. કૂવામાં હોનાર કે થનાર.

૩. વિ. વિષમ માર્ગમાં રહેતું.

કાટ્યા ૧. વિ. કાટેલું; કાપેલું.

૨. વિ. સુન્નત કરેલ.

કાટ્ર વિ. કાપનાર.

કાઠ ૧. [સં. કાષ્ઠ; અપ. કટ્ઠ] પું. ઈંધન; કાઠી; લાકડું.

૧. કાઠ પૂતળી = રમકડું; નામનું માણસ; નિર્માલ્ય માણસ.

૨. કાઠ હોવું = અચંબાથી થીજી જવું.

૩. કાઠકા ઉલ્લુ = મૂર્ખનો સરદાર.

૪. કાઠકા કીડા = માંકડ.

૫. કાઠકી ઘોડી = નનામી; જનાજો.

૬. કાઠની ભંબો = (૧) ઢીંગલી; પૂતળી. (૨) ભોળાનાથ; બેવકૂફ માણસ. (૩) મૂર્ખ સ્ત્રી.

૭. કાઠની હાંડી = ભાંગી જાય કે નાશ પામે એવી વસ્તુ.

૮. કાઠનો ઉલ્લુ = ગધેડા જેવો માણસ.

૯. કાઠનો ઘોડો = (૧) નનામી. (૨) લંગડા માણસને ટેકો દઈ ચાલવાની લાકડી.

૨. પું. એક જાતનો ચીજને અગર સ્વાદને બગાડતો થર; કાટ.

૩. પું. કળથીને ઉકાળી તેનું ઉપરનું પાણી કાઢી રાખેલો સાર.

૪. પું. કાટ; ઇમારતી કાટ.

૫. પું. કાઠડો; ઊંટ વગેરે જાનવરની પીઠ ઉપર મુકાતું લાકડાનું આસન.

૬. [સં.] પું. ખડક; પથ્થર.

૭. પું. તરવારનું મયાન.

૮. પું. નડતર.

૯. પું. મોજાં.

૧૦. સ્ત્રી. કાઠી લોકો.

૧૧. સ્ત્રી. લાકડાની પેટી; પાંજરૂં.

૧૨. સ્ત્રી. હેડ; હેડ બેડીનું ચોકઠું.

૧૩. વિ. કઠ ઋષિ સંબંધી.

૧૪. વિ. કઠ ઋષિનું.

૧૫. વિ. ઘાતકી; દુષ્ટ.

૧૬. વિ. ધૂર્ત; પહોંચેલ; ઉસ્તાદ.

૧૭. વિ. સખત.

કાઠક ૧. સ્ત્રી. એ નામની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. ન. વેદની કઠ શાખાઓનું અધ્યયન કરનારાનો ધર્મ અથવા આમ્નાય કે સમૂહ.

૪. વિ. એ નામની જાતનું.

કાઠકટાવ્વલ પું. એક જાતની રમત. તેમાં એક રમનાર પ્રથમ થાંભલાને પકડી ઊભો રહે. પછી તે થાંભલો છોડી બીજાં રમનારાંને પકડવા જાય, એટલે બીજાં રમનારાં થાંભલાને અડવાનો પ્રયત્ન કરે. થાંભલાને અડ્યા પહેલાં જે પકડાઈ જાય તે ચોર ગણાય અને તેને માથે દાવ આવે.

કાઠકબાડ (કાઠકબાડ઼) ૧. પું. ભાંગેલા સરસામાનનો અવ્યવસ્થિત ઢગલો.

૨. પું. સૂકી અને કઠણ રોટલી.

કાઠકબાર ન. લાકડાની ચીજો.

કાઠકસંહિતા સ્ત્રી. કૃષ્ણ યજુર્વેદની પાંચ માંહેની એ નામની એક સંહિતા.

કાઠકા પું. ગધેડા જેવો મૂર્ખ.

કાઠકોપનિષદ [સં. કાઠકોપનિષદ્] ન. એ નામનું એક ઉપનિષદ. તેને કઠઉપનિષદ્ અથવા કઠવલ્લી ઉપનિષદ પણ કહે છે. આ ઉપનિષદ કઠ નામના મુનિએ અન્ય ઋષિઓને ભણાવીને પ્રવૃત્ત કરી છે. તેથી તેનું નામ કઠોપનિષદ્ કે કઠવલ્લી એટલે કઠ નામના મુનિની કલ્પલતા પડ્યું છે. આ ઉપનિષદનાં પ્રકરણોનું નામ વલ્લી કે લતા રાખવામાં આવ્યું છે, કારણ કે તે ભાગમાં પ્રતિપાદન કરેલો વિષય કલ્પલતાની પેઠે અભીષ્ટ ફલ આપનારો છે. યમરાજાએ કહેલી આ બ્રહ્મવિદ્યાને તથા સાધન અને ફલસહિત સમગ્ર યોગવિધિને યમના વરદાનથી પામીને નચિકેતા વિદ્યાની પ્રાપ્તિવડે ધર્માધર્મથી રહિત તથા અવિદ્યા ને કામનારૂપ મૃત્યુથી રહિત થઈ બ્રહ્મને પ્રાપ્ત થયો. અન્ય પણ જે પુરુષ નચિકેતાની પેઠે દુઃખરહિત પ્રત્યેક સ્વરૂપને કહેલી રીતે જાણે છે તે પુણ્યપાપથી રહિત થઈને બ્રહ્મની પ્રાપ્તિથી મૃત્યુ રહિત થાય છે.

કાઠગઢ [સં. કાષ્ટકોટ] પું. લાકડાનો કિલ્લો; લાકડાનો ગઢ.

કાઠગુલર [હિં.] પું. એક જાતની વનસ્પતિ.

કાઠચીભડ (કાઠચીભડ઼) ન. પોપૈયું.

કાઠચીભડો (કાઠચીભડ઼ો) પું. પોપૈયું.

કાઠડ (કાઠડ઼) ૧. સ્ત્રી. ઢેઢની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની ઢેઢની અટકનું.

કાઠડા (કાઠડ઼ા) પું. લાકડાનું વાસણ.

કાઠડી (કાઠડ઼ી) સ્ત્રી. ઘોડા અથવા બીજા જાનવરની પીઠ ઉપર રાખવામાં આવતી લાકડાની બેસણી; ખોગીર; નાનો કાઠડો.

કાઠડું (કાઠડ઼ું) ૧. ન. ઊંટ અને ઘોડાની પીઠ ઉપર મુકાતું લાકડાનું આસન.

૨. ન. ગધેડા ઉપર નાખવાનો ગૂણો; છાલકું.

કાઠડો (કાઠડ઼ો) [સં. કાષ્ઠ] પું. ઊંટાદિ જાનવરની પીઠ ઉપર મુકાતું લાકડાનું આસન; કઠેરાવાળું લાકડાનું બેસણું.

ઊંટે કર્યા ઢેકા ત્યારે માણસે કર્યાં કાઠડા = આડે લાકડે આડો વેર; જેવું કરીએ તેવું સામો માણસ પણ કરે.

કાઠભ વિ. (જૂ. ગુ.) કાષ્ટમય.

કાઠ ભરવી સ. ક્રિ. હળના તુંગાથી બળદ કેટલા દૂર રાખવા તે દોરીથી માપીને સગન જડવું.

કાઠમાળ ન. છાપરાનું વરણુ.

કાઠમાંડુ [સં. કાષ્ઠમંડપ] ન. ખટમંડુ; નેપાલની રાજધાનીનું શહેર. આ નગરમાં કાષ્ઠનાં મકાન બહુ છે તથી તેનું કાઠમાંડુ નામ પડ્યું છે.

કાઠમેંડક પું. દેડકો.

કાઠલું ન. એક જાતની મીઠાઈ; ઘઉંનો લોટ, ઘી, ખાંડ અને ગુંદ નાખીને બનાવેલી મીઠાઈ.

કાઠલો પું. કન્યાને પરણતાં પહેલાં આપવામાં આવતું ઘરેણું; વસંત; રીતનું ઘરેણું.

કાઠા ૧. પું. એક જાતના બોર.

૨. [સં. કઠિન] પું. કઠણુ અને લાલ ઘઉંની એક જાત. ભાલમાં આ ઘઉં ઘણા થાય છે.

૩. સ્ત્રી. અછત.

૪. વિ. ઓછું.

૫. વિ. કઠણ.

કાઠાખાખરી સ્ત્રી. ગાયભેંસના આંચળમાં થતો એક જાતનો રોગ.

કાઠા ઘઉં પું. ઘઉંની એક જાત. ભાલમાં આ ઘઉં બહુ થાય છે.

કાઠા ડલી સ્ત્રી. કાઠડા ઉપર નાખવાની ધાબળી કે ગોદડી.

કાઠાવાજિયા ૧. પું. કાઠા તથા વાજિયા એમ ઘઉંની બે જાત.

કાઠાવાજિયા કરવા = (૧) બની શકે તેટલી મહેનત કરવી. (૨) ભેળસેળ કરવું; અડથલ ગડથલ કરવું.

૨. સ્ત્રી. ભાંજગડ; તકરાર.

કાઠાળું વિ. કદાવર; કાઠાવાળું; ઊંચા બાંધાવાળું.

કાઠાં ૧. ન. બ. વ. છોડનાં ડાંઠાં; છોડની કઠણ ડાંખળીઓ.

૨. વિ. બ. વ. વસમાં; આકરાં.

કાઠિણ્યતા ૧. સ્ત્રી. કઠણુતા.

૨. સ્ત્રી. નિષ્ઠુરપણું.

કાઠિન્ય ૧. [સં.] ન. એક જાતનો વાયુરોગ. તેમાં શરીર કઠણ થઈ જાય છે.

૨. ન. કઠણુપણું; કઠિનતા.

૩. ન. કઠોરતા; નિષ્ઠુરપણું.

૪. ન. છૂપો અર્થ.

કાઠિન્યકરણ [સં.] ન. કઠણ કરવું તે.

કાઠિન્યફલ [સં.] ન. કોઠનું ઝાડ.

કાઠિન્યયુક્ત વિ. કઠણ.

કાઠિયા ૧. સ્ત્રી. રજપૂતની એ નામની એક અટક.

૨. ન. રજપૂતની એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કાઠિયાણી સ્ત્રી. કાઠી સ્ત્રી.

કાઠિયાવાડ (કાઠિયાવાડ઼) [હિં. કાંઠ (સમુદ્ર કિનારો) + વાડ (દ્વાર)] પું. હિંદના પશ્ચિમ કિનારા ઉપર આવેલ એ નામનો એક પ્રાંત. તે કચ્છના અખાત તથા ખંભાતના અખાત વચ્ચે આવેલ છે. કાઠી લોકના વસવાટને લઈને આ પ્રાંતનું આ નામ પડ્યું છે. તેને સૌરાષ્ટ્ર પણ કહે છે. આ પૂણ્યભૂમિનું અતિ પ્રાચીન વેદકાળનું નામ આનર્ત છે. કાઠિયાવાડ પુરાણી ભૂમિ છે. ભગવાન શ્રીકૃષ્ણનાં પગલાંથી તે પાવન થયેલી છે. તીર્થંકરો અને સહજાનંદને ત્યાં શાંતિ મળી છે. નરસિંહ, દયાનંદ અને ગાંધીજીની તે જન્મભૂમિ છે. ત્યાં ગિરનાર અને શત્રુંજય જેવાં ધામ અને દ્વારકા અને પ્રભાસ જેવાં તીર્થો છે. સાગર તેનાં ચરણ ધોઈ રહ્યો છે અને મોતીની છોળોથી વધાવી રહ્યો છે. ગિરનાર ઉપર ઊભો રહી કોઈ પ્રાણવાન કલ્પનાદૃષ્ટિ ફેરવે તો તેને લાગશે કે, પોતે કોઈ અલૌકિક સંગમતીર્થે ઊભો છે. ઈશાનમાં આરાવલ્લીની હાર, પૂર્વમાં સાતપૂડા અને વિંધ્યની હારમાળા, અગ્નિમાં સહ્યાદ્રિના ઘાટ એ બધાં સોરઠની ગરવી ગિરે સંગમમાં પરિણામ પામતાં જણાશે. ખરેખર સૌરાષ્ટ્ર એ ત્રિભેટાનો પ્રદેશ છે અને ભૌગોલિક દૃષ્ટિએ ત્રિવેણીસંગમે તીર્થરાજ જેટલું અગત્યનું તેનું માહાત્મ્ય છે. ઉપરાંત કાઠિયાવાડ આખા હિંદનું પ્રભુદત્ત બારું છે. દરિયાઈ વેપારી માર્ગનો વિચાર આવે ત્યારે બધા રસ્તા કાઠિયાવાડ તરફ જ વળે છે અને તેને માટે ખંભાતના અખાતનાં કે કચ્છના અખાતનાં બંદર સૌથી પહેલાં નજરે પડે છે; કારણકે સાવ પશ્ચિમે ખુલ્લો દરિયો હોઈ કુદરતી બંદર એકેય નથી. તેના સંબંધમાં કવિ વિહારી યથાર્થ કહે છે કે:

દીપાવ્યો અમ દેશ દ્વારકા શ્રીકૃષ્ણે કરી તખ્ત,
મીરાં નરસિંહ ને સુદામા મોહન સમ જ્યાં ભક્ત;
દયાનંદે દીપાવી જાત પ્રભુની પૂર્ણ કૃપાના પાત્ર.
બાબી ઝાલા ને જાડેજા રાણા ને ગોહિલ,
વિવિધ વંશી દેશી રાજ્યે ભરી અખંડ અખિલ;
અમારી વીરભૂમિ વિખ્યાત પ્રભુની પૂર્ણ કૃપાના પાત્ર.
અન્ન અમારાં વસ્ત્ર અમારાં જળ જીવન આધાર,
લીલાંછમ લીલવણી ખેતર ભર્યાં ભૂમિ ભંડાર;
મહેનતુ જાડી ખેડૂત જાત પ્રભુની પૂર્ણ કૃપાના પાત્ર.
ભાવભીનાં ને ભોળાં જનથી કુંળો કાઠિયાવાડ,
આદરમાને મેમાનોની જીભે હાલે હાડ;
પરોણાગત વિષે પ્રખ્યાત પ્રભુની પૂર્ણ કૃપાના પાત્ર.
સિંહભૂમિ સુવર્ણભૂમિ તીખી તેજણ તારોતાર,
પ્રેમશૌર્યની ભડવીર ભૂમિ કરે દુહા લલકાર;
સહુ મુજ સોરઠના ચળકાટ પ્રભુની પૂર્ણ કૃપાના પાત્ર.

કાઠિયાવાડણ (કાઠિયાવાડ઼ણ) સ્ત્રી. કાઠિયાવાડની સ્ત્રી.

કાઠિયાવાડી (કાઠિયાવાડ઼ી). ૧. પું. કાઠિયાવાડનો રહીશ.

૨. સ્ત્રી. ખાટકી અને ગરાણાની એ નામની અટક.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

૫. વિ. કાઠિયાવાડનું.

કાઠિયાવાડી કચુંબર = ટૂંકી ટૂંકી વાર્તાઓ.

કાઠિયાવાડીપણું (કાઠિયાવાડ઼ીપણું) ન. કાઠિયાવાડના લોકોનો તરી આવતો ગુણ. જેમકે, આગતાસ્વાગતા, ભલમનસાઈ, હોશિયારી.

કાઠિયું ન. તરલાં નીચેનું લાકડું.

કાઠિયો પું. ગાડાનું ખોખું; ગાડાનો લાકડાનો સામાન.

કાઠી ૧. પું. કાઠિયાવાડની એક અસલી જાતનું માણસ.

૨. [હિં.] સ્ત્રી. ઘોડા કે ઊંટની પીઠ ઉપર લાદવાનું જીન; કાઠું.

૩. સ્ત્રી. છત્રી; વેત્ર; રાજદંડ.

૪. સ્ત્રી. જમીનનું એક માપ; વીઘાનો ૪૦૦મો ભાગ. વીઘાનો વીસમો ભાગ વસો અને વસાનો વીસમો ભાગ કાઠી કહેવાય છે.

૫. સ્ત્રી. તરવારનું કે કટારનું મયાન.

૬. સ્ત્રી. નદીમાં હોડી હંકારવા કામ લાગતો વાંસ.

૭. સ્ત્રી. (વહાણવટું) તંગ.

૮. સ્ત્રી. બળતણ; બાવળનું લાકડું.

આંબાની કાઠી ને રાંધનારી નાઠી. લોકોક્તિ

૯. સ્ત્રી. રજપૂતોની એ નામની એક જાત. મોટા કદને લીધે તેનું કાઠી નામ પડ્યું.

૧૦. સ્ત્રી. લાકડી; દંડો; વાંસ; ડાંગ; ડંગોરો.

૧૧. સ્ત્રી. વાવટા અથવા નિશાનની લાકડી.

૧૨. સ્ત્રી. શરીરનું બંધારણ; બાંધો; શરીરની સાંઠી; કાઠું.

૧૩. ન. રજપૂતોની એ નામની જાતનું માણસ.

૧૪. વિ. કાઠિયાવાડનું.

૧૫. વિ. રજપૂતોની એ નામની જાતનું.

કાઠીકાળ પું. કાઠી લોકોનો સમય.

કાઠીગોર પું. કાઠીઓની ધાર્મિક વિધિ કરાવનાર બ્રાહ્મણની જાત.

કાઠીજાયો પું. કાઠીથી ઉત્પન્ન થયેલ પુત્ર; કાઠીનો દીકરો.

કાઠીપાલ પું. લૂંટ ન કરવા માટે અથવા રક્ષણ માટે કાઠી લોકોને અપાતો કર.

કાઠીપાળ ૧. સ્ત્રી. એ નામની આહીરની એક અટક.

૨. ન. આહીરની એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની આહીરની એક અટકનું.

કાઠીહારા [હિં.] પું. કઠિયારો.

કાઠુ ન. કઠોળને ઝૂડી લીધા પછી ડાંખળાંનો રહેલો ભાગ.

કાઠુઓ સ્ત્રી. એ નામની લોકોની એક જાત.

કાઠુરિયા ૧. પું. (બંગાલી) કઠિયારો.
૨. પું. લાકડાં ફાડનાર.

કાઠું ૧. ન. આકાર; શરીરનો બાંધો.
૨. ન. કલમ કે લેખણ કરવાનું મલોખું; બરૂ.
૩. ન. કલેવર; શરીર.
૪. ન. કાઠડો; ઘોડા કે ઊંટની પીઠ ઉપર મૂકવાનું લાકડાનું ચોકઠું; જીન; પલાણ.
૫. ન. કોર ચડાવવી પડે તેવું સાડલાનું કપડું.
૬. ન. ગજું.
કાઠું કરવું = વધવું; ઊંચું થવું.
૭. ન. ચાળણો; હવાલો.
૮. ન. ઢોલ, ડફ વગેરેનું ખોખું.
૯. [સં. કાષ્ઠ] ન. લાકડું.
૧૦. વિ. આકરૂં; કઠણ; કડક.
૧૧. વિ. ઊતરતું.
૧૨. વિ. કઠોર; દયાહીન; નિર્દય; સખત હૈયાનું.
૧૩. વિ. કંજૂસ; કૃપણ; લોભી.
૧૪. વિ. ખરાબ; માઠું.
૧૫. વિ. ચીકણું.
૧૬. વિ. મોટું.

કાઠૂ [હિં.] પું. હિમાલયના ઓછી ઠંડીવાળા પ્રદેશમાં થતો એક જાતનો છોડ.

કાઠેરણિ [સં.] પું. એ નામનો એક ઋષિ.

કાઠેરણીય [સં.] વિ. કાઠેરણિ સંબંધી.

કાઠેવાલિયાં સ્ત્રી. વેશ્યા.

કાઠોડિયા (કાઠોડ઼િયા) ૧. પું. વીસા શ્રીમાળી વાણિયાની એ નામની એક પેટા જ્ઞાતિ. વીસા શ્રીમાળી વાણિયાના સાત પેટા વિભાગઃ અમદાવાદી, કાઠોડિયા, તલબદા, થરાદિયા, પાલણપુરિયા, પટણી, સોરઠિયા.
૨. ન. વીસા શ્રીમાળીની એ નામની પેટા જ્ઞાતિનું માણસ.
૩. વિ. એ નામની વીસા શ્રીમાળી વાણિયાની પેટા જ્ઞાતિનું.

કાઠોરી ૧. પું. સતારા જિલ્લામાં વસતા એક જાતના લોક. તેઓ કઠિયારાનો ધંધો કરે છે.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

કાડ ૧. સ્ત્રી. પુરુષની જનનેંદ્રિય.
૨. [અં. કૉડ] સ્ત્રી. માછલીની એક જાત. આ માછલીના કલેજામાંથી તેલ નીકળે છે, તે ક્ષય રોગ ઉપર અકસીર મનાય છે. ન્યૂ ફાઉંડલંડ, ઉત્તર સમુદ્ર, લાબ્રાડોર વગેરે જગ્યાએ તે ખૂબ દેખાય છે. એ માછલી ત્રણ વર્ષે પુખ્તપણું પામે છે ત્યારે તે ત્રણ ફૂટ લાંબી અને તોલમાં ૧૨થી ૨૦ રતલ થાય છે. તેના તેલને કૉડ લિવર ઑઇલ કહે છે.

કાડા ૧. પું. ઉકાળો; કાઢો.
૨. [હિં.] સ્ત્રી. જુવાન ભેંસ.

કાડાર ૧. સ્ત્રી. એ નામની એક જાત. આ જાતનાં લોકો કોચીન રાજ્યના જંગલમાં રહે છે. તેમની મુખાકૃતિના કેટલાક ભાગ હબસીને મળતા આવે છે. તેઓના વાળ ઊન જેવા હોય છે અને આગલા દાંત સુંદર દેખાવા માટે કાનસથી ઘસી નાખી સહેજ દેખાય એમ રાખે છે.
૨. ન. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામના લોકોની જાતનું.

કાડી સ્ત્રી. ઘાસની સળી.

કાડીકસ્પટ ન. કચરો; માટી.

કાડીખાર પું. રૂપાના મિશ્રણવાળો એક ક્ષાર; આંખના દરદ ઉપર વપરાતું એક ઔષધ; 'સિલ્વર નાઇટ્રેટ'. તેની પેન્સિલ જેવી ધોળી લાકડી પાણીમાં પીગળે છે. તે ચામડીને લગાડવાથી કાળા ડાઘ પડે અને ફોલ્લો ઊઠે. આંખો દુખવા આવે તે ઉપર, આંખના દાહ તથા ખટકા ઉપર કાડીખાર ગરમ પાણીમાં પીગળાવી તેનું ટીપું પીંછી વડે આંખમાં નાખવામાં આવે છે.

કાડુ ૧. ન. જંગલ; ઝાડી.
૨. ન. શ્મશાન.

કાડુલં ન. કૃષ્ણા નદીને કિનારે આવેલું એ નામનું નગર. તે આંધ્રવંશના રાજાઓની રાજધાની હતું.

કાડો (કાડ઼ો) ૧. પું. કાઢો; ઉકાળો.
૨. પું. કાંસ.
૩. પું. ખેતરની આજુબાજુ ખોદેલી નીક; ગટર.

કાડ્રૂ ૧. [હિં.] ન. એ નામની એક જાતની વનસ્પતિ.
૨. ન. એ નામની વનસ્પતિના બીજનું તેલ.

કાઢ [હિં.] પું. પુરુષની જનનેંદ્રિય.

કાઢઘાલ સ્ત્રી. કાઢવું અને ઘાલવું તે.

કાઢણિયો ૧. પું. સુતારનું એ નામનું એક ઓજાર.
૨. વિ. પું. કાઢવાના ઉપયોગમાં આવતો.

કાઢણી સ્ત્રી. ખેતરમાંથી મોલ ઉપાડવો તે.

કાઢન [હિં.] ન. ભરતકામ.

કાઢનાર ૧. વિ. કાઢી મૂકનાર.
૨. વિ. પ્રકાશક.

કાઢવું ૧. સ. ક્રિ. અર્થ સમજવો; સમજી લેવું.
૨. [સં. કૃષ્ (ખેંચવું)] સ. ક્રિ. અંદરથી બહાર લેવું.
૧. ઉદ્ગાર કાઢવો = ઉચ્ચારવું.
૨. ઊભરો કાઢવો = મનમાં રહેલું બહાર કાઢવું.
૩. ખેંચી કાઢવું = જોરથી બહાર લઈ લેવું.
૪. સાદ કાઢવો = મોટેથી બોલવું.
૩. સ. ક્રિ. આકૃતિ પાડવી; રેખા દોરવી; ચીતરવું.
૧. ચિત્ર કાઢવું = ચીતરવું; ચિત્ર દોરવું.
૨. ચિત્રામણ કાઢવું = લીટા લીટા કરવા; બેદરકારીથી જેમતેમ ઘસડી કાઢવું.
૪. સ. ક્રિ. આંકવું; કીમત નક્કી કરવી.
૫. સ. ક્રિ. ઉઘાડવું; ખોલવું; શરૂ કરવું.
ખાતું કાઢવું = ખાતું ઉઘાડવું.
૬. સ. ક્રિ. ઉતારવું. જેમકે, લૂગડાં કાઢવાં.
પાઘડી કાઢવી = ખૂબ આજીજી કરવી.
૭. સ. ક્રિ. ઉપાડવું; છણવું; છેડવું.
૮. સ. ક્રિ. કરજે લેવું; વ્યાજે લેવું.
૯. સ. ક્રિ. કાંતવું; જેમકે, સૂતર કાઢવું.
૧૦. સ. ક્રિ. કીર્તિ વધારવી.
નામ કાઢવું = આબરૂ વધારવી.
૧૧. સ. ક્રિ. ખસેડવું.
૧૨. સ. ક્રિ. ગાળવું; નીચોવી લેવું.
૧૩. સ. ક્રિ. ઘૂંટવું.
કસૂંબો કાઢવો = (૧) અફીણ ઘોળી પાણી કરવું. (૨) મહેમાનોને અફીણનાં પાણી પાઈ મિજબાની કરવી.
૧૪. સ. ક્રિ. ચૂસી લેવું.
૧૫. સ. ક્રિ. ચોરવું.
કાઢી લેવું = ચોરી લેવું.
૧૬. સ. ક્રિ. જન્મ આપવો.
૧૭. સ. ક્રિ. ઢાંકવું.
લાજ કાઢવી = મોં ઢાંકવું.
૧૮. સ. ક્રિ. તૈયાર કરવું.
૧૯. સ. ક્રિ. દાટવા કે બાળવા લઈ જવું. જેમકે, મુડદાંને કાઢી જવું.
૨૦. સ. ક્રિ. દૂર ખસેડી મૂકવું; દૂર કરવું; રજા આપવી; હાંકી કાઢવું.
૨૧. સ. ક્રિ. નકલ કરવી.
૨૨. સ. ક્રિ. નફો મેળવવો; લાભ મેળવવો. જેમકે, કાંદો કાઢવો.
કામ કાઢી લેવું = કોઈ પ્રકારે કામ કરાવી લેવું.
૨૩. સ. ક્રિ. નવું ઊભું કરવું; સ્થાપવું. જેમકે, કારખાનું કાઢવું.

૨૪. સ. ક્રિ. નસાડી જવું.

૨૫. સ. ક્રિ. નાપાસ કરવું; નાપસંદ કરવું.

૨૬. સ. ક્રિ. પચાવી પાડવું.

૨૭. સ. ક્રિ. પૈસા પડાવવા.

૨૮. સ. ક્રિ. બહાર મોકલવું.

૨૯. સ. ક્રિ. બહાર લાવવું.

૧. ડોળા કાઢવા = બિવરાવવું.

૨. પોતિયું કાઢવું = બીવું; બાયલા થવું.

૩૦. સ. ક્રિ. ભૂંસી નાખવું; સાફ કરવું.

૧. અક્ષર કાઢવા = (૧) કોપી લખવી. (૨) લખવું. (૩) લખેલું ભૂંસી નાખવું.

૨. મૂળ કાઢવું = છેદન કરવું; ઉખેડી નાખવું.

૩૧. સ. ક્રિ. મુસીબતથી સહન કરવું; ઘણે દુઃખે નિભાવવું.

૩૨. સ. ક્રિ. યુક્તિ કરવી.

૩૩. સ. ક્રિ. રદ કરવું; બાદ કરવું.

કાઢી નાખવું = (૧) નાપસંદ કરવું. (૨) રદ કરવું; બાતલ કરવું. (૩) વ્યર્થ ખર્ચ કરવો.

૩૪. સ. ક્રિ. લખવું. જેમકે, અક્ષરો કાઢવા.

૩૫. સ. ક્રિ. વણવું. જેમકે, કાપડ કાઢવું.

૩૬. સ. ક્રિ. વિતાવવું; લંબાવવું; વાયદા કરવા.

દહાડા કાઢવા = (૧) મુશ્કેલીથી ગુજરાન ચલાવવું. (૨) વખત ગુમાવવો.

૩૭. સ. ક્રિ. વેર લેવું.

૩૮. સ. ક્રિ. શરૂ કરવું.

વાત કાઢવી = કોઈ વિષય ઉપાડવો.

૩૯. સ. ક્રિ. શોધવું; ગોતવું. જેમકે, ભૂલ કાઢવી.

૪૦. સ. ક્રિ. સત્ત્વ ખેંચવું.

૧. ચૂવો કાઢવો = સત્ત્વ ખેંચવું.

૨. સાર કાઢવો = (૧) નફો મેળવવો. (૨) મતલબ શોધવી. (૩) સત્ત્વ ખેંચવું.

૪૧. સ. ક્રિ. સાધવું; સાધી લેવું.

૪૨. સ. ક્રિ. હસવું.

દાંત કાઢવા = (૧) મશ્કરી કરવી. (૨) હસવું.

કાઢા ૧. પું. ઇનામ કાઢવું તે.

૨. [સં. કૃષ્ (ખેંચવું)] પું. (હિંદી) ઉકાળો; કાઢો; ક્વાથ.

૩. પું. કઢારો.

૪. પું. કાંસ; ગટર; પાણી જવાનો માર્ગ.

કાઢાઓઢ [મ.] પું. જ્યાં મળે ત્યાંથી કરજ કરવું તે.

કાઢિયાની પું. એ નામનો એક ગ્રંથ.

કાઢિયો ૧. પું. ગટર; નીક; પાણીના નિકાસ માટે કરેલો માર્ગ.

૨. પું. ઘાણીના પથ્થર મૂકવાની ખાટલીને ધોંસરી સાથે જોડવાની સાંકળ કે દોરડું.

૩. પું. પાટલી; માલીસાડો.

કાઢેડુ (કાઢેડું) ૧. સ્ત્રી. ફોસલાવી લઈ જવામાં આવેલી સ્ત્રી.

૨. વિ. કાઢી મૂકયું હોય એવું.

૩. વિ. કાઢી મેલવાની ટેવવાળું.

કાઢો ૧. પું. ઉકાળો; કાવો; ક્વાથ.

૨. પું. ખેતરમાંથી વધારાનું પાણી કાઢી નાખવા બનાવવામાં આવતો પાળો.

કાઢોક ન. સ્ત્રીનું હરણ કરી જવું તે.

કાઢોડ (કાઢોડ઼) વિ. મોટા દેખાવવાળું.

કાઢોડું (કાઢોડ઼ું) ન. પારકી સ્ત્રીને ભગાડવી તે.

કાણ ૧. [સં.] પું. કાગડો.

૨. પું. જોવાની શક્તિ વિનાનો માણસ.

૩. સ્ત્રી. આમંત્રણ.

૪. સ્ત્રી. ખેદજનક બનાવ.

૫. સ્ત્રી. ઠપકાપાત્ર વર્તણૂક.

૬. સ્ત્રી. નુકસાનની વાત.

૭. સ્ત્રી. મરણ પાછળ રોવું, કૂટવું અથવા લોકિકે જવું તે; મોકાણ.

૧. કાણ માંડવી = વાત માંડવી.

૨. કાણે જવું = બહારગામ ખરખરે જવું.

૮. વિ. કાણું; એક આંખવાળું.

૯. વિ. છિદ્રવાળું.

૧૦. અ. ના જેવું.

કાણક ૧. ન. છિદ્રવાળી શેરડી.

૨. ન. બાણ.

૩. ન. શેરડીનો એક રોગ. તેથી શેરડીમાં છિદ્ર છિદ્ર પડી જાય છે.

કાણકૂટણાં ન. બ. વ. મરનારની પાછળ સ્ત્રીઓનું રોવું કૂટવું તે; હિંદુ મરણ પાછળની એક ક્રિયા; મોકાણ માંડવી તે.

કાણત્વ ન. એક આંખવાળું હોવાપણું.

કાણભૂતિ [સં.] પું. એ નામનો એક યક્ષ.

કાણમોકાણ સ્ત્રી. રડારોળ; રોકકળ; મરણ પાછળ રોવું તે.

કાણયોગ પું. (જ્યોતિષ) એ નામનો એક યોગ. રવિવારે જ્યેષ્ઠા, સોમવારે અભિજિત, મંગળવારે પૂર્વાભાદ્રપદા, બુધવારે ભરણી, ગુરુવારે આર્દ્રા, શુક્રવારે મઘા અને શનિવારે ચિત્રા હોય તો કાણયોગ મનાય છે.

કાણવરાટક સ્ત્રી. ભાંગેલી કોડી.

કાણવિકાણિકા [સં.] સ્ત્રી. કાકોલી; ક્ષીર કાકોલી.

કાણા ૧. સ્ત્રી. મેમણની એ નામની અટક.

૨. ન. મેમણની એક અટકનું માણસ.

૩. વિ. મેમણની એ નામની અટકનું.

કાણાનો અ. શાનો.

કાણાસાટુ અ. શા માટે.

કાણાસારૂ અ. કેવા સારૂ.

કાણાંકોઠી સ્ત્રી. છોકરાંની એક જાતની રમત; બાળકને રમાડવા માટે પીઠ ઉપર લઈ કોટે લગાડી ફરવું અને કંઈ કંઈ બોલવું એવી રમત. તેમાં ' કાણાંકોઠી મણ મણ મીઠું કોઈને લેવું છે ' એમ બોલાય છે. આ રમતને ગોળમાટલું કરવું એમ પણ કહેવાય છે.

કાણાં નક્ષત્ર ન. બ. વ. (જ્યોતિષ) અઠ્ઠાવીસ માંહેનાં સાત નક્ષત્રઃ અશ્વિની, મૃગશીર્ષ, અશ્લેષા, હસ્ત, અનુરાધા, ઉત્તરાષાઢા અને શતભિષા. આ નક્ષત્રોમાં જો કોઈ વસ્તુ ગુમ થઈ તો તે દક્ષિણ દિશામાં ગયેલ છે અને તે વસ્તુ ત્રણ દિવસમાં પાછી મળી જાય એમ મનાય છે.

કાણિ ૧. સ્ત્રી. ખ્યાતિ.

૨. સ્ત્રી. નુકસાની.

કાણિયત વિ. કાણ કરનારૂં; કાણિયું.

કાણિયા ન. બ. વ. ઢોરનાં કમરનાં હાડકાં.

કાણિયાં ન. બ. વ. કાણે આવેલાં માણસો.

કાણિયું ૧. વિ. કાણું.

૨ વિ. કાણે આવેલું; કાણિયત; કાણ કરનારૂં.

કાણિયો ૧. પું. એક જમદૂતનું નામ.

૨. પું. કાણનો કાગળ લાવનાર માણસ; કોઈનો મેલો લાવનાર માણસ.

૩. વિ. પું. કાણમાં જનારો.

૪. વિ. પું. કાણે આવેલો.

૫. વિ. પું. કાણો.

કાણી ૧. સ્ત્રી. કથની; કથા; વાર્તા.

૨. સ્ત્રી. (ભીલી) ધાણી.

૩. વિ. સ્ત્રી. એક આંખવાળી; બાડી.

કાણીકોડી ૧. સ્ત્રી. કોડીની રમતમાં એક દાવ. એક કોડી ચત્તી અને બાકીની બડી પડે તે કાણી કોડી પડી કહેવાય.

૨. સ્ત્રી. ફૂટેલી કોડી.

કાણીબગલું ન. બગલાની જાતનું એક પક્ષી.

કાણીંગા ૧. સ્ત્રી. કણબીની એ નામની અટક.

૨. ન. કણબીની એ નામની અટકનું માણસ.

૩. વિ. કણબીની એ નામની અટકનું.

કાણું ૧. [સં.] ન. કોઈ પણ સપાટી ઉપરનો ખાડો; દર; પોલ.

૨. ન. ગાબડું; ભગદાળું; બાકોરૂં.

૩. ન. છિદ્ર; વેહ; બાકું.

૪. ન. દોષ; ખોડ; ખામી.

૫. ન. દ્વાર; બારણું.

૬. વિ. એક આંખ ફૂટી ગઈ હોય એવું; એક આંખવાળું; એકાક્ષી.

૧. આવ મારી કાણી, તું ક્યાં યે ન સમાણી = કાણું માણુસ બધે પોતાનાં લક્ષણુ ઝળકાવે છે.

૨. કાણાને કાણું ન કહેવું = ખોડીલાને ખોડનું નામ દઈ ઉશ્કેરવું કે ચિડાવવું નહિ; કોઈને અપ્રિય કહેવું નહિ.

૩. કાણાને મોઢે કાણો કહેવું = હોય તેવી સત્ય હકીકત કહી દેવી.

૪. કાણું ધોકું ને વળી કરડકણું = અનાથિયું ને ઉબાડું; બે કુલક્ષણુવાળું; એક દોષ પરાણે નિભાવી લેવાતો હોય તેમાં વળી બીજો ખરાબ દોષ જણાય ત્યારે કેમ નિભાવાય ?

૫. ન મામા કરતાં કાણો મામો સારો = મામો જ ન હોય તેના કરતાં કાણો પણ મામો હોય તે સારૂં; સમૂળગું જ ન હોય તેના કરતાં ભાંગ્યુંતૂટ્યું હોય તો પણ સારૂં.

૭. વિ. એક બાજુથી પેસી બીજી બાજુએ નીકળાય એવું.

૮. વિ. કાણાવાળું; આરપાર દેખાય અને પ્રવાહી વહી જાય એવું; છિદ્રાળુ.

૯. વિ. કુસંપવાળું; ભેદભાવ રાખનારૂં.

૧૦. વિ. ખોડવાળું; અપલક્ષણું.

૧૧. વિ. દૂષણુ શોધનાર.

૧૨. વિ. વાત છાની રાખી શકે નહિ એવું.

૧૩. અ. શું.

કાણૂક ૧. [સં.] પું. એક જાતનો હંસ.

૨. પું. કાગડો.

૩. પું. કૂકડો.

૪. પું. તાડના ઝાડ ઉપર લટકતો માળો બાંધનારૂં એક પક્ષી.

કાણેક ૧. ન. એ નામનું એક ગામ.

૨. વિ. કોઈએક; હરકોઈ.

કાણેય ૧. [સં.] પું. એક આંખવાળી સ્ત્રીનો પુત્ર.

૨. પું. વૈદિક કાળનો એક પ્રાચીન દેશ.

કાણેર જુઓ કાણેય.

કાણેલી ૧. [સં.] સ્ત્રી. કુમારી; નહિ પરણેલી સ્ત્રી.

૨. સ્ત્રી. બીજા સાથે ચાલનારી સ્ત્રી; વ્યભિચારિણી.

૩. સ્ત્રી. વેશ્યા.

કાણેલીમાતૃ [સં.] પું. વેશ્યાનો છોકરો.

કાણ્ય સ્ત્રી. નુકસાની; ખોટ.

કાણ્વ ૧. પું. અથર્વવેદનો એક ઋષિ.

૨. પું. ઋગ્વેદના પહેલા મંડલના ૪૪–૫૦ અને આઠમા મંડલના ૪૯મા સૂક્તનો રચનાર એક ઋષિ.

૩. પું. કણ્વનો પુત્ર.

૪. પું. કણ્વનો શિષ્ય.

૫. સ્ત્રી. શુક્લ યજુર્વેદની એક શાખા.

કાણ્વાયન પું. એ નામના એક બ્રહ્મર્ષિ.

કાણ્વી [સં.] સ્ત્રી. કણ્વે ભણેલી વેદશાખા.

કાત ૧. સ્ત્રી. કાથો.

૨. સ્ત્રી. કાપણી.

૩. સ્ત્રી. કૌવત; તાકાત.

૪. સ્ત્રી. પેટ; હોજરી.

૫. સ્ત્રી. પેડુ; પેટનો દૂંટી નીચેનો ભાગ.

૬. ન. સોનીનું સોનારૂપાની ચીપો કાપવાનું ઓજાર.

૭. અ. તિરસ્કાર બતાવનાર અવ્યય.

કાતક ૧. [સં. કાર્તિક] પું. કાર્તિક મહિનો.

૨. સ્ત્રી. તર્જની અને મધ્યમાને અંગૂઠા સાથે જોડવાથી બનતી મુદ્રા.

કાતકનીકુત્યા સ્ત્રી. ખરાબ ચાલવાળી સ્ત્રી; વ્યભિચારિણી.

કાતકરી પું. એક જાતના લોક.

કાતકામુખહસ્ત [સં.] સ્ત્રી. વાદળી કમળ રાખીને થતી હાથની એક મુદ્રા.

કાતકી ૧. વિ. કાર્તિક મહિનામાં આવેલું.

૨. વિ. ગરમીના દિવસોમાં જન્મેલું.

કાતડી (કાતડ઼ી) ૧. સ્ત્રી. ચામડી; ત્વચા.

૨. સ્ત્રી. પેટ; હોજરી.

૩. સ્ત્રી. પેડુ.

૪. સ્ત્રી. સોનારૂપાની ચીપો કાપવાનું સોનીનું એક ઓજાર.

૫. સ્ત્રી. સોરાયાથી ઊખડી ગયેલી થોડી ઘણી ચામડી.

કાતણ સ્ત્રી. કંરોળિયા જેવું એક જીવડું.

કાતણી ૧. સ્ત્રી. કાંતવાની કારીગરી.

૨. સ્ત્રી. કાંતેલા રૂની કોકડી.

કાતણું [સં. કર્તન] ન. કાતરવું તે.

કાતન પું. કાર્તિક મહિનો.

કાતન્વલી પું. (ગણિત) પાતળામાં પાતળી દોરીને બે ખીંટીની વચ્ચે લટકાવવાથી તેનો જે આકાર થાય તે આકારનો વક્ર.

કાતર ૧. પું. એ નામનો એક ઋષિ.

૨. પું. એક જાતનું માછલું.

૩. પું. મૂછનો કાતરો.

૪. સ્ત્રી. કતરાતું, વાંકું વાંકું ફરતા જવું તે.

૫. સ્ત્રી. કાતરના જેવી ધારવાળી પાતળી ઠીકરી કે પતરી.

૬. સ્ત્રી. નૌકા; વહાણ.

૭. સ્ત્રી. બગીચાના કામમાં વપરાતું એક જાતનું હથિયાર; ગુલાબકેંચી.

૮. સ્ત્રી. લાકડાનો હાથ દોઢ હાથનો વાંકો વળેલો કટકો.

૯. [સં. કર્તરી–કત્તરી] સ્ત્રી. લૂગડાં, વાળ કે કાગળ કાપવાનું બે પાંખિયાંવાળું ઓજાર.

કાતર ફેરવવી–મૂકવી = (૧) ઊંધું ખણવું. (૨) ઓછું કરવું. (૩) કાપી નાખવું. (૪) ખરાબ કરવું; નુકસાન કરવું. (૫) દગો દેવો; વિશ્વાસઘાત કરવો. (૬) રદ બાતલ કરવું.

૧૦. સ્ત્રી. વાળ ખરી પડવાનો જાનવરોનો એક રોગ.

૧૧. સ્ત્રી. (જ્યોતિષ) હાથની હથેલીમાં બે લીટી વચ્ચેનો ત્રિકોણાકાર ભાગ.

૧૨. વિ. અધીરૂં; વિવશ; વ્યગ્ર.

૧૩. વિ. આડું; ત્રાંસું; કતરાતું; વાંકું.

૧૪. વિ. કાયર; બીકણ.

૧૫. વિ. દુ:ખી.

કાતરડું (કાતરડ઼ું) ન. અનાજ વગેરેમાં પડતું એક જાતનું જીવડું.

કાતરણી ૧. સ્ત્રી. કણસલાં કાપવાનો વખત.

૨. સ્ત્રી. કરસણ કાપી લીધા પછી ખળું કરતી વખતે બ્રાહ્મણોને અપાતો ભાગ.

૩. સ્ત્રી. કાતર; કાપણી.

૪. સ્ત્રી. કાપવાની રીત; કાપવું તે.

૫. સ્ત્રી. પાક નાશ કરનાર જીવડું.

કાતરતા ૧. [સં.] સ્ત્રી. અધીરતા; ચંચળપણું.

૨. સ્ત્રી. કાયરતા; કાયરપણું; બીકણપણું.

૩. સ્ત્રી. પરતંત્રતા; પરવશપણું.

૪. સ્ત્રી. વ્યાકુળતા.

કાતરત્વ ૧. ન. કાયરપણું.

૨. ન. ચંચળતા.

૩. ન. પરવશપણું.

કાતરભાવ પું. પરવશપણું.

કાતરવાણી ૧. સ્ત્રી. કાપી નાખે તેવી કરડી વાણી.

૨. સ્ત્રી. વ્યંગ વાણી.

કાતરવું ૧. સ. ક્રિ. ઓછું કરવું; કમી કરવું.

૨. સ. ક્રિ. કરડવું; કરડી ખાવું; કાપવું.

૩. સ. ક્રિ. કાતરથી કાપવું; વેતરવું.

૪. સ. ક્રિ. કામ કાઢવું.

૫. સ. ક્રિ. ખણવું; ખોતરવું.

૬. સ. ક્રિ. ધસાતું બોલવું.

૭. સ. ક્રિ. છેતરી લેવું; છેતરીને ખાઈ જવું.

૮. સ. ક્રિ. વિચારીને વર્તવું.

કાતરવેલ સ્ત્રી. એક જાતની વેલ; કાતરી. તેનાં પાન કાતર જેવાં હોય છે. ગુણે તે ઠંડી છે. ગરમી ઉપર તેનાં મૂળિયાંનું છ માસા ચૂર્ણ જૂના ગોળમાં અપાય છે.

કાતરશક્તિ સ્ત્રી. મલ્લોને સંપાદન કરવાની આઠ માંહેની એક શક્તિ; સામાવાળાની પાછળ જતા રહેવાની શક્તિ.

કાતરા ૧. પું. બ. વ. એક જાતની આતશબાજી. તે ફૂટતાં ગોળાકાર ફરે છે.

૨. પું. બ. વ. એક જાતનું શરીર સંકોચનારૂં કીટક; કૂતરા નામની ઝીણી જીવાત. તેની પાંખો સફેદ અને પેઢાનો ભાગ કાળી પટ્ટીવાળો રતાશ પડતો હોય છે. આ ફૂદાં પહેલા વરસાદે જ દેખાય છે. તે રાત્રે ઊડે અને વાડની આસપાસ પહોળાં પાંદડાંવાળા છોડ ઉપર જથ્થાબંધ ઈંડાં મૂકે છે. આમાંથી પાંચેક દિવસમાં ઇયળ નીકળે છે. આ ઇયળ લાંબા વાળવાળી રંગબેરંગી ઇયળઅવસ્થામાં ત્રણ અઠવાડિયાં રહે છે. તે દરમિયાન પાંચ વખત શરીરની ચામડી બદલે છે. પછી તે જમીનની અંદર કોશેટો કરી નિદ્રાવસ્થિત થાય છે અને આખું વર્ષ જમીન ઉપર પડી રહે છે. વર્ષાઋતુ શરૂ થતાં તેમાંથી ફૂદાં નીકળે છે. આનો ઉપદ્રવ ગોરાટ જમીનમાં થાય છે. બાજરી, જુવાર, બંટી તથા દરેક જાતના કઠોળને તે નુકસાન કરે છે. તેને નાશ કરવાના ઉપાયઃ (૧) ખેતરમાં થાળીમાં ધાસલેટ નાખી ફાનસ મૂકીએ તો તે આકર્ષાઈ થાળીમાં પડી મરી જાય છે. (૨) ઈંડાંવાળાં પાંદડાંનો નાશ કરવો. (૩) કાપણી પછી જમીન ખેડી ખેતરના શેઢા તરફનો ભાગ ખોદી સાફ કરવો, જેથી કોશેટાનો નાશ થાય. (૪) પાક્નું ઓરાણ મોડું કરવું, જેથી કૂતરા ખોરાકના અભાવે મરી જાય.

૩. પું. બ. વ. કટકા.

૪. પું. બ. વ. કાપા; આંકા; ચીરા; લિસોટા.

૫. પું. બ. વ. કેળાંની લૂમ.

૬. પું. બ. વ. ચપટાં, લાંબાં અને વાંકાં ફળ.

૭. પું. બ. વ. તરડ; ફાટ.

૮. પું. બ. વ. થોભિયા; મૂછના છેડાના લાંબા આંટીવાળા વાળ.

૯. પું. બ. વ. પેડુ આગળ જાંઘના સાંધાના ભાગ.

કાતરાદાર ૧. વિ. કઠોળની જાતનું.

૨. વિ. જેને કાતરા હોય એવું.

કાતરાધાબો પું. છતેડી નીચેનો ધાબો.

કાતરાયણ પું. કાતર નામના ઋષિનો ગોત્રપુત્ર.

કાતરિકા સ્ત્રી. કપટ; માયા.

કાતરિયા ૧. પું. બંગડીનો એક ભાગ.

૨. સ્ત્રી. આહીર અને કણબીની એ નામની અટક.

૩. ન. આહીર અને કણબીની એ નામની અટકનું માણસ.

૪. વિ. આહીર અને કણબીની એ નામની અટકનું.

કાતરિયું ૧. ન. આગલું કપાળ.

૨. ન. એક જાતની ઇયળ.

૩. ન. કટાક્ષ; કરડી આંખે જોવું તે.

૧. કાતરિયાં કાઢવાં = કરડી નજરે જોવું.

૨. કાતરિયાં ખાવાં = (૧) ચક્કર ફરવું. (૨) રીસમાં ત્રાંસું જોવું.

૪. ન. છેક છાપરા નીચેનો નીચો મેડો.

૫. ન. ત્રણ ખૂણાવાળું મકાન.

૬. ન. દીવાલ કોચવાનું ચોરનું એક ઓજાર.

કાતરિયું મૂકવું = ઘર ફાડવું; ચોરી કરવી.

૭. ન. બે ચૂડીની વચ્ચે પહેરવાનું ગોળ ચીપ જેવું કિનારીવાળું કંકણ.

૮. ન. ભેજું; મગજ.

૧. કાતરિયું ગેપ = ગાંડું; મગજ ફરેલું.

૨. કાતરિયું ધસવું = ગાંડું થઈ જવું; ડાગળી ચસકવી; મગજ ફરી જવું.

૯. ન. લાકડાનું એક બેધારૂં અસ્ત્ર; ગુપ્તી.

કાતરિયું કરવું = પીંછીથી ઝાલીને તરવાર ફેંકવી.

૧૦. ન. લોઢાનું ચક્કર.

કાતરી ૧. સ્ત્રી. એક જાતની વેલ; કાતરવેલ.

૨. સ્ત્રી. કચુંબર.

૩. સ્ત્રી. કટકો.

કાતરી ખાવું = (૧) કરડી ખાવું. (૨) કાપી નાખવું; કાણાં પાડવાં.

૪. સ્ત્રી. દાઢીના વળ દીધેલ વાળ; થોભિયા.

૫. સ્ત્રી. પથ્થરની થાંભલીમાં વાપરવાનો પથ્થરનો લાંબો કટકો.

૬. સ્ત્રી. બટેટાં કે આદુનો પાતળો ગોળ ચપટો પીતો.

કાતરેલું ૧. વિ. કાણાં પાડેલું; કોરેલું.

૨. વિ. કાપેલું; વેતરેલું.

કાતરો ૧. પું. ઊગતા અનાજના છોડને કાતરી ખાનાર જીવડો.

૨. પું. એક જાતનું ઘરેણું.

૩. પું. કટકો.

૪. પું. ખજવાળ; ખણુસ.

૫. પું. ચપટા, લાંબા અને વાંકા ફળના આકારનું દારૂખાનું; એક જાતની આતશબાજી. તે ફૂટતાં ગોળ ગોળ ફરે છે.

૬. પું. ચપટું, લાંબું અને વાંકું ફળ.

૭. પું. ચીરો.

૮. પું. છોડનો એક રોગ.

૯. પું. ઝૂમખું.

૧૦. પું. દરિયામાંનો એક જાતનો ખડક.

૧૧. પું. દાઢીની બંને બાજુ રખાતા વાળના લાંબા કાકડામાંનો દરેક.

૧૨. પું. લાંબી વાંકી મૂછ.

૧૩. પું. વાદળું.

વરસાદનો કાતરો તૂટવો = વાદળાં વિખેરાઈ જવાં.

૧૪. પું. શિંગ.

૧૫. પું. સઢની આઠ માંહેની એક જાત.

૧૬. પું. સાથળનું મૂળ.

કાતરોક્તિ ૧. [સં.] સ્ત્રી. દુઃખભર્યું વચન.

૨. સ્ત્રી. વિનતિ; અરજ.

કાતરો લીલો પું. અમદાવાદી કિનખાબની એક જાત.

કાતર્ય ૧. [સં.] ન. પરવશતા; પરાધીનતા.

૨. ન. બીકણપણું; ભીરુતા.

૩. વિ. ચંચલ; ચપળ.

કાતલ ૧. પું. એ નામનો એક ઋષિ.

૨. પું. એક જાતનું માછલું.

૩. વિ. જીવલેણ; મરણ ઉપજાવે એવું.

કાતલડી (કાતલડ઼ી) સ્ત્રી. કાતી; છરી.

કાતલાયન [સં.] પું. (પુરાણ) કાતલ નામના ઋષિનો પુત્ર.

કાતલેલ વિ. રોગથી પેટ વધી ગયું હોય એવું.

કાતવું ૧. અ. ક્રિ. કરકસર કરવી.

૨. અ. ક્રિ. બારીક કાંતવું.

કાતળ સ્ત્રી. અફવા; ખોટી ખબર; ગપ.

કાતળ મારવી = ગપ મારવી.

કાતળિયો પું. એક જાતના ઊંચા ચોખા.

કાતળી ૧. સ્ત્રી. ખોટી બાતમી.

૨. સ્ત્રી. પાતળો કટકો; લંબગોળ પાતળી ચપટી ચીર.

૩. સ્ત્રી. વાંસ અથવા શેરડીના સાંઠાની બે ગાંઠ વચ્ચેનો ભાગ.

કાતણું ૧. ન. જાડી ચીરી; ગાબચું.

૨. ન. મોટો બેડોળ કટકો.

૩. ન. શેરડીનો કટકો; ગંડેરી.
કાતળું ધડવું = શેરડીના સાંઠાનો કટકો કરવો.

કાતંત્ર [સં.] ન. એ નામનું એક વ્યાકરણ. મધ્યકાલમાં તે શરૂઆતના વિદ્યાર્થીઓ માટે રચાયું હતું. તેના ઉપર સાત ટીકાઓ લખાઈ છે.

કાતંત્ર પરંપરા [સં.] સ્ત્રી. કાતંત્ર વ્યાકરણની શૈલી કે પદ્ધતિ.

કાતા ૧. પું. કાર્તિક માસ.
૨. પું. વાંસ કાપવાનો છરો.
૩. પું. સૂતર.

કાતાકાના સ્ત્રી. અઠ્ઠાવન અર્વાચીન લિપિમાંની એ નામની એક.

કાતારી ૧. સ્ત્રી. કઠિયારાનો ધંધો કરનારી એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

કાતિ [સં.] સ્ત્રી. સ્તવ; સ્તોત્ર; સ્તુતિ.

કાતિક ૧. [સં.] પું. કાર્તિક મહિનો.
૨. પું. લીલા રંગનો એક જાતનો પોપટ.

કાતિબ ૧. [અ. કતબ (તેણે લખ્યું)] પું. કારકુન.
૨. પું. લેખક.
૩. વિ. કલમથી લખનાર.
૪. વિ. નકલ કરનાર.

કાતિબત વિ. દરેક.

કાતિબતન અ. ઘણું કરીને.

કાતિબા જુઓ કાતિબત.

કાતિબી ૧. પું. એ નામનો ફારસી કવિ.
૨. સ્ત્રી. ટૂંકી બાંયવાળું એક કપડું.

કાતિબીન પું. મનુષ્યનાં સારાંનરસાં કર્મોની નોંધ રાખનાર દેવદૂત.

કાતિબી સમૂર પું. રૂવાંવાળો માનદર્શક ઝભ્ભો.

કાતિબે અમાલ જુઓ કાતિબીન.

કાતિયાર ૧. સ્ત્રી. સંધીની એ નામની એક અટક.
૨. ન. સંધીની એ નામની અટકનું માણસ.
૩. વિ. સંધીની એ નામની અટકનું.

કાતિર ન. ખચ્ચર.

કાતિલ ૧. પું. કતલ કરનાર માણસ; ખૂની.
૨. પું. ક્રૂર માશૂક.
૩. પું. સામાન્ય કતલ ચલાવનાર માણસ.
૪. વિ. કડક; જલદ; ઉગ્ર.
૫. વિ. કતલ કરનારું.
૬. વિ. કપાયેલું.
૭. વિ. ઘણું ખરાબ.
દુશ્મને કાતિલ = કટ્ટો દુશ્મન.
૮. વિ. જીવલેણ; પ્રાણઘાતક.
ઝહેરે કાતિલ = હળાહળ ઝેર.
૯. વિ. ઝેરી; વિષમય.
૧૦. વિ. ભયંકર.
૧૧. વિ. મરણિયું.
૧૨. વિ. મર્મવેધી.

કાતી ૧. [સં. કૃત્ (કાપવું)] સ્ત્રી. કરવત.
૨. સ્ત્રી. કાપવાનો દાંત; રાક્ષી.
૩. સ્ત્રી. કાપવું તે.
૪. સ્ત્રી. તીક્ષ્ણ ધારવાળી છરી; પાળી.
૫. સ્ત્રી. દગો; પ્રપંચ; કપટ.
પેટમાં કાતી હોવી = કપટ રાખવું.
૬. સ્ત્રી. નાની તરવાર.
૭. સ્ત્રી. લોઢું.
૮. સ્ત્રી. લોહિયાળી ઊતરડી લીધેલ ચામડી.
૯. સ્ત્રી. સૂતર કાંતનારી સ્ત્રી.
૧૦. સ્ત્રી. સોનીની કાતર.
૧૧. વિ. નક્કી કરે એવું.

કાતીડો (કાતીડ઼ો) પું. (જ્યોતિષ) કૃત્તિકા નક્ષત્ર.

કાતીય ૧. [સં.] પું. કાત્યાયનનો એ નામનો શિષ્ય.
૨. વિ. કત ઋષિ સંબંધી; કાત્યાયન વિષે.

કાતુ [સં.] પું. કૂવો.

કાતુડી (કાતુડ઼ી) સ્ત્રી. જંગલમાં રહેનારી એક જાતિ.

કાતું ૧. ન. બૂઠી છરી; પાળી.
૨. ન. રોટલાનું જાડું બટકું.
૩. ન. સારી ધાર ન હોય એવું કાપવાનું કોઈ પણ હથિયાર.

કાતૃણ [સં.] ન. એક જાતનું ઘાસ.

કાતે અ. જરૂર; નક્કી; ખચીત.

કાતેર સ્ત્રી. કાતર; કપડું કાપવાનું સાધન.

કાતેસડો (કાતેસડ઼ો) જુઓ કાતીડો.

કાતોર સ્ત્રી. નાનાં પશુપક્ષીનો શિકાર કરવા છેટેથી ફેંકવાનું લાકડાનું બીજના ચંદ્રના આકારનું ધારદાર હથિયાર.

કાત્તલા પું. એક જાતનો ઘોડો.

કાત્થક્ય ૧. પું. એ નામનો એક પ્રાચીન વ્યાકરણકાર.
૨. પું. એક જાતનો અગ્નિ.

કાત્ય ૧. પું. કત ઋષિનો ગોત્રજ ઋષિ.
૨. પું. કાત્યાયન.
૩. વિ. કત ઋષિ સંબંધી.

કાત્યન ન. કાસળ; જડમૂળથી નાશ કરવાપણું.

કાત્યાયન ૧. પું. એ નામના એક બ્રહ્મર્ષિ.
૨. પું. એ નામની એક સ્મૃતિ.
૩. પું. એ નામનો એક બૌદ્ધ આચાર્ય. તેણે પાલી ભાષાનું વ્યાકરણ રચ્યું છે. પાલી ગ્રંથોમાં તેને કચ્ચાયન કહે છે.
૪. પું. એ નામનો એક સ્મૃતિકાર.
૫. પું. કતવંશમાં પેદા થયેલ સોમદત્તનો પુત્ર; ઉપવર્ષનો એ નામનો એક શિષ્ય; વરુરૂચિ. તે પાણિનિનો સહાધ્યાયી હતો. તેણે પાણિનિના વ્યાકરણના ગ્રંથો ઉપર વાર્તિક નામની વ્યાખ્યા લખેલી છે. તે નંદ રાજાનો સચિવ હતો.
૬. પું. જૈન આચાર્યોનું એક ગોત્ર.
૭. પું. દાશરથિ રામની સભામાંના આઠ ધર્મશાસ્ત્રીઓ માંહેનો એ નામનો એક. તે બૃહત્કથાનો બનાવનાર હતો.
૮. ન. અંત; છેડો.
૯. ન. કાશ કાઢવી તે; નિકાલ; નિકંદન.
૧૦. ન. શુક્લ યજુર્વેદનું એક કલ્પસૂત્ર.

કાત્યાયન કલ્પસૂત્ર [સં.] ન. શુક્લ યજુર્વેદનું એ નામનું એક સૂત્ર. તેના કુલ ૨૬ અધ્યાય છે અને અધ્યાયના કંડિકા નામના પેટા ભાગ પાડવામાં આવ્યા છે. તે ઈ. સ. પૂર્વે ૧૦૦૦ વર્ષે રચાયું હતું.

કાત્યાયની ૧. [સં.] સ્ત્રી. ઉમા; ગૌરી; પાર્વતી; દુર્ગા.
૨. સ્ત્રી. કત ઋષિની ગોત્રપુત્રી.
૩. સ્ત્રી. કાત્યાયન ઋષિની પત્ની.
૪. સ્ત્રી. ભગવાં વસ્ત્ર ધારણ કરનારી અર્ધવૃદ્ધા વિધવા સ્ત્રી.
૫. સ્ત્રી. યાજ્ઞવલ્કય ઋષિની સ્ત્રીનું નામ.

કાત્યાયનીતંત્ર ન. એ નામનું એક તંત્રશાસ્ત્ર.

કાત્યાયની પુત્ર પું. કાર્તિક સ્વામી.

કાત્યાયનીય ૧. [સં.] પું. કાત્યાયન ઋષિનો પુત્ર.
૨. વિ. કાત્યાયન ઋષિએ બનાવેલું.

કાત્યાયનીવ્રત ન. ઇચ્છેલો પતિ મેળવવા માટે કન્યાઓથી કરાતું દેવીનું એક વ્રત.

કાત્યાયનીસુત ૧. [સં.] પું. કાર્તિક સ્વામી.
૨. પું. ગણેશ.

કાત્યાયનીસ્મૃતિ [સં.] સ્ત્રી. કાત્યાયને બનાવેલી એ નામની સ્મૃતિ.

કાત્યાળ પું. એ નામના એક જાતના લોક.

કાત્રી સ્ત્રી. કુસ્તીનો એક દાવ.

કાત્લો ૧. પું. અણીવાળો પાણો અથવા ઈંટ.

૨. પું. કાપલી; નાની કટકી.

કાથ ૧. પું. કાથો.

૨. ન. કથન; ઉક્તિ.

૩. ન. જીવતર; માનખો.

૪. ન. તેજ; દૈવત; નૂર.

૫. ન. નાળિયેરનો કાથો; સીંદરી.

૬. ન. પાણી; સત્ત્વ; જોર.

૭. ન. રીતભાત.

૮. ન. સ્વાર્થ.

કાથક [સં.] સ્ત્રી. યજુર્વેદની એક શાખા.

કાથક્ય [સં.] પું. કથક ઋષિનો ગોત્રપુત્ર.

કાથડ (કાથડ઼) ૧. સ્ત્રી. ઢેઢ અને સગરની એ નામની અટક.

૨. ન. ઢેઢ અને સગરની એ નામની અટકનું માણસ.

૩. વિ. ઢેઢ અને સગરની એ નામની અટકનું.

કાથડિયા (કાથડ઼િયા) ૧. સ્ત્રી. કણબીની એ નામની અટક.

૨. ન. કણબીની એ નામની અટકનું માણસ.

૩. વિ. કણબીની એ નામની અટકનું.

કાથરિયા ૧. સ્ત્રી. ખાટકીની એ નામની અટક.

૨. ન. ખાટકીની એ નામની અટકનું માણસ.

૩. વિ. ખાટકીની એક અટકનું.

કાથરોટ સ્ત્રી. કથરોટ; તાસક; થાળો.

કાથરોટ કૂંડાને શું હસે કે તારૂં મોં પહોળું ? = પોતામાં જે દોષ હોય તે જ દોષ માટે બીજાને શી રીતે ટકોર કરાય ?

કાથરોટિયા ૧. સ્ત્રી. કડવા તથા લેઉઆ કણબીની એક અટક.

૨. ન. કડવા અને લેઉઆ કણબીની એ નામની અટકનું માણસ.

૩. વિ. કડવા અને લેઉઆ કણબીની એ નામની અટકનું.

કાથરોટો પું. ગધેડાં, ઘોડાં વગેરે ઉપર વધારે પડતો બોજો નાખવાથી તેની નસો તૂટી જઈ પેટ નીચે સોજો ચડી આવે તેવો એક જાતનો રોગ. ગેરૂનું પાણી કરી ચોપડવાથી તે મટતો મનાય છે.

કાથલિક [અં. કેથોલિક] ૧. વિ. ખ્રિસ્તી ધર્મના એ નામના એક સંપ્રદાયનું.

૨. વિ. સર્વસામાન્ય.

કાથા ૧. પું. હળની ઉપર રાખવામાં આવતું લોઢાનું ગોળ ચકરડું. તે હળને જમીનની અંદર વધારે ઊંડું જતું અટકાવે છે.

૨. સ્ત્રી. કુથલી; પરનિંદા.

કાથાકબલા ૧. પું. કુથલી; નિંદા.

૨. પું. ટંટો; ભાંજગડ; નજીવી તકરાર.

કાથાકબાલાં ૧. ન. બ. વ. ચીથરાં.

૨. ન. બ. વ. ભાંગ્યાંતૂટ્યાં લાકડાં.

૩. જુઓ કાથાકબલા.

કાથાકિનાય પું. વાયવ્ય પ્રાંતમાં આવેલો એક પર્વત.

કાથાકૂટ સ્ત્રી. માથાકૂટ; ભાંજગડ.

કાથાકૂટિયું વિ. માથાકૂટ કરનારૂં.

કાથાકૂથલી સ્ત્રી. નિંદા; બદગોઈ.

કાથાગોળી સ્ત્રી. પાનમાં ખાવા માટે મસાલો નાખીને બનાવેલી કાથાની ગોળી.

કાથાદોરી સ્ત્રી. સીંદરી.

કાથાવટી સ્ત્રી. પાનમાં નાખીને ખવાતી એક જાતની ગોળી. તે બનાવવા જાયફળ, કપૂર, નાગકેસર, લવિંગ, ચંદન અને એલચી દરેક એકેક ભાગ અને કાથો છ ભાગ લઈ બરાબર મેળવી તે ચૂર્ણની કસ્તૂરીમાં ગોળી વાળવી.

કાથિક ૧. [સં.] વિ. કથા કહેનાર.

૨. વિ. કથા લખનાર.

કાથિયાનોળ પું. નેપાળ ભૂતાનમાં થતું એક પ્રાણી. તેની લંબાઈ ૧૦ તસુ તથા પૂછડી ૫ તસુ હોય છે. તે ઉંદરનું કાસળ કાઢવામાં બહુ ઉપયોગી છે.

કાથિયું ૧. ન. કાથાના દોરડાનું વણીને બનાવેલું પાથરવાનું સાધન; પગલૂછણિયું.

૨. ન. કાથીની સાદડી.

૩. ન. કાથીનું દોરડું.

૪. ન. કાથો રાખવાની ડબી.

૫. ન. વાસણ માંજવાનો નાળિયેરનાં છોતલાંનો કૂચો.

૬. વિ. કાથાના રંગનું; રાતા ભગવા રંગનું.

૭. વિ. કાથાનું.

કાથિયો પું. કાથાનું પગલૂછણિયું.

કાથી જુઓ કાથાદોરી.

કાથુડિયા (કાથુડ઼િયા) જુઓ કાથોડી.

કાથેબરિક પું. વલ્લભી વંશના વખતમાં એ નામનો એક હોદ્દેદાર.

કાથેવાલ ૧. સ્ત્રી. વાણિયાની ચોરાશી માંહેની એક જ્ઞાતિ.

૨. ન. વાણિયાની એ નામની જ્ઞાતિનું માણસ.

૩. વિ. વાણિયાની એ નામની જ્ઞાતિનું.

કાથો ૧. પું. એક જાતની વનસ્પતિ.

૨. પું. ખેરસાર. ખેરનાં ઝાડની છાલનો ભૂકો કરી તેને પાણીમાં પકવવાથી અથવા જૂનાં સોપારીનાં ઝાડનાં થડ અને છોલાંઓને ઉકાળવાથી કાથો બને છે. ઝાડો બંધ કરવામાં તે વપરાય છે. મોઢું આવ્યું હોય તથા તેમાં ચાંદાં અને ફોલ્લા થયા હોય ત્યારે તેમ જ ત્વચા ઉપર ચાંદાં પડ્યાં હોય ત્યારે તેની ભૂકી દાબવામાં આવે છે. તેનું પાણી ગૂમડાં તથા જખમ ધોવામાં વપરાય છે. મચ્છીમારની જાળ રંગવામાં પણ તે વપરાય છે. નાંદોદી કાથાના પાણીમાં કાજળ નાખી ઘૂંટવાથી કાગળ ઉપર લખવાની સાહી બને છે. કાથો સ્તંભન, શીતળ, અતિસાર અને રક્તાતિસારમાં ઉપયોગી મનાય છે. કાથો મધમાં કાલવીને મોઢાંનાં ધારાં ઉપર ચોપડાય છે. કાથાની બે જાતઃ કેવડિયો અને ધૂળિયો. કેવડિયો કાથો જરા ગુલાબી ઉપર હોય છે અને પાનમાં ખાવા માટે વપરાય છે. કાથો, એલચી, ચણકબાબ અને દાડમનો રસ સમભાગે લઈ તેની ગોળીઓ વાળી ખાવાથી ઉધરસ થઈ હોય તે મટવાનું મનાય છે.

૩. પું. ગુંદરની એક જાત.

૪. પું. જોર; સત્તા;

૫. પું. સીંદરી.

કાથોડિયો ૧. પું. કાથો બનાવનાર રાનીપરજ. તેઓ વાંદરાં, સાપ વગેરેનું માંસ ખાય છે.

૨. વિ. કાળીપરજમાંની સૌથી હલકી જાતિનું.

કાથોડી (કાથોડ઼ી) ૧. સ્ત્રી. દક્ષિણ હિંદની એ નામની એક જંગલી કોમ.

૨. ન. એ નામની એક જંગલી કોમનું માણસ.

૩. વિ. એ નામની કોમનું.

કાથ્રોટિયો પું. એક જાતનો છોડ. તેનાં ફળ નીચે કથરોટ કે રકાબી જેવી ટોપી હોય છે, તેથી તેને આ નામ આપેલ છે.

કાદ પું. કાદવ; કીચડ.

કાદબ સ્ત્રી. આસમાની ઝાંયવાળી ધાતુ.

કાદમ ન. એક માણસ ત્રણ કલાકમાં ચાલી શકે એટલું પણ આઠ માઈલથી ઓછું નહિ એવું અંતર.

કાદમાઈ ૧. ન. કર; વેરો.

૨. ન. કરજ; દેવું.

કાદર ૧. પું. પરમેશ્વર; પ્રભુ.

૨. સ્ત્રી. બ્રાહ્મણની એ નામની એક અટક.

૩. ન. બ્રાહ્મણની એ નામની અટકનું માણસ.

૪. વિ. અધીરૂં; વ્યાકુળ.

૫. વિ. ડરપોક; બીકણ; ભીરૂ.

૬. વિ. બળવાન; શક્તિમાન.

૭. વિ. બ્રાહ્મણની એ નામની અટકનું.
૮. અ. કાયદેસર.

કાદર સુત્લક પું. સર્વશક્તિમાન પ્રભુ.

કાદરાઈ ૧. સ્ત્રી. બીકણપણું.
૨. સ્ત્રી. યરપ અને હિંદુસ્તાનમાં બનતું એક જાતનું ગરમ કે સુતરાઉ કાપડ.

કાદરિયા ૧. સ્ત્રી. મેમણની એ નામની અટક.
૨. ન. મેમણની એક અટકનું માણસ.
૩. વિ. મેમણની એ નામની અટકનું.

કાદરી ૧. સ્ત્રી. બીકણપણું.
૨. સ્ત્રી. સૈયદ અને સિંધીની એ નામની અટક.
૩. ન. સૈયદ અને સિંધીની એ અટકનું માણસ.
૪. વિ. સેયદ અને સિંધીની એ અટકનું.

કાદર્પી સ્ત્રી. અશુભ ભાવના.

કાદવ ૧. પું. કાંપ; પંક.
૨. પું. કીચડ; ગારો.
૧. કાદવ ખૂંદવો = વગર લાભનો વેપાર કરવો.
૨. કાદવ ફેંકવો = (૧) અપજશનું કામ કરવું. (૨) નિંદા કરવી.
૩. કાદવમાં પથ્થર નાખીએ તો છાંટે ભરાઈએ = નીચને છેડીને ક્યાં જવું ?
૪. કોદી ધોઈને કાદવ કાઢવો = (૧) જાણી જોઈને નુકસાનમાં ઊતરવું. (૨) જૂની વાત ઉખેળવી.
૩. પું. સડો.

કાદવકચરો પું. કીચડ; ગારો.

કાદવકીચડ (કાદવકીચડ઼) પું. કચરો; ગારો; પંક.

કાદવતળ ન. કોયલાની ખાણમાં કોલસાની નીચેનો થર.

કાદવા સ્ત્રી. મીઠા પાણીમાં જીવનારી એક જાતની માછલી.

કાદવાણી ૧. સ્ત્રી. મેમણની એ નામની અટક.
૨. ન. મેમણની એ નામની અટકનું માણસ.
૩. વિ. મેમણની એક અટકનું.

કાદવિયું ૧. વિ. કાદવમાં રહેનાર.
૨. વિ. કાદવવાળું.
૩. વિ. મોસમ વિનાનું; કમોસમી.

કાદસી સ્ત્રી. ચાંદ્રમાસનો અગિયારમો દિવસ; એકાદશી.

કાદળી મારવી અ. ક્રિ. અકળાવું; મૂંઝાવું.

કાદંબ ૧. [સં.] પું. કદંબનો દારૂ.
૨. પું. કલહંસ; બાળહંસ.
૩. પું. કાણો માણસ.
૪. પું. ગાંધર્વ નામના વ્યંતરના બાર માંહેનો એક ભેદ. બાર પ્રકારઃ હાહા, હૂહૂ, તુંબુરવ, નારદ, ઋષિવાદિક, ભૂતવાદિક, કાદંબ, મહાકાદંબ, રૈવત, વૈશ્વાનસુ, ગીતરતિ અને ગીતયશસ્.
૫. પું. તીર; બાણ; શર.
૬. પું. દક્ષિણનો એક પ્રાચીન રાજવંશ.
૭. પું. બગલો.
૮. પું. રસ.
૯. પું. શેરડી.
૧૦. ન. કદંબનું ઝાડ કે ફૂલ.
૧૧. વિ. કદંબ સંબંધી.
૧૨. વિ. સમૂહમાં હોનાર કે થનાર.

કાદંબક પું. કલહંસ.

કાદંબર ૧. પું. કદંબના ફૂલનો દારૂ.
૨. પું. દહીંનો મઠો.
૩. પું. હાથીનો મદ.
૪. સ્ત્રી. દહીંની તર.
૫. ન. ગોળ.
૬. ન. શેરડીનો દારૂ.

કાદંબરી ૧. સ્ત્રી. એ નામના ગ્રંથની એક નાયિકા.
૨. સ્ત્રી. કોયલ.
૩. સ્ત્રી. ગાથા; વાર્તા; નવલકથા.
૪. સ્ત્રી. (પુરાણ) ચિત્રરથ અને મદિરાની દીકરીનું નામ.
૫. સ્ત્રી. મદિરા; વારુણી; મદ્ય; દારૂ.
૬. સ્ત્રી. મલિન વસ્ત્રવાળી સ્ત્રી.
૭. સ્ત્રી. મહાકવિ બાણ ભટ્ટનું લખેલું એ નામનું એક કાવ્ય. કાવ્ય અને ભાષાની દૃષ્ટિથી તે સર્વોત્કૃષ્ટ ગ્રંથ મનાય છે. તેમાં લાલિત્ય વધારે છે. ભાષા ક્લિષ્ટ નથી. આ કાવ્ય પૂરું કરતાં પહેલાં જ બાણનો દેહાંત થયો. તેથી તેનો ઉત્તરાર્ધ તેના દીકરા પુનિલ ઉર્ફે પુલિંદ ભટ્ટે લખીને પૂરો કર્યો. બાણે અને તેના પુત્રે સંસ્કૃત ગદ્ય લખવામાં જે ભાષાનું સૌષ્ઠવ પ્રદર્શિત કર્યું છે તે બીજા કોઈ ગ્રંથમાં નથી મળી આવતું.
૮. સ્ત્રી. મેના.
૯. સ્ત્રી. શારદા; સરસ્વતી.
૧૦. સ્ત્રી. હાથીનો મદ.

કાદંબરીકાર [સં.] પું. કાદંબરીનો કર્તા બાણ ભટ્ટ.

કાદંબરી બીજ [સં.] ન. દારૂ બનાવવાનું સાધન.

કાદંબર્ય ન. કદંબનું ઝાડ.

કાદંબા સ્ત્રી. મંદેરી નામનો વેલો.

કાદંબિની ૧. સ્ત્રી. ઘનઘટા; મેઘમાળા.
૨. (સંગીત) સ્ત્રી. મેઘરાગની એક રાગણી.

કાદા પું. કીચડ; પાણીના પૂર સાથે તણાઈ આવતો કાદવ અને વનસ્પતિનો કચરો; કાંપ.

કાદાચિત્ક ૧. વિ. અસ્થાયી સંબંધવાળું.
૨. વિ. કદાચ હોય અને કદાચ ન હોય એવું.

કાદાચિત્કત્વ [સં.] ન. કોઈ વસ્તુ હોવા છતાં થોડોક વખત તેના હોવાપણના અભાવનું પ્રતિયોગીપણું.

કાદારિયા વેલ ૧. સ્ત્રી. કમરવેલ.
૨. સ્ત્રી. ૭ ઇંચથી એક ફૂટ ઊંચો જમીન ઉપર પથરાતો એક જાતનો છોડ. તેનાં પાન લાંબાં અને સાંકડાં ભાલાકૃતિ હોય છે. તેમાં પીળા રગનાં પતંગિયાના આકારનાં ફૂલ અને અરધો ઇંચ લાંબી અને પા ઇંચ પહોળી બે બીજવાળી શિંગ થાય છે.

કાદિનિમ સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

કાદિમત પું. પંચદશાક્ષરી મંત્રમાં કવર્ણ આરંભમાં આવે તે મત.

કાદિમય જુઓ કાદંબ.

કાદિયાની ૧. પું. પંજાબમાં આવેલા કાદિયાન ગામનો રહેવાશી.
૨. પું. મુસલમાન ધર્મનો એક વિભાગ. પંજાબના કાદિયાન ગામમાં મીરઝા અહમદ નામનો માણસ થઈ ગયો. તેણે 'દુર્રે સીમીન', 'હકીકતુલવહી' વગેરે નામની કિતાબો લખી છે. તેમાં તેણે પોતે પયઘંબર હોવાનો દાવો કર્યો છે. આથી હિંદુસ્તાન, અરબસ્તાન વગેરે દેશોમાં સુન્ની મુસલમાનોએ તેને તેમ જ તેના અનુયાયીઓને કાફિર ઠરાવ્યા છે. મીરઝા અહમદ પોતે કાદિયાનનો રહેવાશી હોવાથી આ પંથના અનુયાયીઓ કાદિયાની કહેવાયા.
૩. સ્ત્રી. મેમણની એ નામની અટક.
૪. ન. મેમણની એ અટકનું માણસ.
૫. વિ. મેમણની એક અટકનું.

કાદિયું વિ. ચાડિયું; નિંદાખોર.

કાદિર ૧. વિ. બળવાન; શક્તિમાન.
૨. અ. કાયદેસર.
૩. જુઓ કાદર.

કાદિરબક્ષ પું. સૈયદ ઇબ્રાહીમનો એ નામનો વિષ્ણુભક્ત શિષ્ય. તે કવિ હતો. તેણે પોતાની કવિતામાં પ્રેમભાવ પ્રગટ કર્યો છે.

કાદિરી સ્ત્રી. એ નામની એક મુસલમાની શાખા.

કાદિરે કુદરત પું. સર્વશક્તિમાન ખુદા.

કાદી ૧. સ્ત્રી. એક જાતનો ફટાકડો.
૨. સ્ત્રી. પાણખાણ.

૩. વિ.સ્ત્રી. પથ્થરને લીધે ખેડી ન શકાય એવી.

કાદીમ પું. પ્રાચીન કાળ; અસલનો વખત.

કાદુ ૧. પું. ધૂળ; માટી.
૨. વિ. અનાડી; તોફાની.

કાદુ ખજૂર ન. લીમડાની જાતનું એક ઝાડ; રોહિતુક; હરિંખાણું; ભેરિયા; મુદુદક; મારૂમ.

કાદું ૧. ન. ખાડાવાળી જગ્યા; ખાડો.
૨. ન. પાણા કાઢવામાં આવે તે જગ્યા; પાણખાણુ.
૩. વિ. પથ્થરને લીધે ખેડી ન શકાય એવું.

કાદેવખત અ. કદાચ; વખતે; ભાગ્યે જ.

કાદો ૧. પું. કાદવ; કીચડ.
૨. પું. પથ્થરની એક જાત.
૩. પું. પથ્થરની વધારે પડતી પેદાશ.
૪. પું. પાણખાણુ; પાણા ખોદી કાઢવામાં આવે તે જગ્યા.

કાદોકદમી અ. અનાદિ કાળનું; પરંપરાનું.

કાદ્રવેય પું. એક જાતનો નાગ; કદ્રુનો પુત્ર.

કાદ્રુ પિંગાક્ષી [સં.] પું. એ નામનો એક બ્રહ્મર્ષિ.

કાધે પું. હિંદી વહાણવટા સંબંધી એ નામનો એક ગ્રંથ.

કાન ૧. [સં. કર્ણ] પું. અણી; ટોચ.
૨. પું. એક આંખે કાણો માણસ.
૩. પું. કાટખૂણાની સામેની બાજુ.
૪. પું. કાણું; છિદ્ર; નાકું.

૧. કાન ખાઈ-પી જવો = બંદૂક કે ગડદિયાનો અવાજ ન થવો; ફૂટે નહિ એવું થવું.

૨. કાન પાવો = બંદૂક કે ગડદિયાના કાન ઉપર દારૂ ભરવો.

૫. પું. કૃષ્ણ.
૬. પું. ગુરુ અક્ષરનો ગણ.
૭. પું. ધણી; પતિ.
૮. પું. ધ્યાન; લક્ષ.
૯. પું. બાજુ.
૧૦. પું. મકાનમાં વપરાતો ધોડાનો છેડો.
૧૧. પું. માથામાં પહેરવાનું એક ઘરેણું.
૧૨. પું. વહાણનો પાછલો ભાગ.
૧૩. પું. વળાક; વાંક.
૧૪. પું. વાંસણુનો હાથો.
૧૫. પું. શ્રવણેંદ્રિય; શ્રોત્ર.

૧. આંખ આડે કાન કરવો = (૧) જાણી જોઈને જતું રહેવું. (૨) ધ્યાનમાં ન લેવું.

૨. કાન આમળવા = (૧) કાન ખેંચવા. (૨) ઠપકો આપવો.

૩. કાન આવવા = (૧) સમજવું. (૨) સાંભળવાની શક્તિ આવવી.

૪. કાન આવવું = સાંભળવામાં આવવું.

૫. કાન ઉઘાડવા = (૧) ખરી વાત સમજાવવી. (૨) ચેતાવવું. (૩) ઠપકો આપવો.

૬. કાન ઉમેળવા = (૧) કાન ખેંચવા; કાન તાણવા. (૨) ઠપકો અથવા શિખામણ આપવી.

૭. કાન ઊઘડવા = અક્કલ આવવી; જાગૃત થવું; જાણવું; સમજવું.

૮. કાન ઊંચા કરવા = (૧) ઊંઘ ઉડાડવી. (૨) ધ્યાનપૂર્વક સાંભળવું. (૩) સાવધ થવું.

૯. કાન ઊંચા કરવા = સાંભળવા માટે આતુરતા બતાવવી.

૧૦. કાન ઊંચા થવા = સતેજ બનવું.

૧૧. કાન કરડવા = (૧) ઘુસપુસ કરવું; છાનીછાની એકબીજાના કાન પાસે રાખી વાત કરવી. (૨) ચાડી ખાવી. (૩) સંતલસ કરવી.

૧૨. કાન કરવા = કાન પટપટાવવા.

૧૩. કાન કાપવા = (૧) જીતી જવું; ચડિયાતા થવું. (૨) ટક્કર મારવી; હરાવવું. (૩) ઠગવું; નુકસાન કરી છેતરી જવું.

૧૪. કાન ખડા કરવા = (૧) સચેત કરવું. (૨) સચેત હોવું.

૧૫. કાન ખડા થવા = ભયભીત થવું.

૧૬. કાન ખડે થવા = સાવચેત થવું.

૧૭. કાન ખાવા = (૧) કાનમાં અવાજ કરવો. (૨) ખીજવવું; ચીડવવું.

૧૮. કાન ખાવો = બહુ વાતો કરવી; વાતો કરી કંટાળો ઉપજાવવો.

૧૯. કાન ખેંચવા = કાન તાણવા.

૨૦. કાન ખોતરવા = (૧) કાનમાંથી મેલ કાઢવો. (૨) ખુશામત કરવી.

૨૧. કાન ખોલવા = ચેતવણી આપવી; ભાન કરાવવું.

૨૨. કાન ગુંગ થવો = થોડા બહેરા બનવું.

૨૩. કાન ઘણા હોવા = (૧) જુદા જુદા માણસોની હકીકત સાંભળી વિચાર ઉપર ચઢી જવું. (૨) બહુ ભોળા થવું.

૨૪. કાન ઘરેણે મૂકવા = જાણી જોઈને બહેરા થવું; બેદરકારીથી ન સાંભળવું.

૨૫. કાન ચીમટવા – ચીમળવા – મચડવા – મરડવા = (૧) ચેતાવવું; બોધ આપવો. (૨) ઠપકો દેવો. (૩) શિક્ષા કરવી. (૪) સુધારવું.

૨૬. કાન ચોળીને ભાગી જવું = અપશબ્દો સાંભળવા ઊભું ન રહેવું.

૨૭. કાન જગાવવા = ખરું જ્ઞાન અપાવવું; ભાન કરાવવું.

૨૮. કાન ઝાલવા = ભૂલ કબૂલ કરવી.

૨૯. કાન ઝુકાવવા = સાંભળવાને ઇચ્છવું.

૩૦. કાન ઢાળ થઈ પડવું = લક્ષ્ય ન આપવું; ધ્યાન ન બતાવવું.

૩૧. કાન તલેકી હવા છોડવી = (૧) કડવી બાબત કહેવી. (૨) છૂપી વાત બહાર પાડવી.

૩૨. કાન તળે-નીચે કાઢી નાખવું = ધ્યાનમાં ન લેવું; ન ગણકારવું; સાંભળ્યું ન સાંભળ્યું કરવું.

૩૩. કાન દઈને-ધરીને સૂણવું = ધ્યાનપૂર્વક સાંભળવું.

૩૪. કાન દબાવવા = (૧) નવાઈ પામવું. (૨) સાંભળવું નહિ.

૩૫. કાન દબાવીને ચાલ્યા જવું = છાનુંમાનું નાસી જવું.

૩૬. કાન દેવા-ધરવા-માંડવા = ધ્યાનથી સાંભળવું; વાત કરનાર જાણે નહિ તેમ સાંભળી લેવું.

૩૭. કાન ન હલાવવો = (૧) અધીન હોવું. (૨) મૂંગું રહેવું; ચૂપ રહેવું.

૩૮. કાન પકડવા-વો = (૧) કબૂલ કરવું. (૨) કાન ઝાલીને શિક્ષા કરવી. (૩) કાન હાથમાં લેવો. (૪) કોઈનું ઉપરીપણું સ્વીકારવું. (૫) તોબા પોકારવા.

૩૯. કાન પકડાવવો = (૧) કબૂલ કરાવવું. (૨) પસ્તાવો કરાવવો. (૩) ભૂલ દેખાડવી.

૪૦. કાન પકડી કાઢી મૂકવું = અપમાન કરી હાંકી કાઢવું.

૪૧. કાન પકડી જવું = અજાયબ થવું; આશ્ચર્ય પામવું.

૪૨. કાન પકડીને ઉઠાડવું બેસાડવું = (૧) કાન ઉપર હાથ રખાવી ઉઠાડવા બેસાડવાની શિક્ષા કરવી. (૨) પૂરેપૂરા કાબૂ નીચે રાખવું.

૪૩. કાન પડ્યો અવાજ ન સંભળાવો = આસપાસના ઘણા અવાજથી સાંભળી ન શકાવું.

૪૪. કાન પર જૂ ન ચાલવી = (૧) અસર ન થવી. (૨) ધ્યાન ન આપવું.

૪૫. કાન પર રાખવું = (૧) છોડી દેવું. (૨) દૂર રહેવું. (૩) યાદ રાખવું.

૪૬. કાન પર હાથ ધરવો-રાખવો = ઇનકાર કરવો; અજાણપણું જાહેર કરવું.

૪૭. કાન પર હાથ મૂકવા = અજાણપણું બતાવવું; અસ્વીકાર કરવો.

૪૮. કાન ફડફડાવવા = (૧) ઊંઘ ઊડવી; જાગ્રત થવું. (૨) કૂતરાએ કાન હલાવી ફટફટ અવાજ કરવો.

૪૯. કાન ફૂટવા-ફૂટી જવા = (૧) બહેરા થઈ જવું. (૨) બહેરા હોવું.

૫૦. કાન ફૂંકવા = (૧) ઉપદેશ કરવો. (૨) દીક્ષા દેવી. (૩) ભંભેરવું; ઉશ્કેરવું.

૫૧. કાન ફોડવા = (૧) બહુ તાણીને બોલવું. (૨) બહેરૂં અથવા બહેરા જેવું કરવું.

૫૨. કાન બહેર મારી જવો = રોગથી કે મોટા અવાજથી બહેરાપણું આવવું.

૫૩. કાન બહેરા કરવા = દુર્લક્ષ આપવું; ધ્યાન ન આપવું.

૫૪. કાન ભરવા–ભંભેરવા = (૧) ઉશ્કેરવું; સાચુંખોટું સમજાવવું. (૨) ચાડી ખાવી. (૩) ભંભેરવું; ભમાવવું.

૫૫. કાન મૂકવો = ચોરીછૂપીથી સાંભળવું.

૫૬. કાન લગાડવા = ધ્યાન દેવું.

૫૭. કાન લાગવો = કોઈના વિશ્વાસમાં આવવું.

૫૮. કાન વહેવો = કાનમાંથી પરૂ નીકળવું.

૫૯. કાન વિનાનું = બહેરૂં.

૬૦. કાન વીંધવા = (૧) દાગીના પહેરવા માટે કાનમાં કાણાં પાડવાં. (૨) વશ કરવું; પહોંચી વળવું.

૬૧. કાન વીંધી નાખવા = (૧) કાનમાં જબરી અસર કરવી. (૨) ચાલાકીથી છેતરી જવું.

૬૨. કાન સૂના થવા = કાન બહેર મારી જવા.

૬૩. કાન સોંસરવું નીકળવું = હૃદયમાં ઘણી અસર કરવી.

૬૪. કાન હોવા = સમજવું; અનુભવ મળવો.

૬૫. કાનના કીડા ખરવા = રોમાંચ ઊભાં થવાં; કમકમાટી ઉત્પન્ન થવી.

૬૬. કાનની બૂટ પકડવી = (૧) બોધ લેવો. (૨) ભૂલ કબૂલ કરવી.

૬૭. કાનનું કાચું = (૧) કોઈના કહેવા ઉપર વિચાર કર્યા વગર વિશ્વાસ કરનારૂં. (૨) થોડું બહેરૂં.

૬૮. કાનપટ્ટી પકડાવવી = (૧) ભૂલ દેખાડી કબૂલ કરાવવી. (૨) શિક્ષા કરવી.

૬૯. કાનમાં આંગળી ઘાલવી–નાખવી = ન સાંભળવું.

૭૦. કાનમાં આંગળી દઈ રાખવી = જાણી જોઈને ન સાંભળવું.

૭૧. કાનમાં ઊકળતું તેલ રેડવું = કમકમાટી ઉપજાવવી; કંપાવવું; ધ્રુજાવવું.

૭૨. કાનમાં કહેવું = (૧) છાની વાત કરવી; બીજો કોઈ ન સાંભળે તેમ વાત કરવી. (૨) તરત અસર કરવી.

૭૩. કાનમાં કીડા ખદબદવા = રોમાંચ ખડાં થવાં; કમકમાટી ઊપજવી.

૭૪. કાનમાં ઢેંટિયા થવું = (૧) કાનમાં મેલ હોવો. (૨) બહેરૂં હોવું.

૭૫. કાનમાં તેલ નાખવું = ન સાંભળવાનો ઢોંગ કરવો.

૭૬. કાનમાં તેલ નાખીને સૂઈ રહેવું = બેદરકાર હોવું.

૭૭. કાનમાં નાખવું = કાનમાં ધીમેથી કહેવું.

૭૮. કાનમાં પડવું = જાણવામાં આવવું; સંભળાવું.

૭૯. કાનમાં પૂમડાં ઘાલવાં = સાંભળવામાં બેદરકાર રહેવું.

૮૦. કાનમાં ફૂંક મારવી = (૧) ઉશ્કેરવું; ભંભેરવું. (૨) ચેતવી દેવું.

૮૧. કાનમાં મંત્ર મૂકવો = (૧) ઉપદેશ કરવો; બોધ આપવો. (૨) ભોળવવું.

૮૨. કાનમાં વિષ રેડવું = ભંભેરવું.

૮૩. કાનમાંથી કીડા ખરવા = સહન ન થવું.

૮૪. કાને ધરવું = લક્ષ દેવું.

૮૫. કાને નાખવું = સંભળાવવું; ખબર આપવી.

૮૬. કાને હાથ મૂકવા = અજાણપણું જાહેર કરવું.

૮૭. કાનેથી કાઢી નાખવું = સાંભળ્યું ન સાંભળ્યું કરવું; અજાણ્યા થવું.

૮૮. કાનોકાન ન જાવું = અજ્ઞાત હોવું.

૮૯. કાનોમાં બોલ મારવો = ન સાંભળવાનો ઢોંગ કરવો.

૯૦. કાનોમાં રસ પડવો = સંગીતનો મધુર અવાજ સાંભળી આનંદ કરવો.

૯૧. બે કાન વચ્ચે માથું કરવું = ઘણી મોટી શિક્ષા કરવાની ધમકી આપવી.

૧૬. પું. સીવવાનો સંચો ઢીલો પોચો કરવાનું સાધન.

૧૭. પું. સુકાન.

૧૮. સ્ત્રી. ખાણ.

૧૯. સ્ત્રી. મૂળ.

૨૦. સ્ત્રી. શરમ.

૧. કાન કરવી = શરમાવું.

૨. કાન છોડવી = ઉદ્ધતાઈથી વર્તવું.

૩. કાન ન માનવી = અપમાનપૂર્વક વર્તવું.

૨૧. સ્ત્રી. સાર અસાર સમજવાની શક્તિ.

કાન ઉઘાડણી (કાન ઉઘાડ઼ણી) ૧. સ્ત્રી. કોઈ પણ બાબત વિરુદ્ધ સખત કારણ દર્શાવવાં તે.

૨. સ્ત્રી. ખરી વસ્તુસ્થિતિનું જ્ઞાન કરાવવાપણું.

૩. સ્ત્રી. ઠપકો.

કાનક ૧. [સં.] ન. નેપાળાનું બી.

૨. વિ. સોનાનું.

કાનકચૂર્ણ ન. (વૈદ્યક) મોઢાના રોગ મટાડવા માટેની એક દવા. તે બનાવવા રસોડાની દીવાલ ઉપર ચોંટેલો ધુમાડો, જવખાર, કાળીપાટ, ત્રિકટુ, રસવંતી, તેજબળ, ત્રિફળા, લોહભસ્મ અને ચિત્રક બધાં સરખે ભાગે લઈ વસ્ત્રગાળ ચૂર્ણ કરવું. તે મધમાં મેળવી મોઢામાં રાખવાથી મોઢાના રોગ મટતા મનાય છે.

કાનકટું વિ. કપાયેલા કાનવાળું.

કાનકડ (કાનકડ઼) ૧. સ્ત્રી. કણબીની એ નામની અટક.

૨. ન. કણબીની એ નામની અટકનું માણસ.

૩. વિ. કણબીની એ નામની અટકનું.

કાનકડિયા (કાનકડ઼િયા) ૧. સ્ત્રી. લેઉઆ કણબીની એક અટક.

૨. ન. લેઉઆ કણબીની એ નામની અટકનું માણસ.

૩. વિ. લેઉઆ કણબીની એ નામની અટકનું.

કાનકડિયું (કાનકડ઼િયું) ૧. ન. એ નામની એક રમત; મૂંગો દાવ. તેમાં રમવાની હદ મુકરર કરવામાં આવ્યા પછી દાવ દેનાર પોતાના બે કાનની બૂટ બે હાથે પકડી મૂંગાંમૂંગાં બીજાં રમનારાંને પકડવા દોડે. જો તે બૂટ મૂકી દે અથવા બોલે તો તેને બધાં માર મારી રમવાની હદ બહાર કાઢે. તે પછી અગાઉની માફક તે ફરી પકડવા આવે. જેને તે પકડે તે દાવ આપે અને પોતે રમનારાંઓમાં ભળે. દાવ દેનાર કોઈને અડતી વખતે બૂટ મૂકી દે અથવા બોલે તો તેને માથેથી દાવ ઊતરે નહિ.

૨. ન. ચામાચીડિયું; છાપું; રાત્રે ઊડતું અને દેખતું વાગોળની જાતનું એક પ્રાણી.

૩. વિ. કાને બટકું ભરી કાન કરડી ખાનારૂં.

કાનકન ૧. પું. ખાણિયો; ખાણમાંથી પથ્થર ખોદનાર માણસ.

૨. વિ. ખાણ ખોદનાર.

કાનકની સ્ત્રી. ખાણ ખોદવાપણું.

કાનકનૈયો ૧. પું. કૃષ્ણ.

૨. પું. છેલ અને ઇશ્કી માણસ.

કાનકરડ (કાનકરડ઼) જુઓ કાનકડિયા.

કાનકરડામણી (કાનકરડ઼ામણી) સ્ત્રી. કોઈ ન સાંભળે તેમ કાનમાં કહેવું તે.

કાનકરડિયું (કાનકરડ઼િયું) જુઓ કાનકડિયું.

કાનકીડો (કાનકીડ઼ો) પું. ફૂલની પાંખડી તથા ફળ ખાઈ જઈ બગીચામાં નુકસાન કરનાર એક જીવડો.

કાનકુબ્જ ૧. પું. કનોજ દેશનો રહેવાસી.

૨. સ્ત્રી. કનોજિયા બ્રાહ્મણની જાત.

૩. ન. કનોજ નામનું શહેર.

કાનકુંવર ૧. પું. કૃષ્ણ.
૨. સ્ત્રી. વાંઝણી એટલે કોઈ વાર નહિ વિયાયેલી ગાય કે ભેંસ.
૩. સ્ત્રી. વિયાવા છતાં દૂધ ન આપનાર ગાય કે ભેંસ.

કાનકૂટી સ્ત્રી. એ નામની એક વનસ્પતિ.

કાનકોચિયું ૧. ન. કાનમાં વેહ પાડવાનું ઓજાર.
૨. ન. કાને બાંધવાનું કપડું.

કાનકોચિયો પું. કાન વીંધવાનો ધંધો કરનાર માણસ.

કાનકોતરણી જુઓ કાનકોરણી.

કાનકોરણી ૧. સ્ત્રી. કાન કરડવા તે; છાની ઉશ્કેરણી.
૨. સ્ત્રી. કાનમાંથી મેલ કાઢવાનું ઓજાર; કાનખોતરણી.

કાનખજૂરો પું. સાપના આકારનું ઘણા પગવાળું એક ઝેરી જીવડું; શતપદ. ખાસ કરીને ગરમ આબોહવાવાળા પ્રદેશમાં તે નજરે પડે છે. અમેરિકામાં થતો રાક્ષસી કાનખજૂરો એક ફૂટ ઉપરાંત લાંબો અને સવા ઇંચ પહોળો તથા બહુ ઝેરી હોય છે.
૧. કાનખજૂરાનો એક પગ ભાંગ્યો તો શું ને આખો તો યે શું ? = મહાસાગરમાં એક ટીપું; નજીવું.
૨. કાનખજૂરાનો પગ ભાંગવો = નજીવું નુકસાન થવું.

કાનખોતરણી જુઓ કાનકોરણી.

કાનગડ (કાનગડ઼) ૧. સ્ત્રી. આહીરની એ નામની અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કાનગોજર જુઓ કાનકીડો.

કાનગોપી ૧. સ્ત્રી. વ્રજની સ્ત્રી; ગોપી.
૨. ન. બ. વ. કૃષ્ણ અને ગોપી.

કાનઘુસણિયાં ન. બ. વ. એકબીજાના કાનમાં વાત કરવી તે; ગુપ્ત વાત કરવી તે.

કાનચિમડિયું (કાનચિમડ઼િયું) જુઓ કાનચિમોરી.

કાનચિમોરી ૧. સ્ત્રી. ચામાચીડિયું; છાપું.
૨. સ્ત્રી. દિવસે ઊંધે માથે લટકી રહેતું એક પક્ષી; વાગોળ.

કાનચીમકી ૧. સ્ત્રી. કાને ચીટિયો લેવો તે.
૨. સ્ત્રી. છેડતી; ઉશ્કેરણી.

કાનચીમટી જુઓ કાનચીમકી.

કાનચીમડી (કાનચીમડ઼ી) જુઓ કાનચીમકી.

કાનચોટી ૧. સ્ત્રી. તકરારી બાબતનો નિર્ણય કરવા રમત બંધ રાખવાનું સૂચવાતો શબ્દ.
૨. સ્ત્રી. થાકી ગયેલા રમનારથી આરામ લેવા માટે કાન પકડીને બોલાતો શબ્દ.
આ શબ્દ બોલી બેસી જાય છે.

કાનછેરિયાં ન. બ. વ. કાન ઉપરના વાળના ગુચ્છા; કાકપક્ષ.
કાનછેરિયાં અમળાવાં-ખરવાં = રોમાંચ ખડાં થવાં; રૂવાં ઊભાં થવાં.

કાનજી પું. કૃષ્ણ; કાન.

કાનજૂ પું. આફ્રિકના વતનીનો એક પોશાક.

કાનટાળી વિ. કાનના પડદા ફાટી જાય એવું.

કાનટુક ન. એક જાતનું વાજિંત્ર.

કાનટોપી સ્ત્રી. માથું, ગાલ અને કાન ઢંકાય એવી ટોપી.

કાનડ (કાનડ઼) ૧. પું. કર્ણાટક પ્રાંત.
૨. પું. કાનુડો; કૃષ્ણ.

કાનડકડું (કાનડ઼કડું) ૧. વિ. નવું અને પૂરેપૂરા વજનનું.
૨. વિ. કીણનો ઊભરો આવતું.
૩. વિ. મજબૂત; જોરાવર.
૪. વિ. મોંઘું.
૫. વિ. સખત.

કાનડા (કાનડ઼ા) ૧. પું. (સંગીત) એ નામનો એક રાગ.
૨. પું. એ નામનો દક્ષિણ હિંદનો એક પ્રાંત; કર્ણાટક.
૩. સ્ત્રી. દક્ષિણ હિંદમાં બોલાતી એક ભાષા; કાનડી.

કાનડિયાં (કાનડ઼િયાં) ન. બ. વ. કાન ઉપર આવી રહેલી વાળની લટ; કાનછેરિયાં.

કાનડી (કાનડ઼ી) ૧. પું. કાનડાનો રહેવાશી.
૨. સ્ત્રી. કાનડા પ્રાંતમાં બોલાતી ભાષા.
૩. વિ. કર્ણાટકનું; કર્ણાટકને લગતું.

કાનડું (કાનડ઼ું) ન. વણકરનું એક ઓજાર.

કાનડો (કાનડ઼ો) પું. (સંગીત) સાંજે ગાવાનો એક રાગ.

કાનઢાળ ન. કહ્યું કાન નીચે કાઢી નાખવું તે; કહ્યા પ્રમાણે ન કરવાપણું.

કાનઢાળિયું ન. ઘોડી ભડકતાં તેના કાન પાછળ લઈ જાય છે તે ક્રિયા.

કાનઢાંકણી સ્ત્રી. કાનટોપી.

કાનદાર વિ. કણુસલાવાળું.

કાનદુ:ખ ન. કાનમાં આવતા ચસકા; કર્ણશૂલ.

કાનન ૧. પું. એક જાતનો પુત્ર; કાનીન.
૨. [સં.] ન. અરણ્ય; વન; જંગલ.

કાનન વિપિન અરણ્ય વન ગહન કક્ષ કાંતાર,
અટવીમાં આંટા દીએ મોહન નંદકુમાર.
પિંગળલઘુકોષ

૩. ન. ઘર.
૪. ન. બાગ; વાડી; બગીચો.
૫. ન. બ્રહ્માનું મુખ.

કાનનએરંડ પું. રતનજોતનો છોડ; જંગલી એરંડો. તેનાં બી ઝેરી છે. તેનાં પાનના ઉકાળાથી સ્તન ધોઈ તેના ઉપર પાનની લૂગદી મૂકવાથી સ્તનમાં દૂધ વધારે પ્રમાણમાં આવે છે. પાંદડાંનો તાજો રસ રક્તસ્રાવ બંધ કરે છે. જંતુનાશક હોવાથી તે ઘા અને ગૂમડામાં એકદમ રૂઝ લાવે છે. તેનું દાતણ પેઢાં મજબૂત કરવાનું મનાય છે.

કાનનકરવીર ન. એ નામનું આશરે પંદર ફૂટ ઊંચું ચંપાની જાતનું એક ઝાડ. તેનાં અક્કડ બટકણાં પાન અણી આગળ ગોળાકાર હોય છે. તે ઉપરના ભાગમાં લીસાં અને નીચે રુવાંટીવાળાં હોય છે. તેને ધોળાં ફૂલ આવે છે.

કાનનપાલક [સં.] પું. જંગલનો રક્ષક.

કાનનવાસી વિ. જંગલમાં રહેનાર.

કાનનાગ્નિ ૧. [સં.] પું. દાવાનળ; દાવાગ્નિ.
૨. પું. શમીવૃક્ષ.

કાનનારિ [સં.] પું. ખીજડીનું ઝાડ.

કાનપટી ૧. સ્ત્રી. કાનનો નીચલો ભાગ; કાનની કોર; બૂટ. તેમાં હાડકું હોતું નથી.
૧. કાનપટી પકડવી = (૧) ચડિયાતા થવું. (૨) છેતરવું. (૩) શિક્ષા કરતી વખતે કાન ઝાલવો.
૨. કાનપટી પકડાવવી = (૧) અંગુઠા પકડાવવા. (૨) ચડિયાતાપણું બીજા પાસે સ્વીકારાવવું. (૩) છેતરપિંડીમાં ચડી જવું. (૪) સમજાવવું.
૨. સ્ત્રી. સિરદુવાલી; લગામ અથવા હાંસડીનો માથાની આસપાસ વીંટળાઈ રહેતો ભાગ.

કાનપટો પું. કાન ઢંકાય તેવી રીતે માથે વીંટાળવાનો ફટકો.

કાનપટ્ટી જુઓ કાનપટી.

કાનપટ્ટો જુઓ કાનપટો.

કાનપરા ૧. સ્ત્રી. કુંભારની એ નામની અટક.
૨. ન. કુંભારની એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કાનપાનું ન. સાર પાડવા માટેનું અણીવાળું હથિયાર.

કાનપી સ્ત્રી. શિકારીની પક્ષી પકડવાની લાંબી લાકડી.

કાનપુર ન. સંયુક્ત પ્રાંતમાં આવેલું હિંદુસ્તાનનું એ નામનું એક મોટું શહેર.

કાનપુરી ૧. સ્ત્રી. વાણિયાની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.
૪. વિ. કાનપુરમાં થતું.

કાનફટો પું. કાનમાં મોટું કુંડળ પહેરનાર સાધુ; ગોરખપંથી વેરાગી. તેનાં કાનમાં મોટાં કાણાં હોવાથી તે કાનફટો કહેવાય છે.

કાનફલ [સં.] ન. કાયફળ.

કાનફાટ ૧. પું. એક જાતનો સાધુ. જુઓ કાનફટો.
૨. વિ. કાન ફાટી જાય એવું.

કાનફાટો જુઓ કાનફટો.

કાનફૂટણ વિ. કાન ફૂટી જાય એવું.

કાનફૂટી સ્ત્રી. એક જાતની ઔષધિ; તનમની. ખરાબ વાસવાળા આ છોડનો આકાર ઝૂમર જેવો હોય છે. તેનાં પાન ઉપરના ભાગમાં પાંચ અને નીચેના ભાગમાં ત્રણ ભેગાં હોય છે. તેને પીળાં ફૂલ અને ત્રણ ચાર ઇંચ લાંબી શિંગ આવે છે. કાનના દુખાવામાં તેના પાનનો રસ જરા ગરમ કરી તેલ સાથે મેળવી ટીપું નાખવાથી આરામ થતો મનાય છે.

કાનફૂટું વિ. બહેરું; ન સાંભળે એવું.

કાનફૂલ ૧. પું. એ નામનો એક છોડ; દૂધલ; પત્રીદવા. તેનાં મૂળ ઔષધિમાં કામ આવે છે.
૨. ન. કાનમાં પહેરવાનું એક જાતનું ઘરેણું; કાંપ.

કાનફૂસિયાં જુઓ કાનફૂસી.

કાનફૂસિયું ૧. ન. કાન ભંભેરનારું માણસ.
૨. ન. ગુપ્ત વાત; કાનમાં કંઈ કહેવું તે.
૩. ન. ચાડી; ભંભેરણી.
૪. ન. નિંદા.
૫. વિ. કાન ભંભેરનારું.
૬. વિ. ચૂગલખોર; નિંદક.

કાનફૂસી ૧. સ્ત્રી. ચાડી; કાનભંભેરણી.
૨. સ્ત્રી. છાની ગુપચુપ વાત.
૩. સ્ત્રી. નિંદા.

કાનફૂંકણી સ્ત્રી. ઉશ્કેરણી; ભંભેરણી.

કાનફોડિયું (કાનફોડ઼િયું) ૧. વિ. કાન ફોડી નાખે તેવું; તીણા સ્વરવાળું; કર્ણવેધી.
૨. વિ. ધ્યાન ખેંચવા ગરબડ કરનારું.

કાનફોડી (કાનફોડ઼ી) સ્ત્રી. એક જાતની ઉકરડો કે તેની પાસે થતી ઔષધિ; અજગંધિકા. તેને પંજા જેવો પાંચ પાનનો લૂમખો હોય છે. તેની શિંગ આઠ આંગળ સુધી લાંબી અને ચપટી થાય છે. ચોમાસામાં તથા ભેજવાળી જમીનમાં બારે માસ તે ઊગે છે. વીંછી કરડ્યો હોય તો તેનો રસ જે બાજુએ ડંખ હોય તે બાજુના કાનમાં રેડવાથી ઝેરની અસર ઊતરી જતી મનાય છે.

કાનબારા ૧. સ્ત્રી. કણબીની એ નામની અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કાનબાલ પું. બાળકના કાન વીંધાવતા પહેલાં પહેલી જ વાર બાળમોવાળા ઉતરાવવાની વિધિ.

કાનબૂચું ૧. વિ. કપાયેલા અથવા ખવાઈ ગયેલા કાનવાળું.
૨. વિ. ટૂંકા કાનવાળું.

કાનબૂટ સ્ત્રી. કાનનો નીચલો ભાગ. તેમાં હાડકું હોતું નથી.

કાનબૂટી જુઓ કાનબૂટ.

કાનબોચિયું જુઓ કાનબૂચું.

કાનભંભેરણી સ્ત્રી. ઉશ્કેરણી; કોઈનું કાંઈ કહી ઊંધી દોરવણી કરવી તે.

કાનભેર સ્ત્રી. એ નામની વનસ્પતિ; નોળવેલ. સર્પ, વીંછી તથા ઉંદરના ઝેર ઉપર તે કામ આવે છે.

કાનમ ૧. પું. કૃષ્ણ; કાન.
૨. પું. વડોદરા અને ભરૂચ વચ્ચેનો પ્રદેશ.
૩. સ્ત્રી. કપાસને અનુકૂળ કાળી જમીન.
૪. ન. એક જાતનો સિક્કો.

કાનમંત્ર પું. ખાનગી સૂચના; ગુરુમંત્ર.

કાનમી ૧. પું. એક જાતનો કપાસ. જુઓ કાનવી.
૨. વિ. ગુજરાતના કાનમ નામના ભાગમાં થતું.

કાનમૂળિયું ૧. ન. કાનના મૂળમાં ગાંઠ થવાનો રોગ.
૨. ન. કાનનું મૂળ.

કાનમેલિયો પું. કાનમાંથી મેલ કાઢવાનો ધંધો કરનાર માણસ.

કાનમોરો પું. ચપટો લાંબો અણીદાર બાજરો.

કાનર પું. (પિંગળ) પાંત્રીશ માત્રાનો એક જાતનો માત્રામેળ છંદ. તેમાં ૮; ૧૦, ૧૨ મી માત્રાએ યતિ આવે છે.

કાનરસ પું. સાંભળવું ગમે તેવું હોવાપણું.

કાનરા સ્ત્રી. (સંગીત) દીપક રાગની સ્ત્રી. તે હેમંત ઋતુમાં ૭ થી ૧૦ વાગ્યા સુધી ગવાય છે. વિહલ અને હિમાલ તેના બે પુત્રો છે.

કાનરાથાટ પું. (સંગીત) બાર માંહેનો એ નામનો એક થાટ.

કાનરિયા ૧. સ્ત્રી. આહીરની એ નામની અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કાનરો જુઓ કાનડો.

કાનરોડિયા (કાનરોડ઼િયા) ૧. સ્ત્રી. દરજીની એ નામની અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કાનવી પું. ભરૂચ અને સુરત જિલ્લામાં વવાતી કપાસની એક ઊંચી જાત. તેનો તાંતણો લાંબો અને સફેદ હોય છે. આ શુદ્ધ દેશી કપાસ છે.

કાનવો પું. કૃષ્ણ; કનૈયો.

કાનશિયાળ ન. કાનખજૂરા કરતાં નાનું એક જંતુ; કાનસાર. તે નીકળે ત્યાં જથ્થાબંધ નીકળે છે. તે છોડ વગેરેને કંઈ ઈજા કરતું નથી.

કાનશિયાં જુઓ કાનછેરિયાં.

કાનશિળ પું. કાનનો પોલો અને બહાર પડતો ભાગ; કાનનું મોં.

કાનશૂલ ન. કાનમાં થતી પીડા; કાનનો ચસકો.

કાનશૂળ જુઓ કાનશૂલ.

કાનશેડી (કાનશેડ઼ી) સ્ત્રી. કાનના રોગમાં ઉપયોગી એક જાતની વનસ્પતિ.

કાનશેરિયાં જુઓ કાનછેરિયાં.

કાનસ ૧. સ્ત્રી. ઘરના મેડાની આગલી પાટડી ઉપર ગોઠવવામાં આવતો બીજો નાનો પાટડો.
૨. સ્ત્રી. તીખા લોઢાનું ઝીણા દાંતાવાળું ધાતુ ઘસવાનું કે કરવતને અણી કાઢવાનું ઓજાર; અતરડી; રેતડી. તે ગમે તે રીતે વાપરી શકાય. તે સીધી અથવા આડી જાય અને ગોળ ફેરવી પણ શકાય.
૩. સ્ત્રી. દીવાલમાં મજબૂતી કે રક્ષણ માટે મૂકેલો પથ્થર; કાંગરી.

કાનસ મારવી = કાનસથી બેલું ઘસવું.

કાનસમાછલું ન. ઉષ્ણ કટિબંધમાં થતું, શરીરે ખૂબ ભીંગડાંવાળું અને કાનસ જેવા દાંતવાળું એક જાતનું માછલું. તેનું નાક આંખ આગળથી લાંબું થયેલું હોય છે.

કાનસલાઈ જુઓ કાનશિયાળ.

કાનસલી સ્ત્રી. મલખમની એક જાતની કસરત.

કાનસવું સ. ક્રિ. કાનસ ઘસી હળવું, ઓછું કે ટૂંકું કરવું.

કાનસાર જુઓ કાનશિયાળ.

કાનસિયાં જુઓ કાનછેરિયાં.

કાનસીલ પું. કાનનો પોલો અને બહાર પડતો ભાગ; કાનનું મોં.

કાનસીળ જુઓ કાનસીલ.

કાનસૂરી ૧. સ્ત્રી. કાનનો વળોટ; કાન રાખવાની સ્વાભાવિક રીત.

૨. સ્ત્રી. ઘોડાના બંને ઊભા કાન વચ્ચેનું અંતર.

૩. સ્ત્રી. ઘોડાનો કાન.

કાનસૂરો પું. ધ્યાન; લક્ષ; દાદ.

કાનસૂરો દેવો = છાની રીતે સાંભળવું.

કાનસોરી જુઓ કાનસૂરી.

કાનહ ૧. પું. કૃષ્ણ.

૨. પું. ખૂબસૂરત છોકરો.

૩. પું. રખડતો ભટકાઉ માણસ.

કાનહા ૧. સ્ત્રી. પ્રહ્લાદની માનું નામ.

૨. જુઓ કાનહ.

કાનહોરિયું (કાનહોરિયું) વિ. કોઈ કહે તે સાચું માનનાર.

કાનંગ ન. એક જાતનું ઝાડ. સીધા ઊગતા આ ઝાડનું ગરમ પવનથી રક્ષણ કરવાની ખાસ જરૂર મનાય છે.

કાના ૧. પું. કાન.

૨. પું. કાંઠો.

૩. પું. જલસ ઘાસનું ફૂલવાળું થડિયું.

૪. પું. પડદા બનાવવામાં વપરાતું એક જાતનું ઘાસ.

૫. પું. ફળનો સડેલો ગર્ભ.

૬. સ્ત્રી. વાસણની કોર.

૭. સ્ત્રી. હુગલી જિલ્લામાં આવેલી એક નદી. તેને રત્નાકર પણ કહેતા. તેને કાંઠે ઘંટેશ્વર મહાદેવનું મંદિર છે.

૮. વિ. અંદરનો ગર્ભ સડી ગયો હોય એવું.

૯. વિ. કાણું.

કાની કનાઈ = એક કાંકાવાળી કોડી.

૧૦. વિ. ગર્ભ અથવા માવા વિનાનું.

૧૧. વિ. મૂર્ખ.

કાનાકાની ૧. [હિં.] સ્ત્રી. કાનમાં ધીમેથી બોલવું તે.

૨. સ્ત્રી. ધ્યાન ન આપવાપણું.

૩. સ્ત્રી. શરમાળપણું.

કાનાટી ન. એક જાતનું ઘાસ.

કાનાણી ૧. સ્ત્રી. ખોજા, લોહાણા અને કણબીની એ નામની અટક.

૨. ન. ખોજા, લોહાણા અને કણબીની એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કાનાફૂસી ૧. સ્ત્રી. કાનમાં ધીમેથી વાત કરવી તે.

૨. સ્ત્રી. કાવતરું; યુક્તિ; પ્રપંચ.

૩. સ્ત્રી. ભંભેરણી; ઉશ્કેરણી.

કાનાફૂંસી જુઓ કાનાફૂસી.

કાનાબાતી જુઓ કાનાફૂસી.

કાનાબાર ૧. સ્ત્રી. લોહાણા તથા મુસલમાનની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કાનામાઠ્યું ન. વાસણના કાંઠા દુરસ્ત કરવાનું કંસારાનું એ નામનું હથિયાર.

કાનામાઠડો ઘણ = તાંબા પિત્તળની ગાગરના કાંઠા માઠવાનું લોઢાનું સાધન.

કાનામાતર પું. પતંગના ઠઠ્ઠા ઉપર બાંધેલી માપસર દોરી. તેની સાથે દોર સંધાય છે.

કાનાવાના પું. બ. વ. આજીજી; કાલાવાલા.

કાનાસાની જુઓ કાનાફૂસી.

કાનિકર ૧. સ્ત્રી. ત્રાવણકોર રાજ્યમાં રહેતા લોકોની એક જાત.

૨. ન. એ જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

કાનિત ૧. [અ.] પું. ઈશ્વરનો ભક્ત.

૨. વિ. ચુપ; શાંત.

કાનિફનાથ પું. મહાત્મા જાલંધરનો શિષ્ય; મદ્ર દેશના રાજાનો દીકરો. ગોપીચંદે જાલંધરને કૂવામાં નાખી દીધો હતો ત્યારે તેણે જાલંધરને મદદ કરી બહાર કાઢેલ હતો.

કાનિયા ટોપી જુઓ કાનટોપી.

કાનિયાહટ ૧. [હિં.] સ્ત્રી. બીકણપણું; કાયરતા.

૨. સ્ત્રી. શરમાળપણું.

કાનિષ્ઠિક [સં.] સ્ત્રી. ટચલી આંગળી.

કાનિષ્ઠિનેય [સં.] ન. સૌથી નાના દીકરાનું છોકરું.

કાની ૧. સ્ત્રી. એક આંખે આંધળી સ્ત્રી.

૨. સ્ત્રી. કપડાની કોર; કિનાર.

૩. સ્ત્રી. ધિક્કાર; તિરસ્કાર.

૪. સ્ત્રી. ફળનો સડેલો ગર્ભ.

૫. સ્ત્રી. વાર્તા; કહાણી.

૬. વિ. ખનીજ; જમીનમાંથી ખોદેલું.

૭. વિ. સ્ત્રી. સૌથી નાની.

૮. અ. ને માટે; ખાતર.

૯. અ. માફક; પ્રમાણે; જેમ.

કાનીકોડી સ્ત્રી. ચપટા નાકવાળી સ્ત્રી.

કાનીત [સં.] પું. કનીત નામના રાજાનો દીકરો; પૃથુશ્રવા.

કાનીન ૧. [સં.] પું. અગ્નિવેશ્ય ઋષિ.

૨. પું. કર્ણ.

૩. પું. કુંવારી કન્યાને થયેલ પુત્ર; કન્યાજાત.

૪. પું. વ્યાસ.

૫. પું. સૂર્યવંશી નરિષ્યંત કુળના દેવદત્ત રાજાનો એ નામનો દીકરો. તે પોતાના તપોબળથી બ્રાહ્મણ થયો હતો.

૬. વિ. કન્યાનું; કન્યાને લગતું.

કાનીન પુત્ર જુઓ કાનીન ૩.

કાનીવડું (કાનીવડું) ન. અડદની દાળની એક વાની.

કાનીશય પું. ખનીજ પદાર્થ.

કાનુ વિ. સુંદર; દેખાવડું.

કાનુદક ન. એક જાતનું વાજિંત્ર.

કાનુડે (કાનુડે) અ. છેડે; પડખે.

કાનુડો (કાનુડો) ૧. પું. આંધળો પાડો નામની રમતમાં આંખે પાટા બાંધેલો છોકરો બીજાને પકડી નામ આપે તે છોકરો.

૨. પું. કૃષ્ણ; કનૈયો.

કાનુવો પું. કૃષ્ણ.

કાનું ન. એક જાતનું વાજું.

કાનૂ ૧. પું. ખાંડ ઉકાળવાની કડાઈ.

૨. પું. ભાડભૂંજો.

૩. ન. એક જાતનું વાજિંત્ર.

કાનૂગો ૧. પું. કાયદો જાણનાર પુરુષ; વકીલ; ધારાશાસ્ત્રી.

૨. પું. ન્યાયાધીશ; કાજી.

૩. પું. વસૂલાતી ખાતાનો ઉપરી.

૪. પું. હિસાબી ખાતાનો ઉપરી.

કાનૂન (કાનૂન) ૧. [અ.] પું. કાયદો; નિયમ.

૧. કાનૂન છાંટવો = દલીલ કરવી.
૨. કાનૂને કુદરત = પ્રાકૃતિક નિયમ.
૩. કાનૂને ખાસ = ખાસ કાયદો.
૪. કાનૂને ફોજદારી = ફોજદારી કાયદો.
૫. કાનૂને માલ = વસૂલાત સંબંધી કાયદો.

૨. પું. ધારો; રિવાજ.

૩. સ્ત્રી. ત્રેવીશ તારવાળું એક જાતનું તંતુવાદ્ય; બાહીવીણા. તેને સૂરમંડળ, સ્વરમંડળ કે શ્રીમંડળ પણ કહે છે. વાદ્યકળાના વિકટમાં વિકટ

કાનૂન આ વાજિંત્ર ઉપર શીખી શકાતા હોવાથી તેનું નામ કાનૂન પડ્યું છે.

કાનૂનક અ. કાયદા પ્રમાણે; નિયમ અનુસાર.

કાનૂનગો જુઓ કાનૂગો.

કાનૂનગોઈ સ્ત્રી. કાનૂનગોની પદવી કે જગ્યા.

કાનૂનદાની (ક઼ાનૂનદાની) ન. કાયદાનું શાસ્ત્ર.

કાનૂનદાં જુઓ કાનૂગો.

કાનૂનન (ક઼ાનૂનન) જુઓ કાનૂનક.

કાનૂનભંગ પું. કાયદો તોડવો તે.

કાનૂનવિજ્ઞાન ન. કાયદા સંબંધી શાસ્ત્ર; ન્યાયતત્ત્વ; ધારાશાસ્ત્ર.

કાનૂનિયું ૧. વિ. કાયદા જાણનાર.
૨. વિ. તકરાર કરનાર; હુજ્જતી.

કાનૂની (ક઼ાનૂની) ૧. પું. કાયદેસર પ્રતિનિધિ.
૨. પું. પોતાના વિરુદ્ધ જતો ઇકરાર.
૩. વિ. કાયદા સંબંધી; કાયદાને લગતું.
૪. વિ. કાયદો જાણનાર.
૫. વિ. નિયમ મુજબનું; કાયદેસર.
૬. વિ. વાંધા તકરારવાળું.

કાને (ક઼ાને) ૧. [અ.] વિ. ધીરજવાળું.
૨. વિ. સંતોષી.

કાનેકાન ૧. [સં. કર્ણોપકર્ણેષુ] અ. ખુદ પોતાના કાનથી.
૨. અ. જુદા જુદા કાને થઈને.
૩. અ. રૂબરૂ; હાજરીમાં.
૪. અ. વાસણના કાંઠા સુધી.

કાનેડ (કાનેડ઼) વિ. મુખ્ય રસ્તા ઉપર નહિ આવેલું; પડખાવું; બાજુએ રહી ગયેલું.

કાનેડી (કાનેડ઼ી) સ્ત્રી. ઓખા પાસે મળી આવતી એક જાતની માછલી.

કાનેડું (કાનેડ઼ું) ન. કાંઠા સુધી ઘાસથી ભરેલી નાની ટોપલી.

કાનેતર ૧. ન. કારણ; બહાનું.
૨. ન. ખોટકો; નડતર.
૩. ન. ખોડખાંપણ; દોષ.
૪. ન. જાદુ.
૫. ન. પતંગની પાછળ બંધાતો દોરો; કાનોમાતર. તે પતંગની ત્રાંસી ચીપ સાથે બંને બાજુથી ત્રણ ચાર આંગળ છોડી દઈ પાછળ બંધાય છે. તેથી પતંગ હવામાં આડી રહી શકે છે.
૬. ન. વળગાડ; ભૂતપ્રેતાદિની અસર.
૭. ન. વાંધો; હરકત; અડચણ.
૮. ન. શંકા; વહેમ.

કાનેર ૧. સ્ત્રી. કરેણનું ઝાડ.
૨. સ્ત્રી. સરહદ; સીમાડો.

કાનેરી પું. એ નામનો હઠવિદ્યાનો એક યોગી.

કાનેવાળિયો પું. ચેતવણી આપનાર માણસ; મળતિયો.

કાનેસંગ સ્ત્રી. પથ્થરની ખાણ.

કાનેસોરી જુઓ કાનસૂરી.

કાનો ૧. પું. આડ બાંધી કાંઈ પૂછવું તે.
૨. પું. કાણું; બાકું.
૩. પું. કાંઠો; વાસણની કોર.
પાકી કોઠીએ કાનો ન ચડે = જે કામ પૂરું થઈ ગયું હોય તેમાં કાંઈ વધારી શકાય નહિ.
૪. પું. દીર્ઘ 'અ'નું ચિહ્ન; અક્ષરની આગળ મૂકવામાં આવતી પાઈ; ા. આપણા ચહેરાની બાજુએ જેમ બે કાન આવેલા છે, તેમ આ ચિહ્ન વ્યંજનની એક બાજુએ લખવામાં આવે છે. માટે તે કર્ણ અથવા કાનો કહેવાય છે.
૫. પું. પતંગને બંધાતો દોરો.
૬. પું. ફળ વગેરેનો સડેલો ગર્ભ.
૭. પું. શ્રીકૃષ્ણ.
૮. સ્ત્રી. એ નામની એક રજપૂત કોમ.
૯. ન. એ નામની એક રજપૂત કોમનું માણસ.
૧૦. વિ. એ નામની એક રજપૂત કોમનું.

કાનોકાન ૧. અ. ખુદ પોતાના કાનથી; જાતે; પંડે.
૨. અ. જુદા જુદા કાને થઈને; એક કાનથી બીજે કાન.
૩. અ. વાસણના કાના સુધી.

કાનોટી સ્ત્રી. એ નામની બ્રાહ્મી વર્ગની દવામાં ઉપયોગી એક વનસ્પતિ; ભીંતગીલોડી. તે વેલાની જેમ દીવાલ કે નદીવોંકળાના ખડક ઉપર અદ્ધર લટકતી કે પથરાયેલ હોય છે. તેનાં પાન જુદા જુદા આકારનાં નાનાં હોય છે. તેમાં પીળા રંગનાં ફૂલ થાય છે. તેનાં પાન વાટી ગડગૂમડાં ઉપર ચોપડાય છે.

કાનોઠું ન. એક વેંત લાંબી, અરધો ઇંચ પહોળી અને ચારવડી કપડાની પટ્ટી. કુંભાર લોકો વાસણને ચાક ઉપરથી ઉતારતાં તેને લીસું કરવા માટે પાણીમાં પલાળી તેનો ઉપયોગ કરે છે.

કાનોમાત જુઓ કાનોમાતર.

કાનોમાતર ૧. પું. કાનો અને માત્રા; 'ઓ'કારનું ચિહ્ન; ો.
૨. પું. પતંગને બંધાતો એક રીતનો દોરો.

કાનોમાત્રા જુઓ કાનોમાતર.

કાનોર અ. છેવટની હદ ઉપર.

કાન્યકુબ્જ ૧. સ્ત્રી. એ નામની બ્રાહ્મણની એક જાત.
૨. સ્ત્રી. કાવેરી નદીનું એક નામ. તેના ઉપર પાંચાલની રાજધાની ઉરગપુર આવેલું હતું.
૩. ન. એ નામની બ્રાહ્મણની જાતિનું માણસ.
૪. ન. રોહિલખંડમાં ગંગા અને કાલી નદી વચ્ચે આવેલું હાલનું કનોજ શહેર. ભાગવતમાં પ્રસિદ્ધ થયેલ અજામિલ અહીં રહેતો હતો. એમ કહેવાય છે કે કુશનાભને ઘૃતાચીથી સો કન્યા થઈ હતી. તેને વાયુએ કુબ્જા કરી નાખી હતી. તે ઉપરથી આ શહેરનું કાન્યકુબ્જ નામ પડ્યું. ગાધી રાજાની રાજધાની અહીં હતી. વિશ્વામિત્રનું જન્મસ્થાન પણ આ ગામ છે. આ જગ્યાએ બુદ્ધ ભગવાને મનુષ્ય જીવનના અશાશ્વતપણા વિષે બોધ કર્યો હતો. શહેરની નૈર્ઋત્યમાં હાલ જે ભાગને લાલામિસરતોલા કહે છે તે ભાગમાં પૂર્વે સાધુઓના ત્રણ મોટા વિહાર હતા. તેમાંના એક વિહારમાં બુદ્ધ ભગવાનનો દાંત રાખવામાં આવ્યો હતો. કાન્યકુબ્જમાં વામન ભગવાનનું સુપ્રસિદ્ધ દેવળ આવેલું હતું. તેની નૈર્ઋત્યમાં અજયપાળે બંધાવેલા મહેલનાં ખંડેર છે. પૃથ્વીરાજે આ જ મહેલમાંથી કદાચ સંયુક્તાનું હરણ કર્યું હોય.
૫. વિ. એ નામની બ્રાહ્મણની જાતનું.
૬. વિ. કનોજો; કનોજનું.

કાન્હ પું. કૃષ્ણ; કનૈયો.

કાન્હડદે (કાન્હડ઼દે) પું. એ નામનો એક રાજા.

કાન્હડદે પ્રબંધ (કાન્હડ઼દે પ્રબંધ) પું. ઝાલોરના કવિ પદ્મનાભે જૂની ગુજરાતીમાં સં. ૧૫૧૨માં રચેલું ત્યાંના રાજા કાન્હડદેનું યશાત્મક વીરરસ કાવ્ય.

કાન્હડનટ (કાન્હડ઼નટ) સ્ત્રી. (સંગીત) મેઘ રાગની આઠ પુત્રવધૂ માંહેની એક રાગિણી.

કાન્હડા (કાન્હડ઼ા) [સં. કર્ણાટ] પું. (સંગીત) સાતે સ્વરવાળો એક રાગ. તે મેઘ રાગનો પુત્ર મનાય છે. તે ગાવાનો સમય રાતના ૧૧ દંડથી ૧૫ દંડ સુધીનો છે. તેનો ગાંધાર ન્યાસ છે. તેમાં શૃંગારરસ પ્રધાન છે.

કાન્હડાનટ (કાન્હડ઼ાનટ) પું. (સંગીત) કાન્હડા અને નટ રાગના મિશ્રણથી થતો એક સંકર રાગ. તે રાતના બીજે પહોરે ગવાય છે.

કાન્હડી (કાન્હડ઼ી) [સં. કર્ણાટી] સ્ત્રી. (સંગીત) એક રાગિણી. તે દીપક રાગની પત્ની મનાય છે.

કાન્હમ જુઓ કાનમ.

કાન્હરા સ્ત્રી. (સંગીત) દીપક રાગની પાંચ રાગિણી માંહેની એક. તેના શરીરનો રંગ શ્યામ છે, ધોળાં વસ્ત્ર પહેર્યાં છે, જમણા હાથમાં ખડ્ગ અને ડાબા હાથમાં હાથીનો

દાંત રાખેલ છે, કંઠમાં કેતકી અને બીજાં ફૂલની માળા પહેરેલી છે, કપાળમાં મલયાગિરિ ચંદનનું તિલક કર્યું છે. આવી શોભાને લીધે પોતાના આંગણામાં ઊભી તે મંદમંદ હસે છે અને સૂર્યનારાયણની પૂજા કરે છે. કોઈ એમ પણ કહે છે કે તેણે હાથીનો દાંત ઉખેડી લીધો છે તેથી હાથી સામે આવી અરજ કરવા ઊભો છે કે કોઈ પ્રકારે દાંત પાછો આપો તો સારૂં. કોઈ એમ પણ કહે છે કે તેના હાથમાં ત્રિશૂળ છે અને મરદનો પોશાક પહેર્યો છે. તેની આસપાસ ભાટ લોકો તેની કીર્તિનાં વખાણ કરી રહ્યા છે તેથી તે રાજવંશી હોય એમ લાગે છે. તે ગાવાનો વખત પહેલી રાત્રિનો છે. તેને કોઈ કરનાટી પણ કહે છે. તેની અઢાર જાતિ છે.

કાન્હરાકોશી સ્ત્રી. (સંગીત) એ નામની એક રાગિણી. તે ગાવાનો વખત રાત્રિના પહેલા પહોર પછીનો છે. તેની જાતિ ઓડવ છે, પંચમ વર્જ્ય છે. તેમાં છ સ્વર આવે છે.

કાન્હરાગારી સ્ત્રી. (સંગીત) એ નામની એક રાગિણી. તે ગાવાનો વખત રાત્રિનો બીજો પહોર છે. તેની જાતિ સંપૂર્ણ છે. તેમાં સાતે સ્વર આવે છે.

કાન્હરા દરબારી સ્ત્રી. (સંગીત) એ નામની એક રાગિણી. તે ગાવાનો વખત રાત્રિના પહેલા પહોર પછીનો છે. તેની જાતિ સંપૂર્ણ છે. તેમાં સાતે સ્વર આવે છે. મિયાં તાનસેને તે કાઢેલ હોવાથી તેને મિયાંનો કાન્હરો પણ કહે છે.

કાન્હરાનાયકી સ્ત્રી. (સંગીત) એ નામની એક રાગિણી. તે ગાવાનો વખત રાત્રિના પહેલા પહોર પછીનો છે. તેની જાતિ સંપૂર્ણ છે. તેમાં સાતે સ્વર આવે છે.

કાન્હરાબ્હાર પું. (સંગીત) સંપૂર્ણ જાતિનો એક રાગ.

કાન્હા પું. છોકરો.

કાન્હેરી ન. એ નામનું એક ગામ. ત્યાં બૌદ્ધ લોકોનો મોટો મઠ હતો.

કાન્હો પું. કૃષ્ણ.

કાન્હોપાઠક પું. એ નામનો એક બ્રાહ્મણ ભક્ત. કવિચરિત્રમાં તે શકે ૧૬૦૦માં થયાનું કહેવાય છે. તે અંતરથી વિરક્ત હોવા છતાં બહારથી સંસારાસક્ત જણાતો હતો.

કાન્હોબા [મ.] પું. દક્ષિણમાં આવેલી એ નામની મૂર્તિ.

કાપ ૧. પું. કાદવ; પંક.

૨. પું. કાપલી; ચીર; ભાગ.

૩. પું. કાપવાથી પડતો આંકો; વાઢ; છેદ. કાપ મૂકવો = (૧) છેદવું. (૨) રદ કરવું.

૪. પું. કાપવાની કે વેતરવાની રીત અથવા ખૂબી.

૫. પું. કાપવું તે.

૬. પું. ઘા; ઝાટકો.

૭. પું. ઘાટ; આકાર.

૮. પું. લીટો; રેખા.

૯. પું. સ્ત્રીઓના કાનનું એક ઘરેણું.

૧૦. સ્ત્રી. કનકવાની વાંકી સળી; કમાન; કામ.

૧. કાપ છટકવી = કનકવાની કાપ છૂટી પડી જવી. પતંગની બે બાજુના એકાદ છેડામાંથી પટ્ટીઓ ઊખડી જવાથી અથવા તે તરફનો કાગળનો ભાગ ફાટી જવાથી આમ બને છે.

૨. કાપ મરડવી = કનકવો બરાબર ચગે તે માટે કાપ વાંકી વાળી થોડી વાર રહેવા દઈ છોડી દેવી.

કાપકૂપ ૧. સ્ત્રી. ઓછું કરવું તે; ઘટાડો; કસર.

૨. સ્ત્રી. કરકસર.

૩. સ્ત્રી. ગૂમડું અથવા સડાવાળા ભાગને શસ્ત્રથી કાપી જુદો કરવો તે; નસ્તર; વાઢકાપ.

૪. સ્ત્રી. જુદી જુદી રીતે કાપવું તે.

૫. સ્ત્રી. ઠેકઠેકાણે કપાવું અથવા કોતરાવું તે.

૬. સ્ત્રી. સુધારોવધારો.

કાપચ્ય પું. (પુરાણ) દસ્યુનો અધિપતિ. તે નિષાદ જાતિનો હતો. તેને કાયવ્ય પણ કહેતા.

કાપજલ્ય પું. (પુરાણ) એ નામનો એક બ્રહ્મર્ષિ; ભદ્ર ઋષિનો પિતા; ઇંદ્રપ્રમતિ; ત્રિમૂર્તિ.

કાપટવ ૧. [સં.] પું. કાપટુ ગોત્રનો પુત્ર.

૨. ન. ખરાબ રીતની હોશિયારી.

કાપટિક ૧. પું. ખોટી સ્તુતિ કરનાર માણસ; માખણિયો.

૨. પું. રાજાઓના પાંચ પ્રકારના ગૂઢચારોમાંનો વિદ્યાર્થીનું રૂપ ધારણ કરનાર એક ગુપ્તચર; બીજાનાં મર્મ જાણનાર પ્રગલ્ભ શિષ્ય.

૩. વિ. કપટથી વ્યવહાર કરનાર; અપ્રમાણિક; પ્રપંચી.

૪. વિ. દુષ્ટ; પાપી.

કાપટિલક ન. વામન પુરાણનાં ચાર માંહેનું એ નામનું એક શાસ્ત્ર.

કાપટ્ય ૧. ન. છળ; કપટ; પ્રપંચ.

૨. ન. દુષ્ટતા.

કાપડ (કાપડ઼) ૧. સ્ત્રી. પક્ષીની એક જાત.

૨. સ્ત્રી. મહેસૂલ.

૩. [સં. કર્પટ] ન. રૂ કાંતીને વણેલું કપડું; વસ્ત્ર. સંવત ૧૯૦૫ થી સંવત ૧૯૪૫ સુધીના જૂના કાગળ જોતાં તે વર્ષોમાં પ્રચલિત કાપડનાં નામની યાદી નીચે મુજબ છે: તનસુખ, તંજેબ, તરંદમ (મુસલમાનો મુખ્ય વાપરતા), શબનમ, સંજરખાની, આગાખાની, દોદામી, ડોરિયા, રેજતી, ચારખાના, એસલા, ચાદરો, ફૂલકારી (આમાંથી જુદી જુદી જાતનાં ફૂલો બનાવવામાં આવતાં), ક્ષીરસાર, ખાસા, કપૂરધૂળ (તે બહુમૂલ્ય અને અમીરી ઢબનું હતું), મલમલ, બાફ્તા, પચતોલિયા (આ વસ્ત્ર એટલું બધું બારીક અને હલકું થતું હતું કે ૪૦ ગજના થાનનું વજન માત્ર પાંચ તોલાથી વધુ થતું નહિ), સેલી, સિંદલી, ગાજિયા, ઝિલમિલ (આ વસ્ત્ર જોવામાં હલતુંચલતું ચંચળ માલૂમ પડતું), ગુલબદન, બુલબુલ, ચકમ, મુસન્ના, અજલસ, તાફ્તા, દોરાઈ, કસબ, ઇલાયચી, હમરૂહ, કમરૂવાબ, જરબફ્તાત, તાડપત્રી, લોંગી (ઓઢવામાં વપરાતું), મશરૂ (પડદા, ગાદીતકિયા તેના બનતા), મહમદી, બબરી, અકબરી, ઔરંગજેબી, નાદિરશાહી, સ્વૈરાબાદી (આ કાપડ બાદશાહોએ ચાલુ કર્યાં હતાં), સૌસી, આડા, સિંધી, ખીરસાકર (આ વસ્ત્ર સર્વપ્રિય, સર્વાનુકૂળ અને સર્વસુલભ હતું), કલિંદરા અને સ્વાખૂંડા. અગાઉ ભરતખંડમાં બનતાં રેશમી અને ઊનના કાપડની પણ ઘણી જાત હતી: ઐલવાન, ચારહાંસિયા, બલીલખાની, પલ્લેદાર, બુટ્ટાદાર, અલફી, બબરી, પશ્મીના, દુશાલા, મલીદા, પટી (પરી), સામ્મૂર, સંજાબ, ધુસ્સા, પોસ્તી, શંકરલતા, દૂરંપા, દોટંપા, મખમલ. હિંદુસ્તાન ઉપરાંત બીજા દેશોમાં પણ આ કાપડ વખણાતાં.

કાપડબજાર (કાપડ઼બજાર) સ્ત્રી. કાપડ વેચવાની જગ્યા.

કાપડભંડારી (કાપડ઼ભંડારી) પું. કાપડનો વેપારી. પ્રાચીન સમયમાં રાજસભામાં તેને સ્થાન મળતું.

કાપડલું (કાપડ઼લું) ન. કાપડું.

કાપડિયા (કાપડ઼િયા) ૧. સ્ત્રી. વાણિયા, કણબી, દરજી, કુંભાર અને પારસીની એ નામની અટક.

૨. ન. એ અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કાપડિયો (કાપડ઼િયો) ૧. પું. કાપડ વેચવાનો ધંધો કરનાર પુરુષ; કાપડ વેચનાર માણસ; લૂગડાનો વેપારી.

૨. પું. સાધુ; સંન્યાસી.

કાપડી (કાપડ઼ી) ૧. પું. એક જાતના માગણ લોક; શરવણ; તરગાળા.

૨. [સં. કાપાલિક] પું. જોગી; સંન્યાસી.

૩. પું. ભીલ.

૪. પું. માગણ; ભિખારી.

૫. સ્ત્રી. નાનું કાપડું.

૬. સ્ત્રી. બાવાની એ નામની એક અટક.

૭. ન. એ નામની બાવાની અટકનું માણસ.

૮. વિ. કાપડનું; કાપડને લગતું.

૯. વિ. બાવાની એ નામની અટકનું.

કાપડીપંથ (કાપડ઼ીપંથ) પું. એ નામનો સાધુબાવાનો એક પંથ.

કાપડીપૂઠું (કાપડ઼ીપૂઠું) ન. ચોપડીનું કપડાનું બાંધેલું પૂઠું.

કાપડું (કાપડ઼ું) ૧. [સં. કર્પટ (કાંચળી)] ન. કાંચળી; ચોળી.

૧. કાપડું ઉતારવું = પુરુષ સાથે હલકા ધંધાર્થે કન્યાએ પહેલી વાર સંબંધમાં આવવું.

૨. કાપડું ખંખેરવું = ચારણિયાણીએ શાપ આપવો.

૨. ન. દાયજો; આણું.

૩. ન. ભાઈએ બેનને આપેલી ભેટ; કમખો.

કાપણી ૧. સ્ત્રી. કાપવાની રીત; કાપવાની ઢબ.

૨. સ્ત્રી. ખેતર ખેડવું તે.

૩. સ્ત્રી. ગંજીફામાં રમવાનાં પત્તાં કાપવાં તે.

૪. સ્ત્રી. ચીંદરડી, ચીર, કાગળ કે કપડાનો નાનો કકડો.

૫. સ્ત્રી. છાપાંની કાપલી.

૬. સ્ત્રી. ધાતુનાં પતરાં કાપવાની કાતર.

૭. સ્ત્રી. પાકેલા અનાજને કાપવું તે; લણણી.

કાપતું ન. મોટી રકમમાં નાની રકમ સમાવીને ગણાતું વ્યાજ; કાપિયું વ્યાજ.

કાપથ ૧. [સં.] પું. ખરાબ માર્ગ.

૨. પું. દુષ્ટ માર્ગે ચાલનારો એ નામનો એક દાનવ.

૩. ન. સુગંધી વાળો; ખસ.

૪. વિ. કાંકરી પાથરેલું.

કાપથ્ય [સં.] ન. દુર્ગુણ; અનીતિ.

કાપફરિયા સ્ત્રી. કપૂર જેવી વાસવાળી, મે માસમાં પાકતી કેરીની એક જાત. તેનું વજન આશરે બાર ઔંસ હોય છે.

કાપરસ પું. સૂમ; કંજૂસ; કદર્ય.

કાપલાકૂપલી ન.બ.વ. કાતરથી કે હથિયારથી કપડાં વગેરેના કરેલા નાના મોટા ટુકડા; કાપલા અને કાપલી.

કાપલી ૧. સ્ત્રી. ચીંદરડી, ચીર, કાગળ કે કપડાનો નાનો કટકો.

૨. સ્ત્રી. છાપાની કટકી.

કાપલો ૧. પું. કાગળ કે કપડાનો કટકો; મોટું ચીંદરડું; ધાગો; છોગલો.

૨. પું. લોઢાનું ફળાવાળું તીર.

કાપવું ૧. અ. ક્રિ. આઘાપાછી કરવી; નિંદા કરવી.

૨. [સં. કૃત્] અ. ક્રિ. ઓછું કરવું; ઘટાડવું.

૩. અ. ક્રિ. ખસ્સી કરવી.

૪. અ. ક્રિ. ગંજીફાની રમતમાં રમાતી ભાતનું પત્તું ન હોય તો હુકમનાં પત્તાં ઊતરવાં.

૫. અ. ક્રિ. છેડો આણવો; પૂરૂં કરવું.

જડ કાપવી = મૂળથી નાશ કરવો.

૬. અ. ક્રિ. દૂર કરવું; ફેડવું.

૧. કાપી મૂકવું = નાત બહાર મૂકવું.

૨. નોતરૂં કાપવું = (૧) આમંત્રણ ન આપવું. (૨) નાત બહાર મૂકવું.

૭. અ. ક્રિ. પસાર કરવું; વિતાવવું.

૧. કાચું કાપવું = સમય પહેલાં કરી બગાડવું.

૨. કાલ કાપવો = સમય વિતાડવો.

૮. અ. ક્રિ. બાતલ કરવું; વાઢી જુદું પાડવું; વાઢવું.

કાપી લેવું = (૧) થાય તે કરી લેવું. (૨) પુરુષની ઇંદ્રી કાપવી.

૯. અ. ક્રિ. વટાવવું; છૂટું પાડવું.

૧૦. અ. ક્રિ. સંહારવું; કતલ ચલાવવી.

કાપવ્ય ૧. સ્ત્રી. એ નામના લોકની એક જાતિ.

૨. ન. એ નામના લોકની જાતનું માણસ.

૩. વિ. એ નામના લોકની જાતનું

કાપા ૧. પું. બ. વ. નિશાનીઓ.

૨. પું. બ. વ. લિસોટા; લીટા.

૩. સ્ત્રી. પ્રાતઃકાળે જાગ્રત કરનાર ભાટ ચારણની વાણી.

૪. સ્ત્રી. ભીલની એક જાતિ.

૫. ન. ભીલની એક જાતનું માણસ.

૬. વિ. ભીલની એક જાતનું.

કાપાકાપ જુઓ કાપાકાપી.

કાપાકાપી ૧. સ્ત્રી. કતલ; ખૂનરેજી.

૨. સ્ત્રી. દ્વેષ; અદાવત.

૩. સ્ત્રી. મારામારી; લડાલડ.

કાપાકૂપ ૧. સ્ત્રી. કરકસર.

૨. સ્ત્રી. થોડુંઘણું કાપવું કે ઘટાડવું તે; કાપકૂપ.

૩. સ્ત્રી. વધઘટ; છાંટ.

૪. સ્ત્રી. સુધારોવધારો.

કાપાકૂપા ૧. પું. બ. વ. નિશાનીઓ.

૨. પું. બ. વ. લિસોટા; લીટા.

કાપાકૂપી જુઓ કાપાકૂપ.

કાપાટિક [સં.] ન. નાનું બારણું.

કાપાટી ૧. સ્ત્રી. ભયકારી શકુન.

૨. સ્ત્રી. સીધી સપાટીમાં ઊડતી દેવચકલી.

૩. સ્ત્રી. સીધી સપાટીમાં ઊડવું તે.

કાપાણી ૧. સ્ત્રી. કણબીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કાપાલ ૧. [સં.] પું. અઘોરી; માથાની ખોપરીઓ રાખનાર શિવનો ઉપાસક; એક જાતનો સાધુ.

૨. પું. એ નામનો બાવાનો એક પંથ.

૩. પું. એક જાતનો કોઢનો રોગ.

૪. પું. મહાદેવ; શિવ. તે ખોપરીની માળા ધારણ કરે છે.

૫. ન. એક પ્રકારની સંધિ. તેમાં સંધિ કરનાર પક્ષ એકબીજાનું સ્વત્વ સ્વીકારે છે.

૬. ન. જૂના વખતનું એક અસ્ત્ર.

૭. વિ. કપાલથી બનાવેલ.

૮. વિ. ખોપરી સંબંધી.

કાપાલક [સં.] ન. વૈશંપાયનના શિષ્ય તિત્તીરીયે રચેલ એ નામનું પુસ્તક.

કાપાલિક ૧. [સં.] પું. અઘોરી; માથાની ખોપરીઓ રાખનાર શિવનો ઉપાસક; એક જાતનો સાધુ.

૨. પું. એ નામનો એક રસસિદ્ધ.

૩. પું. એ નામનો એક શૈવ સંપ્રદાય; ભૈરવપંથ. આ સંપ્રદાયના અનુયાયીઓ શિવનાં ભૈરવ અને રુદ્ર સ્વરૂપોની ઉપાસના કરે છે. તેમનાં છ મુખ્ય ચિહ્ન છેઃ માલા, ભૂષણ, કુંડલ, રત્ન, ભસ્મ અને ઉપવીત. તેઓ માણસની ખોપરીમાં ખાય છે. શ્મશાનની રાખથી શરીર ચોળે છે. એક દંડો અને દારૂનો પ્યાલો પાસે રાખે છે અને પાત્રસ્થિત દેવતાની પૂજા કરે છે. આ બાબતોને તેઓ ઇહલોક અને પરલોકમાં ઇચ્છાપૂર્તિનું સાધન માને છે. શંકરદિગ્વિજયમાં માધવે શંકરને એક કાપાલિક મળ્યાનો ઉલ્લેખ કર્યો છે. હર્ષચરિતમાં બાણે પણ એક ભયંકર કાપાલિક આચાર્યનું વર્ણન કર્યું છે.

૪. પું. એક પ્રકારનો કોઢ. તેમાં શરીરની ચામડી કઠોર, કાળી અથવા લાલ થઈ ફાટી જાય અને દુઃખ થાય.

૫. પું. મહાદેવ; શિવ. તે ખોપરીની માળા પહેરતા મનાય.

૬. પું. માથાના દુખાવાનો ઇલાજ.

૭. પું. માથાની ખોપરીમાં આહાર કરનાર સિદ્ધાંતી.

૮. સ્ત્રી. એ નામની એક અંત્યજ જાતિ.

૯. સ્ત્રી. તંત્રસાર પ્રમાણે બંગદેશની એક વર્ણસંકર જાતિ.

૧૦. ન. એ નામની જાતિનું માણસ.

૧૧. ન. ક્ષુદ્ર કપાળ; નાની ખોપરી.

૧૨. વિ. એ નામની જાતિનું.

૧૩. વિ. ખોપરી સંબંધી.

૧૪. વિ. માથાના દુખાવા સંબંધી.

કાપાલિકત્વ [સં.] ન. ઘાતકીપણું; નિર્દયતા.

કાપાલિકપત્ર [સં.] ન. બીલીપત્ર, કેમકે તે કાપાલિક એટલે શંકરને પ્રિય છે.

કાપાલિકવ્રત [સં.] પું. મનુષ્યના માથાની ખોપરીમાં ભિક્ષા માગી ભૈરવની ઉપાસના કરવાનો અઘોર પંથ.

કાપાલિકા ૧. પું. કાળો કોઢ.

૨. સ્ત્રી. પ્રાચીન કાળનું મોઢાથી બજાવાતું એક વાજું.

કાપાલિનીઅમરોલી સ્ત્રી. (યોગ) હઠયોગની એક ક્રિયા; ચંદ્રામૃતનું પાન કરી ન્યાસ પણ તેનો લઈ વજ્રોલીનો અભ્યાસ કરવો તે.

કાપાલી ૧. [સં.] પું. પીંગળો રંગ.

૨. પું. ભૈરવપંથ. જુઓ કાપાલિક ૩.

૩. પું. વાસુદેવનો એ નામનો એક પુત્ર.

૪. સ્ત્રી. એ નામની દેવી.

૫. ન. બીલીપત્ર.

૬. ન. વાવડિંગ.

૭. વિ. પીળા રંગનું.

કાપિ [અં. કૉપિ] સ્ત્રી. નકલ.

કાપિકા ન. ગુજરાતનું એ નામનું એક જૂનું શહેર.

કાપિત્ય ૧. સ્ત્રી. બ્રાહ્મણની એક જાતિ.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

કાપિયું ૧. ન. ચક્રવૃદ્ધિ વ્યાજનો એક પ્રકાર.

૨. વિ. કાપેલું; છેદેલું.

કાપિયુંવ્યાજ ન. સામસામી રકમો કાપીને છેવટની બાકી રહે ત્યાંસુધી એકંદર ખોખું તૈયાર કરી સર ગણવામાં આવે છે તે વ્યાજ.

કાપિલ ૧. [સં.] પું. કપિલના દર્શનનો અનુયાયી.

૨. પું. પીંગળો રંગ.

૩. પું. ભૂરો રંગ.

૪. પું. સાંખ્યશાસ્ત્ર જાણનાર માણસ; સાંખ્યવેત્તા.

૫. પું. સાંખ્યશાસ્ત્રનો અભ્યાસ કરનાર પુરુષ.

૬. પું. હિંદુસ્તાનની ઉત્તરમાં આવેલો એક દેશ.

૭. ન. કપિલ મુનિએ કહેલું સાંખ્યશાસ્ત્ર.

૮. ન. કપિલને ઉદ્દેશી કરેલું એક ઉપપુરાણ.

૯. ન. ક્રૌંચદ્વીપમાંનું પ્રાચીન વર્ષ.

૧૦. વિ. કપિલ સંબંધી.

૧૧. વિ. કપિલે બનાવેલું.

૧૨. વિ. પીળા રંગનું.

૧૩. વિ. ભૂરૂં.

કાપિલસાંખ્ય [સં.] ન. કપિલ મુનિએ રચેલું સાંખ્યશાસ્ત્ર.

કાપિલીય પું. જૈનોના એક ગ્રંથનું નામ.

કાપિલેય ૧. [સં.] પું. એ નામનો એક ઋષિ.

૨. વિ. કપિલના વંશમાં જન્મેલું.

કાપિવન [સં.] પું. એ નામનો એક યજ્ઞ.

કાપિશ ૧. પું. અફઘાનિસ્તાનનો એક પ્રાચીન પ્રાંત.

૨. પું. માધવીલતાના ફૂલમાંથી બનતો દારૂ.

કાપિશાયન ૧. પું. અફઘાનિસ્તાનના કાપિશી પ્રાંતમાં બનતો દારૂ.

૨. પું. દેવ.

૩. ન. માધવીલતાના ફૂલમાંથી બનતો દારૂ.

૪. વિ. કાપિશી પ્રાંતનું; કાપિશી પ્રાંત સંબંધી.

કાપિશાયની [સં.] સ્ત્રી. દ્રાક્ષ; ધરાખ.

કાપિશી [સં.] પું. અફઘાનિસ્તાનનો એક પ્રાંત. તેનું નામ પાણિનિની અષ્ટાધ્યાયીમાં આવે છે. અહીંનો દારૂ સારો થતો હતો.

કાપિશેય [સં.] પું. પિશાચ.

કાપિષ્ઠ [સં.] ન. (જૈન) દિગંબર સંપ્રદાયે માનેલ સોળ માંહેનું આઠમું સ્વર્ગ.

કાપિષ્ઠલ [સં.] સ્ત્રી. કૃષ્ણયજુર્વેદની એક શાખા.

કાપિંજલ ૧. પું. અથર્વવેદનો એ નામનો એક ઋષિ.

૨. પું. કપિલો નામની ઔષધિ.

૩. પું. કપિંજલ ઋષિનો પુત્ર.

કાપી ૧. [અં. કૉપિ] સ્ત્રી. નકલ; ઉતારો.

૨. [સં.] સ્ત્રી. મહાભારતમાં જણાવેલી એક પ્રાચીન નદી.

૩. સ્ત્રી. લખવાનું સાદું પુસ્તક.

કાપીન ન. કશ્મીર દેશ.

કાશ્મીરને ચીની ભાષામાં **કાપીન** કહે છે.
પ્રસ્થાન

કાપીબારા ન. બ્રાઝિલ અને પારાગ્વેનું એ નામનું જંગલી ડુક્કરને મળતું એક પ્રાણી. તેના આગલા પગ કરતાં પાછલા પગ લાંબા હોઈ તે કૂદતું ચાલે છે. તેને પૂછડી હોતી નથી. તેનું માથું મોટું, જાડું, નાક પહોળું, આંખો મોટી, કાન ગોળ અને વાળ તથા પગ ટૂંકા હોય છે. તેનામાં તરવાની શક્તિ હોય છે. તે ફળાદિ તથા માછલી ખાય છે.

કાપીરોણી પું. ઘોંઘાટ; વધારે પડતો અવાજ.

કાપીસ્થળ ન. પંજાબના કરનાલ જિલ્લામાં આવેલ કૈથળનું પ્રાચીન નામ. એને કપિસ્થળ, કવિસ્થળ પણ કહેતા. એરિયને એને કાંબિસ્થોલોઈ કહ્યું છે. યુધિષ્ઠિરે આની વસાહત કરી હતી એમ કહેવાય છે. આ ગામની વચ્ચોવચ મોટું સરોવર આવેલ હતું.

કાપુચી પું. દરવાન; દ્વારપાળ.

કાપુર ૧. [સં.] ન. એક જાતનું ફૂલ.

૨. ન. કપૂર.

કાપુરુષ ૧. [સં.] પું. અધમ માણસ; ખરાબ પુરુષ.

૨. પું. બીકણ માણસ; બાયલો.

૩. પું. હીજડો; નપુંસક.

કાપુરુષતા ૧. સ્ત્રી. અધમપણું.

૨. સ્ત્રી. કાયરતા; બાયલાપણું.

૩. સ્ત્રી. નામર્દી; નપુંસકત્વ.

કાપુરુષત્વ જુઓ કાપુરુષતા.

કાપુસ ન. રૂ; કપાસ.

કાપેય ૧. [સં.] પું. શૌનક ઋષિ.

૨. ન. વાનરપણું; વાંદરા જેવું વર્તન.

૩. વિ. કપિ સંબંધી; વાનરનું.

કાપો ૧. પું. આંકો; લીટો; લિસોટો.

૨. પું. કાપ; ચીરો.

૩. પું. નિશાની.

કાપોટવું અ. ક્રિ. ભાગી જવું; નાસી જવું.

કાપોત ૧. [સં.] પું. કબૂતરનો સમૂહ.

૨. સ્ત્રી. (જૈન) ૭ માંહેની એક લેશ્યા.

૩. ન. કબૂતર જેવો રંગ.

૪. ન. પ્રાણી અથવા વનસ્પતિનો અવશેષ.

૫. ન. સાજીખાર.

૬. ન. સુરમો.

૭. વિ. કબૂતરનું; કબૂતર સંબંધી.

૮. વિ. ભૂરા રંગનું; કબૂતરના જેવા રંગનું.

૯. વિ. વક્ર; વાંકું.

કાપોતક [સં.] પું. ખોબો.

કાપોતલેશ્યા [સં.] સ્ત્રી. (જૈન) ૭ માંહેની ત્રીજી લેશ્યા.

કાપોતાંજન [સં.] ન. સુરમો.

કાપોતી જુઓ કાપોતલેશ્યા.

કાપોતીવૃત્તિ [સં.] સ્ત્રી. પારેવાંની જેમ પરિમિત કણ ખાવાની વૃત્તિ.

કાપ્ય ૧. પું. આંગિરસ.

૨. પું. (પુરાણ) પતંજલિ ઋષિ. તેઓ કપિ વંશમાં ઉત્પન્ન થયેલા કહેવાય છે.

૩. ન. પાપ.

૪. ન. પ્રાચીન કાળનું એક ગોત્ર. તેના પ્રવર્તક કપિ નામના ઋષિ હતા.

૫. વિ. કપિના ગોત્રમાં ઉત્પન્ન થયેલ; કાપ્ય ગોત્રનું.

કાપ્યકર ૧. [સં.] પું. પશ્ચાત્તાપ કરનાર માણસ.

૨. પું. પાપ કબૂલ કરવાપણું.

૩. વિ. પાપ કરીને બીજાની પાસે પોતાનું પાપ કહેનાર.

કાપ્યકાર જુઓ કાપ્યકર.

કાપ્લો પું. (જરથોસ્તી) છરી.

કાફ ૧. પું. આખો ભાગ.

૨. [અ.] પું. કોકેસસ પર્વત.

૩. પું. જાત.

૪. [અં.] ન. વાછડાંનાં ચામડાંમાંથી બનાવેલું ચામડું.

કાફબા (કાફ઼બા) [અ.] ન. મુસાફરનું ટોળું.

કાફમરીઅન ન. એક જાતનું ફૂલ.

કાફયા (કાફ઼યા) [અ.] પું. કવિતાનો પ્રાસ; કાફિયા.

કાફર (કાફ઼ર) ૧. પું. આફ્રિકના ધર્મ રહિત જંગલી લોકો. તેઓ દક્ષિણ આફ્રિકના મૂળ વતની છે.

૨. પું. કાફરિસ્તાન; દક્ષિણ આફ્રિકનો પૂર્વ ભાગ. ત્યાં કાફર લોકો રહે છે.

૩. સ્ત્રી. ઉત્તેજક દવા.

૪. સ્ત્રી. ક્રૂર માશૂક.

૫. સ્ત્રી. ચાર આંગળ લાંબી માછલીની એક જાત. તેનાં દાંત એટલા મજબૂત હોય છે કે ગમે તેવી મોટી માછલી હોય તોપણ તેની ચામડી તે કાપી નાખે છે. તેના શરીર ઉપર હાડકાંનું બખ્તર હોઈ તેને કોઈ ખાઈ શકતું નથી.

૬. ન. સહેલાઈથી ન છેતરાય એવું સ્વાર્થી માણસ.

૭. વિ. અધર્મી; ધર્મ વગરનું; જંગલી.

૮. વિ. નાસ્તિક; મુસલમાની ધર્મને નહિ માનનાર.

૯. વિ. લુચ્ચું; ઢોંગું; ખંધું.

કાફરચોટી સ્ત્રી. બાબરી; માથા ઉપરના આગલા મોટા વાળ.

કાફરશાહી (કાફ઼રશાહી) સ્ત્રી. કાફર લોકોનું રાજ્ય.

કાફરી (કાફ઼રી) ૧. પું. એબિસિનિઅનો મૂળ વતની; સીદી.

૨. પું. દક્ષિણ આફ્રિકનો મૂળ સીદી વતની.

૩. સ્ત્રી. હબસણ.

કાફલ ૧. [સં.] પું. કાયફળનું ઝાડ.

૨. ન. કાયફળ.

૩. ન. ખરાબ બીજ.

કાફલો (કાફ઼લો) ૧. પું. જાત્રાળુનું ટોળું.

૨. પું. મુસાફરનું ટોળું; વણજાર.

૩. [અ. કાફિલા (મુસાફરીથી પાછા આવનાર લોકોનું ટોળું)] પું. લડાયક વહાણનો સમુદાય.

૪. પું. વેપારીની ટોળી.

૫. પું. સમુદાય; સંઘ.

કાફિયા (કાફ઼િયા) [અ.] પું. કવિતાનો પ્રાસ. કવિતાની લીટીનો છેલ્લો શબ્દ જે અવાજમાં કોઈ બીજી લીટીના છેલ્લા સાથે મળતો હોય તે; તૂક.

૧. કાફિયા તંગ કરવા = (૧) ધૂળ ચાટતું કરવું. (૨) બધી કવિતાઓ ખલાસ કરવી. (૩) મૂંઝવવું; હેરાન કરવું.

૨. કાફિયા તંગ થવા = (૧) અશક્તિમાન હોવું. (૨) પ્રાસ મેળવવો. (૩) મુશ્કેલીમાં આવવું.

૩. કાફિયા તંગ હોવા = બહુ ગરીબ હોવું.

કાફિયાબંદી (કાફ઼િયાબંદી) સ્ત્રી. પ્રાસ મેળવવો તે.

કાફિયો (કાફ઼િયો) પું. કવિતાનો પ્રાસ; કાફિયા.

કાફિર (કાફ઼િર) ૧. પું. આફ્રિકના એક જાતના જંગલી લોક.

૨. પું. આફ્રિકના એક દેશનું નામ.

૩. પું. ધર્મમાં નાસ્તિક માણસ.

૪. પું. મુસલમાની ધર્મને નહિ માનનાર માણસ; ઇસ્લામી ધર્મથી જુદો ધર્મ માનનાર વ્યક્તિ.

૫. સ્ત્રી. ક્રૂર માશૂક.

૬. વિ. અધર્મી; અશ્રદ્ધાળુ.

૭. વિ. ઈશ્વરની નિંદા કરવાવાળું.

૮. વિ. કાફિર દેશમાં રહેનાર.

૯. વિ. દુષ્ટ; ખરાબ.

૧૦. વિ. નિર્દય; નિષ્ઠુર.

૧૧. વિ. લુચ્ચું; ઢોંગું; ખંધું.

કાફિરિસ્તાન (કાફ઼િરિસ્તાન) પું. દક્ષિણ આફ્રિકનો પૂર્વનો દેશ.

કાફિરી (કાફ઼િરી) ૧. [અ.] પું. આફ્રિકનો વેપારી.

૨. પું. એબિસિનિઅનો મૂળ વતની; હબસી; સીદી.

૩. સ્ત્રી. નાસ્તિકતા; અશ્રદ્ધા.

૪. સ્ત્રી. હબસણ.

૫. વિ. નાસ્તિકનું.

કાફિરી મિર્ચ (કાફ઼િરી મિર્ચ) સ્ત્રી. એક જાતની પીપર.

કાફિલ (કાફ઼િલ) [અ.] પું. જામીન.

કાફિલા (કાફ઼િલા) જુઓ કાફલો.

કાફિલાબાશી (કાફ઼િલાબાશી) [અ.] પું. કાફલાનો સરદાર; સેનાપતિ.

કાફિલાસાલાર (કાફ઼િલાસાલાર) જુઓ કાફિલાબાશી.

કાફી ૧. (કાફ઼ી) પું. એક જાતનો છોડ. તેને સફેદ નાનાં સુવાસવાળાં ફૂલ થાય છે. તે ફૂલની વાસ વધારે વખત ટકતી નથી. ફૂલ આવ્યા પછી આઠેક માસે લાંબાં ફળ આવે છે. તે પાકે ત્યારે રાતા રંગનાં થાય છે. તેમાં રહેલ બી બુંદ કહેવાય છે. આ છોડ ત્રણ ચાર હાથ ઊંચો વધે છે. આઠ માસમાં બુંદ પાકીને તૈયાર થાય છે. એકેક ફળમાં બે બુંદ હોય છે. અરબસ્તાન, હિંદુસ્તાન, હિંદી મહાસાગરમાંના ટાપુ અને વેસ્ટ ઇન્ડીઝ ટાપુઓમાં તેનું વાવેતર થાય છે.

૨. સ્ત્રી. (સંગીત) એક જાતની રાગિણી. સંપૂર્ણ જાતિ છે. ગાંધાર અને નિષાદ કોમળ છે. બાકીના બધા શુદ્ધ સ્વર છે. નિષાદ ગ્રહ, પંચમ ન્યાસ અને ગાંધાર અંશ સ્વર છે. બપોર પછી હમેશાં અને ખાસ કરીને વસંત ઋતુમાં તે ગવાય છે.

૩. સ્ત્રી. પપનસની એક સારી જાત.

૪. સ્ત્રી. બુંદનું બનાવેલું પીણું; 'કૉફી'. અરબ અને મુઘલ લોકોમાં કાફી પીવાની રીત સામાન્ય છે. કાફી તૈયાર કરવાની રીત: બુંદને ઘીમાં શેકીને ખાંડવા. પછી પાણીને ઉકાળી આ ભૂકી માપસર નાખી તેમાં દૂધ અને સાકર નાખવાં. તે પીવાથી સુસ્તી અને આળસ જઈ રક્તવૃદ્ધિ થાય પણ કબજિયાત કરે.

૫. વિ. પૂરેપૂરું; સંપૂર્ણ.

૬. વિ. વાજબી.

કાફીકાન્હરા પું. (સંગીત) કાફી અને કાન્હરાના મિશ્રણથી થતો એક રાગ. તેમાં કોમળ ગાંધાર પ્રધાન સૂર છે.

કાફીખાનું (કાફ઼ીખાનું) ન. કોફી, ચા વગેરે પીવાનું સ્થળ; હોટેલ; કોફી પીવાની દુકાન.

કાફીલ (કાફ઼ીલ) [અ.] પું. જામીન.

કાફીશોપ (કાફ઼ીશોપ) જુઓ કાફીખાનું.

કાફીસિંગાપુરી (કાફ઼ીસિંગાપુરી) સ્ત્રી. કાફીની એક જાત.

કાફૂર (કાફ઼ૂર) ૧. [અ.] પું. કપૂર.

૨. વિ. ગાયબ; ગેબ; અલોપ.

કાફૂર થવું = અદૃશ્ય થવું; ઊડી જવું.

કાફૂરી (કાફ઼ૂરી) ૧. પું. એક જાતનો હલકો રંગ.

૨. વિ. કપૂરવાળું; કપૂરમય.

૩. વિ. બરફ જેવું ધોળું.

કાફ્રા (કાફ઼્રા) ૧. [અ.] પું. આખો ભાગ.

૨. પું. જાત; જથ્થો.

કાફ્રી (કાફ઼્રી) ૧. [હિં. કાફૂર (કપૂર)] પું. કેસર, ફટકડી અને હરસિંગારની મેળવણીથી બનતો એક જાતનો હલકો રંગ.

૨. વિ. કપૂરના રંગનું.

૩. વિ. કપૂરનું.

કાફ્રી (કાફ઼્રી) સ્ત્રી. આફ્રિકના સીદીની એક જાત.

કાફ્રીકોબી (કાફ઼્રીકોબી) સ્ત્રી. કોબીયની એક જાત.

કાફ્રીકોબીચ જુઓ કાફ્રીકોબી.

કાફ્રીસ્તાન (કાફ઼્રીસ્તાન) પું. સિંધુ નદીને કાંઠે આવેલ દેશનું નામ.

કાબ (ક઼ાબ) ૧. [અ.] પું. (ગણિત) કઅબ; ઘન.

૨. પું. ઘડિયાળનું ખોખું.

૩. પું. ચીનની માટીની મોટી રકાબી.

૪. પું. લંબાઈનું એક માપ; વચમાંથી ધનુષ્યના છેડા સુધીનું અંતર.

કાબક [ફા.] સ્ત્રી. કબૂતરખાનું.

કાબ કસૂર સ્ત્રી. (ગણિત) ભિન્ન ઘન; વ્યવહારી અપૂર્ણાંકનો ઘન.

કાબકસ ન. વાડ કરવા માટે ઉપયોગી એક જાતની વનસ્પતિ. તેને ઘણો વરસાદ જોઈએ અને તે દરિયાકાંઠે ઊગે.

કાબજાત (ક઼ાબજાત) સ્ત્રી. અમલ; સત્તા.

કાબજી ૧. સ્ત્રી. કારસો; કળ.

૨. સ્ત્રી. યુક્તિ; પ્રપંચ.

કાબર ૧. પું. ખરાબ ગંધ.

૨. [સં. કર્બુર] પું. રેતીવાળી કકણુ કાળી માટી; ખાભર.

૩. સ્ત્રી. એક જાતનું પક્ષી; મેનાને મળતું કાળા ભૂખરા રંગનું પંખી. તેની ચાંચ અને ગળું પીળા રંગનું હોય છે. આ પંખી ખેતીને ફાયદાકારક છે.

૪. સ્ત્રી. કજિયાખોર સ્ત્રી; કચકચિયણ.

૫. વિ. ભૂરું.

કાબરકલહ ૧. સ્ત્રી. કાબરનો કજિયો.

૨. સ્ત્રી. બોલાચાલી; કચવાટ; ઝઘડો.

કાબરકાગડો (કાબરકાગડ઼ો) પું. એ નામની રમત. તેમાં બાળકોની બે સરખી ટોળી પાડવી. મધ્ય ભાગે રમાડનારે ઊભા રહી, પોતાની બંને બાજુએ પોતાના તરફ મોઢાં રાખીને સરખે અંતરે બંને ટોળાને હારમાં ઊભા રહેવા કહેવું. રમાડનારે તેની સામે ઊભા રહેવું અને દરેક ટોળીનું નામ પાડવું. નામ એવું પાડવું કે બંનેનો પહેલો અક્ષર સરખો હોય. પછી રમાડનારે એ પાડેલા નામનો સરખો પહેલો અક્ષર જરા લંબાવીને બોલવો. જે ટોળીનું નામ બોલાય તે ટોળીના છોકરાઓએ મેદાનની ઠરાવેલી હદે પહોંચવા પ્રયત્ન કરવો. બીજી ટોળીએ તેને અડકવા દોડવું. આખું નામ બોલાય તે પછી જ દોડવાનું. જે બાળકો તેમાં પકડાઈ જાય તે બીજી ટોળીમાં સામેલ થઈ જાય અગર હાર્યા ગણાય ને બાજુએ બેસી જાય. ફરી રમત શરૂ થાય ને ફરી પણ તે જ પ્રમાણે પકડાય. એ રીતે એક ટોળીના બધા છોકરા હારી જાય ત્યાંસુધી રમત ચાલે છે.

કાબરકોડી સ્ત્રી. એ નામની રમત.

કાબરકોડો પું. કાબરચીતરી મોટી કોડી.

કાબરચીતરૂં ૧. [સં. કર્બુર (જુદા જુદા રંગનાં ચાઠાંવાળું) + ચિત્ર] ન. સીમમાં થતું એક જાતનું નાનું જનાવર.

૨. વિ. બહુરંગી; રંગનાં ચાઠાંવાળું; એક અથવા એક બેથી વધારે રંગવાળું; તરેહવાર રંગનું.

કાબરચીત્રું જુઓ કાબરચીતરૂં.

કાબરા ૧. પું. કસૂંબીના ઝાડના જીંડવાના દાણા.

૨. સ્ત્રી. ઘાંચાની એક અટક.

૩. સ્ત્રી. ઘોડાની એક જાત.

૪. ન. એ નામની અટકનું માણસ.

૫. વિ. એ નામની અટકનું.

કાબરિયા ૧. સ્ત્રી. લેઉઆ કણબીની અને આહીરની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કાબરિયું વિ. બહુરંગી; એક અથવા એકા બેથી વધારે રંગવાળું; તરેહવાર રંગનું; રંગબેરંગી.

કાબરિયાં કરવાં = છાનુંમાનું જવું.

કાબરિયો પું. એક જાતનો છોડ. તેનાં પાન બોરડીનાં જેવાં હોય છે.

કાબરી ૧. સ્ત્રી. કરડાઈ. એ નામની દક્ષિણ મહારાષ્ટ્ર અને ગુજરાતમાં થતી વનસ્પતિ. તેનાં પાતરાં અને ડાંખળાંનું શાક થાય છે.

૨. સ્ત્રી. કસુંબીનું બી.

૩. સ્ત્રી. કાબરચીતરી, ધોળા અને કાળા રંગની તલી.

૪. સ્ત્રી. ચોખાનું નાનું ખેતર.

૫. સ્ત્રી. રાતી શેરડીની જાત.

કાબરીકોડી સ્ત્રી. સોરઠ તરફ રમાતી એ નામની રમત.

કાબરૂં ૧. [સં. કર્બુર] પું. કાબરચીતરો સાપ.

૨. વિ. રંગબેરંગી; તરેહવાર રંગના ડાઘાવાળું.

કાબરો ૧. પું. એક જાતનું ફળ. તે કસુંબીના છોડના જીંડવામાં ઘણાં હોય છે. તે કપાસિયા જેવડા હોય છે. તેમાંથી તેલ નીકળે છે. તે ઢોરને ખવરાવવાથી દૂધનો વધારો થાય.

૨. વિ. ભૂરું; કાબરચીતરૂં.

કાબલિયા ૧. સ્ત્રી. રજપૂત અને આહીરની એ નામની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કાબલી પું. અફઘાનિસ્તાનનો ચાંદીનો સિક્કો. આ સિક્કાની કીમત બાર આના જેટલી છે.

૨. પું. કાબુલનો રહેવાસી.

૩. વિ. પક્કું; લુચ્ચું.

કાબલું [સં. કાકલિ] વિ. મધુર પણ અસ્પષ્ટ.

બોલી બોલે છે કાબલી,
હસતો સભાનો સાથ. ભાલણ

કાબસ પું. તેલનો કચરો; કીટો.

કાબા (ક઼ાબા) ૧. પું. અચકન; એક જાતનું અંગરખું.

૨. [અ. કઅબા] પું. મક્કામાં આવેલ બંદગી કરવાની ઊંચી ઇમારત. તે હઝરત ઇબ્રાહિમે ચણી હતી. તે પછી એ ઇમારતને ઘણી વખત અકસ્માત વગેરે કારણથી નુકસાન થવાથી ફરી ચણવામાં આવી છે. હજ કરવા જનાર એ જ કાબામાં નમાઝ પડે છે. એની ઊંચાઈ સવાતેર વાર, લંબાઈ છ વાર, અને પહોળાઈ સવાચાર વાર છે. મક્કામાં આવેલ કાબા હજ પઢવા જનાર હાઝીઓનું પવિત્ર સ્થળ મનાય છે. જ્યારે કાબાનું ખાતમુહૂર્ત કરવાને ઝઘડો ચાલતો હતો ત્યારે યુવાન મહમ્મદ પયગંબર ત્યાંથી પસાર થતા હતા. આ કજિયાની પતાવટ કરવા તેમને ત્યાં

બોલાવવામાં આવ્યા. યુવાન પયગંબરે એ ઝગડો એવી સરસ રીત પતાવ્યો કે બધા પક્ષને સંતોષ થયો.

૩. પું. માણુસનું ટોળું.

૪. પું. હજ પડવા જનાર માણુસ.

૫. સ્ત્રી. કચ્છની ખાડીમાં કામ કરતા મુસલમાન ખારવાની એક જાત.

૬. સ્ત્રી. ઢેઢની એક અટક.

૭. સ્ત્રી. સોરઠ અને કચ્છ તરફ વસતા ચોર અને ચાંચિયાની એક જાત.

૮. ન. એ નામની અટકનું માણુસ.

૯. વિ. એ નામની અટકનું.

કાબાડ (કાબાડ઼) પું. (મરાઠી) ભાર; બોજો.

કાબાડી (કાબાડ઼ી) પું. ઘાસ અથવા લાકડાં કાપનાર માણુસ.

કાબાવતિયા ૧. સ્ત્રી. મુસલમાન ખારવાની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણુસ.

૩. વિ. એ નામની જાતનું.

કાબાવલિયા જુઓ કાબાવતિયા.

કાબાશરીફ (ક઼ાબાશરીફ઼) જુઓ કાબા ૨.

કાબિજ (ક઼ાબિજ) ૧. [અ.] પું. માલિક; ધણી; કબજેદાર.

કાબિજ થઈ બેસવું = બીજાની મિલ્કતનો કબજો લઈ લેવો.

૨. વિ. લેનાર; પકડનાર.

કાબિઝ (ક઼ાબિઝ) જુઓ કાબિજ.

કાબિઝુ-લ-અર્વાહ (ક઼ાબિઝુ-લ-અર્વાહ) પું. મોતનો દૂત; યમ.

કાબિઝેશિકમી (ક઼ાબિઝેશિકમી) પું. પેટ ભારૂત.

કાબિઝોદખીલ (ક઼ાબિઝોદખ઼ીલ) પું. મિલ્કતનો કબજો અને ભોગવટો.

કાબિત્સ [હિં.] વિ. સમર્થ; યોગ્ય.

કાબિર વિ. મોટું; મહાન.

કાબિલ (ક઼ાબિલ) ૧. પું. ધ્વનો સૌથી મોટો દીકરો.

૨. વિ. પંડિત; વિદ્વાન.

૩. વિ. લાયક.

૧. કાબિલે અદા = (૧) દીવાળિયું. (૨) દેવા જેવું; અપાય એવું.

૨. કાબિલે ઇનકિસામ = ભાંગી શકાય એવું.

૩. કાબિલે ઇનામ = બક્ષિશને લાયક.

૪. કાબિલે ઇલ્તિફાત = ધ્યાન આપવા યોગ્ય.

૫. કાબિલે ઇંતિકાલ = બદલી શકાય એવું.

૬. કાબિલે એતિરાઝ = વાંધો લેવા જેવું.

૭. કાબિલે જવાઝ = ચલાવી લેવાય એવું.

૮. કાબિલે જવાબ = જવાબ આપવા જેવું.

૯. કાબિલે ઝબ્તી = જપ્તી કરવા જેવું.

૧૦. કાબિલે ઝિરાઅત = વાવવા લાયક.

૧૧. કાબિલે ટૅક્સ = કર લેવાય એવું.

૧૨. કાબિલે તઅદાદ = ગણી શકાય એવું.

૧૩. કાબિલે તબ્દીલ = ફેરવી શકાય એવું.

૧૪. કાબિલે તરદીદ = સામું થવા જેવું.

૧૫. કાબિલે તરફુદ = વાવવા લાયક.

૧૬. કાબિલે તલબ = માગી શકાય એવું.

૧૭. કાબિલે તસ્લીમ = શક્ય; સંભવિત.

૧૮. કાબિલે તારિફ = સ્તુત્ય; વખાણવા લાયક.

૧૯. કાબિલે દીદ = (૧) જોવા જેવું; જોવા લાયક. (૨) મનન કરવા લાયક.

૨૦. કાબિલે નિકાહ = વિવાહ કરવા લાયક; ઉમર લાયક.

૨૧. કાબિલે ફના = નાશવંત.

૨૨. કાબિલે મહસૂલ = કર નાખવા જેવું.

૨૩. કાબિલે માખૂઝી = આરોપ મૂકી શકાય એવું.

૨૪. કાબિલે મુઆફી = ક્ષમા આપવા લાયક.

૨૫. કાબિલે ફરોખ્ત = વેચવા યોગ્ય.

૨૬. કાબિલે વસૂલ = મળવા યોગ્ય.

૨૭. કાબિલે સઝા = દંડ કરવા લાયક.

૨૮. કાબિલે સમાઅત = સાંભળવા લાયક.

૪. વિ. વેચી શકાય એવું.

૫. વિ. હોશિયાર; બાહોશ.

કાબિલગુદાઝ (ક઼ાબિલગુદાઝ) વિ. ગાળી શકાય એવું; દ્રાવ્ય.

કાબિલા (ક઼ાબિલા) પું. કાબેલ કે શક્તિમાન પુરુષ.

કાબિલિયત (ક઼ાબિલિયત) ૧. સ્ત્રી. પંડિતાઈ; વિદ્વત્તા.

૨. સ્ત્રી. યોગ્યતા; લાયકપણું.

૩. સ્ત્રી. શક્તિ; બળ.

૪. સ્ત્રી. હોશિયારી; બાહોશી.

કાબિલી જુઓ કાબિલિયત.

કાબિશ [હિં.] સ્ત્રી. માટીના વાસણ ઉપર વાર્નિશ લગાડવામાં વપરાતી માટી.

કાબિસ જુઓ કાબિશ.

કાબીન ૧. સ્ત્રી. કાઝીની હાજરીમાં થતો લગ્નનો ઠરાવ.

૨. સ્ત્રી. દાયજો; કરિયાવર.

૩. સ્ત્રી. પૂરતા કારણુ વગર જો ધણી સ્ત્રીના છૂટાછેડા કરે તો ધણીએ આપવો જોઈતો લગ્નનો હિસ્સો.

૪. સ્ત્રી. સ્ત્રીધન.

કાબીનનામા સ્ત્રી. સ્ત્રીધનનો દસ્તાવેજ; દાયજો આપવાનું ખત.

કાબુલ (ક઼ાબુલ) [ફા.] ૧. પું. અફઘાનિસ્તાન દેશનું જૂનું નામ.

૨. પું. અફઘાનિસ્તાનનો એક પ્રાંત.

૩. સ્ત્રી. અફઘાનિસ્તાનની એ નામની નદી. તેના ઉપર કાબુલ શહેર છે. તે સિંધુને મળે છે.

૪. ન. અફઘાનિસ્તાનનું પાટનગર.

૫. ન. રાહત; મદદ.

કાબુલી ૧. પું. અફઘાન; પઠાણુ; કાબુલનો વતની.

૨. પું. એક જાતનું વસાણું.

૩. પું. એક જાતનો ગુંદર.

૪. પું. ખાવાની એક વાની. તે ચોખા, માંસ, ઘી, છોલેલા ચણા, કાંદા, નિમક, આદુ, તજ, જીરૂં, મરી, લવંગ, જાફરાન, બદામ અને એલાયચા વગેરેની બને છે.

૫. સ્ત્રી. કેળાંની એક જાત. આ જાતનાં કેળાંનો છોડ નાનો અને કેળાંની લૂમ એટલી લાંબી થાય છે કે તે જમીનને અડે છે. આ કેળાં સ્વાદિષ્ટ હોય છે.

૬. વિ. કાબુલનું; કાબુલને લગતું.

કાબુલીઅંગૂર સ્ત્રી. દ્રાક્ષની એક જાત. તેનાં ફળ સામાન્ય રીતે મોટાં, પીળાં અને રસવાળાં હોય છે.

કાબુલીસ્તાન ન. અફઘાનિસ્તાન; કાબુલીઓનું વતન.

કાબુલી હિંગ સ્ત્રી. કાબુલ તરફથી આવતી હિંગ.

કાબૂ (ક઼ાબૂ) ૧. [ફા.] પું. અખત્યાર; સત્તા.

૨. પું. અપૂર્વ જ્ઞાન.

૩. પું. અંકુશ; દાબ; ધાક.

૧. કાબૂ ચલાવવો = સત્તા વાપરવી.

૨. કાબૂ જામવો = (૧) મજબૂત પકડ હોવી. (૨) વગ થવી. (૩) સત્તા થવી; હુકમ થવો; હુકમ ચાલવો.

૩. કાબૂ ધરાવવો = (૧) કબજામાં હોવું. (૨) વગ હોવી. (૩) સત્તા હોવી; દાબ હોવો; સત્તામાં રાખવું.

૪. કાબૂમાં રાખવું = (૧) અંકુશ રાખવો; દાબમાં રાખવું. (૨) કબજે લેવો.

૪. પું. કબજો.

૫. પું. તક; અનુકૂળ સમય.

૬. પું. પંજો; પકડ.
૭. પું. વજન; વગ.
૮. પું. શક્તિ.
૯. સ્ત્રી. લૂંટારૂની જાત.
૧૦. ન. ઠેકાણું; ઘર; સ્થાન.
૧૧. વિ. કાબેલ; ચતુર.
૧૨. અ. કબ્જામાં; તાબે.

કાબૂક [ફા.] સ્ત્રી. કબૂતરખાનું.

કાબૂકાર [ફા.] વિ. ધૂર્ત; લુચ્ચું.

કાબૂચી (ક઼ાબૂચી) ૧. પું. દરવાન.
૨. પું. નકામો માણસ.
૩. વિ. આપખુદ; જુલમી.

કાબૂદાર (ક઼ાબૂદાર) ૧. [અ.] વિ. કબજો રાખે એવું.
૨. વિ. વગવાળો.
૩. વિ. વજનદાર; બોજવાળું.
૪. વિ. સત્તા ધરાવનાર.

કાબૂચાર જુઓ કાબૂકાર.

કાબૂવખ્ત (ક઼ાબૂવખ્ત) પું. સંધિ.

કાબૂસ (ક઼ાબૂસ) [અ.] પું. ખરાબ સ્વપ્નું.

કાબેર ૧. પું. અઠ્ઠાણું માંહેનો એક દેશ.
૨. સ્ત્રી. કજિયાખોર સ્ત્રી.
૩. સ્ત્રી. કાબર.

કાબેલ (ક઼ાબેલ) ૧. [અ.] વિ. ચતુર; ચાલાક.
૨. વિ. પહોંચેલું; પાવરધું.
૩. વિ. પ્રવીણ; બાહોશ.

કાબેલિયત (ક઼ાબેલિયત) ૧. સ્ત્રી. ખંધાઈ; પક્કાઈ.
૨. સ્ત્રી. ચતુરાઈ; ચાલાકી.
૩. સ્ત્રી. પ્રવીણતા; હોશિયારી; બાહોશપણું.
૪. સ્ત્રી. લાયકાત.

કાબેલેબરદાશ (ક઼ાબેલેબરદાશ) વિ. બરદાશ કરી શકાય એવું; સહી શકાય એવું.

કાબેલેબરદાસ (ક઼ાબેલેબરદાસ) જુઓ કાબેલેબરદાશ.

કાબો ૧. પું. ભવાયાનો એક જાતનો વેશ.
૨. પું. લૂંટારો; કચ્છ તરફ વસતી એક લૂંટારૂ અને ચાંચિયા જાતનો માણસ.
૩. વિ. ચતુર; ચાલાક; હોશિયાર.

કાબોડવું (કાબોડ઼વું) અ. ક્રિ. નાસી જવું; ભાગી જવું.

કાબોડીદાવ (કાબોડ઼ીદાવ) પું. એ નામની રમત; અકરીબકરી.

કાભા સ્ત્રી. કુભારજા; નઠારી સ્ત્રી.

કામ ૧. પું. અગ્નિના અગિયાર માંહેનો એ નામનો એક પ્રકાર.
૨. પું. આંબો.
૩. પું. ઇચ્છા; મનોરથ; વાસના; સ્પૃહા.
૪. પું. ઇંદ્રિયસુખની ઇચ્છા; વિષયવાસના.
૫. પું. (જ્યોતિષ) એ નામનો એક ગ્રહ.
૬. પું. (પિંગળ) એક અર્ધ સમજાતિ માત્રામેળ છંદ. તે સોરઠા છંદનો એક ભેદ છે. તેમાં સોળ ગુરુ અને સોળ લઘુ મળી બત્રીસ વર્ણ આવે છે.
૭. પું. (પિંગળ) એક જાતનો છંદ. તે પંચ્ચા છંદનો એક ભેદ છે. તેમાં પાંચ ગુરુ અને છત્રીસ લઘુ મળી ૪૧ વર્ણ અને ૪૬ માત્રા હોય છે.
૮. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે રાયવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં આઠ ગુરુ અને અડસઠ લઘુ મળી ૭૬ વર્ણ અને ૮૪ માત્રા હોય છે.
૯. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે ષટ્પદી છપ્પય છંદનો એક ભેદ છે.
૧૦. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અત્યુક્તા છંદનો એક ભેદ છે. તેને કામા છંદ પણ કહે છે.
૧૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે આષ્ટિ છંદનો એક ભેદ છે. તેમાં તગણ, જગણ, ભગણ, બે જગણ અને ગુરુ મળી સોળ વર્ણ હોય છે.
૧૨. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે. તેને સારંગ છંદ પણ કહે છે.
૧૩. પું. કામદેવ. તૈત્તિરીય બ્રાહ્મણમાં કામને ન્યાયના અધિષ્ઠાતા દેવ ધર્મ અને આસ્થાની અધિષ્ઠાત્રી દેવી શ્રદ્ધાનો પુત્ર કહ્યો છે. હરિવંશમાં તેને લક્ષ્મીનો પુત્ર કહ્યો છે. પુરાણોમાં એને વિષે અનેક વાત છે અને જુદા જુદા સંયોગો પ્રમાણે એનાં નામ પણ અનેક છે. જેમકે, અનંગ, મન્મથ, મદન, દર્પક, મકરધ્વજ, કંદર્પ, સંબરારિ, પંચશર, પુષ્પધન્વા, રતિપતિ, કલાકેલિ, મધુદીપ, રૂપાસ્ત્ર, શૃંગારયોનિ, પુષ્પકેતન, સંસારગુરુ.

કામ જીતવો-મારવો = કામ ઉપર કાબૂ રાખવો.

૧૪. [ફા.] પું. તાળવું.
૧૫. પું. (પિંગળ) તેર સૂચક સાંકેતિક શબ્દ.
૧૬. પું. તેરશ; પખવાડિયાની તેરમી તિથિ.
૧૭. પું. (પિંગળ) દરેક ચરણમાં ચાર તગણવાળો બાર અક્ષરનો એક અક્ષરમેળ છંદ.
૧૮. પું. દૂષણનો એક પ્રકાર
૧૯. પું. પરમેશ્વર.
૨૦. પું. પરાધીન સુખ.
૨૧. પું. પુરુષાર્થના ચાર માંહેનો એક પ્રકાર.
૨૨. પું. પ્રદ્યુમ્ન; કૃષ્ણના પુત્રનું નામ. તે કામદેવનો અવતાર મનાય છે.
૨૩. [સં. કમ્ (ચાહવું)] પું. પ્રેમ; સ્નેહ.
૨૪. પું. બનાવ; મામલો; બાબત.
૨૫. પું. બળદેવ.
૨૬. પું. (પિંગળ) બે અક્ષરનો દરેક ચરણમાં બે ગુરુવાળો એક અક્ષરમેળ છંદ; કામા.
૨૭. પું. મસ્તી.
૨૮. પું. મહાદેવ.
૨૯. પું. મૈથુનની ઇચ્છા.
૩૦. પું. વિશ્વદેવનો એક વર્ગ.
૩૧. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. ક એટલે બ્રહ્મા, અ એટલે વિષ્ણુ અને મ એટલે મહાદેવ એ વિગ્રહ અનુસાર ત્રિદેવરૂપ હોવાથી ભગવાન કામ કહેવાય છે.
૩૨. પું. વૈવસ્વત મન્વંતરમાંનો બૃહસ્પતિનો દૌહિત્ર.
૩૩. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.
૩૪. પું. (પુરાણ) સંકલ્પનો એક પુત્ર.
૩૫. પું. હિત.
૩૬. સ્ત્રી. કામડી; છડી.
૩૭. સ્ત્રી. ટપાલ; ટપાલની થેલી.
૩૮. સ્ત્રી. પતંગની આડી વાળેલી કામડી.

૧. કામ છટકવી = કનકવાની કામ છૂટી પડી જવી; કમાનનું છટકી જવું; કમાન ખસી જવી.

૨. કામ મરોડવી = કનકવો બરોબર કરવો; પતંગ બરોબર ચગે તેને માટે કમાનને વાંકી વાળી જરા રહેવા દઈ જોડી દેવી.

૩૯. સ્ત્રી. પત્ની; સ્ત્રી.
૪૦. ન. અર્થ; મતલબ; ઉદ્દેશ.
૪૧. ન. ઉપયોગ; જરૂર.

કામનું = જરૂરી; ઉપયોગી.

૪૨. ન. એક જાતનું ઝાડ.
૪૩. ન. એક જાતનું ત્રિશાળ ઘર. જે ત્રિશાળ ઘરના મુખ આગળ બે અલિંદ હોય અને તે શાળાનું મુખ દક્ષિણ તરફ હોય તે કામ નામનું ઘર કહેવાય છે.
૪૪. ન. કળા; કારીગીરી.
૪૫. ન. કારભાર; દરજ્જો.
૪૬. [સં. કર્મન્] ન. કાર્ય; કર્મ; કૃત્ય.

૧. કામ આવવું-લાગવું = (૧) ઉપયોગી થવું. (૨) માર્યા જવું; ખપી જવું; મરાવું. (૩) સહાય દેવી.

૨. કામ આવી જવું = મરાવું.

૩. કામ ઊપજવો-પ્રગટવો = સંભોગની ઇચ્છા થવી.

૪. કામ કરવું = (૧) અર્થ સારવો. (૨) અસર કરવી. (૩) કંઈ કરવું. (૪) કામ બજાવવું. (૫) મારી નાખવું. (૬) મોટી સફળતા મેળવવી. (૭) વેપાર કરવો. (૮) વ્યવસાયી હોવું. (૯) સંભોગ કરવો.

૫. કામ કરી આપવું = ફાયદો કરી આપવો.

૬. કામ કરી લેવું = (૧) આડકતરી રીતે કામ કઢાવી લેવું. (૨) હેતુ પાર પડવો.

૭. કામ કાઢી નાખવું = (૧) મારી નાખવું. (૨) લાભ મેળવી લેવો.

૮. કામ કાઢી લેવું = લુચ્ચાઈ કે અપ્રમાણિકતાથી હેતુ પાર પાડી લેવો; સ્વાર્થ સાધી લેવો.

૯. કામ ખોલવું = (૧) નવું કામ ચાલુ કરવું. (૨) નવું કારખાનું કાઢવું.

૧૦. કામ ચલાવવું = (૧) અર્થ સિદ્ધ કરવો. (૨) મુકદ્દમો ચલાવવો.

૧૧. કામ ચાલવું = (૧) કામ જારી હોવું. (૨) ક્રિયા સંપાદન થવી; અર્થ સિદ્ધ થવો. (૩) મુકદ્દમો ચાલવો.

૧૨. કામ જોવું = (૧) કરેલું તપાસવું; નિરીક્ષણ કરવું. (૨) ધંધા ઉપર આધાર રાખ્યા વગર કામથી અટકળ કે ન્યાય આપવો; કૃતિથી મનુષ્યપરીક્ષા કરવી.

૧૩. કામ થવું = પાર થવું; ઠેકાણે થવું; મરણ પામવું.

૧૪. કામ નિકાલવું = (૧) કામ કાઢી લેવું; અર્થ સિદ્ધ થવો. (૨) જરૂરિયાત પૂરી થવી.

૧૫. કામ નીકળવું = (૧) જરૂરિયાત પૂરી હોવી. (૨) પ્રયોજન સિદ્ધ થવું.

૧૬. કામ પડવું = (૧) જરૂરિયાત હોવી; જરૂર લાગવી. (૨) પરિચયમાં આવવું.

૧૭. કામ પર જવું = રોજગારની જગ્યાએ જવું.

૧૮. કામ પાડવું = (૧) સંબંધ કરવો; અનુભવ લેવો. (૨) સંસર્ગમાં આવવું; કામ નિમિત્તે મળવું.

૧૯. કામ બગડવું = મામલો ખરાબ થવો; વાત બગડવી; વ્યવસાય નષ્ટ થવો.

૨૦. કામ બનવું = (૧) મામલો બનવો. (૨) હેતુ સફળ થવો; ફાવવું.

૨૧. કામ બનાવવું = (૧) કોઈનું કામ કરવું. (૨) સંભોગ કરવો. (૩) હેતુ બર આવવો.

૨૨. કામ મળવું = રોજગારે લાગવું; ધંધો મળવો; નોકરી મળવી.

૨૩. કામ લાગવું = ઉપયોગી થઈ પડવું; અગત્યનું થવું.

૨૪. કામ શીખવવું = વેપારધંધો શીખવવો.

૨૫. કામ સમેટવું = કામ પૂરું કરવું.

૨૬. કામ સરવું = અર્થ ફળવો; ધાર્યું થવું.

૨૭. કામ સરાડે ચડવું = કામ સરળતાથી ચાલતું થવું.

૨૮. કામ સંભાળવું = ફરજ બજાવવી.

૨૯. કામથી જતું રહેવું = (૧) બરતરફ થવું. (૨) બિનઉપયોગી થવું.

૩૦. કામે લાગવું = ઉદ્યોગ કરવા મંડી પડવું.

૩૧. કર્યું તે કામ અને વીંધ્યું તે મોતી = કામ મુલતવી ન રાખવું.

૩૨. કામ એટલો જ અર્થ = જોઈએ તે કરતાં વધારે ન રાખવું; જરૂર તેટલો જ સંબંધ કે વહીવટ.

૩૩. કામ કરે તો મામ મળે = મહેનત કરે તો ગુજરાન મળે.

૩૪. કામ કર્યું તેણે કામણ કર્યું = ધંધો એ જિંદગીમાં બહુ અગત્યની વસ્તુ છે.

૩૫. કામ કામની રીતે કરવું = ખૂબ વિચાર કરી કામ કરવું; કંઈ કરતાં પહેલાં તે બાબત વિચાર કરવો ને પછીથી તે કામ આરંભવું.

૩૬. કામ કામને શીખવે = અનુભવ ઉત્તમ શિક્ષક છે; અનુભવથી સૌ થાય.

૩૭. કામ જરા મળે નહિ અને ઘડીની ફુરસદ નહિ = આળસુ હોવું; ઉદ્યોગીપણાનો ડોળ કરવો.

૩૮. કામ જીત્યો તેણે સર્વ જીત્યું = વાસનાની જીત એ મહાન જીત છે.

૩૯. કામ ત્યાં કરમ અને સત્ય ત્યાં ધરમ = ઉદ્યમ નસીબને ખેંચી લાવે છે.

૪૦. કામ પડ્યે માણસ જણાય = પ્રસંગ પડ્યા વિના માણસની કીમત ન થાય.

૪૧. કામ વખત કાકી નહિતર મેલો હાંકી = તોફાન વખતે અપાયેલાં વચન શાંતિ વખતે ભૂલી જવાય છે.

૪૨. કામ સર્યું એટલે વૈદ્ય વેરી = જરૂર હોય ત્યાંસુધી જ કોઈનો સંબંધ રાખવો.

૪૩. કામનો વાદ હોય, કરમનો વાદ નહિ = કામ કરવામાં ચડસાચડસી થઈ શકે, શ્રીમંતાઈમાં નહિ.

૪૪. કામમાં કામ કરી લેવું = એક કામ કરતાં બીજું કામ કરી લેવું; બે કામ સાથે કરવાં.

૪૫. કામમાં કામ કાઢવું = એક પથ્થરથી બે પક્ષી મારવાં; એક પંથ દો કાજ; એક કામ કરતાં બીજું કામ કરી લેવું.

૪૬. કામમાં ને કામમાં હડીઓ કાઢિ ગામમાં = કામને બહાને અહીંતહીં દોડધામ કરવી.

૪૭. ઝોર કામ = બળ માપવાની એક રીત.

૪૮. બેવડે દોરે કામ કરવું = (૧) એક સાથે બે કામ કરવાં. (૨) પાકું કામ કરવું.

૪૯. ભગાના જેવું કામ કરવું = ઊંધું વેતરવું.

૪૭. ન. ખાતું; વિભાગ.

૪૮. ન. ધંધો; વ્યવસાય.

૪૯. ન. નોકરી.

૫૦. ન. ફરજ; ધર્મ.

૫૧. ન. ફાયદો.

૫૨. ન. બનાવેલી ચીજ; કારીગરી; બનાવટ.

૫૩. ન. બુદ્ધિ; ચાતુર્ય.

૫૪. ન. વીર્ય; શુક્ર.

૫૫. ન. સુખ.

૫૬. વિ. ઇચ્છાવાળું.

૫૭. અ. કાજે; માટે.

કામઈ ન. એક જાતની વનસ્પતિ; કંઓઈનું ઝાડ.

કામઉલ્લાલ પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તેના પહેલા દળમાં ૩૦ અને બીજા દળમાં ૩૦ મળી ૬૦ માત્રા હોય છે. ૩, ૧૭ અને ૧૧ માત્રાએ તાલ આવે છે.

બે બે ષટ બે ત્રણ બે ત્રણે,
કલ પાંચ વળી ત્રણ બે કરો;
તિથિ તિથિપર યતિ ધરી ત્રીશ કલા,
કુલ **કામઉલાલા** દલ ધરો.

રણપિંગળ

કામક **૧.** પું. (પિંગળ) એક સમજાતિ માત્રામેળ છંદ. તેના દરેક પાદમાં ત્રીશ માત્રા હોય છે.

૨. પું. કામની ઇચ્છાવાળો પુરુષ; કામી.

૩. વિ. અભિલાષવાળું.

૪. વિ. ચાહનાર.

કામકઢું વિ. સ્વાર્થ સાધનાર.

કામકરંદું **૧.** વિ. ઉદ્યમી; મહેનતુ.

૨. વિ. કામ કરે એવું; કર્તવ્યનિષ્ઠ.

કામકરી [મ.] પું. મજૂર.

કામકરૂ વિ. કામ કરી શકે એવું.

કામકલશિકા પું. (પિંગળ) એક વિષમવૃત્ત વર્ણમેળ છંદ. તેના પહેલા પાદમાં સ, સ, જ, ગ, ગ મળી ૧૧ વર્ણ, બીજામાં સ, ભ, ર, ય મળી ૧૨ વર્ણ, ત્રીજામાં ત, જ, ર, ગ મળી ૧૦ વર્ણ અને ચોથામાં ભ, સ, જ, ગ, ગ મળી ૧૧ વર્ણ હોય.

કામકલા **૧.** સ્ત્રી. એ નામની દેવી.

૨. સ્ત્રી. એક તંત્રોક્ત વિદ્યા, જેમાં શિવ અને શક્તિની બે સફેદ અને લાલ બિંદીઓ માની છે.

૩. સ્ત્રી. કામ કરવાની કળા.
૪. સ્ત્રી. કામદેવની સ્ત્રી; રતિ.
૫. સ્ત્રી. કામના કારણરૂપ કલા.
૬. સ્ત્રી. કામભાવના; વિષય સંબંધી વિદ્યા.
૭. સ્ત્રી. ચોપન વાયુતત્ત્વદેવતામાંની એક.
૮. સ્ત્રી. પ્રેમયુક્તિ.
૯. સ્ત્રી. મૈથુન; રતિ.

કામકલાખ્યરસ [સં.] પું. વાજીકરણ માટે રસની એક બનાવટ. તે બનાવવા રસસિંદૂર, અભ્રકભસ્મ અને સુવર્ણભસ્મ ત્રણે ચીજો સરખે ભાગે લઈ તેને આસંધ, ગળો, ધોળી મૂસળી અને કેળના કંદના રસની એકેક ભાવના આપી લઘુપુટ આપવો. આ રીતે આઠ પુટ આપી પછી મોચરસ તોલા ૦। સાથે ૧ થી ૨ રતીની માત્રાથી મેળવી ખાવું. અનુપાન તરીકે કૌચાંનાં બીજ નાખી ઉકાળેલું દૂધ પીવું.

કામકલાવટી [સં.] સ્ત્રી. વાતરક્ત માટે રસની બનાવટ. તે બનાવવા અંકોલનું મૂળ, ત્રિફળા, ગળો, મરી, હળદર, જટામાંસી, ઉપલેટ એ બધાં દ્રવ્યો એકેક તોલો તથા વાવડિંગ, મોથ, સંચળ, હરતાલ, ટંકણખાર, નસોતર, પારગંધક અને લોહભસ્મ પ્રત્યેક બબ્બે તોલા અને ગૂગળ બાર તોલા મેળવી ઘીની સાથે કૂટીને ગોળીઓ કરવી. તેની માત્રા તોલો ૦। છે. અનુપાન માટે ગોમૂત્ર અપાય છે.

કામકસ્તુરી સ્ત્રી. એ નામનો એક છોડ; વિષ્ણુદપત્રી. આ છોડને જો સહેજ દાબીએ તો સુગંધ આપે છે પણ જો વધારે કચરીએ તો બહુ જ ખરાબ વાસ આપે છે.

કામકળા ૧. પું. (પિંગળ) એક માત્રામેળ છંદ. તેમાં ૧૬ માત્રાએ યતિ, ૩૨ માત્રા અને તેમાં અંતે ગુરુ હોય છે. ૧, ૫, ૯, ૧૩, ૧૭, ૨૧, ૨૫, ૨૯ માત્રાએ તાલ આવે છે.
૨. સ્ત્રી. કળા; યુક્તિ.
૩. સ્ત્રી. કામદેવની સ્ત્રી; રતિ.
૪. સ્ત્રી. કામની કળા. તે કામદેવની સ્ત્રીના સ્તનાદિક અંગમાં રહેતી હોય એમ મનાય છે.

કામકળારસ પું. કામને ઉત્તેજિત કરનાર એ નામનું એક ઔષધ.

કામકાજ ૧. [સં. કર્મન્ (કામ) + કાર્ય (કામ)] ન. કામ; કાર્ય; કર્મ.
૨. ન. ખટપટ; મોટું કામ.
૩. ન. ધંધોરોજગાર; વેપાર.
૪. ન. પરચૂરણ કામ.

કામકાજી ૧. પું. મેનેજર; વ્યવસ્થાપક.
૨. વિ. કામ કરનાર.
૩. વિ. મહેનતુ.

કામકાપત્ર ન. એ નામનું ગોત્ર.

કામકામી [સં. કામકામિન્] વિ. કામની ઇચ્છાવાળું; વિષયસુખની ઇચ્છાવાળું.

કામકાયન પું. (પુરાણ) એક બ્રહ્મર્ષિનું નામ.

કામકાર ૧. પું. ફળની આશા રાખીને કોઈ કામ કરવું તે.
૨. પું. સત્તાવાળો રાજા.
૩. [ફા.] ન. ઇચ્છે તે વસ્તુ મેળવનાર માણસ.

કામકારી [સં.] વિ. કામ ઉત્પન્ન કરે એવું; વિષયવાસના પેદા કરનાર.

કામકિશોરો [સં. કામ (વિષયસુખ) + કિશોર (પુત્ર)] પું. ગધેડો. તે વિષયવાસનાવાળો મનાય છે.

કામકુમાર [સં.] પું. પ્રદ્યુમ્નનો કુંવર; અનિરુદ્ધ.

કામકુંભ [સં.] પું. ઇચ્છિત વસ્તુ પૂરી પાડનારો ઘડો.

કામકુંવર જુઓ કામકુમાર.

કામકૂટ ૧. [સં.] પું. છિનાળવો; લંપટ પુરુષ.
૨. પું. વેશ્યાનો ધંધો.

કામકૃત ૧. [સં. કામકૃત્] પું. વિષ્ણુનાં હજાર નામ માંહેનું એક.
૨. સ્ત્રી. ઇચ્છા; મરજી.
૩. સ્ત્રી. મરજીથી કરેલું કામ.
૪. વિ. મરજી મુજબ વર્તનારું; સ્વચ્છંદી.

કામકેલ સ્ત્રી. કામકેલિ.

કામકેલિ જુઓ કામકૈલિ.

કામકૈલિ ૧. સ્ત્રી. કામક્રીડા; રતિવિલાસ; સંભોગ; મૈથુન.
૨. સ્ત્રી. સ્ત્રી પુરુષની કામવાસનાથી થતી રમત.
૩. વિ. છિનાળવો; વેશ્યાલંપટ.

કામકોટિપ્રવર્તિની [સં.] સ્ત્રી. એ નામની દેવી.

કામકોલ્લા ન. અઢાર મુખ્ય તીર્થક્ષેત્ર માંહેનું એક તીર્થક્ષેત્ર. જુઓ તીર્થક્ષેત્ર.

કામકોશ્ટી ન. મદ્રાસ પ્રાંતમાં આવેલું કુંભકોનમ ગામનું પ્રાચીન નામ. એ પુરાતન ચૌલ રાજ્યની રાજધાની હતું.

કામકોશણી જુઓ કામકોશ્ટી.

કામકોષ્ટી જુઓ કામકોશ્ટી.

કામક્રિયા [સં.] સ્ત્રી. ચોસઠ પ્રકારનાં વિજ્ઞાન માંહેનું એક.

કામક્રીડા (કામક્રીડ઼ા) ૧. [સં.] સ્ત્રી. કામચેષ્ટા; રતિરમત; મૈથુન; સંભોગ.
૨. સ્ત્રી. કામવાસના પ્રેરિત રમત.
૩. સ્ત્રી. (પિંગળ) પંદર અક્ષરનો બનેલો એ નામનો એક છંદ; સારંગિકા. આ છંદ પાંચ યગણનો બને છે.
૪. સ્ત્રી. રતિશાસ્ત્ર; કામશાસ્ત્ર.

કામખ્યા સ્ત્રી. એ નામનું દેવીનું સ્થાનક.

કામગ ૧. પું. કામદેવનો એક ભેદ.
૨. [સં. કામ + ગમ્ (જવું)] પું. પોતાની ઇચ્છા પ્રમાણે સ્ત્રી પાસે જનાર પુરુષ.
૩. વિ. પરસ્ત્રીગામી; વ્યભિચારી; લંપટ.
૪. વિ. સ્વેચ્છાચારી; સ્વચ્છંદી.

કામગતિ [સં.] વિ. મરજી મુજબની જગ્યાએ જઈ શકનાર.

કામગમ પું. (પુરાણ) ધર્મસાવર્ણિ મન્વંતરમાંના ત્રણ જાતના દેવ માંહેના એક દેવનું નામ.

કામગમન ન. કામવાસના તૃપ્ત કરવા મળવું તે.

કામગર ૧. પું. મજૂર; શ્રમજીવી.
૨. વિ. શક્તિવાન; બળવાન.

કામગરવાદ પું. મજૂરવર્ગના શાસનની તરફેણ કરનાર સિદ્ધાંત.

કામગરાપણું ન. કર્તવ્યપરાયણતા.

કામગરી ૧. [સં. કામ + કૃ (કરવું)] સ્ત્રી. અધિકાર; સત્તા.

કામગરીથી ઊતર્યો કોડીનો = ગાદીનું જ માન; પોતાના સ્થાન ઉપર જ્યાંસુધી માણસ હોય ત્યાંસુધી તેનું માન રહે છે.

૨. સ્ત્રી. નોકરી; ચાકરી.
૩. સ્ત્રી. નોકરીને અંગે કરવાનું કામ.
૪. સ્ત્રી. ફરજ; ધર્મ.
૫. સ્ત્રી. રીત.
૬. સ્ત્રી. સંદેશો; આદેશ; આજ્ઞા.

કામગરું ૧. [સં. કર્મકર] વિ. કામ કરવાને શક્તિવાન.
૨. વિ. કામમાં મચ્યું રહેનારું; ઉદ્યોગી.

કામગર્વિતાનાયકા સ્ત્રી. મોટાઓની લાજ મૂકી કામાતુર થઈ પતિનો સંગ કરનાર નાયિકા.

કામગવી સ્ત્રી. (જૂ. ગુ.) કામધેનુ.

કામગા ૧. [સં.] સ્ત્રી. એક દેવીનું નામ.
૨. સ્ત્રી. કુલટા; વ્યભિચારિણી સ્ત્રી; છિનાળ.

કામગાર ૧. પું. કામ કરનાર અધિકારી.
૨. પું. મજૂર.
૩. વિ. મહેનત મજૂરી કરનાર.

કામગારપક્ષ પું. મજૂરપક્ષ.

કામગારસંઘ પું. મજૂરસંઘ.

કામગારી ૧. સ્ત્રી. પ્રતિનિધિત્વ.
૨. સ્ત્રી. બાંધકામ.

કામગિરિ [સં.] પું. એ નામનો ભરતખંડનો એક પર્વત.

કામગીરી જુઓ કામગરી.

કામગુણ ૧. [સં.] પું. પ્રેમ; અનુરાગ; સ્નેહ.
૨. પું. વિષયને ઉત્તેજન આપનાર ગુણ; શબ્દાદિ પાંચ વિષય.
૩. પું. સંતોષ.
૪. ન. અનુભવી શકાય એવી વસ્તુ.

કામચર ૧. [સં.] પું. નહિ અટકાવેલી ગતિ.
૨. પું. વિષયવાસના.
૩. પું. સ્વચ્છંદ.
૪. પું. સ્વચ્છંદપણે કરેલું કામ; સ્વેચ્છાચાર.
૫. પું. સ્વચ્છંદી આદમી.
૬. પું. સ્વાર્થ.
૭. વિ. સ્વચ્છંદી.

કામચલાઉ ૧. વિ. ઉપયોગી.
૨. વિ. કામ ચલાવવા પૂરતું જ હોય એવું.
૩. વિ. કાયમથી ઊલટું; હંગામી; થોડા વખતનું.

કામચાર જુઓ કામચર.

કામચારણી [સં.] સ્ત્રી. કામચારી; પોતાની મરજી પ્રમાણે ચાલનાર સ્ત્રી; મદમત્તી.

કામચારિ પું. (પિંગળ) પંક્તિ છંદની જાતનો દશ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેમાં તગણ, ભગણ, રગણ અને લઘુ એમ દશ વર્ણ હોય છે.

કામચારિણી ૧. [સં.] સ્ત્રી. એ નામની દેવી. તેનું સ્થાન મંદરાચલ ઉપર છે.
૨. સ્ત્રી. ચકલી.
૩. સ્ત્રી. વ્યભિચારિણી; છિનાળ.

કામચારી ૧. [સં. કામચારિન્] પું. ગરુડ.
૨. પું. ચકલો.
૩. પું. લંપટ; વ્યભિચારી; કામુક.
૪. વિ. સ્વચ્છંદી; સ્વેચ્છાચારી.

કામચાળી [ફા.] સ્ત્રી. સફળતા.

કામચેતના [સં.] સ્ત્રી. વિષયસુખની ઉત્પત્તિ.

કામચેષ્ટા [સં.] સ્ત્રી. શૃંગારવિલાસ; ચેનચાળા; કુચેષ્ટા.

કામચોર ૧. પું. કસબચોર.
૨. પું. કામ કરવામાં આળસ કરનાર; બરાબર કામ નહિ કરનાર.
૩. વિ. પોતાને સોંપેલી ફરજ પ્રમાણે નહિ વર્તનાર.

કામચોરી સ્ત્રી. કામચોરનું કર્મ.

કામછંદ પું. (પિંગળ) બે ગુરુવાળો એક છંદ.

કામજ ૧. [સં.] પું. અનિરુદ્ધ; શ્રીકૃષ્ણનો પૌત્ર.
૨. પું. મનુસંહિતા અનુસાર દશ પ્રકારનાં વ્યસન માંહેનું એક. તેમાં આસક્ત થવાથી અર્થ અને ધર્મની હાનિ થાય છે. દશ વ્યસન આ પ્રમાણે છેઃ મૃગયા, જુગાર, દિવસનું સૂવું, પારકી નિંદા, સ્ત્રીસંભોગ, મદ્યપાન, નૃત્ય, ગીત, વાદ્ય અને નકામું અહીંતહીં ભમવું.
૩. વિ. કામથી ઉત્પન્ન થયેલ.

કામજઉષ્ણતા [સં.] સ્ત્રી. કામ ભોગવવાની ઇચ્છા થાય ત્યારે શરીરમાં થતી ગરમી.

કામજનન ન. નાગરવેલ.

કામજલ [સં.] ન. સ્ત્રીશુક્ર; યોનિમાંથી ઝરતો ચીકણો પ્રવાહી રસ.

કામજિત ૧. પું. કાર્તિક સ્વામી.
૨. પું. જિનદેવ અર્હંત; તીર્થંકર.
૩. પું. મહાદેવ.
૪. વિ. વિષયવાસનાને જેણે જીતી હોય એવું.

કામજોગ ૧. વિ. ઉપયોગી; સહાયભૂત.
૨. વિ. કર્મકુશળ; ચાલાક.
૩. વિ. કાર્ય પૂરતું.

કામજોગું જુઓ કામજોગ.

કામજ્વર [સં.] પું. મૈથુનની ઇચ્છારૂપી જ્વર. તે બ્રહ્મચર્ય પાળવાથી સ્ત્રી અને પુરુષને થઈ આવે છે. તેમાં નિદ્રા, લજ્જા, બુદ્ધિ અને ચિત્તની સ્થિરતા નાશ પામે છે. પુરુષના હૃદયમાં પીડા થાય છે અને સ્ત્રીનું અંગ તૂટે છે, નેત્ર ચંચળ બને છે અને મનમાં સંભોગની ઇચ્છા થાય છે. ક્રોધ ઉત્પન્ન કરવાથી તેનો વેગ શાંત થાય છે.

કામટી સ્ત્રી. કળાઈ; કાંડાં અને કોણી વચ્ચેનો ભાગ.

કામટું વિ. કામી; વિષયી.

કામઠ ૧. [સં.] પું. કાચબો.
૨. વિ. કાચબા સંબંધી.

કામઠક [સં.] પું. (પુરાણ) એક નાગ. તેને જન્મેજય રાજાએ સર્પયજ્ઞમાં મારી નાખ્યો હતો.

કામઠડી (કામઠડ઼ી) સ્ત્રી. નાનું કામઠું.

કામઠિયો પું. કામઠીવાળો સિપાઈ; તીરંદાજ; ધનુર્ધારી; તીર મારનારો પુરુષ.

કામઠી ૧. [સં.] પું. કામઠી રાખનાર લડવૈયો; ભીલ.
૨. સ્ત્રી. તંતુવાદ્ય વગાડવાની લાકડી.
૩. સ્ત્રી. દેશી ચરખાના ફણા સાથે રૂ ન વીંટાય તે માટે આવતી વાંસની પટી.
૪. સ્ત્રી. નાનું કામઠું.

કામઠું ૧. ન. પીંજણને ઊંચી ટાંગવા અને ઊંચે નીચે થવા બંધાતું લાકડાની ખપાટનું તીર.
૨. [સં. કમઠ] ન. વાંસનું બનાવેલું તીર ફેંકવાનું હથિયાર; ધનુષ્ય; ચાપ; કોદંડ; શરાસન; કમાન.
૩. વિ. પાતળું.

કામડકોટિયું (કામડ઼કોટિયું) ૧. ન. કામડાં બાંધીને બનાવેલું ઘર.
૨. વિ. કામડાંનું બનાવેલું.
૩. વિ. ભાંગું ભાંગું થઈ રહેલું; પડી જાય તેવી હાલતમાં હોય તેવું.

કામડાં (કામડ઼ાં) ન. બ વ. કૂવાના ઢાંકણમાં માત્ર પાણીનું વાસણ જાય એટલી ચોરસ જગ્યા ખુલ્લી રાખી હોય તેવી વાંસની જાળી.

કામડિયો (કામડ઼િયો) ૧. પું. ઇમામી સંપ્રદાયમાંનો એક ઇલકાબ.
૨. પું. ખોજા ધર્મની મંડળીના આગેવાન મુખીનો મદદગાર; કારભારી.
૩. પું. રામદેવનો અનુયાયી એ નામનો એક ચમાર સાધુ.

કામડી (કામડ઼ી) ૧. સ્ત્રી. કળાઈ; કાંડાથી કોણી સુધીનો હાથનો ભાગ.
૨. સ્ત્રી. પાતળા કાચા વાંસની સોટી; વાંસની ચીપ.
૩. સ્ત્રી. બંગડી.
૪. સ્ત્રી. રૂ ઝૂડવાની સોટી.
૫. વિ. કામકરેંદું; કામઢું; કામગરું.
૬. વિ. નબળા બાંધાનું; સુકલકડી.

કામડું (કામડ઼ું) ૧. ન. વાંસનો કકડો; ચીપ.
૨. વિ. કામકરેંદું; કામઢું.
૩. વિ. નબળા બાંધાનું; સુકલકડી.
૪. વિ. વાંસનું.

કામઢું ૧. [સં. કર્મઠ] વિ. બહુ કામ કરનાર; કામગરું.
૨. વિ. મહેનતુ; ઉદ્યમી.

કામણ ૧. ન. ધંતરમંતર; ટુચકો.
કામણ કરવું = જાદૂ કરવું.
૨. [સં. કર્મણ] ન. વશીકરણ વિદ્યા; મોહિની લગાડવી તે.

કામણકૂટિયું વિ. કામણટૂમણ કરનાર; જાદૂ કરનાર.

કામણગારું [સં. કાર્મણકારિન્; પ્રા. કમ્મણગારિ] વિ. કામણ કરે એવું; મોહ ઉપજાવે એવું; મોહક.

કામણટૂમણ ન. ધંતરમંતર; મેલી વિદ્યા; જાદુ; વશીકરણ; મોહ ઉપજાવનારી અને વશ કરનારી તાંત્રિક ક્રિયા.

કામણટૂમણિયું વિ. જેને કામણટૂમણ કરતાં આવડતું હોય એવું; જાદુ કરનાર; વશીકરણ કરનાર.

કામણપંડિકાઈ સ્ત્રી. હોળી.

કામણવું અ. ક્રિ. કામણ કરવું.

કામણિયાં ન. વ. વ. (ગ્રામ્ય) કામણ.

કામણી મોહના પું. (પિંગળ) નાગપિંગળ માંહેનો એક માત્રામેળ છંદ.

કામત [અ.] સ્ત્રી. કદ.

કામતરુ ૧. પું. વાંદો. તે ઝાડ ઉપર રહે છે.

૨. [સં.] ન. કલ્પવૃક્ષ.

કામતંત્ર [સં.] ન. કામશાસ્ત્ર.

કામતંત્રકાર [સં.] પું. કામતંત્ર લખનાર; કામશાસ્ત્રકાર.

કામતા ૧. [સં.] પું. (પિંગળ) અનુષ્ટુપ છંદની જાતનો એક અક્ષરમેળ છંદ; કરાલી. તેના દરેક ચરણમાં બે તગણ અને બે ગુરુ એમ આઠ અક્ષર હોય છે.

૨. સ્ત્રી. કામીપણું; લંપટાઈ.

કામતાઈ [સં.] સ્ત્રી. લંપટાઈ; વિષયાસક્તિ; કામીપણું.

કામતાનાથગિરિ પું. ચિત્રકૂટ પર્વતનું હાલનું નામ.

કામતાલ [સં.] પું. કોયલ.

કામતિથિ [સં.] સ્ત્રી. તેરસ. આ તિથિએ કામદેવની પૂજા થાય છે.

કામતૃષ્ણા [સં.] સ્ત્રી. વિષયની ઇચ્છા.

કામત્વ [સં.] ન. કામીપણું.

કામદ ૧. [સં.] પું. ઋષભક નામનું કંદ. તે ખાવાથી કામ અને મદ ઉત્પન્ન થાય છે.

૨. પું. (શિલ્પ) એક જાતનું ચતુઃશાળ ઘર. મકરધ્વજની પછી એક અલિંદ વધારીએ તો તે કામદ નામે ઘર કહેવાય.

૩. પું. (શિલ્પ) એક જાતનું ત્રિશાળ ઘર. સ્વધન ઘર પશ્ચિમ મુખે હોય તો કામદ નામનું ઘર કહેવાય.

૪. પું. (શિલ્પ) એક જાતનું દ્વિશાળ ઘર. ઘરના મુખ આગળ બે અલિંદ આવે અને તે બે અલિંદ આગળ એક મંડપ આવે તેમ જ તે ઘરની જમણી તરફ એક અલિંદ, પછીતે એક અલિંદ, વચ્ચે ષટ્દારુ આવે અને તે ઘરનું મુખ પૂર્વમાં હોય તો તે કામદ ઘર કહેવાય.

૫. પું. કાર્તિક સ્વામી; કાર્ત્તિકેય; સ્કંદ.

૬. પું. (શિલ્પ) વિજય ઘરની ડાબી તરફ અપવર્દ આવે તેવું ઘર.

૭. પું. શંકર; ઈશ્વર.

૮. પું. સૂર્યનાં એકસો આઠ માંહેનું એક નામ.

૯. ન. મનકામના પૂરી કરનાર એક વન.

૧૦. વિ. ઇચ્છા પૂરનાર; મનકામના પૂરી કરનારૂં.

કામદગિરિ [સં.] પું. ચિત્રકૂટ નામનો પર્વત.

કામદગ્ધ [સં.] વિ. કામથી દાઝેલું; વિષયથી ઝૂરતું.

કામદમણિ [સં.] પું. ચિંતામણિ.

કામદર્શન [સં.] વિ. રૂપાળા દેખાવવાળું.

કામદશા [સં.] સ્ત્રી. વિષયવાસનાથી થયેલી હાલત.

કામદહન ૧. [સં.] પું. કામદેવને બાળી નાખનાર શિવ.

૨. પું. હોળી. હોળીને દક્ષિણમાં કામદહન કહે છે.

કામદા ૧. પું. (પિંગળ) એક અક્ષરમેળ છંદ; મરાલિકા; કર્ણપાલિકા.

૨. [સં.] સ્ત્રી. કામધેનુ.

૩. સ્ત્રી. ચૈત્ર સુદિ અગિયારશ.

૪. સ્ત્રી. નાગવલ્લી; નાગરવેલ.

૫. ન. હરડેનું ઝાડ.

૬. વિ. ઇચ્છા પૂરી પાડનારી.

કામદા એકાદશી [સં.] સ્ત્રી. ચૈત્ર સુદિ અગિયારશ. આ એકાદશીવ્રતથી કામના પૂર્ણ થાય એમ મનાય છે, એથી એ નામ પડ્યું છે. આ એકાદશીનું માહાત્મ્ય શાસ્ત્ર પ્રમાણે નીચે મુજબ છે: ભોગી નામના નગરમાં પુંડરીક નામે પ્રમુખ નાગ રાજ્ય ચલાવતો હતો. ગંધર્વ, કિન્નર, અપ્સરા વગેરે તેની સેવા કરતાં હતાં. આ શહેરમાં લલિતા નામની અપ્સરા અને લલિત નામનો ગંધર્વ રહેતાં હતાં. એ પ્રેમાળ દંપતી હતાં. એક દિવસ નાગસભામાં લલિત એકલો ગાવા બેઠો. તેનું અંતઃકરણ પોતાની પત્ની વિષે લુબ્ધ હતું; તેથી તેની ગાવામાં ભૂલો પડવા લાગી. ગંધર્વનો મનોભાવ કર્કટ નામે નાગે જાણી રાજાને જણાવ્યો. તેથી મદનાતુર ગંધર્વને તું માનવભક્ષી રાક્ષસ થઈશ એવો રાજાએ શાપ આપ્યો. લલિત રાક્ષસ થઈ પોતનાં દુષ્કર્મોનું ફળ ભોગવવા લાગ્યો. લલિતા પણ અનેક દુઃખો સહન કરતી પતિની પાછળ રાતદિવસ ભટકતી. એક દિવસ બંને વિંધ્યાચળ ઉપર આવેલ શૃંગ ઋષિના આશ્રમમાં આવી પહોંચ્યાં. લલિતાએ પોતાના પતિને આ અસહ્ય આપત્તિમાંથી ઉગારવા ઋષિને વિનતિ કરી. શૃંગ ઋષિની આજ્ઞા મુજબ લલિતાએ કામદા એકાદશીનું વ્રત કરી તેનું ફળ પતિને અર્પણ કર્યું. પતિને એથી પોતાનું અસલ સ્વરૂપ ફરીથી મળ્યું. આ રીતે આ વ્રતથી લલિતાની ઇચ્છા સિદ્ધ થઈ.

કામદાન ૧. પું. નાચરંગ કે ગાવું બજાવવું તે.

૨. [સં.] ન. ઋતુદાન.

કામદાની [ફા.] સ્ત્રી. એક પ્રકારનું ધોળું સોનેરી બુટ્ટાદાર સુતરાઉ લૂગડું. તે દિલ્હી અને લખનૌમાં બને છે.

કામદાર ૧. પું. અમલદાર; અધિકારી.

૨. પું. કામ કરનાર નોકરિયાત કે મજૂર માણસ.

૩. [ફા.] પું. કારભારી; દીવાન.

૪. પું. દરમાયો લઈને કામ કરનાર; કારકુન.

૫. પું. દલાલ; આઢતિયો.

૬. સ્ત્રી. એ નામની વાણિયા અને મેમણની એક અટક.

૭. ન. એ નામની અટકનું માણસ.

૮. વિ. એ નામની અટકનું.

૯. વિ. કામવાળું; કામ કરનાર.

કામદારની બાબ સ્ત્રી. ખેતીની ઊપજમાંથી કામદારને આપવામાં આવતી લેતરી.

કામદારપક્ષ પું. કારખાનાં વગેરેમાં કામ કરનારાની સંગઠિત રાજકીય ટોળી; મજૂરોનો પક્ષ; મજૂરપક્ષ.

કામદારવર્ગ પું. મજૂરવર્ગ; મજૂરોનો સમૂહ.

કામદારસંઘ પું. કામદારમંડળ; સમસ્ત કામદારોનું વ્યવસ્થિત મંડળ.

કામદારસુખડી (કામદારસુખડ઼ી) સ્ત્રી. અસલના વખતની એક લેતરી.

કામદારી ૧. સ્ત્રી. કામદારના પગારનો વરાડ.

૨. સ્ત્રી. કામદારપણું; કામદારનું કામકાજ.

૩. સ્ત્રી. ખેડૂત પાસેથી ઉઘરાવાતી એક લેતરી.

૪. સ્ત્રી. મજૂરી.

કામદારું ન. કામદારનું કામ.

કામદીપક પું. ઓસડિયાં નાખી અડદનો બનાવેલો પાક. તે વીર્યવર્ધક છે.

કામદીપકરસ [સં.] પું. વાજીકરણ માટે ઉપયોગી રસની બનાવટ. તે બનાવવા સફેદ સાટોડીનાં મૂળને શીમળાનાં મૂળના રસની ભાવના આપી ૧ તોલો શીમળાનો ગુંદર, ૧ તોલો મોચરસ, ૧ તોલો પારદ, ૧ તોલો ગંધક એ ચારે વસ્તુને ઘૂંટી મિશ્રણ કરી ચૂર્ણ કરવું. તેની માત્રા ૪ થી ૮ વાલ છે. તેનું અનુપાન દૂધ છે.

કામદીપન [સં.] નં. દારૂ; મદ્ય. કેમકે તે વાસનાને ઉત્તેજિત કરે છે.

કામદુ ન. (સંગીત) મધ્યગ્રામમાં એક નિષાદ અને ગાંધાર વર્જવાથી ઉત્પન્ન થતું ઓડવનું એક તાન.

કામદુઘ ૧. પું. (પુરાણ) સુસ્વધા નામના પિતર લોક.

૨. [સં.] વિ. ઇચ્છિત આપનાર.

કામદુઘા [સં.] સ્ત્રી. કામધેનુ ગાય; સુરભિ.

કામદુઘાસુત [સં.] પું. નંદી; શિવનો પોઠિયો.

કામદુર્ગા [સં. કામદુગ્ધા] સ્ત્રી. મનની ઇચ્છા પૂરી પાડે તેવી ગાય.

કામદુહ [સં. કામદુહ્] સ્ત્રી. કામધેનુ.

કામદુહગા સ્ત્રી. કામદુગ્ધા; કામધેનુ.

કામદુહા [સં.] સ્ત્રી. કામધેનુ.

કામદૂતરસ [સં.] પું. વાજીકરણ માટે એક જાતના રસની બનાવટ. તેમાં પારદ, ગંધક અને કાંતલોહની ભસ્મ એ ત્રણે વસ્તુ સરખે ભાગે લઈ તેને શીમળાનાં મૂળની છાલના કવાથમાં એક પહોર સુધી ઘૂંટી તેનો ગોળો કરી ઘીની સાથે અંધમુષામાં પકવવું. પછી તેમાંથી એકેક રતી રસ, વિદારીકંદના રસ અને નાગરવેલનાં પાનના રસમાં મેળવી ઘી અને મધની સાથે ચાટી ઉપર ગરમ દૂધ પીવું.

કામદૂતિકા ૧. [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; નાગદંતી; હાથીસૂંઢ.

૨. સ્ત્રી. પાટલાવૃક્ષ.

કામદૂતી ૧. [સં.] સ્ત્રી. નાગદંતી.

૨. સ્ત્રી. પરવલની વેલ.

૩. સ્ત્રી. પાટલાવૃક્ષ.

૪. સ્ત્રી. મદનદૂતી; કોયલ; કોકિલા.

કામદૃષ્ટિ [સં.] સ્ત્રી. વિષયવાસનાવાળી નજર; પ્રેમની નજર.

કામદેવ ૧. [સં.] પું. કામભોગની ઇચ્છાનો કલ્પિત દેવ; મદન; અનંગ; સ્મર; મનોભૂ; રતિપતિ. કામદેવનાં પાંચ બાણ છેઃ કેટલાકને મતે અરવિંદ, અશોક, આંબાનો મોર, નવમાલિકા અને નીલોત્પલ. બીજાના મતે સંમોહન, ઉન્માદન કે ઉન્માદક, શોષણ, તાપન અને સ્તંભન. કામદેવનાં પાંચ બાણ ઉપર કમળ, આસોપાલવનું ફૂલ, સરસવનું ફૂલ, આંબાનો મોર અને ભૂરૂં કમળ એ નામનાં પાંચ ફૂલ છે. કેટલાક ચંપો, આંબાનો મોર, નાગકેસર, કેવડો અને બીલીફૂલ એમ પણ કહે છે. કામદેવ એ કૃષ્ણ રુકિમણીનો દીકરો મનાય છે. તેની સ્ત્રી રતિ, તેનો મિત્ર વસંત, તેનું વાહન કોયલ, તેનું અસ્ત્ર ફૂલનું ધનુષ્ય બાણ છે. તેની ધજા ઉપર માછલીનું ચિહ્ન છે. કહેવાય છે કે જ્યારે સતીનો પરલોકવાસ થયો ત્યારે શિવજીએ વિચાર કર્યો કે હવે વિવાહ ન કરવો. આવો નિશ્ચય કરી સમાધિ લગાવી. તેવામાં તારકાસુરે ઘોર તપ કરી એવું વરદાન માગ્યું કે મારૂં મોત શિવજીના પુત્રથી થાય અને તે પછી તેણે દેવતાઓને સતાવવા માંડ્યા. આથી દુઃખી થઈ દેવતાઓએ કામદેવને શિવની સમાધિનો ભંગ કરવા કહ્યું. કામદેવે શિવની સમાધિ તોડાવવા તેના ઉપર પોતાનાં બાણ ચલાવ્યાં. આથી ગુસ્સે થઈ શિવજીએ તેને ભસ્મ કરી દીધો. આથી તેની સ્ત્રી રતિ વિલાપ કરવા લાગી. શિવજીએ પ્રસન્ન થઈ કહ્યું કે કામદેવ હવે અંગ રહિત રહેશે અને દ્વારકામાં કૃષ્ણને ઘેર તેનો જન્મ થશે. કૃષ્ણનો પુત્ર પ્રદ્યુમ્ન કામદેવનો અવતાર મનાય છે. આ દેવના સન્માન માટે મહા સુદિ પાંચમનો ઉત્સવ થાય છે. તેનાં નામઃ અનન્યજ, આત્મભૂ, ઇરાજ, ઇરમ, કંજન, કિંકર, મદ, રમ, રમણ, સ્મર, ભવજ, મનોજ, પ્રદ્યુમ્ન, કાર્ષ્ણી, માયી, માયાસુત, શ્રીનંદન, અભિરૂપ, દર્પક, દીપક, ગદયિત્નુ, ગૃધ્નુ, ગૃત્સ, કમન, ખરુ, કંદર્પ, કંતુ, કલાકેલિ, માર, મધુદીપ, મુહિર, મુર્મુર, રાગવૃંત, રૂપાષ્ટ્ર, રતનારીચ, શમાંતક, સંસારગુરુ, શૃંગારયોનિ, તિથ, વામ, કુસુમાયુધ, પુષ્પધન્વા, પુષ્પશર, મકરકેતુ અને પુષ્પકેતન.

૨. પું. વિષ્ણુનાં હજાર નામ માંહેનું એક. ધર્માદિ ચારે પુરુષાર્થની ઇચ્છાવાળાઓથી તેની કામના કરાય છે તેથી તે કામ કહેવાય છે.

૩. પું. વીર્ય.

૪. પું. વૈદ્યક પ્રસિદ્ધ એક ઘીની બનાવટ.

૫. પું. શિવ.

૬. પું. સંભોગની ઇચ્છા.

૭. પું. સામવેદનો એક ઋષિ.

કામદેવઘૃત [સં.] ન. રક્તપિત્ત માટે એક જાતની ઘીની બનાવટ. તે બનાવવા અશ્વગંધા શેર ૧૦, ગોખરુ શેર ૫, શતાવરી, વિદારીકંદ, શાલિપર્ણી, બલા, પીપળાની વડવાઈ, કમળકાકડીનાં બી, સાટોડીનાં મૂળ, સીવણનાં ફળ અને અડદ એ બધાં એકેક શેર લઈ ૪ ગણા પાણીમાં ઉકાળી ચોથો ભાગ બાકી રહે એટલે તે કવાથ તથા નીચેનાં દરેક બબ્બે તોલા દ્રવ્યોનો કલ્ક તથા આઠ તોલા સાકર નાખી એક પ્રસ્થ ઘી પકાવવું. તેના કલ્કનાં દ્રવ્યોઃ કાજીવક, ઋષભક, કાકોલી, ક્ષીરકાકોલી, દોડી, જેઠીમધ, દ્રાક્ષ, પદ્મકાષ્ટ, ઉપલેટ, પીપર, સાંજપ, વાળો, નાગકેસર, કૌચાં, નીલોફર એટલે નીલકમળ અને કાળી તથા સફેદ કપૂરીમધુરી.

કામદેશ પું. વીંછી.

કામદેહ [સં.] પું. લિંગદેહ; જીવાત્માનું સૂક્ષ્મ શરીર.

કામદોહી [સં.] વિ. ઇચ્છા પૂરી પાડનાર.

કામધર [સં.] પું. એ નામનું એક સરોવર.

કામધંધો પું. વેપારરોજગાર; કામ અને ધંધો.

કામધામ ૧. [સં.] ન. કામદેવનું ઉત્પત્તિનું સ્થાન.

૨. ન. ધંધો; કામકાજ.

કામધુક સ્ત્રી. કામધેનુ; મનકામના પૂરી કરનાર ગાય.

કામધૃક્કોટિકામદ [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

કામધેન સ્ત્રી. કાવડ.

કામધેનુ ૧. [સં. કામ (ઇચ્છા) + ધેનુ (ગાય)] સ્ત્રી. ઇચ્છા પૂરી પાડનાર કલ્પિત ગાય; કામદુહ; શવલા; સુરભિ. વસિષ્ઠની આ પ્રખ્યાત ગાય સમુદ્રમંથનમાંથી ચૌદ રત્નો માંહેનાં એક રત્નરૂપે નીકળી હતી.

૨. સ્ત્રી. જે પુરુષ કે વસ્તુ પાસેથી ઘણી મુરાદ હાંસલ થાય તે.

૩. સ્ત્રી. દાન માટે બનાવેલી સોનાની ગાય.

૪. સ્ત્રી. પૃથ્વી.

૫. સ્ત્રી. રોહિણીની કન્યા.

૬. સ્ત્રી. વૈષ્ણવ સાધુની કાવડ.

કામધેનુ ફેરવવી = લોટ માગવો.

કામધેનુતંત્ર [સં.] ન. એ નામનું એક તંત્રશાસ્ત્ર.

કામધૈન જુઓ કામધેનુ.

કામધ્વજ [સં.] પું. માછલી. કેમકે તે કામદેવના વાવટા ઉપર હોય છે.

કામધ્વંસી [સં.] પું. મહાદેવ.

કામન ૧. [સં.] સ્ત્રી. ઇચ્છા; મરજી.

૨. સ્ત્રી, સુંદર પ્રેમાળ સ્ત્રી.

૩. વિ. કામવાસનાવાળું.

કામના ૧. [સં.] સ્ત્રી. ઇચ્છા; અભિલાષ. આપણા પંડિતોએ કામનાઓ ત્રણ જાતની કહી છે; દારેષણા એટલે સ્ત્રીની, વિત્તૈષણા એટલે ધનની અને લોકૈષણા એટલે કીર્તિની કામના.

કામના કરવી-થવી = ઇચ્છવું.

૨. સ્ત્રી. ભાવ.

૩. સ્ત્રી. વાસના; કામવૃત્તિ.

કામનાચક [સં.] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

કામનિભા પું. (પિંગળ) દશ અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તે પંક્તિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં મગણ, સગણ, તગણ અને લઘુ એમ દશ અક્ષરો હોય છે.

જાણો **કામનિભા** મા સા ત લ. રણપિંગળ

કામની ૧. સ્ત્રી. પ્રેમાળ સ્ત્રી; હેત રાખનારી સ્ત્રી.

૨. સ્ત્રી. બિહારી કલમી આંબાની એક જાત.

૩. [સં.] સ્ત્રી. સુંદરી; કામિની.

કામનીયક [સં.] ન. સુંદરતા; કોઈનું આકર્ષણ થાય એવો દેખાવ.

કામનું વિ. જરૂરનું; જરૂરી; ઉપયોગનું.

કામપત્ની ૧. [સં.] સ્ત્રી. કામદેવની સ્ત્રી; રતિ.

૨. સ્ત્રી. રખાત સ્ત્રી.

કામપરાયણ વિ. કામમયી; રચ્યુંપચ્યું રહેનાર.

કામપરાયણતા સ્ત્રી. કામમાં રચ્યુંપચ્યું રહેવું તે.

કામપાડુ (કામપાડ઼ુ) ૧. ન. ખુશામત.

૨. વિ. ખુશામત કરનાર.

કામપાલ ૧. [સં.] પું. બળદેવ; બળભદ્ર.

૨. પું. મહાદેવ; શંકર.

૩. પું. શ્રીકૃષ્ણ; વાસુદેવ.

કામપિતા [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

કામપિપાસક [સં.] વિ. વિષયાભિલાષી; કામવાસનાવાળું.

કામપી [સં.] પું. કામ પી જનારો પુરુષ; કામ બાળનારો માણસ.

કામપીઠ [સં.] સ્ત્રી. ભગપીઠ; પુરુષ તેમ જ સ્ત્રીમાં ભગાસ્થિઓના સાંધાની આગળનો શિશ્ન અથવા યોનિની ઊંચે રહેલો ભાગ. તેમાં રહેલી ચરબી વડે તે ઊંચો જણાય છે. તે પાતળી કોમળ ચામડી વડે ઢંકાયેલ છે. યૌવનની શરૂઆતથી આ ભાગ ઉપર પાતળા અને કુમળા વાળ ઊગે છે.

કામપીડિત (કામપીડ઼િત) [સં.] વિ. કામવાસનાથી દુઃખ પામતું.

કામપુરુષાર્થ [સં.] પું. ચાર માંહેનો એક પુરુષાર્થ.

કામપૂજા [સં.] સ્ત્રી. લગ્ન.

કામપૂજિતા [સં.] સ્ત્રી. એ નામની એક દેવી.

કામપૂર ૧. [સં.] પું. પરમેશ્વર.

૨. વિ. ઇચ્છા પૂરી પાડનાર.

કામપૂરક જુઓ કામપૂર.

કામપ્રદ ૧. પું. એ નામનો એક રતિબંધ.

૨. પું. પરમેશ્વર.

૩. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. ભક્તોને તેમની ઇચ્છિત વસ્તુઓ ઉત્તમ રીતે દે છે તેથી તે કામપ્રદ કહેવાય છે.

૪. [સં.] વિ. ઇચ્છિત વસ્તુ આપનાર.

કામપ્રદીપ [સં.] પું. ભારતના એક પ્રાચીન ગ્રંથનું નામ.

કામપ્રધાન [સં.] વિ. જેમાં કામ મુખ્ય હોય એવું; મૈથુની.

કામપ્રવેદન [સં.] ન. અભિમાન પ્રકટ કરવાપણું.

કામપ્રશ્ન [સં.] પું. ઇચ્છિત પ્રશ્ન.

કામપ્રસ્થ [સં.] ન. કામગિરિ નામના પર્વતનું શિખર.

કામપ્રિયા [સં.] સ્ત્રી. કામદેવની સ્ત્રી; રતિ.

કામફલ ૧. [સં.] પું. એક જાતનો આંબો.

૨. ન. ઇચ્છિત ફલ.

૩. ન. મદનવિકારનું ફલ.

કામફલા [સં.] સ્ત્રી. કેળનું ઝાડ.

કામબંધ ન. બ્રહ્મચર્ય.

કામબાણ ૧. પું. (પિંગળ) દરેક ચરણમાં ૯ જગણ અને બે ગુરુ મળી ઓગણત્રીશ અક્ષરવાળો એક અક્ષરમેળ છંદ; આમ્ર.

૨. [સં.] ન. કામદેવનું તીર. તે પાંચ પ્રકારનાં મનાય છે. અરવિંદ, અશોક, આમ્ર, નવમલ્લિકા અને નીલોત્પલ.

૩. ન. નેત્રકટાક્ષ.

કામબાધા સ્ત્રી. કામનો વ્યાધિ.

વાધતાં આધિ ચિંતા તણી,
વકરી જતાં **કામબાધા** ઘણેરી. કેશવ હર્ષદ

કામભક્ષ ૧. [સં.] ન. પોતાની ઇચ્છા પ્રમાણેનું ભક્ષણ.

૨. વિ. પોતાની ઇચ્છા પ્રમાણે ખાનાર.

કામભવ પું. (જૈન) કામલોક; નરક; મનુષ્યલોક.

કામભાજ [સં.] વિ. ઇચ્છા પ્રમાણે ભોગવનાર.

કામભાવ ૧. [સં.] પું. કામની ઇચ્છા કરનાર પુરુષ.

૨. પું. લંપટપણું.

કામભેદ [સં.] પું. (વેદાંત) બાહ્ય, આભ્યંતર અને વાસના એવો ત્રણ પ્રકારનો કામ.

કામભોગ [સં.] પું. વિષયસુખ; કામવાસના ભોગવવી કે પૂરી કરવી તે.

કામમયી ૧. [સં.] વિ. કામવાસનાથી ભરપૂર; વિષયવાસનાવાળું.

૨. વિ. કામવાળું.

કામમર્દ સ્ત્રી. એ નામની એક વનસ્પતિ. એને મરાઠીમાં ટાંકળાં કહે છે.

કામમહ [સં.] પું. કામદેવનો મહોત્સવ. તે ચૈત્રી પૂનમે કરાય છે.

કામમંત્ર [સં.] પું. વશીકરણમંત્ર.

કામમંદિર ન. યોનિ.

કામમાલી [સં. કામમાલિન્] પું. ગણપતિ.

કામમીણું વિ. કામથી [illegible] બનેલ.

જાપ જપે નળ રાયનો, ગાંડી સરખી દેખી;
કાંતિહીણી **કામમીણી**, રાણી એવી પેખી.
ભાલણ

કામમીમાંસા ૧. [સં.] સ્ત્રી. કામશાસ્ત્રને લગતી તાત્ત્વિક ચર્ચા; જાતીય પ્રશ્નની ચર્ચા.

૨. સ્ત્રી. સ્ત્રી અને પુરુષ વચ્ચેના સંબંધનો શાસ્ત્રીય વિચાર કરનારી વિદ્યા; કામશાસ્ત્ર.

કામમુદ્રા [સં.] સ્ત્રી. તંત્રશાસ્ત્ર પ્રસિદ્ધ એક મુદ્રા.

કામમૂઢ [સં.] વિ. વિષયવાસનાને લીધે ઉન્મત્ત થયેલું.

કામમોહિત જુઓ કામમૂઢ.

કામમોહિની પું. (પિંગળ) બાર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; સ્રગ્વિણી. આ છંદ જગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ચાર રગણ આવે છે.

કામયાબ ૧. [ફા.] વિ. ફતેહમંદ; નસીબદાર.

૨. વિ. સફળ; જેનું પ્રયોજન સિદ્ધ થયું હોય તેવું.

કામયાબી [ફા.] સ્ત્રી. સફળતા; ફતેહમંદી.

કામયિતા [સં. કામયિતૃ] વિ. વિષયી.

કામયિન ન. એ નામનું એક વૃક્ષ; ચલ્લવ.

કામર સ્ત્રી. ચોપન વાયુતત્ત્વ દેવતામાંની એ નામની એક.

કામરક ન. એ નામનું ફળ.

કામરતિ સ્ત્રી. વિષયસુખ.

કામરતિસંભૂત [સં.] ન. કામદેવ અને રતિથી ઉત્પન્ન થતું સુખ.

કામરત્ન ૧. પું. ભારતના ત્રીશ પ્રાચીન ગ્રંથમાંના એકનું નામ.

૨. વિ. નસીબદાર; યશસ્વી.

કામરસ ૧. [સં.] પું. પ્રીતિનો આવેશ.

૨. પું. સંભોગ વખતે થતો વીર્યસ્રાવ.

કામરસિક [સં.] વિ. કામાતુર; વિષયવાસનાની ઇચ્છાવાળું; વિલાસી.

કામરંગ ન. એ નામનું ફળ.

કામરાગ [સં.] પું. કામવાસના.

કામરાન [ફા.] વિ. વિજયી; જીત મેળવનાર.

કામરાની [ફા.] સ્ત્રી. નસીબ; આબાદી.

કામરાંગ ન. એક નાનું ઝાડ. તેનાં પાંદડાંને અડવાંથી તેઓ સંકોચાઈ જાય છે. તેનાં પીળાં ફળ પાકે ત્યારે સ્વાદિષ્ટ લાગે છે. ભેજવાળા પ્રદેશમાં આ ઝાડ સામાન્ય રીતે ઊગે છે.

કામરિપુ [સં.] પું. શિવ; શંકર.

ગંગાધર હર શૂલધર, શશિધર શંકર વામ;
સર્વ શંભુ શિવ ભીમ ભવ ભાર્ગ **કામરિપુ** નામ.
પિંગળલઘુકોષ

કામરી ૧. સ્ત્રી. અગ્રહસ્ત; કાંડાથી કોણી સુધીનો હાથ.

૨. સ્ત્રી. ધાબળી; કામળી.

કામરુચિ [સં.] સ્ત્રી. વિશ્વામિત્રે રામચંદ્રજીને આપેલ એક અસ્ત્ર. આથી તે બીજાં અસ્ત્રોને વ્યર્થ કરતા હતા.

કામરૂ ૧. [સં. કામરૂપ] પું. આસામ; કામરૂપ દેશ.

૨. પું. કામ કરનાર માણસ.

૩. [હિં.] સ્ત્રી. કાવડ; વાંસડાને બંને છેડે લટકાવેલી બે ટોપલી.

કામરૂપ ૧. [સં.] પું. એ નામનો એક દેશ; આસામ. તેનું મુખ્ય શહેર ગૌહતિ છે. કાલિકા પુરાણમાં કામાખ્યા દેવી અને કામરૂપ તીર્થનું માહાત્મ્ય ઘણા વિસ્તારથી લખેલ છે. પ્રાચીન કાળમાં આને મ્લેચ્છ દેશ માનવામાં આવતો હતો અને તેની રાજધાની પ્રાગ્જ્યોતિષ્પુર એટલે હાલનું ગૌહતિ હતું. રામાયણના સમયમાં ત્યાંનો રાજા નરકાસુર હતો. સીતાની શોધ માટે વાંદરાઓને મોકલતી વખતે સુગ્રીવે આ દેશનું વર્ણન કર્યું છે. મહાભારતના સમયમાં ત્યાંનો રાજા ભગદત્ત હતો. જ્યારે અર્જુન દિગ્વિજય માટે નીકળ્યો ત્યારે તે તેની સાથે ચીનીઓ અને કિરાતોની સેના લઈને લડ્યો હતો. કુરુક્ષેત્રના યુદ્ધમાં પણ ભગદત્ત ચીનીઓ અને કિરાતોની મ્લેચ્છ સેના લઈ કૌરવો તરફથી લડવા ગયો હતો. મહાભારતમાં કોઈ કોઈ સ્થળે ભગદત્તને મ્લેચ્છાનામધિપ: પણ કહેલ છે. પાછળથી જ્યારે શાક્તો અને તાંત્રિકોનો પ્રભાવ વધ્યો ત્યારે આ સ્થાન પવિત્ર માનવામાં આવ્યું. રંગપુર, મહીમનસિંધ, સિલહટ, જમનાક્યા, મણિપુર અને આસામ એટલા ભાગને શાસ્ત્રમાં કામરૂપ દેશ ગણેલો છે.

૨. પું. એક ઋષિનું નામ.

૩. પું. એક જાતનું ઝાડ. તેનું લાકડું ખુરસી, મેજ વગેરે બનાવવામાં કામ આવે છે.

૪. પું. (પિંગળ) એક જાતનો છંદ. તેમાં ૨૬ માત્રા હોય છે. તેમાં ૯, ૭ અને ૧૦ માત્રાને અંતરે વિરામ આવે છે. અંતમાં ગુરુ, લઘુ હોય છે.

૫. પું. શત્રુનાં ફેંકેલાં અસ્ત્ર વ્યર્થ કરવામાં આવે એવું એક અસ્ત્ર.

૬. ન. ભારતવર્ષનું એ નામનું એક પીઠસ્થાન; કામાખ્યા. અહીં સતીની યોનિપીઠ છે, તેમ જ ઉમાનંદ નામના ભૈરવની મૂર્તિ છે.

૭. વિ. ઇચ્છા પ્રમાણે રૂપ ધારણ કરનાર.

૮. વિ. ખૂબસૂરત; દેખાવડું; સુંદર; મોહક; રૂપાળું.

કામરૂપધર [સં.] વિ. ઇચ્છા મુજબ રૂપ ધારણ કરનાર.

કામરૂપા [સં.] સ્ત્રી. ઇચ્છિત રૂપ ધારણ કરવાની યોગની એક સિદ્ધિ.

કામરૂપિણી [સં.] સ્ત્રી. આસંધ વનસ્પતિ.

કામરૂપિત્વ [સં.] ન. (જૈન) ઇચ્છા પ્રમાણે રૂપ ધારણ કરવાની શક્તિ.

કામરૂપી ૧. [સં. કામરૂપિન્] પું. ઊતરતા વર્ગના દેવતાઓનો એક સમૂહ; વિદ્યાધર દેવ.

૨. પું. કામરૂપ દેશનો વતની.

૩. પું. ડુક્કર.

૪. સ્ત્રી. એક જાતની કસ્તૂરી.

૫. વિ. ઇચ્છા પ્રમાણે રૂપ ધારણ કરનાર.

૬. વિ. સુંદર; મોહક; શ્રેષ્ઠ રૂપવાળું.

કામરૂપીઠ [સં.] સ્ત્રી. દ્વારામતી; દ્વારકા.

કામરૂપોદ્ભવા [સં.] સ્ત્રી. કસ્તૂરી.

કામરેખા [સં.] સ્ત્રી. વેશ્યા.

કામરેજ ન. સુરત પાસે તાપી નદીને કિનારે આવેલું એક ગામ.

કામરો પું. (વહાણવટું) ભંડાર; વહાણના તૂતકની નીચેનો ભાગ.

કામરોગ [સં.] પું. વિષયલાલસા.

કામલ ૧. પું. એક જાતનો રોગ; કમળો. તેમાં પિત્તની પ્રબળતાથી રોગીના શરીરનો રંગ પીળો પડી જાય છે. આંખ અને નખ વિશેષે કરીને પીળાં થાય છે. શરીર અશક્ત થાય છે અને ભોજન ઉપર અરુચિ થાય છે.

૨. પું. મરુદેશ; મારવાડ.

૩. પું. વસંતકાળ.

૪. [સં.] વિ. કામી; કામુક; વિષયવાસનાવાળું.

કામલડું (કામલડું) ન. કામ; વિષયવાસના.

કામલતા ૧. પું. (પિંગળ) દરેક ચરણમાં ભગણ અને યગણ મળી છ અક્ષરનો એક છંદ.

૨. સ્ત્રી. એ નામની એક સુંદર વેલ; પુષ્પા; ગુમેશ. આ વેલ છ ફૂટ ઊંચી ચડે છે. તેને રાતાં, ધોળાં અથવા ક્યારેક પીળાં ફૂલ આવે છે.

૩. સ્ત્રી. પુરુષનું ચિહ્ન; લિંગ.

૪. સ્ત્રી. વિલાયતી બનાવટની સુતરાઉ છાપેલ મજલીન.

કામલયો પું. એક જાતનો કીડો.

કામલા ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ શકર્કરી છંદનો એક ભેદ છે. તેમાં બે નગણ, મગણ, યગણ, લઘુ અને ગુરુ મળી ૧૪ વર્ણ હોય છે.

૨. પું. (વૈદ્યક) કમળો; કમળીનો રોગ. અતિ પિત્તકારક પદાર્થોના સેવનથી પિત્ત, લોહી અને અને માંસ દૂષિત થઈ ચામડી, નખ અને મુખ એ હળદર જેવાં પીળાં થાય છે. આંખ અને નખ વધુ પીળાં જણાય છે. મળ અને મૂત્ર રક્તવર્ણ અને પીતવર્ણ થાય છે. ભોજનમાં અરુચિ થાય છે. દાહ, અગ્નિમાંદ્ય, દૂબળાપણું, અરોચક ઇત્યાદિ લક્ષણ થાય છે. તે મટાડવા એરંડાનાં પાંદડાં અને કૂંપળનો રસ ૪ તોલા કાઢી તેમાં ગાયનું દૂધ નાખી અપાય છે. આ ઉપરાંત બીજા પણ ઘણા ઉપચારો છે.

કામલાલસા [સં.] સ્ત્રી. વિષયસુખની ઇચ્છા.

કામલિકા ૧. સ્ત્રી. એક જાતનું ધાન્ય; કાંગ.

૨. સ્ત્રી. એક જાતનો દારૂ.

કામલિયા [હિં.] સ્ત્રી. કામળી; ધાબળી.

કામલી [સં. કામલિન્] વિ. કમળાના રોગથી પીડાતું.

કામલે ૧. સ્ત્રી. મરાઠાની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કામલેખા [સં.] સ્ત્રી. વેશ્યા.

કામલેટ ૧. સ્ત્રી. ઊન અથવા રેશમનું બનાવેલું એક જાતનું કાપડ.

૨. સ્ત્રી. કામળી.

કામલોક [સં.] પું. પ્રેતલોક; પિતૃલોક.

કામલોલ [સં.] વિ. વિષયવાસનાવાળું; કામાતુર.

કામલોલુપ્સ [સં.] વિ. કામવાસનામાં ચકચૂર; વિષયવાસનામાં મગ્ન.

કામવતી ૧. [સં.] સ્ત્રી. દારૂહળદર.
૨. વિ. સ્ત્રી. વિષયેચ્છાવાળી; મૈથુનની ઇચ્છાવાળી.

કામવર [સં.] પું. મરજી પ્રમાણે પસંદ કરેલ વર.

કામવર્ધક [સં.] વિ. કામોદ્દીપક; વિષય વધારે તેવું.

કામવર્ધની પું. (સંગીત) બત્રીશ માંહેનો ત્રેવીસમો થાટ. જુઓ થાટ.

કામવલું ૧. વિ. કામગરૂં; કામઢું.
૨. વિ. જેને કામ વહાલું હોય તેવું.

કામવલ્લભ ૧. [સં.] પું. આંબાનું ઝાડ.
૨. પું. ચંદ્ર.
૩. પું. તજ. તેની સુવાસ વિષયવાસના વધારે એમ મનાય છે.
૪. પું. માધવ; શ્રીકૃષ્ણ.
૫. પું. વસંતઋતુ.
૬. પું. સારસપક્ષી.

કામવલ્લભા [સં.] સ્ત્રી. ચાંદની; ચંદ્રિકા.

કામવશ [સં.] વિ. કામાતુર; કામવાસનાને વશ બનેલું; ઇંદ્રિયસુખ ભોગવવાની ઇચ્છાવાળું.

કામવશાત્ અ. કામને લઈ; કામને લીધે.

કામવશ્ય જુઓ કામવશ.

કામવાદ વિ. મરજીમાં આવે તે બોલનાર.

કામવાન વિ. કામની ઇચ્છા કરનાર; ઇંદ્રિયલોલુપ.

કામવાસના [સં.] સ્ત્રી. વિષયેચ્છા; કામાસક્તિ.

કામવાળું ૧. વિ. કામઢું; ઉદ્યમી.
૨. વિ. વિષયવાસનાવાળું.

કામવિકાર [સં.] પું. વિષયેચ્છાને લીધે થતો મનોવિકાર; ઇશ્કથી થતો વિકાર.

કામવિજ્ઞાન [સં.] ન. કામશાસ્ત્ર; કામવાસનાનું વિજ્ઞાન.

કામવિતર્ક પું. (જૈન) વિતર્કના ત્રણ માંહેનો એક પ્રકાર.

કામવિહ્વલ [સં.] વિ. વિષયવાસનાથી બેચેન થયેલ.

કામવીર્ય ૧. [સં.] પું. ગરુડ.
૨. વિ. મરજી પડે ત્યારે શૂરવીરતા બતાવનાર.

કામવું ૧. સ. ક્રિ. ઇચ્છા કરવી.
૨. સ. ક્રિ. મેળવવું; કમાવું; પ્રાપ્ત કરવું; રળવું.

માગે છે તે તે કામે છે,
શોધે છે તે તે પામે છે.
કાન્ત

કામવૃક્ષ [સં.] પું. એક જાતનું ઝાડ.

કામવૃત્ત [સં.] વિ. કામવાસનાવાળું; વિષયલોલુપ.

કામવૃત્તિ ૧. [સં.] સ્ત્રી. કામની ચેષ્ટા; સ્વેચ્છાચાર; કામના.
૨. વિ. મરજી મુજબ વર્તનાર; સ્વતંત્ર.

કામવૃદ્ધિ ૧. સ્ત્રી. એક જાતની વનસ્પતિ.
૨. [સં.] સ્ત્રી. કામનું વધવું તે.
૩. સ્ત્રી. વિષયવાસનાની વૃદ્ધિ.

કામવૃંત [સં.] ન. એક જાતનું ફૂલ. તેનો આકાર રણશિંગા જેવો હોય છે.

કામશ ૧. સ્ત્રી. કાળાશ; સુડદું બાળતાં થતી કપડાંની મશ.
૨. સ્ત્રી. ઘીથી પગ ઘસવાથી નીકળતો કાળો પદાર્થ.
૩. સ્ત્રી. રસ ઉકાળતાં તરી આવતો મેલ.
કામશ કાઢવી = તર કાઢવી; કચરો કાઢવો.

કામશક્તિ ૧. [સં.] સ્ત્રી. કામદેવની શક્તિ.
૨. સ્ત્રી. કામદેવની સ્ત્રી.
૩. સ્ત્રી. મલ્લોની આઠ પ્રકારની શક્તિઓમાંની એક.
૪. સ્ત્રી. મહેનતથી કામ જીતવાની શક્તિ.

કામશર ૧. [સં.] પું. આંબાનું ઝાડ.
૨. ન. કામદેવનું તીર. કાવ્યસાહિત્યમાં કામનાં પાંચ બાણ જણાવેલાં છે: અરવિંદ, અશોક, આમ્ર, નવમલ્લિકા અને નીલોત્પલ.

કામશાલા પું. (પિંગળ) ચૌદ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ શર્કરી છંદનો એક ભેદ છે. તેમાં ૪ રગણ, ૧ ગુરુ અને ૧ લઘુ મળી કુલ ૧૪ વર્ણ હોય છે.

કામશાસન [સં.] પું. શિવ.

કામશાસ્ત્ર [સં.] ન. કોકશાસ્ત્ર; સ્ત્રીપુરુષના સંબંધજન્ય સુખનું વર્ણન કરનાર શાસ્ત્ર; અનંગરંગ; કામભોગનું શાસ્ત્ર. તે નંદીશ, કામંદકી, વાત્સાયન અને ઔદ્દાલિકીએ લખ્યું હોય એમ મનાય છે.

કામશાંતિ [સં.] સ્ત્રી. વિષયવાસના શાંત થવાપણું.

કામશિયું ન. શેરડીના રસ ઉપર આવતો મેલ એકઠો કરવાનું વાસણ.

કામશૈલ પું. (પુરાણ) એ નામનો એક પર્વત; કામગિરિ.

કામસ ૧. [સં. કલ્મષ (કચરો)] પું.; સ્ત્રી. ગોળનો મેલ; શેલડીના રસનો કચરો. તે ઢોરને પાવાના કામમાં આવે છે.
૨. સ્ત્રી. કામશ.
૩. સ્ત્રી. મસ્તીમાં આવેલા પ્રાણીની ગરદનની આસપાસ દેખાતી કાળા રંગની ઝાંય.

કામસખ ૧. [સં.] પું. આંબાનું ઝાડ.
૨. પું. ચૈત્ર મહિનો.
૩. પું. વસંત ઋતુ.

કામસખા જુઓ કામસખ.

કામસમૂહ [સં.] પું. ભારતના ત્રીશ પ્રાચીન ગ્રંથ માંહેનો એક.

કામસર ૧. અ. કામ દરમિયાન.
૨. અ. કામાર્થે; કામ પ્રસંગે.

કામસલિલ ૧. [સં.] ન. કામવાસના વખતે સ્ત્રીની જનનેંદ્રિયમાંથી નીકળતો પાણી જેવો ચીકણો પદાર્થ; રતિઅંબુ.
૨. ન. વીર્ય.

કામસંકલ્પ [સં.] પું. (બૌદ્ધ) ત્રણ મિથ્યા સંકલ્પ માંહેનો એ નામનો એક કામવિચાર.

કામસંજીવનયાકુતી સ્ત્રી. કામોત્તેજક, વાજીકર, વીર્યસ્તંભક અને પૌષ્ટિક એક ઔષધ. તેની ૧થી ૨ ગોળી મધ, દૂધ કે પાણીમાં લેવાય છે.

કામસંદીપનમોદક [સં.] પું. એક જાતનો પાક. તેનાથી ઉધરસ, તાવ, શ્વાસ અને ક્ષય મટે છે.

કામસંયોગ [સં.] પું. ઇચ્છિત વસ્તુ મળવી તે.

કામસંવેદના [સં.] સ્ત્રી. કામ ભોગવવાની લાગણી.

કામસાધુ ૧. પું. આપમતલબી આદમી.
૨. વિ. સ્વાર્થી; મતલબી; સ્વાર્થસાધુ.

કામસાર પું. ભારતના ત્રીશ પ્રાચીન ગ્રંથ માંહેનો એ નામનો એક.

કામસુખવાદ [સં.] પું. સુખપ્રયોજનવાદ; મનુષ્યનું જીવન ખાવા પીવા તથા મોજશોખ માટે જ છે એવો મત.

કામસુત [સં.] પું. કામદેવનો પુત્ર; અનિરુદ્ધ.

કામસુંદરપાક [સં.] વિ. આ પાકમાં શતાવરી, કાળી મૂસળી, ગોખરૂ, તજ, લવિંગ, ખારેક, કૌચબીજ વગેરે ઔષધો આવે છે. તે તાવનો નાશ કરે છે અને પુષ્ટિકારક છે.

કામસુંદરી [સં.] સ્ત્રી. કાયાકલ્પના પ્રયોગ માટે વપરાતું એ નામનું એક રસાયણ.

કામસૂ ૧. પું. વાસુદેવ; કૃષ્ણ.
૨. સ્ત્રી. રુક્મિણી.
૩. [સં.] વિ. ધારેલ વસ્તુ મેળવી આપનાર.

કામસૂત્ર ૧. [સં.] ન. ભોગવિલાસનું વર્ણન આપેલું હોય એવું પ્રેમપ્રકરણ.

૨. ન. વાત્સાયન મુનિએ બનાવેલું સૂત્રગ્રંથ.

૩. ન. સ્નેહકિસ્સો; પ્રેમનો બનાવ.

કામસૂત્રકાર પું. કામશાસ્ત્ર વિષેનાં સૂત્રો લખનાર વાત્સાયન.

કામસેવન [સં.] ન. મૈથુન; સંભોગ.

કામસ્તુતિ [સં.] સ્ત્રી. પ્રતિગ્રહનો દોષ દૂર કરવા માટે પ્રતિગ્રહ કરનારાથી ભણવામાં આવતો સ્તુતિરૂપ કોઈ મંત્ર.

કામસ્પર્શા પું. અઠ્યાસી માંહેનો એ નામનો એક ગ્રહ.

કામહન ૧. [સં. કામહન્] પું. પરમેશ્વર.

૨. પું. મહાદેવ.

૩. વિ. કામદેવનો નાશ કરનાર.

કામહા ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ અષ્ટિ છંદનો એક ભેદ છે. તેમાં બે નગણ, સગણ, બે તગણ અને ગુરુ એમ ૧૬ વર્ણ હોય છે.

૨. [સં. કામહન્] પું. પરમેશ્વર.

૩. પું. મહાદેવ.

૪. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. તે વિષયકામનાઓનો નાશ કરનાર મનાય છે. વળી સર્વ કામનાઓ એટલે વાંછનાઓનો નાશ કરનાર પણ તે છે. ઇચ્છારહિત એટલે નિરીચ્છ એટલે નિષ્કામપદ પણ તે છે. વળી અકામપદ એટલે ઇચ્છાવિકારથી રહિત અવિકારીપદ પણ તે જ છે તેથી તે કામહા કહેવાય છે.

૫. વિ. કામદેવનો નાશ કરનાર.

કામહીણ ૧. વિ. કામ વગરનું.

૨. વિ. નપુંસક; હીજડો.

૩. વિ. નિર્બળ; અશક્ત.

કામહેતુક ૧. [સં.] વિ. કામના હેતુવાળું; પોતાની ઇચ્છાના હેતુવાળું.

૨. વિ. કારણ વિના માત્ર ઇચ્છાથી જ ઉત્પન્ન થયેલું.

કામળ સ્ત્રી. ધાબળી; કાંબળ.

કામળિયા ૧. સ્ત્રી. એ નામે આહીરની અને રજપૂતની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કામળિયાવાડ (કામળિયાવાડ઼) સ્ત્રી. કામળિયા અટકના આહીર અને રજપૂત ગામમાં જ્યાં વસે તે ભાગ.

કામળિયો ૧. પું. આહીર જાતનો એ નામની અટકનો પુરુષ.

૨. પું. એક જાતનો સાપ.

૩. પું. કામળીના જેવાં રૂંવાંવાળો ચોમાસામાં થતો એક જીવડો; કામળિયો કાતરો. આ જીવડાં રંગે લીલાં, ભૂરાં અને ચપટાં હોય છે. લીલા રંગનાં જીવડાં પાંદડાં ખાઈને જીવે છે. આ નામની જીવાત કપાસના પાકને નુકસાન કરે છે.

૪. પું. ખોજાની નાતનો પટેલ.

કામળી ૧. [સં. કમ્બલ; ફા. કમ્લી] સ્ત્રી. ઊનની ધાબળી; ગરમ પછેડી; ઊનનું વણેલું વસ્ત્ર.

કામળીનો કટકો = બરડ.

૨. સ્ત્રી. થાપેલું ઊન.

૩. ન. મણિબંધન.

કામળો ૧. પું. કામળિયો જીવડો. જુઓ કામળિયો ૩.

૨. પું. ગાડાના પૈડાનો અંદરનો ફેર.

૩. પું. ગાયના ગળા નીચે લટકતી ઝાલર.

૪. [સં. કમ્બલ] પું. બે પટની મોટી કામળી; ચુંમાળો; ધાબળો. ચાણક્ય અર્થશાસ્ત્ર પ્રમાણે કંબલ, કંચપક, કુલમિતિક, સૌમિતિક, તુરગસ્તરણ, વર્ણક, તલિચ્છક, વારવાણ, પરિસ્તોમ અને સમંતભદ્રક એમ દશ જાતના કામળા થાય છે.

કામં [સં.] અ. ઇચ્છા પ્રમાણે; યથેષ્ટ; ગમે તેટલું.

કામંદ પું. (પુરાણ) એક બ્રહ્મર્ષિનું નામ.

કામંદક પું. રાજનીતિ ઉપર પુસ્તક લખનાર મધ્યકાલીન એક પંડિતનું નામ. તે કૌટિલ્યનો શિષ્ય હતો.

કામંદકીનીતિ સ્ત્રી. એ નામનું કામંદકે લખેલું પુસ્તક.

કામંદલિ [સં.] પું. એ નામનો એક નીતિશાસ્ત્રકાર.

કામા ૧. પું. કોમા; અલ્પવિરામ; થોડી વાર અટકવાનું લખાણની અંદર આવતું ચિહ્ન.

૨. પું. ઢંગ.

૩. સ્ત્રી. ઇચ્છા.

૪. સ્ત્રી. (પિંગળ) એક અક્ષરમેળ છંદ; સ્ત્રી. તેનું દરેક ચરણ બે ગુરુ અક્ષરનું હોય છે. આ છંદ અત્યુક્તા છંદનો એક ભેદ છે.

૫. સ્ત્રી. કાબુલ નદીને મળતી એ નામની નદી.

૬. સ્ત્રી. પારસીની એક અટકનું નામ.

૭. સ્ત્રી. બાસઠ તેજસ્તત્ત્વ દેવતા માંહેની એક.

૮. સ્ત્રી. સુંદર સ્ત્રી; સુંદરી; રામા.

૯. ન. પારસીની એ નામની અટકનું માણસ.

૧૦. વિ. એ નામની અટકનું.

કામાકર્ષિણી [સં.] સ્ત્રી. એ નામની દેવી.

કામાકૂટચું વિ. કામનું ચોર; આળસુ; નિરુદ્યમી.

કામાક્ષી ૧. [સં.] સ્ત્રી. આંખમાં વિષયવાસના હોય એવી સ્ત્રી; વિષયી આંખવાળી સ્ત્રી.

૨. સ્ત્રી. એક તાંત્રિક દેવી.

૩. સ્ત્રી. કૌલિક મતવાળાએ માનેલી એ નામની દેવીની મૂર્તિ.

૪. સ્ત્રી. ચોસઠ માંહેની એ નામની એક યોગિની.

૫. સ્ત્રી. તંત્રશાસ્ત્ર પ્રસિદ્ધ એક બીજ.

૬. સ્ત્રી. દુર્ગાદેવીનું એક નામ.

કામાક્ષીઅષ્ટક [સં.] ન. શંકરાચાર્યે રચેલો એ નામનો એક ગ્રંથ.

કામાખ્યા ૧. સ્ત્રી. કામરૂપ; ભારતવર્ષનું એ નામનું એક પીઠસ્થાન. અહીં સતીની યોનિપીઠ છે.

૨. સ્ત્રી. ચોસઠ માંહેની એ નામની એક યોગિની.

૩. સ્ત્રી. દુર્ગાનું એક નામ. તેની મૂર્તિ કામરૂપ નામના પીઠસ્થાનમાં છે.

૪. ન. પંજાબમાં દેવિકા નદીને તીરે આવેલું એક પ્રાચીન તીર્થસ્થળ.

કામાગાર [સં.] ન. સ્ત્રીની જનનેંદ્રિયની આસપાસનો ભાગ.

કામાગ્નિ ૧. [સં.] પું. કામાનળ; ઇશ્કનો તાપ; કામરૂપ અગ્નિ.

૨. સ્ત્રી. પુરુષના વીર્યને પચાવી જનારી સ્ત્રીની યોનિની શક્તિ. આ અગ્નિનું કામ પુરુષનું વીર્ય પચાવી સ્ત્રીને પુષ્ટતા આપવાનું છે.

૩. સ્ત્રી. રતિઇચ્છા; કામોત્તેજના.

કામાગ્નિસંદીપન ૧. ન. (વૈદ્યક) વાજીકરણ દવાની એક જાતની બનાવટ.

૨. [સં.] વિ. કામાગ્નિ ઉત્પન્ન કરે એવું.

કામાગ્નિસંદીપનરસ [સં.] પું. (વૈદ્યક) વાજીકરણ માટે રસની એક જાતની બનાવટ. પારદ, ગંધક, અભ્રકભસ્મ, જવખાર, સાજીખાર, સિંધાલૂણ, સંચળ, બીડલૂણ, વડાગરૂં મીઠું, કચૂકો, અજમા, અજમોદ, વાવડિંગ અને ભલીરાપત્ર એ દરેક અકેક તોલો, જીરૂં, તજ, તમાલપત્ર, એલચી, નાગકેસર, લવિંગ, જાયફળ એ દરેક બબ્બે તોલા, વરધારો અને ત્રિકટુ ત્રણ ત્રણ તોલા, ધાણા, જેઠીમધ, કપૂરીમધુરી, કસેલાં એટલે ઘીતેલાં એ દરેક ચચ્ચાર તોલા, શતાવરી, વિદારીકંદ, બલા, ગજપીપર, નાગબલા, કૌચાં અને ગોખરૂ એ પ્રત્યેક પાંચ પાંચ તોલા, એ બધાં દ્રવ્યોની બરાબર સાકર મેળવી તેનું વસ્ત્રગાળ ચૂર્ણ કરવું. તેની માત્રા ૦ાા થી ૧ તોલો છે અને અનુપાન મધ અને ઘી છે.

કામાચાર [સં.] પું. વિલાસ; મૈથુનપ્રવૃત્તિ.

કામાચારી [સં.] વિ. સ્વચ્છંદી; મનમોજી.

કામાચાર્ય [સં.] પું. કામીઓમાં શ્રેષ્ઠ પુરુષ.

કામાટણ સ્ત્રી. કામાટીની સ્ત્રી; નોકરડી.

કામાટારાયા પું. નીલગિરિ ઉપર વસતા કોટા લોકોના દેવનું નામ.

કામાટી ૧. પું. કામાટી જાતિનો પુરુષ.

૨. પું. ઝાડઝૂડ કરનાર નોકર; પટાવાળો.

૩. સ્ત્રી. ખેતી અને મહેનત મજૂરી કરનાર દક્ષિણના હિંદુ લોકોની એક જાત.

૪. ન. એ જાતિનું માણસ.

૫. વિ. કામાટી નામની હિંદુ જ્ઞાતિનું.

કામાઠણ ૧. સ્ત્રી. કામાટણ; કામાટીની સ્ત્રી.

૨. સ્ત્રી. નોકરડી; ઘાટણ.

કામાઠી ૧. પું. કામાઠી જાતિનો પુરુષ.

૨. પું. ઝાડઝૂડ કરનાર નોકર; પટાવાળો.

૩. સ્ત્રી. દક્ષિણમાં વસતી હિંદુ લોકોની એક જાત. પૂનામાં કામાઠી લોકો અનાજ દળવાનું, લાકડા કાપવાનું વગેરે હલકું કામ કરે છે.

૪. ન. એ નામની જ્ઞાતિનું માણસ.

૫. ન. બંગાળાના રામનદ જિલ્લામાં આવેલું એક ગામડું.

૬. વિ. એ નામની હિંદુ જ્ઞાતિનું.

કામાણી ૧. સ્ત્રી. કણબીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કામાતપત્ર ન. યોનિ.

કામાતુર [સં.] વિ. કામ વિષે આતુર; રતિરસ માટે ટળવળતું; વિષયી; લંપટ.

કામાત્મજ [સં. કામ (પ્રદ્યુમ્ન) + આત્મજ (દીકરો)] પું. અનિરુદ્ધ; કૃષ્ણનો પૌત્ર.

કામાત્મા ૧. [સં. કામાત્મન્] પું. કામની ઇચ્છાવાળો પુરુષ.

૨. વિ. ફળની ઇચ્છાવાળું.

કામાદાર વિ. કામકાજ કરનારો; કારભારી; કામદાર.

કામાદ્રિ પું. યોનિના બંને ઓષ્ઠ ઉપરનો ઉપસેલો ભાગ.

કામાધિકાર [સં.] પું. કામદેવનો અધિકાર; કામદેવનો અમલ; કામદેવની સત્તા.

કામાધિષ્ઠાન ૧. [સં.] ન. ઇંદ્રિય.

૨. ન. બુદ્ધિ.

૩. ન. મન.

કામાધીન [સં.] વિ. કામને વશ થયેલ.

કામાનલ [સં.] પું. કામરૂપી અનલ; વિષયાભિલાષનો જુસ્સો; કામાગ્નિ.

કામાનળ જુઓ કામાનલ.

કામાનુજ [સં.] પું. ક્રોધ.

કામાભિલાષ [સં.] પું. કામની ઇચ્છા.

કામાભિલાષી [સં. કામાભિલાષિન્] વિ. વિષયવાસનાવાળું; કામાતુર.

કામાયુ ૧. [સં. કામાયુસ્] પું. ગરુડ.

૨. પું. ગીધ.

કામાયુધ ૧. [સં.] ન. કામદેવનું આયુધ; કામબાણ; કામદેવનું અસ્ત્ર.

૨. ન. પુરુષનું લિંગ.

કામારથુ [સં.] વિ. કામગરું; ઉદ્યમી; પરિશ્રમી.

કામારિ ૧. પું. મહાદેવ; શિવ.

૨. પું. માક્ષિક ધાતુ.

કામારિચૂર્ણ [સં.] ન. તુળસી, ભોંફળી વગેરે ઔષધોની મેળવણીથી બનતું એક ચૂર્ણ. ખાંસી, ઊલટી વગેરે ઉપર તે વપરાય છે.

કામાર્ત [સં.] વિ. વિષયી; કામાતુર.

કામાર્ત્ત જુઓ કામાર્ત.

કામાર્થી ૧. પું. ગંગાજીનું પાણી કામમાં ભરી કાવડ ઉપર રાખી દૂર દેશાવરમાં લઈ જનાર કાવડિયો.

૨ વિ. ઉદ્યોગી; ખંતીલું; ધાર્યું પાર પાડનાર.

૩. [સં.] વિ. વિષયાભિલાષી; કામી.

કામાર્થુ ૧. [સં.] વિ. કામકાજ કર્યા કરનાર; કામારથુ; કામગરું; ઉદ્યોગી.

૨. વિ. પોતાની ઇચ્છા પૂરી કરવા ઉપર જ મનવાળું.

કામાલિકા [સં.] સ્ત્રી દારૂ; મદિરા.

કામાવતાર ૧. પું. (પિંગળ) એ નામનો ત્રણ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; પંચાલ. તેના દરેક ચરણમાં એક તગણ હોય છે.

૨. [સં.] પું. પ્રદ્યુમ્ન; કૃષ્ણનો પુત્ર.

કામાવશાયિતા [સં.] સ્ત્રી. યોગી પોતાની ઇચ્છા પ્રમાણે સર્વ પદાર્થનું પોતાના ચિત્તમાં સમાવેશન કરે એવી એક શક્તિ.

કામાવસાય ૧. [સં.] પું. આત્મવિદ્યા.

૨. પું. આત્મસંયમ.

૩. પું. કામની શાંતિ.

કામાવસાયિતા ૧. સ્ત્રી. સત્ય સંકલ્પપણારૂપ યોગીઓનું એક ઐશ્વર્ય. જુઓ કામાવશાયિતા.

૨. [સં.] વિ. આત્મસંયમ કરનાર.

૩. વિ. કામની શાંતિ કરનાર.

કામાવસાયી ૧. [સં.] વિ. આત્મસંયમ કરનાર.

૨. વિ. કામની શાંતિ કરનાર.

કામાવસ્થા [સં.] સ્ત્રી. પ્રેમની દશા. વાત્સાયન સૂત્ર પ્રમાણે કામાવસ્થા દશ પ્રકારની મનાય છે: (૧) અભિલાષ, (૨) ચિંતન, (૩) સ્મૃતિ, (૪) ગુણકથા, (૫) ઉદ્વેગ, (૬) પ્રલાપ, (૭) ઉન્માદ, (૮) જ્વર, (૯) જડતા અને (૧૦) મરણ.

કામાવેશ [સં.] પું. કામનો આવેશ.

કામાશન [સં.] ન. મરજી પ્રમાણે ખાવું તે.

કામાશ્રમ પું. બલિયા જિલ્લામાં કોરંટડીથી ઉત્તરે આઠ માઈલે આવેલું કોરાનનું એક પ્રાચીન નામ. પોતાના ત્રીજા લોચનમાંથી અગ્નિની જ્વાળા કાઢીને મહાદેવે કામદેવને આ સ્થળે બાળી નાખ્યો હતો. પૂર્વે એ સરયૂ અને ગંગાના સંગમ ઉપર આવેલ હતું. પણ હાલ સરયૂ પોતાનું વહેન બદલીને પૂર્વ તરફ ઘણી દૂર ગઈ છે.

કામાશ્રવ પું. (બૌદ્ધ) આશ્રવના ચાર માંહેનો એક પ્રકાર.

કામાસક્ત [સં.] વિ. વિષયી; કામમાં આસક્ત થયેલ.

કામાસક્તિ [સં.] સ્ત્રી. સ્ત્રીલંપટતા; કામવાસના; સંભોગની અતીવ લાલસા.

કામાસન [સં.] ન. કામ દબાય તેવું આસન; કામમર્દન કરવા વાળવામાં આવતું યોગીઓનું એક આસન.

કામાસરી [સં. કામેશ્વરી] સ્ત્રી. પરમેશ્વરી.

કામાસ્ત્ર [સં.] ન. કામનું ફેંકવાનું અસ્ત્ર. જુઓ કામબાણ.

કામાળી ૧. સ્ત્રી. એ નામની દેવી.

૨. વિ. સ્ત્રી. કામવાળી.

કામાં ન. વ. બ. કામનું બહુવચન; કામો.

કામાંકુર ૧. [સં.] ન. કામનો અંકુર.

૨. ન. યોનિદ્વારના ઉપરના ભાગમાં ખારેકના ઠળિયાના આકારનો અવયવ; મદનાંકુર; યોનિલિંગ; ભગાંકુર.

કામાંકુશ ૧. [સં.] પું. નખ.

૨. પું. પુરુષનું લિંગ.

૩. વિ. કામને અટકાવનાર.

કામાંગ ૧. [સં.] પું. આંબાનું ઝાડ.

૨. સ્ત્રી. હાફુસ.

કામાંગનાનાયકરસ [સં.] પું. (વૈદ્યક) વાજીકરણ માટે વપરાતી એક રસની બનાવટ. તે બનાવવા શુદ્ધ પારદ અને શુદ્ધ ગંધક બંને સમાન વજને લઈ તેની કજ્જલી કરી રાતા કમળના રસમાં એક પહોર ઘૂંટી તેમાં પ્રથમનાથી અર્ધ શુદ્ધ ગંધક મેળવવો. તેની માત્રા વાલ ૧ થી ૨ મનાય છે. તેના અનુપાનમાં સાકર, અકેક તોલો લઈ ઇંદ્રજવ અને મૂસળી ગાયના દૂધમાં વાટીને પીવું.

કામાંધ ૧. [સં.] પું. કોયલ.

૨. વિ. કામાતુર; લંપટ; વિષયમાં અંધ બનેલું.

૩. વિ. વિચારશૂન્ય; કર્તવ્યશૂન્ય.

કામાંધતા [સં.] સ્ત્રી. વિવેકશૂન્ય કામાસક્તિ; કામાવેશથી આંધળું બનવું તે.

કામાંધા [સં.] સ્ત્રી. કસ્તૂરી.

કામાંધુ વિ. કામાંધ; કામથી અંધ.

કામિ ૧. પું. દેવ.

૨. સ્ત્રી. [સં.] કામદેવની પત્ની; રતિ.

૩. વિ. કામી; કામુક; વિષયલાલસાવાળું.

કામિક ૧. ન. અઠ્યાવીસ માંહેનું એક શૈવાગમ.

૨. ન. ચોસઠ તંત્ર માંહેનું એક તંત્ર.

૩. ન. [સં.] જંગલી બતક.

૪. વિ. ઇચ્છા પ્રમાણે ગમન કરનારૂં.

૫. વિ. ઇચ્છેલું; કામ્ય.

૬. વિ. કામ કરેલ.

૭. વિ. કામનાવાળું; ફળની ઇચ્છાવાળું; કામની ઇચ્છાવાળું.

૮. વિ. શરીરવડે થતું; કાયાને લગતું.

કામિકા એકાદશી [સં.] સ્ત્રી. અષાડ વદિ અગિયારશ. આ દિવસે તુલસીપત્ર તથા તેની મંજરીથી વિષ્ણુપૂજન કરવાનો ખાસ મહિમા છે. રાત્રે જાગરણ કરનારને યમનો ભય રહેતો નથી અને દુર્ગતિને પામતો નથી એમ મનાય છે.

કામિકાગમ ન. (શિલ્પ) એક જાતનું આગમ. તેમાં વીશ જાતનાં મકાન વર્ણવેલાં છે.

કામિત ૧. [સં.] ન. ઇચ્છા; મરજી.

૨. વિ. ઇચ્છેલું.

કામિત્વ [સં.] ન. વિષયી હોવાપણું.

કામિનત્વ ન. સ્ત્રીજાતિનો સ્વભાવ.

કામિની ૧. પું. એક માત્રામેળ છંદનું નામ. આ છંદ ત્રિભંગી છંદનો એક ભેદ છે. તેમાં ૩૨ લઘુ અને ૪૮ ગુરુ મળી ૧૨૮ માત્રા આવે છે.

૨. સ્ત્રી. અષાડ વદિ અગિયારશ.

૩. સ્ત્રી. એ નામની એક દેવી.

૪. સ્ત્રી. એક સુંદર ઝાડ; નોર્ગા; ગોલંગા. તેને ધોળા રંગનાં સુવાસિત ફૂલ આવે છે. તેની બીજી જાત પણ થાય છે.

૫. [સં.] સ્ત્રી. કામની શક્તિ.

૬. સ્ત્રી. દારૂ; મદિરા.

૭. સ્ત્રી. દારૂહળદર.

૮. સ્ત્રી. બીકણ સ્ત્રી.

૯. સ્ત્રી. (સંગીત) માલકોશ રાગની એક રાગિણી.

૧૦. સ્ત્રી. વિષયભોગની ઇચ્છાવાળી સ્ત્રી. સ્ત્રીને માસિક ઋતુનાં દર્શન થયા પછી ચોથા દિવસથી પંદર દિવસ સુધી તેના શરીરમાં કામનો સંચાર થતો હોય છે. આવી સ્ત્રીને કામિની કહે છે.

૧૧. સ્ત્રી. સુંદર પ્રેમાળ સ્ત્રી.

કામિનીત્વ [સં.] ન. સ્ત્રીનો સ્વભાવ.

કામિનીદર્પશ્રીરસ પું. (વૈદ્યક) વાજીકરણ માટે વપરાતી રસની એક બનાવટ. તે બનાવવા ૧ તોલો પારદ અને ૧ તોલો ગંધકની કજ્જલી કરી તેમાં એક તોલો કાળા ધંતૂરાનાં બી મેળવી તેને ધંતૂરાનાં બીના તેલમાં ઘૂંટવું. આ દવા શિશ્ન ઉપર ચોપડવાનું કહેવાય છે.

કામિનીમોહન પું. (પિંગળ) બાર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; સ્રગ્વિણી. આ છંદ જગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં રગણ, રગણ, રગણ અને રગણ એમ બાર અક્ષર હોય છે.

કામિયો ૧. પું. કામી પુરુષ.

૨. પું. ડાંડિયો.

૩. સ્ત્રી. સરકારે જાહેર કરેલી ગુના કરનારી એક જાત.

૪. ન. એ નામની જાતનું માણસ.

૫. વિ. એ નામની જાતનું.

કામિલ ૧. પું. સાધુ પુરુષ.

૨. [અ. કમલ (તે પૂર્ણ હતો)] વિ. વિદ્વાન; પ્રવીણ; વ્યુત્પન્ન.

૩. વિ. સર્વાંગસુંદર; સુશોભિત.

કામિલઐયાર વિ. પૂરેપૂરી શુદ્ધ ધાતુનું બનેલું.

કામિલિયત [અ.] સ્ત્રી. સંપૂર્ણતા.

કામિલી જુઓ કામિલિયત.

કામી ૧. [સં. કામિન્; પ્રા. કમ્મિ] પું. ઋષભ નામની ઔષધિ.

૨. પું. કાકડાશિંગ.

૩. પું. ચકલો.

૪. પું. ચક્રવાક પક્ષી.

૫. પું. ચંદ્ર.

૬. પું. પરમેશ્વર.

૭. પું. પારેવું.

૮. પું. વિષ્ણુ.

૯. પું. શંકર.

૧૦. પું. સારસ પક્ષી.

૧૧. પું. સોનાનો કટકો.

૧૨. સ્ત્રી. આસામની એક ભાષા.

૧૩. વિ. ઇચ્છા કરવાવાળું.

૧૪. વિ. કામમાં રોકાયેલું.

૧૫. વિ. કામસૂત્રમાં પ્રવીણ.

૧૬. વિ. વિષયવાસનાની બહુ જ ઇચ્છા રહેતી હોય એવું; વિષયાસક્ત.

કામીજ પું. પહેરણ; કુડતું.

કામીન ૧. [સં.] પું. એક જાતનું સોપારીનું ઝાડ.

૨. વિ. કામને અનુસરેલ.

કામીલ જુઓ કામીન.

કામુક ૧. પું. અતિમુક્ત ફૂલનો વેલો.

૨. પું. આસોપાલવનું ઝાડ.

૩. [સં. કમ્ (ચાહવું)] પું. આશક; યાર; ચાહક.

૪. પું. કબૂતર.

૫. પું. કામી પુરુષ; વિષયાસક્ત માણસ.

૬. પું. ચકલો.

૭. પું. ચક્રવાક પક્ષી.

૮. સ્ત્રી. માધવીલતા; મધુમાલતી.

૯. ન. દક્ષિણ અમેરિકનું એ નામનું પક્ષી. સોના જેવી કલગીવાળા આ પક્ષીની જાત સૌથી શ્રેષ્ઠ દેખાવની અને સૌથી નાની છે. તે ઘણો સુંદર માળો બાંધે છે. કોઈ કોઈ વાર રહેવા માટે નહિ પણ માત્ર મજા ખાતર પણ તે માળો બાંધે છે.

૧૦. વિ. ઇચ્છા રાખનાર; ઇચ્છુક.

૧૧. વિ. કામ સંબંધી; વિષય સંબંધી.

૧૨. વિ. કામી; વિષયી.

૧૩. વિ. મૈથુનની ઇચ્છાવાળું.

૧૪. વિ. લોભી.

કામુકતા ૧. [સં.] સ્ત્રી. કામુકપણું; વિષયાસક્તિ.

૨. સ્ત્રી. લોભ.

કામુકત્વ જુઓ કામુકતા.

કામુકલેખા પું. (પિંગળ) ભગણ, મગણ, સગણ, ગુરુ અને લઘુ મળી અગિયાર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ત્રિષ્ટુપનો એક ભેદ છે.

કામુકા ૧. [સં.] સ્ત્રી. એક જાતનો માતૃકા દોષ. વૈદ્યક અનુસાર આ રોગ બાળકને જન્મથી બારમે દિવસે, બારમે મહિને કે બારમે વર્ષે થાય છે. આમાં રોગી જ્વરગ્રસ્ત થઈ હસે છે, વસ્ત્રાદિ ફેંકી દે છે, અધિક શ્વાસ લે છે અને બકે છે.

૨. [સં. કમ્ (ઇચ્છા કરવી)] સ્ત્રી. કોઈ પણ જાતની ઇચ્છાવાળી સ્ત્રી.

૩. સ્ત્રી. ચમેલી.

૪. સ્ત્રી. ધનધાન્યને ઇચ્છનારી સ્ત્રી.

૫. સ્ત્રી. બગલી.

૬. સ્ત્રી. રસિકા; કામવતી; વિલાસી સ્ત્રી.

૭. વિ. સ્ત્રી. કામી; વિષયી.

કામુકિ ન. મેઘ; વાદળું.

કામુકી ૧. [સં.] સ્ત્રી. એ નામની દેવી. તેનું સ્થાન ગંધમાદન પર્વત ઉપર છે.

૨. સ્ત્રી. ઘણો પ્રેમ બતાવનારી સ્ત્રી.

૩. સ્ત્રી. વિષયી સ્ત્રી.

૪. સ્ત્રી. વેશ્યા.

કામુું ૧. ન. કામ; કાર્ય.

૨. ન. વ્યાપાર; ક્રિયા.

કામૂન ન. જીરૂં.

કામૂસ ૧. [અ.] પું. અરબી કોષ.

૨. પું. મહાસાગર.

કામેચ્છા ૧. [સં.] સ્ત્રી. વિષયભોગની ઇચ્છા.

૨. વિ. વિષયી; કામાસક્ત.

કામેચ્છુ [સં.] વિ. વિષયની ઇચ્છાવાળું; કામી. જુઓ કામુક.

કામેટી ૧. [અં. કમિટી] સ્ત્રી. તપાસ કરનારી મંડળી; પંચ.

૨. સ્ત્રી. પરીક્ષા; તપાસ.

૩. સ્ત્રી. શહેરસુધરાઈખાતું; મ્યુનિસિપાલિટી.

કામેપ્સુ ૧. [સં.] વિ. ઇચ્છિત વસ્તુ મેળવવા યત્ન કરનાર.

૨. વિ. વિષયાસક્તિવાળું.

કામેલિયા ૧. સ્ત્રી. ઢેઢની એક અટક.

૨. ન. એ અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કામેશ્વર ૧. [સં.] પું. કામ એટલે વિષયવાસના ઉપર ઐશ્વર્ય મેળવનાર પુરુષ.

૨. પું. પરમેશ્વર.

૩. પું. શંકર; મહાદેવ; શિવ.

કામેશ્વરપાક [સં.] પું. (વૈદ્યક) એક જાતની સ્વાદિષ્ઠ વૈદ્યકીય બનાવટ. તે કેવળ અમૃત જ છે. એક વર્ષ તેનું સેવન કરવાથી અકાલમૃત્યુ અને વલીપલિત રોગ દૂર થાય છે.

કામેશ્વરમોદક [સં.] પું. (વૈદ્યક) સંગ્રહણી માટેની એક દવા. તે બનાવવા આંબળાં, સિંધાલૂણ, ઉપલેટ, કાયફળ, પીપર, સૂંઠ, અજમા, અજમોદ, જેઠીમધ, જીરૂં, શાહજીરૂં, ધાણા, કચૂરો, કાકડાશિંગ, વજ, નાગકેસર, તાલિસપત્ર, તજ, તમાલપત્ર, એલચી, મરી, હરડે, બહેડાં એ બધું સમાન વજને લઈ તેનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી, સર્વેની બરાબર શેકેલા ઇંદ્રજવનું ચૂર્ણ તથા બધાંથી બમણી સાકર તથા થોડું ઘી અને મધ નાખીને લાડુ વાળવા. સુગંધી માટે તેમાં થોડું કપૂર તથા કાળા તલ પણ નાખવા. વાજીકરણ તરીકે વાપરવા માટે અભ્રકભસ્મ તોલા ૨, ગંધક તોલો ૧, ઉપલેટ, ગળો, મેથી, મોચરસ, વિદારીકંદ, ધોળી મૂસળી, ગોખરૂ, એખરો, શતાવરી, કસેલાં, અજમા, તાડમૂળી, ધાણા, જેઠીમધ, નાગબલા, કાળા તલ, વરિયાળી, જાયફળ, સિંધાલૂણ, ભારંગમૂળ, કાકડાશિંગ, ત્રિકટુ, જીરૂં, શાહજીરૂં, ચિત્રક, તજ, તમાલપત્ર, એલચી, નાગકેસર, સાટોડીનાં મૂળ, ગજપીપર, દ્રાક્ષ, કચૂરો અને કાયફળ તથા શીમળાનાં મૂળ, ત્રિફળા, કૌચાં એ બધી વસ્તુ સમાન ભાગે લઈ તેનાથી અર્ધો ભાંગ અને બમણી સાકર તથા ઘી અને મધ ભેળવી ગોળીઓ કરવી. તેની માત્રા ૦ાથી ૦ાા તોલો છે.

કામેશ્વરરસ [સં.] પું. (વૈદ્યક) પાંડુરોગ માટેની એક બનાવટ. તે માટે પારદ તોલા ૪, ગંધક તોલા ૪, હરડેદલ તોલા ૪, ચિત્રક તોલા ૪, મોથ, એલચી અને તમાલપત્ર પ્રત્યેક ૭ ૭ તોલા, ત્રિકટુ, પીપરીમૂળ અને વછનાગ પ્રત્યેક તોલા ૪, નાગકેસર તોલો ૧ અને એરડાનાં મૂળ તોલા ૪ એ બધી વસ્તુનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી, તેની બરાબર જૂના ગોળમાં તથા ધતૂરાના રસમાં ઘૂંટી ઘીની સાથે ચણીબોર જેવડી ગોળી કરવી. તેમાંથી એકેક ગોળી રાત્રે ખાવી.

કામેશ્વરી ૧. [સં.] સ્ત્રી. કામ ઉપર ઐશ્વર્ય ધરાવનાર સ્ત્રી.

૨. સ્ત્રી. ચોસઠ માંહેની એ નામની એક યોગિની.

૩ સ્ત્રી. ચૌદ માંહેની એક યક્ષિણી. મહાયક્ષિણી, સુરસુંદરી, મનોહરી, કનકાવતી, કામેશ્વરી, રતિકરી, પદ્મિની, નટી, અનુરાગિણી, વિશાલા, ચંદ્રિકા, લક્ષ્મી, શોભના અને મદના એ ૧૪ યક્ષિણી છે.

૪. સ્ત્રી. (તંત્ર) પંદર માંહેની એ નામની પહેલી નિત્યા.

૫. સ્ત્રી. પાર્વતી; દુર્ગા દેવી. શંકરે કામને બાળી મૂક્યો હતો, પણ જ્યારે શંકર પાર્વતીનો વિવાહ થયો ત્યારે પાર્વતીએ તેને ફરીને જીવતો કર્યો. તેથી પાર્વતી કામેશ્વરી કહેવાય છે.

૬. સ્ત્રી. ભૈરવી દેવી.

૭. વિ. સ્ત્રી. ઇચ્છા ઉપર સત્તા ચલાવનાર.

કામૈષણા [સં.] સ્ત્રી. વિષયવાસના.

કામો ૧. પું. નિંદ્ય કામ; હલકું કાર્ય.

૨. પું. પરાક્રમ; શૂરાતનવાળું કામ.

કામોટી સ્ત્રી. (સંગીત) માલકોશ રાગની આઠ પુત્રવધૂ માંહેની એ નામની એક.

કામોઠી ૧. સ્ત્રી. વાંઝાની એ નામની એક અટક.

૨. ન. એ અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કામોઢું વિ. કામમાં ગૂંથાયેલું; કામમગ્ન.

કામોત્તેજક [સં.] વિ. વાજીકર; કામવાસના વધારે એવું.

કામોત્તેજના [સં.] સ્ત્રી. રતિઇચ્છા; કામાગ્નિ; વિષયવાસના જાગૃત થવાપણું.

કામોત્પત્તિ [સં.] સ્ત્રી. કામવિકાર ઉત્પન્ન થવો તે.

કામોત્સવ [સં.] પું. ચૈત્ર સુદિ ૧૩ અને ૧૪ને દિવસે ઊજવાતો કામદેવનો તહેવાર. કેટલેક સ્થળે એ હોળી સાથે ભેળવી દેવામાં આવ્યો છે.

કામોદ ૧. [સં.] પું. (સંગીત) રાત્રિના પહેલા પહોરે ગવાતો એક રાગ; કલ્યાણ થાટમાંથી ઉત્પન્ન થતો એ નામનો એક રાગ. તેને માલકોશનો પુત્ર માનવામાં આવે છે. તેમાં ધૈવત વાદી અને પંચમ સંવાદી છે. કરુણા અને હાસ્યમાં તેનો ઉપયોગ થાય છે. કોઈ તેને બિલાવલ અને ગૌડના સંયોગથી બનેલો સંકર રાગ માને છે. તેના સ્વરગ્રામ ધ, નિ, સા, રી, ગ, મ, ૫ છે. તેમાં શુદ્ધ તથા તીવ્ર મધ્યમ આવે છે, તે સિવાય સર્વે શુદ્ધ સ્વરો છે. આ રાગને અને કેદારને નિકટ સંબંધ છે. કેદારમાં કામોદનો અને કામોદમાં કેદારનો ક્ષણે ક્ષણે ભાસ થાય છે.

૨. સ્ત્રી. (સંગીત) દીપક રાગની એક રાગિણી.

કામોદક ૧. [સં.] ન. કામવાસના ઉત્પન્ન થયે યોનિની અંદરથી વહેતો પ્રવાહી પદાર્થ.

૨. ન. ચૂડાકર્મ પહેલાં મરેલા જીવને આપવામાં આવતી જલાંજલિ એટલે મરેલાંને ઉદ્દેશીને આપવામાં આવતું જળ.

કામોદકલ્યાણ પું. (સંગીત) કલ્યાણ રાગની બાર જાતિ માંહેની એક. કામોદ અને કલ્યાણ રાગના સંયોગથી બનતો એક સંકર રાગ. તે

સંપૂર્ણ જાતિનો છે. તેમાં બધા શુદ્ધ સ્વર આવે છે.

કામોદતિલક [સં.] પું. (સંગીત) કામોદ અને તિલકના સંયોગથી બનતો એક સંકર રાગ. તે વાડવ જાતિનો છે. તેમાં ધૈવત વર્જિત છે. તે રાતના પહેલા પહોરે ગવાય છે.

કામોદનટ સ્ત્રી. (સંગીત) કામોદ અને નટ રાગિણીના મિશ્રણથી બનતો એક સંકર રાગ. તે સંપૂર્ણ જાતિનો છે. તેમાં બધા શુદ્ધ સ્વર આવે છે. આને કેટલાક લોક નટનારાયણનો પુત્ર પણ માને છે. તે ગાવાનો સમય રાતનો પહેલો પહોર છે. કોઈ કોઈ તેને દિવસના બીજા પહોરે પણ ગાય છે.

કામોદનાટ સ્ત્રી. (સંગીત) નટ રાગિણીની એક જાત; કામોદનટ.

કામોદમલ્હાર પું. (સંગીત) બિલાવલ થાટમાંથી ઉત્પન્ન થતો અને ખાસ કરીને વર્ષા ઋતુમાં ગવાતો એ નામનો એક રાગ.

કામોદય ૧. [સં.] પું. યુવાની; તારુણ્ય.

૨. પું. વિષયવાસના ઉત્પન્ન થવી તે.

કામોદસામંત પું. (સંગીત) કામોદ અને સામંતના યોગથી બનતો એક સંકર રાગ. તે વાડવ જાતિનો છે. તેમાં ધૈવત વર્જિત છે. તે ગાવાનો સમય રાત્રિનો ત્રીજો પહોર છે.

કામોદા [સં.] સ્ત્રી. (સંગીત) એ નામની એક રાગિણી.

કામોદી ૧. [સં. કામોદા] સ્ત્રી. (સંગીત) ઓડવ જાતિની એક રાગિણી. તેમાં શુદ્ધ સ્વરનો ઠાઠ છે. તે મલ્હારને બહુ મળતી આવે છે. તેમાં ગાંધાર અને નિષાદ વર્જ્ય છે.

૨. સ્ત્રી. (સંગીત) માલકોશના પુત્ર કામોદની સ્ત્રી; એક રાગિણી; કાંબોધી. સંપૂર્ણ જાતિની આ રાગિણી રાતના બીજા પહોરની બીજી ઘડીમાં ગવાય છે. કોઈ કોઈ તેને સંકર રાગિણી કહે છે અને સુધરાઈ અને સોરઠના યોગથી તેની ઉત્પત્તિ માને છે.

૩. સ્ત્રી. (સંગીત) હનુમંત મત પ્રમાણે દીપક રાગની પાંચ રાગિણી માંહેની એ નામની એક. તે ગાવાનો વખત દિવસના બીજા પહોરનો છે. કોઈ સાંજનો પણ કહે છે. તેની જાતિ સંપૂર્ણ છે. એટલે તેમાં ખરજ, રિખવ તીવ્ર, ગાંધાર તીવ્ર, મધ્યમ કોમળ, પંચમ, ધૈવત તીવ્ર અને નિખાદ તીવ્ર એ પ્રમાણે સાતે સ્વર આવે છે. ગ્રહ સ્વર ધૈવત અથવા નિખાદ છે.

કામોદ્દીપક [સં.] વિ. કામોત્તેજક; વિષયવાસના ઉત્તેજિત કરે એવું.

કામોદ્દીપન ૧. [સં.] ન. કામવાસના ઉત્તેજે એવું ઔષધ.

૨. ન. વિષયવાસના ઉત્પન્ન થવી તે; સંભોગસુખ ભોગવવાની ઇચ્છા.

કામોદ્ધતા પું. (પિંગળ) તગણ, તગણ અને લઘુ મળી સાત અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉષ્ણિકનો ભેદ છે.

કામોધ્ધતા તા, ત, લ. રણપિંગળ

કામોન્મત્ત [સં.] વિ. કામવાસનાથી ગાંડું બનેલું.

કામોન્માદ ૧. [સં.] પું. કામવાસનાથી ગાંડું બની જવાપણું.

૨. પું. સંભોગની તીવ્ર ઇચ્છા.

કામોપદ્યા સ્ત્રી. પ્રેમની લાલચ.

કામોપધા [સં.] સ્ત્રી. કામવાસનાને લીધે થતું દુ:ખ.

કામોપભોગ [સં.] પું. વિષયસુખ ભોગવવાપણું.

કામોપહત [સં.] વિ. વિષયવાસનાથી ઉત્તેજિત બનેલું; કામ્ય.

કામોરું ૧. ન. અધિકારી.

૨. ન. ઘરનું કામકાજ કરવા રાખેલું માણસ.

કામોરો પું. કામદાર; સરકારી કામ કરનાર અમલદાર.

કામ્ય ૧. [સં.] ન. કર્તવ્ય; કર્મ.

૨. ન. કામનાનો વિષય.

૩. ન. ખાંડવપ્રસ્થની પશ્ચિમ દિશાએ મરુધન્વમાં આવેલું પુણ્ય વન. ત્યાં પાંડવોએ વાસ કર્યો હતો.

૪. ન. યજ્ઞની એક જાત. જેમકે, જ્યોતિષ્ટોમ, અગ્નિષ્ટોમ, રાજસૂય, અશ્વમેધ આદિ યજ્ઞો તે કામ્ય છે. નિત્ય તથા નૈમિત્તિક યજ્ઞો કર્યા બાદ કામ્ય યજ્ઞો થઈ શકે છે.

૫. વિ. અમુક ખાસ ઉદ્દેશથી કરેલું.

૬. વિ. ઇચ્છા કરવા યોગ્ય.

૭. વિ. ઇચ્છાથી કરેલું.

૮. વિ. કામ કે ઇચ્છા પૂર્ણ કરવા સંબંધી.

૯. વિ. કામવાસના ઉદ્દીપન કરે એવું.

૧૦. વિ. ખુશનુમા; મનોરંજક; સુંદર.

૧૧. વિ. ચાહવા લાયક; પ્રીતિપાત્ર.

૧૨. વિ. બદલાની ઇચ્છાવાળું; સ્વાર્થી.

કામ્યક ૧. [સં.] ન. એ નામનું એક વન. જુઓ કામ્યકવન.

૨. ન. એ નામનું એક સરોવર.

૩. વિ. ઇચ્છિત; ધારેલું.

કામ્યકર્મ ૧. [સં.] ન. જે કર્મ કરવાથી ફળની પ્રાપ્તિ થાય, પણ ન કરવાથી પ્રત્યવાય લાગે નહિ તેવું કર્મ. જેને સ્વર્ગની ઇચ્છા હોય તે જ્યોતિષ્ટોમ યજ્ઞ કરે તો તેને સ્વર્ગફળ મળે, પણ જેને સ્વર્ગની ઇચ્છા નથી તેને તે ન કરવાથી કાંઈ પાપ પણ લાગતું નથી.

૨. ન. ધાર્મિક ક્રિયા; ધર્મનું કામ.

૩. ન. ફળ મેળવવાની ઇચ્છાથી કરેલું કાર્ય.

કામ્યકવન [સં.] ન. મહાભારતમાં વર્ણવેલું સરસ્વતીને તીરે આવેલું એક વન. ત્યાં યુધિષ્ઠિર દ્રૌપદી સહિત ધૌમ્ય ઋષિ સાથે રહી સૂર્ય તરફથી મદદ મળતાં નિર્વાહ ચલાવતા. હાલ થાણેશ્વરથી આગ્નેયમાં ૭ માઇલ ઉપર આવેલ એ સ્થળ કામોદ કહેવાય છે. મથુરા પ્રાંતમાં આવેલ કામ્યકવન તે આ વનથી જુદું છે. પૂર્વે કુરુક્ષેત્રમાં આવેલું કામ્યકવન સૃષ્ટિસૌંદર્યથી ભરપૂર હતું.

કામ્યકામી વિ. કામ્યકર્મ કે કામ્યફળને ઇચ્છનાર.

કામ્યતા ૧. [સં.] સ્ત્રી. અત્યંત ઇચ્છા; તીવ્ર લાલસા.

૨. સ્ત્રી. કામુકપણું; વિષયાસક્તિ.

૩. સ્ત્રી. સુંદરતા; મનોહરતા.

કામ્યત્વ જુઓ કામ્યતા.

કામ્યદાન ૧. [સં.] ન. ઐશ્વર્ય, પુત્ર, સ્વર્ગ વગેરે ફળની કામનાથી કરેલું દાન.

૨. ન. ગ્રહણ કરી શકાય એવું દાન.

૩. ન. રત્ન વગેરે સારી વસ્તુ પુણ્યાર્થે આપવી તે.

કામ્યપૂજન [સં.] ન. ઐહિક એટલે આ લોકના સુખભોગાદિ મેળવવા કરાતી પૂજા.

કામ્યફળ [સં.] ન. ફળની ઇચ્છાથી કરેલા કર્મનું ફળ.

કામ્યબુદ્ધિ [સં.] સ્ત્રી. કામ્યકર્મના ફળની ઇચ્છા.

કામ્યમરણ ૧. [સં.] ન. આપઘાત.

૨. ન. ઇચ્છા પ્રમાણે મૃત્યુ; યથેષ્ટ મરણ.

૩. ન. મુક્તિ; મોક્ષ.

કામ્યવન જુઓ કામ્યકવન.

કામ્યવૃત્ત [સં.] ન. પોતાની મરજીથી લીધેલ સોગંદ.

કામ્યશ્રાદ્ધ [સં.] ન. અમુક ઇચ્છાફળ જેમાં રહેલું હોય એવું શ્રાદ્ધ કર્મ.

કામ્યા ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) એ નામની એક અપ્સરા.

૨. સ્ત્રી. કામના; ઇચ્છા; મરજી.

કામ્યાભિપ્રાય [સં.] પું. સ્વાર્થી ઉદ્દેશ કે હેતુ.

કામ્યેષ્ટિ [સં.] પું. પ્રજા, અન્ન, પશુ, બ્રહ્મવર્ચસ, ગ્રામ, ભૂતિ, આયુ વગેરેની ઇચ્છાથી કરવામાં આવેલો યજ્ઞ. તેમાં અગ્નિ, ઇંદ્ર વગેરે દેવતાઓને ખાસ મંત્રથી આહ્વાન કરવામાં આવે છે. આવા યજ્ઞોમાં બલિદાનમાં માંસ નહિ પણ જુદી જુદી જાતનાં અનાજ આપવામાં આવે છે.

કામ્રેડ [અં.] પું. સાથી; સહયોગી. સામ્યવાદી પોતાના સમૂહના માણસને અથવા પોતાને સહાનુભૂતિ દર્શાવનારને કામ્રેડ કહી સંબોધે છે.

કામ્લ ૧. [સં.] ન. થોડી ખટાશ.
૨. વિ. ખટાશ પડતું; થોડું ખાટું.

કાય ૧. પું. અઠ્યાસી માંહેનો એ નામનો એક ગ્રહ.
૨. પું. કુદરતી સ્વભાવ; લક્ષણ.
૩. પું. ૭ સૂચક સાંકેતિક શબ્દ.
૪. પું. જીવ.
૫. પું. ઝાડ; વૃક્ષ.
૬. પું. પાણી લાવવાની કાવડ.
૭. પું. પ્રજાપતિ જેના દેવ હોય તેવો વિવાહ; પ્રાજાપત્ય વિવાહ.
૮. પું. પ્રજાપતિનો હવિ; પ્રજાપતિના નિમિત્તનો હવિ.
૯. પું. બૌદ્ધ ભિક્ષુઓનો સંઘ.
૧૦. પું. બ્રહ્મા.
૧૧. પું. લક્ષ્ય; નિશાન.
૧૨. પું. (જૈન) સમૂહ; સંઘ; સમુદાય.
૧૩. સ્ત્રી. કાયા; શરીર; દેહ.
૧૪. ન. ઊંચ નીચના તફાવત વગરનું પ્રજાતંત્ર.
૧૫. ન. કનિષ્ઠા આંગળીનો નીચેનો ભાગ; પ્રજાપતિ તીર્થ.
૧૬. ન. કામ; કાર્ય.
૧૭. ન. કાયફળ.
૧૮. ન. ઘર; રહેઠાણ.
૧૯. ન. મનુષ્યતીર્થ; બ્રાહ્મતીર્થ.
૨૦. ન. મૂળ ધન; મૂડી; અસલ.
૨૧. [મ.] સ. શું.
૨૨. વિ. પ્રજાપતિ જેના દેવ હોય તેવું (હવિષ્ વગેરે).
૨૩. વિ. પ્રજાપતિ સંબંધી.
૨૪. અ. શાને માટે.

કાયક [સં.] વિ. શરીર સંબંધી.

કાયકવૃદ્ધિ ૧. [સં.] સ્ત્રી. કોઈ પ્રાણી વાપરવા બદલ અપાતું ભાડું.
૨. સ્ત્રી. વ્યાજ.

કાયકષ્ટ ૧. [સં.] ન. દેહનું દુઃખ; શરીરની પીડા.
૨. ન. દેહને તપ વ્રત વગેરેથી દમવો તે; દેહદમન.
૩. ન. મહેનત; પરિશ્રમ; શારીરિક કામ.

કાયકષ્ટી વિ. શરીરે દુઃખ સહન કરી કામ કરનાર; મહેનતુ; કાયકષ્ટ કરનારું.

કાયકા [સં.] સ્ત્રી. વ્યાજ; નાણાંના ઉપભોગને બદલે અપાતું ભાડું.

કાયકોટિક પું. કાવડિયો; કાવડથી ભાર ઉપાડનાર પુરુષ.

કાયક્રિયા સ્ત્રી. (જૈન) ચોરી વગેરેની કોશિશ.

કાયક્લેશ [સં.] પું. શરીરને દુઃખ દેવું તે; ૭ બાહ્યતપ માંહેનું એક. અનશન, ઊણોદરી, વૃત્તિસંક્ષેપ, રસપરિત્યાગ, કાયક્લેશ અને પ્રતિસંલીનતા એ ૭ બાહ્યતપ છે.

કાયખાર પું. એક જાતનો ખાર.

કાયગતાસ્મૃતિ સ્ત્રી. (જૈન) શરીરના જુદા જુદા ભાગ ઉપર અશુભ ભાવના.

કાયગુપ્ત વિ. શરીરને વશ રાખનાર; સંયમી.

કાયગુપ્તિ ૧. સ્ત્રી. (જૈન) શરીર હલેચલે નહિ એવી સ્થિતિ; જૈન મુનિએ પાળવાની ત્રીજી ગુપ્તિ.
૨. સ્ત્રી. શરીરને ખોટે રસ્તે જતાં વશ રાખવું તે; જિતેંદ્રિયત્વ.

કાયચ ૧. પું. કેળું.
૨. પું. પુરુષની જનનેંદ્રિય.
૩. સ્ત્રી. એ નામની એક જ્ઞાતિ.
૪. ન. એ નામની જ્ઞાતિનું માણસ.
૫. વિ. એ નામની જ્ઞાતિનું.

કાયચિકિત્સક [સં.] પું. હકીમ; વૈદ્ય; તબીબ.

કાયચિકિત્સા ૧. [સં.] સ્ત્રી. આયુર્વેદનો એક ભાગ. આત્રેયના શિષ્ય અગ્નિવેશે આ તંત્ર રચ્યું છે. તેમાં જ્વર, કોઢ, ઉન્માદ, અપસ્માર વગેરે સર્વાંગવ્યાપી રોગોના ઉપશમનની વિધિ બતાવેલી છે.
૨. સ્ત્રી. રોગ મટાડવા શરીરની વૈદ્યકીય તપાસ અને સારવાર; શારીરિક ચિકિત્સા.

કાયજા [હિં.] પું. ઘોડાના લગામની દોરી; ચોકડું; કાયદો. તેને પૂછડા સુધી લઈ જઈ બાંધવામાં આવે છે.

કાયજોગ પું. શારીરિક ક્રિયા.

કાયટિયો પું. મરનારનું અગિયારમું સરાવનારો બ્રાહ્મણ; કાયટું કરાવનાર બ્રાહ્મણ.

કાયટું ૧. [સં. કરટ] ન. મરનારના અગિયારમાને દિવસે કરવામાં આવતું જમણ.
કાયટું બાળવું = મરણ પછી તેરમે દિવસે જ્ઞાતિભોજન આપવું.
૨. ન. મરનારના અગિયારમાને દિવસે કરવામાં આવતું શ્રાદ્ધ.
કાયટું કરવું–સરાવવું = અગિયારમાના દિવસે મરનારની ઉત્તરક્રિયા કરવી.

કાયડોંડા સ્ત્રી. ખડકવાળી જગ્યામાં ઊગતી એક ઉપયોગી વેલ; તોંડલી; બિંબા. તેને ધોળાં ફૂલ આવે છે. તેનાં રાતાં ફળ ખવાય છે.

કાયણ ન. ભૂત; પ્રેત.

કાયત ૧. સ્ત્રી. ક્ષત્રિય બાપ અને શૂદ્ર માથી ઉત્પન્ન થયેલ એક મિશ્ર કોમ. જુઓ કાયસ્થ.
૨. ન. એ નામની જ્ઞાતિનું માણસ.
૩. વિ. એ નામની જ્ઞાતિનું.

કાયત્થ જુઓ કાયત.

કાયત્વ [સં.] ન. દેહમાં વ્યાપી રહેલું ઇંદ્રિયપણું.

કાયથ જુઓ કાયત.

કાયથી સ્ત્રી. એક જાતની લિપિ.

કાયદ [અ.] પું. નાના સપ્તર્ષિની પૂછડીમાંનો તારો.

કાયદંડ ૧. પું. ઇંદ્રિયનિગ્રહ; દેહદમન.
૨. પું. (જૈન) શરીરને દુષ્ટ કાર્યમાં રોકવાપણું.

કાયદાકાનૂન પું. બ. વ. ધારા અને પેટા ધારા.

કાયદાકાર ૧. વિ. કાયદા જાણનાર.
૨. વિ. કાયદા બનાવનાર.

કાયદાદાન ૧. વિ. કાયદાબાજ; કાયદા જાણનાર.
૨. વિ. શિરતનું પાલન કરનાર.

કાયદાપાલક વિ. કાયદા પાળનારું; કાયદા અનુસાર વર્તન રાખનારું.

કાયદાપોથી સ્ત્રી. કાયદાનું પુસ્તક.

કાયદાબદ્ધ વિ. કાયદાથી મર્યાદિત.

કાયદાબાજ વિ. કાયદાની ઝીણવટ જાણનાર; કાયદાની આવડતવાળું.

કાયદાબાજી સ્ત્રી. કાયદાની રમત; ધારાની ચાલાકી; બંધારણની હોશિયારી.

કાયદાભંગ પું. કાયદાનું ઉલ્લંઘન; ધારાનો અનાદર; કાયદો તોડવો તે.

કાયદામંત્રી પું. ધર્માધિકારી; રાજાને કાયદા સંબંધી સલાહ આપનાર મંત્રી.

કાયદામાન્ય વિ. કાયદા પ્રમાણે.

કાયદાશાસ્ત્ર ન. કાયદાનું શાસ્ત્ર.

કાયદાશાસ્ત્રી પું. કાયદાનો જાણકાર પુરુષ; ધારાશાસ્ત્રી.

કાયદાસર ૧. વિ. કાયદા પ્રમાણેનું; કાયદાને અનુસરતું.

૨. અ. નિયમસર; રીતસર; ધારા મુજબ.

કાયદુષ્પ્રણિધાન [સં.] ન. (જૈન) સામાયિક વ્રતનો એક અતિચાર; હાથ પગ વગેરે અંગોનું નકામું અને ખોટી રીતે સંચાલન.

કાયદેશીર જુઓ કાયદાસર.

કાયદેસર જુઓ કાયદાસર.

કાયદો ૧. પું. અરબી શીખવાની બાળપોથી અથવા પહેલી ચોપડી.

૨. પું. કવાયત; તાલીમ.

૩. પું. ક્રમ; વ્યવસ્થા.

૪. પું. ઘોડાના ચોકડા સાથે સંબંધ રાખતી દોરી. તે તેની ડોકની હાંસડીના કડામાં થઈ જીનના આંકડા સાથે ભેરવાય છે.

૫. પું. ચાલતી આવેલી રીત; ધારો; શિરસ્તો.

૬. પું. દસ્તૂર; કોઈ પણ જાતનો વ્યવહાર સારી રીતે ચલાવવાને માટે કરેલો નિયમ. કાયદાના બે પ્રકાર છેઃ દીવાની અને ફોજદારી.

૧. કાયદા પ્રમાણે ચાલવું–કાયદામાં રહેવું = હુકમસર વર્તવું.

૨. કાયદામાં લેવું–સપડાવવું = કાયદાના બંધનમાં લેવું.

૩. કાયદો કરવો–ઘડવો = કાનૂન, ધારા વગેરે નવા બાંધવા.

૪. કાયદો તોડવો = કાયદામાં લખેલાં ફરમાન વિરુદ્ધ કામ કરવું.

૫. કાયદો નેવે મૂકવો = કાયદા પ્રમાણે વર્તન ન કરવું.

૭. પું. નિયમસંગ્રહ; કોડ; કાયદા કાનૂનનું પુસ્તક.

૮. પું. વ્યવહાર; આચાર.

૯. પું. શાસ્ત્ર.

૧૦. પું. સરકારી કાનૂન; ફરમાન; હુકમ.

૧૧. પું. હિસાબ ગણવાની રીત કે નિયમ.

કાયનાત ૧. [અ.] સ્ત્રી. પૂંજી; વિસાત; દોલત.

૨. સ્ત્રી. માલ; સત્ત્વ; હીર; નૂર.

૩. સ્ત્રી. શક્તિ; બળ; સત્તા.

કાયનાથ પું. ધણી; સ્વામી.

કાયનિ પું. (પુરાણ) એ નામનો એક બ્રહ્મર્ષિ.

કાયનિરોધ [સં.] પું. શરીરના વ્યાપારનો પરિત્યાગ.

કાયપત્રી સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

કાયપૂજિત [સં.] પું. શિવ; શંકર.

કાયફર જુઓ કાયફળ.

કાયફળ [સં. કટ્ફળ] ન. સોપારીના જેવડું ઔષધિના કામમાં આવતું એક ફળ; કટુફળ; સોમવલ્ક. તે તીખું, ઉષ્ણ, તૂરું, તથા ગ્રાહક છે અને વાત, પિત્ત, જ્વર, દાહ, રક્તાતિસાર, યોનિદોષ, વિષ અને કૃમિનો નાશ કરે છે.

કાયફળી સ્ત્રી. કાયફળનું ઝાડ; કટુફળ. એનાં પાન લાંબાં અને મોટાં હોય છે. તેમાં બીલાં જેવાં ગોળ ફળ થાય છે. તેની ધોળી ને કાળી બે જાત છે. તેનાં પાન પત્રાવળાં બનાવવાના કામમાં આવે છે.

કાયબલન [સં.] ન. બખ્તર.

કાયબલિક વિ. શારીરિક બળવાળું.

કાયબલી સ્ત્રી. એક જાતની લબ્ધિ; એક પ્રકારની સિદ્ધિ.

કાયબંધન ૧. [સં.] ન. કટિમેખલા; કંદોરો.

૨. ન. ચેતનાયુક્ત વીર્ય તથા લોહીનો એક સંયોગ; શરીરનું બંધારણ.

કાયભાર પું. ખભા અથવા માથા ઉપર ઉપાડાતો ભાર.

કાયમ (ક઼ાયમ) ૧. પું. એ નામનો એક ઇમામ. તેમની ઇમામત ઈ. સ. ૯૩૪થી ૯૪૫ સુધી ૧૨ વર્ષની હતી.

૨. પું. નાગપિંગળ માંહેનો એક વર્ણમેળ છંદ.

૩. સ્ત્રી. ચોપાટની અધૂરી રહેલી રમત.

૪. વિ. કોઈ પક્ષની હારજીત ન હોય એવું.

૫. વિ. સ્થાપિત; મુકરર; મંજૂર; બહાલ.

૬. વિ. હમેશનું; રોજનું; નિત્ય; સ્થાયી.

૧. આપની તબિયતથી કાયમ કરવું = મરજી પડે તેમ કરવું.

૨. કાયમ ઊઠવું = શેતરંજની રમત નકામી જવી.

૩. કાયમ કરવું = (૧) ટેકો આપવો. (૨) ધારવું. (૩) પાકું કરવું. (૪) બાંધવું. (૫) મંજૂર કરવું; બહાલ રાખવું. (૬) મુકરર કરવું. (૭) સ્થાપવું. (૮) હક્ક ઉત્પન્ન કરવો.

૪. કાયમ જગ્યા = બહાલી જગ્યા; હમેશની–ફરે નહિ તેવી જગ્યા–નોકરી.

૫. કાયમ થવું = (૧) ઉત્પન્ન થવું. (૨) નક્કી થવું; મુકરર થવું. (૩) બનવું.

૬. કાયમબિનફસાહી = પોતાની મેળે હયાતી ધરાવતું; સ્વતંત્ર.

૭. કાયમ રહેવું = (૧) અમલમાં હોવું. (૨) નિશ્ચય થવો. (૩) પોતાનો પગ રાખવો. (૪) સહન કરવું. (૫) સ્થિર રહેવું; ટકવું. (૬) હઠ કરવી.

૮. કાયમ રાખવું = (૧) કાયમ થવું; નક્કી થવું; મુકરર થવું; બહાલ થવું. (૨) ચાલુ રાખવું; નિભાવવું. (૩) જેમ હોય તેમનું તેમ રાખવું; જેવું રજૂ કર્યું હોય તેવું ને તેવું મંજૂર રાખવું. (૪) પસંદ કરવું; સ્થાપિત કરવું; પુષ્ટિ આપવી; ખરું છે એમ ઠસાવવું. (૫) રહેવા દેવું; નહિ ફેરવવું.

કાયમખરડો (ક઼ાયમખરડ઼ો) ૧. પું. કાયમનો દસ્તાવેજ.

૨. પું. ખેતર તથા ખાતેદારને લગતી કાયમની વિગતવાળું તલાટીનું દફતર; ખેતરનું નામ, ખૂંટ, માપ, દર, ઝાડ, કૂવા વગેરે તપસીલ લખેલી હોય તેવી તલાટીની એક નોંધપોથી; કાયમની વિગતવાળું લખાણ.

કાયમ દાયમ (ક઼ાયમ દાયમ) [અ.] વિ. હમેશનું; નિત્યનું; સ્થાયી; જાયુકનું.

કાયમનું વિ. હમેશનું; સનાતન; કાયમી.

કાયમપાયા સ્ત્રી. ખોજાઓની એક જાતની ધાર્મિક વિધિ.

કાયમરાય પું. અંસજોને ઊંચી સ્થિતિએ લાવવા માટે ભવિષ્યમાં થનાર એ નામનો રાજા.

કાયમંત વિ. ઊંચા શરીરવાળું.

કાયમા (ક઼ાયમા) ૧. પું. કાટખૂણો.

૨. પું. સીધી લીટી.

૩. વિ. સીધું.

કાયમાન ૧. [સં.] ન. ઘાસની ઝૂંપડી.

૨. ન. શરીરનું માપ.

કાયમી (ક઼ાયમી) ૧. સ્ત્રી. દઢતા; સ્થિરતા.

૨. વિ. હમેશનું; જાથૂકનું.

કાયમુદ્દીન (ક઼ાયમુદ્દીન) પું. મુસલમાન ધર્મના ચિસ્તી પંથના એક પીર.

કાયયોગ [સં.] પું. શરીરનો વ્યાપાર; શારીરિક ક્રિયા. હિંસા, ચોરી, વગેરે વ્યાપાર અશુભ કાયયોગ અને દયા, દાન, બ્રહ્મચર્ય પાલન આદિ શુભ કાયયોગ છે.

કાયયોગી ૧. ન. શરીરજન્ય ક્રિયાવાળું માણસ.

૨. વિ. શરીરજન્ય ક્રિયાવાળું.

કાયર ૧. પું. ગંદો અને બેડોળ પુરુષ.

૨. પું. ભડવો; નામર્દ માણસ.

૩. સ્ત્રી. શૂદ્ર અને બીજી હલકી જાતિ. તે ભીંડી, સૂતર અને ચામડાની દોરી બનાવી વેચે છે અને સર્પ પકડીને ખાય છે.

૪. ન. એ નામની એક હલકી જાતિનું માણસ.

૫. વિ. એ નામની એક હલકી જાતિનું.

૬. વિ. કામથી, શ્રમથી કે ખટપટથી હારી જાય એવું; ત્રાસ પામે એવું.

૭. વિ. થાકી અથવા કંટાળી ગયેલું; હેરાન.

૧. કાયર કરવું = (૧) કંટાળો આપવો; હેરાન કરવું; થકવવું; મહેનત આપવી. (૨) ચિડવવું. (૩) હરાવવું.

૨. કાયર થવું = (૧) કંટાળવું. (૨) ચિડાવું. (૩) હારવું.

૮. વિ. નાહિંમત; નામર્દ; બાયલું; અથીર.

૯. વિ. પ્રમાદી; આળસુ; સુસ્ત.

કાયરતા ૧. સ્ત્રી. અક્ષમતા; સહન ન કરવાપણું.

૨. સ્ત્રી. આળસ; સુસ્તી.

૩. સ્ત્રી. ત્રાસ; કંટાળો; અનુત્સાહ.

૪. સ્ત્રી. હીચકારાપણું; નિર્બળતા; ભીરુતા.

કાયરપણું જુઓ કાયરતા.

કાયરશાહી જુઓ કાયરતા.

કાયરું ૧. વિ. આળસુ; સુસ્ત.

૨. વિ. કાયર; થાકી ગયેલું; હારી ગયેલું; કંટાળેલું.

૩. વિ. નાહિંમત; ડરકણ; બાયલું.

કાયરૂપસંયમ [સં.] પું. પાતંજલસૂત્ર વગેરેમાં કહેલ અમુક પ્રકારના ધ્યાનરૂપ એક નિગ્રહ.

કાયરોગ [સં.] પું. શારીરિક વ્યાધિ.

પરનારી પાળી સમી, કાયરોગ કરનાર.
સામળ

કાયલ ૧. પું. જેરકડી; કાકર; ચોકડું.

૨. વિ. કબૂલ કરનાર; સ્વીકારનાર.

૩. વિ. કાયર; કંટાળેલું.

૪. વિ. ખાતરીવાળું.

૫. વિ. નકામું; રદબાતલ.

૬. વિ. નિરાશ થયેલું.

કાયલબ્ધિ [સં.] સ્ત્રી. શરીરના નિગ્રહથી પ્રાપ્ત થતી એક સિદ્ધિ.

કાયલાઈ સ્ત્રી. માંદગીથી આવેલી અશક્તિ; નબળાઈ.

કાયલી ૧. સ્ત્રી. ગ્લાનિ; ખેદ.

૨. સ્ત્રી. લજ્જા; શરમ.

૩. ન. લાકડાની એક જાત.

૪. વિ. મંદવાડવાળું; માંદું; આજારી; બીમાર.

૫. વિ. રોગથી કાયર થયેલું.

૬. વિ. સહેજસાજ માંદું અને નિર્બળ થઈ ગયેલું; અનારોગ્ય.

કાયલો પું. કાપીને કરેલો કટકો.

કાયવરોહણ જુઓ કારાવન.

કાયવલન [સં.] ન. બખ્તર; કવચ.

કાયવ્ય પું. (પુરાણ) એ નામનો એક નિષાદ. તે અરણ્યમાંના બધા દસ્યુઓનો અધિપતિ, શૂરવીર અને પરમ ધાર્મિક હતો. સાધુઓ અને તપસ્વીઓની તે સેવા કરતો. એક વખત એની જાતના લોકોએ એને પૂછ્યું કે તું ધર્મતત્ત્વ સારી રીતે સમજે છે માટે કહે કે અમે કેવું આચરણ કરીએ તો અમારી ઉત્તમ ગતિ થાય. તે ઉપરથી તેણે કહ્યું કે તમે બ્રાહ્મણોનો દ્વેષ કદી કરશો નહિ. સઘળા સદ્ભાવથી એમની જોડે વર્તો અને નાનાં બાળક, સ્ત્રીઓ, ભયભીત થયેલા, નાસી જતા નિરાયુધ એવાને મારતા નહિ. બ્રાહ્મણના શત્રુ હોય તેને મારવા. આમ વર્તશો તો ઉત્તમ ગતિ પામશો.

કાયવ્યાયામ [સં.] પું. શરીરનો વ્યાપાર; શારીરિક ક્રિયા.

કાયવ્યૂહ ૧. [સં.] પું. (યોગ) તત્ત્વજ્ઞાનના પ્રભાવથી તત્ત્વજ્ઞાની પુરુષ સંચિત કર્મો ભોગવી લેવાને એકેક વખતે જે અનેક શરીર ધારણ કરી લે છે તે શરીરનો સમુદાય.

૨. પું. શરીરમાં વાયુ, તથા ત્વચા વગેરેની યથાસ્થિત સ્થિતિ; શરીરમાં વાત, પિત્ત, કફ તથા ચામડી, લોહી, માંસ, સ્નાયુ, હાડકાં, મજ્જા અને શુક્રનાં સ્થાન અને વિભાગ વગેરેનો ક્રમ.

કાયશસ્ત્ર [સં.] ન. શરીર રૂપી સાધન. કાયશસ્ત્ર, વાચાશસ્ત્ર અને ચિત્તશસ્ત્ર એ દુઃખ ઉત્પાદક ત્રણ અકુશળ શસ્ત્રો છે.

કાયશોધન ૧. [સં.] ન. મહાભારતમાં જણાવેલું એક પ્રાચીન તીર્થ.

૨. ન. શરીરને યમનિયમ વગેરેથી પવિત્ર બનાવવાપણું.

કાયસંપદ્ [સં.] સ્ત્રી. રૂપલાવણ્ય વગેરે શરીરની સંપત્તિ.

કાયસંયમ પું. (જૈન) ઇંદ્રિયનિગ્રહ; શરીર ઉપર કાબૂ રાખવાપણું. સંયમ ૧૭ છે: પાંચ સ્થાવર, ચાર ત્રસ, પ્રેક્ષ્યસંયમ, ઉપેક્ષ્યસંયમ, અપહૃત્સંયમ, પ્રમૃજ્યસંયમ, કાયસંયમ, વાક્સંયમ, મનઃસંયમ અને ઉપકરણસંયમ.

કાયસેવી ૧. ન. શરીરથી બીજાની સેવા કરનાર માણસ.

૨. વિ. પોતાના જ શરીરના સુખોપભોગ માટે દરકાર રાખનારૂં.

૩. વિ. શરીર વડે અન્યની સેવા કરનારૂં.

કાયસ્થ ૧. [સં.] પું. ક્ષત્રિયથી શૂદ્ર સ્ત્રીમાં ઉત્પન્ન થયેલ પુત્ર.

૨. પું. જીવાત્મા.

૩. પું. પરમાત્મા; ઈશ્વર.

૪. પું. મુત્સદ્દી પુરુષ.

૫. પું. લેખક.

૬. સ્ત્રી. એ નામની લહીઆ અને કારકુનીનું કામ કરનાર એક નાત. પહેલાં કાયસ્થનો અલગ ભેદ ન હતો; પરંતુ પાછળથી બીજા ધંધાદારીની માફક તેમની પણ એક જુદી નાત બની ગઈ. તેઓમાં બ્રાહ્મણ અને ક્ષત્રિયોનું મિશ્રણ છે. સૂરજધ્વજ કાયસ્થ પોતાને શાકદ્વીપી બ્રાહ્મણ કહેવરાવે છે, જ્યારે વાલમ કાયસ્થ ક્ષત્રિય જાતિના છે. સોડ્ઢલ રચિત 'ઉદયસુંદરી કથા'માં તેમનો ઉલ્લેખ મળી આવે છે. કાયસ્થ કારકુનનો પર્યાય શબ્દ છે. આ લોકો રાજકાર્યમાં પણ ભાગ લેતા. સરકારી દફતરો જાણવાથી તેઓ ઘણી ગુપ્ત રાજકીય વાતો પણ જાણતા.

૭. ન. એ નામની જાતનું માણસ.

૮. વિ. એ નામની જ્ઞાતિનું.

૯. વિ. શરીરમાં રહેનાર.

કાયસ્થા ૧. સ્ત્રી. આંબળાંનું ઝાડ.

૨. સ્ત્રી. એલચી.

૩. સ્ત્રી. કાકોલી.

૪. સ્ત્રી. કાયસ્થ જાતિની સ્ત્રી.

૫. સ્ત્રી. તુલસી.

૬. સ્ત્રી. હરડે.

કાયસ્થાદિ તૈલ [સં.] ન. (વૈદ્યક) શીતજ્વર માટેની એક દવા. તે બનાવવા જવખાર તોલા ૪, સિંધાલૂણ તોલા ૪, કાયસ્થાદિ ધૂપનાં દ્રવ્યો દરેક તોલા ૦ા, તલનું તેલ તોલા ૪૮ અને કાંજી શેર પાંચ એ બધી વસ્તુ એકઠી કરી સાથે પકાવી તેલની રીતે સિદ્ધ કરવું.

કાયસ્થાદિ ધૂપ [સં.] પું. (વૈદ્યક) ટાઢિયો તાવ મટાડવાનો ઉપયોગી ધૂપ. તે બનાવવા હરડે, રાસ્ના, કડુ, ગળો, ગૂગળ, ચોરકાંચકી, પીળાં ફૂલની બલા, વજ અને ઉપલેટ એ બધું સરખે ભાગે લઈ ચૂર્ણ કરવું.

કાયસ્થાદિ લેપ [સં.] પું. (વૈદ્યક) ટાઢિયો તાવ અટકાવવા માટે શરીરે લેપ કરવાની બનાવટ. કાયસ્થાદિ ધૂપનાં જ દ્રવ્યોનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી પાણીમાં લસોટી, ગરમ કરી, તેનો લેપ કરવાથી ટાઢિયો તાવ અટકે છે.

કાયસ્થાલી [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ.

કાયસ્થિકા [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; કાળી કાકોલી.

કાયસ્થિત [સં.] વિ. શારીરિક; શરીરમાં રહેલું.

કાયસ્થિતિ સ્ત્રી. (જૈન) પૃથ્વી વગેરે કાયમાં અવિચ્છિન્નપણે રહેવું તે; વચમાં કોઈ બીજી કાયમાં જન્મ ન લેતાં કોઈ એક જ કાયમાં વારંવાર પેદા થવું તે.

કાયસ્થી ૧. સ્ત્રી. એક જાતની મરોડદાર લિપિ.

૨. [સં.] સ્ત્રી. કાયસ્થની સ્ત્રી.

કાયસ્થૈર્ય [સં.] ન. શરીરની સ્થિરતા.

કાયંકાયં સ્ત્રી. (હિંદી) કાગડાનો કા કા અવાજ.

કાયા ૧. સ્ત્રી. જાત; ભેદ; પ્રકાર.

૨. સ્ત્રી. યોનિ; સ્ત્રીની જનનેંદ્રિય.

૩. [સં. કાય] સ્ત્રી. શરીર; દેહ.

૧. કાયા તોડવી = તનતોડ મહેનત કરવી.

૨. કાયા નીચોવી નાખવી = શરીરે કષ્ટ વેઠવું.

૩. કાયા પલટી જવી = શરીરનું રૂપાંતર થઈ જવું.

૪. કાયા રાખવી = કામકાજ અને મહેનત કરતાં શરીરને સંભાળવું; શરીરનું જતન કરવું.

૫. કાયા વણસવી = (૧) દૂબળું થવું. (૨) શરીર બગડવું; રોગ થવો.

૬. કાયા વાચા મન = (૧) શરીર અને આત્મા; આખું શરીર. (૨) શરીર, વાણી અને મન.

૭. કાયાના કટકા કરી નાખવા = શરીરના અવયવો મરડીને કસરત કરવી.

૮. કાચી કાયા = ક્ષણભંગુર દેહ.

૯. કારમી કાયા = અદ્દ્ભુત શરીર.

૧૦. માયાને ભય છે, કંઈ કાયાને ભય છે? = ધન દોલતને ચોરનો કે બીજો ભય રહે છે, કાયા એટલે માત્ર શરીરને કંઈ પણ ભય નથી, અર્થાત્ દેહ નિર્ભય છે, માત્ર તેને માયા લાગેલી હોય તો તે હરાઈ જવાનો ભય રહે છે.

કાયાકર્દગી સ્ત્રી. અમલ; શાસનકાળ; કારકિર્દી.

કાયાકલ્પ ૧. પું. અશક્ત અને જર્જર શરીર નવું થઈ જાય એવી ચિકિત્સા અથવા યુક્તિ.

૨. પું. ઔષધના પ્રભાવથી વૃદ્ધ શરીરને ફરીથી તરુણ અને સશક્ત કરવાની ક્રિયા.

કાયાકષ્ટ ૧. ન. તપશ્ચર્યા.

૨. ન. દુઃખ; પીડા.

૩. ન. વ્રત, તપ વગેરેથી શરીરને દુઃખ દેવું તે; દેહદમન.

કાયાકષ્ટિ જુઓ કાયાકષ્ટ.

ક઼ાયાકાશસંબંધસંયમ [સં.] પું. પાતંજલસૂત્ર વગેરેમાં કહેલ એક જાતનો નિગ્રહ.

કાયાફૂટી સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેનાં પાંદડાંમાંથી નીકળતું સુગંધી તેલ લીલા રંગનું હોય છે. તેની વાસ કપૂર જેવી હોય છે. આ તેલ સંધિવાના સોજા ઉપર તથા કળતર થતી હોય, ત્યાં ચોળાય છે. કેટલાક વૈદ્યો પેટના દુઃખાવા ઉપર અથવા મરકીમાં આ તેલનાં બેથી પાંચ ટીપાં આપે છે.

કાયાફૂટીનું તેલ = શરીરમાં થતી કળતર ઉપર ચોળવાનું કાયાફૂટીમાંથી બનાવેલું તેલ.

કાયાક્લેશ જુઓ કાયાકષ્ટ.

કાયાગઢ પું. શરીર; દેહ.

કાયાગ્નિ ૧. [સં.] પું. શરીરની ગરમી.

૨. પું. શરીરમાં રહેલો જઠરાગ્નિ.

કાયાચિકિત્સક પું. વૈદ્ય; શરીરની ચિકિત્સા કરનાર પુરુષ.

કાયાચિકિત્સા સ્ત્રી. શરીરને લાગુ પડતાં દરદો વર્ણવતો આયુર્વેદનો એક ભાગ.

કાયાણી ૧. સ્ત્રી. રજપૂતની એ નામની એક અટક.

૨. ન. એ અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કાયાદમન જુઓ કાયાકષ્ટ.

કાયાધવ પું. (પુરાણ) પ્રહ્લાદ; કયાધૂનો પુત્ર.

કાયાપલટ ૧. સ્ત્રી. આત્માનું એક શરીરમાંથી બીજા શરીરમાં જવાપણું.

૨. સ્ત્રી. ઘરડા માણસને જુવાન કરવાની દવા.

૩. સ્ત્રી. રૂપમાં ફેરફાર; રૂપાંતર.

૪. સ્ત્રી. વેશપલટો.

કાયાપલટો જુઓ કાયાપલટ.

કાયાપુટિ સ્ત્રી. એ નામની એક ઔષધિ; કેજુપટ. તે જલદ, ઉત્તેજક, પેટનો દુઃખાવો મટાડનાર અને ઊંઘ લાવનાર મનાય છે. શ્વાસનળી તથા ફેફસાંનો સોજો, ફેફસાંની ચામડી ઉપરનો સોજો, ચામડીનાં દરદો અને સાંધાના દુઃખાવામાં તેનું તેલ ચોળવામાં આવે છે. ચોળવા માટે તેને રાઈ અથવા તલના તેલ સાથે મેળવવામાં આવે છે.

કાયાફળ ન. એ નામનું એક ઝાડ. આ વૃક્ષ કોંકણમાં થાય છે. તેનાં પાંદડાંનાં પત્રાવળાં બને છે. તેની સફેદ અને કાળી બે જાત છે. રાતાં ફળવાળું ઔષધિમાં વપરાય છે. તેની છાલને જ કાયાફળ કહે છે. સાપનાં ઝેર ઉપર રાતાં કાયાફળની છાલનો રસ ઉપયોગમાં આવે છે. અતિસાર ઉપર કાયાફળનાં ઝાડની છાલનો કાવો કરી પાવામાં આવે છે.

કાયાભાવ ૧. પું. એક જ શરીરના જેવી એકતાની લાગણી.

૨. પું. સંગઠન; વ્યવસ્થા.

કાયાયતન [સં.] ન. (બૌદ્ધ) જ્ઞાનના સંચારના બાર સ્થાન માંહેનું એક.

કાયાવરોહણ ન. (પુરાણ) હિંદુસ્તાનના એક તીર્થનું નામ.

કાયાવાડી (ક઼ાયાવાડ઼ી) સ્ત્રી. શરીર.

કાયાવાડી તારી એમ કરમાશે, થઈ જાંશે ધૂળધાણી.
ધીરો

કાયિ સ. પંડે; પોતે; જાતે.

કાયિક ૧. [સં.] પું. (કાવ્ય) અનુભાવના ચાર માંહેનો એક ભેદ.

૨. પું. બે હાથ જોડીને કરેલ નમસ્કાર.

૩. વિ. શરીરથી કરેલ; શરીરથી ઉત્પન્ન થયેલું.

કાયિક વાચિક, માનસિક = (૧) શરીર, વાણી અને મન સંબંધી. (૨) સઘળી રીતે.

૪. વિ. શારીરિક; શરીર સંબંધી.

૫. વિ. (બૌદ્ધ) સંઘ સંબંધી.

કાયિકકર્મ [સં.] ન. શરીરથી કરાયેલું કર્મ. કર્મ બે પ્રકારનાં છે: આંતર અને બાહ્ય. બાહ્ય કર્મો વાચિક અને કાયિક એમ બે જાતનાં છે.

કાયિકપાપ [સં.] ન. કાયા વડે કરેલું પાપ; વ્યભિચારકર્મ.

કાયિકા ૧. [સં.] સ્ત્રી. બળદ વગેરેના શરીર પરિશ્રમથી મળતું વ્યાજ; કાયિકાવૃદ્ધિ.

૨. સ્ત્રી. વ્યાજ; પૈસાના ઉપભોગના બદલામાં જે કંઈ અપાય તે.

કાયિકાભૂમિ [સં.] સ્ત્રી. મૂત્રાદિક કરવાની જગ્યા.

કાયિકાવૃદ્ધિ [સં.] સ્ત્રી. બળદ વગેરેના શરીરપરિશ્રમથી મળતું વ્યાજ; કરજદાર માણસ વ્યાજના બદલામાં કરી આપે તે મહેનત મજૂરી.

કાયિકી ૧. સ્ત્રી. મૂત્ર; પેશાબ.

૨. સ્ત્રી. શરીરથી થતું કામ.

કાયિમ (ક઼ાયિમ) ૧. [અ.] વિ. ટકાઉ.

૨. વિ. મૂળમાંથી ઉખેડી નાંખેલું.

૩. વિ. સીધું.

૪. વિ. સ્થિર.

કાયેલ ન. એક જાતનું ઝાડ.

કાયો ૧. પું. એક જાતની પીળી માટી.

૨. પું. લોહખાર.

૩. વિ. માંદું; રોગી.

કાયોઢજ [સં.] પું. પ્રાજાપત્ય વિવાહથી ઉત્પન્ન થયેલ પુત્ર.

કાયોત્સર્ગ ૧. [સં.] પું. (જૈન) કાઉસ્સગ; છ માંહેનો પાંચમો આવશ્યક.

પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, શાસ્ત્રપઠન, ધ્યાન અને **કાયોત્સર્ગ** એ છ આભ્યંતર તપ છે.
શ્રીમદ્ રાજચંદ્ર

૨. પું. દેહનો ત્યાગ.

૩. પું. શારીરિક કામકાજનો ત્યાગ; દેહભાવથી મુક્ત થઈ ધ્યાનમાં રહેવાની ક્રિયા.

કાયોપકંદરા [સં.] સ્ત્રી. પોકળપેશી; પોકળકાયથી અને વાદળીથી ઊંચા પ્રકારનાં અનેકકોષી પ્રાણીઓમાં જોવામાં આવતી શરીરરચના. કાયોપકંદરા સંખ્યાબંધ વર્તુલાકાર બખોલોની બનેલી હોય છે.

કાર ૧. પું. અક્ષર ઉચ્ચારવાચક પ્રત્યયઃ કકાર, મકાર, શકાર, ટકાર.
૨. પું. અસર.
કાર પડવો = ની ઉપર અસર હોવી.
૩. પું. આંટ; આબરૂ; શાખ.
૪. પું. ઇશારો; સનકારો.
૫. [ફા.] પું. ઉદ્યમ; ઉદ્યોગ; ધંધો.

વહેવાર નહિ તો શો વેપાર,
ને કમાઈ નહિ તો શાનો કાર. સામળ

૬. [અ.] પું. ઊંડાઈ.
૭. પું. એડવાડ કાઢનાર માણસ.
૮. પું. કર; જકાત.
૯. પું. કામ; ફરજ.
૧૦. પું. (શિલ્પ) કાળા રંગનો પથ્થર.
૧૧. પું. કૃષ્ણ.
૧૨. પું. (જૈન) ક્રિયા; કૃતિ.
૧૩. પું. ગજું.
૧૪. પું. ચીડિયો સ્વભાવ.
૧૫. પું. તપ.
૧૬. પું. નિશ્ચય.
૧૭. પું. પણું એવો અર્થ દેખાડનાર પ્રત્યય. જેમકે, અહંકાર, અંધકાર, રણકાર.
૧૮. પું. પતિ; ધણી.
૧૯. પું. પૂજાના ઉપાહારરૂપ બલિ.
૨૦. પું. ફેરફાર.
૨૧. પું. ભાર; બોજ; વજન.
૨૨. પું. ભોઈ; પાલખી ઉપાડનાર.
૨૩. પું. માન; પ્રતિષ્ઠા.
૨૪. પું. યતિ; સંન્યાસી.
૨૫. પું. યત્ન.
૨૬. પું. રતિક્રિયા; મૈથુન.
૨૭. પું. રોગ; દરદ.
૨૮. પું. લાગ; યુક્તિપ્રયુક્તિ.
૨૯. પું. વધ; ઠાર મારવું તે.
૩૦. પું. શક્તિ; બળ.
૩૧. [સં. કારયતિ; ફા. કારીદન] પું. શબ્દને છેડે આવતાં કરનાર એવો અર્થ બતાવતો શબ્દ. જેમકે, ચિત્રકાર, ગ્રંથકાર.
૩૨. પું. (ચારણી) સત્તા; જોર.
૧. કાર જવો = સત્તા ગુમાવવી.
૨. કાર પહોંચવો = ની ઉપર સત્તા હોવી.
૩૩. પું. સંબંધ.
૩૪. પું. સામાજિક વ્યવહાર.
૩૫. પું. હિમનો ઢગલો.
૩૬. પું. હિમાલય; હિમાચળ.
૩૭. સ્ત્રી. આજ્ઞા.
૩૮. સ્ત્રી. પાણી ખેંચનાર હિંદુની એક જાત.
૩૯. સ્ત્રી. મોટરગાડી.
૪૦. [અં] સ્ત્રી. રેલગાડીનો ડબો.
૪૧. ન. એ નામની જાતનું માણસ.
૪૨. ન. કરાનું પાણી.
૪૩. વિ. એ નામની જાતનું.
૪૪. વિ. કર્મ કરનાર; કામ કરનાર.

કાર આઝમૂદા [ફા.] વિ. ધંધામાં અનુભવી.

કાર આમદ [ફા.] વિ. ઉપયોગી; ફાયદાકારક.

કારક ૧. પું. આડતિયો.
૨. પું. એક જાતનું ઘાસ.
૩. પું. (વ્યાકરણ) કર્મ; જે શબ્દ અથવા વાક્ય માટે કામ થયું છે તે.
૪. પું. ગણિતમાં એક પરિમાણની બીજા પરિમાણ ઉપર થતી ગાણિતિક ક્રિયા. જેમકે, ગુણક, ભાજક.
૫. પું. (વ્યાકરણ) નામનો ક્રિયાપદ સાથેનો સંબંધ; કારક એટલે ક્રિયાની સાથે અન્વયી થવું તે. સાત વિભક્તિ માંહેની છઠ્ઠી વિભક્તિ સિવાય છ કારક છે. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણ.
૬. પું. વાક્યરચના; વાક્યપદ્ધતિ.
૭. [સં.] પું. (વ્યાકરણ) વિભક્તિ.
૮. સ્ત્રી. વેપારી પાસેથી લેવાતી જકાત.
૯. ન. કરાથી બનાવેલું પાણી.
૧૦. ન. પદવિન્યાસ; વાક્યમાં પદોની રચના.
૧૧. ન. (વેદાંત) વ્યાપારવાળું કારણ.
૧૨. વિ. કરનાર. જેમકે, સુખકારક, ગુણકારક.
૧૩. [સં.] વિ. ક્રિયાપ્રયોજક; ક્રિયાજનક; કરાવનાર.

કારકતા સ્ત્રી. ચપળતા.

કારકદીપક [સં.] ન. એ નામનો એક અર્થાલંકાર; એકમાં અનેક ક્રિયાનું કથન. જેમકે, મુસાફર જાય છે, આવે છે, જુએ છે અને પૂજે છે.

કારકમ્સા સ્ત્રી. કન્યારાશિ.

કારકર ૧. વિ. કામ કરનાર; ચાકરી કરનાર.
૨. [સં.] વિ. કાર કરતું; ઉપયોગી; લાભકારક.

કારકર્દગી ૧. [ફા.] સ્ત્રી. અમલ દરમિયાન કરેલું કામકાજ.
૨. સ્ત્રી. કારભાર દરમિયાનનો સમય.

કારકર્દા ૧. [ફા.] પું. અનુભવી માણસ.
૨. વિ. અનુભવી.

કારકવિભક્તિ [સં.] સ્ત્રી. કર્મની વિભક્તિ; છઠ્ઠી સિવાયની બધી વિભક્તિ.

કારકહેતુ ૧. [સં.] પું. કારણ; મૂળ; કરવાનો હેતુ.
૨. પું. જોઈએ તેવું કારણ.

કારકાધવિપર્યાસ [સં.] પું. એ નામનો વાણીનો એક ગુણ.

કારકિર્દી ૧. [ફા.] સ્ત્રી. અમલ દરમિયાનમાં કરેલું કામકાજ; વહીવટ.
૨. સ્ત્રી. કારભારનો કાળ; જ્યાંસુધી જેનો કારભાર ચાલુ હોય ત્યાંસુધીનો તેનો કાર્ય કરનાર તરીકેનો વખત; અમલ; કારભારીપણું.
૩. સ્ત્રી. જીવનનું કાર્ય.
૪. સ્ત્રી. રાજ્યઅમલ.

કારકુક્ષીય ૧. પું. એ નામના દેશમાં રહેનાર માણસ.
૨. [સં.] પું. એ નામનો દેશ; સાલ્વ.

કારકુન [ફા.] પું. કામ કરનાર નોકર; મહેતો; દફતર, હિસાબ વગેરે રાખનાર ગુમાસ્તો; લખવાનું કામ કરનાર નોકર.

કારકુનગીરી સ્ત્રી. કારકુન તરીકેની નોકરી.

કારકુની ૧. [ફા.] સ્ત્રી. કારકુનપણું; મહેતાગીરી; ગુમાસ્તાગીરી; કારકુનનું લખવાનું તથા હિસાબ વગેરેનું કામકાજ કરવું તે.
૨. સ્ત્રી. ગુમાસ્તાની લાગત.
૩. સ્ત્રી. લખનારની ખૂબી; લહીઆપણું; લેખનચતુરાઈ.
૪. સ્ત્રી. લુચ્ચાઈ; હોશિયારી; પક્કાઈ; દાવપેચ રમવાની આવડત.

કારકૂટ સ્ત્રી. અઢાર મુખ્ય માંહેની એક ધાતુ.

કારકૌવા વિ. કોલસા જેવું કાળું.

કારખત (કાર્ખત) ૧. સ્ત્રી. કસબ; કામગીરી.
૨. સ્ત્રી. કામકાજ.
૩. સ્ત્રી. ટીકા.
૪. સ્ત્રી. મહેનત; તસ્દી; શ્રમ.
૫. સ્ત્રી. યુક્તિ.

કારખાનદાર (કારખ઼ાનદાર) ૧. પું. કારખાનાનો માલિક; કારખાનાવાળો.
૨. પું. નોકર.
૩. પું. વેશ્યા રાખનાર.

કારખાનદારી (કારખ઼ાનદારી) સ્ત્રી. કારખાનદાર હોવાપણું.

કારખાના (કારખ઼ાના) ૧. પું. ક્રિયા; વ્યાપાર.
૨. પું. ઘટના; દશ્ય; મામલો.
૩. પું. દોરીનું યંત્ર.

૪. પું. ધંધો; કામકાજ; વ્યવસ્થા.

૫. [ફા.] પું. યંત્રાલય; વેપાર માટેની વસ્તુઓ બનાવવાની જગ્યા.

કારખાનાદાર (કારખ઼ાનાદાર) પું. મજૂર.

કારખાનાદારી (કારખ઼ાનાદારી) સ્ત્રી. મજૂરી.

કારખાનાશાહી વિ. કારખાનામાં બનેલ.

કારખાનું ૧. [ફા. કારખાના] ન. કામકાજ.

૨. ન. કોઈ પણ મોટા કામકાજનું ખાતું; ઘણાં માણસોથી ચલાવવામાં આવતું મોટું કામ; વ્યાપારમાં જ્યાં કોઈ વસ્તુ બનાવવામાં આવતી હોય તે સ્થળ; મોટા પાયા ઉપર કોઈ પણ વસ્તુ બનાવવાનું ખાતું.

૩. ન. ઘટના; દશ્ય; મામલો.

૪. ન. જ્યાં હુન્નરઉદ્યોગનું કામ થતું હોય તે મકાન; 'ફેક્ટરી'. જેમકે, ટંકશાળ, મિલ વગેરે.

૫. ન. મોટું કામ.

૬. ન. વેશ્યાવાડો; જે ઘરમાં વ્યભિચાર થતો હોય તે; કુટણી અને ભડવાએ રાખેલું ઘર.

૭. ન. શિલ્પશાળા.

૮. ન. સ્ત્રીની જનનેંદ્રિય.

કારખાનેદાર પું. કારખાનાનો માલિક.

કારખાર્નીસ પું. મરાઠા રાજ્યનો એક અમલદાર.

કારગત ૧. સ્ત્રી. અસર.

કારગત ચાલવી-પહોંચવી = ની સત્તા કે અસરમાં હોવું.

૨. સ્ત્રી. ઉપાય; ઇલાજ.

૩. સ્ત્રી. કામ; અર્થ.

૪. સ્ત્રી. કામમાં આવવાપણું.

૫. સ્ત્રી. વગ; ચલણ; વજન.

૬. સ્ત્રી. શક્તિ; કૌવત; તાકાત.

૭. સ્ત્રી. હોશિયારી.

૮. વિ. કાર્ય કરે એવું.

૯. વિ. લાગુ પડે તેવું; નફાકારક.

૧૦. વિ. સફળ; ફતેહમંદ.

કારગર ૧. વિ. અસર કરે એવું.

૨. વિ. ઉપયોગી; લાભકારક.

કારગરી ૧. સ્ત્રી. પરિણામ.

૨. સ્ત્રી. યશસ્વિતા.

કારગહ ન. કારખાનું.

કારગા જુઓ કારગાહ.

કારગાહ ૧. ન. કારખાનું.

૨. સ્ત્રી. વણકરની કપડાં વણવાની જગ્યા.

કારગાહી [હિં.] પું. વણકર પાસેથી સાળ ઉપર લેવાતો કર.

કારગુજાર ૧. [હિં.] વિ. કામ કરે એવું.

૨. વિ. હોશિયાર; ચાલાક.

કામગુજારી ૧. સ્ત્રી. આજ્ઞા પ્રમાણે ધ્યાન આપી કામ કરવું તે.

૨. સ્ત્રી. હોશિયારી; ચાલાકી.

કારગુઝાર જુઓ કારગુજાર.

કારગુઝારી જુઓ કારગુજારી.

કારગોબોટ [અં.] સ્ત્રી. માલ લાવનાર અને લઈ જનાર હોડી.

કારચ પું. ભરતકામ; ભરત.

કારચબ ન. વેલબુટ્ટો; ભરત.

કારચબી ૧. [ફા. કારચોબી] સ્ત્રી. ગૂંથણકામ.

૨. સ્ત્રી. જરીનું ભરતકામ; સોનેરી રૂપેરી ભરતકામ.

૩. સ્ત્રી. લાકડા ઉપરનું કોતરકામ.

કારચોબ ૧. પું. જરીનું ભરતકામ.

૨. પું. ભરતકામ કરનાર.

૩. પું. ભરતકામ કરવાનું ચોકઠું.

કારચોબી ૧. [ફા.] સ્ત્રી. જરીનું ભરતકામ.

૨. સ્ત્રી. લાકડા ઉપરનું કોતરકામ.

૩. સ્ત્રી. લાકડાનું ચોરસ ચોકઠું.

૪. વિ. ભરતકામ કરેલું.

કારચોબીન ન. એક જાતનું વાજિંત્ર.

કારજ ૧. પું. એક જાતનો મુસલમાની વંશ.

૨. સ્ત્રી. કોડીનાર પાસે દરિયામાં થતી એક જાતની માછલી. પોણા ગજ લંબાઈની લાંબી અને પહોળી કાળા રંગની લીસી ચામડીવાળી માછલી. તે મધ્ય દરિયામાં રહે છે અને જાળથી પકડાય છે. ખોરાકમાં સાધારણ તાકાતવાળી મનાય છે. તેમાં કાંટા જૂજ હોય છે.

૩. ન. અસર.

૪. [સં. કાર્ય] ન. કામ; કરમ; ધંધો.

૫. ન. ટાણું; અવસર.

૬. ન. દહાડો; ઉત્તરક્રિયા; મરનારની પાછળ થતો જમણવાર.

૭. ન. ફરજ; કર્તવ્ય.

૮. ન. માગું; માગણી.

૯. ન. રૂડો અથવા માઠો અવસર.

કારજ રચવું = લગ્ન કરવાં.

૧૦. ન. વેરો.

૧૧. ન. હાથીનું બચ્ચું.

૧૨. વિ. ક્રિયામાં હોનાર કે થનાર.

૧૩. વિ. નખમાં હોનાર; નખ સંબંધી.

કારજઅવસર પું. રાજકુટુંબમાં વિવાહ કે મરણ પ્રસંગે લોકો પાસેથી લેવાતો કર.

કારજકારી ૧. વિ. ઉપકાર કરનાર; પરોપકારી.

૨. વિ. કાર્ય કરનાર; કામ કરી આપનાર.

૩. વિ. ગુણકારી.

કારજપાણી ન. મરણ પાછળ કરવામાં આવતો જમણવાર.

કારઝાર [ફા.] સ્ત્રી. લડાઈ; યુદ્ધ.

કારટર [અં. કાર્ટર] પું. ગાડીવાન.

કારટા [સં. કરટ] પું. (હિંદી) કાગડો.

કારટિયું ૧. ન. મુડદું.

૨. ન. હોમવાનું નાળિયેર.

કારટુજ પું. કારતૂસ; બંદૂકમાં ભરવાની ટોપી.

કારટું ન. નાળિયેર; શ્રીફળ.

કારટૂન [અં. કાર્ટૂન] ન. ઠઠ્ઠાચિત્ર. ઉપહાસપૂર્ણ કલ્પિત બેઢંગું ચિત્ર, કે જેના વડે કોઈ બનાવ અથવા વ્યક્તિના સંબંધમાં ગૂઢ રહસ્યનું જ્ઞાન થાય છે.

કારટ્રિજ જુઓ કારતૂસ.

કારડિયા (કારડ઼િયા) ૧. સ્ત્રી. વાંઝા અને રજપૂતની અટકનું નામ.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કારડુન ન. આરટીચોકને મળતી એક જાતની વનસ્પતિ. તેનાં પાતરાં વચ્ચેની મોટી દળદાર ડાંડલી ખવાય છે. તે ફ્રાન્સમાં વવાય છે.

કારડો (કારડ઼ો) ૧. પું. કરવડો.

૨. [સં. કેદાર] પું. ક્યારડો; ક્યારો.

કારડોર [અં.] ન. એક જાતનું જાડું સુતરાઉ કપડું.

કારણ ૧. પું. કાયસ્થ.

૨. [સં.] પું. વિષ્ણુનાં હજાર નામ માંહેનું એક.

૩. ન. અઠ્યાવીસ શૈવાગમ માંહેનું એક.

૪. ન. અપવાદ.

૫. ન. અભિપ્રાય અથવા ફેંસલો જે ઉપરથી અપાય તેવી કોઈ પણ બાબત.

૬. ન. આધાર; પાયો.

૭. ન. ઇતિહાસનું મૂળ.

૮. ન. ઇંદ્રિય.

૯. ન. ઉત્પાદક.

૧૦. ન. ઉદ્દેશ; હેતુ; અર્થ; મતલબ.

૧૧. ન. એક પ્રકારનું ગીત.

૧૨. ન. કાર્ય.

૧૩. ન. કાર્યની ઉત્પત્તિ કે પ્રવૃત્તિનું મૂળ બીજ. ન્યાયમત પ્રમાણે કારણના ત્રણ પ્રકાર છે: સમવાયી, અસમવાયી અને નિમિત્ત. યોગદર્શનમાં કારણના નવ પ્રકાર કહેલા છે: ઉત્પત્તિ, સ્થિતિ,

અભિવ્યક્તિ, વિકાર, જ્ઞાન, પ્રાપ્તિ, વિચ્છેદ, અન્યત્વ અને ધૃતિ. જેમકે, ઉત્પત્તિ અને જ્ઞાનનું કારણ મન, શરીરસ્થિતિનું કારણ આહાર, રૂપની અભિવ્યક્તિનું કારણ પ્રકાશ અને પચનીય વસ્તુઓના વિકારનું કારણ અગ્નિ.

૧૪. ન. (જૈન) કાર્યની ઉત્પાદક સામગ્રી. કારણના બે ભેદ છે: સમર્થ કારણ અને અસમર્થ કારણ. પ્રતિબંધનો અભાવ થવાથી સહકારી સમસ્ત સામગ્રીઓના સદ્ભાવને સમર્થ કારણ કહે છે. ભિન્ન ભિન્ન પ્રત્યેક સામગ્રીને અસમર્થ કારણ કહે છે. સમર્થ કારણના થવાથી અનંતર સમયમાં કાર્યની ઉત્પત્તિ નિયમથી થાય છે. અસમર્થ કારણ કાર્યનું નિયામક નથી.

૧૫. ન. (વૈશેષિક) કાર્યની પૂર્વે જે અવશ્ય કરીને હોય તથા જે કોઈ અન્ય રીતે તે કાર્યનું કારણ થતાં અટકતું ન હોય તે. તેજ કાર્યની પૂર્વે અવશ્ય કરીને હોય તો કાર્યનિયત પૂર્વવર્તી અને કોઈ અન્ય રીતે કારણ થતાં અટકતું ન હોય તો અનન્યથા સિદ્ધ કહેવાય. કારણ ત્રણ પ્રકારનાં છે: સમવાયી, અસમવાયી અને નિમિત્ત કારણ. સમવાયી કારણને ઉપાદાન કારણ પણ કહે છે. કોઈ કાર્યને કારણ તો ઘણાં હોઈ શકે પણ જે આવશ્યક નિયત કારણ હોય તેજ ખરૂં અસાધારણ કારણ.

૧૬. ન. ખત; દસ્તાવેજ; પ્રમાણભૂત લેખ.

૧૭. ન. ગરજ; જરૂર; અગત્ય.

૧૮. ન. જેને લીધે સારો નરસો વિચાર બંધાય તે.

૧૯. ન. જ્ઞાતા; જાણનાર.

૨૦. ન. જ્ઞેય.

૨૧. ન. દરમિયાનગીરી.

૨૨. ન. દેવ.

૨૩. ન. નાટક અથવા કાવ્યની વસ્તુ.

૨૪. ન. પીડા; વ્યાધિ.

૨૫. ન. પેઢી.

૨૬. ન. પ્રમાણ.

૨૭. ન. પ્રયોજન; સબબ.

૨૮. ન. ભૂત, પ્રેત, મૂઠ ઇત્યાદિથી જે વ્યથા થાય તે; ચોટ.

૨૯. ન. મારવું તે; વધ.

૩૦. ન. મૂળ; બીજ.

૩૧. ન. મૂળ વસ્તુ; મૂળ તત્ત્વ.

૩૨. ન. શરીર.

૩૩. ન. શિવ.

૩૪. ન. સાધન; ઇલાજ.

૩૫. ન. સુરા.

૩૬. ન. હાથથી વગાડવાનું એક વાદિત્ર.

૩૭. વિ. કરનાર; બનાવનાર; ઉપજાવનાર.

૩૮. અ. કેમકે; કારણકે.

૩૯. અ. ચતુર્થી વિભક્તિનો પ્રત્યય; વાસ્તે; કાજે; અર્થે; ખાતર; માટે.

કારણઅવતાર [સં.] પું. અમુક નિશ્ચિત કાર્ય કરવાને ઈશ્વરે લીધેલ અવતાર.

કારણકતા [સં.] સ્ત્રી. (દાર્શનિક) હેતુતા; સાધકત્વ; કારણત્વ.

કારણકારણ ૧. [સં.] ન. (ન્યાય) અન્યથાસિદ્ધ એક પદાર્થ.
૨. ન. પરમેશ્વર.
૩. ન. પ્રયોજન.
૪. ન. મૂળ કારણ.

કારણકે અ. કેમકે.

કારણગત [સં.] વિ. કારણ સંબંધી.

કારણગુણ [સં.] પું. ઉપાદાન કારણનો ગુણ.

કારણગુણોદ્ભવ [સં.] વિ. કારણના ગુણથી ઉત્પન્ન થનાર.

કારણગુણોદ્ભવગુણ [સં.] પું. કારણગુણપૂર્વક ગુણ.

કારણતા ૧. સ્ત્રી. કારણત્વ; કારણપણું; હેતુતા; મૂળપણું; બીજપણું.
૨. [સં.] સ્ત્રી. કાર્યકારણભાવ; હેતુભાવ.
૩. સ્ત્રી. સાધન.

કારણત્વ જુઓ કારણતા.

કારણદેહ ૧. [સં.] પું. સ્થૂળ અને સૂક્ષ્મ દેહનું ઉત્પાદક શરીર. અજ્ઞાનમાંથી જ સ્થૂળ તથા સૂક્ષ્મ દેહ ઉત્પન્ન થાય છે માટે તે, બંને શરીરનું કારણ કહેવાય છે.
૨. પું. હું સ્થૂલદેહથી ભિન્ન છું, એવું જાણવા છતાં પણ પોતે કોણ છે તે ભૂલી ગયેલો અવિદ્યાવેષ્ટી જીવ; લિંગદેહ.

કારણનિબંધના [સં.] સ્ત્રી. અપ્રસ્તુતપ્રશંસા અલંકારનો એક ભેદ.

કારણપ્રકાર [સં.] પું. (વેદાંત) કારણની જાત. કારણ બે પ્રકારનું હોય છે: (૧) સાધારણ અને (૨) અસાધારણ. તેમાં સમવાયી અને અસમવાયી એ બંને કારણો અસાધારણ હોય છે. નિમિત્ત કારણ તો સાધારણ અને અસાધારણ બંને પ્રકારનાં હોય છે. ઉપાદાન કારણ અને નિમિત્ત કારણ એવા પણ કારણના બે પ્રકાર છે.

કારણબાહુલ્ય ૧. [સં.] ન. (ન્યાય) અમુક કારણથી અમુક કાર્ય નીપજે એમ ચોક્કસ કહી શકાય પણ અમુક કારણ નીપજ્યું હોય તો અમુક જ કારણ હોવું જોઈએ એમ ન કહી શકાય એવો તર્ક.
૨. ન. કારણોની અનેકતા; એક કાર્યનાં એક કરતાં વધુ કારણો આપવાનો દોષ.

કારણબ્રહ્મ ૧. [સં.] ન. ઉત્પત્તિસ્થાન.
૨. ન. પરમેશ્વર.

કારણભૂત ૧. [સં.] ન. કારણરૂપ થઈ પડવું તે.
૨. વિ. કારક; સહકારી.
૩. વિ. કારણરૂપ; પ્રયોજક.
૪. વિ. બનેલ.

કારણમાલા ૧. [સં.] સ્ત્રી. એક અર્થાલંકાર; જુઓ કારણમાલાલંકાર.
૨. સ્ત્રી. કારણનો ક્રમ.
૩. સ્ત્રી. હેતુઓની શ્રેણિ.

કારણમાલાલંકાર [સં.] પું. જે હેતુથી એક કાર્ય ઊપજે તે કાર્ય અન્ય કાર્યનો હેતુ થાય એવી ક્રમપૂર્વક ગૂંથણી. જેમકે, સત્સંગથી વૈરાગ્ય, વૈરાગ્યથી મનનો સંતોષ, સંતોષથી જ્ઞાન અને જ્ઞાનથી મોક્ષ.

કારણમાળા જુઓ કારણમાલા.

કારણરૂપ ૧. [સં.] ન. કારણદેહ; કારણશરીર.
૨. વિ. સાધનરૂપ બનેલું.

કારણવશાત્ [સં.] અ. કારણસર; કારણને લીધે.

કારણવાદ ૧. [સં.] પું. ઈશ્વર આ દુનિયાના ઉત્પાદક છે એમ માનવાનો સિદ્ધાંત.
૨. પું. ઉપલી અદાલત ઉપરની અરજી; અપીલ.
૩. પું. કારણ વિના કાર્ય ન જ હોઈ શકે એવો મત. તે ત્રણ છે: આરંભ કારણવાદ, પરિણામ કારણવાદ અને વિવર્ત કારણવાદ. કાર્યથી કારણ અને કારણથી કાર્ય ભિન્ન તે આરંભક. ઉપાદાનનું સમાન સ્વભાવવાળું અન્યથા સ્વરૂપ તે પરિણામ અને અધિષ્ઠાનથી વિપરીત સ્વભાવવાળું અન્યથા મિથ્યાસ્વરૂપ તે વિવર્ત.
૪. પું. ફરિયાદ.
૫. પું. બુદ્ધિવાદ; બુદ્ધિસ્વાતંત્ર્યવાદ; હેતુવાદ.

કારણવાદી ૧. [સં.] પું. કારણવાદમાં માનનાર.
૨. પું. પૂર્વપક્ષી.
૩. પું. ફરિયાદી.
૪. પું. વાદી.

કારણવારિ [સં.] ન. સૃષ્ટિની ઉત્પત્તિ સમયે ઉત્પન્ન થયેલું પાણી.

કારણવિજ્ઞાન [સં.] ન. નિદાનશાસ્ત્ર.

કારણવિહીન [સં.] વિ. કારણ વિનાનું.

કારણશક્તિ [સં.] સ્ત્રી. ઉત્પત્તિ કરનાર શક્તિ.

કારણશરીર ૧. [સં.] ન. કારણવાળો જીવ; આ શરીર મારૂં છે અને હું અશરીરરૂપ છું એમ માનનારો, માયાથી વીંટાયેલો જીવ; લિંગદેહ.

૨. પું. (વેદાંત) જીવનું અવિદ્યારૂપ મૂળ શરીર; આનંદમય કોષ. સુષુપ્ત અવસ્થાનું કલ્પિત શરીર, જેમાં ઇંદ્રિયોના વિષય વ્યાપારનો અભાવ રહે છે, પણ અહંકાર વગેરેનો સંસ્કાર માત્ર રહી જાય છે. આ અવસ્થામાં જીવાત્મા કેવળ સુખનો અનુભવ કરે છે.

કારણસર અ. મતલબસર; સબબે; મતલબે; જરૂરસર.

કારણસહ [સં.] અ. સકારણ; હેતુપૂર્વક.

કારણસિદ્ધ [સં.] વિ. વિચારાત્મક; બુદ્ધિસિદ્ધ.

કારણા ૧. સ્ત્રી. ઉત્તજન; ઉશ્કેરણી; પ્રેરણા.

૨. [સં.] સ્ત્રી. પીડા; દુ:ખ; તીવ્ર વેદના.

૩. વિ. નરકમાં નાખનારૂં.

કારણાત્મા [સં.] પું. બ્રહ્મા.

કારણાન્વિત [સં.] વિ. કારણવાળું; જેનું કારણ હોય એવું.

કારણાભાસ [સં.] પું. ખોટું કારણ.

કારણિક ૧. [સં.] પું. ન્યાયાધીશ.

૨. પું. મુકદમા સંબંધી કાગળ લખનાર; અરજી લખનાર.

૩. પું. હિસાબ તપાસનાર અધિકારી.

૪. વિ. કંઈ પણ કારણથી થયેલ.

૫. વિ. કારણ સંબંધી.

૬. વિ. કારણપૂર્વક વિચાર કરનાર.

કારણિકી ૧. [સં.] પું. ન્યાયાધીશ.

૨. વિ. કારણરૂપ; કરનાર.

કારણિનાથ પું. એ નામનો એક મહાન યોગી.

કારણી ૧. [સં.] પું. પ્રધાન.

૨. પું. વ્યવસ્થાપક.

૩. વિ. રોગી; બીમાર.

૪. વિ. સ્ત્રો. કરનારી; બનાવનારી; યોજનારી.

કારણીભૂત [સં.] વિ. કારણરૂપ; કાર્યસાધક; પ્રયોજક.

કારણોત્તર ૧. [સં.] પું. પ્રતિવાદીનો રદિયો.

૨. પું. વાદીની ફરિયાદ સામે પ્રતિવાદી 'હા, મેં અમુક વસ્તુ તારી પાસેથી લીધી હતી ખરી પણ તે આપી દીધી છે' એવો જે ઉત્તર આપે છે તે; વાદીની ફરિયાદ ઉપર પ્રતિવાદી 'મને તે માન્ય નથી' એવો ઉત્તર આપે છે તે; મતલબ દિલમાં રાખી ઉત્તર આપવો તે; સાચી પ્રતિજ્ઞા કરીને તેનો વિરુદ્ધ ઉત્તર દેવો તે.

૩. પું.; ન. પ્રત્યુત્તર; જવાબ.

કારણોપાધિ [સં.] પું. ઈશ્વર; પરમાત્મા.

કારતક [સં. કાર્તિક] પું. વિક્રમ સંવતનો પહેલો મહિનો. આ માસની પૂનમે કૃત્તિકા નક્ષત્ર હોય છે.

કારતકસ્નાન ન. આસો સુદિ ૧૧ થી તે કારતક સુદિ ૧૧ સુધીના સવારના પહોરમાં કૃત્તિકા નક્ષત્ર અસ્ત થાય તેની પહેલાં નદીમાં કે જળાશયમાં સ્નાન કરવાનું એક વ્રત.

કારતકી ૧. સ્ત્રી. બંગાળની એ નામની આંબાની એક જાત.

૨. વિ. કારતક સંબંધી; કારતકને લગતું; કારતકનું.

કારતકી પંચાંગ = કાર્તિક માસથી શરૂ થઈ આસોની આખરમાં પૂરૂં થાય તે પંચાંગ.

કારતગ પું. કાર્તિક માસ; વિક્રમ સંવતનો પહેલો મહિનો.

કારતણી સ્ત્રી. બે વસ્તુને જોડનાર લોઢાનું પાંખિયું.

કારતરા પું. બ. વ. અનાજને નુકસાન કરનાર એક જાતનાં જંતુ. જો મૃગશીર્ષ નક્ષત્રમાં પવનને બદલે વરસાદ થાય તો તે ઝેરી ગણાય છે. તેથી ઉંદર, કારતરા વગેરે અનાજને નુકસાન કરનારાં જંતુ ઉત્પન્ન થાય છે.

કારતૂસ [અં. કાર્ટ્રિજ] સ્ત્રી. બંદૂકની અંદર ભરી ફોડવાની ટોટી જેવી બનાવટ. વારંવાર બંદૂકની નળીમાં દારૂ ભરવો, ડૂચો નાખવો અને ગોળી મૂકવી તે લડાઈના વખતમાં પાલવે નહિ, માટે જોઈતો દારૂ અને ગોળી વગેરે સાથે તૈયાર કરેલો ફટાકડો; ટોટો.

કારત્યાગ ૧. પું. કાર્તિકસ્વામી.

૨. ન. દક્ષિણ હિંદનું એ નામનું એક તીર્થ.

કારદાન ૧. પું. હોશિયાર માણસ.

૨. ન. પરાક્રમ.

૩. ન. યોજના; કળા; રચના.

૪. ન. હિકમત; યુક્તિ; તદબીર.

૫. વિ. પારંગત; હોશિયાર; પ્રવીણ.

કારદાની સ્ત્રી. અનુભવ; મહાવરો.

કારદાર પું. સરકારનો આડતિયો.

કારન ૧. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે ગાહિની કુંડલિનીનો એક ભેદ છે.

૨. પું. કરુણ સ્વર.

૩. ન. કારણ.

૪. અ. ખાતર; માટે; વાસ્તે.

કારનતીન [અં. ક્વોરેન્ટિન] સ્ત્રી. ચાળીસ દિવસની મુદ્દતની અટકાયત.

કારનામા [ફા.] ન. લશ્કરી ઈતિહાસ.

કારનિલિયન [અં. કૉર્નેલીઅન] પું. એક જાતનો કીમતી પથ્થર.

કારનિસ [અં. કૉર્નિસ] સ્ત્રી. કાંગરી; પડઘી.

કારની ૧. સ્ત્રી. એક જાતનો છોડ.

૨. વિ. જાંબુઆ રંગનું; જાંબલી.

૩. વિ. પ્રેરક; કરનાર.

૪. વિ. ભેદ પડાવનાર.

કારનીવલ [અં.] પું. રોમન કેથલિક પંથના ખ્રિસ્તીઓનો ધર્મોત્સવ.

કારનેશન ન. એક જાતનું ફૂલઝાડ.

કારનેહુબા ન. બ્રાઝિલના ઉત્તર ભાગમાં ઊગતું તાડની જાતનું ૨૦થી ૪૦ ફૂટ ઊંચું ઝાડ. તેના ઉપર ઓલિવ જેવાં ફળ આવે છે. તેનાં બિયાંની કાફી બને છે. પાંદડાંની સાદડી વણાય છે. આ ઝાડની ડાંખળી તળેથી નીકળતું એક જાતનું મીણ મીણબત્તી બનાવવાના કામમાં આવે છે.

કારપર્દાઝ [ફા.] પું. ધંધો ચલાવનાર પુરુષ; વ્યવસ્થાપક.

કારપર્દાઝી ૧. [ફા.] સ્ત્રી. જોર; શક્તિ; બળ.

૨. સ્ત્રી. બીજાનું કામ કરવાની વૃત્તિ.

૩. સ્ત્રી. વ્યવસ્થા; યોજના.

કારપારેલ [અં. કૉર્પોરલ] પું. સારજંટથી ઊતરતી પદવીનો લશ્કરી અધિકારી.

કારપાસ પું. કપાસ.

કારપેટ ૧. [અં.] સ્ત્રી. ગાલીચો; સાદડી.

૨. ન. ઇંગ્લંડ, જર્મનિ અને હિંદુસ્તાનમાં બનતું સુતરાઉ, રેશમી અને ગરમ બિછાના માટેનું કાપડ.

કારપેન્ટર [અં.] પું. સુતાર.

કારપેરા ૧. પું. આઘુંપાછું બોલવું તે.

૨. પું. કૂડકપટ; પ્રપંચ.

૩. પું. કોઈનું ભૂંડું બોલવાપણું.

૪. પું. ચૂંથાચૂંથ; ધાલમેલ.

કારપો પું. રાશનો ગાળો બાંધવાનું લાકડું.

કારફર્મા ૧. [ફા.] પું. પ્રધાન.

૨. પું. શહેનશાહ.

૩. પું. સરદાર.

કારબન ૧. [અં.] પું. એક રાસાયનિક તત્વ. તે હીરા, કોલસા વગેરેમાં હોય છે.

૨.. પું. કોલસો; અંગાર.

કારબાર ૧. પું. ધંધો; કામકાજ.
૨. પું. સાટું; બદલો.

કારબારદાર ૧. પું. અધિકારી.
૨. પું. કાર્ય કરનાર પુરુષ.
૩. પું. વેપારી.
૪. પું. વ્યવસ્થાપક.
૫. સ્ત્રી. વ્યવસ્થા; વહીવટ.

કારબારી ૧. પું. કામકાજ કરનાર માણસ.
૨. પું. કારકુન.
૩. પું. પ્રધાન.
૪. પું. મુનીમ.
૫. પું. વેપારી; દુકાનદાર.
૬. પું. સરકારી અમલદાર.
૭. વિ. કામકાજવાળું.

કારબાસ સ્ત્રી. એ નામની ઔષધોપયોગી એક વનસ્પતિ.

કારબિન ૧. સ્ત્રી. એક જાતની ટૂંકી બંદૂક; કિલ્લાને બચાવવા માટે રાખવામાં આવેલ તોપચીઓને આ બંદૂક આપવામાં આવે છે. તેનાથી ૧૧૦૦ વાર સુધી ગોળા છોડી શકાય છે. તે વજનમાં સાત રતલ હોય છે. તેની નળી એક ફૂટ અને ૯¾ ઈંચ લાંબી હોય છે.
૨. વિ. કસબી; હુન્નરી.

કારબી સ્ત્રી. સરાણની પાટલીને જડેલો લાંબો લાકડાનો કટકો.

કારબૂત ન. મોચીનું એક ઓજાર; જોડા બનાવવાનું લાકડાનું ઓઠું.

કારબોનિક [અં.] વિ. અંગાર કે કોયલા સંબંધી.

કારબોનિક એસિડ ગેસ [અં.] પું. એક જાતનો ઝેરી વાયુ.

કારબોલિક પું. કોયલાના તેલમાંથી બનતો એક સાર પદાર્થ.

કારબોલિક એસિડ પું. એક જાતનો દાહક તેજાબ.

કારબોહાઈડ્રેટ [અં.] ન. કાર્બન, હાઇડ્રોજન તથા ઓકિસજનનું રાસાયણિક મિશ્રણ. આ તત્ત્વ સ્નાયુને શક્તિ અને શરીરને ગરમી આપે છે.

કારબ્યુરેટર [અં.] ન. હવા અને બળતણ પૂરતા પ્રમાણમાં મળે એટલા માટે યોજી કાઢેલ એક યાંત્રિક યુક્તિ.

કારભ ૧. વિ. ઊંટમાંથી ઉત્પન્ન થયેલું.
૨. [સં.] વિ. હાથીના બચ્ચા સંબંધી; હાથીના બચ્ચાનું.

કારભંગ ૧. પું. કામ બંધ કરવું તે.
૨. [સં.] પું. ચાલાકી ન હોવી તે.
૩. પું. નાત બહાર મૂકવું તે.
૪. પું. યુક્તિબાજ ન હોવાપણું.

કારભાર ૧. પું. ઉપાધિ; વ્યાધિ.
૨. પું. ધંધો; રોજગાર.
૩. પું. વચ્ચે પડવું તે; કામમાં બરાબર ભાગ લેવાપણું.
૪. પું. વ્યવસ્થાનું કામ; વહીવટ; અમલ.

કારભારણ ૧. સ્ત્રી. કારભાર કરનારી સ્ત્રી.
૨. સ્ત્રી. કારભારીની સ્ત્રી.

કારભારી ૧. પું. કામદાર; વ્યવસ્થાપક; કારભાર કરનાર માણસ.
૨. પું. ઘરની વ્યવસ્થા કરનાર પુરુષ.
૩. પું. મંત્રી; દીવાન.
૪. પું. મુનીમ; કાર્યપુરુષ.
૫. પું. વચ્ચે પડનાર માણસ; સક્રિય ભાગ લેનાર પુરુષ.
૬. પું. વેઠિયો.
૭. પું. વેપારી; દુકાનદાર.

કારભારું ૧. ન. કારકિર્દી; અમલ; બજવણી.
૨. ન. કારભારીનું કામ; પ્રધાનવટું.
૩. ન. વહીવટ; બંદોબસ્ત; વ્યવસ્થા.

કારભૂ [સં.] ન. જકાત લેવાનું સ્થળ.

કારમણ ન. આઠ કર્મથી બંધાયેલ શરીર; દેહ.

કારમાક વિ. જીવ હરી લે તેવું; જીવલેણ.

કારમાંતિક પું. પ્રાચીન હિંદમાં ખાણ તથા કારખાનાં ઉપર દેખરેખ રાખનાર અમલદાર.

કારમિહિકા [સં.] સ્ત્રી. કપૂર.

કારમીક વિ. અગમ્ય; ન સમજાય એવું.

કારમુખ ૧. અ. અચાનક; એકદમ; અણધાર્યું.
૨. અ. બનતાં સુધી; ઘણું કરીને.

કારમુલકી પું. ઘણા દેશ ઉપર અધિકારવાળો પુરુષ.

કારમું ૧. વિ. અદ્ભુત; અજબ; વિચિત્ર; નવાઈ જેવું; અચંબો ઉપજાવે એવું.
૨. વિ. આકરૂં; તીખું; તીવ્ર.
૩. વિ. કોમળ.
૪. વિ. દયાજનક; હૃદય ચીરી નાખે એવું.
૫. વિ. દૈવી; દેવતાઈ.
૬. વિ. ભય ઉપજાવે એવું; ભયંકર; બિહામણું.
૭. વિ. સુંદર; રૂપાળું.
૮. અ. એકદમ; ઓચિંતું; અચાનક.
૯. અ. બનતાં સુધી; ઘણું કરીને.

કારમુંક જુઓ કારમુખ.

કારમોક ૧. વિ. કાવતરાખોર; પ્રપંચી.
૨. અ. અચાનક; એકદમ; ઓચિંતું.

કારમોદક અ. એકદમ; ઓચિંતું.

કારયિતા ૧. [સં.] પું. કરારના બંને પક્ષકારોને ભેગા કરનાર માણસ.
૨. વિ. કરાવનાર.
૩. વિ. દેખરેખ રાખનાર.

કારયિતું ન. પાંચ માંહેની એક જાતની ઇચ્છાશક્તિ.

કારયિષ્ણુ [સં.] વિ. કરાવનાર.

કારરવા વિ. ઉપયોગી; કામનું; ખપનું.

કારરવાઈ ૧. સ્ત્રી. કામ; કૃત્ય.
૨. [ફા.] સ્ત્રી. કામ પૂરૂં કરવાપણું.
૩. સ્ત્રી. કાર્યતત્પરતા; કર્મણ્ય.
૪. સ્ત્રી. ગુપ્ત પ્રયત્ન; ચાલ.
૫. સ્ત્રી. ધંધો ચલાવવો તે.
કારરવાઈ કરવી = (૧) કાયદા મુજબ કામ ચલાવવું. (૨) ફરજ અદા કરવી.
૬. સ્ત્રી. રીત; ધોરણ.
૭. સ્ત્રી. વ્યવસ્થા; વહીવટ.

કારલે ન. પૂના જિલ્લામાં ભોરઘાટની પૂર્વે સાત માઈલ ઉપર અને પૂનાની ઉત્તર પશ્ચિમે ચાળીસ માઈલ ઉપર આવેલું એ નામનું એક સ્થળ. પાસેના પર્વતમાં કોતરેલ પ્રાચીન ગુફાઓ છે. પહાડ કોતરી મંદિરો બનાવેલ છે. ગુફામાં પાલી અને માગધી ભાષામાં કોતરેલા અનેક શિલાલેખ છે. આમાંના કેટલાક લેખ શાલિવાહન શકની પૂર્વે ૬૦૦ વર્ષ ઉપરના હોવાનું મનાય છે.

કારલો પું. મગદળનો એક દાવ. તેનાથી બંને કાંડાંમાં તથા હાથમાં બળ આવે છે.

કારવ [સં.] પું. વાયસ; કાગડો.

કારવણ ન. ડભોઈ નજીકનું એ નામનું એક જૂનું ગામ.

કારવલ્લી ૧. [સં.] સ્ત્રી. કારેલાંની જાતનો એક વેલો. તેનાં ફળ તથા પાંદડાંનો રસ ઔષધિમાં વપરાય છે. તેનો રસ કફનો નાશ કરે છે તથા તાવ વગેરે રોગ મટાડે છે. રક્તપિત્તના રોગમાં તેનો રસ ચોપડવામાં આવે છે. હાથ પગ ઉપર સોજો ચડ્યો હોય તો એનાં પાંદડાંના રસમાં થોડું નિમક નાખી તેનો લેપ ચોપડવાથી સોજો ઊતરી જાય.
૨. સ્ત્રી. કારેલીનો વેલો.

કારવવું ૧. સ. ક્રિ. કરાવવું.
૨. સ. ક્રિ. બીજાં ક્રિયાપદ સાથે વપરાતાં તેમાં ઇત્યાદિનો ભાવ ઉમેરવો. જેમકે, જોઈકારવીને; કરીકારવીને.

કારવહેવાર ૧. પું. આબરૂ; પ્રતિષ્ઠા.

૨. પું. કામકાજ અને રીતભાત; સામાજિક વહીવટ અને વ્યવહાર.

કારવા ૧. [સં. કાર્ય + વ્યવહાર] પું. આબરૂ; પ્રતિષ્ઠા.

૨. પું. પીડા; રોગ.

૩. સ્ત્રી. અસર; વજન.

૪. સ્ત્રી. કેરડી; કેરડાનું ઝાડ.

૫. સ્ત્રી. મેમણ, ખાંટ અને પીંજારાની એ નામની અટક.

૬. ન. એ નામની અટકનું માણસ.

૭. વિ. એ નામની અટકનું.

કારવાઈ ૧. સ્ત્રી. કર્મણ્યતા; કાર્યતત્પરતા.

૨. સ્ત્રી. કળા; યુક્તિ; હુન્નર.

૩. સ્ત્રી. કામ; કાર્ય; ક્રિયા.

કારવાઈ કરવું = દોરવું.

૪. સ્ત્રી. શેરડીની ઝાંખા પીળા રંગની પાતળી એક જાત.

કારવાન ૧. [ફા.] પું. આફ્રિક, ઈરાન અને એશિઅના કેટલાક ભાગોમાં મુસાફરી કરનાર મુસાફરોનો કાફલો. તેમાં ૧૦૦૦થી વધારે ઊંટ અને ખચ્ચર હોય છે. રણમાં ઊંટ અને પહાડી ભાગમાં ખચ્ચર ઉપયોગમાં લેવાય છે તેમાં લૂંટાવાનો ભય હોવાથી ઘણાખરા કારવાન સાથે મુસાફરી કરે છે.

૨. ન. વડોદરાની દક્ષિણે પંદર માઈલ ઉપર ગાયકવાડી રાજ્યમાં આવેલ એક ધામ.

કારવાનક [ફા.] પું. બંગલો.

કારવાનબાશી [ફા.] પું. કાફલાનો સરદાર.

કારવાનસરા [ફા. કારવાન (કાફલો) + સરા (ધર્મશાળા)] સ્ત્રી. પડાવ; કાફલાને ઊતરવાનું ઠેકાણું; ધર્મશાળા.

કારવાની ૧. [ફા.] પું. કાફલાનો કોઈ માણસ.

૨. વિ. કાફલા સંબંધી.

કારવાશ પું. ધોળા રંગનાં ફૂલ અને રૂંછાંવાળો ઢોરના ચારા માટે ઉપયોગી એક છોડ.

કારવાં જુઓ કારવાન.

કારવિણી પું. (પિંગળ) ભગણ, જગણ, ભગણ, જગણ, લઘુ અને ગુરુ એમ ચૌદ અક્ષરનો એક અક્ષરમેળ છંદ.

કારવી ૧. [સં.] પું. અશેળિયો.

૨. પું. સુવા.

૩. સ્ત્રી. અજગંધા વનસ્પતિ.

૪. સ્ત્રી. અજમોદ.

૫. સ્ત્રી. અશ્વગંધા.

૬. સ્ત્રી. એક જાતનો છોડ. એના ફૂલમાં મકરંદ હોવાથી મધમાખો તેનું મધ બનાવે છે. કારવીની ટટ્ટીઓ પણ બને છે.

૭. સ્ત્રી. કાગડી.

૮. સ્ત્રી. કારેલી; કારેલીનો વેલો.

૯. સ્ત્રી. કાળીજીરી.

૧૦. સ્ત્રી. જંગલી તુલસી.

૧૧. સ્ત્રી. પહેરવાની કરડી.

૧૨. સ્ત્રી. મેથી.

૧૩. સ્ત્રી. વરિયાળી.

૧૪. ન. કલોંજી જીરૂં.

કારવેલ જુઓ કારવેલ્લ.

કારવેલી જુઓ કારવેલ્લ.

કારવેલ્લ ૧. [સં.] સ્ત્રી. કારેલીનો વેલો.

૨. ન. કારેલું.

કારવેલ્લક ૧. ન. એક જાતનું ખાપરિયું.

૨. ન. કારવેલ્લ.

કારવેલ્લિકા જુઓ કારવેલ્લ.

કારવો ૧. પું. એક જાતનો નાચ; કેરબાનો નાચ. જેમ ભીલ લોકોનું નૃત્ય ખાસ પ્રકારનું છે, તેમ કારવો પણ ભોઈ, કહાર, પાલખી ઉચકનાર લોકોનું ખાસ નૃત્ય છે.

૨. પું. કેરબાના નાચ વખતે ગાવાનો રાગ.

૩. પું. ક્રિયા; કામ.

તેની દશા તેજહવી ફૂડો પડ્યો કારવો.
વલ્લભ

૪. પું. તક; વખત; અવસર.

કારવોટા ન. ઈસ્ટ ઇન્ડીઝમાં ઊગતું તાડનું એક ઝાડ. એનું ફળ ઘણું તીખું હોય છે. તેનો રસ ચામડી ઉપર ચોપડતાં અતિ વેદના થાય છે. તેની તાડીને ઉકાળી સાકર બનાવવામાં આવે છે.

કારવ્યવહાર પું. વહેવારિક કામકાજ.

કારવ્યાદિ કવાથ પું. અભિન્યાસ સન્નિપાતજ્વર માટે વપરાતો કાઢો. તે બનાવવા કલોંજી જીરૂં, પુષ્કરમૂળ, એરંડમૂળ, ત્રાયમાણ, સૂંઠ, ગળો, ઊભી ભોરિંગડી, બેઠી ભોરિંગડી, ગોખરૂ, શાલિપર્ણી, પૃશ્નિપર્ણી, બીલી, અરડૂસો, શીજણ, પાડલ અને અરણી એ દશે વસ્તુનાં મૂળ, કચૂરો, કાકડાશિંગી, ધમાસાનાં મૂળ, ભારંગ મૂળ અને સાટોડીનાં મૂળ સમ ભાગે લઈ અધકચરાં ખાંડી, તેમાંથી ત્રણ તોલા કવાથ સોળગણા ગોમૂત્રમાં ઉકાળી, આઠમો ભાગ રહે એટલે ઉતારી ગાળી લેવું.

કારશ સ્ત્રી. નડતર; હરકત; અડચણ.

કારશિનાસ [ફા.] વિ. અનુભવી.

કારશુની સ્ત્રી. અઠ્ઠાવન અર્વાચીન લિપિ માંહેની એક.

કારસાજ જુઓ કારસાઝ.

કારસાજી જુઓ કારસાઝી.

કારસાઝ ૧. પું. ઈશ્વર.

૨. પું. કામની વ્યવસ્થા કરનાર પુરુષ; કર્તા.

૩. પું. ચતુર કારીગર.

૪. વિ. કામ કરનાર.

૫. વિ. કામ સુધારી આપનાર.

૬. વિ. ચતુર; હોશિયાર.

કારસાઝી ૧. પું. વેપારની વસ્તુની ખરીદીમાં ભાગિયો.

૨. સ્ત્રી. અનામત; કામ સુધારવા માટે મૂકેલો અવેજ; મૂડી.

૩. સ્ત્રી. કપટી પ્રયત્ન; ચાલબાજી.

૪. સ્ત્રી. કામ.

૫. સ્ત્રી. કામ પૂરૂં કરવાની યુક્તિ.

૬. સ્ત્રી. કારસાજપણું.

૭. સ્ત્રી. કૌશલ્ય; ચતુરાઈ.

૮. સ્ત્રી. વ્યવસ્થા.

કારસાવવું અ. ક્રિ. યુક્તિથી કામ લેવું.

કારસિયો [સં. કાર્ષ્ણાયસ (લોઢાનું બનેલું)] પું. હીંચકાની સાંકળ કે સળિયો ઊંચે ભરાવવાનો પાટડીએ મારેલો આંકડો; કડું.

કારસી સ્ત્રી. તોલ કરવાનો મોટો કાંટો; કંપાણ; કપાસ, લાકડાં વગેરે જોખવાનું લોઢાનું સાધન.

કારસો ૧. પું. અબોલા; કોઈ સાથે બોલવું નહિ તે.

૨. પું. ઇલાજ; ઉપાય.

૩. પું. ઉચ્ચાલન; એક જાતનું યંત્રનું સાધન.

૪. પું. ઉઠાવ; મનસૂબો; વિચાર.

૫. પું. ગાડાના પૈડાને પાટા ચડાવવાનું લોઢાનું આંકડિયાવાળું લુહારનું ઓજાર.

૬. પું. પ્રબંધ; વ્યવસ્થા.

૭. પું. યંત્ર; સંચો.

૮. પું. યુક્તિ; હિકમત; પ્રપંચ; તદબીર.

૯. પું. સઢને પરમણ સાથે લગોલગ વીંટી લેવો તે.

કારસ્કર ૧. પું. (પુરાણ) એ નામનો એક દેશ.

૨. ન. એક જાતનું ઝાડ.

કારસ્કરાટિકા [સં.] સ્ત્રી. એક જાતનો કીડો.

કારસ્કાર ૧. પું. (પુરાણ) કારસ્કર દેશનો રાજા. રાજસૂય યજ્ઞ વખતે આ રાજા યુધિષ્ઠિરને સામાન્ય કામોમાં બહુ ઉપયોગી હતો. એ કુકુર વંશનો હોવાથી એને કૌકુર પણ કહેતા.

૨. પું. કિંપાક વૃક્ષ.

કારસ્તાન ૧. ન. કારખાનું.
૨. ન. તૈયારી.
૩. ન. તોફાન; મસ્તી.
૪. ન. પ્રેમનું કાવતરૂં.
૫. ન. બજાર.
૬. ન. મનસૂબો; મસલત.
૭. ન. યુક્તિ; ખટપટ; પ્રપંચ; લુચ્ચાઈનું કામ.
૮. ન. વ્યભિચાર કર્મ.
૯. ન. શહેર.
૧૦. ન. શિખવણી.

કારસ્તાની ૧. સ્ત્રી. કળામય કામ; હુન્નર.
૨. સ્ત્રી. કારસાજી.
૩. સ્ત્રી. ચાલાકી; હોશિયારી.
૪. સ્ત્રી. ચાલબાજી; છૂપી કારવાઈ.
૫. સ્ત્રી. તકસીર; ભૂલ.
૬. સ્ત્રી. બુદ્ધિ.
૭. વિ. કાબેલ; પહોંચેલ; હોશિયાર.
૮. વિ. તોફાની; મસ્તીખોર.
૯. વિ. પ્રપંચી; તરકટી; લુચ્ચું.

કારસ્થાન જુઓ કારસ્તાન.

કારસ્થાની જુઓ કારસ્તાની.

કારહો પું. રવાઈના ઉપલા ભાગમાં અને લાકડાના થાંભલા અગર દીવાલની અંદર રાખેલ કડી સાથે રવાઈ જોડવાનું સાધન.

કારંજ ૧. પું. ફુવારાવાળો બાગ.
૨. પું. ફુવારો; હોજ.

કારંજા ૧. પું. ટાંકીનું નાળચું.
૨. પું. પાણીની નહેરનું મુખ.

કારંજો પું. ફુવારો; હોજ.

કારંડ ૧. પું. કારંડવ; બતક; હંસની જાતિનું એક પક્ષી.
૨. પું. જળકૂકડો; બતકની જાતનું એક પક્ષી.

કારંડવ ૧. [સં.] પું. એક જાતનું જળચર પંખી; બતક.
૨. પું. એક જાતનો હંસ.
૩. પું. જળકૂકડો; બતકની જાતનું એક પક્ષી.
૪. પું. વિષુવાંશ ૩૩૦ થી ૨૦ અને દક્ષિણ ક્રાંત્યંશ ૫૫ થી ૭૫ ની વચ્ચે આવેલો તારાપુંજ.

કારંડવ્યૂહ ૧. [સં.] પું. એ નામનું એક બૌદ્ધ શાસ્ત્ર.
૨. પું. કારંડવના આકારની સૈન્યરચના.
૩. પું. બૌદ્ધ ધર્મનું એ નામનું એક અવદાન.
૪. પું. બૌદ્ધ ધર્મનો સાધુ.
૫. પું. બૌદ્ધોનો એક ભેદ.

કારંડો પું. નાનો ક્યારો; કરવડો.

કારંદ ન. એક જાતનું કંદ.

કારંદક ન. એક જાતનું ફૂલ.

કારંદા ૧. પું. અમલદાર; વ્યવસ્થાપક.
૨. પું. કામ કરનાર માણસ.
૩. પું. વકીલ; આડતિયો.
૪. વિ. મહેનતુ; ઉદ્યોગી.

કારંદાજ [ફા.] વિ. કાબેલ; હોશિયાર; ચાલાક.

કારંદાજી [ફા.] સ્ત્રી. કાબેલિયત; હોશિયારી.

કારંધમ ૧. [સં.] પું. સૂર્યવંશી કરંધમ નામના રાજાનો પુત્ર; અવિક્ષિત.
૨. ન. એ નામનું દક્ષિણ સમુદ્રનું એક તીર્થ.

કારંધમતીર્થ [સં.] ન. દક્ષિણ સમુદ્રની પાસે આવેલું એક પ્રાચીન તીર્થસ્થાન.

કારંધમી ૧. [સં.] પું. કંસારો.
૨. પું. રસાયની; કીમિયાગર.

કારંભા [સં.] સ્ત્રી. એક જાતનું ઝાડ; પ્રિયંગુ.

કારા ૧. પું. કાળો નાગ.
૨. સ્ત્રી. અવાજ.
૩. સ્ત્રી. આબરૂ; પ્રતિષ્ઠા.
૪. સ્ત્રી. કારાગૃહ; કેદખાનું.
૫. સ્ત્રી. કલેશ; પીડા; દુઃખ.
૬. સ્ત્રી. દૂતી.
૭. સ્ત્રી. વીણાનું તૂંબડું.
૮. સ્ત્રી. સોનારણ.
૯. ન. અગસ્ત્ય ઋષિના આશ્રમનું સ્થળ. તીનેવલ્લી પ્રાંતમાં તામ્રપર્ણી નદીના મુખ આગળ આવેલ કોલાઈ તે આ કારા હોય. એ સ્થળનું માર્કોપોલોએ કોસલ નામે વર્ણન કર્યું છે.
૧૦. વિ. કાળું.

કારાઈ સ્ત્રી. કરવત.

કારાઈડો (કારાઈડ઼ો) પું. વીર અને કરુણ રસ ઉત્પન્ન કરનારો સિંધ તથા કચ્છમાં પ્રચલિત એક રાગ. એની સ્વરસંકલના કેટલેક અંશે સિંધુ રાગને મળતી છે.

કારાકલ ન. એશિઅ તથા આફ્રિકમાં વસતું એક જાતનું જંગલી બિલાડું.

કારાકોરમ ૧. પું. કશ્મીર અને તિબેટની સરહદ ઉપર આવેલો એ નામનો એક પર્વત; મુસ્તાંગ. આ પર્વતની શરૂઆત તિબેટમાં આવેલા પેનગોંગ સરોવર આગળથી થાય છે. વિખ્યાત સિંધુ નદી કારાકોરમ અને આંતર હિમાલયની હારમાળા વચ્ચેથી પસાર થાય છે. મુસ્તાંગ અને કારાકોરમ શબ્દોના અર્થ વિરોધદર્શક છે. મુસ્તાંગ એટલે બરફનો સફેદ રંગનો પર્વત. જ્યારે કારાકોરમ એટલે કાળા રંગનો શ્રેવલ પથ્થર. એક શબ્દ સફેદ રંગ સૂચવે છે, જ્યારે બીજો શબ્દ કાળો અર્થ સૂચવે છે. એક જ પર્વતનાં બે નામ અને બંનેના અર્થ વિરોધદર્શક હોવાનું કારણ એ છે કે ગ્રીષ્મ ઋતુમાં કારાકોરમ પર્વત ઉપર અમુક ભાગમાં બિલકુલ બરફ હોતો નથી અને પર્વતના પથ્થરો કાળા શ્રેવલના દેખાય છે એટલે તેનું નામ કારાકોરમ પડ્યું છે.
૨. પું. જંબુદ્વીપનો એ નામનો એક પર્વત; કૈલાસ પર્વત.

કારાખડિયો (કારાખડ઼િયો) ૧. પું. મરણના અશુભ ખબર લઈ જનાર માણસ; કાળોતરી લાવનારો માણસ.
૨. સ્ત્રી. બ. વ. કરાખી; સીવેલા કપડામાં બગલમાં આવતી ત્રિકોણાકાર કાપલી.

કારાગા પું. મ્હૈસુરમાં શાકભાજીનો ધંધો કરતા લોકોથી ઊજવાતો એક તહેવાર. આ તહેવારની ઊજવણીમાં શિવની પત્ની મહાશક્તિના અવતાર રૂપે દ્રૌપદીની ચૈત્રી પુનમે પૂજા થાય છે. આ પંથનો કોઈ એક માણસ કારાગા મહાશક્તિના ચિહ્નરૂપ માટીનાં સાત વાસણોની ઊતરડ માથે ઉપાડે છે. જે માણસ કારાગા ઉપાડે છે તેનો પહેરવેશ જોવા જેવો હોય છે. તેણે અર્ધા અંગ ઉપર પુરુષનો અને અર્ધા અંગ ઉપર સ્ત્રીનો પહેરવેશ પહેર્યો હોય છે. સ્ત્રીની બંગડી અને ચણિયો પણ તે પહેરે છે.

કારાગાર [સં.] ન. કેદખાનું; જેલ; તુરંગ.

કારાગારવાસ પું. જેલમાં પુરાવું તે; કેદ; બંધન.

કારાગારવાસી ન. કેદી; જેલમાં પૂરેલું માણસ.

કારાગારિક [સં.] પું. કેદખાના ઉપર દેખરેખ રાખનાર અમલદાર; 'જેલર'.

કારાગુપ્ત ૧. [સં.] પું. કેદી.
૨. વિ. કેદખાનામાં પૂરેલ.

કારાગૃહ [સં.] ન. કારાગાર; કેદખાનું; જેલ; તુરંગ.

કારાગૃહનિવાસી જુઓ કારાગારવાસી.

કારાગૃહપાલ જુઓ કારાગારિક.

કારાગૃહવાસ જુઓ કારાગારવાસ.

કારાગૃહવાસી જુઓ કારાગારવાસી.

કારાગૃહાધિકારી જુઓ કારાગારિક.

કારાગેહ [સં.] ન. કારાગૃહ; કેદખાનું.

કારાજ વિ. જુલમી; ઉપદ્રવ કરનારૂં.

કારાણી ૧. સ્ત્રી. દરજીની એ નામની અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કારાદ્વાર [સં.] ન. જેલનો દરવાજો.

કારાધિકારી [સં.] પું. તુરંગનો અધિકારી; દરોગો; કારાગારિક; 'જેલર'.

કારાધિકૃતા જુઓ કારાધ્યક્ષા.

કારાધુની [સં.] સ્ત્રી. શંખ જેવું એક વાદ્ય.

કારાધ્યક્ષ જુઓ કારાધિકારી.

કારાધ્યક્ષા [સં.] સ્ત્રી. સ્ત્રી કારાગારિક; 'મેટ્રન'.

કારાપતિ જુઓ કારાધિકારી.

કારાપથ ૧. પું. એ નામનો એક દેશ.

૨. ન. બાનુ પરગણામાં નીલી ડુંગરના પ્રદેશમાં સિંધુને જમણે કિનારે આવેલ કારાબાગ અથવા કાળાબાગનું પ્રાચીન નામ. તેને હાલ બાધાન કહે છે. રામચંદ્રે પોતાના મરણ પૂર્વે રાજ્યની વહેંચણી કરતાં પોતાના ભત્રીજા લક્ષ્મણપુત્ર અંગદને આ સ્થળે રાજ્ય નિર્માણ કર્યો હતો એમ રઘુવંશમાં છે. ગઝનીથી ૩૫ માઈલ ઉપર નૈર્ઋત્યમાં કંદહાર જવાના રસ્તામાં કારાબાગ નામનું શહેર આવે છે. એની આજુબાજુના ફળદ્રુપ પ્રદેશને પણ કારાબાગ કહેતા.

કારાપરાધ [સં.] પું. જેલમાં કરેલો ગુનો.

કારાપારા ૧. પું. કુટુંબમાં અણઘટતું કૃત્ય કરનારની કુટુંબની અને બીજી સ્ત્રીઓએ કરેલી નિંદાત્મક ચર્ચા.

૨. પું. ચૂંથણાં; ચૂંથાચૂંથ; સાચાંજૂઠાં.

૩. પું. જાણી જોઈને દોષ કાઢવા તે.

૪. પું. વંકાઈને કોઈનું ભૂંડું બોલવું તે.

કારાપાલ જુઓ કારાધિકારી.

કારાપુરંધ્રી જુઓ કારાધ્યક્ષા.

કારાબાગ જુઓ કારાપથ.

કારાયડો (કારાયડ઼ો) ૧. પું. કાળી ડાંડલીવાળો હંસરાજ.

૨. પું. ચાર તસુથી હાથ દોઢ હાથ સુધી લાંબો થતો એક છોડ. તેના છેડા પક્ષીઓના પંજાની જેમ કપાયેલા હોય છે. ટાઢક કરવા તેનો ઉપયોગ થાય છે.

કારાયિકા [સં.] સ્ત્રી. બગલી.

કારારક્ષક જુઓ કારાધિકારી.

કારાવન ન. વડોદરાથી દક્ષિણે પંદર માઈલ ઉપર વડોદરા રાજ્યમાં આવેલું કારવાનનું પ્રાચીન નામ. શૈવમતના પાશુપત સંપ્રદાયનો સ્થાપનાર નકુલીશ ઈ. સ. ના બીજા અને પાંચમા સૈકાની વચ્ચે થઈ ગયો છે તેનું ધામ નકુલીશ અથવા નકુલેશ્વર કારાવનમાં હતું. આ ધામ નર્મદાની નજીક આવેલું હઈ નર્મદાની પવિત્રતાને લીધે આ ધામનું મહત્ત્વ મનાતું હશે. આનું બીજું નામ કાયવરોહણ પણ હતું.

કારાવર [સં.] પું. ચમાર; એક વર્ણસંકર જાતિ. વૈદેહ પિતા અને કારાવર માતાથી થયેલ નીચ જાતિના વર્ણસંકરને અંધ્ર કહે છે.

કારાવાસ ૧. પું. કારાગારવાસ.

૨. પું. કેદખાનું; જેલ.

કારાવિયું વિ. કામ ઉપર પ્રીતિ નહિ રાખનારૂં; કામાફૂટું.

કારાવેક્ષક [સં.] પું. જેલની તપાસ રાખનાર અમલદાર.

કારાવેશ્મ [સં.] ન. કારાગાર; કેદખાનું; જેલ.

કારાસ્ત્રીરક્ષક જુઓ કારાધ્યક્ષા.

કારાહાટક ૧. પું. મુંબઈ ઇલાકાના સતારા જિલ્લામાં કૃષ્ણા અને કોઈના નદીના સંગમ ઉપર આવેલ કરાડનું પ્રાચીન નામ. તે કોલ્હાપુરથી ઉત્તરે ૪૦ માઈલ દૂર હતું. પાંડવોમાંના સહદેવે આ સ્થળ જીત્યું હતું. એક વખત તે મહારાષ્ટ્રની રાજધાની હતું.

૨. પું. સિલહાર રાજાઓની એ નામની રાજધાની. સિંદ રાજકુળ અહીં રહેતું. તેઓ વાસુકિના વંશજો હોવાથી પોતાને નાગવંશના કહેવરાવતા.

કારિ ૧. પું. કારીગર; હુન્નરી.

૨. [સં.] સ્ત્રી. કામ; ક્રિયા; કૃતિ.

૩. વિ. વિષયને ગ્રહણ કરનાર.

કારિકર ૧. વિ. કામ કરનાર.

૨. વિ. સારૂં કામ કરનાર.

કારિકા ૧. [સં.] સ્ત્રી. કળા; કારીગરી; હુન્નર.

૨. સ્ત્રી. કામ; કૃતિ; ક્રિયા.

૩. સ્ત્રી. કામ કરનારી સ્ત્રી.

૪. સ્ત્રી. ટીકા; વિવરણ; શ્લોકબદ્ધ વ્યાખ્યા.

૫. સ્ત્રી. ટૂંકામાં બહુ અર્થ દેખાડનારૂં લખાણ.

૬. સ્ત્રી. દુઃખ; પીડા.

૭. સ્ત્રી. ધંધો; વેપાર.

૮. સ્ત્રી. નટી; નાચ કરનારી સ્ત્રી; નટની સ્ત્રી.

૯. સ્ત્રી. ભોંયરીંગણી.

૧૦. સ્ત્રી. વ્યાજ.

૧૧. સ્ત્રી. શ્લોકનો સંગ્રહ.

૧૨. સ્ત્રી. સંકીર્ણ રાગનો એક ભેદ.

૧૩. સ્ત્રી. સાંઢણી; ઊંટડી.

કારિખ ૧. [સં. કલુષ] સ્ત્રી. કલંક; દોષ.

૨. સ્ત્રી. કાજળ.

કારિણી ૧. [સં.] સ્ત્રી. હાથણી.

૨. વિ. સ્ત્રી. કરનારી.

કારિત ૧. સ્ત્રી. એક જાતની વેલ; કાઠવેલ.

૨. [સં.] સ્ત્રી. હિંસાના ત્રણ પ્રકાર માંહેનો એક. કૃત, કારિત અને અનુમોદિત એમ ત્રણ જાતની હિંસા કહેવાય છે.

૩. ન. ક્રિયાપદનું પ્રેરક રૂપ.

૪. વિ. બીજા પાસે કરાવેલું.

કારિતા [સં.] સ્ત્રી. વ્યાજ.

કારિતાવૃદ્ધિ [સં.] સ્ત્રી. કરજે લીધેલા પૈસા બીજાને આપીને લીધેલું વ્યાજ.

કારિપેરી ૧. સ્ત્રી. કહેવું કાંઈ અને કરવું કાંઈ એવી વર્તણૂક; દ્વૈધીભાવ.

૨. સ્ત્રી. જ્યાં એક જવાબ જોઈએ ત્યાં બે જવાબ આપવાપણું.

કારિયા ૧. સ્ત્રી. લોહાણાની એ નામની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કારિયું ૧. ન. એક જાતનું ખેવડાને લગતું ઘાસ. તે ઉનાળુ મોલ, કપાસ અને તલવાળા ખેતરમાં વધુ પ્રમાણમાં થાય છે.

૨. ન. સાગનું પીઢિયું.

કારિલ્લક [સં.] ન. કારેલું.

કારિલ્લી સ્ત્રી. કારેલાનો વેલો; કારેલી.

કારિવણા સ્ત્રી. ખડબ્રાહ્મી; પેટના વાયુ ઉપર સારૂં કામ કરતી એક વનસ્પતિ. આ વેલો પાણીવાળી જમીનમાં બારે માસ હોય. તેનાં પાન ઉંદરકનીનાં પાન જેવાં હોય. એનાં પાંદડાંની ચટણી પણ થાય છે. ચક્કરી, નાનાં બાળકોનો શબ્દોચ્ચાર સ્પષ્ટ થવા માટે, પિત્તાપસ્માર, ઉષ્ણતા, ગરમીથી બાળકોના અંગમાં થતી ગાંઠ, સોજો, બાળકોના અતિસાર, બાળકોના તૃષ્ણાના રોગ, ઉન્માદ, ચિત્તભ્રમ, અપસ્માર વગેરે રોગો ઉપર તેનો ઉપયોગ કરવામાં આવે છે.

કારિષ ૧. [સં.] ન. છાણનો ઢગ.

૨. વિ. છાણ સંબંધી.

કારિસ્તાન [ફા.] ન. કામ કરવાનું સ્થળ.

કારિસ્તાની સ્ત્રી. કારીગરી; હુન્નર.

કારિંદગી સ્ત્રી. વ્યવસ્થા; યોજના.

કારિંદા ૧. પું. કર્મચારી; ગુમાસ્તો; બીજાની વતી કામ કરનાર પુરુષ.

૨. પું. કામની વ્યવસ્થા કરનાર માણસ.

૩. પું. કારકુન.

૪. સ્ત્રી. એક જાતનો વેલો. તેના ફળને કારિંદું કહે છે.

૫. વિ. મહેનતુ; ઉદ્યોગી.

કારિંદી સ્ત્રી. એક જાતનો વેલો; કારિંદા.

કારિંદું ન. કારિંદા નામના વેલાનું ફળ. તે મુખપાક, ઉપદંશ, પેટપીડ, અતિસાર અને લોહીના ઝાડા ઉપર તે ફાયદો કરે છે. કારિંદાં મીઠાં તથા કડવાં બે જાતનાં થાય છે. મીઠાંની છાલ કાળી અને કડવાંની ધોળી હોય. મીઠાં કારિંદાંની ખીર, છૂંદો કે ચીરિયાં કરી માણસો ફરાળમાં ખાય છે. કડવાં કારિંદાં ખાવાથી ફેર આવે કે ઊલટી થાય છે. તેના વેલાની વૃદ્ધિ એટલી ઉતાવળી છે કે તે એક દિવસમાં હાથ દોઢ હાથ વધે છે. તેને દોઢ દોઢ વેંતને અંતરે ગાંઠ હોય. ત્યાં પાંદડાં આવે છે. તે ગાંઠ ઉપર ફણગો ફૂટી તેના ફાંટા પ્રસરે છે. તે ગાંઠની નીચેની બાજુએ અણી આવી તેને કેરી જેવડાં કારિંદાં લાગે છે.

કારી ૧. પું. કારીગર; હુન્નરી.

૨. [અ.] પું. કુરાન વાંચનાર પુરુષ.

૩. પું. ચિતારો; ચિત્ર દોરનાર માણસ.

૪. સ્ત્રી. અસર; સત્તા.

૫. સ્ત્રી. ઇલાજ; ઉપાય.

૬. સ્ત્રી. કઢી.

૭. સ્ત્રી. કપડાંની બાંય પહોળી કરવા માટે નખાતી ફાચરો.

૮. સ્ત્રી. કમખાની બગલના ભાગમાં મુકાતો ત્રાંસિયો.

૯. સ્ત્રી. કરામત; કળા; કુશળતા; ચતુરાઈ.

૧૦. સ્ત્રી. ગાયને ગળાથી આગલા પગ સુધી લટકતો ચામડીનો ભાગ.

૧૧. સ્ત્રી. જોડાના પાછલા ભાગમાં સીવવામાં આવતો ત્રિકોણાકાર ચામડાનો કટકો.

૧૨. સ્ત્રી. તદબીર; યુક્તિ.

૧૩. સ્ત્રી. ભોરિંગણી.

૧૪. વિ. અગત્યનું; જરૂરનું.

૧૫. વિ. અજબ; અસરકારક; નવાઈ ભરેલું; વિચિત્ર.

૧૬. વિ. આકરું; ઊંડું; જબરું; સખત.

૧૭. વિ. ખીલતું; વિકાસ પામતું.

૧૮. વિ. દારુણ; ત્રાસદાયક; ભયંકર.

૧. કારી ઘા-જખમ = ઊંડો મર્મભેદી જખમ.

૨. કારીના મરણ સમયે = બહુ દિલગીરી કરાવે એવા માણસના મૃત્યુ વખતે.

૧૯. વિ. મરણ નિપજાવે એવું; પ્રાણઘાતક; મારક.

૨૦. પ્ર. કરનારું, કરે એવું, એવો અર્થ દેખાડતો પ્રત્યય. જેમકે, સુખકારી.

કારી કટકીઆળ ન. કઠણ વેલા જેવી આડી અવળી લાંબી શાખાવાળું એક ઝાડ. તેનાં ફૂલ ઝાંખાં ધોળાં હોય છે.

કારી કોકડી (કારી કોકડ઼ી) પું. એક જાતનો છોડ. તેનાં ફૂલ પીળા રંગનાં અને ફળબીજ કાળી સળી જેવાં ને ઊભાં હોય છે. પાનને ઉકાળી ચાંદાં ધોવાના કામમાં લેવાય છે.

કારીખડો (કારીખડ઼ો) પું. એક જાતનો દવામાં ઉપયોગી છોડ. તેનાં પાન લાંબાં, પહોળાં અને પાતળાં હોય છે. તેમાં ગુચ્છાદાર જાઈનાં ફૂલ જેવાં મધુર સુવાસવાળાં ધોળાં ફૂલ અને લાંબી બબ્બે ભેગી ને ટેરવે જોડાયેલી શિંગો થાય છે.

કારીગર ૧. પું. કળાવાન; સારું, ઝીણું અને નાજુક કળાઓનું કામ કરનાર માણસ; કળાકાર; હાથની કારીગરીમાં પ્રવીણ માણસ; કસબી.

૨. પું. કામ કરનાર પુરુષ; મજૂર.

૩. પું. યંત્ર વગેરે ચલાવી જાણનાર માણસ.

૪. પું. શિલ્પકાર; શિલ્પી.

૫. પું. હોશિયાર માણસ; ઉસ્તાદ.

૬. વિ. નિપુણ; હોશિયાર.

કારીગરાઈ જુઓ કારીગરી.

કારીગરી ૧. સ્ત્રી. ઉસ્તાદી; ચાતુર્ય; હોશિયારી.

૨. સ્ત્રી. કારીગરનું કળાનું નાજુક અને સુંદર કામ; કળાકૌશલ્ય; કસબ.

૩. સ્ત્રી. તકસીર; ભૂલ.

૪. સ્ત્રી. બુદ્ધિ.

૫. સ્ત્રી. યુક્તિ; કરામત; હિકમત.

૬. સ્ત્રી. રચના; બનાવટ.

કારીગીરી જુઓ કારીગરી.

કારીચીરી સ્ત્રી. ચિરોડી; એક જાતનો સફેદ પથ્થર.

કારીજ્ઞ પું. વરસાદ માટે કરાતો એક યજ્ઞ.

કારીઝ સ્ત્રી. પાણીની નહેર.

કારીણ ૧. વિ. જીવલેણ; પ્રાણઘાતક.

૨. વિ. ભયંકર; સખત.

કારીની ન. કારેલું.

કારીનૂન [હિં.] ન. કાળું મીઠું; સંચળ.

કારીપાડ (કારીપાડ઼) સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; ઓરપ.

કારીપારી ૧. સ્ત્રી. કહેવું કંઈક અને કરવું કંઈક એવી વર્તણૂક; દ્વિઅર્થી બોલી; દ્વૈધીભાવ.

૨. સ્ત્રી. કારાપાટ; જાણીજોઈને દોષ કાઢવો તે.

૩. સ્ત્રી. જ્યાં એક જવાબ જોઈએ ત્યાં બે જવાબ આપવા તે.

૪. સ્ત્રી. વાંધાવચકા પાડવા, સાચુંખોટું કહીને દોષ કાઢવા અને સાચાંજૂઠાં કરી લડાઈ કરાવવી એવું દુર્વર્તન.

કારીપારીક સ્ત્રી. દ્વિઅર્થી બોલવું તે.

કારીપેરીક જુઓ કારીપારીક.

કારીપોટિયાળ પું. (કચ્છી) એક પ્રકારનો રૂંછાંવાળો વેલો. એમાંથી દૂધ જેવો રસ નીકળે છે.

કારીફૂલી પું. (કચ્છી) એક જાતનો નાનો છોડ; કાળી ફૂલડી. તેમાં સુંદર આસમાની ફૂલ થાય છે.

કારીબૂટી સ્ત્રી. ચોમાસામાં ઊગતી એક વનસ્પતિ. તેનાં ફૂલ આસમાની રંગનાં અને ફળ ચાર બીજવાળાં હોય છે.

કારીભાત ન. બ. વ. કઢી અને ચોખા.

કારીમોલ સ્ત્રી. એક પ્રકારની જમીન. તેમાં કપાસનું વાવેતર સારું થાય છે.

કારીર ૧. [સં.] ન. વાંસની ભસ્મ.

૨. ન. વાંસની લાકડી.

૩. વિ. વાંસની છોયનું બનેલું.

કારીરથ પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

કારીરી ૧. [સં.] સ્ત્રી. વરસાદ માટેની ઇષ્ટિ; વૃષ્ટિ સંપાદન કરનારી યજ્ઞક્રિયા.

૨. ન. (સંગીત) ઓડવનું એક તાન; ષડ્જ ગ્રામમાં રિખબ અને પંચમ વર્જિત કર્યાથી ઉત્પન્ન થતું તાન.

કારીવણા સ્ત્રી. પાણીવાળી જગ્યામાં થતી એક જાતની વનસ્પતિ.

કારીષ ૧. [સં.] પું. છાણાંનો અગ્નિ.

૨. પું. સુકાયેલા છાણનો ઢગલો.

કારીષગંધિ [સં.] વિ. સૂકા છાણના ઢગલા જેવી ગંધવાળું.

કારીષિ પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

કારી સુંદરી પું. (કચ્છી) એક પ્રકારનો છોડવો. એનાં પાન દમ, ક્ષય, તાવ અને સોજા ઉપર વપરાય છે.

કારીહ [અ.] વિ. ધિક્કારનારું.

કારીંગણું ૧. ન. કીમત.

૨. ન. નવીનતાનું કામ.

કારીંગો પું. કળિયુગ.

કારુ ૧. [સં.] પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; વીરુ; વીર. તે પ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે. તેમાં એક સગણ અને લઘુ મળી ચાર અક્ષર આવે છે.

૨. પું. કળા; કારીગીરી.

૩. પું. કામ.

૪. પું. કામ કરનાર; મજૂર.

૫. પું. કામ કરવામાં કુશળપણું.

૬. પું. કારવાડ દેશ.

૭. પું. કારીગર; શિલ્પી; હુન્નરી. કારુમાં કેટલાક સુતાર, વણકર, હજામ, ધોબી અને મોચી એ પાંચને, કેટલાક ઘાંચી, છીપા, લુહાર, મોચી અને ચમારને અને કેટલાક સુતાર, લુહાર, કુંભાર, સોની, કંદોઈ, માળી, હજામ, ગોવાળ ને તંબોળી એ નવ જાતને ગણે છે.

૮. પું. કારીગીરીના કામ ઉપર આજીવિકા ચલાવનારી એક ભટકતી જાત.

૯. પું. જુવાન હાથી.

૧૦. પું. રસોઈઓ.

૧૧. પું. વિશ્વકર્મા.

૧૨. પું. શિલ્પવિદ્યા.

૧૩. વિ. ઉગ્ર; ભયંકર.

૧૪. વિ. કરનારૂં; બનાવનારૂં.

કારુક [સં.] પું. કારીગર; હુન્નરી.

કારુકર ૧. [સં.] પું. કામ કરનાર માણસ.

૨. પું. કારીગર; હુન્નરી; કળાબાજ.

કારુકરક્ષણ [સં.] ન. કારીગરોનું રક્ષણ.

કારુકર્મ [સં. કારુ (કારીગર) + કર્મન્ (કામ)] ન. કારીગરનું કામ.

કારુકા [સં.] સ્ત્રી. કારીગર સ્ત્રી; હુન્નરી સ્ત્રી.

કારુકાયન પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

કારુકુશીલવકર્મ ન. ચારણ; ભાટ.

કારુચી સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

કારુચૌર [સં.] પું. ઘર ફાડી ચોરી કરનાર માણસ.

કારુજ ૧. [સં.] પું. કળાવાળું કામ; કારીગરથી થનાર કર્મ.

૨. પું. ગેરૂ.

૩. પું. નાગકેસર.

૪. પું. નાનો હાથી; હાથીનું બચ્ચું.

૫. પું. રાતો મલમ.

૬. પું. રાફડો.

૭. પું. શરીરમાં પોતાની મેળે થતું તલ જેવું ચિહ્ન.

કારુણ વિ. અશ્રુપાત કરાવે તેવું.

કારુણિ પું. એ નામનો એક મહેશ્વરવાદ.

કારુણિક ૧. [સં.] વિ. કરુણાજનક; દયા ઉત્પન્ન કરનારૂં.

૨. વિ. કૃપાળુ; દયાળુ; કરુણાવાળું.

કારુણિકતા [સં.] સ્ત્રી. દયાળુપણું.

કારુણિકત્વ [સં.] ન. દયાળુપણું.

કારુણિકસિદ્ધાંત પું. માહેશ્વરનો એક પેટા વર્ગ.

કારુણિકી [સં.] સ્ત્રી. દયાવાળી સ્ત્રી.

કારુણ્ય ૧. [સં.] ન. કરુણા; કારુણિકતા; કોઈને દુ:ખી જોઈ કે સાંભળીને મનમાં ઉત્પન્ન થતી દયાભરી માયાળુ લાગણીની અસર.

૨. ન. દયા; મહેરબાની.

૩. ન. પારકાંનાં દુ:ખ દૂર કરવાની ઇચ્છા.

કારુણ્યતા સ્ત્રી. કરુણા; દયા; દયાર્દ્રતા.

કારુણ્યભાવ પું. દયાભાવ.

કારુણ્યભાવના સ્ત્રી. પોતાનાથી ઊતરતા દરજ્જાના જીવો તરફ દયાની લાગણી; ગરીબ જીવો પ્રત્યેનો પ્રેમ.

કારુણ્યસાગર રસ પું. (વૈદ્યક) જ્વરાતિસાર માટે રસની બનાવટ. તે બનાવવા શુદ્ધ પારદ તોલો ૧, શુદ્ધ ગંધક તોલા ૨ અને અભ્રકભસ્મ તોલા ૨ લઈ તેની કજ્જલી કરી તેને સરસિયા તેલમાં ઘૂંટી ભાંગરાના રસની ભાવના દઈ એક પહોર વાળુકાયંત્રમાં પકાવવું. સ્વાંગ શીત થયે તેમાં જવખાર, સાજીખાર, ટંકણખાર, બીડલૂણ, સિંધાલૂણ, સંચળ, કાચલવણ, સાંભર મીઠું, સૂંઠ, મરી, પીપર, ચિત્રક, વછનાગ, જીરૂં અને વાવડિંગ એ પંદરે ચીજ સમાન ભાગે લઈ તેનું ચૂર્ણ તોલા પાંચ મેળવવું.

કારુત પું. અઠ્ઠાણું માંહેનો એ નામનો એક દેશ.

કારુપથ જુઓ કારાપથ.

કારુશાસિતા [સં. કારુ (કારીગર) + શાસિતૃ (શાસન કરનાર)] પું. શિલ્પી કે કારીગરોનો નિરીક્ષક અથવા તેમને કામે લગાડનાર.

કારુશિલ્પીગણ પું. કારીગરસંઘ; કારીગરોની મંડળી.

કારુષ ૧. [સં.] પું. અઠ્ઠાણું માંહેનો એ નામનો એક દેશ; કરૂષ; હાલના બિહાર પ્રાંતમાંના શાહાબાદનો પૂર્વ દિશાનો ભાગ.

૨. પું. કરૂષ દેશમાં રહેનાર.

૩. પું. કરૂષ નામના દેશનો રાજા દંતવક્ર.

૪. પું. નાત બહાર કાઢેલો વૈશ્યપુત્ર.

૫. સ્ત્રી. એ નામની લોકોની એક જાત. આ જાતના લોકો વિંધ્ય પર્વત પાછળ માળવામાં રહે છે.

૬. ન. એ નામની જાતિનું માણસ.

૭. વિ. કરૂષ દેશનું; કરૂષ દેશ સંબંધી.

૮. વિ. માળવામાં રહેતી એ નામની જાતિનું.

કારુંડિકા [સં.] સ્ત્રી. પાણીમાં રહેતો એક જીવડો; જળો.

કારુંડી [સં.] સ્ત્રી. જળો.

કારૂકનો અ. ક્યારથી; ક્યારનો.

કારૂખ [સં. કારુષ] પું. નાત બહાર કાઢેલો વૈશ્યપુત્ર.

કારૂન ૧. [અ.] પું. હઝરત મૂસાના વખતનો એક પ્રખ્યાત કંજૂસ ધનિક. તેના ખજાનાની ચાવી ઉપાડવા ચાળીસ ખચ્ચર જોતા. હઝરત મૂસાએ એની પાસે ધર્માદા કરવા પૈસા માગ્યા. તેણે તે આપ્યા નહિ અને પેગંબર સાહેબ ઉપર તહોમત મૂક્યું. આ તહોમતના પરિણામે તે કારૂન પોતાના ધનની સાથે ધરતીમાં ગરકી ગયો. ધનવાન પણ ધર્મદાન ન કરનાર કંજૂસને કારૂનની ઉપમા અપાય છે.

કારૂનનો ખજાનો = ઘણું ધન; કુબેરની સંપત્તિ.

૨. વિ. કંજૂસ; બખીલ; મખ્ખીચૂસ.

કારૂનારૂ પું. કારીગર અને વસવાયાં. કારીગરમાં સુતાર, લુહાર, સોની, કંદોઈ, માળી, હજામ, ગોવાળ, તંબોળી ગણાય છે અને નારૂમાં કોળી, વાઘરી, કલાલ, ઢેઢ, બજાણિયા, વાદી, સરાણિયા વગેરે ગણાય છે.

કારૂની સ્ત્રી. ઘોડાની એક જાત.

કારૂપ ૧. પું. (પુરાણ) એ નામનો એક ક્ષત્રિય.

૨. પું. (પુરાણ) મનુનો પુત્ર.

કારૂપથ પું. કારાપથ નામના પ્રદેશનું પ્રાચીન નામ. જુઓ કારાપથ.

કારૂર સ્ત્રી. એક જાતની ગાય.

કારૂરહ ૧. પું. દરદીના પેશાબ માટેની કોથળીના આકારની કાચની શીશી.

૨. પું. દરદીનો પેશાબ.

૩. પું. દારૂની શીશી. તેમાં આગ લગાડીને દુશ્મન તરફ ફેંકાય છે.

કારૂરા જુઓ કારૂરહ.

કારૂરા મળવો = પાકા મિત્ર હોવું.

કારૂષક ૧. પું. કરૂષ દેશનો રહેવાસી.

૨. પું. (પુરાણ) કરૂષક દેશનો રાજા વૃદ્ધશર્મા. તે ભારતના યુદ્ધ વખતે દુર્યોધનના પક્ષમાં હતો.

કારૂષા પું. વિંધ્યાચળની પાછળ આવેલો એક પ્રાચીન દેશ; કરૂષ.

કારૂષ્ય પું. શિવે લીધેલા લકુલિન નામના અવતારમાં થયેલો એ નામનો એક શિષ્ય.

કારૂહસ્ત [સં.] પું. કારીગરનો હાથ; શિલ્પ વિદ્યા જાણનારનો હાથ.

કારૂં ૧. પું. દેવોનો ખજાનચી; ધનનો દેવ; કુબેર.
૨. [અ.] પું. હઝરત મૂસાના પિતરાઈ ભાઈ. તેની પાસે ઘણો પૈસો હતો, પણ ખેરાત કરતો નહિ. કંજૂસાઈના કારણથી તેના નામનો અર્થ કંજૂસ પડી ગયો છે.
૩. વિ. કંજૂસ; કૃપણ; બખીલ.

કારે અ. કયે વખતે; ક્યારે.

કારે ખાનગી [ફા.] ન. ખાનગી ઘરકામ.

કારેઝ [ફા.] સ્ત્રી. નહેર.

કારેઝી ૧. [ફા.] વિ. નહેર સંબંધી.
૨. વિ. નહેરથી પાણી પાયેલ.

કારેણવ [સં.] વિ. હાથણીનું; હાથણી સંબંધી.

કારેણુપાલિ [સં.] પું. હાથણીના પાલકનો પુત્ર.

કારેથા ૧. સ્ત્રી. આહીરની એ નામની એક અટક.
૨. ન. એ અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કારેરા સ્ત્રી. એ નામની એક વનસ્પતિ. તેને ત્રાંસાં, બરડ, કરવતની અણી જેવાં પાંદડાં આવે છે. તે લાકડું અને હાથીદાંત પોલિશ કરવામાં વપરાય છે.

કારેરો પું. એક જાતની માટી. કુંભાર લોકો કાળો રંગ કરવા તે વાપરે છે. તે કઠણ હોવાથી જલદી પલળતો નથી, તેથી પથ્થર સાથે પાણીમાં ઘસીને ઉતારાય છે.

કારેલ ૧. [સં. કારવેલ્લ] સ્ત્રી. કારેલાંનો વેલો.
૨. સ્ત્રી. મુંબઈ પાસેના દરિયામાંથી મળતી એક જાતની માછલી.
૩. ન. કારેલું.

કારેલાં જંગરા સ્ત્રી. એ નામની એક વનસ્પતિ. તેનાં ફળ થોડાં ઝેરી છે. પાકે ત્યારે તે સુંદર નારંગી રંગનાં દેખાય છે. તેમાં તીવ્ર રેચક ગુણો હોવાથી જળોદર જેવા વ્યાધિમાં કે ઝેર ઉતારવા ક્વચિત્ વપરાય છે. કુમળાં ફળોનું અથાણું અને કુમળાં પાંદડાંનું શાક થાય છે.

કારેલિયા ૧. સ્ત્રી. લુહાર, કણબી, વાણિયા અને સુતારની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કારેલિયું ન. રૂપા અને સોનાનું ડોકમાં પહેરવાનું એક ઘરેણું.

કારેલી ૧. [સં. કારવેલ્લ] સ્ત્રી. એક જાતની લાકડાની રંગેલી ચૂડલી.
૨. સ્ત્રી. ખુરસીની પીઠમાં બે પટી વચ્ચે રહેતી સંઘાડે ઉતારેલી લાકડાની ગરાદ.
૩. સ્ત્રી. જેને કારેલાં થાય છે તે વેલ. આ વેલ ઊંચે ચડવાના સ્વભાવવાળી હોવાથી તેને ટેકો જોઈએ. વર્ષમાં બે વખત તે ઊગે છે, એક વખત ઉનાળામાં અને પછી ઠંડી ઋતુમાં. તેનાં પાન ફાટેલા પંજા જેવાં થાય. ફળ બંને બાજુ પાતળું, વચ્ચે જાડું, ઉપર ખરબચડું અને ખાવામાં કડવું હોય છે. તેની ધોળી અને લીલી બે જાત છે. ધોળાં કારેલાં મોટાં અને લીલાં નાનાં થાય છે. કારેલાં શીતલ, ભેદક, પિત્તહર તથા જ્વર, પાંડુ અને પ્રમેહમાં ફાયદાકારક મનાય છે.
૪. સ્ત્રી. સ્ત્રીઓને હાથમાં પહેરવાનું રૂપાનું એક ઘરેણું.

કારેલું ૧. [સં. કારવેલ્લ] ન. એક જાતનું કડવાશવાળું શાકનું ફળ. કારેલાં લાંબાં, ટૂંકાં, લીલા રંગનાં અને સફેદ રંગનાં થાય છે. પાકે ત્યારે તે લાલ થઈ જાય છે. તેમાં સારક, મૂત્રલ, દીપન, પાચન, પૌષ્ટિક, ઉત્તેજક, કૃમિઘ્ન, રક્તશુદ્ધિકર, અર્શોઘ્ન, કુષ્ઠઘ્ન અને પિત્તશામક ગુણ છે. જીર્ણ મંદવાડમાં પથ્ય શાક છે. તેનાં બીજ કૃમિઘ્ન છે. તેનાં પાનનો રસ પિત્તપ્રકોપમાં આપવાથી સાધારણ ઝાડા ઊલટી થઈ શાંતિ થાય. મલમમાં ભેળવી આપવાથી ગૂમડાં અને વ્રણ રુઝાય. કોઢ ઉપર તે ચોપડાય. રસમાં જરા મરીની ભૂકી નાખી અંજન કરવાથી ત્રણ દિવસમાં રતાંધળાપણું મટે. ટૂંકાં કારેલાં બહુ કડવાં, અગ્નિદીપક, લઘુ, ગરમ, શીત, ભેદક, સ્વાદુ અને પથ્યકર છે. તે અરુચિ, કફ, વાયુ, રક્તદોષ, જ્વર, કૃમિ, પિત્ત, પાંડુ તથા કોઢનો નાશ કરે છે. લાંબાં કારેલાં તીખાં, કડવાં, અગ્નિદીપક, અવૃષ્ય, ભેદક, રુચિકર, ખારાં, લઘુ, વાતલ અને પિત્તનાશક છે. તે રક્તરોગ, પાંડુ, અરુચિ, કફ, શ્વાસ, વ્રણ, કાસ, કૃમિ, કોઢ રોગ, કુષ્ઠ, જ્વર, પ્રમેહ, આધ્માન અને કમળાનો નાશ કરે છે. કારેલાંનાં બી શિયાળો અર્ધો ગયા પછી વાડીઓમાં જમીન ખેડી, ખૂબ ખાતર નાખી, ક્યારા બાંધી, પાળા ઉપર વાવવામાં આવે છે. તેના વેલા ચડવા માંડવો કરાય છે. તેને પાણી ત્રીજે દિવસે પવાય છે. કારેલાંનો દોપ્યાજો બનાવવા એક શેર નાનાં કુમળાં કારેલાંને છોલી, બે રૂપિયાભાર મીઠું ચોળી, દબાવી, પાણી નિતારી બિયાં કાઢી નાખવાં. પછી તેને ચીરી તેમાં બે માસા તજ, એક માસો લવિંગ, બે માસા એલચી અને બે માસા મરી એટલો વાટેલો ગરમ મસાલો, પોણાબે રૂપિયાભાર કચરેલું આદુ, બે માસા ખલ કરેલું કેસર અને છ માસા મીઠું એ બધી ચીજો ભેગી કરી ભરવી. પછી તે કારેલાંને દોરી વીંટાળી લઈ દશ રૂપિયાભાર ઘીમાં તળવાં અને તરત જ પોણો શેર કાંદાનો બેમો, એક શેર દહીંની છાશ અને બે રૂપિયાભાર ખાંડેલા ચોખામાં પાંચ રૂપિયાભાર પાણી નાખી તેનું પાણી, એટલી ચીજો તેમાં નાખી દઈ નીચે ધીમો તાપ કરવો. દોપ્યાજાને ઘણું ન હલાવતાં તેમાંનું પાણી બળી જાય એટલે નીચે ઉતારવો.
૨. ન. એક જાતનું કાનમાં પહેરવાનું ઘરેણું.
૩. ન. કસરત કરવાનું લાકડું; મગદળિયું.
૪. ન. ખુરસીની પીઠમાં નખાતો લાકડાનો કટકો.
૫. ન. તુચ્છ વસ્તુ. તિરસ્કારમાં બોલાય છે.
૬. ન. લિંગ; પુરુષની જનનેંદ્રિય.
૭. ન. હોકાની બજર રાખવાનું સાધન.

કારેલો જંગરો જુઓ કારેલાં જંગરા.

કારો અ. ભાવવાચક નામ બનાવનાર એક પ્રત્યય. જેમકે, છુટકારો.

કારોકર્દ [ફા.] ન. કામ; ધંધો.

કારોટક પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

કારોતર ૧. [સં.] પું. કૂવો.
૨. પું. ગરણી; દારૂ ગાળવાની વાંસની ચીપોની ચારણી.
૩. પું. દારૂનું ફીણ.
૪. પું. રોટલીમાં મોણ તરીકે વપરાતું ખમીર.

કારોત્તમ [સં.] પું. દારૂ ઉપરનું ફીણ; દારૂનો મંડ.

કારોત્તર જુઓ કારોતર.

કારોબ ન. એક જાતનું ઝાડ. તેનાં પાંદડાં લીલાં, ફૂલ કળી વિનાનાં અને ફળ કળીદાર ચારથી આઠ ઈંચ લાંબાં થાય છે. તેનો ગર સ્વાદિષ્ઠ તથા ઘોડા અને ઢોરને પુષ્ટિકારક છે. તેનાં બિયાં કડવાં છે. મૂર તથા અરબોનું આ ફળ પ્રિય ખાણું છે. તેનું લાકડું મજબૂત અને ટકાઉ હોય છે. તેની છાલમાંથી રંગ બનાવાય છે.

કારોબાર ૧. [ફા. કાર (કામ) + બાર (વજન)] પું. અમલ; કારભાર; વહીવટ; વ્યવસ્થા.
૨. પું. ખટપટી કે જંજાળી કામ.

૩. પું. ધંધો; વ્યવસાય.

૪. પું. સંબંધ.

૫. પું. સાટું; બદલો.

કારોબારમંડળી સ્ત્રી. અમલ ચલાવનારા મંત્રીઓની ટોળી; કાર્યવાહક સભા; વ્યવસ્થાપક મંડળ; 'મેનેજિંગ કમિટી'.

કારોબારી વિ. કારોબારનું; કારોબારને લગતું.

કારોબારીમંડળ જુઓ કારોબારમંડળી.

કારોબારીમંડળી જુઓ કારોબારમંડળી.

કારોબારીસત્તા સ્ત્રી. શાસન અધિકાર.

કારોબારીસભા જુઓ કારોબારમંડળી.

કારોબારીસમિતિ જુઓ કારોબારમંડળી.

કારોસાર સ્ત્રી. એક વનસ્પતિ. તેનાં પાન બોરડી જેવાં હોય છે. તેના સફેદ પરડા દોઢ ઇંચ પહોળા અને એક ફૂટ લાંબા હોય છે.

કાર્કટક [સં.] પું. કાકડીનો વેલો.

કાર્કટિકક્ષય પું. વિદ્રધિજનિત ક્ષય.

કાર્કણ [સં.] વિ. જંગલી કૂકડા સંબંધી.

કાર્કવાકવ [સં.] વિ. કૂકડા સંબંધી.

કાર્કશ્ય ૧. [સં.] ન. કઠોરતા; કઠોરપણું; કઠોર સ્પર્શ; રૂક્ષતા.

૨. ન. દૃઢતા.

૩. ન. નિર્દયતા.

કાર્કષિ [સં.] પું. કઠિનતાનો નાશ કરનારાનો પુત્ર.

કાર્કીક [સં.] વિ. ધોળા ઘોડા જેવું.

કાર્કોટક પું. (પુરાણ) કર્કોટક.

કાર્ગર વિ. વ્યવહારોપયોગી.

કાર્ગો રાઇસ [અં.] પું. બ્રહ્મદેશમાં થતા એક ઊંચી જાતના ચોખા.

કાર્જ ૧. [સં.] ન. કામ; કાર્ય.

૨. ન. સોદો.

કાર્જકારી ૧. પું. (બંગાલી) આડતિયો.

૨. પું. કાર્ય કરનાર.

૩. પું. વેપારી.

કાર્ટિલેજ [અં.] પું. હાડકાના છેડાનો પોચો ભાગ.

કાર્ટૂન [અં.] ન. ઠઠ્ઠાચિત્ર; રમૂજી ચિત્ર.

કાર્ડ ૧. [અં.] પું. જાડા કાગળનો કટકો.

૨. પું. જાહેરખબરનું પત્તું.

૩. પું. ટપાલનું પત્તું; પોસ્ટ કાર્ડ.

૪. પું. પત્ર.

૫. પું. પાસ; બજારમાં દલાલી કરવા માટે અપાતું સર્ટિફિકેટ.

૬. પું. પોતાના નામનું પત્તું.

૭. ન. ગંજીફાનું પાનું; રમવાનું પત્તું.

૮. ન. રૂ પીંજવાનું યંત્ર.

કાર્ડ પાસ ૧. [અં.] પું. જાડા કાગળ ઉપર લખેલો પરવાનો.

૨. પું. રેલવેના નોકરોને રેલવેમાં મફત મુસાફરી કરવા માટે આપવામાં આવતી એક જાતની ટિકિટ.

કાર્ડ પોપલિન [અં.] ન. એક જાતનું કપડું.

કાર્ડ બોર્ડ [અં.] પું. જાડું પૂંઠું; પૂંઠાનો કાગળ.

કાર્ડર ૧. [અં.] પું. પત્તાં ખેલનાર; પાનાં રમનાર.

૨. પું. રૂ પીંજનાર; પીંજારો.

કાર્ડિનલ [અં.] પું. રોમન કેથલિક પંથનો પોપથી ઊતરતા દરજ્જાનો ધર્મગુરુ. તેને પોપ ચૂંટી કાઢે છે અને તેઓ બધા મળીને નવા પોપને ચૂંટી કાઢે છે.

કાર્ડિનલ પક્ષી ન. એક જાતનું પક્ષી. એને અમેરિકામાં 'રેડ બર્ડ' એટલે લાલ પક્ષી કહે છે. નર પક્ષીનો રંગ લાલ, માથું હિંગળાના રંગનું, ચાંચ નારંગી રંગની અને આસપાસનો ભાગ થોડો કાળો હોય છે. એ સવાર સાંજ મધુર રાગ કાઢે છે.

કાર્ણ ૧. [સં.] પું. કર્ણનો પુત્ર વૃષકેતુ.

૨. ન. કાનનો મેલ.

૩. ન. કાનમાં પહેરવાનું ઘરેણું.

૪. વિ. કાન સંબંધી.

કાર્ણચ્છિદ્રક [સં.] પું. નાના મોઢાવાળો કૂવો.

કાર્ણવેષ્ટકિક [સં.] વિ. કાનના અલંકારથી શણગારેલ.

કાર્ણાયનિ [સં.] વિ. કર્ણે બનાવેલ.

કાર્ણિ જુઓ કાર્ણાયનિ.

કાર્ણિકા સ્ત્રી. કાનમાં પહેરવાનું એક ઘરેણું.

કાર્તબગારી સ્ત્રી. કારકિર્દી.

કાર્તભાજ પું. ચૈતન્યે સ્થાપેલ સનક સંપ્રદાયનો એ નામનો એક ફાંટો.

કાર્તયુગ [સં.] વિ. કૃતયુગ સંબંધી.

કાર્તવીર્ય ૧. [સં.] પું. કાર્તિકસ્વામી.

૨. પું. જૈન મત પ્રમાણે એ નામનો એક ચક્રવર્તી રાજા.

૩. પું. (જ્યોતિષ) વિષુવાંશ ૮૬ અને દક્ષિણ ક્રાંત્યંશ ૧૦ માં આવેલો બીજા મહત્ત્વનો એ નામનો તારો.

૪. પું. (પુરાણ) સોમવંશી યદુપુત્ર સહસ્રજિતના વંશમાં જન્મેલા કૃતવીર્ય રાજાના પુત્ર અર્જુનનું બીજું નામ. એણે દત્તાત્રેયની ઘણી જ ઉત્તમ સેવા કરીને હજાર હાથ પ્રાપ્ત કર્યા હતા. ત્યારથી એ સહસ્રાર્જુન કહેવાતો. અનૂપ દેશમાંથી માહિષ્મતી નગરીમાં પોતાની રાજધાની કરી એ સંપૂર્ણ ભારતવર્ષ ઉપર રાજ કરતો. એ ધર્મશાસ્ત્રને અનુસરનારો હોવાથી એના રાજ્યમાં પાપ થતું જ નહિ. આમ તેણે પંચાશી હજાર વર્ષ ઉત્તમ પ્રકારે રાજ્ય કર્યું. રાવણને પણ એણે બાંધ્યો હતો. અગ્નિના માગવાથી એણે ભક્ષણ કરવાને એક વન આપવાથી અગ્નિની પ્રીતિ સંપાદન કરી હતી. પરંતુ એ વન બળતાં વસિષ્ઠ ઋષિનો આશ્રમ બળી જવાને લીધે 'તારા હજારે હાથ ભાંગી પડશે' એવો શાપ થયો હતો. એક વખત મૃગયા રમવા તે અરણ્યમાં ગયો હતો. ત્યાં જમદગ્નિ ઋષિને આશ્રમે ગયો. જમદગ્નિ પાસે કામધેનુ હોવાથી તેની સહાયતાથી તેમણે કાર્તવીર્યનો ઉત્તમ પ્રકારે સત્કાર કર્યો. પણ તેણે ઋષિની કામધેનુ બળાત્કારે લઈ લીધી. જમદગ્નિના પુત્ર પરશુરામે સામોપચારથી પાછી માગી, પણ એણે આપી નહિ. આથી બંને વચ્ચે યુદ્ધ થયું. પરશુરામે એના હજાર હાથ કાપી નાખ્યા અને એ મરણ પામ્યો.

કાર્તવીર્યાર્જુન પું. એ નામનો રાજા; સહસ્રાર્જુન.

કાર્તસ્વર ૧. [સં.] ન. કાંચન; સોનું.

> કંચન અર્જુન **કાર્તસ્વર** હેમ હિરણ્ય સુબર્ન,
> અષ્ટાપદ હાટક પુરટ શાંત કુંભ હરિ સ્વર્ન.
> પિંગળલઘુકોષ

૨. ન. ધતૂરાનું ફૂલ.

કાર્તાંતિક [સં.] પું. જોશી; જ્યોતિષનો ધંધો કરનાર; જ્યોતિષી.

કાર્તિક ૧. [સં.] પું. કારતક માસ; કૃતિકા નક્ષત્રયુક્ત પૂર્ણિમા જેમાં હોય તે મહિનો; વિક્રમ સંવતનો પહેલો માસ. તેનું નામ કૃતિકા નક્ષત્ર ઉપરથી પડ્યું છે. તે નક્ષત્ર તે માસમાં સંધ્યાકાળે ઊગે છે અને પરોઢિયે અસ્ત પામે છે.

૨. પું. કાર્તિકસ્વામી; સ્કંદ.

૩. પું. બૃહસ્પતિ કૃત્તિકા અથવા રોહિણી નક્ષત્રમાં હોય તે સંવત્સર.

૪. વિ. કારતક મહિના સંબંધી.

કાર્તિકપુર ન. આલમોરાથી એંશી માઇલ દૂર કયુમાઉન જિલ્લામાં આવેલું વૈજનાથ અગર વૈદ્યનાથનું પ્રાચીન નામ.

કાર્તિકચી સ્ત્રી. એ નામની એક દેવી.

કાર્તિકવ્રત [સં.] ન. કારતક માસમાં કરવાનું વ્રત.

કાર્તિકશાલી પું. (બંગાળી) કાર્તિક માસમાં બંગાળમાં નીપજતો ચોખાનો પાક.

કાર્તિકસ્વામી ૧. પું. કુમારસ્વામી; રણદેવતા; શાંકરી; કાર્તિકેય; સ્કંદ.

૨. ન. એ નામનું યાત્રાનું એક સ્થળ. તે કુમારધારા નદી ઉપર આવેલ હતું.

કાર્તિકી ૧. [સં.] સ્ત્રી. કારતક માસની પૂનમ.

૨. વિ. કારતક માસ સંબંધી.

કાર્તિકેય ૧. [સં.] પું. (પુરાણ) મહાદેવનો પુત્ર; કૃત્તિકા નક્ષત્રમાં ઉત્પન્ન થયેલ સ્કંદ. એ મહા બળવાન અને સદા બ્રહ્મચારી હતો. તે શૂરવીર સેનાની હોવાથી લડાઈનો દેવ ગણાય છે. ત મોર ઉપર સવારી કરે છે. એ ગણપતિના નાના ભાઈ થાય છે. પ્રથમ મહાદેવનું રેત શરવણ નામના વનમાં પડેલું. તે આગળ જતાં ગંગાએ અને અગ્નિએ ક્રમે ક્રમે કેટલોક કાળ ધારણ કર્યું. તેમની પછી છ કૃત્તિકાએ ધારણ કર્યું. ત પછી તેનો જન્મ થયો. આમ હોવાથી એનાં અનુક્રમે સ્કંદ, ગાંગેય, અગ્નિભૂ અને કાર્તિકેય એવાં નામ પડ્યાં. એક મુખ અને બે હાથ સહિત છએ કૃત્તિકાને પેટે એક જ કાળે જન્મેલા હોવાથી એમને છ મોં અને બાર હાથ છે. તેથી એમનું નામ ષણ્મુખ, ષડાનન એવું પડયું છે. અગાઉ જતાં એ દેવતાના સેનાપતિ થવાથી, તેમને સેનાની પણ કહેતા. ગુહામાં વાસ કરવાને લીધે ગુહ પણ કહેવાતા. એક વખતે પાર્વતીએ બંને ભાઈઓને બોલાવી કહ્યું કે જે પૃથ્વીની પ્રદક્ષિણા કરી વહેલો આવે તે સિદ્ધિ બુદ્ધિ સાથે પરણે. ત ઉપરથી કાર્તિકેય તો મોર ઉપર સવારી કરી ફરવા ગયા. પણ ગણપતિ સ્વમાતાને પૃથ્વીરૂપ ગણીને તેમની પ્રદક્ષિણા કરી કહ્યું કે હવે મને પરણાવો. તથી માતાએ તેમને પરણાવ્યા. કાર્તિકેય આવી જુએ છે તો ગણપતિને પરણેલા દીઠા. ત ઉપરથી ન પરણવાનો નિયમ લઈને કુંવારા રહ્યા એમ કથા છે. આ દેવની ઉત્પત્તિ માટે જુદી જુદી કથા છે. તેમાં એક આ પ્રમાણે છેઃ શિવ અને પાર્વતી તપ કરવા ગયાં હતાં ત્યારે તારકાસુરનો નાશ કરવા માટે દેવોએ શિવને સમજાવ્યા અને સુબ્રહ્મણ્યમાં કાર્તિકેય જન્મ્યા. તેમણે તારકાસુરને માર્યો. આથી દક્ષિણમાં સુબ્રહ્મણ્યના નામથી તે પૂજાય છે.

૨. પું. (જ્યોતિષ) વિષુવાંશ એંશી અને ઉત્તર ક્રાંત્યંશ છમાં આવેલો બીજા વર્ગનો એ નામનો તારો.

કાર્તિકેયપુર જુઓ કાર્તિકપુર.

કાર્તિકોત્સવ [સં.] પું. કાર્તિકી પૂનમને દિવસે ઊજવાતો ઉત્સવ.

કાર્તિવય પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

કાર્તીયઅંડાકાર પું. એક જાતનો ગમનમાર્ગ; 'કાર્ટિઝિઅન ઓવલ'. જો કોઈ ફરતા બિંદુથી બે સ્થિર બિંદુનાં અંતરો र અને र' હોય અને જો म, म' અને क અચલ પરિમાણો હોય અને જો मर + म'र' = क હોય, તો તે ફરતા બિંદુના ગમનમાર્ગને કાર્તીયઅંડાકાર કહે છે.

કાર્તીયપ્રતિષ્ઠાપક પું. કાર્તીય સંપ્રદાય પ્રમાણે કોઈ પણ બિંદુની સ્થિતિ દર્શાવનાર પરિમાણ; 'કાર્ટિઝિઅન કોઓર્ડિનેટ'.

કાર્તીયભુજયુગ્મ જુઓ કાર્તીયપ્રતિષ્ઠાપક.

કાર્તીયસંપ્રદાય પું. કોઈ પણ બિંદુની સ્થિતિ દર્શાવવાની જે પદ્ધતિમાં અક્ષો એક બીજાને કાટખૂણે હોય તે પદ્ધતિ; 'કાર્ટિઝિઅન સિસ્ટમ ઑવ કોઓર્ડિનેટસ'.

કાર્તીયસ્થિતિ નિરૂપક જુઓ કાર્તીયપ્રતિષ્ઠાપક.

કાર્ત્ત ૧. [સં.] પું. સત્યયુગ.

૨. વિ. કૃત પ્રત્યય સંબંધી.

કાર્ત્તકૌજપાદિ [સં.] પું. પાણિનીય વ્યાકરણ પ્રસિદ્ધ એક શબ્દસમૂહ.

કાર્ત્તયુગ [સં.] વિ. સત્યયુગનું; સત્યયુગ સંબંધી.

કાર્ત્તવીર્ય ૧. [સં.] પું. કૃતવીર્ય રાજાનો પુત્ર સહસ્રાર્જુન.

૨. પું. જૈનમતે એ નામનો એક ચક્રવર્તી રાજા.

કાર્ત્તવીર્યદીપ [સં.] પું. સહસ્રાર્જુનને ઉદ્દેશી કરાતો દીવો.

કાર્ત્તવીર્યારિ [સં.] પું. પરશુરામ.

કાર્ત્તસ્વર ૧. [સં.] ન. ધતૂરો.

૨. ન. સોનું.

કાર્ત્તાંતિક [સં.] પું. જ્યોતિષી.

કાર્ત્તિક ૧. [સં. કૃત (કાપવું)] પું. કસાઈ; પશુવધ કરી તેનું માંસ વેચનાર માણસ.

૨. પું. કાર્તિક મહિનો.

૩. પું. કાર્તિકસ્વામી.

૪. પું. બૃહસ્પતિ કૃત્તિકા અથવા રોહિણી નક્ષત્રમાં હોય તે સંવત્સર.

કાર્ત્તિકવ્રત [સં.] ન. કાર્તિક મહિનામાં કરવાનું વ્રત.

કાર્ત્તિકિક [સં.] પું. કાર્તિક મહિનો.

કાર્ત્તિકેય પું. (પુરાણ) કાર્તિકસ્વામી. જુઓ કાર્તિકેય. તેનાં ઘણાં નામ છેઃ મહાસેન, સેનાપતિ, સિદ્ધસેન, યુદ્ધરંગ, કુમાર, ગુહ, શક્તિધર, સુબ્રહ્મણ્ય, ગંગાપુત્ર, શરભૂ, તારકજિત, દ્વાદશકર, દ્વાદશાક્ષ અને ઋજુકાય. તેનું વાહન મોર છે. તે મોરનું નામ પરવાણિ છે.

કાર્ત્તિકેયપ્રસૂ [સં.] સ્ત્રી. પાર્વતી.

કાર્ત્તિકોત્સવ ૧. [સં.] પું. કાર્તિક મહિનાની પૂનમે ઊજવાતો ઉત્સવ.

૨. પું. કાર્તિક મહિનાની પ્રતિપદાને દિવસે કરવાનો દીપોત્સવ.

કાર્ત્સ્ન [સં.] ન. સમગ્રપણું; અખંડતા; પૂર્ણતા.

કાર્ત્સ્ન્ય જુઓ કાર્ત્સ્ન.

કાર્થેજિઅન ૧. પું. એક જાતના લોક.

૨. સ્ત્રી. અઠ્ઠાવન અર્વાચીન લિપિમાંની એ નામની એક.

કાર્દ [ફા.] સ્ત્રી. છરી.

કાર્દમ ૧. સ્ત્રી. ઈરાનમાં આવેલી એ નામની નદી.

૨. વિ. કર્દમ નામના પ્રજાપતિ સંબંધી; કર્દમથી ઉત્પન્ન થયેલું.

૩. [સં.] વિ. કાદવથી ખરડાયેલું; કાદવવાળું.

કાર્દમાયનિ પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

કાર્દમિક ૧. સ્ત્રી. ઈરાનમાં આવેલ કર્દમ નદીમાંથી નીકળતા મોતીની એક જાત.

૨. વિ. કાદવથી ખરડાયેલ.

કાર્દમીષષ્ઠી સ્ત્રી. અષાડ સુદિ છઠ્ઠ.

કાર્નિવલ [અં.] પું. રોમન કૅથલિક સંપ્રદાયનો એક ઉત્સવ. દક્ષિણ ફ્રાન્સ, ઇટલિ અને ખાસ કરીને રોમમાં તે ખૂબ જ ભપકાથી ઊજવવામાં આવે છે.

કાર્નેગી [અં.] પું. એક સ્કોટિશ અમેરિકન કરોડાધિપતિ અને મોટો માનવપ્રેમી. લોખંડ અને પોલાદના ઉદ્યોગો, તેલ, રેલવે વગેરેમાં સારી વ્યાપારી દક્ષતાને લીધે તે ગરીબાઈમાંથી સત્તા અને વૈભવને શિખરે પહોંચેલ. તેણે તેના દ્રવ્યનો બહુ જ સદ્વ્યય કર્યો છે. તેણે ઘણી સખાવતો કરી છે. વળી તે ઉપરાંત તેણે કેટલાંક પુસ્તકો પણ લખ્યાં છે.

કાર્પ સ્ત્રી. યુરપ તથા જાપાનમાં થતી એક જાતની માછલી. તેને શાંત પાણીમાં પડી રહેવું વિશેષ ગમે છે. શિયાળામાં તે કાદવમાં ભરાઈ રહી વગર ખાધે ઘણા મહિના સુધી પડી રહે છે. તેને જડબામાં એકે દાંત હોતો

નથી. પીઠ પર લાંબી પાંખ હોય છે. ભીંગડાં બહુ મોટાં હોય છે. સખત વહેન સામે પણ તે તરી શકે છે.

કાર્પટ ૧. [સં.] પું. કબાટ.

૨. પું. જૂનાં કપડાં જેણે પહેરેલાં હોય તેવો કોઈ ઉમેદવાર.

૩. પું. લાખ.

૪. ન. જૂનો કાપલો; જીર્ણ વસ્ત્ર; ફાટેલા લૂગડાનો કટકો; ચીંથરૂં.

૫. વિ. કંગાલ; ગરીબ; દીન.

કાર્પટગુપ્તિકા [સં.] સ્ત્રી. ઝોળી; વાટવો.

કાર્પટિક ૧. [સં.] પું. અનુભવી માણસ.

૨. પું. કર્મઠ; તીર્થયાત્રાનો વેશ ધારણ કરનાર કાપડી; સંન્યાસી; ચીંથરેહાલ યાત્રી; બાવો.

૩. પું. તીર્થવાસી; યાત્રાળુ.

૪. પું. પવિત્ર નદીમાંથી પાણી ભરી લાવી ગુજરાન ચલાવનાર માણસ.

૫. પું. બીજા ઉપર નભનાર માણસ.

૬. વિ. કપટી; માયાવી.

૭. વિ. કંગાલ; ચીંથરેહાલ; જૂનાં ફાટેલાં લૂગડાં પહેરનાર.

૮. વિ. ભગવાં વસ્ત્ર ધારણ કરી તીર્થયાત્રામાં ફરનાર.

કાર્પટી જુઓ કાર્પટિક.

કાર્પણિ પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

કાર્પણ્ય ૧. [સં.] ન. કંજૂસાઈ; કૃપણતા; બખીલાઈ; લોભીપણું.

૨. ન. ગરીબાઈ; દીનતા; દૈન્ય.

૩. ન. દયા.

૪. ન. નીચપણું; અધમતા.

૫. ન. ભીરૂતા; શૌર્યહીનતા; મનની નિર્બળતા.

૬. ન. લોભ.

૭. વિ. કાયર; ત્રાસ પામેલ.

કાર્પસ [અં.] પું. ભુજા અને હથેળીની વચ્ચેનો કાંડાનો ભાગ.

કાર્પાસ ૧. પું. (જૈન) એક પ્રાચીન લૌકિક મત.

૨. [સં.] પું. કપાસ; રૂ.

૩. પું. કાગળ.

૪. પું. રૂની બનેલી કોઈ પણ વસ્તુ.

૫. પું. રૂનું વસ્ત્ર.

૬. પું.; ન. કપાસનું ઝાડ.

૭. વિ. રૂનું બનેલું; કપાસનું.

કાર્પાસક ૧. [સં.] પું. કપાસનું ઝાડ.

૨. પું. શિલ્પનાં આઠ સૂત્રો માંહેનું એક.

કાર્પાસતૈલ [સં.] ન. (વૈદ્યક) નાડીવ્રણ માટે વપરાતું એક જાતનું તેલ. તે બનાવવા કપાસનાં મૂળ પલ બે અને હળદર પલ બે લઈ તેને અધકચરાં ખાંડી ચાર ગણા પાણીમાં ઉકાળી ચોથો ભાગ બાકી રહે એટલે ઉતારી ગાળી લેવું. તેમાં તેલ તોલા ૪, કપાસનાં મૂળ તોલો અર્ધો અને હળદર તોલા અર્ધાનું વસ્ત્રગાળ ચૂર્ણ નાખી તેલની રીતે પકવવું.

કાર્પાસધેનુ [સં.] સ્ત્રી. દાન આપવા માટે સૂતરની કલ્પેલી ગાય.

કાર્પાસનાસિકા ૧. [સં.] સ્ત્રી. કંપાસ; વર્તુળ દોરવાનું એક સાધન.

૨. સ્ત્રી. ત્રાક.

કાર્પાસપર્વત [સં.] પું. દાન આપવા માટે કલ્પેલો કપાસનો પર્વત.

કાર્પાસપેષણયંત્રાલય [સં.] ન. રૂની ગાંસડી બાંધવાનું કારખાનું; જીન.

કાર્પાસબીજનિષ્કાસનગૃહ [સં.] ન. કપાસ લોઢવાનું કારખાનું.

કાર્પાસયંત્રાલય [સં.] ન. કપાસ લોઢવાનું કારખાનું.

કાર્પાસસંકોચનયંત્ર [સં.] ન. રૂની ગાંસડી બાંધવાનું કારખાનું.

કાર્પાસસૂત્ર [સં.] ન. શિલ્પકામમાં વપરાતું એ નામનું ઓજાર.

કાર્પાસસૌત્રક [સં.] વિ. કપાસનાં સૂતરથી બનાવેલ.

કાર્પાસાસ્થિ [સં.] ન. કપાસના છોડનું બી; કપાસિયો.

કાર્પાસિક ૧. [સં.] પું. કપાસનો વેપારી.

૨. વિ. કપાસનું બનેલું; સુતરાઉ.

કાર્પાસિકા [સં.] સ્ત્રી. કપાસનો છોડ.

કાર્પાસિની [સં.] સ્ત્રી. જંગલી કપાસ.

કાર્પાસી ૧. [સં.] સ્ત્રી. કપાસ.

૨. સ્ત્રી. કપાસનો છોડ.

૩. સ્ત્રી. (જૈન) કપાસમાં રહેનારૂં જીવડું.

૪. વિ. કપાસનું બનેલું.

કાર્પિકા પું. (પિંગળ) રગણ, જગણ અને લઘુ મળી સાત વર્ણનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉષ્ણિકનો ભેદ છે.

કાર્પી ન. એક જાતનું ઝાડ. તેને લૂમખાબંધ ગુલાબી ફૂલ આવે છે.

કાર્પેથીઅન [અં.] પું. યરપમાં આવેલો એ નામનો પર્વત. તેમાંથી કોલસો, રૂપું, તાંબું, સીસું, લોઢું, મીઠું અને પેટ્રોલિયમ મળે છે.

કાર્બદ્વીપ્રાણિલ ન. પ્રાણઘાતક વાયુ; 'કાર્બોનિક એસિડ ગેસ'.

કાર્બન ૧. [અં.] પું. એક જાતનો ઝેરી વાયુ.

૨. પું. કોયલો; કોલસો; મેશ. કોઈ પણ પ્રવાહીમાં કાર્બન ઓગળતો નથી અને બહુ જ ગરમી આપતાં તે સળગે છે. કોલસો, પેટ્રોલિયમ અને આલ્કોહોલ જે મુખ્યત્વે કાર્બનનાં બનેલાં છે, તેમાંથી જ આપણે ગરમી, તેજ અને બળ મેળવીએ છીએ.

૩. પું. રસાયનશાસ્ત્ર પ્રમાણે બળી બળીને રહેલું તત્ત્વ. હીરામાં શુદ્ધ કાર્બન હોય છે. શુદ્ધ કાર્બન બાળતાં તે ભસ્મ ન થતાં પ્રાણવાયુ સાથે ભળી કાર્બોનિક એસિડ વાયુને જન્મ આપે છે.

કાર્બન ડાયોક્સાઇડ [અં.] પું. એક જાતનો ઝેરી વાયુ. હવામાં કોલસો બળે છે ત્યારે તેમાંથી આ વાયુ નીકળે છે. તે રંગ વગરનો હોય છે. તે વાતાવરણ અને પાણીમાં પણ હોય છે. એક કલાકે $\frac{૭}{૧૦}$ ઘનફૂટ કાર્બન ડાયોક્સાઇડ આપણે ઉચ્છ્વાસ દ્વારા બહાર કાઢીએ છીએ.

કાર્બન પેપર [અં.] પું. કાગળ લખતી વખતે બીજી નકલ કરવાને વપરાતો કાળા રંગનો એક જાતનો કાગળ.

કાર્બોનિક [અં.] વિ. કાર્બનનું; કાર્બનમિશ્રિત; કાર્બન સંબંધી.

કાર્બોનિક એસિડ [અં.] પું. એક જાતનો ઝેરી વાયુ; પ્રાણઘાતક વાયુ. પંદરથી વીસ ટકા તે શ્વાસમાં લેવાય તો મૃત્યુ થાય. નક્કર રૂપે આ ગેસ બરફને મળતો બને છે. શસ્ત્રક્રિયામાં કોસ્ટિક અને આઇસક્રીમના ઉદ્યોગમાં પણ તે વપરાય છે. ૧૨ ભાગ કાર્બન અને ૩૨ ભાગ ઓકિસજનનો તે બનેલો છે. વનસ્પતિ તેનું શોષણ કરે છે તેમજ બહાર પણ કાઢે છે.

કાર્બોનિક એસિડ ગેસ [અં.] પું. પ્રાણીમાંથી બહાર નીકળતો કાર્બોનિક વાયુ.

કાર્બોનિક વાયુ [અં.] પું. એક જાતનો ઝેરી વાયુ. કાર્બોનિક એસિડ.

કાર્બોનેટ પું. કાર્બોનિક એસિડનો ક્ષાર.

કાર્બોનેટ ઓફ સોડા [અં.] પું. સાજીખાર.

કાર્બોલિક વિ. કાર્બોલિક એસિડવાળું; કાર્બોલિક એસિડ સંબંધી.

કાર્બોલિક એસિડ [અં.] પું. કોલમાંથી નીકળતો એક જાતનો તેજાબ. એ દાહક, રોપણ, જંતુઘ્ન અને દુર્ગંધનાશક છે. ઊલટી, કોલેરા,

વાતપિત્ત, જ્વર તથા રક્તદોષ માટે અપાય છે. દાદર વગેરેને બાળી નાખવામાં તે ઉપયોગી છે. તેનો મુખ્ય ઉપયોગ ઝખમ રૂઝવવાનો છે.

કાર્બોહાઇડ્રેટ્સ [અં.] પું. બ. વ. ચરબી અને અને સાકરવાળા પદાર્થ. જેમકે, બટાટાં, ગોળ, સાકર વગેરે. ખોરાકમાં આ તત્ત્વો શક્તિ અને હૂંફ કે ગરમાવો આપે છે.

કાર્મ [સં.] વિ. ઉદ્યમી; કામ કરનારૂં; મહેનતુ; કામ કરવાના સ્વભાવવાળું; કામઢું.

કાર્મણ ૧. [સં.] ન. એક જાતનો મળ.

૨. ન. કામ પૂરૂં કરવું તે.

૩. ન. કામણ; મંત્ર, ઔષધિ વગેરેથી વશ કરવું તે; મંત્ર વગેરે યોગવિદ્યા.

૪. ન. કારણશરીર.

૫. ન. કોઈ પણ કામ સારી રીતે કરવું તે.

૬. વિ. કર્મ સંબંધી.

૭. વિ. કર્મકુશળ; કામ કરવામાં કુશળ.

૮. વિ. (જૈન) કર્મસ્વરૂપ.

કાર્મણતા [સં.] સ્ત્રી. કામણપણું.

કાર્મણત્વ [સં.] ન. કામણપણું.

કાર્મણયોગ પું. (જૈન) કાર્મણ શરીરથી થતું આત્મપ્રદેશનું કંપન.

કાર્મણ વર્ગણા સ્ત્રી. (જૈન) કાર્મણશરીરરૂપ પરિણમે તે કર્મપુદ્ગલનો સમૂહ.

કાર્મણશરીર ન. (જૈન) જ્ઞાનાવરણ આદિ આઠ કર્મનો સમૂહ. કર્મના પિંડરૂપ અથવા કર્મના વિકાસરૂપ આ શરીર છે. કાર્મણ વર્ગણાના પુદ્ગલોનું બનેલું આ શરીર જીવ પ્રદેશ સાથે ક્ષીરનીરની જેમ સતત સંબંધવાળું છે. પરભવમાં જીવ આ કાર્મણશરીરના સામર્થ્યથી જઈ શકે છે.

કાર્મણી [સં.] સ્ત્રી. મંત્રાદિ યોગવિદ્યા; કામણ; જાદૂવિદ્યા.

કાર્મણોન્માદ [સં.] પું. એક પ્રકારનો ઉન્માદ. તેમાં માથું ભારે રહે, નાક, આંખ, હાથ તથા પગમાં પીડા થાય અને રોગી દૂબળો થઈ જાય. આ રોગ જાદૂ, મંત્ર તંત્ર વગેરેથી થતો હોવાની લોકમાન્યતા છે.

કાર્મના ૧. પું. મંત્રતંત્ર.

૨. [સં. કાર્મણ] પું. મંત્રતંત્રનો પ્રયોગ.

કાર્માર [સં.] પું. કામ કરનાર; કારીગર.

કાર્મારક [સં.] વિ. કામ કરનારાએ કરેલ; કારીગરે કરેલ.

કાર્માર્યાયણિ [સં.] પું. કામ કરનારનો પુત્ર.

કાર્માંતિક પું. અઢાર માંહેનું એક મુખ્ય તીર્થ.

કાર્મિક ૧. [સં.] પું. કારકુન.

૨. પું. વનસ્પતિનો એક વર્ગ.

૩. ન. જુદા જુદા રંગવાળું ભરતકામ.

૪. ન. શંખ, ચક્ર, સાથિયા વગેરે ચિહ્નવાળું વસ્ત્ર.

૫. વિ. કરેલું; બનાવેલું.

૬. વિ. કર્મવાળું; કર્મશીલ; કામ કરનાર.

૭. વિ. ગૂંથેલું; રંગિત દોરાથી ભરેલું.

૮. વિ. ચિતરેલ.

કાર્મિકચ્ય ૧. [સં.] ન. ઉદ્યમ; કામ.

૨. ન. ચિતરેલાપણું.

કાર્મુક ૧. [સં.] પું. એક જાતનું મધ.

૨. પું. પરિધિનો એક ભાગ; ચાપ.

૩. પું. મહા નિમ્બવૃક્ષ.

૪. પું. રૂ ધોકાવવાની લાકડી.

૫. પું. હિજ્જલ વૃક્ષ.

૬. ન. ઇંદ્રધનુષ.

૭. ન. કામઠું; કોદંડ; તાલવૃક્ષના લાકડાનું બનેલ ધનુષ્ય; બાણ.

૮. ન. કીચક; વંશ; વાંસ; સરકટ.

૯. ન. (જ્યોતિષ) ધનરાશિ; નવમી રાશિ.

૧૦. ન. ધનુષ જેવા આકારનું એક જાતનું યંત્ર કે હથિયાર.

૧૧. ન. ધોળા ખેરનું ઝાડ.

૧૨. ન. નગરવિધાનનો એક પ્રકાર. તેમાં ગોળાકાર અથવા ત્રાંસ માર્ગ આવેલા હોય છે.

૧૩. ન. બકાન.

૧૪. ન. યોગનું એક સાધન.

૧૫. વિ. કામ કરવાની શક્તિવાળું; કામ કરવામાં સમર્થ; કામમાં ચતુર.

૧૬. વિ. સોપારીનું; સોપારી સંબંધી.

કાર્મુકાસન [સં.] ન. યોગનું એક આસન. ડાબા સાથળ ઉપર જમણો પગ રાખીને, અને જમણા સાથળ ઉપર ડાબો પગ રાખીને, પછી બંને હાથ સીધા રાખી, જમણા હાથના અંગૂઠા તથા તર્જનીથી જમણા પગનો અંગૂઠો અને ડાબા હાથના અંગૂઠા તથા તર્જનીથી ડાબા પગનો અંગૂઠો પકડી, શરીર, ડોક તથા માથાને સીધાં રાખી બેસવું તે કાર્મુકાસન કહેવાય છે. પગની સ્થિતિ ઉલટાવવાથી આ આસનનો બીજો ભેદ થાય છે. આ આસનથી શરીરમાં ઉષ્ણતા આવે અને અપાનવાયુનું ઊર્ધ્વ આકર્ષણ થાય.

કાર્મુકી [સં. કાર્મુકિન્] વિ. ધનુષ ધારણ કરનાર.

કાર્મુકોપનિષદ [સં.] ન. ધર્મવિદ્યા.

કાર્મ્યે વિ. લાભની ખોટી આશાએ મેળવેલું.

કાર્ય ૧. [સં.] ન. ઉત્પત્તિસ્થાન; મૂળ.

૨. ન. ઉદ્દેશ; હેતુ; પ્રયોજન.

૩. ન. ઉદ્યોગ; ધંધો.

૪. ન. ઋણ સંબંધી તકરાર; પૈસાનો ઝઘડો.

૫. ન. કરણીય કર્તવ્ય; જે અવશ્ય કરવાનું હોય તે.

૬. ન. કાજ; કામ; જે કંઈ કરવા જેવું તે; કામકાજ.

૭. ન. કારજ.

૮. ન. કારણ; નિમિત્ત; મૂળ કારણ.

૯. ન. કારણથી જે ઉત્પન્ન થાય તે; જેને લક્ષમાં રાખી કર્તા ક્રિયા કરે તે.

૧૦. ન. કુંડળીમાં દશમું સ્થાન; જન્મલગ્નથી દશમું સ્થાન.

૧૧. ન. ક્રિયા; ધર્મ; ફરજ.

૧૨. ન. ચાલચલગત; રીતભાત.

૧૩. ન. જરૂરિયાત.

૧૪. ન. દેહ.

૧૫. ન. ધાર્મિક ક્રિયા.

૧૬. ન. નાટકમાં ધમકી આપવી તે.

૧૭. ન. નીરોગીપણું; આરોગ્ય.

૧૮. ન. પરિણામ; ફળ.

૧૯. ન. પાંચ માંહેની એ નામની પ્રકૃતિ. પાંચ પ્રકૃતિ: બીજ, બિંદુ, પતાકા, પ્રકાશ અને કાર્ય.

૨૦. ન. પ્રયત્નથી સાધ્ય થતી ક્રિયા.

૨૧. ન. પ્રવૃત્તિ; ક્રિયા.

૨૨. ન. રૂડો અથવા માઠો અવસર.

૨૩. ન. વ્યાપાર.

૨૪. વિ. કરવા યોગ્ય; કર્તવ્ય.

કાર્યકર ૧. વિ. અસરકારક.

૨. વિ. કાર્ય કરનાર; કાર્ય કરી શકે એવું; કામકાજ કરનારૂં; કામ કરે એવું.

કાર્યકરખાતું ન. કામ કરનારાઓનો વિભાગ.

કાર્યકર ભાગીદાર પું. સક્રિય કામ કરે એવો ભાગીદાર.

કાર્યકર્તા ૧. [સં. કાર્યકર્તૃ] પું. કામ કરનાર; કર્મચારી; વ્યવસ્થા કરનાર; સંચાલક.

૨. પું. ભલું કરનાર માણસ; મિત્ર.

૩. પું. વિષ્ણુનું એક નામ.

કાર્યકર્તાવિશ્વાસ્ય પું. અમાનતદાર; નિધિપ; સંરક્ષક; 'ટ્રસ્ટી'.

કાર્યકર્ત્તા જુઓ કાર્યકર્તા.

કાર્યકર્ત્રી [સં.] સ્ત્રી. કામ કરનારી સ્ત્રી.

કાર્યકારક વિ. કામમાં ભાગ લઈ શકે એવું.

કાર્યકારકમંડળી સ્ત્રી. કારભારી મંડળી; કાર્યવાહક મંડળી.

કાર્યકારણ ૧. [સં.] ન. આશય; હેતુ.
૨. ન. કાર્યવિષયમાં હોનારૂં કારણ; કાર્યવિષયમાં ઉત્પન્ન થતો નૈમિત્તિક હેતુ.
૩. ન. ક્રિયાનો ઉદ્દેશ; કાર્યનું મૂળ.

કાર્યકારણપરંપરા સ્ત્રી. કાર્યકારણની પ્રણાલિકા; કાર્ય ને કારણ હોય તેવી પરંપરા.

કાર્યકારણપ્રતીતિ સ્ત્રી. કારણપ્રકાશન.

કાર્યકારણભાવ ૧. [સં.] પું. એક તથા બીજા રોગ વચ્ચે સંબંધ.
૨. પું. કારણ અને કાર્ય વચ્ચેનો નિત્ય સંબંધ.
૩. પું. કારણતા; હેતુભાવ.
૪. પું. કાર્ય ઉત્પન્ન કરવું તે.

કાર્યકારણવાચક વિ. કાર્ય અને કારણ જણાવનારૂં.

કાર્યકારણવાદ પું. બુદ્ધિસ્વાતંત્ર્યવાદ; હેતુવાદ.

કાર્યકારણસંકલના સ્ત્રી. કાર્ય અને તેના કારણની સાંકળ.

કાર્યકારિણી [સં. કાર્ય (કામ) + કારિન્ (કરનાર) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] વિ. સ્ત્રી. કામ કરનારી.

કાર્યકારિણીસભા સ્ત્રી. કારોબારી સભા; વહીવટ કરનારી મંડળી.

કાર્યકારિતા સ્ત્રી. યથાર્થતા; વાસ્તવિકપણું.

કાર્યકારી ૧. [સં. કાર્યકારિન્] પું. કામ કરનાર ઇસમ; કારભારી; કાર્યકર્તા.
૨. વિ. કામ કરનાર; કાર્યકર; કાર્યવાહક.

કાર્યકારીપણું ન. કામ કરવાની રીત કે શક્તિ.

કાર્યકારીમંડળ ન. અધિકારી મંડળ; કાર્યવાહક મંડળ.

કાર્યકારીમંડળી સ્ત્રી. કારભારી મંડળી; કાર્યકારક મંડળી.

કાર્યકાલ [સં.] પું. કામ કરવા માટેનો વખત; યોગ્ય સમય; ઋતુ.

કાર્યકીર્તિ સ્ત્રી. કારકિર્દી.

કાર્યકુશલ [સં.] વિ. કામનો જાણકાર; કારીગર; કાર્ય કરવામાં હોશિયાર; કાર્યનિપુણ; ક્રિયાદક્ષ; માહિતગાર; કર્મઠ.

કાર્યકુશલતા [સં.] સ્ત્રી. કામની બરાબર આવડત; કામની હોશિયારી; કાર્યમાં નિપુણતા.

કાર્યકુશલશ્રમી પું. હોશિયાર કારીગર.

કાર્યકુશળ જુઓ કાર્યકુશલ.

કાર્યકુશળતા જુઓ કાર્યકુશલતા.

કાર્યક્રમ [સં.] પું. કામ કરવાની અનુક્રમવાર રચના; કરવાનાં કાર્યોનો નિયમ; પ્રોગ્રામ.

કાર્યક્રમસૂચિ [સં.] સ્ત્રી. પ્રસિદ્ધિપત્ર; વિજ્ઞાપન પત્ર.

કાર્યક્ષમ ૧. વિ. અકસીર.
૨. વિ. કાબેલ; નિપુણ; કાર્યકુશળ.
૩. વિ. કામમાં ધીરજ રાખે એવું.
૪. વિ. કાર્ય કરી શકે એવું; પાવરધું.
૫. વિ. યોગ્ય; લાયક.

કાર્યક્ષમતા ૧. સ્ત્રી. કામમાં ધીરજ રાખવાપણું.
૨. સ્ત્રી. શક્તિવાનપણું; કાર્ય કરવાની શક્તિ.
૩. સ્ત્રી. હોશિયારી; કુશળતા.

કાર્યક્ષમતાવેતન ન. કાર્યકુશળતા માટેનો પગાર.

કાર્યક્ષેત્ર [સં.] ન. કાર્યનો વિસ્તાર; કાર્યની મર્યાદા; કામકાજનું ક્ષેત્ર.

કાર્યગ્રાહક ૧. [સં.] વિ. ઉદ્યમી; કામગરૂં.
૨. વિ. નવું કામ ઝડપથી હાથ કરી લે એવું; કામકાજમાં પાવરધું થઈ જાય એવું.

કાર્યગ્રાહકતા ૧. [સં.] સ્ત્રી. કામગરી.
૨. સ્ત્રી. નવું કામ ઝડપથી શીખી લેવાની શક્તિ; પાવરધા થઈ જવાની આવડત.

કાર્યગ્રાહિણી ૧. [સં.] સ્ત્રી. કામગરી.
૨. સ્ત્રી. નવું કામ ઝડપથી શીખી લેનારી બાઈ; કામને સમજી સહેલાઈ હાથ ધરે એવી સ્ત્રી.

કાર્યગ્રાહી ૧. [સં. કાર્યગ્રાહિન્] વિ. કામગરૂં.
૨. વિ. નવું કામ ઝડપથી હાથ કરી લે એવું; કામમાં પાવરધા થઈ જાય એવું.

કાર્યચિંતક ૧. [સં.] પું. વેપાર કે ઉદ્યોગમાં મુખ્ય સંચાલક માણસ; વહીવટી અમલદાર.
૨. વિ. ડાહ્યું; વિચારીને કામ કરનારૂં.

કાર્યચ્યુત [સં.] વિ. કામ વિનાનું; કામ કરવામાંથી કાઢી મુકાએલું.

કાર્યજ્ઞ [સં.] વિ. કામ સમજનાર.

કાર્યતત્પર [સં.] વિ. તુરત કામ કરવા મંડે એવું; કામ કરવાને તૈયાર.

કાર્યતત્પરતા [સં.] સ્ત્રી. કામ કરવાની તૈયારી; કામ કરવા તુરત મંડી જવું તે.

કાર્યતંત્ર [સં.] ન. કારભાર.

કાર્યતઃ [સં.] અ. કંઈ પણ હેતુ કે ઉદ્દેશથી; પરિણામે.

કાર્યતા [સં.] સ્ત્રી. કર્તવ્યપણું; કૃતિસાધ્યપણું.

કાર્યત્વ [સં.] ન. કર્તવ્યપણું; કાર્યતા.

કાર્યત્વરા [સં.] સ્ત્રી. કામ કરવાની ઉતાવળ.

કાર્યદક્ષ [સં.] વિ. કર્તવ્યકુશળ; કામ કરવામાં હોશિયાર; કાર્યનિપુણ.

કાર્યદક્ષતા [સં.] સ્ત્રી. કામ કરવાની હોશિયારી; કાર્યકુશળતા.

કાર્યદર્શન ૧. [સં.] ન. કામ ઉપર નજર રાખવી તે; કામની દેખરેખ.
૨. ન. પોતે કરેલું કામ ફરી તપાસવું તે.

કાર્યદર્શી [સં. કાર્યદર્શિન્] પું. કામ ઉપર દેખરેખ રાખનાર; નિરીક્ષક.

કાર્યદિશા [સં.] સ્ત્રી. કામ કરવાનો રસ્તો.

કાર્યદિશાસૂચન [સં.] ન. કઈ રીતથી કામ કરવું તે બતાવવાપણું.

કાર્યદ્વયાકુલ [સં.] વિ. એક વખતે બે કામ કરવાનાં હોવાથી ગભરાયેલું.

કાર્યધુરંધર [સં.] પું. કુશળ કાર્યકર્તા; બાહોશ કર્મચારી.

કાર્યધુરા [સં.] સ્ત્રી. કામની ધૂંસરી; કામનો બોજો.

કાર્યનિપુણ [સં.] વિ. કાર્યકુશળ; કામની આવડતવાળું; પાવરધું; પારંગત.

કાર્યનિપુણતા [સં.] સ્ત્રી. કામની આવડત; કાર્યકુશળતા.

કાર્યનિબંધતા સ્ત્રી. (કાવ્ય) અપ્રસ્તુતપ્રશંસા અલંકારનો એક ભેદ.

કાર્યનિયોજક [સં.] પું. રાજાજ્ઞાનો પ્રચાર કરનાર અધિકારી.

કાર્યનિરત [સં.] વિ. કાર્યમાં તલ્લીન.

કાર્યનિર્ણય [સં.] પું. ઠરાવ; નિર્ણય.

કાર્યનિર્ણાયકસંખ્યા [સં.] સ્ત્રી. ઓછામાં ઓછી જે સંખ્યાથી કાર્ય ચાલુ રહે તેવી સંખ્યા.

કાર્યનિષ્ઠા [સં.] સ્ત્રી. કાર્યની એકાગ્રતા.

કાર્યનિષ્પત્તિ [સં.] સ્ત્રી. કાર્યસિદ્ધિ; કામમાં સફળતા.

કાર્યનીતિ [સં.] સ્ત્રી. કામ કરવાની રીત.

કાર્યનેતા [સં.] પું. કાર્યની દોરવણી કરનાર પુરુષ.

કાર્યનોંધ સ્ત્રી. કાર્યની ગણતરી; કામની નોંધ.

કાર્યપટુ [સં.] પું. કામમાં હોશિયાર; ચાલાક.

કાર્યપઠવી સ્ત્રી. કામ કરવાની રીત.

કાર્યપદ્ધતિ [સં.] સ્ત્રી. કામ કરવાની રીત.

કાર્યપરતા [સં.] સ્ત્રી. કાર્યપરાયણતા.

કાર્યપરીક્ષક [સં.] પું. કાર્યની પરીક્ષા કરનાર; કાર્ય તપાસનાર.

કાર્યપંચક [સં.] ન. ઈશ્વરનાં પાંચ કામ: અનુગ્રહ, તિરોભાવ, આદાન, સ્થિતિ અને ઉદ્ભવ.

કાર્યપાટિ સ્ત્રી. કામની નોંધ.

કાર્યપાત્ર [સં.] ન. કામમાં રોકાયેલું કોઈ પણ માણસ.

કાર્યપુટ ૧. [સં.] પું. ક્ષપણક; બૌદ્ધ સાધુ.

૨. વિ. અનર્થ કરનાર.

૩. વિ. આળસુ.

૪. વિ. ઉન્મત્ત; ગાંડું.

કાર્યપૂર્તિ [સં.] સ્ત્રી. કાર્યની પુરવણી.

કાર્યપ્રકાશ [સં.] પું. કથા, નાટ્ય વગેરે કાર્યમાં આગળ વધવું તે.

કાર્યપ્રણાલિ ૧. [સં.] સ્ત્રી. કામની પ્રથા; કામની રીત.

૨. સ્ત્રી. નીતિ; નય; રાષ્ટ્રપેરવી.

કાર્યપ્રથા [સં.] સ્ત્રી. કામ કરવાની રીત; કાર્યપદ્ધતિ.

કાર્યપ્રદેશ [સં.] પું. કાર્યક્ષેત્ર.

કાર્યપ્રદ્વેશ [સં.] પું. કામ કરવામાં નારાજી; આળસાઈ.

કાર્યપ્રયોજન [સં.] ન. હેતુ; મતલબ.

કાર્યપ્રવણ [સં.] વિ. કામ કરવાની પ્રીતિવાળું; કાર્યપરાયણ; કામમાં લાગેલ.

કાર્યપ્રવાહ [સં.] પું. પ્રવૃત્તિ; હિલચાલ; ચળવળ.

કાર્યપ્રવીણ [સં.] વિ. કામમાં હોશિયાર; કાર્યનિપુણ.

કાર્યપ્રેષ્ય [સં.] વિ. દૂત; સંદેશો લઈ જનાર.

કાર્યબંધુ [સં.] પું. સહાધિકારી; સાથી.

કાર્યબાધક ૧. [સં.] વિ. અવિચારી; અવિવેકી.

૨. વિ. કામમાં અડચણ કરનાર.

કાર્યભાર ૧. [સં.] પું. કામનો બોજો.

૨. પું. કારભાર; વહીવટ; કારોબાર.

કાર્યભારિક [સં.] પું. કારભારી; મંત્રી; દીવાન.

કાર્યભારી જુઓ કાર્યભારિક.

કાર્યભેદ ૧. [સં.] પું. કામ કરવાની જુદી જુદી રીત.

૨. પું. ક્રિયામાં તફાવત.

કાર્યમગ્ન [સં.] વિ. પોતાના કામમાં આનંદ માનનાર; કર્તવ્યપરાયણ; કામમાં તલ્લીન.

કાર્યમર્મવિદ [સં. કાર્યમર્મવિદ્] વિ. કામનું રહસ્ય જાણનાર.

કાર્યમસ્ત જુઓ કાર્યમગ્ન.

કાર્યમંત્ર [સં.] પું. કામની યોજના; કામનો ઉદ્દેશ.

કાર્યમંદિર [સં.] ન. કામ કરવાનો ઓરડો.

કાર્યમાપન [સં.] ન. કામની નોંધ.

કાર્યરચના [સં.] સ્ત્રી. કામની ગોઠવણી.

કાર્યરત [સં.] વિ. કામમાં પરોવાયેલું.

કાર્યરતતા [સં.] કામમાં તલ્લીન રહેવાપણું.

કાર્યરેખા ૧. [સં.] સ્ત્રી. કામ કરવાની રીત.

૨. સ્ત્રી. બળની ગતિ કે દિશા બતાવનારી સીધી લીટી.

કાર્યરોધ ૧. [સં.] પું. કામ કરતાં અટકાવવાપણું.

૨. પું. દેણનારને તેનો ધંધો કરતો અટકાવીને લેણું વસૂલ કરવું તે.

કાર્યલાયકી સ્ત્રી. કામ કરવામાં કુશળતા; હોશિયારી.

કાર્યવર્તુલ [સં.] ન. કામનું ક્ષેત્ર.

કાર્યવશાત્ [સં.] અ. કામ પ્રસંગે; કામને લીધે.

કાર્યવસ્તુ [સં.] ન. ઉદ્દેશ; હેતુ.

કાર્યવાહક ૧. [સં.] પું. કામ કરનાર માણસ.

૨. પું. કારભારી; મંત્રી.

૩. વિ. કારોબાર કરનાર; વ્યવસ્થા કરનાર.

કાર્યવાહકમંડળ ન. કારોબારી સભા; કામ કરનાર માણસોનો સમૂહ.

કાર્યવાહકમંડળી જુઓ કાર્યવાહકમંડળ.

કાર્યવાહકસભા જુઓ કાર્યવાહકમંડળ.

કાર્યવાહકસમિતિ જુઓ કાર્યવાહકમંડળ.

કાર્યવાહિકા [સં.] વિ. સ્ત્રી. કામ વહન કરનારી.

કાર્યવાહી ૧. [સં. કાર્યવાહિન્] સ્ત્રી. કારોબારી મંડળી.

૨. સ્ત્રી. કાર્યપદ્ધતિ; કામ કરવાની રીત; ‘પ્રોસીજર’.

૩. સ્ત્રી. ડાયરી; બનેલા બનાવોની નોંધ; કાર્યક્રમ.

૪. સ્ત્રી. પરિપાટી; કાર્યાવલિ.

કાર્યવાહીકમિટી જુઓ કાર્યવાહક મંડળ.

કાર્યવિપત્તિ [સં.] સ્ત્રી. કામમાં વિઘ્ન.

કાર્યવિભાગ [સં.] પું. કામની વહેંચણી.

કાર્યવિવરણ [સં.] ન. પરિપાટી; કામનો ક્રમ.

કાર્યવૃત્તિ [સં.] સ્ત્રી. કામ કરવાની હોંશ.

કાર્યવ્યવસ્થા [સં.] સ્ત્રી. વહીવટ; કારોબાર.

કાર્યવ્યવસ્થિતિ [સં.] સ્ત્રી. કામ કરવામાં વ્યવસ્થિતતા.

કાર્યવ્યવહાર [સં.] પું. કામકાજ; કામગીરી.

કાર્યવ્રત [સં.] ન. કામ કરવાનો નિયમ.

કાર્યશક્તિ [સં.] સ્ત્રી. કામ કરવાનું બળ; સામર્થ્ય.

કાર્યશાબ્દિક [સં.] પું. નૈયાયિક; ન્યાયશાસ્ત્ર જાણનાર પુરુષ.

કાર્યશાળા [સં.] સ્ત્રી. કારખાનું; કામ કરવાનું સ્થળ.

કાર્યશૂરૂં વિ. કામ કરવામાં કુશળ.

કાર્યશેષ [સં.] પું. કામનો બાકીનો ભાગ.

કાર્યશ્રમ [સં.] વિ. મહેનત કરી શકે એવું.

કાર્યસફળતા સ્ત્રી. કામ પાર પડવાપણું.

કાર્યસમ [સં.] પું. (ન્યાય) ન્યાયના ચોવીશ પ્રકાર માંહેનો એક.

કાર્યસમષ્ટિ [સં.] સ્ત્રી. કામનો જથ્થો.

કાર્યસર અ. કામને માટે.

કાર્યસરણિ જુઓ કાર્યસરણી.

કાર્યસરણી સ્ત્રી. કામ કરવાની રીત; કાર્યપદ્ધતિ.

કાર્યસંકલ્પ [સં.] પું. ધારેલું કામ.

કાર્યસંચાલન [સં.] ન. કામની દોરવણી.

કાર્યસંજ્ઞા [સં.] સ્ત્રી. (ન્યાય) કોઈ બે ભાવની વચ્ચે અમુક સંબંધ, કાર્ય વગેરે બતાવવા નક્કી કરેલી સંજ્ઞા.

કાર્યસંદેહ [સં.] પું. કામમાં શંકા.

કાર્યસંભાવ્યતા [સં.] સ્ત્રી. સામર્થ્ય; કાર્યશક્તિ.

કાર્યસાગર [સં.] પું. મોટું કામ.

કાર્યસાધક ૧. [સં.] વિ. કામ કરી લેનાર; કાર્યને સિદ્ધ કરનારૂં.

૨. વિ. કામ પૂરૂં કરે એવું.

૩. વિ. જરૂરનું; આવશ્યક.

૪. વિ. બાહોશ; નિપુણ.

કાર્યસાધકતા [સં.] સ્ત્રી. કામ પાર પાડવાની શક્તિ; કાર્યક્ષમતા.

કાર્યસાધકત્વ જુઓ કાર્યસાધકતા.

કાર્યસાધકસંખ્યા [સં.] સ્ત્રી. મંડળનું કાર્ય કરવાને જરૂરની નાનામાં નાની સંખ્યા.

કાર્યસાધના [સં.] સ્ત્રી. કામ પાર પાડવું તે; કામમાં સફળતા.

કાર્યસિદ્ધિ [સં.] સ્ત્રી. કામ પતી જવું તે; કામમાં ફતેહ; કામની પરિપૂર્ણતા.

કાર્યસૂચિ [સં.] સ્ત્રી. કરવાનાં કામોની યાદી; કાર્યાનુક્રમ.

કાર્યસૂચી જુઓ કાર્યસૂચિ.

કાર્યસ્થાન ૧. ન. કચેરી; કામ કરવાની જગ્યા; કાર્યાલય.

૨. ન. કારખાનું.

કાર્યસ્વાતંત્ર્ય [સં.] ન. પોતાની મેળે કામ કરવાની શક્તિ.

કાર્યહંતા ૧. [સં. કાર્યહન્તૃ] વિ. કાર્યનો નાશ કરનાર; કામમાં હાનિ કરનાર.

૨. વિ. બીજાના હિત વિરુદ્ધનું.

કાર્યાકારણ ૧. [સં.] વિ. પૂરતું; કોઈ કામ વાસ્તે જોઈએ તેટલું; મતલબ જેટલું.

૨. અ. જરૂરી કામને લીધે; કામસર.

કાર્યાકાર્ય [સં.] ન. કરવા જેવું અને ન કરવા જેવું કામ.

કાર્યાક્ષમ [સં.] વિ. કામ કરવામાં અસમર્થ; કામ માટે અયોગ્ય; પોતાનું કામ ન કરી શકે એવું.

કાર્યાતિદેશ [સં.] પું. પાંચ જાતના અતિદેશ માંહેનો એક. શાસ્ત્રમાં પાંચ જાતના અતિદેશ છે: (૧) શાસ્ત્રાતિદેશ, (૨) કાર્યાતિદેશ, (૩) નિમિત્તાતિદેશ, (૪) વ્યપદેશાતિદેશ અને (૫) રૂપાતિદેશ.

કાર્યાધિકાર [સં.] પું. કોઈના વતી કામકાજ કરવાનો અખત્યાર.

કાર્યાધિકારી [સં.] પું. અમલદાર; કામ સોંપવામાં આવ્યું હોય તે પુરુષ.

કાર્યાધિપ ૧. [સં.] પું. જ્યોતિષમાં કહેલ વ્યાપારરૂપ કાર્યસ્થાનનો અધિપતિ; લગ્નાવધિક દશમસ્થાનનો અધીશ્વર.

૨. વિ. કામ ઉપર દેખરેખ રાખનાર.

કાર્યાધીશ [સં.] પું. કામ ઉપર દેખરેખ રાખનાર માણસ.

કાર્યાધ્યક્ષ [સં.] પું. મુખ્ય કાર્યકર્તા; અમલદાર.

કાર્યાધ્યાસ [સં.] પું. (વેદાંત) અવિદ્યાજન્મ જ્ઞાનનું વિષયત્વ.

કાર્યાનુક્રમ જુઓ કાર્યક્રમ.

કાર્યાન્વિત ૧. [સં.] વિ. કામ સાથે જોડાયેલું; કાર્યયુક્ત.

૨. વિ. (વેદાંત) કાર્યના સંબંધવાળું.

કાર્યાર્થ ૧. [સં.] પું. ઉદ્દેશ; પ્રયોજન.

૨. પું. કામનો હેતુ; ધંધાનું નિમિત્ત.

૩. પું. નોકરી માટેની અરજી.

કાર્યાર્થી ૧. [સં. કાર્યાર્થિન્] વિ. આજીજી કરનાર; વિનતિ કરે એવું.

૨. વિ. કામ કે નોકરી શોધતું.

૩. વિ. કાંઈ કામ સારૂ આવેલું; કામ કરવા કે કરાવવા ઇચ્છતું.

૪. વિ. પોતાનો હેતુ પાર પાડવા ઇચ્છતું.

કાર્યાલય ૧. [સં.] ન. કચેરી; કામ કરવાની જગા.

૨. ન. કારખાનું.

કાર્યાવલિ સ્ત્રી. કાર્યસૂચિ; કરવાનાં કામોની યાદી; પરિપાટી; કાર્યક્રમ.

કાર્યાવલી જુઓ કાર્યાવલિ.

કાર્યાવિદ્યા ૧. [સં.] સ્ત્રી. (વેદાંત) અન્ય વસ્તુમાં અન્યની બુદ્ધિ. જેમકે, દેહાદિકમાં આત્મવાદ બુદ્ધિરૂપ ભ્રાંતિજ્ઞાન તે કાર્યાવિદ્યા છે.

૨. સ્ત્રી. (વેદાંત) ઉપાધિથી અવિચ્છિન્ન ચૈતન્યને ઢાંકનારી અવિદ્યા. તેના ચાર પ્રકાર: (૧) અનિત્ય બ્રહ્મલોકાદિ ફળમાં નિત્યતા બુદ્ધિ, (૨) અશુચિ એવાં પુત્ર સ્ત્રી વગેરેનાં શરીરમાં શુચિત્વ બુદ્ધિ, (૩) માળાઓ, ચંદન, સ્ત્રી આદિક દુ:ખરૂપ છે અને દુ:ખના સાધનરૂપ છે તેમાં સુખરૂપ અને સુખના સાધનરૂપ બુદ્ધિ. (૪) અન્ન માયાદિ અનાત્મા મિથ્યાત્મા છે અને પુત્ર સ્ત્રી આદિક ગૌણાત્મા છે તેમાં મુખ્યાત્માની ભ્રાંતિ.

કાર્યાસન ૧. [સં.] ન. કામ કરવાની જગ્યા; કાર્યાલય.

૨. ન. રાજકાજની બેઠક.

કાર્યિક ૧. [સં.] વિ. કામવાળું; જેને કામ હોય એવું.

૨. વિ. વાદવિવાદમાં રોકાયેલું.

કાર્યી ૧. [સં. કાર્યિન્] વિ. કાર્યયુક્ત; કામવાળું.

૨. વિ. કાર્યાર્થી; કામ શોધતું; ઉમેદવાર.

૩. વિ. વ્યાકરણપ્રસિદ્ધ આદેશસ્થાની.

૪. વિ. હેતુવાળું; કંઈ ઉદ્દેશ હોય એવું.

કાર્યેક્ષણ [સં.] ન. કામકાજમાં ધ્યાન રાખવાપણું.

કાર્યેંદ્રિય [સં.] સ્ત્રી. શારીરિક કર્મ કરવાની ઇંદ્રિય; કર્મેંદ્રિય.

કાર્યૈક્યસંગતિ સ્ત્રી. (વેદાંત) કામની અનુકૂળતા. વ્યાપ્તિ તથા પક્ષધર્મના એ બંને એક જ અનુમિતિરૂપ કાર્યનાં જનક હોય છે. માટે વ્યાપ્તિના નિરૂપણ પછી પક્ષધર્મતાનું નિરૂપણ તે કાર્યૈક્યસંગતિથી છે.

કાર્યોત્સાહ [સં.] પું. કામ કરવામાં હોંશ.

કાર્યોત્સાહી વિ. કામમાં હોંશવાળું.

કાર્યોદ્ધાર ૧. [સં.] પું. કામ પાર પાડવાપણું.

૨. પું. ફરજ બજાવવી તે.

કાર્યોદ્યોગ પું. કામમાં રચ્યાપચ્યા રહેવું તે.

કાર્યોન્મુખ [સં.] વિ. કામ કરવા તરફ પ્રવૃત્તિવાળું.

કાર્યોપગ પું. અઠયાસી માંહેનો એ નામનો એક ગ્રહ.

કાર્લી ૧. સ્ત્રી. મુંબઈ નજીકના દરિયામાંથી મળતી એક જાતની માછલી.

૨. ન. દક્ષિણ હિંદનું એ નામનું એક ગામ. ત્યાંની ગુફાઓ પ્રસિદ્ધ છે.

કાર્વલીચતુર્પુટ પું. (સંગીત) એક તિસ્રજાતિ નવ માત્રાનો તાલ.

કાર્શકેય [સં.] પું. એ નામનો એક ઋષિ.

કાર્શ્ય ૧. પું. વાયુરોગનો એક પ્રકાર. તે આખા શરીરને પાતળું કરે છે.

૨. [સં.] ન. કચૂરો નામની વનસ્પતિ.

૩. ન. કપૂરકાચલી.

૪. ન. કૃશતા; નિર્બળતા; દૂબળાપણું.

૫. ન. લકુચ વૃક્ષ.

૬. ન. સાગનું ઝાડ.

કાર્શ્યહરલોહ ન. (વૈદ્યક) શરીરનું પાતળાપણું દૂર કરવા વપરાતી લોહની રસાયન ગુણવાળી બનાવટ. તે બનાવવા સફેદ તુલસી, દંતીમૂળ, આસંધ, હરડેદલ, બેડાં, આંબળાં, સૂંઠ, મરી, પીપર, વાવડિંગ, મોથ, ચિત્રક, શતાવરી અને બળદાણા એ બધી ચીજ સમાન ભાગે લઈ બધાની બરાબર લોહભસ્મ મેળવી તેને ભાંગરાના રસની ભાવના આપવી.

કાર્ષ [સં.] પું. ખેતી કરનાર ખેડૂત.

કાર્ષક [સં.] પું. ખેડૂત.

કાર્ષાપણ ૧. પું. એક જાતનું નાણું. સુવર્ણ કાર્ષાપણ, રૌપ્ય કાર્ષાપણ અને તામ્ર કાર્ષાપણ એવા તેના ભેદ હતા. તેની કીમત અનુક્રમે પાંચ રૂપિયા, એક રૂપિયો અને અર્ધો આનો ગણાય.

૨. પું. ખેડૂત.

૩. ન. એંશી રતિભારનું એક વજન; સોળ પણનું એક માપ.

૪. ન. ધન; પૈસો.

કાર્ષાપણિક ૧. [સં.] વિ. એક કાર્ષાપણ જેટલી કીમતનું.

૨. વિ. કાર્ષાપણથી ખરીદેલ.

કાર્ષિક ૧. [સં.] પું. એક કર્ષનું માપ; રૂપિયાભાર; પણનો ચોથો ભાગ.

૨. પું. ખેડૂત.

કાર્ષ્ણ ૧. [સં.] વિ. કાળા મૃગ સંબંધી.
૨. વિ. કાળું.
૩. વિ. કૃષ્ણ જેનો દેવ હોય તેવું.
૪. વિ. કૃષ્ણ દ્વૈપાયન સંબંધી; વ્યાસ સંબંધી.
૫. વિ. કૃષ્ણ સંબંધી.

કાર્ષ્ણાજિનિ [સં.] પું. કૃષ્ણાજિન ઋષિનો એ નામનો પુત્ર.

કાર્ષ્ણાયન ૧. [સં.] પું. વસિષ્ઠ ગોત્રનો બ્રાહ્મણ.
૨. પું. વ્યાસનો ગોત્ર પુત્ર; વ્યાસ વંશીય બ્રાહ્મણ.

કાર્ષ્ણાયસ ૧. [સં.] ન. પોલાદ; કાળું લોઢું.
૨. વિ. કાળા લોઢાનું; પોલાદી.

કાર્ષ્ણાયસી સ્ત્રી. પોલાદી; કાળા લોઢાનું.

કાર્ષ્ણિ ૧. [સં.] પું. અભિમન્યુનું એક નામ.
૨. પું. (પુરાણ) કશ્યપની સ્ત્રી મુનીની કુખે થયેલા દેવ ગંધર્વોમાંના એકનું નામ.
૩. પું. કામદેવ.
૪. પું. વ્યાસનો પુત્ર; શુકદેવજી.
૫. પું. શ્રીકૃષ્ણનો પુત્ર પ્રદ્યુમ્ન.

કાર્ષ્ણ્ય [સં.] ન. કાળાપણું; કાળાશ.

કાર્ષ્ય ન. સાગનું ઝાડ.

કાલ્ [સં.] સ. ક્રિ. (ધાતુ) વખતની ગણતરી દાખવવી. તે ઉપરથી નીકળેલા શબ્દો: કાલ, અકાલ, કાલીન, સમકાલીન.

કાલ ૧. પું. અક્ષરનું તાંત્રિક નામ.
૨. પું. આંખનો કાળો ભાગ.
૩. પું. ઋતુ; મોસમ.
૪. પું. ઋતુવિચાર.
૫. પું. (પુરાણ) એ નામનો એક અસુર.
૬. પું. (પુરાણ) એ નામનો એક ઋષિ.
૭. પું. (પુરાણ) એ નામનો એક પર્વત.
૮. પું. (પુરાણ) એ નામનો એક યોદ્ધો.
૯. પું. (જ્યોતિષ) એક યોગ, જે દિવસનો ફરે છે અને જાત્રા માટે અશુભ મનાય છે.
૧૦. પું. કલાલ.
૧૧. પું. કસમદ્દ વૃક્ષ.
૧૨. પું. કાગડો.
૧૩. પું. કાળો રંગ.
૧૪. પું. કાળો સાપ.
૧૫. પું. કૃષ્ણપક્ષ.
૧૬. પું. કોયલ.
૧૭. પું. ખંડ; વિભાગ.
૧૮. પું. ગપ્પાં મારવાં તે.
૧૯. પું. (જૈન) ચક્રવર્તીના નવ માંહેનું એ નામનું એક નિધાન. તેમાં બધી કારીગીરી તથા શિલ્પકર્મનો સમાવેશ થાય છે.
૨૦. પું. (તાંત્રિક) છત્રીશ તત્ત્વો માંહેનું એ નામનું એક.
૨૧. પું. (સંગીત) જ્યાં ઠેકો ન આવે એવું માત્રાનું સ્થાન.
૨૨. પું. દુકાળ.
કાલ પડવો = દુષ્કાળ પડવો.
૨૩. પું. (પુરાણ) ધ્રુવ નામના વસુનો એ નામનો દીકરો.
૨૪. પું. (ન્યાય) નવ દ્રવ્યો માંહેનું એ નામનું એક. નવ દ્રવ્યઃ પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ, કાલ, દિક્, આત્મા અને મન.
૨૫. પું. (જૈન) પરમાધામીની એક જાત. તે નારકીને કડાયામાં રાંધે.
૨૬. પું. પરમેશ્વર.
૨૭. પું. (જૈન) પિશાચ જાતના વ્યંતર દેવતાનો ઇંદ્ર.
૨૮. પું. પિશાચ દેવોની એક જાત.
૨૯. પું. પ્રાતઃકાળ.
૩૦. પું. બોલકણાપણું.
૩૧. પું. બોલવામાં થતા અઢાર પ્રકારના દોષ માંહેનું એક; અક્ષરનું કંઠાદિ સ્થાન તજીને બીજા સ્થાનમાં બોલવું તે.
૩૨. પું. ભયાનક સ્વરૂપ.
૩૩. પું. માનખો; જિંદગી; અવતાર.
૩૪. પું. મૃત્યુ; મરણ.
કાલ આવવો = મૃત્યુ આવવું.
૩૫. પું. મૃત્યુનો અભિમાની દેવ; યમરાજ.
૩૬. પું. યુગ.
૩૭. પું. રાતો ચિત્રક.
૩૮. પું. રાળ.
૩૯. પું. રુદ્ર; શિવ.
૪૦. [સં. કલ્ય; પ્રા. કલ્લ] પું. વખત; અવસર; સમય; ભૂત, ભવિષ્ય અને વર્તમાન એવા પ્રકારના વ્યવહારનો હેતુ.
૪૧. પું. વાતાવરણ; હવા.
૪૨. પું. (જૈન) વાયુકુમાર જાતિના દેવતાના ઇંદ્રનું નામ.
૪૩. પું. વિશ્વદેવનો એક વર્ગ.
૪૪. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.
૪૫. પું. શક્તિ.
૪૬. પું. (જ્યોતિષ) શનિગ્રહ.
૪૭. પું. શબ્દ.
૪૮. પું. શંકરનો એ નામનો એક શત્રુ.
૪૯. પું. સમયનું માપ; વેળા.
૫૦. પું. સૂર્યનાં એકસો આઠ માંહેનું એક નામ.
૫૧. પું. સ્થિતિ.
૫૨. પું. હુંપદ.
૫૩. સ્ત્રી. ચાલતા દિવસની આગળ કે પાછળનો દિવસ.
૫૪. ન. (જ્યોતિષ) આઠ માંહેનું એ નામનું એક ચોઘડિયું.
૫૫. ન. (જૈન) આઠમા દેવલોકનું એ નામનું એક વિમાન.
૫૬. ન. એક જાતનું ગંધદ્રવ્ય.
૫૭. ન. કક્કોલ.
૫૮. ન. છત્રીશ દંડાયુદ્ધ માહેનું એક.
૫૯. ન. (જૈન) જૂની ચીજને નવી અને નવી ચીજને જૂની બનાવનાર એ નામનું ૭ માંહેનું એક દ્રવ્ય.
૬૦. ન. લોઢું.
૬૧. ન. વાદળમંડળ માંહેનું એ નામનું પાંચમું પડ.
૬૨. વિ. ઈજા કરે એવું; નુકસાન કરે એવું.
૬૩. વિ. કાળા રંગવાળું; કાળું.
કાલરાત્રી = કાળી રાત; અંધારી રાત.
૬૪. વિ. મોટું.
કાલાચોર = મોટો ચોર.
૬૫. અ. ગઈ કાલે અથવા આવતી કાલે.
૬૬. અ. થોડા દિવસ ઉપર કે પછી; હમણાં.
કાલ ઊઠીને = ભવિષ્યમાં; આગળ જતાં.

કાલઉપકાર ન. દુષ્કાળનિવારણ ફંડ.

કાલક ૧. પું. આંખની કીકી.
૨. પું. એ નામનો એક દેશ. પતંજલિ મહાભાષ્યકારના સમયમાં તેને આર્યાવર્તની પૂર્વ તરફની સીમા માનવામાં આવતી હતી.
૩. પું. એક રાક્ષસનું નામ. તે કાલકા નામની સ્ત્રીથી ઉત્પન્ન થયેલ કશ્યપનો એક પુત્ર હતો.
૪. પું. (ગણિત) કહેલ અવ્યક્ત રાશિની એક સંજ્ઞા.
૫. પું. કાળો પાણીનો સર્પ; અલગર્દ નામનો પાણીનો સાપ.
૬. પું. તેત્રીસ પ્રકારના કેતુ પૈકી એક કેતુનું નામ.
૭. [સં.] પું. શરીર ઉપર થતું કાળું ચિહ્ન.
૮. સ્ત્રી. કરલીની ભાજી; એક જાતનું શાક.
૯. સ્ત્રી. કલંક; કાળી લીટી; લાંછન.
૧૦. સ્ત્રી. કાળાશ.
૧૧. ન. યકૃત; લીવર.
૧૨. વિ. કાળા રંગનું.

કાલકરણ [સં.] ન. વખત નક્કી કરવો તે.

કાલકર્ણિકા ૧. [સં.] સ્ત્રી. આફત; દુઃખ.
૨. સ્ત્રી. દુર્ભાગ્ય; દુર્દૈવ.

કાલકર્ણી જુઓ કાલકર્ણિકા.

કાલકર્મ [સં. કાલકર્મન્] ન. મરણ.

કાલકલાઈ સ્ત્રી. બચપણ; શૈશવ; કિશોરાવસ્થા.

કાલકલાય [સં.] પું. કાળા વટાણા.

કાલકલ્પ [સં.] વિ. કાળ જેવું; મૃત્યુ સમાન.

કાલકલ્પબ્રહ્મવૃક્ષ ન. વખતનું પ્રમાણ બતાવનાર કોઠો.


પરમ તત્ત્વ વ્યક્તાવ્યક્તપ્રેરક મૂળ.
સ્ફૂર્તિ-મહામાયાનિમેષ = ૧,૦૦૦ શિવનિમેષ
(૧) શિવનિમેષ ૧ = ૧,૦૦૦ વિષ્ણુત્રટિકા
(૨) વિષ્ણુઘટિકા ૧ = ૧,૦૦૦ બ્રહ્મદેવ
(૩) બ્રહ્મદેવ ૧નું આયુષ્ય વર્ષ સો, ૭૨,૦૦૦ કલ્પ
(૪) ૨ કલ્પ = બ્રહ્મદેવનું અહોરાત્ર
(૨,૦૦૦ મહાયુગ)
(૫) ૧ કલ્પ બ્રહ્મદેવનો દિવસ
(૬) ૨ કલ્પ બ્રહ્મદેવનું અહોરાત્ર
(૭) ૧,૦૦૦ મહાયુગ
૨,૦૦૦ મહાયુગ
(૮) ૧૪ મન્વંતર મનુ
(૯) ૧૫ મન્વંતર સંધિ
(૧૦) ૧ મન્વંતર
(૧૧) ૭૧ મહાયુગ
(૧૨) ૧૪ ઇંદ્ર
(૧૩) ૧ મહાયુગ = (૧૨,૦૦૦ દિવ્ય વર્ષ)
(૧૪) ૧ ચોકડી
(૧૫) ૧૦ અવતાર
(ભૌમ વર્ષ ૪૩,૨૦,૦૦૦)
(૧૬) ૧ કૃતયુગ (સત્યયુગ)
(૧૭) ૨ ત્રેતાયુગ
(૧૮) ૩ દ્વાપરયુગ
(૧૯) ૪ કલિયુગ
(૨૦) દિવ્યવર્ષો ૪,૮૦૦
(૨૧) દિવ્યવર્ષો ૩,૬૦૦
(૨૨) દિવ્યવર્ષો ૨,૪૦૦
(૨૩) દિવ્યવર્ષો ૧,૨૦૦
(૨૪) ભૌમ-પૃથ્વીનાં વર્ષો ૧૭,૨૮,૦૦૦
(૨૫) ભૌમ-પૃથ્વીનાં વર્ષો ૧૨,૯૬,૦૦૦
(૨૬) ભૌમ-પૃથ્વીનાં વર્ષો ૮,૬૪,૦૦૦
(૨૭) ભૌમ-પૃથ્વીનાં વર્ષો ૪,૩૨,૦૦૦
(૨૮) ૪૩,૨૦,૦૦૦ ભૌમ વર્ષો અગર ૧૨,૦૦૦ દિવ્યવર્ષો એટલે મહાયુગ
(૨૯) ૧ દિવ્યવર્ષ


(૩૦) ૬ સંવત્સરચક્ર
(૩૧) ૩૬૦ ભૌમવર્ષ
(૩૨) ૧ સંવત્સરચક્ર
(૩૩) ૬૦ ભૌમવર્ષ
(૩૪) ૬૦ ભૌમવર્ષ
(૩૫) ૧ ભૌમવર્ષ
(૩૬) ૧ દેવોનું (દિવ્ય, અહોરાત્ર)
(૩૭) ઉત્તરાયણ
(૩૮) દક્ષિણાયન
(૩૯) દેવોનો દિવસ અગર રાક્ષસોની રાત્રી
(૪૦) રાક્ષસોનો દિવસ અથવા દેવોની રાત્રી
(૪૧) ભૌમ ૭ માસ
(૪૨) ભૌમ ૭ માસ
(૪૩) ભૌમ અહોરાત્ર દિવસ ૧૮૦
(૪૪) ભૌમ અહોરાત્ર દિવસ ૧૮૦

કાલકવન ન. બિહારમાં આવેલ રાજમહાલના ડુંગરાનું પ્રાચીન નામ.

કાલકવિ [સં.] પું. અગ્નિ.

કાલકવૃક્ષીય [સં.] પું. કાગવિદ્યા જાણનાર તે નામનો એક ઋષિ.

કાલકસ્તૂરી [સં.] સ્ત્રી. એક જાતની કસ્તૂરી.

કાલકંખી [સં. કાલકંક્ષિન્] વિ. અવસર જાણનાર.

કાલકંજ ૧. [સં.] પું. એ નામનો એક દાનવ.

૨. ન. કાળું કમળ.

કાલકંટક ૧. [સં.] પું. બપૈયો; દાત્યૂહ.

૨. પું. મહાદેવ; શિવ.

૩. ન. કાયાકલ્પના પ્રયોગ માટે વપરાતું એ નામનું ઔષધ.

૪. વિ. કાળા કાંટાવાળું.

કાલકંટકટ [સં.] પું. શિવ.

કાલકંઠ ૧. [સં.] પું. ખંજન પક્ષી.

૨. પું. ચકલો.

૩. પું. જલકૂકડો.

૪. પું. દાત્યૂહ પક્ષી; બપૈયો.

૫. પું. નીલકંઠ પક્ષી.

૬. પું. મોર.

૭. પું. શિવ.

કાલકંઠક જુઓ કાલકંટક.

કાલકંઠી [સં. કાલકંઠ] પું. એક જાતનું પક્ષી. તેનો આકાર ધોકડાં જેવો, માથું, કપાળ, ગળું, ગરદન તથા ખભા ચળકતા કાળા રંગનાં, પીઠ અને પેટનો ભાગ શ્વેતરંગી, પાંખો સફેદ અને કાળી ગંગાજમની હોય છે. તેની ચાંચ દોઢ વેંત લાંબી, કાળી, ભાલાં જેવી અણીદાર અને સીધી તેમ જ પગ લાલચોળ અને મજીઠિયા રંગના હોય છે. આ પક્ષીને હિંદમાં લોહારજંઘ કહે છે.

કાલકંડ સ્ત્રી. કેરીની એક જાત. તે જૂન માસમાં પાકે છે. આ જાત સુલતાન ટીપુના બગીચામાંથી માલૂમ પડી છે. દરેક ફળનું વજન આશરે બાર ઔંસનું હોય છે.

કાલકંદક [સં.] પું. પાણીનો સાપ; જળસાપ.

કાલકંધ [સં.] પું. તમાલ વૃક્ષ.

કાલકા ૧. [સં.] પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે વિકૃતિ છંદનો એક ભેદ છે. તેને કાલિકા છંદ પણ કહે છે. તેના દરેક ચરણમાં ત્રણ રગણ, ત્રણ નગણ, રગણ, લઘુ અને ગુરુ એમ ત્રેવીસ અક્ષર હોય છે. તેમાં બારમા અક્ષર ઉપર વિસામો હોય છે.

૨. સ્ત્રી. દક્ષપ્રજાપતિની એ નામની એક કન્યા અને કશ્યપની સ્ત્રી. તેને નરક અને કાલક નામના બે દીકરા થયા હતા.

૩. સ્ત્રી. (પુરાણ) વૈશ્વાનર દાનવની કન્યા અને મારીચ નામના અસુરની સ્ત્રીનું નામ.

કાલકાક્ષ [સં.] પું. (પુરાણ) ગરુડે મારેલ એક અસુરનું નામ.

કાલકામ પું. (પુરાણ) એ નામનો એક વિશ્વદેવ.

કાલકામક [સં.] પું. (પુરાણ) ખર રાક્ષસના બાર અમાત્યમાંના એકનું નામ.

કાલકારી [સં.] પું. શિવનું એક નામ.

કાલકાર્મુક [સં.] પું. ખરદૂષણની સેનાનો એક સેનાપતિ. તેને રામચંદ્રજીએ માર્યો હતો.

કાલકાલ ૧. [સં.] પું. પરમેશ્વર.

૨. પું. મહાદેવ.

૩. પું. મૃત્યુનો વખત.

કાલકાંક્ષી ૧. વિ. અવસર જાણનાર.

૨. વિ. સમયની અપેક્ષા કરનાર.

કાલકીર્તિ [સં.] પું. એ નામનો એક રાજા. તે દુર્યોધન પક્ષમાં રહી લડ્યો હતો.

કાલકીલ [સં.] પું. અવાજ; કોલાહલ.

કાલકુષ્ટ [સં.] પું. હીરાબોળ; રસગંધ; ગંધરસ.

કાલકુંચ [સં.] પું. વિષ્ણુ.

કાલકુંઠ ૧. [સં.] પું. યમરાજ.

૨. ન. પર્વતની એક જાતની માટી.

કાલકૂટ ૧. [સં.] પું. કાગડો.

૨. પું. (પુરાણ) મગધ દેશમાં આવેલ એક પર્વત.

૩. પું. મોટો નાગ.

૪. પું. હસ્તિનાપુરના અગ્નિકોણમાં આવેલો એક પ્રદેશ.

૫. ન. અફીણ.

૬. ન. એક જાતનું આકરૂં ઝેર; કાળો વછનાગ.

૭. ન. એક જાતનું ઝાડ.

૮. ન. સમુદ્રમંથનને અંતે નીકળેલું અને શિવે પીધેલું હલાહલ.

કાલકૃત ૧. [સં.] પું. ત્રણ પ્રકારના પરિચ્છેદ માંહેનો એ નામનો એક.

૨. પું. સૂર્ય.

૩. વિ. ઉછીનું આપેલું.

૪. વિ. નક્કી કરેલું; નીમેલું.

૫. વિ. લાંબા વખત સુધી કરેલું.

૬. વિ. વખતથી ઉત્પન્ન થયેલું.

કાલકેતુ [સં.] પું. એ નામનો અસુર. એક વીર નામના હૈહય રાજાએ એને માર્યો હતો.

કાલકેય ૧. [સં.] પું. કશ્યપ ઋષિની સ્ત્રી કાલકાનો દીકરો.

૨. પું. રાક્ષસોની એક જાત.

કાલકેરિયસ પું. પથ્થરની એક જાત.

કાલકેશી ૧. [સં.] સ્ત્રી. એક જાતની ઔષધિ; નીલી.

૨. સ્ત્રી. કાળા કેશવાળી સ્ત્રી.

કાલકૈષિકા [સં.] સ્ત્રી. કાલી નસોતર.

કાલકોટડી (કાલકોટડ઼ી) સ્ત્રી. અંધારી કોટડી; એકાંતવાસ કેદ.

કાલકોટિ ન. (પુરાણ) નૈમિષારણ્યનું એ નામનું તીર્થ.

કાલક્રમ ૧. [સં.] પું. વખતનો ક્રમ; વખતનું પસાર થવું તે.

૨. અ. વખત જતાં.

કાલક્રમણ ૧. [સં.] ન. વખતનું પસાર થવું તે.

૨. ન. સલાટ.

કાલક્રમદોષ [સં.] પું. કાલની ક્રમ ગણનામાં કે સમજમાં થતો દોષ.

કાલક્રમાનુસારી પદ્ધતિ [સં.] સ્ત્રી. શિક્ષણશાસ્ત્રની એ નામની એક પદ્ધતિ. કાળના ક્રમ પ્રમાણે એટલે વર્ષાનુક્રમે આદિથી તે અંત સુધી ઇતિહાસ શીખવવાની રીત.

કાલક્રમે અ. વખત જતાં.

કાલક્રિયા ૧. [સં.] સ્ત્રી. મૃત્યુ.

૨. સ્ત્રી. વખત નક્કી કરવો તે.

કાલક્ષેપ ૧. [સં.] પું. દિલગીરીમાં દિવસો પસાર કરવા તે.

૨. પું. વખત વીતાડવાપણું.

૩. પું. વિલંબ; ઢીલ.

૪. વિ. વખત ગુમાવનારૂં.

કાલક્ષેપક [સં.] વિ. વખતનો વ્યય કરનારૂં; સમય ગુમાવનારૂં.

કાલક્ષેપણ [સં.] ન. કાળ ગાળવો તે.

કાલખ ૧. [સં.] સ્ત્રી. કાળાશ.

૨. સ્ત્રી. બીજગણિતમાં કહેલ અવ્યક્ત રાશિની એક સંજ્ઞા.

૩. સ્ત્રી. શરીર ઉપર થતું કાળું ચિહ્ન.

કાલખંજ ૧. [સં.] પું. એક જાતનો દાનવ.

૨. ન. કાળજું.

કાલખંજન [સં.] ન. કાળજું; યકૃત.

કાલખંડ ૧. [સં.] પું. અમુક વખત.

૨. પું. કાળજું; યકૃત.

કાલખેપન જુઓ કાલક્ષેપણ.

કાલગણન [સં.] ન. કાલમાન; ઘટિયંત્ર; ઘડિયાળ.

કાલગણના [સં.] સ્ત્રી. સમયની ગણતરી. કશ્યપ સંહિતા પ્રમાણે કાલની ગણનાનું કોષ્ટક નીચે પ્રમાણે છે:

૧૮ નિમિષ = ૧ કાષ્ટા
૩૦ કાષ્ટા = ૧ કલા
૩૦ કલા = ૧ ક્ષણ
૧૨ ક્ષણ = ૧ મુહૂર્ત
૧૨ મુહૂર્ત = ૧ અહોરાત્ર
૧૫ અહોરાત્ર = ૧ પક્ષ
૨ પક્ષ = ૧ માસ
૨ માસ = ૧ ઋતુ
૩ ઋતુ = ૧ અયન
૨ અયન = ૧ વત્સર

ભૃગુ સંહિતા પ્રમાણે કાલની ગણના નીચે પ્રમાણે છે:

૨ માત્રા = ૧ અક્ષર
૨ અક્ષર = ૧ લવ
૨ લવ = ૧ ક્ષણ
૩૦ ક્ષણ = ૧ વિપલ
૬૦ વિપલ = ૧ પલ
૬૦ પલ = ૧ ઘટિકા
૬૦ ઘટિકા = ૧ અહોરાત્ર
૩૦ અહોરાત્ર = ૧ માસ
૧૨ માસ = ૧ અબ્દ
૫ અબ્દ = ૧ યુગ

કાલગત [સં.] વિ. મરણ પામેલ.

કાલગંગા ૧. [સં.] સ્ત્રી. યમુના નદી.

૨. સ્ત્રી. લંકાદ્વીપની એ નામની એક નદી.

કાલગંડૈત પું. ધોળાં ટપકાંવાળો સાપ.

કાલગંધ ૧. [સં.] પું. એક જાતનો સર્પ.

૨. પું. કાળું અગર.

૩. પું. કાળું ચંદન.

૪. પું. થોડો કાળ.

કાલગુણ [સં.] પું. બ. વ. (વેદાંત) કાલના પાંચ ગુણ; સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સંયોગ અને વિભાગ.

કાલગૌતમ [સં.] પું. એક ઋષિ.

કાલગ્રસ્ત [સં.] વિ. અવાવરુ; કાળનો ગ્રાસ થયેલું.

કાલગ્રંથિ [સં.] પું. વર્ષ.

કાલઘટ [સં.] પું. એ નામનો એક ઋષિ.

કાલઘાતી [સં. કાલઘાતિન્] વિ. ધીમે ધીમે મારી નાખે એવું.

કાલચક્રી સ્ત્રી. કાળરૂપી ઘંટી.

કાલચક્ર ૧. [સં.] ન. એક અસ્ત્રનું નામ; વિશ્વામિત્રે રામને આપેલ એક અસ્ત્ર.

૨. ન. એક ઉત્સર્પિણી અને એક અવસર્પિણી મળીને જેટલો વખત થાય તેટલો વખત.

૩. ન. નસીબનું ચક્ર; ભાગ્યનું ચક્ર.

૪. ન. પૈડું.

૫. ન. બાર આરાવાળું કાળરૂપી ચક્ર; કાળનું ચક્ર એટલે પૈડું.

૬. ન. માણસની દશા જોવા માટેની એક પદ્ધતિ. આ પદ્ધતિ કોઈએ હાલમાં છપાવેલ નથી, કારણકે બીજી રીતો કરતાં આ રીત અઘરી છે.

૭. ન. મોટી આફત.

૮. ન. વખતનું કૂંડાળું.

૯. ન. સાઇકલ.

૧૦. ન. સૂર્ય.

કાલચક્રયાન [સં.] પું. બૌદ્ધ ધર્મનો એક પંથ. તે લગભગ ૧૦મી સદીમાં શરૂ થયો હતો.

કાલચંપા [સં.] સ્ત્રી. ભાગલપુરની પશ્ચિમે ચાર માઇલ ઉપર પ્રાચીન કાળમાં આવેલી નગરીનું નામ.

કાલચારી [સં. કાલચારિન્] વિ. પોતાના ઠરાવેલા સમયે ચાલનાર.

કાલચિહ્ન [સં] ન. મોતની નિશાની.

કાલચિંતક [સં.] પું. જ્યોતિષી.

કાલચૂરી ન. એક જાતનું પક્ષી. તેની પીઠ કાળી હોય છે.

કાલચ્છેદકૃત [સં. કાલચ્છેદકૃત્] પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

કાલચ્છદી [સં.] પું. વિષ્ણુ.

કાલછર સ્ત્રી. રજપૂતની એક જાત.

કાલજ ન. કાળજું.

કાલજિત પું. (પુરાણ) લક્ષ્મણનો એ નામનો સેનાપતિ.

કાલજીરક [સં.] ન. શાહજીરૂં. તે રંગે કાળું હોવાથી કાલજીરક કહેવાય છે.

કાલજીર્ણું [સં.] વિ. સમયને લઈ ભાંગી તૂટી ગયેલ.

કાલજુઆરી પું. મોટો જુગારી.

કાલજ્ઞ ૧. [સં] પું. જોશી.
૨. પું. મુરઘો.
૩. વિ. સમયની યોગ્યાયોગ્યતાને જાણનાર.

કાલજ્ઞતા [સં.] સ્ત્રી. દેશકાળની ઓળખાણ.

કાલજ્ઞાન ૧. [સં.] ન. કાળ સંબંધી જ્ઞાન.
૨. ન. જ્યોતિષશાસ્ત્ર.
૩. ન. મૃત્યુજ્ઞાપક એક ચિહ્ન.

કાલજ્ઞાની ૧. [સં. કાલજ્ઞાનિન્] પું. શંકર.
૨. વિ. કાળને જાણનારૂં.

કાલજ્યેષ્ઠ [સં.] વિ. ઉમરમાં મોટું.

કાલજ્વર [સં.] પું. બંગાળ તરફ થતો મોત નિપજાવે એવો એક જાતનો તાવ. પુષ્કળ પાણીવાળા દેશમાં પુષ્કળ ભેજવાળી હવા અને એક પ્રકારનાં જંતુઓના વિષથી આ રોગ પ્રસરે છે. તેમાં દરદીની બરોળ એકદમ વધી જાય છે અને જઠરાગ્નિ મંદ પડે છે. શરીર એકદમ નબળું બની જઈ નખ અને ચામડીનો રંગ ઝાંખો કાળો પડી જાય છે. નાકમાંથી અને દાંતના પેઢામાંથી કોઈ કોઈ વખત લોહી નીકળે છે અને સંગ્રહણી કે પાંડુના દરદીની જેમ હાથ, પગ અને ચહેરા ઉપર સોજા દેખાય છે.

કાલટી ન. કેરલ દેશમાં પૂર્ણા નદીને કિનારે વૃષાદ્રિ પર્વત નજીક આવેલ એ નામનું એક ગામ; શશલી. તે શંકરાચાર્યની જન્મભૂમિ મનાય છે.

કાલટીન પું. કાળો માણસ.

કાલડી (કાલડ઼ી) ૧. સ્ત્રી. કાઠિયાવાડી ઘોડાની એક જાત.
૨. વિ. ગરીબ; કંગાલ.

કાલતરંગ [સં.] પું. વખતરૂપી મોજું.

કાલતાલ ૧. [સં.] પું. તમાલ વૃક્ષ.
૨. વિ. કાળા તાળવાવાળું.

કાલતિંદુક ૧. [સં.] ન. ખરાબ પીલુનું ઝાડ.
૨. ન. એરકોચલું.

કાલતીર્થ [સં.] ન. કોસલ દેશમાં આવેલું એ નામનું તીર્થ.

કાલતુષ્ટિ [સં.] સ્ત્રી. એક જાતનો સંતોષ; સમય આવશે ત્યારે આ વાત એની મેળે બનશે એમ માનીને રખાતો સંતોષ.

કાલતોયક [સં.] પું. મહાભારતમાં જણાવેલો એક પ્રાચીન દેશ.

કાલત્રય [સં.] પું. ત્રણે કાલ; ભૂત, ભવિષ્ય અને વર્તમાનનો સમૂહ.

કાલત્વ ૧. [સં.] ન. કાળાશ.
૨. ન. સમય; વખત.

કાલદ [સં.] પું. મહાભારતમાં જણાવેલા એક દેશ.

કાલદમન [સં.] ન. એ નામનું એક પુરાણ.

કાલદમની [સં.] સ્ત્રી. દુર્ગા દેવી.

કાલદંડ ૧. [સં.] પું. (જ્યોતિષ) અઠ્ઠાવીશ ઉપયોગમાંનો એક. તે ભય ઉપજાવે છે.
૨. પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ; સંગ્રામ. તેના દરેક ચરણમાં બે નગણ અને સોળ રગણ મળી ચોપન અક્ષર હોય છે.
૩. પું. મૃત્યુનો દંડ.

કાલદંતક ૧. [સં.] પું. એ નામનો એક નાગ.
૨. વિ. કાળા દાંતવાળું.

કાલદંષ્ટ્ર [સં.] પું. (પુરાણ) એ નામનો દૈત્ય.

કાલદા પું. (પુરાણ) એ નામનો એક દેવ.

કાલદાત્રી [સં.] સ્ત્રી. સ્વાહાનું એક નામ.

કાલદુમા ન. કાળી પૂંછડીવાળું એક જાતનું પક્ષી.

કાલદેવલ [સં.] પું. એ નામનો એક ઋષિ. તે શુદ્ધોધન રાજાનો શુભેચ્છક હતો. તેણે સિદ્ધાર્થનું જ્યોતિષ જોઈ ભવિષ્ય કહ્યું હતું.

કાલદોષ ૧. [સં.] પું. કાળવ્યુત્ક્રમ.
૨. પું. સમય વિરોધનો દોષ.

કાલદોષનિવારક [સં.] પું. વિષ્ણુ.

કાલધર્મ ૧. [સં.] પું. અવસાન; અંત; મૃત્યુ.
૨. પું. ઋતુ; મોસમ.
૩. પું. સમયને યોગ્ય એવો ધર્મ; કર્તવ્ય કર્મનો માર્ગ.
૪. પું. સમયનો સ્વભાવ; સમયનો નિયમ.

કાલધર્મપ્રવર્તક [સં.] પું વિષ્ણુ.

કાલધારણા [સં.] સ્ત્રી. વખત લંબાવવો તે.

કાલધ્વાન પું. (પિંગળ) ચૌદ અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં મગણ, મગણ, નગણ, યગણ, ગુરુ અને ગુરુ એમ ચૌદ અક્ષરો હોય છે. તેમાં છઠ્ઠા અક્ષર ઉપર વિસામો આવે છે.

કાલધ્વાંત જુઓ કાલધ્વાન.

કાલનર ૧. પું. (પુરાણ) એ નામનો એક રાજા. સોમવંશી યયાતિપુત્ર અનુરાજાનો પૌત્ર.
૨. [સં.] પું. (જ્યોતિષ) માણસના શરીરની આકૃતિ.

કાલનાથ ૧. [સં.] પું. કાલભૈરવ.
૨. પું. મહાદેવ.

કાલનાભ ૧. [સં.] પું. એ નામનો એક દાનવ.
૨. પું. હિરણ્યાક્ષ અસુરના એક પુત્રનું નામ.

કાલનાશક [સં.] પું. વિષ્ણુ.

કાલનિદ્રા ૧. [સં.] સ્ત્રી. ગાઢ ઊંઘ.
૨. સ્ત્રી. મોતની નિદ્રા; કાળનિદ્રા.

કાલનિધિ પું. શંકર.

કાલનિયોગ ૧. [સં.] પું. કાળે કરેલો નિયમ.
૨. પું. દેવાજ્ઞા; ઈશ્વરી હુકમ.
૩. પું. દૈવ.

કાલનિરુપણ ૧. [સં.] ન. કાલગણન વિદ્યા.
૨. ન. વખતની વ્યાખ્યા.
૩. ન. સાલવારી.

કાલનિર્ણય [સં.] પું. વખતનો નિર્ણય કરવો તે.

કાલનિર્બંધ [સં.] પું. અવધિબાધ; કાળનો અંકુશ; વખતની મર્યાદા.

કાલનિર્યાસ [સં.] પું. રાળ જેવો એક સુગંધી પદાર્થ; ગૂગળ.

કાલનિશા ૧. [સં.] સ્ત્રી. અત્યંત કાળી રાત; અંધારી ભયાનક રાત.
૨. સ્ત્રી. દિવાળીની રાત.

કાલનેમિ ૧. [સં.] પું. (પુરાણ) એક દાનવ. તેણે દેવતાઓને હરાવી સ્વર્ગ ઉપર પોતાનો અધિકાર ચલાવ્યો હતો. તે પોતાના શરીરના ચાર ભાગ કરી બધું કાર્ય કરતો હતો. અંતમાં તે વિષ્ણુના હાથે મરાયો અને બીજા ભવમાં કંસ થયો.
૨. પું. કપટ.
૩. પું. (પુરાણ) લંકાનો એક રાક્ષસ; રાવણનો મામો. યુદ્ધમાં લક્ષ્મણ મૂર્ચ્છિત થયો અને દ્રોણાચળ પર્વત ઉપરથી ઔષધિ લાવવાને મારુતિ જતો હતો ત્યારે તેનો નિરોધ કરવાને રાવણે આને મોકલ્યો હતો. એ ઋષિનો વેશ ધારણ કરીને રસ્તામાં બેઠો હતો. મારુતિ ત્યાં

પાણી પીવાને થોભ્યો. કાલનેમિએ હનુમાનને જમવાનું આમંત્રણ આપ્યું. તે નહિ સ્વીકારતાં તે નાહવા ગયો. પાણીના ખાબોચિયામાં પગ મૂકતાં એક મગર તેનો પગ ગળવા લાગી. હનુમાને મગરને પાણી બહાર ખેંચી મારી નાખી. કાલનેમિનું કપટ રૂપ તરત જ કળી જઈ બિલકુલ ખોટી નહિ થતાં એને મારી પોતે ઔષધિ લેવા આગળ ગયો.

૪. પું. વખતરૂપી ચક્રનો આરો.

૫. પું. હિરણ્યકશિપુનો એ નામનો પુત્ર.

કાલનેમિરિપુ ૧. [સં.] પું. કૃષ્ણ.

૨. પું. વિષ્ણુ.

કાલનેમિશિરચ્છેદી [સં. કાલનેમિશિરચ્છેદિન્] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

કાલનેમિહર ૧. [સં.] પું. કૃષ્ણ.

૨. પું. વિષ્ણુ.

કાલનેમિહા [સં.] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.

કાલનેમ્યરિ ૧. [સં.] પું. કૃષ્ણ.

૨. પું. વિષ્ણુ.

કાલપ ૧. સ્ત્રી. કાળાશ.

૨. સ્ત્રી. મેશ.

કાલપક્ષ [સં.] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

કાલપણ ન. કાલું કાલું બોલવાની ટેવ.

કાલપથ [સં.] પું. વિશ્વામિત્રનો એ નામનો પુત્ર.

કાલપરમાણુ પું. (જૈન) સૂક્ષ્મમાં સૂક્ષ્મ વખત.

કાલપરિચ્છેદ ૧. [સં.] પું. કાળથી મર્યાદિત હોવાપણું.

૨. પું. (વેદાંત) પ્રાગભાવનું તથા પ્રધ્વંસાભાવનું પ્રતિયોગીપણું. જેમકે ઘડાનો પોતાની ઉત્પત્તિથી પૂર્વે કાચલામાં પ્રાગભાવ રહેલો છે, તથા નાશ પછી કાચલામાં પ્રધ્વંસાભાવ રહેલો છે. તે બંને અભાવનું પ્રતિયોગીપણું જે ઘટમાં રહેલું છે તે કાલપરિચ્છેદ છે.

૩. પું. સમયનો વિભાગ.

કાલપરિપાક [સં.] પું. સમયનું ભરાઈ જવું તે; વખતનું આવી લાગવાપણું.

કાલપરિહીન ન. વિલંબ; ઢીલ.

કાલપર્ણ [સં.] ન. કાળાં પાંદડાંવાળું ઝાડ.

કાલપર્ણિકા સ્ત્રી. કાળું નસોતર.

કાલપર્ણી જુઓ કાલપર્ણિકા.

કાલપર્યાય પું. (જૈન) મોતને વખતે કરવાનો સંલેખના વિધિ.

કાલપર્વત [સં.] પું. ત્રિકૂટ પર્વતની પાસેનો તે નામનો એક પર્વત.

કાલપર્વતક પું. એક જાતનો સુગંધી પદાર્થ. તે દેખાવમાં સુંદર હોય છે.

કાલપા પું. (બૌદ્ધ) ચોરાશી માંહેનો એ નામનો એક સિદ્ધ.

કાલપાશ ૧. પું. ભયંકર અસ્ત્ર.

૨. [સં. કાલ (યમ) + પાશ (ફાંસો)] પું. મૃત્યુપાશ; યમનો ફાંસો.

૩. પું. સમયનું બંધન.

કાલપાશિક [સં.] પું. ફાંસી આપનાર માણસ.

કાલપાસ પું. ધ્રાસકો.

કાલપાહ જુઓ કાલપાસ.

કાલપિલુક ન. ઝેરકોચલું.

કાલપીલુ [સં.] ન. એક જાતનું ખરાબ પીલુ.

કાલપુચ્છ ૧. [સં.] પું. ચકલો.

૨. પું. શાહમૃગ.

૩. વિ. કાળા પૂંછડાવાળું.

કાલપુરુષ ૧. [સં.] પું. ઈશ્વરનું વિરાટ સ્વરૂપ.

૨. પું. કાલ; યમરાજ.

૩. પું. ગગનમંડળમાં રહેલ પુરુષાકાર એક વાયુચક્ર.

૪. પું. જ્યોતિષશાસ્ત્ર.

૫. પું. (જૈન) પુરુષવેદ નામના કર્મનો અનુભવ કરનાર માણસ.

૬. પું. યમદૂત.

કાલપુરુષમંડળ ન. (જ્યોતિષ) મૃગ નક્ષત્ર.

કાલપૃષ્ઠ ૧. [સં.] પું. એક જાતનો મૃગ. તેની પીઠ કાળી હોય છે.

૨. પું. ક્રૌંચ પક્ષી.

૩. ન. કર્ણનું ધનુષ્ય.

૪. ન. ધનુષ્ય.

કાલપેષિકા [સં.] સ્ત્રી. કાળું જીરું.

કાલપેષી ૧. [સં.] સ્ત્રી. કાળું જીરું.

૨. સ્ત્રી. શ્યામા લતા.

કાલપોટ્યા પું. કાળી છાતીવાળું પક્ષી.

કાલપ્રતિલેખના સ્ત્રી. (જૈન) વખતનું નિરીક્ષણ; જે વખતે જે કામ કરવા શાસ્ત્રમાં બતાવ્યું હોય તે બાબતમાં સાવધ રહેવાપણું.

કાલપ્રભાત [સં.] ન. શરદ ઋતુ.

કાલપ્રમાણ [સં.] ન. વખતનું પ્રમાણ.

કાલપ્રમેહ [સં.] પું. (વૈદ્યક) એક જાતનો પ્રમેહનો રોગ. તેમાં કાળો પેશાબ આવે છે. સુશ્રુતમાં આને અમ્લપ્રમેહ લખેલ છે.

કાલપ્રરૂઢ ૧. [સં.] વિ. અતિશય પક્વ.

૨. વિ. અત્યંત પ્રફુલ્લ.

કાલપ્રવૃત્તિ [સં.] સ્ત્રી. સમયની પ્રવૃત્તિ.

કાલપ્રેરિત [સં.] વિ. સમયથી પ્રેરાયેલું.

કાલફો પું. દેશી રાચ તૈયાર કરવા માટે તેની ઊંડાઈના માપનું બનાવેલું પાટિયું.

કાલબદ્ધ ન. શાકત મત પ્રમાણે વિશ્વનું એક રૂપ.

કાલબલ ન. જમાનાનો પ્રભાવ; યુગમહિમા; સમયનું પ્રાબલ્ય.

કાલબલન [સં.] ન. બખ્તર.

કાલબવિ ન. એ નામનું એક બ્રાહ્મણ.

કાલબંજર પું. લાંબા વખત સુધી ઉજ્જડ રહેલો દેશ.

કાલબંદ પું. એ નામની એક વનસ્પતિ. તેમાંથી એળિયો થાય છે.

કાલબંધ જુઓ કાલપાશ.

કાલબાય પું. ચાકર.

કાલબાહ્ય [સં.] વિ. સમય બહારનું.

કાલબિરોધ પું. વખતની ગણતરીમાં ચૂક.

કાલબુત વિ. કારણભૂત.

કાલબુદ [ફા.] પું. મનુષ્યદેહ; શરીર.

કાલબૂટ ૧. [ફા. કાલ્બુત (શરીરનું ખોખું)] ન. ઓઠું; પાયો; મૂળ.

૨. ન. ઘાટ; બીબું.

૩. ન. જોડાની અંદર ઠોકવાનું પગના ઘાટનું લાકડું.

૪. ન. માટીનું પૂતળું.

૫. ન. મૂર્ખ.

કાલબૂત જુઓ કાલબૂટ.

કાલભક્ષ [સં.] પું. શંકર.

કાલભાતી [સં.] પું. કાળના જેવી કાંતિવાળો પુરુષ; ડરામણો પુરુષ.

કાલભાથી વિ. વિકરાળ; બિહામણું.

કાલભિંદુક ન. ઝેરકોચલું.

કાલભૂત [સં.] પું. સૂર્ય.

કાલભેદ [સં.] પું. સમયનો તફાવત.

કાલભૈરવ ૧. [સં.] પું. એ નામનો શંકરનો એક ગણ. તે કાશીનો ક્ષેત્રપાળ દેવ મનાય છે.

૨. પું. શંકર; શિવ.

૩. ન. એ નામનું એક તંત્ર.

કાલભૈરવજયંતી જુઓ કાલભૈરવાષ્ટમી.

કાલભૈરવાષ્ટમી [સં.] સ્ત્રી. માગશર વદિ આઠમ. કાલભૈરવની પૂજા કરી આ દિવસ ઊજવાય છે.

કાલભોજન [સં.] ન. બરાબર ભૂખ લાગે ત્યારે જમવાપણું.

કાલમ વિ. કાળું.

કાલમકાલ ૧. સ્ત્રી. કજિયો.

૨. સ્ત્રી. વાતચીત.

૩. સ્ત્રી. વાદવિવાદ; ચર્ચા.

કાલમયૂખ [સં.] પું. એ નામનો એક સ્મૃતિગ્રંથ.

કાલમર્યાદા ૧. [સં.] સ્ત્રી. અવધિ; મુદ્દત; હદ.

૨. સ્ત્રી. આવરદા; જિંદગી.

કાલમસી [સં.] સ્ત્રી. એ નામની એક નદી.

કામમહ્ડી સ્ત્રી. (પુરાણ) ભારતવર્ષની એ નામની એક નદી.

કાલમહોદધિ [સં.] પું. વખતરૂપી મહાન સાગર.

કાલમાધવ ન. ભારતવર્ષનું એ નામનું પીઠસ્થાન. અહીં સતીનો ડાબો નિતંબ પડ્યો હતો.

કાલમાન ૧. [સં.] સ્ત્રી. કાળી તુલસી.

૨. ન. ઋતુનું એટલે વાતાવરણનું આકલન કરવું તે.

૩. ન. ઘટીયંત્ર; ઘડિયાળ.

૪. ન. વખતનું માપ. ૩૬૦ દિવસ = ૧ વર્ષ (માનુષ), ૧૭,૨૮,૦૦૦ વર્ષ = કૃતયુગ, ૧૨,૯૬,૦૦૦ વર્ષ = ત્રેતાયુગ, ૮,૬૪,૦૦૦ વર્ષ = દ્વાપરયુગ, ૪,૩૨,૦૦૦ વર્ષ = કલિયુગ, ૪ યુગ = મહાયુગ એટલે ૪૩,૨૦,૦૦૦ વર્ષ, ૭૧ મહાયુગ = મન્વંતર એટલે ૩૦,૬૭,૨૦,૦૦૦ વર્ષ, ૧૪ મન્વંતર = કલ્પ, ૨ કલ્પ = ૫ દિવસ, ૩૬૦ દિવસ = ૧ વર્ષ, ૧૦૦ વર્ષ = મહાકલ્પ. આ ગણનામાં યુગસંખ્યા, મન્વંતરસંખ્યા તથા કલ્પસંખ્યા લીધેલી છે.

૫. ન. સંજોગોની યોગ્યાયોગ્યતાની ગણતરી.

કાલમાનવિદ્યા [સં.] સ્ત્રી. સૂર્યચંદ્રના ભ્રમણ પ્રમાણે કાળના વિભાગ પાડવાની રીત; કાલગણનાવિદ્યા.

કાલમાનવેત્તા [સં.] પું. કાલમાનવિદ્યામાં નિપુણ; કાલમાનશાસ્ત્રી; કાળક્રમનિર્ણાયક; ભૂતકાળના વૃત્તાંતની સાલ, તારીખ વગેરે નક્કી કરી ક્રમવાર ગોઠવનાર માણસ.

કાલમાનશાસ્ત્રી જુઓ કાલમાનવેત્તા.

કાલમાપક ૧. [સં.] ન. વખત માપવાનું યંત્ર; ઘડિયાળ.

૨. વિ. સમયને માપે એવું.

કાલમાપકયંત્ર [સં.] ન. ઘટિકાયંત્ર; ઘડિયાળ.

કાલમાસ [સં.] પું. મરણનો સમય.

કાલમાસિની સ્ત્રી. સુવાવડ નજીક હોય એવી ગર્ભવંતી સ્ત્રી.

કાલમુક સ્ત્રી. અર્વાચીન અઠ્ઠાવન લિપિ માંહેની એ નામની એક.

કાલમુખ ૧. પું. એ નામનો એક રાક્ષસ.

૨. પું. એક જાતનો શૈવસંપ્રદાય. આ પંથના લોકો શિવને ભૈરવ તરીકે પૂજે છે, ખોપરીમાં ખોરાક ખાય છે, મરી ગયેલા શરીરની રાખ ચોળે છે, રાખ ખાય છે, દંડ ધારણ કરે છે, દારૂનું પાત્ર હાથમાં રાખે છે અને ભૈરવની પ્રાર્થના કરે છે. કોઈક વાર તેમને કાપાલિક સાથે ભૂલી જવાય છે. તેઓ કાંડામાં તથા જટામાં રુદ્રાક્ષની માળા પહેરે છે. રામાનુજ તેમને મહાવ્રતી કહે છે, કેમકે તેઓએ મનુષ્યની ખોપરીમાં ખાવાનું મહાવ્રત લીધું હોય છે.

૩. ન. એક જાતનું વાંદરૂં.

૪. વિ. કાળા મોંવાળું.

કાલમુખીયોગ પું. (જ્યોતિષ) પાંચમે મઘા, ચોથે ઉત્તરા, નોમે કૃત્તિકા, ત્રીજે અનુરાધા અને આઠમે રોહિણી નક્ષત્ર હોય એવો યોગ.

કાલમુખું ૧. વિ. અપશુકનિયાળ.

૨. વિ. કાળા મોંવાળું.

કાલમુહા ૧. સ્ત્રી. રજપૂતની એ નામની એક જાતિ.

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

૪. વિ. કાળા મોઢાવાળું.

કાલમુહું જુઓ કાલમુખું.

કાલમૂત્ર [સં.] પું. કાળા રંગનો પેશાબ ઊતરવાનો રોગ.

કાલમૂલ [સં.] ન. ચિત્રકનું ઝાડ.

કાલમૃગ [સં.] પું. એક જાતનું કાળું હરણ.

કાલમેખલા [સં.] સ્ત્રી. દ્રાક્ષ.

કાલમેઘ સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તે કરિયાતાને મળતી છે અને કફ, પિત્ત તથા તાવનો નાશ કરે છે.

કાલમેઘા સ્ત્રી. આંબાની એક સારી જાત.

કાલમેષિકા જુઓ કાલમેષી.

કાલમેષી ૧. [સં.] સ્ત્રી. કાળું નસોતર.

૨. સ્ત્રી. બાવચી.

૩. સ્ત્રી. મજીઠ.

૪. સ્ત્રી. શાહજીરૂં.

કાલમેહ જુઓ કાલમૂત્ર.

કાલયવન પું. (પુરાણ) એ નામનો યવન રાજા. કોઈ યવન રાજાએ યાદવોના પરાભવ સારૂ પોતાની સ્ત્રીની કૂખે ગર્ગ મુનિ પાસે તેને ઉત્પન્ન કરાવેલો હતો. તે મોટો પ્રતાપી અને યાદવોથી જિતાય નહિ એવો હતો. તેણે યાદવો ઉપર ચડાઈ કરી અને ભયંકર સંગ્રામ થયો. કૃષ્ણને લાગ્યું કે આનો પરાજય થાય એમ નથી. તેથી તેણે તેને યુક્તિથી મારવાનો વિચાર કર્યો. યુદ્ધમાંથી પોતે નાસવાનો ઢોંગ કરીને તે દોડ્યા. કાલયવન શસ્ત્ર લઈને તેની પાછળ દોડ્યો. એમ દોડતાં દોડતાં કૃષ્ણે પોતે પર્વતની જે ગુફામાં મુચકુંદ રાજા ઊંઘતો હતો તેમાં જઈ પોતાનું ઉત્તરીય મુચકુંદ રાજાને ઓઢાડી પોતે ગુફાના અંધારા ભાગમાં લપાઈને શું થાય છે તે જોવા ઊભા. કાલયવને ત્યાં આવીને કૃષ્ણ ઢોંગ કરીને સૂતા છે એમ માનીને લાત મારી. મુચકુંદ જાગી ઊઠ્યા. એમણે આંખ ઉઘાડી અને કાલયવન ઊભો હતો તેના સામું ક્રોધ ભરેલી દૃષ્ટિથી જોયું. મુચકુંદના કોપાગ્નિથી કાલયવન તરત જ બળીને ભસ્મ થઈ ગયો. પછી કૃષ્ણ અને મુચકુંદ મળ્યા. ત્યાર બાદ મુચકુંદ ઉત્તરમાં ચાલ્યો ગયો અને કૃષ્ણ દ્વારકા પાછા આવ્યા.

કાલયુક્ત ૧. [સં.] પું. પ્રભવથી બાવનમો સંવત્સર.

૨. વિ. મૃત્યુથી જોડાયેલું; મરણાધીન.

કાલયુક્તાક્ષિ [સં.] પું. એ નામનો એક સંવત્સર.

કાલયોગ ૧. [સં.] પું. કાળનો સંબંધ.

૨. પું. ભવિષ્ય.

કાલયોગી ૧. [સં. કાલયોગિન્] પું. શંકર.

૨. વિ. કાળના સંબંધવાળું.

કાલર ૧. પું. કોટ, ખમીસ કે પહેરણની પટ્ટી.

૨. [અં. કૉલર] પું. ગળે બાંધવાનો પટ્ટો.

૩. સ્ત્રી. કડબની નાની ગંજી.

કાલરા પું. કોગળિયું.

કાલરાત્રિ ૧. [સં.] સ્ત્રી. આસો વદિ ચૌદશની રાત. ત્યારે દક્ષ પ્રજાપતિને ત્યાં સતી દહન થયાં હતાં.

૨. સ્ત્રી. ઘોર અંધારી રાત.

૩. સ્ત્રી. દિવાળીની રાત.

૪. સ્ત્રી. દુર્ગા દેવીની એક મૂર્તિ.

૫. સ્ત્રી. પાર્વતીની એક શક્તિ.

૬. સ્ત્રી. પ્રલયકાળની રાત.

૭. સ્ત્રી. બાસઠ તેજસ્તત્ત્વ દેવતામાંની એક.

૮. સ્ત્રી. બ્રહ્માની રાત.

૯. સ્ત્રી. મહાકાળીના જન્મની રાત.

૧૦. સ્ત્રી. માણસની જિંદગીના સત્તોતેરમા વર્ષના સાતમા મહિનાના સાતમા દિવસની રાત.

૧૧. સ્ત્રી. મૃત્યુની રાત.

૧૨. સ્ત્રી. યમરાજાની બહેન.

૧૩. સ્ત્રી. (જ્યોતિષ) રાત્રિનો એક ભાગ. તેમાં કોઈ કાર્યનો આરંભ કરવાનો નિષેધ માનેલો છે.

કાલરાશિ [સં.] પું. ભૂતકાળ.

કાલરિયા ૧. સ્ત્રી. આહીર અને કણબીની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કાલરી સ્ત્રી. એક ચોરસ કટકામાં ઘાસનો ઢગલો; ઘાસની ચોખંડી ગંજી.

કાલરુદ્ર [સં.] પું. કાળરૂપ એક રુદ્ર દેવ.

કાલરૂપ [સં.] પું. એક ઋષિનું નામ.

કાલરૂપા [સં.] સ્ત્રી. ભયંકર સ્વરૂપવાળી દેવી.

કાલરૂં ૧. ન. ગંજી.

૨. ન. તરબૂચ.

૩. ન. હરણ.

કાલરૌરવયોગ [સં.] પું. (જ્યોતિષ) એક યોગનું નામ. પખવાડિયાના ૧૩ દિવસ હોય ત્યારે આ યોગ થાય છે. મહાભારતના યુદ્ધ સમયે અને સને ૧૯૧૪ના યરપીય મહાન વિગ્રહ વખતે આ યોગ થયો હતો.

કાલર્યે પું. ખેતરના પાકનો બગાડ કરે તેવો રોપો.

કાલલક્ષણ [સં.] પું. વિષ્ણુ.

કાલલક્ષણહેતુ [સં.] પું. પુરુષોત્તમનાં હજાર નામ માંહેનું એક.

કાલલવણ [સં.] ન. બીડલવણ; સંચળ.

કાલલોચન ૧. [સં.] પું. દાનવનો એક ભેદ.

૨. વિ. કાળાં નેત્રવાળું.

કાલલોહ [સં.] ન. કાળું લોઢું.

કાલલૌહ જુઓ કાલલોહ.

કાલવ ન. (જ્યોતિષ) બાર કરણ માંહેનું એ નામનું એક.

કાલવણી સ્ત્રી. ભેગ; ભેળ; મિશ્રણ; મેળવણી.

કાલવધ પું. (પુરાણ) એક બ્રહ્મર્ષિનું નામ.

કાલવર્ણ [સં.] પું. કાળો રંગ.

કાલવર્મ પું. (પિંગળ) અગિયાર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં નગણ, ભગણ, જગણ, ૧ ગુરુ અને ૧ લઘુ મળી ૧૧ વર્ણ હોય છે.

કાલવવું સ. ક્રિ. મિશ્ર કરવું; મેળવવું.

કાલવશાત્ [સં.] અ. કાળને લઈને; સંજોગવશાત્.

કાલવહન [સં.] ન. વખતનું જવાપણું.

કાલવા સ્ત્રી. નદી; નહેર.

કાલવાચક [સં.] વિ. સમયનું જ્ઞાન કરાવનાર.

કાલવાચી [સં.] વિ. સમયનું જ્ઞાન કરાવનાર.

કાલવાદ પું. વૈશેષિક શાસ્ત્રમાં જણાવેલ એક મતનું નામ.

કાલવાદી [સં. કાલવાદિન્] વિ. જગતને કાળકૃત માનનાર.

કાલવાર ૧. [સં. કાલવારિ] પું. કલાલ.

૨. ન. કાળરૂપી પાણી.

કાલવાવું ૧. અ. ક્રિ. હારી નાખવું.

૨. અ. ક્રિ. રાખ કરી નાખવું.

કાલવિપર્યાસ [સં.] પું. કાલક્રમદોષ; સમયની ગણતરીમાં થતી ભૂલ.

કાલવિપાક [સં.] પું. કોઈ કામ પૂરું થવાની અવધિ; મુદ્દત પાકવી તે.

કાલવિરોધ જુઓ કાલવિપર્યાસ.

કાલવિવર્ત પું. કાલનું ફરવું તે; કાલનું બદલાવું તે.

કાલવિશેષ પું. (કાવ્ય) વ્યંજકનો એક પ્રકાર.

કાલવીર્ય પું. (પુરાણ) એક અસુરનું નામ.

કાલવૃદ્ધિ ૧. [સં.] સ્ત્રી. અમુક વખતને અંતરે ભરાતું વ્યાજ.

૨. સ્ત્રી. દર મહિને ઠરાવેલું વ્યાજ.

કાલવેગ પું. (પુરાણ) એ નામનો એક સર્પ. તે ઘણો કાળો અને ઝેરી હોય છે.

કાલવેત્તા [સં.] પું. જોષી; ભવિષ્યવેત્તા.

કાલવેલા ૧. [સં.] સ્ત્રી. (જ્યોતિષ) એક યોગનું નામ. તે વખતે કોઈ પણ કાર્ય કરવાનો નિષેધ છે.

૨. સ્ત્રી. રવિ વગેરે વારના રાત્રિદિવસમાં એક અર્ધો પ્રહર.

કાલવ્યત્યય પું. પસાર થઈ ગયેલો સમય; વીતી ગયેલો સમય.

કાલવ્યુત્ક્રમ [સં.] પું. કાલક્રમદોષ; ખામી ભરેલું સમયનિરૂપણ.

કાલવ્યૂહ [સં.] પું. નવ વ્યૂહમાંનો એક.

કાલશાક ૧. [સં.] પું. એક પ્રકારનો છોડવો. તે પાણીમાં થાય છે. ગુણપાટ બનાવવા માટે એના રેસા ઉત્તમ ગણાય છે.

૨. ન. એ નામનું એક શાક.

કાલશિખ પું. (પુરાણ) એક બ્રહ્મર્ષિનું નામ.

કાલશૈલ [સં.] પું. એ નામનો એક પર્વત.

કાલસદૃશ [સં.] વિ. યોગ્ય સમયનું; સમય પ્રમાણેનું.

કાલસર્પ ૧. [સં.] પું. કાળો સર્પ.

૨. પું. ઘણો ઝેરી સાપ.

કાલસંકર્ષા [સં.] સ્ત્રી. મહોત્સવમાં દુર્ગાનો પાઠ ભજવતી નવ વરસની છોકરી.

કાલસંગતિ [સં.] સ્ત્રી. સમયનું બરાબર બંધબેસતું આવવાપણું.

કાલસંધિ [સં.] પું. નવયુગની જ્યાંથી શરૂઆત થાય છે તે સમય.

કાલસંપન્ન [સં.] વિ. તારીખવાળું.

કાલસાક્ષી [સં.] પું. પુરુષોત્તમનાં હજાર નામ માંહેનું એક.

કાલસાધન [સં.] ન. સૂર્યની છાયા ઉપરથી, અથવા સૂર્યોદય, સૂર્યાસ્ત કે કોઈ પણ આકાશીય પદાર્થની સ્થિતિ ઉપરથી સમય નક્કી કરવો તે.

કાલસાધના [સં.] સ્ત્રી. વખત જાણવો તે.

કાલસામર્થ્યદાતા [સં.] પું. પુરુષોત્તમનાં હજાર નામ માંહેનું એક.

કાલસાર ૧. [સં.] પું. કાળિયાર.

૨. ન. પીળું ચંદન.

કાલસારોદ્ધત પું. (પિંગળ) અત્યષ્ટિની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેમાં જગણ, તગણ, જગણ, સગણ, યગણ, ૧ લઘુ અને ૧ ગુરુ મળી ૧૭ વર્ણ હોય છે.

કાલસાહ્વય [સં.] ન. એ નામનું એક નરક.

કાલસિદ્ધ [સં.] વિ. કાળની કસોટીએ ચડી ઊતરેલું; સમયની કસોટીમાંથી પસાર થઈ યોગ્ય નીવડેલું.

કાલસિરા પું. કાળા માથાનું પક્ષી.

કાલસિંધુ ૧. [સં.] પું. કાળરૂપી સમુદ્ર.

૨. પું. વખતરૂપી દરિયો.

કાલસીફરસ પું. એક જાતનો પથ્થર.

કાલસૂક્ત [સં.] ન. એક વૈદિક સૂક્તનું નામ.

કાલસૂત્ર ૧. [સં.] ન. એકવીસ નરક માંહેનું એકનું નામ; જમપુરીમાંનો પાંચમો નર્કનો કુંડ. તેમાં દશ સહસ્ર યોજન વિસ્તારના તાંબાનાં પતરાંની નીચે ધગધગતો દેવતા હોવાથી એ પતરૂં હમેશા તપેલું જ હોય છે. જે પ્રાણી માતા, પિતા અને બ્રાહ્મણનો દ્રોહ કરે છે તેને યમદૂતો આ પતરા ઉપર ઊભા રાખી યાતના આપે છે એમ મનાય છે.

૨. ન. મૃત્યુની દોરી.

કાલસૂત્રક જુઓ કાલસૂત્ર.

કાલસૂત્રકુંડ [સં.] પું. એ નામનો ૮૬ નરક માંહેનો એક. તે ગરમ પાણીથી ભરેલો મનાય છે.

કાલસૂર્ય [સં.] પું. કલ્પાંત સમયનો સૂર્ય.

કાલસેન [સં.] પું. (પુરાણ) એ નામનો એક અંત્યજ. તેણે હરિશ્ચંદ્ર રાજાને વેચાતો લીધો હતો.

કાલસ્કંદ [સં.] પું. તમાલવૃક્ષ.

કાલસ્કંધ ૧. [સં.] પું. ઉંબરાનું ઝાડ.

૨. પું. એક જાતના ખેરનું ઝાડ.

૩. પું. જીવકવૃક્ષ.

૪. પું. ટીંબરૂં.

૫. પું. તમાલવૃક્ષ.

૬. પું. તિંદુકવૃક્ષ.

૭. પું. સમયનો અમુક ભાગ.

કાલસ્થાલી ૧. [સં.] સ્ત્રી. કાંકચ.

૨. સ્ત્રી. વેલપાટલાનું ઝાડ.

કાલસ્થિતિ ૧. [સં.] સ્ત્રી. આયુષ્ય.

૨. સ્ત્રી. કાળપરિમિત સ્થિતિ.

કાલસ્યકારણ [સં.] પું. વિષ્ણુ.

કાલસ્યકાલ [સં.] પું. વિષ્ણુ.

કાલસ્વર પું. એ નામનો દાનવ.

કાલસ્વરૂપ [સં.] વિ. મૃત્યુ જેવું ભયંકર.

કાલહર ૧. [સં.] પું. શિવ.

૨. વિ. સમય ગાળનાર.

કાલહરણ [સં.] ન. ઢીલ; વખતનો ભોગ; વિલંબ.

કાલહસ્તી ન. આર્કટ જિલ્લામાં સુવર્ણમુખરી નદી ઉપર આવેલું એક પ્રાચીન યાત્રાનું સ્થળ. ત્યાંના મોટા દેવળમાં મહાદેવના વાયુસ્વરૂપની મૂર્તિ આવેલી હતી. આ મૂર્તિ ભૌતિક સ્વયંભૂ મનાતી. આ લિંગનું નામ ઊર્ણનાભ મહાદેવ હતું. તે ઉપરથી ગામનું નામ કાલહસ્તી છે.

કાલહા પું. શિવનાં હજાર નામ માંહેનું એક.

કાલહાનિ [સં.] સ્ત્રી. વાર લગાડવી તે; વિલંબ.

કાલહિ સ્ત્રી. ગઈ અથવા આવતી કાલ.

કાલહુ જુઓ કાલહિ.

કાલહોરા [સં.] સ્ત્રી. (જ્યોતિષ) એક પ્રકારનો સમય.

કાલંક્તક [સં.] પું. કાસમર્દ; કાસૂંદ્રો.

કાલંગડાં (કાલંગડાં) ન. બ. વ. કારેલાં.

કાલંગડો (કાલંગડો) ૧. પું. (સંગીત) એક સંપૂર્ણ જાતિ રાગ. તેમાં સાત સ્વરો આવે છે. રિ, ધ કોમળ છે. તેમાં ગ્રહસ્વર ગ, વાદીસ્વર મ, સંવાદીસ્વર તિ અને ન્યાસસ્વર મ છે. ગાવાનો સમય રાત્રીનો ત્રીજો પહોર છે. તે શૃંગાર અને હાસ્ય રસ ઉત્પન્ન કરે છે. મધ્યમ ચંચળ પ્રકૃતિવાળો છે.

૨. પું. (સંગીત) બત્રીશ માંહેનો સાતમો થાટ.

કાલંગમા સ્ત્રી. દુર્ગા દેવી.

કાલંજર ૧. [સં.] પું. એક ભૈરવનું નામ.

૨. પું. ધાર્મિક સાધુઓની સભા. તેઓને મળવાની એક જગ્યા કાલિંજર હતી તે ઉપરથી આ શબ્દ નીકળેલ છે.

૩. પું. મેરુકર્ણિકા પર્વત માંહેનો એક પર્વત.

૪. પું. યોગી.

૫. પું. વૈદિક સમયનો ચેદિની દક્ષિણે આવેલ હિંદુસ્તાનનો એક પ્રદેશ.

૬. પું. શિવ.

૭. ન. બુંદેલખંડના બંદા જિલ્લામાં આવેલ કાલિંજરનું પ્રાચીન નામ. ચંડોલા રાજાઓના સમયમાં કાલંજર બુંદેલખંડની રાજધાની હતું. એમાં નીલકંઠ મહાદેવનું દેવળ આવ્યું હતું. ત્યાંના કિલ્લામાં મુંડમાળાઓ અને સર્પોભૂષણ ધારણ કરેલી કાળભૈરવની મોટી અને અષ્ટાદશ ભુજાવાળી મૂર્તિ પણ છે. અહીં હિરણ્યબિંદ નામે તીર્થ પણ છે.

કાલંજરી [સં.] સ્ત્રી. દુર્ગા; ચંડિકા દેવી.

કાલંદરી સ્ત્રી. જમના નદી; યમુના.

કાલંદ્રી જુઓ કાલંદરી.

કાલંબર ન. સીધું ઊગનારૂં ઝાડ.

કાલંબા ન. કલંભો નામે વનસ્પતિ.

કાલંબી પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ.

કાલા ૧. પું. (પિંગળ) એક માત્રામેળ છંદ. આ છંદ ત્રિભંગ છંદનો એક ભેદ છે. તેમાં ૧૦૮ લઘુ અને ૧૦ ગુરુ મળી ૧૧૮ માત્રા છે.

૨. પું. કાળું નસોતર.

૩. પું. કાળો નાગ.

૪. પું. કૃષ્ણનું એક નામ.

૫. [ફા.] પું. રાચરચીલું.

૬. પું. વખત.

૭. પું. સિપાઈ.

૮. સ્ત્રી. અશ્વગંધા; આસંધ.

૯. સ્ત્રી. અંધારિયું; વદિ.

૧૦. સ્ત્રી. એ નામની દક્ષ પ્રજાપતિની એક કન્યા.

૧૧. સ્ત્રી. એ નામની હાફૂસ કેરીની એક જાત. તેની છાલ ઘેરી લીલી છે. રસ કેસરિયો હોય છે. તેમાં રેસો હોતો નથી. તે સુગંધીદાર અને સ્વાદિષ્ઠ છે.

૧૨. સ્ત્રી. કશ્યપ ઋષિની સ્ત્રીનું નામ. એને ચાર પુત્રો હતા. એ બધા કાલકેય કહેવાતા.

૧૩. સ્ત્રી. કાળીજીરી.

૧૪. સ્ત્રી. નીલી નામની વનસ્પતિ.

૧૫. સ્ત્રી. પાડલ વનસ્પતિ.

૧૬. સ્ત્રી. પાર્વતીની એક શક્તિ.

૧૭. સ્ત્રી. મજીઠ.

૧૮. વિ. કલુષિત; ખૂરૂં.

૧૯. વિ. કાળું.

૨૦. વિ. મોટું.

કાલાઆઝાર પું. એક જાતનો રોગ. આ રોગ માંકડથી ફેલાય એવી માન્યતા છે.

કાલાઆમ ન. પાણીપતના મેદાનનું એક નામ.

કાલાકદૃ ન. એ નામનું એક સુંદર ઝાડ; ભોરસાલ.

કાલાકંદ સ્ત્રી. બંગાળાના આંબાની એક ઊંચી જાત.

કાલાકીકર પું. તલ્લાવળિયો.

કાલાકુડા (કાલાકુડા) ન. ઇંદ્રજવ; કડો.

કાલાકેડા (કાલાકેડા) જુઓ કાલકુડા.

કાલાકોયલા વિ. બહુ જ કાળું; મશ જેવું કાળું.

કાલાક્ષરી વિ. ઘણું વિદ્વાન.

કાલાગરુ [સં.] પું. કાળું અગરુ; કૃષ્ણચંદન.

કાલાગુરુ જુઓ કાલાગરુ.

કાલાગૃહ [સં. કારાગૃહ] ન. જેલ; તુરંગ; બંદીખાનું.

કાલાગ્નિ ૧. [સં.] પું. પ્રલયાગ્નિ. તેનો અધિષ્ઠાતા રુદ્ર મનાય છે.

૨. પું. પંચમુખી રુદ્રાક્ષ.

કાલાગ્નિભૈરવતંત્ર ન. આઠ ભૈરવતંત્ર માંહેનું એક.

કાલાંગ્નિભૈરવરસ [સં.] પું. જ્વર માટે રસની એક બનાવટ. તે બનાવવા પારદ તોલો ૧ અને ગંધક તોલા ૨ બંનેની કજ્જલી કરી

ગોખરુના ક્વાથની ભાવના દઈ તેની બરોબર તામ્રભસ્મ અને તામ્રના આઠમા ભાગનો શુદ્ધ વછનાગ, હિંગુળ તોલો ૧, ધતૂરાનાં બી તોલા ૨, હરતાલ તોલા ૫, મનઃશિલ તોલા ૩, ટંકણ તોલા ૩, ખાવરિયું તોલા ૩, નેપાળાનાં બી તોલા ૩, સુવર્ણમાક્ષિકભસ્મ તોલા ૩, લોહભસ્મ તોલો ૧ અને બંગભસ્મ તોલો ૧ એ બધાંને આકડાના દૂધની તેમ જ દશમૂળના તથા પંચમૂળના ક્વાથની અનુક્રમે એકેક પહોર ભાવના આપીને એકેક રતીની ગોળી કરવી.

કાલાગ્નિરસ [સં.] પું. ભગંદર માટે રસની એક બનાવટ. તે બનાવવા શુદ્ધ પારદ, શુદ્ધ ગંધક, સીસાની ભસ્મ, શુદ્ધ મોરથૂથુ, જીરૂં, સિંધાલૂણ એ બધાં સરખે ભાગે લઈ તેને કડવી ઘીસોડીનાં પાનના રસમાં વાટીને લેપ કરવાથી તથા બબ્બે રતીની માત્રા ખાવાથી ભગંદર મટે છે.

કાલાગ્નિરુદ્ર ૧. [સં.] પું. પ્રલયાગ્નિ સમાન રુદ્ર દેવ.

૨. પું. મહાદેવ.

૩. ન. એ નામની એક ઉપનિષદ.

કાલાગ્નિરુદ્રરસ [સં.] પું. વિસર્પ માટે રસની એક બનાવટ. તે બનાવવા પારદ, કાંતલોહ, અભ્રક, ગજવેલ અને માક્ષિક તથા ગંધક બધાં સરખા વજને લઈ વાંઝિયા કંટોલાના કંદમાં ખાડો કરી તેમાં ભરી ઉપર કપડમટ્ટી કરીને ભૂધરયંત્રમાં પકવવું. સ્વાંગ શીત થયે કાઢી લઈ વસ્ત્રગાળ ચૂર્ણ કરી તેમાં એ ચૂર્ણથી દશમા ભાગનો શુદ્ધ વછનાગ મેળવવો. તેનું અનુપાન પીપર અને મધ છે.

કાલાગ્નિરુદ્રોપનિષદ સ્ત્રી. એકસો અઢાર માંહેની એ નામની એક ઉપનિષદ. તેમાં જણાવ્યું છે કે, એક વખત ભગવાન કાલાગ્નિરુદ્રને શ્રી સનત્કુમારે પૂછ્યું કે, "હે ભગવન્, ત્રિપુંડ્રવિધિનું વાસ્તવરૂપ કહો અર્થાત્ ત્રિપુંડ્રનું જે દ્રવ્ય, સ્થાન, પ્રમાણ, રેખા, દેવ, મંત્રો, શક્તિઓ ને ફલ હોય તેમનું કૃપા કરી નિરૂપણ કરો." ઉત્તરમાં ભગવાન કાલાગ્નિરુદ્રે કહ્યું કે, અગ્નિહોત્રની ભસ્મ એ દ્રવ્ય છે. મંત્રો વડે ભસ્મ ગ્રહણ કરી અભિમંત્રી, તેમાં જળ નાખી, મર્દન કરી, 'ત્ર્યંબકં યજામહે' આ મંત્ર સહિત નીચેના ત્રણ રેખાના મંત્રો વડે અથવા અ ઉ મ વડે અથવા ક્રિયાશક્તિ, ઇચ્છાશક્તિ ને જ્ઞાનશક્તિ વડે શિર, લલાટ, વક્ષઃસ્થળ ને બંને સ્કંધ ઉપર ત્રણ ત્રણ રેખા કરવી. ક્રિયા, ઇચ્છા ને જ્ઞાન આ ત્રણ તે રેખાની શક્તિઓ છે. શ્રી સદાશિવથી પ્રવૃત્ત થયેલું આ વ્રત સર્વ વેદોમાં વેદવાદીઓએ કહ્યું છે, તેનું મુમુક્ષુ આચરણ કરે. તેમ કરવાથી પરિણામે મોક્ષ થાય. જે એવી રીતે ત્રિપુંડ્રનું સ્વરૂપ સમજી ભસ્મ વડે ત્રિપુંડ્ર કરે તે બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ કે સંન્યાસી સમસ્ત મહા પાતકો તથા ઉપપાતકોથી પવિત્ર થાય, તેણે સર્વે દેવોનું ધ્યાન કર્યું, તેણે સર્વે દેવોને જાણ્યા ને તેણે સર્વે તીર્થોમાં સ્નાન કર્યું જાણવું. તે શરીર ત્યાગ પછી શિવસાયુજ્યને પામે ને પુનરાવૃત્તિ પામે નહિ.

કાલાઘેલું ૧. વિ. લાડીલું.

૨. વિ. સમજ વગરનું.

કાલાચોર ૧. પું. અજાણ્યો માણસ.

૨. પું. ખરાબ માણસ; તુચ્છ મનુષ્ય.

૩. પું. મોટો ચોર.

કાલાજાજી ન. કલોંજી જીરૂં. તે ઉપર તથા અંદર સાવ કાળું હોય છે, તેથી કાલાજાજી કહેવાય છે.

કાલાજિન ૧. [સં.] પું. એ નામનો એક દેશ.

૨. ન. કાળા મૃગનું ચામડું.

કાલાજીરા ન. શાહજીરૂં. તે સ્તનમાં દૂધનું પ્રમાણ વધારનાર ઔષધ હોવાથી સુવાવડી સ્ત્રીને બીજી દવાની સાથે આપવામાં આવે છે, પણ તે જો વધારે પ્રમાણમાં અપાય તો ગર્ભપાત કરે છે. સડી ન જાય તેટલા માટે આ જીરૂં ગરમ કપડામાં રાખવામાં આવે છે. ઋતુસ્રાવના દુખાવામાં પણ અપાય છે. શાહજીરૂં શક્તિ આપનાર હોવાથી કંપ, ઊલટી અને વાયુમાં અપાય છે. જીરાની ભૂકી ઘી અથવા પાણી સાથે લેવાથી વાયુનું જોર ઘટે અને જીરાને ઘી સાથે મેળવી તેની ધુમાડી લેવાથી હેડકી બંધ થાય એમ મનાય છે. તેની માત્રા ૧૦થી ૨૦ ગ્રેન છે.

કાલાજીરી સ્ત્રી. કડવીજીરી; કાળીજીરી.

કાલાતિક્રમ ૧. પું. અવ્યવસ્થા.

૨. પું. (જૈન) ખોરાકને તેના વખતની બાંધેલ મર્યાદાથી વધુ વખત રાખવો તે.

૩ પું. મોડું થવું તે; ઢીલ.

કાલાતિક્રમણ [સં.] ન. વખતની મર્યાદાને ઉલ્લંઘી જવાપણું.

કાલાતિક્રાંત ૧. [સં.] પું. (જૈન) ભૂખને સમયે નહિ પણ તેને ઉલ્લંઘીને મળેલો ખોરાક.

૨. વિ. કાળની જે મર્યાદા બાંધી હોય તેને ઉલ્લંઘી ગયેલ.

કાલાતિચર [સં.] પું. આયુષ્યના પ્રમાણનું ઉલ્લંઘન કરવું તે; આયુષ્ય તોડી નાખવાપણું.

કાલાતિપાત ૧. પું. કાળનો ફટકો.

૨. પું. સમય વહી જવો તે.

કાલાતિલ પું. એક જાતનો છોડ.

કાલાતીત ૧. પું. (ન્યાય) એ નામનો એક હેત્વાભાસ.

૨. પું. (ન્યાય) એક પ્રકારનો બાધ. જેમાં સાધ્યનો આધાર નિશ્ચિત હોય છે.

૩. [સં. કાલ (વખત) + અતીત (વીતી ગયેલું)] પું. કાળનો અતિક્રમ; વખત પસાર થઈ જવો તે.

૪. વિ. અતિ જૂના સમયનું.

૫. વિ. કાળ પણ ન પહોંચે એવું.

૬. વિ. યુગમન્વંતરથી તે મહાપ્રલય સુધીના સમયથી પર.

કાલાતુલસી [હિં.] સ્ત્રી. એક જાતનો તુલસીનો છોડ.

કાલાતેલી ૧. સ્ત્રી. મુસલમાન ખતરીની એ નામની અટક.

૨. ન. એ અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કાલાત્મક ૧. પું. કાળસ્વરૂપ પરમેશ્વર.

૨. વિ. કાળ સંબંધી.

કાલાત્મા ૧. [સં. કાલ + આત્મન્] પું. કાળસ્વરૂપ પરમેશ્વર.

૨. પું. વિષ્ણુનું એક નામ.

કાલાત્યયાપદિષ્ટ [સં.] પું. ગૌતમે કહેલ એક હેત્વાભાસ.

કાલાત્રકારક પું. (જ્યોતિષ) બુધ ગ્રહ.

કાલાદાણા ૧. [હિં.] પું. બ. વ. એક પ્રકારની સુંદર લતા. તેનાં ફૂલ નીલા રંગનાં હોય છે. તેનાં ફળમાંથી નીકળતા કાળા દાણા રેચક છે.

૨. પું. બ. વ. રાઈ.

કાલાદાના જુઓ કાલાદાણા.

કાલાદી ૧. સ્ત્રી. મદ્રાસ ઇલાકામાં વસતી એ નામની એક લૂંટારૂ કોમ.

૨. ન. એ નામની કોમનું માણસ.

૩. વિ. એ નામની કોમનું.

કાલાદેવ ૧. પું. એ નામનો એક મોટો રાક્ષસ.

૨. પું. એક કલ્પિત દેવ. જે વિશાળકાય વ્યક્તિ મનાય છે અને જેનો રંગ તદ્દન કાળો છે.

૩. પું જેનો રંગ કાળો હોય અને જેનું શરીર હૃષ્ટપુષ્ટ હોય તેવો માણસ.

કાલાધતૂરા પું. એક જાતનો ધતૂરો.

કાલાધીન વિ. કાળને અધીન; કાળને વશ.

કાલાધ્યક્ષ ૧. [સં.] પું. પરમેશ્વર.

૨. પું. સૂર્ય.

કાલાનમક [હિં.] પું. ગંધક અને રાળ ભળેલું અને ખડકમાંથી નીકળેલું કાળું મીઠું; સંચળ.

કાલાનલ ૧. [સં.] પું. એ નામનો રાજા; કેકય દેશના ચંદ્રવંશી રાજા અભાનવનો પુત્ર.

૨. પું. પ્રલયકાળનો અગ્નિ.

કાલાનલચક્ર [સં.] ન. રાજાની જયચર્યામાં અનિષ્ટ વગેરે જણાવનાર એક ચક્ર.

કાલાનાગ ૧. પું. કાળો નાગ.

૨. પું. ખોટો આદમી.

કાલાનિસ્સિધિ પું. એ નામનો એક છોડ. તે ચાર હજાર ફૂટની ઊંચાઈએ ઊગે છે.

કાલાનુકૂલ વિ. વખતને અનુકૂળ.

કાલાનુક્રમ ૧. પું. કાળગણનાની ક્રમિકતા.

૨. પું. સમયનો અનુક્રમ; વખતનું વહેન.

૩. અ. વખત જતાં.

કાલાનુક્રમદોષ પું. કાળની ક્રમગણનામાં કે સમજમાં દોષ.

કાલાનુક્રમી અ. કાળ જતો ગયો તેમ.

કાલાનુગામિત્વ [સં. કાલ (વખત) + અનુ (પાછળ) + ગામિત્વ (જવાપણું)] ન. વખતને અનુસરવું તે.

કાલાનુષ્ઠાયી [સં. કાલાનુષ્ઠાયિન્] વિ. વખતસર અનુષ્ઠાન કરનાર; નકામો વખત નહિ ગાળનાર.

કાલાનુસાર અ. વખત પ્રમાણે.

કાલાનુસારિણી [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તે પાવાગઢ ઉપર ઢગલાબંધ થાય છે.

કાલાનુસારિવા [સં.] પું. કૃષ્ણ સારિવા.

કાલાનુસારી ૧. ન. શિલાજિત.

૨. ન. સીસમ.

૩. ન. સીસમનું ઝાડ.

૪. [સં. કાલ (વખત) + અનુસારિન્ (અનુસરનાર)] વિ. સમયને અનુસરનાર.

કાલાનુસાર્ય ૧. [સં.] ન. તગરનું ઝાડ. તે હાથીના ચામડા જેવું કાળું ને ખડબચડું હોય છે.

૨. ન. શિલાજીત.

૩. ન. સીસમ.

૪. ન. સીસમનું ઝાડ.

કાલાનુસાર્યક ૧. ન. છડીલો.

૨. ન. પીળું ચંદન.

કાલાનોન જુઓ કાલાનમક.

કાલાપ ૧. પું. (પુરાણ) એ નામનો એક ઋષિ.

૨. સ્ત્રી. કૃષ્ણ યજુર્વેદની એ નામની એક શાખા; મૈત્રાયણીય શાખા.

કાલાપક ૧. ન. એ નામનું એક પ્રાચીન નગર; કાળાવડનું પ્રાચીન નામ. સાતમી સદી દરમિયાન એ એક પંથકનું મુખ્ય શહેર હતું. પોરબંદરથી સાઠ માઈલ દૂર આવેલ કાલાવડ જૂનું કાલાપક હોય એવી માન્યતા છે.

૨. ન. કૃષ્ણ યજુર્વેદનું એ નામનું એક બ્રાહ્મણ.

કાલાપથ પું. કાળાશ.

કાલાપસીના પું. કૃષ્ણ સ્વેદ.

કાલાપહાડ (કાલાપહાડ઼) ૧. પું કાળો પહાડ.

૨. પું. બહલોલ લોદીનો એ નામનો એક ભાણેજ. તે સિકંદર લોદી સાથે લડ્યો હતો.

૩. પું. બહુ ભારે અને ભયાનક વસ્તુ.

૪. પું. માથું.

૫. પું. મુર્શીદાબાદના નવાબ દાઉનનો એક સેનાપતિ. તેણે બંગાળાનાં ઘણાં દેવળ તોડી નાખ્યાનું અને એક વાર જગન્નાથજીની મૂર્તિ સમુદ્રમાં ફેંકી દીધાનું કહેવાય છે. તે બ્રાહ્મણ હતો અને કોઈ નવાબની કન્યાના પ્રેમમાં પાગલ બન્યો હતો.

૬. પું. હાથી.

૭. સ્ત્રી. બંગાળી આંબાની એ નામની એક જાત.

કાલાપહાર સ્ત્રી. મોટી કેરીની એ નામની એક જાત.

કાલાપહાળ સ્ત્રી. એ નામની એક પુરાતની તોપ. દૌલતાબાદના કિલ્લામાં બારેદરીના દુર્ગ ઉપર આ ભારે તોપ મૂકેલી છે. તે ૧૨ ફૂટ ૮½ ઈંચ લંબાઈની છે. કાનની પાસેનો તેનો ચકરાવો ૪ ફૂટ ૧૦ ઈંચ અને મુખનો ઘેરાવો ત્રણ ફૂટ ૯½ ઈંચ છે. આ તોપ ઉપર કોઈ લેખ કોતરેલ નથી, પરંતુ તેની બનાવટ અને ઢબથી નિઝામશાહી તોપ હોય એમ મનાય છે.

કાલાપાની ૧. [હિં.] પું. અંદામાન અને નિકોબાર આદિ દ્વીપ. આ દ્વીપોની આસપાસનું પાણી કાળું દેખાય છે, તેથી તેનું આ નામ પડ્યું છે.

૨. પું. દરિયાપાર કરવું તે.

કાલાપાની ભેજવું = દરિયાપાર મોકલવું.

૩. સ્ત્રી. મદિરા; શરાબ.

૪. સ્ત્રી. સારી સુગંધ અને દેખાવની મોડી પાકે તેવી કેરીની એક જાત. તે કાળા રંગની અને ઘણી મીઠી હોય છે.

કાલાફળ ન. બિહારી કલમી આંબાની એ નામની એક જાત.

કાલાબાધિત વિ. વખત પ્રમાણે ન ફરનાર.

કાલાબાલ ૧. પું. કમર.

૨. પું. ગુહ્યેંદ્રિય આગળ ઊગતા વાળ.

૩. પું. નકામી ચીજ.

કાલાબાસા [હિં.] પું. કાંટાઅશેળિયો.

કાલાબુર્જા પું. એક જાતનું સુતરાઉ કાપડ.

કાલાબ્ધિ [સં.] પું. કાળરૂપી દરિયો.

કાલાભિગ્રહ પું. (જૈન) પહેલે પહોરે કે છેલ્લે પહોરે અમુક વખતે આહાર વગેરે મળે તો જ લેવું એમ કામ સંબંધી નિયમ ધારવો તે.

કાલાભુજંગ [હિં.] વિ. કોલસા જેવું કાળું.

કાલાભોપલા સ્ત્રી. મોટી જાતની દૂધી.

કાલાભ્ર ૧. પું. એ નામનો એક બેટ.

૨. [સં.] પું. કાળું વાદળું; જળવાળો કાળો મેઘ.

કાલામંજન ન. જસતનો એક ક્ષાર.

કાલામાણિકા ન. એક જાતનું કાળું ફળ.

કાલામિયા સ્ત્રી. ચિત્તાગોંગ તરફ વસતી અને દરિયાઈ વેપાર ખેડનારી એ નામની એક સાહસિક કોમ.

૨. ન. એ નામની કોમનું માણસ.

૩. વિ. એ નામની કોમનું.

કાલામુખ ૧. પું. શૈવ સંપ્રદાય.

૨. ન. એ નામનું એક પેય.

કાલામુંહ ન. કાળું મોઢું.

કાલામુંહ કરવું = (૧) કલંક ચોટાડવું. (૨) બળાત્કાર કરવો. (૩) બેઆબરૂ કરી કાઢી મૂકવું. (૪) મોઢું કાળું કરવું. (૫) સંબંધ તોડી નાખવો.

કાલામોકા સ્ત્રી. બંગાળી આંબાની એ નામની એક ઊંચી જાત.

કાલાયની [સં.] સ્ત્રી. દુર્ગા દેવી.

કાલાયસ ન. ગજવેલ; પોલાદ.

કાલારામ પું. મરણ; મૃત્યુ.

કાલારિ પું. શિવ.

કાલારોડ (કાલારોડ઼) સ્ત્રી. કકળાટ; કલ્પાંત.

કાલાર્દ્ધરાત્ર ન. અમાસની અરધી રાત્રી.

કાલાવચ્છિન્ન [સં.] અ. ભંગ થયા વિના; સતત; ચાલુ.

કાલાવચ્છેદ [સં.] પું. કાળનું જ્ઞાન.

કાલાવડિયા (કાલાવડ઼િયા) ૧. સ્ત્રી. કણબીની એ નામની અટક.

૨. ન. એ અટકનું માણસ.

૩. વિ. એ અટકનું.

કાલાવધિ [સં.] સ્ત્રી. કાળમર્યાદા; વખતની હદ; નક્કી કરેલો સમય.

કાલાવધ્યેય [સં.] અ. કાળના અંત સુધી.

કાલાવર્ત [સં.] પું. કાળનું ચક્ર.

કાલાવલોકન [સં.] ન. વખત જોવો તે; સમયનો વિચાર કરવાપણું.

કાલાવસુ ન. બ્રહ્મદેશમાં થતું એક ઝાડ.

કાલાવાલા પું. બ. વ. આગ્રહપૂર્વક અતિ નમ્રપણે પ્રાર્થના; આજીજી; કાકલૂદી; લાચારી; કરગરવું તે.

કાલાષ્ટમી ૧. [સં.] સ્ત્રી. કાર્તિક વદિ આઠમ; મહાદેવજીએ આ તિથિએ કાલભૈરવનો જન્મ ધારણ કરી હમેશને માટે કાશીમાં નિવાસ કર્યો હતો.

૨. સ્ત્રી. જન્માષ્ટમી; શ્રાવણ વદિ ૮.

૩. સ્ત્રી. દરેક મહિનાની વદિ આઠમ.

કાલાસેધ [સં.] પું. આસેધના ચાર પ્રકાર માંહેનો એક; અમુક મુદ્દતની કેદ અથવા અટકાયત.

કાલાસ્તિકાય પું. જૈન મત પ્રમાણે અજીવનો એક પ્રકાર.

કાલાસ્ત્ર [સં.] ન. મરણ નીપજાવે એવું બાણ.

કાલાં ૧. ન. બ. વ. કપાસનાં ડોડવાં સુકાઈ જવાથી ફાટી ગયેલાં જીંડવાં. ત્રણ અથવા તેથી વધારે ફાડોનું કપાસનું એક જીંડવું બને છે. જ્યારે તે પરિપકવ થાય ત્યારે રૂના સુકાવાથી જેમ ફૂલ ખીલે તેમ તે ફાટીને રૂના ફૂચા બહાર નીકળે છે. આમ ખીલીને ફાટેલાં જીંડવાંને કાલાં કહેવામાં આવે છે. એમાંથી કપાસ નીકળે છે.

કાલાં કપાઈ જવાં = (૧) નુકસાન થવું; બગાડ થવો. (૨) હિંમત હારી જવી.

૨. ન. બ. વ. ગાંડાંઘેલાં.

કાલાં કાઢવાં = માવતર પાસે નાના છોકરા જેમ બોલવું.

કાલાંગી [સં.] સ્ત્રી. પાર્વતીની એક શક્તિ.

કાલાંજન [સં.] ન. કાજળ; કાળું આંજણ.

કાલાંજની [સં.] સ્ત્રી. રેચક તરીકે વપરાતી એક વનસ્પતિ.

કાલાંતક ૧. [સં.] પું. દક્ષિણ દિશાનો સ્વામી; યમ.

૨. પું. વિષ્ણુ.

૩ પું. શિવ.

કાલાંતકભયચ્છેદી [સં. કાલાંતકભયચ્છેદિન્] પું. પુરુષોત્તમ. તે મનુષ્યને યમના ભયમાંથી મુક્ત કરનાર મનાય છે.

કાલાંતકરસ [સં.] પું. ઉધરસ માટેની એક દવા. તે બનાવવા હિંગુલ, મરી, ત્રિકટુ, ટંકણ અને ગંધક બધું સરખે વજને લઈ લીંબુના રસમાં એક પહોર ઘૂંટી રતી રતીની ગોળી કરવી. આ દવા ક્ષય માટે વાપરવી હોય તો બાર આંગળ ઊંડી વજ્રમુષા કે ગજવેલની જ મુષા બનાવી તેમાં સુવર્ણરજ તોલા ૪ તથા વારાહીકંદને કુંવારના રસમાં તથા લસણના રસમાં ઘૂંટીને ગોળો કરીને નાખવું. પછી તેમાં પારદ તોલા ૪ અને ગંધક તોલો ૧ બંનેને નગોડના રસમાં ઘૂંટીને નાખવા. તેના ઉપર ગજવેલનું મજબૂત પેચવાળું ઢાંકણ દઈને બકયંત્રમાં જારણ કરવું. આ પ્રમાણે દરેક વખતે નવીન પારદ તથા ગંધક નાખીને આઠ વખત જારણ કરવું. તેની માત્રા રતી પાંચ છે. અનુપાનમાં મૃગાંકરસ છે.

કાલાંતર ૧. [સં.] ન. કાળ વચ્ચેનું અંતર.

૨. વિ. ઘણું જૂનું.

૩. અ. બહુ લાંબે વખતે.

કાલાંતરભાવી વિ. અમુક વખતે ફળ આપનારૂં.

કાલાંતરસ્થાયી ૧. વિ. ઘણો લાંબો વખત રહેનાર.

૨. વિ. ભવિષ્યમાં હોનાર.

કાલાંતરે ૧. અ. કદી પણ.

૨. અ. કેટલોક કાળ વીત્યા પછી.

૩. અ. ઘણા લાંબા વખતે.

કાલાંધકાર [સં.] પું. કાળરૂપી અંધકાર.

કાલાંબોબડાં (કાલાંબોબડ઼ાં) ન. બ. વ. કાલી બોબડી અને ભાંગી તૂટી વાણી.

કાલાંશ ૧. [સં.] પું. કાળ ભાગ; દશા.

૨. પું. સમયનો અમુક અંશ.

કાલિ ૧. પું. કાલિદાસ કવિ.

૨. સ્ત્રી. એ નામની એક પ્રાચીન નદી. તેની પૂર્વ શાખા કુમાઉનમાંથી નીકળી ગંગાને મળે છે. તેને કાલિની અથવા કાલિંદી પણ કહે છે. તેના મૂળથી તે સંગમ સુધીમાં તેનાં ધવલગંગા, ગૌરી, ચંદ્રભાગા અને કાલિગંગા એવાં પણ નામ છે. પૂર્વ કાલિ નદી ગંગાને મળે છે. ત્યાંથી ત્રણ ચાર માઈલ છેટે એના પશ્ચિમ તટ ઉપર કનોજ આવેલું છે. આ પ્રાચીન નદીની પશ્ચિમ શાખા સંયુક્ત પ્રાંતમાં સહરાણપુર અને મુઝફ્ફરનગરના જિલ્લાઓમાં થઈને વહેતી.

કાલિક ૧. [સં.] પું. (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ; હાકલી. તેમાં ૧૪ માત્રા હોય છે અને ૧, ૫, ૯, ૧૩ માત્રાએ તાલ આવે છે.

૨. પું. ક્રૌંચ પક્ષી.

૩. પું. ડૂંટી સુધી પહોંચતી વાળની હાર.

૪. પું. નાક્ષત્ર માસ.

૫. પું. બગલો.

૬. પું. મેશ.

૭. પું. શાહી.

૮. પું. સુવર્ણનો એક દોષ.

૯. ન. અંગબાહ્ય શ્રુતજ્ઞાનનો એક ભેદ.

૧૦. ન. એ નામનું એક ઉપપુરાણ.

૧૧. ન. એક જાતનું ચામડું. હિમાલય ઉપર આરોહ નામના સ્થળમાંથી તે મળી આવે છે. તે રંગે બદામી અથવા હોલાના જેવા રંગવાળું હોય છે.

૧૨. ન. કૃષ્ણચંદન.

૧૩. ન. વેર.

૧૪. વિ. અનિશ્ચિત; થોડા વખતનું.

૧૫. વિ. કાળથી નીવડેલું; કાળે કરેલું.

૧૬. વિ. જેનો કોઈ કાળ નિશ્ચિત હોય એવું.

૧૭. વિ. મોસમી; ઋતુનું; સમયને મળતું.

૧૮. વિ. રાત અને દિવસના પહેલે તથા છેલ્લે પહોરે ભણાય પણ બીજે તથા ત્રીજે પહોરે ન ભણાય એવું.

કાલિકટ ન. દક્ષિણ હિંદનું એ નામનું એક શહેર.

કાલિકર્ત ન. કલકત્તાનું પ્રાચીન નામ.

કાલિકવાત [સં.] પું. પ્રચંડ અથવા પ્રતિકૂલ વાયુ.

કાલિકા ૧. [સં.] પું. (પિંગળ) ત્રેવીશ વર્ણનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કાલકા. તે વિકૃત છંદનો એક ભેદ છે.

૨. સ્ત્રી. આંખની કીકી.

૩. સ્ત્રી. એ નામની દેવી; ચંડિકા; કાલિ. તેનું સ્થાન પાવાગઢ અને ગિરનાર ઉપર છે.

૪. સ્ત્રી. એક જાતનો તોફાની પવન.

૫. સ્ત્રી. કાકોલી વનસ્પતિ.

૬. સ્ત્રી. કાગડી.

૭. સ્ત્રી. કાનની મુખ્ય નસ.

૮. સ્ત્રી. કાલિંગડું; તરબૂચ.

૯. સ્ત્રી. કાળા રંગની સ્ત્રી.

૧૦. સ્ત્રી. કાળાં વાદળાંનો સમૂહ.

૧૧. સ્ત્રી. કાળી ચકલી.

૧૨. સ્ત્રી. કાળી માટી.

૧૩. સ્ત્રી. ગૌરી; દુર્ગા; પાર્વતી.

૧૪. સ્ત્રી. ચાર વર્ષની કુમારી.

૧૫. સ્ત્રી. ચોથા અર્હંતની એક દાસી.

૧૬. સ્ત્રી. ચોસઠ યોગિની માંહેની એ નામની એક.

૧૭. સ્ત્રી. જટામાંસી વનસ્પતિ.

૧૮. સ્ત્રી. જેનો રંગ ઊડી જાય એવી કાળા રંગની સાડી.

૧૯. સ્ત્રી. દારુહળદર.

૨૦. સ્ત્રી. દારૂ; મદિરા.

૨૧. સ્ત્રી. પટોળની શાખા.

૨૨. સ્ત્રી. બદામી રંગનું ચામડું.

૨૩. સ્ત્રી. બોતેર આકાશતત્ત્વદેવતામાંની એક.

૨૪. સ્ત્રી. (પુરાણ) ભારતવર્ષની એ નામની એક નદી.

૨૫. સ્ત્રી. માટીનો એક જીવડો.

૨૬. સ્ત્રી. મેશ.

૨૭. સ્ત્રી. વાળની કતાર; રૂવાંટાં.

૨૮. સ્ત્રી. વ્યાજનો હફ્તો.

૨૯. સ્ત્રી. શાહી.

૩૦. સ્ત્રી. શિયાળની માદા.

૩૧. સ્ત્રી. શ્યામા નામનું પક્ષી.

૩૨. સ્ત્રી. સોનાનો એક દોષ.

૩૩. સ્ત્રી. સોનામાં નાખવાનો પાડો.

૩૪. સ્ત્રી. હિમાલયમાં થતી ત્રણ રેખાવાળી હરડે.

૩૫. ન. કાળું જીરૂં.

૩૬. વિ. અમુક મુદ્દતનું.

કાલિકાક્ષ ૧. [સં.] પું. એ નામનો એક રાક્ષસ.

૨. પું. જેની આંખ સ્વભાવથી કાળી હોય તે માણસ.

કાલિકાછંદ પું. (પિંગળ) પહેલો, ત્રીજો, પાંચમો અને સાતમો રગણ, બીજો, ચોથો ને છઠ્ઠો નગણ, એક લઘુ અને એક ગુરુવાળો છંદ. તેમાં બારમે અક્ષરે વિસામો આવે છે.

કાલિકાતાંડવ [સં.] ન. તાંડવનૃત્યના સાત પ્રકાર માંહેનો એક.

કાલિકાદેવી [સં.] સ્ત્રી. પાર્વતી; દુર્ગા.

કાલિકાપતિ [સં.] પું. મહાદેવ; શંકર.

કાલિકાપીત્રી સ્ત્રી. ટોડ લોકોની છૂપી વાત કરવાની ભાષા.

કાલિકાપુરાણ [સં.] ન. કાલિકાદેવીના માહાત્મ્યવાળું એ નામનું એક ઉપપુરાણ. તેમાં આશરે ૯,૦૦૦ શ્લોક અને ૯૮ પ્રકરણ છે.

કાલિકાવૃદ્ધિ ૧. ન. ચક્રવૃદ્ધિ વ્યાજ.

૨. ન. માસિક વ્યાજ.

કાલિકાવ્રત [સં.] ન. કાલિકા દેવીને પ્રસન્ન કરવા માટેનું એક વ્રત.

કાલિકાશ્રમ [સં.] ન. વિપાશા નદીના કાંઠા ઉપર આવેલું એક તીર્થ.

કાલિકાસુંદા સ્ત્રી. એ નામની એક વનસ્પતિ.

કાલિકિન પું. ડામરમાંથી બનાવેલો કાળો રંગ.

કાલિકેય [સં.] પું. દક્ષની કન્યા કાલિકાથી ઉત્પન્ન થયેલ અસુરોની એક જાતિ.

કાલિકો પું એક જાતનું કાપડ. મલબાર કિનારા ઉપર આવેલા કાલિકટ શહેર ઉપરથી આ નામ આપવામાં આવ્યું છે.

કાલિઘાટ ન. કલકત્તા પાસે આવેલું એક પવિત્ર સ્થળ. સતીના જમણા પગની ચાર આંગળીઓ આ સ્થળે કપાઈને ખરી પડેલી હોવાથી તે એક પીઠ કહેવાતું. કાલિઘાટ ઉપરથી કલકત્તા નામ પડ્યું લાગે છે. આ ગામની ઊપજ દેવી કાલિકાની પૂજામાં વપરાતી હોવાથી એને કાલિકર્ત કહેતા. યાત્રાળુઓ એ ઘાટ ઉપર સ્નાન કર્યા પછી દેવી કાલિની પૂજા કરે છે તેથી આ ઘાટ કાલિઘાટને નામે સુવિદિત છે. પુરાણોમાં કહેલ કિલકિલા ઉપરથી કલકત્તા નામ પડ્યું હોય એમ પણ કેટલાકનું કહેવું છે.

કાલિજ ૧. ન. કાળજું.

૨. ન. પક્ષી.

કાલિજો પું. કાળજું.

કાલિત ૧. પું. (સંગીત) એ નામનો એક રાગ.

૨. પું. એ નામનો એક બ્રાહ્મણ પુત્ર. બુદ્ધે તેને સંન્યાસી કરી મૌદગલ્યાયન એવું નામ આપ્યું હતું.

કાલિતાંડવમૂર્તિ પું. શિવ; શંકર.

કાલિદાસ પું. એ નામનો મહાન સંસ્કૃત કવિ. તે મૂળ કશ્મીરનો પંચગૌડ બ્રાહ્મણ અને વિક્રમરાજાનાં નવરત્ન માંહેનો એક હતો. તેણે ઋતુસંહાર, કુમારસંભવ, શાકુંતલ, મેઘદૂત, રઘુવંશ, વિક્રમોર્વશીય, માલવિકાગ્નિમિત્ર, શ્રુતબોધ, પ્રશ્નોત્તરમાલા, અસજ્જન વર્જન, મહાપદ્માષ્ટક, ગંગાષ્ટક, રાક્ષસકાવ્ય, કર્પૂરમંજરી, શૃંગારતિલક, હારઆર્ણવ વગેરે ગ્રંથો લખેલ છે. યરપમાં તેનો સમકાલીન મહાકવિ શેક્સપીઅર હતો. તેની હયાતીનો કાળ હજુ નિશ્ચિત થયો નથી. કોઈ તેને ઈ. સ. પૂર્વે ૫૬, કોઈ ૬ ઠ્ઠા સૈકામાં, કોઈ ત્રીજા સૈકામાં, કોઈ પાંચમા સૈકામાં અને કોઈ ઈ. સ. પૂર્વે ૫૦ માં થઈ ગયો હોવાનું માને છે. આ સિવાય એક બીજો પણ કાલિદાસ કવિ હતો. તે ભોજરાજાના વખતમાં થઈ ગયેલ છે. તે આંધ્ર દેશનો રહેવાસી હતો અને ભોજરાજા પાસે રહેતો. તે તૈલંગી બ્રાહ્મણ અને શક્તિનો ઉપાસક હતો. તેણે સ્યામલાદંડક, પુષ્પબાણવિલાસ, શૃંગારરસાષ્ટક, રામાયણચંપૂ, ભોજચંપૂ, તમોદય, ભોજપ્રબંધ વગેરે ગ્રંથ લખેલ છે. તે એક વેશ્યામાં આસક્ત હતો. એક વખત ભોજરાજાએ તેને ચર્મગ્રંથ લખવા કહેલ, તેથી તે રિસાઈને પોતાના વતન વરંગૂળમાં જતો રહ્યો હતો, પરંતુ પાછળથી ભોજરાજાએ તેને સમજાવી પાછો બોલાવેલ હતો. આ કાલિદાસને થયાં આશરે ૯૦૦ વરસ થયાં હશે. આ સિવાય એક ત્રીજો પણ કાલિદાસ થયેલ છે. તે કાઠિયાવાડના વસાવડનો વડનગરો નાગર હતો. તે શાલિવાહન શકે ૧૬૬૨ માં થઈ ગયો છે. તેણે ગુજરાતીમાં ધ્રુવાખ્યાન, હરાખ્યાન અને સીતાસ્વયંવર એમ ત્રણ ગ્રંથ લખેલ છે.

કાલિદ્રહ [સં.] પું. કાલિય નાગનો ધરો.

કાલિનાથમત પું. રાગના પાંચ મત પૈકીનો એક.

કાલિની [સં.] સ્ત્રી. આર્દ્રા નક્ષત્ર.

કાલિપીઠ ન. એ નામનું એક પીઠસ્થાન. સતીના જમણા પગની ચાર આંગળીઓ કપાઈને આ સ્થળે ખરી પડેલી હોવાથી તે એક પીઠ કહેવાય છે.

કાલિબ ૧. પું. ઓઠું.

૨. પું. કાલબૂત.

૩. પું. ઘૂમટના કામને થોડો વખત ટેકો આપવા કરેલું કામચલાઉ બાંધકામ.

૪. પું. દેહ; શરીર.

૫. પું. મુડદું.

૬. પું. હૃદયના આકારનું ચોગઠું. તેના ઉપર દરજી ટોપી વેતરે છે.

કાલિબી વિ. ઓઠામાં નાખેલું.

કાલિમા ૧. [સં.] સ્ત્રી. અંધકાર; અંધારૂં.

૨. સ્ત્રી કલંક; દોષ; લાંછન.

૩. સ્ત્રી. કાળપ; કાળાપણું; કાળાશ.

૪. સ્ત્રી. છાયા; ઝાંખ.

કાલિમિરચ સ્ત્રી. તીખાં.

કાલિય ૧. [સં.] પું. એ નામનું એક નક્ષત્ર.

૨. પું. (પુરાણ) કાદ્રવેય કુળમાં જન્મેલ એક નાગ. એ પૂર્વે રમણદ્વીપમાં રહેતો હતો. એ દ્વીપમાં ગરુડ વારે વારે જઈને નાગોનું ભક્ષણ કરી જતો હતો. તેથી બધા નાગોએ મળીને ગરુડને નિયમિત ભક્ષ આપવાનું નક્કી કર્યું. એક વખત ગરુડનું ભક્ષ્ય કાલિય પોતે ખાઈ ગયો. તેથી તેની અને ગરુડની વચ્ચે યુદ્ધ

થયું. છેવટે તે ભાગીને યમુનાના ધરામાં આવીને સંતાયો, કારણકે સૌભરિ ઋષિએ આપેલા શાપને લઇને ગરુડથી ત્યાં અવાય તેમ નહોતું. એનું વિષ એવું ઉગ્ર હતું કે યમુનાના એ ધરાના પાણીને સ્પર્શીને જતો વાયુ ઊડતા પક્ષીને લાગે તો તે પણ મરી જાય. એક વખત બધા ગોવાળિયા ગાયોને લઈને તે ધરા ઉપર ગયા. તેઓએ અને ગાયોએ એમાંનું પાણી પીધું અને બધાં ઝેર ચડવાથી મરણ પામ્યાં. કૃષ્ણને આ વાતની ખબર પડતાં તેઓએ કાલિય નાગને ધરામાં જઈને નાથ્યો અને ખૂબ ગૂંદ્યો. એટલામાં એની સ્ત્રીઓએ આવીને કાલાવાલા કરીને પ્રાર્થના કરવાથી એને છોડ્યો. એની પાસે યમુનાનું જળ શુદ્ધ કરાવી તેમ જ ગાય અને ગોવાળોને પૂર્વવત્ નીરોગી કરાવી એને પાછો રમણદ્વીપમાં રહેવા મોકલ્યો.

૩. પું. ગૃધ્ર; ગીધ.

૪. પું. દાશરથિ રામની સભામાંનો એક વિદૂષક.

કાલિયક સ્ત્રી. દારુહળદર.

કાલિયદમન [સં.] પું. શ્રીકૃષ્ણ.

કાલિયમથન [સં.] પું. શ્રીકૃષ્ણ.

કાલિયમર્દન ૧. [સં.] પું. શ્રીકૃષ્ણ.

૨. ન. કાલિયનાગને નાથવાપણું.

કાલિયશાયન [સં.] પું. શ્રીકૃષ્ણ.

કાલિયાઢોંજા સ્ત્રી. પૂનાની એક જાતની કેરી. તેની છાલ લીલી પીળા રંગની અને રસ કેસરિયો છે. તેની અંદર રેસો નથી અને સુગંધીદાર છે.

કાલિહ્રદ [સં.] પું. કાલિય નાગ જેમાં રહેતો હતો તે યમુના નદીનો ધરો.

કાલિયા ૧. [સં.] પું. કાળો માણસ.

૨. પું. સર્પ.

૩. સ્ત્રી. મેમણ અને કણબીની એ નામની અટક.

૪. ન. એ નામની અટકનું માણસ.

૫. વિ. એ નામની અટકનું.

કાલિયાદેહ સ્ત્રી. સિપ્રા નદીને મળનારી એ નામની નદી.

કાલિયારિ [સં.] પું. શ્રીકૃષ્ણ.

કાલિયાવર્ત ૧. પું. રામની સભાનો એક મશ્કરો હાસ્યકાર માણસ.

૨. ન. (પુરાણ) વૃંદાવન.

કાલિરાત્રિ સ્ત્રી. કાળકાનું એક નામ.

કાલિંગ ૧. પું. અઠ્ઠાણું માંહેનો એક દેશ; આંધ્રદેશ. ઓરિસ્સામાં વૈતરણી નદીની દક્ષિણ દિશાએ તથા રાજમંદ્રિ, વિઝાગાપટ્ટમ અને ગંજામ તથા ઓરિસ્સાના થોડા ભાગની ઉત્તર દિશાએ તે આવેલો છે.

૨. [સં.] પું. ઇંદ્રજવ.

૩. પું. એક જાતનું લોઢું.

૪. પું. કલિંગ દેશનો રહેવાસી.

૫. પું. (પુરાણ) કલિંગ દેશનો રાજા. તે અનિરુદ્ધના વિવાહ સમયે આવ્યો હતો. એણે દ્યૂત રમી બલરામને હરાવવાનું રુક્મિને સૂચવ્યું હતું. દ્યૂત રમતા હતા ત્યારે આ રાજા બલરામનું ઉપહાસ કરીને હસ્યો હતો. આથી ગુસ્સે થઈ બલરામે એના દાંત પાડી નાખ્યા હતા.

૬. પું. ખડબૂચ; તરબૂચ.

૭. પું. સર્પ.

૮. પું. હાથી.

૯. વિ. કલિંગ દેશમાં ઉત્પન્ન થનાર.

કાલિંગક ૧. [સં.] પું. એક જાતનું લોઢું.

૨. પું. કલિંગ દેશનો રાજા.

૩. પું. (પિંગળ) કુંડલિયા છંદની જાતનો એક વિષમજાતિ માત્રામેળ છંદ. તેમાં ૫૭ ગુરુ અને ૩૮ લઘુ મળી ૧૫૨ માત્રા હોય છે.

૪. પું. હાથી.

૫. ન. એક જાતનું ઝેર. તે કલિંગ દેશમાં થાય છે અને તેનો આકાર યવ જેવો હોય છે.

૬. ન. તરબૂચ.

૭. વિ. કલિંગ દેશમાં ઉત્પન્ન થનાર.

કાલિંગડું (કાલિંગડું) ન. ખડબૂચ; તડબૂચ.

કાલિંગડો (કાલિંગડો) પું. (સંગીત) એક જાતનો રાગ; ભૈરવ. આ થાટના સંપૂર્ણ પ્રકારના રાગોમાં આ રાગનો સમાવેશ થાય છે. આ રાગનો વાદી સ્વર પંચમ અને સંવાદી સ્વર ષડ્જ છે. આ રાગ પ્રાત:કાલે ગવાય છે. આ રાગમાં કેટલેક સ્થળે ભૈરવ રાગનો ભાસ થાય છે.

કાલિંગિકા [સં.] સ્ત્રી. એક જાતની વેલ; નિસોથ.

કાલિંગી ૧. [સં.] સ્ત્રી. એક જાતની વેલ; તરબૂચનો વેલો.

૨. સ્ત્રી. કલિંગ દેશની રાણી.

૩. સ્ત્રી. મોટી કાકડી.

૪. વિ. કલિંગ દેશનું.

કાલિંગી કરંભા સ્ત્રી. (પુરાણ) અક્રોધનની એ નામની સ્ત્રી.

કાલિંગું ન. તરબૂચ.

કાલિંગો પું. કલિયુગ.

કાલિંજર ૧. પું. એ નામનું શહેર.

૨. પું. બાંદાથી ત્રીસ માઈલ પૂર્વ તરફ આવેલ એ નામનો એક પર્વત. તે એક તીર્થ મનાય છે. તે પહાડ ઉપર એક પુરાણી કિલ્લો છે અને નીલકંઠ મહાદેવનું એક મંદિર છે. પ્રસિદ્ધ ઇતિહાસલેખક ફરિસ્તા લખે છે કે કાલિંજરનો ગઢ કેદારનાથ નામની એક વ્યક્તિએ ઈ. સ.ની પહેલી સદીમાં બંધાવ્યો હતો. મહમદ ગઝનીએ સને ૧૦૨૨માં આ ગઢને ઘેરો ઘાલ્યો હતો. તે વખતે ત્યાંનો રાજા નંદ હતો.

૩. ન. (પુરાણ) કાશીમાં આવેલું એ નામનું એક સ્થળ.

૪. ન. બુંદેલખંડમાં આવેલ કલિંજરનું એક પ્રાચીન નામ. અહીં નીલકંઠ મહાદેવનું ધામ છે. આ તીર્થને કોટતીર્થ પણ કહે છે. કિરાતબ્રહ્મ નામે ચંડેલ રાજાએ ત્યાંનો કિલ્લો બંધાવ્યો હતો.

૫. ન. (પુરાણ) ભારતવર્ષનું એ નામનું એક વન.

કાલિંદ ૧. [સં.] પું. કલિંદ પ્રદેશમાં આવેલ એ નામનો એક ડુંગર. તેને યામુન પણ કહે છે, કારણકે જમના નદી અહીંથી નીકળે છે.

૨. ન. તડબૂચ.

કાલિંદક ૧. [સં.] ન. કોળું; પતકાળું.

૨. ન. તરબૂચ.

કાલિંદી ૧. સ્ત્રી. અયોધ્યાના રાજા અસિતની એ નામની સ્ત્રી.

૨. સ્ત્રી. (પુરાણ) અંશુમતી નદીનું બીજું નામ.

૩. સ્ત્રી. એક અસુર કન્યાનું નામ.

૪. [સં.] સ્ત્રી. એક પ્રકારની અપભ્રંશ ભાષા.

૫. સ્ત્રી. (સંગીત) ઓડી જાતની એક રાગિણી.

૬. સ્ત્રી. ઓરિસ્સાનો એ નામનો એક વૈષ્ણવ સંપ્રદાય.

૭. સ્ત્રી. કાળી ઉપલસરી નામની વનસ્પતિ.

૮. સ્ત્રી. કાળું અથવા રાતું નસોતર.

૯. સ્ત્રી. કૃષ્ણની એ નામની એક પટરાણી. મને કૃષ્ણ પતિ મળે એમ ઇચ્છી યમુના સ્ત્રીરૂપ લઈને યમુનાને તીરે તપ કરતી હતી. એક સમય કૃષ્ણ ચોમાસામાં ઇંદ્રપ્રસ્થથી અર્જુનને લઈ મૃગયા રમવા ગયા. તે વખતે આને તપ કરતાં જોઈ અને પૂછગાછ કરતાં બધી હકીકત જાણીને તેને ઇંદ્રપ્રસ્થ લઈ ગયા. ચોમાસું વીત્યા બાદ દ્વારકા ગયા અને ત્યાં એનું વિધિસર પાણિગ્રહણ કરીને પોતાની પટરાણીઓમાં દાખલ કરી.

૧૦. સ્ત્રી. ચોસઠ માંહેની એ નામની એક યોગિની.

૧૧. સ્ત્રી. યમુના નદી. કલિંદ પર્વતમાંથી નીકળતી હોવાથી તે કાલિંદી નામે ઓળખાય છે.

૧૨. સ્ત્રી. સૂર્યની એક પુત્રીનું નામ.

૧૩. સ્ત્રી. (પુરાણ) સોમવંશી ત્રસ્નુ રાજાની એ નામની સ્ત્રી.

કાલિંદીકૃષ્ણ [સં.] પું. કૃષ્ણના મોટા ભાઈ; બળદેવ.

કાલિંદીભેદન [સં.] પું. કાલિંદીને હળથી છિન્નભિન્ન કરી નાખનાર કૃષ્ણના મોટા ભાઈ બળદેવ.

કાલિંદીરતિવર્ધન [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

કાલી ૧. [સં.] પું. કાળીનાગ.

૨. પું. હાથીને થતો એ નામનો રોગ. આ રોગમાં હાથીનો દાંત ભાંગી જતાં અથવા તેને જોખમ થતાં તે નિરુપયોગી બને છે.

૩. સ્ત્રી. અગ્નિની સાત જીભમાંની એક.

૪. સ્ત્રી. કાકજંઘા.

૫. સ્ત્રી. કાલાંજની વનસ્પતિ.

૬. સ્ત્રી. કાલિકા નામની શક્તિ. એણે શુંભ અને નિશુંભનો વધ કર્યો હતો.

૭. સ્ત્રી. કાળાશ; કાળો રંગ.

૮. સ્ત્રી. કાળી ચૌદશ.

૯. સ્ત્રી. કાળી સ્ત્રી.

૧૦. સ્ત્રી. ગળી નામની વનસ્પતિ.

૧૧. સ્ત્રી. છ વર્ષની કન્યા.

૧૨. સ્ત્રી. ઠપકો.

૧૩. સ્ત્રી. તાર સ્થાનીય બાવીશ માંહેની ચૌદમી શ્રુતિ.

૧૪. સ્ત્રી. દશ મહાવિદ્યા માંહેની પહેલી વિદ્યા.

૧૫. સ્ત્રી. દુર્ગા દેવી. તેની મૂર્તિને ત્રણ નેત્ર અને ચાર હાથ છે. એક હાથમાં મનુષ્યનું માથું, બીજામાં લોહીપાત્ર, ત્રીજામાં તરવાર અને ચોથો ખાલી છે. કમરપટ્ટામાં મનુષ્યના હાથ, ગળામાં માણસની ખોપરીની માળા, છૂટા કેશ, જીભ બહાર નીકળેલી એવી લોહી તરસી આ આકૃતિ શિવની સ્ત્રી તરીકે છે. રાક્ષસોનો નાશ એ આ સ્વરૂપનો હેતુ છે. પ્રાચીન કાળમાં તેને મનુષ્યનું બલિદાન અપાતું. હાલમાં બકરા, પાડા વગેરેનું બલિદાન અપાય છે. આ દેવીએ નાચ કરતાં પૃથ્વી કટકા થવા લાગી ત્યારે શિવે તે બંધ રાખવા કહ્યું, છતાં આવેશમાં શિવની છાતી ઉપર તે નાચ્યાં હતાં.

૧૬. સ્ત્રી. નવાં કાળાં વાદળાંની હાર.

૧૭. સ્ત્રી. નાઇલ નદી.

૧૮. સ્ત્રી. નિંદા; બદગોઈ.

૧૯. સ્ત્રી. બોતેર આકાશતત્ત્વદેવતા માંહેની એક.

૨૦. સ્ત્રી. ભીમસેન નામના પાંડવની એક પત્ની. ભીમસેનથી એને સર્વંગ નામે પુત્ર થયો હતો.

૨૧. સ્ત્રી. મેશ.

૨૨. સ્ત્રી. યમરાજાની એ નામની બહેન.

૨૩. સ્ત્રી. રાત્રિ.

૨૪. સ્ત્રી. વ્યાસની માતા.

૨૫. સ્ત્રી. શાક્ત સંપ્રદાયની દેવીઓનો એક વ્યૂહ.

૨૬. સ્ત્રી. શાહી.

૨૭. સ્ત્રી. શાંતનુ રાજાની સ્ત્રી સત્યવતી.

૨૮. સ્ત્રી. શિવની પત્ની; પાર્વતી.

૨૯. સ્ત્રી. હળદર.

૩૦. સ્ત્રી. હિમાલય પર્વતમાંથી નીકળતી એ નામની એક નદી.

૩૧. ન. અઢાર ઉપપુરાણ માંહેનું એ નામનું એક.

૩૨. ન. એક જાતનું કેળું.

૩૩. ન. શિરીશ.

૩૪. વિ. સ્ત્રી. ગાંડી; અસ્થિર મગજની.

કાલીકચકુરી સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

કાલીકમલીવાલા પું. વિશ્વાનંદજી નામના સંત પુરુષ. આ મહાન પુરુષે બદરીનાથ જતાં જાત્રાળુઓની અગવડતા ધ્યાનમાં લઈ રસ્તામાં ઠેરઠેર ધર્મશાળા તથા ખાવાપીવાની સગવડતા કરી છે.

કાલીકલૂટી વિ. બહુ જ કાળું.

કાલીકુટકી સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

કાલીકુટલી સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેની એક જાત નેપાળમાં ને બીજી રાતા સમુદ્રમાં મળે છે. પહેલી જાતનાં મૂળિયાં ૪ થી ૬ ઇંચ લાંબાં, માંહેથી કાંટાવાળાં ને બહારથી ગાંઠાવાળાં છે. બીજી જાત તેવી જ પણ માંહેથી તે સફેદ હોય છે. બેઉ જાતનાં મૂળિયાં ઔષધિમાં કામ આવે છે.

કાલીગુલી સ્ત્રી. એક જાતનું ઝાડ. એનાં ડાંખળાં અને પાંદડાંને પાણીમાં પલાળી તેના રસમાંથી રંગમાં ઉપયોગી એક પદાર્થ બનાવાય છે.

કાલીઘાટ પું. કલકત્તાનું પ્રાચીન નામ. જુઓ કાલિઘાટ.

કાલીઘેલી વિ. સ્ત્રી. કાલી અને ઘેલી; અણસમજવાળી; બાલિશ.

કાલીચક્ર ૧. [સં.] ન. નાગની એક જાત.

૨. ન. સીસમ; કાળી સુખડ.

કાલીચી [સં.] સ્ત્રી. યમરાજાનું ન્યાયમંદિર.

કાલીચૌદશ સ્ત્રી. આસો વદિ ૧૪; દિવાળી પહેલાંનો દિવસ. એમ કહેવાય છે કે વિષ્ણુએ બલિ રાજા નામના દૈત્યને મારીને તેને પૃથ્વીની અંદર હડસેલી દીધો. બલિ રાજાએ એવું વરદાન માગ્યું કે વર્ષમાં એક વાર તેને ફરીને પૃથ્વીની સપાટી ઉપર આવવા દેવો અને ત્યાં એક રાત તેને રાજ ચલાવવા દેવું. આ વરદાન તેને આપવામાં આવ્યું. આ ઉપરથી કાલીચૌદશની ઘોર અંધારી રાતે ભૂત પિશાચો ફરવા નીકળે છે અને ધાર્મિક હિંદુઓ ભૂત પિશાચને કાઢી મૂકવા માટે રોશની કરે છે અને આતશબાજી ફોડે છે. આથી આ રાત ધંતરમંતર માટે અને ભૂત પિશાચોની પૂજા તથા વશીકરણ માટે જાણીતી થઈ પડે એ કુદરતી છે. રાક્ષસોના મુખ્ય સ્થાનરૂપ લંકાના રાક્ષસ રાજા રાવણ ઉપર રામે મેળવેલ જીતનું પણ કદાચ આ સ્મારક હશે.

કાલીઝીરી ૧. સ્ત્રી. એક જાતનું ઔષધ.

૨. સ્ત્રી. શેતરંજી.

૩. વિ. કાળું.

કાલીતનય [સં.] પું. પાડો.

કાલીતનયા [સં.] સ્ત્રી. ભેંસ.

કાલીદેવી સ્ત્રી. અફીણ.

કાલીન (ક઼ાલીન) ૧. પું. ગાલીચો.

૨. સ્ત્રી. શેતરંજી.

૩. [સં.] વિ. કાળનું; કાળસંબંધી.

કાલીનત્વ ન. (ન્યાય) કાલવૃત્તિત્વ. જેમકે, પટ એ ઘટકાલીન છે. એમાં પટનું ઘટકાલીનત્વ છે.

કાલીનાગ પું. એ નામનો એક નાગ. શ્રીકૃષ્ણે તેને નાથ્યો હતો.

કાલીનું ૧. વિ. ગાંડું.

કાલીના થવું = (૧) કાલીકાલી વાતો કરવી. (૨) ગાંડા થવું.

૨. વિ. મૂર્ખ; અણસમજુ.

કાલીપરજ ૧. સ્ત્રી. ગુજરાતમાં વસતી એક ભીલ કોમ.

૨. ન. એ નામની ભીલ કોમનું માણસ.

૩. વિ. એ નામની ભીલ કોમનું.

કાલીપાટ સ્ત્રી. એ નામની એક વનસ્પતિ. એનાં પાન ગળોનાં જેવાં થાય છે. દવામાં તેનાં મૂળ વપરાય છે.

કાલીફલાવર ન. એક જાતનું શાક.

કાલીબલા ૧. સ્ત્રી. ઘરડી ડાકણ.

૨ સ્ત્રી. મરકી; મહામારી.

કાલીબલીલીબલી પું. એક જાતનું પક્ષી; કલકલિયો. ઘર ઉપર બોલતો બોલતો તે ઊતરે ત્યારે અનિષ્ટનો વહેમ ટાળવા સ્ત્રીઓ વાસણ ખખડાવે છે.

કાલીભૂમિ [સં.] સ્ત્રી. કાળી અને ફળદ્રુપ જમીન.

કાલીય ૧. ન. કાળું ચંદન.
૨. ન. પીળા ચંદનનું ઝાડ.
૩. ન. શિલાજિત.

કાલીયક ૧. પું. એક જાતનો નાગ.
૨. [સં.] ન. કાળી સુખડ; સીસમ.
૩. ન. કાળું અગર; કાળાગરુ.
૪. ન. કેસર.
૫. ન. દારુહળદર.
૬. ન. ધોળી ધ્રો.
૭. ન. પીળા ચંદનનું ઝાડ.
૮. ન. પીળું ચંદન.
૯. ન. શિલાજિત.

કાલીયા પું. કૃષ્ણના વખતના નાગ જાતના લોકોનો આગેવાન. તેનો પરાજય કૃષ્ણે તદ્દન નાની ઉમરમાં કર્યો હતો એવો કેટલાકનો તર્ક છે.

કાલીરોટી સ્ત્રી. માલપૂઓ.

કાલીવેલ સ્ત્રી. એક જાતની મોટી લતા.

કાલીશ ન. કંઠનું એક ઘરેણું.

કાલીશીતલામાતા સ્ત્રી. શીતળાનો જીવનાશક રોગ.

કાલીસર સ્ત્રી. ઉપલસરી; ઊસબો; કપૂરીમધુરી.

કાલીસિંધી સ્ત્રી. એ નામની એક નદી; ચંબલ.

કાલીસેમ પું. વટાણા.

કાલીહડે સ્ત્રી હીમજ.

કાલીહર પું. કાળિયાર; એક જાતનું હરણ.

કાલીંગ પું. અંદરજવ.

કાલીંગડું (કાલીંગડું) ન. તરબૂચ.

કાલીંગો ન. તરબૂચ

કાલુ ૧. પું.; સ્ત્રી. દરિયાઈ ખડક.
૨. પું.; સ્ત્રી. બહુ જ બારીક ભીંગડાંવાળી બે ઢાંકણની છીપવાળું ચેતન વિનાનું એક પ્રાણી; એક જાતની માછલી. તેનું રક્ષણ બહુ ભારે તથા મજબૂત છીપથી થાય છે. ડાબી તરફની મોટી અને બિબાકાર છીપ ઉપર આ માછલી સૂએ છે અને હલકું તથા ચપટું જમણું ઢાંકણ ઉપરનું આવરણ બનાવે છે. આ બેઉ ઢાંકણ એક મજબૂત સ્નાયુ વડે સાથે સંધાયેલાં છે. આ માછલીની અનેક જાત છે. તે કાંઠા નજીક છાછરા પાણીમાં રહે છે કે જ્યાં કોઈ પાણીનો પ્રવાહ તેને ખલેલ પહોંચાડતો નથી. આ માછલી મે થી સેપ્ટેમ્બર સુધીમાં ખૂબ જ ઈંડાં મૂકે છે. તે એટલી બધી સંખ્યામાં જન્મે છે કે તે માસમાં દરિયાનું પાણી તે માછલીઓનાં બચ્ચાં ડોળી મારે છે. કાલુ માછલીનાં નાનાં બચ્ચાં દર વર્ષે કદમાં એક ઈંચ વ્યાસ પહોળાં વધે છે. ત્રણ વર્ષ પૂરાં થયા પછી તે વધતાં અટકી પડે છે. કાલુ માછલીની જીવવાની શક્તિ સરેરાશ સાત વર્ષની છે. બ્રિટન, યુનાઇટેડ સ્ટેટ્સ અને ફ્રાન્સમાં કાલુ માછલીને ખૂબ સંખ્યામાં પકડી ખોરાકમાં ઉપયોગમાં લેવામાં આવે છે. તેનો મોટો ઉદ્યોગ ચાલે છે. મોતીની કાલુ માછલી ઉષ્ણકટિબંધમાં થાય છે. તેની છીપો અગત્યની અને શણગારની ચીજોમાં વપરાય છે. તેમાંથી દરિયાઈ મોતી મળી શકે છે. આ માછલીના શરીરમાંથી એક જાતની રસી નીકળે છે અને છીપમાં તેનાં ટીપાં બાઝે છે. જ્યારે એ ટીપાં ઠરી દાણો બંધાય ત્યારે તે મોતી કહેવાય છે.

કાલુગંડી સ્ત્રી. એક જાતની કાષ્ટ ઔષધિ.

કાલુડું (કાલુડું) ૧. વિ. કાલુંકાલું બોલનાર.
૨. વિ. કાળું.
૩. વિ. વહાલ ઊપજે એવું.

કાલુતરૂ વિ. દુષ્ટ; નીચ; હલકું.

કાલુમાછલી જુઓ કાલુ.

કાલુષ્ય ૧. ન. ચિત્તની ડામાડોળ સ્થિતિ.
૨. ન. પાપકર્મ; મલિનતા.

કાલું ૧. પું. કાળ; મૃત્યુ.
૨. સ્ત્રી. મોતીની છાપ.
૩. ન. કપાસનું જીંડવું.
૪. ન. નિદ્રા; ઊંઘ.
કાલું ફાટવું = ઊંઘ આવવી.
૫. વિ. અણસમજુ; બાલિશ.
૧. કાલાં કાઢવાં = અણસમજુ હોય તેમ બોલવું; બાળકવેડા કરવા.
૨. કાલાંની કચ અને બહેરાંનો ઝઘડો = જેનો પાર જ ન આવે એવું.
૬. વિ. કાળા રંગનું.
૭. વિ. પ્રેમ ઉપજાવે તેવું; પ્રેમભીનું.
૮. વિ. બહેરૂં.
૯. વિ. બાળકની વાણી જેવું.
૧૦. વિ. ભાંગ્યુંતૂટ્યું અને મધુરૂં.
૧૧. વિ. મૂંગું.
૧૨. વિ. લાડકું; વહાલું.

કાલુંકાલું જુઓ કાલુંઘેલું.

કાલુંઘેલું ૧. વિ. અણસમજુ; બાલિશ.
૨. વિ. અસ્પષ્ટ; સમજાય નહિ એવું; ભાંગ્યુંતૂટ્યું અને મધુર.
૩. વિ. ખુશામતખોર.
૪. વિ. વાત્સલ્યભાવ ઉપજાવે એવું.
૫. વિ. વિદૂષક જેમ હાસ્ય ઉપજાવે એવું.

કાલુંબોબડું વિ. ન સમજાય તેવું; અસ્પષ્ટ; ભાંગ્યુંતૂટ્યું.

કાલૂ જુઓ કાલુ.

કાલે ૧. સ્ત્રી. એ નામની મરાઠાની અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.
૪. અ. ગયે દિવસે અથવા આવતે દિવસે.

કાલેઊ પું. સવારનો હલકો નાસ્તો.

કાલેકોસ ન. બહુ છેટું; મોટું અંતર.

કાલેત સ્ત્રી. યજુર્વેદની એક પેટા શાખા.

કાલેય ૧. [સં.] પું. એ નામના એક બ્રહ્મર્ષિ.
૨. પું. કલિએ જોયેલ સામવેદ.
૩. પું. કૂતરો.
૪. પું. રસાતળમાં રહેનાર એક દૈત્ય.
૫. પું. હળદર.
૬. ન. કાળજું.
૭. ન. કાળું ચંદન.
૮. ન. દારુહળદર.

કાલેયક ૧. [સં.] પું. કાળું ચંદન.
૨. પું. કૂતરો.
૩. પું. કેસર.
૪. પું. દારુહળદર.
૫. પું. સુવર્ણભૂમિમાં ઉત્પન્ન થતો પીળો અને ચીકાશવાળો પદાર્થ.
૬. પું. હળદર.

કાલેરા પું. અધઓક; ઝાડા ઊલટીનો રોગ; વિષૂચિકા.

કાલેરૂં ન. કારેલું.

કાલેરો ૧. પું. કાલિંગડો રાગ.
૨. પું. ઝાડા ઊલટીનો રોગ.

કાલેલકર ૧. પું. ગુજરાતી અદ્યતન સાહિત્યના લેખક દત્તાત્રેય બાલકૃષ્ણ. તે ગૌડ સારસ્વત બ્રાહ્મણ અને બેલગામ તાબે શહાપુરાના રહીશ છે. દેશપર્યટનને અંગે એમણે હિમાલયમાં આશરે અઢી હજાર માઈલનો પ્રવાસ પગે ચાલીને કરી પોતાનો અનુભવ ‘હિમાલયનો પ્રવાસ’ નામક પુસ્તકમાં સંગ્રહેલ છે. એમના પ્રિય વિષય ઉપનિષદ અને જ્યોતિષ છે. ગુજરાતી ભાષા દ્વારા જનતામાં મૌલિક ઉપદેશનો પ્રચાર કરવામાં એમની કલમે કીમતી ફાળો આપ્યો છે. સ્વતંત્ર નૈસર્ગિક વિચાર અને વિશાળ ભાષાશૈલીવાળું નવું અને જોમભર્યું ગદ્ય તેમણે તેમ કરતાં ઊભું કર્યું છે. સંસ્કૃત ભાષાના અવલંબનથી કેટલીક નવી જ વાકયરચનાઓ, ગુજરાતી ભાષાની

રૂઢિને અનુકૂળ રહીને એ કરી શકે છે. તેમણે મનનપ્રધાન ગદ્યમાં નિબંધ, અનુભવકથન, સાહિત્યશાસ્ત્ર, વિવેચન, ઉપદેશ, તત્ત્વદર્શન, સંશોધન અને ધર્મપ્રકરણમાંનાં સ્વતંત્ર ચિંતન કર્યાં છે.

૨. સ્ત્રી. એ નામની એક દક્ષિણી અટક.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

કાલેશ ૧. [સં.] પું. મકાર વર્ણ.

૨. પું. શિવ.

૩. પું. સૂર્ય.

કાલેશ્વર જુઓ કાલેશ.

કાલેશ્વરમ ન. આંધ્ર રાજ્યની સરહદ ઉપર આવેલું એક પુરાતની શહેર.

કાલેસ ૧. પું. કજિયો; કલહ.

૨. પું. દુઃખ; પીડા.

૩. પું. માંદગી; રોગ.

કાલેસર પું. એક જાતની ઔષધિ.

કાલેંદ્ર પું. પિશાચ નિકાયની દક્ષિણ દિશાનો ઇંદ્ર.

કાલોચિત [સં.] વિ. સમયને યોગ્ય.

કાલોડિયા (કાલોડ઼િયા) ૧. સ્ત્રી. બ્રાહ્મણની એક જ્ઞાતિ.

૨. ન. બ્રાહ્મણની એ નામની જ્ઞાતિનું માણસ.

૩. વિ. બ્રાહ્મણની એ નામની જ્ઞાતિનું.

કાલોત્થ વિ. કાળથી ઉત્પન્ન થયેલ.

કાલોત્પત્તિ [સં.] સ્ત્રી. કાળની શરૂઆત.

કાલોદ પું. (જૈન) કાળરૂપી સમુદ્ર; કાલોદધિ.

કાલોદક ૧. [સં.] ન. એ નામનું એક તીર્થ.

૨. ન. કાળું પાણી.

કાલોદધિ ૧. [સં.] પું. (જૈન) અડદના રંગ જેવા કાળા પાણીવાળો સમુદ્ર.

૨. પું. કાળરૂપી મહાસાગર.

૩. પું. (જૈન) ધાતકી ખંડને ફરતો આવેલો આઠ લાખ યોજન વિસ્તારનો સમુદ્ર.

કાલોની [અં. કૉલોનિ] સ્ત્રી. ઉપનિવેશ; એક દેશનાં માણસોની બીજા દેશમાં વસતી અથવા આબાદી; વસાહત.

કાલ્જા ૧. પું. જુસ્સો; હિંમત.

૨. પું. માણસનું હૃદય.

કાલ્હેરા સ્ત્રી. એ નામની વાડ બનાવવા માટે ઉપયોગી એક વનસ્પતિ. ૩૦૦૦થી ૬૦૦૦ ફૂટ સુધીની ઊંચાઈએ તે ઊગી શકે છે. તેનાં ફૂલ સુગંધી છે.

કાલ્પનિક ૧. પું. દંભી માણસ.

૨. પું. શબ્દનો એક પ્રકાર.

૩. ન. જે સંખ્યા કે રાશિનું અસ્તિત્વ વાસ્તવિક રીતે સંભવતું નથી છતાં જેનો ઉપયોગ ગણિતશાસ્ત્રમાં થાય છે તે. જેમકે, $\sqrt{-૧}$, $\sqrt{-૪}$, $\sqrt{-૭}$, $\sqrt{-ક^{૨}}$.

૪ વિ. બનાવટી; કૃત્રિમ; તર્કથી ઉપજાવી કાઢેલું.

૫. વિ. બુદ્ધિથી જણાયેલું; મનોગમ્ય.

કાલ્પનિકતા [સં.] સ્ત્રી. ઢોંગ; દંભ.

કાલ્પનિકસુખચિત્ર ન. દરેક માણસ આ દુનિયામાં તદ્દન સુખી રહે એવી ધારણા.

કાલ્પી ૧. પું. એક જાતનો બાજરો.

૨. ન. એ નામનું હિંદુસ્તાનનું એક શહેર.

કાલ્બુદ ૧. પું. આકૃતિ.

૨. પું. શરીર; દેહ.

૩. પું. હૃદય.

કાલ્મા ૧. પું. નિંદા.

૨. પું. શંકા.

કાલ્ય ૧. સ્ત્રી. આવતી કાલ.

૨. સ્ત્રી. ગઈ કાલ.

૩. અ. હમણાં; થોડા વખત ઉપર.

કાલ્લી સ્ત્રી. શેરડીની એક જાત. તેનો સાંઠો રંગે સફેદ, જાડો અને બહુ રસવાળો થાય છે.

કાલ્સર્પ પું. ઝેરી સાપ.

કાલ્હા ન. વખતનું એક માપ.

કાવ ૧. પું. કાગડો.

૨. પું. હેતુ.

૩. [સં.] ન. કવિ જેનો દેવ છે તેવું સામ.

૪. ન. કામ; મતલબ.

કાવ કાઢી લેવું = કપટથી કામ સાધી લેવું.

૫. ન. ખોદવાની ક્રિયા.

૬. ન. તપાસ.

કાવકા ન. રાડું.

કાવકાવ સ્ત્રી. બારીક તપાસ.

કાવઠિયા ૧. સ્ત્રી. કણબીની એ નામની એક અટક.

૨. ન. એ અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કાવડ (કાવડ઼) ૧. સ્ત્રી. ખામી; ખોટ.

૨. સ્ત્રી. ગાડીનો એક ભાગ.

કાવડનું આખડું = ગાડાના ચોકઠા નીચે પછવાડાના ભાગમાં જડવામાં આવતું લાકડું. તેમાં હાથલા બેસાડવામાં આવે છે.

૩. સ્ત્રી. બંને છેડે શીકાં બાંધ્યાં હોય તેવી લાકડી અથવા વાંસ.

કાવડવાળો = કાવડમાં સામાન ઉપાડનાર માણસ.

૪. સ્ત્રી. સેવા.

કાવડિયા (કાવડ઼િયા) ૧. સ્ત્રી. એ નામની કણબીની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કાવડિયું (કાવડ઼િયું) ન. પૈસો; એક તરફ કાવડના ચિત્રવાળો પૈસો. કાવડના ચિત્ર ઉપરથી તેનું નામ કાવડિયું કહેવાયું.

કાવડિયો (કાવડ઼િયો) ૧. પું. કાવડ ઊચકનાર માણસ.

૨. પું. કાવડથી પાણી ભરવાનો ધંધો કરનાર માણસ.

૩. પું. કાવડમાં દેવ રાખી ફરનાર એક જાતનો બાવો.

કાવડી (કાવડ઼ી) ૧. પું. કાવડિયો.

૨. સ્ત્રી. કાવડ.

કાવડું (કાવડ઼ું) ૧. ન. કામઠું.

૨. ન. કાવડનું લાકડું.

૩. વિ. ઠગારૂં; ધૂર્ત; લુચ્ચું.

કાવડોડી સ્ત્રી. દૂધીની જાતની એક સુશોભિત વેલ; શિવલિંગા. તે વર્ષાઋતુને અંતે થાય છે. તેને જેમ ફળ પાકતાં જાય છે તેમ પાંદડાં સુકાતાં જાય છે.

કાવતરાખોર વિ. પ્રપંચી; કપટી; કારસ્તાની.

કાવતરાબાજ જુઓ કાવતરાખોર.

કાવતરું ૧. ન. કપટ; તરકટ; કારસ્તાન; કૂટપ્રબંધ.

૨. ન. ખટપટ; છળ.

૩. ન. ગુપ્ત અને કપટપૂર્ણ યોજના.

૪. ન. ઠગાઈ; દગો.

૫. ન. મસલત; સંતલસ; હિકમત.

કાવન [હિં.] વિ. એકાવન.

કાવર ૧. પું. વહાણની ગલીમાં બંધાતી એક નાની બરછી. તેનાથી વ્હેલ વગેરેનો શિકાર થાય છે.

૨. સ્ત્રી. કણબીની એ નામની એક અટક.

૩. [હિં.] સ્ત્રી. ગંગા નદીનું પાણી લઈ જવાની ટોપલી; કાવડ.

૪. ન. એ નામની અટકનું માણસ.

૫. વિ. એ નામની અટકનું.

કાવરા પું. બ. વ. હાથના એક દાગીનાનું નામ; કાવલાં.

કાવરાન ૧. સ્ત્રી. વહાણમાં કરાતી ભરતી.
૨. ન. વધારે માલ ભરવા વહાણની આંતરી ઉપર રખાતું પાટિયું.

કાવરાંગ [સં. નૌકા (વહાણ) + અવર (બીજું) + અંગ (ભાગ)] ન. વહાણના ધાબાની ઊંચાઈ વધારવા માટે જ્યુત્રા ઉપર રાખવામાં આવતું પાટિયું.

કાવરી ૧. પું. દોરડાનો ફાંસો, જેમાં કોઈ ચીજ બંધાય છે.
૨. સ્ત્રી. કસૂંબીના છોડનું બી.
૩. સ્ત્રી. કાચની બંગડી.

કાવરુક ૧. [સં.] ન. ઘુવડ પક્ષી.
૨. વિ. ભયંકર; બિહામણું; વિકરાળ.

કાવરું વિ. આકુળવ્યાકુળ; આવરુંબાવરું; ગભરાયેલું; ગાભરું.

કાવરુંબાવરું જુઓ કાવરું.

કાવલ ૧. પું. ચોકી; રોન.
૨. પું. મિલ્કતના રક્ષણ માટે આપવો પડતો લાગો.
૩. પું. રસ્તામાં રોકી ધોળે દિવસે કરાતી લૂંટ.

કાવલગાર પું. ચોકીદાર; પહેરેગીર.

કાવલપટ્ટી સ્ત્રી. કેદની શિક્ષા.

કાવલાઈ સ્ત્રી. નાજુકાઈ; સુકોમળતા.

કાવલાં ન. બ. વ. સ્ત્રીઓનું હાથમાં પહેરવાનું એક જાતનું ઘરેણું.

કાવલિઅ વિ. સહન નહિ કરનારું; અસહિષ્ણુ.

કાવલિક પું. કોળિયાથી ખોરાક લેવાપણું; કવલ આહાર.

કાવલી ૧. સ્ત્રી. કાવરી; કાચની બંગડી.
૨. સ્ત્રી. ખટપટ.
૩. સ્ત્રી. દક્ષિણ હિંદની નદીમાં થતી એક જાતની માછલી.
૪. સ્ત્રી. મેષશીંગી; મેંઢાશીંગ.

કાવલીગાર જુઓ કાવલગાર.

કાવલું ૧. વિ. કુમળું; નાજુક; સુકુમાર.
૨. વિ. ઘણું નાજુક અને શોભિતું પણ તકલાદી; બરડ.
૩. વિ. ઘાટીલું; ભભકાદાર; રૂપાળું.
૪. વિ. પાતળું; દૂબળું; સુકલકડી.

કાવલો પું. કાવો; એક માદક પીણું.

કાવવું સ. ક્રિ. કહેવરાવવું.

કાવશ ૧. ન. અવકાશ; આકાશ; ખાલીપણું.
૨. વિ. ખાલી; ખાલીખમ.
૩. વિ. પોલું; પોકળ.
૪. અ. કશું પણ નહિ; લગારે નહિ; તળિયાઝાટક.

કાવષેય પું. (પુરાણ) તુર ઋષિ. તે કવષાનો દીકરો હોવાથી તે કાવષેય કહેવાતો.

કાવસજી પટેલ પું. એક જાતનો આંબો. તેની કેરીનું વજન આશરે સવા શેર હોય છે. આ કેરી મુરબ્બામાં વપરાય છે.

કાવસત સ્ત્રી. કોઈ વસ્તુ; કંઈ પણ ચીજ.

કાવહુત જુઓ કાવસત.

કાવળ ૧. સ્ત્રી. એક જાતનો વેલો. તેનાં પાન પીપરનાં પાન જેવાં હોય છે. તે પાન તોડવાથી કાળો રસ નીકળે છે. એ વેલામાં બરછી જેવાં અણીદાર ફળ થાય છે. એ ફળમાંથી રેશમ જેવાં ફૂલ ઊઘડે છે. વેલાની છાલ ઔષધિમાં વપરાય છે.
૨. સ્ત્રી. ખરણેર; શિરદોડી.
૩. ન. કપટ; કૂડ; છળ; પ્રપંચ.

કાવળાં ન. ગોવા પ્રાંતમાં થતું ૮ થી ૧૦ ફૂટ ઊંચું એક ઝાડ. તેનાં પાન આમલીનાં પાન જેવાં થાય છે. તેનાં ફળ લીલા વટાણા જેવાં જાંબુડા રંગનાં થાય છે. સ્વાદિષ્ટ ફળ હોવાથી તે ખાવાના ઉપયોગમાં લેવાય છે.

કાવળી ૧. સ્ત્રી. એક જાતની વેલ; ઉપટશૂળી; ઉપલસરી.
૨. સ્ત્રી. કાચની બંગડી; કાવલી; કાવરી.
૩. સ્ત્રી. દૂધ, પાણી વગેરે પ્રવાહી ઉપર તરતું પાતળું પડ; મેલનું આચ્છાદન.
૪. સ્ત્રી. ફૂગ.

કાવળીમૂળ ન. એક જાતની ઔષધિ. તે અનંતમૂળને મળતું અને દેખાવમાં પણ તેના જેવું જ છે. આ છોડનાં પાન ત્રણ ચાર ઇંચ લાંબાં અને ઘાટા લીલા રંગનાં થાય છે. તેની ઉપલી બાજુ ચળકતી અને હેઠલી બાજુ ભૂખરી છે. સર્પના દંશ ઉપર તેના મૂળનો ભૂકો દબાય છે. તેનો ક્વાથ પીવાથી ઊલટી થાય છે. તેમાં પીળાં બારીક ફૂલ થાય છે અને તેની વચમાં સફેદ પરાગ વળગેલ છે.

કાવા ૧. પું. ઘોડાને ચક્કર ફેરવવો તે.
૨. [અ. ક્હવા] પું. બુંદદાણા; ‘ કૉફી ’.

કાવાક ૧. [ફા.] વિ. કદરૂપું; કઘાટું.
૨. વિ. ખાલી.
૩. વિ. નકામું; ઉપયોગ વિનાનું.
૪. વિ. પોલું; પોકળ.
૫. વિ. લાંબું.

કાવાકસૂંબા પું. બ. વ. કાવો અને અફીણ.

કાવાકી ૧. [ફા.] સ્ત્રી. ખાલીપણું; પોલાણ.
૨. સ્ત્રી. લંબાઈ.

કાવાકોળ સ્ત્રી. બિહારમાં આવેલી એ નામની એક પ્રાચીન પર્વતમાળા.

કાવાખાનું [અ.] ન. કાવો પીવાની દુકાન; કોફી પીવાનું સ્થળ.

કાવાટ ૧. પું. હલકી જાતનો કોલસો.
૨. ન. એક જાતની ઝાડી.
૩. ન. સુકાઈ ગયેલ લીલ.

કાવાણી ૧. સ્ત્રી. લેઉઆ કણબીની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કાવાદ [સં.] પું. વાણીથી થતો ક્લેશ.

કાવાદાન જુઓ કાવાદાની.

કાવાદાની ૧. [અ. ક્હવા (કૉફી) + દાન (પાત્ર)] સ્ત્રી. કાવો રાખવાની કીટલી; ચા, કૉફી વગેરેનું વાસણ; ચાદાની.
૨. સ્ત્રી. યોનિ; સ્ત્રીની જનનેંદ્રિય.

કાવાદાવા પું. બ. વ. છળપ્રપંચ; કપટબાજી.

કાવાબાજ વિ. કપટી; ઠગ; પેચવાળું.

કાવાર [સં.] ન. શેવાળ.

કાવારિ સ્ત્રી. એ નામની એક વનસ્પતિ. તે વાડ કરવા માટે ઉગાડવામાં આવે છે.

કાવારી ૧. [સં.] સ્ત્રી. ઘાસ વગેરેની છત્રી.
૨. સ્ત્રી. હાલતી ઝૂંપડી; ભમતી ઝૂંપડી.

કાવાં ન. બ. વ. ઘરના છાપરા ઉપરનાં નળિયાંની હાર.

કાવિત ૧. ન. એ નામનું એક ઝાડ.
૨. ન. કૌવત.

કાવિશ ૧. [ફા.] સ્ત્રી. ખોદવું તે.
૨. સ્ત્રી. તપાસ.
૩. સ્ત્રી. મનન; વિચાર.
૪. સ્ત્રી. વૈર; દુશ્મનાવટ.
કાવિશ રાખવી = દુશ્મન હોવું.

કાવી ૧. સ્ત્રી. કવિની સ્ત્રી.
૨. [ફા. કાવીદન] સ્ત્રી. ખોદવું તે.
૩. સ્ત્રી. તપાસ.
૪. ન. પેટેગોનિઅમાં થતું એક જાતનું ચંચળ પ્રાણી. તેની પીઠ ઉપરનો રંગ કાબરચીતરો ને શરીરની બાજુ પીળા રંગની હોય છે. તેનાં છાતી અને પેટ સફેદ અને ખંભા તરફની ચામડી કાળાશ ઉપર હોય છે. એ બે બચ્ચાંને એકી વખતે જન્મ આપે છે. એની નરમ રુવાંટીવાળી ચામડી કામળી જેવું કાપડ

બનાવવામાં વપરાય છે. તેનું મોઢું સસલાને મળતું હોય છે.

કાવીઅર પું. યરપમાં રશિયાની આસપાસ દરિયામાં મળતી સ્ટર્જીઅન માછલીના ગર્ભમાંથી બનાવેલો એક પદાર્થ. તે સૂકવીને તેલ અને લીંબુના રસની સાથે ખાવામાં આવે છે.

કાવીત ન. જંગલી સફરજન.

કાવું ૧. ન. ખાટલાની પાટીનો આંટો.

૨. ન. છાપરા ઉપરની નળિયાંની ત્રણથી પાંચ હારનો જથ્થો; છાપરા ઉપરની નળિયાંની ઓળ.

મહા પુરુષ કાવે માંઈ બલી,
વેષ પેર્યો પણ ટેવ ન ટળી. — અખો

૩. અ. ક્રિ. કાયર થવું; કંટાળવું.

૪. સ. ક્રિ. કવરાવવું; થકવી નાખવું.

૫. સ. ક્રિ. કહેવરાવવું.

કાવૃક ૧. [સં.] પું. કૂકડો.

૨. પું. ચક્રવાક પક્ષી.

૩. પું. પીળા રંગના મસ્તકવાળું પક્ષી.

કાવેઠા સ્ત્રી. બળદની એક જાત.

કાવેડી (કાવેડ઼ી) પું. મહા સોદાગર; મોટો વેપારી.

કાવેડું (કાવેડું) વિ. કાબેલ; કુશળ.

કાવેતર ન. કાવતરું.

કાવેબાજ વિ. કપટી; દગાખોર.

કાવેર [સં.] ન. કેસર.

કાવેરી ૧. સ્ત્રી. એ નામની દક્ષિણ હિંદમાં મ્હેસુર સંસ્થાનની નદી. તે કુર્ગમાં આવેલા બ્રહ્મગિરિના ઝરણારૂપે નીકળે છે. એ ઝરણાને કૂર્મ પુરાણમાં ચંદ્રતીર્થ કહ્યું છે. કાવેરીનો શિવસુદ્રા આગળ પડતો ધોધ જોવા લાયક છે. તે સંબંધી એવી દંતકથા છે કે એક વખત કાવેરા મુનિની સ્વરૂપવાન પુત્રી કાવેરીએ પોતાના પિતાને મોક્ષ મેળવી આપવાની ઇચ્છાથી એક એવી નદી બનવાનો વિચાર કર્યો કે જેમાં પાપી માણસો નહાય તો પોતાના પાપમાંથી છૂટે. આવા વિચારથી તેણે બ્રહ્મગિરિ પર્વત ઉપર જઈને બ્રહ્માને પ્રસન્ન કરવાની આરાધના કરવા માંડી. બ્રહ્મા તેની ભક્તિથી પ્રસન્ન થયા પણ અગસ્ત્ય ઋષિ તેની સુંદરતા ઉપર એટલા બધા મુગ્ધ થઈ ગયા કે તેણે તેની સાથે પરણવાની માગણી કરી. તેની તીવ્ર ઇચ્છા જોઈને કાવેરી તેને ના ન કહી શકી. પરંતુ તેની સાથે એવી શરત કરી કે જો તમે મને એકલી મૂકીને જશો તો હું તમને છોડીને ચાલી જઈશ. કેટલાક વખત પછી તે મુનિ પોતાનું વચન ભૂલી ગયા અને પોતાનો આશ્રમ પોતાના શિષ્યોને સોંપીને પાસેની કનક નામની નદીમાં સ્નાન કરવા ગયા. આ તકનો લાભ લઈને કાવેરીએ તે આશ્રમ પાસેના પવિત્ર ધરામાં ઝંપલાવ્યું અને તેમાંથી સુંદર નદી તરીકે આગળ વહેવા માંડી. અગસ્ત્ય ઋષિના શિષ્યો આ જોઈને ઘણા મૂંઝાઈ ગયા અને તેને અટકાવવાને માટે તેના માર્ગમાં અડચણો નાખવા મંડ્યા; પણ કાવેરી અટકી નહિ. ત્યાં તે જમીનમાં અદૃશ્ય થઈ ગઈ અને ત્યાંથી જમીનમાં ચાલીને ભગમંડલ ક્ષેત્ર પાસે ફરીથી પ્રગટ થઈ અને ત્યાંથી આજની પવિત્ર કાવેરી નદીરૂપે વલંબુરી તરફ વહેવાનું ચાલુ રાખ્યું. જ્યારે અગસ્ત્ય ઋષિએ આ જાણ્યું ત્યારે તે તેની પાછળ દોડતા દોડતા ગયા અને તેને પોતાની સાથે પાછા આવવાની અને તેની સાથે રહેવાની આજીજી કરી; પણ કાવેરીએ ના પાડી અને પોતે એક ઉપયોગી નદી તરીકે જિંદગીભર રહેવાનું બ્રહ્મા પાસે માગેલા વચનની અગસ્ત્ય ઋષિને વાત કહી. આ સાંભળીને અગસ્ત્ય ઋષિએ તેને આશીર્વાદ આપ્યો અને અનેક પવિત્ર તીર્થોમાં થઈને પૂર્વ સમુદ્ર તરફ જવાનો તેનો રસ્તો નક્કી કરી આપ્યો.

૨. સ્ત્રી. એ નામનો નર્મદાનો ઉત્તર તરફનો એક ફાંટો.

૩. સ્ત્રી. વેશ્યા.

૪. સ્ત્રી. સંપૂર્ણ જાતિની એક રાગિણી.

૫. સ્ત્રી. હળદર.

કાવેરીઝ સ્ત્રી. અરબસ્તાનનો એક ચલણી સિક્કો.

૧ કાવેરીઝ = ૧$\frac{૧}{૧૦}$ આના.
૩૦ કાવેરીઝ = ૧ પીઆસ્ટર.

કાવો ૧. પું. અફીણનો કસૂંબો.

૨. પું. આંતરડામાં થતો અર્ધપ્રવાહી જેવો એક રસ. તે થૂંકની પેઠે સ્ટાર્ચની સાકર બનાવે છે અને શેષ રહેલા નાઇટ્રોજન તથા ચરબીવાળા પદાર્થોનું પાચન કરે છે.

૩. પું. ઉકાળો; કાઢો; કવાથ.

૪. પું. કાવાદાવા; છળ; પ્રપંચ.

૫. પું. ઘોડાને ગોળ ચક્કરમાં ફેરવવો તે; ઘોડાને કેળવવો અને પલોટવો તે.

કાવો દેવો = ઘોડાને ગોળ ચક્કરમાં ફેરવવો.

૬. પું. ચંદનનો કટકો.

૭. પું. છેડે નાનો કાંકરો બાંધેલ હોય એવી લાંબી દોરી. તે ઉંચેની ચીજ નીચે લાવવા વપરાય છે.

૮. પું. ડોઝ; દવાનો ભાગ.

૯. પું. ઢોલિયાની પાટીનો આંટો.

૧૦. [અ. કહવા (બુંદ)] પું. બુંદદાણાનો કાઢો; મીઠું નાખીને તૈયાર કરેલ પીણું.

૧૧. સ. ક્રિ. કહો; કહેવરાવો.

કાવોદાવો ૧. પું. આળપંપાળ.

૨. પું. કપટ; છળ; દગલબાજી; દગો; પ્રપંચ.

૩. પું. કામકાજ; ધંધોધાપો.

૪. પું. નિમકહરામી; વિશ્વાસઘાત.

૫. પું. યુક્તિપ્રયુક્તિ.

કાવ્ય ૧. પું. (પુરાણ) એક બ્રહ્મર્ષિનું નામ.

૨. પું. (પુરાણ) બર્હિષદ પિતરો માંહેના એક પિતર.

૩. પું. (પિંગળ) રોળાવૃત્તની જાતનો ચોવીશ માત્રાનો એ નામનો છંદ. તેમાં ૧૧ અને ૧૩ માત્રાએ યતિ અને ૧, ૫, ૯, ૧૩, ૧૭ અને ૨૧ માત્રાએ તાલ આવે છે.

૪. પું. શુક્રાચાર્ય.

૫. ન. ઉપરૂપક એટલે ઊતરતી જાતના નાટકના ૧૮ માંહેનો એક પ્રકાર.

૬. ન. એક પ્રકારનો અલંકાર.

૭. [સં.] ન. કવિતા; પદ્ય. સંસ્કૃતમાં કુમારસંભવ, રઘુવંશ, કિરાતાર્જુનીય, શિશુપાલવધ અને નૈષધ એ પાંચ મહાકાવ્ય ગણાય છે. શબ્દપ્રધાન, અર્થપ્રધાન અને ધ્વનિપ્રધાન એમ કાવ્ય ત્રણ પ્રકારનાં છે. તેની જાત નીચે પ્રમાણે છે:



જુઓ કાવ્યશાસ્ત્ર ૨.

૮. ન. કવિતાનો ગ્રંથ.

૯. ન. કવિતામાં રહેલ કલાત્મક રસનું તત્ત્વ.

૧૦. ન. કવિનું કર્મ.

૧૧. ન. કાવ્યશાસ્ત્રમાં કહેલાં લક્ષણવાળી અને રસાલંકારવાળી ઉત્કૃષ્ટ કવિતા.

૧૨. ન. ડહાપણ.

૧૩. ન. દૃશ્ય કાવ્યના ૨૭ માંહેનો એ નામનો એક ભેદ.

૧૪. ન. નૃત્યનો એક ભેદ.

૧૫. ન. પ્રેરણા.

૧૬. ન. બોતેર માંહેની એક કળા.

૧૭. ન. (વેદાંત) રમણીયાર્થ પ્રતિપાદક શબ્દ.

૧૮. ન. રસિક વાક્ય; રસાત્મક વાક્ય કે પદબંધ.

૧૯. ન. સુખ.

૨૦. વિ. કવિ સંબંધી.

૨૧. વિ. ભવિષ્ય ભાખનારૂં.

૨૨. વિ. વર્ણન કરવા યોગ્ય.

૨૩. વિ. સ્તુતિ કરવા યોગ્ય.

કાવ્યકર્ત્રી [સં.] સ્ત્રી. કાવ્યકારિણી; કવયિત્રી; કાવ્ય કરનાર સ્ત્રી.

કાવ્યકલા ૧. [સં.] સ્ત્રી. કવિતા કરવા કે બનાવવાની કળા કે યુક્તિ અથવા આવડત; કાવ્યની કળા.

૨. સ્ત્રી. કવિતામાં ચિત્રપ્રબંધ આદિક જે તરેહવાર રચના કરવી તે.

૩. સ્ત્રી. બોતેર માંહેની એક કલા.

કાવ્યકલાપ [સં.] પું. કાવ્યગુચ્છ; કાવ્યનો સમૂહ.

કાવ્યકળા જુઓ કાવ્યકલા.

કાવ્યકાર [સં.] પું. કવિ; કવિતા કરનાર માણસ.

કાવ્યકૃતિ [સં.] સ્ત્રી. કવિતાની બનાવટ.

કાવ્યકોવિદ [સં.] પું. કાવ્યનો જાણકાર; કાવ્ય સારી પેઠે સમજી તેના ઉપર ટીકા કરનાર માણસ.

કાવ્યકૌશલ્ય [સં.] ન. કાવ્ય સંબંધી નિપુણતા.

કાવ્યકૌસ્તુભ [સં.] ન. કાવ્યરત્ન; કાવ્યરૂપી રત્ન; સરસ પ્રકારનું કાવ્ય.

કાવ્યક્ષેત્ર ૧. [સં.] ન. કવિતાનો વિસ્તાર.

૨. ન. કવિત્વ; કવિપણું.

કાવ્યગિરા [સં.] સ્ત્રી. કાવ્યની ભાષા; કાવ્યની વાણી.

કાવ્યગીત ૧. [સં.] ન. ગાઈ શકાય તેવી કવિતા.

૨. ન. ગાયન.

કાવ્યગુચ્છ [સં.] પું. કવિતાનું ઝૂમખું; કવિતાનો સમૂહ.

કાવ્યગુંજન [સં.] ન. કાવ્યનું ગાણું.

કાવ્યઘટક [સં. કાવ્ય (કવિતા) + ઘટક (અવયવ)] વિ. કવિતાનું અંગભૂત હોય એવું.

કાવ્યચરણ ન. કવિતાની કડી.

કાવ્યચંદ્રિકા [સં.] સ્ત્રી. એ નામનો એક અલંકારશાસ્ત્રનો ગ્રંથ.

કાવ્યચોર પું. બીજાનાં બનાવેલાં પદ્યમાંથી ચોરીને પોતાનાં તરીકે પ્રસિદ્ધ કરનાર માણસ; બીજાની કવિતામાંથી તેના વિચારની અથવા તેનાં વાક્યોની ચોરી કરી તે પોતાની જણાવી દાખલ કરનાર વ્યક્તિ.

કાવ્યચોરી સ્ત્રી. બીજાના લખાણમાંથી અર્થ, ભાવ, શબ્દ, પદ વગેરે ચોરી પોતાને નામે ચડાવી દેવું તે; તફડંચી.

કાવ્યચૌર જુઓ કાવ્યચોર.

કાવ્યચૌર્ય [સં.] ન. કાવ્યની ચોરી; કાવ્યની તફડંચી કરવી તે; કોઈનું લખેલું કાવ્ય પોતાના નામથી પ્રસિદ્ધ કરવું તે.

કાવ્યછંદ [સં. કાવ્યછંદસ્] પું. (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ. તે રોળાવૃત્તનો એક ભેદ છે. તેમાં ચોવીસ માત્રા હોય છે.

કાવ્યજીવન ૧. ન. કવિજીવનનું કલ્પનાજગત.

૨. ન. કાવ્ય એ જ જીવન.

૩. ન. કાવ્યનું જીવન.

કાવ્યત્વ ૧. ન. કવિતા; કાવ્ય.

૨. ન. કવિતાશક્તિ; કાવ્યપણું.

૩. ન. કાવ્યવિદ્યા.

કાવ્યદર્શ ન. કાવ્યશાસ્ત્ર સંબંધી દંડીએ લખેલું એક પુસ્તક.

કાવ્યદર્શી [સં. કાવ્યદર્શિન્] વિ. કાવ્યવાળું.

કાવ્યદૃષ્ટિ [સં.] સ્ત્રી. કવિતાની નજરે જોવું તે.

કાવ્યદેવી સ્ત્રી. કાવ્યમાતા; વાગ્દેવી; વિદ્યાદેવી; શારદા; સરસ્વતી.

કાવ્યદોષ [સં.] પું. કવિતા લખવામાં કવિતા સંબંધે થયેલ દોષ કે ભૂલ.

કાવ્યદોહન [સં.] ન. ઇચ્છારામ સૂર્યરામ દેશાઈકૃત એ નામનો કાવ્યનો સંગ્રહ.

કાવ્યનાવ [કાવ્ય + નાવ (હોડકું)] ન. કવિતારૂપી નાવડું; કવિતારૂપી હોડી.

કાવ્યનાવડી (કાવ્યનાવડ઼ી) જુઓ કાવ્યનાવ.

કાવ્યન્યાય પું. કવિતાની દૃષ્ટિએ ન્યાય.

કાવ્યપણું ન. કાવ્યત્વ.

કાવ્યપરિશીલન [સં.] ન. કાવ્યનો સતત અને ઊંડો અભ્યાસ.

કાવ્યપરીક્ષક [સં.] પું. કાવ્યની પરીક્ષા કરનાર માણસ.

કાવ્યપરીક્ષણ [સં.] ન. કાવ્યની પરીક્ષા કરવી તે. કાવ્યને વાંચી, સમજી તેમાં આવતા રસ, અલંકાર વગેરે સમજી કાવ્યની દૃષ્ટિથી તેની પરીક્ષા કરવી તેને કાવ્યપરીક્ષણ કહેવામાં આવે છે.

કાવ્યપર્યેષણા ૧. [સં.] સ્ત્રી. કવિતાનો છેવટનો સાર; કવિતા લખાઈ ગયા બાદ તે કવિતાના સારરૂપે કવિ એ લીટી લખે છે તે.

૨. સ્ત્રી. કાવ્ય આરાધના; કાવ્યોપાસના.

કાવ્યપીઠ સ્ત્રી. કવિતાનું સ્થળ; કવિતા બનાવવાનું સ્થાન; જે જગ્યામાં ઘણા કાવ્યકારો રહી કવિતા બનાવતા હોય તેવું સ્થળ.

કાવ્યપીયૂષ [સં. કાવ્ય (કવિતા) + પીયૂષ (અમૃત)] ન. કવિતારૂપી પીણું; કાવ્યામૃત; કવિતારૂપી અમૃત.

કાવ્યપુંજ [સં. કાવ્ય (કવિતા) + પુંજ (જથ્થો)] પું. કાવ્યનો જથ્થો.

કાવ્યપ્રકાશ ૧. [સં.] પું. એ નામનો અલંકારશાસ્ત્રનો ગ્રંથ.

૨. પું. કશ્મીરના મમ્મટ ભટ્ટે કાવ્યશાસ્ત્ર ઉપર લખેલ એ નામનું પુસ્તક.

કાવ્યપ્રકાશકાર [સં.] વિ. કાવ્યનો પ્રકાશ કરનાર; સરસ કવિતા લખી પોતાનું નામ કવિતાના ક્ષેત્રમાં આગળ લાવનાર.

કાવ્યપ્રતિભા ૧. [સં.] સ્ત્રી. કવિતાની કલ્પના.

૨. સ્ત્રી. કવિતાની છટા.

૩. સ્ત્રી. કાવ્ય બનાવવાની અસાધારણ ઈશ્વરદત્ત બુદ્ધિશક્તિ.

કાવ્યપ્રદીપ [સં.] પું. એ નામનો એક અલંકારશાસ્ત્રનો ગ્રંથ. તેમાં કાવ્યના જુદા જુદા અલંકારોનું નિરૂપણ કરવામાં આવેલું છે.

કાવ્યપ્રસંગ ૧. [સં.] પું. કવિઓનાં કાવ્ય વાંચી તેનો ભાવ હૃદયમાં ઉતારવો તે.

૨. પું. કવિતાનો પ્રસંગ.

કાવ્યપ્રસાદી સ્ત્રી. કવિતારૂપી પ્રસાદી; કવિતારૂપી બક્ષિશ. કોઈ કવિએ જુદા જુદા વિષયો ઉપર લખેલી કવિતા બીજાના કામમાં આવે તો તે તેને કાવ્યપ્રસાદી તરીકે ગ્રહણ કરે છે.

કાવ્યભંડારી ૧. વિ. ઘણી કવિતાના જ્ઞાનવાળું.

૨. વિ. જેને ઘણાં કાવ્ય મુખપાઠ હોય એવું; ઘણી કવિતાઓ મોઢે બોલી શકનાર.

કાવ્યભાવના [સં.] સ્ત્રી. કાવ્યની કલ્પના; કાવ્ય લખતી વખતે કવિ પોતાની કવિતામાં જુદી જુદી કલ્પનાઓ દોડાવી સુંદર રસ ઉત્પન્ન કરે છે તે.

કાવ્યભાષા [સં.] સ્ત્રી. કવિતાની શૈલી; કવિતામય પદાવલિ; કવિતારૂપી ભાષા.

કાવ્યભૂષણ [સં.] પું. વિદ્યા સંબંધી એ નામની એક ઉપાધિ.

કાવ્યમમતા સ્ત્રી. કાવ્ય ઉપરનો પ્રેમ; કાવ્ય તરફનો સ્નેહ.

કાવ્યમય ૧. [સં.] વિ. કવિત્વ ગુણથી પૂર્ણ; કવિત્વ ગુણવાળું.

૨. વિ. કાવ્યથી ઓતપ્રોત થયેલું; કાવ્યથી ભરપૂર.

કાવ્યમયતા [સં.] સ્ત્રી. કાવ્યમય હોવાપણું.

કાવ્યમયશૈલી [સં.] સ્ત્રી. કવિતાની શૈલી; કાવ્યભાષા; લલિત શૈલી.

કાવ્યમાત સ્ત્રી. કાવ્યદેવી; કાવ્યમાતા; શારદા; સરસ્વતી.

કાવ્યમાતસ્તુતિ સ્ત્રી. કાવ્યદેવીની પ્રાર્થના; શારદાદેવીની સ્તુતિ; સરસ્વતી દેવીની સ્તુતિ.

કાવ્યમાતા જુઓ કાવ્યમાત.

કાવ્યમાધુર્ય ૧. ન. એ નામનો કવિતાનો એક ગ્રંથ.

૨. ન. કવિતાની મીઠાશ.

કાવ્યમાળા ૧. [સં. કાવ્ય + માલા (હાર)] સ્ત્રી. કવિતારૂપી હાર.

૨. સ્ત્રી. કાવ્યસંગ્રહ; અનેક કાવ્યનો સંગ્રહ.

કાવ્યમીમાંસા ૧. સ્ત્રી. કાવ્યની શાસ્ત્રીય રસચર્ચા; કાવ્યનો શાસ્ત્રીય વિચાર.

૨. સ્ત્રી. કાવ્યશાસ્ત્ર.

કાવ્યમુક્ત [સં. કાવ્ય (કવિતા) + મુક્તા (મોતી)] ન. ફકરો; બેત; કાવ્યખંડ.

કાવ્યમુક્તા જુઓ કાવ્યમૌક્તિક.

કાવ્યમૌક્તિક [સં. કાવ્ય (કવિતા) + મૌક્તિક (મોતી)] ન. કાવ્યરૂપી મોતી; કાવ્યના રૂપમાં મોતી.

કાવ્યરચના [સં.] સ્ત્રી. કવિતા કરવી તે; કવિતાની બનાવટ; કાવ્યની રચના.

કાવ્યરસ [સં.] પું. કવિતાનો રસ; કાવ્યથી અનુભવાતો રસ.

કાવ્યરસિક [સં.] વિ. કવિતાનું શોખીન; કાવ્યમાં જેને રસ હોય એવું; કાવ્યશાસ્ત્રે પ્રતિપાદન કરેલા રસને જાણનાર.

કાવ્યરસિકા ૧. સ્ત્રી. કવિતાની શોખીન સ્ત્રી.

૨. સ્ત્રી. રસજન્ય કવિતાનું પુસ્તક.

૩. સ્ત્રી. રસથી ભરપૂર કવિતા.

કાવ્યરુચિ [સં. કાવ્ય (કવિતા) + રુચિ (ભાવ)] સ્ત્રી. કવિતા તરફની ઇચ્છા કે વલણ.

કાવ્યરૂપ વિ. કવિતામય; કાવ્યના જેવું; પદ્યરૂપ; શ્લોકબંધ.

કાવ્યરેલા પું. (પિંગળ) એક માત્રામેળ છંદ.

કાવ્યલાપ પું. કાવ્યનો સૂર.

કાવ્યલિકા ૧. પું. (કાવ્ય) એ નામનો એક જાતનો અલંકાર.

૨. સ્ત્રી. કવિતા; કાવ્ય.

કાવ્યલિંગ ૧. ન. એ નામનો એક અર્થાલંકાર.

૨. [સં. કાવ્ય (કવિતા) + લિંગ (હેતુ)] ન. કાવ્યનો હેતુ. હેતુનું વાક્યથી કે પદથી કથન કર્યું હોય તેને કાવ્યલિંગ કહેવામાં આવે છે.

કાવ્યલિંગપોષિત શ્લેષ પું. (કાવ્ય) એક પ્રકારનો અલંકાર.

કાવ્યવાસ્તુક પું. (પિંગળ) ચોવીશ માત્રાનો એક જાતનો સમવૃત્ત માત્રામેળ છંદ. તેમાં ૧૧ અને ૧૩ માત્રાએ યતિ અને ૧, ૫, ૯, ૧૩, ૧૭ તથા ૨૧ માત્રાએ તાલ આવે છે.

કાવ્યવિદ્ [સં. કાવ્ય (કવિતા) + વિદ્ (જાણનાર)] વિ. કવિતા જાણનાર.

કાવ્યવિદ્યા ૧. [સં.] સ્ત્રી. કવિતાની કળા; કવિતા બનાવવાની આવડત; કાવ્ય સંબંધી જ્ઞાન; કવિતા બનાવવાની વિદ્યા.

૨. સ્ત્રી. સાહિત્યવિદ્યા.

કાવ્યવિવરણ ન. કવિતાનું વર્ણન; કવિતાનું વિવેચન; કવિતાનું સ્પષ્ટીકરણ; કવિતાની સમજૂતી.

કાવ્યવિવેચન ૧. [સં.] ન. કવિતાના ગુણ દોષ જુદા પાડી તેના ઉપર ટીકા કરવી તે.

૨. ન. કવિતાનું વર્ણન; કવિતાનું સ્પષ્ટીકરણ.

કાવ્યવિવેચના જુઓ કાવ્યવિવેચન.

કાવ્યવિશારદ ૧. પું. એ નામની એક ઉપાધિ.

૨. વિ. કાવ્યમાં હોશિયાર; કાવ્ય બનાવવામાં પારંગત.

કાવ્યશક્તિ ૧. [સં. કાવ્ય (કવિતા) + શક્તિ] સ્ત્રી. કાવ્ય બનાવવાની આવડત; કાવ્ય રચવાની વિદ્યા; પદબંધ કરવાની શક્તિ.

૨. સ્ત્રી. કાવ્યની શક્તિ.

કાવ્યશાસ્ત્ર ૧. ન. અલંકારશાસ્ત્ર.

૨. ન. કાવ્યની ચર્ચા કરતું શાસ્ત્ર; જેમાં કવિતા, તેના રસ, અલંકાર, ગુણદોષ વગેરેની મીમાંસા કરેલી હોય તે ગ્રંથ; કવિતાનું શાસ્ત્ર; જેમાં કાવ્યના ગુણદોષનું નિરૂપણ કરેલું હોય તે. જેમકે, કાવ્યપ્રકાશ, સાહિત્યદર્પણ, અલંકારચંદ્રિકા, રસમંજરી વગેરે ગ્રંથ. કાવ્યશાસ્ત્રના જ્ઞાન વગર કાવ્યની કે નાટકની ખૂબી સમજી શકાય નહિ. થોડુંક કાવ્યસ્વરૂપ, ગુણદોષ, અલંકાર વગેરેનું જ્ઞાન થાય તો કાવ્ય સમજવામાં વધારે રસ પડે. આલંકારિકોએ કાવ્યનાં ભિન્ન ભિન્ન લક્ષણ આપ્યાં છેઃ પ્રાચીન આલંકારિક દંડી કહે છે કે, 'શરીરં તાવદિષ્ટાર્થવ્યવચ્છિન્ના-પદાવલિ' એટલે કે ચમત્કારજનક અર્થવિશિષ્ટ પદસમૂહ તે કાવ્ય. અહીં ચમત્કારનો અર્થ અલૌકિક આનંદ એમ થાય. મમ્મટનું લક્ષણ, 'તદદોષૌ શબ્દાર્થૌ સગુણાવનલંકૃતી પુનઃ ક્વાપિ' એટલે કે મોટા દોષ વિનાના, ગુણયુક્ત અને ક્વચિત્ સ્પષ્ટ અલંકાર રહિત શબ્દ અને અર્થ એ કાવ્ય. અગ્નિપુરાણમાં કાવ્યનું લક્ષણ એમ આપ્યું છે કે, અદોષ, ગુણ, અલંકાર અને રસયુક્ત કાવ્ય કરનાર કવિ કીર્તિ અને પ્રીતિ મેળવે છે; એટલે કે અદોષ, ગુણયુક્ત, અલંકારથી શોભિત અને રસયુક્ત પદ્ય તે કાવ્ય. વિશ્વનાથાદિ આલંકારિકો કહે છે કે, 'વાક્યં રસાત્મકં કાવ્યમ્' એટલે કે રસયુક્ત વાક્ય એ જ કાવ્ય. વામન કહે છે કે, 'રીતિરાત્મા કાવ્યસ્ય' એટલે કે રીતિને કાવ્યનો આત્મા કહે છે. વૈદર્ભી, ગૌડી અને પાંચાલી એવા રીતિના ત્રણ પ્રકાર છે. વિદર્ભ, ગૌડ ને પાંચાલ દેશના કવિઓને પ્રિય હોવાથી આ નામ પડ્યાં છે. આનંદવર્ધનના મત પ્રમાણે ધ્વનિ એ કાવ્યનો આત્મા છે. રસગંગાધરકાર જગન્નાથ કહે છે કે, 'રમણીયાર્થ-પ્રતિપાદકઃ શબ્દઃ કાવ્યમ્' એટલે કે, અર્થ પ્રતિપાદન કરનાર શબ્દને કાવ્ય કહે છે. આ પ્રમાણે જગન્નાથ શબ્દને કાવ્ય કહે છે, મમ્મટ શબ્દ અને અર્થ ઉભયને કાવ્ય કહે છે. આદર્શ કાવ્ય બનાવવામાં ચમત્કારિક શબ્દ અને અર્થ બંનેની જરૂર છે, એટલે કાવ્ય રચવું સહેલું નથી, તેમ જ તેની ખૂબી સમજવી એ પણ સહૃદયીનું કામ છે, રસિકનું છે, નીરસનું નથી. કાવ્યના સામાન્ય રીતે ત્રણ પ્રકાર કરવામાં આવે છેઃ (૧) ઉત્તમ કે ધ્વનિ, (૨) મધ્યમ કે ગુણીભૂતવ્યંગ્ય અને (૩) અધમ કે ચિત્ર. જે કાવ્યમાં વાચ્ય અર્થ કરતાં વ્યંગ્ય અર્થ વધારે ઉત્કૃષ્ટ હોય તેને વિદ્વાનો ધ્વનિ કે ઉત્તમ કાવ્ય કહે છે. જો વ્યંગ્ય અર્થ વાચ્યના કરતાં ઉત્કૃષ્ટ ન હોય તો કાવ્યને મધ્યમ કે

ગુણીભૂતવ્યંગ્ય કહે છે. અવ્યંગ્ય એટલે જેમાં વ્યંગ્ય અર્થ છે જ નહિ એવા કાવ્યને વિદ્વાનો અધમ કાવ્ય કહે છે અને તેના શબ્દચિત્ર અને વાચ્યચિત્ર કે અર્થચિત્ર એવા બે વિભાગ છે. પંડિત જગન્નાથના કહેવા પ્રમાણે ઉત્તમોત્તમ કાવ્યના બે પ્રકાર છે: (૧) અવિવક્ષિતવાચ્ય અને (૨) વિવક્ષિતાન્યપરવાચ્ય. પ્રથમ પ્રકાર લક્ષણા-મૂલધ્વનિ અને બીજો પ્રકાર અભિધામૂલધ્વનિ છે. લક્ષણામૂલધ્વનિના બે પ્રકાર: (૧) અર્થાંતર-સંક્રમિતવાચ્ય એટલે કે અન્ય અર્થ તેમાં દાખલ કરેલો હોય એવું પદપ્રકાશ્ય અને વાક્યપ્રકાશ્ય. (૨) અત્યંતતિરસ્કૃતવાચ્ય એટલે વાચ્યાર્થ કોઈ રીત ઘટતો નથી ને અત્યંત તિરસ્કાર પામેલો થાય છે. તે પણ પદપ્રકાશ્ય અને વાક્યપ્રકાશ્ય એમ બે પ્રકારના છે. કાવ્યવિભાગના વૃક્ષ માટે કાવ્ય શબ્દનો સાતમો અર્થ જુઓ. કાવ્યનાં નામ: એક જ શ્લોકનું કાવ્ય મુક્તક, બે શ્લોકનું યુગ્મક, ત્રણનું સંદાતનિક, ચારનું કલાપક અને પાંચનું કુલન કહેવાય છે. અન્ય આલંકારિકો જુદાં નામ પણ આપે છે. એક શ્લોકનું કાવ્ય મુક્તક, બેનું યુગ્મક, ત્રણનું ગુણવતી, ચારનું પ્રભદ્રક, પાંચનું બાલાવલી અને છનું કરહાટક કહેવાય છે. કેટલાક બે શ્લોકના કાવ્યને સંદાતનિક, ત્રણને વિશેષક, ચારને કલાપક અને પાંચને કુલક કહે છે. મોટા કાવ્યને મહાકાવ્ય અને નાનાને ખંડકાવ્ય કહે છે. મહાકાવ્યનું લક્ષણ દંડીએ એમ આપેલું છે કે, તે સર્ગબંધ હોય એટલે કે તેમાં સર્ગ હોય. આરંભમાં આશીર્વાદ, નમસ્કાર કે વસ્તુનિર્દેશ હોય. તેમાંથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે સધાય છે. ગદ્યપદ્યમય કાવ્ય તે ચંપૂ કહેવાય છે. ગદ્યપદ્યમય રાજસ્તુતિ બિરુદ કહેવાય છે. કવિતાની જાતિ: અન્યોક્તિ કે અલંકારિક કાવ્ય, આત્મબોધ, એલેજિ કે ગંભીરોર્મિક, ઐતિહાસિક કુદરતવર્ણન, ખંડકાવ્ય, ગોપ કે ગ્રામ્ય, દેશભક્તિ, ધ્વનિ, પૌરાણિક, પ્રશસ્તિ, પ્રસંગકાવ્ય, પ્રાજ્ઞ, પ્રેમ કે બેલેડ, બોધકાવ્ય, ભક્તિશૃંગાર કે ભજન, રાસ કે વર્ણનોર્મિક, વિરહ કે શૃંગારી, સભારંજક કાવ્ય, સાંપ્રદાયિક કાવ્ય અને સોનેટ. કવિતાના ગુણદોષ: અતિમિતાક્ષરતા, અતિસંસ્કૃતતા, અભાવ કે ભાવ પૂરતાં પ્રકાશનો, પૂરતી સ્પષ્ટતાનો કે નિર્મળતાનો ઉત્પ્લુતિ, ઔચિત્ય કે અનૌચિત્ય અલંકાર, તરંગલય, શબ્દ, વેગ આદિ અંગોપાંગની કર્કશતા, કવિતોચિત કે કવિતાભાસી પદાવલિ, ખોટો ઓપ કે ભાષાબલિહારી, ઘનત્વ કે ચાતુર્ય, છબીરાગી એટલે રીઅલિસ્ટિક વલણ, તદ્દેવતા એટલે મોનોટોનિ, તરંગની દૂરાકૃષ્ટતા, નિખાલસતા, પ્રસાદ કે સમૃદ્ધિ, પ્રાસાતિશય, ફૂલણુકિશિયારી, ભવ્યતા, મૌક્તિકતા, રૂપકખીચડું, વાક્છટા કે વાગ્ડંબર, શબ્દબાહુલ્ય કે ભાવદારિદ્ર્ય, સરલતા, પ્રકાશછાયાની કે વર્ણનમૌનની સુવ્યવસ્થા અને વિનોદ કે હ્યુમર.

૩. ન. પિંગળ; કવિતા બનાવવા વિષે જેમાં લખેલું હોય તેવું પુસ્તક.

કાવ્યશાસ્ત્રી પું. કાવ્યશાસ્ત્ર કરનાર; પિંગળકાર.

કાવ્યશૈલી સ્ત્રી. કવિતાની ઢબ; કવિતા લખવાની રીત.

કાવ્યસમ વિ. કવિતા જેવું; કવિતા જેવું લાગતું; કવિતા સરખું.

કાવ્યસમસ્યાપૂરણ જુઓ કાવ્યસમસ્યાપૂર્તિ.

કાવ્યસમસ્યાપૂર્તિ સ્ત્રી. ચોસઠ માંહેની એ નામની એક કળા; કવિતાની પાદપૂર્તિ કરવી તે; કવિતામાં પાછળથી ઉમેરો કરવો તે.

કાવ્યસમુચ્ચય [સં.] પું. રામનારાયણ વિશ્વનાથ પાઠકે રચેલ કવિતાના સંગ્રહનું એ નામનું એક પુસ્તક.

કાવ્યસંગ્રહ [સં.] પું. કવિતાનો સમૂહ.

કાવ્યસંચય [સં.] પું. કાવ્યોના સંગ્રહનું એ નામનું પુસ્તક.

કાવ્યસુધા [સં.] સ્ત્રી. કાવ્યરૂપી અમૃત.

કાવ્યસૃષ્ટિ [સં.] સ્ત્રી. કવિજગત; કવિતારૂપી સૃષ્ટિ.

કાવ્યસ્રોત [સં.] પું. કાવ્યનો ઝરો; કવિતાનો પ્રવાહ.

કાવ્યસ્વામી [સં. કાવ્યસ્વામિન્] પું. ઉત્તમ કવિ; કવિતામાં નિપુણ માણસ.

કાવ્યહાસ [સં.] પું. વાંચીને હસવું આવે એવી કવિતા.

કાવ્યહૃદયી [સં. કાવ્યહૃદયિન્] વિ. કાવ્યમય ભાવનાવાળું.

કાવ્યા ૧. [સં.] સ્ત્રી. પૂતના; બકાસુરની બહેન.
૨. સ્ત્રી. બુદ્ધિ.

કાવ્યાનંદ [સં.] પું. કવિતાનો આનંદ; કાવ્યનો રસ માણવાથી મળતો આનંદ.

કાવ્યાનુશાસન [સં.] ન. કાવ્યનો ઉપદેશ.

કાવ્યાભાસ [સં.] પું. કાવ્યનો આભાસ; કવિતાનો દેખાવ.

કાવ્યાભાસી [સં.] વિ. કાવ્યનો દેખાવ આપનાર; કવિતા જેવા દેખાવવાળું.

કાવ્યામૃત [સં.] ન. કવિતારૂપી અમૃત; કાવ્યસુધા.

કાવ્યાર્થાપત્તિ [સં.] સ્ત્રી. એ નામનો એક અર્થાલંકાર.

કાવ્યાવતાર [સં.] પું. કાળિકા; કાળી માતાનું પ્રાચીન નામ.

કાવ્યાંગ [સં.] ન. કાવ્યનાં ચાર અંગ. તે અલંકાર, ગુણ, રસ અને રીતિ છે.

કાવ્યાંશ [સં.] પું. કાવ્યનો અંશ; કાવ્યનો ભાગ.

કાવ્યેતર [સં.] વિ. કાવ્ય સિવાયનું.

કાવ્યોચિત [સં.] વિ. કાવ્યને બંધબેસતું; કવિતાને લાયક.

કાવ્યોત્પાદક [સં.] વિ. કવિતા ઉત્પન્ન કરનાર.

કાવ્યૌઘ [સં.] પું. કાવ્યનો સમુદાય; કવિતાનો સંગ્રહ.

કાશ્ [સં.] અ. ક્રિ. (ધાતુ) પ્રકાશવું; ચકમકવું. તેના ઉપરથી નીકળેલ શબ્દો: પ્રકાશ, પ્રકાશિત.

કાશ ૧. [સં.] પું. એ નામનો એક ઋષિ.
૨. પું. એક જાતનો ઉંદર.
૩. પું. ખાંસી; ઉધરસ.
૪. પું. ચીન અને શાંગહાઈનો એક જાતનો ચલણી સિક્કો.
૫. પું. છીંક.
૬. પું. દેખાવ; ભપકો.
૭. સ્ત્રી. કંટાળીને તિરસ્કારથી પતાવવું તે.
કાશ કાઢવી = પીડા પતાવવી; કંટક કાઢી નાખવો.
૮. [સં. કષ્ટિ] સ્ત્રી. કાસળ; આડખીલી; નડતર.
૯. સ્ત્રી. ઘોડાના જીનનો કમાન વાળેલો ભાગ.
૧૦. સ્ત્રી. બટકું; કાપલી.
૧૧. સ્ત્રી. બલા; લપ.
૧૨. સ્ત્રી. ભ્રમર.
૧૩. સ્ત્રી. માથાકૂટ; વ્યાધિ.
૧૪. ન. એ નામના ઘાસનું ફૂલ.
૧૫. ન. એક જાતનું પોતાની મેળે ઊગતું ઘાસ. તે પીળા રંગનું હોય છે. તેના પાતળા સાંઠા બરડ પણ સ્વાદે ગળ્યા અને રસવાળા હોય છે. તેની સળી કડણ, ઊંચી અને જાડી થાય છે. તેને છેડે સફેદ રેશમ જેવી ચમરી આવે છે. કાશને કેળવતાં શેલડી થયેલ કહેવાય છે.
૧૬. વિ. જેવું લાગતું.
૧૭. [ફા.] અ. આશિષ કે ઇચ્છા બતાવનાર પૂર્વગ.
૧૮ [ફા.] અ. રખે.

કાશક ૧. [સં.] પું. કાસડો ઘાસ.

૨. વિ. પ્રકાશવાળું; દીપ્તિવાળું.

કાશકા સ્ત્રી. ઓખા બંદર તરફ થતી એક જાતની માછલી.

કાશકી ૧. સ્ત્રી. કાશકા; એક જાતની માછલી.

૨. [ફા.] અ. આશિષ કે ઇચ્છા દર્શાવવા માટે વપરાતો પૂર્વગ.

કાશકૃત્સ્ન ૧. [સં.] પું. એ નામનો એક ઋષિ.

૨. પું. પાણિનિના સમય પહેલાંનો વ્યાકરણનો એક પંડિત.

કાશઘર [ફા.] ન. ચીનાઈ તુર્કસ્તાનનું એક શહેર; કાશગર.

કાશજ [સં.] વિ. કાસડામાં ઉત્પન્ન થયેલ.

કાશડો (કાશડ઼ો) પું. એ નામની વનસ્પતિ; એક જાતનું ઘાસ; કાસ; દર્ભ; દાભડો.

કાશદ જુઓ કાસદ.

કાશદાન ન. હાશ પોકારવી તે.

કાશદાન જવું = કંટાળી જવું; થાકી જવું.

કાશની પું. જાંબલી અને ગુલાબી રંગની મેળવણીથી થતો એ નામનો રંગ; ભગવતી રંગ.

કાશપરાવઉત ૧. પું. કશ્યપનો દીકરો.

૨. પું. સૂર્ય.

કાશપરિ [સં.] ન. પ્રાચીન હિંદનું એ નામનું એક શહેર.

કાશપરી [સં.] સ્ત્રી. કાસડાથી ઘેરાયેલ નદી.

કાશપૌંડ્ર [સં.] પું. એ નામનો એક દેશ.

કાશફેરી જુઓ કાશપરી.

કાશફેરેય [સં.] વિ. કાસડાથી વીંટાયેલી નદીમાં થનાર.

કાશબી સ્ત્રી. ઇંદ્રધનુષ્ય; મેઘધનુષ્ય.

કાશમય ૧. [સં.] વિ. કાસડાનું બનાવેલ.

૨. વિ. કાસડો જ્યાં પુષ્કળ હોય તેવું.

કાશમર્દ [સં.] પું. એક જાતનું ઝાડ.

કાશમર્ય ન. કેસર.

કાશય ૧. [સં.] પું. કાશીના રાજાનો પુત્ર.

૨. પું. (પુરાણ) ભારતવર્ષનો એ નામનો એક દેશ.

કાશર સ્ત્રી. ઓછપ; કસર; ખોટ.

કાશલ ૧. [સં. કશ્મલ] ન. આડખીલી; નડતર; ફાંસ; સાલ.

કાશલ કાઢવું = (૧) નડતર દૂર કરવું. (૨) હમેશને માટે દૂર કરવું; મારી નાખવું.

૨. વિ. દુઃખ આપનાર.

કાશળ જુઓ કાશલ.

કાશળે અ. એળે; નકામું; ફોગટ; વૃથા.

કાશંડી [સં.] સ્ત્રી. નાસિક અથવા કાશીની બનાવટનો મોટા પેટનો, પડઘીવાળો, બેઠા ઘાટનો લોટો; શિરાઈ.

કાશંદી જુઓ કાશંડી.

કાશંદ્રી જુઓ કાશંડી.

કાશા [સં.] સ્ત્રી. કાસડો ઘાસ.

કાશાતુ [કાશ (તેજ) + ધાતુ] સ્ત્રી. એ નામની એક ધાતુ. તે બહુ પ્રકાશિત હોવાથી કાશાતુ કહેવાય છે. તે યુનાઇટેડ સ્ટેટ્સ ઓવ અમેરિકમાં આવેલા કોલંબિઅ પ્રાંતમાં મળી આવે છે. તેના ઉપરથી તેનું નામ કોલંબિઅમ પડ્યું છે.

કાશાદિ [સં.] પું. પાણિનીય વ્યાકરણપ્રસિદ્ધ એક શબ્દગણ.

કાશાના [ફા.] પું. ઘર; રહેઠાણ.

કાશાલ્મલિ [સં.] પું. એક જાતનું શીમળાનું ઝાડ.

કાશાશ્મ સ્ત્રી. કાશાતુ તથા લોઢાનો એક ક્ષાર.

કાશિ ૧. [સં.] પું. કાશી દેશ.

૨. પું. મૂઠી.

૩. પું. (પુરાણ) વારુણિ કવિના આઠ માંહેનો સાતમો પુત્ર.

૪. પું. સૂર્ય.

૫. પું. (પુરાણ) સોમવંશી કાશ્યપ રાજાનો પુત્ર.

૬. સ્ત્રી. એ નામની નગરી; કાશી નગરી; બનારસ.

૭. વિ. પ્રકાશવાળું.

કાશિક ૧. પું. (પુરાણ) ભારતના યુદ્ધમાંનો પાંડવ પક્ષનો એક રાજા.

૨. સ્ત્રી. સુતરાઉ કાપડની એક જાત.

૩. વિ. ઉત્તમ.

૪. વિ. કાશાતુ ધાતુવાળું.

૫. વિ. કાશી સંબંધી.

૬. વિ. કાશીમાં બનતું; કાશીમાં હોનાર.

કાશિકા ૧. [સં.] સ્ત્રી. એ નામની વામન અને જ્યાદિત્ય ઉભયની બનાવેલી પાણિનીય સૂત્રો ઉપરની વિસ્તૃત ટીકા.

૨. સ્ત્રી. કાશી નગરી.

૩. સ્ત્રી. ભરતખંડની એ નામની એક પુરાણી નદી.

૪. વિ. સ્ત્રી. પ્રકાશ કરવાવાળી.

૫. વિ. સ્ત્રી. પ્રકાશિત; પ્રદીપ્ત.

કાશિકાપ્રિય [સં.] પું. ધન્વંતરિ.

કાશિકી [સં.] સ્ત્રી. કાશી નગરી.

કાશિપતિ ૧. [સં.] પું. કાશીનો રાજા; કાશીનાથ.

૨. પું. મહાદેવ.

કાશિપુરી [સં.] સ્ત્રી. કાશી નગરી.

કાશિફ [અ.] પું. શોધક; શોધનાર.

કાશિયા ન. એક જાતનું પક્ષી; કોયલ.

કાશિયાની ૧. સ્ત્રી. બ્રહ્મભટ્ટની એક પેટા જ્ઞાતિ.

૨. ન. એ નામની જ્ઞાતિનું માણસ.

૩. વિ. એ નામની જ્ઞાતિનું.

કાશિયારા ૧. સ્ત્રી. મેમણની એ નામની અટક.

૨. ન. મેમણની એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કાશિરમંડલ પું. કશ્મીર દેશ.

કાશિરહતાક સ્ત્રી. ઘૃણા; તિરસ્કાર.

કાશિરાજ ૧. [સં.] પું. કાશી દેશનો રાજા.

૨. પું. ધન્વંતરિ.

કાશિલ ૧. ન. દર્ભાસન.

૨. વિ. કાશ નામના ઘાસનું બનેલું.

૩. વિ. કાસડાથી ઢાંકેલ કે છવાયેલ.

કાશિષ્ણુ [સં.] વિ. પ્રકાશમાન; પ્રકાશતું.

કાશી ૧. [સં.] પું. આર્યદેશ માંહેનો એક દેશ.

૨. પું. (પિંગળ) કુંડલિયા છંદની જાતનો એક વિષમજાતિ માત્રામેળ છંદ. તેમાં ૬૩ ગુરુ અને ૨૬ લઘુ મળી ૧૫૨ માત્રા હોય છે.

૩. પું. સૂર્ય.

૪. સ્ત્રી. કાશી નગરી; કાશીપુરી; બનાર નામના રાજાએ વસાવ્યું માટે તે બનારસ કહેવાય છે. વળી વરુણા અને અસિ નામની નદીઓની વચ્ચે આવેલ હોવાથી વારાણસી પણ કહેવાય છે. તે ગંગા નદીના ડાબા કિનારા ઉપર હિંદુઓનું મુખ્ય પવિત્ર સ્થળ છે. મુખ્ય બજાર સિવાય આ શહેરના બધા રસ્તા સાંકડા અને ગૂંચવણભર્યા છે. સાંકડા રસ્તાની બંને બાજુએ દુકાનોની હાર અને ઉંચાં મકાનો આવેલાં છે. તેમાં જોવા લાયક સ્થળોઃ માનમંદિર, વેધશાળા, સુવર્ણમંદિર, ભારત કળાભુવન, દુર્ગાકુંડ, દશાશ્વમેધઘાટ, મણિકર્ણિકાઘાટ, કાશીવિશ્વનાથનું મંદિર, સંસ્કૃત વિદ્યાપીઠ વગેરે સ્થળો જોવા લાયક છે. આ શહેરમાં શંકરનાં અનેક મંદિરો છે. ઉપરાંત દેવદેવીઓનાં મંદિરોની સંખ્યા પણ ઘણી મોટી છે. હમણાં ભારતમાતાનું એક મંદિર ત્યાં બનાવવામાં

આવ્યું છે. તેમાં કોઈ જાતની મૂર્તિ નથી પરંતુ હિંદ માતાનો નકશો બનાવવામાં આવ્યો છે અને તેમાં હિંદુસ્તાનની કુદરતી સુંદરતા, પેદાશ, કઈ કઈ વસ્તુઓ ક્યાં ક્યાં થાય છે વગેરે બાબતો બતાવવામાં આવેલ છે. કાશીમાં ઘાટ ઉપર ઘણાં ઘરડાં માણસો પોતાની ઉત્તરાવસ્થામાં જઈને રહે છે. કારણકે માન્યતા છે કે કાશીમાં જેનું મરણ થાય તેને મોક્ષ મળે છે. કહેવાય છે કે સુરતનું જમણ અને કાશીનું મરણ. કેટલાક તેને દેવનગરી પણ કહે છે. આ ઉપરથી સંસ્કૃત ભાષા અને લિપિને દેવનાગરી ભાષા અને દેવનાગરી લિપિ કહેવામાં આવે છે. તાંબા પિત્તળનાં વાસણો, જરીના દુપટ્ટા, રેશમી સાડીઓ તથા લાકડાનાં રમકડાં વગેરે અહીં સારાં બને છે.

૧. કાશીએ જઈ કરવત મુકાવવી = અંધ શ્રદ્ધા હોવી. અગાઉના વખતમાં કાશીએ જઈને હરિજનને હાથે માથા ઉપર કરવત મુકાવીને મરી જવાથી મોક્ષ મળતો એવી માન્યતા હતી તે ઉપરથી આ કહેવત બનેલ છે. અગાઉના વખતમાં મયૂરધ્વજ નામના રાજાએ કાશીએ જઈને કરવત મુકાવેલ હતી એવી માન્યતા પ્રચલિત છે.

૨. કાશીએ સંઘ પહોંચવો = કાર્યની સફળતા થવી; ધારેલા અર્થની સિદ્ધિ થવી.

૩. કાશીના પંડિત = ઉપરચોટિયું જાણનાર. આવા માણસને બ્યંગ્યમાં કાશીના પંડિત એમ કહેવામાં આવે છે.

૫. [સં. કાશ્ (દીપવું)] ન. દેખાવવાળું શહેર; પ્રકાશિત શહેર.

૬. વિ. ઉધરસના રોગવાળું.

૭. વિ. પ્રકાશમાન; પ્રકાશતું.

કાશીકરવત ન. કાશીનું એક તીર્થસ્થાન. ત્યાં પ્રાચીન કાળમાં લોકો કરવત મુકાવી પ્રાણ છોડતા અને તેમ કરવામાં બહુ પુણ્ય સમજતા.

કાશીકર્મ ન. કૃષિકર્મ; ખેતીવિદ્યા.

કાશીકીવૃત્તિ સ્ત્રી. દંભ તથા ખોટો વિનય.

કાશીખંડ ન. સ્કંદપુરાણમાં આવેલું એક કાવ્ય. તેમાં કાશીની આસપાસમાં આવેલાં શંકરનાં અનેક દેવાલયોનું વર્ણન કરવામાં આવેલ છે.

કાશીતલવાહિની સ્ત્રી. કાશીને તળિયે ચાલનારી ગંગા; ભાગીરથી.

કાશીદ સ્ત્રી. ખીજ.

કાશીદું ન. વૈતરું.

કાશીનાથ ૧. [સં.] પું. કાશીનો રાજા; કાશિપતિ.

૨. પું. મહાદેવ; શંકર.

કાશીનિદ્રાહકરણ [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

કાશીપ ૧. [સં.] પું. કાશીનાથ; મહાદેવ.

૨. પું. કાશીનો રાજા.

કાશીપતિ ૧. [સં.] પું. કાશીનો રાજા.

૨. પું. મહાદેવ.

કાશીપાંચાલ પું. કાશી અને પાંચાલ દેશ મળી થતું એક દેશનું નામ; પૂર્વપાંચાલ.

કાશીપુરનાથ [સં.] પું. કાશીવિશ્વનાથ મહાદેવ.

કાશીપુરી જુઓ કાશી ૪.

કાશીફળ ૧. ન. પદકોળું. ગોવા તથા કર્ણાટકમાં પોષ તથા મહા માસમાં આ કાશીફળનો પાક થાય છે. આ ફળના વેલા તરબૂચને મળતા આવે છે. આ ફળ રતુંબડા રંગનું, તુંબડીના આકારનું અને મોટા કદનું થાય છે. તે ફળરૂપ જમીનમાં ઊગે છે ને જુદા જુદા કદનાં અને જુદા જુદા રંગનાં થાય છે. તેનો રંગ આછો લીલો હોય છે. પરંતુ જેમ જેમ તે પાકતું જાય છે તેમ તેમ તેનો રંગ બદામી થતો જાય છે. તેમાંથી મોટાં બી નીકળે છે, તેનું શાક થાય છે.

૨. ન. સીતાફળ.

કાશીબોર ન. એક જાતનું ફળ.

કાશીય પું. કાશાતુ ક્ષાર.

કાશીયાત્રા સ્ત્રી. કાશીનાં તીર્થોની યાત્રા.

કાશીરાજ ૧. [સં.] પું. (પુરાણ) અંબા, અંબિકા અને અંબાલિકાનો પતિ.

૨. પું. કાશીદેશનો રાજા.

૩. પું. ધન્વંતરિ.

૪. પું. (પુરાણ) ભારતના યુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક રાજા.

કાશીરાજવિભેદન [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

કાશીવાસ [સં.] પું. કાશી નગરમાં રહેવું તે.

કાશીવિશ્વનાથ [સં.] પું. શિવ; શંકર. કાશીમાં વિશ્વનાથનું મોટું સુવિખ્યાત મંદિર છે.

કાશીવિશ્વેશ્વર જુઓ કાશીવિશ્વનાથ.

કાશીશ ૧. [સં.] પું. કાશીનો રાજા; કાશીનાથ.

૨. પું. મહાદેવ; શંકર.

૩. ન. ચંદન.

૪. ન. હીરાકસી.

કાશીસાદીવટી સ્ત્રી. (વૈદક) સ્ત્રીઓના ઋતુદોષ મટાડનાર એક દવા. તેની ૧ થી ૨ ગોળી મધ, દૂધ કે પાણી સાથે લેવાય છે.

કાશીસાદ્યતૈલ ન. (વૈદક) હીરાકસીમાંથી બનતી એ નામની દવા. તે બનાવવા હીરાકસી, કોઠ, સૂંઠ, પીપર, સિંધવ, મનઃશીલ, કરેણુ, વાવડિંગ, ચિત્રો, અરડૂસો, દાંતીમૂળ, કૂકડવેલ, ચાક અને હરતાલ એ બધી વસ્તુ એક એક તોલો લઈ તેને તેલ ૬૪ તોલા અને ગોમૂત્ર ૨૫૬ તોલામાં મેળવી, તેમાં થોરનું અને આકડાનું ક્ષીર આઠ આઠ તોલા નાખવું અને તેનું તેલ સિદ્ધ કરવું. આ તેલ અર્શના મસા ઉપર લગાડવાથી મસા ખરી પડે એમ મનાય છે.

કાશીસેતુ [સં.] પું. કાશીના માહાત્મ્યવાળો એ નામનો એક ગ્રંથ.

કાશુ પું. સિક્કો.

કાશૂ ૧. [સં.] સ્ત્રી. બરછી; ભાલું; શક્તિરૂપ અસ્ત્ર.

૨. સ્ત્રી. બુદ્ધિ.

૩. સ્ત્રી. રોગ.

કાશૂકાર [સં.] પું. કોકળી; સોપારીનું ઝાડ.

કાશૂતરી [સં.] સ્ત્રી. એ નામનું અસ્ત્ર.

કાશેક્ષુ પું. કાસડો નામની વનસ્પતિ.

કાશેય ૧. [સં.] પું. કાશીરાજાનો પુત્ર.

૨. વિ. કાશીમાં હોનાર કે થનાર.

કાશેયી [સં.] સ્ત્રી. કાશીરાજાની દીકરી.

કાશોપી ન. ઉત્તર ગોળાર્ધમાં આવેલું એ નામનું એક નક્ષત્ર.

કાશ્ગર ન. એ નામનું ચીનાઈ તુર્કસ્તાનનું એક શહેર.

કાશ્ત ૧. [ફા.] સ્ત્રી. ખેડ; ખેતી; કૃષિ.

કાશ્ત કરાવવી = જમીન ખેડાવવી.

૨. સ્ત્રી. ખેડેલી જમીન; ખેતર.

બેકાશ્ત = પડતર; ખેડ્યા વિનાનું.

૩. સ્ત્રી. જમીનદારને કંઈ વાર્ષિક લાગો દઈને મેળવેલ તેની જમીન ખેડવાનો હક્ક.

૪. સ્ત્રી. જમીનનો ઉપભોગ.

કાશ્તકાર ૧. [ફા.] પું. કિસાન; ખેડૂત.

૨. પું. જમીનદારને વાર્ષિક રકમ આપવાનું ઠરાવી તેની જમીન ખેડનાર માણસ.

૩. પું. તપસ્વી.

કાશ્તકારી ૧. [ફા.] સ્ત્રી. કૃષિકર્મ; ખેતી.

૨. સ્ત્રી. ખેડૂતનો હક્ક.

૩. સ્ત્રી. જેના ઉપર વાવવાનો હક્ક હોય એવી જમીન.

કાશ્તેમાલિક [ફા.] પું. ધરખેડ.

કાશ્મક પું. કશ્મલ દેશમાંથી નીકળતો એક હીરો; કાશી વગેરે સ્થળોની આસપાસથી મળી આવતો હીરો.

કાશ્મર જુઓ કાશ્મીર.

કાશ્મરી ૧. સ્ત્રી. ગાંભારી નામની વનસ્પતિ. તે મૂત્રલ અને શોધક છે. તેનો ઉપયોગ પ્રમેહ, ઊનવા અને તણુખિયામાં થાય છે. કેટલીક વખત કાશ્મરીને મોટાં ગોખરુની સાથે મેળવવામાં આવે છે. તેનાં મૂળની છાલ પાથી અર્ધો તોલો લેવાય છે.

૨. સ્ત્રી. પુષ્કરમૂળ.

૩. ન. શીવણ નામની વનસ્પતિ. તેનાં ઝાડ પચાસથી સાઠ ફૂટ ઊંચાં અને પાન ૩ થી ૧૦ ઈંચ લાંબાં હોય છે. તે આયુર્વેદમાં ગણાવેલાં દશમૂળ માંહેનું એક બૃહત્ પંચમૂળ છે.

કાશ્મર્થ ૧. [સં.] પું. કાયફળનું ઝાડ.

૨. પું. ગાંભારી નામની વનસ્પતિ.

૩. પું. પુષ્કરમૂળ.

૪. સ્ત્રી. શીવણ.

કાશ્મીટ પું. કાળા પથ્થરની એક જાત; કાળમીંઢ.

કાશ્મીર ૧. પું. કાશ્મીર દેશનો રાજા.

૨. પું. કાશ્મીરનો રહેવાસી.

૩. પું. કાશ્મીરમાં ઉત્પન્ન થયેલી વસ્તુ.

૪. પું. ખેડેલી જમીન સરખી કરવાનું સાધન; સોહાગા.

૫. પું. હિંદુસ્તાનની છેક ઉત્તરે આવેલો રમણીય પ્રદેશ. એની ઉત્તરે તાર્તરિ, પૂર્વે તિબેટ, દક્ષિણે પંજાબ અને પશ્ચિમે અફઘાનિસ્તાન આવેલાં છે. પાંડવોના સમયમાં ઉત્સવસંકેતસપ્તગણ અને લોહિત એ બે દેશની મધ્યના દેશને કાશ્મીર કહેતા. તે પૂર્વે કશ્યપ ઋષિએ વસાવ્યાનું કહેવાય છે. ત્યાંના હરિ પર્વત ઉપર કશ્યપ ઋષિનો આશ્રમ હતો. આ સ્થળ શ્રીનગરની નજીક આવેલું છે. કશ્યપ ઋષિના નામ ઉપરથી કાગસાર અને કાશ્મીર નામ અનુક્રમે પડ્યાં કહેવાય છે. વિષ્ણુનો મત્સ્યાવતાર કાશ્મીરમાં થયો હતો. દુર્ગાએ પોતે નૌકાનું સ્વરૂપ ધારણ કર્યું ત્યારે પીરપંત્સલ પર્વતમાળાના બનહળ ખીણ માર્ગ ઉપર તેની પૂર્વમાં આવેલાં ત્રણ બરફથી ઢંકાયેલ શિખર ઉપર આ નૌકા બાંધવામાં આવી હતી તેથી આ શૃંગને નૌબંધન તીર્થ કહે છે. અથર્વવેદમાં આ સ્થળને નાવ પ્રભ્રશણ કહ્યું છે. શતપથ બ્રાહ્મણમાં એને મનોરવસર્પણ નામ આપ્યું છે. આ શિખરની તળેટીમાં કર્મસાર તળાવ આવ્યું છે. હાલ એને કોસરનાગ કહે છે. ત્યાં વિષ્ણુનાં પગલાં છે. ઈ.સ. પૂર્વે ૨૪૫માં અહીં મજ્જહંતિક નામનો એક બૌદ્ધ ઉપદેશક મોકલાવ્યો હતો. વળી કાશ્મીર ગાંધાર રાજ્યનો એક વિભાગ હોવાનું જાતકની વાતો ઉપરથી જણાય છે. તે કુદરતી સૌંદર્ય માટે પ્રખ્યાત છે. ત્યાં અંગૂર, અનાર, બદામ વગેરે ફળો બહુ થાય છે. ત્યાંના વતની ભોળા અને સુંદર હોય છે. કેસર આ દેશમાં થાય છે. ત્યાંની શાલ બહુ પ્રસિદ્ધ છે. પ્રાચીન કાળમાં તે સંસ્કૃતની વિદ્યાપીઠ હતી.

૬. ન. એક જાતનું ઊનનું કપડું.

૭. ન. કમળની જડ.

૮. ન. કેસર.

૯. ન. ટંકણખાર.

૧૦. ન. પુષ્કરમૂળ.

૧૧. ન. સુખડ.

૧૧. વિ. કાશ્મીર દેશમાં હોનાર કે થનાર.

કાશ્મીરક વિ. કાશ્મીર દેશમાં હોનાર કે થનાર.

કાશ્મીરજ ૧. [સં.] ન. કેસર.

૨. ન. પુષ્કરમૂળ.

૩. વિ. કાશ્મીર દેશમાં ઉત્પન્ન થનાર.

કાશ્મીરજન્મા જુઓ કાશ્મીરજ.

કાશ્મીરજા [સં.] સ્ત્રી. અતિવિષની કળી.

કાશ્મીરજીરક [સં.] ન. કાળુંજીરૂં; શાહજીરૂં.

કાશ્મીરા ૧. સ્ત્રી. અતિવિષની કળી.

૨. સ્ત્રી. એક જાતની ઔષધિ તથા તેનું મૂળિયું.

૩. સ્ત્રી. એક જાતનું મોટું ઊનનું કપડું.

૪. સ્ત્રી. દુર્ગા; પાર્વતી.

૫. સ્ત્રી. પીંગળી દ્રાક્ષ.

કાશ્મીરિક જુઓ કાશ્મીરક.

કાશ્મીરી ૧. પું. કાશ્મીર દેશનો ઘોડો.

૨. પું. કાશ્મીર દેશનો વતની.

૩. સ્ત્રી. અઠ્ઠાવન અર્વાચીન લિપિ માંહેની એ નામની એક.

૪. સ્ત્રી. એક જાતનું ઊનનું કપડું.

૫. સ્ત્રી. કસ્તૂરીની એક જાત. કાશ્મીરી કસ્તૂરી છેક હલકી હોઈ ખાવાના કામમાં લાગતી નથી.

૬. સ્ત્રી. કાશ્મીરની ભાષા.

૭. સ્ત્રી. ગાંભારી નામની વનસ્પતિ.

૮. સ્ત્રી. શીવણનું ઝાડ.

૯. ન. પુષ્કરમૂળ.

૧૦. ન. રબરનું ઝાડ.

૧૧. વિ. કાશ્મીર દેશમાં રહેનાર.

૧૨. વિ. કાશ્મીરનું; કાશ્મીરને લગતું; કાશ્મીર સંબંધી.

૧. કાશ્મીરી અંગૂર = દ્રાક્ષની એક જાત. તેનાં લૂમખાં મોટાં, ફળ લાંબું અને ઉપરનું પડ જાડું હોય છે.

૨. કાશ્મીરી કાગળ = કાગળની એક જાત. તે સારા તથા ટકાઉ બને છે, પણ બહુ ઓછા પ્રમાણમાં મળી શકે છે. કાશ્મીર રાજ્યમાં આ કાગળ દફતરી કામ માટે વપરાય છે. આ કાગળ રેશમના બનતા હોઈ એવા મજબૂત હોય છે કે તેને ઘણા જોરથી આંચકો મારવામાં આવે તોપણ એકદમ ફાટતા નથી.

૩. કાશ્મીરી ફળ = એક જાતની વનસ્પતિ. તેનાં રસનું મિશ્રણ મૂત્રદાહ ઉપર અપાય છે.

૪. કાશ્મીરી બકરો = તિબેટ તરફનું એક જાનવર. તેના ઉપર ઊન જેવા થતા વાળની કાશ્મીરી શાલ બને છે.

૫. કાશ્મીરી બ્રાહ્મણ = કાશ્મીર દેશના બ્રાહ્મણ.

૬. કાશ્મીરી લિપિ = શારદા લિપિમાંથી ઉત્પન્ન થયેલી એક લિપિ. તેનો પ્રચાર કાશ્મીરમાં છે.

૭. કાશ્મીરી શૈવ = એ નામનો ઉત્તર દેશનો શિવસંપ્રદાય.

કાશ્મીર્ય ૧. ન. કેસર.

૨. વિ. કાશ્મીરનું; કાશ્મીર સંબંધી.

કાશ્ય ૧. પું. કાશીનો રાજા.

૨. પું. (પુરાણ) ભારતના યુદ્ધમાં પાંડવ પક્ષનો એક રાજા. એ એકરથી હતો, છતાં કોઈ વાર પ્રભાવે કરીને યુદ્ધ સમયે તે અષ્ટરથી થતો.

૩. પું. (પુરાણ) સોમવંશી આયુકુળોત્પન્ન સુહોત્ર રાજાના ત્રણ દીકરા માંહેનો મોટો. એના પુત્રનું નામ કાશિ હતું.

૪. પું. (પુરાણ) સોમવંશી પુરુકુલોત્પન્ન અજમીઢ વંશના સેનજિત રાજાના ચાર માંહેનો ત્રીજો દીકરો.

૫. ન. દારૂ.

૬. વિ. કાશ ઘાસનું.

૭. વિ. કાશીનું; કાશીમાં થયેલું.

કાશ્યક [સં.] પું. કાશીનો રાજા.

કાશ્યકાશ્યેય ન. મિહરસ ગોત્રનું એ નામનું એક પ્રવર.

કાશ્યપ ૧. પું. અગ્નિ ઉપાસક એ નામનો એક દાર્શનિક પંડિત. તેણે પોતાના બે ભાઈ તથા

ત્રીશ શિષ્ય સાથે બુદ્ધ પાસે સંન્યાસ ધારણ કર્યો હતો.

૨. પું. અરુણ; સૂર્યનો સારથિ; ગરુડનો મોટો ભાઈ.

૩. પું. એ નામનો એક પ્રસિદ્ધ ઋષિ. તે પાંડવોની સાથે દ્વૈતવનમાં રહ્યો હતો.

૪. પું. એક જાતનો મૃગ.

૫. પું. એક મંત્રશાસ્ત્રી બ્રાહ્મણ. પરીક્ષિત રાજા સર્પદંશ થઈને મરણ પામનાર છે, એ સાંભળીને તેને પોતાના મંત્રબળે ઉગારી દ્રવ્ય મેળવવાની ઇચ્છાથી એ હસ્તિનાપુર જવાને નીકળ્યો. તક્ષક નાગને આ વાતની ખબર પડી એટલે એ મનુષ્યનું રૂપ ધારણ કરીને રસ્તામાં આવી બેઠો અને કાશ્યપને કહ્યું કે હું પેલા પુરુષ સહિત ઝાડને બાળી નાખું અને તું પૂર્વવત્ સારૂં કરે તો તારૂં મંત્રબળ ખરૂં જાણું. પછી તક્ષકે દંશ કરીને ઝાડ સહિત માણસને ભસ્મ કરી નાખ્યો. પણ બ્રાહ્મણે પોતાના મંત્રબળે કરીને તરત જ પૂર્વવત્ કરી નાખ્યું. આથી તક્ષકને લાગ્યું કે આ જરૂર રાજાને સજીવ કરશે. પછી તક્ષકે બ્રાહ્મણને કહ્યું કે ઋષિપુત્રે આપેલો શાપ મિથ્યા કરવાથી તને જે દ્રવ્યનો લાભ થશે તેનાથી પણ અધિક દ્રવ્ય લે અને રાજા પાસે ન જતાં પાછો ઘેર જા. આથી તે દ્રવ્ય લઈને તે પોતાને સ્થળે ચાલ્યો ગયો.

૬. પું. એક વૈદિક ઋષિ.

૭. પું. કણાદ મુનિ.

૮. પું. કશ્યપ ગોત્રનો પુત્ર.

૯. પું. કાશીનો રાજા.

૧૦. પું. કાશ્ય રાજાનો એક પુત્ર.

૧૧. પું. ગૌતમ બુદ્ધ પહેલાં થયેલ એક બુદ્ધ.

૧૨. પું. (પુરાણ) દાશરથિ રામના સમયમાં થઈ ગયેલ એક ઋષિ. એને એક વખત કોઈ વેશ્યાના રથનો ધક્કો વાગવાથી મૂર્ચ્છા આવી અને ભોંય ઉપર પડી ગયો. સાવધ થયા પછી એના મનમાં આવ્યું કે દેહને લીધે અનેક કલેશ ભોગવવા પડે છે, માટે દેહત્યાગ કરવો એ ઉત્તમ છે. તે વખતે ઇંદ્રે શિયાળનું રૂપ ધારી તેને મનુષ્યદેહની મહત્તાની સમજણ પાડી. ઋષિને આ ઇંદ્ર છે એમ દિવ્યદૃષ્ટિથી ખબર પડી ત્યારે શિયાળનો વેશ તજી ઇંદ્ર તેની સન્મુખ આવ્યો. તેનો સત્કાર કરીને પછી ઋષિ આશ્રમે ગયો.

૧૩. પું. (પુરાણ) દાશરથિ રામની સભામાંના આઠ માંહેનો એ નામનો એક ધર્મશાસ્ત્રી.

૧૪. પું. (પુરાણ) દાશરથિ રામની સભામાંનો વિદૂષક.

૧૫. પું. પાણિનિના સમય પહેલાંનો વ્યાકરણનો એક પંડિત.

૧૬. પું. મહાભારતમાં જણાવેલો એક દ્વીપ.

૧૭. પું. વર્તમાનકાળના પાંચ માંહેનો એ નામનો એક બુદ્ધ.

૧૮. પું. વ્યાસના શિષ્ય રોમહર્ષણ સૂતના ૭ માંહેનો એ નામનો એક શિષ્ય; અકૃતવર્ચન.

૧૯. પું. શનિ ગ્રહ.

૨૦. પું. (પુરાણ) સાવર્ણિ મન્વંતરમાં થનારા સપ્તર્ષિમાંનો એક ઋષિ.

૨૧. પું. હજામ; નાપિત.

૨૨. સ્ત્રી. એક જાતની માછલી.

૨૩. ન. એ નામનું એક ગોત્ર.

૨૪. ન. માંસ.

૨૫. વિ. કશ્યપ ઋષિ સંબંધી.

૨૬. વિ. કશ્યપ પ્રજાપતિના વંશ અથવા ગોત્રનું.

૨૭. વિ. (જૈન) મહાવીર સ્વામીના ગોત્રનું.

કાશ્યપક [સં.] પું. નાપિત; હજામ.

કાશ્યપનંદન ૧. પું. કશ્યપનો પુત્ર; કશ્યપનો વંશજ.

૨. પું. ગરુડ.

૩. પું. દેવ.

૪. પું. સૂર્યનો સારથિ અરુણ.

કાશ્યપપુર ૧. ન. કાશ્મીર દેશ. ડો. સ્ટીનનો અભિપ્રાય છે કે કાશ્મીર કદી યે કાશ્યપપુર કહેવાતું ન હતું. સતીસર નામનું સરોવર સૂકવી નાખીને કશ્યપે કાશ્મીર વસાવ્યાનું કહેવાય છે.

૨. ન. મુલતાન શહેર. એ હિરણ્યકશિપુના પિતા કશ્યપે વસાવ્યાનું કહેવાય છે.

૩. ન. શ્રીનગરથી ત્રણ માઈલ ઉપર આવેલા હરિ પર્વત ઉપરનું કશ્યપ ઋષિના આશ્રમનું સ્થળ.

કાશ્યપબર્હિષ [સં.] પું. સામવેદનો એક ઋષિ.

કાશ્યપમારીચ [સં.] પું. એક વૈદિક ઋષિ. તેણે વેદનું એક ઋચાવાળું એક સૂક્ત લખ્યું છે.

કાશ્યપાયન પું. કશ્યપનો ગોત્રપુત્ર.

કાશ્યપિ જુઓ કાશ્યપનંદન.

કાશ્યપી ૧. સ્ત્રી. (પુરાણ) કશ્યપ ઋષિની સ્ત્રી.

૨. સ્ત્રી. કશ્યપ કુળની સ્ત્રી.

૩. સ્ત્રી. પૃથ્વી; જમીન; ધરા. દેવ, દૈત્ય, નાગ, પશુ, પક્ષી સર્વ કશ્યપથી થયેલાં છે, માટે પૃથ્વી કાશ્યપી કહેવાય છે.

૪. સ્ત્રી. પ્રજા; લોકો.

કાશ્યપીગંગા સ્ત્રી. ગુજરાતમાં આવેલી સાબરમતીનું પ્રાચીન નામ.

કાશ્યપીયમંડલ ન. વિષુવાંશ ૩૪૦થી ૫૦ અને ઉત્તર ક્રાંત્યંશ ૪૫ થી ૮૦ વચ્ચે આવેલો તારાપુંજ.

કાશ્યપીશિખંડિની સ્ત્રી. એ નામની અપ્સરા. તેણે ઋગ્વેદના નવમા મંડલનું ૧૦૪મું સૂક્ત રચ્યું છે.

કાશ્યપેય ૧. [સં.] પું. એ નામના એક બ્રહ્મર્ષિ.

૨. પું. કાશ્યપની સ્ત્રીમાં ઉત્પન્ન થયેલ દેવ અને અસુર.

૩. પું. કૃષ્ણનો સારથિ દારુક.

૪. પું. ગરુડ.

૫. પું. બાર આદિત્ય.

૬. પું. બૃહસ્પતિ.

૭. પું. સૂર્ય.

૮. ન. ભારદ્વાજ ગોત્રનું એ નામનું એક પ્રવર.

કાશ્યાદિ [સં.] પું. પાણિનીય વ્યાકરણપ્રસિદ્ધ શબ્દસમૂહ.

કાશ્યાયન [સં.] પું. કાશી રાજાનો પુત્ર.

કાશ્વરી જુઓ કાશ્મરી.

કાષ ૧. [સં.] પું. એ નામનો એક ઋષિ.

૨. પું. કસોટી કરવાનો પથ્થર.

૩. પું. ઘર્ષણ.

કાષાય ૧. ન. ભગવું કપડું; ભગવા રંગથી રંગેલ વસ્ત્ર.

૨. વિ. કટાણું; કસાણું; બેસ્વાદ.

૩. વિ. ગેરુઆ રંગનું; ભગવું; ભૂખરૂં; કષાયલી વસ્તુઓમાં રંગેલું.

૪. વિ. રંગવાળું; રંગિત.

૫. વિ. રાતું.

કાષાયકંથ વિ. ભગવા રંગથી રંગેલી ગોદડીવાળું.

કાષાયણ પું. એ નામનો એક ઋષિ.

કાષાયધારી પું. ભગવાં વસ્ત્રો પહેરેલ સાધુ.

કાષાયવાસિક [સં.] પું. એક જાતનો કીડો.

કાષાયાંબર [સં.] ન. ભગવું વસ્ત્ર.

કાષાયિક ૧. ન. નાહીને શરીર લૂછવાનું વસ્ત્ર.

૨. વિ. કષાયનું; કષાયવાળું.

કાષાયી ૧. [સં.] પું. કષાય ઋષિએ કહેલ વેદશાખા ભણનાર માણસ.

૨. સ્ત્રી. ભગવા રંગથી રંગેલી સાડી.

કાષ્ઠ ૧. પું. પાતળો માણસ.

૨. પું. સમય ગણવાનું એક માપ. ૫ નિમેષ = ૧ કાષ્ઠ. ૩૦ કાષ્ઠ = ૧ કલા.

૩. [સં.] ન. ઈંધણ; બળતણ.

૪. ન. કાઠ; કાઠી; લાકડું.

૫. ન. લાકડી.

૬. ન. વનસ્પતિ.

૭. ન. શિલ્પનાં આઠ માંહેનું એક સૂત્ર.

કાષ્ઠએલા પું. લાકડું, અનાજ વગેરેમાં થતો લાંબો, પાતળો અને લીસો કીડો.

કાષ્ઠક ૧. ન. અગરચંદન; અગરનું લાકડું.

૨. ન. છોડને ઊગવામાં મદદ કરનાર અને તેનું નક્કર કાઠું બનાવનાર સફેદ કાંજીવાળો પદાર્થ. તે દરેક દ્રાવણમાં ઓગળી શકે છે. તેની ઓગળવાની શક્તિને લીધે તે કીમતી ગણાય છે અને ભેજ ચૂસી લેવાની તેનામાં અજબ શક્તિ છે.

૩. વિ. લાકડાવાળું; લાકડાનું.

કાષ્ઠકદલી [સં.] સ્ત્રી. જંગલી કેળ; કઠકેલા.

કાષ્ઠકર્માંત [સં.] ન. લાકડાંનું કારખાનું.

કાષ્ઠકાર [સં.] પું. સુતાર.

કાષ્ઠકીટ [સં.] પું. લાકડું કોતરી ખાનાર કીડો; ભમરો; લાકડાંને કોતરી અક્ષર જેવી આકૃતિ કરનાર એક જાતનો કીડો.

કાષ્ઠકુટ્ટ [સં.] પું. લાકડાને કોરી નાખનારું એક જાતનું પક્ષી.

કાષ્ઠકુદ્દાલ [સં.] પું. વહાણમાંથી કચરો કાઢી નાખવાની લાકડાની કોદાળી.

કાષ્ઠકૂટ [સં.] ન. એક જાતનું પક્ષી; લક્કડખોદ. તેની લંબાઈ ૧૪ ઈંચ હોય છે. નરના માથાનું મથાળું અને માંજર કિરમજી, ઉપલા ભાગનાં પીછાં લીલાં અને પૂછની નીચે ઘેરી પીળી ઝાંય હોય છે. પાંખો લીલી છાંટવાળી ભૂરી અને કાળી હોય છે. બધાં પીછાં ઉપર પીળાં સફેદ ટપકાં અને પટા હોય છે. પૂછ સાંકડી સફેદ લીટીવાળું અને ભુરાશવાળું હોય છે. આંખ ઉપર એક પહોળી પીળાશ પડતી ધોળી લીટી હોય છે, તે લીટી ઉપર અને નીચે કાળાશ પડતી લીટીઓ હોય છે. બાકીનાં નીચેનાં પીછાં લીલાશ પડતાં ધોળાં અને તેના ઉપર કાળી ભીંગડાં જેવી નિશાનીઓ હોય છે. કિરમજી રંગને બદલે માદાને માથે કાળો રંગ હોય છે અને કાળામાં સીસાના રંગની અને લીલા અને ભૂરા રંગની ઝાંય હોય છે. આ પક્ષીની ચાંચ લાંબી, મજબૂત અને કાપવાના હથિયાર જેવી હોય છે. જીભ બહુ લાંબી અને બહુ બહાર નીકળી શકે એવી હોય છે. તે બલુચિસ્તાન, અફઘાનિસ્તાન અને પશ્ચિમ હિમાલયમાં જોવામાં આવે છે. જંગલમાં રહેનારું આ પક્ષી કેટલીક વખત ખુલ્લી જગ્યામાં પણ જોવામાં આવે છે. બહુ બીકણ ન હોવાથી ઝાડના થડ ઉપર ધીમે ધીમે ચડતું, ક્યારેક ક્યારેક થડની છાલ ઉખેડવાનો યત્ન કરતું અને વળી કેટલીક વખત ટાંકણા જેવી ચાંચથી કોઈ જીવડાંવાળા લાકડાને જોરથી ચાંચ મારતું આ પક્ષી જોવામાં આવે છે. માદા એક વખતે પાંચથી ૭ ઈંડાં મૂકે છે.

કાષ્ઠકોતરકલા સ્ત્રી. લાકડા ઉપર કોતરકામ કરવાની વિદ્યા.

કાષ્ઠકોન પું. કાટખૂણો; શિલ્પનાં આઠ માંહેનું એક સૂત્ર. આઠ સૂત્ર: દષ્ટિ, નૃહસ્ત, મૌંજ, કાર્યાસક, અવલંબ, કાષ્ઠકોન, સૃષ્ટ અને વિલેખ્ય.

કાષ્ઠકોલંબ [સં.] પું. ઝાડની ડાળીનો નીચે લટકતો આગલો ભાગ.

કાષ્ઠકોષ પું. વનસ્પતિની અંદરના કોષ.

કાષ્ઠખંડ પું. લાકડાનો કકડો.

કાષ્ઠખાદ [સં.] પું. લાકડું ખાઈ લાકડામાં રહેનાર એક જાતનો કીડો.

કાષ્ઠગર્ભ પું. કાષ્ઠસાર; લાકડાનો માવો; લાકડાનો અંદરનો ભાગ.

કાષ્ઠગાર ન. લક્કડઘર; લાકડાનું ઘર.

કાષ્ઠગૃહ જુઓ કાષ્ઠગાર.

કાષ્ઠગોધા [સં.] સ્ત્રી. એક જાતની ઔષધિ.

કાષ્ઠઘટન ૧. ન. બોતેર માંહેની એક કળા.

૨. ન. લક્કડકામ.

કાષ્ઠઘટનકલા સ્ત્રી. બોતેર માંહેની એ નામની એક કળા.

કાષ્ઠઘન [સં.] પું. લાકડાની સમચોરસ આકૃતિ.

કાષ્ઠઘંટા ૧. [સં.] સ્ત્રી. ડેરો; તોફાની પશુને ગળે ઘંટને બદલે બાંધવામાં આવતો બે અઢી હાથ લાંબો લાકડાનો કટકો. તે આગલા બે પગની વચ્ચે ઘસડાતો રહે તેમ દોરડાથી બાંધવામાં આવે છે. આથી ઢોર નાસી જતું રોકાય છે અને સુખે ચાલી કે દોડી શકતું નથી.

કાષ્ઠઘંટા ને વિટંબણા = શોભાને બદલે ઓસા; ઘણી વાર ઘરેણું આફતરૂપ થાય છે.

૨. સ્ત્રી. નિરર્થક દુઃખ.

૩. સ્ત્રી. લાકડાની ઘંટડી.

કાષ્ઠજનક ૧. વિ. લાકડું બનાવનાર.

૨. વિ. વનસ્પતિમાંથી બનેલું.

કાષ્ઠજનકપદાર્થ પું. કાષ્ઠથર અને છાલની વચ્ચેનો ચીકણો પ્રવાહી પદાર્થ.

કાષ્ઠજંબુ [સં.] સ્ત્રી. એક જાતનું જાંબુનું ઝાડ.

કાષ્ઠજેંબુ જુઓ કાષ્ઠજંબુ.

કાષ્ઠતક્ષ ૧. [સં.] પું. સુતાર.

૨. વિ. લાકડું છોલનાર.

કાષ્ઠતક્ષક જુઓ કાષ્ઠતક્ષ.

કાષ્ઠતક્ષણ ન. લાકડા ઉપર કોતરવાની કળા; લાકડાને છોલવું તે.

કાષ્ઠતક્ષણકર્તૃ ૧. [સં.] પું. સુતાર.

૨. વિ. લાકડું છોલનાર.

કાષ્ઠતરંગ [સં.] ન. લાકડાની નાનીમોટી પટ્ટીઓનું બનેલું અને બે હથોડી વતી વગાડવામાં આવતું વાદ્ય.

કાષ્ઠતંતુ ૧. પું. લાકડામાં રહેનારો એક જાતનો કીડો.

૨. પું. વનસ્પતિઆહારમાં રહેતું એક તત્ત્વ. શાકાહારમાં આ તંતુ હોય છે. તે પચી ન શકવાથી વગર પચ્યે મળ વાટે બહાર પડી જાય, પણ મળને સહેલાઈથી બહાર કાઢી નાખવામાં તે બહુ ઉપયોગી મનાય છે.

કાષ્ઠતુલા સ્ત્રી. લાકડાનું ત્રાજવું. આ ત્રાજવાનો ઉપયોગ બળતણ વગેરે જોખવાના કામમાં આવે છે.

કાષ્ઠતુંગ ન. પીપ.

કાષ્ઠતેત્રી ન. ખનીજ કોયલાનું એક રૂપ. તેનો રંગ ભૂખરો હોય છે.

કાષ્ઠથર પું. ઝાડના થડની અંદરના નરમ ગાભાની આસપાસનો થર.

કાષ્ઠદંડ [સં.] પું. લાકડી.

કાષ્ઠદારુ [સં.] પું. દેવદારનું ઝાડ.

કાષ્ઠદેવદાર પું. દેવદારનો એક પ્રકાર. તેમાં તેલ હોતું નથી. તે ઉષ્ણ, કડવો તથા રૂક્ષ છે અને કફ, વાયુ તથા ભૂતબાધાનો નાશ કરનાર મનાય છે.

કાષ્ઠદ્રુ [સં.] પું. ખાખરાનું ઝાડ.

કાષ્ઠધાત્રીફલ [સં.] ન. સૂકું આંબળું.

કાષ્ઠપટ્ટી પું. લાકડાનો ખાટલો.

કાષ્ઠપાટલા ૧. સ્ત્રી. ધોળી પાડલ નામની વનસ્પતિ.

૨. [સં.] ન. વૃક્ષપાટલાનું ઝાડ.

કાષ્ઠપાદુકા [સં.] સ્ત્રી. લાકડાની ચાંખડી.

કાષ્ઠપિંજર [સં. કાષ્ઠ (લાકડું) + પિંજર (પાંજરું)] ન. લાકડાનું પાંજરું.

કાષ્ઠપુતલિકા જુઓ કાષ્ઠપૂતળી.

કાષ્ઠપુરી સ્ત્રી. કઠોર નામનું ગામ.

કાષ્ઠપૂતળી સ્ત્રી. લાકડાની પૂતળી.

કાષ્ઠપેયા ૧. સ્ત્રી. ઘીમાં કરેલી ચોખાની રાબ.

૨. સ્ત્રી. મગનો કવાથ.

કાષ્ઠપેશી સ્ત્રી. લાકડાની અંદરની પેશી.

કાષ્ઠપ્રદાન [સં.] ન. ચિતા રચવી તે.

કાષ્ઠપ્રાય વિ. જડવત્; લાકડા જેવું.

કાષ્ઠફલ [સં.] ન. કઠણ લાકડા જેવું ફળ.

કાષ્ઠભક્ષ ૧. [સં.] પું. લાકડાની ચિતા ખડકાવી બળી મરવું તે.
૨. પું. સતી થવું તે.

કાષ્ઠભક્ષણ ૧. [સં.] ન. બળી મરવું તે.
૨. ન. લડી મરવું તે.
૩. ન. સતી થવાપણું.

કાષ્ઠભક્ષી [સં. કાષ્ઠ (લાકડું) + ભક્ષિન્ (ખાનાર)] વિ. લાકડું ખાનાર.

કાષ્ઠભસ્મ [સં. કાષ્ઠ (લાકડું) + ભસ્મ (રાખ)] સ્ત્રી. લાકડાની રાખ.

કાષ્ઠભાજન [સં.] ન. આકારોની પેટી; મોન્ટીસોરી પદ્ધતિનું છઠ્ઠું સાધન. આમાં લાકડાના ભૂમિતિના આકારોને લાકડાના પાટિયામાં એસાડી, તેનાં ખાનાં બનાવી લાકડાની પેટીમાં મૂકે છે. આના ઉપયોગથી આકાર શીખવવામાં આવે છે.

કાષ્ઠભારિક [સં.] પું. કઠિયારો.

કાષ્ઠભૂત વિ. લાકડાની પેઠે પડી રહેલ.

કાષ્ઠમઠી [સં.] સ્ત્રી. ચિતા; ચેહ.

કાષ્ઠમદ્યાર્ક [સં. કાષ્ઠ + મદ્ય (દારૂ) + અર્ક (સત્ત્વ)] પું. લાકડાના મદ્યનો અર્ક.

કાષ્ઠમય ૧. [સં.] વિ. કાષ્ઠાત્મક; લાકડાથી ભરપૂર.
૨. વિ. પાતળું; સુકલકડી; સૂકું; સોસાઈ ગયેલું; લાકડા જેવું.
૩. વિ. મજબૂત; કઠણ.
૪. વિ. મજબૂત હૈયાનું; અસર કે લાગણી વગરનું; લાકડા જેવા કઠણ હૃદયવાળું; નિર્દય.
૫. વિ. લાકડાનું.

કાષ્ઠમલ્લ પું. ઠાકડી; મુડદાં લઈ જવાનું સાધન.

કાષ્ઠમંડપ ન. નેપાળની રાજધાની ખટમંડુનું પ્રાચીન નામ. વાઘમતી અને વિષ્ણુમતી નદીઓના સંગમ ઉપર આ નગર રાજા ગુણકામદેવે ઈ.સ. ૭૩૨માં વસાવ્યું હતું. પ્રથમ એને મંજુશ્રીએ વસાવ્યાનું કહેવાતું. તે ઉપરથી એને મંજુપટ્ટણ પણ કહેતા. આ શહેરના બૌદ્ધો મંજુશ્રીને વિશ્વકર્મા કહેતા. મંજુશ્રીએ નેપાળમાં બૌદ્ધ ધર્મ દાખલ કર્યાનું કહેવાય છે. આ ખટમંડુનું બીજું નામ કાંતેપુર પણ છે.

કાષ્ઠમંથન [સં.] ન. લાકડા સાથે લાકડું ઘસવું તે.

કાષ્ઠમાન પું. અગ્નિના ૭ પ્રકાર માંહેનો એક. આ અગ્નિમાં વપરાતાં લાકડાં સારાં સુકાયેલાં, મુઠ્ઠીમાં આવી શકે તેવાં જાડાં અને ખેર વગેરેનાં હોય છે.

કાષ્ઠમુદ્રા સ્ત્રી. લાકડામાં કોતરવું તે.

કાષ્ઠમુદ્રાકાર પું. લાકડા ઉપર કોતરકામ કરનાર.

કાષ્ઠમૂલ [સં.] ન. દ્વિદળ ધાન્ય. જેમકે, ચણા, મગ.

કાષ્ઠમૌન [સં.] ન. ગમે તેમ થાય તોપણ કશું બોલવું જ નહિ તેવું લીધેલ દૃઢ વ્રત; ચેષ્ટા વગેરેથી પણ પોતાના અભિપ્રાયને પ્રકાશ નહિ કરવારૂપ મૌન; લાકડાના જેવું મૌન; સાવ મૂંગાં રહેવું તે; જેમ લાકડું બોલતું નથી તેમ બિલકુલ બોલવું નહિ તે.

કાષ્ઠરજની [સં.] સ્ત્રી. દારુહળદર.

કાષ્ઠરસ પું. લાકડામાંથી ઝરતો ગુંદ જેવો પદાર્થ.

કાષ્ઠલેખક [સં.] પું. કાષ્ઠકીટ; લાકડાંને કોતરીને અક્ષર જેવી આકૃતિ કરનાર કીડો; ઘુણ.

કાષ્ઠલોહી [સં. કાષ્ઠલોહિન્] પું. લોઢાથી જડેલ લાકડાનો ધોકો.

કાષ્ઠવત્ ૧. [સં.] વિ. કાષ્ઠ સરખું.
૨. વિ. લાકડાંવાળું.
૩. અ. લાકડાની માફક.

કાષ્ઠવલ્લિકા [સં.] સ્ત્રી. એ નામની વનસ્પતિ; કડુ.

કાષ્ઠવાડ (કાષ્ઠવાડ઼) સ્ત્રી. લાકડાની વાડ.

કાષ્ઠવાદ ન. રાવી નદીના મૂળ નજીકનું એ નામનું એક પ્રાચીન ગામ.

કાષ્ઠશારિવા [સં.] સ્ત્રી. ધોળી ઉપલસરી.

કાષ્ઠશાલા સ્ત્રી. દ્રવ્ય સંબંધી જ્ઞાન આપતું એ નામનું પુસ્તક.

કાષ્ઠસંગ્રહ ૧. પું. દ્રવ્ય સંબંધી જ્ઞાન આપતું એ નામનું પુસ્તક.
૨. [સં. કાષ્ઠ (લાકડું) + સંગ્રહ (જથ્થો)] પું. લાકડાનો જથ્થો.

કાષ્ઠસંઘાત [સં.] પું. વહાણ તરીકે વપરાતો ત્રાપો.

કાષ્ઠસાર પું. કાષ્ઠગર્ભ; લાકડાનો માવો.

કાષ્ઠસારિવા જુઓ કાષ્ઠશારિવા.

કાષ્ઠસ્થાપત્ય ન. લાકડાનું કારીગરીવાળું કામ.

કાષ્ઠસ્વરૂપ ૧. વિ. ઉત્તમ.
૨. વિ. ભવાબ્ધિ તરનાર તેમ જ તારનાર; લાકડાના જેવું.

કાષ્ઠસ્વરૂપગુરુ પું. (જૈન) પોતે સંસારસમુદ્ર તરે અને બીજાને તારે એવા ગુરુ. ત્રણ પ્રકારના ગુરુમાં આ જાતના ગુરુ સર્વોત્તમ છે. જિનેશ્વર ભગવાનની આજ્ઞા યથાતથ્ય પાળે, જાણે અને બીજાને બોધે, કંચન કામિનીના સંપૂર્ણ રીતે ત્યાગી હોય, વિશુદ્ધ આહાર પાણી લેતા હોય, બાવીસ પ્રકારના પરિષહ સહન કરતા હોય, ક્ષાંત, દાંત, નિરારંભી અને જિતેંદ્રિય હોય, સૈદ્ધાંતિક જ્ઞાનમાં નિમગ્ન હોય, ધર્મ માટે જ શરીરનો નિર્વાહ કરતા હોય, નિર્ગ્રંથ પંથ પાળતાં કાયર ન હોય, સળી માત્ર પણ અદત્ત લેતા ન હોય, સર્વ પ્રકારના આહારના રાત્રિએ ત્યાગી હોય, સમભાવી હોય અને વિરાગતાથી સત્યોપદેશક હોય તેવા ગુરુ કાષ્ઠસ્વરૂપગુરુ કહેવાય છે.

કાષ્ઠા ૧. [સં.] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.
૨. સ્ત્રી. અતિશયપણું.
૩. સ્ત્રી. અવસ્થા; દશા; સ્થિતિ.
૪. સ્ત્રી. ઉત્કર્ષ; સૌથી વધારે ઊંચાઈ.
૫. સ્ત્રી. (પુરાણ) કશ્યપની સ્ત્રી અને દક્ષની કન્યાનું નામ.
૬. સ્ત્રી. કાળનું એ નામનું એક પરિમાણ; આંખના અઢાર પલકારા જેટલો સમય; પંદર નિમેષ જેટલો સમય; $\frac{૧}{૩૦}$ કળા; એક નાનું કાલમાન.

૧૮ નિમેષ = ૧ કાષ્ઠા
૩૦ કાષ્ઠા = ૧ કળા
૩૦ કળા = ૧ ક્ષણ

૭. સ્ત્રી. ઘોડદોડનું મેદાન; શરતભૂમિ.
૮. સ્ત્રી. ચંદ્રમાની એક કળા.
૯. સ્ત્રી. જળ; પાણી.
૧૦. સ્ત્રી. દારુહળદર નામની વનસ્પતિ.
૧૧. સ્ત્રી. દિશા; મર્યાદા; પ્રદેશ.
૧૨. સ્ત્રી. નિશાન; લક્ષ્ય; વેધ્ય.
૧૩. સ્ત્રી. સીમા; હદ; અવધિ.
૧૪. સ્ત્રી. સૂર્યનાં એકસો આઠ માંહેનું એક નામ.
૧૫. સ્ત્રી. હવામાનમાં વાદળાં તથા પવનનો માર્ગ.

કાષ્ઠાકાર પું. લાકડાનો આકાર.

કાષ્ઠાગરુ [સં. કાષ્ઠ + અગરુ] ન. એક જાતનું અગર. તે તીખું, ગરમ અને કડવું હોય છે અને કફ, વાયુ તથા વમન મટાડનાર, ચામડીનો રંગ સુધારનાર અને પિત્ત હરનાર મનાય છે.

કાષ્ઠાગાર [સં. કાષ્ઠ (લાકડું) + આગાર (ઘર)] ન. લાકડાનું બનાવેલું ઘર.

કાષ્ઠાગ્નિકર્મ ન. લોઢાને તપાવી લાકડા ઉપર મૂકી ચિત્રકળા કરવી તે.

કાષ્ઠાદ [સં. કાષ્ઠ (લાકડું) + અદ્ (ખાવું)] વિ. લાકડાખાઉ; લાકડામાં સળી કરતું.

કાષ્ઠામ્લ પું. લાકડાનો ક્ષાર.

કાષ્ઠાલુક [સં.] પું. બટેટાની જાતનો એક કંદ. તે રક્તપિત્તના રોગ ઉપર ખાવા અપાય છે.

કાષ્ઠાલેખન [સં.] ન. લાકડા ઉપર કોતરકામ કરવાની કળા.

કાષ્ઠાસન [સં.] ન. લાકડાની બેઠક.

કાષ્ઠાહાર [સં.] પું. લાકડાને ખાઈ જનાર એક જાતનો કીડો.

કાષ્ઠાહારિણ પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

કાષ્ઠાહારી [સં. કાષ્ઠ (લાકડું) + આહાર (ખોરાક) + ઇન્ (વાળું)] પું. ત્રણ ઇંદ્રિયવાળા જીવનો એક પ્રકાર.

કાષ્ઠાંગાર પું. લાકડામાં રહેલો અગ્નિ.

કાષ્ઠાંબુવાહિની ૧. [સં. કાષ્ઠ (લાકડું) + અંબુ (પાણી) + વાહિન્ (લઈ જનાર) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. વહાણમાંથી પાણી ઉલેચવાનું લાકડાનું વાસણ.
૨. સ્ત્રી. હોડી.

કાષ્ઠિક ૧. [સં.] પું. કઠિયારો; લાકડાં લઈ જનારો પુરુષ.
૨. વિ. લાકડાનું; લાકડાવાળું.

કાષ્ઠિકા [સં.] સ્ત્રી. લાકડાનો નાનો ટુકડો.

કાષ્ઠિત [સં.] વિ. લાકડાનું બનાવેલું.

કાષ્ઠિન પું. એક જાતનો વાયુ.

કાષ્ઠી ૧. વિ. પુષ્કળ લાકડાંવાળું.
૨. [સં. કાષ્ઠ (લાકડું) + ઇન્ (વાળું)] વિ. લાકડાનું.

કાષ્ઠીલ ૧. પું. એક જાતની કેળ.
૨. પું. એક જાતનો આકડાનો છોડ.

કાષ્ઠીલા [સં.] સ્ત્રી. જંગલી કેળ.

કાષ્ઠીલિકા [સં.] સ્ત્રી. જંગલી કેળ.

કાષ્ઠુ ન. વગર લાભની મહેનત કરવી તે.

કાષ્ઠેક્ષુ [સં.] પું. એક જાતની શેરડી.

કાષ્ઠોદુંબરિકા [સં.] સ્ત્રી. એક જાતના ઉંબરાનું ઝાડ.

કાષ્ઠૌષધિ [સં. કાષ્ઠ (લાકડું) + ઔષધિ (વનસ્પતિ)] સ્ત્રી. જડીબૂટી; વનસ્પતિમાંથી તૈયાર કરેલી દવા; પ્રાણીજ કે ખનીજ દ્રવ્યનું નહિ પરંતુ માત્ર વનસ્પતિમાંથી બનાવેલું ઓસડ.

કાષ્ઠૌષધી જુઓ કાષ્ઠૌષધિ.

કાસ્ [સં.] અ. ક્રિ. (ધાતુ) ઉધરસ આવવી. તે ઉપરથી નીકળેલ શબ્દ: કાસન, કાસિત.

કાસ ૧. પું. એ નામનો ગ્રહ.
૨. [સં.] પું. એક જાતનું ઘાસ. તેનાં સળી જેવાં પાનની ટટ્ટી બને છે. તે શીત, રુચિકર, બળકારક, મધુર, વૃષ્ય, કડવો, પાક કાળે મધુર, સારક અને સ્નિગ્ધ છે. તથા પિત્તદાહ, મૂત્રકૃચ્છ્ર, ક્ષય, મૂત્રાશ્મરી, રક્તદોષ, રક્તપિત્ત, ક્ષતક્ષય અને પિત્તરોગનો નાશ કરે છે.
૩. પું. તાંબાનો એક ચલણી સિક્કો; રૂપિયાનો ૯૬મો ભાગ.
૮ કાસ = ૧ ફનમ
૧૨ ફનમ = ૧ રૂપિયો.
૪. પું. પાણી લઈ જવાને બનાવેલી નાની નહેર.
૫. પું. રસ.
૬. પું. રોગનું ચિહ્ન બતાવે તેવો ખરાબ અવાજ.
૭. પું. શૂદ્રનો એક પ્રકાર. જેમકે, ધોબી, હજામ.
૭. સ્ત્રી. આડખીલી; નડતર; પીડા; કાસળ.
૮. સ્ત્રી. ઉધરસ; ખાંસી.
૯. ન. એ નામના ઘાસનું ફૂલ.
૧૦. ન. જગત; સંસાર.
૧૧. ન. પ્યાલું.
૧૨. સ. કોને?
૧૩. સ. શું?
૧૪. વિ. હિંસક.

કાસકર્તરીગુટિકા [સં.] સ્ત્રી. (વૈદક) દમ બેસી ગયા પછી તેને મટાડવા માટે આપવામાં આવતી આકડામાંથી બનતી એ નામની એક દવા. ૧૨૫ રવાઈડાં સૂકવી તેમાં એકેક તોલો જાયફળ, લવિંગ, જાવંત્રી અને અકલકરો સાથે મેળવી બબ્બે આનીભારની ગોળી કરવી. તેની માત્રા એક ગોળી છે.

કાસકંઠ [સં.] પું. યમદેવ.

કાસકંડનાવલેહ [સં.] પું. કાસ મટાડનારી દવાઓનું ચાટણ.

કાસકંદ ૧. [સં.] પું. જેનાથી ઉધરસ થાય તેવું એક જાતનું કંદમૂળ.
૨. પું.; ન. ઠાંસાના રોગ ઉપર વપરાતું એક કંદ કે ઔષધ.
૩. ન. તાર્તરિમાંનું એ નામનું એક શહેર.

કાસકુઠારરસ [સં.] પું. (વૈદક) હિંગળો, મરી, ગંધક, ત્રિકટુ, ટંકણખાર એ બધાં સરખે ભાગે લઈ આદુના રસમાં ખરલ કરી બબ્બે રતીની ગોળી કરવી. તે આદુના રસમાં આપવાથી અનેક પ્રકારની ઉધરસ, દારુણ સન્નિપાત, શ્વાસ, કફપ્રકોપ અને છાતીનો મૂંઝારો મટે છે. તેની ૧ થી ૨ ગોળી પાણી, મધ કે દૂધ સાથે લેવાય છે.

કાસકેટ [અં.] ન. દાબડો.

કાસકેસરીગુટિકા સ્ત્રી. (વૈદક) હિંગળામાંથી બનતી એ નામની દવા. તે બનાવવા શુદ્ધ હિંગળો, મરી, નાગરમોથ, ટંકણખાર અને શુદ્ધ વછનાગ એ સઘળી ચીજને અરડૂસીના રસમાં ખરલ કરી મગ જેવડી ગોળી કરવી. આ દવા આદુના રસમાં આપવાથી દમ બેસી જાય છે. તેની માત્રા ૧થી ૨ રતી છે.

કાસકેસરીરસ પું. (વૈદક) એ નામની એક દવા. તે બનાવવા મરી, નાગરમોથ, કોષ્ઠ, ઘોડાવજ અને વછનાગ સરખે ભાગે લઈ ચૂર્ણ કરી આદુના રસમાં ચણા જેવડી ગોળી કરવી. તેનું સેવન કરવાથી ઉધરસ, શૂળ, કફરોગ, સૂતિકારોગ અને સંગ્રહણી મટે છે.

કાસગ [સં. કર્ષક] પું. ખેડૂત.

કાસગંજી સ્ત્રી. એક જાતની બોરડી. તેનાં બોર મીઠાં અને લાંબાં હોય છે. આ બોરડીને કાંટા હોતા નથી.

કાસઘ્ન ૧. [સં.] પું. એક જાતની વનસ્પતિ. આ છોડ ગુજરાતમાં અને દક્ષિણમાં મળી આવે છે. તેનું મૂળ લીલું હોય ત્યારે સુગંધ આપે છે. તે સ્વેદલ, ઉધરસ મટાડનાર અને શોધક મનાય છે.
૨. સ્ત્રી. ભોરિંગિડી.
૩. ન. કફ મટાડનાર ઔષધ.
૪. વિ. ખાંસી મટાડનાર.

કાસઘ્ની [સં.] સ્ત્રી. ભોરિંગિડી.

કાસજિત ૧. [સં.] સ્ત્રી. ભારંગ વનસ્પતિ; ભોરિંગિડી.
૨. વિ. ઉધરસનો નાશ કરનાર.

કાસટું [સં.] ન. અગિયારમાનું શ્રાદ્ધ; કાયટું.

કાસડિયા (કાસડ઼િયા) ૧. સ્ત્રી. ગોહિલવાડી લેઉઆ કણબીની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કાસડો (કાસડ઼ો) પું. એક જાતનું ખડ. જુઓ કાશ.

કાસણિ સ્ત્રી. એ નામની એક વનસ્પતિ. પંજાબના વાયવ્ય ભાગમાં તથા કશ્મીરમાં ૫૫૦૦ ફૂટની ઊંચાઈ સુધી તે થાય છે.

કાસદ ૧. [અ. કાસિદ (સીધે રસ્તે જનાર)] પું. કાગળપત્તર અને સાંઈ સંદેશા લાવનાર લઈ જનાર આદમી; ખેપિયો; દૂત.

૨. પું. જાસૂસ.

૩. પું. ડાક કે પોસ્ટ લઈ આવનાર જનાર; હલકારો.

૪. પું. પતંગ ચડી હોય તેની પાછળ તેજ દોરમાં ચડાવવામાં આવતી બીજી પાતળા કાગળની નાની પતંગ અથવા કાગળનો ટુકડો.

૫. ન. એ નામનું ઝાડ.

૬. ન. કબૂતરની એક જાત; કાસદિયું. તે કાસદનું કામ કરે છે.

કાસદગીરી સ્ત્રી. ખેપ; દૂતનું કામ.

કાસદાં ન. ચાકરી; સેવા.

કાસદિયું ૧. ન. એક જાતનું કબૂતર. તે કાસદનું કામ કરે છે. અસલના વખતમાં આ જાતનાં કબૂતરોની મદદથી ખબરઅંતર પહોંચાડવામાં આવતા. તેની ડોકે અથવા પગે ચિઠ્ઠી બાંધી તેને છોડી મૂકવામાં આવતું અને તે તેને બતાવેલ સ્થાને પહોંચી ત્યાંથી સામો સંદેશો લાવતું. વીજળીક તાર દાખલ થતાં હવે તેની જરૂરિયાત ઓછી થઈ છે અને ઝડપી સંદેશા માટે તેનો ઉપયોગ મટચો છે. પરંતુ યુદ્ધમાં હજુ તેનો ઉપયોગ થવાનું કહેવાય છે.

૨. ન. કાસદું; કાસદનું કામ.

૩. ન. ઘણી મુસાફરી; લાંબી મજલ.

૪. ન. વેઠ.

૫. વિ. સંદેશો લઈ જનાર; ખેપિયા તરીકે નોકરી કરનાર.

કાસદું ૧. ન. કાસદનું કામ; કાગળ, સંદેશા વગેરે લઈ જવા લાવવાનું કામ; કાગળપત્તર પહોંચાડવાનું કામ.

૨. ન. નકામી ગયેલી મહેનત.

કાસન ૧. [હિં.] પું. બોધ.

૨. પું. વાસણ.

૩. ન. ઉધરસ.

કાસનાશિની ૧. [સં.] સ્ત્રી. ઉધરસ મટાડતો એક કાંટાવાળો છોડ.

૨. સ્ત્રી. કાકડાશિંગી વનસ્પતિ.

કાસની ૧. પું. કાસનીના ફૂલ જેવો આસમાની રંગ.

૨. સ્ત્રી. એ નામની એક વનસ્પતિ. તેનું બી દ્રાવક, શીતલ અને ભેદક છે અને તેનું મૂળ ગરમ, જ્વરનાશક તથા બળવર્ધક છે. હિંદુસ્તાનમાં સારી કાસની પંજાબ અને ઉત્તર ભાગમાં થાય છે. કાસનીના મૂળમાંથી એક જાતનો તેજ શરાબ પણ નીકળે છે.

૩. સ્ત્રી. કાસતીનું બીજ.

૪. સ્ત્રી. નીલ રંગનું કબૂતર.

કાસબી ૧. પું. વણકર.

૨. સ્ત્રી. મેઘધનુષ્ય.

કાસમર્દ ૧. પું. એક જાતનું ખાટું પીણું.

૨. [સં.] પું. કાસંદ્રી નામની વનસ્પતિ. તેનાં પાન ઉધરસ મટાડે છે.

કાસમર્દન ન. કુવાડિયાની જાતનો એ નામનો છોડ. તે કફ મટાડે છે.

કાસમીર જુઓ કાશ્મીર.

કાસર ૧. [સં.] પું. પાડો.

૨. સ્ત્રી. ઉપાધિ; પીડા.

૩. સ્ત્રી. એક જાતનું કાળું ઘેટું. તેના પેટનાં રૂંવાં લાલ રંગનાં હોય છે.

૪. સ્ત્રી. કાળા રંગની, એક વેંતની, ચપટી અને ભીંગડાં વગરની માછલી.

કાસરાક્ષ [સં.] પું. ભેંસાગૂગળ.

કાસરી [સં.] સ્ત્રી. ડોબું; ભેંસ.

કાસરોગ પું. ઉધરસ; ખાંસીનો રોગ.

કાસલ જુઓ કાસળ.

કાસલ્ય જુઓ કાસળ.

કાસવ ન. એક જાતનું પ્રાણી.

કાસવગ [સં. કાશ્યપક] પું. (પ્રાકૃત) નાપિક; હજામ.

કાસવાસ પું. દમ; શ્વાસ.

કાસશ્વાસ [સં.] પું. દમનો વ્યાધિ; વરાધ; સસણી.

કાસસંહારભૈરવરસ [સં.] પું. (વૈદ્યક) ખાંસીની એક દવા. તે બનાવવા પારદ, ગંધક, તામ્ર, અભ્રક, લોહ, શંખ, ટંકણખાર, મરી, ઉપલેટ, તાલીસપત્ર, જાયફળ, લવિંગ એ બધું એકેક તોલો લઈ તેનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી તેને મંડુકપર્ણી, ભાંગરો, નગોડ, અઘેડી, કૂબો, ભારંગમૂળ, હરડે અને અરડૂસીના કવાથની એકેકી ભાવના આપીને પાંચ પાંચ રતીની ગોળી કરવી.

કાસસી સ્ત્રી. ચાંદ્રમાસનો અગિયારમો દિવસ. આ દિવસે હિંદુઓ ઉપવાસ કરે છે.

કાસહન ૧. [સં.] પું. ઉધરસનો નાશ કરનાર એક ઉકાળો.

૨. વિ. ઉધરસ મટાડનાર.

કાસહર [સં.] વિ. ઉધરસ મટાડનાર.

કાસહરવર્ગ [સં.] પું. ખાંસી મટાડનાર ઔષધિઓનો સમૂહ. દ્રાક્ષ, હરડે, આંબળાં, પીપર, ધમાસાનાં પાન અથવા મૂળ, કાકડાશિંગી, સફેદ તથા રાતી સાટોડીનાં મૂળ અને ભોંયઆંમલી આ બધાં આ સમૂહમાં ગણાય છે.

કાસળ ન. આડખીલી; નડતર; પીડા; કાશળ.

કાસળ કાઢવું = મારી નાખવું; જડામૂળ કાઢવું.

કાસળિયું વિ. કામ કરવામાં દિલદગડાઈ કરે તેવું.

કાસંકપ વિ. અસ્વસ્થ; પ્રમાદી.

કાસંડી જુઓ કાશંડી.

કાસંદી જુઓ કાશંડી.

કાસંદીવટિકા [સં.] સ્ત્રી. એક જાતનું ખાટું પીણું.

કાસંદ્રી જુઓ કાશંડી.

કાસંદ્રો પું. એક જાતનું ખડ; સમદરસેણ. તે મૂત્રરોગ, ક્ષય તથા દાહ ઉપર ઉપયોગી છે. આ છોડ ગુજરાતમાં ઊગે છે. આંખો દુખતી હોય તેની ઉપર તેનાં પાંદડાં બાફી શેક કરવામાં આવે છે. એનાં બિયાં ગુવારના જેવાં અને ચપટાં હોય છે.

કાસા ૧. [સં.] પું. આહાર; ભોજન.

૨. પું. કટોરો; પ્યાલો.

૩. પું. દરિયાઈ નાળિયેરનું એક ભિક્ષાપાત્ર; કચકોલ. તે અગાઉ મુસલમાન ફકીરો રાખતા.

કાસાણી ૧. સ્ત્રી. કણબીની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કાસાબ્લાંકા ન. એ નામનું આફ્રિકમાં આવેલું એક શહેર.

કાસાર ૧. [સં.] પું. એક જાતનું પક્વાન્ન.

૨. પું. (પુરાણ) એ નામનો એક ઋષિ. એણે વાલખિલ્ય શાખાનું અધ્યયન કર્યું હતું.

૩. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. વારાહ છંદ; વર્ણદંડક. તેમાં મગણ, મગણ, તગણ, નગણ, તગણ, એક ગુરુ અને એક લઘુ મળી ૧૭ વર્ણ હોય છે.

૪. પું. કંસારો.

૫. પું. શેષભાગ; અવશેષ.

૬. ન. તળાવ; સરોવર.

કાસારક્રાંતા પું. (પિંગળ) બાર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ જગતી છંદનો એક ભેદ છે. તેમાં મગણ, તગણ, જગણ અને યગણ એમ ૧૨ વર્ણ હોય છે.

કાસા રબાબકા પું. સારંગીનો એક ભાગ.

કાસારિ [સં.] પું. કાસમર્દ નામની વનસ્પતિ. તેનાં પાન ઘાટાં અને કલેજાના આકારનાં થાય છે. તેનાં ફૂલ સમાળુનાં ફૂલ જેવાં થાય છે. એની ડાંડલીને કાંટા હોય છે. તેની અંદરનો ગર રાતો હોય છે. તેની છાલનાં દોરડાં બને છે

તથા આંખ દુખવા ઉપર એનાં પાન બાંધવામાં આવે છે.

કાસારો પું. (પિંગળ) એક માત્રામેળ છંદ. માગધી પિંગળ પ્રમાણે આ છંદ સાટક છંદનો એક ભેદ છે. તેમાં ૨૪ ગુરુ અને ૭૨ લઘુ મળી ૧૨૦ માત્રા હોય છે.

કાસાલુ [સં.] પું. કોંકણ દેશમાં થતું એક ॰જાતનું કંદમૂળ.

કાસાલેસ વિ. ખુશામતિયું.

કાસાલેસી સ્ત્રી. ખુશામત.

કાસાળુ ન. એક જાતનો જંતુનાશક જંગલી વેલો. તેનાં પાંદડાં અને ડીંટાં અળવીના કરતાં મોટાં હોય છે. તે કાળું તથા ધોળું એમ બે જાતનું થાય છે. તેને જમીનમાં કંદ થાય છે. તે મીઠું, પથ્યકારક, દીપક તથા રુચિપ્રદ છે અને કફ અને વાત મટાડે છે. તે ઉદરરોગ ઉપર અપાય છે.

કાસાં પું. એક જાતનો છોડ. આ છોડ દરિયાકાંઠે રેતીમાં ઊગે છે. તેનાં પાન ઘણું કરીને તળિયે જમીન ઉપર પથરાયેલાં હોય છે. એનાં મૂળ જમીનમાં લાંબાં વધે છે. તેમાં મોથ જેવી ગાંઠો હોય છે.

કાસાંજણ ૧. [સં. કાંસ્ય (કાંસું) + અંજન (આંજણ)] ન. કાંસાના પાત્રમાં ઘૂંટીને બનાવેલું એક જાતનું આંખનું ઓસડ; કસાંજણ.

૨. ન. ખાપરિયું.

૩. ન. જસતનાં ફૂલ. જસતને ઠીકરાના વાસણમાં ભઠ્ઠીમાં મૂકવાથી તે ગરમ થઈ ઊડી જઈ વાસણના ઉપરના ભાગમાં ફૂલ બાઝે છે. તેનો ઝીણો ભૂકો આંખના વ્યાધિમાં વપરાય છે.

કાસાંતકરસ [સં.] પું. (વૈદ્યક) ખાંસી માટે રસની બનાવટ. તે બનાવવા પારદ, ગંધક, વછનાગ, શાલિપર્ણી અને ધાણા એ દરેક સરખે ભાગે લઈ બધાંની બરાબર મરી મેળવી બધાંનું વસ્ત્રગાળ ચૂર્ણ કરવું. તેની માત્રા ૨ થી ૪ રતી છે અને અનુપાન મધ છે.

કાસાંબર ન. રેશમી કપડું.

કાસિક ૧. પું. જંગલી મગ.

૨. વિ. ઉત્તમ; શ્રેષ્ઠ.

૩. વિ. ખાંસીવાળું.

કાસિકા ૧. [સં.] સ્ત્રી. કફ.

૨. સ્ત્રી. જંગલી મગનું ઝાડ.

કાસિત પું. કાસદ; ખેપિયો.

કાસિદ ૧. [અ. કસદ (વિચાર કરતું)] પું. દૂત; સંદેશો લઈ જનાર માણસ.

૨. વિ. જથ્થામાં અને ગુણમાં ઓછું.

૩. વિ. દૃઢ નિશ્ચયી; મક્કમ મનનું.

૪. વિ. નકામું.

કાસિદા જુઓ કાસદ.

કાસિદી ૧. [અ.] સ્ત્રી. દૂતની જગ્યા.

૨. વિ. દૂત સંબંધી.

કાસિબ ૧. [અ.] પું. કારીગર.

૨. પું. વેપારી.

કાસિબી [અ.] પું. વણકર.

કાસિમ (ક઼ાસિમ) [અ. કસમ (વહેંચતું)] વિ. ભાગ પાડનાર; વહેંચનાર.

કાસિયું ૧. ન. એક જાતનું ઘાસ.

૨. ન. એક જાતનો ભીનાશમાં થતો છોડ.

૩. ન. બાજરાની થૂલીને ખાઈ જનાર એક જંતુ.

કાસિર [અ. કસર (તેણે ટૂંકું કર્યું)] વિ. અધૂરું; અપૂર્ણ; ઓછું; થોડું.

કાસી ૧. પું. કાશી દેશના લોક; હિંદુસ્તાનની એક પ્રાચીન કોમ.

૨. સ્ત્રી. ચપટી સફેદ રંગની ભીંગડાંવાળી એક જાતની માછલી.

૩. ન. કાશી શહેર.

૪. વિ. ઉધરસના રોગવાળું.

કાસીદ ૧. ન. એ નામની એક વનસ્પતિ.

૨. ન. સંદેશા લાવ લઈ જા કરનારૂં પારેવું.

કાસીદું ન. ખેપ.

કાસીદોરિયો પું. એક જાતનું સુતરાઉ કાપડ.

કાસીય ન. કાંસું.

કાસીસ ૧. પું. અઢાર મુખ્ય ક્ષાર માંહેનો એક ક્ષાર.

૨. સ્ત્રી. હીરાકસી.

કાસીસાદિઘૃત [સં.] ન. (વૈદ્યક) એક જાતનું ઔષધ. તેમાં મુખ્ય કાસીસ, હરડે, મનઃશિલ, તુત્થ, સરસવ, લોદ્ર, કરંજબીજ, મુસ્તાક, હરતાલ, કપિલ્લક, ગંધક, વિડંગ, ગુગ્ગુલુ, તીખાં, કુષ્ઠ, રસાંજન, ચક્રમર્દ વગેરે વસ્તુ છે. ભગંદર, હરસ, દરેક જાતનો કોઢ, ખરજવું, ખસ, ગૂમડાં, ઉપદંશ, ક્ષત અને ગુદાની ચિરાડમાં લગાડવા માટે આ ઘી વપરાય છે. રૂઝ લાવવા માટે આ એક ઉત્તમ મલમ છે. દુખતા ભાગ ઉપર આ ઘી લગાડવું અથવા તો ગોળ વાટ ઘીમાં પલાળી ધારામાં નાખવી.

કાસીસાદિતૈલ ન. (વૈદ્યક) સ્ત્રીઓના રોગ માટે હીરાકસી અને બીજાં ઔષધો મિશ્રિત તેલની દવા. હીરાકસી, અશ્વગંધા, લોદ્ર અને ગજપીપર એ ચારે વસ્તુનું વસ્ત્રગાળ ચૂર્ણ સમાન વજને લઈ તે ચૂર્ણથી ચારગણું તેલ અને તેલથી ચારગણું પાણી લઈ તેલની રીત પકવવું. આ તેલના મર્દનથી સ્તન, કાન અને ઉપસ્થ વગેરે વૃદ્ધિ પામે છે. તેનું પોતું રાખવાથી ભગપથ પણ દીર્ઘ થાય છે અને હરસના મસા ઉપર ફાયદો કરે છે.

કાસુંદરો પું. એક જાતનો છોડ. તેનાં પાન આવળનાં પાંદડાં કરતાં બારીક હોય છે. તેને પીળાં ફૂલ આવે છે અને તેની શીંગો જાડી અને લાંબી હોય છે. તે વાડની નજીકમાં અને બીજી ખાલી જગ્યામાં પુષ્કળ ઊગે છે. તે તીખો, કડવો, મધુર, ઉષ્ણ, રુચિકર, પાચક, દીપક, કંઠશુદ્ધિકર, ગ્રાહી અને રૂક્ષ છે; તથા કફ, અજીર્ણ, વાયુ, કાસ, પિત્ત, વિષ, કૃમિ અને વિષૂચિકાનો નાશ કરે છે. તેનાં પાંદડાં પાકકાળે તીખાં, વૃષ્ય, ઉષ્ણ અને લઘુ છે. તે દમ, ઉધરસ અને અરુચિનો નાશ કરે છે. તેનાં ફળ કાસ, શ્વાસ અને ઊર્ધ્વ વાતનો નાશ કરે છે. તેને કર્કશ, અરિમર્દ, કાસમર્દ અને કાસારિ પણ કહે છે. એનાં પાનના રસનાં ટીપાં આંખમાં નાખવાથી તથા પાંદડાં વાટી આંખે બાંધવાથી આંખ દુખતી મટી જાય છે. સોજા ઉપર એનાં પાંદડાં બકરીના દૂધમાં વાટી ચોપડવાથી સોજો નરમ પડે છે. તેમ પારાના ઉતાર તરીકે એનાં પાંદડાંનો રસ અકસીર ગણાય છે.

કાસુંદી જુઓ કાસુંદરો.

કાસુંદ્રી જુઓ કાસુંદરો.

કાસૂ ૧. [સં.] સ્ત્રી. અસ્પષ્ટ વાણી.

૨. સ્ત્રી. એક જાતનું ભાલું કે અસ્ત્ર.

૩. સ્ત્રી. પ્રકાશ.

૪. સ્ત્રી. બુદ્ધિ.

૫. સ્ત્રી. ભક્તિ.

૬. સ્ત્રી. રોગ.

કાસૂતરી [સં.] સ્ત્રી. એક જાતનું અસ્ત્ર.

કાસૂર્ણી સ્ત્રી. એ નામનું એક ઝાડ; આરૂ.

કાસૂંદ્રા જુઓ કાસુંદરો.

કાસૂંદ્રો જુઓ કાસુંદરો.

કાસૃતિ ૧. [સં.] સ્ત્રી. ખરાબ ગતિ.

૨. સ્ત્રી. છૂપો રસ્તો.

૩. સ્ત્રી. પગદંડી.

૪. સ્ત્રી. સાંકડો રસ્તો.

કાસેક્ષુ [સં.] પું. એક જાતનું ઘાસ.

કાસો ૧. પું. દરિયાકાંઠે થતો એક જાતનો છોડ. એનાં પાન સાંકડાં અને જાડાં હોય છે. આ છોડ ઢોરનો ચારો છે.

૨. સ્ત્રી. ઉધરસ.

કાસોડ (કાસોડ઼) ન. એક જાતનું શોભાનું ઝાડ.

કાસોદ્દિયા ૧. સ્ત્રી. સુતારની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કાસોરુ પું. એ નામના એક બ્રહ્મર્ષિ.

કાસોંદ સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

કાસ્કેટ [અં.] ન. પેટી; સંદૂકડી; મંજૂષા.

કાસ્કોમ [હિં.] પું. કપાસનો છોડ.

કાસ્ટ [અં.] સ્ત્રી. ગ્નાતિ; નાત.

કાસ્ટ આયર્ન [અં.] ન. બીડ; બીબામાં ઢાળેલું લોઢું.

કાસ્ટિક [અં.] ન. બાળી નાખે એવું ઓસડ; તેજાબ.

કાસ્ટિંગ ન. ઢાળો; એક જાતની મિશ્ર ધાતુ.

કાસ્ત ૧. પું. એક જાતનો છોડ.
૨. સ્ત્રી. ખોટ; નુકસાન.

કાસ્તની જુઓ કાસ્ત.

કાસ્તીર [સં.] ન. એ નામનું એક નગર.

કાસ્ત્યા ન. દાતરડું.

કાસ્મર્થ [સં.] પું. ગાંભારી નામની વનસ્પતિ.

કાસ્ય સ્ત્રી. પંચાત; લપ; અધિયારી.

કાહ ૧. [ફા.] સ્ત્રી. ઘાસ.
૨. સ. શું?
૩. વિ. કયું?

કાહકશાન [ફા.] પું. આકાશગંગા; દૂધગંગા.

કાહ[illegible] [સં.] સ્ત્રી. એક જાતનું વાદ્ય; કાહળ વાદિત્ર; રણશિંગું.

કાહકુહ ન. અદલબદલ.

કાહગિલ [ફા.] ન. ગાર; પરાળ અને કાદવ ભેગો કરી બનાવેલું લીંપણ.

કાહટી સ્ત્રી. તકલીફ; દુઃખ; મહેનત.

કાહણ ન. (પિંગળ) લઘુ સ્વર.

કાહન પું. શ્રીકૃષ્ણ.

કાહર ૧. પું. કાવડ ઉપાડનાર માણસ; કાવડિયો; કહાર.
૨. પું. માળી.
૩. સ્ત્રી. ઘરનું કામકાજ કરનારી એક જાત.

કાહરુબા [ફા.] પું. અંબર.

કાહલ ૧. [સં.] પું. અવાજ; નાદ; શબ્દ.
૨. પું. કાહળ વાદિત્ર; રણશિંગું.
૩. પું. કૂકડો.
૪. પું. બિલાડો.
૫. પું. મોટો ઢોલ.
૬. ન. અસ્પષ્ટ વાક્ય.
૭. ન. સમજાય નહિ એવું ભાષણ.
૮. વિ. અત્યંત મોટું.
૯. વિ. અનાડી; તોફાની.
૧૦. વિ. અપકારી; ગુણચોર.
૧૧. વિ. ખલ; લુચ્ચું.
૧૨. વિ. ઘાતકી; નિર્દય.
૧૩. વિ. સુકાયેલું; સૂકું.

કાહલા ૧. [સં.] સ્ત્રી. એક જાતની અપ્સરા.
૨. સ્ત્રી. ગાયનું શિંગડું.
૩. સ્ત્રી. નિશાન; ડંકો; મોટું નગારું.
૪. સ્ત્રી. વરુણની સ્ત્રી.
૫. સ્ત્રી. શિંગડાના આકારનું વાદ્ય; રણશિંગું.
૬. વિ. તોફાની.

કાહલાપુષ્પ [સં.] ન. ધતૂરાનો છોડ.

કાહલિ [સં.] પું. શિવ; મહાદેવ.

કાહલી ૧. પું. શિવ; શંકર.
૨. સ્ત્રી. કૂકડી.
૩. સ્ત્રી. તરુણી; યુવતી.
૪. સ્ત્રી. બિલાડી.

કાહવું અ. ક્રિ. કંટાળવું; કાઈ જવું.

કાહળ ૧. પું.; ન. ગાયનું શિંગડું.
૨. પું.; ન. ધતૂરાના ફૂલના આકારનું વાજું; રણશિંગડું; શિંગી; શિંગડી. બાવા અને અતીતો તેમની જમાતની આગળ જે રણશિંગું વગાડે છે તે આ છે.
૩. પું.;ન. નાશ; નિકાલ.
૪. પું.; ન. લશ્કરનું મોટું ઢોલ.

કાહા ૧. પું. ઇનામ.
૨. પું. કેટલીક ઔષધિનાં મૂળનો અને છોડનો ઉકાળો. ખાસ કરીને સ્ત્રીઓને કસુવાવડ પછી તે અપાય છે.
૩. સ. કોણ ?
૪. અ. શા માટે ?

કાહાટ ૧. પું. કાળ; મૃત્યુ.
૨. વિ. સૂકું; સુકાયેલું.

કાહાનકે અ. કેમકે; કારણકે.

કાહાપણો પું. એક જાતનો આંધ્ર સિક્કો.

કાહારં પું. પાલખી ઊચકનારા ભોઈ લોકોની એક જાત. તેઓ વજનદાર બોજો લઈ દોડી શકે છે.

કાહારક જુઓ કાહાર.

કાહારન પું. (જરથોસ્તી) યઝશ્નગાહમાંનું પાણીનું વાસણ. તે કૂવામાંથી પાણી કાઢવા માટે વપરાય છે.

કાહાલી ન. એ નામનું એક વાજિંત્ર.

કાહિર ૧. [અ.] વિ. જુલ્મી.
૨. વિ. વિજય પામતું; જીત મેળવતું.

કાહિરા [અ.] સ્ત્રી. જીતનાર સ્ત્રી.

કાહિલ [અ.] વિ. આળસુ; સુસ્ત.

કાહિલમિઝાજ (કાહિલમિઝાજ) [અ.] વિ. આળસુ.

કાહિલા [અ.] વિ. માંદું; બીમાર.

કાહિલાગી સ્ત્રી. સુસ્તી; આળસ.

કાહિલાના ૧. [અ.] અ. આળસુપણે.
૨. અ. ધીમેથી.

કાહિલી ૧. સ્ત્રી. આળસ; સુસ્તી.
૨. સ્ત્રી. તજાગરમી; ચામડીની બળતરા; તાવ અથવા અતિ ઉષ્ણ ઔષધિના સેવનથી થતી ગરમીની પીડા.
૩. સ્ત્રી. બેપરવાઈ; બેદરકારી.
૪. સ્ત્રી. માંદગી.
૫. વિ. આજારી; માંદું; કળ ન વળતી હોય એવું.
૬. વિ. આળસુ; કાયર.
૭. વિ. થાકેલું; કંટાળેલું.

કાહિશ ૧. [ફા.] સ્ત્રી. ચિંતા; ફિકર.
૨. સ્ત્રી. ઝૂરવું તે.
૩. સ્ત્રી. પડતી.

કાહી ૧. પું. (પિંગળ) સગણ, તગણ અને લઘુ મળી સાત વર્ણનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉષ્ણિકનો ભેદ છે.
૨. સ્ત્રી. અંદરજવનું ઝાડ.
૩. સ્ત્રી. એક જાતનું ખાણું.
૪. સ્ત્રી. એક જાતનો રંગ. તે કાળાશને લીધે લીલો થાય છે અને નીલ, હળદર અને ફટકડીના મિશ્રણથી બને છે.
૫. સ્ત્રી. લીલાશ.
૬. વિ. ઘાસ સંબંધી.
૭. વિ. ઘાસના રંગનું.

કાહીદા [ફા.] વિ. ઓછું કરેલું; ઘટાડેલું.

કાહીં ૧. [અ.] પું. જાદૂગર.
૨. પું. જોશી.
૩. પું. પેગંબર.
૪. પું. ફકીર; સાધુ.

કાહુ ૧. પું. અર્જુનવૃક્ષ.
૨. પું. એ નામનો એક છોડ; શાલિત; ખસ. તેને ગરમ આબોહવા અનુકૂળ છે. મસાલામાં મિશ્ર કરી તે ખાવામાં વપરાય છે. તેનાં બી સફેદ ભૂરા રંગનાં, અંડાકાર અને નસોવાળાં હોય

છે અને વચ્ચેથી જરા વળી ગયેલાં દેખાય છે. તેની સુગંધ મીઠી હોય છે, પરંતુ સ્વાદમાં કડવાં લાગે છે. તેનો ગુણ ઠંડો છે અને તે તાવ અને સોજાના દરદમાં ઉપયોગમાં આવે છે. તેની અસર ઘેન ઉપજાવે છે.

કાહુકાહુ અ. ઘોંઘાટ સાથે; અવાજ થતો હોય એમ.

કાહુકી સ. કોની ?

કાહુચુ ન. એક જાતનું રબ્બરનું ઝાડ. તે ૫૦ થી ૬૦ ફૂટ ઊંચું ઊગે છે. તેના થડનો ઘેરાવો ૬ થી ૮ ફૂટ હોય છે. તેમાંથી પારા રબ્બર નીકળે છે. નદી પાસેના ભેજવાળા પ્રદેશમાં તે ઊગે છે.

કાહૂં અ. કોઈ જગ્યોએ.

કાહૂ ૧. [ફા.] પું. એક જાતનું શાક. તેનાં બી ઠંડી માટે ફાયદો કરનાર મનાય છે.

૨. સ. (વ્રજ) કોણ ?

કાહૂંજકી [હિં.] સ્ત્રી. એક જાતનો છોડ.

કાહે ૧. અ. ક્યારે ?

૨. અ. ચોક્કસ; જરૂર.

૩. અ. શા માટે ?

કાહેકો જુઓ કાહે.

કાહેર પું. ઇમામી ધર્મના બાવીસમા ઇમામ. તેમની ઇમામત ઈ. સ. ૧૧૫૭થી ૧૧૬૨ સુધી હતી.

કાહેરાં વિ. કાયર; કંટાળેલું.

કાહોડો (કાહોડ઼ો) [સં. કાશ] પું. કાસોડો; બરૂની જાતનું ઊંચી, જાડી અને કઠણ સળીનું ઘાસ.

કાહ્નડ (કાહ્નડ઼) પું. શ્રીકૃષ્ણ.

કાહ્યું ૧. [અ. કાહિલ] વિ. આજારી; માંદું.

૨. વિ. કાયર; કંટાળેલું.

૩. વિ. ચિડાયેલું.

૪. વિ. થાકેલું.

૫. વિ. દુઃખી; હેરાન.

૬. વિ. સુસ્ત; આળસુ.

કાળ ૧. પું. અછત; તંગી.

૨. પું. (જ્યોતિષ) અઠ્યાસી માંહેનો એ નામનો એક ગ્રહ.

૩. પું. અવસર; પ્રસંગ.

૪. પું. (સંગીત) એક જાતનું માપ. ગાવા બજાવવા અને નાચ કરવામાં જે જે ક્રિયાઓ કરવામાં આવે છે, તે દરેકમાં કેટલી વાર સુધી, કેવી રીતે, કયા સ્વરની તથા હાથ પગની ચાળવણી કરવી એટલે કયો સ્વર કેટલો લાંબો ટૂંકો લેવો અને કયે ઠેકાણે કેટલો વિરામ લેવો વગેરેનું પ્રમાણ જે બતાવે છે તેને કાળ કહે છે. એ કાળનો ઉપયોગ લય, તાલ, માર્ગ વગેરેમાં થાય છે. મુખ્ય ત્રણ અને બે પેટા ભાગ મળી કુલ પાંચ કાળભાગ છે: (૧) શુદ્ધ વિલંબકાળ, (૨) મધ્યમકાળ, (૩) દ્રુતકાળ; પેટા ભાગ: (૪) મધ્યવિલંબ અને (૫) મધ્યદ્રુત. કાળનાં મુખ્ય સોળ અંગ છે: (૧) વિરામ, (૨) ધૃતાંગ, (૩) દ્રુતવિરામ, (૪) લઘુઅંગ, (૫) લઘુવિરામ, (૬) લઘુદ્રુતઅંગ, (૭) લઘુદ્રુતવિરામઅંગ, (૮) ગુરુ, (૯) ગુરુવિરામ, (૧૦) ગુરુદ્રુત, (૧૧) ગુરુદ્રુતવિરામ, (૧૨) પ્લુત, (૧૩) પ્લુતવિરામ, (૧૪) પ્લુતદ્રુત, (૧૫) પ્લુતદ્રુતવિરામ અને (૧૬) કાકપદ. સ્વરોને લંબાવવા કે ઝડપથી બોલવા માટે વપરાતા મુખ્ય આઠ કાળ છે: (૧) મહાહંસપદ, (૨) હંસપદ, (૩) કાકપદ, (૪) ગુરુ, (૫) લઘુ, (૬) દ્રુત, (૭) અણુ અને (૮) ત્રુટિ.

૫. પું. કાગડો.

૬. પું. કાસમર્દ.

૭. પું. કાળો રંગ.

૮. પું. કાળો સાપ.

૯. પું. કોયલ.

૧૦. પું. ક્રોધ; ગુસ્સો.

૧. કાળ અહપવો = (૧) અંત આવવો. (૨) ક્રોધ ચડવો. (૩) મરણિયા થવું.

૨. કાળ આવવો = (૧) ગુસ્સો ચડવો. (૨) મરણ પામવું.

૩. કાળ કાઢવો = (૧) દુકાળનો વખત ગાળવો. (૨) રીસ ઉતારવી. (૩) વખત ગુમાવવો.

૪. કાળ ચડવો = (૧) કંટાળી ખીજવાઈ અમુક ખોટું કામ કરવા તત્પર થવું. (૨) ગુસ્સે થવું; ક્રોધ આવવો.

૫. કાળ સમાવવો = ક્રોધ મારવો; ગુસ્સો દાબી રાખવો.

૬. કાળનું મોં બાળવું = (૧) ક્રોધ ન કરવો. (૨) દુકાળ કે તંગી ન ઇચ્છવાં.

૧૧. પું. ગુણોની વિષમ અવસ્થાનું કારણ.

૧૨. પું. જેથી મોત થાય તે પદાર્થ કે પ્રાણી.

૧૩. પું. દિવસરાત્રિનાં આઠ આઠ ચોઘડિયાં માંહેનું એ નામનું એક માઠું ચોઘડિયું.

૧૪. પું. દુર્દશા; આફત; વિપત્તિ.

કાળમાં અધિક માસ = દુઃખ પડે ત્યારે ચારે બાજુથી આવે.

૧૫. પું. પિશાચ જાતના વ્યંતર દેવોના બે ઇંદ્ર માંહેનો એક.

૧૬. પું. પ્રકૃતિનો વિકાસ.

૧૭. પું. મૃત્યુ; નાશ.

૧. કાળ કરવો = મૃત્યુ પામવું.

૨. કાળ ખૂટવો = (૧) આફત આવી પડવી. (૨) આયુષ્ય આવી રહેવું; બાર વાગી જવા; મૃત્યુ આવવું.

૩. કાળ ચક્કર ફરવું = (૧) આખર આવવી. (૨) આફત આવી પડવી. (૩) દશા બદલવી. (૪) મોત ભમવું.

૪. કાળ થવો = મરણ થવું; અંત આવવી; દેવલોક પામવું.

૧૮. પું. મોસમ; નિયત ઋતુ.

૧૯. પું. યમ.

૨૦. પું. યમનો દૂત.

કાળ દેખવો = (૧) બીવું. (૨) યમદૂત જોવો.

૨૧. પું. રાતો ચિત્રક.

૨૨. પું. રાળ.

૨૩. પું. લખત; લેખ.

૨૪. પું. વરસાદ ન પડવાથી થતો દુકાળ; દુર્ભિક્ષ.

૧. કાળ પડવો = દુકાળ પડવો; કોઈ પણ વસ્તુ દુર્મિલ થવી; અનાજ ન પાકવું.

૨. કાળનું પૂછડું મારે = ઊતરતો દુકાળ વસમો લાગે.

૩. કાળમાંથી આવવું = ખાવાની અતિશય લોલુપતાવાળું હોવું.

૪. લીલો કાળ = અતિવૃષ્ટિ; ઘણો વરસાદ પડવાથી અનાજ પાકવું નહિ તે.

૫. સૂકો કાળ = વરસાદ સમૂળગો ન આવવો તે.

૨૫. પું. વૃક્ષ; ઝાડ.

૨૬. પું. શક; સંવત.

૨૭. પું. શિવ; શંકર; સંહારક શક્તિ.

૨૮. પું. (જૈન) સઝ્ઝાય કરવાનો વખત.

૨૯. [સં. કાલ] પું. સમય; વખત; વેળા; જમાનો. તે કોઈએ ઉત્પન્ન કરેલો નથી. તે આદિ અંતથી રહિત છે. રસોનું વધવું ઘટવું, મનુષ્યનું જીવવું તથા મરવું એ કાળને આધીન છે. એ જરા વાર પણ ખોભરતો નથી, સંહારવાથી સર્વ પ્રાણીઓને એકઠાં કરી નાખે છે, સર્વ પ્રાણીઓને સુખદુઃખથી જોડી દે છે, સર્વનો સંક્ષેપ કરી નાખે છે અને સર્વને મરણની સમીપમાં લઈ જાય છે તેથી તે કાળ કહેવાય છે.

૧. કાળ અજીતાં = ઘણા સમયથી ઊભેલાં.

૨. કાળ પડે ત્યારે કોદરા મોંઘા = (૧) જ્યારે વસ્તુની તંગી હોય ત્યારે માલ વગરની વસ્તુ પણ મોંઘી થઈ પડે છે. (૨) દુકાળને વખતે કોદરાનો પણ ભાવ પુછાય.

૩. કાળના કાગડા ખાઈને અવતરવું = (૧) બહુ જૂના વખતના હોવું. (૨) બહુ વૃદ્ધ છતાં મરે નહિ એવું હોવું.

૪. કાળના કોદરા કાઢવા = બહુ જૂની લાંબા વખતની વાતો ઉથલાવવી; જૂની પુરાણી બાબતો કહી સંભળાવવી.

૫. કાળના કોદરા ખાઈને આવવું = બહુ જૂનું અને અનુભવી બનવું; બહુ જીવીને બહુ પાકું થવું.

૬. કાળનો કોદરો = અણીને વખતે કામ લાગે એવી ઉપયોગી ચીજ.

૩૦. પું. સૂક્ષ્મ એવો પુદ્ગલ પરાવર્ત જેમાં રહેલ છે તે. સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સંયોગ અને વિભાગ એ પાંચ ગુણો કાલ તથા દિશામાં છે. કાળનું કોષ્ટક: ૨ પરમાણુ = અણુ, ૩ અણુ = ત્રસરેણુ, ૩ ત્રસરેણુ = ત્રુટિ, ૧૦૦ ત્રુટિ = વેધ, ૩ વેધ = લવ, ૩ લવ = નિમેષ, ૩ નિમેષ = ક્ષણ. ૫ ક્ષણ = કાષ્ઠા, ૧૫ કાષ્ઠા = લઘુ, ૧૫ લઘુ = નાડિકા, ૨ નાડિકા = મુહૂર્ત, ૬ મુહૂર્ત = યામ, ૮ યામ = અહોરાત્ર, ૧૫ અહોરાત્ર = પક્ષ, ૨ પક્ષ = માસ, ૨ માસ = ઋતુ, ૩ ઋતુ = અયન, ૨ અયન = વર્ષ, ૧ મનુષ્ય વર્ષ = દેવ અહોરાત્ર, ૩૬૦ દેવ અહોરાત્ર = દેવનું વર્ષ, ૧૨,૦૦૦ દેવ વર્ષ = દેવયુગ, ૧૦૦૦ દેવયુગ = બ્રહ્માનો દિવસ, ૧,૦૦૦ દેવયુગ = બ્રહ્માની રાત્રિ, ૩૬૦ બ્રહ્માનાં અહોરાત્ર = બ્રહ્માનું વર્ષ. ૧૭,૨૮,૦૦૦ મનુષ્ય વર્ષ = કૃતયુગ, ૧૨,૯૬,૦૦૦ મનુષ્ય વર્ષ = ત્રેતાયુગ, ૮,૬૪,૦૦૦ મનુષ્ય વર્ષ = દ્વાપરયુગ, ૪,૩૨,૦૦૦ મનુષ્ય વર્ષ = કલિયુગ, ૪૩,૨૦,૦૦૦ વર્ષ = ચતુર્યુગ, મહાયુગ, દેવયુગ અથવા ચોકડી, ૭૧ ચોકડી = મનુ, ૧૪ મનુ = બ્રહ્માનો દહાડો.

૩૧. પું. સૂર્ય; સૂરજ.

૩૨. ન. એક ગંધદ્રવ્ય.

૩૩. ન. એક જાતનું ઘર; ઉત્તરમાં ષટ્દારુવાળી ઓરડી અને પરશાળવાળું ઘર. દુર્મુખ ઘરના અપવર્કમાં ષટ્દારુ આવે તો તે કાળ નામે ઘર થાય છે.

૩૪. ન. કાકોલ.

૩૫. ન. લોઢું.

૩૬. વિ. કાળા રંગનું; કાળું.

કાળઅંજનિ સ્ત્રી. કનિષ્ઠ ઘોડાની એક જાત.

કાળઆળ ન. કાળનું નિમિત્ત.

કાળક ૧. પું. કાળા પાણીનો સર્પ.

૨. પું. તેત્રીસ માંહેના એક કેતુનું નામ.

૩. પું. (ગણિત) બીજગણિતમાં કહેલ અવ્યક્ત રાશિની સંજ્ઞા.

૪. પું. શરીર ઉપર થતું કાળું ચિહ્ન.

૫. સ્ત્રી. આંખની પૂતળી.

૬. સ્ત્રી. કલંક.

૭. સ્ત્રી. કાળાશ; કાળાપણું.

૮. વિ. કાળા રંગથી રંગેલ; કાળા રંગનું.

કાળકટી ૧. સ્ત્રી. વખત ગમે તેમ કાઢવો તે; વખત ખોવો તે.

૨. વિ. ઝેરમાં હોનાર કે થનાર.

કાળકમો વિ. પું. કાળાં કામ કરનારો.

કાળકરાળ ૧. [સં.] પું. ભયંકર કાળ.

૨. પું. મૃત્યુ.

૩. વિ. કાળના જેવું ભયંકર.

કાળકર્મ ન. મૃત્યુ તથા કર્મનું બંધન.

કાળકંટક પું. શિવ; મહાદેવ.

કાળકંટકરસ પું. (વૈદ્યક) વાતરોગ ઉપર વપરાતું એક ઔષધ. તેની બનાવટ: હીરાની ભસ્મ તોલો ૧, પારદ તોલા ૨, અભ્રકભસ્મ તોલા ૩, સુવર્ણભસ્મ તોલા ૪, તામ્રભસ્મ તોલા ૫, ગજવેલની ભસ્મ તોલા ૬, મંડૂરભસ્મ તોલા ૭ એ દરેકને ત્રણ દિવસ સુધી અમ્લવર્ગના ક્વાથ તથા રસની ભાવના દેવી. પછી તેમાં જવખાર, સાજીખાર, ટંકણ, સિંધાલૂણ, સંચળ, બીડલૂણ, કાચલવણ અને સાંભરમીઠું એ આઠે દ્રવ્ય સમાન ભાગે લઈ તેમાંથી ૨૮ તોલા મેળવવું અને એને નગોડના પાનના રસમાં ત્રણ દિવસ ઘૂંટવું. પછી તેમાં શુદ્ધ વછનાગ તોલા ૭ અને ટંકણ તોલા ૭ મેળવી એક દિવસ બિજોરાંના રસની ભાવના દેવી. તેની માત્રા એક રતીની છે અને અનુપાન આદુનો રસ છે.

કાળકા ૧. સ્ત્રી. એ નામની એક જોગણી.

૨. [સં. કાલિકા] સ્ત્રી. એ નામની એક દેવી; દુર્ગા; કાળી; કાળશક્તિ.

૩. સ્ત્રી. ચંડીનું એક ભયંકર રૂપ. તેની જીભ બહાર નીકળેલી અને કોટે ડોકાંઓની માળા હોય.

૪. સ્ત્રી. દક્ષ પ્રજાપતિની એ નામની કન્યા.

૫. સ્ત્રી. મોત કરે તેવી તરવાર.

કાળકારિત વિ. કાળે કરાવેલ.

કાળકાલ પું. મૃત્યુ.

કાળકાવું અ. ક્રિ. કાળું કાળું દેખાવું; છેટેથી કાળો ભાગ નજરે આવવો.

કાળકાળ [સં. કાલકાલ] પું. પરમેશ્વર.

કાળકિયું ન. અમુક મુદતે બહાર પડતું ચોપાનિયું; નિયતકાલિક ચોપાનિયું; વર્તમાનપત્ર.

કાળકીટ ૧. પું. એ નામનો એક દેશ.

૨. વિ. એ નામના દેશમાં હોનાર કે થનાર.

કાળકૂટ ૧. [સં. કાલકૂટ] ન. અફીણ.

૨. ન. કારી ઝેર; હળાહળ વિષ; સમુદ્રમંથનમાંથી નીકળેલું મહા ઝેર.

૩. ન. કાળક્ષેપ; નકામો વખત ગુમાવવો તે; બેઠાં બેઠાં માખીઓ મારવી તે.

૪. ન. વછનાગ.

કાળકૂતરો પું. મહા ભયંકર કૂતરો.

કાળકૃત [સં. કાલ (વખત) + કૃત (કરેલું)] વિ. સમયનું બનાવેલ.

કાળકૃતિ [સં. કાલ (વખત) + કૃતિ (કામ)] સ્ત્રી. સમય સમયના બનાવ.

કાળકેર પું. ભયંકર હોનારત.

કાળકેળ સ્ત્રી. એક જાતની કેળ. તે સાધારણ ઊંચી થાય છે. તેનાં પાતરાં તેમ જ નસ સૂર્ખ અને લાલ, ફળ મોટાં, પીળાં અને સ્વાદિષ્ઠ હોય છે.

કાળકોટ પું. કાળરૂપી કિલ્લો.

કાળકોઠ પું. કઠણ સમય.

કાળક્રમ અ. વખત જતાં.

કાળક્રમણ [સં.] ન. સમય વિતાવવો તે; વખત કાઢવો તે.

કાળક્રમવિરોધ પું. બનાવોના વૃત્તાંતમાં કાલગણનામાં ભૂલચૂક.

કાળક્ષેપ ૧. [સં. કાલ (વખત) + ક્ષિપ્ (ફેંકવું)] પું. નિરર્થક કાળ ગાળવો તે.

૨. પું. વિલંબ; વાર.

૩. પું. વેતન; શિષ્યવૃત્તિ; 'સ્કૉલરશિપ'.

કાળક્ષેપણ જુઓ કાળક્ષેપ.

કાળખંડ ૧. પું. ઇતિહાસનો ભાગ.

૨. પું. પરમેશ્વર.

૩. ન. જમણી કૂખમાં રહેલ માંસનો ટુકડો.

કાળગણતરી ૧. સ્ત્રી. વખત ગણવાની રીત.

૨. સ્ત્રી. વખતની ગણતરી.

કાળગણના સ્ત્રી. વખતની ગણતરી.

કાળગતિ [સં.] સ્ત્રી. દૈવ; ભાવી; કર્મવિપાક; સમયનું બદલાઈ જવું તે.

કાળગર્ત પું. કાળરૂપી ખાડો; કબર.

કાળગળામણું વિ. વખત વિતાડવામાં મદદ કરે તેવું; સમય પસાર કરવામાં સાધનરૂપ બને તેવું.

કાળગંડી સ્ત્રી. એક જાતનો વેલો. તેના મોટા ગોળ ફળને કાળંગડું કહે છે અને તેનું શાક થાય છે.

કાળગાળિયો પું. મોત આણે તેવો ડોકની આસપાસ નાખવામાં આવેલો ફાંસો.

કાળગ્રસ્ત વિ. કાળથી ઝડપાયેલ.

કાળચ પું. કાળ.

કાળચક્ર ૧. [સં. કાલચક્ર] પું. સૂર્યનાં એકસો આઠ માંહેનું એક નામ.
૨. ન. એક જાતનું વિશાળ ઘર.
૩. ન. એક પ્રકારનું ભયંકર અસ્ત્ર.
૪. ન. કાળનું ફરવું તે; સમયનું વહી ચાલવું તે.
૫. ન. કાળરૂપી ચક્ર.
૬. ન. કાળનો પાશ; યમનું હથિયાર.
૭. ન. જમાનો; સમય; યુગ.
૮. ન. જિંદગીની હાલત બદલાયા કરવી તે; જિંદગીના વારાફેરા.
૯. ન. નાશ; આફત.
૧૦. ન. નિમેષથી માંડીને યુગ સુધીનો કાળ.
૧૧. ન. ફેરફાર; કાળના વહન સાથે થતી સારી માઠી સ્થિતિ.
૧૨. ન. ભાગ્યનું ચક્ર.
૧૩. ન. લાંબો વખત.
૧૪. ન. વખતનો ફેરફાર.
૧૫. ન. (જૈન) વીશ સાગરોપમ જેટલો વખત.
૧૬. ન. સંવત્સરચક્ર.

કાળચંદ્ર પું. ઘાતીચંદ્ર; અશુભ ફળદાતા ચંદ્ર; જ્યોતિષ પ્રમાણે જે રાશિનો ચંદ્ર નુકસાનકર્તા ગણાતો હોય તે રાશિનો ચંદ્ર; ઘાતક ગણાતી રાશિનો ચંદ્ર.

કાળચિહ્ન ૧. ન. કાળનું ચિહ્ન.
૨. ન. મોતની નિશાની.
૩. ન. સમયની નિશાની.

કાળચિંતક પું. જ્યોતિષી.

કાળચોઘડિયું (કાળચોઘડ઼િયું) ૧. ન. દિવસનાં આઠ ચોઘડિયાં માંહેનું એ નામનું એક.
૨. ન. નાશકારક પળ; અશુભ સમય.
૩. ન. નુકસાનકારક અથવા ઘાતક ચોઘડિયું.

કાળછારો વિ. પું. ક્રોધી; રિસાળ.

કાળજ [સં. કાલેય; પ્રા. કાલિઝ] ન. કલેજું; કાળજું; છાતી; હૃદય; હૈયું; અંતઃકરણ.

કાળજડું (કાળજડ઼ું) ન. કાળજું; કાળજ; કાળજા માટે કવિતામાં વપરાતું રૂપ.

કાળજહીર ન. કૌવત.

કાળજંગ ન. ચામડી ઉપર ચાઠાંવાળું ગરુડ.

કાળજાતૂટ ૧. વિ. કાળજું તૂટી જાય તેવું આકરૂં.
૨. વિ. કાળજું તૂટે એટલું.

કાળજાતોડ (કાળજાતોડ઼) વિ. કાળજું તોડી નાખે તેવું; સામાનું હૃદય ભેદી નાખે એવું.

કાળજાળ વિ. ભયંકર.

કાળજિત ૧. [સં. કાલજિત] પું. રામચંદ્ર.
૨. વિ. કાળને જીતનાર.

કાળજી ૧. [સં. કાલેય] સ્ત્રી. કોઈ પણ બાબત વિષે તેનું શું થશે, કેમ થશે, કેવું પરિણામ આવશે એવા એવા વિચાર આવી થતી લાગણી.
૨. સ્ત્રી. ખબરદારી; હોશિયારી; સાવચેતી; ચોકસાઈ.
૩. સ્ત્રી. ચાનક; ખંત; નુકસાનની બીકે મહેનત જારી રાખવી તે.
૪. સ્ત્રી. જતન; સંભાળ; દરકાર; ભાન; નજર; ફિકર; ચિંતા; હૃદયપૂર્વકની સંભાળ; ચીવટ.
૧. કાળજી કરવી = ફિકર કરવી.
૨. કાળજી રાખવી = પરવા કરવી; ચિંતા રાખવી.
૫. સ્ત્રી. ધાસ્તી; ભય; બીક.
૬. સ્ત્રી. ધ્યાન; લક્ષ.
૭. સ્ત્રી. હોંસ; ઉમેદ.

કાળજીભું ૧. વિ. અપશુકનિયાળ.
૨. વિ. કટુભાષી; ખૂરૂં બોલનાર.
૩. વિ. કાળ જેવી નુકસાનકારક કે ઘાતક જીભવાળું.
૪. વિ. જેના મુખમાંથી અમંગળ વાણી નીકળતી હોય અને એ પ્રમાણે અમંગળ થતું હોય એવું.

કાળજીમંદ વિ. સંભાળવાળું; દરકારવાળું.

કાળજીવંત વિ. કાળજીવાળું; ચીવટવાળું.

કાળજીવિત ન. જીવન મરણ.

કાળજું ૧. ન. અંતઃકરણ; મન.
૨. [સં. કાલેય; પ્રા. કાલિઝ] ન. કલેજું; પેટના જમણા પાસામાં રહેલો એક માંસલ અવયવ; પિત્તાશય; યકૃત. તે લોહી શુદ્ધ કરી પિત્ત ઉત્પન્ન કરે છે.
૩. ન. રક્તાશય; હૃદય.
૧. કાળજા વિનાનું = (૧) બોથડ; ધૃષ્ટ. (૨) સાહસિક.
૨. કાળજાના કકડા કરવા-થવા = દુઃખ થવું; કાળજું કપાવું.
૩. કાળજાની કોર = ઘણું જ વહાલું; પ્રાણપ્રિય; હૈયાનો હાર; આંખની કીકી; મૂછનો વાળ.
૪. કાળજાનું આધું = (૧) ઉદ્ધત. (૨) કઠણ હૃદયનું; બીએ નહિ એવું; હિંમતવાન.
૫. કાળજાનું કાચું = (૧) અણસમજુ. (૨) પોચું; દયાળુ. (૩) બીકણ; ભીરુ.
૬. કાળજાનું કોરાવું = કાળજામાં કાણું પડવું; અંતરની લાગણી થવી; હૃદય વીંધાઈ જવું.
૭. કાળજાનું ખસેલું = અદકપાંસળિયું; ઘેલું; અસ્થિર મગજનું; વાયલ; દાધારંગું.
૮. કાળજાનું ચસકેલ = ગાંડું.
૯. કાળજાનું પાકું = (૧) ગાંજ્યું ન જાય એવું; ન છેતરાય એવું. (૨) જેના ઉપર ઝટ અસર ન થાય એવું. (૩) ભૂલકણું નહિ એવું.
૧૦. કાળજાનું નરવું = સાવધ; હર્ષશોકમાં સમતાવાળું.
૧૧. કાળજાનું નર્યું = (૧) વીસરી ન જાય એવું. (૨) સાવધ; હોશિયાર; સાવધાન; ખબરદાર; હોશિયારીથી વર્તનાર; ચોપાસ નજર રાખી શકે એવું; ગાફેલ ન હોય તેવું.
૧૨. કાળજાનો ડંખ-ડાઘ = (૧) કારી ઘા; કાળજામાં થયેલી જબરી અસર; અંતરમાં દુઃખની થયેલ ઊંડી લાગણી. (૨) કિન્નો; દ્વેષ; ઝેર. (૩) હમેશ યાદ રહે તેવી બાબત. (૪) હાડવેર; કટ્ટી દુશ્મનાવટ.
૧૩. કાળજામાં કટારી = વેરની વૃત્તિ; અંદરખાને વેર લેવાનો જુસ્સો.
૧૪. કાળજામાં કોતરી રાખવું = યાદ રાખવું.
૧૫. કાળજામાં લખી રાખવું = યાદ રાખવું; ન વીસરાય એમ કરવું.
૧૬. કાળજામાં લોઢાની મેખ હોવી = (૧) અતિશય કાળજી કે દિલગીરી હોવી. (૨) હમેશા ખૂંચ્યા કરે એવી ગુપ્ત અથવા મહત્ત્વની ચિંતા હોવી.
૧૭. કાળજાં ટાઢાં હોવાં = નિરાંત હોવી; સંતોષ હોવો; તૃપ્તિ હોવી.
૧૮. કાળજું કપાઈ જવું = (૧) કાળજું કપાતું કે ચિરાતું હોય તેવું દુઃખ થવું. (૨) પ્રાણ જવા જેવું થવું.
૧૯. કાળજું કાચું રહેવું = મરતી વખતે પણ ટળવળવું; ચિંતા, દ્વેષ, વેર, પ્રેમની એવી લાગણી રહેવી કે જે મરણે પણ મટવી નહિ.
૨૦. કાળજું કાપવું = હૃદય કોરી નાખવું; કારી ઘા કરવો.
૨૧. કાળજું કૂતરાં ખાઈ ગયાં છે = કાળજા વિનાનું છે; અંતઃકરણ વગરનું છે.
૨૨. કાળજું કૂતરે કરડ્યું છે = યાદશક્તિ નથી.
૨૩. કાળજું કોતરવું = સંતાપવું; કનડવું.
૨૪. કાળજું કોરવું = (૧) અંતઃકરણને શબ્દબાણથી ભેદવું. (૨) મનમાં દુઃખ થવું.
૨૫. કાળજું કોરાવું = અંતરની લાગણી થવી; હૃદય વીંધાઈ જવું.

૨૬. કાળજું ખસવું = કાળજું ઠેકાણે ન હોવું; મન ભ્રમિત થવું; ઘેલું થવું; દાધારંગું થવું.

૨૭. કાળજું ખસી જવું = ફટકી જવું; ઘેલા થવું; મુગ્ધ બનવું; ચમક થવી.

૨૮. કાળજું ખંડાઈ જવું = કાળજામાં વેદના થવી; ઘણું હેરાન થવું; પ્રાણ જવા જેવું થવું.

૨૯. કાળજું ખાઈ જવું = કાયર કરવું; સંતાપવું; દુઃખ દેવું.

૩૦. કાળજું ખાવું = અતિ દુઃખ દેવું.

૩૧. કાળજું છોલવું = સંતાપવું; કાયર કરવું.

૩૨. કાળજું ઠરવું = સંતોષ થવો; ઇચ્છા પૂરી પડવાથી ધરાવું; તૃપ્ત થવું; નિરાંત વળવી; સુખી થવું.

૩૩. કાળજું ઠંડું થવું = સંતોષ મળવો; ઇચ્છિત ફળવું.

૩૪. કાળજું ઠેકાણે રાખવું = હરખશોકમાં લેવાઈ જવું નહિ; હિંમત રાખવી; આતુર ન થઈ જવું.

૩૫. કાળજું ઠેકાણે હોવું = (૧) ભાન હોવી; હોશિયારી હોવી; ચારે પાસ નજર રાખવાની શક્તિ હોવી. (૨) વિવેકમાં કે મર્યાદામાં હોવું.

૩૬. કાળજું તપવું = લાગણી થવાથી કાળજામાંથી લોહીનો ઉછાળો આવવો; ગરમ થઈ જવું.

૩૭. કાળજું તપી જવું = ગુસ્સે થવું; રોષે ભરાવું; અતિ ઉગ્ર થઈ જવું.

૩૮. કાળજું ધડકવું = ડરવું; હિંમત જતી રહેવી; ભયભીત થવું; પોતિયાં વછૂટી જવાં; ગભરામણ થવી.

૩૯. કાળજું પકડી રાખવું = હિંમત ન છોડવી; ધીરજ રાખવી; કાળજું ધડકવા ન દેવું.

૪૦. કાળજું પાકું હોવું = (૧) ઝટ અસર ન થાય એવું હોવું. (૨) ન છેતરાય એવું હોવું; ખંધાઈ સમજી જાય એવું હોવું. (૩) વીસરી ન જાય એવું હોવું; સ્મરણમાં રાખે એવું હોવું.

૪૧. કાળજું ફટકી જવું = (૧) ગાંડા થઈ જવું; આકુળવ્યાકુળ થઈ જવું; ભય, હર્ષ ઇત્યાદિથી ત્રાસી જવું; દુઃખથી વ્યાકુળ થઈ જવું. (૨) ચકિત થઈ જવું.

૪૨. કાળજું ફાટી જવું = (૧) અવિવેકી થવું; મર્યાદા બહાર જવું. (૨) ભય, ચિંતા વગેરેથી છેક ચોંકી ઊઠી અકળાવું; આશ્ચર્યકારક દેખાવ જોઈ હેબકી જવું; બેહદ વિસ્મિત થવું; ચકિત થવું.

૪૩. કાળજું ફૂટી જવું = (૧) અક્કલ જવી; ખબરદારી જતી રહેવી; ભાન ન રહેવું. (૨) મૂર્ખ બનવું; અણસમજ બતાવવી. (૩) યાદ ન રહેવું; વારંવાર ભૂલી જવું.

૪૪. કાળજું ફોલીને ખાઈ જવું = સંતાપવું; દુઃખ દેવું; રિબાવ્યા કરવું.

૪૫. કાળજું બળવું = ચિંતા થવી; ફિકર થવી; જીવ બળવો; શોક થવો.

૪૬. કાળજું બળી જવું = (૧) અદેખાઈ થવી; ઈર્ષ્યા થવી; ઈર્ષ્યાને લીધે ચિંતા થવી. (૨) દિલગીરી થવી; દુઃખી થવું; કાળજામાં ચિચરવટો પેદા થવો; બહારથી ન દેખાય પણ અંદરની કોઈ ગુપ્ત ચિંતાથી અંતર બળવું. (૩) ભાન ન રહેવું.

૪૭. કાળજું બાવન-બોતેર હાથ હોવું = કાળજું ઠેકાણે હોવું; જાગૃતિ હોવી; હોશિયારી હોવી; ખબરદારી હોવી.

૪૮. કાળજું ભરાઈ આવવું = ડૂમો જામવો; રડાય કે બોલાય નહિ તેવી રીતે આંચકાની સાથે અસર થઈ આવવી.

૪૯. કાળજું રીઢું થવું = (૧) કંઈજ અસર ન થાય એવું પાકું થવું. (૨) ઘણી ઘણી જાતના અનુભવ થવાથી કે ઘણા ખત્તા ખાવાથી કે ઘણી ઘણી અડચણો ભોગવીને કઠણ થવું; ખમી ખમીને પાંસરૂં થવું.

૫૦. કાળજું સવા મણ ને સવાસાત શેર હોવું = (૧) કાળજું વજ્ર જેવું એટલે અસર ન થાય તેવું કઠણ હોવું. (૨) ગફલત ન કરે એવું હોવું.

૫૧. કાળજે કોરાઈ રહેવું = યાદ રહેવું; ભૂલી ન જવાય એવું થવું; કાળજામાંથી ન ખસે એવું દૃઢ થવું.

૫૨. કાળજે કોરી રાખવું = યાદ રાખવું; વિસ્મરણ ન થાય એમ ખૂબ ધ્યાનમાં રાખવું; કદી ન ભૂલવું.

૫૩. કાળજે ટાઢક કરવી = સંતોષ ઊપજવો; નિરાંત કરવી.

૫૪. કાળજે હાથ રાખવો = નિરાંત રાખવી; ધીરજ રાખવી; સબૂરી પકડવી; નિશ્ચિંત રહેવું; ધીરજ રાખવી.

કાળજૂનું वि. જૂના વખતનું; પ્રાચીન; ઘણા જૂના કાળથી ચાલ્યું આવતું; પુરાણું.

કાળજ્ઞ ૧. पुं. કાળની કળાના જ્ઞાનને ધરાવનાર જ્યોતિષી.

૨. पुं. મરઘો.

૩. वि. યોગ્ય સમયને જાણનાર.

કાળજ્ઞાન ૧. न. ઋતુના ભેદ જાણવા તે.

૨. न. જ્યોતિષશાસ્ત્ર.

૩. न. મૃત્યુજ્ઞાપક એક ચિહ્ન.

૪. न. યોગ્ય સમયનું જ્ઞાન; સમય જાણવો તે.

કાળજ્ઞાની ૧. [सं. કાલજ્ઞાનિન્] वि. અમુકનું મરણ ક્યારે થશે તે જાણનાર.

૨. वि. વર્તમાન, ભૂત અને ભવિષ્યને જાણનાર.

કાળજ્વર [सं. કાલ (મોત) + જ્વર (તાવ)] पुं. અતિ ભયંકર તાવ; જીવલેણ તાવ; મરતાં પહેલાં આવેલો તાવ.

કાળઝાળ ૧. वि. અત્યંત ક્રોધી.

૨. वि. પ્રતાપી; પરાક્રમી; શૂરવીર.

૩. वि. ભયંકર; પ્રલયના અગ્નિ જેવું ભયંકર.

૪. वि. રુદ્રસ્વરૂપ.

કાળટિયા ૧. पुं. બ્રાહ્મણની એ નામની એક જ્ઞાતિ.

૨. पुं. હલકું દાન સ્વીકારનાર બ્રાહ્મણ.

૩. न. એ નામની જ્ઞાતિનું માણસ.

૪. वि. એ નામની જ્ઞાતિનું.

કાળતત્ત્વ न. કાળ સંબંધી બાબત.

કાળદર્શક वि. વખત બતાવનાર.

કાળદશા स्त्री. વખતનું પરિબળ.

કાળદંડ ૧. [सं. કાલદંડ] पुं. (જ્યોતિષ) અઠ્ઠાવીશ માંહેનો એ નામનો એક યોગ.

૨. पुं. યમનો દંડ; મૃત્યુ.

૩. न. એક જાતના વિશાળ ઘરનું નામ.

કાળદુકાળ ૧. पुं. અનાવૃષ્ટિથી પડતો દુકાળ.

૨. पुं. દુકાળ; વરસાદ વિનાનું વરસ.

૩. अ. કોઈક વખતે; ક્યારેક.

૪. अ. દુકાળને વખતે.

કાળદુકાળિયું ૧. वि. દુકાળમાં જન્મેલું; રાંકું; છપ્પનિયું.

૨. वि. લોભિયું.

કાળદૂત ૧. पुं. યમદૂત.

૨. वि. યમરાજના દૂત જેવું.

કાળદોષ पुं. કોઈ બનાવ બન્યો હોય તેથી વહેલો યા મોડો દર્શાવાયાનો દોષ.

કાળધર્મ ૧. [सं. કાલધર્મ] पुं. ઋતુધર્મ.

૨. पुं. કાળનો ધર્મ, ગુણ કે નિયમ.

૩. पुं. મૃત્યુ; નિધન; મરણ.

૪. पुं. મૃત્યુઅવસર.

૫. पुं. યુગધર્મ.

૬. पुं. સમર્યનો સ્વભાવ.

કાળનટરાજ पुं. કાળરૂપી નટરાજ.

કાળનાગ पुं. એક જાતની વનસ્પતિ. તે સાપનું ઝેર ઉતારવામાં વપરાય છે.

કાળનાથ [સં. કાલનાથ] પું. મહાદેવ.

કાળનિદ્રા ૧. [સં. કાલનિદ્રા] સ્ત્રી. આસુરી નિદ્રા; અઘોર નિદ્રા; ગાઢ નિદ્રા; સુષુપ્તિ.

૨. સ્ત્રી. કાલનિદ્રા; મરણ.

કાળનિર્ણય પું. વખતનો નિર્ણય કરવો તે.

કાળનેત્રી વિ. સ્ત્રી. કાળ જેના નેત્રમાં રમે છે એવી; જેના નેત્રમાંથી કાળ ભભૂકે છે એવી.

કાળનેમિ ૧. પું. એ નામનો એક રાક્ષસ; હિરણ્યકશિપુનો એ નામનો એક પુત્ર.

૨. પું. રાવણનો મામો; એ નામનો રાક્ષસ.

કાળપ ૧. સ્ત્રી. કાળાશ; કાળાપણું.

૨. ન. અપકીર્તિ; કલંક.

૩. ન. અંધારૂં.

કાળપગું વિ. અપશુકનિયું.

કાળ પરત્વે અ. સમય પ્રમાણે; વખતને લીધે; સમયને અનુસરીને; વખત જોતાં.

કાળપર્ણ ન. તગરનું ઝાડ.

કાળપર્ણિકા સ્ત્રી. કાળું નસોતર.

કાળપર્ણી ૧. સ્ત્રી. કાળી તુલસી.

૨. સ્ત્રી. ડુંગર ઉપર થતી કાળાં ફૂલવાળી એક જાતની વેલ. પારદબંધન માટે તે ઉપયોગી મનાય છે.

કાળપલટો પું. વખતનું પરિવર્તન; સમયમાં ફેરફાર.

કાળપવન પું. કાળરૂપી પવન; પ્રલયમરુત.

કાળપંથો પું. વસાવાઓનો એ નામનો એક દેવ.

કાળપાશ ૧. પું. એ નામનું ભયંકર હથિયાર.

૨. પું. મૃત્યુ; મરણ.

૩. પું. યમનો ફાંસો; યમબંધન; યમદંડ.

૪. પું. સમયનું બંધન; બાંધેલો વખત કે જ્યાં સુધી ભૂત, પ્રેત કાંઈ અનિષ્ટ કરી શકતા નથી.

કાળપાશિક પું. ફાંસી દેનાર માણસ.

કાળપાસ [સં. કાલપાશ] ન. બસો ચોરાણું માંહેનું એક પ્રકારનું ઘર. ભાસ્કર ઘરના મુખ આગળ એક અલિંદ વધે તો તે કાળપાસ નામે ઘર થાય.

કાળપુચ્છ ૧. પું. એક જાતનો મૃગ.

૨. પું. ચકલો.

કાળપુચ્છ હરણ ન. ડુંગરાળ પ્રદેશમાં રહેતું કાળા પૂછડાવાળું એક પ્રકારનું હરણ. તેની પૂછડી છેડેથી કાળી અને હાલતી જ હોય છે. તે ઘડીએ ઘડીએ છી છી કરે છે. નરને માથે શિંગડાં હોય છે ને તે દોઢ ફૂટ લાંબાં થાય છે. એનો રંગ બદામી અને પાસાં ઉપર કાળો હોય છે. હડપચી ને છાતી ધોળી હોય છે. એની લંબાઈ સાડાત્રણ ફૂટ અને ઊંચાઈ બે, સવાબે ફૂટ હોય છે. તેને છીંકવાની ટેવને લીધે છીંકારૂં પણ કહે છે.

કાળપુરુષ ૧. પું. ઘણું દુઃખ દેનારો માણસ.

૨. પું. યમદૂત.

૩. પું. યમરાજ.

૪. પું. વિરાટરૂપ ભગવાન; કાલરૂપ ઇશ્વરની એક મૂર્તિ.

કાળપૂજા સ્ત્રી. સમયપૂજા.

કાળપૂર ન. સમયરૂપી સાગરનો અનિવાર્ય પ્રવાહ.

કાળપૂળી સ્ત્રી. ગૂમડાનો એક રોગ; પાઠું.

કાળપૂંછ ન. કાળિયાર; કાળા પૂછડાવાળું એક જાતનું હરણ; છીંકારૂં.

કાળપૂંછી ૧. ન. છીંકારૂં; એક જાતનું હરણ.

૨. વિ. કાળા પૂછડાવાળું.

૩. વિ. જેના પૂછડામાં અશુભ ચિહ્ન હોય એવું.

૪. વિ. સ્ત્રી. જેના પૂછડામાં બધા કાળા વાળ હોય એવી.

કાળપૂંછું ૧. વિ. કાળા પૂછડાવાળું.

૨. વિ. પૂછડામાં અશુભ ચિહ્ન હોય એવું.

કાળપૂંછો ૧. પું. કાળા પૂછડાવાળો બળદ.

૨. વિ. પું. કાળા પૂછડાવાળો.

કાળપેચક ન. એક જાતનું પક્ષી.

કાળપ્રસંગ ૧. પું. જોગવાઈ; જેવો સમો તેવું કામ.

૨. પું. મરણવેળા; નાશનો સંધિ; સંહારસમય.

૩. પું. મોટી હાનિનો વખત.

૪. પું. વખત અને સંજોગ.

કાળપ્રસંગ વિચારવો = વખત અને સંજોગ વિચારવો.

કાળપ્રાય અ. કાળ સમાન.

કાળપ્રેમી વિ. સમયને વળગી રહેનાર; રૂઢિચુસ્ત.

કાળબળ ન. સમયનું પ્રાબલ્ય; વખતનો પ્રભાવ; યુગમહિમા; કાલબળ.

કાળબંધ પું. કાળપાશ.

કાળબંધક પું. એ નામનો દૈત્ય.

કાળબુથ ન. મોચીનું લાકડાનું એ નામનું એક ઓજાર.

કાળબૂરી સ્ત્રી. એક જાતની જુવાર; બૂરાં કાળાં અને દાણા સફેદ હોય તેવી જુવાર.

કાળબોલ પું. ભયંકર શબ્દ; મરણ ઉપજાવે તેવું વચન.

કાળભાતિ ૧. પું. વિકરાળ સ્વરૂપવાળો પુરુષ; યમના જેવી કાંતિવાળો પુરુષ; ભયાનક જન.

૨. વિ. કાળ જેવું; યમસ્વરૂપ.

કાળભાથી ૧. પું. પારધી; શિકારી.

૨. વિ. કાળરૂપી ભાથાવાળું.

કાળભિન્નતા સ્ત્રી. સમયફેર.

કાળભેદ પું. સમયફેર; સમયનો તફાવત.

કાળભેરવ જુઓ કાળભૈરવ.

કાળભૈરવ ૧. [સં.] પું. એક જાતનો દેવ. તે કાળને પણ ખાય તેવો ભયાનક અને ક્રૂર છે.

૨. પું. શિવ; મહાદેવ; શંકર.

કાળમખું જુઓ કાળમુખું.

કાળમર્યાદા [સં. કાલ (વખત) + મર્યાદા (હદ)] સ્ત્રી. કાળની હદ.

કાળમહાસાગર પું. કાળરૂપી મહાસાગર.

કાળમાન ૧. [સં. કાલમાન] પું. કાળી તુલસી.

૨. ન. વખત માપવાનું યંત્ર; ઘટિયંત્ર; ઘડિયાળ; વખત જાણવાનું સાધન.

૩. [સં. કાલ (વખત) + માન (માપ)] ન. વખતનું માપ.

૪. ન. વાતાવરણનું આકલન કરવું તે.

૫. ન. સમય કે સંજોગોની યોગ્યાયોગ્યતાની ગણતરી.

૬. ન. સારાનરસા ગ્રહોનું ગણિત.

કાળમાનવિદ્યા ૧. સ્ત્રી. બની ગયેલી વાતનાં સાલ, તારીખ વગેરે નક્કી કરવાની વિદ્યા.

૨. સ્ત્રી. સૂર્ય ચંદ્રના ભ્રમણ પ્રમાણે કાળના વિભાગ પાડવાની રીતિ.

કાળમાનશાસ્ત્રી પું. ભૂતકાળના વૃત્તાંત, સાલ અને તારીખ નક્કી કરી યથાકાળ ગોઠવનાર પુરુષ.

કાળમાપ ન. વખતની ગણતરી. કાળ માપવાનાં સાધનના નવ પ્રકાર છે: (૧) બ્રહ્મમાન, (૨) દિવ્ય, (૩) પૈત્ર્ય, (૪) પ્રાજાપત્ય, (૫) બાર્હસ્પત્ય, (૬) સૌર, (૭) સાયન, (૮) ચાંદ્ર, (૯) આર્ક્ષ.

કાળમાપક ૧. [સં. કાલમાપક] ન. વખત માપવાનું યંત્ર.

૨. વિ. સમયને માપે એવું. વખત માપવાનું કોષ્ટક:

૮ ક્ષણ = ૧ લવ
૮ લવ = ૧ કાષ્ઠા
૮ કાષ્ઠા = ૧ નિમિષ
૮ નિમિષ = ૧ કલા
૨ કલા = ૧ ત્રુટિ

૨ ત્રુટિ = ૧ અણુ કે અનાદ્રુ
૨ અણુ = ૧ દ્રુત
૨ દ્રુત = ૧ લઘુ (માત્રા)
૨ લઘુ = ૧ ગુરુ
૩ લઘુ = ૧ પ્લુત
૨ ગુરુ = ૧ કાકપદ કે દ્વિગુરુ
૨ કાકપદ = ૧ હંસપદ
૨ હંસપદ = ૧ મહાહંસપદ

કાળમાપકયંત્ર ન. વખત માપવાનું યંત્ર; ઘટિયંત્ર; કાળસાધન.

કાળમાહાત્મ્ય ૧. ન. કાળની ગતિ.
૨. ન. કાળનો મહિમા.

કાળમીટ જુઓ કાળમીંઢ.

કાળમીઢ જુઓ કાળમીંઢ.

કાળમીંઢ ૧. પું. એક જાતનો કઠણુ અને કાળો પથ્થર.
૨. વિ. કાળા મેંઢા જેવું.
૩. વિ. ઘણું જ કાળું.
૪. વિ. નિષ્ઠુર; કઠણુ છાતીવાળું.
૫. વિ. નીચ; હલકું.

કાળમીંઢો જુઓ કાળમીંઢ.

કાળમુખ ૧. પું. દશમી શતાબ્દિમાં આર્યાવર્તમાં પ્રવર્તતો એક ધર્મ.
૨. વિ. કાળા મોઢાવાળું.
૩. અ. બનતાં સુધી.

કાળમુખીયોગ પું. (જ્યોતિષ) એક ખરાબ યોગ. આ યોગમાં કોઈ શુભ કાર્ય થતું નથી.

કાળમુખું ૧. ન. ઘોડાની એક જાતની ખોડ.
૨. વિ. અપશુકનિયું; અમંગળ.
૩. વિ. કાળા મુખવાળું.
૪. વિ. કાળું મોં કરનાર; મોં બગાડનાર.
૫. વિ. જેના મુખમાંથી અમંગળ વાણી નીકળતી હોય અને ફળતી હોય તેવું; કાળજીભું.
૬. વિ. દુષ્ટ; પાપી; હરામી.
૭. વિ. નુકસાનકારક હોય એવું.
૮. વિ. બિહામણું.
૯. વિ. લાંછનવાળું; જેને માથે આળ આવેલું હોય તેવું.

કાળમૂર્તિ ૧. સ્ત્રી. કાળના જેવી ભયંકર આકૃતિવાળો પુરુષ.
૨. સ્ત્રી. ભગવાનની બાર માંહેની એ નામની એક મૂર્તિ.
૩. [સં. કાલમૂર્તિ] સ્ત્રી. શરીરધારી કાળનું સ્વરૂપ.
૪. વિ. કાળના જેવી મૂર્તિવાળું; કાળરૂપ.
૫. વિ. યમ જેવી ભયંકર આકૃતિવાળું.

કાળમૂર્ત્તિ જુઓ કાળમૂર્તિ.

કાળયવન [સં.] પું. કાબુલના તાલજંઘ નામના રાજાનો પુત્ર; કાલયવન. તે જરાસંઘ તરફથી કૃષ્ણુ સામે યુદ્ધ માટે આવ્યો હતો. કૃષ્ણુ નાસી જઈ પર્વતની જે ગુફામાં મુચકુંદ રાજા ઊંઘતો હતો ત્યાં પોતાનું ઉત્તરીય મુચકુંદ રાજાને ઓઢાડી પોતે ગુફાના અંધારા ભાગમાં લપાઈ શું થાય છે તે જોવા ઊભા. કાળયવને કૃષ્ણુ ઢોંગ કરીને સૂતા છે એમ માનીને લાત મારી. મુચકુંદ જાગી ઊઠયા. એમણે આંખ ઊઘાડી કાળયવન સામું ક્રોધભરી દૃષ્ટિથી જોયું. મુચકુંદના કોપાગ્નિથી કાળયવન બળીને ભસ્મ થઈ ગયો.

કાળયાતના ૧. સ્ત્રી. મરણુ સમયનું દુઃખ.
૨. [સં. કાલયાતના] સ્ત્રી. મૃત્યુ પછી યમરાજા તરફથી દુઃખદાયક શિક્ષા.

કાળયાપ [સં. કાલયાપ] પું. કાળક્ષેપ; વખત ગાળવો તે.

કાળયુક્ત ૧. પું. એ નામનો બાવનમો સંવત્સર.
૨. વિ. મૃત્યુથી યુક્ત.

કાળયોગ [સં. કાલયોગ] પું. સંજોગ; સમયનો યોગ.

કાળયોગિન્ [સં. કાલયોગિન્] પું. શિવ.

કાળરાત્રિ ૧. સ્ત્રી. કાળનો નાશ કરનારી એ નામની એક દેવી; દુર્ગાદેવીની એક મૂર્તિ.
૨. સ્ત્રી. કાળીચૌદશની રાત; આસો વદ ૧૪ની રાત.
૩. સ્ત્રી. કાળીનો જે રાત્રે જન્મ થયો હતો તે રાત.
૪. [સં. કાલરાત્રિ] સ્ત્રી. ઘોર અંધારી રાત; કાળી રાત્રિ.
૫. સ્ત્રી. જગતના નાશની રાત્રિ; પ્રલયકાળ.
૬. સ્ત્રી. જ્યોતિષમાં રાત્રિનો એક ભાગ, જેમાં કોઈ કાર્યનો આરંભ નિષિદ્ધ મનાય છે.
૭. સ્ત્રી. બ્રહ્માની રાત.
૮. સ્ત્રી. માણુસના સિત્તોતેરમા વર્ષના સાતમા મહિનાની સાતમી રાત્રિ.
૯. સ્ત્રી. મોતની રાત.
૧૦. સ્ત્રી. યમરાજાની બહેન.
૧૧. સ્ત્રી. વદ પક્ષની આઠમની રાત.

કાળરાત્રી જુઓ કાળરાત્રિ.

કાળરૂં ન. માંડવીનો ઢગલો.

કાળલખિયું વિ. સમયનો લખેલ; કાળે કરીને લખાયેલ.

કાળલહર સ્ત્રી. વખતરૂપી પવનનું મોજું.

કાળલેખન ન. (સંગીત) કાલ કે તાલ સંબંધી વ્યવસ્થા સૂચવવામાં આવે છે તે ચિહ્ન.

કાળલેખા સ્ત્રી. વખતસૂચક લીટી.

કાળવશ વિ. કાળને આધીન.

કાળવશાત્ અ. કાળે કરીને; સંજોગોને અનુસરીને.

કાળવસેં સ્ત્રી. કાળાશ; અંધારૂં.

કાળવહી સ્ત્રી. કાળરૂપી ચોપડો.

કાળવાચક ૧. ન. અવ્યયનો એક પ્રકાર.
૨. વિ. કાળ બતાવનાર.
૩. વિ. સમયનું જ્ઞાન ધરાવનાર.

કાળવાદી [સં. કાલવાદિન્] વિ. વખત પ્રમાણે બધું થાય છે એમ માનનાર.

કાળવિધ્વંસરસ પું. (વૈદક) પાંડુરોગ માટેની રસની એક બનાવટ. તે બનાવવા શુદ્ધ પારદ, શુદ્ધ સુવર્ણુ, શુદ્ધ રૌપ્ય, શુદ્ધ તામ્ર, શુદ્ધ હરતાલ એ બધાં સરખે ભાગે લઈ, બધાંની બરાબર શુદ્ધ પારદમાં ઘૂંટી વિષ્ટિ કરવી. પછી તેને સૂર્યના તાપમાં લીંબુના રસમાં એક દિવસ મર્દન કરવું. તેનો ગોળો કરી ધંતૂરાના ડોડવાનાં બી કાઢી, તેમાં ભરી, કપડે બાંધી દોલાયંત્રમાં કાંજીની અંદર ત્રણુ દિવસ સ્વેદ આપવો. પછી ફરી લીંબુના રસમાં ઘૂંટી ઉપર નીચે ગંધકનું ચૂર્ણુ મૂકી લઘુપુટ આપવો. આવા એકસો લઘુપુટ આપ્યા પછી તે બધાંની બરાબર લોહભસ્મ મેળવી, ઊભી ભોરિંગડીનાં મૂળની, બેઠી ભોરિંગડીનાં મૂળની અને ચિત્રકનાં મૂળની એમ ત્રણુ ત્રણુ ભાવના દેવી અને દરેક વખત પાંચ પાંચ છાણુાંનો પુટ આપવો. ફરી ત્રણુ પુટ ચિત્રકના, ત્રણુ પુટ આંકડાના દૂધના અને ત્રણુ પુટ ચરેલના આપવા. પછી તેમાં દશમા ભાગનો શુદ્ધ વછનાગ મેળવવો. તેની માત્રા રતી ૧ છે.

કાળવિભાગ પું. વખતનો ભાગ.

કાળવિવર્ત પું. કાળબદલો; સમયફેર; વારાફેરા.

કાળવૃદ્ધિ [સં. કાલવૃદ્ધિ] સ્ત્રી. માસિક વ્યાજ.

કાળવેરી ૧. પું. કાળરૂપી દુશ્મન.
૨. વિ. કાળા રંગનું.

કાળવેલિયું વિ. બહુ જ કાળું.

કાળવેળા ૧. સ્ત્રી. કુવેળા; નઠારો વખત.
૨. સ્ત્રી. ધાર્મિક વિધિ કરવી અયોગ્ય ગણાય એવો દિવસનો અમુક ભાગ.
૩. સ્ત્રી. (જ્યોતિષ) બુધવારનો પહેલો અર્ધપ્રહર.
૪. સ્ત્રી. સમીસાંજનો વખત; સંધ્યાકાળ.

કાળવેળાયોગ પું. (જ્યોતિષ) શનિવારે બીજો, શુક્રવારે સાતમો, ગુરુવારે ચોથો, બુધવારે પહેલો, મંગળવારે છઠ્ઠો, સોમવારે ત્રીજો અને રવિવારે આઠમો અર્ધપ્રહરનો સમય.

કાળવેળિયો ૧. પું. છોકરાં ચોરી જનારો પુરુષ.
૨. પું. ધૂતારો બાવો.
૩. વિ. પું. કાળો; શ્યામ.
૪. વિ. પું. ખરાબ; ભૂંડો; અશ્લીલ.
૫. વિ. પું. ભૂરકી નાખનારો; જાદૂગર.

કાળવ્યતિક્રમ ૧. પું. જે સમયમાં જે વસ્તુ ન હોય છતાં તે સમય બતાવવો તે; કાળવ્યુત્ક્રમ.
૨. પું. યોગ્ય કાળ વીતી જવો તે.

કાળવ્યુત્ક્રમ જુઓ કાળવ્યતિક્રમ.

કાળશત્રુ ૧. [સં. કાલશત્રુ] પું. કાળરૂપી દુશ્મન.
૨. પું. મોતના જેવી અળખામણી વસ્તુ.

કાળશબ્દ પું. મોતનો અવાજ.

કાળસપ્તપદી સ્ત્રી. સમયનાં સાત પગલાં; યુગના સાત થર.

કાળસમુદ્ર પું. કાળરૂપી સમુદ્ર.

કાળસર ૧. ન. વહાણના મસ્તુલનું મથાળું.
૨. વિ. રાતું ભૂરૂં; બદામી.

કાળસરું વિ. કાળાશ પડતું; કાળા રંગનું; શ્યામ.

કાળસંકોચ પું. સમયની અછત.

કાળસાધ્ય [સં. કાલસાધ્ય] વિ. સમયાનુસાર પ્રાપ્ત થાય એવું.

કાળસિંધુ [સં. કાલસિંધુ] પું. કાળરૂપી મહાસાગર.

કાળસૂત્રી ૧. સ્ત્રી. કરવતી.
૨. સ્ત્રી. તરવાર.

કાળસ્વરૂપ ૧. [સં. કાલસ્વરૂપ] ન. કાળના જેવું ભયંકર રૂપ.
૨. વિ. કાળ જેવું; ભયંકર.

કાળંગડી (કાળંગડી) ન. એક જાતની વનસ્પતિ.

કાળંજન પું. કપાળમાં કાળું ટીલું હોય એવો ઘોડો.

કાળંદરી સ્ત્રી. યમુના નદી, કેમકે તેનું પાણી કાળું છે.

કાળંભવું ન. ગાય બળદને થતો એક જાતનો રોગ. આ રોગમાં રુવાંટી કાળી પડતી જાય છે અને પેટના નળ ચડી જાય છે.

કાળા ૧. પું. બ. વ. કલંક.
૨. પું. બ. વ. નઠારા લેખ; દુર્ભાગ્ય.
૩. પું. બ. વ. મૂર્ખાઓ.
૪. પું. બ. વ. વિષધર; સર્પ.
૫. સ્ત્રી. આસંધ.
૬. સ્ત્રી. કાળું જીરૂં.
૭. સ્ત્રી. ઘોડાની એક જાત.
૮. સ્ત્રી. દક્ષ પ્રજાપતિની કન્યા; દુર્ગા.
૯. સ્ત્રી. નસોતર.
૧૦. સ્ત્રી. તીલી નામની વનસ્પતિ.
૧૧. સ્ત્રી. પાડલ વનસ્પતિ.
૧૨. સ્ત્રી. મજીઠ.
૧૩. વિ. શ્યામ રંગનું.

કાળાઅળુ સ્ત્રી. અળવીની એક જાત.

કાળાઆખર પું. બૂરૂં કામ; લાંછન લાગે તેવું કામ.
કાળાઆખર કર્યા = બહુ બૂરૂં કામ કર્યું; લાંછન લાગે તેવું કામ કર્યું.

કાળાઆદમી પું. બ. વ. આફ્રિકન અથવા હિંદી લોકો.

કાળાકુડા (કાળાકુડા) સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેના થડ ઉપરની છાલ લાલ બદામી રંગની અને લીસી હોય છે. મૂળની છાલ કાળી બદામી કે કાળી હોય છે. તે સાધારણ રીતે કડુ અને લાલ રંગની ઝાંયવાળી હોય છે. બિયાં ભૂરાં બદામી હોય છે અને ઇંદ્રજવનાં બિયાં કરતાં છેડે વધુ અણીદાર હોય છે. મૂળિયાંની છાલ ઉત્તેજક અને જ્વરનાશક તરીકે વપરાય છે.

કાળાક્ષર ૧. પું. બ. વ. મીંડાં.
૨. પું. બ. વ. લખાણ; લેખવાચન.
કાળાક્ષર કૂટી મારવા = (૧) કેવળ મૂર્ખ હોવું. (૨) લખતાં વાંચતાં ન આવડવું.

કાળાક્ષરી [સં. કાલાક્ષરી] વિ. કાળા અક્ષર માત્રનો અર્થ બતાવનાર; બહુ જ વિદ્વાન.

કાળાખરી સ્ત્રી. મરણના સમાચારનો પત્ર; મેલો કાગળ.

કાળાગરુ [સં. કાલાગરુ] પું. કાળો અગર.

કાળાગૃહ [સં. કાલાગૃહ] ન. કારાગૃહ; જેલ; કેદખાનું.

કાળાગ્નિ ૧. [સં. કાલાગ્નિ] પું. કાળરૂપી અગ્નિ.
૨. પું. પંચમુખી રુદ્રાક્ષ.
૩. પું. પ્રલયકાળનો વિનાશક અગ્નિ.
૪. પું. પ્રલયાગ્નિના અધિષ્ઠાતા રુદ્ર.
૫. પું. સમયરૂપી અગ્નિ.

કાળાટ ૧. પું. કાળાપણું; કાળાશ; કાળપ.
૨. સ્ત્રી. કાળી જમીન.

કાળાટીલી સ્ત્રી. કલંક; કાળી ટીલી.

કાળાડાઘ પું. બ. વ. ઘડપણ કે કંઈ રોગથી ચામડી ઉપર પડતાં કાળાં ચાઠાં.

કાળાતલ ૧. પું. બ. વ. ચામડી ઉપરના નાના કાળા ડાઘ.
૨. [સં. કૃષ્ણ + તિલ] પું. બ. વ. નાના ચપટા અને કાળા રંગના તલ. આ હિંદના ઘણા પ્રાંતોમાં અને ખાસ કરીને મુંબઈ, પંજાબ અને સંયુક્ત પ્રાંતમાં થાય છે. કાળાતલ પૌષ્ટિક, શક્તિવર્ધક, ધાવણ અને વાળ વધારનાર છે. તે મૂત્ર કમી કરે છે અને પાચનશક્તિ વધારે છે. તે વાયુનું જોર ઓછું કરે છે અને ઘામાં જલદીથી રૂઝ લાવે છે. કાળાતલનું તેલ માખણ સાથે દૂઝતા હરસમાં અપાય છે. તેલ શરીરે ચોળવાથી જ્ઞાનતંતુઓ ઉત્તેજિત થાય છે અને સાંધાને મજબૂત બનાવે છે.
કાળાતલ ચોરવા = ખરાબ કાર્ય કરવું; જેનું નઠારૂં ફળ મળે એવું કાર્ય કરવું.

કાળાતિલ જુઓ કાળાતલ.

કાળાતીત ૧. પું. ન્યાયના પાંચ માંહેનો એક પ્રકાર.
૨. વિ. કાળથી પર.
૩. વિ. જૂનું થઈ ગયેલું.
૪. વિ. વીતી ગયેલું.

કાળાથીરા ૧. સ્ત્રી. રબારીની એ નામની અટક.
૨. ન. રબારીની એ નામની અટકનું માણસ.
૩. વિ. રબારીની એ નામની અટકનું.

કાળાદાણા પું. એ નામની એક વનસ્પતિ. એની સળીઓ અને ડાળીઓનાં ગોળાકાર આંટા પડેલ હોય છે. સળીઓ અને ડાળીઓ ઉપર ઝૂમખાં આવે છે. એનાં પાન કપાસનાં પાન જેવાં હોય છે. ત્રણ પાંખડીઓમાં ખાંચા પડેલ હોય છે. આ પાન વેલને એક આંતરે આવે છે. એમાં ફિક્કા કાળા રંગનાં ટોકરીના આકારનાં ફૂલ થાય છે. એનાં ફળ નરમ ત્રણ ખંડનાં હોય છે. તેમાંથી નાનાં કાળાં બીજ નીકળે છે. તેને કાળાદાણા કહે છે. આ કાળાદાણા રેચક, સ્નિગ્ધ, કૃમિઘ્ન અને ઉદરરોગ મટાડનાર, તાવ કાઢનાર અને અવષ્ટંભ, મસ્તકરોગ, ઉદાવર્ત, કફ અને મળમૂત્રના અવરોધ મટાડનાર મનાય છે.

કાળાદ્રિ પું. બહારના ભગોષ્ઠ જ્યાં ભેગા થાય તે ઊંચી જગ્યા. ત્યાં બંને ભગાસ્થિ ભેગાં થાય છે.

કાળાધીન [સં. કાલાધીન] વિ. સમયાનુકૂળ; વખતને તાબે હોય એવું.

કાળાપડી (કાળાપડી) સ્ત્રી. મેલો; મરણનો કાગળ; અશુભ પત્ર.

કાળાબ સ્ત્રી. કાળા રંગનો અંશ; થોડું કાળાપણું.

કાળાબપોર પું. ખરો બપોર; મધ્યાહ્ન.

કાળાબોળ પું. એળિયો.

કાળાભમર વિ. ભ્રમર જેવું કાળું; બહુ કાળું.

કાળાભૂંછ વિ. બહુ જ કાળું.

કાળામુખું [સં. કાલમુખ] વિ. કાળા મોઢાનું; અમંગળ.

કાળાવડિયા (કાળાવડ઼િયા) ૧. પું. વાણિયા અને કણબીની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કાળાવધિ ૧. પું. મોતનો સમય.

૨. સ્ત્રી. કાળની સમાપ્તિ.

૩. સ્ત્રી. કાળની હદ.

કાળાવાલ પું. એક જાતનું કઠોળ; સોયાદાણા; સોયાબીન.

કાળાવાળ પું. જુવાની.

કાળાશ ૧. સ્ત્રી. અવગુણ; દોષ; કલંક.

૨. સ્ત્રી. કાળપ; કાળાપણું.

૩. સ્ત્રી. સહેજ કાળાપણું; કાળાપણાનો લેશ ભાગ.

કાળાશ્વ પું. કાળરૂપી ઘોડો; મૃત્યુ; મરણ.

કાળાષ્ટમી ૧. સ્ત્રી. અશોકાષ્ટમી; આસો વદિ આઠમ. તે દિવસે માયાસ્વરૂપ મહાકાળીએ ઘણા અસુરનો નાશ કરી વિશ્રાંતિ લીધી હતી.

૨. સ્ત્રી. કાર્તિક વદિ આઠમ. આ દિવસે મહાદેવે કાળભૈરવનો અવતાર લીધો હતો.

કાળાં ૧. ન. બ. વ. કાળા રંગનાં મરી; સછોલાં મરી.

૨. ન. બ. વ. નઠારાં કૃત્ય; ખરાબ કામ.
કાળાં મોઢાંનો ધણી = ખરાબ કામ કરનાર.

૩. વિ. ઊંધુંચતું; અવળાસવળું.

૪. વિ. ઝાંખું; નૂર વિનાનું; તેજ વિનાનું.

કાળાં ચશ્માં ન. બ. વ. ખોટી માન્યતા; ભ્રમ.

કાળાંજન ન. આંખે આંજવાનું કાળા રંગનું અંજન; સુરમો; કાજળ.

કાળાંતર [સં. કાલાંતર] ન. વખતનું અંતર; સમયનો ગાળો.

કાળાંતરે ૧. અ. કદી પણ.

૨. અ. કેટલોક કાળ વીત્યા પછી; વખત જતાં; કાળે કરીને.

૩. અ. ઘણા લાંબા સમયના કે યુગોના અંતર પછી.

કાળાંતરો પું. વખતનો આંતરો; સમયનો ગાળો.

કાળાંધોળાં ન. બ. વ. પ્રપંચ; કારસ્તાન; બદચાલ.

કાળાંધોળાં કરવાં = તરકટ કરવું; કોઈને રંજાડવું અને કોઈને ન્યાલ કરવું; ઊંધાંચતાં કરવાં.

કાળાંપાણી ન. દેશનિકાલ.

કાળાંભમર વિ. બહુ જ કાળું.

કાળાંભૂરાં વિ. કાળું અને આસમાની રંગનું.

કાળાંમરચાં જુઓ કાળાંમરી.

કાળાંમરી ન. બ. વ. કાળા રંગનાં તીખાં. મરીનો વેલો થાય છે અને તેને તુવેરના દાણાથી કંઈક નાનાં ફળ થાય છે. આ ફળ સુકાઈ જતાં તેનું ઉપલું છોડું કાળું અને કરચલીવાળું થઈ જાય છે.

કાળાંશ [સં. કાલાંશ] પું. સમયનો અમુક અંશ.

કાળિક ૧. વિ. કાલને લગતું; સમયને લગતું.

૨. વિ. જેનો કોઈ સમય નક્કી થયો હોય એવું.

કાળિદાસ પું. એ નામનો સંસ્કૃત ભાષાનો પ્રખર કવિ.

કાળિયા સ્ત્રી. કસદાર ખેડવાણ જમીન.

કાળિયાણા ૧. પું. કાળ; વખત.

૨. પું. કાળો નાગ.

કાળિયાર [સં. કૃષ્ણસાર-કન્હઆરુ-કલ્હઆરુ કલ્હિયાર-કાળિયાર] પું. શરીરે કાળી ચામડી ઉપર ધોળાં ટપકાંવાળો ને શિંગડાંવાળો નર હરણ; હરણના ટોળાનો મુખી અથવા કાળો નર.

કાળિયું ૧. ન. અફીણ.

૨. ન. એક જાતનું ઘાસ.

૩. ન. કાળી કંઠી; કાળી ગાંઠી; સ્ત્રીઓને ડોકે પહેરવાનું સોનાનું ઘરેણું.

૪. ન. તંબાકુની એક જાત; ગડાકુ બનાવવાના ઉપયોગની કાળી તંબાકુ; કાળિયો.

૫. વિ. કાળા રંગનું; કાળું.

કાળિયો ૧. પું. કાળી તમાકુ.

૨. પું. યમનો એક દૂત.

કાળિયોકોશી પું. એક જાતનું પક્ષી. તે તેર ઈંચ લાંબું, તદ્દન કાળું, શરીરે પાતળું, છ ઈંચ લાંબી અને છેડે બંને બાજુ ગોળ વળેલ પૂછડીવાળું હોય છે. હવામાં વારંવાર ઊડી તે તાર ઉપર બેસે છે, મોટે ભાગે એકલું જ રહે છે અને કાગડાને હેરાન કરે છે. નર અને માદા બંનેનો રંગ એકસરખો હોય છે. માળા બાંધવા તથા ઈંડાં મૂકવાની ઋતુ સુધી તેઓ મળતાં જ નથી. કાળોકોશી બધે એકલો જ નજરે પડે છે. તેના માળા તથા ઈંડાં શોધવાં મુશ્કેલ છે, કેમકે તે ઝાડ ઉપર ઘણે ઊંચે માળા બાંધે છે. ઈંડાં રંગે સફેદ અને ત્રણથી પાંચ સુધી હોય છે. તે ઊડવામાં અને લડવામાં બહુ જ હોશિયાર છે. તેની ચાંચ અને પંજા મજબૂત હોય છે અને તે એટલી ઝડપથી બીજાં પક્ષી ઉપર હુમલો કરે છે કે કાગડા અને સમળી જેવાં તેનાથી મોટાં પંખી પણ ગભરાય છે. જે ઝાડમાં કાળાકોશીનો માળો હોય તેની ઉપર કે પાસે થઈને ટણુ ઊડવાની તેઓ હિંમત કરી શકતાં નથી. કાગડા જેવા ઈંડાંના ચોરને તેમ જ ચકલાં, હોલાં જેવાં નાનાં નિર્દોષ પંખીને કાળોકોશી બહુ સરસ રીતે પારખે છે. તેથી જ જ્યાં કાળાકોશીનો માળો હોય તે જ ઝાડમાં એના રક્ષણ નીચે આ નાનાં પંખીઓ પોતાના માળા બાંધે છે અને કાગડા તથા એરખટ્ટા જેવાથી નિર્ભય બને છે. કાળોકોશી છેતરાય માત્ર કોયલથી. કોયલ રંગે તેના જેવી જ તથા વાંકી પૂછડીવાળી છે. તે કાળાકોશીના માળામાં ચોરીછૂપીથી પોતાનું ઈંડું સેવવા મૂકી આવે છે, પરંતુ જો પકડાય તો કાળોકોશી તેને મારી નાખે છે. ઈંડાંની ઋતુ વખતે તેમની જોડી દેખાવા માંડે. કાળોકોશી મધુર તેમ જ ઘણી જાતના અવાજ કરી શકે છે. ગીચ કરતાં ઉઘાડું જંગલ અને ચારે બાજુથી શિકારની નજર રહે માટે તાર કે સૂકાં ઝાડની ડાળ તેને બેસવા માટે પસંદ છે. તે વારંવાર ઊડી ચક્કર લઈ પોતાને મૂળ સ્થાને બેસી જાય છે. હવામાં ઊડતાં જીવડાં તે ચાલાકીથી પકડી લે છે અને કોઈક વાર તીડ પકડવા જમીન ઉપર પણ ઊતરે છે. આખો દિવસ તે આ પ્રમાણે શિકાર કરે છે. રાત્રે અંધારામાં ઝીણી જીવાત બહુ નીકળે એટલે તેને પુષ્કળ ખોરાક મળે છે. સીમમાં એ ગાય, ભેંસના કે બકરાંના ટોળામાં પણ દેખાય. તે પશુના બરડા ઉપર પૂછડું ન વાગે તેમ બેસે. પછી જેવાં ઢોર ચાલે તેવાં આસપાસ તીડ કે જીવડાં ઊડે અને કાળોકોશી તેને પકડે. તેની આવી હોશિયારી, ચપળતા તથા લડાયક શક્તિને લીધે તેને ગુજરાતમાં પક્ષીનો પટેલ તથા દક્ષિણમાં કોટવાળ કહે છે. સફેદ છાતીવાળો બીજો કાળોકોશી ઘણું જ મધુર ગાય છે. ભીમરાજ નામની તેની ત્રીજી જાત છે. આ પક્ષી પર્વતો ઉપર ગીચ ઝાડીમાં વધારે નજરે પડે છે. મોટે ભાગે વાંસનું જંગલ તેને પ્રિય છે. ઘણીખરી રીતે કાળાકોશીને મળતો આ ભીમરાજ જાતજાતના સૂર કાઢી શકે છે, બધી જાતના પંખીઓની બોલી કરી શકે છે. ઉપરાંત ઘોડાનો હણહણાટ, બિલાડીનું મિયાંઉં

તથા માણસની બોલીનું સરસ અનુકરણ કરી શકે છે. આ કારણે માણસો તેને પાળે છે. પાળનારે એ ધ્યાન રાખવું કે તેને પીંછાં હોવાથી તેને માટે પાંજરૂં ઘણું મોટું રાખવું. નાના પાંજરામાં રાખવાથી તેની પૂછડીની ખૂબી જતી રહે છે અને પોતે સહેલાઈથી ફરી ન શકવાથી તે ઘણી વાર જલદી મરી જાય છે.

કાળિયોઠાકર પું. શ્રીકૃષ્ણ.

કાળિયોતાવ પું. ઘોડાં, ઢોર, બકરાં, ઘેટાં, હાથી, ઊંટ, ડુક્કર, કૂતરાં અને મનુષ્યને આવતો એક જાતનો ચેપી તાવ. આ રોગથી મરી ગયેલાં ઢોરનું ચામડું ઉતારનાર માણસને હાથે જખમ થયો હોય તો જખમ મારફતે ઝેર પ્રવેશ કરે છે. ઊન પીંજનારાઓને આ રોગનાં જંતુઓથી ફેફસાંનો પ્રાણઘાતક રોગ થાય છે. આ રોગનાં જંતુઓ શરીરમાં જલદીથી પ્રસરી જાય છે અને થોડા કલાકમાં મરણ નીપજે છે. ઢોરના કાનની નસમાંથી લોહીનું ટીપું લઈ સૂક્ષ્મદર્શક યંત્રમાં તપાસવામાં આવે તો આ રોગનાં જંતુઓ દેખાય છે. આ રોગથી મરી ગયેલું જાનવર ફૂલી જાય છે અને તેની ગુદામાંથી લોહી વહે છે તે જમીન ઉપર પડે છે, તેથી પણ આ રોગનો ચેપ ફેલાય છે. માટે આવું મુડદું ખોલવું નહિ. જે જગ્યાએ જાનવર મરી ગયું હોય તે જગ્યાનું ઘાસ ખાવાથી પણ આ રોગ થાય. પાણીનાં સ્થાનના કિનારાઓ ઉપર જ્યાં ચોમાસાનું પાણી ફરી વળ્યું હોય તેવી જમીનનું ઘાસ ખાવાથી પણ આ રોગ થાય. આ રોગનું મરણપ્રમાણ ૮૦થી ૧૦૦ ટકા હોય છે. શરીરમાં રોગ છૂપો રહેવાનો વખત બેથી ત્રણ દિવસ છે. આ રોગમાં ૧૦૬ અથવા ૧૦૭ ડિગ્રી તાવ હોય, મોઢું અને આંખો લાલ હોય, ચૂંક અને લોહીવાળો પ્રવાહી ઝાડો થાય, પેશાબ લોહીવાળો થાય, વધારે વખત રોગી જીવે તો શરીરના જુદા જુદા ભાગો ઉપર સોજા આવે. ગળસૂંઢાની માફક આ સોજા દુઃખદાયક અને ગરમ હોતા નથી. જાનવર અકળાય છે અને પછીથી ઘેનમાં પડે છે અને શ્વાસોચ્છ્વાસ મુશ્કેલીથી લે છે. જાનવર થરથર કંપી આખરે પડે છે અને તાણ થઈ મરણ પામે છે. આ રોગથી મરી ગયેલાં ઢોરનું ચામડું ઉતારવું નહિ. તેનું મુડદું બાળવું. મુડદાની જગ્યાની છ ઈંચ માટી ખોદી કાઢવી અને તે માટી તેમ જ ખાતર, લાલ લોહી વગેરે જે કંઈ મરેલા જાનવરનું પડ્યું હોય તે બધું મુડદાં સાથે બાળી દેવું. મુડદું અથવા અર્ધું બળેલું મુડદું કોઈ પણ જળાશયમાં નાખવું એ જોખમકારક છે. મુડદું ઠેકાણે પડે ત્યાંસુધી તેની પાસે કૂતરાં, જંગલી જાનવરો અને માણસોને આવવાં દેવાં નહિ. તે જગ્યાએ બીજાં જાનવરો ન આવે તે માટે તેની આજુબાજુ વાડ કરવી. આ રોગ અટકાવવા સાજાં ઢોરને રસી મુકાવવી.

કાળિયોરોગ પું. ઢોરને થતો એક જાતનો રોગ. જુઓ કાળિયોતાવ.

કાળિયોવછનાગ પું. મહા ઝેરીલો અને ડંખીલો માણસ.

કાળિયોસરસ પું. એક જાતનું મોટું ઔષધોપયોગી ઝાડ; કાળોકાંસકિયો.

કાળિયોસીરમ ન. એક જાતનું જંગલી ઝાડ.

કાળિંગ ન. તરબૂચ. કાળિંગના વેલા થાય છે. એમાં બે જાત થાય છે: એક કાળી અને ગોળ, બીજી ધોળી અને લાંબી. ધોળી જાતનાં તરબૂચ મોટાં અને મીઠાં હોય છે. એનાં પાંદડાંને પાંચ ખૂણા હોય છે. કુમળાં તરબૂચનું શાક સારૂં થાય છે. કાળિંગ શીતલ, બલકર, મધુર, તૃપ્તિકર, ગુરુ, પુષ્ટિકારક, મલસ્તંભક તથા કફકર છે અને પિત્ત, શુક્ર તથા ધાતુનો નાશ કરે છે. એનાં પાંદડાં કડવાં અને રક્તવૃદ્ધિકારક છે. કાળિંગની લાલ અને ધોળી એમ પણ બે જાત કહેવાય છે. લાલની અંદરનો ગરભ રાતા રંગનો અને ઘણો જ ઠંડો તથા મીઠો થાય છે. તરબૂચમાં તૃષા શાંત કરવાનો ઉત્તમ ગુણ છે, પણ તે બહુ ખાવાથી મગજને શિથિલ કરી બુદ્ધિનો નાશ કરે છે. એનાં બીજને કળી કહે છે. એને પણ કેટલાક મીઠું ચડાવીને શેકીને ખાય છે. કળીમાંથી નીકળતું તેલ ઢોરના ક્ષત તથા ગૂમડાં ઉપર અકસીર મનાય છે.

કાળિંગક ન. એક જાતનું ઝેર. તે કલિંગ દેશમાં થાય છે.

કાળિંગડું (કાળિંગડું) ન. કાચું તરબૂચ.

કાળિંગડો (કાળિંગડ઼ો) પું. (સંગીત) પાછલી રાતે ગાવાનો એક રાગ.

કાળિંગું જુઓ કાળિંગ.

કાળી ૧. પું. એ નામનો નાગ. તેને કૃષ્ણે નાથ્યો હતો.
૨. સ્ત્રી. અગ્નિની સાત માંહેની એક જીભ.
૩. સ્ત્રી. અંધારી રાત.
૪. સ્ત્રી. કાલાંજનિ વનસ્પતિ.
૫. સ્ત્રી. કાળકા; કાલિકા; એ નામની એક દેવી.
૬. સ્ત્રી. કાળા રંગની સ્ત્રી.
૭. સ્ત્રી. કાળી છાપવાળી ગંજીફાનાં પાનાંની જાત.
૮. સ્ત્રી. કાળીચૌદશ.
૯. સ્ત્રી. કૃષ્ણા; દ્રૌપદી.
૧૦. સ્ત્રી. તુવેર.
૧૧. સ્ત્રી. નસોતર.
૧૨. સ્ત્રી. નાગણી.
૧૩. સ્ત્રી. મહાવિદ્યા.
૧૪. સ્ત્રી. મેશ.
૧૫. સ્ત્રી. રાત્રિ.
૧૬. સ્ત્રી. શાંતનુ રાજાની સ્ત્રી સત્યવતી.
૧૭. સ્ત્રી. શિવની પત્ની; પાર્વતી.
૧૮. સ્ત્રી. સાહી.
૧૯. સ્ત્રી. હળદર.
૨૦. સ્ત્રી. હિમાલય પર્વતમાંથી નીકળતી એ નામની નદી.
૨૧. વિ. સ્ત્રી. શ્યામવર્ણી; કાળા રંગની; ભીના વાનવાળી.

કાળીઈયળ સ્ત્રી. નાગણી.

કાળીકરલ સ્ત્રી. એક જાતની જમીન.

કાળીકસ્તૂરી સ્ત્રી. હિંદુસ્તાન અને દક્ષિણ અમેરિકમાં ઊગતા એક રોપાનાં બી. વાસમાં અને સ્વાદમાં આ બી કસ્તૂરીને મળતાં હોય છે.

કાળીકંઠી સ્ત્રી. કીડિયાસેર; કાળિયું; દાણિયું; મંગળસૂત્ર; ડોકનું એક જાતનું ઘરેણું.

કાળીકાઠિયાણી સ્ત્રી. ચોપાટ વડે રમવાની એક દેશી રમત. આ રમત ચાર જણ રમી શકે છે. દરેક જણ જુદા જુદા રંગની એક સોગઠી લે છે અને પોતપોતાના પડના ફૂલ ઉપર તે સોગઠી મૂકે છે. એક કાળી સોગઠી જેને કાઠિયાણી કહેવામાં આવે છે તે પડની વચમાં મૂકવામાં આવે છે. પછી રમનારાઓ કોડીથી દાણા નાખે છે. જેટલા દાણા આવે તેટલાં ઘર તે પોતાની સોગઠી ચલાવે છે અને કાળી સોગઠીને લેવા જાય છે. જે સૌથી વહેલો ત્યાં પહોંચે તે તે કાળી સોગઠી લઈને પોતાના પડના ફૂલ ઉપર પાછો આવવા લાગે છે. દરમિયાન બીજો આવી પહોંચે તો તે કાળી સોગઠી લઈ પોતાના પડ તરફ જાય છે. આમ કરતાં જે પહેલવહેલો તે કાળી સોગઠી એટલે કે કાળી કાઠિયાણી લઈ પોતાના પડના ફૂલ ઉપર પાછો પહોંચે તે રાજા કહેવાય છે. પછી બાકીના રમનારાઓ દાણા નાખતા તે રાજા રાણી પાસે સલામ કરવા આવે છે અને ત્યાંથી સલામ કરી પોતપોતાના પડમાં સૌથી છેલ્લો પહોંચે તે હાર્યો કહેવાય છે.

કાળીફૂટકી ૧. સ્ત્રી. એક જાતની વનસ્પતિનું મૂળિયું. આ મૂળિયાં ચારથી છ ઈંચ લાંબાં હોય છે. અંદરથી તદ્દન કાળાં અને બહારથી ગાંઠાગાંઠા હોય છે. ફૂટકી બે જાતની હોય છે:

એક જાત નેપાલથી અને બીજી રાતા સમુદ્રથી આવે છે. ઘોડાના વૈદ્યો અને નાલ ઠોકનારાઓ તેનો ઉપયોગ કરે છે. બંને જાતનાં મૂળિયાં દવાના કામમાં આવે છે.

૨. સ્ત્રી. કટુરોહિણી.

કાળીકોશ ૧. સ્ત્રી. બહુ કાળી સ્ત્રી.

૨. ન. એક જાતનું પક્ષી. જુઓ કાળિયોકોશી.

કાળીખજૂરી સ્ત્રી. લીંબડાના જેવું એક ઝાડ. એનાં પાન એક ફૂટ લંબાઈનાં અને બે ભાગવાળાં હોય છે. તેનાં સફેદ ફૂલ ઉગ્રગંધી હોય છે. તેને ખજૂર જેવું પણ કડવું ફળ થાય છે. પેટશૂળ, તાવને લીધે જીભ બળતી હોય, મોઢું પાકયું હોય, કાનખજૂરો કરડ્યો હોય તે ઉપર તેનો ઉપયોગ થાય છે.

કાળીખાર પું. એક જાતનો કાળા રંગનો સળી જેવો ઝેરી ખાર.

કાળીખોખર સ્ત્રી. ચીકણી, રાખોડી રંગની, કાંકરાવાળી અને સુકાયેલ ભખોરાં પડે એવી જમીન.

કાળીગગદીન સ્ત્રી. હિમાલય ઉપર વસતી ખિસકોલીની એક જાત. તેના નાક આગળ કાળો લિસોટો હોય છે.

કાળીગરણી સ્ત્રી. એક જાતની વનસ્પતિ; કાળોકૂંપો. તેનાં બીજ મૂત્રરોગ, ત્રિદોષ અને વ્રણને મટાડે, તેમ જ બાળકને જીવડાં ઉપર દેવાય છે.

કાળીગાંઠનું વિ. કિન્નાખોર; ઝેરીલું.

કાળીગાંઠી ૧. સ્ત્રી. કપાળ ઉપર પહેરવાનું સ્ત્રીઓનું એક ઘરેણું.

૨. સ્ત્રી. સ્ત્રીઓનું ગળામાં પહેરવાનું સોનાના મણકા અને સેરવાળું એક ઘરેણું. સોનાને તારે તેમાં કીડિયાં અથવા કાળા મણકા પણ ક્યારેક પરોવેલા હોય છે.

ળીઘોડી (કાળીઘોડ઼ી) સ્ત્રી. અફીણ.

કાળીઘોડી ઉપર ચડવું = અફીણનો નશો કરવો.

કાળીચકલી સ્ત્રી. કાળું બુલબુલ.

કાળીચીડી (કાળીચીડ઼ી) જુઓ કાળીચકલી.

કાળીચીસ સ્ત્રી. ભયંકર રાડ.

કાળીચૌદશ ૧. સ્ત્રી. આસો વદિ ૧૪; મોહરાત્રિ; નરકચતુર્દશી. મંત્રતંત્રની સાધના કરવાનો આ દિવસ કાળકા માતાના માનમાં ઊજવાય છે. બીજી એવી દંતકથા છે કે, તે દિવસે બલિ નામના એક રાક્ષસ રાજાને હરાવવામાં આવ્યો છે. પણ તે રાજાનું તપ એટલું બધું છે કે તેને વરસમાં એક વાર આ દિવસે પૃથ્વીની સપાટી ઉપર આવવા દેવામાં આવે છે. તે દિવસે બલિ ફરીથી રાજ્ય કરે છે અને તે રાત્રે પિશાચોનું જોર વધારે હોય છે. શ્રીકૃષ્ણે નરકાસુરનો વધ કરી સોળ હજાર રાજકન્યાઓને આ દિવસે બંદીખાનામાંથી છોડાવી હતી.

૨. વિ. કાળા રંગનું.

કાળીછડ (કાળીછડ઼) સ્ત્રી. જટામાંસી; એક જાતની વનસ્પતિ.

કાળીજમા સ્ત્રી. જમીનમહેસૂલ.

કાળીજમીન સ્ત્રી. જુવાર, કપાસ, ઘઉં, ડાંગર, દિવેલા, રાતા તલ, મગ, તુવેર વગેરે સારાં ઉત્પન્ન થાય એવી જમીન.

કાળીજાત સ્ત્રી. કાળી ચામડીવાળી પ્રજા.

કાળીજીરી સ્ત્રી. એક જાતની ઔષધોપયોગી વનસ્પતિનાં બી. આ છોડનાં પાન શેતૂર જેવાં કાંગરીવાળાં અને ફૂલના જાંબુડા રંગના નાના ગોટા થાય છે. તે પાકે એટલે તે સૂરજમુખી ફૂલની પેઠે ખીલે છે. તેની અંદર રેશમ જેવી પૂમ થાય છે. તેમાં કાળીજીરી નીપજે છે. આ બી ઝીણાં, કાળાં અને સહેજ લંબાકાર હોય છે. તે કૃમિઘ્ન, શોધક અને વાતહર તરીકે $\frac{1}{2}$થી ૧ ડ્રામની માત્રામાં તાવ, ચૂંક, કરમ, અરુચિ, ત્વચારોગ, ગૂમડાં, ગુલ્મ વગેરે દરદોમાં અપાય છે. કરમને બહાર કાઢવા માટે તે આપ્યા પછી જુલાબ આપવાની જરૂર રહે છે. તે જંતુનાશક પણ હોઈ કીમતી કપડાંમાં તેને રાખી હોય તો તે ઊધઈ, વાંતરી વગેરે જંતુઓથી કપડાંની થતી ખરાબી અટકાવે છે.

કાળીજીરીચૂર્ણ ન. (વૈદ્યક) કાળીજીરી અને કાળા તલને સમભાગે મેળવી ખાંડી તેનું બનાવેલું ચૂર્ણ.

કાળીટીલી સ્ત્રી. બદનામી; લાંછન; કલંક.

કાળી ટીલી ચોંટવી = કલંક લાગવું; નઠારૂં કહેવાવું.

કાળીટોપી સ્ત્રી. ઘણી વાર ગુના કરનાર કેદી.

કાળીદરાખ સ્ત્રી. કાળા રંગની અને બિયાંવાળી દ્રાક્ષ.

કાળીદરાજ સ્ત્રી. કાળી દાદર; ખણજ આવે અને ચામડીની સપાટી કાળી થઈ જાય એવો ચામડીનો એક રોગ.

કાળીદેવ સ્ત્રી. કાળા રંગની શુભ શકુનમાં ગણાતી ચકલી.

કાળીદ્રાક્ષ જુઓ કાળીદરાખ.

કાળીધામણઢોકળી સ્ત્રી. કાળાધાવણી; એક જાતનો છોડ. તેનાં પાન ધામણઢોકળાનાં પાન જેવાં પણ પાતળાં હોય છે. તેનાં ફૂલ જાંબલી કે આસમાની રંગનાં થાય છે. શીંગ ઊભી અને અણીવાળી થાય છે. તેમાંથી નીકળતાં છ થી બાર નાનાં નાનાં બીજ દવામાં વપરાય છે.

કાળીધામણી સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

કાળીધાવણી જુઓ કાળાધામણઢોકળી.

કાળીનગદી જુઓ કાળીનગોડ.

કાળીનગર સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેનાં પાદડાં સોજા, વાયુ, જ્વર અને કૃમિ ઉપર ઉપયોગી છે.

કાળીનગોડ (કાળીનગોડ઼) સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; ગળી; અત્યૂહા.

કાળીનસ સ્ત્રી. અશુદ્ધ લોહી વહી જનારી નળી; શિરા.

કાળીનસોતર સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેનાં મૂળ દવામાં ઉપયોગી છે.

કાળીનાગ ૧. પું. કાળા રંગનો સાપ.

૨. પું. યમુનાના ધરામાં રહેતો કૃષ્ણે નાથેલો એ નામનો નાગ.

કાળીપરજ સ્ત્રી. દૂબળા વગેરે કાળા રંગની જાતિ; રાનીપરજ; કાળા રંગના અનાર્ય લોકોની એક જાત. સુરત જિલ્લો, માંડવી, બારડોલી, છોટાનાગપુર, રાજપીપળા, નવસારી પ્રાંત અને નાંદોદ તરફ આવા લોકોની વસતી છે. રંગભેદના સૂચકપણાથી આ શબ્દને હલકો માનીને એને સ્થાને હાલ 'રાનીપરજ' શબ્દ યોજાયો છે. રાનીપરજની મુખ્ય તેર જાતિ છેઃ ભીલ, ધોડિયા, દૂબળા, ચોધરા, ગામીત, કોટવાળિયા, નાયકા, કાથુડિયા, કુકણા-કોકણા, કોલઘા, પલવી, વાર્લી અને બાવચા. ધાણકા, માવચા, અને તડવી એ ભીલની પેટા નાત તરીકે ગણાય છે. તડવી એ મુસલમાન પુરુષ અને ભીલ સ્ત્રીથી ઉત્પન્ન થયેલી ઓલાદ માનવામાં આવે છે. દૂબળાની પેટા ન્યાત તરીકે તળાવિયા અને વસાવા છે, પણ હાલ તેઓ પોતાને દૂબળાથી ઊંચા કહેવરાવે છે. રાનીપરજની આ મુખ્ય જાત અને તેના પેટા વિભાગ સૌ આજ તો પોતપોતાને એક સ્વતંત્ર ન્યાત તરીકે ઓળખાવે છે ને માને છે, તે એટલી હદ સુધી કે એક જાતને બીજી જાત સાથે ખાણાવહેવાર પણ નથી હોતો. છતાં જો એક જાત બીજી જાતનું ખાઈ લે તો પંચ તેવા માણસ પાસે "નાતુ" પ્રાયશ્ચિત્ત કરાવે છે. દૂબળાઓની વસતી જંગલ ભાગમાં નથી. તેઓ ઉજળિયાત ખેડૂતોના અર્ધ ગુલામ જેવી દશામાં રહે છે. કોટવાળિયા

મરેલાં ઢોરનું માંસ ખાય છે. તેમનો મુખ્ય ઉદ્યોગ વાંસના ટોપલા, સૂપડાં વગેરે બનાવી વેચવાનો છે. જંગલમાં ગામાંત ઢોર ચારવાનું કામ પણ તેઓ કરે છે. રાનીપરજમાં તેઓ અસ્પૃશ્ય જાતના મનાય છે, તેથી રાનીપરજનો કોઈ માણસ તેને અડકતો નથી. કાથુડિયાનો મુખ્ય ઉદ્યમ ખેરમાંથી કાથો પકવવાનો છે. ચોધરા, ધોડિયા, ગામીત એ લોકો વધારે સંસ્કારી છે. તેઓ મોટે ભાગે ખેતી અને જંગલની મજૂરી ઉપર ગુજારો કરે છે. આ પ્રજામાં બાળલગ્ન નથી. જ્ઞાતિપંચોનાં બંધારણ બહુ મજબૂત હોય છે. ફારગતી અને પુનર્લગ્ન એ બંને પ્રચલિત છે. ભીલ અને વસાવાઓમાં ઘણી સ્ત્રીઓ સાથે લગ્ન થઈ શકે છે, પણ બીજી જાતો જ્યાંસુધી એક સ્ત્રી ઘરમાં હોય ત્યાંસુધી એક ઉપર બીજી આપતા નથી. એવે પ્રસંગે પહેલી સ્ત્રીને ફારગતી આપવી પડે છે. દારૂ તાડીનું વ્યસન આ જાતોમાં ઘર કરી બેઠું છે. મૃત શરીરને દાટવાના અને બાળવાના એ બંને રિવાજો તેઓમાં પ્રચલિત છે. તેમ મરનારનું શ્રાદ્ધ પણ કરવામાં આવે છે. પ્રત્યેક મરનારની પાછળ એક નાનું સ્તુપ જેવું સ્મૃતિચિહ્ન ખડું કરવામાં આવે છે. તેને ખત્રુ મૂકવું કહે છે. તેઓ અનેક દેવદેવીઓને માને છે. સીમાપાલ, ક્ષેત્રપાલ જેવા ખાસ દેવતાઓ ઉપરાંત વાઘ, વિષધર વગેરે વન્ય પશુઓએ પણ એ જાતના દેવતાઓનાં આસન ઉપર પોતાનું સ્થાન લીધું છે. એ લોકો કેટલાંક વ્રત કરે છે. તેના નિયમો પણ બહુ કડક હોય છે. શિવલિંગ દર્શનના એક વ્રતમાં તો સ્ત્રીજાતિના હાથની કોઈ પણ વસ્તુ તેઓ ખાઈ કે પી શકતા નથી અને લાંબા મહિનાઓ સુધી અખંડ બ્રહ્મચર્યનું પાલન કરવાનું હોય છે. આ સઘળી જાતો ઉપર ભૂત પ્રેતનો વહેમ જબરજસ્ત લદાયેલો છે. તાવ આવ્યો તો વળગણનું કારણ, કંઈ બીમારી થઈ કે ભૂત તો આવી જ પહોંચ્યું હોય. એ ભૂત કાઢનારા ભૂવા ભગતની સંજ્ઞાથી તેઓમાં ઓળખાય છે અને તેમના ઉપર પુષ્કળ દાબ ધરાવે છે. નૃત્ય, ગીત, ગોઠ એટલે વાર્તા અને શિકાર એ આ જાતોમાં આનંદપ્રમોદનું મુખ્ય સાધન છે. નૃત્યકલા આ પ્રજામાં વ્યવસ્થિત સ્વરૂપમાં નજરે પડે છે. અમુક પ્રસંગે, અમુક સમયે, અમુક પ્રકારનાં જ નૃત્ય થઈ શકે છે અને એની તાલબદ્ધતામાં જરા યે ઊણપ નથી. એમનાં વાદ્યો પણ વિશેષ પ્રકારનાં છે. તેઓના આ નૃત્યના જલસામાં ઘણો વામાચાર પણ ચાલે છે. ગીતમાં ઘણો ભાગ પ્રેમસંગીત, વિરહમનોવ્યથાનાં ગીત અને બીભત્સ રસનાં હોય છે, પણ કેટલાંક ગીતો તો ઘણી જ ઉત્કૃષ્ટ પંક્તિનાં છે. વાતોમાં પણ કેટલીક હાસ્યરસની અને નીતિવિષયક વાતો છે. પણ મોટે ભાગે બીભત્સ રસની વધારે છે. આ ઉપરાંત જંગલના ઊંડાણના ભાગમાં બહાદુર માણસોનાં સાહસભર્યાં કામોને લોકકવિતામાં ગૂંથી તેઓ ખૂબ ભાવભેર ગાય છે. આવાં ગીતોને તેઓ લાવણી કહે છે. એમનું સ્થાપત્ય પણ નિરાળું છે. નાનાં નાનાં ઝૂંપડાં બાંધવામાં પણ એમના સ્થપતિની ગોઠવણી મુજબ તે તૈયાર કરવામાં આવે છે. અક્ષરજ્ઞાનનો તેમનામાં બહુ અભાવ છે, એટલે એમનાં અજ્ઞાન અને વ્યસનીપણાનો લાભ સાહૂકારો, પીઠાંવાળાઓ અને બીજાઓ સારી રીતે લે છે.

કાળીપહાડ (કાળીપહાડ઼) જુઓ કાળીપાટ.

કાળીપા સ્ત્રી. એ નામની એક ઔષધિ.

કાળીપાટ ૧. સ્ત્રી. એક જાતની વનસ્પતિ; પાટલા. તેનાં મૂળ તાવમાં વપરાય છે.

૨. સ્ત્રી. ચોમાસામાં થતો એક જાતનો વેલો; કરંઢિયું. તેનાં પાન ત્રણ ઇંચથી વધારે લાંબાં અને બે ઇંચથી વધારે પહોળાં હોય છે. નર માદાનાં ફૂલ જુદાં હોય છે. મૂળ અને પાન ઉપયોગી છે. કાળીપાટ ચિરગુણકારી, કડુ, શોધક, પૌષ્ટિક, ગ્રાહી અને મૂત્રલ છે.

૩. સ્ત્રી. પહાડમૂળ. તે લાંબું અને પાતળું થાય છે અને સોજા ઉપર ચોપડાય છે.

કાળીપાઠ સ્ત્રી. એ નામની ઔષધોપયોગી એક વનસ્પતિ; પાઠા. તે અર્શ, અતિસાર, પ્લીહોદર અને ત્રિદોષને હણનાર કહેવાય છે.

કાળીપાડ (કાળીપાડ઼) જુઓ કાળીપાટ.

કાળીફૂલડી (કાળીફૂલડ઼ી) ૧. સ્ત્રી. આસમાની ફૂલવાળો એક જાતનો છોડ.

૨. સ્ત્રી. એ નામની ઔષધોપયોગી એક વનસ્પતિ. તેને મોટાં ગૂછળાંવાળાં પાંદડાં હોય છે અને જુદા જુદા રંગનાં દેખાવડાં ફૂલ હોય છે. તેમાં થાળીના આકારનો પાંદડીઓનો સમૂહ હોય છે અને તેની નળીમાં પાંચ પુંકેસર હોય છે.

કાળીબજાર સ્ત્રી. બાંધેલ ભાવથી વધુ ભાવે અને સરકારની કે રાજ્યની પરવાનગી વગર વસ્તુઓ વેચાતી લેવાતી હોય તેવું સ્થળ.

કાળીબદામ સ્ત્રી. ગંજીફાનાં પાનાંનો કાળો રંગ.

કાળીબળતરા સ્ત્રી. અસહ્ય વેદના; અતિશય દાહ.

કાળીબારા સ્ત્રી. ભગરી, તપખીરિયા રંગની અને જરા ખારાશવાળી જમીન. તેમાં ઘઉં સારા થાય છે.

કાળીબેસર સ્ત્રી. ઘેરા ભૂરા રંગની ઘણી ભગરી અને વિશેષ કાંકરાવાળી જમીન. એમાં બાગાયત તૂલ અને ઝીણી ડાંગર સારાં થાય છે.

કાળીભાર સ્ત્રી. કાઠિયાવાડી ઘોડીની એક જાત.

કાળીભૂરી સ્ત્રી. જમીનની એક જાત. કપાસ, જુવાર, શેરડી અને ડાંગરનાં તૂલ આ જમીનમાં થઈ શકે છે.

કાળીમચ્છી સ્ત્રી. એ નામની એક દરિયાઈ માછલી. તે પૂછડી વિનાની હોય છે અને ખોરાક તરીકે વપરાય છે.

કાળીમહેનત સ્ત્રી. સખત શ્રમ; અત્યંત મહેનત.

કાળીમીરચી સ્ત્રી. એક જાતના ઉષ્ણ પ્રદેશમાં થતા ઝાડનાં લૂમખાબંધ ફળ; કાળાંમરી; તીખાં. કદમાં તે નાનાં અને આકારે ગોળ હોય છે.

કાળીમીરી જુઓ કાળીમીરચી.

કાળીમૂસળી સ્ત્રી. એક જાતની કાળા રંગની ધાતુપુષ્ટિના ઉપયોગમાં આવતી ઔષધિ.

કાળીમેશ ૧. વિ. સ્ત્રી. ઘણી જ અંધારી; ગાઢ અંધારી.

૨. વિ. સ્ત્રી. મેશના જેવી કાળી.

કાળીરાક્ષસી સ્ત્રી. અંધારી રાત.

કાળીરાત ૧. સ્ત્રી. અંધારિયું; કૃષ્ણપક્ષ.

૨. સ્ત્રી. અંધારી રાત.

૩. સ્ત્રી. કાળીચૌદશ; આસો વદ ૧૪ની રાત્રિ.

૪. સ્ત્રી. મધ્યરાત્રિનો સમય.

૫. સ્ત્રી. વદિ પક્ષની આઠમની રાત.

કાળીરેતી સ્ત્રી. સાહી ચૂસવાને માટે વપરાતી એક જાતની રજ.

કાળીરોટી સ્ત્રી. માલપૂઓ; એક જાતની ગળી પૂરી.

કાળીરોશનાઈ સ્ત્રી. કાળા રંગની લખવાની દેશી સાહી.

કાળીરોળી ૧. સ્ત્રી. ભયાનક ચીસ; કારમી બૂમ.

૨. સ્ત્રી. સંધ્યા સમય; સૂર્યાસ્તનો વખત.

કાળીલાય ૧. સ્ત્રી. અતલસ; એક જાતનું કાપડ.

૨. સ્ત્રી. અનહદ બળતરા; બેહદ દાહ.

કાળીવસૂલ સ્ત્રી. જમીનમહેસૂલ.

કાળીવેલ સ્ત્રી. એક જાતની વેલ. માથાનો ખોડો, જૂ વગેરે તેનાથી મરી જાય છે. તેનાં પાન એરડાનાં પાન જેવાં થાય છે. તેનાં મૂળ દવામાં વપરાય છે. ફાગણ ચૈત્રમાં તેને નાનાં

નાનાં ફૂલ આવે છે. ફૂલનો રંગ કાંઈક હરિયાળો હોય છે. વૈશાખ જેઠમાં તે ફળે છે. કાળીવેલ ઘણું કરીને વાડ ઉપર થાય છે. તે કર્ણશૂળ, સ્તનરોગ, રતવા, ઝેરી સોજો અને વિષ ઉપર ફાયદાકારક મનાય છે.

કાળીશર સ્ત્રી. ગળામાં પહેરવાનો એક જાતનો સૌભાગ્યચિહ્નરૂપ દાગીનો.

કાળીશંખાવળી સ્ત્રી. વિષ્ણુક્રાંતા નામની આસમાની રંગનાં ફૂલવાળી એક ઔષધોપયોગી વનસ્પતિ.

કાળીશીતલા [હિં.] સ્ત્રી. કાળા દાણા નીકળે અને રોગીને ઘણું કષ્ટ થાય એવો શીતળાના રોગનો એક પ્રકાર.

કાળીસદેડી (કાળીસદેડ઼ી) સ્ત્રી. જાંબુડાં કે કાળાં ફૂલવાળો એક ઔષધોપયોગી છોડ.

કાળીહળદ સ્ત્રી. એક જાતનો સુંદર છોડ. વર્ષા ઋતુમાં તે સુંદર લાગે છે. બે મહિનામાં તેને ફૂલ આવે છે.

કાળીંગડી (કાળીંગડ઼ી) સ્ત્રી. તરબૂચનો વેલો.

કાળીંગડું (કાળીંગડ઼ું) ૧. ન. એક જાતનું અનાજ.

૨. ન. કાચું તરબૂચ.

૩. ન. ચીભડું.

કાળીંગું જુઓ કાળીંગડું.

કાળીંગડો (કાળીંગડ઼ો) પું. પાછલી રાતે ગવાતો એક રાગ.

કાળીંગો ૧. પું. એ નામનો દૈત્ય.

૨. પું. કલિયુગ.

૩. પું. ખરાબ વખત.

૪. ન. તરબૂચ.

કાળુ ૧. સ્ત્રી. એક જાતની કાળા રંગની ભેંસ. તેને એકેય ધોળો વાળ હોતો નથી. તેના પોદળામાંથી લાલ દોરા-જેવો જીવ નીકળે છે તે શુકનવાળો ગણાય છે. ચારણ લોકો તેને ઘરમાં રાખે છે. તે રિદ્ધિસિદ્ધિ વધારે એમ મનાય છે. આ ભેંસ પાતાળમાંથી નીકળી કહેવાય છે.

૨. સ્ત્રી. એક જાતની માછલી. જુઓ કાલુ.

કાળુખડો (કાળુખડ઼ો) પું. એક જાતની વનસ્પતિ.

કાળુડાં ખાડ (કાળુડ઼ાં ખાડ઼) સ્ત્રી. ભેંસનું ધણ.

કાળુડી (કાળુડ઼ી) ૧. સ્ત્રી. ઘોડી.

૨. સ્ત્રી. ભેંસ.

કાળુડું (કાળુડ઼ું) ૧. વિ. કાળું.

૨. વિ. ઘણું જ ભયંકર.

કાળુભાર સ્ત્રી. એ નામની કાઠિયાવાડની નદી.

કાળુમાછલી સ્ત્રી. બે પડવાળું મૃદુકાય દરિયાઈ પ્રાણી. સમુદ્રના કિનારા પાસે મોળા પાણીની અંદર ખડકને તથા કોઈ પદાર્થને તે ચોંટી રહે છે, ને પાણીના પ્રવાહથી વનસ્પતિનો અથવા પ્રાણીઓનો જે ખોરાક તેમની પાસે આવે છે તે તેઓ ખાય છે. એને ખોરાક માટે બહુ પકડવામાં આવે છે. અરબી સમુદ્રમાં તથા હિંદી મહાસાગરમાં તે ઘણી મળે છે. જુઓ કાલુ.

કાળુરોળુ ૧. ન. સંધ્યાકાળ પછીનો વખત.

૨. વિ. આંધળું; ધૂંધળું.

કાળું ૧. [સં. કાલ] વિ. અંધકારમય; પ્રકાશ રહિત.

૨. વિ. આકાશના અંધારા જેવું; કૃષ્ણ; શ્યામ; મેશના જેવા રંગનું.

૧. કાળા કાળા મંકોડા અને રાતી રાતી ઘીમેલ = અભણને વાંચતાં ન આવડતું હોય તેને કાગળ વાંચવા આપે તો શું થાય? એને મન તો સઘળું કાળું જ લાગે.

૨. કાળાની જોડે ધોળો બાંધ્યો તો વાન ન આવે તો સાન આવે = સોબત તેવી અસર.

૩. કાળાં મટી ધોળાં થવાં = જુવાની જઈ વૃદ્ધાવસ્થા આવવી.

૪. કાળું કોયલા–બોજ–મેશ–સાહી–સીદી જેવું = બહુ જ કાળું.

૩. વિ. નઠારૂં; દુષ્ટ; પાપી.

૧. કાળા મોંવાળું = દુષ્ટ; ખરાબ.

૨. કાળું કરવું = ખસવું; મોં ન દેખાડાય તેમ કરવું; ચાલ્યા જવું.

૩. કાળું કૂતરૂં યે ભાવ નથી પૂછતું = કોઈ પણ ગણના કે દરકાર કરતું નથી.

૪. કાળું મોં કરવું = કાળું કરવું.

૫. દાળમાં કાળું = અનિષ્ટ કામ.

૪. વિ. ભારે; મોટું; પ્રચંડ.

૫. વિ. લાગણી વગરનું; ઘાતકી; નિર્દય.

કાળા એટલા ભૂતના સાળા = કાળું એટલું અવગુણવાળું.

૬. વિ. સખત; તીવ્ર; કઠોર.

કાળુંકટ વિ. બહુ જ કાળું.

કાળુંગાંઠિયું ન. ભાંગરો; એક જાતની વનસ્પતિ.

કાળુંગોરું ૧. ન. નિંદાવાક્ય; અપશબ્દ.

૨. વિ. સાચું યા જૂઠું; ખરૂં કે ખોટું.

કાળુંજીરૂં ન. કાળા રંગનું જીરૂં; કૃષ્ણજીર. આ છોડ ત્રણથી ચાર ફૂટ વધે છે. તે ગુણમાં ઉષ્ણ છે. સસણી, કફ વગેરે ઉપર અપાય છે.

કાળુંજેબ જુઓ કાળુંકટ.

કાળુંજેબાણ જુઓ કાળુંકટ.

કાળુંડિબાંગ જુઓ કાળુંકટ.

કાળુંધોળું ૧. ન. અપ્રમાણિકપણું; કપટ.

૨. ન. ખરાબ કામ.

કાળુંપાકા ન. વરુ તથા શિયાળને મળતું એક જાતનું પ્રાણી. એ દક્ષિણ અમેરિકમાં વસે છે. કાળા આલપાકાનું લૂગડું તેના વાળનું બને છે.

કાળુંપાણી ૧. ન. દેશનિકાલ; દેશવટો.

૧. કાળાં પાણી ઉપર થઈ દૂર જવું = દેશનિકાલે જવું; સમુદ્ર પાર થવું.

૨. કાળાં પાણીએ ચડવું–જવું = (૧)

૩. કાળાં પાણીએ કાઢવું = દેશનિકાલ કરવું. દેશનિકાલ થવું. (૨) વિદેશ જવું; સમુદ્રપાર જવું.

૨. ન. સમુદ્ર.

કાળાં પાણી ઓળંગવાં = સમુદ્રગમન કરવું; દરિયાપારના દેશોમાં સફર કરવી.

૩. ન. સમુદ્રનું પાણી.

કાળુંફૂલડું (કાળુંફૂલડ઼ું) ન. એક પ્રકારનો છોડ. તેના ઉપર ધોળાં રૂછાં હોય છે. તેને ફૂલની ધોળી ગુચ્છ આવે છે.

કાળુંબરુ ન. નેતરની જાતનું ઘાસ.

કાળુંબલ્લક વિ. કાળું કાળું ભૂત જેવું.

કાળુંબાબરૂં ન. એક જાતની વનસ્પતિ. આરોગ્ય માટે બાળકોને તે પાવામાં આવે છે.

કાળુંબુલબુલ ન. એ નામનું એક જાતનું ગાનારૂં પક્ષી; કાળીચીડી; કાળીચકલી. આ પક્ષી હિંદુસ્તાનમાં બધે જોવામાં આવે છે. વસંતઋતુની શરૂઆતમાં નરનો કંઠ ખૂલે છે. માદા કરતાં નર વધુ સુંદર અને આકર્ષક હોય છે. પાંખોનો રંગ ચળકાટવાળો અને પેટનો સફેદ હોય છે. માદાનો રંગ આછો ભૂરો હોય છે. એક જ જોડું આખી જિંદગીભર કાયમ રહે છે. તેનો ખોરાક જીવડાં છે. કોઈ કોઈ વખત ફળાહાર પણ કરે છે. ફાગણથી અષાડ માસ સુધી ઈંડાં મૂકે છે. માળો રકાબીના આકારનો વચ્ચે ખાડાવાળો હોય છે. વધારેમાં વધારે પાંચ ઈંડાં મૂકે છે.

કાળુંભૂંછ વિ. કાળું મશ; ખૂબ કાળું.

કાળુંમેશ વિ. બહુ કાળું.

કાળુંમોઢું ન. ઊતરી ગયેલો ચહેરો.

કાળૂખડો (કાળૂખડ઼ો) પું. એક જાતની વનસ્પતિ.

કાળૂડી (કાળૂડ઼ી) વિ. સ્ત્રી. કાળી.

કાળે ૧. સ્ત્રી. મરાઠાઓની એ નામની અટક.

૨. ન. એ નામની એક મરાઠી અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કાળેકરીને અ. વખત જતાં; સમય વીતતાં.

કાળેલું ન. બીડી અને બજરના બંધાણીને તે રાખવાનું લાકડાનું અગર પતરાનું સાધન.

કાળો ૧. પું એ નામની એક ધાતુ; 'પ્લંબેગો.'

૨. પું. નાગ; સર્પ.

૩. ન. અફીણ.

૪. વિ. ભયંકર; જીવલેણ.

કાળોઅરડૂસો (કાળોઅરડૂસો) પું. એક પ્રકારનો છોડવો. એ જાંબુડા રંગનો હોય છે. પાનનો ક્વાથ સંધિવા ઉપર અપાય છે.

કાળોઆફૂસ પું. એક જાતનો આંબો.

કાળોઉમરડો (કાળોઉમરડો) ૧. [સં. કૃષ્ણ ઉદુંબરિકા] પું. એક ઝાડ; ઢેડઉંબર; ગાંડોઉંબર. એની છાલ અતિસાર મટાડે છે. તે શીત, કડવો, ખાટો, મલસ્તંભક, તીખો, તૂરો અને ગ્રાહક છે. તે કમળો, પિત્ત, રક્તપિત્ત, ધોળો કોઢ, વ્રણ, પાંડુરોગ, રક્તદોષ, સોજો અને અર્શનો નાશ કરે છે. તેનાં ફળ મીઠાં, તૂરાં, શીતળ, વૃદ્ધિકારક, ગુરુ, ધાતુવૃદ્ધિકર, પાકકાળે મધુર, સ્નિગ્ધ, મલસ્તંભક, પૌષ્ટિક, ગ્રાહક તથા વાતકારક છે અને કફ, રક્તવિકાર, દાહ તથા વિષદોષ મટાડે છે.

૨. પું. ગાંડું ઝાડ. મોટી ઉધરસ માટે તેની માનતા થાય છે.

કાળો કટકિયો પું. એ નામની એક વનસ્પતિ. તેનો દૂધિયા હેમકંદના જેવો ઉપયોગ છે. આ વેલાને ગુજરાતમાં ઘણેખરે ઠેકાણે જેઠીમધ નામથી ઓળખવામાં આવે છે, કારણકે એનાં મૂળ પણ મીઠાં હોય છે. તે જેઠીમધથી જુદું છે.

કાળોકડુ (કાળોકડુ) પું. એક જાતની ઔષધિ. તે ચરપમાં અને નેપાળમાં મળે છે. ફૂલો સુંદર હોઈ બગીચામાં વવાય છે. તે મૂત્રલ, કૃમિઘ્ન, હૃદયપૌષ્ટિક, તીવ્ર રેચક, વિષઘ્ન, રક્તશોધક અને જ્વરઘ્ન છે. લોહીના દબાણને પણ શાંત કરે છે. તેનું બારીક ચૂર્ણ પરૂ વહેતાં ચાંદાં ઉપર ભભરાવવાથી તેની અંદરનાં બારીક ઝેરી જંતુઓનો નાશ થઈ તરત રૂઝ લાવે છે.

કાળોકડો (કાળોકડો) પું. ઇંદ્રજવની બે માંહેની એક જાત.

કાળોકહેર પું. ત્રાસદાયક બનાવ; ભારે જુલમ.

કાળોકળેળાટ પું. ગોકીરો; બહુ જ રાડો પાડવી તે.

કાળોકંથારો પું. એક પ્રકારનો વેલો.

કાળોકામો પું. અપકૃત્ય; ભૂંડું કામ; ખરાબ કામ.

કાળોકાયદો પું. ક્રૂર કાયદો; ખરાબ કાયદો.

કાળોકાંસકિયો પું. એક જાતનું ઝાડ; કાળિયોસરસ. તેનાં ફૂલ મધુરી વાસવાળાં પીળા રંગનાં અને શિંગો લાંબી, ચપટી અને પહોળી થાય છે. તેમાં નાનાં ચપટાં ભૂરા રંગનાં બી હોય છે.

કાળોકૂડો (કાળોકૂડો) પું. એક જાતનું ઝાડ. ચોમાસામાં તેને સુગંધમય લીલાં સફેદ રંગનાં ફૂલ આવે છે. આનાં ફળ તથા ફૂલ સિંકોનાના વૃક્ષ જેવા ગુણ ધરાવે છે અને તાવ ઉપર ઉપયોગી મનાય છે.

કાળોકૂંપો જુઓ કાળીગરણી.

કાળોકેર જુઓ કાળોકહેર.

કાળોકોપ ૧. પું. ગજબ; અત્યંત ખરાબ કે માઠો બનાવ; કાળોકહેર.

૨. પું. દૈવકોપ.

૩. પું. ભયંકર અને ત્રાસદાયક નાશ.

કાળોકોશી જુઓ કાળિયોકોશી.

કાળોચાંલ્લો પું. બટ્ટો; કલંક; બદનામી; કાળીટીલી.

કાળોચિત્રક પું. એક જાતની વનસ્પતિ. મહાત્માઓ એના રસમાં ચોખા રાંધીને માત્ર એક જ વખતે જમે છે. આથી તેમને છ મહિના સુધી અનાજ લેવું પડતું નથી એમ મનાય છે.

કાળોચિત્રો પું. એક જાતનો છોડવો. આ છોડવો વેલા જેવો થાય છે. એમાં સુંદર આસમાની ફૂલ આવે છે.

કાળોચોર ૧. પું. અંધારી રાતે ચોરી કરનાર; અંધારામાં ચોરીનું કામ કરનાર; પાકો તસ્કર; મોટો ચોર.

૨. પું. કાળાં કર્મ કરનાર માણસ; કુકર્મી.

કાળોટવું અ. ક્રિ. કાળા પડી જવું; કાળા થવું.

કાળોડાઘ પું. કલંક; અપયશ; લાંછન; બટ્ટો.

કાળોઢવું ૧. અ. ક્રિ. કાળા રંગનું થઈ જવું.

૨. અ. ક્રિ. નબળું પડી જવું.

કાળોતર વિ. જૂના વખતનું.

કાળોતરા ૧. સ્ત્રી. રબારીની એ નામની અટક.

૨. ન. રબારીની એ નામની અટકનું માણસ.

૩. વિ. રબારીની એક અટકનું.

કાળોતરિયો પું. મૂઆની ખબર લાવનાર માણસ; અશુભ કાગળ લઈ જનારો બેપિયો.

કાળોતરી [સં. કાલપત્રિક-કાલવત્તરી-કાલઉતરી-કાળોતરી] સ્ત્રી. મરણના સમાચારની ચિઠ્ઠી; માઠા ખબરનો પત્ર.

કાળોતરું ૧. વિ. કાળું.

૨. વિ. ભયંકર.

૩. વિ. વિષધર.

કાળોતરો ૧. પું. કાળો નાગ; મોટો ઝેરી નાગ. તે રંગે ચળકતો કાળો અને પીઠ ઉપર સફેદ આડી કમાનો જેવા ઝીણા પટાવાળો હોય છે.

૨. વિ. જીવ લેનાર.

૩. વિ. ભયંકર.

કાળોત્રી જુઓ કાળોતરી.

કાળોત્રો જુઓ કાળોતરો.

કાળોદુકાળ પું. માણસ તથા ઢોર જીવી શકે નહિ તેવો ખરાબ વખત.

કાળોનાગ ૧. પું. કાળ.

૨. પું. ઘણો ઝેરી સાપ; તરત મૃત્યુ નીપજે એવા આકરા ઝેરવાળો સાપ.

૩. પું. ડંખીલો માણસ.

કાળોપીંજારો પું. એક જાતનો છોડ. આ છોડ ઘણું કરીને કઠણ વેલા જેવો અને આડીઅવળી શાખાવાળો થાય છે. તેનાં પાન લાંબાં અને સાંકડાં લંબગોળ હોય છે. તેમાં પીળાં કે ધોળાં ફૂલ થાય છે. તે દવામાં વપરાય છે.

કાળોપ્રમેહ પું. પિત્તથી થનાર એક પ્રકારનો પ્રમેહ.

કાળોફૂલવો પું. એક જાતનો છોડ. તેનાં પાન બેથી ત્રણ ઇંચ લાંબાં, અરધો ઇંચ પહોળાં અને ટેરવે અણીવાળાં હોય. તેમાં પાન વગરની પાતળી શાખાને છેડે સફેદ ફૂલ આવે. એનો છોડ સુકાય ત્યારે કાળા રંગનો થાય. ફૂલ પણ સુકાય ત્યારે કાળાં થઈ જાય છે.

કાળોબલ્લક વિ.પું. કાળું મેશ; મેશ જેવું કાળું.

કાળોબોકાસો પું. આકરી ચીસ; ગોકીરો.

કાળોમૃગ પું. કાળું હરણ; કાળિયાર.

કાળોમેશ વિ. પું. ઘણો કાળો; મેશ જેવો કાળો.

કાળોરંગ પું. મેશ જેવો રંગ. તે સર્વ રંગનાં કિરણો ગળી જાય છે. શાસ્ત્રીય રીતે કાળો એ કંઈ રંગ નથી. તે સર્વ રંગોનો અભાવ છે. આ પ્રમાણે કાળા પદાર્થમાં સર્વ પ્રકારનાં કિરણો ગળી જવાનો ગુણ હોવાને લીધે તે ઉષ્ણતાગ્રાહક છે.

કાળોરોગ પું. એક જાતનો રોગ. દુનિયામાં તે અગાઉ ફેલાયો હતો. તે જેને લાગુ પડે તેના શરીર ઉપર કાળા રંગનાં ધાબાં ફૂટી નીકળે.

કાળોલંગુર પું. પશ્ચિમ ઘાટમાં વસતો કાળો વાંદરો. તેની પૂછડી ટૂંકી હોય છે.

કાળોવાળો ૧. પું. એક જાતનાં કાળાં મૂળિયાં; એક ઔષધિ.

૨. પું. સુગંધી વાળાની એક જાત.

કાળોવેશ પું. દેશવટાની નિશાનીનો પોશાક.

કાળોશિરીષ પું. એક જાતનું ઝાડ. તેને સુંદર ખુશબોદાર ફૂલો આવે છે.

કાળોસરસ ૧. પું. એક જાતનું ઝાડ. તેમાં એપ્રિલથી જૂનમાં સફેદ સુગંધી ફૂલ આવે છે. આ ઝાડ ૬૦થી ૭૦ ફૂટ ઊંચું થાય છે. એનું લાકડું મજબૂત હોવાથી શેરડીના કોલુ તથા ઘાણી કરવા માટે વપરાય છે.

૨. પું. કાળા રંગનો સરસ.

કાળોસાલેમ પું. એક જાતની પૌષ્ટિક ઔષધિ.

કાળોસીસમ પું. સીસમની એક જાત.

કાળોસોમલ પું. એક જાતનું ખનીજ ઝેર; સોમલ.

કાળોહકીક પું. એક જાતનો કાળો ખનિજ પદાર્થ.

કાળોહંસરાજ પું. એક વનસ્પતિ. તે નદી કે વોંકળામાં જ્યાં પાણી હોય ત્યાં ભેખડમાં થાય છે. તેનાં પાન શોભાવાળાં ફાટેલાં થાય છે. તે દવાના કામમાં વપરાય છે.

કાળોંડવું ૧. અ. ક્રિ. નબળું પડી જવું.

૨. અ. ક્રિ. સહેજ કાળું પડી જવું.

કાળોંઢવું જુઓ કાળોંડવું.

કાં ૧. પું. કાગડો કે બતકથી થતો એવો એક અવાજ.

૨. [સં. કિમ્] અ. કેમ; શા સારૂ; શા માટે; શાને.

વલ્યા રામ તિહાં લક્ષ્મણ મિલિયા,
મઢી છોડી **કાં** આવ્યા. કર્મણ

૩. અ. કોઈ સાથે વાત કરવાની શરૂઆત કરવાનો એક આરંભ ઉદ્ગાર; એક પાદપૂરક અવ્યય. જેમકે, કાં ભાઈ, શીદ જશો ?

૪. [મ.] અ. ક્યાં; કઈ જગ્યાએ; કયે ઠેકાણે.

૫. અ. વા; અથવા.

કાંઅસી સ. ક્રિ. (ગ્રામ્ય) કહે છે.

કાંઈ ૧. સ. અનિશ્ચિત અથવા ન સમજાય એવું; અમુક; કશું.

કાંઈ કાંઈ થઈ જવું = સમજવા છતાં જણાવી ન શકાય એવું કાંઈ દુઃખ થવું.

૨. [સં. કિંચિત્] સ. કંઈ; કાંઈક.

જિણ દિટ્ઠઈ સુઈ ધમ્મમઈ,
અણુહહુ **કાંઈ** ઉઈકિ અહહુ.
ખરતર (સંવત ૧૧૭૦)

૧. કાંઈ ને કાવરા = કંઈ પણ નહિ; કશું યે નહિ. કાવરા એટલે ખાલી જગ્યા ઉપરથી આ પ્રયોગ બન્યો મનાય છે.

૨. કાંઈ હિંગ ફટકડી = કાંઈ લેવાદેવા ન હોવાપણું.

૩. કાંઈનું કાંઈ થઈ જવું = ધારવા કરતાં ઊલટું થઈ જવું; ઊલટસૂલટ થઈ જવું.

૩. સ. કેટલા યે; કેટલાં યે.

૪. સ. કોઈ; કોઈએક.

૫. સ. શું; એક પ્રશ્નાર્થ સર્વનામ. જેમકે, અવસર ચૂક્યા મેહુલા વૂઠી કાંઈ કરેશિ ?

૬. વિ. કેટલું યે.

૭. વિ. બરોબર નહિ જોયેલું, જાણેલું કે સાંભળેલું.

૮. વિ. લગાર; જરા.

૯. અ. લગાર.

૧૦. અ. શા માટે.

કાંઈ અહોમુહુ તુજ્જુ (તારૂં અધોમુખ શા માટે છે ?) હેમચંદ્ર

કાંઈએક જુઓ કાંઈક.

કાંઈક ૧. સ. કંઈક; કંઈ; કાંઈએક.

૨. સ. કેટલા યે; કેટલાં યે.

૩. સ. કોઈ; કોઈએક.

૪. વિ. અનિશ્ચિત અથવા ન સમજાય એવું; અમુક; કશું.

૫. વિ. એકાદ.

૬. વિ. કેટલું યે.

૭. વિ. થોડુંઘણું; લગાર; જરા.

કાંઈકાંઈ ૧. સ. કંઈક; બરોબર સમજાય નહિ એવું જે કંઈ તે; કંઈકંઈ; કશુંકશું.

૨. સ. થોડું.

૩. વિ. જરા; લગાર; થોડુંથોડું.

૪. વિ. ન કહેવાય કે બોલાય એવું.

કાંઈકાંઈ થઈ જવું = એવું કાંઈ અસરકારક દુઃખ થવું કે જે સમજ્યા છતાં જણાવી ન શકાય.

કાંઉ ૧. [સં. કિમ્] અ. શા માટે; શા સારૂ; કેમ. ચારણ, કાઠી, ઢેઢ વગેરે લોકો આ શબ્દ વાપરે છે.

ચોખાં જેનાં ચિત્ત, (એનો) વરણ કાંઉ વિચારીએ. લોકસાહિત્ય

૨. અ. શું.

કાંઉ ઝાઝાં કાગોલિયાં ને કાંઉ ઝાઝા કપૂત,
હકડી તો મહી ભલી, હકડો ભલો સપૂત.
લોકોક્તિ

૩. જુઓ કાંઈ.

કાંઉકાંઉ અ. ઘણું ઘણું.

કાંઉ ભણે અ. (ચારણી) શા સારૂ.

કાંઉસ પું. (ગણિત) અમુક સંખ્યાઓ કે બૈજિક રાશિઓનું ગણિત એકસાથે કરવાનું છે એમ બતાવવા માટે વાપરવામાં આવતું ચિહ્ન; કૌંસ.

કાંઉસિલ [અં.] સ્ત્રી. અમુક શખ્સોનું બનેલ મંડળ; સમિતિ.

કાંઉસિલર [અં.] પું. કાંઉસિલનો સભાસદ.

કાંઉં ૧. [સં. કિમ્] સ. શું.

૨. અ. કેમ.

કાંએટ પું. મસ.

કાંક ૧. સ્ત્રી. બગલાના ઊડવાને મળતી આવતી ઘોડાની એક દોડ. તેમાં ઘોડો બગલા કે ગીધના ઊડવાની પેઠે દોડે છે.

૨. જુઓ કાંઈક.

કાંકચ પું. એક જાતની વનસ્પતિ; અતિવલ્લભા; તોયપુષ્પી; પાડલ; પાટલિ; પાટલા; મોઘા; મધુદૂતિ; ફલેરૂહા; કૃષ્ણવંતા; કુબેરાક્ષી; કાલસ્થાલી; તામ્રપુષ્પી. તેનાં લંબગોળ પાન શુમારે એક ઈંચ લાંબાં અને આમલીનાં પાનની માફક સામસામાં ઊગે છે. ડાંખળીના પાછલા ભાગ ઉપર નાના વાંકા કાંટા થાય છે. માંજરમાં ઘણાં પીળા રંગનાં ફૂલ થાય છે. ફૂલની પાંચ પાંખડીમાં ચાર ફિક્કા રંગની હોય અને પાંચમી રાતી છાંટવાળીમાં પુંકેસર અને સ્ત્રીકેસર હોય. ફળ કાંટાવાળાં અને પોટલિયા સરખાં હોય છે. તેમાંથી નીકળતાં બી કાંકચિયા કહેવાય છે. બી અને પાન બંને ઔષધ તરીકે ઉપયોગમાં આવે છે. આ વનસ્પતિ તૂરી, કડવી, ઉષ્ણ અને શોધક છે, અને કફ, પિત્તાર્શ, શૂળ, શ્વાસ, સોજો, ઊલટી, તૃષા, આધ્માન, વ્રણ, પ્રમેહ, કોઢ, કૃમિ, રક્તાર્શ, વાતાર્શ અને રક્તદોષનો નાશ કરનાર મનાય છે.

કાંકચિયું ન. કાંકચનું ફળ; કાંકચું; કાંકચિયો; ગેંગડું.

કાંકચિયો ૧. પું. કાંકચનું કાંટાવાળું ફળ. તેમાં છીપના જેવાં બે પડ હોય છે. તેના પોપટામાં એક અથવા બે બી હોય તેને કાંકચિયા કહે છે. તેની છાલ ઘણી કઠણ અને અંદરનો ગર સફેદ અને સ્વાદે કડવો હોય છે. આ બીને મંદ દેવતામાં શેકી પછી અંદરનું મગજ કાઢી કડવાણી તરીકે ઔષધમાં વપરાય છે. તે કટુ પૌષ્ટિક અને પાચક તરીકે ૧૦થી ૧૫ ગ્રેનની માત્રામાં ટાઢિયા તાવ, કરમ, પેટના વાયુ, ચૂંક, પેટપીડ અને ઊલટીમાં અપાય છે.

૨. પું. લોભી; કંજૂસ.

૩. વિ. પું. લુચ્ચો.

કાંકચિયો ઘામાં આવવો = દાવમાં આવવું; લાગમાં આવવું.

કાંકચું જુઓ કાંકચિયું.

કાંકચો જુઓ કાંકચિયું.

કાંકડ (કાંકડ઼) ૧. પું. (જ્યોતિષ) કર્ક રાશિ.

૨. પું. કાચબો.

૩. ન. એ નામના ઝાડનું ફળ; કાંકચિયો.

૪. [સં. કર્કટક] ન. એક જાતનું મોટું ઝાડ; કરપટાનું ઝાડ. તેનાં પાન લીંબડા જેવાં અને ફળ આમળાં જેવાં થાય. તેમાં નાનાં નાનાં બે ત્રણ બિયાં હોય છે, પણ ઠળિયા હોતા નથી. ઝાડની છાલ કે પાન વાટી ગડગૂમડ ઉપર બાંધવાથી આરામ થાય. ફળનું સ્વાદિષ્ઠ અથાણું બને પણ તે રંગે કાળું થાય છે. ફળ જેઠ મહિનાના અરસામાં આવે. મોટાં કાંકડનાં ફળ તૂરાં, અગ્નિદીપક, ખાટાં, શીતળ, લઘુ, ઉષ્ણ તેમ જ આંખને હિતાવહ છે અને રક્તપિત્ત તથા કફ કરનાર અને વાતનાશક છે. તે ફળ પાકવાથી શીતળ તથા રુચિકર બને અને પિત્ત તથા રક્તદોષનો નાશ કરે. નાનાં કાંકડનાં ફળ ગ્રાહક, ખાટાં, અગ્નિદીપક, ઉષ્ણ અને લઘુ છે. તે પાકવાથી મધુર, સ્નિગ્ધ, તૂરાં, વાતનાશક અને કફપિત્તકારક છે.

૫. વિ. જરા; થોડું.

કાંકડું (કાંકડ઼ું) ૧. [સં. કંક] ન. ઘણું ભુખાળવું એક પંખી.

૨. ન. પાણીમાં પલળે નહિ કે ઉકાળવાથી બફાય નહિ એવો અનાજ માંહેનો દાણો; કાંગડું; ગાંગડું.

કાંકડોલી સ્ત્રી. (શિલ્પ) અઢાર મુખ્ય માંહેનું એક કરણ.

કાંકણ ૧. [સં. કંકણ] પું. દોરો.

સંતો રે'ણીકરણીના ગુરુજી કાંકણુ બાંધે,
એ તો મુક્તિની માળા આપે. ભોજો

૨. સ્ત્રી. સિપાહીની એ નામની એક અટક.

૩. ન. ઇમામની હજૂરમાં કાંગવો ભર્યા પછી ઇમામ સાહેબ પોતે અથવા તેમના ફરમાનથી ભક્તો જેની આગળ બેઉ હાથ જોડીને નમન કરનારને પાણીમાં આંગળી બોળી બેઉ હાથનાં કાંડાં ઉપર ફરતું ચિહ્ન કરે છે તે.

૪. ન. એ નામની અટકનું માણસ.

૫. ન. એક જાતનું પક્ષી; કાંકણુદાર. કહેવાય છે કે કાંકણુ જનાવર બોલે ત્યારે ત્રણ દિવસ વરસાદ વરસે.

૬. ન. એક જાતનું લાલ ફળ.

૭. ન. કંકણ; બંગડી.

કાંકણુ મારું નથું રે મારા રાજ, બાવલડી સાહીને.
નરસિંહ

૮. ન. દાદરનો લાલ ભાગ.

૯. ન. સ્ત્રીઓને હાથે પહેરવાનો એક દાગીનો; ચૂડો; વલય; હાથનું કડું.

૧૦. વિ. એ નામની અટકનું.

૧૧. વિ. તરત ભાંગી જાય એવું; ક્ષણભંગુર.

૧૨. વિ. બરડ; બટકણું.

કાંકણુદાર ન. લાંબી ચાંચ અને લાલ મોવાળાના ચાંદલાવાળું, કાળા રંગનું એક મોટું પક્ષી. ચોમાસામાં તે બોલે ત્યારે વરસાદ તરત વરસે એમ મનાય છે.

કાંકણુદોરો પું. કંકણુદોરો; કાંકણ અને દોરો; લગ્નવિધિ દરમિયાન મંગળ ભૂષણ તરીકે કન્યાને પહેરાવેલાં કંકણ અને વરને હાથે બાંધેલ મીંઢળદોરો; વરકન્યાને બેઉને હાથે બાંધેલ રક્ષાસૂત્ર, વલય વગેરે વિવાહદીક્ષાનાં શુભ ચિહ્ન. લગ્નવિધિ પૂરો થતાં તે ગણપતિ આગળ છોડી નાખવામાં આવે છે.

કાંકણુદોરા છૂટવા = વૈવાહિક સમારંભ અને વિધિ પૂરો થવો; રક્ષામંગળ ઊતરવાં.

કાંકણુસાર ન. ચોમાસામાં સ્થળાંતર કરી આવતું એક જાતનું પક્ષી. તે ઘણુંખરું પાણી નજીક જોવામાં આવે છે.

કાંકણુહાર ન. એક જાતનું પક્ષી. કહેવાય છે કે તે કદી સૂતું નથી.

રાણા જોને રાત, પૃથમીને પોરો થિયો;
ન સૂવે નીંદરમાંય, હૈયું કાંકણુહારનું.
દુહો

કાંકણાસાર ન. એક જાતનું પંખી. જુઓ કાંકણુસાર.

કાંકણાં ૧. ન. એક જાતનું ઝાડ; ખાટીઆંબલી. તેનાં પાન પાતળાં, મથાળે પીળાશ લેતા લીલાં અને તળિયે ફીકાશ લેતા લીલા કે ધોળા રંગનાં હોય છે. પાન બેથી ત્રણ ઇંચ લાંબાં અને એકથી દોઢ આંગળ પહોળાં હોઈ તળિયે ગોળાઈ લેતાં ને મથાળે સાંકડાં થતાં જાય છે. ફૂલ રાતા રંગનાં અને ઘણાં પાસેપાસે આવે છે. ફળ રસભર્યાં, પીળાં, ખાટાં અને ૩ થી ૪ કે ૮ ખાંચાવાળાં થાય. તેમાં તેલિયા મગજવાળું ઝીણું અણીદાર બી થાય છે.

૨. ન. બ. વ. એક પ્રકારનાં ફળ; એક જાતનું વસાણું.

કાંકણિયો ૧. પું. એક જાતનો અમદાવાદી મશરૂ.

૨. પું. સ્ત્રીઓને હાથે પહેરવાનો એક દાગીનો.

કાંકણી ૧. સ્ત્રી. આંકડી; ચૂંક.

૨. સ્ત્રી. એક જાતની વનસ્પતિ; એક વસાણું.

૩. સ્ત્રી. એક જાતનું લૂગડું.

૪. સ્ત્રી. ખાંખણી.

૫. સ્ત્રી. (શિલ્પ) થાંભલાની વચમાં અગર મકરબો તથા મિનારાની અંદર કરવામાં આવતો ત્રણ ઇંચની આંટવાળો થર.

૬. સ્ત્રી. દાંતની ચૂડીની પાછળ પહેરવામાં આવતી એક પ્રકારની ચાંદીની ચૂડી.

૭. સ્ત્રી. દીવીના મથાળાનો એક ભાગ.

૮. સ્ત્રી. (શિલ્પ) શિખરબંધ દેરામાં ગલતાના થરથી ઉપરનો થર.

૯. [સં. કંકણ] સ્ત્રી. સ્ત્રીઓને હાથે પહેરવાનું કાંગરીદાર એક ઘરેણું; કંકણી; કાંગરાવાળું વલય; કંકણ.

કાંકણું ૧. ન. કાંગડું; પલાળવાથી કે બાફવાથી પણ પોચો થાય નહિ એવો કઠોળનો સખત દાણો.

આઠે પ્રહર ઉકાળીએ તો હે કાંકણું ના બદલાય.
દયારામ

૨. વિ. કાંકરિયું; કાંકરાવાળું.

૩. વિ. કાંગું.

કાંકણેજ સ્ત્રી. એક જાતનું કરિયાણું.

કાંકણેરું ન. બગલાની જાતનું એક પક્ષી. તે બોલે ત્યારે વરસાદ થવાનું મનાય છે.

કાંકર ૧. પું. ચૂનાનો પથ્થર. તે રસ્તો અને ચૂનો બનાવવામાં વપરાય છે.

૨. સ્ત્રી. કરવતના દાંતા.

૩. [સં. કર્કર] સ્ત્રી. કાંકરી; નાના કાંકરા.

૪. સ્ત્રી. કાંટાવાળું એક ઝાડ; કાંકચિયાનું વૃક્ષ; કાંકચ.

૫. સ્ત્રી. પીંજણનો એક ભાગ.

૬. સ્ત્રી. રંગ આપતી એક જાતની વનસ્પતિ.

કાંકરડી (કાંકરડ઼ી) સ્ત્રી. નાની કાંકરી.

કાંકરણી સ્ત્રી. દાતરડામાં કાંકર પાડવાનું સાધન.

કાંકર ભોં સ્ત્રી. કાંકરાવાળી જમીન.

કાંકરમેટ [કાંકર (કાંકરી) + મેટ (લઘુતાદર્શક શબ્દ)] સ્ત્રી. પોચી કાંકરી. સખત કાંકરીને મહોરમ કહે છે.

કાંકરવ ન. તૈલંગણ દેશમાં આવેલ એ નામનું ગામ.

કાંકરવું સ. ક્રિ. તીક્ષ્ણ બનાવવું.

કાંકરાળું વિ. કાંકરીવાળું.

કાંકરિયા ૧. સ્ત્રી. કણબીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કાંકરિયાળ ૧. સ્ત્રી. રેતીવાળી જમીન. તેમાં કપાસનો પાક સારો થાય છે.

૨. વિ. રેતાળ; કાંકરીવાળું.

કાંકરિયાળકોબી સ્ત્રી. કોબી જાતની જમીનનો એક ભેદ.

કાંકરિયાળું ૧. વિ. કાંકરીથી ચણેલું.

કાંકરીઆળા કોટ, પીઠા! તેં કૈંક પાલટ્યા,
ગડગડીઆળા ગઢ, વસમા છ વેજી તણા.
દુહો

૨. વિ. કાંકરીવાળું.

૩. વિ. ખૂંચે એવું.

કાંકરિયું ૧. ન. અમદાવાદનું એ નામનું એક તળાવ. તેનું ખોદકામ ચાલતું હતું ત્યારે એક દિવસે હઝરત શાહઆલમ એ ખોદકામ આગળ થઈને પસાર થયા. ત્યાં એક કાંકરો એના પગમાં પેસી ગયો અને એ બોલી ઊઠ્યા કે આ કેવો કાંકરો? અને એ ઉપરથી એ તળાવ કાંકરિયા નામે ઓળખાયું.

૨. ન. દેવું; કરજ.

૩. વિ. કાંકરીવાળું.

કાંકરી ૧. સ્ત્રી. અફીણની કટકી.

૨. સ્ત્રી. (સંગીત) એ નામનો એક રાગ.

૩. સ્ત્રી. કોઈ ચીજનો નાનો કકડો.

૪. સ્ત્રી. ચકમકનો પથ્થર.

૫. સ્ત્રી. ચિચોડો ચાલતો હોય ત્યાં વસવાયાં વગેરેને અપાતો થોડો ગોળ.

૬. સ્ત્રી. નવકાંકરીની રમત.

૧. કાંકરી ભરવી = રમતમાંની કાંકરીને એકસરખી હારમાં મૂકવી.

૨. કાંકરીએ રમવું = નવકાંકરીની રમત રમવી.

૭. [સં. કર્કર] સ્ત્રી. નાનો કાંકરો; કંકર; મરડિયો ઝીણો કણ; પથ્થરનો નાનો દાણો. તેની ત્રણ જાત: (૧) કસની કાંકરી એટલે જમીનનાં વળાંમાંથી ખોદીને કાઢેલી કાંકરી. (૨) ચૂનાની કાંકરી એટલે ચૂનો પકવ્યા પછી તેમાં રહેલી પાકયા વગરની કપચી. (૩) વિણાઉ કાંકરી એટલે ખેતર અથવા ધારમાંથી વીણી કાઢેલી કાંકરી.

કાંકરી ઘડો ફોડે = (૧) કાળનું માહાત્મ્ય મોટું છે. (૨) વખતે નાના માણસથી પણ મોટું કામ થઈ જાય.

૮. સ્ત્રી. પથરી; એ નામનો એક રોગ.

૯. સ્ત્રી. પ્રતિષ્ઠા; આબરૂ.

૧. કાંકરી કાઢી નાખવી = કીમત કાઢી નાખવી.

૨. કાંકરી નીકળી જવી = નમાલા થવું.

૩. કાંકરી મારી જવી = આબરૂ જવી.

૧૦. સ્ત્રી. બાજીનું સોગઠું; ચોપાટ વગેરે રમતની સોગઠી.

કાંકરી મારવી = (૧) ખરે વખતે કામ કરવું. (૨) તાલ લાગ જોઈને બરોબર વખતે સામાને ફટકો મારી પોતે જીતી જવું; શેહ દેવી; છાપ મારવી.

૧૧. સ્ત્રી. રેતી.

૧૨. સ્ત્રી. હોકાની ચલમમાં રાખવામાં આવતી ઠીકરાની ચપટી ગોળ કટકી; ઠીકરી.

કાંકરીકસ્તર ન. ઝીણી ઝીણી રજ; કણ; અણુ.

કાંકરીકામ સ્ત્રી. રસ્તામાં કાંકરી બેસાડવાનું કામ.

કાંકરીકુચામણી સ્ત્રી. એ નામની એક દેશી રમત; ખોળાકાંકરી; ચણકચીભડી; બેઠીકુકરી.

કાંકરીચાળો ૧. પું. અડપલું; અટકચાળું; ચાંદવું; છેડતી.

૨. પું. એકબીજા ઉપર કાંકરા નાખવાની રમત.

૩. પું. મશ્કરીમાં કે ગુસ્સામાં કોઈના ઉપર કાંકરી નાખવી તે.

કાંકરીચાળો કરવો = (૧) મશ્કરીમાં કાંકરા ફેંકવા. (૨) સામાને ઉશ્કેરણી થાય એવું કરવું. (૩) હાથચાલાકી ચલાવવી; યુક્તિ કરવી; સોગઠાં ફેરવી નાખવાં.

કાંકરીદાવ પું. સોગઠાંને બદલે કાંકરીઓ મૂકીને રમાતી એક રમત. તેમાં સોળ કાંકરી અને એક વાઘ હોય છે.

કાંકરીનંખામણી સ્ત્રી. એ નામની એક રમત; ગણગણમોચલો.

કાંકરેજ ૧. વિ. ગુજરાતનાં ઢોરની એક જાતનું. ગુજરાતનાં ઢોરના ચાર વર્ગ: કાકરેજ, વઢિયાળ, ગીર અને માળવી. ગુજરાત તેની કાંકરેજ જાતની ગાય, આખલા અને ભેંસ માટે પ્રખ્યાત છે. ગાય બહુ દૂધવાળી ને બળદ મોટા ને સફેદ થાય છે.

૨. ન. ગુજરાતનું એ નામનું ગામ.

કાંકરેજી ૧. પું. કાંકરેજ તરફ થતા એક જાતના બળદ. તે મોટા અને સફેદ થાય છે.

૨. સ્ત્રી. એક જાતની બહુ દૂધવાળી ગાય.

૩. વિ. કાંકરેજ તરફનું.

કાંકરેટ ૧. [અં. કૉંક્રીટ] સ્ત્રી. ચૂનો, કાંકરા, મરડ વગેરેની જમાવટનો થર.

કાંકરેટ કરવી = ઈંટના કટકા, પથ્થર કે કાંકરા સાથે ચૂનો નાખી તેને જોરથી કૂટી બેસાડવું; થર કરવો; ચૂનાગચ્ચી કરવી.

૨. સ્ત્રી. રેતી, મરડિયા પથ્થરના કકડા વગેરેને ડામર કે સિમેંટ સાથે મેળવી રસ્તા ઉપર ફરસબંધી કરી લેવાનું મિશ્રણ.

કાંકરેશ્વરી સ્ત્રી. એ નામની એક દેવી.

કાંકરો ૧. [સં. કંકર] પું. ઈંટ, પથ્થર અથવા સખત માટી વગેરે વસ્તુનો નાનો ગોળ કકડો; ગાંગડો; ગટ્ટો; ઢેફું; દગડ; ઈંટાળો.

૧. એક કાંકરે બે પક્ષી મારવાં = ચાલાકી કે યુક્તિ વાપરવી.

૨. કાનમાં કાંકરા ઘાલવા = (૧) દુઃખ આપવા કાંકરાથી કાન ઉમેળવા. (૨) ન સાંભળવા જેવું સાંભળી રહેવું; મૌન રહેવું; ઉપેક્ષા કરવી. (૩) લાગણી ન હોવી. (૪) સાંભળ્યું ન સાંભળ્યું કરવું; જાણે સાંભળતા જ ન હોઈએ તેમ દુર્લક્ષ દાખવવું; બહેરા થવું.

૩. કાંકરે કાંકરે પાળ બંધાય = થોડે થોડે મોટું કામ થાય; ટીપે ટીપે સરોવર ભરાય.

૨. પું. કોઈ પણ કઠણ વસ્તુનો નાનો ગાંગડો.

૩. પું. ખીલ; પાંપણની અંદરની બાજુએ થતા લોહીના નાના નાના ગઠ્ઠાનો એક રોગ.

આંખમાં કાંકરો આવવો = આંખનો દુખાવો હોવો.

૪. પું. ઝીણો પથ્થર.

૫. પું. પથ્થરપેન; સ્લેટમાં લખવાનું વતરણું.

૬. પું. ફાંસ; આડ; અડચણ; નડતર; પ્રત્યવાય; કંટક.

૧. કાંકરો કાઢવો = (૧) કોઈને વિષે ભૂંડું કહીને તેનો પગ કઢાવવો. (૨) નડતર કાઢવું. (૩) નદીના તળમાંથી ચૂનો પકવવા કાંકરી લેવી.

૨. કાંકરો ખૂંચવો = (૧) કાંકરાની માફક ભોંકવું. (૨) મનમાં દુઃખી થવું; મનમાં લાગવું.

૭. પું. માનબુદ્ધિ; કીમત.

૧. આબરૂના કાંકરા કરવા-થવા = માનભંગ થવું; શાખ ગુમાવવી; ફજેત થવું; વકર ઘટાડવો; આબરૂ તૂટી જાય એવું કામ કરવું; ન છાજતું કામ કરવું.

૨. કાંકરા પડવા = (૧) આંખોમાં ખીલ પડી જવાથી ખટકો થવો. (૨) લોકોથી તિરસ્કાર થવો; ફિટકાર થવો; નાલાયક ગણાવું; જાહેરમાં ફટફટ થવું.

૩. કાંકરો કાઢી નાખવો = (૧) કીમત ઉતારી નાખવી; કંઈ હિસાબમાં ન ગણવું; નિરુપયોગી ગણી કાઢવું; નિર્માલ્ય ગણવું; રદ કરવું. (૨) માર્ગમાંથી દૂર કરવું; કાંકરાની પેઠે નડતી અડચણ દૂર કરવી; હરકત કરનારી વસ્તુ ટાળવી; નડતર કાઢવું; કોઈને વિષે ભૂંડું કહીને તેનો પગ કાઢવો. (૩) સંદેહ કે મનની લાગણી દૂર કરવી; ખટકો ટાળવો; ભ્રાંતિ ટાળવી.

૮. પું. સંદેહ; શંકા; વહેમ; ભ્રાંતિ; શક; ખટકો.

૯. પું. હિંદુસ્તાનની જમીનમાંથી નીકળતો ખરબચડો ચૂનાનો પથ્થર. તે સડક અને ચૂનો બનાવવામાં વપરાય છે.

કાંકરોલ સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

કાંકરોળી સ્ત્રી.; ન. એક જાતનું પક્ષી; કાંકણસાર. સફેદ કાંકરોળી, કાળી કાંકરોળી અને ચળકતી કાંકરોળી એમ એની ત્રણ જાત છે. ત્રણેનો આકાર સરખો હોય પણ માત્ર રંગમાં ફેર હોય. તેની કાયા નાના કૂકડા જેવડી, પગ લાંબા અને ચાંચ છ આંગળ લાંબી ને દાતરડાની પેઠે વળેલી હોય છે. એમની વિચિત્ર ચાંચને લીધે તે ઝટ ઓળખાઈ આવે છે. આ પંખી પાણીમાં કે કિનારે જીવડાં શોધતું મૂંગે મોંએ ફર્યા કરે છે. ધોળી કાંકરોળીનું આખું શરીર સફેદ, બોડકું માથું, પીંછાં વિનાની ગરદન, અને ચાંચ તથા પગ કાળાં હોય. કાળી કાંકરોળી આખા ડીલે કાળા રંગનું, પાંખમાં સફેદ પટાવાળું અને પગ ચકચકિત લાલ રંગના હોય. માથાના પાછલા ભાગ ઉપર લાલ માંસગ્રંથિ હોય. ચળકતી કાંકરોળીનો વાન ઘોડા જેવો લાલ, માથું, પાંખો અને પૂછડી ઘેરા તપખીરિયા રંગનાં, ચાંચ મેલા લીલા રંગની અને પગ ઘેરા લીલા હોય. ત્રણે જાત ગુજરાતમાં રહે છે, પણ ધોળી કાંકરોળી સૌથી વધુ નજરે પડે છે. એને સમૂહમાં રહેવું ગમે છે. બાકીની બેઉ જાત એકલપેટી છે. ચળકતી જાત ક્યાંક જ દેખાય છે.

કાંકલ પું.; સ્ત્રી. કાંટાકાંટાવાળી એક વનસ્પતિ; કાંકોલ.

કાંકલડી (કાંકલડ઼ી) સ્ત્રી. કાંકરી.

વૃંદાવનને મારગ જાતાં,
પાઉંમેં ખૂંચે ઝીણી **કાંકલડી**. મીરાંબાઈ

કાંકશા સ્ત્રી. એક વનસ્પતિ. તેનાં પાન એક બાજુ સીધાં, લંબગોળ અને બોરડીનાં પાન જેવડાં થાય છે. મૂળ સુવાવડી બાઈને માથું ધોવાના કામમાં આવે છે.

કાંકસિયા ૧. પું. બ. વ. (જૂ. ગુ.) કપાશિયા; કપાસનાં બી.

કરઈ વણજ **કાંકસીઆ** કોઈ,
પીલણ કર્મે લહી જઈ સોઈ. લાવણ્યસમય

૨. પું. બ. વ. વાળનાં ઝુલકાં.

કાંકસિયો પું. દવા તરીકે ઉપયોગી એક જાતનું કાળું ફળ.

કાંકસી ૧. સ્ત્રી. એક જાતનો છોડ; કંગણી.

૨. સ્ત્રી. કાંસકી.

કાંકસીકસ ન. પૂછડીનું હાડકું; પૂંઠના હાડકાની ટોચ સાથે વળગેલું હાડકું.

કાંકસું [સં. કર્કશ; પ્રા. કક્કસ] વિ. કર્કશ; કઠોર; તીવ્ર.

કાંકળ ૧. સ્ત્રી. કાંટાકાંટાવાળી એક વનસ્પતિ; કાંકોળ.

૨. ન. અંતર; છેટું.

કાંકાયન ગુટિકા [સં.] સ્ત્રી. (વૈદ્યક) એ નામની એક દવા. તે બનાવવા હળદર ૨૦ તોલા, મરી, જીરૂં, પીપર, ચવક, પીપરીમૂળ, ચિત્રક અને સૂંઠ દરેક ચચ્ચાર તોલા, ભિલામું ૩૨ તોલા, દેવદાર ૬૪ તોલા, જવખાર ૮ તોલા અને એ બધાંથી બમણો ગોળ નાખી ગોળી બનાવાય છે.

કાંકાયન મોદક [સં.] પું. (વૈદ્યક) અર્શ ઉપર અપાતી એક જાતની ગોળી. તેની બનાવટમાં હરડે ૫ પલ, જીરૂં ૧ પલ, મરી ૧ પલ, પીપર ૧ પલ, પીપરીમૂળ ૨ પલ, ચવક ૩ પલ, ચિત્રક ૪ પલ, સૂંઠ ૫ પલ, જવખાર ૨ પલ, ભિલામું ૮ પલ અને સાકર કે ગોળ એ બધાંથી બમણા પ્રમાણમાં લઈ તેની ગોળી બનાવાય છે.

કાંકાયન વટી [સં.] સ્ત્રી. (વૈદ્યક) એ નામની એક દવા. સંગ્રહણી, પાંડુરોગ, હરસ, ગુદારોગ, ગુલ્મ, વાયુનો ગોળો, બાદી, મંદાગ્નિ તથા અજીર્ણના રોગ ઉપર મધ કે પાણી સાથે અપાતી એક જાતની બનાવટની ગોળી.

કાંકાયની ગુટિકા જુઓ કાંકાયન ગુટિકા.

કાંકાયની વટી જુઓ કાંકાયન વટી.

કાંકાં ૧. પું. અવાજ.

૨. પું. કાગડાનો અવાજ.

૩. પું. બતકનો અવાજ.

કાંકિણી સ્ત્રી. દમડી; પૈસાનો ચોથો ભાગ.

૪ કાવડિયાં = ૧ ગંડા
૪ ગંડા = ૧ દમડી (કાંકિણી)
૪ દમડી = ૧ પૈસો

કાંકી સ્ત્રી. (યોગ) એ નામની એક મુદ્રા.

કાંકીડો પું. એ નામનું એક જંતુ; કાચિંડો; સરડો; કાકીડો.

કાંકે ૧. અ. કંઈ પણ.

૨. [સં. કિમ્] અ. કેમકે; કારણકે.

૩. અ. ક્રોધે; આવેશમાં.

કાંકે ચડવું = કમકમી આવે ને રૂંવાં ઊભાં થાય એવા ક્રોધમાં આવી જવું; ચિડાવું.

કાંકોટિયું ૧. ન. ખભા ઉપર ગરદન નાખી બેસવું તે.

૨. વિ. દુર્બળ; નબળું.

કાંકોર ૧. પું. કરચલો.

૨. પું. કર્ક રાશિ.

કાંકોલ જુઓ કાંકોળ.

કાંકોલી સ્ત્રી. હિમાલય ઉપર ઊગતી એક વનસ્પતિ.

કાંકોળ પું.; સ્ત્રી. કાંટાકાંટાવાળી થોરની જાતની એક જંગલી વનસ્પતિ. તેની ડાળીઓનાં ગૂંચળાંમાં જાળાં બંધાય છે અને પીળાં ફૂલ થાય છે.

ઊંટ અતિ પ્રીત **કાંકોળ** ચાવે,
તેને આમ્રકુંપળી ન ભાવે. દયારામ

કાંક્રીટ [અં. કૉંક્રીટ] ન. રેતી, મરડિયા પથ્થરના ટુકડા વગેરેને ડામર કે સીમેંટ સાથે ભેગું કરીને ફરસબંધી કરવા માટે કરવાનું મિશ્રણ; કાંકરેટ.

કાંક્ષ્ [સં.] સ. ક્રિ. (ધાતુ) ઇચ્છા રાખવી; આશા રાખવી. તે ઉપરથી થયેલ શબ્દઃ આકાંક્ષા; કાંક્ષિત; વિકાંક્ષિત.

કાંક્ષણીય [સં.] વિ. ઇચ્છવા જેવું.

કાંક્ષનીય વિ. ઇચ્છા કરવા યોગ્ય; ચાહવા લાયક.

કાંક્ષવું [સં. કાંક્ષ્] સ. ક્રિ. ઇચ્છવું; અભિલાષા રાખવી.

કાંક્ષા [સં.] સ્ત્રી. અભિલાષા; ઇચ્છા; આકાંક્ષા.

કાંક્ષિત [સં.] વિ. ધારેલું; ઇચ્છેલું.

કાંક્ષી ૧. સ્ત્રી. એક પ્રકારની સુગંધી માટી; સોરઠી માટી.

૨. [સં. કાંક્ષિન્] વિ. ઇચ્છા રાખનાર. ચાહનાર; ઇચ્છા કરનાર. તે સમાસને અંતે વપરાય છે. જેમકે, દર્શનકાંક્ષી.

કાંખ ૧. [સં. કક્ષા] સ્ત્રી. બગલ.

૨. [હિં.] સ્ત્રી. બગલમાં નાખવાનો લૂગડાનો કકડો.

કાંખવું ૧. અ. ક્રિ. ઝાડો કરવામાં મહેનત પડવી.

૨. અ. ક્રિ. વિલાપ કરવો; શોક કરવો.

કાંખા [હિં.] પું. ખરચુ જતી વખતે બળ કરવું તે.

કાંખી ૧. સ્ત્રી. બંને બાજુ દાંતાવાળો સ્ત્રીઓનો દાંતિયો.

૨. સ્ત્રી. ખૂંગણ.

કાંખોલી સ્ત્રી. અજમોદ.

કાંગ ૧. [સં. કંગુની] પું.; સ્ત્રી.; ન. સામાની જાતનું એક જાતનું હલકું પીળું ધાન્ય; કાંગની;

પ્રિયંગુ, ફલિની; ફંગુન; કાંતા; લતા; ગુંદ્રા; ગુંદ્રફલા; સ્યામા; અંગના; વિષ્વક્સેના; પ્રિયા. તેનો છોડ બે અઢી હાથ ઊંચો અને દેખાવમાં બાજરા જેવો હોય પણ પાંદડાં પહોળાં હોતાં નથી. છોડમાં લાંબાં અને બારીક કણુસલાં આવે છે. તેમાંથી દાણા નીકળે છે. તેની ઉપરની છાલ જાડી અને રાતી, પીળી, કાળી એવા ત્રણ ચાર જાતના રંગની હોય છે. કાંગને શેકીને તેનો લોટ થાય છે. કાંગનો ભાત, લાડુ વગેરે ખાવાના પદાર્થ બને છે અને દવામાં તથા ઢોરના ખાણમાં વપરાય છે. કાંગ શીતળ, વાતકારક, રૂક્ષ, વૃષ્ય, તૂરી, ધાતુવર્ધક, સ્વાદુ, ગુરુ, ઘોડાને હિતાવહ, ભાંગેલાં હાડકાંને સાંધનાર, ગર્ભપાતના અટકાવમાં હિતાવહ અને કફ તથા પિત્તનો નાશ કરનાર છે અને જ્વર, ગોટો, તૃષા અને ઝેર ઉપર ઉપયોગમાં આવે છે. આ ધાન્ય કાળું, લાલ, ધોળું અને પીળું એમ ચાર રંગનું થાય છે.

૨. સ્ત્રી. કાંસકી.

કાંગચ સ્ત્રી. એક જાતની વેલ. તેનાં થડ, પાન, ડાળી બધાંમાં કાંટા હોય છે. પોપટા અંદરથી સખત છોડનું બી નીકળે તેને કાંકચિયો કહે છે. તે દવાના કામમાં આવે છે.

કાંગચિયાં ન. બ. વ. કાંકચનાં ફળ; કાંકચિયા.

કાંગચિયો પું. કાંગચનું ફળ; કાંકચિયો.

કાંગડ (કાંગડ઼) ન. તાણા ઉપર ફેરવવાના કામનું વણકરનું એક ઓજાર; કાંઠલો; ફૂસકું.

કાંગડા (કાંગડ઼ા) ૧. સ્ત્રી. મેમણની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કાંગડી (કાંગડ઼ી) ૧. [હિં.] સ્ત્રી. નાની અંગીઠી. તે અંગૂરના વેલની બને છે. કશ્મીરી લોકો ગળામાં પહેરે છે. પુરુષો છાતીની પાસે અને સ્ત્રીઓ નાભિની પાસે લટકાવે છે.

૨. સ્ત્રી. મદ્રાસ તરફની એક ભાષાનું નામ.

૩. ન. હરિદ્વાર; હરદ્વાર.

કાંગડુ (કાંગડ઼ુ) જુઓ કાંગડું.

કાંગડું (કાંગડ઼ું) ૧. ન. ધાન્ય સાથે ભળી જાય એવો પથ્થરનો નાનો કટકો.

૨. [સં. કંકર] ન. પાણીથી પલળે નહિ કે ઉકાળવાથી બફાય નહિ એવો કઠોળનો દાણો; કાંગડુ; ગાંગડું; ડોળ; કોરડું.

કાંગડો (કાંગડ઼ો) પું. ગંજી.

કાંગડોળી (કાંગડ઼ોળી) ન. એક જાતનું ઇમારતી લાકડું.

કાંગડોળું (કાંગડ઼ોળું) ન. કઢાયાના ઝાડનું બી. એને શેકીને રાની લોકો દુકાળના વખતમાં ખાય છે.

કાંગણિયું ન. કાળું સુતરાઉ કપડું.

કાંગણી સ્ત્રી. (કચ્છી) એક જાતનો વેલો; માલકાંગણની વેલ. તેનાં લીલા રંગનાં ફૂલ પાકે ત્યારે પીળાં થઈ જાય છે.

કાંગણું જુઓ કાંગડું.

કાંગન ૧. પું. એ નામના છોડનું બી.

૨. પું. એ નામનો એક છોડ.

કાંગની [હિં.] સ્ત્રી. એક જાતનું હલકું ધાન્ય; કાંગ.

કાંગરવું અ. ક્રિ. ગુસ્સે થવું; રીસે ભરાવું.

કાંગરા ૧. પું. બ. વ. કાંગરો શબ્દનું બહુવચન.

૨. ન. રાવી નદીના મૂળ નજીકનું એક પ્રાચીન ગામ; ત્રિગર્ત.

કાંગરાદાર [ફા. કંગુરા + દાર (વાળું)] વિ. કાંગરાવાળું; દાંતા પાડેલા હોય એવું; જેના શિખરની સપાટી ઉપર કોરણ હોય એવું.

કાંગરાવાળું જુઓ કાંગરાદાર.

કાંગરિયો વિ. પું. કાંગરાવાળો.

કાંગરી ૧. [ફા. કંગુરા] સ્ત્રી. કરવતના દાંતા જેવી શંકુ આકૃતિની અણીદાર ભાત; દાંતાવાળી તરેહ; નાનો કાંગરો.

૨. સ્ત્રી. કોર; ધાર; કિનાર.

૩. સ્ત્રી. ગાડા, ગાડી કે પટારા ઉપર જડવામાં આવતી કિનારીવાળી પટી.

૪. સ્ત્રી. ઝીકની ટીકી સાથે ભરતકામમાં વપરાતી જાડા તારની ભૂંગળી.

૫. સ્ત્રી. પાર્શ્વક; શિરાગ્રંથિ.

કાંગરૂ ન. એક જાતનું ચોપગું જાનવર; કાંગારૂ.

કાંગરો ૧. [ફા. કંગુરા] પું. કોટના કોરાણ ઉપરનું એક ચણતર; કિલ્લા ઉપરની સપાટીએ ચણતરની કાઢેલી શંકુ આકારની લહેર.

૨. પું. ત્રિકોણાકાર દાંતાદાંતાવાળી સપાટીમાંનો અક્કેક દાંતો; કંગુરો; શૃંગ.

૩. પું. બારીઓવાળો કોટ.

કાંગરા કૂદવા = હદ બહાર જતા રહેવું.

૪. પું. ભરત ભરવાની એક તરેહ.

૫. પું. મોટા દાંતાની કાંગરી.

૬. પું. લાકડામાં ત્રિકોણાકારે કરેલું કોતરકામ.

૭. પું. શિખર; શંકુ આકૃતિનું શિખર.

કાંગલું ૧. વિ. આત્મબળ વગરનું.

૨. વિ. કાયર; રોતડું.

૩. વિ. ગરીબ; દીન.

૪. વિ. નિર્માલ્ય; માલ વગરનું.

૫. વિ. બીકણ; નાહિંમત; બાયલું.

૬. વિ. લાડકું.

૭. વિ. શક્તિ વિનાનું; કૌવત વગરનું.

કાંગવું ૧. ન. કાંગની બનાવેલી ખાવાની વાની; કાંગવો.

૨. વિ. ગરીબ; કંગાળ.

૩. જુઓ કાંગલું.

કાંગવો ૧. પું. કાંગમાંથી બનાવેલો ખાવાનો પદાર્થ.

૨. પું. પગના ફણા ઉપરનો દંડ.

૩. પું. વફાદારીનું વચન; બેઅત. હજરત અલી અને તેની પરંપરા માંહેના પુરુષને ઇમામ માનનારા દરેક સ્ત્રીપુરુષ પોતાના વખતના ઇમામની તાબેદારી તન, મન, ધનથી કરવાનો કોલ આપે છે તે પ્રસંગની ક્રિયાને કાંગવો કહે છે.

કાંગશિયો પું. કાંચકીના ઝાડનું ફળ; કાંકચિયો.

કાંગસ સ્ત્રી. દવામાં ખપ લાગતો એક છોડ. તેનાં ફળ સ્ત્રીઓ માથું ધોવામાં વાપરે છે.

કાંગસડી (કાંગસડ઼ી) સ્ત્રી. માથું ઓળવાની કાંસકી.

કાંગસરિયો પું. એ નામની એક વનસ્પતિ; શેળો.

કાંગસિયાં ન. બ. વ. એક જાતનાં ફળ.

કાંગસી ૧. સ્ત્રી. એક જાતની વનસ્પતિ; કાંકસી; કાંસકી. તેને જાડા ગોળ કાંગરાવાળાં ફૂલ થાય છે અને દરેક કાંગરામાં અક્કેકું બી થાય છે. તે દવાના કામમાં આવે છે. એનાં પાન હથેળી જેવડાં મોટાં હોય છે.

૨. સ્ત્રી. બે ખેલાંને જોડી રાખનાર કાંસકીના આકારની વચમાં સાંકડી લાકડાની ફાડ.

૩. સ્ત્રી. વાળ ઓળવાનું સાધન; કાંસકી.

કાંગસું ન. પગની પાટલીના ઉપલા ભાગમાં પડતું ભાઠું.

કાંગસ્યો પું. એક જ બાજુ દાંતાવાળો પુરુષનો દાંતિયો.

કાંગહુઉવેલ સ્ત્રી. એક જાતની કાળી માછલી. તે ૧૬ થી ૨૪ ફૂટ લાંબી થાય છે. એની છાતી પાંચ ફૂટ પહોળી હોય છે. તેના ગળા તરફનો ભાગ સફેદ ચળકતો હોય છે.

કાંગા ૧. પું. વજ.

૨. સ્ત્રી. કોડી.

૩. સ્ત્રી. પારસીની એ નામની એક અટક.

૪. ન. પારસીની એ નામની અટકનું માણસ.

૫. વિ. એ નામની અટકનું.

કાંગાઈ ૧. સ્ત્રી. અસહનશીલતા; અસહિષ્ણુતા; કાંગું હોવાપણું.

૨. સ્ત્રી. કાયરતા; રોતડાપણું.

૩. સ્ત્રી. ગરીબાઈ; દૈન્ય.

૪. સ્ત્રી. બીકણપણું; બાયલાપણું.

૫. સ્ત્રી. લાડકું હોવાપણું.

કાંગાનીંદર સ્ત્રી. કાગડાની જેવી એટલે ઝટ ઊડી જાય એવી ઊંઘ; કાગાનીંદર.

કાંગામૂંડા પું. બ. વ. ગરીબાઈ ગાવી તે; દુઃખ ગાવાપણું; વલોપાત.

કાંગામૂંડી સ્ત્રી. કાંગલાઈ; કાયરતા.

કાંગામૂંડી ના કરે, જેનાં રજપૂતી હાડ;
એ તો મારે કાં મરે, સાચું સોરઠિયો ભણે.

લોકોક્તિ

કાંગાયમ સ્ત્રી. આખલાની એક જાત.

કાંગારુ [અં.] ન. ઓસ્ટ્રેલિઅનું ઉંદરના આકારનું પણ કદમાં મોટા બકરા કે ઘેટા જેવડું ચોપગું, ઘાસ ખાનારૂં, સ્તનંધય એક પ્રાણી. તેનું મોં નાનું અને કાન મોટા હોય છે. આગલા પગ બહુ જ ટૂંકા અને પાછલા પગ મજબૂત અને બહુ જ લાંબા હોય છે. પ્રમાણમાં ઘણા નાના આગલા પગ આગળ વધવાના કામમાં વપરાતા નથી. બે મોટા પાછલા અંગૂઠાને જબરા નખ હોય અને તે વડે જ એ પ્રાણી પોતાનો બચાવ કરી શકે છે. તે ઠેકડા મારતું ચાલે છે. તેની પૂછડી લાંબી અને જાડી હોય છે. તે ઊભતી કે ચાલતી વખતે આધાર આપે છે. માદાના પેટ ઉપર ચામડીની કોથળી હોય છે. બચ્ચાં જન્મ્યા પછી મોટાં થાય ત્યાંસુધી એમાં રહે છે.

કાંગારોળ ૧. પું.; સ્ત્રી.; ન. કાગડા એકસામટા બોલે તેવી રીતનું કકળાણ.

૨. પું.; સ્ત્રી.; ન. કાંગા માણસના જેવી રડારોળ.

૩. પું.; સ્ત્રી.; ન. કોઈકને ભૂંડા લગાડી રડવું તે.

૪. પું.; સ્ત્રી.; ન. દુખિયાના રડવાના શબ્દનો અવાજ; કળેળાટ.

કાંગાલિની સ્ત્રી. કંગાલ પુરુષની સ્ત્રી.

કાંગાવેડા (કાંગાવેડ઼ા) ૧. પું. બ. વ. કાંગાઈ; કાંગા હોવું તે.

૨. પું. બ. વ. પ્રપંચ; તરકટ; કારસ્તાન; લુચ્ચાઈ.

કાંગુઓ પું. કાંગમાંથી બનતો ખાવાનો એક પદાર્થ; કાંગવો.

કાંગુક [ફા.] પું. ચોખાની એક જાત.

કાંગુવા પું. બ. વ. કાંગના દાણા.

કાંગું જુઓ કાંગલું.

કાંગુંમૂંડું વિ. કાંગું.

કાંગો પું. પાણકોરાનું ચોળિયું બનાવતાં વપરાતો એક જાતનો લાલ રંગ.

કાંગોણી પું. આશરે બે હાથ ઊંચો વધતો એક છોડ. તેમાં આવતાં ચણોઠી જેવાં રાતાં ફળ ખાવામાં સ્વાદિષ્ટ છે. પાંદડાંમાંથી લાલ રસ નીકળે છે તે લાલ સાહીની ગરજ સારે છે. કાનમાં જંતુ ગયું હોય તો પાંદડાંનો રસ કાનમાં નાખવાથી જંતુ મરી જાય છે. તેનાં મૂળ દવામાં વપરાય છે.

કાંગોલિયું વિ. નબળું; દૂબળું; પાતળું.

કાંગ્રી પું. સિંધમાં થતા એક જાતના ચોખા.

કાંઘી સ્ત્રી. બંને બાજુ દાંતાવાળો દાંતિયો.

કાંચ્ [સં.] સ. ક્રિ. (ધાતુ) પ્રકાશવું. તે ઉપરથી નીકળેલ શબ્દ: કાંચન.

કાંચ ૧. પું.; સ્ત્રી. (હિંદી) આમણ નીકળવી તે; મળાશયનું બહાર નીકળવાપણું.

૧. કાંચ કાઢવી = ખૂબ ગૂંદવું.
૨. કાંચ નીકળવી ≐ આમણ નીકળવી.

૨. પું.; સ્ત્રી. ઉજ્જડ જમીનમાંથી નીકળેલો ખરબચડો કાચ.

૩. [સં. કક્ષ; પ્રા. કચ્છ] પું.; સ્ત્રી. કછોટો.

૪. પું.; સ્ત્રી. કાચ.

નીલા કાંચ = (૧) ભરોળ; સોળ. (૨) આસમાની.

૫. પું.; સ્ત્રી. ગુદાચક્ર; ગુદેંદ્રિયનો અંદરનો ભાગ.

૬. સ્ત્રી. બગલ.

૭. વિ. અમુક વજનથી નીચેનું.

૮. વિ. અસ્થિર; દૃઢ નહિ એવું.

૯. વિ. આછા રંગનું.

૧૦. વિ. આધાર રખાય નહિ એવું.

૧૧. વિ. કાચી માટીનું બનેલું.

૧૨. વિ. કાચું; અપક્વ; નહિ પાકેલું.

૧૩. વિ. ખરાબ; દુષ્ટ.

૧૪. વિ. ખરૂં નહિ એવું; કૃત્રિમ.

૧૫. વિ. ખામીવાળું; દોષિત.

૧૬. વિ. ચોક્કસ નિશ્ચયવાળું.

૧૭. વિ. નબળું.

૧૮. વિ નવું; લીલું.

૧૯. વિ. બરડ; જલદી ભાંગી જાય એવું.

૨૦. વિ. બિનપાયાદાર; વજૂદ વગરનું.

૨૧. વિ. બીકણ; ડરપોક.

૨૨. વિ. મૂઢ. જેમકે, કાંચ ગૂમડું.

૨૩. વિ. મેળવણીવાળું; સેળભેળ કરેલું.

૨૪. વિ. વજનમાં ઓછું.

૨૫. અ. આશરે; અટકળે.

કાંચકડી (કાંચકડ઼ી) સ્ત્રી. કાંચકી; માથું ઓળવાની કાંસકી.

સોનલા વાટકડી ને રૂપલા **કાંચકડી**;
બાળુડો જોગી નાહવા બેઠો રે ભરથરી.

બાળસાહિત્યમાળ

કાંચકાર વિ. કાચનું કામ કરનાર.

કાંચકી ૧. સ્ત્રી. ગળામાં અડચણ હોવી તે; ગળું રૂંધાઈ જવાપણું.

૨. સ્ત્રી. જેમાં કાંકચિયા થાય છે તે એક જાતની વનસ્પતિ; કાંકચ.

૩. સ્ત્રી. માથું ઓળવાની કાંસકી.

૪. સ્ત્રી. મુશ્કેલી.

કાંચકું ન. કાંચકી નામની વનસ્પતિનું ફળ; કાંકચિયો.

કાંચકો જુઓ કાંચકું.

કાંચગાર ૧. સ્ત્રી. ખાનદેશ તરફ રહેતી અને કંસારાનો ધંધો કરતી એ નામની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

કાંચડો (કાંચડ઼ો) પું. એક જાતનું પ્રાણી; કાકીડો.

કાંચન ૧. [સં.] પું. ઉંબરાનું ઝાડ.

૨. પું. કાંચનવૃક્ષ.

૩. પું. ચંપાનું ઝાડ.

૪. પું. (પુરાણ) ચ્યવનભાર્ગવ ઋષિ.

૫. પું. ધતૂરાનો છોડ.

૬. પું. (બૌદ્ધ) બુદ્ધ પછી એના ધર્મમાં થયેલો એ નામનો એક બૌદ્ધ. કાશ્યપ, વિપશ્યી, શિખી, વિશ્વભૂ, કુકુછંદ, કાંચન અને શાક્યસિંહ એ સાત બૌદ્ધ થયા કહેવાય છે.

૭. પું. (પુરાણ) સોમવંશી વિજયકુળમાં ઉત્પન્ન થયેલ ભીમ રાજાનો દીકરો. તેના દીકરાનું નામ હોત્રક રાજા હતું.

૮. ન. ઇંદ્રક વિમાન.

૯. ન. એક જાતનું ષટ્દારુયુક્ત ત્રિશાળ ઘર. રાજવલ્લભમાં લખેલ છે કે, જે ત્રિશાળ ઘરના મુખ આગળ સતિમાર્ગે ચાર અલિંદો હોય, તે અલિંદો આગળ એક મંડપ હોય, વળી તે ઘરની ડાબી તરફ એક અલિંદ હોય અને તેવા સુભદ્ર ઘરનું મુખ પશ્ચિમ દિશા સામે હોય તો તે ઘર કચાંન નામનું ઘર થાય.

૧૦. ન: કમલકેસર; પદ્મકેસર.

૧૧. ન. દીપ્તિ; તેજ; કાંતિ.

૧૨. ન. ધન; દોલત; લક્ષ્મી.

૧૩. ન. નાગકેસરનું ફૂલ.

૧૪. ન. નાગકેસરનો છોડ.

૧૫. ન. સોનું; સુવર્ણ; હેમ.

૧૬. વિ. સોનાનું.

કાંચનક ૧. [સં.] પું. એક જાતના ચોખા; ધાન્ય.

૨. પું. એક જાતનું પક્ષી.

૩. પું. એક જાતનું ફૂલઝાડ.

૪. પું. ચંપો.

૫. ન. કોવિદારનું ઝાડ; કાંચનાર.

૬. ન. ગોરોચન.

૭. ન. પદ્મકેસર.

૮. ન. હરતાલ; હરિતાલ.

કાંચનકદલી [સં.] સ્ત્રી. સોનેરી કેળ.

કાંચનકલશ [સં.] પું. સોનાનો કળશ.

કાંચનકા સ્ત્રી. રજપૂતસ્થાનનું એ નામનું એક પ્રાચીન શહેર.

કાંચનકામધેનુ [સં.] સ્ત્રી. સોનું અને ગાય જેમાં આપવામાં આવે એવું સોળ દાન માંહેનું એક દાન.

કાંચનક્ષીરી ૧. [સં] સ્ત્રી. આંખફુટામણી; એક જાતનો વેલો.

૨. સ્ત્રી. એક જાતની વનસ્પતિ; સ્વર્ણક્ષીરી; રેવંચી.

કાંચનગંગા [સં.] સ્ત્રી.; ન. નેપાળ અને સિકિમ વચ્ચે આવેલું હિમાલયનું એક શિખર.

કાંચનગિરિ ૧. [સં.] પું. દાન આપવા માટે કલ્પેલો સોનાનો પર્વત.

૨. પું. મેરુ પર્વત.

કાંચનગુટિકા સ્ત્રી. (વૈદ્યક) ગલગંડ એટલે ગળા ઉપર થતાં ગૂમડાં ઉપર વપરાતી એક જાતની ગોળી. તે બનાવવા ત્રિફળા ૩ ભાગ, ત્રિકટુ ૨ ભાગ અને કાંચનાર ૧૦ ભાગ લઈ એ બધાંના વસ્ત્રગાળ ચૂર્ણની બરાબર ગૂગળ અને સર્વની બરાબર મધ નાખી ગોળીઓ બનાવવી.

કાંચનચંગા જુઓ કાંચનગંગા.

કાંચનછવિ પું. શિવ; શંકર.

કાંચનછાલ સ્ત્રી. એક જાતની વેલ; કાંચનલતા.

કાંચનજંગા જુઓ કાંચનગંગા.

કાંચનપાર્શ્વ પું. એક જાતનો મૃગ.

> હિમાલયના સાતમા શૃંગ ઉપર **કાંચનપાર્શ્વ** મૃગો છે. તેનાથી જો શ્રાદ્ધ કરવામાં આવે તો તે ઉત્તમ ગણાય છે.
>
> પુરાતત્ત્વ

કાંચનપુરી [સં.] સ્ત્રી. કાઠિયાવાડના પશ્ચિમના છેડા ઉપરનું એક યાત્રાસ્થાન; દ્વારકા.

કાંચનપુષ્પક [સં.] ન. સોના જેવા ફૂલવાળું એક જાતનું ઝાડ.

કાંચનપુષ્પી [સં.] સ્ત્રી. ગણિયારીનું ઝાડ.

કાંચનપ્રભ ૧. [સં.] પું. ઐલવંશનો એ નામનો એક રાજા.

૨. વિ. સોનાના જેવી કાંતિવાળું.

કાંચનભૂ [સં.] સ્ત્રી. જેમાંથી સોનું નીકળતું હોય એ જમીન.

કાંચનમય [સં.] વિ. સોનાનું બનાવેલું.

કાંચનમાલિની સ્ત્રી. એ નામની એક અપ્સરા.

કાંચનમોહનરસ પું. (વૈદ્યક) ગુલ્મ માટે વપરાતી એક જાતની ઔષધિ. તે બનાવવા રસસિંદૂર, તામ્રભસ્મ અને સુવર્ણભસ્મ સમાન ભાગે લઈ તેને આકડાના અને થોરના દૂધની ભાવના આપી ગોળી કરવી. તે ગોળ અને સંચળ સાથે અપાય છે. માત્રા ૧ રતી.

કાંચનલતા [સં.] સ્ત્રી. સોના જેવા રંગનાં ફૂલવાળી એક વેલ; કાંચનછાલ.

કાંચનવરણું જુઓ કાંચનવર્ણું.

કાંચનવર્ણું વિ. સુવર્ણના જેવા રંગવાળું.

કાંચનવૃક્ષ ન. કોવિદાર નામનું ઝાડ.

કાંચનશૃંગ ન. સોનેરી ટોચ.

કાંચનષ્ઠીવી [સં.] પું. (પુરાણ) સુવર્ણષ્ઠીવી; શૈબ્યપુત્ર સૃંજય રાજાનો દીકરો. તેની બેન દમયંતી નારદની સ્ત્રી હતી. આ કુમારના શરીરમાંથી સોનું બહુ નીકળતું. એનાં મળમૂત્રાદિ પણ સોનાનાં જ થતાં. આમ સોનું પ્રાપ્ત થતું હોવાથી સૃંજયે પોતાની પ્રજાને ઘણી ધનાઢ્ય કરી દીધી હતી. એક વખત તે અરણ્યમાં ગયો હતો ત્યાં સોનાને લોભે ચોરોએ તેને મારી નાખ્યો. રાજા એથી શોકસાગરમાં ડૂબી ગયો હતો. તેવામાં નારદ ઋષિ ત્યાં આવ્યા. એમણે એ પુત્રને જીવતો કરી પોતાના સસરાને આનંદ ઉપજાવ્યો.

કાંચના [સં.] સ્ત્રી. સ્વર્ણક્ષીરી; એક જાતની વનસ્પતિ.

કાંચનાક્ષ [સં.] પું. (પુરાણ) એ નામનો એક દાનવ.

કાંચનાક્ષી [સં.] સ્ત્રી. નૈમિષમાં આવેલી સરસ્વતી નદીનો એક પ્રવાહ.

કાંચનાક્ષીરી [સં.] સ્ત્રી. સ્વર્ણક્ષીરી.

કાંચનાભ્રરસ [સં.] પું. (વૈદ્યક) રાજ્યક્ષ્મા ઉપર અપાતો એક જાતનો રસ. તે બનાવવા સુવર્ણભસ્મ, રસસિંદૂર, મોતીની ભસ્મ, લોહભસ્મ, પ્રવાલભસ્મ, હરડેદલ, રૌપ્યભસ્મ, કસ્તૂરી, શુદ્ધ મનઃશિલ એ બધું અકેકું તોલો લઈ પાણીમાં ઘૂંટીને તેની બબ્બે રતીની ગોળી કરવી.

કાંચનાર ૧. [સં. કોવિદાર] પું. આસોંદરાની જાતનું એક મોટું ઝાડ; કાંચનવૃક્ષ. તેને કાંચનક, ગંડારિ, શોણપુષ્પક, સમરિક, કુદ્દાલ, યુગપત્રક, સ્વલ્પકેસરી, કુડલી, તામ્રપુષ્પ અને સ્મંતક પણ કહે છે. તેનાં પાન આપટાનાં જેવાં મોટાં અને પાતળાં હોય છે. ધોળાં, કાળાં અને પીળાં ફૂલવાળો કાંચનાર એમ આ ઝાડની ત્રણ જાત હોય છે. ફૂલમાં સુવાસ થોડી હોય છે. શીંગ ચપટી આવે છે. એનું લાકડું ચીકટ અને રાતા રંગનું હોય છે અને એ રંગવાના ઉપયોગમાં આવે છે. પીળો કાંચનાર રાની વૃક્ષ છે. જેઠ અષાડમાં એને કુમળાં પાંદડાં આવે છે તેની ભાજી થાય છે. એ ભાજી નિર્મળ અને ખાવાને રુચિપ્રદ છે. તે શોધક, પૌષ્ટિક, સ્તંભક, રોપણ, દીપક, સંગ્રાહક, સારક તથા સ્વાદુ છે. ભાજીપાલામાં તે ઉત્તમ છે. મૂત્રકૃચ્છ્ર, ત્રિદોષ, શોષ, દાહ, કફ તથા વાયુનો નાશ કરે છે અને લોહી સુધારે છે. તેની ૦। તોલો છાલની માત્રા સૂંઠ સાથે પીવાય છે.

૨. ન. એક જાતનું ફૂલ.

૩. વિ. ખરાબ કર્મ કરનાર.

૪. વિ. છેતરનાર.

૫. વિ. સ્ત્રીને ભોગવનાર.

કાંચનાર ગૂગળ પું. (વૈદ્યક) ગૂગળની બનાવટવાળી એક જાતની દવા; ગળગંડ, કંઠમાળ, અર્બુદ, ગંડમાળ, નાસૂર તથા લોહીનો બગાડ દૂર કરનારું એક ઔષધ. તે બનાવવા કાંચનારની છાલ તોલા ૨૦, સૂંઠ તોલા ૪, પીપર તોલા ૪, મરી તોલા ૪, હરડેદલ તોલા ૨, બેડાની છાલ તોલા ૨, આંબળાં તોલા ૨, વરણાની છાલ તોલો ૧, તજ ટાંક ૧, એલચી ટાંક ૧ એ બધાંનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી તેની બરાબર શુદ્ધ ગૂગળ મેળવી ગોળીઓ કરવી. આ ગોળીની માત્રા મધ, દૂધ કે પાણી સાથે લેવાય છે.

કાંચનાર ચંપો પું. એક જાતની વનસ્પતિ. તેની ભાજી થાય છે. તેના ગુણદોષ મીઠા લીંબડા જેવા હોય છે.

કાંચનાલ જુઓ કાંચનાર ૧.

કાંચનાહ્વય ૧. [સં.] પું. નાગકેસર. તેનો રંગ સોના જેવો પીળાશ પડતો અને અંદર લાલ ઝાંય મારતો હોવાથી તેને કાંચનાહ્વય કહે છે.

૨. પું. નાગચંપો.

કાંચનિકા [સં.] સ્ત્રી. રુદ્રાક્ષની માળા.

કાંચની ૧. [સં.] સ્ત્રી. કંચની; વેશ્યા.

૨. સ્ત્રી. ક્ષિરિણી વૃક્ષ.

૩. સ્ત્રી. ગોરૂચંદન; ગોરોચના.

૪. સ્ત્રી. હળદર.

> પીતા ગૌરી **કાંચની** રજની પિંજ નામ;
> હરદી ચૂના લાલ રંગ થયાં નેત્ર દ્વુજ વામ.
>
> પિંગળલઘુકોશ

૫. વિ. સોનાનું; સોનેરી.

કાંચનીય [સં.] વિ. સોનાનું; સોના સંબંધી.

કાંચનીયા [સં.] સ્ત્રી. સોનાની માળા.

કાંચપાત્ર ન. પહોળા પેટવાળી શીશી.

કાંચમીઠા સ્ત્રી. તરબૂચ જેવા સ્વાદની એક જાતની કેરી. બર્દવાનની આ જાતની કેરી ઘણી સારી ગણાય છે અને કાશીની સૌથી ઉત્તમ મનાય છે.

કાંચલડી (કાંચલડ઼ી) સ્ત્રી. કાંચળી; ચોળી; બદન.

કાંચલી સ્ત્રી. સાપની કાંચળી.

કાંચવું ૧. સ. ક્રિ. ખરાબ કરવું; શુદ્ધ હોય તેને અશુદ્ધ કરવું.

૨. સ. ક્રિ. ઠગવું; છેતરવું.

કંચાયા સારા પણ વંચાયા ખોટા = છેતરાવું સારૂં પણ નિંદાવું ખરાબ.

૩. સ. ક્રિ. ડખોળવું; ડોળવું; હલાવવું.

૪. સ. ક્રિ. મૈથુન કરવું; સ્ત્રીસંભોગ કરવો. ચરોતર તરફ આ શબ્દ બોલાય છે અને તે ઉપરથી કાંચ્યો ગાળ પડી છે.

કાંચવો પું. બાંય વિનાનો હાથવણાટનો ઊનનો કબજો. સુરત તરફ દૂબળા, ભરવાડ વગેરે તે પહેરે છે.

કાંચશીલ વિ. કાચના રૂપમાં થઈ શકે એવું.

કાંચળિયાપંથી વિ. કાંચળિયા પંથનું અનુયાયી.

કાંચળિયાં ન. બ. વ. ફક્ત સ્ત્રીઓનું આમંત્રણ હોય એવાં નોતરાં. તેમાં પુરુષને આવવાનું હોતું નથી.

કાંચળિયો ૧. પું. સ્ત્રીપાઠ ભજવનારો ભવૈયો.

૨. પું. હીજડો.

૩. વિ. કાંચળી પહેરેલો; બાયલો; બળહીન; નિર્બળ.

કાંચળિયો સરદાર = બાયલો નેતા; ઘાઘરી પહેરી હોય તેના જેવી હિંમતવાળો નાયક.
સ્થિર ડગે આગળ વધ, બન ન કાંચળિયો સરદાર.–કાવ્યરસિકા

કાંચળિયોપંથ પું. અજ્ઞાન લોકોમાં ચાલતો એક ધર્મ; બીજપંથ; ધર્મને નામે જેમાં વ્યભિચાર પોષાય છે તેવો એક સંપ્રદાય. આ પંથનાં સ્ત્રીપુરુષો તેમના તહેવારને દિવસે આચાર્યને ત્યાં એકઠાં થઈ ઉજાણી કરે છે. જમતાં પહેલાં ઉતારી નાખેલી કાંચળીઓ આચાર્ય એક ગોળાંમાં સેળભેળ કરી નાખી જમી ઊઠતા પુરુષોને તેમાંથી અકેક વહેંચી આપે છે. જે સ્ત્રીની કાંચળી જે પુરુષને મળે ત તેની સાથે સંભોગ કરે છે. એમ કહેવાય છે કે તેઓ મા, દીકરી કે બેનનો પણ ભેદ રાખતા નથી.

કાંચળી ૧. સ્ત્રી. એક દેશી રમત. તે રમતાં દરેકમાં છ થી આઠ છોકરા હોય તેવી જરૂર જેટલી ટોળી પાડવી. દરેક ટોળીમાં ઊંચો છોકરો સૌથી આગળ રહે. બીજા ઊંચાઈના ઊતરતા ક્રમ પ્રમાણે પાછળ ઊભા રહે. છોકરાના પગ છૂટા છૂટા જરા દૂર દૂર રાખવા. તૈયારીનો હુકમ મળે કે પહેલો છોકરો નીચો વળીને પોતાના પગ વચ્ચેથી પોતાનો જમણો હાથ પાછળ લઈ પાછલા છોકરાનો ડાબો હાથ પકડે. તે પછીનો બીજો છોકરો તે જ પ્રમાણે નીચો વળી પોતાના જમણા હાથથી પાછળના છોકરાનો ડાબો હાથ પકડે. એ રીતે છેવટના છોકરા સુધી બધા હાથ પકડીને ઊભા રહે. સિસોટી થતાં જ છેવટનો છોકરો પોતાના બંને પગ જોડી દઈને જમીન ઉપર ટટાર ચત્તો સૂઈ જાય અને તેમના ઉપરનો નજીકનો છોકરો તેની બંને બાજુએ પોતાના પગ પાછળ લઈને તેની બરાબર પાછળ તે જ પ્રમાણે સૂઈ જાય. એ રીતે બધા સૂતા જાય અને સૌથી છેલ્લો છોકરો પણ બધાની પાછળ જઈને સૂઈ જાય. ફરીથી પહેલો ઊઠીને આગળ આવે અને તેની પાછળ પાછળ બાકીના બધા જેમ સૂઈ ગયા તેમ ઊઠીને પાછા પોતાની જગ્યાએ આવી ઊભા રહે અને પ્રથમની પેઠે જ હાથ પકડતા જાય. આ રીતે જે ટોળી પોતાની મૂળ જગ્યાએ પહેલી આવીને ઊભી રહે તે જીતી ગણાય.

૨. [સં. કંચુલિકા; અપ. કંચુલ્લી; પ્રા. કંચુલિઅ] સ્ત્રી. કમખો; કંચુકી; ચોળી; સ્ત્રીઓની છાતી ઢંકાય એમ પહેરવાનું સીવેલું કપડું; કાપડું.

૧. કાંચળી પહેરવી = (૧) પુરુષપણું તજી સ્ત્રીપણું ધારણ કરવું; બાયલા બનવું. સ્ત્રી જેવી નિર્બળતા અને નાહિંમત બતાવવી; નામર્દ થવું; ભવાઈમાં ઊતરવું; સ્ત્રીનો વેશ લેવો.

૨. કાંચળીમાં હાથ નાખવો = સ્ત્રીનાં સ્તન ખેંચવાં.

૩. સ્ત્રી. ખોળ; જીર્ણ ચામડીનું પડ.

કાંચળી ઉતારવી = શરીર ઉપરની જીર્ણ ત્વચાનો ત્યાગ કરવો. સાપ વરસે વરસે પોતાના શરીર ઉપરની જીર્ણ ચામડીની ખોળ ઉતારી નાખે છે.

૪. સ્ત્રી. સીતાજી સંબંધી એ નામનું કાવ્ય. બૈરાંઓ ઘોળમાં સીતાજીની કાંચળી બોલે છે.

કાંચળીધર્મ જુઓ કાંચળિયોપંથ.

કાંચળીપંથ જુઓ કાંચળિયોપંથ.

કાંચા વિ. કાચું; અપક્વ.

કાંચિ ૧. પું. (ભીલી) ઘાંચી.

૨. [સં.] સ્ત્રી. એ નામની એક દેવી. એનું સ્થાન કાંચિપુરમાં હોવાનું કહેવાય છે.

૩. સ્ત્રી. એકસરવાળો હાર.

૪. [સં. કચ્ (બાંધવું)] સ્ત્રી. કટિમેખલા; કંદોરો; કમરપટો.

૫ સ્ત્રી. કાશી નગરીનું એક પ્રાચીન નામ.

૬. સ્ત્રી. ચણોઠી.

૭. સ્ત્રી. ચણોઠીનો વેલો.

૮. સ્ત્રી. તેજવાળી ઓઢણી.

૯. સ્ત્રી. દક્ષિણ હિંદની એક જાતની લગ્નક્રિયા.

૧૦. સ્ત્રી. દક્ષિણમાં આવેલું હિંદુઓનું એક પવિત્ર ધામ; એક પૌરાણિક નગરી. પૌરાણિક કાળમાં ભરતખંડમાં સાત નગરી મોટી અને પ્રસિદ્ધ મનાતી. ૧. અયોધ્યા, ૨. મથુરા, ૩. માયાગયા (કપિલવસ્તુ), ૪. કાશી, ૫. અવંતિકા (ઉજ્જૈન), ૬. દ્વારકા અને ૭. કાંચિ.

૧૧. સ્ત્રી. દ્રવિડ દેશની એક પ્રાચીન રાજધાની; મદ્રાસ ઇલાકાના ચેંગલપુર જિલ્લા માંહેનું હાલનું કાંજીવરમ. તે એક મોટું તીર્થ છે. અઢાર મુખ્ય તીર્થક્ષેત્ર માંહેનું એક ગણાય છે.

૧૨. સ્ત્રી. ભારતવર્ષનું એ નામનું એક પીઠસ્થાન. અહીં સતીનું હાડકું પડ્યું કહેવાય છે.

૧૩. સ્ત્રી. રુદ્રટના મત પ્રમાણે અપભ્રંશ ભાષાનો એ નામનો એક વિભાગ.

૧૪. સ્ત્રી. સુતારનું લાકડાનું એક ઓજાર.

૧૫. સ્ત્રી. હલકી મીઠાઈની એક જાત.

કાંચિકલ્પ [સં.] પું. મેખલા.

કાંચિગુણસ્થાન [સં.] ન. કમર.

કાંચિદામ ન. કમર ઉપર પહેરવાનું એક ઘરેણું.

કાંચિપદ [સં.] ન. કમર; કંદોરાને રહેવાનો શરીરનો ભાગ.

કાંચિપુર ૧. [સં.] ન. ચોલ દેશનું અગિયારમા સૈકાનું એ નામનું રાજધાનીનું શહેર; તાંજોર.

૨. ન. દક્ષિણમાં આવેલું હિંદુઓનું એક પવિત્ર ધામ. જુઓ કાંચિ ૧૦.

૩. ન. દ્રવિડ દેશની એક પ્રાચીન રાજધાની; હાલનું કાંજીવરમ. આ શહેરનો પૂર્વ ભાગ વિષ્ણુકાંચિ અને પશ્ચિમ ભાગ શિવકાંચિ કહેવાતો. વરદરાજ વિષ્ણુના અનુયાયી વૈષ્ણવો વિષ્ણુકાંચિમાં અને ઓંકારનાથ શિવ અને તેની સ્ત્રી કામાક્ષી દેવીના ભક્તો શૈવો શિવકાંચીમાં રહેતા. વિષ્ણુકાંચિમાં આવેલું વિષ્ણુનું દેવળ શંકરાચાર્યે સ્થાપ્યું છે. શિવકાંચિમાં શંકરાચાર્યની સમાધિ છે. તેની ઉપર એમની મૂર્તિ છે. શહેરમાં શિવગંગા નામનું પ્રસિદ્ધ

તીર્થ આવેલું છે. અગાઉ આ શહેરમાં એક વિદ્યાપીઠ હતી.

કાંચિપુરી જુઓ કાંચિપુર.

કાંચિમુખ પું. એ નામનો એક દાનવ; કાંચીમુખ.

કાંચિમેખલા [સં.] સ્ત્રી. કંદોરો.

કાંચિયાદાવ પું. અકરીબકરી નામની રમતના ત્રણ માંહેનો એક પેટા ભેદ; મોઈદંડાની એક રમત; બે અથવા વધારે બાળકોની ગિલ્લી ઝીલવાની એક મેદાની રમત.

કાંચિશિવ પું. ત્રિચપતિપુરાથી આશરે ચાલીસ કોસ ઉપર આવેલું મહાદેવનું એક સ્થાન.

કાંચિસૂત્ર [સં.] ન. કંદોરો.

કાંચી જુઓ કાંચિ.

કાંચીકલ્પ જુઓ કાંચિકલ્પ.

કાંચીગુણસ્થાન જુઓ કાંચિગુણસ્થાન.

કાંચીડી (કાંચીડ઼ી) સ્ત્રી. કાચંડી; કાકીડી.

કાંચીડો (કાંચીડ઼ો) પું. એક પ્રાણી; કાકીડો; કાચંડો; કાચિંડો.

> કાંચીડાને રંગ રાતો ચઢ્યો છે,
> કંકુપત્રી વૃષ્ટિની લાવિયો છે. દલપતરામ

કાંચીદામ જુઓ કાંચિદામ.

કાંચીપદ જુઓ કાંચિપદ.

કાંચીપુર જુઓ કાંચિપુર.

કાંચીપુરી જુઓ કાંચિપુર.

કાંચીમુખ પું. એ નામનો એક દાનવ.

> ગોધામુખ, ચૂર્ણ, ખડ્ગ, ધ્વજ, **કાંચીમુખ**, પિંડ, ધુમ્ર, નંદી, વિશ્વ અને પલાશ એ દૈત્યોની સાથે આદિત્ય આદિ દેવતાઓ યુદ્ધ કરવા લાગ્યા.
> ભગવતી ભાગવત

કાંચીમેખલા જુઓ કાંચિમેખલા.

કાંચીશિવ જુઓ કાંચિશિવ.

કાંચીસૂત્ર જુઓ કાંચિસૂત્ર.

કાંચુકીય ૧. [સં.] પું. દ્વારપાળ.

૨. પું. નાજર; ખોજો.

કાંચુયડો (કાંચુયડ઼ો) પું. (જૂ. ગુ.) કમળો.

> ઝાલી ઝૂમઈ ઝલકઈ નેઉરી,
> કાંચુયડુ ઉરિ સોરચી. સીતાહરણ

કાંચૂ ૧. પું. સૃષ્ટિવિરુદ્ધ કામ કરનાર.

૨. [હિં. કાંચ (ગુદેંદ્રિયનો અંદરનો ભાગ)] વિ. ગુદાચક્રના રોગવાળું; આમણ બહાર નીકળી પડવાના રોગવાળું.

કાંચોળું ન. આંતરડું.

કાંછા [સં. કાંક્ષા] સ્ત્રી. ઇચ્છા; ખાહિશ; અભિલાષા.

કાંજળ પું. ઈફળીનાં જેવો દરિયાની ખાડીના પાણીમાં થતો એક જાતનો છોડ. તેનાં ફૂલ બકુલનાં ફૂલ જેવાં સુગંધી હોય છે. તેનું લાકડું હલકું હોવાથી બાળવાના કામમાં આવે છે.

કાંજળગોકર્ણી પું. હિંદમાં ઘણે ઠેકાણે થતો એક જાતનો વેલો. રંગના ભેદ પ્રમાણે તેની બે જાત છે. બંનેના ગુણ સરખા છે. તેનાં મૂળ અને બિયાં ઔષધિમાં વપરાય છે.

કાંજિક ૧. [સં.] સ્ત્રી. કાંજી.

૨. સ્ત્રી. ઘણા દિવસ રાખી મૂકવાથી ખમીર ચડેલું ચોખાનું ઓસામણ.

કાંજિકા [સં.] સ્ત્રી. જીવતી લતા.

કાંજિયા ૧. સ્ત્રી. કડવા કણબીની એક જાત.

૨. ન. કડવા કણબીની એ નામની જાતનું માણસ.

૩. વિ. કડવા કણબીની એ નામની જાતનું.

કાંજિયાં ન. બ. વ. કીડિયાં મોતી.

કાંજિયો ૧. પું. ઝરમરિયા લોથા અને ઝીણા દાણાવાળો જુવારનો છોડ.

૨. પું. ઝીણો દાણો.

કાંજી ૧. સ્ત્રી. એક ખટાશવાળું પ્રવાહી. ઘઉં, જવ, બાજરી વગેરે ધાન્યોને અધકચરાં ખાંડી કૂણા મૂળાના કકડા સાથે માટીના વાસણમાં ચારગણા પાણીમાં નાખી વાસણનું મોં બાંધી લેવું. પાણીમાં ખટાશ આવે ત્યારે કાઢી લેવું. આ રીતે બનતું પ્રવાહી કાંજી કહેવાય છે.

૨. સ્ત્રી. કેદખાનાની ઓરડી.

૩. [સં. કાંજિકા] સ્ત્રી. ખેળ; આર; કપડાં અને સૂતરને ચીવટ બનાવવા તથા સફાઈ અને કડકાટ આણવા પાવામાં આવતું એક ચીકણું પ્રવાહી; ઉકાળેલા ચોખાનું ધોવણ; ઓસામણ.

૪. સ્ત્રી. ઘઉં, અડદ કે ચોખાને બાફીને તેને પાણી સાથે મેળવી બંધ મોઢાવાળા માટીના વાસણમાં રાખી મૂકવાથી બનતું પ્રવાહી.

૫. સ્ત્રી. ઘઉં, જવ, ચોખા વગેરેના આટાને છગણા પાણીમાં ઉકાળીને બનાવેલો માંદા માટેનો એક ખોરાક; યવાગૂ.

૬. સ્ત્રી. ઘઉંના લોટની રાબ.

૭. સ્ત્રી. ઘણી જાતના છોડવામાંથી બનતા એક જાતના ઝીણા ઝીણા દાણા. તે સ્વાદ ને ગંધ વગરના હોય છે. પાણીમાં પલાળી તેને તપાવવાથી ફાટે છે અને પાણી શોષી લઈ પાણી સાથે એકાકાર થઈ જાય એટલે ચીકણો લાહી જેવો પદાર્થ બને.

૮. સ્ત્રી. ચોખાના લોટની ખીર.

૯. સ્ત્રી. છાશ.

> દૂધ જમાવે માખણ કાજ્ય,
> જો જામે તો નીપજે આજ્ય.
> વિષમ પડ્યું તો કાંજી થાય,
> ખળ જ્ઞાની એવા છે પ્રાય. અખો

૧૦. સ્ત્રી. પાણીમાં ચોખા પલાળીને અને દારૂને સોડવીને બનાવેલો સુરકો; ચોખાના પાણીને પડતર રહેવા દઈ તેમાંથી ઉત્પન્ન કરેલ માદક પ્રવાહી.

૧૧. સ્ત્રી. પાણીમાં પલાળેલી રાઈ.

૧૨. સ્ત્રી. મહાદ્રોણી નામનું વૃક્ષ.

૧૩. સ્ત્રી. રાઈ, જીરૂં, સિંધાલૂણ, હિંગ, સૂંઠ અને હળદર એ દરેક પાશેર પાશેર લઈ તેનું ચૂર્ણ કરી સોળ શેર પાણીમાં નાખી તેની અંદર એક શેર અડદનાં વડાં નાખી અંદર સરસિયું ચોપડેલા માટીના વાસણમાં ભરી તેનું મોઢું બંધ કરી ત્રણ દિવસ રાખી મૂકતાં બનતો ખટાશવાળો પ્રવાહી પદાર્થ.

૧૪. સ્ત્રી. લાહી.

૧૫. સ્ત્રી. સાબુચોખા અથવા ચોખા, દૂધ, પાણી અને ખાંડને ઉકાળી બનાવવામાં આવતું માંદા માણસને આપવાનું એક પેય; રાબડી; કનેરી.

૧૬. વિ. આસમાની.

૧૭. અ. કેમ; કેમ જોઈએ તે; કાં અને જી મળીને બનતો શબ્દ.

કાંજીખોરાક પું. જેલશિક્ષામાં મળતો અતિ ખારી કાંજીનો ખોરાક.

કાંજીવરમ [સં. કાંચીપુરમ્] ન. મદ્રાસ પ્રાંતનું એક નગર. તેને પ્રાચીન કાળમાં કાંચીપુર કહેતા હતા. હરિ અને હરનો અદ્વૈતભાવ દર્શાવતું આ તીર્થધામ દક્ષિણ હિંદનાં તીર્થધામોમાં મુખ્ય ગણાય છે. તેના વિષ્ણુકાંચી અને શિવકાંચી એવા બે ભાગ છે. શિવકાંચીમાં સર્વ તીર્થકુંડમાં સ્નાન કરી એકામ્રનાથના દર્શન કરવા યાત્રીઓ જાય છે. આ મંદિર લાખોને ખર્ચે તૈયાર થયેલું છે. વિષ્ણુકાંચી શિવકાંચીથી ત્રણેક માઈલ દૂર છે. ત્યાંનું મંદિર અદ્ભુત છે. મંદિરની બહારનો મંડપ કાળા પથ્થરના નકશીદાર સ્તંભો ઉપર છે. દરેક સ્તંભ બે માણસની બાથમાં માંડમાંડ આવે એવો જાડો અને આશરે વીશેક ફૂટ ઊંચો છે. આ સ્તંભોમાં દરેક અવતારનાં ચિત્રો કોતરેલાં છે. નિજમંદિર બે ભોંનું છે અને તેને ફરતી ગેલેરી છે. જેના સ્તંભો ઉપરની કારીગરી પણ અદ્ભુત છે. નીચે વિષ્ણુઅવતાર નૃસિંહજીની અને ઉપર બાલાજી વિષ્ણુ ભગવાનની મૂર્તિઓ છે. અહીં તુલસીથી વિષ્ણુપૂજન થાય છે. નજીકમાં લક્ષ્મીજીનું મંદિર છે.

કાંજીષટ્પળઘૃત ન. (વૈદક) આમવાત માટે બનાવાતું એક જાતનું ઘી. તે બનાવવા હિંગ,

ત્રિકુટ, ચવક અને સિંધાલૂણ એ દરેક અક્કેક પળ લઈ તેનું વસ્ત્રગાળ ચૂર્ણ કરવું. તેમાં એક આઢક કાંજી અને એક પ્રસ્થ ઘી નાખી ઘીની રીતે પકવવું. આ ઘી ઉદરરોગમાં વાપરી શકાય.

કાંજીહાઉસ [અં. કાઇનહાઉસ] ન. રખડુ ઢોર પૂરવાનો ડબો.

કાંજીહૌઝ ૧. પું. કેદખાનું.

૨. [અં. કાઇનહાઉસ] પું. રખડુ ઢોરને પૂરવાનો ડબો.

કાંજૂ [હિં.] પું. એક જાતનું ફળ; કાજુનું ફળ.

કાંજે અ. કાંકે; કેમકે; કારણકે.

કાંઝિયા ઠાકર ૧. સ્ત્રી. ઔદીચ્યં બ્રાહ્મણની એક જાત.

૨. ન. ઔદીચ્ય બ્રાહ્મણની એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

કાંટ ૧. પું. કાંટો; ત્રાજવું.

૨. સ્ત્રી. બાવળ, ગોરડ વગેરે કાંટાવાળાં વૃક્ષોની ગીચ ઝાડી; કાંટાવાળી ઝાડી.

૩. ન. એક જાતનું હથિયાર.

કાંટડિયો (કાંટડ઼િયો) પું. કાંટો; કાંટા માટે કવિતામાં વપરાતું રૂપ.

વડોદરાના વૈદડા તેડાવો,
મારા **કાંટડિયા** કઢાવો. લોકગીત

કાંટલાંમોલિયાં ન. બ. વ. કાંચળીના ગળા આગળનો અને બાંયના છેડાનો ભાગ.

કાંટલી [સં. કંઠાલી] સ્ત્રી. સ્ત્રીઓના ગળાનું એક ઘરેણું; કંઠાભરણ; મહોર અને પૂતળીનો હાર.

કોપરૂં ખાઈને કાંટલી આપવી = નાના સરખા ઉપકારનો મોટો બદલો આપવો.

કાંટલો જુઓ કાંઠલો.

કાંટા ૧. પું. અંગ્રેજ લોકોનું ખોરાક ખાવાનું પંજાના આકારનું ધાતુનું એક ઓજાર.

૨. પું. કાનનું એક ઘરેણું.

૩. [સં. કંટ] પું. (હિંદી) કોઈ કોઈ ઝાડની ડાળી કે ડાંખળી ઉપર નીકળતા સોયના જેવા અણીદાર અંકુર; કંટક.

૪. પું. જીભ ઉપર નીકળતી નાની નાની ફોડકી.

૫. પું. નાનું એક ઘરેણું.

૬. [હિં.] પું. બાલ; દાઢી; થોભિયાં.

૭. પું. માછલી પકડવાની વાળેલી આંકડ.

૮. પું. મેના વગેરે પક્ષીઓને ગળામાં થતો એક જાતનો રોગ.

૯. પું. મોર, કૂકડો, તેતર વગેરે નરપક્ષીના પગના પંજા ઉપર નીકળતો એક અણીદાર ભાગ. લડતી વખતે તે એકબીજાને આ ભાગ મારે છે.

કાંટાઅશેળિયો પું. એક વનસ્પતિ. જુઓ જુઓ કાંટાસળિયો.

કાંટાઅસાળિયો પું. એક વનસ્પતિ. જુઓ કાંટાસળિયો.

કાંટાઅસેળિયો પું. એક વનસ્પતિ. જુઓ કાંટાસળિયો.

કાંટાઇંદ્રાયણ ન. એ નામની એક ઔષધિ. સુશ્રુત મુનિએ તેને ઇંદ્રવારુણી નામ આપેલ છે: તેનાં પાંદડાંનો રસ નાકમાં નાખતાં છીંકો આવે અને કાન દુખતો હોય તો કાનમાં ટીપાં નાખવાથી ચસકા મટે છે.

કાંટાકસ્તર પું. કાંટા અને રજ.

કાંટાકી [હિં.] સ્ત્રી. એક જાતનો દાંતિયો; કંગા.

કાંટાદાર વિ. કાંટાવાળું.

કાંટાધાર વિ. ધાર પાડી નાખેલું.

કાંટામુહર્રિર પું. વજન તપાસવા અને લખવા રાખેલ કારકુન.

કાંટારખું ૧. [સં. કંટક (કાંટો) + રક્ષ (રક્ષા કરનાર)] ન. કાંટાઓથી પગનું રક્ષણ કરનારૂં પગરખું; ખાસડું; જોડા; ઉપાન.

૨. વિં. ખડતલ; નીડર; મુશ્કેલીથી ન ડરે એવું; નિર્ભય.

૩. અ. બેધડક; આંચકો ખાધા વગરનું.

કાંટારીંગણી સ્ત્રી. એક વનસ્પતિ; ભોંયરીંગણી.

કાંટાવાળા ૧. સ્ત્રી. દશા શ્રીમાળી વાણિયાની એક અટક.

૨. ન. દશા શ્રીમાળી વાણિયાની એ નામની અટકનું માણસ..

૩. વિ. દશા શ્રીમાળી વાણિયાની એ નામની અટકનું.

કાંટાવાળી સેવતી સ્ત્રી. એક જાતનું વૃક્ષ; દેવવૃક્ષ. તેની નીચે દેવનો વાસ મનાય છે.

કાંટાવાળો ગોખરુ પું. એક જાતનો ગોખરુ; વનશૃંગાટક. તેના વેલાનાં પાંદડાં બારીક હોય અને તેનું શાક થાય. ચોમાસામાં કાળી જમીનમાં તે ખૂબ ઊગે. પાંદડાં ચણા જેવાં પણ કાંઈક મોટાં હોય. એને પીળાં ફૂલ થાય. આ વેલાને કાંટીગોખરુ પણ કહે છે. ગરમીનાં ચાંદાં, તંતુપ્રમેહ, ધાતુવિકાર, પ્રદર, બાળકના પેટમાં શીતળા, મૂત્રકૃચ્છ્ર, પથરી વગેરે દરદો ઉપર તેનો ઉપયોગ થાય છે.

કાંટાશરિયો પું. એક વનસ્પતિ. જુઓ કાંટાસળિયો.

કાંટાશળિયો પું. એક વનસ્પતિ. જુઓ કાંટાસળિયો.

કાંટાશિરિ સ્ત્રી. એ નામનું મોટાં રાતાં ફૂલવાળું એક દેખાવડું ઝાડ. તેની છાલ ઉપર કાંટા હોય છે.

કાંટાશેરિયો પું. એક વનસ્પતિ. જુઓ કાંટાસળિયો.

કાંટાશેવતી સ્ત્રી. ગુલાબ જેવાં પાંદડાંવાળો એક કાંટાદાર છોડ. તેને સફેદ ગુલાબી શેવતી પણ કહે છે. એનાં ફૂલ ઝાંખાં સફેદ હોય છે. તેનો પાક તથા ગુલકંદ બને છે. તે પિત્તનો નાશ કરનાર મનાય છે.

કાંટાશેળિયો પું. એક વનસ્પતિ. જુઓ કાંટાસળિયો.

કાંટાસરિયો પું. એક વનસ્પતિ. જુઓ કાંટાસળિયો.

કાંટાસળિયો ૧. [સં. કુરંટક] પું. એક જાતની વાસાદિ વર્ગની ઔષધોપયોગી વનસ્પતિ. તેનો છોડ ત્રણથી ચાર હાથ ઊંચો વધે અને સર્વાંગે કાંટા હોય. તેને ધોળાં, પીળાં, ભૂરાં અને રાતાં વાસ વિનાનાં બારમાસી નાનાં પાંચ પાંખડીવાળાં ફૂલ આવે છે. એનાં ફૂલમાંથી નીકળતા રેસા શૂળ જેવા હોય છે તેથી તેને કાંટાસળિયો કહે છે. ફૂલોના દેખાવ ઉપરથી તેના ધોળો, પીળો, કાળો અને રાતો એવા ભેદ પડે છે. કાટસરૈયા, સરૈયા, શ્વેતપુષ્પ, સૈરેય, કાટસારિકા, સહાચાર, સહચર, ભીંદી, બાણા, દાંસ, આર્ત્તગલ એવાં બીજાં નામ છે. કાંટાસળિયો કડવો, ઉષ્ણ, વર્ણકર, વાતહર, કફઘ્ન, સ્વેદઘ્ન, શોધક, રોપણ અને સુંદરતાકારક છે અને વાયુ, સોજો, તાવ, શૂળ, આધ્માન, દમ, ઉધરસ, મુખરોગ અને બસ્તિરોગનો નાશ કરે છે. બાળક ભરાઈ જાય ત્યારે તેનો સ્વરસ પવાય છે. તેથી પરસેવો વધે છે, ઉધરસ હલકી પડે છે અને શરદી દૂર થાય છે. તેની છાલ કુષ્ઠ, કંડુ, વાતરક્ત વગેરે દરદોમાં બીજી યોગ્ય રક્તશોધક દવા સાથે કવાથમાં અપાય છે. તેનાં પાનની રાખ કરી ઘીમાં કાલવી ભરનીંગળ ગૂમડાં ઉપર ચોપડવાથી રુઝાઈ જાય છે. તેની લીલી છાલનો રસ દૂધમાં પીવાથી સોજો મટે છે. વરસાદને લીધે ચોમાસામાં પગ ન ફાટે તેટલા માટે દક્ષિણના લોકો તેનાં પાનનો રસ પગે ચોપડે છે. પાન અને છાલનો સ્વરસ બે તોલા અથવા છાલનું

ચૂર્ણ પા તોલાની માત્રામાં દવામાં લેવાય છે. ધોળો કાંટાસળિયો કડવો, રૂક્ષ, સ્નિગ્ધ, મધુર, તીખો, ઉષ્ણ તથા દાંતને ફાયદાકારક મનાય છે અને વલિપલિત, કોઢ, વાત, રક્તદોષ, કફ, ખરજ, વિષ અને દારુણાનો નાશ કરે છે. રાતો કાંટાસળિયો કડવો, વર્ણકારક, ઉષ્ણ અને તીખો છે. એ સોજો, તાવ, વાતરોગ, કફ, રક્તવિકાર, પિત્ત, આધ્માન, શૂળ, દમ અને ઉધરસનો નાશ કરે છે. પીળો કાંટાસળિયો ઉષ્ણ, કડવો, તૂરો તથા અગ્નિદીપક છે. એ વાયુ, કફ, ખરજ, સોજો, રક્તવિકાર અને ત્વગ્દોષનો નાશ કરે છે. કાળો અથવા ભૂરો કાંટાસળિયો કડવો, તીખો અને વાત, કફ, સોજો, કંડૂ, શૂલ, કોઢ, વ્રણ તથા ત્વગ્દોષનો નાશ કરે છે.

૨. પું. ઝાડીનું ઠુક્કર.

૩. પું. શેળો.

કાંટાસાયરી સ્ત્રી. એ નામનું એક ઝાડ.

કાંટાહા વિ સ્ત્રી. કાંટાળી; કાંટાવાળી.

કાંટાળ જુઓ કાંટાળું.

કાંટાળાં ઇંદ્રવારણાં ન. વ. વ. એક વનસ્પતિ. તેના વેલા હિંદમાં ચોમાસામાં બધે ઠેકાણે થાય છે. તેનાં ફળ કાચાં હોય ત્યારે લીલાં અને પાકે ત્યારે પીળાં તથા ઉપર નરમ કાંટાવાળાં થાય છે. તેમાં ઇંદ્રવારણાંના જેવા પણ તેથી ઓછા અને શાંત રેચક ગુણ છે. ગામડાંના લોકો તેની અંદર મરીના દાણા થોડા દિવસ ભરી મૂકવી રાખે અને જરૂર પડ્યે સાદો જુલાબ લેવા એ મરીના દાણા ખાય. તેથી સાદો જુલાબ લાગી પેટની અંદરના મળ બહાર પડે છે અને તે ઉપરાંત તાવ, પેટશૂળ, કૃમિ, અજીર્ણ, જૂની કબજિયત અને બીજા ઉદરરોગ મટે એમ મનાય છે. નખવેડો થયો હોય તેમાં એ ફળને એક બાજુથી છેદી આંગળીમાં પરોવી ઉપર પાટો બાંધવાથી ફૂટી પરૂ વહી મટી જાય. ઘોડા અને જાનવરોને ખવરાવવાથી પેટમાંથી કૃમિ નીકળી જાય.

કાંટાળાં ઇંદ્રાણાં ન. વ. વ. એક જાતનાં ફળ. એના વેલા પાતળા અને ત્રણેક ફૂટ લંબાઈના થાય છે. તેમાં લંબગોળ અને કાંટાવાળાં ફળ આવે છે. તે પાકે ત્યારે પીળાં થાય. તે ફળ ઉપર લીલા કે ધોળા પટા હોય. આખો વેલો કડવો હોય અને ઘોડાને પેટપીડ ઉપર ખવરાવવાના કામમાં આવે છે.

કાંટાળી ૧. સ્ત્રી. એક જાતનો ઝીણા કાંટાવાળો છોડ. તેની ઉપર ઝીણાં રૂછાં હોય છે. બકરાં અને ઊંટનો એ ચારો છે.

૨. સ્ત્રી. ફરતા કાંટાકાંટા હોય એવી લાકડી.

૩. વિ. સ્ત્રી. કાંટાવાળી.

કાંટાળી આર સ્ત્રી. એક ઓજાર; પાનામાં ખાંચાવાળી બખિયા દેવાય તેવી આર.

કાંટાળી ઈકડ (કાંટાળી ઈકડ઼) સ્ત્રી. ચારથી છ ફૂટ વધતો એક પ્રકારનો છોડ. તેમાંથી ઊંચે ચડતી પાતળી શાખાઓ નીકળે છે. એની છાલમાંથી નીકળતા રેસાનાં મજબૂત દોરડાં બને છે.

કાંટાળું ૧. [સં. કંટાકિલ] વિ. કાંટાવાળું; જેને કાંટા હોય એવું; કાંટાદાર.

૨. વિ. જ્યાં કાંટા વેરાયેલા હોય એવું.

૩. વિ. મુશ્કેલીથી ભરપૂર; જેમાં ઘણી અડચણો હોય એવું; હરકતવાળું; મુશ્કેલ; દુર્ઘટ.

કાંટાળું માયું ૧. ન. માજુફળ; એ નામના ઝાડનું કાંટાવાળું ફળ.

૨. ન. શરૂના ઝાડ જેવા દેખાવનું એ નામનું એક જાતનું ઝાડ. તેમાં મીંઢળ જેવડાં કાંટાવાળાં ફળ આવે છે. તે તૂરાં હોય છે અને દવા તથા રંગ બનાવવાના કામમાં આવે છે. ફળમાં નાની માખી જેવાં જીવડાં ઘૂસી જઈ રસ કાઢી પોલાં કરી નાખે છે. ફળને માયાફળ કે માજુફળ કહે છે.

કાંટાળો અશેળિયો પું. એક વનસ્પતિ. જુઓ કાંટાસળિયો.

કાંટાળો અસેળિયો પું. એક વનસ્પતિ. જુઓ કાંટાસળિયો.

કાંટાળો ગરિયો પું. એક જાતનો વેલો. તેની ઉપર ઝીણી કાંટી હોય છે.

કાંટાળો ડાંભો પું. અપામાર્ગાદિ વર્ગની ઔષધમાં ઉપયોગી એક વનસ્પતિ; એક જાતનો કાંટાળો છોડવો. તે સર્પદંશ ઉપર વપરાય છે.

કાંટાળો ઢીમડો (કાંટાળો ઢીમડ઼ો) પું. એક જાતનો કાંટાવાળો છોડ. તેનાં પાન ગૂમડાં ઉપર બંધાય છે.

કાંટાળો થોર પું. એક જાતનો કાંટાવાળો થોર; ભૂંભલિયો થોર.

કાંટાળો બલ પું. એક જાતનો છોડ. તે ત્રણેક ફૂટ ઊંચો વધે છે. તેની શાખા ઉપર કાંટા જેવી ગાંઠો હોય છે. પાન આંતરે આવે છે. તેનાં ફૂલ પીળાં કે ફિક્કાં પીળાં થાય છે. સર્વાંગ ઉપયોગી આ છોડ ઉપલેપક ને પૌષ્ટિક કહેવાય છે.

કાંટાળો ભીંડો પું. ચાર છ ફૂટ ઊંચો થતો એક પ્રકારનો છોડ. આખા છોડ ઉપર સખત કાંટા હોય છે. તેનાં ફળ ઉપર પણ કાંટા હોય છે. એનાં બીજ પૌષ્ટિક પાક બનાવવામાં નખાય છે.

કાંટિયા ૧. સ્ત્રી. એક મુસલમાન કોમ.

૨. ન. એ નામની મુસલમાન કોમનું માણસ.

૩. વિ. એ નામની મુસલમાન કોમનું.

કાંટિયાવરણ [સં. ઉપકંઠ (કિનારો) + વર્ણ (જાત)] પું. સરહદ ઉપર રહેનાર લોક; મરવા તૈયાર થાય તેવી અને હથિયારનો ઉપયોગ કરે એવી લડાયક શૂરી જાતિ. રજપૂત, કોળી, રબારી, આહેર, ભરવાડ, મેર, મિયાણા, સંધી, વાઘેર વગેરે જાતો આમાં ગણાય છે.

કાંટિયું ૧. ન. એક જાતની વનસ્પતિ.

૨. ન. પગરખામાં વપરાતો પિત્તળનો ફૂબો.

૩. ન. ભરવાડ પાસેથી ખોરાક માટે લેવામાં આવતું બકરૂં.

૪. ન. મડદા ઉપર નાખવાનું પાતળું લૂગડું; શબ ઉપર ઓઢાડેલું કપડું.

૫. ન. મડદાને માથે ઓઢાડવાના લૂગડાનું અને દહનક્રિયાનું ખર્ચ.

૬. ન. સંડાસ; જાજરૂ; પાયખાનું; વાડો; કાંટિયો.

૭. વિ. લડાયક; શૂરવીર.

૮. વિ. શ્મશાનમાં મડદા ઉપરથી ઉતારી કાંટાવાળા છોડ ઉપર નાખી દીધેલું.

કાંટિયુંવરણ જુઓ કાંટિયાવરણ.

કાંટિયો ૧. પું. અંટસ રાખનારો માણસ; ડંખીલો માણસ; વેરવૃત્તિ રાખનાર વ્યક્તિ.

૨. પું. જંગલી માણસ; દુષ્ટ માણસ.

૩. પું. જાજરૂ; સંડાસ; પાયખાનું; વાડો.

૪. પું. શબ માટે જોઈતો સામાન વેચનાર દુકાનદાર; ખાંપણ વેચનાર વેપારી.

કાંટી ૧. સ્ત્રી. એક જાતની માછલી.

૨. સ્ત્રી. કટક; નાનો કાંટો; શૂળ.

૩. સ્ત્રી. જીભનું ખરબચડું હોવાપણું.

૪. સ્ત્રી. જૂના તૂંબડાને રંગતી વખતે અંદરના ભાગમાં લગાડાતો ચિરોડીનો ભૂકો અને રાળ. સ્વામીનારાયણ સંપ્રદાયના સાધુ એ પ્રમાણે તૂંબડાને કાંટી લગાડે છે.

૫ સ્ત્રી. ડગલામાં જડવાની પિત્તળની કડી અને આંકડી.

૬. સ્ત્રી. દાંતાવાળું હથિયાર.

૭. સ્ત્રી. દુશ્મન.

૮. સ્ત્રી. નાની કડી.

૯. સ્ત્રી. નાનું ત્રાજવું.

૧૦. સ્ત્રી. પાણીનો ધોરિયો સાફ કરવાનું અમુક જાતનાં ડાળાં, પાંદડાં, ઝરડાં વગેરેનો જથ્થો બાંધી ઉપર ભાર મૂકી દોરડા વતી ખેંચાતું ખેડુ લોકોનું એક સાધન.

૧૧. સ્ત્રી. પેંગડું; ઘોડેસવારનો લટકતો પગ રાખવાનું કડું.

૧૨. સ્ત્રી. બાળકોનો એક ખેલ. તેમાં તે દોરામાં કાંકરો નાખી લડે છે.

૧૩. સ્ત્રી. બેડી.

કાંટી ખાવી = કેદખાનામાં પુરાવું.

૧૪. સ્ત્રી. બોરડી નામનું ઇમારતી ઝાડ.

૧૫. સ્ત્રી. માછલાં પકડવાની કડી.

૧૬. સ્ત્રી. માછલીનું હાડકું.

૧૭. સ્ત્રી. રૂની કીટી; રૂ પીંજ્યા પછી રહેતો કચરો.

૧૮. સ્ત્રી. વળગી રહેવું તે.

૧૯. સ્ત્રી. શેઢાઈનું પીછું.

૨૦. સ્ત્રી. સણેથો.

૨૧. સ્ત્રી. (ગણિત) સાબિતી; મેળ; તાળો.

કાંટીગોખરુ પું. કાંટાવાળો ગોખરુ.

કાંટીવાળું વિ. નાના પાતળા કાંટાવાળું.

કાંટું ૧. ન. કઠોળનાં પાંદડાં, ડાંખળાં અને શિંગોનો સૂકો ભૂકો; ગોતર.

૨. ન. દાગીનામાં ચૂની જડવાનો ખાડો.

૩. ન. બટનનું કાણું; બોરિયું પરોવવાનું નાકું.

૪. ન. માલ આપવા લેવાનો કરાર; સોદો.

૫. ન. શૂળ; કાંટો.

બાલક ઉતાર્યું તો ત્યાં ભોમ,
ધડડ કાંટું રોમેરોમ. નાકર

કાંટેઇંદ્રાયન જુઓ કાંટાળાં ઇંદ્રવારણાં.

કાંટેકસ વિ. માપસર; બરોબર; જોઈએ તેટલું.

કાંટેચુબુક ન. ઉત્કંટારી નામની વનસ્પતિ.

કાંટેદાર વિ. કાંટાવાળું.

કાંટેધમાસો પું. એક જાતનો કાંટાવાળો છોડ. તેનાં ડીંડવામાંથી ગરમીની ઋતુમાં એક જાતની સાકર નીકળે છે. તેને ફારસીમાં તુરંજબી કહે છે. સુશ્રુતના મત મુજબ તે વાતપિત્તનું શમન કરે છે.

કાંટેબાઝ પું. ત્રાજવાં બનાવનાર માણસ.

કાંટેરી ઇંદ્રાયણ સ્ત્રી. કુષ્માંડાદિ વર્ગની ઔષધમાં ઉપયોગી બહુવર્ષાયુ એક વનસ્પતિ. તેનાં ફળના ઊભા કટકા કરી રસ નીચોવી લઈ થોડો વખત ઠરવા દઈ ઉપરનું પાણી કાઢી નાખી નીચેના ઘટ્ટ રસને ધીમી આંચથી ઘન બનાવવો. તે દવા તરીકે કાળજું, હૃદય, મૂત્રાશય અને ઉદરના રોગ, જળોદર, ફેફસાંની અંદરનો કફનો ભરાવો તથા ફેફસાં કે છાતીની અંદરના સોજા માટે વપરાય છે. તે તીવ્ર રેચક હોઈ નેપાળાની પેઠે પાણી જેવા સખ્ત ઝાડા લાવે છે. તેની અસર મગજના જ્ઞાનતંતુ ઉપર ભારે થાય છે. માથાના રોગ, હિસ્ટીરિઅ, સન્નિપાત, ઉન્માદ, મગજમાં લોહી ચડી જવાનો રોગ, જળોદર વગેરેમાં યોગ્ય માત્રાથી સારી અસર કરે છે. તેની ૫ ગ્રેન માત્રા ૧૯૫ ગ્રેન દૂધમાં નાખી પીવાય છે.

કાંટેરી ઇંદ્રાયન જુઓ કાંટેરી ઇંદ્રાયણ.

કાંટેરી કાંબ સ્ત્રી. ત્રણથી ચાર ફૂટ ઊંચો એક જંગલી છોડ. તેની ઉપર બધે કાંટા હોય છે. જંગલી લોકો તેનાં પાનનું શાક કરે છે.

કાંટેરી ટીંબા સ્ત્રી. ડાંભો; એક જાતની ભાજી.

કાંટેરી ડાંબો પું. ત્રણથી ચાર ફૂટ ઊંચો એક કાંટાવાળો છોડ. તેનાં પાનનું શાક થાય છે. વગડામાં એક જાતનો ધોળો કાંટેરી ડાંબો થાય છે તે પાંચ છ મહિના રહે છે.

કાંટેરી માટ જુઓ કાંટેરી ડાંબો.

કાંટેસેવતી સ્ત્રી. ગુલદાવરીનાં ફૂલની એક જાત.

કાંટો ૧. પું. અડચણ; ઠેશ; ઠેશી.

૨. પું. અણીદાર છેડો; દાંતો; અણી.

૩. પું. અદલ ન્યાય.

ધરમનો કાંટો = શરાફ મહાજન તરફથી સોનાચાંદી તોળવા રખાતું નાનું ત્રાજવું.

૪. પું. અફીણ વગેરે માદક વસ્તુથી જણાતું જોશ.

૫. પું. અહંમમાભિમાનની ઉગ્રતા.

૬. પું. ઉચ્ચાલનયંત્ર; કાવડ.

લીવર માટે ઉચ્ચાલનયંત્ર શબ્દ કરતાં કાંટો અથવા કાવડ એ શબ્દો વધારે યોગ્ય થાય એમ મને લાગે છે. કિશોરલાલ

૭. પું. ઉત્સાહ; ચેન; કામ કરવાની શક્તિ.

૮. પું. ઊંડી અને સાલે એવી પીડા; મુશ્કેલી.

૧. કાંટા માફક નીકળી જાવું = દુ:ખમાંથી મુક્ત થવું.

૨. કાંટામાં પડવું = મુશ્કેલીમાં આવી પડવું.

૩. કાંટો કાઢવો = (૧) દુ:ખમાં કોઈને મદદ કરવી. (૨) મનની લાગણી દૂર કરવી. (૩) વિઘ્ન દૂર કરવું; નડતર મટાડવી.

૪. કાંટો નીકળવો = કષ્ટ દૂર થવું.

૯. પું. એક પ્રકારની આતશબાજી.

૧૦. પું. ઓઢણીમાં મુકાતો જરીનો ગોખરુ.

૧૧. પું. કરોડ; બરડાનું હાડકું.

૧૨. પું. કાને પહેરવાનું એક ઘરેણું.

૧૩. પું. કિન્નો; અંટસ.

૧૪. પું. કૂવામાંથી ઠામ કાઢવાની મીંદડી.

કાંટા નાખવા = કોઈ પણ વસ્તુ ઊંચે લાવવા માટે કૂવામાં કડી ઉતારવી.

૧૫. પું. કોઈ પણ બાબતમાં હરકત કરતું દુ:ખદાયક કે સાલે એવું નડતર; ફાંસ.

૧૬. પું. ખારેકનો કોથળો.

૧૭. પું. ખીલો; કીલ; ભોંકણુ.

૧૮. પું. ગલ; માછલાં પકડવાનો આંકડો.

૧૯. પું. ઘડિયાળ માંહેની વખત દેખાડતી સળી.

૨૦. પું. ઘોડાના ચોકડાનો દાંતો; લગામના ચોકડાનું ગોખરુ.

૨૧. પું. ઘોડાના તંગનો ખીલો.

૨૨. પું. ઘોડાને એડી મારવામાં આવતો દાંતાવાળો ભાગ.

૨૩. પું. ઘોડેસવારનો લટકતો પગ રાખવાનું કડું; પેંગડું.

૨૪. પું. છાલ અથવા ચામડી ઉપરનો અણીદાર અંકુર, વાળ, રુવાં વગેરે.

૨૫. પું. જંતુઓને ઈંડાં મૂકવાનું સાધન.

૨૬. પું. જીભ અથવા ગળામાં નીકળતી નાની ફોડકી.

૨૭. પું. જીભનું સુકાઈ જવાપણું; જીભનું ખરબચડું હોવાપણું.

કાંટા પડવા = ગળું કે સુંવાળું અંગ બરછટ થઈ જવું; શોષ પડવો.

૨૮. પું. જુસ્સો; નૂર; પાણી.

૧. કાંટામાં આવવું = સતેજ થવું; સુરતી ઊડી શરીરમાં જોમ આવવું.

૨. કાંટો ખડી જવો = શરીરમાંથી જોમ ઊતરી જવું.

૨૯. પું. ઝાડની ડાળીમાંથી ફૂટતો અણીદાર ફણગો.

૩૦. પું. ટેક; મમત.

૩૧. પું. ડગલાને જડવાની પિત્તળની કડી અને આંકડી.

૩૨. પું. ડંખ; દંશ: જેમકે, વીંછીનો કાંટો.

કાંટો મારવો = (૧) ડંખ દેવો. (૨) ફાંસ મારવી; અડચણ કરવી; વાંધો કાઢવો.

૩૩. પું. ડોક; ગરદન.

૩૪. પું. (ગણિત) તાળો મેળવતી વખતે કરાતું × આવું ચિહ્ન.

૩૫. પું. ત્રાજવાનો સળિયો.

૩૬. પું. ત્રાજવું; તુલાયંત્ર; કંપાણ; જેની અંદર સમતોલતા બતાવનારી સોય રાખવામાં આવેલ હોય એવું તોલ કરવાનું ધાતુનું સાધન.

૩૭. પું. દંશપુટના અંદરથી સંધાયેલા ભાગનો લાંબો છેડો; 'થ્રેડ'. આ કાંટા ઉપર ઝેરી પદાર્થ હોય છે, એટલે પોકળકાયના વર્ગનાં પ્રાણીઓ જે પ્રાણીનો શિકાર કરે છે તે પ્રાણીના શરીરમાં આ ઝેર ઊતરે છે.

૩૮. પું. (ગણિત) દાખલાનો જવાબ મેળવવાનો તાળો; સાબિતી; મેળ.

૩૯. પું. દાખલો; ઘડો.

૪૦. પું. દુ:ખ દેતા છતાં પણ મીઠી લાગતી વસ્તુ. જેમકે, પ્રેમનો કાંટો.

૪૧. પું. ધાતુ કે લાકડાનો અણીદાર સળિયો; સોયો.

૪૨. પું. નાકે પહેરવાનું સોનામાં નંગ જડેલું ઘરેણું; નાસાભૂષણ; ચૂંક; ચૂની. એમાં સ્ક્રૂની પેઠે વાળો વાળવામાં આવેલો હોય છે. તેનો એક છેડો નાકના વીંધમાં ખોસવામાં આવે છે અને બીજે છેડે વર્તુલાકારમાં છ થી સાત મોતી ગોઠવવામાં આવે છે અને તેની વચ્ચે એક હીરો કે બીજું કોઈ કીમતી રત્ન જડેલું હોય છે.

૪૩. પું. નિશાન; સૂચક વસ્તુ.

૪૪. પું. નેસ અથવા વાસમાં દાખલ થવા માટેનું દરવાજાને સ્થળે મૂકેલું કાંટાનું બારણું; બાવળનું ઝરડું; ઝાંપો.

૪૫. પું. પક્ષીને પૂછડી ઉપર થતું દરદ.

૪૬. પું. માછલાનું તીણી ધારવાળું હાડકું.

૪૭. પું. માથા ઉપર પહેરવાનું એક ઘરેણું.

૪૮. પું. મેના, પોપટ વગેરે પક્ષીના ગળામાં થતો એક જાતનો રોગ. તેથી પક્ષી મરી જાય છે.

કાંટો લાગવો = પક્ષીને કાંટાનો રોગ થવો.

૪૯. પું. રીસ; ગુસ્સો; ક્રોધ.

૫૦. પું. રૂંધન; અટકાવ.

રહ્યું બોલાતું હો, કંઠે **કાંટા** પડે. પ્રેમાનંદ

૫૧. પું. રોમાંચ; કંપારી; થથરાટ; ટાઢ કે રોગથી શરીરનાં રૂવાં ઊભાં થઈ જવાં તે.

૫૨. પું. વણકરના કાંટલામાં તાર ન હોય ત્યારે શાળને અટકાવી બંધ રાખનાર એક સાધન.

૫૩. [સં. કટક; અપ. કટવ] પું. વનસ્પતિનો કઠણ અણીદાર સીધો કે વાંકો અવયવ; અંકુર; શૂળ; ફણગો.

૧. કાંટા ઉપર લોટવું = (૧) કંટકની પથારીમાં સૂવું. (૨) દુઃખી થવું.

૨. કાંટા વાવવા–વેરવા (૧) કુસંપનાં બીજ વાવવાં. (૨) પોતાને માટે દુઃખની તૈયારી કરવી; પોતાનો માર્ગ મુશ્કેલ થાય એવી રીત વર્તવું. (૩) વેર કરવું; દુશ્મનાવટ ઊભી કરવી.

૩. કાંટા હોવા = સાવરણી જેવું દૂબળું હોવું.

૪. કાંટાનું કટેસર = રજનું ગજ; કાગનો વાઘ.

૫. કાંટો ભાંગવો–વાગવો = (૧) અંતરમાં સાલે એવું થવું. (૨) શૂળ ભોંકાવી.

૫૪. પું. વહેમ; ખતરો; શંકા.

૫૫. પું. વળગી રહેવું તે; જિદ્દ; હઠ.

૫૬. પું. વાગે એવું અને ચામડીમાં પેસી જાય એવું વાંકું હાડકું.

૫૭. પું. વાંકી અણીદાર દાંતાવાળી પકડ; હાથ બગડ્યા વિના ખાવાનું ઊચકવાનું ચમચા જેવું દાંતાવાળું એક સાધન; આંકડી.

૫૮. પું. વાંકો અને અણીદાર અંકોડો; મંકોડો.

૫૯. પું. વિઘ્નરૂપ માણસ.

૬૦. પું. વીંછી, ભમરી વગેરેનો અણીદાર ભાગ.

૬૧. પું. શરીરની અથવા શરીરના અવયવોની સ્વાભાવિક તથા નીરોગી અને જાગૃત સ્થિતિ; દઢ પ્રકૃતિ.

૬૨. પું. શંકુ; અંકુશ; એડી.

૬૩. પું. શાહૂડીનું સિસોળિયું; શેઢાઈનું પીછું.

૬૪. પું. સણેથો.

૬૫. પું. સંગીન; બંદૂકની નળીને છેડે રાખવામાં આવતું અણીદાર પાનું.

૬૬. પું. સ્નાયુની સુદઢતા.

કાંટોલ પું. પથ્થરવાળી જમીનમાં ઊગતો એક વેલો; કંટોલાનો વેલો.

કાંટ્ય સ્ત્રી. પુષ્કળ ઝાડ પાસે પાસે હોય એવી જગ્યા; કાંટાવાળાં વૃક્ષોની ગીચ ઝાડી.

આવળ બાવળ આંકડા કેરી, **કાંટ્ય**માં આથડનાર.
વેણીનાં ફૂલ

કાંઠ પું. કાંટો.

કાંઠડલો (કાંઠડ઼લો) જુઓ કાંઠડો.

કાંઠડિયો (કાંઠડ઼િયો) જુઓ કાંઠડો.

કાંઠડો (કાંઠડ઼ો) પું. કાંઠો; કિનારો.

કાંઠલી ૧. સ્ત્રી. નાનો કાંઠલો.

૨. સ્ત્રી. વાણાનો તાર તાણામાં નાખવાનું વણકરનું એક ઓજાર.

૩. સ્ત્રી. સ્ત્રીઓના કંઠનું એક ઘરેણું; હાંસડી.

કાંઠલો ૧. પું. એક જાતનો સ્ત્રીનો ડોકનો દાગીનો; હાંસડી.

૨. પું. કાનનું એક ઘરેણું.

૩. પું. કિનારો; તીર; ઓવારો; ઘાટ.

૪. પું. ગળાની આસપાસનો વર્તુલાકાર ભાગ; ગળાની હાંસડી.

૫. પું. ગળાને બેસતો આવતો અંગરખાનો ગોળ કાપ; કોટ, ખમીસ વગેરે કપડાંનો ગળા આગળનો પટીવાળો ભાગ.

૬. પું. ઘડો, ગાગર વગેરેના પેટાળની ઉપરનો અને કંઠના ગળાનો ગોળ ભાગ.

૭. પું. દેશી શાળમાં વાણાનો તાર તાણાના તારમાં નાખવાનું મોઈ જેવું લોઢાની કડી અને સોયવાળું વણકરનું એક ઓજાર; કવડું. તે તારની વચમાં એવો સીધો જાય છે કે ઊંચા નીચા થતા તાણામાં ગુંચવાઈ જતો નથી. તેમાં વાણો રહે છે.

૮. પું. પરણતાં પહેલાં વરપક્ષ તરફથી કન્યાને આપવામાં આવતું ઘરેણું; વસંત; આદરણી; લગ્નને દિવસે વરપક્ષ તરફથી શ્રીફળ, સોપારી, મેવો તથા સોહાગની વસ્તુઓની કન્યાને અપાતી છાબ.

૯. પું. પાસાબંધી કેડિયાની ડોકની પછવાડેની પટી.

૧૦. પું. પોપટ વગેરેની ડોકનાં પીછાંનો નવો રંગ.

૧૧. પું. પોપટના કંઠ ઉપરનું કાળું વર્તુલ; પોપટની ડોક ઉપરનો કાળો લીટો.

૧૨. પું. સીવવાના સંચામાં દોરો વીંટવાનું ફરતું ચક્કર; સૂત્રવેષ્ટન.

કાંઠા ૧. પું. ઘઉંની એક જાત.

૨. અ. લગભગ; આશરે.

કાંઠાનોનળ પું. વહાણના બહારના ભાગમાં આવેલો લાકડાનો એક ભાગ.

કાંઠાસમાણું ૧. વિ. કાંઠા સુધી માય તેટલું.

૨. અ. કાંઠા સુધી; કાંઠા લગી.

કાંઠિયું ૧. ન. જાજરૂ; સંડાસ; પાયખાનું.

૨. ન. ડોકનું એક જાતનું ઘરેણું; હાંસડી.

૩. ન. તરેલાના નીચલા ભાગમાં અને બળદની ડોક નીચે રહેતો લાકડાનો ભાગ.

કાંઠિયો જુઓ કાંઠિયું.

કાંઠી ૧. [સં. કંઠ] સ્ત્રી. સમુદ્રકિનારાનો પ્રદેશ.

૨. જુઓ કાંઠિયું.

કાંઠુડા (કાંઠુડ઼ા) પું. બ. વ. એક જાતના ઘઉં; કાંઠા.

કાંઠો ૧. પું. ઉત્તરક્રિયાનો છેલ્લો દિવસ.

કાંઠો કળપાવવો = ઉત્તરક્રિયા પૂરી થવામાં થતી એક જાતનો ધાર્મિક વિધિ. તેમાં બૈરાં પાણીનાં બેડાં ભરીને આવે અને બ્રાહ્મણ મંત્ર બોલે.

૨. [સં. કંઠ] પું. કિનારો; તટ; તીર; ઓવારો.

બે કાંઠે = ભરપૂર; બંને કાંઠા વચ્ચેનો પટ રોકીને રહેલ.

૩. પું. કૂવાની ભોંયની સપાટી ઉપરનો ગોળ ફરતો ભાગ; કૂવાનું થાળું.

૪. પું. કોશનો ગોળાકાર ભાગ.

૫. પું. ગળું; કંઠ.

૬. પું. ગોળ કમાન.

૭. પું. ઘડો, ગાગર અથવા કૂવાના મોં આગળનો ગોળ ભાગ; કાનો; કાંઠલો.

૮. પું. ઘોડા કે ઊંટનો ઢેકો.

૯. પું. ચકરડું; વર્તુલ.

૧૦. પું. ચૂડલીમાં ચીપ રહેવાની ખાઈની ધાર.

૧૧. પું. ચોરણાનો ગોળાકાર ભાગ.

૧૨. પું. છેડો; અંત.

કાંઠે બેસવું = મૃત્યુસમયની નજીક આવવું; ઓછી આવરદા રહેવી; પૂરેપૂરી વૃદ્ધાવસ્થા આવી જવી.

૧૩. પું. બરડાનું હાડકું; કરોડ.

૧૪. પું. હાંસડી; કાંડલો; ગળાની આસપાસનો ગોળાકાર ભાગ.

કાંઠોડું (કાંઠોડૂં) વિ. કાંઠા સુધી ભર્યું હોય એવું; શગ વગરનું.

કાંડોળી સ્ત્રી. મોટાં પાંદડાં અને રાતાં ફૂલવાળું ઔષધોપયોગી એક ઝાડ. તેનો રંગ ધોળો હોય છે. તેને આંબાની પેઠે મોર આવી બદામના આકારનાં ફળ થાય છે.

કાંડ ૧. [સં.] પું. અધ્યાય; પ્રકરણ; ભાગ; બાબ. વેદમાં કર્મકાંડ, ઉપાસનાકાંડ અને જ્ઞાનકાંડ એમ ત્રણ કાંડ કહેલાં છે. કર્મકાંડ જૈમિનિએ, ઉપાસના અથવા યોગકાંડ પતંજલિએ અને જ્ઞાનકાંડ બાદરાયણે સર્જ્યા કહેવાય છે.

૨. પું. અંકોલનું ઝાડ.

૩. પું. એક જાતની વનસ્પતિ; કાંસડાનું ઝાડ.

૪. પું. કાતળી; છોડની બે ગાંઠની વચ્ચેનો ભાગ; પેરી.

૫. પું. ગુચ્છો; ઝૂમખું.

૬. પું. જળ; પાણી.

૭ પું. ઝાડનું ડાળું; ડાળી.

૮. પું. ઝાડનું થડ.

૯. પું. તીર; શર; બાણ.

૧૦. પું. થાંભલો.

૧૧. પું. દીંટું; વૃંત.

૧૨. પું. નાડીઓનો સમુદાય; નાળ.

૧૩. પું. નિર્જન સ્થાન; વેરાન જગ્યા.

૧૪. પું. પથ્થર.

૧૫. પું. પર્વ; વેળા; અવસર; મોકો.

૧૬. પું. પર્વતમાં કોતરેલું ઘર.

૧૭. પું. પાંસળીના બંને છેડા વચ્ચેનો ધનુષ્યના જેવો વળેલો ભાગ. તે સહેજ પાતળો અને ચપટો હોય છે.

૧૮. પું. બે ભાગની વચ્ચેનો સાંધો.

૧૯. પું. રમતગમત.

૨૦. પું. વર્ગ.

૨૧. પું. શ્લાઘા; વખાણ; પ્રશંસા.

૨૨. પું. સમૂહ; વૃંદ.

૨૩. પું. સોળ હાથનો દંડ.

૨૪. ન. સાંધાથી છૂટું પડેલું એક ખંડવાળું હાડકું.

૨૫. વિ. બૂરું; હલકું; અધમ.

કાંડક ૧. [સં.] પું. (જૈન) કાળનો એક સૂક્ષ્મ ભાગ.

૨. પું. પડ; થર.

૩. પું. બાણ.

૪. પું. રાક્ષસની સભા આગળનું ચૈત્ય વૃક્ષ.

કાંડકારક [સં.] વિ. બાણ બનાવનાર.

કાંડગોચર [સં.] ન. નારાચ નામનું એક અસ્ત્ર.

કાંડચ્છેદન [સં.] ન. ચાણાક્ય અર્થશાસ્ત્રમાં જણાવેલું અસ્ત્રા કે મોટા કુહાડા જેવું એક હથિયાર. જૂના વખતમાં તે લડાઈમાં વપરાતું.

કાંડણી [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; રામદૂતી; સૂક્ષ્મપર્ણી. તેના વેલા થાય છે.

કાંડતિક્ત [સં.] ન. એક જાતનો લીંબડો; ચિરાયતું; કરિયાતું.

કાંડત્રય [સં.] પું. વેદના ત્રણે ય કાંડનો સમૂહ; કર્મકાંડ, ઉપાસનાકાંડ અને જ્ઞાનકાંડ. જુઓ કાંડ ૧.

કાંડધાર ૧. [સં.] પું. એ નામના દેશનો રહેવાસી.

૨. પું. એ નામનો એક દેશ.

કાંડની જુઓ કાંડણી.

કાંડપટ [સં.] પું. કંતાનનો પડદો; તંબૂ વગેરેને ફરતી વીંટાળવા માટેની કનાત.

કાંડપુષ્પ [સં.] ન. દ્રોણવૃક્ષનું ફૂલ.

કાંડપુષ્પા [સં.] સ્ત્રી. દ્રોણવૃક્ષ.

કાંડપૃષ્ઠ ૧. [સં.] પું. દત્તકપુત્ર.

૨. પું. ધનુષ્ય વગેરે શસ્ત્ર બનાવી નિર્વાહ કરનાર બ્રાહ્મણ.

૩. પું. પુત્ર તરીકે ઉછેરેલો છોકરો.

૪. પું. પોતાના કુળનો ત્યાગ કરી બીજાના કુળમાં મળનાર માણસ.

૫. પું. યોદ્ધો; સિપાઈ.

૬. પું. વેશ્યાપતિ.

૭. ન. કર્ણનું ધનુષ્ય.

૮. ન. મોટી પીઠવાળું ધનુષ્ય.

કાંડભગ્ન [સં.] પું. વૈદ્યકમાં જણાવેલ એક જાતનો આઘાત. તેમાં હાથપગનું હાડકું ભાંગી જાય છે.

કાંડમુખી પું. (પિંગળ) પંક્તિની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં જગણ, બે ભગણ અને ગુરુ મળી દશ અક્ષર હોય છે.

જ ભા ભ ગે કર **કાણ્ડમુખી.** રણપિંગળ

કાંડર ૧. પું. સાપની જેવું લાંબું અને જાડું એક ઝેરી પ્રાણી.

૨. સ્ત્રી. એક જાતની મધમાખી; ભમરી.

કાંડરુહ [સં.] વિ. પેરાઈ અથવા ડાળીની ગાંઠના ભાગમાંથી ઊગતું; કાતળીમાંથી ઊગે એવું.

કાંડરુહા [સં.] સ્ત્રી. કડુ; કટુકી.

કાંડરૂ સ્ત્રી. એક જાતની મધમાખી; ભમરી.

કાંડર્ષિ ૧. [સં.] પું. યજુર્વેદના દરેક કાંડનો અધિષ્ઠાતા ઋષિ.

૨. પું. વેદના વિભાગ વિષે વિચાર ચલાવનાર જૈમિનિ, વ્યાસ, શાંડિલ્ય વગેરે માંહેનો દરેક ઋષિ.

કાંડલી [હિં.] સ્ત્રી. કુલફા; એક શાક.

કાંડવારણ [સં.] ન. પ્રાચીન હિંદનું એ નામનું એક શહેર.

કાંડવારિણી [સં.] સ્ત્રી. દુર્ગાદેવી.

કાંડવીણા [સં.] સ્ત્રી. એક જાતનું વાજિંત્ર; મોટી વીણા; ચાંડાલની વીણા.

કાંડવું ૧. સ. ક્રિ. ખાંડવું; ખૂબ પીટવું.

૨. સ. ક્રિ. સતાવવું; દુઃખ દેવું.

કાંડવેલ [સં. કાંડીર] સ્ત્રી. એક જાતનો વેલો. ભાંગેલાં હાડકાંને સાંધવામાં તેનો ઉપયોગ થાય છે માટે તેને હાડસાંકડી કે હાડસંધિ પણ કહે છે. તેનો વિસ્તાર પુષ્કળ થાય છે. તેમાં પેર જેવડાં ફળ આવે છે. ઝાડ જેવો દેખાતો આ વેલો દસ્તાવરોધ અને ગરમી મટાડે છે. સાધારણ કાંડવેલ તીખી, કડવી, ઉષ્ણ, સારક અને પિત્તલ છે તથા કફ, ગુલ્મ, દુષ્ટ વ્રણ, પ્લીહા, ઉદર, અગ્નિમાંદ્ય, શૂળ, વાયુ અને મલસ્તંભનો નાશ કરે છે.

કાંડસંધિ [સં.] પું. ગ્રંથિ; પર્વ; ગાંઠ.

કાંડહીન [સં.] ન. એક જાતની મોથ.

કાંડા ૧. [હિં.] પું. એક જાતનું ઘાસ. તેમાંથી પડદા બનાવવામાં આવે છે.

૨. ન. ઝાડનો એક રોગ.

૩. ન. દાંતનો કીડો.

૪. ન. પુરુષને હાથના કાંડા ઉપર બાંધવાનું એક ઘરેણું.

૫. ન. ફળ વગેરેનો સડેલો ગર્ભ.

૬. વિ. એક આંખે આંધળું; કાણું.

કાંડાગ્ર પું. ડાળીના છેડાનો ભાગ.

કાંડાઘડિયાળ (કાંડાઘડ઼િયાળ) ન. કાંડે પહેરવાની ઘડિયાળ; 'રિસ્ટ વૉચ'.

કાંડાછોડ (કાંડાછોડ઼) જુઓ કાંડાવછોડ.

કાંડાબળ ન. પોતામાં રહેલું બળ.

કાંડાબળિયું વિ. જેના કાંડામાં ઘણું જોર હોય એવું; મજબૂત; બળવાન.

કાંડાબૂડ વિ. કાંડું બૂડે એટલું ઊંડું. જેમકે, નદીમાં માત્ર કાંડાબૂડ પાણી છે.

કાંડાબૂડ ઘી દૂધ પીવાં = હાથનાં કાંડાં વાસણમાં બૂડે એટલાં વાસણ ભરીને ઘી દૂધ પીવાં.

કાંડામાદરડી (કાંડામાદરડ઼ી) સ્ત્રી. કાંડા ઉપર બાંધવાની માદરડી.

કાંડાર [સં. કર્ણધારી] પું. (બંગાળી) સુકાની.

કાંડારઝી પું. એક આંખવાળો માણસ.

કાંડારી જુઓ કાંડાર.

કાંડાવછોડ (કાંડાવછોડ઼) ૧. સ્ત્રી. કાંડાના બળની અજમાયશ લેવાની એક મરદાનગી રમત.

૨. સ્ત્રી. ચડસાચડસી; હુંસાતૂંસી.

૩. વિ. બળવાન; જોરાવર; સબળ.

૪. વિ. સખત પકડેલું; કાંડું છોડાવી નાખે એવું.

૫. વિ. હરીફ; સમોવડિયું; ધરકધર.

કાંડિકા [સં.] સ્ત્રી. કડવી તુંબડી.

કાંડિયું ૧. ન. ખમીસ ઇત્યાદિનો કાંડા આગળનો ભાગ.

૨. ન. જમતી વખતે હાથ, પગ અને મોં ધોવાં તે.

કાંડિયાં કરવાં = જમવા બેસતાં નાહવાની આળસે કાંડા સુધી હાથ પગ ધોવા.

૩. ન. સ્ત્રીઓને કાંડે પહેરવાનું એક ઘરેણું; કડું.

કાંડિલ્ય ૧. પું. એ નામના ગોત્રના પ્રવર્તક એક ઋષિ.

૨. ન. એ નામનું ગોત્ર.

૩. વિ. એ નામના ગોત્રમાં થયેલ.

કાંડિલ્યાયન પું. એ નામના એક ઋષિ.

કાંડી ૧. સ્ત્રી. કાંડું.

૨. સ્ત્રી. ચાર મજૂરથી ઊંચકાતું ડોળી જેવું એક જાતનું વાહન.

૩. સ્ત્રી. તણખલું; તરણું.

તેથી કુશની એક **કાંડી** પારણામાં મૂકી મંત્રબળથી અને તપોબળથી તેને ચૈતન્ય આપી પુત્ર બનાવ્યો.
તહેવારોનો ભોમિયો

૪. સ્ત્રી. દીવાસળી; સળી.

૫. સ્ત્રી. ફળ વગેરેનો સડેલો ગર્ભ.

૬. સ્ત્રી. વણાટકામ માટેનું સૂતર જેના ઉપર વીંટાળવામાં આવે તે લાકડાની નળી.

૭. ન. સિંહલદ્વીપ માંહેનું એ નામનું એક શહેર.

૮. વિ. કાણું; એક આંખે આંધળું.

કાંડીમટક્કો = એક આંખવાળો ઇરકી માણસ.

૯. વિ. બળવાન કાંડાવાળું; કાંડાનું મજબૂત.

કાંડી કૌરી ૧. સ્ત્રી. ખોટો સિક્કો.

૨. સ્ત્રી. નકામો માણસ.

કાંડીતિક્તક ન. કરિયાતું. કાંડી એટલે શેરડીનાં માદળિયાં. શેરડી ગળી હોય અને કરિયાતાની કાતળી કડવી હોય માટે તે કડવી શેરડી કહેવાય.

કાંડીર ૧. [સં.] પું. અઘાડો.

૨. પું. અપામાર્ગ.

૩. પું. કાંડવેલ નામનો વેલો.

૪. પું. બાણાસ્ત્રધારી; તીરંદાજ.

કાંડુળી સ્ત્રી. કઢાયાનું ઝાડ. એનો ગુંદર ખવાય છે. તેનાં બીને કાંગડોળા કહે છે. તે શેકીને અને ફોડીને ખવાય છે.

કાંડું ૧. ન. અજાગલસ્તન; બકરીના ગળે આંચળ જેવું કાંઈક હોય તે.

૨. [સં. કાંડ] ન. કોણી નીચેના હાથનો છેલ્લો અને પંજાની ઉપરનો સંધિભાગ; હાથનો અથવા પગનો પંજો જોડાયેલો છે તે ભાગ; મણિબંધ.

૧. કાંડાં કરડવાં = વિમાસણમાં પડવું.

૨. કાંડાં કલમ કરવાં–કાંડું કાપવું–કાંડું કાપી આપવું = (૧) કાંડા આગળથી હાથ કાપવો. (૨) સહી કરી આપવી; હસ્તાક્ષર આપવા; લખી આપવું.

૩. કાંડું કપાવું = હસ્તાક્ષર થવા; સહી થવી.

૪. કાંડું કાપી આપવું = સહી દેવી.

૫. કાંડું કાપી લેવું = સહી લઈ લેવી; લખત કરાવી લેવું.

૬. કાંડું છોડવું–વછોડવું = (૧) તિરસ્કાર કરવો. (૨) હઠાવવું; અટકાવવું. (૩) હાથ છોડાવવો.

૭. કાંડું ઝાલવું–પકડવું = (૧) આજન્મ નિભાવી લેવાનું માથે લેવું. (૨) આધાર આપવો; આશ્રય આપવો. (૩) કાંઈ ખરાબ કામ કરતાં કોઈને પકડવું; પહોંચથી પકડવું. (૪) દાવમાં લેવું. (૫) પરણવું.

૮. કાંડું બાંધવું = (૧) ક્રિયા કર્મ કરાવવા બ્રાહ્મણને પસંદ કરવા. (૨) પ્રતિજ્ઞા લેવી. (૩) સહી લેવી; કાંડું કાપવું.

૯. કાંડું સોંપવું = (૧) આશરે રાખવું. (૨) કન્યાને પરણાવવી.

૩. ન. બળદ, બકરી, ભેંસ, ગધેડાં વગેરે પ્રાણીની ડોકે શોભા માટે બાંધવાનો સૂતર કે ચામડાનો પટો.

૪. ન. ભાદરવા સુદ ચૌદશને દિવસે સુખ મેળવવા માટે બાંધવામાં આવતો દોરો; આનંદદોરો.

૫. ન. (વહાણવટું) લાતુ.

કાંડૂર વિ. બીકણ.

કાંડેક્ષુ ૧. [સં.] પું. એક જાતનું ઘાસ; કાસડો.

૨. પું. એખરો.

૩. સ્ત્રી. શેરડીની એક જાત.

કાંડેક્ષુકા ૧. [સં.] સ્ત્રી. એક જાતની શેરડી.

૨. સ્ત્રી. પંચતૃણની એક જાત.

કાંડેર પું. તાંદળજો.

કાંડેરી [સં.] સ્ત્રી. નાગદંતી નામનું ઝાડ.

કાંડેરુહા ૧. [સં.] સ્ત્રી. કટુક વૃક્ષ.

૨. સ્ત્રી. કડુ.

કાંડેવિદ્ધિ પું. એ નામનો ૧૮૦ માંહેનો એક ક્રિયાવાદી.

કાંડો ૧. પું. કાગડો.

૨. પું. (ભીલી) કાંડું.

કાંડોળ ન. મોટાં પાંદડાં અને લાલ ઝૂમખાદાર ફૂલોવાળું સફેદ રંગનું એક વિશાળ વૃક્ષ; કાંડોળી.

કાંડોળી ૧. સ્ત્રી. પાણીને રોકવા ખેતરમાં બાંધેલી માટીની પાળ.

૨. સ્ત્રી. મોટાં પાંદડાં અને લાલ ઝૂમખાદાર ફૂલવાળું ધોળા રંગનું એક જંગલી ઝાડ; સારડોળ. વસંત ઋતુમાં તેને મોર બેસી બદામના આકારનાં પોચાં ફળ આવે છે. તે પાકે ત્યારે ગળચટાં લાગે છે. આ ઝાડને સફેદ ગુંદ આવે છે. ઝાડને કૂટી તેમાંથી રેસા કઢાય છે. એની ડાળી મુલાઈ એરંડા જેવી પોચી હોય છે, તેથી આ ઝાડ ઇમારતના ઉપયોગનું નથી. એનાં રાતાં મૂળિયાં ઠંડક આપનાર કહેવાય છે. મુબારકો ગાંઠ, અતિસાર, પરમો, ધાતુવિકાર, ગરમી, પ્રમેહ, સ્ત્રીનો રક્તસ્રાવ અને વાયુ ઉપર આ વૃક્ષનો ઉપયોગ થાય છે. તેની છાલ ઉપર મંત્ર લખી ગળે બાંધી મુસાફરી કરવાથી કશી હરકત પહોંચતી નથી એમ કેટલાક લોકોમાં માન્યતા છે.

કાંઢારો ભીંડો પું. (કચ્છી) એક જાતનો છોડ; કાંટાળો ભીંડો.

કાંહેરી ડાંભો પું. એક જાતનો કાંટાવાળો વગડાઉ છોડ.

કાંઠો [સં. કર્ણ] પું. (વહાણવટું) હેઠાવડ અને સરોરો મળે તે છૂટો ખૂણો.

કાંણુસ સ્ત્રી. સ્ત્રી. સોની લોકો પારસી બોલીમાં સ્ત્રીને કાંણુસ કહે છે.

કાંણાની સ. (ગ્રામ્ય) કોની; કયા માણસની.

કાંણાંકોઠી સ્ત્રી. બાળકને રમાડવાની એક રીત; બાળકને રમાડવા માટે પીઠે બઝાડી ફરવું અને કંઈ કંઈ બોલવું તે.

કાંત ૧. [સં.] પું. આનંદ.

૨. પું. (પિંગળ) એ નામનો એક છંદ.

૩. પું. ઓસડ; ઓસડિયું.

૪. પું. કપૂર.

૫. [સં. કમ્ (ચાહવું)નું ભૂતકૃદંત] પું. કંથ; વર; પતિ; ધણી; સ્વામી.

૬. પું. કામદેવ.

૭. પું. કાર્તિકસ્વામી.

૮. પું. કાંઠો.

૯. પું. કાંતિ; તેજ; પ્રકાશ.

ચંદ્ર સૂર્ય વિષે જેહ **કાંત.** નરહરિ

૧૦. પું. કીમતી પથ્થર; હીરો. તે શબ્દને અંતે વપરાય છે. જેમકે, સૂર્યકાંત, ચંદ્રકાંત.

૧૧. પું. ગુજરાતી સાક્ષરનું ઉપનામ. તેનું ખરૂં નામ મણિશંકર રત્નજી ભટ્ટ હતું. તેઓ જાતે પ્રશ્નોરા નાગર હતા. ઈ. સ. ૧૮૬૭ માં લાઠી પાસે ચાવંડ ગામમાં જન્મ્યા હતા. ૧૮૮૯માં એ વડોદરાના કલાભવનમાં સાહિત્ય તથા શિક્ષણ પદ્ધતિના મુખ્ય અધ્યાપક હતા. અહીં રહીને એમણે શિક્ષણશાસ્ત્રનો ઈતિહાસ લખ્યો. આઠ વર્ષ પછી ભાવનગરના કેળવણીખાતામાં એ રહ્યા અને લગભગ પચીશ વર્ષ ત્યાં જ ગાળ્યાં. એનું ધાર્મિક વલણ ખ્રિસ્તી ધર્મ તરફ વળતું હતું. સને ૧૯૦૦માં એમણે જાહેર રીતે એ ધર્મનો અંગીકાર કર્યો. એમણે વેદ, ગીતા, કુરાન વગેરે પુસ્તકો ધ્યાનથી વિચાર્યાં હતાં, પરંતુ એમના મગજ ઉપર શાશ્વત અસર ખ્રિસ્તી ધર્મની જ રહેતી. ઈ.સ. ૧૯૨૩માં થયેલા એમના મૃત્યુ પછી પૂર્વાલાપ નામનો એમનાં કેટલાંક કાવ્યોનો સંગ્રહ બહાર પડ્યો છે. એમનાં વસંતવિજય નામના ખંડકાવ્યે ભાવને અનુરૂપ છંદો ફેરવવાની અને આ જાતનાં ખંડકાવ્યો રચવાની રીતિ સૌથી પ્રથમ શરૂ કરી છે. એમની કમનીય કોમળ ભાષા, સુંદર સુશ્લિષ્ટ કલ્પના, હૃદયને એકદમ અસર કરી દે તેવી સ્વાભાવિક લાગણીની છાપ અને તે સાથે સુગમ તત્ત્વોની કર્ણપ્રિય મિલાવટ એટલા ગુણોથી કાંતની કવિતાને ગુજરાત સંભારી રાખશે. કવિતા ઉપરાંત એમના રચેલાં બે નાટકો રોમન સ્વરાજ અને ગુરુ ગોવિંદસિંહ એ એમના મૃત્યુ પછી છપાયાં છે. તેમની ભાષા હમેશા સરલગામી અને પ્રસન્નગંભીર હતી.

૧૨. પું. ચંદ્ર.

૧૩. પું. ધાતુનો અથવા લાકડાનો છોલ.

૧૪. પું. ધોળો સુરમો.

૧૫. પું. પુરુષ.

૧૬. પું. પ્રભુ; ઈશ્વર.

૧૭. પું. પ્રીતમ; પ્રિયજન.

૧૮. પું. વસંતઋતુ.

૧૯. [સં ક (બ્રહ્મા) + અંત (નાશ)] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. દ્વિપરાર્ધ એટલે બ્રહ્મનાં સો વર્ષને અંતે ક એટલે બ્રહ્માનો અંત એનાથી જ થાય છે તેથી તે કાંત કહેવાય છે. વળી સર્વ કાંતિમાનોમાં તે સુંદર કાંતિમાન અને સુંદર સ્વરૂપવાન હઈ અત્યંત રૂપવાળા હોવાને લીધે તે કાંત કહેવાય છે. સર્વના મનને મોહ ઉપજાવનાર પણ તે છે. તેનું સ્વરૂપ આશ્ચર્યજનક છે. વળી માયાના પતિ પણ તે જ છે. કરેલી સૃષ્ટિરચનાનો અંત કરનારા પણ તે છે તેથી તે કાંત કહેવાય છે.

૨૦. પું. શિવ.

૨૧. પું. શ્રીકૃષ્ણ.

૨૨. પું. સીમાડો.

૨૩. પું. હિજ્જલ વૃક્ષ.

૨૪. સ્ત્રી. બાવળનું જંગલ.

૨૫. સ્ત્રી. રેંટિયાની ત્રાક.

૨૬. [હિં.] સ્ત્રી. શરીરનો બાંધો.

૨૭. ન. એક પ્રકારનું લોઢું.

૨૮. ન. કંકુ.

૨૯. ન. કેસર.

૩૦. ન. પૂર્વે અને પશ્ચિમે એક એક ઓસરી હોય એવું એક જાતનું ઘર.

૩૧. ન. સુખનો અંત.

૩૨. ન. સોનું.

૩૩. વિ. ઇચ્છિત.

અવલોકન માત્રિ તનુ **કાંત,**
પામી સુખ તતક્ષણ સુરતાંત. ભાલણ

૩૪. વિ. કોમળ.

૩૫. વિ. પ્રકાશનાર.

૩૬. વિ. મજેનું; સારૂં.

૩૭. વિ. સુંદર; મનોહર.

સુભગ સુષમ રુચિ રુચિર ને **કાંત** કમન કમનીય,
રમ્ય સુપેશલ ભવ વિશદ રામ રમન રમનીય.
પિંગળલઘુકોષ

કાંતકામ ન. કાંતણકામ.

કાંતણ ૧. ન. કાંતવાનું કામ.

૨. ન. બારીકાઈથી કામ લેવાપણું.

કાંતણહાર વિ. કાંતનાર.

કાંતણિયારો પું. કૃત્તિકા નક્ષત્ર.

ગામડાના અભણ લોકો **કાંતણિયારો** (કૃત્તિકા) નક્ષત્ર ઉપરથી આસો તેમ જ કાર્તિક માસની રાત્રિના સમયનો નિર્ણય કરે છે. બુદ્ધિપ્રકાશ

કાંતણિયો પું. સૂતર કાંતી પોતાનું ગુજરાન ચલાવનાર માણસ.

કાંતણી ૧. સ્ત્રી. કરોળિયાની જાળ.

૨. સ્ત્રી. કંતાઈ; કંતામણ.

૩. સ્ત્રી. કાંતવાની ઢબ; કાંતવાની રીત.

૪. સ્ત્રી. કાંતવાનું સાધન.

૫. સ્ત્રી. પૂણી.

કાંતણીનું ઘર ન. કરોળિયાનું પડ. આ પ્રાણિજ ઔષધિ સુવારોગ ઉપર અપાય છે.

કાંતણું ૧. ન. કાંતણી; કાંતવાપણું.

૨. ન. કાંતવાનું હોય તે.

૩. ન. કાંતવારૂપી જે કંઈ કામ તે.

૪. ન. ત્રાક.

૫. ન. ભાંજગડ.

૬. ન. વાતને લંબાવ્યા કરવી તે.

કાંતદંતછેદ પું. પતિના દાંતથી પડેલ છેદ.

કાંતદંતવ્રણ પું. પતિના દાંતથી પડેલો વ્રણ; કાંતદંતછેદ.

કાંતનાવક ન. મોરની ડોકના રંગ જેવું એક જાતનું ચામડું.

કાંતપક્ષી ન. મોર.

કાંતપાષાણ ૧. [સં.] પું. એક જાતનું લોઢું; ખરૂં લોઢું. એમ કહેવાય છે કે, લીમડાનો રસ કાંતપાષાણના વાટકામાં રાખ્યો હોય તો તેની કડવાશ જતી રહે છે.

૨. પું. ચકમકનો પથ્થર.

૩. પું. લોહચુંબક.

કાંતમિલન [સં. કાંત (પતિ) + મિલન (મળવું તે)] ન. ધણીનો મેળાપ.

કાંતરણ પું. એક પ્રકારનો કીડો; લૂતા.

કાંતલક [સં.] ન. તુન્ન વૃક્ષ.

કાંતલોહ ૧. [સં.] ન. અયસ્કાંત; લોહચુંબક.

૨. ન. એક પ્રકારનું લોઢું. આ લોઢું લોહચુંબકમાંથી થાય છે. સર્વ લોઢામાં તે શ્રેષ્ઠ મનાય છે ને મળવું કઠિન છે. તેની ભસ્મ પોલાદની ભસ્મ કરતાં સોગણી વધારે ગુણકારી કહેવાય છે. વળી એમ પણ મનાય છે કે આ લોઢાના પાત્રમાં પાણી ભરી તેમાં તેલનું ટીપું નાખવાથી તે પ્રસરે નહિ, હિંગ ભરવાથી હિંગની ગંધ ચાલી જાય, લીંબડાનાં પાન વાટીને

મૂકવાથી તેની કડવાશ ચાલી જાય, લીંબુનો રસ નાખવાથી તે કડવો થઈ જાય અને દૂધ ભરીને ગરમ કરવાથી ઊભરાઈને ઢોળાઈ ન જતાં શિખરાકાર થાય. આ લોઢાનું વાસણ તપાવી તેમાં પાણીમાં પલાળેલા ચણા નાખવાથી તેની છાલ બળીને કાળી થઈ જાય. વળી એવી પણ માન્યતા છે કે કાંતલોહના વાસણમાં ભરીને જેટલું દૂધ પીવામાં આવે તેટલું પચી જાય. ગુલ્મ, ઉદરવ્યાધિ, અર્શ, શૂળ, આમવાત, ભગંદર, કમળો, સોજો, કુષ્ઠ, ક્ષય, બરોળની વૃદ્ધિ, યકૃતનો દોષ, અમ્લપિત્ત, માથાનો દુખાવો વગેરે રોગ દૂર કરવાના અને બળ, વીર્ય, શરીરની પુષ્ટિ અને જઠરાગ્નિ વધારવાના તેમાં ગુણ હોવાનું વૈદ્યક ગ્રંથોમાં જણાવેલ છે.

૩. ન. કલાઈ ચડાવેલું લોઢાનું પતરૂં.

કાંતલોહભસ્મ સ્ત્રી. (વૈદ્યક) કાંતલોહની ખાખ. તે અશક્તિ, રક્તવિકાર, યકૃત તથા બરોળનો સોજો, આંતરડાંની તથા હૃદયની નબળાઈ, મંદાગ્નિ, કમળો અને ચામડીનાં દરદ ઉપર અપાય છે. મધ, ઘી, માખણ કે જીવન સાથે સવાર સાંજ એકથી બે રતી લેવાય છે.

કાંતવું ૧. સ. ક્રિ. ઓછું કરવું; ઘટાડવું; ટૂંકું કરવું.

૨. સ. ક્રિ. કરકસરથી કામ કરવું કે લેવું.

૩. સ. ક્રિ. કંજૂસાઈ કરવી.

૪. સ. ક્રિ. છાંટવું.

૫. સ. ક્રિ. ઝીણવટ કે વધારા પડતી વિગતોથી વાતને લંબાવવી; ચૂંથવું; લંબાવવું.

૧. કાંતેલાને કાંતવું = દળેલાને દળવું; નકામું ટાયલું કરવું.

૨. ઝીણું કાંતવું = બારીકીથી કામ કરવું કે લેવું.

૬. સ. ક્રિ. પાતળું કરવું.

૭. સ. ક્રિ. બૂરૂં બોલવું.

૮. સ. ક્રિ. રેંટિયાથી, ફીરકીથી, તકલીથી, હાથથી કે સંચાથી વળ દઈને સૂતર, રેશમ, રૂ, ઊન અથવા તંતુ કે રેસાવાળી વસ્તુમાંથી તાર વણી કાઢવો; વળ દઈને તાર કાઢવો; દોરો બનાવવો. કાંતતાં તાંતણા એકસરખા ચાલુ નીકળવા જોઈએ અને નીકળેલા તાંતણાને ભેગા કરી વળ દઈ મજબૂત બનાવવા જોઈએ. સૌથી પહેલાં કાંતવાનું સાધન ત્રાક હતી. ત્યાર પછી રેંટિયો થયો.

કાંત્યું પીંજ્યું કપાસ થવું–કાંત્યાં કોકડાં કપાસ થવાં = કર્યું કારવ્યું બધું ધૂળ મળી જવું; કરેલી મહેનત નિષ્ફળ જવાથી એ ને એ મહેનત કાયમ રહેવી; થયેલી મહેનત ઉપર પાણી ફરી વળવું; કર્યું ન કર્યું થઈ જવું.

૯. સ. ક્રિ. સંધાડે ઉતરાવવું.

૧૦. સ. ક્રિ. સ્વાર્થ સાધવો.

૧. અગતે કાંતવું = મફત લાભ લેવો; મહેનત વગર ફાયદો મેળવવો.

૨. કાંતી જવું–લેવું = (૧) ઉચાપત કરવું. (૨) છાની રીતે પેદા કરવું. (૩) લઈ જવું. (૪) વચમાંથી ખાઈ જવું.

કાંતસાર [સં.] પું. કાંતલોહ.

કાંતહીના [સં. કાંત (પતિ) + હીન (વગરનું) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. વિધવા; રાંડીરાંડ.

કાંતા ૧. પું. (પિંગળ) અત્યષ્ટિની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં યગણ, ભગણ, નગણ, રગણ, સગણ, લઘુ અને ગુરુ મળી સત્તર અક્ષર હોય છે. તેમાં ચોથે અને દશમે અક્ષરે યતિ આવે છે.

૨. પું. (પિંગળ) સંકીર્ણ વર્ગનો એક અર્ધ સમવૃત્ત વર્ણમેળ છંદ; યુદ્ધવિરાટ. તેના પહેલા અને ત્રીજા ચરણમાં મગણ, સગણ, જગણ અને બે ગુરુ મળી અગિયાર અક્ષર હોય તથા બીજા અને ચોથા ચરણમાં તગણ, જગણ, રગણ અને ગુરુ મળી દશ અક્ષર હોય.

૩. પું. (પિંગળ) સાત માત્રાનો એક માત્રામેળ છંદ.

૪. સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; નાગરમોથ.

૫. સ્ત્રી. કાંગ; એક જાતનું ધાન્ય.

૬. સ્ત્રી. ગાયત્રીની ચોવીશ માંહેની એ નામની એક શક્તિ.

૭. [સં. કાંત (ધણી) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. પત્ની; ભાર્યા; ધણિયાણી; પ્રિયા; અંગના.

૮. સ્ત્રી. પૃથ્વી.

૯. સ્ત્રી. પ્રિયંગુ વૃક્ષ; ગંધપ્રિયંગુ.

૧૦. સ્ત્રી. બોતેર માંહેની એ નામની એક આકાશતત્ત્વદેવતા.

૧૧. સ્ત્રી. મોટી એલચી.

૧૨. સ્ત્રી. રેણુકા નામની વનસ્પતિ.

૧૩. સ્ત્રી. લલના; સુંદર સ્ત્રી; રૂપાળી સ્ત્રી; મનોહર સ્ત્રી.

૧૪. સ્ત્રી. સૌંદર્ય; તેજ.

૧૫. સ્ત્રી. સ્ત્રી; નારી.

સ્ત્રી નારી વનિતા વધૂ લલના જુવતી ભામ;
અબળા બાળા અંગના પ્રેમદા **કાંતા** વામ.
પિંગળલઘુકોષ

કાંતાકેલિ [સં. કાંતા (સ્ત્રી) + કેલિ (રમત)] સ્ત્રી. સ્ત્રીઓની રમતગમત.

કાંતાબોધ પું. સ્ત્રીપતિનો સંવાદ; રાત્રિભાષણ; નિશાભાષણ.

કાંતાભાવ પું. સ્ત્રીભાવ.

કાંતાયસ [સં.] ન. કાંતલોહ; લોહચુંબક.

કાંતાર ૧. [સં.] પું. ઉપદ્રવ.

૨. પું. એક જાતની શેરડી.

૩. પું. કોતર; ખીણ.

૪. પું. કોવિદાર વૃક્ષ.

૫. પું. ભયાનક સ્થાન. બૌદ્ધ ગ્રંથોમાં પાંચ પ્રકારના કાંતાર લખ્યા છેઃ ચોર કાંતાર, વ્યાલ કાંતાર, અમાનુષ કાંતાર, નિરુદક કાંતાર અને અલ્પભક્ષ્ય કાંતાર.

૬. પું. (પિંગળ) સત્તર અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં યગણ, મગણ, નગણ, સગણ, રગણ, ગુરુ અને લઘુ મળી સત્તર અક્ષર હોય છે.

૭. ન. એક જાતનું પદ્મ.

૮. ન. છિદ્ર; છેદ.

૯. ન. દુર્ગમ માર્ગ.

૧૦. ન. મોટું અથવા નિર્જન જંગલ; કાનન; મોટું વન; દુર્લંઘ્ય અને ગહન વન.

કાનન વિપિન અરણ્ય વન ગહન કક્ષ **કાંતાર**,
અટવીમાં આંટા દીએ મોહન નંદકુમાર.
પિંગળલઘુકોષ

૧૧. ન. વાંસ.

કાંતારક [સં.] પું. એક જાતની શેરડી; રાતી શેરડી.

કાંતારગ [સં. કાંતાર (વન) + ગ (જનાર)] વિ. જંગલમાં જનાર; અરણ્યમાં જનાર.

કાંતારગ્રહણેશ્વરી સ્ત્રી. એ નામની એક દેવી.

સર્વ દેવતાઓનાં ઈશ્વરી એ દેવીનું પૂજન દેવપૂજ્યા, મહોત્સાહા, કાલરૂપા, મહાનના, કર્મફલદા, **કાંતારગ્રહણેશ્વરી** એ નામોથી થાય છે.
ભગવતી ભાગવત

કાંતારવાસિની [સં. કાંતાર (જંગલ) + વાસિન્ (રહેનાર) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. દુર્ગા દેવી.

કાંતારી ૧. [સં.] સ્ત્રી. એક જાતની શેરડી; રાતી શેરડી.

૨. [મ.] સ્ત્રી. લાકડાં અથવા હાથીદાંતનું કામ કરનારી એ નામની એક જાત.

૩. ન. એ નામની જાતનું માણસ.

૪. વિ. એ નામની જાતનું.

કાંતાસક્તિ [સં. કાંત (પતિ) + આસક્તિ (પ્રેમ)] સ્ત્રી. ભક્તિના અગિયાર માંહેનો એ નામનો એક ભેદ. તેમાં ભક્ત ઈશ્વરને પોતાનો પતિ માની પત્નીભાવે પ્રેમ અને ભક્તિ કરે છે.

કાંતાસંમિત પું. (કાવ્ય) સુંદરીની પેઠે મધુર ભાષણથી અસર કરે તેવો ઉપદેશ.

જેમ કાંતા કટાક્ષથી, મંદ હાસ્યથી અને એવા બીજા હાવભાવથી કે મધુર ભાષણથી પુરુષનું મન રંજન કરી તેની પાસે પોતાનું ધાર્યું દૂરની સૂચનાથી જ કરાવે છે, તેમ કાવ્યશાસ્ત્ર પણ શબ્દ અને અર્થ બંનેમાં રહેલી વ્યંજનાવૃત્તિથી સહૃદયીના હૃદયને આહ્લાદ પમાડી ચમત્કાર ઉત્પન્ન કરી રામાદિની પેઠે વર્તવું, રાવણાદિની પેઠે નહિ એમ સૂચવી પુરુષને કર્તવ્યમાં પ્રવર્તાવે છે અને અકર્તવ્યથી તેને પાછો ફેરવે છે, માટે કાવ્ય કાંતાસંમિત કહેવાય છે. એમાં શબ્દ અને અર્થ બંને ગૌણ છે અને વ્યંજનાવૃત્તિ કે ધ્વનિ પ્રધાન છે.

કાંતિ ૧. [સં. કમ્ (ચાહવું) + તિ (નામ બનાવનાર પ્રત્યય)] સ્ત્રી. અભિલાષ; ઇચ્છા.

૨. સ્ત્રી. (પિંગળ) એક માત્રામેળ છંદ; કાંતિ. તે આર્યા છંદનો એક ભેદ છે. તેમાં ૨૫ લઘુ અને ૧૬ ગુરુ મળી ૫૭ માત્રા હોય છે.

૩. સ્ત્રી. કામદેવની એ નામની એક શક્તિ.

૪. સ્ત્રી. ઘરેણાં વગેરેથી શરીર શણગારવું તે.

૫. સ્ત્રી. ચહેરાનું તેજ.

૬. સ્ત્રી. ચંદ્રની સોળ માંહેની એ નામની એક કલા. અમૃતા, માનદા, પૂષા, તુષ્ટિ, પુષ્ટિ, રતિ, ધૃતિ, શશિની, ચંદ્રિકા, કાંતિ, જ્યોત્સ્ના, શ્રી, પ્રીતિ, અંગદા, પૂર્ણા, ને પૂર્ણામૃતા એ ચંદ્રની સોળ કલાનાં નામ છે.

૭. સ્ત્રી. ચંદ્રમાની એક સ્ત્રીનું નામ; ચંદ્રપ્રિયા.

૮. સ્ત્રી. ચાહવું તે.

૯. સ્ત્રી. તેજ; પ્રકાશ; નૂર; દીપ્તિ; પ્રભા.

૧૦. સ્ત્રી. દુર્ગા દેવી.

૧૧. સ્ત્રી. નાટકનો એક અલંકાર.

૧૨. સ્ત્રી. બ્રહ્માની આઠ માંહેની એ નામની એક કલા.

૧૩. સ્ત્રી. ભગવાનની બાર માંહેની એક શક્તિ. ભાગવત દશમ સ્કંધમાં શ્રી, કીર્તિ, પુષ્ટિ, ગિરા, કાંતિ, તુષ્ટિ, ઇલા, ઉર્જા, વિદ્યા, અવિદ્યા, શક્તિ અને માયા એમ ભગવાનની બાર શક્તિ જણાવેલી છે.

૧૪. સ્ત્રી. લક્ષ્મીની અનુચર એક દેવી.

૧૫. સ્ત્રી. શોભા; સૌંદર્ય; મનોહરતા; ખૂબસૂરતી.

૧૬. સ્ત્રી. સુંદર સ્ત્રી.

૧૭. સ્ત્રી. સ્ત્રીઓમાં શૃંગારથી ઉત્પન્ન થતો એક સૌંદર્યગુણ.

કાંતિકર વિ. સુંદરતા લાવનાર; સ્વરૂપ વધારનાર.

કાંતિકારક જુઓ કાંતિકર.

કાંતિકોસલ પું. મહાભારતમાં જણાવેલ ઇંદ્રપ્રસ્થની પૂર્વે આવેલ એ નામનો દેશ; ઇશાન કોસલ. તેની રાજધાની શ્રાવસ્તી નગરી હતી.

કાંતિગુણ [સં. કાંતિ (શોભા) + ગુણ] પું. (વ્યાકરણ) પદોની ઉજ્જ્વલતા; ગ્રામ્યતાહીન એટલે શિષ્ટ પદથી યુક્ત રચના.

કાંતિદ ૧. [સં. કાંતિ (તેજ) + દ (આપનાર)] ન. ઘી; ઘૃત.

૨. ન. શરીર માંહેની પિત્ત ધાતુ.

૩. વિ. શોભાદાયક.

કાંતિદા ૧. સ્ત્રી. બાવચી નામની વનસ્પતિ.

૨. સ્ત્રી. સોમરાજી લતા.

૩. [સં. કાંતિ (શોભા) + દ (આપનાર) + આ (નારીજાતિનો પ્રત્યય)] વિ. સ્ત્રી. શોભા આપનારી.

કાંતિદાયક [સં. કાંતિ (શોભા) + દાયક (આપનાર)] વિ. શોભા આપે એવું; પ્રભા દેનારૂં.

કાંતિદાયિની સ્ત્રી. એક દેવીનું નામ; માયા.

> એ દેવીનાં પૃથ્વીમાં આદ્યા, માયા, અતુલા,
> અનંતા, પુષ્ટિ, ઇશ્વરમાલિની, કષ્ટનાશકરી,
> **કાંતિદાયિની** એવાં નામ કહેવાય છે
>
> ભગવતી ભાગવત

કાંતિનગરી [સં.] સ્ત્રી. કાંચીનગરી; મોક્ષપુરી.

કાંતિપુરી ૧. [સં.] સ્ત્રી. એ નામની એક નગરી; કાંચીનગરી.

૨. સ્ત્રી. ગ્વાલિયરની ઉત્તરે ૨૦ માઇલ ઉપર આવેલ એક પ્રાચીન ગામ.

૩. સ્ત્રી. નેપાળની રાજધાની ખટમંડુનું એક જૂનું નામ. તેને અગાઉ મંજુપટ્ટણ કહેતા.

૪. સ્ત્રી. પ્રયાગની પાસે ગંગા નદી ઉપર આવેલ એક જૂનું ગામ.

કાંતિમતી ૧. સ્ત્રી. એ નામની એક અપ્સરા.

૨. [સં. કાંતિ (તેજ) + મત્ (વાળું) + ઈ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. કાંતિવાળી સ્ત્રી.

૩. વિ. સ્ત્રી. કાંતિવાળી; તેજવાળી; શોભાવાળી; રૂપાળી.

કાંતિમત્તા જુઓ કાંતિમત્ત્વ.

કાંતિમત્ત્વ ૧. [સં. કાંતિ (તેજ) + મત્ (વાળું) + ત્વ (પણું)] ન. ચમકદારપણું.

૨. ન. શોભા; સુંદરતા.

કાંતિમય [સં. કાંતિ (તેજ) + મય (વાળું)] વિ. રૂપવાળું; તેજદાર.

કાંતિમંત જુઓ કાંતિમય.

કાંતિમાન ૧. [સં. કાંતિમત્] પું. કામદેવ.

૨. પું. ચંદ્ર.

૩. પું. મહાદેવ.

૪. વિ. કાંતિવાળું; તેજદાર; શોભાવાળું; તેજસ્વી; રૂપવાન; ચળકતું.

કાંતિયુક્ત [સં. કાંતિ (તેજ) + યુક્ત (જોડાયેલું)] વિ. સુંદર રૂપવાળું.

કાંતિલોઢું ૧. ન. કલાઈ ચડાવેલ લોઢાનું પતરૂં.

૨. ન. લોહચુંબક.

કાંતિવાન [સં. કાંતિવત્] વિ. તેજદાર; શોભાવાળું.

કાંતિષ પું. સૂર્ય.

કાંતિસુર ૧. [સં. સુરકાંતિ] સ્ત્રી. દેવતાઓની દ્યુતિ; દેવનું તેજ.

૨. ન. સોનું.

કાંતીવડાં (કાંતીવડ઼ાં) ન. બ. વ. અડદની દાળનાં ગળ્યાં વડાં.

કાંતીહાડો (કાતીહાડ઼ો) જુઓ કાતેસડો.

કાંતુ ૧. ન. છરો.

૨. ન. ફોસલાવીને ચીજ લઈ લેવી તે.

૩. ન. રેંટિયા ઉપર સૂતર કાઢવું તે.

કાંતેપુર જુઓ કાંતિપુરી.

કાંતેસડો (કાંતેસડ઼ો) પું. સાત તારાનું એક ઝૂમખું.

કાંતો અ. અગર; કિંવા; વા; અથવા.

કાંતોડિયું (કાંતોડ઼િયું) ૧. ન. વરસાદ મોડો એટલે શ્રાવણ વદ કે ભાદરવામાં થાય એવું વર્ષ; ઐડિયું.

૨. ન. વરસાદ મોડો વરસવો તે.

કાંતોત્પીડા (કાંતોત્પીડ઼ા) પું. (પિંગળ) જગતી છંદની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં ભગણ, મગણ, સગણ અને મગણ મળી બાર અક્ષર હોય છે.

> ભા મ સ માથી થાય જ **કાંતોત્પીડા.**
>
> રણપિંગળ

કાંત્ય સ્ત્રી. કાંતિ; તેજ.

કાંત્યંશ પું. (જ્યોતિષ) લગ્ન.

કાંત્રોડિયા (કાંત્રોડ઼િયા) ૧. સ્ત્રી. દરજી અને કડવા કણબીની એક અટકનું નામ.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કાંથકચ્ય [સં.] પું. કંથક નામના ઋષિનો દીકરો.

કાંથારીડીસ સ્ત્રી. એક જાતની ઝેરી માખી.

કાંથાં અ. ક્યાં થકી; ક્યાંથી.

> ઓધવજી વહાલા ક્યારે આવશો,
> મારાં સુખડાં ગયાં તે **કાંથાં** લાવીએ જી.
>
> નરસિંહ

કાંદ ૧. પું. ખભો.

૨. પું. દીવાલ; પાળ.

કાંદડુ (કાંદડું) ન. રેંટિયાની ત્રાકના બે છેડા જેમાં રહે છે તે ચમરખું.

કાંદરૂ ન. કાંડરૂ.

કાંદર્પ ૧. [સં.] પું. કામદેવનો દીકરો.

૨. વિ. કામદેવ સંબંધી.

કાંદર્પિક ૧. [સં.] ન. કામદેવની વૃદ્ધિનું સાધન.

૨. વિ. (જૈન) કામ સંબંધી.

૩. વિ. કામચેષ્ટા કરનાર.

૪. વિ. મશ્કરી કરનાર.

કાંદલૂટ ન. એક પ્રાચીન શહેરનું નામ.

કાંદવ [સં.] ન. પક્વાન; મિષ્ટાન્ન; મીઠાઈ.

કાંદવિક [સં.] પું. કંદોઈ; મિષ્ટાન્ન વેચનાર.

કાંદા ૧. [સં. કંદ] પું. બ. વ. ઘાસનાં મૂળ.

૨. પું. બ. વ. ડુંગળી; પ્યાજ.

કાંદા કરડવા = અપયશ મળવો.

૩. પું. બ. વ. દરો; ધરો.

૪. સ્ત્રી. મેમણની એ નામની એક અટક.

૫. ન. કાંદરૂ; કાંડરૂ.

૬. ન. મેમણની એ નામની અટકનું માણસ.

૭. સ. (જૂ. ગુ.) કોઈ.

૮. વિ. એ નામની અટકનું.

કાંદાગ્નિક [સં.] પું. વૈદિક કાળનો એક પ્રાચીન દેશ.

કાંદી ૧. પું. તરાપો હાંકનાર માણસ.

૨. સ્ત્રી. ધૂંસરી.

૩. ન. હિમાલય ઉપર વપરાતું ટોપલી જેવું એક વાહન. તે ખભા ઉપર ઊંચકાય છે.

કાંદુ સ્ત્રી. (જૂ. ગુ.) ઘરડી ભેંસ.

કાંદૂ ૧. પું. કીચડ.

૨. પું. ખાંડ ઉકાળવાની કડાઈ.

૩. પું. ભાડભૂંજો.

૪. [સં. કાંદવિક] સ્ત્રી. મીઠાઈ બનાવવાનો ધંધો કરનારી એક જાતિ; કંદોઈ.

૫. ન. મીઠાઈ બનાવવાનો ધંધો કરનારી એ જાતિનું માણસ.

૬. વિ. એ નામની જાતિનું.

કાંદો ૧. [સં. કર્દમ-કદ્દવ-કદ્દઉ] પું. કાદવ.

૨. પું. જડવાળું ઘાસ.

૩. પું. જાડી છાશ.

૪. પું. ડુંગળી; પ્યાજ; પલાંડુ. એનો રોપો હાથ સવા હાથ સીધો ઊંચો વધે છે. તેનાં પાંદડાં બારીક નળી જેવાં હોય છે. કાંદાનાં બી બંદૂકના દારૂ જેવાં કાળાં હોય છે. કાંદાના મધ્યમાંથી નીકળતા રેસાને નળો કહે છે, એ કુમળો હોય ત્યારે તેનું શાક થાય છે. કાંદામાં ધોળો અને રાતો એવી બે જાત છે. ધોળો કાંદો પૌષ્ટિક હઈ ઔષધમાં કામ આવે છે. તે બલકર, તીખટ, વૃષ્ય, ગુરુ, મધુર, રુચિકર, સ્નિગ્ધ, કફકર, ધાતુવર્ધક, નિદ્રાવર્ધક તથા દીપક છે અને ક્ષય, હૃદ્રોગ, ઊલટી, અરુચિ, રક્તપિત્ત, વાત, પિત્ત, કફાર્શ, વાતાર્શ, પરસેવો સોજો તથા રક્તદોષ મટાડે છે. રાતો કાંદો શીતળ, સ્નિગ્ધ, અગ્નિદીપક, ગુરુ, તીખો, મધુર, ઉષ્ણ, પિત્તકર, વૃષ્ય અને બલકારક છે તથા કફ, વાયુ, સોજો, અર્શ અને કૃમિ મટાડે છે.

કાંદો ખીલવો = (૧) ગુસ્સો વધવો; પિત્તો ચડવો. માસ્તરને ગગડાટ કરતો જોઈને પોરિયા જાણી ગયા કે આજે માસ્તરનો કાંદો ખીલેલો છે.–આ. ન. કાબરાજી (૨) મસ્તી ઉપર ચડવું.

૫. પું. પુરુષની જનનેંદ્રિય; શિશ્ન.

૬. ન. પૂછડીનાં હાડકાંનો માળો.

૭. પું. ફાયદો; લાભ.

કાંદો કાઢવો = (૧) લાભ કાઢવો; ફળ પ્રાપ્ત કરવું. (૨) સહેલાઈથી કામ પાર પાડવું. (૩) સાર કાઢવો.

૮. પું. હરકોઈ વનસ્પતિના મૂળની ગાંઠ; કંદ.

કાંધ ૧. [સં. સ્કંધ-કંધ-કાંધ; પ્રા. ખંધ] સ્ત્રી.;ન. ખાંધ; ખભો; સ્કંધ.

૧. ઊંધે કાંધ = ઉપરતળે; અસ્તવ્યસ્ત.

૨. કાંધ આપવી = (૧) મદદ કરવી. (૨) શબ ઉપાડવું.

૩. કાંધ ભાંગવી = બહુ નુકસાન થવું.

૪. કાંધ મારવું = (૧) કામ ન આવવું. (૨) ગરદન મારવું; મારી નાખવું. (૩) પકડીને રજૂ કરવું; હાજર કરવું.

૨. સ્ત્રી.; ન. ગળું; ડોક; ગરદન.

૩. સ્ત્રી.; ન. ધૂંસરીનું આંટણ.

૧. કાંધ આવી જવું = ઢોરને ગરમીના વખતમાં શરીરમાંથી લોહી નીકળવું.

૨. કાંધ કરવું = કોઈ ભારથી બળદનું મૂત્રાશય સૂઝી જવું.

૩. કાંધ પડવું = (૧) કોઈ પણ બાબત સહન કરવાની ટેવ પડી જવી; કોઈ પણ પ્રકારનો મહાવરો થઈ જવો. (૨) ડોકે ચાઠું પડવું. (૩) ધોંસરૂં રહે તે સ્થળે બળદને ઘસારાથી જાડી ચામડી થઈ જવી; આંટણ પડી જવું; ઘસારાનું ચિહ્ન પડી જવું. (૪) સ્થિર થવું; ઠેકાણે પડવું.

૪. કાંધ પડી જવું = ફાવવું.

૪. સ્ત્રી.; ન. શબને ખભે ઉપાડવું.

૧. કાંધ દેવી-લેવી = (૧) ઉપાડવામાં મદદ કરવી. (૨) મદદ કરવી. (૩) શબને ઉપાડવું.

૨. કાંધિયાની કાંધ ધોવી = મરણ પાછળ ટૂંકું કારજ કરવું; સુંવાળાને દિવસે કાંધિયાને જમાડવા.

૫. સ્ત્રી.; ન. શરૂઆત.

કાંધનો ક્યારો = પાળિયાની શરૂઆતનો ક્યારો.

કાંધણિયું જુઓ કાંધું.

કાંધરોટું ૧. ન. કાંધ; ડોક.

૨. ન. બળદ વગેરે વાહન ખેંચનાર પ્રાણીને ખાંધ ઉપર ઘસાયેલ ચામડી.

કાંધવો પું. કાંધ દેનાર પુરુષ; કાંધિયો.

કાંધા પું. ખભો.

કાંધાખત ન. અમુક મુદ્દતે મુદ્દતે કટકે કટકે અમુક રકમ ભરવાનું લખત; હફતા પ્રમાણે દેવું ભરી દેવાનું લખત.

કાંધાજોડી (કાંધાજોડી) સ્ત્રી. કાંધ ઉપરના ભાગમાં જાકીટમાં મૂકવામાં આવતી બે પટી.

કાંધાળ વિ. કાંધવાળું.

કાંધાળું ૧. વિ. ફાવી ગયેલ; ખાટેલું.

૨. વિ. મોટું; મોટાઈવાળું.

કાંધાંપાંજરાં ન. બ. વ. કરેલાં કાંધાં ચૂક્તે ન થાય તો વ્યાજ સાથે તેનાં ફરી કાંધાં કરવાં તે.

કાંધિયું ન. પ્રાણીની ડોક ઉપર નાખવાના સામાનનો એક ભાગ.

કાંધિયો ૧. [સં. સ્કંધક; પ્રા. ખંધિય] પું. કાંધ ઉપર ભાર વહેનાર; ખભા ઉપર ભાર ઉપાડનાર; મજૂર.

૨. પું. કાંધાખત કરી નાણાં ધીરનાર આદમી.

૩. પું. ગાડું ખેંચવાને જોડેલો બળદ.

૪. પું. જાણીતો માણસ; અનુભવી પુરુષ.

૫. પું. (પારસી) બળદ; બેલ.

૬. પું. મુડદું ઊંચકનાર આદમી; શબને ખભે ઉપાડનાર માણસ.

કાંધિયા કરવા-કાંધિયાનાં કાંધ ધોવાં = શબ ઊંચકનાર માણસોને જમાડવા.

૭. પું. સાગરીત; સાથી.

કાંધી ૧. [સં. સ્કંધ; પ્રા. ખંધઉ] સ્ત્રી. અભેરાઈ; ભીંતમાં જડેલ લાકડાનું પાટિયું.

૨. સ્ત્રી. કૂવામાં જડેલ પથ્થરનો આગળ પડતો ભાગ.

૩. સ્ત્રી. દીવાલમાં કરેલી પથ્થરની છાજલી.

૪. સ્ત્રી. પટારામાં અંદરના ભાગમાં ચોડવામાં આવતી ખાનાંવાળી પટી.

૫. સ્ત્રી. (વહાણવટું) સમુદ્રનો ઊંચો કાંઠો.

કાંધું ૧. [સં. સ્કંધ; કંધ; કાંધું] ન. આખી રકમના અમુક ભાગ માંહેનો અક્કેકો ભાગ.

૨. ન. ખાંધ; ખંભો.

કાંધે કરવું = ખભે નાખવું; ઉપાડવું.

૩. ન. ધસારાનું ચાહું.

૪. ન. જુવાર, બાજરી, ઘઉં વગેરે અનાજનો સારો ભાગ કાઢી લેતાં બાકી રહેલો હલકો દાણો.

૫. ન. ડોક; ગરદન.

૬. ન. ઢોર.

૭. ન. પૈસા ભરવાનો હફતો.

૧. કાંધાં કરવાં = હફતા બાંધવા; હફતે હફતે રૂપિયા લેવા કે દેવાનો ઠરાવ કરવો.

૨. કાંધું કાઢવું–કાંધે કાઢવા = હફતે હફતે આપવાના કરારથી નાણાં ઊછીનાં લેવાં.

૩. કાંધું પડવું = નાણાં ભરવાનો હફતો ચૂકવો; પૈસા ન હોવાથી હફતો ન ભરવો.

૪. કાંધું પાકવું = કરજે નાણાં લેનારે જે મુદ્દત નક્કી કરી હોય તે મુદ્દતે ઠરાવેલ રકમ ભરી જવા માટે હફતો થઈ જવો. તે મુદ્દતે હફતો ન ભરાય તો અમુક વધારે વ્યાજ આપવું પડે છે.

૫. કાંધું ભરવું = (૧) ગર્ભ ધારણ કરવો; ભારેવાઈ થવું. (૨) હફતે હફતે ઠરાવેલી રકમથી નાણાં ભરવાં.

૮. ન. મધપૂડો; મધ ભરેલું ચોસલું.

કાંધુંપીછું ન. અનાજ વગેરે ઊપણતાં પાછળ રહેતો હલકો દાણો.

કાંધે અ. ક્યાં; કઈ દિશામાં.

કાંધેલી ૧. સ્ત્રી. ખાંધ; કાંધ.

૨. સ્ત્રી. ઘાણીના બહારના ઊભા લાકડામાંની ખીલી.

૩. સ્ત્રી. ધૂંસરી.

કાંધેલું જુઓ કાંધેલી.

કાંધેવળિયો પું. તપાસનાર અમલદાર; નાકેદાર.

કાંધેવાળિયો ૧. પું. કાંધ આપે એવો અને ઘરનો બોજો ઉપાડી લે એવો છોકરો.

૨. પું. કાંધે વળી લે એવો મોટો છોકરો.

૩ પું. સાથી.

૪. વિ. પું. ધુરંધર.

કાંધો ૧. [સં. કર્દમ] પું. કાદવ; કીચડ.

૨. પું. (કચ્છી) કાંધું; હફતો.

૩. પું. (કચ્છી) ડુંગળી; કાંદો.

૪. પું. રસો; અથાણાનો લોંદો.

૫. પું. વ્યવહારમાં કુશળ નહિ એવો પુરુષ. વ્યવહારમાં અબુધ માણસ.

કાંધોડી (કાંધોડ઼ી) ન. કાંધમાં થતું ગૂમડું.

કાંન ૧. પું. (ગ્રામ્ય) કાન.

૨. પું. શ્રીકૃષ્ણ.

કાંનમ જુઓ કાંનવ.

કાંનવ ન. મહી અને નર્મદા નદી વચ્ચેનો પ્રદેશ. એ પ્રદેશની ધરતી કાળી હોવાથી કાંનમ કહેવાય છે. તે જુવાર અને રૂના પાક માટે પ્રસિદ્ધ છે.

કાંની સ્ત્રી. કોર.

કાંપ ૧. પું. કમનસીબી.

૨. [સં. કંપ] પું. કંપ; ધ્રૂજ; કંપારો.

૩. [સં. કર્દમ; કદ્દમ] પું. ચીકણો કાદવ; કાળી મટોડી; તરી; ચગું.

૪. પું. છાતીમાં જમા થયેલ કફ.

૫. [અં. કૅમ્પ] પું. છાવણી; લશ્કરી પડાવ.

૬. પું. નથમાં નાખવામાં આવતું નંગ.

૭. પું. (હિંદી) પતંગની કમાન.

૮. પું. પતંગનો ઊભો સળિયો.

૯. પું. પાતળી કમર.

૧૦. પું. સૂવરની દાતરડી.

૧૧. પું. સ્ત્રીઓને કાનની બૂટમાં પહેરવાનું સોનાનું એક ઘરેણું.

૧૨. પું. હાથીનો દાંત.

કાંપજમીન સ્ત્રી. કાંપથી બનેલી જમીન.

કાંપતાનાથગિરિ પું. ચિત્રકૂટ પર્વતનું એક જૂનું નામ.

કાંપલી સ્ત્રી. વરસાદની શરૂઆતમાં જ વાવીને આગતર પહેલાં તૈયાર કરવામાં આવતી એક જાતની તલી; ભટકતલી.

કાંપલો પું. દરજી; કાંપો. તિરસ્કારમાં આ શબ્દ વપરાય છે.

કાંપવું ૧. [સં. કંપ્ (ધ્રૂજવું)] અ. ક્રિ. થરથરવું; હાલવું; ધ્રૂજવું.

૨. અ. ક્રિ. બીવું; ડરી જવું.

૩. અ. ક્રિ. શોક, ભય, આશ્ચર્ય વગેરેથી શરીરનું કંપાયમાન થવું.

કાંપાલ પું. બળરામ.

કાંપાળ ૧. સ્ત્રી. નદીના કાંઠાની જમીન; ભાઠાની જમીન.

૨. વિ. સ્ત્રી. કાંપવાળી.

કાંપાળકરાળ સ્ત્રી. કરાળ જાતની જમીનનો એક ભેદ.

કાંપાળકોબી સ્ત્રી. કોબી જાતની જમીનનો એક ભેદ.

કાંપિલ ૧. પું. કપિલો નામની ઔષધિ.

૨. ન. કાંપિલ્ય.

કાંપિલી સ્ત્રી. (પુરાણ) બ્રહ્મદત્ત રાજાની નગરીનું નામ.

કાંપિલેય પું. (પુરાણ) પંચશિખ ઋષિનું એક નામ.

કાંપિલ્ય ૧. [સં.] પું. એ નામનો એક દેશ.

૨. પું. કપિલો.

૩. પું. ગોરોચન.

૪. ન. માકંદીની પાસે આવેલું પ્રાચીન નગર. તે દક્ષિણ પાંચાલની દ્રુપદ રાજાની રાજધાની હતું. અહીં દ્રૌપદીનો સ્વયંવર થયો હતો. હાલના ફરૂકાબાદ પ્રાંતમાંના ફતેહગઢને વાયવ્યખૂણે ૨૮ માઇલ દૂર તે આવેલ છે.

૫. પું (પુરાણ) સોમવંશી પુરુ કુળમાં થયેલ અજમીઢ વંશમાં ભર્મ્યાશ્વ અથવા ભદ્રાશ્વ રાજાનો પાંચ માંહેનો ચોથો દીકરો.

કાંપિલ્યનગર જુઓ કાંપિલ્ય ૪.

કાંપિલ્યપુર જુઓ કાંપિલ્ય ૪.

કાંપિલ્લ ૧. [સં.] પું. એ નામનો એક દેશ.

૨. પું. કપિલો.

૩. ન. એ નામનું એક નગર.

કાંપિલ્લક [સં.] સ્ત્રી. કપિલો.

કાંપિલ્લકા સ્ત્રી. એ નામનો એક દેશ.

કાંપીલક [સં.] પું. એ નામનો એક દેશ.

કાંપેરૂં ન. એક જાતનો છોડ. એનાં પાન મરચીનાં પાન જેવાં હોય છે. તેમાં સૂક્ષ્મ ધોળાં ફૂલ થાય છે અને નાનાં ગોળ વટાણા જેવડાં રાતાં કે કાળા રંગનાં ફળનાં ઝૂમખાં થાય છે. પાન તથા મૂળ દવાના કામમાં આવે છે.

કાંપો ૧. પું. ઉંડળ; એક માણસ ઉપાડી શકે તેટલો બોજો; હાથ લાંબા કરી તે ઉપર માય તેટલું માપ; કોળી.

૨. પું. ખેતરમાં મજૂરો કપાસ વીણતાં કે ખડ વાઢતાં પછેડીના બે છેડા ગળામાં તથા બે છેડા કેડે બાંધી કરે તે ખોળો.

કાંપો વાળવો = (૧) કછોટો વાળવો. (૨) ખૂબ કામ કરવું. (૩) ભેગું કરવું.

૩. પું. ચણિયાની નીચલી કોર.

૪. પું. દરજી; સઈ. આ શબ્દ તેમને માટે ખીજવણા તરીકે વપરાય છે.

૫. વિ. પું. લાંબો.

કાંપોટવું અ. ક્રિ. ભાગી જવું; નાસી જવું.

કાંબ ૧. [સં. કંબા] સ્ત્રી. કામઠાનો ગજ; વાંસની ચીપનું માપણું; આંકણી.

૨. સ્ત્રી. પાતળી ડાળી; સોટી.

> તમને દાતણ દેશું દાડમી રે,
> દેશું દેશું કારેણી **કાંબ** રાજ. લોકગીત

૩. સ્ત્રી. વાંસની ચીપ; કામડી.

કાંબડિયા (કાંબડ઼િયા) ૧. સ્ત્રી. ભિખારીની એક જાત. તેઓ દશનામ અતીત સિવાય બીજા કોઈને માગતા નથી.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. ભિખારીની એ જાતનું.

કાંબડી (કાંબડ઼ી) ૧. સ્ત્રી. અરણી, વાંસ અથવા બીજા કોઈ જાતના ઝાડની કુમળી સીધી લાંબી પાતળી સોટી; સૈડણ.

> કરમાં લઈ **કાંબડી** રે, કુંવર પૂંઠે ધાય.
> ભાલણ

૨. સ્ત્રી. એક જાતની શેરડી.

૩. સ્ત્રી. કપાસને કે રૂને સૂડવાની વાંકો સોટી; ઝૂડિયું.

૪. સ્ત્રી. દાતણની છડી.

૫. સ્ત્રી. બંગડી.

૬. સ્ત્રી. વાંસની પાતળી પટી; વાંસની ચીપ; કામડી; કાંબ.

૭. ન. એક જાતનું ઘાસ.

કાંબરિયા ૧. સ્ત્રી. આયરની એ નામની એક અટક.

૨. ન. એ અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કાંબલેચા ૧. સ્ત્રી. જૈન ઓસવાળ જ્ઞાતિની એક પેટા જ્ઞાતિ.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

કાંબલેટ [અં. બ્લેન્કેટ; સં. કંબલ] સ્ત્રી. ઊનનું એક ઊંચી જાતનું કપડું; કામલેટ.

કાંબવિક [સં. કંબુ] પું. શંખનું કામ કરનાર માણસ; શંખકાર.

કાંબવું અ. ક્રિ. ઘઉંનો પોંક પાડવો.

કાંબળ ૧. [સં. કંબલ] સ્ત્રી. ધાબળી; ઊનનું આછા વણકરનું જાડું કપડું.

૨. સ્ત્રી. બકરાં ઘેટાંના કાળા ઊનની પછેડી; કામળી.

૩. સ્ત્રી. ભરવાડની સ્ત્રીઓને ઓઢવાનું ઓઢણું.

કાંબળી ૧. [સં. કંબલ] સ્ત્રી. નાનો કાંબળો; કાંબળ.

૨. સ્ત્રી. રૂ પીંખવાની વાંસની સોટી.

કાંબળો ૧. [સં. કંબલ] પું. ઊનનો જાડા વણાટનો પિછોડો; કામળો; ધાબળો.

૨. પું. વાવેતરમાં નુકસાન કરનારો કાળા વાળવાળો જીવડો.

કાંબાકોલમ ન. ચૌલ દેશની ૧૧મા સૈકાની એ નામની રાજધાની; કાંચીપુર; તાંજોર.

કાંબાંદી સ્ત્રી. (સંગીત) નરનારાયણ રાગની એક રાગિણી.

કાંબિયો પું. પોંક ઝૂડવાનો દંડો.

કાંબિસોન ન. ગંગા નદીના છેક પશ્ચિમમાં આવેલા મુખનું નામ. કપિલાશ્રમ ઉપરથી આ નામ વિકૃત થયાનું જણાય છે.

કાંબી ૧. [સં. કંબા] સ્ત્રી. કોસના મોંનો લોઢાનો કાંઠલો.

૨. સ્ત્રી. ગ્રાસિયા લોકોની એક પગમાં પહેરવાની રૂપાની બેડી; કાંભી.

૩. સ્ત્રી. ચામડાની ડોલ; પાણી કાઢવાની ચામડાની બોખ.

૪. સ્ત્રી. નિસરણીના પગથિયાને બંને પડખે જડેલી પાટિયાની પટી.

૫. સ્ત્રી. પગના કાંડા ઉપર પ્રસરીને રહે તેવું સ્ત્રીઓને પગે પહેરવાનું રૂપાનું એક લંબગોળ ઘરેણું; કલ્લાની નીચે પહેરવાનું કાંડાકડું.

૬. સ્ત્રી. પટારાના ઢાંકણની બંને બાજુ નખાતી લાકડાની પટી.

૭. સ્ત્રી. બાજોઠના ઉપરના પાટિયાની આસપાસ ચારે તરફ લગાડાતી લાકડાની રંગિત પટી.

૮. સ્ત્રી. વાંસની પટીનું વાળેલું કડું.

૯. સ્ત્રી. વિશ્વકર્મા દેવના હાથમાં રહેલું એક હથિયાર; ગજ.

> તેણે એક હાથમાં **કાંબી** (ગજ), બીજા હાથમાં સૂત્ર, ત્રીજા હાથમાં જળપાત્ર અને ચોથા હાથમાં પુસ્તક ધારણ કરેલું છે. રાજવલ્લભ

૧૦. સ્ત્રી. સારણગાંઠ દાબવાનો કંદોરો.

કાંબુક ૧. [સં. કંબુ] ન. કંબુ પર્વતમાંથી નીકળતા રૂપાની એક જાત. આ રૂપાનો રંગ કુંદના ફૂલ જેવો હોય છે.

૨. ન. શંખમાંથી મળેલ ચાંદી.

૩. વિ. શંખમાંથી મળેલું.

કાંબોજ ૧. [સં.] પું. ઈંદ્રપ્રસ્થની ઉત્તરે અને પશ્ચિમે આવેલ એક દેશ. તેમાં એકનું ઉત્તર કાંબોજ અને બીજાનું પરમ કાંબોજ એવું નામ છે. ઈંદ્રપ્રસ્થને મધ્ય ગણીને આ દિશાઓ કહેલી છે. અહીંનો રાજા સુદક્ષિણ યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં આવ્યો હતો. આ પ્રદેશ યુધિષ્ઠિરના દિગ્વિજય વખતે અર્જુને જીતી લીધો હતો.

૨. પું. એક જાતના દૈત્ય.

> અત્યંત બળવાળા અને વીર **કાંબોજ** જાતિના તથા વિશેષે કરીને કાલિકેય જાતિના સઘળા દાનવો યુદ્ધ કરવા નીકળ્યા. ભગવતી ભાગવત

૩. પું. એક જાતના પ્રાચીન વૈશ્ય લોકો.

> યવન, ગ્રીક, પારસિક, ગાંધાર, **કાંબોજ**, માલવ, ચીન વગેરે પ્રાચીન જગતના વૈશ્યો છે.
> પુરાતત્ત્વ

૪. પું. એક જાતનો મ્લેચ્છ.

૫. પું. કંબોજ દેશનો ઘોડો.

૬. પું. કંબોજ દેશનો રાજા.

૭. પું. કંબોજ દેશમાં રહેનાર માણસ.

૮. પું. કાબુલી; કાબુલ દેશના લોક.

૯. પું. દક્ષિણ બ્રહ્મદેશ.

૧૦. પું. ધોળા ખેરનું ઝાડ.

૧૧. પું. પુન્નાગ વૃક્ષ.

૧૨. પું. પ્રાચીન અશ્વકાન એટલે હાલનો અફઘાનિસ્તાનનો પ્રદેશ. અફઘાનિસ્તાન એ અશ્વકાનનું વિકૃત રૂપ મનાય છે. તેની રાજધાની દ્વારકા હતું. એ દ્વારકા તે કાઠિયાવાડના દ્વારકાથી અલગ હતું. હાલ હિંદુકુશ ઉપર વસતી શિયાપોશ જાતિ પ્રથમ કાંબોજથી ઊતરેલી કહેવાય છે. ગિરનાર અને ધૌલીના શિલાલેખોમાં કાંબોજનું નામ કમ્બોય આપેલું છે. વિલ્ફર્ડના અભિપ્રાય મુજબ કાંમ્બોજની ગણતરી ગજનીના પર્વતમાં થતી.

૧૩. પું. હિમાલયની તળેટીના એક મુલકનું જૂનું નામ; કશ્મીરનો પ્રદેશ. આ શબ્દ કમ્બલભોજ (શાલ વાપરનાર) ઉપરથી આવ્યો છે. આ બતાવે છે કે પ્રાચીન- સમયમાં કશ્મીર અને તેની આસપાસના પ્રદેશમાં લોકો શાલ વણવામાં પ્રસિદ્ધ હતા.

૧૪. સ્ત્રી. પ્રાચીન લડાયક લોકોની એક જાત; હિંદુકુશ તરફ વસતા લોકોની એક જાત.

૧૫. સ્ત્રી. વણિક જ્ઞાતિની એક પેટા નાત.

૧૬. ન. વણિક જ્ઞાતિની પેટા નાતનું માણસ.

૧૭. વિ. કંબોજ દેશમાં જન્મેલ.

૧૮. વિ. વણિક જ્ઞાતિની પેટા નાતનું.

કાંબોજિકા [સં.] સ્ત્રી. કંબોઈ; એક જાતની વનસ્પતિ.

કાંબોજી ૧. [સં.] સ્ત્રી. એ નામની આમલક્યાદિ વર્ગની ઔષધોપયોગી એક વનસ્પતિ; કંબોઈનું ઝાડ.

૨. સ્ત્રી. એક પ્રકારની લિપિ.

૩. સ્ત્રી. ચણોઠીનું ઝાડ.

૪. સ્ત્રી. જંગલી અડદ.

૫. સ્ત્રી. ધોળા ખેરનું ઝાડ.

૬. સ્ત્રી. ધોળી ચણોઠી.

૭. સ્ત્રી. બાબચી.

કાંબોડિયા (કાંબોડ઼િયા) પું. એ નામનો એક દેશ.

કાંબોદી સ્ત્રી. (સંગીત) દીપક રાગની ૭ માંહેની એક રાગિણી.

કાંબોધી સ્ત્રી. (સંગીત) હનુમંત મત પ્રમાણે માલકોશ રાગની આઠ પુત્રવધૂ માંહેની એ નામની એક રાગિણી; કામોદી.

કાંભર સ્ત્રી. અટવી; જંગલ.

કાંભુડી (કાંભુડ઼ી) સ્ત્રી. કાંપો; બાથમાં સમાય તેટલું માપ.

કાંભોજ જુઓ કાંબોજ.

કાંભોજી ૧. પું. (સંગીત) દશ માંહેનો એ નામે એક થાટ; ઝિંઝોટી; ખમાજ.

૨. [સં.] સ્ત્રી. ધોળી ચણોઠી.

કાંમધેનડી (કાંમધેનડ઼ી) સ્ત્રી. એ નામની એક દેવી.

કાંય ૧. પું. સ્થિર પાણીમાં નીચે બેઠેલો કચરો.

૨. વિ. કંઈ પણ; કશું યે.

૩. અ. કેમ; શા માટે; શા સારૂ.

૪. અ. ક્યાં.

કાંયસ [હિં.] સ્ત્રી. કજિયો; ઝઘડો.

કાં રે ૧. અ. કાં; શું; કેમ; શા સારૂ.

૨. અ. કેમ રે; અરે.

કાંલડાડી સ્ત્રી. પગનું એક ઘરેણું.

કાંવ સ. શું. ઢેઢ લોકોમાં વપરાય છે.

કાંવડ (કાંવડ઼) [સં. કોદંડ] ન. ધનુષ્ય.

કાંવર [સં. કામર] સ્ત્રી. કાવડ; વાંસડાને બંને છેડે લટકાવેલી બે ટોપલી.

કાંવરા વિ. વ્યાકુળ; ગભરાયેલું.

કાંવરા કરવા = ખીજવવું.

કાંવરિયો પું. કાવડ ઉપાડનાર માણસ.

કાંવરી પું. કાવડ ઉપાડનાર જાત્રાળુ.

કાંશિ [સં.] ન. કાંસાનું વાસણ.

કાંશિયાં ૧. ન. બ. વ. એક જાતનાં પાંખોવાળાં જીવડાં. તેના શરીરમાંથી એક જાતનો ઝેરી પદાર્થ નીકળે છે. તે આપણા શરીરને અડવાથી ફોલ્લા થાય છે.

૨. ન. બ. વ. કાંસાનું નાણું; કાવડિયાં.

૩. ન. બ. વ. કાંસીજોડ; કાંસાનાં નાનાં ઝાંઝ; મંજીરા; કીરતનિયાં.

૪. ન. બ. વ. ખેતીને નુકસાન કરનાર એક જાતનાં જીવડાં.

કાંશિયું ૧. ન. એક જાતનું જીવડું.

૨. ન. કાવડિયું.

૩. ન. ઝાંઝ; કરતાલ.

કાંસ ૧. [સં. કાશ] પું. ઉજ્જડ અને રેતીવાળી જમીનમાં ઊગતું સુશોભિત ઊંચું ઘાસ; કાસડો. એનાં જબ્બર થૂમડાં બાઝે છે. ડાંડી ૬ થી ૧૦ હાથ ઊંચી થાય છે. મથાળે શેરડીની પેઠે ફૂલોની ચમરી આવે છે. ભેજવાળી જમીનમાં થતા આ ઘાસની ડાંડીમાંથી સૂંડલા, ટટ્ટી, પંખા વગેરે થાય છે. પાનમાંથી દોરી અને ચટાઈઓ બનાવવામાં આવે છે.

૨. પું. કજિયો; ઝઘડો.

૩. પું. ખેતરમાં પાણી પાવા ખોદેલ ખાડો કે તળાવડી. તેમાં વરસાદનું પાણી ભરાઈ રહે છે.

૪. પું. પાણી વહી જવાને માટે કરેલી નીક; ગટર.

૫. [સં. કૃષ્ (ખેંચવું)] પું. પાણીને ખેંચી દૂર લઈ જવાને બનાવેલ કૃત્રિમ નદી; નહેર.

> કલિંગ નગરને પાણી પૂરૂં પાડવા મહારાજા ખારવેલે તેમાંથી જ **કાંસ** કાઢ્યો હતો.
>
> કેશવ હર્ષદ

૬. પું. પ્યાલું.

૭. પું. હલકી જાતનું બરૂ જેવું ઘાસ ઊગતું હોય તેવી જમીન; સીમની ધોવાઈ ગયેલી પડતર જમીન.

૮. સ્ત્રી. ઉધરસ.

૯. ન. કાંસું; એક જાતની ધાતુ.

કાંસકટચો પું. ઘણાં નાનાં ફૂલવાળો એક જાતનો છોડ. એનાં પાન કાળા શિરીષનાં પાન જેવાં હોય છે. તેમાં ફળ કે શીંગ થતી નથી. તેનાં મૂળ દવામાં વપરાય છે.

કાંસકડી (કાંસકડ઼ી) સ્ત્રી. કાંસકી; વાળ ઓળવાનું દાંતાવાળું એક નાનું સાધન.

> હાથમાં **કાંસકડી** ને નવ ગજ દોરો,
> માથું ગૂંથવા ધન આંતાં રે. લોકગીત

કાંસકાં ન. બ. વ. કાંશિયાં; ઝાંઝ; કાંસીજોડાં.

કાંસકી ૧. સ્ત્રી. અતિબલા નામની એક વનસ્પતિ. તે કોંકણ તરફ થાય છે. ચોમાસામાં થતા આ ઝાડની ઊંચાઈ ત્રણ ચાર હાથ હોય છે. એનાં પાંદડાં લાંબાં, હથેળી જેવાં પહોળાં, ખરસટ, ચીંબોળાઈ ગયેલી અણીવાળાં, એક આંગળ પહોળાં અને ચાર આંગળ લાંબાં થાય છે. આ ઝાડ ઉપર પાંદડાંનાં ડીટાં પાસે નાની સોપારી જેવડાં ફળ આવે છે. ફળ લીલાં હોય ત્યારે ચીકણાં હોય છે. ફળનાં બિયાં બળદાણાનાં બિયાં પ્રમાણે લીલાં હોય ત્યારે મીઠાં લાગે છે. આ બિયાંનો પણ બળબીજ પ્રમાણે ઉપયોગ થાય છે. આ ઝાડનાં મુદ્રિકાનું ઝાડ, ચુંચા, મુદ્રાવળ, મદની, ચક્રભેંડી એવાં બીજાં નામ પણ છે. ફળનો આકાર મુદ્રાકૃતિ હોય છે તેથી નાનાં બાળકો તેની વીંટીઓ પહેરે છે. આ વનસ્પતિ શીતળ અને પૌષ્ટિક મનાય છે. સર્પદંશ, ગર્ભપાત, મૂત્રદાહ, પ્રદર, શૈત્ય, કફ, દાહયુક્ત રોગ વગેરે ઉપર તેનાં મૂળ અપાય છે. વિષમજ્વરમાં કાંસકીનો કાઢો બહુ ઉપયોગી મનાય છે. કાંસકીની પૌષ્ટિક અસર મગજને અસરકારક હોવાથી તે જીર્ણવાતવ્યાધિ ઉપર વપરાય છે. કાંસકીની જડ પાણીમાં ઘસી અફીણના ઉતાર માટે વપરાય છે.

૨. સ્ત્રી. વાડમાં થતો ઝીણા બીનો ગોળ ફળવાળો એક પ્રકારનો છોડવો. જુઓ ખપાટ.

૩. [સં. કૃષ્ (ખેંચવું); કેપાકર્ષિણી] સ્ત્રી. વાળ ઓળવાનું દાંતાવાળું એક સાધન; કાંગસી; કંગની; દાંતી.

કાંસકીદા પું. બે કે વધારે બાળકોની નેમ તાકવાની તથા એક પગે કૂદવાની લખોટીની એક મેદાની રમત. તેમાં બધાંની લખોટી ભેગી કરી એક જણ પોયા આગળથી ગબીમાં નાખે છે. જ્યાં સુધી બધી લખોટી ગબીમાં પડે ત્યાં સુધી આંટ્યા કરે છે. છેલ્લે એક બાકી રહે તેની લખોટી જ્યાં પડી હોય ત્યાંથી દરેક જણ આંટ ચડાવી ટોચા મારે છે. આંટતાં ભૂલે તો બંધ રહે છે. છેવટે લખોટી પગમાં પકડી ખોડંગતાં ખોડંગતાં એક પગે ચાલી લખોટી ગબીમાં નાખે એટલે રમત પૂરી થાય છે. આ રમતને વહોરાજીની કાંસકી પણ કહે છે.

કાંસકો ૧. પું. કાંસકાના આકારની ગોળ ભીંગડાંવાળી એક જાતની માછલી. તેની પીઠ ઉપર કાંસકાના દાંત જેવા કાંટા હોય છે.

૨. પું. વાળ ઓળવાનું એક સાધન; મોટી કાંસકી; દાંતિયો; કાંસિયો.

કાંસગર પું. પ્યાલા બનાવનાર માણસ.

કાંસાગરી સ્ત્રી. પ્યાલા બનાવવાનો ધંધો.

કાંસડી (કાંસડ઼ી) ૧. સ્ત્રી. એક જાતની ધોળી શેરડી.

૨. સ્ત્રી. નીક; ખાળ; ધોરિયો.

૩. સ્ત્રી. પાણી ભરવાનું એક વાસણ; સુરાહી.

૪. ન. એક જાતનું ઝાડ; ખપાટ.

કાંસડો (કાંસડ઼ો) ૧. પું. તળાવનો સામો કાંઠો.

૨. પું. નદીના કાંઠા ઉપર થતો ધોળાં ચમરાંવાળો એક જાતનો છોડ. નદી કાંઠે તેનાં થૂમડાં બાઝે છે. તેની વચમાં એક ગોળ સળી નીકળી તે ઉપર સફેદ ચમર થાય છે. તેનાં કડતલાં ગૂંથીને ઓથ બનાવવાના કામમાં લેવાય છે. તેનાં સફેદ અને અને કઠણ બી દવાના કામમાં

વપરાય છે. કાંસડો શીત, રુચિકર, બલકારક, વૃષ્ય, કડવો, પાકકાળે મધુર, સારક અને સ્નિગ્ધ છે. તે પિત્ત, દાહ, મૂત્રકૃચ્છ્ર, ક્ષય, મૂત્રાશ્મરી, રક્તદોષ, રક્તપિત્ત, ક્ષત, ક્ષય અને પિત્તરોગનો નાશ કરે છે. તેનાં કાશ, કાશેક્ષુ, ઉદ્દિષ્ટ, ઇક્ષુરસ, ઇક્ષ્વાલિકા, ઇક્ષુગંધા, પોટગલ અને કાંડેક્ષુ એવાં બીજાં નામ પણ છે.

કાંસળું ૧. ન. કાંસાનું કડાઈ જેવું ખૂબ પહોળા મોંનું એક વાસણ; તાંસળું; કાંસિયું.

૨. ન. કાંસાનું પાણી પીવાનું વાસણ.

૩. ન. માટીનું એર તથા તેલ ચોપડી પકવેલું કાળા રંગનું વાસણ.

કાંસવું ૧. [સં. કાંસ્] અ. ક્રિ. ઉધરસ ખાવી; ખાંસવું.

૨. અ. ક્રિ. કરાંજવું; બળ કરવું.

૩. અ. ક્રિ. ખોંખારવું.

કાંસી કરાંઝીને = ખોંખારા ખાઈને; બેધડક.

૪. અ. ક્રિ. તાણીને બરાડવું.

૫. અ. ક્રિ. માંદગી વગેરેમાં થોડે થોડે અંતરે અવાજ થઈ નાકમાંથી શ્વાસ નીકળવો.

૬. અ. ક્રિ. હાંફવું; ફેંફેં કરવું; શ્વાસ લેવામાં દુઃખ પડવું.

૭. સ. ક્રિ. ઠાંસવું; ચગદીને ભરવું.

કાંસા ૧. પું. પ્યાલું.

૨. પું. બાદશાહી ખાણું.

૩. પું. મોટા માણસનો સ્વાદિષ્ટ ખોરાક.

૪. પું. મોટી પહોળી રકાબી.

૫. પું. બ. વ. ખેવડા નામના ઘાસનાં કઠણ મૂળિયાં.

૬. પું. બ. વ. ધ્રો કે દર્ભનાં જમીનમાં રહેલાં મૂળ.

કાંસા કાઢવા = (૧) નીચોવી લેવું. (૨) સંભોગ કરવો; મૈથુન કરવું.

૭. પું. બ. વ. નીંદી કાઢેલું ઘાસ.

કાંસાફૂટ ૧. [સં. કાંસ્ય (કાંસું) + ફૂટ્ (ફૂટવું)] સ્ત્રી. કાંસાનાં ભાંગ્યાંતૂટ્યાં વાસણ; કાંસાનો ભંગાર.

૨. સ્ત્રી. કાંસાનાં વાસણો અથડાવાથી થતો ખડખડાટ.

૩. સ્ત્રી. કાંસાનો ઢાળો.

૪. સ્ત્રી. માથાફોડ; નકામી ભાંજગડ.

કાંસાખર્ચ પું. ખાણા સંબંધી ખર્ચ.

કાંસાગર [હિં.] પું. કંસારો.

કાંસાર પું. કાંસું ઘડનારો; કંસારો.

કાંસારી પું. કંસારો.

કાંસારોગ પું. શરીરશોષણ; શરીરનું ગળવું તે.

કાંસાળું ૧. [સં. કાંસ્યતાલિક; પ્રા. કંસતલિયા] ન. કાંસાનું બનાવેલું મોટું કીરતનિયું.

૨. ન. ગોવા તથા કર્ણાટક તરફ પાણીવાળી જગામાં ઊગતો એક જાતનો છોડ. તેને વિશાળપત્ર પણ કહે છે. તેની કાળી અને ધોળી એવી બે જાત થાય છે. તેમાં બે થી ત્રણ હાથ લાંબો અને ફૂટ દોઢ ફૂટ પહોળો કંદ થાય છે. દુકાળમાં ગરીબ લોકો તેને રાંધીને ખાય છે.

કાંસાં ૧. [સં. કાંસ્ય; પ્રા. કંસા] ન. બ. વ. કાંસીજોડાં; કીરતનિયાં; મંજીરા.

કાંસાં ફૂટવાં = મંજીરા વગાડવા. તુજ કૃષ્ણથી નવ સરે કામ, મિથ્યા કાંસાં ફૂટીએ રે—નરસિંહ

૨. ન. બ. વ. ખેતરમાંથી નીંદેલ નકામું ઘાસ.

૩. ન. બ. વ. ધ્રો કે દાભનાં મૂળિયાં.

૪. ન. બ. વ. વોંકળા.

કાંસાંઆંજણ ન. આંખમાં આંજવાની એક દવા. જુઓ કાંસાંજણ.

કાંસાંજણ ન. કાંસાની ઝણનું અંજન; આંખમાં આંજવાની અને ગૂમડાં ઉપર વપરાતી એક દવા. તે બનાવવા જસતના કટકા કરી એક જાડી તાવડી ઉપર મૂકવા અને નીચે ધમણથી ખૂબ તાપ કરવો. જસતનો રસ થયા પછી પણ ધમણથી ધમવું તેથી રસ પાકી જશે. તે પાકી ગયેલ રસને સળિયાથી હલાવવાથી તેમાં ફૂલ પડવા માંડે છે. તે ફૂલ ચકચકિત અને બપોરિયાના જેવાં પ્રકાશવાળાં દેખાય છે. જે ફૂલ પડે તે બાજુ ઉપર તારવતા જવું અને હેઠલો રસ હલાવતા જવું. એથી બધા રસનાં ફૂલ પડી જાય છે, અને દરેક ફૂલની પોલી અને ધોળી ગાંગડી બંધાઈ ગઈ હોય એમ દેખાય છે. ગાંગડીઓને ખરલમાં વાટી કપડે ચાળી તે ભૂકો એક ઠામમાં ભરી રાખવો. જો અંદર જસતની કાચી કટકીઓ રહી ગઈ હોય તો કાઢી લેવી. આ કાંસાજણની અસર વધારે શીતળ કરવા માટે કેટલાક તેના રસની અંદર હીમજ નાખ્યા પછી ફૂલ પાડે છે. કાંસાંજણ સાધારણ રીતે ધોળા ભરણના નામથી પ્રસિદ્ધ છે. સાદાં વ્રણ તેમ જ ઉપદંશનાં વ્રણ ઉપર લગાડવાથી રૂઝ તરત જ આવે છે. આંખની પાંપણ ઉપર ફોડલી થાય અગર આંખમાંથી બહુ જ પાણી ઝરતું હોય ત્યારે કાંસાંજણ અંજાય છે. ખીલ, મૂઢ ગૂમડાં, તપોડિયાં તથા વિસર્પને લીધે ચામડીનું તડતડી આવવું તથા બીજા કેટલાક ત્વક્દોષ કે જ્યાં પરૂ નથી હોતું તેવે ઠેકાણે તે વપરાય છે. જંતુના કરડથી થયેલી લાલીને તે દૂર કરે છે.

કાંસિક [સં.] વિ. કાંસાનું.

પાણિની પ્રાચીન વર્ગના જે સિક્કાને કાંસિક (કાંસાના) તરીકે એટલે ઢાળેલા ઓળખાવે છે, તે જ વર્ગના એમના સિક્કા છે.

હિંદુ રાજ્યવ્યવસ્થા

કાંસિયો ૧. [સં. કાંસિક; પ્રા. કાંસિઆ] પું. કાંસકો.

૨. પું. કાંસાનો ઘાટ.

૩. પું. કાંસાનો મોટો વાટકો; તાંસળું.

૪. પું. છાસટિયો; પાણી પાઈને ઉગાડેલી જુવાર.

૫. પું. પિત્તળનો કડછો.

કાંસિયો ઘા ન. (કચ્છી) એક જાતનું ઘાસ.

કાંસી ૧. [સં. કાંસ્ય; પ્રા. કાંસિઆ] સ્ત્રી. કાંસાની બનાવેલી મોટી ઝાંઝ; કાંસાનું છબછબિયું; કાંસીજોડાં.

૨. [હિં.] સ્ત્રી. કાંસું.

૩. ન. એ નામનું એક ગામ; કાંજીવરમ.

૪. ન. સૂકવેલું ઘાસ.

કાંસીક પું. (પિંગળ) બૃહતિની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં મગણ, નગણ અને યગણ મળી નવ અક્ષર હોય છે.

કાંસીકે મ ન ય કરોજી. રણપિંગળ

કાંસીજોટાં ન. બ. વ. એક જાતનું ઘનવાદ્ય; છબછબિયાં. જુઓ કાંસી.

કાંસીજોડ (કાંસીજોડ઼) જુઓ કાંસીજોડાં.

કાંસીજોડાં (કાંસીજોડ઼ાં) [સં. કાંસ્યયુગલ] ન. બ. વ. કાંસિયાંની જોડી; કીરતનિયાં; છબછબિયાં.

કાંસીજોડાં વગાડવાં = ભીખ માગી ખાવું.

કાંસીય [સં.] ન. કાંસ્ય; કાંસું.

કાંસુડી (કાંસુડ઼ી) સ્ત્રી. નાની વાટકી.

કાંસું ૧. [સં. કાંસ્ય; પ્રા. કંસ] ન. અઢાર માંહેની એક ધાતુ; તાંબું, જસત અને કલઈની મેળવણીથી બનતી ધોળા રંગની એક મિશ્ર ધાતુ; તામ્રત્રપુજ. તેને તાંબાની માફક કાટ આવતો નથી, પણ તે બરડ હોવાથી જલદી ભાંગી જાય છે. જેમાં કલઈનો ભાગ વધારે હોય તે કાંસું સારૂં ગણાય છે. તેનાં ભોજનપાત્ર શુભકારક મનાય છે. પુષ્પક અને તૈલક એમ બે પ્રકારનું કાંસું કહેવાય છે. જે કાંસું ધોળું, ચકચકિત, મૃદુલ શબ્દ થનાર, સ્નિગ્ધ અને નિર્મળ હોય તે કાંસું ઉત્તમ કહેવાય છે.

૧. કાંસાનો યુગ = કાંસાનાં હથિયાર વપરાતાં તે જમાનો.

૨. કાંસું ભરવું-કાસો ભરવો = (૧) પ્યાલો ભરવો; પ્યાલામાં સાકર કે હરકોઈ ચીજ ભરીને માનતા કરવી. આ રૂઢિની મૂળ હકીકત એમ છે કે ઘણાં વર્ષ પહેલાં હજરત મખ્દુમ જહાંનિયાં જહાંગશ્ત નામના એક ઓલિયા મુલતાનમાં થઈ ગયા. તેઓ એક સાદા બુખારી હતા. તેઓ દુનિયાની સફરે નીકળ્યા અને દરેક પવિત્ર જગ્યામાંથી કંઈક ચીજ નિશાની તરીકે લેતા. આમ ફરતા ફરતા તેઓ મદીને આવ્યા અને ત્યાંથી શામ એટલે સીરીઆ તરફ જતાં રસ્તામાં એક પહાડ ઉપર ગુફામાં આવી પહોંચ્યા. તે ગુફામાં ચાળીશ ભક્તો રહેતા હતા. તેના ખોરાક માટે કાસાઓ એટલે પ્યાલાઓ દૂધ, સાકર ને ચોખા ભરીને કુદરતી રીતે આવતા, ને તે તેઓ ખાઈ જતા. તેઓ ખાઈ રહે ત્યારે આ કાસાઓ કુદરતી રીતે અદૃશ્ય થઈ જતા એટલે કે જ્યાંથી આવતા ત્યાં ચાલ્યા જતા. આ ભક્તોને એવો હુકમ હતો કે જે દિવસે ૪૧ કાસાઓ આવે ત્યારે તત્સારે બહાર નીકળી ખબર કાઢવી, જે ઉપરથી તમને માલૂમ પડી આવશે કે એક બુઝર્ગ માણસ આવી પહોંચ્યો છે. આ બુઝર્ગ માણસને તમો અંદર બોલાવશો અને વધારાનો ૪૧ મો કાસો એટલે પ્યાલો તેમને આપશો. આવી રીતે જે દિવસે ૪૧ પ્યાલા આવ્યા તે દિવસે બધા ભક્તો ગુફામાંથી બહાર નીકળી આવ્યા. તપાસ કરતાં હજરત મખ્દુમ જહાંનિયાં જહાંગશ્તને જોયા. ભક્તો તેમને અંદર લઈ ગયા અને જે ૪૧મો પ્યાલો હતો તે તેમને આપ્યો. એ પ્યાલામાંથી દૂધ, સાકર અને ચોખા તેઓ ખાઈ ગયા અને એ કાસો એટલે પ્યાલો પોતાની પાસે રાખી લીધો. ભક્તોએ તે પ્યાલો ન લઈ જવા માટે તેમને કહ્યું પણ તેઓ માન્યા નહિ અને જવાબ આપ્યો કે આ પ્યાલો તો હું નિશાની તરીકે રાખવા માગું છું. એમ કહી પ્યાલો લઈ લીધો. પાછા ફરતા ફરતા બીજી નિશાનીઓ સહિત મુલતાન પહોંચ્યા. ત્યાંથી હજરત મખ્દુમ સૈયદ સિકંદર સાહેબને એ પ્યાલો તથા બીજી નિશાનીઓ સહિત માંગરોળ તરફ મોકલ્યા. એ પ્યાલો હાલ બડી મેડીવાળા મકાનદાર સૈયદો પાસે હોવાનું કહેવાય છે. જ્યારે લોકો તેની બાધા માનતા રાખે છે ત્યારે એ પ્યાલો ભરવા આપે છે અને એ પ્યાલામાં સાકર ભરે છે. આ પ્યાલામાં સાકર ભરવી તેનું નામ ગુજરાતીમાં કાંસું ભરવું થઈ ગયું છે, પણ ખરી રીતે કાસો ભરવો એટલે પ્યાલો ભરવો એ છે. (૨) લોબાન કરીને ફાતિયા પઢવા અને પછી રાંધેલ અનાજ થાળી ભરીને કોઈ સૈયદ અથવા ગરીબ માણસને આપવું.

કાંસોડો (કાંસોડ઼ો) પું. એક જાતનું ઘાસ; કાસડો.

કાંસોદરી સ્ત્રી. આમલીનાં પાન જેવાં પાનવાળો અને પીળાં ફૂલવાળો ૩ થી ૪ ફૂટ ઊંચો થતો એક છોડ. તેની સોટીઓ લાલાશ પડતા રંગની થાય છે. તેની શીંગો ૩ થી ૫ ઇંચ લાંબી અને અંદર દાણાવાળી હોય છે.

કાંસોદરો પું. કાંસોદરીનાં જેવાં પણ તેથી મોટાં પાનવાળો અને પીળાં ફૂલવાળો ૫ થી ૬ ફૂટ ઊંચો એક છોડ. તેની શીંગો ૬ થી ૮ ઇંચ લાંબી, દાણાવાળી અને જાડી થાય છે.

કાંસોદિયા ૧. સ્ત્રી. કડવા કણબીની એક અટકનું નામ.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કાંસોદ્રા જુઓ કાંસોદિયા.

કાંસ્ય ૧. [સં.] ન. કાંસું.

૨. ન. ઘંટ.

૩. ન. છલ્લબલિયું; ઝાંઝ; કાંસિયું.

વેણુ, વીણા, **કાંસ્ય**, દર્દુર, વજાડિ મૃદંગ.
ભાલણ

૪. ન. પીવાનું વાસણ.

કાંસ્યકાર [સં.] પું. કંસારો.

કાંસ્યતાલ [સં.] પું. એક જાતનું વાજિંત્ર; મંજીરા; ઝાંઝ. તે કાંસાનાં થાય છે. તેની આકૃતિ કાંસાની નાની કટોરી જેવી હોય છે. તેની અંદર મધ્ય ભાગમાં છિદ્ર હોય છે. તેમાં રેશમી અથવા સુતરાઉ દોરી નાખેલી હોય છે. વગાડતી વખતે તે દોરી હાથની આંગળીએ વળગાડવામાં આવે છે. નૃત્યની સાથે મંજીરાની જોડી એટલે બે મંજીરા જોઈએ. તેનું વજન લગભગ આશરે દશ રૂપિયાભાર હોય. એમાંથી એક વજનદાર અને બીજું જરા હલકું રખાય છે. વજનદારને નર અને હલકાને માદા કહે છે. નર જમણા હાથની ચપટીથી દાબી વગાડાય અને માદા ડાબા હાથની આંગળીમાં બાંધીને વગાડાય. તેના મુખ્ય બે બોલ છે: પહેલો કિટ અને બીજો તાન. તે બોલોનું આડાઅવળું મિશ્રણ થતાં અમુક તાલ, ઠેકા તથા તોડા અને મોહરા ઇત્યાદિ થઈ શકે છે.

કાંસ્યનીલ [સં.] પું. એક પ્રકારનું આંજણ.

કાંસ્યપાત્ર ૧. [સં.] ન. કાંસાનું પાત્ર; કાંસાનું વાસણ.

૨. ન. વજનનું એક માપ; ભાજન; આઢક; ૨૫૬ રૂપિયાભારનું એક વજન.

૪ પ્રસ્થનો એક આઢક (૨૫૬ રૂપિયાભાર) તેને ભાજન, **કાંસ્યપાત્ર** અને ચતુઃષષ્ટિપલ કહે છે.
યોગચિંતામણિ

કાંસ્યપાત્રી [સં.] સ્ત્રી. કાંસાની થાળી.

કાંસ્યપિષ્ટિરસ [સં.] પું. (વૈદ્યક) પાંડુરોગ માટે એક જાતનો રસ. તે બનાવવા પારો ૫ ભાગ, તામ્રભસ્મ ૧ ભાગ અને ગંધક ૫ ભાગ લઈ તે બધાંને નાગરવેલના પાનના રસમાં ઘૂંટી જે પિષ્ટિ થાય તેને તાંબાના સૂચિવેધ્ય પતરાં ઉપર ચોપડી સંપુટમાં મૂકી ગજપુટ આપવો. તે ૧ થી ૨ રતીની માત્રામાં ત્રિકટુના ચૂર્ણના અનુપાન સાથે અપાય છે.

કાંસ્યમંડલ ન. વિષુવાંશ ૧૬૦ થી ૧૮૦ અને દક્ષિણ ક્રાંત્યંશ ૫ થી ૨૫ વચ્ચે આવેલો એ નામનો એક તારાપુંજ.

કાંસ્યમાક્ષિક [સં.] ન. સોમલયુક્ત એક જાતની કાચી ધાતુ; એક પ્રકારનું માક્ષિક. જુઓ માક્ષિક.

કાંસ્યયુગ [સં.] પું. કાંસાંનાં હથિયારો બન્યાં તે યુગ; ગ્રીક લોકોના ચાર માંહેનો ત્રીજો યુગ. શિલાયુગ પછી યરપમાં કાંસ્યયુગ બેઠો હતો.

કાંસ્યિક [સં.] પું. કંસારો.

કાંહ ૧. [હિં.] પું. કૃષ્ણનું એક નામ.

૨. પું. પતિ; ધણી.

કાંહાર [હિં.] પું. કૃષ્ણનું એક નામ.

કાંહાંથું અ. ક્યાંથી.

મોહોટો લાભ દર્શન થયું આંહાંથું રે,
એ રત્ન ગોકુળમાં **કાંહાંથું** રે.
પ્રેમાનંદ

કાંહું ન. (ગ્રામ્ય) કાંસું; એક મિશ્રિત ધાતુ.

કિ ૧. [ફા.] સ. જે.

૨. અ. (જૂ. ગુ.) કે; વા; અથવા.

રૂપિઈ રંભા કિ રોહિણી,
કિ ઇંદ્રાણી કિ મોહિની.
લાવણ્યસમય

૩. અ. તેથી; જેથી.

કિક [અં.] સ્ત્રી. લાત; પગની ઠોકર.

કિકટ પું. વર્ણુ પર્વતથી ગૃધ્રકૂટ સુધીના મગધના દક્ષિણ વિભાગનું નામ.

કિકયાના સ્ત્રી. ચીસ; રાડ.

કિકલાવવું સ. ક્રિ. કીકલાવુંનું પ્રેરક રૂપ; આનંદમાં આવે તેમ કરવું.

કિકાડ (કિકાડ઼) [હિં.] પું. બાવળનું ઝાડ.

કિકાણી ૧. સ્રી. કણબી, નાગર અને વાણિયાની એ નામની એક અટક.

૨. ન. એ અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કિકિ ૧. [સં.] પું. ગૂગળ.

૨. પું. નાળિયેર.

૩. ન. ચાસ પંખી.

૪. ન. નીલકંઠ પક્ષી.

કિકિઆવ [હિં.] સ્રી. ચીસ; રાડ.

કિકિદ્દિવ [સં.] પું. ચાસ પક્ષી.

કિકિદ્દિવિ જુઓ કિકિદ્દિવ.

કિકિદીવિ પું. ફેફસામાં થનારા ક્ષયના જંતુ.

કિકિયાટો જુઓ કિકિયારો.

કિકિયાડો (કિકિયાડ઼ો) પું. કિકિયારો; ખૂમ; ચીસ; રાડ.

કરે **કિકિયાડા** પાડે બહુ તાળી,
વાંકાં પૂછ શું મણિધર કાળી. પ્રેમાનંદ

કિકિયાણ ૧. ન. એકસામટા ઘણા મોટા તીણા અવાજો થવા તે; ખૂમાખૂમ; કકલાણ.

૨. ન. કલ્પાંત; રડારોળ; ઘણાં માણસોનું એક સાથે મોટેથી રડવું તે.

કિકિયારી સ્રી. તીણી કારમી ખૂમ; ચીસ; રાડ.

કિકિયારો પું. મોટી કિકિયારી; ગોકીરો; ખૂમાખૂમ.

કિકિંગ સ્ટ્રૅપ [અં. કિકિંગ સ્ટ્રૅપ] પું. ઘોડાના સાથળ આડો રાખવાનો ઘોડાના સામાનનો એક ભાગ. તેથી ઘોડો લાત મારી શકતો નથી.

કિકીદ્દિવ [સં.] પું. ચાસ પક્ષી.

કિકીદ્દિવિ જુઓ કિકીદ્દિવ.

કિકીદીવિ જુઓ કિકીદ્દિવ.

કિક્કર પું. બાવળ.

કિક્કિશ પું. શરીર માંહેનો એક જાતનો કીડો.

કિચકિચ ૧. [હિં.] સ્રી. ગલ્લાંતલ્લાં; ગપ્પાં.

૨. સ્રી. ચેં ચેં; કચકચ; કચપચ; ચકલાં વગેરે પંખીઓનું સામસામે બોલવું તે; પંખીઓનું ગુંજ.

૩. સ્રી. ઝઘડો; તકરાર.

૪. સ્રી. વ્યર્થ વાદવિવાદ.

૫. સ્રી. સંભાષણ; વાતચીત.

કિચકિચવું ૧. અ. ક્રિ. કિચકિચ કરવું.

૨. અ. ક્રિ. તડતડ થવું.

૩. અ. ક્રિ. તણાવું; ખેંચાવું.

૪. અ. ક્રિ. દાંત કકડાવવા.

૫. અ. ક્રિ. ભરાવાથી કે ભારથી તૂટી જાય એમ થવું.

કિચકિચાવવું ૧. સ. ક્રિ. કિચકિચ થાય એમ કરવું.

૨. સ. ક્રિ. ખેંચીને બાંધવું.

૩. સ. ક્રિ. દાંત કકડાવવા.

કિચકિચાવું અ. ક્રિ. ભચડાવું.

કિચકિચિયું વિ. વાતોડિયું; વાતશૂરું.

કિચકિચી સ્રી. દાંત કચકચાવવા તે.

કિચકિચી બાંધવી = (૧) ક્રોધમાં દાંત પીસવા. (૨) દાંત કચકચાવવા.

કિચડાવું (કિચડ઼ાવું) અ. ક્રિ. આંખમાંથી ચીપડા નીકળવા; કિચરાવું.

કિચડી રહેવું (કિચડ઼ી રહેવું) જુઓ કિચડાવું.

કિચડૂક પું. ચાલતા કોસનો કે સાંતીડાનો અવાજ; કિચૂકકિચૂક.

કિચપિચ ૧. પું. કાદવ; કીચડ; ગારો.

૨. વિ. જાડું.

કિચરપિચર વિ. કાદવવાળું.

કિચરપિચર થવું-હોવું = (૧) કાદવવાળું થવું; કાંપવાળું હોવું. (૨) બહુ ભીનું હોવું.

કિચરાવું જુઓ કિચડાવું.

કિચલ પું. ગારો; કાદવ.

કિચુલી સ્રી. સર્પની કાંચળી.

કિચૂ વિ. થોડું; કંઈક.

કિચૂકકિચૂક પું. ચાલતા કોસનો કે સાંતીનો અવાજ.

કિચૂકો પું. આમલીનો ઠળિયો; કચૂકો; ચિચૂકો.

કિચૂડકિચૂડ (કિચૂડ઼કિચૂડ઼) પું. ઘોડિયું, ખાટ કે પૈડું ફરવાથી થતો અવાજ.

કિચૂડિયું (કિચૂડ઼િયું) ન. હિંડોળો; હીંચકો.

કિચૂડિયો (કિચૂડ઼િયો) ૧. પું. એ નામની છોકરાંની એક રમત; અણીદાર ઊભા લાકડા ઉપર એક આડી મૂકી હીંચતાં ગોળ ફરવાની રમત; કિચૂડો.

૨. પું. હિંડોળો; હીંચકો.

કિંચૂડો (કિચૂડ઼ો) ૧. પું. આમલીનો ઠળિયો; બિયો; કચૂકો.

૨. પું. એ નામની છોકરાંની એક રમત; એક અણીદાર નાના થંભ ઉપર વચમાં ખામણાવાળી આડી મૂકીને સામસામાં બે છોકરાં બેસીને ગોળ ફરે તેવી રમત; ચીચવો; નાનો ચગડોળ; કિચૂડિયો.

૩. પું. કિચૂડકિચૂડ થતો અવાજ.

કિચોડો (કિચોડ઼ો) જુઓ કિચૂડો.

કિચ્ચકર પું. ગામનો વડો; ગામનો મુખી.

કિચ્ચડ (કિચ્ચડ઼) પું. કીચડ; કાદવ; ગારો.

કિચ્ચડઘાણ (કિચ્ચડ઼ઘાણ) પું. કચ્ચરઘાણ; નાશ.

કિચ્ચલ પું. ગારો; કાદવ.

કિછડી (કિછડ઼ી) સ્રી. અદાલત; ન્યાયની કચેરી.

કિછુ વિ. થોડું; કંઈક.

કિઝિલબાશી [તુ.] પું. એક જાતનો મુઘલ સિપાઈ.

કિઝ્મ (કિઝ્મ) [અ.] પું. જૂઠાણું; જૂઠું બોલવું તે.

કિટકિટ ૧. પું. કિટકિટ કરતો અવાજ.

૨. પું. વાદવિવાદ.

કિટકિટાવવું ૧. અ. ક્રિ. ઢોરને જલદીથી હાંકવાં.

૨. અ. ક્રિ. દાંત કચકચાવવા.

કિટકિટિકા સ્રી. નબળા શરીરવાળા માણસના માંસ વિનાના હાડકાનો ઊઠતાં બેસતાં થતો અવાજ.

કિટકિટી સ્રી. દાંત કચકચાવવા તે.

કિટસન સ્રી. સારો પ્રકાશ આપતી એક જાતની બત્તી.

કિટસન લાઇટ જુઓ કિટસન.

કિટસન લૅમ્પ જુઓ કિટસન.

કિટાયલું વિ. કાટવાળું.

કિટાવું ૧. અ. ક્રિ. કટાવું; કાટવાળું થવું.

૨. અ. ક્રિ. બગડવું; ખરાબ થઈ જવું.

૩. અ. ક્રિ. બેસ્વાદ થવું.

કિટિ [સં.] પું. ભૂંડ; ડુક્કર; કિર.

કિટિક ન. લડાઈમાં બચાવ માટે વપરાતું ઢાલ જેવું એક સાધન. તે ચામડાનું અથવા વાંસનું બનેલું હોય છે.

કિટિભ ૧. [સં.] પું. એક જાતનો મધ્યમ કોઢ. તે ચામડીમાં સૂકા વ્રણના સ્થાન માફક કાળો, ખરબચડો અને કઠોર સ્પર્શવાળો હોય છે.

૨. પું. કીડિયારું.

૩. પું. માથાના વાળની જૂ; કેશકીટ.

૪. પું. માંકડ.

૫. પું. રાફી નામનો એક રોગ. તેની ઉપર કાસુંદરાનાં મૂળ કાંજીમાં વાટીને ચોપડવાનું કહેવાય છે.

૬. પું. સર્પના કરડવાથી થતી એક જાતની પીડા.

કિટિભકુષ્ઠ [સં.] પું. ચામડી કાળી થઈ જાય એવો એક જાતનો કોઢ; ખર્જુકુષ્ઠ; કિટિભ.

કિટી [સં.] સ્રી. ભૂંડણ; ભૂંડણી.

કિટોડો (**કિટોડ઼ો**) ૧. પું. કચરો; કાદવ.

૨. પું. ફાડતાં વધેલું ગાંઠોવાળું લાકડું.

૩. પું. સખત તાપથી ધાતુ માટી વગેરે ગાળતાં તેમાંના કાટ કચરાનો ગઠ્ઠો; કીટો.

કિટ્ટ ૧. પું.; ન. એક જાતની પરોપજીવી બારીક ફૂગ. તે ઊંચી કોટિની વનસ્પતિમાં કોષને રંગહીન કરી નાખે છે. વનસ્પતિને આને લીધે ઘણા રોગ થાય છે.

૨. [સં.] પું.; ન. કચરો; મળ; વિષ્ટા.

૩. પું.; ન. કાચી ધાતુનો ભાગ.

૪. પું.; ન. ખાવાની એક જાતની વાની.

૫. પું.; ન. તેલ, ઘી વગેરેનો મેલ; કીટું.

૬. પું.; ન. ધાતુઓનો જામેલો મેલ; કાટ.

૭. વિ. પ્રવીણ; કુશળ; હોશિયાર.

કિટ્ટરેખા [સં.] સ્ત્રી. બહારની રૂપરેખા.

> ચિત્ર દોરવાને **કિટ્ટરેખા** એટલે બાહ્યરેખા પીળા રંગથી પહેલાં પોચે હાથે દોરવી.
>
> પુરાતત્ત્વ

કિટ્ટવર્જિત [સં.] ન. શરીરમાંની એક ધાતુ; રેતસ; વીર્ય.

કિટ્ટાલ ૧. [સં.] પું. તાંબાનું વાસણ.

૨. પું. લોઢાનો કાટ.

કિટ્ટિ વિ. સૂક્ષ્મ; બારીક.

કિટ્ટિસ ૧. ન. ખોળ; તલ વગેરેનું તેલ રહિત ચૂર્ણ.

૨. ન. બે ત્રણ જાતના વાળના મિશ્રણથી બનેલો દોરો.

કિટ્ટી સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

કિડ (**કિડ઼**) ૧. પું. કીડો.

> કિડખાયા = (૧) કીડાએ ખાધેલું. (૨) જીવડાં ખાધેલું. (૩) માતાના ડાઘવાળું.

૨. [અં.] ન. લવારાં, ઉંદર વગેરેની ચામડીનું બનાવેલું પાતળું ચામડું.

કિડકિડાવું (**કિડ઼કિડ઼ાવું**) અ. ક્રિ. ગુસ્સાથી દાંત કચકચાવવા.

કિડની [અં.] સ્ત્રી. ગુરદો; કુક્કો; મૂત્રપિંડ.

કિડા સ્ત્રી. (જૈન) આઉખાના દશ વિભાગ કરીને દશમે દશમે ભાગે દશા હોય તે માંહેની બીજી દશા.

કિડાય અ (કચ્છી) કયાં.

કિઢા વિ. કીડાવાળું; કીડાએ ખાધેલું.

કિણ ૧. પું. આંટણ.

૨. [સં.] પું. એક જાતનો લાકડાનો કીડો.

૩. પું. ઘર્ષણથી થનારૂં ચિહ્ન.

૪. પું. છોડવા ઉપર થતો ગાંઠો.

૫. પું. ડંખ; દંશ.

૬. પું. ડાઘો.

૭. પું. મસો; માંસાંકુર.

૮. પું. માંસની ગાંઠ.

૯. પું. સુકાયેલું વ્રણ.

કિણપા પું. (પિંગળ) ઉષ્ણિકની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં ભગણ, યગણ અને ગુરુ મળી સાત અક્ષર હોય.

કિણમય [સં.] વિ. ડાઘાવાળું.

કિણવત ૧. [સં. કિણવત્] વિ. ઘર્ષણથી થનારા ચિહ્નવાળું.

૨. વિ. ડંખવાળું.

૩. વિ. ડાઘાવાળું.

૪. વિ. મસાવાળું.

૫. વિ. માંસની ગાંઠવાળું.

૬. વિ. સુકાયેલા વ્રણવાળું.

કિણસ્તર પું. મસો; માંસાંકુર.

કિણા ન. ખમીર; આથો.

> ખમીર અથવા **કિણ્વાથી** ઉત્સેચન થાય છે. એ વાત આખા ઇતિહાસકાળ દરમિયાન જાણીતી છે.
>
> વિજ્ઞાનપ્રવેશિકા

કિણાકાર [સં.] વિ. મસાના આકાર જેવું.

કિણાલાત [સં.] પું. ઈંદ્ર.

કિણાવસ્થા [સં.] સ્ત્રી. મસાના રૂપમાં હોવાપણું.

કિણિત ન. સંગીતનું એક જાતનું વાદ્ય.

કિણિહી [સં.] સ્ત્રી. અઘેડો.

કિણ્વ ૧. પું. આથો; બોળો; ખમીર.

૨. સ્ત્રી. આલગાને મળતી આવતી એક વનસ્પતિ; 'યીસ્ટ'. આ વનસ્પતિ ઘણી જ સૂક્ષ્મ હોય છે અને જમીન ઉપર તથા ઝાડોમાં પથરાયેલી રહે છે.

૩. ન. જેનો દારૂ બને છે તેવાં બિયાં.

૪. ન. દારૂ.

૫. ન. પાપ.

કિણ્વકોષ પું. ખમીર કે આથાનો ઝીણામાં ઝીણો એકમ કણ.

કિણ્વક્રિયા સ્ત્રી. આથો આવવાપણું.

કિણ્વજ ન. કિણ્વકોષમાં થતો એક જાતનો દ્રાવ્ય ઉત્સેચક.

કિણ્વજંતુ પું. આથામાં ઉત્પન્ન થતી જીવાત.

કિણ્વક [સં.] ન. આખરણ; ઉત્સેચક.

કિણ્વદોષ પું. ચેપી રોગની શરીરમાં વૃદ્ધિ હોવાપણું.

કિણ્વપદાર્થ [સં.] પું. આખરણ; મેળવણ.

કિણ્વમાપક ન. જુદા જુદા પદાર્થોનો આથો માપવાનું સાધન.

કિણ્વીકરણ [સં.] ન. ઉત્સેચન; આથો લાવવાપણું.

કિણ્વીય ૧. [સં.] ન. દારૂ બનાવવા માટેનું કોઈ દ્રવ્ય.

૨. ન. પાપ કરવાનું સાધન.

કિત્ ૧. [સં.] અ. ક્રિ. (ધાતુ) રહેવું; વસવું; વાસ કરવો. તે ઉપરથી નીકળેલ શબ્દ: કેતુ.

૨. સ. ક્રિ. (ધાતુ) આરામ કરવો; સાજું કરવું. એ ઉપરથી નીકળેલ શબ્દ: ચિકિત્સા; ચિકિત્સક.

૩. સ. ક્રિ. ઇચ્છવું.

૪. સ. ક્રિ. શંકા કરવી.

કિત ૧. પું. એ નામનો એક ઋષિ.

૨. અ. કેવી રીત.

૩. [સં. કુત્ર] અ. કયાં; કઈ દિશામાં.

કિતઅ ૧. [અ.] પું. નૃત્ય વખતે ગાવાનું ગીત.

> કિતઅબંદ = એક જાતનું કાવ્ય. તેમાં દરેક કડીની પહેલી લીટીનો અર્થ છેલ્લી લીટીમાં પૂરો થાય છે.

૨. પું. ભાગ.

કિતક વિ. કેટલાંક.

કિતના ૧. વિ. અધિક; બહુ; જયાદા.

૨. વિ. કેટલાં; કેટલું.

૩. વિ. કેટલાંક.

કિતનાએક જુઓ કિતના.

કિતના હી ૧. વિ. કેટલાગણું.

૨. વિ. કેટલુંક.

કિતમાન [અ.] ન. સંતાડવું તે.

કિતમીર ૧. [અ.] ન. અકબરના વખતનું સોનું તોળવાનું એક વજન.

૨. ન. ખજૂરના ઠળિયા ઉપરનું પાતળું પડ.

કિતરા જુઓ કિતના.

કિતરાન [અ.] પું. ડામર.

કિતવ ૧. પું. ઠગ; ધૂર્ત; લુચ્ચો; ધુતારો.

૨. પું. પાસાથી રમનાર; જુગારી; ખેલાડી.

૩. ન. એક જાતનું સુગંધી દ્રવ્ય; રોચના.

૪. ન. ધતૂરાનું ઝાડ.

૫. [સં. કિત્ (વસવું)] ન. વસાવવું તે.

૬. વિ. ઉન્મત્ત; પાગલ.

૭. વિ. ખલ; દુષ્ટ.

૮. વિ. જુગાર રમનારૂં.

૯. વિ. ઠગારૂં; લુચ્ચું; કપટી.

કિતવધૂર્ત [સં.] વિ. કપટી અને ધુતારૂં.

કિતવપણું ન. લુચ્ચાઈ; કપટ; ઠગાઈ.

> નારી સંગ મદિરા અહંકાર,
> કિતવપણું હિંસા અવિચાર. ભીમ

કિતવા સ્ત્રી. છુપાઈ રહેવા માટે ડાળીઓ વગેરેથી તૈયાર કરેલી જગ્યા; સંતાવાની જગ્યા.

> જેમ પારધી પોતાનો દેહ **કિતવાની** પાછળ છુપાવે છે, તેમ મનુષ્ય પોતાનો દોષ છુપાવે છે. ધમ્મપદ

કિતવીય [સં.] વિ. ધુતારાએ કરેલું; પ્રપંચ ભરેલું; કપટી.

કિતા (કિ઼તા) ૧. [અ.] પું. એક જાતનું કાવ્ય; કિતઅ. તેમાં બેકી લીટીમાં પ્રાસ મળે છે અને દરેક કડીનો પહેલા ભાગનો અર્થ છેલ્લામાં પૂરો થાય છે.

૨. પું. છૂટો ભાગ.

૩. પું. જમીનનો અમુક પ્રદેશ.

૪. પું. સંખ્યા.

૫. સ્ત્રી. આકાર.

૬. સ્ત્રી. ફેશન; રીત.

૭. સ્ત્રી. ભાગ.

૮. વિ. કિતના; કેટલા.

કિતાઈ વિ. કેટલાક.

કિતાઈન અ. સુધી; પર્યંત.

કિતાબ ૧. પું. ઇલકાબ; ખિતાબ; માનઅકરામ; પદવી.

૨. [અ. કતબ (તેણે લખ્યું)] સ્ત્રી. ગ્રંથ; ચોપડી; પુસ્તક. કિતાબમાં યહૂદીઓનો જૂનો કરાર, ખ્રિસ્તીઓનો નવો કરાર અને મુસલમાનોના કુરાનનો સમાવેશ થાય છે, તેથી યહૂદીઓ, ખ્રિસ્તીઓ અને મુસલમાનો અહલે કિતાબ કહેવાય છે.

૧. કિતાબ ફરોશ-કુતુબ ફરોશ = પુસ્તક વેચનાર.

૨. કિતાબી આદમી = વાચણિયો; લઢણિયો; ચોપડીચુંબક.

૩. કિતાબી ઇલ્મ = ચોપડિયું જ્ઞાન.

૪. કિતાબી ચહેરા = લાંબો ચહેરો.

૫. કિતાબે આસ્માની-ઇલાહી મજીદ-મુકદ્દસ = કુરાને શરીફ; મુસલમાનોનો ધર્મગ્રંથ.

૩. સ્ત્રી. રજિસ્ટર; વહીખાતું; નોંધપત્રક.

કિતાબખાનું ૧. [અ. કિતાબ (પુસ્તક) + ફા. ખાના (ઘર)] ન. પુસ્તકાલય; ગ્રંથભંડાર; ગ્રંથસંગ્રહાલય.

૨. ન. પુસ્તકો વેચનારની દુકાન.

કિતાબત ૧. સ્ત્રી. ઉપરનું પૂઠું; મુખપૃષ્ઠ.

૨. સ્ત્રી. નકલ કરવાનો ધંધો.

૩. સ્ત્રી. મુદ્રાલેખ.

૪. સ્ત્રી. મૃત્યુલેખ.

૫. સ્ત્રી. લખાણ; પત્રવહેવાર.

૬. સ્ત્રી. વૈતરૂં કરીને કે પૈસા ભરીને છુટકારો મેળવવાનો ગુલામે કરાવી લીધેલ દસ્તાવેજ.

કિતાબનવેશ પું. પુસ્તક લખનાર પુરુષ; ચોપડીઓ લખી તૈયાર કરનાર માણસ.

કિતાબનવેશી સ્ત્રી. પુસ્તક લખવાપણું.

કિતાબપરસ્ત વિ. ચોપડીચુંબક; ચોપડીઓમાં મશગૂલ રહેનાર.

કિતાબફરોશ [અ.] પું. ચોપડીઓ વેચનાર માણસ.

કિતાબબીની સ્ત્રી. પુસ્તકવાચન; પુસ્તકપરિચય.

કિતાબરૂ પું. લાંબો ચહેરો.

કિતાબા જુઓ કિતાબત.

કિતાબી ૧. [અ. કિતાબ] વિ. કિતાબના આકારનું.

૨. વિ. ખ્રિસ્તી.

૩. વિ. ચોપડીનું; ચોપડી સંબંધી.

૪. વિ. યહૂદી.

કિતાબીયા [અ.] સ્ત્રી. નાની ચોપડી.

કિતાબુલ્લા સ્ત્રી. કુરાને શરીફ; મુસલમાનોનું પવિત્ર ધાર્મિક પુસ્તક.

કિતાર [અ.] સ્ત્રી. લીટી; હાર.

કિતાલ [અ.] સ્ત્રી. યુદ્ધ; લડાઈ.

કિતિએક વિ. કેટલાક; કેટલાએક.

કિતિક ૧. વિ. કેટલું.

૨. અ. કેટલા પ્રમાણમાં.

કિતુલ ન. તાડની જાતનું એક ઝાડ; જીરોગૂ; સ્કંદપાન. સિલોનમાં આ ઝાડમાંથી દારૂ અને ખાંડ બનાવાય છે.

કિતે અ. ક્યાં; કઈ દિશામાં.

કિતેક ૧. [મ.] સ. કોઈ એક.

૨. [હિં.] વિ. અસંખ્ય; જેની સંખ્યા અનિશ્ચિત હોય એવું.

૩. વિ. કેટલું.

કિતૈન અ. ક્યાં; કઈ દિશામાં.

કિત્ત અ. (કચ્છી) ક્યાં.

કિત્તા ૧. [હિં.] વિ. કેટલું.

૨. અ. કેટલા પ્રમાણમાં.

કિત્તિ ૧. [હિં.] સ્ત્રી. યશ; કીર્તિ.

૨. અ. કેટલી બધી.

કિત્તી [સં. કીર્તિ] સ્ત્રી. (હિંદી) કીર્તિ; યશ.

કિત્તે પું. મૂળ ટુકડો; અસલ પ્રત; નમૂનો.

કિત્તો ૧. [અ.] પું. અક્ષરોનો મરોડ શીખવવાને છોકરાં પાસે ઘૂંટાવવાનું પાનું; દોપિસ્તું; ઘૂંટવા માટે છાપેલો સ્વર વ્યંજનનો કાગળ.

૨. પું. અંક.

૩. પું. કકડો; વિભાગ; ખંડ.

૪. [અ. કતઅ (તેણે કાપ્યું)] પું. ખેતરનો ભાગ; ખેતરની જમીનનો ટુકડો.

૫. પું. ચિહ્ન.

૬. પું. જમીનનો અમુક કકડો; પ્રદેશ; લાટ; ભૂવિભાગ.

> રણ એ નામે ઓળખાતી મોટી ઉજ્જડ ભૂમિનો એક **કિત્તો** કાઠિયાવાડની ઉત્તરપૂર્વમાં ને બીજો તે પહેલાને લગતો પણ કચ્છની ઉત્તરે છે. ગુજરાત સર્વસંગ્રહ

૭. પું. ધડો; ઉદાહરણ.

૮. પું. નકલ; અનુલેખન; કોપિ.

> નમૂનાની એક લીટી લખી આપી હોય તે પ્રમાણે જોઈ જોઈને લખવું એને અંગ્રેજીમાં કોપિ કહે છે એને પહેલાં નિશાળોમાં **કિત્તો** કહેતા. નવલરામ

૯. પું. નમૂનો; નિદર્શન.

૧૦. પું. પથ્થરપાટીમાં લખેલું ચાકનું મોટા અક્ષરનું લખાણ.

૧૧. પું. પહોળા જાડા કાપની કલમ.

૧૨. પું. લેખણથી સારા મોટા અક્ષરે લખેલો ખરડો; સારો લખેલો નમૂનો.

૧૩. અ. એનું એ જ; સદરહુ; ઉપર પ્રમાણે.

કિદત્રાં ન. બ. વ. અનાજ વગેરેમાં પડતાં જીવડાં કે જીવાત.

કિદહાડે (કિદહાડે઼) અ. ક્યારે; કયે વખતે; કયે દહાડે.

કિદા વિ. કોના જેવું.

કિદામ ૧. [અ.] પું. ઈશ્વરની અમરતા.

૨. પું. સદ્ગુણમાં શ્રેષ્ઠ માણસ.

કિદારબસંત પું. (સંગીત) એ નામનો એક રાગ.

કિદારા [સં. કેદાર] સ્ત્રી. હનુમંત મત પ્રમાણે દીપક રાગની પાંચ માંહેની એક રાગિણી; કેદારી. તે ગાવાનો વખત મધ્યરાત્રિનો છે. તેનું

સ્વરૂપ સુંદર છે, વેષ મુનિના જેવો છે, જટા ધારણ કરી અરણ્યમાં બેઠી છે, જેમાંથી ગંગા નદી વહી રહી છે, શરીર ઉપર વિભૂતિ લગાડેલી છે, સર્પની જનોઈ પહેરી છે, નેત્ર કમળ સરખાં છે, કપાળમાં બીજનો ચંદ્ર છે, લાલ રંગનો પોષાક પહેર્યો છે, ધ્યાનમાં મગ્ન થઈ મંત્રોચ્ચારણ કરી શિવની ભક્તિ કરે છે. આ રાગિણીની જાતિ સંપૂર્ણ છે. ગ્રહ સ્વર મધ્યમ, ન્યાસ સ્વર, ખરજ અને વાદી સ્વર મધ્યમ છે. આ રાગિણીની સાત જાતિ: શુદ્ધ કિદારા, શ્યામ કિદારા, નટ કિદારા, લલિત કિદારા, મારૂ કિદારા, જલધર કિદારા અને સાવની કિદારા.

કિદારા લલિત જુઓ કિદારા લલિતા.

કિદારા લલિતા સ્ત્રી. (સંગીત) લલિતા રાગિણીની ત્રણ જાતિ માંહેની એક રાગિણી.

કિધર [સં. કુત્ર] અ. (હિંદી) ક્યાં; કઈ દિશામાં; કઈ તરફ.

કિન ૧. [સં. કિમ્] સ. (હિંદી) કયું; કોણ.
૨. સ. કોને.

કિનઈ ન. એક જાતનું ઝાડ. તે બંગાળ, બિહાર, સાતપુડાના પ્રાંતો, મધ્ય પ્રાંત, બર્મા, ગુજરાત તથા દક્ષિણ હિંદમાં થાય છે. તેની છાલના રંગમાંથી ચામડાં રંગાય છે. તેનું લાકડું મજબૂત, ચળકતું, કાળું અને સફેદ ચટાપટાવાળું હોય છે. ઇમારત, ઘાણી, હળ, પુલ વગેરેમાં તે વપરાય છે. તેના કોલસા ઉત્તમ બને છે.

કિનકા સ. કોનું.

કિનકી ૧. [હિં.] સ્ત્રી. કણકી.
૨. સ. કોની.

કિનકૂ [હિં.] પું. આખો કાચો વટાણો.

કિનખાપ જુઓ કિનખાબ.

કિનખાબ ૧. [ફા. કમ (ઓછું) + ખાબ (રૂંવાટી)] પું. ઓછી રૂંવાટીવાળું કપડું; જરીબુટ્ટાના વણાટનું રેશમી વસ્ત્ર; રેશમ અને કસબ સાથે વણતાં જેમાં બુટ્ટાદાર તરેહ પાડેલી હોય તેવું વસ્ત્ર.

૨. પું. કસબ.

૩. પું. ખાપ એટલે કાચના કટકા મૂકીને કરેલું ભરતકામ.

૪. પું. રેશમી કપડાં ઉપર કસબ અને તારાટીપકી વગેરેનું કરેલું ભરતકામ; કારચોબી.

કિનને સ. કોણે.

કિનયત ૧. [અ.] સ્ત્રી. અલંકાર.

૨. સ્ત્રી. બાપ, મા વગેરેના નામ ઉપરથી લેવાયેલું નામ. અરબીમાં જેમ બિનથી અને કેલ્ટિક ભાષામાં મેકથી નામની શરૂઆત થાય છે, તેવી જાતનો આ શબ્દ છે.

કિનરા સ. કોનું.

રાજા **કિનરા** ગોઠિયા, જોગી કિનરા મિત્ર,
વેશ્યા કિનરી અસ્તરી, કોણ વેશ્યારો કંત.
લોકસાહિત્ય

કિનવૈયા [સં. ક્રી (ખરીદવું)] પું. (હિંદી) ખરીદનાર.

કિનહ [હિં.] સ્ત્રી. ઈર્ષા; અદેખાઈ.

કિનહેં સ. કોને.

કિના સ. કોના.

કિનાઅત [અ.] સ્ત્રી. સંતોષ.

કિનાટ [સં.] ન. ઝાડની અંતરછાલ.

કિનાત સ્ત્રી. કનાત; કપડાનો બાંધવાનો પડદો.

કિનાન પું. મિસર દેશ.

કિનાની વિ. કિનાન દેશનું; મિસર દેશનું.

કિનાય સ્ત્રી. ઇશારો.
કિનાય રખના = વિષે કહેવું; લાગુ પાડવું.

કિનાયત ૧. [અ.] સ્ત્રી. ઇશારો; નિશાની.
૨. સ્ત્રી. કટાક્ષ; વક્રોક્તિ.

કિનાયતન [અ.] અ. આડકતરી રીતે.

કિનાયા ૧. [અ.] પું. ઇશારો; નિશાની; કિનાયત.
૨. પું. કટાક્ષ; વક્રોક્તિ.
૩. પું. સંસર્ગ; સંબંધ; અનુષંગ.

કિનાર ૧. [ફા. કનાર (કોર)] સ્ત્રી. કાંઠો; કિનારો.
૨. સ્ત્રી. કોર; છેડો; ધારનો ભાગ; કોઈ પણ વસ્તુની અંતિમ સાંકડી અને લાંબી સરહદ; કોઈ થાન અથવા કપડાનો કિનારો.
૩. સ્ત્રી. છાતી.
૪. સ્ત્રી. છેડા તરફની સપાટી; બાજુ; કોરણ; હાંસિયો.
૫ સ્ત્રી. બાથ; આલિંગન.
કિનારો બોસ = ભેટવું અને ચૂમવું તે.
૬. સ્ત્રી. વસ્ત્ર ઉપર મૂકવાની કોર.
૭. સ્ત્રી. હદ; સીમા.
કિનાર ખેંચવી = છોડી દેવું.

કિનારદાર [ફા. કિનારા (કોર) + દાર (વાળું)] વિ. કોરવાળું.

કિનારા ૧. [ફા.] પું. કિનારો; કાંઠો.
૨. પું. છેડો.
૩. પું. બગલ; બાજુ.
૪. પું. લૂગડાની કોર.
૫. પું. સીમા; હદ.
૬. પું. હાંસિયો.
કિનારા કરવો = (૧) એકાંત સેવવું. (૨) છોડી દેવું; તજી દેવું. (૩) પાછું જવું.

કિનારાકશી સ્ત્રી. પાછું જવું તે.

કિનારારક્ષક પું. કિનારાનું રક્ષણ કરવા માટેની ટુકડી. આ માણસોનું કામ દાણચોરી અટકાવવાનું છે.

કિનારિ સ્ત્રી. ચોસઠ માંહેની એ નામની એક લિપિ.

કિનારી ૧. [ફા.] સ્ત્રી. કાંઠો.
૨. સ્ત્રી. કિનાર; કોર; છેડો.
૩. સ્ત્રી. કિનારો; દરિયાકાંઠો.
૪. સ્ત્રી. પ્રાંતભાગ; મર્યાદા; ધારપટી.
૫. સ્ત્રી. વસ્ત્ર ઉપર મૂકવાની કોર.
૬. સ્ત્રી. સોના રૂપાના તાર અને રેશમ સાથે વણેલી સાંકડી અને લાંબી પટી.

કિનારીબાફ [હિં.] પું. કોર બનાવનાર; લેસ વણનાર.

કિનારે ૧. અ. અલગ; દૂર.
૨. [ફા.] અ. કાંઠે; બાજુએ.

કિનારેદાર [ફા.] વિ. કિનારદાર; કોરવાળું.

કિનારો ૧. પું. અણી.
૨. પું. અવધિ; અંત.
૩. [ફા. કિનાર] પું. તટ; તીર; કાંઠો; ઘાટ.
૧. કિનારે આવેલું વહાણ ડૂબવું = નજીક આવેલું સુખ ગુમ થઈ જવું.
૨. કિનારે કિનારે ચાલવું = (૧) જુદું ચાલવું. (૨) નદીને કાંઠે કાંઠે ચાલવું.
૩. કિનારે પર = (૧) અલગ. (૨) કાંઠે.
૪. કિનારે લગાવવી = હોડી કાંઠે લાવવી.
૫. કિનારે લાગવો = (૧) કાંઠે આવવું; (૨) ખતમ થવું.
૬. કિનારો ચડાવવો = કાંઠો બનાવવો.
૪. પું. પાળ; ધાર.
૫. પું. સરહદ.
૬. પું. હાંસિયો.

કિનાસ ૧. પું. ખેડૂત. કિનાસ શબ્દ બોલતાં ન આવડ્યો હોય તે ઉપરથી કિસાન શબ્દ થયો.

૨. પું. યમરાજ.

કિનીખેરડી (કિનીખેરડી) સ્ત્રી. (કચ્છી) કચ્છમાં થતી એક જાતની વનસ્પતિ; મીઠો ગૂગળ.

કિનો અ. શા માટે; કેમ.

કિન્નજી સ. કોની.

કિન્નટક પું. (પિંગળ) સંકીર્ણ વર્ગનો એક અર્ધ સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના પહેલા અને ત્રીજા ચરણમાં તગણ, બે જગણ, લઘુ અને ગુરુ મળી અગિયાર અક્ષર અને બીજા અને ચોથા ચરણમાં ચાર સગણ એમ બાર અક્ષર હોય છે.

કિન્નર ૧. પું. અર્હંતનો કોઈ ઉપાસક.

૨. [સં. કિં (શું) + નર (માણસ)] પું. એક જાતનો દેવ; કુબેરનો ગણ; અર્ધદેવતા; અશ્વમુખ; કિંપુરુષ; સ્વર્ગનો ગાયક; ગાવા બજાવવાનો ધંધો કરનારી દેવતાઓથી ઊતરતી એક જાતિ અને તેના લોક. તેનું મોં ઘોડા જેવું અને બાકીનું શરીર માણસ જેવું મનાય છે. તેઓ બ્રહ્માના પગનાં આંગળાંમાંથી ઉત્પન્ન થયાનું અને અમુક મતે કશ્યપ કે પુલસ્ત્ય ઋષિના વંશજ હોવાનું મનાય છે. દેવ અને મનુષ્ય વચ્ચેની પૌરાણિક સૃષ્ટિને દેવયોનિ રહે છે. તેમાં યક્ષ, ગંધર્વ, કિન્નર વગેરે દશ જાતિનો સમાવેશ થાય છે. યક્ષ ધનભંડારના રક્ષક, ગંધર્વ દેવોના ગાયક અને કિન્નર તેમના પરાક્રમની ખ્યાતિ ફેલાવનારા કહેવાય છે.

ભણાવિ વદ્ધમાણ જિણ પાયા,
સુરનર **કિન્નર** આવે રાયા.
ગુ. સા. પરિષદ (સંવત ૧૪૧૨)

૩. પું. (જૈન) કિન્નર નામના વ્યંતરના દશ પ્રકાર માંહેનો એક; એ નામની જાતના વ્યંતર દેવતા. કિન્નર, કિંપુરુષ, કિંપુરુષોત્તમ, કિન્નરોત્તમ, હૃદયંગમ, રૂપશાલી, અનિંદિત, મનોરમ, રતિપ્રિય અને રતિશ્રેષ્ઠ એ તેમની દશ જાત છે.

૪. પું. ખરાબ માણસ.

૫. પું. તકરાર; દલીલ.

૬. પું. (જ્યોતિષ) ધનરાશિ.

૭. પું. નવ વર્ષ માંહેનો એક દેશ.

૮. પું. પુલસ્ત્ય ઋષિનો એક પુત્ર.

૯. પું. વાંદરો; માંકડો.

૧૦. પું. વિષુવાંશ ૧૬૦ થી ૨૨૫ અને દક્ષિણ ક્રાંત્યંશ ૩૦ થી ૬૫ની વચ્ચે આવેલો એક તારાપુંજ.

૧૧. સ્ત્રી. એ નામની એક લિપિ.

૧૨. સ્ત્રી. હિંદના લોકોની એક જાત. આ જાતિ હજી કુમાઉંમાં વસે છે. એમની સ્ત્રીઓ નૃત્યમાં પ્રવીણ બની આખરે વેશ્યાઓના ધંધામાં પડે છે. શોખીન લોકો એમને મંગલમુખી કહે છે.

૧૩. ન. પ્રાચીન હિંદનું એક શહેર.

કિન્નરકંઠ ૧. [સં.] પું. (જૈન) એક જાતનું રત્ન.

૨. પું. ગંધર્વ જેવું ગળું.

૩. પું. મધુર સૂર; મીઠો અવાજ.

૪. વિ. કિન્નર જેવા મધુર કંઠવાળું.

કિન્નરકંઠરસ [સં.] પું. (વૈદ્યક) સ્વરભંગ અને ગળાના દરદ ઉપર વપરાતું એક ઔષધ. તે બેથી ત્રણ રતીની માત્રામાં મધ, દૂધ કે પાણી સાથે અપાય છે.

કિન્નરકંઠા [સં.] વિ. સ્ત્રી. કિન્નર જેવા મધુર કંઠવાળી.

કિન્નરકંઠી વિ. સ્ત્રી. કિન્નર જેવા કંઠવાળી; સુંદર ગાનારી.

ઇમ દેખી રિદ્ધિ કામની, કામિની **કિનરકણ્ઠિ**;
નેહ ગહેલી માનિની, માનની મૂકઈ ગણ્ઠિ.
વસંતવિલાસ

કિન્નરખંડ [સં] પું. ઇલાવૃત્તની દક્ષિણે આવેલો જંબુદ્વીપનો એ નામનો ખંડ.

કિન્નરપુર ન. યુધિષ્ઠિરના દિગ્વિજય વખતે અર્જુને જીતી લીધેલું એ નામનું એક શહેર.

કિન્નરયંત્ર [સં.] ન. (વૈદ્યક) પારો મારવાનું એક જાતનું દેશી યંત્ર. તેમાં એક ઘડામાં વચમાં તળે વનસ્પતિ ચોપડવી. તેના ઉપર નવસાર સાથે ઘૂંટેલો પારો મૂકવો. તેના ઉપર એક શકોરૂં ઢાંકી સંધિલેપ કરી શકોરૂં ઢંકાઈ જાય તેટલું મીઠું ભરવું. પછી ઘડાને મોઢે કોડિયું મૂકી મોં છાંદી લેવું અને ચૂલે ચડાવી દીવાનો અગ્નિ એક પહોર આપવો. પછી એની મેળે ટાઢું થયે મૂર્છિત પારો કાઢી લેવો.

કિન્નરલિપિ સ્ત્રી. લલિતવિસ્તરમાં જણાવેલ ચોસઠ માંહેની એ નામની એક લિપિ.

કિન્નરાધિપ [સં.] પું. કિન્નરોનો ઉપરી; કિન્નરેશ; કુબેર.

કિન્નરામ પું. અઘોરીપંથનો સ્થાપક એ નામનો એક સાધુ.

કિન્નરાશ્વ પું. (પુરાણ) સૂર્યવંશી ઇક્ષ્વાકુકુળના સુનક્ષત્ર રાજાનો એ નામનો દીકરો; પુષ્કર.

કિન્નરી ૧. સ્ત્રી. એક જાતનું તંતુવાદ્ય; સારંગી.

૨. [સં.] સ્ત્રી. કિન્નરની સ્ત્રી; કિન્નર જાતિની સ્ત્રી

૩. સ્ત્રી. મધુર કંઠવાળી ગાનારી સ્ત્રી.

૪. સ્ત્રી. સ્વર્ગની ગાનારી સ્ત્રી.

કિન્નરીવીણા સ્ત્રી. એક જાતનું દેશી તંતુવાદ્ય. તે શાહમૃગનાં ઈંડાની કે સોનારૂપાથી મઢેલી કે બનાવેલી હોય છે. યરપમાં યહૂદી લોકોનું 'કિનેરિ' આ વાજિંત્ર ઉપરથી બનાવેલ છે. મદ્રાસ ઇલાકામાં કિન્નરીવાદ્યના છેડા ઉપર રાક્ષસની આકૃતિઓ કોતરેલી હોય છે અને તેના દરેક છેડા ઉપર બે તુંબડાં જડેલાં હોઈ તે ઉપર બે તાર હોય છે.

કિન્નરેશ [સં.] પું. કિન્નરોનો સ્વામી; કુબેર.

કિન્નરેશ્વર [સં.] પું. કુબેર.

કિન્નરોત્તમ પું. (જૈન) કિન્નર નામના વ્યંતરના દશ માંહેનો એક પ્રકાર. કિન્નર, કિંપુરુષ, કિંપુરુષોત્તમ, કિન્નરોત્તમ, હૃદયંગમ, રૂપશાલી, અનિંદિત, મનોરમ, રતિપ્રિય અને રતિશ્રેષ્ઠ એમ દશ વ્યંતર છે.'

કિન્નહાર પું. ખરીદનાર.

કિન્ના સ્ત્રી. પતંગ સમતોલ રહેવા માટે ઉપર નીચે પણ ઢઢ્ઢા અને કમાન વચ્ચે કાણાં કરી બાંધવામાં આવતો દોરો.

કિન્નાખોર [ફા. કીનાખોર] વિ. કિન્નાવાળું; ઝેરીલું; અંટસ રાખે એવું; ખારીલું; દ્વેષી; દંશીલું.

કિન્નાખોરી સ્ત્રી. દ્વેષભાવ; ખાર; અંટસ.

કિન્નાબાજ વિ. ઝેરીલું.

કિન્ની સ્ત્રી. કીનો; વેર; અંટસ.

કિન્નૂ સ. કોને.

કિન્ને સ. કોણ.

કિન્નો [ફા. કીના (ઈર્ષ્યા)] પું. દ્વેષ; ખાર; ઝેર; અંટસ; દંશ; દાઝ; વેર.

કિન્યા જુઓ કિન્ના.

કિપ્ય [સં.] પું. વિષ્ટામાં ઉત્પન્ન થતો એક કીડો.

કિફા અ. કેણી પાસ; કેણી ગમ; કઈ તરફ; કઈ બાજુ. સુરત તરફ આ શબ્દ વપરાય છે.

કિફાબત (કિફ઼ાબત) [અ.] સ્ત્રી. જામીન; હાથમુચરકો.

કિફાયત (કિફ઼ાયત) **૧.** [અ. કફી (તે પૂરૂં થયું)] સ્ત્રી. કરકસર.

૧. કિફાયત કરવું = (૧) કરકસર કરવી. (૨) પૂરૂં થવું. (૩) બચાવવું. (૪) લાયક કરવું. (૫) સસ્તું કરવું. (૬) સંતોષ માનવો. (૭) સાફ હોવું.

૨. કિફાયતશઆર = કરકસરિયું.

૩. કિફાયતશઆરી = કરકસર કરવાની ટેવ.

૪. કિફાયતશારી = કરકસર.

૫. કિફાયતસર્ફો = ફાયદો.

૬. કિફાયતસારી = મિતવ્યયિતા; કરકસર.

૨. સ્ત્રી. થોડું મૂલ્ય; સસ્તાપણું.

૩. સ્ત્રી. ફાયદો; લાભ; નફો.

૪. સ્ત્રી. બચત; વધારો.

૫. સ્ત્રી. મહેસૂલના દરમાં કરેલ વધારો.

૬. સ્ત્રી. શક્તિ; તાકાત.

૭. સ્ત્રી. સંપૂર્ણતા; પુષ્કળતા.

૮. વિ. જોઈએ તેટલું; પૂરતું.

૯. વિ. સસ્તું; સોંઘું.

કિફાયતી (કિફ઼ાયતી) ૧. [અ. કિફ઼ાયત] સ્ત્રી. કરકસર.
૨. સ્ત્રી. સસ્તાપણું.
૩. વિ. કરકસરિયું; સંભાળથી ખર્ચ કરનાર.
૪. વિ. લાભવાળું; નફાદાર; ફાયદાકારક.
૫. વિ. સસ્તું; સોંઘું.

કિફાયા જુઓ કિફાયત.

કિબલ (ક઼િબલ) ૧. [અ. કબીલનું બહુવચન] સ્ત્રી. બ. વ. જાતો.
૨. સ્ત્રી. બ. વ. પુષ્કળતા.
૩. સ્ત્રી. બ. વ. શક્તિ; સત્તા.
૪. સ્ત્રી. બ. વ. હાજરી.
૫. અ. ના સંબંધે.

કિબલા (ક઼િબલા) જુઓ કિબ્લા.

કિબાડ (કિબાડ઼) [હિં.] સ્ત્રી.; ન. કમાડ; બારણું; દરવાજો.

કિબાર [અ.] પું. બ. વ. અમીરો.

કિબાલા ૧. પું. ધરતી માલિકીનો દસ્તાવેજ.
૨. પું. વેચાણદસ્તાવેજ.

કિબોકો પું. જળઘોડો; દરિયાઈ ઘોડો.

કિબ્ર ૧. [અ.] પું. અભિમાન.
૨. પું. દંભ.
૩. પું. મોભો.

કિબ્રિયા ૧. [અ.] પું. અભિમાન.
૨. પું. ઈશ્વર.
૩. પું. ભભકો.

કિબ્રીત ૧. [અ.] પું. ગંધક.
૨. પું. ઝીણી સોનારૂપાની કરચ.

કિબ્લગાહ (ક઼િબ્લગાહ) ૧. [ફા.] પું. પિતા; બાપ.
૨. પું. ભક્તિ કરવાની જગ્યા.
૩. પું. માન આપવા લાયક વ્યક્તિ.

કિબ્લતુમા (ક઼િબ્લતુમા) [ફા.] પું. (વહાણવટું) હોકાયંત્ર.

કિબ્લા (ક઼િબ્લા) ૧. [અ. કબ્લ (પહેલાં)] પું. પિતા, રાજા, હજરત, મહારાજ વગેરે માનનીય પુરુષો માટે માનાર્થે વપરાતો શબ્દ.
૨. પું. પૂજ્ય વ્યક્તિ; વડીલ; શિરતાજ.
૩. પું. મક્કા શરીફમાં આવેલી કાબાની મસ્જિદ.
૪. સ્ત્રી. પશ્ચિમ દિશા. તે દિશામાં મુખ રાખી મુસલમાન લોકો નમાજ પઢે છે, કારણકે કાબા શરીફ તે તરફ આવેલ છે.
૫. ન. દેવળ; મંદિર.
૬. ન. મક્કા.
૭. ન. સામેની વસ્તુ.

કિબ્લાઆલમ (ક઼િબ્લાઆલમ) ૧. [અ.] પું. ઈશ્વર.
૨. પું. બાદશાહ; સમ્રાટ.

કિબ્લાકાબા (ક઼િબ્લાકાબા) [અ.] વિ. તીર્થસ્વરૂપ; વંદનીય; પૂજ્ય. ઉર્દૂ કાગળપત્રમાં પિતા, કાકા વગેરે પૂજ્ય માણસોને માટે આ શબ્દ લખાય છે.

કિબ્લાગાહ (ક઼િબ્લાગાહ) ૧. પું. ઉપરી.
૨. પું. પરમ પૂજ્ય વ્યક્તિ.
૩. પું. પિતા; બાપ.
૪. વિ. તીર્થસ્વરૂપ. પિતા, રાજા, ધર્મગુરુ માટે માનાર્થે આ શબ્દ વપરાય છે.

કિબ્લાગાહી (ક઼િબ્લાગાહી) [અ.] પું. પિતા; બાપ.

કિબ્લાનુમા (ક઼િબ્લાનુમા) પું. (વહાણવટું) પશ્ચિમ દિશા બતાવતાર એક જાતનું યંત્ર.

કિબ્લા યે આલમ (ક઼િબ્લા યે આલમ) ૧. પું. ધ્રુવ તારો.
૨. વિ. નામવર; નામદાર; જગદ્વંદનીય.

કિબ્લેગાહ જુઓ કિબ્લાગાહ.

કિબ્લેગાહી જુઓ કિબ્લાગાહી.

કિમ ૧. [સં. કિમ્] સ. કોણ; કયું; **શું**.
૨. વિ. કોણ; કયું; **શું**.
૩. અ. કેમ; શા માટે.
૪. અ. કોઈ પણ રીતે.

કિમધિકમ્ [સં.] અ. આથી વધારે **શું**.

કિમપિ [સં.] અ. કાંઈ પણ.

કિમરિક [અં. કૅમ્બ્રિક] ન. નેનસુખના જેવું એક ચીકણું અને સફેદ વિલાયતી કપડું. અગાઉ તે શણનું બનતું અને ઘણું મજબૂત થતું. હવે સૂતરનું પણ બનવા લાગ્યું છે.

કિમર્થમ્ [સં.] અ. શા માટે.

કિમાડ (કિમાડ઼) સ્ત્રી. બારણું; દરવાજો.

કિમાદ [અ.] ન. દુઃખતા ભાગ ઉપર મુકાતું ગરમ કપડું.

કિમાર (ક઼િમાર) ૧. [અ.] પું. જુગાર.
૨. પું. જુગાર રમવાનો પાસો.

કિમારખાના (ક઼િમારખાના) [અ.] પું. જુગારખાતું; જુગાર રમવાનું ઘર.

કિમારબાજ (ક઼િમારબાજ) ૧. [અ.] પું. જુગાર રમનાર પુરુષ.
૨. વિ. જુગારી.

કિમારબાજી (ક઼િમારબાજી) સ્ત્રી. જુગાર.

કિમારબાઝ (ક઼િમારબાઝ) જુઓ કિમારબાજ.

કિમારબાઝી (ક઼િમારબાઝી) જુઓ કિમારબાજી.

કિમારી (ક઼િમારી) જુઓ કિમારબાજ.

કિમાશ (ક઼િમાશ) ૧. પું. એક જાતનો દવાનો છોડ.
૨. પું. ગંજીફાનાં પાનાંના આઠ માંહેનો એક રંગ.
૩. પું. ગંજીફાની રમતમાં પાનાંની માગ.
૪. પું. લિબાસ; પોશાક.
૫. પું. સજાવટ; શણગાર.

કિમિચ્છક [સં.] ન. માર્કંડેય પુરાણમાં કહેલું ઇચ્છેલું ફળ આપે એવું એક વ્રત.

દુષ્કર કિમિચ્છક વ્રત કરો, હું આજ કરૂં ઉપવાસ.
પ્રેમાનંદ

કિમી [સં. કૃમિ] પું. કીડો.

કિમુ [સં.] અ. પ્રશ્ન, નિષેધ, વિતર્ક, નિંદા વગેરે બતાવનાર અવ્યય.

કિમુત [સં.] અ. પ્રશ્ન, વિતર્ક, વિકલ્પ અને અતિશયતા બતાવનાર અવ્યય.

કિમે અ. કોઈ પણ રીતે; કોઈ પણ પ્રકારે.

કિમોનો પું. જેની બાંય જુદી ચોડેલ ન હોય પણ મૂળ કપડામાંથી જ કોતરી કાઢવામાં આવી હોય એવું લાંબું અને પહોળું જાપાનીનું પહેરણ.

કિમ્ ૧. [સં.] પું. પરમાત્મા; પ્રભુ. સર્વ પુરુષાર્થરૂપ હોવાથી બ્રહ્મ જ વિચારવા યોગ્ય છે, તેથી બ્રહ્મ કિમ્ કહેવાય છે. વળી કિમ્ એટલે શું ? તેના ઉત્તરમાં ન કિમ્ એટલે શું નહિ? બધું, સર્વ. નામ, રૂપ, દેહ સુદ્ધાંત સર્વ તે જ છે, વળી નિષેધોના અવધિરૂપ નેતિ, અવશેષ, અસ્તિત્વ પર્ણું તે જ છે. તેથી પણ કિમ્ કહેવાય છે.
૨. સ. કોણ; કયું; શું.
૩. વિ. કોણ; કયું; શું.
૪. અ. કેમ; શા માટે.
૫. અ. કોઈ પણ રીતે.

કિમ્યો અ. કેમે ય; કોઈ પણ પ્રકારે.

કિમ્રિત્ય પું. શોણ અને તોણ નદીની વચ્ચેની કૈમુર પર્વતમાળાનું એક જૂનું નામ. એ પર્વતમાળા વિંધ્યાચળનો એક ભાગ છે. ચેદિની લગોલગ આવેલ કુમાર રાજ્ય ઉપરથી કિમ્રિત્ય અને કૈમુર નામ પડ્યાં હોય એમ લાગે છે.

કિયત [સં. કિયત્] વિ. કેટલું; કેવડું.

કિયત્તા સ્ત્રી. કેટલાપણું.

કિયા ૧. ન. કામ; કાર્ય; કૃત્ય.
૨. વિ. કરેલું.

કિયાન સ્ત્રી. બુંદેલખંડમાં આવેલ કેન કે કેએન નદીનું એક પ્રાચીન નામ.

કિયામ ૧. ન. ધ્યાન.
૨. ન. રહેઠાણ.
૩. ન. સ્થિરતા.

કિયામત (ક઼િયામત) ૧. સ્ત્રી. આફત; મુશ્કેલી; આપદા.
કિયામત કરવી = (૧) જુલમ કરવો. (૨) નવાઈ ભરેલું કામ કરવું.
૨. સ્ત્રી. ચુકાદો; ઠરાવ.
૩. [અ. કયમ (ઊભા થવું)] સ્ત્રી. પુનર્જીવન; કબરમાંથી ઊભા થઈને કર્મોના જવાબ માટે ટટ્ટાર ઊભા રહેવાનો દિવસ.
૪. વિ. બહુ જ મોટું.

કિયામી (ક઼િયામી) [અ.] સ્ત્રી. સ્થિરતા; દઢતા.

કિયારી ૧. સ્ત્રી. ખોખું; ચોકઠું.
૨. સ્ત્રી. બગીચાનો ક્યારો.

કિયાસ (ક઼િયાસ) ૧. પું. અનુમાન; અંદાજ; અટકળ.
૨. પું. નિર્ણય; મત.

કિયાસત (ક઼િયાસત) [અ.] સ્ત્રી. ચતુરાઈ; બુદ્ધિ.
સાહેબે કિયાસત = ચતુર; બુદ્ધિશાળી.

કિયાસન (ક઼િયાસન) અ. અટકળે; આશરે.

કિયાસી (ક઼િયાસી) ૧. [અ.] વિ. અટકળ ઉપર બાંધેલું.
૨. વિ. નિયમિત.

કિયાહ ૧. [સં.] પું. કાળો ઘોડો.
૨. પું. લાલ રંગનો ઘોડો.

કિયાંબુ [સં.] વિ. કેટલા પાણીવાળું.

કિયું ૧. [સં. કિમ્] સ. કયું; કવણ; કોણ.
૨. વિ. કયું. બે કે વધારેમાંથી જુદું પાડી ઓળખવા માટે પ્રશ્નાર્થે આ શબ્દ વપરાય છે.
કયે મોઢે = શી આબરૂથી? શું મોઢું લઈને? કયા સદ્ગુણથી? શી શોભાથી?

કિર ૧. પું. ઘેટાં કે બકરાંને બોલાવવાં તે.
૨. [સં.] પું. ડુક્કર; સૂવર; ભૂંડ.
૩. પું. બૂમ; રાડ.
૪. પું. રણશિંગાના અવાજ જેવી હાથીની બૂમ.
૫. ન. જ્યોત; પ્રકાશ.
૬. વિ. વેરી નાખનાર; વિખેરી નાખનાર.
૭. અ. જાણે કે; જાણે.

કિરક ૧. [સં.] પું. નાનું ડુક્કર; ભૂંડનું બચ્ચું.
૨. પું. લેખક; લખનાર માણસ.

કિરકલ [હિં.] સ્ત્રી. રેતી.

કિરકિટ સ્ત્રી. ક્રિકેટ; એક જાતની અંગ્રેજી રમત.

કિરકિટી ૧. સ્ત્રી. આંખમાં પડેલું કણું.
૨. સ્ત્રી. ધૂળની કણી.

કિરકિરા ૧. વિ. બગાડેલું; ખરાબ કરેલું.
૨. વિ. રેતીવાળું.

કિરકિરાટ સ્ત્રી. રેતી.

કિરકિરાપણ ન. રેતીવાળું હોવાપણું.

કિરકિરાવું ૧. સ. ક્રિ. ચરરર કરીને અવાજ થવો.
૨. સ. ક્રિ. રેતાળ હોવું.

કિરકિરાહટ સ્ત્રી. રેતીવાળું હોવાપણું.

કિરકિરી ૧. સ્ત્રી. અપમાન.
૨. સ્ત્રી. આંખમાં પડીને પીડા ઉત્પન્ન કરતું રજકણ.
૩. વિ. બગડેલું; ખરાબ થયેલું.
૪. વિ. રેતીવાળું.

કિરકી [હિં.] સ્ત્રી. નાકની નથનું લોલક.

કિરકુલ ૧. વિ. કનિષ્ઠ; નાનું.
૨. વિ. નજીવું; ગૌણ.

કિરકોલ ૧. વિ. છૂટક છૂટક; જુદું જુદું.
૨. વિ. નાનાવિધ; અનેક પ્રકારનું; વિવિધ.
૩. વિ. નિઃસત્ત્વ; નજીવું.
૪. વિ. પરચૂરણ; પ્રકીર્ણ.
૫. વિ. વિજાતીય; જુદા પ્રકારનું.
૬. અ. છૂટક; થોડે થોડે કરીને.

કિરકોળ જુઓ કિરકોલ.

કિરગ્રામ ન. પંજાબમાં આવેલા વૈજનાથનું એક પ્રાચીન નામ. તે સુપ્રસિદ્ધ યાત્રાનું ધામ ગણાતું. તેની નૈર્ઋત્યે બાર માઈલ ઉપર પર્વતની ઊજળી ટેકરી ઉપર આશાપુરા દેવીનું મંદિર આવેલ હતું.

કિરચ ૧. [સં. કિંચિત્] પું. કટકો; દાણો.
૨. [સં. કૃતિ] સ્ત્રી. એક જાતનું હથિયાર; સીધી તરવાર.

કિરણ ૧. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે રાયવસ્તુનો એક ભેદ છે. તેમાં ૭ ગુરુ અને ૭૦ લઘુ મળી ૭૭ વર્ણ અને ૮૪ માત્રા આવે છે.
૨. [સં.] પું. રશ્મિ; કર; મરીચિ; તેજની રેખા.
૩. સ્ત્રી. એક જાતની માછલી; રશ્મિ. તેમાંથી પ્રકાશ નીકળે છે.
૪. ન. અઠ્ઠાવીશ શૈવાગમ માંહેનું એ નામનું એક. જુઓ શૈવાગમ.

કિરણકલા [સં.] સ્ત્રી. પ્રકાશની સુંદર રેખા.

કિરણકીર્તિ પું. (પિંગળ) અતિધૃતિની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેમાં તગણ, જગણ, તગણ, ભગણ, નગણ, સગણ અને ગુરુ મળી ઓગણીશ વર્ણ હોય છે.

કિરણકેંદ્ર [સં.] ન. દહનબિંદુ; પ્રતિબિંબ પડ્યા પછી પ્રકાશનાં કિરણ એકઠાં મળે તે બિંદુ; અગ્રાંશુ; 'ફોકસ'.

કિરણગુચ્છ [સં.] પું. અંશુજાલ; કિરણનો સમૂહ.

કિરણચક્ર [સં.] ન. કિરણોનું કૂંડાળું.

કિરણચિકિત્સા [સં.] સ્ત્રી. સૂર્યનાં કિરણથી રોગ મટાડવાની વિદ્યા.

કિરણચૂર્ણી ન. છાયપટ; રંગપટ; વર્ણપટ; નજરે જોયેલાં અથવા છબી પાડવાના દૂરબીનથી બીજી કોઈ પણ રીતે જોયેલ અજવાળાનાં રંગબેરંગી કિરણ જેના ઉપર પડે છે તે પડદો.

કિરણતૂલિકા [સં.] સ્ત્રી. એક બિંદુમાં મળતાં અનેક કિરણોનો સમૂહ.

કિરણનિગિલન્ [સં.] ન. કિરણનું ગળી જવાપણું.

કિરણપતન [સં.] ન. પ્રકાશનાં કિરણ ફેંકવાનું કાર્ય.

કિરણપરિવેશ [સં.] પું.; ન. તેજનું કૂંડાળું; 'હેલો'.

કિરણપાતન [સં.] ન. કિરણોનો ફેલાવો; આક્ષેપણ.

કિરણપુંજ [સં.] પું. તેજની રેખાઓનો સમૂહ.

કિરણપ્રસરણ [સં.] ન. પ્રકાશનો ફેલાવ.

કિરણમય [સં.] વિ. કિરણોથી ભરેલું; ઝળકતું.

કિરણમાલા [સં.] સ્ત્રી. તેજોમંડળ; પ્રકાશાવરણ.

કિરણમાલી ૧. [સં. કિરણમાલિન્] પું. આકડાનો છોડ.
૨. પું. કપૂર.
૩. પું. ચંદ્ર.
૪. પું. સૂર્ય.

કિરણમૂલ [સં.] ન. જેમાંથી અનેક કિરણ નીકળે તે બિંદુ.

કિરણરેખા [સં.] સ્ત્રી. તેજની લીટી.

કિરણરોક વિ. અપારદર્શક; જેની આરપાર દેખાય નહિ એવું.

કિરણલેખા [સં.] સ્ત્રી. બે દૂરની જગા વચ્ચે કિરણ વડે સંદેશા ચલાવી શકાય તેનું યંત્ર.

કિરણલેખ્યકલા [સં.] સ્ત્રી. ફોટો પાડવાની કળા; કિરણ એટલે તેજની છાયા લઈ છબી ઉતારવાની કળા.

કિરણવંતું વિ. તેજસ્વી; પ્રકાશિત.

કિરણવિકૃતિવિદ્યા [સં.] સ્ત્રી. કિરણમાં થતા વિકાર સંબંધી વિદ્યા.

કિરણશાસ્ત્ર [સં.] ન. કિરણને લગતી વિદ્યા.

કિરણસમૂહ [સં.] પું. કિરણનો જથ્થો.

કિરણસ્ફુરણ [સં.] ન. કિરણનો ઝળકાટ; કિરણનું ઝળકવું તે.

કિરણાભેદ જુઓ કિરણાભેદ્ય.

કિરણાભેદ્ય [સં. કિરણ + અભેદ્ય (ભેદી ન શકાય એવું)] વિ. અપારદર્શક; પ્રકાશાભેદ્ય.

કિરણાલેખ્યકલા [સં. કિરણ + આલેખ્ય (ચિત્ર) + કલા (હુન્નર)] સ્ત્રી. તેજની છાયા લઈ છબી ઉતારવાની કળા; સૂરજના અજવાળાની અસરથી છબી પાડવાનો હુન્નર; 'ફોટોગ્રાફિ'.

કિરણાવરોધક [સં. કિરણ (તેજની રેખા) + અવરોધક (રોકનાર)] વિ. અપારદર્શક; કિરણોને જતાં રોકી રાખનાર; જેમાંથી કિરણો પસાર ન થઈ શકે તેવું; જેની આરપાર જોઈ ન શકાય એવું.

કિરણાવરોધકત્વ [સં. કિરણ + અવરોધક (રોકનાર) + ત્વ (પણું)] ન. અપારદર્શકતા; કિરણાવરોધક હોવું તે.

કિરણાવલિ [સં. કિરણ + આવલિ (હાર)] સ્ત્રી. એકજ બિંદુમાં થઈને જતાં ઘણાં કિરણ.

કિરણાળ વિ. કિરણવાળું.

કિરણાંશ [સં. કિરણ + અંશ (ભાગ)] પું. કિરણનો એક ભાગ.

કિરણી ૧. [સં. કિરણ (તેજની રેખા) + ઇન્ (વાળું)] પું. જેમાંથી કિરણ નીકળે છે તે; તેજસ્વી પદાર્થ.

૨. પું. સૂર્ય.

૩. વિ. કિરણવાળું.

કિરણું સ્ત્રી. બ. વ. (ગ્રામ્ય) કિરણો; તેજની રેખાઓ.

કિરત ૧. પું. (પિંગળ) દરેક ચરણમાં આઠ ભગણ મળી ચોવીશ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; મેદુરદંત. તે સંસ્કૃતિ છંદનો એક ભેદ છે. તેમાં બારમે અક્ષરે વિસામો આવે છે.

૨. [સં. કીર્તિ] સ્ત્રી. યશ; આબરૂ.

૩. [અ.] સ્ત્રી. વાંચવાની સારી છટા. ખાસ કરીને કુરાન માટે વપરાય છે.

ગૈર કાબિલે કિરત = ન વાંચી શકાય એવું.

કિરતાર ૧. [સં. કર્તૃ] પું. ઈશ્વર; પરમાત્મા; પરમેશ્વર; ભગવાન; પ્રભુ; સરજનહાર; સૃષ્ટિનો કરનારો; સ્રષ્ટા.

કિરતારના જનાબમાં = ઈશ્વરની સમક્ષ.

૨. ન. છત્રીશ જાત માંહેની એક જાતનું વાજિંત્ર.

કિરતાલ ન. એક જાતનું વાજિંત્ર; કિરતાર; કરતાલ.

કિરતાલિયો પું. કરતાલિયો; કરતાલ કે ઝાંઝ પખાજ બજાવનાર પુરુષ.

કિરતાસ [ગ્રીક] પું. કાગળ.

કિરદાર ૧. [ફા.] પું. કૃત્ય.

૨. પું. ખમીર.

૩. પું. રિવાજ; આદત.

૪. પું. વર્તણૂક.

૫. પું. સારવાર.

૬. પું. સ્વભાવ; ટેવ.

૭. વિ. પ્રકાશિત.

૮. વિ. ફેલાયેલ.

કિરદિગાર [ફા.] પું. સરજનહાર; પરમેશ્વર; કિરતાર.

કિરદેગાર જુઓ કિરદિગાર.

કિરન ૧. [સં. કિરણ] ન. (હિંદી) કિરણ.

૨. ન. સોનારૂપાનું ફૂમકું.

કિરનરોક [હિં.] વિ. અપારદર્શક.

કિરપણ ન. નાની તલવાર. શીખ લોકોનું આ માનીતું શસ્ત્ર છે.

કિરપન [સં. કૃપણ] વિ. લોભી.

કિરપા ૧. [સં. કૃપા] સ્ત્રી. (હિંદી) કૃપા; દયા.

૨. સ્ત્રી. મહેરબાની; અહેસાન.

કિરપાણ ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કૃપાણ; વર્ણદંડક. તેના દરેક ચરણમાં ગમે તે ત્રીશ વર્ણ, ગુરુ અને લઘુ મળી બત્રીશ અક્ષર હોય અને તેમાં આઠમા, સોળમા અને ચોવીશમા ઉપર યતિ આવે.

૨. [સં. કૃપાણ] ન. શીખ લોકોનું પૂજાનું અને સાથે રાખવાનું એક હથિયાર; ખંજર; મોટો છરો.

કિરપાનિધાન પું. દયાના સાગર.

કિરપાલ ૧. [સં. કૃપાલ] વિ. ઉદાર; કૃપાળુ; મહેરબાનીવાળું.

૨. વિ. દયાળુ.

૩. વિ. માયાળુ; પ્રેમાળ.

કિરપાસિંધ જુઓ કિરપાનિધાન.

કિરપાહીન વિ. લાગણી વગરનું; મહેરબાની વિનાનું.

કિરપાળ જુઓ કિરપાલ.

કિરમ [ફા. કિર્મ (નાના કીડા)] ન. કૃમિ; કરમ.

કિરમજ ૧. [સં. કૃમિ (એક કીડો) + જ (થયેલું)] પું. એક જાતના કીડામાંથી થતો રાતો ઘેરો રંગ અને દવા. આ જાતના કીડાઓને એક વાસણમાં એકઠા કરી તળે ગરમી આપવાથી બધા મરી જાય છે. તેમનાં શરીરનાં ખોખાંમાંથી રંગ બને છે. આ કીડાની માદાના ખોખામાંથી બહુ સારો રંગ નીકળે છે. આ કીડાનાં ખોખાં તે કિરમજ કહેવાય છે. તે રંગ અને દવા તરીકે વપરાય છે.

૨. [અ. કિર્મ (કીડા) + ગજ (રેશમ)] પું. એક જાતનો કીડો; રેશમ રંગવામાં ઉપયોગી એક જાતનો કીડો. આ કીડા ચણા જેવડા થાય છે. તેને સૂકવી રાખી મૂકે અને જ્યારે કામમાં લેવા હોય ત્યારે તેને ગરમ પાણીમાં ઉકાળે એટલે રાતો રંગ થાય.

કિરમજી ૧. વિ. કિરમજ નામના કીડામાંથી થયેલું.

૨. વિ. કિરમજના રંગનું; ઘેરૂં લાલ.

કિરમા સ્ત્રી. એ નામની એક લિપિ.

કિરમાણી અજમો પું. અજમાના જેવાં એક જાતનાં ઔષધિનાં કડવાં બી. તે અરબસ્તાન અને ઈરાનમાંથી હિંદમાં આવે છે. તેમાંથી સેંટોનાઇન નામનું સત્ત્વ શોધવામાં આવે છે. તે એક રશિયન વૈદ્યે સને ૧૮૩૦ની સાલમાં પ્રથમ શોધ્યું કહેવાય છે. તે કૃમિ ઉપર અપાય છે. સાષ્ટી પ્રાંતમાં આના ઝાડને મારબેટી અથવા સુરબુંદ કહે છે. આ અજમો કડવો, ઉષ્ણ, તીખો, અગ્નિદીપક, વૃષ્ય અને લઘુ છે અને ત્રિદોષ, અજીર્ણ, કૃમિ, શૂળ અને આમનો નાશ કરનાર મનાય છે. બીજા ગુણ અજમા પ્રમાણે હોય છે.

કિરમાની અજમો જુઓ કિરમાણી અજમો.

કિરમિજ ૧. પું. એક પ્રકારનો રંગ; ઘેરો રાતો રંગ.

૨. પું. ઘેરા રાતા રંગનો ઘોડો.

કિરમિઝ ૧. વિ. કિરમજ નામના કીડામાંથી થયેલું. કિરમજી મૂળમાં કરમઝ છે.

૨. વિ. ઘેરા રાતા રંગંતું; કિરમજી.

કિરમિઝી ૧. [અ.] ન. કિરમજી રંગતું કાપડ.

૨. વિ. કિરમજી રંગતું.

કિરયા ૧. [હિં.] સ્ત્રી. કામ; ક્રિયા.

૨. સ્ત્રી. (વ્યાકરણ) ક્રિયાપદ.

૩. સ્ત્રી. ધાર્મિક વિધિ.

૪. સ્ત્રી. સોગંદ.

કિરયાકરમ [હિં.] ન. દફનક્રિયા; મૈયતક્રિયા.

કિરયાત [મ.] સ્ત્રી. દવામાં વપરાતો એક જાતનો છોડ.

કિરર [હિં.] પું. કંટોલું.

કિરવત [હિં.] સ્ત્રી. કાર્ય.

કિરવા પું. કીડો; નાનો જીવડો; જંતુ.

કિરવાણી પું. (સંગીત) પીલુ રાગ. તેમાં ગ અને ધ કોમળ અને બીજા સ્વર શુદ્ધ આવે છે.

કિરવાન ન. તરવાર.

કિરવું સ. ક્રિ. ફેંકવું; વેરવું.

કિરસ્તાન ૧. પું. ખ્રિસ્તી ધર્મ માનનાર માણસ.

૨. વિ. ખ્રિસ્તી.

કિરસ્તાની જુઓ કિરસ્તાન.

કિરા [ફા.] સ. કોને.

કિરાઅત (કિ઼રાઅત) [અ.] સ્ત્રી. વાચન. ખાસ કરીને કુરાન માટે આ શબ્દ વપરાય છે.

કિરાઈ [હિં.] પું. એક જાતના વટાણા.

કિરાઓ [સં. કલાય] પું. (હિંદી) નાનો વટાણો.

કિરાઝીકચેરી [હિં.] સ્ત્રી. ખેડૂત પાસેથી મહેસૂલનું બાકી રહેલ લેણું વસૂલ કરનાર ખાતું.

કિરાટકૂપ ન. જોધપુર રાજ્યના કિરાડૂ ગામનું જૂનું નામ.

> જૈત્રસિંહે પરમારના **કિરાટકૂપ** (જોધપુરમાં હાલમાં જ્યાં કિરાડૂ નામે ગામ છે તે)નો આશરો લીધો.
>
> પુરાતત્ત્વ

કિરાટિકા [સં.] સ્ત્રી. મેના પક્ષી.

કિરાડ (કિરાડ઼) [હિં.] પું. દુકાનદાર.

કિરાણ જુઓ કિરાણું.

કિરાણા જુઓ કિરાણું.

કિરાણી વિ. કામ કરનાર.

કિરાણું ન. કરિયાણું; ગાંધિયાણું.

કિરાત ૧. [સં.] પું. એક જાતની ઔષધિ; કરિયાતું. તે હિમાલયના પ્રદેશમાં ૪૦૦૦ ફૂટની ઊંચાઈ ઉપર સીમલાથી નેપાળ ભુતાન સુધીમાં ઊગે છે.

૨. પું. એક જાતનું માછલું.

૩. પું. એક જાતનો લીમડો.

૪. પું. ઘોડાનો રખેવાળ.

૫. પું. (પિંગળ) તેર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કુટિલગતિ. તે અતિજગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, જગણ, બે તગણ અને ગુરુ મળી તેર અક્ષર હોય છે.

> રચ તું **કિરાત** ન જા ત તા ગા થકી.
>
> રણપિંગળ

૬. પું. મહાભારતમાં જણાવેલ એક પ્રાચીન દેશનું નામ. તે હિમાલયના પૂર્વ ભાગ તથા તેની આસપાસમાં માનવામાં આવતો હતો. હાલનાં ભુતાન, સિક્કિમ, મણિપુર વગેરે તે દેશમાં મનાતાં હતાં. યુધિષ્ઠિરના દિગ્વિજય વખતે નકુલે આ દેશ જીતો લીધો હતો. ટોલેમિના કહેવા પ્રમાણે તો સિલહટ અને આસામનો એમાં સમાવેશ થાય છે. ઈ. સ. ૧૯૨૭ પછી થોડે કાળે ગૌડ રાજાએ અહીંના રાજા રત્નાફટને 'માણિક્ય' એવું બિરુદ આપ્યું હતું, ત્યારથી એ રાજાઓ આ બિરુદ ધારણ કરે છે.

૭. પું. શિવનું એક રૂપ.

૮. (કિ઼રાત) સ્ત્રી. એક આઉંસનો ૨૮ મો ભાગ; ઝવેરાતનું એક તોલ.

૯. સ્ત્રી. નાનામાં નાનો સિક્કો.

૧૦. સ્ત્રી. પહાડી લોકોની એક પ્રાચીન જંગલી જાતિ. તેઓ હિમાલયથી તે છેક પૂર્વ સુધીના પ્રદેશમાં વસતી.

૧૧. [અ.] સ્ત્રી. વાચન.

૧૨. ન. એ નામની જાતનું માણસ; ભીલ, કોળી, ઠાકરડા, પારધિ, નિષાદ વગેરે. તેઓ હિંદના પૂર્વ તરફના પર્વતમાં માલૂમ પડે છે. રામાયણમાં તેમને માછલી ખાનાર, પાણીમાં રહેનાર અને મનુષ્યવ્યાઘ્ર તરીકે વર્ણવવામાં આવેલ છે.

૧૩. ન. (કાવ્ય) પાંચ મહાકાવ્ય માંહેનું એ નામનું એક. જુઓ પંચમહાકાવ્ય.

૧૪. વિ. એ નામની પહાડી જાતનું.

૧૫. વિ. જંગલી.

૧૬. [સં.] વિ. ઠીંગણું; વામનરૂપ; ઠીંગુજી.

કિરાતક ૧. [સં.] સ્ત્રી. એ નામની ઔષધિ; કરિયાતું.

૨. સ્ત્રી. એ નામની ડાંસ જેવી એક માખી. તે ઝાડની છાલની નીચે અને ઈમારતી લાકડાંની અંદરના ભીના પોલાણમાં બચ્ચાં મૂકે છે,

કિરાતચૂર્ણ જુઓ કિરાતાદિચૂર્ણ.

કિરાતતિક્ત [સં.] ન. કરિયાતું.

કિરાતતિક્તાદિક્વાથ [સં.] પું. (વૈદ્યક) કરિયાતું અને બીજી ઔષધિનો બનતો વાતપિત્તજ્વર ઉપર અપાતો કાઢો; ચાતુર્ભદ્ર ક્વાથ. તે કડવો, શક્તિવર્ધક અને જ્વરનિવારક છે, અજીર્ણ દૂર કરે છે, ટાઢિયા અને બીજા તાવમાં ખાસ ઉપયોગી છે. તે બનાવવા કરિયાતું, મોથ, ગળો, વાળો, ઊભી તથા બેઠી ભોરિંગડીનાં મૂળ, ગોખરુ, શાલપર્ણી, પૃશ્નિપર્ણી અને સૂંઠ એ બધાં સમાનભાગે લઈ ચૂર્ણ કરવું. તે વાતજ્વર ઉપર અક્સીર મનાય છે. તે બનાવવાની બીજી રીતઃ કરિયાતું, કડુ, પીપર, ઇંદ્રજવ, ભોરિંગડીનાં મૂળ, કચૂરો, બહેડાંદલ, દેવદાર, હરડેદલ, મરી, મોથ, કાયફળ, અતિવિષની કળી, આમળાં, પુષ્કરફળ, ચિત્રો, કાકડાશિંગી અને અરડૂસીનાં પાન એ બધું સમાન વજને લઈ ક્વાથ કરવો. સૂંઠના અનુપાન સાથે તે લેવાય છે.

કિરાતપતિ [સં.] પું. શિવ.

કિરાતમાખી સ્ત્રી. એક જાતની માખી; કિરાતક.

કિરાતાદિક્વાથ જુઓ કિરાતતિક્તાદિક્વાથ.

કિરાતાદિચૂર્ણ [સં.] ન. (વૈદ્યક) પાણીના દોષથી આવતા તાવ મટાડવા માટે વપરાતું એક ચૂર્ણ. તે બનાવવા કરિયાતું, નસોતર, પીપર, વાવડિંગ, કડુ, સૂંઠ એ બધાં સમભાગે લઈ તેનું વસ્ત્રગાળ ચૂર્ણ કરવું. તે કડવું, શક્તિવર્ધક, પાચક, રેચક અને જ્વરનાશક મનાય છે. અજીર્ણ, અપચો, વાયુ, અમ્લતા, પિત્ત અને ટાઢિયા તાવમાં ખાસ અપાય છે. તે ૦ા તોલાની માત્રામાં મધના અનુપાન સાથે લેવાય છે.

કિરાતાદિ તૈલ [સં.] ન. (વૈદ્યક) વિષમજ્વર માટે વપરાતું એક જાતનું તેલ. તે બનાવવા થોરવેલ, લાખ, હળદર, દારૂહળદર, મજીઠ, ઇંદ્રામણાં, ઉપલેટ, વાળો, રાસ્ના, ગજપીપર, ત્રિકટુ, કાળીપાટ, ઇંદ્રજવ, સિંધાલૂણ, સંચળ, મીઠું, બીડલૂણ, અરડૂસી, સફેદ આકડાનાં મૂળની છાલ, કાળી કપૂરીમધુરી, દેવદાર અને લાલ ઇંદ્રામણાં એ બધાનું ચૂર્ણ શેર એક લેવું. પછી સરસિયું તેલ શેર ચાર, દહીંનું પાણી શેર ચાર, કરિયાતાનો ક્વાથ શેર ચાર લઈ તેલની રીતે પકવવું.

કિરાતાર્જુનીય [સં.] ન. સાતમી શતાબ્દિમાં થઈ ગયેલ ભારવિ નામના એક કવિએ રચેલું અઢાર સર્ગવાળું એ નામનું એક મહાકાવ્ય. આમાં અર્જુને તપશ્ચર્યા કરી શંકરને પ્રસન્ન કરી વરદાન મેળવવાની હકીકત છે. ભીલ રૂપે શંકરને અને અર્જુનને જે સંવાદ થયો હતો તેનું વર્ણન આ મહાકાવ્યમાં છે. આ કાવ્ય ફક્ત સાહિત્યની

દૃષ્ટિથી નહિ પણ નીતિશાસ્ત્રની દૃષ્ટિથી પણ એક ઉત્કૃષ્ટ ગ્રંથ મનાય છે. અર્થગૌરવ તેનો ખાસ ગુણ છે.

કિરાતાશી [સં. કિરાતાશિન્] પું. ગરુડ.

કિરાતિ ૧. [સં.] સ્ત્રી. ગંગા નદી.
૨. સ્ત્રી. દુર્ગા દેવી.

કિરાતિની ૧. [સં.] સ્ત્રી. કિરાત જાતિની સ્ત્રી; કિરાતી.
૨. સ્ત્રી. જટામાંસી નામની વનસ્પતિ.

કિરાતી ૧. [સં.] સ્ત્રી. અનાર્ય સ્ત્રી.
૨. સ્ત્રી. એ નામની એક પહાડી જાતિ. તેઓ મોટે ભાગે શિકારી તરીકે વખણાય છે.
૩. સ્ત્રી. કિરાત જાતિની સ્ત્રી; ભીલડી.
૪. સ્ત્રી. કૂટણી સ્ત્રી.
૫. સ્ત્રી. ગંગા નદી.
૬. સ્ત્રી. ચમ્મર ઢાળનારી સ્ત્રી.
૭. સ્ત્રી. પાર્વતી; દુર્ગા.
૮. ન. એ નામની જાતનું માણસ.
૯. વિ. એ નામના લોકોની જાતનું.

કિરાથ [હિં.] સ્ત્રી. એ નામનો વિલાયતી પયાજનો છોડ.

કિરાન ૧. [અ. કરન (જોડવું)] પું. ગ્રહોનો યોગ; ગ્રહની સંધિ.
૧. કિરાન કરવું = કંઇક અજાયબ ભરેલું કરવું.
૨. કિરાનુસ્સદૈન = (૧) દિલ્હીના અમીર ખુશરૂએ બનાવેલું એક પ્રખ્યાત કાવ્યનું નામ. (૨) બે સારા ગ્રહ બૃહસ્પતિ અને શુક્રનો યોગ.
૩. સાહિબે કિરાન = (૧) આબાદ; નસીબદાર. (૨) બે કે વધારે ગ્રહોના સારા યોગમાં જન્મેલો માણસ. (૩) માનનો એક ઇલકાબ.
૨. પું. દશ, વીશ, ત્રીશ, ચાળીશ, એંશી અથવા ૧૨૦ વરસની મુદ્દત.
૩. પું. નિકટતા; સમીપ હોવાપણું.
૪. પું. સારો સંજોગ.

કિરાના ૧. [સં. ક્રયણ] પું. (હિંદી) કરિયાણું; ગાંધિયાણું.
૨. પું. તેજાનો; મસાલો.

કિરાની ૧. [હિં.] પું. અંગ્રેજી કારકુન.
૧. કિરાની ઉર્દૂ = યરપયન વગેરેથી બોલાતી ઉર્દૂ ભાષા.
૨. કિરાની ખાના = ઑફિસ; કચેરી.
૨. પું. ખ્રિસ્તી ધર્મ સ્વીકારેલો માણસ.

કિરામ [અ.] પું. બ. વ. ઉમદા માણસો.

કિરામન [અ.] પું. નોંધ રાખનાર દેવદૂત.

કિરાયા જુઓ કિરાયું.

કિરાયાજમીન ન. જમીનનું ભાડું.

કિરાયાદાર ૧. [ફા.] પું. ખેડૂત; સાથી.
૨. પું. ભાડૂત.
૩. વિ. ઇજારો રાખનાર.
૪. વિ. ભાડૂત; ભાડે રહેનાર.

કિરાયાનામા ૧. [અ.] ન. ઘરની ભાડાચિઠ્ઠી; ભાડાખત.
૨. ન. પટો; ઇજારો.

કિરાયું [અ. કિરાયા (ભાડું)] ન. ઘર, જમીન અથવા બીજી કોઈ પણ વસ્તુના વાપર માટે લેવામાં આવતું લવાજમ; ભાડું.
૧. કિરાયા કરવું = ભાડે આપવું.
૨. કિરાયા કા ટટ્ટુ = ભાડૂતી માણસ; વેઠિયો.
૩. કિરાયા ચલાવવું = કોઈ વસ્તુ, ઘોડો, ગાડું વગેરે ભાડે આપવું.

કિરાયેદાર જુઓ કિરાયાદાર.

કિરાર પું. (જૂ. ગુ.) કરાર.

કિરારિ ન. એક જાતનું ઝાડ.

કિરાવ ૧. [હિં.] પું. નાનો વટાણો.
૨. પું. પોલો અથવા ઘસાઈ ગયેલો દાંત.

કિરાવવું સ. ક્રિ. સૂપડેથી ઝાટકવું; કિલાવવું.

કિરાળ [સં. કરાલ] વિ. ભયંકર.

કુશળો કહે સુણો ભૂપાળ,
કૂબડો રૂપે અતિ કિરાળ. મેઘરાજ

કિરાંચી [હિં.] સ્ત્રી. વાંસને બદલે લાકડાની બનેલી માલની ગાડી.

કિરાંત ૧. ન. કરિયાતું.
૨. ન. રામબાવળ નામનું વૃક્ષ. તેમાં પીળાં ફૂલ હોય છે.

કિરિ ૧. [સં.] પું. ભૂંડ; ડુક્કર.
૨. પું. મેઘ; વાદળું.

કિરિક [સં.] પું. વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ. તે ભક્તો ઉપર ધનની વૃષ્ટિ કરનાર કહેવાય છે.

કિરિકિરાહા ૧. [હિં.] વિ. બગડેલું.
૨. વિ. રેતીવાળું.

કિરિકિરિ [હિં.] સ્ત્રી. આંખમાં પડેલ ધૂળની કણી.

કિરિચ જુઓ કિરીચ.

કિરિટકોના ન. મુર્શિદાબાદ જિલ્લામાં ડાહાપાદાથી ત્રણ ચાર માઈલ દૂર આવેલ એ નામનું એક પ્રાચીન સ્થળ. આ જગ્યાએ શક્તિ પાર્વતીનો કિરિટ એટલે માથાનો મુગટ કપાઈ પડ્યો હતો એમ મનાય છે.

કિરિટિ ૧. [સં.] ન. ખજૂર.
૨. ન. ખજૂરનું ઝાડ.

કિરિદિગાર [ફા.] પું. સરજનહાર; પરમેશ્વર.

કિરિનિ ૧. [હિં.] સ્ત્રી. કિરણ.
૨. સ્ત્રી. સોનારૂપાનાં ફૂમકાં.

કિરિપિની [હિં.] વિ. લોભી.

કિરિયા ૧. [હિં.] સ્ત્રી. કામ; ક્રિયા.
૨. સ્ત્રી. (વ્યાકરણ) ક્રિયાપદ.
૩. સ્ત્રી. મૃતકર્મ.
૪. સ્ત્રી. સોગંદ.

કિરિયાણું ન. કરિયાણું; મસાલો, ઓસડિયાં વગેરે.

કિરિશ્મ [ફા.] પું. ઇશારો; આંખ મારવી તે.

કિરિસ સ્ત્રી. તરવાર.

કિરિસ્ટાન પું. ખ્રિસ્તી.

કિરી [સં.] સ્ત્રી. ભૂંડણી; ભૂંડણ.

કિરીચ ૧. [સં. કૃત્ (કાપવું)] સ્ત્રી. (હિંદી) જમૈયો.
૨. સ્ત્રી. તરવાર.

કિરીટ ૧. પું. અર્જુન.
૨. પું. એક જાતનું ઘરેણું.
૩. પું. (પિંગળ) ચિત્રરચનાવાળો એક છંદ.
૪. પું. (પિંગળ) દરેક ચરણમાં આઠ ભગણ હોય એવો ચોવીશ અક્ષરનો એક છંદ; મેદૂરદંત.
૫. [સં.] પું. પાઘડી.
૬. પું. મુગટ; તાજ. આ ટોપી દેવોમાં વિષ્ણુને માથે અને રાજાઓમાં ચક્રવર્તીને જ માથે હોય છે. તેનો ઘાટ વાંસના પાનને મળતો, ઈંડાના ઘાટનો, કમળના ડોડાના ઘાટનો, છત્રી જેવો અથવા કાચબાના આકારનો હોવો જોઈએ.
૭. પું. રાજા; ચક્રવર્તી રાજા.
૮. પું. વ્યાપારી.
૯. પું. (પિંગળ) સવૈયા છંદ.
૧૦. ન. એ નામનું એક નક્ષત્ર.
૧૧. ન. ભારતવર્ષનું એ નામનું એક પીઠસ્થાન. અહીં સતીનો મુગટ પડ્યો હતો.
૧૨. વિ. મુગટવાળું; તાજવાળું.

કિરીટજ્યોતિ [સં.] સ્ત્રી. મુગટનો પ્રકાશ.

કિરીટધારી [સં. કિરીટધારિન્] વિ. મુગટ પહેર્યો હોય એવું.

કિરીટમાલી [સં. કિરીટમાલિન્] પું. અર્જુનનું એક નામ.

કિરીટિ [સં.] પું. ખજૂર.

કિરીટિની [સં.] વિ. સ્ત્રી. માથે મુગટ ધારણ કર્યો હોય એવી.

કિરીટી ૧. [સં. કિરીટિન્] પું. અર્જુન, કેમકે તેને ઇંદ્રે મુગટ આપ્યો હતો.

જિષ્ણુ ધનંજય વિજય નર ફાલ્ગુન **કિરીટી** હોઈ;
ગુડાકેશ ગાંડીવધર પાર્થ કપિધ્વજ સોઈ.
પિંગળલઘુકોષ

૨. પું. ઇંદ્ર.

૩. પું. કપાળનું હાડકું.

૪. પું. માથાનું તાલકું.

૫. પું. મુગટ; તાજ.

૬. પું. રાજા.

૭. પું. વિષુવાંશ ૩૦૦ થી ૧૫ અને ઉત્તર ક્રાંત્યંશ ૫૫ થી ૮૫ની વચ્ચે આવેલો એ નામનો તારાપુંજ; ઉત્તર ધ્રુવ પાસેનું એક નક્ષત્ર.

૮. પું. શિવ.

૯. વિ. કિરીટ પહેરનાર; કિરીટવાળું; મુગટ ધારણ કરનાર.

કિરીડા (કિરીડ઼ા) ૧. [હિં.] સ્ત્રી. ક્રિકેટની રમત.

૨. [સં. ક્રીડા] સ્ત્રી. રમત; ખેલ.

કિરે પું. પક્ષી કે જીવડાંથી બોલાતો અવાજ.

કિરેચ પું. બિકાનેરના તાઝીમી પટ્ટેદારો તરફથી ખેડૂતો પાસેથી લેવાતો એ નામનો કર.

કિરૈયા સ્ત્રી. શીતળા માતા.

કિરોડ (કિરોડ઼) [હિં.] વિ. સો લાખ; કરોડ; ૧,૦૦,૦૦,૦૦૦.

કિરોધ [સં. ક્રોધ] પું. (હિંદી) ક્રોધ; ગુસ્સો.

કિરોધન જુઓ કિરોધી ૧.

કિરોધી ૧. [હિં.] પું. વિકારી પુરુષ; કિરોધન.

૨. વિ. ક્રોધી.

કિરોલ ન. રજપૂતાનામાં ગ્વાલિયરની પશ્ચિમે આવેલ એ નામનું એક દેશી રાજ્ય.

કિરૌ ૧. [હિં.] પું. પોલો દાંત.

૨. વિ. ભાંગેલું.

કિર્ચ ૧. [હિં.] પું. કટકો.

૨. સ્ત્રી. સીધી તરવાર.

કર્ણી સ્ત્રી. હાથણી.

કિર્તૂત [હિં.] સ્ત્રી. કામ; કાર્ય.

કિર્દ [ફા. કર્દ (કામ)] સ્ત્રી. રોજનિશી; રોજેરોજનો જમાખર્ચ નોંધવાની વહી.

કિર્દગાર [ફા.] પું. પરમેશ્વર.

કિર્દગારી જુઓ કિર્દગાર.

કિર્દમાન ૧. પું. ઇંદ્રવારુણી.

૨. પું. ધતૂરો.

કિર્દાર સ્ત્રી. ક્રિયા.

કિર્પાલ ૧. [હિં.] વિ. ઉદાર.

૨. [સં. કૃપાલુ] વિ. માયાળુ; પ્રેમાળ.

કિર્મ ૧. [ફા.] પું. કૃમિ; પેટનો જીવડો; કરમિયો.

૨. પું. જીવડો.

૧. કિર્મે પીલા = રેશમનો કીડો.
૨. કિર્મે શબતાબ = આગિયો કીડો.

૩. વિ. કિરમજી રંગનું.

કિર્મક ૧. [હિં.] પું. નાનું જંતુ; કિર્મનું લઘુતાવાચક રૂપ.

૨. પું. પતંગિયું.

કિર્મપીલા પું. રેશમનો કીડો.

કિર્માલો પું. એક જાતની રેચક દવા.

કિર્મિજ ૧. પું. એક જાતનો રંગ; કિરમજી રંગ.

૨. પું. કિરમજી રંગનો ઘોડો.

કિર્મિપીલા પું. રેશમનો કીડો.

કિર્મિષ્ઠા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કર્મિષ્ઠા. તે બૃહતીનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ભગણ, સગણ અને મગણ એમ નવ અક્ષર હોય છે.

કિર્મી સ્ત્રી. એક જાતનું શોભાયમાન ઝાડ.

કિર્મીઝી ૧. [અ.] પું. કિરમજી રંગ.

૨. સ્ત્રી. કિરમજી રંગનું કપડું.

કિર્મીર ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો એક રાક્ષસ; બકાસુરનો ભાઈ. તે નેતરના વનમાં રહેતો હતો. હસ્તિનાપુરથી પાંડવો કામ્યક વનમાં આવ્યા ત્યારે આ રાક્ષસના ભાઈને ભીમસેને માર્યો હતો. તેનું વેર લેવાની ઇચ્છાથી કિર્મીર આ વનમાં આવ્યો અને પાંડવોને જવાનો રસ્તો ચોતરફથી ઘેર્યો. તેથી એની અને ભીમસેનની વચ્ચે ઘોર યુદ્ધ થયું. તેમાં તે મરાયો.

૨. પું. કાબરચીતરો રંગ.

૩. પું. નારંગીનું ઝાડ.

૪. પું. (પિંગળ) સાત અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉષ્ણિકનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં મગણ, રગણ અને ગુરુ આવે છે.

કિર્મીરે છે મ રા ગા. રણપિંગળ

૫. વિ. રંગબેરંગી; કાબરચીતરૂં.

કિર્મીરારિ [સં.] પું. પાંડવ ભીમસેન. તેણે કિર્મીર રાક્ષસને માર્યો હતો.

કિર્મેશબતાબ ૧. પું. આગિયો કીડો.

૨. પું. પતંગિયું.

કિર્યાણી [સં.] પું. જંગલી સુવર.

કિર્ર ૧. પું. પક્ષીનો અવાજ; પંખીનો ગુંજારવ.

૨. વિ. ગીચ; ભરચક.

૩. વિ. વાંસની ઝાડીવાળું.

કિર્રાટ [અ.] પું. ઔંસનો ચોવીશમો ભાગ.

કિર્વાણી પું. (સંગીત) કાફી થાટમાંથી ઉત્પન્ન થતો અને દિવસને ત્રીજે પહોરે ગવાતો એક રાગ.

કિલ્ [સં.] અ. ક્રિ. (ધાતુ) રમવું; ક્રીડા કરવી. તે ઉપરથી નીકળેલ શબ્દ: કેલિ, ખેલ.

કિલ ૧. પું. ગાડાની ધરીમાં થતો કાળો ચીકણો પદાર્થ; ગાડાની મળી.

૨. [હિં.] પું. મૂઠી.

૩. ન. ગર્ગ ગોત્રનું એ નામનું એક પ્રવર.

૪. ન. ગૌતમ ગોત્રનું એ નામનું એક પ્રવર.

૫. [સં.] વિ. નજીવું; તુચ્છ.

૬. અ. અરુચિ, સંભાવના, હેતુ, અસત્ય, વાર્તા, અનુશય, વાર્તાપ્રસિદ્ધ અર્થનું દ્યોતન, પશ્ચાત્તાપ, સિદ્ધ અર્થનું પ્રકાશન અને તિરસ્કારનો અર્થ બતાવનાર એક અવ્યય.

૭. અ. ખરેખર; નિશ્ચે.

કિલક ૧. સ્ત્રી. હર્ષધ્વનિ કરવાની ક્રિયા; આનંદસૂચક શબ્દ; કિલકાર.

૨. સ્ત્રી. હીરાનું તેજ.

૩. ન. કાંઠું; કલમ.

કિલકાર ૧. પું. કિલકિલ કરવું તે; પંખીઓનો આનંદનો કલબલાટ.

૨. પું. કોલાહલ; ઘોંઘાટ; શોરબકોર; ચીસ; ચિચિયારી.

૩. પું. ઠેકડી; મશ્કરી; મજાક.

૪. પું. હર્ષધ્વનિ; આનંદની કિકિયારી.

કિલકારવું ૧. અ. ક્રિ. આનંદની કિકિયારી કરવી.

૨. અ. ક્રિ. ગાવું.

૩. અ. ક્રિ. ઘોંઘાટ કરવો; શોરબકોર મચાવવો.

૪. અ. ક્રિ. પક્ષીઓનું ખુશીનું બોલવું.

૫. અ. ક્રિ. મજાક કરવી; મશ્કરી કરવી.

કિલકારી ૧. [સં. કિલકિલા] સ્ત્રી. આનંદભર્યો કલબલાટ; આનંદની કિકિયારી; હર્ષધ્વનિ; કિલકિલાટ.

કિલકારી દેવી-મારવી = હર્ષધ્વનિ કરવો.

૨. [હિં.] સ્ત્રી. ગર્જના.

૩. સ્ત્રી. મજાક; મશ્કરી; ઠેકડી.

૪. સ્ત્રી. રાડ; બૂમ.

૫. સ્ત્રી. વાંદરાની ચીસ.

૬. સ્ત્રી. હાથીનો અવાજ.

કિલકિતા પું. (પિંગળ) સંકીર્ણ વર્ગનો એક અર્ધસમવૃત્ત અક્ષરમેળ છંદ; કિલિકિતા. તેના

પહેલા અને ત્રીજા ચરણમાં રગણ, નગણ, રગણ, લઘુ અને ગુરુ એમ અગિયાર અક્ષર તથા બીજા અને ચોથા ચરણમાં નગણ, ભગણ, જગણ અને રગણ મળી બાર અક્ષર હોય છે.

કિલકિલ ૧. [અ.] પું. કડણુ, કાળો અને ગંધારો દાણો ઉત્પન્ન કરનાર એક જાતનો છોડ.

૨. પું. મહાદેવ; શિવ.

૩. [સં. કલ (મધુર અસ્પષ્ટ અવાજ)] સ્ત્રી.; ન. પક્ષીનું આનંદમાં બોલવું તે; પક્ષીઓનો એકીસાથે બોલવાથી થતો કિલકિલ એવો હર્ષભર્યો અવાજ.

૪. સ્ત્રી.; ન. લડાઈ; કજિયો; ઝઘડો.

૫. સ્ત્રી.; ન. વલૂર; ચળ.

૬. સ્ત્રી.; ન. વાદવિવાદ; બોલાચાલી.

૭. સ્ત્રી.; ન. વાંદરાનું બોલવું તે.

૮. સ્ત્રી.; ન. શોરબકોર; ગરબડ; ઘોંઘાટ.

કિલકિલકાંટો પું. છોકરાઓની એક રમત. તેમાં એક છોકરો એક પથ્થર ઉપર કેટલીક લીટીઓ દોરી સંતાડી દે. બીજાઓ કિલકિલકાંટા એમ બોલતાં બોલતાં દોડે અને તે પથરો ગોતી કાઢે. જે છોકરાને તે પથ્થર જડે તે છોકરો સંતાડનાર છોકરાનો હાથ ઊંચો રખાવીને આંગળીની ઉપર તે પથરા વડે મારે અને રમત પૂરી થાય.

કિલકિલવું ૧. અ. ક્રિ. આનંદમાં આવવું.

૨. અ. ક્રિ. કિલકિલ અવાજ કરવો; પક્ષીઓનું ચેં ચેં કરી મૂકવું.

કિલકિલા ૧. [હિં.] પું. એક જાતનું પક્ષી; કલકલિયો.

૨. પું. મોટો ભૂરો શિકારી કૂતરો.

૩. સ્ત્રી. (પુરાણ) એ નામની એક પ્રાચીન નગરી; કોંકણ. કહેવાય છે કે અહીં ઓગણીશ રાજાએ એકસો છ વર્ષ રાજ્ય કર્યું હતું. તેને કિલાગિલા પણ કહેતા.

૪. સ્ત્રી. ચીડિયાપણું; ગુસ્સો; ચીડ.

૫. સ્ત્રી. વાંદરાના અવાજની નકલ કરવી તે.

૬. સ્ત્રી. વાંદરાની ચીસ.

૭. સ્ત્રી. વીરપુરુષની સિંહગર્જના.

૮. સ્ત્રી. સિંહની ગર્જના; સિંહનો અવાજ.

૯. [સં.] સ્ત્રી. હર્ષધ્વનિ; આનંદનો પોકાર.

કિલકિલાકાર ૧. પું. કિલકિલાટ; આનંદનો કિલકિલ અવાજ.

૨. પું. ખુશાલી; આનંદોત્સવ.

૩. પું. ઘોંઘાટ; કોલાહલ; શોરબકોર; કલબલાટ.

૪. પું. ચીસ; તીણી બૂમ; ચિચિયારી.

કિલકિલાટ ૧. [સં. કિલકિલા] પું. આનંદનો નાદ; હર્ષધ્વનિ.

૨. પું. ચીસ; રાડ.

૩. પું. પક્ષીઓનો કિલકિલ અવાજ.

૪. પું. વીરપુરુષની ગર્જના.

૫. પું. શોરબકોર; કોલાહલ; ઘોંઘાટ.

કિલકિલાર જુઓ કિલકિલાટ.

કિલકિલારવ જુઓ કિલકિલાટ.

કિલકિલારવું ૧. અ. ક્રિ. મધુર અવાજ કરવો.

૨. અ. ક્રિ. રાડ પાડવી; ચીસ પાડવી.

કિલકિલારો જુઓ કિલકિલાટ.

કિલકિલાવવું સ. ક્રિ. કિલકિલ કરે એમ કરવું; ખુશ કરવું; હસાવવું.

કિલકિલાવું ૧. અ. ક્રિ. આનંદમાં આવવું.

૨. અ. ક્રિ. કિલકિલ એવો અવાજ થવો.

કિલકિંચિત ન. (કાવ્ય) શૃંગારભાવની એક તરેહ; સ્ત્રીપુરુષોનો એક કામવિલાસ. નાયિકાના શૃંગારનો એક ભાવ; સંયોગસમયમાં મંદહાસ્ય, સૂકું રડવું, હસવું, ત્રાસ, ક્રોધ, શ્રમ, ભય, હર્ષ, ગર્વ, કંપ, અશ્રુ, સ્મિત, અભિલાષ એ બધાં જેમાં મિશ્ર હોય એટલે કે એક જ સાથે ઉત્પન્ન થતાં હોય તેવો સ્ત્રીઓનો ભાવ કિલકિંચિત કહેવાય છે.

કિલચી [હિં.] સ્ત્રી. હાથના આંગળાનો સાંધો; વેઢો.

કિલની ૧. સ્ત્રી. ડાંસ; મોટો મચ્છર.

૨. સ્ત્રી. બગાં; ગાય, બળદ, કૂતરૂં, બિલાડી વગેરે પશુનાં શરીર ઉપર રહેનાર અને તેનું લોહી ચૂસનાર એક કીડો.

કિલપા પું. (બૌદ્ધ) ચોરાશી માંહેનો એ નામનો એક સિદ્ધ.

કિલબિખ ૧. પું. ચીડ; ગુસ્સો.

૨. પું. મોટો ભૂરો શિકારી કૂતરો.

કિલબિલ ૧. [હિં.] સ્ત્રી. કકળાટ.

૨. સ્ત્રી. કચ્ચાંબચ્ચાં; છોકરાં.

૩. સ્ત્રી. જંતુઓનું પેટે ચાલવું તે.

કિલબિલાવું અ. ક્રિ. પેટે ચાલવું.

કિલમ ૧. [હિં.] સ્ત્રી. એક જાતની આતશબાજી.

૨. સ્ત્રી. ચિઠ્ઠી; ચબરખી.

૩. સ્ત્રી. ચિતારાની પીંછી.

૪. સ્ત્રી. દાઢીનો ઉપલો અણીવાળો ભાગ.

૫. સ્ત્રી. પુરુષની જનનેંદ્રિય.

૬. સ્ત્રી. મીઠાનો પાસાદાર કટકો.

૭. સ્ત્રી. લખવાનો કિત્તો.

કિલલબિલલ જુઓ કિલબિલ.

કિલવવું સ. ક્રિ. હસાવવું; ખુશી કરવું.

કિલવંત ૧. સ્ત્રી. બ્રાહ્મણની એક પેટા જાતિ.

૨. ન. એ નામની બ્રાહ્મણની પેટા જાતિનું માણસ.

૩. વિ. એ નામની પેટા જાતિનું.

કિલવા ૧. પું. મોટી કોદાળી.

૨. પું. મોટો પાવડો.

કિલવાઈ [હિં.] સ્ત્રી. મોટું ઘાસ એકઠું કરવાનો નાનો સળેથો.

કિલવો પું. કિલ્લીદાર; ખજાનચી.

કિલા [અ.] પું. કિલ્લો; કોટ; ગઢ.

કિલાઈ [સં. કલાય] પું. (હિંદી) એક જાતનો વટાણો.

કિલાઓ પું. નાનો વટાણો.

કિલાકિલોલ જુઓ કિલકિલાટ.

કિલાગિલા સ્ત્રી. (પુરાણ) એ નામની એક પ્રાચીન નગરી. જુઓ કિલકિલા ૩.

કિલાચા [અ.] પું. છેવટનો આશ્રય લેવા યોગ્ય નાનો કિલ્લો.

કિલાટ [સં.] પું. માવો; પનીર; મલાઈ.

કિલાટક જુઓ કિલાટ.

કિલાટજ પું. પ્લીહામાં થોડે અંશે દેખાતો સફેદ સ્ફટિકના જેવો નત્રવાયુવાળો એક પદાર્થ. એ પદાર્થને મોટા જથ્થામાં બનાવવો હોય તો વિવિધ પદ્ધતિથી માંસદ દ્રવ્યનું વિઘટ્ટન કરીને તેમાંથી બનાવી શકાય.

કિલાટી [સં. કિલાટિન્] પું. વાંસ; બાંબુ.

કિલાણિયા ૧. સ્ત્રી. કંસારાની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કિલાત પું. એ નામનો એક ઋષિ.

કિલાતા પું. એ નામનો એક અસુર યાજક.

કિલાદાર ૧. [હિં.] પું. કિલ્લાનો ઉપરી.

૨. પું. ઘેરાયેલી ટુકડીનો સરદાર.

કિલાદારી ૧. [હિં.] સ્ત્રી. કિલાદારની પદવી; કિલ્લેદારનો હોદ્દો.

૨. સ્ત્રી. કિલ્લેદારને મળતો પગાર.

૩. સ્ત્રી. ઘેરાયેલી ટુકડીની સરદારી.

કિલાબ [અ.] પું. બ. વ. કૂતરાઓ.

કિલામના સ્ત્રી. (જૈન) પીડા; દુઃખ.

કિલાવવું સ. ક્રિ. કિરાવવું; સૂપડામાં ગોળ ફેરવીને ઝાટકવું.

કિલાવો પું. મહાવતને ચડવા માટે હાથીને ગળે લટકતું રાખેલું દોરડું. તેમાં પગ ભરાવી મહાવત હાથીને ચાલવા વગેરેની ઇશારત કરે છે.

કિલાશિકન (ક઼િલાશિકન) જુઓ કિલ્આશિકન.

કિલાસ ૧. [સં.] પું. એક જાતનો કોઢ. તેમાં રસી કે પરૂ વહેતુ નથી પણ ચામડી રાતી થઈ જાય છે.

૨. પું. કોઢનો ડાઘ.

૩. વિ. એક જાતના કોઢના ડાઘવાળું.

કિલાસકુષ્ઠ [સં.] પું. લાલ કોઢ.

કિલાસઘ્ન ૧. [સં.] પું. કોઢના રોગનો નાશ કરનાર એક જાતની વનસ્પતિ.

૨. વિ. કિલાસ નામના કોઢનો નાશ કરનાર.

કિલાસનાશન જુઓ કિલાસઘ્ન.

કિલિકિતા પું. (પિંગળ) એ નામનો એક છંદ. જુઓ કિલકિતા.

કિલિકેટ ૧. સ્ત્રી. બેલગામ, ધારવાડ તથા વિજાપુર તરફ રહેતી માછીની એક જાત. તેઓ ચામડાની ઢીંગલીના તમાશા કરવાનો ધંધો કરે છે.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

કિલિદ્દાર પું. ખજાનચી; કિલવો.

કિલિમ [સં.] ન. દેવદારનું ઝાડ.

કિલી સ્ત્રી. સળી; ખીલી.

કિલીદ [ફા.] સ્ત્રી. કૂંચી.

કિલેવર [અં. ક્લાવર] સ્ત્રી. ગંજીફાનાં પાનાંની ચારમાંથી ફૂલની જાત.

કિલેસો ૧. પું. તકરાર; ઝઘડો.

૨. પું. દુઃખ; પીડા.

કિલોગ્રામ [અં.] પું. એક હજાર ગ્રામ જેટલું વજન; આશરે પાકા શેર જેટલો તોલ. ઇંગ્લંડમાં પ્રમાણભૂત રતલ એકમરૂપ છે; ફ્રાન્સમાં પ્રમાણભૂત કિલોગ્રામ એકમરૂપ છે.

કિલોમીટર [અં.] પું. અંતર માટેનું એક માપ. ૧ માઇલ = $\frac{૫}{૮}$ કિલોમીટર થાય છે.

કિલોલ ૧. [સં. કલ્લોલ] પું. આનંદ; મજા.

૨. પું. તરંગ; પાણીની મોટી છોળ; મોજું.

ભંગ તરંગ **કિલોલ** અને બીચી ઊર્મિ ભાય;
લહરી હાથ પસારીને યમુના પરસે પાય.
પિંગળલઘુકોષ

૩. પું. પાપ.

૪. પું. મધુર અવાજ.

વનમાં બોલે ઝીણા મોર,
કોયલ રાણી **કિલોલ** કરે રે લોલ. લોકગીત

૫. સ્ત્રી. ઇશ્કબાજી.

૬. સ્ત્રી. ઉપભોગ; માણવું તે.

કિલોલ કરવી = (૧) ઉપભોગ કરવો. (૨) રમત રમવી.

૭. સ્ત્રી. રમત; ખેલ; ક્રીડા.

કિલોવા પું. બર્મા, પેગુ અને માર્તાબાનનાં જંગલમાં થતો એક જાતનો ખાખી રંગનો વાંસ. તેની લંબાઈ ૬૦થી ૧૨૦ ફૂટ અને જાડાઈ ૫થી ૮ ઇંચ હોય છે.

કિલોળવું અ. ક્રિ. આનંદ કરવો.

કિલ્આશિકન (ક઼િલ્આશિકન) ૧. સ્ત્રી. એ નામની એક પુરાતની તોપ. મુહમ્મદ હસયન નામે એક આરબ હતો. તે આ'લા દરજ્જાની તોપો તૈયાર કરતો હતો. તેની બનાવેલી કેટલીક તોપો આજે પણ મોજૂદ છે. દૌલતાબાદમાં ચીની મહેલ પાસેના કિલ્લાના દરવાજા નજીક એક બુરજ ઉપર આ તોપ મૂકેલી છે. એનું અસલ નામ કિલ્આશિકન છે; પરંતુ આજકાલ તેને મેંઢાતોપ કહે છે, કેમકે એનું માથું મેંઢાના જેવું બનેલું છે. એ તોપની સીધી બાજુએ ગોળો લાગીને નિશાન પડી ગયેલું છે. એની લંબાઈ અઢાર ફૂટ અને અઢી ઇંચ છે, કાનની પાસેનો ચકરાવો સાત ફૂટ બે ઇંચ અને મુખનો ચકરાવો પાંચ ફૂટ છે, જેનાથી અનુમાન કરી શકાય છે કે એનો ગોળો એક મણનો એક હશે.

૨. સ્ત્રી. કિલ્લા ઉપર ગોઠવાની તોપ.

૩. સ્ત્રી. મોટા કદની બંદૂક.

કિલ્ક (ક઼િલ્ક) [ફા.] સ્ત્રી. કાઠું; કલમ.

કિલ્કોર ૧. પું. ગભરાટ; ક્ષોભ.

૨. પું. ચર્ચા.

કિલ્ટા સ્ત્રી. ટેકરી ઉપર રહેનાર માણસોની મોટી ઊંડી ટોપી.

કિલ્પિશ પું. (જૈન) એક જાતના ઊતરતી પંક્તિના દેવ. તેઓ દેવોની સભામાં જઈ શકતા નથી.

કિલ્બિષ જુઓ કિલ્વિષ.

કિલ્બિષિક જુઓ કિલ્વિષિક.

કિલ્મિષ જુઓ કિલ્વિષ.

કિલ્મિષકોષ [સં.] પું. પાપનો ભંડાર.

કિલ્મિષહારી ૧. પું. પાપ હરનાર ભગવાન; પ્રભુ.

કૃષ્ણભક્તિ ઉત્પન્ન કરે ઉર,
કોટિક **કિલ્મિષહારી**. દયારામ

૨. વિ. પાપ દૂર કરનાર.

કિલ્લત (ક઼િલ્લત) ૧. [અ.] સ્ત્રી. અછત; ઓછાપણું; તંગી; ન્યૂનતા.

૨. સ્ત્રી. મુશ્કેલી; દુઃખ; આફત.

કિલ્લરી પું. એક જાતનો આખલો.

કિલ્લાણુ ન. પક્ષીનો હર્ષધ્વનિ; કિલકાર; કલરવ.

કિલ્લાબંધ વિ. ફરતા કિલ્લા હોય એવું; આસપાસ કિલ્લાથી રક્ષિત.

કિલ્લી ૧. [સં. કીલ] સ્ત્રી. (હિંદી) ચાવી; કૂંચી; તાળું, કલ વગેરે ઉઘાડવાનું ખીલા જેવું ઓજાર.

૨. સ્ત્રી. ચીસ; બૂમ.

૩. સ્ત્રી. ડાંસ.

૪. સ્ત્રી. તિજોરી; નાણું રાખવાની પેટી.

૫. સ્ત્રી. બિલાડી.

૬. સ્ત્રી. મેખ.

કિલ્લીદાર (ક઼િલ્લીદાર) પું. ખજાનચી; ભંડારી. જેના હવાલામાં તિજોરી હોય તે.

કિલ્લું [સં. કીટક] ન. પાકને નુકસાન કરનાર એક કીટક; અનાજમાં થતું એક જાતનું નાનું જીવડું; ધનેડું; ભોટલું; વંદાના આકારનું, રાતા રંગનું, આંખ વિનાનું એક જીવડું; મટકું. તે અનાજમાં પડવાથી અનાજ સળી જાય છે.

કિલ્લેગાહ (ક઼િલ્લેગાહ) [ફા.] સ્ત્રી. જ્યાં કિલ્લો હોય એવી જગ્યા.

કિલ્લેદાર (ક઼િલ્લેદાર) ૧. [અ. કિલ્આ (કિલ્લો) + ફા. દાર (રાખનાર)] પું. કિલ્લાનો ઉપરી અમલદાર; દુર્ગપતિ; ગઢપતિ; કિલ્લાનું રક્ષણ કરનાર માણસ; કિલ્લાની સંભાળ રાખનાર અમલદાર.

૨. પું. કિલ્લાનો કબજો ધરાવનાર કે તેનું રક્ષણ કરનાર સૈનિક.

૩. વિ. કિલ્લાવાળું; શત્રુ સામે રક્ષણ મળે એવા કોટ વગેરેના બાંધકામવાળું.

કિલ્લેદારી ૧. સ્ત્રી. કિલ્લેદારને મળતો પગાર.

૨. સ્ત્રી. કિલ્લેદારનો હોદ્દો; દુર્ગાધ્યક્ષતા.

કિલ્લેનશીન ૧. વિ. કિલ્લા ઉપર કેદ હોય એવું.

૨. વિ. કિલ્લા ઉપરનું.

કિલ્લેબંદી ૧. [અ. કિલ્આબંદી] સ્ત્રી. કિલ્લાનું બાંધકામ.

૨. સ્ત્રી. કિલ્લો; કોટ; ગઢ; દુર્ગ.

૩. સ્ત્રી. વ્યૂહરચના.

૪. સ્ત્રી. શત્રુની સામે રક્ષણ મેળવાય એવું બાંધકામ કરવું તે; કિલ્લાવાળી ગોઠવણ; કોટબંધી.

૫. સ્ત્રી. શેતરંજની રમતમાં બાદશાહને સુરક્ષિત ઘરમાં રાખવો તે.

કિલ્લેબંધ વિ. કિલ્લાવાળું.

કિલ્લેબંધી જુઓ કિલ્લેબંદી.

કિલ્લો ૧. [અ. કિલ્આ] પું. શત્રુથી ઝટ ભાંગી કે તૂટી શકે નહિ એવું, ચૂનાગચ્ચીની દીવાલવાળું મજબૂત બાંધકામ; કોટ; ગઢ; દુર્ગ. રાજવલ્લભમાં ચાર પ્રકારના કિલ્લા કહેલા છે: ભૂમિદુર્ગ, જળદુર્ગ, ગિરિદુર્ગ અને ગહ્વરદુર્ગ. તેમાં ત્રીજો કે જે પર્વતના મસ્તક ઉપર હોય તે સર્વ કિલ્લાઓથી શ્રેષ્ઠ છે, કેમકે તેવા દુર્ગમાં શત્રુ સહેલાઈથી પ્રવેશ કરી શકે નહિ. જુદી જુદી જાત ને બાંધણી ઉપરથી પાડેલા નામવાળા કિલ્લાઓ: ધન્વકિલ્લો, મટોડીનો કિલ્લો, પાણીનો કિલ્લો, ઝાડનો કિલ્લો, નૃ કિલ્લો, પહાડી કિલ્લો, બંધ કિલ્લો, ઐરિણી કિલ્લો, ખાઈનો કિલ્લો, પારિઘ કિલ્લો, સૈન્ય કિલ્લો, મરિ કિલ્લો, મૃ કિલ્લો, માનવ કિલ્લો, ધાવ કિલ્લો અને ગિરિ કિલ્લો.

૨. પું. શત્રુની સામે ટકી રહેવાને બાંધેલું, ચારે તરફ ખાઈવાળું કે ફરતા મજબૂત કોટવાળું, રાજમહેલ અને રાજકચેરીઓનાં મકાનોવાળું મોટું વિશાળ બાંધકામ. તેમાં ઘણું કરીને લશ્કરી માણસો રહે છે.

૧. કિલ્લા ઉપર હલ્લો = એ નામની એક રમત. તે રમાડવા માટે શિક્ષકે મેદાનની અંદર મધ્ય ભાગે ઊભા રહીને રમનાર છોકરાઓને પોતાથી પચાસ ફૂટ છેટે મોકલવા. પછી શિક્ષકે જમણા હાથની મૂઠી પોલી વાળીને તે જમણી આંખ ઉપર દૂરબીન પ્રમાણે રાખવી અને ડાબી આંખ ડાબા હાથ વતી ઢાંકી દેવી. પછી રમનારા બધા છોકરાને શિક્ષક તરફ માથાં રાખી જમીન ઉપર પેટભર સૂઈ જવા કહેવું. પછી સિસોટી થતાં જ બધા છોકરાઓએ શરીરનો ભાર હાથ અને પગના પંજા ઉપર રાખીને જમીન ઉપરથી શરીર ઊંચકવું અને તેવી જ સ્થિતિમાં રહીને શિક્ષક તરફ આગળ વધવા માંડવું. શિક્ષકની નજર ન હોય તે વખતે જ છોકરાઓએ એ રીતે સરકતા સરકતા જવું. શિક્ષકની નજર પડે કે સરકતા બંધ થઈ જવું. જે છોકરો આગળ સરકતો શિક્ષકની નજરે ચડે તેનું નામ શિક્ષકે બોલવું, એટલે તે બાદ થઈ જાય અને જે છોકરો શિક્ષકની નજર ચૂકવીને આગળ વધતો જઈ અને પ્રથમ અડે તે જીત્યો ગણાય.

૨. કિલ્લો તોડવો = એ નામની એક રમત. તેમાં છોકરાઓના બે પક્ષ પાડવા. એક પક્ષના છોકરાઓ જમીન ઉપર વર્તુલ કાઢી તેના પરિઘ ઉપર એકએકના હાથ પકડી ઊભા રહે. તેણે પોતાના પક્ષના એક છોકરાના હાથમાં નિશાન આપી વર્તુલના મધ્ય ભાગમાં ઊભો રાખવો. બીજા પક્ષવાળા બધાએ આ વર્તુલની બહાર ઊભા રહેવું. સિસોટી થતાં જ બીજા પક્ષના છોકરાઓએ પહેલા પક્ષની સાંકળ એટલે કિલ્લો તોડી અંદર ઘૂસવાનો અને અંદર ઊભેલ છોકરાના હાથમાંથી નિશાન ખૂંચવી લેવાનો પ્રયત્ન કરવો. નિશાન હાથમાં આવે તો હલ્લો કરનાર પક્ષ જીત્યો ગણાય.

૩. કિલ્લો બાંધવો = (૧) ગઢ ચણવો. (૨) શેતરંજની રમતમાં બાદશાહને કોઈપણ ઘરમાં સુરક્ષિત રાખવો.

કિલ્લોલ પું. કલોલ; આનંદ; મજા.

કિલ્વિષ ૧. [સં.] પું. (જૈન) ચાંડાળરૂપ એક દેવજાતિ.

૨. ન. અનિષ્ટ.

૩. ન. અન્યાય.

૪. ન. ઉપદ્રવ; નુકસાન.

૫. ન. કીર્તિનાશક શારીરિક પાપ.

૬. ન. દોષ; અપરાધ; વાંક.

૭. ન. દ્વેષ; ખાર.

૮. ન. ધર્મ કે અધર્મનું ફળ.

૯. ન. પાપ; પાતક.

૧૦. ન. માયા.

૧૧. ન. રોગ; માંદગી.

૧૨. ન. વેદના; પીડા.

૧૩. ન. સંસાર.

૧૪. વિ. અધમ; નીચ.

૧૫. વિ. બીભત્સ; બિહામણું.

કિલ્વિષત્વ [સં.] ન. અસુરભાવ; અસુરપણું.

કિલ્વિષિક ૧. [સં.] પું. (જૈન) અંત્યજ સમાન એક જાતના દેવ; ચાંડાળની માફક અશુભ કે નિંદ્ય કાર્ય કરનાર દેવ; ચાંડાળ જેવું કાર્ય કરનાર એક જાતના દેવ.

૨. પું. બીજાને હસાવનાર માણસ; વિદૂષક.

૩. વિ. અધમ; નીચ.

કિલ્વિષિકભાવના સ્ત્રી. (જૈન) કિલ્વિષ જાતના દેવતામાં ઉત્પન્ન થવું પડે તેવા દુર્ગુણ. જેમકે, ગુરુનિંદા, ગુરુદ્રોહ.

કિલ્વિષી ૧. પું. (જૈન) હલકી જાતના દેવ.

૨. વિ. પાપી; અપરાધી.

કિલ્વી [સં. કિલ્વિન્] પું. ઘોડો.

કિવાડ (કિવાડ઼) ૧. [સં. કપાટ] પું. (હિંદી) કમાડ; દરવાજાનું બારણું.

૨. પું. દરવાજો.

કિવાડા (કિવાડ઼ા) જુઓ કિવાડ.

કિવાડી (કિવાડ઼ી) ૧. [હિં.] સ્ત્રી. છાતીનાં પાટિયાં.

૨. સ્ત્રી. નાનું કમાડ.

૩. સ્ત્રી. પડદો.

કિવામ ૧. પું. એક જાતની તમાકુ.

૨. [અ.] પું. ચાસણી.

૩. પું. બ. વ. વસ્તુઓ; જરૂરિયાતો.

કિવામી [અ.] વિ. જાડું; ઘાટું.

કિવાર ૧. [હિં.] ન. કમાડ; બારણું.

૨. અ. કઈ વારે; કયે વખતે.

બાળા રહી તલસી લગ્ન **કિવાર** આવે.

અશ્રુમતી નાટક

કિવાંચ [હિં.] પું. એ નામનો એક છોડ.

કિવિડી (કિવિડ઼ી) ન. (જૂ. ગુ.) કમાડ.

કિશટા [હિં.] પું. બ. વ. રૂપાને ચકળતું કરવામાં વપરાતાં સૂકવેલાં અખરોટ.

કિશતી [હિં.] સ્ત્રી. નાવ; હોડી.

કિશન ૧. પું. એ નામના એક ભક્ત કવિ. તેમણે ઘણાં પદ રચ્યાં છે.

૨. પું. શ્રીકૃષ્ણ.

કિશનભોગ સ્ત્રી. એ નામની એક જાતની મોટા કદની સ્વાદિષ્ઠ અને ખુશબોદાર કેરી. તેની ગોટલી નાની હોય છે. દરેક કેરીનું વજન દશથી વીશ ઔંસનું હોય છે.

કિશનીઝ (કિશનીઝ) [ફા.] પું. ધાણા.

કિશમિઝાજ (કિશમિઝાજ) ન. આંખના રોગ ઉપર વપરાતું એક જાતનું ધાન્ય જેવું બી; ચશ્મક.

કિશમિશ [ફા. કિશ્મિશ] સ્ત્રી. ઠળિયા વિનાની સૂકી નાની ધોળી દ્રાક્ષ; મુનક્કા.

કિશમિશી ૧. પું. આંબાના રસ જેવો રંગ.

૨. વિ. કિશમિશના રંગનું.

૩. વિ. કિશમિશનું; જેમાં કિશમિશ હોય એવું.

કિશમિશીદિન પું. નાતાલનો દિવસ. તે દિવસે ખ્રિસ્તીઓને કિશમિશ, નારંગી વગેરે વસ્તુઓની ભેટ મોકલાય છે.

કિશર પું.; ન. એક જાતનું સુગંધી દ્રવ્ય.

કિશરા સ્ત્રી. સાકર.

કિશલ પું.; ન. કિશલય; નવું કૂંપળ; નવપલ્લવ; ફણગો; ટીશી.

કિશલય ૧. પું. (પિંગળ) ઉષ્ણિકની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં નગણ, મગણ અને લઘુ મળી સાત અક્ષર હોય.

કિશલયે ના મા લ.

રણપિંગળ

૨. [સં.] ન. નવપલ્લવ; કૂણું પાન; કૂંપળ; ટીશી.

કિશવર [ફા.] પું. દેશ; મુલક; રાજ્ય.

કિશવરકુશા સ્ત્રી. એ નામની એક તોપ. દારા શિકોહ જ્યારે કંદહાર જવા ઉપડ્યો ત્યારે તે એ તોપ ઘણે ભાગે ઘણી નાની હોવાને કારણે લાહોરમાં મૂકતો ગયો હતો. તેમાંથી એકનું નામ ફતહમુબારક અને બીજીનું નામ કિશવરકુશા હતું.

કિશુકશાલ્મી ન. એક પ્રકારનું પાંદડું.

કિશું વિ. (જૂ. ગુ.) કેવું.

> ધર્મ કાજ કીધાં **કિશાં** ચતુર સુણુઉ એકચિત્તિ.
> વિમલપ્રબંધ

કિશોર ૧. [સં.] પું. આકડાનો છોડ.

૨. પું. (પિંગળ) ઉત્કૃતિની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; વશંવદ. તેના દરેક ચરણમાં આઠ સગણ અને બે લઘુ મળી છવ્વીશ અક્ષર હોય, અને બારમા અક્ષર પછી યતિ આવે.

૩. પું. છોકરો; દીકરો; અગિયારથી પંદર વર્ષ સુધીની ઉમરનો કુમાર; જુવાનીની શરૂઆતની અવસ્થાવાળો યુવક. પાંચ વર્ષના બાળકને કૌમાર, દશ વર્ષનાને પૌગંડ અને પંદર વર્ષનાને કિશોર કહે છે.

> ત્યાં ધીમંત **કિશોર** સિંહશિશુને શાની ભીતી છોડતાં.
> વીરસૂ

૪. પું. (પુરાણ) બલિ દૈત્યનો એ નામનો એક દીકરો.

૫. પું. લોબાન.

૬. પું. વછેરો.

૭. પું. સૂર્ય.

૮. વિ. દશ વર્ષ પછીની અને પંદર વર્ષ સુધીની અવસ્થાને પામેલ પુખ્ત નહિ એવી અવસ્થાવાળું; જુવાનીની શરૂઆતના કાળનું.

૯. વિ. નાની ઉમરનું; અણસમજુ; બાળક; તરુણ; સગીર.

કિશોરઅવસ્થા જુઓ કિશોરાવસ્થા.

કિશોરક [સં.] ન. નાનું બાળક; બચ્ચું.

કિશોરકથા સ્ત્રી. અગિયારથી પંદર વર્ષની ઉમરના બાળકને લાયક વાર્તા.

કિશોરગૂગળ પું. (વૈદ્યક) ગૂગળની બનાવટવાળી એક ઔષધિ. તેમાં ત્રિફળા, ગળો, ગૂગળ, વિરંગ, દાંતિ વગેરે વસ્તુ મુખ્ય છે. તે ધાતુપરિવર્તક અને શક્તિવર્ધક ગણાય છે. કંઠમાળ, ગૂમડાં, ધારાં, ભગંદર, કર્ણસ્રાવ અને જાંઘના સ્નાયુશૂળમાં તે અપાય છે. સંધિવામાં આ ગૂગળ બહુ જ ફાયદો કરતો મનાય છે. ગરમ પાણી કે મંજીષ્ઠાદિ ક્વાથમાં તે લેવાથી આંતરડાના અર્બુદ, અજીર્ણ, ખાંસી અને કમળામાં ફાયદો કરે છે. આ ઔષધિ રસાયણ હોવાથી જુદા જુદા દરદમાં જુદા જુદા અનુપાન સાથે અપાય છે.

કિશોરમૂર્તિ સ્ત્રી. બાળમૂર્તિ; બાળક નહિ અને જુવાન પણ નહિ એવું એટલે પાંચથી અગિયાર વર્ષની ઉમરનું બાળક.

કિશોરવય સ્ત્રી.; ન. બચપણ અને યૌવન વચ્ચેની વય; કિશોરાવસ્થા.

કિશોરસંઘ પું. છોકરાઓનો સમૂહ.

કિશોરાવસ્થા [સં. કિશોર (નાની ઉમરનું) + અવસ્થા (સ્થિતિ)] સ્ત્રી. અગિયારથી પંદર વર્ષ સુધીની ઉમર.

કિશોરી ૧. [સં.] સ્ત્રી. અગિયારથી પંદર વર્ષ સુધીની છોકરી; કુમારી; કન્યા; જુવાન છોકરી; યુવતી.

૨. સ્ત્રી. વછેરી.

૩. વિ. નાની ઉમરનું; કિશોર વયના જેવું.

કિશ્ત ૧. [ફા. કિસ્ત (ભાગ)] સ્ત્રી. કાંધાનો વખત; કાંધું પાકવાનો વખત.

૨. સ્ત્રી. કાંધાં ભરીને કરજ આપવું તે.

૩. [ફા. કિશ્તન (વાવવું)] સ્ત્રી. (હિંદી) ખેડ; ખેતી; કૃષિ; વાવેતર.

૪. સ્ત્રી. ખેડૂતે ભરવાનું જમીન ઉપરનું ભાડું.

૫. સ્ત્રી. જહાજ; વહાણ.

૬. સ્ત્રી. મહેસૂલ ભરવાનો હફ્તો.

૭. સ્ત્રી. રાજકર; ખંડણી.

૮. સ્ત્રી. વાવેલું ખેતર.

૯. સ્ત્રી. હફ્તો; કાંધું.

૧૦. સ્ત્રી. હાર; પરાજય.

૧૧. સ્ત્રી. શેતરંજની રમતમાં શેહ આપવી તે; શેતરંજનો એક દાવ.

૧૨. વિ. કેદમાં પડેલું.

૧૩. વિ. પરાજય પામેલું; હારેલું.

કિશ્તકાર [હિં.] પું. ખેડૂત; ખેડુ; કૃષિકાર.

કિશ્તકારી ૧. [હિં.] સ્ત્રી. ખેતી.

૨. સ્ત્રી. ખેતીવાડી.

કિશ્તી ૧. [ફા.] પું. શેતરંજની રમત માંહેનું હાથીનું મહોરૂં.

૨. [ફા. કિશ્ત (કાંધું)] સ્ત્રી. ખેડૂતોને જમીનનો કર ભરવાનો હફ્તો.

૩. સ્ત્રી. નાવ; વહાણ.

૪. સ્ત્રી. ભિખારીનું ભીખ માગવાનું વાસણ અથવા ઝોળી.

૫. સ્ત્રી. મોટી રકાબી; છીછરી થાળી.

કિશ્તીગાહ [ફા.] સ્ત્રી. હોડી રાખવાની જગ્યા.

કિશ્તીબાન [ફા.] પું. નાવિક; નાખુદા; ખારવો; હોડી હાંકનાર.

કિશ્તીસવાર વિ. વહાણ ઉપર બેઠેલ.

કિશ્તોકાર [ફા.] પું. ખેડવું તે.

કિશ્તોઝાર [ફા.] ન. લીલું દેખાવા માંડેલું વાવેલું ખેતર.

કિશ્તોઝારે દીવ = આ દુનિયા.

કિશ્મશ સ્ત્રી. એક જાતની અંગૂર.

કિશ્ર [અ.] પું. છાલ.

કિશ્વર [ફા.] પું. દેશ; રાજ્ય.

કિશ્વરકુશા = રાજ્યને તાબે કરનાર.

કિષ્કિંધ ૧. [સં.] પું. એ નામના દેશનો એક પર્વત; કિષ્કિંધ્ય.

૨. પું. મ્હૈસુરની આસપાસના દેશનું એક પ્રાચીન નામ. રામના સમયમાં આ દેશનો રાજા વાલી હતો.

કિષ્કિંધા ૧. [સં.] પું. દક્ષિણમાં આવેલ એ નામનો એક પહાડ; વિજયનગરના નિંબપુર નામના નાના પરાથી પૂર્વમાં એકાદ માઈલ દૂર આવેલો એક અંડાકાર ટેકરો. કહેવાય છે કે લંકા ઉપરની ચડાઈ વખતે રામચંદ્રે મારેલા વાલી વાનરનાં અસ્થિની રાખનો આ ઢગલો છે. તેનું બીજું નામ અનગંડી કે અનાગોંદી છે.

૨. પું. હિંદનો એ નામનો એક પ્રાચીન દેશ. યુધિષ્ઠિરના દિગ્વિજય વખતે સહદેવે તે જીતી લીધો હતો.

૩. સ્ત્રી. ઉન્નતિ. આત્મરામાયણમાં ઉન્નતિ માટે આ શબ્દ વાપરેલો છે.

૪. સ્ત્રી. દક્ષિણમાં આવેલ કિષ્કિંધ પર્વતની એક ગુફા.

૫. સ્ત્રી. મદ્રાસ ઇલાકામાં બેલારી પ્રાંતમાં હંપીની પાસે તુંગભદ્રા નદીના ઉત્તર કાંઠા આગળ આવેલું એક ગામ. તે ધારવાડમાં વિજયનગરથી ત્રણ માઈલ દૂર તુંગભદ્રાને દક્ષિણ કાંઠે અનગંડીની પાસે આવેલું છે. આ કિષ્કિંધાથી બે માઈલ નૈઋર્ત્યમાં આવેલ પંપા સરોવરથી ઇશાનમાં અંજનગિરિ આવેલો છે. તે ઉપર હનુમાનનો જન્મ થયાનું કહેવાય છે. કિષ્કિંધાથી સાઠ માઈલ છેટે શબરીનો આશ્રમ હતો. રામે વાલીને માર્યો ત્યારે કિષ્કિંધાની નજીકની એક ટેકરી ઉપર તેનો અગ્નિસંસ્કાર

થયો હતો. એ બધો પ્રદેશ શ્વેતચૂર્ણપાષાણનો બનેલો છે.

૬. સ્ત્રી. રામાયણનો એ નામનો એક કાંડ.

૭. સ્ત્રી. વાલીની રાજધાની; સુગ્રીવની રાજધાની ગોવળકોંડાનું અસલ નામ.

કિષ્કિંધાકાંડ પું. રામાયણનો એ નામનો એક ભાગ.

કિષ્કિંધી સ્ત્રી. કિષ્કિંધ પર્વતની એક ગુફાનું નામ.

કિષ્કિંધ્ય પું. એ નામનો એક પર્વત; કિષ્કિંધ.

કિષ્કિંધ્યાધિપ પું. વાલી નામનો વાનર રાજા.

કિષ્કુ ૧. પું. (પિંગળ) એ નામનો અનુષ્ટુપની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં બે તગણ અને ગુરુ લઘુ મળી આઠ અક્ષર હોય છે.

તા તા ગ લે થાય કિષ્કુ. રણપિંગળ

૨. પું. એક વેંતનું માપ.

૩. પું. કોણીની નીચેનો કાંડા સુધીનો ભાગ; કાંડું.

૪. પું. ખોપરીનો નીચેનો ભાગ.

૫. પું. ચોવીસ આંગળનું એટલે એક હાથનું માપ.

૬. પું. બાર આંગળનું માપ.

૭. પું. બેતાલીશ તસુનું માપ; પોણા બે ગજનું માપ.

બાર માત્રાનો એક તાલ થાય, બે તાલનો એક ગજ થાય, પોણા બે ગજનો એક કિષ્કુ થાય. × × × બાહુનું બીજું નામ કિષ્કુ છે. તે કિષ્કુ બેતાલીશ તસુનો થાય. રાજવલ્લભ

૮. પું. લંબાઈ માપવાનું એક માપ; કંસ.

૮ અંગુલ = ૧ ધનુર્મુષ્ટિ
૧૨ અંગુલ = ૧ વિતસ્તિ
૨ વિતસ્તિ + ૧ ધનુર્મુષ્ટિ = ૧ કિષ્કુ

૯. [સં.] વિ. ખરાબ.

૧૦. વિ. નીચ; હલકું.

કિષ્કુહસ્ત પું. (શિલ્પ) બે વેંત કે ચોવીસ આંગળનું માપ; 'સ્મૉલ ક્યુબિટ'.

કિસ ૧. પું. હફતો; કિસ્ત.

૨. [અં.] સ્ત્રી. ચુંબન.

૩. સ્ત્રી. પરમશુક્લ જાતિનો એક વર્ગ. જુઓ પરમશુક્લ.

૪. સ્ત્રી. મહેસૂલ.

૫. [સં. કઃ] સ. (હિંદી) કોણ; કયું; શું.

૧. કિસકા = કોનું.
૨. કિસને = કોણે.
૩. કિસ પર = કોના ઉપર.

૬. [સં. કીદશ] વિ. કંઈ લેખામાં નહિ એવું; તુચ્છ.

૭. વિ. કેટલું.

૮. વિ. કેવું.

કિસકદર ૧. [હિં.] વિ. કેટલું.

૨. અ. કેવી રીતે.

કિસકિસ વિ. કયા કયા.

કિસતરહ [હિં.] અ. કેવી રીતે; કેમ.

કિસતૌર જુઓ કિસતરહ.

કિસન ૧. [હિં.] પું. કૃષ્ણ.

૨. પું. ખેડૂત.

૩. સ્ત્રી. એ નામની એક કોમ.

૪. ન. એ નામની કોમનું માણસ.

૫. વિ. એ નામની કોમનું.

કિસનઈ [હિં.] સ્ત્રી. ખેડ; ખેતી.

કિસનાડ (કિસનાડ઼) [હિં.] પું. ખેડૂત.

કિસબ (ક઼િસબ) ૧. [અ. કસબ] પું. કળા; કારીગરી; હુન્નર.

૨. પું. કાબેલિયત; હોશિયારી; ચાલાકી.

૩. પું. ધંધો; રોજગાર.

૪. પું. નકસી.

૫. પું. રેશમ સાથે વણેલો સોનારૂપાનો તાર; જરી.

૬. પું. લુચ્ચાઈ; અનીતિનું કામ.

કિસબણ ૧. સ્ત્રી. કસબણ; કસબી સ્ત્રી.

૨. સ્ત્રી. વેશ્યા; રંડી.

કિસબત જુઓ કિસ્બત.

કિસબતનામા ન. હજામ વગેરેનો ઇતિહાસ અને તેઓના ધંધા માટેની સૂચના જેમાં હોય તેવું પુસ્તક.

કિસબસ પું. પખાલી; ભિસ્તી.

કિસબી (ક઼િસબી) ૧. [અ. કિસબ] પું. અતિકુશળ કારીગર.

૨. વિ. કાબેલ; હોશિયાર; ચાલાક.

૩. વિ. બુટ્ટાદાર.

૪. વિ. હુન્નરી; કળાવાન; શિલ્પી.

કિસમ (ક઼િસમ) જુઓ કિસ્મ.

કિસમવાર (ક઼િસમવાર) [અ. કિસ્વાર] અ. જાતવાર.

કિસમિસ [ફા. કિશ્મિશ] સ્ત્રી. (હિંદી) નાના દાણાની લાલ સૂકી દ્રાક્ષ.

કિસમિસી ૧. પું. સુતરાઉ કાપડનો એક રંગ.

૨. વિ. એ નામના રંગનું.

કિસલ જુઓ કિસલય.

કિસલય [સં. કિશલય] ન. કૂંપળ; પલ્લવ; ટીશી.

કિસલિયે [હિં.] અ. શા માટે; કયા કારણથી.

કિસવકત (ક઼િસવક઼્ત) [હિં.] અ. ક્યારે.

કિસવત ૧. [અ.] સ્ત્રી. આકૃતિ; રીત.

૨. સ્ત્રી. કપડાં; પહેરવેશ.

કિસવાસ્તે [હિં.] અ. શા માટે; ક્યા કારણથી.

કિસસ (ક઼િસસ) [અ.] સ્ત્રી. વ. વ. વાર્તાઓ.

કિસાન ૧. [સં. કૃષિમાન; પ્રા. કિસાન] પું. કૃષિકાર; ખેડૂત.

૧. કિસાન કદીમ = ઘણા વખતથી જામેલો ખેડૂત.

૨. કિસાન ગત = ખેડ; ખેતીનો ધંધો; કિસાની.

૩. કિસાન પાર્ટી = કૃષકદલ; ખેતીના ઉત્તેજન માટે કામ કરતો રાજદ્વારી પક્ષ.

૨. પું. ગામડિયો.

કિસાનસંઘ પું. ખેડૂતસંઘ.

કિસાની ૧. [હિં.] સ્ત્રી. ખેતી; ખેડ; કૃષિકર્મ.

૨. વિ. ખેતી સંબંધી.

કિસામત (ક઼િસામત) [અ.] સ્ત્રી. સોગન પાળવા તે.

કિસારી [હિં.] સ્ત્રી. એક જાતનું કઠોળ.

કિસાસ (ક઼િસાસ) ૧. પું. બદલાનો સિદ્ધાંત.

૨. [અ. કસ (તેણે કાપ્યું)] પું. મોતની સજા.

૩. પું. હાયકારો; નિસાસો.

કિસાંડ ૧. [હિં.] પું. આપ નામદાર.

૨. પું. દેવ.

૩. પું. ધર્મગુરુ.

૪. પું. ધર્મી પુરુષ.

૫. પું. પતિ; ધણી.

૬. પું. પરમેશ્વર.

૭. પું. પૈસાદાર માણસ.

કિસી [સં. કિમ્] સ. (હિંદી) કોઈ.

૧. કિસી એક = કોઈ એક; અમુક.

૨. કિસી કદર = અમુક જથ્થામાં; અમુક અંશે.

૩. કિસી કા = કોઈનું.
૪. કિસી ન કિસી = કોઈ એક.
૫. કિસીને = કોઈકે.
૬. કિસીસે = કોઈ પાસેથી.

કિસૂ [હિં.] સ. કોઈ.

કિસે ૧. [હિં.] સ. કોનું.

૨. સ. કોને.

કિસેહ સ્ત્રી. હાથના મોજા જેવી કોથળી.

કિસેં અ. ક્યાં.

કિસો વિ. કોના જેવું.

કિસ્ટ સ્ત્રી. બક્ષિશ.

કિસ્ટાન [અં. ક્રિશ્ચિયન] વિ. ખ્રિસ્તી.

કિસ્ત ૧. [ફા. કિસ્ત (ભાગ)] સ્ત્રી. કાંધાનો વખત.

૨. સ્ત્રી. કાંધાં ભરીને કરજ આપવું તે.

૩. સ્ત્રી. ખંડણી; રાજકર.

૪. [ફા. કિશ્તન (વાવવું)] સ્ત્રી. ખેડ; ખેતી.

૫. સ્ત્રી. મહેસૂલ; ખેડૂતે ભરવાનું જમીન ઉપરનું ભાડું.

૬. સ્ત્રી. મહેસૂલ ભરવાનો હફતો.

૭. સ્ત્રી. વાવેતર.

૮. સ્ત્રી. વાવેલું ખેતર.

૯. સ્ત્રી. શેતરંજનો એક દાવ; શેહ.

૧૦. સ્ત્રી. હફતો; કાંધું.

૧. કિસ્ત બાંધવા = હફતાથી ભરવું.

૨. કિસ્તે મું કઝી = નહિ ભરેલો હફતો.

૧૧. સ્ત્રી. હાર; પરાજય.

૧૨. વિ. કેદમાં પડેલું.

૧૩. વિ. હારેલું; પરાજય પામેલું.

કિસ્તકાર [ફા.] વિ. કરજ અથવા વેરો હફતાથી ભરનાર.

કિસ્તબંદી ૧. [ફા.] સ્ત્રી. કરજ ચૂકવવાના હફતા નક્કી કરવા તે.

૨. સ્ત્રી. કિસ્તથી રકમ આપવી તે; કાંધું કરવાપણું.

૩. સ્ત્રી. હફતેથી વિઘોટીનું ભરણું.

કિસ્તબંધી જુઓ કિસ્તબંદી.

કિસ્તવાર ૧. [ફા.] અ. કાંધા કરીને; હફતાથી.

૨. અ. કાંધે કાંધે; દરેક કાંધે.

કિસ્તી ૧. [ફા.] સ્ત્રી. નાવ; વહાણ; હોડી.

કિસ્તી ઝુકાવવી = ઝંપલાવવું.

૨. સ્ત્રી. મોટી રકાબી; અડાળી.

કિસ્તુઘ્ન ન. (જ્યોતિષ) જૈન સૂત્ર પ્રમાણે અગિયાર માંહેનું એક કરણ.

કિસ્બણ ૧. [અ. કસબ (હુન્નર)] સ્ત્રી. કસબી સ્ત્રી; કળાવતી.

૨. સ્ત્રી. ગાનારી સ્ત્રી.

૩. સ્ત્રી. વેશ્યા; કુલટા.

કિસ્બત ૧. [અ.] સ્ત્રી. ભિસ્તી લોકોને પહેરવાનો ચામડાનો કટકો. તે તેના કૂલા ઉપર રાખે છે અને તેના ઉપર પોતાની મશક એટલે પાણીની કોથળી રાખે છે.

૨. સ્ત્રી. વાળંદની કોથળી.

૩. સ્ત્રી. શસ્ત્રવૈદ્યની પેટી.

કિસ્બાતણ જુઓ કિસ્બણ.

કિસ્મ (ક઼િસ્મ) ૧. સ્ત્રી. એક ધણીને એકથી વધુ સ્ત્રી હોય ત્યારે તેના સંભોગની સમાન ભાગે કરાતી વહેંચણ.

૨. [અ. કસમ (તેણે વહેંચ્યું)] સ્ત્રી. જાત; વર્ગ; વિભાગ.

૧. કિસ્મે અવ્વલ = પહેલી અથવા મુખ્ય જાત.

૨. કિસ્મે મુકદ્દમા = દાવાની જાત.

૩. સ્ત્રી. તરેહ; રીત.

૪. સ્ત્રી. વહેંચણ.

કિસ્મત (ક઼િસ્મત) ૧. સ્ત્રી.; ન. ઇલાકાનો એક ભાગ. જ્યારે કોઈ પરગણાનો ભાગ એક જમીનદાર પાસેથી બીજા જમીનદાર પાસે જાય ત્યારે તે દરેક ભાગ કિસ્મત પરગણું કહેવાય છે.

૨. [અ.] સ્ત્રી.; ન. નસીબ; ભાગ્ય; તકદીર; પ્રારબ્ધ.

૧. કિસ્મત અજમાવવું = ભાગ્યની પરીક્ષા કરવી.

૨. કિસ્મત ઊલટી જવું–પલટવું–ફરવું = ભાગ્ય ફરવું; નસીબ બદલાવું.

૩. કિસ્મત ખૂલવું-જાગવું = ભાગ્ય સારૂં થવું; ભાગ્યોદય થવો.

૪. કિસ્મત ફૂટવું = ભાગ્ય મંદ થવું; ભાગ્યહીન થઈ જવું.

૫. કિસ્મતના ફેર = નસીબનું ચક્ર.

૬. કિસ્મતના હેઠા = ભાગ્યહીન પુરુષ.

૩. [અ. કસમ (તેણે વહેંચ્યું)] સ્ત્રી.; ન. ભાગ; હિસ્સો.

૪. સ્ત્રી.; ન. વહેંચણી.

૫. સ્ત્રી.; ન. સાદો ભાગાકાર.

કિસ્મત કરવું = ભાગવું; ભાગ પાડવા; વહેંચવું.

કિસ્મતનામા (ક઼િસ્મતનામા) [ફા.] ન. ભાગ પડી ગયાનો દસ્તાવેજ; વહેંચણીનો દસ્તાવેજ.

કિસ્મતબાજ (ક઼િસ્મતબાજ) [ફા.] પું. જ્યોતિષી; જોશી.

કિસ્મતબાજી (ક઼િસ્મતબાજી) [ફા.] સ્ત્રી. નસીબનો ખેલ; નસીબ અજમાવવું તે.

કિસ્મપથ્થર પું. કાચમણિ; એક જાતનો પથ્થર.

કિસ્મવાર (ક઼િસ્મવાર) ૧. અ. જાતવાર; વર્ગ પ્રમાણે; ભાગવાર.

૨. અ. પ્રત; વાર.

કિસ્યૂં ૧. [સં. કીદૃશ; અપ. કઈસ] સ. કોનું.

૨. વિ. (જૂ. ગુ.) કેવું; કેવા પ્રકારનું.

કિસ્વત જુઓ કિસ્બત.

કિસ્વાત પું. જામો; ઝભ્ભો.

કિસ્સા (ક઼િસ્સા) ૧. પું. બનાવ; કિસ્સો.

૨. સ. કોનું.

કિસ્સાકહાની (ક઼િસ્સાકહાની) ૧. સ્ત્રી. જૂઠી કલ્પિત કથા.

૨. [હિં.] સ્ત્રી. ઝઘડો.

૩. સ્ત્રી. વાર્તા; વર્ણન.

કિસ્સાખાન (ક઼િસ્સાખાન) વિ. વાત્તો કહેનાર.

કિસ્સાખુઆ (ક઼િસ્સાખુઆ) પું. વાર્તા કહેવાવાળો માણસ.

કિસ્સો (ક઼િસ્સો) ૧. [અ. કસ્સ (તેણે વર્ણન કર્યું)] પું. કહાણી; વાત; કથા; આખ્યાન.

૨. પું. કેસ ચાલવો તે.

૩. પું. ચમત્કારી વાત; અદ્ભુત કથા.

૪. પું. પ્રપંચ; તરકટ.

૫. પું. યુક્તિ; હિકમત; જુટ્ટો.

૬. પું. વાદવિવાદ; કજિયો; ઝઘડો; તકરાર.

૧. કિસ્સા કોતાહ કરવો = (૧) કજિયો પતાવવો. (૨) ટૂંકામાં કહેવું.

૨. કિસ્સા પાક કરવો = (૧) કજિયાનો ફેંસલો આપવો. (૨) દેવામાંથી મુક્ત કરવું. (૩) મારી નાખવું.

૩. કિસ્સો ઉઠાવવો–કરવો–ખડો કરવો = (૧) કજિયો કરવો; તકરાર કરવી. (૨) પ્રપંચ કરવો; તરકટ કરવું. (૩) યુક્તિ શોધી કાઢવી.

૭. પું. વાર્તા; કલ્પિત કથા.

૮. પું. વૃત્તાંત; સમાચાર; બનાવ.

કિહ [ફા.] વિ. નાનું; હલકું.

કિહતર [ફા.] વિ. ઓછું; હલકું.

કિહતરી [ફા.] સ્ત્રી. ઓછાપણું.

કિહતરીન [ફા.] વિ. સૌથી ઓછું.

કિહાડો (કિહાડ઼ો) પું. (જૂ. ગુ.) એક જાતનો ઘોડો; ક્યારડો.

સૂડા પંખી નઈ કિહાડા એક નીલડા રંગી.
કાન્હડદેપ્રબંધ

કિહાન અ. નજીક.

કિહાનત (ક઼િહાનત) ૧. [અ.] સ્ત્રી. ધર્મગુરુની પદવી.

૨. સ્ત્રી. ભવિષ્ય કહેવું તે.

કિહાલ (ક઼િહાલ) [અ.] ન. બ. વ. ત્રીશથી પચાસ વરસ સુધીનાં પાકી ઉંમરનાં માણસ.

કિહાં અ. (જૂ. ગુ.) ક્યાં.

કવલ વિમલ તે કિહાં હતુ, બોલૂં તસ ઉતપત્તિ;
ધર્મ કાજ કીધાં કિશાં, ચતુર સુણઉ એકચિત્તિ.
વિમલપ્રબંધ

કિહિ અ. કે. પાદપૂરક તરીકે તે વપરાય છે.

કિહિણ [સં. કથન] ન. કહેણ.

કિહ્વિવા અ. કહેવા માટે.

કિહીન [ફા.] વિ. બહુ નાનું.

કિહીના જુઓ કિહીન.

કિળેળાટ પું. પક્ષીઓનો કલબલાટ.

કિં [સં.] અ. શું.

કિંકણી ૧. સ્ત્રી. એક જાતની ખાટી દ્રાક્ષ.

૨. [સં.] સ્ત્રી. કંકણ; સ્ત્રીઓને હાથે પહેરવાનું કાંગરાવાળું વલય.

૩. સ્ત્રી. ધાઘરાની નાડી.

૪. સ્ત્રી. ઘૂઘરીવાળો કંદોરો; ક્ષુદ્રઘટિકા; કાંચી; ઘૂઘરમાળ.

કટિ **કિંકણી** રણઝણે ઘૂઘરીના ઘમકાર.
પ્રસ્થાન

૫. સ્ત્રી. નાની ઘંટડી; ઘૂઘરી.

કિંકર ૧. પું. (પુરાણ) એ નામનો એક રાક્ષસ. વિશ્વામિત્રની આજ્ઞા વડે એણે કલ્માષપાદ રાજાના શરીરમાં પ્રવેશ કર્યો હતો.

૨. [સં. કિં (શું) + કૃ (કરવું)] પું. દાસ; ચાકર; નોકર; સેવક; ગુલામ.

વિધિકર **કિંકર** દાસ અને સેવક અનુગ પદાતિ,
ભૃત્ય ફરે રતિનાથ સમા, છબી વરણી નથી જાતી.
પિંગળલઘુકોષ

૩. સ્ત્રી. રાક્ષસોની એક જાતિ. તેનો પ્રમદાવન ઉજ્જડ કરતી વખતે હનુમાને નાશ કર્યો હતો.

કિંકરતા જુઓ કિંકરત્વ.

કિંકરત્વ [સં.] ન. સેવકપણું; દાસત્વ.

કિંકરી ૧. [સં.] સ્ત્રી. દાસી; ચાકરડી; સેવિકા; ગુલામડી.

ભૃત્યા દાસી **કિંકરી** ચેટી ભરતી અંભ,
શોભત મણિમય ચોકમાં કોઈ ઉરવરી કો રંભ.
પિંગળલઘુકોષ

૨. સ્ત્રી. સ્ત્રીઓને કમરે પહેરવાનું વસ્ત્ર.

દધિ સ્યું પાત્ર તે શિરથી ઢળિયું જી,
કટિ **કિંકરીને** નીલાંબર ચળિયું જી.
નરસિંહ

કિંકર્તવ્ય [સં.] ન. શું કરવું અથવા શું ન કરવું તેનો વિચાર કરવાપણું.

કિંકર્તવ્યતા ૧. [સં.] સ્ત્રી. કર્તવ્ય શું છે તેની સૂઝ ન પડે એવી સ્થિતિ; કર્તવ્ય શું છે એવો સવાલ ઊઠે એવી દશા.

૨. સ્ત્રી. શું કરવાનું છે તે જાણવાપણું.

કિંકર્તવ્યતામૂઢ [સં.] વિ. પોતાની ફરજનું ભાન ન હોય એવું; કિંકર્તવ્યતાથી મૂંઝાયેલું; શું કરવું તેની ખબર પડે નહિ એવું.

કિંકર્તવ્યમૂઢ ૧. [સં.] વિ. પોતાની ફરજની ખબર ન પડે એવું મૂઢ; કિંકર્તવ્યતાને પરિણામે મૂઢ એટલે ગભરાયેલું કે બેબાકળું બનેલું.

૨. વિ. મતિમંદ; નાદાન.

કિંકર્ત્તવ્ય જુઓ કિંકર્તવ્ય.

કિંકર્ત્તવ્યતા જુઓ કિંકર્તવ્યતા.

કિંકર્ત્તવ્યતામૂઢ જુઓ કિંકર્તવ્યતામૂઢ.

કિંકર્ત્તવ્યમૂઢ જુઓ કિંકર્તવ્યમૂઢ.

કિંકાજ સ્ત્રી. સલાહ; શિખામણ.

કિંકાડો (કિંકાડ઼ો) પું. એક જાતનો ઘોડો.

કિંકાર્યતા સ્ત્રી. શું કરવાપણું.

કિંકાશ સ્ત્રી. સલાહ; શિખામણ.

કિંકિકેસ પું. વાળ, નખ અને દાંતને નુકસાન કરે તેવો જંતુ.

કિંકિણ પું. (પુરાણ) સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના વંશમાં જન્મેલા સાત્વતના દીકરા ભજમાનનો બીજી સ્ત્રીથી થયેલા ત્રણ માંહેનો બીજો દીકરો.

કિંકિણાટ પું. કિંકિણીના જેવો ખણખણ અવાજ.

કિંકિણી ૧. સ્ત્રી. એક જાતની ખાટી દ્રાક્ષ.

૨. [સં.] સ્ત્રી. કટિભૂષણ; કમરનું ઘરેણું; સ્ત્રીઓ કે બાળકોને પહેરવાનો ઘૂઘરીવાળો કંદોરો.

૩. સ્ત્રી. કંકણ; કાંગરાવાળું વલય.

૪. સ્ત્રી. ઘૂઘરી; નાની ઘંટડી.

ચિંધ પતાકા **કિંકિણી** કવાણી કરી જાણીયઈ.
પૃથ્વીચરિત્ર

૫. સ્ત્રી. ઘૂઘરી જેવાં ફળવાળું એક જાતનું ઝાડ; વિકંકત.

૬. સ્ત્રી. દેવીની એક સ્તુતિ.

કિંકિણીકાશ્રમ [સં.] ન. એ નામનું એક તીર્થ.

કિંકિણીધર વિ. ઘૂઘરીવાળો કંદોરો પહેર્યો હોય એવું.

કિંકિણીસ્વભાવજ્ઞ [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

કિંકિર ૧. [સં.] પું. કામદેવ.

૨. પું. કોયલ.

૩. પું. ઘોડો.

૪. પું. ભમરો.

૫. પું. રાતો રંગ.

૬. ન. હાથીનું ગંડસ્થળ; હાથીનું લમણું.

૭. વિ. રાતા રંગવાળું.

૮. વિ. રાતા લોહીવાળું.

કિંકિરા [સં.] સ્ત્રી. લોહી.

કિંકિરાટ પું. રામબાવળ; દેવબાવળ; એક જાતનું ઝાડ.

કિંકિરાત ૧. [સં.] પું. અશોક; આસોપાલવનું ઝાડ.

૨. પું. કામદેવ.

૩. પું. કોયલ.

૪. પું. પરાગ; પુષ્પરજ; ફૂલ માંહેની પીળી રજ.

૫. પું. પોપટ.

૬. પું. રામબાવળ; દેવબાવળ; એક જાતનું ઝાડ.

કિંકિંણી ન. એક પ્રકારનું ભયંકર અસ્ત્ર.

કિંક્ષણ વિ. આળસુ; સુસ્ત.

કિંખિ ૧. [સં.] પું. વાંદરો.

૨. પું. શિયાળ.

કિંગ [અં.] પું. રાજા.

કિંગ ક્રો [અં.] પું. કાળો કોશી; ઢેંચિયો; ઢેંચો.

કિંગડી (કિંગડ઼ી) જુઓ કિંગરી.

કિંગરા સ્ત્રી. સલાહ; શિખામણ.

કિંગરી [હિં.] સ્ત્રી. વીણા જેવું એક સંગીતનું વાદ્ય. એ વીણા કરતાં કંઈક નાનું હોય છે.

કિંગલાણ ૧. ન. અતિ આનંદ; અત્યંત હરખાઈ જવું તે; મલકાટ; કિંગલાવું તે.

કિંગલાણે ચડવું = હરખાઈ જવું; મલકાટ કરવો; આનંદમગ્ન થઈ જવું.

૨. ન. હર્ષધ્વનિ; કિંગલાવાનો આનંદસૂચક અવાજ.

કિંગલાવું અ. ક્રિ. અતિ આનંદ ધરવો; હરખાવું; ખૂબ ખુશ થવું.

કિંગાઈશ [હિં.] સ્ત્રી. લોભ; કંજૂસાઈ.

કિંગાશ [ફા.] સ્ત્રી. સલાહ.

કિંગી સ્ત્રી. પાછળથી બોલાતી ખરાબ લોકવાણી; બેઆબરૂ; અપયશ; અપકીર્તિ.

કિંગીરી [સં. કિન્નરી] સ્ત્રી. (હિંદી) નાની સારંગી.

કિંચ ૧. અ. અને; વળી.

૨. અ. આરંભ, સમુચ્ચય, સાકલ્ય અને સંભાવના બતાવનાર અવ્યય.

કિંચકેશ્વરી સ્ત્રી. મયૂરભંજના રાજકુટુંબની કુળદેવી.

કિંચન ૧. પું. એક જાતનું ખાખરાનું ઝાડ.

૨. ન. દ્રવ્ય; ધન.

૩. વિ. કંઈક; જરાપણ; લગારેક; થોડુંક.

૪. અ. થોડું; જરા.

કિંચનતા [સં.] સ્ત્રી. કંઈકપણું; થોડાપણું.

કિંચનત્વ જુઓ કિંચનતા.

કિંચલી [હિં.] સ્ત્રી. સર્પની કાંચળી.

કિંચલુક પું. એક જાતનો કીડો; કિંચિલૂક.

કિંચિ [હિં.] વિ. થોડું.

કિંચિજ્જ્ઞ વિ. ઉપરચોટિયું જાણનાર; વેદિયું.

કિંચિત્ ૧. [સં.] વિ. થોડુંક; અલ્પ.

૨. વિ. નામનું; નામમાત્ર.

૩. અ. જરા; લગાર; સહેજસાજ; કંઈક.

કિંચિત્કર [સં.] વિ. કંઈક કરે એવું; ઉપયોગી.

કિંચિત્પરિહાણી સ્ત્રી. યૌવનની સંપૂર્ણતા પછીની અવસ્થા. આ અવસ્થામાં ધીરે ધીરે શરીરના એક અથવા અનેક અવયવોમાં કોઈને કોઈ પણ પ્રકારની નિર્બળતા કે અસહનશીલતા વગેરે વૃદ્ધાવસ્થાનાં ચિહ્નો દેખાવા લાગે છે.

કિંચિત્પાણિ [સં.] પું. કંપનિશાહી એક રૂપિયાભારનું વજન; ૧ કર્ષનું વજન.

૨ કોલનો ૧ કર્ષ (કંપનિશાહી ૧ રૂપિયાભાર). તેનાં પાણિમાનિકા, અક્ષ, પિચૂ, પાણિતલ, **કિંચિત્પાણિ**, તંદુક, બિડાલપદક, ષોડશિકા, કરમધ્ય, હંસપદ, સુવર્ણ, કવલગ્રહ અને ઉદુંબર વગેરે નામો છે.
યોગચિંતામણિ

કિંચિત્માત્ર ૧. [સં.] ન. નજીવી વસ્તુ.

૨. ન. નજીવું પ્રાણી.

૩. વિ. થોડું પણ.

૪. અ. થોડુંક; કંઈક; જરા; લેશ.

કિંચિદ્દિપ [સં.] અ. જરાપણ; જરાક.

કિંચિદૂન [સં.] વિ. કંઈક ઓછું.

કિંચિલૂક પું. એક જાતનો કીડો; કિંચલુક.

કિંજપ્ય [સં.] ન. મહાભારતમાં જણાવેલું એક પ્રાચીન તીર્થ.

કિંજલ ન. બદામની જાતનું એક ઝાડ; હોનલ.

કિંજલ્ક ૧. [સં. કિઞ્જલ્ક] પું. (પિંગળ) દરેક ચરણમાં ચૌદ માત્રા હોય એવો એક માત્રામેળ છંદ. તેમાં ગુરુ લઘુનો નિયમ નથી. ૧, ૫, ૯, ૧૩ માત્રાએ તાલ આવે છે.

કલ ચરણે ચૌદ થાય છે,
પ્રથમ કલે પેલી તાલ છે,
શ્રુતિ શ્રુતિ ચડતી વળી કરે,
કિઞ્જલ્ક થાય એમ ખરે.
રણપિંગળ

૨. ન. કમળના ફૂલનો પરાગ.

૩. ન. મકરંદ; પરાગ; પુષ્પરજ.

૪. વિ. કમળના કેસર જેવા પીળા રંગનું.

કિંજલિક પું. (પિંગળ) પાંચ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે સુપ્રતિષ્ઠાનો એક ભેદ છે. તેમાં દરેક ચરણમાં તગણ, ગુરુ અને લઘુ મળી પાંચ અક્ષર હોય છે.

કિંજલિકની ૧. સ્ત્રી. પુષ્પની માળા; ફૂલહાર.

૨. સ્ત્રી. સ્વચ્છ કમળોની માળા.

૩. વિ. સ્ત્રી. પરાગવાળી.

કિંજળી સ્ત્રી. એક જાતનું લાંબાં પાનવાળું મોટું ઝાડ. તેનું લાકડું ઇમારતી કામમાં વપરાય છે. તેની લાકડી જાદૂ વગેરે ન ચાલે તે માટે લોકો પોતાની પાસે રાખે છે. કોલેરા, કાનના રોગ, વિસર્પ, વિસ્ફોટક અને અફીણના ઉતાર ઉપર તેનાં પાન ઉપયોગી છે. તેને કિંદળ પણ કહે છે.

કિંડ [હિં.] સ. કોણ; કયું.

કિંડરગાર્ટન ન. પદાર્થપાઠ, રમકડાં, રમત વગેરે દ્વારા બાળકોનો માનસવિકાસ સાધનારી શાળા; બાલોદ્યાન; બાલવાટિકા. તેમાં છોકરાંને રમૂજ સાથે જ્ઞાન આપવામાં આવે છે.

કિંડરગાર્ટનપદ્ધતિ સ્ત્રી. ગમ્મત સાથે જ્ઞાન આપવાની બાળશિક્ષણની એ નામની એક પદ્ધતિ. તે એક જર્મન વિદ્વાન ફ્રોબેલે શોધી કાઢી છે. તેમાં એક બગીચામાં નાનાં નાનાં બચ્ચાંઓ માટે નિશાળ ખોલી હતી અને તેમાં છોકરાં રાજી થાય અને આંક તથા અક્ષરનું જ્ઞાન મેળવે તેવી ચીજો એકઠી કરી હતી. કિન્ડર એટલે બાળકો અને ગાર્ડન એટલે વાડી એટલે કે બાળકોનો બાગ એવો આ પદ્ધતિનો અર્થ થાય છે. કિંડરગાર્ટન શબ્દ જર્મન છે. આ પદ્ધતિના મુખ્ય ત્રણ સિદ્ધાંત છેઃ ૧ ઐક્ય, ૨ આંતર વિકાસ અને ૩ પરસ્પર સંબંધ. આ પદ્ધતિમાં શિક્ષક કેંદ્રસ્થાને છે. શિક્ષકનું કાર્ય જ્ઞાન રેડવાનું, રસ ઉત્પન્ન કરવાનું અને પ્રેમ મેળવવાનું છે. શિક્ષક વિના બાળકો પોતાનું કામ પોતાની મેળે ક્ષણવાર ચલાવી શકતાં નથી; કારણકે આ પદ્ધતિથી શીખતાં ત્રણથી સાત વર્ષની ઉમરનાં બાળકો પરાવલંબી છે; માટે નાનાં બાળકોને તેના કામમાં પ્રેમથી મદદ કરવી જોઈએ. આ પદ્ધતિમાં સમૂહશિક્ષણની વ્યવસ્થા છે. મોન્ટેસોરી પદ્ધતિની પેઠે વ્યક્તિવિકાસને તેમાં બહુ ઓછો અવકાશ છે.

કિંતનુ [સં.] પું. એક જાતનો આઠ પગવાળો કીડો; કરોળિયો.

કિંતુ ૧. [સં.] અ. પણ; તોપણ; પરંતુ.

૨. અ. શા માટે; શા કારણથી; કેમ.

કિંતુઘ્ન [સં.] પું. (જ્યોતિષ) અગિયાર માંહેનું એક કરણ.

કિંદત [સં.] પું. મહાભારતમાં વર્ણવેલ પુણ્યતીર્થરૂપી એક પ્રાચીન કૂવો.

કિંદમ પું. (પુરાણ) મૃગ રૂપ ધારણ કરી મૃગી સાથે મૈથુન કરતાં પાંડુ રાજાને હાથે મરણ પામેલ એ નામનો એક ઋષિ. તારી સ્ત્રી સાથે મૈથુન કરતાં જ તારું મૃત્યુ થશે, એવો તેણે પાંડુ રાજાને શાપ આપ્યો હતો.

કિંદરૂ ૧. પું. એક જાતની વનસ્પતિ. તે ખસ ઉપર ઉપયોગી છે અને ધૂપ તરીકે વપરાય છે.

૨. પું. સૌરાષ્ટ્ર દેશ.

કિંદર્ભ પું. (પુરાણ) એ નામનો એક ઋષિ.

કિંદાન [સં.] ન. મહાભારતમાં જણાવેલ એક પ્રાચીન તીર્થ.

કિંદાસ [સં.] પું. હલકો નોકર.

કિંદુબિલ્વ [સં.] ન. બંગાળાનું એ નામનું એક ગામ. તે અજય નદીને કાંઠે આવેલ છે. ત્યાં ગીતગોવિંદનો કર્તા વૈષ્ણવ કવિ જયદેવ ઉત્પન્ન થયો હતો.

કિંદુરી સ્ત્રી. (હિંદી) ઘીમાં તળેલી એક મીઠાઈ.

કિંધિની [સં.] સ્ત્રી. ઘોડી.

કિંધુર ન. (પુરાણ) દ્રૌપદીના સ્વયંવરમાં મત્સ્યવેધ માટે નિર્માણ કરેલું ધનુષ્ય.

કિંનુ [સં.] અ. પ્રશ્ન, વિતર્ક, સાદૃશ્ય, વિકલ્પ અને સ્થાન બતાવનાર એક અવ્યય.

કિંપચ ૧. [સં.] વિ. કૃપણ; લોભી; કંજૂસ.

૨. વિ. દીન; ગરીબ.

કિંપચાન જુઓ કિંપચ.

કિંપાક ૧. [સં.] પું. એ નામનું ઝેરી ફળવાળું એક ઝાડ. તેનું ફળ જોવામાં રમણીય અને ખાવામાં અતિ મધુર હોય છે; પરંતુ ખાધા પછી થોડી જ વારમાં મૃત્યુ નીપજાવે છે.

૨. પું. મહાકાળ નામનો એક વેલો.

૩. પું. માતાએ આપેલું શિક્ષણ.

કિંપિ સ. (જૂ. ગુ.) કંઈ પણ; કંઈક.

સવિહું બેઠા મુજ નહુંતરી,
જિમણ સજાઈ **કિંપિ** ન કરી.
લાવણ્યસમય

કિંપુના સ્ત્રી. મહાભારતમાં વર્ણવેલી એક પ્રાચીન નદી.

કિંપુનઃ [સં.] અ. તેમાં તો કહેવું જ શું એવી મહત્તાવાળો નિશ્ચય દર્શાવનાર શબ્દ.

કિંપુરુષ ૧. પું. (પુરાણ) આગ્નીધ્રના નવ માંહેનો બીજો દીકરો. એ મેરુની કન્યા પ્રતિરૂપાને પરણ્યો હતો. એનો દેશ એના જ નામ વડે પ્રસિદ્ધ હતો.

૨. [સં. કિમ્ (શું) + પુરુષ] પું. એક પ્રકારની દેવયોનિ; કિન્નર; અશ્વમુખ; સ્વર્ગનો ગવૈયો.

૩. પું. જંબુદ્વીપના નવ ખંડ માંહેનો એક. તેની ઉત્તરે હેમકૂટ પર્વત, દક્ષિણે હિમાલય અને

પૂર્વપશ્ચિમે ક્ષીરસમુદ્ર છે. આનું બીજું નામ હૈમવતવર્ષ પણ છે. ત્યાં કિન્નર નામની દેવયોનિની વસતી છે. આગ્નીધ્રનો દીકરો કિંપુરુષ અહીંનો અધિપતિ હતો. કેટલાક તેને હાલના નેપાળ કે તિબેટ તરીકે ઓળખે છે. ત્યાં રાજસૂય દિગ્વિજય માટે અર્જુન ગયો હતો. પરીક્ષિત રાજાએ આ ખંડ જીતી લીધો હતો.

૪. પું. નીચ માણસ; ખરાબ પુરુષ.

૫. પું. પ્રાચીનકાળની એક જંગલી પહાડી મનુષ્યજાતિ. રામાયણમાં લખ્યું છે કે, કિંપુરુષ લોકો જંગલ કે પહાડોમાં ઝૂંપડાં બાંધીને રહેતા અને ફળ ખાઈને નિર્વાહ કરતા.

૬. પું. પ્રાણીના જેવા દેખાવવાળો પુરુષ.

૭. પું. વર્ણસંકર; તુચ્છ પુરુષ.

૮. પું. (જૈન) વ્યંતર દેવતાની એક જાતિ; વ્યંતર નિકાયના આઠ પ્રકારના દેવ માંહેના એક. કહેવાય છે કે આ દેવો સુંદર અને મનોહર આકૃતિવાળા હોય છે. તેમનાં સાથળો અને ભુજા અત્યંત રૂપવંત તેમ જ સુખાકારી સ્પર્શવાળાં હોય છે. તેઓ વિવિધ પ્રકારનાં આભૂષણો પહેરનારા છે.

૯. પું. હિમાલયની ઉત્તરમાં રહેતા એ નામના લોક.

કિંપુરુષકંઠ [સં.] પું. (જૈન) એક જાતનું રત્ન.

કિંપુરુષખંડ જુઓ કિંપુરુષ ૩.

કિંપુરુષપર્વ જુઓ કિંપુરુષ ૩.

કિંપુરુષવર્ષ જુઓ કિંપુરુષ ૩.

કિંપુરુષેશ્વર [સં.] પું. કુબેર.

કિંપુરુષેંદ્ર ૧. પું. (જૈન) કિન્નર નિકાયની ઉત્તર દિશાના ઇંદ્ર.

૨. પું. કુબેર.

કિંપુરુષોતમ પું. (જૈન) કિન્નર નામના વ્યંતરના દશ માંહેનો એક પ્રકાર.

કિંપૂરુષ જુઓ કિંપુરુષ.

કિંબર્લી ન. દક્ષિણ આફ્રિકમાં આવેલું કેપ ટાઉનનું એક શહેર. તે હીરાની ખાણ માટે ખાસ પ્રખ્યાત છે.

કિંબહુના ૧. [સં.] અ. ઊલટ પક્ષે; ઊલટી રીતે; ઊલટું.

૨. અ. ટૂંકામાં; સંક્ષેપમાં; થોડા શબ્દમાં.

૩. અ. વિશેષ કહેવાથી શું; એટલું જ બસ; વધારે શું.

કિંબોડિયા (કિંબોડ઼િયા) ૧. ન. વગર પીતનું એટલે માત્ર વરસાદના પાણીથી જ ઊગેલું બીજા વર્ગનું રૂ.

૨. ન. હિંદી પહેલા નંબરનું, લાંબા તારવાળું રૂ.

કિંમત જુઓ કીમત.

કિંમતી જુઓ કીમતી.

કિંમધ્ય [સં.] વિ. અસાર; નકામું; નિરર્થક.

કિંમય વિ. (જૈન) આનું શું સ્વરૂપ છે કે આમાં પ્રધાનપણે શું છે એવા પ્રશ્નાર્થમાં વપરાતું એક વિશેષણ.

કિંવદંતિ ૧. [સં.] સ્ત્રી. લોકવાયકા; અફવા; જનાપવાદ; કહેતી; ગામગપાટો.

૨. સ્ત્રી. સાચો કે જૂઠો લોકોએ મૂકેલો અપવાદ.

કિંવદંતી જુઓ કિંવદંતિ.

કિંવા [સં.] અ. અથવા; વા; યા; યાને; વિતર્ક, સંભાવના તથા બીજો પક્ષ બતાવવો હોય ત્યાં વપરાતો એક અવ્યય.

કિંવાચ ન. કૌંચું.

કિંવાડ (કિંવાડ઼) ન. (હિંદી) કમાડ; બારણું.

કિંવિરલા [સં.] સ્ત્રી. એક જાતની ધાતુ; 'યુરોપિયમ'. તેના વિષે લગભગ કંઈ જ માહિતી મળી શકતી નથી, માટે તેનું આ નામ પડ્યું છે.

કિંશિલ ૧. [સં.] પું. રુદ્ર.

૨. વિ. થોડા પથરાવાળા પ્રદેશમાં રહેનાર.

કિંશુક ૧. [સં.] પું. ખાખરાનું ફૂલ. તે પોપટની ચાંચની માફક કંઈક વાંકું ને લાલ હોવાથી તેનું આવું નામ પડ્યું છે.

૨. પું. ખાખરો; પલાશ; કેસૂડાંનું ઝાડ.

વાતપોથ ને બ્રહ્મદ્રુમ પૂગવપર્ણ પલાશ;
એ **કિંશુક** રંગ ખેલતાં વ્હાલો વસંત વિલાસ.
પિંગળલઘુકોષ

કિંશુકા [સં.] સ્ત્રી. માલકાંકણી.

કિંશુકાદિગુણ [સં.] પું. (વૈદ્યક) ત્રિદોષ હરનાર દ્રવ્યનો સમૂહ. કિંશુક એટલે ખાખરો, સીવણ, સૂંઠ, અરણી, ચિત્રક, અરડૂસો, શાલિપર્ણ, પ્રશ્નિપર્ણી, પાડલ, ઊભી તથા બેઠી ભોરિંગડી અને ખીપી આ વર્ગનાં દ્રવ્ય છે.

કિંશુકાવલી પું. (પિંગળ) સંકીર્ણની જાતનો એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ. તેના પહેલા અને ત્રીજા ચરણમાં મગણ, નગણ, જગણ, રગણ અને ગુરુ મળી તેર અક્ષર આવે છે અને બીજા તથા ચોથા ચરણમાં તગણ, જગણ, રગણ અને ગુરુ મળી દશ અક્ષર આવે છે.

કિંશુકાસ્તરણ પું. (પિંગળ) જગતીની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં રગણ, સગણ, યગણ અને મગણ મળી બાર અક્ષર હોય છે.

કિંશુકાસ્તરણે ર સા યા મા આવે. રણપિંગળ

કિંશુશ જુઓ કિંશુક.

કિંસ પું. ભાસ્મીય અને હરિત એ બેનો સંયુક્ત રાસાયનિક પદાર્થ; 'પોટૅશિયમ ક્લોરાઇડ'.

કિંસોરા પું. એક જાતનો ઘોડો.

કપિલ **કિંસોરા** ઘોટક જાતિ,
અછિ અનેક ભલેરી ભાતિ. લાવણ્યસમય

કી ૧. પું. એક જાતનો ન્યુઝીલંડનો પોપટ. તે ૧૮ ઇંચ લાંબો હોય છે. તેને ઘેટાનું માંસ બહુ ભાવે છે તેથી તે ઘણી વાર જીવતાં ઘેટાં ઉપર હલ્લો કરે છે. તેનો સામાન્ય ખોરાક ફળ અને જીવડાં છે.

૨. સ્ત્રી. કીલી; કૂંચી; ચાવી.

૩. સ્ત્રી. લંબચોરસ આકારનો ધાતુનો પૈડા સાથે જોડવાનો કટકો.

૪. સ્ત્રી. સમજ; ખુલાસો.

૫. ન. (ભીલી) ઘી.

૬. સ. કેટલું.

૭. સ. કયું; કોણ.

૮. સ. શું.

૯. વિ. સ્ત્રી. કઈ.

૧૦. અ. કે; અથવા.

૧૧. અ. કેમ; શા માટે.

૧૨. અ. જોકે.

૧૩. અ. તિરસ્કાર, નિંદા અને માલિકી બતાવનાર એક પ્રત્યય.

૧૪. અ. નહિ.

કીકટ ૧. પું. અઢાણું માંહેનો એક પ્રાચીન અનાર્ય દેશ; હાલનો બિહાર પ્રાંત અથવા મગધ દેશ.

૨. પું. (પુરાણ) ઋષભદેવને જયંતિથી થયેલ સો માંહેનો એ નામનો નાનો પુત્ર. તે તેજ નામના ખંડનો અધિપતિ હતો.

૩. પું. ઘોડો.

૪. સ્ત્રી. પ્રાચીનકાળની કીકટ દેશમાં રહેતી એક અનાર્ય જાતિ.

૫. ન. એ નામની અનાર્ય જાતિનું માણસ.

૬. વિ. એ નામની અનાર્ય જાતિનું.

૭. વિ. કંજૂસ; કૃપણ; લોભિયું.

૮. વિ. ગરીબ; નિર્ધન.

કીકટી ૧. સ્ત્રી. ગરીબ સ્ત્રી.

૨. સ્ત્રી. ઘોડી.

કીકડ (કીકડ઼) ૧. સ્ત્રી. એ નામનું એક ઝાડ; ખેર.

૨. સ્ત્રી. બાવળ.

કીકર જુઓ કીકડ.

કીકરો ૧. પું. ચૂનો બનાવવાનો કાંકરો; મરડાં મરડિયો.

૨. પું. ટાંકણું; ફરસી; વીંજાણું.

૩. પું. પરોણો; મહેમાન.

કીકલ જુઓ કીકલડું.

કીકલડું (કીકલડું) ૧. ન. નાનું અણસમજુ બાળક.

૨. વિ. અણસમજુ; બાળક બુદ્ધિનું.

કીકલાવું અ. ક્રિ. આનંદમાં આવી જવું; કિંગલાવું.

કીકલી સ્ત્રી. નાની બાળકી; છોકરી.

કીકલો ૧. પું. અણસમજુ બાળક; નાનો છોકરો.

૨. પું. લાડકવાયો દીકરો.

કીકશ [સં.] પું. ચાંડાળ.

કીકસ ૧. [સં.] પું. એક જાતનો કીડો.

૨. પું. ભિક્ષુક.

૩. પું. વાનર; વાંદરો.

૪. ન. હાડકું.

૫. વિ. કઠણ; મજબૂત; સખત.

કીકા સ્ત્રી. આંખની કીકી.

કીકાણી ૧. સ્ત્રી. એ નામની નાગર અને લેઉઆ કણબીની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કીકિ પું. ચાસપક્ષી.

કીકી ૧. [સં. કનીનિકા] સ્ત્રી. આંખની પૂતળી; આંખનો તારો. આંખનું ઉપરનું પડ સફેદ હોય છે, તેની વચમાં એક ઘડિયાળના કાચ જેવું પડ હોય છે, આ નીચે પારદર્શક પ્રવાહી રહેલો છે. આ પડદાની વચમાં એક કાણું હોય છે. તેને આંખની કીકી કહે છે.

૨. સ્ત્રી. ચાસપક્ષિણી.

૩. સ્ત્રી. બાળકરૂપ છોકરી; બાળકી.

૪. સ્ત્રી. લાડકી દીકરી.

કીકીકુંભ પું. આંખ.

કીકીપાન સ્ત્રી. એ નામની એક રમત. તેમાં રમનાર છોકરીઓ એકમેકથી થોડી છેટે ઊભી રહે છે. બધી છોકરીઓ પછી એક વખત તાળી વગાડે અને હાથનો અંગૂઠો અને પહેલી આંગળી પહોળી કરી કાનની બાજુએ રાખે. આમ કરતાં કરતાં તેઓ એક વખત પાંચ છ હાથ આગળ ચાલે અને ફરી પાછી આવે.

કીકો પું. બાળકરૂપ છોકરો; બચૂડો. સુરત તરફ જે નાના છોકરાનું નામ ન પાડ્યું હોય તેને કીકો અને છોકરીને કીકી કહેવામાં આવે છે. ભરૂચ જિલ્લામાં કીલો ને કીલી, હાલારમાં ગગો ને ગગી, પારસીઓમાં બૂચો અને બૂચી કહેવાય છે.

કીગાઈ [સં. કેકાયતે] ન. મોરનું બોલવું તે; ટહુકાર; કેકા.

કીચ પું. કાદવ; કીચડ; ગારો.

કીચક ૧. [સં.] પું. છિદ્રવાળો પોલો વાંસ.

૨. પું. (શિલ્પ) મંદિરમાં સ્તંભ ઉપર કોતરાતી બેડોળ મૂર્તિ.

૩. પું. (પુરાણ) વિરાટ રાજાની સુદેષ્ણા નામની સ્ત્રીનો ભાઈ; વિરાટ રાજાનો સાળો. તેના ૧૦૫ ભાઈઓમાં તે સૌથી મોટો અને પરાક્રમી હોવાથી વિરાટ રાજાએ તેને પોતાનો સેનાપતિ કર્યો હતો. પાંડવોના અજ્ઞાતવાસમાં દ્રૌપદી વિરાટને ત્યાં સુદેષ્ણાના અંતઃપુરમાં સૈરંધ્રી તરીકે રહેતી હતી. એક વખત કીચક પોતાની બહેનને ત્યાં ગયો અને ત્યાં સૈરંધ્રીને જોઈને તેના ઉપર મોહ પામ્યો; પણ સૈરંધ્રીએ તેને કહ્યું કે પરસ્ત્રી ઉપર કુદૃષ્ટિ કરનાર નાશ પામે છે અને તેને તેના પાંચ ગાંધર્વ પતિઓ શિક્ષા કરશે. સુદેષ્ણાએ જ્યારે સૈરંધ્રી તેની પાસે નોકરીમાં રહી ત્યારે કોઈનું ઉચ્છિષ્ટ નહિ ખવરાવવાનું, કોઈના પગ નહિ ધોવરાવવાનું અને તેના ઉપર કુદૃષ્ટિ કરનારને શિક્ષા કરવાનું વચન આપ્યું હતું, છતાં પોતાના ભાઈ તરફની લાગણીને વશ થઈને એક દિવસ તેણે પોતાની બધી દાસીઓને કંઈ ને કંઈ કામ નિમિત્તે બહાર મોકલી દીધી અને સૈરંધ્રીને કીચકને ત્યાંથી દારૂ લાવવાને કહ્યું. સૈરંધ્રીએ પ્રથમ આનાકાની કરી, પણ સુદેષ્ણાએ કહ્યું કે કોઈ બીજી દાસી અત્યારે નથી અને ત્યાં તને કંઈ ઈજા થશે નહિ. ત્યારે તે ગઈ. રસ્તામાં તેણે સૂર્યદેવની પ્રાર્થના કરી. તેથી સૂર્યે તેના રક્ષણ માટે સૈરંધ્રીથી જ માત્ર દેખી શકાય એવો એક ગુપ્ત દૂત મોકલ્યો. સૈરંધ્રી કીચકને ત્યાં ગઈ કે તરત જ કીચક મદાંધ થઈને તેનો હાથ પકડવા લાગ્યો, પણ સૈરંધ્રી ત્યાંથી નાસીને રાજસભામાં આવી. કીચક પણ તેની પછવાડે ત્યાં આવ્યો અને એની વેણી પકડીને તેને લાતે લાતે મારી. આ થતું જોઈને સૂર્યદૂતે અદૃષ્ટ રહીને કીચકને એવા બળથી આઘાત કર્યો કે તે બેભાન થઈને નીચે પડી ગયો. વિરાટ રાજા પણ આ સૈરંધ્રીને થતા અન્યાયને ગળી ગયો. પછી કંક એટલે યુધિષ્ઠિરના કહેવાથી સૈરંધ્રી સુદેષ્ણાની પાસે ગઈ અને તેને બધી વાત કરી. સુદેષ્ણાએ કહ્યું કે હવેથી એ દુષ્ટને ત્યાં હું તને મોકલીશ નહિ. પણ સૈરંધ્રીને શાંતિ ન થઈ અને રાત્રે તે બલ્લવ એટલે ભીમસેન પાસે બધા સૂઈ ગયા ત્યારે પાકશાળામાં ગઈ. તેને બધી વાત કહી અને રડી પડી. તેણે કહ્યું કે કાલે તને કીચક જરૂર મળશે. ત્યારે બિલકુલ ક્રોધ ન જણાય એમ તું તેને રાત્રે નૃત્યાગારમાં મળવાનું કહેજે. હું નૃત્યાગારમાં જઈને બેસીશ. બીજે દિવસે સૈરંધ્રીએ બલ્લવના કહ્યા પ્રમાણે કર્યું. તેથી કીચક આનંદમાં આવીને નૃત્યાગારમાં ગયો. ત્યાં તેની અને બલ્લવની વચ્ચે યુદ્ધ થયું. તેમાં તે માર્યો ગયો. બીજે દિવસે બલ્લવે કીચકના સઘળા ભાઈઓને પણ મારી નાખ્યા.

કીચકજિત [સં.] પું. (પુરાણ) પાંડુપુત્ર ભીમસેન.

કીચકહન જુઓ કીચકજિત.

કીચકાહ્વ પું. પોલો વાંસ.

કીચકો પું. ઠળિયો.

કીચડ (કીચડ઼) ૧. [સં. કચ્ચર] પું. આંખનો ચીપડો.

૨. પું. કચરો; કાદવ; ગારો.

૩. પું. નિંદા; અપશબ્દ.

૪. પું. માયા.

કીચરાય પું. સુગ્રીવ.

કીચરી ૧. સ્ત્રી. ઋતુસ્રાવ.

૨. સ્ત્રી. કાપડ.

૩. સ્ત્રી. પોશાક.

કીચિયું ન. પાણી ભર્યું રહે તેવી રેચક જમીન.

કીચુ પું. અગ્નિતત્ત્વસૂચક દેવચકલીનો શબ્દ.

કીચેકીચું વિ. સડીને ગદગદી ગયેલું.

કીજ વિ. નવાઈ પમાડે એવું.

કીજે ૧. સ. ક્રિ. કહીએ.

૨. [સં. ક્રિયતામ્] સ. ક્રિ. મહેરબાનીથી કરીએ.

૩. અ. માટે; વાસ્તે.

કીટ ૧. પું. અમુક વિષયમાં હોશિયાર માણસ.

૨. પું. આગિયો કીડો.

૩. પું. ઊધઈ.

૪. પું. કચરો; કસ્તર.

૫. પું. કાટ.

૬. [સં.] પું. કીડો; જંતુ.

૭. પું. ગઢો; ગાંઠ.

કીટનાં લાકડાં = ગાંઠોને લીધે જલદી ફાટે નહિ એવાં લાકડાં. તેનો તાપ ઘણો સખત હોય છે.

૮. પું. મુસાફરીનો સરસામાન.

૯. વિ. કઠણ; કઠોર; સખત.

૧૦. વિ. કાબેલ; નિષ્ણાત; પૂરૂં માહિતગાર; પ્રવીણ.
૧૧. વિ. બરાબર પાઠે કે મોઢે કર્યું હોય એવું.
૧૨. વિ. સારૂં.

કીટક ૧. પું. કચરો; કસ્તર.
૨. પું. કાટ; મેલ.
૩. [સં.] પું. કીડો; જંતુ. તેની ચાર અવસ્થા છે: (૧) અંડાવસ્થા, (૨) ઇયળ અવસ્થા, (૩) નિદ્રાવસ્થા અને (૪) પ્રૌઢાવસ્થા.
૪. પું. ક્ષત્રિય પુરુષથી વૈશ્ય સ્ત્રીમાં થયેલ પુત્ર.
૫. પું. ગઠ્ઠો; ગાંઠ.
૬. પું. ધોડો.
૭. પું. તબલાંનો એક બોલ.
૮. પું. (પુરાણ) ધર્મપુત્ર સંકટનો દીકરો. પૃથ્વી ઉપર દુર્ગાભિમાની દેવોની ઉત્પત્તિ એના વડે થઈ હતી.
૯. પું. (પુરાણ) મહાભારત યુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક રાજા.
૧૦. પું. માગધ જાતિનો ભાટ.
૧૧. પું. વૃશ્ચિક રાશિ.
૧૨. સ્ત્રી. એ નામની એક માગધ જાતિ.
૧૩. વિ. કઠણ; સખત.
૧૪. વિ. ક્ષુદ્ર; નજીવું.
૧૫. વિ. ગરીબ; નિર્ધન.
૧૬. વિ. લોભિયું; કંજૂસ.

કીટકશાસ્ત્ર [સં.] ન. કીડાઓની હકીકત જણાવનારૂં શાસ્ત્ર; જંતુવિદ્યા.

કીટકશાસ્ત્રી પું. જંતુવિદ્યાનું જ્ઞાન ધરાવનાર માણસ.

કીટખદું ૧. ન. શરીરે જૂ પડી હોય તેવું માણસ.
૨. વિ. કીડાઓએ કોતરી ખાધેલું; કીડાથી ખવાયેલું.

કીટખાધું ૧. વિ. જીવડાં ખાઈ ગયાં હોય એવું.
૨. વિ. સડી ગયેલું.

કીટગર્દભક [સં.] પું. એક જાતનો કીડો.

કીટઘ્ન ૧. [સં.] પું. ગંધક.
૨. વિ. જંતુનો નાશ કરે એવું; જંતુનાશક.

કીટજ ૧. [સં.] ન. કીડામાંથી ઉત્પન્ન થનાર હરકોઈ પદાર્થ.
૨. ન. રેશમ; હીર.

કીટજા [સં.] સ્ત્રી. લાખ.

કીટપતંગ ન. બ. વ. જીવડાં.

કીટપંખી ન. એક જાતનું રત્ન. જુઓ રત્ન.

કીટભક્ષક ૧. [સં. કીટ (કીડો) + ભક્ષક (ખાનાર)] પું. કીડાને ખાનાર એક જાતનું પ્રાણી.
૨. વિ. કીડા ખાનારૂં; જીવડાં ખાનારૂં.

કીટભોજી ૧. પું. કીડા ખાઈને જીવનાર પ્રાણી; કીડા ખાનારો જીવડો.
૨. વિ. કીટભક્ષક; કીટાહારી; કીડા ખાઈને જીવનારૂં.

કીટભ્રમરન્યાય ૧. [સં.] પું. ધ્યાનમાં તલ્લીનપણું.
૨. પું. ભમરીના ડંખના ભયથી કીડો તેનું સ્મરણ કર્યા કરીને ભમરી થઈ જાય તે ન્યાયે જે વસ્તુનું વધારે ચિંતન થાય તે વસ્તુના ગુણ આપણામાં આવે જ એવી માન્યતા; બીજાને જોવાથી તેના જેવું થઈ જવું તે ન્યાય. એવી માન્યતા છે કે ભમરી ઇયળને પોતાના દરમાં નાખીને તેને ડંખે છે એટલે ઇયળ ભમરીને જોઈ ભમરી બની જાય છે. ખરૂં જોતાં ઇયળમાંથી ભમરી થતી નથી પણ ઇયળને ભમરી ડંખીને તેને મૂર્છામાં નાખે છે. તે પછી તેના શરીરમાં ઈંડાં મૂકે છે. તે ઈંડાં ઇયળના શરીરથી પોષાઈને મોટાં થાય છે અને તેમાંથી ભમરી થાય છે.

કીટભ્રમરીન્યાય જુઓ કીટભ્રમરન્યાય.

કીટમણિ [સં.] પું. આગિયો; ખદ્યોત; પતંગિયું.

કીટમર્દરસ [સં.] પું. (વૈદ્યક) કૃમિ રોગ માટે વપરાતી એક દવા. તે બનાવવા શુદ્ધ પારદ તોલો એક, શુદ્ધ ગંધક તોલા બે, અજમોદ તોલા ત્રણ, વાવડિંગ તોલા ચાર, ઝેરકોચલાં તોલા પાંચ અને બ્રહ્મદંડી તોલા છ એ બધાંને ઘૂંટી વસ્ત્રગાળ ચૂર્ણ કરવું. તેની માત્રા તોલો ૦ા છે. તેનું અનુપાન મધમાં ચાટી ઉપર મોથનો કવાથ પીવાથી થાય છે.

કીટમાર પું. જેનાં ફૂલમાં કીડાઓને મારવાનો ગુણ હોય એવી એક વનસ્પતિ.

કીટમારી સ્ત્રી. એ નામની એક જાતની ઔષધિ; કીડામારી.

કીટમાલા પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ બૃહતી છંદનો એક ભેદ છે: તેમાં સગણ, જગણ અને તગણ મળી નવ વર્ણ છે.

કીટમેષ [સં.] પું. નદીકાંઠે રેતીમાં પડી રહેનારો એક કીડો.

કીટલી [અં. કેટ્લ] સ્ત્રી. કાવાદાની; ચા, દૂધ વગેરે રાખવા વપરાતું નાળચાવાળું વાસણ; ચાદાની.

કીટશત્રુ [સં.] પું. વાવડિંગ.

કીટસંજ્ઞ [સં.] પું. કર્ક, વૃશ્ચિક, મીન અને મકર રાશિનો છેલ્લો અર્ધ ભાગ.

કીટંજ ૧. ન. એક જાતનું કપડું.
૨. [સં. કીટ (કીડો) + જ (થયેલું)] ન. કીડાની લાળથી ઉત્પન્ન થતું સૂતર.

કીટા [સં. કૃત (કાપવું)] પું. છૂટાછેડા.

કીટાણુ ન. કીડો; જીવાણુ.

કીટારિ ૧. [સં.] સ્ત્રી. કીડામારી.
૨. ન. વાવડિંગ.

કીટારિરસ [સં.] પું. (વૈદ્યક) કૃમિને મારી નાખવા માટે રસની બનાવટ. તે બનાવવા શુદ્ધ પારદ, ઇંદ્રજવ, અજમોદ, શુદ્ધ મનઃશીલ, ખાખરાનાં બી અને ગંધક એ બધું સમાન ભાગે લઈને એક દિવસ કુકડવેલના રસમાં ઘૂંટવું. તેનું અનુપાન સાકર સાથે લઈ જંગલી મગનાં પાનનો કવાથ પીવો.

કીટાવસ્થા [સં.] સ્ત્રી. પતંગ; પતંગિયું.

કીટાવા સ્ત્રી. શેરડીની એક જાત. તેનો રંગ પીળો તથા લીલો થાય છે.

કીટાહારી જુઓ કીટભોજી.

કીટાં ન. બ. વ. લાકડાં.

કીટિકા ૧. [સં.] સ્ત્રી. કીડી.
૨. સ્ત્રી. ક્ષુદ્ર જંતુ.
૩. સ્ત્રી. નાનો કીડો.

કીટિયાં ન. બ. વ. ઝીણાં લાકડાં. તે બાળવાના ખપમાં આવે છે.

કીટિયું ૧. ન. લાકડાનો પાતળો કટકો; લાકડાની ચીપટ.
૨. ન. સળગતું લાકડું.
૩. વિ. કીટીવાળું; કપાસનાં પાંદડાંની રજવાળું.
૪. વિ. છાશવાળું.

કીટી ૧. [સં. કિટ્ટ] સ્ત્રી. કચરો; રૂમાં રહેલી રજ; રૂમાં વળગી રહેલ કસ્તર.
૨. સ્ત્રી. ખાજાંની ભૂકી.
૩. સ્ત્રી. દાણો; માવો; રવો.
૪. સ્ત્રી. રાયનાં ફોતરાં.

કીટીડો (કીટીડ઼ો) ૧. પું. પરમાટી.
૨. વિ. કાદવ જેવું.

કીટું ૧. ન. કચરો; કસ્તર.
૨. ન. ઘીને તાવ્યા પછી નીચે રહેતો કચરો; માખણ તાવી ઘી બનાવતાં નીકળેલો ખટાશ પડતો મેલ.
૩. વિ. કાટવાળું.

કીટો ૧. પું. ઈંટો કે નળિયાં પકવતાં પીગળીને ગઠ્ઠો થઈ ગયેલી માટી.

૨. પું. કચરો; મળ.
૩. પું. કાટ
૪. પું. ઘણા તાપથી રસરૂપ થઈ બંધાઈ જતી ધાતુ.
૫. પું. નઠારી વસ્તુ.
૬. પું. પીગળીને ઠરેલો કોઈ પણ કચરો.
૭. પું. પેટે ચાલતું જંતુ.
૮. પું. બળતણ; બાવળ અથવા ખેરનો કટકો.
૯. વિ. નકામું; નિરુપયોગી.

કીટોકીટ વિ. સંપૂર્ણું; પૂરેપૂરૂં.

કીટોડો (કીટોડ઼ો) ૧. પું. ઈંટ કે નળિયાં પકવતાં પીગળીને જામી ગયેલ ગઠ્ઠો.
૨. પું. કીટો.

કીટ્ટી ૧. સ્ત્રી. અબોલા.
કીટ્ટી કરવી = અબોલા લેવા.
૨. સ્ત્રી. અસહકાર.

કીડ (કીડ઼) ૧. સ્ત્રી. એક રોગ; લોહીવિકારથી ચામડી ઉપર થતો દાદર, ઉંદરી જેવો રોગ.
૨. સ્ત્રી. કરડવાથી થતી વેદના.
૩. [સં. કીટ] સ્ત્રી. કીટ; કીડો.
૪. સ્ત્રી. ખજવાળ; ખરજ; ખુજલી; ચળ.
૫. સ્ત્રી. ચામડાની એક જાત.

કીડખદું (કીડ઼ખદું) વિ. કીટખદું; કીડાથી ખવાયેલ.

કીડખાઈ (કીડ઼ખાઈ) વિ. માતાના ડાઘવાળું.

કીડતાલ (કીડ઼તાલ) ન. એ નામનું એક ઘનવાદ્ય.

કીડની બીન [અં.] સ્ત્રી. પરદેશી વાલોળની એક જાત; ફ્રેંચ બીન.

કીડા (કીડ઼ા) [સં. કીટ] પું. પેટે ચાલતું જંતુ.
૧. કીડા ઊછળવા = સંભોગની ઇચ્છા થવી.
૨. કીડા દબાવવા = કોઈની ઇચ્છા પૂરી પાડવી.
૩. કીડા પડવા = સડી જવું.
૪. કીડા લાગવા = કીડાથી ખવાઈ જવું.

કીડાપણું (કીડ઼ાપણું) ન. કીડાના જેવી સ્થિતિ.

કીડામાર (કીડ઼ામાર) ૧. સ્ત્રી. એ નામની એક વનસ્પતિ. જુઓ કીડામારી.
૨. ન. એક પંખી; કીટમાર.

કીડામારી સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; ચાંદવેલ. તેનાથી નાનાં જંતુ મરી જાય છે માટે તેનું નામ કીડામારી રાખવામાં આવેલ છે. કીડામારી હિંદના દક્ષિણ અને પશ્ચિમ ભાગમાં ખાસ કરીને સિંધ, ગુજરાત, કચ્છ, કાઠિયાવાડ, પંજાબ અને બુંદેલખંડમાં થાય છે. એ ચોમાસામાં ઊગે છે. તેનાં પાન આંતરે આવેલાં ૧ થી ૩ તસુ લાંબાં અને એક આંગળ પહોળાં હોય છે. તેને અર્ધચંદ્રાકૃતિ એક મોટો ખાંચો હોય છે તથા તે ડીંટિયા તરફ દુભાગેલ હોય છે. તેના ખૂણામાંથી ૨ થી ૨½ તસુ લાંબાં, બહારથી ફીકાં અને અંદરથી ઘેરા જાંબુડા રંગનાં, કલમના આકારનાં, કરણિયા જેવાં ફૂલ થાય છે. તેનાં ફળનાં ડોડવાં ½ થી ૧ તસુ લાંબાં ને ½ તસુ પહોળાં હોય છે અને તે આસોપાલવના ફળ અથવા રાયણને મળતાં આવે છે. તેમાંથી કાળા રંગનાં બી નીકળે છે. તે સ્વાદે કડવાં હોય છે અને તેની વાસ ઉગ્ર હોય છે. કીડામારી કડવી, ઓકારી લાવે તેવી, લાંબો વખત ગળું બળ્યા કરે તેવી, રેચક, કૃમિઘ્ન અને ગર્ભાશયોત્તેજક, સ્વેદલ, જ્વરઘ્ન અને શોથઘ્ન તથા વિષહર છે. તાવ, ગુલ્મ, વાયુ, ચૂંક, કરમ, અરુચિ વગેરેમાં કલ્કના રૂપમાં અપાય છે. તાવ અને સોજા ઉપર તેનો ખરડ કરવામાં આવે છે. પાંદડાંનો રસ લગાડવાથી જખમમાં પડેલી જીવાતનો નાશ થાય છે. તેનાં પાંદડાં પાણીમાં મસળી, ૨૪ કલાક પલાળી, ગાળી અધોળ પાણી પીવાથી ગમે તેવું આકરૂં પેટનું શૂળ દબાઈ જાય. તે એકાંતરિયા તાવમાં અકસીર મનાય છે. મૂળનું ચૂર્ણ અથવા ફાંટ ગર્ભાશયની અંદરનો સોજો, સ્ત્રીનો પાંડુરોગ અને મળાવરોધ મટાડવા અપાય. સર્પ, વીંછી વગેરેના ઝેર ઉપર મૂળ વાટીને પીવાથી ફાયદો થાય છે. બચ્ચાંની ચૂંકમાં તેને વાટીને દૂંટી આસપાસ ચોપડાય છે. ચામડીના રોગ, સાંધા, હાડકાંનો દુખાવો, સોજો અને વ્રણ વગેરે ઉપર વાટીને ચોપડવાથી ફાયદો થતો મનાય છે. તેના ચૂર્ણની માત્રા ૦। તોલો છે. તેનો રસ મોટા માણસને માટે ૨ તોલા તથા બાળકને માટે ૦॥ તોલો છે.

કીડિયા (કીડ઼િયા) ૧. સ્ત્રી. કાળા પોતના સાડલાની એક જાત.
૨. સ્ત્રી. કોળીની એ નામની અટક.
૩. ન. એ નામની અટકનું માણસ.
૪. વિ. એ નામની અટકનું.

કીડિયાનગરૂં (કીડ઼િયાનગરૂં) ન. હાથે પગે કે શરીરના બીજા કોઈ ભાગમાં ઝીણી ફોડકીઓ થઈ તેમાં જીવાત પડે તેવો રોગ; કીડિયારૂં; કીડીનગરા. તે ભાગ સોજી જાય છે.

કીડિયાભાત (કીડ઼િયાભાત) સ્ત્રી. ઓઢણા ઉપર પાડવામાં આવતી એક ઝીણી ભાત.

કીડિયારૂં (કીડ઼િયારૂં) ૧. ન. એ નામનો ચામડીનો એક રોગ. તે ચામડી કે હાડકાંને સડવી નાખે છે. જુઓ કીડિયાનગરૂં.
૨. ન. કીડીઓનું દર.
૩. ન. કીડીઓને નાખવામાં આવતો લોટ.
કીડિયારૂં પૂરવું = કીડીઓના દર ઉપર ખાંડ અને લોટનું મિશ્રણ વેરવું.
૪. ન. કીડીઓનો સમૂહ.
કીડિયારૂં ઊભરાવું = બહુ કીડીઓ નીકળવી.
૫. ન. કીડી ન ચડે માટે પાણી કે તેલ ભરી પાયા નીચે મૂકવાનું વાસણ કે પ્યાલો.

કીડિયાસર (કીડ઼િયાસર) જુઓ કીડિયાસેર.

કીડિયાસેર (કીડ઼િયાસેર) સ્ત્રી. ડોકનું એક ઘરેણું; કંઠાભરણ; કંઠી; કાચના મણકાને દોરામાં પરોવીને બનાવેલી સેર.

કીડિયાહાર (કીડ઼િયાહાર) પું. કીડિયાંનો હાર કે કંઠી; કીડિયાંની બનાવેલી માળા.

કીડિયાં (કીડ઼િયાં) ૧. ન. બ. વ. ખોટાં કાચનાં મોતી; મોતી જેવા કાચના પારા.
૨. ન. બ. વ. ડોકનો એક દાગીનો.

કીડિયું (કીડ઼િયું) ૧. સ્ત્રી. બ. વ. કીડીનું બહુવચન.
૨. ન. જંતુ.
૩. ન. ડોકમાં પહેરવાનો એક દાગીનો.
૪. ન. દોરામાં પરોવાય એવો નાનો કાણાવાળો કાચનો ગોળ દાણો; નાનો કાચનો મણકો. કીડિયાં લાલ, લીલાં, પીળાં વગેરે થાય છે. હિંદુ સ્ત્રીઓ તેને દોરામાં પરોવી ઘરેણા તરીકે પહેરે છે. તેની ઝૂલ, ભરતકામ, તોરણ, પડદા વગેરે પણ થાય છે.

કીડી (કીડ઼ી) ૧. [સં. કીટિકા] સ્ત્રી. એક ઝીણો જંતુ; એક સૂક્ષ્મપત્રી ષટ્પદી પ્રાણી. કીડી નાની, મોટી, લાલ, કાળી વગેરે ઘણી જાતની થાય છે. તે ઉદ્યોગી અને સંગ્રહ કરનારો જીવ છે. તેઓ મળતાવડી હોય છે, સંસ્થાનમાં રહે છે, ઘણુંખરૂં જમીનમાં કે લાકડામાં દર કરે છે અને તેમાં પોતાનો ખોરાક ભરી રાખે છે તથા પોતાનાં બચ્ચાંને ઉછેરે છે. તેઓમાં નર, નારી અને નપુંસક એમ ત્રણ જાતિ હોય છે. નર કીડીને ઘણો થોડો વખત રહેતી પાંખો હોય છે. માદા કીડીને પણ ઘણુંખરૂં પાંખ આવે છે પણ તે પાછળથી ખરી પડે છે. તેમની કેટલીક ઉપજાતિઓ પિપીલિકામ્લ (ફોર્મિક એસિડ)વાળું પ્રવાહી બહાર કાઢી શકે છે. સફેદ કીડી સાધારણ કીડીની જાતની હોતી નથી. તેઓમાં પણ નર, નારી અને નપુંસક જાતિ હોય છે. નારીજાતિ ઈંડાં મૂકે છે અને નપુંસક જાતિ તે સેવે છે. તે મીઠો ખોરાક ખાય છે. તેઓને ડંખ હોય છે, તેમાંથી ઝેર કાઢે છે. તે જમીનની અંદર અથવા ઝાડના થડમાં રહે છે અથવા બગીચામાં જમીનમાં અથવા પથ્થર નીચે

માલૂમ પડે છે. કીડીઓને સ્પર્શ, રસ અને ઘ્રાણ એ ત્રણ ઇંદ્રિયો હોય છે. મેકિસકોમાં એક જાતની કીડી થાય છે તે પોતાના પેટમાં મધુસંચય કરે છે. મધના ભરાવાથી છેવટે તે દ્રાક્ષની જેમ ઊપસી આવે છે, ત્યારે ત્યાંનાં લોકો એને પકડીને મધ નીચોવી લે છે. આવી ૯૬૦ કીડીમાંથી એક રતલ મધ નીકળે છે.

૧. કીડી ઉપર કટક–કુંજરના કટક = (૧) નિર્બળ ઉપર બળવાનની ચડાઈ. (૨) રજનું ગજ.

૨. કીડી પણ કણનો સંગ્રહ–સંઘરો કરે છે = માણસે આળસુ રહેવું ન જોઈએ.

૩. કીડી સંચરે આરેપારે, ને મંકોડા ખાય એકીવાર = થોડે થોડે કરીને ભેગું કરેલું હોય તે ઉડાવી દેવામાં વાર લાગતી નથી.

૪. કીડી સંચરે ને તેતર ખાય = ઉંદર ખોદે ને ભોરિંગ ભોગવે; મહેનત કરે કોઈ અને લાભ મેળવે કોઈ.

૫. કીડીઓ ઊભરાવી = ઘણાં માણસોનું ભેગા થવું.

૬. કીડીઓ ચડવી = (૧) અશક્તિ આવવી. (૨) કામ કરતાં કંટાળો આવવો. (૩) તિરસ્કાર થવો.

૭. કીડીના પગમાં ઘૂઘરા = અશક્ય વાત.

૮. કીડીના મોંમાં કાલિંગડું = નાને મોઢે મોટી વાત.

૯. કીડીનું કટક એક ચાલે તેમ બીજી ચાલે = અંધશ્રદ્ધાળુનું ટોળું.

૧૦. કીડીને કણ અને હાથીને મણ–હારો = જેને જેવું જોઈએ તેવું મળી રહે.

૧૧. કીડીને કોગળે રેલ = અશક્ય બાબત.

૧૨. કીડીને કોશનો ડામ = પ્રમાણથી વધારે કરવામાં આવતી શિક્ષા; હલકા ગુના માટે ભારે સજા.

૧૩. કીડીને પાંખો આવવી = (૧) નવી શક્તિ આવવી; નવું બળ આવવું. (૨) વરસાદ આવવાની આગાહી મળવી.

૧૪. કીડીને વેગે = બહુ ધીમે.

૧૫. કીડીનો કુંજર–વાઘ કરવો = કાગનો વાઘ; નાની અને નજીવી વાતને ઘણી અગત્યની અને મોટી કરી બેસાડવી; રજનું ગજ કરવું; વધારીને વાત કરવી.

૧૬. કીડીનો ખાધેલ = નબળો; બળ વગરનો.

૨. સ્ત્રી. કૂતરા કરતાં નાનું અને શિયાળ કરતાં મોટું એક જાતનું પ્રાણી. ઉત્તર હિંદના રણમાં તે જોવામાં આવે છે. તેઓ જમીનમાં પોતાનાં દર કોરી રહે છે અને રણની રેતીના ઢગલા બનાવે છે. આ રેતીમાં સોનું મિશ્ર થયેલ હોય છે, એટલા માટે લોકો આ રેતી લેવા રણમાં જાય છે. તેઓ ત્રણ ઊંટ જોડેલા વાહનમાં બેસીને જાય છે, તેમાં બે બાજુ નર ઊંટ હોય છે અને વચમાં તરતમાં જ વિયાયેલી ઊંટડી જોડી હોય છે. તે ઉપર માણસ સવારી કરે છે. તે ખરા બપોરે જ્યારે કીડીઓ ગરમી સહન ન થવાથી પોતાના દરમાં ભરાઈ બેઠી હોય છે ત્યારે ત્યાં પહોંચે છે. રેતીની ગુણની ગુણ ભરી લઈ ઊંટ ઉપર ચડી માણસો નાસી છૂટે છે. આ કીડીઓને માણસની ગંધ આવે છે અને તે ગંધથી તે તેની પૂંઠ પકડે છે માટે આ કીડીઓ ભેગી થાય એટલા વખતમાં જો માણસો નાસી ન છૂટે તો તેમાંથી કોઈ બચવા પામતું નથી. એ કીડીની ઝડપ બધાં પ્રાણીઓથી વધારે હોય છે.

૩. સ્ત્રી. જળો.

૪. સ્ત્રી. પ્રાચીન સમયની એક લિપિ.

૫. સ્ત્રી. બ્રહ્મક્ષત્રી અને મુસલમાની ખતરી કોમની એ નામની એક અટક.

૬. સ્ત્રી. વીશની સંજ્ઞા.

૭. ન. બ્રહ્મક્ષત્રી અને મુસલમાની ખતરી કોમની એ નામની અટકનું માણસ.

૮. વિ. બ્રહ્મક્ષત્રી અને મુસલમાની ખતરી કોમની એ નામની અટકનું.

કીડીકંથવો (કીડ઼ીકંથવો) પું. કીડી અને કંથવો એટલે કીડીથી પણ નાનું એવું એક જીવડું; કીડીમકોડી; જીવજંતુ અને નાના નાના અનેક પ્રકારના જીવ.

કીડીનગરા (કીડ઼ીનગરા) જુઓ કિડિયાનગરૂં.

કીડીમકોડી (કીડ઼ીમકોડ઼ી) ૧. પું. જીવડાં.

૨. સ્ત્રી. કીડી અને મકોડાની જાત.

૩. સ્ત્રી. કીડી, મકોડી વગેરે નાના જીવજંતુ; કીડીકંથવો. કીડીની જાતના જંતુઓને માટે આ શબ્દ વપરાય છે.

કીડીમંકોડી (કીડ઼ીમંકોડ઼ી) જુઓ કીડીમકોડી.

કીડીવેગ (કીડ઼ીવેગ) પું. અતિ ધીમી ગતિ; કીડીના જેવી મંદ ગતિ; કીડીના જેવો ઘણો ધીમો વેગ.

કીડો (કીડ઼ો) ૧. પું. કૃમિ; પેટે ચાલનારો નાનો જીવડો.

૧. કીડા ખદબદવા–પડવા = (૧) દોષ કે ખોડખાંપણ હોવી. (૨) સડવું.

૨. કાનના કીડા ખરે એવું = બીભત્સ.

૨. પું. જાણીતો માણસ.

ઘરનો કીડો = ઘરનો સંપૂર્ણ માહિતગાર.

૩. પું. ફિકર.

૧. કીડો પેસવો = ફિકર થવી.

૨. કીડો સવળવો–સવળી આવવો–સવળી ઊડવો = દુ:ખમાં બોલી ઊઠવું.

૪. પું. હોશિયાર.

કાયદાનો કીડો = કાયદામાં હોશિયાર.

કીડોચીનાપલ્લુ (કીડ઼ોચીનાપલ્લુ) પું. ચીનમાં ઉછેરાતો રેશમનો કીડો.

કીડોછોટાપલ્લુ (કીડ઼ોછોટાપલ્લુ) પું. બંગાળમાં ઉછેરાતો રેશમનો નાનો જીવડો.

કીડોનાસ્તારી (કીડ઼ોનાસ્તારી) પું. મદ્રાસમાં ઉછેરાતો રેશમનો કીડો.

કીડોમદ્રાસી (કીડ઼ોમદ્રાસી) જુઓ કીડોનાસ્તારી.

કીઢા વિ. કીડાવાળું; કીડાએ ખાધેલું હોય એવું.

કીણ ન. કોઢની એક જાત. આ કોઢ શરીરમાં રજકણ આકારે ફેલાય છે.

કીણકીણી સ્ત્રી. મંજીરાનો અવાજ.

કીણી સ. કોણ.

કીણીએ ખીલા ખોડિયા ને કીણીએ બાંધી ગાય.
લોકોક્તિ

કીણ્વ ન. એક જાતનું બી. તેમાંથી દારૂ બને છે.

કીતરા વિ. બ. વ. કેટલા.

કીતા ન. તિબેટમાં મંદિરમાં પૂજા વખતે વગાડવામાં આવતું એક ચર્મવાદ્ય. આ વાદ્યને નકસીકામ કરેલ સુંદર મજબૂત લાકડાના હાથા ઉપર મૂકવામાં આવ્યું હોય છે. તે વગાડવા લામા પોતાના એક હાથમાં ચર્મવાદ્યનો હાથો રાખીને તેમ જ બીજા હાથમાં વાદ્ય વગાડવા માટે બનાવેલી ખાસ દાંડી રાખીને બેસે છે. આ દાંડી નકસીકામ કરેલ નેતરની હોય છે. તેને એક છેડે લાકડાનો હાથો હોય છે. આ દાંડીથી તે સંપૂર્ણ તાલબદ્ધ વાગે છે.

કીતાર ૧. [ગ્રીક] પું. તંબૂરો; વીણા; સતાર; સરોદો.

૨. સ્ત્રી. ટોળું; હારકતાર.

કીત્તાર પું. (વ્રજ) જગત્કર્તા; પરમેશ્વર.

કીત્તી પું. (પિંગળ) એક માત્રામેળ છંદ; કીર્તિછંદ. આ છંદ આર્યા છંદનો એક ભેદ છે. તેમાં ૨૯ લઘુ અને ૧૪ ગુરુ મળી ૪૩ વર્ણ અને ૫૭ માત્રા હોય છે.

કીથ સ્ત્રી. નાળિયેરનાં પાનની ગૂંથેલી દોરી.

કીદડ (કીદડ઼) પું. કીચડ; ગારો.

કીદા સ. કોનું.

કીદી વિ. કોના જેવું.

કીદૃશ [સં.] વિ. કેવું.

કીધ ૧. [સં. કૃત] સ. ક્રિ. કર્યું.

૨. સ. ક્રિ. કહ્યું; 'કહેવું'નું ભૂતકાળનું રૂપ.

કીધર [હિં.] અ. ક્યાં.

કીધલાં વિ. બ. વ. કરેલાં.

કીધું જુઓ કીધ.

કીધેલ ૧. વિ. કરેલું.
૨. વિ. કહેલું.

કીધેલું જુઓ કીધેલ.

કીધો વિ. પું. કહેલો.
કીધો કુંભાર ગધેડે ન ચડે = વાર્યા ન રહે પણ હાર્યા રહે.

કીન ૧. [ફા.] પું. તિરસ્કાર.
૨. પું. દુશ્મનાવટ.
૩. પું. માંસ.
૪. ન. આસામ, હિમાલય, બંગાળ, ગોરખપુર, પશ્ચિમઘાટ વગેરે ઠેકાણે થતું એક જાતનું ઝાડ. તેનું લાકડું મજબૂત હોવાથી વહાણ બાંધવામાં વપરાય છે. તે પાણીમાં પલળે તોપણ સડતું નથી. તેથી બારણાં, બારસાખ વગેરે તેનાં બને છે.
૫. [હિં.] સ. ક્રિ. કર્યું.

કીનકાજુ ન. અમેરિકના ગરમ દેશમાં તથા સ્પેનમાં થતું એક જાતનું પ્રાણી. તે દેખાવમાં બિલાડી જેવું હોય છે. તેનું માથું પહોળું, મોઢું ટૂંકું, આંખો કૂંડાળા જેવી અને કાબરચીતરા રંગનું હોય છે. તેની જીભ લાંબી અને પાતળી હોય છે. પગને પાંચ આંગળાં તથા નખ ઘણા મજબૂત હોય છે. તે મધનું શોખીન હોય છે.

કીનતોઝ (કીનતોઝ) ૧. [ફા.] વિ. કજિયા કરાવનાર.
૨. વિ. દ્વેષીલું.

કીનવર ૧. [ફા.] વિ. અદેખું.
૨. વિ. પ્રપંચી.

કીનવૈયા [હિં.] પું. ખરીદનાર.

કીના ૧. [ફા.] પું. અદાવત; દ્વેષ; વેર.
૨. પું. આરોપ; વાંક.
૩. પું. એક જાતનું ઘાસ. તે ખેતીને નુકસાનકારક હોવાથી તેને મૂળ સાથે ઉપાડી નાખવો જોઈએ. આ ખડને જમીનના ભીતરમાં જ ફૂલ થાય છે અને તે ફૂલ્યા વગર જ તેમાંથી છેવટે બી થાય છે.
૪. ન. નિમિત્ત; બહાનું.

કીનાઈ [હિં.] અ. માફક; પેઠે.

કીનાકશ ૧. વિ. તિરસ્કારવાળું.
૨. વિ. દ્વેષીલું.

કીનાખાહ જુઓ કીનાકશ.

કીનાખોર વિ. વેર રાખે એવું; ખારીલું; દંશીલું; દ્વેષી.

કીનાતોઝ (કીનાતોઝ) જુઓ કીનતોઝ.

કીનાબાજ [ફા. કીના (વેર) + બાઝ (રમનાર)] વિ. ઝનૂની; વેર વસૂલ કરનાર.

કીનાર પું. દુષ્ટ મનુષ્ય.

કીનારામીપંથ પું. એ નામનો એક પંથ; અઘોરપંથ. તે પંથનાં માણસો દારૂ પીએ, માણસનું માંસ ખાય અને મળમૂત્ર પણ પીએ. કીનારામ નામનો એક માણસ તે પંથમાં પ્રસિદ્ધ થઈ ગયેલ હોવાથી તેને કીનારામીપંથ કહે છે.

કીનાવર જુઓ કીનાકશ.

કીનાશ ૧. [સં.] પું. એક પ્રકારનો વાંદરો; વાનરની એક જાત.
૨. પું. ખેડૂત.
૩. પું. ખેતી.
૪. પું. યમદૂત.
૫. પું. યમદેવ; યમરાજ.
૬. પું. રાક્ષસ.
૭. પું. શિવનો જટાજૂટ; શિવની જટાનો ભારો.
૮. વિ. કંજૂસ; કૃપણ.
૯. વિ. ક્ષુદ્ર; નીચ.
૧૦. વિ. ગરીબ.
૧૧. વિ. નાનું.
૧૨. વિ. પશુઓની હત્યા કરનાર; કસાઈ; ખાટકી.

કીનાશક પું. પિશાચ.

કીનાસ જુઓ કીનાશ.

કીની ખેરડી (કીની ખેરડ઼ી) ન. (કચ્છી) એક જાતનું ઝાડ. તેને ગુલાબી કે જાંબુડા રંગનાં ફૂલ થાય છે. તેને મોરઢુંઢિયું કહે છે.

કીનુ ૧. અ. ક્યાં.
૨. સ. ક્રિ. કર્યું.
૩. સ. ક્રિ. કહ્યું.

કીને અ. (ગ્રામ્ય) કેને; કોને.

કીનો ૧. [ફા. કીના] પું. અદાવત; અંટસ; ખાર; વેર.
૨. વિ.પું. કરેલો; બનાવેલો.
૩. વિ પું. કીધેલો; કહેલો.
૪. સ. ક્રિ. કર્યું; કર્યો.

કીનોટ [અં.] સ્ત્રી. (સંગીત) આરંભક સ્વર. દરેક સપ્તકના બારે સ્વરોમાંથી ગમે તે સ્વરને 'સા' ગણી ગાયન વગાડી કે ગાઈ શકાય છે.

કીન્ના સ્ત્રી. કન્ના; પતંગ ઊડી શકે એ માટે એના ઢઢ્ઢા અને કમાન સાથે બંધાતી દોરી.

કીપ ૧. પું. કસ.
૨. પું. તર.
૩. પું. માખણ.
૪. [અ. કીફ઼] સ્ત્રી. ગળણી.

કીપા અ. (ગ્રામ્ય) કઈ પાસ; ક્યાં; કયે ઠેકાણે.

કીપાળ વિ. કીપવાળું; માખણવાળું.

કીફ (કીફ઼) [અ.] સ્ત્રી. ગળણી.

કીબર સ્ત્રી. એ નામની એક જાતની વનસ્પતિ. તેની છાલ રૂંછાં રૂંછાંવાળી હોય છે. તેની સપાટી લીસી અને જરા ખાંચવાળી હોય છે. તેનો રંગ બહારથી ભૂરો અને અંદરથી બદામી જેવો હોય છે. તે સ્વાદે જરા કડવી છે. તેના મૂળની છાલ રૂઝને માટે અકસીર મનાય છે અને તે સંધિવા ઉપર વપરાય છે.

કીબરી જુઓ કીબર.

કીબર્યાઈ સ્ત્રી. ભપકો; શોભા.

કીબલા ૧. પું. મક્કા.
૨. પું. મસ્જિદનો બહાર નીકળતો ભાગ.

કીબલો જુઓ કીબલા.

કીબીકો જુઓ કીબોકો.

કીબોકો ૧. પું. જળઘોડો; 'હિપોપોટેમસ'.
૨. સ્ત્રી. જળઘોડાના ચામડાંમાંથી બનાવેલી સોટી.

કી બોક્સ [અં. કી બૉક્સ] સ્ત્રી. કૂંચીઓ રાખવાની પેટી.

કીમ ૧. ન. એક પંખી.
૨. સ. કયું.
૩. અ. કેમ; શા માટે.

કીમખ્વાબ [ફા.] પું. રેશમ.

કીમત (ક઼ીમત) ૧. [અ. કવમ (તે જ હતું)] સ્ત્રી. આંકણી; નિરૂપણ.
૨. સ્ત્રી. ઉપયોગીપણું.
૩. સ્ત્રી. કદર; બૂજ.
૪. સ્ત્રી. દમ.
૫. સ્ત્રી. દર; ભાવ.
૬. સ્ત્રી. દામ; મૂલ્ય.
૧. કીમત કમ કરવી = ભાવ ઘટાડવા.
૨. કીમત કરવી = (૧) પરીક્ષા કરવી. (૨) મૂલ્ય ઠરાવવું.
૩. કીમત ચૂકવવી = (૧) કીમત ઠરાવવી. (૨) પૈસા આપવા.
૪. કીમત લગાવવી = માગણી કરવી.
૭. સ્ત્રી. પરીક્ષા.
૮. સ્ત્રી. મહિમા; માહાત્મ્ય.
૯. સ્ત્રી. લેખું; હિસાબ.

કીમતપત્ર ન. સૂચિપત્ર; 'પ્રાઇસ લિસ્ટ'.

કીમતવાન ૧. વિ. ઉપયોગી; કામનું.
૨. વિ. કીમતી; મૂલ્યવાન; મોંઘું.

કીમતવાર અ. અકેક વસ્તુ અને તેની સામે તે દરેકની કીમત હોય એમ.

કીમતી ૧. વિ. અગત્યનું; ઉપયોગી.
૨. વિ. ઊંચા ભાવનું; કીમતવાળું; ભારે કીમતનું; મોંઘું.
૩. વિ. ઝટ ન મળી શકે એવું; દુર્લભ.
૪. વિ. ના દરનું; ના ભાવનું.

કીમયા જુઓ કીમિયા.

કીમા (ક઼ીમા) [અ.] પું. ખીમો; ગોશ્તનો લોંદો; માંસનો છૂંદો.

કીમાપુલાવ (ક઼ીમાપુલાવ) [અ.] પું. એક જાતની ખાવાની વાની.

કીમાશોરવા (ક઼ીમાશોરવા) પું. ખાવાની એક વાની. તે માંસ, ચોખા, ઘી, ચણા, મસાલો વગેરેનો બને છે.

કીમિયા ૧. [ગ્રીક] પું. આલ્કેમિ; કીમિયો.
૨. પું. ઇલાજ; ઉપાય.
૩. પું. ખાસ ઔષધ.
૪. પું. તાંબાને સોનું બનાવવાની તાકાતવાળી ચીજ.

કીમિયા બનાવવા = (૧) સહેલાઇથી પૈસા કઢાવવા. (૨) હલકી ધાતુનું સોનું કરવું.

૫. પું. દગોફટકો.
૬. પું. પારસમણિ.
૭. પું. યુક્તિ.
૮. પું. રસાયનશાસ્ત્ર.
૯. પું. વશીકરણવિદ્યા.

કીમિયાઈ વિ. કીમિયા સંબંધી; રાસાયણિક.

કીમિયાગર ૧. પું. કળાવાન પુરુષ; યુક્તિબાજ આદમી.
૨. [અ.] પું. કીમિયો કરનારો આદમી; કીમિયો જાણનાર માણસ.
૩. પું. જાદૂગર.
૪. પું. ધુતારો.
૫. પું. ભૂવો; મંત્રતંત્ર જાણનાર.
૬. પું. રસક્રિયાથી વસ્તુ મૂલ્યવાન બનાવવાની કળા જાણનાર માણસ; રાસાયણિક પરિવર્તનમાં પ્રવીણ પુરુષ; રસાયણી.
૭. વિ. લોખંડ કે તાંબાને સોનું કરી જાણનાર.
૮. વિ. વશીકરણવિદ્યા કરનાર.

કીમિયાગરી ૧. સ્ત્રી. પારો, લોખંડ કે ચાંદીમાંથી સોનું બનાવવાનો હુન્નર.
૨. સ્ત્રી. રસાયણવિદ્યા.

કીમિયાગીરી જુઓ કીમિયાગરી.

કીમિયો ૧. પું. એક જાતનો લાંબી શાખાવાળો છોડ. તેનાં પાન લંબગોળ નાનાં હોય છે. તેમાં ધોળાં ફૂલ થાય છે. શિયાળામાં થતી તેની મગફળી જેવી શીંગ કાળી હોય છે.
૨. પું. કારીગીરી.
૩. પું. જાદૂ; ઇલમ.
૪. પું. જેમાંથી સહજ સમૃદ્ધિવાન થવાય એવી કોઈ ચમત્કારિક ક્રિયા; સહેલાઇથી ઘણું દ્રવ્ય મળે અથવા ફાયદો થાય એવો ઇલમ, ધંધો અથવા વસ્તુ.
૫. પું. બનાવટ; યુક્તિ; હિકમત.
૬. પું. હલકી ધાતુને કીમતી બનાવવાની ગુપ્ત રસાયણવિદ્યા.

કીમુખ [અ. કીમુખ્ત] પું. ઘોડા કે ગધેડાનું ચામડું. તે લીલું અને દાણાદાર હોય છે. એના જોડા વરસાદમાં પહેરાય છે.

કીમુખી વિ. કીમુખનું બનાવેલું.

કીમોક પું. નદી અથવા તળાવને કાંઠે ઊગતો સફેદ ફૂલવાળો એક સુંદર છોડ; કેઊ.

કીયક અ. શા માટે; કેમ.

કીયા ૧. સ્ત્રી. સ્ત્રી; નારી.
૨. [હિં.] ન. કૃત્ય.

કીયાડા (કીયાડ઼ા) ૧. સ્ત્રી. એ નામની કણબીની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કીયાંવીયાં ન. રડવાનો અવાજ.

કીયું વિ. કયું.

કીર ૧. પું. કશ્મીર દેશ.
૨. પું. ડામર.
૩. પું. પુરુષની જનનેંદ્રિય.
૪. પું. પોપટ; શુક.
૫. પું. માંસ.
૬. પું. શિકારી.
૭. વિ. કશ્મીર દેશ સંબંધી.
૮. વિ. કશ્મીર દેશમાં ઉત્પન્ન થયેલ.
૯. વિ. કશ્મીર દેશમાં રહેનાર.
૧૦. અ. વેરણછેરણ; છૂટુંછવાયું.

કીરક ૧. પું. બૌદ્ધક્ષપણક; બૌદ્ધ સાધુ.
૨. ન. એક જાતનું ઝાડ.
૩. ન. પોપટનું બચ્ચું.
૪. ન. મેળવવું તે; લાભ; પ્રાપ્તિ.

કીરકોળ ૧. વિ. આકસ્મિક.
૨. વિ. નજીવું; ક્ષુલ્લક.
૩. વિ. પરચૂરણ.
૪. અ. થોડા જથ્થામાં.

કીરગૂન [અ.] વિ. ડામરના રંગનું.

કીરચ ૧. સ્ત્રી. કરચ; ઘણો નાનો કટકો.
૨. સ્ત્રી. સંગીન; બંદૂક ઉપર રખાતું નાનું તલવાર જેવું હથિયાર.

કીરણવાળી પું. એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે ષટ્પદી છપ્પયનો ભેદ છે. તેમાં ૨૧ ગુરુ અને ૧૧૪ લઘુ મળી ૧૩૫ વર્ણ હોય છે.

કીરત ૧. [સં. કીર્તિ] સ્ત્રી. આબરૂ; કીર્તિ.
૨. ન. અકબરના વખતનું એક વજન.

કીરતન ન. સંગીત સાથે ઈશ્વરનું યશોગાન અથવા ગુણવર્ણન. જુઓ કીર્તન.

કીરતનિયાં ૧. ન. બ. વ. કીર્તનમાં ગાઈ શકાય એવી પરમેશ્વરના ગુણવર્ણનની કવિતાઓ.
૨. ન. બ. વ. ભજનકીર્તન કરવાનાં છબછબિયાં; ઝાંઝ; કાંસીજોડ.

કીરતનિયો પું. કીર્તનકાર; ભગવાનનાં કીર્તન કરનાર માણસ.

કીરતાર પું. પરમેશ્વર; કર્તા; પ્રભુ.

કીરતિ ૧. સ્ત્રી. કીર્તિ.
૨. [સં.] સ્ત્રી. રાધિકાની માતા.

કીરતિકુમારી [સં.] સ્ત્રી. રાધા.

કીરતી પું. નાગપિંગળ માંહેનો એ નામનો એક વર્ણમેળ છંદ.

કીરદમન ન. શરીરના અવયવોને અચેતન બનાવવા વપરાતી એક ઝેરી વનસ્પતિ કે ઔષધિ. તેનાં બિયાં ઝેરી અને બહુ જ ઘેન ઉત્પન્ન કરે છે.

કીરદાર વિ. ડામર લગાડેલું.

કીરનાસા [સં.] સ્ત્રી. શુકનાસા નામની વનસ્પતિ.

કીરપા સ્ત્રી. કૃપા; મહેરબાની.

કીરપાણ ન. એક ફૂટ અગિયાર ઇંચ લંબાઈનું અને એક ઇંચના પાનાનું ઝેરી પાણી પાયેલું શીખ લોકોનું પોલાદનું હથિયાર.

કીરબાલ [સં.] ન. પોપટનું બચ્ચું.

કીરમાલા સ્ત્રી. હિમાલયમાં થતી એક જાતની વનસ્પતિ.

કીરમુખી પું. પોપટના મોં જેવા મોંવાળો ઘોડો.

કીરલેખા પું. દરેક ચરણમાં નગણ, રગણ, નગણ, રગણ અને ગુરુ મળી તેર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિજગતીનો ભેદ છે.

કીરવર્ણક [સં.] ન. એક જાતનું સુગંધી દ્રવ્ય.

કીરવા પું. પોપટ.

કીરવી સ્ત્રી. (સંગીત) હિંડોલ રાગની આઠ પુત્રવધૂ માંહેની એ નામની એક રાગિણી.

કીરશબ્દા [સં.] પું. (સંગીત) ચૌદ માંહેનો એક તાલ.

કીરશ્રેણી [સં.] સ્ત્રી. પોપટની હાર.

કીરસ્તાન ૧. ન. ખ્રિસ્તી ધર્મ પાળનાર માણસ.
૨. વિ. ખ્રિસ્તી ધર્મ પાળનારું.

કીરસ્તી જુઓ કિરસ્તાન.

કીરહા ૧. વિ. કીડાએ ખાધેલું હોય એવું.
૨. વિ. કીડાવાળું.

કીરા ૧. પું. કશ્મીર દેશ.
૨. પું. વાંદરો; કપિ.
૩. ન. બ. વ. કશ્મીર દેશનાં લોકો.

કીરિ ૧. સ્ત્રી. સ્તોત્ર; સ્તુતિ.
૨. વિ. સ્તુતિ કરનાર.

કીરી ૧. સ્ત્રી. એક જાતની લિપિ.
૨. [હિં.] સ્ત્રી. કીડી.
૩. સ્ત્રી. ઘણો નાનો કીડો.
૪. સ્ત્રી. પોપટની માદા.
૫. સ્ત્રી. શિકારીની સ્ત્રી.
૬. સ્ત્રી. સુંવાળો નાનો એક જાતનો કીડો. તે ઘઉં, જવ અને ચણાના છોડમાં થાય અને દૂધ પી જાય છે.

કીરેષ્ટ ૧. પું. અખરોટનું ઝાડ.
૨. પું. આંબળાનું ઝાડ.
૩. પું. કડવો લીંબડો.
૪. પું. જલમધૂક વૃક્ષ.

કીર્ણ ૧. [સં.] વિ. આચ્છાદન કરેલું; ઢંકાયેલું.
૨. વિ. મૂકેલ; સ્થાપેલ.
૩. વિ. વિખરાયેલ; ફેલાયેલું.
૪. વિ. હિંસા કરેલ.

કીર્ણા પું. (પિંગળ) દરેક ચરણમાં મગણ અને ગુરુ મળી ચાર અક્ષરનો એક અક્ષરમેળ છંદ; કન્યા.

કીર્ણિ ૧. [સં.] સ્ત્રી. ઢાંકવું તે.
૨. સ્ત્રી. મૂકવું તે; સ્થાપન.
૩. સ્ત્રી. વિખેરવું તે; ફેલાવો.
૪. સ્ત્રી. હિંસા.

કીર્તન ૧. [સં.] ન. આનંદની બૂમ.
૨. ન. કથન; ઉક્તિ; કહેવું તે.
૩. ન. ગાયન અને સંગીત સાથેનું ઈશ્વરનું ગુણવર્ણન; ભજન; સ્તુતિ.
૪. ન. ભાષણ; ચર્ચા.
૫. ન. મંદિર; હવેલી.
૬. ન. મૈથુનના આઠ માંહેનો એક પ્રકાર.
૭. ન. મોટેથી ગાવાપણું.
૮. ન. યશોગાન; ગુણવર્ણન; પ્રશંસા; વખાણ.

કીર્તનકાર પું. કીર્તન કરનાર આદમી; હરદાસ.

કીર્તનભક્તિ ૧. [સં.] સ્ત્રી. આસક્તિની ત્રણ માંહેની એક દશા; નવધા ભક્તિમાંની એક.
૨. સ્ત્રી. ઇષ્ટદેવના ગુણ ગાવા તે.

કીર્તના ૧. [સં.] સ્ત્રી. કહેવું તે; કથન.
૨. સ્ત્રી. પ્રશંસા; વખાણ.
૩. સ્ત્રી. ભજન; સ્તુતિ.
૪. સ્ત્રી. યશ; કીર્તિ.

કીર્તનાવલિ સ્ત્રી. ભજનની ચોપડી; ભજનાવલિ; પ્રાર્થનામાળા.

કીર્તનીય ૧. વિ. કહેવા જેવું.
૨. વિ. પ્રશંસા કરવા લાયક; વખાણવા જેવું.

કીર્તન્ય ૧. [સં.] વિ. કહેવા જેવું; કથન કરવા લાયક.
૨. વિ. પ્રશંસા કરવા જેવું.

કીર્તિ ૧. પું. એ નામનો એક દૈત્ય. દેવી ભગવતીએ તેને પોતાના પગથી છૂંદી નાખ્યો હતો.
૨. પું. (સંગીત) એક જાતનો તાલ.
૩. પું. (પિંગળ) એક જાતનો માત્રામેળ છંદ. તે આર્યાનો ભેદ છે. તેમાં ૨૯ લઘુ અને ૧૪ ગુરુ મળી ૪૩ વર્ણ અને ૫૭ માત્રા હોય છે.
૪. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ઉદિત. તે પંક્તિનો ભેદ છે.
૫. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ત્રિષ્ટુપનો ભેદ છે. તેના દરેક ચરણમાં અગિયાર અક્ષર હોય છે. તેનું પહેલું ચરણ ઉપેંદ્રવજ્રાના માપનું અને બીજું, ત્રીજું અને ચોથું દરેક ઇંદ્રવજ્રાના માપનું હોય છે. તેના પ્રથમ ચરણનો પ્રથમ અક્ષર લઘુ અને બાકીના ત્રણ ચરણના પ્રથમ અક્ષર ગુરુ હોય છે.
૬. સ્ત્રી. (પુરાણ) ઉરુક્રમ નામના બારમા આદિત્યની પત્ની. એના પુત્રનું નામ બૃહત્શ્લોક હતું.
૭. સ્ત્રી. કાંતિ; તેજ.
૮. સ્ત્રી. કીચડ; કાદવ.
૯. સ્ત્રી. કીર્તન; ભજન.
૧૦. સ્ત્રી. કૃપા; મહેરબાની.
૧૧. સ્ત્રી. ખ્યાતિ; નામના; યશ; આબરૂ.
૧૨. સ્ત્રી. દક્ષપ્રજાપતિની એ નામની કન્યા અને ધર્મની પત્ની.
૧૩. સ્ત્રી. નાદ; અવાજ; શબ્દ.
૧૪. સ્ત્રી. પુણ્ય.
૧૫. સ્ત્રી. (પુરાણ) પ્રહ્લાદની એ નામની સ્ત્રી.
૧૬. સ્ત્રી. ભગવાનની બાર શક્તિઓમાંની એ નામની એક.
૧૭. સ્ત્રી. વિસ્તાર; ફેલાવો.
૧૮. સ્ત્રી. સીતા.
૧૯. સ્ત્રી. સીતાની એ નામની એક સખી.
૨૦. સ્ત્રી. સ્તુતિ; વખાણ; પ્રશંસા.

કીર્તિકર ૧. [સં.] વિ. જશનામી; ભાગ્યશાળી.
૨. વિ. યશોગાન કરનાર; ખ્યાતિ કરનારું.

કીર્તિકાવ્ય [સં.] ન. યશોગાનનું કાવ્ય.

કીર્તિકૌમુદી [સં.] સ્ત્રી. સોમદેવે લખેલ એક સંસ્કૃત ઐતિહાસિક કાવ્ય.

કીર્તિક્ષય ૧. [સં.] પું. આબરૂનો નાશ; અપયશ; બદનામી.
૨. ન. એક જાતનું પશ્ચિમાભિમુખ દ્વિશાળ ઘર.

કીર્તિગાન [સં.] ન. યશોગાન; સ્તુતિ.

કીર્તિઘોષણા જુઓ કીર્તિગાન.

કીર્તિજ ૧. [સં.] ન. એક જાતનું ત્રિશાળ ઘર. જે ત્રિશાળ ઘરના મુખ આગળ ત્રણ અલિંદ હોય, તેના આગળ એક મંડપ હોય, તેની જમણી અને ડાબી બાજુએ બંને તરફ એક એક અલિંદ હોય અને તે ઘરનું મુખ પશ્ચિમે હોય તો તે ઘર કીર્તિજ કહેવાય.
૨. વિ. યશ અપાવે એવું; જશનામી.

કીર્તિત ૧. [સં.] પું. કીર્તિથી શોભીતો માણસ.
૨. વિ. ખ્યાતિ પામેલ; પ્રખ્યાત; જાણીતું.
૩. વિ. બોલેલ; કહેલ.
૪. વિ. વર્ણવેલું.

કીર્તિદા [સં.] વિ. યશ આપનાર; ખ્યાતિ આપે એવું.

કીર્તિદાયી જુઓ કીર્તિદા.

કીર્તિધર્મા પું. (પુરાણ) મહાભારતના યુદ્ધમાં પાંડવ પક્ષનો એ નામનો એક રાજા.

કીર્તિધ્વજ [સં.] પું. યશપતાકા; નામના વધારવા ફરકાવેલ ધજા.

કીર્તિપાત્ર [સં.] વિ. આબરૂદાર; યશવાળું.

કીર્તિભાજ ૧. પું. એ નામના એક શ્રાદ્ધદેવ.
૨. પું. કૃષ્ણના મોટા ભાઈ; બળરામ.
૩. પું. દ્રોણાચાર્ય.
૪. વિ. ખ્યાતિ પામેલું; આબરૂદાર.

કીર્તિભૂષણ [સં.] પું. શિવ; શંકર.

કીર્તિમત જુઓ કીર્તિભાજ.

કીર્તિમતી ૧. [સં.] સ્ત્રી. એ નામની દેવી.

૨. સ્ત્રી. શુક્રાચાર્યની કન્યા; કૃત્વી. તે નીપ અથવા અણુહ રાજાની સ્ત્રી હતી અને એને બ્રહ્મદત્ત નામે પુત્ર હતો.

કીર્તિમંડપ [સં.] પું. કીર્તિસૂચક મંડપ.

કીર્તિમંડલચૂડામણિ [સં.] પું. સર્વશ્રેષ્ઠ કીર્તિશાળી પુરુષ.

કીર્તિમંત [સં. કીર્તિમત્] વિ. કીર્તિવાળું.

કીર્તિમંદિર [સં.] ન. આબરૂની ઇમારત.

કીર્તિમાન ૧. પું. (પુરાણ) ઉત્તાનપાદ રાજાને સુનૃતા નામની રાણીથી થયેલ એ નામનો એક દીકરો; ધ્રુવના ભાઈનું નામ.

૨. પું. (પુરાણ) ભગવાન નારાયણે ઉત્પન્ન કરેલા વિરજા નામના એક માનસિક તૈજસ પુત્રના દીકરાનું નામ.

૩. પું. (પુરાણ) વસુદેવથી દેવકીને થયેલા અને કંસે મારી નાખેલા પુત્ર માંહેનો એક; કૃષ્ણનો મોટો ભાઈ.

૪. [સં. કીર્તિમત્] વિ. કીર્તિવાળું; આબરૂદાર; યશસ્વી; પ્રખ્યાત; નામાંકિત.

કીર્તિમુખ ન. (શિલ્પ) કણી ઉપરનો કોતરણીવાળો પહેલો થર કે પટ્ટી.

કીર્તિમુદ્રા [સં.] સ્ત્રી. પ્રતિષ્ઠામુદ્રા; ચાંદાપદક.

કીર્તિમેરુ પું. મેરુ સમાન કીર્તિ; ઘણી આબરૂ.

કીર્તિમોભા પું. બ. વ. શ્રેષ્ઠ કીર્તિવાળા માણસો.

કીર્તિયા [હિં.] પું. નાચનાર અને ગાનાર છોકરો.

કીર્તિરથ પું. (પુરાણ) વિદેહવંશના કૃતિરથ જનકનું બીજું નામ.

કીર્તિરાત પું. (પુરાણ) વિદેહવંશના કૃતિરાત જનકનું બીજું નામ.

કીર્તિરેખ [સં. કીર્તિ (જશ) + રેખા (લીટી)] સ્ત્રી. કીર્તિની રેખા.

કીર્તિલાલસા [સં. કીર્તિ (આબરૂ) + લાલસા (મોહ)] સ્ત્રી. કીર્તિ મેળવવાનો મોહ.

કીર્તિલેખ [સં.] પું. કીર્તિનું સૂચન કે વર્ણન કરતો લેખ.

કીર્તિલોલુપ [સં. કીર્તિ (આબરૂ) + લોલુપ (લાલચુ)] વિ. કીર્તિનો લાલચુ.

કીર્તિવર્ધન [સં.] પું. વિષ્ણુ ભગવાનનું એક નામ.

કીર્તિવંત વિ. કીર્તિવાળું; કીર્તિમાન.

કીર્તિવાન [સં. કીર્તિ (આબરૂ) + વત્ (વાળું)] વિ. નામાંકિત; કીર્તિવાળું.

કીર્તિવાસના [સં. કીર્તિ (જશ) + વાસના (ઇચ્છા)] સ્ત્રી. કીર્તિની ઇચ્છા.

કીર્તિવિનાશ ૧. ન. અશુભ ઘર.

૨. [સં.] ન. (શિલ્પ) એક જાતનું દ્વિશાળ ઘર. જે દ્વિશાળ ઘરના મુખ આગળ બે અલિંદ આવે અને તે અલિંદ આગળ એક મંડપ આવે તેમ જ જે દ્વિશાળ ઘરની જમણી તરફ એક અલિંદ, પછીતે એક અલિંદ, વચ્ચે પટ્ટદારુ આવે અને તે ઘરનું મુખ પશ્ચિમે હોય તો તે કીર્તિવિનાશ નામે ઘર કહેવાય છે.

૩. ન. (શિલ્પ) પટ્ટદારુવાળી છાગીશાળાની અંદર અને આગળ એક પટશાળ હોય તેવું ઘર.

કીર્તિશાળી [સં. કીર્તિ (પ્રતિષ્ઠા) + શાલિન્ (વાળું)] વિ. આબરૂવાળું.

કીર્તિશુભ્ર [સં. કીર્તિ (આબરૂ) + શુભ્ર (ઊજળું)] વિ. સ્વચ્છ કીર્તિવાળું.

કીર્તિશેષ ૧. [સં.] પું. મૃત્યુ.

૨. વિ. નામશેષ થયેલ; મરણ પામેલ.

કીર્તિસમુદ્ર [સં.] પું. કીર્તિરૂપી સમુદ્ર; કીર્તિનો ભંડાર.

કીર્તિસ્તંભ [સં.] પું. મોટા જયવિજયની યાદગીરી માટે બંધાવેલો મીનારો; સ્તંભાકારનું બાંધકામ; કીર્તિ કરવા કે કાયમ રાખવા માટે રોપેલો કે ચણેલો સ્તંભ કે મીનારો; સ્મરણસ્તંભ.

કીર્તિસ્થંભ જુઓ કીર્તિસ્તંભ.

કીર્તિસ્પૃહા [સં.] સ્ત્રી. કીર્તિની ઇચ્છા.

કીર્તિહીન [સં.] વિ. કીર્તિ વગરનું.

કીર્ત્તન જુઓ કીર્તન.

કીર્ત્તનકાર જુઓ કીર્તનકાર.

કીર્ત્તનભક્તિ જુઓ કીર્તનભક્તિ.

કીર્ત્તના જુઓ કીર્તના.

કીર્ત્તનાવલિ જુઓ કીર્તનાવલિ.

કીર્ત્તનીય જુઓ કીર્તનીય.

કીર્ત્તન્ય જુઓ કીર્તન્ય.

કીર્ત્તિ જુઓ કીર્તિ.

કીર્ત્તિકર જુઓ કીર્તિકર.

કીર્ત્તિકાવ્ય જુઓ કીર્તિકાવ્ય.

કીર્ત્તિકૌમુદી જુઓ કીર્તિકૌમુદી.

કીર્ત્તિક્ષય જુઓ કીર્તિક્ષય.

કીર્ત્તિગાન જુઓ કીર્તિગાન.

કીર્ત્તિઘોષણા જુઓ કીર્તિઘોષણા.

કીર્ત્તિજ જુઓ કીર્તિજ.

કીર્ત્તિત જુઓ કીર્તિત.

કીર્ત્તિદા જુઓ કીર્તિદા.

કીર્ત્તિદાચી જુઓ કીર્તિદાયી.

કીર્ત્તિધર્મા જુઓ કીર્તિધર્મા.

કીર્ત્તિધ્વજ જુઓ કીર્તિધ્વજ.

કીર્ત્તિપાત્ર જુઓ કીર્તિપાત્ર.

કીર્ત્તિભાજ જુઓ કીર્તિભાજ.

કીર્ત્તિભૂષણ જુઓ કીર્તિભૂષણ.

કીર્ત્તિમત જુઓ કીર્તિમત.

કીર્ત્તિમતી જુઓ કીર્તિમતી.

કીર્ત્તિમંડપ જુઓ કીર્તિમંડપ.

કીર્ત્તિમંડલચૂડામણિ જુઓ કીર્તિમંડલચૂડામણિ.

કીર્ત્તિમંત જુઓ કીર્તિમંત.

કીર્ત્તિમંદિર જુઓ કીર્તિમંદિર.

કીર્ત્તિમાન જુઓ કીર્તિમાન.

કીર્ત્તિમુખ જુઓ કીર્તિમુખ.

કીર્ત્તિમુદ્રા જુઓ કીર્તિમુદ્રા.

કીર્ત્તિમેરુ જુઓ કીર્તિમેરુ.

કીર્ત્તિમોભા જુઓ કીર્તિમોભા.

કીર્ત્તિયા જુઓ કીર્તિયા.

કીર્ત્તિરથ જુઓ કીર્તિરથ.

કીર્ત્તિરાત જુઓ કીર્તિરાત.

કીર્ત્તિરેખ જુઓ કીર્તિરેખ.

કીર્ત્તિલાલસા જુઓ કીર્તિલાલસા.

કીર્ત્તિલેખ જુઓ કીર્તિલેખ.

કીર્ત્તિલોલુપ જુઓ કીર્તિલોલુપ.

કીર્ત્તિવર્ધન જુઓ કીર્તિવર્ધન.

કીર્ત્તિવંત જુઓ કીર્તિવંત.

કીર્ત્તિવાન જુઓ કીર્તિવાન.

કીર્ત્તિવાસના જુઓ કીર્તિવાસના.

કીર્ત્તિવિનાશ જુઓ કીર્તિવિનાશ.

કીર્ત્તિશાળી જુઓ કીર્તિશાળી.

કીર્ત્તિશુભ્ર જુઓ કીર્તિશુભ્ર.

કીર્ત્તિશેષ જુઓ કીર્તિશેષ.

કીર્ત્તિસમુદ્ર જુઓ કીર્તિસમુદ્ર.

કીર્ત્તિસ્તંભ જુઓ કીર્તિસ્તંભ.

કીર્ત્તિસ્થંભ જુઓ કીર્તિસ્થંભ.

કીર્ત્તિસ્પૃહા જુઓ કીર્તિસ્પૃહા.

કીર્ત્તિહીન જુઓ કીર્તિહીન.

કીર્ત્ત્યે જુઓ કીર્તનીય.

કીર્ત્યમાન જુઓ કીર્ત્યમાન.

કીર્ત્યે જુઓ કીર્તનીય.

કીર્ત્યમાન વિ. કીર્તન જેનું થતું હોય એવું.

કીર્દસાર [મ.] વિ. ખેડવા લાયક; ખેડવાણ.

કીર્દિ સ્ત્રી. ખેડાયેલી જમીન; જેમાં ખેડ થતી હોય એવી જમીન.

કીર્મી [સં.] સ્ત્રી. ઘાસનું બનાવેલ ઘર; ઝૂંપડી.

કીર્યમાણ ૧. [સં.] વિ. ઢંકાતું.

૨. વિ. વીખરાતું.

૩. વિ. હિંસા કરાતું.

કીલ ૧. [સં.] પું. અગ્નિશિખા.

૨. પું. એ નામનો એક દેવ.

૩. પું. કોણી.

૪. પું. કોણીથી કરેલ ઘા.

૫. પું. કોણીથી નીચલો ભાગ.

૬. પું. ખીલો; મેખ; ખૂંટો.

૭. પું. (પિંગળ) ગુરુ અક્ષર.

૮. પું. જન્મ થયા પહેલાંનો ગર્ભ.

૯. પું. જેના ઉપર કુંભાર ચાક ફેરવે છે તે ખીલી.

૧૦. પું. ડામર; પાઈનની જાતનું લાકડું, કોલસો અગર કોક બાળી તેના ધુમાડાને પાણીથી ઠંડો કરી તેમાંથી ખેંચેલું સત્ત્વ. ઔષધ તરીકે તે ત્વચારોગ ઉપર લગાડવામાં આવે છે. તે કફશામક અને મૂત્રલ છે અને જીર્ણ ઉધરસ, ક્ષય અને કેટલીક જાતના મૂત્રરોગમાં ફાયદાકારક મનાય છે. દશ શેર ગરમ પાણીમાં પાંચ તોલા કીલ નાખી તેની વરાળ લીધી હોય તો તેથી જીર્ણ ઉધરસ અને ક્ષયની ઉધરસ જરા હલકી પડે. ચામડીની અંદર ક્ષત થઈ પરૂ થાય તેવાં દરદમાં કીલનો મલમ લગાડાય છે. તેની બનાવટ: કીલ એક ભાગ, મીણ બે ભાગ, મીઠું તેલ બે ભાગ લેવાં. મીણ અને તેલને ભેગાં કરી જરા તાપ ઉપર રાખવાં. તે મળી ગયા પછી જ્યારે જામી જાય ત્યારે તેની અંદર ઓગાળેલ કીલ મેળવી દેવો.

૧૧. પું. ઢોર બાંધવાનો ખીલો.

૧૨. પું. ધરી.

૧૩. પું. બીજા મંત્રની શક્તિનો નાશ થાય કે શક્તિ ઓછી થાય તેવો મંત્ર.

૧૪. પું. ભાલો.

૧૫. પું. મળ; કચરો; ચીકણો કીચડ.

૧૬. પું. મળી; ગાડાનું ઊંગણ.

૧૭. પું. યોનિમાં અટકી જનારો મૂઢ ગર્ભ.

૧૮. [અ.] પું. શબ્દ.

૧૯. પું. (ગણિત) સમાંતરબાજુ ચોખૂણના બે પૂરક (કોમ્પ્લીમન્ટ) અને એક ચોરસની બનેલી આકૃતિ.



સમાંતર ચોખુણુ કછ અને છઠ એ બંને કોમ્પ્લીમન્ટ કહેવાય. હવે જો આખી આકૃતિ કગઠજમાંથી કખછચ લઈ લેવાય તો બાકીની આકૃતિને કીલ કહેવાય.

૨૦. પું. સાઠ માંહેનો બેતાલીસમો સંવત્સર.

૨૧. પું. સાધારણ હથિયાર.

૨૨. પું. સ્તંભ; થાંભલો.

૨૩. સ્ત્રી. આસામના પહાડોમાં થતો દેવકપાસ.

૨૪. સ્ત્રી. ખીલી.

૨૫. સ્ત્રી. ગૂમડાની ખીલી.

૨૬. સ્ત્રી. ચામડી માંહેનું છિદ્ર.

૨૭. સ્ત્રી. જર્મનિમાં બાલ્ટિક સમુદ્રને ઉત્તર સમુદ્ર સાથે જોડતી એક નહેર. તેનું ખરૂં નામ 'કૈસર વિલિયમ કેનલ' છે. પણ તેના એક છેડે આવેલ 'કીલ' નામના મોટા બંદર ઉપરથી તે કીલ કેનલ નામથી વિશેષ પ્રસિદ્ધ છે. આ નહેર બાંધવાની શરૂઆત ઈ. સ. ૧૮૮૭માં અને તેનું કામ ૧૮૯૫માં પૂરૂં થયું હતું. તે નહેર ૬૧ માઈલ લાંબી છે. તેની પહોળાઈ તળિયે ૭૨ ફૂટ અને સપાટી ઉપર ૨૭૩ ફૂટ હતી. ઊંડાઈ લગભગ ૩૦ ફૂટ હતી. ઈ. સ. ૧૯૦૮માં તેમાં સુધારો કરી તેની ઊંડાઈ ૩૬ ફૂટ કરી અને પહોળાઈ બમણી કરી. આ નહેરને લીધે લગભગ ૨૫૦ માઈલનો ફેરાવો બચી જાય છે.

૨૮. સ્ત્રી. ફાંસ; ફાચર.

૨૯. સ્ત્રી. મુખદૂષિકા; મુહાસા.

૩૦. સ્ત્રી. સ્ત્રીઓને નાકમાં પહેરવાની ચૂંક.

૩૧. ન. વહાણ બાંધવાની સપાટી.

કીલક ૧. પું. કેતુ.

૨. પું. (જ્યોતિષ) સાઠ માંહેનો એક સંવત્સર; બાર્હસ્પત્ય સંવત્સરના સાઠ માંહેનું બેતાલીસમું વર્ષ; રુદ્રની વીશીનો બીજો સંવત્સર. તેમાં બધાં અમંગલ નાશ થઈ સર્વત્ર મંગલ અને સુખ થાય એમ મનાય છે.

૩. સ્ત્રી. ચાવી; કૂંચી.

૪. ન. (જ્યોતિષ) એ નામનો એક યોગ. ઉત્તર દિશામાં ઉત્તરાફાલ્ગુની, પૂર્વમાં જ્યેષ્ઠા, દક્ષિણમાં પૂર્વાભાદ્રપદ તથા પશ્ચિમમાં રોહિણી હોય તેને કીલક કહે છે. કીલકમાં ગમન કરવું નહિ એમ મનાય છે.

૫. ન. (તંત્ર) એક તાંત્રિક દેવતા.

૬. ન. એક મંત્ર; સપ્તશતીના જપાંગરૂપે પાઠ કરવા જેવું એક સ્તોત્ર.

૭. ન. કોણીનું હાડકું.

૮. ન. ખૂંટો; મેખ; જડ; ખીલી.

૯. ન. છાયાયંત્રમાં જેની છાયા ઉપરથી સમય મપાય છે તે સળી.

૧૦. ન. ઢોર બાંધવાનો ખીલો.

૧૧. ન. (ખગોળ) દૃષ્ટિમર્યાદાની ઉપર આવેલી ઊંચાઈ.

૧૨. ન. ધરી.

૧૩. ન. મંત્રનો મધ્યભાગ.

૧૪. ન. સામા મંત્ર કે પ્રભાવને નાશ કરનાર મંત્ર.

કીલકયંત્ર [સં.] પું. અક્ષરયંત્ર; લિપિયંત્ર; 'ટાઇપરાઇટર'.

કીલકાકૃતિ સ્ત્રી. ખીલી.

કીલકાન્હરા સ્ત્રી. (સંગીત) કાન્હરા રાગિણીની અઢાર માંહેની એક જાતિ. જુઓ કાન્હરા.

કીલકાર ૧. પું. અવાજ.

૨. પું. ચીસ.

કીલકારી ૧. સ્ત્રી. અવાજ.

૨. સ્ત્રી. કોયલનો કીલકીટ એવો અવાજ.

૩. સ્ત્રી. ચીસ.

૪. સ્ત્રી. મલકાટ.

કીલકારીઓ કરવી = મજાકરૂપે હસવું બોલવું; ખુશ થવું.

કીલકાલ ૧. સ્ત્રી. કુસંપ.

૨. સ્ત્રી. બોલવાની છટા.

૩. સ્ત્રી. વાતચીત.

૪. સ્ત્રી. સમાધાન.

કીલકાસ્થિ [સં.] ન. જેની વચ્ચે કરોડરજ્જુ હોય તે હાડમાળાનો બીજો મણકો.

કીલકાંટા ૧. પું. ખરાબ અક્ષર.

૨. પું. ઘરેણાં.

૩. પું. છોકરાંની એક રમત. તેમાં બે પક્ષમાંથી જે પક્ષ અમુક વખતમાં વધુમાં વધુ ટકોરા મારી શકે તે પક્ષ વિજેતા ગણાય અને જીતના બદલામાં સામા પક્ષને ટકોરાની સંખ્યા જેટલા તમાચા લગાવે છે અગર તો તેટલી સવારી કરે છે અથવા તો તેટલી સલામ ભરાવે છે.

૪. પું. લુહારનું ઓજાર.

કીલડ (કીલડ઼) પું. જોડેલા હાથના ચોવીસ જાતના અભિનયમાંનો સોળમો અભિનય

કીલન ૧. પું. કોઈ મંત્રના પ્રભાવનો નાશ.

૨. [સં.] પું. બંધન; અટકાવવું તે.

કીલની સ્ત્રી. કૂતરાની-રુવાંટી.

કીલપુચ્છ ન. એક જાતનું પ્રાણી.

કીલભાજન પું. આગળિયો.

કીલલોષ્ટ સ્ત્રી. ઈંટની અગિયાર માંહેની એક જાત.

કીલવિષી [સં. કિલ્બિષ] પું. મોં કાળું અને પગ લીલા એવા એક જાતના ઊતરતી જાતિના દેવ.

કીલવો પું. ખજાનચી; કોલીદાર.

કીલસંસ્પર્શ [સં.] પું. એક જાતનું ઝાડ.

કીલા ૧. [સં.] પું. અગ્નિની જ્વાળા.

૨. પું. એક રતિપ્રહાર.

૩. પું. દાંત.

૪. પું. નિશાની છંદનો એક પ્રકાર. તેમાં ૧૧ ગુરુ અને ૧ લઘુ એમ કુલ ૧૨ અક્ષર હોય છે.

૫. પું. મોટો ખીલો.

૬. [હિં.] સ્ત્રી. ટાંકણી.

૭. સ્ત્રી. બાંધવું તે; બંધ.

૮. સ્ત્રી. રમત.

કીલાકાર [સં.] વિ. ખીલાના આકારનું.

કીલાક્ષર [સં.] પું. એક પ્રકારની પ્રાચીન લિપિ. ઈ. સ. પૂર્વે ૧૦૦ વર્ષ પહેલાંના આ લિપિના કેટલાક લેખ બર્બર દેશમાંથી મળી આવ્યા છે.

કીલાનંદ પું. (પિંગળ) અઢાર અક્ષરનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. ક્રીડચંદ્ર. આ છંદ ધૃતિ છંદનો એક ભેદ છે.

કીલાબંધ [સં.] પું. બાંધવું તે.

કીલાયન પું. (પુરાણ) એક બ્રહ્મર્ષિનું નામ.

કીલારપુ પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે નિશાની છંદનો એક ભેદ છે. તેમાં ૧૧ગુરુ અને ૧ લઘુ એમ બાર અક્ષર હોય છે.

કીલાલ ૧. પું. (પિંગળ) દશ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે છંદ પંક્તિ છંદનો એક ભેદ છે. તેમાં ભગણ, મગણ, તગણ અને લઘુ એમ દશ વર્ણ હોય છે.

ભા મ ત લા **કીલાલે** આણુંજ. રણપિંગળ

૨. ન. અમૃત.

૩. ન. જળ; પાણી.

૪. ન. દારૂ.

૫. ન. પશુ.

૬. ન. મધ.

૭. ન. રસ.

૮. ન. લોહી; રક્ત.

૯. વિ. બંધન દૂર કરવાવાળું.

કીલાલધિ [સં.] પું. સમુદ્ર.

કીલાલપ ૧. [સં.] પું. દારૂ પીનાર માણસ.

૨. પું. ભમરો.

૩. પું. રાક્ષસ.

૪. વિ. પાણી પીનાર.

૫. વિ. લોહી પીનાર.

કીલાસ ૧. પું. એક જાતના ચૂનાનો પાણો.

૨. પું. એક પ્રકારનો કોઢ.

કીલિકા ૧. સ્ત્રી. એક પ્રકારનું બાણ.

૨. [સં.] સ્ત્રી. ખીલી.

૩. સ્ત્રી. પાપરૂપ ગણાતી ૮૨ માંહેની એક પ્રકૃતિ.

કીલિત ૧. [સં.] ન. બંધ કરવું તે.

૨. ન. બાંધવું તે.

૩. વિ. ખીલો ઘાલી બંધ કરેલ.

૪. વિ. છેદ પાડેલ.

૫. વિ. જડી દીધેલ.

૬. વિ. બંધાયેલ; બાંધેલ.

૭. વિ. મંત્રાદિકથી ખીલી મૂકેલ.

૮. વિ. શૂળીએ ચડાવેલ.

કીલિયા પું. કોસ હાંકનાર.

કીલી ૧. સ્ત્રી. આંગળી ઉપર થતી ફોડલી.

૨. સ્ત્રી. કમાન વચ્ચેની ઈંટ; કમાનની ચાવી.

૩. સ્ત્રી. કુસ્તીમાં એક યુક્તિ.

૪. સ્ત્રી. કૂંચી.

૫. [સં.] સ્ત્રી. ખીલી; કાંટો; જડ.

૬. સ્ત્રી. તિજોરી; ખજાનો; નાણાંની પેટી.

૭. સ્ત્રી. બાળકી; કીકી.

કીલીટટ્ટુ સ્ત્રી. દક્ષિણ હિંદુસ્તાનમાં રમાતી એક દેશી રમતનું નામ. તે અજારીબજારીની રમતને મળતી આવે છે. જુઓ અજારીબજારી.

કીલીડાઆરકા (કીલીડ઼ાઆરકા) પું. ભરતકામમાં ઉપયોગમાં આવતી લાકડા ઉપર કોતરેલી છાપ.

કીલીદાર ૧. પું. જેની પાસે કૂંચી રહેતી હોય તે આદમી; કિલ્લીદાર.

૨. પું. નાણાંનો હિસાબ રાખનાર; ખજાનચી.

કીલુક પું. એ નામનો એક પર્વત.

કીલેશ્વર ન. બરડામાં આવેલું એક ધાર્મિક સ્થળ.

કીલો પું. કીકો; બાળક; છોકરો.

કીલોકાળ ૧. [અ.] સ્ત્રી. કજિયો; તકરાર.

૨. સ્ત્રી. વાતચીત; સંવાદ.

૩. સ્ત્રી. વાદવિવાદ.

કીલોગ્રામ [અં.] ન. (ગણિત) મેટ્રિક પદ્ધતિમાં આવતું એક જાતના તોલનું માપ; ૧૦૦૦ ગ્રામનું વજન.

કીલોમિટર [અં.] ન. (ગણિત) મેટ્રિક પદ્ધતિમાં વપરાતું લંબાઈનું એક માપ; ૧૦૦૦ મિટર; $\frac{૫}{૮}$ માઈલ.

કીલોવોલ્ટ [અં. કીલોવૉલ્ટ] ન. વીજળીની શક્તિ માપવા વપરાતું એક માપ.

કીવ ન. એક જાતનું પક્ષી.

કીવટ પું. કેવટ; મછવાવાળો.

કીવીકીવી સ્ત્રી. પક્ષીઓનો ઘણો અવાજ.

કીવીસ ન. એક જાતનું પક્ષી.

કીશ ૧. પું. આકડાનો છોડ.

૨. [ફા.] પું. ઈરાની અખાતના મુખ આગળ આવેલો એ નામનો ટાપુ.

૩. પું. જંગ; લડાઈ; યુદ્ધ.

૪. પું. વાંદરો; વાનર.

કપિ શાખામૃગ બલિમુખ **કીશ** પ્લવંગ· લાંગુર;
વાનર કરમાં નાળીયર દેત વિધાતા ક્રુર.
પિંગળલઘુકોષ

૫. પું. સૂર્ય; ભાનુ; રવિ.

૬. પું. હનુમાન.

૭. ન. પક્ષી.

૮. [સં. કિશ] વિ. નગ્ન; નાગું.

કીશકેતુ [સં.] પું. અર્જુન.

કીશધ્વજ [સં.] પું. અર્જુન.

કીશનભોગ પું. એક જાતનો આંબો.

કીશપર્ણ પું. એક જાતની વનસ્પતિ; અઘાડો; અપામાર્ગ.

કીશપર્ણક જુઓ કીશપર્ણ.

કીશપર્ણા પું. અઘાડો.

કીશપર્ણી જુઓ કીશપર્ણ.

કીશો પું. વાનર.

કીશોર પું. (પિંગળ) ચિત્રરચનાનો એક છંદ.

કીશ્કુ ન. બેતાલીસ આંગળ.

કીશ્તકારી [ફા.] સ્ત્રી. ખેડ; કિસાની.

કીસ ૧. [ફા.] સ્ત્રી. ગર્ભની થેલી.

૨. [સં. કૃષિ] સ્ત્રી. વિઘોટી; મહેસૂલ; કિસ્ત.

૩. સ. કોણ; શું.

૪. વિ. કેવા સ્વભાવનું.

કીસનકાલી સ્ત્રી. બંગાળી આંબાની એક ઊંચી જાત.

કીસનજી પું. શ્રીકૃષ્ણ.

કીસનભોગ સ્ત્રી. બિહારી કલમી આંબાની એક જાત.

કીસબી પું. કારીગર.

કીસબેણ [હિં.] સ્ત્રી. છિનાળ સ્ત્રી; વેશ્યા.

કીસમ [હિં.] સ્ત્રી. પ્રકાર; જાત.

કીસલગુર સ્ત્રી. એક જાતની શોષક માટી. તે સ્ફોટક પદાર્થ બનાવવામાં ઉપયોગી છે.

કીસા ૧. [ફા.] પું. હકીકત; બનાવ.
 ૨. સ્ત્રી. કોથળી.

કીસાન પું. ખેડૂત.

કીસાયેકમર [ફા.] પું. કેડની આસપાસ બાંધેલો પટો. આ પટા સાથે દારૂ રાખવાની ડબી, જામગરી રાખવાની દાબડી, ગોળીનું ખાનું, સૂતર વગેરે સાધન બાંધેલ હોય છે.

કીસી સ્ત્રી. આફ્રિકના સીદીની એક જાત.

કીસીપાળ સ્ત્રી. આંબાની એક જાત.

કીસુલી પું. રંધો.

કીસું [હિં.] વિ. કોના જેવું; કેવું.

કીસેં અ. ક્યાં.

કીસોર ૧. પું. નાગપિંગળ માંહેનો એક માત્રામેળ છંદ.
 ૨. સ્ત્રી. રજપૂતોની એ નામની એક જાત.
 ૩. ન. રજપૂતની એક જાતનું માણસ.
 ૪. વિ. એ નામની જાતનું.

કીસ્ટોન [અં.] પું. કમાનની ચાવીનો પથ્થર.

કીસ્તુઘ્ન ન. (જ્યોતિષ) અગિયારમું અશુભ કરણ. તેનો સ્વામી પવન છે.

કીહારે ૧. અ. કયે વખતે; ક્યારે.
 ૨. અ. ક્યાં; કયે ઠેકાણે.

કીહાં અ. ક્યાં; કયે ઠેકાણે.

કીહુ સ. કયું.

કીં ૧. સ. શું.
 ૨. અ. કેમ; શા માટે.

કીંકણી ૧. [સં. કિંકણી] સ્ત્રી. ઘૂઘરી; ક્ષુદ્રઘંટિકા.
 ૨. સ્ત્રી. પગમાં પહેરવાનું ઘરેણું.

> રશના કાંચી કીંકણી, સુત્ર મેખલા જાળ;
> છુંદ્રાવળી શું મદનગૃહ, બાંધી તોરણ માળ.
> પિંગળલઘુકોષ

કીંકુ પું. ધૂપ.

કીંગા પું. એક જાતનો જીવડો.

કીંઘે અ. ક્યાં; કઈ દિશામાં.

કીંચટિ પું. મસ.

કીંજળ ન. ઇમારતી લાકડાંનું એક ઝાડ. આ ઝાડના લાકડાનો કટકો પાસે રાખનાર ઉપર જાદુમંત્રની અસર થતી નથી એમ મનાય છે. એનાં પાંદડાંનો રસ અફીણના ઝેરનો ઉતાર ગણાય છે.

કીંટિ પું. મસ.

કીંઠી પું. હુક્કાની નાળમાં એકઠો થયેલો કચરો.

કીંડ સ. કોણ; કયું.

કીંદરૂ પું. શેષગુંદર; સાલેડા નામના ઝાડનો ગુંદ.

કીંમત ૧. [ફા.] સ્ત્રી. ઊપજ; મહેસૂલ. જુઓ કીમત.
 ૨. [ફા.] સ્ત્રી. કોઈ પણ વસ્તુની દેશકાળને લીધે થતી ઉપયોગિતાની યોગ્યતા; તુલના; કદર.

કીંમતવાર અ. યોગ્યતા પ્રમાણે દરેક વસ્તુ તેની કીમત પ્રમાણે ગોઠવાયેલી કે લખાયેલી હોય એમ.

કીંવાડ (કીંવાડ઼) ૧. ન. કમાડ; બારણું.
 ૨. સ્ત્રી. નદીના પટમાં ગાળેલો નાનો કૂવો.
 ૩. વિ. (વ્રજ) કોઈ.

કુ ૧. પું. (પિંગળ) એક સૂચક સાંકેતિક શબ્દ.
 ૨. પું. કૂવો.
 ૩. સ્ત્રી. પૃથ્વી.
 ૪. સ્ત્રી. પૃથ્વીનો ભાગ.
 ૫. સ્ત્રી. (ગણિત) બહુબાજુ આકૃતિનો ખાસ કરીને ત્રિકોણનો પાયો.
 ૬. સ. કોઈ.
 ૭. વિ. ખરાબ; હલકું; નિંદિત.
 ૮. અ. થોડું એવો અર્થ બતાવતો ઉપસર્ગ.
 ૯. અ. પાપ કે નિંદા સૂચક ઉપસર્ગ.
 ૧૦. અ. ક્રિ. અવાજ કરવો; શબ્દ કરવો.
 ૧૧. અ. ક્રિ. ગણગણવું.
 ૧૨. અ. ક્રિ. ઘૂરકવું.

કુઅજિન ન. નઠારૂં મૃગચર્મ.

કુઅડ (કુઅડ઼) [હિં.] સ્ત્રી. કાવડ; વાંસડાને બંને છેડે લટકાવેલી બે ટોપલી.

કુઅંશ [સં.] પું. ખરાબ ગુણ; દુર્ગુણ.

કુઆડી સ્ત્રી. સંગીતમાં એક લય. તેમાં બરાબર અથવા દોઢી કે આડી બંને લય આવી જાય છે.

કુઆની તળી સ્ત્રી. વહાણ માંહેના વચલા થાંભલાનો નીચલો ભાગ.

કુઆર [હિં.] પું. ભાદરવા વદિ એકમથી આસો સુદિ પૂનમ સુધીનો હિંદુસ્તાની સાતમો મહિનો. તેના કૃષ્ણપક્ષને પિતૃપક્ષ અને શુક્લપક્ષને દેવપક્ષ કહે છે. સૂર્ય આ મહિનામાં કન્યા રાશિનો થાય છે.

કુઆરછલ સ્ત્રી. કુંવારાપણું; કૌમાર્ય.
 કુઆરછલ ઉતારવું = બળાત્કાર કરવો.

કુઆરપત સ્ત્રી. કુંવારાપણું; કૌમાર્ય.

કુઆરા ૧. [સં. કુમાર] પું. (હિંદી) કુંવારો માણસ; વાંઢો.
 ૨. વિ. આસો માસનું; આસો માસમાં થનારૂં.

કુઆરી ૧. સ્ત્રી. કુંવારી કન્યા.
 ૨. સ્ત્રી. ખરીફ પાકનો પેટા ભાગ. તેમાં ધાન, તિલ, અનાજ અને કપાસનો સમાવેશ થાય છે.

કુઈ સ્ત્રી. કૂઈ; નાનો કૂવો; ટાંકી.

કુઈયાં [હિં.] સ્ત્રી. નાની કૂઈ.

કુઉઉ અ. કબૂતરનો અવાજ.

કુઉંચ અ. કોયલનો અવાજ.

કુઊદ [અ.] ન. એક જગ્યાએ બેસવું તે.

કુઓ ૧. પું. (કચ્છી) ઉંદર.
 ૨. [સં. કૂપ; પ્રા. કૂવ] પું. પાણી માટે જમીન ખોદીને કરેલ ખાડો; કૂવો.
 ૩. પું. (વહાણવટું) વહાણની વચ્ચેનો મોટો સ્તંભ. તેને આધારે મોટો સઢ રહે છે.

કુક ૧. ન. એ નામનું પક્ષી; 'ગ્રેટ'. કુક પક્ષી માછલીનાં ઈંડાં ખાય છે.
 ૨. ન. એક જાતના કંદમૂળનો છોડ. તે દક્ષિણ તરફ ઊગે છે. એનાં કંદ જેઠ મહિનામાં રોપવામાં આવે છે. એના છોડ એક હાથ ઊંચા થાય છે. પાંદડાંની વાસ અજમાનાં પાંદડાંને મળતી આવે છે. તેની કાળી અને પાતળી છાલ કાઢી લીધા પછી અંદરનો માવો ખાવાના ઉપયોગમાં આવે છે.
 ૩. વિ. લેનાર; ગ્રહણ કરનાર.
 ૪. વિ. સમર્થ; બળવાન.
 ૫. અ. બાળકને નવાઈ અને આનંદ પમાડવા બોલતો અવાજ.

કુકચા ૧. પું. કૂંડી.
 ૨. પું. ખોરાક.
 ૩. પું. વરસાદ; પાણી.

કુકટ [સં. કુક્કટી] ન. દંભ; ઢોંગ.

કુકટી [સં. કુક્કુટી] સ્ત્રી. કપાસની એક જાત. તે ગોરખપુર તરફના જિલ્લામાં વવાય છે.

કુકડ ૧. સ્ત્રી. એ નામની ઘાંચીની એક અટક.
 ૨. ન. એ નામની અટકનું માણસ.
 ૩. વિ. એ નામની અટકનું.

કુકડચોપડા (કુકડ઼ચોપડ઼ા) ન. (જૈન) ઓસવાળ વંશનું એક ગોત્ર.

કુકડદમ (કુકડ઼દમ) ન. જૂહાણું.

કુકડિયા (કુકડ઼િયા) ૧. સ્ત્રી. કણબી, લોહાણા કુંભાર અને સુતારની એક અટક.-

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કુકડિયાખાંસી (કુકડ઼િયાખાંસી) સ્ત્રી. મોટી ઉધરસ; ઉટાંટિયું; કંઠનળીનો સોજો.

કુકડિયો (કુકડ઼િયો) પું. વણ તથા મરચીનાં પાન વળી જાય એવો મોલનો એક રોગ.

કુકડિયો કુંભાર (કુકડ઼િયો કુંભાર) પું. એક જાતનું પક્ષી. જુઓ કાકડિયો કુંભાર.

કુકડી (કુકડ઼ી) સ્ત્રી. મકાઈના દાણા.

કુકણુક ન. બાળકોને થતું આંખનું દરદ.

કુકણ રજપૂત ૧. સ્ત્રી. રજપૂતની એક પેટા જ્ઞાતિ.

૨. ન. એ નામની રજપૂતની એક પેટા જ્ઞાતિનું માણસ.

૩. વિ. એ નામની રજપૂતની એક પેટા જ્ઞાતિનું.

કુકનિસ [ફા.] પું. હુમા પક્ષી. જુઓ કુકનૂ.

કુકનુસ જુઓ કુકનિસ.

કુકનૂ [યૂ.] પું. એક પક્ષી; હુમા. તેના સંબંધમાં એમ મનાય છે કે એકલો નર પેદા થાય છે. તે ગાવામાં નિપુણ મનાય છે. તેની ચાંચમાં ઘણાં છિદ્ર હોય છે. જેમાંથી તરેહતરેહના સ્વર નીકળે છે. તેનું ગાયન એવું વિલક્ષણ હોય છે કે તેમાંથી આગ પેદા થાય એમ મનાય છે. જ્યારે તે જુવાન થાય છે ત્યારે વસંતઋતુમાં લાકડીઓ એકઠી કરી તેના ઉપર બેસી તે ગાય છે. તેના ગાવાથી આગ ઉત્પન્ન થાય છે અને તે બળીને ભસ્મ થઈ જાય છે. જ્યારે વરસાદ આવે ત્યારે પાણી પડવાથી તેની રાખમાંથી એક ઈંડું નીકળે છે. તેમાંથી કેટલેક દિવસે એક પક્ષી નીકળે છે.

કુકનૂસ જુઓ કુકનૂ.

કુકભ [સં.] પું. દારૂ.

કુકમુ [હિં.] પું. સ્વપ્ન.

કુકર ૧. પું. કૂતરો.

૨. પું. હાથની ક્રિયાને મંદ કરી નાખનાર કુણિ નામનો રોગ.

૩. ન. એ નામનું ઝાડ; ગોલ્ડર. તેનાં ફળ સ્વાદિષ્ટ થાય છે.

૪. વિ. કુણિ રોગવાળું.

૫. વિ. ખરાબ કામ કરનાર.

કુકરકાંઠું સ્ત્રી. એ નામની એક દેશી રમત; ઈટિઢેકાળી. જુઓ ઈટિઢેકાળી.

કુકરભાંગરો પું. કાનફોડી.

કુકરિયાં ન. બ. વ. ગલૂડિયાં.

કુકરૌંધા [હિં.] પું. એક પ્રકારનો છોડ; કુકુંદર.

કુકર્મ ૧. [સં.] ન. ખોટું કે ખરાબ કામ; દુરાચરણ; નીચ કર્મ; લોક અથવા શાસ્ત્રનિંદિત કામ.

૨. વિ. લોક અથવા શાસ્ત્રનિંદિત કામ કરનાર.

કુકર્મકારી [સં.] વિ. નીચ કર્મ કરનાર; ખરાબ કામ કરનાર.

કુકર્મારત [સં.] વિ. ખરાબ કામ કરવામાં લીન થયેલ.

કુકર્મી ૧. [સં.] પું. નીચ કામ કરનાર; કુકર્મ કરનાર.

૨. વિ. લુચ્ચું; ખળ; અધર્મી.

કુકલા ૧. સ્ત્રી. એ નામની મુસલમાનની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કુકલ્પના ૧. સ્ત્રી. અનીતિમય વિચાર.

૨. સ્ત્રી. નઠારી કલ્પના; ખરાબ વિચાર.

કુકવિ [સં.] પું. ખરાબ કવિ.

કુકવિતા સ્ત્રી. ખરાબ કવિતા.

કુકસ ન. ફોતરું; કુશકો.

કુકસો ૧. પું. એ નામનો એક રાગ. તે બિલાવલ થાટમાંથી ઉત્પન્ન થાય છે અને દિવસે પ્રથમ પ્રહરે ગવાય છે.

૨. પું. નિસરણીમાં જે બે લાંબાં માંકડાં વચ્ચે પગથિયાંનાં પાટિયાં જડવામાં આવે તે માંહેનું એક લાંબું લાકડું.

કુકા ૧. સ્ત્રી. એક જાતની રમત.

૨. સ્ત્રી. એક પ્રકારની પહાડી કોમ.

૩. ન. એ નામની કોમનું માણસ.

૪. વિ. એ નામની કોમનું.

કુકારિયા ૧. સ્ત્રી. એ નામની આહીરની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કુકાવ્ય જુઓ કુકવિતા.

કુકી ૧. સ્ત્રી. એ નામના લોકોની જાત. તેઓ આસામ પ્રાંતમાં નાગા પર્વત ઉપર રહે છે.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

કુકીખેલ ૧. સ્ત્રી. આફ્રિદી પઠાણોની એક જાત. એ લોકો હિંદની વાયવ્ય સરહદ ઉપર વસે છે.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

કુકીર્તિ [સં.] સ્ત્રી. અપકીર્તિ; ગેરઆબરૂ.

કુકીલ [સં.] પું. પર્વત; ડુંગર.

કુંકુટ ૧. [સં.] પું. એક જાતનું શાક.

૨. પું. ચાર ઇંદ્રિયવાળા જીવનો એક પ્રકાર.

કુકુડખાંસી (કુકુડ઼ખાંસી) સ્ત્રી. સરલ ખાંસી; શુષ્ક ખાંસી; ઠાલી ઉધરસ.

કુકુણ પું. એ નામનો એક સર્પ.

કુકુણક પું. બાળકોને થતો એક જાતનો આંખનો રોગ. આ રોગ દૂધના દોષથી થાય છે. તેમાં બાળક આંખ ચોળે છે, ગરમીમાં ઊંચે જોવાતું નથી અને આંખો ઊઘડતી નથી.

કુકુત્સંદ [સં.] પું. ગૌતમ પહેલાં થયેલ એક બુદ્ધનું નામ.

કુકુદ ૧. [સં.] પું. અલંકાર વગેરેથી શણગારીને શાસ્ત્રવિધિપૂર્વક કન્યાનું દાન કરનાર માણસ.

૨. સ્ત્રી. શૂદ્ર સ્ત્રી અને માગધ પુરુષથી થયેલ લોકોની એક નીચ જાતિ.

કુકુદર પું. કમર ઉપરનો સાંધો.

કુકુબ સ્ત્રી. (સંગીત) કોકબા; માલકોષ રાગની ૭ માંહેની એક રાગણી.

કુકુભ ૧. પું. (પિંગળ) એક માત્રામેળ છંદનું નામ. તેના પ્રત્યેક ચરણમાં ત્રીસ માત્રા હોય છે. ૧૪ અને ૧૬ માત્રાએ વિરામ આવે છે. આ છંદના દરેક પદને છેડે બે ગુરુ હોય છે.

૨. પું. ઓરિસ્સાના એક પ્રાચીન પર્વતનું નામ.

૩. પું. (સંગીત) બિલાવલ થાટમાંથી ઉત્પન્ન થતો એક જાતનો રાગ. તેનું આરોહાવરોહ સ્વરૂપ સરિ, ગમગ, રિપ, મપધનિધ, સ। સનિધપ, મગ, મરિસ ॥ વાદી સંવાદી સ્વર પ અને સ છે. તે ગાવાનો સમય સવારનો પ્રથમ પ્રહર છે.

૪. સ્ત્રી. દિશા.

કુકુભા [સં.] સ્ત્રી. (સંગીત) એ નામની એક રાગણી. તે માલકોશ રાગની સ્ત્રી મનાય છે. તે ગાવાનો સમય સવારના દશ વાગ્યા પછીનો છે. ગ્રહસ્વર ધૈવત અથવા મધ્યમ છે.

કુકુભાબિલાવલ સ્ત્રી. (સંગીત) બિલાવલ રાગણીની ચૌદ માંહેની એક જાત. તે કુકુભા અને બિલાવલનું મિશ્રણ છે.

કુકુમ ન. (જૂ. ગુ.) કંકુ.

કુકુમડંડા ૧. સ્ત્રી. એક વેલનું નામ.

૨. સ્ત્રી. મહાદેવી.

કુકુર ૧. પું. (પુરાણ) એ નામનો એક યદુવંશી રાજા; સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના કુળમાં

જન્મેલા સાત્વત રાજાના પુત્ર અંધકના ચાર માંહેનો મોટો પુત્ર. એને વહ્નિ નામે પુત્ર હતો.

૨. પું. (પુરાણ) એ નામનો એક સર્પ.

૩. પું. કૂતરો.

૪. પું. રાજપૂતસ્થાનનો એક પ્રાચીન પ્રદેશ. તેની રાજધાની બારમેરમાં હતી.

૫. પું. સૂર્ય.

૬. સ્ત્રી. ક્ષત્રિય લોકોની એક જાત.

૭. સ્ત્રી. ગ્રંથપર્ણી નામની ઔષધિ.

૮. ન. શૂરસેન દેશમાં સાત ચંદ્રવંશી ક્ષત્રિયોનાં કુળ માંહેનું એક કુળ.

કુકુરઆલુ [હિં.] સ્ત્રી. નેપાળ, ભુતાન, આસામ અને છોટાનાગપુર વગેરેનાં જંગલોમાં થતી એક વેલ. તેનાં કંદ તથા મૂળ ગરીબ લોકો દુકાળમાં ખાય છે.

કુકુરખાંસી [હિં.] સ્ત્રી. જેમાં કફ ન નીકળે એવી ઉધરસ; ઠાલી ખાંસી; સૂકી ખાંસી.

કુકુરઢાંસી જુઓ કુકુરખાંસી.

કુકુરદંત [હિં.] પું. મોટા અને આડાઅવળા દાંત.

કુકુરદંતા [હિં.] વિ. કુકુરદંતવાળું.

કુકુરમાછી [હિં.] સ્ત્રી. એક જાતની માછલી.

કુકુરમુત્તા પું. બિલાડીનો ટોપ.

કુકુરા પું. (પુરાણ) એ નામનો એક દેશ.

કુકુરાધિપ પું. કૃષ્ણ.

કુકુરાંગાર પું. (પુરાણ) ભારતવર્ષીય એક દેશનું નામ.

કુકુરી ૧. સ્ત્રી. કૂકડી.

૨. સ્ત્રી. કૂતરી.

કુકુસ પું. ફોતરૂં; ભૂસું; કુશકો.

કુકુસ્તા સ્ત્રી. કકૌથા અથવા કકૌઠા નદીનું પ્રાચીન નામ. કુશીનગર જતાં બુદ્ધ ભગવાન આ નદી ઊતર્યા હતા.

કુકુહી ૧. [સં. કુક્કુમ] સ્ત્રી. (હિંદી) કૂકડી.

૨. સ્ત્રી. બાજરાના પાકનો એક રોગ.

કુકુંદર ૧. પું. એકથી બે હાથ ઊંચો એક જાતનો છોડ. તેનાં પાન રૂંછાંથી ભરેલાં, ચીકાશવાળાં અને ફૂલ પીળા રંગનાં હોય છે. તેનાં મૂળ લોહીવિકાર, કફ અને બળતરા મટાડે છે.

૨. પું. કેડ ઉપરનો સાંધો.

૩. [સં.] પું. સ્ત્રીના ફૂલામાં બાજુ પરનો ખાડો.

કુકુંદરકંટક [સં.] પું. વંક્ષણોદૂખલાંશના પાછલા ભાગ ઉપર આવેલ એ નામનું એક ત્રિકોણાકાર પ્રવર્દ્ધનક.

કુકુંદરકૂટ [સં.] પું. કુકુંદરપિંડથી સહેજ આગળ વધી તથા ઊંચે જઈને ભગાસ્થિના નીચલા શૃંગ જોડે મળી જતો કુકુંદરાસ્થિનો પાતળો તથા ચપટો ભાગ.

કુકુંદરદ્વાર [સં.] ન. કુકુંદરકંટકની નીચે આવેલું એ નામનું નાનું દ્વાર. તેમાંથી શ્રોણિગવાક્ષિણી અંતઃસ્થા નામની પેશી બહાર આવે છે.

કુકુંદરપિંડ [સં.] પું. નિતંબ ઉપરનો માંસનો લોચો; કુકુંદરાસ્થિનો આગળ વધેલો ગોળ ભાગ. માણસ બેસે છે ત્યારે તેના ઉપર આખા શરીરનો ભાગ આવે છે. નિતંબના નીચલા ભાગમાં આંગળી સહેજ ઊંડી દબાવતાં આ પ્રવર્દ્ધનક ઓળખી શકાય છે.

કુકુંદરાસ્થિ [સં.] ન. એ નામનું એક હાડકું. તેનાથી શ્રોણિફલકનો નીચલો અને પાછલો ભાગ બને છે. શ્રોણિફલકનાં ત્રણ હાડકાંમાં આ સૌથી મજબૂત હોય છે. તે અર્ધચંદ્રાકાર હોઈ નિતંબના મૂળ ભાગમાં રહેલું છે. વંક્ષણોદૂખલાંશ, કુકુંદરકૂટ અને કુકુંદરપિંડ એ તેના ત્રણ ભાગ છે.

કુકૂટશિક્ષા સ્ત્રી. એ નામનો બૌદ્ધ લોકોનો ગ્રંથ.

કુકૂટી [સં.] સ્ત્રી. શીમળાનું ઝાડ.

કુકૂણ [સં. કુકૂણક] પું. બાળકને થતો આંખનો એક રોગ.

કુકૂદ [સં.] પું. અલંકાર વગેરેથી શણગારીને શાસ્ત્રવિધિપૂર્વક કન્યાનું દાન કરનાર માણસ; કુકુદ.

કુકૂનક [સં.] પું. બાળકોની આંખની નબળાઈ.

કુકૂલ ૧. પું. ખીલાઓથી ભરેલ ખાડો.

૨. પું. છાણાંનો અગ્નિ.

૩. પું. ફોતરાંનો અગ્નિ.

૪. પું. બખ્તર.

૫. ન. છાણું.

૬. ન. ફોતરૂં.

કુકૂલાગ્નિ પું. છોડિયાં, ડાંગર, છાણાં વગેરેથી પાડેલો ધીમે સળગતો દેવતા.

કુકૂસ્વર પું. કૂકડાનો અવાજ.

કુકૃત્ય [સં.] ન. ખરાબ કામ.

કુકોલ [સં.] ન. બોરડીનું ઝાડ.

કુક્કડ ૧. [સં. કુક્કુર] પું. કૂકડો.

૨. પું. ભય; બીક.

૩. સ્ત્રી. કૂકડી.

૪. સ્ત્રી. દોરાનું કોકડું.

૫. સ્ત્રી. મકાઈ.

કુક્કર પું. કૂતરો.

કુક્કા ૧. પું. એક જાતના ઘાસની ઝૂંડી.

૨. પું. કૂતરો.

૩. પું. ગુલાબનું ફૂલ.

૪. પું. નિશાની; ખાસ ચિહ્ન.

૫. પું. પેટ; ઓઝરી.

૬. પું. બંદૂકના તાળાની કમાન.

કુક્કુટ ૧. પું. અગ્નિનો કણ; તણખો.

૨. પું. એક જાતની વનસ્પતિ.

૩. [સં.] પું. કૂકડો; મરઘો.

કુક્કુટમૈથુન કરવું = કૂકડાની પેઠે મૈથુન કરવું; સ્ત્રી ખિજાઈ ગઈ હોય છતાં પતિએ સંભોગ કરવો.

૪. પું. જટાધારી માણસ.

૫. પું. શૂદ્ર પુરુષથી ભીલડીમાં ઉત્પન્ન થયેલ પુત્ર.

કુક્કુટક ૧. [સં.] પું. અગ્નિનો કણ; તણખો.

૨. પું. કૂકડો.

૩. પું. વર્ણસંકર માણસ; શૂદ્ર પુરુષથી ભીલડીમાં ઉત્પન્ન થયેલ પુત્ર.

કુક્કુટપુત્ર [સં.] પું. શૂદ્રથી નિષાદ કે ભીલની કન્યામાં ઉત્પન્ન થયેલ દીકરો.

કુક્કુટકિશોરન્યાય [સં.] પું. જોઈ જોઈને શીખવું તે. કૂકડી પોતાનાં બચ્ચાં જન્મે કે તરત આગળ ચાલતી ચાલતી ભોંય ઉપરથી કણો શી રીતે ઉપાડવા તે ક્રિયા કરતી જાય છે અને બચ્ચાં તે પ્રમાણે કરતાં ઝટપટ શીખી જાય છે. તે ઉપરથી આ ન્યાયનું નામ પડ્યું છે.

કુક્કુટગિરિ જુઓ કુક્કુટપાદ.

કુક્કુટપટ પું. (વૈદક) બે વેંત લાંબા, ઊંડા અને પહોળા ચોરસ ખાડામાં મહાપુટની પેઠે ઔષધોને અગ્નિ આપવાની ક્રિયા.

કુક્કુટપાદ [સં.] પું. એ નામનો એક પ્રાચીન પર્વત. તેને હવે કુટકીહર કહે છે. આ પર્વત ગયાથી આઠ કોસ ઈશાનમાં છે. ચીની યાત્રાળુઓના વર્ણન ઉપરથી જણાય છે કે તે વખતે આ સ્થળ બૌદ્ધોનું એક તીર્થસ્થાન હતું. અત્યારે પણ તેની આસપાસ કેટલાક તૂટેલ ફૂટેલ સ્તૂપ તથા મૂર્તિઓ જોવામાં આવે છે. કુરકીહરથી ઉત્તરે એકાદ માઈલ દૂર આવેલાં ત્રણ ગિરિશૃંગ ઉપર બુદ્ધ ભગવાનના સુપ્રસિદ્ધ શિષ્ય મહાકશ્યપે ચમત્કારો કર્યાનું કહેવાય છે. મહાકશ્યપનું નિર્વાણ પણ અહીં જ થયું હતું. વળી ફાહ્યાને કહેલો ગુરુપાદગિરિ તે જ આ કુક્કુટગિરિ. ત્રણે ગિરિશૃંગોનો દેખાવ કૂકડાના પગ જેવો હોવાથી આ નામ પડયું છે.

કુક્કુટપાદગિરિ જુઓ કુક્કુટપાદ.

કુક્કુટપાદપ [સં.] પું. એક જાતની વનસ્પતિ.

કુક્કુટપુટ જુઓ કુક્કુટપટ.

કુક્કુટમસ્તક [સં.] પું. ચવ્યક નામની વનસ્પતિ.

કુક્કુટમંડપ પું. કાશીમાં આવેલું મુક્તિમંડપ નામનું સ્થાન.

કુક્કુટમાંસકી ૧. ન. કૂકડાનું માંસ.
૨. ન. કોળાપાક.

કુક્કુટવ્રત [સં.] ન. ભાદરવા સુદ સાતમને દિવસે કરવાનું વ્રત. આ દિવસે સ્ત્રીઓ સંતાન માટે શિવ અને દુર્ગાની પૂજા કરે છે.

કુક્કુટશિખ [સં.] ન. કસૂંબાનું ઝાડ.

કુક્કુટા ૧. [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; બેઠીભોરિંગડી.
૨. સ્ત્રી. કૂકડી.

કુક્કુટાગિરિ પું. જેમાં કૂકડાં પુષ્કળ છે એવો એક પર્વત.

કુક્કુટાભ [સં.] પું. કૂકડાના પગ જેવો એક સર્પ.

કુક્કુટાસન [સં.] ન. ચોરાસી યોગાસન માંહેનું એ નામનું એક; અર્ધપદ્માસન પ્રમાણે બેસી બે હાથને જંઘા તથા ઊરુની વચ્ચે ઘાલી અર્ધપદ્માસન સાથે દેહ ઉપાડવો તે. પગની સ્થિતિ બદલવાથી આ આસનનો બીજો ભેદ થાય છે. આંતરડાંની નબળાઈને લીધે અપાનવાયુ દૂષિત થઈ આંતરડાંમાં પેદા થઈને પેટને ફુલાવે તથા મલાવરોધ કરી સ્વપ્નદોષ કરાવે. તેની ઉત્પત્તિ આ આસનના અભ્યાસથી અટકી જાય છે. વળી નાનું આંતરડું બળવાન બને છે, મોટા આંતરડામાં પણ મલની ગતિ શીઘ્ર બને છે, હાથની નસો તથા માંસગ્રંથિ દઢ બને છે, સુષુમ્ણાનું મોં ખુલ્લું થાય છે તથા અપાનતત્ત્વ ઊર્ધ્વગમન કરે છે.

કુક્કુટાહિ જુઓ કુક્કુટાભ.

કુક્કુટાંડ [સં.] ન. કૂકડીનું ઈંડું.

કુક્કુટાંડક ૧. [સં.] ન. ખાવામાં તૂરૂં અને મીઠું એક જાતનું ધાન્ય.
૨. ન. ચોખાની એક જાત.

કુક્કુટિ [સં.] સ્ત્રી. દંભ; ઢોંગ.

કુક્કુટિકા [સં.] સ્ત્રી. કૂકડી; મરઘી.

કુક્કુટી ૧. સ્ત્રી. એક જાતનો કીડો.
૨. [સં.] સ્ત્રી. કૂકડી; મરઘી.
૩. સ્ત્રી. દંભચર્યા.
૪. સ્ત્રી. માયા; કપટ.
૫. સ્ત્રી. શીમળાનું ઝાડ.

કુક્કુટીવ્રત જુઓ કુક્કુટવ્રત.

કુક્કુટોરગ જુઓ કુક્કુટાભ.

કુક્કુભ ૧. પું. એક જાતનું પક્ષી.
૨. પું. જંગલી કૂકડો.
૩. પું. રોગાન; 'વાર્નિશ'.

કુક્કુભક જુઓ કુક્કુભ.

કુક્કુર ૧. પું. આંધ્રવંશનો એક યદુવંશી રાજા.
૨. પું. (પુરાણ) એ નામનો એક ઋષિ.
૩. [સં.] પું. કૂતરો.
૪. પું. ક્ષત્રિય.
૫. પું. યાદવકુળ.
૬. ન. ગ્રંથિપર્ણી નામનું એક ઝાડ.
૭. વિ. ગાંડવાળું.

કુક્કુરદ્રુ [સં.] પું. એક જાતનું ઝાડ.

કુક્કુરભોજન [સં.] ન. એ નામનું એક નરક.

કુક્કુરવાચ [સં.] પું. સારંગ મૃગ.

કુક્કુરી [સં.] સ્ત્રી. કૂતરી.

કુક્કુરેશ [સં.] પું. યાદવપતિ; શ્રીકૃષ્ણ.

કુક્કુરો પું. કૂતરો.

કુક્રિયા ૧. [સં.] સ્ત્રી. ખરાબ કામ.
૨. સ્ત્રી. દોષ; પાપ.

કુક્કોંદા [સં.] પું. એક જાતનો છોડ.

કુક્ષ [સં.] પું. પેટ; જઠર; કૂખ.

કુક્ષવા પું. પેટનો વા; ઢોરનો એક જાતનો રોગ. આફરો ચડે અને ઊતરે એમ ઘણા દિવસ સુધી થયા કરે તો તેને કુક્ષવા કહે છે. કુક્ષવાને ઘણા લોકો ડામે છે, પણ તેનાથી રોગ મટતો નથી. આ રોગમાં ઢોર બરાબર ખાતું નથી. વારેઘડીએ આફરો ચઢવાથી ઢોર દૂબળું પડી જાય છે અને મરી જાય છે. કુક્ષવામાં ઢોરને પહેલે દિવસે એક શેર તેલ પાવું. બીજા દિવસથી સવારસાંજ બંને વખત સૂંઠની ભૂકી એક અધોળ, કડુની ભૂકી એક અધોળ, ઝેરકોચલાંની ભૂકી ચાર આનીભાર, ગોળ શેર એક, એક શેર પાણી સાથે મેળવી આઠ દિવસ સુધી પાવું. આઠ દિવસ સુધી પાયા પછી વચ્ચે બે દિવસ છોડી દઈને ફરીથી દવા શરૂ કરવી, કારણકે ઝેરકોચલાં એ ઝેરી દવા છે અને શરીરમાં તેનો જમાવ થઈ રહે છે. આફરાવાળાં ઢોરને ખોરાક ઘણો થોડો આપવો. આફરો મટી ગયા પછી પણ જલદી પચી શકે તેવો ખોરાક આપવો.

કુક્ષિ ૧. પું. (પુરાણ) ઇક્ષ્વાકુનો મોટો દીકરો. તે વિકુક્ષીનો પિતા હતો.
૨. પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ; રૌભ્ય ઋષિનો પુત્ર.
૩. પું. એ નામનો એક પ્રાચીન દેશ.
૪. પું. (પુરાણ) પૌષ્યંજ ઋષિનો એ નામનો શિષ્ય. તેણે સામવેદની સો સંહિતાનું અધ્યયન કર્યું હતું.
૫. પું. બલિ નામનો દાનવ રાજા.
૬. સ્ત્રી. અખાત.
૭. સ્ત્રી. કૂખ; પેટ; ઉદર.
૮. સ્ત્રી. ગજ; બે હાથનું માપ.
૯. સ્ત્રી. ગર્ભાશય.
૧૦. સ્ત્રી. ગુફા.
૧૧. સ્ત્રી. તલવારનું મયાન.
૧૨. સ્ત્રી. પેટનું જમણું કે ડાબું પડખું.
૧૩. સ્ત્રી. પોલાણ.
૧૪ સ્ત્રી. વચલો ભાગ.
૧૫. વિ. પેટ ભરનાર; આપમતલબી; સ્વાર્થી.

કુક્ષિકૃમિ [સં.] પું. પેટમાં થતું કરમિયું.

કુક્ષિધાર ૧. પું. એક જાતનો વહાણનો વેપારી.
૨. પું. સુકાની; હોડીનો નિયામક.

કુક્ષિપટ પું. બગલ; કાખ.

કુક્ષિપાટનકર્મ [સં.] ન. પેટ ચીરીને ગર્ભસ્થ બાળકને બહાર કાઢવાનું કામ.

કુક્ષિભરિ જુઓ કુક્ષિંભરી.

કુક્ષિભીમ પું. (પુરાણ) બલિના સો માંહેનો એ નામનો એક પુત્ર.

કુક્ષિભેદ [સં.] પું. બૃહત્સંહિતા અનુસાર ગ્રહણના સાત જાતના મોક્ષના ભેદ માંહેનો એક. તેના બે ભેદ છેઃ દક્ષિણકુક્ષિભેદ અને વામકુક્ષિભેદ. જ્યારે મોક્ષ જમણી તરફથી થાય ત્યારે તેને દક્ષિણકુક્ષિભેદ કહે છે અને જ્યારે ડાબી તરફથી થાય ત્યારે તેને વામકુક્ષિભેદ કહે છે.

કુક્ષિ દૃસ્ત્ર [સં.] ન. પાછળથી ભરાય તેવી બંદૂક.

કુક્ષિમ [સં.] સ્ત્રી. એક જાતની ઔષધોપયોગી વનસ્પતિ. તે કફહર તથા કૃમિનાશક છે. તેનાં પાંદડાંનો રસ અતિસારમાં અકસીર મનાય છે.

કુક્ષિરંધ્ર ૧. [સં.] ન. નડ ઘાસ; બરૂ.
૨. ન. બગલ; કાખ.

કુક્ષિવેદના [સં.] સ્ત્રી. પેટનો એક જાતનો રોગ; કુક્ષિશૂલ.

કુક્ષિશૂલ [સં.] ન. પેટમાં નીકળતું શૂળ.

કુક્ષિંભરી [સં.] વિ. પોતાનું જ પેટ ભરનાર; આપમતલબી; સ્વાર્થી; પેટભરૂ; એકલપેટું.

કુક્ષેયુ પું. (પુરાણ) સોમવંશી પુરુકુલોત્પન્ન રૌદ્રાશ્વ રાજાના દશ માંહેનો એ નામનો એક પુત્ર; કક્ષેયુ.

કુક્ષેશ્વર પું. બાસઠ તેજસ્તત્ત્વ દેવતામાંનો એ નામનો એક.

કુક્ષ્યુદર પું. ફેફસામાં થતો સોજો.

કુખ પું. દર્ભ; કુશ ઘાસ.

કુખિયા [સં. કુક્ષિ] પું. બ. વ. વહાણમાં પુસ્તની પડખે જડવામાં આવતા લાકડાના ચંદ્રાકાર કટકા; વાંકિયા.

કુખેત [સં. કુક્ષેત્ર] ન. ખરાબ જગ્યા.

કુખ્યાત [સં.] વિ. ખરાબ નામનાવાળું; બદનામ.

કુખ્યાતિ ૧. [સં.] સ્ત્રી. અપયશ; અપકીર્તિ.
૨. સ્ત્રી. નિંદા; બદનામી.

કુખ્યાતિમાન [સં.] વિ. બદનામીથી મશહૂર; ખરાબ રીતે જાણીતું.

કુખ્યાવાક પું. વહાણની અંદરના ભાગમાં પડખાનો કાથાનો એક ભાગ.

કુગત જુઓ કુગતિ.

કુગતિ ૧. [સં.] સ્ત્રી. ખરાબ ચાલચલગત.
૨. સ્ત્રી. ખરાબ સ્થિતિ; દુઃખી હાલત.

કુગહનિ સ્ત્રી. દુરાગ્રહ; હઠ.

કુગ્રહ ૧. [સં.] પું. દુરાગ્રહ; હઠ; જીદ.
૨. પું. માઠી ગ્રહદશા.

કુગ્રામ ૧. [સં. કુ (ખરાબ) + ગ્રામ (ગામ)] ન. ખરાબ કે ગરીબ ગામ.
૨. ન. રાજા, બ્રાહ્મણ, નદી વગેરે ન હોય એવું અથવા જરૂરિયાતની વસ્તુ જ્યાં ન મળે એવું ખરાબ અથવા નાનું ગામ.

કુઘડ (કુઘડ઼) વિ. બેડોળ; સુઘડ નહિ એવું.

કુઘર ૧. [સં. કુ (ખરાબ) + ગૃહ (ઘર)] ન. ખરાબ ઘર.
૨. ન. ખરાબ માણસ.

કુઘા [હિં.] સ્ત્રી. દિશા; બાજુ.

કુઘાત ૧. [હિં.] પું. ખરાબ અવસર.
૨. પું. છળકપટ.

કુચ્ ૧. અ. ક્રિ. જડ થવું.
૨. અ. ક્રિ. વાંકું થવું.
૩. અ. ક્રિ. (ધાતુ) સંકોચાવું. તે ઉપરથી નીકળેલ શબ્દો: સંકોચાવું; સંકોચ; સંકોચન; સંકુચિત.
૪. સ. ક્રિ. અટકાવવું; રોકવું.
૫. સ. ક્રિ. લખવું.
૬. સ. ક્રિ. સ્પર્શ કરવો.

કુચ ૧. પું. દાડમ.
૨. પું. સ્તનની ડીંટડી.
૩. પું. સ્ત્રીની છાતી; સ્તન; પયોધર; ઉરજ.
૪. સ્ત્રી. બરોબર એકસરખા પગ મૂકીને લશ્કરના માણસોએ ચાલવું તે; પ્રસ્થાન.
૫. સ્ત્રી. મજલ; મુકામ.
૬. વિ. કૃપણ; કંજૂસ.
૭. વિ. સંકોચાયેલ.

કુચકળી સ્ત્રી. નાનાં સ્તનરૂપી કળી.

કુચકાર પું. એક જાતનું ઘેટું.

કુચકુચ ૧. સ્ત્રી. કાનમાં વાત કરવી તે; ગુપચુપ; ગુચપુચ.
૨. સ્ત્રી. ગપ્પાં.
૩. સ્ત્રી. વાતચીત; સંભાષણ.

કુચકુચવા [હિં.] પું. ઉલ્લૂ.

કુચકુચિયા [હિં.] પું. રાતા માથાવાળું એક પક્ષી.

કુચકુંભ [સં. કુચ (સ્તન) + કુંભ (કળશ)] પું. સ્તનરૂપ કળશ; મોટાં સ્તન; હાથીના કુંભસ્થળ જેવાં સ્તન.

કુચક્ર ૧. ન. બીજાંને હાનિ પહોંચાડવાનો ગુપ્ત પ્રયત્ન.
૨. [સં. કુ (ખરાબ) + ચક્ર (કૂંડાળું)] ન. સ્થિતિ ખરાબ કરી મૂકવી તે; મામલો ખરાબ કરવો તે.

કુચક્રી ૧. [સં. કુ (ખરાબ) + ચક્ર (કૂંડાળું) + ઇન્ (વાળું)] વિ. ગુપ્ત પ્રયત્ન કરી બીજાને હાનિ પહોંચાડનાર.
૨. વિ. જેમતેમ સમજાવી ખોટે રસ્તે ચડાવનાર.

કુચચક્ર [સં. કુચ (સ્તન) + ચક્ર (ગોળાકાર)] ન. કુચરૂપી ચક્ર.

કુચચ્છબી સ્ત્રી. સ્તનની કાંતિ.

કુચતટ ૧. ન. મોટાં સ્તન.
૨. [સં. કુચ (સ્તન) + તટ (કિનારો)] ન. સ્તનનો કોરનો ભાગ.

કુચતટાગ્ર [સં. કુચ (સ્તન) + તટ (કિનારો) + અગ્ર (આગલો ભાગ)] પું. સ્તનનો અગ્ર ભાગ; દીંટડું.

કુચતટી જુઓ કુચતટ.

કુચના [હિં.] પું. રજસ્વલા સ્ત્રીથી વપરાતું લૂગડું.

કુચનાર ન. એક જાતનું ઝાડ. જુઓ કુંચિન.

કુચપટગાંઠ સ્ત્રી. કાંચળીની કસની ગાંઠ.

કુચપદ્મ [સં. કુચ (સ્તન) + પદ્મ (કમળ)] ન. કમળ સરખું સ્તન.

કુચફલ ૧. ન. કોઠાનું ઝાડ.
૨. ન. કોઠું.
૩. ન. દાડમ.
૪. ન. દાડમનું ઝાડ; દાડમી.
૫. ન. સ્તન.

કુચફળ જુઓ કુચફલ.

કુચમર્દન ૧. [હિં.] પું. એક પ્રકારનું શણ. તેમાંથી દોરડાં બને છે.
૨. [સં. કુચ (સ્તન) + મર્દન (ચોળવું તે)] ન. સ્ત્રીના સ્તનને ચોળવાની ક્રિયા.

કુચમંડળ [સં. કુચ (સ્તન) + મંડલ (પ્રદેશ)] ન. સ્ત્રીની છાતી; સ્ત્રીના હૃદયનો ભાગ.

કુચયુગ્મગગન [સં.] ન. બે ઉન્નત સ્તન ધારણ કરવાવાળું છાતી રૂપ આકાશ.

કુચર ૧. પું. (જ્યોતિષ) એ નામનો એક તારો.
૨. વિ. કુકર્મ કરનાર; દુરાચારી.
૩. વિ. દુર્ગમ પ્રદેશમાં વિચરનાર; ખરાબ સ્થાનમાં ફરનાર.
૪. વિ. નઠારું આચરણ કરનાર; ચોરી, નિંદા, પ્રાણીવધ વગેરે કુકર્મ કરનાર.
૫. વિ. પરસ્ત્રી ગમન કરનાર.
૬. વિ. પારકા દોષ કહેવાના સ્વભાવવાળું.
૭. વિ. પેટે ચાલતું ધીમી ગતિવાળું.

કુચરા [હિં.] પું. ઝાડુ; સાવરણી.

કુચરિત ૧. ન. અવિનય; અનીતિ.
૨. ન. ખરાબ ચાલ.

કુચર્ચા સ્ત્રી. ખરાબ ચર્ચા.

કુચર્યા [સં. કુ (ખરાબ) + ચર્યા (વર્તણૂક)] સ્ત્રી. કુકર્મ; દુરાચાર.

કુચલમારી સ્ત્રી. ફિસાદ.

કુચલવું સ. ક્રિ. કચરવું.

કુચલા ૧. પું. એક જાતનું ઝાડ. તેનું લાકડું ઇમારતી કામમાં વપરાતું નથી.
૨. પું. કૂચો.
કુચલા કરવા = ભુક્કો કરી નાખવો.
૩. [સં. કુલક] પું. ઝેરકોચલું; વિષ્મુષ્ટિ.

કુચલાગુટી સ્ત્રી. (વૈદક) એક પ્રકારની ગોળી. તાવ, સંગ્રહણી, અતિસાર, વાતરોગ ઉપર તે અપાય છે.

કુચલાલતા [હિં.] ન. ગોઆગારી લાકડું.

કુચલિયું વિ. ખરાબ ચાલતું.

કુચલી ૧. [હિં.] પું. અણીવાળો દાંત; રાક્ષી; દાઢો અને રાજદાંત વચ્ચેનો દાંત. તે નોકદાર અને મોટો હોય છે.

૨. સ્ત્રી. કૂંચલી; બોચલો; નાની છોકરીનું માથાનું મેલખાયું.

કુચવહા ૧. સ્ત્રી. એ નામની એક રજપૂત કોમ. જયપુરના મહારાજા એ કોમના છે.

૨. ન. એ કોમનું માણસ.

૩. વિ. એ નામની કોમનું.

કુચવાવું અ. ક્રિ. મુંઝાવું; દુ:ખ માનવું.

કુચવિશાત [કુચ (કોઈ) + વિશાત (હલકું પાથરણું)] વિ. ઓછી પૂંજીવાળું; માલ વિનાનું.

કુચશૃંગ [સં. કુચ (સ્તન) + શૃંગ (શિખર)] ન. સ્તનરૂપી પર્વતનાં શિખર.

કુચસ્થળ [સં. કુચ (સ્તન) + સ્થલ (જગ્યા)] ન. સ્ત્રીની છાતીનો પ્રદેશ.

કુચસ્થાન [સં. કુચ (સ્તન) + સ્થાન (ઠેકાણું)] ન. સ્તનનું ઠેકાણું.

કુચંડિકા [સં.] સ્ત્રી. મુરવેલ; મરવી નામની વનસ્પતિ.

કુચંડી જુઓ કુચંડિકા.

કુચંદન ૧. ન. એક સુગંધી અગુરુ જેવો રંગે કાળો પદાર્થ. તે ખડબચડું હોય છે.

૨. ન. ખરાબ ચંદન; રતાંજળી; રક્તચંદન.

૩. ન. પતંગ.

કુચા સ્ત્રી. સાવરણી.

કુચાકુચા અ. ચૂરેચૂરા.

કુચાગ્ર [સં. કુચ (સ્તન) + અગ્ર (આગલો ભાગ)] પું. સ્તનનો અગ્રભાગ; ડીંટડી.

કુચાગ્રી [સં. કુચ (સ્તન) + અગ્ર (ટોચ) + ઇન્ (વાળું)] વિ. સ્તનવાળું; ઉપસેલી છાતીવાળું.

કુચાબંધી સ્ત્રી. નાકાબંધી.

કુચારી ૧. સ્ત્રી. કજિયો.

૨. સ્ત્રી. ખરાબ વર્તણૂક.

૩. વિ. દુરાચારી; ખરાબ રસમનું.

કુચાલ ૧. સ્ત્રી. કચાલ; ખરાબ વર્તણૂક; ગેરવહીવટ.

૨. સ્ત્રી. દુષ્ટતા; બદમાશી.

૩. વિ. ખરાબ ચાલચલગતવાળું.

૪. વિ. વાંકું; અનિયમિત.

કુચાલી ૧. વિ. ખરાબ આચરણવાળું.

૨. વિ. દુષ્ટ; પાજી.

૩. વિ. વાંકું; અનિયમિત.

કુચાંગેરી [સં.] સ્ત્રી. એક જાતનું શાક.

કુચિક ૧. [સં.] ન. ઈશાન તરફનો એક પ્રાચીન દેશ. તે કદાચ હાલનું કુચબિહાર હશે એમ મનાય છે.

૨. ન. એક જાતનું માછલું.

કુચિકા સ્ત્રી. દક્ષિણ અમેરિકના મીઠા પાણીમાં થતી એ નામની માછલી. તેનું શરીર લીલાશવાળું, જળસાપના જેવું અને અડતાં વીજળીની જેમ આંચકો લાગે એવું હોય છે.

કુચિકી સ્ત્રી. એક જાતની માછલી.

કુચિત ૧. વિ. માપસર; મપાયેલું.

૨. વિ. રોકેલ.

૩. વિ. સંકોચાયેલ; વળેલું.

કુચિત્ત ન. ખરાબ વેશ; ખરાબ છબી.

કુચિત્ર વિ. કદરૂપું.

કુચિત્રું વિ. કદરૂપું.

કુચિયા [હિં.] પું. કાનની બૂટ.

કુચિયાદાંત પું. દાઢ.

કુચિયો [સં. કુચ] પું. સ્તન ઢાંકનારો વસ્ત્રનો ભાગ; કાંચળીની ખોળ.

કુચિલ વિ. ખરાબ.

કુચિલા ૧ પું. કુચલા.

૨. સ્ત્રી. એક જાતની ઔષધિ; ગોરહુ નામનો કંદ.

કુચિલાદિગુટિકા સ્ત્રી. (વૈદ્યક) એક જાતની ઔષધિ.

કુચીલ [સં. કુચેલ] વિ. મેલાં કપડાંવાળું; મલિન.

કુચીલા ૧. વિ. મેલાં કપડાંવાળું.

૨. વિ. મેલું; ગંદું.

કુચુક ન. એ નામનું વૃક્ષ. તેમાંથી ઇંડિઅ રબર બને છે.

કુચુમાર [સં.] પું. એ નામનો પ્રાચીન કામશાસ્ત્રી. તેણે ઔષનિષદક અધિકરણ નામનું પુસ્તક લખ્યું છે.

કુચેલ ૧. [સં. કુ (ખરાબ) + ચેલ (વસ્ત્ર)] ન. ખરાબ કપડું; ગંદું વસ્ત્ર.

૨. વિ. ખરાબ વસ્ત્ર ધારણ કરનાર.

૩. વિ. મેલું; ગંદું.

કુચેલક પું. ગોવાળિયાઓથી વપરાતો એક જાતનો કામળો.

કુચેલા ૧. સ્ત્રી. પહાડમૂળ નામની વનસ્પતિ.

૨. [સં.] વિ. ખરાબ વસ્ત્ર પહેરેલું.

૩. વિ. ગંદું; મેલવાળું.

કુચેલી ૧. સ્ત્રી. એક જાતની વનસ્પતિ; પહાડમૂળ.

૨. [સં. કુ (ખરાબ) + ચેલ (કપડું)] સ્ત્રી. ખરાબ વસ્ત્રવાળી સ્ત્રી.

કુચેષ્ટ [સં. કુ (ખરાબ) + ચેષ્ટા (વર્તન)] વિ. ખરાબ ચેષ્ટાવાળું.

કુચેષ્ટા ૧. [સં. કુ (ખરાબ) + ચેષ્ટા (મશ્કરી)] સ્ત્રી. અઘટિત મશ્કરી કરવી તે; અયોગ્ય રીતે હસવું તે; જેથી કોઈનું મન દુખાય તેવી મજાક કરવી તે.

૨. [સં. કુ (ખરાબ) + ચેષ્ટા (યત્ન)] સ્ત્રી. કોઈને હાનિ પહોંચાડવાનો યત્ન.

૩. સ્ત્રી. ખોટી ચેષ્ટા; ખરાબ વર્તન; કુલક્ષણ.

૪. સ્ત્રી. ચહેરાનો ખરાબ ભાવ.

કુચેષ્ટિત જુઓ કુચેષ્ટા.

કુચેં [હિં.] ન. બ. વ. ઉમરે પહોંચતી છોડીનાં સ્તન.

કુચૈન [હિં.] સ્ત્રી. કષ્ટ; દુ:ખ.

કુચૈલ [સં. કુ + ચૈલ (કપડાવાળું)] પું. (પુરાણ) સુદામાજી. કૃષ્ણ અને બલરામ જ્યારે સાંદીપનિ ઋષિને ત્યાં ભણતા, ત્યારે સુદામો તેમનાં કરતાં વય અને વિદ્યામાં મોટો હોવાને લીધે બંને ભાઈઓ એને મોટા ગુરુભાઈ ગણતા. એ ઉત્તમ પ્રકારનો બ્રહ્મનિષ્ઠ હોઈને અતિશય દરિદ્રી છતાં પરમ સમાધાની હતો. અતિશય દરિદ્રતાને લીધે તેની સ્ત્રીએ તેના ગુરુભાઈ કૃષ્ણની પાસે તેને યાચવાને મોકલ્યો અને ભેટ તરીકે ઘણા જ જીર્ણ વસ્ત્રમાં પૌંઆ બાંધીને આપ્યા. કૃષ્ણ તેને કાંઈ આપ્યા વગર તેને આતિથ્ય કરીને વળાવે છે. પણ એની મોટી યોગ્યતા પ્રમાણે પોતાના અલૌકિક સામર્થ્ય વડે તેનું ઘર જ નહિ પણ એ જે ગામમાં રહેતો હતો તે આખા ગામને વિશ્વકર્માની મારફત નગરતુલ્ય બનાવરાવ્યું અને બધાં ઘર કાંચનમય કરાવરાવ્યાં. કુચૈલને આ વાતની ખબર નહોતી, છતાં કૃષ્ણને ત્યાંથી ઠાલે હાથે પાછો આવતાં બિલકુલ ખેદ થયો નહિ, કારણકે એ મૂળથી જ સમાધાની હતો. ઘેર આવતાં પોતાની ઝૂંપડીને ઠેકાણે મહેલ થયો જોઈને તેને આશ્ચર્ય થયું. તેટલામાં તેની સ્ત્રી સામેથી આવી હર્ષભેર પોતાના મંદિરમાં તેને લઈ ગઈ.

કુચૈલા ૧. વિ. ધિક્કારેલું.

૨. [હિં.] વિ. મેલાં કપડાંવાળું.

કુચ્ચી [હિં.] પું. તેલ માપવાનું માટીનું એક લાંબું વાસણ.

કુચ્છ [સં.] ન. કમળની એક જાત; રાત્રે વિકસતું કમળ; ધોળું કમળ.

કુચ્છણ ૧. સ્ત્રી. બગલ.
૨. સ્ત્રી. વચન; બોલ.

કુચ્છિત ૧. [હિં.] વિ. કુત્સિત; નીચ; નિંદવા લાયક.
૨. વિ. ધિક્કારેલું.

કુચ્છી ૧. સ્ત્રી. ગર્ભાશય.
૨. સ્ત્રી. પેટ.

કુછ [સં. કિંચિત] વિ. જરા; કંઈ; લગીરેક.
૧. કુછ ઔર = બીજું કાંઈ.
૨. કુછ ઔર ગાવું = ખોટો ખુલાસો કરવો.
૩. કુછ સે કુછ હોવું = તદ્દન બદલી જવું.

કુછત ૧. [સં. કુત્સિત] વિ. કદરૂપું; બેઢોળ.
૨. વિ. ખરાબ.

કુછલો પું. બાયલો માણસ; નામર્દ માણસ.

કુછંદ ૧. પું. આડે રસ્તે ચાલવું તે.
૨. પું. ખરાબ વ્યસન; બૂરી ટેવ.
૩. પું. લંપટપણું.

કુછંદાઈ જુઓ કુછંદ.

કુછંદી ૧. વિ. આડે રસ્તે જતું.
૨. વિ. દુરાચારી; વ્યસની.
૩. વિ. વ્યભિચારી; લંપટ.

કુછંદીપણું જુઓ કુછંદ.

કુછીત જુઓ કુત્સિત.

કુજ ૧. પું. (પિંગળ) એક અર્દ્ધસમજાતિ માત્રામેળ છંદ. તેમાં બે ગુરુ અને ૪૪ લઘુ મળી ૪૬ વર્ણ હોય છે.
૨. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે મંગલવસ્તુનો એક ભેદ છે. તેમાં ૩૩ ગુરુ અને ૨૨ લઘુ મળી ૫૫ વર્ણ અને ૮૮ માત્રા હોય છે.
૩. પું. ગુંજારવ; ધીમો અને મીઠો અવાજ.
૪. પું. નરકાસુર દૈત્ય. તેને કૃષ્ણે માર્યો હતો.
૫. પું. [સં.] મંગળ ગ્રહ.
૬. પું. વૃક્ષ; હરકોઈ ઝાડ; છોડવો.
૭. વિ. મંગળના જેવા લાલ રંગનું; લાલ.

કુજડા (કુજડ઼ા) પું. બકાલી; લીલું શાકપાન વેચનાર માણસ.

કુજન્મ [સં.] ન. ઝાડ.

કુજપ ૧. [સં.] વિ. ખરાબ જપ કરનાર.
૨. વિ. ખરાબ બોલનાર.

કુજય ૧. [સં.] પું. જુગારી.
૨. પું. નિંદ્ય માણસ.

કુજલીવન ન. જેમાં હાથી બહુ હોય એવું જંગલ.

કુજવાર પું. મંગળવાર.

કુજવું ૧. અ. ક્રિ. ઘસાઈ જવું.
૨. અ. ક્રિ. સડી જવું.

કુજશ પું. અપયશ; બદનામ.

કુજસ્તંભ [સં.] પું. (જ્યોતિષ) મંગળનું એક રાશિથી વક્ર થઈ વળી પાછો સીધો થઈ તે રાશિમાંથી જવાપણું. એક રાશિમાંથી મંગળ વક્ર થાય અને માર્ગી થયા પછી બીજી રાશિમાં જાય તેવો આ યોગ અનિષ્ટકારક છે.

કુજસ્તંભનયોગ જુઓ કુજસ્તંભ.

કુજંત્ર ૧. [સં.] ન. અભિચાર; મારણ પ્રયોગ.
૨. ન. ખરાબ યંત્ર.

કુજંદ [યૂ.] પું. તલ.

કુજંભ ૧. પું. એ નામનો એક દૈત્ય. તેણે તારકાસુરનો રાજ્યાભિષેક કર્યો હતો.
૨. વિ. ખરાબ દાંતવાળું.

કુજંભન [સં.] પું. ઘર ફાડી ચોરી કરનાર માણસ.

કુજંભલ [સં.] પું. ઘરફાડુ ચોર.

કુજંભા ૧. પું. પ્રહ્લાદનો એ નામનો પુત્ર.
૨. વિ. વિકરાળ દાંતવાળું.

કુજંભિલ [સં.] પું. ઘરફાડુ ચોર.

કુજંભુ વિ. વિકરાળ દાંતવાળું.

કુજા ૧. [સં.] સ્ત્રી. કાત્યાયની દેવી.
૨. સ્ત્રી. દુર્ગા; પાર્વતી.
૩. સ્ત્રી. સીતા.
૪. [ફા.] અ. ક્યાં; કયે સ્થળે.

કુજાગ સ્ત્રી. ખરાબ જગ્યા; નઠારૂં સ્થળ.

કુજાત ૧. [સં.] પું. નીચ જાતિનો માણસ; નીચ પુરુષ.
૨. સ્ત્રી. નીચ જાતિ; હલકું કુળ.
૩. વિ. નાત બહાર મૂકેલું.
૪. વિ. નીચ; હલકું.
૫. વિ. હલકી જ્ઞાતિનું.

કુજાતિ જુઓ કુજાત.

કુજાત્ય જુઓ કુજાત.

કુજાની ન. બ. વ. હલકા વર્ગનાં લોકો.

કુજામ ૧. વિ. કાયદેસર નહિ એવું; કાયદા વિરુદ્ધનું.
૨. વિ. રખાત સ્ત્રીથી ઉત્પન્ન થયેલ.
૩. વિ. હરામી; નીચ.

કુજામિસરી સ્ત્રી. એક જાતની સાકર. તેના ગાંગડા હવેલીમાં વપરાય છે.

કુજાષ્ટમ [સં.] પું. જ્યોતિષપ્રસિદ્ધ જન્મ લગ્નાવધિ આઠમા સ્થાનમાં રહેલ મંગળ ગ્રહરૂપ એક યોગ. તે બહુ અશુભ મનાય છે. તે કુંડલીના બીજા શુભ યોગનો નાશ કરે છે.

કુજિત ૧. વિ. કોયલના જેવું.
૨. વિ. ગાયેલું.

કુજીવ પું. માંકડ.

કુજીવિત ન. ખરાબ જિંદગી.

કુજેર ન. તુચ્છકાર; હડધૂતવું તે.

કુજોગ ૧. પું. કુમેળ; કુસંપ.
૨. પું. સારો યોગ ન હોવાપણું; અયોગ્ય સમય; કુયોગ; ગ્રહનો ખરાબ યોગ.

કુજોગી પું. અસંયમી; ઇંદ્રિયો વશ નહિ રાખનારૂં.

કુજ્જા ૧. પું. માટીના પ્યાલામાં જમાવેલ ખાંડ.
૨. [ફા. કૂજા] પું. માટીનો પ્યાલો.

કુજ્જિજશ [સં.] પું. એક જાતનું માછલું.

કુજ્ઝટિ સ્ત્રી. ઝાકળ; ધુમ્મસ.

કુજ્યા સ્ત્રી. ઉન્મંડલવૃત્ત તથા ક્ષિતિજવૃત્તના અંતરમાં થતી સીધી લીટી; પાંચ પ્રકારની જ્યા માંહેની એ નામની એક.

કુટ્ ૧. [સં.] અ. ક્રિ. અપ્રમાણિક થવું; છેતરવું.
૨. અ. ક્રિ. વાંકા થવું; વળવું.
૩. સ. ક્રિ. કટકા કરવા; ભાંગવું.
૪. સ. ક્રિ. કૂટવું.
૫. સ. ક્રિ. તપાવવું; ઊનું કરવું.
૬. સ. ક્રિ. ફાડવું; ચીરવું.
૭. સ. ક્રિ. વાંકું કરવું.
૮. સ. ક્રિ. વિકળતા કરવી; કુંઠિત કરવું.

કુટ ૧. પું. એ નામનો એક ઋષિ.
૨. પું. એક જાતની ઔષધિ; ઉપલેટ.
૩. પું. કોટ; ગઢ; કિલ્લો.
૪. પું. ઘડો; કળશ.
૫. પું. ઘર; ગૃહ.
૬. પું. ટોપીના લૂગડા અને અંદરની પટી વચ્ચે મુકાતો અક્કડ કાગળ.
૭. પું. પથ્થર ભાંગવાનો હથોડો.
૮. પું. પર્વત.
૯. પું. પૂઠું બનાવવામાં વપરાતો કાગળ.
૧૦. પું. બોરડી વાઢી તેને કચરી ઢોરને ખવરાવવા માટે બનાવાતો કૂચો.
૧૧. પું. વૃક્ષ; ઝાડ.

કુટક ૧. પું. એ નામનો ભારતવર્ષીય એક દેશ.
૨. પું. પર્વત.
૩. પું. મુંબઈ ઇલાકાના ધારવાડ જિલ્લામાં આવેલ ગડગ શહેરનું પ્રાચીન નામ.

કુટકટ પું. કઠણ પદાર્થ ચાવવાથી થતો અવાજ.

કુટકવું ૧. અ. ક્રિ. ઈંડાનું બહાર આવવું.

૨. સ. ક્રિ. ચાંચ મારવી.

કુટકા ૧. [હિં.] પું. ત્રિકોણાકાર બુટ્ટો.

૨. પું. નાનો કટકો.

કુટકાચાલ ન. કોંકણ પ્રાંતમાં આવેલું એ નામનું વન. તે વનના વૃક્ષમાં ઋષભદેવની જટા ભરાઈ જવાથી તેઓ ત્યાં જ ઊભા રહ્યા. કેટલેક કાળે વૃક્ષોના ઘર્ષણથી વન સળગ્યું. તેમાં ઋષભદેવ પણ બળીને સ્વધામ ગયા હતા.

કુટકિ સ્ત્રી. એક જાતની ઔષધોપયોગી વનસ્પતિ; કૌરા. તે જુલાબ લાવનાર હોવાથી સખત કબજિયાતવાળા તાવમાં આપવામાં આવે છે. આંતરડાના કૃમિ, મધુપ્રમેહ, દમ અને રક્તપિત્તમાં પણ તે અપાય છે. જો વધારે પ્રમાણમાં દેવાય તો ઝેરી અસર થાય છે. તેની ૫ થી ૧૦ ગ્રેન ભૂકી આપવાથી હલકો જુલાબ લાગે છે.

કુટકિયું ન. બાજરામાંથી બનતી એક વાની. બાજરાને પલાળી, ઓધાવીને કુરિયા અને ભૂકો જુદા કાઢવા; કુરિયા આંધણમાં ઓરી તે ચડી રહ્યા પછી ભૂકો પણ પાણીમાં ડોઈને તેની અંદર ઓરી દેવો.

કુટકી ૧. સ્ત્રી. અંબિકા વૃક્ષ.

૨. [સં. કટુકા] સ્ત્રી. એક ઔષધોપયોગી વનસ્પતિ; કડુ; કટુરોહિણી. તેનાં મૂળિયાં કફહર, યોનિદોષહર અને પાચક છે. તેનાં પાંદડાં ઈંડાના આકારનાં હોય છે.

૩. સ્ત્રી. એક નાનું પક્ષી. તે પાંચ ઈંચ લાંબું થાય છે અને ત્રણ ચાર ઈંડાં આપે છે.

૪. સ્ત્રી. કાપવું તે.

૫. સ્ત્રી. કૂતરાં અને બિલાડાં જેવાં પશુઓના શરીરનાં રૂવાંમાં રહેતો અને કરડતો એક ઊડતો કીડો.

૬. સ્ત્રી. ઘોડાને ખવરાવવાનો એક જાતનો મસાલો.

૭. સ્ત્રી. મચ્છર.

૮. સ્ત્રી. મિત્રોને છોડી દેવાપણું.

કુટકુટ ૧. પું. ચળ; ખંજવાળ.

૨. પું. થોડું થોડું કરડી ખાવું તે.

કુટકુટિયું ન. ગલૂડિયું; કૂતરાનું બચ્ચું.

કુટગતિ પું. (પિંગળ) એ નામનો એક છંદ.

કુટચ પું. ઇંદ્રજવનું ઝાડ.

કુટજ ૧. પું. અગસ્ત્ય મુનિ.

૨. પું. દ્રોણાચાર્ય.

૩. [સં.] ન. એ નામની એક વનસ્પતિ; કડુ; ઇંદ્રજવનું ઝાડ. આ ઝાડ પાંચથી ૧૫ ફૂટ જેટલું ઊંચું થાય છે. તેનાં ફૂલ સફેદ રંગનાં અને મધુરી સુવાસવાળાં હોય. તેની શીંગ લાંબી, બબ્બે ભેગી અને ઉપર જોડાયેલી હોય. આનાં બીજ ઇંદ્રજવ કહેવાય છે. તેની છાલ કડાછાલ મરડા માટે રામબાણ ઔષધ મનાય છે.

૪. ન. પદ્મ; કમલ.

કુટજગતી પું. (પિંગળ) તેર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિજગતી છંદનો ભેદ છે. તેમાં નગણ, જગણ, મગણ, તગણ અને ગુરુ મળી ૧૩ વર્ણ હોય છે.

કુટજગતી હયે ના જા મા તા ગથી.

રણપિંગળ

કુટજચૂર્ણ [સં.] ન. (વૈદ્યક) ઝાડાના રોગ માટેની એક દવા. તે બનાવવા ઇંદ્રજવ, નાગરમોથ, ધાવડીનાં ફૂલ, બીલાં, લોધ્ર, સૂંઠ અને મોચરસનું સરખે ભાગે ચૂર્ણ કરવું. તે છાશ સાથે અપાય છે.

કુટજપુટપાક [સં.] પું. (વૈદ્યક) ઝાડાના રોગનું એક ઔષધ. તે બનાવવા લીલી કડાછાલને ચોખાના ધોવરામણમાં વાટી કલ્ક કરી તેનો ગોળો કરવો. ગોળા ઉપર જાંબુડાનાં પાન વીંટી સૂતર વીંટવું. તેના ઉપર ઘઉંની કણકનો લેપ કરી તે ઉપર કાળી માટીનો એક આંગળ લેપ કરવો. પછી તેને અડાયાં છાણાં વચ્ચે ઉપરની માટી લાલ થાય તેટલો અગ્નિ આપવો. માટી લાલ થાય કે તુરત ગોળો બહાર કાઢી ઉપરનું આવરણ દૂર કરી ભીંજવેલા માટીના ખાદીના ટુકડાથી નીચોવી રસ કાઢી લેવો. એકથી બે તોલા સુધી તે મધ સાથે લેવાય છે.

કુટજબીજ [સં.] ન. ઇંદ્રજવ.

કુટજરસ [સં.] પું. (વૈદ્યક) હરસના રોગ માટે ઉપયોગી કડાછાલની બનાવટ. તે બનાવવા બીલી કે તેના અભાવે સૂકી કડાછાલનો કવાથ કરી અષ્ટમાંશ રહે ત્યારે ગાળી લઈ ફરી એ કવાથને ચૂલા ઉપર ચડાવી અવલેહ જેવું થતાં સુધી ઉકાળવો. પછી તેમાં મોચરસ, રિસામણી, ઘઉંલો અને ઇંદ્રજવનું ચૂર્ણ મેળવી ગોળી વાળવા જેવું થાય એટલે ઉતારી લઈ તેની ગોળીઓ બનાવવી. આ ગોળીઓ રક્તાર્શમાં તેમ જ રક્તાતિસારમાં અને સંગ્રહણીમાં બહુ સારો ફાયદો કરે છે.

કુટજલેહ [સં.] પું. (વૈદ્યક) હરસ મટાડવાનું કડાછાલનું ચાટણ. તે બનાવવા કડાછાલનો કવાથ કરી અષ્ટમાંશ બાકી રહે ત્યારે ઉતારી ગાળી લઈ તેમાં સરખે ભાગે રતાંજલી, વાવડિંગ, ત્રિકટુ, ત્રિફળા, રસવંતી, ચિત્રાનાં મૂળ, ઇંદ્રજવ, વજ, અતિવિષની કળી અને બીલીના ગર્ભનું વસ્ત્રગાળ ચૂર્ણ નાખી ચાટણ જેવું થતાં સુધી ચૂલા ઉપર રાખી હલાવતા રહેવું. પછી ચૂલા ઉપરથી ઉતારી ઠંડું થયે તેમાં ચૂર્ણથી અર્ધું મધ મેળવવું.

કુટજા ૧. પું. (પિંગળ) તેર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કલહંસ. તે અતિજગતીનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં સગણ, જગણ, સગણ, સગણ અને ગુરુ એમ તેર અક્ષર હોય છે.

૨. ન. ઇંદ્રજવનું ઝાડ.

કુટજાત્વક સ્ત્રી. કડાની છાલ.

કુટજાદિક્વાથ [સં.] પું. (વૈદ્યક) રક્તાતિસાર મટાડવા માટેની એક દવા. તે બનાવવા કડાછાલ, અતિવિષની કળી, મોથ, વાળો, લોધ્ર, ચંદન, ધાવડીનાં ફૂલ, દાડમની છાલ, કાળીપાટ એ દરેક $\frac{1}{4}$ તોલો લઈ એક શેર પાણીમાં ઉકાળી પાંચ તોલા બાકી રહે એટલે ઉતારી ગાળી લઈ તેમાં મધ નાખવું. અતિવિષની કળીને બદલે બીલીનો ગર્ભ પણ નખાય છે.

કુટજાદિચૂર્ણ [સં.] ન. (વૈદ્યક) અતિસાર, રક્તાતિસાર, પિત્તાતિસાર અને આમાતિસાર ઉપર અપાતું એ નામનું ચૂર્ણ. તે બનાવવા કાળીપાટ, ચિત્રો, સૂંઠ, મરી, પીપર, જાંબુની છાલ, દાડમની છાલ, ધાવડીનાં ફૂલ, કડુ, અતિવિષ, મોથ, દારુહળદર, કરિયાતું, ઇંદ્રજવ એ બધાં સમભાગે લઈ તે બધાંની બરાબર કડાછાલ લઈ, ખાંડી વસ્ત્રગાળ ચૂર્ણ કરવું. તેની માત્રા પાવલીભાર છે.

કુટજાદ્યઘૃત [સં.] ન. (વૈદ્યક) આયુર્વેદમાં જણાવેલ એક ઔષધરૂપ ઘી.

કુટજારિષ્ટ [સં.] ન. (વૈદ્યક) અતિસાર, રક્તાતિસાર, પિત્તાતિસાર અને આમાતિસારમાં અપાતી એક જાતની દવા. તે બનાવવા ૪૦૦ તોલા કડાછાલનું ચૂર્ણ લઈ તેમાં ૨૦૦ તોલા દ્રાક્ષ નાખી અંદર ૪૦ તોલા મહુડાનાં ફૂલ અને શીવણનાં ફૂલ નાખવાં. તેને ૪૦૯૬ તોલા પાણીમાં નાખી ઉકાળવાં. ૧૦૨૪ તોલા પાણી બાકી રહે ત્યારે તેને ગાળી લઈ તેમાં ૮૦ તોલા ધાવડીનાં ફૂલ તથા ૪૦૦ તોલા ગોળ નાખવો. પછી એક માટીના ઠામમાં નાખી મોઢું બંધ કરી એક માસ સુધી રાખી મૂકવું. તેની માત્રા ૨ થી ૫ તોલા છે.

કુટજાવલેહ [સં.] પું. (વૈદ્યક) હરસ ઉપર અપાતી એ નામની દવા. તે બનાવવા ૪૦૦ તોલા કડાછાલ લઈ તેને અધકચરી ખાંડી

૧૦૨૪ તોલા પાણીમાં નાખી ઉકાળવી. ચોથો ભાગ બાકી રહે ત્યારે તેની અંદર ૧૨૦ તોલા ગોળ નાખવો ને ફરી તે ઉકાળવું. ઘાટું થાય ત્યારે તેમાં રસાંજન, મોચરસ, સૂંઠ, મરી, પીપર, હરડાં, બેડાં, આમળાં, રિસામણી, ચિત્રો, કાળીપાટ, કુણાં બીલાં, ઇંદ્રજવ, ભિલામું, અતિવિષ, વાવડિંગ અને વાળો એ દરેક ચાર તોલા લઈ તેનું ચૂર્ણ કરી નાખવું અને તેની અંદર એક કુડવ ઘી નાખી થીજવવું. પછી તેની અંદર એક કુડવ મધ નાખવું. આ દવા મરડો, જીર્ણ અતિસાર અને ઊલટીમાં પણ દેવાય છે. તેની માત્રા ૧/૪ થી ૧ તોલો છે.

કુટજાષ્ટક [સં.] ન. (વૈદ્યક) અતિસાર મટાડવા અપાતી એ નામની દવા. તે બનાવવા કડાછાલ, અતિવિષની કળી, કાળીપાટ, ધાવડીનાં ફૂલ, લોધ્ર, નાગરમોથ, કાળો વાળો અને દાડમની છાલ સમભાગે લઈ તેનો કાઢો કરવો. તેની માત્રા પાવલીભાર છે.

કુટનપન ૧. [હિં.] ન. કજિયો કરાવવાનું કામ.
૨. ન. કૂટણીનું કામ.

કુટનપેશા જુઓ કુટનપન.

કુટના ૧. પું. એકની વાત બીજાને કરી લડાવનાર માણસ.
૨. પું. સ્ત્રીઓનો દલાલ.
૩. સ્ત્રી. બિહારી કલમી આંબાની એક જાત.

કુટનાઈ [હિં] સ્ત્રી. ભડવાઈનો પૈસો.

કુટનાપા [હિં.] પું. ભડવાપણું; ભડવાઈ.

કુટનાવું અ. ક્રિ. લલચાવું.

કુટનાસ [હિં.] પું. એક જાતનું પક્ષી.

કુટની ૧. સ્ત્રી. ચુગલી ખાઈને કજિયો કરાવનાર સ્ત્રી.
૨. [સં. કુટ્ટની] સ્ત્રી. વેશ્યા; વ્યભિચારિણી સ્ત્રી.
૩. સ્ત્રી. સ્ત્રીઓને પરપુરુષ સાથે મેળવી આપનાર સ્ત્રી; દૂતી.

કુટપ ૧. પું. એ નામનો એક ઋષિ.
૨. પું. ઘર નજીકનો બાગ.
૩. પું. દાણાનું એક માપ.
૪. પું. બત્રીશ તોલાભારનું એક વજન.
૫. ન. કમળ.

કુટપરિયો પું. એ નામનો એક યમદૂત.

કુટમ ન. કુટુંબ.

કુટમડો (કુટમડ઼ો) પું. ઓઘરો; ખરેટો.

કુટર [સં.] પું. રવૈયાના દાંડા ઉપર રહેતી દોરીને બાંધવાનો સ્તંભ.

કુટરડવું (કુટરડ઼વું) ૧. સ. ક્રિ. ખાંડવું.
૨. સ. ક્રિ. ચૂનો કેળવવો; ચૂનો મેળવવો.
૩. સ. ક્રિ. ટીપવું; મારવું.

કુટરડો (કુટરડ઼ો) ૧. પું. ભાંગેલ પદાર્થનાં છોડાં.
૨. પું. મારવું તે; માર.

કુટરણી [સં.] સ્ત્રી. ધોળું નસોતર.

કુટરાજ [સં.] પું. કડાછાલ; તેના જેટલી કડવાશ કોઈ ઝાડમાં નથી માટે તેને કુટરાજ કહે છે.

કુટરુ ૧. પું. કૂકડો.
૨. [સં.] પું. તંબૂ; કપડાંનું ઘર.

કુટરુણા [સં.] સ્ત્રી. એ નામની વનસ્પતિ; નસોતર.

કુટલ [સં.] ન. છાપરૂં.

કુટવટાવ ૧. પું. ફડચો; ગમે તેમ કરીને કરેલો નિકાલ.
૨. પું. માથાફોડ; ખોટી મહેનત.

કુટવાલ પું. ગામનો બંદોબસ્ત અને સંભાળ રાખનાર અમલદાર; કોટવાળ.

કુટવાલી સ્ત્રી. કોટવાલની જગ્યા.

કુટવાવું અ. ક્રિ. સંભોગ કરાવવો.

કુટવાળિયું ન. મશ્કરી; ચાંદુડિયું.

કુટશાલ્મલિકા જુઓ કુટશાલ્મલી.

કુટશાલ્મલી સ્ત્રી. એ નામનું એક ઝાડ. તેના મૂળિયામાં આરારૂટનાં કંદ થાય છે. તે પૌષ્ટિક છે.

કુટહારિકા [સં.] સ્ત્રી. દાસી.

કુટંક [સં.] પું. ઘરનું છાપરૂં.

કુટંટક [સં.] પું. કાંટાળો અશેળિયો.

કુટંત ૧. [હિં.] પું. કુટાઈ.
૨. પું. માર; પ્રહાર.

કુટંનટ ૧. [સં.] પું. અરડૂસો; શ્યોનાક વૃક્ષ.
૨. પું. એક જાતની મોથ; કેવડીમોથ.

કુટંબ જુઓ કુટુંબ.

કુટંબી જુઓ કુટુંબી.

કુટાકૂટ ૧. સ્ત્રી. ઉપરાઉપરી જોરથી કૂટવું તે.
૨. સ્ત્રી. ગડબડ.
૩. સ્ત્રી. ઠોક ઠોક કરવી તે.
૪. સ્ત્રી. ધીંગાણું; ધમાચકડી.

કુટામણ સ્ત્રી. કુટાવું તે; ટિચામણ.

કુટાયા [હિં.] પું. એક જાતનો છોડ. તેને જાંબુડિયાં, પીળાં કે આસમાની રંગનાં ફૂલનાં ડાંડલીવાળાં ઝૂમખાં થાય છે. તેનું ફળ બોરના જેવું ગોળ હોય છે. તે છોડ અમેરિકના ગરમ પ્રદેશમાં થાય છે. તેનાં ફૂલનો શણગાર તરીકે અને ફળનો દવા તરીકે ઉપયોગ થાય છે.

કુટાર ૧. [હિં.] પું. નાનો ઘોડો.
૨. પું. ભાડૂતી ઘોડો.

કુટારા ૧. [હિં.] સ્ત્રી. આમલી.
૨. સ્ત્રી. એક જાતની શેરડી.

કુટારૂ ન. પરાળ.

કુટારો ૧. પું. કુટામણ; ટિચામણ.
૨. પું. ખાંડવું તે; કચરવું તે.
૩. પું. માથાકૂટ; પંચાત; ભાંજગડ.

કુટાલી ૧. સ્ત્રી. ચાળા; કાખલી કૂટવી તે.
૨. સ્ત્રી. દાંત કાઢવા તે.
કાઢે કુટાલિયું કપિ સામી. પ્રેમાનંદ

કુટાવવું સ. ક્રિ. ખંડાવવું; કૂટવુંનું પ્રેરક રૂપ.

કુટાવું ૧. અ. ક્રિ. અથડાવું; ટિચાવું.
૨. અ. ક્રિ. ખંડાવું.
૩. અ. ક્રિ. છાતી કૂટે એમ કરવું.
૪. અ. ક્રિ. માર ખાવો; કૂટવુંનું કર્મણિ રૂપ.
૧. કુટાઈ જવું = વગર વાંકે માર ખાવો.
૨. કુટાઈ મરવું = માથાફોડ કરવી.

કુટાસખ્ત [હિં.] પું. કૂતરો.

કુટાંટ [હિં.] વિ. દુષ્ટ; ખરાબ.

કુટિ ૧. [સં.] સ્ત્રી. કુટિલતા; વાંકાઈ.
૨. સ્ત્રી. ઘર; નાનું રહેઠાણ.
૩. સ્ત્રી. ઝાડ.
૪. સ્ત્રી. ઝૂંપડી.
૫. સ્ત્રી. શરીર.

કુટિક [સં.] વિ. વાંકું; વક્ર.

કુટિકા ૧. સ્ત્રી. ચોપાટની સોગઠી.
૨. [સં.] સ્ત્રી. નાનું ઘર.
૩. સ્ત્રી. (પુરાણ) ભારતવર્ષીય નદી; રોહિલખંડ અને અયોધ્યામાં આવેલી અને રામગંગાને મળનારી નદીનું પ્રાચીન નામ.
૪. સ્ત્રી. મઢી.

કુટિકેષ્ટિકા સ્ત્રી. (પુરાણ) એ નામની એક નદી. જુઓ કુટિકા ૩.

કુટિચર ૧. પું. એક જાતનો સંન્યાસી; કુટીચક.
૨. સ્ત્રી. એક જાતની માછલી.
૩. વિ. કુટિલ; કપટી.

કુટિત [સં.] વિ. વક્ર; વાંકું.

કુટિનપન ૧. [હિં.] પું. કપટ.
૨. પું. દુષ્ટતા.
૩. પું. વક્રતા; વાંકાઈ.

કુટિયાં [હિં.] સ્ત્રી. બ. વ. ઝૂંપડીઓ.

કુટિયો ૧. પું. કટકા કરવા આધાર માટે જમીનમાં ઘાલવામાં આવતું લાકડું.
૨. પું. ચણ્યા વગરનો કૂવો; નહિ બાંધેલ કૂવો.

કુટિર ૧. [સં.] સ્ત્રી. ઝૂંપડી; મઢી; મઢૂલી.

૨. સ્ત્રી. રહેવાનું નાનું ઘર.

કુટિરપ્રદેશ [સં.] પું. ઝૂંપડી આસપાસની જગ્યા.

કુટિરસ્થાન [સં.] ન. ઝૂંપડી.

કુટિલ ૧. [સં.] પું. (પિંગળ) એ નામનો અક્ષરમેળ છંદ; મધ્યક્ષ્યામા; હસશ્યેની. તેના દરેક ચરણમાં મગણ, ભગણ, નગણ, યગણ અને બે ગુરુ મળી ચૌદ અક્ષર હોય છે. આમાં ચોથા અક્ષર પછી યતિ કે વિસામો આવે છે.

૨. પું. ખલ; શઠ.

૩. પું. ચાણક્ય.

૪. પું. જેનો રંગ સફેદ અને આંખ રાતી હોય તેવો માણસ.

૫. ન. કથીર નામની ધાતુ.

૬. ન. તગરનું પુષ્પ.

૭. વિ. ખરાબ; દુષ્ટ.

૮. વિ. છળવાળું; કપટી.

૯. વિ. નિર્દય; ક્રૂર.

૧૦. વિ. વક્ર; વળેલું; વાંકું.

૧૧. વિ. સર્પાકાર; પેચવાળું.

૧૨. વિ. હઠીલું.

કુટિલકીટ [સં.] પું. સર્પ.

કુટિલકૃમિ ૧. પું. ગોળ કૃમિ; સૂત્રકૃમિની એક જાત.

૨. પું. પુસ્તકો કોરી જનાર એક જાતનું જીવડું.

કુટિલગતિ સ્ત્રી. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ; કિરાત. તેના દરેક ચરણમાં નગણ, જગણ, તગણ, તગણ અને ગુરુ એમ તેર અક્ષરો હોય છે.

કુટિલતા ૧. [સં.] સ્ત્રી. કપટ; છળ.

૨. સ્ત્રી. દુષ્ટતા; લુચ્ચાઈ.

૩. સ્ત્રી. નિર્દયતા; ક્રૂરતા.

૪. સ્ત્રી. વાંકાપણું.

૫. સ્ત્રી. હઠ.

કુટિલદંતી [સં.] વિ. આડાઅવળા દાંતવાળું; ખોખડદંતું.

કુટિલનીતિ [સં.] સ્ત્રી. વક્રનીતિ; પોતાની મુરાદ બર લાવવા માટે ગમે તેમ ચાલવાની નીતિ.

કુટિલપણું જુઓ કુટિલતા.

કુટિલભાવ [સં.] પું. ખરાબ વિચાર.

કુટિલમાર્ગ [સં.] પું. ભુલભુલામણી; ગલીકૂંચીવાળો રસ્તો; અટપટો રસ્તો.

કુટિલલિપિ સ્ત્રી. વિંધ્ય પર્વતની ઉત્તરમાં ચાલતી એક જાતની લિપિ. તેનો પ્રચાર ઈ. સ. છઠ્ઠી સદીમાં થયો. એના અક્ષરોની તેમ જ વિશેષ કરીને એના સ્વરોની માત્રાઓની કુટિલ આકૃતિઓને લીધે એવું નામ કુટિલલિપિ પડ્યું. આ લિપિ ગુપ્તલિપિમાંથી નીકળી છે. એનો પ્રચાર ઈ. સ. નવમી સદી સુધી થયો અને છેવટે તેમાંથી નાગરી અને શારદા લિપિઓ નીકળી.

કુટિલશિરીયવ્રણ ન. એક જાતનું ગૂમડું.

કુટિલા ૧. [સં.] સ્ત્રી. એક જાતનું સુગંધી દ્રવ્ય; સુક્ક.

૨. સ્ત્રી. એક પ્રાચીન લિપિ. જુઓ કુટિલલિપિ.

૩. સ્ત્રી. ગ્રહની એક પ્રકારની ગતિ. જ્યારે કોઈ ગ્રહ પોતાની કક્ષામાં વક્રગતિમાં ન હોય તેમ આગળ ચાલતો ન હોય અને સ્તંભન જેમ જણાય ત્યારે તે ગતિને કુટિલા કહેવાય છે.

૪. સ્ત્રી. સરસ્વતી નદીનું એક નામ; રોહિલખંડ અને અયોધ્યામાં આવેલી રામગંગાને મળનારી કોસીલા નદીનું પ્રાચીન નામ.

૫. વિ. સ્ત્રી. કપટી.

૬. વિ. સ્ત્રી. વાંકી વળેલી.

૭. વિ. સ્ત્રી. હઠીલી.

કુટિલાઈ જુઓ કુટિલતા.

કુટિલાશય [સં.] પું. કુહાડી.

કુટિલાસ્થિ [સં.] ન. વાંકું હાડકું.

કુટિલાંગી [સં.] સ્ત્રી. (યોગ) કુંડલિની.

કુટિલિકા ૧. [સં.] સ્ત્રી. લોહારની એરણ.

૨. સ્ત્રી. શિકારીની છૂપી ચાલ; પારધીની ગુપ્ત ગતિ.

કુટિલો ૧. વિ. પું. નિર્દય; ક્રૂર.

૨. વિ. પું. પાપી; દુષ્ટ.

કુટી ૧. [સં.] સ્ત્રી. એ નામનું એક સુગંધી દ્રવ્ય.

૨. સ્ત્રી. એક જાતનું અનાજ.

૩. સ્ત્રી. એક જાતનું કંદ.

૪. સ્ત્રી. એકાંત જગ્યા.

૫. સ્ત્રી. કૂટણી સ્ત્રી.

૬. સ્ત્રી. ઘૂંટી.

૭. સ્ત્રી. ઝૂંપડી; નાનું ઘર.

૮. સ્ત્રી. પૂરી.

૯. સ્ત્રી. મરુઆ નામનું ઝાડ.

૧૦. સ્ત્રી. શ્વેત કુટજ.

કુટીકૃત [સં.] ન. ઘરરૂપ કરેલ વસ્ત્ર.

કુટીચક [સં.] પું. એક જાતનો સંન્યાસી. તે એક જ સ્થળે રહીને પોતાના આશ્રમને યોગ્ય જે ધર્મો શાસ્ત્રમાં કહ્યા છે તેનું આચરણ કરે છે. કુટીચક સંન્યાસી દરરોજ પોતાને ઘેરથી અથવા પોતાના બંધુઓને ઘેરથી ભિક્ષા માગી લાવીને તેનો આહાર કરે છે, શિખા રાખે છે, જનોઈ રાખે છે, કમંડલ, પાણી ગળવાનો રૂમાલ તથા કાષાય વસ્ત્ર રાખે છે. તે સર્વાંગે ભસ્મ લગાવે અને ત્રિકાલ ત્રિપુંડ્રો કરે છે. શ્રદ્ધાથી નિત્ય શિવલિંગનું તે અર્ચન કરે છે અને નિરંતર ગાયત્રીમંત્રનો જપ કરે છે.

કુટીચર જુઓ કુટિચર.

કુટીચરક જુઓ કુટિચર.

કુટીમુખ [સં.] પું. શિવનો એક પાર્ષદ.

કુટીમય [સં.] ન. ઘરનો અવયવ.

કુટીર ૧. સ્ત્રી. કૂંજ; મંડપ; લતાગૃહ.

૨. [સં.] સ્ત્રી. ઝૂંપડી; કુટિર.

૩. સ્ત્રી. મૈથુન; સ્ત્રીસંગ.

કુટીરક [સં.] પું. નાની ઝૂંપડી.

કુટીરક્ષ પું. હાથીના તબેલાનો રક્ષક.

કુટ્ટની [સં.] સ્ત્રી. કૂટણી સ્ત્રી.

કુટુમ ન. કુટુંબ; પરિવાર; સગાંવહાલાં.

કુટુંગક ૧. [સં.] પું. એક જાતનું ઘર.

૨. પું. ઘરનું છાપરું.

૩. પું. ધાન્ય વગેરે રાખવાનો ટોપલો.

કુટુંબ્ [સં.] સ. ક્રિ. (ધાતુ) આધાર આપવો; ટેકો આપવો. તે ઉપરથી નીકળેલ શબ્દો: કુટુંબ, કુટુંબી.

કુટુંબ ૧. ન. એક જાતનું ધનમાપ.

$\frac{૧}{૪}$ આઢક = ૧ પ્રસ્થ
$\frac{૧}{૪}$ પ્રસ્થ = ૧ કુટુંબ

૨ ન. એક બાપનો પરિવાર કે વંશ.

૩. ન. ક્ષેત્રગણનાનો એક પ્રકાર.

૪ વાટી = ૧ કુટુંબ
૧૦૦ કુટુંબ = ૧ ગ્રામ

૪. ન. ખાનદાની.

૫. ન. ન્યાત; જ્ઞાતિ.

૬. ન. પ્રવાહીનું એક માપ.

૮૪ કુટુંબ = ૧ વરાક
$\frac{૧}{૪}$ વરાક = ૧ ઘટિક

૭. ન. બે સૂચક સાંકેતિક શબ્દ.

૮. ન. બૈરી, છોકરાં વગેરે પોતાનાં માણસોનો સમૂહ; ઘરખટલો.

૯. ન. બૈરાંછોકરાં વગેરે ઘરનાં માણસોનો સમૂહ.

૧૦. ન. સ્ત્રી; વહુ.

કુટુંબક ૧. પું.; ન. કુટુંબ; પોષ્યવર્ગ.

૨. ન. સગાંવહાલાં.

૩. વિ. કુટુંબમાં હોનાર કે થનાર.

૪. [સં.] વિ. કુટુંબી; કુટુંબના જેવા સંબંધવાળું.

કુટુંબકબીલો પું. કુટુંબપરિવાર; નજીકનાં સગાંસંબંધી; કુટુંબ અને કબીલો.

કુટુંબકલહ પું. કુટુંબનાં જ માણસો વચ્ચે થયેલી તકરાર; કુટુંબમાં કંકાસ.

કુટુંબકળો પું. કુટુંબકલહ; કુટુંબમાં ચાલતી તકરાર.

કુટુંબકંકાસ જુઓ કુટુંબકળો.

કુટુંબક્લેશ પું. કુટુંબકંકાસ.

કુટુંબગ્રંથિ [સં.] સ્ત્રી. કૌટુંબિક સંબંધ.

કુટુંબછત્ર [સં.] પું. ઘરનો વડીલ; ગૃહપતિ; ગોત્રપતિ.

કુટુંબદ્રોહી [સં.] વિ. કુટુંબનો દ્રોહ કરનાર.

કુટુંબપત્રક [સં.] ન. કુટુંબની ગણતરી માટેનું પત્રક.

કુટુંબપદ્ધતિ [સં.] સ્ત્રી. કુટુંબને લગતી પદ્ધતિ; એક સામાજિક રીતિ.

કુટુંબપરિવાર પું. કુટુંબકબીલો; કુટુંબ અને પરિવાર.

કુટુંબપોષક [સં.] વિ. કુટુંબને પોષનાર.

કુટુંબપ્રીતિ [સં.] સ્ત્રી. કુટુંબ ઉપરનો પ્રેમ; સગાંવહાલાં પ્રત્યેનો પ્રેમ.

કુટુંબબોળુ વિ. કુટુંબની આબરૂને બોળનાર.

કુટુંબભાવ [સં.] પું. દરેક મનુષ્યને પોતાનો કુટુંબી ગણવાની વૃત્તિ.

કુટુંબમેળો પું. કુટુંબનાં સભ્યોનું એક જગ્યાએ મળવું તે.

કુટુંબવત્સલ વિ. કુટુંબનાં માણસો પ્રત્યે માયાળુ.

કુટુંબવાત્સલ્ય ન. કુટુંબ પ્રત્યેનો પ્રેમ; કુટુંબ ઉપરની પ્રીતિ.

કુટુંબવૃક્ષ ન. કુટુંબરૂપી વૃક્ષ; વંશવૃક્ષ.

કુટુંબવૃદ્ધિ સ્ત્રી. કુટુંબનો વિસ્તાર.

કુટુંબવ્યાપૃત [સં.] વિ. કુટુંબનું ભરણપોષણ કરવામાં આસક્ત.

કુટુંબસંસ્થા [સં.] સ્ત્રી. કુટુંબની પદ્ધતિ.

કુટુંબસ્થાન [સં.] ન. (જ્યોતિષ) જન્મકુંડળી માંહેનું બીજું કે કુટુંબસુખ જણાવનાર ખાનું; ધનસ્થાન.

કુટુંબસ્નેહ જુઓ કુટુંબપ્રીતિ.

કુટુંબિક ૧. પું. કણબી; ખેડૂત.
૨. પું. ગૃહસ્થ.
૩. [સં. કૌટુંબિક] વિ. કુટુંબને લગતું.
૪. વિ. કુટુંબવાળું.

કુટુંબિતા [સં.] સ્ત્રી. કુટુંબીપણું.

કુટુંબિત્વ જુઓ કુટુંબિતા.

કુટુંબિની ૧. [સં.] સ્ત્રી. કુટુંબની સ્ત્રી.
૨. સ્ત્રી. કુટુંબનો સમુદાય.
૩. સ્ત્રી. ક્ષીરિણી વૃક્ષ.
૪. સ્ત્રી. પતિપુત્રવાળી સ્ત્રી; છોકરાંછૈયાંવાળી સ્ત્રી.
૫. સ્ત્રી. શિરદોડીનો વેલો.

કુટુંબી ૧. પું. કુટુંબનું માણસ.
૨. પું. સગો.
૩. [સં. કુટુંબિન્] વિ. કુટુંબમાં ઉત્પન્ન થયેલું; કુટુંબનું.
૪. વિ. કુટુંબવાળું; કબીલદાર; પરિવારવાળું.

કુટુંબીજન ન. કુટુંબનું માણસ.

કુટુંબેતર [સં.] વિ. કુટુંબથી જુદું; અન્ય.

કુટુંબોદ્ધારક [સં.] વિ. કુટુંબનો ઉદ્ધાર કરનાર.

કુટેક સ્ત્રી. અનુચિત હઠ; ખોટી જીદ.

કુટેજ અવલેહ પું. (વૈદ્યક) એક ઔષધ. કડાછાલના વીશ ઔંસના ઉકાળામાં ગજેરી પાંચ ડ્રામ, રસવંતી બે ડ્રામ, મોચરસ બે ડ્રામ, ત્રિકટુ બે ડ્રામ, ત્રિફળા બે ડ્રામ, ચિત્રક એક ડ્રામ, વેણીવેલા બે ડ્રામ, બેડાં ત્રણ ડ્રામ, ઇંદ્રજવ પાંચ ડ્રામ, વેખંડા ત્રણ ડ્રામ, વાળો ચાર ડ્રામ, મધ અગિયાર ડ્રામ, ભિલામો એક ડ્રામ, અતિવિષ પાંચ ડ્રામ અને વાવડિંગ ચાર ડ્રામ મેળવવાથી આ અવલેહ તૈયાર થાય છે. ઝાડો, મરડા તથા હરસના રોગમાં તે વપરાય છે.

કુટેર જુઓ કુટીર.

કુટેલ [હિં.] વિ. કુટાયેલું; અનુભવી; ઘડાયેલું; હોશિયાર.

કુટેલું ન. સાંબેલું.

કુટેવ ૧. સ્ત્રી. ખરાબ ટેવ; નઠારી આદત.
૨. સ્ત્રી. હસ્તમૈથુન કરવાની ખરાબ ટેવ.

કુટેવા સ્ત્રી. (જૈન) ઓશવાલ વંશના બાફણા ગોત્રની એક શાખા.

કુટ્ટક ૧. [સં.] પું. એક જાતનું પક્ષી.
૨. પું. જળનો કાગડો.
૩. ન. (ગણિત) એક કરતાં વધારે અજ્ઞાત માટે આપેલું એક જ સાદું સમીકરણ; 'સાઇમલટેનિયસ ઇક્વેશન'. જેમકે, ૫ ક – ૩ ચ = ૭૦. અહીં ક અને ચનાં અનેક મૂલ્ય હોઈ શકે.
૪. [સં. કટ્ (કટકા કરવા)] વિ. છેદનાર; કાપનાર.

કુટ્ટકયંત્ર ન. ઊંટની ડોકને મળતા આકારનું ચોખા ખાંડવાનું લાકડાનું એક સાધન.

કુટ્ટકવિધિ [સં. કુટ્ટક (એક જાતનું સમીકરણ) + વિધિ (રીત)] સ્ત્રી. (ગણિત) એક જ સાદા સમીકરણમાં અજ્ઞાતને મેળવવાની રીત.

કુટ્ટણખાતું ન. વેશ્યાગૃહ; ગણિકાલય.

કુટ્ટણી [સં.] સ્ત્રી. કૂટણી.

કુટ્ટન ૧. સ્ત્રી. નૃત્યમાં એક મુદ્રા, જેમાં ઘડપણને લીધે દાંતે દાંત મળવાનો ભાવ બતાવાય છે.
૨. ન. કૂટવું તે; ખાંડણું.
૩. ન. ઠપકો દેવો તે.
૪. ન. નિંદા કરવાપણું.

કુટ્ટનપણું ન. ભડવાઈ.

કુટ્ટના ૧. પું. તોફાન કરનાર માણસ.
૨. પું. ભડવો.
૩. સ્ત્રી. શારીરિક પીડા.
૪. ન. કૂટવું તે.

કુટ્ટની ૧. સ્ત્રી. એક આદમીની વાત બીજાને કહેનાર સ્ત્રી.
૨. [સં.] સ્ત્રી. કૂટણી સ્ત્રી; પરસ્ત્રીપુરુષને સમાગમ કરાવનાર સ્ત્રી.
૩. સ્ત્રી. સાંબેલું; મૂશળ.

કુટ્ટનીમતમ્ ન. દામોદરગુપ્તનું લખેલું એ નામનું કામશાસ્ત્રનું પુસ્તક.

કુટ્ટમિત [સં.] ન. પ્રીતમના પ્રેમાલિંગનની ઉપર ઉપરથી કરાતી અવહેલના; કેશ, સ્તન, અધરોષ્ઠ વગેરેના ગ્રહણ સમયે અંદરથી હર્ષ હોવા છતાં હાથ, માથું ધૂણાવવાનો એક પ્રકારનો સ્ત્રીવિલાસ; સુખને સમય સ્ત્રીઓની ખોટી દુઃખ ચેષ્ટા; હાવના અગિયાર પૈકીનો એક ભેદ.

કુટ્ટા ૧. [હિં.] પું. કાતરેલી પાંખવાળું કબૂતર.
૨. પું. પગ બાંધીને જાળમાં છોડવામાં આવતું પક્ષી. તેને જોઈને બીજાં પક્ષી જાળમાં સપડાય છે.

કુટ્ટાક ૧. [સં.] વિ. છેદનાર; કાપનાર.
૨. વિ. નિંદા કરનાર.

કુટ્ટાપરાંત પું. એ નામનો એક દેશ.

કુટ્ટાર ૧. [સં.] પું. પર્વત.
૨. ન. કામળો; ઊનનું વસ્ત્ર.
૩. ન. મૈથુન.

કુટ્ટિ સ્ત્રી. ઝૂંપડી.

કુટ્ટિકા ૧. સ્ત્રી. અનાજને ખાંડનારી સ્ત્રી.
૨. સ્ત્રી. રામાયણમાં વર્ણવેલી એ નામની એક નદી; કૌસિલા. તે અયોધ્યા પ્રાંતની રામગંગા નદીની પૂર્વ તરફની શાખા છે.

કુટ્ટિણી સ્ત્રી. કૂટણી; દલાલું કરનાર સ્ત્રી; વ્યભિચારમાં મદદ કરનાર સ્ત્રી.

કુટ્ટિત ૧. [સં.] ન. ટૂકડા કરેલું રાંધેલું માંસ.

૨. વિ. છેદેલ; કાપેલ.

૩. વિ. ઠપકો આપેલ; નિંદા કરેલ.

કુટ્ટિની [સં.] સ્ત્રી. કૂટણી સ્ત્રી.

કુટ્ટિનીમત [સં.] ન. દામોદર નામના કવિએ લખેલું એક સંસ્કૃત કાવ્ય.

કુટ્ટિમ ૧. પું.; ન. કળીચૂનાથી ધોળેલી જમીન.

૨. પું.; ન. કોઈ એક મહેલનો ભાગ.

૩. પું.; ન. ઝૂંપડી; નાનું ઘર.

૪. પું.; ન. દાડમનું ઝાડ.

૫. પું.; ન. રત્નમય ભૂમિ.

૬. પું.; ન. લાદીથી અથવા રંગબેરંગી ચોરસાથી જડેલી જમીન; બાંધેલી ભૂમિ.

૭. [સં.] સ્ત્રી. (શિલ્પ) થાંભલાની નીચેના ભાગની બેઠક.

૮. સ્ત્રી. પ્રસ્તર; થર.

૯. સ્ત્રી. ફરસબંધી; નાના પથ્થરાઓ પૂરી ટીપીને પાકી કરેલ જમીન.

૧૦. ન. અનાર; દાડમ.

૧૧. વિ. નાના પથ્થરા પૂરી ટીપીને પાકું કરેલું; ફરસબંધીવાળું.

૧૨. [સં.] વિ. લાદીથી અથવા રંગબેરંગી ચોરસાથી જડેલું.

કુટ્ટિમિત જુઓ કુટ્ટમિત.

કુટ્ટિવિદ્યા સ્ત્રી. શિલ્પસંહિતામાં વર્ણવેલ મુખ્ય બત્રીસ માંહેની એ નામની એક વિદ્યા. તેમાં મૃત્સાધન અને તૃણાદ્યાચ્છાદન નામની કળાનો સમાવેશ થાય છે.

કુટ્ટિહારિકા [સં.] સ્ત્રી. દાસી.

કુટ્ટી ૧. પું. મુસલમાન.

૨. પું. લાંબી નળીવાળો એક જાતનો હુક્કો.

૩. સ્ત્રી. કાગળના માવાની એક બનાવટ.

૪. [હિં. કાટના (કાપવું)] સ્ત્રી. કાપેલી તમાકુ.

૫. સ્ત્રી. કાપેલું ઘાસ.

કુટ્ટી કાપવી = (૧) ઘાસ કાપવું. (૨) સખત માર મારવો.

૬. સ્ત્રી. ઘાસ કાપવાની ક્રિયા.

૭. સ્ત્રી. પાંખ કાપેલું કબૂતર.

૮. સ્ત્રી. દોસ્તી તોડી નાખવી તે; મૈત્રીભંગ.

કુટ્ટી કરવી = દોસ્તી તોડી નાખવી.

૯. સ્ત્રી. મૈત્રીભંગ કરવા માટે છોકરાંઓમાં વપરાતો શબ્દ.

૧૦. વિ. છેદનાર; કાપનાર.

૧૧. વિ. નિંદા કરનાર; ઠપકો આપનાર.

કુટ્ટીકાટા પું. ઘાસ કાપનાર માણસ.

કુટ્ટીચરણ પું. મલબાર તરફનો એ નામનો એક કાલ્પનિક કીનાખોર રાક્ષસ.

કુટ્ટીની સ્ત્રી. ચૂનાની ચક્કી.

કુટ્ટીર ૧. સ્ત્રી. નાનો પર્વત.

૨. વિ. છેદનાર; કાપનાર.

૩. વિ. નિંદા કરનાર; ઠપકો આપનાર.

કુટ્ટીરક [સં.] વિ. નાના પર્વતની પેઠે ઢગલો કરેલ.

કુટ્મલ ૧. પું. ખીલવા આવેલી કળી; ખીલવાની તૈયારી ઉપર આવેલી પુષ્પકલિકા.

૨. ન. એ નામનું એક નરક.

૩. ન. કળીના આકારનો બાણનો અગ્રભાગ.

કુઠ ૧. ન. એક જાતનું કંદ.

૨. [સં. કુષ્ઠ; પ્રા. કુટ્ઠ] ન. વૃક્ષ; ઝાડ.

કુઠર ૧. [સં.] પું. એક જાતનો નાગ.

૨. પું. રવૈયો ખેંચવાની દોરી બાંધવાનો સ્તંભ.

કુઠરિયા સ્ત્રી. કોટડી.

કુઠરી [હિં.] સ્ત્રી. કોટડી.

કુઠલા ૧. પું. ચૂનો પકવવાની ભઠ્ઠી.

કુઠલો ચડાવવો = (૧) ચૂનો તૈયાર કરવો. (૨) ચૂનો પકવવાની ભઠ્ઠી ભરવી.

૨. [હિં.] પું. દાણા રાખવાની માટીની નાની કોઠી.

૩. વિ. જડ; મૂઢ.

૪. વિ. લટ્ઠ; જબરૂં.

કુઠાકુ [સં.] પું. લક્કડખોદ; એક જાતનું પક્ષી.

કુઠાટંક [સં.] પું. કુહાડો.

કુઠામ [સં. કુ (ખરાબ) + સ્થાન (ઠેકાણું)] ન. નઠારૂં ઠેકાણું; ખરાબ જગ્યા; ખરાબ કે અયોગ્ય સ્થળ.

કુઠાર ૧. પું. અમલ; ઉપયોગ.

૨. [સં.] પું. કુહાડો; ફરશી; લાકડા કાપવા અને ચીરવાનું લાકડાના હાથાવાળું હથિયાર.

૩. પું. કોઠાર; ભંડાર.

૪. પું. નાશ કરનાર માણસ; સત્યાનાશ કાઢનાર વ્યક્તિ.

૫. પું. પેઢાં ચીરવાનું ઓજાર.

૬. પું. વૃક્ષ; ઝાડ.

કુઠારક [સં.] પું. નાનો કુહાડો; કુહાડી.

કુઠારક તૈલ ન. (વૈદક) વ્રણ રૂઝવવા માટે તેલની એક બનાવટ. તેની રીતઃ તુલસીનાં દશ શેર પાનનો ચારગણા પાણીમાં ક્વાથ કરી ચોથો ભાગ બાકી રહે એટલે ઉતારી ગાળી લઈ તેમાં એક પ્રસ્થ તેલ તથા તુલસી, અઘેડો, ઝીણાં માછલાં તથા ચિંગડી જાતનાં માછલાંનો કલ્ક નાખીને તેલની રીતે પકવવું.

કુઠારપાણિ ૧. [સં. કુઠાર (ફરશી) + પાણિ (હાથ)] પું. પરશુરામ. તે હમેશા સાથે ફરશી રાખતા.

૨. વિ. હાથમાં કુહાડીવાળું.

કુઠારપૃષ્ઠ પું. (જ્યોતિષ) વિષુવાંશ ૫૦ અને ઉત્તરક્રાંત્યંશ ૫૦માં આવેલો બીજા મહત્ત્વનો તારો; 'આલ્ફ પર્સન્સ'.

કુઠારમુખ પું. (પુરાણ) એ નામનો એક સર્પ.

કુઠારાઘાત ૧. પું. ઊંડો ઘા.

૨. [સં. કુઠાર (કુહાડો) + આઘાત (ઘા)] પું. કુહાડીનો ઘા.

૩. પું. પ્રહાર; નાશ.

કુઠારિકા ૧. પું. (પિંગળ) સાત અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉષ્ણિક છંદનો એક ભેદ છે. તેમાં જગણ, સગણ અને ગુરુ એમ સાત વર્ણ હોય છે.

કુઠારિકા જ સ ગે. રણપિંગળ

૨. સ્ત્રી. નાની કુહાડી.

કુઠારી ૧. [સં.] પું. કઠિયારો.

૨. પું. કોઠારી; ભંડાર સાચવનાર પુરુષ.

૩. [હિં.] પું. સોનુંરૂપું ગાળવાનું માટીનું વાસણ; કુલડી.

૪. સ્ત્રી. નાની કુહાડી.

૫. સ્ત્રી. નાશ કરનારી સ્ત્રી.

૬. વિ. કઠોર.

કુઠારુ ૧. [સં.] પું. વાનર.

૨. પું. વૃક્ષ; ઝાડ.

૩. પું. શસ્ત્ર બનાવનાર કારીગર.

કુઠારો ૧. પું. કુહાડો.

૨. પું. લાકડાં ફાડનારો; કઠિયારો.

કુઠાલિયા પું. (બૌદ્ધ) ચોરાશી માંહેનો એ નામનો એક સિદ્ધ.

કુઠાલી [હિં.] સ્ત્રી. ધાતુઓ વગેરે ગાળવાની કુલડી.

કુઠાલી કરવી = (૧) ધાતુ ગાળવી. (૨) ભેજું તોડવું. (૩) મુડદું બાળવું.

કુઠિ ૧. પું. ઝાડ; વૃક્ષ.

૨. પું. પર્વત; પહાડ.

કુઠિક ૧. [સં.] પું. એ નામની વનસ્પતિ; કુષ્ઠ.

૨. પું. પાનની જડ.

કુઠિયા [હિં.] પું. નહિ પકાવેલું માટીનું ઘણું મોટું વાસણ.

કુઠિયાર [હિં.] પું. કોઠાર; ભંડાર.

કુઠિયારી પું. કોઠારી; ભંડાર સાચવનાર માણસ.

કુઠેર ૧. [સં.] પું. અગ્નિ.
૨. પું. ધોળી તુલસી.

કુઠેરક ૧. [સં.] પું. ધોળી તુલસી.
૨. પું. નાંદી વૃક્ષ.

કુઠેરજ [સં.] પું. ધોળી તુલસી.

કુઠેરુ [સં.] પું. ચામરનો વાયુ.

કુઠેરેક ૧. સ્ત્રી. તકમરિયાં.
૨. સ્ત્રી. રામતુલસી; ધોળી તુલસી.

કુઠૌર ૧. [હિં.] પું. અયોગ્ય અવસર.
૨. પું. ખરાબ જગ્યા.
૩. સ્ત્રી. શરીરનો ખાનગી ભાગ; સુંવાળી જગ્યા.
૪. વિ. ખોટી જગ્યાએ મુકાયેલું.

કુડક (કુડ઼ક) ૧. સ્ત્રી. દોરીનો વીંટો.
૨. સ્ત્રી. મરઘીનો સેવનની વેળાનો અવાજ.
કુડક થવું = કૂકડીને ઈંડાં સેવવા બેસવાનું વલણ થવું.
૩. ન. કાનની વચમાં ઘાલવાનું ફૂલ.
૪. [હિં.] સ. કાંઈ નહિ.

કુડકકુડક (કુડ઼કકુડ઼ક) [હિં.] પું. કૂકડીનો તીણો અવાજ.

કુડકઘાંસ (કુડ઼કઘાંસ) ૧. [હિં.] સ્ત્રી. રોજનું દુ:ખ.
૨. સ્ત્રી. હમેશનો ટંટો.

કુડકના (કુડ઼કના) વિ. પું. બટકણો.

કુડકુ (કુડ઼કુ) પું. પુરુષના કાનમાં પહેરવાની સોનારૂપાની મરચી; કાનમાં પહેરવાનું ફૂલ.

કુડકુડ (કુડ઼કુડ઼) ૧. પું. કડકડ એવો અવાજ; કઠણ વસ્તુ ચાવતાં થતો અવાજ.
૨. પું. પક્ષી, પશુ વગેરેને ખેતરમાંથી હાંકી કાઢવા માટે કરાતો અવાજ.

કુડકુડરવ (કુડ઼કુડ઼રવ) પું. કડકડ એવો અવાજ.

કુડકુડાવું (કુડ઼કુડ઼ાવું) સ. ક્રિ. મરઘીની પેઠે અવાજ કરવો.

કુડકુડી (કુડ઼કુડ઼ી) સ્ત્રી. ભૂખ કે અજીર્ણથી પેટમાં થતો ગડબડાટ.
કુડકુડી થવી = ઉત્કંઠા થવી.

કુડકૂ (કુડ઼કૂ) [હિં.] પું. આખો કાચો વટાણો.

કુડક્કી (કુડ઼ક્કી) સ્ત્રી. એક જાતનો છોડ. તે ખાસ કરીને અમેરિકમાં થાય છે. તેનાં મૂળિયાંમાં ઝેરી અસર હોય છે.

કુડક્યા (કુડ઼ક્યા) સ્ત્રી. કાનનું એક જાતનું ઘરેણું.

કુડચેકુડચા (કુડ઼ચેકુડ઼ચા) પું. બ. વ. કટકેકટકા.
કુડચેકુડચા ઉડાવી દેવા = તોડી પાડવું.

કુડછો (કુડ઼છો) પું. ચમચો.

કુડતર (કુડ઼તર) [સં. કુડ્ય (દિવાલ) + અંતર (વચ્ચેનો ભાગ)] પું. ભીંતનો ચોતરો; ભીંતનો આંતરો; કુડાંતરો.

કુડતી (કુડ઼તી) ૧. સ્ત્રી. નાની અંગરખી; નાનું પહેરણ.
૨. સ્ત્રી. હવાડો.

કુડતું (કુડ઼તું) ૧. ન. કમર લગીનું બેસતું બદન; પેટી; કબજો.
૨. ન. પહેરણ.

કુડપ [સં.] પું. પ્રસ્થનો ચોથો ભાગ; પાશેર જેટલું માપ; કુડવ; ચાર આંગળ પહોળું અને ચાર આંગળ ઊંડું એવું ધાતુનું કે લાકડાનું માપ; સોળ કર્ષનું માપ; સોળ તોલાનું અથવા બાર મૂઠીનું એક માપ.

કુડબુડ (કુડ઼બુડ઼) પું. ઝીણીઝીણી વાત; ગણગણાટ.

કુડમલા સ્ત્રી. (પુરાણ) એ નામની ભારતવર્ષની એક નદી.

કુડમા [સં.] પું. જાત; કુળ.

કુડરેક ન. કાળી તુલસી.

કુડલનાયક પું. મદુરાપતિ; મદુરાનો રાજા.

કુડલી ૧. સ્ત્રી. કુલડી; કુલ્લી.
૨. સ્ત્રી. ઘી કે તેલ ભરવાને માટે ચામડાની બનાવેલી ડબ્બી.
કુડલીમાં ગોળ નાખવો = (૧) ખાનગી રાખવાનો યત્ન કરવો. (૨) ગુપ્ત રીતે કાર્ય કરી લેવું.

કુડલું ૧. ન. તેલ, ઘી ભરવાનું ચામડાનું વાસણ; કુલડું; કુલ્લું.
૨. વિ. કડવું; ખરાબ; નઠારૂં.

કુડલો ૧. પું. ઘી, તેલ ભરવાનું ઊંટના આડા ચામડાનું બનાવેલું સાંકડા મોંનું અને મોટા પેટનું વાસણ.
૨. પું. સોનું રૂપું ગાળવાની મોટી કુલડી.

કુડવ (કુડ઼વ) ૧. ન. એક જાતનું માપ; એક અંજલિ અથવા સોળ રૂપિયાભારનું વજન. જુઓ કુડપ.
૨. ન. ચાર આંગળ લાંબું, ચાર આંગળ પહોળું અને ચાર આંગળ ઊંડું એવું પ્રવાહી ભરવાનું માપ.

કુડવક્કલ (કુડ઼વક્કલ) પું. સોલાપુર તરફ રહેતા અને ખેડૂતનો ધંધો કરતા એક જાતનાં લોકો.

કુડવા (કુડ઼વા) સ્ત્રી. અયોધ્યાના બસ્તી પરગણામાં આવેલી એ નામની એક નદી.

કુડસલ (કુડ઼સલ) ન. (વહાણવટું) હાતરો.

કુડંગિકા (કુડ઼ંગિકા) પું. (પિંગળ) જગણ, રગણ, જગણ, રગણ, લઘુ અને ગુરુ મળી ચૌદ વર્ણનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; હરિ; આનંદ. તે શક્વરી છંદનો એક ભેદ છે.

કુડંતર (કુડ઼ંતર) ૧. પું. ખાનગી રાખવાપણું.
૨. [સં.] પું. ભીંતનો આંતરો; કુડાંતરો.

કુડંબી (કુડ઼ંમી) પું. કોચીન તરફ વસતા એક જાતનાં લોકો.

કુડા (કુડ઼ા) [સં. કુટજ] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; ઇંદ્રજવનું ઝાડ. ઉનાળામાં તેને ધોળાં ફૂલ આવે છે.

કુડાડી (કુડ઼ાડ઼ી) સ્ત્રી. કુહાડી.

કુડાપો (કુડ઼ાપો) ૧. પું. ચીડિયાં કરવાં તે.
૨. પું. બળાપો; કઢાપો.

કુડાલ ન. મદુરા.

કુડાલી [સં. કુઠારી] સ્ત્રી. કુહાડી.

કુડાંતરો (કુડ઼ાંતરો) ૧. પું. ખાનગી રાખવાપણું.
૨. [સં.] પું. ભીંતનો આંતરો; કામડાની ટટ્ટીનો આંતરો; કુડંતર.

કુડિ (કુડ઼િ) પું. શરીર; દેહ.

કુડિકા (કુડ઼િકા) સ્ત્રી. તપસ્વીઓનું માટીનું કે લાકડાનું પાત્ર.

કુડિના પું. વસિષ્ઠ ગોત્રનો એક ભેદ.

કુડિશ (કુડ઼િશ) ન. એક જાતનું માછલું.

કુડિહુંચી (કુડ઼િહુંચી) [સં.] સ્ત્રી. એક જાતનું ઝાડ.

કુડી (કુડ઼ી) ૧. [સં. કુંડ] સ્ત્રી. ઉકરડો.
૨. સ્ત્રી. કોડી; વીશની સંખ્યા.
૩. સ્ત્રી. ચૂલાવેરો.
૪. સ્ત્રી. ચૂલો.
૫. સ્ત્રી. છોકરી.
૬. સ્ત્રી. ઠાકડી; નનામી.

કુડીકુડી (કુડ઼ીકુડ઼ી) સ્ત્રી. કૂકડાં હાંકવા માટે વપરાતો શબ્દ.

કુડીજાવા સ્ત્રી. પંજાબમાં વપરાતી એક ગાળ.

કુડીબંધ (કુડ઼ીબંધ) વિ. સંખ્યાબંધ; ઘણું.

કુડીલું (કુડ઼ીલું) વિ. હૃદયમાં ઘણી ઇચ્છાઓ હોય એવું; કોડીલું; હોંસવાળું.

કુડીહાર (કુડ઼ીહાર) પું. સ્ત્રીઓની ડોકમાં પહેરવાનું એક ઘરેણું.

કુડુક (કુડુક) ૧. પું. જૂના વખતનું ચામડું મઢેલું એક જાતનું વાજું.

૨. પું. દોરીનો વીંટો.

૩. સ્ત્રી. ઈંડાં નહિ આપનારી મુરઘી.

૪. વિ. વ્યર્થ; નકામું.

કુડુક્ક (કુડુક્ક) [સં.] પું. એ નામનો સંગીતનો એક તાલ; અઠતાલ; ચતુર; ચંદતાલ; વર્ણપતિ; ધ્રુવપદ; ચૌતાલ.

કુડુડભસ (કુડુડ઼ભસ) અ. કોઈ વસ્તુના એકાએક પડવાથી થતો અવાજ.

કુડુડમુડુડ (કુડુડ઼મુડુડ઼) અ. કૂતરો હાડકાં કરડતી વખતે કરે છે તે અવાજ.

કુડુડુભસ (કુડુડુભસ) જુઓ કુડુડભસ.

કુડુડુભુસ (કુડુડુભુસ) જુઓ કુડુડભસ.

કુડુમ (કુડુમ) પું. મલબારના પુરુષો માથા ઉપર રાખે છે તે અંડાકાર વાળનો ગુચ્છો.

કુડુલા (કુડુલ્ણા) સ્ત્રી. (પુરાણ) ભારતવર્ષીય એ નામની એક નદી.

કુડુવ (કુડુવ) જુઓ કુડવ.

કુડુવકંદ (કુડુવકંદ) પું. સાધારણ શરીરવાળા જીવનો એક પ્રકાર.

કુડુંબ (કુડુંબ) ન. એક જાતનું વજન.

કુડેચા (કુડ઼ેચા) ૧. સ્ત્રી. કોળીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કુડો (કુડ઼ો) પું. એક જાતની વનસ્પતિ. એનાં ફૂલ તથા શીંગનું શાક બને છે. ફળ સફેદ અને સ્વાદે કડવાં છતાં તેનું શાક થાય છે.

કુડ્હાલ સ્ત્રી. લડાઈનું એક અસલી હથિયાર; કોદાળી.

કુડ્હી સ્ત્રી. કુલડી; માટીનું એક વાસણ.

કુડ્ડું ન. કુલડી જેવું એક રમકડું.

કુડ્મલ ૧. [સં.] સ્ત્રી. ફૂલની અવિકસિત કળી.

૨. ન. એ નામનું એક નરક.

કુડ્મલદંતી પું. (પિંગળ) દરેક ચરણમાં ભગણ, તગણ, નગણ, ગુરુ અને ગુરુ એમ અગિયાર અક્ષરનો એક અક્ષરમેળ છંદ; શ્રી. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે.

કુડ્મલિત [સં.] વિ. જેમાં કળીઓ ફૂટી હોય તેવું.

કુડ્ય (કુડ઼્ય) ૧. પું. પ્રભુના આવિર્ભાવ માટેનો એ નામનો દિવ્ય દેશ.

૨. સ્ત્રી. ભીંત; દીવાલ.

૩. ન. કુતૂહલ; નવાઈ; આશ્ચર્ય.

૪. ન. વિલેપન; મર્દન.

કુડ્યક (કુડ઼્યક) [સં.] ન. ભીંત.

કુડ્યચ્છેદી (કુડ઼્યચ્છેદી) [સં.] પું. ચોર; ભીંતફાડુ; લૂંટારો.

કુડ્યચ્છેદ્ય (કુડ઼્યચ્છેદ્ય) ૧. [સં.] પું. ભીંત કરવા માટે ખોદેલો ખાડો.

૨. વિ. ખોદનાર.

કુડ્યમત્સ્ય (કુડ઼્યમત્સ્ય) [સં.] પું. ગરોળો.

કુડ્યમત્સી (કુડ઼્યમત્સી) [સં.] સ્ત્રી. ગરોળી.

કુડ્યાંતર (કુડ઼્યાંતર) ન. (જૈન) વિશુદ્ધ બ્રહ્મચર્ય માટે નવ વાડ માંહેની એક વાડ. ભીંત, કનાત કે ત્રાપાના અંતરપટમાં સ્ત્રી પુરુષ જ્યાં મૈથુન સેવે ત્યાં બ્રહ્મચારીઓએ રહેવું નહિ, કારણકે શબ્દચેષ્ટાદિક વિકારનાં કારણ છે.

કુઢક [સં.] સ્ત્રી. દિલગીરી; અફસોસ.

કુઢન ૧. [સં.] સ્ત્રી. દિલગીરી; અફસોસ.

૨. સ્ત્રી. મનમાં ને મનમાં રહેતો ક્રોધ.

કુઢબ ૧. સ્ત્રી. ખરાબ રીત.

૨. સ્ત્રી. ગેરવર્તણૂક.

૩. વિ. ખરાબ; બેડોળ; ઘાટઘૂટ વગરનું.

૪. વિ. જંગલી; રીતભાત વગરનું; અવિવેકી.

કુઢળ ન. એક જાતનું જંગલી ઝાડ.

કુઢલું જુઓ કુલ્લું.

કુઢવું અ. ક્રિ. શોક કરવો; દિલગીર થવું.

કુઢંગ ૧. પું. ખરાબ રીતભાત; અવિવેક.

૨. વિ. ખરાબ રીતનું; ભૂંડું.

કુઢંગિયું વિ. ખરાબ ઢંગવાળું; કઢંગું.

કુઢંગી જુઓ કુઢબ.

કુઢંગો પું. એ નામનો એક યમદૂત.

કુઢાપો ૧. પું. અફસોસ; શોક.

૨. પું. દુ:ખ; પીડા.

કુણ્ ૧. [સં.] અ. ક્રિ. (ધાતુ) અવાજ કરવો.

૨. સ. ક્રિ. ઉપકાર કરવો.

૩. સ. ક્રિ. ટેકો આપવો; મદદ કરવી.

૪. સ. ક્રિ. મશ્કરી કરવી.

૫. સ. ક્રિ. મંત્રણા ચલાવવી.

કુણ ૧. [સં. કોણ] પું. ખૂણો.

૨. પું. દૂંટીનો મેલ.

૩. પું. બચ્ચું.

૪. સ્ત્રી. એ નામની રબારીની એક અટક.

૫. સ. કોણ.

૬. ન. એ નામની અટકનું માણસ.

૭. વિ. એ નામની અટકનું.

કુણક ન. બાળક; શિશુ.

કુણજ ન. એક જાતનું શાક.

કુણપ ૧. પું. એક જાતનું અસ્ત્ર; ભાલું.

૨. પું. ખરાબ ગંધ.

૩. પું. માંસ.

૪. પું. શબ; મુડદું.

૫. પું. શબનું લોહી.

૬. વિ. દુર્ગંધવાળું; ગંધાતું.

૭. વિ. મુડદા જેવું; જડ.

કુણપા [સં.] સ્ત્રી. બરછી; ભાલું.

કુણપાર્તવ ન. દુર્ગંધવાળું રજોદર્શન; અટકાવનું ગંધાતું લોહી.

કુણપાશી ૧. પું. મુડદાં ખાઈ જતું એક જાતનું પ્રેત.

૨. પું. મુડદાં ખાનાર જનાવર.

કુણપી [સં.] સ્ત્રી. મેના પક્ષી.

કુણબાઉ ૧. વિ. કણબીને લગતું.

૨. વિ. જંગલી; અસભ્ય.

કુણબીણ ૧. સ્ત્રી. કણબીની સ્ત્રી; કણબણ.

૨. સ્ત્રી. ચાકરડી; દાસી; સ્ત્રી મજૂર.

કુણમાત્ર વિ. કોણમાત્ર; જેનો હિસાબ નહિ એવું.

કુણસાબપોર પું. સવારનો નવ દશ વાગ્યાનો એટલે બપોર પહેલાંનો વખત.

કુણંજ પું. એક જાતનું શાક.

કુણંજર પું. એક જાતનું શાક.

કુણાબપોર જુઓ કુણસાબપોર.

કુણારુ [સં.] વિ. અવાજ કરવાના સ્વભાવવાળું.

કુણાલ ૧. પું. એ નામનો એક દેશ.

૨. પું. સંપ્રતિ નામનો રાજા.

કુણાલા સ્ત્રી. ઉજ્જયિની નામની નગરીનું એક પ્રાચીન નામ.

કુણિ ૧. પું. એક જાતનું ઝાડ.

૨. પું. (પુરાણ) સોમવંશી સાત્યકિના ભારતના યુદ્ધમાં મરેલા દશ માંહેનો એ નામનો એક દીકરો.

૩. સ્ત્રી. એક જાતની માછલી.

૪. વિ. હાથ અથવા પગ નાનો મોટો હોય એવા ગર્ભના દોષવાળું.

કુણિત [સં.] વિ. કુંઠિત; અંતરાયેલું; રોકાયેલું.

કુણિતા સ્રી. એક હાથ અથવા પગ નાનો મોટો થઈ જવાનો રોગ; હાથે ઠૂંઠા કે પગે લૂલા થઈ જવાપણું.

કુણિપદી [સં.] સ્રી. આવવા જવામાં મંદ ગતિવાળી કોઈ સ્રી.

કુણિર્ગર્ગ પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ. એને એક માનસ કન્યા હતી. એ યુવાવસ્થામાં આવી એટલે એનો વિવાહ કરવાનું ધાર્યું; પણ એને યોગ્ય વર મળ્યો નહિ. તેથી કુંવારી રહેતાં એણે તપ કર્યું. કાલાંતરે આ ઋષિ દેહત્યાગ કરી સ્વર્ગે ગયા ત્યારે આ કન્યા એ જ આશ્રમમાં તપ કરતી રહી અને બહુ જ વૃદ્ધ થઈ. એક વખતે એના મનમાં આવ્યું કે હવે દેહત્યાગ કરી ઉત્તમ લોકમાં જાઉં. એટલામાં નારદે તેને આવીને કહ્યું કે તું તપસ્વિની છે, તેથી તને ઉત્તમ લોક સુલભ છે. પણ તું સંસ્કારહીન હોવાથી તારી ગતિ અક્ષય નહિ થાય માટે તું સંસ્કારયુક્ત થા. નારદ ગયા પછી તે વિવાહ કરવાની ઇચ્છાથી એક સ્થળે જ્યાં કેટલાક ઋષિપુત્રો ભેગા મળી વેદાધ્યયન કરતા હતા ત્યાં ગઈ અને કહ્યું કે આ સમાજમાંથી જે કોઈ મારો પતિ થશે તેને હું ઘણું દ્રવ્ય અને મારા તપનો અર્ધ ભાગ આપીશ, પણ કોઈએ તેના પતિ થવાનું સ્વીકાર્યું નહિ. માત્ર ગાલવ વંશના પ્રાક્શૃંગ નામના એક ઋષિપુત્રે તેના પતિ થવાનું સ્વીકાર્યું. તેથી આ વૃદ્ધ કન્યાએ એ ઋષિકુમાર સાથે યથાશાસ્ત્ર વિવાહ કર્યો અને રાત્રે તરુણ થઈને એની સેવામાં હાજર થઈ. સવાર થતાં જ એણે પોતાના વચન પ્રમાણે પ્રાક્શૃંગને યથેચ્છ દ્રવ્ય અને પોતાના તપનો અર્ધ ભાગ આપ્યો અને પોતે દેહ તજીને ઉત્તમ લોકમાં ગમન કર્યું.

કુણિંદ [સં.] પું. શબ્દ; અવાજ.

કુણી ૧. સ્રી. એક જાતની માંસાહારી માછલી.
૨. સ્રી. કોણી.

કુણેક સ. કોઈક.

કુત ૧. પું. આહાર; ખોરાક.
૨. સ્રી. કોડીનાર પાસે દરિયામાં થતી એક જાતની માછલી.

કુતક ૧. પું. દસ્તો.
૨. પું. સાંબેલું.

કુતકા ૧. સ્રી. અનાજનાં કણસલાં.
૨. સ્રી. ભાંગ ઘૂંટવાનો દંડો; બત્તો.

કુતકારો પું. ઠેકડો; ભૂસકો; છલંગ.

કુતકી [સં.] સ્રી. એક જાતની ઔષધિ.

કુતકું ન. ઝૂડવાની લાકડી; ડંગોરો; ડફણું; દંડીકો.

કુતકો ૧. પું. કુતકારો; ઠેકડો.
૨. ન. કુતકું; ડફણું; બૂધું; દંડૂકો.

કુતન પું. એકથી ત્રણ ફૂટ ઊંચો થતો એક જાતનો છોડ. તેનાં ફળ આસમાની રંગનાં હોય છે.

કુતનુ ૧. [સં.] પું. કુબેર.
૨. ન. ખરાબ શરીર.
૩. વિ. ખરાબ શરીરવાળું; બેડોળ; કદરૂપું.

કુતપ ૧. [સં.] પું. અગ્નિ.
૨. પું. અતિથિ; મહેમાન.
૩. પું. એક જાતનું વાદિત્ર.
૪. પું. દર્ભ; દાભડો.
૫. પું. દિવસના પંદર ભાગ માંહેનો આઠમો ભાગ; દિવસનું આઠમું મુહૂર્ત. તે મધ્યાહ્ન સમયે હોય છે.
૬. પું. બકરીના વાળનો નેપાળી કામળો.
૭. પું. બળદ.
૮. પું. બ્રાહ્મણ; દ્વિજ.
૯. પું. ભાણેજ.
૧૦. પું. શ્રાદ્ધમાં ઉપયોગી આઠ વસ્તુનો સમૂહ: મધ્યાહ્ન, ખડ્ગ પાત્ર અથવા ગેંડાના ચામડાનું પાત્ર, નેપાળી કામળો, ચાંદીનું વાસણ, કુશ, તલ, ગાય અને દોહિત્ર.
૧૧. પું. સૂર્ય.
૧૨. ન. છત્રીવાજું. તેના ત્રણ પ્રકાર: તતકુતપ, અવનદ્ધકુતપ અને નાટ્યકુતપ.
૧૩. ન. (સંગીત) વાદ્ય વગાડનારાઓનું ટોળું.

કુતપસપ્તક [સં.] પું.; ન. મરેલાંને ઉદ્દેશીને કરવામાં આવતા શ્રાદ્ધમાં જરૂરની સાત વસ્તુઓ.

કુતપાષ્ટક જુઓ કુતપ ૧૦.

કુતબ ૧. પું. ઉત્તર ધ્રુવનો તારો.
૨. પું. દક્ષિણ દિશા.
૩. પું. ધાર્મિક પુરુષનો એક ઇલ્કાબ.

કુતબખાના ન. ચોપડીઓ વેચવાની દુકાન.

કુતબફરોશ પું. ચોપડી વેચનાર.

કુતબા ૧. [અ.] પું. લેખ.
૨. પું. સ્મરણલેખ.

કુતબે કાનૂની પું. બ. વ. કાયદાનાં પુસ્તક.

કુતબે મઝહબી (કુતબે મઝહબી) પું. બ. વ. ધાર્મિક પુસ્તક.

કુતબો પું. (કચ્છી) એક જાતનો છોડવો; લૂણીની ભાજી. એ ખાધાથી લોહીવિકાર મટે અને ઝાડો પેશાબ સાફ આવે એમ કહેવાય છે.

કુતરન સ્રી. દાંતેથી કરડી ખાધેલો ભાગ.

કુતરવું સ. ક્રિ. દાંતથી કરડી ખાવું.

કુતરૂવ ૧. પાણીમાં રહેતો એક જાતનો કીડો.
૨. પું. યૂનાની મત પ્રમાણે ઉન્માદના ચાર માંહેનો એક પ્રકાર. ચાર પ્રકાર: (૧) કુતરૂવ, (૨) માનિયા, (૩) દાઉલકલ્બ અને (૪) સુવાર અર્થાત વિશેષ ઝનૂન. એવું કહેવાય છે કે કુતરૂવ નામનો એક કીડો છે. તે પાણી ઉપર બહુ ઝડપથી ફરે છે. તે કદી આગળ તો કદી પાછળ, કદી ડાબો તો કદી જમણો એમ વ્યર્થ ફરતો રહે છે. વળી ડૂબકી મારીને ઝટ ઉપર આવે છે. પાગલની પણ એવી દશા થાય છે, માટે એ રોગનું નામ કુતરૂવ પડ્યું છે. આ દરદમાં દરદી અતિ ક્રોધી રહે છે. તેને ભય લાગે છે કે મને કોઈ મારી નાખશે. અગર ઝેર ખવરાવશે. તેનો રંગ પીળચટો, જીભ કોરી અને સ્વભાવ ગરમ રહે છે.

કુતર્ક ૧. પું. અવળો વિચાર; ખરાબ વિચાર.
૨. પું. ખોટો તર્ક.

કુતર્કવાદ પું. અવળી રીતે વિચાર કરવાની પદ્ધતિ.

કુતર્કવાદી વિ. કુતર્કવાળું; કુતર્ક કર્યા કરનાર; વિતંડાવાદી.

કુતર્કશાસ્રી પું. કુતર્ક કરવામાં પ્રવીણ પુરુષ.

કુતર્કી [સં.] વિ. કુતર્ક કરનાર; કુતર્કવાળું; વિતંડાવાદી.

કુતવાલ પું. પોલીસનો વડો અમલદાર.

કુતવાલી સ્રી. મુખ્ય પોલીસ ચોકી.

કુતવાલીચબૂતરા પું. મુખ્ય પોલીસચોકી.

કુતવું અ. ક્રિ. કીમત અંકાવવી.

કુતશાલ્મી ન. એક જાતનું ઝાડ.

કુતસી વિ. ખરાબ.

કુતંત્રી ૧. [સં.] સ્રી. ક્ષુદ્ર દંડ; દંડિકા.
૨. સ્રી. ખરાબ વીણા.

કુતઃ ૧. [સં.] અ. ક્યાંથી.
૨. અ. શા માટે.
૩. અ. શી રીતે.

કુતા [અ.] પું. જમીનનો કટકો.

કુતાબ પું. મુસલમાની ખોરાકની એક વાની; સમોસા.

કુતાર પું. પોતે ડૂબે અને બીજાને ડુબાડે એવો ખરાબ તારુ.

કુતારાણી સ્રી. કશ્મીરમાં થઈ ગયેલી એ નામની એક બહાદુર અને પ્રતાપી રાણી. તેણીએ કશ્મીરને દુશ્મનોના હુમલામાંથી બચાવ્યું હતું અને ત્યાર બાદ થોડાં વર્ષો પછી સ્વહસ્તે જ મૃત્યુને ભેટી હતી એમ કહેવાય છે.

કુતાર્કિક વિ. અવિચારી.

કુતાશનસહાય પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

કુતિગ ન. (જૂ. ગુ.) કૌતુક; ગમ્મત; અજાયબી.

કુતિગી વિ. (જૂ. ગુ.) કૌતુકી.

કુતિચોદિ સ્ત્રી. બે જણથી બબ્બે કાંકરી લઈને રમાતી છોકરાંની એક રમત. તેમાં ચાર કાંકરી અને પાંચ ઘર હોય છે. ચાર કાંકરીની રમતની માફક આ રમતમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ ટપીને જઈ શકાતું નથી, પણ સીધે રસ્તે એક ઘરથી બીજે ઘર જવાય છે. જેને છેવટે પોતાની બંને કાંકરીમાંથી એકેયને નિયમ પ્રમાણે ચાલવાની જગ્યા ન મળે તે હારી ગયો ગણાય છે.

કુતિમાનાપિલ્લા ૧. પું. કુરકુરિયું.
૨. પું. રખડુ કે હરામી માણસ.

કુતિયા ૧. [હિં.] સ્ત્રી. નાની કૂતરી.
૨. સ્ત્રી. બાયડીને દેવાતી ગાળ.

કુતિયાણાવાળા ૧. સ્ત્રી. મેમણની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કુતીપ્રવેશી વિ. કાયાકલ્પના બે માંહેનો એક પ્રયોગ.

કુતીભુતોજીવલ પું. (કચ્છી) એક પ્રકારનો વેલો, તેના ફૂલના ગુચ્છા ફીકા લીલા રંગના અને ફળ કાળા રંગનાં હોય છે.

કુતીભુભા પું. (કચ્છી) એક પ્રકારનો વેલો. આંખફુટામણીની વેલ; ભગલિંગી. તેને ગુંદિયાલી કહે છે. ફળ ગોળ, નાનાં બોર જેવડાં, પ્રથમ લીલાં પછી રાતાં થાય ને તે ઉપર ધોળાં છાંટણાં હોય છે. ફળ પ્રમેહ ઉપર વપરાય છે.

કુતીર્થ ૧. [સં. કુ (ખરાબ) + તીર્થ (શિક્ષક)] પું. ખરાબ શિક્ષક.
૨. ન. દોષવાળાં દર્શન; કુદર્શન.

કુતીર્થક પું. શિથિલ સાધુ.

કુતીર્થી [સં.] વિ. પાખંડી; મિથ્યાત્વી.

કુતુક ૧. [સં.] ન. આશા.
૨. ન. ઇચ્છા.
૩. ન. ઉત્સુકતા; ઉત્સુકપણું.
૪. ન. કુતૂહલતા; કૌતુક; આશ્ચર્ય; વિસ્મય; નવાઈ; અચંબો.
૫. ન. પ્રીતિ.
૬. ન. વલણ.
૭. ન. હોંશ.

કુતુધ્વતી [સં.] સ્ત્રી. એક જાતનું સ્થાવર વિષ.

કુતુન [અ.] ન. રૂ.

કુતુપ ૧. [સં.] પું.; ન. ઘી તેલ વગેરે રાખવાનું ચામડાનું નાનું ઠામ; ધાડવો.
૨. પું. દિવસના પંદર માંહેનો આઠમો ભાગ; દિનમાનનું આઠમું મુહૂર્ત.
૩. પું. નાનો કૂપો.

કુતુબ ૧. પું. એ નામનો એક મુસલમાન કવિ.
૨. પું. ઘંટી જેના ઉપર ફરે છે તે લોઢાનો ખીલો; ધરી; ઘંટીનો ખીલડો.
૩. પું. ધ્રુવ તારો.
૪. [અ. કુત્બ] પું. સરદાર.
૫. [અ. કતબ (તેણે લખ્યું)] સ્ત્રી. બ. વ. ચોપડીઓ; પુસ્તકો; કિતાબો.

કુતુબઅલદીનકાકી પું. એ નામનો મુસલમાની સંત. ચિરિતયા સુફી સંપ્રદાયનો હિંદુસ્તાનમાં પ્રથમ ફેલાવો કરનાર મહાન સંત મુઈન–અલ–દીનનો તે શિષ્ય હતો. દિલ્હીમાં કુતુબમીનાર પાસે તેની દરગાહ આવેલી છે.

કુતુબ-ઈ-આલમ પું. પંદરમા સૈકામાં થઈ ગયેલો એ નામનો મુસલસાની સંત. તે મખદુલ–ઈ–જહાંનિયાંનો પૌત્ર હતો. તે ગુજરાતમાં રહેતો.

કુતુબખાના (કુતુબખ઼ાના) [ફા. કુતુબ (પુસ્તકો) + ખાના (ઘર)] ન. પુસ્તકાલય; પુસ્તકશાળા; પુસ્તક સંગ્રહસ્થાન.

કુતુબતારો પું. ખોજાઓના સતવેણી નામના ગ્રંથમાં જણાવેલો એક તારો. તે સિત્તેર હજાર વર્ષ પ્રકાશતો અને સિત્તેર હજાર વર્ષ સુધી આથમતો.

કુતુબનામા [હિં.] ન. હોકાયંત્ર.

કુતુબનુમા [અ. કુત્બ (ધ્રુવ) + નુમા (દેખાડનાર)] ન. હોકાયંત્ર; દિગ્દર્શક યંત્ર; ધ્રુવદર્શક.

કુતુબફરોશ (કુતુબફ઼રોશ) [ફા.] પું. પુસ્તકો વેચનાર.

કુતુબમીનાર [અ. કુત્બ (ધ્રુવ) + મીનાર (સ્તંભ)] પું. દિલ્હીનો એ નામનો પ્રખ્યાત મીનારો; બાદશાહ કુતુબુદ્દીને બંધાવેલો ઊંચો મીનારો. ઈ. સ. ૧૨૦૦માં કુતુબુદ્દીન ઐબકે આ મીનારો શરૂ કર્યો અને તેના પછી શમ્સુદ્દીન અલ્તમશે ઈ. સ. ૧૨૨૦માં પૂરો કર્યો. તે ૨૩૮ ફૂટ ૧ ઈંચ ઊંચો, ૪૭ ફૂટ ૩ ઈંચ વ્યાસનો અને ઊંચે ૯ ફૂટ વ્યાસનો છે. પહેલો માળ ૧૫૬ પગથિયાંનો છે. મીનારા ઉપર ચડવા માટે ૩૬૯ પગથિયાંની ગોળાકાર સીડી છે. છઠ્ઠો અને સાતમો માળ હાલ ઉતારી લીધેલ છે. છેલ્લા માળની છત્રી ઉપર વીજળી પડવાથી ખંડિત થતાં તે કુતુબ મસ્જિદમાં મૂકવામાં આવી છે. દરેક જાતના પથ્થરોને ગોઠવવાની રચના ભિન્ન ભિન્ન પ્રકારની છે. ત્રીજે માળે આરસના પથ્થર કાપીને ચણેલા છે. પાંચમા માળે પિત્તળનો કઠેરો બાંધેલો છે. ભીંતે કુરાનનાં વાક્યો કોતરેલાં છે. મીનારા ઉપર ચડી જોતાં આસપાસનું દશ્ય બહુ મનોહર દેખાય છે.

કુતુબુદ્દીન પું. ગુલામ વંશનો એ નામનો એક પાદશાહ.

કુતુબ્પુરા પું. શેવડાના ચોરાશી માંહેનો એક પેટાગચ્છ.

કુતુમરા ન. એક પક્ષી.

કુતુમાળ પું. આગ્નીધ્ર રાજાના નવ માંહેનો એક દીકરો. જંબુદ્વીપના નવ ભાગ માંહેનો એક ભાગ આને મળ્યો હતો.

કુતુર ન. ખેતરના પાકને નુકસાન કરનારૂં એક પક્ષી.

કુતુરઝા [હિં.] પું. એક લીલું પક્ષી. તેની ચાંચ, પીઠ અને પગ લાલ હોય છે.

કુતુલી [હિં.] સ્ત્રી. આમલીનો લીલો કાતરો.

કુતુંબક [સં.] ન. કુબી.

કુતુંબુરુ [સં.] ન. ખરાબ એવું તિંદુડી ફળ.

કુતૂ [સં.] સ્ત્રી. ઘી, તેલ વગેરે રાખવાનું ચામડાનું નાનું પાત્ર.

કુતૂણક [સં.] ન. એ નામનો બાલકોનો એક રોગ.

કુતૂનક [સં.] સ્ત્રી. બાળકોની આંખની નબળાઈ.

કુતૂલ પું. એ નામનો દેશ કે જે હાલમાં દુલુને નામે ઓળખાય છે. તે સતલજ નદીને દક્ષિણ કિનારે આવેલો છે.

કુતૂહલ ૧. પું. ક્રીડા.
૨. પું. નાયિકાનો એક અલંકાર.
૩. ન. અમુક કે નવી વસ્તુ જોવા જાણવાની ઉત્કંઠા; કૌતુક; આતુરતા; જિજ્ઞાસા.
૪. ન. ચમત્કાર.
૫. ન. (કાવ્ય) દશ માંહેનો એક હાવ; કૌતકની રચના કરી સંકેતસ્થાન તરફ પ્રયાણ કરવામાં આવે તેવો હાવ; નાયક નાયિકાનો એક ભાવ.
૬. ન. નવાઈ; નવાઈભરી વસ્તુ.
૭. વિ. અદ્ભુત; આશ્ચર્યકારક; વખાણવા જેવું.
૮. વિ. વખાણાયેલું; શ્રેષ્ઠ.

કુતૂહલકારી વિ. નટખટી.

કુતૂહલતા ૧. [સં.] સ્રી. ઉત્કંઠા; જિજ્ઞાસા.

૨. સ્રી. કૌતુક; નવાઈ.

કુતૂહલદૃષ્ટિ [સં.] સ્રી. નવું નવું જાણવાની જિજ્ઞાસાવાળી નજર.

કુતૂહલપૂર્વક ૧. [સં.] અ. આશ્ચર્ય સહિત.

૨. અ. જિજ્ઞાસાથી.

કુતૂહલવત વિ. કુતૂહલવાળું.

કુતૂહલવૃત્તિ [સં.] સ્રી. નવી વસ્તુ જોવા જાણવાની ઉત્કંઠા.

કુતૂહલાક્રાંત [સં.] વિ. આશ્ચર્યચકિત; નવાઈ પામેલું.

કુતૂહલિત [સં.] વિ. કુતૂહલ જેને થયું હોય તેવું; જિજ્ઞાસુ.

કુતૂહલિની [સં.] સ્રી. કુતૂહલ રાખનારી સ્રી.

કુતૂહલી ૧. વિ. તમાશો જોવાવાળું.

૨. [સં. કુતૂહલિન્] વિ. નવું જાણવાની ઇચ્છાવાળું; કૌતુકી; કુતૂહલવાળું.

કુતૃણ [સં.] ન. જળમાં થનારૂં એક જાતનું ઘાસ; ખરાબ ઘાસ.

કુતેગ પું. હલકું હથિયાર.

કુતેલી સ્રી. એક જાતની વનસ્પતિ.

કુતેલું ૧. ન. એક જાતનું ઘાસ. તેની ડૂંડી ટૂંકા ઝીણા અને કૂણા કાંટાવાળી થાય છે. તે કપડાને ચોંટી જાય છે.

૨. ન. ડૂંડી.

કુતોહળ ૧. [સં. કુતૂહલ] ન. કાતુક.

૨. ન. ચમત્કાર.

૩. ન. નવાઈ; અચંબો.

કુત્કા ૧. પું. પુરુષની જનનેંદ્રિય.

૨. પું. ભાંગ વાટવાનો ધોકો; બત્તો.

કુત્તક જુઓ કુત્કા.

કુત્તા ૧. [હિં.] પું. એક જાતના ઘાસની ડૂંડી.

૨. પું. કલની એવી યોજના. તે ચક્કરને ઊંધું કે પાછળ ફરતું અટકાવે છે.

૩. પું. કૂતરો.

૧. કુત્તાના મોતે મરવું = કૂતરાની જેમ કમોતે મરી જવું.

૨. ગર્જી કુત્તા = ખુર્દીસ્તાન દેશનો નાનો કૂતરો.

૩. ગુલદાક કુત્તા = ઇંગ્લંડનો સ્પેનિયલ કૂતરો.

૪. જેબી કુત્તા = ખોળામાં રમનારો લાડકો કૂતરો.

૫. તાઝી-બંજારી કુત્તા = શિકારી કૂતરો.

૬. પન્યાર કુત્તા = બુલડોગ.

૭. બાઓલા કુત્તા = ગાંડો કૂતરો; હડકાયો કૂતરો.

૮. લેંડી કુત્તા = રઝળુ કૂતરો.

૪. પું. ગુલામ.

૫. [અ.] પું. જમીનનો કટકો.

૬. પું. દરવાજો ઊઘડી ન શકે એટલા માટે લગાડાતો લાકડાનો ઉલાળિયો.

૭. પું. નીચ કે તુચ્છ મનુષ્ય.

૮. પું. પેટ.

૯. પું. બંદૂકનો ઘોડો.

૧૦. પું. સીગરો; કોઈ ચીજ ઉપર કામ કરતી વખતે ખસી ન જાય માટે દાબી રાખવાનું સાધન.

૧૧. [અ.] પું. વ. વ. લૂંટારા.

કુત્તાઘર ન. કૂતરાઓનું ઘર.

કુત્તાજાલી સ્રી. અરધી જાળી; કૂતરો ઘરમાં આવી શકે નહિ તે માટે રાખવામાં આવતી અરધી જાળી.

કુત્તાબારી જુઓ કુત્તાજાલી.

કુત્તામયલમ પું. ત્રાવણકોર તેમ જ આસપાસના કેરાળા જિલ્લામાં આવેલાં દરેક મંદિરમાં અમુક વિધિ કરવા માટે રાખવામાં આવતો એક ખાસ ઓરડો. તેને કોતરકામ વગેરે કારીગીરીથી બહુ જ સુશોભિત બનાવેલો હોય છે.

કુત્તામહ [અ.] સ્રી. વ્યભિચારિણી; અપવિત્ર સ્રી.

કુત્તામુતા પું. કૂતરાની ટોપી.

કુત્તાર [સં.] પું. સંભોગ.

કુત્તાલ [અ.] પું. વ. વ. ખૂનીઓ.

કુત્તિમક વિ. ઈંટ કે બેલાં જડેલાં હોય એવું.

કુત્તિયા [હિં.] સ્રી. નાની કૂતરી.

કુત્તિયાવણ [સં. કુત્રિકાયણ] પું.; ન. ત્રણ લોકમાં નીપજતી દરેક ચીજ જ્યાંથી વેચાતી મળી શકે તેવી મોટી દુકાન.

કુત્તી ૧. સ્રી. એક દેશી રમતનું નામ.

૨. સ્રી. કૂતરી.

૩. સ્રી. દાંતી; ખાંચો.

કુત્તી દેવી = દોરી કે માંજો જલદીથી તૂટી જાય તેમ કરવાને દાંત અગર નખ વડે તેમાં જરાક ખાડો પાડવો; દાંતી દેવી.

કુત્તીતર સ્રી. કૂતરાની માફક તરવું તે.

કુત્તીમહિનો પું. ભાદરવો. આ મહિનામાં કૂતરાઓ ખાસ કરીને સંભોગ કરે છે એટલે તેવું નામ અપાયું છે.

કુત્તીયાત્તગ ન. ચક્કીયાર નામની તામિલ પ્રજાએ ભજવેલ એક નાટકનું નામ.

કુત્તુ ન. ચક્કીયાર નામની તામિલ પ્રજાએ ભજવેલું એ નામનું પ્રસિદ્ધ નાટક.

કુત્તેમાર પું. કૂતરાને મારી નાખનાર.

કુત્તો ૧. પું. કૂતરો.

૨. પું. દાંતવાળા ચક્કરને અથવા સીધા સળિયાને એક બાજુ જ ફરવા અથવા જવા દેનાર દટ્ટો; બંદૂકનો ઘોડો.

કુત્થ સ્રી. એક જાતની વનસ્પતિ. કશ્મીરમાં ચંબા અને કુલુની આસપાસના પર્વતો ઉપર ઊગે છે.

કુત્થક પું. ઉત્તર હિંદની એક નૃત્યકાર જાતિનો માણસ.

કુત્ન [અ.] ન. કપાસ; રૂ.

કુત્ના સ્રી. આંબાની એક જાત.

કુત્ની [અ.] વિ. રૂનું બનેલું.

કુત્બ ૧. [અ.] પું. ઉત્તર ધ્રુવનો તારો.

૨. પું. ગુરુ; મહાત્મા.

૩. પું. ઘંટીનો ખીલડો.

૪. પું. ધાર્મિક પુરુષોનો એક ઇલ્કાબ.

કુત્બનુમા પું. ધ્રુવકાંટો; હોકાયંત્ર.

કુત્બી પું. ધ્રુવનો તારો.

કુત્બુદ્દીન પું. ગુલામ વંશનો એ નામનો પાદશાહ.

કુત્યા ૧. પું. એક જાતના ઘાસની ડૂંડી.

૨. [હિં.] પું. કૂતરો.

૩. પું. ગુલામ.

૪. પું. પેટ.

૫. પું. બંદૂકનો ઘોડો.

કુત્ર ૧. [અ.] પું. (ગણિત) ચક્રનો વ્યાસ.

૨. [સં.] અ. ક્યાં; કયે ઠેકાણે.

કુત્રન [સં.] સ્રી. દાંતે કરડી ખાધેલ ચીજ.

કુત્રપ [સં.] ન. ઘી ભરવાનું ચામડાનું કુડલું.

કુત્રાનોબુક પું. (જરથોસ્તી) મરણની સંવત્સરી વગેરેના જમણ પ્રસંગે જમનારાઓએ શેરીના કૂતરા માટે પોતાના ભાણામાંથી કાઢવાનો કોળિયો.

કુત્રાપિ [સં.] અ. ક્યાંક.

કુત્રિક [સં.] ન. સ્વર્ગ, મર્ત્ય અને પાતાળ લોક.

કુત્રિકાપણ ન. ગમે તે બજારની ચીજ વેચનાર; પરચૂરણ માલ વેચનાર.

કુત્રુ [હિં.] ન. કૂતરાનું બચ્ચું.

કુત્રુપ પું.; ન. ઘી ભરવાનું ચામડાનું વાસણ; કુડલું.

કુત્રેદાયરા [અ.] પું. (ગણિત) વ્યાસ.

કુત્સ્ [સં.] સ. ક્રિ. (ધાતુ) ગાળો દેવી; નિંદા કરવી. તે ઉપરથી નીકળેલ શબ્દઃ કુત્સન, કુત્સિત.

કુત્સ ૧. પું. (પુરાણ) ઉત્તાનપાદ વંશના ચાક્ષુષ મનુ અગિયાર પુત્રમાંના બીજાનું નામ.
૨. પું. (પુરાણ) એ નામનો એક ઋષિ.

કુત્સઆંગીરસ પું. ઋગ્વેદના પહેલા મંડલના ૯૪ થી ૧૧૫ સુધીનાં સૂક્ત બનાવનાર એક ઋષિનું નામ.

કુત્સકુશિકિકા સ્ત્રી. કુત્સ અને કુશિક વંશનું યુગલ.

કુત્સન ૧. [સં.] ન. નિંદા; ટીકા.
૨. ન. નિંદિત કામ; નીચ કામ.
૩. વિ. નિંદા કરનાર.

કુત્સન્ય પું. (પુરાણ) એક બ્રહ્મર્ષિનું નામ.

કુત્સલા સ્ત્રી. ગળી નામની ઔષધિ; નીલી વૃક્ષ; ગળીનો છોડ.

કુત્સા ૧. [સં.] સ્ત્રી. નિંદા; ખોદણી.
૨. ન. નિંદિત કામ; નીચ કામ.

કુત્સાવાચક [સં.] વિ. નિંદાવાચક.

કુત્સાવાદી [સં.] વિ. નિંદા કરનાર.

કુત્સિત ૧. ન. ઇંદ્રજવનું વૃક્ષ.
૨. ન. એ નામની વનસ્પતિ.
૩. ન. નિંદા.
૪. વિ. અશ્લીલ; બીભત્સ.
૫. વિ. તિરસ્કાર છૂટે એવું; ખરાબ; નીચ; નઠારૂં; અધમ.
૬. વિ. ધિક્કારવા યોગ્ય; નિંદિત.
૭. વિ. મેલું; ગંદું.

કુત્સિતકર્મ [સં.] પું. હલકો ધંધો કરનાર માણસ.

કુત્સિતબુદ્ધિ [સં.] સ્ત્રી. ખરાબ બુદ્ધિ.

કુત્સિતવાક્ય [સં.] ન. મિથ્યાવાદ; બકવાદ.

કુત્સિતવ્યાધિ [સં.] સ્ત્રી. કંટાળો ઉપજાવે એવો રોગ.

કુત્સિતશાલ્મલી સ્ત્રી. કુટશાલ્મલી.

કુત્સિતાંબુ [સં.] ન. કદંબ.

કુત્સીદિ પું. શુકલ યજુર્વેદના એક ઋષિનું નામ.

કુત્સ્ય [સં.] વિ. નિંદનીય; નિંદવા યોગ્ય.

કુથ ૧. પું. અંબાડી; હોદ્દો.
૨. પું. કથા; ગોદડી.
૩. પું. કીડો.
૪. પું. દર્ભ.
૫. પું. પ્રાતઃકાલમાં સ્નાન કરનાર બ્રાહ્મણ.
૬. પું. રથ, પાલખી વગેરેનો પડદો.
૭. પું. સાદડી; શેતરંજી.
૮. સ્ત્રી. એક જાતની ઔષધિ. તે જુદા જુદા તાવમાં અને ખાસ કરીને ક્ષય જેવા દરદમાં અપાય છે. કુથના છોડનું તેલ સંધિવામાં ચોપડવામાં આવે છે. આ કૃમિઘ્ન અને જંતુઘ્ન ઔષધિ છે. તેની માત્રા ૨થી ૪ ડ્રામ છે.
૯. વિ. સુંદર.

કુથરૂ [હિં.] પું. આંખનો એક રોગ.

કુથલો જુઓ કૂથલો.

કુથા ૧. [હિં.] સ્ત્રી. કન્યા.
૨. સ્ત્રી. હાથી ઉપર બાંધવાની ઝૂલ.

કુથાડી (કુથાડ઼ી) ન. એક જાતનું ઘાસ.

કુથાન ન. (જૂ. ગુ.) ખરાબ ઠેકાણું.

કુથાનક ન. (જૂ. ગુ.) ખરાબ સ્થળ.

કુથારી ૧. [સં. કુઠાર] સ્ત્રી. કુહાડી.
૨. સ્ત્રી. કૂથલી; નિંદા.

કુથિત ૧. વિ. કોહી ગયેલું; સડી ગયેલું.
૨. વિ. વિનષ્ટ; નાશ પામેલું.

કુથિની પું. (પિંગળ) એક અસમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ સંકીર્ણ વર્ગનો છે.

કુથી [સં.] સ્ત્રી. પેટ; જઠર.

કુથીત [સં. કુત્સિત] વિ. (પ્રાકૃત) નિંદાવાળું; ટીકાવાળું.

કુથુઆ [સં. કુતૂણક] પું. બાળકોની આંખનો એક રોગ.

કુથુનાથ પું. એક જાતનો દેવ. તેનું વાહન બોકડો છે.

કુથુમ [સં.] પું. સામવેદની એક શાખા.

કુથુમી [સં.] પું. કુથુમ નામના સામવેદની શાખાના જાણનાર બ્રાહ્મણ.

કુથોદરી [સં.] સ્ત્રી. કુંભકર્ણની પૌત્રી; નિકુંભની પુત્રી.

કુથ્થો પું. એક જાતનું જીવડું; કાગળ ખાંનારો એક જીવડો.

કુદકારો પું. કૂદકો.

કુદકાવું સ. ક્રિ. બાળકને રમાડવું કે કુદાવવું.

કુદકી સ્ત્રી. એક જાતની વનસ્પતિ; કાકતુંડી. આ વનસ્પતિમાંથી નીકળતો ચીક, પાંદડાંનો રસ અને મૂળિયાં ઔષધિમાં ઉપયોગી છે. આ વનસ્પતિ મલબારમાં પુષ્કળ ઊગે છે. ત્યાંના વૈદ્યો પેટના દુખાવા ઉપર તેનાં ફળ તથા પાંદડાં ખાવા આપે છે.

કુદક્કા [હિં.] પું. ઊછળીને મારેલ કૂદકો.

કુદણિયો પું. (ભીલી) વસાવા લોકોમાં લગ્ન પ્રસંગે થતા નાચનો એક પ્રકાર.

કુદન ૧. [મ.] સ્ત્રી. બાજુ.
૨. અ. ની તરફ.

કુદમા (કુ઼દમા) [અ.] પું. બ. વ. જૂના લોકો.

કુદરત (કુ઼દરત) ૧. [સં.] સ્ત્રી. ઈશ્વરી શક્તિ; ઈશ્વરી સત્તા.
કુદરતી દેવું આપવું-વાળવું = મરણ પામવું; મરી જવું.
૨. સ્ત્રી. કારીગીરી; રચના.
૩. સ્ત્રી. કિસમ; રીત.
૪. સ્ત્રી. કુદરત; પ્રકૃતિ.
૫. સ્ત્રી. જાતિસ્વભાવ; ખાસિયત.
૬. સ્ત્રી. વિશ્વ; બ્રહ્માંડ.
૭. સ્ત્રી. શક્તિ; સામર્થ્ય; તાકાત.

કુદરતવાદ પું. કુદરતની અંદર જ બધું સમાયેલું છે માટે તેનો જ અભ્યાસ ખાસ જરૂરી છે એવો સિદ્ધાંત.

કુદરતવાદી વિ. કુદરતવાદમાં માનનાર.

કુદરતી (કુ઼દરતી) ૧. [અ.] સ્ત્રી. બિલાડીનો ટોપ; કૂતરાની ટોપી.
૨. વિ. ઈશ્વરીય; દૈવી.
૩. વિ. સ્વાભાવિક; નૈસર્ગિક; પ્રાકૃતિક.

કુદરતી જીવન ન. પ્રેમમય, આનંદમય અને સુખમય જીવન.

કુદરતી કુવારો પું. પાતાળતોડ કૂવો.

કુદરતી રંગ ૧. પું. ધોળો રંગ.
૨. પું. મૂળ રંગ.

કુદરા [સં.] પું. કુહાડી.

કુદરી [બં.] સ્ત્રી. એ નામની એક વેલ.

કુદર્શન ૧. ન. (જૈન) મિથ્યાત્વદર્શન.
૨. [સં.] વિ. કુરૂપ; બદસૂરત.

કુદલાંતર [સં. કુ (પૃથ્વી) + દલ (પડ) + અંતર (બીજું)] ન. પૃથ્વીના ગોળાનું સામી બાજુનું સ્થળ.

કુદલાંતરવાસી [સં.] વિ. પૃથ્વીના ગોળાની સામસામેની બાજુ ઉપર વસનાર.

કુદ્દવ ૧. ન. કલિંગ દેશનું એક માપ; ૧૨૮૦ રતીભાર જેટલું વજન.
૨. ન. પ્રવાહી પદાર્થ માપવા માટે વાંસનું લાકડાનું અથવા લોઢાનું ચાર આંગળ વ્યાસવાળું તથા તેટલું ઊંડું એક માપ.

કુદંડ ૧. પું. એક જાતનું બંધન.
૨. પું. કુત્સિતદંડ; ગુના કરતાં ઓછો દંડ.

કુદંડક પું. પ્રહાર મારવાનો કોરડો.

કુદંસણ [સં. કુદર્શન] ન. (જૈન) મિથ્યાત્વદર્શન.

કુદાકડો (કુદાકડો) પું. ઠેકડો; ભૂસકો; છલંગ.

કુદાકુદ જુઓ કૂદાકૂદ.

કુદાન ૧. ન. એક વાર કૂદી જવાય એટલી જગ્યા.
૨. [સં.] ન. કુપાત્ર અથવા અયોગ્ય માણસને આપેલું દાન.
૩. ન. કૂદવાની ક્રિયા.
૪. ન. ખરાબ દાન.

કુદામ ૧. પું. ખોટો સિક્કો.
૨. [ફા.] સ. કોણ; કયો.

કુદામણું વિ. તોફાની.

કુદાયા [હિં.] ન. એક જાતનું કબૂતર.

કુદાર [હિં.] પું. કોદાળી; એક જાતનો કુહાડો.

કુદારી [સં.] સ્ત્રી. નાની કુહાડી.

કુદારો પું. કૂદકો.

કુદાલ [સં. કુદ્દાલ] પું. (હિંદી) એક જાતનો કુહાડો; કોદાળી.

કુદાલસે દાંત = લાંબા બહાર નીકળતા દાંત.

કુદાલી સ્ત્રી. કોદાળી; એક જાતનો કુહાડો.

કુદાવવું ૧. સ. ક્રિ. કૂદે એમ કરવું.
૨. સ. ક્રિ. ખીજવું; ઠપકો દેવો; ધમકાવવું.
૩. સ. ક્રિ. ચઢાવવું; ઉત્તેજન આપવું; ખીલવવું.
૪. સ. ક્રિ. બાળકને રમાડવું.

કુદાળિયાં ૧. ન. બ. વ. જાનૈયાઓને બપોરે અપાતું દાળભાતનું ભોજન.
૨. ન. બ. વ. ભવૈયાઓને બપોરે અપાતું ભોજન.

કુદાળી [સં. કુદ્દાલ] સ્ત્રી. કોદાળી.

કુદાંવ ૧. પું. બૂરી સ્થિતિ.
૨. પું. વિકટ સ્થાન.
૩. પું. વિશ્વાસઘાત.

કુદિન ૧. [સં.] પું. આપત્તિનો સમય; કષ્ટનો વખત.
૨. પું. ઋતુ વિરુદ્ધ બનાવ અને એવો દિવસ. જેમકે, શિયાળામાં માવઠું થવું.
૩. પું. ખરાબ દિવસ.
૪. પું. જ્યોતિષમાં નિષેધેલ ખરાબ દિવસ.
૫. પું. વાદળાંવાળો દિવસ.
૬. [સં.] પું. સાવન દિન; એક સૂર્યોદયથી બીજા સૂર્યોદય સુધી વચ્ચેનો વખત.

કુદિષ્ટિ [હિં.] સ્ત્રી. કુદષ્ટિ.

કુદી પું. (કચ્છી) એક પ્રકારનો છોડ. આ છોડ કોદ્રા કરતાં લાંબો થાય છે. ડાંડી ગાંઠે ગાંઠે જમીનમાં મૂળ મૂકે છે. પાન ટૂંકાં અને ફૂલની બે ચમરી હોય છે.

કુદુ ન. સીતાફળ.

કુદુક વિ. ઠેકડા મારતું.

કુદું ન. (ગ્રામ્ય) નાનો પતંગ; પતંગની એક જાત.

કુદ્દૂ ૧. [ફા.] પું. પતકાળું; કોળું.
૨. પું. પુરુષની જનનેંદ્રિય.

કુદ્દૂકશ પું. કોળું કાપવામાં અને સાફ કરવામાં વપરાતું એક હથિયાર.

કુદ્દૂડાના (કુદ્દૂડાના) ૧. પું. કોળાનાં બી જેવાં ગૂમડાંથી શરીર ઢંકાઈ જાય એવો એક રોગ.
૨. પું. બ. વ. આંતરડાંનાં જીવડાં.

કુદ્દૂમ [અ.] પું. પહોંચવું તે.

કુદ્દૂરત ૧. [અ. કદર (મલિન થવું)] સ્ત્રી. અફસોસ; દિલગીરી.
૨. સ્ત્રી. ગંદકી; મલિનતા.
૩. સ્ત્રી. જુસ્સો ઓછો થવો તે; જુસ્સો નરમ પડવાપણું.
૪. સ્ત્રી. ધૂળ.
૫. સ્ત્રી. મેલ; કીટું.
૬. સ્ત્રી. વેર; દ્વેષ.

કુદ્દૂરત રાખવી = અદેખાઈ કરવી.

કુદૃષ્ટ ૧. [સં.] સ્ત્રી. ખરાબ આંખ.
૨. સ્ત્રી. નબળી નજર.

કુદૃષ્ટિ ૧. [સં. કુ (ખરાબ) + દૃશ્ (જોવું) + તિ (નામ બનાવનાર પ્રત્યય)] સ્ત્રી. કામભાવનાથી જોવું તે; દુષ્ટ વિચારથી જોવું તે; પાપદષ્ટિ; ખોટા કે ખરાબ ખયાલથી જોવું તે.
૨. સ્ત્રી. ખરાબ તાર્કિક કલ્પના; ખરાબ દર્શન; ખોટો મત કે કલ્પના.
૩. સ્ત્રી. ટૂંકી નજર.
૪. વિ. ખરાબ દષ્ટિવાળું.
૫. વિ. ખરાબ તાર્કિક કલ્પનાવાળું.

કુદેવ ૧. પું. (જૈન) અન્યધર્મીના દેવ.
૨. [સં. કુ (ખરાબ) + દેવ] પું. દૈત્ય; રાક્ષસ; દાનવ.
૩. [સં. કુ (ભૂમિ) + દેવ] પું. બ્રાહ્મણ; ભૂદેવ.

કુદેહ ૧. પું. કુબેર.
૨. [સં. કુ (ખરાબ) + દેહ (શરીર)] પું. ખરાબ શરીર.
૩. વિ. ખરાબ શરીરવાળું; બેડોળ; કૂબડું.

કુદ્દલમ સ્ત્રી. એક જાતનો કુહાડો.

કુદ્દા ૧. [અ.] વિ. આદર્શવાળું.
૨. વિ. કામની પહેલ કરનાર.

કુદ્દાર ૧. પું. એક જાતનું ઝાડ; કાંચનવૃક્ષ.
૨. પું. કુહાડો; કોદાળી.

કુદ્દાલ ૧. પું. કાગડાની ચાંચ.
૨. પું. કોદાળો; છત્રીસ માંહેનું એક જાતનું દંડાયુધ.
૩. પું. કોવિદાર વૃક્ષ; એક જાતનું ઝાડ; કાંચનવૃક્ષ.

કુદ્દાલક ૧. પું. એક જાતનું ઝાડ; કાંચનવૃક્ષ.
૨. પું. કોદાળો.

કુદ્દાલિકા ૧. સ્ત્રી. કોદાળી.
૨. સ્ત્રી. નાની કુહાડી.

કુદ્દાલિયા પું. બ. વ. કોદાળાથી કામ કરનાર માણસો; કોદાળિયા.

કુદ્દુ [હિં.] ન. કોળું.

કુદ્દૂસ [અ.] વિ. પવિત્ર.

કુદ્દો પું. કુંદો.

કોણે મુક્કી, કોણે લાત, કોણે કુદ્દા કેરી ઘાત.
સામળ

કુદ્મલ ૧. [સં.] ન. એકવીશ માંહેનું એ નામનું એક નરક.
૨. ન. કાંટાવાળું ઝાડ.
૩. ન. ખીલવા આવેલી ફૂલની કળી.

કુદ્રવ [સં.] પું. કોદરો; એક જાતનું ધાન્ય.

કુદ્રંક [સં.] પું. માચડા ઉપર બાંધેલ મંડપ; ચોકીગૃહ.

કુદ્રંગ જુઓ કુદ્રંક.

કુદ્રિ પું. એ નામનો એક ઋષિ.

કુદ્રેઠ સ્ત્રી. કુદષ્ટિ; ખરાબ નજર.

કુદ્રો ન. એક જાતનું ઘાસ.

કુદ્દસ ૧. [અ.] પું. જિબ્રાઈલ.
૨. પું. જેરૂસાલેમ.
૩. પું. પવિત્રતા.
૪. વિ. પવિત્ર.

કુદ્દસી જુઓ કુદ્દસ.

કુધન ૧. સ્ત્રી. બાજુ.
૨. અ. તરફ; પ્રતિ.

કુધર ૧. [સં. કુધ્ર] પું. પહાડ; પર્વત.
૨. પું. શેષનાગ.

કુધરેલ વિ. બગડેલું; સુધારાથી વિરુદ્ધ દિશામાં ગયેલું; ભ્રષ્ટ.

કુધરેલું જુઓ કુધરેલ.

કુધર્મ [સં.] પું. પાખંડ.

કુધાગા ૧. સ્ત્રી. કણબીની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કુધાતુ ૧. [સં.] સ્ત્રી. લોઢું.
૨. સ્ત્રી. હલકી જાતની ધાતુ. જેમકે, કથીર, કલાઈ વગેરે.

કુધાન [સં.] ન. હલકી જાતનું તેમ જ ખરાબ થઈ ગયેલું અનાજ.

કુધાન્ય જુઓ કુધાન.

કુધારક પું. ખરાબ રીતરિવાજ દાખલ કરનાર માણસ.

કુધારો ૧. પું. ખરાબ રીતરિવાજ; રૂઢિ કે સુધારાથી ઊલટો ચાલ; કુચાલ.
૨. પું. સુધારાથી વિરુદ્ધ ખોટી દિશામાં ગતિ.

કુધી ૧. [સં.] સ્ત્રી. કુબુદ્ધિ; ખરાબ બુદ્ધિ.
૨. વિ. દુષ્ટ; ખરાબ.

કુધ્ર ૧. [સં.] પું. પર્વત.
૨. પું. શેષનાગ.

કુન ૧. ન. હિમાલયના આંતરભાગમાં આવેલું એ નામનું ૨૩૪૫૦ ફૂટ ઊંચું એક શિખર.
૨. સ. કોણ.
૩. અ. કરનાર એવો અર્થ બતાવનાર પ્રત્યય.

કુનક ૧. [સં.] પું. કરચલો.
૨. પું. કાગડો.

કુનકુના વિ. નવશેકું; બહુ ગરમ નહિ તેમ બહુ ઠંડું નહિ એવું.

કુનક્ષત્ર [સં.] ન. અપશુકનિયાળ કે ખરાબ નક્ષત્ર.

કુનખ ૧. પું. એક જાતનો નખનો રોગ.
૨. પું. ખરાબ નખવાળો માણસ.
૩. વિ. ખરાબ નખવાળું.

કુનખી વિ. ખરાબ નખવાળું.

કુનગર [હિં.] પું. હાથીચોક; એ નામનો એક જાતનો શાકનો છોડ.

કુનટ ૧. પું. એક જાતનું ફૂલ.
૨. પું. ખરાબ નટ; નાચતાં આવડતું ન હોય એવો માણસ.
૩. પું. લાલ સોમલની એક જાત.
૪. પું. શ્યોનાક વૃક્ષ.

કુનટી ૧. સ્ત્રી. કોથમીર; ધાણા.
૨. સ્ત્રી. ખરાબ નટી.
૩. સ્ત્રી. મનઃશીલ.

કુનટ્ટ પું. એક જાતનો વાંસ.

કુનડિયા (કુનડ઼િયા) ૧. સ્ત્રી. લેઉઆ કણબીની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કુનડી (કુનડ઼ી) સ્ત્રી. કુલડી.

કુનદિકા [સં.] સ્ત્રી. નાની નદી; વોંકળો.

કુનદી જુઓ કુનદિકા.

કુનપ [સં. કૌણપ] પું. રાક્ષસ.

કુનપરા ૧. સ્ત્રી. કોળીની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કુનબા [હિં.] પું. કુટુંબ; સગાંવહાલાં.

કુનબી પું. કણબી; ખેડૂત.

કુનયત [અ.] સ્ત્રી. અલંકાર.

કુનર ૧. પું. કુપાત્ર; ખરાબ માણસ.
૨. સ્ત્રી. એ નામની એક પ્રાચીન નદી. તેને ક્રૂમુ પણ કહેતા.

કુનરમંડલા [હિં.] પું. બનારસ અને દોઆબમાં વાવણીનો છેલ્લો દિવસ. તે તહેવાર તરીકે ઊજવાય છે. તે દિવસે અનાજના વધેલા દાણાના રોટલા કરી ખેતરમાં ખાવામાં આવે છે અને બાકીનો થોડો ભાગ બ્રાહ્મણોને અને ભિખારીઓને વહેંચવામાં આવે છે.

કુનવાડો (કુનવાડ઼ો) પું. એક જાતનો વનમાં ઊજવાતો ધાર્મિક ઉત્સવ. તેમાં ભગવાનને અન્નસુખડી ધરાય છે. તે ગમે તે દિવસે ઊજવી શકાય છે, જ્યારે અન્નકૂટ દિવાળીના પડવાને દિવસે જ થાય છે અને તેમાં સખડી તથા અન્નસખડી બધું ધરાય.

કુનહ ૧. [હિં.] પું. એ નામનો એક દેશ.
૨. સ્ત્રી. અદેખાઈ; ઈર્ષા.
૩. સ્ત્રી. આવડત; ચતુરાઈ.
૪. સ્ત્રી. પુરાણું વેર; જૂની દુશ્મનાવટ.
૫. સ્ત્રી. યુક્તિ; હિકમત.

કુનહી વિ. દ્વેષ રાખનાર; ઈર્ષાળુ.

કુનંદા [ફા.] વિ. કરનાર; બનાવનાર.

કુના પું. અદાવત; દ્વેષ.

કુનાઈ [સં.] સ્ત્રી. ગભરામણ; ગૂંચવણ.

કુનાતો પું. ગળિયલ રંગનું લૂગડું.

કુનાથ ૧. પું. ખરાબ ધણી; દુષ્ટ પાલક.
૨. પું. પૃથ્વીનો ધણી; રાજા.

કુનાન વિ. કરનાર.

કુનાભિ ૧. [સં.] પું. નવ માંહેનો એ નામનો એક નિધિ.
૨. પું. વંટોળિયો; પ્રચંડ વાયુ.

કુનામ ૧. [સં.] ન. બદનામી; અપકીર્તિ.
૨. વિ. નીચ; દુષ્ટ.
૩. વિ. લોભી.

કુનાર ૧. સ્ત્રી. ખરાબ સ્ત્રી; કુભારજા; કજિયાળી સ્ત્રી.
૨. સ્ત્રી. ગાંધાર પ્રદેશના સીમાડાની એક નદી.
૩. સ્ત્રી. છિનાળ; વ્યભિચારી સ્ત્રી.

કુનારી જુઓ કુનાર.

કુનાલિકા સ્ત્રી. કોયલ.

કુનાશક પું. ધમાસો; જવાસો નામની વનસ્પતિ.

કુનાશ્ની સ્ત્રી. (જરથોસ્તી) કાર્યની પવિત્રતા; શુભકર્મ.

કુનિયત [અ.] સ્ત્રી. કૌટુંબિક ઓળખ.

કુનિંદ પું. એ નામનું એક હિંદી પ્રાચીન પ્રજાસત્તાક રાજ્ય; કુલિંદ દેશનું પ્રાચીન નામ.

કુનિંદા વિ. કરનાર.

કુનીતિ ૧. [સં.] સ્ત્રી. અન્યાય; અનીતિ; દુરાચાર.
૨. વિ. અન્યાયી; દુરાચારી.

કુનુબ પું. ખીલડો.

કુનૂત [અ.] સ્ત્રી. ભક્તિ.

કુનૂન [ફા.] અ. હવે; હાલ; હાલમાં.

કુનેર પું. ઝાડપથી ઊગતો એક જાતનો છોડ. એને પુષ્કળ પીળાં ફૂલ આવે છે. તેની છાલનું ચૂર્ણ પ્રમાણસર માત્રામાં લેવાથી જ્વરનાશક છે.

કુનેરપટ ન. એક જાતનું કેળું.

કુનેહ ૧. સ્ત્રી. આવડત; ચતુરાઈ; કામ કાઢી લેવાની કળા.
૨. સ્ત્રી. યુક્તિ; હિકમત; પ્રપંચ.

કુનેહબાજ ૧. વિ. ચાલાક; પ્રવીણ; નિપુણ.
૨. વિ. પ્રપંચી; યુક્તિવાળું.

કુનેહબાજી જુઓ કુનેહ.

કુનોર વિ. કઢંગું; ઢંગધડા વિનાનું.

કુન્નંડ ન. ચોખ્ખું સોનું.

કુન્ની સ્ત્રી. હાંલ્લી; માટીનું નાનું વાસણ.

કુપ્ ૧. [સં.] અ. ક્રિ. (ધાતુ) ગુસ્સે થવું; ક્રોધ કરવો; ઉગ્ર થવું. તે ઉપરથી નીકળેલ શબ્દો: કોપ, કોપાયમાન, કોપિત, પ્રકોપ.
૨. અ. ક્રિ. બળ એકઠું કરવું.

કુપ ૧. પું. જંગલનો ભાગ.

૨. પું. પરાળનો ઢગલો; ઘાસની ગંજી.

૩. પું. માથું કે દાઢી મૂંડવી તે.

કુપક પું. એક જાતનું ગાનારૂં પક્ષી.

કુપકલા સ્ત્રી. એક જાતની તાવ ઉતારવામાં ઉપયોગી વનસ્પતિ.

કુપક્ષ વિ. નીચ પક્ષનું.

કુપટ પું. (પુરાણ) એ નામનો એક દનુપુત્ર.

કુપઠ વિ. અભણ; ભણેલું નહિ એવું.

કુપતિ ૧. પું. (પુરાણ) એ નામનો એક અષ્ટભૈરવ; કાપાલી.

૨. પું. ખરાબ ધણી.

૩. પું. પૃથ્વીનો પતિ; રાજા.

૪. પું. શિવ; શંકર.

૫. વિ. કોપાયેલું; ક્રોધી.

કુપથ ૧. [સં. કુ (ખરાબ) + પથ (રસ્તો)] પું. અનીતિનો માર્ગ; આડો રસ્તો; નિષિદ્ધ આચરણ.

૨. પું. એ નામનો એક અસુર.

૩. પું. ન પચે એવો ખોરાક.

૪. પું. હિંદુસ્તાનના વાયવ્ય પ્રાંતમાં આવેલા ડુંગરી પ્રદેશનું પ્રાચીન નામ. હુએનશ્યાંગે એનું કિ-પાન-ટો નામે વર્ણન કર્યું છે.

કુપથગામિની વિ. સ્ત્રી. ખરાબ રસ્તે ચાલનારી; કુકર્મી.

કુપથગામી [સં. કુપથગામિન્] વિ. ખરાબ રસ્તે ચાલનારૂં; વ્યભિચારી.

કુપથ્ય ૧. [સં.] ન. કરી ન પાળવાપણું; ન ખાવાનું કે મનાઈ કરેલું અથવા શરીરને નહિ રુચતું ખાવાનું ખાવું તે.

૨. ન. પચે નહિ અથવા ખાવાથી નુકસાન થાય એવો પદાર્થ.

૩. વિ. અયોગ્ય; માફક ન આવે એવું; નુકસાનકારક.

૪. વિ. અવળે રસ્તે જતું.

કુપન ૧. પું. (પુરાણ) હિરણ્યાક્ષના સૈન્ય માંહેનો એ નામનો એક અસુર.

૨. [અં.] ન. રજાચિઠ્ઠી; પતાકડું; નોંધપત્ર.

કુપની સ્ત્રી. લંગોટી.

કુપય વિ. છાનું રાખવા જેવું.

કુપર ૧. સ્ત્રી. કોણી.

૨. સ્ત્રી. પારસીની એ નામની એક અટક.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

કુપરીક્ષક પું. ખરાબ રીતે પરીક્ષા કરનાર માણસ.

કુપવું સ. ક્રિ. કોપવું; ગુસ્સે થવું.

કુપંથ પું. અવળો રસ્તો; ખરાબ માર્ગ; નિષિદ્ધ આચરણ.

કુપંથી વિ. ખોટે રસ્તે ચાલનાર; અવળે રસ્તે જતું.

કુપા પું. એક જાતનો પથ્થર.

કુપાઠ [સં.] પું. ખરાબ સલાહ.

કુપાઠી વિ. લુચ્ચું; નટખટ; પ્રપંચી.

કુપાઠ્ય [સં.] વિ. નુકસાનકારક.

કુપાણિ ૧. [સં. કુ (ખરાબ) + પાણિ (હાથ)] પું. ઠૂંઠો હાથ.

૨. વિ. ખરાબ હાથવાળું; વક્રહસ્ત; ઠૂંઠું.

કુપાત્ર ૧. [સં.] ન. ખરાબ વાસણ.

૨. ન. નઠારૂં માણસ.

૩. વિ. દાનને યોગ્ય નહિ એવું; નાલાયક; અનધિકારી.

૪. વિ. નઠારૂં; દુષ્ટ.

૫. વિ. બેઅદબ; છકી ગયેલું; અવિવેકી.

કુપાત્રતા સ્ત્રી. દુષ્ટતા; નાલાયકપણું.

કુપાપી વિ. નઠારાં કામ કરનાર; પાપ આચરનાર.

કુપિત ૧. ન. (શિલ્પ) એક જાતનું દ્વિશાળ ઘર. જે દ્વિશાળ ઘરની પછીતે એક અલિંદ, જમણી અને ડાબી તરફ એકેક અલિંદ, મુખ આગળ ત્રણ અલિંદ, વચ્ચે ષટ્દારુ અને તે ઘરનું મુખ પશ્ચિમ દિશા સામે હોય તો તે કુપિત નામનું ઘર કહેવાય.

૨. [સં.] વિ. અપ્રસન્ન; નારાજ; નાખુશ.

૩. વિ. કોપાયમાન; ક્રોધી; ગુસ્સે થયેલું.

કુપિતાંતક [સં. કુપિત (ગુસ્સે થયેલ) + અંતક (કાળ)] પું. કોપાયમાન થયેલ કાળ; મૃત્યુ.

કુપિની ૧. સ્ત્રી. માછલાં પકડવાની એક જાતની જાળ.

૨. સ્ત્રી. માછલાં રાંધવાનું વાસણ.

કુપિંજલ ન. એ નામનું એક પક્ષી.

કુપીકસ્વેદ પું. સ્ત્રીઓ સુવાવડમાં ખાટલા નીચે નાખે તે શેક.

કુપીતન પું. જંગલી આંબો.

કુપુત્ર ૧. [સં.] પું. અવળે રસ્તે ચાલનારો દીકરો; કપૂત.

૨. પું. નરકાસુર દૈત્ય.

૩. પું. મંગળ ગ્રહ.

૪. વિ. ખરાબ પુત્રવાળું.

કુપુર સ્ત્રી. બંગાળાના આંબાની એક ઊંચી જાત.

કુપુરુષ ૧. પું. દુષ્ટ માણસ.

૨. પું. પાયજામો.

કુપુરુષજનિતા પું. (પિંગળ) નગણ, નગણ, રગણ અને બે ગુરુ મળી અગિયાર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ ત્રિષ્ટુપનો એક ભેદ છે.

કુપુરુષજનિતા ન ના ગાં ગે. રણપિંગળ

કુપૂત ૧. પું. ખરાબ નીવડેલ દીકરો.

૨. વિ. ફરજ ન બજાવે તેવું.

કુપ્પક જુઓ કુપ્યક.

કુપ્પામલ પું. જાડો ઠીંગણો માણસ.

કુપ્પી ૧. સ્ત્રી. કાચનો નાનો ગોળ પ્યાલો; વાટકી.

૨. [સં. કૂપી; પ્રા. કુપ્પં] સ્ત્રી. નાનો કુપ્પો; ઘી તેલ ભરવાનું નાનું વાસણ; કૂપી.

કુપ્પો ૧. પું. કુલ્લું; ઘી તેલ વગેરે ભરવાનું ફૂલેલા પેટનું અને સાંકડા મોંનું ઠામ.

૨. પું. મોટો શીશો; બાટલો.

કુપ્ય ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ પંક્તિ છંદનો એક ભેદ છે. તેમાં ભગણ, સગણ, જગણ અને ગુરુ મળી ૧૦ વર્ણ હોય છે.

કુપ્ય રચ કવિ ભ સા જ ગે. રણપિંગળ

૨. પું. રુદ્રનું એક નામ.

૩. ન. ઘરવખરી; રાચરચીલું.

૪. ન. જંગલની ઊપજ.

૫. ન. રાજ્યને કર તરીકે દાણા, ઢોર, જંગલની પેદાશ વગેરે કાચો માલ પૂરો પાડતો હોય એવું ગામડું.

૬. ન. સોનારૂપા સિવાયની કોઈ પણ ધાતુ.

કુપ્યક પું. ઘોડાનો એક રોગ. તેમાં તેને તાવ આવે છે અને નાકમાંથી પાણી વહે છે.

કુપ્યગૃહ ન. ઘરવખરી રાખવાનું ઘર.

કુપ્યપ્રમાણાતિક્રમ પું. (જૈન) અનેક પ્રકારનાં વાસણો અને કપડાંઓનું પ્રમાણ નક્કી કર્યા પછી તેનો અતિક્રમ કરવો તે.

કુપ્યભર પું. એક ખનિજનું નામ.

કુપ્યમન્હલ ન. એ નામનું એક ઝાડ.

કુપ્યશાલા ૧. સ્ત્રી. ઘર.

૨. [સં.] સ્ત્રી. તાંબા પિત્તળનાં વાસણ બનાવવાનું સ્થળ.

કુપ્યાતુ સ્ત્રી. જસત; 'ઝિંક'.

કુપ્યાતુધૂલિ સ્ત્રી. જસતની ભૂકી.

કુપ્યાતુધૂસર પું. એક જાતનો જસતના જેવો ભૂરો રંગ; 'ઝિંક ગ્રે'.

કુપ્યાતુપર્ણ પું. જસતનો વરખ.

કુપ્યાતુશ્વેત પું. સફેદો.

કુપ્યાધ્યક્ષ [સં.] પું. ચંદ્રગુપ્તના વખતના ઢોરઢાંખર અને ગૌચરખાતાંના છ અમલદાર માંહેનો એક. તે જંગલ અને જંગલની પેદાશ ઉપર દેખરેખ રાખતો.

કુપ્યામાલ પું. જાડો માણસ.

કુપ્યાયન ન. કોઈ પણ ધાતુ ઉપર જસત ચડાવવું તે.

કુપ્યારોપણ ન. જસત ચડાવવું તે.

કુપ્યાશ્મ પું. જેમાંથી જસત નીકળે તે પથ્થર.

કુપ્યીય વિ. જસતમાંથી બનતું.

કુપ્રથા [સં.] સ્ત્રી. ખરાબ રિવાજ.

કુપ્રબંધ [સં.] પું. ગેરવ્યવસ્થા; અંધેર.

કુપ્રયોગ [સં.] પું. ગેરઉપયોગ.

કુપ્રલાપ [સં.] પું. ખોટો બડબડાટ.

કુપ્રસંગજ [સં.] વિ. મૈથુનથી થયેલ.

કુપ્રસિદ્ધ [હિં.] વિ. બદનામ.

કુપ્રાવચનિક ૧. ન. (જૈન) પાખંડીઓના પ્રવચનને આધારે તેઓને કરવાનું જરૂરી દિનકૃત્ય.
૨. વિ. દૂષિત સિદ્ધાંતને અનુસરનાર.

કુપ્રિય [સં.] વિ. અધમ; નીચ; હલકું.

કુપ્લવ ૧. પું. ખરાબ હોડી.
૨. [સં.] પું. ઘાસ વગેરેથી બનાવેલ ત્રાપો; નાની હોડી.

કુફે (કુફ઼ે) [અ.] સ્ત્રી. કુટુંબ; જાત.

કુફર (કુફ઼ર) ૧. પું. નિરીશ્વરવાદી; કાફર.
૨. [અ. કુફ્ર (નાસ્તિકપણું)] ન. કાફરપણું; નાસ્તિકતા.

કુફરાન (કુફ઼રાન) ૧. ન. આળ; તહોમત.
૨. [અ.] ન. તોફાન; ધાંધલ.
૩. ન. નાસ્તિકપણું.

કુફરાનદાર (કુફ઼રાનદાર) ૧. પું. કાફિર; પરધર્મી.
૨. પું. ધાંધલિયો.

કુફરાંડ (કુફ઼રાંડ) ૧. ન. આળ.
૨. ન. ધાંધલ.

કુફરિસ્તાન (કુફ઼રિસ્તાન) ૧. [અ.] પું. કાબુલના ઈશાન ખૂણાનો પ્રદેશ.
૨. પું. નાસ્તિક લોકોનો દેશ.

કુફરી (કુફ઼રી) [અ.] વિ. નાસ્તિક; ઈશ્વરમાં શ્રદ્ધા વિનાનું.

કુફલ [સં.] ન. ખરાબ પરિણામ.

કુફિલિપિ સ્ત્રી. એક જાતની લિપિ. આ લિપિના અક્ષરોના સુંદર મરોડને લઈને અરબ કળાકારોએ તેનો ઉપયોગ મસ્જિદો અને મહેલોમાં શિલાલેખો લખવામાં કરેલ છે. હસ્તલિખિત ચોપડીઓમાં પણ તેનો વધારે પડતો ઉપયોગ થયો છે. મિસર અને સિસિલિની મસ્જિદો અને મકાનોમાં આ લિપિમાં લખેલા શિલાલેખો મળી આવે છે. આ લિપિનું નામ કુફા શહેર ઉપરથી પાડવામાં આવેલ છે, પણ આ શહેરનો પાયો નખાયા પહેલાં ઘણા વખતથી આ લિપિનો ઉપયોગ થતો હતો. આ લિપિની ખરી ખૂબી તો એ છે કે તેના અક્ષરો ભૂમિતિની આકૃતિને મળતા આવે છે. તેની આડી અને ઊભી લીટીઓ આંખને તરત જ આકર્ષે છે. આ લીટીઓને જરા લંબાવવામાં આવે તો તેઓ ચોરસ અને લંબચોરસ આકૃતિઓ બનાવે. તે એટલી બધી સફાઈથી લખવામાં આવે છે કે તેની લીટીઓની લંબાઈ, પહોળાઈ અને બે લીટી વચ્ચેનું અંતર સરખું જ છે.

કુફુર (કુફ઼ુર) ૧. [અ.] પું. નાસ્તિકતા; ઈશ્વરમાં શ્રદ્ધા ન હોવાપણું.
૨. પું. મુસલમાની મત વિરુદ્ધ બીજો કોઈ ધાર્મિક મત.

કુફૂ (કુફ઼ૂ) ૧. [અ.] પું. કુળ; કુટુંબ.
૨. વિ. સરખું; મળતું આવતું.

કુફેન [સં.] સ્ત્રી. કાબુલ નદીનું જૂનું નામ. તેને વૈદિક કાળમાં કુભા કહેતા હતા.

કુફેલ સ્ત્રી. ખરાબ વર્તન; દુરાચાર.

કુફેતા (કુફ઼ેતા) [ફા.] વિ. મરડાઈ ગયેલું.

કુફ્ર (કુફ઼્ર) ૧. [અ.] પું. ઈશ્વરની નિંદા.
૨. પું. નાસ્તિકતા; અધર્મ; અશ્રદ્ધા.
૩. પું. મુસલમાની ધર્મથી વિરુદ્ધ વચન.
૪. પું. મુસલમાની મતથી ભિન્ન મત.
૫. વિ. કાફિર; નાસ્તિક.

કુફ્રગો (કુફ઼્રગો) પું. ઈશ્વરની નિંદા કરનાર પુરુષ.

કુફ્રગોઈ (કુફ઼્રગોઈ) સ્ત્રી. ઈશ્વરની નિંદા.

કુફ્રાનેમત (કુફ઼્રાનેમત) પું. કૃતઘ્નતા; નિમકહરામી.

કુફ્રિસ્તાન (કુફ઼્રિસ્તાન) જુઓ કુફરિસ્તાન.

કુફ્લ (કુફ઼્લ) [અ.] પું. તાળું.

કુબ ૧. પું. ખૂંધ.
૨. પું. ગદાનો ઉપરનો ભાગ.
૩. પું. સ્ત્રીઓ માટેનો માથા ઉપરનો પોશાક.

કુબક પું. ખાઈ પી શકે નહિ ને મોઢે કે ગળામાં ગાંઠ નીકળે એવો ઘોડાનો એક રોગ. આ રોગ ચેપી છે. ગધેડાં તેમ જ ખચ્ચરમાં પણ આ રોગ માલૂમ પડે છે. ખરાબ હવા અને અજવાળા વગરનું મકાન હોય ત્યાં આ રોગ જંતુથી પેદા થાય છે.

કુબજ વિ. કૂબડું; કદરૂપું.

કુબજા જુઓ કુબ્જા.

કુબટ વિ. ખાડાખબડાવાળું; અસમાન.

કુબડિયા (કુબડ઼િયા) સ્ત્રી. એ નામની કેરીની એક જાત. તેનો રસ બહુ મીઠો ચળકતો હોય છે.

કુબડીચેંડું (કુબડ઼ીચેંડું) પું. ગોલ્ફ નામની અંગ્રેજી રમત.

કુબડીવિજય (કુબડ઼ીવિજય) પું. એ નામનો એક પ્રદેશ. મેરુ પર્વતની પશ્ચિમ દિશા તરફ સમભૂતલાથી ક્રમશઃ નીચે ઊતરતો ઊતરતો એક ભૂભાગ આવે છે. એ પૃથ્વી નીચી નીચી થતી ૪૨૦૦૦ યોજન જઈએ ત્યારે ૧ હજાર યોજન ઊંડી થાય છે. તે ભૂમિભાગ મહાવિદેહ ક્ષેત્રમાં આવેલો છે.

કુબડો (કુબડ઼ો) પું. એક પ્રકારનો છોડ. તે એક બે હાથ ઊંચો થાય છે. તેનાં ધોળાં ફૂલ દડી જેવી ગાંઠમાં આવે છે. ફળ ચાર બીવાળું હોય છે.

કુબદ્ધિ ૧. વિ. દુષ્ટ; નીચ.
૨. વિ. મૂર્ખ.

કુબરક ન. એ નામનું ઝાડ. સ્ત્રીના આલિંગનથી કે તેનાં શૃંગારિક વચનોથી આ ઝાડ ફળવાનું કહેવાય છે.

કુબલ [સં.] વિ. ખરાબ બળવાળું.

કુબલાશ્વ ૧. [સં.] પું. એ નામનો એક રાજા.
૨. વિ. નબળા ઘોડાવાળું.

કુબળા સ્ત્રી. ફૂગ નામની એક વનસ્પતિ.

કુબળો પું. એક જાતનો અળંબો.

કુબંધન ન. ખરાબ રિવાજ; કુરૂઢિ.

કુબા પું. એક જાતનો છોડ.

કુબાન સ્ત્રી. ખરાબ વચન; હલકા બોલ.

કુબાબુલ ન. બાવળને મળતું એક ઝાડ. તેને કાંટા હોતા નથી અને ધોળાં ફૂલ હોય છે.

કુબાવત ૧. સ્ત્રી. બાવાની એ નામની એક અટક.
૨. ન. એ અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કુબાવી ૧. સ્ત્રી. બાવાની એ નામની અટક.
૨. ન. એ અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કુબી સ્ત્રી. એક જાતની ધોળાં કુમળાં પાંદડાંના ગોટાવાળી વનસ્પતિ; કુબીજ; કોબીચ. તે શાકમાં પુષ્કળ વપરાય છે. આ વનસ્પતિ પશ્ચિમના લોકોએ આ દેશમાં આણેલી છે. તે પહેલાં અહીંના લોકોને આ શાકની માહિતી ન હતી એમ કહેવાય છે. તેની ત્રણ ચાર જાત છે. જેને ગટ્ઠા થાય તે ઉત્તમ પૌષ્ટિક છે. જેને કંદ થાય તે મધુર, રુક્ષ, સ્વચ્છ, શીતળ, ભેદક, ગ્રાહક, રુચિકર તથા ગુરુ છે અને પિત્ત, કફ તેમ જ વાયુનો નાશ કરે છે. કંદના પણ તે જ ગુણો છે. જેનાં પાંદડાંનો ગટ્ઠો થાય છે તે મધુર, વૃષ્ય, પાકકાળે તીખી, કડવી, ગ્રાહક, શીતળ, લઘુ, પાચક, અગ્નિદીપક, હૃદ્ય અને વાતકર છે તથા કફ, પિત્ત, જ્વર, પ્રમેહ, કોઢ, ઉધરસ, રક્તદોષ અને પિત્તજન્ય ભ્રમનો નાશ કરે છે.

કુબીજ જુઓ કુબી.

કુબુક્ત સ્ત્રી. એ નામની કેરીની એક જાત. તેની છાલ ખરબચડી, ચાંચ બહુ મોટી, વજન આઠ રૂપિયાભાર અને રસ સુગંધી હોય છે.

કુબુદ્ધ ૧. વિ. અજ્ઞાન; અવિચારી.
૨. વિ. મૂર્ખ.

કુબુદ્ધિ ૧. [સં.] સ્ત્રી. ખંધાઈ; લુચ્ચાઈ.
૨. સ્ત્રી. નઠારી બુદ્ધિ; હલકી મતિ; બદદાનત.
૩. સ્ત્રી. માઠી સલાહ; કુમંત્રણા.
૪. સ્ત્રી. વ્યભિચાર.
૫. વિ. દુર્બુદ્ધિ; ભ્રષ્ટ મતિવાળું.
૬. વિ. દુષ્ટ; નીચ.
૭. વિ. વિવાહ યોગ્ય ઉમરે નહિ પહોંચેલું.
૮. વિ. સમજણ વગરનું; અવિચારી.

કુબૂર ૧. [અ. કબ્ર] સ્ત્રી. બ. વ. કબરો.
૨. ન. પિસ્તોલ રાખવાનું ચામડાનું ખોખું.

કુબૂલ ૧. [અ.] પું. અનુમતિ; સંમતિ.
કુબૂલ કરવું = (૧) અરજ સાંભળવી. (૨) જવાબદારી લેવી. (૩) ઠરાવવું. (૪) મંજૂર કરવું; હા પાડવી; સંમતિ આપવી. (૫) વચન આપવું. (૬) સ્વીકારવું.
૨. પું. પહોંચ; સ્વીકાર.
૩. પું. બહાલી; મંજૂરી.
૪. પું. સારું સ્વાગત.

કુબૂલખત ન. લિખિત મંજૂરી.

કુબૂલજમ ન. ઠરાવેલું ભાડું.

કુબૂલવું ૧. સ. ક્રિ. સ્વીકારવું; કુબૂલ કરવું.
૨. સ. ક્રિ. હા પાડવી; કબૂલ કરવું.

કુબૂલસૂરત વિ. ખૂબસૂરત; સુંદર.

કુબૂલિયાત ૧. સ્ત્રી. કબૂલાત; સ્વીકાર.
૨. સ્ત્રી. ભાડું આપવાનો કરાર.
૩. સ્ત્રી. સંમતિ; મંજૂરી.

કુબૂલી સ્ત્રી. ચોખા અને ચણાની સાથે રાંધેલી એક ખાવાની ચીજ.

કુબેર ૧. પું. (પુરાણ) ઈંદ્રના નવનિધિનો ભંડારી દેવતા; યક્ષોનો રાજા; દેવોનો ખજાનચી. તે મહાદેવનો મિત્ર છે. વિશ્રવસ્ ઋષિનો તે પુત્ર થાય. કોઈ તેને પુલસ્તમ ઋષિનો પુત્ર કહે છે. તેની માતાનું નામ ઇલાવિલા છે. તેની સ્ત્રીનું નામ યાક્ષી, ચાર્વી અથવા કૌબેરી છે. મણિગ્રીવ અથવા વર્ણકવિ અને નલકુબેર તેના દીકરા અને મીનાક્ષી તેની દીકરી થાય. તે ધનનો અધિપતિ અને ઉત્તર દિશાનો રક્ષક દેવ છે. યક્ષો તેની આસપાસ વીંટાઈ વળ્યા છે. તેણે સુવર્ણમય વસ્ત્રો પહેર્યાં છે, પીળા ઘોડા ઉપર બેઠો છે અને હાથમાં સોનાની ઢાલ લીધી છે. રાવણનો તે ઓરમાન ભાઈ થાય. કુબેરની નગરી અલકા છે. અલકાને પ્રભા, વસુધરા અને વસુસ્થલિ પણ કહે છે. તેના બગીચાનું નામ ચૈત્રરક્ષ છે. બ્રહ્માએ તેને પુષ્પક વિમાન આપ્યું હતું. એણે દશ હજાર વર્ષ તપ કરવાથી બ્રહ્માએ તેના ઉપર પ્રસન્ન થઈ લંકાનું રાજ્ય આપ્યું હતું, પણ તેના પિતાએ લંકાનું રાજ્ય રાવણને અપાવ્યું તેથી તે અલકાપુરીમાં જઈ રહ્યો. જ્યારે રાવણે દેવતા ઉપર જુલ્મ કરવા માંડ્યો ત્યારે કુબેરે તેને ઠપકો આપવાથી રાવણે તેનું પુષ્પક વિમાન લઈ લીધું અને તેને અલકાપુરીમાંથી કાઢી મૂક્યો હતો. કુબેરને એક આંખની જગ્યાએ પીળું ચાઠું, ત્રણ પગ અને આઠ દાંત છે. તેના નામનો અક્ષરાર્થ દુષ્ટ શરીર થાય છે. તેની પૂજા થતી નથી. તેની મૂર્તિ નથી. ધન મેળવનાર હિંદુઓ લક્ષ્મી કે ગણેશની પૂજા કરે છે. તેને કુતનુ, ધનપતિ, ઇચ્છાવસુ, યક્ષરાજ, મયુરાજ, રાજસેંદ્ર, રત્નગર્ભ, રાજરાજ, નરરાજ, વૈશ્રવણ, પૌલસ્ત્ય, ઐદવિદ, ઐલવિલ, ઈશસખા, ત્ર્યંબકસખ, ગુહ્યકેશ્વર, ગુહ્યકપતિ, મનુષ્યધર્મા, ધનદ, ધનાધિપ, કિન્નરેશ, નરવાહન, યક્ષ, એકપિંગ, ઐડવિલ, ઐડવિડ, શ્રીદ, પુષ્યજનેશ્વર વગેરે અનેક બીજાં નામ છે. એનું મુખ્ય નામ સોમ છે. તે ઉપરથી ઉત્તર દિશાનું નામ સૌમ્ય છે.
૨. પું. એ નામનો એક કોળી ભક્ત. સારસા નામના ગામમાં તેનાં ઘરબાર હતાં. ઘણા ઉચ્ચ વર્ગના લોકોએ તેનો ઉપદેશ માથે ચડાવ્યો હતો.
૩. પું. એક જાતનું ભૂત. એ ભૂત પોતાના ભોગને ઉદ્ધત અને અભિમાની બનાવે છે અને તે ઘરેણાંને માટે તીવ્ર ઇચ્છાવાળો થાય છે.
૪. પું. (શિલ્પ) એક જાતનું પટ્ટદારુયુક્ત ત્રિશાળ ઘર. જે ત્રિશાળ ઘરના મુખ આગળ ચાર અલિંદ હોય, તે ઘરની જમણી તરફ એક અલિંદ અને પછીતે અલિંદ હોય અને તેનું મુખ પશ્ચિમ તરફ હોય તો તે કુબેર નામનું ઘર કહેવાય છે. જે ત્રિશાળ ઘરના મુખ આગળ બે અલિંદ હોય, ઘર વચ્ચે પટ્ટદારુ હોય તથા ઘર પૂર્વ દિશાના મુખવાળું હોય તો તે પણ કુબેર નામનું ઘર કહેવાય.
૫. પું. ઘણો જ પૈસાદાર માણસ.
૬. પું. (પિંગળ) છ ગુરુ અને છવ્વીસ લઘુ મળી બત્રીશ વર્ણનો એક અર્ધસમજાતિ માત્રામેળ છંદ. તે નંદ છંદનો ભેદ છે.
૭. પું. નંદી વૃક્ષ.
૮. પું. પરમેશ્વર. તે બધાને ઢાંકે છે.
૯. પું. (જૈન) વર્તમાન અવસર્પિણીના ઓગણીશમા અર્હતના એક ઉપાસક.
૧૦. પું. વિષુવાંશ ત્રણસો પચીસ અને દક્ષિણ ક્રાંત્યંશ છવ્વીસમાં આવેલો ત્રીજે મહત્ત્વનો તારો.
૧૧. વિ. ખરાબ શરીરવાળું; બેડોળ.
૧૨. વિ. મૂર્ખ.

કુબેરક ૧. [સં.] ન. અજમાનું ઝાડ.
૨. ન. નંદી વૃક્ષ.
૩. ન. નિંદિત શરીર.

કુબેરકટિકા પું. (પિંગળ) સગણ, સગણ, જગણ, સગણ અને ગુરુ મળી તેર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિજગતી છંદનો એક ભેદ છે.

સ, સ, જ, સ ગથી કુબેરકટિકા.

રણપિંગળ

કુબેરનગર [સં.] ન. કાઠિયાવાડમાં આવેલ કોડીનાર ગામનું પ્રાચીન નામ.

કુબેરનેત્ર [સં.] ન. પાડલ નામની વનસ્પતિ.

કુબેરપંથ પું. એ નામનો એક સંપ્રદાય.

કુબેરપંથી ૧. પું. કુબેરપંથ સંપ્રદાયનો માણસ.
૨. વિ. કુબેરપંથના સંપ્રદાયનું.

કુબેરપાક પું. (વૈદક) એક જાતનો પાક. તેમાં કાંકચનાં બીજ તથા બીજી ઔષધિ અને ભસ્મ પડે છે. આ ખાવાથી કાંતિ, પુષ્ટિ અને બળ આવે છે. પ્રમેહ, સંગ્રહણી, પાંડુરોગ, અશ્મરી અને ગુલ્મ ઉપર તે અપાય છે.

કુબેરબંધુ [સં.] પું. શિવ; શંકર.

કુબેરભક્ત [સં.] પું. લક્ષ્મીનો પૂજારી; ધનાઢ્ય માણસ; સાહૂકાર.

કુબેરભંડારી ૧. પું. ધનનો દેવ. જુઓ કુબેર.
૨. પું. શિવ; શંકર.
૩. વિ. સાહૂકાર; પૈસાદાર.

કુબેરાક્ષ [સં.] પું. કાંકચિયો.

કુબેરાક્ષી [સં.] ન. વેલપાટલાનું ઝાડ; પાટલ; કાંકચ.

કુબેરાખ્ય [સં.] પું. ખુરાસાણી અજમો. તેનાં ફૂલ ગુલાબનાં ફૂલ જેવી પાંખડીવાળાં થાય છે.

કુબેરાચલ [સં.] પું. કૈલાસ પર્વત.

કુબેરાદ્રિ [સં.] પું. કૈલાસ પર્વત.

કુબેરી ૧. સ્ત્રી. અગ્નિ ખૂણાની એક યોગિની. તેનું વાહન સિંહ મનાય છે.
૨. સ્ત્રી. કુબેરની સ્ત્રી.

કુબોધ [સં.] પું. ખરાબ ઉપદેશ; ખોટી સલાહ; નઠારી શિખામણ.

કુબોલદોષ પું. (જૈન) વચનના દશ માંહેનો એક દોષ.

કુબોલની વિ. સ્ત્રી. (હિંદી) ખરાબ બોલ બોલવાવાળી; કુભાષિણી.

કુબ્જ ૧. [સં.] પું. અઘાડો વનસ્પતિ.
૨. પું. અપામાર્ગ.
૩. પું. એક જાતનું માછલું.
૪. પું. ખૂંધાપણાનો રોગ.
૫. પું. વાંકી તલવાર.
૬. સ્ત્રી. ગુંજા; ચણોઠી.
૭. ન. અર્ધા કરતાં વધારે અને આખા કરતાં ઓછું ચંદ્રનું બિંબ.
૮. ન. (જૈન) ૭ માંહેનું ચોથું સંઠાણ; વામન સંઠાણથી વિપરીત લક્ષણવાળું સંઠાણ.
૯. વિ. અધમ; નીચ.
૧૦. [સં.] વિ. ખૂંધવાળું; ખૂંધ નીકળી આવેલું હોય તેવું કૂબડું.

કુબ્જક ૧. [સં.] પું. અઘાડો વનસ્પતિ.
૨. પું. અતિ સુગંધવાળું એક ફૂલઝાડ; સેવંતીનું ઝાડ.
૩. પું. એક જાતનું માછલું.
૪. પું. કુંજડો.
૫. પું. ખૂંધાપણાનો રોગ.
૬. પું. વાંકી તલવાર.
૭. પું. શ્વેત ગુલાબ.
૮. ન. માલતી.
૯. વિ. કૂબડું; ખૂંધું.

કુબ્જકંટક [સં.] પું. ધોળા ખેરનું ઝાડ.

કુબ્જકંઠ [સં.] પું. એક જાતનો સંનિપાત. તેમાં કંઠ રૂંધાઈ જાય છે અને રોગીને ગળે પાણી પણ ઊતરતું નથી. આ રોગ અસાધ્ય મનાય છે અને તેની અવધિ ૧૩ દિવસની બતાવી છે.

કુબ્જડાકિની સ્ત્રી. બાસઠ તેજસ્તત્ત્વદેવતા માંહેની એક. જુઓ તેજસ્તત્ત્વદેવતા.

કુબ્જતા જુઓ કુબ્જત્વ.

કુબ્જત્વ [સં.] ન. કૂબડાપણું.

કુબ્જપ્રસારણીતેલ ન. (વૈદ્યક) વાતવ્યાધિ માટે તેલની એક જાતની બનાવટ. તે બનાવવા તલનું તેલ ૧૬ શરાવ, પ્રસારણી-નારીવેલ કે ચાંદવેલનો ક્વાથ ૧૬ શરાવ તથા કલ્કતરીકે ચિત્રક, પીપરીમૂળ, જેઠીમધ, સિંધાલૂણ, વજ, ચાંદવેલ, દેવધર, રાસ્ના, ગજપીપર, ભિલામો, સુવા, જટામાંસી અને રતાંજલી એ દરેક બબ્બે પળ દ્રવ્યોનું વસ્ત્રગાળ ચૂર્ણ લઈ એ સર્વને તેલની રીતે પકાવી તેલ સિદ્ધ કરવું. શરીરે નિયમિત આ તેલ ચોળવાથી સ્નાયુ મજબૂત થાય છે અને નાડીઓને નવી શક્તિ મળે છે. તે વાયુને ઓછો કરે છે અને તૂટેલા સાંધાને જોડવામાં મદદરૂપ છે. તે જ્ઞાનતંતુનાં બધાં દર્દોને મટાડે છે.

કુબ્જવાત પું. એક જાતનો વાયુ. તેથી કૂબડાપણું પરિણમે છે.

કુબ્જરુવ ન. ખૂંધ નીકળવાનું દરદ.

કુબ્જા ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) કંસની એક દાસી. શ્રીકૃષ્ણે જ્યારે તેણીએ તેને ચંદનનો લેપ કરવા માંડ્યો ત્યારે તેના કુરૂપને ટાળી નાખી સ્વરૂપવાન બનાવી પત્ની તરીકે ગ્રહણ કરી હતી.
૨. સ્ત્રી. કૂબડી; ખૂંધી; રૂપ વગરની અને ખોડવાળી સ્ત્રી.
૩. સ્ત્રી. કૈકેયીની દાસી; મંથરા.
૪. સ્ત્રી. ખરાબ સ્ત્રી.
૫. સ્ત્રી. છપ્પન પાર્થિવતત્ત્વદેવતા માંહેની એક. જુઓ પાર્થિવતત્ત્વદેવતા.
૬. સ્ત્રી. નર્મદાને મળનારી એક પ્રાચીન નદી.
૭. વિ. સ્ત્રી. ખૂંધવાળી.

કુબ્જાકાર વિ. કુબ્જ આકારનું; કદરૂપું.

કુબ્જાગૃહ ન. કજુધીરાનું પ્રાચીન નામ.

કુબ્જામૃક ન. એ નામનું એક તીર્થ; વરાહ પુરાણમાં ઋષિકેશ અને કુબ્જામૃક એ બંને યાત્રાસ્થળનાં માહાત્મ્ય જુદાં જુદાં વર્ણવ્યાં છે. ત્યાં રૈભ્ય ઋષિનો આશ્રમ હતો.

કુબ્જારતિપ્રદ [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

કુબ્જારતિવરપ્રદ [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

કુબ્જાલેપનભૂષિત [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

કુબ્જાવતી [સં.] સ્ત્રી. મહાભારતમાં જણાવેલ એક પ્રાચીન તીર્થ.

કુબ્જાસુરૂપકર્તા [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

કુબ્જિકા ૧. [સં.] સ્ત્રી. આઠ વર્ષની કન્યા.
૨. સ્ત્રી. ચોપન વાયુતત્ત્વદેવતા માંહેની એક. જુઓ વાયુતત્ત્વદેવતા.
૩. સ્ત્રી. દેવીની એક મૂર્તિ; દુર્ગા દેવીનું એક નામ.
૪. સ્ત્રી. બાસઠ તેજસ્તત્ત્વદેવતા માંહેની એક. જુઓ તેજસ્તત્ત્વદેવતા.
૫. સ્ત્રી. બોંતેર આકાશતત્ત્વદેવતા માંહેની એક. જુઓ આકાશતત્ત્વદેવતા.

કુબ્બા ૧. [અ.] પું. અનનાસના આકારનો વાવટાની કાઠી કે શિખર ઉપર રાખવામાં આવતો એક જાતનો ઘાટ.
૨. પું. ઘુમ્મટ; છત.
૩. વિ. ખૂંધવાળું; વાંકું.

કુબ્બાર [અ.] વિ. મહાન.

કુબ્બાહ ૧. [અ.] પું. ઘૂમટ.
૨. પું. શિખરની ઉપર અનનાસના આકારનો મૂકવામાં આવતો ઘાટ.

કુબ્ર ૧. [અ.] ન. અભિમાન.
૨. ન. કાણું.
૩. [સં.] ન. કુંડ.
૪. ન. કુંડલ.
૫. ન. ગાડું.
૬. ન. જંગલ.
૭. ન. તંતુ; તાંતણો.
૮. ન. વીંટી.
૯. ન. શરણ.

કુબ્રહ્મ [સં.] પું. ખરાબ બ્રાહ્મણ.

કુબ્રા ૧. [અ.] પું. ન્યાયના સિદ્ધાંતના ત્રણ માંહેનો મોટો ભાગ.
૨. સ્ત્રી. મગની એક જાત. આ જાત ભાવનગર તરફ થાય છે.

કુબ્લ ૧. સ્ત્રી. યોનિ; ગુહ્યાંગ.
૨. [અ.] સ્ત્રી. બ. વ. જાતો.

કુભ ૧. [અ.] સ્ત્રી. કદ્રૂપતા.
૨. [સં.] ન. પાણી.
૩. વિ. ખરાબ કાંતિવાળું.

કુભટ ન. જૈન ઓસવાલ જ્ઞાતિનું એક કુળ.

કુભન્યુ [સં.] વિ. પાણી છાંટનાર.

કુભવ [સં.] પું. ખરાબ જીવન; દુષ્ટ જીવન.

કુભવતા [સં.] સ્ત્રી. દુઃખી જીવન; ખરાબ ભવ.

કુભા ૧. પું. કાબુલ નદી જે પ્રદેશમાં થઈને વહે છે તે પ્રદેશનું પ્રાચીન નામ. વેદમાં કહેલા કુભા ઉપરથી કાબુલ નામ વિકૃત થયું હોય એમ મનાય છે.

૨. સ્ત્રી. કાબુલ નદી; વેદ સમયની એક હિંદની નદી.

૩. સ્ત્રી. ખરાબ કાંતિ.

૪. સ્ત્રી. પૃથ્વીની છાયા.

કુભારજા ૧. [સં. કુભાર્યા] સ્ત્રી. કજિયાખોર સ્ત્રી; કર્કશા; કંકાસણી સ્ત્રી.

૨. સ્ત્રી. ખરાબ સ્ત્રી; નઠારી સ્ત્રી.

૩. સ્ત્રી. ફૂવડ.

કુભાર્યા જુઓ કુભારજા.

કુભાવ ૧. [સં.] પું. અભાવ; નઠારો ભાવ; ખરાબ લાગણી; અપ્રીતિ.

૨. પું. તિરસ્કાર; કંટાળો.

કુભાષા [સં.] સ્ત્રી. ખરાબ ભાષા.

કુભાંડ ૧. પું. બાણાસુરનો એ નામનો એક મંત્રી.

૨. ન. ઉત્પાત; તોફાન.

૩. [સં. કુ (નઠારૂં) + ભણ્ (બોલવું)] ન. તરકટ; તૂત; જૂઠાણું; બનાવટી વાત.

૪. ન. તહોમત; આળ.

કુભાંડખોર ૧. વિ. કપટી; ઢોંગી.

૨. વિ. કુભાંડ કર્યા વિના જેને ચેન ન પડે એવું; કુભાંડી.

કુભાંડી ૧. વિ. કપટી; ઢોંગી; દાંભિક.

૨. વિ. ખોટો આરોપ મૂકનાર.

૩. વિ. પ્રપંચી; જૂઠાણું ઊભું કરનાર; તરકટી.

કુભૃત ૧. [સં. કુભૃત્] પું. પર્વત.

૨. પું. શેષનાગ.

૩. પું. સાતની સંખ્યા.

કુભોજન [સં.] ન. ખરાબ ભોજન.

કુભોજી [સં. કુભોજિન્] વિ. દુષ્ટ ભોજન કરનાર.

કુભ્રજલી સ્ત્રી. બંગાળાના આંબાની એક ઊંચી જાત.

કુભ્રામી વિ. પ્રકાશનું પરાવર્તન કરનાર. આ વિશેષણ હીરા માટે વપરાય છે.

કુમ ન. (કચ્છી) કમળ.

કુમક ૧. સ્ત્રી. અવકૃપા.

૨. [હિં.] સ્ત્રી. મદદ; સહાય.

૩. સ્ત્રી. લશ્કરમાં વધારો.

૪. સ્ત્રી. (સંગીત) સ્વરને કાચબાની પેઠે વાંકો કરવો તે; ગમક; કૂર્મક. તેના ૧૦ ભેદ છે.

કુમકતાન સ્ત્રી. (સંગીત) વક્ષઃસ્થાનથી એટલે છાતીથી લેવાતું તાન.

કુમકી ૧. પું. મિત્ર; મદદગાર.

૨. સ્ત્રી. જંગલી હાથીને ખાડામાં લઈ આવવા માટે પાળેલી હાથણી.

૩. [તુ. કુમક] વિ. મદદનું; કુમક સંબંધી.

કુમકુના [સં. કદુષ્ણ; કોષ્ણ; કવોષ્ણ] વિ. (હિંદી) કોકરવરણું; સહેજ ઊનું; નવશેકું.

કુમકુમ ૧. ન. કેસર.

૨. ન. હળદર અને પારાની મેળવણી કરીને બનાવેલું રાતું ચૂર્ણ; કંકુ.

કુમકુમઅક્ષત પું. કંકુ અને ચોખા.

કુમકુમવટી સ્ત્રી. કંકાવટી.

કુમકુમવરણું વિ. કંકુ જેવું રાતું.

કુમકુમા ૧. પું. અત્તરની શીશી.

૨. પું. ગોળ પોટો.

૩. પું. ઘડો.

૪. [અ.] પું. સાંકડા મોંનો લોટો.

૫. ન. એક પ્રકારનું ઘરેણું.

૬. ન. નાનું ગોળ ફાનસ.

૭. [તુ.] ન. હોળીના દિવસે લાખના દડા કે ગોળામાં અબીલ અને ગુલાલ ભરી સામસામા ફેંકવામાં આવે છે તે.

૮. વિ. નવશેકું.

કુમકુમાટ પું. થોડું ગરમ હોવાપણું.

કુમકોટ ન. એક જાતનું લીંબુ. ૪૦૦૦ ફૂટની ઊંચાઈએ એ ઊગી શકે છે.

કુમખો પું. (જૂ. ગુ.) કમખો; કાંચળી.

કુમચું વિ. કુમળું; તાજું.

> કોળાં વેચે કાછિયો, **કુમચા** હતા દશ વીશ.
>
> સામળ

કુમટા ન. લાંબા તારનું રૂ.

કુમુઠ [સં. કૂર્મ] પું. કાચબો.

કુમઠા ન. લાંબા તારનું રૂ.

કુમઠો [સં. કૂર્મ] પું. કાચબો.

કુમડું (કુમડું) ન. કમળ.

કુમત જુઓ કુમતિ.

કુમતિ ૧. સ્ત્રી. કુબુદ્ધિ; ખરાબ બુદ્ધિ.

૨. વિ. દુષ્ટ; નઠારૂં.

૩. વિ. મૂર્ખ; બેવકૂફ.

કુમત્ય જુઓ કુમતિ.

કુમદ [સં. કુમુદ] પું. ધોળું કમળ. તે રાત્રે ખીલે છે.

કુમદા સ્ત્રી. દેવીની એ નામની પીઠ.

કુમનદાસ પું. ઈશ્વરનો એ નામનો એક ભક્ત.

કુમર [સં. કુમાર] પું. (પ્રાકૃત) બાળક.

કુમરકલા ન. એક પક્ષી.

કુમરણ ન. ખરાબ સંયોગમાં થયેલું મરણ.

કુમરાજાલિ સ્ત્રી. મોટા કદવાળી, મોડાં ફળ આવે એવી કેરીની એક જાત.

કુમરિ પું. હાથી બાંધવાનો થાંભલો.

કુમરિચ ન. મરચું.

કુમરિપા પું. (બૌદ્ધ) ચોરાશી માંહેનો એ નામનો એક સિદ્ધ. -

કુમરી ૧. સ્ત્રી. (જૂ. ગુ.) કુમારી; કુંવરી.

૨. સ્ત્રી. ચાબુક.

૩. સ્ત્રી. ઝૂંપડી.

૪. [અ.] સ્ત્રી. ધોળા કાંઠલાવાળું મોટું હોલું.

કુમલાકાગી [તામિલ] સ્ત્રી. સફેદ કોળું.

કુમલાવું ૧. અ. ક્રિ. ઉત્સુક થવું; આતુર થવું.

૨. અ. ક્રિ. કરમાવું.

૩. અ. ક્રિ. કૂણું થવું; દયાળુ થવું.

૪. અ. ક્રિ. બાવરૂં બનવું.

કુમવાવું અ. ક્રિ. કરમાવું; ચીમળાવું; સુકાવું.

કુમળાઈ સ્ત્રી. કોમળતા; કુમળાપણું.

કુમળાવું જુઓ કુમલાવું.

કુમળાશ ૧. સ્ત્રી. કુમળાપણું; કોમળતા.

૨. સ્ત્રી. નમ્રતા; નરમાશ.

કુમળું ૧. વિ. કૂણું; તાજું.

૨. [સં. કોમલ] વિ. કોમળ; સુકુમાર.

૩. વિ. તરુણ.

૪. વિ. દયાળુ.

૫. વિ. નરમ; મૃદુ; કઠણ નહિ એવું.

૬. વિ. મધુર.

૭. વિ. સહજમાં કરમાઈ જાય એવું.

૮. વિ. સુકુમાર; નાજુક.

કુમંત્ર ૧. [સં.] પું. અવળી સલાહ; ખોટી શિખામણ.

૨. પું. ખરાબ ધ્યેય માટે મંત્રપ્રયોગ.

૩. પું. ફૂટેલો પ્રધાન.

કુમંત્રણા [સં.] સ્ત્રી. ખોટી સલાહ.

કુમંત્રી [સં. કુમંત્રિન્] પું. ખોટી શિખામણ આપનાર માણસ.

કુમા સ્ત્રી. એ નામની એક પ્રાચીન નદી; કુમુ.

કુમાઉન ન. સંયુક્ત પ્રાંતમાંના એક જિલ્લાનું નામ.

કુમાચ ૧. [હિં.] સ્ત્રી. એક જાતની રોટલી.

૨. સ્ત્રી. એક પ્રકારનું રેશમી કપડું.

૩. સ્ત્રી. ગંજીફાના પત્તાના એક રંગનું નામ.

કુમાણસ પું. ખરાબ માણસ.

કુમાતા [સં. કુમાતૃ] સ્ત્રી. ખરાબ મા; દુષ્ટ માતા.

કુમાન ૧. [સં.] ન. અપમાન.

> માન **કુમાન** શું તારે તું તો પાંચ વર્ષનું બાળ.
> કાળિદાસ

૨. ન. અપયશ; અપકીર્તિ.

કુમાના ૧. સ્ત્રી. એ નામની પારસીની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કુમાયચ ન. એક વાજિંત્રનું નામ.

કુમાયૂન પું. પ્રાચીન લડાયક લોકોનો એક વર્ગ.

કુમાર્ [સં.] અ. ક્રિ. (ધાતુ) ખેલવું; રમવું. તે ઉપરથી થયેલ શબ્દઃ કુમાર; કુમારી.

કુમાર ૧. પું. અગ્નિ.

૨. પું. અગ્નિના એક પુત્રનું નામ.

૩. [સં.] પું. અવિવાહિત છોકરો; પાંચ વરસ સુધીનો છોકરો. કામને મારનાર હોવાથી તે કુમાર કહેવાય છે.

૪. પું. (જૈન) અસુરકુમાર; આદિદેવતા.

૫. પું. આશ્વિન માસ.

૬. પું. એ નામના તિથિદેવ.

૭. પું. એક પ્રજાપતિનું નામ.

૮. પું. એક મંત્રનું નામ.

૯. પું. કૈરા દેશનું પ્રાચીન નામ.

૧૦. પું. ખરાબ મરણ.

૧૧. પું. ઘોડેસવાર.

૧૨. પું. તરુણ વૃક્ષ.

૧૩. પું. પાર્વતીનો પુત્ર; કાર્તિકેય; કાર્તિકસ્વામી.

૧૪. પું. પુત્ર; દીકરો.

૧૫. પું. પોપટ પક્ષી.

૧૬. પું. બારમા જૈન તીર્થંકરનો ઉપાસક એક યક્ષ.

૧૭. પું. બાળકોને પીડા કરનારો એક ગ્રહ.

૧૮. પું. બુધનું એક નામ.

૧૯. પું. (શિલ્પ) મત્સ્યપુરાણમાં વર્ણવેલા અઢાર મુખ્ય શિલ્પજ્ઞ માંહેનો એક.

૨૦. પું. (પુરાણ) મહાભારતમાં વર્ણવેલો એક ભરતખંડસ્થ દેશ. એ ચેદી દેશની પૂર્વે આવેલો હતો અને પાંડવોના સમયમાં ત્યાં શ્રેણીમાન નામે રાજા હતો.

૨૧. પું. મંગળગ્રહ.

૨૨. પું. યુવરાજ; તિલાટ કુંવર.

૨૩. પું. યુવાવસ્થા અથવા તેની પહેલાંની અવસ્થાવાળો છોકરો; તરુણ.

૨૪. પું. રાજકુમાર.

૨૫. પું. લુહાર; લોહકાર.

૨૬. પું. શાકદ્વીપના રાજાનો એ નામનો એક પુત્ર.

૨૭. પું. શિવનું એક નામ.

૨૮. પું. (પુરાણ) સનકાદિક બ્રહ્મમાનસ પુત્ર. તેઓએ પ્રજા ઉત્પન્ન કરવાની ના પાડી અને હમેશને માટે નિર્દોષ બાળકો જ રહ્યા અને એમની ઉમર હજુ પાંચ વર્ષની જ છે માટે કુમાર કહેવાય છે. સનક, સનંદન, સનત અને સુજાત વગેરે કેટલાક ઋષિ સદા બાળક રહે છે.

૨૯. પું. સાઇસ.

૩૦. પું. સિંધુ નદ.

૩૧. પું. સ્વરોદયમાં કહેલ એક સ્વર.

૩૨. સ્ત્રી. કુંવાર; એ નામની વનસ્પતિ.

૩૩. ન. એ નામનું એક પુરાણ.

૩૪. ન. શુદ્ધ સોનું.

૩૫. વિ. કુંવારૂં; નહિ પરણેલું.

૩૬. વિ. સુંદર.

કુમારઅધ્યક્ષ [સં.] પું. ઓદ્ધો સ્વીકારનાર રાજકુમાર. રાજકુમાર કોઈ પણ ઓદ્ધો સ્વીકારે એટલે તે સર્વ રીતે અમલદાર ગણાય છે.

કુમારઆત્રેય પું. ઋગ્વેદના પાંચમા મંડલના બીજા સૂક્તનો કર્તા એક ઋષિ.

કુમારક ૧. [સં.] પું. આંખની કીકી.

૨. પું. એ નામનું એક ઝાડ; વરણો.

૩. પું. (પુરાણ) એ નામનો એક સર્પ.

૪. પું. કસાઈ.

૫. પું. કુમાર; યુવાન.

૬. પું. ખરાબ શિકારી.

કુમારકલ્યાણઘૃત ન. (વૈદ્યક) ઔષધરૂપ ઘીની બનાવટ. તે બનાવવા શંખાવળી, વજ, બ્રાહ્મી, ઉપલેટ, ત્રિફળાં, દ્રાક્ષ, સાકર, સૂંઠ, દોડી, જીરૂં, બળદાણા, કચૂરો, ધમાસાનાં મૂળ, બીલીનો ગર્ભ, દાડમની છાલ, તુલસી, પૃશ્નિપર્ણી, મોથ, પુષ્કરમૂળ, એલચી અને ગજપીપર એ દરેક એકેક તોલો લઈ તેના વસ્ત્રગાળ ચૂર્ણ સાથે એક પ્રસ્થ ઘી અને ચાર પ્રસ્થ ભોરિંગડીનો ક્વાથ તથા ચાર પ્રસ્થ દૂધ સાથે ઘીની રીતે પકવવું.

કુમારકોટિ ન. (પુરાણ) ભારતવર્ષીય એ નામનું એક તીર્થ.

કુમારગતિ પું. (પિંગળ) બાર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ જગતી છંદનો એક ભેદ છે. તેમાં જગણ, નગણ, ભગણ અને સગણ એમ ૧૨ વર્ણ હોય.

> **કુમારગતિ** રચો જ ન ભ સથી. રણપિંગળ

કુમારગુપ્ત પું. ગુપ્તવંશમાં થઈ ગયેલ એક પ્રતાપી રાજાનું નામ.

કુમારજીવ ૧. [સં.] પું. એક જાતનું શાક.

૨. પું. જીવપુત્ર નામનું ઝાડ.

કુમારડી (કુમારડ઼ી) સ્ત્રી. કુમારી; કન્યા.

કુમારતંત્ર [સં.] ન. રાવણે રચેલ એ નામનું વૈદ્યકનું એક પુસ્તક. બાળકોની સંપૂર્ણ ચિકિત્સા તેમાં વર્ણવી છે.

કુમારતા [સં.] સ્ત્રી. કુમારપણું; કુંવારાપણું.

કુમારતીર્થ ન. એ નામથી ઓળખાતું દક્ષિણ હિંદમાં આવેલું કુમારસ્વામીનું એક દેવળ.

કુમારત્વ ન. કુમારપણું; કુંવારાપણું.

કુમારદાસ પું. મધ્યકાલીન હિંદમાં થઈ ગયેલ એક કવિ. તેણે જાનકીહરણ નામનું કાવ્ય રચ્યું છે.

કુમારધારા ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) ભારતવર્ષીય તીર્થનું નામ.

૨. સ્ત્રી. મહાભારતમાં જણાવેલી એક પ્રાચીન નદીનું નામ.

કુમારપાઠા [હિં.] સ્ત્રી. કુંવાર.

કુમારપાલ ૧. પું. ગુજરાતનો ચાલુક્યવંશી એક રાજા. તેણે આચાર્ય હેમચંદ્રના ઉપદેશથી જૈનધર્મનો અંગીકાર કર્યો હતો.

૨. પું. શાલિવાહન રાજા.

૩. વિ. કુમારનું રક્ષણ કરનાર.

કુમારપાલક જુઓ કુમારપાલ.

કુમારપાળ જુઓ કુમારપાલ.

કુમારપુત્ર પું. (જૈન) ભગવાન મહાવીરના અનુયાયી કોઈ એક નિર્ગ્રંથનું નામ.

કુમારબાજ પું. જુગારી.

કુમારબાજી સ્ત્રી. જુગાર.

કુમારભવન ન. કુંવારાઓને રહેવાનો ઓરડો.

કુમારભાવ પું. કુંવારાપણું.

કુમારભૃત્ય ૧. [સં.] ન. આયુર્વેદશાસ્ત્રનો એક ભાગ. તેમાં નાનાં છોકરાંના રોગની ચિકિત્સા બતાવી છે.

૨. ન. ગર્ભિણીને સુખથી પ્રસવ કરાવવાની વિદ્યા.

કુમારભૃત્યા [સં.] સ્ત્રી. જણવાને સમયે ગર્ભિણીની સેવા.

કુમારમંદિર [સં.] ન. બાળમંદિર; પ્રાથમિક કેળવણીની શાળા.

કુમારયુ [સં.] પું. યુવરાજ.

કુમારયોગ [સં.] પું. (જ્યોતિષ) એ નામનો એક સારો યોગ.

કુમારરોગ [સં.] પું. બચ્ચાંને થતો રોગ.

કુમારલબ્ધ પું. ચંદ્રગુપ્ત મૌર્યને સામ્રાજ્ય અપાવનાર આગેવાન પુરુષો માંહેનો એ નામનો એક.

કુમારલલિત ૧. [સં.] ન. સુંદર ચેષ્ટા.

૨. વિ. સુંદર ચેષ્ટાવાળું.

કુમારલલિતછંદ પું. (પિંગળ) એક જાતનો સમવૃત્ત વર્ણમેળ છંદ. તેમાં જગણ, સગણ અને ગુરુ એમ સાત અક્ષર હોય છે.

કુમારલલિતા ૧. [સં.] પું. (પિંગળ) આઠ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; કુમારિકા. આ છંદ અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં જગણ, સગણ, લઘુ અને ગુરુ એમ ૮ વર્ણ છે.

> જ સા લ ગ પદે ધરો, **કુમારલલિતા** કરો.
>
> રણપિંગળ

૨. પું. (પિંગળ) સાત અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં જગણ, સગણ અને ગુરુ એમ સાત અક્ષર હોય છે. આમાં ત્રીજા અક્ષર પછી યતિ કે વિસામો આવે છે. આ છંદ ઉષ્ણિક છંદનો એક ભેદ છે.

૩. સ્ત્રી. બાળકની ક્રીડા; બાળરમત.

કુમારલસિતા [સં.] પું. (પિંગળ) આઠ અક્ષરનો એક અક્ષરમેળ છંદ. આ છંદ અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં જગણ, સગણ, લઘુ અને ગુરુ મળી ૮ વર્ણ હોય છે.

કુમારલીલા ૧. પું. (પિંગળ) પંદર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેમાં મગણ, નગણ, નગણ, રગણ અને યગણ મળી કુલ ૧૫ વર્ણ હોય છે.

૨. સ્ત્રી. એક જાતની ભગવાનની લીલા.

કુમારવન ન. કૂર્માચળ વનનું પ્રાચીન નામ.

કુમારવાસ [સં.] પું. કુમાર અવસ્થામાં રહેવું તે; બ્રહ્મચર્યાશ્રમ

કુમારવાહન [સં.] ન. કાર્તિકસ્વામીનું વાહન; મોર.

કુમારવિક્રમ પું. ઉત્તરરામચરિત નાટકના સાત માંહેનો પાંચમો અંક.

કુમારવિષય [સં.] પું. (પુરાણ) મહાભારતમાં જણાવેલો એક પ્રાચીન દેશ. તેનો રાજા શ્રેણીમાન હતો.

કુમારવ્રત [સં.] ન. એક જાતનું વ્રત; બ્રહ્મચર્યવ્રત.

કુમારવ્રતી પું. દશમી શતાબ્દિમાં આર્યાવર્તમાં વર્તતો એક ધર્મ.

કુમારશ્રમણ પું. (જૈન) કુમાર અવસ્થામાંથી જ દીક્ષા લીધેલ સાધુ; બાળબ્રહ્મચારી સાધુ.

કુમારસંભવ [સં.] પું. મહાકવિ કાલિદાસનું રચેલું એ નામનું પાંચ માંહેનું એક મહાકાવ્ય. કુમાર એટલે કાર્તિકેય. આમાં કાર્તિકેય સ્વામીનો જન્મ તથા તેમણે કરેલો તારક નામના અસુરનો વધ તથા દેવતાઓને સ્વર્ગનું રાજ્ય પાછું અપાવ્યું તે હકીકત છે. એકદા ગણપતિ અને એ બંને મહાદેવના પુત્રો બેઠેલા. ત્યાં એક બ્રાહ્મણ સિદ્ધિ ને બુદ્ધિ નામની બે કન્યા લઈને આવ્યો અને કહ્યું કે તમારા બેમાંથી આખી પૃથ્વીની પહેલી પ્રદક્ષિણા ફરે તેને આ કન્યા પરણાવું. કાર્તિકસ્વામી તરત પોતે દોડ્યા પણ ગણપતિએ પોતાની બુદ્ધિ દોડાવી અને શંકર અને પાર્વતીની પ્રદક્ષિણા કરીને કહ્યું કે માતાપિતા પૃથ્વી સમાન છે માટે મને કન્યા આપો. બ્રાહ્મણ તેને કન્યા આપી ચાલતો થયો. કાર્તિકેય ઘણે વખતે ખરેખરી પૃથ્વીપ્રદક્ષિણા કરી પાછા ફર્યા ત્યારે ગણપતિને પેલી કન્યાઓ પરણી બેઠેલા જોઈ આખી જિંદગી કુંવારા રહ્યા માટે કુમાર કહેવાયા. તેનો સંભવ એ કુમારસંભવ અને સંભવ એટલે ઉત્પત્તિ.

કુમારસૂ ૧. પું. ચિત્રક વૃક્ષ.

૨. સ્ત્રી. અગ્નિ.

૩. [સં. કુમાર (કાર્તિકેય) + સૂ (જન્મ દેવો)] સ્ત્રી. ગંગા નદી, કેમકે તે કાર્તિકેયની માતા મનાય છે.

૪. સ્ત્રી. પાર્વતી.

કુમારસેના [સં.] સ્ત્રી. યુવકોનું લશ્કર.

કુમારસ્વર પું. પાંચ પ્રકારના સ્વર માંહેનો એક.

કુમારસ્વામી ૧. પું. એક હિંદી પ્રવાસી ચિત્રકાર. તેણે અજંતાની કલાથી મુગ્ધ થઈ તેની ભારે પ્રશંસા કરેલી છે.

૨. ન. દક્ષિણ હિંદનું એક સુપ્રસિદ્ધ યાત્રાનું સ્થળ.

કુમારહારિત પું. શુક્લ યજુર્વેદનો એ નામનો એક ઋષિ.

કુમારહૃદય ન. નાની અવસ્થા; બાલ્યાવસ્થા.

કુમારાગાર [સં.] ન. બાળકને ઉછેરવાનું ઘર.

કુમારાવસ્થા [સં.] સ્ત્રી. તરુણાવસ્થા; જુવાની.

કુમારિ સ્ત્રી. એક જાતની વનસ્પતિ; કન્વાર; ગંઠલ; કુંવાર.

કુમારિકા ૧. પું. (પિંગળ) એક અક્ષરમેળ છંદ; કુમારી છંદ. તેના દરેક ચરણમાં નગણ, જગણ, ભગણ, જગણ, ગુરુ અને ગુરુ એમ ચૌદ અક્ષર આવે છે. તેમાં આઠમા અક્ષર ઉપર વિસામો આવે છે. આ છંદ શર્કરી છંદનો એક ભેદ છે.

૨. પું. (પિંગળ) ચાર અક્ષરનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; કલા. આ છંદ મધ્યમા છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ અને ગુરુ એમ ચાર અક્ષર હોય છે.

૩. પું. (પિંગળ) દરેક ચરણમાં આઠ અક્ષરવાળો એક છંદ; કુમારલલિતા. તેના દરેક ચરણમાં જગણ, સગણ, લઘુ અને ગુરુ હોય છે. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે.

૪. પું. (પિંગળ) સાત અક્ષરનો એક અક્ષરમેળ છંદ; મહોદ્ધતા. તેના દરેક ચરણમાં યગણ, જગણ અને ગુરુ એમ સાત અક્ષર હોય છે. તે ઉષ્ણિક છંદનો એક ભેદ છે.

૫. [હિં.] સ્ત્રી. અગર.

૬. સ્ત્રી. એલચીની લતા.

૭. સ્ત્રી. કુંવાર.

૮. [સં.] સ્ત્રી. કુંવારી કન્યા; લગ્ન ન થયાં હોય તેવી કન્યા.

૯. સ્ત્રી. દુર્ગા.

૧૦. સ્ત્રી. નવમલ્લિકા.

૧૧. સ્ત્રી. પાંચ વર્ષની કન્યા.

૧૨. સ્ત્રી. પુત્રી.

૧૩. સ્ત્રી. બાર વર્ષ સુધીની કન્યા.

૧૪. સ્ત્રી. બે વર્ષની કન્યા.

> જે બે વર્ષની કન્યા હોય તે **કુમારિકા**, ત્રણ વર્ષની હોય તે ત્રિમૂર્તિ.
>
> ભગવતી ભાગવત

૧૫. સ્ત્રી. ભારતવર્ષના નવ ખંડ માંહેના એક ભાગનું નામ.

૧૬. સ્ત્રી. મોટી એલચી.

૧૭. સ્ત્રી. રાજકુંવરી; કુંવરી.

૧૮. સ્ત્રી. સીતા.

કુમારિકાઘૃત [સં.] ન. (વૈદક) એ નામની એક ઘીની બનાવટ. કુંવારનો રસ એક ભાગ, ઘી ચાર ભાગ અને પાણી સોળ ભાગ લઈ તેનું ઘી સિદ્ધ કરવું. આ ઘી યકૃતોદર, પ્લીહોદર, કુષ્ટ, વિચર્ચિકા, વાતરક્ત, ફટકિયાં ગૂમડાં તેમ જ ત્વફ્દોષની અંદર અપાય છે. તેની માત્રા મોટા

માટે ૨ તોલા અને બચ્ચાંને માટે ૦ાા થી ૧ તોલો છે.

કુમારિકાછંદ પું. (પિંગળ) એક જાતનો છંદ. તેમાં બે જગણ ને એક ગુરુ મળી સાત અક્ષર આવે છે.

કુમારિકાતીર્થ [સં.] ન. (પુરાણ) કન્યાતીર્થ. એ તીર્થ દક્ષિણ સમુદ્રતીરે આવેલું છે. એનું કન્યાકુમારી એવું નામ છે.

કુમારિકાધન [સં.] ન. કુમારીનું સ્ત્રીધન.

કુમારિકાપણું ન. કૌમાર્ય; કન્યાવસ્થા; કુંવારાપણું.

કુમારિકામંદિર [સં.] ન. બાળાઓ માટેની શાળા.

કુમારિકાવર્તી સ્ત્રી. (વૈદ્યક) આંખના રોગમાં આંજવાની એક સળી. તે બનાવવા તલનાં ફૂલ નંગ ૮૦, બંગાળી લીંડીપીપરને પલાળી તેમાંથી કાઢેલા રાઈના જેવા દાણા નંગ ૬૦, ચમેલીનાં ફૂલ નંગ ૫૦ અને મરીના દાણા નંગ ૧૬ એ ચારેને ખરલમાં ઘૂંટી તેની વાટ બનાવી આંજવાથી ગયેલાં નેત્ર પણ સારાં થાય છે.

કુમારિકાવસ્થા [સં.] સ્ત્રી. કન્યાની અપરિણીત અવસ્થા.

કુમારિકાવ્રત [સં.] ન. આખી જિંદગી સુધી કુંવારા રહેવાનું છોકરીનું વ્રત; કુંવારા રહેવાનું બાળાઓનું વ્રત.

કુમારિકાશુલ્ક [સં.] ન. શુલ્ક; પલ્લું; કુમારીનું સ્ત્રીધન.

કુમારિકાસવ પું. (વૈદ્યક) કુંવારનો આસવ. તે બનાવવા કુંવારનો રસ ૨૦૪૮ તોલા, ગોળ ૪૦૦ તોલા, ભાંગ ૧૦૦ તોલા અને પાણી ૧૦૨૪ તોલા લઈ તેનો કાઢો કરવો. જ્યારે ચતુર્થાંશ રહે ત્યારે બધું ગાળી લેવું. પછી તેમાં ૨૬૬ તોલા મધ અને ૬૪ તોલા ધાવડીનાં ફૂલ નાખી ઘીના રીઢા ઠામમાં તે બધું ભરવું ને તેની અંદર જાયફળ, લવિંગ, નાગકેસર, ચણકબાબ, જટામાંસી, ચવક, ચિત્રક, જાવંત્રી, કાકડાશીંગી, બહેડાં અને ખેખરમૂલ દરેક ચચ્ચાર તોલા અને તામ્રભસ્મ તથા લોહભસ્મ દરેક બબ્બે તોલા નાખવાં ને તે ઠામની મુખમુદ્રા બંધ કરી ૨૦ દિવસ સુધી એક દાણાના ઢગલામાં તે રાખી મૂકવું. આ ઔષધ સાદો તાવ, અર્શ, કુષ્ટ, વિચર્ચિકા, વાતરક્ત, ફટકિયાં ગૂમડાં વગેરે દરદમાં ઉપયોગી મનાય છે.

કુમારિકાસ્ત્રીધન [સં.] ન. કુમારીની મિલ્કત.

કુમારિલ જુઓ કુમારિલભટ્ટ.

કુમારિલભટ્ટ પું. એ નામનો એક પ્રસિદ્ધ વેદાંત આચાર્ય; ભટ્ટપાદ. તે બિહાર પ્રાંતમાં જયમંગળ ગામમાં યુધિષ્ઠિર શક ૨૧૧૦માં ધાતા નામના સંવત્સરમાં વૈશાખ સુદિ ૧૫ રવિવારે બ્રાહ્મણ કુળમાં યજ્ઞેશ્વર ભટ્ટને ત્યાં ચંદ્રગુણાને પેટે જન્મ્યો હતો. તે બુદ્ધિશાળી હોવાથી તેણે થોડા વખતમાં ગુરુગૃહે વેદ, વેદનાં અંગો વગેરે ગ્રંથનો અભ્યાસ કર્યો. પૂર્વમીમાંસાના શાબર ભાષ્ય ઉપર તેણે વાર્તિક ગ્રંથ કર્યો. પછી બૌદ્ધ મતના ખંડનના ગ્રંથ રચવા શરૂ કર્યા. તેથી પ્રથમ બૌદ્ધ ધર્મના કુતર્કો જાણવા બૌદ્ધ ધર્મમાં દાખલ થયો. બુદ્ધાચાર્યે આ શિષ્યને બુદ્ધિમાન જાણ્યો પણ પોતાના મતનું ખંડન કરશે એવી શંકાથી એને ઊંચી હવેલી ઉપરથી પડતો મૂકયો તેમાં તેની એક આંખ કાણી થઈ. પછી તેણે આખા ભરતખંડમાં ફરીને બૌદ્ધ ધર્મ વિરુદ્ધ પ્રચાર કર્યો અને વેદ ધર્મનું સત્ય સમજાવવા લાગ્યો. તેણે બૌદ્ધધર્મ ખંડનના ૭ ગ્રંથો લખ્યા. તે ૬૩ વર્ષની ઉમરે મૃત્યુ પામ્યો.

કુમારિલભટ્ટાચાર્ય જુઓ કુમારિલભટ્ટ.

કુમારી ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જગતી છંદનો ભેદ છે. તેમાં વંશસ્થ અને ઇંદ્રવંશાનું મિશ્રણ છે. તેના દરેક ચરણમાં બાર અક્ષર હોય છે. તેનું પહેલું ચરણ ઇંદ્રવંશાના માપનું અને બીજું, ત્રીજું અને ચોથું વંશસ્થના માપનું છે.

૨. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે નિશાની છંદનો ભેદ છે. તેમાં ૮ ગુરુ અને ૭ લઘુ મળી પંદર અક્ષર હોય છે.

૩. પું. (પિંગળ) નગણ, જગણ, ભગણ, જગણ અને બે ગુરુ મળી ચૌદ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે શક્કરી છંદનો ભેદ છે. તેમાં આઠમા અક્ષર ઉપર યતિ આવે છે. તેને કુમારિકા છંદ પણ કહે છે.

> ન જ ભ જ ગા ગ આઠ વસુથી **કુમારી**.
> રણપિંગળ

૪. [સં.] સ્ત્રી. અપરાજિતા; કુંવાર નામની વનસ્પતિ.

૫. સ્ત્રી. આઠથી બાર વર્ષની વયની કુંવારી કન્યા.

૬. સ્ત્રી. એ નામની દેવી. તેનું સ્થાન હરિદ્વારમાં છે.

૭. સ્ત્રી. કન્યાકુમારી ભૂશિર; ભરતખંડનું છેક દક્ષિણનું બિંદુ. અહીં આગળ કુમારી દેવીનું દેવળ આવેલું છે.

૮. સ્ત્રી. કુમાર દેશમાં આવેલી ભારતવર્ષીય એક નદી; બિહારના રાજગિર પાસે સુક્તિમત પર્વતમાંથી નીકળતી કાસોરહરિ નામની નદીનું પ્રાચીન નામ.

૯. સ્ત્રી. ચમેલી; નવમલ્લિકા; બટમોગરો.

૧૦. સ્ત્રી. દીકરી; પુત્રી.

૧૧. સ્ત્રી. (પુરાણ) ધનંજય ઋષિની સ્ત્રી.

૧૨. સ્ત્રી. પરણેલી નાની ઉમરની સ્ત્રી.

૧૩. સ્ત્રી. પાર્વતી; દુર્ગા.

૧૪. સ્ત્રી. પૃથ્વીનો મધ્યભાગ.

૧૫. સ્ત્રી. બહેનપણી; સખી.

૧૬. સ્ત્રી. મોટી એલચી.

૧૭. સ્ત્રી. મોર ઉપર સવારી કરનારી સરસ્વતી દેવી.

૧૮. સ્ત્રી. રાજાની કુંવરી.

૧૯. સ્ત્રી. વાંઝણી કાકડીનો વેલો.

૨૦. સ્ત્રી. વેશ્યાની છોકરી.

૨૧. સ્ત્રી. શ્યામા પક્ષી.

૨૨. સ્ત્રી. સહા નામની વનસ્પતિ.

૨૩. સ્ત્રી. સીતા.

૨૪. [સં.] સ્ત્રી. હાથીની સાંકળ બાંધવાનો થાંભલો.

કુમારીકુંડ [સં.] ન. ભારતવર્ષનું એ નામનું એક તીર્થસ્થાન. ત્યાં પાણીમાં અગ્નિ સળગી રહ્યો છે.

કુમારીક્રીડનક (કુમારીક્રીડનક) [સં.] ન. કુંવારી કન્યાઓને રમવાનું સાધન.

કુમારીગમન [સં.] ન. કુંવારી કન્યા સાથે સંભોગ. તે સર્વથા નિષિદ્ધ છે. તેના જેવું ઘોર અને અક્ષમ્ય પાપ શાસ્ત્રોમાં બીજું નથી.

કુમારીચ્છદ [સં.] ન. કુંવારી કન્યાના યોનિદ્વારને ઢાંકતો ચામડીનો ઝીણો પડદો. યોનિદ્વારનો ઘેરાવો આ પડદાના આકાર પ્રમાણે વધતો ઓછો હોય છે. આ પડદો યૌવનમાં અને કંદર્પલીલામાં ક્રમે ક્રમે તૂટી જાય છે. કોઈ વાર આ પડદો આખા યોનિદ્વારને ઢાંકી દે છે. આ સ્થિતિમાં સ્ત્રીનો અટકાવ બહાર આવી શકતો નથી અને બહુ દુખાવો થાય છે.

કુમારીત્વ ન. કન્યાની અવિવાહિત અવસ્થા.

કુમારીપટલ જુઓ કુમારીચ્છદ.

કુમારીપાક [સં.] પું. (વૈદ્યક) કુંવાર અને બીજી કેટલીક ઔષધિઓ મેળવી બનાવાતી એક દવા. તે જીર્ણજ્વર, ઉધરસ અને દમનો નાશ કરે છે. સ્ત્રીઓનું વંધ્યત્વ તથા પુરુષોનું પંઢત્વ દૂર કરી શક્તિ આપે છે.

કુમારીપુત્ર [સં.] પું. કુંવારી કન્યાને જન્મેલો છોકરો.

કુમારીપુત્રક [સં.] વિ. કુંવારીના છોકરા જેવું; અસંભવિત.

કુમારીપુર ૧. [સં.] ન. કિલ્લા ઉપર રચવામાં આવતું ચાર ઓરડાવાળું કુમારી દેવીનું સ્થાન.

૨. ન. કુંવારી કન્યાને રહેવાનો અંતઃપુરનો ભાગ.

કુમારીપૂજન [સં.] ન. એક પ્રકારની પૂજા. દેવીપૂજનનો તે ભાગ છે. તેમાં કુંવારી બાળાનું પૂજન કરી તેને મિષ્ટાન્ન વગેરે આપવામાં આવે છે.

કુમારીવ્રત [સં.] ન. કુંવારા રહેવાની સ્ત્રીની પ્રતિજ્ઞા.

કુમારીશ્વશુર [સં.] પું. વિવાહ પહેલાં કન્યાનો વાચિક સસરો.

કુમાર્ગ ૧. [સં.] પું. કુછંદ; બદચાલ.
૨. પું. નઠારો રસ્તો; કુપંથ.
૩. પું. પાખંડ મત; નાસ્તિકતા; અધર્મ.

કુમાર્ગગામી ૧. [સં. કુમાર્ગગામિન્] વિ. અધર્મી; નાસ્તિક.
૨. વિ. કુપંથી; કુમાર્ગી; અવળે રસ્તે જનાર.
૩. વિ. ખરાબ ચાલનું.

કુમાર્ગી જુઓ કુમાર્ગગામી.

કુમાર્યાસવ [સં.] પું. (વૈદક) દવામાં વપરાતી એક જાતની બનાવટ. ગુલ્મ, પેટનું શૂળ, વાયુનો ગોળો, કબજિયત, બરોળનો વધારો, વધરાવળ, સારણ, આંત્રવૃદ્ધિ વગેરે દરદ માટે તે ઉત્તમ મનાય છે.

કુમાલક [સં.] પું. માળવામાં આવેલ એક પ્રાચીન દેશ; સૌવીર.

કુમાવિત્ર ન. બ. વ. નઠારાં માબાપ.

કુમાવિસખાનું ન. મામલતદારની કચેરી.

કુમાવિસદાર ૧. પું. ઇજારદાર.
૨. પું. મામલતદાર; મહાલકારી; વહીવટદાર.

કુમાવિસી સ્ત્રી. મહેસૂલ; તેહસીલ.

કુમાશ ૧. સ્ત્રી. ગંજીફાનાં પાનાંનો એક રંગ.
૨. સ્ત્રી. માલમતા રાખવાનું ઠેકાણું.
૩. સ્ત્રી. રેશમી લૂગડું.
૪. સ્ત્રી. લાગણી; ભાવના.
૫. સ્ત્રી. સુંવાળાપણું; નરમાશ.
૬. સ્ત્રી. સ્વચ્છતા; સફાઈ; તેજી.

કુમાશદાર ૧. વિ. ઘટ પોતનું; સુંવાળું.
૨. વિ. બારીક.
૩. વિ. સ્વચ્છ; સફાઈદાર.

કુમાશી જુઓ કુમાશદાર.

કુમિણા સ્ત્રી. ન્યૂનતા; ઓછાપણું.

કુમિત્ર [સં.] પું. નઠારો દોસ્ત; કુછંદી સોબતી; મિત્રના ધર્મથી ઊલટો ચાલનાર સાથી.

કુમી ન. કમળનું ફૂલ.

કુમુખ ૧. [સં.] પું. (પુરાણ) રાવણનો દુર્મુખ નામનો એક યોદ્ધો.
૨. પું. સૂવર; ભૂંડ; ડુક્કર.
૩. વિ. ખરાબ ચહેરાવાળું.

કુમુદ ૧. પું. એ નામનો એક દૈત્ય.
૨. પું. એ નામનો એક દ્વીપ.
૩. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે કુંડલિયા છંદનો એક ભેદ છે.
૪. પું. (પિંગળ) એક સમજાતિ માત્રામેળ છંદ. તેમાં ૧, ૫, ૯, ૧૩, ૧૭, ૨૧ અને ૨૫ માત્રાએ તાલ આવે છે.
૫. પું. ઐરાવત હાથી.
૬. પું. કપૂર.
૭. પું. કુમુદિનીના આકારનો એક ધૂમકેતુ. તે પશ્ચિમમાં ઊગે છે અને એક જ રાત દેખાય છે. તેની શિખા પૂર્વ તરફ હોય છે. કહેવાય છે કે તેના ઉદયથી દશ વર્ષ સુધી દુકાળ રહે છે.
૮. પું. ગૂગળની એક જાત.
૯. પું. (પુરાણ) ગોમતી નદી તીરે રમ્યક પર્વત ઉપર રહેનારો રામની સેનાનો એ નામનો એક વાનર.
૧૦. પું. ઘૂમટ; ગુંબજ.
૧૧. પું. દક્ષિણ દિશાનો એ નામનો હાથી.
૧૨. પું. (પિંગળ) ધ્રુપદના સોળ પ્રકારમાંનો એક. તેના દરેક ચરણમાં ૨૧ અક્ષર હોય છે.
૧૩. પું. (પિંગળ) નગણ, નગણ અને નગણ મળી નવ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે બૃહતી છંદનો ભેદ છે.
૧૪. પું. મેરુ પર્વતની પાસે આવેલ મહાભારતમાં જણાવેલ શાલ્મલી દ્વીપનો એક પર્વત. તે દશ હજાર યોજન વિસ્તારવાળો અને તેટલો જ ઊંચો છે. આ પર્વત ઉપર શતવલ્શ નામના વડના ઝાડના થડમાંથી દૂધ, દહીં, ઘી, ગોળ તથા અન્ન વગેરેના અને વસ્ત્ર, શય્યા, આસન તથા અલંકાર વગેરેના બધી ઇચ્છાને પૂરનારા મોટા નદો વહે છે. તેઓ સર્વે કુમુદ પર્વતના શિખર ઉપરથી પડીને ઉત્તરે ઇલાવૃત્ત ક્ષેત્રમાં વહ્યા કરે છે. આ નદોનું સેવન કરનાર પ્રજાઓને કદી પણ વળિયાં, પળિયાં, થાક, પરસેવો, દુર્ગંધ, ઘડપણ, રોગ, મૃત્યુ, ટાઢ, તાપ, ફીકાશ તથા બીજા ઉપદ્રવો થતા નથી. જ્યાંસુધી તેઓને જીવન હોય છે ત્યાંસુધી અત્યંત સુખ જ મળે છે.
૧૫. [સં. કુ (પૃથ્વી) + મુદ્ (હર્ષ)] પું. વિષ્ણુ. વ્યક્તિભાવમાં પૃથ્વીને અને પૃથ્વીના કાર્યરૂપ ભૌતિક શરીરોને રાજી કરનારા અવતારધારી તે છે તેથી તે કુમુદ કહેવાય છે.
૧૬. પું. વિષ્ણુ ભગવાનનો એ નામનો એક પાર્ષદ.
૧૭. પું. શિવ; શંકર.
૧૮. પું. (પુરાણ) સર્પનો એક રાજા. તેની બહેન કુમુદ્વતી રામના દીકરા કુશને પરણી હતી.
૧૯. પું. સંગીતનો એક તાલ.
૨૦. ન. એક જાતનું કોતરકામ.
૨૧. ન. એક જાતનું ત્રિશાળ ઘર; ઉત્તરમાં પટ્દારુવાળી ઓરડી અને પૂર્વ, દક્ષિણ અને પશ્ચિમે પરશાળ હોય તેવું ઘર. સુમુખ નામના ઘરના અપવર્કમાં પટ્દારુ આવે તો તે પણ કુમુદ નામે ઘર થાય.
૨૨. [સં.] ન. પોયણું; ધોળું કમળ. તેની પાંખડીઓ બહુધા ધોળી હોઈ તે રાત્રે ખીલે છે.
૨૩. ન. રૂપું.
૨૪. વિ. આનંદ કરનાર; પ્રફુલ્લિત.
૨૫. વિ. ઈર્ષાળુ.
૨૬. વિ. કંજૂસ; કૃપણ.
૨૭. વિ. નિર્દય; ક્રૂર.
૨૮. વિ. લોભી; લાલચુ.

કુમુદકુંતલ પું. માનસાર શિલ્પશાસ્ત્રમાં જણાવ્યા પ્રમાણે પાર્શ્નિક, પટ્ધર અને મંડલેશ્વર કે પટ્ભાજ વર્ગના રાજાની રાણીનો મુગટ.

કુમુદકોમલ [સં.] વિ. કમળફૂલ જેવું નાજુક.

કુમુદખંડ [સં.] પું. પોયણાંનો સમૂહ; રાત્રિવિકાસી કમળનો જથ્થો.

કુમુદગંધા [સં.] સ્ત્રી. પોયણાં જેવી ગંધવાળી સ્ત્રી.

કુમુદઘ્ની ૧. [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ.
૨. સ્ત્રી. એક જાતનું સ્થાવરવિષ.

કુમુદદલ [સં.] ન. કમળનું પાંદડું.

કુમુદનાથ ૧. [સં.] પું. કપૂર.
૨. પું. ચંદ્ર.

કુમુદની ૧. સ્ત્રી. પોયણી.
૨. વિ. સ્ત્રી. વિકસિત કરનાર; ખિલવનાર.

કુમુદપતિ જુઓ કુમુદનાથ.

કુમુદબંધુ જુઓ કુમુદનાથ.

કુમુદબાંધવ જુઓ કુમુદનાથ.

કુમુદમાલા ૧. [સં.] પું. (પિંગળ) પચીસ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિકૃતિ છંદનો ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, તગણ, સગણ, ભગણ, યગણ, નગણ, તગણ, સગણ અને ગુરુ એમ પચીસ અક્ષર હોય છે.
૨. સ્ત્રી. કમળનાં ફૂલનો હાર.

કુમુદ્વતી ૧. સ્ત્રી. ઉજ્જૈન. અમરાવતી, અવંતી, કનકશૃંગ, કુમુદ્વતી, કુશસ્થલી, નવેત્રીનગર, પદ્માવતી, પ્રકલ્પ, શિવપુરી, વિશાલા વગેરે જુદે જુદે કાલે તેનાં નામ હતાં.

૨. [સં.] સ્ત્રી. કુમુદિની; પોયણી.

૩. સ્ત્રી. જ્યાં ઘણાં પોયણાં થતાં હોય તેવી જગ્યા.

૪. સ્ત્રી. સંગીતની બાવીશ માંહેની એક શ્રુતિ.

કુમુદવન ૧. [સં.] ન. પોયણાં ઘણાં ઊગતાં હોય એવું સ્થળ.

૨. ન. પોયણાંનો જથ્થો.

કુમુદવૃંદ [સં.] ન. પોયણાંનો સમૂહ.

કુમુદસુહૃદ ૧. [સં. કુમુદસુહૃદ્] પું. કપૂર.

૨. પું. ચંદ્ર.

કુમુદા ૧. સ્ત્રી. એ નામની દેવી.

૨. સ્ત્રી. કાયફળ.

૩. સ્ત્રી. ગાંભારી વનસ્પતિ; શાલપર્ણી.

૪. સ્ત્રી. ચોપન વાયુતત્ત્વદેવતા માંહેની એક.

૫. સ્ત્રી. પોયણી; કુમુદિની.

૬. વિ. સ્ત્રી. પૃથ્વીમાં આનંદ આપનારી.

કુમુદાકર જુઓ કુમુદવન.

કુમુદાક્ષ ૧. પું. એક જાતનો નાગ.

૨. પું. વિષ્ણુનો એ નામનો એક પાર્ષદ.

કુમુદાદિ [સં.] પું. પાણિનીય વ્યાકરણપ્રસિદ્ધ એક શબ્દગણ.

કુમુદાનંદ [સં.] વિ. પોયણાંને પ્રફુલ્લિત કરનાર.

કુમુદાભિખ્ય [સં.] ન. રૂપું.

કુમુદારિ [સં.] પું. સૂર્ય. રાત્રે ખીલતાં કમળનો તે શત્રુ મનાય છે.

કુમુદાવાસ [સં.] પું. જ્યાં પુષ્કળ પોયણાં થતાં હોય તેવો દેશ.

કુમુદિકા ૧. સ્ત્રી. કાયફળ.

૨. સ્ત્રી. મુસ.

કુમુદિની ૧. સ્ત્રી. જ્યાં પોયણાં ઘણાં થતાં હોય તેવું નાનું સરોવર; તળાવડી.

૨. સ્ત્રી. પદ્મ.

૩. [સં.] સ્ત્રી. રાત્રિનું કમળ.

૪. સ્ત્રી. રાત્રે ખીલતાં કમળનો વેલો; પોયણીની વેલ.

કુમુદિનીનાથ ૧. [સં.] પું. કપૂર.

૨. પું. ચંદ્ર.

કુમુદિનીનાયક જુઓ કુમુદિનીનાથ.

કુમુદિનીપતિ જુઓ કુમુદિનીનાથ.

કુમુદિનીવિકાસ પું. (પિંગળ) જગણ, તગણ, સગણ અને યગણ મળી બાર અક્ષરનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. આ છંદ જગતીનો ભેદ છે.

જ તા સ યા છે કુમુદિનીવિકાસે. — રણપિંગળ

કુમુદી ૧. સ્ત્રી. એક જાતનું કમળ.

૨. સ્ત્રી. કાયફળ.

કુમુદેક્ષણ પું. (પુરાણ) વિષ્ણુનો એ નામનો એક પાર્ષદ.

કુમુદેશ ૧. પું. કપૂર.

૨. પું. ચંદ્ર.

કુમુદેશ્વર જુઓ કુમુદેશ.

કુમુદેશ્વરરસ પું. (વૈદ્યક) ક્ષય માટેનું એક ઔષધ. તે બનાવવા સુવર્ણભસ્મ તોલો ૧, પારદભસ્મ તોલો ૧, મોતી તોલા ૨, ટંકણખાર તોલો ૦। અને ગંધક તોલા ૪, બધાંને કાંજીમાં ઘૂંટી ગોળો કરી, કપડમટ્ટી કરી લવણયંત્રમાં પકવવાં.

કુમુદ્દતી સ્ત્રી. (સંગીત) બાવીસ માંહેની એ નામની એક શ્રુતિ.

કુમુદ્રા [સં.] સ્ત્રી. હલકી જાતનો એક ચલણી સિક્કો; બદામ.

કુમુદ્વતી ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) કુમુદની નાની બહેન અને રામના પુત્ર કુશની બીજી સ્ત્રી. એના પુત્રનું નામ અતિથિ હતું.

૨. સ્ત્રી. કુમુદિની; પોયણીની વેલ.

૩. સ્ત્રી. જ્યાં ઘણાં પોયણાં થતાં હોય તે જગ્યા.

૪. સ્ત્રી. પાણીમાં ઊગતો એક છોડ; વડામૂલી.

૫. સ્ત્રી. પોયણાંનો સમૂહ.

૬. સ્ત્રી. (પુરાણ) ભરતખંડની મંદગ પ્રદેશમાં આવેલી એક નદી.

૭. સ્ત્રી. (પુરાણ) મયૂરધ્વજ રાજાની સ્ત્રી.

૮. સ્ત્રી. ષડ્જ સ્વરની ચાર માંહેની બીજી શ્રુતિ.

કુમુદ્વતીબીજ [સં.] ન. પોયણાનું બીજ.

કુમુદ્વતીશ ૧. [સં.] પું. કપૂર.

૨. પું. ચંદ્ર.

કુમુદ્વતીશ્વર જુઓ કુમુદ્વતીશ.

કુમેડ્યા (કુમેડ઼્યા) જુઓ કુમેઢ્યા.

કુમેઢ્યા [સં.] સ્ત્રી. હાથીની એક જાત.

કુમેત પું. ઘોડાનો કાળાશ પડતો લાલ રંગ.

કુમેદ ૧. પું. કાળાશ પડતા લાલ રંગનો ઘોડો; તેલિયો; સુરંગ.

૨. પું. કાળાશ પડતો લાલ રંગ.

૩. વિ. ખરાબ; હલકું.

૪. વિ. ધૂપેલ તેલના રંગનું; રાતું ભૂરૂં; સારંગું.

૫. વિ. લુચ્ચું; તોફાની; મસ્તીખોર.

કુમેદી ૧. વિ. તોફાની; મસ્તીખોર.

૨. વિ. પહોંચેલ; લુચ્ચું; ખંધું.

કુમેરુ પું. દક્ષિણ ધ્રુવ.

કુમેરુજ્યોતિ [સં.] સ્ત્રી. દક્ષિણ ગોળાર્ધમાં થતો પ્રકાશ; દક્ષિણ ધ્રુવમાં જોવામાં આવતી જ્યોતિ.

કુમેલ ૧. ન. એક જાતનું પીણું.

૨. વિ. અસલ; ખરૂં; ભેળસેળ કર્યા વગરનું.

૩. વિ. ખરાબ પ્રમાણવાળું.

૪. વિ. પરદેશી; પારકા દેશનું.

૫. વિ. બેનમૂન; અજોડ.

૬. વિ. બેસૂરૂં; માફક ન આવે એવું.

૭. વિ. સંબંધ વગરનું.

કુમેળ પું. અણબનાવ; કુસંપ.

કુમૈત પું. કાળાશ પડતા લાલ રંગનો ઘોડો.

કુમૈદ જુઓ કુમૈત.

કુમોદક પું. વિષ્ણુ.

કુમોદા ન. કમળનું ફૂલ.

કુમ્રા ન. ભૂરૂં કોળું.

કુમ્રિપિંડ પું. એ નામનો એક સુંદર છોડ; કપૂરકૂટી.

કુમ્લ ન. એ નામનું એક ઝાડ; વરણો.

કુમ્હડા (કુમ્હડ઼ા) જુઓ કુમ્રા.

કુમ્હાર પું. કુંભાર.

કુમ્હારની સ્ત્રી. કુંભારની સ્ત્રી; કુંભારણ.

કુમ્હારી ૧. સ્ત્રી. એક જાતનું નાનું માખી જેવડું જંતુ. તે માટીનું ઘર બનાવે છે.

૨. સ્ત્રી. કુંભારણ; કુંભારની સ્ત્રી.

કુમ્હીર સ્ત્રી. મગર.

કુયડી (કુયડ઼ી) સ્ત્રી. લોટાના આકારનું માટીનું બનેલું વાસણ.

કુયવ [સં.] ન. ખરાબ ધાન્ય.

કુયાડીઘા (કુયાડ઼ીઘા) ન. એક જાતનું હાથ દોઢ હાથ ઊંચું થતું થૂમડ ઘાસ. તેના થૂમડામાં ઉગ્ર સુગંધી વાસ હોય છે. આ ઘાસ કાળદુકાળે ગાડરાં બકરાંને નિભાવી લે છે.

કુયુક્તિ ૧. સ્ત્રી. કપટ; પ્રપંચ; દાવપેચ.

૨. સ્ત્રી. ખોટો તર્ક.

કુયુદ [અ.] સ્ત્રી. કેદીને પહેરાવવાની બેડી.

કુયોગ ૧. [સં.] પું. ખરાબ કાળ; કવખત.

૨. પું. ખરાબ ગ્રહોનું એક સ્થાનમાં એકઠા થવાપણું.

કુયોગી ૧. પું. દંભી ભક્ત.

૨. પું. ભ્રષ્ટ સંન્યાસી.

કુયોનિ [સં.] સ્ત્રી. ક્ષુદ્ર જંતુઓની હલકી કોટિ.

કુરઈ ન. અમદાવાદ અને ખેડા જિલ્લાની રેતાળ અને ગોરાડુ જમીનમાં થતું એક જાતનું ઘાસ. તેનું બી બાજરાના દાણાથી સહેજ ઝીણું હોય છે. એના છોડ ત્રણથી ચાર ફૂટ ઊંચા વધે છે. પાંદડાં લાંબાં અને કુમળાં થાય છે, તેથી ઢોરોને ખાવા અપાય છે. તેને ઉપરઉપરથી વાઢી લેતાં ફરી ઊગે છે. એમ બે ત્રણ વાર તેની કાપણી કરાય છે.

કુરક ૧. [અ.] પું. એ નામનો એક વેલો; કબર.
૨. પું. એક જાતનું ઝાડ. તેનાં ફળ માવાવાળાં, લીસાં અને રંગે રાતાં હોય છે.
૩. સ્ત્રી. સહાય; મદદ.
૪. વિ. જપ્ત થયેલું.

કુરકઘોઘર જુઓ કુરક.

કુરકટ જુઓ કુરકુટ.

કુરકા ૧. [સં.] પું. કુર્ગ દેશમાં તામ્રપર્ણી નદીને કિનારે આવેલું એક શહેર. ત્યાં વૈષ્ણવ આચાર્ય શઠકોપનો જન્મ થયો હતો.
૨. પું. દક્ષિણ હિંદમાં આવેલ કુર્ગ પ્રાંત.
૩. સ્ત્રી. સલ્લકી વૃક્ષ.

કુરકાક્ષી સ્ત્રી. હરણની આંખ જેવી આંખવાળી સ્ત્રી.

કુરકુચિયા ન. ઓશવાળ વંશનું એક ગોત્ર.

કુરકુટ ૧. [સં.] પું. કૂકડો; મરઘો.
૨. [હિં.] પું. કોઈ પણ વસ્તુનો નાનો કકડો.
૩. પું. મોર પક્ષી.

કુરકુર ૧. પું. કુરકુરિયાંનો અવાજ.
૨. પું. કૂકડો; મરઘો.
૩. પું. દાંત વડે થોડું થોડું કરડવાથી થતો અવાજ.

કુરકુર કરવું = (૧) દાંત વડે થોડું થોડું કરડવું. (૨) પીઠ પાછળ બબડવું.

૪. ન. કાનનું હાડકું.
૫. [સં. કુક્કુર] ન. કૂતરાનું નાનું બચ્ચું; ભટોળિયું.

કુરકુરા ૧. [હિં.] પું. એક જાતનું પક્ષી.
૨. પું. ખોટો સિક્કો.

કુરકુરિયું ૧. ન. કૂતરાનું નાનું બચ્ચું; ભોટીલું; ભટોળિયું; ગલૂડિયું.
૨. ન. જીવડું.
૩. ન. ભૂખથી પેટમાં થતો વાયુનો અવાજ.

પેટમાં કુરકુરિયાં બોલવાં = (૧) છાની વાત છુપાવવી. (૨) ભૂખ લાગવી.

કુરકુરી ૧. સ્ત્રી. ઢોરના શરીરમાં આંતરડાં માંહેનો વાયુ બોલે તે રોગ.
૨. સ્ત્રી. પાતળું ને કોમળ હાડકું.
૩. સ્ત્રી. પેટ તણાય ને પેશાબ બંધ થાય એવો ઘોડાનો એક રોગ.

કુરકુરીએલાયચી સ્ત્રી. ખાંડ પાયેલ એલચી દાણા.

કુરકુલા પું. એક જાતનો કાદવમાં ઊગતો શાક માટે વપરાતો છોડ. તેનાં ગોળ અને ઝીણાં પાન દવામાં વપરાય છે. એક ફૂટ ઊંચા ઊગતા આ છોડ ઉપર એક જ પાન આવે છે ત્યારે તેને મૂળિયાં સહિત ઊખેડી શાકભાજીના ઉપયોગમાં લેવાય છે.

કુરકોટ ન. છત્રીશ માંહેનું એક શસ્ત્ર.

કુરગ પું. (પિંગળ) એક અર્ધસમ માત્રામેળ છંદ. તે ઉલ્લાસ છંદનો એક ભેદ છે. તેમાં એક ગુરુ અને ચોપન લઘુ મળી પંચાવન વર્ણ અને છપ્પન માત્રા હોય છે.

કુરઘોડી (કુરઘોડ઼ી) સ્ત્રી. બાળકોને કૂદવાની એક જાતની રમત. જુઓ અતનમતન.

કુરચનિયું ન. પાકાં ટમેટાંનો આદુ, તલ, ગળપણ વગેરે ભેળવી કરેલ છૂંદો.

કુરચિલ્લ ૧. [સં.] પું. કરચલો.
૨. પું. કાચબો.

કુરછાલ [હિં.] સ્ત્રી. કૂદકો; ઠેકડો.

કુરજ ૧. પું. દશ વિશ્વેદેવમાંનો એ નામનો એક.
૨. પું. ધાતુ ધોવાનો એક ઘણી કઠણ ધાતુનો ભૂકો.

કુરટ ૧. [સં.] પું. ચમાર.
૨. પું. મોચી.

કુરટંક પું. પીળાં ફૂલવાળો કાંટાસળિયાનો છોડ.

કુરટી ૧. [સં.] સ્ત્રી. ચમારણ.
૨. સ્ત્રી. મોચણ.

કુરડવેલ (કુરડ઼વેલ) સ્ત્રી. એક જાતનો છોડ; ચણકભીંડો; બપોરિયો. તેનાં પાન ગંગેટીનાં પાન જેવાં હોય છે. તેમાં સફેદ કે ગુલાબી છાયા લેતાં ફૂલ થાય છે. તે બપોરે ઊઘડી સાંજે બંધ થઈ જાય છે. તેમાં વટાણા જેવડાં ફળ થાય છે.

કુરડી (કુરડ઼ી) ૧. પું. એ નામનો એક છોડ; કોસંબ.
૨. સ્ત્રી. ફૂગ નામની વનસ્પતિની એક જાત; અળંબો.
૩. સ્ત્રી. માટીનું એક જાતનું વાસણ; કુલડી.
૪. સ્ત્રી. સોનું રૂપું ગાળવાની માટીની વાટકી.

કુરડુ (કુરડ઼ુ) સ્ત્રી. એક જાતની જંગલી ભાજી. તેના છોડ એકથી બે ફૂટ ઊંચા થાય છે. વર્ષાઋતુમાં જંગલમાં તે આપોઆપ ઊગે છે. તેનાં નાનાં પાંદડાં ઉપર સફેદ ઝૂમખાદાર બિયાં આવે છે. ગરીબ લોકો તે શાકભાજી તરીકે ખાવામાં વાપરે છે. તેનાં પાંદડાં તથા મૂળિયાં ઔષધિમાં ઉપયોગી મનાય છે.

કુરડો (કુરડ઼ો) ૧. પું. માટીનું બનાવેલું લોટા ઘાટનું એક વાસણ.
૨. પું. સોનું રૂપું ગાળવાનો માટીનો વાટકો.

કુરણ ૧. પું. એક જાતનો છોડ.
૨. પું. એક જાતનો હથિયારની ધાર કાઢવાનો પથ્થર.

કુરણા [સં. કરુણા] સ્ત્રી. કૃપા; દયા.

કુરતની ૧. સ્ત્રી. ગળામાં પહેરવાનું પહેરણ.
૨. સ્ત્રી. પલંગની ઉપર ચારે પાસ નાખવામાં આવતું જાળીદાર પડદાનું કપડું; મચ્છરદાની.

કુરતિ [સં.] સ્ત્રી. દુષ્ટ પ્રકારનો રતિવિલાસ; અનિષ્ટ રીતનો સંભોગ.

કુરતી ૧. સ્ત્રી. સ્ત્રી. સોની લોકો તેમની સાંકેતિક ભાષામાં આ શબ્દ વાપરે છે.
૨. સ્ત્રી. સ્ત્રીઓને પહેરવાનું એક વસ્ત્ર.

કુરતી ઉતારવી = અક્ષતયોનિ કન્યાનો . ઉપભોગ કરવો.

કુરતું ન. પહેરણ; કુડતું.

કુરથી [સં. કુલત્થ] ન. એક જાતનું ધાન્ય; કળથી.

કુરથ્યા સ્ત્રી. નાની શેરી; ગલી.

કુરદ્વિ પું. (પિંગળ) સાત અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉષ્ણિક છંદનો એક ભેદ છે. તેમાં જગણ, નગણ અને લઘુ મળી સાત વર્ણ હોય છે.

જ ના લઘુ કુરદ્વિ. રણપિંગળ

કુરનસ [ફા.] સ્ત્રી. અદબસર સલામ કરવી તે; દંડવત્ પ્રણામ.

કુરનિસ જુઓ કુરનસ.

કુરબ ૧. પું. અધિકાર; દોર; સત્તા.
૨. અ. નજીક; પાસે.

કુરબક [સં.] ન. એક જાતનું ફૂલઝાડ; ચંપો; કટસરૈયા.

કુરબત ૧. સ્ત્રી. નજીક હોવું તે; પાસે હોવાપણું.
૨. સ્ત્રી. સગપણ; સંબંધ.

કુરબાન ૧. પું. બલિદાન; સમર્પણ; ભોગ.
૨. પું. બાણનું ભાથું.
૩. વિ. અર્પણ કરેલું; અધીન.

૪. વિ. એકધ્યાન; તલ્લીન.

૫. વિ. ફિદા; ખુશખુશ; મુગ્ધ; પ્રેમઘેલું.

કુરબાનગાહ સ્ત્રી. બલિદાન આપવાની જગ્યા.

કુરબાની (કુરબાની) ૧. સ્ત્રી. આત્મયજ્ઞ; આત્મભોગ; બળિદાન.

૨. સ્ત્રી. ખુશખુશ થઈને અપાતી મોટામાં મોટી બક્ષિશ.

૩. સ્ત્રી. મુસલમાનોને હજ કરવાને માટે અપાતી રકમ.

૪. વિ. બળિદાન અપાયેલું.

કુરબી સ્ત્રી. કુલડી; માટીનું નાનું કુરડાં જેવું એક વાસણ; નાની ભંભલી.

કુરબુક ન. એ નામનું ઝાડ; કુરબક.

કુરભી ન. એક જાતનું વનપશુ.

કુરમ [સં. કૂર્મ] પું. કાચબો.

કુરમરા પું. બ. વ. મરમરા; ચોખામાંથી બનાવેલી ખાવાની એક વસ્તુ.

કુરમલડો (કુરમલડ઼ો) પું. કુલેર; કાંગનો તેલમાં કરેલ ઘસિયો.

કુરમાનંદ ૧. સ્ત્રી. આહીરની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. આહીરની એ નામની અટકનું.

કુરમી ૧. [હિં.] સ્ત્રી. પૂર્વ અને મધ્ય હિંદુસ્તાનમાં વસતી ખેડૂત જેવી એક જાતિ.

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

કુરમુરા જુઓ કુરમરા.

કુરયશી ૧. સ્ત્રી. એ નામની મુસલમાનની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કુરયાલ ૧. [હિં.] સ્ત્રી. આરામ; શાંતિ.

૨. સ્ત્રી. પોતાની ચાંચ વડે પાંખ સમારી પક્ષીનું આરામથી બેસવું તે.

કુરર ૧. પું. કુંજ પક્ષી; ક્રૌંચ; સારસ.

૨. પું. ચોપન વાયુતત્ત્વદેવતામાંનો એક.

૩. પું. ટિટોડો.

કુરરિકા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં નગણ, રગણ અને બે ગુરુ મળી આઠ વર્ણ હોય છે.

કુરરિકા ન રા ગા ગે.
રણપિંગળ

કુરરી ૧. સ્ત્રી. (પિંગળ) આર્યા છંદની જાતનો એક છંદ.

૨. સ્ત્રી. કુંજડી.

૩. [સં.] સ્ત્રી. ટિટોડી; ટિટિભ.

ગરૂડ આગળ યથા **કુરરી**, સાગર આગળ કૂપ,
મેઘ આગળ યથા ઝાકળ, ક્યાં તેલને ક્યાં તૂપ.
અખેગીતા

૪. સ્ત્રી. બકરી.

૫. સ્ત્રી. મેંઢી; ઘેટી.

કુરરીય પું. (પિંગળ) આર્યાની જાતનો એક માત્રામેળ છંદ. તેમાં ૫૧ લઘુ અને ૩ ગુરુ મળી ૫૪ વર્ણ અને ૫૭ માત્રા હોય છે.

કુરરીરુતા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ધૃતિ; પ્રમદા. આ છંદ શર્કરી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, જગણ, ભગણ, જગણ, લઘુ અને ગુરુ એમ ચૌદ અક્ષર હોય છે. આમાં છઠ્ઠા અક્ષર પછી યતિ કે વિસામો આવે છે.

રચ **કુરરીરુતા** ન જ ભ જા લ ગથી.
રણપિંગળ

કુરલ ૧. પું. (સંગીત) કર્ણાટકી સંગીતમાં સ્વરસપ્તકમાંનો પ્રથમ સ્વર; સા.

૨. [સં.] પું. કેશની લટ.

૩. પું. ટિટોડો; એક જાતનું પક્ષી.

૪. સ્ત્રી. એક જાતનું નાનું ગામઠી વાજું. તે ભરવાડ લોકો વાપરે છે.

કુરલાંત પું. અવાજ અને ગરબડ.

કુરલી ૧. સ્ત્રી. એક પ્રકારનો છોડ. તેનાં પાનની ભાજી થાય છે. છોડવા નીચે રેસા નીકળી તેને છેડે કંદ આવે છે. તેનાં પાન પાણકંદા જેવાં પણ તેનાથી સાંકડાં અને નાનાં થાય છે.

૨. સ્ત્રી. કરચલી.

૩. [સં.] સ્ત્રી. ટિટોડી.

કુરવ ૧. [સં.] પું. એક જાતનું ફૂલઝાડ; સીતમંદાર.

૨. પું. કબૂતર.

૩. વિ. દુષ્ટ અવાજવાળું; ખરાબ અવાજનું.

કુરવક પું. રાતો કાંટાસળિયો. તેને ફૂલ ન આવતાં હોય તો માન્યતા પ્રમાણે તેને સ્ત્રીએ આલિંગન દીધાથી એ ફૂલે છે.

કુરવર ૧. પું. એક જાતનો છોડ.

૨. પું. રાતા કાંટાસળિયાનું ફૂલ.

૩. [સં.] સ્ત્રી. એક વનસ્પતિ; મેંદી.

કુરવાણ વિ. (જૂ. ગુ.) કુરબાન; બલિદાન તરીકે આપેલું.

કુરવાર ૧. સ્ત્રી. દક્ષિણમાં વસતી એક અંત્યજ કોમ.

૨. ન. એ નામની કોમનું માણસ.

૩. વિ. એ નામની કોમનું.

કુરવિંદ ન. એક જાતનું રત્ન; કુરુવિંદ.

કુરશાત (કુરશત) [અ.] પું. અબજદપદ્ધતિના આઠ માંહેનો છઠ્ઠો શબ્દસમૂહ. જુઓ અબજદપદ્ધતિ. તેના દરેક અક્ષરની કીમત નીચે પ્રમાણે છે:

કોફ	ર	શીન	ત
૧૦૦	૨૦૦	૩૦૦	૪૦૦

કુરસ ૧. પું. કુટેવ.

૨. [હિં.] પું. ખરાબ ગંધ.

૩. [સં.] પું. ખરાબ રસ.

૪. પું. દારૂ; શરાબ.

૫. વિ. ખરાબ રસવાળું.

કુરસત [હિં.] સ્ત્રી. એક જાતની જાડી ખાંડ.

કુરસાર પું. એક જાતનો જંગલી છોડ. તે પશ્ચિમઘાટમાં ટેકરા ઉપર સામાન્ય રીતે જોવામાં આવે છે. તેને પુષ્કળ ધોળાં સુગંધી ફૂલ આવે છે.

કુરસી ૧. [અ.] સ્ત્રી. આરામખુરસી.

૨. સ્ત્રી. ખુદાનું તખ્ત; સ્વર્ગ.

૩. સ્ત્રી. ગાદી; તખ્ત.

૪. સ્ત્રી. થાંભલાનો પાયો.

૫. સ્ત્રી. નદીમાં ચાલી શકે તેવી નાવડી.

૬. સ્ત્રી. મકાનની ઊંચી બેઠક.

૭. સ્ત્રી. લખનૌ પાસેનું એ નામનું ગામ.

૮. સ્ત્રી. વંશાવળી; પેઢીનામું.

કુરસીનશીન ૧. પું. દરબારમાં જગ્યા મળવા માટે હક્કદાર માણસ.

૨. વિ. ખાતરી કરેલું.

૩. વિ. સ્થિર થયેલ; જગ્યાએ કાયમી થયેલ.

કુરસીનામા [અ.] ન. કુટુંબની વંશાવળી.

કુરસીનામું ન. કુટુંબની વંશાવળી; વંશવૃક્ષ; પેઢીનામું.

કુરહ ન. ગૂમડું.

કુરહન [અ.] અ. મુશ્કેલીથી.

કુરંક વિ. અતિશય દરિદ્ર; ઘણું ગરીબ.

કુરંકર [સં.] પું. સારસ પક્ષી.

કુરંકુર જુઓ કુરંકર.

કુરંગ ૧. [સં.] પું. એ નામનું એક તીર્થ.

૨. પું. એક જાતનું લોઢું; તારલોહ.

૩. પું. એક રંગનો ઘોડો.

૪. પું. ખરાબ રંગ.

૫. પું. ખરાબ લક્ષણ.

૬. પું. (પિંગળ) ચૌદ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; ગોપ. તેના દરેક ચરણમાં રગણ, જગણ, રગણ, જગણ, ગુરુ અને લઘુ એમ ચૌદ અક્ષર હોય છે. તેમાં આઠમા અક્ષર ઉપર વિસામો આવે છે.

૭. પું. બદામી રંગનું હરણ.

૮. પું. (પુરાણ) મેરુની પાસે આવેલ પર્વત માંહેનો એ નામનો એક.

૯. વિ. (જૂ. ગુ.) રંગ વગરનું; નિસ્તેજ; ફિક્કું.

કુરંગક ૧. [સં.] પું. અકલકરો.

૨. પું. હરણ; મૃગ.

કુરંગડુ (કુરંગડુ) ન. હરણું.

કુરંગણી ૧. સ્ત્રી. એલચી; કોરંગી.

૨. સ્ત્રી. હરણી; મૃગી.

કુરંગનયના ૧. [સં.] સ્ત્રી. મૃગના જેવી ચંચળ આંખોવાળી સ્ત્રી; હરિણાક્ષી; મૃગનયના.

૨. સ્ત્રી. હરણી; કુરંગણી.

કુરંગનાભિ [સં.] સ્ત્રી. કસ્તૂરી.

કુરંગમ [સં.] પું. એક જાતનો મૃગ.

કુરંગરાજ [સં.] પું. હરણ.

કુરંગલાંછન [સં.] પું. ચંદ્રમા.

કુરંગસાર [સં.] પું. કસ્તૂરી.

કુરંગા [સં.] સ્ત્રી. હરણી.

કુરંગાવતાર પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે. તેમાં યગણ, યગણ, સગણ, સગણ એમ ૧૨ અક્ષર હોય છે.

કુરંગાવતારે ય ય સા સ ધરો. રણપિંગળ

કુરંગી ૧. પું. વાનર.

૨. સ્ત્રી. એલચી; કોરંગી.

૩. સ્ત્રી. ઘોડાની એક કનિષ્ટ જાત.

૪. [સં.] સ્ત્રી. હરણી; મૃગી.

કુરંગીશ [સં.] પું. છપ્પન પાર્થિવતત્ત્વદેવતા માંહેનો એ નામનો એક. જુઓ પાર્થિવતત્ત્વદેવતા.

કુરંજ પું. ધાતુને સાફ કરી ઓપ દેવાનો એક ઘણી કઠણ ધાતુનો ભૂકો.

કુરંજકાગળ પું. કોઈ પણ ધાતુ કે ચીજને સાફ કરવા એક કઠણ ધાતુનો ભૂકો લગાડેલો કાગળ અથવા લૂગડું; રેતીનો કાગળ.

કુરંટ ૧. પું. પીળી ઝીંઝોટી નામની વનસ્પતિ.

૨. ન. એક જાતનું પક્ષી; ધોયરા.

કુરંટક [સં.] પું. એ નામની એક વનસ્પતિ; પીળાં ફૂલવાળો કાંટાસળિયો.

કુરંટિકા [સં.] પું. કાંટાસળિયો.

કુરંડ ૧. [સં.] પું. અખરોટનું ઝાડ.

૨. પું. અંડવૃદ્ધિનો રોગ; વધરાવળ.

૩. [સં. કુરુવિંદ] પું. એક ખનિજ પદાર્થ. સાકરની નાની કટકી જેવા રૂપમાં તે મળે છે. કઠણાશમાં તે હીરાથી કાંઈક કમ હોય છે. રંગ અનુસાર તેને માણેક, નીલમ, પોખરાજ, ગોમેદ વગેરે કહે છે.

૪. [હિં.] પું. પથરી.

કુરંડક ન. એ નામનું એક ઝાડ.

કુરંડિકા પું. આગિયો.

કુરંદ ૧. ન. એક જાતનો કીમતી પથ્થર.

૨. ન. તામ્ર રંગનો પથ્થર.

કુરંધી ૧. સ્ત્રી. કોકોનાડા તરફની ભાર ખેંચનારી લોકોની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

કુરંબક પું. રાતો કાંટાસળિયો.

કુરા ૧. પું. ઇંદ્રજવ.

૨. [અ.] પું. ગોળો.

૧. કુરાયે અર્ઝ = જમીનનો ગોળો; ભૂગોળ.

૨. કુરાયે અર્ઝ ઝમીન = જમીનનો પ્રદેશ; ભૂગોળ.

૩. કુરાયે આતશ = અગ્નિનો પ્રદેશ.

૪. કુરાયે આબ = પાણીનો પ્રદેશ.

૫. કુરાયે ખાક = પૃથ્વીનો ગોળો.

૬. કુરાયે નાર = અગ્નિપ્રદેશ.

૭. કુરાયે ફલકી = આકાશગોળો.

૮. કુરાયે બાદ = પવનનો પ્રદેશ.

૩. પું. જૂના જખમમાં પડી જતી ગાંઠ.

૪. પું. નસીબ.

કુરા અંદાઝ = (૧) નસીબ અજમાવનાર. (૨) પાસો ફેંકનાર.

૫. પું. પાસાની રમત.

૬. [અ. કરઅ (તેણે લગાવ્યું)] પું. પાસો.

૭. પું. પાસો ફેંકવો તે.

૮. ન. એ નામનું ઝાડ. તેને મેથી જૂન સુધીમાં સુંદર સફેદ ફૂલ આવે છે. જૂનમાં બી પાકે છે. ફૂલ સુગંધવાળાં હોય છે. આ ઝાડ સુંદર અને સુવાસિત હોવાથી બાગમાં વવાય છે. ગરમ પ્રદેશમાં સૂકી હવામાં તે થાય છે.

૯. ન. એક જાતનું ફૂલ; શિરીષ.

કુરાઈ [અ.] વિ. ગોળ.

કુરાગી ૧. સ્ત્રી. (સંગીત) ગાયન ગાતાં થતો એક દોષ.

૨. વિ. ખરાબ રાગવાળું.

કુરાછાલ સ્ત્રી. એ નામની એક વનસ્પતિ. તે હિંદનાં જંગલોમાં થાય છે.

કુરાજ ૧. પું. (કચ્છી) કાચનો શીશો.

૨. ન. ખરાબ રાજ્ય.

કુરાજનીતિ સ્ત્રી. રાજ્યને નુકસાન પહોંચાડે તેવી નીતિ.

કુરાજી વિ. કરાજી; નાખુશ.

કુરાજીપો પું. નારાજી; નાખુશ થવાપણું.

કુરાજ્ય [સં.] ન. અંધાધૂંધીવાળું રાજ્ય; ખરાબ રાજ્ય.

કુરાઝા [અ.] સ્ત્રી. સોના કે રૂપાની નાની કણી.

કુરાડો (કુરાડો) પું. કુહાડી.

કુરાણી ૧. સ્ત્રી. વાણિયાની એ નામની એક અટક.

૨. ન. એ અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કુરાતાની વિ. હલકાં કામ કરવાવાળું.

કુરાન (કુરાન) [અ.] ન. ઇસ્લામીઓનો પવિત્ર ગ્રંથ. જુઓ કુરાને શરીફ.

૧. કુરાન ઉઠાવવું = માથા ઉપર રાખવું.

૨. કુરાન કસમ ખાવા = કુરાન ઉપર હાથ રાખવો; કુરાનના સોગંદ લેવા.

૩. કુરાન ઠંડું કરવું = કુરાન હાથમાંથી પડી જવું. જો કુરાન હાથમાંથી પડી જાય તો તેના વજન જેટલા અનાજની ખેરાત કરવી જોઈએ.

૪. કુરાનનો દૌર કરવો = એકબીજાને કુરાન સંભળાવવું.

૫. મુલ્લા કુરાની = (૧) ન્યાયનો અમલદાર. તે કુરાનના સોગન આપે છે. (૨) મરી ગયેલા માણસને ઘેર ૪૦ દિવસ સુધી કુરાન વાંચવાનો ધંધો કરનાર માણસ.

કુરાનખાની (કુરાનખાની) [અ.] સ્ત્રી. કુરાનનું વાચન.

કુરાનધર્મ (કુરાનધર્મ) પું. ઇસ્લામ; મુસલમાની ધર્મ.

કુરાનિન (કુરાનિન) ૧. પું. મુસલમાન.

૨. વિ. કુરાનને માનનાર.

કુરાની (કુરાની) ૧. [અ.] પું. મુસલમાન.

૨. વિ. કુરાન ઉપર વિશ્વાસ રાખનાર.

૩. વિ. કુરાન જાણનાર; કુરાન ભણનાર.

૪. વિ. કુરાનનું; કુરાન સંબંધી.

૧. આયાતે કુરાની = કુરાનની કડીઓ.

૨. કુરાની મુલ્લાં = કુરાનની પ્રતિજ્ઞા લેવડાવનાર માણસ.

કુરાને શરીફ (કુરાને શરીફ) [અ.] ન. મુસલમાનોનો પવિત્ર ધર્મગ્રંથ; તેમાં ૧૧૪ પ્રકરણ છે જે દરેકને સૂરત કહે છે. તેમાં ૫૪૦

પેરેગ્રાફ અને ૬૬૬૬ વાક્ય છે. તે માંહેનાં ૧૦૦૦ વાક્યોમાં કિસ્સાઓ અને ઐતિહાસિક વર્ણનો છે, ૧૦૦૦માં દૃષ્ટાંતો છે, ૧૦૦૦માં કૃપાના વાયદા છે, ૧૦૦૦માં શિક્ષાની બીક છે, ૧૦૦૦માં વિધિઓ છે, ૧૦૦૦માં નિષેધ હુકમો છે, ૫૦૦માં હલાલ(ગ્રાહ્ય) ને હરામ (અગ્રાહ્ય)નું વર્ણન છે, ૧૦૦માં પ્રાર્થના છે ને ૬૬માં રદ્દ કરનારને ૩૦ દિવસ એટલે એક મહિનામાં પૂરું વાંચી રહેવા માટે તેના ૩૦ ભાગ કર્યા છે. તે દરેક ભાગને પારા સીપારા કે જુજ્વ કહે છે. તે ૭ દિવસમાં પૂરું કરવાને ૭ ભાગ કર્યા છે; તે દરેક ભાગને મંજિલ કહે છે. તે ખુદાએ મહમ્મદને કહેલા શબ્દનું બનેલું છે. મહમ્મદે તે મોઢે કહ્યા હતા અને ઉમર ખલીફાએ તેને એકઠા કરી ચોપડીમાં લખ્યા હતા.

કુરામ (કુરામ) ૧. [અ.] પું. મોભો.

૨. વિ. મોટું; માનનીય.

કુરામુ સ્ત્રી. સિંધુ નદીને મળનારી કોરમ નામની નદીનું પ્રાચીન નામ.

કુરાય ૧. પું. ખરાબ રાજા.

૨. પું. સીમાડાનો રાજા.

કુરારી સ્ત્રી. એક જાતની જલેબીના આકારની મીઠાઈ. તે સાબુચોખાની કે ચોખાના લોટની બનાવાય અને ઘીમાં તળીને ખવાય.

કુરાલ ૧. [સં.] પું. ધોળા રંગનો કાળા પગવાળો ઘોડો.

૨. પું. હિમાલય ઉપર થતું એક જાતનું ઝાડ.

કુરાસ [હિં.] પું. એ નામનો એક છોડ.

કુરાહ ૧. પું. કુમાર્ગ; ખરાબ રસ્તો.

૨. [હિં.] પું. ગોળ વાડો.

૩. [સં.] પું. ધોળા રંગનો કાળા પગવાળો ઘોડો; કુરાલ.

૪. અ. ખરાબ રસ્તે.

કુરાહી ૧. સ્ત્રી. દુરાચાર.

૨. [હિં.] વિ. કુમાર્ગી; ખરાબ રસ્તે ચાલનાર; દુરાચારી.

કુરિણ ન. મોટું જંગલ.

કુરિન [અ.] ન. સ્વતંત્રતા.

કુરિયા ૧. પું. વ. વ. ઠોઠા.

૨. પું. વ. વ. પલાળી, ખાંડી અને ફોતરાં કાઢી ચોખ્ખા કરેલા અનાજના કણ.

૩. પું. વ. વ. પોંક.

કુરિયાલ ૧. [હિં.] સ્ત્રી. આરામ; શાંતિ.

૨. સ્ત્રી. આરામથી બેસતું એક પક્ષી.

કુરિયો ૧. પું. કળિયું; જમીન ખેડવા માટેનું હળમાં રાખેલું સાધન.

૨. પું. છડેલ દાણો.

૩. પું. જુવારના ફાડાને દાળના પાણીમાં રાંધીને થતો ગરીબ માણસોનો એક ખારાક.

૪. પું. ધાન્યને જાડું દળી, બાફી, મીઠું વગેરે નાખી બનાવાતો માંદાને ખાવાનો એક પદાર્થ.

કુરિવાજ પું. ખરાબ ચાલ; નઠારો રિવાજ.

કુરી ૧. સ્ત્રી. એક જાતનું ઘાસ; કણેરું; પાણેરું. તે એથી ત્રણ ફૂટ ઊંચું વધે છે. તેની દાંડી નરમ અને જમીન તરફ વળેલી હોય છે. દાંડીના સાંધામાંથી મૂળ નીકળે છે. દાંડીને ફૂલની પાતળી ચમરી આવે છે. તે ઢોરનો ચારો છે.

૨. સ્ત્રી. એક જાતનું બંટીને મળતું અનાજ; એક પ્રકારનું ખડધાન્ય.

૩. સ્ત્રી. મોટી કોડી.

૪. સ્ત્રી. વંશ; જાતિ.

કુરીજ સ્ત્રી. પક્ષીઓનાં પીછાં વગેરે ખરી પડવાપણું.

કુરીઝ જુઓ કુરીજ.

કુરીત ૧. સ્ત્રી. અસભ્યતા; ગેરવર્તણૂક; ખરાબ ચાલચલગત; કુચાલ.

૨. સ્ત્રી. ગેરઉપયોગ.

૩. વિ. ગેરકાયદેસરનું; રિવાજથી ઊલટું.

૪. વિ. સભ્યતાથી વિરુદ્ધ.

કુરીતિ [સં.] સ્ત્રી. કુચાલ; ખોટી રીત.

કુરીર ૧. ન. એક જાતનો સ્ત્રીઓના માથાનો શણગાર.

૨. [સં.] ન. માથાનો અમુક અવયવ.

૩. ન. મૈથુન; સુરત.

કુરુ ૧. પું. આગ્નિધ્ર રાજાનો પૂર્વચિતિ નામની અપ્સરાથી થયેલો એ નામનો દીકરો.

૨. પું. એક જાતના પ્રાચીન લોક; વૈદિક આર્યોનું એક કુળ.

૩. [સં.] પું. એક પ્રાચીન દેશ; અર્વાચીન દિલ્હીની આજુબાજુ આવેલો એક દેશ; સરસ્વતી અને દશદ્રૂતી નદી વચ્ચેનો પ્રદેશ. સ્વાયંભુવ મનુના સમયમાં તે બ્રહ્માવર્ત કહેવાતો હતો. તે આશરે ૭૦ માઈલ લાંબો અને ૩૦ માઈલ પહોળો હતો અને દિલ્હીની ઉત્તરે આશરે ૧૦૦ માઈલ દૂર આવેલો હતો. તેના બે ભાગ હતા: ઉત્તરકુરુ અને દક્ષિણકુરુ. દક્ષિણકુરુ હિમાલયની દક્ષિણે હતો, જેમાં પાંચાલાદિ દેશ હતા. ઉત્તરકુરુ હિમાલયની ઉત્તરમાં હતો, જેમાં તિબેટ વગેરે હતા. તેને લોકો સ્વર્ગ પણ કહેતા હતા.

૪. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે કુંડળિયાનો ભેદ છે.

૫. પું. કર્તા; કામ કરનાર માણસ.

૬. પું. કુરુદેશનો રાજા.

૭. પું. કુરુના વંશમાં ઉત્પન્ન થયેલ પુરુષ.

૮. પું. નિઝામના રાજ્ય પાસે આવેલ એક પ્રદેશ. તેની રાજધાની કલ્યાણી છે.

૯. પું. ભાત; રાંધેલા ચોખા.

૧૦. પું. ભોંયરીંગણી નામની વનસ્પતિ.

૧૧. પું. યજ્ઞ કરનાર પુરુષ.

૧૨. પું. વિશ્વેદેવનો એક વર્ગ.

૧૩. પું. સોમવંશી એક રાજા. તેના વંશમાં પાંડુ અને ધૃતરાષ્ટ્ર થયા હતા.

કુરુકતુના પું. એક જાતનો ગુંદર.

કુરુકુંદ ન. એક જાતનું ઘાસ.

કુરુક્ષેત્ર ૧. ન. કજિયા કંકાસનું સ્થળ.

૨. [સં.] ન. (પુરાણ) પાંડવ કૌરવના યુદ્ધનું ઐતિહાસિક પ્રાચીન સ્થળ; થાણેશ્વર. પહેલાં આ જિલ્લામાં સોનપત, અમીન, કરનલ અને પાણીપતનો સમાવેશ થતો. ઉત્તરે સરસ્વતી અને દક્ષિણે દશદ્રૂતીની વચ્ચે એ પ્રદેશ ગણાતો હતો. પાંડવ અને કૌરવોનું યુદ્ધ માત્ર થાણેશ્વરમાં જ નહિ પણ એની આસપાસના પ્રદેશમાં પણ થયું હતું. થાણેશ્વરમાં દ્વૈપાયન હ્રદ આવેલ છે. બ્યાસસ્થલી જેને હાલ વાસસ્થલી કહે છે તે થાણેશ્વરથી નૈર્ઋત્યમાં સત્તર માઈલ દૂર આવેલું છે. થાણેશ્વરની દક્ષિણે પાંચ માઈલ ઉપર આવેલા અમીન નામના સ્થળમાં અર્જુનપુત્ર અભિમન્યુ મરાયો હતો. આ જ સ્થળે અર્જુને અશ્વત્થામાને હરાવી એના માથાની ખોપરી કાપી કાઢી હતી. અમીન નામ અભિમન્યુ ક્ષેત્ર ઉપરથી પડ્યું હોય એમ કહેવાય છે. આ સ્થળે જ અદિતિએ સૂર્યને પ્રસવ્યો હતો. થાણેશ્વરથી પશ્ચિમે આઠ માઈલ ઉપર આવેલ ભોર નામના સ્થળમાં ભૂરિશ્રવા મરાયો હતો. ચક્રતીર્થ નામની જગ્યાએ શ્રીકૃષ્ણે ભીષ્મને હણવા પોતાનું ચક્ર હાથમાં ઉપાડ્યું હતું. થાણેશ્વરથી નૈર્ઋત્યમાં અગિયાર માઈલે આવેલા નાગંડુ નામના સ્થળમાં ભીષ્મ મૃત્યુ પામ્યા હતા અને ઔજસ ઘાટની દક્ષિણે થાણેશ્વરની પશ્ચિમે આવેલા અસ્થિપુરમાં મહાભારતમાં મરાયેલા યોદ્ધાઓનાં શબ એકઠાં કરી તેમને અગ્નિસંસ્કાર કરાવાયો હતો. સોનપત અને પાણીપત એ સોનપ્રસ્થ અને પાણીપ્રસ્થ ઉપરથી વિકૃત થયેલાં નામ છે. કુરુક્ષેત્રને સ્થાણુતીર્થ અને સ્યમંતપંચક પણ કહેતા. થાણેશ્વરની ઉત્તરે અર્ધા માઈલ ઉપર મહાદેવ

સ્થાણુનું દેવળ આવેલું છે. ન્યાય અન્યાય, ધર્મ અધર્મ, કે સત્ય અસત્યનો છેવટનો નિર્ણય આપનાર ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને અહીં ધર્મનું રહસ્ય સમજાવ્યું હતું. પૂર્વે કુરુ નામના રાજાએ ઉગ્ર તપશ્ચર્યા અહીં કરી હતી તેથી તેનું નામ કુરુક્ષેત્ર પડ્યું મનાય છે. તે હસ્તિનાપુરની આસપાસનું મેદાન છે. દિલ્હી શહેર આ મેદાન ઉપર જ છે. કૌરવ પાંડવોના પૂર્વજ કુરુ નામના રાજા આ મેદાનમાં હળથી કષ્ટથી ખેતી કરતા હતા, તેથી તેને ક્ષેત્ર એટલે ખેતર એમ કહે છે. પછી આ ક્ષેત્રમાં જે તપ કરશે કે યુદ્ધમાં મરાશે તેને સ્વર્ગ મળશે એવો ઇંદ્રે કુરુને વર આપ્યો. તે ઉપરથી તેણે તે ક્ષેત્રને ખેડવાનું છોડી દીધું એવી મહાભારતમાં કથા છે. ઇંદ્રના આ વરદાનને લીધે જ આ ક્ષેત્રને પુણ્યક્ષેત્ર અથવા ધર્મક્ષેત્ર કહેવા લાગ્યા. મહાભારતના યુદ્ધના આરંભકાળે શ્રીકૃષ્ણે સ્થાપેલ જ્યોતીશ્વરની જગ્યા તેની નજીક છે. ઋગ્વેદમાં લખ્યું છે કે પ્રાચીનકાળમાં ઋષિઓ આ સ્થાન ઉપર યજ્ઞાદિ ક્રિયા કરતા હતા. હાલ ત્યાં એક ઘણા પ્રાચીન અને પવિત્ર સરોવરનાં ચિહ્નો છે, જેનું નામ ઋગ્વેદમાં સર્યણાવત લખ્યું છે. તેની અંદર ઘણાં મોટાં અને પવિત્ર તીર્થ હતાં જેનાં ચિહ્નો હજુ સુધી મળે છે. એવું પ્રસિદ્ધ છે કે ત્યાંના બ્રહ્મસર નામના સરોવરમાં પરશુરામે સ્નાન કરી પોતાને ક્ષત્રિયહત્યાના પાપમાંથી મુક્ત કર્યા હતા અને મહારાજા પુરુરવાએ આને કિનારે ઉર્વશી ફરી મેળવી હતી. ચંદ્રવંશી રાજા કુરુ આ સરોવરોમાંના કોઈ એકના કિનારા ઉપર તપ કરીને ગુપ્ત થયા હતા. પછી ત્યાં સ્થાણુ નામના મહાદેવની એક મૂર્તિ સ્થાપિત થઈ અને સ્થાણ્વીશ્વર અથવા થાનેસર નામનુ નગર વસ્યું. ત્યાં પુણ્યભૂતિએ વર્દ્ધન નામના રાજવંશની પ્રતિષ્ઠા કરી, જેમાં પ્રસિદ્ધ મહારાજ હર્ષવર્દ્ધન થયા. ગ્રહણ, પર્વ વગેરે અવસરોએ આજે પણ ત્યાં ઘણા મોટા મેળા ભરાય છે. અહીં સતીના જમણા પગની ઘૂંટી પડી હોવાથી પીઠસ્થાન પણ છે.

કુરુક્ષેત્રીયોગ પું. જ્યોતિષપ્રસિદ્ધ એક યોગ.

કુરુખ ૧. સ્ત્રી. બિહાર અને ઓરિસ્સા તરફની એક ભાષા.

૨. વિ. નારાજ; કુપિત.

કુરુખંડ [સં.] પું. ભારતવર્ષના નવ માંહેનો એ નામનો એક ખંડ.

કુરુખેત જુઓ કુરુક્ષેત્ર.

કુરુચરી પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં રગણ, ભગણ, લઘુ અને ગુરુ હોય છે.

રા ભ લા ગે **કુરુચરી.** રણપિંગળ

કુરુજાંગલ [સં.] પું. પાંચાલ દેશની પશ્ચિમે આવેલો એક પ્રાચીન દેશ; હસ્તિનાપુરની વાયવ્યમાં સિરહિંદમાં આવેલો વગડાઉ પ્રદેશ. બુદ્ધના સમયમાં એને શ્રીકર્ણ કે શ્રીકંઠદેશ કહેતા અને એની રાજધાની વિલાસપુર હતી. એ કુરુક્ષેત્રમાં ગણાતો. છઠ્ઠી સદીમાં એની રાજધાની થાણેશ્વરમાં હતી. મહાભારતમાં આખા કુરુક્ષેત્રને કુરુજાંગલ કહ્યો છે. કુરુઓની રાજધાની હસ્તિનાપુર તે કુરૂજાંગલમાં આવી હતી.

કુરુટ [સં.] પું. એક જાતની શાકભાજી.

કુરુટી [સં.] પું. ઘોડો.

કુરુતીર્થ [સં.] ન. એ નામનું એક તીર્થ. જુઓ કુરુક્ષેત્ર.

કુરુદેશ [સં.] પું. ભરતખંડનો એ નામનો એક દેશ. જુઓ કુરુ ૩.

કુરુનદિકા [સં.] સ્ત્રી. નાની નદી.

કુરુનંદન [સં.] પું. અર્જુન.

કુરુપાંચાલ ૧. [સં.] પું. (પુરાણ) કુરુદેશની પૂર્વ દિશાને લગતો પાંચાલ દેશ.

૨. ન. એક પ્રાચીન ચંદ્રવંશી કુળ.

કુરુપ્રવીર [સં.] પું. અર્જુન.

કુરુબિલ્વ [સં.] ન. પદ્મરાગમણિ; માણેક.

કુરુબી સ્ત્રી. કરેણ.

કુરુરાજ ૧. [સં.] પું. કુરુદેશનો રાજા.

૨. પું. દુર્યોધન.

કુરુરી ૧. [સં.] સ્ત્રી. એક જાતનું મધુર સ્વરવાળું પક્ષી.

૨. સ્ત્રી. ટિટોડી; કુરરી. તેનો સ્વર બહુ તીણો હોય છે.

કુરુલ ૧. પું. (સંગીત) પંદર માંહેનો એ નામનો એક ગમક.

૨. [સં.] સ્ત્રી. માથા ઉપર વિખરાયેલી વાળની લટ.

૩. [તુ.] ન. પરવાળું.

કુરુલા [સં.] સ્ત્રી. (સંગીત) એક પ્રકારનો ગમક.

કુરુવર્ણક પું. (પુરાણ) ભારતવર્ષીય એક દેશ.

કુરુવર્ષ જુઓ કુરુ ૩.

કુરુવિલ જુઓ કુરુબિલ્વ.

કુરુવિસી પું. સોનું તોળવાનું એક વજન. તે ૭૦૦ ટ્રોય ગ્રેન હોય છે.

કુરુવિંદ ૧. [સં.] પું. અડદ; માષ.

૨. પું. ઇંગુર; શિંગરફ.

૩. પું. એક જાતની ડાંગર.

૪. પું. એક જાતનું ઘાસ; નાગરમોથ.

૫. પું. કાચલવણ.

૬. પું. કુટિલિક નામનો એક જાતનો જંઘારોગ.

૭. પું. કેળનો થાંભલો.

૮. પું. દર્પણ; અરીસો.

૯. પું. માણેક; પદ્મરાગમણિ.

૧૦. પું. હિંગળોક.

કુરુવીર [સં.] પું. દુર્યોધન.

કુરુવૃદ્ધ [સં.] પું. ભીષ્મ પિતામહ. કેમકે તે કૌરવમાં સૌથી વૃદ્ધ હતા.

કુરુશ્રવણ [સં.] વિ. ઋત્વિજોની સ્તુતિ સાંભળનાર.

કુરુશ્રેષ્ઠ ૧. [સં.] પું. અર્જુન.

૨. વિ. કુરુકુળમાં ઉત્તમ.

કુરુસત્તમ [સં.] પું. અર્જુન.

કુરુસુતિકાણ્વ ૧. પું. ઋગ્વેદના આઠમા મંડલના ૭૬થી ૭૮મા સૂક્તનો કર્તા એક ઋષિ.

૨. પું. સામવેદનો એ નામનો એક ઋષિ.

કુરુસેલેદ [હિં.] પું. એક જાતનો વિલાયતી છોડ. તેનાં પાંદડાંની ચટણી કરવામાં આવે છે. તેની બે જાત છેઃ પહોળાં અને ઊભાં પાંદડાંવાળો છોડ અને ગૂંચળાંવાળાં પાંદડાંવાળો છોડ.

કુરુંબ ૧. [સં.] ન. એક જાતની નારંગી.

૨. ન. એક જાતનું બિજોરૂં.

૩. વિ. નારંગી રંગનું.

કુરુંબક જુઓ કુરુંબ.

કુરુંબા [સં.] સ્ત્રી. દ્રોણપુષ્પી નામની વનસ્પતિ.

કુરૂઇંદ્રાયન ન. એ નામની એક ઔષધિ. ગુજરાત અને દક્ષિણની રેતાળ જમીનમાં તે પુષ્કળ થાય છે.

કુરૂઢિ સ્ત્રી. નઠારો રિવાજ; દુષ્ટ ધારો.

કુરૂણિ સ્ત્રી. ડાંગર.

કુરૂતા ૧. સ્ત્રી. કઠોરતા.

૨. સ્ત્રી. ખાર; દ્વેષ.

કુરૂપ [સં.] વિ. કદરૂપું; બેડોળ; બદસૂરત; બદશિકલ; વરવું.

કુરૂપણી જુઓ કુરૂપા.

કુરૂપતા [સં.] સ્ત્રી. અસુંદરતા; બદસૂરતી; કદરૂપતા.

કુરૂપત્વ જુઓ કુરૂપતા.

કુરૂપા વિ. સ્ત્રી. કદરૂપી; રૂપ વગરની; બેડોળ.

કુરૂપી ૧. સ્ત્રી. એ નામની એક માછલી. 'ગ્રિસ્ટલિ ફિશ'.
૨. વિ. સ્ત્રી. કદરૂપી; રૂપવગરની; કુરૂપ.

કુરૂપ્ય ૧. [સં.] ન. કથીર; જસત.
૨. વિ. પૃથ્વીના ખરાબ સ્થાનથી આવેલ.

કુરૂબ ૧. સ્ત્રી. એ નામના લોકની એક જાત. તે બેલગામ, ધારવાડ ને બીજાપુર તરફ રહે છે. તેઓ ઢોર ચારવાનું અને ઊન વણવાનું કામ કરે છે.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

કુરૂબક ૧. [સં.] ન. એ નામના ઝાડનું ફૂલ.
૨. ન. એક જાતનું ઝાડ; રાતો કાંટાસળિયો. સુંદર સ્ત્રીના આલિંગનથી એને ફૂલ આવવાનું કહેવાય છે.

કુરૂબકા ન. એક જાતનું ફૂલઝાડ.

કુરૂમ ન. વહાણ લાંગરવાનો દોર; વહાણ લાંગરવાની નાની સાંકળ; લંગર.

કુરૂર પું. એ નામનો એક પર્વત્ત.

કુરૂવક જુઓ કુરૂબક.

કુરૂવિકરણ ૧. સ્ત્રી. મદ્રાસ ઇલાકામાં રહેતા વાઘરીની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

કુરૂષ ૧. પું. ક્રોધ; ગુસ્સો.
૨. પું. તાડકા નામની રાક્ષસીએ ઉજ્જડ કરેલ એ નામનો પ્રદેશ.

કુરૂંદા વિ. પથ્થરની એક જાતનું.

કુરૂંબન ૧. સ્ત્રી. કુર્ગ, મદ્રાસ, મ્હૈસુર અને હૈદરાબાદમાં વસતી એક રાનીપરજ કોમ.
૨. ન. એ નામની કોમનું માણસ.
૩. વિ. એ નામની કોમનું.

કુરૂંબા ૧. સ્ત્રી. નીલગિરિ પહાડ ઉપર વસતી એ નામની એક જાત. એ લોકની ભાષામાં કુરૂંબાનો અર્થ ખેડૂત થાય છે. આ લોકો રંગે કાળા અને કદે ઠીંગણા હોય છે અને અર્ધ નગ્નાવસ્થામાં ફરે છે. આ જાતમાં ત્રણ પેટા જાત છે: (૧) મુલુ (૨) નામા અને (૩) પવીસ. એક તડવાળા બીજા તડમાં પરણતા નથી. કેટલાક પહાડ ઉપર રહે છે અને કેટલાક ખીણોમાં રહે છે. સ્ત્રીઓ અતિ શરમાળ હોવાથી પરપુરુષ સાથે ભાગ્યે જ વાત કરે છે. એ લોકોનાં ઘરને બારણાં હોતાં નથી. આ લોકો ભાંગીતૂટી કાનડી અને તામિલ જેવી ભાષા બોલે છે. જંત્રમંત્રની વિદ્યામાં આ લોકો ઘણા કુશળ મનાય છે. રીતભાતમાં ઘણા ગંદા હોય છે અને એમ મનાય છે કે આ કુટુંબમાં રાતવાસો રહેનાર મુખ્યત્વે માંદો પડી મરણ પામે છે. આ જાત સામાન્ય રીતે શિવ અને વિષ્ણુને માને છે.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

કુરેડા (કુરેડ઼ા) સ્ત્રી. ઝાકળ.

કુરેથ પું. પશ્ચિમઘાટમાં ઊગતો એક છોડ.

કુરેભા [હિં.] સ્ત્રી. એક જાતની ગાય. તે વરસમાં બે વખત વિયાય છે.

કુરેશી ૧. સ્ત્રી. કુરુવંશી રજપૂતની અને સંધીની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કુરૈશ ૧. સ્ત્રી. અરબસ્તાનના અરબ લોકની એક જાત. મહમ્મદ પેગંબર આ જાતના કહેવાય છે.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

કુરૈશી જુઓ કુરૈશ.

કુરો સ. (કચ્છી) શું.

કુર્ક ૧. [હિં.] પું. કોઈ પણ પરદેશી વહાણને બંદરમાં આવવાની અગર બંદર છોડવાની કરવામાં આવતી મના.
૨. પું. જપ્ત કરવું તે.
૩. પું. રાજાની કે મોટા માણસની સ્ત્રીઓ પસાર થતી વખતે ગામના માણસોએ ઘરમાં રહેવાનો હુકમ.
૪. પું. વાડો.
૫. વિ. જપ્ત થયેલું.

કુર્કઅમીન [હિં.] પું. જપ્તી કરનાર અમલદાર; બેલિફ.

કુર્કનામા [હિં.] પું. બજવણીનો કાગળ.

કુર્કસઝાવલ જુઓ કર્કઅમીન.

કુર્કિકાર સ્ત્રી. એ નામની શરીરની એક નાડી.

કુર્કી ૧. સ્ત્રી. એક ઔષધિ; કાકતુંડી.
૨. [હિં.] સ્ત્રી. જપ્તી; દેણદારના માલ ઉપર કાયદેસરનો કબજો.

કુર્કુટ [સં.] પું. કૂકડો.

કુર્કુટફળ [સં. કુર્કુટફલ] ન. કૂકડવેલનું ફળ.

કુર્કુટલક્ષણ [સં.] ન. કૂકડાનાં લક્ષણ જોવાની કળા.

કુર્કુટવૃષભ [સં.] પું. મોટો કૂકડો.

કુર્કુટી [સં.] સ્ત્રી. કૂકડી.

કુર્કુર [સં.] પું. કૂતરો; શ્વાન.

કુર્કુરા [હિં.] વિ. બરડ.

કુર્કુરી ૧. [સં.] સ્ત્રી. કૂતરી.
૨. [હિં.] સ્ત્રી. પેટમાં ચૂંક આવવી તે.
કુર્કુરી ઊઠવી = (૧) પેટમાં ચૂંક આવવી. (૨) માઠું લાગવું.
૩. વિ. સ્ત્રી. બરડ.

કુર્ગ પું. હિંદની દક્ષિણે આવેલ એ નામનો એક પ્રાંત.

કુર્ડુ (કુર્ડું) ન. એક જાતની ઔષધિ. તેનાં બીમાંથી તેલ કાઢી દવા તરીકે ઉપયોગમાં લેવાય છે. એનાં ફૂલમાંથી લાલ રંગ નીકળે છે, જેથી વસ્ત્રો રંગાય છે.

કુર્ત ૧. પું. એરિંગ.
૨. પું. થોડો ભાગ.
૩. પું. ફરતું કાપવું તે.

કુર્તન ન. નાગરવેલનાં પાનનું એક માપ.
૪૦૦ પાન = ૧ કવ્લી
૪૦૦ કવ્લી = ૧ કુર્તન
૪ કુર્તન = ૧ ઓજહે.

કુર્તની ૧. સ્ત્રી. ખમીસ; પહેરણ.
૨. સ્ત્રી. મચ્છરદાની.
૩. સ્ત્રી. સ્ત્રીની ચોળી.

કુર્તી જુઓ કુર્તની.

કુર્દ પું. કુર્દિસ્તાનનો વતની માણસ. ઈરાન ઉપર બેબીલોનિઅની સાર્વભૌમ સત્તા હતી તે જમાનામાં આ લોકો તુર્કસ્તાનમાં આવીને વસ્યાનું ફિરદોસી જણાવે છે. ફિરદોસીએ આ લોકોની તવારીખમાં જણાવ્યું છે કે એક વખત ઈરાનમાં ઝોહાક નામનો એક પરદેશી રાજા રાજ્ય કરતો હતો. તેના ખભા ઉપર બે સર્પ હતા, જે તેને વારંવાર દુઃખ દેતા હતા. કેટલાકના જણાવવા પ્રમાણે તેને ખભા ઉપર કોઈ જાતનું દરદ હતું, જે સર્પને નામે જણાવવામાં આવતું હતું. આ દરદથી તેને બહુ દુઃખ થતું હતું. અહરિમાને વૈદના વેષમાં આવીને તેને સલાહ આપી કે દરરોજ બે માણસના મગજમાંથી બનાવેલો લેપ લગાડવામાં આવશે તો તે દરદ કે સર્પો તેને દુઃખ દેતા બંધ પડશે. આથી તેની રૈયતમાંથી દરરોજ બે માણસને મારવામાં આવતાં. આ પ્રમાણે લાંબો વખત સુધી ચાલ્યા પછી તે બાબત લોકોમાં ચર્ચા ચાલવા લાગી. તે વખતે શહેરમાં બે મહાપુરુષો હતા. તેમણે આ બાબત અટકાવવાનો પ્રયાસ કર્યો. તેઓનાં નામ અરમાઈલ અને

કરમાઈલ હતાં. તેઓ રસોઈયાના વેષમાં રાજા આગળ આવ્યા અને નોકરીની માગણી કરી. રાજાએ તેમને રસોઈયા તરીકે નોકર રાખ્યા. દરરોજ તેમની પાસે બે માણસ લઈ જવામાં આવતાં. તેઓને મારીને તેઓનાં મગજમાંથી રાજાને ખભે લગાડવાનો લેપ તેઓએ બનાવવાનો હતો. બેમાંથી એકને તેઓ મારતા અને બીજા માણસને બદલે દરરોજ છૂપી રીતે એક ઘેટાને તે મારતા અને માણસના મગજ સાથે ઘેટાનું મગજ મેળવી તેમાંથી લેપ બનાવતા અને રાજાને તે મોકલતા. આ પ્રમાણે દરરોજ બે માણસમાંથી એક માણસને તેઓ છોડાવતા અને તેને સંભાળથી ગુપ્ત રહેવાનું તેઓ કહેતા. આ પ્રમાણે શુમારે ૨૦૦ માણસોને તેઓએ બચાવ્યાં ત્યારે આ દયાળુ સંતો કે જેઓ રસોઈયા તરીકે કામ કરતા હતા, તેઓએ તેમને ઘેટાં તથા બકરાંનું એક ટોળું આપ્યું અને તેઓને કોઈ દૂર દેશાવર જતાં રહેવાનું કહ્યું. ફિરદોસીના જણાવવા પ્રમાણે ઝોહાકના જુલમમાંથી બચવા માટે ભાગી આવેલાં આ લોકોનાં વંશજો તે કુર્દ લોકો છે. કુર્દ લોકોના મૂળ વિષે બીજી પણ કેટલીક વાતો છે. મસૌદી તેમને અરબોની એક ભટકતી જાતના પરિવાર તરીકે જણાવે છે. બીજા એક હેવાલમાં કુર્દ લોકોને રાજા સોલોમનની દાસીનાં વંશજો તરીકે જણાવેલ છે. જ્યારે આ રાજાએ ગાદી ખોઈ ત્યારે તેની દાસીઓ બેવફા નીવડી. ફરીથી જ્યારે તે ગાદી ઉપર આવ્યો ત્યારે તેણે આ બેવફા દાસીઓને કાઢી મૂકી. આ કાઢી મૂકેલી દાસીઓનાં વંશજો તે કુર્દો મનાય છે. કાઢી મૂકવા માટે કરદ શબ્દ છે અને તે કરદ શબ્દમાંથી કુર્દ શબ્દ નીકળ્યો. ફિરદોસીના જણાવવા પ્રમાણે કુર્દ લોકો આર્ય છે. ડો. લુશન પણ તેમને આર્ય હોવાનું માને છે.

કુર્દું ન. એક જાતની બહુ સુશોભિત રેતાળ જમીનમાં ઊગતી વનસ્પતિ; શરવલિ; દેવકોટિ; શ્વેતમૂર્ધ.

કુર્નિશ સ્ત્રી. નમીને કે ઝૂકીને કરેલી સલામ; કુરનિસ.

કુર્પર ૧. [સં.] પું. કોણીનો ભાગ.

૨. પું. જાનુ; ગોઠણ; ઘૂંટણ.

કુર્પાસ સ્ત્રી. સ્ત્રીઓની કાંચળી કે ચોળી.

કુર્પાસક જુઓ કુર્પાસ.

કુર્રા સ્ત્રી. લૂણીની ભાજી; એક જાતની વનસ્પતિ.

કુર્બત ૧. [અ.] સ્ત્રી. દુઃખ; અફસોસ; શોક.

૨. (કુર્બત) સ્ત્રી. નજદીકપણું; નિકટતા.

કુર્બુજ ૧. વિ. ખરાબ બુદ્ધિવાળું.

૨. વિ. સમજ વિનાનું; મૂર્ખ.

કુર્મી ૧. સ્ત્રી. કણબીની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

કુર્મુક સ્ત્રી. સોપારી.

કુર્રી [હિં.] સ્ત્રી. કોમળ હાડકું.

કુર્વા સ્ત્રી. ભિક્ષા.

કુર્વાણ [સં.] પું. નોકર; ચાકર.

કુર્શા [ફા.] ન. ઊંટનું બચ્ચું; બોતડું.

કુર્સ (કુર્સ) ૧. પું. અરબસ્તાનનો ચાંદીનો એક સિક્કો. તેની કીમત લગભગ દોઢ આનો થાય છે.

૨. પું. ચીન દેશનો સોના અથવા ચાંદીનો એક સિક્કો. તે હોડીના આકારનો હોય છે અને વજનમાં પચાસ અથવા સો તોલા અને તેથી ઓછો અથવા વધારે પણ હોય છે.

૩. ન. એક પ્રકારનું ઘાસ.

કુર્સકોબ પું. અકબરના વખતનો ટંકશાળનો એક અધિકારી. શુદ્ધ બનાવેલી ચાંદી તપાવી તેમાંથી સીસાની વાસ નીકળી જાય ત્યાંસુધી તેને ટીપવાનું તેનું કામ હતું.

કુર્સી ૧. સ્ત્રી. આઠમું સ્વર્ગ.

૨. [હિં.] સ્ત્રી. ખુરસી.

૩. સ્ત્રી. ગાદી; સિંહાસન.

૪. સ્ત્રી. લખનૌની આસપાસની ચૌદ માઈલ જગ્યા.

કુર્સીનામા [ફા.] સ્ત્રી. આંબો; વંશવૃક્ષ.

કુર્સુફ ૧. [અ.] પું. ખડિયામાં નાખેલું રૂ.

૨. પું. રજસ્વલા સ્ત્રી વાપરે તે કપડું.

૩. પું. સંતતિનિયમન માટે વપરાતું એક સાધન.

કુર્હા [અ.] પું. ગૂમડું.

કુલ ૧. પું. દાશરથિ રામની સભાનો એ નામનો વિદૂષક.

૨. પું. બોતેર આકાશતત્વદેવતા માંહેનો એક.

૩. ન. અકબરના વખતનું સોનાનું વજન કરવાનું એક કાટલું.

૪. ન. અસીલ; ગ્રાહક.

૫. [સં.] ન. કુટુંબ; વંશ; ગોત્ર.

૬. ન. કુલીનતા; ખાનદાની.

૭. ન. જથ્થો; ટોળું; સમુદાય; સમૂહ.

૮. ન. જનપદ; દેશ.

૯. ન. તંત્રશાસ્ત્ર અનુસાર પ્રકૃતિ, કાળ, આકાશ, જળ, તેજ, વાયુ વગેરે પદાર્થ.

૧૦. ન. બે મધ્યમ હળથી ખેડાય તેટલી જમીન.

૧૧. ન. મકાન; ભવન; ઘર.

૧૨. ન. લશ્કર.

૧૩. ન. વામમાર્ગ.

૧૪. ન. શરીર.

૧૫. ન. સંગીતનો એક તાલ.

૧૬. ન. સંપૂર્ણતા; સમાપ્તિ.

૧૭. વિ. એકંદર; બધું મળીને થાય તેટલું.

૧૮. વિ. તમામ.

૧૯. વિ. શ્રેષ્ઠ; ઉત્તમ.

કુલઆર્ય [સં.] પું. નવ માંહેના એક પ્રકારનો આર્ય. નવ પ્રકાર: જાતિઆર્ય, કુલઆર્ય, ક્ષેત્રઆર્ય, કર્મઆર્ય, શિલ્પઆર્ય, ભાવઆર્ય, જ્ઞાનઆર્ય, દર્શનઆર્ય અને ચારિત્રઆર્ય.

કુલઉછાળ ૧. વિ. કજિયાખોર.

૨. વિ. કુટુંબને કલંક લગાડનાર.

કુલક ૧. [સં.] પું. એક જાતનો લીલો સર્પ.

૨. પું. કારીગર એટલે શિલ્પીના કુળમાં પ્રધાન પુરુષ.

૩. પું. કુળમાં ઉત્પન્ન થયેલ શ્રેષ્ઠ માણસ; કુલદીપક.

૪. પું. ગદ્ય લખવાનો એક ઢંગ.

૫. પું. રાફડો.

૬. પું. (પુરાણ) સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળનો એ નામનો રાજા; રણક.

૭. ન. (કાવ્ય) એક સાથે સંબંધવાળા પાંચ શ્લોકનો જથ્થો; પાંચ શ્લોકનું કાવ્ય.

૮. ન. પરવળ.

૯. ન. પીલુનું ખરાબ ઝાડ.

૧૦. ન. સમૂહ; એકઠું થવું તે; જથ્થો.

કુલકન્યા [સં.] સ્ત્રી. કુળવાન છોકરી.

કુલકર પું. (જૈન) જુગલિયાંનો રાજા. મનુષ્યોને તે ક્ષત્રિય વગેરેનો આચાર તથા અગ્નિથી અન્નાદિક પકાવવાની ક્રિયા શીખવે છે.

કુલકર્ણી ૧. પું. કારકુન.

૨. પું. વસૂલાતી તલાટી.

૩. સ્ત્રી. એ નામની એક દક્ષિણી અટક.

૪. ન. એ નામની અટકનું માણસ.

૫. વિ. એ નામની અટકનું.

કુલકર્તા ૧. [સં.] પું. વંશનો આદિ પુરુષ; કુલપતિ.

૨. પું. શિવ; શંકર.

કુલકલંક [સં.] વિ. કુચાલથી પોતાના વંશની કીર્તિને ધક્કો પહોંચાડનાર.

કુલકલ્યાણિની [સં.] સ્ત્રી. કુળનું ભલું કરનારી સ્ત્રી.

કુલકંટક [સં.] પું. પોતાની ખરાબ ચાલને લીધે વંશને દુ:ખી કરનાર પુરુષ.

કુલકાની [હિં.] સ્ત્રી. કુળની મર્યાદા.

કુલકારભારી ૧. પું. મુખ્ય પ્રધાન.
૨. પું. સર્વસત્તાધારી અધિકારી.

કુલકુલા ૧. [અ.] પું. એક જાતનો હુક્કો.
૨. પું. કુલ સત્તા સોંપી હોય તેવો માણસ.
૩. પું. કોગળા કરવા તે.

કુલકુલાન વિ. દિલોજાન; ખરી ભાવનાવાળું.

કુલકુલાં ૧. પું. કુલ અખત્યારીવાળો એલચી કે વકીલ.
૨. પું. ખૂબ આનંદ.
૩. પું. ઘરનો મુખ્ય નોકર.
૪. પું. ઘરમાં બધી ક્રિયા માટે નિમાયેલો માણસ.
૫. વિ. અંગત; ખાસ.
૬. વિ. કુલઅખત્યાર ભોગવતું; સર્વ અધિકારવાળું.
૭. વિ. સૌથી ઉત્તમ.
૮. અ. કુલ અખત્યાર કે સત્તા સમેત.
૯. અ. સંપૂર્ણ રીતે; પૂરેપૂરું.

કુલકુલી ૧. સ્ત્રી. ખડખડાટ હસવું તે.
૨. સ્ત્રી. ચળ; ખંજવાળ.

કુલકુંડલિની [સં.] સ્ત્રી. (યોગ) મૂલાધારમાં કમળમાં રહેલ એક શક્તિ.

કુલકુંડલી જુઓ કુલકુંડલિની.

કુલકોટિ સ્ત્રી. (જૈન) જીવની ઉત્પત્તિસ્થાનના પ્રકાર.

કુલકૌલેશ્વર પું. બાસઠ તેજસ્તત્ત્વદેવ માંહેનો એ નામનો એક.

કુલક્રમાગત [સં.] વિ. વંશપરંપરા આવેલું.

કુલક્ષણ ૧. [સં.] ન. નઠારૂં લક્ષણ.
૨. ન. વ્યભિચાર.
૩. ન. હસ્તદોષ.
૪. વિ. દુરાંચારી.

કુલક્ષણી ૧. [સં.] સ્ત્રી. દુરાચારી સ્ત્રી.
૨. વિ. સ્ત્રી. ખરાબ આચરણવાળી.
૩. વિ. સ્ત્રી. ખરાબ લક્ષણવાળી.

કુલક્ષણું ૧. વિ. અપલક્ષણું; અટકચાળું.
૨. વિ. કુટેવવાળું.
૩. વિ. ખોડવાળું.
૪. વિ. દુરાચારી; ખરાબ ચાલનું.

કુલક્ષય ૧. [સં.] પું. કુળનો નાશ.
૨. ન. એક પ્રકારનું ત્રિશાળ ઘર. તે અશુભ મનાય છે. જે ત્રિશાળ ઘરના મુખ આગળ ત્રણ અલિંદો હોય અને તે ત્રણ અલિંદો આગળ એક મંડપ હોય તથા તે જ ઘરને એક અલિંદ જમણી તરફ, એક અલિંદ ડાબી તરફ અને એક અલિંદ પછીતે હોય અને તે ઘરનું મુખ પશ્ચિમે હોય તો તે કુલક્ષય ઘર કહેવાય છે.

કુલગર જુઓ કુલકર.

કુલગલો પું. (જૂ. ગુ.) કોગળો.

> ષેલ થૂંક સમતિ **કુલગલા**,
> કીધ્રૂં લેખૂં સી પી કલા. લાવણ્યસમય

કુલગિરિ [સં.] પું. કુલાચળ પર્વત.

કુલગુરુ ૧. [સં.] પું. એક કુટુંબ અથવા એક આશ્રમમાં રહેતા સર્વ જણાનો વડીલ.
૨. પું. કૌટુંબિક ગુરુ; વંશપરંપરાનો ગુરુ.
૩. પું. વહીવંચો; પેઢીનામું રાખનાર ભાટ.

કુલગૃહ ૧. [સં.] ન. કુળનું ઘર.
૨. ન. પિતૃગૃહ; બાપનું ઘર.

કુલગૃહિણી [સં.] સ્ત્રી. કુલવધૂ; કુટુંબને શોભાવે તેવી ગુણશીલવાળી કુળવતી સ્ત્રી. કુલવધૂનાં લક્ષણ મહાકવિ કાલિદાસે શાકુંતલ નાટકમાં દુષ્યંત રાજાને ત્યાં સાસરે જતી શકુંતલાને તેના ધર્મપિતા કણ્વ ઋષિ પાસે આદેશરૂપે નીચે પ્રમાણે સુંદર રીતે કહેવરાવ્યાં છે:

> સેવે સૌ વડીલો, રહે પ્રિયસખીભાવે સપત્નીજને,
> સત્કારે નહિ સ્વામી તોપણ કદી રોષે ન સામી થજે;
> દાક્ષિણ્યે સહુ દાસવર્ગ ધરજે, ભાગ્યે વધ્યે ગર્વ ના,
> પ્હોંચે યુવતી કુલગૃહિણીપદે એ, અન્ય તો આધિ વા.

કુલગોર [સં. કુલગુરુ] પું. અસલથી જે ગોર ધર્મક્રિયા કરાવતો હોય તે. તે ગોત્રની, કુટુંબના સર્વ ઇતિહાસની અને જન્મમરણની નોંધ રાખે છે.

કુલઘ્ન [સં.] ન. કાળ ચોઘડિયું.

કુલઘર જુઓ કુલગૃહ.

કુલઘાતી વિ. કુળનો નાશ કરે એવું.

કુલઘ્ન ૧. [સં.] પું. કુળનો નાશ કરનાર માણસ.
૨. વિ. કુળનો નાશ કરે તેવું.

કુલચંડી [સં.] સ્ત્રી. એક દેવીનું નામ.

કુલચા ૧. [હિં.] પું. તંબૂના ડાંડાં ઉપરનો ગોળ લટ્ટૂ.
૨. [ફા.] સ્ત્રી. એક જાતની રોટલી.
૩. સ્ત્રી. મૂડી; પૂંજી; એકઠું કરેલ દ્રવ્ય.

કુલચારિ પું. (પિંગળ) આઠ અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં જગણ, ભગણ, ગુરુ અને લઘુ મળી આઠ અક્ષરો હોય છે.

> જ ભા ગ લે **કુલચારિ**. રણપિંગળ

કુલચિહ્ન [સં.] ન. કુટુંબની નિશાની; કુલાંક.

કુલચૂડામણિ વિ. ચોસઠ માંહેનું એ નામનું એક તંત્ર. જુઓ તંત્ર.

કુલચ્છન [સં. કુલક્ષણ] પું. (હિંદી) ગેરવર્તણૂક; કુલક્ષણ.

કુલચ્છના ૧. [હિં.] વિ. ખોટી રીતે વર્તેલું; અસભ્ય.
૨. વિ. પાપી.

કુલચ્યુત [સં.] વિ. નાત બહાર થયેલ.

કુલછત્ર પું. કુળનો વડો પુરુષ.

કુલજ ૧. [સં.] પું. ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલ પુરુષ.
૨. પું. પરવળ.
૩. વિ. ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલ.
૪. વિ. નઠારી આબરૂવાળું.

કુલજન [સં.] ન. કુટુંબનું માણસ.

કુલજમસ્વરૂપ પું. વેદાનુકૂલ વાણીનો ગ્રંથ. તે ચૌદ ગ્રંથનો એકત્રિત ગ્રંથ છે. તેમાં જુદી જુદી ૭ દેશની ભાષામાં સમાજને કરેલા ઉપદેશનો સંગ્રહ છે. નિજાનંદીઓ તેને પવિત્ર માને છે.

કુલજમા ૧. [હિં.] પું. આખો સરવાળો; કુલ સરવાળો.
૨. પું. મહેસૂલની કુલ ઊપજ.

કુલજા [સં.] સ્ત્રી. કુળવાન સ્ત્રી.

કુલજાત [સં.] વિ. વંશમાં જન્મેલ; વંશોદ્ભવ.

કુલજાયા [સં.] સ્ત્રી. ઉત્તમ કુળની સ્ત્રી.

કુલઝપટ અ. તમામે તમામ; બધું મળીને.

કુલઝુમ ૧. [અ.] પું. અરબી અથવા રાતો સમુદ્ર.
૨. પું. દરિયો.

કુલટ ૧. [સં.] પું. ઘણી સ્ત્રીમાં પ્રેમ રાખનાર વ્યભિચારી પુરુષ.
૨. પું. દત્તક પુત્ર; જે સગો પુત્ર ન હોય તે.

કુલટા ૧. [સં. કુલ + અટા (ભટકનારી)] સ્ત્રી. એક કુળમાં ગયા પછી પતિ જીવતાં અથવા મુઆ પછી બીજા કુળમાં પરણનાર સ્ત્રી.
૨. સ્ત્રી. ઘણા પુરુષોમાં પ્રેમ રાખનારી પરકીયા નાયિકા; વેશ્યા. જે સ્ત્રીની અંગૂઠા પાસેની આંગળી એટલે પ્રદેશિની અંગૂઠા કરતાં મોટી હોય તે ઘણે ભાગે કુલટા હોય.

૩. સ્ત્રી. ભિક્ષાને માટે ઘેર ઘેર ભટકનારી સ્ત્રી.

કુલટાનાયકા સ્ત્રી. ખરાબ ચાલની સ્ત્રી; વ્યભિચારિણી.

કુલટાપતિ [સં.] પું. વ્યભિચારી સ્ત્રીનો પતિ.

કુલટી [સં.] સ્ત્રી. કળથી.

કુલફુલ સ્ત્રી. ગોરખમૂંડી વનસ્પતિ.

કુલડાં (કુલ઼ડાં) ૧. ન. બ. વ. બાળક મરી ગયા પછી દૂધ અગર પાણીનાં નેવે મુકાતાં કૂંડાં.

૨. ન. બ. વ. હાડકાંની કણીઓ; ફૂલ.

કુલડી (કુલ઼ડી) ૧. સ્ત્રી. ગુદાનું છિદ્ર. કુલડીમાં ગોળ ભાંગવો = છૂપી રીતે કરવું.

૨. સ્ત્રી. ટબૂડી જેવડું લોટીના ઘાટનું નાનકડું માટીનું વાસણ; ચડવો.

૩. સ્ત્રી. દોણી; નાનું હાંલ્લું.

૪. સ્ત્રી. સોનું રૂપું ગાળવાનું માટીને અમુક રીતે કેળવીને બનાવેલું નાનું પાત્ર.

કુલડું (કુલ઼ડું) ૧. ન. ફાળકાનો નીચલો છેડો ઓછા ઘસારાથી ફરે માટે કાચ વગેરે મૂકી બનાવેલું માટીનું સાધન.

૨. ન. સોનું રૂપું ગાળવાની નાની કુલડી.

કુલત સ્ત્રી. ખરાબ ટેવ.

કુલતંતુ [સં.] પું. કુળના આધારરૂપ પુરુષ.

કુલતારણ [હિં.] વિ. કુળને તારનાર; કુળને પવિત્ર કરનાર.

કુલતિથિ [સં.] સ્ત્રી. ચોથ, આઠમ, બારશ અને ચૌદશ માંહેની કોઈ પણ તિથિ.

કુલતિલક ૧. [સં.] પું. કુળની ઉન્નતિ કરનાર પુરુષ.

૨. વિ. કુળમાં શ્રેષ્ઠ.

કુલતિલું જુઓ કુલતિલક.

કુલતોલિયો પું. બ્રહ્મદેશમાં ઊગતો પુષ્કળ ફૂલવાળો એક છોડ.

કુલત્તન વિ. ખરાબ.

કુલત્થ ૧. પું. ભારતવર્ષનો એ નામનો દેશ.

૨. [સં.] સ્ત્રી. કળથી.

૩. વિ. કુલીન; ખાનદાન વંશનું.

કુલત્થગુડ (કુલત્થગુડ઼) પું. (વૈદ્યક) હેડકી તથા શ્વાસ માટે ઉપયોગી ચાટણ. તે બનાવવા કળથી શેર ૧૦, દશમૂળનું દરેક મૂળ શેર ૧, ભારંગમૂળ શેર ૧૦ એ બધું લઈને દરેકને એકેક દ્રોણ પાણીમાં ઉકાળી ચોથો ભાગ બાકી રહે એટલે ઉતારીને ગાળી નાખવું. પછી તેમાં ગોળ શેર પાંચ નાખી પકવવું અને અવલેહ જેવું થાય ત્યારે ઉતારી નાખવું. ઠંડું થયા બાદ તેમાં મધ શેર ૧, વાંસકપૂર તોલા ૨૪, પીપર તોલા ૮, તજ તોલા ૨, તમાલપત્ર તોલા ૨, એલચી તોલા બે એટલી વસ્તુનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી તેમાં મેળવવું.

કુલત્થપટ્પલઘૃત [સં.] ન. (વૈદ્યક) હેડકી અને શ્વાસ માટે એક જાતની ઘીની બનાવટ. તે બનાવવા કળથી, દશમૂળ સમગ્ર અને ભારંગમૂળ એ ત્રણે ય દ્રવ્યો એકેક પ્રસ્થ લઈ તેનો પ્રત્યેકનો જુદો જુદો એકેક દ્રોણ પાણીમાં ક્વાથ કરી ચોથા ભાગનો રહે એટલે ઉતારી, ગાળી લઈ મિશ્ર કરવું. તેમાં ઘી ૧ પ્રસ્થ, ગાયનું દૂધ ૧ પ્રસ્થ અને બકરાનું દૂધ ૧ પ્રસ્થ તથા કલ્ક તરીકે જવખાર તોલા ૪, સાજીખાર તોલા ૪, સૂંઠ તોલા ૪ અને ચિત્રક તોલા ૪ નું વસ્ત્રગાળ ચૂર્ણ કરી ઘીની સાથે પકવવું.

કુલત્થસૂપ પું. (વૈદ્યક) શેકેલી કળથીનો બનાવેલો ઉકાળો. તે બનાવવા કળથીને શેકી તેને સોળગણા પાણીમાં ઉકાળી ચતુર્થાંશ બાકી રહે એટલે ઉતારી લઈ તેમાં થોડું સિંધાલૂણ મેળવી જીરાથી વઘારવું. તે વાતઘ્ન, વિપાકમાં કટુ, કષાય અને કફને અનુકૂળ તથા વીર્ય અને લોહીની વૃદ્ધિ કરનાર છે તથા ઉષ્મા, શ્વાસ અને કાસને જીતનાર, વીર્યની પથરી મટાડનાર અને પિત્ત કરનાર મનાય છે.

કુલત્થા ૧. સ્ત્રી. (પ્રાકૃત) કુલીન સ્ત્રી.

૨. સ્ત્રી. કાળો સુરમો.

૩. [સં.] સ્ત્રી. જંગલી કળથી.

૪. સ્ત્રી. મોરથૂથુ.

કુલત્થાદિલેપ [સં.] પું. (વૈદ્યક) કાનના મૂળના સોજા ઉપર લગાડવાનો લેપ. તે બનાવવા કળથી, કાયફળ, સૂંઠ, કાળીજીરી એ ચાર દ્રવ્યોને પાણીમાં વાટી સહેજ ગરમ કરવું.

કુલત્થાદ્યઘૃત [સં.] ન. (વૈદ્યક) પથરીનો રોગ મટાડવા વપરાતી ઘીની બનાવટ. તે બનાવવા કળથી, સિંધાલૂણ, વાવડિંગ, સાકર, જળકુંભી અથવા જળશંખલાં, જવખાર, ભૂરાં કોળાંનાં બીજ અને ગોખરુ એ દરેક દ્રવ્ય એકેક પણ લઈ તેનું વસ્ત્રગાળ ચૂર્ણ કરવું. પછી તેનાથી ચારગણું ઘી અને ઘીથી ચારગણો વરણાનો ક્વાથ મેળવી ઘીની રીતે પકવવું.

કુલત્થાંજન ૧. [સં.] ન. એક જાતનું અંજન; જંગલી કળથી.

૨. ન. કાળો સુરમો.

કુલત્થિકા ૧. [સં.] સ્ત્રી. એક જાતનો રોગ.

૨. સ્ત્રી. કળથી.

૩. સ્ત્રી. કાળો સુરમો.

૪. સ્ત્રી. ચિમેડ; ચમેડ.

કુલત્રુટ ૧. પું. પોતાના વંશનો રિવાજ તોડનાર માણસ.

૨. સ્ત્રી. પોતાના વંશનો રિવાજ તોડવો તે.

કુલથ [સં. કુલત્થ] સ્ત્રી. કળથી.

કુલથી [હિં.] સ્ત્રી. એક જાતનું કઠોળ; કળથી. આ અન્ન વરસાદમાં જારની સાથે વવાય છે. તેનો વેલો અડદની માફક જમીન ઉપર ફેલાય છે. તેનાં પાંદડાં પંજાના આકારનાં હોય છે. શીંગના ગુચ્છા થાય છે અને એક એક શીંગમાં ત્રણ ત્રણ ચાર ચાર દાણા હોય છે. તેના દાણા ચપટા, ભૂરા, લાલ, કાળા એમ જુદા જુદા રંગના હોય છે. કળથી ઘોડા અને ચોપગાં જનાવરને ખવડાવાય છે. ગરીબ લોકો તેનું શાક કરીને ખાય છે. વૈદ લોકો ધાતુ શોધવામાં તેનો ઉપયોગ કરે છે. ગુણમાં તે ગરમ, કબ્જિયત કરનાર તથા રક્તપિત્ત કરનાર માનવામાં આવે છે.

કુલદિનકર [સં.] વિ. કુળમાં શ્રેષ્ઠ.

કુલદીપ ૧. [સં.] પું. (તાંત્રક) કુલાચારના અંગરૂપ એક દીવો.

૨. વિ. કુળપ્રકાશ; કુળમાં શ્રેષ્ઠ.

કુલદીપક ૧. પું. કુલાંગાર. વ્યંગમાં બોલાય છે.

૨. પું. કુળને દીપાવનાર માણસ.

૩. પું. પુત્ર.

૪. વિ. કુળને દીપાવનાર.

કુલદીવું પું. (જૂ. ગુ.) કુલદીપક.

કુલદેવ [સં.] પું. વંશપરંપરાથી અમુક કુળમાં પૂજા થતી હોય તેવા દેવ; કુળનો ઇષ્ટદેવ. આ દેવતાની પૂજા વિવાહ જેવા પ્રસંગે અથવા નવરાત્ર વગેરે દિવસોમાં થાય છે.

કુલદેવતા જુઓ કુલદેવ.

કુલદેવા સ્ત્રી. કુળની દેવી; સોળ માંહેની એક માતૃકા.

કુલદેવી સ્ત્રી. કુળની ઇષ્ટદેવી; વંશપરંપરાથી કુટુંબમાં પૂજાતી દેવી.

કુલદ્રોહી [સં. કુલદ્રોહિન્] વિ. કુળને કલંક લગાડનાર; કુટુંબનો દ્રોહ કરનાર.

કુલધર [સં.] પું. પુત્ર; દીકરો.

કુલધર્મ [સં.] પું. વંશપરંપરાથી ચાલતો આવેલો કુળનો આચાર; કુળને પાળવાનો ધર્મ.

કુલધામ [સં. કુલધામન્] ન. રહેવાનું સ્થળ.

કુલધાર જુઓ કુલધર.

કુલધારક જુઓ કુલધર.

કુલધારી ૧. પું. (પિંગળ) આઠ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; શુદ્ધગા. તેના દરેક ચરણમાં યગણ, રગણ, ગુરુ અને ગુરુ એમ આઠ અક્ષરો હોય છે.

૨. પું. ચણચણાટ; શૂળ; દુઃખની લાગણી.

કુલધુર્ય [સં.] વિ. કુળમાં શ્રેષ્ઠ.

કુલન ન. પાંચ શ્લોકનું કાવ્ય.

કુલનક્ષત્ર [સં.] ન. એક જાતનું નક્ષત્ર; નક્ષત્રનો એક પ્રકાર. જુઓ કુલસંજ્ઞક.

કુલનંદન ૧. [સં.] પું. દીકરો; પુત્ર.

૨. ન. એક જાતનું ત્રિશાળ ઘર. જે ઘરના મુખ આગળ પાંચ અલિંદો હોય, તે ઘરની જમણી અને ડાબી બાજુ તરફ એક એક અલિંદ હોય, પછી તે બે અલિંદો હોય તો તે કુલનંદન કહેવાય.

૩. વિ. કુટુંબને આનંદ આપનાર.

કુલનામ ન. અવટંક; શાખ.

કુલનાયક ૧. [સં.] પું. કુલપતિથી ઊતરતો હોદ્દો ધરાવનાર વિદ્યાપીઠનો અધિકારી; 'વાઇસ-ચૅન્સલર'.

૨. પું. કુળમાં શ્રેષ્ઠ પુરુષ.

કુલનાયિકા ૧. [સં.] સ્ત્રી. તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ એક નાયિકા.

૨. સ્ત્રી. વામમાર્ગના કૌલ ધર્મ મુજબ કૌલલોકચક્રમાં જેની પૂજા કરે છે તે સ્ત્રી.

કુલનારી [સં.] સ્ત્રી. કુળવાન સ્ત્રી.

કુલનાશ ૧. [સં.] પું. ઊંટ.

૨. પું. કુળનો ક્ષય.

૩. પું. નાતબહાર મૂકેલ માણસ.

કુલનાશક [સં.] વિ. કુળનો નાશ કરનાર.

કુલનાશન ૧. [સં.] ન. કુળના નાશનું કારણ.

૨. ન. કુળનો ક્ષય કરવો તે.

કુલનાશી [સં.] સ્ત્રી. ઊંટડી.

કુલન્સ ન. હિમાલયનું એ નામનું એક શિખર.

કુલપતિ ૧. [સં.] પું. કુટુંબનો વડો; વડીલ.

૨. પું. કુળગોર; કુલગુરુ.

૩. પું. ઘણા શિષ્યોનો મુખ્ય ગુરુ; વિદ્યાપીઠના વ્યવસ્થાપક મંડળનો પ્રમુખ; 'ચૅન્સલર'.

૪. પું. ઘરનો માલિક; મુખી.

૫. પું. દશ હજાર મુનિઓને અન્નદાનાદિ પોષણપૂર્વક અધ્યયન કરાવે તેવો બ્રહ્મર્ષિ.

૬. પું. વંશમાં શ્રેષ્ઠ.

૭. પું. વિદ્યાર્થીઓનું ભરણપોષણ કરે અને ભણાવે તે આચાર્ય.

૮. પું. સર્વથી ઉપરી અધિકારી.

૯. પું. (પુરાણ) હિમવાનની પાસે બ્રહ્માશ્રમમાં રહેનાર એ નામનો એક ઋષિ. એક શૂદ્રને ઉપદેશ આપવાના પાપને લીધે બીજા જન્મમાં તે પુરોહિત થયો હતો. જેને ઉપદેશ આપ્યો હતો તે શૂદ્ર પોતે રાજા તરીકે અવતર્યો હતો. એ રાજાએ તેને જ પોતાનો પુરોહિત સ્થાપ્યો હતો. રાજાને પૂર્વજન્મનું જ્ઞાન હોવાથી પુરોહિતને જોઈ તેને રોજ હસવું આવતું. તેથી દિલગીર થઈને પુરોહિતને એક દિવસ પૂછતાં રાજાએ બંનેના પૂર્વજન્મની વાત તેને કહી હતી.

કુલપતિપદ [સં.] ન. આચાર્યપદ; 'ચૅન્સલરશિપ'.

કુલપરંપરા ૧. સ્ત્રી. પેઢી દર પેઢી ચાલતી આવતી રીત.

૨. સ્ત્રી. વંશવેલો; પેઢી.

કુલપર્વત ૧. પું. કુલાચલ નામનો પર્વત.

૨. પું. ખંડના કાંઠા ઉપરનો ગિરિ.

૩. પું. પર્વતની માફક કુળનો રક્ષક પુરુષ.

૪. પું. [સં.] મહેંદ્રગિરિ, મલય, સહ્યાદ્રિ, શુક્તિમાન, ઋક્ષ, વિંધ્યાચળ અને પારિપાત્ર એ સાત પર્વતોમાંનો દરેક.

૫. પું. મુખ્ય પહાડ.

કુલપાલ ૧. [સં.] પું. કુટુંબનો રક્ષક પુરુષ.

૨. પું. કુલપતિ; વંશનો વડો પુરુષ.

૩. વિ. કુટુંબનું પાલન કરનાર.

કુલપાલક ૧. [સં.] પું. એક જાતના બિજોરાનું ઝાડ.

૨. પું. નારંગીનું ઝાડ.

૩. જુઓ કુલપાલ.

કુલપાલિ [સં.] સ્ત્રી. કુળવાન સ્ત્રી.

કુલપાલિકા જુઓ કુલપાલિ.

કુલપુત્ર ૧. [સં.] પું. કુટુંબમાંનો લશ્કરી નોકરીમાં જોડાતો યુવાન.

૨. પું. કુળનું રક્ષણ કરનાર દીકરો; વંશધર.

કુલપુરુષ [સં.] પું. કુટુંબનો આદ્ય સ્થાપક; મૂળપુરુષ.

કુલપૂજ ૧. [સં.] પું. કુટુંબમાં પૂજનીય માણસ.

૨. પું. કુળગોર.

૩. વિ. કુળમાં પૂજવા લાયક.

કુલપૂજ્ય જુઓ કુલપૂજ.

કુલપ્રથા [સં.] સ્ત્રી. કુળનો રિવાજ; પરંપરા.

કુલપ્રસૂત [સં.] વિ. શ્રેષ્ઠ કુળમાં ઉત્પન્ન થયેલ.

કુલફ (કુલ્ફ઼) ૧. [અ.] ન. તાળું.

૨. ન. સફેદ વાળ કાળા કરવા માટેનો રંગ.

કુલફત (કુલફ઼ત) [અ.] સ્ત્રી. દુઃખ; આફત.

કુલફા ૧. સ્ત્રી. એક જાતની ચૂનાની દવા.

૨. સ્ત્રી. મોટી લૂણી; એક જાતનું શાક.

કુલફી ૧. સ્ત્રી. આંટો; પેચ.

૨. સ્ત્રી. ટિન અગર બીજી કોઈ ધાતુ અથવા માટીની ભૂંગળીમાં ભરી બરફમાં ઠારેલું દૂધ, મલાઈ અથવા શરબત.

૩. સ્ત્રી. મલાઈ કે શરબત રાખવા માટે ટિન કે બીજી કોઈ ધાતુનું ઠામ.

૪. સ્ત્રી. હુક્કાની નાની નળી.

કુલફો [અ.] પું. એક જાતનું કરિયાણું.

કુલબાલિકા [સં.] સ્ત્રી. કુળવાન કન્યા.

કુલબુલા વિ. કૃમિના જેવું.

કુલબુલાહટ સ્ત્રી. કૃમિના જેવી ચાલ.

કુલબેર ન. એક જાતનું ફળ.

કુલબોળ જુઓ કુલબોળણ.

કુલબોળણ ૧. વિ. અયોગ્ય; નાલાયક.

૨. વિ. કુળને ડુબાવનાર; કુળને ડાઘ લગાડનાર.

કુલભૂષણ [સં.] વિ. કુળને શોભાવનાર.

કુલભૃત્યા ૧. [સં.] સ્ત્રી. ગર્ભિણી સ્ત્રીનાં દોહદ વગેરે પૂર્ણ કરી તેની બરાબર સંભાળ રાખવી તે.

૨. સ્ત્રી. વંશનું ભરણપોષણ.

કુલભ્રષ્ટ [સં.] વિ. કુળને બગાડનાર.

કુલમ ૧. ન. કલંભો નામની ઔષધિ.

૨. ન. ચોખાની એક જાત; કોલમના ચોખા.

કુલમર્યાદ જુઓ કુલમર્યાદા.

કુલમર્યાદા [સં.] સ્ત્રી. કુટુંબની આબરૂ.

કુલમા ૧. પું. એક જાતની ખાવાની વાની.

૨. સ્ત્રી. બેલગામ તરફ રહેતી અને ખેતી ઉપર નભતી એક જાત.

૩. ન. એ નામની જાતનું માણસ.

૪. વિ. એ નામની જાતનું.

કુલમિતિક પું. માથા ઉપર ઓઢવાનો એક જાતનો કામળો.

કુલમુખત્યાર વિ. સંપૂર્ણ સત્તાવાળું; જેને કુલ અધિકાર આપવામાં આવ્યો હોય એવું.

કુલમુખત્યારી ૧. સ્ત્રી. એકહથ્થુ સત્તા; આપખુદી.

૨. સ્ત્રી. પૂર્ણ અધિકાર; સંપૂર્ણ સત્તા.

કુલમંડણ પું. કુળમાં દીવા જેવો પુરુષ; કુળદીપક.

કુલયશ [સં.] પું. કુળની આબરૂ.

કુલયોગિની [સં.] સ્ત્રી. પત્ની; સ્ત્રી.

કુલર સ્ત્રી. ઘી અને ગોળ ભેળવેલો ઘઉંનો કે બાજરાનો કાચો લોટ.

કુલરજૂઆત [અ. કુલ્લરુજુઅ] સ્ત્રી. મેળવી જોવું તે; સરખામણી.

કુલરાજ્ય [સં.] ન. સરદારતંત્ર; રાજશાસનનો એક પ્રકાર. ચાણક્યના મતે તે રાજ્યમાં સ્થિરતા રહે છે, અરાજકતાની બીક રહેતી નથી અને તેવા રાજ્યને દુશ્મન જલદી જીતી શકતો નથી.

કુલરાણી સ્ત્રી. કુટુંબની મુખ્ય સ્ત્રી.

કુલરિક પું. કુંભાર.

કુલરિયો વિ. પું. ગુદામૈથુન કરાવનાર.

કુલરીત સ્ત્રી. કુળનો રિવાજ; કુલધર્મ.

કુલરીતિ જુઓ કુલરીત.

કુલરોગ [સં.] પું. આખા કુળને લાગુ પડે તેવો વ્યાધિ.

કુલવટ સ્ત્રી. કુલીનતા; ખાનદાની; કુળવાનપણું.

ભીમન ભાંજિઉ ઠાકુર ભણી;
કિમ લોપૂં **કુલવટ** આપણી.
લાવણ્યસમય

કુલવતી [સ.] સ્ત્રી. શ્રેષ્ઠ કુળમાં ઉત્પન્ન થયેલ સ્ત્રી.

કુલવધૂ ૧. [સં.] સ્ત્રી. કુટુંબને શોભાવે એવી ગુણશીલવાળી ખાનદાન સ્ત્રી; ઉચ્ચ કુટુંબની ચારિત્ર્યશાળી સ્ત્રી; કુલાંગના. પતિ ઘેર આવે તે વખતે ઊભી થાય, તે બોલે તે નમ્રતાથી શ્રવણ કરે, તેમના ચરણમાં દૃષ્ટિ રાખે, તેમને આસન આપી તેમની સેવા કરે, તેમના સૂતા પછી સૂવે, અને ઊઠતા પહેલાં ઊઠે તેવો કુલવધૂનો ધર્મ પ્રાચીનકાળમાં વર્ણવેલો છે.

૨. સ્ત્રી. કુળના પરણેલા પુરુષની વહુ.

૩. સ્ત્રી. ઘર સાચવી માત્ર ઘરમાંજ સ્થિતિ કરનારી એટલે કે આડીઅવળી નહિ ભટકનારી વહુ.

કુલવધૂરસ [સં.] પું. (વૈદ્યક) સન્નિપાત-જ્વરમાં અંજન તરીકે વપરાતું એક જાતનું ઔષધ. તે બનાવવા માટે પારદ, સીસું, તામ્ર, મનઃશીલ અને મોરથૂથુ એ પાંચે દ્રવ્યને ઈંદ્રામણાંના રસમાં ઘૂંટી ચણા જેવડી ગોળી કરવી. પહેલાં તાંબું પીગળાવી તેમાં સીસું મેળવવું. પછી બંને ધાતુના રસમાં પારો મેળવવો. પછી તેમાં મનઃશીલ અને મોરથૂથુ મેળવી ઘૂંટવાથી ચૂર્ણ જેવું થઈ જાય ત્યારે ઈંદ્રામણાંના રસમાં ગોળી કરવી.

કુલવંત વિ. સારા કુટુંબનું; ખાનદાન.

કુલવંતી ૧. સ્ત્રી. ખાનદાન સ્ત્રી.

રાજા દશરથની **કુલવંતી**,
હવઈ મ કરિસ્યૂં કહેણ. સીતાહરણ

૨. ન. માતૃપક્ષ અને પિતૃપક્ષ બંનેના હક્ક ધરાવતું બાળક.

કુલવંતું જુઓ કુલવંત.

કુલવંશ [સં.] પું. ગોત્ર; કુટુંબ.

કુલવંશ્ય [સં.] વિ. કુળમાં ઉત્પન્ન થયેલ; વંશમાં જન્મેલ.

કુલવાન વિ. ઉમદા; ખાનદાન.

કુલવાનતા સ્ત્રી. કુલીનતા; કુળવાનપણું.

કુલવાર ૧. પું. મંગળવાર.

૨. પું. શુક્રવાર.

કુલવાસ [સં.] પું. અભ્યાસ માટે ગુરુકુળમાં રહેવું તે.

કુલવાસિની [સં.] વિ. સ્ત્રી. કુળમાં રહેનારી.

કુલવાસી [સં. કુલવાસિન્] વિ. ગુરુકુળમાં રહેનાર; છાત્રાલયમાં રહેનાર.

કુલવિચલન ન. ગણિતની એક રીત.

પ્રથમ દરેક પદનું સરેરાશથી વિચલન કાઢવું. પછી જો તે શ્રેણી આવૃત્તિદર્શક શ્રેણી હોય તો વિચલન અને આવૃત્તિનો ગુણાકાર કરવો. જે જવાબ આવે તે રકમોનું **કુલવિચલન** કહેવાય.
આંકડાશાસ્ત્ર

કુલવિજ્ઞાન [સં.] ન. કોઈ ખાસ પ્રાણી અથવા વનસ્પતિનો જાતીય વિકાસક્રમ અથવા ઇતિહાસ; 'ફાઇલોજેનિ'.

કુલવિદ્યા ૧. [સં.] સ્ત્રી. વંશપરંપરાથી આવેલી વિદ્યા.

૨. સ્ત્રી. વેદાદિ વિદ્યા.

કુલવિપ્ર [સં.] પું. વંશપરંપરાથી આવેલ પુરોહિત.

કુલવિષ્ણુ [સં.] પું. કુળનો પાલક.

કુલવૃદ્ધ ૧. [સં.] વિ. ઉચ્ચ કુળનું.

૨. વિ. કુટુંબમાં સૌથી ઘરડું.

કુલવેલ સ્ત્રી. વંશનો વેલો; વંશવૃક્ષ.

કુલવ્યૂહ પું. નવ વ્યૂહમાંનો એક. આ વ્યૂહ નીલ, પીત ઇત્યાદિ ભેદથી અથવા બ્રાહ્મણાદિ કુલ ભેદરૂપ છે.

કુલવ્રત ૧. [સં.] ન. કુલના ચાલતા રિવાજ મુજબ કરવાનું વિશિષ્ટ વ્રત.

૨. ન. વંશપરંપરાથી પળાતો આવેલો નિયમ; કુળના દરેકે દરેક જણે પાળવાનો આચાર; પેઢી દર પેઢીથી સાચવી રાખેલી કુટુંબની લાક્ષણિક રસમ.

કુલશીલ [સં.] વિ. ખાનદાન; કુળવાન.

કુલસત્ર [સં.] પું. કુળવાનોએ કરવા યોગ્ય યજ્ઞ.

કુલસમય પું. જીવ, પ્રકૃતિતત્ત્વ, દિશા, કાળ, આકાશ, પૃથ્વી, જળ, તેજ અને વાયુ એ બધાંમાં બ્રહ્મની બુદ્ધિથી વિકલ્પ રહિત કરાતો વ્યવહાર.

કુલસમૃદ્ધ ન. ચારે દિશાએ પરશાળ અને ઉત્તરમાં ષટ્દારુવાળી ઓરડી હોય તેવું ઘર; ૨૯૪ જાત માંહેનું એક ઘર.

વિજય નામના ઘરના અપવર્કમાં ષટ્દારુ નાખવામાં આવે તો તે **કુલસમૃદ્ધ** નામનું ઘર થાય છે.
રાજવલ્લભ

કુલસંકુલ [સં.] ન. એ નામનું એક નરક.

કુલસંખ્યા [સં.] સ્ત્રી. કુળમાં ગણુતરી; કુળમાં શ્રેષ્ઠતા.

કુલસંઘ જુઓ કુલરાજ્ય.

કુલસંજ્ઞક [સં.] ન. (જ્યોતિષ) નક્ષત્રનો એક પ્રકાર. અશ્વિની, પુષ્ય, મઘા, મૂળ, ઉત્તરાભાદ્રપદ, ઉત્તરાફાલ્ગુની, ઉત્તરાષાઢા, વિશાખા, મૃગશીર્ષ, ચિત્રા, કૃત્તિકા અને ધનિષ્ઠા આ બાર નક્ષત્ર કુલસંજ્ઞક છે અને આ નક્ષત્રના યોગે જન્મેલો જીવ દાતાર તેમ જ લડાઈ વગેરેમાં જય પામનારો થવાનું મનાય છે.

કુલસંતતિ [સં.] સ્ત્રી. વંશવેલો; કુળપરંપરા; પેઢી.

કુલસંનિધિ ૧. [સં.] સ્ત્રી. નજીકનું સગુંવહાલું.

૨. સ્ત્રી. સાક્ષીઓની હાજરી.

કુલસંપન્ન [સં.] વિ. કુલીન; ખાનદાન; ઉચ્ચ કુળનું.

કુલસંપ્રદાય [સં.] પું. કુટુંબમાં પરંપરાથી ચાલી આવતી રૂઢિ; કુટુંબમાં વંશપરંપરાથી જળવાતો રિવાજ, રીત કે આચાર.

કુલસંભવ ૧. [સં.] પું. ઉત્તમ કુળમાં જન્મ.

૨. વિ. ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલ.

કુલસાધક [સં.] વિ. કુલાચારથી સિદ્ધ કરનાર.

કુલસાર પું. ચોસઠ માંહેનું એક તંત્ર. જુઓ તંત્ર.

કુલસુંદરી સ્ત્રી. (તાંત્રિક) પંદર માંહેની એ નામની નવમી નિત્યા. જુઓ અષ્ટાંગ.

કુલસૌરભ [સં.] ન. એક જાતનું સુગંધી ઝાડ.

કુલસ્ત્રી જુઓ કુલવધૂ.

કુલસ્થ ૧. ન. એક જાતનું ઝાડ.

૨. [સં.] વિ. કુલીન; ખાનદાન.

કુલસ્થા [સં.] સ્ત્રી. ખાનદાન સ્ત્રી.

કુલસ્વામી [સં. કુલસ્વામિન્] પું. કુળના અધિષ્ઠાતા દેવ.

કુલહ ૧. પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

૨. સ્ત્રી. પક્ષી પૂરવાનું પાંજરું.

કુલહમ [હિં.] વિ. સર્વસ્વ; બધું; તમામ.

કુલહલા [સં.] સ્ત્રી. ગોરખમૂંડી નામની વનસ્પતિ.

કુલહાર પું. સ્ત્રીની ડોકનું એક જાતનું ઘરેણું.

કુલહી સ્ત્રી. ઠાકોરજીના શૃંગારની એક વસ્તુ.

કુલહીણું જુઓ કુલહીન.

કુલહીન [સં.] વિ. કુળ વિનાનું; અકુલીન; હીણા કુળનું; હલકી ઓલાદનું.

કુલહોમ જુઓ કુલહોલ.

કુલહોલ વિ. સર્વસ્વ; બધું; તમામ.

કુલંગ ૧. [ફા.] પું. ઘણો ઊંચો માણસ.

૨. પું. મરઘો; કૂકડો.

૩. પું. લાંબા પગવાળો માણસ. વ્યંગમાં તે બોલાય છે.

૪. ન. ઉત્તર એશિઅ અને યરપમાં થતું અને જમીન ઉપર માળો બાંધતું એક પક્ષી; ક્રૌંચ. શિયાળામાં તે સમશીતોષ્ણ ભાગમાં જાય છે. તેની લંબાઈ ચાર ફૂટની, પગ કાળા રંગના અને લાંબા, ચાંચ ચાર પાંચ ઈંચ લાંબી સીધી અને મૂળ આગળ ખુલ્લા લીલા રંગની મધ્યમાં ઘેરી અને ટોચ કાળાશ પડતી હોય છે. આંખ રતાશ પડતી નારંગી રંગની હોય છે. માથું, દાઢી, ગાલ અને લાંબી ડોકનો આગલો ભાગ કાળો હોય છે. માથાની ચામડી રાતી હોય અને માથા ઉપર પીંછાં હોતાં નથી. આંખની પાછળથી શરૂ થઈને ડોકની બંને બાજુ સફેદ હોય. શરીર આસમાની રાખોડી રંગનું, પાંખનાં પીંછાંના છેડા કાળા, પાંખના છેડાનાં પીંછાં કૂકડાની જેમ ઝૂલતાં અને વળેલાં હોય છે. તેની માદા લીલાં અગર બદામી છાંટાવાળાં બે ઈંડાં મૂકે છે. ઉત્તર એશિઅ અને યરપનું વતની હોવા છતાં શિયાળો ગાળવા તે હિંદમાં આવે છે અને માર્ચની આખર સુધીમાં તેઓ વતન જવા હિંદ છોડી જાય છે. છથી વીશના જથ્થામાં ઊડતું જતું ટોળું રણશિંગા જેવો અવાજ કરે છે. તેનો ખોરાક કૂમળી કૂંપળ, ફૂલ, દાણા, જીવડાં અને ચોપગાં નાનાં પ્રાણીઓ છે. ઘઉંના ખેતરોમાં ઊતરી ખેતરને વણસાડી ખેડૂતને તોબા પોકરાવે છે.

૫. વિ. પું. સારી રીતે ઊછરેલો.

કુલંગી [સં.] સ્ત્રી. કાકડાશીંગી; મેંઢાશીંગી વનસ્પતિ.

કુલંજ ૧. [સં.] પું. એ નામનું એક ઝાડ.

૨. પું. કુરકુરી નામનો ઘોડાનો એક રોગ.

કુલંજન ૧. [સં.] ન. એ નામનું એક ઝાડ.

૨. ન. એક બી.

કુલંતપ પું. દશમી શતાબ્દિમાં આર્યાવર્તમાં વર્તતો એ નામનો એક મત.

કુલંધર [સં.] પું. કુળની રક્ષા કરનાર કોઈ પુરુષ.

કુલંપુન [સં.] ન. મહાભારતમાં જણાવેલું તે નામનું એક પ્રાચીન તીર્થ.

કુલંફા ૧. પું. ચોર.

૨. સ્ત્રી. એ નામની એક વનસ્પતિ.

કુલંભર [સં.] વિ. કુળનું ભરણપોષણ કરનાર.

કુલંભલ [સં.] પું. ચોર.

કુલા ૧. પું. પરદેશી માણસ. બર્મી ભાષામાં કુલાનો અર્થ તરીને આવનાર થાય છે. અર્થાત્ જે માણસ સમુદ્રના બીજા કિનારાથી આવ્યો હોય તેનો અર્થ પરદેશી લોકો થાય. શરૂઆતમાં આ શબ્દ તમામ પરદેશી માટે વપરાતો હતો. જ્યારે અંગ્રેજોએ બ્રહ્મદેશનો કબજો લીધો ત્યારે તેઓ માટે ફરી એક જુદો શબ્દ બુ શોધી કાઢવામાં આવ્યો અને કુલા હિંદુસ્તાનીઓ માટે ખાસ કરીને ફક્ત મુસલમાનો માટે જ વપરાવા લાગ્યો.

૨. સ્ત્રી. એક જાતની લશ્કરી ટોપી.

૩. [સં.] સ્ત્રી. દુર્ગાદેવી.

કુલાઈ [હિં.] પું. સસલું.

કુલાકુના સ્ત્રી. ઉમદા કુળની સ્ત્રી.

કુલાકુર ૧. પું. પોતાના કુટુંબનો અગ્નિ.

૨. પું. પોતાના કુટુંબનો નાશ કરનાર પુત્ર.

કુલાકુલ ૧. [સં.] વિ. ઊંચ તથા નીચ કુળમાં જેનું મિશ્રણ થયું હોય એવું.

૨. વિ. (તાંત્રિક) એ નામનાં તિથિ, વાર કે નક્ષત્રનું.

કુલાકુલચક્ર [સં.] ન. તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ એક ચક્ર.

કુલાકુલતિથિ [સં.] સ્ત્રી. બીજ, છઠ, દશમ કે બારશ માંહેની કોઈ તિથિ.

કુલાકુલનક્ષત્ર [સં.] ન. આર્દ્રા, મૂલ, અભિજિત અને શતતારકા નક્ષત્ર.

કુલાકુલવાર [સં.] પું. બુધવાર.

કુલાખ [અ.] વિ. ખિજાળ સ્વભાવવાળું; ચીડિયું.

કુલાઘ [ફા.] પું. કાગડો.

કુલાચલ [સં.] પું. મુખ્ય પર્વત. પૌરાણિક ભૂગોળ પ્રમાણે દરેક ખંડમાં એકેક એ રીતે સાત કુલાચલ છે: મહેંદ્ર, મલય, સહ્ય, શુક્તિમાન, ઋક્ષ, વિંધ્ય અને પારિપાત્ર.

કુલાચળ જુઓ કુલાચલ.

કુલાચાર ૧. [સં.] પું. કુળનો આચાર; કુલધર્મ; કુળપરંપરાની રીત; વંશપરંપરાથી કુટુંબમાં ચાલ્યો આવતો રિવાજ.

એહ ભણી **કુલાચાર**નું કાંઈ નહીં,
સૂધઉ ધર્મ જિ જાણ હું તઈ લેવઉ.

ષષ્ટિશતકની ગુ. ટીકા સં. ૧૪૯૬

૨. પું. જીવ, પ્રકૃતિતત્ત્વ, દિશા, કાળ, આકાશ, પૃથ્વી, જળ, તેજ અને વાયુ એ બધાંમાં બ્રહ્મની બુદ્ધિથી વિકલ્પ રહિત કરાતો વ્યવહાર.

૩. ન. ચોસઠ માંહેનું એક તંત્ર. તેમાં ઉચ્ચાટનાદિ પ્રયોગ બતાવેલા છે. જુઓ તંત્ર.

કુલાચાર્ય [સં.] પું. ધાર્મિક ક્રિયા વગેરે કરાવનાર કુટુંબનો ધર્મગુરુ; કુલગુરુ; પુરોહિત; કુટુંબગોર.

કુલાટ ૧. [સં.] પું. એક જાતનું નાનું માછલું.

૨. પું. બિલાડો; માર્જાર.

૩. પું. બ્રાહ્મણ; વિપ્ર.

કુલાદ્રિ [સં.] પું. કુલાચલ પર્વત.

કુલાધાર જુઓ કુલાધારક.

કુલાધારક [સં.] પું. પુત્ર; દીકરો.

કુલાધારી પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; શુદ્ધગા. આ છંદ અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં યગણ, રગણ અને બે ગુરુ મળી આઠ અક્ષર છે.

કુલાધારી ય રી ગી ગે. રણપિંગળ

કુલાધિકા સ્ત્રી. બોતેર આકાશતત્ત્વદેવતા માંહેની એક. જુઓ આકાશતત્ત્વદેવતા.

કુલાધીશ [સં.] પું. કુળનો મુખ્ય માણસ.

કુલાપોશ [ફા. કુલાહ (ટોપી) + પોશ (ઢાંકનાર)] પું. યરપીઅન; ગોરો.

કુલાબ (કુલાબ) [ફા.] પું. ટોપ; આચ્છાદન.

કુલાબા (કુલાબા) ૧. [અ.] પું. કડી; મજાગરું.

૨. પું. ભૂશિરની જમીન.

૩. પું. માછલી પકડવાનો લોઢાનો કાંટો.

૪. પું. મોરી.

કુલાબો (કુલાબો) ૧. [અ. કુલાબા] પું. કડી; મજાગરું.

૨. પું. જમીનનો દરિયામાં લંબાઈ ગયેલો ભાગ; ભૂશિરની જમીન.
૩. પું. બાંયનો કાપ.
૪. પું. માછલાં પકડવાનો લોઢાનો કાંટો.

કુલાભિમાન [સં.] ન. પોતાના કુળ માટેની મગરૂરી; પોતાના કુળ વિષેનું અભિમાન.

કુલામ્નાય [સં.] પું. કુલની રીતિ.

કુલાય ૧. [સં.] પું. પક્ષીનો માળો.
૨. પું. શરીર; દેહ.
૩. પું. સ્થાન.
૪. અ. (કચ્છી) કેમ; શા માટે.

કુલાયિકા [સં.] સ્ત્રી. પક્ષીશાળા.

કુલાર્ણવ ન. એ નામનું એક તંત્ર.

> મહાનિર્વાણ, **કુલાર્ણવ**, વિશ્વસાર વગેરે તંત્રો ઊંડા જ્ઞાનથી ભરપૂર છે. બુદ્ધિપ્રકાશ

કુલાલ ૧. [સં.] પું. કુંભાર.
૨. પું. ઘુવડ.
૩. પું. જંગલી કૂકડો.
૪. પું. દારૂનો વેપારી; કલાલ.
૫. પું. (પ્રાકૃત) બિલાડો; માર્જાર.
૬. પું. બ્રાહ્મણ; વિપ્ર.
૭. પું. વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ.

કુલાલચિહ્ન [સં.] ન. કુંભારનો ચાકડો.

કુલાલિકા ૧. [સં.] સ્ત્રી. કુંભારણ.
૨. સ્ત્રી. ચીડિયાખાતું.
૩. સ્ત્રી. છપ્પન પાર્થિવતત્ત્વદેવતા માંહેની એક. જુઓ પાર્થિવતત્ત્વદેવતા.
૪. સ્ત્રી. જંગલી કળથી.

કુલાલી ૧. [સં.] સ્ત્રી. કુંભાર જાતિની સ્ત્રી.
૨. સ્ત્રી. જંગલી કળથી.
૩. સ્ત્રી. દૂરબીન.

કુલાવતંસ [સં.] પું. કુળભૂષણ; કુળદીપક.

કુલાવતી ૧. સ્ત્રી. બાવાની એ નામની એક અટક.
૨. ન. એ અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કુલાશ્રમ [સં.] ન. ગુરુકુળ.

કુલાહ ૧. પું. શિકારી.
૨. [સં.] પું. સહેજ પીળા રંગનો કાળા ઘૂંટણવાળો ઘોડો.
૩. [હિં.] સ્ત્રી. ખૂબ હસવું તે.
૪. સ્ત્રી. ચીડિયા પક્ષીની આંખનું ઢાંકણું.
૫. સ્ત્રી. માથા ઉપર પહેરવાની ટોપી.

કુલાહગુર્દ પું. ઉપવૃક્ક; ઉનુકુલકુલ્ય. આ ગ્રંથિ વૃક્ક એટલે મૂત્રપિંડ ઉપર ટોપીની માફક આવેલી હોવાથી 'અરબ ચિકિત્સકોએ તેને ઉનુકુલકુલ્ય અને અર્વાચીન હકીમોએ કુલાહગુર્દ નામ આપ્યું લાગે છે.

કુલાહદાર [ફા.] પું. આપખુદ રાજા.

કુલાહદારી [ફા.] સ્ત્રી. રાજ્ય.

કુલાહલ ૧. [સં.] પું. એક જાતનું વૃક્ષ.
૨. પું. કોલાહલ; ઘોંઘાટ; ગડબડ; શોરબકોર.
૩. પું. ગોરખમૂંડી નામની વનસ્પતિ.
૪. પું. ભીની જગામાં થતો એક જાતનો છોડ; કલ્હાર; કુક્ષીંબા.

કુલાહશજરા [ફા.] પું. ધાર્મિક માણસની મિલ્કતનો વારસો લેવો તે.

કુલાહળ પું. કુલાહલ; ઘોંઘાટ; ગડબડ; શોરબકોર.

કુલાંકુર [સં.] પું. સારા કુટુંબનો છોકરો.

કુલાંગના [સં.] સ્ત્રી. ખાનદાન કુટુંબની સ્ત્રી; કુળવાન સ્ત્રી; કુળવધૂ.

કુલાંગાર ૧. [સં.] પું. કુળનો અંગારો; કુળમાં અંગારા જેવો એટલે કુળનો નાશ કરનાર પુરુષ.
૨. પું. કુળમાં અધમ પુરુષ.
૩. વિ. કુળનો નાશ કરનાર.

કુલાંચ [હિં.] સ્ત્રી. કૂદકો; ફલાંગ.

કુલિ ૧. [સં.] પું. એ નામનું એક પક્ષી; ચકલો.
૨. પું. હાથ.
૩. સ્ત્રી. ભોરિંગડી નામની વનસ્પતિ.

કુલિક ૧. પું. આઠ સર્પરાજા માંહેનો એ નામનો એક. તે રંગે ધૂડિયો બદામી અને માથામાં અર્ધચંદ્રમાવાળો મનાય છે.
૨. પું. ઉત્તમ વંશમાં ઉત્પન્ન થયેલ પુરુષ.
૩. પું. એક જાતનું શાક.
૪. પું. (જ્યોતિષ) એક પ્રકારનું ખરાબ મુહૂર્ત. તેમાં શુભ કર્મ નિષિદ્ધ મનાય છે. રવિવારે સાતમો, સોમવારે છઠ્ઠો, મંગળવારે પાંચમો, બુધવારે ચોથો, ગુરુવારે ત્રીજો, શુક્રવારે બીજો અને શનિવારે પહેલો યામાર્દ્ધ એ કુલિક યોગ કહેવાય છે.
૫. પું. કરચલો.
૬. પું. કારીગર; શિલ્પકાર.
૭. પું. ઘૂંઘચીનું ઝાડ.
૮. પું. શહેરનો ન્યાયાધીશ.

> કુલિક પૌરનો ન્યાયાધીશ હતો, એ ઉપરથી પ્રથમ કુલિક એ પૌરન્યાયાધીશીનો પહેલો અથવા સરન્યાયાધીશ હોય. હિંદુરાજ્યવ્યવસ્થા

૯. વિ. કુલીન.

કુલિકવેલા [સં.] સ્ત્રી. એક પ્રકારના મુહૂર્તની વેળા.

કુલિત્થ સ્ત્રી. કળથી.

કુલિન્દ ૧. [સં.] પું. એ નામના દેશનો રાજા.
૨. પું. એ નામનો એક દેશ.

કુલિયાત ૧. [અ. કુલ્લીયાત] વિ. તમામ; સર્વે.
૨. અ. સર્વથા.

કુલિયારૂ ન. એક જાતનું પક્ષી.

કુલિયાં ૧. [હિં.] ન. કોગળા કરવાનું ઔષધ.
૨. ન. ઘરઘર એવો અવાજ.

કુલિર ૧. [સં.] પું. કરચલો; કર્કટ.
૨. પું. કાંઠો.
૩. પું. (જ્યોતિષ) મેષથી ચોથી રાશિ.

કુલિરશૃંગી [સં.] સ્ત્રી. કાકડાશીંગી નામની ઔષધિ.

કુલિશ ૧. [સં.] પું. ઈશ્વરાવતાર રામ, કૃષ્ણ વગેરેના પગનું એક ચિહ્ન. તે વજ્રના આકારનું મનાય છે.
૨. પું. એક જાતનું ઝાડ.
૩. પું. એક જાતનું માછલું.
૪. પું. કોહાર.
૫. પું. વીજળી.
૬. પું. હીરો.
૭. ન. ઇંદ્રનું એક અતિ કઠિન હથિયાર; વજ્ર; પવિ.

> અશનિ **કુલિશ** નિર્ઘાત પવિ વજ્ર ભિદુર કહાય;
> કઠિન વચન તે વજ્ર સમ લાગત અંતરમાંય.
> પિંગળલઘુકોષ

કુલિશતા [સં.] સ્ત્રી. કઠણાઈ; મજબૂતી.

કુલિશધર [સં.] પું. ઇંદ્ર; સુરરાજ; વજ્રધર.

કુલિશનાયક [સં.] પું. એ નામનો એક રતિબંધ.

કુલિશપાણિ [સં.] પું. ઇંદ્ર.

કુલિશભૃત [સં. કુલિશભૃત્] પું. ઇંદ્ર.

કુલિશાસન [સં.] પું. બુદ્ધદેવનું એક નામ.

કુલિશાંકુશા [સં.] સ્ત્રી. બૌદ્ધલોકોની એ નામની એક દેવી.

કુલિશી [સં.] સ્ત્રી. એ નામની વેદમાં જણાવેલ નદી. તે આકાશની મધ્યમાં માનવામાં આવે છે.

કુલિસા પું. એક જાતનો હીરો.

કુલિંગ ૧. પું. કાકડાશીંગી.
૨. [સં.] પું. કાકાકૌવા નામનું પક્ષી.

૩. પું. ખરાબ જાતિ.

૪. પું. એ નામનું પક્ષી; ચકલો.

૫. પું. (પુરાણ) દુર્યોધનનો બ્રાહ્મણ મંત્રી. એનું બીજું નામ કણિક હતું. તેણે ધૃતરાષ્ટ્રના પૂછવાથી નીતિ કહી હતી. તેમાં પાંડવો પ્રતિ વેરને લીધે કેવી રીતે વર્તવું, તેમનો કેવા ઉપાયોથી નાશ કરવો વગેરે કહ્યું હતું.

૬. પું. મહાભારતમાં જણાવેલો એક પ્રાચીન દેશ. તેને અર્જુને રાજસૂય યજ્ઞ વખતે જીતી લીધો હતો.

૭. પું. ઇંદ્રજવ.

૮. સ્ત્રી. એક નદીનું નામ.

૯. ન. માકડ.

૧૦ વિ. ખરાબ જાતિવાળું.

કુલિંગપુરી સ્ત્રી. દિલ્હીથી ઉત્તર તરફનો સહરાનપુર જિલ્લો.

કુલિંગા ૧. [સં.] સ્ત્રી. ઉટીંગણ નામની વનસ્પતિ.

૨. સ્ત્રી. (પુરાણ) ભરતખંડની એક મોટી નદી.

કુલિંગાક્ષી ૧. [સં.] સ્ત્રી. એક જાતનું ઝાડ.

૨. સ્ત્રી. સફેદ દૂર્વા.

કુલિંગાપુરી સ્ત્રી. કુરુજાંગલ.

કુલિંગી ૧. પું. કીડા વગેરે ક્ષુદ્ર જંતુ.

૨. [સં.] સ્ત્રી. કાકડાશીંગી.

૩. સ્ત્રી. ચકલી.

૪. વિ. પાખંડી.

કુલિંજ [અ.] પું. આંતરડામાં ચડતો ગોટો.

કુલિંદ ૧. પું. ઉત્તર દેશનો રાજા.

૨. પું. ઉત્તર દેશનો વતની.

૩. પું. હિંદની વાયવ્યે આવેલો અને જ્યાંથી જમના નદી નીકળે છે એવો એક ડુંગરાળ પ્રદેશ; ગરવાળ અને સહરાનપુર જિલ્લો મળીને બનેલો પ્રદેશ. તેની રાજધાની ચંદનાવતી હતી.

૪. વિ. ઉત્તર દેશમાં વસતું.

કુલી ૧. પું. એ નામનો એક અસુર યાજક.

૨. [સં. કુલિન્] પું. પર્વત; પહાડ.

૩. [તુ.] પું. ભાર ઊંચકનારો; મજૂર.

૪. સ્ત્રી. (જૂ. ગુ.) કળી.

કદલી થંભ જંઘ જૂઅલી,
દંતપતિ તે દાડિમ **કુલી**. લાવણ્યસમય

૫. [સં.] સ્ત્રી. બૃહતી નામની વનસ્પતિ; ઊભી ભોરિંગડી.

૬. સ્ત્રી. મોટી સાળી; પાટલાસાસુ.

૭. સ્ત્રી. રીંગણાની એક જાત. તેનું વાવેતર નવેંબર આખરથી જાન્યુઅરિ અધવચ સુધીમાં કરાય છે.

૮. સ્ત્રી. સફેદ કમળની જાતનો એક છોડ.

૯. વિ. ઉત્તમ કુળવાળું; શ્રેષ્ઠ વંશનું.

કુલીકા સ્ત્રી. એ નામનો છોડ; કરલી.

કુલીચા [ફા.] સ્ત્રી. એક જાતની રોટી; બિસ્કિટ.

કુલીજન [હિં.] ન. આકરી વાસવાળું સૂંઠની જેવું એક જાતનું મૂળિયું.

કુલીન ૧. [સં.] પું. ઉત્તમ જાતનો ઘોડો.

૨. સ્ત્રી. બંગાળી બ્રાહ્મણની એક જાત. તેઓ પોતાને બીજા બ્રાહ્મણો કરતાં ચડિયાતા માને છે. પંચગૌડના એક બ્રાહ્મણ આદિશૂરે પોતાના રાજ્યમાં સાગ્નિક બ્રાહ્મણ ન હોવાથી આઠમા સૈકાના આરંભમાં કાશીમાંથી પોતાની સાથે જે પાંચ બ્રાહ્મણ આણ્યા હતા તેનાં આ સંતાન હોવાનું કહેવાય છે.

૩. ન. બંગાળી બ્રાહ્મણની એ નામની જાતનું માણસ.

૪. વિ. ઊંચી પદવીનું.

૫. વિ. કુળવાન; ખાનદાન; ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલ.

૬. વિ. તંત્રોક્ત કુલાચારવાળું.

૭. વિ. નીચ કુળનું; હલકું. વ્યંગમાં તેમ બોલાય છે.

૮. વિ. પવિત્ર; શુદ્ધ.

૯. વિ. પૃથ્વીને વળગેલ.

૧૦. વિ. બંગાળી બ્રાહ્મણની એક જાતનું.

૧૧. વિ. સારા આચરણવાળું.

કુલીનતંત્ર [સં.] ન. અભિજાતતંત્ર; ઉમરાવવર્ગનું રાજશાસન; દેશના અમીર ઉમરાવથી ચાલતી શાસનપદ્ધતિ.

કુલીનતા ૧. [સં.] સ્ત્રી. ઉત્તમ કુળ.

૨. સ્ત્રી. ખાનદાની; ગૃહસ્થાઈ.

કુલીનત્વ જુઓ કુલીનતા.

કુલીનન પું. ટ્રાન્સવાલમાંથી સને ૧૯૦૫માં મળી આવેલ એ નામનો હીરો.

કુલીનપણું જુઓ કુલીનતા.

કુલીનરાજ્ય જુઓ કુલીનતંત્ર.

કુલીનશાહી ૧. સ્ત્રી. કુળવાનપણાનો ગર્વ.

૨. વિ. ખાનદાનીના ગર્વવાળું.

કુલીનસ [સં.] ન. પાણી.

કુલીનસત્તાક વિ. રાજતંત્ર; જેમાં અમીર ઉમરાવની પ્રધાન સત્તા હોય એવું.

કુલીના [હિં.] પું. એક જાતનું અથાણું.

કુલીનાઈ સ્ત્રી. ખાનદાની.

કુલીનાગ સ્ત્રી. એક જાતની માછલી.

કુલીની [સં.] સ્ત્રી. ઉત્તમ જાતની ઘોડી.

કુલીશ જુઓ કુલિશ.

કુલીંજન ૧. ન. એક જાતના ઝાડનું લાકડું કે મૂળિયું; ઉગ્રગંધા; સુગંધા. તે સ્વાદે સૂંઠ જેવું હોય છે. તેનો રંગ તજના જેવો ભૂખરો હોય છે. તેની વાસ આકરી છે. તે દીપક, પાચક, વાતહર અને પૌષ્ટિક છે. પેટચૂંક, અજીર્ણ, આફરો વગેરેમાં તે અપાય છે.

૨. ન. એક જાતનો છોડ. તે પથી ૬ ફૂટ ઊંચો થાય છે. તેનાં પાંદડાં ભાલાના આકારનાં હોય છે. તેનાં ફૂલ લીલાશ પડતાં અને દરેકમાં એકેક બી હોય એવાં નારંગી જેવાં ફળ હોય છે. તેનું લાકડું ગાંઠ જેવું તથા સૂંઠ અને હળદરના વર્ગનું છે. તે છોડનાં મૂળને પણ કુલીંજન કહે છે ને તે દવાના કામમાં આવે છે. બંગાળા, ચીન અને પૂર્વના બીજા ટાપુઓમાં તેનું વાવેતર થાય છે.

કુલુત્થ ન. એક જાતનું હલકું ધાન્ય; કળથી.

કુલુથ જુઓ કુલુત્થ.

કુલુપ ૧. ન. કળ.

૨. ન. તાળું.

કુલુફ (કુલુફ્) જુઓ કુલુપ.

કુલુંગ [સં.] પું. એક જાતનું હરણ.

કુલુંગા [સં.] સ્ત્રી. એક જાતની હરિણી.

કુલૂખ [ફા.] પું. માટીનું ઢેફું.

૧. કુલૂખ અંદાઝ = ગોફણ ફેંકનાર.
૨. કુલૂખ કૂબ = ઢેફાં ભાંગવાનો હથોડો.

કુલૂત [સં.] પું. એ નામનો એક દેશ. એની રાજધાની નગરકોટમાં હતી.

કુલે ૧. અ. કુલ્લે; જુમલે; એકંદરે; સરવાળે.

૨. અ. તમામ; કુલ.

કુલેચર [સં.] પું. બિલાડીના ટોપની એક ખાદ્ય જાત.

કુલેય [સં.] વિ. કુળવાન.

કુલેર ૧. સ્ત્રી. ગોળ, ખાંડ, મધ અને તેલ કે ઘીમાં ચોળેલો ઘઉં, બાજરી અથવા ચોખાનો કાચો લોટ.

૨. સ્ત્રી. મળદ્વાર; ગુદા.

૧. કુલેર ખાવી = સૃષ્ટિક્રમ વિરુદ્ધ મૈથુન કરાવવું.
૨. કુલેર ચોળવી = સૃષ્ટિક્રમ વિરુદ્ધ કામ કરવું.

૩. વિ. સૃષ્ટિક્રમવિરુદ્ધ કામ કરાવનાર; કુલેરિયું.

કુલેરિયું વિ. સૃષ્ટિક્રમ વિરુદ્ધ મૈથુન કરાવનાર.

કુલેલ ૧. [હિં.] પું. આનંદ; મજા.

૨. પું. ઇશ્કબાજી.

૩. પું. ઉપભોગ.

૪. પું. કૂદકો.

૫. પું. રમત.

કુલેશ્વર ૧. [સં.] પું. વંશનો આગેવાન.

૨. પું. શિવ; શંકર.

કુલેશ્વરા [સં.] સ્ત્રી. દુર્ગાદેવી.

કુલેશ્વરી ૧. સ્ત્રી. છપ્પન માંહેની એ નામની એક પાર્થિવતત્ત્વ દેવતા.

૨. સ્ત્રી. દુર્ગાદેવી.

૩. સ્ત્રી. બોતેર માંહેની એ નામની એક આકાશતત્ત્વ દેવતા.

કુલૈ [હિં.] પું. સસલું.

કુલોચ્છેદ [સં.] પું. કુળનો નાશ.

કુલોત્કટ ૧. [સં.] પું. કુળવાન ઘોડો.

૨. વિ. ઉત્તમ કુળમાં જન્મેલું.

કુલોત્પન્ન [સં.] વિ. કુળમાં જન્મેલ; વંશજ.

કુલોદય [સં.] પું. કુળનો ઉદય.

કુલોદ્દેશ [સં.] ન. ચોસઠ માંહેનું એ નામનું એક તંત્ર. જુઓ તંત્ર. તેમાં ઉચ્ચાટન વગેરે પ્રયોગ બતાવેલા છે.

કુલોદ્ધાર [સં.] પું. કુળનો ઉદ્ધાર; વંશનો ઉત્કર્ષ.

કુલોદ્ભવ [સં.] વિ. કુળમાં ઉત્પન્ન થયેલ.

કુલોદ્વહ [સં.] પું. કુળમાં ધુરંધર; કુલશ્રેષ્ઠ.

કુલોપકુલસંજ્ઞક ન. (જ્યોતિષ) આર્દ્રા, અભિજિત, અનુરાધા અને શતતારા માંહેનું કોઈ એક નક્ષત્ર. આ નક્ષત્રમાં જન્મ પામેલ હોય તે જીવને પરાધીનતા વગેરેમાં પીડાવું પડે એમ કહેવાય છે.

કુલોપસંજ્ઞક ન. (જ્યોતિષ) ભરણી, રોહિણી, પૂર્વાભાદ્રપદા, પૂર્વાફાલ્ગુની, પૂર્વાષાઢા, હસ્ત, જ્યેષ્ઠા, પુનર્વસુ, અશ્લેખા, સ્વાતિ, રેવતી અને શ્રવણ એ બાર નક્ષત્રો માંહેનું કોઈ પણ એક. આ નક્ષત્રમાં જન્મેલ હોય તે જીવને પરાધીનતા વગેરેમાં પીડાવું પડે એમ મનાય છે.

કુલ્ચા ૧. [ફા.] પું. તંબૂના થાંભલાના ઉપલા છેડાની નજીક રાખવામાં આવતો લાકડાનો ગોળ કકડો.

૨. પું. નાનો રોટલો.

૩. પું. મીઠાઈ.

કુલ્થી ૧. સ્ત્રી. એ નામનો એક છોડ; દૂધલી.

૨. સ્ત્રી. એક જાતનું હલકું કઠોળ; કળથી.

કુલ્ફ (કુલ્ફ્) ૧. [હિં.] સ્ત્રી. કળ.

૨. ન. તાળું.

કુલ્ફત (કુલ્ફત) [અ.] સ્ત્રી. દુઃખ.

કુલ્ફા (કુલ્ફા) [ફા.] સ્ત્રી. એક જાતની ભાજી; લૂણી.

કુલ્ફાસાગ (કુલ્ફાસાગ) સ્ત્રી. એક જાતની શાકભાજી; લૂણી.

કુલ્ફી (કુલ્ફી) ૧. [અ. ગુલ્ફી] સ્ત્રી. ખૂબસૂરત નાનો છોકરો.

૨. સ્ત્રી. જમાવવાનું ઓઠું કે નળી.

૩. સ્ત્રી. બરફમાં ઠારેલી દૂધની મીઠાઈ.

૪. સ્ત્રી. હુક્કાની તાંબા કે પિત્તળની વાંકવાળી ભૂંગળી.

કુલ્ફેમલાઈ (કુલ્ફેમલાઈ) સ્ત્રી. દૂધઠાર.

કુલ્બા ૧. [ફા.] પું. ઘર; મકાન.

૨. [અ. કુલ્બા] પું. હળ.

કુલ્બી ૧. [અ.] સ્ત્રી. આખો ભાગ.

૨. વિ. પૂરું; તમામ.

૩. વિ. સાધારણ; સામાન્ય.

કુલ્બુલા [હિં.] વિ. જંતુની જેવી ચાલવાળું.

કુલ્બુલાહટ [હિં.] સ્ત્રી. જંતુના જેવી ચાલ.

કુલ્મા (કુલ્મા) [અ.] પું. પ્રાણીઓનાં આંતરડાંમાં કૃત્રિમ રીતે નાખેલ ખોરાક.

કુલ્માષ ૧. પું. એક જાતનો રોગ.

૨. પું. ખીચડી.

૩. પું. જંગલી કળથી.

૪. [સં.] પું. બાફેલ અનાજ; ઘૂઘરી.

૫. પું. મોટા અડદ.

૬. પું. સૂર્યનો એક પાર્ષદ.

૭. ન. કાંજી; રાબ.

૮. વિ. નિંદિત.

કુલ્મીશાહ પું. એ નામનો એક સુંદર છોડ; કૂટીકુર. જળાશયને કાંઠે ઊગતા આ છોડની ડાંખળીઓ પાણીમાં ફેલાય છે. જે દિશામાં પવન હોય તે દિશામાં તે ડાંખળીઓ ફેલાય છે. તેનાં ફૂલ ઘેરા જાંબૂડિયા રંગનાં હોય છે.

કુલ્ય ૧. પું. (પુરાણ) યયાતિના દીકરા તુર્વસુના વંશમાં થયેલ એ નામનો એક રાજકુમાર; જનાપીડનો એ નામનો દીકરો.

૨. પું. વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ.

૩. સ્ત્રી. નહેર.

૪. [સં.] ન. આઠ દ્રોણનું એક માપ.

૫. ન. માંસ.

૬. ન. સગપણ; સગાઈ.

૭. ન. હાડકું.

૮. વિ. કુળના હિતનું; કુલહિતૈષી.

૯. વિ. કુળવાન; સારા કુળમાં થયેલ.

૧૦. વિ. નહેરમાં થનાર.

૧૧. વિ. પાણીના કાંઠાની નજીકનું.

૧૨. વિ. માન્ય.

કુલ્યા ૧. સ્ત્રી. એક જાતની આતશબાજી.

૨. [સં.] સ્ત્રી. કુળવાન સ્ત્રી; સુશીલ સ્ત્રી.

૩. સ્ત્રી. કૃત્રિમ જળમાર્ગ; નહેર; ખાડી.

૪. સ્ત્રી. ખાઈ.

૫. સ્ત્રી. ગુફા.

૬. સ્ત્રી. જીવંતી; એ નામની વનસ્પતિ.

૭. સ્ત્રી. ઝરણું.

૮. સ્ત્રી. નાની નદી.

૯. સ્ત્રી. માટીનું નાનું પ્યાલું.

કુલ્યાધ્યક્ષ [સં.] પું. નહેર ઉપર દેખરેખ રાખનાર અમલદાર; નહેરકામદાર.

કુલ્યાવર્ત પું. (પિંગળ) અષ્ટિ છંદની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કુલ્યાવુત્ત. તેના દરેક ચરણમાં મગણ, મગણ, સગણ, ભગણ, તગણ અને લઘુ મળી સોળ અક્ષર હોય છે. તેમાં છઠ્ઠા અક્ષર ઉપર વિસામો આવે છે.

કુલ્યાવુત્ત જુઓ કુલ્યાવર્ત.

કુલ્યાસન [સં.] ન. (યોગ) એ નામનું એક જાતનું આસન.

કુલ્લ ૧. [અ.] પું. સરવાળો.

૨. વિ. બધે હોય તેવું; વિશ્વવ્યાપી.

કુલ્લકુલ્લાન વિ. સર્વશક્તિમાન.

કુલ્લઘાલિબ વિ. વિશ્વવિજેતા.

કુલ્લઢ [હિં.] પું. જાડો મૂર્ખ માણસ.

કુલ્લતૈન ૧. [અ.] પું. ગરમ પાણીએ નાહવાનું જાહેર ઠેકાણું.

૨. પું. દરેક વાપરી શકે એવું વાસણ.

૩. સ્ત્રી. સાધારણ વેશ્યા.

૪. વિ. જાહેર; સાર્વજનિક.

૫. વિ. બગડેલું; અપવિત્ર.

કુલ્લહડ (કુલ્લહડ્) [હિં.] પું. એક જાતની આતશબાજી.

કુલ્લા ૧. [હિં.] પું. બ. વ. કોગળા.

૨. પું. બ. વ. (કચ્છી) ખભા.

૩. સ્ત્રી. ટોપી

૪. [સં. કવલ] સ્ત્રી. મોઢું સાફ કરવું તે.

૫. [અ.] ન. પર્વતનું શિખર.

કુલ્લાબ (કુલ્લાબ) ૧. [અ.] પું. આંકડી.

૨. પું. તીર છોડતાં પહેલાં કામઠાની દોરી ખેંચવી અને ઢીલી કરવી તે.

૩. પું. બાજને આંધળું કરવા માટે તેના ઉપર મુકાતું ઢાંકણુ.

૪. પું. માછલાં પકડવાની આંકડી કે જાળ.

૫. પું. વાસણુનો આંકડો કે કડું.

૬. પું. હાથીનો અંકુશ.

કુલ્લાબા (કુલ્લાબા) [અ. કલબ (તે ફર્યો)] પું. લોઢાની કડી.

કુલ્લાલ ૧. પું. કલાલ; દારૂનો વેપારી.

૨. પું. કુંભાર.

કુલ્લિયાત પું. કર્તાનાં સઘળાં કાવ્યો કે લેખકના પૂરેપૂરા લેખો; રચનાસંગ્રહ.

કુલ્લી ૧. [અ.] સ્ત્રી. કુલ રકમ.

૨. સ્ત્રી. કુલડી.

૩. સ્ત્રી. કોગળો.

૪. સ્ત્રી. તાવમાપક યંત્રનો ઊપસેલો ભાગ.

૫. સ્ત્રી. નાનું કુલ્લું; નાનો ગાડવો; ગોળ ફૂલેલા પેટાળવાળું અને સાંકડા મોંનું ચામડાનું તેલ કે ઘી ભરવાનું પાત્ર.

૬. સ્ત્રી. બાલ; વાળ.

૭. સ્ત્રી. મોઢું ધોવું અને કોગળા કરવા તે.

૮. વિ. બધું; સર્વ.

કુલ્લીયા ૧. [અ.] સ્ત્રી. પૂર્ણતા.

૨. વિ. સામાન્ય.

કુલ્લુક ન. વાંસ નામની વનસ્પતિ.

કુલ્લુકભટ્ટ પું. મનુસંહિતાનો એ નામનો એક ટીકાકાર. તે દિવાકર ભટ્ટનો દીકરો હતો.

કુલ્લુઢ (કુલ્લુઢ઼) [હિં.] પું. પાણી પીવા માટેનું માટીનું વાસણ.

કુલ્લુહુમ [અ.] વિ. તમામ; બધું; આખું.

કુલ્લું ૧. ન. કૂંડું.

૨. ન. તેલ કે ઘી ભરવાનું સાંકડા મોંનું પણ ફૂલેલા પેટનું ચામડાનું વાસણ; મોટી કુલ્લી; કુપ્પો.

કુલ્લામાં હાથ મુકાવવો = લાલચમાં નાખવું; પોતાનું કામ કાઢી લેવા સારૂ બીજાને ખાલી બહુ મોટી આશા આપવી.

કુલ્લે અ. જુમલે; સરવાળે; એકંદર.

કુલ્લો ૧. [સં. કવલ] પું. કોગળો.

૨. પું. (કચ્છી) ખભો.

૩. પું. શિંગડાં ઉપરની બાજુએ ગોળ વળેલાં હોય તેવો બળદ.

કુલ્હડ (કુલ્હડ઼) પું. એક જાતની આતશબાજી.

કુલ્હડા (કુલ્હડ઼ા) પું. પાણી પીવાનો માટીનો પ્યાલો.

કુલ્હાડા (કુલ્હાડ઼ા), ૧. [હિં.] પું. કુહાડો.

૨. સ્ત્રી. એક જાતની જમાબંદી.

કુલ્હાડિયા (કુલ્હાડ઼િયા) વિ. કુહાડાના આકારનું.

કુલ્હાડી (કુલ્હાડ઼ી) ૧. [હિં.] સ્ત્રી. એક જાતની જમાબંદી.

૨. સ્ત્રી. કુહાડી.

કુલ્હિયા ૧. [હિં.] સ્ત્રી. એક જાતની આતશબાજી.

૨. સ્ત્રી. ગુદા; મળદ્વાર.

૩. સ્ત્રી. પુરુષની જનનેંદ્રિય; શિશ્ન.

૪. સ્ત્રી. માટીનું નાનું ગોળ પ્યાલું.

૧. કુલ્હિયા ભરવી = દેવીને દૂધનો, શરબતનો કે શેકેલા ચોખાનો પ્યાલો ધરવો.

૨. કુલ્હિયામાં ગુડ ફોડવો = (૧) કોઈ કામ એવી રીતે કરવું કે જેની કોઈને કાનોકાન ખબર ન હોય. (૨) ઘણાં માણસોનું કામ હોય તેમાં થોડાં માણસોએ કામ કરવું.

૫. સ્ત્રી. લોહી કાઢવા માટેનું પ્યાલું.

કુલ્હી સ્ત્રી. એક જાતનું કઠોળ.

કુવ ૧. [સં.] ન. કમળ; પદ્મ; અંભોજ.

૨. ન. ફૂલ; પુષ્પ.

કુવચ ૧. ન. કવચ નામની વનસ્પતિ.

૨. ન. કુવચન; ખરાબ વેણ.

૩. ન. બખ્તર.

કુવચન ૧. [સં.] ન. અપશબ્દ; ગાળ.

૨. ન. કડવું વેણ; કઠોર વચન.

કુવચની ૧. વિ. અપશબ્દ બોલનાર.

૨. વિ. અસત્યવાદી.

૩. વિ. મુખમાંથી અમંગળ અને અશિષ્ટ વાણી નીકળતી હોય એવું.

કુવજ [સં.] પું. બ્રહ્મા; કમલયોનિ.

કુવજ્રક [સં.] ન. હીરા જેવો પથ્થર; એક જાતનો મણિ.

કુવડો (કુવડ઼ો) સ્ત્રી. સમડી; એક જાતનું પક્ષી.

કુવત ન. શક્તિ; કૌવત; તાકાત.

કુવદ ૧. વિ. અપશબ્દ બોલનાર.

૨. વિ. અસત્યવાદી.

૩. વિ. ખરાબ ભાષણ કરનાર; અમંગળ અને અશિષ્ટ વાણી બોલનાર.

કુવમ પું. સૂર્ય.

કુવરિની સ્ત્રી. રાજાની કુંવરી.

કુવરિયા ૧. સ્ત્રી. કોળીની એ નામની એક અટક.

૨. ન. એ અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કુવર્ષ ૧. [સં.] ન. અતિવૃષ્ટિ; ભીનિયું.

૨. ન. અનાવૃષ્ટિ; દુકાળ.

કુવલ ૧. પું. (પુરાણ) વીરવર્મા રાજાનો એ નામનો દીકરો.

૨. [સં.] ન. કમળ.

૩. ન. જળ; પાણી.

૪. ન. બોર; બોરડીનું ફળ.

૫. ન. મોતી.

૬. ન. સર્પનું પેટ.

કુવલય ૧. [સં.] પું. એ નામનો એક અસુર.

૨. ન. કાળું કમળ; ઇંદીવર; પોયણું.

૩. ન. ધોળું કમળ.

૪. ન. ભૂગોળ; ભૂમંડલ.

કુવલયાનંદ ૧. પું. એ નામનો સાહિત્યનો એક અલંકારગ્રંથ.

૨. પું. કાળાં કમળથી ઉત્પન્ન થયેલ હર્ષ.

૩. પું. કાળાં કમળનું સૌંદર્ય; કમળાનંદ.

કુવલયાપીડ (કુવલયાપીડ઼) ૧. પું. (પુરાણ) કંસનો એક હાથી. એ હજાર હાથી જેટલો બળવાન હતો. ધનુર્યાગ નિમિત્તે કૃષ્ણને મથુરા બોલાવી તેમને આ હાથી પાસે મારી નખાવવાનો કંસનો હેતુ હતો. એણે મહાવત પાસે કુવલયાપીડને કૃષ્ણના શરીર ઉપર તત્કારાવ્યો, પણ કૃષ્ણે એને મારી નાખી એના દંતૂશળ ઉખેડી નાખ્યા.

૨. પું. ધોળાં કે કાળાં કમળનો શણગાર ધારણ કરેલ પુરુષ.

કુવલયાશ્વ ૧. પું. (પુરાણ) ઋતુધ્વજ રાજાનું એક નામ.

૨. પું. (પુરાણ) ઋષિઓના યજ્ઞનો વિધ્વંસ કરનાર પાતાલકેતુને મારવા માટે સૂર્યે પૃથ્વી ઉપર મોકલેલ ઘોડો.

૩. પું. (પુરાણ) સૂર્યવંશના ઇક્ષ્વાકુ કુળના બૃહદશ્વ રાજાનો પુત્ર. બૃહદશ્વે આને ગાદી ઉપર બેસાડ્યો અને પોતે અરણ્યમાં ગયો. ત્યાર પછી પોતાના પિતાની આજ્ઞાનુસાર ઉત્તંક ઋષિને પોતાની સાથે લઈ પોતાના એકવીશ હજાર પુત્ર સાથે ધુંધુ દૈત્યની સાથે એ યુદ્ધ કરવા ગયો. જે વખતે એ ત્યાં ગયો તે વખતે દૈત્ય ઉજ્જાલક નામના સમુદ્રના એક ભાગમાં ઊંઘ લેતો હતો. તેથી તેના પુત્રોએ સમુદ્રને ક્ષોભિત કરીને જગાડ્યો. એ જેવો જાગ્યો કે એના મુખમાંથી ભયંકર અગ્નિ નીકળ્યો અને એથી કુવલયાશ્વના બધા પુત્રો મરણ પામ્યા. માત્ર દૃઢાશ્વ, કપિલાશ્વ અને ચંદ્રાશ્વ એ ત્રણ જ ઊગર્યા. કુવલયાશ્વ અને ધુંધુનું યુદ્ધ થયું. તેમાં ધુંધુ એને હાથે મરણ પામ્યો. આ ઉપરથી

એવું ધુંધુમાર એવું નામ પડ્યું. એનાં કુવલાશ્વ અને અપ્રતિરથ એવાં બીજાં નામ પણ છે.

૪. પું. (પુરાણ) સોમવંશી આર્યકુલોત્પન્ન કાશ્યપવંશી દિવોદાસ રાજાના પુત્ર પ્રતર્દનનું બીજું નામ.

કુવલયિત ૧. [સં.] વિ. કમળથી શણગારેલ.

૨. વિ. જ્યાં કમળ ઉત્પન્ન થયેલ હોય તેવું.

કુવલયિની ૧. [સં.] સ્ત્રી. કમળનો વેલો.

૨. સ્ત્રી. કમળનો સમૂહ.

કુવલા સ્ત્રી. (પુરાણ) હંસધ્વજ રાજાની એ નામની કન્યા; સુધન્વાની બહેન.

કુવલાપીડ (કુવલાપીડ઼) પું. (પુરાણ) દિતિનો દીકરો અરિષ્ટાસુર.

કુવલાશ્વ જુઓ કુવલયાશ્વ ૩.

કુવલી સ્ત્રી. બોરડીનું ઝાડ.

કુવલેશય [સં.] પું. વિષ્ણુ; વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. કુ એટલે પૃથ્વીનું વલન કરવાથી જલ કુવલ કહેવાય છે. તેમાં શયન કરે છે તેથી ભગવાન કુવલેશય કહેવાય છે. કુવલ એટલે બદરીફળમાં તક્ષક શયન કરે છે ને ભગવાનની તે વિભૂતિ છે, તેથી શ્રીહરિ કુવલેશય કહેવાય છે. કુ એટલે પૃથ્વીનો આશ્રય લેવાથી સર્પોનું ઉદર કુવલ કહેવાય છે. તેના ઉપર એટલે શેષોદર ઉપર શયન કરે છે તેથી પણ ભગવાન કુવલેશય કહેવાય છે.

કુવસન [સં.] ન. મેલું વસ્ત્ર.

કુવંગ [સં.] ન. સીસું.

કુવા ૧. સ્ત્રી. નાગણીનું ઝાડ. તેને નાગની ફણી જેવાં રાતાં ફૂલ આવે છે. તે ૫૦ થી ૬૦ હાથ ઊંચું અને બેથી અઢી હાથ પહોળું થાય છે. દવાના કામમાં વપરાતું આ ઝાડ સહ્યાદ્રિના નીચેના પ્રદેશમાં થાય છે. તેનું લાકડું ઇમારતી કામમાં ઉપયોગી છે.

૨. ન. દક્ષિણ કોંકણમાં આવેલા ગોપરાષ્ટ્ર અને ગોવરાષ્ટ્રનું પ્રાચીન નામ.

કુવાકંપાસ ન. વલયયંત્ર; ચક્રયંત્ર.

કુવાક્ય [સં.] ન. ખરાબ વચન; ગાળ.

કુવાચ્ય જુઓ કુવાક્ય.

કુવાડ (કુવાડ઼) ૧. સ્ત્રી. આહીરની એ નામની એક અટક.

૨. ન. એ અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કુવાડિયા (કુવાડ઼િયા) ૧. સ્ત્રી. બ્રાહ્મણ ને આહીરની એ નામની અટક.

૨. ન. એ અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કુવાડિયો (કુવાડ઼િયો) પું. એક જાતની વનસ્પતિ. તેને સૂકવી, શેકી અને દળીને કોફીમાં ઉમેરવામાં આવે છે, જેથી તેમાં કડવાશ, રંગ અને સમૂહ વધે છે. તેનાં પાનની ચા બાળકોને દાંત આવતી વખતે તાવ આવે ત્યારે એકથી બે રૂપિયાભાર અપાય છે. ચોમાસામાં આડે વગડે ઊગી નીકળતા આ છોડનાં પીળાં ફૂલો અને શિંગો દાદર મટાડે છે. પાન ગોળ અને ખરસટ થાય છે. શિંગ પાંચ છ ઇંચ લાંબી હોય છે. બી કોઢ, કરોળિયા તથા બીજા ત્વચાના રોગ ઉપર વાટીને ચોપડાય છે.

કુવાડી (કુવાડ઼ી) સ્ત્રી. નાનો કુહાડો; લોઢાનું એક ઓજાર; કુહાડી.

કુવાડીઆડો (કુવાડ઼ીઆડો) પું. (વહાણવટું) ખૂવાને અટકણ તરીકે રાખવામાં આવતું આડું.

કુવાડો (કુવાડ઼ો) ૧. પું. કડવાં વચન.

૨. [સં. કુઠાર] પું. લાકડાં કાપવાનું લોઢાનું ઓજાર; મોટી કુહાડી; કુહાડો; પરશુ.

કુવાત્રી સ્ત્રી. ભેજવાળી જગ્યામાં ઊગતો એક નાનો છોડ.

કુવાથ પું. કાઢો; ક્વાથ; જુદી જુદી જાતનાં વસાણાંને પાણીમાં નાખી એકઠાં ઉકાળી તૈયાર કરેલું ઓસડ.

કુવાથમ પું. (વહાણવટું) મોટા સઢનો થાંભલો.

કુવાથરો પું. પ્રતિકૂળ પવન.

કુવાથંભ જુઓ કુવાથમ.

કુવાદ ૧. [સં.] પું. ખણખોદ; નિંદા.

૨. પું. નકામી ચર્ચા.

૩. વિ. ખોટી ચર્ચા કરનાર.

૪. વિ. પારકાના દોષ કહેવાના સ્વભાવવાળું.

કુવાદિક પું. ઊંટવૈદ્ય.

કુવાદી જુઓ કુવાદ ૩, ૪.

કુવાયરો પું. ખરાબ હવા; પ્રતિકૂળ પવન.

કુવાર પું. આશ્વિન માસ; આસો મહિનો.

કુવારપસંદ સ્ત્રી. એક જાતની કેરી.

કુવારયા ૧. સ્ત્રી. સુતારની એ નામની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કુવારવા ૧. સ્ત્રી. બાવાની એ નામની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કુવાલિકા [સં.] સ્ત્રી. ચિમેડ. તેનાં બી વાટીને આંખમાં અંજાય છે.

કુવાલી સ્ત્રી. નાનો કૂવો; કૂઈ.

કુવાશી સ્ત્રી. કુમારિકા; કુંવારી છોકરી.

કુવાસ [સં.] સ્ત્રી. દુર્ગંધ; બદબો.

કુવાસના [સં.] સ્ત્રી. ખોટી ઇચ્છા; દુષ્ટ ભાવના.

કુવાસી સ્ત્રી. કુમારિકા.

કુવિકર્ણ [સં.] પું. ઘણી ગાયોનો ધણી; ગાયના ટોળાનો અધિપતિ.

કુવિચાર [સં.] પું. દુષ્ટ ઇચ્છા; ખરાબ ભાવના.

કુવિચારી [સં. કુવિચારિન્] વિ. દુષ્ટ ભાવનાવાળું; હલકા વિચારનું.

કુવિતર્ક [સં.] પું. ખોટો વિચાર.

કુવિદ્ય [સં.] વિ. ખરાબ વિદ્યાવાળું.

કુવિદ્યા [સં.] સ્ત્રી. ખરાબ વિદ્યા.

કુવિય ૧. ન. ઘરવખરી.

૨. [સં. કુપિત] વિ. કોપેલ; ગુસ્સે થયેલું.

કુવિવાહ [સં.] પું. નિંદનીય લગ્ન.

કુવિંદ [સં.] પું. સૂતરનાં તથા રેશમનાં કપડાં વણનાર ખતરી; સાળવી; વણકર. શિલ્પશાસ્ત્ર પ્રમાણે તે જાતિના લોકો નગરના ઈશાન કોણમાં વસાવવા પાત્ર છે.

કુવીણા [સં.] સ્ત્રી. ચંડાળની વીણા.

કુવીરા [સં.] સ્ત્રી. મહાભારતમાં જણાવેલી એક પ્રાચીન નદી.

કુવીર્ય ૧. [સં.] ન. શક્તિનો ખરાબ રસ્તે વ્યય કરવાપણું.

૨. ન. હિંસા.

કુવૃત્તિ ૧. [સં.] સ્ત્રી. દુષ્ટ ઇચ્છા; અસદ્ ભાવના.

૨. સ્ત્રી. નઠારૂં હોવાપણું.

૩. સ્ત્રી. નિંદિત આચરણ; ખરાબ વર્તન.

૪. સ્ત્રી. હલકો ધંધો.

૫. વિ. નિંદિત આચરણવાળું; ખરાબ વર્તનવાળું.

કુવૃષ્ટિ [સં.] સ્ત્રી. ઋતુ વિનાનો વરસાદ; માવઠું.

કુવેચ સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેને અડકવાથી ચળ આવે, પણ છાણ ચોપડવાથી તે મટી જાય.

કુવેણ ૧. ન. કુવચન; ન કહેવાય એવું અસત્ય, ખરાબ અને લાગણી દુભાવે એવું વચન.

૨. ન. ગાળ; મહેણું; નઠારૂં વાક્ય.

કુવેણી ૧. [સં.] સ્ત્રી. ખરાબ રીતે ગૂંથેલો માથાનો ચોટલો.

૨. સ્ત્રી. જેની વેણી ખરાબ હોય તેવી સ્ત્રી.

૩. સ્ત્રી. માછલાં રાખવાનું વાંસનું બનાવેલું પાત્ર; કંડિયો.

કુવેતર ૧. ન. કૂવાના પાણીથી પોષાતી હોય એવી જમીન; કૂવાવાળી જમીન; વાડીપડું.

૨. ન. ખરાબ વેતર.

કુવેતી પું. કોસિયો; કોસ ચલાવવાનું કામ કરનાર માણસ.

કુવેર ૧. પું. (જૈન) ચાલુ અવસર્પિણીના ઓગણીસમા અર્હતના એ નામના એક ઉપાસક.

૨. [સં.] પું. દેવોનો ખજાનચી; ધનનો દેવ; કુબેર.

૩. વિ. ખરાબ શરીરવાળું.

કુવેરાચલ [સં.] પું. કૈલાસ પર્વત; કુવેરાદ્રિ.

કુવેરાદ્રિ [સં.] પું. કૈલાસ પર્વત.

કુવેલ ૧. સ્ત્રી. (ભીલી) સમડી.

૨. [સં.] ન. કમળ.

કુવેળા [સં. કુવેલા] સ્ત્રી. ખરાબ સમય; અયોગ્ય વખત.

કુવૈદ્ય [સં.] પું. ઊંટવૈદ્ય; ખરાબ વૈદ્ય.

કુવ્યય [સં.] પું. ખોટો ખર્ચ; અનિષ્ટ વ્યય.

કુવ્યયી [સં. કુવ્યયિન્] વિ. ખોટો ખર્ચ કરનાર.

કુવ્યવસ્થા [સં.] સ્ત્રી. ખરાબ ગોઠવણી.

કુવ્વત (કુવ્વત) [અ.] સ્ત્રી. બળ; શૌર્ય; શક્તિ.

કુવ્વતે ઝાતિયા = (૧) આત્મબળ. (૨) કુદરતી શક્તિ. (૩) સદ્‌ગુણ.

કુશ્ [સં.] સ. ક્રિ. ભેટવું.

કુશ ૧. [સં.] પું. ઉપરિચર વસુનો પુત્ર.

૨. પું. એ નામનો રાક્ષસ.

૩. પું. એક જાતનું ધારવાળી અને બરછટ પાનોડીવાળું ઘાસ; ડાભ; દર્ભ; દાભડો. આ ઘાસ પવિત્ર ગણાય છે અને સંસ્કારોની ક્રિયાઓમાં વપરાય છે.

૪. પું. ઘૃતસમુદ્રથી ઘેરાયેલ એ નામનો એક બેટ.

૫. પું. જોતર.

૬. પું. દાતણ ચાવતાં થયેલો પીછી જેવો ભાગ; કૂચો.

૭ પું. બલાકાશ્વનો પુત્ર.

૮. પું. મારનાર માણસ; નાશ કરનાર પુરુષ.

૯. પું. (પુરાણ) રામચંદ્રજીના બે માંહેનો મોટો પુત્ર. એને ચંપિકા અને કુમુદ્વતી એવી બે સ્ત્રીઓ હતી. કુશનો જન્મ વાલ્મીકિ ઋષિના આશ્રમમાં થયો હતો અને પાલનપોષણ ત્યાં થયું હતું. રામચંદ્રજીના અશ્વમેધ યજ્ઞ વખતે કુશ અને તેના નાના ભાઈ લવે રામાયણનું ગાન કરીને આખી સભાને મંત્રમુગ્ધ કરી હતી. તેણે કુશાવતી નગરી વસાવીને ત્યાં રાજ્ય સ્થાપ્યું હતું. રામચંદ્રજી વૈકુંઠ પધારતાં અયોધ્યાની અધિષ્ઠાત્રી દેવી કુશના શયનાગારમાં ઉપસ્થિત થઈ હતી અને અયોધ્યાની દુર્દશા કહી હતી અને કુશાવતી છોડી અયોધ્યા જવાનું જણાવ્યું હતું. આથી તેણે અયોધ્યા જઈ ત્યાં રાજ્ય કરવા માંડ્યું.

૧૦. પું. (પુરાણ) સાત દ્વીપમાંનો એક; સુરા સમુદ્રની પેલી તરફ આઠ લાખ યોજન વિસ્તારનો એક દ્વીપ.

૧૧. પું. (પુરાણ) સોમવંશી વિજય કુળના અજક રાજાનો પુત્ર; કુશિક. એને કુશાંબુ, મૂર્તય, વસુ અને કુશનાભ એવા ચાર પુત્ર હતા.

૧૨. પું. (પુરાણ) સોમવંશી વિદર્ભ રાજાના ત્રણ માંહેનો પહેલો પુત્ર.

૧૩. પું. (પુરાણ) સોમવંશી સુહોત્ર રાજાના ત્રણ માંહેનો બીજો પુત્ર.

૧૪. પું. હળની કુસી; ફાલ.

૧૫. સ્ત્રી. અળશ; કૂચો; કચરો; ખેરીચો.

૧૬. ન. જળ; નીર; વારિ.

૧૭. ન. શેરડીનો છોતો.

૧૮. વિ. ઉન્મત્ત; પાગલ; મદમસ્ત.

૧૯. વિ. નીચ; પાપી.

૨૦. વિ. પાતળું; કૃશ.

કુશક પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં રગણ, નગણ અને બે લઘુ મળી આઠ વર્ણ હોય છે.

રા ન લા લથી કુશકે. રણપિંગળ

કુશકડું (કુશકડું) ૧. વિ. ગજા વગરનું; નીચું.

૨. વિ. નાનકડું; નાનું.

કુશકંડિકા [સં.] સ્ત્રી. કુંડમાં અગ્નિ સ્થાપન કરવાની ક્રિયા.

કુશકા ૧. પું. બ. વ. ખજૂર કે ખારેકના ઠળિયા.

૨. પું. બ. વ. ફોતરાં; છોતરાં; થૂલું; ભૂસું.

૧. કુશકા કાઢવા = દુઃખ દઈને માલ વિનાનું કરી મેલવું; થકવી દઈ તાબે કરવું.

૨. કુશકા ખાંડવા = કુશકા ખાંડવા જેવો મિથ્યા પ્રયાસ કરવો; ખાલી માથાફોડ કરવી.

કુશકી સ્ત્રી. ડાંગરને બીજી વાર ખાંડતાં કંઈક રહી ગયેલાં ફોતરાં અને કંઈક કણનો બારીક ભૂકો; ખાંડેલી ડાંગરનું ઝીણું ઝટકામણ.

કુશકુન [સં.] ન. ખરાબ નિશાની; અપશુકન.

કુશકેતુ ૧. [સં.] પું. કુશધ્વજ રાજા.

૨. પું. બ્રહ્મા.

કુશગ્રંથિ [સં.] સ્ત્રી. એક જાતની માળા.

કુશઘાસ ન. એક પ્રકારનું ઘાસ; દાભડો. આ ઘાસ હિંદુસ્તાનમાં બધે ઊગે છે. એનાં મૂળ લાંબાં, ઊંડાં અને ગાંઠો કે કાતળીવાળાં અને પાન ધારવાળાં હોય છે. ધાર્મિક ક્રિયામાં તે વપરાય છે.

કુશચીરા સ્ત્રી. ભારતવર્ષીય એક નદીનું નામ.

કુશજન ૧. પું. દર્ભ.

૨. પું. રામનો મોટો પુત્ર. તેનો જન્મ ઋષિએ મૂકેલા દર્ભથી થયો હતો.

કુશજનક જુઓ કુશજન.

કુશદ્વીપ ૧. પું. એ નામનો એક બેટ; પૃથ્વી ઉપરના સાત માંહેનો ચોથો મહાદ્વીપ; આફ્રિકા.

૨. પું. (પુરાણ) પ્રિયવ્રત રાજાના રથનાં પૈડાંથી બનેલા સાત માંહેનો એ નામનો એક દ્વીપ. તે આઠ લાખ યોજન વિસ્તારમાં છે અને પોતાના જેવડા ઘૃતસમુદ્રથી વીંટાયેલો છે. તેમાં કુદરતી દર્ભનો થાંભલો છે. તે ઉપરથી જ આ દ્વીપ કુશદ્વીપ કહેવાય છે. એ સ્થંભ જાણે બીજો અગ્નિ હોય તેવો છે અને પોતાના ઘાસની કાંતિથી દિશાઓને પ્રકાશમાન કરે છે. પ્રિયવ્રત રાજાનો દીકરો હિરણ્યરેખા આ દ્વીપનો અધિપતિ હતો. તેણે તે દ્વીપના સાત ભાગ કરીને વસુ, વસુદાન, દઢરુચિ, નાભિગુપ્ત, સ્તુત્યવ્રત, વિવિક્ત અને વામદેવ નામના પોતાના સાત પુત્રને વહેંચી આપ્યા હતા. એમને નામે એ સાત દેશનાં નામ પડ્યાં. આ દ્વીપમાં ચક્ર, ચતુઃશૃંગ, કપિલ, ચિત્રકૂટ, દેવાનીક, ઊર્ધ્વરોમા અને દ્રવિણ નામના સાત પર્વત અને રસકુલ્યા, મધુકુલ્યા, મિત્રવિંદા, શ્રુતવિંદા, દેવગર્ભા, ઘૃતચ્યુતા તથા મંત્રમાલા નામની સાત નદી છે. કુશદ્વીપમાં રહેનારા કુશલ, કોવિદ, અભિયુક્ત તથા કુલક નામે ચાર વર્ણના લોકો અગ્નિસ્વરૂપ પરમાત્માનું પૂજન કરે છે.

કુશધારા [સં.] સ્ત્રી. મહાભારતમાં જણાવેલી એક પ્રાચીન નદી.

કુશધ્વજ ૧. [સં.] પું. (પુરાણ) એક ઋષિ; વેદવતીનો પિતા અને રથધ્વજ રાજાનો પુત્ર.

૨. પું. (પુરાણ) વિદેહ વંશના હ્રસ્વરોમા નામના જનકના બે માંહેનો બીજો પુત્ર; સીરધ્વજ જનકનો નાનો ભાઈ. એ ઇંદ્રદેશની સાંકાસ્યા નામની નગરીમાં રાજ્ય કરતો હતો. એને માંડવી અને શ્રુતકીર્તિ નામે બે કન્યા હતી. એ કન્યાઓ અનુક્રમે એણે દશરથપુત્ર ભરત અને શત્રુઘ્નને વરાવી હતી. સીરધ્વજને પુત્ર ન હોતો તેથી તેની પછી આ જ મિથિલાનો રાજા થયો.

કુશાન ૧. પું. એક જાતના પ્રાચીન લોકો. તેઓએ હિંદુસ્તાન ઉપર ચડાઈ કરી હતી.

૨. ન. કમાન ઉપર આંચકા ખમવા માટે કરાતું ચણતર.

૩. [અં.] ન. ગાદી; તકિયો; મોટર તથા રેલવેમાં કમાન ઉપર નખાતી ગાદી.

૪. ન. બિલિઅર્ડ રમવાના મેજની ધાર.

કુશાનાભ [સં.] પું. (પુરાણ) એ નામનો એક રાજા; સોમવંશી વિજયકુલોત્પન્ન કુશ અથવા કુશિક રાજાના ચાર માંહેનો ચોથો પુત્ર. એની સો કન્યા વાયુના કોપથી કૂબડી થઈ ગઈ હતી. તે કાંપિલીપુરીના બ્રહ્મદત્ત રાજાને પરણાવ્યાથી પાછી સરળ થઈ હતી. પણ તેના દેશનું નામ કાન્યકુબ્જ પડ્યું તે પડ્યું જ.

કુશાનેત્ર [સં.] પું. એ નામનો એક અસુર.

કુશાપત્રક [સં.] ન. (વૈદ્યક) ફોલ્લા ચીરવાનું એક શસ્ત્ર.

કુશાપુર જુઓ કુશાભવનપુર.

કુશાપુષ્પ ૧. [સં.] ન. એક જાતનું વૃક્ષ.

૨. ન. દર્ભ અને ફૂલ.

કુશાપુષ્પક [સં.] ન. એક જાતનું સ્થાવર વિષ.

કુશાપ્લવ ન. (પુરાણ) ભારતવર્ષનું એ નામનું એક વન. દિતિએ ઇંદ્રનો પરાભવ કરે એવો પુત્ર મેળવવા આ જગ્યાએ હજાર વર્ષ સુધી તપ કર્યું હતું. આગળ જતાં આ જ સ્થળ ઉપર વિશાલા નામની નગરી સ્થપાઈ હતી.

કુશાપ્લવન [સં.] ન. (પુરાણ) એ નામનું ભારતવર્ષનું એક તીર્થ.

કુશાબિંદવ પું. (પુરાણ) એ નામનો એક દેશ.

કુશાબિંદુ પું. (પુરાણ) મહાભારતમાં જણાવેલ એક પ્રાચીન દેશ.

કુશાભવનપુર ન. અયોધ્યા પ્રાંતમાં ગોમતીના કિનારા ઉપર આવેલું સુલતાનપુર; રામચંદ્રજીના પુત્ર કુશની રાજધાનીનું શહેર. ચીનનો મુસાફર હ્યુએન્સાંગ અહીં આવી ગયો હતો. એનું બીજું નામ કુશપુર હતું.

કુશામ ન. (કચ્છી) એક જાતનું ઝાડ.

કુશામપુર ૧. ન. કાન્યકુબ્જનું પ્રાચીન નામ.

૨. ન. પાટલિપુત્રનું પ્રાચીન નામ. પટણાના દક્ષિણ ભાગનું નામ કુમ્હાર તે કુશામપુર ઉપરથી આવેલું છે.

કુશામીરા [સં.] સ્ત્રી. મહાભારતમાં જણાવેલી એક પ્રાચીન નદી.

કુશામુદ્રિકા [સં.] સ્ત્રી. પવિત્રી; કુશની બનાવેલી અંગૂઠી.

કુશાર [સં.] પું. કાસડા જેવું એક ઘાસ.

કુશારાત ૧. સ્ત્રી. તંદુરસ્તી.

૨. સ્ત્રી. સુખ; આબાદી.

કુશારીર ૧. ન. ખરાબ શરીર.

૨. ન. બીકથી ઊભા થતા વાળ.

કુશલ ૧. [સં.] પું. એ નામનું વૈદ્યકનું પુસ્તક.

૨. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે રાયવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૫ ગુરુ અને ૭૪ લઘુ મળી ૮૪ માત્રા હોય છે.

૩. પું. (પુરાણ) કુશદ્વીપ માંહેના એક જાતના લોક.

૪. [સં.] પું. ક્રૌંચ દ્વીપ માંહેનો એક પ્રાચીન દેશ.

૫. પું. મોરોક્કો અને અલ્જિરિઅ દેશનું પ્રાચીન નામ.

૬. પું. શિવનું એક નામ.

૭. સ્ત્રી. ભલું; હિત.

૮. ન. એક જાતનું કર્મ. અલોભ, અદ્વેષ તથા અમોહવાળાં કર્મ કુશલ કહેવાય.

૯. ન. એક જાતનું ષટ્દારુવાળું ત્રિશાળ ઘર. આ ત્રિશાળ ઘરના મુખ આગળ ત્રણ અલિંદ, જમણી તરફ એક અલિંદ અને ઘરનું મુખ પશ્ચિમ તરફ હોય.

૧૦. ન. ક્ષેમકુશળતા; સાજાતાજા રહેવું તે; સહીસલામતી.

૧૧. ન. ચતુરપણું.

૧૨. ન. પુણ્ય.

૧૩. ન. રક્ષણ.

૧૪. ન. સુખ; હિત; શુભ.

૧૫. ન. હાથમાં કુશ હોય એવું માણસ.

૧૬. વિ. આબાદીવાળું; સુખી; સુખરૂપ.

કુશળ રહો = અપ્રીતિને પાત્ર થઈ દૂર રહો. આમ રીસમાં બોલાય છે.

૧૭. વિ. આરોગ્યવાન; તંદુરસ્તીવાળું; સ્વસ્થ.

૧૮. વિ. કલ્યાણવાળું; કલ્યાણકારી.

૧૯. વિ. કાર્યચતુર; દક્ષ.

૨૦. [સં. કુશ (દર્ભ) + લ (કાપનાર)] વિ. કુશળ; પ્રવીણ; નિપુણ; નિષ્ણાત. આ શબ્દનો વાચ્યાર્થ કુશ એટલે દર્ભ લેનાર છે પરંતુ એ અર્થ બંધ બેસતો નથી. દર્ભ લાવનારને મહા હોશિયારી વાપરવી પડે છે કેમકે નહિ તો હાથ કપાઈ જાય. તેથી કામ કરવામાં પ્રવીણ પુરુષ હોય તે કુશળ કહેવાય છે.

કુશળ માણસ = પરદેશના કાયદા, શાસ્ત્ર વગેરે જાણવાની તથા પારકા હસ્તાક્ષર ઓળખવાની કળા જાણનાર માણસ.

૨૧. વિ. ડાહ્યું.

૨૨. વિ. દર્ભ ગ્રહણ કરનાર.

૨૩. વિ. દર્ભવાળું.

૨૪. વિ. પુણ્યશીલ.

૨૫. વિ. શ્રેષ્ઠ.

કુશલકર્મ [સં.] ન. (બૌદ્ધ) દશ અકુશલકર્મપથથી નિવૃત્ત રહેવું તે. બૌદ્ધ ધર્મશાસ્ત્રોમાં કહેલા દશ અકુશળ કર્મપથ આ પ્રમાણે છે: ત્રણ કાયિક-(૧) પ્રાણઘાત, (૨) અદત્તાદાન અને (૩) વ્યભિચાર; ચાર વાચિક-(૪) અસત્ય ભાષણ, (૫) ચાડી, (૬) કઠોર ભાષણ અને (૭) બડબડાટ; અને ત્રણ માનસિક-(૮) પરદ્રવ્યનો લોભ, (૯) ક્રોધ અને (૧૦) નાસ્તિકતા.

કુશલકલાવર્તિકા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં મગણ, નગણ, જગણ, લઘુ અને ગુરુ મળી ૧૧ અક્ષર હોય છે.

કુશલક્ષેમ ૧. ન. આબાદી અને તંદુરસ્તી.

૨. વિ. સુખી અને આરોગ્યવાન.

કુશલતા ૧. [સં.] સ્ત્રી. આબાદી; સુખ.

૨. સ્ત્રી. કુશળતા; નિપુણતા; પ્રવીણતા.

૩ સ્ત્રી. ચતુરાઈ; શાણપણ.

૪. સ્ત્રી. તંદુરસ્તી; નીરોગીપણું.

કુશલત્વ જુઓ કુશલતા.

કુશલપત્ર પું.; ન. ક્ષેમકુશળ પૂછવા કે કહેવાનો સામાન્ય પત્ર; 'વેલફેર લેટર'.

કુશલપથ ૧. પું. બૌદ્ધ ધર્મશાસ્ત્રમાં જણાવેલા દશ મનુષ્ય ધર્મ.

૨. પું. સન્માર્ગ; સારો રસ્તો; જે રસ્તે જવામાં કુશળતા હોય તેવો રસ્તો.

કુશલપ્રશ્ન ૧. [સં.] પું. કુશળ જાણવાની ઇચ્છા.

૨. પું. ખબરઅંતર; તબિયતના સમાચાર પૂછવા તે; ક્ષેમકુશળ પૂછવું તે.

કુશલવ ૧. [સં.] પું. દર્ભનો કટકો.

૨. પું. બ. વ. લવ અને કુશ નામના રામના બે પુત્રો.

કુશલસંસ્કાર ૧. [સં.] પું. ક્ષેમકુશળતા.

૨. પું. મદદ કરવાની ઇચ્છા.

કુશલા ૧. [સં.] સ્ત્રી. તંદુરસ્તી; આરોગ્ય.

૨. સ્ત્રી. સુખ; આબાદી.

કુશલાગમ [સં.] પું. શિવ; શંકર.

કુશલાત જુઓ કુશલા.

કુશલી ૧. [સં.] સ્ત્રી. અશ્મંતક વૃક્ષ.

૨. સ્ત્રી. એક શાક; લૂણી.

૩. સ્ત્રી. સુખી અવસ્થા.

૪. વિ. આબાદ; સુખી.

૫. વિ. તંદુરસ્ત; આરોગ્યવાળું.

કુશલીખેમ વિ. કુશળ; આબાદ; સુખી.

કુશલ્ય પું. (પુરાણ) ભારતવર્ષનો એ નામનો એક દેશ.

કુશવજ્જરીરા [અ.] ન. કસબલજીરૂં; ચિરૈતા; કરિયાતું.

કુશવત [સં. કુશવત્] વિ. દર્ભવાળું.

કુશવતી [સં.] સ્ત્રી. એ નામની એક નદી.

કુશવન ન. વ્રજમાં ગોકુળ પાસે આવેલું એ નામનું એક વન.

કુશવિન્દુ [સં.] પું. એ નામનો એક દેશ.

કુશસ્તંબ [સં.] ન. (પુરાણ) કુશદ્વીપમાં દેવોએ ઉત્પન્ન કરેલું અગ્નિ જેવું તેજસ્વી દર્ભનું ભોથું. એના ઉપરથી એ દ્વીપનું નામ કુશદ્વીપ પડ્યું.

કુશસ્થલ [સં.] પું. કનોજ દેશ; કાન્યકુબ્જ.

કુશસ્થલી ૧. સ્ત્રી. ઉજ્જૈન.

૨. [સં.] સ્ત્રી. કુશાવતી નામની નગરી. તે વિંધ્યપર્વત ઉપર હતી અને ત્યાં રામચંદ્રજીના પુત્ર કુશ રાજ્ય કરતા હતા. દક્ષિણ કોશલની રાજધાનીનું તે શહેર હતું.

૩. સ્ત્રી. સૂર્યવંશના શર્યાતિ રાજાના દીકરા આનર્તના પુત્ર રેવત રાજાએ સ્થાપેલી નગરી. આગળ જતાં તેનું નામ દ્વારકા પડ્યું.

કુશસ્થળ જુઓ કુશસ્થલ.

કુશસ્થળી જુઓ કુશસ્થલી.

કુશળ ૧. ન. આરોગ્ય; તંદુરસ્તી.

૨. ન. ચતુરાઈ; હોશિયારી.

૩. ન. ભલું થાય તેવી આશા.

૪. ન. સુખ; આબાદી.

૫. વિ. આરોગ્યવાન; તંદુરસ્ત.

૬. વિ. પ્રવીણ; હોશિયાર.

૭ વિ. સુખી; આબાદ.

કુશળક્ષેમ ૧. ન. તંદુરસ્તી; આરોગ્ય.

૨. ન. સુખ; આબાદી.

૩. વિ. આરોગ્યવાન; તંદુરસ્ત.

૪. વિ. સુખી.

કુશળતા ૧. સ્ત્રી. આરોગ્ય; તંદુરસ્તી.

૨. સ્ત્રી. સુખરૂપતા; સારી હાલત.

૩. સ્ત્રી. હોશિયારી; ચતુરાઈ.

કુશળદક્ષિણા સ્ત્રી. લગ્ન થઈ રહ્યા પછી વરકન્યાનું ભલું ઇચ્છવા બ્રાહ્મણને અપાતી દક્ષિણા.

કુશળપણું જુઓ કુશળતા.

કુશળપત્ર પું. ક્ષેમકુશળ પૂછવા કે કહેવાનો સામાન્ય પત્ર; 'વેલફેર લેટર'.

કુશળપ્રશ્ન પું. સુખ તંદુરસ્તીના ખબર.

કુશળબુદ્ધિ સ્ત્રી. ચતુરાઈ; હોશિયારી.

કુશળમહેનત સ્ત્રી. બુદ્ધિપૂર્વક કરેલું કે બુદ્ધિની જરૂર પડે તેવું કામ.

કુશળવાર્તા સ્ત્રી. ખુશીખબરના સમાચાર.

કુશળવૃત્તાંત જુઓ કુશળવાર્તા.

કુશળવૃત્તિ સ્ત્રી. ચિત્તની બાર માંહેની એ નામની એક પ્રકારની વૃત્તિ.

કુશળસમાચાર જુઓ કુશળવાર્તા.

કુશળાત ૧. સ્ત્રી. તંદુરસ્તી; આરોગ્ય.

૨. સ્ત્રી. સુખ.

કુશળી જુઓ કુશલી.

કુશળીક્ષેમ જુઓ કુશળક્ષેમ.

કુશળું જુઓ કુશળ ૫, ૬, ૭.

કુશંકા [સં.] સ્ત્રી. વહેમ; ખોટો તર્ક.

કુશંદા [ફા.] વિ. ખૂન કરનાર; મારી નાખનાર.

કુશા ૧. [સં.] સ્ત્રી. ઉંબરાના લાકડાનો ખીલો.

૨. [સં.] સ્ત્રી. એક જાતનું મીઠું લીંબુ.

૩. સ્ત્રી. દોરી; દોરડી.

૪. સ્ત્રી. મીઠી કાકડી.

૫. સ્ત્રી. મીઠી કાકડીનો વેલો.

૬. સ્ત્રી. લગામ.

૭. ન. ઉઘાડવું તે; ખોલવાપણું.

૮. ન. કુશ; દર્ભ; દાભ; એક જાતનું ઘાસ.

૯. ન. ખાપિયું; તૂટેલ હાડકાંને બાંધવાનું એક સાધન; પાટિયું.

૧૦. વિ. ઉઘાડનાર.

૧૧. વિ. જીતનાર.

૧૨. વિ. ટાળનાર; દૂર કરનાર.

કુશાઈશ સ્ત્રી. હોશિયારી; ચતુરાઈ.

કુશાકર ૧. [સં.] પું. યજ્ઞનો અગ્નિ.

૨. વિ. હાથમાં દર્ભ હોય એવું.

કુશાકશ ૧. [ફા.] સ્ત્રી. અઘરૂં કામ.

૨. સ્ત્રી. લડાઈ.

કુશાગારપુર ન. મગધની જૂની રાજધાનીનું શહેર; રાજગૃહ. એનું બીજું નામ ગિરિવ્રજપુર હતું.

કુશાગ્ર ૧. પું. (પુરાણ) સૂર્યવંશના પુરુકુળના અજમીઢ વંશના ઉપરિચર વસુના પુત્ર બૃહદ્રથના બે પુત્રોમાંનો બીજો; જરાસંધનો નાનો ભાઈ; ઋષભ રાજાનો પિતા.

૨. સ્ત્રી. દર્ભની અણી જેવી તીક્ષ્ણ બુદ્ધિ; અતિ સૂક્ષ્મ બુદ્ધિ.

૩. ન. એ નામનું એક શહેર; કુશાગ્રપુર.

૪. [સં.] ન. દાભનો આગલો ભાગ; દર્ભની અણી.

૫. વિ. તીક્ષ્ણ; ઝીણું.

૬. વિ. સૂક્ષ્મ; તેજ; ઉગ્ર.

કુશાગ્રપુર જુઓ કુશાગારપુર.

કુશાગ્રબુદ્ધિ ૧. [સં.] સ્ત્રી. કુશની અણી જેવી ઝીણી બુદ્ધિ; તીક્ષ્ણ મતિ.

૨. વિ. દર્ભની અણી જેવી તીવ્ર બુદ્ધિવાળું.

કુશાગ્રલોષ્ઠ સ્ત્રી. ઈંટની અગિયાર માંહેની એક જાત. જુઓ ઈંટ.

કુશાગ્રીય [સં.] વિ. અતિસૂક્ષ્મ; દર્ભના અગ્ર ભાગ જેવું તીક્ષ્ણ.

કુશાગ્રીયમતિ જુઓ કુશાગ્રબુદ્ધિ.

કુશાદ ૧. [ફા.] પું. આનંદ; હર્ષ.

૨. પું. ઉઘાડવું તે; વિસ્તૃત કરવાપણું.

૩. વિ. પ્રશસ્ત; ભભકાદાર.

૪. વિ. વિશાળ; વિસ્તીર્ણ.

૫. વિ. સમજવા જેવું.

કુશાદગી ૧. [ફા.] સ્ત્રી. આનંદ; હર્ષ.

૨. સ્ત્રી. વિસ્તાર; વિશાળતા.

કુશાદા ૧. [ફા.] વિ. આનંદી.

૨. વિ. ઉઘાડું; આવરણ રહિત; ખુલ્લું.

૩. વિ. નિખાલસ.

૪. વિ. ભવ્ય; ભભકાદાર.

૫. વિ. વિશાળ; વિશાળ અને સારી રીતે શણગારેલું.

કુશાદા કુશાદા ૧. વિ. ચોખ્ખું; સાફ.

૨. વિ. જુદુંજુદું.

કુશાદાદિલ ૧. [ફા.] વિ. ઉદાર.

૨. વિ. ભોળું.

કુશાદાપેશાની [ફા.] વિ. આનંદી; હસમુખા ચહેરાવાળું.

કુશાદારવી સ્ત્રી. ઘોડાએ પગ પહોળા કરીને ચાલવું તે.

કુશાદારૂ વિ. આનંદી.

કુશાદાશ્વ પું. પહોળા પગ કરી ચાલનાર ઘોડો.

કુશાદિક [સં.] ન. (વૈદ્યક) ઔષધરૂપ એક તેલ.

કુશાદ્યઘૃત [સં.] ન. (વૈદ્યક) પથરી મટાડવા માટેની ઘીની એક બનાવટ. તે બનાવવા દર્ભ, કાસડો, બરુ, ઇકડ અને શેરડી એ પાંચેનાં મૂળ, પાષાણભેદ, વિદારીકંદ, વારાહીકંદ, રિસામણી, ડાંગરનાં મૂળ, ગોખરુ, અરડૂસો, પાડળ, કાળીપાટ, શાલિંચશાક, પીળો કાંટાશેળિયો, સફેદ તથા લાલ સાટોડીનાં મૂળ, સરસડાની છાલ એ બધાં સમભાગે લઈ તેથી આઠગણા પાણીમાં ઉકાળી ચોથા ભાગનું પાણી બાકી રહે એટલે ઉતારી ગાળી લઈ કવાથથી ચોથા ભાગનું ઘી, ઘીથી ચોથા ભાગના કલ્કમાં મેળવી ધીમે ધીમે પકવવું.

કુશાન પું. એક જાતના પ્રાચીન લોકો; શક લોકોની એક શાખા.

કુશાગ્ર ન. એક જાતનું તેલી બિયું.

કુશારણિ [સં.] પું. દુર્વાસા ઋષિ.

કુશાલય [સં.] પું. સમુદ્ર.

કુશાલવનતીર્થ [સં.] ન. મહાભારતમાં જણાવેલું એક પ્રાચીન ધામ.

કુશાલ્મલિ [સં] પું. રોહિડાનું ઝાડ.

કુશાવતી ૧. સ્ત્રી. ઉજ્જયિનીના ક્રૂર રાજા પાલકને માર્યા પછી આભીર વંશકર આર્યકે ચારુદત્તને આપેલું વેણી અગર વેણુગંગાના તટ ઉપર આવેલું એક સ્થળ.

૨. સ્ત્રી. કુશપુર; કુશભવનપુર; રામચંદ્રજીના પુત્ર કુશની વસાવેલ કોશલદેશની રાજધાની.

૩. સ્ત્રી. પ્રાચીન દ્વારકા; કુશસ્થલી.

૪. સ્ત્રી. બુદ્ધ ભગવાનનું જ્યાં મૃત્યુ થયું હતું તે શહેર; કુશીનગર.

૫. સ્ત્રી. બુંદેલખંડના રાજનગરનું એક નામ.

૬. સ્ત્રી. લાહોરથી નર્ઋત્યમાં બત્રીસ માઇલ ઉપર આવેલા કાસુર ગામનું પ્રાચીન નામ.

કુશાવર્ત ૧. પું. એ નામનો એક ઋષિ.

૨. [સં.] પું. ત્ર્યંબકમાંનો એક તીર્થકુંડ. ગોદાવરી નદી આ કુંડ નીચેથી વહે છે. ગોદાવરીના જે ભાગ ઉપર ત્ર્યંબક આવેલું છે તે ભાગને ગૌતમીગંગા કહે છે. દત્તાત્રેય તપ કરતા હતા ત્યારે તેનું દર્ભાસન તણાઈ જતાં અહીં પાણીમાં જે ઠેકાણે આવર્ત એટલે ચક્કર ચક્કર થતું હતું તે જગ્યા કુશાવર્ત કહેવાણી.

૩. પું. નવ માંહેનો એ નામનો એક ખંડ.

૪. પું. (પુરાણ) પ્રિયવ્રત વંશના ઋષભદેવને જયંતીની કૂખે થયેલા સો માંહેનો મોટો દીકરો. એના જ નામથી એનો ખંડ કુશાવર્ત કહેવાય છે.

૫. પું. ભરતરાજાનો એ નામનો એક પુત્ર.

૬. પું. હરદ્વારમાં આવેલો ગંગા નદીનો એક પવિત્ર ઘાટ.

કુશાવલેહ [સં.] પું. (વૈદ્યક) એક જાતનું ઔષધ. તૃણપંચકમાંના દરેકનાં પચાશ પચાશ તોલા મૂળ લઈ તેમને ૬૪ શેર પાણીમાં ઉકાળવાં. જ્યારે આઠ શેર પાણી રહે ત્યારે ગાળી લેવું. પછી તેમાં ચાર શેર સાકર નાખી તેની ચાસણી કરવી. જ્યારે તે તૈયાર થાય ત્યારે કાકડીનાં બીજ, તરબૂચનાં બીજ, વંશલોચન, આમળાં, તમાલપત્ર, એલચી, તજ, વરણાની છાલ, ગળો, રાણનાં બીજ અને નાગકેસર તેમાં મેળવવાં.

કુશાશ્વ [સં.] પું. ઇશ્વાકુ વંશનો એક રાજા. તે સહદેવનો પુત્ર અને સોમદત્તનો પિતા હતો. આ રાજા વિશાલથી સાતમો હતો.

કુશાસન ૧. [સં.] ન. ખરાબ રાજઅમલ.

૨. ન. દર્ભનું બેસવાનું સાધન; દાભની સાદડી. શાસ્ત્રોમાં દાન, યજ્ઞ, શ્રાદ્ધ, ઉપાસના વગેરેના સમયે કુશાસન ઉપર બેસવાનું વિધાન છે.

કુશાંકાપુર ન. મગધની જૂની રાજધાનીનું નામ; રાજગૃહ.

કુશાંગરીય [સં.] ન. દર્ભની વીંટી.

કુશાંડિકા ન. હોમનું એક પ્રકારનું કર્મ.

કુશાંબ પું. (પુરાણ) સોમવંશી વિજયકુલમાં જન્મેલ કુશ અથવા કુશિરાજાના ચાર માંહેનો પહેલો પુત્ર; કુશાંબુ. એણે વસાવેલી નગરીનું નામ કૌશાંબી અને એના પુત્રનું નામ ગાધિ હતું.

કુશાંબુ ૧. [સં.] પું. કુશાંબ.

૨. ન. કુશના અગ્રભાગથી ટપકતું પાણી.

કુશિક ૧. [સં.] પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

૨. પું. એક પ્રાચીન આર્યવંશનું નામ.

૩. પું. ગાધિ રાજાના પિતાનું નામ.

૪. પું. તેલનો ગાળ.

૫. પું. (પુરાણ) સોમવંશી વિજયકુળના અજક રાજાનો પુત્ર. એને કુશાંબુ, મૂર્તય, વસુ અને કુશનભ એવા ચાર પુત્ર હતા.

૬. ન. અશ્વકર્ણનું વૃક્ષ.

૭. ન. દેવદત્ત અથવા ભારદ્વાજ ગોત્રનું એ નામનું એક પ્રવર.

૮. ન. બહેડાંનું ઝાડ.

૯. ન. સાગનું ઝાડ.

૧૦. વિ. કાણું.

કુશિકનંદન પું. વિશ્વામિત્ર.

કુશિકસુત જુઓ કુશિકનંદન.

કુશિકસૌભર પું. ઋગ્વેદના દશમા મંડલના ૧૨૭મા સૂક્તનો કર્તા એક ઋષિ.

કુશિકા [સં.] સ્ત્રી. લોઢાની કોશ.

કુશિકય [સં.] ન. ખરાબ દોરીવાળું લોકોને છેતરવાનું સોનીનું ત્રાજવું.

કુશિક્ષક [સં.] પું. ખરાબ મહેતાજી.

કુશિક્ષણ [સં.] ન. ખરાબ શિક્ષણ.

કુશિનગર ન. એ નામનું એક પ્રાચીન સ્થળ. આ સ્થળે ઈ. સ. પૂર્વે ૪૭૭માં બુદ્ધ ભગવાનનું નિર્વાણ થયું હતું. સીલોનની વર્ષસૂચી તેમ જ પ્રો. લેસેનના મત મુજબ એ બનાવ ઈ. સ. પૂર્વે ૫૪૩માં બન્યો હતો. આ નિર્વાણ અજાતશત્રુના રાજ્યના આઠમા વર્ષમાં અને બુદ્ધ ભગવાનની ઉમરના એંશીમા વર્ષમાં થયું હતું. આ સ્થળ તે હાલનું કેસિયા મનાય છે. તે ગોરખપુરથી પૂર્વે સાડત્રીસ માઈલે છે. મરણકાળે બુદ્ધ માથું ઉત્તર તરફ રાખીને જમણે પડખે સૂતા હતા. એમની મરણભૂમિ ઉપર અશોકે ત્રણ સ્તૂપ ચણાવ્યા હતા.

કુશિનારા જુઓ કુશિનગર.

કુશિંબી [સં.] સ્ત્રી. મોગરી.

કુશી ૧. [સં. કુશિન્] પું. વાલ્મીકિ ઋષિ.

૨. સ્ત્રી. કોશ.

૩. સ્ત્રી. હિંદુસ્તાનની એ નામની નદી.

૪. [સં.] ન. એક જાતનું પવિત્ર ઘાસ.

૫. [ફા.] ન. મારી નાખવું તે.

૬. [સં. કુશિન્] વિ. જેના હાથમાં કુશ હોય તેવું.

કુશીદ ૧. [સં.] પું. નાણાવટી.

૨. ન. વ્યાજ ખાવું તે.

કુશીનાર ન. જ્યાં સાલવૃક્ષની નીચે ગૌતમબુદ્ધ નિર્વાણ પામ્યા હતા તે સ્થળ. આ સ્થાન ગોરખપુર જિલ્લામાં છે.

કુશીરક [સં.] ન. ખેડવાથી જેમાં હળ ખૂંપી થઈ જાય તેવું ખેતર.

કુશીલ ૧. પું. (જૈન) નિર્ગ્રંથના પાંચ માંહેનો એ નામનો એક પ્રકાર. કુશીલના બે ભેદ: પ્રતિસેવતા કુશીલ અને કષાય કુશીલ.

૨. [સં.] ન. કુપાત્ર.

૩. ન. ખરાબ શીલ.

૪. ન. ગેરવર્તણૂક; ખરાબ રીતભાત.

૫. વિ. ખરાબ ચારિત્ર્યવાળું; ખરાબ શીલવાળું.

કુશીલતા ૧. [સં.] સ્ત્રી. ગેરવર્તણૂક.
 ૨. સ્ત્રી. લુચ્ચાઈ; દોંગાઈ.

કુશીલવ ૧. પું. કોઈ પણ માણસની બોલવાની અને વર્તવાની રીતના ચાળા પાડી શકે તેવો પુરુષ.

૨. પું. ગવૈયો; ગાનાર.

૩. પું. નટ; નાટકનો ખેલાડી.

૪. પું. ભાટ; ભાટચારણ; બંદીજન.

૫. પું. વાલ્મીકિ મુનિ.

૬. પું. ब. व. (પુરાણ) રામના દીકરા કુશ અને લવ. રામચંદ્રે લોકાપવાદને લઈને સીતાને લક્ષ્મણની સાથે ગંગાની પેલી પાર તમસા નદીને તીરે મોકલી તેનો ત્યાગ કર્યો, ત્યારે સીતાને ગર્ભ હતો. એમને અરણ્યમાં વાલ્મીકિ ઋષિના આશ્રમમાં આ બે પુત્ર જન્મ્યા. તેમનાં વાલ્મીકિએ કુશ અને લવ એવાં બે નામ પાડ્યાં. કુશીલવ મોટા થયા એટલે વાલ્મીકિએ એમને જનોઈ દીધું અને વેદ, વેદાંગ અને ધનુર્વિદ્યામાં નિષ્ણાત કર્યા. એ સિવાય પોતે રચેલા શતકોટિ રામાયણ કાવ્યમાંથી ગાયત્રી મંત્રપ્રચૂર ચોવીશ હજાર શ્લોક ચૂંટી કાઢીને તેમને ગાતાં શીખવ્યું. રામચંદ્રે ગોમતી નદીને તીરે અશ્વમેધનો આરંભ કર્યો અને શ્યામકર્ણ અશ્વને છૂટો મૂકી તેની સાથે મોટું સૈન્ય લઈ શત્રુઘ્નને મોકલ્યો. અશ્વ ફરતો ફરતો વાલ્મીકિ ઋષિને આશ્રમે આવ્યો. તે વખતે લવ એકલો જ હાજર હતો. કુશ દર્ભ, સમિધ વગેરે માટે અરણ્યમાં ગયો હતો અને વાલ્મીકિ વરુણના યજ્ઞ માટે પાતાળમાં ગયા હતા. લવે ઘોડાના કપાળ ઉપરની સુવર્ણ પત્રિકા વાંચીને તેને બાંધ્યો. આથી લવ અને શત્રુઘ્ન વચ્ચે યુદ્ધ થયું. લવે શત્રુઘ્નના સૈન્યને હેરાન કર્યું અને શત્રુઘ્નને પણ મૂર્ચ્છા પમાડ્યો. પણ અંતે એણે લવનું ધનુષ્ય તોડી નાખી મૂર્ચ્છા પમાડી એને રથમાં નાખી અશ્વને લઈ અયોધ્યાનો રસ્તો લીધો. તેવામાં કુશ આશ્રમે આવ્યો અને તેને આ બનાવની ખબર પડતાં તે સૈન્યની પાછળ ધનુષ્યબાણ લઈ પડ્યો. એણે શત્રુઘ્નના સેનાપતિ અને એના ભાઈને મારી નાખ્યા અને શત્રુઘ્નને મૂર્ચ્છિત કરી લવને અને ઘોડાને આશ્રમે લઈ આવ્યો. ત્યાં લવને મૂર્ચ્છા વળી અને તેણે સૂર્યની સ્તુતિ કરી તેની પાસેથી નવું ધનુષ્ય મેળવ્યું. તેવામાં લક્ષ્મણ સૈન્ય લઈને આવ્યો. તેને પણ લવકુશે મૂર્ચ્છા પમાડ્યો. તેથી યજ્ઞદીક્ષા લીધેલી છતાં રામચંદ્ર પોતાને ત્યાં આવવું પડ્યું. રામે આ કુમારોને જોઈને એના વંશ, પિતાનું નામ વગેરે પૂછ્યું. એ સીતાના પુત્રો છે એ જાણીને રામને મૂર્ચ્છા આવી, પણ તરત જ સાવધ થઈને કુમારો સાથે યુદ્ધ કરવા માંડ્યું. પણ પોતે ઉદાસીનપણે યુદ્ધ કરતા હતા, તેથી પોતાના બીજા ભાઈઓની પેઠે તેઓ પણ મૂર્ચ્છિત થઈને પડ્યા. એવામાં વાલ્મીકિ ઋષિ આવ્યા અને જ્યાં રામ અને એમના ભાઈઓ વગેરે પડ્યા હતા ત્યાં ગયા અને પોતાની અમૃતદૃષ્ટિથી સર્વને સાવધ અને સજીવ કર્યા. એમણે સીતા અને લવકુશની હકીકત તેમને કહી. રામ એ બધાંને લઈને વાલ્મીકિ ઋષિને વંદન કરી અયોધ્યા ગયા.

૭. સ્ત્રી. શીલ વેચીને જીવન ગુજારનાર રખડતા લોકોની એક જાત.

કુશીલા [સં.] वि. સ્ત્રી. ખરાબ સ્વભાવવાળી.

કુશીવશ [સં.] પું. વાલ્મીકિ મુનિ.

કુશીશ [ફા.] न. મારી નાખવું તે; ખૂન.

કુશૂદ [ફા.] न. ખુલ્લાપણું.

કુશૂલ ૧. [સં.] પું. અન્નનો કોઠાર.
 ૨. પું. ફોતરાંનો અગ્નિ.

કુશેશય ૧. [સં.] પું. કુશદ્વીપ માંહેનો એ નામનો એક પર્વત; કેમેરોન.

૨. न. કમળ; પદ્મ.

૩. न. કરેણનું ઝાડ.

૪. न. સારસ પક્ષી.

૫. वि. દર્ભની પથારી ઉપર સૂતાર.

કુશેશ્વર [સં.] પું. શંકર; મહાદેવ.

કુશોદક [સં.] न. દર્ભ સાથેનું પાણી.

કુશોદકા [સં.] સ્ત્રી. એ નામની દેવી.

કુશોદિકા જુઓ કુશોદકા.

કુશ્ક [ફા.] પું. મહેલ.

કુશ્ત [ફા.] न. મારી નાખવું તે; ખૂન.

કુશ્તગાન [ફા.] પું. ब. व. મારી નાખેલ માણસો.

કુશ્તન ૧. न. ચિનાઈ અથવા પૂર્વ તુર્કસ્તાનમાં આવેલ ખોસ્તાનનું રાજ્ય. ત્યાંથી ઘેરા લીલા રંગના અકીક નીકળે છે, તેથી એનું નામ ઈન્યૂ-શીન પડ્યું છે. ચીનાઓ એને કુ-શા-તાન કહેતા. ચિનાઈ મુસાફરો ફાહ્યાન અને હ્યુએન્સાંગ આ સ્થળે આવેલ હતા. એ સ્થળ હાલના ખોસ્તન શહેરથી સહેજ પશ્ચિમે આવેલું હતું. ઈ. સ. શુમારે બીજી સદીમાં તક્ષશિલામાંથી અહીં આવી વસેલા હિંદવાનોએ ખોસ્તન જીતી લઈ ત્યાં વસવાટ કર્યો હતો.

૨. [ફા.] न. મારી નાખવું તે.

કુશ્તની [ફા.] वि. મોતને લાયક.

કુશ્તમકુશ્તા [ફા.] સ્ત્રી. મલ્લકુસ્તી; યુદ્ધ.

કુશ્તા ૧. પું. એક જાતની પારાની બનાવટ.

૨. પું. કળીચૂનો.

૩. પું. ખૂન કરાયેલ માણસ.

૪. પું. પ્રેમી; આશક.

૫. પું. મારેલી ધાતુ.

૬. [ફા.] वि. મારેલું; મારી નાખેલું.

કુશ્તી [ફા.] સ્ત્રી. કુસ્તી; દ્વંદ્વયુદ્ધ; બથ્થંબથ્થા.

કુશ્તીગર [ફા.] પું. મલ્લ; પહેલવાન.

કુશ્તીગીર જુઓ કુશ્તીગર.

કુશ્તીબાજ જુઓ કુશ્તીબાઝ.

કુશ્તીબાઝ [ફા.] પું. મલ્લ; પહેલવાન.

કુશ્મપત્ર न. શસ્ત્રક્રિયાનાં વીશ માંહેનું એક શસ્ત્ર.

કુશ્યાલૂ [હિં.] न. જરદાલુ.

કુશ્રુતજ્ઞાન न. (જૈન) શ્રુતઅજ્ઞાન; મિથ્યાત્વ.

કુશ્વાન [સં.] પું. હડકાયું કૂતરું.

કુષ્ ૧. [સં.] स. क्रि. ચકાસવું; પરીક્ષા કરવી.
 ૨. स. क्रि. ચીરવું; ફાડવું.
 ૩. स. क्रि. નિચોવવું.
 ૪. स. क्रि. (ધાતુ) પ્રકાશવું. તેના ઉપરથી નીકળેલ શબ્દઃ કુષાકુ.

કુષક [સં.] પું. બહેડાંનું ઝાડ.

કુષાકુ ૧. [સં.] પું. અગ્નિ.
 ૨. પું. વાનર.
 ૩. પું. સૂર્ય.
 ૪. वि. ક્રૂર; ઘાતકી.
 ૫. वि. બળતું; ગરમ થઈ જોશમાં આવતું.

કુષિક પું. (પુરાણ) એ નામનો એક ક્ષત્રિય.

કુષીતક પું. (પુરાણ) એ નામનો એક બ્રહ્મર્ષિ.

કુષીદ ૧. [સં.] न. વ્યાજ ખાવું તે.
 ૨. वि. આળસુ; મંદ.

કુષુંભ [સં.] સ્ત્રી. કીડાઓની ઝેરની થેલી.

કુષ્ઠ ૧. પું. ઉપલેટ; એક જાતની વનસ્પતિ. ઔષધમાં તેનાં મૂળ વપરાય છે. તે રંગે ભૂખરું અને વજનમાં હલકું હોય છે અને તેમાં એક જાતની ખુશબો રહેલી છે. તે શોધક, પૌષ્ટિક, ઉષ્ણ, વાતહર અને જંતુનાશક મનાય છે. અજીર્ણમાં અને દમ ઉપર તેમ જ જુદી જુદી જાતના ચામડીના રોગમાં અને જીર્ણજ્વરમાં તે અપાય છે. ધૂમ્રપાન તરીકે તેનો ઉપયોગ કરવાથી દમ, ઉધરસ વગેરે શાંત થાય છે. સાંધા દુખતા હોય ત્યારે તેનું તેલ ચોપડાય છે.

૨. [સં.] પું. ચામડીનો એક જાતનો રોગ; કોઢ.
૩. પું. પતરોગ.
૪. પું. રક્તદોષ; લોહીબગાડ.
૫. ન. એ નામનું એક વૃક્ષ.
૬. ન. એક જાતનું ઝેર.

કુષ્ઠકુઠારરસ પું. (વૈદ્યક) એક પ્રકારનું ચૂર્ણ. તે બનાવવા પારદભસ્મ ૨ ભાગ, ગંધક ૧ ભાગ, લોહભસ્મ, ગૂગળ, ત્રિફળા, બકાન લીમડો, ચિત્રક અને શિલાજિત એ દરેક ૧૬ ભાગ, કરંજનાં બી ૬૪ ભાગ અને અભ્રકભસ્મ ૬૪ ભાગ લઈ ચૂર્ણ કરવું. આથી સર્વ કોઢનો નાશ થતો મનાય છે.

કુષ્ઠકેતુ ૧. [સં.] પું. એક જાતનું ઝાડ.
૨. સ્ત્રી. એક લતા.

કુષ્ઠગણ [સં.] પું. અઢાર પ્રકારના કોઢનો સમુદાય.

કુષ્ઠઘાતિની [સં.] સ્ત્રી. અશ્વગંધા; આસંધ.

કુષ્ઠઘ્ન ૧. [સં.] પું. એ નામની વનસ્પતિ; હિતાવલી.
૨. વિ. કોઢનો નાશ કરનારૂં.

કુષ્ઠઘ્ની [સં.] સ્ત્રી. બાબચી; બાવચી; એક વનસ્પતિ.

કુષ્ઠજ્ઞ ૧. [સં.] ન. એક જાતનું ઝાડ.
૨. ન. એક જાતનું વિષ.
૩. ન. પોલાદ.

કુષ્ઠતૈલ ન. (વૈદ્યક) કુષ્ઠ નામની ઔષધિમાંથી બનતું એ નામનું તેલ. તે બનાવવા કુષ્ઠ, એરંડિયું અને કાંજી એક, ચાર અને સોળના પ્રમાણમાં લઈ તેનું તેલ સિદ્ધ કરવું. જે પીડા વાતજન્ય હોય તેમાં આ તેલ લગાડવાથી ફાયદો થાય છે.

કુષ્ઠનાશન ૧. [સં.] પું. એક કંદ; વારાહીકંદ.
૨. પું. ધોળો સરસવ.
૩. ન. રાતા ખેરનું ઝાડ.
૪. વિ. કોઢનો નાશ કરનારૂં.

કુષ્ઠનાશિની [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; સોમરાજી.

કુષ્ઠભેદ [સં.] પું. પુષ્કરમૂળ. તે કોઢ મટાડનાર મનાય છે.

કુષ્ઠરોગ ૧. [સં.] પું. કોઢ.
૨. પું. પતરોગ.

કુષ્ઠરોગી ૧. [સં. કુષ્ઠરોગિન્] વિ. કોઢિયું.
૨. વિ. પતિયું.

કુષ્ઠલ ૧. [સં.] ન. ખરાબ સ્થળ.
૨. ન. પૃથ્વીની સપાટી.

કુષ્ઠસદન [સં.] ન. પતિયાંઓનો આશ્રમ.

કુષ્ઠસૂદન ૧. [સં.] પું. ગરમાળો.
૨. વિ. કોઢનો નાશ કરનાર.

કુષ્ઠહરલેપ પું. કોઢ મટાડનાર મલમ.

કુષ્ઠહંતા ૧. [સં. કુષ્ઠહંતૃ] પું. હાથીકંદ વનસ્પતિ.
૨. વિ. કોઢનો નાશ કરનાર.

કુષ્ઠહંત્રી [સં.] સ્ત્રી. એ નામની ઔષધિ; બાબચી.

કુષ્ઠા [સં.] સ્ત્રી. આંબલી.

કુષ્ઠાદિતૈલ ન. (વૈદ્યક) કુષ્ઠ વગેરે વનસ્પતિમાંથી બનતું એ નામનું તેલ. તે બનાવવા ઉપલેટ અને સિંધાલૂણ બંને એકેક ભાગ, સરસિયું તેલ ૮ ભાગ અને કાંજી ૩૨ ભાગ લઈ તેનું રીતસર તેલ કરવું.

કુષ્ઠારિ ૧. [સં.] પું. અર્કવૃક્ષ; આકડાનો છોડ.
૨. પું. ગંધક.
૩. પું. પટોળ; દુર્ગંધી ખેર.
૪. વિ. કોઢનો નાશ કરનાર.

કુષ્ઠાલય [સં.] ન. પતિયાંઓનો આશ્રમ.

કુષ્ઠાશ્રમ જુઓ કુષ્ઠાલય.

કુષ્ઠિકા [સં.] સ્ત્રી. પગનો અમુક અવયવ.

કુષ્ઠિત [સં.] વિ. કોઢવાળું.

કુષ્ઠી ૧. [સં. કુષ્ઠિન્] પું. કોઢિયો.
૨. પું. પતિયો માણસ.
૩. ન. એક જાતનું ઝેર.
૪. વિ. કોઢવાળું; કોઢિયું; કોઢીલું.
૫. વિ. પતિયું.

કુષ્માંડ ૧. પું. એ નામનો એક અધમ દેવ.
૨. [સં.] પું. એક જાતનું શાક; કોળું.
૩. પું. જરાયુ.
૪. પું. શિવના ગણનું નામ.
૫. સ્ત્રી. એ નામની એક યોગક્રિયા.

કુષ્માંડક ૧. પું. (પુરાણ) એ નામનો એક સર્પ.
૨. [સં.] ન. કોળું.
૩. ન. તુંબડું.

કુષ્માંડકાવલેહ [સં.] પું. (વૈદ્યક) કોળાં અને બીજી દવાઓ સાથે મેળવી બનાવેલું ચાટણ.

કુષ્માંડનવમી [સં.] સ્ત્રી. કાર્તિક માસની શુક્લપક્ષની નોમ.

કુષ્માંડપાક પું. (વૈદ્યક) કોળાંપાક. પાકેલાં જૂનાં કઠણ ભૂરાં કોળાંના ૪૦૦ તોલા મગજને કલાઈવાળા વાસણમાં બાફી પાણી નિચોવી ગાયના ઘીમાં સાંતળવો. પછી વંશલોચન, તજ, એલચી, લવિંગ, જાવંત્રી અને તમાલપત્ર એ દરેકના બબ્બે તોલાનું બનાવેલું વસ્ત્રગાળ ચૂર્ણ કરી તેની સાથે ભેળવવું. ૪૦૦ તોલા ધોયેલી સાકરની ચાસણી કરી તેમાં બે તોલા કેસરનું પાણી નાખવું અને પછી તેમાં દવાઓ ભેળવેલો કોળાંનો મગજ નાખી હલાવી થાળમાં ઢાળી તેનાં ચોસલાં પાડવાં. આ પાક ધાતુવર્ધક અને વાત, પિત્ત, કફ, ક્ષય, જીર્ણજ્વર, પ્રદર, પાંડુરોગ, સૂક્તિકારોગ અને રક્તદોષને દૂર કરનારો મનાય છે. તે શક્તિ અનુસાર હમેશા બેથી દશ તોલા સુધી આપી શકાય છે.

કુષ્માંડા સ્ત્રી. એ નામની એક દેવી.

કુષ્માંડાવલેહ પું. (વૈદ્યક) કોળાંની બનાવટની ચાટણવાળી દવા. તે બનાવવા માટે જૂનું કોળું લઈ તેની ઉપલી છાલ કાઢી નાખી તેના બારીક કટકા કરી ૪૦૦ તોલા લેવું ને તેની અંદર ૮૦૦ તોલા પાણી નાખી બાકી ૪૦૦ તોલા પાણી રહેતાં સુધી ઉકાળવું. પછી તે પાણી ગળી લેવું ને જે કોળાંના ગરનો ઉકાળેલ કૂચો રહે તેને ૩૨ તોલા ઘીની અંદર તળવો. પછી બીજાં ઠામની અંદર ૪૦૦ તોલા સાકર નાખી તેમાં ગાળી રાખેલું કોળાંનું પાણી રાખી તેની ઘટ્ટ ચાસણી કરવી ને તેમાં ઘીમાં તળેલ કોળાંની કીટી તથા સૂંઠ, જીરૂં ને પીપર એ ત્રણે આઠ આઠ તોલા અને ધાણા, તમાલપત્ર, એલચી, મરી અને તજ એ પાંચ બબ્બે તોલા લઈ તેનું ચૂર્ણ કરી નાખવું. તેની માત્રા ૨ થી ૪ તોલા છે.

કુષ્માંડી ૧. [સં.] સ્ત્રી. એક જાતની ઔષધિ.
૨. સ્ત્રી. એક જાતની યોગક્રિયા.
૩. સ્ત્રી. એક જાતની વેલ.
૪. સ્ત્રી. દુર્ગા; ઉમા.

કુસ ૧. પું. કુશદ્વીપ.
૨. પું. તીકમ; ખોદવાનું ઓજાર.
૩. પું. દર્ભ; દાભડો; કુશ.
૪. પું. સ્ત્રીની જનનેંદ્રિય; યોનિ.
કુસ મરાવવી = છિનાળું કરવું.

કુસકા ન. ફોતરાં; છાલાં.

કુસકી ૧. સ્ત્રી. કુસકા; ડાંગરની કરડ ખાંડવાથી પડતો લોટ.
૨. [ફા. ખુશ્કી] સ્ત્રી. પગરસ્તો; જમીનરસ્તો.

કુસઘ્ની પું. દુરુપયોગ.

કુસડી (કુસડ઼ી) સ્ત્રી. મેંદાની એક જાત.

કુસડું (કુસડું) ન. વેજાના તાણાના પાણ ઉપર ફેરવવામાં આવતું સાધન; કાંગડ.

કુસડોઘોણુસ (કુસડ઼ોઘોંણુસ) પું. ઘોણુસ સાપની એક જાત. તેના વિષથી પહેલાં દંશસ્થાને ખરજ ઉત્પન્ન થાય અને ધીમે ધીમે અંગ ફૂલી જાય.

કુસણુ ૧. ન. દહીં; ગોરસ.

૨. ન. વાસણકૂસણ.

કુસમ પું. (પિંગળ) નાગપિંગળ માંહેનો એક માત્રામેળ છંદ.

કુસમય ૧. પું. કુશાસ્ત્ર; પાખંડી લોકોનું શાસ્ત્ર.

૨. [સં.] પું. ખરાબ સમય; દુઃખનો દિવસ.

કુસમાની [ફા.] સ્ત્રી. વ્યભિચારિણી સ્ત્રી; વેશ્યા.

કુસમિલતા પું. (પિંગળ) અઢાર અક્ષરનો એક અક્ષરમેળ છંદ; કુસુમિતલતા. તેના દરેક ચરણમાં મગણ, તગણ, નગણ અને ત્રણ યગણ એમ અઢાર અક્ષર હોય છે. તેમાં પાંચમા અને અગિયારમા અક્ષરે વિસામો આવે છે.

કુસમી સ્ત્રી. બિહારી કલમી આંબાની એક જાત.

કુસમુસ સ્ત્રી. ખાનગી વાતચીત.

કુસર પું. એક જાતનો છોડ; કસ્તૂરી મોગરો. તેને વસંતઋતુમાં સફેદ ઝીણાં સુગંધી ફૂલ આવે છે. એનાં પાંદડાં ઔષધિમાં ઉપયોગી છે. તેનાં મૂળ તાવમાં વપરાય છે.

કુસરાત સ્ત્રી. આરોગ્ય; તંદુરસ્તી.

કુસરિત [સં.] સ્ત્રી. નાની ઓછા પાણીની નદી.

કુસરિતા જુઓ કુસરિત.

કુસરી ૧. સ્ત્રી. એક જાતનો વેલો; કસ્તૂરી મોગરો; મધુમાધવી. એનાં પાન મોટાં હોય છે. તેમાં ધોળાં સુવાસિત ફૂલ થાય છે.

૨. સ્ત્રી. કુશળતા; હોશિયારી.

૩. વિ. હોશિયાર; ચતુર.

કુસલ ૧. સ્ત્રી. તંદુરસ્તી; આરોગ્ય.

૨. સ્ત્રી. ભલું; હિત.

૩. [સં.] ન. મંગળ; કલ્યાણ.

૪. વિ. ચતુર; હોશિયાર.

૫. વિ. નીરોગી.

૬. વિ. સુખી; કલ્યાણવાળું.

કુસલતા ૧. [સં.] સ્ત્રી. તંદુરસ્તી; આરોગ્ય.

૨. સ્ત્રી. સુખ; આબાદી; કલ્યાણ.

કુસલાત જુઓ કુસલતા.

કુસહાય ૧. [સં.] પું. ખરાબ સોબતી; દુષ્ટ મિત્ર.

૨. પું. દુઃખના વખતમાં મદદ કરનાર માણસ.

કુસહાયક જુઓ કુસહાય.

કુસંકલ્પ [સં.] પું. ખરાબ વિચાર.

કુસંગ પું. નઠારી સોબત; કુસંગત; ખરાબ અને હલકા માણસો સાથે હરવુંફરવું તે.

કુસંગત જુઓ કુસંગ.

કુસંગતિ જુઓ કુસંગ.

કુસંગી ૧. વિ. ખરાબ સોબતવાળું; હલકા માણસોની સંગતમાં રહેનારૂં.

૨. વિ. નાસ્તિક; ઈશ્વરમાં શ્રદ્ધા વિનાનું.

૩. વિ. બીજા ધર્મમાં માનનારૂં.

કુસંઘયણ [સં. કુસંહનન] ન. (પ્રાકૃત) શરીરનો હલકો બાંધો.

કુસંપ ૧. પું. નઠારી બાબતમાં એક થવાપણું.

૨. [સં.] પું. મેળ ન હોવાપણું; અણબનાવ; તૂટ.

કુસંપી ૧. વિ. અતડું; અળગું રહેતું.

૨. વિ. સંપવાળું નહિ એવું; મેળ નહિ રાખનાર; વઢવાડિયું; તકરાર કરી જુદું પડી જાય એવું.

કુસંયોજન [સં.] ન. તૂટી ગયેલાં હાડકાંના ભાગ બરાબર ન સાંધવાપણું.

કુસંવર ન. એક પ્રકારનું વાદ્ય.

કુસંસાર [સં.] પું. માયાવી દુનિયા.

કુસંસ્કાર ૧. [સં.] પું. અંતઃકરણમાં અયથાર્થ વાતનો પ્રભાવ. તેથી બુદ્ધિ સારૂં કામ ન કરી શકે અને મન સારાં કામ તરફ ન દોરાય.

૨. પું. ખરાબ અસર.

કુસાદ પું. ખરાબ અવાજ.

કુસાધ્ય [સં.] વિ. આકરૂં; કઠણ; મુશ્કેલ.

કુસાયા ન. એક જાતનું કપડું.

કુસિક [સં.] પું. શુકલ યજુર્વેદનો એ નામનો એક ઋષિ.

કુસિત ૧. [સં.] પું. દેશ.

૨. વિ. થોડું ધોળું.

૩. વિ. લગાર બંધાયેલ કે બાંધેલ.

૪. વિ. વ્યાજ ઉપર જીવનાર.

કુસિતાયી [સં.] સ્ત્રી. વ્યાજ ઉપર જીવનારની સ્ત્રી.

કુસિનાર પું. એક પ્રદેશનું નામ. ત્યાં પ્રજાસત્તાક રાષ્ટ્ર સ્થાપિત હતું.

કુસિનારા ન. કુશિનગર; મલ્લ લોકોની રાજધાનીનું શહેર.

કુસિયાર સ્ત્રી. શેરડી.

કુસિસ્તા [ફા.] વિ. ભાંગેલું; તૂટેલું.

કુસિંધ [સં.] ન. માથા વિનાનું ધડ.

કુસી સ્ત્રી. એ નામની એક નદી. તેનું પ્રાચીન નામ કૌશિકી હતું.

કુસીદ ૧. ન. રક્તચંદન.

૨. ન. વ્યાજ.

૩. [સં.] ન. વ્યાજવટું; શરાફી ધીરધાર; નાણાંની આપલે કરવી તે.

કુસીદપત્ર [સં.] પું.; ન. વાયદાચિઠ્ઠી; વચનપત્ર; 'પ્રોમિસરિ નોટ.'

કુસીદમ [સં.] ન. વ્યાજવટું; શરાફી; નાણાવટીપણું.

કુસીદલેખ જુઓ કુસીદપત્ર.

કુસીદા [સં.] પું. વ્યાજે પૈસા આપનાર માણસ.

કુસીદિક જુઓ કુસીદા.

કુસીદિકાણ્વ પું. સામવેદનો એ નામનો એક ઋષિ.

કુસુ સ્ત્રી. ચપટા કરમને દૂર કરનારી એ નામની એક દવા.

કુસુકુ પું. એક જાતનું પક્ષી.

કુસુગન [હિં.] ન. અપશુકન; ખરાબ ચિહ્ન.

કુસુભ ૧. પું. એક જાતનો છોડ; કસૂંબો. તેનાં ફૂલમાંથી બનતો ઊંચો લાલ રંગ કસૂંબાનો રંગ કહેવાય છે. તેના છોડ ત્રણ ચાર ફૂટ ઊંચા થાય છે. તેનાં ફળ સાધારણ છે. તેનાં બીજને કરડી કહે છે ને તેમાંથી તેલ નીકળે છે. રેચક તરીકે આનાં બી આપવાથી દસ્ત સાફ આવે છે અને શરીરમાં રસ કે ઉપરસની જે કાંઈ વિકૃતિ હોય તે દૂર થાય છે. કમળામાં તેનાં ફૂલ વિશેષ ઉપયોગી છે. તેનાં બીનું તેલ શરીરના કોઈ પણ ભાગના સાંધા જકડાઈ જવામાં કે તે ભાગની ગતિ કે શક્તિ નષ્ટ થઈ ગઈ હોય તેવી સ્થિતિમાં વપરાય છે. વળી દુષ્ટ વ્રણ ઉપર તે લગાડવાથી રૂઝ જલદી આવે છે.

૨. [હિં.] વિ. અશુભ; ખરાબ; અમંગળ.

કુસુમ ૧. પું. આંખનું દરદ; ચક્ષુરોગ.

૨. પું. (પિંગળ) એક અર્ધસમ માત્રામેળ છંદ. તેમાં ૯ ગુરુ અને ૩૮ લઘુ મળી ૪૭ વર્ણ અને ૫૬ માત્રા હોય છે.

૩. પું. (પિંગળ) એક સમજાતિ માત્રામેળ છંદ. તે સવૈયા છંદનો એક ભેદ છે. તેમાં ૧૮ ગુરુ અને ૮૮ લઘુ મળી ૧૦૬ વર્ણ હોય છે.

૪. પું. કસૂંબાનાં ફૂલમાંથી બનતો રાતો રંગ.

૫. પું. કસૂંબાનો છોડ.

૬. પું. (જૈન) ચાલુ અવસર્પિણીના છઠ્ઠા અર્હતના એક ગણધર.

૭. પું. રજસ્રાવ; સ્ત્રીરજ.

૮. પું. (સંગીત) હનુમંત મત પ્રમાણે મેઘરાગનો એક પુત્ર. તે પાડવ જાતિનો રાગ છે, અને બીજે પહોરે ગવાય છે.

૯. ન. એ નામનું એક શહેર.

૧૦. ન. કામબાણ.

૧૧. ન. કાવ્ય; પદ્ય.

૧૨. ન. ધાવડીનાં ફૂલ.

૧૩. ન. નાનાં નાનાં વાક્યોવાળું ગદ્ય.

૧૪. [સં.] ન. પુષ્પ; ફૂલ; સુમન.

૧૫. ન. વેણી.

૧૬. ન. સંદેશડો; ગલતોરો.

કુસુમકાર્મુક [સં.] પું. કામદેવ.

કુસુમકુંડલ [સં.] ન. કાનનું ફૂલ; ફૂલના આકારનું ઘરેણું.

કુસુમચર પું. (પિંગળ) ભગણ, નગણ, જગણ અને યગણ મળી ૧૨ વર્ણનો એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ.

કુસુમચાપ જુઓ કુસુમધન્વા.

કુસુમધન્વા [સં.] પું. કામદેવ. ફૂલ તેનું ધનુષ્ય મનાય છે.

કુસુમડું (કુસુમડું) ન. ફૂલ; પુષ્પ.

કુસુમનગર ન. પાટલિપુત્ર; પટણા.

કુસુમપટલ [સં.] ન. ફૂલની પાંખડી.

કુસુમપંચક [સં.] ન. કામદેવનાં પાંચ બાણરૂપ પાંચ ફૂલ: અરવિંદ, અશોક, ચૂત, નવમલ્લિકા અને નીલોત્પલ.

કુસુમપુર ૧. ન. પાટલિપુત્ર; પટણા.

૨. ન. બિહારમાં આવેલ રાજગૃહ શહેરનું એક પ્રાચીન નામ; ગિરિવ્રજપુર.

કુસુમપૂરણ [સં. કુસુમપૂર્ણ] વિ. ફૂલથી ભરેલું.

કુસુમપ્રસૂતિ [સં.] સ્ત્રી. ફૂલ આવવાં તે.

કુસુમબચ્ચું ન. ઈંડાંમાં શરૂઆતમાં ઉત્પન્ન થતો પદાર્થ. તેમાંથી પક્ષી ઉત્પન્ન થાય છે.

કુસુમબાણ ૧. [સં.] પું. કામદેવ. તેનાં બાણ ફૂલ છે.

૨. જુઓ કુસુમપંચક.

કુસુમમધ્ય [સં.] ન. એક જાતનું ઝાડ.

કુસુમમય જુઓ કુસુમપૂરણ.

કુસુમમાલા ૧. સ્ત્રી. એ નામનો નરસિંહરાવકૃત કાવ્યનો સંગ્રહ.

૨. સ્ત્રી. ફૂલની માળા.

કુસુમલ પું. સુતરાઉ કાપડનો એક રંગ.

કુસુમલતા [સં.] સ્ત્રી. ફૂલનો વેલો.

કુસુમલતાવેલ્લિતા પું. (પિંગળ) એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. આ છંદ ધૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં મગણ, તગણ, નગણ, યગણ, યગણ અને યગણ એમ અઢાર અક્ષર હોય છે. તેમાં પાંચમા અને અગિયારમા અક્ષર પછી યતિ કે વિસામો આવે છે.

કુસુમવતી સ્ત્રી. અટકાવ આવ્યો હોય એવી સ્ત્રી; રજસ્વલા.

કુસુમવસન [સં.] ન. ફૂલની ચાદર.

કુસુમવિચિત્રા ૧. પું. નગણ, યગણ, નગણ અને યગણ મળી બાર વર્ણનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે.

૨. વિ. રંગબેરંગી ફૂલવાળું.

કુસુમવૃષ્ટિ [સં.] સ્ત્રી. ફૂલનો વરસાદ.

કુસુમશર ૧. [સં.] પું. કામદેવ.

૨. ન. ફૂલનું બાણ.

કુસુમશેલજ ન. એક જાતનું સુગંધી દ્રવ્ય.

કુસુમષટ્પદી પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ.

કુસુમસંભવ [સં.] પું. વૈશાખ માસ.

કુસુમસાર [સં.] પું. ફૂલનો રસ; મકરંદ.

કુસુમસ્તબક [સં.] પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે દંડકનો એક ભેદ છે. તેના દરેક પદમાં નવ સગણ હોય છે.

કુસુમાકર ૧. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. આ છંદ ષટ્પદી છપ્પય છંદનો એક ભેદ છે. તેમાં ૧૪૪ લઘુ અને ૪ ગુરુ મળી ૧૫૨ માત્રા હોય છે.

૨. [સં.] પું. ફૂલોના સમૂહવાળી જગા; બાગ; બગીચો.

૩. પું. વસંતઋતુ.

કુસુમાગમ [સં.] પું. વસંતઋતુ.

કુસુમાત્મક [સં.] ન. કેસર; કેતકીનું ફૂલ.

કુસુમાધિપ [સં.] પું. ચંપાનું ઝાડ.

કુસુમાધિરાજ જુઓ કુસુમાધિપ.

કુસુમામોહિની પું. (પુરાણ) હિમાલય ઉપરનો એ નામનો દેવ.

કુસુમાયુધ ૧. [સં.] પું. કામદેવ; ફૂલ જેનું હથિયાર છે એવો દેવ; મદન; મન્મથ; પુષ્પધન્વા.

૨. પું. કામવાસના.

કુસુમાલ [સં.] પું. ચોર.

કુસુમાવલિ [સં.] પું. ફૂલનો ગુચ્છ.

કુસુમાસવ ૧. પું. પરાગ; પુષ્પરેણુ.

૨. [સં.] પું. ફૂલના રસનો મદ્ય; ફૂલનો શરાબ; પુષ્પમધુ.

કુસુમાસ્તરણ ૧. પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ; કુસુમસ્તબક. તેના દરેક ચરણમાં નવ સગણ મળી ૨૭ અક્ષરો હોય છે.

૨. [સં.] ન. ફૂલની પથારી.

કુસુમાંજન ૧. [સં.] ન. અઢાર મુખ્ય ક્ષાર માંહેનો એક ક્ષાર.

૨. ન. એક જાતનું અંજન; જસતની ભસ્મ.

કુસુમાંજલિ ૧. [સં.] સ્ત્રી. ઉદયનાચાર્યે બનાવેલ પાંચ સ્તબકવાળો ન્યાયનો એક ગ્રંથ.

૨. સ્ત્રી. ફૂલથી ભરેલો ખોબો; પુષ્પાંજલિ.

કુસુમાંત [સં.] ન. કેસર.

કુસુમિત [સં.] વિ. ફૂલવાળું; ખીલેલું.

કુસુમિતકાય પું. (પિંગળ) એંશી અક્ષરનો એક અક્ષરમેળ છંદ.

કુસુમિતલતા [સં.] પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કુસુમલતાવેલ્લિતા; ફૂલમાલા; કુસુમિલતા. આ છંદ ધૃતિ છંદનો ભેદ છે. તેમાં મગણ, તગણ, નગણ, યગણ, યગણ અને યગણ મળી કુલ ૧૮ વર્ણ હોય છે.

કુસુમિતલતાવેલ્લિતા જુઓ કુસુમિતલતા.

કુસુમિલતા જુઓ કુસમિતલતા.

કુસુમેષુ [સં. કુસુમ (ફૂલ) + ઇષુ (બાણ)] પું. કામદેવ,- કેમકે કુસુમનાં બાણ તે વાપરે છે.

કુસુમોચ્ચય [સં.] પું. ફૂલનો સમૂહ; પુષ્પગુચ્છ.

કુસુમોદ પું. એ નામનો એક પ્રદેશ; લાપ્ચેડોર.

કુસુમોદ્ગતિ જુઓ કુસુમોદ્ગમ.

કુસુમોદ્ગમ [સં.] ન. ફૂલ આવવાં તે.

કુસુમોદ્યાન [સં.] ન. ફૂલવાડી; બગીચો.

કુસુંબ [સં. કુસુંભ] ન. એ નામની વનસ્પતિ; કસૂંબો. તેનાં ફૂલ ચંપાનાં ફૂલ જેવાં હોય છે. તે હિંદ, બ્રહ્મદેશ અને ચીનમાં થાય છે. તેનું લાકડું મજબૂત હોય છે, ફળ ખવાય છે અને બીમાંથી તેલ નીકળે છે.

કુસુંબલ વિ. કુસુંબી; ચણોઠિયું.

કુસુંબી ૧. સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેમાં કસુંબી રંગનાં ફૂલ થાય છે. તેનાં ફૂલના રેસામાંથી રાતો રંગ નીકળે છે. પાઘડી સાળુ વગેરે રંગવાના કામમાં વપરાય છે.

૨. સ્ત્રી. ઓળીનો રોગ.

૩. સ્ત્રી. કસૂંબાથી રંગેલું કપડું.

૪. સ્ત્રી. રાતા રંગનું.

૫. વિ. કુસુંબલ; ચણોઠિયું.

કુસુંબો પું. એ નામની એક વનસ્પતિ. જુઓ કસૂંબો.

કુસુંભ ૧. પું. આંખનું દરદ.

૨. [સં.] પું. કસૂંબો. તેનાં સૂકાં ફૂલોનો રાતો રંગ બને છે.

૩. પું. (પુરાણ) મેરુકર્ણિકા પર્વતોમાંનો એ નામનો એક.

૪. પું. રજસ્રાવ.

૫. પું. રાતો રંગ.

૬. ન. એક જાતનું તેલી બિયું.

૭. ન. કમંડળ.

૮. ન. કુમકુમ; કંકુ.

૯. ન. કેસર.

૧૦. ન. પુષ્કળ ફૂલવાળું ઝાડ.

૧૧. ન. સોનું.

૧૨. વિ. કસુંબલ; રાતું.

કુસુંભક પું. કસૂંબો; રાતો રંગ.

કુસુંભબીજ ન. કસૂંબાનું બીજ.

કુસુંભા ૧. પું. કસૂંબાના ફૂલનો રંગ.

૨. પું. ભાંગનો ઉકાળો. તે માદક તરીકે વપરાય છે.

કુસુંભિની પું. (પિંગળ) ચૌદ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ શર્કરી છંદનો એક ભેદ છે. તેમાં જગણ, ભગણ, સગણ, જગણ અને બે ગુરુ મળી ૧૪ વર્ણ હોય છે.

કુસુંભિની જ ભ સ જ ગા ગથી રચાશે.
રણપિંગળ

કુસુંભી વિ. લાલ; રાતું.

કુસૂ [સં.] પું. એક જાતનો કીડો.

કુસૂત ૧. [હિં.] પું. કુપુત્ર.

૨. પું. કુપ્રબંધ.

કુસૂફ [અ.] પું. સૂર્યગ્રહણ.

કુસૂર ૧. પું. ખરાબ વિચાર.

૨. પું. ગુનો.

૩. [અ. કસર (તે ઓછું હતું)] પું. ભૂલ; તકસીર.

૪. પું. બ. વ. (ગણિત) અપૂર્ણાંક.

૫. સ્ત્રી. ખામી; અપૂર્ણતા.

કુસૂરી [અ.] સ્ત્રી. ખામી; ભૂલ.

કુસૂલ ૧. સ્ત્રી. એક દેવયોનિ.

૨. વિ. કુશળ.

કુસૂલધાન્યક [સં.] પું. ત્રણ વર્ષ ચાલે એટલો દાણો ભરી રાખનાર બ્રાહ્મણ.

કુસૂલધાન્યકબ્રાહ્મણ જુઓ કુસૂલધાન્યક.

કુસૂલિપા પું. (બૌદ્ધ) ચોરાશી માંહેનો એ નામનો એક સિદ્ધ.

કુસૃતિ ૧. [સં.] સ્ત્રી. ખરાબ વર્તન; દુષ્ટતા.

૨. સ્ત્રી. જાદૂ.

૩. સ્ત્રી. ઠગાઈ.

કુસેય [સં. કૌક્ષેય] સ્ત્રી. તલવાર.

કુસેવા સ્ત્રી. ખરાબ મનથી કરાતી ચાકરી.

કુસૈસૈ પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. આ કુંડલિયા છંદનો ભેદ છે. તેમાં ૨૪ ગુરુ અને ૧૦૪ લઘુ મળી ૧૫૨ માત્રા હોય છે.

કુસોન [હિં.] પું. અપશુકન.

કુસ્કી સ્ત્રી. કુશકી; ડાંગર વગેરેનાં છોડાં.

કુસ્ત [અ.] પું. એ નામનો એક છોડ.

કુસ્તમબાજ ૧. પું. કુસ્તી કરનાર માણસ.

૨. પું. મારામારી કરનાર વ્યક્તિ.

કુસ્તમબાજી ૧. સ્ત્રી. કુસ્તી.

૨. સ્ત્રી. મારામારી.

કુસ્તા સ્ત્રી. ખાખ; રાખ.

કુસ્તાઈ સ્ત્રી. તોફાન.

કુસ્તાલુ પું. ગૂગળ.

કુસ્તી ૧. સ્ત્રી. અખાડામાં રમવાની એક દેશી રમત; મલયુદ્ધ; અંગકસરતની એક રીત; અસ્ત્રશસ્ત્રની મદદ વગર માત્ર શરીરબળ અને કળથી પ્રતિસ્પર્ધીને મહાત કરી કબજે કરી લેવાની કળા. મલ્લવિદ્યામાં સામાને બાઝીને તેને ચીત કરવાની કળા ઘણા પ્રકારની છે. જેવી કે, ગૂકુણચાલ, લંગડીચાલ, ઢેકળી, હાથ છોડાવવો, બે હાથ ઉપર તરવું, પગ કાઢવાની તરેહ, નિકાલ મારવી, સવારી કરવી, કમરખોડ, ઢાક મારવી, મુઠ્ઠી મારવી, ચરખા, મુહતોડ, ધોબીપછાડ, કાતર, કલાજન, જબાજબંધ. પ્રાચીન આર્યકાળમાં કુસ્તીની કળા શાસ્ત્રીય કળા બની ગયેલી. એને મલ્લવિદ્યા કહેતા અને એ કળાના ચાર સમર્થ પ્રવર્તકોનાં નામ ઉપરથી એની હનુમંતી, જાંબુવંતી, ભીમસેની અને જરાસંધી એવી ચાર પરંપરા પ્રચલિત હતી. લાંબે કાળે એ પરંપરાઓ લુપ્ત થઈ. હાલમાં પંજાબી કુસ્તી પંજાબ અને ઉત્તર હિંદુસ્તાન તરફ, ખાસ કરીને મુસલમાનોમાં હજરત અલીની ધરાનામી, અલ્લીમદળ કુસ્તી, મથુરા તરફ ચોબાઓનો સંપ્રદાય અને દક્ષિણમાં બાળંભટ્ટ દાદાનો સંપ્રદાય એ મુખ્યત્વે પ્રચલિત છે. એમ કહેવાય છે કે બાળંભટ્ટ દાદાએ ખુદ મારુતિની ઉપાસના કરી એમની પાસેથી જ્ઞાન મેળવી પોતાના સંપ્રદાયમાં હનુમંતી કુસ્તીને સજીવન કરી. કુસ્તી લડતાં જોર વાપરવાની રીત અને સ્ફૂર્તિપ્રમાણને ધ્યાનમાં લઈને એના લડંત, ગઢંત અને ઉડંત એવા ત્રણ મુખ્ય પ્રકાર પાડેલા છે. એ ત્રણેમાં દાવપેચ નાખવાની કળા જરા જરા ફરકવાળી હોય છે અને એ પ્રકાર પશુપક્ષીઓની લડવાની રીત ઉપરથી ઉપજાવેલ છે.

૨. સ્ત્રી. જનોઈના જેવું પારસીઓમાં વપરાતું એક ચિહ્ન; પારસીનો પવિત્ર કમરબંધ. તે બોતેર ઊનના તારથી વણેલ હોય છે. એ જરથોસ્તી ધર્મની નિશાની છે. ધર્મમાં દાખલ કરવા માટે બાળકને ૭, ૯, ૧૧ કે ૧૪ વર્ષે નવજોતની ક્રિયા કરવામાં આવે છે અને સદરે હજાર કુસ્તી બાંધે છે.

૩. સ્ત્રી. બથંબથ્થા.

૪. સ્ત્રી. યોગ્ય સૂત્ર બોલીને જનોઈ છોડી ફરી બાંધવાની ક્રિયા.

કુસ્તીગર પું. કુસ્તીબાજ; મલ્લ.

કુસ્તીબાજ વિ. કુસ્તી કરનાર; કુસ્તીમાં પ્રવીણ; મલ્લકુસ્તી કરનાર.

કુસ્તીબાજી સ્ત્રી. કુસ્તીની રમત; કુસ્તી ખેલવી તે; બાઝાબાઝી.

કુસ્તુભ ૧. [સં.] પું. વિષ્ણુ.

૨. પું. સમુદ્ર.

કુસ્તુંતુનિયા ન. કોન્સ્ટન્ટિનોપલનું અસલ અરબી નામ.

કુસ્તુંબ પું. એક જાતનું વાજિંત્ર.

કુસ્તુંબક ન. નરકાવાસનો આકાર.

કુસ્તુંબરી ૧. પું. એક જાતનું ધાન્ય.

૨. [સં.] સ્ત્રી. કોથમીર; ધાણાની ભાજી.

કુસ્તુંબરુ પું. (પુરાણ) એ નામનો એક ગંધર્વ.

કુસ્તુંબરૂ પું. ધાણા.

કુસ્ત્રી [સં. કુ (ખરાબ) + સ્ત્રી] સ્ત્રી. ખરાબ સ્ત્રી; વ્યભિચારિણી સ્ત્રી.

કુસ્થાન ૧. [સં. કુ (ખરાબ) + સ્થાન (જગ્યા)] ન. ખરાબ જગ્યા.

૨. ન. નીચ જાતિ.

કુસ્પર્ધા [સં. કુ (ખરાબ) + સ્પર્ધા (હરીફાઈ)] સ્ત્રી. ખોટી હરીફાઈ.

કુસ્વપ્ન [સં.] ન. ખરાબ સ્વપ્ન.

કુસ્વભાવ [સં.] પું. ખરાબ પ્રકૃતિ; નઠારો સ્વભાવ.

કુસ્વાદ [સં.] પું. ખરાબ સ્વાદ.

કુસ્વાદુ [સં.] વિ. ખરાબ સ્વાદવાળું.

કુસ્સા [હિં.] પું.' ખોદવાનું ઓજાર; તીકમ.

રસુ ન. એક જાતનું જંતુનાશક ઔષધ.

કુસ્સેંઠય વિ. આકરૂં; કડક; મુશ્કેલ.

કુહ ૧. [સં.] પું. કુબેર.
૨. સ્ત્રી. (પુરાણ) સ્વાયંભુવ મન્વંતરમાં અંગિરા ઋષિને શ્રદ્ધા નામની સ્ત્રીથી થયેલ એ નામની દીકરી.
૩. વિ. વિસ્મય પમાડનાર.
૪. અ. ક્યાં.

કુહક ૧. પું. એક જાતનો સર્પ.
૨. [સં.] પું. કૂકડાનો અવાજ.
૩. પું. શઠ.
૪. ન. ઈંદ્રજાળ; કપટ; માયા.
૫. વિ. કપટી; જાદૂગર; માયાવી.

કુહકકંદ પું. સાધારણ શરીરવાળા જીવનો એક પ્રકાર.

કુહકકુહર પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં બે નગણ, મગણ, યગણ, બે નગણ, જગણ, યગણ, લઘુ અને ગુરુ એમ છવ્વીશ અક્ષર હોય છે.

કુહકસ્વર [સં.] પું. કૂકડો.

કુહકસ્વરી [સં.] સ્ત્રી. કૂકડી.

કુહકુહ ૧. પું. કુહૂ કુહૂ અવાજ.
૨. પું. કેસર.

કુહકેક્ષણી સ્ત્રી. હલકી સ્ત્રી.

કુહક્ક ન. (સંગીત) એક તાલનું નામ.

કુહન ૧. [સં. કુ (પૃથ્વી) + હન્ (હણવું)] પું. ઉંદર.
૨. પું. સર્પ.
૩. પું. (પુરાણ) સૌવીર દેશનો એ નામનો એક રાજપુત્ર.
૪. સ્ત્રી. હળની કોશ.
૫. ન. કાચનું વાસણ.
૬. ન. માટીનું વાસણ.
૭. વિ. ઈર્ષાળુ.
૮. [ફા.] વિ. જૂનું.
કુહનસાલ = ઘરડું.
કુહનસાલી = ઘડપણ; વૃદ્ધાવસ્થા.
૯. વિ. દંભી; ઢોંગી.

કુહનગી [ફા.] સ્ત્રી. ઘડપણ; વૃદ્ધાવસ્થા.

કુહના ૧. [સં.] સ્ત્રી. દંભચર્યા; ઢોંગ; પાખંડ.
૨. [ફા.] ન. જૂનું લૂગડું.
૩. વિ. ઘરડું; વૃદ્ધ.

કુહની ૧. [સં.] સ્ત્રી. ઉંદરડી.
૨. સ્ત્રી. કોણી.
૩. સ્ત્રી. સાપણ.

કુહબ ન. અંજન; સુરમો.

કુહયલન પું. અરબી ઘોડાની એક જાત. આ જાતના ઘોડા મજબૂત, સહનશીલ અને ઘાટીલા શરીરના હોય છે.

કુહર ૧. [સં. કુ (પૃથ્વી) + હૃ (હરવું)] પું. એક જાતનો નાગ.
૨. પું. કાન.
૩. પું. (પુરાણ) ભારતના યુદ્ધમાં દુર્યોધન પક્ષનો એ નામનો એક રાજા.
૪. ન. અંધારૂં.
૫. ન. કંઠનો શબ્દ.
૬. ન. ગળું.
૭. ન. ગુફા; ગોખલા જેવી બારી; પોલાણ; બખોલ.
૮. ન. છિદ્ર; બાકું.
૯. ન. દાન.
૧૦. ન. મૈથુન; સ્ત્રીસંગ.
૧૧. ન. સમીપપણું.

કુહરા પું. ઝાકળ.

કુહરાપો ૧. પું. બળતરા.
૨. પું. સડો.

કુહરામ [હિં.] પું. રુદન.

કુહરિણિ સ્ત્રી. એક પ્રકારની સ્ત્રી.

કુહરિત ૧. [સં.] ન. કોયલનો શબ્દ.
૨. ન. મૈથુનમાં થતો અવાજ.
૩. ન. હરકોઈ અવાજ.

કુહલ ૧. [અ.] પું. બારીક સોયરૂં.
૨. પું. મદ્યસાર.

કુહલિ [સં.] પું. તાંબૂલ; પાન.

કુહલી સ્ત્રી. મૂસ; ધાતુ ગાળવાની કુલડી.

કુહસાર [ફા.] પું. ડુંગરાઉ પ્રદેશ.

કુહા ૧. [સં.] સ્ત્રી. કડુ વનસ્પતિ.
૨. સ્ત્રી. ઝાકળ; ધૂમસ.
૩. સ્ત્રી. બોરડી.

કુહાડ (કુહાડ઼) ૧. પું. કુહાડો.
૨. સ્ત્રી. કુહાંડી; ફરસી.

કુહાડિયા (કુહાડ઼િયા) ૧. સ્ત્રી. એ નામની રાજગર બ્રાહ્મણ અને ઘાંચીની અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કુહાડિયો (કુહાડ઼િયો) પું. એક જાતની વનસ્પતિ. એના પાલાની લૂગદી બનાવી કાંઈ વાગવાથી ઘા પડ્યો હોય એના ઉપર મૂકવામાં આવતાં ઘા રુઝાઈ જાય એવી માન્યતા છે. કશ્મીરમાં આ વનસ્પતિને જખ્મે હયાત એ નામથી ઓળખે છે.

કુહાડી (કુહાડ઼ી) [સં. કુઠાર] સ્ત્રી. નાનો કુહાડો; પરશુ; લાકડાં કાપવાનું કે ફાડવાનું એક હથિયાર.

૧. કુહાડી નાખવી = શબને સ્મશાને લઈ જઈ ચેહ ઉપર મૂક્યા પછી તેની બે પાસે બે માણસ ઊભા રહે અને બે કુહાડીના માથાં ભેગાં કરી શબ ઉપર સામે ઊભેલા માણસ તરફ નાખવામાં આવે, એટલે તે માણસ એ જ પ્રમાણે કુહાડીનાં માથાં એકઠાં કરી ચેહ ખડકી હોય તે તરફ સલામ આપતો હોય એમ નમાવી પ્રથમ નાખનાર તરફ ફેંકી નાખી દે. પછી અગ્નિ પ્રગટાવવામાં આવે છે. આ રિવાજ ખાસ કરીને પાધર પ્રદેશમાં રહેતા વસાવા લોકોમાં છે.

૨. કુહાડીનો હાથો = એક જ કુળના કે વંશના કોઈને હણનાર; ઘર કાણું કરનાર. કુહાડીના હાથાની ઉત્પત્તિ લાકડામાંથી થયેલી છે અને તે પછી કુહાડીની સાથે રહી પોતાના જ વર્ગના કોઈ ઝાડને કાપે છે. એની સહાયતા વિના કુહાડી એકલી ઝાડ કાપી શકતી નથી.

કુહાડો (કુહાંડ઼ો) [સં. કુઠારક] પું. લાકડાં ફાડવાનું એક હથિયાર; પરશુ.

પોતાના પગ ઉપર કુહાડો મારવો = પોતે જ પોતાનું ખરાબ કે નાશ થાય તેમ કરવું.

કુહાર [હિં.] પું. પાલખી ઊંચકનાર માણસ; ભોઈ. તે મૂળ દક્ષિણ અને બંગાળાના વતની છે. તેઓ પાલખી વગેરે વજનદાર બોજો સહેલાઈથી ઊંચકી શકે છે.

કુહાવતી [સં.] સ્ત્રી. દુર્ગાદેવી

કુહાસ ન. દાંતિયાં.

કુહાસા પું. ઝાકળ.

કુહિસ્તાન ૧. [ફા.] ન. ઇરાક.
૨. ન. ડુંગરાઉ પ્રદેશ.

કુહી ૧. પું. (પિંગળ) ૭ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; અપરભા. આ છંદ ગાયત્રી છંદનો એક ભેદ છે. તેમાં જગણ અને સગણ મળી ૭ વર્ણ હોય છે.
૨. [ફા.] સ્ત્રી. ઘોડાની એક જાત; પહાડી ટટ્ટુ.

૩. ન. એક જાતનું શિકારી પક્ષી. તે બાજથી નાનું હોય છે.

કુહુ ૧. સ્ત્રી. કાબુલ નદીનું પ્રાચીન નામ. તેનું વૈદિક નામ કુભા, પૌરાણિક કાળમાં બદલાઈને કુહુ બન્યું હતું.

૨. સ્ત્રી. ચૌદશયુક્ત અમાવાસ્યા.

૩. સ્ત્રી. (યોગ) દશ માંહેની એ નામની એક નાડી.

૪. સ્ત્રી. (પુરાણ) બાર આદિત્યમાંના ધાતા નામના આદિત્યની સ્ત્રી.

૫. સ્ત્રી. (પુરાણ) ભારતવર્ષીય એ નામની એક નદી.

૬. સ્ત્રી. (પુરાણ) મયાસુરની ત્રણ માંહેની ત્રીજી કન્યા.

૭. સ્ત્રી. સ્વાયંભૂ મન્વંતરમાંના અંગિરા ઋષિને શ્રદ્ધાની કૂખે થયેલી ચાર માંહેની બીજી કન્યા.

૮. સ્ત્રી. (પુરાણ) હવિષ્મંત નામના પિતૃની સ્ત્રી.

૯. સ. કોઈ.

૧૦. સ. કોણ.

૧૧. અ. કોયલના રાગનું અનુકરણ.

કુહુક ૧. [સં.] પું. કોયલનો અવાજ.

૨. [હિં.] પું. મોરની બૂમ; ટહુકો.

કુહુકબાણ [હિં.] ન. વાંસની છોયોનું બનાવેલું એક બાણ. તે છોડતી વખતે અવાજ થાય છે.

કુહુકાર પું. કોયલનો કુહૂ એવો શબ્દ; ટહુકાર.

કુહુડાં (કુહુડ઼ાં) ન. બ. વ. અન્ન વિનાનો ટળવળાટ; ભૂખે મરવું તે; લાંઘણ.

કુહુડાં થવાં = અન્ન વિના ટળવળવું; ભૂખે મરવું.

કુહુરવ ૧. પું. કોયલ.

૨. પું. ટહુકો; મીઠો અવાજ.

કુહુવાડ (કુહુવાડ઼) પું. કુહાડો.

કુહૂ ૧. પું. (પિંગળ) બૃહતી છંદની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેમાં ત્રણ જગણના કુલ નવ વર્ણ છે.

૨. [સં.] સ્ત્રી. અમાવાસ્યાના સાતમા ને આઠમા એ બે પ્રહરનો વખત.

૩. સ્ત્રી. અમાવાસ્યાની અધિષ્ઠાત્રી દેવી.

૪. સ્ત્રી. અંગિરા ઋષિની કન્યાનું નામ.

૫. સ્ત્રી. કોયલનો અવાજ.

૬. સ્ત્રી. ચંદ્ર જરા પણ ન દેખાય એવી અમાવાસ્યા.

૭. સ્ત્રી. પ્લક્ષદ્વીપની એક નદીનું નામ.

૮. સ્ત્રી. મોરનો અવાજ.

૯. સ્ત્રી. લિંગમાં આવેલ એ નામની પ્રાણવહા નાડી.

કુહૂક [સં.] પું. કોયલ.

કુહૂકંઠ [સં.] પું. કોયલ.

કુહૂકંઠી જુઓ કુહૂકંઠ.

કુહૂકાર [સં.] પું. કોયલનો અવાજ; કુહૂ.

કુહૂકુહૂ પું. કોયલનો આલાપ.

કુહૂપાલ [સં.] પું. વિષ્ણુનો કૂર્માવતાર.

કુહૂમુખ ૧. [સં.] પું. કોયલ.

૨. ન. ચંદ્રયુક્ત અમાવાસ્યાનો અગ્ર ભાગ.

કુહૂમુખી [સં.] સ્ત્રી. કોકિલા.

કુહૂરવ ૧. [સં.] પું. કોયલ.

૨. પું. કોયલનો અવાજ.

કુહૂરવી [સં.] સ્ત્રી. કોકિલા.

કુહેલિકા [સં.] સ્ત્રી. ઝાકળ; ધૂમસ.

કુહેસો સ્ત્રી. ઓસ; ઝાકળ.

કુળ ૧. ન. અન્વય.

૨. ન. અસીલ.

૩. ન. એક જાતનું માપ.

૪. [સં. કુલ] ન. ઓલાદ; વંશ; વેલો. જુઓ કુલ.

૧. કુળ અજવાળવું = કુટુંબની નામના કાઢવી.

૨. કુળ જોવું = સગપણ વખતે વંશ જોવો.

૩. કુળ તારવું = પડતીમાંથી કુટુંબને બચાવવું.

૪. કુળ બોળવું = કુળને એબ લગાડવી; કુળની આબરૂ ઘટાડવી.

૫. કુળને ધોય કે પાથરે ? = ઉમદા કુળનો લાભ શો ?

૬. કુળમાં દીવો = કુળદીપક.

૫. ન. ખાનદાની.

૬. ન. જથ્થો; ટોળું; સમૂહ.

કુળઅભિમાન ન. પોતે અમુક વંશનો છે એવો અહંકાર.

કુળઅંગાર પું. બાપદાદાની મેળવેલી આબરૂને કલંક લગાડનાર માણસ.

કુળઆર્ય પું. આર્યના છ માંહેનો એક પ્રકાર; કુળને લીધે કહેવાતો આર્ય.

કુળઈ સ્ત્રી. કલીની ભાજી. તે વર્ષાઋતુમાં ડુંગરાઉ પ્રદેશમાં પુષ્કળ થાય છે. તેને રાતી માટીની જમીન વધારે અનુકૂળ આવે છે. તેના ધોળા કાંદા જમીનમાં થાય છે તે ઉપર પાન આવે છે અને તેને ઝીણાં ધોળાં ફૂલ આવે છે. તેનાં પાન બાફી ભાજી થાય છે. આ પાન જમીન ઉપર પથરાયેલાં હોય છે. તે શીતળ, સ્વાદુ, વાતકર, કફકર અને ગુરુ છે.

કુળઉજાળણ વિ. કુળને ઊજળું કરે એવું.

કુળઊઠી વિ. સ્ત્રી. કુળને કલંક લગાડનારી.

કુળકથા સ્ત્રી. કુટુંબની કથા.

કુળકર્ણી [સં. કુલ + કૃ (કરવું)] પું. તલાટી; વસૂલાતી ખાતાનો હિસાબી કારકુન.

કુળકંટક [સં. કુલકંટક] પું. પોતાના દુરાચારથી પોતાના વંશવારસોને દુઃખી કરનાર માણસ.

કુળકેતુ [સં. કુલકેતુ] પું. કુળની ધજારૂપ માણસ.

કુળક્રમ [સં. કુલક્રમ] પું. વંશપરંપરા.

કુળક્ષય ૧. [સં. કુલક્ષય] પું. કુળનો નાશ.

૨. ન. એક જાતનું દ્વિશાળ ઘર.

કુળખપ્પણ વિ. ઘાતકી; નીચ.

કુળગુરુ [સં. કુલગુરુ] પું. કુટુંબનો ગોર; વંશનો પુરોહિત.

કુળગોર પું. વંશપરંપરાથી કુટુંબને ધાર્મિક વિધિ કરાવનાર બ્રાહ્મણ; વંશપરંપરાનો ગોર.

કુળગૌરવ [સં. કુલગૌરવ] ન. કુળની મોટાઈ; પ્રતિષ્ઠા.

કુળઘાતક [સં. કુલઘાતક] વિ. કુળનો નાશ કરનાર.

કુળચાલ સ્ત્રી. કુળનો રિવાજ; કુલરીતિ.

કુળતંતુ પું. પુત્ર; દીકરો.

કુળતાજ પું. કુટુંબનો મુગટ; કુળનો મણિ.

કુળતાર વિ. કુળનો ઉદ્ધાર કરનાર.

કુળતારક વિ. કુળને તારે એવું; કુળનો ઉદ્ધાર કરનાર.

કુળથી [હિં.] સ્ત્રી. એક જાતનું ધાન્ય; કળથી.

કુળદીપ ૧. [સં. કુલદીપ] પું. કુલાચારના અંગરૂપ દીવો.

૨. વિ. કુળમાં દીવા જેવું; કુળમાં શ્રેષ્ઠ.

કુળદીપક ૧. પું. કુલાંગાર માણસ. તે વ્યંગ્યમાં વપરાય છે.

૨. [સં. કુલદીપક] પું. કુળને શોભાવનાર પુરુષ.

૩. પું. ગુણવાન પુત્ર.

કુળદીવડો (કુળદીવડ઼ો) જુઓ કુળદીપક.

કુળદીવો જુઓ કુળદીપક.

કુળદેવ પું. કુળમાં પૂજાતા દેવ; ઇષ્ટદેવ.

કુળદેવતા જુઓ કુળદેવ.

કુળદેવી [સં. કુલદેવી] સ્ત્રી. કુળમાં મૂળથી પૂજાતી દેવી.

કુળદેવ્યા જુઓ કુળદેવી.

કુળધર્મ [સં. કુલધર્મ] પું. ઉત્તરોત્તર ચાલતો આવેલો ધર્મ કે રિવાજ; કુળમાં મૂળથી પળાતો ધર્મ.

કુળનંદન [સં. કુલનંદન] ન. ઘરની ૨૯૪ માંહેની એક જાતનું ઘર.

કુળનામ ન. અટક; ઉપનામ.

કુળપતિ ૧. [સં. કુલપતિ] પું. કુટુંબનો ઉપરી.
૨. પું. દશ હજાર શિષ્યોને ભણાવનાર વિદ્વાન.

કુળપરંપરા સ્ત્રી. બાપદાદાની રીત.

કુળબડ (કુળબડ઼) વિ. કુળમાં શ્રેષ્ઠ.

કુળબોળામણ ન. કુળને એબ લગાડવી તે.

કુળબોળુ વિ. કુળકલંક; કુટુંબને એબ લગાડનાર.

કુળભાનુ [સં. કુલભાનુ] પું. કુળમાં સૂર્ય સમાન તેજસ્વી પુરુષ.

કુળભૂષણ ૧. [સં. કુલભૂષણ] ન. કુળનું ભૂષણ.
૨. વિ. કુળને લાયક.

કુળમર્યાદા સ્ત્રી. કુળની મર્યાદા.

કુળમોટપ સ્ત્રી. કુલીનતા; કુળની મોટાઈ.

કુળરીત સ્ત્રી. કુટુંબમાં ચાલતો આવતો રિવાજ.

કુળરીતિ જુઓ કુળરીત.

કુળલજામણું વિ. કુટુંબને જેનાથી એબ લાગે એવું; કુળને લજવે એવું.

કુળલાજ સ્ત્રી. કુળની આબરૂ.

કુળવટ [સં. કુલવૃત્તિ] સ્ત્રી. કુટુંબની લાજ; કુળની ટેક.

કુળવતી વિ. સ્ત્રી. સારા કુળની.

કુળવધૂ [સં. કુલવધૂ] સ્ત્રી. ગૃહિણી; સારા કુટુંબની સ્ત્રી.

કુળવહુવારૂ જુઓ કુળવધૂ.

કુળવંત [સં. કુલવંત] વિ. કુલીન; કુળવાન; ખાનદાન.

કુળવંતતા ન. કુળવાનપણું; ખાનદાની.

કુળવંતી વિ. સ્ત્રી. કુલીન.

કુળવંતું વિ. કુળવાન; કુલીન; ખાનદાન.

કુળવાટ સ્ત્રી. કુળરીત; કુટુંબનો ધર્મ.

કુળવાડી (કુળવાડ઼ી) ૧. સ્ત્રી. કણબીનું કુટુંબ.
૨. સ્ત્રી. કુટુંબરૂપી વાડી.

કુળવાન [સં. કુલવત્] વિ. ઊંચા કુળનું; કુલીન.

કુળવૃત્તાંત [સં. કુલવૃત્તાંત] ન. કુળનો ઇતિહાસ.

કુળહીણ જુઓ કુળહીણું.

કુળહીણું ૧. વિ. કુળ વિનાનું; કુટુંબ વગરનું.
૨. વિ. હલકા કુટુંબનું; કજાત.

કુળહીન જુઓ કુળહીણું.

કુળાચાર [સં. કુલાચાર] પું. કુળનો આચાર; કુળનો રીતરિવાજ.

કુળાચાર્ય [સં. કુલાચાર્ય] પું. કુળના ગુરુ.

કુળાભિમાન [સં. કુલ + અભિમાન] ન. કુળનું અભિમાન; પોતાના વંશને માટે ગર્વભરી લાગણી.

કુળાંગના [સં. કુલાંગના] સ્ત્રી. કુળવતી સ્ત્રી.

કુળિયું વિ. કુળવાન; ઉમદા; ખાનદાન.

કુળીન [સં. કુલીન] વિ. ઊંચા કુળનું; કુળવાન. જુઓ કુલીન.

કુળુ [સં. કોમલ] વિ. કુમળું; કોમળ.

કુળે પું. કુડલું; કુલ્લું; ઘી નાખવાનું વાસણ.

કુળેલી સ્ત્રી. કન્યાને લગ્ન પછી વળાવતી વખતે તેની સાથે કન્યાથી નાની ઉમરની મોકલવામાં આવતી છોકરી. ઊંચી કોમમાં અણુવર મોકલવાનો રિવાજ છે. આ રીતે મોકલવામાં આવતી છોકરી બનતાં સુધી કન્યાની બ્હેન જ હોય છે.

કુળોચ્છેદ [સં. કુલોચ્છેદ] પું. કુટુંબનો ઉચ્છેદ; સત્યાનાશ.

કુળોત્તર [સં. કુલોત્તર] વિ. કુળ પછીનું.

કુળોદ્ધાર [સં. કુલોદ્ધાર] પું. કુળનો ઉદ્ધાર.

કું ૧. અ. તિરસ્કાર બતાવનાર એક પ્રત્યય.
૨. અ. હેતની લાગણી દર્શાવતો એક પ્રત્યય.

કું. સ્ત્રી. કંપનીનું ટૂંકું રૂપ.

કુંઅર ૧. પું. પુત્ર; દીકરો.
૨. પું. રાજાનો પુત્ર; રાજકુંવર.

કુંઆર ૧. પું. જુવાન માણસ.
૨. પું. દીકરો.
૩. પું. રાજાનો દીકરો; રાજકુમાર.
૪. સ્ત્રી. એ નામની વનસ્પતિ; કુંવાર.

કુંઆરી ૧. સ્ત્રી. અવિવાહિત છોકરી; કન્યા.
૨. સ્ત્રી. કુંવરી; રાજકુમારી.

કુંઆરૂં વિ. અવિવાહિત; કુંવારું.

કુંક સ. (વ્રજ) કોઈક; કોક.

કુંકકી સ્ત્રી. કોકડી; સીવવાના દોરાની દડી.

કુંકડિયા (કુંકડ઼િયા) ૧. સ્ત્રી. કુંભારની એ નામની અટક.
૨. ન. એ અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કુંકણ ૧. પું. કોંકણ દેશ.
૨. ન. લાલ કમળ; કોકનદ.

કુંકણા ૧. સ્ત્રી. કાળીપરજ લોકોની એક જાત.
૨. સ્ત્રી. બ્રહ્મક્ષત્રીની એ નામની એક અટક.
૩. ન. એ નામની અટકનું માણસ.
૪. વિ. એ નામની અટકનું.

કુંકણી ૧. સ્ત્રી. કુંકણા લોકોની ભાષા.
૨. સ્ત્રી. કુંકણા લોકોની સ્ત્રી.
૩. વિ. કોંકણનું; કોંકણમાં થતું.

કુંકણી કેળાં ૧. ન. બ. વ. એક પ્રકારનો છોડવો. કેળાં ઉપર જેમ ધાર હોય છે તેમ તેની શીંગો ઉપર ધાર હોય છે.
૨. ન. બ. વ. કોંકણમાં થતાં એક જાતનાં ત્રણ ધારવાળાં, પીળા રંગનાં અને જાડી છાલનાં કેળાં.
૩. ન. બ. વ. સુકવણીનાં કેળાં; સૂકવેલાં કેળાં.

કુંકરઠાંઠું ન. વિજાપુર તરફ રમાતી એક જાતની રમત; ઈંટિઢેકાળી.

કુંકરિયા ૧. સ્ત્રી. કણબીની એ નામની એક અટક.
૨. ન. એ અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કુંકરી ૧. સ્ત્રી. એક જાતની કાંકરીદાવ નામની રમત.
૨. સ્ત્રી. કોસમાં વરતને ઠેકાણે રાખવાનું લોઢાનું સાધન.
૩. સ્ત્રી. ઘાણીમાં ડાબિયાળ અને ધોંસરાને જોડનારો ખીલો.
૪. સ્ત્રી. લાકડાની ખીલી.
૫. સ્ત્રી. સોગઠી; નાનો કાંકરો.
૬. સ્ત્રી. હળની હાલમાં કાણું પાડીને નાખવામાં આવતી ખીંતી.

કુંકરીદાવ પું. એ નામની રમત.

કુંકરો ૧. પું. એ નામનો ખોરાક તરીકે વપરાતો દરિયાઈ જીવ. તે સૂપડા જેવો હોય છે.
૨. પું. કાંકરો; કુંકો.
૩. પું. ઘસીને ગોળ બનાવેલો ઠીકરાનો કટકો; ખાંગડો.
૪. પું. જીવડાંનું ઘર.
૫. પું. જુવાર વગેરે અનાજનો પાક તૈયાર થયા પછી તેમાં રહેલો મોટો જાડો કણસલાં વગેરેનો ભાગ.
૬. પું. પાણી ખેંચવાના કોસની ઢીંગલી સાથે ગળખોડ જોડનાર લોઢાનું સાધન.

કુંકવાવાણા ૧. સ્ત્રી. કોળીની એ નામની અટક.
૨. ન. એ અટકનું એક માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કુંકા સ્ત્રી. એ નામની એક રમત.

કુંકાપગલી વિ. સ્ત્રી. સારાં લક્ષણવાળી; શુભ શુકનવાળી.

કુંકાપગું વિ. કંકુનાં પગલાંવાળું; મંગલકારક; સારાં શુકનવાળું.

કુંકાવટી સ્ત્રી. કંકાવટી; કંકુ પલાળી રાખવાનું સાધન.

કુંકાવટો પું. બે ત્રણ ખાનાંનું હોડીના આકારનું કંકુ, અક્ષત, ચંદન વગેરે પૂજાની સામગ્રી રાખવાનું ધાતુ અથવા લાકડાનું પાત્ર; કઠોડું.

કુંકાવરણું વિ. કંકુ જેવા રંગનું; રાતું; લાલ.

કુંકાળું વિ. કંકુવાળું.

કુંકી પું. પાળેલો હાથી.

કુંકુ ન. કંકુ.

કુંકુણ પું. કોંકણ દેશ.

કુંકુમ ૧. પું. (પિંગળ) એક અર્ધસમ માત્રામેળ છંદ. તે ઉલ્લાસનો ભેદ છે. તેમાં ૨૫ ગુરુ અને ૬ લઘુ મળી ૩૧ વર્ણ અને ૫૬ માત્રા હોય છે.

૨. ન. એક જાતનું ઝાડ. તેનાં ફૂલમાંથી રંગ નીકળે છે.

૩. ન. કંકુ; હળદર અને ખારાની મેળવણીથી બનાવેલું રાતા રંગનું ચૂર્ણ.

૪. ન. કેસર.

કુંકુમતામ્ર [સં.] વિ. કેસર જેવું લાલ.

કુંકુમપત્ર [સં.] પું.; ન. કંકુનાં છાંટણાંવાળો શુભ કાગળ.

કુંકુમપત્રિકા [સં.] સ્ત્રી. કંકોત્રી; શુભપત્ર.

કુંકુમરંગી વિ. કંકુના જેવા રંગવાળું; રાતું; લાલ.

કુંકુમરેણુ [સં.] પું. કેસરની રજ.

કુંકુમવટી સ્ત્રી. (વૈદ્યક) અફીણ અને કેસર સરખે ભાગે લઈ મધની અંદર ચોખા જેવડી બનાવેલી ગોળી. અરધીથી એક રતીભાર જેટલી આ ગોળી લેવાથી ઘણો સખત ઝાડો એકદમ બંધ થાય છે.

કુંકુમવર્ણું વિ. કંકુના જેવું લાલ રંગનું.

કુંકુમા પું. હોળીએ રમવાનો ગુલાલ રાખવાનું વાસણ.

કુંકુમાગર ન. હરિચંદન; એક જાતની સુગંધી વસ્તુ.

કુંકુમાદ્યતૈલ [સં.] ન. (વૈદ્યક) ચામડીનાં દરદો માટે વપરાતું એક જાતનું તેલ. તે બનાવવા કેસર, રતાંજળી, લાખ, મજીઠ, જેઠીમધ, વાળો, પદ્મકાષ્ઠ, કાળું કમળ, વડવાઈ, પીપરની કુંપળો, કમળનાં કેસર તથા દશમૂળનું દરેક દ્રવ્ય સરખે ભાગે એકેક પલ લઈ ૧૬ શરાવ પાણીમાં ઉકાળી ૪ શરાવ બાકી રહે એટલે ઉતારી ગાળી લેવું. તેમાં તલનું તેલ એક શરાવ અને મજીઠ, જેઠીમધ અને રતાંજળી એકેક તોલો લઈ તેનો કલ્ક અને બકરીનું દૂધ બે શરાવ મેળવી બધાંને તેલની રીતે સાથે પકવી તેલ સિદ્ધ કરવું.

કુંકુમાદ્રિ [સં.] પું. કશ્મીર દેશમાં આવેલો એ નામનો એક પર્વત. ત્યાં કેસર ઉત્પન્ન થાય છે.

કુંકુમારુણ [સં.] વિ. કેસર જેવું રાતું.

કુંકુમાંક ૧. [સં.] પું. કેસરનો ડાઘ.

૨. વિ. કેસરના ડાઘવાળું.

કુંકુમી સ્ત્રી. મહાજ્યોતિષ્મતી નામનો વેલો.

કુંકો ૧. પું. કોડી; નાની છીપ.

૨. પું. પાતળી ઠીકરીને ઘસીને બનાવેલો પૈસા જેવો ગોળ આકારનો કટકો.

કુંગડાઈ (કુંગડ઼ાઈ) સ્ત્રી. જોર; તાકાત.

કુંગડું (કુંગડ઼ું) વિ. મજબૂત; જોરાવર.

કુંગરો ૧. પું. કિલ્લાનો કાંગરો.

૨. પું. તાજનો હીરો.

૩. પું. તોરો; ગજરો.

૪. પું. મજબૂત માણસ.

૫. પું. મીનારો; બુરજ.

૬. વિ. મજબૂત.

કુંચ ૧. પું. એ નામનો એક અનાર્ય દેશ.

૨. પું. ક્રૌંચ પક્ષી.

૩. ન. દાઢી.

૪. ન. મૂછ.

કુંચકી સ્ત્રી. કમખો; કંચુકી.

કુંચડી (કુંચડ઼ી) સ્ત્રી. કૂચડી; જાડા વાળની પીંછી.

કુંચડો (કુંચડ઼ો) પું. કૂચડો; વાળનો પીછો.

કુંચન ૧. [સં.] ન. આંખનો એક જાતનો રોગ.

૨. ન. કુટિલતા; લુચ્ચાઈ.

૩. ન. તિરસ્કાર; અનાદર.

૪. ન. સંકોચ; સંકોચાવું તે.

કુંચવાવું ૧. અ. ક્રિ. આનાકાની કરવી.

૨. અ. ક્રિ. આંચકો ખાવો.

૩. અ. ક્રિ. ઓસરવું; ઓછું થવું.

૪. અ. ક્રિ. કચવાવું; મનમાં દુઃખ પામવું.

૫. અ. ક્રિ. કોઈ પણ કામ કરતાં અપ્રસન્ન રહેવું.

૬. અ. ક્રિ. ચિડાવું; ખિજાવું.

૭. અ. ક્રિ. સંકોચાવું.

કુંચાવક્કલ સ્ત્રી. ધારવાડ અને કાનડા તરફ પાડા ઉછેરવાનો ધંધો કરતી એક જાત.

કુંચિ ૧. [સં.] પું. આઠ મૂઠીનું એક માપ.

૨. સ્ત્રી. કૂંચી.

કુંચિકા ૧. [સં.] સ્ત્રી. એક જાતનું માછલું.

૨. સ્ત્રી. કલોંજી જીરૂં.

૩. સ્ત્રી. કાળીજીરી.

૪. સ્ત્રી. કૂંચી; ચાવી.

૫. સ્ત્રી. ચણોઠી.

૬. સ્ત્રી. મેથી.

૭. સ્ત્રી. વાંસની નાની લાકડી.

કુંચિત ૧. પું. ખોટો ગુસ્સો.

૨. પું. પ્રિય માણસ હાજર ન હોવા છતાં તેની યાદગીરીથી થતો આનંદ.

૩. પું. વિલાસ; મોજમજા.

૪. પું. હાવભાવનો એક પ્રકાર.

૫. [સં.] ન. તગરનું ફૂલ.

૬. વિ. વાંકું; વાંકું વળેલું.

૭. વિ. સંકોચાયેલું.

કુંચિન ન. ગારલ નામનું એક ઝાડ. તેને ઠંડી ઋતુમાં સુંદર ફૂલ આવે છે.

કુંછિયો પું. કમખાનો સ્તન ઢાંકનાર ભાગ.

કુંજ ૧. પું. એ નામનો એક ઋષિ.

૨. પું. એક જાતનો રૂવાંવાળાં પાન અને સુગંધી ફૂલવાળો વેલો.

૩. [ફા.] પું. ખૂણો.

૪. પું. રસ્તાનો અથવા નદીનો વાંક; વળાક; વલણ.

૫. પું. વૃંદાવનનું એક સ્થાન.

૬. પું. શેરી.

૭. પું. હાથી.

૮. પું. હાથીની હડપચી.

૯. પું. હાથીનો દાંત.

૧૦. સ્ત્રી. ગુફા; ગુહા.

૧૧. સ્ત્રી. ઝાડ અથવા વેલાનાં પાંદડાંથી થયેલી ઘટા; વનરાઈ; લતામંડપ; વનરાજી.

૧૨. સ્ત્રી. હંસની માદા; હંસી.

૧૩. ન. એ નામનું એક પક્ષી. કાઠિયાવાડમાં શિયાળુ પક્ષીઓમાં સૌથી વધારે પરિચિત આ પક્ષી છે. એમનું રહેઠાણ દક્ષિણ યરપ અને ઉત્તર તથા મધ્ય એશિઅના પ્રદેશો છે. ઓકટોબર માસમાં કુંજનાં ટોળેટોળાં ઉત્તર દેશથી ભારતવર્ષમાં ઊતરી આવી સીધાં ગુજરાત, કાઠિયાવાડ અને કચ્છનાં તળાવ, સરોવર અને નદીને કિનારે પથરાઈ જાય છે. એના આગમન પછી વરસાદ આવતો નથી એમ મનાય છે. ભાદરના મોંબારામાં અને ભાદરના ઉપરવાસમાં તેઓ હજારોનાં ટોળાંમાં દેખાય છે. તેનાં માથું, ડોક અને છાતીના લાંબા ઝૂલતા વાળ કાળા રંગનાં હોય છે. એ કાળા રંગની વચ્ચે તેની આંખ પાસે સફેદ વાળનો ગુચ્છો હવામાં ફરકતો શોભે છે.

તેનું શરીર આસમાની ભૂરા રંગનું હોય છે અને સફેદ પાંખનાં પીછાં લાંબાં, ઝૂલતાં અને સફેદ રંગનાં હોય છે. તેની આંખો રાતી, પગ કાળા અને ચાંચ મૂળમાં લીલાશ પડતી, વચ્ચે પીળાશ પડતી અને છેડે ગુલાબી હોય છે. તેનું કદ ૩૧ થી ૩૫ ઇંચ, પૂંછડી ૬ થી ૭ ઇંચ અને ચાંચ ૩ ઇંચ હોય છે. આ મનોહર પક્ષીનું દેહલાલિત્ય જેટલું આકર્ષક છે, તેટલી જ આકર્ષક તેની ઊડવાની છટા છે. એમની સમાજરચનામાં અભંગ નિયમો છે. ઊડતી વખતે તેઓ નાની ટૂકડીઓમાં વહેંચાઈ પોતાના નેતાને અનુસરે છે. એ નેતૃત્વનો ભાર પણ તેઓ ક્રમવાર વહન કરતાં હોય તેમ લાગ્યા વિના રહેતું નથી. ઊડતી વખતે તેઓ વિવિધ આકાર રચે છે. તેવી વિવિધતા અને રમણીયતા બીજા કોઈ પક્ષીના ઊડવામાં દેખાતી નથી. ખેતરોમાં ચારો ચરવામાં અથવા વગડામાં વિસામો લેવામાં અને નિદ્રામાં પણ વારા પ્રમાણે એક નેતા સમૂહનાં બીજાં અંગભૂતોનું રક્ષણ કરવા ચોકી કરે છે અને જરા પણ ભય જેવું લાગે કે તરત જ તે ચોકિયાત નેતા અવાજ કરીને બધાંને સાવચેત કરી દે છે. આ ટેવ રાજહંસ અને સારસમાં હોય છે. ખોરાક માટે પણ વચ્ચે જ્યારે તેઓ નીચે ઊતરે છે ત્યારે નાયકની નજર બધાં ઉપર હોય છે. તેના અમુક પ્રકારના અવાજો કે હુકમથી તરત જ તેઓ પોતાના નાયકને અનુસરે છે. શિકારી પક્ષીઓની ચોટમાંથી કાફલાને મુક્ત રાખવા તેમ જ દિશાભૂલ ન થાય અથવા તો કોઈ પાછળ પડી ન જાય તે પ્રમાણે સહીસલામત મુકામે પહોંચાડવા નેતા પોતાથી બનતું કરે છે. તેનો મુખ્ય ખોરાક દાણા, ઘઉં, ચણા અને માંડવી છે. તે જીવડાં પણ આરોગે છે. ભાલમાં તો એનાં ટોળેટોળાં રખડતાં નજરે પડે છે. ઘઉંની તર્કે આવનારાં અને ઘઉંનાં ખેતરોમાં નિરાંત જીવે ચરનારાં હોવાથી અમદાવાદની આસપાસ તો તે ઘઉંલા નામે ઓળખાય છે. કોઈ એને ક્રૌંચ પણ કહે છે. સારસના એ પિતરાઈ પણ શરીરે સારસથી અર્ધા કદનાં હોય છે. મોટે ભાગે તેઓ સાંજે અને સવારે ચારો કરે છે. બપોરે વિશ્રાંતિ લે છે. સાંજ પછી તેઓ ઊડે છે. શિકારીઓના હાથે આ પક્ષીઓની વધારેમાં વધારે કતલ થાય છે. દિવાળી ઉપર મોટી સંખ્યામાં આવતાં આ પક્ષી હોળી ઉપર ઉત્તર એશિઅમાં પોતાનાં વતન તરફ પાછાં ફરે છે. દૂરના દેશોમાં શિયાળો ગાળી પ્રવાસેથી પાછાં ફરીને ત્યાંના વિશાળ મેદાનોમાં અને જળાશયની નિકટમાં હજારો કુંજ બબ્બે બબ્બેની બેલડીએ છૂટાંછવાયાં પથરાઈ જાય છે. એમનાં સંવનન અને સંતાનોત્પત્તિ પણ આ સ્થળે જ થાય છે. દરરોજ સવારે કુંજનાં ટોળેટોળાં એમના નિવાસસ્થાનના મેદાનમાં કે એકાદ નદી કાંઠે ભેગાં થાય. ભેગાં થઈ એક પાછળ બીજી એમ લાંબી હારો રચે. પછી કોઈ અદૃશ્ય સૂત્રધાર આજ્ઞા કરતો હોય તેમ એક જ ક્ષણે બધાં એક સાથે અને એક તાલે જમીન ઉપર શિર ઝુકાવે. બીજી ક્ષણે બધાં શિર ઊંચાં થાય. એમની સફેદ કલગીઓ એકી સાથે ઊડતી દેખાય. નૃત્યારંભનો આ મંગળ વિધિ પૂરો થાય કે સમગ્ર પક્ષીગણ જમીન ઉપર કૂદવા માંડે. થનગન નાચતાં ત્વરિત ગતિએ દોડતાં આગળ જાય ને પાછાં આવે. ટોળે મળીને ફેરફૂદડી ફરતાં જાય અને વિવિધ અંગમરોડ કરતાં જાય. આગલી હારનું નૃત્ય પૂરૂં થયું કે તરત જ બધાં એક સાથે ઊડી જાય. સવાર સાંજ હમેશા આ નૃત્યારંભ હોવાનો જ. પણ સંવનનકાળ પૂરો થાય અને પ્રજનન કાળ આવી પહોંચે કે પછી આ નૃત્યક્રમ બંધ પડે છે. તેઓ જમીન ઉપર પીળા કાબરા રંગનાં ઈંડાં મૂકે છે.

કુંજએકાદશી સ્ત્રી. આમલકી એકાદશી; ફાગણ સુદિ અગિયારસ.

કુંજક ૧. [સં.] પું. કંચુકી; ચોબદાર.

૨. ન. એક જાતનું ફૂલ.

કુંજકાળ પું. સિંહ. તે હાથીનો દુશ્મન મનાય છે.

કુંજકુટીર [સં. કુંજ (લતામંડપ) + કુટીર (ઝૂંપડી)] ન. કુંજગૃહ; લતાગૃહ; લતાઓથી ઢંકાયેલી ઝૂંપડી.

કુંજકેલી [સં. કુંજ (લતાગૃહ) + કેલી (ક્રીડા)] પું. લતામંડપમાં રમવું તે.

કુંજગલન જુઓ કુંજગલી.

કુંજગલી ૧. સ્ત્રી. કુંજમાં થઈને જતો સાંકડો માર્ગ.

૨. સ્ત્રી. ભુલભુલામણી.

૩. સ્ત્રી. લીલાં ઝાડ અને વેલીઓ એકબીજા સાથે ગુંથાઈ જવાથી બનેલો ઘટાવાળો માગ.

૪. સ્ત્રી. વૃંદાવનની પ્રાચીન કુંજગલી. તે સ્થાન યાત્રારૂપ ગણાય છે.

૫. સ્ત્રી. વૃંદાવનનું યમુના ઉપરનું એ નામનું એક ઘાટું વન.

૬. સ્ત્રી. સાંકડો અને છાંયાવાળો ગીચ વનમાર્ગ.

કુંજગૃહ [સં. કુંજ (લતામંડપ) + ગૃહ (ઘર)] ન. લતામંડપરૂપી ઘર.

કુંજઘટા સ્ત્રી. ઝાડ અથવા વેલાનાં પાંદડાંનો ઝુંડ.

કુંજછાંયડો (કુંજછાંયડ઼ો) પું. લતામંડપનો છાંયો.

કુંજડ (કુંજડ઼) ન. એક જાતનું પક્ષી.

કુંજડા (કુંજડ઼ા) ૧. [હિં.] પું. ફળ વેચનાર માણસ.

૨. પું. બકાલું વેચવાનો ધંધો કરતી એ નામની એક જાત.

૩. પું. લીલી ઔષધિ વેચનાર વ્યક્તિ.

કુંજડાનો ગલ્લો = (૧) અવ્યવસ્થા. (૨) ખીચડો. (૩) લીલી ઔષધિ વેચનાર ગાંધીનો હડફો. (૪) સેળભેળવાળો હિસાબ.

કુંજડાન (કુંજડ઼ાન) [હિં.] સ્ત્રી. કુંજડાની સ્ત્રી.

કુંજડિયા (કુંજડ઼િયા) ૧. સ્ત્રી. કણબીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કુંજડી (કુંજડ઼ી) ૧. [હિં.] સ્ત્રી. કુંજડાની સ્ત્રી.

૨. સ્ત્રી. કૂંજડી; કુંજ પક્ષીની માદા.

૩. સ્ત્રી. નાની કુંજ; કુંજગલી.

કુંજડું (કુંજડ઼ું) ન. એક જાતનું પક્ષી; કુંજ પક્ષી.

કુંજડે કસાઈ (કુંજડ઼ે કસાઈ) પું. બ. વ. હલકા સામાન્ય લોકો.

કુંજડો (કુંજડ઼ો) ૧. [સં. કુબ્જક] પું. અતિકેસર; અલિકુલસંકુલ; નીલા; બૃહત્પુષ્પ; ભદ્રતરણી નામની વનસ્પતિ. તેનાં ફળ ત્રિદોષ ઉપર અપાય છે.

૨. પું. એક જાતનું પક્ષી.

૩. પું. કંજૂસ; કૃપણ આદમી.

૪. પું. કાછિયો; શાકભાજી વેચનાર માણસ.

૫. પું. માળી.

કુંજધાત ન. કુંજભવન.

કુંજન ન. કુંજ; બગીચો.

કુંજનવન ન. શ્રીકૃષ્ણ યમુનાજીને કાંઠે ગોકુળ મથુરાની આસપાસ ફર્યા તે વનનું નામ.

કુંજનિકા સ્ત્રી. રાઈ.

કુંજનિકુંજ [સં. કુંજ (લતામંડપ) + નિકુંજ (વનસ્પતિની ઘટા)] ન. બાગ; બગીચો.

કુંજબિહારી ૧. પું. શ્રીકૃષ્ણ.

૨. વિ. કુંજમાં વિહાર કરનારૂં.

કુંજભવન [સં. કુંજ (લતાગૃહ) + ભવન (રહેઠાણ)] ન. કુંજમંડપ; કુંજરૂપી ભવન; લતામંડપ.

કુંજમંડપ [સં. કુંજ (ઝાડપાનની ઘટા) + મંડપ (માંડવો)] પું. કુંજરૂપી મંડપ; લતામંડપ.

કુંજમાર્ગ [સં. કુંજ (લતામંડપ) + માર્ગ (રસ્તો)] પું. લતામંડપ માંહેનો રસ્તો.

કુંજમેઘ [સં. કુંજ (ઘટા) + મેઘ (વાદળ)] ન. ઉનાળામાં બનતું એક જાતનું વાદળું. તે મોટા જથ્થામાં ગોળાના આકારનાં અને એકબીજા ઉપર થરોથી ગોઠવાયેલ હોય છે. બરફથી ઢંકાયેલ મહાન પર્વત જેવો તેનો કોઈક વાર દેખાવ હોય છે. આમાંથી ઘણી વાર ગાજવીજ અને વરસાદ થાય છે.

કુંજર ૧. [સં.] પું. આઠની સંજ્ઞા.

૨. પું. (પુરાણ) એ નામનો એક દૈત્ય.

૩. પું. એ નામનો એક વાનર; અંજનાના પિતાનું નામ.

૪. પું. એક દેશનું નામ.

૫. પું. એક નાગનું નામ.

૬. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે ષટ્પદી છપ્પયનો એક ભેદ છે. તેમાં ૫૨ લઘુ અને ૫૦ ગુરુ મળી ૧૦૨ વર્ણ અને ૧૫૨ માત્રા હોય છે અથવા ૫૦ ગુરુ અને ૪૮ લઘુ મળી ૯૮ વર્ણ અને ૧૪૮ માત્રા હોય છે.

૭. પું. (પિંગળ) ગુરુ.

૮. પું. (પુરાણ) જયદ્રથના ભાઈનું નામ.

૯. પું. (પુરાણ) પદ્મપુરાણ અનુસાર એક વૃદ્ધ શુક પક્ષી. તેણે ચ્યવનને ઉપદેશ આપ્યો હતો.

૧૦. પું. પાંચ માત્રાનો પહેલો પ્રસ્તાર.

૧૧. પું. પીપળો.

૧૨. પું. વાળ.

૧૩. પું. વિંધ્યની દક્ષિણે આવેલા પર્વતનું નામ. તે ઉપર અગસ્ત્ય ઋષિએ આશ્રમ રાખ્યો હતો.

૧૪. પું. (જ્યોતિષ) હસ્ત નક્ષત્ર.

૧૫. પું. હાથી. ઉત્સાહ, વેગ, સાહસ, મદ, સત્ત્વ, ગુરુત્વ, દક્ષતા અને સૂંઢ તથા દાંતના કર્મમાં કુશળ એટલાં લક્ષણવાળો હાથી કુંજર કહેવાય છે. કુંજ એટલે હાથીની હડપચી સુંદર લાગવાથી હાથીને કુંજર કહે છે.

૧૬. સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

૧૭. વિ. ઉત્તમ; શ્રેષ્ઠ.

૧૮. વિ. મુખ્ય.

કુંજરકરણ [સં.] સ્ત્રી. ગજપીપર; લાંબી અને મોટી પીપર.

કુંજરકાળ [સં. કુંજર (હાથી) + કાલ (નાશ)] પું. હાથીનો દુશ્મન; સિંહ.

કુંજરછાય [સં.] પું. જ્યોતિષ અનુસાર એક યોગ. જ્યારે અંધારી તેરશ મઘા નક્ષત્ર સાથે હોય અથવા સૂર્ય ચંદ્ર મઘા નક્ષત્રમાં હોય ત્યારે આ યોગ થાય છે. મનુ અનુસાર જ્યારે કૃષ્ણપક્ષમાં તેરશ ચૌદશનો યોગ હોય અને તે દિવસે પૂર્વાહ્નમાં હસ્ત નક્ષત્ર પણ હોય ત્યારે આ યોગ થાય છે. આ યોગ એક પર્વ મનાય છે અને શાસ્ત્રોમાં આ દિવસે કરેલ પિતૃશ્રાદ્ધનું મહા ફળ જણાવ્યું છે.

કુંજરતનયા [સં. કુંજર (અંજનાના પિતાનું નામ) + તનયા (દીકરી)] સ્ત્રી. અંજના; હનુમાનની માતા.

કુંજરદરી [સં.] સ્ત્રી. એ નામનો એક દેશ.

કુંજરપિપ્પલી [સં.] સ્ત્રી. ગજપીપર; લાંબી મોટી પીપર.

કુંજરપીપર સ્ત્રી. લાંબી અને મોટી પીપર.

કુંજરપીપળી જુઓ કુંજરપીપર.

કુંજરબદન ૧. પું. ગણપતિ; ગણેશ.

૨. વિ. હાથીના જેવા મોઢાવાળું.

કુંજરમંજન ન. હાથીને નાહવાનું સરોવર.

કુંજરમુખ ૧. [સં.] પું. ગણપતિ.

૨. વિ. હાથીના જેવા મુખવાળું.

કુંજરશૌચ ન. હાથીની લાદ.

કુંજરા ૧. [સં.] સ્ત્રી. આંબળાનું ઝાડ.

૨. સ્ત્રી. પાટલા વૃક્ષ.

૩. સ્ત્રી. હાથણી.

૪. ન. ધાવડીનાં ફૂલ.

કુંજરાયેલું ૧. વિ. ટાઢથી, છાયાથી કે બીજી કોઈ અડચણથી કુદરતી રીતે વધવા કે ખીલવા ન પામેલું; અણખીલ્યું રહેલું.

૨. વિ. બળિયેલ; અંતરમાં બળેલું.

૩. વિ. વિશીર્ણ; ભાંગીતૂટી ગયેલું.

કુંજરારાતિ ૧. [સં. કુંજર (હાથી) + અરાતિ (શત્રુ)] પું. શરભ પશુ.

૨. પું. સિંહ.

કુંજરારિ જુઓ કુંજરારાતિ.

કુંજરારોહ [સં. કુંજર (હાથી) + આરોહ (સવારી કરવી તે)] પું. હાથીનો માવત.

કુંજરાવું ૧. અ. ક્રિ. અંતરમાં બળવું; ખિન્ન થવું; ચડેલે ચહેરે રહેવું.

૨. અ. ક્રિ. ઉન્મત્ત રહેવું.

૩. અ. ક્રિ. ખીલતું અટકવું; બટકું અને અણખીલ્યું રહી જવું; વિકાસ ન પામવું; સંપૂર્ણ નહિ ખીલવું.

કુંજરાશન ૧. [સં. કુંજર (હાથી) + અશન (ખોરાક)] ન. પીપળો. અગાઉના વખતમાં કોઈ રાજા અપુત્ર ગુજરી જતાં હાથણી જેને માળા પહેરાવે અને જેના ઉપર કળશ ઢોળે તે રાજા થતો. હાથીને પીપળાનાં પાન ખાવાથી આવું ચમત્કારિક જ્ઞાન મળવાની માન્યતા હોવાથી પીપળાને કુંજરાશન કહેવાય છે.

૨. ન. વડનું ઝાડ.

કુંજરાસન [સં. કુંજર (હાથી) + આસન] ન. (યોગ) એ નામનું એક આસન. એક હાથ અને બે પગ ઉપર ઊભા રહી માથું ભૂમિ ભણી રાખીને પછી એક હાથને મસ્તક આગળથી હાથીની સૂંઢની પેઠે લટકતો રાખવાથી આ આસન થાય છે.

કુંજરી ૧. સ્ત્રી. વારુણી.

૨. [સં.] સ્ત્રી. હાથણી.

કુંજરો વિ. પું. મોઢું ચડેલો.

કુંજરોપવાહ્ય ૧. [સં.] પું. હાથીના ટોળામાં સવારી કરવા આપે એવો હાથી.

૨. સ્ત્રી. એક હાથી ઉપરથી બીજા હાથી ઉપર સવારી કરવા માટે સવારી કરવાના હાથીએ કરવી જોઈતી હિલચાલ.

કુંજલ ૧. પું. હાથી.

૨. [સં.] ન. કાંજી; રાબ.

કુંજલડી (કુંજલડ઼ી) સ્ત્રી. લતાકુંજ.

કુંજલતા ૧. સ્ત્રી. એક સુંદર વેલ; કુંજ વેલી.

૨. સ્ત્રી. ગૂઢ વેલીનો મંડપ; વેલીનો માંડવો.

કુંજવન ન. ઝાડપાન અને વેલાઓથી ભરપૂર લીલુંછમ જંગલ.

કુંજવલ્લરી ૧. [સં.] સ્ત્રી. એક જાતનું ઝાડ.

૨. સ્ત્રી. વેલ.

કુંજવાન પું. દંડકારણ્ય માંહેનો એ નામનો એક પર્વત. કબંધ નામનો રાક્ષસ ત્યાં રહેતો હતો.

કુંજવાસી [સં. કુંજવાસિન્] વિ. કુંજમાં વાસ કરનાર.

કુંજવિધિ સ્ત્રી. લતામંડપ.

કુંજવિહારી જુઓ કુંજબિહારી.

કુંજવું અ. ક્રિ. ધીરે ધીરે ગાવું; મધુર નાદે ગાવું.

કુંજશ્ક [ફા.] સ્ત્રી. ચકલી.

કુંજસદન [સં. કુંજ (ઘટા) + સદન (ઘર)] ન. લતા અને વૃક્ષોનો મંડપ.

કુંજસમૂહ પું. કુંજનો જથ્થો; વૃક્ષલતાદિનો કરેલો મંડપ.

કુંજાઈશ સ્ત્રી. તાકાત; શક્તિ.

કુંજાગાર [સં. કુંજ + આગાર (ઘર)] ન. વૃક્ષઘટા મધ્યેનું રહેવાનું સ્થાન.

કુંજાર ૧. વિ. કુંજ જેવું; ઘટાદાર.

૨. વિ. પ્રફુલ્લ; સંપૂર્ણ ખીલેલું.

કુંજાલ પું. શેવાળ.

કુંજિકા ૧. [સં.] સ્ત્રી. કાળીજીરી.

૨. સ્ત્રી. કાંજી.

૩. જુઓ કુંચિકા.

કુંજિયું સ્ત્રી. બ. વ. (કચ્છી) કૂંચીઓ.

કુંજી ૧. [સં. કુંચિકા] સ્ત્રી. કૂંચી; ચાવી.

૨. સ્ત્રી. બીજા પુસ્તકનો ખુલાસો કરે એવું પુસ્તક.

કુંજીવ પું. માકડ; માકણ.

કુંજુદ [ફા.] ન. તલ.

કુંજો ૧. [ફા. કૂજા] પું. કૂજો; ચંબુ; પાણી ભરવાનું સાંકડા નળાકાર મોઢાનું ધાતુ અથવા માટીનું વાસણ; ભોટવો.

૨. સ્ત્રી. બ. વ. ઘટાઓ.

૩. વિ. અકર્મી; વંઠેલ.

કુંજોદર ન. કુંજઘટા.

કુંઝડો (કુંઝડ઼ો) પું. ગુસ્સે થયેલો માણસ; ચડેલા મોઢાનો માણસ.

કુંઝી સ્ત્રી. કુંજડી.

કુંટ ૧. પું. પાંચથી સાત હાથ લાકડાનો લાંબો ધોકો. તે લડાઈમાં હથિયાર તરીકે વપરાય છે.

૨. વિ. કૂબડું; ઠીંગણું.

૩. વિ. ઠૂંઠું; વિકૃત હાથવાળું.

કુંટિયો ૧. પું. ચણ્યા વગરનો કૂવો.

૨. પું. ધૂળથી પુરાઈ ગયો હોય અને જેમાં પાણી ન હોય તેવો કૂવો.

૩. પું. નાનો કૂવો.

કુંટું ન. અંકુર; કૂંપળ.

કુંટો સ્ત્રી. સ્ત્રીઓને નાકમાં પહેરવાની સોનાની ચૂંક.

કુંઠ્ ૧. [સં.] અ. ક્રિ. આળસુ થવું; આળસ કરવું.

૨. અ. ક્રિ. ગતિમાં સ્ખલના થવી.

૩. અ. ક્રિ. જડબુદ્ધિવાળું થવું; ઠોઠ થવું.

૪. અ. ક્રિ. ઢીલું પડવું; બૂઠું થવું.

૫. અ. ક્રિ. લંગડું થવું; ખોડખાંપણવાળું થવું.

૬. અ. ક્રિ. વીંટાવું.

૭. સ. ક્રિ. મૂકવું; છોડવું.

૮. સ. ક્રિ. વીંટવું.

કુંઠ ૧. ન. જળાશય. શિલ્પશાસ્ત્ર મુજબ પશ્ચિમ દિશામાં તે પ્રથમ સ્થપાય છે.

૨. વિ. આળસુ.

૩. વિ. કુંઠિત; તીક્ષ્ણ નહિ તેવું; બૂઠું.

૪. વિ. ક્રિયામાં મંદ.

૫. વિ. જાડી બુદ્ધિનું; મૂર્ખ.

કુંઠન ન. કુંઠિત હોવું તે.

કુંઠનકારી વિ. કુંઠિત કરે એવું.

કુંઠાગ્ર વિ. આગળના વળી ગયેલા ભાગવાળું.

કુંઠિત ૧. [સં.] વિ. અટકી ગયેલું; રૂંધાયેલું.

૨. વિ. નકામું.

૩. વિ. નબળું; મંદ.

૪. વિ. બૂઠું; બહેર મારી ગયેલું.

૫. વિ. સ્તબ્ધ; સ્થિર.

કુંડ ૧. પું. અનાજ માપવાનું એક જૂનું માપ.

૨. પું. આજ્ઞા; આદેશ.

૩. [સં.] પું. એક જાતનું પક્ષી.

૪. પું. એક જાતનો નાગ.

૫. પું. કૂંડાના આકારનું વાસણ.

૬. પું. કૂંડી; નાનો હવાડો.

૭. પું. ખાડો; ગર્ત.

૮. પું. ખાણ.

૯. પું. ચામડાં ધોવા માટે બાંધેલું પાણી ભરી રાખવાનું ગોળ ઠામ.

૧૦. પું. જમીન ખોદી હોમ, યજ્ઞ વગેરેનો અગ્નિ રાખવા માટે ચોરસ અથવા બીજી કોઈ આકૃતિનો બાંધેલો ખાડો; બલિ.

૧૧. પું. ધૃતરાષ્ટ્રનો એ નામનો એક પુત્ર.

૧૨. પું. પગથિયાંવાળો પાણીનો ખાડો.

૧૩. પું. પતિ જીવતાં સ્ત્રીના વ્યભિચારકર્મથી ઉત્પન્ન થયેલ પુત્ર.

૧૪. પું. ભોંયમાંથી નીકળતો ઊંડો ઝરો.

૧૫. પું. મહાદેવ.

૧૬. સ. કોણ; કયો.

૧૭. વિ. કૂંડાપંથી; માર્ગી.

કુંડક જુઓ કુંડ.

કુંડકરાળ સ્ત્રી. કરાળ જાતની જમીનનો એક ભેદ.

કુંડકુંવર પું. પતિ જીવતાં સ્ત્રીના વ્યભિચારથી ઉત્પન્ન થયેલ પુત્ર.

કુંડકીટ ૧. [સં.] પું. ચાર્વાક મતનો અનુયાયી.

૨. પું. દાસી ઉપર કામના કરનાર પુરુષ.

૩. પું. પતિત બ્રાહ્મણનો પુત્ર.

કુંડગામ ન. તિરહટ્માં મુઝાફરપુર જિલ્લામાં આવેલા વૈશાલી ગામનું બીજું નામ; બેસર. તે હાલ વસુકુંડ કહેવાય છે. વૈશાલીના ત્રણ વિભાગ હતા. આ ત્રણે વિભાગમાં અનુક્રમે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વાણિયા રહેતા. મહાવીરનો જન્મ અહીં થયો હતો એમ કહેવાય છે.

કુંડગોલક ૧. [સં.] પું. ધણી જીવતાં સ્ત્રીના વ્યભિચારથી ઉત્પન્ન થયેલ પુત્ર.

૨. પું. રાબ; કાંજી.

૩. પું. વિધવા થયા પછી ઉત્પન્ન થયેલ પુત્ર.

કુંડજ પું. (પુરાણ) એ નામનો ધૃતરાષ્ટ્રનો એક પુત્ર.

કુંડજઠર ૧. [સં.] પું. એ નામનો એક ઋષિ.

૨. પું. (પુરાણ) જન્મેજયના સર્પસત્ર માંહેનો એ નામનો એક બ્રાહ્મણ.

૩. વિ. કૂંડા જેવા પેટવાળું.

કુંડજીગઢ પું. (કચ્છી) એક પ્રકારનો વેલો. તેની નીચે બટેટા જેવા અને રાતા કંદ થાય છે.

કુંડધાર ૧. પું. એ નામનો એક નાગ.

૨. પું. (પુરાણ) એ નામનો એક મેઘ. એને એક સમયે એક બ્રાહ્મણે મૂર્તિમાન દીઠો અને દ્રવ્ય મળશે એમ ધારીને એણે એની બહુ જ સેવા કરી. દ્રવ્યથી કેવા કેવા અનર્થ થાય છે એ મેઘે પેલા બ્રાહ્મણને સ્વપ્ન દ્વારા જણાવ્યું. તે ઉપરથી એ બ્રાહ્મણની દ્રવ્યલાલસા ટળી ગઈ.

કુંડપંથ પું. વામમાર્ગનો એક પેટા ભેદ. તેના અનુયાયીઓ કૂંડામાં ખાય છે.

કુંડપાચી [સં. કુંડપાયિન્] પું. એક જાતના સોમયાગ કરનાર યજમાન. તેણે સોમ ઋત્વિજો પાસે સોમસત્ર કરાવી કૂંડાકાર ચમચાથી સોમપાન કર્યું હોય છે.

કુંડપાચીનામયન [સં.] ન. એ નામનો એક યજ્ઞ. તેમાં યજમાનને ૨૧ રાત્રિ દીક્ષિત રહેવું પડે અને એક માસ ઉપરાંત સોમસંગ્રહ માટે જવું પડે છે.

કુંડપાચીનામયનન્યાય [સં.] પું. જૈમિનિએ કરેલો એ નામનો એક ન્યાય.

કુંડપાય્ય [સં.] પું. એક જાતનો યજ્ઞ.

કુંડપુત્ર પું. પતિ જીવતાં સ્ત્રીના વ્યભિચારથી ઉત્પન્ન થયેલ પુત્ર; કુંડકુંવર.

કુંડપુર જુઓ કુંડગામ.

કુંડપુંજી [હિં.] સ્ત્રી. રબી પાકનું વાવેતર પૂરું કરવાના દિવસે થતો ઉત્સવ.

કુંડપ્રસ્થ ન. પ્રાચીન હિંદના એક શહેરનું નામ.

કુંડબોઈ [હિં.] પું. વાવણી પૂરી થાય તે દિવસ.

કુંડભેદી પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રનો એ નામનો એક પુત્ર.

કુંડમ ન. કૂંડું.

કુંડમુદની જુઓ કુંડપુંજી.

કુંડમુંડલા જુઓ કુંડબોઈ.

કુંડમોદ પું. હાથીના પગના આકારનું કૂંડા જેવું માટીનું ઠામ.

કુંડયંત્ર ન. બાફ આપવાનું સાધન; સ્વેદનયંત્ર. એક મોટા કૂંડામાં પાણી ભરી તેને મોઢે કપડું બાંધવું. તે કપડાં ઉપર જેને બાફ આપવી છે તેવી વસ્તુ મૂકવી અને તેના ઉપર બીજું કૂંડું ઊંધું ઢાંકવું. પછી નીચે અગ્નિ સળગાવવો.

કુંડરી સ્ત્રી. ધિલોડું; તૂરિયું.

કુંડરૂપી વિ. પતિ હયાત હોવા છતાં વ્યભિચારથી સ્ત્રીએ ઉત્પન્ન કરેલ.

કુંડલ ૧. પું. એ નામનો એક દ્વીપ.
૨. પું. દેવ.
૩. પું. પરિધ; વર્તુળનો ઘેરાવો.
૪. પું. પર્વત.
૫. પું. (પિંગળ) બાવીસ માત્રાનો એક છંદ.
૬. પું. સૂર્ય કે ચંદ્રની આસપાસનું તેજાવરણ.
૭. સ્ત્રી. બ્રાહ્મણની એ નામની એક અટક.
૮. ન. એ અટકનું એક માણસ.
૯. ન. કડું; વલય.
૧૦. ન. કાનમાં પહેરવાનું મોતી, ઝવેરાત કે સ્ફટિકનું ચંદ્રાકાર કે મચ્છાકાર એક ઘરેણું.
૧૧. ન. કૂંડાળું; ચકરડું.
૧૨. ન. ગળાનું ઘરેણું.
૧૩. ન. જંતુ પ્રવેશે નહિ માટે રાત્રે કાનમાં ભરવાનું રૂનું પૂમડું.
૧૪. વિ. એ નામની અટકનું.

કુંડલગિરિ પું. કુંડલદ્વીપની મધ્યમાં આવેલ એ નામનો એક પર્વત.

કુંડલદ્વીપ પું. એ નામનો બારમો દ્વીપ.

કુંડલપુર [સં.] ન. કુંડિનપુર.

કુંડલા ૧. [હિં.] પું. એક જાતનો તંબૂ.
૨. સ્ત્રી. કુંભારની એ નામની એક અટક.
૩. સ્ત્રી. ગળોનો વેલો.
૪. ન. એ અટકનું માણસ.
૫. વિ. એ નામની અટકનું.

કુંડલાકાર [સં.] વિ. ગોળ; વર્તુલાકાર.

કુંડલાકાર નિહારિકા સ્ત્રી. આકાશમાં ફરતો ગોળાકાર તેજસમૂહ. આવા સમૂહ છૂટા વાયુમય પદાર્થના બનેલા છે. એમ મનાય છે કે તેઓ વહેલા મોડા એક થઈ તારાપુંજ થશે.

કુંડલિકા ૧. [સં.] સ્ત્રી. (પિંગળ) એ નામનો એક માત્રાવૃત્ત છંદ.
૨. સ્ત્રી. જલેબી.

કુંડલિકાભાગ [સં.] પું. મોટા આંતરડાના છ ભાગ માંહેનો વાંકો વળેલો નીચલો છેડો.

કુંડલિત વિ. અનુવેલ્લિત; ઘુમાવદાર; ચક્રાવર્તિત.

કુંડલિન નિહારિકા જુઓ કુંડલાકાર નિહારિકા.

કુંડલિની ૧. [સં.] પું. (પિંગળ) એ નામનો એક વિષમજાતિ માત્રામેળ છંદ; આર્યા. તેના પ્રથમ ચરણમાં ૩૦ માત્રા અને બીજા ચરણમાં ૨૭ માત્રા હોય છે.
૨. સ્ત્રી. ગળો નામની વનસ્પતિ.
૩. સ્ત્રી. ચોસઠ માનસતત્ત્વદેવતા માંહેની એ નામની એક.
૪. સ્ત્રી. જલેબી.
૫. સ્ત્રી. બોતેર આકાશતત્ત્વદેવતા માંહેની એકનું નામ.
૬. સ્ત્રી. (યોગ) રોગ મટાડવા બનાવેલું એક ચક્ર.
૭. સ્ત્રી. સાપના સ્વરૂપવાળી ત્રણ આંટાવાળી એક પ્રસિદ્ધ શક્તિ. નાભિની નીચે ગૂંચળા જેવા આકારમાં તે રહેલી છે. નાભિની સામે મેરુદંડ એટલે બરડાની કરોડમાં સુષુમ્ણાનું મુખ છે. તેના ઉપર તે પોતાનું મુખ આડું રાખી ઊંઘતા સાપની માફક પડી રહે છે. યોગી લોકો તેને જગાડવાને અષ્ટાંગયોગ કરે છે. અત્યંત યોગાભ્યાસ કરવાથી તે જાગે છે. જાગ્યા પછી તે સાપની માફક અત્યંત ચંચળ બને છે અને એક જગ્યાએ સ્થિર રહેતી નથી. સુષુમ્ણા નાડીમાં થઈ મૂલાધારથી સ્વાધિષ્ઠાન, મણિપૂર, અનાહત, વિશુદ્ધ, અગ્નિ અને મેરુશિખર થઈ અથવા તેને ભેદી બ્રહ્મરંધ્રથી સહસ્રાર ચક્રમાં જાય છે. જેમ જેમ તે ઉપર ચડે છે તેમ તેમ સાધકમાં અલૌકિક શક્તિઓનો વિકાસ થતો જાય છે અને તેનાં સાંસારિક બંધનો ઢીલાં થતાં જાય છે. કેટલાકના મત પ્રમાણે કુંડલિની નિત્ય જાગતી હોય છે અને તે વચ્ચેનાં ચક્રોને ભેદતી ભેદતી સહસ્રાર કમલમાં જાય છે અને ત્યાં દેવગણ તેને અમૃતથી સ્નાન કરાવે છે. તેઓનું કહેવું એવું છે કે મનુષ્યો સૂતાં હોય ત્યારે કુંડલિની ઉપર ચડે છે અને તેઓ જાગે છે ત્યારે પોતાના સ્થાન મૂલાધારમાં ચાલી જાય છે. તેની સંજ્ઞા હ્રૂઁ છે. આ એક અક્ષરને લજ્જાબીજ, માયાબીજ, જીવનેશ્વરીબીજ વગેરે અનેક નામથી પ્રબોધવામાં આવે છે.

કુંડલિનીધરા [સં.] સ્ત્રી. ચોસઠ માનસતત્ત્વદેવતા માંહેની એકનું નામ.

કુંડલિયા ૧. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તેમાં ૧૪૪ માત્રા અને ૬ ચરણ હોય છે. તેમાં જે બે ત્રણ પ્રથમ વ્યંજન આવે તે જ વ્યંજન પાછા અંતે આવવા જોઈએ. તેથી તેને ચક્રની સાથે સરખાવવામાં આવે છે.
૨. સ્ત્રી. કણબીની એ નામની એક અટક.
૩. ન. એ અટકનું માણસ.
૪. વિ. એ નામની અટકનું.

કુંડલિયાતોટક પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ.

કુંડલિયો પું. (પિંગળ) એ નામનો એક વિષમજાતિ માત્રામેળ છંદ. આ છંદમાં ૬૮ ગુરુ અને ૧૬ લઘુ હોય છે. તેમાં ગુરુ લઘુની વધઘટ થતાં તેના ૬૭ ભેદ થાય છે.

કુંડલી ૧. પું. (પિંગળ) એ નામનો એક વિષમજાતિ માત્રામેળ છંદ. જુઓ કુંડલિયા ૧.
૨. [સં.] પું. ગરમાળો. ગરમાળાની શીંગનો ગોળ ખાવાથી પેટમાં કુંડલી એટલે વળ દઈને ચારે તરફથી નિચોવીને ખળખળીને ઝાડો સાફ લાવનાર હઈ તેને કુંડલી કહે છે.
૩. પું. (પુરાણ) ગરુડનો પુત્ર.
૪. પું. ધૃતરાષ્ટ્રના સો માંહેનો એ નામનો એક પુત્ર.
૫. પું. મોર.
૬. પું. વિષ્ણુ; વિષ્ણુનાં હજાર નામ માહેનું એક. તે લીલાવતારમાં કુંડળ ધારણ કરનારા છે. વળી મનુષ્યશરીરના આધારભૂત કુંડલી ચક્ર પણ તે છે અને ચોરાશી લક્ષનું કૂંડાળું ફરનારા પણ તે જ છે તેથી તે કુંડલી કહેવાય છે.
૭. સ્ત્રી. અરુંધતી; ઈશ્વરી.
૮. સ્ત્રી. કાંચનાર ગૂગળની એક જાત.
૯. સ્ત્રી. ખોળી; લાકડીને લોઢાનો કે રૂપાનો ચડાવવામાં આવતો ખોભળો.
૧૦. સ્ત્રી. ગળો.
૧૧. સ્ત્રી. ગાળિયો.
૧૨. સ્ત્રી. ગુદા.
૧૩. સ્ત્રી. ગૂંચળું; ચક્કર.
૧૪. સ્ત્રી. ગ્રહ વગેરેની ગણતરીનું ખાનાવાળું ચોકઠું.
૧૫. સ્ત્રી. ઘીનું નાનું કુડલું.
૧૬. સ્ત્રી. જલેબી; મીઠાઈની એક જાત.
૧૭. સ્ત્રી. નાનું કૂંડાળું.
૧૮. સ્ત્રી. મહાભારતમાં જણાવેલી એક પ્રાચીન નદીનું નામ.
૧૯. સ્ત્રી. લોઢાના પતરામાં કાણાં પાડવાનું સાધન.
૨૦. સ્ત્રી. વીજળીનો માર્ગ.
૨૧. સ્ત્રી. સર્પ.
૨૨. સ્ત્રી. સાત રાજ્યનો સમૂહ.

કુંડલું ન. કોડીનું કૂંડાળું કરી તેને છેટેથી આંટવાની રમત.

કુંડલેશ્વર [સં.] પું. શંકરનું એક નામ.

કુંડલ્ય સ્ત્રી. કુંડલી; લાકડી ઉપર જડવાની ભૂંગળી.

કુંડવાયુભારમાપક ન. એક જાતનું વાયુભારમાપક યંત્ર; 'સિસ્ટર્ન બૅરૉમિટર'.

કુંડવારહ [હિં.] પું. માટીનું શકોરૂં.

કુંડવારા પું. પીલવા માટે જ્યાં કાપેલી શેરડી એકઠી કરવામાં આવે તે જગ્યા.

કુંડવાં ન. વ. વ. ખડકલા; ઢગલા.

કુંડશાયી ૧. [સં. કુંડશાયિન્] પું. એ નામનો ધૃતરાષ્ટ્રનો એક પુત્ર.

૨. પું. કુંડ અને ગોલક જાતિના વર્ણસંકર પુરુષનું અન્ન માગનાર માણસ.

કુંડળ જુઓ કુંડલ.

કુંડળાકાર જુઓ કુંડલાકાર.

કુંડળિયા જુઓ કુંડલિયા.

કુંડળિયો જુઓ કુંડલિયો.

કુંડળી જુઓ કુંડલી.

કુંડા ૧. પું. ચિચોડામાંથી ટપકતો શેરડીનો રસ જેમાં પડે તે વાસણ.

૨. પું. ચોખાનો ભૂકો.

૩. પું. છીછરૂં માટીનું વાસણ.

૪. પું. પોતાના ધણી સિવાય બીજા માણસથી થયેલું બાળક.

૫. પું. ફકીરને આપેલું બલિદાન.

૬. સ્ત્રી. કોઢ.

૭. સ્ત્રી. મેમણની એ નામની એક અટક.

૮. ન. એ અટકનું માણસ.

૯. વિ. એ નામની અટકનું.

કુંડાકાર વિ. ગોળ ગૂંચળાવાળું.

કુંડાતાંસળી સ્ત્રી. છાલિયાથી મોટું વાસણ.

કુંડાથાળી સ્ત્રી. મોટા કૂંડા જેવી થાળી.

કુંડાપંથી વિ. માર્ગી પંથનું.

કુંડારેલ વિ. કોતરેલ; નકશી કરેલ.

કુંડાલા ૧. પું. કપડાં ધોવાનું માટીનું વાસણ.

૨. પું. મોટું પહોળું વાસણ. તેમાં પાણી, દારૂ વગેરેની શીશીઓ બરફ કે મીઠું રાખીને ઠંડી રાખવામાં આવે છે.

કુંડાશી પું. ધૃતરાષ્ટ્રના એક પુત્રનું નામ.

કુંડાંતરો પું. કામઠાંની ટટ્ટીનો આંતરો.

કુંડિક ૧. પું. (પુરાણ) એ નામનો કુરુવંશી એક રાજા.

૨. પું. એ નામનો ધૃતરાષ્ટ્રનો એક પુત્ર.

૩. ન. કમંડળ.

કુંડિકા ૧. [સં.] સ્ત્રી. એકસો આઠ માંહેની એ નામની એક ઉપનિષદ; સામવેદની' શાખામાં ગણાતી એક ઉપનિષદ.

૨. સ્ત્રી. કમંડળ.

૩. સ્ત્રી. કૂંડી.

૪. સ્ત્રી. ઠીકરી.

૫. સ્ત્રી. થાળી.

૬. સ્ત્રી. માટીનું કે લાકડાનું કૂંડું.

૭. સ્ત્રી. લોટો.

૮. સ્ત્રી. સંન્યાસી વગેરેનું જળપાત્ર.

૯. સ્ત્રી. હવન કરવામાં વપરાતો તાંબાનો કુંડ.

કુંડિકામત પું. ચોસઠ માંહેનું એ નામનું એક તંત્ર.

કુંડિકેર પું. (પુરાણ) હૈહયનાં પાંચ માંહેનું એક કુળ.

કુંડિકોપનિષદ સ્ત્રી.; ન. એ નામની એક ઉપનિષદ. તેમાં જણાવ્યું છે કે, મુમુક્ષુ બ્રહ્મચર્યાશ્રમમાં ગુરુની સેવા તથા વેદનો અભ્યાસ કરી, ગુરુની આજ્ઞા મેળવી, યોગ્ય સ્ત્રી પરણી, ગૃહસ્થધર્મનું પરિપાલન કરે. પછી વૃદ્ધાવસ્થામાં પુત્રને ગૃહભાર સોંપી વાનપ્રસ્થ થઈ તપ કરતાં કરતાં પવિત્ર દેશમાં પરિભ્રમણ કરે. પછી સંન્યાસ ગ્રહણ કરે ત્યારે કાષાય વસ્ત્ર ધારણ કરે. ભિક્ષાપાત્ર, ચમસ, શીંકું, ગળણું, પાદત્રાણ, કંથા, કૌપીન, આચ્છાદન, બહિર્વાસ ને ઉત્તરીય સિવાય બધી ચીજનો ત્રિદંડી સંન્યાસી ત્યાગ કરે. અભ્યાસથી પ્રાણાપાનનો જય કરે. તે વિચાર કરે કે પાંચ ભૂતોના કારણ અજર, અમર, અક્ષર ને અવ્યય બ્રહ્મને હું પ્રાપ્ત થયો છું, હું અખંડાનંદરૂપ મહાસાગર છું, તેમાં બહુ પ્રકારે જગતરૂપ તરંગો માયારૂપ વાયુના વિભ્રમથી ઊપજે છે ને વિલીન થાય છે. જેમ આકાશને મેઘની સાથે સંબંધ નથી તેમ મને શરીરની સાથે સંબંધ નથી. જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિના ધર્મ મારા નથી. હું નિર્લેપ, દશ્યથી વિલક્ષણ, નિશ્ચલ, અખંડ બોધરૂપ સમગ્રનો સાક્ષી, સ્વતંત્ર, અહંતામમતા રહિત ને અપાર છું. જેમ ઘરના ધર્મો દીપકને સ્પર્શ કરતા નથી તેમ સાક્ષ્યના ધર્મો અવિકારી ને ઉદાસીન સાક્ષીને સ્પર્શ કરતા નથી. ઘટના ધર્મોથી જેમ આકાશ સંબંધ પામતું નથી તેમ હું શરીરના ધર્મોથી સંબંધ પામતો નથી. હું નિષ્ક્રિય, નિર્વિકાર, નિરવયવ, નિર્વિકલ્પ, નિત્ય, નિરાલંબ, અદ્વય, સર્વનો આત્મા, સર્વરૂપ, સર્વાતીત ને અખંડ બોધરૂપ છું. આવા વિચારના પરિપાકવાળો મુનિ સર્વદા આત્મામાં રમણ કરનારો થાય છે.

કુંડિન ૧. [સં.] ન. એ નામનું એક નગર; ભીષ્મકના સમયની વિદર્ભની રાજધાની; અમરાવતીની પૂર્વ દિશામાં આશરે ચાલીશ માઈલ દૂર આવેલું કુંડિનપુર.

૨. પું. એ નામનો એક ઋષિ.

૩. પું. (પુરાણ) એક બ્રહ્મર્ષિ અને તેનું કુળ.

૪. પું. કુરુવંશી એક રાજાનું નામ.

૫. પું. વસિષ્ઠ કુળમાં થયેલ એ નામના મંત્રદ્રષ્ટા.

૬. [સં. કુંડિન્] પું. શિવ.

૭. વિ. કમંડળવાળું.

૮. વિ. કુંડવાળું.

કુંડિનપુર ૧. ન. કાઠિયાવાડમાં આવેલ કનકાવતીનું જૂનું નામ.

૨. ન. દમયંતીના પિયેરનું ગામ.

૩. ન. મધ્ય પ્રાંતમાં ચંદા જિલ્લામાં વરોરાથી દક્ષિણમાં અગિયાર માઈલ વર્ધા અથવા વિદર્ભા નદી ઉપર આવેલું એક ગામ; દેવલબારા. જૂનું કુંડિનપુર વર્ધા નદીથી અમરાવતી સુધી ફેલાયેલું હતું. અમરાવતીમાં જે દેવળમાંથી શ્રીકૃષ્ણે રુકિમણીનું હરણ કર્યું હતું, તે દેવળ હાલ પણ અસ્તિત્વમાં છે. આ દેવળ પાસે દર વર્ષે મેળો ભરાય છે.

કુંડિની [સં.] સ્ત્રી. એક જાતનું રત્નપાત્ર.

કુંડિસ્યપુર જુઓ કુંડિનપુર.

કુંડી ૧. [સં.] પું. એક મુનિનું નામ.

૨. પું. વિદર્ભનગર.

૩. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૪. પું. સોમવંશી ધૃતરાષ્ટ્રના સો પુત્ર માંહેનો એ નામનો એક.

૫. સ્ત્રી. કમંડળ.

૬. સ્ત્રી. કુલડી; કુપ્પી. જુઓ કૂંડી.

કુંડોઢ [સં.] પું. ભારતવર્ષનો એ નામનો પુરાણો પર્વત.

કુંડોઢની સ્ત્રી. કૂડાં જેવડાં અડાણવાળી ગાય કે ભેંસ.

કુંડોદર ૧. [સં.] પું. એક જાતનો નાગ.

૨. પું. મહાદેવનો એક ગણ.

૩. પું. સોમવંશી ધૃતરાષ્ટ્રના સો પુત્ર માંહેનો એ નામનો એક.

૪. વિ. કૂંડા જેવા ખરાબ પેટવાળું.

કુંડોળિયા ૧. સ્ત્રી. ખાંટની એ નામની એક અટક.

૨. ન. એ અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કુંઢ ૧. પું. (કચ્છી) એક પ્રકારનો વેલો. તે ૨ થી ૫ ફૂટ લાંબો થાય છે. તેને નીચે બટેટા જેવા કે બેડી ચાકી જેવા નાના કંદ થાય અને લૂણી જેવાં રતાશ પડતાં પાન આવે છે.

૨. [હિં.] પું. તળાવ.

કુંઢિયા ૧. સ્ત્રી. વાઘરીની એ નામની એક અટક.

૨. ન. એ અટકનું માણુસ.

૩. વિ. એ નામની અટકનું.

કુંઢી ૧. સ્ત્રી. મેમણની એ નામની એક અટક.

૨. ન. એ અટકનું માણુસ.

૩. વિ. એ નામની અટકનું.

કુંઢેર સ્ત્રી. એક જાતનો વેલો; કુંઢ.

કુંઢો પું. (કચ્છી) કોંટો; ફણગો.

કુંણુ ૧. પું. તિબેટ દેશનું એક જૂનું નામ.

૨ સ. કોણુ.

કુંત ૧. [સં.] પું. ઉગ્રતા.

૨. પું. એક જાતનું ધાન્ય.

૩. પું. જીવડું; નાનો કીડો.

૪. પું. બરછી; ભાલું.

૫. પું. મલ્લ.

૬. પું. વાળની લટ.

૭. ન. બળ.

૮. ન. લડાઈનું એક અસલી હથિયાર.

કુંતકુંડ [સં.] પું. એ નામનો ૮૬ નરકકુંડ માંહેનો એક કુંડ. તે શસ્ત્રમય શય્યારૂપ મનાય છે.

કુંતધર [સં.] પું. નેજદાર; ભાલું રાખનાર સિપાઈ.

કુંતય ૧. પું. કુંતીનો પુત્ર.

૨. સ્ત્રી. એ નામની પ્રજા.

૩. ન. (પુરાણુ) એ નામનું અશ્વ નદીને તીરે આવેલું પ્રાચીન નગર. ત્યાં કુંતીનો જન્મ થયો હતો.

કુંતરાણુ ન. શણનું અબોટિયું.

કુંતલ ૧. પું. અંબોડો; ચોટલો.

૨. પું. એ નામનો એક દેશ. તે દક્ષિણુ હૈદરાબાદની નૈર્ઋત્યે કોંકણુ અને વરાડ વચ્ચે પશ્ચિમ ઘાટની પૂર્વમાં ભીમા અને વેદવતીની વચ્ચે આવ્યો હોવાનું મનાય છે.

૩. પું. એક જાતની સુગંધી.

૪. પું. જવ.

૫. પું. જેના હાથમાં ભાલો હોય તે માણુસ.

૬. પું. ધ્રુપદના સોળ માંહેનો એક પ્રકાર. તેના દરેક પાદમાં ૧૬ અક્ષર હોય છે.

૭. પું. પીવાનું પાત્ર; પ્યાલો.

૮. પું. બહુરૂપી; વેશ બદલનાર પુરુષ.

૯. પું. (પુરાણુ) રામની સેનાનો એ નામનો એક વાંદરો.

૧૦ પું. વાવ.

૧૧. પું. સંપૂર્ણ જાતિનો એ નામનો એક રાગ. તેને દીપક રાગના આઠ માંહેનો ચોથો પુત્ર માનવામાં આવે છે.

૧૨. પું. હળ.

૧૩. વિ. વાંકુ.

કુંતલકપુર ન. મ્હૈસુરના શિમોગા જિલ્લામાં આવેલું એ નામનું ગામ; કુબાત્તુર. તે કુંતલ દેશના રાજા ચંદ્રહાસની રાજધાની હતું.

કુંતલપરા ૧. સ્ત્રી. એ નામની બારોટની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણુસ.

૩. વિ. એ નામની અટકનું.

કુંતલમેઘ પું. એક જાતનું વાદળું. આ જાતનાં વાદળાં સૌથી ઊંચાં રહે છે. તેઓ પાતળાં, લંબાયેલાં અને ઊન અથવા વાળના જેવાં દેખાવનાં હોય છે.

કુંતલહસ્ત [સં.] પું. વાળનો જથ્થો.

કુંતલિકા [સં.] સ્ત્રી. છરી; પાળી.

કુંતલી [સં. કુંત] સ્ત્રી. એક જાતની નાની માખી. તેના મધપૂડામાંથી ડામર નામની નરમ વસ્તુ મળે છે. આ માખીઓને ડંખ હોતો નથી.

કુંતળ ૧. પું. (પુરાણુ) એ નામનો એક રાજા.

૨. પું. (સંગીત) હનુમત મત પ્રમાણે દીપક રાગના આઠ પુત્ર માંહેનો એક.

કુંતા ૧. સ્ત્રી. (પુરાણુ) પાંડુ રાજાની સ્ત્રી; પાંડવો તથા કર્ણની માતાનું નામ. જુઓ કુંતી ૩.

૨. સ્ત્રી. કૂમકું.

૩. સ્ત્રી. ભાલાની અણી.

કુંતાગ્ર ન. ભાલાની અણી.

કુંતાપ ૧. ન. એ નામનું એક આંતરડું.

૨. ન. એ નામનું એક સૂક્ત.

કુંતાર પું. મહાવત; હાથીને હાંકનાર માણુસ.

કુંતારવાઠ (કુંતારવાડ઼) સ્ત્રી. કુંતાર લોકોનો લત્તો; માવતોનો લત્તો.

કુંતાલી [સં.] સ્ત્રી. પેનારવલી નામની એક વેલ; ચિરખોટા; દીર્ઘપત્રા. આ વેલ દક્ષિણ હિંદ, આસામ, બંગાળ અને સિલોનમાં થાય છે. તેનાં ફળમાં કાકડી જેવો સ્વાદ હોય છે. તે દાહક અને રેચક છે. તે ઝેરી પ્રાણીઓનું ઝેર ઉતારે છે. તેનાં પાનને કચરી ઉકાળી સ્નાન કરવાથી શરીરમાંથી સુસ્તી ઊડે છે. માખણ સાથે જખમો ઉપર ચોપડવાથી તેની અંદરનાં જંતુઓનો નાશ કરે અને જખમો જલદી રૂઝવે છે. તાણુ અને આંચકીમાં શરીરે લેપ કરવાથી ચેતન આવે છે. છાતીમાં ભરાયેલ કફ માટે તથા દમ માટે તે છાતી ઉપર ચોપડાય છે.

કુંતાં ન. કુંતેલું નામનું ઝીણું ઘાસ. તેને ઝીણી ડૂંડી થાય છે.

કુંતિ ૧. [સં.] પું. મધ્ય હિંદુસ્તાનમાં આવેલ એ નામનો એક પ્રાચીન દેશ.

૨. પું. (પુરાણુ) સોમવંશી યદુકુળોત્પન્ન કૃષ્ણનો સત્યાની કૂખે થયેલો પુત્ર.

૩. પું. (પુરાણુ) સોમવંશી યદુપુત્ર સહસ્રાજિતના વંશમાંના હૈહયકુળના નેત્ર નામના રાજાનો દીકરો.

કુંતિભોજ જુઓ કુંતીભોજ.

કુંતિરાષ્ટ્ર પું. (પુરાણુ) ભારતવર્ષીય એ નામન એક દેશ.

કુંતી ૧. [સં.] પું. (પિંગળ) એક સમજાતિ માત્રામેળ છંદ. તેમાં ૧૮ ગુરુ અને ૭૬ લઘુ મળી ૯૪ વર્ણ હોય છે.

૨. પું. ભારતવર્ષીય એ નામનો દેશ.

૩. સ્ત્રી. (પુરાણુ) કુંતાજી; પાંડવોની માતા. તે શૂરસેન યાદવની દીકરી અને વસુદેવની બહેન હતી. તેને તેના કાકા કુંતિભોજે ખોળે લીધી હતી અને તે તેના આશ્રયમાં ઊછરેલી હતી. તેનાં લગ્ન પાંડુ નામના રાજા સાથે થયાં હતાં. પાંડુ રાજાને બે સ્ત્રી હતી: એક કુંતી અને બીજી માદ્રી. કુંતિભોજને ત્યાં એક વખત દુર્વાસા મુનિ આવ્યા હતા. તેમણે કુંતીની પરોણાચાકરીથી ખુશ થઈ પાંચ દેવના પાંચ મંત્રો આપ્યા ને જરૂર પ્રસંગે તેનો ઉપયોગ કરવાનું કહ્યું. પહેલો મંત્ર સૂર્યનો હતો. તેથી તેને એક પુત્ર થયો તેનું નામ કર્ણ. તેને નદીમાં વહેતો મૂક્યો. પાંડુ રાજાને હરણીના શાપને લીધે સ્ત્રીસંગ થાય નહિ એમ હોવાથી પાંડુ રાજાની આજ્ઞાથી દુર્વાસા મુનિના આપેલા મંત્રોના પ્રભાવ વડે યમના મંત્રથી ધર્મ એટલે યુધિષ્ઠિર, વાયુના મંત્રથી ભીમ અને ઈંદ્રના મંત્રથી અર્જુન એમ ત્રણ પુત્ર વર્ષ વર્ષને આંતરે ઉત્પન્ન કર્યા અને બાકી રહેલો એક મંત્ર માદ્રીને આપ્યો, જેથી અશ્વિનિકુમારના મંત્રથી નકુળ ને સહદેવ એ જોડ પુત્ર થયા. પાંડવો વનમાં ગયા ત્યારે કુંતી ઘેર રહ્યાં હતાં. ત્યારે કૌરવો તરફથી ઘણું દુઃખ સહન કરવું પડ્યું હતું. યુધિષ્ઠિરને રાજ્ય પ્રાપ્ત થયું ત્યારે તેણે સુખનો દહાડો દીઠો. પછી કેટલેક કાળે વિદુર, ધૃતરાષ્ટ્ર અને ગાંધારી મહાપ્રસ્થાન માટે હિમાલયમાં દેહત્યાગ કરવા નીકળ્યાં ત્યારે કુંતી એમની સાથે ગઈ અને ત્યાં જ તેનો દેહ પાડ્યો.

૪. સ્ત્રી. ઘાસમાં થતું એક ક્ષુદ્ર જંતુ.

૫. સ્ત્રી. બરછી; ભાલો.

૬. સ્ત્રી. બંગાળ, બ્રહ્મદેશ, આસામ વગેરે દેશોમાં થતું એક ઝાડ. તેનાં ફળ રંગવાના કામમાં આવે છે. તેનાં બીમાંથી તેલ નીકળે છે અને તેનું લાકડું બાળવાના કામમાં આવે છે.

૭. સ્ત્રી. ભારતવર્ષીય એ નામની નદી.

૮. ન. રેણુકબીજ.

કુંતીજાયો વિ. પું. કુંતીથી જન્મેલો.

કુંતીતનય પું. કુંતીનો પુત્ર; યુધિષ્ઠિર, ભીમ, અર્જુન અને કર્ણ માંહેનો કોઈ એક.

કુંતીતનયા સ્ત્રી. કુંતીસુતા; વસુદેવની બહેન. તેને કુંતિભોજ રાજાને તેના પિતાએ દત્તક તરીકે આપી હતી.

કુંતીદેવી જુઓ કુંતી.

કુંતીપુત્ર પું. કર્ણ; કુંતાજીનો પુત્ર.

કુંતીભોજ ૧. પું. (પુરાણ) કુંતીનો પાલક પિતા. તે કુંતિરાષ્ટ્રનો અધિપતિ યદુકુળના શૂર રાજાનો ખાસ મિત્ર હતો. પોતાને કાંઈ સંતતિ ન હોવાથી શૂર રાજાની પ્રથમ સંતતિને ખોળે લેવાનો નિશ્ચય કર્યો હતો. તે ઉપર શૂર રાજાને પ્રથમ થયેલી પૃથા નામની કન્યાને એણે દત્તક લીધી અને એનું નામ કુંતી પાડ્યું. ત્યારબાદ એને ઔરસ પુત્ર જન્મ્યો. ભારતના યુદ્ધમાં પોતાના પુત્ર સહવર્તમાન એ પાંડવના પક્ષમાં હતો.

૨. સ્ત્રી. એ નામની ઉત્તર હિંદની લોકોની એક જાત.

૩. ન. એ નામની જાતનું માણસ.

૪. વિ. એ નામની જાતનું.

કુંતીસુત જુઓ કુંતીપુત્ર.

કુંતીસુતા જુઓ કુંતીતનયા.

કુંતીસ્તુત્ય [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

કુંતીસ્નુષુક [સં.] પું. વિષ્ણુ.

કુંતું ન. ઘાસમાં થતું એક જાતનું જંતુ.

કુંતેલું ન. એક જાતનું ઘાસ. તેની ડૂંડી ટૂંકા, ઝીણા અને કૂણા કાંટાવાળી થાય છે, તેને કૂતરા કહેવાય છે અને તેનો દવા તરીકે ઉપયોગ થાય છે.

કુંથ્ ૧. [સં.] સ. ક્રિ. આલિંગવું; ભેટવું.

૨. સ. ક્રિ. ઈજા કરવી.

૩. સ. ક્રિ. દુઃખ સહન કરવું.

૪. સ. ક્રિ. વળગી રહેવું.

કુંથજી પું. પતિ; ધણી; કંથ.

કુંથવો પું. કંથવો; જંતુ; નાનું જીવડું.

કુંથુ ૧. પું. ત્રણ ઇંદ્રિયવાળો એક જીવ; કંથવો.

૨. પું. (જૈન) વર્તમાનકાળના છઠ્ઠા ચક્રવર્તી અને સત્તરમા તીર્થંકર; કુંથુનાથ. તેનો જન્મ હસ્તિનાપુરમાં થયો હતો. તેના પિતાનું નામ સૂરરાજા તથા માતાનું નામ શ્રીરાણી હતું. પ્રભુ ગર્ભે આવ્યા પછી તેમનાં માતાજીએ સ્વપ્નમાં રત્નનો સ્તૂપ દીઠો. તેના દુશ્મનો કંથવાના જેવા નાના થયા, તેથી તેનું નામ કુંથુનાથ પડેલ છે.

કુંથુનાથ જુઓ કુંથુ ૨.

કુંદ ૧. પું. એક જાતનો મોગરો. આસો અને કાર્તિક માસમાં તેને તારાના આકારનાં, અતિશય ધોળા રંગનાં અને ઉગ્ર વાસવાળાં ફૂલ આવે છે. તેના ઉપર ભમરા આસક્ત હોય છે.

૨. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે ષટ્પદી છપ્પય છંદનો ભેદ છે. તેમાં ૬૬ લઘુ અને ૪૩ ગુરુ મળી ૧૫૨ માત્રા હોય છે.

૩. પું. કરવીર વૃક્ષ; કણેરનું ઝાડ.

૪. પું. કુબેરના નવનિધિ માંહેનો એક.

૫. પું. કુંદુરુ નામનું ગંધદ્રવ્ય; શેષગુંદર.

૬. પું. જરથોસ્તી ધર્મનો એક દેવ. તે વાદળાંરૂપે વરસાદને હરકત કરે છે, તેથી તેને ધિક્કારાય છે.

૭. પું. ઢોર સૂકું છાણ કાઢે તે રોગ.

૮. પું. દાડમ.

૯. પું. નવની સંખ્યાવાચક શબ્દ.

૧૦. પું. ભારતવર્ષીય એક દેશ.

૧૧. પું. ભ્રમી યંત્ર.

૧૨. પું. મોગરાનું ફૂલ.

૧૩. પું. વિષ્ણુ; વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. તે સ્ફટિકમણિ જેવા ધોળા રંગવાળા છે. વળી કશ્યપને પૃથ્વીનું દાન આપનાર પણ તે છે. કુ એટલે પૃથ્વીનું ખંડન કરનાર પણ તે છે.

૧૪. પું. શાલ્મલિ દ્વીપમાંનો એક પર્વત.

૧૫. પું.; ન. કમળ.

૧૬. વિ. એવો અવાજ કરતું.

૧૭. વિ. ધોળું; સફેદ.

૧૮. વિ. બૂઠું; તેજ વગરનું; પાણી વિનાનું.

૧૯. વિ. ભરાઈ ગયેલું; રૂંધાઈ ગયેલું.

કુંદક ૧. પું. ઉંદર.

૨. પું. મોગરાનું ઝાડ.

કુંદગાંવકર ૧. સ્ત્રી. એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કુંદડિયા (કુંદડ઼િયા) ૧. સ્ત્રી. લેઉઆ કણબીની એ નામની અટક.

૨. ન. લેઉઆ કણબીની એ નામની અટકનું માણસ.

૩. વિ. લેઉઆ કણબીની એ નામની અટકનું.

કુંદડો (કુંદડ઼ો) પું. એક જાતનો છોડ. તેને સફેદ સુગંધીદાર બારીક ફૂલ આવે છે.

કુંદન ૧. સ્ત્રી. મેમણની એ નામની એક અટક.

૨. ન. એ અટકનું માણસ.

૩. ન. કંચન; ચોખ્ખું સોનું.

કુંદનમાં જડવા જેવું = વિદ્યા, ધન, યશથી શોભે એવું.

૪. ન. જવાહીર જડવાનું ખાનું.

૫. વિ. એ નામની અટકનું.

૬. વિ. ચકચકિત; પ્રકાશિત.

કુંદનકૂટ પું. એક જાતની દવા.

કુંદનપુર ન. અમરાવતીની પૂર્વે ચાલીશ માઈલ ઉપર આવેલું એ નામનું એક નગર; વિદર્ભ દેશની રાજધાની. ત્યાંનો રાજા ભીમક હતો. તેને રુક્મિણી નામની દીકરી હતી.

કુંદપુષ્પ ન. મોગરાનું ફૂલ.

કુંદમ [સં.] પું. બિલાડો.

કુંદમાળ પું. કરેણનાં ફૂલની માળા.

કુંદમી [સં.] સ્ત્રી. બિલાડી.

કુંદર ૧. પું. ખીણ; ગુફા.

૨. પું. વિષ્ણુ; વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. તે મોગરાનાં ફૂલની જેમ જન્મમરણનું દુઃખ મટાડી આનંદ આપનારા છે. પરમાનંદની પ્રાપ્તિરૂપ ફળ પણ તે છે. વળી કુંદ પુષ્પની જેમ તે શુદ્ધ ફળ દે છે અથવા તેને ગ્રહણ કરે છે. હિરણ્યાક્ષને મારવાની ઇચ્છાથી ભગવાને વરાહરૂપ ધરીને કુ એટલે પૃથ્વીને વિદીર્ણ કરી હતી તેથી ભગવાન કુંદર કહેવાય છે.

૩. ન. એક જાતનું શાક.

૪. ન. કલિંગ દેશમાં થતું એક જાતનું ઘાસ. તેનું મૂળ ઔષધમાં કામ આવે છે.

કુંદરી ૧. સ્ત્રી. ઈંઢોણી.

૨. સ્ત્રી. એક જાતનું શાક.

કુંદરૂ ૧. ન. એક જાતની વેલ. તેનાં ફળ ચાર પાંચ આંગળનાં લાંબાં થાય છે અને તેનું શાક થાય છે. તે ફળ પાકે ત્યારે લાલ થાય છે. તે શીતળ, મળસ્તંભક, સ્તનમાં દૂધ ઉત્પન્ન કરનાર તથા શ્વાસ, દમ, વાત અને સોજો દૂર કરનાર મનાય છે. તેનું મૂળ પ્રમેહનાશક અને ધાતુવર્ધક મનાય છે.

૨. ન. જંગલી દૂધી.

કુંદલ જુઓ કુંદન.

કુંદલતા [સં.] સ્ત્રી. (પિંગળ) છવ્વીશ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; વશંવદ. તેના દરેક ચરણમાં આઠ સગણ અને બે લઘુ એમ છવ્વીશ અક્ષર હોય છે. તેમાં બારમા અક્ષર પછી યતિ કે વિસામો આવે છે.

કુંદવ વિ. કૃશ; દુર્બળ; નબળું.

કુંદવન ન. મોગરાના ઘણા છોડવાળી જગ્યા.

કુંદવું ન. બીડ; ઘાસથી છવાયેલી જગ્યા.

કુંદસવૈયા પું. (પિંગળ) દરેક ચરણમાં સાત જગણ, લઘુ અને ગુરુ મળી ત્રેવીશ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; મલ્લિકા.

કુંદસો પું. ધોકો.

કુંદા ૧. પું. ઇજારનો ભાગ; પાયચો.

૨. [ફા.] પું. કાગળના પતંગની છોય.

૩. પું. કુસ્તીનો એક જાતનો દાવ. તેમાં હરીફ ઘૂંટણભર જમીન ઉપર પડ્યો હોય ત્યારે એક પગથી તેની ગરદનની મજબૂત પકડ લેવી. પછી આપણા શરીરનું બધું વજન તેની ગરદન તથા પીઠ ઉપર મૂકી જમણી બાજુ તરફ ફરી જવું. ત્યારબાદ જમીન ઉપર સૂઈ જઈ ગરદન પગની પકડમાં બરોબર લેવી.

૪. પું. ખભો; સ્કંધ.

૫. પું. ગચિયું; ગાંઠ.

૬. પું. તોપનો પાછળનો ભાગ.

૭. પું. દહીં.

૮. પું. પક્ષીની આંખ.

૯. પું. બંદૂકનો કંદો.

૧૦. પું. લાકડાની બંદૂક.

૧૧. પું. લાકડાનો દંડૂકો; ધોકો.

કુંદાપરાંત [સં.] પું. મહાભારતમાં જણાવેલો એક પ્રાચીન દેશ.

કુંદાપાક પું. દંડૂકો કે બંદૂકના કંદા વતી માર મારવો તે.

કુંદાર પું. રસ્તા ઉપર વવાતું, પચાસ ફૂટ ઊંચું વધતું એક જાતનું ઝાડ. તેને ઝાંખાં પીળાં ફૂલ આવે છે.

કુંદાહ ન. એક જાતનું ઝાડ; પારસપીપળો.

કુંદિનપુર જુઓ કુંદનપુર.

કુંદિની [સં.] સ્ત્રી. કમળનો સમૂહ.

કુંદી ૧. સ્ત્રી. કુંદ ફૂલની વેલ.

૨. સ્ત્રી. ધોયેલાં અને આર પાયેલ કપડાંને સફાઈ આપવાનું અને ગડી બેસાડવાનું ધોબીનું એક ઓજાર; ટીપણી; લાકડાની મોગરી.

૩. સ્ત્રી. ધોયેલાં કપડાંને સફાઈદાર કરવાની ક્રિયા.

કુંદી કરવી = (૧) આરવાળાં કપડાંને મઠેરવાં અને સંકેલી ગડી બેસારવી; ધોયેલાં કપડાંને સફાઈદાર કરવાં. (૨) કચરવું; ખૂબ માર મારવો; ગૂંદવું; ટીપવું.

૪. સ્ત્રી. માર મારવો તે.

૫. સ્ત્રી. મૂર્ખાઈ.

કુંદીકર જુઓ કુંદીકાર.

કુંદીકાર પું. રેશમી કપડાંને આર લગાડી સફાઈ લાવવા તથા અક્કડ કરવા સારૂ લાકડાની મોગરીથી ટીપનાર માણસ.

કુંદીખાનું ન. ઇસ્ત્રી કરવાનું કારખાનું.

કુંદીગર જુઓ કુંદીકાર.

કુંદીગાર જુઓ કુંદીકાર.

કુંદીપાક પું. ઠોક; માર; લાકડીનો પ્રહાર.

કુંદુ ૧. પું. ઉંદર.

૨. પું. દંડૂકો; ધોકો.

૩. પું. સુગંધી દ્રવ્ય.

૪. ન. એ નામનું એક નર્ક; કુંભીપાક.

કુંદુર પું. એ નામનું એક સુગંધી દ્રવ્ય.

કુંદુરુ ૧. પું. ઉંદર.

૨. પું. એક જાતનો ગુંદર.

કુંદુરુક જુઓ કુંદુરુ.

કુંદુરુકી સ્ત્રી. શલ્લકી વૃક્ષ; સરનું ઝાડ.

કુંદુસ [ફા.] પું. એક જાતનો ઝેરી છોડ.

કુંદું ૧. ન. દંડૂકો; ડાંગ.

૨. ન. બંદૂકનો પછવાડેનો હાથમાં ઝાલવાનો ચપટો અને જાડો ભાગ; બંદૂકનો કુંદો.

કુંદૂર પું. એક જાતનો સુગંધી પીળો ગુંદ. તે એક પ્રકારના બે હાથ ઊંચા કાંટાવાળા ઝાડમાંથી અરબસ્તાન, યમન વગેરે રેતાળ સ્થાનમાં મળે છે. તેનાં ફળ તથા બી કડવાં થાય છે. જ્યારે સૂર્ય કર્ક રાશિનો થાય ત્યારે આ ગુંદ એકઠો કરવામાં આવે છે. હકીમો તેને પુષ્ટિકારક અને રક્તસ્રાવને રોકનાર માને છે.

કુંદો જુઓ કુંદું.

કુંધેજોર સ્ત્રી. સમતોલની એક જાતની કસરત.

કુંનસ સ્ત્રી. કુરનસ; સલામ.

કુંનીહા (કુંનીઢ઼ા) અ. નજીક; પાસે.

કુંપ જુઓ કૂપ.

કુંપકુંપા અ. સોજા ચડીને શરીર ફૂલી ગયું હોય એમ.

કુંપટા પું. કર્ણાટકમાં વવાતો એક જાતનો કપાસ. તે કાનડી કપાસને મળતો છે. તેનો તાંતણો બારીક, લાંબો ને સફેદાઈમાં ઉત્તમ ગણાય છે.

કુંપની [અં. કંપનિ] સ્ત્રી. મંડળી.

કુંપળિયું જુઓ કૂંપળિયું.

કુંપી જુઓ કૂંપી.

કુંપો ૧. પું. એક જાતનો વેલો. તેનાં પાન ત્રિખૂણિયાં પહોળાં હોય છે. તેમાં લાંબી નળીવાળાં ઘેરાં આસમાની ફૂલ થાય છે. તેનાં ફળ ગોળાઈ લેતાં અણીવાળાં હોય છે. એમાં ત્રણ ખંડ અને છ બીજ હોય છે. વેલા ઉપર રૂંછાં હોય છે. એમાંથી દૂધ નીકળે છે.

૨. જુઓ કૂપો.

કુંપોકુંપ જુઓ કુંપકુંપા.

કુંબ ૧. [સં.] પું. યજ્ઞસ્થાનની આસપાસની પાળ.

૨. ન. ઘણા વરસાદવાળા પ્રદેશમાં અને સપાટ જમીનમાં ઊગતું એ નામનું એક સુશોભિત ઝાડ.

કુંબઈ ન. એ નામનું ઝાડ; ડેકામારી.

કુંબટ સ્ત્રી. ખેતી સંબંધી મહેનત.

કુંબા પું. કુટુંબ; જાત.

કુંબી ૧. પું. ખેડૂત.

૨. સ્ત્રી. કાયફળ.

૩. ન. એ નામનું એક ઝાડ. વર્ષાઋતુ પછી તેનાં પાન પીળાં થઈ જાય છે. ઉનાળામાં તેને પીળાં ફૂલ આવે છે. આ ઝાડને પીળો કપાસ પણ કહે છે, કેમકે તેનાં બી આસપાસ રૂ જેવા રેસા હોય છે. તેને કડચો ગુંદ પણ કહે છે.

કુંબીક પું. પાણીના ખાબોચિયામાં તરતો એક છોડ.

કુંબુર ૧. [અ.] ન. પક્ષીના માથા ઉપરની કલગી.

૨. ન. લાવરી; એક જાતનું પક્ષી.

કુંભ ૧. [સં.] પું. અભિમાન; ગર્વ.

૨. પું. એ નામની બાર માંહેની અગિયારમી રાશિ; ક્રાંતિવૃત્તનો ૩૦૦થી ૩૩૦ અંશ સુધીનો વિભાગ; વિષુવાંશ ૩૦૦થી ૩૬૦ અને ક્રાંત્યંશ ઉત્તર ૫થી દક્ષિણ ૩૫ની વચ્ચે આવેલો તારાપુંજ. તેમાં ૧૧૭ તારા હોય છે. તેને મનુષ્ય જેવી આકૃતિ, માથા ઉપર પાણીનું વાસણ, મકર રાશિના બકરાની આકૃતિની પૂછડી, ડાબા હાથમાં લાકડી અને નોળિયાના જેવો રંગ છે. તેને મનુષ્ય, જળચર રાશિ કે સ્થિર રાશિ કહે છે. ધનિષ્ઠાનો અરધો ભાગ, શતભિષા, અને પૂર્વાભાદ્રપદ નક્ષત્રનો પોણો ભાગ કુંભરાશિમાં આવે છે. આ રાશિમાં જન્મનારનું નામ ગ, શ, સ અક્ષરોથી પ્રારંભાતા શબ્દથી પડે છે.

૩. પું. એ નામનું એક ઝાડ. તે બંગાળ,

મદ્રાસ, આસામ અને અયોધ્યાના જંગલોમાં થાય છે. તેનું લાકડું મજબૂત અને છાલ કાળા રંગની હોય છે. તેનું લાકડું પાણીમાં સડતું નથી. તેની છાલ રેસાદાર હોય છે અને તેમાંથી રસી બને છે. છાલ દવામાં પણ કામ આવે છે.

૪. પું. એ નામનો કુંભકર્ણનો મોટો પુત્ર.

૫. પું. (પિંગળ) એક અર્ધસમ માત્રામેળ છંદ. તે ઉલ્લાલ છંદનો એક ભેદ છે. તેમાં ૫ ગુરુ અને ૪૬ લઘુ મળી ૫૧ વર્ણ અને ૫૬ માત્રા છે.

૬. પું. (શિલ્પ) એક જાતનું કોતરકામ. જુઓ અબ્જ.

૭. પું. એક જાતનું જોખનું માપ.

૧૦૬૪ પલ = ૧ કુંભ

૮. પું. એક જાતનું માપ. તે દશ ગુંઠા લાંબું અને દશ ગુંઠા પહોળું એવું ચોરસ માપ છે.

૯. પું. એક પર્વનું નામ. તે દર બાર વર્ષે આવે છે. આ વખતે હરદ્વારમાં મોટો મેળો ભરાય છે. જ્યારે સૂર્ય કુંભરાશિનો થાય ત્યારે આ પર્વ આવે છે.

૧૦. પું. એક વાનરનું નામ.

૧૧. પું. કટફળ.

૧૨. પું. ગજ એટલે હાથીના માથા ઉપરનો મોટો માંસપિંડ.

૧૩. પું. ગૂગળ.

૧૪. પું. ઘટ; ઘડો; સાંકડા મોઢાનું ધાતુ અથવા માટીનું પાણીનું વાસણ.

કુંભ મૂકવો = નવા ઘરમાં રહેવા જતાં પહેલાં આગળથી એક જગ્યાએ સાથિયો પૂરી તે ઉપર કંકુ, નાળિયેર અને પાણી ભરેલો ઘડો શુભ શુકન જોઈ મૂકવો.

૧૫. પું. ચૌદ શેરનું એક વજન.

૧૬. પું. નસોતર.

૧૭. પું. નેપાળો.

૧૮. પું. પૃશ્નિપર્ણી નામની વનસ્પતિ.

૧૯. પું. પ્રહ્લાદ દૈત્યના પુત્રો માંહેનો એ નામનો એક.

૨૦. પું. પ્રાણાયામના ત્રણ ભાગ માંહેનો એક; પ્રાણાયામમાં શ્વાસને રોકી રાખવાની ચેષ્ટા.

૨૧. પું. બુદ્ધદેવના આગલા ચોવીશ જન્મ માંહેનો એક.

૨૨. પું. બુદ્ધિ; મગજ.

૨૩. પું. લંકાનો એ નામનો એક રાક્ષસ.

૨૪. પું. (જૈન) વર્તમાન અવસર્પિણીના ઓગણીસમા અર્હતના પિતાનું નામ.

૨૫. પું. વિષ્ણુ. કુંભ એટલે ઘડાની જેમ ભગવાનમાં સર્વ વસ્તુઓ રહેલી છે તેથી કુંભ કહેવાય છે. તે ઘટ કે કુંભરૂપ છે, કુંભના જેવી ગોળ આકૃતિવાળા પણ તે છે, વળી ઘટાકાશ, મઠાકાશની પેઠે એક પિંડ એવા બ્રહ્માંડરૂપ આકૃતિવાળા પણ તે છે તેથી કુંભ કહેવાય છે.

૨૬. પું. વેશ્યાનો પતિ.

૨૭. પું. શ્રી રાગના આઠ માંહેનો એક પુત્ર. આ રાગ સંપૂર્ણ જાતિનો છે. તે સંધ્યા સમયે રાતના પહેલા પહોરે ગવાય છે. સંગીત દામોદરમાં આ રાગને સરસ્વતી અને ધનાશ્રી રાગણીઓના યોગથી બનેલો સંકર રાગ માનેલો છે.

૨૮. પું. સ્ત્રીનું સ્તન.

૨૯. પું. હૃદયનો રોગ.

૩૦. સ્ત્રી. મિત્રાવરુણને ત્યાં પુત્રરૂપે અવતરેલા વસિષ્ઠ ઋષિની માતાનું નામ.

૩૧. ન. કમળ.

કુંભક ૧. પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં બે નગણ, ૭ રગણ, ગુરુ અને લઘુ મળી છવીશ અક્ષર હોય છે.

૨. પું. ત્રણ જાતના પ્રાણાયામ માંહેનો એક; નાકથી ખેંચેલા શ્વાસને ચોસઠ માત્રા સુધી રોકી રાખવો તે. પ્રાણ અને અપાન બંનેનો જેમાં નિરોધ થાય તે પ્રાણાયામ કુંભક કહેવાય છે. આ ક્રિયા પૂરકની પછી થાય છે. તેમાં મોઢું બંધ કરી નાકને એક તરફથી અંગૂઠા વડે અને બીજી તરફથી વચલી તથા અનામિકા વડે દબાવી બંધ કરવામાં આવે છે. તેના આઠ પ્રકાર છે: સૂર્યભેદન, ઉજ્જાયી, સીત્કારી, શીતલી, ભસ્ત્રિકા, ભ્રામરી, મૂર્ચ્છા ને પ્લાવિની.

કુંભકપૂર્વક પું. (યોગ) પ્રાણાયામનો એક પ્રકાર.

કુંભકમળો પું. ઘણા દિવસનો જૂનો કમળો.

કુંભકર [સં. કુંભકાર] પું. કુંભાર.

કુંભકરણ જુઓ કુંભકર્ણ.

કુંભકર્ણ ૧. પું. કુંભોરાણો.

> ઉદેપુરની રાજગાદીએ મહારાણાશ્રીની એકતાળીશમી પેઢીએ થયેલા પ્રતાપી મહારાણા **કુંભકર્ણ** (કુંભોરાણો) આ ભરતખંડમાં પ્રસિદ્ધ છે.
>
> રાજવલ્લભ

૨. પું. ક્રોધ.

૩. પું. (પુરાણ) રાવણનો નાનો ભાઈ. તે પુલસ્ત્યપુત્ર વિશ્રવા ઋષિનો પુત્ર હતો. તેની માતાનું નામ કૈકસી હતું. જન્મતી વખતે એ મોટા પર્વત જેવડો અને ભયંકર હતો. જન્મતાં જ પ્રજામાંથી એક હજારને તે ખાઈ ગયો હતો. એના કદ માટે એમ કહેવાય છે કે જો તે સમુદ્રના મધ્યમાં ઊભો રહે તો સમુદ્રનું પાણી તેને કેડ સુધી આવતું. જ્યારે તે ઊંચો શ્વાસ લેતો ત્યારે બાર જોજન સુધીનાં પ્રાણીઓ તેના નાકમાં ભરાઈ જતાં અને જ્યારે નીચો શ્વાસ મૂકે ત્યારે તે સઘળાં તેટલાં જ દૂર પડતાં. ઈંદ્ર ઐરાવત ઉપર બેસીને એના ઉપર ધસી આવ્યો. એણે ઐરાવતનો એક દાંત ઊખેડી નાખ્યો અને એ દાંતે દાંતે એને એટલો માર્યો કે ઈંદ્રે ત્યાંથી પલાયન કર્યું. પછી ઈંદ્ર બ્રહ્મદેવ પાસે ગયો અને કુંભકર્ણના અદ્ભુત કર્મો વર્ણવ્યાં. તેથી બ્રહ્મદેવે એને શાપ આપ્યો કે એ હમેશા ઊંઘેલો જ રહેશે. આ વાતની રાવણને ખબર પડતાં તેણે બ્રહ્મદેવની સ્તુતિ કરી તેથી તેણે કહ્યું કે ૭ મહિનામાં એક દિવસ તે જાગતો રહેશે. પોતા ઉપર થયેલા ક્રોધનું નિવારણ કરવાને માટે અને અપાર ઐશ્વર્ય મેળવવાને માટે એણે ગોકર્ણક્ષેત્રમાં દશ હજાર વર્ષ ઉગ્ર તપ કર્યું. બ્રહ્મદેવ પ્રત્યક્ષ થયા અને દેવતાઓએ તેને વિચારીને વરદાન આપવા કહ્યું તેથી સરસ્વતીને કુંભકર્ણની જીભ ઉપર બેસવા કહ્યું. બુદ્ધિ ભ્રષ્ટ થવાને લીધે ઈંદ્રાસનને બદલે નિંદ્રાસન ભૂલથી મગાઈ ગયું. વરદાન મળ્યું અને તે સફળ થયું. પાછળથી તેણે મહાદેવની પ્રાર્થના કરી ત્યારે તે વરદાન ફક્ત ૭ માસ ઊંઘ અને ૭ માસ જાગૃતિમાં ફેરવવામાં આવ્યું હતું. વિરોચનના પુત્ર બલિએ પોતાની દૌહિત્રી વજ્રજ્વાલા એની સાથે પરણાવી. રાવણે એના માટે એક યોજન પહોળું અને બે યોજન લાંબું એવું એક મંદિર કરાવ્યું. એ મંદિરમાં એ નિરાંતે ઊંઘે એવી આજ્ઞા કરી. આ મંદિરમાં એ ૭ મહિના ઊંઘતો. ૭ મહિના પછી જે દિવસે તે જાગે તે દિવસે એને માટે રાખેલી અપરિમિત અન્નની રસોઈ, માંસ વગેરે ખાતો, દારુ પીતો, તેમ જ વિષય ભોગવતો અને વખતે સભામાં પણ આવતો. રામ લક્ષ્મણ જ્યારે લંકા ઉપર ચડી આવ્યા ત્યારે રાવણે તેને ઉઠાડવા માટે રાક્ષસોને મોકલ્યા. જ્યારે તેઓએ તેને ઢંઢોળ્યો, શંખ ફૂંક્યા, ભેરી વગાડી અને હાથી આદિ પશુઓને એના ઉપર દોડાવ્યા ત્યારે તે ઊઠ્યો. તેણે મૃગ, મહિષ, વરાહ વગેરેને ખાઈને અને હજાર ઘડા દારૂ પીને લડવા જવાની તૈયારી કરી. પ્રથમ સીતાને હરી લાવવાની હકીકત સાંભળીને ગુસ્સે થયો પણ પાછળથી રામ સામે યુદ્ધમાં ગયો. વાનરો એને જોઈને નાસવા લાગ્યા; અંગદના પ્રોત્સાહનથી તેઓ પાછા ફર્યા, પણ સાતસો, આઠસો વાનરોને એક સાથે બાથમાં પકડીને કુંભકર્ણ ભોંય ઉપર પછાડતો, દશ વીશને પકડીને મોઢામાં નાખીને ચાવીને ખાઈ જતો. કેટલાક વાનરો તો કુંભકર્ણને લાગે કે તે ખાઈ ગયો છે પરંતુ ચવાયા વગરનાં રહી જતા તે

કાન અને નાકનાં છિદ્રોમાંથી નીકળીને નાસવા મંડી જતા. આમ કેટલાક વખત પછી એક વખત અંગદે આવીને એક પર્વત એના માથા ઉપર નાખ્યો. એ પર્વતને ચુકાવી દઈને એણે અંગદને પકડ્યો અને મૂર્છા પમાડ્યો. પછી સુગ્રીવે એનું નાક કરડી ખાધું તેથી એને જોરથી ભોંય ઉપર પછાડ્યો. પછી તે રામ સામે ગયો. રામે એની સાથે ઘોર સંગ્રામ કરી એના હાથ કાપી ભોંય ઉપર પાડ્યો, તેના પગ ઉડાવી દીધા અને પછી તેનું મસ્તક પણ ઉડાવી દીધું.

૧. કુંભકર્ણ જેવો = અઘોરી; ઊંઘણસી.

૨. કુંભકર્ણની ઊંઘ = ઘોર નિદ્રા; રાક્ષસી ઊંઘ. કુંભકર્ણને વિષે એમ મનાય છે કે તેની ઊંઘ એટલી બધી જબરી હતી કે તેને ઉઠાડવાને માટે વાજિંત્રો વગડાવવા પડતાં તથા તેના શરીર ઉપર હાથી દોડાવાતા અને રાક્ષસો પાસે નસકોરાં દબાવાતાં ત્યારે તે ઊંઘમાંથી જાગતો.

૩. કુંભકર્ણની નિદ્રા લેવી = ખૂબ ઊંઘવું; લાંબી નિદ્રા લેવી.

૪. ન. તાંજોર જિલ્લામાં આવેલા કુંભકોનમનું પ્રાચીન નામ; કુંઅકોણ; કુંભકોણ.

કુંભકર્ણકપાલ ન. તાંજોર જિલ્લામાં આવેલું એ નામનું એક પવિત્ર તળાવ; મઘમાગમ. દર બાર વર્ષે દક્ષિણ હિંદુસ્તાનમાંથી ઘણા યાત્રાળુઓ માહ મહિનામાં ત્યાં સ્નાન કરવા જાય છે.

કુંભકલ્યાણ પું. એ નામનો એક રાગ.

કુંભકળશ ૧. પું. (જૈન) એક મંગળ ચિહ્ન.

૨. પું. (પિંગળ) સ્કંધક ગીતિની જાતનો એક પ્રચૂર્ણ માત્રામેળ છંદ; કળશ. તેમાં ૨ ગુરુ અને ૬૦ લઘુ મળી ૬૨ અક્ષર હોય છે.

કુંભકા પું. (પિંગળ) ગુરુ.

કુંભકાર ૧. [સં.] પું. કુંભાર; પ્રજાપતિ.

૨. પું. રાતી કૂકડો.

૩. સ્ત્રી. એક વર્ણસંકર જાતિ. તેની ઉત્પત્તિ વિશ્વકર્મા પિતા અને શૂદ્ર માતાથી થઈ છે.

૪. વિ. ઘડો બનાવનાર.

કુંભકારક ૧. [સં.] પું. કુંભાર.

૨. વિ. ઘડો બનાવનાર.

કુંભકારપાક [સં.] પું. કુંભારનો નીંભાડો.

કુંભકારિકા ૧. [સં.] સ્ત્રી. એક જાતનું નેત્રાંજન.

૨. સ્ત્રી. કુંભારણ.

૩. સ્ત્રી. મનઃશીલ.

૪. સ્ત્રી. રાની તુલસી.

કુંભકારિણી [સં.] સ્ત્રી. કુંભારણ; કુંભારની સ્ત્રી.

કુંભકારી ૧. પું. માટીમાંથી વાસણ બનાવવાનો હુન્નર.

૨. સ્ત્રી. કળથી.

૩. [સં.] સ્ત્રી. કુંભારણ.

કુંભકેતુ [સં.] પું. શંબરાસુરનો એ નામનો એક સેનાપતિ.

કુંભકોણ ન. એક પ્રાચીન તીર્થનું નામ. જુઓ કુંભકોનમ.

કુંભકોનમ ન. તાંજોર જિલ્લામાં આવેલું એ નામનું શહેર. આ શહેરમાં દ્વાદશ જ્યોતિર્લિંગ માંહેનું એક જ્યોતિર્લિંગ છે. તે પવિત્ર કાવેરી નદીને કાંઠે આવેલું છે. અહીં મહામગ્રમ સરોવરમાં સ્નાન કરવાનો ઘણો મહિમા મનાય છે. દર બાર વરસે તે માટે ખાસ મોટો મેળો ભરાય છે. તે વખતે હિંદના દરેક ભાગમાંથી સંખ્યાબંધ યાત્રાળુઓ એકઠા થાય છે.

કુંભચક્ર [સં.] ન. (જ્યોતિષ) એ નામનું એક ચક્ર.

કુંભજ ૧. [સં. કુંભ (ઘડો) + જ (ઉત્પન્ન થયેલ)] પું. અગસ્ત્ય મુનિ.

૨. પું. દ્રોણાચાર્ય.

૩. પું. વસિષ્ઠ મુનિ.

કુંભજળ ન. ઘડા માંહેનું પાણી.

કુંભજાત જુઓ કુંભજ.

કુંભટિયા ૧. પું. નિંદ્ય માણસ.

૨. ન. (જૈન) ઓસવાળ વંશનું એક ગોત્ર. સં. ૧૧૧૭માં રાઠોડ રજપૂતોને પ્રતિબોધ કરીને જિનદત્તસૂરજીએ તે સ્થાપેલું હતું.

કુંભડા (કુંભડ઼ા) પું. ભાકુંભાજીનું વહાલમાં વપરાતું નામ.

કુંભતુંબી [સં.] સ્ત્રી. એક જાતની તુંબડીનો વેલો. તેને ઘડા જેવડાં તુંબડાં થાય છે.

કુંભદાસ પું. વ્રજ દેશનો એ નામનો એક કવિ. તે સખાભાવથી શ્રીકૃષ્ણની ઉપાસના કરતો હતો.

કુંભદાસી ૧. [સં.] સ્ત્રી. એક જાતની વેશ્યા. વાત્સ્યાયનના મત મુજબ જે વેશ્યાની પાસે સોનાના અલંકારો હોય અને જે ખાવા પીવા જેટલું કમાઈ લેતી હોય એ કુંભદાસી નામથી ઓળખાય છે.

૨. સ્ત્રી. કુંભિકા; જલકુંભી.

કુંભનાભ [સં.] પું. બલિ દૈત્યનો એ નામનો એક પુત્ર.

કુંભનિકુંભ પું. બ. વ. (પુરાણ) કુંભકર્ણથી વૃત્રજ્વાળાની કૂખે થયેલા એ નામના બે પુત્ર. એ અતિ પરાક્રમી અને બળવાન હતા. રાવણે એમને રામની સેના ઉપર યુદ્ધ કરવા મોકલેલા ત્યારે એમણે ઘણું ભયંકર યુદ્ધ કર્યું હતું. એ યુદ્ધમાં સુગ્રીવે કુંભને અને મારુતિએ નિકુંભને માર્યા હતા.

કુંભની [સં.] સ્ત્રી. દર ૭ વર્ષે ભરાતો મેળો.

કુંભપદી સ્ત્રી. હાથીપગાના રોગવાળી સ્ત્રી; શ્લીપદ રોગ થયો હોય તેવી સ્ત્રી.

કુંભપુટ પું. (વૈદ્યક) પુટ આપવાની એક રીત. માટીની ગાગર લઈ તેને હાથની આંગળી આવે તેવાં ૪૦ થી ૫૦ કાણાં પાડી કોલસાથી અરધ ભરી તેના ઉપર કપડમાટી કરેલું શરાવ અથવા મૂસ રાખી તેના ઉપર બીજા કોલસા નાખી માટીના ચૂલા ઉપર ગોઠવી સળગાવવું. એ અગ્નિ ત્રીજે દિવસે ઠરી ગયા પછી માંહેનું ઔષધ કાઢી લેવું.

કુંભપુત્ર [સં.] પું. અગસ્ત્ય મુનિ.

કુંભપુષ્પી સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; ઘટપુષ્પી.

કુંભમંડૂક [સં.] પું. ઘડાનો દેડકો; ઘડા જેટલા પ્રદેશમાં ગતિ કરી શકે તેવો કોઈ સંકુચિત ક્ષેત્રમાં રહેનાર માણસ.

કુંભમુદ્રા [સં.] સ્ત્રી. જમણા હાથનો અંગૂઠો ડાબા હાથના અંગૂઠા ઉપર મૂકતાં થતી મુદ્રા.

કુંભમેળો ૧. પું. દર બાર વરસે હરિદ્વારમાં ભરાતો એક જાત્રાનો મેળો. દેવો અને દાનવોએ જ્યારે ક્ષીરસમુદ્રનું મંથન કર્યું ત્યારે ચૌદ રત્ન માંહેનો સૌથી છેલ્લો અમૃતનો કુંભ લઈને ધન્વંતરી નીકળ્યા. દેવોએ તે જોયું કે તરત જ ઇંદ્રના પુત્ર જયંતને ઇશારો કર્યો. તે તરત એ કુંભ લઈને નાઠો. મંથન સમયે વાસુકિ સર્પનો નેતરા તરીકે ઉપયોગ કર્યો હતો અને દાનવો તેના મોં સામે હતા તેથી તેના વિષથી તેઓ બેભાન જેવા થઈ ગયા હતા, એટલે જયંતના કૃત્ય તરફ તેમની નજર બરાબર ન પડી, પણ દાનવોના આચાર્ય શુક્રે આ જોયું અને તેણે દાનવોને ચેતવ્યા. તેમણે જયંતનો પીછો લીધો. જયંત આમતેમ નાસવા લાગ્યો. દાનવો તેની પછવાડે બાર દિવસ અને બાર રાત દોડ્યા ત્યારે જયંતને તેમણે પકડી પાડ્યો અને અમૃતકુંભ લઈ લીધો. પણ તેઓ તે પી શક્યા નહિ, કેમકે કોણ પહેલું પીએ, તે સંબંધી તેમનામાં તકરાર થઈ. એટલામાં ભગવાન વિષ્ણુ મોહિની રૂપ લઈને આવ્યા અને દાનવોને મોહ પમાડી તેમની પાસેથી કુંભ લઈ દેવોમાં અમૃત વહેંચી દીધું. કુંભ માટેની દેવ દાનવોની ખેંચતાણમાં કુંભ જ્યાં જ્યાં પડી ગયો તે સ્થાનો પવિત્ર

મનાય છે. આ કુંભ જ્યારે જમીન ઉપર પડતો ત્યારે જુદા જુદા દેવો તેનું રક્ષણ કરતા. ચંદ્રમા અમૃત ટપકી ન જાય તેનું ધ્યાન રાખતો હતો. સૂર્યના પ્રભાવથી એ કુંભ તૂટ્યા વિના આખો રહ્યો હતો. એ ઘડો દાનવોના હાથમાં ગયો ત્યારે દેવોના ગુરુ બૃહસ્પતિએ તેનું રક્ષણ કર્યું હતું. જે જે સ્થાનો ઉપર કુંભ પડ્યો ત્યાં ત્યાં સૂર્ય, ચંદ્ર અને બૃહસ્પતિનો અમુક યોગ આવતાં કુંભયોગ થાય છે. આવાં સ્થાનો ભારતવર્ષમાં ચાર છેઃ હરિદ્વાર, પ્રયાગ, નાસિક અને ઉજ્જન. જ્યોતિષ પ્રમાણે ગુરુની ગતિ ઉપરથી આ કુંભયોગ નક્કી થાય છે. ગુરુ લગભગ બાર વર્ષે આખું રાશિચક્ર ફરી રહે છે. તે દરેક રાશિ લગભગ બાર માસ સુધી ભોગવે છે. જ્યારે ગુરુ કુંભ રાશિમાં અને સૂર્ય મેષ રાશિમાં પ્રવેશ કરે તે દિવસ એટલે ૧૪મી એપ્રિલ કુંભસ્થાન માટેનો મુખ્ય દિવસ ગણાય છે અને મેષનો સૂર્ય રહે ત્યાંસુધી એટલે કે લગભગ આખો માસ સ્નાન અને મેળો ચાલુ રહે છે. મેષસંક્રાંતિ ચૈત્ર માસમાં આવતી હઈ હરિદ્વારનો મેળો ચૈત્ર માસમાં આવે છે. હરિદ્વારના મેળા પછી ત્રણ વર્ષે ગુરુ વૃષભ રાશિમાં આવે ત્યારે મકરસંક્રાંતિ ઉપર પ્રયાગરાજમાં કુંભનો મેળો ગંગા યમુનાના સંગમ ઉપર ભરાય છે. મકરસંક્રાંતિ આપણા પોષ માસમાં આવે છે પણ ઉત્તર હિંદમાં પૂર્ણિમાથી માસ ગણાતો હોવાથી આપણી પોષ વદિ તે તેમની માહ વદિ ગણાય છે, એટલે પોષીપૂર્ણિમાથી માઘસ્નાન શરૂ થાય છે. તે એક માસ ચાલે છે. તેને માઘવટો નાહવો એમ કહે છે. પ્રયાગના કુંભમેળા પછી ત્રણ વર્ષે એટલે હરિદ્વારના કુંભમેળા પછી છ વર્ષે જ્યારે સિંહના ગુરુ થાય છે ત્યારે શ્રાવણ માસની પૂર્ણિમાએ નાસિકમાં ગોદાવરી તટે સિંહસ્થનો કુંભમેળો ભરાય છે. સૂર્ય પણ શ્રાવણ માસમાં સિંહ રાશિમાં આવે છે, એટલે સિંહ રાશિમાં ગુરુ સૂર્યનો યોગ થાય છે. આ મેળો પણ એક માસ ચાલે છે અને શ્રાવણ સુદિ પૂર્ણિમાએ કુંભસ્નાન થાય છે. નાસિકમાં કુંભનો મેળો થયા પછી આઠ માસે એટલે ત્યારપછીના વર્ષમાં ચૈત્ર માસની મેષસંક્રાંતિ ઉપર ઉજ્જનમાં ક્ષિપ્રા તીરે કુંભનો મેળો ભરાય છે. કુંભના મેળામાં યાત્રાળુઓ ઉપરાંત ખાસ કરીને હિંદુસ્તાનના સાધુસંતો, બાવાઓ અને સંન્યાસીઓ આવે છે. આને બાવાઓનો મેળો કહીએ તોપણ ચાલે.

૨. પું. મોટો મેળો.

કુંભયોનિ ૧. પું. અગસ્ત્ય મુનિ. મિત્ર અને વરુણ ઉર્વશીને જોઈને ક્ષોભ પામ્યા અને વીર્ય સ્ખલિત થયું. તે અર્ધું એક કુંભ એટલે ઘડામાં પડ્યું અને અર્ધું પાણી એટલે વસુમાં પડ્યું. તેમાંથી અનુક્રમે અગસ્ત્ય અને વસિષ્ઠ પ્રકટ્યા. આ રીતે કુંભમાંથી થવાને લીધે અગસ્ત્ય કુંભયોનિ કહેવાયા.

૨. પું. દ્રોણાચાર્ય.

૩. પું. વસિષ્ઠ મુનિ.

૪. સ્ત્રી. એ નામની એક અપ્સરા.

કુંભરાજ પું. કુંભ નામનો રાજા.

કુંભરાય જુઓ કુંભરાજ.

કુંભરાશિ સ્ત્રી. બાર માંહેની એ નામની એક રાશિ. જુઓ કુંભ.

કુંભરેતા પું. ભરદ્વાજ અગ્નિ અને વીરાનો પુત્ર; રથપ્રભુ; રથદ્યાન. એની સ્ત્રીનું નામ સરયૂ અને પુત્રનું નામ સિદ્ધિ હતું.

કુંભરેવા જુઓ કુંભરેતા.

કુંભલગ્ન [સં.] ન. દિવસના જે વખતમાં કુંભરાશિ ક્ષિતિજ ઉપર ચડે તે ભાગ.

કુંભલા [સં.] સ્ત્રી. એક વનસ્પતિ; ગોરખમૂંડી.

કુંભવા પું. ઢોરનો એક જાતનો રોગ; આફરો.

કુંભવાયુ જુઓ કુંભવા.

કુંભશાલા [સં.] સ્ત્રી. કુંભારનો નીંભાડો; માટીનાં વાસણ પકવવાનું સ્થળ.

કુંભસંક્રાંતિ [સં.] સ્ત્રી. સૂર્યનું કુંભ રાશિમાંથી પસાર થવાપણું.

કુંભસંધિ [સં.] પું. હાથીના મસ્તક ઉપર રહેલા બે માંસપિંડ વચ્ચેનો ભાગ.

કુંભસંભવ જુઓ કુંભજ.

કુંભસ્થલ જુઓ કુંભસ્થળ.

કુંભસ્થળ ન. હાથીનું ગંડસ્થળ.

કુંભસ્થાપન ૧. [સં.] ન. આસો સુદિ ૧ નો દિવસ; નવરાત્રિનો પહેલો દિવસ.

૨. ન. દેવની પધરામણી કરવા ઘડાનું સ્થાપન.

કુંભસ્થાપના જુઓ કુંભસ્થાપન.

કુંભહનુ [સં.] પું. રાવણના લશ્કરમાંનો એક રાક્ષસ. તેને તાર નામના વાંદરાએ માર્યો હતો.

કુંભહાર પું. ઓઝો; કુંભાર.

કુંભા ૧. સ્ત્રી. કૂઓ નામની વનસ્પતિ.

૨. [સં.] સ્ત્રી વેશ્યા.

૩. સ્ત્રી. શ્રી રાગની આઠ પુત્રવધૂ માંહેની એક.

કુંભાકાર વિ. ઘડાના આકારનું.

કુંભાખ્યા સ્ત્રી. રાતી પાડલ નામની વનસ્પતિ.

કુંભાજી પું. ગોંડલ રાજ્યના સ્થાપનાર મોટા કુંભાજી. રાજકોટ રાજ્યના સ્થાપનાર વિભાજીના તે પૌત્ર હતા. કુંભાજીએ પોતાના ભાગનાં ગામ લઈ ઈ. સ. ૧૬૪૦માં અરડોઈ રાજધાની કરી. તે શૂરવીર તથા હોશિયાર હતા. તેમણે બાહુબળથી બીજાં ગામો મેળવ્યાં હતાં. ઈ. સ. ૧૬૪૯માં તેમણે દેહ છોડ્યો. કુંભાજી પછી તેમના મોટા કુંવર સગ્રામજી અને સગ્રામજી પછી તેમના મોટા કુંવર હાલોજી ગાદી ઉપર આવ્યા. ઈ. સ. ૧૭૫૩માં હાલોજીએ સ્વર્ગવાસ કર્યો અને તેમના બાહોશ પુત્ર કુંભાજી જે ભાકુંભાજીના નામથી ઓળખાય છે તે ગાદીએ આવ્યા. ગોંડલ રાજ્યને પ્રખ્યાતિમાં લાવનાર આ કુંભાજી હતા. તેઓ ખેડુવર્ગ અને આખી વસતી ઉપર બહુ પ્રીતિ રાખતા હતા. તેમણે રાજ્યનો વહીવટ નિયમમાં આણ્યો હતો, લડવૈયાઓને પગાર બદલ ગામ આપી જિવાઈદાર બનાવ્યા હતા અને રાજ્યનું સારૂં રક્ષણ થાય એવા વિચારથી રાજ્યને ફરતો જિવાઈદાર અને ભાયાતોરૂપી ગઢ બનાવ્યો હતો. એમનામાં બળ અને બુદ્ધિ બંને હતાં.

કુંભાડી (કુંભાડ઼ી) સ્ત્રી. બદબોઈ; નિંદા; વગોવણી.

કુંભાણી ૧. સ્ત્રી. લેઉઆ કણબી, રજપૂત, વાણિયા, કોળી અને વાઘેરની એ નામની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કુંભાથળ જુઓ કુંભસ્થળ.

કુંભાદ્વ ન. નસોતર.

કુંભાધીશ [સં.] પું. શનિ ગ્રહ.

કુંભાધીશ્વર જુઓ કુંભાધીશ.

કુંભાભિષેક પું. એ નામની ઘટસ્થાપનની વિધિ.

કુંભાર ૧. [સં. કુંભકાર] પું. ઓઝો; પ્રજાપતિ; માટીનાં હાંલ્લાં, નળિયાં, ઈંટો, વાસણ વગેરે બનાવનાર તથા વેચનાર માણસ.

૧. કુંભાર કદી આખે હાંલ્લે રાંધે નહિ = કુંભાર પોતે જ વાસણ બનાવતો હોવા છતાં સારાં વાસણનો પોતે ઉપયોગ કરતો નથી; વૈદનાં ખાટલે.

૨. કુંભાર કરતાં ગધેડાં ડાહ્યાં = શેઠ કરતાં વાણોતર ચડે.

૩. કુંભાર જેવો = (૧) બિનહોશિયાર; આવડત વિનાનું; મૂર્ખ.

૪. કુંભારના ચાકે પિંડો, ઘડો ઊતરશે કે ગાગર ? = કાર્ય કરવું પણ તેનું ફળ તો ઈશ્વરાધીન છે; શું થશે કે શું નહિ થાય તેની કોઈને ખબર નથી.

૫. કુંભારનું કાચું = કુંભાર લોકો પાસે દામ માટે જતાં "હજી દામ કાચાં છે, પછી

આવજો " તેવો અપાતો ઉત્તર; સઈની સાંજ અને મોચીનું વહાણું.

૬. કુંભારનું હાંલ્લું છે તે બદલાય ? = ન બદલાવી શકાય તેવી બાબત.

૭. કુંભારનો નિમાડો નીવડે વખાણુ = વસ્તુની કીમત તેના ઉપયોગ વખતે થાય.

૨. સ્ત્રી. કડિયા, ભંગીની એ નામની અટક.

૩. સ્ત્રી. માટીનાં વાસણુ બનાવનારા લોકોની એક જાતિ.

૪. न. એ નામની અટકનું માણુસ.

૫. न. એ નામની જાતિનું માણુસ.

૬. वि. અણુઘડ; અણુસમજુ.

૭. वि. એ નામની અટકનું.

૮. वि. એ નામની જાતિનું.

૯. वि. મૂર્ખ.

કુંભારકામ न. માટીના ઘાટ બનાવવાની કળા; ભઠ્ઠીમાં પકવી અગર હવાથી સૂકવી માટીમાંથી વાસણુ બનાવવાની કળા. અગાઉના વખતમાં વાસણુ માટીમાંથી હાથે બનતાં અને ભઠ્ઠીમાં પકવવામાં આવતાં. પછી ચક્કર અને નીંભાડો દાખલ થયાં. ત્યારપછી તેને ઓપ ચડાવવાનું અને એનેમલ કરવાનું કામ શરૂ થયું. પછી તો માટીનાં વાસણુ ઉપર રંગકામ અને ચિત્રકામ શરૂ થયાં છે.

કુંભારખણુ પું. કુંભાર માટી ખોદી લાવે તેના ઉપર લેવાતો કર.

કુંભારણુ સ્ત્રી. કુંભારની સ્ત્રી.

કુંભારવાડો (કુંભારવાડ઼ો) પું. કુંભારોને રહેવાનો લત્તો.

કુંભારિયા न. આરાસણુ નામનું ગામ; આસણુ. તે જૈન લોકોનું જાત્રાનું ઠેકાણું છે.

કુંભારિયું ૧. न. પાટીની જેમ ચારે દોરી સાથે આવે તેવી ખાટલો ભરવાની સાદી રીત.

૨. वि. કદરૂપું; બેડોળ.

૩. वि. કુંભારનું; કુંભારના જેવું.

૪. वि. ખરાબ.

૫. वि. પીંઢેરી; માટીનું બનાવેલું.

૬. वि. સાદું.

કુંભારિયો પું. કાકરિયો કુંભાર નામનું પક્ષી.

કુંભારિયો કાગડો (કુંભારિયો કાગડ઼ો) પું. ત્રાવણુકોરમાં થતું એક નાજુક પંખી. તે ઝડપથી ઊડનારું તથા લાંબી મજલ કરનારું પક્ષી છે.

કુંભારિયો પોપટ પું. પેટમાં કંઈ વાત ન રહે તેવું માણુસ.

કુંભારી ૧. પું. કુંભાર.

૨. સ્ત્રી. કુંભારણુ; કુંભારની સ્ત્રી.

૩. न. અંજનહારી; એક જાતની ભમરી. તે ઘણું કરીને દીવાલના ખૂણા ઉપર ભીની માટીથી દર બનાવે છે. આ માટીને ઘસીને લગાડવાથી આંજણી મટી જાય એવી માન્યતા છે. આ ભમરી બીજા કીડાઓને પકડી પોતાની જેવા બનાવે છે એમ પણુ મનાય છે.

કુંભારીણુ સ્ત્રી. ઘર બનાવનાર ભમરી. જુઓ કુંભારી ૩.

કુંભાર્ક પું. સૂર્યનું કુંભ રાશિમાં હોવું તે.

કુંભાંગ [સં.] न. છોડવાનું ઘડાના આકારવાળું કોઈ પણુ અંગ.

કુંભાંડ [સં.] પું. બાણાસુરનો મંત્રી અને ચિત્રલેખાનો પિતા.

કુંભિક પું. એક પ્રકારનો નપુંસક.

કુંભિકા ૧. [સં.] સ્ત્રી. આંજણી; આંખનો એક રોગ.

૨. સ્ત્રી. કાયફળ.

૩. સ્ત્રી. દ્રોણુપુષ્પી નામની વનસ્પતિ.

૪. સ્ત્રી. પાટલવૃક્ષ; પરવળનું ઝાડ.

૫. સ્ત્રી. પાણી ઉપર થનારું એક જાતનું ઘાસ.

૬. સ્ત્રી. વાપુંભા.

૭. સ્ત્રી. વેશ્યા.

૮. સ્ત્રી. વ્યભિચારીઓને થતો એક જાતનો શુક્રરોગ.

૯. સ્ત્રી. શેવાળ.

કુંભિકાદ્યતૈલ [સં.] न. (વૈદ્યક) નાડીવ્રણુ માટેનું એક ઔષધ. તે બનાવવા જલશંખલા અથવા ધમાસો, ખજૂર, કોઠ, બીલીનો ગર્ભ, વડપીપર, પીપળો, ઉંબરો, પારસપીપળો એ બધાં દ્રવ્યોમાં ચોથા ભાગનું તેલ અને તેલથી ચોથા ભાગનો મોથ, રાળ, ધઉંલો, કમળ, મોચરસ, નાગકેસર તથા ધાવડીનાં ફૂલનો કલ્ક નાખી તેલની રીતે પકવવું.

કુંભિત [સં.] वि. અંદર રોકેલું; કુંભક કરેલ.

કુંભિન ૧. [સં.] પું. ગૂગળ.

૨. પું. મગરમચ્છ.

૩. પું. હાથી.

૪. वि. જેની પાસે ઘડો હોય એવું.

કુંભિની ૧. સ્ત્રી. ગૂગળ જેમાંથી નીકળે છે તે ઝાડ.

૨. સ્ત્રી. જમાલગોટો; જયપાલ; નેપાળો.

૩. સ્ત્રી. પૃથ્વી.

૪. સ્ત્રી. હાથણી.

કુંભિમદ [સં.] પું. હાથીનો મદ.

કુંભિયો ૧. પું. એક જાતનું ઈડર રાજ્યમાં થતું જંગલી ઝાડ.

૨. પું. થાંભલાની નીચે મુકાતો ઘડેલો પથ્થર.

કુંભિલ ૧. [સં.] પું. અકસ્માત થતો ગર્ભપાત.

૨. પું. એક જાતનું માછલું.

૩. પું. ચોર.

૪. પું. સાળો.

કુંભી ૧. [સં.] પું. એ નામનો એક રાક્ષસ. તે બાળકોને દુઃખ આપે છે.

૨. પું. એક જાતનું ઇમારતી લાકડું.

૩. પું. એક જાતનું ફૂલઝાડ.

કેસર કર્ણિકા **કુંભી** ફૂલિયાં રે.

નિષ્કુળાનંદ

૪. પું. એક સમજાતિ માત્રામેળ છંદ. તે દ્રૌપદી છંદનો ભેદ છે. તેમાં ૧૬ ગુરુ અને ૮૦ લઘુ મળી ૯૬ વર્ણુ હોય છે.

૫. પું. કમળ.

૬. પું. ઘડાવાળો કુંભાર.

૭. પું. મગરમચ્છ.

૮. પું. હાથી.

૯. સ્ત્રી. એક જાતનું એરંડાનું ઝાડ.

૧૦. સ્ત્રી. કાયફળ.

૧૧. સ્ત્રી. કુંભના જેવી બેસણી; થાંભલા નીચે મૂકવાની બેઠક.

૧૨. સ્ત્રી. ગૂગળ.

૧૩. સ્ત્રી. ગૂગળ જેમાંથી નીકળે તે ઝાડ.

૧૪. સ્ત્રી. ઘડાના આકારનો પૂરેપૂરાં અથવા અધૂરાં વળી ગયેલાં પાંદડાંવાળો એક છોડવો.

૧૫. સ્ત્રી. ચાર વર્ષે ભરાતો નાનો કુંભમેળો.

૧૬. સ્ત્રી. થાંભલો; સ્તંભ.

૧૭. સ્ત્રી. નથ; નાકમાં પહેરવાનું આભૂષણુ.

૧૮. સ્ત્રી. નરકના ભયંકર કેદખાનામાં પ્રવેશ કરવાની કોટડી. તે અંદર પહોળી અને મોઢે સાંકડી હોય છે. તેની અંદર કોહવાયેલા દુર્ગંધ મારતા અશુચિમય પદાર્થો ભર્યા હોય છે. તીક્ષ્ણુ ધારવાળા વજ્રમય કાંટા તેની અંદરની બાજુએ હોય છે.

૧૯. સ્ત્રી. નસોતર.

૨૦. સ્ત્રી. નાની હાંડલી; નાનો ઘડો.

૨૧. સ્ત્રી. નાનું કુલ્લું. તે મશાલમાં તેલ પૂરવા માટે વપરાય છે.

૨૨. સ્ત્રી. નેપાળો.

૨૩. સ્ત્રી. પરાળની ગંજી.

૨૪. સ્ત્રી. પાટલાવૃક્ષ.

૨૫. સ્ત્રી. પીતપાપડો.

૨૬. સ્ત્રી. બિલાડીનો ટોપ.

૨૭. સ્ત્રી. માછલીની એક જાત.

૨૮. વિ. કુંભના આકારનાં સ્તનવાળું.

૨૯. વિ. કુંભના આકારવાળાં વૃષણવાળું.

કુંભીક ૧. [સં.] પું. એક જાતનો નપુંસક; ગુદયોનિ; બીજા પાસે સૃષ્ટિવિરુદ્ધ કર્મ કરાવનાર માણસ.

૨. પું. એક જાતનો નેત્રરોગ; આંજણી.

૩. પું. કાયફળ.

૪. પું. નેપાળાનું ઝાડ.

૫. પું. પુન્નાગ વૃક્ષ.

૬. પું. શુક્ર રોગનો એક પ્રકાર.

૭. જુઓ કુંભી.

કુંભીકસ્વેદ પું. હાંડલા માંહેની વરાળની બાફ.

કુંભીકાર પું. કુંભાર.

કુંભીધાન્ય [સં.] પું. એક વર્ષ ચાલે તેટલા અનાજનો સંગ્રહ કરનાર ગૃહસ્થ. મનુ, યાજ્ઞવલ્ક્ય વગેરે સંહિતાકારોના મત પ્રમાણે દરેક જણે પોતાના કુટુંબના પાલન માટે અમુક નિશ્ચિત મુદ્દત ચાલે એટલું અન્ન સંગ્રહી રાખવું જોઈએ.

કુંભીધાન્યક જુઓ કુંભીધાન્ય.

કુંભીનર્ક ન. કુંભીપાક નામનું એક નર્ક.

કુંભીનસ ૧. [સં.] પું. એક જાતનો ઝેરી કીડો.

૨. પું. ક્રૂર સાપ.

૩. પું. રાવણ.

કુંભીનસિ ૧. [સં.] પું. (પુરાણ) બલિ નામનો દાનવ.

૨. પું. શંબર નામનો અસુર.

કુંભીનસી ૧. સ્ત્રી. (પુરાણ) અંગારપર્ણ ગંધર્વની સ્ત્રી.

૨. સ્ત્રી. (પુરાણ) ચિત્રરથની સ્ત્રી.

૩. સ્ત્રી. (પુરાણ) બલી દૈત્યની કન્યા; બાણાસુરની બહેન.

૪. સ્ત્રી. (પુરાણ) માલ્યવાન રાક્ષસની કન્યા અનલાને વિશ્વાવસુ રાક્ષસથી થયેલી કન્યા. મધુરાક્ષસે એને ચોરીથી ઉપાડી જઈ એની સાથે વિવાહ કર્યો હતો. એનાથી એને ઈશ નામે પુત્ર થયો હતો. તેનું બીજું નામ લવણાસુર હતું.

૫. સ્ત્રી. (પુરાણ) વિશ્રવા ઋષિથી પુષ્પોત્કટાને થયેલી કન્યા.

૬. સ્ત્રી. (પુરાણ) સુમાલી રાક્ષસની સ્ત્રી કેતુમતીની કુખે થયેલી ચાર માંહેની સૌથી નાની કન્યા; રાવણની મા કૈકસીની બહેન.

કુંભીપાક ૧. પું. એ નામનું ભયાનક, ઘણું ઊંડું અને અંધકારમય એક નરક. જે કોઈ સજીવ પ્રાણીને રાંધીને ખાય છે તે આ નરકમાં યાતના ભોગવે છે. તેમાં યમના દૂતો નારકીઓને પકડીને તપાવેલા તેલમાં નાખે છે.

૨. પું. એક જાતનો સન્નિપાત. તેમાં નાક રસ્તે કાળું લોહી નીકળે છે અને માથું ફરે છે.

૩. પું. કુંભી નામના પાત્રમાં પકવવું તે.

૪. પું. નીંભાડો.

૫. પું. માર; ઠોક.

૬. સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

કુંભીપાકકુંડ જુઓ કુંભીપાક ૧.

કુંભીપુર [સં.] ન. જૂનું દિલ્હી; હસ્તિનાપુર.

કુંભીમુખ ૧. [સં.] પું. એક જાતનો ફોલ્લો.

૨. ન. સાંકડા મોઢાવાળી હાંડલી.

કુંભીર ૧. [સં.] પું. એ નામનો એક યક્ષ.

૨. પું. કાયફળનું ઝાડ.

૩. પું. મગરમચ્છ; એક જાતની મોટી માંસાહારી માછલી.

કુંભીરક [સં.] પું. ચોર.

કુંભીરખાનમ ન. જેમાં મમરો ઘણી હોય એવી ખાડી.

કુંભીરમક્ષિકા ૧. [સં.] સ્ત્રી. એક જાતની માખી.

૨. સ્ત્રી. એક જાતની માછલી.

કુંભીરાસન [સં.] ન. યોગનું એક પ્રકારનું આસન. તેમાં જમીન ઉપર ચત્તા સૂઈ એક પગને બીજા પગ ઉપર અને બંને હાથોને માથા ઉપર રાખવામાં આવે છે.

કુંભીવૃક્ષ સ્ત્રી. એક જાતની વનસ્પતિ; મહાકુંભા. એનાં ઝાડ હિમાલયના સમશીતોષ્ણ પ્રદેશમાં, સિંગાપોર, મલાયા વગેરે બેટોમાં થાય છે. તેની છાલ ઉપયોગી છે. આ ઝાડમાંથી ગુંદર નીકળે છે. આ ઝાડનાં ફળ જાયફળ જેવાં ગોળ થાય છે. તે વાતહર અને કફઘ્ન છે. તેનો ઉપયોગ જ્વર, શ્વાસ, પ્રમેહ વગેરે ઉપર કરવામાં આવે છે. તેને કાયફળ પણ કહેવામાં આવે છે.

કુંભીશ [સં.] પું. હાથી.

કુંભીસુત જુઓ કુંભજ.

કુંભેર સ્ત્રી. ગભારી; શ્રીપર્ણી નામની વનસ્પતિ.

કુંભો પું. એક જાતનું વૃક્ષ. તે પર્વતના ઘાટવાળા ભાગમાં ઊગે છે. તેનાં ફળમાંનાં બીજ તથા છાલ ઔષધિમાં ઉપયોગી છે. ગરમીના દિવસોમાં તેને સફેદ ફૂલો આવે છે. તેની ગંધ ઉગ્ર છે. તેના ફળમાં ૪ બિયાં હોય છે. બિયાં ઉકાળી તેનો રસ મરકી ઉપર અકસીર મનાય છે. છાલમાંથી નીકળતો સફેદ ગુંદર ખાંસી ઉપર અપાય છે. તેનો કાવો અતિસાર ઉપર પવાય છે.

કુંભોઘ્ની પું. (પિંગળ) મગણ, ભગણ, જગણ અને યગણ મળી બાર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે.

કુંભોજી પું. ચિતોડનો એક રાણો; પ્રસિદ્ધ ભક્ત કવયિત્રી મીરાંબાઈ તેમની વેરે પરણાવેલ એમ કેટલાકનું માનવું છે.

કુંભોદર [સં.] પું. મહાદેવના એક ગણનું નામ. રઘુવંશ અનુસાર તેણે સિંહ બનીને નંદિની ઉપર આક્રમણ કર્યું હતું.

કુંભોદ્ભવ ૧. [સં.] પું. અગસ્ત્ય ઋષિ.

૨. પું. બ્રહ્મા.

કુંભોલૂક [સં.] ન. એક જાતનું મોટું ઘુવડ.

કુંમડું ન. એક જાતની પાણીમાં થતી વેલ. તેનાં પાન અળવીનાં પાન જેવાં પાણી ઉપર તરતાં હોય છે. તેમાં હવાને માટે છિદ્રો હોય છે. એનાં પાનની ડીંટ ઘણી લાંબી અને પોકળ હોય છે. તેનાં મોટાં, સુગંધી ધોળાં કે રાતાં ફૂલ રાત્રિ ઊઘડે છે. એનાં ફળ સોપારી જેવડાં, પોચાં અને ઘણાં બીજવાળાં હોય છે.

કુંયર પું. (પ્રાકૃત) કુંજર; હાથી.

કુંવર ૧. પું. કુમાર; કુંવારો છોકરો.

૨. પું. જુવાન માણસ.

૩. પું. દીકરો; પુત્ર.

૪. પું. રાજપુત્ર; રાજકુમાર.

૫. પું. રાજાના છોકરા જેવો લાડકો કે માનીતો છોકરો; સુખાળ, વૈભવી, ધનવાન કુટુંબનો ભાગ્યશાળી છોકરો.

કુંવરનજરાણું ન. રાજાના પાટવી કુંવરના જન્મ વખતે લેવામાં આવતો કર.

કુંવરનજરાણો જુઓ કુંવરનજરાણું.

કુંવરપછેડો (કુંવરપછેડો) પું. રાજકુટુંબમાં કુંવર જન્મે તે વખતે રાજ્યને અપાતી ભેટ.

કુંવરપદું ન. રાજપુત્ર તરીકેનું સ્થાન.

કુંવરપાઠું ન. એક જાતની દેશી ઔષધિ.

કુંવરપાણિયા ૧. સ્ત્રી. કોળીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કુંવરપામરી સ્ત્રી. રાજાના પાટવી કુંવરના જન્મ વખતે લેવામાં આવતો કર.

કુંવરમાણું ન. રાજાના પાટવી કુંવરને નામે લેવામાં આવતી લેતરી.

કુંવરસુખડી (કુંવરસુખડી) સ્ત્રી. રાજાના પાટવી કુંવરને આપવાનો નજરાણો.

કુંવરાં અ. કુંવરને સંબોધન કરવામાં વપરાતો શબ્દ.

કુંવરિયા ૧. સ્ત્રી. ભાવસાર, કોળી અને વાઘરીની એ નામની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કુંવરી ૧. સ્ત્રી. કુમારી; કુંવારી છોકરી.

૨. સ્ત્રી. જુવાન સ્ત્રી.

૩. સ્ત્રી. દીકરી; પુત્રી.

૪. સ્ત્રી. રાજકુમારી જેવી લાડકી કે માનીતી છોકરી.

૫. સ્ત્રી. રાજાની પુત્રી; રાજકુમારી.

કુંવાડ (કુંવાડ઼) સ્ત્રી. જંગલી શાકભાજીના વર્ગનો વરસાદ થતાં પોતાની મેળે ઊગી નીકળતો એક છોડ. તેના બેથી ત્રણ ફૂટ ઊંચા થતા રોપ રેતાળ જમીનમાં ઊગે છે. તેમાંથી નીકળતો તાર ચીકણો અને કડવો હોય છે. આ છોડ વસઈ, માહિમ, ચીંચણી, તારાપુર વગેરે ઠેકાણે ઊગે છે. તેને પીળા રંગનાં ફૂલો આવી તે ઉપર ઝીણી શીંગો થાય છે.

કુંવાયડું (કુંવાયડું) જુઓ કુંવારડું.

કુંવાર [સં. કુમારી] સ્ત્રી. દરિયા કિનારે, રેતાળ જમીનમાં તેમ જ મેદાનમાં થતી એક જાતની વનસ્પતિ. તે ઘણી ઉપયોગી હોવાથી લોકો તેને કૂંડામાં પણ ઘર આગળ વાવે છે. તેનાં પાન લાંબાં, જાડાં અને ગરભવાળાં તેમ જ બંને બાજુએ કાંટાવાળાં અને છેડે અણીદાર હોય છે. આ પાનને પાઠું કે લાળું કહેવામાં આવે છે. તેમાંનો રસ સૂકવ્યાથી એળિયો થાય છે. તે બહુ જ કડવો હોય છે. કુંવારનું પાઠું અંગારામાં શેકી, તેનો પાતળો રસ કાઢી તેમાં થોડો ગોળ નાખી તરતના જન્મેલા બાળકને પ્રથમ એક બે દિવસ ગળથૂથી કરી પવાય છે. કુંવારને કાર્તિક માર્ગશીર્ષના અરસામાં મધ્યમાંથી ડાંડા ફૂટી ઉપર તોરા આવે છે. એ ડાંડાને શેલરાં કહે છે. શેલરાં પાકી જાય એટલે તેને રાવળિયા કહે છે. તેના ઉપર લાલ રંગનાં ફૂલ થાય છે. ગુજરાતી લોકો કુંવારનું અથાણું કરે છે. કુંવારનાં ઉપરનાં પાંદડાં સુકાય છે ત્યારે અંદરથી નવાં પાંદડાં ફૂટે છે. કુંવાર ગુણે શીતળ, કડવી, રસાયન, અગ્નિદીપક, ભેદક, મધુર, પુષ્ટિકર, બલકર, રેચક, શોધક તથા વૃષ્ય મનાય છે. તેનો ઉપયોગ વિષદોષ, કફપિત્તજ્વર, કફ, પિત્ત, દમ, ઉધરસ, પ્લીહા, કોઢ, ગુલ્મવાત, યકૃત, જ્વર, ગ્રંથિ, ત્વગ્દોષ, વિસ્ફોટક, રક્તવિકાર, અગ્નિદગ્ધ વ્રણ તથા રક્તપિત્તના રોગમાં થાય છે. એનાં ફૂલ ગુરુ છે. તે વાત, પિત્ત અને કૃમિનો નાશ કરે છે. કુંવાર બંધાણ કરવામાં બહુ ઉપયોગી છે. તેનું બંધાણ કરવાથી પેટની અંદર ગાંઠ ગળે છે. કુંવારનો આસવ અને પાક થાય છે. કુંવારનો તાજો રસ રેચક અને યોનિદાહ કમી કરનાર છે. આંખો આવી હોય તો ફટકડીની ભૂકી કુંવારના રસમાં મેળવી તેનો પાંપણ ઉપર લેપ કરવાથી આંખની આંતરત્વચાનો રવરવાટ કમતી થઈ રક્ત છૂટી જાય છે. સ્ત્રીઓને અટકાવ આવતો ન હોય તો કેટલાક દિવસો સુધી કુંવારનો રસ અપાય છે. કુંવારનો બોળ એટલે એળિયો સારક તથા રેચક છે અને તે આર્તવશુદ્ધિ કરે છે. કુંવારનું શાક પણ કરવામાં આવે છે. તે માટે કુમળી કુંવારની અંદરનો પચીશ રૂપિયાભાર ગર કાઢી તેના ગોળ કટકા કરવા. તેને પાણીમાં નાખી થોડી વાર રહેવા દઈ તેને સાફ ધોઈ નાખવા. તેમાં સવા શેર પાણી નાખી ચૂલા ઉપર મૂકી કકડા ચડવા દેવા. ચડે એટલે તેમાંનું પાણી નિતારી નાખી ચાર માસા સૂકાં મરચાં, બે માસા મરી, એક માસો હળદર, આઠ માસા કોપરૂં, ચાર માસા ધાણા અને આઠ માસા કાંદા એટલી જણસો ઘીમાં સાંતળી, ઝીણી વાટી, તેને પચીશ રૂપિયાભાર પાણીમાં ચોળી, તેમાં ચાર માસા સમારેલ કાંદા તથા ચાર માસા છોલેલું લસણ નાખી તે પાણી શાકમાં રેડી, તેમાં એક પાણીછલા નાળિયેરનું ખમણ નાખવું. પછી તે શાક તવેથાથી હલાવી ચૂલા ઉપર મૂકી, બરાબર ચડી રહે એટલે નીચે ઉતારવું. પછી ચૂલા ઉપર બીજું વાસણ મૂકી, તેમાં સવા છ રૂપિયાભાર ઘી નાખી તે કકડે એટલે તેમાં આઠ માસા ઝીણા સમારેલા કાંદા, એક માસો જીરૂં અને મીઠા લીંબડાની એક ડાળખી નાખી કાંદા લાલ થાય એટલે તેમાં ઉપરનું શાક વઘારી દેવું. પછી તેમાં એક રૂપિયાભાર ભાજણીનો લોટ અને આઠ માસા કોથમીર નાખી કડછીથી હલાવી ખદખદવા માંડે એટલે નીચે ઉતારી લેવું. કુંવારને તેનાં મૂળ સુદ્ધાં ઉખેડી હવામાં ટાંગેલ હોય તોપણ તે વધે છે, તેથી તેને ગૃહકન્યા, તરુણી, અમરા, અજરા, અફલા, સુરસા, અતિવિચ્છિલા વગેરે કહે છે.

કુંવારકા ૧. [સં. કુમારિકા] સ્ત્રી. કન્યા; કુંવારી છોકરી.

૨. સ્ત્રી. સમુદ્રને મળતી ન હોય એવી નદી.

કુંવારઘડા (કુંવારઘડ઼ા) પું. નામ માત્ર વિવાહ; વિધિ સચવાય તેટલાં પૂરતાં લગ્ન. ઘરઘરણાં કરવાવાળી કેટલીક નાતમાં જ્યારે કુંવારા પુરુષને રાંડેલી કે છાંડેલી સ્ત્રી સાથે ઘરઘરણું કરવું હોય ત્યારે પહેલાં ઢીંગલી સાથે વિધિપૂર્વક લગ્ન કરે છે. તેને કુંવારઘડા ઉતાર્યા કહેવાય છે.

કુંવારઘડો (કુંવારઘડ઼ો) પું. કુંવારી સ્થિતિ.

કુંવારડાં (કુંવારડ઼ાં) ન. બ. વ. નાનાં છોકરાં; બાળકો.

કુંવારડું (કુંવારડ઼ું) ન. કુંવારા નાના બાળકના મરણ પછી ચોથે દિવસે કુંવારાં છોકરાંને અપાતું ભોજન; ચોથિયું; છોકરાંની ઔર્ધ્વદૈહિકક્રિયા.

કુંવારદા ૧. સ્ત્રી. સુતારની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કુંવારપાઠું ન. કુંવારનું પાન. જુઓ કુંવાર.

કુંવારપાઠો પું. (વૈદ્યક) હડકવાની દવામાં વપરાતી એક વનસ્પતિ. કુંવારપાઠાનો ગર્ભ અને સિંધાલૂણનું મિશ્રણ કરી ઊના પાણી સાથે ત્રણ દિવસ સેવન કરવાથી હડકાયા કૂતરાનું ઝેર દૂર થાય એમ મનાય છે.

કુંવારિકા જુઓ કુંવારકા.

કુંવારિકાભૂમિ સ્ત્રી. ઊડતાં પક્ષીનો જ્યાં પડછાયો પણ ન પડ્યો હોય તેવી પવિત્ર જમીન; જ્યાં કોઈનું દહન કે દફન ન થયું હોય તેવી જગ્યા.

કુંવારિયા ૧. સ્ત્રી. સુતારની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કુંવારિયો પું. એક જાતનો ખરસટ છોડવો. તે સુકાય છે ત્યારે કાળો થઈ જાય છે.

કુંવારી ૧. સ્ત્રી. પરણ્યા વગરની છોકરી.

૧. કુંવારી કન્યાને સો વર ને સો ઘર = છોકરી માટે મૂરતિયો શોધવા અનેક સ્થળે જોવું પડે છે.

૨. કુંવારી તે રાંડે ? = અસંભવિત વાત; શશશૃંગ.

૩. કુંવારીને છોકરાં જણાવવાં = (૧) મોટાં ને ખોટાં તરકટ ઊભાં કરવાં. (૨) હવામાં કિલ્લા બાંધવા.

૨. વિ. સ્ત્રી. નહિ પરણેલી.

૩. વિ. સ્ત્રી. પવિત્ર; શુદ્ધ.

૪. વિ. સ્ત્રી. સમુદ્રને નહિ મળતી.

કુંવારી પહેરામણી સ્ત્રી. જનોઈ અપાતા છોકરાને તેના સાસરા તરફથી મળતી કપડાં, રોકડ વગેરેની ભેટ.

કુંવારી ભોમ્ય જુઓ કુંવારિકાભૂમિ.

કુંવારું વિ. નહિ પરણેલું.

કુંવારો વિ. પું. નહિ પરણેલો.

કુંવારો કોડે મરે ને પરણ્યો પીડાએ મરે = (૧) અનુભવ વગરની ભાવના. (૨) પરિણીત જીવન મુશ્કેલીથી ભરેલ છે.

કુંવારોકાંઠલો પું. નાગરોમાં એ નામની એક વિવાહવિધિ.

કુંવાસી સ્ત્રી. કુંવારકા; પરણ્યા વગરની છોકરી.

કુંવાં ૧. સ્ત્રી. નાગરોમાં લગ્ન વખતે ગણેશનું સ્થાપન કરે તે જગ્યા.

૨. ન. કૂવો.

૩. ન. માયરાનું ચિત્ર. માયરું થાય અને કન્યાદાન દેવાય તે વખતે વરઘોડિયાં બેસે ત્યાં તે કાઢવામાં આવે છે.

કુંવેર ૧. પું. કુંવર.

૨. સ્ત્રી. કુંવાર.

કુંસકી સ્ત્રી. ફોતરી.

કુંહ [અ.] પું. જથ્થો; માપ.

કુંહડો (કુંહડ઼ો) પું. બ્રાહ્મણ.

કુંહુર [સં. કંદરા] પું. ગુફા.

કુંહુ ૧. [સં. કુક્ષિ] ન. પાંસળાંની નીચેની પેટની ડાબી જમણી બંને બાજુઓ માંહેની દરેક; પેટનાં બંને પાસાં માંહેનું દરેક.

૨. ન. ફણગો.

કુંળેઢિયો પું. નાનો હાથી.

કૂ ૧. [સં.] સ્ત્રી. પિશાચણ; પિશાચ સ્ત્રી.

૨. સ્ત્રી. પૃથ્વી.

૩. [ફા.] ન. પહોળી શેરી; મોટો રસ્તો.

૪. ન. રહેઠાણ.

૫. [સં.] અ. ક્રિ. (ધાતુ) અવાજ કરવો. તેના ઉપરથી નીકળેલ શબ્દ: કૂજન.

૬. અ. ક્રિ. દુઃખથી રાડ પાડવી; ચીસ પાડવી.

કૂઅડો (કૂઅડ઼ો) [સં. કૂપ] પું. કૂવો.

કૂઆ ૧. પું. કટકો.

૨. પું. કૂવો.

૩. પું. રેશમના કીડાનો કોશેટો.

કૂઆર પું. આસો; આશ્વિન માસ.

કૂઆં પું. કૂપ; કૂવો.

કૂઆંર જુઓ કૂઆર.

કૂઈ ૧. સ્ત્રી. ગબી; અગલ.

૨. સ્ત્રી. (ગણિત) ત્રિકોણનો પાયો.

૩. સ્ત્રી. દક્ષિણ હિંદમાં વસતી લોકોની એક જાત. દક્ષિણમાં આજે પણ અસ્તિત્વ ભોગવતી કૂઈ જાત તે જ રાવણની રાક્ષસ જાત મનાય છે. આ જાતિના રીતરિવાજો રાક્ષસોના રીતરિવાજ જેવા જ છે. રાવણ શબ્દ પણ કૂઈ ભાષાનો છે અને તેનો અર્થ બીજાંને રોવરાવનાર થાય છે.

૪. સ્ત્રી. ધોળું કમળ; કુમુદ.

૫. સ્ત્રી. નાનો કૂવો.

૬. સ્ત્રી. પૃથ્વી.

૭. સ્ત્રી. બાજ.

૮. સ્ત્રી. બિહાર ઓરિસામાં બોલાતી એ નામની એક ભાષા.

૯. સ. કોઈ.

કૂઈરી સ્ત્રી. પગના અંગૂઠામાં ઘરેણા તરીકે પહેરાતી વીંટી.

કૂઉ પું. (જૂ. ગુ.) કૂવો.

તે પણિ કલિયુગમાં હિ ઈ દ્રઉ,
ચીવ દયાનુ કહીઈ કૂઉ. વિમલપ્રબંધ

કૂઉકૂઉ ૧. પું. કોયલ.

૨. પું. કોયલનો અવાજ.

કૂઉરવ પું. કલરવ; પક્ષીનો મધુર અવાજ.

કૂઊ અ. કોયલનો ટહુકાર સૂચવતો શબ્દ.

કૂક ૧. સ્ત્રી. એંજિનની સિસોટીનો અવાજ.

૨. સ્ત્રી. કોયલ અથવા મોરનો અવાજ.

૩. સ્ત્રી. રડવું તે; રુદન.

૪. સ્ત્રી. લાંબો મધુર અવાજ.

૫. ન. ઘડિયાળને ચાવી દેવી તે.

૬. ન. સંતાકૂકડીની રમતમાં કરવામાં આવતો અવાજ.

કૂકગાડી સ્ત્રી. આગગાડી.

કૂકટ ૧. પું. કૂકડો.

૨. ન. આશ્ચર્ય.

૩. ન. દંભ; ઢોંગ.

કૂકટદમ ન. જૂઠાણું; જૂઠા સોગન ખાવા તે.

કૂકટાસન ન. બંને પગની વચ્ચે હાથ રાખી પલોંઠી વાળી બંને હાથ વડે ઊભા થવું તે.

કૂકડ (કૂકડ઼) ૧. પું. કપટ; કૂડ; જૂઠ.

૨. [સં. કુક્કુટ] પું. કૂકડો.

કૂકડપાડું (કૂકડ઼પાડું) ન. કૂકડવેલનું ફળ; કૂકડવેલું.

કૂકડભાગે (કૂકડ઼ભાગે) અ. અર્ધોઅર્ધ; નીમે હિસ્સે; સરખે ભાગે.

કૂકડમૂકડ (કૂકડ઼મૂકડ઼) અ. સાંકડમોકડ.

કૂકડવાજુ (કૂકડ઼વાજુ) ન. કૂકડા જેવું આચરણ કરનાર લોકોની ટોળી. કૂકડાંમાં મા સાથે દીકરો, બાપ સાથે દીકરી અને ભાઈ સાથે બેન સંભોગ કરે છે.

કૂકડવેલ (કૂકડ઼વેલ) સ્ત્રી. એ નામની એક જાતની વનસ્પતિ; કૂકડપાડાનો વેલો. આ વેલાનાં પાંદડાં કંકોડીનાં પાંદડાં જેવાં પહોળાં, પાંચ ખાંચાવાળાં અને રૂંછડાંવાળાં હોય છે. ઘણાં વર્ષોના જૂના વેલાની જમીનમાં ગાંઠ બને છે. ફળનો આકાર કંકોડાના જેવો હોય છે અને તે ઉપર તેવા જ કાંટા હોય છે. ફળો સૂકાઈને ભાંગવાથી અંદરથી બિયાં વગેરે નીકળી જઈ જાળી જેવા રેસા નીકળે છે. એ ઘણી જ કડવી હોય છે. તે ઉષ્ણ, કટુ, તીખી, તથા તીક્ષ્ણ છે અને પાંડુ, કફ, દમ, ઉધરસ, મૂળવ્યાધિ, ક્ષય, કમળો, કૃમિ, હેડકી, તાવ, સોજો, વિષદોષ, અરુચિ, ઉંદરનું વિષ વગેરે મટાડે છે. મોટી માત્રામાં તે ગર્ભપાતક, સર્પ તથા બીજાં ઝેરી પ્રાણીનાં ઝેર ઉતારનાર, કોલેરાના ઝાડા ઊલટી બંધ કરનાર, પ્લેગના તાવ ઉતારનાર મનાય છે. તેના ગરનું સૂકું ચૂર્ણ સૂંઘવાથી છીંકો આવી શિરોવિરેચન કરી માથા અને નાકના રોગ મટાડે. તેનાં પંચાંગના કવાથથી અર્શ ધોવામાં આવે તો તે સંકોચાઈ જાય અને તેમાંથી થતો રક્તસ્રાવ બંધ થઈ જાય છે.

કૂકડવેલા (કૂકડ઼વેલા) જુઓ કૂકડવેલ.

કૂકડવેલી (કૂકડ઼વેલી) જુઓ કૂકડવેલ.

કૂકડવેલું (કૂકડ઼વેલું) ન. કૂકડવેલનું ફળ.

કૂકડવેલો (કૂકડ઼વેલો) જુઓ કૂકડવેલ.

કૂકડાની ટક્કર (કૂકડ઼ાની ટક્કર) ન. એ નામની દેશી રમત. રમનારની સંખ્યાના પ્રમાણમાં એક વર્તુલ કાઢવું. પછી બધા છોકરાઓએ ગોઠણની વચમાં કાડીઓ ઘાલીને અંદર બેસવું. સિસોટી થતાં જ બધા છોકરાઓએ કૂકડાની પેઠે કૂદકા મારતાં બીજા છોકરાઓને તેની કાઠીની સાથે કાડી ભટકાવીને અગર ધક્કા મારીને પાડવાનો પ્રયત્ન કરવો. જે છોકરો પડે તે બાદ થાય. છેવટે જે પડ્યા વગર રહે તે જીત્યો ગણાય.

કૂકડાં (કૂકડ઼ાં) ન. બ. વ. મરઘાં, બતકાં વગેરે.

કૂકડિયાખાંસી (કૂકડ઼િયાખાંસી) સ્ત્રી. એક જાતની ઉધરસ.

કૂકડિયોકુંભાર (કૂકડ઼િયોકુંભાર) પું. એ નામનું એક જાતનું પક્ષી; ભાસ પક્ષી. પ્રયાણ વખતે આ પક્ષી જમણી તરફ બોલે તો શુભ શુકન ગણાય છે.

કૂકડી (કૂકડ઼ી) ૧. સ્ત્રી. એક પ્રાચીન સિક્કો.

૨. [સં. કુક્કુટિકા; પ્રા. કુકુડ] સ્ત્રી. કૂકડાની માદા; મરઘી.

૧. કૂકડી માતી થાય તેમ ગાંડ સંકોચાતી જાય = પૈસા વધે તેમ લોભ વધે; બહુ પૈસાદાર હોય તેને બહુ ભીડ.

૨. ફૂકડીનું મોં ઢેફલીએ રાજી = નાના માણસને થોડાથી સંતોષ થાય છે.

૩. સ્ત્રી. દોરાની કોકડી.

૪. સ્ત્રી. મકાઈ.

ફૂકડીફૂક (ફૂકડ઼ીફૂક) અ. સંતાફૂકડીની રમતમાં કરાતો એવો અવાજ.

ફૂકડીકેટો (ફૂકડ઼ીકેટો) સ્ત્રી. એ નામની એક દેશી રમત. રમવાની જગ્યામાં વચ્ચોવચ્ચ ધૂળનો ઢગલો કરી તેમાં લાકડીને એક છેડે લૂગડાનો કટકો બાંધી ધજા જેવું કરીને ખોસે છે. પછી તે ઢગલાથી સાત હાથને છેટે તેને ફરતું એક કૂંડાળું કરે છે ને તે કૂંડાળાને ફરતું ચાર હાથ પહોળાઈનું એક બીજું કૂંડાળું કરે છે. બે કૂંડાળાંની વચ્ચે બધા છોકરા ઢગલાની ચોકી કરે છે. દાવવાળો છોકરો કૂંડાળા બહાર રહે. પછી તે ચોકી કરનાર છોકરાની નજર ચૂકવીને એક પગે ખોડંગતો ખોડંગતો તથા "ફૂકડી કેટો, માર ઝપેટો" એમ બોલતો ધજા લેવા જાય છે. જો કૂંડાળામાં પેસી ધજા લઈ તે ધજાની લાકડી કોઈ છોકરાને અડકાડી ખોડંગતો ખોડંગતો બહાર નીકળી જાય તો દાવ ઊતરે છે અને જેને ધજા અડકાડી હોય તેને માથે દાવ આવે છે.

ફૂકડીદાવ (ફૂકડ઼ીદાવ) પું. એ નામની એક રમત; ઠીકરીદાવ. એક માણસ બંને ગોઠણ ભેગા કરી ફરતાં ફરતાં હાથના આંકડા ભીડી તેની અંદર જે ચીજ સંતાડે તેને ફૂકડીદાવ કહે છે.

ફૂકડુક (ફૂકડ઼ુક) [હિં.] અ. ફૂકડીનો તીણો અવાજ.

ફૂકડેફૂક (ફૂકડ઼ેફૂક) અ. ફૂકડા બોલવાનો અવાજ.

ફૂકડો (ફૂકડ઼ો) ૧. [સં. કુક્કુટ; પ્રા. કુક્કુડ] પું. એ નામનું એક પક્ષી; મરઘો. તેનું આયુષ્ય ૧૪ વર્ષનું મનાય છે.

૧. ફૂકડા જી જી તો કહે જી જી = નોકર પોતાના માલિકને દરેક બાબતમાં જી, હા કરે છે.

૨. ફૂકડા વિના શું વહાણું ન વાય ? = એક નહિ તો બીજો.

૨. પું. એક રમતનું નામ. આ રમતમાં ગમે તેટલી છોકરીઓ રમી શકે છે. તેમાં બધી ઉભડક બેસીને ઠેકતાં ઠેકતાં આગળ જાય અને પાછળ આવે.

ફૂકણ પું. અફાણું દેશ માંહેનો એ નામનો એક દેશ; કોંકણ.

ફૂકણા સ્ત્રી. સુરત જિલ્લાની એક અનાર્ય જાતિ.

ફૂકનાર [ફા.] પું. ખસખસનો છોડ.

ફૂકનુસ જુઓ ફૂકનૂ.

ફૂકનૂ ન. એ નામનું એક પક્ષી; હુમા. ફારસીમાં તેને આતશઝન કહે છે. આ પક્ષીનો નર જ પેદા થાય છે એવી માન્યતા છે. તેની ચાંચમાં મોરલીની પેઠે કાણાં હોય છે જેની મારફત તે ભાત ભાતના અવાજ કાઢી શકે છે. તાનસેનના દીપક રાગની પેઠે એનું ગાયન જ એનો જીવ લેનારૂં થાય છે. વસંત ઋતુમાં તે યુવાવસ્થામાં આવે છે. નાનાં નાનાં કરગઠિયાંની ઢગલી કરી તેના ઉપર તે ગાવા બેસે છે. જ્યારે રાગ જામે ત્યારે તેની ચાંચમાંથી દેવતા ઝરે છે અને તેનાથી બળી તે મરી જાય છે. જ્યારે પહેલો વરસાદ આવે છે ત્યારે તેની રાખમાંથી એક ઈંડું નીકળે છે અને થોડા જ દિવસોમાં તેમાંથી આપોઆપ બચ્ચું થાય છે.

ફૂકનૂસ જુઓ ફૂકનૂ.

ફૂકબિલાડાં (ફૂકબિલાડ઼ાં) ન. બ. વ. બેહૂદી વાત.

ફૂકર ૧. પું. એક જાતના ઘાસની ડૂંડી.

૨. પું. એક જાતના લોકો.

૩. [અં.] પું. એકી વખતે દાળ, ભાત, શાક રંધાઈ શકે એવું ઉતરડના આકારનું રસોઈ કરવાનું સાધન.

૪. [હિં.] પું. કૂતરો.

૫. પું. ગુલામ.

૬. પું. પેટ.

૭. પું. બંદૂકમાં આવતી એક કમાનનું નામ.

૮. ન. એ નામનું પુરાતની રાજ્ય.

ફૂકરકાંઠું ન. ઈંટિઢેખાળી નામની એક દેશી રમત; દટ્ટણભરિયા; મગફૂકડી. આ રમતમાં રમનારાની સંખ્યા બેકી હોવી જોઈએ.

ફૂકરચાલ સ્ત્રી. ફૂદફૂદ ચાલ; શ્વાનગતિ.

ફૂકરછંદી ન. એ નામનું નાનું જંગલી ઝાડ. હડકાયા કૂતરાના કરડ ઉપર તેનાં પાંદડાંનો લેપ કરવાથી સારી અસર થાય છે.

ફૂકરપાડા જુઓ ફૂકડવેલ.

ફૂકરભાંગરો પું. એ નામની વનસ્પતિ; કાનફોડી.

ફૂકરમુત્તા પું. બિલાડીનો ટોપ.

ફૂકરવાડિયા (ફૂકરવાડ઼િયા) ૧. સ્ત્રી. કડવા કણબીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ફૂકરા [હિં.] પું. આંખનું દરદ.

ફૂકરિયાં ન. બ. વ. કૂતરાંનાં બચ્ચાં; ગલૂડિયાં.

ફૂકરી ૧. સ્ત્રી. એક જાતની માછલી.

૨. સ્ત્રી. કૂતરી.

૩. સ્ત્રી. ગુરખાઓનું એક શસ્ત્ર; ભેટમાં રાખવાનું એક હથિયાર.

૪. સ્ત્રી. ઘાણીમાં નાડવેલાને અને માકડાને જોડતું એક સાધન; માકડામાં ભરાવાતો ખીલો.

૫. [હિં.] સ્ત્રી. દોરાની કોકડી.

૬. સ્ત્રી. નાનો કાંકરો.

૭. સ્ત્રી. મકાઈ.

૮. સ્ત્રી. રમવાની કાંકરી.

૯. સ્ત્રી. હળમાં મારેલી ફાચર.

ફૂકરું ન. કૂતરું.

ફૂકરેફૂક જુઓ ફૂકડેફૂક.

ફૂકરો પું. હૈડિયો.

ફૂકવા પું. બ. વ. આનાકાનીના અવાજો.

ફૂકવું ૧. અ. ક્રિ. ચાવી દેવી.

૨. અ. ક્રિ. મોટો અવાજ કાઢવો.

૩. અ. ક્રિ. મોર કે કોયલનો અવાજ થવો.

ફૂકવો પું. મરનારને નામે પુરુષો શિષ્ટાચાર ખાતર રડે તે.

ફૂકસ ન. કુશકો; ડાંગરનું ફોતરું.

ફૂકા પું. સીખ લોકોનો એક પંથ.

ફૂકી ૧. સ્ત્રી. કૂતરી.

૨. સ્ત્રી. નાનો ફૂકો; નાનો કાંકરો.

૩. સ્ત્રી. સ્ત્રીને અપાતી એક ગાળ.

ફૂકુઆ [હિં.] ન. ઈંટની ધૂળ.

ફૂકુદ ૧. [સં.] પું. ઘરેણાં કપડાંથી શણગારીને કન્યાદાન આપનાર પુરુષ.

૨. ન. ચિહ્ન; નિશાન.

ફૂકૂ ૧. પું. ઈંડાંમાંથી થતી એક ખાવાની વાની.

૨. પું. કોયલનો ટહુકાર.

ફૂકૂફૂ પું. કબૂતરનો અવાજ.

ફૂકૂંદર ન. ફૂલો; ઢગરો.

ફૂકો ૧. પું. ઠીકરીનો ગોળ કાંકરો.

૨. પું. દોલત; પૈસો; ધન.

૩. પું. પથ્થરનો ગોળ કાંકરો.

૪. પું. બે કાંકરાથી રમાતી છોકરીઓની એક રમત.

ફૂખ ૧. [સં. કુક્ષિ] સ્ત્રી. અંતર; આંતરડી; મન.

૨. સ્ત્રી. ઉદર; પેટ; હોજરી.

ફૂખ નિચોવવી = (૧) અતિશય મહેનત કરી પેટ ઓછું કરવું. (૨) પેટે પીટા બાંધવા; પેટપૂરતું ન ખાવું.

૩. સ્ત્રી. ગર્ભકોષ; ગર્ભસ્થાન; ગર્ભાશય.

૧. કૂખ ફાટવી = છોકરાં થવાં.

૨. કૂખ માંડવી = (૧) પહેલી વખત સગર્ભા થવું. (૨) સંસાર માંડવો.

૩. કૂખ રહેવી = ગર્ભ રહેવો; સગર્ભા થવું.

૪. કૂખ લાજવી = માતાને એબ લાગવી.

૫. કૂખમાં ચૂંટી લેવી = છાની શિક્ષા કરવી.

૬. કૂખે આંગળીઓ કરવી = પડખામાં આંગળી ભરાવવી.

૭. કૂખે ડામ દેવો = પ્રજોત્પત્તિ ન થાય તેમ કરવું.

૪. સ્ત્રી. પેટનું પડખું.

૫. સ્ત્રી. મકાનનું બહાર પડતું પાટિયું.

૬. સ્ત્રી. સંતાન; છોકરું.

કૂખિયા પું. બ. વ. (વહાણવટું) વહાણમાં પસની પડખે જડવામાં આવતા લાકડાના ચંદ્રાકાર કટકા; વાંક્યા.

કૂખિયો પું. જેનાથી કૂખો ઢંકાય એવો સીવેલો કબજો; કાપડું.

કૂખી જુઓ કૂખ.

કૂગલ પું. કોગળો.

કૂગલો જુઓ કૂગલ.

કૂચ ૧. [સં.] પું. કુંવારી અથવા તરુણ સ્ત્રીનું સ્તન.

૨. પું. કૂજો; કુંભ; પાણી ભરી રાખવાનું સાંકડા મોંનું માટીનું વાસણ; ભોટવો.

૩. પું. બાગ માંહેનો રસ્તો.

૪. સ્ત્રી. ઊપડવું તે; પ્રયાણ; પ્રસ્થાન; મુકામ ઉઠાવી આગળ ચાલવું તે; રવાનગી.

કૂચ કરવી = (૧) તજી દેવું. (૨) સ્વર્ગમાં જવું.

૫. સ્ત્રી. એક જાતની ખુજલી પેદા કરતી વનસ્પતિ. તેનો વેલો થાય છે. તેની ત્રણ ચાર તસુ લાંબી થતી શિંગ ઉપર બારીક કાંટાની રૂંવાટી થાય છે, તેને પણ કૂચ કહે છે.

૬. સ્ત્રી. છાની વાત; મર્મ; રહસ્ય.

૭. સ્ત્રી. લશ્કરી ઢબની ચાલ.

કૂચક [ફા.] વિ. ઉમરમાં નાનું.

કૂચકડું (કૂચકડું) **૧.** વિ. ઝીણું; પાતળું.

૨. વિ. નકામું.

કૂચકદમ ન. આગળ જવા માટે ડગલું ભરવું તે.

કૂચકી ૧. [ફા.] સ્ત્રી. જાંબુડિયો રંગ.

૨. સ્ત્રી. નાનાપણું.

કૂચગીત ન. કૂચ કરતાં ગાવાનું ગીત.

કૂચડી (કૂચડી) સ્ત્રી. જાડા વાળની પીંછી; નાનો કૂચડો.

કૂચડો (કૂચડો) **૧.** પું. કૂજો; ભોટવો.

૨. પું. ધોળવા માટે બનાવેલો ભીંડી કે મુંજના રેસાનો જાડો પીછો.

૩. પું. વણાટમાં પવાયત વખતે વપરાતું એક સાધન.

૪. પું. વાસણને અંદરથી માંજવાનો એક છેડેથી કચરેલો લાકડાનો કટકો.

કૂચવાર [સં.] ન. પ્રાચીન હિંદનું એ નામનું એક શહેર.

કૂચવું અ. ક્રિ. કૂચ કરવી.

કૂચહ ૧. પું. ગલી; શેરી.

૨. પું. ફળિયું.

૩. પું. મહોલ્લો.

કૂચંદનરંજિન ન. એ નામનું એક જાતનું ઝાડ.

કૂચા જુઓ કૂચહ.

કૂચાગદા [ફા.] પું. શેરીમાં ભીખ માગતો ભિખારી.

કૂચાગર્દ [ફા.] વિ. શેરીમાં રખડનાર.

કૂચાગર્દી [ફા.] સ્ત્રી. શેરીમાં રખડવું તે.

કૂચાપાણી ૧. ન. બ. વ. કૂચા અને પાણી.

૨. ન. બ. વ. સત્ત્વહીન વસ્તુઓ.

૩. વિ. એકરસ નહિ થયેલું; કૂચા અને પાણી જેવું.

કૂચિકા ૧. [સં.] સ્ત્રી. ચિત્ર વગેરેમાં ઉપયોગી પીંછી.

૨. સ્ત્રી. દૂધમાં રાંધી ઘીમાં સીજવેલા ચોખા.

કૂચિયા ૧. [હિં.] સ્ત્રી. કાનની બૂટ.

૨. સ્ત્રી. નાની આમલી.

કૂચી ૧. [હિં.] સ્ત્રી. ઊંટના કાઠા ઉપર નાખવાની ગાદી.

૨. સ્ત્રી. દૂધમાં રાંધી ઘીમાં સીજવેલા ચોખા.

૩. સ્ત્રી. નાની શેરી.

ગલીકૂચી = નાની શેરી.

૪. સ્ત્રી. રંગવાની પીંછી; કૂચડી.

કૂચીલા [હિં.] પું. એક જાતની વનસ્પતિ.

કૂચો ૧. પું. કચરાવાથી અથવા ચવાવાથી જેના રેસેરેસા જુદા થઈ ગયા હોય એવી વસ્તુ. જુઓ કૂચડો ૨, ૪.

૨. પું. ગલી; નાની શેરી.

૩. પું. નકામી વસ્તુ.

૪. પું. નિંદા.

કૂચો કરવો = (૧) નિંદા કરવી. (૨) પાકું કરવું.

૫. પું. પૂરી સમજી કે વિચારી લીધેલી બાબત.

૬. પું. પ્રવાહીની નીચે ઠરેલો કચરો અથવા અણઓગળેલી કૂચા જેવી વસ્તુ.

૭. પું. વારંવાર કહેવાયેલી સત્ત્વહીન થઈ ગયેલી વાત.

૮. વિ. નકામું.

૧. કૂચા કાઢવા = (૧) ઘાણ કાઢવો. (૨) શક્તિ ઉપરાંત કામ કરાવવું. (૩) હલકું કરવું.

૨. કૂચે મળવું = નકામું હેરાન થવું.

૩. કૂચે મારવું-મેળવવું = નકામું હેરાન કરવું.

૪. ઢોરના ચાવ્યામાં કૂચો પડે, પણ માણસના ચાવ્યામાં ન પડે = પ્રાણી કરતાં માણસ વધારે ઘાતકી છે.

કૂચ્છા ૧. પું. આરોપ; આક્ષેપ.

૨. પું. ગાળાગાળી.

૩. પું. નિંદા.

કૂચ્છાવાદી ૧. વિ. આરોપ મૂકનાર.

૨. વિ. ગાળ દેનાર.

૩. વિ. નિંદા કરનાર.

કૂછ [સં. કૂર્ચ] ન. દાઢી.

કૂછો પું. વાળનો ગુચ્છો.

કૂજ્ [સં.] અ. ક્રિ. (ધાતુ) પક્ષીની જેમ અસ્પષ્ટ ઉચ્ચાર કરવો; ગણગણવું. તે ઉપરથી નીકળેલા શબ્દ: કૂજ, કૂજન, કૂજિત.

કૂજ જુઓ કૂજન.

કૂજડીઆ (કૂજડીઆ) પું. શેવડા ચોરાશી ગચ્છનો એ નામનો એક પેટા ગચ્છ.

કૂજડો (કૂજડો) પું. માટીનાં વાસણ વેચનારો માણસ. કોઈ જગ્યાએ તેને કરોળિયો પણ કહેવામાં આવે છે.

કૂજન ૧. [સં.] ન. કૂજવું તે; ગુંજન; પક્ષીઓનું ઝીણું ઝીણું બોલવું તે.

૨. ન. ધ્વનિ; અવાજ.

૩. ન. મધુર ગાવું તે; મીઠું સંગીત.

૪. ન. હરણને ફસાવવાની જાળ.

કૂજવું અ. ક્રિ. મધુર ગાવું.

કૂજંત વિ. મધુર રીતે ગાતું.

કૂજિત ૧. [સં.] ન. પક્ષીના જેવો અસ્પષ્ટ શબ્દ.

૨. વિ. ગજવી મૂકેલું; ધ્વનિપૂર્ણ.

૩. વિ. જેણે અસ્પષ્ટ શબ્દ કર્યો હોય એવું.

કૂજેલ વિ. ગાન કરેલ; ગાયેલું.

કૂજો પું. ચંબુ; પ્યાલાના આકારનું માટીનું વાસણ; ભોટવો.

કૂઝ [ફા.] પું. ખૂંધ.

કૂઝા ૧. [ફા.] પું. માટીના વાસણમાં પહેલી વખત પાડેલી ખાંડ.

૨. પું. માટીનું વાસણ.

૩. ન. એક જાતનું લાલ ગુલાબ જેવું ફૂલ. તેનો રોપ અને પાંદડાં ગુલાબથી મોટાં હોય છે. એ ફૂલનો અર્ક કાઢવામાં આવે છે.

કૂટ ૧. [સં.) પું. અગસ્ત્ય મુનિ.

૨. પું. અગ્રભાગ; ટોચ.

૩. પું. કંસની સભામાંનો એક મલ્લ. બળરામે એને માર્યો હતો.

૪. પું. કોશ; હળનું એક અવયવ.

૫. પું. ગિરિ; પર્વત.

૬. પું. ગૃહ; ઘર; ખંડ.

૭. પું. ઘડો.

૮. પું. ઢગલો; ઢગ; સમૂહ.

૯. પું. દૃષ્ટાંત; દાખલો.

૧૦. પું. દેરી; નાનું દેવળ.

૧૧. પું. ફાંસો; શૂળ.

૧૨. પું. ભંગાર; ભાંગીતૂટી વસ્તુ.

૧૩. પું. ભાંગેલું શિંગડું.

૧૪. પું. લોઢાનો મગદળ.

૧૫. પું. શહેરનો દરવાજો; પુરદ્વાર.

૧૬. પું. શિખર; પર્વતની ટોચ.

૧૭. પું. હાડકાનો ઊપસતો અથવા આગળ પડતો ગોળાકાર ભાગ.

૧૮. પું. હાથી વગેરેને બાંધવાનું સ્થળ.

૧૯. સ્ત્રી. અનાજની શિંગ.

૨૦. સ્ત્રી. અસ્પષ્ટ અક્ષર.

૨૧. સ્ત્રી. એ નામની ઔષધિ.

૨૨. સ્ત્રી. કુસંપ; ફાટ.

૨૩. સ્ત્રી. કૂટવા પીટવાની ક્રિયા.

૨૪. સ્ત્રી. ગૂંચવણ.

૨૫. સ્ત્રી. ચાળા પાડવા તે.

૨૬. સ્ત્રી. ધાંધલ; મગજમારી.

૨૭. સ્ત્રી. નિંદા; બદગોઈ.

૨૮. સ્ત્રી. મારકૂટ.

૨૯. સ્ત્રી. યુક્તિ; તદબીર; પ્રપંચ.

કૂટ ત્યાં ધૂળ ને કપટ ત્યાં ચપટ = પ્રપંચી ધંધો આગળ વધતો નથી.

૩૦. સ્ત્રી. હળપૂણી.

૩૧. ન. ઉખાણું; કોયડો.

૩૨. ન. એક જાતનું જળચર પક્ષી. તેની પાંખો કાળી હોય છે અને તે પાણીની અંદર ઈંડાં સેવે છે.

૩૩. ન. કૂડ; છેતરપિંડી; પાખંડ.

૩૪. ન. ગુપ્ત રહસ્ય; ન સમજાય એવું જે કંઈ હોય તે; ભેદ.

૩૫. ન. ગુપ્ત વેર.

૩૬. ન. ઝેર.

૩૭. ન. લાકડાના મિયાનમાં સંતાડેલું હથિયાર.

૩૮. ન. (ન્યાય) વાસ્તવિક રીતે મિથ્યા છતાં સત્યરૂપ દેખાતી વસ્તુ.

૩૯. ન. (સંગીત) સંપૂર્ણ કે અસંપૂર્ણ મૂર્છનાને ઊલટી રીતે લેવાથી થતું તાન.

૪૦. વિ. અઘરૂં; અટપટું; ગૂંચવણભર્યું.

૪૧. વિ. અચળ; સ્થિર; દૃઢ.

૪૨. વિ. અવિકારી; ફેરફાર પામે નહિ એવું.

૪૩. વિ. અસત્ય; ખોટું.

૪૪. વિ. કપટી; જૂઠું; ઢોંગી.

૪૫. વિ. કૃત્રિમ; બનાવટી.

૪૬. વિ. ક્રૂર; ઘાતકી.

૪૭. વિ. ગંભીર; શાંત.

૪૮. વિ. ધર્મભ્રષ્ટ.

૪૯. વિ. ન સમજાય કે ન વંચાય એવું.

૫૦. વિ. નમાવેલું.

૫૧. વિ. નરમ પડેલું.

૫૨. વિ. પ્રધાન; શ્રેષ્ઠ.

૫૩. વિ. મિથ્યાવાદી.

કૂટઅસ્થિ [સં.] ન. એ નામનું હાથનું એક કૂર્ચાસ્થિ.

કૂટક ૧. [સં.] પું. અંબોડો.

૨. પું. એ નામનો એક પર્વત.

૩. પું. એક જાતનું ગંધદ્રવ્ય.

૪. ન. હળમાં ઘાલેલી કોશ.

૫. ન. હાથનું એક કૂર્ચાસ્થિ.

કૂટકર્મ [સં.] ન. કપટ; છળ.

કૂટકર્મા જુઓ કૂટકારક.

કૂટકાચલ [સં.] ન. એ નામનું એક જંગલ.

કૂટકાર જુઓ કૂટકારક.

કૂટકારક ૧. [સં.] વિ. કપટી; ધૂર્ત.

૨. વિ. ખોટા સિક્કા બનાવનાર.

૩. વિ. ખોટાં તોલાં બનાવનાર.

૪. વિ. ખોટી સાક્ષી પૂરનાર.

કૂટકાવ્ય [સં.] ન. અર્થ શોધતાં મુશ્કેલી પડે એવું વ્યંગ્યાર્થ અને ઉખાણાવાળું કાવ્ય.

કૂટગ્રાહ [સં.] વિ. દગાથી પ્રાણીઓને ફસાવનાર.

કૂટજ [સં.] પું. એક જાતનું ઝાડ.

કૂટજાળ [સં.] સ્ત્રી. ફાંસો; પાશ.

કૂટજ્ઞાની ૧. વિ. ખોટી તકરાર કરી પોતે જ્ઞાની છે એમ જણાવનાર.

૨. વિ. દાંભિક; ઢોંગી.

કૂટણખાનું ન. વેશ્યાગૃહ; વેશ્યાવૃત્તિના કારણ સારૂ એક કરતાં વધુ શખ્સો વાપરતા હોય તે ઘર, ઓરડી અથવા જગ્યા. સને ૧૯૨૩ના મુંબઈના વેશ્યાવૃત્તિને અટકાવવા બાબતના કાયદા મુજબ એક જ ભાડૂતના ભોગવટા માંહેનું અથવા એક જ ભાડૂતને ભાડે આપેલું જે કોઈ પણ ઘર કે ઓરડો હોય તે કૂટણખાનું કહેવાય. આ સંબંધમાં એમ હકીકત છે કે જનનેંદ્રિયને દેવ માનવાની કલ્પના એશિઅમાંથી મીસરમાં અને ત્યાંથી ગ્રીસમાં દાખલ થઈ. ત્યાં તે લોકપ્રિય થઈ અને જનનેંદ્રિયને ખાસ મહત્ત્વ આપનાર મૂર્તિ ત્યાં જ્યાંત્યાં ઊભી થઈ. કુમારિકાઓનું કૌમાર્ય હરણ કરવાનું કામ પ્રથમ આ મૂર્તિને અને પાછળથી આ મૂર્તિના પૂજારીઓને સોંપવામાં આવ્યું. તે પછી મંદિરોને માટે નાણાં ભેગાં કરવા આ કુમારિકાઓએ વેશ્યાવૃત્તિ સ્વીકારી અને તે નાણાંમાંથી ચોક્કસ હિસ્સો તેઓનાં માબાપને પણ મળતો. આ જાતના અધર્મથી અકુદરતી વહેવાર પણ તેઓમાં રૂઢ થયો. તે કરતાં કુદરતી વહેવાર વધારે પસંદ કરવા જેવો છે એમ માનીને સોલને મ્યુનિસિપાલિટિ મારફતે કૂટણખાનાંઓની સ્થાપના કરી.

કૂટણાં ૧. [સં. કુટ્ટન] ન. કડાકૂટ; માથાઝીક.

૨. ન. બ. વ. કૂટતી વખતે બોલવાના બોલ; રાજિયા.

૩. ન. બ. વ. ચાડીચૂગલી.

કૂટણી ૧. [સં. કુટ્ટની] સ્ત્રી. અનીતિનાં કામમાં દલાલું કરનાર સ્ત્રી; કૂટણખાનું ચલાવનાર સ્ત્રી; ભડવણ.

૨. સ્ત્રી. વેશ્યા; વ્યભિચાર કરનારી સ્ત્રી.

કૂટણું ૧. ન. ભડવાઈ.

૨. ન. મરણ પાછળ કૂટવાનો પ્રસંગ.

૩. ન. મરણ પાછળ કૂટવું તે.

કૂટણો પું. કૂટણીનું કામ કરનાર આદમી; ભડવો.

કૂટતા ૧. [સં.] સ્ત્રી. કઠણપણું.

૨. સ્ત્રી. કપટીપણું; દગાખોરી.

૩. સ્ત્રી. જૂઠાપણું; અસત્યતા.

કૂટતાણ ૧. સ્ત્રી. કૂટવા બદલનું મહેનતાણું; માલ કૂટી આપવાની મજૂરી.

૨. સ્ત્રી. માલ કૂટવાની ક્રિયા.

કૂટતાન સ્ત્રી. (સંગીત) બે, ત્રણ કે ચાર સ્વરોને એકી વખતે લઈ તેનો ત્રૂટક કરાતો આરોહાવરોહ.

કૂટતુલા ૧. [સં.] સ્ત્રી. ખોટું ત્રાજવું.

૨. સ્ત્રી. ખોટો તોલ.

કૂટત્વ જુઓ કૂટતા.

કૂટદ્વાર ન. ચોર દરવાજો.

કૂટનીતિ [સં.] સ્ત્રી. કૂડકપટ ભરેલી રીત; દાવપેચવાળું વર્તન.

કૂટનીતિક ૧. [સં.] વિ. કપટી; ધૂર્ત; પ્રપંચી.

૨. વિ. રાજનીતિમાં પ્રવીણ.

કૂટનીતિજ્ઞ જુઓ કૂટનીતિક.

કૂટનેતા [સં.] પું. ખરાબ આગેવાન.

કૂટપાઠ [સં.] પું. મૃદંગના ચાર માંહેનો એક વર્ણ.

કૂટપાલક ૧. પું. કુંભાર.

૨. પું. કુંભારનો નીંભાડો.

૩. પું. પિત્તજ્વર.

કૂટપાશ ૧. [સં.] પું. એક જાતનો સંચો.

૨. પું. જનાવરને પકડવાનું પાંજરૂં.

૩. પું. ફાંસો; પાશ.

૪. પું. માછલાં પકડવાની જાળ.

કૂટપીટ સ્ત્રી. કૂટવું અને પીટવું તે.

કૂટપ્રબંધ [સં.] પું. પાખંડ; ધૂર્તતા.

કૂટપ્રયોગ ૧. [સં.] પું. કપટ; લુચ્ચાઈ.

૨. પું. છાનું પાપ.

કૂટપ્રશ્ન ૧. [સં] પું. અઘરો સવાલ; ગૂંચવણી ભર્યો ઉખાણો.

૨. પું. (ગણિત) અમુક જ્ઞાત રાશિ ઉપરથી એક અથવા વધારે અજ્ઞાત રાશિની કીમત કાઢવાનો ગૂંચવણી ભર્યો દાખલો; બીજ ગણિતની રીતે ગણવાનો વ્યવહારિક હિસાબ.

૩. પું. જે વસ્તુસ્થિતિ છે તેવી શા માટે છે તે જાણવાનાં સાધન મનુષ્યની બુદ્ધિશક્તિમાં ન હોય તેવો પ્રશ્ન.

કૂટમુદ્રા [સં.] સ્ત્રી. ખોટો સિક્કો; બનાવટી નાણું.

કૂટયંત્ર [સં.] ન. પશુ પક્ષીને પકડવાનો ફાંસલો.

કૂટયુદ્ધ [સં.] ન. કપટયુદ્ધ; દગાવાળું યુદ્ધ.

કૂટયોધી વિ. કૂટયુદ્ધ લડનાર.

કૂટરચના ૧. સ્ત્રી. ખોટી બનાવટ.

૨. [સં.] સ્ત્રી. પાથરેલી જાળ.

કૂટરણુ ન. નસોતર.

કૂટલિપિ [સં.] સ્ત્રી. ન વંચાય અથવા ન સમજાય એવી લિપિ.

કૂટલેખ [સં.] પું. ખોટો દસ્તાવેજ.

કૂટલેખક [સં.] પું. ખોટો દસ્તાવેજ લખનાર માણસ.

કૂટવટાવ ૧. પું. એકને બદલે બીજું લેવું તે; સાટાંદોઢાં.

૨. પું. કડાકૂટ; પંચાત.

૩. પું. ભાંગફોડ.

૪. પું. સમાધાન.

કૂટવટાવ કરવો = (૧) આખર નિકાલ કરવો; છેવટનું પતાવી દેવું. (૨) કાશ કાઢવી; ધડો લાડવો કરવો.

કૂટવાહી [સં. કૂટવાહિન્] પું. બળદ.

કૂટવિદ્યા [સં.] સ્ત્રી. (શિલ્પ) મુખ્ય બત્રીશ માંહેની એક વિદ્યા.

કૂટવું ૧. અ. ક્રિ. મગરૂર થવું.

૨. સ. ક્રિ. કચરવું.

કૂટી ભરવું = પરાણે મારી મચડીને ખોસવું.

૩. સ. ક્રિ. ખાંડવું; ભૂકો કરવો.

૪. સ. ક્રિ. ખો ભુલાવી દેવી.

૫. સ. ક્રિ. છાતીમાં હાથ મારવા; પીટવું; મૃત્યુ પામેલાને નામે સ્ત્રીઓએ છાતીએ અને માથે હાથ મારવા.

૬. સ. ક્રિ. ઝાપટવું.

૭. સ. ક્રિ. ટીપવું; પાતળું ચપટ થઈ જાય તેમ ટીપવું.

૮. સ. ક્રિ. ટોચવું; અફાળવું.

૯. સ. ક્રિ. ઠબકારવું.

૧૦. સ. ક્રિ. ફટકા મારવા.

૧૧. સ. ક્રિ. બેદરકારીથી વાપરવું.

૧૨. સ. ક્રિ. મારવું.

૧. કૂટાઈ જવું = (૧) ખંડાવું. (૨) નુકસાનીમાં ચાલવું. (૩) માર ખાવો.

૨. કૂટી જવું = લઈ જવું.

૩. કૂટી નાખવું = (૧) મારી નાખવું. (૨) સારી પેઠે મારવું.

૧૩. સ. ક્રિ. રડવું.

૧૪. સ. ક્રિ. શિક્ષા કરવી.

૧. કૂટી કાઢવું = (૧) કમાવું; પેદા કરવું. (૨) પરાકાષ્ટાએ પહોંચવું.

૨. કૂટી મારવું = વધારે પડતી શિક્ષા કરવી.

કૂટશાલ્મલિ ૧. ન. અણીદાર કાંટાવાળું એક જાતનું ઝાડ. તેમાં લીસાં, મોટાં અને ધોળાં ફૂલ થાય છે અને તેના મૂળમાંથી સફેદ કંદ નીકળે છે. તેના લાકડાથી યમરાજા દુષ્ટોને શિક્ષા કરતા હોવાનું મનાય છે, તેથી તેને યમરાજાની ગદા પણ કહે છે.

૨. [સં.] ન. કાળો શીમળો.

કૂટશ્લોક [સં.] પું. ન વંચાય કે ન સમજાય તેવો શ્લોક.

કૂટસમીકરણ [સં.] ન. (ગણિત) એક કરતાં વધારે અજ્ઞાત માટે આવેલું એક જ સમીકરણ; જે સમીકરણમાં અવ્યક્ત રાશિની અનેક કીમતો આવે તેવું સમીકરણ.

કૂટસંક્રાંતિ [સં.] સ્ત્રી. અરધી રાત ગયા પછી સૂર્યનો બીજી રાશિમાં પ્રવેશ.

કૂટસંજ્ઞા [સં.] સ્ત્રી. ન વાંચી કે સમજી શકાય તેવી નિશાની.

કૂટસંદેશ [સં.] પું. ગૂઢ બાતમી.

કૂટસાક્ષી ૧. પું. જૂઠી સાક્ષી આપનાર માણસ.

૨. સ્ત્રી. ખોટી સાક્ષી.

કૂટસ્થ ૧. [સં.] પું. આત્મા.

૨. પું. જીવ.

૩. પું. પરમાત્મા.

૪. ન. બ્રહ્મ.

૫. ન. માયા.

૬. ન. વાઘનખ નામનું સુગંધી દ્રવ્ય.

૭. વિ. અચળ; અટળ; સ્થિર.

૮. વિ. અવિનાશી.

૯. વિ. ગુપ્ત.

૧૦. વિ. ટોચ ઉપર કે ઊંચામાં ઊંચે સ્થળે ઊભેલું.

૧૧. વિ. માથાફોડિયું.

૧૨. વિ. રાશિની પેઠે સ્થિર.

૧૩. વિ. શ્રેષ્ઠ.

૧૪. વિ. સંગ રહિત.

૧૫. વિ. સાક્ષીરૂપ.

કૂટસ્થતા ૧. [સં.] સ્ત્રી. અચળતા.

૨. સ્ત્રી. અવિનાશીપણું.

૩. સ્ત્રી. ગુપ્તતા.

૪. સ્ત્રી. ટોચ ઉપર ઊભેલ હોવાપણું.

૫. સ્ત્રી. માથાફોડિયાપણું.

૬. સ્ત્રી. શ્રેષ્ઠતા.

૭. સ્ત્રી. સંગ રહિતપણું.

૮. સ્ત્રી. સાક્ષીરૂપ હોવાપણું.

૯. સ્ત્રી. સ્થિરતા.

કૂટસ્થનિત્ય ૧. પું. પુરુષ.

શાસ્ત્રકારો પુરુષને **કૂટસ્થનિત્ય** અને પ્રકૃતિને પરિણામી નિત્યા કહે છે. સિદ્ધાંતદર્શન

૨. વિ. સર્વકાળે એક સ્વરૂપે રહેનાર અને અપરિણામી.

કૂટસ્થનિત્યતા [સં.] સ્ત્રી. એક સ્વરૂપમાં રહેવાનો ગુણ; ગમે તેટલા હથોડાના ઘા પડે છતાં જેમ એરણ સ્થિર રહે તેમ દેશકાળ આદિના વિવિધ ફેરફારો થવા છતાં વસ્તુ જરાયે ફેરફાર ન પામે એવો ગુણ.

કૂટસ્વર્ણ [સં.] ન. બનાવટી સોનું.

કૂટાકૂટ ૧. સ્ત્રી. ઠોકાઠોક.

૨. સ્ત્રી. મૂએલા પાછળ ખૂબ કૂટવું તે; છાતીની પીટાપીટ.

કૂટાક્ષ [સં.] પું. ખોટો પાસો; બનાવટી પાસો.

કૂટાગાર ૧. [સં.] ન. આળસુ.

૨. ન. ઉપલું ઘર.

૩. ન. ક્રીડાનું ઘર.

૪. ન. ખોટું ઘર.

૫. ન. પર્વતમાં કોતરેલ ઘર.

૬. ન. શિખર ઉપરનું દેવાલય.

૭. ન. હિંસાનું સ્થાન.

કૂટાછેટી સ્ત્રી. ખાંડવું તે.

કૂટાયુધ [સં.] ન. એક જાતનું ગુપ્ત હથિયાર.

કૂટાર પું. કુંભાર.

કૂટારવાડો (કૂટારવાડ઼ો) ૧. પું. કૂટાર લોકો વસતા હોય તેવો શહેરનો લત્તો.

૨. પું. ચોરાશી માંહેનું એક ચૌટું.

કૂટાર્થભાષા [સં.] સ્ત્રી. કલ્પિત કથા; નવલ કથા.

કૂટાર્થભાષિતા જુઓ કૂટાર્થભાષા.

કૂટિકોષ્ટિકા સ્ત્રી. અયોધ્યા પ્રાંતની રામગંગા નદીને મળનારી એ નામની એક નદી; કોશિલા.

કૂટિયું ૧. ન. ઠોક; માર.

૨. ન. બાજરીને ખાંડી કરેલી એક વાની.

કૂટી ૧. પું. કપટ કરનાર માણસ.

૨. [સં. કૂટ] પું. મશ્કરો.

૩. સ્ત્રી. કૂકરી; સોગઠી.

૪. સ્ત્રી. દૂતી.

કૂટીકુર પું. એ નામનો એક સુંદર છોડ.

કૂટીરાં ન. બ. વ. ડૂંડામાંથી દાણા છૂટા પાડ્યા પછી રહેલ ઠાલાં.

કૂટ્ટૂ [હિં.] પું. એક જાતનું અનાજ. તે હિંદુઓ ઉપવાસના દિવસે ખાય છે.

કૂટો ૧. પું. એક જાતનો ખોરાક.

૨. પું. ખંડાયેલ પદાર્થ; ભૂકો.

૩. પું. ભંગાર.

૪. પું. માર; ઠોક.

કૂટો કાઢવો = ખૂબ માર મારવો.

કૂટોક્તિ [સં.] સ્ત્રી. દ્વિઅર્થી શબ્દ; ગૂઢ અર્થવાળી ભાષા.

કૂટ્ય સ્ત્રી. કડાકૂટ; ભાંજગડ.

કૂઠમીઠી [હિં.] સ્ત્રી. એક જાતની ઔષધિ.

કૂઠૌર [હિં.] અ. ગેરવાજબી રીતે.

કૂડ (કૂડ઼) ૧. ન. અસત્ય; જૂઠાણું.

૨. ન. આંટી.

૩. ન. કપટ; છેતરપિંડી.

૪. ન. છોકરવાદ.

૫. ન. પૂર; જોશ; જોમ.

૬. ન. મેલ.

૭. ન. લુચ્ચાઈ.

૮. ન. વાંધોવચકો.

૯. વિ. કપટી; કૂડવાળું.

કૂડનાં ધૂળ થવાં = દગો કરનારના યત્નો ધૂળ મળવા.

૧૦. વિ. દુષ્ટ; નઠારૂં; ભૂંડું.

૧૧. [સં.] વિ. મૂર્ખ.

૧૨. વિ. વાંકું.

કૂડકપટ (કૂડ઼કપટ) ન. છળકપટ; છેતરપિંડી; ઠગાઈ; દગો.

કૂડમાણ (કૂડ઼માણ) [સં. કૂટમાન] ન. (પ્રાકૃત) ખોટાં માપ રાખવાં તે; શ્રાવકના ત્રીજા વ્રતનો એક અતિચાર.

કૂડલેહકરણ (કૂડ઼લેહકરણ) [સં. કૂટલેખકરણ] ન. (પ્રાકૃત) ખોટો લેખ લખવો તે; શ્રાવકના બીજા વ્રતનો એક અતિચાર દોષ.

કૂડલો પું. (પિંગળ) એ નામનો એક પ્રાચીન છંદ.

કૂડવું (કૂડ઼વું) અ. ક્રિ. ચિડાવું; છંછેડાવું.

કૂડા (કૂડ઼ા) ૧. [હિં.] પું. ઉકરડો; ખાતરનો કે કચરાનો ઢગલો.

૨. પું. ધૂળ.

૩. પું. નકામી વસ્તુ.

૪. પું. રાખ.

૫. [સં. કૂટ] વિ. ખોટું; જૂઠું.

કૂડાઈ (કૂડ઼ાઈ) સ્ત્રી. કપટ; છળ.

કૂડાકૂડી (કૂડ઼ાકૂડ઼ી) [હિં.] પું. કચરો.

કૂડાંપાડુ (કૂડ઼ાંપાડુ) વિ. વાંધાવચકા પાડનારૂં.

કૂડિયું (કૂડ઼િયું) વિ. કૂડકપટવાળું.

કૂડી (કૂડ઼ી) ૧. સ્ત્રી. ઉકરડો.

૨. સ્ત્રી. ચૂલાવેરો.

૩. સ્ત્રી. ચૂલો.

૪. સ્ત્રી. છોકરી.

૫. વિ. સ્ત્રી. ખરાબ.

કૂડીબંધ (કૂડ઼ીબંધ) વિ. કોડીબંધ; ઘણાં; સંખ્યાબંધ.

કૂડું (કૂડ઼ું) ૧. ન. વાંધોવચકો.

૨. વિ. અતિશય; ઘણું.

૩. વિ. આકરૂં; સખત.

૪. વિ. કપટી; કૂડવાળું.

૫. વિ. ખોટું.

૬. વિ. વાંકું.

કૂઢ ૧. [સં. કૂટ] પું. મૂર્ખ માણસ.

૨. વિ. મૂર્ખ.

કૂઢજી પું. એ નામનો એક પ્રાચીન કવિ. તેણે સં. ૧૬૮૨માં સગાળપુરી, રુક્મિણીહરણ અને કપોતનું આખ્યાન રચેલ મનાય છે.

કૂઢમગ્જ ૧. વિ. નબળા મગજનું.

૨. વિ. મૂર્ખ.

કૂઢાર પું. કુઠાર; કુહાડો.

કૂઢી ૧. [હિં.] સ્ત્રી. અનાજનો ઢગલો.

૨. સ્ત્રી. કુટુંબ.

૩. સ્ત્રી. ઘરનો વેરો.

કૂઢીકમીની = ઊભડવેરો; વેરો.

કૂણક પું. ફળનો ગોટલો.

કૂણપ સ્ત્રી. કૂણાપણું.

કૂણાશ જુઓ કૂણપ.

કૂણિકા ૧. સ્ત્રી. પશુનું શીંગડું.

૨. [સં.] સ્ત્રી. વીણા, સિતાર, સારંગી વગેરે વાજિંત્રોના તાર બાંધવાની ખૂંટી. તેને વખતોવખત મરડીને તાર ઢીલા અથવા તંગ કરવામાં આવે છે.

કૂણું વિ. કુમળું; કૂંળું.

કૂણેરિયું વિ. વધારે કૂણું; સુકોમળ.

સગતળિયું સગા ! કે'તો ઈડરગઢથી આણીએં,
એથી કૂણેરિયું કમા ! કે'તો કાજળથી કઢાવીએં.
લોકગીત

કૂત ૧. પું. કાટખૂણાવાળા ત્રિકોણનો પાયો.

૨. પું. તપાસ.

૩. સ્ત્રી. અટકળ; અંદાજ.

૪. [હિં.] સ્ત્રી. માપ.

૫. [અ.] સ્ત્રી. રોજનો ખોરાક.

૬. સ્ત્રી. હદ.

કૂતક ૧. [ફા.] પું. ગદા.

૨. પું. બીજગણિતનો એક સિદ્ધાંત.

૩. પું. ભાંગ વાટવાનો દસ્તો.

કૂતકું ન. ડફણું; દંડૂકો.

કૂતકો પું. જાડો ધોકો.

કૂતના સ્ત્રી. પરખ.

કૂતરખડિયું (કૂતરખડ઼િયું) ન. કૂતરાનો શિકાર કરનાર પ્રાણી.

કૂતરાની ટોપી સ્ત્રી. ઉકરડા અથવા ભીની જગ્યામાં થતી છત્રાકાર એક વનસ્પતિ; બિલાડીની છત્રી; શિલીંધ્ર.

કૂતરાનો કાન જુઓ કૂતરાની ટોપી.

કૂતરિયા દાંત પું. બ. વ. કાપનાર દાંતની બંને બાજુ આવેલા બંને જડબાંના મળી કુલ ચાર

લાંબા અને અણીદાર દાંત. કૂતરાં વગેરે માંસાહારી જનાવરોને આવા દાંત હોય છે. તે ખોરાકને ફાડવા અથવા ચીરવાના કામમાં આવે છે. તેનું મૂળ એક જ અને લાંબું અને મથાળું ટોચવાળું હોય છે.

કૂતરિયો વાઘ પું. ચિત્તો; ચિતરો.

કૂતરી ૧. સ્ત્રી. એ નામની એક વનસ્પતિ.

૨. સ્ત્રી. એક જાતની વનસ્પતિની ચમરી. તે કપડાંને ચોટી જાય છે.

૩. સ્ત્રી. કૂતરાની માદા.

કૂતરી ભોટીલાંને ખાય = (૧) કૂતરી પોતાનાં બચ્ચાંનું ભક્ષણ કરે છે. (૨) સૃષ્ટિવિરુદ્ધ કાર્ય.

કૂતરૂં ૧. ન. એક પશુ; શ્વાન.

કૂતરાનું ઓકી કાઢેલું મીંદડી ચાટે = એકની નિરુપયોગી વસ્તુ બીજાને ઉપયોગી થઈ પડે.

૨. ન. હલકી જાતનું કૂતરૂં.

કૂતરો [સં. કુક્કુર] પું. એ નામનું એક પશુ; કૂતરાનો નર; શ્વાન. તેના ગર્ભવાસની મુદ્દત ૬૦ દિવસની અને તેની આયુર્મર્યાદા ૧૫ વર્ષની મનાય છે.

૧. કૂતરા જેવું = (૧) કજિયાખોર. (૨) દરેક તરફ ભસતું અને કરડતું. (૩) ભટકતું.

૨. કૂતરાની પૂછડી વાંકી અને વાંકી = સીંદરી બળે પણ વળ ન મૂકે.

૩. કૂતરાનું મોં બિલાડીએ ચાટ્યું = ખરાબ માણસની સંગતમાં નઠારા માણસો જ હોય.

૪. કૂતરો અને સસલો = એ નામની એક જાતની રમત. આ રમતમાં છોકરાઓ ગોળ વર્તુલમાં એકમેકના હાથ પકડી ઊભા રહે. ફક્ત બે છોકરા જુદા રાખવા. તે માંહેના એકને દાવ આપવો અને તેનું નામ સસલો રાખવું. બીજો જે પકડનાર થાય તેનું નામ કૂતરો રાખવું. રમત શરૂ કરતાં કૂતરાને વર્તુલની અંદર અને સસલાને વર્તુલની બહાર ઊભા રાખવા. સિસોટી વાગતાં જ કૂતરાએ છોકરાઓના હાથ ઉપરથી કૂદકો મારીને સસલાને પકડવાનો પ્રયત્ન કરવો. સસલાએ ન પકડાવા જરૂર પ્રમાણે છોકરાના હાથ નીચેથી બહાર આવવું અને અંદર જવું. સસલો પકડાય તો કૂતરો બને અને કૂતરો સસલો બને. એ પ્રમાણે રમત ચાલુ રહે છે.

૫. કૂતરો એકવાર રોટલો લઈ જાય = એક વખત જેણે છેતરેલ હોય તેનામાં વિશ્વાસ ન રખાય.

કૂતલી વિ. કુતૂહળવાળું.

કૂતા [હિં.] પું. કીમત આંકનાર.

કૂતી [હિં.] સ્ત્રી. નાની બજરની ડાબલી.

કૂથ વિ. સુંદર; નાજુક.

કૂથલી જુઓ કૂથો.

કૂથો ૧. પું. કચરોપૂંજો; કૂચો.

૨. પું. કડાકૂટ; માથાકૂટ; ભાંજગડ.

૩. પું. કાગળ કે ચોપડી ખાનારૂં એક જાતનું જીવડું.

૪. પું. ગરબડ; ગૂંચવાડો.

૫. પું. નિંદા; બદગોઈ.

કૂદ ૧. સ્ત્રી. છલંગ; ઠેકડો.

૨. ન. છાણ; વિષ્ટા.

કૂદક [ફા.] ન. છોકરૂં. તે અજ્ઞાન હોવાથી ગમે ત્યાં ઝાડે ફરે છે.

કૂદકું જુઓ કૂતકું.

કૂદકૂદામણી સ્ત્રી. એ નામની રમત.

કૂદકો પું. છલંગ; ઠેકડો.

૧. કૂદકે ને ભૂસકે = ઝપાટાબંધ.

૨. કૂદકો મારે છે કે કોરડો ખાય છે = એ નામની દેશી રમત. આ રમતમાં બાળકોની સંખ્યાના પ્રમાણમાં વર્તુલ કાઢવું. તેમાં બધાં છોકરાં ઊભાં રહે. એક છોકરા ઉપર દાવ ઠરાવવો અને તેના હાથમાં એક ચીંથરાનો કોરડો આપવો. તેણે વર્તુલમાં ઊભેલાં છોકરાંમાંથી કોઈ પણ એકને ગોઠણની નીચેના ભાગમાં તે કોરડો મારવો. જેને તે કોરડો મારવામાં આવે તેણે કૂદકો મારી તે ચૂકવવો. જો કોરડો પગમાં વાગે તો તેના ઉપર દાવ આવે અને દાવવાળું છોકરૂં બીજાંઓની જોડે રમવામાં દાખલ થઈ જાય. તે પ્રમાણે રમત ચાલુ રખાય છે.

કૂદણ સ્ત્રી. એ નામની એક નરમ પાંખવાળી મોટી માછલી. તેના સ્વાદિષ્ઠ માંસને લીધે આ જાતની માછલી બહુ પકડવામાં આવે છે. તે આશરે સરાસરી ૧૫ શેર વજનની હોય છે.

કૂદણું ન. કૂદવું તે.

કૂદણેચા સ્ત્રી. જૈન ઓસવાળની એક પેટા જ્ઞાતિ.

કૂદન સ્ત્રી. બેઠકની કસરતનો એક પ્રકાર.

કૂદફાંદ ૧. સ્ત્રી. આનંદ.

૨. સ્ત્રી. કૂદવું અને ઠેકડા મારવા તે.

૩. સ્ત્રી. નાચરંગ.

કૂદર [સં.] પું. ઋતુકાળના પ્રથમ દિવસે બ્રાહ્મણીમાં ઋષિના વીર્યથી ઉત્પન્ન થયેલ પુત્ર.

કૂદવું ૧. [સં. કુર્દ્] અ. ક્રિ. ઊછળવું; ઊંચેથી નીચે પડવું; છલંગ મારવી; ઠેકડો મારવો.

૧. કૂદતા ફરવું = (૧) આનંદમાં કૂદવું; ખુશી થઈ ઠેકડો મારવો. (૨) આળસુ બની રખડવું.

૨. કૂદી પડવું = (૧) ઓળંગવું. (૨) ઝંપલાવવું. (૩) ભૂસકો મારવો.

૨. અ. ક્રિ. ખુશી થવું.

૩. અ. ક્રિ. ગજા ઉપરવટનો ભપકો કે ખર્ચ કરવો.

૪. અ. ક્રિ. ધામધૂમ કરવી.

૫. અ. ક્રિ. નીકળવું.

૬. અ. ક્રિ. બડાઈ મારવી.

૭. અ. ક્રિ. બીજાના રક્ષણ નીચે રહેવું.

કૂદા જુઓ કૂદ.

કૂદાઈ ૧. સ્ત્રી. પાણીમાં ઠેકડો મારવા માટે આપેલું ઇનામ.

૨. સ્ત્રી. પાણીમાં મરાતો ઠેકડો.

કૂદાકૂદ ૧. સ્ત્રી. વલવલાટ.

૨. સ્ત્રી. વારંવાર કૂદવું તે.

૩. સ્ત્રી. હદથી વધારે ખર્ચવું તે.

કૂદાકૂદી જુઓ કૂદાકૂદ.

કૂદીબેઠક સ્ત્રી. ૭ પ્રકારની બેઠક માંહેની મલ્લવિદ્યાની એક બેઠક. એમાં એક પગ પાછળ ખસેડી બીજો પગ આગળ કૂદીને બેસાય છે.

કૂધર પું. (પિંગળ) ષટ્પદી છપ્પયની જાતનો એક વિષમજાતિ માત્રામેળ છંદ. તેમાં ૧૯ ગુરુ અને ૧૧૮ લઘુ મળી ૧૩૭ વર્ણ અને ૧૫૬ માત્રા હોય છે.

કૂન ૧. [ફા.] સ્ત્રી. ગુદા.

૨. વિ. નવ.

કૂની [ફા.] પું. લોંડાબાજી કરનાર; સૃષ્ટિવિરુદ્ધ કાર્ય કરાવનાર.

કૂપ ૧. [સં.] પું. કૂવો. કૂવાની દશ જાત છે અને પહોળાઈ પ્રમાણે તેમનાં જુદાં જુદાં નામ પડ્યાં છે. જે કૂવાની પહોળાઈ ચાર હાથ સુધી હોય તે શ્રીમુખ કહેવાય તથા જે પાંચ હાથ પહોળો હોય તે વૈજ્ય કહેવાય. એ પ્રમાણે અનુક્રમે છથી તેર હાથ પહોળાઈવાળા પ્રાંત, દુંદુભિ, મનોહર, ચૂડામણિ, દિગ્ભદ્ર, જય, નંદ અને શંકર કહેવાય છે.

૨. પું. ખાડો; મોટો ખાડો.

૩. પું. ઘી તેલ વગેરે રાખવાનું પાત્ર.

૪. પું. જંગલનાં ઝાડોનો વેચવા કાઢેલ અમુક જથ્થો.

૫. પું. વહાણની વચ્ચેનો થાંભલો.

૬. ન. (સંગીત) તાલનાં ૭ માંહેનું બીજું અંગ.

કૂપક ૧. પું. કૂપો; તેલ વગેરે રાખવાનું વાસણ.
૨. પું. કૂવાથંભ; વહાણની વચ્ચેનો થાંભલો.
૩. પું. ચિતા.
૪. પું. નદીની વચ્ચેનું ઝાડ.
૫. પું. હવાડો.

કૂપકચ્છપ ૧. [સં.] પું. કૂવાના કાચબાની પેઠે સર્વત્ર સંચાર નહિ કરી શકનાર પુરુષ.
૨. પું. કૂવાનો કાચબો.

કૂપકર્ણ પું. (પુરાણ) બાણાસુરનો એ નામનો એક મંત્રી. બળરામ સાથે એણે યુદ્ધ કર્યું હતું.

કૂપકાર [સં.] વિ. કૂવો ખોદનાર; કૂવો બનાવનાર.

કૂપખનન [સં.] ન. કૂવો ખોદવો તે.

કૂપખાનકન્યાય [સં.] પું. જેમ કૂવો ખોદનારના શરીરને ચોટેલ કીચડ તે જ કૂવાના પાણીથી સાફ થાય તેમ રામ કૃષ્ણ વગેરેને જુદાં જુદાં રૂપોમાં સમજવાથી ભેદબુદ્ધિનો દોષ લાગે તે તેની જ ઉપાસના વડે અદ્વૈતબુદ્ધિ થતાં દૂર થાય એવો મત.

કૂપચક્ર ન. રેંટ.

કૂપદંડ પું. ડોલ ટાંગવાની કાઠી.

કૂપન ૧. ન. ચડેલા વ્યાજની ચિઠ્ઠી; વ્યાજુચિઠ્ઠી.
૨. ન. જોડાયેલ પત્રક; સાંધિયો.
૩. [અં. કૂપોન] ન. પહોંચ.
૪. ન. મનીઓર્ડર ફોર્મનો એક ભાગ. તેના ઉપર રૂપિયા મોકલનાર કાંઈ સમાચાર વગેરે લખી શકે છે અને તે પૈસા લેનાર પાસે રહે છે.

કૂપમંડૂક ૧. [સં.] પું. કૂવાનો દેડકો.
૨. પું. કૂવામાંના દેડકાની પેઠે સંકુચિત દૃષ્ટિવાળો માણસ.

કૂપમંડૂકન્યાય [સં.] પું. કૂવાના દેડકા જેવો સંકુચિત મત. કૂવાનો દેડકો કોઈ ચીજને કૂવાથી મોટી ન માને તેમ થોડા જ્ઞાનને લીધે કોઈ માણસ પોતાના જ્ઞાનની બહારની વાત ન માને.

કૂપમંડૂકવૃત્તિ [સં.] સ્ત્રી. કૂવામાંના દેડકાની જેમ દુનિયા કૂવા જેવડી જ હોય એવું જ્ઞાન.

કૂપયંત્ર [સં.] ન. રેંટ.

કૂપરૂહ ન. (પુરાણ) ભારતવર્ષીય એક તીર્થનું નામ.

કૂપા [હિં.] પું. તેલ રાખવાનું ચામડાનું વાસણ.

કૂપાર [સં.] પું. સમુદ્ર.

કૂપિકા ૧. [સં.] સ્ત્રી. ઊર્ધ્વનિપાતનયંત્ર.
૨. સ્ત્રી. ખંજન; ખાડો.
૩. સ્ત્રી. તેલ વગેરે ભરવાનું પાત્ર.
૪. સ્ત્રી. નદી વચ્ચેનું ઝાડ.

કૂપી [સં.] સ્ત્રી. કૂલડી; નાનો કૂપો.

કૂપૈરા [હિં.] વિ. અમાંગલિક; અશુભ.

કૂપો ૧. [સં. કૂપ] પું. કુલ્લું; કૂલેલા પેટનું અને સાંકડા મોંનું ચામડાનું પાત્ર.
૨. પું. કૂલેલા પેટનો અને સાંકડા મોંનો કાચનો શીશો.

કૂપોદક [સં.] ન. કૂવાનું પાણી.

કૂપ્ય ૧. ન. ધાતુનું તળિયું.
૨. [સં.] વિ. કૂવામાં હોનાર; કૂવામાં થનાર.
૩. વિ. ધાતુના તળિયાવાળું.

કૂફી સ્ત્રી. ઉર્દૂ ભાષાની એ નામની એક લિપિ.

કૂફેલ સ્ત્રી. ખરાબ સોબત.

કૂબડ (કૂંબડ) ૧. પું. ખૂંધ.
૨. વિ. ખૂંધવાળું.

કૂબડું (કૂબડું) વિ. કદરૂપું; બદસૂરત.

કૂબર [સં.] પું.; ન. રથની દાંડી.

કૂબરી પું. ચંદનકાષ્ઠની ધરીવાળો રથ.

કૂબાવાળી ૧. સ્ત્રી. કૂબાથી જમીન ટીપનારી સ્ત્રી.
૨. સ્ત્રી. કૂબો નામની વનસ્પતિ વેચનારી સ્ત્રી.

કૂબો ૧. પું. એ નામની એક વનસ્પતિ; દ્રોણપુષ્પી. તેનાં પાંદડાં દવામાં વપરાય છે. તેનો ગુણ પિત્તલ અને ભેદન છે. તેનો ઉપયોગ કમળો, સોજા અને જ્વર ઉપર થાય છે.
૨. પું. કાંકરેટવાળું ભોંયતળિયું; છો; રથ્થડ.
૩. પું. ઘૂમટવાળું ઘાસનું ઝૂંપડું.
૪. પું. ઢાલ ઉપરની પિત્તળની ભમરી; ઢાલ ઉપરનો ઊપસેલ ભાગ.
૫. પું. ધૂમસ; લાકડાના કે લોઢાના વજનદાર ડચકામાં ઊભી લાકડી ખોસી બનાવેલું ટીપવાનું સાધન.
૬. પું. પક્ષીએ બાંધેલો માળો.
૭. પું. ભરતકામમાં મૂકવામાં આવતી કટોરી.

કૂમચી સ્ત્રી. ચાબુક.

કૂમટા ૧. પું. એક પ્રકારનું ઝાડ.
૨. [હિં.] પું. ધારવાડ પ્રાંતમાં થતો એક જાતનો કપાસ.

કૂમર પું. (જૂ. ગુ.) કુંવર.

રૂપ, વેષ, વય સરીખું ભાવિ,
કાન્હ કૂમર મુઝનઈ પરણાવિ.

કાન્હડદેપ્રબંધ

કૂમલ સ્ત્રી. ઘર ફાડવું તે; ચોરી.

કૂમહલ [હિં.] સ્ત્રી. ધાડ; લૂંટ.

કૂમળી સ્ત્રી. ધોળી મૂસળીની ભાજી.

કૂમાંછ [હિં.] પું.; સ્ત્રી. એક જાતની રોટલી.

કૂર ૧. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. આ છંદ રાયવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૪ ગુરુ અને ૭૬ લઘુ મળી ૮૪ માત્રા હોય છે.
૨. પું. ઓદન; ભાત; રાંધેલા ચોખા.
કૂર કપૂર = કપૂરનો પટ દીધેલ સુગંધી ભાત.
૩. [હિં.] પું. ભંગ કરનાર.
૪. પું. સાથવો.
૫. સ્ત્રી. એ નામની એક જાતની ઘણી ઝીણી માછલી.
૬. ન. અનાજ; અનાજની કણકી.
૭. [ફા.] વિ. આંધળું.
૮. વિ. ક્રૂર; ઘાતકી.
૯. વિ. દુષ્ટ; ખરાબ.
૧૦. વિ. ભયંકર.

કૂરક [ફા.] પું. મહેલ.

કૂરમ [સં. કૂર્મ] પું. કાચબો; કૂર્મ.

કૂરાશન પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ક્રૂરાશન; કરાસન; ક્રૂરાસન. આ છંદ અત્યષ્ટિ છંદનો એક ભેદ છે. તેમાં તગણ, નગણ, તગણ, નગણ, સગણ અને ૨ ગુરુ મળી ૧૭ વર્ણ હોય છે.

કૂરિયો ૧. પું. ચોખા.
૨. પું. જુવારના ડોડા કે લોથા.
૩. પું. જુવારને જાડી ભરડી બનાવાતી એક વાની.
૪. પું. જુવારનો પોંક.

કૂરી ૧. [ફા.] સ્ત્રી. અંધાપો.
૨. સ્ત્રી. એ નામની એક જાતની માછલી.

કૂરૂંદૂ ન. દાલચીની; તજની જાતનું એક ઝાડ.

કૂર્ગી સ્ત્રી. કૂર્ગમાં બોલાતી ભાષા.

કૂર્ચ ૧. [સં.] પું. અંગૂઠા અને તર્જની વચ્ચેનું સ્થાન.
૨. પું. કપટ; છળ; દગો.
૩. પું. ગોદામ.
૪. પું. ચરણ; પગ.
૫. પું. તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ બીજ.
૬. પું. દંભ; ઢોંગ.
૭. પું. દાઢી.
૮. પું. બે ભ્રૂકુટી વચ્ચેનો ભાગ.
૯. પું. ભ્રમર વચ્ચે રહેલ રુવાંટાંનો સમૂહ.
૧૦. પું. મસ્તક; માથું.
૧૧. પું. મુષ્ટિપ્રમાણ કુશ; મુઠ્ઠી જેટલો દર્ભ.
૧૨. પું. મૂછ.

૧૩. પું. મેલ વગેરે સાફ કરવાનો કૂચો; કૂચડો; પીંછી.

૧૪. પું. મોરપીંછ.

૧૫. પું. (પુરાણ) સૂર્યવંશી ન્યરિષ્યંત કુળમાં થયેલ એ નામનો રાજા; મીઢ્વાન રાજાનો પુત્ર અને ઇંદ્રસેનનો બાપ.

૧૬. ન. અસત્ય; જૂઠાણું.

૧૭. ન. એક જાતનું ઘાસ.

૧૮. ન. એક પ્રકારનું આસન.

૧૯. ન. એક બીજમંત્ર.

૨૦. ન. કલમ.

૨૧. ન. કૂંચી.

૨૨. ન. દાંતિયો; વાળ ઓળવાનું સાધન.

૨૩. ન. પંચગવ્ય.

૨૪. ન. વખાણ; સ્તુતિ; બડાઈ.

૨૫. ન. સીસાપેન; પેન્સિલ.

૨૬. વિ. કઠણ.

૨૭. વિ. દાઢીમૂછવાળું.

કૂર્ચક ૧. [સં.] પું. દાતણ; દાંત ઘસવાનું બ્રશ.

૨. પું. મેલ સાફ કરવાનો કૂચો.

૩. સ્ત્રી. નાની પીંછી.

૪. ન. ભ્રૂમધ્ય; મુખમંડળની મધ્ય રેખામાં આવેલું એક મર્મ.

કૂર્ચપાદમર્મ [સં.] ન. ક્ષિપ્રમર્મની બંને બાજુએ આવેલું ચાર આંગળ વિસ્તારનું, વૈકલ્યકર સ્નાયુમર્મ. ત્યાં ઈજા થવાથી પગ કંપે કે ફરી જાય, કારણ કે તેથી પગનાં સાત કૂર્ચાસ્થિઓ તથા પાંચ મૂળ શલાકાઓના સાંધા ઢીલા પડી જાય છે. એ અસ્થિઓની આસપાસ તથા વચ્ચે મજબૂત સ્નાયુઓ આવેલા હોવાથી જ તે સાંધા સુરક્ષિત રહે છે. એ સ્નાયુ તૂટે અગર કચરાય તો આ નાનાં નાનાં હાડકાંઓ છૂટાં પડી જાય, પગનું તળિયું સપાટ થઈ જાય, અથવા તો બહારની બાજુ ઉપર નમી જાય. આ જગ્યાએ સ્નાયુ ઘણા હોવાથી તેને સ્નાયુમર્મ ગણ્યો છે. ત્યાં ખોડ આવવાનો સંભવ વિશેષ હોવાથી તેને વૈકલ્યકર કહ્યું છે.

કૂર્ચલલિત ૧. પું. (પિંગળ) ચૌદ અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં ત્રણ સગણ, ભગણ, લઘુ અને ગુરુ હોય છે.

૨. ન. પોચું હાડકું.

કૂર્ચશલાકાસંધિ જુઓ કૂર્ચ્ચશલાકાસંધિ.

કૂર્ચશિર જુઓ કૂર્ચ્ચશિર.

કૂર્ચશિરપાદમર્મ [સં.] ન. બંને ગુલ્ફસંધિની નીચે બંને બાજુએ આવેલું એક આંગળ વિસ્તારનું વૈકલ્યકર સ્નાયુમર્મ. આ મર્મમાં ઈજા થવાથી પીડા તથા સોજો થવાનું કારણ એ છે કે આ સંધિના સ્નાયુકોષની વિચિત્ર સ્થિતિ છે. જ્યારે ઈજા થવાથી આ સંધિની અંદર સોજો આવે ત્યારે ઘૂંટીની પાછળ રહેલા ખાડા પાણીથી ભરાઈ જાય અને આગળના ભાગમાં સહેજ લાલાશ કે સોજા વિના બીજું કંઈ માલૂમ પડતું નથી. આ જગ્યાએથી જ પગનાં તળિયાં તરફ જતી નાડીઓ પસાર થતી હોવાથી તેઓ દબાતાં અત્યંત વેદના થાય છે.

કૂર્ચશિરસ જુઓ કૂર્ચ્ચશિર.

કૂર્ચશિરહસ્તમર્મ [સં.] ન. એ નામનો એક સ્નાયુ. તે મણિબંધસંધિ અથવા કાંડાના સાંધાની પાછલી બાજુએ આવેલ છે. આ સંધિમાં સોજો થતાં તેનો કલાકોષ ફૂલે અને કાંડાની બાજુ ઉપર વધારેમાં વધારે સોજો માલૂમ પડે. એ મર્મમાં થઈને કંડરા, શિરા, ધમની, નાડી વગેરે પસાર થતી હોવાથી પીડા ઘણી થાય છે.

કૂર્ચશીર્ષ જુઓ કૂર્ચશીર્ષક.

કૂર્ચશીર્ષક ૧. [સં.] ન. જીવક નામની વનસ્પતિ. જીવકના કંદનો શિંગડાંના જેવો આકાર હોય છે, પણ તેની એક બાજુ માથાના આકારની અને બીજી બાજુ છેડાવાળી હોય છે. તેમાં માથા ઉપર રૂંછડાં હોય છે, માટે તેને કૂર્ચશીર્ષક કહેવામાં આવે છે.

૨. ન. નાળિયેર.

કૂર્ચશેખર જુઓ કૂર્ચશીર્ષક.

કૂર્ચહસ્તમર્મ [સં.] ન. એ નામનો એક સ્નાયુ. ત્યાં ઈજા થતાં હાથનાં કૂર્ચાસ્થિઓ તથા મૂળ શલાકાઓના સ્નાયુ ઢીલા પડી જઈ હથેળીની કાર્યશક્તિ ઓછી થઈ જાય.

કૂર્ચા [સં.] સ્ત્રી. કોમલાસ્થિ; હાડકાંના જેવા ગુણવાળો, કઠણ, સ્થિતિસ્થાપક, બરડ અને જાડા રબરના જેવો સફેદ રંગનો પદાર્થ. ગર્ભમાં પ્રથમ હાડકાંને સ્થાને કૂર્ચા પેદા થાય છે અને તેમાંથી અસ્થિ પાકે છે. કાન, નાક, પાંપણ, સાંધા અને પાંસળીઓના અમુક ભાગ આ પદાર્થનાં બનેલાં હોય છે.

કૂર્ચામુખ પું. (પુરાણ) વિશ્વામિત્રના વંશનો એક ઋષિ.

કૂર્ચાસ્થિ જુઓ કૂર્ચ્ચાસ્થિ.

કૂર્ચિ સ્ત્રી. એ નામની એક વનસ્પતિ. હિંદનાં જંગલો અને ખાસ કરીને હિમાલયના ઉષ્ણકટિબંધવાળા પ્રદેશમાં તે થાય છે.

કૂર્ચિક [સં.] વિ. દાઢી મૂછવાળું.

કૂર્ચિકા ૧. [સં.] સ્ત્રી. કળી.

૨. સ્ત્રી. કૂંચી; ચાવી.

૩. સ્ત્રી. ઝાડની માંજર.

૪. સ્ત્રી. દહીં તથા છાશની તર.

૫. સ્ત્રી. પરપોટો.

૬. સ્ત્રી. પીંછી.

૭. સ્ત્રી. ફાટેલું દૂધ.

૮. સ્ત્રી. મેલ સાફ કરવાનો કૂચડો.

૯. સ્ત્રી. સોમ.

કૂર્ચૈકૂર્ચા અ. કટાકટકા.

કૂર્ચો ૧. પું. એક પ્રકારનું પોચું હાડકું. શરીરમાં જ્યાં જ્યાં પોચાં છતાં મજબૂત પદાર્થોની જરૂર હોય ત્યાં કૂર્ચા છે.

૨. પું. ગર્ભની અંદર બાળકનાં હાડકાંની પ્રથમ સ્થિતિ.

૩. પું. હાડકાંના સાંધા ઉપરનો દોરી જેવો બંધ.

કૂર્ચ્ચ જુઓ કૂર્ચ.

કૂર્ચ્ચક જુઓ કૂર્ચક.

કૂર્ચ્ચપાદમર્મ જુઓ કૂર્ચપાદમર્મ.

કૂર્ચ્ચલલિત જુઓ કૂર્ચલલિત.

કૂર્ચ્ચશલાકાસંધિ [સં.] પું. હથેળીની અંદરનો મૂળ શલાકાનો સાંધો.

કૂર્ચ્ચશિર [સં.] ન. પગના ચાંપાનાં પાનીની આસપાસ રહેલાં સાત માંહેનું છેલ્લું હાડકું. તે પગના નળાને પગના ચાંપા સાથે જોડે છે. તેનું માથું ગોળ છે. આ હાડકાંની નીચલી બાજુ ઉપર એક ઊંડો ખાડો છે, જેમાં સાંધાનો સ્નાયુરજ્જુ રહેલો છે.

કૂર્ચ્ચશિરપાદમર્મ જુઓ કૂર્ચશિરપાદમર્મ.

કૂર્ચ્ચશિરસ જુઓ કૂર્ચ્ચશિર.

કૂર્ચ્ચશિરહસ્તમર્મ જુઓ કૂર્ચશિરહસ્તમર્મ.

કૂર્ચ્ચશીર્ષ જુઓ કૂર્ચશીર્ષક.

કૂર્ચ્ચશીર્ષક જુઓ કૂર્ચશીર્ષક.

કૂર્ચ્ચશેખર જુઓ કૂર્ચશીર્ષક.

કૂર્ચ્ચહસ્તમર્મ જુઓ કૂર્ચહસ્તમર્મ.

કૂર્ચ્ચા જુઓ કૂર્ચા.

કૂર્ચ્ચાસ્થિ [સં.] ન. પગના ચાંપામાંનાં સાત હાડકાંમાંનું દરેક. તેનાં નામઃ અંતઃકોણક, મધ્યકોણક, બહિઃકોણક, ઘન, નૈનિભ, પાર્ષ્ણિ અને કૂર્ચ્ચશિરસ.

કૂર્દ્ [સં.] અ. ક્રિ. (ધાતુ) કૂદવું; ઠેકવું. તે ઉપરથી બનેલા શબ્દઃ કૂર્દન; કૂદવું.

કૂર્દન [સં.] ન. કૂદકો; ઠેકડો.

કૂર્દની [સં.] સ્ત્રી. ચૈત્ર સુદિ પૂર્ણિમા. આ તિથિએ કામદેવનો ઉત્સવ ઊજવાય છે.

કૂર્પ ૧. [સં.] પું. એક જાતનો હીરો. તેમાં રેતીનું એક પડ હોય છે.

૨. પું. બે ભ્રૂકુટિ વચ્ચેનો ભાગ.

કૂર્પર ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; વિબુધપ્રિયા. તેના દરેક ચરણમાં બે રગણ, બે જગણ, ભગણ અને રગણ એમ અઢાર અક્ષર હોય છે.

૨. પું. નદીનો કિનારો.

૩. સ્ત્રી. કોણી; પ્રકોષ્ઠ; હાથની વચ્ચે આવેલા કોણીના સાંધાની પાછલી બાજુ.

કૂર્પરકપાલિકા [સં.] સ્ત્રી. એ નામનું એક પ્રવર્દ્ધનક; કૂર્પરકૂટ.

કૂર્પરકૂટ [સં.] ન. અંતઃપ્રકોષ્ઠાસ્થિના ઉપલા છેડા ઉપરના બે માંહેનું ઉપલું પ્રવર્દ્ધનક. તેનો આકાર સાપની ફેણ જેવો હોય છે.

કૂર્પરખાત [સં.] પું. પ્રગંડાસ્થિના નીચલા છેડાની પાછલી બાજુ ઉપર આવેલો ખાડો. હાથ લાંબો કરવામાં આવે ત્યારે અંતઃપ્રકોષ્ઠાસ્થિના. કૂર્પરકૂટનો અણીદાર ભાગ તેમાં સમાઈ જાય છે.

કૂર્પરગાઅધરાંતરા [સં.] સ્ત્રી. બાહ્વી ધમનીની એ નામની શાખા. તે કૂર્પરસંધિની પાછલી બાજુ ઉપર ત્રાંસી રીતે આવેલી છે.

કૂર્પરગાઉત્તરાંતરા સ્ત્રી. બાહ્વી ધમનીની એ નામની નાની શાખા. તે બાહ્વી ધમનીના ઉપરના ભાગમાંથી નીકળી નીચે ઊતરી કૂર્પરસંધિ તરફ જાય છે અને તેની પાછલી તેમ જ અંદરની બાજુ ઉપર ફેલાય છે.

કૂર્પરદ્વારિકા [સં.] સ્ત્રી. એ નામની એક માંસપેશી. હાથના ઉપલા ભાગ માંહેની આ પેશી દ્વિશિરસ્કા બાહ્વી પેશીની પાછળ અને તેની અંદરની બાજુએ રહેલી છે અને પ્રગંડાસ્થિના ચંચુપ્રવર્દ્ધનને લાગેલી છે. તે કોણીના સાંધાની આગલી બાજુને ઢાંકે છે. તેનું કાર્ય કોણીના સાંધા આગળ હાથ લાંબો ટૂંકો કરવાનું છે.

કૂર્પરપટ્ટિકા [સં.] સ્ત્રી. દ્વિશિરસ્કા બાહ્વીની કંડરામાંથી કોણીની આગલી બાજુ ઉપરથી છૂટી પડતી બે આંગળ પહોળી એક પાતળી સ્નાયુમય શાખા. તે બાહ્વી નામની ધમની અને તેની શાખાઓને ઢાંકે છે.

કૂર્પરપૃષ્ઠિકા [સં.] સ્ત્રી. એ નામની એક માંસપેશી. આ નાની અને ત્રિકોણાકાર પેશી પ્રગંડાસ્થિના બાહ્ય અર્બુદ ઉપરથી ઉત્પન્ન થાય છે. તેના તંતુ ફેલાઈ જતા હોવાથી તે અંતઃપ્રકોષ્ઠાસ્થિના કૂર્પરકૂટની પીઠને તથા મધ્યનળકની પીઠના ચોથા ભાગને ત્રાંસી રીતે લાગેલા છે. આ પેશી ત્રિશિરસ્કા પેશી સહિત કોણીના સાંધા આગળ હાથ લાંબો કરવામાં ભાગ લે છે.

કૂર્પરપૃષ્ઠિકાપેશી જુઓ કૂર્પરપૃષ્ઠિકા.

કૂર્પરપ્રકોષ્ઠ સ્ત્રી. કોણી.

કૂર્પરમર્મ ન. એ નામનો કોણીનો એક મર્મ ભાગ. ત્યાં ઈજા થવાથી હાથ કોણીએથી વળી જઈ બેડોળ બને છે. એ પૂરો લાંબો થઈ શકતો નથી અને વળી પણ શકતો નથી.

કૂર્પરસંધિ પું. કફોણી સંધિ; બંને પ્રકોષ્ઠાસ્થિઓના ઉપલા છેડા તથા પ્રગંડાસ્થિના નીચલા છેડા વચ્ચેનો સંધિ. ખરૂં જોતાં આ કોણીનો સાંધો ત્રણ સાંધા મળીને થયેલો છે.

કૂર્પરોત્તરિકા [સં.] સ્ત્રી. કોણીથી સહેજ ઊંચે અને અંતર્બાહુકા નામની શિરાની અંદરની બાજુ ઉપર રહેલી એ નામની ગ્રંથિ.

કૂર્પા સ્ત્રી. વ્યાજુચિટ્ટી.

કૂર્પાસ ૧. [સં.] ન. સૂંઢનું બખ્તર.

૨. ન. સ્ત્રીઓની કાંચળી; ચોળી.

કૂર્મ ૧. [સં.] પું. આંખોને ઉઘાડબીડ કરાવનારો પ્રાણ. તેનું સ્થાન પૃથ્વીચક્રમાં છે.

૨. પું. એ નામનો એક ઋષિ. તેણે ઋગ્વેદના કેટલાંક સૂત્રોનો વિકાસ કર્યો હતો.

૩. પું. એ નામનો એક રુદ્ર.

૪. પું. એ નામનો ચોપન વાયુતત્ત્વદેવતા માંહેનો ભૂખ લગાડનાર વાયુ.

૫. પું. એ નામનો પ્રજાપતિનો એક અવતાર.

૬. પું. એ નામનો વિષ્ણુનો થયેલો એક અવતાર; કચ્છપ; કૂર્માવતાર.

૭. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે ષટ્પદી છપ્પયનો એક ભેદ છે. તેમાં ૪૬ લઘુ અને ૫૩ ગુરુ મળી કુલ ૧૫૨ માત્રા હોય છે.

૮. પું. કદ્રુપુત્ર એ નામનો એક નાગ.

૯. પું. કાચબો; ઢાલકાચબો.

૧૦. પું. જુદી જુદી રીતે હાથ જોડવાથી થતા ચોવીશ પ્રકારના અભિનય માંહેનો એક.

૧૧. સ્ત્રી. એ નામની નાભિચક્ર પાસેની એક નાડી.

૧૨. સ્ત્રી. ચોવીશ ગાયત્રીમુદ્રા માંહેની સંધ્યા કરતી વખતે કરવામાં આવતી એ નામની એક જાતની મુદ્રા.

૧૩. ન. અઢાર માંહેનું એ નામનું એક પુરાણ.

કૂર્મક ૧. [સં.] પું. કાચબો.

૨. પું. (સંગીત) સ્વરને કાચબાની પેઠે વાંકો કરવો તે.

૩. ન. કાચબાના આકારનું ખામીવાળું એક જાતનું મોતી. આ આકારનું મોતી અશુભ ગણાય છે.

કૂર્મકુંડ પું. છયાશી નરકકુંડ માંહેનો એ નામનો એક. જે બ્રાહ્મણ કાચબાનું માંસ ખાય તે સો વર્ષ સુધી કૂર્મકુંડમાં પડે એમ કહેવાય છે.

કૂર્મક્ષેત્ર [સં.] ન. હિંદુઓનું એ નામનું એક તીર્થ. ત્યાં કૂર્માવતાર ભગવાનનાં દર્શન થાય છે. આ તીર્થ ગંજામ જિલ્લામાં ચિકાકોલથી પૂર્વમાં આઠ માઈલ દૂર દરિયાકિનારે આવેલું છે.

કૂર્મગાર્ત્સમદ ૧. પું. ઋગ્વેદના બીજા મંડળના ૨૮ અને ૨૯મા સૂક્તનો કર્તા એ નામનો એક ઋષિ.

૨. પું. શુક્લ યજુર્વેદનો એક ઋષિ.

કૂર્મચક્ર ન. (જ્યોતિષ) એક પ્રકારનું કાચબાના આકારનું ચક્ર. તે તાંત્રિક લોકો બનાવે છે અને તેનાથી શુભાશુભ શુકન તથા ફળ જણાય છે.

કૂર્મજયંતિ [સં.] સ્ત્રી. ચૈત્ર વદિ એકમ. આ દિવસે કૂર્મજયંતિનો ઉત્સવ કરાય છે, કારણ કે ભગવાને આ તિથિએ કચ્છપાવતાર ધારણ કર્યો હતો એમ મનાય છે.

કૂર્મદ્વાદશી [સં.] સ્ત્રી. પોષ સુદિ બારસ. આ તિથિએ કૂર્માવતાર થયાનું કેટલાક માને છે.

કૂર્મપુરાણ [સં.] ન. અઢાર માંહેનું એક પુરાણ. તેમાં કૂર્મનું ચરિત્ર કહ્યું છે તેથી તે કૂર્મપુરાણ કહેવાય છે. તેમાં સત્તર હજાર શ્લોક છે.

કૂર્મપૃષ્ઠ ૧. ન. એ નામનું વૃક્ષ; બાણપુષ્પ.

૨. ન. એક જાતનું શિવલિંગ. તે અણીવાળું નહિ પણ બેઠેલું હોય છે. આની પૂજા ગૃહસ્થો કરે છે.

૩. ન. કાચબાની પીઠ.

૪. ન. કોડિયું; શકોરૂં.

૫. વિ. બધે નીચું અને વચ્ચે ઊંચું એવા આકારનું.

કૂર્મપૃષ્ઠક [સં.] પું. કરંડિયાનું ઢાંકણું.

કૂર્મપૃષ્ઠબહુકોણ [સં.] પું. (ગણિત) જેમાં એક પણ ખૂણો બે કાટકોણથી વધારે ન હોય એવો બહુકોણ.

કૂર્મપૃષ્ઠાકાર [સં.] વિ. બાહ્યગોળ; બિંબાકાર.

કૂર્મમાતા સ્ત્રી. બોતેર આકાશતત્ત્વદેવતા માંહેની એક.

કૂર્મમુદ્રા [સં.] સ્ત્રી. એ નામની ચોવીશ ગાયત્રીમુદ્રા માંહેની એક. ડાબા હાથની તર્જની ઉપર જમણી કનિષ્ઠિકા અને જમણી તર્જની

ઉપર ડાબો અંગુષ્ઠ મૂકવો. જમણો અંગુષ્ઠ છૂટો રહે એમ જમણા હાથની મધ્યમા અને અનામિકા ડાબા હાથની પાછળ રાખી, ડાબા હાથની મધ્યમા અને અનામિકા જમણી હથેળીની વચ્ચે નાખી દેવી. આમ કર્યા પછી જમણો હાથ કૂર્મની ઢાલ જેવો લાગશે અને આજુબાજુ પગનો આકાર આવી રહેશે.

કૂર્મમૂર્તિ [સં.] પું. કાચબાનું રૂપ ધારણ કરેલ ભગવાનનું સ્વરૂપ.

કૂર્મરાજ ૧. [સં.] પું. મોટો કાચબો.

૨. પું. વિષ્ણુનો કૂર્માવતાર.

કૂર્મરૂપ [સં.] વિ. કાચબાનું રૂપ ધારણ કરેલ.

કૂર્મરોમ પું. મૃગજળ; શશશૃંગ.

કૂર્મવન જુઓ કૂર્માચલ.

કૂર્મવાયુ [સં.] પું. એ નામનો વાયુ. તે આંખોને ઉઘાડવા તથા બીડવાનું કામ કરે છે, બગાસાં આણે છે તથા ભૂખ લગાડે છે.

કૂર્મવૃત્તિ ૧. [સં.] સ્ત્રી. કાચબાની માફક પ્રસંગ જાણીને વર્તન કરવાની વૃત્તિ.

૨. સ્ત્રી. સંકુચિત વૃત્તિ.

કૂર્મશિલા [સં.] સ્ત્રી. મંદિરના ખાતમુહૂર્ત વખતે પાયામાં પધરાવવાનો કાચબાના આકારનો પથ્થર.

કૂર્મશિલ્પ ૧. [સં.] ન. કશ્યપ બ્રહ્મે શિલ્પશાસ્ત્રના પાડેલા ચૌદ માંહેનો એક વિભાગ.

૨. ન. ચૌદ માંહેનું એ નામનું એક શિલ્પશાસ્ત્ર. તેના સ્થાપક શ્રીધર ઋષિ હતા.

કૂર્મસ્થલ ન. ગંડસ્થળ; ગાલ.

કૂર્મા [સં.] સ્ત્રી. એક પ્રકારની વીણા.

કૂર્માચલ ૧. ન. કૂર્મવન; કુમારવન. આ નામ વિકૃત થઈ કુમાઉન બન્યું છે.

૨. ન. હિમાલયના મધ્ય ભાગનું નામ.

કૂર્માવતાર [સં.] પું. ચાલુ શ્વેત વારાહકલ્પમાંના ચાક્ષુષ મન્વંતરમાં થયેલો વિષ્ણુનો કાચબારૂપે અવતાર. દિતિના બળવાન પુત્રો એટલે દાનવ અને અદિતિના ધર્મી પુત્રો એટલે દેવોએ અજરામર બનવા માટે રસ મેળવવાને ક્ષીરસમુદ્રનું મંથન કરવા મંદાર પર્વતનો રવૈયો કર્યો. તે પાતાળમાં સલવાઈ ગયો એટલે વિષ્ણુએ કૂર્મના આકારમાં પોતે પોતાની જાતને સમુદ્રને તળિયે મૂકી, પોતાની ઉપર મંદાર પર્વત મૂક્યો. અસુર અને સુરો વાસુકિ નાગનું દોરડું બનાવી મંદાર પર્વતને વીંટી સમુદ્ર વલોવવા લાગ્યા. પ્રલયકાળે નાશ પામેલી કેટલીક ચીજો તે મંથન કરતાં બહાર આવી તે ચૌદ રત્નો કહેવાયાં: (૧) અમૃત, (૨) ધન્વંતરિ, (૩) લક્ષ્મી, (૪) સુરા, (૫) ચંદ્ર, (૬) રંભા, (૭) ઉચ્ચૈઃશ્રવા, (૮) કૌસ્તુભ, (૯) પારિજાત, (૧૦) સુરભિ, (૧૧) ઐરાવત, (૧૨) શંખ, (૧૩) ધનુ અને (૧૪) વિષ.

કૂર્માસન [સં.] ન. (યોગ) પ્રાણાયામ માટેનાં ચોરાશી માંહેનું એ નામનું એક આસન. તે બંને પગની એડીએથી ગુદાને રોકી બંને પગના ફણાને કાચબાના પાછલા પગની પેઠે રાખી સાવધાન થઈને સ્થિર બેસવાથી કરી શકાય છે. આ આસન અપાન સહિત વીર્યનું ઊર્ધ્વગમન, ઇંદ્રિયોના બહિઃપ્રસારનું સ્તંભન, શાંતતા અને શરીરબળની વૃદ્ધિ સાથે આળસ દૂર કરે છે.

કૂર્માંગન્યાય [સં.] પું. જેમ કાચબો ફાવે ત્યારે પોતાનાં બધાં અંગ અંદર સમેટી લે અને ગમે ત્યારે બહાર કાઢે તેમ ઈશ્વર સૃષ્ટિ તથા લય કરે છે એવો મત.

કૂર્મિકા [સં.] સ્ત્રી. એક જાતનું અસલી વાજું. તેમાં બજાવવા માટે તાર રહેતા હતા.

કૂર્મી જુઓ કૂર્મિકા.

કૂર્મોન્નતા [સં.] સ્ત્રી. કાચબાની પીઠની જેમ ઉપસેલી ઉન્નત યોનિ.

કૂર્હા [હિં.] ન. જંગલની વચમાં ગાયનું છાપરું.

કૂલ ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પંક્તિ છંદનો એક ભેદ છે. તેમાં તગણ, નગણ, મગણ અને ગુરુ એમ દશ વર્ણ હોય છે.

૨. પું. કાંઠો; કિનારો; તટ; તીર.

૩. પું. ઢગલો.

૪. પું. ધોરિયો; મોટું નાળું.

૫. પું. સમીપતા; નજીક હોવાપણું.

૬. પું. સિંહલદ્વીપમાં આવેલી એ નામની નદી. તેની પાસે મયૂર નામનું ગામ આવેલું છે. આ નદીમાંથી અગાઉ મોતી નીકળતાં.

૭. પું. સૈન્યનો પાછલો ભાગ.

૮. ન. એ નામનું એક ફળાઉ ઝાડ.

૯. ન. એક જાતનું ફૂલઝાડ.

૧૦. ન. તળાવ; સરોવર.

કૂલક ૧. [સં.] પું. કૃમિનો પર્વત.

૨. પું. ચરમનો ઢગલો.

૩. પું. નદી વગેરેનો કાંઠો.

૪. ન. સ્તૂપ.

કૂલકાણી સ્ત્રી. આબરૂ; પ્રતિષ્ઠા.

કૂલચર ૧. [સં.] પું. નદી કિનારે વિચરનાર હાથી, ભેંસ વગેરે પ્રાણી.

૨. વિ. નદી વગેરેના કાંઠા ઉપર ફરનાર.

કૂલચારિણી પું. (પિંગળ) એક અક્ષરમેળ છંદ; કૂલિકા. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં રગણ, જગણ, મગણ અને બે ગુરુ એમ અગિયાર અક્ષર હોય છે.

કૂલચૂડામણિ (કૂલચૂડામણિ) ન. ચોસઠ માંહેનું એ નામનું એક તંત્ર. તેમાં ઉચ્ચાટનાદિ પ્રયોગ બતાવેલા છે.

કૂલટી સ્ત્રી. એક છેડે બાળેલી લાકડી.

કૂલડા (કૂલડા) પું. પીવા માટેનું માટીનું વાસણ.

કૂલધ્માયક [સં.] પું. નદીને કાંઠે ઊભા રહી, શંખ ધરી અને રામ શબ્દ પોકારી જમનારો તાપસ.

કૂલપથ [સં.] પું. દરિયાકાંઠે આવેલાં સ્થળો વચ્ચેના વ્યવહાર માટેનો માર્ગ.

કૂલભૂ [સં.] સ્ત્રી. નદીના કાંઠા ઉપરની ભૂમિ.

કૂલવતી સ્ત્રી. નદી.

કૂલવાહિની સ્ત્રી. ગર્ભાશય અને અંડાશયને જોડનારી નળી. આ નળીનો એક છેડો ગર્ભાશયની નીચેની બાજુએ અને બીજો છેડો રૂછાં જેવો થઈ અંડાશયની નજીકમાં રહેલો હોય છે. પરિપક્વ થયેલું અંડ તેમાં પકડાઈ જઈ ગર્ભાશયમાં જાય છે.

કૂલસતીન ન. પેલેસ્ટાઇન નામનો પ્રાંત.

કૂલંકષ ૧. [સં.] પું. દરિયો; સમુદ્ર.

૨. પું. નદીનો પ્રવાહ.

૩. સ્ત્રી. નદી.

કૂલંકષા [સં.] સ્ત્રી. નદી.

કૂલંચર [સં.] વિ. નદીના કાંઠા ઉપર વિચરનાર.

કૂલંજ પું. આંકડી; પેટનું શૂળ.

કૂલા ૧. પું. નાની નહેર.

૨. પું. બ. વ. ઢગરા; નિતંબની નીચેનો માંસલ ભાગ.

કૂલિકા ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. જુઓ કૂલચારિણી.

૨. સ્ત્રી. વીણા અથવા સારંગીનો નીચેનો ભાગ.

કૂલિન વિ. નદી કાંઠાનું; નદી કિનારાનું.

કૂલિની [સં.] સ્ત્રી. નદી.

કૂલિર પું. ખોરાક.

કૂલિંજ [અ.] પું. આંકડી; પેટનું શૂળ.

કૂલી ૧. પું. ઢેઢ; અસ્પૃશ્ય વર્ગનો માણસ.

૨. પું. ભાર ઉપાડનાર માણસ; મજૂર; વેઠિયો; હેલકરી.

૩. સ્ત્રી. ઊભી ભોરિંગડી.

૪. સ્ત્રી. કુહાડી.

૫. સ્ત્રી. રોજની મજૂરી; મહેનતાણું.

કૂલીઉતાર સ્ત્રી. વેઠ.

કૂલીર [સં.] સ્ત્રી. એક વનસ્પતિ; કાકડાશીંગી.

કૂલુંજ [અ.] ન. એ નામનું પિત્તનું એક દર્દ.

કૂલેચર [સં.] વિ. નદી વગેરેના કાંઠા ઉપર ચરનાર.

કૂલો પું. ઢગરો; ધગડો; અપદ્વારની બંને બાજુના ભારે અને માંસલ અવયવ.

૧. કૂલા ફૂટવા = બેહદ હરખમાં આવી જવું.

૨. કૂલે કોદરા ભરવા = અતિશય મહેનતથી મહા દુઃખ ભોગવવું.

૩. કૂલે પાતી લગાડવી-વગાડવી = (૧) ગજા ઉપરાંત કામ કરવું. (૨) લાંબા ઠેકડા ભરવા; કૂદી રહેવું. (૩) હદ ઉપરાંત હરખાવું.

૪. કૂલો ગોઠવવો-ઠેરવવો = (૧) કોઈ ઠેકાણે સ્થિરતાથી બેસવું. (૨) ગમવું; મન માનવું; પસંદ પડવું.

કૂલોત્તંગ પું. ચોલ દેશના રાજા રાજદેવનો એ નામનો દીકરો.

કૂલોમનલિકા સ્ત્રી. ઉત્તર કુરુકુસાંતરાલ પ્રદેશમાં આવેલ એ નામની એક નળી.

કૂલ્ય [સં.] પું. એ નામનો એક રુદ્રદેવ.

કૂલ્હનિ સ્ત્રી. અફસોસ; દુઃખ.

કૂલ્હી [હિં.] સ્ત્રી. પિત્તળ.

કૂવત ન. કૌવત; શક્તિ; જોર.

કૂવર ૧. [સં.] પું. કુબ્જક વૃક્ષ.

૨. પું. રથ, ગાડું વગેરેનો ઊંટડો. તેના ઉપર હાંકનાર બેસે છે.

૩. પું. વહાણનો મુખભાગ.

૪. વિ. કૂબડું; બેડોળ.

૫. વિ. મનોહર; સુંદર.

કૂવરા પું. ખૂંધવાળો માણસ.

કૂવાથંભ પું. વહાણના વચલા સઢનો થાંભલો.

કૂવાસ્તંભ જુઓ કૂવાથંભ.

કૂવેતર ન. કૂવાના પાણીથી વાવેતર માટે તૈયાર કરેલી જમીન.

કૂવો ૧. પું. આંખનું એક જાતનું દરદ.

કૂવો પડવો = આંખનો ડોળો નીકળી પડવો.

૨. પું. કૂવાથંભ; ડોળ; વહાણની વચ્ચેનો મોટો થાંભલો.

૩. પું. જમીનમાંથી પાણી કાઢવા માટે ખોદેલો ખાડો; કૂપ.

૧. આગ લાગે ત્યારે કૂવો ખોદવો = ઓપટીની ચીજ કાળ પડે ત્યારે થતી કે લેવાતી નથી.

૨. કૂવાની છાયા કૂવામાં સમાય = દુઃખને સમજવા છતાં નિરુપાયે તેને સહન કરવું; મનનું મનમાં જ રાખવું.

૩. કૂવાને મોઢે કંઈ ઢાંકણું છે? = જાહેર તે તો જાહેર કે ખુલ્લું જ હોય.

૪. કૂવાને મોઢે ગરણું છે? = કૂવામાંથી તો ગમે તેવું પાણી આવે, આપણને રૂચે કે ન રૂચે.

૫. કૂવામાં ઉતારવું = આડુંઅવળું સમજાવી કે ભોળવી નુકસાનના ખાડામાં નાખવું.

૬. કૂવામાં ઉતારીને વરત કાપવો = દગો દેવો.

૭. કૂવામાં ઊતરવું = પૂરેપૂરા જોખમમાં ઊતરવું; મુશ્કેલીમાં પડવું.

૮. કૂવામાં નાખવું = નુકસાનના ખાડામાં ઉતારવું; કૂવામાં નાખવા જેવી દુર્દશાએ પહોંચાડવું.

૯. કૂવામાં પડવું = આપત્તિમાં ફસાવું; વિપત્તિમાં પડવું.

૧૦. કૂવામાં હોય તો અવાડા-હવાડામાં આવે = મુખ્ય સ્થળે વસ્તુની છત હોય તો પેટા સ્થળે તે પહોંચે.

૧૧. કૂવામાંનો દેડકો = જગતમાં જાણે શીખવા સમજવાનું બાકી રહ્યું નથી એમ માનનાર માણસ.

૧૨. કૂવો કરવો = દુઃખનું માર્યું કૂવામાં પડી આપઘાત કરવો.

૧૩. કૂવો ખોદવો = (૧) દેવું કાઢવું; ઉધાર લેવું. (૨) બીજાનો નાશ કરવા અથવા તેને હાનિ પહોંચાડવા પ્રયત્ન કરવો.

૧૪. કૂવો પૂરવો-હવાડો કરવો = કૂવામાં પડી ડૂબી મરવું.

૧૫. કૂવો ભરવો = ભેગું કરવું; દાટવું.

૧૬. બાપના કૂવામાં કાંઈ ડૂબી મરાય? = પોતાના હક્કની વસ્તુ હોય તે પણ તેની યોગ્યતા પ્રમાણે રખાય.

૪. ન. એક જાતનું મલબાર પ્રાંતમાં થતું ઝાડ. તે ૫૦ થી ૬૦ હાથ ઊંચું અને જાડાઈમાં બે થી અઢી હાથના ઘેરાવાવાળું થાય છે. એ સીધું હોવાથી તેની વહાણની ડોળ કે કાઠી બને છે. તેનાં લાલ રંગનાં ફૂલમાં અજબ તરેહની વાસ આવે છે.

કૂશ ૧. [ફા.] ન. પંખી; પક્ષી.

૨. ન. બાજ પક્ષી.

૩. અ. કૂતરાને દાબમાં રાખવા માટે વપરાતો શબ્દ.

કૂશખાના [ફા.] ન. કબૂતરખાનું; પક્ષીઘર.

કૂશબાઝ [ફા.] પું. વાઘરી.

કૂશબેગી [ફા.] પું. બાજ પક્ષી રાખનાર શિકારી.

કૂષ્માંડ ૧. [સં.] પું. એ નામે શિવનો એક પાર્ષદ.

૨. પું. બાણાસુરનો એ નામનો પ્રધાન મંત્રી.

૩. પું. વૈદિક કાળનો એ નામનો એક ઋષિ.

૪. પું. વ્યંતર દેવતાની એક જાત. તેના પંદર ભેદ: કૂષ્માંડ, પટક, જોશ, આન્હક, કાલ, મહાકાલ, ચોક્ષ, અચોક્ષ, તાલપિશાચ, મુખરપિશાચ, અધસ્તારક, દેહ, મહાવિદેહ, તૂષ્ણીક અને વનપિશાચ.

૫. પું. હાથમાં તૂંબડું રાખનાર રુદ્ર; વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ.

૬. ન. સાકરકોળું; પતકાળું.

કૂષ્માંડક ૧. પું. એ નામનો એક ઋષિ.

૨. પું. એ નામનો શિવનો એક પાર્ષદ.

૩. જુઓ કુષ્માંડ.

કૂષ્માંડકાવલેહ [સં.] પું. (વૈદ્યક) કોળું અને બીજી ઔષધિનું બનાવેલું ચાટણ. તે હેડકી, તાવ, દમ અને ઊલટી ઉપર અપાય છે તથા વીર્ય અને બળવર્ધક છે.

કૂષ્માંડનવમી [સં.] સ્ત્રી. કાર્તિક સુદિ નોમ.

કૂષ્માંડપાક [સં.] પું. (વૈદ્યક) કોળાની છાલ અને અંદરનો ગર્ભ કાઢી નાખી ચીરીઓ કરી તેમાં ઔષધિ નાખી બનાવેલું વસાણું. તે ખાવાથી કોઠામાંની ગરમી અને ધાતુસ્થાનની પીડા બંધ થાય છે.

કૂષ્માંડરાજ પું. એ નામનો એક રુદ્ર.

કૂષ્માંડવાટિકા [સં.] સ્ત્રી. કોળું નાખેલ અડદના લોટ વગેરેનું વડું.

કૂષ્માંડા [સં.] સ્ત્રી. આખું જગત જેના ઉદરમાં છે એવી એ નામે એક દેવી.

કૂષ્માંડિકા [સં.] સ્ત્રી. રાતું કોળું.

કૂષ્માંડી ૧. [સં.] સ્ત્રી. એક જાતનો કોળાનો વેલો.

૨. સ્ત્રી. દુર્ગા દેવી.

૩. સ્ત્રી. દૂધી; નઈ.

૪. સ્ત્રી. યજુર્વેદની એક ઋચા. તેના દ્રષ્ટા કૂષ્માંડ ઋષિ હતા.

કૂષ્માંડીવ્રત [સં.] ન. વૈશાખ વદિ ચોથને દિવસે કોળું વાવી ૭ માસ સુધી તેનું પૂજન કરવાનું એક વ્રત.

કૂસ [ફા.] પું. ઢોલ.

કૂસણુ ન. વાસણ; ઠામ.

કૂસ્સા [સં. કૃષક] પું. ખોદવાનું એક ઓજાર; તીકમ.

કૂહરા [ફા.] પું. ઝાકળ.

કૂહા ૧. સ્ત્રી. કડુ નામની વનસ્પતિ.
૨. [હિં.] સ્ત્રી. ઝાકળ.

કૂહી [હિં.] પું. બાજ; શકરો.

કૂહુ સ્ત્રી. શરીરમાંની તેર મુખ્ય નાડીમાંની એક. આ તેરમાં ઇડા, પિંગલા અને સુષુમ્ણા મુખ્ય છે અને કૂહુ, સરસ્વતી, ગાંધારી, હસ્તિજિહ્વા, વારણાયશસ્વિની, વિશ્વોદરા, શંખિની, પૂષા, પયસ્વિની તથા અલંબુષા ગૌણ છે.

કૂહું ૧. ન. કૂખ.
૨. ન. ગર્ભાશય.
૩. ન. ફણગો; પીલો.

કૂહૂ ૧. પું. કોયલનો ટહૂકો.
૨. સ્ત્રી. અમાવાસ્યા.

કૂહૂરવ પું. કોયલનો અવાજ; ટહૂકાર.

કૂહેર પું. કેર; જુલમ; સીતમ.

કૂળનક્ષત્ર ન. (જ્યોતિષ) ધનિષ્ઠા, ઉત્તરા ભાદ્રપદ, અશ્વિની, કૃત્તિકા, મૃગશર, પુષ્ય, મઘા, ઉત્તરા ફાલ્ગુની, ચિત્રા, વિશાખા, મૂળ અને ઉત્તરાષાઢા એ બાર નક્ષત્ર માંહેનું દરેક.

કૂળું વિ. કૂમળું; કૂણું.

કૂળોપકૂળનક્ષત્ર ન. (જ્યોતિષ) અભિજિત, શતભિષા, આર્દ્રા, અને અનુરાધા એ ચાર માંહેનું દરેક નક્ષત્ર.

કૂંઈ ન. કમળની જાતનું એક ફૂલ.

કૂંકડ (કૂંકડ઼) ન. કૂતરું.

કૂંકણી વિ. કોંકણનું; કોંકણ પ્રાંત સંબંધી.

કૂંકૂં પું. દુઃખનો અવાજ.

કૂંકોલ ન. ચણકબાબ.

કૂંગી સ્ત્રી. અનાજના દાણા ઉપર થતી રાતી ગાંઠ.

કૂંચ ૧. પું. દાઢી મૂછના વાળ.
૨. સ્ત્રી. ખસ અથવા નાળિયેરના રેષાનું બનાવેલ મોટું બ્રશ.
૩. સ્ત્રી. ચણોઠીભારનું તોલ.
૪. સ્ત્રી. પગની એડી ઉપરનો ઢેચો.
૫. સ્ત્રી. મોટી નસ; ઘોડા નસ.
૬. સ્ત્રી. લુહારની મોટી સાણસી.

કૂંચલી સ્ત્રી. બોચલો; માથા ઉપર ઓઢવાનું એક જાતનું સાધન.

કૂંચી ૧. સ્ત્રી. ઉપાય; ઇલાજ.
૨. સ્ત્રી. કડિયાનો પીંછો.
કૂંચી કરવી-ફેરવવી = ચૂનો છાંટવો; ધોળ કરવો.
૩. સ્ત્રી. ચાવી.
૪. સ્ત્રી. ચિત્રકારની રંગ ભરવાની પીંછી.
૫. સ્ત્રી. દિશાસૂત્ર.
૬. સ્ત્રી. પગેરૂં.
૭. સ્ત્રી. રહસ્ય જાણવાનું સાધન.

કૂંજ [સં. ક્રૌંચ] ન. ક્રૌંચ પક્ષી.

કૂંજડી (કૂંજડ઼ી) સ્ત્રી. એક જાતનું પક્ષી; ક્રૌંચ.

કૂંજડું (કૂંજડ઼ું) જુઓ કુંજડું.

કૂંજડો (કૂંજડ઼ો) જુઓ કુંજડો.

કૂંજરાવું જુઓ કુંજરાવું.

કૂંજી સ્ત્રી. એક જાતનું તાલ આપવાનું સાધન.

કૂંઝડો (કૂંઝડ઼ો) ૧. પું. ખારીલો માણસ.
૨. પું. ગુસ્સે થયેલો પુરુષ.
૩. વિ. દ્વેષી; ખારીલું.
૪. વિ. રિસાયેલું.

કૂંડલા [હિં.] પું. એક જાતનો તંબૂ.

કૂંડલી જુઓ કુંડલી.

કૂંડળિયો પું. એક જાતનો છંદ; કુંડળિયો.

કૂંડળી જુઓ કુંડળી.

કૂંડા ૧. [હિં.] પું. કથરોટ.
૨. પું. ચોખાની ફોતરી.
૩. પું. છીછરૂં માટીનું વાસણ.
૪. પું. ફકીરને આપેલું દાન.
૫. પું. રોશની કરવા માટેની મોટી હાંડી.

કૂંડાળાદડી (કૂંડાળાદડ઼ી) સ્ત્રી. એક દેશી રમત. તેને ટાંગકૂંડાળું, પયાદડો, પટકદડી, મોગરીમૂળા, સાતકૂંડાળી પણ કહે છે. તેમાં દાવ દેનાર સિવાય બાકીનાં છોકરાં એકબીજાંથી બબ્બે ત્રણ ત્રણ હાથને છેટે કૂંડાળાં કરી તેમાં ઊભાં રહે. દાવ દેનાર હાથમાં દડી લઈ દૂર ઊભે. પછી તે ગમે તે કૂંડાળામાં દડી નાખે, એટલે તે કૂંડાળાવાળો રમનાર દડી લઈ દાવ દેનારને મારે. જો તેને દડી વાગે તો પાછી દડી ફેંકવી પડે. પણ જો ન વાગે તો દડી મારનારને માથે દાવ આવે અને દાવ દેનાર તેના કૂંડાળામાં ઊભો રહે.

કૂંડાળિયા ૧. સ્ત્રી. કડવા કણબીની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કૂંડાળી ૧. [સં. કુણ્ડલી] સ્ત્રી. કૂંડળી; નાનું કૂંડાળું; વર્તુલ.
૨. સ્ત્રી. કોડીથી રમાતી એક રમત. તેમાં કોડીની ગોળ કૂંડાળીમાંથી સૂચવેલી કોડી કાઢી જનાર કૂંડાળીમાંની બધી કોડી લઈ જઈ શકે.
૩. સ્ત્રી. જન્મમરણ રૂપી ચક્ર.

કૂંડાળીચત્તબઠ સ્ત્રી. કૂંડાળું કાઢી સવળીઅવળી કોડી પડે તેવી રમત.

કૂંડાળીદા ૧. પું. એ નામની ગેડીદડાની રમત. બધાં છોકરાં પગથી કૂંડાળી કરી તેમાં ઊભાં રહે. દાવ દેનાર ગેડીથી દડો ગબડાવી જેની કૂંડાળીમાં નાખે તેને માથે દાવ આવે. કૂંડાળીવાળો દડો કૂંડાળીમાં ન આવવા દેવા દોટો મારી ગેડીથી દડો દૂર કાઢે.
૨. પું. કૂંડાળામાં રહી દાવ દેવો તે.
૩. પું. કોડી કૂંડાળામાં નાખી સામો માણસ બતાવે તે અથવા સામો માણસ બતાવે તે સિવાયની ગમે તે કૂંડાળામાંથી દાણુ ફેંકીને બહાર કાઢી દેવી તે.

કૂંડાળું ૧. ન. એક ઉપર બીજું અને બીજા ઉપર ત્રીજું એમ વર્તુલાકાર બનેલો વીંટલો; ગૂંછળું.
૨. ન. વર્તુલ; ગોળ આકૃતિ.
૧. કૂંડાળું કરવું = (૧) ગોટાળો કરવો. (૨) ચક્કર બનાવવું. (૩) લોચા વાળવા.
૨. કૂંડાળું કાઢવું = (૧) આજીજી સ્વીકારવાની ના પાડવી. (૨) ગરબડગોટો કરવો. (૩) ગોળ વર્તુલ કરવું. (૪) મીંડું વાળવું.
૩. કૂંડાળું વાળવું = (૧) ઊંધી પાઘડી મૂકવી; દીવાળું કાઢવું. (૨) મીંડું વાળવું. (૩) વર્તુલ કરવું. (૪) ધસીને ના પાડવી.
૪. કૂંડાળે નાખવું = ગોળ ચક્કર ફેરવવું.
૩. ન. વર્તુલાકાર ટોળે મળીને બેસવું તે.

કૂંડી ૧. સ્ત્રી. ઈંઢોણી.
૨. સ્ત્રી. ગબી.
૩. સ્ત્રી. ઘાણીના ખોડ પાસેનો તેલનું ઠામ રાખવાનો ખાડો.
૪. સ્ત્રી. ઘી ભરવાનું ચામડાનું ઊભા મોંનું વાસણ.
૫. સ્ત્રી. (જરથોસ્તી) યઝશ્નગાહમાં પાણી રાખવા માટેનું પહોળા મોંનું નાના કુંડ જેવું વાસણ.
૬. સ્ત્રી. ચામડાં કેળવવાનો કુંડ.
૭. સ્ત્રી. ચામડું મઢેલું નગારાનું કૂંડા જેવું ઠામ.
૮. સ્ત્રી. ચિચોડામાંના થાળામાંથી શેરડીનો રસ એકઠો કરવાને જમીનમાં થાળાની નજીક રાખવામાં આવતું લોઢાનું વાસણ.

૯. [સં. કુંડ] **સ્ત્રી.** ટાંકી; ઢોરને પાણી પીવા તથા પાણી ભરાઈ નીકે જવા માટે કરેલો ખાડો.

૧૦. સ્ત્રી. ઢોરને દાણા ખવરાવવા જમીનમાં દાટેલ અથવા છોનો બનાવેલ ખાડો.

૧૧. સ્ત્રી. તમાકુ કે ભાંગ ઘૂંટવાનું વાસણ અથવા સાધન.

૧૨. સ્ત્રી. (વહાણવટું) તાર.

૧૩. સ્ત્રી. તાંબાકૂંડી.

૧૪. સ્ત્રી. નાનું કૂંડું; કુંડ જેવો નાનો ખાડો.

૧૫. સ્ત્રી. નાનો હવાડો.

૧૬. સ્ત્રી. પથ્થરની પ્યાલી.

૧૭. સ્ત્રી. પથ્થરનો ખાંડણિયો; ખરલ.

૧૮. સ્ત્રી. પાણી સીંચવાની લોઢાની ડોલ.

૧૯. [હિં.] **સ્ત્રી.** બારણાની આંકડી.

ફૂંડી દેવી = બારણું બંધ કરવું.

૨૦. સ્ત્રી. લખોટાની રમતમાં લખોટીઓ મૂકવા પગની એડીનો ટેકો દઈ અંગૂઠાની અણીથી ભોંય ઉપર કરવામાં આવતું ગોળ ચકરડું.

૨૧. સ્ત્રી. લુહાર કે સોનીનું પાણી રાખવાનું વાસણ.

૨૨. સ્ત્રી. વીશની સંખ્યાનો સંકેત.

૨૩. સ્ત્રી. સાડા છ શેરનું એક માપ.

ફૂંડીદા જુઓ ફૂંડીદાવ.

ફૂંડીદાવ પું. ભમરડાની એક જાતની રમત. આ રમતમાં પ્રથમ જમીન ઉપર એક ફૂંડી કાઢીને તેની અંદર ઠીકરૂં મૂકે છે. પછી જેટલા છોકરા રમનાર હોય તેઓ પોતાના ભમરડા ફેરવી તેને આંટે. જે ફૂંડી બહાર ઠીકરૂં કાઢે તે દાવ લે અને બાકીના છોકરાઓને માથે દાવ આવે એટલે તેઓ પોતપોતાના ભમરડા ફૂંડીમાં મૂકે. પછી દાવ લેનાર છોકરો પોતાનો ભમરડો ફેરવી તેને આંટે. જેઓના ભમરડા તાકતાં બહાર નીકળે તેને માથેથી દાવ ઊતરે અને તેઓ પણ ફૂંડીમાંના બીજા ભમરડાને તાકે. એમ કરતાં છેવટે એક ભમરડો ફૂંડીમાં રાખે. એ ભમરડો ફૂંડી બહાર નીકળે તોપણ કબૂલ કરાતું નથી. પણ તાકતાં કોઈ ભૂલે તો તેનો ફરતો ભમરડો દાવ આપનાર જાળી એટલે દોરી વતી ઊંચો ઉછાળીને ઝીલી લે. તેને આળો લેવો કહે છે. જે ભમરડો ઝિલાય તે ભમરડાને ફૂંડીમાં મૂકે. વળી ફેરવતાં જે ભમરડો ફરે નહિ તે પણ ફૂંડીમાં મૂકે. પણ જો ફૂંડીમાંના ભમરડાને વાગીને પછી ન ફરે તો તે અંદર મુકાય નહિ. વળી જે વાગ્યા વગર સીધો ફરે નહિ તેને કાતર કહે છે. એવી રીતે જેની ત્રણ કાતર થાય તેનો ભમરડો પણ અંદર મુકાય. એકથી વધારે ભમરડા ફૂંડીમાં ભરાય એટલે પ્રથમની પેઠે જેનો ભમરડો તાકતાં બહાર નીકળે તેને માથેથી દાવ ઊતરે. પણ જેનો ભમરડો ઘણી વખતથી અંદર હોય તેને પ્રથમ કાઢવો પડે છે. ''કોહવાતીને કાઢો, નહિ તો બેટા માંહી પડો'' એમ જેનો ભમરડો ફૂંડીમાં સૌની પહેલાં હોય તે બોલ્યા કરે અને જો તેને ન કાઢતાં શરતચૂકથી બીજાને કાઢે તો કાઢનારને પોતાનો ભમરડો ફૂંડીમાં મૂકવો પડે અને કોહવાતીને માથેથી દાવ ઊતરે. એમ જ્યાંસુધી રમવું હોય ત્યાંસુધી આ રમત રમાય છે.

ફૂંડીનો ખ્વાન પું. (જરથોસ્તી) યઝશનગાહમાં પાણીનું વાસણ રાખવાનો પથ્થરનો તકતો. આ તકતો નાનો ગોળાકાર હોય છે. ઊંચાઈમાં તે આશરે ૧૮ ઇંચ અને વ્યાસમાં ૧૫ ઇંચ હોય છે. આલાતના ખ્વાનની જમણી બાજુએ તે હોય છે.

ફૂંડીબંધ અ. કોડીબંધ; વીશ વીશના જથ્થામાં.

ફૂંડીસોંટા પું. ખાંડણી દસ્તો. ખાસ કરીને ભાંગ વાટવાનાં ખાંડણી દસ્તા માટે તે વપરાય છે.

ફૂંડું ૧. ન. કુંડ જેવું પહોળા મોંનું નાનું કે મોટું શકોરૂં.

૨. ન. ફૂંડાળું; વર્તુલ.

૧. ફૂંડું ઢાંકવું = વાત બહાર ન પડવા દેવી.

૨. ફૂંડે ઘાલવું = ઘોડાને પલોટવા માટે ગોળ ચક્કર ફેરવવું.

૩. ફૂંડે પાડવું = (૧) ખોટે રસ્તે દોરવું. (૨) ઠેકાણે લાવવું; કેળવીને ધંધે લગાડવું.

૩. ન. છોડ વાવવાનું માટીનું વાસણ.

૪. ન. ઢોરના દાણા ભરી રાખવાનું વાસણ.

ફૂંડેલી ૧. સ્ત્રી. કાચની ઢાંકણી.

૨. સ્ત્રી. નાનું ફૂંડું.

૩. સ્ત્રી. પથ્થરનો ખાંડણિયો.

૪. સ્ત્રી. પાણી સીંચવાની લોઢાની ડોલ.

ફૂંડેસા ૧. સ્ત્રી. કોળીની એ નામની એક અટક.

૨. ન. એ અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ફૂંઢી સ્ત્રી. ભેંસની એક જાત. ભેંસની જાત લોકોક્તિમાં નીચે મુજબ કહી છે:

ગણાં નામ ફૂંઢી તણાં નાગલું, ગોટક્યું,
નેત્રમું, નાનક્યું, શીંગ નમણાં.
ગીણલું, ભૂતડું, ભોજ છોગાળિયું,
બીનડું, હાથણી ગજાં બમણાં.
ભીલિયું, ખાવડ્યું, બોઘડું, ભૂરિયું,
પૂતળું, ઢીંગલું, નામ પ્રાજા.
ભગરિયું, વેગડ્યું, વાલમ્યું, ભાલમ્યું,
રાણ ખાડુ તણાં જાણ રાજા.
દાડમું, મીણલું, હોડકું, દડકલું,
ગેલિયું, મુંગલું, રૂપ ગણીએ.
સાંઢિયું, બાપલ્યું, ધ્રાખ ને સાકરૂં,
પાડ ગાડદ તણા કેમ ગણીએ.

ફૂંઢું ૧. વિ. ગૂંછળા જેવા વળાંકવાળું.

૨. વિ. ગોળાકાર.

ફૂંણ ૧. પું. (જૂ. ગુ.) ખૂણો.

૨. સ. કોણ.

ફૂંણપ સ્ત્રી. ફૂંણાશ.

ફૂંણાશ સ્ત્રી. ફૂંણપ; સુંવાળપ.

ફૂંણું વિ. ફૂણું; ફૂંળું; કોમળ; નરમ.

ફૂંત પું. અટકળ.

ફૂંતુ ન. ભાલું.

ફૂંદરૂં સ્ત્રી. એક જાતની ઔષધિ.

ફૂંદલી સ્ત્રી. સાંબેલાને છેડે લગાડેલું ગોળ લોઢું.

ફૂંદવું ૧. ન. ફૂંદવો; ઘાસની ગંજી.

૨. સ. ક્રિ. કુંદનથી જડવું.

૩. સ. ક્રિ. કુંદી કરવી.

ફૂંદવો ૧. પું. ઘાસની ગંજી.

૨. પું. લાકડાનો ઢગલો.

ફૂંદાવવું સ. ક્રિ. ફૂંદે એમ કરાવવું.

ફૂંદાવું અ. ક્રિ. ફૂંદે એમ થવું.

ફૂંધવું ન. ઘાસની ગંજી.

ફૂંધવો જુઓ ફૂંદવો.

ફૂંપળ ૧. સ્ત્રી. કળી.

૨. સ્ત્રી. કુમળું પાન; નવું ફૂટતું પાંદડું; નવાંકુર.

ફૂંપળડું (ફૂંપળડું) **૧.** ન. કુમળું પાન.

(કોઇ) પહલી પાણી પાય, એને ઘડે ઘી ઘુંટાવીએ,
(મારાં) **કુંપળડાં** કરમાય, રોપા રાણક વિના.
લોકોક્તિ

૨. વિ. કુમળું.

ફૂંપળિયું જુઓ ફૂંપળ.

ફૂંપળો પું. ફૂંળો ફણગો કે પીલો.

ફૂંપી જુઓ ફૂપી.

ફૂંપો જુઓ ફૂપો.

ફૂંભલ [સં. ગૃહભંગ] **સ્ત્રી.** ચોરી; ઘર ફાડવું તે.

ફૂંભલ્યો પું. ચોર.

ફૂંભિયો પું. કુંભિયો; થાંભલા નીચે મુકાતો ઘડેલો પથ્થર.

ફૂંભી જુઓ કુંભી.

ફૂંભું ન. લગભગ એકર જેટલું જમીનનું માપ; એક વીઘો, ૧૩ વસા અને ૧૬ વિશ્વાસુ જેટલું માપ.

કૂંરી સ્ત્રી. કોણી.

કૂંવળ ન. ઘઉંનું પરાળ.

કૂંવાડિયો (કૂંવાડિયો) પું. એક વનસ્પતિ; ચક્ર; ચક્રમર્દ; દદ્રુઘ્ન; પદ્માટ; પુન્નાટ. તે શાક કરવાના કામમાં આવે છે. એ છોડ શુમારે કમરપૂર ઊંચો વધે છે. એને પીળા રંગનાં ફૂલ આવી બારીક શિંગો આવે છે. એ શિંગોમાં મેથીનાં જેવાં બિયાં હોય છે. તે ગુણે મીઠો, લઘુ, કડવો, શીતળ તથા રૂક્ષ છે અને વાયુ, પિત્ત, દાદર, કફ, કોઢ, કૃમિ, દમ, મસ્તકશૂળ, વ્રણ, મેદરોગ, પ્રમેહ, ત્રિદોષ, અરુચિ, તાવ, મળમૂત્રસ્તંભ, મેહ તથા ઉધરસ મટાડે છે. તેનાં બી ગ્રાહક, ઉષ્ણ, તીખાં અને કફ, કોઢ, દમ, ઉધરસ, કંડૂ, વિષ, દાદર, સોજો, ગુલ્મ અને વાતરક્ત મટાડનાર છે.

કૂંણું વિ. કુમળું; કૂણું.

કૃ ૧. સ. ક્રિ. અમલ કરવો; માનવું.

૨. સ. ક્રિ. અવાજ કરવો; ઉચ્ચાર કરવો.

૩. સ. ક્રિ. અસર કરવી.

૪. સ. ક્રિ. આકાર આપવો; તૈયાર કરવું; બનાવવું.

૫. સ. ક્રિ. ઈજા કરવી.

૬. સ. ક્રિ. ઉત્પન્ન કરવું.

૭. સ. ક્રિ. કથવું; કહેવું; વર્ણન કરવું.

૮. સ. ક્રિ. કરવું.

૯. સ. ક્રિ. કાર્ય સોંપવું; નિમણૂક કરવી.

૧૦. સ. ક્રિ. ગણના કરવી; ધારવું; વિચારવું.

૧૧. સ. ક્રિ. ગાળવું; પસાર કરવું.

૧૨. સ. ક્રિ. ઘડવું; લખવું.

૧૩. સ. ક્રિ. ચણાવવું; બનાવવું; બાંધવું.

૧૪. સ. ક્રિ. જવા દેવું; છોડી દેવું; ફેંકી દેવું.

૧૫. સ. ક્રિ. ધારણ કરવું; પહેરવું.

૧૬. સ. ક્રિ. ધ્યાન આપવું.

૧૭. સ. ક્રિ. ભાગલા કરવા; વિભક્ત બનાવવું.

૧૮. સ. ક્રિ. મૂકવું.

૧૯. સ. ક્રિ. મોકલી દેવું.

૨૦. સ. ક્રિ. રાંધવું.

૨૧. સ. ક્રિ. વપરાશમાં લેવું.

૨૨. સ. ક્રિ. (ધાતુ) હાથમાં કામ લેવું. તે ઉપરથી બનેલા શબ્દ: કર્મ, કૃત, કૃત્ય, કૃતિ, કરણ, કરણી, કરતાર, કરતૂક, કરમ, કર્તવ્ય, કર્તા, કારક.

કૃક ૧. [સં.] પું. કંઠ.

૨. સ્ત્રી. કંઠનળી; કંઠનાલી; કંઠનાળ.

કૃકણ ૧. [સં.] પું. એક જાતનું પક્ષી.

૨. પું. શરીરમાં રહેલો એ નામનો એક વાયુ.

કૃકપાદિ પું. (પિંગળ) એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં નગણ, રગણ, સગણ અને લઘુ એમ દશ અક્ષર હોય છે.

કૃકર ૧. [સં.] પું. એક જાતનું પક્ષી.

૨. પું. કરવીર વૃક્ષ.

૩. પું. ચવક વનસ્પતિ.

૪. પું. શરીર માંહેનો એ નામનો એક વાયુ. તેના વેગથી છીંક આવે છે.

૫. પું. શિવ; શંકર.

કૃકરા [સં.] સ્ત્રી. લીંડીપીપર નામની વનસ્પતિ.

કૃકલ જુઓ કૃકર.

કૃકલવાયુ જુઓ કૃકર ૪.

કૃકલા [સં.] સ્ત્રી. લીંડીપીપર.

કૃકલાશ જુઓ કૃકલાસ.

કૃકલાસ [સં.] પું. કાચંડો; કાકીડો; સરટ; ગરોળીની જાતનું એક પ્રાણી.

કૃકલાસક જુઓ કૃકલાસ.

કૃકલાસમંડલ ન. (જ્યોતિષ) વિષુવાંશ ૧૦૫ થી ૨૦૫ અને દક્ષિણ ક્રાંત્યંશ ૭૦ થી ૮૫ વચ્ચેનો તારાપુંજ.

કૃકલાસી [સં.] સ્ત્રી. કાચંડી; કાકીડી.

કૃકવાકુ ૧. [સં.] પું. કાચંડો.

૨. પું. કૂકડો.

૩. પું. મોર.

કૃકવાકુધ્વજ [સં.] પું. કાર્તિક સ્વામી.

કૃકાટ [સં.] ન. ગરદનનો પાછળનો ભાગ.

કૃકાટક [સં.] ન. સ્વરયંત્રમાં રહેલું એ નામનું તરુણાસ્થિ. તેને અનુકૃકાટિકા નામની ઉત્તરગ્રીવિકાની શાખા લોહી પૂરું પાડે છે.

કૃકાટઘાટિકા સ્ત્રી. ગળાનાં હાડકાંની વચ્ચે આવેલી એ નામની એક માંસપેશી.

કૃકાટિકા ૧. [સં.] સ્ત્રી. ગરદનનો પાછળનો સીધો ભાગ.

૨. સ્ત્રી. ડોકમાં રહેલો ઉન્નત ભાગ; કાકડો.

કૃકાટિકામર્મ [સં.] ન. ડોક અને માથાના સંધિમાં આવેલાં અર્ધા આંગળનાં વૈકલ્પકર બે મર્મમાંનું દરેક. ત્યાં ઈજા થવાથી દર્દી તરત જ મરણ પામે. માથું અને ડોક વચ્ચેના સાંધાને ઈજા થતાં પૃષ્ઠવંશમાં રહેતી સુષુમ્ણા નાડી કપાઈ જઈ દર્દી મરણ પામે. સહેજ જ ઈજા થઈ હોય તો ક્યારેક દર્દી થોડી કલાક જીવી શકે.

કૃકાંતરદર્શક ન. કંઠનાળ જોવાનું યંત્ર.

કૃકિ કરવું અ. ક્રિ. ટહુકવું; કૂજવું.

કૃકૃ થવું અ. ક્રિ. આંતરડાં બોલવાં.

કૃકૃખર ન. પતિ તરફના કર્તવ્યનો ભંગ કરવા માટે સ્ત્રીએ કરવાનું પ્રાયશ્ચિત્ત.

કૃચ્છ્ર ૧. [સં.] પું. મૂત્રકૃચ્છ્રનો રોગ.

૨. ન. કષ્ટ; દુ:ખ; પીડા.

૩. ન. કષ્ટ દેનારૂં પ્રાજાપત્ય વ્રત; ધર્મશાસ્ત્રોમાં કહેલું એ નામનું એક પ્રાયશ્ચિત્ત વ્રત. તે બહુ મુશ્કેલીએ થઈ શકે છે.

૪. ન. પાપ.

૫. ન. પ્રાયશ્ચિત્ત.

૬. ન. મુશ્કેલી; મુસીબત; સંકટ.

૭. વિ. કષ્ટવાળું; દુ:ખ આપે એવું.

૮. વિ. ઘાતકી; નિર્દય.

૯. વિ. સખત; મુશ્કેલ.

કૃચ્છ્રગત ૧. [સં.] વિ. દુ:ખમાં આવી પડેલ; મુશ્કેલીમાં ગયેલ.

૨. વિ. મૂત્રકૃચ્છ્રના રોગવાળું.

કૃચ્છ્રચાંદ્રાયણ ન. એક પ્રાયશ્ચિત્ત વ્રત; મહા મુશ્કેલીએ થઈ શકે એવું પ્રાજાપત્ય વ્રત.

કૃચ્છ્રતા [સં.] સ્ત્રી. સંકટ; મુશ્કેલી.

કૃચ્છ્રત્વ જુઓ કૃચ્છ્રતા.

કૃચ્છ્રપરાક પું. બાર દિવસ સુધી નિરાહાર રહેવાનું એક વ્રત.

કૃચ્છ્રપ્રસવ [સં.] પું. સુવાવડનો એક ભેદ; મુશ્કેલીથી થતો પ્રસવ. તેમાં બાળકના પ્રસવને ૨૪ કલાક કરતાં વધુ વખત લાગે છે. પ્રથમની સુવાવડ હોય તો ગર્ભમાર્ગનો ભાગ સખત હોવાથી, ગર્ભનું માથું અને કુટિરનો ભાગ નાનો મોટો હોવાથી, ગર્ભાશય અત્યંત વાંકું વળી જવાથી, સ્ત્રીનું મન ઉદાસ રહેવાથી, હિસ્ટીરિઅ, તાવ, ઉધરસ, ઝાડાની કબજિયતની ટેવ વગેરે દરદથી, રુક્ષ, લૂખાં, કાચાંકોરાં ખાવાની ટેવ, છેવટ સુધી દાદર ચડવા, દૂધ ઘી ઉપર અભાવો, ભજિયાં, દાળિયા, વાલવટાણા જેવી વાયુ કરનારી અને લૂખી અસ્નિગ્ધ વસ્તુ ખાવાની લત વગેરે કારણોથી, ગર્ભાશયનું મુખ, ગ્રીવા કે યોનિ સંકુચિત થવાથી કૃચ્છ્રપ્રસવ થાય છે.

કૃચ્છ્રવ્રત જુઓ કૃચ્છ્ર ૩.

કૃચ્છ્રસાંતપન ન. એ નામનું પ્રાયશ્ચિત્તરૂપ એક વ્રત.

કૃચ્છ્રહર [સં.] પું. પાષાણભેદ નામની વનસ્પતિ.

કૃચ્છ્રાતિકૃચ્છ્ર ૧. [સં.] ન. એ નામે એક વ્રત.

૨. ન. સ્મૃતિ અનુસાર એક પ્રકારનું તપ.

કૃચ્છ્રારિ ૧. [સં.] પું. એક જાતનું બીલીનું ઝાડ.

૨. પું. પાષાણભેદ.

કૃચ્છ્રાર્દ્ધ [સં.] ન. એ નામનું એક વ્રત.

કૃણુ [સં.] પું. ચિત્રકાર; ચિતારો.

કૃત્ ૧. [સં.] પું. એક જાતનો પ્રત્યય.
૨. વિ. કરનાર.
૩. સ. ક્રિ. કાપવું; કાપી નાખવું; ફાડવું; ચીરવું.
૪. સ. ક્રિ. વીંટવું; ઘેરવું; વીંટાઈ વળવું.
૫. સ. ક્રિ. શબ્દ કરવો; અવાજ કરવો.

કૃત ૧. પું. અહિંસાના ત્રણ માંહેનો એક પ્રકાર.
૨. પું. ગુલાબ.
૩. પું. ચાર માંહેનો પહેલો યુગ; કૃતયુગ.
૪. પું. (પુરાણ) વસુદેવના રોહિણીથી થયેલ પુત્રોમાંનો સાતમો.
૫. પું. (પુરાણ) સોમવંશી જયરાજાનો પુત્ર.
૬. [સં.] ન. કર્મ.
૭. ન. કર્મફળ.
૮. ન. ચારની સંજ્ઞા; ચાર સૂચક સાંકેતિક શબ્દ.
૯. ન. પાસાની ચાર ચિહ્નોવાળી બાજુ.
૧૦. ન. ફળ; પરિણામ.
૧૧. વિ. અભ્યાસ કરેલું.
૧૨. વિ. ઉત્પન્ન કરેલું.
૧૩. વિ. છેદેલું; કાપેલું.
૧૪. વિ. પક્વ કરેલ.
૧૫. વિ. પૂર્ણ થયેલું; સમાપ્ત.
૧૬. વિ. બનાવેલું; રચેલું; સંપાદન કરેલું.
૧૭. વિ. બસ થયેલું.
૧૮. વિ. વીંટાળેલું.
૧૯. વિ. સાધેલું; કરેલું.
૨૦. વિ. હરકત કરેલું.

કૃતક ૧. પું. ગઢ; કિલ્લો.
૨. પું. દત્તક પુત્ર.
૩. પું. વસુદેવને મદિરાની કૂખે થયેલા ચારમાંનો ત્રીજો પુત્ર.
૪. ન. સંચળ.
૫. વિ. બનાવટી; ખોટું; અસત્ય.
૬. વિ. સાંકેતિક.
૭. વિ. સ્વીકારેલું; માની લીધેલું.

કૃતક કલહ [સં.] પું. ખોટો કજિયો; દેખાવની વઢવાડ.

કૃતકતિકા પું. (પિંગળ) ત્રણ નગણ અને સગણ મળી બાર વર્ણનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કતિકા. તે જગતિ છંદનો એક ભેદ છે.

કૃતકર્તવ્ય [સં.] વિ. કરવા યોગ્ય કર્યું હોય તેવું; ફરજ બજાવી હોય એવું.

કૃતકર્મ ૧. [સં.] ન. કુકર્મ; પાપ; દુષ્કર્મ.
૨. વિ. કર્તવ્યપરાયણ; કામમાં મગ્ન.
૩. વિ. ચતુર; હોશિયાર.
૪. વિ. સારાંનરસાં કર્મ કર્યાં હોય એવું.

કૃતકર્મા ૧. પું. ઋષિ, દેવ અને પિતૃ એ ત્રણે ઋણમાંથી મુક્ત પુરુષ.
૨. પું. પરમેશ્વર.
૩. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.
૪. પું. સંન્યાસી.
૫. વિ. પોતાનું કામ સિદ્ધ કર્યું હોય એવું.
૬. વિ. પ્રવીણ; ચતુર; કુશળ.

કૃતકવલિ પું. (પિંગળ) ત્રણ નગણ અને લઘુ મળી ૧૦ વર્ણનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પંક્તિ છંદનો એક ભેદ છે.

કૃતકામ [સં.] વિ. જેની ઇચ્છા પૂરી થઈ હોય એવું.

કૃતકાર્ય ૧. [સં.] વિ. કરવાનાં કામ કરી પરવાર્યું હોય એવું.
૨. વિ. જેના મનની ઇચ્છા બર આવી હોય એવું; સફળ; કૃતકૃત્ય.
૩. વિ. વિદ્વાન.
૪. વિ. સંતુષ્ટ; સુખી.

કૃતકાલ ૧. [સં.] પું. નિયમિત કરેલો વખત.
૨. વિ. જેને માટે અમુક સમયની અવધિ નક્કી કરવામાં આવી હોય એવું.

કૃતકૃતાર્થ ૧. [સં.] વિ. યશસ્વી; વિજયી; ફતેહમંદ.
૨. વિ. સફળ; કૃતકૃત્ય.

કૃતકૃત્ય ૧. પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.
૨. [સં. કૃત (કરેલું) + કૃત્ય (કામ)] વિ. જેણે પોતાનું કર્તવ્ય પાર પાડ્યું હોય તેવું; પોતાની ફરજ બજાવી ચૂકેલું.
૩. વિ. જેના સર્વ મનોરથ સિદ્ધ થયા હોય એવું; કૃતાર્થ.
૪. વિ. તરી પાર ઊતરેલું.
૫. વિ. વિદ્વાન.
૬. વિ. સફળ; ધન્ય.
૭. વિ. સંતુષ્ટ; સુખી.

કૃતકૃત્યતા ૧. સ્ત્રી. કરેલા ઉપકારનો બદલો વાળવાપણું; કૃતાર્થતા.
૨. સ્ત્રી. તૃપ્તિ; સંતોષ.
૩. સ્ત્રી. સાર્થકતા; સફળતા.

કૃતકૃત્યત્વ જુઓ કૃતકૃત્યતા.

કૃતકોટી ૧. [સં.] પું. ઉપવર્ષ મુનિ.
૨. પું. કાશ્યપ મુનિ.

કૃતકોપ ૧. [સં.] પું. ક્રોધ કર્યો હોય એવો માણસ.
૨. વિ. કોપાયમાન; ગુસ્સે થયેલું.

કૃતક્રય [સં.] વિ. વેચાતું લેનાર; જેણે વેચાતું લીધું હોય તેવું.

કૃતક્રિય વિ. પોતાનાં નિત્યકર્મ વગેરે કરેલું; જેણે સર્વ ક્રિયા કરી લીધી હોય એવું.

કૃતક્ષણ ૧. પું. (પુરાણ) વૈદેહ રાજા.
૨. વિ. જેણે ઉત્સવ કર્યો હોય તેવું.
૩. વિ. જેણે સમયની મર્યાદા બાંધી હોય એવું.
૪. વિ. લબ્ધાવકાશ; જેને અવકાશ મળ્યો હોય એવું.

કૃતઘ્ન ૧. [સં. કૃત (કરેલું) + હન્ (હણવું)] વિ. ઉપકારના બદલામાં અપકાર કરનાર; નિમકહરામ; અપકારી.
૨. વિ. કરેલો ઉપકાર ભૂલી જનાર.

કૃતઘ્નતા ૧. [સં. કૃત (કરેલું) + ઘ્ન (હણનાર) + તા (પણું)] સ્ત્રી. ઉપકારના બદલામાં અપકાર કરવો તે; નિમકહરામી; નગુણાપણું.
૨. સ્ત્રી. કરેલા ઉપકારને ભૂલી જવાપણું.

કૃતઘ્નતાજન્ય વિ. નિમકહરામીથી થયેલું.

કૃતઘ્નત્વ જુઓ કૃતઘ્નતા.

કૃતઘ્ની જુઓ કૃતઘ્ન.

કૃતચૂડ [સં.] વિ. જેનો ચૌલ સંસ્કાર કરવામાં આવ્યો હોય તેવું.

કૃતચેતા પું. (પુરાણ) પાંડવો દ્વૈતવનમાં રહેતા હતા ત્યારે તેની સાથે વસનાર એ નામનો એક ઋષિ.

કૃતજ્ઞ ૧. [સં.] પું. પરમેશ્વર.
૨. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. કૃત્ કાર્યરૂપ જગતને અને જ્ઞ આત્માને કહે છે. ભગવાન કૃત્ પણ છે અને જ્ઞ પણ છે, તેથી કૃતજ્ઞ કહેવાય છે.
૩. પું. શિવ.
૪. પું. સૂર્યનું એક નામ.
૫. વિ. ઉપકારના બદલામાં ઉપકાર કરનાર.
૬. વિ. કરેલા ઉપકારને જાણનાર; નિમકહલાલ; એહસાન માનનાર.

કૃતજ્ઞતા ૧. સ્ત્રી. ઉપકારનો બદલો ઉપકારથી વાળવો તે.
૨. [સં.] સ્ત્રી. એહસાનમંદી; નિમકહલાલી; વફાદારી; કરેલા ઉપકારને જાણવાનો ગુણ.

કૃતજ્ઞત્વ જુઓ કૃતજ્ઞતા.

કૃતજ્ઞબુદ્ધિ સ્ત્રી. કરેલા ઉપકારની કદર કરવાની બુદ્ધિ.

કૃતઘ્ની જુઓ કૃતઘ્ન ૫, ૬.

કૃતતીર્થ ૧. [સં.] વિ. જેણે તીર્થાટન કર્યું હોય તેવું.
૨. વિ. મંત્રી; સલાહકાર.

કૃતત્વ ૧. [સં.] ન. કરવાપણું; કાર્યત્વ.
૨. ન. કરેલું હોવાપણું.

કૃતદંડ [સં.] પું. યમરાજ.

કૃતદાર [સં. કૃત (કરેલું) + દારા (સ્ત્રી)] વિ. જેણે સ્ત્રી કરેલી હોય તેવું; સ્ત્રીને પરણેલ.

કૃતદાસ ૧. [સં. કૃત (એક જાતનો દાસ) + દાસ (નોકર)] પું. ખરીદેલો દાસ; અમુક સમય સુધી પગાર લઈ દાસ થનાર પુરુષ.
૨. [સં. કૃત (કરેલું) + દાસ (નોકર)] વિ. જેણે દાસ કરેલ હોય તેવું; ચાકર રાખનાર.

કૃતદ્યુતિ સ્ત્રી. શૂરસેન દેશના રાજા ચિત્રકેતુની એ નામની એક મુખ્ય રાણી.

કૃતધી [સં.] વિ. જેણે શાસ્ત્રના અભ્યાસથી અંત:કરણને સંસ્કારી કર્યું હોય એવું; શાણું; વિચારશીલ; સ્થિર ચિત્તવાળું.

કૃતધ્વજ ૧. પું. (પુરાણ) પ્રતર્દન રાજાનું બીજું નામ.
૨. પું. (પુરાણ) વિદેહ વંશના ધર્મધ્વજ જનકના બે માંહેનો પહેલો પુત્ર.

કૃતધ્વસ્ત ૧. [સં.] વિ. ખોઈ નાખેલ.
૨. વિ. નાશ કરેલું.

કૃતધ્વંસ ૧. [સં.] વિ. જેનો નાશ કરાયો હોય તેવું.
૨. વિ. હરકત કરેલ.
૩. વિ. હરાવેલ.

કૃતનપુંસક વિ. જન્મથી નહિ પરંતુ પાછળથી બનેલ નપુંસક.

કૃતનાશ ૧. [સં.] પું. (વેદાંત) પુનર્જન્મ પરત્વે આવતો જન્મ ન માનતાં થતો એક દોષ.
૨. પું. (વેદાંત) વેદવિહિત યાગદાનાદિ ક્રિયા કરીને સંપાદન કરેલો ધર્મ, તથા વેદનિષિદ્ધ હિંસાદિક ક્રિયા કરીને સંપાદન કરેલો અધર્મ, તે ધર્માધર્મનો સુખદુ:ખરૂપ ફળ ભોગવ્યા વિના કરાતો નાશ; કૃતકર્મનો નાશ; કરેલાં કર્મનો ફળ ભોગવ્યા વિના જ નાશ.

કૃતનાશી [સં. કૃતનાશિન્] વિ. કૃતઘ્ન; કરેલા ગુણનો નાશ કરનાર.

કૃતનિશ્ચય ૧. [સં.] પું. કરેલો નિશ્ચય.
૨. ન. દૃઢ ઠરાવ.
૩. વિ. નિશ્ચયી; નિશ્ચય કરેલું; નક્કી કરી બેઠેલું.

કૃતનિંદક [સં.] વિ. કૃતઘ્ન; નિમકહરામ.

કૃતપુણ્યસંચય [સં. કૃત (કરેલું) + પુણ્ય + સંચય (સંગ્રહ)] વિ. પુણ્યનો સંચય જેણે કર્યો હોય એવું.

કૃતપૂર્વ [સં.] વિ. પૂર્વે કરેલ; અગાઉ બનાવેલ.

કૃતપૂર્વનાશન [સં.] ન. અપકાર; કરેલ ઉપકારને ભૂલી જવાપણું.

કૃતપ્રજ્ઞ પું. (પુરાણ) દુર્યોધનના પક્ષના ભગદત્ત રાજાનો એ નામનો દીકરો. ભારતના યુદ્ધમાં નકુળે તેને માર્યો હતો.

કૃતપ્રણામ [સં.] વિ. જેણે પ્રણામ કરેલ હોય એવું.

કૃતપ્રણાશ [સં.] પું. કરેલાં પુણ્યપાપનો ભોગવ્યા વગર નાશ થવો તે; પુણ્યપાપની હાનિ.

કૃતફલ [સં.] સ્ત્રી. એ નામની વનસ્પતિ; કાકોલી.

કૃતફલા [સં.] સ્ત્રી. કોલશીંબિ નામની વનસ્પતિ.

કૃતબુદ્ધિ [સં.] વિ. યથાર્થ બુદ્ધિવાળું.

કૃતબુદ્ધિતા [સં.] સ્ત્રી. સંસ્કાર; સંસ્કૃતિ; સંસ્કારિતા.

કૃતમણિતા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. દશ અક્ષરનો આ અક્ષરમેળ છંદ પંક્તિ છંદનો એક ભેદ છે. તેને મણિતા પણ કહે છે. તેમાં ભગણ, બે નગણ અને ગુરુ આવે છે.

કૃતમાલ ૧. પું. એ નામનો એક દેવ.
૨. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે શર્કરી છંદનો એક ભેદ છે. તેમાં તગણ, જગણ, યગણ, ભગણ અને બે ગુરુ મળી ચૌદ અક્ષર હોય છે.
૩. ન. કરેણનું ઝાડ.
૪. ન. ગણિયારીનું ઝાડ.
૫. ન. ગરમાળાની શીંગ; ગરમાળો.
૬. વિ. જેણે માળા બનાવી હોય એવું.

કૃતમાલક પું. ગરમાળો.

કૃતમાલા ૧. સ્ત્રી. મદુરા પાસેની વૈગા નદીનું પ્રાચીન નામ. એ નદી મલય પર્વતમાંથી નીકળે છે.
૨. ન. એ નામનું એક ઝાડ; ગરમાળો.

કૃતમાળા [સં. કૃતમાલા] સ્ત્રી. એ નામની દ્રાવિડ દેશની એક નાની નદી; કૃતમાલા.

કૃતમુખ ૧. [સં.] વિ. પંડિત; વિદ્વાન.
૨. વિ. શાણું; કુશળ; નિપુણ.

કૃતયજ્ઞ [સં.] વિ. જેણે યજ્ઞ કરેલ હોય તેવું.

કૃતયશા પું. ઋગ્વેદના નવમા મંડલના એકસો આઠમા સૂક્તની ૧૦ તથા ૧૧ ઋચાનો કર્તા એક ઋષિ.

કૃતયશાઆંગિરસ પું. સામવેદનો એ નામનો એક ઋષિ.

કૃતયુ પું. (પિંગળ) બે નગણ તથા બે લઘુ મળી આઠ અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેને કૃશયુ કે નરહરિ છંદ પણ કહે છે.

કૃતયુગ ૧. [સં.] પું. કર્મ કરવાનો યુગ.
૨. પું. (પુરાણ) કૃતયુગનો મૂર્તિમાન દેવ.
૩. પું. ચાર માંહેનો એ નામનો એક યુગ; સત્યયુગ. તેનો માઘ સુદિ ૧૫ સોમવારથી આરંભ થયો મનાય છે. આ યુગમાં મત્સ્ય, કૂર્મ, વરાહ, નૃસિંહ એમ ચાર અવતાર થાય. મત્સ્યાવતાર પ્રભવ સંવત્સર, દક્ષિણાયન, કાર્તિક કૃષ્ણ ત્રીજ સોમવાર, મૃગ નક્ષત્ર, શોભનયોગ, દિવસના ઘડી ૨૦ પળ ૫ સમયે થયાનું, કૂર્માવતાર શુક્લ સંવત્સર, દક્ષિણાયન, શ્રાવણ સુદિ ૧૩ ગુરુવાર, મૂળ નક્ષત્ર, વિષ્કંભયોગ, ઘડી ૧૦ પળ ૭ સમયે થયાનું, વરાહાવતાર આંગિરસ નામના સંવત્સરના ઉત્તરાયણ, જ્યેષ્ઠ સુદિ ૧૨ રવિવાર, સ્વાતિ નક્ષત્ર, વરિયાનયોગ, રાત્રે ઘડી ૧૦ પળ ૨ સમયે થયાનું અને નૃસિંહાવતાર આંગિરસ નામના સંવત્સરના ઉત્તરાયણ, વૈશાખ સુદિ ૧૪ શનિવાર, સ્વાતિ નક્ષત્ર, વરિયાનયોગ, સૂર્યાસ્ત થયા પછી ઘડી ૦ પળ ૫ સમયે થયાનું મનાય છે. તેનાં કલિયુગથી ચારગણાં એટલે ૧૭,૨૮,૦૦૦ વર્ષ છે. કૃતયુગનો સમય સત્યનો હતો. લોકો ફરજ બજાવવામાં જરા પણ ઢીલ કરતા નહિ, તેમ જ ખોરાક માટે મહેનત કરતા નહિ, પરંતુ માત્ર ઇચ્છાથી સર્વ વસ્તુ પ્રાપ્ત થતી. ઈર્ષા, રડારોળ, અહંકાર, દગોફટકો, તિરસ્કાર, ક્રૂરતા, બીક, દુ:ખ, ઝેરવેર વગેરે અનિષ્ટોનો અભાવ હતો. તે વખતે માત્ર એક જ વેદ હતો. કૃતયુગમાં માણસની આવરદા ૪૦૦૦ વર્ષની હોવાનું મનાય છે.

કૃતયોગી ૧. [સં. કૃતયોગિન્] વિ. જ્ઞાની.
૨. વિ. યોગની સાધના કરેલી હોય એવું.

કૃતરથ ૧. પું. (પુરાણ) નિમિ વંશનો એક રાજા.
૨. [સં.] વિ. રથ બનાવનાર.

કૃતલક્ષણ ૧. [સં.] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. તે નિત્યસિદ્ધ ચૈતન્યસ્વરૂપ હોવાથી કૃતલક્ષણ કહેવાય છે.
૨. વિ. ગુણથી પ્રસિદ્ધ થયેલ.
૩. વિ. જેણે ચિહ્ન કરેલ હોય એવું.

કૃતવત [સં. કૃતવત્] વિ. કરતું; કરનાર.

કૃતવતી ૧. પું. (પિંગળ) આઠ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; ઉપલિની. તેના દરેક ચરણમાં નગણ, રગણ, લઘુ અને ગુરુ એમ આઠ અક્ષર હોય છે. આ છંદ અનુષ્ટુપનો એક ભેદ છે.

૨. સ્ત્રી. સાબરમતી નદીનું એક પ્રાચીન નામ.

કૃતવર્મ પું. એ નામનો એક યાદવ.

કૃતવર્મા ૧. પું. (પુરાણ) કૌરવ પક્ષનો એક યોદ્ધો; સોમવંશી નહુષપૌત્ર યદુરાજાના સાત્વત કુળના હૃદિક રાજાના પાંચ માંહેનો ત્રીજો પુત્ર. એને હાર્દિક પણ કહે છે. એ મરુદ્ગણનો અંશાવતાર હોવાથી ભારતના યુદ્ધમાં બળરામે એને દુર્યોધનની સહાયે એક અક્ષૌહિણી દળ સહિત યુદ્ધ માટે મોકલ્યો હતો. ભારતનું યુદ્ધ પૂરું થતાં દુર્યોધનની પાસે જે ત્રણ વીર જીવતા રહ્યા હતા તેમાં આ એક હતો. પછીથી એ દ્વારકા ગયો હતો. કંઈ કાળ પછી યુધિષ્ઠિરે અશ્વમેધ કર્યો ત્યારે અર્જુનની સાથે એ અશ્વની રક્ષા કરવા ગયો હતો. કૃષ્ણ નિજ ધામે ગયા તેની પૂર્વે પિંડારક ક્ષેત્રમાં યાદવોમાં માંહોમાંહે કલહ થયો. તેમાં સાત્યકીને હાથે કૃતવર્મા મરાયો હતો.

૨. પું. જૈન મતાનુસાર વર્તમાન અવસર્પિણીના તેરમા અર્હતના પિતા.

૩. પું. રાજા કનકનો પુત્ર અને કૃતવીર્યનો ભાઈ.

કૃતવાક પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

કૃતવાદ [સં.] પું. અવતારવાદ; ઈશ્વર અમુક અમુક વખતે પૃથ્વીનો ભાર ઉતારવા જન્મ લે છે એવો મત.

કૃતવિદ્ય [સં.] વિ. જેણે વિદ્યાભ્યાસ કરેલ હોય એવું; વિદ્વાન; પંડિત.

કૃતવિશ્વ [સં.] પું. સૂર્ય; સૂરજ.

કૃતવીર્ય ૧. [સં.] પું. (પુરાણ) સોમવંશી યદુકુલના ધનકરાજાના ચાર માંહેનો પહેલો પુત્ર. એનો પુત્ર કાર્તવીર્ય હતો. તેનું બીજું નામ સહસ્રાર્જુન હતું.

૨. વિ. જેણે પરાક્રમ કર્યું હોય એવું; પરાક્રમી.

કૃતવેગ પું. (પુરાણ) એ નામનો એક ક્ષત્રિય.

કૃતવેતન [સં.] પું. પગાર ઠરાવ્યો હોય તેવો ચાકર.

કૃતવેદી [સં. કૃતવેદિન્] વિ. ઉપકાર માનવાવાળું; કૃતજ્ઞ.

કૃતવેધ [સં.] પું. ધોળી કોષાતકીનો વેલો.

કૃતવેધક જુઓ કૃતવેધ.

કૃતવેધન ૧. [સં.] ન. કડવી તુંબડી.

૨. ન. કડવું તૂરિયું.

કૃતવેધના જુઓ કૃતવેધ.

કૃતવેપથુ [સં.] વિ. ધ્રૂજતું; કાંપતું.

કૃતશિલ્પ [સં.] વિ. શિલ્પશાસ્ત્રનો જેણે અભ્યાસ કરેલ હોય તેવું.

કૃતશુલ્ક [સં.] ન. જકાત અપાઈ ગઈ હોય તેવો માલ.

કૃતશોભ [સં.] વિ. શોભાયમાન; સુંદર.

કૃતશૌચ ન. (પુરાણ) એ નામનું ભારતવર્ષીય એક ક્ષેત્ર.

કૃતશ્રમ ૧. [સં.] પું. ધર્મરાજાનો સભાસદ એક ઋષિ.

૨. વિ. અત્યંત ઉત્સાહવાળું.

૩. વિ. જેણે પરિશ્રમ કર્યો હોય તેવું.

કૃતસંકલ્પ ૧. [સં.] વિ. કંઈ પણ કરવાના નિશ્ચયવાળું.

૨. વિ. જેણે કોઈ પણ જાતનો વિચાર કર્યો હોય એવું.

કૃતસંકેત ૧. [સં.] વિ. જેણે ઇશારો કે નિશાની કરેલ હોય એવું.

૨. વિ. પરસ્પર મળી કાંઈ વાત નક્કી કરેલ હોય એવું.

કૃતસંજ્ઞ જુઓ કૃતસંકેત.

કૃતસાપત્નિકા [સં.] સ્ત્રી. પહેલી પરણેલી સ્ત્રી; જેના ઉપર શોક લાવવામાં આવી હોય તેવી સ્ત્રી.

કૃતસ્થલી સ્ત્રી. (પુરાણ) એ નામની એક અપ્સરા.

કૃતસ્વર [સં.] વિ. જેણે શબ્દ કર્યો હોય એવું.

કૃતહસ્ત ૧. [સં.] વિ. કુશળ; હોશિયાર; ચતુર.

૨. વિ. જેના હાથમાં બાણ ચલાવવાની ચતુરાઈ હોય તેવું; બાણ ફેંકવામાં કુશળ; બાણાવળી.

કૃતહસ્તતા ૧. [સં.] સ્ત્રી. બાણ ફેંકવામાં કુશળપણું.

૨. સ્ત્રી. હોશિયારી; ચતુરાઈ.

કૃતહસ્તત્વ જુઓ કૃતહસ્તતા.

કૃતહાનિ [સં.] સ્ત્રી. કરેલાં કર્મનો નાશ.

કૃતંજય ૧. પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

૨. પું. (પુરાણ) સૂર્યવંશના ઇક્ષ્વાકુકુળના બર્હિરાજાનો પુત્ર. એના પુત્રનું નામ રણંજય હતું.

કૃતાકૃત ૧. [સં.] પું. પરમેશ્વર.

૨. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.

૩. ન. અધૂરું કામ.

૪. ન. કાચું અને અપક્વ હવ્ય.

૫. ન. કાર્ય અને કારણ.

૬. ન. સોનું અને ચાંદી.

૭. વિ. કરેલ અને નહિ કરેલ.

કૃતાગમ ૧. [સં.] પું. પરમેશ્વર.

૨. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.

૩. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

કૃતાગ્નિ પું. (પુરાણ) સોમવંશના યદુકુળના ધનક રાજાના ચારમાંનો બીજો પુત્ર; કૃતવીર્ય રાજાનો નાનો ભાઈ.

કૃતાત્મ [સં.] પું. કરવાનું સૌ કરી રહેલ પુરુષ.

કૃતાત્મા ૧. [સં. કૃતાત્મન્] પું. મહાત્મા; મહાન સાધુ પુરુષ.

૨. વિ. શુદ્ધ અંતઃકરણવાળું; જેનું મન સાફ હોય એવું.

કૃતાત્યય [સં.] પું. ભોગવ્યા વિનાનાં કર્મનો નાશ.

કૃતાનંદ [સં.] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

કૃતાનુકૃત [સં.] ન. કરેલાંનું અનુકરણ કરવું તે; નકલ કરવાપણું.

કૃતાનેક [સં.] વિ. અનેક વાર કરેલું.

કૃતાન્ન ૧. [સં.] ન. પકવાન્ન; રાંધેલું અન્ન.

૨. વિ. જેણે અનાજને રાંધીને તૈયાર કર્યું હોય એવું.

કૃતાપરાધ [સં.] વિ. જેણે ગુનો કરેલો છે એવું; ગુનેગાર; દોષિત.

કૃતાભિજ્ઞ [સં.] વિ. કૃતજ્ઞ; કરેલું જાણનાર.

કૃતાભિષેક [સં.] વિ. જેનો અભિષેક કરવામાં આવ્યો હોય તેવું; પ્રતિષ્ઠા અને સંસ્કાર કરેલ.

કૃતાય ૧. [સં.] પું. કૃતયુગનો ચાર આંકડાવાળો પાસો.

૨. પું. જૂગટામાં પ્રસિદ્ધ એવો ચારની સંખ્યાવાળો એક પાસો.

કૃતારથ જુઓ કૃતાર્થ.

કૃતાર્થ ૧. [સં.] પું. કોઈની ઇચ્છા પૂરી પાડવાપણું.

૨. વિ. અર્થ એટલે પ્રયોજન સિદ્ધ થયું હોય એવું; કૃતકૃત્ય; સફળ.

૩. વિ. કુશળ; નિપુણ; હોશિયાર.

૪. વિ. જન્મ સફળ કર્યો હોય તેવું; પૂર્ણકામ; બ્રહ્મજ્ઞાની.

૫. વિ. નિર્મળ; પવિત્ર; ચોખ્ખું.

૬. વિ. ભાગ્યશાળી; નસીબદાર.

૭. વિ. મોક્ષ પ્રાપ્ત કરી લીધો હોય તેવું.

૮. વિ. સંતુષ્ટ; સંતોષ પામેલું.

કૃતાર્થતા [સં.] સ્ત્રી. કૃતાર્થપણું; કૃતકૃત્યતા; સિદ્ધિ; સાફલ્ય.

કૃતાર્થત્વ જુઓ કૃતાર્થતા.

કૃતાર્થપણું જુઓ કૃતાર્થતા.

કૃતાર્થી જુઓ કૃતાર્થ ૨-૮.

કૃતાલક [સં.] પું. શિવનો એ નામનો એક અનુચર.

કૃતાલય ૧. [સં.] પું. દેડકો.

૨. વિ. જેણે વાસ કર્યો હોય એવું; રહેનાર.

કૃતાલયા [સં.] સ્ત્રી. દેડકી.

કૃતાવદાન [સં.] વિ. જેણે પ્રખ્યાત કામ કર્યાં હોય એવું.

કૃતાશન [સં.] વિ. જેણે ભોજન કર્યું હોય એવું.

કૃતાશ્વ પું. (પુરાણ) સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુલોત્પન્ન સંહતાશ્વ રાજાના બે માંહેનો પહેલો પુત્ર. એને કૃશાશ્વ એવું બીજું નામ પણ હતું. શ્યેનજિત અથવા પ્રસન્ન એ નામનો રાજા તેનો પુત્ર હતો.

કૃતાસ્કંદન [સં.] વિ. જેણે હુમલો કે ચડાઈ કરેલ હોય એવું.

કૃતાસ્ત્ર [સં.] વિ. અસ્ત્રવિદ્યાનો અભ્યાસ કરેલ હોય એવું; અસ્ત્રવિદ્યામાં નિપુણ.

કૃતાંક ૧. [સં.] પું. જેમાં ચારનો અંક રહેલો છે તેવો એક પાસો.

૨. વિ. ચિહ્ન કરેલ હોય એવું; આંકડા પાડેલું.

કૃતાંજલિ ૧. [સં.] સ્ત્રી. પ્રતિજ્ઞા.

૨. ન. લજ્જાલુવૃક્ષ; રિસામણીનો છોડ.

૩. વિ. બે હાથ જોડીને અંજલિ કરેલ હોય એવું; બદ્ધાંજલિ; જોડેલા હાથવાળું.

કૃતાંત ૧. [સં.] પું. આગમશાસ્ત્ર.

૨. પું. જેમાં ભૂમિતિની કાંઈ પણ રચના કરી હોય તથા તે રચનાની ઉત્પત્તિ પણ દર્શાવેલી હોય તેવું શાસ્ત્ર.

૩. પું. દેવતા; દેવ.

૪. પું. ધર્મરાજા.

૫. પું. પાપ.

૬. પું. (ગણિત) ભૂમિતિમાં ઇષ્ટ પ્રકારનું બિંદુ કે રેખા દોરવાની રીત; કૃત્ય; સિદ્ધાંત.

૭. પું. યમરાજ; યમ.

૮. પું. શનિગ્રહ.

૯. ન. દૈવ; નસીબ.

૧૦. ન. પૂર્વ જન્મમાં કરેલ શુભાશુભ કર્મનું ફળ.

૧૧. ન. બેની સંખ્યા.

૧૨. ન. ભરણી નક્ષત્ર.

૧૩. ન. મૃત્યુ; મરણ.

૧૪. વિ. ભયંકર; દારુણ.

૧૫. વિ. મુશ્કેલ; અઘરૂં.

૧૬. વિ. સિદ્ધાંત ભણેલ.

કૃતાંતક જુઓ કૃતાંત.

કૃતાંતકાળ [સં. કૃતાંતકાલ] પું. યમથી છોડાવનાર પ્રભુ.

કૃતાંતકૃત [સં.] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. કૃત એટલે કાર્યરૂપ જગતનો અંત એટલે સંહાર કરે છે તેથી, કૃતાંત એટલે મૃત્યુને કાપે છે તેથી, અથવા કૃતાંત એટલે મૃત્યુની રચના કરનાર હોવાથી પણ વિષ્ણુ કૃતાંતકૃત કહેવાય છે.

કૃતાંતજનક [સં.] પું. સૂર્ય.

કૃતાંતજનકા [સં.] સ્ત્રી. એક જાતનું સુગંધી દ્રવ્ય; રેણુકા; કૃતાંતા.

કૃતાંતપુર [સં.] ન. યમલોક.

કૃતાંતભગિની [સં.] સ્ત્રી. યમુના.

કૃતાંતહતક [સં.] પું. કાળ; મૃત્યુ.

કૃતાંતા [સં.] સ્ત્રી. રેણુકા નામનું ગંધદ્રવ્ય.

કૃતિ ૧. [સં.] પું. (પિંગળ) અનુષ્ટુપની જાતિનો વીશ વર્ણનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ.

૨. પું. (પુરાણ) પુરુકુલોત્પન્ન હસ્તિના પુત્ર દેવમીઢ અથવા દ્વિમીઢના વંશમાં જન્મેલા સન્નતિમાન રાજાનો પુત્ર. એણે હિરણ્યનાભ પાસેથી પ્રાચ્ય નામની છ સંહિતાઓ સંપાદન કરી હતી.

૩. પું. (પુરાણ) ભારતના યુદ્ધમાં દુર્યોધનના પક્ષનો એક રાજા.

૪. પું. (પિંગળ) મગણ, બે નગણ અને રગણ મળી બાર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે જગતી છંદનો એક ભેદ છે.

૫. પું. (પુરાણ) વિદેહ વંશના બહુલાશ્વ જનકનો પુત્ર.

૬. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. પરમાત્મા સર્વાત્મક હોવાથી અથવા સર્વ ક્રિયાનો આધાર હોવાથી કૃતિ શબ્દથી લક્ષિત થાય છે.

૭. પું. વીશની સંખ્યા બતાવનાર સાંકેતિક શબ્દ.

૮. પું. (પુરાણ) સોમવંશી આયુપુત્ર નહુષ રાજાના ૭ પુત્રમાંનો સૌથી નાનો દીકરો.

૯. પું. (પુરાણ) સોમવંશી પુરુકુલોત્પન્ન અજમીઢ રાજાના કુરુપુત્ર સુધનુ વંશમાં જન્મેલા ચ્યવન રાજાનો પુત્ર.

૧૦. પું. (પુરાણ) સોમવંશી યદુપુત્ર ક્રોષ્ટાના જ્યામઘકુળમાંના સોમપાદના પુત્ર બભ્રુનો પુત્ર.

૧૧. સ્ત્રી. આઘાત; ક્ષતિ.

૧૨. સ્ત્રી. આચરણ; રીતભાત; આચાર.

૧૩. સ્ત્રી. (ગણિત) આપેલી સંખ્યા કે બૈજિક રાશિને તેનાથી જ ગુણવાથી આવતું પરિણામ; વર્ગસંખ્યા.

૧૪. સ્ત્રી. ઈંદ્રજાળ; જાદુ.

૧૫. સ્ત્રી. કટારી; જમૈયો.

૧૬. સ્ત્રી. કાતર.

૧૭. સ્ત્રી. કામ; કાર્ય; ક્રિયા.

૧૮. સ્ત્રી. ચાળા; અભિનય.

૧૯. સ્ત્રી. ડાકિની; ડાકણ.

૨૦. સ્ત્રી. પુરુષપ્રયત્ન; વ્યાપાર.

૨૧. સ્ત્રી. બનાવ; ઘટના.

૨૨. સ્ત્રી. (ભૂમિતિ) રચના; સર્જન; માગેલી બાબત સાબિત કરવા માટે લીટી, ખૂણા, કૌંસ વગેરે દોરવાં પડે તે; 'કન્સ્ટ્રક્શન'.

૨૩. સ્ત્રી. સાહિત્યનું કામ; સંપાદન.

૨૪ સ્ત્રી. સિદ્ધિ; કરણ; અનુષ્ઠાન.

૨૫. સ્ત્રી. હિંસા.

કૃતિક સ્ત્રી. શરીરની ત્વચાના ઉપાસ્તરના કોષમાંથી સ્રાવ પામતી ચીકણી અંતર્સાલ. તે ચામડીનું રક્ષણ કરે છે.

કૃતિકર [સં.] પું. વીશ હાથવાળો રાવણ.

કૃતિચોરી જુઓ કૃતિચૌર્ય.

કૃતિચૌર્ય [સં.] ન. સાહિત્ય કલાદિની ચોરી કરવી તે; તફડંચી.

કૃતિનિર્દેશ [સં.] પું. શબ્દની ઓળખ; શબ્દાર્થ.

કૃતિનિષ્ઠ [સં.] વિ. પોતાના કાર્યમાં ચુસ્ત રહેનાર; કર્તવ્યપરાયણ.

કૃતિપદ ન. (ગણિત) વર્ગમૂળ; 'સ્કવેર રૂટ'.

કૃતિપરંપરા [સં.] સ્ત્રી. કાર્યક્રમ; કાર્યશૈલી; કાર્યવ્યવસ્થા.

કૃતિપુત્ર [સં.] પું. દત્તક લીધેલો દીકરો.

કૃતિપ્રકૃતિ [સં.] સ્ત્રી. કાર્ય અને પ્રતિકાર્ય.

કૃતિપ્રેરક [સં.] વિ. રચનાત્મક; કંઈ પણ કરવા પ્રેરે એવું; સંયોજક.

કૃતિમાન પું. (પુરાણ) સોમવંશના પુરુકુળના દેવમીઢ અથવા દ્વિમીઢ રાજાના પુત્ર યવીનરનો પુત્ર. એનું બીજું નામ ધૃતિમાન પણ હતું.

કૃતિરથ પું. (પુરાણ) વિદેહવંશના પ્રદીપક જનકનો પુત્ર. એનું નામ કીર્તિરથ પણ હતું.

કૃતિરાત પું. (પુરાણ) વિદેહવંશના મહાધૃતિ જનકનો પુત્ર. એનું બીજું નામ કીર્તિમાન હતું.

કૃતિવિસ્ફોટક સાહિત્ય [સં.] ન. વાઙ્મયના ત્રણ માંહેનો એક પ્રકાર; ઔદ્યોગિક સાહિત્ય; 'ટેક્નિકલ લિટરેચર'.

કૃતિશક્તિનાશ [સં.] પું. ઇચ્છાશક્તિને થતું નુકસાન.

કૃતિશૂન્ય વિ. નકામું.

કૃતિસંગ્રહ [સં.] પું. લખાણનો સંગ્રહ.

કૃતિસાધ્ય વિ. પ્રયત્નથી મળે એવું.

કૃતિસ્વાતંત્ર્ય [સં.] ન. ઇચ્છાસ્વાતંત્ર્ય; સ્વતંત્રકૃતિશક્તિ.

કૃતિહસ્ત [સં. કૃતિ (વીશ) + હસ્ત (હાથ)] પું. રાવણ. તેને વીશ હાથ હોવાનું મનાય છે.

કૃતી ૧. પું. ચ્યવન ઋષિનો એ નામનો પુત્ર અને ઉપરિચર વસુનો પિતા.

૨. પું. બાવીસ સૂચક સાંકેતિક શબ્દ.

૩. પું. સાધુ.

૪. સ્ત્રી. (પુરાણ) પંચજન દૈત્યની માતાનું નામ.

૫. સ્ત્રી. (પુરાણ) વસુપુત્ર વિશ્વકર્મ્યની પત્ની. ચાક્ષુષ નામનો છઠ્ઠો મનુ એને ઉદરે જન્મ્યો હતો.

૬. વિ. કુશળ; નિપુણ; દક્ષ; પ્રવીણ.

૭. [સં.] વિ. કૃતકૃત્ય; પોતાની ફરજ બજાવી હોય એવું.

૮. વિ. ધાર્મિક; ધર્મને અનુસરનારૂં.

૯. વિ. ભાગ્યશાળી; નસીબદાર.

૧૦. વિ. વિદ્વાન; પંડિત.

કૃતુ [સં.] પું. યજ્ઞ; હોમ; હવન.

કૃતુરાજ પું. યજ્ઞરાજ.

કૃતે [સં.] અ. અર્થે; માટે; સબબે.

કૃતેયુ પું. (પુરાણ) સોમવંશી પુરુકુલોત્પન્ન રૌદ્રાશ્વ રાજાનો ચોથો પુત્ર.

કૃતોદક [સં.] વિ. સ્નાન, તર્પણ વગેરે કરનાર.

કૃતોદ્વાહ ૧. [સં.] વિ. ઊભો રહીને અથવા ઊંચા હાથ રાખીને પ્રાયશ્ચિત્ત કરનાર.

૨. વિ. લગ્ન કરેલ; પરણેલ.

કૃતોપકાર ૧. [સં.] વિ. ઉપકાર કરનાર.

૨. વિ. યજ્ઞોપવિત સંસ્કાર પામેલ.

કૃતોપનયન વિ. ઉપનયન સંસ્કાર પામેલ.

કૃતોપાસ્તિ [સં.] પું. આત્મસાક્ષાત્કાર થતાં પહેલાં જેણે સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર થતાં સુધી ઉપાસના કરી હોય એવો જ્ઞાનવાન માણસ.

કૃતૌજા પું. (પુરાણ) સોમવંશી યદુપુત્ર સહસ્રાજિતના વંશના ધનક રાજાના ચાર માંહેનો ચોથો દીકરો.

કૃત્ત ૧. [સં.] વિ. કાપી નાખેલ; છેદી નાખેલ.

૨. વિ. ચેષ્ટા કરેલ.

કૃત્તિ ૧. [સં.] ન. (જ્યોતિષ) કૃત્તિકા નક્ષત્ર.

૨. ન. ચામડું.

૩. ન. ભોજપત્ર.

૪. ન. મૃગચર્મ.

કૃત્તિકા ૧. [સં.] સ્ત્રી. અસ્ત્રો.

૨. સ્ત્રી. (પુરાણ) કાર્તિકેયની માતા.

૩. સ્ત્રી. ક્રાંતિવૃત્તનો ૨૬ અંશ ૪૦ કલા અને ૪૦ અંશ વચ્ચેનો વિભાગ.

૪. સ્ત્રી. ચંદ્રનું ત્રીજું ઘર.

૫. સ્ત્રી. છકડો; બેલગાડી.

૬. સ્ત્રી. (પુરાણ) પ્રાચેતસ દક્ષે સોમને આપેલી સત્તાવીશ માંહેની એ નામની એક કન્યા.

૭. ન. (જ્યોતિષ) એ નામનું બીજું નક્ષત્ર. તેની આકૃતિ દેશી અસ્તરા જેવી કલ્પેલી છે. તેના છઠ્ઠા અને સાતમા તારા મળીને અસ્તરાના હાથાનો છેડો બને છે અને બાકીના તારાનું પાનું થાય છે. રોહિણીની પાસે જ વાયવ્યમાં આ નક્ષત્ર છે. ફેબ્રુઅરિ માસમાં સંધ્યાકાળે આ નક્ષત્ર મધ્યાહ્ન વૃત્ત ઉપર આવે છે. આ નક્ષત્રના નામ ઉપરથી જ કાર્તિક માસ નામ પડ્યું છે. આ નક્ષત્રમાં પુરુષનો જન્મ થયો હોય તો તે ઘણું ભોજન કરનાર, પરસ્ત્રી ઉપર પ્રીતિવાળો અને તેજસ્વી થાય. તેમાં ૭ તારા સ્પષ્ટ અને સાતમો તારો ઝીણો છે. તે તારાનાં નામ: (૧) વર્ષયંતિ, (૨) દુલા, (૩) ચુપૂણિકા, (૪) મેઘયંતિ, (૫) અભ્રયંતિ, (૬) તિતસ્ત્રી, (૭) અંબા. આ નક્ષત્રનો અધિષ્ઠાતા દેવ અગ્નિ છે. તેમાં ૭ તારાને અપ્સરાઓ માનેલી છે. પાયાના અક્ષર અ, ઇ, ઉ, એ છે. આ નક્ષત્રમાં રોગ થાય તો નવરાત્રિ પીડા ભોગવવી પડે. 'કૃત્તિકા કરે કરવરૂં' એટલે કે કૃત્તિકામાં વરસાદ થાય તો વરસ કરવરૂં એટલે ક્યાંક સારૂં પાકે તો ક્યાંક ન પાકે એવું નબળું થાય. જ્યારે બીજો પક્ષ 'કૃત્તિકા કરે કલ્યાણ' એમ કહે છે. એટલેકે વરસાદ કૃત્તિકા પછી સારો જ થાય અને વરસ સારૂં પાકે એમ કેટલાક માને છે.

કૃત્તિકાતનય [સં.] પું. કાર્તિક સ્વામી.

કૃત્તિકાનક્ષત્ર ન. (જ્યોતિષ) એ નામનું સત્તાવીશ માંહેનું એક નક્ષત્ર.

કૃત્તિકાપુત્ર [સં.] પું. કાર્તિક સ્વામી.

કૃત્તિકાપુંજ [સં.] ન. (જ્યોતિષ) વૃષભ નક્ષત્રમાં આવેલા સાત તારાનો સમૂહ. દૂરદર્શકયંત્રની મદદથી નિરીક્ષણ કરીએ તો આ તારા ફક્ત સાત નહિ પણ અસંખ્ય દેખાય છે.

કૃત્તિકાભવ [સં.] પું. કાર્તિક સ્વામી.

કૃત્તિકારોહિણી સ્ત્રી. બ. વ. (જ્યોતિષ) કૃતિકા અને રોહિણી નક્ષત્રો.

કૃત્તિકાવાસેશ્વર [સં.] ન. કાશીમાં આવેલ એ નામનું એક શિવલિંગ.

કૃત્તિકાસુત [સં.] પું. કાર્તિક સ્વામી.

કૃત્તિવાસ [સં.] પું. મહાદેવ. શંકરે ગજાસુરને મારી તેની ખાલ ઓઢી લીધી હતી તેથી તે કૃતિવાસ કહેવાય છે.

કૃત્તિવાસા ૧. [સં.] પું. શિવ; શંભુ; શૂલી; ભૂતેશ; વ્યાઘ્રચર્મ પહેરનાર; વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ.

૨. સ્ત્રી. ચોસઠ માંહેની એ નામની એક યોગિની.

કૃત્નુ [સં.] વિ. કુશળ; પ્રવીણ.

કૃત્નુભાર્ગવ પું. ઋગ્વેદના આઠમા મંડલના ઓગણ્યાએંશીમા સૂક્તનો કર્તા એ નામનો એક ઋષિ.

કૃત્પ્રત્યય [સં.] પું. (વ્યાકરણ) ધાતુને લાગી નવો શબ્દ બનાવતો પ્રત્યય.

કૃત્ય ૧. [સં.] પું. ગૃહસ્થ.

૨. પું. (વ્યાકરણ) કૃત્ય સંજ્ઞાવાળા પ્રત્યય. તે ૭ છે: ણ્યત્, ક્યપ્, તવ્ય, અનીયર્, યત્ અને કેલિમ.

૩. ન. આચરણ.

૪. ન. કરેલ, ગણેલ કે બનાવેલ સિદ્ધાંત.

૫. ન. ક્રિયા; કાર્ય; કામ; કર્મ.

૬. ન. ચાંદ્રાયણ ગોત્રનું એ નામનું એક પ્રવર.

૭. ન. પાચન; હજમ થવું તે.

૮. ન. (ગણિત) ભૂમિતિમાં ઇષ્ટ પ્રકારનું બિંદુ કે રેખા દોરવાની રીત; કૃતાંત.

૯. ન. વેદવિહિત આવશ્યક કર્મ. બૌદ્ધ મત પ્રમાણે જ્ઞાનાનુસાર કૃત્ય ચૌદ પ્રકારનાં હોય છે: (૧) પ્રતિસંધિ, (૨) ભવાંગ, (૩) આવર્જન, (૪) દર્શન, (૫) શ્રવણ, (૬) ઘ્રાણ, (૭) શયન, (૮) સ્પર્શ, (૯) સંપ્રતિચ્છન, (૧૦) સંતીર્ણ, (૧૧) ઉત્થાન, (૧૨) ગમન, (૧૩) તદાલંબન, (૧૪) ચ્યુતિ. જૈનમતાનુસાર કૃત્ય ૭ પ્રકારનાં છે:

(૧) દિનકૃત્ય, (૨) રાત્રિકૃત્ય, (૩) પર્વકૃત્ય, (૪) ચાતુર્માસકૃત્ય, (૫) સંવત્સરકૃત્ય અને (૬) જન્મકૃત્ય.

૧૦. ન. સાધ્ય.

૧૧. ન. હેતુ.

૧૨. વિ. કરવા જેવું.

કૃત્યક ૧. [સં.] ન. કૃત્ય; કામ.

૨. વિ. પીડા કરનાર; હરકત કરનાર.

કૃત્યકા [સં.] સ્ત્રી. હત્યા વગેરે મોટાં ભયંકર કાર્ય કરી શકે એવી સ્ત્રી.

કૃત્યજ્ઞ ૧. [સં.] વિ. કરવા જેવું.

૨. વિ. ચતુર.

૩. વિ. વિદ્વાન.

કૃત્યપંચક [સં.] ન. પાંચ કૃત્યનો સમૂહ. સૃષ્ટિ, સ્થિતિ, સંહાર, તિરોભાવ અને અનુગ્રહકરણ એ કૃત્યપંચક છે.

કૃત્યવાદ [સં.] પું. ક્રિયાવાદ; વ્યાવહારિકતાવાદ; વ્યવહારદૃષ્ટિવાદ.

કૃત્યવિદ [સં. કૃત્યવિદ્] વિ. કાર્યકુશળ; કુશળ; નિપુણ.

કૃત્યવિધિ [સં.] પું. કામ કરવાનો રસ્તો કરવા યોગ્ય ઉપાય.

કૃત્યશાસ્ત્ર [સં.] ન. કર્તવ્યશાસ્ત્ર; આચારવિદ્યા.

કૃત્યસાધકતાવાદ [સં.] પું. અનુભવસિદ્ધવાદ.

કૃત્યસિદ્ધાંત [સં.] પું. (ગણિત) અમુક સાધન કે સાધનોનો ઉપયોગ કરીને બનાવાતી નવી કૃતિ.

કૃત્યંકૃતં [સં.] અ. (ગણિત) જે રચના કરવાની હતી તે થઈ ચૂકી. ભૂમિતિમાં દરેક કૃત્યને અંતે આ પ્રમાણે લખવાનો રિવાજ છે.

કૃત્યંતર ન. બે સંખ્યાના વર્ગ વચ્ચેનો તફાવત.

કૃત્યા ૧. [સં.] સ્ત્રી. આભિચારિક પ્રયોગથી ઉત્પન્ન કરવામાં આવતી કોઈ દેવ વગેરેની મૂર્તિ.

૨. સ્ત્રી. ક્રિયા; કામ; કૃતિ.

૩. સ્ત્રી. ચુડેલ; ડાકિની.

૪. સ્ત્રી. જાદૂ કરનારી સ્ત્રી.

૫. સ્ત્રી. જાદૂગરી.

૬. સ્ત્રી. દુષ્ટા; કર્કશા સ્ત્રી; શંખણી.

૭. સ્ત્રી. મરકી.

૮. સ્ત્રી. મહાભારતમાં જણાવેલી એક પ્રાચીન નદી.

૯. સ્ત્રી. મેલી દેવી; મેલડી.

૧૦. સ્ત્રી. મોત.

૧૧. સ્ત્રી. રાક્ષસી; વિકરાળ સ્ત્રી.

કૃત્યાકૃત્ય ૧. [સં.] ન. કાર્ય અને અકાર્ય.

૨. વિ. કરવા તથા નહિ કરવા યોગ્ય; કર્તવ્ય અને અકર્તવ્ય.

કૃત્યાદૂષણ ૧. [સં.] પું. અંગિરસ વંશનો એક ઋષિ.

૨. ન. એક પ્રકારની ઔષધિ. તેનાથી કૃત્યાનું દોષનિવારણ થાય છે.

૩. ન. એક પ્રકારનું કૃત્ય. તે કૃત્યાના પ્રતિકાર માટે કરવામાં આવે છે.

કૃત્યાદૂષણી [સં.] સ્ત્રી. કૃત્યાનો નાશ કરે એવી એક ઔષધિ.

કૃત્રિમ ૧. [સં.] પું. ચીનીકપૂર; શેલારસ.

૨. પું. દત્તકપુત્ર.

૩. ન. જૂઠાણું.

૪. ન. દગો.

૫. ન. બિડલવણ.

૬. ન. રસાંજન.

૭. ન. સંચળ.

૮. વિ. ઉપરચોટિયું.

૯. વિ. કલ્પિત.

૧૦. વિ. કૃતિથી થયેલ.

૧૧. વિ. ક્રિયાથી ઉત્પન્ન થયેલ.

૧૨. વિ. નકલી; બનાવટી.

કૃત્રિમખાદ ન. બનાવટી ખાતર.

કૃત્રિમગર્ભપાત [સં.] પું. કૃત્રિમ ઉપાયોથી કરાતો ગર્ભપાત.

કૃત્રિમગલી સ્ત્રી. ગર્ભ ન હોવા છતાં સગર્ભાવસ્થા જણાવી તે; કૃત્રિમ ગર્ભાવસ્થા.

કૃત્રિમચુંબક ન. બનાવટી લોહચુંબક.

કૃત્રિમતા [સં.] સ્ત્રી. બનાવટ; ડોળ.

કૃત્રિમધૂપ [સં.] પું. દશાંગાદિ ધૂપ. તે દશ પ્રકારનાં સુગંધી દ્રવ્યો ભેળાં કરીને બનાવાય છે.

કૃત્રિમધૂપક જુઓ કૃત્રિમધૂપ.

કૃત્રિમનિદ્રા [સં.] સ્ત્રી. મોહનિદ્રા; તંદ્રા.

કૃત્રિમનિરોધ [સં.] પું. બનાવટી સાધનોથી કરાતું સંતતિનિયમન.

કૃત્રિમનીલ [સં.] સ્ત્રી. બનાવટી ગળી.

કૃત્રિમનેત્ર [સં.] ન. બનાવટી ડોળો.

કૃત્રિમપણું ૧. ન. કપટ.

૨. ન. બનાવટીપણું.

કૃત્રિમપરિમાણ [સં.] ન. એકમ તરીકે મરજી મુજબ લીધેલું પરિમાણ.

કૃત્રિમપુત્ર [સં.] પું. દત્તકપુત્ર.

કૃત્રિમપુત્રક [સં.] પું. દત્તકપુત્ર.

કૃત્રિમમણિકર્મ [સં.] ન. બનાવટી મણિ બનાવવાની એક કલા.

કૃત્રિમમધ ન. બનાવટી મધ; ગોળ, ખાંડ અથવા ખજૂરનાં પાણીની ચાસણી કરી તેમાં થોડી ફટકડી નાખી બનાવેલું મધ જેવું પ્રવાહી. તે અંદરની ફટકડીને લીધે ઠરી જતું નથી.

કૃત્રિમમિત્ર ૧. [સં.] પું. ઉપકાર વગેરેના કારણથી થયેલ મિત્ર. બધા પ્રકારના મિત્રોમાં આવા મિત્રને શ્રેષ્ઠ માનેલ છે.

૨. પું. બનાવટી મિત્ર; કામ પૂરતો રાખેલો મિત્ર.

કૃત્રિમરસ [સં.] પું. નવ પ્રકારના રસ ઉપરાંતનો એક વધુ રસ.

કૃત્રિમવન [સં.] ન. બાગ; બગીચો.

કૃત્રિમસીમા સ્ત્રી. મનુષ્યકૃત સીમા.

કૃત્રિમસુત [સં.] પું. દત્તકપુત્ર.

કૃત્રિમી ૧. વિ. બનાવટી; ઉપજાવી કાઢેલું; નવું ઊભું કરેલ.

૨. વિ. ભેદભર્યું; વેષધારી.

કૃત્વરી [સં.] સ્ત્રી. કરનારી સ્ત્રી.

કૃત્વા ૧. સ્ત્રી. (પુરાણ) કૃષ્ણદ્વૈપાયનના પુત્ર શુકની એ નામની દીકરી. તેનું બીજું નામ કીર્તિમતી હતું.

૨. [સં.] અ. કરીને.

૩. અ. મારી નાખીને; ઠાર કરીને.

કૃત્વી ૧. [સં.] સ્ત્રી. કર્મ.

૨. સ્ત્રી. કાળ.

૩. સ્ત્રી. શુકદેવજીને પીવરી નામની સ્ત્રીથી થયેલ એક દીકરી; કીર્તિમતી.

કૃત્સ ૧. [સં.] પું. પાપ.

૨. ન. પાણી.

૩. ન. સમુદાય; સમૂહ.

કૃત્સ્ન ૧. [સં.] ન. પાણી; જલ.

૨. ન. પેટ; ઉદર;

૩. વિ. સઘળું; આખું; સકલ; બધું.

કૃત્સ્નવિત ૧. [સં. કૃત્સ્ન (સઘળું) + વિદ્ (જાણવું)] પું. વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ.

૨. વિ. આત્માને જાણનાર.

૩. વિ. જ્ઞાની; વિદ્વાન.

૪. વિ. સંહારક.

કૃત્સ્નવિદ જુઓ કૃત્સ્નવિત.

કૃદર ૧. [સં.] પું. અનાજનો કોઠાર.

૨. પું. ઘર.

૩. ન. દિશાનો ઉત્તર ભાગ.

કૃદંત [સં.] પું.; ન. ધાતુને કાળ કે અર્થવાચક પ્રત્યય લાગવાથી બનતું અપૂર્ણ અર્થવાચક રૂપ; કૃત પ્રત્યય લાગેલા હોય તેવું નામ.

કૃદંતવિશેષણ [સં.] ન. ક્રિયાવાચક વિશેષણ.

કૃધ્રુ [સં.] વિ. નાનું; ટૂંકું.

કૃધ્રુક જુઓ કૃધ્રુ.

કૃદ્ધ [સં.] વિ. ગુસ્સે થયેલું; કોપાયમાન થયેલ.

કૃદ્ધતા [સં.] સ્ત્રી. ક્રોધનો આવેશ.

કૃપ ૧. [સં.] પું. (પુરાણ) ઉત્તાનપાદના પુત્ર ધ્રુવનો પૌત્ર; શિષ્ટના ચાર માંહેનો મોટો પુત્ર.

૨. પું. (પુરાણ) દ્રોણનો સાળો કૃપાચાર્ય. જુઓ કૃપાચાર્ય.

૩. ન. એક જાતનું ત્રિશાળ ઘર; જે ત્રિશાળ ઘરના મુખ આગળ બે અલિંદ હોય અને તે અલિંદો આગળ એક ભદ્ર હોય તથા મધ્યે એક પાટડો હોય તેવું પશ્ચિમ મુખનું ઘર.

૪. ન. કર્મ.

કૃપજ [સં.] ન. એક જાતનું ત્રિશાળ ઘર. જુઓ કૃપ ૩.

કૃપણ ૧. પું. કીડો; કૃમિ.

૨. [સં.] પું. લોભિયો; કંજૂસ માણસ.

૩. વિ. કંજૂસ; લોભી; બખીલ; કસરિયું.

૪. વિ. કાયર.

૫. વિ. દયા ખાવા જેવું અજ્ઞાન.

૬. વિ. દીન; ગરીબ.

૭. વિ. નિર્ધન; દરિદ્ર.

૮. વિ. બ્રહ્મને ન ઓળખનાર.

૯. વિ. મૂર્ખ.

૧૦. વિ. હલકું; ક્ષુદ્ર; નીચ.

કૃપણતા ૧. [સં.] સ્ત્રી. કંજૂસાઈ; કૃપણપણું.

૨. સ્ત્રી. ગરીબાઈ.

૩. સ્ત્રી. નીચતા.

૪. સ્ત્રી. મૂર્ખાઈ.

કૃપણત્વ જુઓ કૃપણતા.

કૃપયા ૧. [સં.] સ્ત્રી. અશ્વત્થામાની માતા; કૃપની બહેન; દ્રોણની પત્ની.

૨. [હિં.] અ. કૃપાપૂર્વક; મહેરબાની કરીને.

કૃપા ૧. [સં.] સ્ત્રી. દયા; મહેરબાની; મહેર.

૨. સ્ત્રી. દ્રોણની પત્નીનું નામ.

૩. સ્ત્રી. પ્રસાદ; બક્ષિશ.

૪. [સં.] સ્ત્રી. (વેદાંત) ફળની અપેક્ષા રાખ્યા સિવાય બીજાના દુઃખનો નાશ કરવાની ઇચ્છા.

૫. સ્ત્રી. (પુરાણ) ભારતવર્ષની એ નામની નદી.

૬. સ્ત્રી. માફી; ક્ષમા.

કૃપાકટાક્ષ [સં.] પું. કૃપાની નજર; મહેરબાનીની નજર.

કૃપાકણિકા સ્ત્રી. કૃપારૂપી કણ; થોડી પણ કૃપા.

કૃપાકર [સં.] વિ. કૃપાળુ; દયાળુ.

કૃપાકાંક્ષી [સં.] વિ. કૃપાની ઇચ્છા રાખનાર; મહેરબાનીની ચાહનાવાળું.

કૃપાચાર્ય [સં.] પું. (પુરાણ) દ્રોણનો સાળો. ગૌતમકુળના શરદ્વાન ઋષિ તપ કરતા હતા. તેના તપનો ભંગ કરવા ઇંદ્રે જાનપદી નામની અપ્સરા મોકલી હતી. એને જોઈને એમનું રેત પતન થયું. તેમાંથી ઉત્પન્ન થયેલા જોડકામાંનો પુત્ર તે કૃપાચાર્ય. આ જોડકાનું શાંતનુ રાજાએ કૃપા કરીને પાલન કર્યું હતું, તે ઉપરથી પુત્રનું નામ કૃપ અને કન્યાનું નામ કૃપી પાડ્યું હતું. એ શરદ્વાન ઋષિનો પુત્ર એટલે શારદ્વાન અને ગૌતમકુળનો માટે ગૌતમ કહેવાતો. તેને ચતુર્વિધ ધનુર્વેદ તેના પિતા શરદ્વાને શીખવ્યો. આ ચતુર્વિધ ધનુર્વેદ તે મુક્ત, અમુક્ત, મુક્તામુક્ત અને મંત્રમુક્ત. આથી કૃપ આચાર્ય બન્યો ને કૃપાચાર્ય કહેવાયો. દ્રોણાચાર્યની પહેલાં કૌરવપાંડવોને ધનુર્વિદ્યા એ જ શીખવતો હતો. મહાભારત વખતે એ દુર્યોધનના પક્ષમાં હતો. બધા કૌરવો મરણ પામ્યા હોવાથી પાંડવોએ એને આશ્રય આપ્યો હતો. એ ચિરંજીવી મનાય છે.

કૃપાણ ૧. પું. પથ્થર; પાષાણ; પાણો.

૨. પું. (પિંગળ) બત્રીશ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કિરપાણ. આ છંદ વર્ણદંડકનો ભેદ છે. દર આઠ અક્ષરે યતિ આવે છે. તેમાં એકત્રીસમો વર્ણ ગુરુ અને બત્રીશમો લઘુ હોય છે.

૩. ન. કટાર.

૪. [સં.] ન. ખડ્ગ; તરવાર.

કૃપાણક ૧. પું. કટાર.

૨. [સં.] પું. તરવાર.

કૃપાણિકા જુઓ કૃપાણી.

કૃપાણી [સં.] સ્ત્રી. છૂરી; નાની કટારી.

કૃપાદૃષ્ટિ [સં.] સ્ત્રી. મહેરબાનીની નજર; અમીદૃષ્ટિ; રહેમનજર.

કૃપાધના વિ. કૃપાળુ; દયાળુ.

કૃપાન ન. પાલખી; મિયાનો.

કૃપાનંદ ૧. [સં.] પું. ઈશ્વરની કૃપાનો આનંદ.

૨. પું. સ્વામીનારાયણ સંપ્રદાયનો એ નામનો મહાન પુરુષ.

કૃપાનાથ ૧. [સં.] પું. દયાનિધિ; પરમેશ્વર, કેમકે કૃપા કરવી તેના હાથમાં છે.

૨. વિ. મોટી કૃપા કરનાર.

કૃપાનિધાન ૧. [સં.] સ્ત્રી. કૃપાનિધિ; કૃપાનો ભંડાર; પરમેશ્વર.

૨. વિ. મહેરબાનીવાળું.

કૃપાનિધિ [સં.] પું. કૃપાનો ભંડાર; પરમેશ્વર; ભગવાન માટે વપરાતું નામ.

કૃપાનુગત [સં.] વિ. મહેરબાનીવાળું; કૃપાળુ.

કૃપાપત્ર [સં.] પું.; ન. મહેરબાનીભર્યો પત્ર.

કૃપાપાત્ર ૧. ન. કૃપાને પાત્ર બનેલ માણસ; કૃપાભાજન.

૨. [સં.] વિ. દયા કરવાને યોગ્ય; મહેરબાની દર્શાવવા લાયક.

કૃપાભાજન જુઓ કૃપાપાત્ર.

કૃપામય [સં.] વિ. મહેરબાનીવાળું; દયાળુ.

કૃપામૃત [સં.] ન. કૃપારૂપી અમૃત; દયારૂપી અમી.

કૃપાયતન પું. દયાનો ભંડાર.

કૃપાયુક્ત [સં.] વિ. કૃપા ભરેલ; દયાવાન.

કૃપારસ પું. દયાની લાગણી.

કૃપારૂપ વિ. કૃપાળુ; દયાળુ.

કૃપાલ [સં.] વિ. દયાળુ.

કૃપાલય ૧. [સં.] ન. કરુણાધામ; દયાસાગર.

૨. વિ. મહેરબાનીવાળું; દયાળુ.

કૃપાલુ [સં.] વિ. દયાળુ; કૃપાળુ.

કૃપાવંત [સં.] વિ. દયાળુ; મહેરબાન; કરુણાવંત.

કૃપાવાન જુઓ કૃપાવંત.

કૃપાવૃષ્ટિ [સં.] સ્ત્રી. કૃપાનો વરસાદ.

કૃપાસાગર ૧. [સં.] પું. મહેરબાનીનો સમુદ્ર; કૃપાસિંધુ.

૨. વિ. અતિ મહેરબાનીવાળું; અત્યંત દયાવાળું.

કૃપાસાધ્ય [સં.] વિ. કૃપાથી મેળવી શકાય એવું.

કૃપાસાર ૧. પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

૨. પું. વિષ્ણુ.

કૃપાસિંધુ જુઓ કૃપાસાગર.

કૃપાહીન [સં.] વિ. દયા વગરનું.

કૃપાળ [સં. કૃપાલ] વિ. દયાળુ; કૃપાથી ભરેલું.

કૃપાળુ જુઓ કૃપાલુ.

કૃપિતાંગ પું. હવામાં રહેલો એક જાતનો વાયુ.

કૃપી ૧. પું. લોભી માણસ; કંજૂસ માણસ.

૨. [સં.] સ્ત્રી. (પુરાણ) દ્રોણની પત્ની અને અશ્વત્થામાની માતા. શરદ્વાનના વીર્યથી શરસ્તંબમાં ઉત્પન્ન થયેલ જોડકા માંહેની પુત્રી.

તે કૃપાચાર્યની બહેન હતી. તેને શાંતનુ રાજાએ ઉછેરી અને કૃપા કરી તેથી તેનું નામ કૃપી પડ્યું.

કૃપીટ ૧. [સં.] ન. જલ; ઉદક; પાણી.

૨. ન. જંગલ; વન.

૩. ન. લાકડું.

કૃપીટપાલ ૧. [સં.] પું. વહાણનું સુકાન.

૨. પું. વાયુ.

૩. પું. સમુદ્ર.

કૃપીટયોનિ [સં.] પું. અગ્નિ; આગ; વહ્નિ.

કૃમિ ૧. [સં.] પું. કીડો; જીવાત.

૨. પું. કેકય દેશના ચંદ્રવંશી રાજા ઉશીનરનો પુત્ર.

૩. પું. ગધેડી.

૪. પું. માણસના શરીરમાં થતો જીવડો. આંતરડાંમાં ઊછરતાં જીવડાં ત્રણ પ્રકારનાં છેઃ (૧) ગોળકરમ, જે ચારથી દશ બાર ઇંચ લાંબા તથા ગોળ સ્લેટપેન જેટલા જાડા તથા સફેદ રંગના હોય છે. તે નાના આંતરડામાં રહે છે. માદા નરના કરતાં જરા મોટી હોય છે. (૨) તંતુકરમ, જે ઝીણા તાંતણા જેવા અને પા થી અર્ધા ઇંચ જેટલા લાંબા હોય છે. તેમનાં નર અને માદા જુદાં હોય છે. તે ઘણે ભાગે મોટા આંતરડામાં રહે છે. (૩) ચપટા કરમ, જે ઘણા લાંબા હોય છે. તે કોઈ વાર ૩૦ ફૂટ જેટલા લાંબા હોય છે. તેઓ નાના નાના સેંકડો ચોરસ ચપટા કકડાઓના બનેલા હોય છે, મોંઢા આગળનો ભાગ સાંકડો હોય છે અને મોંઢા ઉપર આંતરડાંને જળોની માફક ચોંટી રહેવાના સાધનને લીધે તે સાધારણ જુલાબથી પણ ઊખડતા નથી. તેનાં નરમાદા જુદાં જુદાં હોતાં નથી, પણ તેના શરીરમાં નરમાદાના અવયવો સાથે જ હોય છે. તેનું મોઢું જ્યાંસુધી આંતરડાંથી છૂટું પડી ઝાડા વાટે નીકળી ન જાય ત્યાંસુધી તેના શરીરના બીજા ભાગો નીકળી જવા છતાં પાછા વધે છે. બાહ્ય અને અભ્યંતર એવા બે પ્રકારના કૃમિની ૨૧ જાત પણ મનાય છે. તેમાં જૂ અને લીંખ એ બહારના કૃમિ છે. ૧૯ પ્રકારના અભ્યંતર કૃમિમાં કફમાં ઉત્પન્ન થનાર સાત છેઃ હૃદયાદ, અંત્રાદ, ઉદરવિષ્ટ, ચુરવ, મહાગુદ, સુગંધ અને દર્ભકુસુમ. લોહીમાં થનાર ૭ છેઃ માતર, સૌરસ, લોમવિધ્વંસ, રોમદ્વીપ, ઉદુંબર અને કેશાદ. વિષ્ટામાં પાંચ જાત થાય છેઃ મકેરૂક, લેલીહ, મલુન, સૌસુરાદ, કકેરૂદ. કફ રક્તમાં થતો એક છેઃ સ્નાયુરૂ.

૫. પું. લાખ.

૬. સ્ત્રી. મહાભારતમાં જણાવેલી એક પ્રાચીન નદી.

૭. ન. કિરમજી રંગ.

કૃમિક જુઓ કૃમિ.

કૃમિકર [સં.] પું. એક જાતનો કીડો.

કૃમિકર્ણ [સં.] પું. કાનમાં જીવડાં પડવાનો રોગ.

કૃમિકર્ણક [સં.] પું. એક જાતનો કાનનો રોગ.

કૃમિકંટક ૧. [સં.] પું. ઉંબરાનું ઝાડ.

૨. ન. વાવડિંગ.

કૃમિકંતુક પું. એ નામનો ૮૬ માંહેનો એક નરકકુંડ; અરૂંતુડકુંડ; અરૂંતુદ. તે કુંડમાં પડેલા અને ત્યાંના પ્રાણીઓએ કરડેલા અપાર પાપીઓ હાહાકાર કર્યા કરે છે. જે માણસ સૂર્ય કે ચંદ્રના ગ્રહણમાં જમે છે તે માણસ અન્નની કણીઓ જેટલાં વર્ષો આ કુંડમાં પડે એમ મનાય છે.

કૃમિકુઠારરસ [સં.] પું. (વૈદ્યક) કૃમિ મટાડનાર પારદ મિશ્રિત એક દવા. કપૂર આઠ ભાગ, કડાછાલ, ત્રાયમાણ, અજમોદ, વાવડિંગ, હિંગળો, વછનાગ, નાગકેસર, ખાખરાનાં બીજ, એ એકેક ભાગ લઈ તેને ભાંગરાના, ઉંદરકનીના અને બ્રાહ્મીના રસની એક પછી એક ભાવના આપવાથી આ રસ સિદ્ધ થાય છે. એની વાલ વાલની ગોળી કરી નાગકેસરમાં આપવી. સર્વ પ્રકારના કૃમિનો તે નાશ કરે.

કૃમિકુંડ પું. એ નામનો ૮૬ માંહેનો એક નરકકુંડ. તે સર્પ જેવા ભયંકર તીક્ષ્ણ દાંતોવાળા કીડાથી વ્યાપ્ત છે. માંસની લાલચવાળો અધમ બ્રાહ્મણ યજ્ઞના સમય વિના માંસ ખાય તે માણસ આ કુંડમાં પડી પોતાનાં રૂંવાડાં જેટલાં વર્ષો કીડીઓ ખાધા કરે એમ મનાય છે.

કૃમિકોશ [સં.] પું. રેશમના કીડાનું ઘર; કોશેટો.

કૃમિકોષોત્થ ૧. [સં.] ન. રેશમ; હીર.

૨. ન. રેશમી કાપડ; રેશમી વસ્ત્ર.

કૃમિગણ [સં.] પું. કીડાઓનો સમૂહ.

કૃમિગિરિ [સં.] પું. રાફડો.

કૃમિગ્રંથિ [સં.] પું. એક જાતનો સાંધાનો રોગ.

કૃમિઘાતી ૧. [સં.] ન. વાવડિંગ.

૨. વિ. કૃમિનો નાશ કરનારૂં.

કૃમિઘ્ન ૧. [સં.] સ્ત્રી. (વૈદ્યક) કૃમિનો નાશ કરનાર વનસ્પતિ. ડૂંગળી, કોલકંદ, લીમડો, ભિલામું, ગણિયારી, પાંડેરવો, પલાશ વગેરેનો તેમાં સમાવેશ થાય છે. કૃમિઘ્ન દવાઓના તેમની અસર પ્રમાણે પાંચ વિભાગ કરવામાં આવ્યા છેઃ (૧) ખાસ કૃમિઘ્ન એટલે જે દવાઓ પોતાની ખાસ અસર વડે આંતરડાંની અંદર રહેલ કૃમિનો નાશ કરે છે. જેમકે, કપીલો, કીરમાણુ. (૨) જે દવાઓ કૃમિને અડી તેને જખમી કરી તેમનું યોગ્ય સ્થાન છોડાવે છે તે. જેમકે, કવચાં. (૩) આંતરડાં ઉપર ઘસારો કરી મળને બહાર ખેંચી કાઢતાં કૃમિને પણ સાથે ખેંચી કાઢે છે તે. જેમકે, ઇંદ્રવર્ણું. (૪) જે દવાઓ કૃમિની ઉત્પત્તિ થતી અટકાવે છે તે. જેમકે, આંબો, ઇંદ્રજવ. (૫) બહારના ક્ષત ઉપર અગર જખમની અંદર જીવાત પડે છે તે દૂર કરનાર દવા. જેમકે, કપૂર, ફીલ, ખેર.

૨. ન. વાવડિંગ.

૩. વિ. કૃમિનાશક; જંતુનો નાશ કરનારૂં.

કૃમિઘ્નગુટિકા [સં.] સ્ત્રી. (વૈદ્યક) કૃમિનાશક ગોળી; જંતુઘ્ન ગોટી.

કૃમિઘ્ના [સં.] સ્ત્રી. હળદર.

કૃમિઘ્ની [સં.] સ્ત્રી. વાવડિંગ.

કૃમિજ ૧. ન. અગરૂ; અગર; અગરચંદન.

૨. ન. કિરમજી રંગ.

૩. ન. જેમાં કીડા પડે તેવો હરકોઈ પદાર્થ.

૪. ન. રેશમ.

૫. વિ. કીડામાંથી ઉત્પન્ન થતું.

કૃમિજગ્ધ [સં.] ન. અગરૂ; અગરચંદન.

કૃમિજલજ [સં.] પું. શંખ અને છીપરૂપ કીડો.

કૃમિજશિરોરોગ [સં.] પું. એક જાતનો માથાનો રોગ. તેમાં માથામાં ભાલાં મારવાં જેવી પીડા થાય, માથામાંનું મગજ કીડા ખાય છે એવું જણાય અને નાકમાંથી પરૂ, લોહી અને કીડા પડે.

કૃમિજા [સં.] સ્ત્રી. લાખ.

કૃમિજાતિ [સં.] સ્ત્રી. કીડાનો વર્ગ.

કૃમિણ [સં.] વિ. કીડાવાળું.

કૃમિતંત્ર [સં.] ન. જંતુશાસ્ત્ર.

કૃમિતાન ન. રેશમી કપડું.

કૃમિદંત [સં.] પું. દાંતના આઠ માંહેનો એક રોગ; જંતુથી દાંતનો સડો. તેમાં દાંતમાં કાળાં છિદ્ર પડી કારણ વગર પીડા થાય છે.

કૃમિદંતક જુઓ કૃમિદંત.

કૃમિનાશક [સં.] વિ. જીવડાંને મારનાર; જીવાતનો નાશ કરનાર.

કૃમિપર્વત [સં.] પું. રાફડો.

કૃમિપાંડુ [સં.] પું. પાંડુ રોગનો એક પ્રકાર. ગાલ, ભ્રુકૂટિ, પગ, નાભિ અને શિશ્ન ઉપર સોજો, કોઠામાં કૃમિ અને રક્તમિશ્રિત રંગ એ તેનાં લક્ષણો છે.

કૃમિપીડા (કૃમિપીડ઼ા) [સં.] સ્ત્રી. જીવાત પડવાથી થતું દુઃખ.

કૃમિફલ [સં.] પું. ઉંબરાનું ઝાડ.

કૃમિભક્ષ [સં.] ન. એ નામનું એક નરક.

કૃમિભોજ જુઓ કૃમિભક્ષ.

કૃમિભોજન જુઓ કૃમિભક્ષ.

કૃમિમક્ષિકા [સં.] સ્ત્રી. કીડા જેવી એક જાતની માખી.

કૃમિમદ્ગુ [સં.] પું. મોટો મત્સ્ય; મગરમચ્છ.

કૃમિમય [સં.] વિ. કીડાવાળું.

કૃમિમુદ્ગર [સં.] પું. (વૈદ્યક) કૃમિને પેટમાંથી કાઢી નાખી ફરીથી થતાં અટકાવનાર એક ઔષધ. તેની ૨ થી ૪ ગોળી મધ, દૂધ કે પાણી સાથે લેવાય છે.

કૃમિમુદ્ગરરસ [સં.] પું. (વૈદ્યક) કૃમિરોગ માટે રસની એક બનાવટ. તે બનાવવા શુદ્ધ પારદ તોલો ૧, શુદ્ધ ગંધક તોલા ૨, અજમોદ તોલા ૩, વાવડિંગ તોલા ૪, ઝેરકોચલાં તોલા ૫ અને બ્રહ્મબીજ એટલે ખાખરાનાં બીજ કે પિતપાપડો એ બધાં દ્રવ્યોને ઘૂંટી વસ્ત્રગાળ ચૂર્ણ કરવું. તેની માત્રા ०। તોલો છે અને તે મધમાં ચાટી ઉપર મોથનો ક્વાથ આપવો.

કૃમિરાગ [સં.] પું. કિરમજી રંગ.

કૃમિરાશિ [સં.] પું. એ નામની એક વનસ્પતિ.

કૃમિરિપુ [સં.] પું. વાવડિંગ.

કૃમિરોગ [સં.] પું. આમાશયમાં કૃમિ એટલે જીવડાં ઉત્પન્ન થવાનો રોગ.

કૃમિલ [સં.] વિ. કીડા પડેલું.

કૃમિલા [સં.] સ્ત્રી. પુષ્કળ બાળકો જણનારી સ્ત્રી.

કૃમિલાશ્વ [સં.] પું. (પુરાણ) હરિવંશ અનુસાર અજમીઢ વંશનો એ નામનો એક રાજા.

કૃમિલોદર [સં.] વિ. આમાશયમાં કૃમિ હોય એવા રોગવાળું.

કૃમિવિદ્યા [સં.] સ્ત્રી. જંતુશાસ્ત્ર.

કૃમિવિરેચનવટી સ્ત્રી. (વૈદ્યક) કૃમિને દૂર કરવાને માટે વપરાતું એક ઔષધ. તેની બે ગોળી પાણી સાથે લેવાથી જુલાબ લાગી કૃમિ નીકળી જાય છે.

કૃમિવૃક્ષ [સં.] ન. કીડાવાળું ઝાડ.

કૃમિશત્રુ [સં.] પું. વાવડિંગ.

કૃમિશુક્તિ [સં.] સ્ત્રી. કાલુ; મુક્તાસ્ફોટ; કીડા જેવી છીપ.

કૃમિશૈલ [સં.] પું. રાફડો.

કૃમિશૈલક જુઓ કૃમિશૈલ.

કૃમિહર [સં.] વિ. પેટનાં જીવડાંનો નાશ કરનાર.

કૃમીલક [સં.] પું. જંગલી મગ.

કૃમુક ૧. [સં.] પું. ગૂગળનું ઝાડ.

૨. પું. સોપારીનું ઝાડ.

કૃવિ ૧. સ્ત્રી. કૃષિ; ખેતી.

૨. ન. વણકરનું વણવાનું સાધન; તાંત; સાળ.

કૃશ ૧. પું. (પુરાણ) એ નામનો એક ઋષિ. તે પ્રતિગ્રહ કરવાનું તજી દઈ પોતાનો કાળ કેવળ તપાચરણમાં ગાળતો. એ જાતે ઘણો જ પાતળો હોવાથી તેનું આ નામ પડ્યું હતું. વીરદ્યુમ્ન રાજાના પુત્ર ભૂરિદ્યુમ્નનો નાશ થયો ત્યારે આ ઋષિએ પોતાના તપોબળથી તેને આણી આપીને રાજાને કેટલોક ઉપદેશ અને ઇતિહાસ કહ્યો હતો.

૨. પું. મોતીના દશ માંહેનો એક દોષ. તેવું મોતી લાંબું અને માલાકાર હોય છે.

૩. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. દ્રવ્યત્વનો પ્રતિષેધ કરેલો હોવાથી તે કૃશ કહેવાય છે. તે અતિ દૂબળા અથવા અતિ પાતળા છે. વળી તે અતિ સૂક્ષ્મ અથવા અતીન્દ્રિય પણ છે અને અભક્તો તેને જોઈ શકતા નથી. તેથી પણ તે કૃશ કહેવાય છે.

૪. પું. (પુરાણ) શ્રૃંગિ ઋષિનો મિત્ર એ નામનો એક ઋષિ.

૫. વિ. અવાજ પાતળો હોય એવું.

૬. વિ. તણાયેલું; નાજુક; પાતળું.

૭. [સં.] વિ. સૂકું; નબળું; ક્ષીણ; દૂબળું.

કૃશક પું. (પુરાણ) એ નામનો એક સર્પ.

કૃશકટિ ૧. [સં.] સ્ત્રી. પાતળી કેડવાળી સ્ત્રી.

૨. વિ. સ્ત્રી. પાતળી કેડવાળી.

કૃશકાણ્વ પું. ઋગ્વેદના આઠમા મંડલના પંચાવનમા સૂક્તનો કર્તા એક ઋષિ.

કૃશકાય [સં.] વિ. દૂબળા શરીરવાળું; પાતળી અને સૂકી કાયાવાળું.

કૃશતનુ ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો એક ઋષિ. જુઓ કૃશ ૧.

૨. ન. પાતળું શરીર.

૩. વિ. પાતળા શરીરવાળું.

કૃશતા ૧. [સં.] સ્ત્રી. અલ્પતા; સૂક્ષ્મતા; કમીપણું.

૨. સ્ત્રી. પાતળાપણું; દૂબળાપણું; નાજુકાઈ.

૩. સ્ત્રી. હ્રાસ.

કૃશત્વ જુઓ કૃશતા.

કૃશદેહ ૧. [સં.] પું. પાતળું શરીર.

૨. વિ. નબળા કે દૂબળા શરીરવાળું.

કૃશધન [સં.] વિ. દરિદ્રી; નિર્ધન.

કૃશપાર્શ્વ [સં.] પું. મોતીના દશ માંહેનો એક દોષ. આવું મોતી એક બાજુએ ચપટું, ફૂટેલું કે લાંબું હોય છે.

કૃશયુ પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે નગણ અને બે લઘુ મળી આઠ અક્ષર હોય છે.

કૃશર [સં.] પું. દૂધ, તલ અને ભાતની એક વાની; તલ, તાંદુલ અને દૂધથી પકાવેલું એક જાતનું પક્વાન્ન.

કૃશરા [સં.] સ્ત્રી. નરમ ખીચડી.

કૃશરાન્ન [સં.] ન. ખીચડી.

કૃશલા [સં.] સ્ત્રી. માથાના વાળ; કેશ.

કૃશશાખ ૧. [સં.] પું. પિતપાપડો નામની વનસ્પતિ.

૨. વિ. નાની ડાળીવાળું.

કૃશસ્તની વિ. સ્ત્રી. સુકાઈ ગયેલાં સ્તનવાળી.

કૃશા ૧. સ્ત્રી. રોહિણી.

૨. વિ. સ્ત્રી. પાતળી; નાજુક.

કૃશાક્ષ [સં.] પું. કરોળિયો.

કૃશાન [સં. કૃશાનુ] પું. અગ્નિ.

કૃશાનુ ૧. [સં.] પું. અગ્નિ.

૨. પું. ચિત્રક વૃક્ષ; સોમપાલક.

૩. પું. ત્રણની સંખ્યા.

કૃશાનુક [સં.] વિ. અગ્નિવાળું.

કૃશાનુરેતા ૧. [સં. કૃશાનુરેતસ્] પું. અગ્નિનું તેજ.

૨. પું. મહાદેવ; શિવ.

કૃશાશ્વ ૧. પું. (પુરાણ) અસ્ત્રવિદ્યાનો એક આચાર્ય; એ નામનો ધુંધુમાર વંશી એક ઋષિ. તેને જૃંભકાસ્ત્ર વગેરે અસ્ત્ર અને નાટ્યકળા સ્વતઃસિદ્ધ હતાં. તે નટસૂત્ર ગ્રંથના રચનાર મનાય છે. તેણે વિશ્વામિત્રને જૃંભકાસ્ત્રનો બોધ કર્યો હતો.

૨. પું. (પુરાણ) એ નામનો એક ઋષિ અને પ્રજાપતિ. એમને પ્રાચેતસ દક્ષે પોતાની સાઠ કન્યામાંથી અર્ચિ અને ધિષણા નામની બે કન્યા પરણાવી હતી. તેમાં અર્ચિને ધૂમ્રકેશ અને ધિષણાને વેદશિરા, દેવલ, વયુન અને મનુ એમ પુત્રો હતા.

૩. પું. (પુરાણ) ભાગવત અનુસાર તૃણબિંદુ વંશનો એક રાજર્ષિ. તે સંયમનો પુત્ર અને મહાદેવનો મોટો ભાઈ હતો.

૪. પું. (પુરાણુ) સૂર્યવંશી દિષ્ટ કુલોત્પન્ન સહદેવ રાજાનો પુત્ર. એના પુત્રનું નામ સોમદત્ત હતું.

કૃશાશ્વી ૧. [સં. કૃશાશ્વિન્] પું. કૃશાશ્વે કહેલા નટસૂત્રને ભણનાર તથા ભણાવનાર માણસ.

૨. પું. નાટ્યકળામાં કુશળ વ્યક્તિ; નટ.

કૃશાંગ [સં.] વિ. દૂબળા અથવા પાતળા શરીરવાળું.

કૃશાંગી ૧. [સં.] સ્ત્રી. નાજુક પાતળા શરીરવાળી સ્ત્રી.

૨. સ્ત્રી. મેંદી. મેંદીને જેમ જેમ લઢે તેમ તેમ તેમાંથી રંગ નીકળે છે. ખૂબ લઢીને મેંદી હાથે પગે મૂકે તો જલદી રંગ આવી જાય છે માટે તેને કૃશાંગી કહે છે.

૩. વિ. સ્ત્રી. પાતળા શરીરવાળી.

કૃશિકા [સં.] સ્ત્રી. ઉંદરકની નામની વનસ્પતિ.

કૃશિત [સં.] વિ. સૂક્ષ્મ; પાતળું; દુર્બળ; ક્ષીણકાય.

કૃશીકરણ [સં.] ન. વિરલીકરણ; પાતળું અથવા હલકું કરવું તે.

કૃશોદર [સં.] ન. પાતળું નાજુક પેટ.

કૃશોદરા ૧. [સં.] સ્ત્રી. પાતળા પેટવાળી સ્ત્રી.
૨. વિ. સ્ત્રી. પાતળા પેટવાળી.

કૃશોદરી ૧. સ્ત્રી. અનંતમૂળ નામની વનસ્પતિ.
૨. સ્ત્રી. ધોળી ઉપલસરી.
૩. સ્ત્રી. પાતળા એટલે ચરબી વગરના પેટવાળી સ્ત્રી.
૪. સ્ત્રી. પાર્વતી.
૫. વિ. સ્ત્રી. ચરબી વગરના પાતળા પેટવાળી.
૬. વિ. સ્ત્રી. પાતળી કેડવાળી.

કૃ ૧. [સં.] સ. ક્રિ. (ધાતુ) ખેડવું; ચાસ પાડવા; હળ હાંકવું. તેના ઉપરથી બનેલ શબ્દ: કૃષિ, કૃષક.
૨. સ. ક્રિ. ખેંચવું; ઘસડવું; તાણવું.
૩. સ. ક્રિ. ઝડપી લેવું; આચકવું.
૪. સ. ક્રિ. નેતા થવું; દોરવું.
૫. સ. ક્રિ. માલિક થવું; મેળવવું; પ્રાપ્ત કરવું.
૬. સ. ક્રિ. વિમુખ કરવું.

કૃષક ૧. [સં.] પું. ખેડૂત; કિસાન.
૨. પું. બળદ.
૩. ન. હળની કોશ.
૪. વિ. ખેડનાર; ખેતી કરનાર.
૫. વિ. ખેંચનાર.

કૃષકઆધિકારનિયમ [સં.] પું. ખેડૂત સંબંધી એક જાતનો કાયદો. તે પ્રાચીન રોમમાં પ્રચલિત હતો. તે કાયદા પ્રમાણે સાર્વજનિક જમીન, રાજ્યની જમીન અથવા જિતાયેલી જમીન ગરીબ માણસોમાં વહેંચી દેવામાં આવતી.

કૃષકદલ [સં.] ન. કિસાનમંડળ; ખેડૂતસભા.

કૃષકસમાજ [સં.] પું. ખેડૂતવર્ગ; ખેડ કરનાર લોક.

કૃષકસમુદાય જુઓ કૃષકસમાજ.

કૃષકસામ્યવાદ પું. સામ્યવાદ અથવા સમાજવાદનો એક સિદ્ધાંત. આ સિદ્ધાંત અનુસાર ખેતી એક વ્યક્તિનો અધિકાર ન હોવો જોઈએ, પરંતુ આખા રાષ્ટ્રનો અધિકાર રહેવો જોઈએ.

કૃષકસ્વત્વનિયમ જુઓ કૃષકઅધિકારનિયમ.

કૃષાણ [સં.] પું. ખેડૂત.

કૃષાન [સં. કૃશાનુ] પું. અગ્નિ.

જાતવેદા અનલ-હુતાશન નિર્જર જિહ્વ **કૃષાન**,
વૈશ્વાનર અરુણેય ને ધૂમકેતુ પ્રમાણ.
પિંગળલઘુકોષ

કૃષિ ૧. [સં. કૃષ્ (ખેડવું); પ્રા. કિસી] સ્ત્રી. ખેતી; ખેડ.

૨. સ્ત્રી. પૃથ્વી; જમીન.

કૃષિક જુઓ કૃષક.

કૃષિકર્મ [સં.] ન. ખેતીનું કામ; ખેતીવાડી; ખેડ.

કૃષિકાર ૧. [સં.] પું. ખેડૂત.

૨. વિ. ખેતી કરનાર.

કૃષિક્ષેત્ર [સં.] ન. ખેડવા લાયક જમીન; કૃષિભૂમિ.

કૃષિજન્ય [સં.] વિ. ખેતીથી ઉત્પન્ન થતું.

કૃષિજીવી ૧. [સં. કૃષિજીવિન્] પું. કૃષિકાર; ખેડૂત.

૨. વિ. ખેતી ઉપર જીવનાર.

કૃષિતીર્થાધ્યક્ષ [સં.] પું. ખેતીવાડી ખાતાનો અધિકારી.

કૃષિદાસ ૧. [સં.] પું. ખેડૂતનો નોકર; સાથી.

૨. પું. જમીનની સાથે જોડાયેલો અને તેની સાથે વેચી શકાય એવો ગુલામ; ખેતીને અંગે રાખેલો ગુલામ.

કૃષિદાસત્વ [સં.] ન. ખેતી અંગેની ગુલામી; ખેડૂતના નોકર હોવાપણું; ખેતરમાં કામ કરવું અને જમીન સાથે વેચાવું એ પ્રકારની સ્થિતિ.

કૃષિધાન્ય [સં.] ન. ખેડથી ઉત્પન્ન કરેલું અનાજ.

કૃષિપ્રણાલી [સં.] સ્ત્રી. ખેતીની રીત.

કૃષિપ્રધાન વિ. ખેતી મુખ્ય ધંધો હોય એવું.

કૃષિભૂમિ [સં.] સ્ત્રી. ખેડવા લાયક જમીન; ખેડવાણ જમીન.

કૃષિમહાવિદ્યાલય સ્ત્રી. ખેતી સંબંધી શિક્ષણ આપનાર મહાવિદ્યાલય.

કૃષિમંડલ [સં.] ન. ખેડૂતસભા; કૃષિકાર સમૂહ.

કૃષિયંત્ર [સં.] ન. ખેતીનું ઓજાર.

કૃષિયંત્રપ્રવર્તક [સં.] વિ. ખેતીને લગતાં ઓજારોનો ફેલાવો કરનાર.

કૃષિયંત્રશાસ્ત્ર [સં.] ન. ખેતી સંબંધી સંચાનું શાસ્ત્ર.

કૃષિલક્ષ્મી ૧. [સં.] સ્ત્રી. ખેતીરૂપી લક્ષ્મી.
૨. વિ. ખેતી જેનું ધન છે એવું.

કૃષિલેખા [સં.] સ્ત્રી. હળ ખેડવાથી ખેતરમાં પડેલો લીટો; ચાસ.

કૃષિવિજ્ઞાન [સં.] ન. ખેતી સંબંધી વિદ્યા.

કૃષિવિદ્યા જુઓ કૃષિવિજ્ઞાન.

કૃષિવિદ્યાવિશારદ [સં.] પું. ખેતીવાડીશાસ્ત્રી; ખેતીની વિદ્યામાં નિષ્ણાત પુરુષ.

કૃષિવિભાગ [સં.] પું. ખેતીના સુધારા અને ઉન્નતિ સંબંધી વહીવટ કરતું ખાતું.

કૃષિવિભાગાધિકારી [સં.] પું. ખેતીવાડી ખાતાનો અમલદાર.

કૃષિવૃત્તિ [સં.] સ્ત્રી. ખેતીનો ધંધો.

કૃષિશાખ સ્ત્રી. ખેડૂતોને શાખ ઉપર ધીરવામાં આવતી નાણાની રકમ.

કૃષિશાસ્ત્ર [સં.] ન. ખેતી સંબંધી જ્ઞાન આપનારું શાસ્ત્ર.

કૃષિશાસ્ત્રકાર [સં.] પું. ખેતી સંબંધી જ્ઞાન આપતું શાસ્ત્ર લખનાર પુરુષ.

કૃષિશાસ્ત્રી પું. ખેતીના વિષયનું જ્ઞાન ધરાવનાર માણસ.

કૃષિશાળા સ્ત્રી. ખેતીવાડી સંબંધી શિક્ષણ આપનારી નિશાળ.

કૃષિશિક્ષણ [સં.] ન. ખેતીવાડીનું જ્ઞાન.

કૃષિસભા [સં.] સ્ત્રી. ખેતીવાડી બાબત ચર્ચા ચલાવનારી મંડળી.

કૃષિસમાજ [સં.] પું. ખેડૂતોનું મંડળ.

કૃષિસહાયકમંડળ ૧. ન. ખેડૂત લોકોને મદદ કરવા માટે સ્થાપેલી સભા.
૨. ન. ખેડૂતને મદદ કરવા સ્થપાયેલ શરાફની પેઢી.

કૃષિસીમાંત પું. નફો મળે ત્યાંસુધી જેના ઉપર ખેડૂત શ્રમ અથવા પૂંજીની માત્રા વાપરે તેવી જમીન. જ્યારે નફો ઓછો થાય ત્યારે તે પોતાની પૂંજી અથવા શ્રમની માત્રા ઓછી કરે છે. જે માત્રા વાપરવાથી તેને નફો થાય તેને સીમાંતમાત્રા કહે છે અને જે જમીનમાં આ સીમાંતમાત્રા વપરાય છે તેને કૃષિસીમાંત કહે છે.

કૃષીબળ પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

કૃષીવલ ૧. [સં.] પું. કૃષિકાર; ખેડુ.
૨. વિ. ખેતી ઉપર જીવનાર.

કૃષીવલકર્મ ન. ખેડૂતનો ધંધો; ખેતી; ખેડ.

કૃષ્કર [સં.] પું. શિવ; શંકર.

કૃષ્ટ ૧. [સં.] પું. સામમાં જણાવેલા સાત સ્વરમાંનો એક.
૨. વિ. આકર્ષાયેલું; ખેંચાયેલું.
૩. વિ. ખેંચેલું; તાણેલું; ખેંચી કાઢેલું.
૪. વિ. હળથી ખેડેલું.

કૃષ્ટિ ૧. પું. ખેડૂત; ખેડુ.
૨. પું. મનુષ્યજાતિ.
૩. સ્ત્રી. ખેડાણ; ખેતી.

કૃષ્ણ ૧. પું. અર્જુન.
૨. પું. ઇંદ્રે મારેલો એક અસુર.
૩. પું. (પુરાણ) ઉત્તાનપાદ વંશના હવિર્ધાન રાજાને હવિર્ધાની નામની પત્નીથી થયેલા છ માંહેનો ચોથો પુત્ર; પ્રાચીનબર્હિના નાના ભાઈ માંહેનો એક.
૪. પું. ઋગ્વેદના આઠમા મંડલના ૮૫મા સૂક્તનો અને દશમા મંડલના ૪૨-૪૪ સૂક્તોનો કર્તા એક ઋષિ.
૫. પું. (પુરાણ) કદ્રુપુત્ર એક નાગ.
૬. પું. કરમદાનું ઝાડ.
૭. પું. કલિયુગ.
૮. પું. (પુરાણ) કલિયુગમાં કણ્વવંશની પછી થયેલા આંધ્ર વંશના બળિ રાજાનો ભાઈ. તે આ વંશનો બીજો રાજા હતો.
૯. પું. કાળા ઉમરડાનું ઝાડ.
૧૦. પું. કાળો રંગ.
૧૧. પું. (પુરાણ) કૃષ્ણનો એ નામનો એક ગોપ મિત્ર.
૧૨. પું. કેતુ.
૧૩. પું. કોયલ.
૧૪. પું. (પિંગળ) ચાર અક્ષરનું એક વૃત્ત. તેના દરેક ચરણમાં તગણ અને લઘુ હોય છે.
૧૫. પું. (પિંગળ) છપ્પઈ છંદનો એક ભેદ. તેમાં ૨૨ ગુરુ અને ૧૦૮ લઘુ મળી ૧૩૦ વર્ણ કે ૧૫૨ માત્રા અથવા ૨૨ ગુરુ અને ૧૦૪ લઘુ મળી ૧૨૬ વર્ણ કે ૧૪૮ માત્રા હોય છે.
૧૬. પું. જુગારમાં મેળવેલ ધન.
૧૭. પું. બૌદ્ધ મતાનુસાર એક રાક્ષસ. તે બુદ્ધનો શત્રુ મનાય છે.
૧૮. પું. મોરથૂથુ.
૧૯. પું. યજ્ઞ.
૨૦. પું. લોઢું.
૨૧. પું. વદિ પક્ષ; અંધારિયું.
૨૨. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. કૃષ્ શબ્દ સત્તાવાચક છે અને ણ શબ્દ આનંદવાચક છે. શ્રીવિષ્ણુમાં બંને ભાવ છે તેથી તે કૃષ્ણ કહેવાય છે.
૨૩. પું. (પુરાણ) વિષ્ણુનો આઠમો અવતાર. સાક્ષાત્ પ્રભુરૂપ ગણાયેલા લીલાવતારી શ્રીકૃષ્ણ એ વિષ્ણુનો આઠમો અવતાર મનાય છે. તેમણે દુષ્ટ જનોનો સંહાર કરવા અને સાધુજનોને સુખી કરવા, ધર્મનીતિની સ્થાપના કરવા દ્વાપરયુગમાં યદુવંશી દેવકી વસુદેવને કારાગૃહમાં પોતાનું ચતુર્ભુજ સ્વરૂપ બતાવી બાળક રૂપ ધર્યું. દેવકી વસુદેવને તે વાત સ્વપ્નતુલ્ય જણાઈ. એ રીતે કૃષ્ણનો અયોનિસંભવ જન્મ શ્રાવણ વદિ ૮ બુધવારે મધ્ય રાત્રે રોહિણી નક્ષત્રમાં થયો. તે ગોકુળમાં નંદને ઘેર ઊછર્યા. તેમની આકૃતિ મધ્યમ પ્રકારની હતી. નેત્ર કમળ જેવાં, નાસિકા સરળ, અંગકાંતિ શ્યામવર્ણની હતી. તેમને પીળાં વસ્ત્ર પહેરવામાં પ્રીતિ હતી. અધ્યાત્મજ્ઞાનમાં પારંગત હતા. તેમનું શસ્ત્રઅસ્ત્ર મિથ્યા થતું નહિ. સ્નાન સંધ્યાદિક નિત્યકર્મ કરવાની દીક્ષા તેમણે ઉપમન્યુ ઋષિ પાસેથી લીધી હતી. એ શ્યામસુંદર, કમળનયન, રમણીય અવતારમૂર્તિ સાક્ષાત્ વિષ્ણુએ જગદુદ્ધાર અર્થે અવતારદેહ ધારણ કર્યો છે એવું ઋષિમુનિઓએ જાણી લીધું હતું. કૃષ્ણ પૂર્ણ સોળ કળા અવતારી પુરુષ હતા. તેમણે પોતાની યોગમાયાથી જન્મથી માંડીને અગિયાર વર્ષે કંસને માર્યો ત્યાંસુધી બાળચરિત્રો કર્યાં. મથુરાના ઉગ્રસેનને ગાદીએથી ઉઠાડી મૂકી કંસ ગાદીએ બેઠો અને આજ્ઞા કરી કે કોઈએ રામનામ લેવું નહિ અને યજ્ઞ કરવો નહિ. એણે બ્રાહ્મણ તથા પ્રભુભક્તોને બહુ દુઃખ દીધું. જ્યારે તેના કાકા દેવકે પોતાની કન્યા દેવકીને વસુદેવ સાથે પરણાવી ત્યારે કંસ તેમને ખુશીથી વળાવા જતો હતો. એવામાં આકાશવાણી થઈ કે એનો આઠમો પુત્ર તારો કાળ થશે. કંસે દેવકી વસુદેવ બંનેને કેદમાં રાખ્યાં. દેવકીને થયેલાં સાત સંતાનોનો કંસે નાશ કર્યો. આઠમા સંતાન કૃષ્ણને મારવાને માટે કંસે ઘણી યુક્તિ કરી. પોતાની બહેન પૂતનાને તથા કણાસુર, શકટાસુર, તૃણાવર્ત્ત, બકાસુર, વત્સાસુર, ધુંધક, પ્રબંધ, વૃષભાસુર, કેશી, વ્યોમાસુર વગેરે ઘણા રાક્ષસોને મોકલ્યા, પણ બાળકૃષ્ણે તે સર્વનો નાશ કર્યો. છેવટે અક્રૂરને મોકલી કૃષ્ણને મથુરા બોલાવ્યા અને શલ, દૂશલ, ચાણૂર, મુષ્ટિક અને કૂટ એ પાંચ વિકરાળ મલ્લો સાથે યુદ્ધ કરાવી કૃષ્ણને મારી નખાવવાનો વિચાર કર્યો. રસ્તામાં કુવલયાપીડ નામના દારૂ પાઈને મસ્ત બનાવેલા હાથીને ઊભો રાખ્યો. અગિયાર વર્ષના સુકુમાર બાળક શ્રીકૃષ્ણે તે હાથીને તથા મલ્લોને મારી નાખ્યા ને કૂદકો મારી કંસને પકડી તેના પ્રાણ લીધા અને માતપિતાને કેદમાંથી છોડાવ્યાં. એક વખત બાળ વયમાં બગાસું ખાતાં તેણે પોતાના મોઢામાં માતા જશોદાને ત્રણ ભુવન બતાવ્યાં હતાં. તોફાન કરે, ગોરસડાં ફોડે તોપણ સૌ પ્રેમભાવથી તેમને તેડી રમાડતાં. એકવાર કૃષ્ણે માયા રચી. ગોકુળમાં ઘેર ઘેર કૃષ્ણરૂપ થઈ ગોરસડાં ફોડી દહીં માખણ તે ખાવા લાગ્યા. સ્ત્રીઓ જશોદા પાસે રાવે આવી. જશોદાએ કહ્યું કે મારો કૃષ્ણ તો પારણામાં જ રમે છે. બધી સ્ત્રીઓએ કૃષ્ણ શેરીઓમાં ભાખોડિયાભર ફરે છે એવું દીઠું હતું. કૃષ્ણની માયાનો આવો પ્રભાવ જાણી સૌનો તેમના ઉપર પ્રેમ વધ્યો. એક દિવસે તોફાની કૃષ્ણે ઘરમાં દહીં દૂધનાં મટકાં ફોડી સર્વ ઢોળી નાખ્યું અને પોતાના મિત્રોને તે ખવરાવ્યું. માતાએ દામણાથી કૃષ્ણને ખાંડણિયા સાથે બાંધ્યા. ખાંડણિયો ઘસડતા ઘસડતા કૃષ્ણ જ્યાં નલકુબેર અને મણિગ્રીવ નામના કુબેરના બે પુત્ર નારદના શાપથી આમલીના ઝાડરૂપ થયા હતા ત્યાં આવ્યા. ખાંડણિયો ભટકાતાં તે બંને વૃક્ષ પડી ગયાં અને તેમાંથી બે દિવ્ય પુરુષ નીકળી કૃષ્ણની સ્તુતિ કરી ચાલતા થયા. કૃષ્ણ ગોવાળિયાના છોકરા ભેગા વાછરડાં ચારવા લાગ્યા. તે આહીરોની સાથે ખાતાપીતા, તેથી દેવોને શંકા થઈ કે કૃષ્ણ પરમાત્મા આહીરો સાથે ખાય છે માટે યજ્ઞાદિકમાં પવિત્રતા શા માટે જોઈએ ? તેથી પરીક્ષા કરવા બ્રહ્માએ બધાં વાછડાંઓ સંતાડી દીધાં. કૃષ્ણે પોતાની માયાથી તેવા જ રંગનાં બીજાં વાછરડાંઓ બનાવી દીધાં. કાળી નાગને મારી યમુનાનું પાણી વિષમય હતું તે અમૃતતુલ્ય કર્યું. પોતાની મોરલી બજાવી સર્વને તેમણે મોહિત કર્યાં હતાં. ગોકુળની સ્ત્રીઓ વસ્ત્ર રહિત થઈ સ્નાન કરતી હતી તેને શાસ્ત્રમર્યાદા બતાવી. ગોવાળો ઇંદ્રની પૂજા કરતા તેને બદલે ગોવર્ધન પર્વતની પૂજા કરવાનું કૃષ્ણે કહ્યું. ઇંદ્રે ગુસ્સે થઈ

મૂશળધાર મેઘ વર્ષાવ્યો. કૃષ્ણે ટચલી આંગળી ઉપર ગોવર્ધન પર્વત છત્રની પેઠે તોળી રાખ્યો ને તેની નીચે સર્વનું રક્ષણ કર્યું. ઇંદ્રે ગર્વ મૂકી કૃષ્ણની સ્તુતિ કરી. આઠ વર્ષની બાળ વયે જશોદા પાસે બેઠાં બેઠાં છ માસનાં રાત્રિ દિવસ કર્યાં. મહારાસક્રીડામાં સર્વ સ્ત્રીઓની પાસે એક એક કૃષ્ણ ઊભા છે એવી પોતાની યોગમાયા પ્રગટી. રાધા વગેરે સર્વ સ્ત્રીઓને શૃંગારનું પૂર્ણ સુખ આપ્યું ને સર્વનો ઉદ્ધાર કર્યો. સુદર્શન નામનો વિદ્યાધર અંગિરા ઋષિના શાપથી અજગર થઈને પડ્યો હતો તેનો ઉદ્ધાર કર્યો. કુબ્જાને કૂબડી મટાડી દિવ્ય દેહ આપ્યો. કૃષ્ણ અને તેમના મોટા ભાઈ બળરામ સાંદીપનિ ઋષિને ત્યાં વિદ્યાભ્યાસ માટે ગયા. ત્યાં તેઓએ વેદ, ઉપવેદ, ન્યાય, તત્ત્વજ્ઞાન, ધનુર્વિદ્યા અને નીતિશાસ્ત્રનો અભ્યાસ કર્યો. ગુરુદક્ષિણામાં ગુરુનો પુત્ર જે સમુદ્રમાં ડૂબી ગયો હતો તેને પાછો લાવવા પાંચજન્ય દૈત્યને માર્યો, તેનું શંખરૂપ તન પોતે લીધું. એ વગાડી તેણે યમને દર્શન આપી ત્યાંથી ગુરુપુત્રને લઈ આવ્યા. કંસનો સસરો જરાસંધ ઘણો દુષ્ટ હતો. તેણે ૨૦૮૦૦ રાજાને કેદ કર્યા હતા. તેનો નાશ કરવા પ્રથમ તેણે મોકલેલા કાળયવનને યુક્તિથી મુચકુંદ પાસે બળાવી નાખ્યો ને પછી ભીમને હાથે તેને મરાવી નાખ્યો અને રાજાઓને છોડાવ્યા. વિશ્વકર્મા પાસે સર્વ યાદવો સમાઈ રહે એવી ઉત્કૃષ્ટ દ્વારકા નગરી વસાવી. યોગમાયાને આજ્ઞા કરી એક રાત્રિમાં સર્વ સંપત્તિ સહિત સર્વને ત્યાં વસાવ્યાં. વૈદર્ભ દેશની રુક્મિણીનું હરણ કર્યું, જાંબુવાનની કન્યા જાંબુવતીને તથા સત્રાજિતની કન્યા સત્યભામાને પરણ્યા. પ્રાગજ્યોતિષપુરના નરકાસુર નામના રાજાએ ઘણા રાજાઓની કન્યાઓને પકડી કેદ કરી હતી. કૃષ્ણે નરકાસુરને મારી તે સોળ હજાર એકસો કન્યાઓ છોડાવીને તે સાથે પોતે લગ્ન કર્યાં. તેમને મુખ્ય આઠ પટરાણી હતી. તેનાં નામ: રુક્મિણી, જાંબુવતી, સત્યભામા, ભદ્રા, મિત્રંવદા, સત્યા, કાલિંદી અને રોહિણી. બાણાસુરના હજાર હાથમાંથી ચાર રાખી બાકીના કાપી નાખી તેનો ગર્વ ઉતાર્યો. પુંડરીક રાજા જુલમ કરતો હતો તેને મારી પ્રજા સુખી કરી. નૃગ રાજા શાપથી અંધારા કૂવામાં પડ્યો હતો તેને ચરણ અડાડી દિવ્યદેહી કર્યો. દ્રૌપદીના સ્વયંવરમાં પાંડવોને સહાય કરી જય અપાવ્યો. યુધિષ્ઠિરે આદરેલા રાજસૂય યજ્ઞમાં બ્રાહ્મણોનું એઠું ઉપાડવાનું કામ કૃષ્ણે પોતાને હાથે રાખ્યું અને એક બ્રાહ્મણના પ્રેતને તેમણે પોતાના બ્રહ્મચર્યવ્રતથી સજીવન કર્યું. મદાંધ શિશુપાળનો નાશ કર્યો તથા શૈલ્ય, દંતવક્ર, વિદુરથને મારી નાખ્યા. ગુરુબંધુ સુદામાનું દારિદ્ર્ય ટાળી સુખી કર્યો. કૌરવો પાંડવોને ઘણું દુઃખ દેતા. સતી દ્રૌપદીનાં વસ્ત્રો દુઃશાસને ભરસભામાં ખેંચવા પ્રયત્ન કર્યો. એ વખતે ગુપ્તપણે કૃષ્ણે વસ્ત્રો પૂરી સતીની લાજ રાખી. કૌરવોને અનેક વાર કૃષ્ણે સમજાવ્યા છતાં તેમણે પાંડવોને થોડો પણ ભાગ આપવાની ના પાડી, જેથી યુદ્ધનું નક્કી થયું. ત્યારે દુર્યોધન તથા અર્જુન બંને કૃષ્ણની મદદ માગવા ગયા. કૃષ્ણે પોતે યુદ્ધમાં ઊતરવાની ના પાડી, પણ સૈન્ય મોકલવા હા પાડી. દુર્યોધને સૈન્ય માગ્યું. તેથી કૃતવર્મા યાદવને એક અક્ષૌહિણી સૈન્ય લઈને મોકલ્યો. તમે યુદ્ધ ન કરશો, પણ અમારી સાથે રહો એવી અર્જુનની માગણીથી કૃષ્ણ અર્જુન સાથે ગયા અને અર્જુનના સારથિ બન્યા. લડાઈની શરૂઆતમાં પોતાનાં આપ્તજનોને સામે ઊભેલાં જોઈ અર્જુને હથિયાર છોડી દીધાં ત્યારે કૃષ્ણે અર્જુનને બોધ આપી લડવા સમજાવ્યો. એ બોધ ગીતામાં કહેલો છે અને તે બુદ્ધિમાન પુરુષોએ મનન કરવા જેવો છે. યુદ્ધમાં શ્રીકૃષ્ણે પાંડવોને યુક્તિઓ બતાવી દુર્યોધનાદિ કૌરવોનો સંહાર કરાવ્યો અને પાંડવોને જય અપાવ્યો. પછી કૃષ્ણ દ્વારકા પાછા આવ્યા. એક સમયે સર્વ યાદવોને લઈ કૃષ્ણ પ્રભાસની યાત્રાએ ગયા, ત્યાં યાદવો મદિરા પીને મસ્ત બન્યા હતા. તેમાં કજિયો થતાં સમુદ્ર કિનારે હથિયારો ખેંચાયાં અને સર્વ મરણ પામ્યા. આ સઘળું કૃષ્ણની ઇચ્છાથી જ થયું હતું અને તેમની ઇચ્છાથી જ દુર્વાસા મુનિએ તેવો શાપ આપ્યો હતો. આ સર્વ યાદવો કપાઈ મૂઆ તે વખતે કૃષ્ણ તથા બળરામ દૂર જઈ બેઠા હતા. એ રીતે સર્વનો નાશ કરી પોતે તથા બળરામે વૈકુંઠ જવા વિચાર કર્યો. બળરામે લંગોટી વાળી સમુદ્ર કિનારે જઈ દેહ તજી દીધો. પછી શ્રીકૃષ્ણ પીપળાને થડે જમણો પગ ડાબા પગના ઘૂંટણ ઉપર મૂકી એકધ્યાનથી બેઠા ત્યાં તેમની જ ઇચ્છાથી જ વાલી નામના વાંદરાનો અવતાર જરા નામનો કોળી નિમિત્ત કારણે ધનુષ્ય લઈ આવ્યો. તેણે કૃષ્ણ પરમાત્માના ચળકતા પગને હરણની આંખ જાણી બાણ માર્યું. પછી પાસે આવી કૃષ્ણને જોઈ પસ્તાવો કરવા લાગ્યો. કૃષ્ણે તેને દિલાસો આપ્યો કે મારી ઇચ્છાથી જ આ થયું છે. એવામાં કૃષ્ણનો સારથિ દારુક આવ્યો. તેને કૃષ્ણે કહ્યું કે મારા સ્વધામ ગયાની અને યદુવંશીઓના મરણની વાત તું દ્વારકામાં કરજે અને કહેજે કે હવે દ્વારકા સમુદ્રમાં ડૂબી જશે. માટે તમો સર્વ સ્ત્રી બાળકો તથા ધનમાલ લઈ અર્જુન સાથે હસ્તિનાપુર જજો. એટલામાં સર્વ દેવતાઓ વિમાનમાં બેસી કૃષ્ણને તેડવા આવ્યા, પણ કૃષ્ણ આંખો મીંચી ધ્યાન કરી વીજળીની પેઠે ચમકાર કરી પોતાના મૂળ સ્વરૂપમાં મળી ગયા. એ રીતે કૃષ્ણે અનેક દુષ્ટોનો સંહાર કરી ભૂમિનો ભાર ઉતાર્યો અને ધર્મ, નીતિ, ન્યાય તથા વિવેકની સ્થાપના કરી તેઓ સ્વધામમાં ગયા. તે મોટા પરોપકારી ને નિર્લોભી હતા. રાજવંશી છતાં ગોવાળિયાની સ્થિતિમાં તે ઊછર્યા હતા. તેઓ ચંદ્રવંશી યયાતિ રાજાના પુત્ર યદુના વંશના હતા. દ્વારકા તેમની રાજધાની હતી. તેમના મણિનું નામ કૌસ્તુભ, સારથિનું નામ દારુક, ખડ્ગનું નામ નંદક, શંખનું નામ પાંચજન્ય, મુખ્ય શસ્ત્રનું નામ સુદર્શન ચક્ર, ગદાનું નામ કૌમોદકી હતું. તેઓ શૃંગારમાં વિલાસી હતા. રણમાં તેમની બરોબરી કરી શકે એવું કોઈ ન હતું. તેમની મુખમુદ્રા અવલોકન કરનારના મનમાં જુદા જુદા ભાવો પ્રગટ થતા. એમ કૃષ્ણે પોતાની અલૌકિક માયા દેખાડીને પોતાનું પ્રભુત્વ દર્શાવી આપ્યું છે. તેમની ઉત્પત્તિ વિષે એમ કહેવાય છે કે વિષ્ણુએ પોતાના બે વાળ ખેંચી કાઢ્યા. એક ધોળો અને બીજો કાળો. આ બે વાળ રોહિણી અને દેવકીના ગર્ભાશયમાં ગયા. ધોળો વાળ બળરામરૂપે અને કાળો વાળ કૃષ્ણ અથવા કેશવરૂપે ઉત્પન્ન થયા. તેમનાં અનેક નામ છે. તેમાં ઉપેંદ્ર, વિષ્ણુ, નારાયણ, વૈકુંઠ, સ્વયંભૂ, દૈત્યારિ, પુંડરીકાક્ષ, ગરુડધ્વજ, પીતાંબર, અચ્યુત, વિશ્વક્સેન, જનાર્દન, ચતુર્ભુજ, પદ્મનાભ, મધુરિપુ, ત્રિવિક્રમ, દેવકીનંદન, શૌરી, શ્રીપતિ, પુરુષોત્તમ, બલિધ્વંસી, કંસારાતિ, અધોક્ષજ, વિશ્વંભર, વિધુ, કૈટભજિત, શ્રીવત્સલાંછન, વનમાળી, વિઠ્ઠલ, કહાન, નંદકિશોર, કનૈયા, શામળિયા, વાસુદેવ, માધવ, નટવર, મદનમોહન, મધુસૂદન, ત્રિકમ, કેશવ, મુરલીધર, ચક્રપાણિ, સારંગપાણિ, ગરુડગામી, ગોવિંદ, મુરારિ, હૃષીકેશ, ગોપાળ, ગિરિધારી, વ્રજરાજ, દામોદર વગેરે છે. નિજધામ જવા કાળે કૃષ્ણનું વય એકસો પચીસ વર્ષનું હતું.

૨૪. પું. વેદવ્યાસ.

૨૫. પું. શનિ.

૨૬. પું. શિવ; શંકર.

૨૭. પું. શુકદેવ.

૨૮. પું. (પુરાણ) શુક્રાચાર્યને પીબરીને પેટ થયેલા ચાર માંહેનો એક પુત્ર.

૨૯. પું. (સંગીત) સામમાં જણાવેલ સાત માંહેનો એક સ્વર.

૩૦. પું. સુરમો.

૩૧. પું. સૂર્યનાં એકસો આઠ માંહેનું એક નામ.

૩૨. ન. (પુરાણ) અથર્વવેદનું એ નામનું ઉપનિષદ.

૩૩. ન. ઊંચી જાતનું કાળું અગર.

૩૪. ન. એક જાતનો ક્ષાર.

૩૫. ન. કદંબનું ઝાડ.

૩૬. ન. કાળાં મરી.

૩૭. ન. ખરાબ કર્મ.

૩૮. ન. ચંદ્રનું ધાબું.

૩૯. ન. દશાવતારી ગંજીફાના પાનાની એક જાત.

૪૦. વિ. અપ્રમાણિકપણે એકઠું કરેલ.

૪૧. વિ. આકર્ષણ કરનાર; ખેંચનાર.

૪૨. વિ. કાળું.

૪૩. વિ. યજુર્વેદની એ નામની એક શાખાનું.

૪૪. વિ. હિંસક; મારી નાખનાર. ખાટકી, પારધી વગેરે લોકોનો કૃષ્ણ જાતિમાં સમાવેશ થાય છે.

કૃષ્ણક ૧. [સં.] પું. કાળો સરસવ.

૨. ન. કાળા મૃગનું ચામડું.

કૃષ્ણકટોરો પું. એક જાતનો પ્યાલો; એક જાતનું દાર્શનિક રમકડું. તેમાં કૃષ્ણની મૂર્તિને કે મનુષ્યની આકૃતિને પાણી અડે કે તરત પાણી નીકળવા માંડે. આ પ્યાલામાંની આકૃતિમાં એક વક્રનળી હોય છે. તે નળીનો લાંબો છેડો પ્યાલાના નીચેના ભાગમાંથી પસાર થાય છે. જ્યારે પ્યાલામાં પાણી રેડવામાં આવે ત્યારે આકૃતિના મોઢા સુધી પાણી ચડે. મોઢાની નીચે વક્રનળીનું મુખ હોય છે, તેથી વધારે પાણી નાખવાથી વક્રનળીને બીજે છેડેથી પાણી નીકળી જાય છે.

કૃષ્ણકમળ સ્ત્રી. એ નામની એક જાતની ફૂલવેલ. ઝપાટાબંધ વધતી આ વેલનાં ફૂલ મધુર વાસવાળાં કમળ જેવાં અને આકર્ષક હોય છે.

કૃષ્ણકર્કટક [સં.] પું. એક જાતનો કરચલો.

કૃષ્ણકર્ણિયાર [સં.] ન. કાળી કણેરનું ઝાડ.

કૃષ્ણકર્મ ૧. [સં.] ન. પ્રભુને અર્પણ કરવાની બુદ્ધિથી કરેલું કર્મ.

૨. ન. વ્રણ ઉપર કાળાશ લાવનારી એક વૈદ્યક વિદ્યા.

૩. ન. હિંસા વગેરે પાપકારી કામ; શાસ્ત્ર નિષિદ્ધ પાપકર્મ. કર્મના ચાર પ્રકારઃ શુક્લ, કૃષ્ણ, શુક્લકૃષ્ણ તથા અશુક્લાકૃષ્ણ.

કૃષ્ણકલિ [સં.] પું. એક જાતનું ઝાડ. તેમાં લગભગ ફૂલ જ હોય છે.

કૃષ્ણકંદ ૧. [સં.] ન. રાતું કમળ.

૨. ન. સાધારણ શરીરવાળા જીવોનો એક પ્રકાર.

કૃષ્ણકાક [સં. કૃષ્ણ (કાળું) + કાક (કાગડો)] પું. એક જાતનો કાળો કાગડો.

કૃષ્ણકાકી [સં.] સ્ત્રી. એક જાતની કાળી કાગડી.

કૃષ્ણકાય [સં. કૃષ્ણ (કાળું) + કાયા (શરીર)] પું. પાડો.

કૃષ્ણકાયા [સં. કૃષ્ણ (કાળું) + કાયા (શરીર)] સ્ત્રી. ભેંસ.

કૃષ્ણકાવળ સ્ત્રી. મહારાષ્ટ્રના જંગલમાં ઊગતી એક જાતની વનસ્પતિ. તેમાં પસીનો ઉત્પન્ન કરવાનો ગુણ છે. તેનાં મૂળિયાં લોહી સુધારે છે. વળી તે વાતનાશક, મૂત્રદોષહર, રુચિકર, રક્તશુદ્ધિકર અને વિષનાશક મનાય છે.

કૃષ્ણકાષ્ઠ [સં.] ન. કાળું અગર.

કૃષ્ણકેલી સ્ત્રી. ગુલબાસ.

કૃષ્ણકેશર ન. કાળું કેશર.

કૃષ્ણકોહલ [સં.] પું. જુગારી.

કૃષ્ણગતરોગ [સં.] પું. નેત્રની કાળી કીકીમાં થતો એક રોગ.

કૃષ્ણગતિ ૧. [સં.] પું. અગ્નિ.

૨. પું. ચિત્રક વૃક્ષ.

૩. સ્ત્રી. જીવની સ્વર્ગાદિ લોકમાં થતી ગતિ.

કૃષ્ણગતિકા ૧. પું. અગ્નિ.

૨. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ભગણ, જગણ અને બે ગુરુ મળી આઠ અક્ષર હોય છે.

૩. પું. ચિત્રક વૃક્ષ.

કૃષ્ણગર્ભ [સં.] પું. કાયફળ.

કૃષ્ણગંગા [સં.] સ્ત્રી. કૃષ્ણા નદી. તે પશ્ચિમ ઘાટમાંથી નીકળી બંગાળાના ઉપસાગરમાં પડે છે.

કૃષ્ણગંધ [સં.] પું. સરગવાનું ઝાડ.

કૃષ્ણગંધા [સં.] સ્ત્રી. સરગવો.

કૃષ્ણગિરિ ૧. પું. કારાકોરમ પર્વત; મસ્તગ.

૨. પું. નીલગિરિ પર્વત.

કૃષ્ણગોધા [સં.] પું. એક જાતનો કીડો.

કૃષ્ણગ્રીવ ૧. [સં. કૃષ્ણ (કાળું) + ગ્રીવા (ડોક)] પું. મહાદેવ; શંકર.

૨. વિ. કાળી ડોકવાળું.

કૃષ્ણચકલી સ્ત્રી. કાળી ચકલી.

કૃષ્ણચક્ર [સં.] ન. કૃષ્ણ ભગવાનનું હથિયાર; સુદર્શનચક્ર.

કૃષ્ણચતુર્દશી [સં.] સ્ત્રી. અંધારિયા પક્ષની ચૌદશ; અંધારી ચૌદશ; અમાસ પહેલાનો દિવસ.

કૃષ્ણચમેલી સ્ત્રી. એક જાતનો વેલો; સુંદરવેલ. તેનાં પાન કાપવાળાં અને સુંદર હોય છે. તેને આસમાની ફૂલ અને રાતાં ગોળ ફળ થાય છે.

કૃષ્ણચરણ પું. એક જાતનો છોડ.

કૃષ્ણચરિત ૧. [સં.] ન. કૃષ્ણના જેવું કૃત્ય.

૨. ન. ખરાબ કામ; કાળું કૃત્ય.

કૃષ્ણચરિત્ર ૧. [સં.] ન. કૃષ્ણની હકીકત.

૨. ન. પાપી કામ; કાળું કર્મ.

કૃષ્ણચર્મ [સં. કૃષ્ણ (કાળું) + ચર્મન્ (ચામડું)] ન. કાળિયાર હરણનું ચામડું.

કૃષ્ણચંદ્ર [સં.] પું. ચંદ્ર જેવા શોભાયમાન કૃષ્ણ; શ્રીકૃષ્ણ.

કૃષ્ણચૂડ (કૃષ્ણચૂડ઼) ૧. સ્ત્રી. એક જાતનો છોડ. તેને કેસરિયા રંગનાં ફૂલ આવે છે.

૨. સ્ત્રી. ગલતૂરી.

કૃષ્ણચૂડા (કૃષ્ણચૂડ઼ા) ૧. [સં.] સ્ત્રી. એક જાતનું ફૂલઝાડ.

૨. સ્ત્રી. ગુંજા; ચણોઠી.

કૃષ્ણચૂડાર [હિં.] ન. એક જાતનું ફૂલ.

કૃષ્ણચૂડિકા [સં.] સ્ત્રી. ચણોઠી.

કૃષ્ણચૂર ન. એક જાતનું ઝાડ. તેને રાતા રંગનાં પાન થાય છે.

કૃષ્ણચૂર્ણ [સં.] ન. લોઢાનો મેલ.

કૃષ્ણજટા [સં.] સ્ત્રી. જટામાંસીનો છોડ.

કૃષ્ણજયંતિ [સં.] સ્ત્રી. જન્માષ્ટમી; ગોકુળાષ્ટમી; શ્રાવણ વદિ આઠમ.

કૃષ્ણજીર [સં.] ન. કાળું જીરું.

કૃષ્ણજીરક [સં.] ન. શાહજીરું; કાળું જીરું.

કૃષ્ણજીરકાદિલેપ પું. (વૈદ્યક) દાદર, ઉદંબર અને વિચર્ચિકા એટલે ખસના રોગ ઉપર વપરાતો એક લેપ. કલોંજી જીરું, કાસમર્દનાં બીજ, કુવાડિયાનાં બીજ અને કરંજનાં બીજ સમભાગે લઈ તેના બારીક ચૂર્ણને ગોમૂત્રમાં વાટવાથી આ લેપ બને છે.

કૃષ્ણજીરાક જુઓ કૃષ્ણજીરક.

કૃષ્ણતંડુલા ૧. [સં.] સ્ત્રી. કર્ણસ્ફોટ નામનો વેલો.

૨. સ્ત્રી. પીપર.

૩. સ્ત્રી. વાવડિંગ.

કૃષ્ણતા [સં.] સ્ત્રી. કાળાશ; કાળાપણું.

કૃષ્ણતામ્ર [સં.] પું. એક જાતનું ચંદનકાષ્ઠ. તે રાતા ભૂરા રંગનું હોય છે.

કૃષ્ણતાર [સં.] પું. કાળો મૃગ.

કૃષ્ણતારી [સં.] સ્ત્રી. કાળી મૃગલી.

કૃષ્ણતાલુ [સં. કૃષ્ણ (કાળું) + તાલુ (તાળવું)] પું. તાળવા ઉપર કાળું ચાઠું હોય તેવો ઘોડો.

કૃષ્ણતાળ સ્ત્રી. તાળવું કાળું હોય એવી ઘોડાની એક એબ.

કૃષ્ણતાળુ જુઓ કૃષ્ણતાલુ.

કૃષ્ણતિલ [સં.] પું. કાળા તલ.

કૃષ્ણતુળસી સ્ત્રી. શ્યામતુળસી. એનાં પાંદડાં કાળાશ પડતા રતૂમડાં રંગનાં હોય છે અને તે દવામાં વપરાય છે.

કૃષ્ણત્વ [સં.] ન. કાળાશ; કાળાપણું.

કૃષ્ણદેહ ૧. [સં.] પું. કાળા રંગનું શરીર.

૨. પું. ભમરો; ભ્રમર.

૩. વિ. કાળા શરીરવાળું.

કૃષ્ણદોષ [સં. કૃષ્ણ (કાળું) + દોષ (ખામી)] પું. હીરાની દશ માંહેની એક ખામી. તેમાં કાળા ડાઘા હોય છે.

કૃષ્ણદ્યુમ્નિક પું. ઋગ્વેદના આઠમા મંડલના ૮૭મા સૂક્તનો કર્તા એ નામનો એક ઋષિ.

કૃષ્ણદ્વૈપાયન [સં.] પું. (પુરાણ) વ્યાસમુનિ; પરાશરના પુત્ર વેદવ્યાસ. ઉપરિચર નામે પ્રસિદ્ધ થયેલા વસુ રાજાની વાસવી નામની ધીવરને ત્યાં મૂકેલી કન્યાને કુમાર દશામાં પરાશર ઋષિથી એ ઉત્પન્ન થયો હતો, માટે તેને પારાશર્ય પણ કહે છે. યમુના નદીનો વર્ણ કાળો છે અને તેમાંના બેટમાં એમનો જન્મ થયો હતો તેથી એને દ્વૈપાયન અથવા કૃષ્ણદ્વૈપાયન કહેલ છે. તેમ જ એણે બદરીવનમાં તપ કર્યું હતું એટલે તેને બાદરાયણ પણ કહેલ છે. એણે વેદની કેટલીક લુપ્ત શાખાનું ઉદ્ધારણ કર્યું તેથી એ વ્યાસ પણ કહેવાય છે. જન્મ થયો કે તરત 'મને સ્મરણ કરતાં હું આવીશ' એવું પોતાની માતા સત્યવતીને વરદાન આપી તપ કરવા ચાલ્યો ગયો હતો. આગળ જતાં શાંતનુનો વંશ જવા વખત આવ્યો ત્યારે સ્મરણ કરવાથી તેણે આવીને વંશ રાખ્યો હતો. કલ્પ પર્યંત પોતે ચિરંજીવી મનાય છે.

કૃષ્ણધતૂર સ્ત્રી. એક જાતની વનસ્પતિ. એનાં બિયાંમાંથી ધતૂરણ નામનો રસ નીકળે છે. તેમાં તેલ નાખી દાદર ઉપર ચોપડાય છે.

કૃષ્ણધન [સં.] ન. જુગાર વગેરેથી મેળવેલ પૈસો.

કૃષ્ણનકુલ [સં.] પું. કાળો નોળિયો.

કૃષ્ણનગર ન. ભારતવર્ષનું એ નામનું એક તીર્થસ્થાન; બગડી. અહીં કૃષ્ણની પાષાણની તથા રાધાજીની ધાતુની મૂર્તિ છે. ૪૦૦ વર્ષ પહેલાં બગડીના રાજાની મદદથી પરમ ભક્ત રાજ્યધર રાયજીએ તે મૂર્તિની સ્થાપના કરી હતી.

કૃષ્ણપક્ષ [સં.] ન. અંધારિયું પખવાડિયું; વદિ પક્ષ.

કૃષ્ણપખ જુઓ કૃષ્ણપક્ષ.

કૃષ્ણપછ [સં. કૃષ્ણપક્ષ] પું.; ન. વદિ પક્ષ; અંધારિયું.

કૃષ્ણપટલ ૧. ન. એ નામની એક વનસ્પતિ.

૨. ન. કાળું પડ.

કૃષ્ણપટલિકારોગ પું. આંખનો એક રોગ; તમોદૃષ્ટિ; તમઃપટલિકા. આ રોગમાં આંખની સામે કાળું કૂંડાળું દેખાય છે.

કૃષ્ણપટ્ટી સ્ત્રી. એક જાતનું પક્ષી.

કૃષ્ણપદી [સં.] સ્ત્રી. કાળા પગવાળી સ્ત્રી.

કૃષ્ણપરાશર પું. (પુરાણ) પરાશર કુલમાં થયેલ બ્રહ્મર્ષિ અને તેમનું કુળ. એ કુળમાં કાર્ષ્ણાયન, કપિમુખ, કાયસ્થ, અજઃપાલિ અને પુષ્કર એ મુખ્ય ઋષિ હતા.

કૃષ્ણપર્ણી [સં.] સ્ત્રી. કાળાં પાંદડાંવાળી તુળસી; શ્યામતુલસી.

કૃષ્ણપવિ [સં.] પું. અગ્નિ.

કૃષ્ણપાક [સં.] પું. કરમદાનું ઝાડ.

કૃષ્ણપાકફલ ૧. [સં.] પું. કરમદાનું ઝાડ.

૨. ન. મોટું કરમદું.

કૃષ્ણપિંગલ ૧. પું. દક્ષિણ ભાગમાં મહેશ્વર કૃષ્ણવર્ણ અને વામ ભાગમાં ઉમા પીંગળવર્ણ એવા બંને સ્વરૂપે અર્ધનારીનટેશ્વર રૂપ; વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ.

૨. વિ. કાળા અને પીંગળા રંગવાળું.

કૃષ્ણપુચ્છ ન. માછલું.

કૃષ્ણપુષ્પ [સં.] પું. કાળો ધતૂરો.

કૃષ્ણપુષ્પી ૧. [સં.] સ્ત્રી. પ્રિયંગ વૃક્ષ.

૨. સ્ત્રી. મેંદી, કેમકે તેનાં બી તથા ફૂલ કાળાં થાય છે.

૩. સ્ત્રી. રાઈનો છોડ.

કૃષ્ણપ્રતિપક્ષ [સં.] પું. અંધારિયું પખવાડિયું; વદિ પક્ષ.

કૃષ્ણફલ [સં.] પું. કરમદાનું ઝાડ.

કૃષ્ણફલા ૧. [સં.] સ્ત્રી. એ નામની વનસ્પતિ; સોમરાજી.

૨. સ્ત્રી. કાળી વાલોળ.

૩. સ્ત્રી. નાનાં જાંબુની એક જાત.

૪. સ્ત્રી. બાવચી.

૫. સ્ત્રી. મરી.

તિક્તા ઉષણા કોલકા, કૃષ્ણફલા એ નામ,
મરચી મીઠું મેળવી વધુ કહું શું વામ.
પિંગળલઘુકોષ

કૃષ્ણફળ જુઓ કૃષ્ણફલ.

કૃષ્ણબલક્ષ [સં.] પું. કાળો અને ધોળો રંગ.

કૃષ્ણબંધુજીવ પું. કાળાં ફૂલવાળું એક જાતનું ઝાડ.

કૃષ્ણબીજ ૧. [સં.] પું. તરબૂચ; કાલિંગડું.

૨. પું. સરગવાનું ઝાડ.

કૃષ્ણભક્ત પું. કૃષ્ણનો ભક્ત; કૃષ્ણની ભક્તિ કરનાર.

કૃષ્ણભસ્મ [સં.] સ્ત્રી. એક જાતની ભસ્મ.

કૃષ્ણભાગ [સં.] પું. કીકી.

કૃષ્ણભુજંગ ૧. પું. કામી કૃષ્ણ.

૨. [સં.] પું. કાળો નાગ.

કૃષ્ણભૂમ પું. કૃષ્ણભૂમિવાળો પ્રદેશ.

કૃષ્ણભૂમિ [સં. કૃષ્ણ (કાળું) + ભૂમિ (જમીન)] સ્ત્રી. કાળી જમીન.

કૃષ્ણભૂમિજ [સં. કૃષ્ણ (કાળું) + ભૂમિ (જમીન) + જ (થયેલું)] વિ. કાળી જમીનમાં ઉત્પન્ન થનાર.

કૃષ્ણભૂમિજા [સં. કૃષ્ણ (કાળું) + ભૂમિ (જમીન) + જા (થયેલી)] સ્ત્રી. એક જાતનું ઘાસ; ગોમૂત્રિકા તૃણ.

કૃષ્ણભેદા [સં.] સ્ત્રી. કાળા રંગનું કડુ. કડુની કાળી અને પીળી બે જાત થાય છે.

કૃષ્ણભોગ સ્ત્રી. મોટા કદવાળી, રેસા વગરની કેરીની એક મીઠી જાત.

કૃષ્ણમણિ [સં.] પું. નીલમ.

કૃષ્ણમત પું. (સંગીત) રાગના પાંચ માંહેનો એક મત. શ્રી કૃષ્ણ સંગીતમાં પારંગત મનાય છે, માટે સંગીતશાસ્ત્ર વિષે તેમનો પણ મત છે. તેમના મતમાં ઠુમરી, દાદરો, ગરબી ઇત્યાદિ રસિક અને કાનને મિષ્ટ લાગે એવો ગાવાનો ઢંગ છે. તેમનો મત કેટલેક દરજ્જે શિવમતને મળતો છે. મુખ્ય રાગ ૭ અને તેની ઋતુઓ શિવમત પ્રમાણે જ છે. પણ રાગિણી અને પુત્રમાં નીચે મુજબ તફાવત છે:

૧. શ્રી રાગઃ ઋતુ શિવમત પ્રમાણે તેના પરિવાર સહિત છે. તેની ૭ રાગણીનાં નામઃ (૧) ગૌરી, (૨) કુલાહલ, (૩) ધવલ, (૪) રૌશની, (૫) માલકોશ, (૬) દેવગંધાર. તેના આઠ પુત્રનાં નામઃ (૧) સિંધુ, (૨) માલવ, (૩) કલ્યાણ, (૪) ગુણસાગર, (૫) કુંભ, (૬) ગંભીર, (૭) અગડ, (૮) બગડ.

૨. વસંતઃ ઋતુ એના પરિવાર સહિત શિવમત પ્રમાણે છે. તેની ૭ રાગિણીનાં નામઃ (૧) અનદોલી, (૨) ગમકી, (૩) પટમંજરી, (૪) ગૌડગિરી, (૫) ધાનકી, (૬) દેશાખ. તેના આઠ પુત્રનાં નામઃ (૧) ચંદ્રબિંબ, (૨) મંગલ, (૩) શોભા, (૪) આનંદ, (૫) વિનોદ, (૬) પ્રધાન, (૭) ગૌરા, (૮) હિંડોલ.

૩. પંચમઃ ઋતુ તેના પરિવાર સહિત શિવમત પ્રમાણે છે. તેની ૭ રાગિણીનાં નામઃ (૧) ત્રિવેણી, (૨) સર્ભતીર્થા, (૩) અભીરી, (૪) કુકુભા, (૫) બૈશરી, (૬) આશાવરી. તેના આઠ પુત્રનાં નામઃ (૧) કુંતલ, (૨) કમલ, (૩) કલિંગ, (૪) ચંપક, (૫) કુસુમ, (૬) રામ, (૭) લહિલ, (૮) હિમાલ.

૪. ભૈરવઃ ઋતુ તેના પરિવાર સહિત શિવમત પ્રમાણે છે. તેની ૭ રાગિણીનાં નામઃ (૧) ભૈરવી, (૨) ગુજરી, (૩) બિલાવલી, (૪) ભાગા, (૫) કરનાટી, (૬) રક્તહંસા. તેના આઠ પુત્રનાં નામઃ (૧) હરખ, (૨) દેશાખ, (૩) માલકોશ, (૪) માધવ, (૫) બિલાવલ, (૬) બલનેહ, (૭) મધુ, (૮) લલિત.

૫. મેઘઃ ઋતુ તેના પરિવાર સહિત શિવમત પ્રમાણે છે. તેની ૭ રાગિણીનાં નામઃ (૧) બંગાલી, (૨) મધુરા, (૩) કામોદ, (૪) ધનાશ્રી, (૫) દેવતીર્થા, (૬) દીવાલી. તેના આઠ પુત્રનાં નામઃ (૧) જાલંધર, (૨) સારંગ, (૩) કિદારા, (૪) શંકરાભરણું, (૫) મ્હારવા, (૬) ગજધર, (૭) ગંધાર, (૮) શહાના.

૬. નટનારાયણઃ ઋતુ તેના પરિવાર સહિત શિવમત પ્રમણે છે. તેની ૭ રાગિણીનાં નામઃ (૧) ત્રિવનકી, (૨) તિલકી અથવા તિલંગી, (૩) પૂરબી, (૪) ગંધારી, (૫) રામા, (૬) સિંધ મલ્હારી. તેના આઠ પુત્રનાં નામઃ (૧) દીપક, (૨) મેવાડ, (૩) મષ્ટાનક, (૪) પ્રબલ, (૫) ચંદ્ર, (૬) નંદ, (૭) ભંવર, (૮) ખોખર.

કૃષ્ણમત મુજબ રાગરાગિણીનો વખત નીચે પ્રમાણે છેઃ (૧) ભૈરવી, (૨) ભૂપાલી, (૩) મદમાધ, (૪) દેશાખ, (૫) મલ્હાર, (૬) બિલાવલ (૭) ગુજરી, (૮) બંગાલ, (૯) શ્યામ, (૧૦) માલશ્રી, (૧૧) ધન્યાશ્રી, (૧૨) મેઘ, (૧૩) પંચમ, (૧૪) દેશકાર, (૧૫) ભૈરવ, (૧૬) લલિત, (૧૭) વસંત ઇત્યાદિ રાગ સવારના પહેલા પહોરમાં ગાવા. (૧) માલકોશ, (૨) આશાવરી અથવા સામેરી, (૩) પટમંજરી, (૪) રેવા, (૫) ગુનકલી, (૬) રામકલી, (૭) સોરઠ ઇત્યાદિ રાગ દિવસના બીજા પહોરે ગાવા. (૧) બૈરારી, (૨) રોડી, (૩) કામોદી, (૪) સુઘરાઈ, (૫) ગંધારી, (૬) નાગદહન, (૭) સિંધ, (૮) દેશી, (૯) શંકરાભરણુ ઇત્યાદિ રાગ દિવસના ત્રીજા પહોરે ગાવા. (૧) શ્રી રાગ, (૨) માલવા, (૩) ગૌરી, (૪) નિરવન, (૫) નટ, (૬) કલ્યાણુ, (૭) નંદ, (૮) કિદારા, (૯) અહીરી, (૧૦) કરનાટી, (૧૧) બડહસ, (૧૨) બહારી, (૧૩) હમીરનાટ ઇત્યાદિ રાગ સંધ્યા વખતે ગાવા. આ મતનો પ્રવર્તક તાનસેન ગણાય છે.

કૃષ્ણમત્સ્ય [સં. કૃષ્ણ (કાળું) + મત્સ્ય (માછલું)] પું. એક જાતનું માછલું.

કૃષ્ણમસૂરિકા સ્ત્રી. એક જાતનો શીતળાનો ભયાનક રોગ. ખાસ કરીને યુવાન લોકોને જ આ શીતળા નીકળે છે. જેણે શીતળા ન ટંકાવ્યાં હોય તેને આ રોગ થાય. તેમાં સખ્ત માથાનો દુખાવો, ઊલટી અને ઘણી નબળાઈ લાગે. બીજે દિવસે એટલે પહેલા ૨૪ કલાકની અંદર રાતા રંગના દાણા દેખાય. થોડાક વખતમાં રક્તસ્રાવ શરૂ થાય. ચહેરો લાલ થઈ સૂઝી જાય. વ્યાધિને ત્રીજે દિવસે નાક, મૂત્રમાર્ગ, ગુદા અને આમાશય વગેરેની શ્લેષ્મ કળામાંથી રક્તસ્રાવ શરૂ થાય. જો આરામ ન થાય તો રોગી સાતમે દિવસે મૃત્યુ પામે. આ શીતળાના ઉપદ્રવ સાથે બીજા અનેક પ્રકારના ઉપદ્રવ પણ થાય છે.

કૃષ્ણમંડલ ૧. [સં.] ન. આંખની કીકીની આજુબાજુનો વર્તુલાકાર કાળો ભાગ.

૨. ન. કૃષ્ણની સભા.

કૃષ્ણમંડળ જુઓ કૃષ્ણમંડલ.

કૃષ્ણમંત્ર પું. કૃષ્ણ ભગવાનનો મંત્ર.

કૃષ્ણમિશ્ર પું. એ નામનો કવિ. તેણે ઈ. સ. ૧૧૯૭માં પ્રબોધચંદ્રોદય નામનું એક નાટક લખ્યું છે.

કૃષ્ણમુખ ૧. પું. એક દાનવનું નામ.

૨. [સં. કૃષ્ણ (કાળું) + મુખ (મોઢું)] પું. કાળા મોઢાનો વાંદરો.

૩. વિ. કાળા મોઢાવાળું.

કૃષ્ણમુખા ૧. પું. એ નામનો એક દાનવ.

૨. પું. કાળા મુખવાળો વાંદરો.

૩. સ્ત્રી. એ નામની વનસ્પતિ; ઉપલસરી.

૪. ન. કાળું મોં.

૫. વિ. કાળા મોઢાવાળું.

કૃષ્ણમુખી ૧. [સં.] સ્ત્રી. કાળા મોંવાળી વાંદરી.

૨. વિ. સ્ત્રી. કાળા મોંવાળી.

કૃષ્ણમુખું વિ. કાળા મોઢાવાળું.

કૃષ્ણમૃગ [સં.] પું. કાળિયાર મૃગ; કાળું હરણ.

કૃષ્ણમૃત્તિક [સં. કૃષ્ણ (કાળું) + મૃત્તિકા (માટી)]] પું. કાળી માટીવાળો દેશ.

કૃષ્ણમૃત્તિકા [સં કૃષ્ણ (કાળું) + મૃત્તિકા (માટી)] સ્ત્રી. કાળી માટી.

કૃષ્ણમેહ [સં.] પું. કાળો પેશાબ થાય એવો એક રોગ.

કૃષ્ણમેહિત [સં.] વિ. કાળા પેશાબનું દર્દ થયું હોય એવું.

કૃષ્ણયજુર્વેદ પું. યજુર્વેદની બે માંહેની એ નામની એક શાખા. વેદવ્યાસે પોતાના પૈલ, વૈશંપાયન, જૈમિનિ અને સુમંતુ એ નામના ચાર શિષ્ય ઉપર અનુગ્રહ કરી અનુક્રમે ઋક્, યજુષ્, સામ અને અથર્વણુ એ વેદ ભણાવ્યા. વૈશંપાયને પોતે અધ્યયન કરેલા યજુર્વેદની ૮૬ શાખા કરી તે પોતાના શિષ્યોને શીખવી. યાજ્ઞવલ્કયે પ્રથમ પોતાના મામા વૈશંપાયન ઋષિ પાસે વેદવિદ્યાનો અભ્યાસ કર્યો હતો, પણ પાછળથી તે શીખેલી વેદવિદ્યા તેમને પોતાના ગુરુની આજ્ઞાથી વમન કરવી પડી હતી. અંગારારૂપે વમન કરેલી એ વિદ્યાને વૈશંપાયન અને બીજા વિદ્યાલોભી શિષ્યો તિત્તિર પક્ષીનું એટલે તેતરનું રૂપ ધારણુ કરીને ભક્ષણુ કરી ગયા. અંગારારૂપે વમન કરેલી અને બીજા શિષ્યોએ ભક્ષણુ કરેલી તે વેદવિદ્યા ત્યારથી કૃષ્ણયજુર્વેદને નામે પ્રસિદ્ધ થઈ. તેની અંદર સ્વરભારવાળું ગદ્ય જોવામાં આવે છે. વચ્ચે વચ્ચે પદ્યરૂપે યજ્ઞની સ્તુતિ કરનારા મંત્રો જોવામાં આવે છે, તો કોઈ વાર યજ્ઞ કેમ કરવો તે બતાવનારા તેમ જ યજ્ઞના દેવતાની સ્તુતિ કરનારાં સૂત્રો પણ જોવામાં આવે છે. તેની ભાષા ઋગ્વેદની ભાષા કરતાં આધુનિક લાગે છે, પણ ખરેખરી રીતે જોતાં ઋગ્વેદના દશમા મંડળની ભાષામાં ને યજુર્વેદની ભાષામાં ઘણો ભેદ નથી. વળી ઋગ્વેદની માફક યજુર્વેદમાં પણ સ્વરભાર જોવામાં આવે છે. તેની તૈત્તિરીય, મૈત્રાયણીય, કઠ વગેરે શાખાઓમાં ફેરફાર જોવામાં આવે છે. તૈત્તિરીય શાખામાં સાત ભાગ અને ૪૪ પાઠ છે અને પાઠના અનુપાઠ એવા પેટા ભાગ પાડ્યા છે. આહ્નિક, માસિક, વાર્ષિક વગેરે વિવિધ પ્રકારના યજ્ઞોનું આમાં વર્ણન કરેલું છે.

કૃષ્ણયંત્ર પું. હળ.

કૃષ્ણયામ [સં.] પું. અગ્નિ.

કૃષ્ણયુગ [સં.] પું. કળિયુગ.

કૃષ્ણરંગી ૧. [સં.] વિ. કાળા રંગનું.

૨. વિ. કૃષ્ણ ભગવાનના જેવું.

કૃષ્ણરાજ ૧. [સં.] પું. ભુજંગા પક્ષી.

૨. પું. રાષ્ટ્રકૂટ વંશમાં થઈ ગયેલ એ નામનો રાજા.

કૃષ્ણરાજી ૧. સ્ત્રી. અંધારાનો ઢગલો; અંધારી જગ્યા.

૨. સ્ત્રી. ઝાડી.

કૃષ્ણરૂલા સ્ત્રી. બાબચી નામની ઔષધિ.

કૃષ્ણરૂહા [સં.] સ્ત્રી. એ નામની એક વેલ; પનડી. આ વેલની ડાંડલી ઉપર પણ કાળા વાળ જેવાં રૂંછડાં થાય છે.

કૃષ્ણરેખા [સં.] સ્ત્રી. કાળી લીટી.

કૃષ્ણલ ૧. પું. એક જાતનો સિક્કો.

૨. [સં.] પું. ચણોઠીનું ઝાડ.

૩. પું. ચણોઠીભાર વજન.

૪. પું. રતી; ગુંજાફલ.

૫. ન. સોનાનો ટુકડો.

કૃષ્ણલક ૧. [સં.] પું. ચણોઠી.

૨. ન. ચણોઠીભાર વજન.

કૃષ્ણલતા ૧. સ્ત્રી. કાળી ઉપલસરી.

૨. સ્ત્રી. કાળી તુલસી.

કૃષ્ણલવણ [સં.] ન. એક જાતનો ક્ષાર; સંચળ.

કૃષ્ણલા ૧. [સં.] સ્ત્રી. ચણોઠી.

કાકચંચુકા **કૃષ્ણલા** ગુંજા કરે પ્રણામ,
મુખ પર છાઇ શ્યામતા લઈ શ્યામનું નામ.
પિંગળલઘુકોષ

૨. સ્ત્રી. સીસમનું ઝાડ.

કૃષ્ણલીલા [સં.] સ્ત્રી. કૃષ્ણ ભગવાનની લીલા.

કૃષ્ણલેશ્યા સ્ત્રી. (જૈન) જીવના ૭ પ્રકારના અધ્યવસાય માંહેનો એક જાતનો મલિન અધ્યવસાય.

કૃષ્ણલોહ [સં.] પું. લોહચુંબક.

કૃષ્ણવક્ત્ર ૧. [સં. કૃષ્ણ (કાળું) + વક્ત્ર (મોઢું)] પું. કાળા મુખવાળો વાનર.

૨. વિ. કાળા મુખવાળું.

કૃષ્ણવક્ત્રા ૧. [સં.] સ્ત્રી. કાળા મુખવાળી વાનરી.

૨. વિ. સ્ત્રી. કાળા મોઢાવાળી.

કૃષ્ણવર્ણ ૧. પું. અરીઠો.

૨. [સં.] પું. કાળો રંગ.

૩. પું. (જ્યોતિષ) રાહુ ગ્રહ.

૪. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૫. પું. શૂદ્ર.

૬. વિ. કાળું; કાળા રંગનું.

કૃષ્ણવર્ણા [સં.] વિ. સ્ત્રી. કાળા રંગની; શ્યામવર્ણી; કાળી.

કૃષ્ણવર્ત્મા ૧. [સં. કૃષ્ણવર્ત્મન્] પું. અગ્નિ.

૨. પું. ચિત્રક. કાળાં ફૂલવાળા ચિત્રકને કૃષ્ણવર્ત્મા કહે છે.

૩. પું. (જ્યોતિષ) રાહુ.

૪. ન. શ્રીકૃષ્ણરૂપ શરણ.

૫. વિ. દુષ્ટ કામ કરનાર.

કૃષ્ણવર્વર [સં.] પું. કાળી તુલસી.

કૃષ્ણવર્વરક [સં.] પું. કાળી તુલસી.

કૃષ્ણવલ્લિકા ૧. [સં.] સ્ત્રી. જતુકા નામનો વેલો.

૨. સ્ત્રી. પનડી; કૃષ્ણમલ્લિકા. આ પનડીની વેલ કાળા રંગની થાય છે.

કૃષ્ણવલ્લી ૧. [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; ઉપલસરી.

૨. સ્ત્રી. એક જાતની વેલ; નાગદમની. તેનાં મૂળ કાળાં હઈ ચીક ઘણો હોય છે. તે પારદબંધન માટે વપરાય છે.

૩. સ્ત્રી. કાકડી.

૪. સ્ત્રી. કાળી તુળસી.

કૃષ્ણવંતા સ્ત્રી. વેલ પાટલાનું ઝાડ.

કૃષ્ણવાનર [સં.] પું. એક જાતનો વાંદરો.

કૃષ્ણવાનરી [સં.] સ્ત્રી. એક જાતની વાંદરી.

કૃષ્ણવિલાસ ૧. પું. ઉડાઉ રમત.

૨. [સં.] પું. કૃષ્ણની લીલા.

કૃષ્ણવિષાણ ન. શીંગડું.

કૃષ્ણવિષાણા ૧. [સં.] સ્ત્રી. યજમાનને ખણવાનું એક સાધન.

૨. સ્ત્રી. શીંગડું.

કૃષ્ણવીજ ૧. [સં.] પું. રાતો સરગવો.

૨. ન. તરબૂચ.

કૃષ્ણવૃંતા ૧. પું. જંગલી અડદ.

૨. સ્ત્રી. કાંકચ.

૩. [સં.] સ્ત્રી. પાડલ વનસ્પતિ.

૪. સ્ત્રી. સીવણ.

કૃષ્ણવૃંતિકા [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; ગાંભારી.

કૃષ્ણવેણા [સં.] સ્ત્રી. એ નામની ભરતખંડની પવિત્ર નદી; કૃષ્ણા નદી.

કૃષ્ણવેણી ૧. સ્ત્રી. કૃષ્ણગંગા; કૃષ્ણા નદી. પશ્ચિમઘાટ ઉપરના મહાબળેશ્વર આગળથી તે નીકળી બંગાળના ઉપસાગરને મળે છે. એનું મૂળ મહાદેવના દેવળમાં આવ્યું હોઈ ઘણું પવિત્ર ક્ષેત્ર મનાય છે અને ઘણા યાત્રાળુ ત્યાં જાય છે.

૨. સ્ત્રી. કૃષ્ણા અને વેણી નદી મળીને થતી નદી.

કૃષ્ણવેણીતીર્થ ન. એ નામનું એક તીર્થ.

કૃષ્ણવેલી પું. એક જાતનો બળદ.

કૃષ્ણવ્રીહિ [સં.] પું. એક જાતના ચોખા.

કૃષ્ણશ [સં.] ન. કાળી કિનારીવાળું વસ્ત્ર.

કૃષ્ણશકુનિ [સં.] પું. કાગડો.

કૃષ્ણશણ [સં.] પું. કાળું શણ.

કૃષ્ણશાર [સં.] પું. કાળિયાર; કાળો મૃગ.

કૃષ્ણશાલિ [સં.] પું. એક જાતના ચોખા.

કૃષ્ણશિંગી સ્ત્રી. શીંગડું.

કૃષ્ણશૃંગ [સં.] પું. પાડો.

કૃષ્ણશૃંગી ૧. [સં.] સ્ત્રી. ભેંસ; ઢોબું; મહિષી.

૨. વિ. કાળાં શીંગડાંવાળું.

કૃષ્ણસખ ૧. [સં.] પું. અર્જુન.

૨. પું. સાદડાનું ઝાડ.

કૃષ્ણસખા [સં.] પું. અર્જુન.

કૃષ્ણસખિ [સં.] સ્ત્રી. કાળું જીરૂં.

કૃષ્ણસખી [સં.] સ્ત્રી. દ્રૌપદી.

કૃષ્ણસર્પ ૧. [સં.] પું. કાળો સાપ.

૨. પું. રાહુ.

કૃષ્ણસંપ્રદાય [સં.] પું. કૃષ્ણને માનનારો વર્ગ.

કૃષ્ણસાર ૧. [સં.] પું. કાળો મૃગ; કાળિયાર.

૨. પું. ખેરનું ઝાડ.

૩. પું. થોરનું ઝાડ.

૪. પું. સાબર.

૫. પું. સીસમનું ઝાડ.

૬. ન. અઢાર મુખ્ય ધન માંહેનું એક ધન.

કૃષ્ણસારથિ જુઓ કૃષ્ણસખ.

કૃષ્ણસારવા સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેના વેલા થાય છે. તેનાં મૂળિયાં ગર્ભશુદ્ધિ અને રક્તદોષ ઉપર ઉપયોગી ગણાય છે.

કૃષ્ણસારંગ [સં.] પું. કાળો મૃગ; કાળિયાર.

કૃષ્ણસારા જુઓ કૃષ્ણસારી.

કૃષ્ણસારી ૧. [સં.] સ્ત્રી. કાળી મૃગલી.

૨. સ્ત્રી. સીસમનું ઝાડ.

કૃષ્ણસુંદર [સં.] પું. વાસુદેવ; શ્રીકૃષ્ણ.

કૃષ્ણસ્કંધ [સં.] પું. તમાલવૃક્ષ.

કૃષ્ણસ્વસૃ [સં. કૃષ્ણ + સ્વસૃ (બહેન)] સ્ત્રી. દુર્ગાદેવી.

કૃષ્ણસ્વેદ [સં.] કાળો પરસેવો આવવાનો એક રોગ; કાલા પસીના.

કૃષ્ણા ૧. [સં.] સ્ત્રી. અગર.

૨. સ્ત્રી. અગ્નિની સાત માંહેની એક જીભ.

૩. સ્ત્રી. (સંગીત) આઠ જાત માંહેની એક કળા.

૪. સ્ત્રી. આંખની કીકી.

૫. સ્ત્રી. એ નામની એક યોગિની.

૬. સ્ત્રી. એ નામનો એક છોડ; અવિંગા; કુર્વિંદા; પાકફ્લા; કરૂંચા.

૭. સ્ત્રી. એક જાતની ઝેરી જળો.

૮. સ્ત્રી. એક જાતનું પક્ષી; અબાખીલ.

૯. સ્ત્રી. કડુ વનસ્પતિ.

૧૦. સ્ત્રી. કસ્તૂરી.

૧૧. સ્ત્રી. કાકોલી વનસ્પતિ.

૧૨. સ્ત્રી. કાલિકા દેવી.

૧૩. સ્ત્રી. કાળાં પાનવાળી તુળસી; શ્યામતુલસી.

૧૪. સ્ત્રી. કાળી ઉપલસરી.

૧૫. સ્ત્રી. કાળીજીરી.

૧૬. સ્ત્રી. કાળી દ્રાક્ષ.

૧૭. સ્ત્રી. કાળી નગોડ.

૧૮. સ્ત્રી. કાળી સાટોડી.

૧૯. સ્ત્રી. કાળો સુરમો.

૨૦. સ્ત્રી. કૃષ્ણગંગા; કૃષ્ણવેણી; દક્ષિણ હિંદની એક નદી. તે પશ્ચિમઘાટમાંથી નીકળી બંગાળાના ઉપસાગરને મળે છે.

૨૧. સ્ત્રી. ગળી; ગળીનો છોડ.

૨૨. સ્ત્રી. ગાંભારી નામની વનસ્પતિ.

૨૩. સ્ત્રી. ગુલાબ.

૨૪. સ્ત્રી. જટામાંસી નામની વનસ્પતિ.

૨૫. સ્ત્રી. દુર્ગાદેવી.

૨૬. સ્ત્રી. દ્રૌપદી; પાંચાળી.

૨૭. સ્ત્રી. નીલી વૃક્ષ.

૨૮. સ્ત્રી. પાપડી.

૨૯. સ્ત્રી. પાર્વતી.

૩૦. સ્ત્રી. પીપર નામનું ઝાડ.

૩૧. સ્ત્રી. બાબચી.

૩૨. સ્ત્રી. યમુના નદી.

૩૩. સ્ત્રી. રાઈ.

૩૪. સ્ત્રી. રાજસરસવ.

૩૫. સ્ત્રી. લીંડીપીપર.

કોલા કૃષ્ણા માગધી તિગ્મા તુંડિલા કોઈ,
વૈદેહી શ્યામા કણા શૌંડી પીપર સોઈ.

પિંગળલઘુકોષ

૩૬. સ્ત્રી. હાથણી.

૩૭. વિ.સ્ત્રી. કાળી; અંધારી. જેમકે, કૃષ્ણા એકાદશી.

કૃષ્ણાકર્ષિણી ૧. [સં.] સ્ત્રી. રાધા.

૨. વિ.સ્ત્રી. કૃષ્ણને આકર્ષણ કરનારી.

કૃષ્ણાકુમારી [સં.] સ્ત્રી. દ્રૌપદી.

કૃષ્ણાગર પું ; ન. કાળું અગરુ; કાળું ચંદન.

કૃષ્ણાગરુ જુઓ કૃષ્ણાગુરુ.

કૃષ્ણાગાર જુઓ કૃષ્ણાગુરુ.

કૃષ્ણાગુરુ [સં.] ન. એક જાતનું અગર. કાળું અગર; અગરુ ચંદન; કાળી સુખડ. તીખું, ગરમ અને કડવું આ અગર ઘા, કફ, વાયુ અને વમન મટાડનાર, ચામડીનો રંગ સુધારનાર અને પિત્ત હરનાર મનાય છે.

કૃષ્ણાચલ ૧. [સં.] પું. ગિરનાર પર્વત.

૨. પું. નીલગિરિ પર્વત.

કૃષ્ણાચૂર્ણ ન. (વૈદ્યક) એ નામની એક દવા; પીપર, પીપરીમૂળ, સૂંઠ અને બહેડાં એ ચાર ચીજ સમભાગે લઈ તેનું કરેલ બારીક ચૂર્ણ.

કૃષ્ણાજિન ૧. [સં.] પું. એક ઋષિનું નામ.

૨. ન. એ નામનું એક ગોત્ર.

૩. ન. કાળિયારનું ચામડું.

૪. ન. કાળું વસ્ત્ર.

કૃષ્ણાજિનાંબર [સં.] ન. કાળા મૃગના ચર્મરૂપી વસ્ત્ર.

કૃષ્ણાજીન જુઓ કૃષ્ણાજિન.

કૃષ્ણાત્રિ ન. એ નામનું એક ગોત્ર.

કૃષ્ણાઢ્યા [સં.] સ્ત્રી. પીપર.

કૃષ્ણાનંદ પું. પ્રાકૃત સાહિત્યમાં સહાય આપનાર સ્વામીનારાયણ સંપ્રદાયનો એક કવિ.

કૃષ્ણાનિત ન. કૃષ્ણાજિન ગોત્રનું એ નામનું એક પ્રવર.

કૃષ્ણાનુભૌતિક પું. (પુરાણ) એ નામનો એક ઋષિ.

કૃષ્ણાપટલિકા પું. આંખનો એક રોગ; તમોદષ્ટિ. તેમાં આંખની સામે એક અંધકારનો ગોળો દેખાય છે.

કૃષ્ણાબાઈ સ્ત્રી. એ નામની એક સ્ત્રી લેખિકા. તે વડનગરની નાગર બાઈ હતી. સીતાજીની કાંચળી નામના તેમના લખેલ કાવ્યમાં સીતા અને લક્ષ્મણ વચ્ચેનો સંવાદ ઘરગથ્થુ અને ઝમકદાર ભાષામાં લખાયેલો છે. કૃષ્ણનાં હાલરડાં વગેરે તેનાં કાવ્યો પ્રસિદ્ધ છે.

કૃષ્ણાભિસારિકા [સં.] સ્ત્રી. કાળાં વસ્ત્ર ધારણ કરનારી અંધારે વલ્લભ પાસે જનારી નાયિકા; પરકીયા નાયિકાનો એક ભેદ.

કૃષ્ણામિષ [સં.] ન. કાળું લોઢું.

કૃષ્ણાયસ [સં.] ન. કાળું લોઢું.

કૃષ્ણાર્ચાસ્થાપનકર [સં.] પું. સ્વામીનારાયણ સંપ્રદાય સ્થાપનાર સહજાનંદ સ્વામી. તેમણે બંધાવેલાં મંદિરોમાં શ્રીલક્ષ્મીનારાયણ, શ્રીરાધાંરમણ, શ્રીનરનારાયણ વગેરે રૂપે કૃષ્ણની મૂર્તિ સ્થાપન કરેલી છે.

કૃષ્ણાર્પણ ૧. [સં.] ન. ઈશ્વરને બહાને કૃષ્ણ ભગવાનને અર્પણ કરવું તે.

બળતું ઘર કૃષ્ણાર્પણ = (૧) કોઈની ચીજ પરબારી બીજાને આપી દેવી. (૨) ખપમાં ન આવે તેવી વસ્તુ દાનમાં આપવી.

૨. ન. નિઃસ્વાર્થદાન.

કૃષ્ણાર્પણ બુદ્ધિ [સં.] સ્ત્રી. ફલાસક્તિ રહિત કર્મ કરવાની ભાવના.

કૃષ્ણાલં [સં.] પું. પૂર્ણપુરુષોત્તમ; પૂર્ણાવતાર. બીજા અવતાર અંશાવતાર, જ્યારે કૃષ્ણનો અવતાર પૂર્ણાવતાર કહેવાય છે.

કૃષ્ણાવતાર [સં.] પું. વિષ્ણુએ મથુરામાં કૃષ્ણરૂપે લીધેલ આઠમો અવતાર.

કૃષ્ણાવતારી વિ. જેમાં કૃષ્ણનો જન્મ થયો હોય એવું. પવિત્ર પુરુષોત્તમ માસમાં કે શ્રીકૃષ્ણાવતારી શ્રાવણ માસમાં ઘણાં ઘરમાં અખંડ દીવાનો કુળાચાર હોય છે.

કૃષ્ણાવલા ન. કૃષ્ણ મહિમાનું ગીત.

કૃષ્ણાવળી સ્ત્રી. ડુંગળી; પ્યાજ; કાંદા.

કૃષ્ણાવાસ [સં.] પું. પીપળાનું પવિત્ર ઝાડ.

કૃષ્ણાવેણી [સં.] સ્ત્રી. કૃષ્ણા નદી.

કૃષ્ણાવેલી પું. એક જાતનો બળદ.

કૃષ્ણાશ્રિત [સં.] વિ. કૃષ્ણને શરણે ગયેલું.

કૃષ્ણાષ્ટમી ૧. [સં.] સ્ત્રી. અંધારી આઠમ.

૨. સ્ત્રી. જન્માષ્ટમી; શ્રાવણ વદિ આઠમ. તે દિવસે શ્રીકૃષ્ણનો જન્મ થયો હતો.

કૃષ્ણાંગ સ્ત્રી. નિર્ઋતિ દેવની રાજધાની. ઉપરના ભાગમાં બ્રહ્માની બ્રહ્મપુરી, પૂર્વ દિશામાં ઇંદ્રની અમરાવતી, અગ્નિ ખૂણામાં અગ્નિની તેજોવતીપુરી, દક્ષિણમાં યમની સંયમિનીપુરી, નૈર્ઋત્ય ખૂણામાં નિર્ઋતિ દેવની કૃષ્ણાંગપુરી, પશ્ચિમમાં વરુણની શ્રદ્ધાવતીપુરી, વાયવ્ય ખૂણામાં વાયુની ગંધવતીપુરી, ઉત્તરમાં કુબેરની મહોદા અથવા મનોહરાપુરી અને ઈશાન ખૂણામાં ઈશાન દેવની યશોવતી નામની પુરી છે.

કૃષ્ણાંગના જુઓ કૃષ્ણાંગ.

કૃષ્ણાંજન [સં.] ન. આંખમાં આંજવાની એક દવા.

કૃષ્ણાંબરી [સં. કૃષ્ણાંબરિન્] વિ. કાળાં વસ્ત્રવાળું.

કૃષ્ણાંબિકા [સં.] સ્ત્રી. કૃષ્ણા નદીરૂપી માતા.

કૃષ્ણિકા ૧. [સં.] સ્ત્રી. રાજસરસવ.
૨. સ્ત્રી. શ્યામા પક્ષી.

કૃષ્ણી [સં.] સ્ત્રી. અંધારી રાત.

કૃષ્ણીઓ પું. કનૈયો; કૃષ્ણ.

કૃષ્ણીકરણ [સં.] ન. કાળું કરવું તે.

કૃષ્ણેક્ષણા સ્ત્રી. (પુરાણ) મલયધ્વજ રાજાની બહેન અને અગસ્ત્ય ઋષિની પત્ની.

કૃષ્ણેશ્વર [સં.] પું. બાવન જલરશ્મિ દેવતા માંહેનો એ નામનો એક.

કૃષ્ણોત્પલ [સં.] ન. કાળું કમળ.

કૃષ્ણોદર ૧. [સં.] પું. એક જાતનો સર્પ.
૨. વિ. કાળા પેટવાળું.

કૃષ્ણોપનિષદ [સં. કૃષ્ણોપનિષત્] સ્ત્રી.;ન. એકસો અઢાર ઉપનિષદમાંનું એ નામનું એક. તેમાં લખ્યા મુજબ નંદ બ્રહ્માનંદ, યશોદા મુક્તિ, દેવકી બ્રહ્મવિદ્યા, વસુદેવ વેદ, શ્રીકૃષ્ણ ને બલભદ્ર વેદે નિરૂપણ કરેલા અર્થ એટલે બ્રહ્મ તથા શેષનાગ, ગોપીઓ ને ગાયો ઋચાઓ, વેત્રદંડ બ્રહ્મા, વાંસ અથવા વેણુ રુદ્રનું સૌમ્ય સ્વરૂપ, શિંગડું ઇંદ્ર, સખાઓ દેવો, ગોકુલની સમીપનું વન વૈકુંઠ, તે વનનાં વૃક્ષો તપસ્વીઓ, ચાણૂરમલ્લ દ્વેષ, મુષ્ટિકમલ્લ મત્સર, કુવલયાપીડ હાથી દર્પ, બકાસુર ગર્વ, તૃણાવર્તાદિ અસુરો લોભક્રોધાદિ, રોહિણી દયા, સત્યભામા અહિંસા, અઘાસુર કામ, કંસ કલહ, સુદામા નામના પાર્ષદ મનોનિગ્રહ, અક્રૂર સત્ય, ઉદ્ધવ ઇંદ્રિયનિગ્રહ, શંખ લક્ષ્મી, નંદકખડ્ગ રુદ્રનું ઉગ્ર રૂપ, ઉલૂખલ કશ્યપ, રજ્જુ અદિતિ, ચક્ર વેદનો જ્ઞાનભાગ, બાણ કાલ, પદ્મ જગતનું બીજ, વૈજયન્તી માલા વાયુ, ચામર ધર્મ, છત્ર આકાશ, ગદા કલિકા, શાર્ઙ્ગધનુષ વૈષ્ણવી માયા, ભાંડીરવડ ગરુડ, સુદામાજી બ્રાહ્મણ નારદ, કંઠમાં રહેલી તુલસીની માલા ભક્તિ ને ભાર્યા બુદ્ધિ છે. વ્રજના નંદાદિ સર્વ શ્રીકૃષ્ણથી ભિન્ન નથી ને સર્વવ્યાપક શ્રીહરિ તેઓથી ભિન્ન નથી.

કૃષ્ણોપાસના [સં.] સ્ત્રી. શ્રીકૃષ્ણની આરાધના.

કૃષ્ણોરા જુઓ કૃષ્નોરા.

કૃષ્નોરા ૧. સ્ત્રી. બ્રાહ્મણની ચોરાશી માંહેની એક જ્ઞાતિ.
૨. ન. એ નામની જ્ઞાતિનું માણસ.
૩. વિ. એ નામની જ્ઞાતિનું.

કૃષ્ય ૧. [સં. કૃષ્ (ખેડવું)] સ્ત્રી. ખેતી કરી શકાય એવી ભૂમિ.
૨. વિ. ખેતી કરવા જેવું.
૩. [સં. કૃષ્ (ખેંચવું)] વિ. ખેંચવા યોગ્ય.

કૃષ્યભૂમિ [સં.] સ્ત્રી. ખેડવા લાયક જમીન; કૃષિભૂમિ.

કૃષ્યા ૧. [સં.] સ્ત્રી. ખેડવા યોગ્ય જમીન.
૨. સ્ત્રી. પૃથ્વી.

કૃસતા [સં. કૃશતા] સ્ત્રી. પાતળાપણું. જુઓ કૃશતા.

કૃસર ૧. [સં.] પું. દૂધ, તલ અને ભાતની એક વાની.
૨. સ્ત્રી. ખીચડી.

કૃસરા જુઓ કૃસર.

કૃસરાંશ [સં.] ન. ખીચડું; કૃશરા.

કૃસિફિકેશન [અં. કૃસિફિકેશન] ન. વધસ્તંભે જડી મારી નાખવું તે.

કૃંખર ન. એક જાતનું પ્રાયશ્ચિત્ત. માતા તરફથી ચાર પેઢી અને પિતા તરફથી છ પેઢીની અંદર લગ્ન થઈ શકે નહિ, પણ જો પુરુષ અજાણતાં પોતાના જ ગોત્રની કન્યા સાથે લગ્ન કરે તો પછી એ સ્ત્રીને માતા તુલ્ય ગણીને પાળવી. એવા લગ્નથી સંતાન થયું હોય તો તે સંતાનને કૃંખર નામનું પ્રાયશ્ચિત્ત કરવું પડે છે.

કૃંતન ૧. [સં.] પું. નાશ.
૨. ન. વાઢ; કાપ; કાપણી.

કૄ ૧. [સં.] સ. ક્રિ. ઢાંકવું; ભરવું.
૨. સ. ક્રિ. (ધાતુ) વિખેરવું; આમતેમ ફેંકી દેવું. તે ઉપરથી નીકળેલ શબ્દઃ કીર્ણ, સંકીર્ણ.

કૄત્ ૧. [સં.] સ. ક્રિ. (ધાતુ) કીર્તિવાન બનાવવું. તે ઉપરથી બનેલા શબ્દઃ કીર્તન, કીર્તિ, કીર્તિમાન.
૨. સ. ક્રિ. ખ્યાલમાં લેવું.
૩. સ. ક્રિ. નામ આપવું; બોલાવવું.
૪. સ. ક્રિ. ફરીથી બોલવું.
૫. સ. ક્રિ. યાદગીરી રાખવી.
૬. સ. ક્રિ. વાત કરવી.

ક્લૃપ્ ૧. [સં.] અ. ક્રિ. અનુકૂળ થવું.
૨. અ. ક્રિ. તૈયાર હોવું.
૩. અ. ક્રિ. પરિણામ આવવું; પરિણમવું.
૪. અ. ક્રિ. ભાગ લેવો.
૫. અ. ક્રિ. લાયક થવું.
૬. અ. ક્રિ. સારી વ્યવસ્થા થવી.
૭. અ. ક્રિ. હોવું; થવું; બનવું.
૮. સ. ક્રિ. ગણના કરવી.
૯. સ. ક્રિ. તૈયાર કરવું; નક્કી કરવું; ચોક્કસ કરવું.
૧૦. સ. ક્રિ. પૂરૂં પાડવું.
૧૧. સ. ક્રિ. ભાગ કરવા.

કે ૧. સ. (જૂ. ગુ.) કોઈ.
૨. સ. કોણ; કયું.
૩. [ફા.] સ. જે.
૪. અ. આકાંક્ષાસૂચક ઉભયાન્વયી અવ્યય. જેમકે, કારણ કે, કેમ કે.
૫. અ. એટલે; તરત. જેમકે, મને દીઠો કે ચૂપ.
૬. અ. ખાતરી કરવા અને પ્રશ્ન પૂછવામાં વપરાતો અવ્યય. જેમકે, તે જ આ કે? તમે જવાના કે?
૭. [હિં.] અ. નો; ની; નું.
૮. અ. (કચ્છી) બીજી વિભક્તિનો પ્રત્યય.
૯. અ. બે વાક્ય કે શબ્દને જોડનાર અવ્યય; અથવા; વા; યા. જેમકે, તે કે તમે જજો.
૧૦. [સં. કિમ્] અ. વાક્યની આગળના ભાગમાં અમુક લખાયેલું અથવા કહેવાયેલું છે એવું બતાવનારો ઉભયાન્વયી અવ્યય. જેમકે, તે બોલ્યો કે, હું જાઉં છું.
૧૧. અ. વિશેષણનો પ્રત્યય.

કેઆ સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તે વાડ બનાવવા માટે ઉપયોગી છે. તેને સુગંધી ફૂલ આવે છે.

કેઆમત ૧. [અ. કઅંમ (તે ઊભો રહ્યો)] પું. ઇન્સાફનો દિવસ.
૨. [અ. કિઆમત] પું. છેલ્લા ન્યાયનો દિવસ; અંત દિવસ; પ્રલયનો છેલ્લો દિવસ. તે દિવસે મુસલમાની ધર્મ પ્રમાણે દરેક પ્રાણીને ખુદા તરફથી છેલ્લો ઇન્સાફ આપવામાં આવવાનું મનાય છે.
૩. વિ. અજબ જેવું; વિચિત્ર.

કેઈ [સં. કિમ્] સ. કઈ; કયી.

કેઈ વ્યક્તિ કાળક્રમનો ભંગ થયા વિના લખવી.
નરસિંહરાવ

કેઈન [અં.] સ્ત્રી. નેતરની સોટી.

કેઉઠો (કેઉડો) પું. (કચ્છી) અનાસનું ઝાડ. તેમાં સારાં સ્વાદિષ્ટ ફળ પાકે છે.

કેઉરા સ્ત્રી. એ નામની એક વનસ્પતિ. જુઓ કેઆ.

કેઉ ન. એક સુંદર છોડ; કીમોક. તે નદી અથવા તળાવને કાંઠે ઊગે છે. તેને સફેદ પુષ્પ આવે છે. ૨૦૦૦ ફૂટની ઊંચાઈએ તે ઊગે છે.

કેઉંઆ [સં. કેમુક] સ્ત્રી. (હિંદી) કોબી.

કેએર ૧. પું. કેરડાનું ફળ.
૨. સ. (કચ્છી) કોણ.

કેઓલીન સ્ત્રી. સફેદ માટી.

કેક ૧. [અં.] સ્ત્રી. મેંદામાંથી બનતી એક વાની.

૨. વિ. ઘણું; કેટલુંક.

કાઠી બળ થાકયા કરી, કટકે ત્રાઠી કેક.
લોકસાહિત્ય

કેકડા (કેકડ઼ા) ૧. [સં. કર્કટ] પું. (હિંદી) કરચલો.

૨. પું. કર્ક રાશિ.

કેકડામંડલ [કેકડ઼ામંડલ] ન. કર્કવૃત્ત.

કેકતી સ્ત્રી. એક જાતનું વૃક્ષ; કેકડી. તેનું જન્મસ્થાન અમેરિકમાં છે. ત્યાંથી યરપમાં થઈ હિંદમાં આવેલ છે. તેનાં પાંદડાંમાંથી તથા મૂળિયાંમાંથી ઊભા તંતુ નીકળે છે તેનું કાપડ વણાય છે, તેને પીત કહે છે. તેના ફૂલનો રંગ લીલો સફેદ હોય છે. પાંદડાંમાંથી ગુંદર નીકળે છે. પાંદડાંનો રસ સાબુની જગ્યાએ વપરાય છે.

કેકની પું. (પિંગળ) બાવીશ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; સર્વગામી. તેના દરેક ચરણમાં સાત રગણ અને ગુરુ એમ બાવીશ અક્ષર હોય છે. તેમાં બારમા અક્ષર ઉપર વિસામો આવે છે. આ છંદ આકૃતિ છંદનો એક ભેદ છે.

કેકનીશારદા ૧. પું. (પિંગળ) એ નામનો એક છંદ. તેમાં સાત રગણ, એક ગુરુ અને એક લઘુ એમ ત્રેવીશ અક્ષર આવે છે.

૨. સ્ત્રી. મોરની વાણી.

કેકય ૧. [સં.] પું. એ નામના દેશનો રાજા; કૈકેયીનો બાપ.

૨. પું. સોમવંશી અનુકુલોત્પન્ન શિબી રાજાના પાંચ માંહેનો ચોથો પુત્ર.

૩. પું. હિંદુસ્તાનની ઉત્તરે આવેલ એક પ્રાચીન દેશનું નામ. રામાયણ પ્રમાણે આ દેશ બિયાસ અને શાલ્મલી નદીની બીજી તરફ હતો. તે વખતે તેની રાજધાની ગિરિવ્રજ અથવા રાજગૃહ હતું. અત્યારે આ દેશ કશ્મીર રાજ્યની અંદર છે અને તેને કક્કા કહે છે. ત્યાંના લોક ગક્કર અથવા કક્કા કહેવાય છે.

૪. સ્ત્રી. એ નામના પ્રાચીન લોકોની એક જાત. તે લોકો ગંગાની ખીણના પશ્ચિમ ભાગમાં રહેતા હતા.

કેકચી ૧. સ્ત્રી. કેકય દેશની સ્ત્રી.

૨. સ્ત્રી. કૈકેયી; દશરથ રાજાની રાણી અને ભરતની માતા.

કેકર ૧. [સં.] પું. તંત્રશાસ્ત્ર પ્રસિદ્ધ ચાર વર્ણનો એક મંત્ર.

૨. સ. કોનું.

૩. વિ. ત્રાંસી આંખવાળું.

૪. વિ. ત્રાંસું; આડું; વાંકું.

કેકરાક્ષી ૧. સ્ત્રી. તીરછું જોનારી સ્ત્રી; ફાંગી સ્ત્રી.

૨. વિ. સ્ત્રી. આડી; ત્રાંસી.

કેકરો ૧. વિ. પું. ફાંગો.

૨. વિ. પું. બિલાડીના જેવી આંખવાળો.

કેકલ [સં.] પું. નટ; નૃત્ય કરનાર પુરુષ.

કેકલી સ્ત્રી. પળી.

કેકા [સં.] સ્ત્રી. મોરનો અવાજ; મયૂરવાણી.

કેકાણ ૧. પું. ઘોડો; તોખાર; તુરંગ; અશ્વ.

વાજી વાહ તુરંગ હય સિંધવ અર્વ કેકાણ
તરલ તુરંગમ ભીડથી મનમાં ડરી અજાણ.
પિંગળલઘુકોષ

૨. [સં. કેકા] પું. શોરબકોર; ઘોંઘાટ.

૩. સ્ત્રી. મધ્યમ જાતિના ઘોડાની ત્રણ માંહેની એક જાત.

કેકાન ૧. પું. ઘોડો.

૨. સ્ત્રી. એ નામની એક અટક.

૩. ન. એ અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

કેકાયિત ન. મોરનો શબ્દ.

કેકારવ ૧. પું. કલાપીના કાવ્યસંગ્રહનું એ નામનું એક પુસ્તક.

૨. પું. મોરનો અવાજ; કેકા; ટહુકાર.

કેકાવલ [સં.] પું. મોર; મયૂર.

કેકાવલિ [સં.] સ્ત્રી. મોરલાઓનો એકીસાથેનો અવાજ; ઢેલમોરના ટહુકારની પરંપરા.

કેકાવલી ૧. [સં.] સ્ત્રી. મોર પક્ષિણી; ઢેલ.

૨. સ્ત્રી. મોરલાઓનો ટહુકાર.

કેકાવળ જુઓ કેકાવલ.

કેકાવળી જુઓ કેકાવલિ.

કેકાંણ પું. અશ્વ; ઘોડો.

કેકિ ૧. [સં. કેકય] પું. અઠ્ઠાણું માંહેનો એક દેશ.

૨. [સં. કેકિન્] પું. મોર; મયૂર; શિખી.

૩. સ્ત્રી. (વ્રજ) મોરની બોલી.

કેકિક [સં.] પું. મોર.

કેકિકા [સં.] સ્ત્રી. ઢેલ.

કેકિનશારદા જુઓ કેકિનીશારદા ૧.

કેકિની [સં.] સ્ત્રી. મોરપક્ષિણી; ઢેલ.

કેકિનીશારદા ૧. પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ; તેમાં સાત રગણ, એક ગુરુ અને એક લઘુ મળી ત્રેવીશ અક્ષર હોય અને બારમા અક્ષર ઉપર વિસામો આવે. આ છંદ વિકૃતિ છંદનો એક ભેદ છે.

બાર રુદ્રે યતિ, સાત રા અંતમાં,
ગા લ છે કેકિનીશારદા પાદ. રણપિંગળ

૨. [સં.] સ્ત્રી. મયૂરવાહિની સરસ્વતી.

૩. સ્ત્રી. મોરની વાણી.

કેકી ૧. [સં. કેકિન્] પું. મોર; મયૂર.

૨. સ્ત્રી. વાણિયાની એ નામની અટક.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

કેકુર પું. એ નામનો એક જાતનો ગુંદર; કાબુલી ગુંદર.

કેકૈ સ્ત્રી. કૈકેયી; દશરથ રાજાની સ્ત્રી.

કેકોડીલ ન. સોમલનું એક રાસાયણિક સંયોજન.

કેગની સ્ત્રી. તલવારની મૂઠનો એક ભાગ.

કેગર ન. એ નામનું કાષ્ઠ. તેનાથી અગ્નિ ઓલાય છે.

કેગલ [ફા. કહ (ઘાસ) + ગિલ (માટી)] ન. લીંપણ; ગાર.

કેચ [અં. કેચ] પું. દડો અદ્ધરથી ઝીલી લેવો તે.

કેચન સ. કેટલાક; કોઈક.

કેચવા ૧. પું. જમીનનો કીડો.

૨. પું. પેટનો જીવડો; કૃમિ.

કેચસાઇડિંગ [અં. કેચસાઇડિંગ] સ્ત્રી. વેગન અટકાવવાનો રેલનો ફાંટો.

કેચિત ૧. [સં. કેચિત્] સ. કોઈ એક; કોઈ.

૨. અ. કોઈ વાર; ક્વચિત્.

કેચી ૧. સ્ત્રી. છેક પશ્ચિમ તરફના યુનાઇટેડ સ્ટેટ્સના ખીડના જંગલમાં વસતા ઇંડિઅનોને અનાજ ભરવાની કોઠી. આ કોઠી ૬ થી ૮ ફૂટ ઊંચી હોય છે.

૨. સ્ત્રી. ટેકો; આડી.

૩. સ્ત્રી. (વહાણવટું) પરમાણનું મધ્યબિંદુ ડોલ સાથે રાખવા માટે રાખેલું દોરડું અગર સળિયો.

કેચૂક પું. ખોરાક તરીકે વાપરી શકાય તેવાં છોડનાં મૂળ.

કેજુ પું. કાજુ.

કેઝ્યુઅલ [અં. કેઝ્યુઅલ] વિ. અણધાર્યું; આકસ્મિક.

કેટકેટલું ૧. વિ. કેટલુંક; અસંખ્ય.

૨. વિ. ખૂબ; ઘણું.

કેટકેટ ૧. વિ. જોરાવર.

૨. વિ. પૂરેપૂરા વજનનું.

૩. વિ. ફીણનો ઊભરો આવતું.

૪. વિ. મોંઘું.

૫. વિ. સખત.

કેટફિશ [અં. કૅટફિશ] સ્ત્રી. એક જાતની માછલી. તેની ચામડી સુંવાળી હોય છે. મોટા સરોવરમાં આ માછલી ૬ થી ૩૦ રતલ વજનમાં થાય છે. મોઢા આગળ વાળ અથવા મૂછ હોવાને લીધે તે કૅટફિશ કહેવાય છે. આ માછલી મોટે ભાગે મીઠા પાણીમાં રહે છે. ગરીબ માણસોનો તે ખોરાક છે.

કેટરપિલર ૧. ન. એક જાતનું હળ.

૨. [અં.] ન. પતંગિયાના આકારનું એક જાતનું વિમાન.

૩. ન. પતંગિયું.

કેટલકેમ્પ [અં. કૅટલકૅમ્પ] પું. પાંજરાપોળ.

કેટલટ્રૂક [અં. કૅટલટ્રૂક] ન. ઢોરને લઈ જવાનો રેલવેનો ડબ્બો.

કેટલાએક જુઓ કેટલાક.

કેટલાક ૧. [સં. કતિપય; અપ. કયવય] સ. અમુક; ચોક્કસ; મુકરર.

૨. વિ. અમુક; ચોક્કસ; મુકરર.

કેટલાંએક વિ. છેક થોડાં નહિ તેમ ઘણાં નહિ એટલાં; અમુક.

કેટલાંક જુઓ કેટલાંએક.

કેટલું [સં. કિયત્; પ્રા. કેત્તિલ; અપ. કેત્તુલ] વિ. સંખ્યા, માપ કે કદ પૂછતાં વપરાતો શબ્દ.
કેટલી વીશે સો થાય ? = (૧) એમ બતાવી આપવું કે અમુક બાબત કેટલી મુશ્કેલ છે. (૨) સહેલું નથી; બહુ મુશ્કેલ છે. (૩) સંસારમાં કેમ અનુભવ થાય છે.

કેટલુંએક જુઓ કેટલુંક.

કેટલુંક વિ. અમુક માપ કે પ્રમાણનું.

કેટલુંબધું વિ. થોડું કે સાધારણ નહિ, પણ અનિશ્ચિત છતાં માપ, સંખ્યા કે કદમાં ઘણું.

કેટલોગ [અં. કૅટલૉગ] પું. નોંધ; યાદ; પત્રક.

કેટાણી ૧. સ્ત્રી. કણબીની એ નામની અટક.

૨. ન. કણબીની એ નામની અટકનું માણસ.

૩. વિ. કણબીની એ નામની અટકનું.

કેટિ વિ. (સંગીત) ત્રણે સ્થાનથી મુક્ત એવું ગુણ વિનાનું. જેમકે, કેટિ સ્વર.

કેટેલ્યા ન. એક જાતનું ઝાડ. આ ચીકટ લાકડાવાળું ઝાડ દક્ષિણ યરપ, અમેરિક અને જપેનમાં થાય છે. તે ૩૦ થી ૪૦ ફૂટ વધે છે. તેનું લાકડું નરમ પણ મજબૂત અને અતિશય ટકાઉ હોય છે. તેની છાલનો ઉપયોગ રંગવામાં થાય છે.

કેઠે અ. ક્યાંક; કોઈ જગ્યાએ.

કેડ (કેડ઼) ૧. સ્ત્રી. કેડો; પીછો; સગડ.
૧. કેડ ઉપર કાંકરો મૂકીને કામ કરવું = માથું ઊંચું ન કરવું; સખત કામ કરવું.
૨. કેડ કરવી = પૂંઠ પકડવી; પીછો લેવો.
૩. કેડ ધોળવી = કેડ મચકોડવી.
૪. કેડ દુઃખવી = (૧) કમરમાં દુખાવો થવો. (૨) વાને લીધે કેડ ઝલાઈ જવી.
૫. કેડ નમાવવી = ખંત, ઉત્સાહ, મહેનત લઈને કામ કરવું.
૬. કેડ પૂર = કમર સુધી આવે તેટલું; કેડ જેટલું ઊંચું.
૭. કેડ બાંધવી = ઉદ્યમ કરવો.
૮. કેડ ભાંગી જવી = (૧) નબળા થઈ જવું; જીવનસત્ત્વ જતું રહેવું. (૨) નાસીપાસ થઈ જવું.
૯. કેડ મરડવી = (૧) નીચું નમવું; વાંકું વળવું. (૨) મહેનત લઈ કામ કરવાનું બંધ કરવું; અળસાવું.
૧૦. કેડ મરડીને ઊભું રહેવું = નારાજી બતાવવી; મોં મરડવું; કંઈ કરવા ના પાડવી; દૂર રહેવું.
૧૧. કેડ મૂકવી = પીછો છોડવો.
૧૨. કેડ લેવી = (૧) ખંતે પડવું; પૂંઠ પકડવી; પાછળ પડવું. (૨) ચાનકથી મંડ્યા રહેવું. (૩) હેરાન કરવું; સતાવવું.
૧૩. કેડના કકડા થઈ જવા = સખત મહેનત પડવી.
૧૪. કેડના મંકોડા મરડાઈ જવા = કામ કરી થાકી જવું; સખત મહેનત પડવી.
૧૫. કેડના મંકોડા રહી જવા = સખત મહેનત પડવી.
૧૬. કેડનું ભાંગલું = કામકાજ કરવામાં આળસુ; મંદ; શિથિલ; સુસ્ત.
૧૭. કેડમાં લાકડું ઘાલવું = (૧) અભિમાનથી ટટ્ટાર રહેવું. (૨) જરા પણ કામકાજ ન કરવું.
૧૮. કેડિયું કરવું = કમર સુધી નાહવું.
૧૯. કેડે કેડે ફરવું = પાછળ પાછળ ભટકવું.
૨૦. કેડે થવું = (૧) પાછળ લાગવું. (૨) સતાવવું.
૨૧. કેડે પડવું = (૧) અર્થ સિદ્ધ ન થાય ત્યાંસુધી આગ્રહથી લાગ્યા રહેવું; ખંતે પડવું; મંડ્યા રહેવું. (૨) ખણખોજ કરવી; પછવાડે લાગવું. (૩) ચીડવવું; અકળાવવું; ખીજવવું. (૪) સતાવવું.
૨૨. કેડે લેવું = તેડવું; કમરે બેસાડવું.
૨૩. કોઈની કેડ ઝાલવી = આશ્રય આપવો.

૨. સ્ત્રી. દોષવર્તનની તપાસ રાખ્યા કરવી તે; ખણખોજ.

૩. [સં. કટિ] સ્ત્રી. શરીરનો વચલો પેટ નીચેનો અને થાપા ઉપરનો ભાગ; કમર.

૪. અ. પાછળ; પછવાડે; વાંસે.

કેડભાંગલું (કેડ઼ભાંગલું) ૧. વિ. જેની કેડ ભાંગેલી હોય એવું; ટટ્ટાર બેસી ન શકતું હોય એવું.

૨. વિ. સુસ્ત; આળસુ.

કેડમ (કેડ઼મ) સ્ત્રી. એ નામની એક ધાતુ. તે સફેદ, ટિનને મળતી, પણ નરમ અને ટિપાય તેવી હોય છે.

કેડમિયમ ૧. સ્ત્રી. એક જાતની ધાતુ.

૨. સ્ત્રી. સંજ્ઞા; ચિહ્ન.

૩. સ્ત્રી. સેમિટિક માંહેની એ નામની એક લિપિ.

કેડલો (કેડ઼લો) પું. માર્ગ; રસ્તો.

કેડવંકું (કેડ઼વંકું) વિ. કેડમાંથી વાંકું વળેલું.

કેડવા (કેડ઼વા) ૧. પું. કમરના સાંધા જકડાઈ જવાપણું; કમરના વાયુનું એક દરદ.

૨. પું. વંશ; ઓલાદ; પરિવાર.

૩. વિ. કેડ સુધી આવે એવું.

૪. અ. કેડ સુધી.

૫. અ. જાણેકે.

કેડવો (કેડ઼વો) પું. વંશ; કુળ.

કેડા (કેડ઼ા) ૧. પું. ખેતરમાંથી કાપેલું ઘાસનું થૂમડું.

૨. પું. નવયુવક; જુવાન માણસ.

૩. પું. પાતળી ડાળી.

કેડાકંબોઈ (કેડ઼ાકંબોઈ) સ્ત્રી. નદી કાંઠે કે વહેળામાં ઊગતો એક છોડ. તેનાં પાન એક આંગળ લાંબાં, અખંડ કોરવાળાં, એક એકને અંતરે લંબગોળ હોય છે. ઉપપાન સૂક્ષ્મ અને અણીદાર હોય છે. તેમાં નર અને માદા ફૂલ જુદાં જુદાં આવે છે. તેમાં ત્રણ ખાંચાવાળું રસભર્યું વટાણા જેવડું રાતા રંગનું ફળ થાય છે.

કેડાકેડે (કેડ઼ાકેડ઼ે) અ. પાછળ પાછળ; પગલે પગલે.

કેડાફેડી (કેડ઼ાફેડ઼ી) સ્ત્રી. કેળું.

કેડામોર (કેડ઼ામોર) અ. વારાફરતી; એક પછી એક.

કેડાવેડી (કેડ઼ાવેડ઼ી) જુઓ કેડામોર.

કેડિયું (કેડ઼િયું) ન. કમર લગીનું બદન; બંડી; ફૂડતું.

કેડી (કેડ઼ી) ૧. સ્ત્રી. સાંકડો આડફેટ પગરસ્તો; પગથી; પગદંડી.

૨. અ. પાછળ; પછવાડે.

गुरुकुल कांगड़ी

કેડ (કેડ઼ે) અ. પાછળ; પૂંઠે; પછવાડે.

કેડેટ [અં.] પું. લશ્કરી ખાતામાં અમલદારનો હોદ્દો મેળવવાનો ઉમેદવાર.

કેડો (કેડ઼ો) ૧. પું. અંત; છેડો; પૂર.
૨. પું. કાચંડો; કાકીડો.
૩. પું. નિકાલ; ફેંસલો; નિવેડો.
૪. પું. પીછો; પૂંઠ; સગડ; ખેધો.
૧. કેડે ન જવું = સામું પણ ન જોવું; અસહકાર કરવો.
૨. કેડો છોડવો-મૂકવો = જતું કરવું; છોડી દેવું.
૩. કેડો પકડવો-લેવો = પૂંઠ પકડવી; પાછળ પડવું.
૫. પું. રસ્તો; માર્ગ; પંથ; ચીલો.
૬. પું. હેરાનગતિ; સતામણી; ઉપદ્રવ.
૭. વિ. પું. કેવો; કયા પ્રકારનો; કઈ જાતનો.

કેડ્ય (કેડ઼્ય) સ્ત્રી. કટિ; કેડ; કમર.

કેડ્યે (કેડ઼્યે) અ. પાછળ; પછવાડે; ત્યારબાદ.

કેણુ ૧. ન. કહેણ; વચન.
૨. ન. ખબર; સમાચાર.
૩. ન. ડાંગરના ખેતરમાં માટી ઘસડી બંધ બાંધવા માટે વપરાતું એ નામનું ઓજાર.
૪. ન. ફરમાન; આજ્ઞા.
૫. ન. માગું; માગણી; તેડું.
૬. સ. કોણ.
૭. વિ. કેવું.

કેણિકા [સં.] સ્ત્રી. એક જાતન તંબૂ.

કેણી ૧. સ્ત્રી. કહેવત; કહાણી.
૨. સ્ત્રી. વાત; કથા.
૩. સ. કઈ; કોણ.
૪. વિ. (સંગીત) દુઃખની લાગણીથી જણાઈ આવતો મંદ્ર કે તાર સ્વર જેમાં આવે એવું.

કેણીકોર અ. કઈ બાજુ; કઈ તરફ; કઈ દિશાએ; ક્યાં.

કેણીગમ જુઓ કેણીકોર.

કેણીતરફ જુઓ કેણીકોર.

કેણીપા જુઓ કેણીકોર.

કેણીમગ જુઓ કેણીકોર.

કેણીમગા જુઓ કેણીકોર.

કેણીમેર જુઓ કેણીકોર.

કેણું ૧. સ. કોનું.
૨. વિ. કહેવાનું; બોલવા પૂરતું.

કેત ૧. પું. (જ્યોતિષ) કેતુ ગ્રહ.
૨. પું. (જ્યોતિષ) ધૂમકેતુ.
૩. સ્ત્રી. અન્ન.
૪. સ્ત્રી. ઘર; ભુવન.
૫. [સં. કેતુ] સ્ત્રી. ધજા; ધ્વજ.
૬. સ્ત્રી. બુદ્ધિ.
૭. સ્ત્રી. ફટકાની સજા કરવા માટે વપરાતો પટો.
૮. સ્ત્રી. સંકલ્પ.
૯. સ્ત્રી. સ્થાન; જગ્યા.

કેતક ૧. પું. કેવડાનું ઝાડ.
૨. ન. કેવડાનું ફૂલ.
૩. ન. ચિહ્ન; નિશાની.
૪. ન. સ્ત્રીઓનું ચોટલામાં ઘાલવાનું એક ઘરેણું; ચાક.
૫. વિ. કેટલું.
૬. વિ. ઘણું.

કેતકકુંત [સં.] પું. કેવડાનો કાંટો.

કેતકકેવડો (કેતકકેવડ઼ો) પું. કેવડાના આકારનું સ્ત્રીઓને માથે ઘાલવાનું એક ઘરેણું.

કેતકી ૧. સ્ત્રી. એ નામના છોડનું પાન.
૨. સ્ત્રી. (સંગીત) એક રાગિણીનું નામ.
૩. [સં.] સ્ત્રી. કેવડો; એક જાતનો છોડ. આ છોડ ભોંયની લગોલગ માત્ર બે અઢી ફૂટ ઊંચો થાય છે. પાંદડાંના જથ્થાની વચમાંથી એક લાંબી દાંડી ફૂટી નીકળી તેની ઉપર સુગંધીદાર ફૂલ આવે છે. પાંદડાં લાંબાં, ચપટાં, કોમળ અને ચીકણાં હોય છે અને તેની કોરે નાના કાંટા હોય છે. વરસાદમાં તેને ફૂલ બેસે છે. તે લાંબાં, સફેદ રંગનાં અને બહુ સુગંધી હોય છે. ફૂલમાંથી અત્તર અને સુગંધી જળ બને છે. આ ફૂલ ઉપર ભમરો બેસતો નથી એવી વાત પ્રસિદ્ધ છે. પુરાણ અનુસાર આ ફૂલ શિવને ચડાવવામાં આવતું નથી. તે કફહર હોવાથી દવામાં વપરાય છે. કેતકીના રેસા કાઢી તેનાં દોરડાં પણ બનાવાય છે.
૪. સ્ત્રી. સ્ત્રીના માથામાં નાખવાનું એક ઘરેણું.
૫. ન. કેવડામાંથી બનાવેલું અત્તર.

કેતકીપ્રબંધ [સં.] પું. એક જાતનું ચિત્રકાવ્ય.

કેતકીહાર [સં.] પું. સોનાનો એક જાતનો ચારથી વધારે સેરનો હાર.

કેતન ૧. [સં.] ન. કૃત્ય; કામ.
૨. ન. ઘર; મકાન; સ્થાન.
૩. ન. ચિહ્ન; પ્રતીક.
૪. ન. ધનુષ્યની કમાન.
૫. ન. ધ્વજા; નિશાન.
૬. ન. નિમંત્રણ; આમંત્રણ.
૭. ન. મત્સ્યબંધન; માછલાં પકડવાની જાળ.

કેતપૂ ૧. પું. અન્નનો દેવ.
૨. વિ. અન્ન સાફ કરનાર.

કેતલ વિ. કહેનાર; સંભળાવનાર.

કેતવ પું. એક જાતનો દેવ.

કેતા ૧. [હિં.] વિ. કેટલું.
૨. વિ. કેવું.

કેતાઈક વિ. કેટલુંક; અમુક.
કેતાઈક ગુણ સાંભળ્યા. ગુણવિજય

કેતાક જુઓ કેતાઈક.

કેતાનપોત ન. એક જાતનું કાપડ.

કેતારી સ્ત્રી. શેરડી.

કેતિક વિ. થોડું; કેટલુંક.

કેતી ૧. સ્ત્રી. લોકોમાં નિત્ય દાખલારૂપ કહેવાતું હોય તે; કહેવત.
૨. વિ. સ્ત્રી. કેટલી.

કેતુ ૧. [સં.] પું. અતિ પાપી માણસ.
૨. પું. અનિલ; પવન.
૩. પું. (પુરાણ) ઋષભદેવને જયંતીથી થયેલ સો માંહેનો એ નામનો એક દીકરો.
૪. પું. એ નામનું ઇંદ્રનું વિમાન.
૫. પું. (જ્યોતિષ) એ નામનો એક ગ્રહ. ખરૂં જોતાં તે કોઈ ગ્રહ નથી, પણ આકાશમાં એક કલ્પેલું બિંદુ માત્ર છે. તે હમેશ રાહુની સામે જ એટલે તેનાથી સાતમી રાશિએ હોય છે. પુરાણ પ્રમાણે એક રાક્ષસનું માથા વિનાનું ધડ કેતુ કહેવાય છે. આ રાક્ષસ સમુદ્રમંથન વખતે દેવતાઓ સાથે બેસી અમૃત પી ગયો હતો. તેથી વિષ્ણુ ભગવાને તેનું માથું કાપી નાખ્યું. પણ અમૃતના પ્રભાવથી તે મર્યો નહિ અને તેનું માથું રાહુ અને ધડ કેતુ બની ગયાં. કહેવાય છે કે સૂર્યે અને ચંદ્રે તેને ઓળખ્યો હતો. આથી આજ સુધી ગ્રહણ સમયે તે સૂર્ય અને ચંદ્રનો ગ્રાસ કરે છે.
૬. પું. એ નામનો વિપ્રચિતિ દાનવ અને સિંહિકાનો પુત્ર.
૭. પું. (પિંગળ) એક જાતનો માત્રામેળ છંદ. તે નંદ છંદનો ભેદ છે. તેમાં આઠ ગુરુ અને બાવીશ લઘુ મળી આડત્રીસ માત્રા અને ત્રીશ વર્ણ હોય છે.
૮. પું. (પિંગળ) એક અર્દ્ધસમવૃત્ત છંદ. તેના પહેલા અને ત્રીજા ચરણમાં ભગણ, રગણ, નગણ અને બે ગુરુ એમ અગિયાર અક્ષર અને બીજા અને ચોથા ચરણમાં સગણ, જગણ, સગણ અને ગુરુ એમ દશ અક્ષર હોય છે.
૯. પું. કામદેવ.
૧૦. પું. ખરતો તારો.
૧૧. પું. જ્ઞાન.

૧૨. પું. ધજા; વાવટો; નિશાન.

૧૩. [સં. કિત્ (રહેવું)] પું. પરમેશ્વર, કેમકે તેમાં આખું બ્રહ્માંડ વસે છે અથવા તે સર્વ રોગથી મુક્ત કરે છે.

૧૪. પું. (જ્યોતિષ) પૂછડિયો તારો; ધૂમકેતુ. ભારતીય જ્યોતિષમાં તેની સંખ્યાના સંબંધમાં મતભેદ છે. કોઈ હજાર, કોઈ એકસો એક એમ જુદી જુદી સંખ્યા માને છે. નારદજીના મત પ્રમાણે કેતુ એક જ છે અને તે જુદા જુદા રૂપમાં દેખાય છે. ફલિત જ્યોતિષમાં જુદા જુદા કેતુના દેખાવાનાં જુદાં જુદાં ફળ માન્યાં છે. ધૂમકેતુ દેખાય ત્યાંસુધી અને તેના ઉદયથી પંદર દિવસ પછીમાં તે શુભ અથવા અશુભ ફળ દેખાડે છે. હાલના પાશ્ચાત્ય જ્યોતિષીઓએ દૂરબીન દ્વારા એવો નિશ્ચય કર્યો છે કે કેતુઓની સંખ્યા અનિશ્ચિત છે અને તેઓ જુદી જુદી કક્ષાઓમાં જુદા જુદા વેગથી ફરે છે. પ્રથમ તે દૂરબીનમાં પ્રકાશના ધાબા જેવો દેખાય. જેમ જેમ તે સૂર્યની નજીક આવે તેમ તેમ તેનો મધ્ય ભાગ દેખાવા લાગે અને ધીમે ધીમે સ્પષ્ટ દેખાય. કેતુને પ્રકાશવાળું પૂછડું હોય છે. આ પૂછડામાં સ્વયંપ્રકાશ નથી. તે સ્વચ્છ પારદર્શી અને વાયુમય હોય છે, જે સૂર્યના સમીપપણાને લીધે પ્રકાશિત થાય છે. ઈ.સ. ૧૬૮૨ પહેલાં જ્યોતિષીઓનો એવો મત હતો કે ધૂમકેતુઓ નિયમ વિના ગમે તેમ ફરે છે. પણ ઈ.સ. ૧૬૮૨માં હેલી નામના માણસે ગણતરી કરીને એક તારાના સંબંધમાં સિદ્ધ કર્યું કે તે જેમ તેમ ફરતો નથી પણ ૭૬ વર્ષે દેખાય છે. આ તારાને હેલીના નામ ઉપરથી હેલીકેતુ કહે છે. આ પછી જ્યોતિષીઓનું ધ્યાન તે તરફ આકર્ષાયું અને કેટલાએક ધૂમકેતુઓની કક્ષા તથા ગતિનો નિર્ણય થયો.

૧૫. પું. પ્રાણહર મર્મ.

૧૬. પું. બુદ્ધિ; પ્રજ્ઞા.

૧૭. પું. (પુરાણ) ભારતવર્ષનો નવ માંહેનો એ નામનો એક ખંડ.

૧૮. પું. મલયકેતુ.

૧૯. પું. મુખી; નેતા.

૨૦. પું. મૃત્યુપુત્ર; યમનો દીકરો.

૨૧. પું. રોગ; બીમારી.

૨૨. પું. શત્રુ.

૨૩. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૨૪. પું. શ્રેષ્ઠ પુરુષ.

૨૫. પું. સૂર્યનું કિરણ.

૨૬. વિ. મુખ્ય.

૨૭. વિ. શ્રેષ્ઠ; સૌથી ચડિયાતું.

કેતુઆગ્નેય ૧. પું. ઋગ્વેદના દશમા મંડલના ૧૫૬મા સૂક્તનો કર્તા એક ઋષિ.

૨. પું. સામવેદનો એ નામનો એક ઋષિ.

કેતુઆવરણ ન. માથા ઉપર વાદળ જેવા દેખાતા તારાઓના સમૂહનું ઢાંકણ.

કેતુકુંડલી સ્ત્રી. ફલિત જ્યોતિષ પ્રમાણે બાર ખાનાવાળું એક ચક્ર. તે વડે વર્ષનો સ્વામી શોધી શકાય છે.

કેતુક્ષેત્ર [સં.] ન. આકાશના પાણીથી ધાન્ય નિપજાવી શકાય તેવું ખેતર.

કેતુગ્રહ ૧. [સં.] પું. (જ્યોતિષ) એ નામનો એક ગ્રહ.

૨. પું. વૈડૂર્યમણિ.

કેતુતારો ૧. પું. (જ્યોતિષ) ખરતો તારો.

૨. પું. (જ્યોતિષ) ધૂમકેતુ.

કેતુદંડ [સં.] પું. વાવટો રાખવાનો દાંડો; ધજાની લાકડી.

કેતુનાભિ [સં.] ન. ધૂમકેતુની પૂછડી તારા જેવા જે બિંદુમાંથી નીકળતી દેખાય તે બિંદુ.

કેતુપતાકા [સં.] સ્ત્રી. ફલિત જ્યોતિષ પ્રમાણે નવ ખાનાવાળું એક ચક્ર. તે વડે વર્ષનો સ્વામી શોધી શકાય છે.

કેતુપુચ્છ [સં.] ન. ધૂમકેતુનું પૂછડું.

કેતુપ્રદર્શક [સં.] ન. ધૂમકેતુ જોવાનું યંત્ર.

કેતુભ [સં.] પું. વરસાદ.

કેતુમતી ૧. [સં.] પું. (પિંગળ) એક અર્દ્ધસમવૃત્ત વર્ણમેળ છંદ. તેના પહેલા અને ત્રીજા ચરણમાં સગણ, જગણ, સગણ અને ગુરુ તથા બીજા અને ચોથા ચરણમાં ભગણ, રગણ, નગણ અને બે ગુરુ હોય છે.

૨. સ્ત્રી. સુમાલી રાક્ષસની સ્ત્રી; રાવણની માતામહી.

કેતુમાન ૧. [સં.] પું. (પુરાણ) દનુપુત્ર એક દાનવ.

૨. પું. પશ્ચિમ દિશાનો દિક્પાળ.

૩. પું. ભારતના યુદ્ધમાં દુર્યોધનના પક્ષનો એ નામનો એક રાજા.

૪. પું. સૂર્યવંશી નભગ કુલોત્પન્ન અંબરીષ રાજાના ત્રણમાંનો વચલો પુત્ર.

૫. પું. સોમવંશી આયુપુત્ર ક્ષત્રવૃદ્ધના કુળમાં જન્મેલા ધન્વંતરિ રાજાનો પુત્ર; હરિવંશ પ્રમાણે કાશિરાજ દિવોદાસના વંશનો એક રાજા. એના પુત્રનું નામ ભીમરથ અથવા ભીમસેન હતું.

૬. વિ. તેજસ્વી; બુદ્ધિમાન.

૭. વિ. ધ્વજાવાળું; જેની પાસે પતાકા હોય તેવું.

કેતુમાલ ૧. [સં.] પું. (પુરાણ) આગ્નિધ્ર રાજાના નવ માંહેનો નાનો પુત્ર.

૨. પું. જંબુદ્વીપના મુખ્ય નવ માંહેનો એક દેશ; મેરુ પર્વતની પૂર્વ પશ્ચિમે આવેલ પ્રાચીન ક્ષેત્ર; રશિઆઈ તુર્કસ્તાન. ઇલાવૃત્તથી પશ્ચિમ ભાગમાં માલ્યવાન નામનો પર્વત આ ખંડના સીમાડા ઉપર છે. દક્ષના વખતમાં ઈ. સ. પૂ. ૬૦૦૦માં ત્યાં ગયેલ શવલાશ્વોએ તે વસાવેલ હતો. બ્રહ્માંડ પુરાણ અનુસાર આ ખંડમાં સાત પર્વત અને કેટલીક નદીઓ છે. સિદ્ધ અને દેવર્ષિઓ પ્રાયઃ આ નદીઓમાં સ્નાન કરવાનું પસંદ કરે છે. આ ખંડમાં જંગલી જાનવર પણ રહે છે.

કેતુમાલવર્ષ જુઓ કેતુમાલ ૨.

કેતુમાલા ૧. [સં.] સ્ત્રી. (પિંગળ) અનુષ્ટુપ છંદની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કરાલી છંદ. તેના દરેક ચરણમાં બે તગણ અને બે ગુરુ એમ આઠ અક્ષર હોય છે.

૨. સ્ત્રી. ગ્રહમંડળ.

૩. સ્ત્રી. (પુરાણ) મહાભારતમાં જણાવેલી કામ્યક વનની પશ્ચિમ દિશાએ આવેલી એ નામની એક નદી.

કેતુમાલી ૧. [સં. કેતુમાલિન્] પું. શંબરાસુર દૈત્યનો સેનાધિપતિ.

૨. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૩. સ્ત્રી. ધજાઓની હાર.

કેતુમાળ જુઓ કેતુમાલ.

કેતુમુખ [સં.] ન. ધૂમકેતુના માથાનો ભાગ; ધૂમકેતુનું મોં.

કેતુરત્ન [સં.] ન. વૈડૂર્યમણિ; લસણિયા નામનું રત્ન.

કેતુવર્મા પું. (પુરાણ) ત્રિગર્તાધિપતિ સૂર્યવર્માનો ભાઈ. તેને અર્જુને માર્યો હતો.

કેતુવીર્ય પું. (પુરાણ) એક દાનવનું નામ.

કેતુવૃક્ષ [સં.] ન. બ. વ. (પુરાણ) મેરુની ચારે તરફના પર્વતો ઉપરનાં વૃક્ષ. વિષ્ણુપુરાણ પ્રમાણે મેરુની પૂર્વ દિશામાં મંદરાચળ ઉપર કદંબનું ઝાડ, દક્ષિણ તરફ ગંધમાદન ઉપર જંબૂક વૃક્ષ, પશ્ચિમ તરફ વિપુલગિરિ ઉપર પીપળ અને ઉત્તર તરફ સુપાર્શ્વ પર્વત ઉપર વડનું ઝાડ છે. આ ચારે વૃક્ષોને કેતુવૃક્ષ કહે છે.

કેતુશિખા [સં.] સ્ત્રી. ધૂમકેતુનું મોં.

કેતું ૧. પું. ધજા; વાવટો.

૨. પું. (જ્યોતિષ) નવ માંહેનો એક ગ્રહ; ધૂમકેતુ.

૩. વિ. કેટલું.

કેતો પું. અમેરિકમાં ગરમ દેશોમાં રહેનાર શિયાળના જેવું એક જાનવર.

કેત્તિ સ્ત્રી. કેશની લટ; વાળની લટ.

છૂટવા મન કરે તાં કેત્તિ છૂટી. નરસિંહ

કેત્તિઆ અ. કેટલું.

કેત્તુ વિ. કેટલું.

કેત્થે ૧. [સં. કુત્ર] અ. કોઈ ઠેકાણે; કોઈ સ્થળે.

૨. અ. ક્યાંક.

કેત્ય વિ. કેત્વાતુ ધાતુવાળું.

કેત્વશ્મ [સં.] પું. જેમાંથી કેત્વાતુ ધાતુ નીકળે તેવી ખનિજ.

કેત્વાતુ સ્ત્રી. ખરતા તારાના પથ્થરમાં લોઢાની સાથે મળી આવતી સખત પોલાદના જેવા ભૂરા રંગની કથીર જેવી ધાતુ. તેમાંથી રંગ બને છે.

૧. કેત્વાતુ કાચ = કેત્વાતુ રંગનો અથવા તે ધાતુમાંથી બનતો કાચ.

૨. કેત્વાતુ કાંસ્ય = કેત્વાતુ ધાતુમાંથી બનતો એક જાતનો રંગ.

૩. કેત્વાતુકુસુમ = રુધિરાશ્મ; કેત્વાતુ ધાતુનાં ફૂલ.

૪. કેત્વાતુ જંબૈય = કેત્વાતુનૈલ; કેત્વાતુ ધાતુ તથા નૈલ મિશ્રિત એક પદાર્થ.

૫. કેત્વાતુ જારેય = કેત્વાતુ ધાતુ તથા પ્રાણવાયુ મિશ્રિત એક સંયુક્ત પદાર્થ.

૬. કેત્વાતુ ટાંકીય = એક ક્ષાર; કેત્વાતુ ધાતુ તથા ટંકણખાર મિશ્રિત એક સંયુક્ત પદાર્થ.

કેથલિક ૧. [અં. કેથલિક] પું. એ નામનો ધાર્મિક સંપ્રદાય.

૨. ન. એ નામના ખ્રિસ્તી ધર્મના સંપ્રદાયનું માણસ.

૩. વિ. એ નામના સંપ્રદાયને અનુસરતું.

કેથાં જુઓ કેત્થે.

કેથીડ્રલ [અં. કેથીડ્રલ] ન. ખ્રિસ્તી દેવળ.

કેથુ સ. શું.

કેથઉ કીજઈ મૂરષ પુત્ર,
વિદ્યા વિણુ ન રહઈ ઘરસૂત્ર. વિમલપ્રબંધ

કેથું વિ. કેટલું.

મંદભાગે પરઠરી જ્વશે કેથો કાળ,
એકલી મારગ ન જાણે તે વન અતિસે ઘોર.
ભાલણ

કેથે ૧. પું. પૂર્વે ચીનનું પ્રાચીન નામ.

૨. જુઓ કેત્થે.

કેથેજ અ. કોઈ રીતે; કોઈ ઉપાયે.

કેથેટર [અં.] ન. મૂત્રશલાકા; કુક્કામાંથી પેશાબ બહાર કાઢવામાં વપરાતું નળી જેવું પોલું હથિયાર.

કેથોલિક જુઓ કેથલિક.

કેદ (કે઼દ) ૧. [અ. કયદ] સ્ત્રી. અટક; મરજી પ્રમાણે હીલચાલ કરવાની બંધી; બંધનયુક્ત સ્થિતિ; રોક; પ્રતિબંધ.

૨. સ્ત્રી. ખેડૂતના ખળામાંથી લેવામાં આવતો દાણાનો અમુક હિસ્સો.

૩. સ્ત્રી. બંધ રાખવું તે; ગોંધી રાખવું તે.

૪. સ્ત્રી. બંધીખાનું; કેદખાનું; કારાવાસ.

૧. કેદ કરવું–પકડવું = પકડીને કબજે રાખવું; પકડવું; ગોંધવું; બંધનમાં રાખવું.

૨. કેદ થવું–પડવું = પરાધીનતામાં પડવું; કબજે થવું.

૫. સ્ત્રી. મર્યાદા; અદબ.

૬. વિ. કબજે પડેલું; કેદ ભોગવતું.

કેદકીહાર જુઓ કેતકીહાર.

કેદખાનું (કે઼દખ઼ાનું) [અ. કયદ + ફા. ખાનહ્ (જગ્યા)] ન. માણસોને અટકમાં રાખવામાં આવતા હોય તેવું ઠેકાણું; બંદીખાનું; તુરંગ; કારાગૃહ; જેલ. ફોજદારી ગુનેગારોને ન્યાયાધીશ સમક્ષ લાવતાં સુધી અટકાયતમાં રાખી શકાય છે. પહેલા વર્ગનું કેદખાનું માત્ર અટકાયત જેવું છે. તેમાં ગુનેગારો પોતાનું ભરણપોષણ જાતે જ કરે છે, સામાન્ય પોશાક પહેરી શકે છે અને મિત્રોને મળી શકે છે. બીજા વર્ગના કેદીઓ માટે ખાસ કાયદા હોય છે તેથી આરોપીઓને ફોજદારી ગુનેગારો સાથે રાખવામાં આવતા નથી. જ્યારે ફોજદારી ગુનેગારોને ત્રીજા વર્ગમાં મૂકવામાં આવે છે, ત્યારે સાધારણ રીતે વધુમાં વધુ સજા બે વર્ષની હોય છે. આ સજા સખત મજૂરીવાળી હોય છે.

કેદાડે (કેદાડે઼) અ. કયે દિવસે.

કેદાર ૧. પું. એ નામનો એક રાજર્ષિ.

૨. પું. (સંગીત) એક ઓડવવક્ર રાગ; મેઘરાગનો ચોથો પુત્ર. તે સંપૂર્ણ જાતિનો રાગ છે. ઓડવ, ષાડવ અને સંપૂર્ણ એમ તેની ત્રણ જાત છે. ષાડવમાં રિષભ વર્જ્ય છે. ઓડવ જાતિમાં રિખબ અને ધૈવત વર્જ્ય છે. સંપૂર્ણ જાતિમાં શુદ્ધ અને તીવ્ર બંને મધ્યમ અને બંને નિષાદ સાથે શુદ્ધ સ્વરમિલાપ છે. મતલબ કે રિષભ, ધૈવત શુદ્ધ લેવાય છે. તેમાં ગ્રહ સ્વર ષડ્જ, વાદી સ્વર મધ્યમ, સંવાદી સ્વર ધૈવત અને ન્યાસ સ્વર ષડ્જ છે. આરોહમાં ગાંધાર અને નિષાદ વર્જ્ય છે. આરોહમાં મધ્યમ તીવ્ર અને અવરોહમાં શુદ્ધ લેવાય છે. આરોહમાં રિખબ અલ્પ છે. શાંતરસથી રાતના બીજા ત્રીજા પહોરમાં ગાવો ઉચિત છે. ઈશ્વરની આરાધનામાં આ રાગ પ્રધાન ગણાય છે. તે વીર, અદ્ભુત, શાંત અને ભક્તિરસમાં ગવાય છે.

૩. પું. એક જાતના ચોખા.

૪. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેમાં ૨ નગણ અને ૨૬ રગણ મળી ૮૪ વર્ણ હોય છે.

૫. પું. કામરૂપ દેશનું એક તીર્થ.

૬. પું. ક્યારો; આલવાલ.

૭. પું. ગર્ત; ખાડો.

૮. પું. ગંગાદ્વારથી માંડીને તમસા નદી સુધીનું એ નામનું એક મોટું તીર્થક્ષેત્ર; કેદારેશ્વર મહાદેવનું જાત્રાનું એક ધામ; હિમાલય પર્વતનું એક શિખર. આ ધામ હિમાલયમાં આવેલું છે. પાંડવોએ કૌરવો સાથે યુદ્ધ કરી કૌરવોનો સંહાર કરી વિજય પ્રાપ્ત કર્યો, પણ તેમ કરતાં તેઓને બ્રહ્મ તથા ગૌહત્યાનું પાતક લાગ્યું. તે પાપમાંથી મુક્ત થવા માટે તેઓએ આ સ્થળે ભગવાન શિવજીની આરાધના કરી. મંદાકિની અને દૂધગંગા નદીઓના સંગમ ઉપર દક્ષિણ તટે તે આવેલ છે. એ મહાદેવનાં બાર જ્યોતિર્લિંગ માંહેનું એક છે. કેદારનાથનું દેવાલય રુદ્રહિમાલય પર્વતમાળમાંથી કાટખૂણે નીકળતા પર્વત ઉપર આવેલ છે. કેદારનાથથી બે દિવસની મુસાફરી જેટલે છેટે પવિત્ર મંદાકિની અથવા કાલી ગંગા નદી નીકળે છે. જે સરોવરમાંથી એ નીકળે છે તેમાં ભૂરાં કમળ થાય છે. એ સરોવર રુદ્રપ્રયાગ આગળ અલકનંદાને જોડાયેલું છે. જોકે સીધી લીટીમાં છેટું બહુ ઓછું છે, છતાં કેદારથી બદ્રિનાથ જતાં આઠ દિવસ લાગે છે. કેદારનાથથી હરિદ્વાર આશરે ૧૪૬ માઈલ જેટલે છેટે આવેલું છે. કેદારનાથની પૂજા પાંડવોએ ચલાવ્યાનું કહેવાય છે. દેવળની પાસે ભૈરવજપ નામની ટેકરી આવેલી છે. તેના શિખર ઉપરથી યાત્રાળુઓ પડતું મૂકીને આત્મહત્યા કરતા. દેવળની પાસે જ્યાં કાર્તિકનો જન્મ થયો હતો તે રેતકુંડ આવેલો છે.

૯. પું. ચોમાસુ પાક.

૧૦. પું. જાતિસ્વભાવ.

૧૧. પું. પર્વત.

૧૨. પું. પાણીને રોકવા માટે ચોતરફ પાજ બાંધેલું ખેતર; ચારે તરફ સેતુબંધવાળું ખેતર.

૧૩. પું. વીડી.

૧૪. ન. કાશીમાં આવેલું શિવલિંગ.

કેદારક [સં.] પું. ખેડેલા ખેતરમાં ઉત્પન્ન થયેલ ડાંગર.

કેદારકટુ જુઓ કેદારકટુકા.

કેદારકટુકા [સં.] ન. એક જાતની વનસ્પતિનું મૂળ. તે કેદાર પર્વત ઉપર ઊગે છે. તેને જાંબુડા રંગનાં ફૂલ આવે છે.

કેદારકંકણ ન. સાધુતાનો ડોળ.

કેદારગંગા [સં.] સ્ત્રી. ગઢવાલ પ્રાંતની એ નામની એક નદી. તે ગંગાને મળે છે.

કેદારજ ૧. [સં.] ન. પદ્મકાષ્ઠ.

૨. વિ. ખેડેલા ખેતરમાં ઉત્પન્ન થયેલ.

કેદારતીર્થ [સં.] ન. ગંગાદ્વારથી માંડીને તમસા નદી સુધીના પ્રાચીન તીર્થનું નામ. જુઓ કેદાર ૮.

કેદારનટ [સં.] પું. (સંગીત) ષાડવ જાતિનો એક સંકર રાગ. તે નટ અને કેદાર મેળવવાથી બને છે અને રાતે બીજે પહોરે ગવાય છે. આમાં રિખભ વર્જિત હોય છે. સંગીત પારિજાતમાં આને ઓડવ જાતિનો રાગ માન્યો છે અને તેમાં રિખભ તથા ધૈવત વર્જિત બનાવ્યાં છે. કોઈ કોઈના મત પ્રમાણે આ નટનારાયણનો છઠ્ઠો પુત્ર મનાય છે.

કેદારનાટ જુઓ કેદારનટ.

કેદારનાથ ૧. [સં.] પું. એ નામના મહાદેવનું મંદિર. તે કેદાર નામના પર્વત ઉપર છે.

૨. પું. એ નામનું એક શિવલિંગ.

કેદારા ૧. સ્ત્રી. પીંજારાની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કેદારી ૧. [સં.] સ્ત્રી. એક જાતનો છોડ. તેનાં પાન લંબગોળ અને દાંતા દાંતાવાળાં હોય અને ફૂલ ધોળા રંગનાં હોય છે.

૨. સ્ત્રી. (સંગીત) દીપક રાગની છ માંહેની એ નામની પાંચમી રાગિણી. તે રાત્રે બીજા પહોરની પહેલી ઘડીમાં ગવાય છે. આ ઓડવ જાતિની રાગિણી છે અને તેમાં રિખભ તથા ધૈવત વર્જિત છે. પણ સોમેશ્વરના મત પ્રમાણે તે સંપૂર્ણ જાતિની રાગિણી છે અને સંધ્યા સમયે ગવાય છે. આનો ઉપયોગ ઘણે ભાગે વીર અને શૃંગાર રસના વર્ણનમાં થાય છે.

કેદારેશ [સં.] પું. મહાદેવના બાર જ્યોતિર્લિંગમાંનું એ નામનું એક.

કેદારેશ્વર જુઓ કેદારેશ.

કેદારો ૧. [સં. કેદાર] પું. (સંગીત) દીપક રાગની એક રાગિણી. આ રાગ ગાવાનો વખત રાતના ૯ થી ૧૨ સુધીનો છે. તે હેમંત ઋતુમાં ગવાય છે. તેમાં શુદ્ધ અને તીવ્ર મધ્યમ આવે છે. તે સિવાય સર્વે શુદ્ધ સ્વરો છે. કોઈ કોમળ નિષાદનો વિવાદી રૂપે પ્રયોગ કરે છે. આ રાગનો વાદી સ્વર શુદ્ધ મધ્યમ છે, સંવાદી સ્વર ષડ્જ છે.

કેદારો કરવો = (૧) કોઈ સારૂં મોટું કામ ન કર્યું હોય ત્યારે વ્યંગ્યમાં આમ બોલાય છે. (૨) મોટું જોર કરવું; પરાક્રમ કરી બતાવવું; નામ કાઢવું. કેદારો રાગ ગાવો બહુ મુશ્કેલ છે તેથી આ રૂઢિપ્રયોગ થયેલ છે.

૨. પું. પર્વત.

૩. પું. પાણીનો ખાડો.

૪. પું. વીડી.

૫. પું. શિવલિંગ.

કેદિક અ. કોઈક દિવસ; ક્યારેક; વખતે.

કેદી ૧. પું. ગુનેગાર માણસ.

૨. પું. જેલમાં પુરાયેલ માણસ.

૩. વિ. કેદ કરાયેલું; બંદીખાને પડેલું.

૪. અ. કયે દિવસે.

કેદીવોર્ડર પું. કેદીઓ ઉપર દેખરેખ રાખનાર કેદી.

કેદુકનું અ. ક્યારનું; કેટલા વખતનું; કયા દિવસનું.

કેદુનું ૧. અ. કયા દિવસનું; કેટલા સમયનું.

૨. અ. ઘણા સમયથી.

કેન ૧. પું. આદમથી ઈવને પેટે અવતરેલ પહેલો પુત્ર. તેનો જન્મ ઈ. સ. પૂર્વે ૪૦૦૦માં થયો મનાય છે.

૨. [અં.] સ્ત્રી. નેતરનો છોડવો.

૩. સ્ત્રી. બાંદા જિલ્લાની એ નામની એક નદી. તે વિંધ્યાચળમાંથી નીકળી યમુનાને મળે છે.

૪. સ્ત્રી. સોટી; નેતરની લાકડી.

૫. ન. એકસો આઠ માંહેનું એક ઉપનિષદ; તલવકારોપનિષદ. તેમાં ગુરુ શિષ્યના સંવાદ આપેલા છે. આ સામવેદિક ઉપનિષદનો પહેલો મંત્ર 'કેન'થી શરૂ થાય છે માટે તે કેન ઉપનિષદ કહેવાય છે. તેના ચાર ખંડ છે અને દરેકમાં ૩૪ મંત્ર છે.

૬. ન. દરજીના સંચામાં કોપરેલ તેલ પૂરવાનું ડાબલી જેવું સાધન.

કેનન [અં.] સ્ત્રી. તોપ.

કેનનબોલવૃક્ષ ન. એક જાતનું ફળઝાડ. ગીઆનામાં થતું આ વૃક્ષ કદમાં વિશાળ હોઈ ફળો ૩૬ રતલનાં થાય છે. તે સ્વાદમાં મીઠું, ખુશબોદાર અને ગુણકારી છે.

કેનરી ન. એક જાતનું પક્ષી.

કેનવાસ ૧. [અં.] ન. એક જાતનું જાડું લૂગડું; કંતાન.

૨. ન. ભરત ભરવાનું જાળીવાળું એક જાતનું કપડું.

કેનવાસચિત્ર ન. કેનવાસ ઉપર દોરવામાં આવેલ ચિત્ર.

કેના ૧. પું. એ નામનો એક ફૂલછોડ. તેને લાલ, ગુલાબી, કેસરી અથવા સફેદ રંગનાં ફૂલ આવે છે.

૨. સ્ત્રી. એક જાતની જંગલી વેલ. તેનાં પાન રાની લોકો દુકાળમાં ખાય છે.

૩. સ્ત્રી. એક જાતની ભાજી; એક જાતનું શાક.

કેનારીઝ સ્ત્રી. દક્ષિણ હિંદુસ્તાનમાં બોલાતી એક ભાષા.

કેનાલ ૧. [અં. કનૅલ] સ્ત્રી. નહેર; નીક; ધોરિયો.

૨. સ્ત્રી. રસ્તો; ખુલ્લો માર્ગ.

કેનિપાત [સં.] પું. નૌકા ચલાવવાનું લાકડાનું એક સાધન; સુકાન.

કેનિપાતક જુઓ કેનિપાત.

કેનિલા ન. વેસ્ટ ઇન્ડીઝમાં ઊગતું એક જાતનું ઝાડ. તે રેવંચીના વર્ગનું હોઈને ઔષધિ તરીકે ઉપયોગી ગણાય છે. ગરમ મસાલા તરીકે પણ ઉપયોગમાં લેવાય છે.

કેનિસ માઇનર [અં.] પું. એ નામનો એક તારો. રુદ્રના આર્દ્રા તારા પછી મિથુનના વીસ અંશે આકાશને પોતાના તેજથી ઉજ્જ્વલ કરતો મૃગવ્યાધ કે લુબ્ધક નામે તારો છે. અંગ્રેજીમાં તેને સીરિયસ એટલે શિકારી કૂતરો કહેલ છે અને ગ્રીક પુરાણોમાં તેને કેનિસ મેજર અને કેનિસ માઇનર એમ બે નાના મોટા કૂતરા કહેલ છે. ઋગ્વેદમાં તેને યમનો ચાર નેત્રવાળો શ્વાન કહેલ છે.

કેનિસ મેજર [અં.] પું. એ નામનો એક તારો. જુઓ કેનિસ માઇનર.

કેની અ. કે નહિ. આ શબ્દ ગુજરાત તરફ વાક્યને છેડે વપરાય છે.

કેનીકોર અ. કઈ બાજુએ; કઈ દિશાએ.

કેનીપા અ. કઈ બાજુએ; કયે ઠેકાણે; કઈ તરફ.

કેનીસેર જુઓ કેનીપા.

કેનું સ. કોનું; કયા માણસનું.

કેને ૧. સ. કોને ?; ક્યા માણસને ?

૨. અ. કઈ દિશામાં ?; ક્યાં ?

કેનેકીન ન. એક જાતનું કાપડ.

કેનેરિયમ ન. એશિઅમાં ઊગતું એક જાતનું ઝાડ. તે પચાસ ફીટ ઊંચું વધે છે. તેને ગરવાળાં ફળ હોય છે. આ ગરની રોટલી બનાવીને ખવાય છે.

કેનેરી ન. એક જાતનું પક્ષી. તે હિંદુસ્તાનના મેના વર્ગનું છે, પણ રંગ, રૂપ અને ચંચળતામાં શ્રેષ્ઠ હોય છે. એનું મૂળ વતન કેનેરી અને કેપવર્ડ ટાપુ છે. કેનેરીથી પંદરમી સદીમાં તે યરપમાં આવ્યું. તે ખાંડનું શોખીન છે અને ધાન્ય અને બી ઉપર ગુજરાન કરે છે.

કેનેરીઘાસ ન. નાનાં પક્ષીઓના નિર્વાહ માટે ઉગાડવામાં આવતું એક પ્રકારનું બિયાંવાળું ઘાસ.

કેનોપનિષદ [સં.] ન. એ નામનું એક ઉપનિષદ. જુઓ કેન ૫.

કેન્ટર [અં. કૅન્ટર] સ્ત્રી. ઘોડાની એક ચાલ.

કેન્ટીઆ [અં. કૅન્ટીઅ] પું. એક જાતનો ચંપો.

કેન્ટોન્મેન્ટ [અં.] ન. લશ્કરી છાવણી.

કેન્ડલ ૧. સ્ત્રી. ફાનસ.

૨. સ્ત્રી. મશાલ.

૩. [અં. કૅન્ડલ] સ્ત્રી. મીણબત્તી.

કેન્ડલનટ [અં. કૅન્ડલનટ] ન. એક જાતનું ફળઝાડ. તે માડાગાસ્કર, મોલ્યુકા અને જાવા વગેરેમાં થાય છે. એના કોટલામાં સ્વાદિષ્ટ માવો હોય છે. તે પકવ્યા સિવાય ખાઈ શકાતો નથી. તેનાં ફૂલ અખરોટ જેવડાં છે. તેમાંથી બનતું સ્વચ્છ તેલ ખાવા તથા બાળવામાં આવે છે.

કેન્ડલપાવર [અં. કૅન્ડલપાવર] પું. એક મીણબત્તીના તેજ જેટલી શક્તિ.

કેન્ડલફિશ [અં. કેન્ડલફિશ] સ્ત્રી. એક જાતની ખોરાકમાં વપરાતી માછલી. તેનું તેલ બાળવાના ઉપયોગમાં આવે છે.

કેન્ડિડેટ [અં. કૅન્ડિડેટ] પું. ઉમેદવાર.

કેન્ડિયન ૧. ન. લંકામાં આવેલ કેન્ડિ પ્રાંતનું રહીશ.

૨. વિ. કેન્ડિ પ્રાંત સંબંધી; કેન્ડિ પ્રાંતનું.

કેન્ડીફ્રૂટ ન. એક જાતનું ફૂલઝાડ.

કેન્યા ન. પૂર્વ આફ્રિકામાં આવેલું એ નામનું એક બ્રિટિશ સંસ્થાન. તેમાં હિંદીઓ અને અરબોની વસતી મોટી છે.

કેન્વાસ ૧. [અં. કૅન્વાસ] ન. કંતાન; જાડું કપડું.

૨. અ. ક્રિ. પ્રયાસ કરવો; કોશિશ કરવી.

૩. અ. ક્રિ. મત મેળવવા; મત ભેગા કરવા.

કેન્વાસર ૧. [અં. કૅન્વાસર] વિ. ગ્રાહક મેળવનાર.

૨. વિ. મત ભેગા કરી આપનાર.

કેન્સર ૧. [અં. કૅન્સર] ન. એ નામનો એક ભયંકર રોગ; અર્બુદ; ગ્રંથિ.

૨. ન. (જ્યોતિષ) કર્ક રાશિ.

કેન્સલ [અં. કૅન્સેલ] સ. ક્રિ. કાઢી નાખવું; રદ કરવું.

કેપ ૧. [અં. કૅપ] સ્ત્રી. કારતૂસની ટોપી.

૨. સ્ત્રી. કારતૂસ વગરની બંદૂક ઉપર મૂકવાની ટોટી.

૩. સ્ત્રી. ટોપી; માથે ઓઢવાનું એક સાધન.

૪. સ્ત્રી. બંદૂકનો ઘોડો.

કેપાસ અ. નજીક; પાસે.

કેપિટલ ૧. [અં. કૅપિટલ] પું. થાંભલાની મથોટી; સ્તંભશીર્ષ.

૨. સ્ત્રી. થાપણ; મૂડી; ભંડોળ.

૩. સ્ત્રી. રાજધાની; મુખ્ય શહેર.

૪. વિ. મોટું; મુખ્ય.

કેપૂર ન. એક જાતનું ઘરેણું.

કેપેસિટિ ૧. [અં. કૅપૅસિટિ] સ્ત્રી. ગ્રહણશક્તિ; બળ.

૨. સ્ત્રી. ઘનફળ; સમાવવાની શક્તિ.

કેપોક ૧. પું. ધોળો શેમળો. આ અલ્પાયુષી ઝાડ મોટું અને થોડા કાંટાવાળું હોય છે. તેનાં ફૂલ આછા લીલા રંગનાં હોય છે અને પાંદડાં ખરી ગયા પછી જથ્થામાં ફૂલ ઊગે છે. ફળો બે માસ પછી પાકે છે. તેનાં છોલાં ઊખડી ગયે તેમાંથી ધોળા રેશમ જેવું રૂ નીકળે છે.

૨. ન. શેમળાનું રૂ.

કેપ્ટન ૧. [અં. કૅપ્ટિન] પું. આગેવાન; વડો; ઉપરી અમલદાર.

૨. પું. કપ્તાન; વહાણનો કે આગબોટનો મુખ્ય ટંડેલ.

૩. પું. ક્રિકેટમાં અગિયાર રમનારાઓનો ઉપરી.

૪. પું. પલટણનો નાયક; લશ્કરી ટુકડીનો ઉપરી.

કેપ્લર પું. એ નામનો એક પ્રખ્યાત ખગોળશાસ્ત્રી. ઈ. સ. ૧૫૭૧-૧૬૩૦. આધુનિક ખગોળશાસ્ત્રના સિદ્ધાંતોનો તે સ્થાપક ગણી શકાય. તે ટાઇકો બ્રાહેનો શિષ્ય હતો. બ્રાહેની મંગળ સંબંધી તથા બીજી અનેક શોધ તેના હાથમાં આવી. વિશેષ નિરીક્ષણથી અને ભૂમિતિની સાબિતીથી આપણી સૂર્યમાળા કેવી નિયમિત રીતે ચાલી રહી છે એ તેણે શોધી કાઢયું. ગ્રહોના પથ સંબંધી એમના ત્રણ નિયમ તેનો ખરો વિજય સૂચવે છે. ન્યૂટને આ ત્રણ નિયમોનો ખરો અર્થ જાણી બતાવી આપ્યું કે ગુરુત્વાકર્ષણના નિયમનાં એ જરૂરી પરિણામો છે. તે નિયમો આ પ્રમાણે છેઃ (૧) સૂર્યની આસપાસ ફરવાનો ગ્રહોનો માર્ગ દીર્ઘવર્તુલાકાર છે. તેના દરેક કેંદ્રમાં સૂર્ય હોય છે. (૨) ગ્રહ સૂર્યની આસપાસ ફરે છે તે વખતે તેનું મંદકર્ણ એટલે કે ગ્રહ અને સૂર્યને સાંધનારી રેખા સમાન કાલમાં સમાન ક્ષેત્રનું આક્રમણ કરે છે. (૩) સૂર્ય અને ગ્રહો વચ્ચેના અંતરનું ઘન અને પ્રદક્ષિણા કાલનો વર્ગ એ સરખા પ્રમાણમાં હોય છે.

કેફ (કેફ઼) ૧. પું. ગરમી; ઉષ્ણતા.

૨. પું. નશાવાળી વસ્તુ લેવાની ક્રિયા.

૩. પું. મદ; અભિમાન; અહંકાર.

૪. પું. મસ્તાની; ઘણી મઝા; અત્યાનંદ.

૫. પું. માદક પદાર્થથી મગજને થતી જુસ્સાની, આનંદની અને ઊંઘની અસર; નશો; ઘેન; ખુમારી.

> કામની કેફમાં કુંજ ફૂલ્યો. નરસિંહ

૬. પું. વ્યવસનાત્મક શક્તિ; ઘેનની અસર કરનાર ગુણ.

૭. ન. એક જાતનું કાપડ.

કેફિયત (કેફ઼િયત) ૧. [ફા.] સ્ત્રી. અધિકારી આગળ રજૂ કરેલું વિગતવાર વર્ણન; હકીકત; વૃત્તાંત.

૨. સ્ત્રી. ખુલાસો.

કેફી (કેફ઼ી) ૧. વિ. કેફ કરનાર; વ્યસની; અમલી; નશો કરવાની ટેવવાળું.

૨. વિ. દારૂડિયું.

૩. વિ. માદક; કેફના ગુણવાળું; નશાદાર.

૪. વિ. સ્વચ્છંદી; છાકટું; કુછંદી.

કેફીન ન. કોફીમાં રહેલ ઉત્તેજક દ્રવ્ય.

કેબ [અં. કૅબ] સ્ત્રી. બે અથવા ચાર પૈડાંની ઘોડાગાડી; બગી.

કેબલ ૧. [અં. કૅબલ] પું. દરિયાની અંદરનું તારનું દોરડું; વિદ્યુતસંદેશરજ્જુ.

૨. પું. વહાણ લાંગરવાનું દોરડું.

૩. પું. સમુદ્ર પાર તારથી મોકલેલ સંદેશો.

કેબલો પું. હોમનો અગ્નિ.

કેબાલા ન. યહૂદી વિદ્વાનોમાં પ્રચલિત ગુપ્તજ્ઞાન.

કેબિન ૧. [અં. કૅબિન] સ્ત્રી. ઝૂંપડી.

૨. સ્ત્રી. વહાણુના ઉતારૂઓને રહેવાની ખોલી; નાની ઓરડી.

કેબિનેટ ૧. [અં. કૅબિનેટ] ન. પ્રધાનમંડળ; મંત્રીસમાજ.

૨. ન. રાજા મહારાજાનો મસલતનો ઓરડો; રાજા, મહારાજા વગેરે પોતાના વિશ્વાસપાત્ર મંત્રીઓ સાથે જ્યાં મસલત કરે તે ઓરડો.

૩. ન. લાકડાની બનાવેલી પેટી જેવી વસ્તુ.

કેબેજ સ્ત્રી.; ન. એક જાતની શાકભાજી; કોબી.

કેમ ૧. [સં. કથમ] અ. કઈ રીતે? શી રીતે?

કેમ-કેમે કરતાં-કરીને = કોઈ પણ રીતે; ગમે એ રીતે.

૨. અ. કેવું? કેવી રીતનું?

૩. અ. શા માટે? શા સારૂ? શાથી?

૪. અ. શું છે? કેમ થશે?

કેમકે [સં. કિમ] અ. કારણકે; સબબ કે.

કેમજે અ. કારણકે.

કેમજ્જુ ન. ભરૂચ જિલ્લાના કીમોજ ગામનું પ્રાચીન નામ.

કેમણું અ. કઈ તરફ.

કેમદ્રુમ [સં.] પું. (જ્યોતિષ) ચંદ્રમાનો એક યોગ; ચંદ્રમાવાળી રાશિથી આગલી કે પાછલી રાશિમાં કોઈ ગ્રહ ન હોય તેવો યોગ. આ યોગમાં કોઈ રાજકુમારનો જન્મ થાય તો તે સદા દુઃખી અને દારિદ્રી રહે એમ મનાય છે.

કેમનામઝદા સ્ત્રી. (જરથોસ્તી) એ નામની એક બંદગી. તેમાં ખુદાની મદદ માગવામાં આવે છે.

કેમનું ૧. વિ. કઈ તરફનું?

૨. વિ. કોનું?

૩. વિ. શી રીતનું?

૪. અ. કઈ તરફ?

કેમની કોર = કઈ તરફ.

કેમરિક ન. ખમીસનું લીટીવાળું સુતરાઉ કાપડ.

કેમ રે અ. કેમ અલ્યા? અરે શા માટે?

કેમ સાહેબ ઠીક છે કે સ્ત્રી. એ નામની એક રમત. તેમાં સાત આઠ બાળક એકબીજાના હાથ પકડી ગોળાકારમાં ઊભાં રહે અને બે બાળક કૂંડાળાની વચ્ચે ઊભાં રહે. તે બેમાંથી એકની આંખે પાટા બાંધવા. પાટા બાંધેલો રમનાર બીજાં રમનારાંને પૂછે, 'કેમ સાહેબ, ઠીક છે કે?' તરત જ એક રમનાર જવાબ આપે, 'હા, ઠીક છે'. પાટાવાળો રમનાર અવાજ ઉપરથી જો તેને ઓળખી કાઢે તો તે વચ્ચે આવી ઊભો રહે અને તેની આંખે પાટા બાંધી ફરી રમત શરૂ કરાય.

કેમાંહે અ. કોઈમાં; શેમાં.

કેમિકલ ૧. [અં.] ન. રાસાયણિક દ્રવ્ય.

૨. વિ. રસાયણનું બનેલું.

કેમિકલ વર્ક્સ [અં.] ન. રાસાયણિક પદ્ધતિએ ઔષધ કે પદાર્થ બનાવવાનું કારખાનું.

કેમિસ્ટ [અં.] પું. રાસાયણિક પદાર્થો વેચનાર માણસ.

કેમિસ્ટ્રિ [અં.] સ્ત્રી. રસાયણશાસ્ત્ર.

કેમી સ્ત્રી. કાતર.

કેમુક ૧. [સં.] ન. એક જાતનું કંદ. તે દીપક, પાચક, વાયુહર અને કફઘ્ન મનાય છે.

૨. ન. કોબી.

કેમે અ. કોઈ ઉપાયથી; એકેય રીતે.

કેમે કર્યો = કોઈ પણ રીતે.

કેમેરા [અં. કૅમેરા] પું. છબી પાડવાનું યંત્ર.

કેમેરામેન [અં. કૅમેરામેન] પું. છબી પાડનાર માણસ; કૅમેરાનું કામ કરનાર વ્યક્તિ.

કેમેલિઆ ન. એક પ્રકારનું ઝાડ. આ ઝાડ જપાનમાં પુષ્કળ ઊગે છે. તે આશરે ૫૦ ફૂટ ઊંચું થાય છે અને તેના ઉપર એકી વખતે લગભગ ૪૦,૦૦૦ જેટલાં ફળ આવે છે.

કેમ્પ ૧. [અં. કૅમ્પ] પું. તંબૂવાળા લશ્કરનો નિવાસ; છાવણી. તંબૂ અથવા ઝૂંપડીઓ જેવી છત નીચે ટુકડીઓનો નિવાસ એ કેમ્પ શબ્દનો આધુનિક અર્થ છે. હાલની યુદ્ધપદ્ધતિમાં જે કોઈ ધરો મળી આવે તેમાં લશ્કરનો મુકામ સાધારણ રીતે થાય છે, તથા તંબૂની સંખ્યા એકદમ ઓછામાં ઓછી કરાય છે. પોતાના દેશમાં લશ્કરને તાલીમ આપતી વખતે તંબૂવાળા મુકામોનો ઉપયોગ થાય છે.

૨. પું. મુકામ.

કેમ્બૂક ન. એક જાતનું શાક.

કેમ્બોડિઅ પું. એ નામનો ટાપુ.

કેમ્બ્રિક [અં.] ન. એક જાતનું શણનું ઝીણું સફેદ કપડું.

કેયૂર [સં.] ન. બાવડા ઉપર પહેરવાનું કડું; બાજૂબંધ; બેરખો. પ્રથમ પંક્તિના કેયૂરમાં આઠ પાંખડીનું કમળ હોય છે અને તેમાં કીમતી હીરા જડેલા હોય છે. તેની જાડાઈ કાંડા ઉપરના વલય જેવડી જ હોય છે. પૂરિતવાળા કેયૂરમાં પૂરિત નોખું થઈ શકે છે અને તેની પહોળાઈ બાવડા જેટલી જ હોય છે. આને પત્રપૂરિત કેયૂર કહે છે. ત્રીજા પ્રકારનું કેયૂર વેલબુટ્ટીવાળા રત્નજડિત પટાનું જ હોય છે અને તેને શૈવાલ કેયૂર કહે છે. કેયૂરને મોતીની સેરો પણ લટકાવેલી હોય છે. શિલ્પમાં કેટલાંક કેયૂરો બે ત્રણ વળનાં કડાં જેવાં હોય છે અને તેના છેડા પુષ્પમુખી કે નાગફણીવાળા હોય છે.

કેયૂરબલ [સં.] પું. એ નામના એક બૌદ્ધદેવતા.

કેયૂરી [સં. કેયૂરિન્] પું. કેયૂરધારી; કેયૂર પહેરનાર.

કેર ૧. [સં. કર્મ] પું. અપકૃત્ય; અણઘટતો બનાવ.

૨. પું. આવેશ; શૂર; ઝનૂન.

૩. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. આ છંદ રાયવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ત્રણ ગુરુ અને ૭૮ લઘુ મળી ૮૧ વર્ણ અને ૮૪ માત્રા હોય છે.

૪. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ પંક્તિ છંદનો એક ભેદ છે. તેમાં એક રગણ, બે સગણ અને એક ગુરુ મળી દશ વર્ણ હોય છે.

કેરમાં કરજે ર સ સ ગા. રણપિંગળ

૫. પું. કચરો; ઉકરડો.

૬. પું. કતલ; કાપાકાપી.

૭. [સં. કરીર] પું. કેરડાનું ઝાડ.

બેર કેર ખજુરી ખરાં
બાવળ કંડાલા બોરડી,
અતિ અણીયાળાં આંકડીયાળાં
લાગે કાંટા જાયે લડથડી. નિષ્કુળાનંદ

૮. પું. ગજબ; મહાનાશ; જુલમ.

૧. કાળો કેર = ગજબ જુલમ; હાહાકાર; મહાન દુઃખ.

૨. કાળો કેર વર્તાવવો = બહુ જુલમ ગુજારવો.

૯. પું. દુકાળ; દુષ્કાલ.

૧૦. પું. પુરુષની જનનેંદ્રિય.

૧૧. પું. હિમાલયનું એ નામનું એક શિખર; 'માઉંટ ગૉડિવન ઑસ્ટિન.' તે ૨૮,૨૫૦ ફૂટ ઊંચું છે.

૧૨. સ્ત્રી. નિરાંત; શાંતિ.

૧૩. ન. કેરડાનું ફળ; કેરું.

૧૪. સ. કોણ.

કેરક [સં.] પું. મહાભારતમાં જણાવેલ એક પ્રાચીન દેશનું નામ.

કેરકચરો પું. કચરો; પૂંજો; મેલ.

કેરકડિયું (કેરકડ઼િયું) ન. એક જાતનો દાગીનો.

કેરખડી (કેરખડ઼ી) સ્ત્રી. સોનાના દાગીનાનો એક ભાગ.

કેરખર પું. મોટી ઇંદ્રિયવાળો પુરુષ.

કેરખરા જુઓ કેરખર.

કેરખી ૧. સ્ત્રી. કાંગરી.

૨. સ્ત્રી. સોનાની ગોળ ટીપકીઓની હાર.

કેરડાં (કેરડ઼ાં) ન. બ. વ. કેરાં. જુઓ કેરડું.

કેરડિયું (કેરડ઼િયું) ન. પ્રથમ ફાલ્યા વગરનું પાંકડું ઢોર.

કેરડી (કેરડ઼ી) ૧. [સં. કરીર] સ્ત્રી. એક જાતનું ઝાડ; કેરડો. તે પાંચ છ હાથ ઊંચી વધે છે. તેનો ઉપયોગ ટટ્ટી અને વાડ કરવાના કામમાં આવે છે. તેનાં ફૂલમાં મકરંદ પુષ્કળ હોવાથી મધમાખો તેનું મધ બનાવે છે. આ ઝાડને કેર, કારવી પણ કહે છે.

૨. સ્ત્રી. ચાબુક.

૩. સ્ત્રી. નાની વાછરડી.

૪. સ્ત્રી. સપાટો; ઝપાટો.

કેરડું (કેરડ઼ું) ૧. ન. કેરડાનું ઝાડ. જુઓ કેરડો.

૨. ન. કેરડાનું ફળ. આ ફળ નાનું ગોળ બોર જેવું હોય છે. તે તૂરૂં અને કડવું હોય છે. પાકાં ફળનો રંગ રીંગણાના જેવો લાલાશ ઉપર હોય છે. તેને ખાટા પાણીમાં નાખી અથાણું કરવામાં આવે છે.

૩. અ. છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય; કેરૂં. આ પ્રયોગ કાવ્યમાં વપરાય છે.

કેરડો (કેરડ઼ો) [સં. કરીર] પું. કેરડાનું ઝાડ; એક જાતની વનસ્પતિ; ક્રકર; અપત્ર; પાંદડાં વગરની ઝીણી કાંટાવાળી ડાળીઓવાળું ઝાડ. તેની ડાળીઓ લીલા રંગની અને ફૂલ ગુલાબી રાતાં થાય છે. કેરડાં ચૈત્ર વૈશાખમાં પાકે ત્યારે રાતા રંગનાં થાય છે. તેનો રસ કાનમાં નાખવાથી જીવડાં મરી જાય છે. ફૂલનું શાક થાય છે અને તે કઢીમાં નખાય છે. તેનાં મૂળ ચાવીને ખાવાથી દાંતનું શૂળ મટે છે. તે કફઘ્ન અને વાયુહર મનાય છે. તે ઉષ્ણ, તૂરો, તીખો, આધ્માનકારક, રુચિકર, ભેદક અને સ્વાદુ છે. તે આમ, વિષ, સોજા, વ્રણશોથ, કૃમિ, ખરજ, અરુચિ, સર્વશૂળ અને શ્વાસ મટાડનાર મનાય છે.

કેરણુ સ્ત્રી. એક જાતનું ફૂલઝાડ; કરેણુ.

કેરણી સ્ત્રી. એક જાતનું ઝાડ.

લીંબુડી, કેરણી, કંથારી, કમરખી, જાંબુ, બોર.
પ્રેમાનંદ

કેરતાઈ ન. એ નામનું નક્ષત્ર.

કેરબા ૧. પું. નટ.

૨. સ્ત્રી. એક જાતની ઔષધિ.

૩. સ્ત્રી. એક જાતનો તાલ.

૪. સ્ત્રી. નાયકા; ગુણકા.

કેરબો ૧. [અ. કેરૂબ્બા] પું. અંબર; એક જાતનો ભાજીપાલામાંથી બનાવેલો પદાર્થ; તૃણમણિ; તરુણમણિ. એ જલદીથી ભાંગી જાય એવો હલકો હોય છે. તે પારદર્શક, રંગે પીળો અને કોઈક વાર રંગ વગરનો હોય છે. તેને કંઈ સ્વાદ હોતો નથી અને ઘસ્યા વિના તેની વાસ નીકળતી નથી. તેની પેદાશ પ્રશિઅ અને સિસિલિમાં થાય છે. તેની માળા કમળાના દરદીની ડોકમાં પહેરાવાય છે.

૨. પું. એક જાતનો ગુંદ.

૩. પું. એક જાતનો નાચ. તેમાં માથાના કેશ ખુલ્લા રાખી માથા ઉપર ટોપી કે ફેંટો નાખી, દુપટ્ટો હાથ ઉપર ઢળકતો રાખી અને ગરદન વાંકી રાખી નૃત્ય થાય છે.

૪. પું. કારવો; એ નામનો એક રાગ.

૫. પું. કેરબાના નાચમાં ગવાતું ગાયન.

૬. પું. ગુલાબનો બાટલો.

૭. પું. રુવાંટીવાળા જનાવરનું ચામડું.

૮. પું. વેરી; દુશ્મન.

કેરમ [અં.] ન. એ નામની રમત. આ રમત માટે એક ચોરસ પાટિયું હોય છે. એ પાટિયાના ચારે ખૂણે નાનાં ખાનાંઓ હોય છે. પાટિયાં ઉપર ઘણું કરીને હાથીદાંતની ગોળ સપાટ અને બે જાતના રંગવાળી નવ નવ કાંકરી તેમ જ એક રાણી અને સ્ટ્રાઇકર હોય છે. તે કાંકરીઓને સ્ટ્રાઇકર વતી અથડાવીને ખૂણાનાં ખાનામાં નાખી દેવાની હોય છે.

કેરમાનીસુવા પું. એક જાતની વનસ્પતિ. આ વનસ્પતિનાં બિયાં અફઘાનિસ્તાન અને ઈરાનથી હિંદમાં આવે છે. એનાં ફૂલમાંથી નીકળતો અર્ક સ્ફટિકરૂપે સફેદ હોય છે.

કેરમોનિઅમ [અં. કેરમૉનિઅમ] ન. હારમોનિઅમના સિદ્ધાંત ઉપર રચાયેલ હાથ વતી વગાડવાનું એક વાજું.

કેરલ ૧. [સં.] પું. અઠ્ઠાણું માંહેનો એ નામનો એક દેશ; હાલનો મલબાર કાંઠાનો પ્રદેશ. તેમાં મલબાર, ત્રાવણકોર અને કેનેરા એ ત્રણનો સમાવેશ થાય છે. કેરલ શબ્દ તે ચેરાના જૂના નામનું કેનરી કે કાનડી ભાષાનું રૂપ જ છે. કેરલમાં પૂર્ણા નદીને કિનારે આવેલા કાલડીમાં શંકરાચાર્યનો જન્મ થયો હતો. પરશુરામે આ પ્રદેશમાં બ્રાહ્મણોને વસાવ્યા કહેવાય છે. આ પ્રદેશને યુધિષ્ઠિરના દિગ્વિજય વખતે સહદેવે જીત્યો હતો.

૨. પું. એક જાતનું ફલિત જ્યોતિષ.

૩. પું. એક જાતનો ક્ષત્રિય.

૪. પું. કેરલ દેશનો પુરુષ.

૫. પું. યયાતિના પુત્ર તુર્વસુના વંશમાં થયેલો એ નામનો એક રાજપુત્ર.

૬. અ. ફક્ત; માત્ર.

કેરલપુત્તો પું. કેરલ એટલે મલબાર કાંઠાના પ્રદેશ ઉપર અમલ ચલાવનાર એક માણસ. તે તેનો રાજા ન હતો.

કેરલપુત્ર પું. જૂના વખતનો ચેરા દેશ; હાલના સમયના મ્હૈસુર, કોઇમબટોર, સાલેમ, દક્ષિણ મલબાર, ત્રાવણકોર અને કોચીન મળીને થયેલો પ્રદેશ. અશોકના શિલાલેખોમાં ચેરાને કેરલપુત્ર કહેલ છે.

કેરલી ૧. [સં.] સ્ત્રી. એ નામે એક જ્યોતિષગ્રંથ.

૨. સ્ત્રી. કેરલ દેશની સ્ત્રી.

કેરલું અ. કેરું; છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય; નું; કેરુંનું કાવ્યમાં વપરાતું રૂપ.

કેરવ [સં.] પું. હંસ.

કેરવડો (કેરવડ઼ો) સ્ત્રી. અરધો ફૂટ લાંબી, ચપટી, સફેદ રંગની અને ભીંગડાવાળી માછલી. તે ખોરાકમાં સાધારણ તાકાતવાળી હોય છે.

કેરવા પું. (સંગીત) એક પ્રકારનો તાલ.

કેરવી [સં.] સ્ત્રી. હંસલી.

કેરવો ૧. પું. એક જાતનો મણિ; તૃણમણિ; કેરબો.

૨. પું. (સંગીત) ચતુસ્ર જાતિનો અને ચાર માત્રાનો એક તાલ. લાવણી તાલને દ્રુત લયે લેવાથી કેરવો તાલ થાય.

કેરસ સ. કોણ. લગ્નગીતમાં વપરાય છે.

કેરળ જુઓ કેરલ.

કેરા ૧. [હિં.] પું. કેળું.

૨. પું. પુરુષની જનનેંદ્રિય.

કેરાકલ ન. એશિઅના ગરમ પ્રદેશમાં અને આફ્રિકમાં થતું શિયાળના જેવડું જ પણ તેથી વધારે જોરાવર એક વિચિત્ર જાનવર. તેનું શરીર જોરાવર ભૂરા રંગનું અને પેટ અને પગ ઉપરનો ભાગ સફેદ હોય છે. શરીર ઉપર ઝૂમખાદાર વાળના ગુચ્છા કાન સુધી ફેલાયેલા હોય છે. આ જાનવર ગરમ મિજાજી અને ચપળ હોય છે. તેને કેળવવામાં આવે તો તે શિકાર પકડવામાં ઉપયોગી થઈ પડે છે.

કેરાતી સ્ત્રી. એ નામનો એક છોડ; પોપટી.

કેરાની ૧. [હિં.] પું. કારકુન.

૨. [અં. ક્રિશ્ચિઅન] ન. (હિંદી) યુરેશિઅન; જેના માબાપમાંથી એક યરપિઅન અને બીજું એશિઅવાસી હોય તેવું માણસ.

કેરાનીખાતું ન. અંગ્રેજી દફ્તર.

કેરાર ૧. સ્ત્રી. ઘોડીની એક જાત.

૨. ન. પૂજા કે દવાના ઉપયોગમાં આવતી વનસ્પતિના તંતુની એક વસ્તુ.

૩. ન. ફૂલની અંદરનો તંતુ.

કેરાવ [હિં.] પું. વટાણો.

કેરાળા પું. ત્રાવણકોર અને કોચીન તરફનો એક દેશ; કેરલ. મલાયલમ 'કેરળ' શબ્દનો અર્થ નાળિયેર થાય છે. તે પ્રદેશમાં નાળિયેરનાં ઝાડ હોવાથી ત્યાંનાં લોક તેને કેરાળા દેશ કહે છે.

કેરાં ૧. [સં. કરીર] ન. કેરડાંનું ઝાડ.

૨. ન. વ. વ. કેરડાં. જુઓ કેરડું.

કેરાંબોરાં = કેરાંબોરાંના જેવું હલકું; માલ કે વિસાત વગરનું; શૌર્ય વગરનું; લેખામાં નહિ એવું.

કેરિયન સ્ત્રી. સેમેટિક માંહેની એક લિપિ.

કેરિયા ૧. સ્ત્રી. બ્રાહ્મણ, ખવાસ અને ઢેઢની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કેરિયાળી સ્ત્રી. આંખના ડોળામાં ધોળું કે પીળાશ પડતું વર્તુળ હોય એવી કેરીના ચિહ્નવાળી ભેંસ. બંને આંખમાં કેરી હોય તો સારૂં પણ એકમાં કેરી હોય તો અશુભ ગણાય છે.

કેરિયો પું. એક યમદૂતનું નામ.

કેરિંગોરમ પું. સ્કોટલંડમાં મળી આવતો એક જાતનો કીમતી પથ્થર. તે રંગે પીળો અથવા બદામી હોય છે. ઓર્લીઅન્સ, બોહિમિઅ, બ્રાઝિલ, સાઇબિરિઅ વગેરેમાં પણ તે મળે છે.

કેરિંથિઅ સ્ત્રી. સ્લેવોનિક ભાષાનો એક વિભાગ.

કેરી ૧. પું. કાનમાં પહેરવાના કાંપનો કેરીવાળો ભાગ.

૨. પું. કેર વર્તાવનાર માણસ.

કેરી કરી નાખે રણ માંહે,
સુભટ સેના રડવડે તાંહે. રતનજી

૩. પું. કોળી.

૪. પું. ફૂલહારનો એક ભાગ.

૫. પું. બૂમ; મોટો અવાજ.

૬. સ્ત્રી. આંખ માંહેનો ધોળો કેરીના ઘાટનો ભાગ; ઢોર અથવા ઘોડાની આંખની ધોળી કીકી.

૭. સ્ત્રી. આંબાનું ફળ; આંબા; આમ્રફળ. વસંતમાં આંબાને મોર આવે છે અને ઉનાળાની આખરે તેનાં ફળ પાકે છે. પાકી કેરી કાપીને તેમજ ઘોળીને ખવાય છે. પાકતાં પહેલાં કેરીને કાપીને અથવા ચીરીને અથાણાના કામમાં લેવાય છે. આકાર લંબગોળ હોય છે. તેની છાલ લીલી, પીળી અને લીલા પીળા રાતા મિશ્ર રંગની હોય છે. તેને મોઢે કાળું ડીંટ હોય છે. અંદરના ભાગમાં પીળો ગર્ભ અથવા રસ અને વચ્ચે ગોટલું હોય છે.

૧. કાચી કેરી જેવો માલ = ભરજુવાન દેખાવડી સ્ત્રી.

૨. કેરી હિંડોળે ચડી છે = ઘેલછા આવી છે. વસંત ઋતુમાં થયેલી ઘેલછા વધે છે અને એ ઉપરથી કેરી જેમ હિંડોળે ચડે છે તેમ હિંડોળે ચડેલા મગજના ભમેલા ઘેલા કે ભ્રમિત માણસને વિષે બોલતાં વપરાય છે.

૮. સ્ત્રી. વણનું કાચું જીંડવું.

૯. અ. ની; છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય. કાવ્યમાં વપરાય છે.

કેરીઆમા ન. એક જાતનું પક્ષી. તે દક્ષિણ અમેરિકમાં બ્રાઝિલ, ગીઆના વગેરે લીલોતરીવાળા પ્રદેશમાં થાય છે. તેની ચાંચ છેડા ઉપરથી વળેલી અને કપાળ ઉપર પીંછાંનો ઝૂમખો હોય છે. પૂંછડી લાંબી અને ગોળ હોય છે. એ બગલા કે ક્રૌંચ કરતાં જરા મોટું અને રંગે રાખોડિયું અથવા ભૂરૂં હોય છે.

કેરીખોડ (કેરીખોડ઼) પું. એક આંખ ઉત્તમ અને બીજીમાંથી પાણીની ધાર ચાલે એવી આંખવાળો ઘોડો. આ ખરાબ મનાય છે.

કેરીગાળો પું. પાકી કેરીની મોસમ; આંબાગાળો.

કેરીગાળો ને પૂંજી ટાળો = પૈસા ખર્ચવા માટે કેરીની મોસમ યોગ્ય સમય છે.

કેરીટાણું જુઓ કેરીગાળો.

કેરીનો બત્તો પું. છાપવાનું એક સાધન.

કેરું ૧. ન. કેરડાનું ફળ.

૨. અ. છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય. તે કવિતામાં વપરાય છે.

કેરૂલ પું. એક જાતનું પક્ષી.

કેરૂં જુઓ કેરું.

કેરેક્ટર ૧. [અં. કૅરૅક્ટર] સ્ત્રી. ચારિત્ર્ય; વર્તન.

૨. સ્ત્રી. નાટક કે નવલકથાનું પાત્ર.

કેરેજ ૧. [અં. કૅરિજ] પું. ગાડી; રેંકડો.

૨. પું. તાણ; કોઈ પણ વસ્તુ ઉપાડી ખેંચી જવાનું મહેનતાણું.

૩. પું. રેલવેનો ડબ્બો.

કેરેટ ૧. [અં. કૅરટ] પું. ચોવીસમો ભાગ. સોનાની શુદ્ધતા કેરેટથી બતાવવામાં આવે છે. સોનું બાવીસ કેરેટ શુદ્ધ છે એટલે ૨૪ ભાગમાં બાવીસ ભાગ શુદ્ધ સોનું છે. શુદ્ધ સોનું ૨૪ કેરેટનું ગણાય છે. સિક્કા, વીંટી વગેરેમાં વપરાતા સોનામાં અમુક ટકા મિશ્રણ હોય છે.

૨. ન. હીરાનું વજન કરવામાં આશરે ચાર ગ્રેનનું એક વજન.

કેરેમલ [અં.] ન. દૂધ અને સાકરનું મિશ્રણ.

કેરો અ. નો; છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય. કવિતામાં વપરાય છે.

કેરોડોન ન. બ્રાઝિલના ખડકમાં વસતું એક પ્રાણી. તે રંગે કાબરચીતરૂં ને ઉપર રૂંવાંવાળું હોય છે. તેનો પેટ તરફનો ભાગ સફેદ હોય છે. પીઠ ઉપર કોઈ વખતે તેને તપખીરિયા વાળ હોય છે.

કેરોપંત પું. ગ્રહલાઘવી પંચાંગનો બનાવનાર પુરુષ.

કેરોપંતી વિ. કેરોપંતનું બનાવેલું. કેરોપંતી અથવા ગ્રહલાઘવી પંચાંગ પ્રમાણે કાળાંતરે ચૈત્રમાં ચોમાસું આવશે.

કેરોલીન સ્ત્રી. એક જાતની ચિનાઈ માટી. તેનાં બનાવેલાં વાસણ રંગે સફેદ હોય છે.

કેરોસિન [અં.] ન. ઘાસલેટ; ગ્યાસતેલ.

કેલ્ ૧. [સં.] અ. ક્રિ. (ધાતુ) રમતિયાળ થવું; રમવું. તે ઉપરથી બનેલા શબ્દઃ કેલિ, કેલિગૃહ; કેલક.

૨. સ. ક્રિ. હલાવવું.

કેલ ૧. પું. અથાણાનો રસો.

૨. પું. એકની સંખ્યાનો સંકેત.

૩. પું. ચૂનાનો ખૂબ મજબૂત ચોટી જાય એવો કેટલીક મેળવણીઓથી બનાવેલ ગારો; કેળવેલ ચૂનો; છોનો કોલ.

૧. કેલ કરવો = ચૂનાથી દીવાલ કરવી.

૨. કેલ દેવો = ભીંતને ચૂનાનું પડ ચડાવવું.

૩. કેલનો પાયો નાખવો = મજબૂત રીતે કામ કરવું; સજ્જડ પાકું કામ કરવું.

૪. પું. ચૂનાબંધ ખોરડું; વાટા દીધેલ મકાન.

૫. પું. ઠરી અથવા જામી જાય એવી કોઈ પણ બનાવટ.

૬. પું. તિબેટનો એક જાતનો બકરો.

૭. પું. મનુષ્યજીવન; માનવ અવતાર.

૮. પું. મોતિયા લાડુને ભાંગી તેમાં ઘી નાખી બનાવેલી ખાવાની વસ્તુ.

૯. સ્ત્રી. કેલિ; વિલાસ; ક્રીડા.

૧૦. [સં. કેલિક] ન. હિમાલય ઉપર ૬૦૦૦થી ૧૧૦૦૦ ફૂટની ઊંચાઈ સુધી થતું એક ઝાડ.

કેલક [સં.] પું. હાથમાં તલવાર, કટારી વગેરે લઈને નાચનાર માણસ.

કેલઘર [સં. કેલિગૃહ] ન. ક્રીડાસ્થાન.

કેલટ્રોપ ન. લોઢાનું ચારે ય તરફ અણીવાળા દાંતાવાળું હથિયાર. એનો દરેક દાંતો ચાર કે પાંચ ઈંચ લાંબો અને તીણી ધારવાળો હોય છે. લડાઈમાં દુશ્મનોની ઘોડેસવાર પલટણ સામે આ હથિયાર ફેંકવામાં આવતું.

કેલડી (કેલડ઼ી) સ્ત્રી. કેલિ; ક્રીડા.

કેલન [હિં.] સ્ત્રી. દીકરાની વહુ.

કેલન્સ સ્ત્રી. તિબેટની ન્યાયાધિશી. જો મુકદ્દમો ગંભીર પ્રકારનો હોય અને રાજતંત્ર પક્ષકાર હોય તો તો તેને કેલન્સ આગળ લઈ જવામાં આવે છે.

કેલપડી (કેલપડ઼ી) સ્ત્રી. અગિયારની સંખ્યાનો સાંકેતિક શબ્દ.

કેલબંધ વિ. ચૂનાથી ચણેલું.

કેલરી [અં.] ન. ઉષ્માંકનું એકમ.

કેલા ૧. [સં. કદલ] પું. કેળું.
૨. પું. પુરુષની જનનેંદ્રિય.
૩. સ્ત્રી. કેળનું ઝાડ.
૪. સ્ત્રી. ખોજાની એ નામની એક અટક.
૫. ન. એ નામની અટકનું માણસ.
૬. વિ. એ નામની અટકનું.

કેલાઈ ૧. પું. એક જાતનો ગુંદર.
૨. પું. નવસારી પ્રાંતના જંગલમાં ઊગતું એક જાતનું ઝાડ.

કેલામરી સ્ત્રી. ભૂમધ્ય સમુદ્રની એક જાતની માછલી.

કેલામાંડર ન. ઘરશણગાર અને સામાન બનાવવા માટેનું એક જાતનું સુંદર લાકડું. એનાં ઝાડ સિલોનમાં થાય છે. આ લાકડા ઉપર અત્યંત ચળકાટ નીકળે છે.

કેલાસ ૧. પું. ઘડિયાળનો કાચ.
૨. પું. પાસાવાળો કોઈ પદાર્થ.
૩. પું. બિલોર; સ્ફટિક; કાચમણિ.
૪. પું. બિલોરી કાચના જેવી ચીજ.
૫. વિ. સ્વચ્છ; ચોખ્ખું; વિમળ.

કેલાસીભવન ન. પાસારૂપ થઈ જવાપણું; 'ક્રિસ્ટલિઝેશન'.

કેલિ ૧. [સં.] સ્ત્રી. આનંદ; મોજ.
૨. [સં. કદલી] સ્ત્રી. કેળ; કેળાંનું ઝાડ.
૩. સ્ત્રી. ખેલ; ક્રીડા; રમત.
૪. સ્ત્રી. જમીન; પૃથ્વી.
૫. સ્ત્રી. દશ માંહેનો એક હાવ. રતિક્રીડા રચી પતિને રીઝવવામાં આવે તે કેલિહાવ કહેવાય છે.
૬. સ્ત્રી. પરિહાસ; મશ્કરી.
૭. સ્ત્રી. રતિક્રીડા; મૈથુન; સ્ત્રીસમાગમ.

કેલિક ૧. [સં.] પું. આસોપાલવનું ઝાડ.
૨. વિ. ખેલ કરનાર; રમનાર.

કેલિકદંબ [સં.] પું. એક જાતનું કદંબનું ઝાડ. આ ઝાડ નીચે રતિક્રીડા થતી હોવાથી તેનું આ નામ પડ્યું હશે.

કેલિકલહ [સં.] પું. રમતમાં થયેલો છણછણાટ; રૂસણું; છણકો.

કેલિકલા ૧. [સં.] સ્ત્રી. ખેલ; ક્રીડા; રમત.
૨. સ્ત્રી. રતિક્રીડા; મૈથુન.
૩. સ્ત્રી. સરસ્વતીની વીણા.

કેલિકિલ ૧. પું. કોળું.
૨. [સં.] પું. નાટક માંહેનો વિદૂષક.
૩. પું. શિવનો કુષ્માંડ નામનો અનુચર.

કેલિકિલા [સં.] સ્ત્રી. કામદેવની સ્ત્રી; રતિ.

કેલિકો [અં. કેલિકો] ન. ભૂરું અથવા ધોળું સુતરાઉ કાપડ; છીંટ. સૈકાઓ સુધી રૂના કાપડની બનાવટનું ઘર હિંદુસ્તાન હતું. કાલિકટથી તે કાપડ પરદેશ જુદે જુદે સ્થળે જતું. તે ઉપરથી તેનું નામ કેલિકો પડ્યું કહેવાય છે.

કેલિક્રીડા જુઓ કેલિકલા ૧, ૨.

કેલિગૃહ [સં.] ન. ક્રીડા કરવાનું ઘર.

કેલિચર [સં.] પું. (પિંગળ) દરેક ચરણમાં નગણ, યગણ, નગણ અને બે લઘુ એમ અગિયાર અક્ષરનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. આ છંદ ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે.

ન ય ન લ લે **કેલિચર** કર. — રણપિંગળ

કેલિની [સં.] સ્ત્રી. પૃથ્વી.

કેલિપર [અં. કેલિપર] પું. ગોળ પદાર્થનો વ્યાસ માપવાનું એક સાધન.

કેલિભવન જુઓ કેલિગૃહ.

કેલિમંદિર જુઓ કેલિગૃહ.

કેલિમુખ [સં.] ન. પરિહાસ; મશ્કરી.

કેલિમૈથુન [સં.] ન. ભોગ્યબુદ્ધિથી સ્ત્રીઓની સાથે દ્યુત વગેરે ક્રીડા કરવી તે.

કેલિયો પું. ક્રીડા કરનાર પુરુષ.

કેલિવન [સં.] ન. બાગ; બગીચો.

કેલિવર્ણન [સં.] ન. મહાકાવ્યમાં હોવું જોઈએ તેવું ચંદ્રોદય અને સૂર્યોદયનું વર્ણન.

કેલિવૃક્ષ ૧. [સં.] પું. વિદૂષક.
૨. ન. કદંબનું ઝાડ.

કેલિશયન ૧. [સં.] ન. ખાટલો; પલંગ.
૨. ન. સ્ત્રી સાથે વિલાસ કરવાની શય્યા.

કેલિહરા પું. કેળનો મંડપ.

કેલી ૧. પું. (પિંગળ) ચાળીશ અક્ષરનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; વર્ણદંડક. તેમાં નગણ, ગુરુ અને બાર રગણ હોય છે.
૨. જુઓ કેલિ.

કેલીઓપ સ્ત્રી. હિંદુ દંતકથા મુજબ ગાયન દેવતા ગણપતિની માતા; પાર્વતી. યરપિઅન વિદ્વાનો પાર્વતીને કેલીઓપ અને કેટલાક તેને ઓરફિયસ અને શીરીન્સ માતા તરીકે જણાવે છે.

કેલીક્ષ ન. શાર પાડવાનું યંત્ર; શારડી.

કેલીડોસ્કોપ [અં.] ન. પ્રતિબિંબ પડવાના નિયમ પ્રમાણે થતી અવનવી સુંદર આકૃતિઓ જોવાનું યંત્ર.

કેલૂટ ન. એક જાતના ઉમરડાનું ઝાડ.

કેલેડિયમ ન. એક જાતનો છોડ. તેનાં પાન અરડૂસા જેવાં થાય છે.

કેલેમરા સ્ત્રી. એક જાતની માછલી.

કેલેંડર ૧. ન. કાપડ અથવા કાગળને કાંજી પાયા પછી ઘૂંટી સફાઈ લાવવાનું યંત્ર; ઘૂંટો.
૨. ન. તારીખિયું; પંચાગ; ટીપણું.

કેલૈ પું. એક જાતનો હીરો.

કેલો ૧. પું. એકની સંજ્ઞાનો સાંકેતિક શબ્દ.
૨. પું. રૂપિયો.

કેલોરી [અં. કેલરિ] ન. ઉષ્માશક્તિ માપવાનો એકમ; એક ગ્રામ પાણીને એક અંશ ઉપર કે નીચે લાવવા માટે જોઈતી ગરમીનું પ્રમાણ.

કેલ્કેરીઅસ પું. ચૂનો.

કેલ્જાર ન. મધ્યપ્રાંતમાં વર્ધાથી ઈશાનમાં સત્તર માઈલ ઉપર આવેલ એ નામનું એક ગામ. તેને અગાઉ ચક્રનગર પણ કહેતા.

કેલ્ટિક ૧. સ્ત્રી. એ નામની એક સંસ્કૃતિ.
૨. સ્ત્રી. એક જાતની ભાષા.

કેલ્પ ૧. પું. સાબુ, કાચ તથા ફટકડી બનાવવામાં વપરાતો એક જાતનો છોડ. તેને સૂકવી કટકા કરી ભઠ્ઠીમાં બાળવામાં આવે છે.
૨. ન. દરિયાઈ વનસ્પતિની ખાખ કે ભસ્મ. તેમાંથી આયોડિન નામનું ઉપયોગી તત્ત્વ મળી આવે છે.

કેલ્પી પું. પાણીમાં રહેતું મનાતું એક જાતનું ઘોડાના આકારનું ભૂત.

કેલ્ય [સં. કેલિ] સ્ત્રી. રમત; ખેલ; ક્રીડા.

કેલ્લા [સં. એકાકિન્] વિ. એકલું.

કેલ્શિયમ [અં.] પું. છોડની અંદરના ૭ માંહેનો એક પદાર્થ. તે શુદ્ધ ધાતુ છે. તે સાથે

પ્રાણવાયુના સંબંધથી કળીચૂનો બને છે. કેલ્શિયમનો રંગ ફિક્કો સફેદ હોય છે. તેનો પરમાણુ અંક ૨૦ અને ભારાંક ૪૦.૦૭ છે.

કેવ અ. કેમ કરીને; શી રીતે.

કેવકી સ્ત્રી. જુદી જુદી જાતનાં કઠોળની ભેગી કરેલી દાળ.

કેવટ ૧. [સં.] પું. કૂવો.

૨. [સં. કૈવર્ત] પું. ક્ષત્રિય પિતા અને વૈશ્યા માતાથી થયેલ વર્ણસંકર.

૩. પું. ખારવો; વહાણ હાંકવાનું કામ કરનાર પુરુષ; ખલાસી.

૪. પું. માછીમાર.

૫. પું. હોડી; મછવો.

કેવટક પું. વહાણનો ઉપરી; નાવિક; 'કેપ્ટિન.'

કેવટિયો જુઓ કેવટક.

કેવટી જુઓ કેવકી.

કેવટીદાળ જુઓ કેવકી.

કેવટીમોથા [સં. કૈવર્તકમુસ્તક] સ્ત્રી. એક જાતની માળવા તરફ થતી સુગંધી મોથ.

કેવડ (કેવડ઼) [સં.] પું. બારણું; બંધવાસિયું.

કેવડાઈ (કેવડ઼ાઈ) સ્ત્રી. કેવડાના થડ કે ડાંડીમાં નીકળેલું મૂળ.

કેવડાજાળી (કેવડ઼ાજાળી) સ્ત્રી. લોઢાની પાટીનાં ગૂંછળાં, વેલ વગેરે ગોઠવીને બનાવેલી બારી.

કેવડાત્રીજ (કેવડ઼ાત્રીજ) સ્ત્રી. ભાદરવા સુદિ ત્રીજ. તે દિવસે ઠાકોરજીને કેવડો ચડાવવામાં આવે છે.

કેવડાનું પાન (કેવડ઼ાનું પાન) ન. એ નામની એક રમત. બે છોકરીએ સામસામે ઊભા રહ્યા પછી બંનેએ પોતાનો એક હાથ માથા ઉપર અને બીજો કમર ઉપર રાખવો. પછી દરેકે પોતાને ફરતી ઘૂમરી ખાઈને પોતાની જગ્યા બદલી લેવી અને સામેની જગ્યાએ જઈ ઊભા રહેવું. પછી એકે ઊભા રહેવું અને એકે બેસવું. બેઠેલી છોકરીએ ઊભા થવું અને ફરી દરેકે પોતાના ફરતી ઘૂમરી ખાઈ જગ્યા બદલવી અને એકમેકની સામે આવવું. આ રીતે ઘૂમરીઓ ખાતાં અને જગ્યા બદલતાં અને વારાફરતી એકે બેસી જઈને આ રમત રમાય છે.

કેવડાપામ (કેવડ઼ાપામ) પું. એ નામનો તાડની જાતનો રંગબેરંગી પાતરાંવાળો એક છોડ. કેવડામાં એ શ્રેષ્ઠ છે. એનાં ફૂલ દેવદર્શનમાં ઘણાં વપરાય છે.

કેવડાવું (કેવડ઼ાવું) અ. ક્રિ. રોગ આવવાથી શેરડી પીળી પડી જવી.

કેવડિયા (કેવડ઼િયા) ૧. સ્ત્રી. લેઉઆ કણબીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કેવડિયું (કેવડ઼િયું) ૧. વિ. કેવડાની સુગંધવાળું.

૨. વિ. કેવડું; કોના જેવડું.

કેવડિયો (કેવડ઼િયો) જુઓ કેવડો.

કેવડિયો કાથો = ખેરના લાકડામાંથી બનતો કેવડાની સુગંધવાળો શુદ્ધ કાથો.

કેવડી (કેવડ઼ી) ૧. સ્ત્રી. કેવડાનું પાન.

૨. સ્ત્રી. રંગ પોલિશ કરવાનું એક સાધન.

૩. વિ. સ્ત્રી. કદમાં કેટલી ? ઊંચાઈમાં કેટલી ?

કેવડીમોથ (કેવડ઼ીમોથ) સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; પ્લવ; ગોપૂર; કૈવર્તક; મુસ્તક; ગોનર્દ. તેનાં ફળ શીતળ, કફઘ્ન અને પિત્તહર હોઈ વિષ અને કોઢમાં વપરાય છે.

કેવડું (કેવડ઼ું) ૧. વિ. કાળક્રમમાં કેટલું.

૨. [સં. કિયત્] વિ. કેટલા માપનું. વિસ્તાર, લંબાઈ, પહોળાઈ, ઊંચાઈ અને ઊંડાઈ કેટલી એ જાણવાના પ્રશ્નમાં આ શબ્દ વપરાય છે.

કેવડુંક (કેવડ઼ુંક) વિ. આશરે કેવડું.

કેવડુંય (કેવડ઼ુય) વિ. અનિશ્ચિત છતાં પ્રમાણમાં મોટું.

કેવડેલ (કેવડ઼ેલ) ન. કેવડાની સુગંધીવાળું તેલ.

કેવડો (કેવડ઼ો) ૧. પું. અંગરખામાં ખભા પછવાડે મજબૂતી માટે સીવવામાં આવતું કેરીના આકારનું કપડું.

૨. પું. એક જાતની વનસ્પતિ. કેતકીનાં જેવાં એનાં ભોથાં થાય છે. તેમાંથી ચોમાસામાં દાંડી ફૂટી પોટા કે ગાભલા જેવી સુગંધીદાર માંજર ફૂટે છે. સુગંધી દ્રવ્ય આપનાર વનસ્પતિમાં કેવડો બહુ જાણીતો છે. તેનાં પાનની કોરે કાંટા હોય છે. કેવડાના વનમાં સર્પ રહેતા હોવાનું મનાય છે. સફેદ પાનનો અને કાંટાવાળો કેવડો સુગંધીદાર થાય છે. આ ઝાડ બે માથોડાં ઊંચું વધે છે. તેનાં પાંદડાં ઘણાં સુકોમળ હોય છે. શ્રાવણ માસ કેવડાની મોસમ કહેવાય છે. આ ઝાડનાં પાંદડાંની છત્રીઓ અને ટોપ બને છે. કેવડાનું ઘણું સુવાસિત તેલ નીકળે છે. કેવડાની અંદરનાં માંજરનું શાક થાય છે. તેનું કેસર ચામડી ઉપરના કરોળિયાનો નાશ કરે છે. રક્તપ્રદર ઉપર કેવડાનાં મૂળ પાણીમાં ઘસી સાકર નાખી પીવાય છે.

કેવડાનું અત્તર = શુદ્ધ સુખડના તેલમાં સારા સુગંધી કેવડાને બોળી રાખી તેમાંથી કેવડા જેવી સુગંધી નીકળે ત્યારે કેવડાને સારી પેઠે નીચોવી તૈયાર થતું તેલ. બરોબર સુગંધ ન આવે તો કેવડો વધારે પલાળી રાખવો.

૩. પું. કેવડાનું ફૂલ.

૪. પું. કેવડાનો છોડો.

૫. પું. જોડામાં કરાતી એક જાતની નકશી. તેને કેવડો કહે છે.

૬. પું. લોઢાની ગોળ રાંધવાની કડાનો તળિયા માંહેનો પટ્ટો કે સાંધો.

૭. પું. શેરડીના વાડમાં આવતો એક રોગ.

૮. વિ. પું. જુઓ કેવડું.

કેવરી સ્ત્રી. એક જાતનું પક્ષી.

કેવલ ૧. [સં.] પું. (યોગ) એક જાતનો કુંભક પ્રાણાયામ.

૨. પું. (શિલ્પ) કુંભીનો ઉપસેલો ભાગ.

૩. પું. નાગપિંગળમાં જણાવેલ એ નામનો એક વર્ણમેળ છંદ.

૪. પું. (જૈન) સમુદ્ઘાતના સાત માંહેનો એ નામનો એક ભેદ. વેદનીય, કષાય, મરણાંતિય, વૈક્રિય, આહારક, તૈજસ અને કેવલ એમ સાત સમુદ્ઘાત છે.

૫. ન. (જૈન) સંપૂર્ણ જ્ઞાન; પરિપૂર્ણ જ્ઞાન; પાંચ જ્ઞાનમાં સૌથી ચડિયાતું જ્ઞાન; લોકના સર્વ ભાવને પ્રત્યક્ષ જણાવનાર જ્ઞાન.

૬. ન. (ગણિત) બૈજિક રાશિનું કોઈ પણ ચિહ્ન ધ્યાનમાં ન લેતાં માત્ર સંખ્યાત્મક મૂલ્ય.

૭. વિ. અખંડ; સર્વ; સંપૂર્ણ.

૮. વિ. અદ્વિતીય; અપૂર્વ; અનુપમ.

૯. વિ. અનંત; અંત રહિત.

૧૦. વિ. અમૂર્ત; અગોચર.

૧૧. વિ. અસહાય; એકલું.

૧૨. વિ. ઉત્તમ; ઉત્કૃષ્ટ; શ્રેષ્ઠ.

૧૩. વિ. નિરપેક્ષ; નિર્વિકલ્પ.

૧૪. વિ. નિશ્ચયપૂર્વક; ખરેખરું.

૧૫. વિ. માત્ર; ફક્ત.

૧૬. વિ. સાફ; શુદ્ધ; નર્યું; ચોખ્ખું; સ્વચ્છ.

૧૭. વિ. સ્વતંત્ર; અપ્રતિબદ્ધ.

૧૮. અ. ફક્ત; બિલકુલ.

૧૯. અ. સાવ; છેક; તદ્દન; બધી વાતે.

કેવલકુંભક [સં.] પું. (યોગ) કુંભક પ્રાણાયામનો એક પ્રકાર. પૂરક અને રેચકથી વર્જિત કુંભક તે કુંભક પ્રાણાયામ કહેવાય છે. કુંભકના બે પ્રકારઃ સહિત અને કેવલ. સુષુમ્ણાના મુખનું ભેદન થયા પછી તેમાં પ્રાણનો 'ઘટઘટ' એવો ધ્વનિ થાય ત્યારે કેવલકુંભક થાય. કેવલકુંભક પ્રાપ્ત થતાં સુધી સહિત કુંભકનો અભ્યાસ કરવો પડે છે.

કેવલજ્ઞાન [સં.] ન. (જૈન) ભ્રાંતિશૂન્ય, વિશુદ્ધ, સંપૂર્ણ અને સર્વશ્રેષ્ઠ જ્ઞાન; ત્રિકાળવર્તી એટલે ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળના સમસ્ત પદાર્થોને એકી સાથે સ્પષ્ટ જાણે એવું જ્ઞાન. જ્ઞાનના પાંચ પ્રકાર છે: મતિ, શ્રુતિ, અવધિ, મનઃપ્રર્યાય અને કેવલ.

કેવલજ્ઞાનાવરણ [સં.] ન. (જૈન) કેવલજ્ઞાનને પ્રકટ નહિ થવા દેવાના સ્વભાવવાળું કર્મ; જ્ઞાનાવરણીય કર્મની એક પ્રકૃતિ.

કેવલજ્ઞાની ૧. પું. (જૈન) કેવળી, તીર્થંકર અને સિદ્ધ ભગવાન.

૨. વિ. કેવળજ્ઞાન ઊપજ્યું હોય એવું.

કેવલતર્કવાદ પું. બુદ્ધિવાદ; હેતુવાદ.

કેવલદર્શન [સં.] ન. (જૈન) કેવળજ્ઞાનની સાથે થનાર સામાન્ય અવલોકન; સંપૂર્ણ દર્શન.

કેવલદર્શનાવરણ ન. (જૈન) દર્શનાવરણીય કર્મની એક પ્રકૃતિ, જેને લીધે જીવ કેવલદર્શન ન પામે.

કેવલદર્શની [સં.] પું. (જૈન) કેવળદર્શન પામેલ જીવ.

કેવલદ્રવ્ય ન. મરી; તીખાં.

કેવલધામ [સં.] ન. જ્યાં દ્વૈત નથી પણ માત્ર એક જ બ્રહ્મ છે એવું સ્થાન; મુક્તિપદ; બ્રહ્મપદ.

કેવલપ્રકૃતિ [સં.] સ્ત્રી. (સાંખ્ય) પ્રધાન, કેમકે તે કોઈની વિકૃતિ એટલે કાર્ય નથી.

કેવલપ્રત્યક્ષ [સં.] ન. શુદ્ધ પ્રત્યક્ષનું વિચાર કરતાં જેનું આગળ પૃથક્કરણ થઈ શકતું નથી એવું પ્રત્યક્ષ.

કેવલમૂલ્ય [સં.] ન. (ગણિત) વિશુદ્ધમૂલ્ય. કોઈ પણ આંકડો એકલો આવેલ હોય ત્યારે તેની જે કીમત થાય તેને તે આંકડાનું કેવલમૂલ્ય કહે છે.

કેવલલક્ષણા [સં.] સ્ત્રી. પદના શક્ય અર્થની સાથે લક્ષ્યમાણ અર્થનો સાક્ષાત્ સંબંધ. તેના જહલ્લક્ષણા, અજહલ્લક્ષણા, જહદજહલ્લક્ષણા એવા ત્રણ ભાગ છે.

કેવલવિકૃતિ [સં.] સ્ત્રી. (સાંખ્ય) આકાશાદિ પાંચ મહાભૂત તથા શ્રોત્રાદિ અગિયાર ઇંદ્રિય. આ સોળ તત્ત્વો અનુક્રમે તન્માત્રાઓ તથા અહંકારનું કાર્ય હોવાથી કેવળવિકૃતિ કહેવાય છે. તે કોઈની પ્રકૃતિ એટલે ઉપાદાન નથી.

કેવલવ્યતિરેકી [સં.] વિ. માત્ર વ્યતિરેક વ્યાપ્તિવાળું.

કેવલવ્યતિરેકી અનુમાન [સં.] ન. (ન્યાય) જેમાં હેતુની માત્ર વ્યતિરેક વ્યાપ્તિ હોય એવું અનુમાન; જે અનુમાનના સાધ્યનું તથા હેતુનું કોઈ પણ જગ્યાએ સહચાર દર્શન ન હોય, પણ તે સાધ્ય તથા હેતુના અભાવનું સહચાર દર્શન હોય તેવું અનુમાન; જેમાં કોઈ પણ સપક્ષ ન હોય તેવું અનુમાન. જેમકે, પૃથ્વી બીજાં દ્રવ્યોથી ભિન્ન છે કારણકે તે ગંધવાળી છે; જે દ્રવ્ય ગંધવાળું નથી હોતું તે પૃથ્વી પણ નથી. જેમકે, પાણી. આ અનુમાનમાં પૃથ્વી માત્ર પક્ષ છે અને જળ, વાયુ, આકાશ, કાળ, તેજ, દિક્, આત્મા, મન, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ, સમવાય એ તેર પદાર્થોના જે અન્યોન્ય ભાવરૂપ ભેદ છે તે તેર ભેદ સાધ્ય છે. એ તેર ભેદ એકલી પૃથ્વીમાં જ એકઠા રહે છે. પૃથ્વીરૂપ પક્ષથી ભિન્ન કોઈ પણ પદાર્થ તે તેર ભેદરૂપ સાધ્યવાળો નથી અને નિશ્ચિત સાધ્યવાળાને જ સપક્ષ કહે છે. માટે આ અનુમાન તેવા સપક્ષના અભાવવાળું હોવાથી કેવળવ્યતિરેકી કહેવાય.

કેવલવ્યતિરેકી લિંગ [સં.] ન. (ન્યાય) જે હેતુરૂપ લિંગમાં સાધ્યની કેવળ વ્યતિરેક વ્યાપ્તિ જ રહે છે અને અન્વય વ્યાપ્તિ રહેતી નથી તે લિંગ. જેમકે, પૃથ્વી જલાદિક પદાર્થોના ભેદવાળી છે, કારણકે ગંધવાળી છે. આ અનુમાનમાં ગંધકત્વરૂપ હેતુમાં ઇતર ભેદરૂપ સાધ્યની કેવળવ્યતિરેક વ્યાપ્તિ જ છે. માટે એ કેવળવ્યતિરેકી લિંગ છે. એમાં સપક્ષ સત્ત્વ હોતું નથી.

કેવલવ્યતિરેકી વ્યાપ્તિ [સં.] સ્ત્રી. (ન્યાય) એક પ્રકારની વ્યાપ્તિ. આમાં માત્ર પક્ષ ઉપર જ સાધન અને સાધ્ય હોય છે.

કેવલવ્યતિરેકી હેતુ જુઓ કેવલવ્યતિરેકી લિંગ.

કેવલસમાસ [સં.] પું. એક જાતનો સમાસ; અવ્યય વગેરે છ સમાસથી જુદો એક સમાસ; સુપ્સુપ્સમાસ. જેમકે, ભૂતપૂર્વ.

કેવલસમુદ્‌ઘાત [સં.] પું. (જૈન) કેવલજ્ઞાની તરફથી કરવામાં આવતો પોતાના આત્મપ્રદેશનો વિસ્તાર. જે વખતે જીવ કેવળી દરજ્જે પહોંચે છે તે વખતે આયુષ્ય, નામ, ગોત્ર અને વેદની એ ચાર કર્મ બાકી રહે છે. તે વખતે જો આયુષ્યકર્મની સ્થિતિ ઓછી હોય તો તે જીવ પોતાના આત્માના પ્રદેશ આખા લોકમાં ફેલાવે છે. આમ કરવાથી ચારે કર્મની સ્થિતિ બરાબર થઈ જાય છે. આ ક્રિયાને કેવલસમુદ્‌ઘાત કહે છે.

કેવલસહયોગ [સં.] પું. બે, ચાર અથવા વધારે માણસોએ એકઠાં મળીને એક જ કામ કરવાપણું.

કેવલા પું. નારંગી.

કેવલાત્મા ૧. પું. પાપ અને પુણ્ય રહિત આત્મા; ઈશ્વર.

૨. [સં.] પું. બ્રહ્મા. તે કેવલ આત્મારૂપ જ છે. બ્રહ્માની બ્રહ્મરૂપે સ્તુતિ કરી છે. સૃષ્ટિ પહેલાં કેવળ તે આત્મારૂપે હતા અને પછી સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણોનો ભેદ થવા તે ત્રિમૂર્તિરૂપે થયા.

૩. પું. શુદ્ધ સ્વભાવવાળો મનુષ્ય.

કેવલાદ્વૈત [સં.] ન. જીવનું બ્રહ્મ સાથેનું સંપૂર્ણ અદ્વૈત; જીવ અને બ્રહ્મની નિતાંત એકતા; જગત, જીવ, ઈશ્વર એવો જે કોઈ પદાર્થ અનુભવમાં આવે તે બ્રહ્મ જ છે એવો સિદ્ધાંત.

કેવલાદ્વૈતવાદ જુઓ કેવલાદ્વૈત.

કેવલાદ્વૈતવાદી [સં.] પું. કેવલાદ્વૈતના સિદ્ધાંતમાં માનનાર માણસ; શંકરાચાર્યનો અનુયાયી.

કેવલાનંતા [સં.] સ્ત્રી. સીતાનાં હજાર માંહેનું એક નામ.

કેવલાન્વયી [સં.] વિ. (ન્યાય) માત્ર અન્વય વ્યાપ્તિવાળું.

કેવલાન્વયી અનુમાન [સં.] ન. (ન્યાય) પૂર્વવત્ અનુમાન; માત્ર અન્વય વ્યાપ્તિવાળું અનુમાન. જે અનુમાનમાં કોઈ વિપક્ષ હોતો નથી તે કેવલાન્વયી અનુમાન કહેવાય છે.

કેવલાન્વયીલિંગ [સં.] ન. (ન્યાય) હેતુના ત્રણ માંહેનો એ નામનો એક પ્રકાર. કેવલાન્વયી, કેવલવ્યતિરેકી અને અન્વયવ્યતિરેકી એ હેતુના ત્રણ પ્રકાર છે. જે હેતુમાં માત્ર અન્વય દૃષ્ટાંત હોય તે કેવલાન્વયીલિંગ કહેવાય.

કેવલાન્વયીવ્યાપ્તિ [સં.] સ્ત્રી. (ન્યાય) ત્રણ માંહેની એક જાતની વ્યાપ્તિ. તેમાં વિપક્ષ દૃષ્ટાંત નથી મળતું, એટલે કે સર્વ પદાર્થોનો પક્ષમાં સમાવેશ થઈ જાય છે.

કેવલાન્વયીહેતુ જુઓ કેવલાન્વયીલિંગ.

કેવલાભાવ [સં.] પું. (ન્યાય) સામાન્ય અભાવ. જેમકે, ઘરમાં ઘડો નથી એમ સામાન્યપણે અભાવ કહેવો તે કેવલાભાવ.

કેવલાયોગવ્યવચ્છેદ [સં.] પું. (વેદાંત) માત્ર કે એવા અર્થવાળા શબ્દથી કરવામાં આવતી સ્પષ્ટતા. જેમકે, શંખ ધોળો જ હોય છે એ વાક્યમાં શંખ રાતો કે પીળો નથી હોતો અને કેવળ ધોળાપણાનો 'જ' શબ્દથી નિર્ણય થાય છે માટે એ કેવલાયોગવ્યવચ્છેદ છે.

કેવલાંગિરસ [સં.] પું. અંગિરસના વંશની ત્રણ માંહેની એક શાખા.

કેવલી ૧. [સં.] પું. (જૈન) તીર્થંકર.

૨. પું. દેવ.

૩. પું. મુક્તિનો અધિકારી સાધુ.

૪. સ્ત્રી. ચેતન અને અચેતનની એકતાનો સિદ્ધાંત.

૫. સ્ત્રી. જન્મકુંડળી.

૬. વિ. એકમાર્ગી.

૭. વિ. કેવલાદ્વૈતમાં માનનારૂં.

૮. વિ. કેવળી; કેવળજ્ઞાનવાળું; પરમજ્ઞાની.

કેવલી કવલાહાર [સં.] પું. (જૈન) કેવળીએ મોઢેથી ખોરાક લેવો તે.

કેવલીકુંભક [સં.] પું. (યોગ) રેચક અને પૂરક વગરનો કુંભક પ્રાણાયામનો એક પ્રકાર. જુઓ કેવલકુંભક.

કેવલીગત [સં.] વિ. કેવળજ્ઞાનીને લગતું.

કેવલીગમ્ય [સં.] વિ. કેવળજ્ઞાનથી જાણી શકાય એવું.

કેવલીજીવલ પું. (કચ્છી) શીંગડીઓ વછનાગ. એના છોડ વેલા જેવા થાય છે.

કેવલીવિધિકળા [સં.] સ્ત્રી. બોતેર માંહેની એ નામની એક કળા.

કેવલીસમુદ્‌ઘાત જુઓ કેવલસમુદ્‌ઘાત.

કેવલ્ય ૧. [સં. કૈવલ્ય] ન. કેવળજ્ઞાન.

૨. ન. કેવળપણું.

૩. ન. મુક્તિ; બ્રહ્મપ્રાપ્તિ.

કેવળ જુઓ કેવલ.

કેવળઈશ્વરવાદી પું. ઈશ્વરનું અસ્તિત્વ છે પણ ધર્મ તેનો કહેલો નથી એવો મત ધરાવનાર માણસ.

કેવળઉપયોગ પું. (જૈન) સામાન્ય અને વિશેષ બંને પ્રકારનો બોધ; સર્વજ્ઞત્વ; સર્વદર્શિત્વ.

કેવળકલ્પના સ્ત્રી. પુરાણવાર્તા; કલ્પિત કથા; જોડી કાઢેલ વાર્તા.

કેવળકુંભક જુઓ કેવલકુંભક.

કેવળગણિત ન. અમૂર્તગુણગણિત; શુદ્ધ ગણિત.

કેવળજ્ઞાન જુઓ કેવલજ્ઞાન.

કેવળજ્ઞાની જુઓ કેવલજ્ઞાની.

કેવળતર્કવાદ જુઓ કેવલતર્કવાદ.

કેવળદર્શન ૧. [સં. કેવલદર્શન] ન. કેવળજ્ઞાનની સાથે થનાર સામાન્ય અવલોકન.

૨. ન. (જૈન) નિરાકાર ઉપયોગના ચાર માંહેનો એક ભેદ.

૩. ન. પરિપૂર્ણ દર્શન.

૪. ન. શ્રદ્ધા.

૫. ન. સર્વજ્ઞને જોવાની શક્તિ.

કેવળધામ જુઓ કેવલધામ.

કેવળનાણુ ન. કેવલજ્ઞાન; તમામ કાળ અને સ્થળની હરકોઈ વાત જાણવાની શક્તિ.

કેવળપણું ૧. ન. અસાધારણતા; વિશિષ્ટતા.

૨. ન. એકલતા; એકાકીપણું.

૩. ન. કેવલજ્ઞાનવાળી સ્થિતિ.

૪. ન. કૈવલ્યપદ; મોક્ષ.

૫. ન. શુદ્ધતા; અમિશ્રિતપણું.

૬. ન. સંપૂર્ણતા; અખંડતા.

કેવળપ્રયોગી ૧. વિ. કેવળ ઉદ્‌ગાર દર્શાવતું.

૨. વિ. માત્ર વાપરવામાં આવેલું.

કેવળપ્રયોગી અવ્યય ૧. પું. (વ્યાકરણ) આપમેળે જુસ્સામાં બોલાઈ જવાતો આનંદ, આશ્ચર્ય કે શોકના જેવી લાગણી દર્શાવતો એક અવ્યય. જેમકે, અહો, અરેરે, હાય હાય, ઓ, ધિક્, છટ્.

કેવળમહોત્સવ પું. (જૈન) કોઈને કેવળજ્ઞાન થાય ત્યારે દેવતાઓ તરફથી કરવામાં આવતો ઉત્સવ.

કેવળાદ્વૈતવાદ જુઓ કેવલાદ્વૈતવાદ.

કેવળાદ્વૈતવાદી જુઓ કેવલાદ્વૈતવાદી.

કેવળાનંદ પું. મોક્ષપદનો આનંદ; મોક્ષસુખ.

કેવળી જુઓ કેવલી.

કેવળીત્યાગ પું. જ્ઞાનથી ઊપજતો વૈરાગ્ય.

કેવા ૧. ન. ખામી; દોષ; કહેવાપણું.

૨. સ. કેવા પ્રકારનું.

કેવાનું સ. શાનું.

કેવાપણું ન. કહેવાપણું; દોષ; ખામી.

કેવામ પું. ચાસણીનો તાર.

કેવાર પું. (શિલ્પ) શિખરબંધ મંદિરોમાં કાંકણીના થરની ઉપરનો થર.

કેવારનું વિ. લાંબા સમયનું.

કેવારે અ. કઈ વખતે; ક્યારે; કયે દિવસે.

કેવાળ ૧. પું. (શિલ્પ) કુંભીના ગળા આગળની રચના.

૨. પું. પેટીની ઉપરનો ભાગ. તેમાં કણી, ટેકરૂં, અને પાટી તથા ઘીસિયું અથવા પડોચણુ એટલા ભાગ આવે છે.

૩. પું. મકાનની મેડીનો નાનો રવેશ.

કેવાંચ સ્ત્રી. એ નામની એક વનસ્પતિ.

કેવિકા [સં.] સ્ત્રી. કોંકણમાં થતું એક જાતનું ફૂલ; સદ્ગંધા.

કેવિધ અ. કેવી રીતે.

કેવું ૧. સ. કઈ જાતનું; કયા પ્રકારનું.

૨. સ. ક્રિ. સંભળાવવું; કથવું; કહેવું.

કેવુંક સ. કેવું.

કેવુંય સ. અજ્ઞાત અને અનિશ્ચિત પ્રકારનું.

કેશ ૧. પું. એ નામની એક ઉપધાતુ.

૨. પું. એ નામનો દૈત્ય; કેશી.

૩. [સં.] પું. કિરણ; રશ્મિ.

૪. પું. ચોટલો; અંબોડો.

૫. પું. પરબ્રહ્મની શક્તિનો એક ભેદ; બ્રહ્મા, વિષ્ણુ કે મહેશ.

૬. પું. રોકડા પૈસા; રોકડ નાણું.

૭. પું. વરુણ દેવ.

૮. પું. વિશ્વ.

૯. પું. શક્તિ.

૧૦. પું. સુગંધી વાળો; ખસ.

૧૧. પું. સૂર્ય.

૧૨. પું. બ. વ. પ્રાણીઓની ચામડી ઉપર ફૂટી નીકળતા પાતળા અને કાળા કે ધોળા તંતુ; વાળ.

> કેશ શિરોરુહ ચિકુર કુચ કુંતલ અલકની ઢાલ,
> ચંદ ચીરાણો મુખરૂપી લટકી લટ કયાલ.
> પિંગળલઘુકોષ

૧. કેશ કાપી લેવા = (૧) છેતરી લેવું. (૨) નુકસાન કરવું.

૨. કેશ ધોળા થયા પણ મન ધોળું ન થયું = વૃદ્ધાવસ્થા આવી પણ મન નિષ્પાપ ન થયું.

૧૩. પું. બ. વ. મૂળિયાંના ઝીણાં ઝીણાં ફડસવાં; મૂળ ઉપર આવેલા ઝીણા તંતુ.

૧૪. સ્ત્રી. કસ; અંગરખા વગેરેને બાંધવામાં આવતી કાપડની બનાવેલી દોરી.

૧૫. સ્ત્રી. ગુણ.

૧૬. સ્ત્રી. ધર્મ.

૧૭. સ્ત્રી. રીત.

કેશક [સં.] વિ. કેશની રચના કરવામાં તત્પર.

કેશકર્તન [સં.] ન. વાળ કાપવાની ક્રિયા.

કેશકર્તનાલય [સં.] ન. વાળ કાપવાની દુકાન.

કેશકર્મ ૧. [સં.] ન. કેશાંત નામનો સંસ્કાર; ચૌલકર્મ.

૨. ન. વાળ સાફ કરવા અને ગૂંથવાની કળા; કેશવિન્યાસ.

કેશકર્ષણ [સં.] ન. વાળને આકર્ષવાની શક્તિ.

કેશકલાપ ૧. [સં.] પું. અંબોડો; ચોટલો; વેણી.

૨. પું. વાળનો સમૂહ.

કેશકલાપધારી ૧. [સં.] પું. જટાધારી શંકર.

૨. વિ. માથે જટા રાખી હોય એવું.

કેશકલ્પ ન. ધોળા વાળને કાળા કરવાનું એક જાતનું ઔષધ.

કેશકાર [સં.] પું. તબેલાનો એક નોકર. તે ઘોડાના વાળ સમારે છે.

કેશકારિણી [સં.] સ્ત્રી. વાળ ઓળનારી દાસી.

કેશકીટ [સં.] પું. વાળમાં પડતું જંતુ.

કેશકુંડ [સં.] પું. એ નામનો એક નરકકુંડ.

કેશકૃમિવ્યાધિ [સં.] પું. મનુષ્ય, કુક્કર અને બીજાં પ્રાણીઓના માંસમાં પરોપજીવી તરીકે રહેતા એક જાતના જંતુથી આંતરડામાં થતો રોગ.

કેશક્ષય [સં.] પું. વાળ ખરી પડવાનો રોગ.

કેશગર્ભ [સં.] પું. અંબોડો; ચોટલો; વેણી.

કેશગુચ્છ જુઓ કેશગર્ભ.

કેશગૃહ [સં.] ન. ઉપત્વચામાંથી છેક ચરબીના થર સુધી જતો ઊંડો ખાડો. તેમાંથી વાળ ઊગે છે.

કેશગ્રહ [સં.] પું. ચુંબન લેવા માટે અંબોડો પકડવો તે; એક જાતની રતિક્રીડા.

કેશગ્રહણ [સં.] ન. બળાત્કારે વાળ પકડવા તે. જુઓ કેશગ્રહ.

કેશઘ્ન ૧. [સં.] પું. એ નામનો એક દેશ.
૨. પું. એક જાતનો રોગ; ટાલ.
૩. વિ. વાળનો નાશ કરનાર.

કેશચિત્ર [સં.] ન. વાળનું નિરીક્ષણ કરીને ચિત્ર આલેખવાની કળા; ચિત્રલેખના.

કેશજાળ [સં. કેશજાલ] સ્ત્રી. તંતુઓની જાળ કે ગૂંથણી.

કેશટ ૧. [સં.] પું. જૂ; વાળમાં પડતું એક જંતુ.
૨. પું. બકરો.
૩. પું. ભાઈ.
૪. પું. માંકડ.
૫. પું. વિષ્ણુ.
૬. પું. શોનકવૃક્ષ
૭. ન. કામદેવના પાંચ માંહેનું શોષણ નામનું એક બાણ.

કેશધર ૧. [સં.] પું. એ નામનો એક દેશ.
૨. વિ. વાળ કાપનાર.

કેશનલિકા [સં.] સ્ત્રી. પ્રાણીઓનાં શરીરમાં શિરાઓને અને નાડીઓને જોડનારી વાળના જેવી સૂક્ષ્મ નળી; 'કેપિલરિ.'

કેશનળી જુઓ કેશનલિકા.

કેશનાર પું. (જરથોસ્તી) સ્વર્ગ; ઊર્ધ્વલોક.

કેશપક્ષ [સં.] પું. વાળનો સમૂહ.

કેશપર્ણી [સં.] સ્ત્રી. અપામાર્ગ; અઘાડો નામની વનસ્પતિ.

કેશપાશ ૧. [સં.] પું. ચોટલો; અંબોડો; સ્ત્રીના વાળનો ગુચ્છ; વેણી.
૨. પું. વાળને પકડી રાખતું આભૂષણ; અંબોડામાં પહેરાતું ચાક નામનું ઘરેણું.

કેશપાશી [સં.] સ્ત્રી. શિખા; વાળની લટ; ચોટલી.

કેશપુટ [સં.] પું. એ નામનો એક પ્રજાસત્તાક દેશ.

કેશપ્રસાધન [સં.] ન. વાળ ઓળવાની ક્રિયા.

કેશબંધ [સં.] પું. માનસાર શિલ્પશાસ્ત્રમાં જણાવ્યા પ્રમાણે અધિરાજ અને નરેંદ્ર વર્ગના રાજાની રાણીનો મુગટ.

કેશબંધન [સં.] ન. ચોસઠ પ્રકારનાં વિજ્ઞાન માંહેનું એક.

કેશબેગ [અં. કેશબૅગ] સ્ત્રી. રોકડ માટેની થેલી કે કોથળી.

કેશભર પું. દોરાપૂર અંતર; રેખાભર; બહુ જ ઓછો તફાવત.

કેશભાર [સં.] પું. ચોટલો; અંબોડો.

કેશભૂ [સં.] સ્ત્રી. મસ્તક.

કેશભૂમિ ૧. [સં.] સ્ત્રી. ભગપીઠ; સ્ત્રીઓની નાભિ નીચે પેડુના ભાગમાં ભગાસ્થિ અથવા બસ્તિની અગ્રકમાનની ઉપરનો ચરબીથી ભરેલ માંસલ ભાગ. યૌવનની શરૂઆતથી એટલે તેર ચૌદ વર્ષની ઉમરથી સ્ત્રીઓને એ જગ્યાએ વાળ ઊગવાની શરૂઆત થાય છે. આ વાળ કર્કશ અને કાંઈક વળેલા હોય છે.
૨. સ્ત્રી. માથાની ચામડી.

કેશભૂષા [સં.] સ્ત્રી. વાળ શણગારવાની ક્રિયા.

કેશભૂષાકાર [સં.] પું. વાળંદ; નાવી.

કેશભૂષાગાર [સં.] ન. વાળને શણગારવાનું સ્થળ; વાળંદની દુકાન.

કેશભૂષાગૃહ જુઓ કેશભૂષાગાર.

કેશમાર્જક [સં.] ન. કાંસકી.

કેશમાર્જન ૧. [સં.] ન. કાંસકી.
૨. ન. વાળ સાફ કરવા તે.

કેશમાર્જનકૌશલ્ય [સં.] ન. વાળ સાફ કરવાની નિપુણતા; ચોસઠ માંહેની એક કળા.

કેશમેમો [અં. કૅશમેમો] પું. રોકડ રકમનું ટાંચણ.

કેશર ૧. [સં.] પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. ધૃતિ છંદનો એક ભેદ છે. તેમાં મગણ, ભગણ, નગણ, યગણ અને બે રગણ મળી ૧૮ વર્ણ હોય છે.
૨. પું. કેસર. પુનાગ કેસરના ફૂલમાંથી તે બનાવવામાં આવે છે. કેસરના છોડ નાના થાય છે. તેના કાંદા બે બે હાથને અંતરે વવાય છે. પાન સાંકડાં અને ઘાસ જેવાં થાય છે. બે ત્રણ માસે તેને ફૂલ આવે છે. તેને ત્રણ કે પાંચ પાંખડીઓ હોય છે. અંદરના તંતુ જેમ લાંબા અને ખૂબ લાલ તેમ કેસર સારૂં ગણાય છે આ છોડ એશિઅ અને યરપમાં થાય છે. તે સુગંધી, કડવું, સ્તંભન, વાજીકર, ઉત્તેજક, તીખું, પૌષ્ટિક, આનંદદાયક, ઉષ્ણ, કાંતિકર, તૂરૂં, સ્નિગ્ધ, દીપક અને રુચિકારક છે. ખાવાની ચીજોમાં કેશરિયો રંગ લાવવા અને ઉષ્ણ ગુણ માટે કેશર નાખવામાં આવે છે. તે કંઠરોગ, વાયુ, કફ, ઉધરસ, મસ્તકશૂળ, વિષ, ઊલટી, વ્રણવ્યંગ, કૃમિ, હેડકી, ત્રિદોષ અને કોઢનો રોગ મટાડે છે.
૩. પું. નાગકેસર.
૪. પું. ફૂલની પાંખડીઓની વચમાં આવેલ પાતળો સૂતર જેવો તાંતણો કે રેસો.
૫. પું. બોરસલ્લીનું ઝાડ.
૬. પું. યાળ; સિંહ કે ઘોડાની ડોક ઉપરના વાળ.
૭. પું. વિષુવાંશ ૧૫૩ અને ઉત્તર ક્રાંત્યંશ ૨૪માં આવેલો ચોથા મહત્ત્વનો એ નામનો એક તારો.
૮. પું. સોપારીનું ઝાડ.
૯. પું. હિંગનું ઝાડ. જુઓ કેસર.

કેશરચના [સં.] સ્ત્રી. વાળની ગોઠવણ; વાળને ઓળી સરખા રાખવાની કળા.

કેશરપપ્પુ ૧. પું. મદ્રાસી મૂશળખંડી. જુઓ કેસરપપ્પુ.
૨. વિ. ડરપોક; બીકણ.

કેશરભીનું વિ. કેશરથી અલંકૃત થયેલ; કેસરી રંગનું.

કેશરંજન [સં.] પું. એ નામનું ઝાડ; ભાંગરો.

કેશરંધ્ર [સં.] ન. ચામડી ઉપરનું વાળનું છિદ્ર.

કેશરાજ ૧. [સં.] પું. એક જાતનું પક્ષી.
૨. પું. ભાંગરાનું ઝાડ.

કેશરાદિગોળી [સં.] સ્ત્રી. (વૈદ્યક) કેશરની એક જાતની બનાવટ. તેમાં કેસર, રસકપૂર, સાકર, સુખડ, લવિંગ અને જાવંત્રી સરખે ભાગે લઈ મગના કદની ગોળીઓ કરવી. તેની બેથી ત્રણ ગોળીઓ ઘી કે દૂધ સાથે ચાવ્યા વિના

ગળે ઉતારી જવાય છે. તેના સેવનથી ઉપદંશ, પ્રમેહ અને ગરમીનાં દરદો મટી જવાનું કહેવાય છે.

કેશરાશિ [સં.] પું. વાળનો જૂથ; લટ.

કેશરિણી ૧. [સં.] સ્ત્રી. ઘોડી.

૨. સ્ત્રી. સિંહણ.

કેશરિયાજી પું. મેવાડમાં ધુળેવા ગામમાં આવેલ આદિનાથની મૂર્તિ. આ મૂર્તિને પુષ્કળ કેસર ચડે છે. જૈનોનું તે યાત્રાનું સ્થળ છે.

કેશરિયાં ન. બ. વ. પવિત્ર અને સત્ય હેતુને માટે મરી ફીટવાની તત્પરતા.

કેશરી ૧. [સં. કેશરિન્] પું. એક જાતનો વાંદરો.

૨. પું. ઘોડો.

૩. પું. નાગકેસરનું ઝાડ. તેનું ફળ કેસર જેવા રંગનું હોય છે અને તે ઉપર ઝીણા ઝીણા વાળ જેવા રેસા હોય છે.

૪. પું. પુન્નાગ વૃક્ષ.

૫. પું. (જૈન) પ્રાસાદના પચીસ પ્રકાર માંહેનો એક. જુઓ પ્રાસાદ.

૬. પું. બિજોરાનું ઝાડ.

૭. પું. મહાદ્રુમમાં આવેલ એ નામનો પર્વત; ઉત્તર કોર્ડિલરાસ.

૮. પું. સિંહનું ઉપનામ; કેસરી.

૯. પું. હનુમાનના બાપનું નામ.

૧૦. વિ. કેસરના રંગનું.

કેશરીવંકું [સં. કેશરિન્ (સિંહ) + વક્ર (વાંકું)] વિ. સિંહના જેવા મરોડદાર શરીરવાળું. જેમકે, ઘોડો.

કેશર્યા સ્ત્રી. કાઠિયાવાડી ઘોડાની એક જાત.

કેશલુંચ [સં.] પું. જૈન મુનિ.

કેશલુંચન [સં.] ન. (જૈન) માથાના વાળ ખેંચી કાઢવા તે. જૈનોમાં સાધુ થતાં પહેલાં જે કેશલુંચનનો વિધિ છે તે તપ માટેની શક્તિ કસવા સારૂ છે.

કેશલોચ જુઓ કેશલુંચન.

કેશલોચન જુઓ કેશલુંચન.

કેશવ ૧. પું.. અર્ધ ચક્રવર્તી રાજા.

૨. પું. 'આ' સ્વરનો સંકેત શબ્દ.

૩. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. આ છંદ ષટ્પદી છપ્પય છંદનો એક ભેદ છે. તેમાં ૧૮ ગુરુ અને ૧૨૦ લઘુ મળી ૧૩૮ વર્ણ છે.

૪. પું. ખોજા મઝહબ પ્રમાણે જાયલા કલ્પમાં વિષ્ણુના ચાર માંહેનો એક અવતાર.

૫. [સં. ક (બ્રહ્મા) + ઈશ (શંકર) + વ (વશ કરનાર)] પું. પરમાત્મા.

૬. પું. પાણીમાં રહેલ મુડદું.

૭. પું. પુન્નાગ વૃક્ષ.

૮. પું. વિષ્ણુના હજાર માંહેનું એક નામ; બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ જેને અધીન છે એવા પરમાત્મા. જેના કેશ સુંદર છે, તેને કેશવ કહે છે; વળી કેશીનો વધ કરવાથી ભગવાન કેશવ કહેવાય છે.

૯. [સં.] પું. શ્રી કૃષ્ણ.

૧૦. વિ. સુંદર કેશવાળું.

કેશવકૃતિ [સં.] સ્ત્રી. ભજનનું એ નામનું એક પુસ્તક.

કેશવચંદ્રસેન [સં.] પું. એ નામનો એક બંગાળી સમાજસુધારક. તેણે ઈ. સ. ૧૮૫૭માં બ્રહ્મસમાજમાં દીક્ષા લીધી. લોકો તેને પોતાનો દેવ, ઉદ્ધારક અને ભગવાન તરીકે પૂજવા લાગ્યા. આથી એમના વિરોધીઓ ઉશ્કેરાયા. તેથી તેમણે આદિ બ્રહ્મોસમાજમાંથી છૂટા થઈ ભારત બ્રહ્મસમાજની સ્થાપના કરી. તેનું સૌથી મહત્ત્વનું કાર્ય ઈ. સ. ૧૮૭૨નો 'સિવિલ મેરેજ એક્ટ' પસાર કરાવ્યો તે છે. તે ઈ. સ. ૧૮૮૪માં મૃત્યુ પામ્યા.

કેશવતા [સં.] સ્ત્રી. કેશવપણું; વિષ્ણુપણું.

કેશવતી ૧. સ્ત્રી. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ ઉષ્ણિક છંદનો એક ભેદ છે. તેમાં યગણ, ભગણ, અને ગુરુ એમ સાત વર્ણ હોય છે.

ય ભા ગે **કેશવતી.** રણપિંગળ

૨. સ્ત્રી. નેપાળની વિષ્ણુમતી નદીનું પ્રાચીન નામ.

કેશવત્વ જુઓ કેશવતા.

કેશવદાસ પું. એ નામનો એક કવિ. ઓરછા નરેશ ઈંદ્રસિંહજીના તે રાજ્યાશ્રિત હતા.

કેશવપન [સં.] ન. માથા ઉપરથી વાળ ઉતરાવી નાખવા તે; ક્ષૌરક્રિયા; મુંડન; સોળ માંહેનો એ નામનો એક સંસ્કાર.

કેશવપનીય [સં.] પું. એક જાતનો અતિરાત્ર યજ્ઞ.

કેશવપ્રસાદ [સં.] પું. સ્વામીનારાયણ સંપ્રદાયમાં માનનાર એક કવિ. તેણે પ્રાકૃત સાહિત્યમાં સહાય કરી છે.

કેશવરામ ૧. [સં.] પું. એક પ્રસિદ્ધ ગુજરાતી કવિ. તેનો કેશવકૃતિ નામનો કાવ્યગ્રંથ પ્રખ્યાત છે.

૨. પું. બ. વ. કૃષ્ણ અને બળરામ.

કેશવરાય પું. એક પ્રસિદ્ધ ગુજરાતી સાક્ષર. તેઓ ગુજરાતી ભાષાના સાક્ષર, વિવેચક અને વિદ્વાન હતા. ગીતગોવિંદ, અમરુશતક, વિક્રમોર્વશીય, મુદ્રારાક્ષસ વગેરેનાં તેમણે ભાષાંતર કર્યાં છે, તેમ જ ભાલણકૃત કાદંબરી, અખાકૃત અનુભવબિંદુ વગેરેનું સંશોધન કરી પ્રગટ કર્યાં છે.

કેશવર્દ્ધિની [સં.] સ્ત્રી. સહદેવી નામની વનસ્પતિ.

કેશવર્ધક [સં.] વિ. વાળને ઊગવામાં મદદ કરે એવું.

કેશવર્ધનચિકિત્સા [સં.] સ્ત્રી. વાળ ઉગાડવા અને વધારવા માટે કરવામાં આવતો ઉપચાર.

કેશવલેખ [સં.] પું. (પિંગળ) પંદર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; સારંગી. આ છંદ અતિશર્કરી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં પાંચ મગણ આવે છે.

કેશવસ્વામી પું. એ નામનો એક કોષકાર પંડિત. લગભગ ઈ. સ. ૧૨૦૦ની આસપાસ તેણે નાનાર્થસંકલ્પ નામનો કોષ લખ્યો. આ અંતર્નિષ્ઠ ભગવદ્ભક્તે મહારાષ્ટ્રના ગુલબર્ગા ગામમાં રહી, કાશીરાજ સ્વામી પાસેથી જ્ઞાન મેળવી, હરિકીર્તન કરવામાં મગ્ન રહી ઘણાં પદો બનાવ્યાં છે. પોતે સિદ્ધિવાન પુરુષ છતાં આ નિર્માની અને નિર્મોહી સંતે કદી ગર્વ કર્યો ન હતો.

કેશવાણિજ્ય [સં.] ન. પ્રાણીઓના વાળનો વેપાર.

કેશવાયુધ ૧. [સં.] પું. આંબાનું ઝાડ.

૨. ન. વિષ્ણુનું હથિયાર.

કેશવાલય ૧. [સં.] ન. પીપળાનું ઝાડ.

૨. ન. વિષ્ણુનું મંદિર.

કેશવાહિની [સં.] સ્ત્રી. વાળ જેવી પાતળી રક્તવાહિની; ધમની અને શિરાઓના અત્યંત સૂક્ષ્મ છેડાઓને પરસ્પર જોડનારી બારીક નળી કે સ્રોત. તેઓ અત્યંત પાતળી હોવાને લીધે આ નામે ઓળખાય છે. કેટલીક કેશવાહિનીઓ તો એટલી કોમળ અને પાતળી હોય છે કે તેનું પડ પણ દેખાતું નથી અને તેમાંથી લોહીનો ફક્ત એક એક કણ જ પસાર થઈ શકે. તેઓ શરીરમાં દરેક અવયવમાં ફેલાયેલી છે. તેમની દીવાલ અત્યંત પાતળી અને કોમળ હોઈને ફક્ત રક્તધરા કલાની બનેલી છે. આ પાતળી દીવાલોમાંથી ધીમે ધીમે ટપકતો, લસિકા નામનો પ્રવાહી રસ શરીરના બધા ભાગોને પોષણ આપે છે. લસિકા છૂટી પડ્યા બાદ

કેશવાહિનીઓમાં રહેલું લોહી, શરીરમાંથી કચરો એકઠો કરતું કરતું નાનામાં નાની શિરાઓમાં, અને તે માર્ગે મોટી શિરામાં અને છેવટે હૃદયમાં પહોંચી જાય છે.

કેશવાળી સ્ત્રી. ઘોડો, સિંહ વગેરે પ્રાણીઓની ગરદન ઉપરના વાળનો ભરાવ; યાળ.

કેશવિકૃતિ [સં.] સ્ત્રી. વાળ સંબંધી રોગ.

કેશવિચ્છેદ [સં.] પું. બહુ જ બારીક તફાવત.

કેશવિધાન [સં.] ન. વાળને સરખા કરી શણગારવાની કળા.

કેશવિન્યાસ [સં.] પું. વાળ સમારવા તે.

કેશવૃદ્ધિ [સં.] સ્ત્રી. વાળ વધવાપણું.

કેશવૃષ્ટિ [સં.] સ્ત્રી. વાળનો વરસાદ વરસાવવાની વિદ્યા; એક જાતનો તાંત્રિક પ્રયોગ.

કેશવેશ [સં.] પું. વાળ ઓળવાપણું; વેણી ગૂંથવી તે.

કેશસર્ટિફિકેટ [અં. કૅશસર્ટિફિકેટ] ન. લોન માટે કાઢેલી સરકારી મુદ્દતબંધી હૂંડી.

કેશસંમાર્જન કૌશલ્ય [સં.] ન. વાળને સારા, સુંવાળા, લાંબા, કાળા, સાફ અને સફાઈદાર રાખવાનું ચાતુર્ય.

કેશસંસ્કાર [સં.] પું. ચૌલકર્મ; કેશવપન.

કેશસાધના જુઓ કેશવેશ.

કેશહસ્ત [સં.] પું. વેણી; અંબોડો.

કેશહંત્રી [સં.] સ્ત્રી. શમીનું ઝાડ; ખીજડો.

કેશા સ્ત્રી. બકાન નામની વનસ્પતિ.

કેશાકર્ષણ ૧. [સં.] ન. કેશવાહિનીમાંના પ્રવાહી પદાર્થનું ખેંચાણ; કોઈ પણ પદાર્થના ઘણા જ બારીક છિદ્રાવકાશથી તે પ્રવાહી કુદરતી રીતે ઉપર ચડી શકે છે. કેશાકર્ષણથી પાણી બેથી અઢી ફૂટ ઊંચે ચડી શકે છે.

૨. ન. વાળ કે ચોટલો ખેંચવાપણું.

કેશાકેશિ ૧. સ્ત્રી. બાથંબાથા; મુક્કાબાજી.

૨. અ. એકબીજાના વાળ ખેંચાય એવી રીતે; સામસામી વાળની ખેંચાખેંચ કરીને.

કેશાગ્ર ૧. [સં.] પું. એક જાતનું માપ. આઠ રેણુનો એક કેશાગ્ર થાય છે.

૨. પું. વાળની અણી.

કેશાદ પું. લોહીમાંથી ઉત્પન્ન થતો એક જાતનો કૃમિ.

કેશાધમની સ્ત્રી. ધોરી નસની છેલ્લી શાખા. તે એટલી બધી બારીક હોય છે કે ખુલ્લી આંખે દેખાતી નથી અને જાળની માફક શરીરના દરેક ભાગમાં પથરાયેલી હોય છે.

કેશાભરણ [સં.] ન. વાળમાં પહેરવાનું ઘરેણું.

કેશાભ્યંગ [સં.] પું. માથામાં નાખવાનો ખુશબોદાર પદાર્થ.

કેશાવપન [સં.] ન. માથું મુંડાવવું તે; ક્ષૌરકર્મ.

કેશાવમર્ષણ [સં.] ન. માથું ચોળવું તે.

કેશાવલિ [સં.] સ્ત્રી. માથા ઉપરના વાળ; ચોટલો.

કેશાળ વિ. વાળવાળું.

કેશાંત ૧. [સં.] પું. ક્ષૌર; મુંડન; માથાના વાળ કપાવી નાખવા તે.

૨. પું. બ્રાહ્મણને સોળમે વર્ષે, ક્ષત્રિયને બાવીશમે વર્ષે અને વૈશ્યને ચોવીશમે વર્ષે કરાતું કેશછેદન નામનું કર્મ.

૩. પું. માથાનો વાળથી ઢંકાયેલો ભાગ.

૪. પું. વાળનો છેડો.

કેશાંતકર્મ જુઓ કેશાંત ૨.

કેશાંતસ્નાન [સં.] ન. જટા ઉતારીને નાહવું તે.

કેશાંતિક [સં.] વિ. વાળના છેડા સુધીના માપનું.

કેશિ [સં.] પું. એ નામનો એક રાક્ષસ. તેને કૃષ્ણે માર્યો હતો.

કેશિક [સં.] વિ. શ્રેષ્ઠ વાળવાળું.

કેશિકા સ્ત્રી. શતાવરીનું ઝાડ; સતાવળ.

કેશિકાકર્ષણ જુઓ કેશાકર્ષણ.

કેશિઘાતી [સં.] પું. પુરુષોત્તમનાં હજાર નામ માંહેનું એક. તેણે કેશિ નામના રાક્ષસને માર્યો હતો.

કેશિધ્વજ [સં.] પું. (પુરાણ) વિદેહ વંશના કૃતધ્વજ જનકનો પુત્ર; નિમિવંશનો એક રાજા. તેને ખાંડિક્ય નામનો એક પિત્રાઈ ભાઈ હતો. તે બંને વચ્ચે ઈર્ષ્યા ઉત્પન્ન થઈ. ખાંડિક્યને તેના રાજ્યમાંથી કાઢી મૂકવામાં આવ્યો. પાછળથી બંને એક બીજાના મિત્ર બન્યા અને અરસપરસ ઉપયોગી નીવડ્યા. કેશિધ્વજના પુત્રનું નામ ભાનુમાન હતું.

કેશિનિષૂદન [સં.] પું. કેશિ નામના રાક્ષસને હણનાર કૃષ્ણ. ઘોડાની આકૃતિવાળા આ મોટા દૈત્યે પોતાનું મુખ ફાડીને શ્રી કૃષ્ણને ખાઈ જવા ઇચ્છ્યું. તેના અતિ ફાડેલા મુખમાં ડાબો હાથ નાખીને તરત જ તે દૈત્યને કૃષ્ણે ચીરી નાખ્યો હતો.

કેશિની ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) અજમીઢ રાજાની રાણી.

૨. સ્ત્રી. અયોધ્યા નગરી.

૩. સ્ત્રી. (પુરાણ) એ નામની એક અપ્સરા. તે કશ્યપની સ્ત્રી હતી.

૪. સ્ત્રી. એક પ્રાચીન નગરીનું નામ.

૫. સ્ત્રી. (પુરાણ) એક રાજકન્યા. એના સ્વયંવર સમયે પ્રહ્લાદ પુત્ર વિરોચન અને અંગિરા ઋષિનો પુત્ર સુધન્વા બેય એક જ સમયે આવી પહોંચ્યા. એ વખતે બંને વચ્ચે વાદ થયો કે બેમાંથી શ્રેષ્ઠ કોણ? બંને પ્રહ્લાદ પાસે આવ્યા. પ્રહ્લાદે વિરોચનનો નિષેધ કરીને અભિપ્રાય આપ્યો કે સુધન્વાનો પક્ષ સત્ય છે. પછી કેશિની સુધન્વાને પરણી.

૬. સ્ત્રી. દમયંતીની એ નામની એક દાસી. અયોધ્યાના ઋતુપર્ણ રાજાના સારથિ બાહુક એટલે નળરાજાને જોવા માટે તેને દમયંતીએ મોકલી હતી.

૭. સ્ત્રી. દુર્ગા; પાર્વતી.

૮. સ્ત્રી. પાર્વતીની એ નામની એક સહચરી.

૯. સ્ત્રી. ભાગીરથી નદી.

૧૦. સ્ત્રી. (પુરાણ) રાવણ અને કુંભકર્ણની માતા; સુમાલી રાજાની કન્યા અને વિશ્રવા ઋષિની સ્ત્રી; કેશી.

૧૧. સ્ત્રી. વનસ્પતિની એક જાત; જટામાંસી; ચોરપુષ્પી.

૧૨. સ્ત્રી. સુંદર વેણીવાળી સ્ત્રી.

૧૩. સ્ત્રી. (પુરાણ) સૂર્યવંશી સગર રાજાની બે સ્ત્રીઓ માંહેની એ નામની એક. શિબિ રાજાની કન્યા હોવાથી એને શૈબ્યા પણ કહેતા. એનું બીજું નામ ભાનુમતી હતું.

કેશિસૂદન જુઓ કેશિનિષૂદન.

કેશિહા જુઓ કેશિનિષૂદન.

કેશી ૧. [સં. કેશિન્] પું. અઠ્ઠાણું માંહેનો એ નામનો એક દેશ.

૨. પું. એ નામનો અસુર રાજા. તે ઉર્વશી અને ચિત્રલેખા અપ્સરાઓને લઈને નાસતો હતો ત્યારે પુરુરવા નામના રાજાએ તેને છોડાવી હતી.

૩. પું. એક યાદવનું નામ.

૪. પું. (પુરાણ) કંસ પક્ષનો એક રાક્ષસ. એ ઘોડાનું રૂપ ધારણ કરીને કૃષ્ણ અને બીજા ગોપ વૃંદાવનમાં રમતા હતા તેમને મારવાને ગયો અને કૃષ્ણને હાથે માર્યો ગયો.

૫. પું. ઘોડો.

૬. પું. (પુરાણ) પ્રજાપતિની દેવસેના અને દૈત્યસેના નામે કન્યાઓને હરણ કરીને નાશી

જનારો અસુર. તેમાંની દૈત્યસેના એને વશ થઈ, પરંતુ દેવસેના વશ ન થઈ અને રડવા લાગી. તે ઉપરથી ઇંદ્રે એનો પરાભવ કરીને દેવસેનાને છોડાવી.

૭. પું. પ્રાચીન કાળનો એ નામનો એક ગૃહપતિ.

૮. પું. (પુરાણ) વસુદેવને કૌશલ્યાથી થયેલ પુત્ર.

૯. પું. વિષ્ણુ.

૧૦. પું. સિંહ.

૧૧. પું. સૂર્ય.

૧૨. સ્ત્રી. કપાળ ઉપર આવેલી વાળની લટ.

૧૩. સ્ત્રી. કૌંચ; એક વેલ.

૧૪. સ્ત્રી. નાની પીલુડી.

૧૫. સ્ત્રી. ભૂતકેશ નામની ઔષધિ; અજલોમ વૃક્ષ; નીલી.

૧૬. સ્ત્રી. મોટા અને સુંદર વાળવાળી સ્ત્રી.

૧૭. વિ. કિરણવાળું; પ્રકાશમય.

૧૮. વિ. સુંદર વાળવાળું.

કેશીઅર [અં. કૅશીઅર] પું. રોકડ રકમની લેવડદેવડનું કામ કરનાર માણસ; શરાફ; પારેખ.

કેશીમર્દન જુઓ કેશિનિષૂદન.

કેશીય [સં.] વિ. વાળ જેવું; સૂક્ષ્મ; બારીક.

કેશીયઆકર્ષણ [સં.] ન. વાળ જેવી બારીક નળીમાં થતું લોહીનું ખેંચાણ.

કેશીયગતિ [સં.] સ્ત્રી. અભિસર્પણ; બારીક કાણાવાળી નળીમાં પ્રવાહી પદાર્થનું પોતાની સપાટીથી તેના અણુઓના આકર્ષણથી ઊંચે ચડવું તે.

કેશુ [સં. કિંશુક] ન. કેસૂડું.

રૂડા વન માંહે કેશુ તે ફૂલ્યાં. કાવ્યસંગ્રહ

કેશુર પું. કેસૂડો.

કેશે અ. (ગ્રામ્ય) ક્યાં; કહીં.

કેશોત્પાટન [સં.] ન. વાળ ખેંચી કાઢવા તે.

કેશ્ય ૧. [સં.] ન. કાળું અગર.

૨. ન. ભાંગરો.

૩. વિ. કેશને કાળા કરે કે વધારે એવું.

કેસ ૧. પું. આંખનો એક રોગ.

૨. પું. કલગી.

૩. [અં.] પું. કિસ્સો; દાખલો.

૪. [અં.] પું. દરદી.

કેસ બગડી-ખલાસ થઈ જવો = દરદીનું મરણ થવું.

૫. [અં.] પું. દવાખાનામાં રખાતો માંદગીનો દાખલો. તેમાં દરદીનું નામ, ઉમર, જાત, દરદ, ઉપચાર વગેરે હકીકત લખવામાં આવે છે.

૬. પું. નાટકમાં પહેરાતી વિદૂષકની ટોપી.

૭. [હિં.] પું. નાની વીંટી.

૮. પું. માઠો બનાવ.

૯. [સં. કેશ] પું. માથાના વાળ.

૧૦. [અં.] પું. મુકદ્દમો; કાયદા પ્રમાણે નિયમસર તપાસવાની બાબત.

કેસ ચલાવવો = કાયદેસર પગલાં લેવાં.

૧૧. [અં.] પું. સ્થિતિ.

૧૨. સ્ત્રી. કસ; અંગરખા, કાંચળી વગેરેના બંધની દોરી.

૧૩. સ્ત્રી. વિભક્તિ.

૧૪. ન. કેસૂડાં.

૧૫. [અં.] ન. ઘરૂં; ખાનું.

૧૬. ન. બીબાં રાખવાની ઘોડી.

૧૭. ન. બીબાં રાખવાનું ખાનાદાર ટેબલ.

કેસતો ન. ગૂમડું; ફોલ્લો.

કેસર ૧. પું. મહાભારતમાં જણાવેલ એક પ્રાચીન પર્વત.

૨. પું. શઠ; લુચ્ચો માણસ.

૩. સ્ત્રી. ઘોડાની એક જાત.

૪. સ્ત્રી. યાળ; સિંહની ડોક ઉપરના વાળ.

૫. સ્ત્રી. સૌરભ; સુગંધ.

૬. [સં.] સ્ત્રી. હિંગનું ઝાડ; હિંગુ વૃક્ષ.

૭. ન. એ નામનો એક છંદ.

૮. ન. એક પ્રકારનું ઝેર.

૯. ન. ઓજસ; તેજ.

૧૦. ન. કેસરના છોડનું ફૂલ. તે ફૂલમાં એક પાતળી ડાંડી હોય છે. ડાંડીમાં પાંચ પાંખડી હોય છે. પાંખડી આશરે એક ઇંચ લાંબી લંબગોળ હોય છે. ડાંડીનો રંગ રતાશ પડતો પીળો અને પાંખડીનો રંગ ધૂપેલિયો હોય છે. પાંખડીઓની વચ્ચે કેસરના તંતુઓ હોય છે. જુઓ કેશર.

૧૧. ન. નાગકેસર.

૧૨. ન. બકુલ; બોરસલી.

૧૩. ન. સંકોચ.

૧૪. ન. સૂર્ય.

૧૫. ન. સ્વર્ગ.

૧૬. ન. હરકોઈ ફૂલની અંદર થતો તંતુ.

કેસરકાવલેહ [સં.] પું. કેસરની બનાવટવાળું એક પ્રકારનું ચાટણ. તે વાતરોગ, શિરોરોગ અને સંધિરોગ ઉપર ફાયદો કરે છે.

કેસરઘાસ ન. એક જાતનું કેસર.

કેસરચંદન ન. કેસર સાથે મળેલું ચંદન.

કેસરછાંટણાં ન. બ. વ. કેસરના પાણીના છાંટા નાખવાની ક્રિયા. રાજપૂતોમાં લગ્ન વખતે આ વિધિ થાય છે.

કેસરપપ્પુ ૧. પું. મદ્રાસ તરફનો ભીખ માગતો બ્રાહ્મણ.

૨. પું. રિસાળ માણસ.

૩. વિ. અણગમતી વસ્તુ જોતાં બીઈને નાસી જાય એવું.

૪. વિ. ભટકતું; રખડુ.

૫. વિ. વેતા વગરનું; ગાંડિયું.

૬. વિ. સહેજમાં વચકાઈ જાય એવું.

કેસરપાટલા સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

કેસરપીળું વિ. કેસરથી પીળું કરેલું; કેસર જેવા પીળા રંગનું.

કેસરભીનું ૧. વિ. કેસરથી તરબોળ થયેલ; કેસરનો લેપ કરેલ.

૨. વિ. કેસરિયાં કરીને નીકળેલું.

મારા **કેસરભીના** કંથ હો
સીધાવો જી રણવાટ. સુવર્ણમાલા

કેસરમાલ ૧. સ્ત્રી. કેસરની માળા.

૨. સ્ત્રી. યાળ; કેશવાળી.

કેસરવર ૧. [સં.] પું. કુંકુમ; કંકુ.

૨. પું. કેસર.

કેસરવરણું [સં. કેસર + વર્ણ (રંગ)] વિ. કેસરિયું; કેસરના જેવા રંગવાળું.

કેસરવર્ણું જુઓ કેસરવરણું.

કેસરસિં પું. (કચ્છી) કેસરી સિંહ.

કેસરાકાર વિ. કેસરના તંતુ જેવા આકારનું.

કેસરાદિગુટિકા [સં.] સ્ત્રી. (વૈદક) રસકપૂર, સાકર, સુખડ, લવિંગ અને જાવંત્રી સરખે ભાગે લઈ બનાવેલી મગ જેવડી ગોળી. કેટલાંક દુષ્ટ વ્રણમાં આ ગોળી ૧થી ૪ માત્રામાં અપાય છે.

કેસરાદિરસ પું. (વૈદક) એ નામની કેસર જેમાં મુખ્ય હોય એવી દેશી દવા.

કેસરાદિવટી જુઓ કેસરાદિગુટિકા.

કેસરાવર્ત [સં.] ન. ફૂલનાં કેસર જ્યાંથી ફૂટે છે તે બિંદુ.

કેસરિણી ૧. [સં.] સ્ત્રી. ઘોડી.

૨. સ્ત્રી. સિંહણ.

કેસરિયા ૧. સ્ત્રી. (જૈન) જમીન કે હાથપગ સાફ કરવાને સંન્યાસીએ રાખવાનો લાકડીએ બાંધેલ રૂમાલ.

૨. સ્ત્રી. પાત્રાં પૂંજવાનું સાધન; પૂંજણી.

૩. વિ. કેસરી; કેસરના જેવા રંગનું.

કેસરિયાં ૧. સ્ત્રી. ઘોડીની એક જાત.

૨. ન. બ. વ. કેસરી રંગનાં લૂગડાં.

૩. ન. બ. વ. કેસરી રંગનાં લૂગડાં પહેરી છેલ્લું યુદ્ધ લડવા જવું તે; મરણિયાં થવું તે.

કેસરિયાં કરવાં = (૧) મરવાનો નિશ્ચય કરીને ઉત્સાહપૂર્વક રણે ચડવું; કેસરી વાઘા પહેરીને અથવા છેલ્લો કસુંબો પીને મરણિયા થઈ લડવા ઊતરી પડવું. (૨) શિર સાટે કાર્ય કરવાના નિશ્ચયે બહાર પડવું. અગાઉના વખતમાં મરવું કે મારવું એવા નિશ્ચયવાળા રજપૂતો રણે ચડતાં પોતાનો ઉત્સાહ બતાવવાને આનંદભેર કેસર છાંટેલ કપડાં પહેરીને મેદાને ઝંપલાવતા. આ ઉપરથી જ્યારે કોઈ પણ ભોગે અમુક નિશ્ચય પાર પાડવા માણસ તૈયાર થાય ત્યારે આ રૂઢિપ્રયોગ વપરાય છે.

૪. ન. બ. વ. લડાઈમાં મરવાની હોંશ.

૫. વિ. કેસર છાંટેલ.

કેસરિયું ૧. ન. સ્ત્રીઓને પહેરવાનું કેસરી રંગનું વસ્ત્ર.

૨. વિ. કેસરના રંગનું; કેસર ભેળવેલું; કેસરી.

કેસરિયા બાના = કેસરી કપડાં પહેરેલ માણસ.

૩. વિ. રંગીલું; આનંદી; ઉત્સાહથી ભરેલું.

કેસરિયો ૧. પું. એક જાતનો ઘોડો.

૨. પું. ગુચ્છો.

કેસરિવન ૧. [સં.] ન. કેસરી સિંહ રહેતા હોય એવું વન.

૨. ન. નાગકેસર બહુ ઊગતું હોય એવું વન.

કેસરિસુત [સં.] પું. કેસરીનો પુત્ર હનુમાન.

કેસરી ૧. સં. કેસરિન્] પું. એક જાતનો ઘોડો.

મુખ આગળ **કેસરી** સોળ જોડ્યા,
તાણે ત્રેલિયાં ત્રણસો ઘટ ઘોડા. પ્રેમાનંદ

૨. પું. એક પ્રકારનો બગલો.

૩. પું. ઓરિસ્સાનો એક પ્રાચીન રાજવંશ.

૪. પું. કેસરી રંગનું એક જાતનું કપડું.

૫. પું. ગરદન ઉપર ગુચ્છાદાર વાળવાળું એક જબરું હિંસક પ્રાણી; સિંહ.

કંઠીરવ હરિ **કેસરી** પુંડરીક હર્યક્ષ,
મૃગપતિ દ્વીપી વ્યાઘ્ર અને પંચાનન પલભક્ષ.
પિંગળલઘુકોષ

૬. પું. પુન્નાગ વૃક્ષ.

૭. પું. રાતું નાગકેસર.

૮. પું. લુપ્ત થયેલો કહેવાતો એક જાતનો હાથી. તે હાલના હાથી જેવડો જ હતો, પણ તેના દાંત વધારે લાંબા અને ઉપરથી વળેલા હતા. તેના આખા શરીર ઉપર લાંબા જાડા વાળનો થર પથરાયેલો હતો.

૯. પું. સરગવો.

૧૦. પું. સિંહ જેવો બળવાન ક્ષત્રિય.

૧૧. પું. (પુરાણ) હનુમાનનો બાપ; ગદ્ગદ વાનરનો પુત્ર; જાંબુવાનનો નાનો ભાઈ; અંજનાનો પતિ. એ ગોકર્ણ નામના પર્વત ઉપર રહેતો હતો. એક વખત એક શેવસાદન નામના બલાઢ્ય થઈ ગયેલા અસુરે કેટલાક ઋષિઓને બહુ ત્રાસ આપ્યો. ઋષિઓની આજ્ઞાથી કેસરીએ એ અસુર જોડે યુદ્ધ કરીને તેને મારી નાખ્યો. આનંદ પામેલા ઋષિઓએ એને આશીર્વાદ દીધો કે તારે એક સારા સ્વભાવનો ભગવદ્ભક્ત અને બહુ બળવાન પુત્ર થશે. પાછળથી તેને એવો જ પુત્ર મારુતિ કે હનુમાન થયો.

૧૨. સ્ત્રી. એ નામની એક વનસ્પતિ. આ ઝાડ દક્ષિણ અમેરિકામાં થાય છે. એનાં બિયાં ત્રિકોણાકાર અને બે બાજુએ ચપટાં પણ વચ્ચે ખાંચવાળાં હોય છે. તે મરડા અને ઝાડામાં વપરાય છે. બીજમાંથી લાલ રંગ નીકળે છે. બિયાંની આસપાસનો રંગ ઘેરો લાલ હોય છે.

૧૩. સ્ત્રી. કાઠિયાવાડી ઘોડીની એક સારી વખણાયેલી જાત.

૧૪. સ્ત્રી. લાંગ; વટાણા જેવું એક કઠોળ.

૧૫. વિ. કેસરના રંગથી રંગાયેલ; કેસરના રંગનું; કેસર ભેળવેલું.

કેસરી પાક = (૧) જેમાં કેસર નાખેલ હોય એવો એક સ્વાદિષ્ટ ખોરાક. (૨) ટાઢો માર મારવો તે; અધમૂઉં કરવું તે.

કેસરીચંપો પું. એક જાતનું ઝાડ; સુવર્ણચંપક. આ ઝાડ ઘણું મોટું થાય છે. એનાં ફૂલ દેખાવડાં અને પીળાં હોય છે. તેને રાયચંપો અથવા પીળો ચંપો પણ કહે છે. તે કડવો, તીખો, શીતલ, તૂરો, મધુર, વૃષ્ય, સુગંધી અને ભ્રમરનો નાશ કરનાર છે અને દાહ, પિત્ત, કફ, રક્તદોષ, મૂત્રકૃચ્છ્ર, વાત, કોઢ, વિષ, કૃમિ, કંડૂ અને વ્રણને મટાડતો હોય એમ મનાય છે.

કેસરીચાલ પું. એ નામનો એક પર્વત. ગંગા નદીનો સીતા નામનો ફાંટો આ પર્વત ઉપર થઈને વહે છે.

કેસરીજીવન ન. (વૈદ્યક) દવામાં વપરાતું એક ચાટણ. આ જીવન અભ્રકભસ્મ, બંગભસ્મ, રસસિંદૂર અને કેસર નાખીને બનાવાય છે. તે પૌષ્ટિક, વીર્યવર્ધક અને બળદાયક છે.

કેસરીપ્રાસાદ પું. એક જાતનું દેવમંદિર.

કેસરીયાળ પું. કેસરી યાળવાળો સિંહ.

કેસરીલંકી [સં.] વિ. સ્ત્રી. સિંહના જેવી પાતળી કેડવાળી.

કેસરીહાથી પું. લુપ્ત થયેલો કહેવાતો એક જાતનો હાથી. જુઓ કેસરી ૮.

કેસા [ફા.] પું. થેલી.

કેસિયા ન. એક જાતનું ઝાડ. સુંદર જથ્થાદાર ફૂલો માટે તે પ્રખ્યાત છે. મે માસમાં તેમાં ફૂલ આવે છે. કોઈ જાતને માર્ચમાં તો કોઈ જાતને સેપ્ટેમ્બરમાં પણ ફૂલ આવે છે. બરમા તથા દક્ષિણ હિંદમાં આ ઝાડ ખૂબ થાય છે. તે ઘણી ઝડપથી વધે છે અને ઘટાદાર બને છે. ઝાડને ફૂલ આવે છે ત્યારે ઘણું જ રમણીય લાગે છે. કોઈને પીળાં, કોઈને ગુલાબી, સફેદ, એમ જુદા જુદા રંગનાં ફૂલ આવે છે.

કેસિંગા ન. લાકડાનું ઢાંકણ.

કેસી ૧. પું. એ નામનો દાનવ.

૨. [સં. કીદશી] વિ. સ્ત્રી. (પ્રાકૃત) કેવી; કેવા પ્રકારની.

કે. સી. આઈ. ઈ. [અં.] પું. એક ઇલકાબ; 'નાઇટ કમાન્ડર ઑવ ઇંડિઅન એમ્પાયર.'

કે. સી. એસ. આઈ. [અં.] પું. એક જાતનો ખિતાબ; 'નાઇટ કમાન્ડર સ્ટાર ઑવ ઇંડિઅ.'

કેસીડ ન. એક જાતનું કાપડ.

કેસીન [અં.] ન. દૂધમાં રહેતો એક પદાર્થ; પનીરમાં રહેલું ખાસ તત્ત્વ. તેમાંથી સફેદ સ્વાદ વગરનો બારીક લીંબુનો ક્ષાર મળે છે.

કેસુર ૧. સ્ત્રી. રાવળની એ નામની અટક.

૨. ન. એ અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કેસુરિયાં ન. એક જાતનું ઝાડ.

કેસુરી સ્ત્રી. કેસૂડાં.

કેસુવાઈ [સં. કિંશુક; પ્રા. કિંસઅ, કેસુઅ] ન. બ. વ. કેસૂડાં.

કેસૂ ૧. [સં. કિંશુક; પ્રા. કિંસઅ, કેસુઅ] ન. ખાખરાનું ઝાડ.

૨. ન. બ. વ. કેસૂડાં; ખાખરાનાં ફૂલ.

કેસૂડાં (કેસૂડ઼ાં) [સં. કિંશુક] ન. બ. વ. કિંશુકનાં ફૂલ; ખાખરાના ઝાડનાં કેસરી રંગનાં ફૂલ. તેને પાણીમાં ઉકાળતાં પાણી લાલ કેસરી રંગનું થાય છે.

કેસૂડી (કેસૂડ઼ી) ૧. સ્ત્રી. કેસૂડાં ઉકાળીને બનાવેલું પાણી.

૨. સ્ત્રી. કેસૂડાંનું ઝાડ; ખાખરો.

કેસૂડો (કેસૂડ઼ો) પું. કેસૂડાંનું ઝાડ; ખાખરો. એમાં ત્રણ ત્રણ પાનનાં મોટાં ત્રેખડાં આવે છે. ફૂલની કળી સૂડાની ચાંચ જેવી વાંકી હોય છે, અને ઊઘડે ત્યારે સુંદર કેસરી રંગનું ફૂલ થાય છે. તેમાં ભૂરા રંગની ફાફડા જેવી લાંબી શીંગો થાય છે. ફૂલ તથા મૂળ દવાના કામમાં વપરાય છે.

કેસૂથા સ્ત્રી. યહૂદીઓમાં લગ્ન પ્રસંગે વરને બોલવાની એક પ્રતિજ્ઞા. યહૂદી લોકોમાં લગ્ન પ્રસંગે હવા નામની એક ક્રિયા કરવામાં આવે છે. તેમાં કન્યાને વરે વીંટી અથવા સોનાનો ટુકડો આપ્યા બાદ ધર્મગુરુ વરને ધીરા, કેસૂથા અને ઓનાથા એ ત્રણ હીબ્રૂ શબ્દમાં સમાયેલી ત્રણ આવશ્યક શરતો તે કબૂલ રાખે છે કે કેમ તે વિષે પૂછે છે. તેનો અર્થ એ થાય છે કે તેણીનાં ખોરાક, કપડાં અને લગ્નની ફરજમાં તે પછાત પડશે નહિ કે?

કેસૂર પું. તળાવને કાંઠે ઊગતો એક જાતનો સુંદર પાનવાળો સુશોભિત છોડ. તે ત્રણ ફૂટ ઊંચો વધે છે અને તેમાં ખાવા લાયક ફળ આવે છે. હિંદ અને લંકાના ભેજવાળા ભાગમાં તે ઊગે છે.

કેસૂરી જુઓ કેસૂર.

કેસોઊરૂ પું. ફળ તરીકે ખવાતું એક જાતનું કંદ.

કેસોક [અં. કૅસોક] પું. ખ્રિસ્તી પાદરીઓને પહેરવાનો એક જાતનો ઝભ્ભો. સામાન્ય રીતે તે કાળો હોય છે. માત્ર પોપને જ સફેદ ઝભ્ભો પહેરવાનો અધિકાર છે.

કેસૌરી [અં. કૅસોવરી] ન. ઓસ્ટ્રેલિઅ અને બોર્નિયો ટાપુઓમાં વસતું એક દોડનારૂં પક્ષી. તેના માથા ઉપર અસ્થિમય કલગી હોય છે. કદમાં તે શાહમૃગથી નાનું હોય છે. ઉમરે પહોંચેલા નરની ઊંચાઈ પાંચ ફૂટ જેટલી હોય છે. તેના શરીર ઉપર વાળના જેવું આચ્છાદન હોય છે. માથા ઉપર અસ્થિમય ટોપી જેવું હોય છે. આ પક્ષી ક્રોધી સ્વભાવનું છે. તેનો ખોરાક કુમળા છોડ અને ફળફળાદિ છે.

કેસ્ટર ઓઈલ [અં. કૅસ્ટર ઑઇલ] ન. એરંડિયું; દિવેલ.

કેસ્ટ્રૂલ [અં. કૅસ્ટ્રલ] ન. શકરાની જાતનું એક ખૂબસૂરત પક્ષી. એ એટલી સહેલાઈથી ઊડે છે કે જાણે હવામાં આરામ લેતું હોય એવું જણાય છે.

કેસ્ટ્રિલ [અં. કૅસ્ટ્રિલ] ન. એક જાતનું પક્ષી. સ્પેનમાં તેનાં ટોળેટોળાં વસે છે. નર પક્ષી તેર ઇંચ મોટું થાય છે. તેનાં પીંછાંનો રંગ ભૂરો, કાળો અને કાબરચીતરો હોય છે. માથું સપાટ અને ચાંચ આસમાની રંગની હોય છે.

કેસ્લો ૧. પું. ખેસ.

૨. પું. નકશીવાળું લૂગડું.

કેહ સ. કોણ.

કેહણી સ્ત્રી. કહેવાની ઢબ.

કેહર (કેહ઼ર) ૧. પું. કેસરી સિંહ.

૨. પું. ઘોડો.

૩. પું. હાથી.

કેહરી (કેહ઼રી) ૧. પું. એ નામનો એક વાનર.

૨. પું. કેસરી સિંહ.

૩. પું. ઘોડો.

૪. પું. હાથી.

૫. સ્ત્રી. ઓજારની નાની કોથળી.

કેહવું જુઓ કહેવું.

કેહા ૧. પું. નાનું જંગલી પક્ષી.

૨. [સં. કેકા] પું. મોર; મયૂર.

કેહિક સ. કોણ.

કેહી વિ. સ્ત્રી. કઈ; કઈ જાતની.

કેહુક પું. મોરના બોલવાનો અવાજ; ટહુકાર.

કેહુના સ્ત્રી. કોણી; હાથનો એક ભાગ.

કેહૂ વિ. અમુક એક; હરકોઈ.

કેહેકાણ સ્ત્રી. ઘોંઘાટ; બૂમરાટ.

કેહેણ ન. તેડું; સંદેશો; કહેણ.

કેહેણી ૧. સ્ત્રી. કહેવત; કથન; ઉક્તિ.

૨. સ્ત્રી. બદનામી; કલંક.

કેહેતી જુઓ કેહેણી.

કેહેર ૧. પું. ક્રોધ; ગુસ્સો.

૨. પું. ખૂબ સખ્તાઈ; જબરાઈ; જુલમ.

૩. પું. ગજબ; મોટો નાશ; કેર.

કેહેરલ ન. સીસાની મદદથી સોનું અને રૂપું શુદ્ધ કરવાની ક્રિયા.

કેહેલિયો પું. ઊંટ; સાંઢિયો.

કેહેવાણ ન. વાત; કથની.

કેહેવાળ પું. (શિલ્પ) ફડેતાળ જડતાં, માંડવીમાં પાટડી ઉપર જે બીજી બે ચિતરેલી પાટલી મૂકવામાં આવે છે તેમાંની છેલ્લી પાટલી.

કેહેં અ. કેવી રીતે.

કેળ ૧. [સં. કદલી] સ્ત્રી. જેને કેળાં બેસે તે મોટાં લીલાં પાંદડાંવાળું ઝાડ; રંભા; કદલી; વારણ; અંશુમત્ફલા. કેળનું થડ પાણી ભરેલાં ધોળાં અને લીસાં પડોનું બનેલું હોવાથી સુંદર દેખાય છે. કેળ વર્ષાયુ વનસ્પતિ છે, અને તે એક જ વાર ફળે છે. તેનાં ફૂલને ડોડો કહે છે. તેની દાંડી ઉપર જે ફળ થાય છે તેને કેળાં કહે છે. સખ્ત જમીનમાં તે થતી નથી. તેને વારંવાર પાણી પાવું પડે છે. તેને દિવેલીનો ખોળ, વિષ્ટાનું અને દરિયાઈ માછલાંનું ખાતર માફક આવે છે. કેળ વાવવાની જમીન કોદાળીથી ફૂટ ઊંડી ખોદી તેમાં ઉપર બતાવ્યું ખાતર નાખી જમીન સમાન કરી જવી. પછી ક્યારા બાંધવા અને તેમાં એક બીજાથી આઠ આઠ ફૂટને અંતરે કેળ રોપવી. જેઠ મહિનામાં અથવા શિયાળામાં તેનું વાવેતર કરવું. શિયાળામાં આઠ અને ઉનાળામાં પાંચ દિવસે પાણી પાવું. કેળ વાવ્યા પછી ચૌદ મહિને ફૂટી તેમાં કેળાં આવે છે. કેળના પ્રકાર: (૧) કાળી કેળ: તે સાધારણ કદની, પાતરાંમાં સૂકી અને લાલ થાય છે. (૨) ગૂસાળી કેળ: તે કદમાં સાધારણ હોય છે અને તેમાં કેળાં પણ સાધારણ થાય છે. (૩) ગુળી કેળ: તેનો થાંભલો ૧૭ ફૂટ ઊંચો, થડ જાડું અને કેળાં ભૂંગળાં જેવાં ગોળ પીળાં પણ સ્વાદે હલકાં થાય છે. (૪) ચંપા કેળ: તેમાં પીળા રંગનાં પાતળી છાલનાં નાનાં કેળાં થાય છે. (૫) ટાપરા ખાસડિયા કેળ: આ કેળમાં સો સુધી કેળાં આવે છે. તે ખાવામાં અને શાકમાં ઉત્તમ છે. (૬) બટાટી કેળ: તેનું થડ બહુ ઊંચું અને મજબૂત થાય છે. કેળાં ત્રણ ખૂણાવાળાં, છાલ પીળી અને જાડી અને ફળ મીઠાં થાય છે. (૭) બસરાઈ કેળ: આ કેળમાં લીલી છાલનાં દોઢસોથી બસો સુધી કેળાં આવે છે. (૮) મસ કેળ અગર લોખંડીબંદ કેળ: આ કેળમાં લીલી છાલનાં અને લાંબાં બસોથી અઢીસો સુધી કેળાં આવે છે. (૯) મુઠેરી કેળ: તે બંગાળામાં વવાય છે. તેનાં ફળ મૂઠી જેવા આકારનાં, પીળી છાલનાં અને સ્વાદમાં ઘણાં ઉત્તમ છે. (૧૦) રાજવી કેળ: તે ઊંચી થાય છે અને કેળાં પીળાં અને પાતળાં આવે છે. (૧૧) રાજાપુરી કેળ: તે મલબાર કાંઠા તરફ વવાય છે. તેનાં પાતરાં વચ્ચેની નસ રાતી હોય છે. કેળાં બહુ મોટાં અને ભૂંગળાં જેવાં ગોળ હોય છે. (૧૨) લાલ કેળ: આ કેળ વસઈ, પાલઘર, થાણા અને પૂના તરફ વવાય છે. કેળાં લાલ છાલનાં, બહુ મીઠાં અને મોટાં થાય છે. અમુક જાતનો ખાર જે જમીનમાં હોય તે જમીનમાં લાલ કેળ થાય છે. પીળા રંગની જમીનમાં તે સારી રીતે ઊગે છે. (૧૩) લૂંકડી કેળ: તે લાલ રંગની દશ ફૂટ ઊંચી થાય છે. તેનાં પાતરાં તથા કેળાં લંબગોળ થાય છે. તેનો રંગ પીળો, છાલ જાડી અને ખાવામાં બહુ જ મીઠાં થાય છે. (૧૪) લોટણ–ચાઈના કેળ: કોંકણ તરફ શિયાળામાં તે વવાય છે. પોચી જમીનમાં તે બહુ સારી થાય છે. કેળાં લાલ રંગનાં થાય છે. (૧૫) વેલચી–એલચી કેળ: આ કેળ ઊંચી થાય છે. તેમાં પીળાં અને નાનાં ચારસો સુધી કેળાં આવે છે. (૧૬) સોનેરી કેળ: આ જાતની કેળ ઘણી ઊંચી થાય છે. તેનાં ફળ સોનેરી રંગનાં, પાતળી છાલનાં અને સ્વાદમાં ઉત્તમ છે. બહુ ઊંચી થવાથી તે ભાંગી જાય છે, માટે લોકો તેને વાવતા નથી.

કાચાં કેળાં અને કેળના ડોડાનું શાક થાય છે. છાલની રાખનો સૂતર રંગનાર રંગરેજ અને ખતરી લોકો રંગકામમાં ઉપયોગ કરે છે. કેળનાં પાંદડાંના દાંડાને સૂકવી બાળવાથી

તેમાંથી ક્ષાર ઉત્પન્ન કરી શકાય છે. ધોબી લોકો તેનો સાબુને બદલે ઉપયોગ કરે છે. ગામડાંના ગરીબ લોકો કેળની અંદરના રસની મલમની પેઠે જખમ ઉપર પટ્ટી મારે છે ને જખમ મટી જાય છે. વગડાઉ કેળાં કોઈ ખાતું નથી. પાકેલાં કેળાં માંસ, કાંતિ અને રુચિ વધારનાર છે. કેળનો ડોડો અગ્નિદીપક, વાતનાશક અને થોડો ઉષ્ણુવીર્ય છે. કેળમાંનો ગાભો રકતપિત્ત અને વિસ્ફોટકનો નાશ કરે છે. કદલીકંદ રજોદોષ, કૃમિ અને કોઢનો નાશ કરે છે. કેળનું પાણી દાહનો નાશ કરે છે. હડકાયા કૂતરાના વિષ ઉપર પાકેલાં વગડાઉ કેળાંનાં બી ખાવા આપવાથી અને દંશ ઉપર તે ચોપડવાથી ફાયદો થાય છે. કેળનાં પાંદડાનો પતરાવળાં તરીકે ઉપયોગ થાય છે. પાકાં કેળાં ખવાય છે તથા તેનું રાયતું થાય છે.

કેળના ગર્ભનું શાક બનાવવાની રીત: કેળની અંદરનો ગાભો પંચોતેર રૂપિયાભાર લઈ, ઝીણો સમારી રેસા વગેરે કાઢી નાખી, પંચોતેર રૂપિયાભાર પાણીમાં નાખી ચૂલા ઉપર ચડવા મૂકવું. પછી તેમાં ચાર માસા સૂકાં મરચાં, ચાર માસા મરી, ચાર માસા ધાણા અને બે માસા હળદર એટલી જણસો ઘીમાં સાંતળી બારીક વાટી તેનો ગોળો કરી તે તથા દોઢ રૂપિયાભાર મીઠું નાખી કડછીથી હલાવવું. શાક ચડે એટલે તેને નીચે ઉતારી લઈ ચૂલા ઉપર બીજું વાસણ મૂકવું. તેમાં દોઢ રૂપિયાભાર ઘી નાખી તે કકડે એટલે તેમાં આઠ રૂપિયાભાર લીલા મગની દાળ નાખી કડછીથી હલાવ હલાવ કરી લાલ થાય ત્યાંસુધી શેકવી. પછી તેમાં પચીશ રૂપિયાભાર પાણી રેડી દાળ બરાબર ચડે એટલે વાસણ નીચે ઉતારી લેવું. આવી રીતે ચડેલી દાળ અને એક પાણીચા નાળિયેરનું કોપરું છીણી શાકમાં નાખવું. પછી ચૂલા ઉપર એક ત્રીજું વાસણ મૂકી તેમાં સવા છ રૂપિયાભાર ઘી નાખી તે કકડે એટલે તેમાં ચાર માસા અડદની દાળ, ચાર માસા રાઈ અને મીઠા લીંબડાની ડાંખળી નાખી વઘાર ખરો થાય એટલે તેમાં ઉપર મુજબ તૈયાર કરેલું શાક વઘારી દેવું. પછી તેમાં આઠ માસા કોથમીર અને દોઢ રૂપિયા અને બે માસાભાર ભાજણીનો લોટ નાખી કડછીથી હલાવી ખદખદવા માંડે એટલે નીચે ઉતારી લેવું.

કેળના ફૂલનું શાક બનાવવાની રીત: કેળનાં ફૂલ ઉપરથી લાલ છાલ કાઢી નાખી અંદરના ફૂલમાંથી દાંડો તથા સફેદ પાંખડી કાઢી નાખી બાકીનો કુમળો ભાગ પંચોતેર રૂપિયાભાર લઈ તેને બારીક સમારી અઢીશેર પાણીમાં નાખવો. પછી ચાર માસા સૂકાં મરચાં, બે માસા મરી, ચાર માસા ધાણા તથા બે માસા હળદર એ જણસો ઘીમાં સાંતળી બારીક વાટી, તેનો ગોળો કરીને ઉપરના શાકમાં નાખવો. તેમાં સોળ માસા મીઠું નાખી તેને બરાબર ચડવા દઈ તેમાંથી પાણી નિતારી કાઢવું. પછી બીજું વાસણ ચૂલા ઉપર મૂકી તેમાં ત્રણ રૂપિયાભાર ઘી નાખી, તે તપે એટલે તેમાં આઠ રૂપિયાભાર મગની દાળ નાખી કડછીથી હલાવ હલાવ કરવી. તે લાલ થાય એટલે તેમાં સવાશેર પાણી નાખી, દાળ બરાબર ચડવા દઈ વાસણ નીચે ઉતારી, તેમાંથી દાળ કાઢી લઈ શાકમાં નાખવી. પછી એક લીલા નાળિયેરનું ખમણ કરી તે શાકમાં નાખવું. પછી ત્રીજું વાસણ ચૂલા ઉપર મૂકી તેમાં સવા છ રૂપિયાભાર ઘી નાખી તે કકડે એટલે તેમાં ચાર માસા અડદની દાળ, ચાર માસા રાઈ અને મીઠા લીંબડાની એક ડાંખળી, એટલી જણસો નાખી વઘાર થાય એટલે તેમાં ઉપરનું શાક વઘારી દઈ આઠ માસા કોથમીર અને વીસ માસા ભાજણીનો લોટ નાખી કડછીથી હલાવી શાક નીચે ઉતારવું.

કેળ શીતળ, ગ્રાહી, કફઘ્ન, પિત્તહર, વાતહર, વૃષ્ય, સ્નિગ્ધ તથા મધુર છે. રક્તવિકાર, યોનિદોષ તથા રક્તપિત્તનો તે નાશ કરે છે.

૧. કેળે કેળાં ને કૌવચે કૌવચાં = બાપ તેવા બેટા.

૨. કેળ ને ખરસાણી તે એક સરખાં હોય? = મોટા માણસ ને નાના સાથે સરખાવી ન શકાય.

૨. વિ. નાજુક; સુકોમળ.

કેળના ગર્ભ જેવું = સુકોમળ.

૩. વિ. નિરુપદ્રવી; નિર્દોષ; ઈજા કરે નહિ એવું.

કેળકંદ વિ. બહુ નાજુક; સુકુમાર.

કેળડોડો પું. કેળનાં ફૂલનો ગુચ્છો. તે સ્નિગ્ધ, મધુર, તૂરો, ગ્રાહક અને કડવો તથા રક્તપિત્ત, ક્ષય, કૃમિ, પિત્ત અને કફનો નાશ કરે છે.

કેળદોડો જુઓ કેળડોડો.

કેળફૂલ ન. કદલીપુષ્પ; કેળનાં ફૂલનો દોડો.

કેળભાગડ (કેળભાગડ઼) પું. કેળનો આજુબાજુનો પીલો રાખી મૂળ કેળ કાઢી નાખેલી હોય એવું કેળનું ખેતર.

કેળવણી ૧. સ્ત્રી. કેળવવું તે; શિક્ષણ; તાલીમ. વાચન, લેખન અને સાદું ગણિત એ કેળવણીના વિષયો ઉપરાંત અગાઉ લશ્કરી કૌશલ્યને મૂળભૂત અંગ તરીકે ગણવામાં આવતું. કેટલાક ગાયનવાદનને પણ કેળવણીનું મુખ્ય અંગ માનતા. શારીરિક, બૌદ્ધિક, નૈતિક અને ધાર્મિક એમ કેળવણી ચાર પ્રકારની છે.

૨. સ્ત્રી. ખિલવણી.

૩. સ્ત્રી. ચામડું નરમ અને સફાઈદાર બનાવવાપણું.

૪. સ્ત્રી. ભણતર; વિદ્યા.

કેળવણીકાર ૧. પું. કેળવણીના સિદ્ધાંતોનો જાણકાર અથવા તેનો અમલ કરનાર પુરુષ.

૨. વિ. કેળવનાર; વિકસાવનાર; શિક્ષણનું કામ કરનાર.

કેળવણીખાતું ન. જાહેર શિક્ષણ ચલાવનારી સંસ્થા.

કેળવણીમંડળ ન. કેળવણીના વિષયોની ચર્ચા કરનારી મંડળી.

કેળવણીશાસ્ત્ર ન. તન અને મનને કેળવવાનું એક શાસ્ત્ર.

કેળવણીશાસ્ત્રી પું. કેળવણી શાસ્ત્ર જાણનાર પુરુષ.

કેળવવું ૧. સ. ક્રિ. ઉછેરવું.

૨. સ. ક્રિ. કસવું.

૩. સ. ક્રિ. ખીલવવું.

૪. સ. ક્રિ. ચામડાને પકવી નરમ અને સફાઈદાર બનાવવું.

૫. સ. ક્રિ. પલોટવું.

૬. સ. ક્રિ. પાણી નાખીને ગૂંદીને તૈયાર કરવું.

૭. સ. ક્રિ. પાળવું.

૮. સ. ક્રિ. શિક્ષણ આપવું; જ્ઞાન દેવું.

કેળવાવું ૧. અ. ક્રિ. ઊછરવું; કેળવવુંનું કર્મણિ રૂપ.

૨. અ. ક્રિ. ચામડું કમાવું.

૩. અ. ક્રિ. ટેવાવું: પલોટાવું.

૪. અ. ક્રિ. પાવરધા થવું.

૫. અ. ક્રિ. શિક્ષણ પામવું.

૬. અ. ક્રિ. સુધરાવું.

કેળસોપારી સ્ત્રી.; ન. ઊંચી જાતની એક સોપારી.

કેળાસી સ્ત્રી. કેનેરા તરફ વસતી લોકોની એક જાત. તે હજામનો ધંધો કરે છે.

કેળાંપીઠ ૧. સ્ત્રી. કેળાંની બજાર.

૨. સ્ત્રી. સુરતની એક બજારનું નામ.

કેળાંભાત પું. ખાવાની એક વાની. તે બનાવવા ચોખા શેર ૦।, કેળાં નંગ ૫, એલચી તોલો ૦॥, ખાંડ શેર ૧, ઘી શેર ૦। અને બરાસ વાલ ૦। લેવાં. ચોખા ગળી જાય તેવા પકવવા. પછી કેળાંની છાલ ઉતારી પતીકાં કરી તેમાં નાખવાં. તેમાં ખાંડ ઉમેરી ખદખદે ત્યારે તેમાં એલચી ઘી વગેરે નાખવાં. સીઝયા પછી ખાવાના ઉપયોગમાં લેવાય છે.

કેળિયું ૧. ન. કાનનું એક જાતનું ઘરેણું.

૨. ન. કેળવેલો ચૂનો ભરવાનું કે ઊંચકી જવાનું લોઢાનું વાસણ; તગારું.

૩. ન. ત્રાજવાનું લૂગડાનું કે શણનું પલ્લું.

કેળી [સં. કેલિ] સ્ત્રી. જળક્રીડા; રમત.

કેળું ૧. ન. કંઈ નહિ એવા અર્થમાં તુચ્છકાર બતાવતો શબ્દ.

૨. [સં. કદલીફલ] ન. કેળનું ફળ; રંભાફળ. એમ કહેવાય છે કે અગાઉ કેળામાં મોટાં બી હતાં. મધ્યકાલમાં હજી આપણને કેળામાં નાનાં બી હોવાના દાખલા સાંપડે છે. કેટલીક ઊંચી જાતનાં કેળાંમાં બી એટલાં નાનાં થઈ ગયાં છે કે તે નરી આંખે દેખાતાં પણ નથી. કેળાંની ઘણી ખરી જાતમાં બી હોતાં નથી.

કેળાંની ઘણી જાતો થાય છે: (૧) લાલ કેળાં: આ જાતને રાયકેળાં, રાજકેળાં, રામકેળાં, ચંદ્રબાલે એ નામથી પણ ઓળખવામાં આવે છે. (૨) સોનેરી કેળાં: તેને ચંપા અથવા રાજરસબાલે કહે છે. તે રંગે પીળાં હોય છે. આ ફળ નાનાં, પાતળી છાલવાળાં અને સ્વાદિષ્ટ હોય છે. એક લૂમનુ વજન ૬૦ શેર થાય છે. (૩) તામડી અથવા કાલી કેળાં: આ ફળની છાલ જાડી હોય છે. દરેક કેળાનું વજન આશરે ૫½ ઔંસ થાય છે. (૪) રાજલી કેળાં: આ જાતનું ફળ સૂકું ત્રિકોણિયું હોય છે. પાકે ત્યારે સ્વાદિષ્ટ લાગે છે. (૫) ગૂસાવી કેળાં: તેનું ફળ પીળું અને પાતળી છાલનું હોય છે. સોનેરી કરતાં તેનું થડ નાનું હોય છે. (૬) બોટાટી કેળાં: જાડી છાલનું ત્રિકોણિયું ફળ થાય છે. તે બહુ સ્વાદિષ્ટ હોતું નથી. (૭) ચીનાઈ કેળાં: તે ઊતરતી જાતનું છે. આ જાતને ગુગી, બસરી અથવા બંગાળી પણ કહે છે. (૮) મોંથન કેળાં: આ જાત મદ્રાસ તરફ ઊગે છે. ફળ ખૂણાવાળું લાંસું અને રંગે પીળું થાય છે. તેની છાલ જાડી અને માવો ધોળો હોય છે. (૯) માહિષી કેળાં: તેનો માવો સફેદ અને મીઠો હોય છે. (૧૦) એલચી કેળાં: આ ફળ માણસની આંગળીના કદનું હોય છે. તેમાં એલચીની સુવાસ આવે છે. (૧૧) લોખંડી કેળાં: આ ફળ એકથી પાંચ શેર સુધીનું હોય છે. (૧૨) કુનેરપટ કેળાં: આ જાત જૂનીર તરફ થાય છે. (૧૩) બંકેલી કેળાં: આ જાતને કુલ્બની પણ કહે છે. આ ઉપરાંત (૧૪) દરંજલી, (૧૫) નર્ધીંગી, (૧૬) સુથેલી, (૧૭) હજારી અને (૧૮) ખાસડિયાં આ જાત પણ જાણીતી છે.

કાચાં કેળાં શાકના અને પાકાં ખાવાના કામમાં આવે છે. એની અંદરનો માવો મીઠો અને પૌષ્ટિક હોય છે. છાલ ઉખેડી લઈ તેની સુકવણીનો લોટ પણ કરવામાં આવે છે. પાકેલાં કેળાં બળવર્ધક, મધૂરાં, શીત, વૃષ્ય, શુક્રવર્ધક તથા સંતર્પણ છે. તે તૃષા, ગ્લાનિ, પિત્ત, રક્તવિકાર, ક્ષુધા તથા નેત્રરોગ મટાડે છે.

૧. ઘી કેળાં = (૧) ગદબદિયાં. (૨) સારો લાભ.

૨. રાતી છાલનું કેળું = પુરુષની ગુહ્યેંદ્રિય; શિશ્ન.

૩. ન. પુરુષની ગુહ્યેંદ્રિય; શિશ્ન.

કેંકડા (કેંકડ઼ા) પું. કાચબો.

કેં કેં ૧. સ્ત્રી. કજિયામાં અસંતોષ બતાવતો શબ્દ.

૨. સ્ત્રી. ચીડિયા પક્ષીનો દુઃખદાયક શબ્દ.

કેંગ ન. ચીનમાં ગુનેગારોને સજા કરવાનું એક જાતનું લાકડાનું હથિયાર. તે ગુનેગારના ગળાની આસપાસ ચીપટાવી બેસાડવામાં આવે છે.

કેંગરવું અ. ક્રિ. ટહુકા કરવા. મોર જે ટહુકા કરીને બોલે છે તેને કેંગરવું કહે છે.

કેંગ્યુ જુઓ કેંગ.

કેંચલ સ્ત્રી. સર્પની કાંચળી.

કેંચલી સ્ત્રી. સર્પની કાંચળી.

૧. કેંચલી છોડવી = જૂની ચામડી નાખી દેવી.

૨. કેંચલી બદલવી = (૧) નવાં કપડાં પહેરવાં. (૨) નવી કાંચળી પહેરવી.

કેંચવા ૧. [સં. કિંચુલક] પું. જમીનનો કીડો.

૨. પું. પેટનો જીવડો; કૃમિ.

કેંચી ૧. સ્ત્રી. અરજી વગેરેના કાગળ ઉપર ચોડેલ સ્ટાંપ રદ કરવાનું સાધન.

૨ સ્ત્રી. કાતર.

૩. સ્ત્રી. છાપરાંને ટેકાવી રાખવા માટેનું લાકડાનું ત્રિકોણ ચોકઠું.

કેંચુલ [હિં.] સ્ત્રી. સર્પની કાંચળી.

કેંચુલી જુઓ કેંચુલ.

કેંજો સ. (કચ્છી) કેનો; કોનો.

કેંજયો સ. કોનું.

કેંટોન્મેંટ [અં.] ન. છાવણી.

કેંડલપાવર [અં. કેંડલ પાવઅર] સ્ત્રી. પ્રકાશના ઉજાસનું માપ.

કેંડા ૧. અ. કે.

૨. અ. કેટલું.

૩. અ. જોકે.

૪. અ. નહિ.

૫. અ. શું.

કેંતુઆ [હિં.] વિ. દુકાળથી પીડાતું.

કેંદકણિકા સ્ત્રી. કંદિકા.

કેંદરૂ પું. ગુંદરની એક જાત; શેષગુંદર.

કેંદુલિ ન. બંગાળમાં અજ્યા નદીને કાંઠે આવેલ એ નામનું એક ગામ. તેમાં જયદેવ કવિનો જન્મ થયો હતો.

કેંદરૂં ન. શેષગુંદર; ધસસ.

કેંદ્ર ૧. પું. (જ્યોતિષ) એક યોગ. તે પ્રયાણમાં શુભ મનાય છે.

૨. [સં. કિણ્ (ચિહ્ન કરવું)] ન. એક જાતનું કોતરકામ.

૩. ન. કંદ.

૪. ન. (જ્યોતિષ) કુંડલી માંહેનું ૧લું, ૪થું, ૭મું ને ૧૦મું ભુવન.

૫. ન. કોઈ નિશ્ચિત અંશથી ૯૦, ૧૮૦, ૨૭૦, અને ૩૬૦ અંશને અંતરે આવેલું સ્થાન.

૬. [સં.] ન. (જ્યોતિષ) ગ્રહોનું ઉચ્ચ સ્થાનાંતર; ગ્રહ પોતાના ઉચ્ચ સ્થાનેથી જેટલા અંશ આગળ ચાલ્યો હોય તે બાદ કરતાં તે ગ્રહની કક્ષાનો બાકી રહેલો ભાગ.

૭. ન. ગ્રંથિ; ગાંઠ.

૮. ન. જીવ.

૯. ન. પ્રધાન સ્થાન; મુખ્ય સ્થાન.

૧૦. ન. મુખ્ય સુખસાધન.

૧૧. ન. (ગણિત) લંબગોળના મોટા વ્યાસ ઉપરનાં બે વિશિષ્ટ બિંદુ માંહેનું દરેક.

૧૨. ન. વર્તુલનું મધ્યબિંદુ; વર્તુલમાં આવેલ એક એવું બિંદુ કે જ્યાંથી પરિધ સુધી દોરેલી બધી સીધી લીટીઓ સરખી થાય; ધ્રુવ; 'સેન્ટર'. કેંદ્ર ઘણી જાતનાં હોય છે. જેવાં કે, પરિકેંદ્ર, બહિઃકેંદ્ર, અંતઃકેંદ્ર, પ્રકાશકેંદ્ર, સમસ્પર્શકેંદ્ર, ઉત્પ્લાવનકેંદ્ર, લંબકેંદ્ર, અનુવૃત્ત કે વક્રતાકેંદ્ર, ભારકેંદ્ર કે ગુરુત્વકેંદ્ર કે ગુરુત્વાકર્ષણકેંદ્ર, આવર્ત્તનકેંદ્ર, જડત્વકેંદ્ર, સત્તાકેંદ્ર, દોલનકેંદ્ર, આઘાતકેંદ્ર, ચાપકેંદ્ર કે દાબકેંદ્ર, સમરૂપતાકેંદ્ર, શીઘ્રકેંદ્ર અને મંદકેંદ્ર.

૧૩. ન. વાદ કે તકરારમાં મુખ્ય વાત; મુદ્દો.

૧૪. ન. સદા રહેવાનું સ્થાન.

૧૫. ન. સારૂં સ્થાન.

૧૬. ન. સૂર્ય, અગ્નિ, દીવો વગેરેનાં કિરણો જ્યાં એકઠાં મળે તે બિંદુ; અગ્રાંશુ; 'ફોકસ'.

૧૭. વિ. મધ્યબિંદુમાંથી દૂર ખસેલું.

કેંદ્રઅંતર [સં.] ન. નાભિઅંતર; 'ફોકલ લેન્થ'.

કેંદ્રક વિ. મધ્યમાં જનારૂં.

કેન્દ્રકા [સં.] પું. ચોખાની એક જાત.

કેંદ્રકીય [સં.] વિ. મધ્યબિંદુને ધ્યાનમાં રાખતું; મુખ્ય મુદ્દાને લગતું.

કેંદ્રકીયસંયોજન [સં.] ન. મુખ્ય બાબતને ધ્યાનમાં રાખીને કરવામાં આવેલી ગોઠવણી.

કેંદ્રકોણ પું. (ગણિત) કૌંસ એટલે આર્કથી મધ્યબિંદુ આગળ થતો ખૂણો.

કેંદ્રગામી ૧. સ્ત્રી. બોધવાહ નાડી.

૨. [સં.] વિ. મધ્યબિંદુ તરફ જનારૂં; મધ્યકર્ષી; કેંદ્રાભિસારી.

કેંદ્રચ્યુત [સં.] વિ. ઉત્કેંદ્રીય; મધ્યબિંદુમાંથી ખસી ગયેલું; કેંદ્રભ્રષ્ટ.

કેંદ્રચ્યુતિ ૧. [સં.] સ્ત્રી. (જ્યોતિષ) ગ્રહોની કક્ષા પૂર્ણ વર્તુલાકાર ન હોતાં સહેજ લંબાતી એટલે દીર્ઘ વર્તુલાકાર હોવાથી, તે કક્ષામાં પૂર્ણ વર્તુલાકાર આકૃતિથી થતો ઘટાડો; પૂર્ણ વર્તુલાકાર આકૃતિથી દીર્ઘ વર્તુલાકાર આકૃતિનું ઓછાપણું.

૨. ન. લંબગોળના બે આડા અને ઊભા વ્યાસોનું પ્રમાણ અથવા તેનાં બે કેંદ્રોનું અંતર.

૩. ન. શંકુચ્છિન્નના કોઈ પણ બિંદુનું અમુક એક સ્થિર બિંદુ સુધીનું અંતર, તથા તે જ સ્થિર સીધી લીટી સુધીનું અંતર, એ બે અંતરો વચ્ચેનું ગુણોત્તર.

કેંદ્રજનન ન. કેંદ્રોત્ક્રાંતિ; જીવના અવયવની તેના કેંદ્રની આસપાસ વહેંચાઈ જવાની વૃત્તિ.

કેંદ્રતલ [સં.] ન. પ્રકાશનાં કે ગરમીનાં કિરણો એકઠાં થઈને જ્યાં પડે તે ક્ષેત્ર; 'ફોકલ પ્લેન'.

કેંદ્રત્યાગી [સં.] વિ. મધ્યબિંદુથી દૂર જનાર; મધ્યોત્સારી.

કેંદ્રદશા સ્ત્રી. અધવચેની સ્થિતિ; વચગાળાની સ્થિતિ.

કેંદ્રપરાઙ્મુખ ૧. [સં.] ન. ગોળ, લંબગોળ વગેરે માર્ગમાં ફરતો પદાર્થ તે માર્ગના મધ્યબિંદુથી ઊલટી દિશામાં જવાનો પ્રયત્ન જે બળને લીધે કરે તે બળ અથવા તે પદાર્થ.

૨. વિ. મધ્યબિંદુથી દૂર જનાર.

કેંદ્રપર્યાય પું. સાથે મળનાર કેંદ્ર.

કેંદ્રપિંડ પું. કોષમાંની પ્રાણુરસ અને કોષેશ ઉપરાંતની ત્રીજી એ નામની અગત્યની વસ્તુ; કોષના ભાગ કરવામાં અગત્યનું કામ કરનાર વસ્તુ. પ્રાણુરસમાં અને કોષેશની બહારની બાજુઓને લગભગ અડકીને ઘણી જ નાની ગોળ મીંડા જેવી વસ્તુ હોય છે તેને કેંદ્રપિંડ કહે છે. આ વસ્તુ કોષમાં ઘણો અગત્યનો ભાગ ભજવે છે અને સામાન્ય સૂક્ષ્મપિંડ કરતાં તે તદ્દન જુદી જ હોય છે.

કેંદ્રબિંદુ ન. લક્ષ્યબિંદુ.

કેંદ્રભાવ પું. (જ્યોતિષ) લગ્નકુંડલી માંહેનું પહેલું, ચોથું, સાતમું ને દશમું સ્થાન.

કેંદ્રભુવન ન. (જ્યોતિષ) લગ્નકુંડલી માંહેનું પહેલું, ચોથું, સાતમું તથા દશમું ભુવન.

કેંદ્રભૂત [સં.] વિ. મુખ્ય; પ્રસિદ્ધ.

કેંદ્રભ્રષ્ટ જુઓ કેંદ્રચ્યુત.

કેંદ્રમાપક ન. મધ્યબિંદુ માપવાનું યંત્ર.

કેંદ્રયુક્ત [સં.] વિ. જેમાં મધ્યબિંદુ હોય એવું.

કેંદ્રરાશિ સ્ત્રી. (જ્યોતિષ) મેષ, કર્ક, તુલા અને મકર એ ચાર રાશિમાંની દરેક.

કેંદ્રરેખા [સં.] સ્ત્રી. (ગણિત) બે અથવા વધારે વર્તુલો કે પદાર્થોનાં મધ્યબિંદુઓને જોડનારી સીધી લીટી.

કેંદ્રવર્તી [સં.] વિ. મધ્યવર્તી; મુખ્ય; પ્રધાન.

કેંદ્રવિભાગ [સં.] પું. સત્તાવિભાગ; જુદાં જુદાં સ્થળોમાં સત્તા વહેંચી આપવી તે; 'ડીસેન્ટ્રલિઝેશન.'

કેંદ્રવિષય [સં.] પું. ધ્યેય; મુદ્દાની બાબત.

કેંદ્રસ્ખલિત જુઓ કેંદ્રભ્રષ્ટ.

કેંદ્રસ્થ ૧. [સં.] વિ. જે બિંદુમાંથી બધું નીકળે અને જેમાં બધું સમાઈ જાય એવું; કેંદ્રવર્તી; મધ્યવર્તી.

૨. વિ. મધ્યભાગમાં આવેલું.

કેંદ્રસ્થતા [સં.] સ્ત્રી. મધ્યભાગમાં હોવાપણું.

કેંદ્રસ્થાન [સં.] ન. મધ્યસ્થળ; મુખ્ય ઠેકાણું; મધ્યબિંદુ.

કેંદ્રસ્થિત જુઓ કેંદ્રિત.

કેંદ્રાતિગત જુઓ કેંદ્રત્યાગી.

કેંદ્રાતિદૂરસારી ૧. [સં.] વિ. ધ્યેયથી ઊલટી દિશા તરફનું.

૨. વિ. મધ્યબિંદુથી દૂર હોય એવું.

કેંદ્રાનુગામી જુઓ કેંદ્રગામી.

કેંદ્રાનુસારી ૧. [સં. કેંદ્રાનુસારિન્] વિ. ક્રમિક.

૨. વિ. કેંદ્રગામી; કેંદ્રને અનુસરનારૂં.

કેંદ્રાનુસારી પદ્ધતિ = કેંદ્રને અનુસરનારી પદ્ધતિ.

કેંદ્રાપગામી જુઓ કેંદ્રપરાઙ્મુખ.

કેંદ્રાપસરણ ન. એક બિંદુમાંથી છૂટું વિખરાઈને નીકળવાનો ગુણ.

કેંદ્રાપસર્પી જુઓ કેંદ્રત્યાગી.

કેંદ્રાપસારી જુઓ કેંદ્રત્યાગી.

કેંદ્રાભિમુખ [સં.] વિ. મધ્યબિંદુ તરફ જતું.

કેંદ્રાભિમુખસારી જુઓ કેંદ્રાભિમુખ.

કેંદ્રાભિસારી જુઓ કેંદ્રગામી.

કેંદ્રાયન [સં.] ન. મધ્યબિંદુ તરફ જવું તે.

કેંદ્રિક [સં.] ન. દૂર હોવાપણું.

કેંદ્રિત ૧. વિ. એક મધ્યબિંદુવાળું.

૨. વિ. એકહથ્થુ સત્તા હોય એવું.

૩. વિ. કેંદ્રમાં સ્થિત કરેલું.

૪. [સં.] વિ. ધ્યાનગ્રસ્ત; એકલક્ષ્ય; એકધ્યાન.

૫. વિ. મધ્યમાં આવેલું.

૬. વિ. મુખ્ય; પ્રધાન.

કેંદ્રિતરાજ્યચક્ર [સં.] ન. બધી રાજ્યની સત્તા એક મધ્યસ્થ સત્તાના હાથમાં હોય એવો રાજ્યકારભાર; 'યુનિટરિ ગવર્મેન્ટ.'

કેંદ્રિતસમાજ જુઓ કેંદ્રિતરાજ્યચક્ર.

કેંદ્રિલ [સં.] ન. એક મધ્યબિંદુમાં એકાગ્ર કરેલાં પ્રકાશનાં કિરણ.

કેંદ્રી [સં. કેંદ્રિત] વિ. કેંદ્રમાં રહેલું; કેંદ્રસ્થિત.

કેંદ્રીકરણ [સં.] ન. સ્થિરતા; ધ્રુવપણું; કેંદ્રમાં સ્થિત થવાપણું.

કેંદ્રીભાવ પું. ભીતરની ઇચ્છાશક્તિનો ભાવ. તંત્રશાસ્ત્રમાં તેને મધ્યબિંદુ કહે છે.

કેંદ્રીભૂત [સં.] વિ. એક સ્થળે એકઠું થયેલું; એકત્રિત.

કેંદ્રીય ૧. [સં.] વિ. મધ્યબિંદુ સંબંધી.

૨. વિ. મધ્યવર્તી; કેંદ્રિત.

૩. વિ. મૂળ મુદ્દાને લગતું; મુદ્દાસર.

કેંદ્રીયકરણ ૧. [સં.] ન. કેંદ્રમાં સ્થિત થવાપણું; કેંદ્રીકરણ.

૨. ન. બધો અધિકાર એક જ વ્યક્તિમાં એકત્રિત હોય એવી સત્તા.

કેંદ્રીયવિષય પું. મધ્યસ્થ રાજ્યતંત્રને લગતો વિષય.

કેંદ્રીયસરકાર સ્ત્રી. મધ્યસ્થ સત્તાવાળી સરકાર.

કેંદ્રોત્ક્રાંતિ જુઓ કેંદ્રજનન.

કેંદ્રોત્સર્ગી જુઓ કેંદ્રત્યાગી.

કેંદ્રોત્સારગતિ સ્ત્રી. મધ્યબિંદુથી દૂર જતી ગતિ.

કેંદ્રોત્સારણ જુઓ કેંદ્રપરાઙ્મુખ.

કેંદ્રોત્સારી જુઓ કેંદ્રત્યાગી.

કેંદ્રોન્મુખ [સં.] વિ. મધ્યાભિગામી; મધ્યબિંદુ તરફ લઈ જતું.

કેંસ સ્ત્રી. કસ; કાપડું, અંગરખું કે બંડી વગેરેને બાંધવા માટે બોરિયાને બદલે ટાંકવામાં આવતી પાતળી દોરી.

કેંહ ૧. પું. કેશ; વાળ.

૨. સ્ત્રી. પાંપણ.

કૈ ૧. પું. મહાન રાજા.

૨. સ્ત્રી. ઊલટી.

કૈ જુલાબ = કોલેરા.

૩. વિ. કંઈ.

૪. વિ. કેટલાક.

૫. અ. અથવા.

૬. અ. કેટલા.

૭. અ. કયારે.

કૈઆરો વિ. કાદવકીચડવાળું.

કૈએક ૧. વિ. થોડાક.

૨. અ. અથવા.

કૈક ૧. પું. ચાંચડ.

૨. વિ. અનેક.

૩. વિ. કેટલાક.

કૈકટ પું. કીકટ નામનો ગયા પાસેનો પ્રદેશ.

કૈકય ૧. [સં.] પું. કેકય દેશનો રાજા.

૨. ન. એ નામનું એક ગોત્ર.

કૈકયદેશ પું. હાલનો કાબુલ પ્રાંત.

કૈકયી [સં.] સ્ત્રી. કેકય રાજાની પુત્રી; દશરથની એક પત્ની; કૈકેયી; ભરતની મા.

કૈકર ન. એ નામનું એક ઝાડ.

કૈકરસવ પું. (પુરાણ) એક બ્રહ્મર્ષિનું નામ.

કૈકસ [સં.] પું. રાક્ષસ.

કૈકસી ૧. [સં.] સ્ત્રી. રાક્ષસણી.

૨. સ્ત્રી. (પુરાણ) વિશ્રવા મુનિની પત્ની; રાવણ, કુંભકર્ણ, વિભીષણ અને શૂર્પણખાની માતા. તેના બાપનું નામ સુમાલી અને માતાનું નામ કેતુમાલી હતું.

કૈકાઊસ ૧. પું. ઈરાનના એક રાજાનું નામ.

૨. [ફા.] વિ. ખાનદાન.

૩. વિ. ન્યાયી.

કૈકાડી (કૈકાડ઼ી) ૧. સ્ત્રી. પૂના, સતારા અને શોલાપુર તરફ રહેતી લોકોની એક જાત. તેઓ વાંસની ટોપલીઓ બનાવે છે. ગુના કરનારી જાતો માંહેની એક જાત તરીકે સરકારે તેને જાહેર કરેલી છે.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

કૈકાવુસ જુઓ કૈકાઊસ.

કૈકેય ૧. પું. એ નામનો એક દેશ.

૨. પું. (પુરાણ) કૃષ્ણનો સસરો; ધૃષ્ટકેતુ. તેના પાંચ દીકરા પાંડવપક્ષમાં હતા.

૩. પું. કૈકય ગોત્રનો માણસ.

૪. પું. કૈકય દેશાધિપતિ એક રાજર્ષિ.

૫. સ્ત્રી. એ નામની લોકોની એક જાત.

૬. ન. એ નામના લોકોની જાતનું માણસ.

૭. વિ. એ નામની જાતનું.

કૈકેયી ૧. સ્ત્રી. (પુરાણ) કેકય દેશના રાજા અશ્વપતિની કન્યા ને અયોધ્યાના સૂર્યવંશી રાજા દશરથની સ્ત્રી; ભરતની મા; મંથરા નામની દાસીએ ઉશ્કેરવાથી એણે રામને વનવાસ અપાવ્યો હતો.

કૈકેયી માસી = વઢકણી સ્ત્રી.

૨. સ્ત્રી. કેકયાધિપતિની એક કન્યા અને મત્સ્યપતિ વિરાટ રાજાની સ્ત્રી સુદેષ્ણા.

૩. સ્ત્રી. કૈકય ગોત્રમાં ઉત્પન્ન થયેલી સ્ત્રી.

૪. સ્ત્રી. પ્રવૃત્તિ.

કૈકેયીગાંધારી સ્ત્રી. પૂરુવંશના અજમીઢ રાજાની સ્ત્રી.

કૈકેયીવાક્યકર્તા પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

કૈકેયીસુકુમારી સ્ત્રી. પરીક્ષિતના પુત્ર ભીમસેનની સ્ત્રી.

કૈકેયીસુનંદા સ્ત્રી. પૂરુવંશના સાર્વભૌમ રાજાની સ્ત્રી.

કૈકોટીકલી સ્ત્રી. નૃત્ય કરતાં કરતાં અને ગાતાં ગાતાં રમવાની સ્ત્રીઓ માટેની એક રમત. તે ખાસ કરીને તીરૂવાતીરના તહેવાર વખતે રમાય છે.

કૈખુસરૂ [ફા.] પું. ઈરાનનો એક રાજા.

કૈગલ [ફા. કાહ (પરાળ) + ગિલ (ધૂળ)] સ્ત્રી. ગાર; લીંપવા માટે બનાવેલ છાણમાટીનો ગારો.

કૈચી ૧. સ્ત્રી. એ નામની મલખમની એક કસરત.

૨. સ્ત્રી. કાતર.

કૈઝર પું. કૈસર; જર્મનિના સમ્રાટનો ઇલ્કાબ.

કૈઝરીન સ્ત્રી. જર્મનિના સમ્રાટની સ્ત્રી.

કૈટભ [સં.] પું. એ નામનો એક રાક્ષસ; મધુ દૈત્યનો નાનો. તેને વિષ્ણુએ માર્યો હતો.

કૈટભજિત ૧. [સં. કૈટભજિત્] પું. કૃષ્ણ; કેશવ.

૨. પું. વિષ્ણુ; કૈટભ દૈત્યને જીતનાર.

કૈટભહા પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. આ છંદ ષટ્પદી છપ્પયનો એક ભેદ છે. તેમાં ૧૭ ગુરુ અને ૧૨૨ લઘુ મળી ૧૫૬ માત્રા હોય છે.

કૈટભા [સં.] સ્ત્રી. દુર્ગા દેવી.

કૈટભારિ જુઓ કૈટભજિત.

કૈટભી [સં.] સ્ત્રી. મહાકાલી દેવી.

કૈટભેશ્વરી [સં.] સ્ત્રી. મહાકાલી દેવી.

કૈટર્ય ૧. [સં.] પું. કરિયાતાનો છોડ.

૨. પું. પૂતિકરંજનું ઝાડ.

૩. પું. બકાન લીંબડો.

૪. પું. મીંઢળનું ઝાડ.

૫. ન. કાયફળ.

કૈડર્ય ૧. જુઓ. કૈટર્ય.

કૈડર્ય્ય જુઓ કૈટર્ય.

કૈડવા (કૈડ઼વા) ૧. પું. કૈટભ દેશનો વતની પુરુષ.

૨. સ્ત્રી. કણબીની એક જાત.

૩. ન. કણબીની એ જાતનું માણસ.

૪. વિ. કણબીની એ નામની જાતનું.

કૈડા (કૈડ઼ા) ૧. પું. આકૃતિ.

૨. પું. ઓઠું.

૩. પું. દેખાવ.

૪. પું. નકશો.

૫. પું. નમૂનો.

૬. પું. માપ.

૭. પું. યુક્તિ.

૮. પું. રીત; પ્રકાર.

૯. પું. સ્વરભેદ.

૧૦. વિ. અતરૂં.

૧૧. વિ. ઓછું.

૧૨. વિ. કડક; કઠોર.

૧૩. વિ. કંજૂસ; અતિશય કરકસર કરે એવું.

૧૪. વિ. કંટાળો આપનારૂં.

૧૫. વિ. ખડબચડું.

૧૬. વિ. ગંભીર.

૧૭. વિ. ચુસ્ત.

૧૮. વિ. જોરાવર; બહાદુર.

૧૯. વિ. દુઃખ ઉપજાવે એવું.

૨૦. વિ. દૃઢ; મજબૂત.

૨૧. વિ. નિર્દય.

૨૨. વિ. ભાગ્યહીન.

૨૩. વિ. મજૂરીવાળું.

૨૪. વિ. મોટું.

૨૫. વિ. મોંઘું; ઘણું કીમતી.

૨૬. વિ. વજનદાર; વજનવાળું.

૨૭. વિ. સખત.

૨૮. વિ. સહન કરે એવું.

૨૯. વિ. હઠીલું; જિદ્દી.

કૈત ૧. [સં.] પું. એક જાતનું ઝાડ.

૨. પું. એક જાતનું ફળ.

૩. પું. કૈત ફળમાંથી બનેલું કેફી પીણું.

૪. [હિં.] સ્ત્રી. અદાલતોમાં ફટકા મારવા માટે વપરાતો એક પટો.

૫. સ્ત્રી. બાજુ.

કૈતક [સં] ન. કેતકીનું ફૂલ.

કૈતવ ૧. [સં.] પું. જુગારી.
૨. પું. ઠગ; ધુતારો.
૩. પું. ધતૂરો.
૪. પું. (પુરાણ) શકુનિનો પુત્ર; ઉલૂક.
૫. ન. છળકપટ; ઠગાઈ; શઠતા.
૬. ન. જુગાર.
૭ ન. વૈદૂર્યમણિ.
૮. ન. શરતમાં મુકાયેલી વસ્તુ.
૯. વિ. કપટી; ધૂર્ત; શઠ.

કૈતવક [સં.] ન. ભયંકર જુગાર.

કૈતવાપહ્નુતિ [સં.] સ્ત્રી. અપહ્નુતિ અલંકારનો એક ભેદ.

કૈતવેય પું. અંશુમાન રાજાનો પુત્ર; ઉલૂક.

કૈતુક ૧. પું. ખરાબ કામ.
૨. પું. તર્કશક્તિ.
૩. પું. યુક્તિ.
૪. વિ. પ્રમાણભૂત ગણનાર.

કૈતુન [અ.] સ્ત્રી. એક જાતની કોર.

કૈથ [સં. કપિત્થ] ન. કોઠું.

કૈથી ૧. [હિં.] સ્ત્રી. એક જાતની કાંટાળી વેલ.
૨. સ્ત્રી. ઓરિસ્સામાં બોલાતી એક ભાષા.
૩. સ્ત્રી. નાગરી લિપિમાંથી નીકળેલી બિહારની એક લિપિ.

કૈદ (કૈ઼દ) ૧. [અ.] સ્ત્રી. અટકમાં રાખવું તે; બંધી; અવરોધ.
૧. કૈદ ભરવી-ભોગવવી = કેદથી પૂરેપૂરી સજા ભોગવવી.
૨. કૈદ લગાવવી = (૧) ધારો કરવો. (૨) શરત બાંધવી. (૩) હદ બાંધવી.
૨. સ્ત્રી. અડચણ; નડતર.
૩. સ્ત્રી. ઊલટી.
૪. સ્ત્રી. કાબૂ.
૫. સ્ત્રી. છેતરપીંડી.
૬. સ્ત્રી. જંગલી કાગડાનો અવાજ.
૭. સ્ત્રી. ફરજ.
૮. સ્ત્રી. બહાર બેઠેલી સ્ત્રી; રજસ્વલા.
૯. સ્ત્રી. મના.
૧૦. સ્ત્રી. યુદ્ધ; લડાઈ.

કૈદક (કૈ઼દ઼ક) [અ.] સ્ત્રી. કાગળ રાખવાની એક જાતની પટ્ટી.

કૈદખાના (કૈ઼દખાના) પું. કેદખાનું; જેલ.

કૈદયવતી સ્ત્રી. (પુરાણ) એ નામની એક વિદ્યાધર કુમારિકા. તેનું રૂપ જોઈ પુરૂરવા રાજા સંતુષ્ટ થયો હતો.

કૈદાર ૧. ન. ખેતરના ક્યારાનું પાણી.
૨. ન. ખેતરનો સમૂહ.
૩. ન. પદ્મકાષ્ઠ.
૪. વિ. ક્યારામાં પાકનાર.

કૈદારિક જુઓ કૈદાર.

કૈદારિ [સં.] ન. ખેતરનો સમૂહ.

કૈદી (કૈ઼દી) ૧. પું. કેદી.
૨. પું. ગુનેગાર.
૩. વિ. અટકાયતમાં હોય એવું.

કૈદે ઝાતી સ્ત્રી. અંગત કાબૂ.

કૈદે તનહાઈ સ્ત્રી. એકાંતવાસની જેલ.

કૈન ૧. [હિં.] સ્ત્રી. વાંસની ડાળી.
૨. અ. કોઈ જગ્યાએ.

કૈફ (કૈ઼ફ઼) ૧. પું. નશો; કેફ.
૨. પું. નશો ચડાવનારી દવા.
૩. અ. કઈ રીતે.

કૈફબાજી (કૈ઼ફ઼બાજી) સ્ત્રી. મદ્ય; દારૂ.

કૈફિયત (કૈ઼ફ઼િયત) ૧. સ્ત્રી. ઊંચી જાત; શ્રેષ્ઠ કોટિ.
૨. સ્ત્રી. વર્ણન.
૩. સ્ત્રી. વિવેચન; વિવરણ.
૪. સ્ત્રી. શેરો.
૫. સ્ત્રી. શ્રેષ્ઠ આનંદ.
૬. સ્ત્રી. સમાચાર; હકીકત.
૭. સ્ત્રી. સંજોગો.
૮. સ્ત્રી. સુંદર દેખાવ.
૯. સ્ત્રી. સ્થિતિ.

કૈફી (કૈ઼ફ઼ી) ૧. પું. દારૂડિયો; નશાબાજ.
૨. વિ. કેફી; નશો લાવે તેવું.

કૈમાસ પું. એ નામનો પૃથ્વીરાજ ચૌહાણનો એક પ્રધાન.

કૈમુતિકન્યાય પું. એક જાતનો ન્યાય. આવડું મોટું કામ થયું તો આ શું હિસાબમાં! એવું બતાવવાને માટે તેનો પ્રયોગ થાય છે.

કૈમુત્યન્યાય જુઓ કૈમુતિકન્યાય.

કૈમુર સ્ત્રી. મધ્ય હિંદમાં આવેલી એ નામની પર્વતમાળા.

કૈયટ પું. તેરમા સૈકાનો એ નામનો એક જૂનો કવિ. તેણે પાતંજલ મહાભાષ્ય ઉપર ટીકા કરી છે.

કૈયા [હિં.] ન. ટિનનું કામ કરનારાઓનું એક હથિયાર.

કૈયિમ ૧. પું. સ્વભાવ; પ્રકૃતિ.
૨. વિ. ઊભું; સીધું.
૩. વિ. સાચું; ખરૂં.

કૈચી સ્ત્રી. કાતર.

કૈયૂમ ૧. પું. દેવ.
૨. વિ. કાયમી; હમેશનું.

કૈર ૧. પું. એક જાતનો છોડ.
૨. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે રાયવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૨ ગુરુ અને ૮૦ લઘુ મળી ૮૨ વર્ણ અને ૮૪ માત્રા હોય છે.

કૈરલેય પું. કેરલ દેશનો રાજા.

કૈરવ ૧. પું. જુગારી.
૨. [સં.] પું. શત્રુ; દુશ્મન.
૩. ન. કપટ; લુચ્ચાઈ.
૪. ન. ચંદ્રને જોઈ ખીલનારૂં સફેદ કમળ; કુમુદ; પોયણું.

કૈરવનાથ ૧. [સં.] પું. ચંદ્રમા; શશી.
૨. પું. નાયક.

કૈરવિકા સ્ત્રી. ચંદ્રના અજવાળામાં ખીલતું કમળ.

કૈરવિણી ૧. [સં.] સ્ત્રી. કુમુદિની; પોયણી.
૨. સ્ત્રી. પોયણાં ઘણાં થતાં હોય એવી તળાવડી.

કૈરવિણીફલ [સં.] ન. પોયણાનું બીજ.

કૈરવી ૧. [સં. કૈરવિન્] શશી; ચંદ્રમા.
૨. સ્ત્રી. ચંદ્રિકા; ચાંદની.
૩. પું. સ્ત્રી. મેથી.

કૈરા ૧. પું. ભૂરો રંગ.
૨. વિ. આસમાની આંખવાળું.

કૈરાટક [સં.] ન. એક જાતનું સ્થાવર ઝેર.

કૈરાત ૧. પું. એ નામના એક બ્રહ્મર્ષિ.
૨. પું. એક જાતની ચકલી.
૩. [સં.] પું. એક જાતનું ચંદન.
૪. પું. એક જાતનો શુદ્ધ રાગ.
૫. પું. એક પ્રકારનો ઝેરી સાપ.
૬. પું. કરિયાતું.
૭. પું. બળવાન પુરુષ.
૮. વિ. ભીલ સંબંધી.

કૈરાતક જુઓ કૈરાત.

કૈરાતિ પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

કૈરામાલી જુઓ કૈમુર.

કૈરાલ [સં.] ન. વાવડિંગ.

કૈરાલી જુઓ કૈરાલ.

કૈરી ૧. [હિં.] સ્ત્રી. અત્તર રાખવા માટેનું કેરીના આકારનું સાધન.
૨. સ્ત્રી. નાની કાચી કેરી.
૩. સ્ત્રી. બનાવટી ફૂલ.

કૈલ ૧. [હિં.] સ્ત્રી. અનાજ વગેરેનું એક માપ.

૨. સ્ત્રી. અંકુર; ફણગો.

૩. [સં.] સ્ત્રી. રમત; ખેલ.

કૈલચા પું. એખરો.

કૈલા ૧. સ્ત્રી. કડવા કણબીની એક અટક.

૨. સ્ત્રી. બદામી રંગની ગાય.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

કૈલાકંદ ન. એક જાતનું ઔષધ.

કૈલાસ ૧. પું. એક જાતનું ૭ ખૂણાવાળું દેવમંદિર. તેમાં આઠ ભૂમિ અને અનેક શિખર હોય છે. તેનો વિસ્તાર અઢાર હાથ હોય છે.

૨. પું. શિવની નગરી; દેવતાઓનું સ્વર્ગ.

૩. પું. હિમાલયનું એ નામનું શિખર. તે માન સરોવરથી પચીશ માઈલ દૂર ઉત્તરે ગંગ્રી પર્વતમાળાની પેલી તરફ નીતિઘાટની પૂર્વે આવેલ છે. તેના ઉપર શંકર ભગવાન અને પાર્વતી રહે છે એમ કહે છે. શ્રીકૃષ્ણે અહીં તપ કર્યું હતું. બદરિકાશ્રમ કૈલાસ ઉપર આવેલ છે. કૈલાસને હેમકૂટ પણ કહે છે. જૈન લોકો કૈલાસને અષ્ટાપદ પર્વત કહે છે. આ પર્વતની પરિક્રમણામાં ત્રણ દિવસ લાગે છે. તેનો પચીશ માઈલનો ઘેરાવો છે. પરિક્રમણ કરનારે ગૌરીકુંડ સરોવરના પાણીનો સ્પર્શ કરવો જ જોઈએ. આ સરોવરનું પાણી બારે માસ બરફ થઈ ગયું હોય છે.

૪. પું. હેમકૂટ પર્વત ઉપરનું કુબેરનું સ્થાન.

૫. સ્ત્રી. ઇલોરાની બ્રાહ્મણગુફામાંની ૧૬મી ગુફાનું નામ; રંગમહાલ.

૬. ન. માટીનું એક જાતનું પાત્ર.

૭. વિ. માયા અને માયાનાં કાર્યોથી રહિત.

કૈલાસક પું. (પુરાણ) એ નામનો એક સર્પ.

કૈલાસગિરિવાસી [સં. કૈલાસગિરિવાસિન્] પું. શંકર.

કૈલાસનાથ ૧. [સં.] પું. કુબેર.

૨. પું. કૈલાસનો સ્વામી શંકર; મહાદેવ; શિવ.

કૈલાસનિકેતન જુઓ કૈલાસનાથ.

કૈલાસપતિ ૧. [સં.] પું. કુબેર.

૨. પું. મહાદેવ; શંકર.

૩. ન. એક જાતનું ફૂલઝાડ.

કૈલાસભૂપ [સં.] પું. મહાદેવ; શંકર.

કૈલાસમંદિર ન. એક જાતનું ખાસ બાંધણીવાળું મંદિર. જુઓ કૈલાસ ૧.

કૈલાસયાત્રા ૧. [સં.] સ્ત્રી. કૈલાસ પર્વતની ધાર્મિક ભાવનાથી કરેલી મુસાફરી.

૨. સ્ત્રી. હરિવંશમાં આવતો એક ભાગ.

કૈલાસવાસ ૧. [સં.] પું. મરણ; મૃત્યુ.

૨. પું. મરણ પછી કૈલાસમાં વાસ થવો તે; શિવસ્થાનને પ્રાપ્ત થવાપણું.

કૈલાસવાસી ૧. [સં. કૈલાસવાસિન્] પું. મહાદેવ; શિવ.

૨. વિ. મરણ પછી કૈલાસને પ્રાપ્ત થયેલું.

૩. વિ. સદ્ગત; સ્વર્ગવાસી; મૃત્યુ પામેલું. કૈલાસવાસી થવું = મરી જવું.

કૈલાસવૃક્ષ [સં.] ન. એક જાતનું ફૂલઝાડ.

કૈલાસશિખરવાસી [સં. કૈલાસશિખરવાસિન્] પું. શિવ; શંકર.

કૈલાસાધિપતિ [સં.] પું. શિવ; મહાદેવ.

કૈલાસી ૧. પું. કુબેર.

૨. પું. મહાદેવ; શંકર.

કૈલો જુઓ કૈલા.

કૈવટ જુઓ કૈવર્ત.

કૈવત જુઓ કૈવર્ત.

કૈવર્ત ૧. [સં.] પું. એ નામની એક વર્ણસંકર જાતિ. તેની ઉત્પત્તિ ક્ષત્રિય પિતા અને વેશ્યા માતાથી થયેલી મનાય છે.

૨. પું. ખારવો; હોડી હાંકનાર માણસ.

૩. પું. મચ્છીમાર; માછી.

કૈવર્તક જુઓ કૈવર્ત.

કૈવર્તન પું. ચેદિ દેશનો એક ભાગ.

કૈવર્તી [સં.] સ્ત્રી. કેવડીમોથ.

કૈવર્ત્તિકા [સં.] સ્ત્રી. વસ્ત્રરંગા નામે માળવા દેશમાં પ્રસિદ્ધ એક વેલો.

કૈવલ [સં.] ન. વાવડિંગ.

કૈવલાદ્વૈત [સં.] પું. પરમાત્મા એક જ પરમ સત્ય છે, જીવ તે આપેક્ષિત સત્ય અને જગત તે પ્રાતિભાસિક સત્ય તે અવિદ્યા–અજ્ઞાન–માયાને લઈને ભાસે છે એવો શ્રી શંકરાચાર્યે મહારાજે ફેલાવેલો મત.

કૈવલિક ૧. [સં.] ન. કેવળજ્ઞાન; સંપૂર્ણ જ્ઞાન.

૨. વિ. કેવળજ્ઞાન સંબંધી.

કૈવલી પું. અર્હત; જિન; કેવળ જ્ઞાન મેળવેલ જૈન સાધુ.

કૈવલ્ય ૧. [સં.] ન. અદ્વિતીય બ્રહ્મભાવની પ્રાપ્તિ; મોક્ષ; નિર્વાણ.

૨. ન. અહંકાર દૂર થવાપણું.

૩. ન. આત્યંતિક દુઃખ દૂર થઈ આત્મસુખ મળવું તે.

૪. ન. એક જ હોય એવી વસ્તુ.

૫. ન. એકતા; ઐક્ય.

૬. ન. કલ્યાણ; શ્રેય.

૭. ન. કૃષ્ણયજુર્વેદનું એ નામનું એક ઉપનિષદ.

૮. ન. ઘાતીકર્મનો વિયોગ.

૯. ન. જગન્નાથજીની પૂજામાં અર્પણ થતાં દ્રવ્ય.

૧૦. ન. શુદ્ધતા; પવિત્રતા.

૧૧. વિ. એકલું; એકાકી.

૧૨. વિ. ત્રણે કાળનું.

કૈવલ્યગીતા [સં.] સ્ત્રી. પૌરુષેય ઉપનિષદ માંહેનું એક.

કૈવલ્યજ્ઞાન [સં.] ન. મોક્ષ મેળવવા માટેનું સંપૂર્ણ જ્ઞાન.

કૈવલ્યદર્શન [સં.] ન. આત્મસાક્ષાત્કાર.

કૈવલ્યપદ ૧. [સં.] ન. એકલાપણું; કેવળપણું.

૨. ન. મોક્ષ; મુક્તિ.

કૈવલ્યપાદ [સં.] પું. કૈવલ્ય અને તેનાં સાધન જેમાં ઉત્તમ રીતે વર્ણવેલાં છે તેવો યોગશાસ્ત્રનો એક ભાગ.

કૈવલ્યમુક્તિ [સં.] સ્ત્રી. જેમાં આત્મા પોતાનું કેવળ શુદ્ધ રૂપ અનુભવે છે તેવા પ્રકારનો મોક્ષ.

કૈવલ્યવાદ [સં.] પું. અદ્વૈતવાદ; પરમાર્થસત્તાવાદ; સમષ્ટિસત્તાવાદ.

કૈવલ્યસિદ્ધિ [સં.] સ્ત્રી. મોક્ષ મળવો તે.

કૈવલ્યસ્થિતિ [સં.] સ્ત્રી. નિર્વાણ; મોક્ષ.

કૈવલ્યસ્વામી [સં. કૈવલ્યસ્વામિન્] પું. મોક્ષદાતા ઈશ્વર.

કૈવલ્યાર્થી [સં. કૈવલ્યાર્થિન્] વિ. મોક્ષની ઇચ્છાવાળું; મુમુક્ષુ.

કૈવા અ. અમુક વખત; કેટલીક વાર.

કૈવાન્ ૧. પું. શનિ ગ્રહ.

૨. ન. એક જાતનું આયુધ.

કૈવાની વિ. શનિ સંબંધી.

કૈવાર ન. વર્તુળ દોરવાનું સાધન.

કૈશકી [સં.] સ્ત્રી. નાટકપ્રસિદ્ધ ચાર માંહેની એક વૃત્તિ.

કૈશવ [સં.] વિ. કેશવ સંબંધી; કૃષ્ણ પરમાત્માનું.

કૈશિક ૧. [સં.] પું. નૃત્યનો એક ભાવ. તેમાં સુકુમારતાથી કોઈની નકલ કરવામાં આવે છે.

૨. પું. શૃંગાર.

૩. પું. સોમવંશી વિદર્ભ રાજાના ચાર માંહેનો એ નામનો એક પુત્ર.

૪. ન. કેશનો સમૂહ; વાળનો જથ્થો.

૫. વિ. કોમળ; નાજુક.

૬. વિ. મોટા વાળવાળું.

૭. વિ. વાળ જેવું ઝીણું; સૂક્ષ્મ.

કૈશિકતા [સં.] સ્ત્રી. સૂક્ષ્મતા; બહુ બારીક હોવાપણું.

કૈશિકનિષાદ [સં.] પું. (સંગીત) એક જાતનો વિકૃત સ્વર. તે તીવા નામની શ્રુતિથી શરૂ થાય છે અને તેમાં ત્રણ શ્રુતિ આવે છે.

કૈશિકપણું જુઓ કૈશિકતા.

કૈશિકપંચમ [સં.] પું. (સંગીત) એક જાતનો વિકૃત સ્વર. તે સંદીપની નામની શ્રુતિથી શરૂ થાય છે. તેમાં ચાર શ્રુતિ આવે છે.

કૈશિકભેદ ૧. [સં.] પું. નજીવો તફાવત.

૨. પું. વધુ પડતી ચીકણાશ; વાળ જેવી ઝીણી વસ્તુના પણ ભાગ કરવારૂપી વધારે પડતી ઝીણવટ.

કૈશિકસુખ [સં.] ન. વાળ જેવું સૂક્ષ્મ કાણું.

કૈશિકી ૧. સ્ત્રી. એક જાતની રાગણી.

૨. સ્ત્રી. એક પ્રકારની વૃત્તિ. જુઓ કૈશિકીવૃત્તિ.

કૈશિકીવૃત્તિ [સં.] સ્ત્રી. ચાર માંહેની એક પ્રકારની વૃત્તિ. અત્યંત કોમળ સંદર્ભથી શૃંગાર અને કરુણરસનું તેમાં વર્ણન કરવામાં આવે છે.

કૈશોર [સં.] ન. કિશોરાવસ્થા; તારુણ્ય; પંદર વર્ષ સુધીની વય.

કૈશોરક જુઓ કૈશોર.

કૈશોરગૂગળ પું. (વૈદ્યક) ત્વચારોગ અને રક્તદોષ મટાડવા માટના એક દવા. તે બનાવવા ગૂગળ, ત્રિફળા અને ગળો બશેર બશેર લઈ એક મણ પાણીમાં ઉકાળી તેનું અરધું પાણી રહેવા દેવું. તેને ગાળાને લોખંડના વાસણમાં ઉકાળી નરમ ગોળ જેવું થવા દેવું. પછી તેમાં ત્રિફળા અને ગળોનું સત્ત્વ આઠ આઠ તોલા, સૂંઠ, મરી અને પીપર બબ્બે તોલા, દંતીમૂળ અને નસોતર એકેક તોલો અને વાવડિંગ ચાર તોલાનું ચૂર્ણ મિશ્ર કરવું. ૧/૪ થી ૧ તોલાની માત્રામાં તે મધ, દૂધ કે પાણી સાથે લવાય છે.

કૈશ્ય [સં.] પું. કેશનો સમૂહ; વાળનો જથ્થો.

કૈષી સ્ત્રી. પહાડમૂલ નામની વનસ્પતિ.

કૈસર ૧. પું. ગ્રીસ અને તુર્કસ્તાનના શહેનશાહને માટે વપરાતો સામાન્ય શબ્દ.

૨. પું. જર્મનિના શહેનશાહનો ખિતાબ.

૩. પું. રાજાધિરાજ; શહેનશાહ.

કૈસરેહિંદ ૧. પું. લોકહિતાર્થે જાહેર સેવા બજાવનારાંઓને આપવામાં આવતો એક જાતનો ઇલ્કાબ.

૨. પું. હિંદુસ્તાનના સમ્રાટ. નામદાર મહારાણી વિક્ટોરિઆએ હિંદનાં અધિરાણી તરીકે આ ઇલ્કાબ ધારણ કર્યો હતો.

૩. ન. માનું પેટ ચીરીને જીવતું કાઢી લીધેલું બાળક.

કૈસા ૧. [સં. કીદૃશ] વિ. કોના જેવું.

૨. અ. કઈ રીતે; કેવી રીતે.

૩. અ. શા માટે.

કૈસાહી અ. તેમ છતાં.

કૈસૂમ [અ.] ન. એક જાતનું લાકડું.

કૈસે જુઓ કૈસા.

કૈસો ૧. પું. છાણાનો કટકો.

૨. અ. કેવી રીતે.

કૈં ૧. વિ. કેટલુંક; થોડું; અમુક.

૨. અ. કોઈ કોઈ વાર.

૩. અ. કોઈ પ્રકારે; કોઈ રીતે.

૪. અ. કોઈ સ્થળે; કોઈ જગ્યાએ.

કૈંક જુઓ કૈં.

કૈંકર્ય [સં.] ન. નોકરપણું; સેવા.

કૈંચુલ સ્ત્રી. સાપની કાંચળી.

કૈંદ્રિક ૧. [સં.] વિ. ત્રિજ્યા સંબંધી.

૨. વિ. મધ્યબિંદુ સંબંધી.

કૈંદ્રિકપૃષ્ઠ ન. કોઈ પણ વક્ર સપાટીની વક્રતાના કેંદ્રનો બિંદુપથ.

કૈંવાર પું. (પિંગળ) એક જાતનો માત્રામેળ છંદ.

કો ૧. પું. અંગરખાની કસ.

૨. પું. એકથી દોઢ માઈલનું અંતર.

૩. પું. ગડગૂમડનો ચેપી રોગ.

૪. પું. ઘર.

૫. પું. બાંયનો વાળેલો ભાગ.

૬. પું. હોલાનો શબ્દ.

૭. વિ. કોઈ; કોઈ પણ.

૮. અ. છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય.

૯. અ. તિરસ્કાર બતાવનાર પ્રત્યય.

૧૦. અ. માટે; વાસ્તે.

કોઆ પું. આંખનો ખૂણો.

કોઆતીસ ન. અમેરિકમાં થતું એક જાતનું વિચિત્ર પ્રાણી. તેને સૂંઢ હોય છે. તે દિવસે ઊંઘી રાત્રે ચપળ બને છે.

કોઈ ૧. સ્ત્રી. કમળ.

૨. [સં. કોऽપિ] વિ. અમુક; કશ્ચિત; એક પણ; એકાદું.

કોઈએક ૧. સ. અમુક ચોક્કસ નહિ પણ ગમે તે એક.

૨. સ. કેટલુંક; કંઈક; થોડુંક.

કોઈક સ. ગમે તે એક.

કોઈ કાળે ૧. અ. ઘણે વખતે; કવચિત્.

૨. અ. ભવિષ્યમાં એકાદ વખત.

કોઈકોઈ ૧. સ. અમુક; કોઈક.

૨. સ. એકાદ; કોક.

કોઈડી (કોઈડ઼ી) ૧. [હિં.] સ્ત્રી. ઉદ્યોગ.

૨. સ્ત્રી. ખેડૂતની એક જ્ઞાતિ.

૩. વિ. શાકભાજી વાવનાર અને વેચનાર.

કોઈતું ન. લાકડાં ફાડવા માટે વપરાતું એક ઓજાર.

કોઈતો ૧. પું. નાળિયેરનાં છોલાં ઉખેડવાનું અણીદાર હથિયાર.

૨. પું. માંસ કાપવાનો મોટો છરો.

૩. પું. લાકડાં ફાડવામાં વપરાતું એક ઓજાર.

કોઈદન ન. કોયલાણ; કિવનાઈન.

કોઈદલ જુઓ કોઈદન.

કોઈદાન જુઓ કોઈદન.

કોઈદી અ. કદી; કોઈ દિવસ.

કોઈનન જુઓ કોઈદન.

કોઈની સ્ત્રી. કોયલ.

કોઈને કોઈ સ. અમુક કે બીજો.

કોઈ પણ સ. કોઈએક.

કોઈપસ ન. દક્ષિણ આફ્રિકમાં થતું એક જાતનું પ્રાણી. તે નદી કિનારે કોતર કરી તેમાં વસે છે. તેના ચામડાની ટોપી બને છે.

કોઈબી અ. કોઈ પણ.

કોઈલ [સં. કોકિલ] ૧. સ્ત્રી. કોયલ.

૨. ન. ગૂંચળું; પિલ્લું.

કોઈલાણ ન. કોયદાન; કિવનાઈન.

કોઈલિ સ્ત્રી. (જૂ. ગુ.) કોયલ.

કોઈલી સ્ત્રી. મંદિરના અંદરના ભાગનું ચોગાન.

કોઈલીન ન. કોયદાન; કિવનાઇન.

કોઈલો પું. કોલસો.

કોઈવખત અ. કદી કદી; કવચિત્.

કોઈવાર અ. કોઈ પ્રસંગે; કોક વખત.

કોઈવારો પું. કરોળિયો.

કોઈ સમે અ. એકાદી વખત; કોકવાર.

કોઈસા ૧. વિ. અમુક.

૨. વિ. કેટલાક.

૩. વિ. કોઈએક.

કોઈસી વિ. કેટલાક.

કોઉ ૧. સ. અમુક એક.
૨. સ. કોઈ.
૩. સ. ગમે તે એક.

કોઉન વિ. કોઈ.

કોઉમિસ ન. ઘોડી અને ઊંટડીના દૂધને જમાવીને તૈયાર કરવામાં આવતું એક જાતનું પીણું.

કોઊ વિ. કોઈ.

કોએડિયો (કોએડ઼િયો) ન. એક પ્રકારનો છોડ; મઢિયો ભીંડો. તેનાં પાનનો આકાર મઠ જેવો હોય છે.

કોએતા પું. એક જાતનું ઓજાર.

કોએમાક ૧. સ્ત્રી. ઈંડાની સફેદી અને ઘીમાં તળેલી ડુંગળીની બનાવેલી એક જાતની રોટલી.
૨. સ્ત્રી. લોટ.

કોએર જુઓ કોએરી.

કોએરી ૧. પું. માળી.
૨. સ્ત્રી. ખેડનો ધંધો કરનાર એક હિંદુ જાત.
૩. ન. એ નામની જાતનું માણસ.
૪. વિ. એ નામની જાતનું.

કોએલ [સં. કોકિલ; પ્રા. કોઇલ] સ્ત્રી. કોયલ.

કોઓ અ. કેમ.

કોઓપરેટિવ [અં.] વિ. એકબીજાને મદદ કરનારું; સહકારી.
૧. કોઓપરેટિવ બૅંક = સહકારી બૅંક.
૨. કોઓપરેટિવ સોસાયટિ = સહકારી મંડળ.
૩. કોઓપરેટિવ સ્ટોર્સ = સહકારી ભંડાર.

કોઓપરેશન [અં.] ન. મેળ; સહકાર.

કોઓર ૧. પું. એક જાતનો હંસ.
૨. પું. ભમરડો; ગરિયો.

કોક ૧. પું. ઈહામૃગ.
૨. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. આ છંદ રાયવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૧ ગુરુ અને ૮૨ લઘુ મળી ૮૪ માત્રા હોય છે.
૩ પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; માધવિકા. આ છંદ સંસ્કૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં સાત જગણ અને યગણ એમ ચોવીસ અક્ષરો હોય છે.
૪. પું. કાકીડો.
૫. પું. કામદેવ.
૬. પું. કેલિવિદ્યા; રતિશાસ્ત્ર; કોકશાસ્ત્ર; ભોગવિદ્યા.
૭. પું. કોલસો.
૮. પું. ખજૂરનું ઝાડ.
૯. પું. જંગલી ખજૂર.
૧૦. પું. દેડકો.
૧૧. પું. મેંઢું.
૧૨. પું. રતિશાસ્ત્ર બનાવનાર એક વિદ્વાન. તેનું નામ કોકદેવ હતું.
૧૩. પું. વરુ; વૃક.
૧૪. પું. વિષ્ણુ.
૧૫. પું. સંગીતનો એક ભેદ. તેમાં નાયક, નાયિકા, રસ, રસાભાસ, અલંકાર, ઉદ્દીપન, આલંબન, સમય અને સમાન વગેરેનું જ્ઞાન જરૂરી છે.
૧૬. પું. સારસ; ચકવો; ચક્રવાક.
૧૭. પું. હોલો.
૧૮. સ્ત્રી. એ નામની એક જાતની માછલી; 'વુલ્ફ ફિશ.'
૧૯. સ્ત્રી. ગર્ભાશય.
૨૦. સ્ત્રી. પેટ.
૨૧. સ્ત્રી. સાંધવું તે.
૨૨. સ્ત્રી. હંસની માદા.
૨૩. વિ. અજાણ્યું; અવર્ણનીય.
૨૪. વિ. કેટલુંક; થોડું.
૨૫. વિ. કોઈ; કોઈક.

કોકઈ ૧. સ્ત્રી. ખીલી; મેખ.
૨. સ્ત્રી. જાંબુડિયો રંગ.

કોકકલા [સં.] સ્ત્રી. રતિવિદ્યા; સંભોગશાસ્ત્ર.

કોકકોક અ. કોઈ કોઈ.

કોકક્ષેત્ર ન. બંગાળમાંનો એક દેશ.

કોકટી ૧. સ્ત્રી. રૂની એક જાત.
૨. ન. એક જાતનું કાપડ.
૩. વિ. એ જાતના રૂનું બનેલું.

કોકડ (કોકડ઼) ૧. ન. કોલું; શિયાળ.
૨. ન. ચમરી મૃગ.

કોકડાવું (કોકડ઼ાવું) અ. ક્રિ. ગૂંચળું વળી જવું; ગૂંચવાવું.

કોકડી (કોકડ઼ી) ૧. સ્ત્રી. કરચલી; વળિયું; ગેડ.
૨. સ્ત્રી. ચમરી મૃગલી.
૩. સ્ત્રી. નાનું કોકડું; વીંટલો.
૪. સ્ત્રી. પર્વ.
૫. સ્ત્રી. રાયણનાં સૂકાં ફળ; રાણકોકડી.
૬. સ્ત્રી. વણત્રાનું સૂતર; વાણો.
૭. સ્ત્રી. શંકુ અથવા ગાજરના આકારની દોરાની ગૂંછળી.
૮. સ્ત્રી. સૂતરની દડી.

કોકડીઓ કુંભાર (કોકડ઼ીઓ કુંભાર) પું. એક જાતનું પક્ષી; કૃષ્ણ ચકલી.

કોકડું (કોકડ઼ું) ૧. ન. ગૂંચવણ; મુશ્કેલીભર્યું કામ.
૨. ન. ગૂંચવણ ભરેલો પ્રશ્ન.
૧. કોકડું ઊકલવું = ગોટાળો દૂર થવો.
૨. કોકડું ગૂંચવાવું-ઘૂંચવાવું = ગોટાળો ઊભો થવો; મુશ્કેલી વધવી.
૩. ન. ગોટો; પીંડું.
૪. ન. ચામડીનું વળી જવું કે ચડી જવું તે; સંકોચાઈ જવું તે.
૫. ન. જડતા.
૬. ન. દૂધ નહિ પચવાથી થતો વિકાર.
૭. ન. દોરાની દડી.
૮. ન. પેટમાં કોકડાના આકારનો દૂધનો ફોદો.
૯. ન. મોટી કોકડી.
૧૦. ન. શંકુ આકારમાં એક અથવા બંને બાજુએ વીંટાળેલો તારનો દડો.

કોકણ પું. સહ્યાદ્રિ પર્વતની પશ્ચિમે પાધડીપટે આવેલો પહાડી દેશ.

કોકણધૂપ પું. એક જાતનો સુગંધી ધૂપ; લોબાન. ઘણા જૂના સમયથી તેનો ઉપયોગ ધાર્મિક ક્રિયામાં ધૂપ તરીકે થાય છે. તે શામક, મૃદુવિરેચક, ધાતુપરિવર્તક અને લોહી શુદ્ધ કરનાર છે. જીર્ણ ઘારામાં મલમ તરીકે વપરાય છે. સડેલા ગૂમડામાં રાળ અને ટોપરાનું તેલ અથવા લીંબુના રસ સાથે મેળવીને ચોપડાય છે. બાવળના ગુંદ સાથે લોબાનને મેળવીને શ્વાસ ગંધાતો હોય ત્યારે અપાય છે. લાંબો વખત સુધી એક ઔંસ લોબાન લેવાથી ચરબી ઘટી જાય છે. મૂલક્ષત, જરાયુ ફૂલ, ડીંટડીનો દુખાવો અને દરાજ ઉપર લોબાન અપાય છે. તે મધ્યહિંદના પહાડો ઉપર તથા શિવાલિક પહાડોના ઢાળ ઉપર ઊગે છે.

કોકણપટ્ટી પું. કોકણ દેશ.

કોકણસ્થ ૧. સ્ત્રી. કોકણ તરફથી આવેલા બ્રાહ્મણની એક જાત.
૨. ન. કોકણ તરફની એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

કોકણા જુઓ કોકણસ્થ.

કોકણી ૧. પું. કોકણ દેશનો રહીશ.
૨. સ્ત્રી. એ નામની ભાષા.
૩. વિ. કોકણ દેશનું.

કોકત્રી ન. એક જાતનું પક્ષી.

કોક દી અ. કોઈ દિવસ.

કોકદેવ ૧. [સં.] પું. કબૂતર.
૨. પું. કોકશાસ્ત્રનો લેખક.

કોકનદ ૧. પું. ભારતવર્ષીય એક પ્રાચીન દેશનું નામ.

૨. ન. કમળ; પોયણું.

૩. [સં.] ન. લાલ કમળ.

૪. ન. સુવર્ણ; સોનું; હેમ.

કોકનદ રેણુ [સં.] સ્ત્રી. કમળની રજ; કમળની રેણુ.

કોકનાર ૧. [ફા.] પું. ખસખસનો છોડ.

૨. સ્ત્રી. ખસખસ.

કોકની ૧. ન. એક જાતનું સંતરૂં. તે સહરાનપુર અને દિલ્હી તરફ થાય છે.

૨. ન. એક પ્રકારનું તેતર.

૩. [હિં.] વિ. નાનું.

૪. વિ. હલકું.

કોકપદ પું. (પિંગળ) સંસ્કૃતિની જાતનો એક છંદ. તેના દરેક ચરણમાં ભગણ, મગણ, સગણ, ભગણ, ત્રણ નગણ, યગણ અને ગુરુ મળી ચોવીશ અક્ષર હોય છે.

કોકપિટ ૧. [અં.] ન. એરોપ્લેઇનનો એક ભાગ.

૨. ન. મુરઘાંની લડાઈનું મેદાન.

૩. ન. લડાઈ વખતે ઘવાયેલા માણસોને વહાણમાં જે ભાગમાં રાખવામાં આવે તે ભાગ.

કોકફાઇટિંગ [અં. કૉકફાઇટિંગ] સ્ત્રી. એક જાતની પશ્ચિમ તરફની રમત. તેમાં બે કૂકડાને એકબીજા સામે ઉશ્કેરી લડાવવામાં આવે છે.

કોકબંધુ [સં.] પું. સૂર્ય.

કોકબા સ્ત્રી. કુકુભ; માલકોષની ૭ માંહેની એ નામની એક રાગણી.

કોકબાણ ૧. ન. એક જાતનું આયુધ.

૨. ન. એક જાતનું દારૂખાનું. વાંસની ચાર ઈંચ લાંબી કાતળીમાં નીચે સખત ધૂળ ભરી ઉપર દારૂ ભરી પછી તેને વીંધ પાડી દારૂ પાઈ છોઈ બાંધી ફોડે તો તે ઊંચે ચડીને ફૂટે છે.

૩. ન. કામદેવનું બાણ; ઇશ્કનું તીર.

કોકમ ન. અમ્લવૃક્ષક; ચુક્રતિંતિડીક. કોકમનાં ઝાડ મોટાં થાય છે. મથાળેથી અણીદાર અને નીચે પહોળાં ઘેરાવાવાળાં ઊગે છે. તેની ડાળી ઝૂલતી હોય છે. તે ઉપર સામસામાં લંબગોળ આકૃતિનાં વિભાગ વગરનાં પાતરાં આશરે ત્રણ ઈંચ લાંબાં ને દોઢ ઈંચ પહોળાં હોય છે. તે કુમળાં હોય છે ત્યારે તેનો રંગ તાંબાના જેવો લાલ અથવા નારંગી હોય છે. પાકાં થયા પછી તેનો રંગ લીલો થાય છે. તે ચામડાં જેવાં કઠણ થઈ જાય છે. તેનાં ફૂલ નાનાં હોય છે. એનાં ફળને કોકમ કહે છે. તેમાં ઘણાં બી હોય છે. બીને કચરી ઊના પાણીમાં ઉકાળી તેલ કાઢે છે. તેને કોકમનું તેલ કે ઘી કહે છે. ગોવા તથા મલબાર કાંઠાના ભાગમાં કોકમનાં ઝાડ ઘણાં થાય છે. સમુદ્ર પાસેની જમીનમાં આ ઝાડ સારી રીતે ઊગે છે. પહેલા ચોમાસામાં બી વાવીને રોપા કરવામાં આવે છે. એક વરસના રોપા થયા પછી બીજા ચોમાસામાં તેને ફેરવી બીજે ઠેકાણે ત્રીશ ફૂટને અંતરે વાવવા. તેને ગળતિયું ખાતર માફક આવે છે. પાંચ વરસે ઝાડ થઈ તેમાં ફળ આવે છે. તેમાંથી બી કાઢીને તેની છાલ સૂકવીને વેચવામાં આવે છે. દાળ શાકમાં ખટાશ માટે તેનો ઉપયોગ થાય છે. તેનાં કાચાં ફળ તૂરાં, રુચિકારક, ખાટાં, ઉષ્ણ, અગ્નિદીપક, પિત્તકર અને ગુરુ છે તથા કફ, વાત અને અતિસાર મટાડે છે. તેનાં પાકાં ફળ મધુર, રેચક તથા અગ્નિદીપક છે. સંગ્રહણી, રક્તદોષ, અર્શ, ગુલ્મ, વ્રણ, કૃમિ, હદ્રોગ તથા વાતોદર મટાડે છે. કોકમનું ઘી હાથે પગે ચોપડવાથી ચામડીમાં પડેલા ચીરા મટે છે અને તરડી ગયેલી ચામડી સુંવાળી થાય છે.

કોકમડી જુઓ કોકમ.

કોકયતી સ્ત્રી. એ નામની એક વેલ; વિસ્તરૂક. તે ઝાડની આસપાસ ગાઢ રીતે વીંટાઈ જાય છે. તેનાં પાન હૃદયાકાર અને નીચે રૂપેરી વાળવાળાં હોય છે.

કોકર ૧. સ્ત્રી. ઓખા પાસે મળતી એક જાતની માછલી.

૨. ન. તાંબું, કલાઈ તથા જસતના મિશ્રણથી બનેલી એક ધોળી ધાતુ; જર્મન સિલ્વર.

કોકરબરાસ જુઓ કોકર ૨.

કોકરલી ન. એક જાતનું પક્ષી.

કોકરવરણું વિ. થોડું ઘણું ઊનું; હૂંફાળું; નવશેકું.

કોકરવાયું જુઓ કોકરવરણું.

કોકરવાશું જુઓ કોકરવરણું.

કોકરવું ૧. ન. કાન અને ગાલ વચ્ચેનો ઊપસેલો ભાગ.

૨. ન. કાનમાં પહેરવાનું એક જાતનું ઘરેણું; છેલકડી.

૩. વિ. થોડું ઘણું ઊનું; નવશેકું.

૪. સ. ક્રિ. ખણવું; ખોતરવું.

૫. સ. ક્રિ. છેતરવું; ભોળવી ઠગી લેવું; ફોસલાવવું.

કોકરું ન. બકરીનું બચ્ચું; લવારું.

કોકરૂડા (કોકરૂડ઼ા) સ્ત્રી. ગોરખમૂંડી નામની વનસ્પતિ.

કોકરૂદાં [સં. કકુંદર] સ્ત્રી. એક જાતની પહાડી વનસ્પતિ. તે જ્વર તથા રક્તદોષ મટાડનાર અને કફઘ્ન છે. તેમાંથી તેલ નીકળે છે.

કોકરેલ પું. નાનો મરઘો.

કોકલ ૧. સ્ત્રી. સોપારી.

૨. ન. છીપમાં રહેનારૂં એક જાતનું પ્રાણી. તેને એક પગ હોય છે અને તેને છેડે આંકડી હોય છે. તે વડે તે ચાલી શકે છે.

કોકલવાયું જુઓ કોકરવરણું.

કોકલાલ પું. ભડવો; નામર્દ.

કોકલાલી સ્ત્રી. ભડવાઈ; નામર્દાઈ.

કોકલિયા પું. (બૌદ્ધ) ચોરાશી માંહેના એ નામના એક સિદ્ધ.

કોકલિયો પું. કાનની અંદર ઊંડો રહેલો શંખ જેવા આકારનો એક ભાગ.

કોકલી સ્ત્રી. બ્રાહ્મણની ચોરાશી માંહેની એ નામની એક જ્ઞાતિ.

કોકવ પું. (સંગીત) એક સંકર રાગ. તે પૂર્વી બિલાવલ, કેદારો, મારુ અને દેવગિરિ મેળવવાથી બને છે.

કોકવાચ પું. ચમરી મૃગ.

કોકવું સ. ક્રિ. બોલવું.

કોકશાસ્ત્ર [સં.] ન. કોક નામના પંડિતે બનાવેલું કામશાસ્ત્ર અથવા રતિશાસ્ત્ર.

કોકસાર ભાષા સ્ત્રી. એ નામનો કામશાસ્ત્ર સંબંધી એક પ્રાચીન ગ્રંથ.

કોકળવું ૧. ન. મરચી કે બટાટાના છોડને થતો એક જાતનો રોગ.

૨. વિ. કોકરવરણું; નવશેકું.

૩. અ. ક્રિ. સંભળાવું.

કોકા ૧. પું. એક જાતની વનસ્પતિ. તેમાંથી કોકેન બને છે.

૨. પું. એક જાતનું કમળ.

૩. પું. ચક્રવાક પક્ષી.

૪. પું. દાઈ અથવા ધાવનું બાળક.

૫. પું. દૂધભાઈ.

૬. પું. નાનો ખીલો; મેખ.

૭. પું. બ. વ. જામા; સારાં અને કીમતી કપડાં.

૮. સ્ત્રી. ચુંબન; બચી; બોકી.

કોકાઈ પું. ફિક્કો જાંબુડો રંગ. કસૂંબો, ખાટું પાણી અને ગળી એ ત્રણેના મિશ્રણથી એ રંગ બને છે.

કોકાડીમર (કોકાડ઼ીમર) ન. સૈશલ ટાપુમાં ઊગતું તાડની જાતનું એક ઝાડ. તેનાં ફળમાંથી ફકીરોને માગવાનાં ખપ્પર બને છે.

કોકામુખ [સં.] ન. મહાભારતમાં જણાવેલું બંગાળામાં પૂર્ણીઆ જિલ્લામાં નાગપુરથી ઉપરવાસે આવેલું એક પ્રાચીન તીર્થ; વરાહતીર્થ.

કોકાલો પું. મોટી કીડી.

કોકાવાયું વિ. કોકરવરણું; નવશેકું.

કોકાહ પું. સફેદ રંગનો ઘોડો.

કોકિલ ૧. [સં.] પું. અઠ્ઠાવન માંહેનો અગિયારમો વર્ણાલંકાર.

૨. પું. અંગારો; તણખો.

૩. પું. એ નામની લુટારુ જાતિનો પુરુષ.

૪. પું. એક જાતનો ઉંદર. તેના કરડવાથી તાવ આવે છે અને બહુ બળતરા થાય છે.

૫. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે ષટ્પદી છપ્પયનો ભેદ છે. તેમાં ૪૮ ગુરુ અને બાવન લઘુ મળી ૧૪૮ માત્રા હોય છે.

૬. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કોકિલક. તે અત્યાષ્ટિ છંદનો ભેદ છે. તેમાં નગણ, જગણ, ભગણ, જગણ, જગણ, લઘુ અને ગુરુ મળી સત્તર વર્ણ હોય છે.

૭. પું. કોયલ. તે વસંત ઋતુ અને ઉનાળામાં પંચમ રાગે ગાય છે.

૮. સ્ત્રી. નીલમની એક છાયા.

૯. વિ. કોયલ જેવા કંઠવાળું.

કોકિલક જુઓ કોકિલ ૬.

કોકિલકંઠ ૧. પું. મધુર કંઠે ગાઈ શકે એવો માણસ.

૨. વિ. કોયલ જેવા કંઠવાળું.

કોકિલકંઠી વિ. કોયલના જેવા મધુર અવાજવાળું.

કોકિલચ્છદ [સં.] પું. તૈલકંટક નામની એક વનસ્પતિ.

કોકિલનયન [સં.] ન. અત્યંત લાલ ફૂલવાળું એક ઝાડ.

કોકિલપ્રિય પું. (સંગીત) બત્રીશ માંહેનો છઠ્ઠો થાટ.

કોકિલવન ન. એ નામનું એક સ્થળ. ત્યાં વલ્લભાચાર્યની બેઠક છે. ત્યાં તેમણે પાંચ શેર દૂધની ખીરથી હજાર મનુષ્યને ભોજન કરાવ્યાનું કહેવાય છે.

કોકિલવર્ણું વિ. કોયલના રંગનું.

કોકિલસંચારી સ્ત્રી. ઘોડાની એક જાતની ગતિ. તેમાં ઘોડો કોયલ માફક કૂદે છે.

કોકિલસ્વન [સં.] પું. કોયલનો ટહુકો.

કોકિલા ૧. પું. (સંગીત) સોળ માત્રાનો એક તાલ. તેમાં ૧, ૫, ૭, ૧૧ અને ૧૪ માત્રા ઉપર તાલ આવે છે.

૨. [સં.] સ્ત્રી. અન્યભૃતા; કોકિલની માદા; કોયલ. તે કાગડા કરતાં નાનું પણ તેના જ જેવું કાળું હોય છે. વસંતની શરૂઆતથી તે ચોમાસા સુધી આંબા અને અશોકની ઘટાઓમાં મધુર પંચમ રાગે તે ગાય છે. કોકિલા કાગડીના માળામાં જઈ ઈંડાં મૂકે છે. કાગડી તેને સેવી બચ્ચાં ઉછેરે છે. જ્યારે તેઓ બોલવા માંડે છે ત્યારે તે બચ્ચાં પોતાનાં નથી એવું સમજાયાથી તેમને મારી કાઢે છે. આ ઉપરથી કોયલ પરભૃતા, અન્યભૃતા કે પરપુષ્ટા કહેવાય છે.

૩. સ્ત્રી. કાકોલી નામની વનસ્પતિ.

૪. સ્ત્રી. છોટાનાગપુરના પ્રદેશમાંથી નીકળીને બિહારમાં શાહબાદ જિલ્લામાં વહેતી એક પ્રાચીન નદી.

કોકિલાક્ષ [સં.] પું. એખરો નામની વનસ્પતિ.

કોકિલાક્ષી ૧. સ્ત્રી. એ નામની દેવી.

૨. વિ. સ્ત્રી. કોયલના જેવી આંખવાળી.

કોકિલાપ્રિય [સં.] પું. (સંગીત) એક તાલ. તેમાં એક પ્લુત, એક લઘુ અને પાછો એક પ્લુત હોય છે.

કોકિલાબાળ ન. કોયલનું બચ્ચું.

કોકિલારવ [સં.] પું. (સંગીત) તાલના સાઠ મુખ્ય ભેદ માંહેનો એક.

કોકિલાલાપપંડિતા સ્ત્રી. એ નામની એક અપ્સરા.

કોકિલાવાસ [સં.] પું. આંબાનું ઝાડ.

કોકિલાવ્રત [સં.] ન. અષાડ સુદિ પૂનમને દિવસે સ્ત્રીઓએ કરવાનું એક વ્રત. તેમાં કોયલના રૂપમાં પાર્વતીનું પૂજન કરાય છે. આ વ્રત શ્રાવણ સુદિ પૂનમ સુધી ચાલે છે. આખો દિવસ ઉપવાસ કરી દિવસમાં એક વખત કોયલનું દર્શન અગર કોયલના શબ્દનું શ્રવણ થાય તો જ રાત્રે ભોજન કરવું એવો તેમાં નિયમ હોય છે.

કોકિલાસન [સં.] ન. એક જાતનું આસન. ડાબા સાથળ ઉપર જમણો પગ રાખીને તથા જમણા સાથળ ઉપર ડાબો પગ રાખી, પછી જમણા પગના અંગૂઠાને જમણા હાથના અંગૂઠા તથા તર્જનીથી અને ડાબા પગના અંગૂઠાને ડાબા હાથના અંગૂઠા તથા તર્જનીથી પકડી, પછી કોણી ઉપર શરીરનો કાંઈક ભાર આવે એમ કોણીઓ ભૂમિ ઉપર ટેકાવી, નમેલા શરીર વડે સ્થિત થવું.

કોકિલેક્ષુ [સં.] સ્ત્રી. એક જાતની શેરડી.

કોકિલોત્સવ [સં.] પું. આંબાનું ઝાડ.

કોકિલ્લાવાણી પું. (પિંગળ) એક સમજાતિ માત્રામેળ છંદ. તે દ્રોપદી છંદનો એક ભેદ છે. તેમાં ૭ ગુરુ અને સો લઘુ મળી ૧૧૨ માત્રા હોય છે.

કોકિંઓ ન. ચરપમાં થતું એક જાતનું ઘુવડ. તે કદમાં બહુ નાનું અને શિકારી હોય છે.

કોકી ૧. પું. (પિંગળ) એક અક્ષરમેળ છંદ; સુખદા. તેના દરેક ચરણમાં આઠ જગણ મળી ચોવીશ અક્ષર હોય છે. તેમાં બારમા અક્ષર ઉપર વિસામો આવે છે. આ છંદ સંસ્કૃતિ છંદનો એક ભેદ છે.

૨. પું. ખીલી; મેખ.

૩. સ્ત્રી. કાકીડી.

૪. સ્ત્રી. ચકલી; ચલ્લી; ચક્રવાકી.

૫. સ્ત્રી. દક્ષિણી પાઘડી ઉપર કાઢવામાં આવતી ચકલીના જેવી ચાંચ; દક્ષિણી પાઘડીની ટોચ.

૬. સ્ત્રી. દેડકી.

૭. સ્ત્રી. વરુની માદા.

કોકીઆન પું. કોહવાણ; સડેલો પદાર્થ.

કોકી કરડો (કોકી કરડો) પું. અનામિકા આંગળીમાં પહેરવાનું એક જાતનું ઘરેણું.

કોકીલું વિ. કોકરવરણું; હૂંફાળું; નવશેકું.

કોકીશું ૧. ન. કામઠાનો છેડો કે ગાળો. તેમાં પણછ ચડાવાય છે.

૨. ન. કિલ્લાના કોટમાંથી શત્રુને તોપ, બંદૂક, તીર કે ભાલાં મારવાને માટે રાખેલું સીધું નાળચાકોરૂં ભખોરૂં; ગુંબારિયું; બાકું.

કોકુ પું. (પુરાણ) એ નામનો દક્ષિણનો એક દેશ.

કોકુટ્ટક જુઓ કોકુ.

કોકુન ન. ગૂંથણ કામમાં ઉપયોગી એક જાતની ઊન.

કોકુર પું. (પુરાણ) કુકુર વંશમાં જન્મેલા કારસ્કર રાજાનું બીજું નામ.

કોકુસંડી પું. (પુરાણ) ઉત્તમ મન્વંતરમાંના સાત ઋષિમાંનો એ નામનો એક.

કોકેન ન. એક જાતનો ગંધહીન, સફેદ અને માદક કેફી પદાર્થ. દવા તરીકે ખવાતો અને મલમમાં મેળવાતો આ પદાર્થ કોકો નામના ઝાડનાં પાંદડાંમાંથી તૈયાર થાય છે. આંખ વગેરે કોમળ અંગ ઉપર શસ્ત્રક્રિયા કરતા પહેલાં તેને બહેરૂં કરવા માટે તે વપરાય છે. હિંદમાં તેનો માદક પદાર્થ તરીકે ઉપયોગ થવા લાગ્યો હતો અને લોકો પાન સાથે તે ખાતા હતા, પણ સરકારે તેનો ઉપયોગ અટકાવ્યો છે. કોકેનનું ઝાડ ૫ થી ૭ ફૂટ ઊંચું વધે છે. પેરુ અને બોલીવીઅમાં આ ઝાડ ઘણાં થાય છે. આનાં

પાતરાં સૂકવી તેમાંથી કોકેન કાઢવામાં આવે છે. જર્મનિ અને અમેરિકમાં કોકેનનાં પાતરાં મોકલવામાં આવે છે. પેરુ અને બોલીવીઅના લોકો કળીચૂના સાથે કોકેનનાં પાતરાં ચાવે છે. તેની અસરથી તેમને નશો આવે છે, થાક જણાતો નથી, ઘણું કામ થાય છે તથા ભૂખ થોડી લાગે છે. સિલોનમાં પણ કોકેનનાં ઝાડ વવાય છે. પાણી મરે નહિ તેવી રેતીવાળી સુંવાળી જમીનવાળા તથા જ્યાં ૭૦ ઇંચથી વધારે વરસાદ પડતો હોય તેવા પ્રદેશમાં આ ઝાડ સારાં થાય છે. ઝાડ મોટાં થતાં સુધી તેમને છાંયો કરવો પડે છે. પાણી જમીનમાં મરે નહિ તે માટે વાવેતરની આસપાસ નીક કરાય છે. ટોપલામાં ખાતર રેતી વગેરે ભરી છાંયામાં રાખી તેમાં તાજાં બી વાવવાથી રોપા નીકળે છે. વાવ્યા પછી દોઢથી અઢી વરસે તેનાં પાકાં પાતરાં વીણવાનું શરૂ થાય છે. તાપમાં સૂકવેલાં પાતરાંમાંથી કોકેન થોડું નીકળે છે. આ છોડ કેફી ચીજનો હોવાથી મંજૂરી વિના તેનું વાવેતર થઈ શકતું નથી. કોકેન એટલું બધું ઝેરી છે કે લીગ ઑફ નેશન્સ તરફથી તેનું બહોળું વેચાણ કરવાનું અટકાવેલ છે.

કોકેનિયો પું. કોકેન નામના માદક ઝેરી પદાર્થનો વ્યસની માણસ.

કોકેર સ્ત્રી. એક જાતની દરિયાઈ માછલી. તેનું વજન ૫૦થી ૧૦૦ પૌંડ જેટલું હોય છે. તેને પકડવા જતાં તે જોરદાર સામનો કરે છે.

કોકેશીઅન ૧. સ્ત્રી. એ નામની લોકોની એક જાત.

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

કોકો ૧. પું. એ નામના ઝાડનું બીજ.

૨. પું. એ નામનું દક્ષિણ અમેરિકનું એક ઝાડ. તેનાં સૂકવેલાં પાંદડાં ચાવવાથી થાક લાગતો નથી અને ભૂખની ખબર પડતી નથી. આથી ત્યાંના વતની પહાડ ઉપર ચડવા પહેલાં તેનાં થોડાંક સૂકાં પાન ચાવી જાય છે. તેમાં એક પ્રકારનો નશો છે. પશ્ચિમના ટાપુઓ, સિલોન અને પશ્ચિમ અમેરિકમાં કોકોનું વાવેતર થાય છે. કોકોના ઝાડને ખાંચવાળાં, આશરે છથી નવ ઇંચ લાંબાં અને પાકે ત્યારે લાલ અથવા પીળા રંગનાં ફળ આવે છે. ફળમાં ૨૫થી ૪૦ બીજ હોય છે, જે ચીકણા પદાર્થની માફક વળગેલાં હોય છે. આ ઝાડનાં બીને ભૂંજવામાં આવે છે અને પછી ગરમી આપી તેનો બારીક તપખીર જેવો ભૂકો કરાય છે. તેને ચોકોલેટ કહે છે. કોકો બનાવવા ખાંડ, તપખીર, વસાણાં વગેરે ભેળવાય છે. બીને દબાણમાં મૂકીને કોકોબટર અથવા થીઓબ્રોમા નામનું તેલ કાઢવામાં આવે છે. તેનો ઉપયોગ દવામાં થાય છે. આ ઝાડ ગરમ તથા ભીનાશવાળી હવામાં ૫૦૦ થી ૧૫૦૦ ફૂટની ઊંચાઈ સુધી થાય છે. વળી જ્યાં ૬૦ ઇંચ વરસાદ ને સાધારણ સૂકી હવા હોય ત્યાં પણ થઈ શકે છે. પવન અને તાપથી તેનું રક્ષણ કરવા માટે છાંયાવાળી જમીન પસંદ કરવામાં આવે છે. બીમાંથી કોકોનાં નવાં ઝાડ કરવામાં આવે છે. તેમાંથી બે વરસના રોપા થયે આંખ ચડાવી કલમી કોકોનાં ઝાડ પણ કરાય છે. તાજાં બી ટોપલામાં વાવી રોપા કરવા. વાવ્યા પછી ૨૦ દિવસે બી ફૂટી નીકળે છે અને રોપા ત્રણથી ચાર મહિને વાવવા લાયક થાય છે. વચ્ચે બારથી પંદર ફૂટનું અંતર રાખવું. ૧૦ થી ૧૨ વરસનું ઝાડ થાય ત્યારે તેમાં પૂરી ઊપજ મળે એટલાં ફૂલ લાગે છે. કોકોના બે ફાલ આવે છે: ૧. ઑકટોબરથી ડિસેમ્બર સુધી, ૨. એપ્રિલથી જૂન સુધી. તેની શીંગો બારીક કાતર કે ચપ્પુથી વીણવી, ખેંચીને તોડવી કે ભાંગવી નહિ. વીણી એકઠી કરી તેને ભાંગવી અને બી જુદાં પાડવાં. બીના ઢગલા કરી ચાર પાંચ દિવસ સુધી તાપમાં સૂકવવાં. વેનેઝુઈલા ને વેસ્ટ ઇંડીઝમાં કોકોનાં બીને ઈંટના બારીક ભૂકામાં અગર ધૂળ સાથે રાખી અળતાના રંગ પણ દે છે. એક રોપા ઉપરથી સરાસરી ૫૦ શીંગ ઊતરે છે. ઝાડ જામી જાય તો એક ઝાડ ઉપરથી ૫૦૦ શીંગ પણ ઊતરે.

૩. પું. એક જાતનું પીણું.

૪. પું. કાગડો.

૫. પું. ચુંબન; બકી.

૬. પું. નાના બચ્ચાનું આંગલું; ઝબલું.

૭. પું. નાળિયેર.

૮. પું. ભેટવું તે; આલિંગન.

કોકોજેમ પું. ઘી, તેલને બદલે વપરાતો દેશી બનાવટનો એક પદાર્થ.

કોકોનાડા (કોકોનાડ઼ા) ન. મદ્રાસ ઇલાકાનું એ નામનું એક શહેર.

કોકોર પું. ઘુવડ.

કોકોસ ન. એક જાતનું તાડનું ઝાડ.

કોક્રા પું. એક જાતનો સાગ. તે બહુ કઠણ હોવાથી સંગીતનાં વાજિંત્રો બનાવવા માટે તેનો ઉપયોગ થાય છે.

કોખ ૧. [સં. કુક્ષિ] સ્ત્રી. ગર્ભાશય.

૨. સ્ત્રી. જઘન; શ્રોણિપ્રદેશ.

૩. સ્ત્રી. પેટ.

કોખજલી ૧. સ્ત્રી. વાંઝણી સ્ત્રી.

૨. વિ. સ્ત્રી. બાળક મરી જતાં હોય એવી.

કોખબંદ જુઓ કોખજલી.

કોખી જુઓ કોખ.

કોગળાછંટ વિ. મોંમાં પેસે તેટલું ઊંડું.

કોગળિયું [અં. કોલેરા] ન. મહામારી; વિષૂચિકા; ઝાડા અને ઊલટીનો એક રોગ. ગંદા પાણીમાં થતાં એક જાતનાં ઝીણાં જંતુ શરીરમાં દાખલ થવાથી આ રોગ થાય છે. આ રોગ સહેલાઈથી પ્રસરતો અને ભયંકર છે. તેમાં ઝાડા અને ઊલટી સાથે શરીરમાં ગોળા ચડે છે; પેસાબ થતો બંધ પડે છે; શરીર ઠંડું પડી જઈ કાળાશ મારે છે અને નાડી મંદ પડી જઈ અને બેચેની ઉત્પન્ન થઈ દરદીનું મૃત્યુ થાય છે. ઝાડો પાતળો ચોખાના ધોણ જેવો થાય છે અને પેશાબ પણ પાણી જેવો ઊતરે છે. હાથ પગમાં કોઈ વાર ગોટલા ચડી આવે છે અને સ્નાયુના ખેંચાણથી શરીર લાકડા જેવું અક્કડ થઈ જાય છે. એ રોગ થવાનું મૂળ કારણ અજીર્ણ છે.

કોગળો પું. મોઢામાં પાણી ભરી ખખડાવી બહાર કાઢવું તે.

૧. કપૂરના કોગળા કરવા = સારી હાલતમાં હોવું.

૨. કોગળો કરવો = (૧) કોઈને નામે રડવા જવું; ઠૂઠવો મૂકવો. (૨) નાહી નાખવું; સંબંધ તજવો. (૩) મોંમાં પાણી ભરી હલાવી પાછું કાઢી નાખવું. (૪) રોતા માણસને પાણી આપી શાંત કરવો.

કોગોમિત્ર સ્ત્રી. બ્રાહ્મણની એક પેટા જ્ઞાતિ.

કોઘકો પું. (કચ્છી) કોગળો.

કોઘા ૧. સ્ત્રી. એ નામની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કોચ ૧. પું. અઢેલીને અડધા સૂતા રહી બેસાય એવું આસન.

૨. પું. સંકોચ.

૩. પું. સુતરાઉ કાપડનો એક રંગ.

૪. સ્ત્રી. આસામ અને બંગાળા તરફ બોલાતી એક ભાષા.

૫. સ્ત્રી. એ નામની લોકોની જાતિ.

૬. ન. એ નામનો એક દેશ.

૭. ન. કાણું; છિદ્ર.

૮. ન. છત્રીપલંગ.

૯. ન. પંજાબ, હજારા તથા અફઘાનિસ્તાનનું એક જાતનું ઘેટું. તેની ઊન બહુ સારી થાય છે.

૧૦. ન. ભાંગી ગયેલ વહાણનું ખોખું.
૧૧. ન. સુખાસનવાળી ચાર પૈડાંની ગાડી.
૧૨. વિ. સંકોચક; સંકોચ ઉપજાવનાર.

કોચકી ૧. પું. (પુરાણ) એ નામનો એક બ્રહ્મર્ષિ.
૨. પું. મકાઈના રંગને મળતો રંગ.

કોચફૂલાવર ન. એક જાતના કાપડનું નામ.

કોચબાન [અં. કોચમન] પું. ગાડીવાળો; ગાડી હાંકનારો.

કોચબૉક્સ [અં. કોચબૉક્સ] પું. ગાડી હાંકનારને બેસવાની જગ્યા.

કોચમન [અં.] પું. ગાડી હાંકનાર; સારથિ.

કોચમીર સ્ત્રી. કોથમીર; ધાણાભાજી.

કોચમેન જુઓ કોચમન.

કોચર વિ. ખંધું; લુચ્ચું.

કોચરા ૧. સ્ત્રી. ઢેઢની એ નામની અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કોચરાઈ ૧. સ્ત્રી. જાણી જોઈને કામ ન કરવાની દાનત; દિલદગડાઈ.
૨. સ્ત્રી. લુચ્ચાઈ; હરામખોરી.

કોચરાની સાલ ૧. સ્ત્રી. અત્યંત જૂનો વખત; ઘણો દૂરનો ભૂતકાળ.
૨. સ્ત્રી. ઘણા જૂના એટલે જરી પુરાણા સમયની કોઈ સાલ કે વર્ષ.

કોચરિયું ન. બે તસુ પહોળાઈની એક ફૂટ લાંબી લાકડાની પટી જે પંચોળી સાથે રખાય છે.

કોચરી ૧. સ્ત્રી. એક જાતનું પક્ષી.
૨. સ્ત્રી. ઘરડી સ્ત્રી.

કોચરું ૧. વિ. કાણાંવાળું.
૨. વિ. કોચાઈ ગયેલું; ખોવાઈ ગયેલું.
૩. અ. જરીપુરાણું; ઘણું જૂનું.

કોચરો ૧. પું. ઈંદ્રદેવ.
૨. પું. વૃદ્ધ પુરુષ.

કોચલાં ૧. ન. બ. વ. કટકા; ફોડવાં.
૨. ન. બ. વ. ચીભડાંના કટકાની સુકવણી.

કોચલું ૧. ન. ઈંડાં, ફળ વગેરેની ઉપરનું કઠણ છોડું; કોટલું.
૨. ન. ખોભળો.
૩. ન. ઝેરકોચલું.
૪. ન. સંકોચાઈ કે શોષાઈ ટૂંટિયું વળી ગયેલ હોય એવી ચીજ.
૫. ન. સુકવેલ ચીભડાનું બટકું.
૬. વિ. કોચાયેલું.

કોચલેનીન ન. કાળું કે સફેદ સુતરાઉ અક્કડ કપડું.

કોચલો ૧. પું કકડો; ફોડવું.
૨. વિ. પું. કોચાયેલો.

કોચવણી સ્ત્રી. કનડગત; કોચવવાપણું.

કોચવવું સ. ક્રિ. દુભાવવું.

કોચવાટ ન. કચવાવું તે; કચવાટ; નાખુશી.

કોચવાન [અં. કોચમન] પું. ગાડીવાન; ઘોડાગાડી હાંકનાર માણસ.

કોચવાવું અ. ક્રિ. દુઃખી થવું; દુભાવું.

કોચવું ૧. સ. ક્રિ. આરપાર કાણું પાડવું; શારવું.
૨. સ. ક્રિ. કાણું પડે એમ ખોતરી ખાવું; ખણવું; ખોતરવું.
૩. સ. ક્રિ. દુભાવવું.
૪. સ. ક્રિ. ભીંતમાં બાકું પાડી ઘરની અંદર ચોરી કરવી; ખાતર પાડવું.
ઘર કોચવું = (૧) ખાતર પાડવું. (૨) વ્યભિચાર કરવો.
૫. સ. ક્રિ. સતાવવું; દિલ દુખવવું.

કોચહસ્તિક પું. એ નામનો એક બ્રહ્મર્ષિ.

કોચાકરેલા વિ. ઘંટીથોબાળું; શીળીનાં ચાઠાંવાળું.

કોચાબોલું વિ. કડવું લાગે તેવું બોલનાર.

કોચાર ન. કૂતરાને મળતું એક જંગલી પ્રાણી.

કોચાવવું સ. ક્રિ. કોચાય એમ કરવું.

કોચાવું અ. ક્રિ. વીંધાવું.

કોચિલા પું. એક જાતની વનસ્પતિ.

કોચિંગક્લાર્ક [અં.] પું. ટિકિટ આપનાર કારકુન.

કોચીન ૧. સ્ત્રી. એક જાતની રમત.
૨. ન. મદ્રાસ પ્રાંતનું એક દેશી રાજ્ય.
કોચીનનો સાહૂકાર = ધુતારો.

કોચીરિયું ન. તરેલું સાંકડું કે પહોળું કરવા માટે વપરાતું લાકડાનું સાધન.

કોચું ૧. ન. કોટલું; છોડું; છોતરું.
૨. ન. ઘરડી સ્ત્રી; ડોશી.
૩. ન. સૂંઠ વગેરેનો સડેલો ભાગ.
૪. વિ. કાચું.
૫. વિ. પાકતાં પહેલાં સુકાઈને કરચલી પડી ગઈ હોય એવું; સુકાઈ સંકોચાઈ ગયેલું.
૬. વિ. સડી ગયેલું.
૭. વિ. સત્ત્વહીન.

કોચો વિ. સુકાઈ ગયેલ.

કોજ [ફા.] ન. શીંગડાંવાળું એક જાતનું ઘેટું.

કોજાગર [સં.] પું. આશ્વિન પૂનમ; શરદપૂનમ. આ રાતે લક્ષ્મી સંસારનું ભ્રમણ કરે છે અને ફરતાં બોલે છે, 'કો જાગૃતિ?' (કોણ જાગે છે?) જેને જાગરણ કરતાં કે ઉત્સવ કરતાં તે જુએ છે તેના ઉપર પ્રસન્ન થાય છે અને તેને ધન આપે છે, એમ કહેવાય છે.

કોજાગરવ્રત [સં.] ન. આશ્વિન પૂનમને દિવસે કરાતું વ્રત. તે રાત્રે લક્ષ્મીનું પૂજન કરીને જાગરણ કરાય છે.

કોજાગરી સ્ત્રી. આસો સુદિ પૂનમ; માણેકઠારી પૂનમ. જુઓ કોજાગર.

કોઝવે ૧. [અં. કૉઝવે] પું. બેઠો પુલ.
૨. પું. ભેજવાળી જમીનથી ઊંચો રસ્તો.

કોટ ૧. [અં.] પું. અસ્તર.
૨. પું. કાંટાની વાડ.
૩. પું. કિલ્લો; શહેરને ફરતો ગઢ.
૧. કોટ ઉઠાવવો = કોટ બાંધવો; ગઢ રચવો.
૨. કોટ બાંધવો = રક્ષણ માટે દીવાલ ઊભી કરવી.
૩. ધૂળકોટ = (૧) ધૂળ ઊડી આકાશ છવાઈ જવું તે. (૨) ધૂળની બનાવેલ દીવાલ.
૪. બહારકોટ = કોટની બહારનું પરું.
૪. પું. કોટની અંદરનો ભાગ.
૫. પું. ખેતર કે ગામની આસપાસ ગારાની વાડ.
૬. પું. ગઢવાળું ગામ.
૭. પું. જથ્થો; સમૂહ.
૮. [સં.] પું. ઝૂંપડી.
૯. પું. ડગલો.
૧૦. પું. નાનો ખાટલો; માંચો.
૧૧. પું. પાનાંની રમતમાં પોતાના સાત હાથ પહેલા કરી લેવા અને સામાને તે દરમિયાન એકે હાથ ન જવા દેવો તે.
૧૨. પું. મહેલ; રાજમંદિર; રાજપ્રાસાદ.
૧૩. પું. વંડો.
૧૪. પું. શત્રુ ન ભેદી શકે તેવી વ્યૂહરચના.
૧૫. પું. શરીર.
૧૬. [અં. કૉર્ટ] સ્ત્રી. અદાલત; કચેરી.
૧૭. સ્ત્રી. કુટિલતા.
૧૮. સ્ત્રી. ગરદન; ડોક.
૧. અડવી કોટ = ઘરેણાં વગરની ડોક.
૨. કોટ કરવી = એક બીજાની કોટે વળગીને રડવું.
૩. કોટનું માદળિયું = ઘણું જ વહાલું; ઘણું જ જરૂરનું; માદળિયું જેમ છાતી ઉપર રહે તેવું છાતી ઉપર પ્રેમભર રહેનારૂં.

૪. કોટે કોડિયું બાંધીને ફરવું = ભીખ માગી ખાવું.

૫. કોટે ઘાલવું = (૧) કોટે પહેરવું. (૨) પોતાને માથે આવેલું નુકસાન કે આળ બીજાને માથે જાય તેમ કરવું. (૩) પોતે કરવાનું કામ બીજાને સોંપવું.

૬. કોટે બાંધવું = (૧) પાલણપોષણ કે દેખરેખ કરવા કોઈનો હવાલો લેવો. (૨) વળગાડવું.

૭. કોટે વળગવું = ગળે હાથ લગાડી આલિંગન દેવું; ગળે બાઝવું.

૮. કોટે વળવું = આસપાસ ફરી વળવું.

૧૯. સ્ત્રી. મદ્રાસ તરફ બોલાતી એક ભાષા.

૨૦. ન. એક જાતનું ઝાડ. તેનાં પાંદડાં પાંખ જેવાં હોય છે. લાકડાની છાલ કાળા રંગની અને ફળ લોબાનના રંગનાં હોય છે. તેની અંદરના ગરને ખાંડ સાથે ભેળવી ખવાય છે. આ ફળ હાથીને પસંદ હોવાથી તેને એલીફંટ એપલ કહે છે. વાંદરાં પણ આ ફળનાં શોખીન હોય છે.

૨૧. ન. માળો.

૨૨. ન. હાથ મારવો તે; રંગનો પીછો લગાવવો તે.

૨૩. વિ. કરોડ; સો લાખ.

૨૪. વિ. ઘણું.

કોટઆઉટ [અં. કોટ આઉટ] વિ. ક્રિકેટની રમતમાં દાવ પૂરો થવાનો એક પ્રકાર. દાવ લેનારના બેટને અથવા કાંડા સુધીના હાથના પંજાને દડો અડકીને જમીન ઉપર પડતાં પહેલાં દાવ દેનારથી ઝિલાય જાય ત્યારે દાવ લેનારનો દાવ પૂરો થયો ગણાય છે.

કોટક ૧. પું. કિલ્લો.

૨. પું. કિલ્લો બાંધનાર માણસ.

૩. સ્ત્રી. લોહાણાની એક અટક.

૪. ન. એ નામની અટકનું માણસ.

૫. વિ. એ નામની અટકનું.

કોટકીલડી (કોટકીલડ઼ી) સ્ત્રી. એ નામની વડોદરા તરફ રમાતી એક રમત. રમનારના પ્રમાણમાં એક મોટું કૂંડાળું કાઢે. રમનારની બે ટોળી થાય. એક ટોળી કૂંડાળીમાં રહે અને તેને બીજી ટોળીવાળા 'કોટકોટ' એમ એક શ્વાસે બોલતા આવી પકડે. શ્વાસ ખાય તો બહાર જાય અને ફરી પકડવા આવે. એમ બધા પકડાય એટલે તે ટોળી દાવ દે.

કોટકોટ જુઓ કોટકીલડી.

કોટકોટાન વિ. કરોડ; કોટાનકોટ.

કોટકોટયાન જુઓ કોટકોટાન.

કોટચક્ર [સં.] ન. કિલ્લાનું શુભાશુભ જણાવનાર એક ચક્ર. તેના આઠ પ્રકાર હોય છે: મૃણ્મય, જલકોટક, ગ્રામ્યકોટક, ગહ્વર, ગિરિ, ડામર, વક્રભૂમિ અને વિષમ.

કોટડાં (કોટડ઼ાં) ૧. ન. બ. વ. ઓરડીઓ.

૨. નં. બ. વ. ગઢ; કિલ્લો.

૩. ન. બ. વ. ઘરના કરા; પછીત વગેરે ભીંતો.

૪. ન. બ. વ. પરાં.

કોટડિયા (કોટડ઼િયા) ૧. સ્ત્રી. કડવા કણબી, લેઉઆ કણબી અને ભંગીની એ નામની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કોટડી (કોટડ઼ી) ૧. [સં. કોષ્ઠ; પ્રા. કોટ્ઠ + ડી (લઘુતા બતાવનાર પ્રત્યય] સ્ત્રી. (સંગીત) અમુક તાલનું અમુક શબ્દોમાં ઘર બાંધવું તે. અમુક તાલના પિંડમાં એટલે આવૃત્તિમાં પ્રથમ શરૂ કરવાના બોલ જે બાંધેલા હોય છે તેને કોટડી કહે છે. બજાવવામાં હરકોઈ તાલની પ્રથમ કોટડી બાંધવી પડે છે અને તેમાં આવતા તોડા મોહરા પરત લઈ અંતે તે કોટડીમાં મળવું જોઈએ.

૨. સ્ત્રી. ઓરડી; ખોલી; નાનો ઓરડો; એક ખંડનું નાનું ઘર.

કોટડીમાં પૂરવું = કેદ કરવું.

૩. સ્ત્રી. કારાગૃહ; બંદીખાનું; નાની અને સાંકડી બંધિયાર જગ્યા.

વગર ભાડાની કોટડી = કેદખાનું; કારાગૃહ.

૪. સ્ત્રી. વંડી; ભીંત.

૫. વિ. કરોડ; કોટિ.

કોટડી મશે નમી જાઉં રે. નરસિંહ

કોટડું (કોટડું) ૧. ન. ઇંટની અથવા માટીની નાની ભીંત; નાનો નીચો કોટ; દીવાલ.

૨. ન. ઓરડી; કોટડી; નાનું પીંઢેરી ઘર.

કોટતા પું. કોટિતા; કોટિપણું.

કોટતીર્થ ન. કલિંજરના કિલ્લામાં આવેલ પવિત્ર તળાવ. હાલ તેને કરોડાતીર્થ કહે છે.

કોટન ૧. [અં. કૉટન] ન. ખાંચાદાર સૂતર.

૨. ન. રૂ; ડ્રેસિંગ માટેનું રૂ.

૩. ન. સુતરાઉ કાપડ.

કોટનપ્રેસ [અં. કૉટન પ્રેસ] ન. રૂની ગાંસડી દાબવાનો સંચો.

કોટનમાર્કેટ [અં. કૉટન માર્કેટ] સ્ત્રી. રૂ બજાર.

કોટપાલ ૧. પું. કિલ્લેદાર; કિલ્લાનું રક્ષણ કરનાર માણસ.

૨. પું. કોટવાલ; શહેરનો બંદોબસ્ત રાખનાર અમલદાર.

૩. પું. રજપૂતોનાં છત્રીશ કુળ માંહેના એ નામની અટકના રજપૂત.

કોટપાલી સ્ત્રી. કોટવાળી; કોટવાળનું કામ.

કોટબંધી ૧. સ્ત્રી. કિલ્લેબંધી.

૨. સ્ત્રી. ઘેરો ઘાલનાર લશ્કરની પાછળ કરેલો કોટ; ખાઈ.

૩. સ્ત્રી. ફરતો કોટ કરવો તે.

કોટબ્રાહ્મણ ૧. સ્ત્રી. બ્રાહ્મણની એ નામની એક જાતિ.

૨. ન. એ નામની બ્રાહ્મણની જાતનું માણસ.

૩. વિ. એ નામની બ્રાહ્મણની જાતનું.

કોટર ૧. પું.;ન. કિલ્લો; ગઢ.

૨. ન. એક જાતની લીલી વનસ્પતિ.

૩. ન. એક જાતનું દ્વિશાળ ઘર. કુર્કુટ ઘરની જમણી તરફ એક અલિંદ, ડાબી તરફ એક અલિંદ, પછીતે એક અલિંદ તથા તે ઘરના મુખ આગળ બે અલિંદ હોય અને વચ્ચે પટદારુ હોય તો તે કોટર નામનું ઘર કહેવાય છે.

૪. ન. કોતર; ઢાળ; ચડાણવાળો પર્વત માંહેનો ઊંડો ભાગ; પોલાણ; બખોલ.

૫. ન. ગુફા; ગુહા.

૬. ન. જમીનમાં પડેલી મોટી ફાટ.

૭. ન. ઝાડ માંહેનું પોલાણ; પક્ષીઓએ બનાવેલી ઝાડની બખોલ.

૮. ન. દુર્ગની આસપાસનું કૃત્રિમ વન.

૯. ન. નાની ઝૂંપડી.

૧૦. ન. હાડકાંની અંદર રહેલો પોલો ભાગ.

કોટરક પું. (પુરાણ) એ નામનો એક સર્પ.

કોટરા ૧. સ્ત્રી. એ નામની એક આસુરી દેવી.

૨. સ્ત્રી. ચોસઠ માંહેની એક યોગિની.

૩. સ્ત્રી. બાણાસુરની માતાનું નામ.

કોટરી ૧. સ્ત્રી. એક જાતનું પક્ષી.

૨. સ્ત્રી. દુર્ગાદેવીનું એક નામ; તેની મૂર્તિ હિંગુલા નામના પીઠસ્થાનમાં છે.

૩. સ્ત્રી. દૈત્યની દેવી; બાણાસુરની માતા.

૪. સ્ત્રી. નગ્ન સ્ત્રી.

કોટલગઢ પું. કયુમાઉનમાં લોહલમાં આવેલા હેસ્ટિંગ્ઝના કિલ્લાનું બીજું નામ. તેને જૂના વખતમાં ઉમાવન કહેતા, કેમકે હિમાલયની પુત્રી ઉમાએ મહાદેવને વરવા માટે આ સ્થળે તપ કર્યું હતું અને તેઓ આ સ્થળે જ મહાદેવને વર્યાં હતાં.

કોટલા ૧. [હિં.] પું. કિલ્લો.

૨. પું. દેવળનો માલ રાખવામાં આવે અને તેનાં કાર્યો કરવામાં આવે તે જગ્યા.

૩. પું. બ. વ. ભીલ લોકો.

કોટલિયા ૧. સ્ત્રી. લુહારની એ નામની અટક.

૨. ન. લુહારની એ નામની અટકનું માણસ.

૩. વિ. લુહારની એ નામની અટકનું.

કોટલી [હિં.] સ્ત્રી. કોઠારિયું; વખારમાં જુદી જુદી જાતનાં અનાજ ભરવા માટેનાં ખાનાં.

કોટલું ૧. ન. ઈંડાનો બહારનો ભાગ.

૨. ન. જેની અંદર કાંઈ સાર ન હોય તેવી ચીજ; સાર વગરની ચીજ.

૩. ન. જેની અંદરથી ચીજ અથવા ગર્ભ કાઢી લીધેલો હોય એવું સૂકું કોચલું કે કઠણ છોડું.

૪. ન. પડ; અસ્તર.

૫. ન. માળખું; શરીર.

૬. ન. સંકોચાઈ કે શોષાઈ ટૂંટિયું વળી ગયેલું હોય એવું જે કંઈ તે.

કોટલો જુઓ કોકલો.

કોટવક્કલ સ્ત્રી. લોકોની એ નામની એક જાત.

કોટવાલ જુઓ કોટવાળ.

કોટવાળ ૧. પું. એક જાતનું પક્ષી.

૨. પું. કોટની અંદર વસ્તીનો બંદોબસ્ત રાખનાર અમલદાર; શહેરનો ફોજદાર.

કોટવાળખાતું = પોલીસખાતું.

૩. પું. વાળંદ.

કોટવાળિયા ૧. પું. બ. વ. રાનીપરજમાં એક જાતના અસ્પૃશ્ય ગણાતા લોક. તેઓ વાંસની ટોપલી વગેરે બનાવી તે વેચવાનો ધંધો કરે છે.

૨. સ્ત્રી. સુરત જિલ્લાની એ નામની એક અનાર્ય જાતિ.

કોટવાળી ૧. સ્ત્રી. કોટવાળનું કામ.

૨. સ્ત્રી. પોલીસખર્ચ માટે લેવાતો કર.

૩. સ્ત્રી. પોલીસચોકી.

કોટવી ૧. સ્ત્રી. દુર્ગા દેવી.

૨. સ્ત્રી. દૈત્યની દેવી; બાણાસુરની મા.

૩. સ્ત્રી. નગ્ન સ્ત્રી.

કોટહાથી સ્ત્રી. કડી પ્રાંત તરફ રમાતી એ નામની એક રમત. તેને બંધોપાપા પણ કહે છે. રમવાની જગ્યામાં વચ્ચે એક ધૂળનો ઢગલો કરી કોટ બનાવે. જે રમનાર ઉપર દાવ ઠરે તે કોટ પાસે ઊભો રહે. બાકીનાં બધાં તેની આસપાસ ઊભાં રહે અને દાવ દેનારની નજર ચૂકવીને કોટને અડકવા પ્રયત્ન કરે. આવી રીતે કોટને અડકવા જતાં જો દાવ દેનાર કોઈને પકડી લે તો તેના ઉપર દાવ આવે અને પકડનાર ઉપરથી દાવ ઊતરે. એ રીતે બધાં છૂટાં થતાં સુધી અથવા તો કોટને અડકતાં સુધી રમત ચાલે.

કોટા ૧. પું. મહાભારત માંહેનું આરણ્યક પર્વ.

૨. પું. શબને રાખવા માટેનો ઇલાયદો ઓરડો.

૩. સ્ત્રી. નીલગિરિ પર્વત ઉપર વસતી એ નામની લોકોની જાત. આ જાત બહુ ઉદ્યોગી હોઈ ખેતી, સુતારકામ, ટોપલીઓ બનાવવી, હાથકસબ તથા ચમારકામ કરે છે. સ્ત્રીઓ અતિ શરમાળ હોય છે. આ જાત મૂર્તિપૂજક છે અને એક જ ઈશ્વરમાં માને છે. એમનો ઈશ્વર કામાટારાયા નામે ઓળખાય છે. આ લોકો ગાય, ભેંસ પાળે છે પણ એમને દોહતા નથી. મરેલાંને દાટવા અને બાળવાના બંને રિવાજ આ લોકોમાં છે. અફીણનું સેવન બહુ સામાન્ય છે. પંદરથી વીશ વર્ષનો છોકરો સામાન્ય રીતે પાંચ કે સાત વર્ષની છોકરી સાથે પરણે છે. એક વખતે એક જ સ્ત્રી પરણે છે પણ સંતતિના અભાવે બીજી સ્ત્રી કરવાની પ્રથા છે. પત્ની ગર્ભવતી થતાં પુરુષ પોતાના વાળ કે નખ કાપતો નથી. બાપના મરણ બાદ સૌથી નાના છોકરાને ઘર વારસામાં મળે છે, એ બદલ એને પોતાની માની સંભાળ રાખવી પડે છે.

કોટાઇ ૧. સ્ત્રી. ખળતા; હરામી.

૨. સ્ત્રી. ખોટો અવરોધ.

૩. સ્ત્રી. જૂઠી દલીલબાજી.

૪. સ્ત્રી. ઢોંગ; બહાનું.

૫. સ્ત્રી. બદદાનત.

કોટાકોટ ૧. વિ. અનેક; કરોડો.

૨. અ. ઓળાઓળ.

૩. અ. કોટની ધારેધારે.

૪. અ. કોટની લગોલગ.

કોટાકોટિ વિ. એક ક્રોડાક્રોડ; કરોડે ગુણ્યા કરોડ; કરોડો.

કોટાકોટી જુઓ કોટાકોટિ.

કોટાનકોટ વિ. અસંખ્ય; કરોડો.

કોટાનકોટિ વિ. અનેક; અગણિત; કરોડો.

કોટાનજનમ અ. હમેશને માટે; કાયમને માટે.

કોટાપલી સ્ત્રી. દસ્તો.

કોટાપિલી [હિં.] સ્ત્રી. સુતારની મોગરી.

કોટાલ [બં.] પું. ચોકીનો કોટવાળ.

કોટાલતા સ્ત્રી. એ નામની એક જાતની વેલ.

કોટાવું અ. ક્રિ. વૃદ્ધિ પામવું.

કોટાળું વિ. રંગીલું.

કોટિ ૧. સ્ત્રી. અગ્રભાગ; અણી; છેડો.

૨. સ્ત્રી. અસ્ત્રાની ધાર.

૩. સ્ત્રી: અંતિમતા; ઊંચામાં ઊંચું બિંદુ.

૪. સ્ત્રી. અંશ; વિભાગ.

૫. સ્ત્રી. આલિંગન.

કોટિ કરવી = (૧) આલિંગન કરવું; બાથ લેવી. (૨) ચુંબન કરવું.

૬. સ્ત્રી. ઉત્કૃષ્ટતા; ઉત્તમતા.

૭. સ્ત્રી. એ નામની વનસ્પતિ; પૃક્કા.

૮. સ્ત્રી. કમાનનો છેડો.

૯. સ્ત્રી. કરોડ; સો લાખની સંખ્યા.

૧૦. સ્ત્રી. (ગણિત) કાટખૂણત્રિકોણની કર્ણ સિવાયની બાજુ.

૧૧. સ્ત્રી. કુટુંબ; જાતિ.

૧૨. સ્ત્રી. (ગણિત) કોઈ પણ બિંદુનો ક્ષિતિજ સમાન્તર પ્રતિષ્ઠાપક; 'એબ્સિસ્સા.'

૧૩. સ્ત્રી. ગતિ.

૧૪. સ્ત્રી. જથ્થો; સમૂહ.

૧૫. સ્ત્રી. તકરાર પક્ષની એક બાજુ; પૂર્વપક્ષ.

૧૬. સ્ત્રી. દલીલ.

૧૭. સ્ત્રી. દાણા રાખવાની કોઠી.

૧૮. સ્ત્રી. પદવી.

૧૯. સ્ત્રી. પંક્તિ.

૨૦. સ્ત્રી. પેઢી.

૨૧. સ્ત્રી. પ્રમાણ.

૨૨. સ્ત્રી. બીજના ચંદ્રની અણી.

૨૩. સ્ત્રી. માથું.

૨૪. સ્ત્રી. મોટાઈ; શ્રેષ્ઠતા.

૨૫. સ્ત્રી. યોનિ.

૨૬. સ્ત્રી. રાજ્ય.

૨૭. સ્ત્રી. રાશિચક્રનો ત્રીજો ભાગ.

૨૮. સ્ત્રી. વર્ગ; પ્રકાર.

૨૯. સ્ત્રી. સંજ્ઞા.

૩૦. સ્ત્રી. સંશયજનક જ્ઞાનનો એક પ્રકાર; સંશયના આલંબનવાળો વાદ.

૩૧. સ્ત્રી. સૃષ્ટિ.

૩૨. વિ. અડિયલ.

૩૩. વિ. અસંખ્ય; કરોડો.

કોટિકલાવર = કરોડો સૂર્યના તેજ જેવું.

કોટિક ૧. પું. ઇંદ્રગોપ; એક જાતનો કીડો.

૨. પું. શિબિ દેશાધિપતિ સુરથ રાજાનો પુત્ર. એ ભીમને હાથે મરણ પામ્યો હતો.

૩. વિ. અસંખ્ય; લગભગ કરોડ.

કોટિકલ્યાણ ન. કરોડો માણસનું ભલું.

કોટિકંદર્પ [સં. કોટિ (કરોડ) + કંદર્પ (કામદેવ)] પું. વિષ્ણુ.

કોટિકંદર્પતુલ્ય [સં. કોટિ (કરોડ) + કંદર્પ (કામદેવ) + તુલ્ય (સરખું)] વિ. કરોડો કામદેવ સાથે તુલના થઈ શકે તેવું.

કોટિકંદર્પલાવણ્ય [સં. કોટિ (કરોડ) + કંદર્પ (કામદેવ) + લાવણ્ય (સૌંદર્ય)] વિ. કરોડો કામદેવ જેવા સૌંદર્યવાળું.

કોટિકા સ્ત્રી. તરાપો; નાની હોડી.

કોટિકાગ્રદ પું. વિષ્ણુ.

કોટિકાસ્ય પું. (પુરાણ) કોટિક રાજા; શિબિ દેશાધિપતિ સુરથ રાજાનો પુત્ર. તે જયદ્રથનો મિત્ર હતો અને ભીમને હાથે મરણ પામ્યો હતો.

કોટિકોટિ [સં.] વિ. અનેક; કરોડોની સંખ્યાવાળું.

કોટિકોણ ૧. [સં.] પું. કાટખૂણો.

૨. પું. જે બે ખૂણાનો સરવાળો એક કાટખૂણો એટલે ૯૦ અંશ થાય તે બંને ખૂણામાંનો દરેક; પૂરો કાટખૂણો બનાવનાર પૂર્તિરૂપ ખૂણો.

કોટક્રમ [સં.] પું. સંન્યાસમાર્ગીને મોક્ષ મળે કે નહિ તે માટે ગીતામાં બતાવેલો ક્રમ.

કોટિખૂણો જુઓ કોટિકોણ.

કોટિચ્છેદક પું. (ગણિત) આપેલા ખૂણાના કોઈ પણ એક બિંદુમાંથી સામી બાજુ ઉપર લંબ દોરવાથી જે કાટખૂણત્રિકોણ થાય તે ત્રિકોણના કર્ણને લંબથી ભાગતાં જે આવે તે; 'કોસીકન્ટ.'



ઉપર દોરેલી આકૃતિમાં कचट ખૂણાનો કોટિચ્છેદક $\frac{\text{पच}}{\text{पल}}$ છે.

કોટિચ્છેદન રેખા જુઓ કોટિચ્છેદક.

કોટિજોગું અ. છાતીસરસું.

કોટિજ્યા સ્ત્રી. ગ્રહોની સ્પષ્ટતાના સાધનનો ધનુષ્યનો એક અવયવ; ગ્રહોની સ્પષ્ટતાને માટે બનાવેલ એક પ્રકારના ક્ષેત્રનો વિશેષ અંશ; 'કોસાઈન'. ત્રિજ્યા અને કોટિજ્યાનું અંતર તે ઉત્ક્રમજ્યા કહેવાય છે. ભુજ અને કોટિ મળી ૯૦ અંશનું ધનુ થાય છે. તેમાંથી ભુજના અંશો બાદ કરતાં જેટલા અંશ બાકી રહે તેટલા અંશની જ્યાને કોટિજ્યા કહેવાય છે. ભુજજ્યા અને કોટિજ્યા કાટખૂણત્રિકોણમાં કાટખૂણો કરનારી બંને બાજુઓ થાય છે.

કોટિતા ૧. સ્ત્રી. સંશયવાળા જ્ઞાનનો પ્રકાર. જેમકે, પર્વત અગ્નિવાળો છે કે નહિ એવા સંશયમાં અગ્નિ વગેરેની કોટિતા રહેલી છે.

૨. સ્ત્રી. કરોડની સંખ્યામાં હોવું તે; કોટિપણું.

કોટિતીર્થ ૧. [સં.] ન. અવંતીમાં મહાકાળની જગ્યામાં આવેલું એક તીર્થ.

૨. ન. ગોકર્ણમાં આવેલું એક પવિત્ર તળાવ.

૩. ન. ચિત્રકૂટનું એક પ્રસિદ્ધ તીર્થ.

૪. ન. ધનુષ્યકોટિ તીર્થનું બીજું નામ.

૫. ન. નર્મદાને કિનારે આવેલ એક તીર્થ.

કોટિધા [સં.] અ. કરોડ પ્રકારે; અનેક રીતે.

કોટિધ્વજ ૧. [સં.] પું. કરોડાધિપતિ; કોટ્યાધિપતિ; કરોડોની સમૃદ્ધિ દર્શાવનારો ધ્વજ જેના ઘર ઉપર હોય એવો ગૃહસ્થ. કરોડાધિપતિને ઘેર અગાઉ ધ્વજ કે ધજા ઊડતી.

૨. પું. કરોડપતિના ઘર ઉપર ફરકતી ધજા.

કોટિપણું ન. કરોડાધિપતિ હોવું તે.

કોટિફલી [સં.] ન. ગોદાવરી નદી જ્યાં દરિયાને મળે છે તે નજીકનું એક પ્રસિદ્ધ તીર્થ. જ્યારે બૃહસ્પતિ સિંહ રાશિ ઉપર આવે છે ત્યારે ત્યાં મોટો મેળો ભરાય છે. તે વખતે તે તીર્થમાં સ્નાન કરવાનો મોટો મહિમા મનાય છે. કહેવાય છે કે ઇન્દ્રનું અહલ્યાગમનનું પાપ આ તીર્થમાં સ્નાન કરવાથી છૂટયું હતું.

કોટિબ્રહ્માંડવિગ્રહ [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

કોટિમા સ્ત્રી. (સંગીત) ગંધાર ગ્રામની સાતમી મૂર્ચ્છના.

કોટિયા ૧. સ્ત્રી. દશાશ્રીમાળી વાણિયાની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કોટિયું ૧. ન. કોટું; નાવડું; નાની હોડી; મછવો.

૨. ન. ગળામાં પહેરવાનું સ્ત્રીઓનું એક જાતનું સોનાનું ઘરેણું.

૩. ન. ગાય, ભેંસ વગેરેને ગળે ઘાલવામાં આવતું ગોળ લાકડું.

૪. ન. ઘોડાની ડોકે બાંધવાનું સૂતરનું ગૂંથેલું એક સાધન.

૫. ન. જાજરૂ; પાયખાનું; સંડાસ.

૬. ન. ઢોરને ગળે બાંધવામાં આવતો ચામડાનો પટ્ટો, વણેલું દોરડું કે ઘૂઘરાનો હાર.

૭. ન. મોઈદાંડિયાની રમતમાં સાધારણ દાવ ઉપરાંત જમણા પગ નીચે જમણો હાથ ઘાલી દંડો પકડી દાવ લેવો તે.

કોટિયો પું. એક જાતનું નાનું વહાણ; મછવો.

કોટિર ૧. [સં.] પું. ઇંદ્ર.

૨. પું. ઇંદ્રગોપ નામનો કીડો.

૩. પું. નોળિયો.

કોટિલ ૧. પું. એ નામના એક બ્રહ્મર્ષિ.

૨. પું. બોતેર આકાશતત્ત્વ દેવતા માંહેનો એક દેવતા.

કોટિલાવણ્યકામ વિ. કરોડો કામદેવના સૌંદર્ય જેવા રૂપવાળું.

કોટિલી [સં. કૌટ્ટિક; પ્રા. કોટ્ટિલ] સ્ત્રી. રંગેલાં કપડાં ઉપર ઠોકવાનો ઘાટ; મોગરી; લાકડાનો હથોડો.

કોટિલો ૧. પું. પીંજારાની તાંત ઉપર મારવાનું લાકડાનું ઓજાર.

૨. જુઓ કોટિલી.

કોટિવર્ષ ન. લાટ દેશનું એ નામનું એક નગર.

કોટિવર્ષપુર જુઓ કોટિવર્ષ.

કોટિવર્ષા ૧. [સં.] સ્ત્રી. કપૂરીમધુરી નામની વનસ્પતિ.

૨. સ્ત્રી. પીડીકા નામની વનસ્પતિ.

કોટિવીર્ય પું. એક જાતના અસુર.

કોટિવેધીરસ પું. (વૈદ્યક) એક જાતની કામોત્તેજક દવા.

કોટિશ ૧. [સં.] પું. મુદ્ગર; હથોડો.

૨. પું. વાસુકિના વંશનો એ નામે એક નાગ.

૩. વિ. કરોડોની સંખ્યાવાળું; અનેક.

કોટિશઃ ૧. [સં.] વિ. કરોડોની સંખ્યામાં હોય એવું.

૨. અ. અનેક પ્રકારે; અસંખ્ય રીતે.

કોટિશીર્ષા [સં.] પું. કરોડ માથાંવાળો-ઇશ્વર.

કોટિશ્રી [સં.] સ્ત્રી. દુર્ગાદેવી; પાર્વતી.

કોટિસાર ૧. [સં.] પું. અઢળક ધનવાળો પ્રદેશ.

૨. પું. બીજની રાત્રે દેખાય તેટલો ચંદ્ર.

કોટિસૂર્યસમપ્રભ [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ. તેની કાંતિ કરોડો સૂર્યના સરખી છે.

કોટિસ્પર્શ જુઓ કોટિસ્પર્શક.

કોટિસ્પર્શક પું. આપેલા ખૂણાની કોઈ પણ એક બાજુના કોઈ પણ બિંદુમાંથી સામી બાજુ ઉપર લંબ દોરવાથી, જે કાટખૂણત્રિકોણ થાય તેમાં ઉપર મુજબ દોરેલ લંબ સિવાયની કાટખૂણાની બાજુને લંબથી ભાગતાં જે આવે તે; 'કોટેન્જન્ટ'. સાથેની આકૃતિમાં कचट ખૂણાનો કાટિસ્પર્શક $\frac{\text{चल}}{\text{पल}}$ છે.



કોટિસ્પર્શકરેખા જુઓ કોટિસ્પર્શક.

કોટિસ્પર્શરેખા જુઓ કોટિસ્પર્શક.

કોટિંગ ૧. [અં.] ન. અસ્તર; પડ.

૨. ન. ડગલાનું કપડું.

કોટી ૧. ન. મધ્ય અને દક્ષિણ અમેરિકામાં વસતું આંચળવાળું એક પાળેલું પ્રાણી. તે પક્ષી, જંતુ વગેરેનું ભક્ષણ કરે છે.

૨. જુઓ કોટિ.

કોટીક જુઓ કોટિક.

કોટીકિરણી સ્ત્રી. કરોડો કિરણવાળો સૂર્ય અથવા ચંદ્રનો પ્રકાશ.

કોટીકોટી જુઓ કોટિકોટિ.

કોટીકોણ જુઓ કોટિકોણ.

કોટીચ્છેદક જુઓ કોટિચ્છેદક.

કોટીજ્યા જુઓ કોટિજ્યા.

કોટીધ્વજ જુઓ કોટિધ્વજ.

કોટીપણું જુઓ કોટિપણું.

કોટીપાલી જુઓ કોટિફલી.

કોટીપુર ન. ગુજરાતનું એક જૂનું શહેર. ભરૂચની ઉત્તરે પચીશ માઈલ ઉપર તે આવેલું છે. ત્યાં જયાદિત્ય નામે સૂર્યમંદિર છે.

કોટીભા પું. એક જાતનો ચોમાસામાં ઊગતો વેલો. તેનાં ફળ ખટમધુરાં થાય છે અને કાચરી માટે વપરાય છે.

કોટીમાપનરેષા [સં.] દૈર્ધ્યાક્ષ; સમાક્ષ; આલેખમાં દોરવામાં આવતી આડી લીટી. આલેખની આકૃતિ દોરવામાં પહેલાં એક આડી લીટી અને એક ઊભી લીટી દોરવામાં આવે છે. તે બંને જ્યાં એકબીજાને છેદે તે મૂળ ગણાય છે. આડી લીટી કોટીમાપનરેષા અને ઊભી લીટી ભુજમાપનરેષા કહેવાય છે.

કોટીર ૧. [સં.] પું. કિરીટ; મુગટ.

૨. પું. જટા; માથા ઉપરનો વાળનો સમૂહ.

કોટીલ જુઓ કોટીલા.

કોટીલા ૧. સ્ત્રી. એ નામની કાઠી કોમ. તે બ્રાહ્મણ અને બાબરીઆના મિશ્રણથી બનેલી મનાય છે.

૨. ન. એ કોમનું માણસ.

૩. વિ. એ નામની કોમનું.

કોટીલી સ્ત્રી. રંગેલાં કપડાં ઉપર ઠોકવાનું છાપાનું એક બીબું.

કોટીલો ૧. પું. કાંતવાનું ઓજાર.

૨. પું. પીંજવા માટે પીંજણની તાંત ઉપર મારવાનું ઓજાર; ગોટીલો.

કોટીવીર્ય જુઓ કોટિવીર્ય.

કોટીશ ૧. [સં.] પું. કરોડાધિપતિ; કરોડો રૂપિયાનો માલિક.

૨. વિ. કરોડો.

કોટીશ્વર ૧. પું. કરોડાધિપતિ.

૨. પું. ખડાયતા બ્રાહ્મણ વાણિયાના ઇષ્ટદેવ.

૩. વિ. પૈસાદાર; ધનાઢ્ય.

કોટીંદુજગદાનંદી [સં.] પું. પુરુષોતમનાં હજાર માંહેનું એક નામ.

કોટુ [હિં.] ન. એક પ્રકારનું ઘાસ.

કોટું જુઓ કોઠું.

કોટેકોટ ૧. વિ. કરોડોની સંખ્યાનું; કોટાનકોટ.

૨. અ. શહેરને ફરતા કોટની બાજુએ થઈ ને; કોટની લગોલગ.

કોટેગર ૧. સ્ત્રી. વાળવાનો ધંધો કરનારી કેનેરા તરફ રહેતી લોકની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

કોટેચા ૧. સ્ત્રી. લોહાણાની એ નામની અટક.

૨. ન. લોહાણાની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કોટેશન ૧. [અં.] ન. ભાવ.

૨. ન. લેખ.

૩. ન. વાકયનો ઉદ્ધૃત અંશ; ઉદ્ધરણ.

૪. ન. સીસાનો પોલો કટકો. તે છાપખાનામાં બીબાં ગોઠવવામાં ખાલી જગ્યા ભરવા માટે વપરાય છે.

કોટેશ્વર ૧. પું. ઇડર તાબાના ખેડબ્રહ્મા પાસેના એક પુરાતની મહાદેવ.

૨. ન. કચ્છના પશ્ચિમ કિનારા ઉપર કોરી નદીના મુખ પાસેનું એક પ્રાચીન પ્રસિદ્ધ પવિત્ર ધામ.

કોટેસરી ૧. પું. કરોડોનો માલિક; કરોડપતિ.

૨. વિ. પૈસાદાર; ધનાઢ્ય.

કોટો ૧. પું. એક જાતનું અનાજ. તે હિંદુઓ ઉપવાસના દિવસે ખાય છે.

૨. પું. કળી; કોંટો.

૩. પું. કાળજી.

૪. પું. તાકાત.

કોટ્ટ ૧. પું. એક જાતનું શહેર; પુરનો એક ભેદ.

૨. પું. કોટ; ગઢ.

કોટ્ટપતિ પું. શહેરનું રક્ષણ કરનાર; કોટવાળ.

કોટ્ટપાલ પું. (જૂ. ગુ.) કોટવાળ.

કોટ્ટવી ૧. સ્ત્રી. (પુરાણ) દુર્ગાદેવી.

૨. સ્ત્રી. (પુરાણ) દૈત્યોની પૂજ્ય દેવી; બાણાસુરની માતા. જ્યારે શ્રીકૃષ્ણ અને બાણાસુરને યુદ્ધ થયું ત્યારે તે પોતાના પુત્રની રક્ષા માટે નગ્ન થઈ યુદ્ધક્ષેત્રમાં ઊતરી હતી.

૩. સ્ત્રી. નગ્ન સ્ત્રી.

કોટ્ટાઈ સ્ત્રી. કોચરાઈ; દિલદગડાઈ.

કોટ્ટાક ૧. પું. લીલાં ફળ મૂકવાનું સ્થાન.

૨. પું. સુતાર.

કોટ્યક્ષ ૧. [સં.] પું. ઇંદ્ર. કેમકે, તેને કરોડ આંખ હોવાનું મનાય છે.

૨. વિ. વહીવટ મુજબ.

કોટ્યધીશ [સં.] પું. કરોડપતિ; કરોડી; મોટો શ્રીમંત.

કોટ્યર્ક પું. કોટીશ્વર; ખડાયતા બ્રાહ્મણ વાણિયાના ઇષ્ટદેવ.

કોટ્યવધિ [સં.] વિ. કરોડોથી ગણતરી થતું હોય તેવું; અગણિત; બેસુમાર; અપાર; લગભગ કરોડ જેટલું.

કોટ્યશ્વમેધપાપઘ્ન [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

કોટ્યાધિપતિ જુઓ કોટ્યધીશ.

કોટ્યાધીશ જુઓ કોટ્યધીશ.

કોટ્યાનકોટિ વિ. કરોડો.

કોટ્યાવધિ જુઓ કોટ્યવધિ.

કોટ્યુત્ક્રમજ્યા સ્ત્રી. (ગણિત) ભુજ જ્યાને ૧માંથી બાદ કરતાં જે આવે તે; ૧–ભુજ જ્યા; 'કોવર્સ્ડ સાઇન.'

કોટૂવા પું. વાત કફથી થતો શીતળાને મળતો એક રોગ. તેમાં કોદરાના જેવા દાણા થાય અને શરીરમાં કાંટા વાગ્યા હોય તેવું દુઃખ દે. દશ કે બાર દિવસે એની મેળે શાંત થઈ જાય.

કોટ્રોનેશ ન. બ. વ. એક જાતનાં મરી. તે કડુટીનદ નામના પ્રદેશમાં પાકતાં હતાં અને એ ઉપરથી ગ્રીક લોકોએ કોટ્રોનેશ નામ આપ્યું છે.

કોઠ ૧. [સં. કુષ્ઠ; પ્રા. કુટ્ઠ] પું. એક જાતનો રોગ; કોઢ.

૨. પું. એક જાતનો સાપ. તેના શરીર ઉપર કોઢની પેઠે આંકા અને રંગીન ધાબાં હોય છે.

૩. સ્ત્રી. દાદર; ધાધર; દરાજ.

૪. [સં. કપિત્થ. પ્રા. કવિટ્ઠ] ન. એ નામનું એક ફળઝાડ; કોઠી. તેનાં પાન આશરે એક ઈંચ લાંબાં તથા $\frac{૧}{૨}$ ઈંચ પહોળાં અને આકારે લંબગોળ થાય છે. ડાંખળી ઉપર પાંદડાં એકી સંખ્યામાં હોય છે. ફૂલ સૂક્ષ્મ, સફેદ અને છૂટી પાંચ પાંખડીવાળું હોય છે. તે ઉંદરના ઝેર માટે ઉપયોગી છે.

કોઠું નામે તેનું ફળ નારંગી જેવડું કઠણ, ગોળ અને જાડી છાલવાળું હોય છે. તેમાં ખાટો ગર અને ધાણાના દાણા જેવડાં સફેદ મીંજવાળાં પુષ્કળ બિયાં હોય છે. તે સ્વાદે ખાટું અને ગુણમાં ગ્રાહી, ઠંડું અને આમ્લ છે અને ઝાડા તથા મરડા ઉપર અપાય છે. આ ઝાડનાં પાન, ફળ અને ગુંદર ઔષધ તરીકે વપરાય છે.

૫. ન. કોઠી નામના ઝાડનું મજબૂત કોટલાવાળું ખટમધુરૂં ફળ; પુષ્પફલ; સુફલ; કોઠું.. એના ગરની ચટણી થાય છે. શરીરમાં ખોટી ગરમી જણાતી હોય ત્યારે કોઠું ફાયદો કરે છે.

કોઠક સ્ત્રી. એક જાતની જંગલી વનસ્પતિ.

કોઠડિયા (કોઠડ઼િયા) ૧. સ્ત્રી. એ નામની કડવા કણબીની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કોઠડી (કોઠડ઼ી) [હિં.] સ્ત્રી. કોટડી; નાની ઓરડી.

કોઠનીસ [મ.] પું. કોઠારનો હિસાબ રાખનાર; કોઠારી.

કોઠફલ ન. કોઠું.

કોઠમડી (કોઠમડ઼ી) સ્ત્રી. નાનાં ગોળ ફળ થાય એવો ભોંય ઉપર થતો એક વેલો; કોઠીમડાની વેલ.

કોઠમડીને સક્કરકોહોળી, રાયકોહોળી જેહ.
રત્નદાસ

કોઠરી ૧. સ્ત્રી. કોટડી.

૨. સ્ત્રી. પૂતળી.

કોઠલી ૧. સ્ત્રી. નદીમાં કે પાણીવાળી જમીનમાં ખાડો ખોદી તેમાં રેતી ન ભરાય માટે અંદર તુવેરની સાંઠીઓ વગેરે નાખી કરેલો કૂવો; ડાબરૂ.

૨. સ્ત્રી. નાકના ફૂલનો ભાગ.

૩. સ્ત્રી. નાની કોઠી; ટાંકી.

૪. સ્ત્રી. નાનો કોઠલો.

૫. સ્ત્રી. નાનો કોઠાર.

કોઠલું ન. ઉપરનું કઠણ ઢાંકણુ કે છોતરૂં.

કોઠલો ૧. પું. કોઠાર; ભંડાર.

૨. પું. માટીનો કબાટ જેવો બનાવેલો એક ઘાટ. ગામડાના લોક તેમાં દહીં, દૂધ વગેરે રાખે છે.

૩. પું. લોઢાનો કોસ.

૪. પું. શિખરબંધ મંદિરમાં કંદોરાના થરથી ઉપલા પથ્થરનો થર.

૫. પું. સ્વામીનારાયણ મંદિરમાં જ્યાં ઠાકોરજી બિરાજતા હોય તે ખંડ.

કોઠવડી (કોઠવડ઼ી) સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

કોઠ કોઠવડી કર્ણાવર્ણ, બેર ખાખર ખજૂર ખરા.
નિષ્કુળાનંદ

કોઠા ૧. [હિં.] પું. અટારી.

૨. પું. ગર્ભાશય.

૩. પું. પાકી ઈંટ કે પથ્થરનું બાંધેલું ઘર.

૪. પું. ભંડાર; કોઠાર.

૫. પું. માળ.

૬. પું. શીળીને મળતો એક રોગ. તેમાં લાલ અને ઉપડેલાં ચાંભાં થવાથી પીડા થાય છે. તથા ત્રણ દિવસ તાવ રહે છે.

કોઠાકાતરા સ્ત્રી. અમદાવાદી કીનખાબની એક જાત.

કોઠાકૃતિ સ્ત્રી. ખાનાવાળી આકૃતિ.

કોઠાઈ વિ. એક કોઠામાં આળોટેલ; બાપ જુદા જુદા પણ મા એક હોય તેવું.

કોઠાઈભાઈ પું. એક જ ઉદરમાં પાકેલ ભાઈ; મા એક અને બાપ જુદા હોય એવો ભાઈ.

કોઠાડહાપણ ન. સ્વબુદ્ધિ; ડહાપણ.

કોઠાડાહ્યું વિ. સ્વબુદ્ધિવાળું; ડહાપણવાળું.

કોઠાદા પું. એ નામની દેશી રમત. જુઓ રૂમતનિસરણી.

કોઠાદાર [હિં.] પું. કોઠારી; ભંડારી; કોઠારનો ઉપરી.

કોઠાદાવ જુઓ કોઠાદા.

કોઠાબુદ્ધિ સ્ત્રી. સ્વાભાવિક અક્કલ કે બુદ્ધિ; કોઠાડહાપણ.

કોઠાયુદ્ધ ન. કોઠામાંની લડાઈ; ચક્રાવામાંનું યુદ્ધ.

કોઠાર ૧. [સં. કોષ્ઠાગાર પ્રા. કોટ્ઠાર] પું. અનાજ ભરવાનો ઓરડો; વખાર; ભંડાર.

૨. પું. અનાજ ભરી રાખવાને જમીનમાં બનાવેલો ખાડો.

૩. પું. કુહાડો.

૪. પું. ખજાનો.

૫. પું. વહાણનો એક ભાગ.

૬. સ્ત્રી. ચાર જણની નજર ચૂકવવાની ગમતભરેલી એક દેશી મેદાની રમત. રમનાર



છોકરાંઓ રમવાની જગ્યામાં ઉપર પ્રમાણે આકૃતિ ધૂળથી કરે છે. 'ક'થી 'બ' સુધી ચોવીશ હાથ અને 'ઘ'થી 'ગ' સુધી ચોવીશ હાથ હોય છે. તેમાં વચ્ચોવચ્ચ ૭ હાથ સમચોરસ અને બાકી નવ નવ હાથના રસ્તા હોય છે. એ રસ્તાને ફરતું બે હાથ પહોળાઈનું કૂંડાળું હોય છે. વચલા ચોરસમાં વચ્ચોવચ 'અ' જગ્યાએ ધૂળની ઢગલી કરે છે. જેને માથે દાવ આવ્યો હોય તે ત્યાં ઊભે છે. તેને ધૂળ સાચવનારો કહે છે. પછી ત્રણ છોકરા ક, ગ, ઘ જગ્યાએ ઊભે છે. તેઓ ધૂળની ઢગલીને અડી 'બ' રસ્તે નીકળી જવા યત્ન કરે છે. ધૂળ સાચવનારાથી પોતાના ચોરસની બહાર જવાય નહિ. જે રમનાર ધૂળ લઈ 'બ' રસ્તે નીકળી જાય તે જીત્યો કહેવાય છે. પણ જો ધૂળ લેતાં ચોકડીમાં ધૂળ સાચવનાર તેને અડકે તો તેને માથે દાવ આવે છે. જીતેલાને દાવવાળાએ ખાંધે બેસાડી આખા કૂંડાળામાં ફેરવવો પડે છે.

કોઠારગૃહ ન. કોઠાર; ભંડાર.

કોઠારા પું. પાંજરૂં.

કોઠારિયું ૧. ન. અનાજ, ઘાસ વગેરેનો સંઘરો કરવા માટે ઉપયોગમાં લેવાતું ચારે બાજુથી બંધ મકાન; નાનો કોઠાર; ભંડારિયું.

૨. ન. એ નામની પાંચ જણથી રમાતી એક દેશી રમત. બે છોકરા સામસામા અને બીજા બે કાટખૂણે સામસામા ઊભે પગે બેસી પોતાની જોડેના જમણી તરફના છોકરાનું ડાબે હાથે ડાબા હાથનું કાંડું પકડે છે એટલે પહેલો ચોથાનું ડાબા હાથનું, ચોથો ત્રીજાનું અને ત્રીજો બીજાનું અને બીજો પહેલાનું કાંડું પકડે છે. એ જોડાયેલા હાથ ઉપર પાંચમો છોકરો વચ્ચે ઊભે છે. પછી ચારે છોકરા અનુક્રમે જમણા હાથનું કાંડું પકડે છે. પછી તે ચારે જણા ઊભા થાય છે. એમ વારા પ્રમાણે દરેક વચ્ચે ઊભો રહે.

કોઠારી ૧. [સં.] પું. કોઠાર સાચવનાર માણસ; કોઠારનો ઉપરી; ભંડારી.

૨. પું. ઘરગથ્થુ સરસામાન અને અનાજ પાણીની વ્યવસ્થા કરનાર કામદાર; વખારિયો.

૩. સ્ત્રી. વાણિયા, લોહાણા, નાગર, કણબી, પારસી વગેરેની એ નામની એક અટક. કોઠારી તરીકેનું કોઈ પણ કોમના માણસે કામ કે નોકરી કરી હોય તો તે તેમ જ તેના કુટુંબીજનો પાછળથી એ અટકથી ઓળખાય છે.

૪. ન. એ નામની અટકનું માણસ.

૫. વિ. એ નામની અટકનું.

કોઠારીભગત પું. સ્વામીનારાયણ મંદિરનો વ્યવહાર કરનાર સાધુ.

કોઠારીસાધુ પું. સ્વામીનારાયણ મંદિરનો કોઠાર સાચવનાર સાધુ; કોઠારીભગત.

કોઠારૂં ન. કોઠાર; ચીજો રાખવાનો ઓરડો.

કોઠારે ૧. સ્ત્રી. એ નામની એક મરાઠી અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કોઠાલાગી વિ. સ્ત્રી. વાંઝણી.

કોઠાવહી સ્ત્રી. માલનો હિસાબ રાખવાની ચોપડી; 'સ્ટૉક બુક'.

કોઠાવિદ્યા સ્ત્રી. સ્વયંપ્રજ્ઞા; હૈયાઊકલત; પોતાની જાતની અક્કલ.

કોઠાવિરામ [સં.] પું. જુદી જુદી પ્રકૃતિને જુદું જુદું ખાવાનું અનુકૂળ આવવું તે; શરીરની પ્રકૃતિની ભિન્નતા.

કોઠાળ ૧. ન. મોટું પેટ.
૨. વિ. મોટું.

કોઠાળું વિ. મોટા પેટવાળું; ફાંદાળું.

કોઠાં ૧. ન. બ. વ. કોઠી નામના ઝાડનાં ફળ. આ ફળ ચટણી વગેરેના ઉપયોગમાં આવે છે.

૧. કર્મે લખ્યાં કોઠાં, તો કોનાં જોવાં ઓઠાં = નસીબમાં લાડવા ખાવા ન સર્જાયા હોય અને કોઈ કારણથી કોઠાં ખાઈને જ પેટ ભરવાનું બને ત્યારે દોષ કોને દેવો ? નસીબ બળવાન છે.

૨. કોઠાનું ફરતું ઝાડ = એક જાતની આતશબાજી; કોઠા જેવા દેખાવમાં ટેટા બાંધી વાટ પાઈ ફરતી ચકરીઓ બાંધી વછૂટે તેવું દારૂખાનું.

૨. ન. વ. વ. ચૂરમાનો પકાવેલો લોટ ખાંડીને ચાળતાં બાકી રહેલી કઠણ ગાંગડીઓ; ગોગડા.

૩. ન. વ. વ. શરીર; દેહ.

ઘેલાં જુએ કાચમાં કોઠાં. પ્રેમાનંદ

કોઠાંબી સ્ત્રી. એક જાતનો વેલો. આ વેલામાં ભાદરવામાં ફળ આવે છે. તેને કોઠીંબાં કહે છે.

કોઠિયા ૧. પું. બ. વ. લગભગ સાત આંગળ લંબાઈના ખીલા.
૨. સ્ત્રી. લેઉઆ કણબીની એ નામની અટક.
૩. ન. એ નામની અટકનું માણસ.
૪. વિ. એ નામની અટકનું.

કોઠિયાણ પું. એ નામનો એક દેશ.

કોઠિયાં ન. કોઢ; ઢોર બાંધવાની જગ્યા.

કોઠી ૧. [સં. કોષ્ઠ] સ્ત્રી. અનાજ ભરવાને બનાવવામાં આવતો માટીનો કાચો કે પાકો ગોળ ઊંચો નળાકાર એક ઘાટ; માટીનો કે ધાતુનો ઊંચો નળો.

૨. સ્ત્રી. એક જાતની આતશબાજી; કોઠીના આકારનું દારૂખાનું. કોઠીના આકારના નાના માટીના વાસણમાં દારૂ ભરી તે બનાવે છે અને સળગાવવાથી ફૂલના આકારના તણખાના ફુવારા ઊડે છે.

૩. સ્ત્રી. એક જાતનું ઇમારતી લાકડું.

૪. [સં. કપિત્થ] સ્ત્રી. એક જાતનું સહેજ કાંટાવાળું મોટું ઝાડ; કોઠ. તેનાં લાડુ જેવડાં ગોળ ધોળાં મજબૂત કાચલાવાળાં ફળ કોઠાં કહેવાય છે. પાકાં ફળ ખવાય છે. તે રુચિકર, ખાટાં, તૂરાં, ગ્રાહક, મધુર, કંઠ શુદ્ધિકર, શીતળ અને વૃષ્ય છે. તે શ્વાસ, ક્ષય, રક્તરોગ, ઊલટી, વાયુ, શ્રમ, વિષ, ગ્લાનિ, તૃષા, ત્રિદોષ, ઊચકી તથા ઉધરસનો નાશ કરનાર છે. તેનાં બિયાં હૃદ્રોગ, મસ્તકશૂળ અને વિસર્પ મટાડનાર, બિયાંનું તેલ પિત્ત, ઉદરનું વિષ, કફ, ઊચકી અને ઊલટીનો નાશ કરનાર છે. ફૂલ વિષનાશક અને પાંદડાં ઊલટી, અતિસાર અને હેડકીનો નાશ કરે છે.

૫. સ્ત્રી. કારખાનું.

૬. સ્ત્રી. કૂવા વગેરેની આસપાસનો કઠેરો.

૭. સ્ત્રી. ખાળકૂંડી; ખાળના મેલા પાણીની કૂંડી; ડટણમાં ઉતારેલી કોઠી.

૧. કોઠી ધોઈને કાદવ કાઢવો = (૧) મહેનત કરી છૂટવું પણ અંતે કાંઈ ફાયદો નહિ. (૨) હલકાને છેડી હલકી બાબત સાંભળવી.

૨. પાકી કોઠીએ કાંઠા ન ચડે = વખત વહી ગયા પછી કાંઈ બની શકે નહિ; યોગ્ય સમયે જ બધું બને, પછી નહિ.

૮. સ્ત્રી. ગર્ભાશય.

૯. સ્ત્રી. ઘર; બંગલો; મકાન; મહેલ.

૧૦. સ્ત્રી. ચલમનો તમાકુ મૂકવાનો ભાગ.

૧૧. સ્ત્રી. છિનાળનું ઘર.

૧૨. સ્ત્રી. જાડી સ્ત્રી.

કામ કરે કોઠી ને જશ ખાય જેઠી = લે લાલો ને ભરે હરદાસ; કામ કરનાર બીજો હોવા છતાં પોતે તેનો જશ લેવો.

૧૩. સ્ત્રી. તલવારના મયાનનો શણગાર.

૧૪. સ્ત્રી. તોપ.

૧૫. સ્ત્રી. થાણું; પોલીસચોકી.

૧૬. સ્ત્રી. દુકાન; વેપારની પેઢી; શરાફની પેઢી.

૧. કપડાની કોઠી = ફીત, દોરી, સોય વગેરે જણસોની દુકાન.

૨. કોઠી કરવી–ખોલવી = બેંક ઉઘાડવી.

૩. કોઠી જેવું = જાડું.

૪. કોઠી ધોયે કાદવ ઊખળે = બહુ ડોળવામાં માલ નહિ.

૫. કોઠી બેસવી = દિવાળું કાઢવું.

૬. કોઠીથી હિસાબ કિતાબ રાખવો = બેંકની સાથે લેવડદેવડ કરવી.

૭. મહાજનની કોઠી = બેંક; શરાફની પેઢી.

૮. સોદાગરી કોઠી = વેપારી પેઢી.

૧૭. સ્ત્રી. ધૂપેલ તેલ રાખવાનો ચોરસ આકારનો કાચનો શીશો.

૧૮. સ્ત્રી. નાનો મોટો ગમે તેવો માટીનો નળાકાર કોઠલો.

૧૯. સ્ત્રી. પીલવાની શેરડીના ટુકડા જ્યાં ખોસવામાં આવે છે તે કોલુનો ભાગ.

૨૦. સ્ત્રી. બંદૂકની નળી.

૨૧. સ્ત્રી. વખાર; કોઠાર.

૨૨. સ્ત્રી. શેરડીના રસની કૂંડી.

કોઠીઆરૂં ન. કોઠીઓ રાખવાનું ઘર.

કોઠીઆળું જુઓ કોઠીઆરૂં.

કોઠીકુંડલાં ન. બ. વ. અનાજ વગેરે ભરવા માટે ગારાની બનાવાતી નાની અને મોટી કોઠીઓ.

કોઠીપરા પું. શેવડા ચોરાશી માંહેનો એક પેટાગચ્છ.

કોઠીમડી (કોઠીમડ઼ી) સ્ત્રી. એક જાતનો વેલો. આને મૃગાક્ષી પણ કહે છે. ફળો ઉપર લાલ પીળા ચટાપટા હોય છે.

કોઠીમડું (કોઠીમડ઼ું) ન. એક જાતના વેલાનું નાનું ફળ; કોઠીમડીનું ફળ. એની કાચરી થાય છે.

કોઠીવાર ૧. સ્ત્રી. આહીરની એ નામની અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

કોઠીવાલ ૧. [હિં.] પું. મહાજની અક્ષર; બોડિયા અક્ષર. તેમાં શીર્ષ, રેખા કે માત્રા હોતાં નથી.
૨. પું. મોટો વેપારી; જથ્થાબંધ વેપારી.
૩. પું. શરાફ; સાહૂકાર.

કોઠીવાલા ૧. [હિં.] પું. નાણાવટી; શરાફ.
૨. પું. વેપારી.

કોઠીવાલી [હિં.] સ્ત્રી. પેઢી ચલાવવાનું કામ.

કોઠીવાળો પું. રાજગૃહાધિકારી; રાજાના કે અમીરના મકાનની સંભાળ રાખનાર.

કોઠીંબડાં ન. વ. વ. નાનાં ચીભડાં. તેનું અથાણું ને સુકવણી કરી કાચરી થાય છે.

કોઠીંબડી (કોઠીંબડ઼ી) સ્ત્રી. કોઠીમડી.

ઊઠી આગિ કોઠીંબડી, જુઉ કર્મ નિખેવ.
ભીમ

કોઠીંબડું (કોઠીંબડ઼ું) ન. કોઠીમડું.

કોઠીંબડે આગ ઊઠી = અશક્ય વાત બનવી.

કોઠીંબર ન. ગુજરાતમાં થતું એક જાતનું ફળ. એનું શાક થાય છે. તેની કડવી અને મીઠી એમ બે જાત છે.

કોઠીંબાં ન. બ. વ. નાનાં ચીભડાં.

કોઠીંબી સ્ત્રી. કોઠીંબાનો વેલો. આ વેલો પાંચ ૭ હાથ જમીન ઉપર ફેલાય છે. ભાદરવામાં ફળ આવે છે. એ કૂણાં હોય છે ત્યારે કડવાં અને પાકે ત્યારે ખાટાં થાય છે. તેની સુકવણીનું શાક થાય છે તથા કાચરી થાય છે.

દિવાળી આવી ને કોઠીંબી મીઠી = વખત આવ્યે દુર્જન પણ નરમ બને છે.

કોઠીંબું ન. નાનું ચીભડું.

કોઠું ૧. ન. અડોલી ઘાલવાનું ગાળિયું.

૨. ન. એક કામમાં એકથી વધારે માણસે કરેલું રૂપિયાનું ભરણું.

૩. [સં. કપિત્થ; કવિટ્ઠ; કવઠ્ઠ; કવ્ઠ; કોઠ] ન. એક જાતનું ખટુમડું ગોળ વજનદાર ફળ; કોઠી નામના ઊંચા વૃક્ષનું ફળ.

કર્મમાં લખ્યાં કોઠાં, તો કોનાં જોવાં ઓઠાં = નસીબ બે ડગલાં આગળ ને આગળ.

૪. ન. કોઠાનું ઝાડ. તેનાં ફળની ચટણી થાય છે. પાકાં કોઠાંનો મુરબ્બો થાય છે. તેનાં બિયાંમાંથી તેલ નીકળે છે. કોઠાંના ગરભનો દવામાં ઉપયોગ થાય છે.

૫. ન. ચહેરો; મોઢું; મુખ.

૬. ન. જાડું અને ઠીંગણું માણસ.

૭. ન. દિલ; હૃદય.

૮. ન. દોરડું.

૯. ન. નાવડું; નાની હોડી.

૧૦. ન. પક્ષીનો માળો.

૧૧. ન. બોરિયું.

૧૨. ન. મચક; દાદ; દરકાર; પરવા.

૧. કોઠું આપવું = (૧) ઉડાઉ રીતે જવાબ આપવો. (૨) ગણકારવું. (૩) દરકાર રાખવી. (૪) ધ્યાન આપવું. (૫) પરવા કે ગરજ રાખવી. (૬) મોં બતાવવું કે દેખાડવું. (૭) રજા આપવી; કાઢી મૂકવું.

૨. કોઠું દેવું = ધ્યાન આપવું.

૧૩. ન. મન; આવકાર; ધ્યાન; મોં.

૧૪. ન. યુક્તિ; પ્રપંચ; તરકટ; તરકીબ; તાગડો; ખટપટ.

કોઠું કરવું = (૧) ભેગાં મળી વહેંચણી કરવી. (૨) યુક્તિ કરવી; હિકમત કરવી.

૧૫. ન. શેરડીનું સુકાઈ ગયેલું આંખો વગરનું કાતળું.

૧૬. ન. સાટું; ગોઠવણ.

૧૭. ન. હિસાબની કૂંચી; કોયડો.

કોઠુંકરમદું ન. કોઠાનું અને કરમદાનું ફળ.

કોઠાંકરમદાં કર્યાં કરવાં = જંગલમાં રખડવું; રખડ્યા કરવું.

કોઠેદાર ન. સોદાગરી મથરની એક પેટા જાત.

કોઠો ૧. [સં. કોષ્ઠ] પું. અટારી.

૨. પું. અંગરખાનો ગળાની આસપાસનો ભાગ.

૩. પું. આંકનો પાડો; ઘડિયો.

૪. પું. આંતરડાં વગેરે પાચન કરનારા અવયવોનો સમૂહ.

કોઠે પડવું = ખોરાક માફક આવવો.

૫. પું. એક જાતની રમત.

૬. પું. ઓરડો.

૭. પું. કંઠથી કમર સુધીનો ભાગ.

૮. પું. કિલ્લાની વચમાં તોપો રાખવાનું અને દારૂગોળો કે અનાજ ભરવાનું ઠેકાણું; કિલ્લાનો બુરજ.

૯. પું. કૂવા કે વાવની અંદરનો ઊંડાણનો ભાગ.

૧૦. પું. કેટલાંક કૂંડાળાંની અંદરનું વચલું કૂંડાળું.

૧૧. પું. કોઈ પણ ચીજનો ઊપસેલો ભાગ.

૧૨. [સં. કોષ્ટક] પું. કોષ્ટક; આડી અને ઊભી સમાંતર લીટીઓ દોરવાથી થતી ચોખૂણી આકૃતિ.

૧૩. પું. ખાનું; આસન; કોલમ.

૧૪. પું. ગર્ભાશય.

૧૫. પું. ગોળ ઊંચું મકાન.

૧૬. પું. ઘાણીના ખોડ માંહેનો તેલીબિયાં પિલાય છે તે ખાડો.

૧૭. પું. જકાતની કચેરી.

૧૮. પું. દેહ; શરીર.

૧૯. પું. ધોરિયાનું પાણી માપસર વહેંચવા માટે બાંધેલ મીનારો.

૨૦. પું. પાણી કાઢવાનો કોસનો ઉપલો ભાગ.

૨૧. પું. પેટ; ઓઝરી.

૨૨. [સં. કોષ] પું. પોલાણ.

૨૩. પું. મન; અંતઃકરણ.

૧. કોઠાવિદ્યા = હૈયાઉકલત; કોઠાડહાપણ.

૨. કોઠે ઊતરવું-બેસવું = સમજી જવું; ગળે ઊતરવું.

૩. કોઠે કોઠે નવી બુદ્ધિ = કપાળે કપાળે જુદી મતિ.

૪. કોઠે બેસવું = ગળે ઊતરવું; વાત માનવામાં આવવી.

૫. કોઠો ઠલવવો = દુઃખની વાતો કરવી.

૬. કોઠો ધીકવો-લાગવો = ઘણી ચિંતાથી બળાપો થવો; કાળજું બળ્યા કરવું.

૭. કોઠો નિચોવાઈ ખાલી થઈ જવો = આંતરડાં સાફ થઈ જવાં.

૮. કોઠો બગડવો = પેટમાં અવ્યવસ્થા થવી.

૯. કોઠો બાળનાર = ચિંતા કરાવનાર.

૧૦. કોઠો વટલાવવો = મના કરેલ ખોરાકની વસ્તુ ખાવી.

૧૧. કોઠો સાફ થવો = ખૂબ રેચ લાગવો.

૨૪. પું. માટીનું બારણાવાળું આળિયું.

૨૫. પું. માળો.

૨૬. પું. મોટો કૂવો.

૨૭. પું. રખડતાં ઢોર પૂરવાનો ડબો.

૨૮. પું. વખાર; મોટી કોઠી.

૨૯. પું. વંશવૃક્ષ; આંબો.

૩૦. પું. શરીરની અંદરનો કોઈ પણ કોષરૂપ ભાગ.

૩૧. પું. શહેરસુધરાઈ ખાતાની કચેરી; મહેસૂલ, વેરો ઇત્યાદિનાં નાણાં ભરવાની જગ્યા.

૩૨. પું. સૈન્યની ગોઠવણ; વ્યૂહરચના.

૧. કોઠા પર બેસવું = વેશ્યા બનવું; વ્યભિચાર કરવો.

૨. કોઠામાં કાંઈ ટકતું નથી = પેટમાં કાંઈ રહેતું નથી.

૩૩. પું. સોગઠાં વગેરે બાજીનું ઘર; ખાનું.

કોઠોર [હિં.] વિ. અયોગ્ય; ગેરવાજબી.

કોડ ૧. [અં.] પું. કાયદાનો સંગ્રહ; કાયદો; વિષય, નિયમ કે પ્રયોગ વગેરેનો સંગ્રહ; કાનૂન.

૨. (કોડ઼) [સં. કુષ્ટ] પું. ચામડીનો એક રોગ; કોઢ. તેમાં બધી અગર કેટલેક ઠેકાણે ચામડી સફેદ અથવા રતાશવાળી સફેદ થઈ જાય છે.

૩. પું. દાબો; ઢગલો.

૪. [સં. કૌતુક (ઇચ્છા)] પું. બ. વ. આનંદ અને ઉત્સાહભેર કોઈ કાર્ય કરવા, જોવા કે માણવાની ઉત્કટ મનોભાવના; હોંશ; મનોભાવ; ઉત્સાહ; ઉમેદ.

૧. કોડ પહોંચવા = ઇચ્છા બર આવવી.

૨. કોડ પૂરવા = ઇચ્છા સફળ કરવી; લાડ લડાવવાં; મનોરથ પૂર્ણ કરવા.

૫. સ્ત્રી. એ નામની માછલી. તે ત્રણ ફૂટ કે કોઈ કોઈ વાર ૭ ફૂટ લાંબી હોય છે. ન્યુફાઉંડલંડ અને ઉત્તર મહાસાગરમાંથી નીકળે છે. એના કાળજામાંથી તેલ નીકળે છે.

૬. સ્ત્રી. કારીગર લોકોને કામકાજ કરવાની જગ્યા; જેમકે, લુહારની કોડ; સુતારની કોડ.

૭. [સં. ગોષ્ઠ] સ્ત્રી. ગાય બળદને બાંધવાની જગ્યા; વાડો; ગમાણ; ગૌશાળા; તબેલો.

૮. વિ. કરોડ; કોટિ.

કોડકૌતુક (કોડ઼કૌતુક) ન. બ. વ. ઇચ્છાઓ.

કોડગુ (કોડ઼ગુ) સ્ત્રી. કુર્ગી; કુર્ગમાં વપરાતી ભાષા.

કોડત (કોડ઼ત) સ્ત્રી. બનાવટ; યુક્તિ; પ્રપંચ.

કોડલિવર ઓઇલ [અં. કૉડલિવર ઑઇલ] ન. કોડ નામની માછલીના કલેજામાંથી કાઢેલું તેલ. તેમાં એ તથા ડી જીવનસત્ત્વ વિશેષ હોય છે. તે ઊછરતાં બાળકો તથા દુર્બળતાના રોગીઓને બહુ ફાયદો કરનાર મનાય છે.

કોડલી (કોડ઼લી) વિ. સ્ત્રી. હોંશવાળી.

કોડવતી (કોડ઼વતી) વિ. સ્ત્રી. કોડભરી; આશાભરી.

કોડવર્ડ [અં.] પું. સંજ્ઞાશબ્દ; તારનું લખાણ ટૂંકું કરવા માટે વપરાતો સંજ્ઞાવાળો શબ્દ; સાંકેતિક શબ્દ.

કોડવંકું (કોડ઼વંકું) વિ. કોર જરાક વાંકી હોય એવું; જરાક વાંકું; કેડ વડે વાંકું; નમાવીને વાંકું કરેલું.

કોડંબિક (કોડ઼ંબિક) પું. (જૈન) સેવક; નોકર.

કોડા ૧. [હિં.] પું. કુસ્તીનો એક પ્રકારનો દાવપેચ.

૨. પું. ચાબુક; ફટકો.

૧. કાટકોડા કરવું = સજા કરવી.

૨. કોડા મારવા = શારીરિક શિક્ષા કરવી.

૩. કોડે લગાવવું = મારવું; ચાબુક મારવા.

૩. પું. ચેતવણી.

૪. પું. છોકરો.

૫. પું. દક્ષિણ ભારતમાં થતો એક જાતનો વાંસ.

૬. પું. પક્ષીનો માળો.

૭. પું. પૂરેપૂરા વજનનો નવો સિક્કો.

૮. પું. મર્મસ્પર્શી વાત; ઉત્તેજક વાત.

૯. પું. સીતાફળ.

૧૦. પું. બ. વ. શંખલાં; ખાંગડાં; છીપ.

૧૧. ન. નાનું ઘર.

૧૨. (કોડ઼ા) વિ. જોરાવર; બળવાન.

૧૩. વિ. ફીણનો ઊભરો આવતું.

૧૪. વિ. મોંઘું.

૧૫. વિ. સખત.

કોડાઈ ૧. [હિં.] સ્ત્રી. ખોદવાનું કામ.

૨. સ્ત્રી. ખોદવાનું ખર્ચ; ખોદવાની મજૂરી.

૩. સ્ત્રી. ટીનેવેલીમાં ઊજવાતો એક વાર્ષિક તહેવાર. ત્યારે હજારો ઘેટાંનું બલિદાન દેવામાં આવે છે.

કોડાકોડિ [સં. કોટાકોટિ] વિ. કરોડ ગુણ્યા કરોડ જેટલું.

કોડાગુ પું. કુર્ગ એટલે મલબાર કાઠે આવેલ એક પ્રદેશનું પ્રાચીન નામ; કોલગિરિ; કોરાગિર.

કોડાણુ (કોડ઼ાણુ) ૧. ન. કરાડ.

૨. ન. ટેકરી; શિખર.

કોડાદાર [હિં.] વિ. કોરડા મારનાર; સજા કરનાર.

કોડાન સ. કોને.

કોડાબરદાર [હિં] વિ. કોડાદાર; કોરડા મારનાર.

કોડામણું ૧. વિ. કોડ પૂરા કરનાર.

૨. વિ. કોડીલું; હોંશીલું; લહેરી.

૩. વિ. દેખાવડું; રૂપાળું; સુંદર; મનોહર.

૪. વિ. પ્રેમ ઉત્પન્ન કરે તેવું.

૫. વિ. વરણાગિયું; ટાપટીપવાળું.

કોડાય ન. એ નામનું એક ગામ. ત્યાં જૂનો જૈન ગ્રંથભંડાર છે.

કોડાયલ વિ. કોડામણું; સુંદર.

કોડારૂ ન. કોડ; ઢોર બાંધવાની જગ્યા.

કોડાલી [પ્રા.] વિ. સ્ત્રી. કોડલી; કોડભરી.

કોડાલું વિ. કોડીલું; કોડભર્યું.

કોડાળ પું. ઉપલું જડબું લાંબું હોય એવી ખોડવાળો ઘોડો.

કોડાળું વિ. કોડવાળું.

કોડાં ન. બ. વ. કોડીઓ.

કોડિ ૧. સ્ત્રી. અણી; અગ્રભાગ.

૨. [સં. કોટિ; પ્રા. કોડિ] સ્ત્રી. કરોડ; સો લાખની સંખ્યા.

૩. સ્ત્રી. ખૂણો.

૪. સ્ત્રી. છેડો; અંત્યપ્રદેશ.

૫. સ્ત્રી. ધનુષની પણછ.

૬. સ્ત્રી. હથિયારની ધાર.

કોડિક ૧. સ્ત્રી. સૂવર પાળનારી લોકોની એક જાત.

૨. વિ. કરોડો.

કોડિયલ વિ. કોઢના રોગવાળું; કોઢિયલ.

કોડિયા ૧. સ્ત્રી. વાળંદ અને મેમણની એ નામની અટક.

૨. ન. એ અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કોડિયાત ૧. સ્ત્રી. રબારીની એ નામની અટક.

૨. ન. એ અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કોડિયું ૧. ન. કારીગરને કામકાજ કરવાની જગ્યા.

૨. ન. કોડિયો સાપ; ઊડીને કરડે એવો નાગ.

૩. ન. ગમાણ; ગૌશાળા.

૪. ન. નાનું શકોરૂં; ચપણિયું; ચપ્પણું.

કોડિયા જેવું કપાળ = કોડિયાની લઘુતા અને તુચ્છતા ઉપરથી નિર્ભાગી માણસના લલાટ અથવા ચહેરા માટે આમ કહેવાય છે.

૫. ન. મકાનની ભોંનાં બે પીઢિયાં વચ્ચે અને ભાલ ઉપર નખાતા પાટિયાના નાના કટકા માંહેનો દરેક.

૬. ન. મનોભાવ.

૭. ન. શકોરાના આકારનું દીવો કરવાનું પાત્ર.

૮. ન. શિક્ષણવિષયક એ નામનું માસિકપત્ર.

૯. વિ. કોડી જેવું.

૧૦. વિ. કોડીલું; હોંશીલું.

૧૧. વિ. કોઢિયું; કોઢના રોગવાળું.

૧૨. વિ. ચટાપટાવાળું.

૧૩. [સં. કુષ્ઠીય] વિ. પતિયું; રક્તપિત્તવાળું.

કોડિયો ૧. પું. એ નામનો એક નામીચો લૂંટારો.

૨. પું. એક જાતનું પક્ષી.

૩. પું. એક જાતનો લોબાન.

૪. પું. શરીર ઉપર ધોળાં ધોળાં ચાઠાંવાળો સાપ.

કોડિલખાદ્ય વિ. ખાંધમાં ભમરાવાળું.

કોડી ૧. સ્ત્રી. એક હલકું ચલણ.

૧. કોડી હરામ, બચકા હલાલ = મારવો તો મીર મારવો.

૨. કોડીની સત્તા અને લાખની મત્તા = પૈસા હોય તો બધું થઈ શકે છે.

૨. સ્ત્રી. કાપડી સાધુની એક જાત.

૩. સ્ત્રી. ગરદન અને માથાના સાંધા આગળનું બકરાનું હાડકું.

૪. [સં. કપર્દિકા; પ્રા. કવડ્ડિયા–કવહિઆ–કવડી–કોડી] સ્ત્રી. દરિયાઈ જીવડાંનું કોટલું; નાની શંખલી. ધોળી, રાતી અને પીળી એવી તેની ત્રણ જાત છે. હિંદી અને પેસિફિક મહાસાગરમાં પુષ્કળ મળે છે. તેનો ચલણી નાણાં તરીકે અગાઉ ઉપયોગ થતો. આ કોટલું લીસું, ધોળું અને કાંઈક રંગીન છાંટવાળું હોય છે. કોડીની ઝૂલ, માળા અને ઘરેણાં બને છે.

૧. કોડીચોર તે પાડીચોર = નાનીમાંથી મોટી ચોરી કરતાં માણસ શીખે.

૨. કોડી જાર = કોડીના જેવા સફેદ ભરાવદાર દાણાની એક જાતની જુવાર.

૩. કોડીની કમાણી નહિ અને ઘડીની ફુરસદ નહિ = ફાયદા વગરનું કામ.

૪. કોડીની કીમતનું = નિર્માલ્ય; માલ વગરનું.

૫. સ્ત્રી. દાંત ઉપર અથવા આંખમાં દેખાતું ધોળું ટપકું.

૬. સ્ત્રી. ધાર; કોર.

૭. સ્ત્રી. બારી બારણાંની પટી, ધોકો કે પાટિયાની સાંકડી બાજુ.

૮. સ્ત્રી. વીશની સંજ્ઞા.

૯. સ્ત્રી. વીશનો જથ્થો.

૧૦. વિ. આતુર.

૧૧. [પ્રા.] વિ. કોટિ; કરોડ.

૧૨. વિ. પાપી; કૂડવાળું.

૧૩. વિ. વીશ; ૨૦.

૧૪. વિ. હલકી કીમતનું; તુચ્છ.

૧૫. વિ. હોંશીલું.

કોડીઅમ સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

કોડીઆ ૧. પું. એ નામનો એક ફૂલછોડ.

૨. સ્ત્રી. ગરોળી.

૩. ન. એક જાતનું ઝેર.

કોડીઆઉ અ. ધાર પ્રમાણે; ધાર ઉપર રહે તેમ.

કોડીઆળ જુઓ કોડીઆઉ.

કોડીકરડો (કોડીકરડ઼ો) પું. એ નામની એક રમત. વરઘોડિયાં પરણી આવીને તુરત ગણુપતિ આગળ કોડી તથા કરડાથી રમે છે.

કોડીકોડી સ્ત્રી. ગામડામાં રમાતી એક જાતની રમત. રમનારના બે ભાગલા પડી એક ભાગને બીજા ભાગનો એક છોકરો 'કોડીકોડી' બોલતો પકડવા જાય. જે પકડાય તે નીકળી જાય. જો બોલનાર શ્વાસ ખાય તો નીકળી જાય અને બીજો ઊઠે.

કોડીજાર સ્ત્રી. એક જાતની સફેદ મોટી જુવાર.

કોડીઝનન સ્ત્રી. એ જાતની રમત; તીતિયોરાણો.

કોડીન ન. એક જાતની માદક વસ્તુ.

કોડીનગર ન. કોડીનાર ગામ.

કોડીબંધ ૧. વિ. ગણ્યુંગાંઠ્યું.

૨. અ. વીશની સંખ્યામાં; સંખ્યાબંધ.

કોડીબાલ ૧. પું. જથ્થાબંધ વેપારી.

૨. પું. શરાફ; બેંકર.

કોડીભસ્મ સ્ત્રી. કોડીને લીંબુના રસમાં પલાળી ફૂલડીમાં મૂકી પૂટ આપતાં બનતી ભસ્મ. તે અજીર્ણ, બરોળ વગેરે પેટનાં તમામ દરદમાં ઔષધ તરીકે અપાય છે.

કોડીલ વિ. સુંદર; રૂપાળું; કોડીલું.

કોડીલું ૧. વિ. આતુર; ઇચ્છાવાળું.

૨. વિ. કોઢવાળું.

૩. વિ. ટાપટીપ કરનાર.

૪. વિ. પ્રેમીલું; ભાવભીનું.

૫. વિ. મોજીલું; રંગીલું.

૬. વિ. રસિક; રસવાળું.

૭. વિ. રૂપાળું; દેખાવડું.

૮. વિ. હોંશીલું; ઉમંગી.

કોડિસિલ [અં. કૉડિસિલ] ન. મૃત્યુપત્ર; વીલ.

કોડું ૧. ન. કોડી; શંખલી.

૨. વિ. અણુસમજુ; મૂર્ખ.

કોડો ૧. પું. અક્કલ વગરનો માણુસ.

૨. પું. કુહાડો.

૩. પું. મોટી કોડી; શંખ; શંખલો.

૪. પું. શિશ્ન.

૫. સ. કોણ.

૬. વિ. મૂર્ખ; બેવકૂફ; નાદાન.

કોહ્રા પું. ચાબુક; ફટકો.

કોડ્ડો પું. ગૂંચવણવાળો હિસાબ; કોયડો.

કોડ્ય સ્ત્રી. છાતી.

કોઢ ૧. [હિં.] પું. એક છોડનું નામ.

૨. [સં. કુષ્ઠ] પું. એક જાતનો ચામડીનો રોગ. આ રોગથી ચામડી ઉપર ધોળાં કાળાં કે ધાબાં પડી જાય છે. તે મટાડવા મંજિષ્ઠાદિ ક્વાથ કે યોગરાજ ગૂગળ વપરાય છે. કોઢ ૧૮ જાતના છે: તેમાં કાપાલ, ઉદુંબર, મંડલ, સિધ્મ, કાકણુક, પુંડરીક અને ઋક્ષજિહ્વ નામના સાત પ્રકારના કોઢ મહાકોઢ મનાય છે અને તે અસાધ્ય મનાય છે. અને એકકુષ્ઠ, ગજચર્મ, ચર્મદલ, વિચર્ચિકા, વિપાદિકા, પામા, કચ્છૂ, દદ્રુ, વિસ્ફોટ, કિટિમ અને અલસક નામના કોઢ ક્ષુદ્રકોઢ કહેવાય છે અને તે સાધ્ય મનાય છે. કોઢ થવા પહેલાં ચામડી લાલ થઈ જાય છે અને તેમાં બહુ બળતરા થાય છે. ગલિત કોઢમાં હાથપગની આંગળીઓ ગળીગળીને ખરી જાય છે. આ રોગથી પીડાતો મનુષ્ય અસ્પૃશ્ય મનાય છે.

૧. કચ્ચા કોઢ = દાદરનો રોગ.

૨. કોઢમાં ખૂજ નીકળવી = એક કમનસીબીમાં બીજી ભળવી.

૩. ન. કૂવાનું મંડળ.

૪. સ્ત્રી. કોડ; ગમાણુ.

૫. સ્ત્રી. સુતાર કે લુવારની કામ કરવાની જગ્યા.

કોઢણું વિ. કોઢના રોગવાળું.

કોઢરો પું. ઝાડનું પોલાણુ.

કોઢાર સ્ત્રી. કોડ; ઢોર બાંધવાની જગ્યા; ગમાણુ.

કોઢારું જુઓ કોઢાર.

કોઢિયું ૧. ન. કોડ; ઢોર બાંધવાની જગ્યા.

૨. [સં. કુષ્ઠિક; પ્રા. કોઢિય] વિ. કોઢના રોગવાળું.

૩. વિ. લાંછનવાળું; ડાઘવાળું.

કોઢિયેલ વિ. કોઢવાળું; કોઢના રોગવાળું.

કોઢિયો ૧. પું. કોઢથી પીડાતો માણુસ.

૨. પું. બાજરાના છોડ પીળા થઈ કેવડાઈ જાય એટલે તેને ડૂંડાં ન આવે એવો મોલનો એક રોગ.

કોઢી ૧. પું. કોઢના રોગથી પીડિત મનુષ્ય.

૨. વિ. આળસુ; સુસ્ત.

૩. [સં. કુષ્ઠિન્] વિ. કોઢવાળું; કોઢિયું.

કોઢીલું વિ. કોઢવાળું; કોઢના રોગવાળું.

કોઢોં પું. કોરડો; ચાબુક.

કોણ ૧. [સં.] પું. અસ્ત્રનો આગળનો ભાગ; ફળું.

૨. પું. એક જ બિંદુમાં મળતી બે સીધી લીટી વચ્ચેનો ઝોક; ખૂણો.

૩. પું. એક જાતનું કંદ.

૪. પું. ઘરનો એક ભાગ.

૫. પું. ઢોલ વગાડવાની દાંડી.

૬. પું. તરવારની તેજ ધાર.

૭. પું. ધનુષનો એક ભાગ.

૮. પું. ધોકો; લાઠી.

૯. પું. બે જુદી જુદી દિશા.

૧૦. પું. મંગળ ગ્રહ.

૧૧. પું. વીણા વગાડવાનો હાથો કે ગજ.

૧૨. પું. શનિ ગ્રહ.

૧૩. સ. માણુસને ઓળખવા અથવા જાણુ માટે પ્રશ્નાર્થે વપરાતું સર્વનામ; કયું.

કોણઅંતર ન. નીચે કે ઉપરના સ્થાનને સાંધનારી લીટી ક્ષિતિજ લીટી સાથે કરે તે ખૂણો; 'બેરિંગ'.

કોણુક [સં.] ન. એ નામનું પગના પંજાનું એક કૂર્ચાસ્થિ.

કોણુકત્રય [સં.] ન. પગના ચાપામાંનાં સાત કૂર્ચાસ્થિમાંનાં અંતઃકોણુક, મધ્યકોણુક તથા બહિઃકોણુક નામનાં ત્રણુ હાડકાંનો સમૂહ.

કોણુકાચ પું. પ્રકાશનાં કિરણોનું જુદા જુદા રંગમાં પૃથક્કરણુ કરવા માટે વપરાતો ઘનભૂત ત્રિકોણાકાર કાચ; 'પ્રિઝમ.' આ કાચ શ્વેત કિરણોને તેનાં રંગિત ઘટકોમાં વિભક્ત કરી નાખે છે.

કોણુકુત્સ પું. (પુરાણુ) એ નામનો એક ઋષિ.

કોણુકોટિસ્પર્શરેખા જુઓ કોટિસ્પર્શક.

કોણુચૂડિકા (કોણુચૂડ઼િકા) સ્ત્રી. ફાચરના આકારની ગાંઠ.

કોણુછિદ્ર જુઓ કોણુવિવર.

કોણુજાણે ૧. અ. કદાચ; વખતે.

૨. અ. કેમ ખબર પડે ?

કોણુદુભાજક વિ. (ગણિત) ખૂણાના બે સરખા ભાગ કરનારું.

કોણુપ ૧. [સં.] પું. પિત્તરોગ.

૨. પું. રાક્ષસ.

૩. પું. વાસુકિ વંશનો એક સર્પ.

કોણબિંદુ ન. (ગણિત) ખૂણાના જે બિંદુ આગળ ખૂણાની બંને બાજુ મળે છે તે બિંદુ; 'વર્ટેક્સ.'

કોણમાત્ર વિ. જેનો હિસાબ નહિ એવું; ક્ષુદ્ર; નજીવું; ક્ષુલ્લક; તુચ્છ.

કોણમાન [સં.] ન. ત્રિકોણમિતિમાં અંતર માપવાનું યંત્ર; 'થીઓડોલાઇટ.'

કોણમાપક ૧. [સં.] ન. ખૂણો માપવાનું સાધન; 'પ્રોટ્રેક્ટર.'

૨. ન. ઘનકોણ માપવાનું સાધન.

૩. વિ. ખૂણો માપનારૂં.

કોણલોષ્ઠ સ્ત્રી. (શિલ્પ) ઈંટની અગિયાર માંહેની એક જાત.

કોણવાદી [સં. કોણવાદિન્] પું. શિવ; શંકર.

કોણવિવર [સં.] ન. જતૂકાસ્થિની દરેક મોટી પાંખની ઉપલી બાજુના પાછલા ભાગમાં મૂળ આગળ આવેલું એક છિદ્ર. તેમાં થઈને મસ્તિષ્કકલાપોષણી ધમની ખોપરીની અંદર દાખલ થાય છે.

કોણવૃત્ત [સં.] પું. ઉત્તરપૂર્વેથી દક્ષિણપશ્ચિમ અથવા ઉત્તરપશ્ચિમથી દક્ષિણપૂર્વ તરફ જતું દેશાંતર વૃત્ત.

કોણશંકુ [સં.] પું. કોણવૃત્તમાં ન હોય તથા ઉન્મંડળમાં ન હોય એવી સૂર્યની સ્થિતિ.

કોણસ સ. કયું; કોનું; કોણનું.

કોણાકાર ૧. [સં.] પું. કાટખૂણિયો કૌંસ.

૨. પું. ખૂણાનો આકાર.

૩. વિ. ખૂણાના આકારનું.

કોણાકોણી ૧. સ્ત્રી. કર્ણરેખા.

૨. વિ. ચાર કે વધારે બાજુવાળી આકૃતિમાં બે સામસામેના ખૂણાને જોડનાર.

૩. અ. એક ખૂણાથી બીજા ખૂણા સુધી.

કોણાઘાત ૧. [સં.] પું. દશ હજાર ઢોલ એક સાથે વાગવાથી થતો શબ્દ.

૨. પું. વાદ્યનો સમુદાય.

કોણાદિત્ય જુઓ કોણાર્ક.

કોણાર્ક [સં.] ન. જગન્નાથપુરીનું એક પ્રસિદ્ધ તીર્થ; પદ્મક્ષેત્ર અથવા કોણાદિત્યનું પ્રાચીન નામ.

કોણાલી સ્ત્રી. ગોષ્ઠી; વાત.

કોણાસન [સં.] ન. યોગનું એ નામનું એક આસન. જમણા હાથથી લાંબા કરેલા જમણા પગનો અંગૂઠો પકડવો. તે વેળા ડાબો પગ સાથળના મૂળ પાસે રાખવો. આ કોણાસન કહેવાય છે. આ આસનથી હાથપગના સ્નાયુ દૃઢ થાય છે. હાથની તથા પગની સ્થિતિ બદલવાથી આ આસનનો બીજો પ્રકાર થાય છે.

કોણાંતર ન. નીચે કે ઉપરના સ્થાનને સાંધનારી લીટી ક્ષિતિજ લીટી સાથે કરે તે ખૂણો.

કોણિ [સં.] વિ. વાંકવાળા હાથવાળું.

કોણિક પું. ચંપાનગરીનો એ નામનો રાજા; શ્રેણિક રાજાનો પુત્ર.

કોણિકા સ્ત્રી. એક જાતનું તરુણાસ્થિ.

કોણિયાટવું સ. ક્રિ. કોણીએ કોણીએ મારવું.

કોણી ૧. પું. છની સંખ્યા બતાવનાર સાંકેતિક શબ્દ.

૨. [સં. કફોણી] સ્ત્રી. કોણીના સાંધાનું અણીદાર હાડકું.

૩. સ્ત્રી. જ્યાંથી હાથ ખભા તરફ ઊંચો કરી શકાય તે ખભા નીચેનો અને કાંડાની ઉપરનો સાંધો.

૧. કોણી કોણી જેવડાં કાઢવાં-મૂકવાં = બહુ બીક લાગવી; ડરપોક હોવું.

૨. કોણી મારીને ફૂલડું કરવું-માર્ગ કરવો = આપહોશિયારીથી રસ્તો કરવો; સ્વપરાક્રમથી આગળ વધવું.

૩. કોણીઓ વીંઝવી = (૧) આગળ પડીને જોશભેર કામ કરવું. (૨) પોતાનું અભિમાન દેખાડવું.

૪. કોણીની ડાળ = મલ્લવિદ્યાનો કોણીમાંથી હાથ ખેંચવાનો એક દાવ.

૫. કોણીનો ગોળ = મુશ્કેલ કામ.

૪. સ્ત્રી. મોઈદાંડિયાની રમતમાં વપરાતો શબ્દ; કોણી ઉપર મોઈ રાખી, ઉલાળી, દાંડિયો મારવો તે.

૫. વિ. ખૂણાવાળું; ખૂણો પડે એવું.

કોણીમાર વિ. માથાભારે; બળજબરીથી પોતાનો માર્ગ કરે એવું.

કોણીયછેદ પું. (ગણિત) કોઈ પણ પદાર્થને તેવા કોઈ પણ ખૂણામાં થઈને કાપવાથી બનતી સપાટી.

કોણીયપુષ્ટિ સ્ત્રી. (ગણિત) આપેલી સીધી લીટીમાં આપેલા બિંદુની સાથે કોઈ પણ ફરતા બિંદુને જોડનારી સીધી લીટી આપેલી સીધી લીટીની સાથે જે ખૂણો કરે તેમાં આપેલા વખતમાં થતો વધારો.

કોણીયબિંદુ ન. (ગણિત) ખૂણો જ્યાં આગળ બને તે બિંદુ.

કોણીયવૃદ્ધિ સ્ત્રી. (ગણિત) કોણીય વેગમાં થતા ફેરફારનો દર; સમયના એક એકમમાં થતો કોણીયવેગમાં ફેરફાર.

કોણીયવેગ પું. (ગણિત) કોણીયપુષ્ટિનો દર; સમયના એક એકમમાં થતી કોણપુષ્ટિ.

કોણીરેખા સ્ત્રી. (ગણિત) કર્ણરેખા; ચાર કે વધારે બાજૂવાળી આકૃતિમાં બે સામસામેના ખૂણાને જોડનાર લીટી.

કોણે ૧. સ. કોઈએ પણ.

૨. સ. કોઈથી પણ.

કોણેરી સ્ત્રી. ખૂણો.

કોત પું. ગઢનો નાનો દરવાજો.

કોતક ૧. [સં.] ન. આશ્ચર્ય; નવાઈ; અજાયબી.

૨. ન. મજા; ગમ્મત.

કોતક્યુ ન. (ગ્રામ્ય) કૌતુક; અજાયબી ભરેલ બનાવ કે દેખાવ; નવાઈ.

કોતમીર [હિં.] સ્ત્રી. કોથમીર.

કોતર ૧. સ્ત્રી. નકશી.

૨. ન. ગુફા; ભોંયરૂં.

૩. [સં. કોટર] ન. જમીન ઉપર કે પર્વતમાં પાણીથી કોતરાઈને પડેલી ઊંડી ને લાંબી બખોલ અને ખાડા; ઊંડાં સૂકાં વહેળિયાં; ચઢાણવાળા પર્વતમાંનો ઊંડો ભાગ.

૪. ન. બે દાંતની વચ્ચે પોલો ભાગ.

કોતરકામ ૧. ન. કોતરણી.

૨. ન. કોતરીને કરેલું નકશી કામ.

૩. ન. ખોદકામ.

૪. ન. નકશીકળા; શિલ્પ; મૂર્તિવિધાન.

કોતરડું (કોતરડું) ૧. ન. ખાડી.

૨. ન. ખાબોચિયું.

૩. ન. ગુફા; બોડ.

૪. ન. નાનું કોતર; નદીના કાંઠા ઉપરનો ઊંડો ખાડો કે બખોલ.

કોતરણી ૧. સ્ત્રી. કોતરવાની ઢબછબ.

૨. સ્ત્રી. કોતરવાની મજૂરી.

૩. સ્ત્રી. કોતરવાનું ઓજાર.

૪. સ્ત્રી. કોતરવું તે; કોતરવાનું કામ.

૫. સ્ત્રી. કોતરીને બનાવેલી કારીગરી; કોતરકામ; નકશી.

૬. સ્ત્રી. ઘોડાના ડાબલામાંથી કચરો કાઢવાનું સાધન.

કોતરણું ૧. ન. ટાંકણું.

૨. જુઓ ખોતરણું.

કોતરલેખ પું. કોતરી કાઢેલો લેખ; ઉન્નતિલેખન; મુદ્રાલેખ; કોઈ ઇમારતની સ્થાપના કે વાસ્તુપૂજન કે કૃષ્ણાર્પણ સંબંધી તેના ઉપર લખેલો લેખ.

કોતરવાસી વિ. કોતરમાં રહેનાર.

કોતરવું ૧. [સં. કૃત્ (ખોતરવું)] સ. ક્રિ. અંદરથી ખણી કાઢવું; ખોતરવું; કોરવું; આછું આછું ખોદવું.

કોતરી ખાવું = સામાને સમજણ પડે નહિ તેમ ધીરે ધીરે સંભાળથી ખણી ખાવું; સત્ત્વ લઈ લેવું; નિર્માલ્ય કરી નાખવું.

૨. સ. ક્રિ. કોતરકામ કરવું.

છાતીમાં કોતરવું = યાદ રાખવું.

૩. સ. ક્રિ. નકશીકામ કરવું.

૪. સ. ક્રિ. રચવું.

કોતરાવું ૧. અ. ક્રિ. અંદરથી ખવાઈ જવું; ખવાવું; કોરાવું.

૨. અ. ક્રિ. ખોદાવું.

૩. અ. ક્રિ. નકશી કરાવવી.

૪. અ. ક્રિ. રચાવું.

કોતરૂ ન. છેક નાની ખાડી.

કોતલ ૧. પું. અકબરના વખતમાં જાહેર બનાવોની નોંધ રાખનાર કચેરીમાં કાયમી નોકરની ગેરહાજરીમાં તેને બદલે કામ કરવા રખાતો અવેજી માણસ.

૨. [તુ. કૂતલ] પું. અમીર લોકની સવારીનો ખાસ ઘોડો.

૩. પું. જરૂરના વખત માટે સાથે રાખવામાં આવતો ઘોડો.

૪. પું. જેના ઉપર કોઈ સવાર ન હોય એવો શણગારેલો ઘોડો.

૫. પું. રાજાનો પોતાની જ સવારી માટેનો ઘોડો.

૬. સ્ત્રી. શણગારેલા ઘોડાઓની હાર.

૭. વિ. ફાજલ; ખાલી.

કોતલગારદ પું. છાવણીનું રક્ષણ કરનાર દળ; 'ક્વૉર્ટર ગાર્ડ.'

કોતવાલ ૧. [સં. કોટપાલ] પું. (હિંદી) જિલ્લાના મુખ્ય શહેરમાં રહેતો એક મુખ્ય પોલીસ અમલદાર; 'પોલીસ ઇન્સ્પેક્ટર.' શહેરની શાંતિ રક્ષવાની જવાબદારી તેના ઉપર હોય છે.

૨. પું. પંડિતોની સભા; સાધુઓના અખાડાની બેઠક વગેરેનું નિમંત્રણ દેનાર તથા તે સંબંધી મુખ્ય પ્રબંધ કરનાર કાર્યકર્તા.

કોતવાલી ૧. સ્ત્રી. કોતવાલની કચેરી; જિલ્લાના મુખ્ય શહેરમાં રહેતા પોલીસ અમલદારનું કાર્યાલય.

કોતવાલી ચઢવી = કોઈ ઉપર ફોજદારી કામ ચલાવવું.

૨. સ્ત્રી. કોતવાલનો હોદ્દો.

કોતવાલીચબૂતરા પું. કોતવાલની કચેરી માટેની જગ્યા.

કોતહ [ફા.] વિ. ટૂંકું; કમ; છોટું.

કોતહઅંદેશ [ફા.] વિ. ટૂંકા વિચારવાળું; દીર્ઘદૃષ્ટિ વગરનું.

કોતહકદ્દ [ફા.] વિ. ઠીંગણા કદ્દનું.

કોતહગર્દન ૧. [ફા.] વિ. ટૂંકી ડોકવાળું.

૨. વિ. દુષ્ટ; દગાબાજ.

કોતહી ૧. સ્ત્રી. ખામી; ખોટ.

૨. [ફા.] સ્ત્રી. ટૂંકાણ; ત્રુટિ; ઘટ; સંકડાશ; ઓછાપણું.

કોતા ૧. વિ. અપૂર્ણ.

૨. વિ. કેટલાક.

૩. વિ. નક્કી કરેલું; ઠરાવેલું.

૪. [ફા. કોતાહ] વિ. સંક્ષિપ્ત; ટૂંકું.

કોતાઈ ૧. [ફા. કોતાહી] સ્ત્રી. ખામી; અપૂર્ણતા; ઊણપ.

૨. સ્ત્રી. ટૂંકાણ.

કોતાઈવાળું ૧. વિ. અધૂરૂં; અપૂર્ણ; ઊણું.

૨. વિ. ટૂંકું.

કોતાક જુઓ કોતાર.

કોતાર પું. હાથીનો હાંકનાર; મહાવત.

કોતાહ ૧. વિ. અલ્પ; ઓછું.

૨. [ફા.] વિ. ટૂંકું.

કોતાહ કરવું = (૧) કીમત નક્કી કરવી; સાટું કરવું. (૨) ગોઠવવું. (૩) મતભેદ દૂર કરવો.

કોતાહઅંદેશ વિ. થોડી સમજવાળું; ટૂંકી નજરવાળું.

કોતાહઅંદેશી સ્ત્રી. થોડી સમજ.

કોતાહઉમ્ર સ્ત્રી. ટૂંકી જિંદગી.

કોતાહકદ વિ. ટૂંકા બાંધાનું; ઠીંગણું.

કોતાહગર્દન ૧. વિ. છેતરે એવું; લુચ્ચું.

૨. વિ. ટૂંકી ગરદનવાળું.

કોતાહનઝર (કોતાહનઝર) ૧. ન. અવિચારી માણસ.

૨. ન. ટૂંકી નજરવાળું માણસ.

કોતાહપાય ૧. પું. બહુ ટૂંકો માણસ.

૨. ન. ડાઘાવાળી પીઠ અને હરણના જેવાં શીંગડાંવાળા એક ચારપગા જાનવરનું નામ. આ શબ્દ કોઈ વાર સસલાં માટે પણ વપરાય છે.

૩. વિ. ટૂંકાં પગલાંવાળું.

કોતાહબીન [ફા.] વિ. ઝાંખી નજરવાળું.

કોતાહસમજ વિ. કમઅક્કલ.

કોતાહી ૧. [ફા.] સ્ત્રી. ઓછાપણું; ત્રુટિ; ઊણપ.

કોતાહી કરવી = ઓછું કરવું.

૨. સ્ત્રી. ટૂંકાપણું.

કોતીડું (કોતીડ઼ું) ૧. ન. બચલું.

૨. વિ. ચાલાક.

૩. વિ. લુચ્ચું.

કોતીડો (કોતીડ઼ો) ૧. વિ. પું. ચાલાક; હોશિયાર.

૨. વિ. પું. લુચ્ચો.

કોતુક જુઓ કૌતુક.

કોતુકાલય ન. સંગ્રહસ્થાન; અજાયબઘર.

કોતેઅંદેશ [ફા. કોતાહ (ટૂંકું) + અંદેશ (વિચારનાર)] વિ. દૂરદૃષ્ટિ વિનાનું; અવિચારી.

કોત્તારકારા સ્ત્રી. ત્રાવણકોરના રાજવંશની એ નામની એક શાખા.

કોત્થલ પું. (પ્રાકૃત) કોથળો.

કોથ ૧. [સં.] પું. આંખનો એક રોગ.

૨. પું. કોહવાણ; સડો; જીવતા પ્રાણીના માંસનું કોહવાણ.

૩. [હિં.] પું. ઢૂંઢાં માંહેનું અનાજ.

૪. પું. ભગંદર.

૫. પું. સંબંધ.

૬. વિ. ગળી પડેલ; ખરી પડેલ.

કોથઘ્ન [સં.] વિ. કૃમિનાશક; જંતુનાશક.

કોથમરી સ્ત્રી. કોથમીર.

કોથમી [સં. કુસ્તુમ્બરી; પ્રા. કુત્થુંભરી] સ્ત્રી. કોથમીર; ધાણાની ભાજી.

કોથમીર [સં. કુસ્તુમ્બરી] સ્ત્રી. ધાણાપાણી; ધાણાભાજી; ધાણાની લીલી ભાજી. તેનાં ફૂલ ઝીણાં ઝીણાં ધોળાં થાય છે. તેનાં પાન નાનાં ઝીણાં પંખાના આકારનાં ખાંચાવાળાં હોય છે. તેને ઝીણાં ગોળ બે ફાડનાં બી આવે છે. તેને ધાણા કહે છે. ધાણાને ખોખરા કરી વાવવાથી થોડા દિવસમાં કોથમીર ઊગે છે. આપણા દેશમાં તે મસાલા તરીકે વપરાય છે તથા તેનાં લીલાં પાનની ચટણી થાય છે. કારણ કે તેમાં સુગંધી હોય છે. ધાણા વાવવા વરસાદની મોસમ પછી રેતીવાળી પોચી જમીનમાં ખૂબ ઊંડી ખેડ કરી ખાતર નાખી ક્યારા બાંધવા. તેનાં આખાં બીને ફાડચાં કરીને વાવવાથી તુરત ઊગે છે. ધાણા છૂટા છૂટા વાવવાથી તેના રોપા મોટા થઈ તેમાં ધાણા થાય છે. તે સ્વાદિષ્ટ અને પિત્તશામક છે. તે પેટની પીડા મટાડનાર, પેશાબ વધારે લાવનાર, પાચક અને કામોદ્દીપક મનાય છે. તે ઊંઘ લાવનાર અને છાતીમાંથી કફ કાઢનાર પણ મનાય છે. ચરકસંહિતામાં ધાણાને તૃષાનિગ્રહણ અને શરદીને બંધ કરનાર વર્ણવેલ છે. સુશ્રુતમાં એને સર્વજ્વરનાશક,

દીપક, દાહનાશક, અરુચિનાશક અને ઊલટી બંધ કરનાર કહેલ છે.

કોથમીરની ભાજી સ્ત્રી. ભોજનની એક વાની. તે બનાવવા ૭૫ રૂપિયાભાર કોથમીરને ચોખ્ખી કરી ધોઈ નાખી એક વાસણમાં નાખવી. ત્રણ રૂપિયાભાર ઝીણા સમારેલા કાંદા, સોળ માસા ઝીણાં સમારેલાં લીલાં મરચાં તથા સોળ માસા મીઠું એટલી ચીજો ભાજીમાં ચોળી તેમાં સવા શેર પાણી રેડી વાસણ ચૂલા ઉપર મૂકી નીચે તાપ કરવો. ભાજી ચડી રહેવા આવે એટલે તેમાં દોઢ રૂપિયાભાર આમલીનું પાણી નાખી થોડી વાર રહીને નીચે ઉતારી લઈ બીજું વાસણ ચૂલા ઉપર મૂકવું. પછી તેમાં ત્રણ રૂપિયાભાર ઘી નાખી તે કકડે એટલે તેમાં આઠ માસા સમારેલા કાંદા, મીઠા લીંબડાની એક ડાંખળી, ચાર માસા રાઈ તથા દોઢ માસો હિંગ નાખી કાંદા લાલ થાય એટલે તેમાં ભાજી વધારી દેવી તથા તેમાં આઠ માસા ચણાનો લોટ અને આઠ માસા કોથમીર નાખી કડછીથી હલાવી નીચે ઉતારવી.

કોથમીરનો કીડો (કોથમીરનો કીડ઼ો) પું. પાંખવાળું માકડ જેવું એક જાતનું જંતુ.

કોથલા ૧. [હિં.] પું. કોથળો.

૨. પું. ગજવું; ખીસું.

૩. પું. પેટ; જઠર.

કોથલાડવું (કોથલાડ઼વું) સ. ક્રિ. બગાડવું.

કોથલી જુઓ કોથળી.

કોથળી ૧. સ્ત્રી. કાનની બૂટ; કર્ણપાલી.

૨. સ્ત્રી. ચામડું, કપડું, કાગળ કે બીજી કોઈ પટદાર વસ્તુનાં બે પડને બે બાજુએથી અને તળેથી સીવી લઈ એક બાજુ ખુલ્લી રાખી હોય એવી ખલેચી; થેલી; નાની કોથળી.

૩. સ્ત્રી. થેલી; કોષ.

૪. સ્ત્રી. પૈસા રાખવાની થેલી.

૧. કોથળી છોડામણી = નાણાં વ્યાજે લેતી વખતે ધીરનારને અપાતી અમુક રકમ.

૨. કોથળી માંડવી = વેપાર કરવો.

૩. કોથળીએ મેળ = હિસાબ લખ્યા વિના રાખેલ મેળ.

૪. કોથળીનું મોં સાંકડું = કંજૂસ.

૫. સ્ત્રી. વૃષણ; અંડકોષ; પુરુષની કોથળીમાં લખોટી જેવી બે ગ્રંથીઓ હોય છે તે.

૬. સ્ત્રી. હજામનાં અસ્ત્રો, નેરણી, કાતર જેવાં સાધનો રાખવાની થેલી.

કોથળી ફેરવવી = હજામનો ધંધો કરવો.

૭. સ્ત્રી. હજારની સંજ્ઞા.

કોથળીવાળી સ્ત્રી. કોથળીવાળાની વહુ; હજામડી.

કોથળીવાળો પું. હજામ.

કોથળીસાંથ સ્ત્રી. ભરણાં ઉપરનો વટાવ. હાલ જેમ સેંકડે અમુક ટકા વટાવ આપવામાં આવે છે તેમ આગળ જમીનદારો પાસેથી મહેસૂલ વસૂલ કરી સરકારમાં ભરતાં દરેક કોથળીએ અથવા દરેક હજારે ભરનારાઓને અમુક રકમ વટાવ તરીકે પાછી આપવામાં આવતી.

કોથળો ૧. [સં. કોષ્ઠ; હિં. કોષ્ટલ; દે. કોથલો] પું. ચામડું અથવા કપડું બે પડે ત્રણ બાજુથી સાંધી લઈને બનાવેલી ખોળ; થેલો; મોટી કોથળી.

૧. કોથળા જેવું = ઢીલું.

૨. કોથળે ઘાલવું = (૧) ચર્ચા બંધ કરવી. (૨) ઠેકાણે મૂકી દેવું. (૩) સંતાડવું; છુપાવવું.

૩. કોથળે ચાંલ્લો = કન્યાપક્ષ તરફથી વેવાઈને જાન માંહેનાં પોતાનાં સગાંઓને વહેંચવા માટે અપાયેલ ઊચક રકમ.

૪. કોથળે જવું–કોથળો કરવો = (૧) કેદ કરવું. (૨) કોથળામાં મસાલો વગેરે ભરી વસતીમાં ફરતાં ફરતાં તે વેચવાનો ધંધો કરવો.

૨. પું. પેટ.

૩. પું. ભીખનો ખડિયો; અનાજ વગેરે ભરવાની કંતાનની થેલી.

કોથો પું. ગુસ્સો.

કોદ ૧. સ્ત્રી. ચાડી; કૂથલી.

૨. ન. ખાતર.

કોદક [ફા.] પું. નાનો છોકરો.

કોદગર [ફા.] પું. ખોદનાર.

કોદડ (કોદડ઼) ન. દાળભાતના વધારાવાળો એઠવાડ.

કોદરધના સ્ત્રી. ચોરાશી બ્રાહ્મણોની એ નામની એક જ્ઞાતિ.

કોદરમસી ન. એક જાતનું ઘાસ.

કોદરસ પું. કાંદો; ડૂંગળી.

કોદરા [સં. કોદ્રવ; પ્રા. કુદ્દવ] પું. બ. વ. એક જાતનું ખડધાન્ય; કોદ્રવ. તેની ચાર જાત: રામેશ્વરી, શિવેશ્વરી, હરકોણી અને માંજર. કોદરાના દાણા રાઈથી મોટા, લાલ અને ફોતરીવાળા હોય છે. એ બગડતા કે સળતા નથી. દુકાળ માટે અસલ કોદરાની મોટી વખારો ભરી રાખવામાં આવતી. તે સાધારણ રીતે ગરીબ લોકોમાં વપરાય છે. કોદરાને ખડની માફક ઘૂંબડું થઈ અંદરથી સળી નીકળી ઉપર ડૂંડી થાય છે. કોદરાની કંડી કાળી થાય એટલે કોદરા તૈયાર થયા ગણાય.

દુકાળમાં કોદરા મોંઘા–કાળમાં કોદરા વહાલા લાગે = તંગીને વખતે ખરાબ અથવા હલકી વસ્તુ પણ સારી લાગે.

કોદરી ૧. સ્ત્રી. એક જાતનો છોડ.

૨. સ્ત્રી. કોદરાને ભરડતાં તેમાંથી નીકળતા રાઈ જેવા ઝીણા અને ધોળા કણ; કોદરાનો છોડા વિનાનો દાણો.

કોદરો ૧. પું. એક જાતનું ખડધાન્ય. તે ગરીબ લોકો ખાય છે. તે વાતલ, ગ્રાહી, શીતળ, પિત્તહર અને કફકારક મનાય છે.

૨. પું. એક જાતનું ઝાડ. તેની છાલ ભસ્મી રંગની અને અંતરછાલ સફેદ રેસાવાળી હોય છે. તેનાં ફૂલ નારંગી રંગનાં હોય છે અને તેમાં બેથી ત્રણ ઇંચ લાંબી પાતળી શીંગ થાય છે. શીંગમાં કાળાં કરચલીવાળાં ચણા જેવડાં બીજ હોય છે.

૩. પું. એક જાતનો છોડ. એનાં પાન લાંબાં, સાંકડાં અને અણીવાળાં હોય છે. ફૂલની ચમરી ઘણું કરી બબ્બે સાથે હોય છે. એની ચાર જાત: રામેશ્વરી, શિવેશ્વરી, હરકોણી અને માંજર અથવા મેણા. મેણા કોદરા ખાવાથી કેફ ચડે અને ઊલટી ને જુલાબ થાય.

કોદવીઆ પું. શેવડા ચોરાશી ગચ્છનો એ નામનો એક પેટા ગચ્છ.

કોદંડ ૧. પું. એ નામનો એક પ્રાચીન દેશ.

૨. [સં.] પું. કામઠું; ધનુષ્ય; ચાપ.

૩. પું. રામાવતાર.

૪. પું. (ગણિત) વર્તુળના પરિઘ ઉપરનાં કોઈ પણ બે બિંદુને સીધી લીટીથી જોડવાથી વર્તુળના થતા બે કકડામાંથી કોઈ પણ એક કકડો.

૫. પું. (જૈન) વ્યંતર દેવતાની સોળ માંહેની એ નામની એક જાતિ.

૬. પું. સાંગ; બરછી જેવું એક હથિયાર.

૭. ન. (જ્યોતિષ) ધન રાશિ.

૮. ન. ભ્રમર.

કોદંડકળા [સં.] સ્ત્રી. ધનુર્વિદ્યા.

કોદંડી પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

કોદાર પું. એક જાતનું ધાન્ય.

કોદારો પું. એક પ્રકારનું ઝાડ.

કોદાળ ૧. વિ. કદરૂપું; લાંબા હોઠવાળું.

૨. વિ. ખાઉધરું; ખાધોડકું; ખાધાખુવાર.

૩. વિ. જંગલી; અવિવેકી.

૪. વિ. રોંચું; ગમાર; જાડી બુદ્ધિવાળું; મૂર્ખ.

કોદાળવું ૧. સ. ક્રિ. ખાવું.

૨. સ. ક્રિ. ખોદાવવું.

કોદાળી [સં. કુદ્દાલ] સ્ત્રી. ખોદવાનું લાકડાના હાથા અને લોખંડના ફળાવાળું ઓજાર.

કોદાળો [સં. કુદ્દાલ] પું. મોટી કોદાળી; પાને સાંકડું પણ લાંબા ચપટા ફળાનું ઓજાર.

કોદિયું ૧. વિ. કડવું બોલનાર.

૨. વિ. ખેધો કરનાર; ઈર્ષા કરનાર.

૩. વિ. ચાડિયું; નિંદા કરનાર.

કોદિલિયા પું. શેવડા ચોરાશી ગચ્છનો એ નામનો એક પેટા ગચ્છ.

કોદી ૧. સ્ત્રી. ધરડી ભેંસ; ડોબું.

૨. અ. કોઈ દિવસ; કોઈ વાર; કદાપિ.

કોદુઆ ૧. પું. પદકાળું; કોળું.

૨. પું. પુરુષની ગુહ્યેંદ્રિય.

કોદું ૧. ન. કઠણ નહિ તેમ પ્રવાહી નહિ તેવું નરમ ચોળેલું મિશ્રણ.

૨. ન. ધરડી ભેંસ; ડોબું; થોડું અથવા નહિ જેવું દૂધ આપનારી ભેંસ.

૩. ન. ઢોર ન ખાય તેવું નકામું ઘાસ.

૪. ન. ભેળાં કરેલ દાળભાતનો જમતાં વધેલો એઠવાડ.

કોદો ૧. પું. એક જાતનો છોડ. તેનાં પાન લાંબાં, સાંકડાં ને અણીવાળાં હોય છે. તેમાં ઝીણા ઝીણા દાણા થાય છે.

૨. પું. કૂચો; કચરો.

૩. [સં. કોદ્રવ] પું. કોદરો; એક જાતનું અનાજ.

૪. પું. કોદાળ આદમી; રોંચો.

૫. પું. દહીં કે દૂધમાં રોટલો ચોળવો તે.

૬. વિ. બગડેલ; ખરાબ.

કોદોં [સં. કોદ્રવ] પું. કોદરો; એક જાતનો દાણો.

કોદોંના ભાત = નજીવી વસ્તુ.

કોદ્રવ [સં.] પું. એક જાતનું ધાન્ય; કોદરો.

કોદ્રવક જુઓ કોદ્રવ.

કોદ્રો પું. કોદરો; એક જાતનું હલકું ધાન્ય.

કોધું વિ. કોહેલું; બગડેલું; સડેલું.

કોન ૧. [હિં.] પું. ખૂણો; ખાંચો; કોણ; બે જુદી જુદી દિશા વચ્ચેનો સંધિ.

૨. પું. ઝૂંસરીને કાગવા સાથે કબજે રાખવાનું સાધન.

૩. પું. નવની સંજ્ઞા. દલાલો આ સંકેત વાપરે છે.

૪. પું. પડખાંની દીવાલ.

૫. [સં. કઃ] સ. કોણ; કયું; કવણ; માણસને ઓળખવા અથવા જાણવાને માટે પ્રશ્નાર્થે વપરાતું સર્વનામ.

કોનકચોલા [હિં.] પું. ખૂણોખાંચરો.

કોનટિઅપામ ન. એ નામનું પામની જાતનું શોભિતું ઝાડ.

કોનટેનગો પું. શેરબજારમાં પતાવટના ત્રણ માંહેનો પહેલો દિવસ. તે દિવસે જે ગ્રાહક વાયદાની પતાવટ કરવા ન ઇચ્છતો હોય તે પોતાના દલાલને બદલો કરવાનું કહે છે.

કોનડોર ન. અમેરિકનું ગીધ.

કોનફળ ન. રતાળુ; સકરકંદ; મીઠા સ્વાદવાળું એક કંદ.

કોનબી ન. એક જાતનું ઘણું નાનું જીવડું.

કોનમ ન. લંગોટી; કચ્છ. મલયાના લોકો તે પહેરે છે.

કોનમા ૧. સ્ત્રી. ખવાસની એ નામની અટક.

૨. ન. એ અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કોનયાક ૧. સ્ત્રી. આસામની એ નામની જંગલી લોકોની એક જાત. શણગારમાં તેઓ કાનમાં ખૂટિયાં અથવા માથાના વાળમાં શિંગડાં ભરાવે છે અને કાંડા ઉપર હાથીદાંતના કટકા પહેરે છે. તેઓ લંગોટી ઉપરાંત વિશેષ લૂગડાં પહેરતાં નથી. તેઓ પાતળી કેડ આસપાસ વાંસની પટી વીંટે છે.

૨. ન. એ જાતનું માણસ.

૩. વિ. એ નામના લોકોની જાતનું.

કોનવત વિ. સીધું.

કોનસંધિ પું. ઊભા લાકડાનો એક જાતનો સાંધો.

કોનસેલ જુઓ કોન્સેલ.

કોના ૧. પું. ખાંચાવાળો કિનારો.

૨. [સં. કોણ] પું. (ગણિત) ખૂણો.

૧. બાહરી કોના = બહારનો ખૂણો.

૨. સૂકડા કોના = ૯૦ અંશથી ઓછો ખૂણો.

૩. પું. ઘર.

૪. પું. છૂપું સ્થાન.

૫. પું. લંબાઈ અને પહોળાઈ જ્યાં ભેગી થતી હોય તે ખાંચાની જગ્યા.

૬. સ. કેનું.

કોનાકમન પું. કનક મુનિ.

કોનાચ પું. ખૂણો.

કોનાલક [સં.] પું. એક જાતનું જળચર પક્ષી.

કોનિયા વિ. ખૂણાવાળું.

કોની ૧. પું. આંખનો ખૂણો.

૨. પું. રેશમના કીડાનો કોશેટો.

૩. સ્ત્રી. કોણી.

૪. સ્ત્રી. ફણસની આંખ.

૫. ન. શિયાળ.

૬. વિ. વાંકા હાથવાળું.

કોનું ૧. વિ. કોઈનું.

૨. વિ. કોણનું; કો અથવા કોણનું છઠ્ઠી વિભક્તિનું એકવચન; કેનું.

૧. કોના બાપની ગુજરાત ? = (૧) કોઈને કાંઈ સંબંધ ન હોય એવું. (૨) દરકાર ન કરવાપણું.

૨. કોના બાપની દીવાળી ? = બીજાના પૈસે ઉજાણી.

૩. કોની ગાય, કોનું ખાય, હાંકે તેનું નખોદ જાય = બીજાની ખોટ માટે લાગવું વળગવું નહિ.

કોનેદાર વિ. ખૂણાવાળું; બે દિશા કે બાજુ વચ્ચેના ભાગનું.

કોનેરી સ્ત્રી. ખૂણો.

કોનેસી ન. એક જાતનું ફળ.

કોન્કેવ [અં. કૉન્કેવ] વિ. અંતર્ગોળ; વર્તુળાકાર ખાડાવાળું.

કોન્ક્રીટ ૧. [અં. કૉન્ક્રીટ] ન. કાંકરી તથા મગિયાનું મિશ્રણ.

૨. ન. પથ્થરના ભૂકાનું રેતી સાથેનું ઘટ્ટ થયેલું મિશ્રણ.

કોન્ગ્રેસ [અં. કૉન્ગ્રેસ] સ્ત્રી. પ્રતિનિધિ સભા; મહાસભા.

કોન્ગ્રેસમેન [અં. કૉન્ગ્રેસમન] પું. મહાસભાનો સભ્ય.

કોન્ગ્રેસવાદી વિ. કૉન્ગ્રેસપક્ષનું.

કોન્ઝરવેટિવ [અં. કૉન્ઝરવેટિવ] વિ. રૂઢિચુસ્ત; ચુસ્તવાદી પક્ષનું.

કોન્ટિનેન્ટલ [અં. કૉન્ટિનેન્ટલ] વિ. ગ્રેટ બ્રિટન અને આયર્લેંડ સિવાયના યરપનું; ખંડસ્થ.

કોન્ટેક્ટ બ્રેકર [અં. કૉન્ટૅક્ટ બ્રેકર] ન. જે દબાવવાથી વીજળીનો પ્રવાહ ફેલાતો અટકી જાય તે બટન; સંબંધ તોડનાર ચાંપ.

કોન્ટ્રાસ્ટ [અં. કૉન્ટ્રાસ્ટ] પું. વિરોધ; વિરોધદર્શક સરખામણી.

કોન્ટ્રેક્ટ ૧. પું. ઈજારો.

૨. પું. ઠરાવ; લખત; કરાર.

૩. [અં. કૉન્ટ્રેક્ટ] પું. શરતોથી કામ રાખવું તે.

કૉન્ટ્રેક્ટ નોટ [અં. કૉન્ટ્રેક્ટ નોટ] સ્ત્રી. કૉન્ટ્રેક્ટ નોંધવાની નોટ; કબાલાવહી; કબાલાપોથી.

કૉન્ટ્રેક્ટર ૧. [અં. કૉન્ટ્રેક્ટર] પું. ઈજારો રાખનાર; કંટ્રાટી; ઈજારદાર.

૨. પું. કરાર કરનાર.

કૉન્ટ્રેકશન [અં. કૉન્ટ્રેકશન] ન. સંકોચ.

કૉન્ડર ન. એક જાતનું ગીધ; દક્ષિણ અમેરિકના એન્ડીઝ પર્વત ઉપર રહેતું એક જાતનું પક્ષી.

કૉન્ડલ ન. એક પ્રકારનું ઝાડ.

કૉન્ડા ન. કરમદાં.

કૉન્ડીલેક પું. એ નામનો એક ફ્રેંચ ફિલસૂફ. વિશ્વના સંપર્કમાં આવતાં ઇંદ્રિયોને થતા અનુભવો એ નામનું પુસ્તક તેણે લખ્યું છે.

કૉન્ડ્રમ [અં. કૉન્ડ્રમ] ન. મીલમાં તાણા ખાતામાં કાંજી આપવાનું યંત્ર.

કૉન્ફરન્સ [અં. કૉન્ફરન્સ] સ્ત્રી. પરિષદ; સભા; સમિતિ.

કૉન્ફિડેન્શ્યલ [અં. કૉન્ફિડેન્શ્યલ] વિ. ખાનગી; ગુપ્ત.

કૉન્ફીડરેશન [અં. કૉન્ફીડરેશન] ન. મંડળ.

કૉન્ફ્યૂશિયસ પું. ચીનનો એક મહાન ધર્મ સંસ્થાપક. તે બુદ્ધનો સમકાલીન મનાય છે.

કૉન્યક સ્ત્રી. આસામમાં બોલાતી એક ભાષાનું નામ. નમ્સંગીઆ, બોરદુરીઆ અને મુતોનીઆ તેની શાખાઓ છે.

કૉન્વેકશન [અં. કૉન્વેકશન] ન. પ્રવાહી અથવા હવામાં મોજાં મારફત એક ઠેકાણેથી બીજે ઠેકાણે થતો ગરમીનો ફેલાવો.

કૉન્વેક્સ [અં. કૉન્વેક્સ] વિ. બાહ્યગોળ.

કૉન્વોઈ [અં. કૉન્વૉઈ] ન. વળાવિયું વહાણ કે વિમાન.

કૉન્વોકેશન ૧. [અં. કૉન્વોકેશન] ન. ઉપાધિઓ ઇનાયત કરવા માટે વિદ્યાપીઠનું વાર્ષિક સંમેલન.

૨. ન. ખ્રિસ્તી ધર્મગુરુઓનું સંમેલન.

કૉન્સર્ટ [અં. કૉન્સર્ટ] પું. જલસો; સંગીત અને નૃત્ય વગેરેની મિજલસ.

કૉન્સર્ટીના [અં. કૉન્સર્ટીના] ન. અષ્ટકોણ આકૃતિનું એક જાતનું વાજિંત્ર. તે હાથથી ધમણ ખોલી બંને બાજુએ આવેલી ચાવીઓ દબાવવાથી વગાડાય છે. તે સ્પેનમાં વપરાય છે.

કૉન્સલ ૧. [અં. કૉન્સલ] પું. નાના રાજ્યમાં મોટા રાજ્યનો રહેલો એલચી.

૨. પું. પ્રજાસત્તાક રાજ્યના મુખ્ય બે મેજિસ્ટ્રેટ માંહેનો દરેક.

૩. પું. વકીલ; બૅરિસ્ટર.

૪. પું. સલાહ.

૫. પું. સલાહકાર.

કૉન્સેલ ૧. [અં.] પું. કાયદા સંબંધી અભિપ્રાય આપનાર.

૨. પું. સલાહ; મસલત; મંત્ર.

કૉન્સ્ટંટિનોપલ ન. તુર્કસ્તાનનું એક મોટું શહેર; ઈસ્તંબુલ.

કૉન્સ્ટેબલ ૧. [અં. કૉન્સ્ટેબલ] પું. ઇંગ્લંડનો એ નામનો એક મહાન દશ્યચિત્રકાર. તેણે તાદશ્યવાદનો ચીલો ચલાવ્યો હતો.

૨. પું. પોલીસખાતાનો અમલદાર; જમાદાર; સિપાઈ; કોટવાળ; રક્ષક; દંડધર.

કોપ ૧. [સં.] પું. ઇતરાજી; ખફા.

૨. પું. ક્રોધ; ગુસ્સો.

૩. [અં. કપ્] પું. પ્યાલો.

૪. પું. ભયંકર નાશકારક આફતં.
કોપ થવો = નાશકારક આફત ગુજરવી.

૫. પું. (વૈદ્યક) શરીરની ધાતુઓનો વિકાર.

૬. પું. શૃંગારનું એક અંગ.

૭. પું. સંતાપ; ઉદ્વેગ.

કોપક [સં.] પું. મંત્રીના ઉપદેશથી અથવા રાજદ્રોહી મંત્રીના અનાદરથી થતો લાભ.

કોપક્રમ ૧. પું. ક્રોધનો ક્રમ.

૨. [સં.] ન. સૃષ્ટિ.

કોપગૃહ [સં.] ન. રિસાઈને બેસવાની કોટડી.

કોપચય પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

કોપજ્વલિત [સં.] વિ. ગુસ્સામાં આવેલું; ક્રોધથી સળગેલ.

કોપજ્વાલા [સં.] સ્ત્રી. ગુસ્સાની ઝાળ; ક્રોધનો અગ્નિ.

કોપટી ૧. સ્ત્રી. પોપડી; ખપોટી.

૨. સ્ત્રી. રોટલા ઉપરનું પાતળું પડ.

કોપટું ૧. ન. ગૂમડા ઉપરનું સુકાયેલ ચામડીનું ઢાંકણ; ભિંગડું.

૨. ન. ચૂરમું ખાંડતાં બાકી રહેતી જાડી અને કઠણ કટકી.

કોપડી (કોપડ઼ી) ૧. સ્ત્રી. કોપટી; પોપડું; પડ.

૨. સ્ત્રી. ચામડીનું ઉપરનું ઊખડતું પાતળું પડ.

કોપણ ન. ચીકણાપણું; કટકટિયાપણું.

કોપદીપ્ત [સં.] વિ. ગુસ્સામાં આવેલું; કોપજ્વલિત.

કોપન ૧. [સં.] પું. એ નામનો એક અસુર.

૨. ન. ગુસ્સે થવું તે.

૩. ન. દોષવિકાર.

૪. વિ. ક્રોધી સ્વભાવવાળું.

કોપનક ૧. પું. એ નામનો એક સુગંધી પદાર્થ.

૨. [સં.] સ્ત્રી. રિસામણી. અડવા જઈએ તો તે રિસાઈ જાય માટે તેને કોપનક કહે છે.

૩. વિ. ક્રોધી.

કોપના ૧. પું. રાતી કરેણ.

૨. [સં.] સ્ત્રી. કોપવાળી સ્ત્રી; ક્રોધી સ્ત્રી.

કોપની [સં.] સ્ત્રી. કોપવાળી સ્ત્રી.

કોપનીય [સં.] વિ. કોપને યોગ્ય.

કોપભવન [સં.] ન. ક્રોધ કરીને અથવા રિસાઈને જે સ્થાનમાં માણસ ભરાઈ રહે તે સ્થાન.

કોપયિષ્ણુ [સં.] વિ. બીજાને ક્રોધ કરાવનાર.

કોપયુક્ત [સં.] વિ. કોપ સહિત.

કોપર ૧. સ્ત્રી. નવો કોંટો.

૨. [અં. કૉપર] ન. તાંબું.

કોપર ઓકસાઇડ [અં. કૉપર ઑક્સાઇડ] ન. તામ્રજારેય; તાંબું તથા પ્રાણવાયુ મિશ્રિત એક સંયુક્ત પદાર્થ.

કોપર ક્લોરાઇડ [અં. કૉપર ક્લોરાઇડ] પું. તામ્રજારેય; તાંબું તથા નિર્ગુણવાયુ મિશ્રિત એક સંયુક્ત પદાર્થ.

કોપર નાઇટ્રેટ [અં. કૉપર નાઇટ્રેટ] પું. તાંબું તથા સુરોખાર મિશ્રિત એક સંયુક્ત ક્ષાર; તામ્રભૂયીય.

કોપરનિકસ ૧. પું. એ નામનો એક જ્યોતિષશાસ્ત્રી.

૨. પું. ચંદ્રમાની સપાટી ઉપર આવેલો એક જ્વાળામુખી.

કોપરબરાસ ૧. ન. તાંબાપિત્તળના મિશ્રણથી બનાવેલી એક ચકચકાટવાળી મિશ્ર ધાતુ; જર્મનસિલ્વર જેવી એક મિશ્રધાતુ.

૨. વિ. માલ વગરનું; તકલાદી.

૩. વિ. વર્ણસંકર; ભેળસેળવાળું.

કોપર સલ્ફેટ [અં. કૉપર સલ્ફેટ] ન. મોરથૂથુ.

કોપરાટવું સ. ક્રિ. કોણીએ કોણીએ મારવું; કોણીઆટવું.

કોપરાપાક ૧. પું. માર; ઠોકવું તે; શિક્ષા.

૨. પું. લીલાં તાજાં કોપરાંના ખમણને માવા સાથે ચાસણીમાં નાખી બનાવેલી એક જાતની મીઠાઈ.

કોપરિયું ૧. ન. કોણી.

૨. ન. ખેતરમાં ખેડ કરતી વખતે શેઢા તરફ વધતી ત્રાંસી જમીન.

૩. વિ. કોણુવાળું; ખૂણા પડતું.

કોપરિયો પું. એક જાતનો આંબો.

કોપરી સ્ત્રી. ખોપરી; માથાની તાલકી; માથા ઉપરનો ગોળ ભાગ. તેમાં મગજ રહે છે.

કોપરું ન. કોપરૂં.

કોપરૂં ૧. ન. નાળિયેરની અંદરનો લીલો અથવા સૂકો ગર; ટોપરૂં. તે પૌષ્ટિક છે. તેની અંદરનું પાણી શીતળ અને મૂત્રલ છે. તેમાંથી નીકળતું તેલ મલમ બનાવવાના કામમાં આવે છે. તેમાં કેશવૃદ્ધિ કરવાનો ગુણ છે. મૂત્રકૃચ્છ્ર અને પછાટ ઉપર નાળિયેરનું પાણી પવાય છે.

૧. કોપરાં જોખવાં = ઝોકાં ખાવાં.

૨. કોપરાંનું શાક = એક જાતની ખાવાની વાની. ત્રણ લીલાં નાળિયેર ભાંગી તેમાંથી કોપરાંનું ખમણ કાઢી તેમાં સવાછ રૂપિયાભાર કાંદા બારીક સમારી નાખવા. પછી ચાર માસા સૂકાં મરચાં, બે માસા જીરૂં, ચાર માસા ધાણા, આઠ માસા કોપરૂં અને બે માસા હળદર એટલી ચીજો ઘીમાં સાંતળીને ઝીણી વાટી, તેને સાડીસાડત્રીશ રૂપિયાભાર પાણીમાં ચોળી, તે પાણી તથા આઠ માસા મીઠું ઉપરના શાકમાં નાખી દેવું. પછી તે વાસણ ચૂલા ઉપર મૂકી નીચે સારૂં બળતું કરી શાક ચડે એટલે નીચે ઉતારવું અને બીજું વાસણ ચૂલા ઉપર મૂકી તેમાં ત્રણ રૂપિયાભાર ઘી નાખી તે કકડે એટલે તેમાં ઝીણા સમારેલા આઠ માસા કાંદા, આઠ માસા જીરૂં અને મીઠા લીમડાની એક ડાંખળી નાખવી. કાંદા લાલ થાય એટલે ઉપરનું શાક તેમાં વધારી દઈ તેમાં આઠ માસા કોથમીર અને આઠ માસા ભાજણીનો લોટ નાખી કડછીથી હલાવી નીચે ઉતારવું.

૨. ન. બારીબારણાનું ચણતરનું પડખું.

કોપરાં ખાંચવાં = મોસકાના પાણામાં ખાંચો મારવો.

કોપરેલ ન. કોપરામાંથી કાઢેલું તેલ; ટોપરાનું તેલ. તેમાં વાળ વધારવાનો ગુણ છે. તે મલમ બનાવવાના કામમાં આવે છે. તે કોડ લીવર તેલને સ્થાને પણ વપરાય છે.

કોપર્નિકસ ૧. પું. એ નામનો એક પ્રખ્યાત ખગોળશાસ્ત્રી. તેણે પૃથ્વી સૂર્ય આસપાસ ફરે છે તે સિદ્ધાંત પ્રચલિત કર્યો. તેની પછી કેપ્લર અને ન્યૂટને આ સિદ્ધાંતને સાબિત કર્યો. તેનો જન્મ ઈ. સ. ૧૪૭૩માં પ્રશિઅમાં થયો હતો. ગ્રહસ્થિતિનાં ખરાં તત્ત્વનું જ્ઞાન જગતને પ્રથમ કરાવવાનું માન તેને મળે છે. સૂર્યની આસપાસ ગ્રહોને ફરવાનો ક્રમ-પદ્ધતિ પ્રમાણે બુધ, શુક્ર, પૃથ્વી, મંગળ, ગુરુ અને શનિ એવો છે. તેણે ગ્રહકક્ષા તદ્દન વર્તુળ કે ગોળ માનેલી હતી અને તેને લીધે ગ્રહગતિ ઓછી વધતી થાય છે. તેની વિશ્વરચના વિવેચન પદ્ધતિનાં મુખ્ય તત્ત્વો બે છે: (૧) આકાશમાં રહેલ બધી જ્યોતિની દૈનંદિન ગતિ કેવળ ભાસમાન છે. પૃથ્વીના અક્ષભ્રમણને લીધે તે ભાસ થાય છે. (૨) પૃથ્વી એ એક ગ્રહ છે. તેની સાથે સર્વ ગ્રહો સૂર્યની આસપાસ વર્તુલ માર્ગે ફરે છે. સૂર્ય એ વિશ્વનું મધ્ય છે.

૨. પું. ચંદ્રમાની સપાટી ઉપર આવેલો એ નામનો એક જ્વાળામુખી પર્વત. તે ૧૧,૩૦૦ ફૂટ ઊંચો છે. તેના જ્વાળા નીકળતા મુખની ખાસ વિશિષ્ટતા એ છે કે તેમાંથી નીકળતી તેજની ઘણી લીટીઓ ચારે દિશામાં ફેલાય છે અને તે પૂનમને દિવસે પૂર્ણ ચંદ્રમા વખતે દેખાય છે. ચંદ્ર ઉપર આવા અનેક પર્વતો છે. પર્વતના મધ્યભાગમાં સપાટ જગ્યા હોવાથી તેની આસપાસ ભીંતનો કોટ દેખાય છે. તેનો વ્યાસ આશરે ૫૦ માઈલ છે. સુદિ આઠમ પછી આ પર્વત દેખાવા માંડે છે.

કોપલ ૧. પું. એક જાતનો રંગ.

૨. સ્ત્રી. એક જાતનો વેલો; ગરણી. તે વધારે લાંબો થતો નથી. તેનાં પાન સંયુક્ત, ફૂલ સુશોભિત આસમાની રંગનાં અને શીંગ ચપટી, બંને છેડે અંદર બહાર વાંક લેતી ચારેક ઈંચ લાંબી હોય છે. તેમાંનાં કાળાં પીળાં મિશ્રિત ચપટાં નાનાં બી કડવાં અને તેલવાળાં હોય છે.

૩. સ્ત્રી. કોંટો; અંકુર; કૂંપળ.

૪. વિ. ગુસ્સામાં આવેલું; ક્રોધે ભરાયેલું.

૫. વિ. વિષયી; કામાતુર.

કોપલતા સ્ત્રી. કાનફોડા નામની વેલ.

કોપલી ૧. સ્ત્રી. એક જાતનો રંગ.

૨. વિ. એક જાતના રંગનું.

કોપવાન ૧. વિ. ગુસ્સે થયેલું; ક્રોધે ભરાયેલું.

૨. વિ. વિષયી; કામાતુર.

કોપવું [સં. કુપ્] અ. ક્રિ. ક્રોધાયમાન થવું; ગુસ્સે થવું.

કોપવેગ પું. (પુરાણ) એક નામનો એક ઋષિ.

કોપવેજ પું. જુસ્સો; આવેશ; વેગ.

કોપવેણ ન. ગુસ્સા ભરેલું વચન.

કોપવૈરિ [સં.] પું. અગથિયાનું ઝાડ.

કોપશીલ વિ. ગુસ્સે થાય તેવું.

કોપસમાન [સં.] ન. (શિલ્પ) એક જાતનું દ્વિશાળ ઘર.

કોપહારી પું. બંગાળમાં થતો એક જાતનો આંબો.

કોપા પું. પંદર ગુરુ અને બ્યાશી લઘુ મળી સત્તાણું વર્ણનો એક સમજાતિ માત્રામેળ છંદ. તે દ્રૌપદી છંદનો ભેદ છે.

કોપાકુલ [સં.] વિ. બહુ ક્રોધવાળું; ઘણું ગુસ્સે થયેલું.

કોપાક્રાંત જુઓ કોપાકુલ.

કોપાગ્નિ [સં.] પું. ઘણો ગુસ્સો; ક્રોધાગ્નિ; કોપરૂપી જ્વાળા.

કોપાત્મક [સં.] વિ. ક્રોધાયમાન; ગુસ્સે થયેલું.

કોપાનલ જુઓ કોપાગ્નિ.

કોપાનળ જુઓ કોપાગ્નિ.

કોપાન્વિત જુઓ કોપાત્મક.

કોપાયમાન જુઓ કોપાત્મક.

કોપાવિષ્ટ [સં.] વિ. ગુસ્સાના આવેશમાં આવેલું; ક્રોધ પામેલું; ક્રોધે ભરાયેલું; રૂઠેલું.

કોપિ [સં. કઃ + અપિ] સ. કોઈ; કોઈ પણ.

કોપિત [સં.] વિ. કોપેલું; ગુસ્સે થયેલું; કોપાયમાન.

કોપિની [સં.] સ્ત્રી. ગુસ્સે થયેલી સ્ત્રી.

કોપી ૧. પું. એક જાતનું પક્ષી.

૨. પું. એક પ્રકારનો સંકીર્ણ રાગ.

૩. [અં.] સ્ત્રી. અક્ષરમાળા.

૪. [અં.] સ્ત્રી. ચોરી.

૫. [અં.] સ્ત્રી. નકલ; ઉતારો; પ્રતિલેખ.

૬. [હિં.] વિ. કોઈ પણ; કોપિ.

૭. વિ. ક્રોધી; કોપ કરનાર.

કોપીન ૧. પું. એક જાતનું પક્ષી.

૨. પું. એક પ્રકારનો સંકીર્ણ રાગ.

૩. પું. બાવો; સાધુ.

૪. ન. અયોગ્ય કામ.

૫. ન. ગુપ્ત અવયવ.

૬. ન. ચીર; વલ્કલ.

૭. ન. પાપ; ગુનો.

૮. [સં. કૌપીન] ન. સંન્યાસી બ્રહ્મચારીને લંગોટી મારવાનું ટૂંકું ભગવું વસ્ત્ર; લંગોટી.

કોપીન નાખવું-સૂકવવું = કોઈને ઘેર વગર આમંત્રણે ભોજનને માટે ધામા નાખવા.

૯. વિ. ક્રોધી; કોપ કરનાર.

કોપીબુક [અં. કૉપીબુક] સ્ત્રી. અક્ષરપોથી; દોપિસ્તા.

કોપીરાઇટ [અં. કૉપીરાઇટ] પું. ગ્રંથસ્વામિત્વ; છપાવવા, પ્રસિદ્ધ કરવા વગેરેનો આગવો હક્ક; એકહથ્થુ હક્ક.

કોપુ ૧. ન. આંધ્ર દેશની ગ્રામ્ય સ્ત્રીના માથાનો શણગાર.

૨. ન. માથું ઓળવાની રીત.

કોપેક પું. રશિઅમાં ચાલતો એક સિક્કો.

કોપેન સ્ત્રી. કાબુલ નદીનું પ્રાચીન નામ.

કોપો પું. કોણી.

કોપોક ન. ટાંગાનિકામાં થતું એક જાતનું ઝાડ.

કોપ્ટિક સ્ત્રી. સેમિટિક માંહેની એક લિપિ.

કોપ્ય [સં.] વિ. ગુસ્સે થાય એવું.

કોપ્રા ન. ટોપરૂં; કોપરૂં.

કોફણી ન. એક જાતનું શસ્ત્ર.

કોફરાન [અ.] ન. પ્રપંચ; છળકપટ.

કોફિન સ્ત્રી. શબ રાખવાની પેટી.

કોફિયા સ્ત્રી. પાઘડી; માથે બાંધવાનું વસ્ત્ર.

કોફિલા સ્ત્રી. એ નામનું એક ઝાડ; ઇક્ષુ; શેરડી.

કોફી ૧. સ્ત્રી. બુંદદાણા; એક જાતનાં ઝાડનાં બીજ.

૨. સ્ત્રી. બુંદદાણાનો ઉકાળો.

૩. સ્ત્રી. શેકેલા બુંદદાણાનો ભૂકો.

૪. ન. એક જાતનું રાવણાં જેવું ફળ.

કોફીખાનું ન. જ્યાં કોફી વગેરે પેટા પદાર્થો મળતા હોય એવી દુકાન; હોટેલ.

કોફીશોપ જુઓ કોફીખાનું.

કોફ્ત (કોફ઼્ત) ૧. [ફા.] સ્ત્રી. દુઃખ; બળતરા; પીડા.

૨. સ્ત્રી. હેરાનગતિ.

૩. ન. પોલાદ કે કોઈ બીજી ધાતુ ઉપર સોનું કે રૂપું જડવું તે.

કોફ્તા (કોફ઼્તા) ૧. ન. એક જાતની ખાવાની વાની; કબાબ.

૨. ન. ખાંડેલું માંસ.

કોફ્તેગર (કોફ઼્તેગર) પું. સોના કે રૂપાથી ભરવાનું પોલાદનું કામ કરનાર માણસ.

કોફ્તેગરી (કોફ઼્તેગરી) સ્ત્રી. સોના રૂપાથી ભરેલું પોલાદનું કામ.

કોબ ૧. પું. એક જાતનો છોડ.

૨. પું. કૂબો; ઘર.

૩. સ્ત્રી. જમીન અથવા માળ ઉપર છો, ઈંટ, ચૂનો અને બીજી મેળવણી એકઠી કરી તેને ઠોકીને બેસાડી દેવી તે; થાપ.

૪. ન. ઠોકવાનું મોગરી જેવું લાકડું.

૫. વિ. મારતું; ખાંડતું.

કોબકારી સ્ત્રી. થાપ; મારવું તે.

કોબર ન. ખીણ; બે પર્વતની વચ્ચેનો ભાગ; બે પહાડ વચ્ચેનો સાંકડો રસ્તો.

કોબા ૧. પું. કૂબો; ઘર.

૨. પું. ચમારનું એક ઓજાર.

૩. પું. બારણાને જડવાનો કડા સાથેનો લોખંડ કે પિત્તળનો દટ્ટો.

૪. પું. લાકડાની મોગરી.

કોબાડ (કોબાડ઼) ૧. વિ. કડવી વાણીવાળું; આખી બોલીવાળું.

૨. વિ. કુરૂપ; કદરૂપું; બદસૂરત.

૩. વિ. ભોળું; નિષ્કપટી; ભોટ.

૪. વિ. સાહસિક; સાહસ કરનારૂં.

કોબાન ૧. [ફા.] વિ. ખાંડનાર. સમાસને છેડે વપરાય છે.

૨. વિ. મારનાર.

કોબાર જુઓ કોબાડ.

કોબાલ્ટ [અં. કૉબાલ્ટ] સ્ત્રી. કેત્વાતુ ધાતુ; રૂપા જેવી સફેદ એક ધાતુ. આ ધાતુ નિકલની સાથે મળી આવે છે. આકાશમાંથી ખરતા તારાઓ સાથે આ ધાતુ હોય છે. હવામાં તેને કાટ લાગતો નથી. તે રંગ આપવાના કામમાં આવે છે.

કોબાલ્ટ ઑક્સાઇડ [અં. કૉબાલ્ટ ઑક્સાઇડ] પું. કેત્વાતુ પ્રાણિલ; કેત્વાતુ ધાતુ અને પ્રાણવાયુનું મિશ્રણ.

કોબાવારી ૧. [ફા.] સ્ત્રી. ખાંડણિયો; ખાંડણી.

૨. સ્ત્રી. મારવું તે.

કોબાવાળી સ્ત્રી. કૂબો કરનારી સ્ત્રી; મજૂરણ.

કોબિયા પું. એક જાતનો વેલો. આ વેલો ફેલાવાવાળો હોય છે અને એને જાંબુડા રંગનાં ફૂલ આવે છે.

કોબી ૧. સ્ત્રી. એક જાતની જમીન. આ જમીનમાં માટી અને રેતી સરખા પ્રમાણમાં હોય છે. એટલે કોબી ગોરાડુ કે બેસર જમીન કહેવાય છે. કાંપાળ કોબી, ગોરાડુ કોબી, ગોરાંટ કોબી, કાંકરિયાળ કોબી, રેતાળ કોબી, ભફોળ કોબી, રેતિયાણ કોબી, ધોવાણ કોબી, રેચક કોબી અને છેલ્લ કોબી વગેરે તેના પેટા ભાગ છે.

૨. [હિં.] ન. એક જાતનું ફૂલ; ગોભીનું ફૂલ.

૩. ન. એક શાકભાજી; કોબીચ; કોબીજ; કલંબી. પોર્ટુગીઝમાં કોબ્હિ શબ્દ એકવચનનું બહુવચન કોબ્હિઝ થાય છે અને તે ઉપરથી કોબીજ શબ્દ થયો છે. કોબી વાવવાની જમીન રેતાળ, જ્યાં પાણી ન ભરાઈ રહેતું હોય તેવી અને બિલકુલ ક્ષાર વગરની હોવી જોઈએ. તેનાં બધાં બીમાં ઉત્તમ બી અમેરિકન છે. કોબીને બધાંથી વધારે અને ભરપૂર ખાતર જોઈએ. સાધારણ હલકું ખાતર કોબીના પાકને નિષ્ફળ કરે છે. કોબી વાવવાની મોસમ શ્રાવણ, ભાદરવો અને પોષ, મહા ગણાય છે. એક અધોળ બીમાંથી લગભગ ૧૫૦૦થી ૨૦૦૦ છોડ થાય છે. તેના રોપ તૈયાર થાય એટલે તૈયાર કરેલા ક્યારામાં રોપી દેવા. રોપ્યા પછી ચાર દિવસે પાણી પાવું અને પંદર દિવસે ગોડવું. કોબી કાર્તિક તથા માગશરમાં અને વૈશાખ, જેઠમાં પાકી તૈયાર થાય છે. કોબીમાં ચરબી અગર તેલ, પાણી, નાઇટ્રોજન, ખનીજ વગેરે તત્ત્વો છે. તેની નરેલી કોબી, બોપાલી કોબી, લાલ કોબી, ફૂલ કોબી વગેરે ઘણી જાતો છે. નરેલી કોબી સીધી રીતે ઊગે છે. તેના રોપ ઊભા થાય છે અને શરૂઆતમાં નાના ગોટા બેસે છે. બોપાલી કોબીનો દડો ઘણો કઠણ, ચપટો, તોલદાર ને મજબૂત હોય છે. આ સૌથી ઉત્તમ જાતની કોબી છે અને આપણા લોકો એને બહુ પસંદ કરે છે. લાલ કોબીનું અથાણું ફ્રાન્સમાં કરે છે. રંગે લાલ અને કદે નાની છે. ફૂલ કોબી કે કોબી ફ્લાવર બધી કોબીની જાતમાં સૌથી વધારે સ્વાદિષ્ટ છે.

૪. ન. જપેનમાં આવેલું એક શહેર.

કોબીકરાળ સ્ત્રી. કાળા રંગની અને સપાટીથી ભોંયમાં ઊંડે સુધી ૧૦થી ૧૫ ફૂટ દળવાળી પણ દારોડા કે ફાટ પડે નહિ તેવી એક જાતની જમીન.

કોબીચ જુઓ કોબી.

કોબીચાલુ ન. નાળિયેરી.

કોબીજ [અં. કૅબેજ] સ્ત્રી. એક શાકભાજી. જુઓ કોબી.

કોબીતાડ (કોબીતાડ઼) ન. સોપારીના જેવું એક જાતનું ઝાડ. તેને દ્રાક્ષ જેવાં ફળ આવે છે. તેના કોટલા માંહેનો ગાભો સ્વાદિષ્ટ હોય છે. ફળ કાચાં અથવા પકવાન્ન બનાવીને ખાઈ શકાય છે.

કોબું ૧. ન. કોતુકાગાર; કન્યાદાનવિધિ પૂરો થતાં વરકન્યા જે ઓરડામાં જાય તે ઓરડો.

૨. ન. ઠૂંઠું.

૩. ન. તરેલું.

૪. વિ. ઠોઠ.

કોબો ૧. પું. એક વનસ્પતિ.

૨. પું. કૂબો; ઘુંમટવાળું ઘાસનું ઝૂંપડું.

૩. પું. જમીન અથવા માળ ઉપર છો, ઈંટ,

ચૂનો અને બીજી મેળવણી એકઠી કરી તેને ઠોકીને બેસાડેલી થાપ; છોવાળી પાકી જમીન.

૪. પું. જમીન ઉપર થાપ બેસાડવાનું કામ.

૫. પું. ટીપવાનું મોગરી જેવું વજનદાર લાકડું.

૬. પું. નદીમાં પાણીનું પૂર આવતાં ભોંયતળિયે થયેલો ઝીણી ધૂળનો ઢગલો.

૭. પું. પક્ષીએ બાંધેલો માળો.

૮. વિ. ખૂંધવાળું.

કોબ્રા પું. એક જાતનો સર્પ; ફણીધર સાપ. આ સાપ સહુથી ભયંકર અને ઘણો ઝેરી છે.

કોભી ૧. સ્ત્રી. ઔષધિમાં વપરાતો એક છોડ.

૨. [હિં.] સ્ત્રી. કોબીચ.

કોમ ૧. [અ. કવમ (જાત)] સ્ત્રી. અમુક એક જ નામથી ઓળખાતો લોકસમૂહ; જ્ઞાતિ, ધર્મ, જાતિ કે દેશ પ્રમાણે ઓળખાતો સમાજ; જનસમાજ.

૨. સ્ત્રી. આસામમાં વપરાતી એ નામની એક ભાષા.

૩. સ્ત્રી. જ્ઞાતિ.

૪. સ્ત્રી. પત્ની.

૫. સ્ત્રી. પંથ.

૬. સ્ત્રી. પ્રજા; સમાજ.

૭. ન. એ નામનું સૂરણ જેવું કંદ.

કોમટી સ્ત્રી. બેલગામ, ધારવાડ, બીજાપુર તરફ રહેતી એ નામની એક વેપારી કોમ.

કોમબડો (કોમબડ઼ો) સ્ત્રી. ચોરી; ઘર ફાડવું તે.

કોમર્સ [અં. કૉમર્સ] પું. વેપાર.

કોમલ ૧. ન. એક જાતનું હરણ.

૨. ન. પાણી.

૩. ન. (કાવ્ય) રીતિ અને વૃત્તિને ઉપયોગી એવાં ૭ પ્રકારનાં પદ માંહેનું એક.

૪. વિ. અપરિપક્વ; કાચું.

૫. વિ. ઉત્કૃષ્ટ.

૬. વિ. કુમળું; મુલાયમ.

૭. વિ. દયાળુ.

૮. વિ. ધીમું.

૯. વિ. નરમ; મૃદુ.

૧૦. વિ. નાજુક; સુકુમાર.

૧૧. વિ. પ્રિય.

૧૨. વિ. મજ્જામય.

૧૩. વિ. મધુર; મીઠું.

૧૪. વિ. લીસું.

૧૫. વિ. સુંદર; રમ્ય.

૧૬. વિ. (સંગીત) સ્વરના એક જાતના ભેદનું. રિષભ, ધૈવત તથા નિષાદ સ્વરો કોમલ કહેવાય છે.

કોમલક ૧. [સં.] પું. (પુરાણ) જન્મેજયના સર્પસત્રમાં બળી ગયેલો એ નામનો સર્પ.

૨. ન. કમળનો દાંડલો.

૩. ન. પાણી.

કોમલકલ્પકલિકા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિજગતી છંદનો એક ભેદ છે. તેમાં સગણ, યગણ, સગણ, નગણ અને ગુરુ મળી તેર વર્ણ હોય છે.

સ, ય, સા, ન, ગે **કોમલકલ્પકલિકા**.

રણપિંગળ

કોમલકાષ્ટ ન. ઝાડની અંતરછાલ.

કોમલડું (કોમલડું) વિ. કોમળ; નાજુક.

કોમલતર વિ. (સંગીત) કોમળ તથા તેની આગળના શુદ્ધ સ્વરની વચમાંની શ્રુતિવાળું. જેમકે, કોમલ રિ અને તેની આગળના શુદ્ધ સ્વર રિની વચમાં જે સ્વર નાખવામાં આવે તે કોમલતર કહેવાય.

કોમલતા ૧. સ્ત્રી. ઉત્કૃષ્ટતા.

૨. સ્ત્રી. કાચાપણું; અપરિપક્વતા.

૩. સ્ત્રી. કુમળાપણું; કૂણાશ.

૪. સ્ત્રી. દયાલુતા; કોમળપણું.

૫. સ્ત્રી. ધીમાપણું.

૬. સ્ત્રી. નાજુકાઈ; મૃદુતા; નરમાશ.

૭. સ્ત્રી. પ્રિયપણું.

૮. સ્ત્રી. મધુરતા; લાલિત્ય.

૯. સ્ત્રી. લીસાપણું.

૧૦. સ્ત્રી. સુંદરતા.

કોમલતાઈ જુઓ કોમલતા.

કોમલતાલુ ન. કોમળતાળુ; કઠિન તાલુની પાછલી બાજુ ઉપરથી નીચે ગળામાં લટકતો પડદો. તે કોમળ તંતુઓનો બને છે. આ પડદામાં રુધિરવાહિનીઓ, જ્ઞાનતંતુ, રસાયનીઓ, સૂક્ષ્મગ્રંથિઓ વગેરે રહેલાં છે. અનાજનો કોળિયો ગળે ઉતારતાં તે પાછળ તથા ઊંચે ખેંચાઈ તે ગળાનો ભાગ મોટો કરે છે અને સાથે સાથે અનાજને ઊંચે નાકના પાછલા દ્વારમાં જતું અટકાવે છે.

કોમલત્વ જુઓ કોમલતા.

કોમલધાતુ જુઓ કોમલતાલુ.

કોમલપણું જુઓ કોમલતા.

કોમલપત્ર પું. બાલવીરના શિક્ષણમાં અમુક ભાગ સુધી પહોંચેલો બાલવીર.

કોમલપત્રક પું. સરગવાનું ઝાડ.

કોમલપાદ પું. વીરબટુકના શિક્ષણમાં અમુક ભાગ સુધી આગળ વધેલ બટુક.

કોમલભૈરવ પું. (સંગીત) એ નામનો એક રાગ. તે ભૈરવ થાટમાંથી ઉત્પન્ન થાય છે અને પ્રાતઃકાળે ગવાય છે.

કોમલવર્ણ પું. કોમળ ઉચ્ચારવાળો અક્ષર.

કોમલવલ્કલા સ્ત્રી. હરફારેવડી; એક જાતની વનસ્પતિ.

કોમલવૃત્તિ [સં. કોમલ (કોમળ) + વૃત્તિ (રસવ્યાપારવાળી વર્ણરચના)] સ્ત્રી. પાંચાલી રીતિ; વૈદર્ભી અને ગૌડી એ બંને રીતિનાં લક્ષણવાળી રીતિ.

કોમલસ્વર પું. (સંગીત) શુદ્ધ સ્વર કરતાં નીચો એટલે ઊતરતો હોય એવો વિકૃત સ્વર. રિ, ગ, ધ, નિ કોમલ સ્વર છે.

કોમલા ૧. [સં.] સ્ત્રી. એક શબ્દાલંકાર; લાટાનુપ્રાસ.

૨. સ્ત્રી. કોમલ સ્ત્રી.

૩. સ્ત્રી. ક્ષીરિકા વૃક્ષ.

કોમલાસન [સં.] ન. મૃગ વગેરેના ચામડાનું આસન.

કોમલાસ્થિ [સં.] ન. કૂણું હાડકું. કાર્ટિલેજ એટલે કૂણા હાડકામાંથી વખત જતાં હાડકું બને છે. કાનમાં રહેલાં નાજુક હાડકાં, નાકની દાંડીનું હાડકું વગેરે પૂર્ણ રીતે વિકસેલાં હોતાં નથી તેથી તેમને કોમલાસ્થિ કહેવામાં આવે છે.

કોમલાંગી ૧. [સં. કોમલ (સુંવાળું) + અંગિન્ (અવયવવાળું)] સ્ત્રી. સુંવાળી સ્ત્રી.

૨. વિ. સ્ત્રી. કૂણાં ગાત્રોવાળી; નાજુક અંગવાળી; કોમળ શરીરની.

કોમલાંશ [સં.] પું. સંધજીવી પ્રાણીઓના શરીરનો નરમ ભાગ.

કોમલિકા સ્ત્રી. સુકોમલ સ્ત્રી.

કોમલીભાવ પું. માંસપેશીઓનો અને ખાસ કરીને સ્નાયુમંડલનો કોમલીભાવ અથવા શૈથિલ્ય.

કોમવાદ પું. કોમનો પક્ષ ખેંચવો તે; કોમીવાદ.

કોમવાદી વિ. કોમનો પક્ષ ખેંચનાર; કોમીવાદી.

કોમળ ૧. ન. (કાવ્ય) ૭ પ્રકાર માંહેનું એક પદ. એક સ્વર જેમાં ગુરુ છે અથવા ગુરુ રહિત વૈદર્ભી, મધુરા અને કૌશકીમાં રહેલ પદ કોમળ કહેવાય છે.

૨. [સં. કોમલ] વિ. કુમળું; કૂણું; કરમાઈ જાય એવું; નાજુક શરીરનું; મૃદુ.

૩. વિ. દયાળુ; અનુકંપાવાળું; સદ્‌ભાવવાળું; સહૃદય; કરુણાર્દ્ર.

૪. વિ. પોચું; નરમ; ઢીલું; નમ્ર; સુંવાળું.

૫. વિ. (સંગીત) પોતાની પાછળની એક શ્રુતિમાં જાય તેવું. સંગીતમાં આ સંજ્ઞા સ્વરને માટે વપરાય છે.

૬. વિ. મધુર.

૭. વિ. રેશમની માફક અવાજ વળી શકતો હોય તેવું.

૮. વિ. વિવેકી.

૯. વિ. સુકુમાર; નાજુક; કોયલ જેવું.

કોમળ ઋષભ પું. (સંગીત) ષડ્જ અને શુદ્ધ ઋષભની વચ્ચેનો પેટા સ્વર; ષડ્જથી ચઢતો અને ઋષભથી ઊતરતો સ્વર.

કોમળ ગ પું. (સંગીત) કોમળ ગાંધાર; બાર માંહેનો એ નામનો ચોથો સ્વર.

કોમળ ગાંધાર પું. (સંગીત) ઋષભ અને ગાંધાર સ્વરની વચ્ચેનો વિકૃત સ્વર; શુદ્ધ ઋષભથી ચડતો અને શુદ્ધ ગાંધારથી ઊતરતો સ્વર.

કોમળચિત્ત વિ. દયાળુ; દયાપૂર્ણ; જલદી દયાથી પીગળે એવું.

કોમળતા જુઓ કોમલતા.

કોમળતાઈ જુઓ કોમલતાઈ.

કોમળતાળુ જુઓ કોમલતાલુ.

કોમળદ્યુતિમાન વિ. ઓછો પ્રકાશ આપતું.

કોમળ ધ ૧. પું. (સંગીત) કોમળ ધૈવત; બાર માંહેનો એ નામનો નવમો સ્વર.

૨. પું. પ્રાચીન બાવીસ શ્રુતિઓ માંહેની એ નામની એક.

કોમળ ધૈવત પું. (સંગીત) પંચમ અને ધૈવત સ્વરો વચ્ચેનો પેટા સ્વર; પંચમ કરતાં ઊંચો અને ધૈવત કરતાં ઊતરતો સ્વર; કોમળ ધ.

કોમળ નિ ૧. પું. (સંગીત) કોમળ નિષાદ; બાર માંહેનો અગિયારમો સ્વર.

૨. પું. પ્રાચીન બાવીસ શ્રુતિઓ માંહેની એ નામની એક.

કોમળ નિષાદ પું. (સંગીત) શુદ્ધ ધૈવત અને શુદ્ધ નિષાદની વચ્ચેનો પેટા સ્વર; શુદ્ધ ધૈવતથી ચડતો અને શુદ્ધ નિષાદથી ઊતરતો સ્વર.

કોમળ મ પું. (સંગીત) કોમળ મધ્યમ; શુદ્ધ મધ્યમ; બાર માંહેનો છઠ્ઠો સ્વર.

કોમળ રિ ૧. પું. (સંગીત) કોમળ ઋષભ; બાર માંહેનો બીજો સ્વર.

૨. પું. જેનો અવાજ રેશમની માફક વળી શકતો હોય તેવો ગાયક.

૩. પું. પ્રાચીન બાર શ્રુતિઓ માંહેની એ નામની એક.

કોમળવૃત્તિ સ્ત્રી. પાંચાલી રીતિનું મમ્મટે આપેલું નામ; ભાષાશૈલીનો એ નામનો એક પ્રકાર.

કોમળવેલ સ્ત્રી. એક જાતની વેલ; બાલવિલ્વ.

કોમળ સૂર પું. સા અને પ સિવાયના સારીગમના કોઈ પણ સૂરના પડખાનો નીચો સૂર.

કોમળાંગી વિ. સ્ત્રી. કોમળ અંગવાળી; કળી જેવી કુમળી.

કોમળિયું વિ. કોમળ.

કોમા ૧. [ગ્રી.] પું. અલ્પવિરામ.

૨. પું. આવરણ.

૩. પું. મૂર્છાનો એક પ્રકાર. એમાં મગજની શક્તિ મંદ પડવાથી દરદી મંદગતિવાળો અને ગાફેલ બને છે.

કોમાની ૧. સ્ત્રી. એ નામના લોકની એક જાત; ખુમાણ.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

કોમારી પું. (પિંગળ) એક સમજાતિ માત્રામેળ છંદ. માગધી પિંગળ મુજબ આ દ્રૌપદી છંદનો એક ભેદ છે. તેમાં ૩૪ ગુરુ અને ૪૪ લઘુ મળી ૧૧૨ માત્રા હોય છે.

કોમાસ્મિતા સ્ત્રી. કોમીવાદ; પોતાની કોમને માટે પક્ષપાત.

કોમિક ૧. [અં. કૉમિક] ન. રમૂજ; વિનોદ; ફારસ.

૨. વિ. રમૂજ ભરેલું; હાસ્યરસથી ભરપૂર.

કોમિલ્લા ન. બંગાળાના ટીપરી જિલ્લાની છઠ્ઠી સદીની રાજધાની; કર્મલાક.

કોમી વિ. કોમને લગતું; કોમ સંબંધીનું.

કોમીકલહ પું. કોમ કોમ વચ્ચેની તકરાર.

કોમીછાત્રાલય ન. અમુક એક કોમના જ વિદ્યાર્થીઓ રહી શકે એવું વિદ્યાર્થીગૃહ.

કોમીતત્ત્વ ન. કોમની ખાસિયત.

કોમીપણું ન. કેવળ કોમના જ સાંકડા હિતાહિતની દૃષ્ટિનો મત; કોમી હોવું તે; કોમનો પક્ષપાત.

કોમીપરિષદ સ્ત્રી. એક જ કોમની પરિષદ.

કોમીભેદ પું. કોમ કોમ વચ્ચેનો ભેદભાવ.

કોમીય વિ. કોમ સંબંધી; કોમને લગતું.

કોમીવાદ ૧. પું. કેવળ કોમના જ સાંકડા હિતાહિતની દૃષ્ટિવાળો વાદ કે મત.

૨. પું. જુદી જુદી કોમ વચ્ચે વાદ કે વિગ્રહ.

કોમીવિખવાદ પું. કોમ કોમ વચ્ચેનો કજિયો; કોમીકલહ.

કોમીવેર ન. કોમ કોમ વચ્ચેનું વેર.

કોમુપોટલા [તે.] સ્ત્રી. હિમાલય, આસામ અને પૂર્વ બંગાળમાં થતી એક વેલ; પરવળ.

કોમેડિ [અં. કૉમેડિ] ન. હાસ્યરસપ્રધાન નાટક.

કોમોરિન સ્ત્રી. એ નામની ભૂશિર; કન્યાકુમારી.

કોમ્ટી ૧. સ્ત્રી. દક્ષિણ હિંદમાં વસતી એક કોમ.

૨. ન. એ નામની કોમનું માણસ.

૩. વિ. એ નામની કોમનું.

કોમ્પાઉંડ ૧. [અં. કૉમ્પાઉંડ] ન. ચક્રવૃદ્ધિ વ્યાજ; મુદ્દલ સાથે વ્યાજનું પણ વ્યાજ ગણાતું હોય તેવું વ્યાજ.

૨. ન. મિશ્રણ; મેળવણીથી થયેલી વસ્તુ.

૩. ન. વાડો; ચોગાન; ફળી.

કોમ્પાઉંડર [અં. કૉમ્પાઉંડર] પું. દાક્તરે નક્કી કરેલી કે લખેલી દવાઓનું મિશ્રણ કરીને તૈયાર કરનાર માણસ.

કોમ્પાર્ટમેંટ [અં. કૉમ્પાર્ટમેંટ] ન. ભાગ; ખંડ; ખાનું; વિભાગ.

કોમ્પેન્સેશન [અં. કૉમ્પેન્સેશન] ન. નુકસાની કે ખોટને માટે આપવો પડતો બદલો.

કોમ્પોઝિટર [અં. કૉમ્પૉઝિટર] પું. છાપખાનામાં બીબાં ગોઠવનાર માણસ.

કોમ્પ્લિમેન્ટરિ [અં. કૉમ્પ્લિમેન્ટરિ] વિ. બક્ષિસ તરીકે આપેલું કે લીધેલું.

કોમ્બટૂલ [અં. કૉમ્બટૂલ] ન. લેથ એટલે સંઘાડા ઉપર આંટા પાડવાનું એક જાતનું ઓજાર.

કોમ્બુપુડલાઈપટોડ (કોમ્બુપુડલાઈપટોડ઼) [તા.] સ્ત્રી. હિમાલય, આસામ અને પૂર્વ બંગાળમાં થતી એક વેલ; કોમુપોટલા; પરવળ.

કોમ્યુનિઝમ [અં. કૉમ્યુનિઝમ] ન. સમાજવાદ; સહિયારાવાદ; સમાજમાં બધાંની સ્થિતિ સામાન્ય રીતે સરખી રહેવી જોઈએ તેવો મત.

કોમ્યુનિસ્ટ [અં. કૉમ્યુનિસ્ટ] પું. આમરાજ્યવાદી; સમાજવાદમાં માનનાર માણસ.

કોય ૧. સ્ત્રી. કાબર જેવડું સફેદ વગડાઉ પક્ષી. એ ટોળામાં ફરે છે અને બહુ અવાજ કરે છે.

૨. [સં. કોઽપિ] સ. કોઈ; કોઈ પણ; અમુક.

કોયક સ. કોઈક; કોઈ એક.

કોયડ (કોયડ઼) પું. (કચ્છી) મડ.

કોયડો (કોયડ઼ો) ૧. [સં. કૂટ; પ્રા. કોડ્ડો] પું. ઉખાણું; ગૂંચવણ ભરેલો પ્રશ્ન; સમસ્યા.

કોયડો ઉકેલવો = અધરા પ્રશ્નોનો ખુલાસો કરવો.

૨. પું. કોરડો; સાટકો; ગૂંથેલો ચાબુક.

૩. પું. દોર; સત્તા.

૪. પું. પુરુષના હાથની તર્જની આંગળીએ પહેરવાનું ઘરેણું; અટાપટાવાળી ગંગાજમની વીંટી; આમળાની મુદ્રિકા. તેમાં ચાર વીંટીઓ હોય છે. તે ભેગી કરી પહેરાય છે. તેના ઉપર આવી રીતે ∘∘∘ ∘∘∘ ∘∘∘ નવ ફૂદડી હોય છે. તે વીંટીઓ ભેગી કરી પહેરવામાં ગૂંચવણ રહેલી છે, માટે તેને કોયડો કહે છે.

૫. પું. પ્રહેલિકા; ઘણી માથાફૂટ પછી બેસે એવું હોવાપણું; ગૂંચ; ઝટ ન ઊકલે એવો દાખલો કે પ્રયોગ; છૂપો ભેદ.

૬. પું. મહાપ્રશ્ન; કૂટપ્રશ્ન.

કોયણ સ્ત્રી. વંટોળિયો; પવન સાથે ધૂળનું ઊંચે ચડવું તે.

કોયતા ૧. [હિં.] પું. છરો; કોળી વગેરે ગુના કરનારી જાતનાં લોકો રાખે છે તેવો છરો.

૨. પું. તાડનાં ઝાડને છેદ પાડવાનું ઓજાર.

કોયતું ૧. ન. કોઈતી; દાતરડું; વાંકું શસ્ત્ર.

૨. ન. કોયતા; તાડનાં ઝાડને છેદ પાડવાનું હથિયાર.

કોયદલિન પું. અંગારતત્ત્વવાળો પદાર્થ.

કોયદાન ન. કિવનાઇન; સિંકોનાનાં ઝાડની છાલમાંથી થતી તાવ માટેની દવા.

કોયની સ્ત્રી. કોયલ.

કોયનેલ જુઓ કોયદાન.

કોયરી ૧. [હિં.] સ્ત્રી. ખેતીનો ધંધો કરનારી એક હિંદુ જાતિ.

૨. ન. એ જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

કોયલ ૧. પું. મંદિરનો આગલો ઘૂમટ.

૨. સ્ત્રી. એક પ્રકારની વેલ. તેનાં પાનનો રસ પીવાથી સર્પનું ઝેર ઊતરે છે.

૩. [સં. કોકિલ; અપ. કોઇલ] સ્ત્રી. કોકિલ; પરભૃતા; ગાનારાં પક્ષીઓની જાતનું કાળા રંગનું વસંત ઋતુમાં આવતું એક સ્થળાંતરી પક્ષી. આ પક્ષીની લંબાઈ ૧૭ ઇંચ હોય છે. નર તદ્દન કાળો અને માદા પટ્ટાવાળી ભૂરી અને લાલ આંખોવાળી હોય છે. તે આખા હિંદુસ્તાનમાં માલૂમ પડે છે. આ પક્ષી જમીન ઉપર ઊતરતું નથી. કવિઓએ કોયલને નારી તરીકે કલ્પી છે પણ જે મીઠો ટહુકાર કરે છે તે તો નર જ છે. માદા તો ફક્ત નાનો ટહુકો કે ચિત્કાર જ કરે છે. પોતાનાં ઈંડાં કાગડાના માળામાં મૂકતી હોવાથી તે અન્યપુષ્ટ કે પરભૃત કહેવાય છે.

૪. [હિં.] સ્ત્રી. ગરણી.

૫. ન. એક જાતનું દાંતનું રમકડું.

૬. ન. એક જાતનું ફૂલ.

૭. ન. એક જાતનો ગરિયો.

૮. વિ. કોહી ગયેલું; સડેલું.

૯. વિ. ખરાબ સ્વભાવનું.

૧૦. વિ. મધુકંઠ; મધુર અવાજવાળું.

કોયલડી (કોયલડ઼ી) સ્ત્રી. કોકિલા; કોયલ. કવિતામાં વપરાય છે.

કોયલન પું. એક જાતનો છોડ. તેનાં પાન નાનાં જાંબુડા રંગનાં હોય છે.

કોયલાકોઠી સ્ત્રી. આગબોટ, આગગાડી વગેરેને કોલસા લેવાનું મથક.

કોયલાણ ન. કિવનાઇન.

કોયલિયા ૧. સ્ત્રી. એક જાતનું ફૂલ.

૨. સ્ત્રી. કોકિલા; કોયલ.

કોયલી ૧. સ્ત્રી. એક જાતની કોયલના જેવા રંગની બકરી.

૨. સ્ત્રી. ગળાનો એક પાક રોગ; 'ડિપ્થેરિઅ'.

૩. સ્ત્રી. તકલીફ; શ્રમ.

૪. સ્ત્રી. નખલીનો એક ભાગ.

૫. સ્ત્રી. પેટમાં ખાડો પડે તે; પેટ બેસી જવું તે.

૬. સ્ત્રી. મંદવાડ; દુ:ખ.

૭. સ્ત્રી. સડેલી જુવાર.

કાળે કોયલી પણ ખવાય = દુકાળ વખતે સડેલી જુવાર પણ ખવાય છે; વખત આવ્યે નજીવી વસ્તુ પણ કીમતી ગણાય છે.

કોયલીહાર પું. ડોકના એક દાગીનાનું નામ.

કોયલું ૧. વિ. કમતી; ઓછું.

૨. વિ. કોહવાઈ ગયેલું; સડેલું.

૩. વિ. બળી ગયેલ; દાઝી ગયેલ.

કોયલો [સં. કોકિલ] ૧. પું. અર્ધાં બળીને ઠરી ગયેલ વસ્તુનો અથવા લાકડાંનો કાળો કકડો; ઠારેલો અંગારો. લાકડાનો કોયલો એ અશુદ્ધ કારબનનું રૂપ છે અને તેમાં ઓછામાં ઓછો ૯૩ ટકા કાર્બન હોય છે. બળતણ તરીકે તેને બાળતાં ભડકો અને ધુમાડો થતો નથી. તે બંદૂકનો દારૂ બનાવવામાં, ગળણી તરીકે અને ગૅસને ચૂસી લેવા માટે વપરાય છે. દંતમંજન તથા ગૂમડાં પકવવા માટે લોપરી બનાવવામાં તેમ જ રંગ, ડામર, ગેસ વગેરે અનેક વ્યવહાર ઉપયોગી જરૂરી ચીજો કરવામાં પણ તેનો ઉપયોગ થાય છે.

૧. કોયલા જેવું = (૧) કાળું; બળી ગયેલું. (૨) ખરાબ; દુષ્ટ. (૩) નકામું.

૨. કોયલાની દલાલીમાં હાથ કાળા = ખરાબ વસ્તુની સાથે કામ પડતાં ખરાબ જ થવાય.

૩. કોયલાને સવા મણ સાબુએ ધુઓ તો ય કાળો ને કાળો = જાત કદી બદલાતી નથી.

૪. કોયલાનો વાયુ = અંગારવાયુ.

૨. પું. અંગારો.

૩. પું. નર કોયલ. નર કાળો હોય છે જ્યારે માદા કાબરી હોય છે.

૪. ન. એક ફૂલ.

કોયષ્ટિ [સં.] પું. જળકૂકડો.

કોયષ્ટિક ૧. [સં.] પું. જળકૂકડો.

૨. પું. ટિટોડો.

કોયષ્ટિકા ૧. [સં.] સ્ત્રી. જળકૂકડી.

૨. સ્ત્રી. ટિટોડી.

કોયા ૧. [સં. કોણ] પું. આંખનો ખૂણો.

૨. પું. ફણસની આંખ.

૩. પું. રેશમના કીડાનો કોશેટો.

૪. સ્ત્રી. દરજીની એક અટક.

૫. ન. એ નામની અટકનું માણસ.

૬. વિ. એ નામની અટકનું.

કોયાણી ૧. સ્ત્રી. હાલારી લેઉઆ કણબીની એક અટક.

૨. ન. એ અટકનું એક માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કોયાબોલું ૧. વિ. ચાંપી ચાંપીને દોઢડહાપણ કરનારું.

૨. વિ. વાતોડું; બોલકણું; જેના બોલવાથી કંટાળો ઊપજે એવું.

કોયારસમ પું. એક જાતનું કરિયાણું.

કોયાલાડુ પું. દોઢું બમણું ઘી નાખીને કરેલ લાડુ.

કોચી સ્ત્રી. ઓખા પાસે મળી આવતી એ નામની માછલી.

કોયું ૧. ન. કસ; અંગરખાને બાંધવાની દોરી.

૨. ન. કેરી.

૩. વિ. ચીકણું.

૪. વિ. દોઢડાહ્યું; વાચાળ; બહુબોલું.

૫. વિ. બળિયલ; રિસાળ.

૬. વિ. સડેલું; કોહ્યું.

કોયેટ ન. છોકરું.

કોયેલ જુઓ કોયલ.

કોયો પું. કણબી. સોનીની પારસીમાં કણબીને કોયો કહે છે.

કોર ૧. [સં.] પું. આઠ પ્રકારના સાંધા માંહેનો એક. તેમાં હાડકાં પરસ્પર છૂટથી ફરી શકે છે. આવા સંધિઓમાં ઘણું કરીને એક હાડકાનો છેડો સહેજ ખાડાવાળો હોય છે અને એના સંબંધમાં આવતો બીજા હાડકાનો છેડો સહેજ ઉપસેલો હોય છે. એટલે બંને છેડાઓ પરસ્પર અનુકૂળ થઈ છૂટથી એકબીજા ઉપર ફરે છે. આ સાંધાના ચાર પેટા ભાગ છેઃ ખલ્લકોર, પરસ્પરકોર, ચક્રકોર, સંદેશકોર.

૨. પું. કળી.

૩. સ્ત્રી. અણી.

૪. સ્ત્રી. કિનાર; વસ્તુનો છેડો.

૧. કોર નાખવી = કૂંડાંને ખંપાળાથી સંકોરી પગરમાં નાખવાં.

૨. કોર પકડવી-કોરે ખસવું = બાજુએ જવું.

૫. સ્ત્રી. કિનારો; કાંઠો.

૬. સ્ત્રી. કોળિયો; કવલ.

૭. સ્ત્રી. ગર્ભાશય.

૮. સ્ત્રી. ઘડી.

૯. સ્ત્રી. છાણાનો કકડો.

૧૦. સ્ત્રી. ટોચ.

૧૧. સ્ત્રી. ઢેઢની એક અટક.

૧૨. સ્ત્રી. દિશા.

૧૩. સ્ત્રી. નક્કર ગાળ; શારડીના યંત્રમાં નીકળતો શિવલિંગ જેવો ગોળ અને લાંબો ગાળ.

૧૪. સ્ત્રી. પક્ષ; બાજુ.

કોર વાળવી = (૧) આરામ લેવો. (૨) પડખું ફેરવવું.

૧૫. [અં.] સ્ત્રી. પલટન; સૈન્યદલ.

૧૬. સ્ત્રી. પૂંઠ; આમણ.

૧૭. સ્ત્રી. પ્રાંત; ભાગ.

૧૮. સ્ત્રી. બાજુનો કકડો; થોડો ભાગ.

૧૯. સ્ત્રી. બારીક સૂતરનું નવું દોરડું.

૨૦. સ્ત્રી. વસ્તુને છેડે મૂકવાની ભાત કે પટ્ટી; સૂતર, રેશમ, જરી, સતારા, મખમલ વગેરેની પટ્ટી; ફીત; તોઈ. ઓઢણાં, પછેડા, સાડી અને ઘાઘરા ઉપર ચડાવવામાં આવે છે તેને કોર કહે છે.

૨૧. સ્ત્રી. હથિયારની ધાર.

૨૨. સ્ત્રી. હાંસિયો.

૨૩. ન. ચતુષ્કોષ્ઠ; 'ફોર્થ વેન્ટ્રિકલ.'

૨૪. ન. ઢેઢની એ નામની અટકનું માણસ.

૨૫. [ફા.] વિ. આંધળું.

૨૬. વિ. એ નામની અટકનું.

૨૭. [હિં.] વિ. કરોડ; સો લાખ; ૧૦૦,૦૦,૦૦૦.

૨૮. અ. તરફ; બાજુ.

૨૯. અ. સ્ત્રીઓના નામને છેડે વપરાતો પ્રત્યય. જેમકે, કમળાકોર, જેકોર, માનકોર, શિવકોર.

કોરઆન ૧. [અ. કરઅ (તેણે વાંચ્યું)] ન. કુરાન; મુસલમાનનું ધર્મપુસ્તક.

૨. ન. ગ્રંથ; પુસ્તક; કિતાબ; ચોપડી.

કોરક ૧. [સં.] પું. કમળનો દાંડલો; કમળતંતુ.

૨. પું. કળી.

૩. પું. ચોરક નામનું ગંધદ્રવ્ય.

૪. પું. ફૂલની કટોરી.

૫. પું. શીતળચીની.

૬. સ્ત્રી. રિસામણી.

કોરકસર ૧. સ્ત્રી. ખામી.

૨. સ્ત્રી. દોષ; ત્રુટી.

કોરકાપુલી સ્ત્રી. એ નામનું ઝાડ.

કોરકાવસ્થા સ્ત્રી. ફણગામાં રહેલ પાંદડાંની રચના.

કોરકિત [સં.] વિ. કળીવાળું.

કોરકિતા પું. (પિંગળ) એક અર્દ્ધસમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ સંકીર્ણ વર્ગનો છે. તેના પહેલા અને ત્રીજા ચરણમાં ભગણ, ભગણ, ભગણ, ગુરુ અને ગુરુ એમ અગિયાર અક્ષર હોય છે અને બીજા અને ચોથા ચરણમાં નગણ, યગણ, જગણ અને યગણ મળી બાર અક્ષર હોય છે.

કોરકૃષ્ણ પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

કોરખાના (કોરખાના) ૧. પું. તોશાખાનું.

૨. પું. દારૂગોળા રાખવાનું સ્થળ.

કોરગું. ૧. વિ. નિર્લ્લજ; બેશરમ; નફ્ફટ.

૨. વિ. લાગણી વગરનું; નિષ્ઠુર.

કોરગો ૧. પું. ગુંડો; લુચ્ચાઈ કરનાર માણસ.

૨. વિ. પું. લંપટ.

કોરચી (કોરચી) [અ.] પું. તોશાખાનાનો ઉપરી.

કોરટ ૧. [અં. કોર્ટ] સ્ત્રી. કચેરી; સરકારી નોકરોને કામ કરવાની જગ્યા.

૨. સ્ત્રી. ચાર સારા ગૃહસ્થોનું કામસર મળવું થાય તે.

૩. સ્ત્રી. ન્યાયમંદિર; અદાલત.

કોરટે ચઢવું = ઇન્સાફ મેળવવા અદાલતે જવું.

૪. સ્ત્રી. સદ્‌ગૃહસ્થો માટે એકઠા બેસવાની જગ્યા.

કોરટબાજી સ્ત્રી. દાવા ફરિયાદ કરવાનું કામ; કોર્ટે ચડવું તે.

કોરટવાળ ૧. સ્ત્રી. વાણિયાની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કોરડ (કોરડ) ૧. સ્ત્રી. કોરૂં ખાવાનું; દાળ ભાત શાક વિનાની રસોઈ.

૨. સ્ત્રી. રાંધ્યા વગરનું ચવાણું.

૩. સ્ત્રી. શેકેલ મઠ, મગ, કળથી વગેરે કઠોળ.

કોરડન ૧. [અં. કોર્ડન] ન. કૂંડાળું.

૨. ન. રોકવું તે; અટકાયત.

કોરડાઈ (કોરડાઈ) સ્ત્રી. મસાલેદાર સોપારી.

કોરડાદાવ (કોરડાદાવ) પું. એક દેશી રમત; દોગોટીલો; ઘંટીખીલડો.

કોરડાવાટ (કોરડાવાટ) જુઓ કોરડાદાવ.

કોરડિયા (કોરડિયા) ૧. સ્ત્રી. લેઉઆ તથા કડવા કણબી, વાણિયા અને કોળીની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કોરડિયો (કોરડિયો) પું. એક પ્રકારનો છોડ; મડિયો ભીંડો.

કોરડી (કોરડી) ૧. સ્ત્રી. કોદરી.

૨. સ્ત્રી. મઠ.

૩. વિ. સ્ત્રી. નિરાહાર; ભૂખી; કાંઈ પણ ખાધા વિનાની.

કોરડુ (કોરડુ) ૧. પું. તાપ લગાડતાં પણ પાણીમાં છેવટ સુધી બફાય નહિ તેવો કઠોળનો દાણો.

૨. સ્ત્રી. ધૂળી શાળામાં શિક્ષકને માટે કરેલી બેઠક.

૩. વિ. કોરૂં.

૪. વિ. નહિ બફાયેલ; ગાંગડુ.

કોરડું (કોરડું) ૧. વિ. પલાળ્યું પલળે નહિ તથા રાંધ્યું ચડે નહિ તેવું કઠણ; ગાંગડુ.

૨. વિ. ભીનું નહિ એવું; કોરૂં; સૂકું.

૩. વિ. વરસાદ વગરનું.

કોરડું વરસ = વરસાદ વગરનું વરસ; દુકાળનું વરસ.

કોરડો (કોરડો) ૧. પું. અમલ; દોર; દમામ; સત્તા.

૨. પું. કિલ્લો તોડવા માટે એકી સાથે કરાતો ૧૦૦ તોપનો અવાજ.

૩. પું. ગૂંથેલો ચાબુક; સાટકો.

૪. પું. ઝટ ઉકેલ ન થઈ શકે એવો પ્રશ્ન; સમસ્યા; કૂટપ્રશ્ન; ઉખાણું.

૫. પું. ત્રાસ; જુલમ; સખતાઈ.

૧. કોરડો ચલાવવો = ત્રાસથી કામ લેવું.

૨. કોરડો ફાટવો = જુલમ ફેલાવવો; ફે ફાટવી; બીક લાગવી.

કોરડો મુકામણી (કોરડો મુકામણી) સ્ત્રી. એ નામની એક રમત; ઘંટીખીલડો.

કોરણ ૧. સ્ત્રી. અંબોડાના વાળ વધારવા માટે ચોટલો ગૂંથવાની પદ્ધતિ.

૨. સ્રી. કોતરવું તે.

૩. સ્રી. કોર; બાજુ; કિનારી; ધાર.

૪. સ્રી. કોરડ; શેકેલ વાની.

૫. સ્રી. ધૂળનું વાવાઝોડું; આંધી.

૬. સ્રી. પણી.

૭. સ્રી. રજ; ધૂળ.

૮. સ્રી. લશ્કર.

૯. સ્રી. લશ્કરના ચાલવાથી ઊડેલી ધૂળ.

૧૦. સ્રી. વસ્તુનો છેડા ઉપરનો ભાગ.

કોરણકામ ન. કોતરકામ.

કોરણિયો ૧. પું. કોરવાનું કામ કરનાર આદમી.

૨. પું. કોરીને કરેલી ખોભણ; ખાંચો.

૩. પું. ફ્રડેતાળ વગેરેનાં પાટિયાં બેસાડવાને કોરેલું લાકડું.

૪. પું. હાડનો તાવ; હાડજ્વર; ધગારી; શરીર કોરી ખાય તેવો તાવ.

કોરણી ૧. સ્રી. કોતરકામ; નકશી.

૨. સ્રી. કોતરવાની રીત.

૩. સ્રી. કોરવાની મજૂરી.

૪. સ્રી. કોરવાનું ઓજાર.

૫. સ્રી. કોરવું તે.

કોરણે અ. બાજુએ; એક તરફ.

કોરત પું. બે હજાર ફૂટની ઊંચાઈએ ઉત્તર હિંદમાં થતો એ નામનો છોડ.

કોરદાર વિ. છાપેલી કે બાંધેલી કોરવાળું.

કોરદૂષ [સં.] પું. એક જાતનું અનાજ; કોદરો.

કોરદૂષક જુઓ કોરદૂષ.

કોરદૂષ્ય જુઓ કોરદૂષ.

કોરનડમ [અં. કોરન્ડમ] પું. એક જાતનો લીલાશ પડતો પથ્થર. તે હીરા કરતાં થોડો કઠણ હોય છે. એ હિંદુસ્તાનમાં લોઢું પાલીસ કરવાનાં કામમાં આવે છે.

કોરનમક વિ. કૃતઘ્ન; નિમકહરામ.

કોરનિઅ [અં. કૉરનિઅ] ન. આંખના વચલા ભાગનું બહારનું પડ; કાળો ડોળો; કૃષ્ણમંડળ.

કોરનિશ ૧. [ફા.] સ્રી. પૂજા; ભક્તિ.

૨. સ્રી. સલામ. તેમાં હાથ કપાળ સુધી ઊંચો કરાય છે અને માથું અને ખભો આગળ ધરાય છે.

કોરનિસ [અં. કૉરનિસ] સ્રી. કાનસ; કોર; કિનાર.

કોરનેટ [અં. કૉરનેટ] ન. લશ્કરી કવાયત તથા નૃત્યમાં વપરાતું પિત્તળનું એક જાતનું વાજું. તેમાં જુદા જુદા સૂર કાઢવા માટે ત્રણ ચાવી હોય છે.

કોરન્ડમ [અં.] સ્રી. પોલાદ કાપી શકે એવી એક સખત ધાતુ; કુરુવિંદ.

કોરપડું (કોરપડું) વિ. કોર ભાંગી ગયેલ હોય તેવું.

કોરપાન સ્રી. કપડામાં નાખવાની કાંજી; ખેળ.

કોરપારલ [અં. કૉરપોરલ] પું. લશ્કરની ટુકડીમાં સૌથી નીચા દરજ્જાનો બિનસનદી અમલદાર; નાયક.

કોરપોરેટર [અં. કૉરપોરેટર] પું. મંડળનો સભાસદ.

કોરપોરેશન ૧. [અં. કૉરપોરેશન] ન. શહેરસુધરાઈ ખાતાની દેખરેખ રાખનાર મંડળ.

૨. ન. સભા; સંઘ; સમુદાય.

૩. ન. સરકારે પસાર કરેલ કાયદાથી વિશેષ હક્ક જેને મળ્યા હોય એવું મંડળ; સનદી મંડળી.

કોરબખ્ત ન. કમનસીબ; ભાગ્યહીન.

કોરબખ્તી સ્રી. કમનસીબી; ભાગ્યહીનતા.

કોરબા ૧. પું. દુકાળ.

૨. ન. અછૂત; અસ્પૃશ્ય જ્ઞાતિનું માણસ.

કોરમ ૧. સ્રી. એ નામની એક પ્રાચીન નદી; ક્રુમુ.

૨. ન. કન્યાને જુદી જુદી ક્રિયા વખતે અપાતી નાળિયેર, મીઠાઈ અને નાડાછડીની ભેટ.

૩. [અં.] ન. કાર્યસાધક સંખ્યા; કાર્ય નિર્ણય સંખ્યા; સભાનું કામ ચલાવવા માટે જરૂરની ઓછામાં ઓછી સંખ્યા.

૪. ન. ખોળ.

૫. ન. બાળકને ખોળે બેસાડવું તે.

કોરમા ૧. સ્રી. ખાવાની એક વાની; માંસનો છૂંદો.

૨. સ્રી. હળદર વગરની કઢી.

કોરમું ૧. ન. કઠોળનાં છોડાં; ફોતરાં.

૨. ન. ભૂકો કે ચૂરો; ખાંડતાં અથવા ભરડતાં ભાંગી ગયેલી દાળ.

કોરમોર અ. લગભગ કિનાર ઉપર; કોરે.

કોરલ ૧. ન. એક જાતનું ઝાડ. તેનું લાકડું ઇમારતી કામમાં વપરાતું નથી.

૨. ન. પરવાળું. તે દરિયાઈ જીવડાં બનાવે છે. તેના જુદા જુદા રંગ હોય છે.

કોરલા ન. એક જાતનું ઝાડ. તે જંગલમાં આપોઆપ ઊગે છે. તેનાં પાંદડાં શાક અને ભાજી તરીકે વપરાય છે.

કોરલાસિયા પું. બિકાનેરના તાઝીમી પટ્ટેદારોથી ખેડૂતો પાસેથી લેવાતો એક જાતનો કર.

કોરલું વિ. છેડા ઉપરનું; કિનાર ઉપર આવેલું.

કોરવ ૧. સ્રી. બેલગામ, ધારવાડ અને બિજાપુર તરફ વસતા લોકોની એક જાત. તેઓ ગાવા બજાવવાનો, ટોપલીઓ બનાવવાનો કે ચોરીનો ધંધો કરે છે.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

કોરવંકું વિ. એક બાજુએથી વાંકું; ઢળતું; ઢાળ પડતું.

કોરવા ૧. પું. દાંતનો સડો.

૨. પું. ભૂતપીડા; વળગાડ.

૩. સ્રી. અછત; તંગી.

કોરવાડિયો (કોરવાડ઼િયો) પું. એક જાતની વેલ. તેનાં પાંદડાં લીમડાનાં જેવાં પણ નાનાં હોય છે. તેને ત્રણ ખૂણાવાળા પોપટામાં કાળા રંગના ત્રણ ત્રણ દાણા હોય છે. કરોળિયાના દરદીને તે દાણાની માળા કરી ગળામાં પહેરાવાય છે.

કોરવાણ ૧. ન. કોરાં કપડાંને અપાતું પહેલું પાણ.

૨. વિ. સૂકું; કોરું; જેમાં ભીનાશ ન હોય એવું.

કોરવાંક ૧. પું. કાટખૂણાવાળો વાંકિયો; 'બ્રેકેટ'.

૨. પું. વહાણના અંદરના ભાગમાં કાથાનો એક ભાગ.

કોરવિયા સ્રી. ષડ્જ ગ્રામની સાત માંહેની એક મૂર્ચ્છના.

કોરવું ૧. સ. ક્રિ. અંદરથી ખણી કે ખોતરીને કાઢવું; કોતરવું; કાતરવું; કંડારવું.

૨. સ. ક્રિ. કાણું પાડવું; શારવું; વીંધવું.

૩. સ. ક્રિ. દુઃખ દેવું; ખૂંચવું.

કાળજું કોરવું = હૃદયને વીંધી નાંખવું; બહુ પીડા કરવી.

કોરવ્ય પું. એ નામનો એક નાગ. તે ઉલૂપી નામની નાગકન્યાનો પિતા હતો.

કોરસ [અં.] પું. વૃંદગાન; ગાયક મંડળના દરેક સભ્યે એકી સાથે સૂર પુરાવી ગાવું તે.

કોરસણી સ્રી. કોરવાનું ઓજાર; કોતરણી.

કોરસલીન ન. ટાટનું કપડું.

કોરસ્પોન્ડન્સ [અં. કૉરસપોન્ડન્સ] ન. પત્રવ્યવહાર; લખાપટ્ટી.

કોરંગ ૧. પું. કાંટાશેળિયો.

૨. [સં. કોરંક] પું. મૃગ જેવો એક જાતનો ઘોડો.

૩. [સં. કુરંગ] ન. હરણ; મૃગ.

કોરંગનય સ્રી. મૃગની આંખ.

કોરંગની સ્ત્રી. કુરંગણી; હરણી; મૃગની માદા.

કોરંગી ૧. [સં.] સ્ત્રી. ઝીણી એલચી; ઉપકુંચિકા; તુત્થા.

૨. સ્ત્રી. પીપર.

૩. સ્ત્રી. હરણી; મૃગની માદા.

કોરંડ [સં.] પું. અંડવૃદ્ધિનો રોગ; વધરાવળ.

કોરંડક પું. એ નામનો એક સિદ્ધ. તે હઠવિદ્યાનો મહાન યોગી હતો.

કોરંબો પું. કાચું નાળિયેર.

કોરંભવું અ. ક્રિ. પોતાથી થયેલી વાછડી ઉપર ધણખૂંટનું ટપવું.

કોરા ૧. પું. એક જાતનું પક્ષી.

૨. સ્ત્રી. કન્યાને જુદી જુદી ક્રિયા વખતે અપાતી નાળિયેર, મીઠાઈ, નાડાછડી વગેરેની ભેટ.

૩. સ્ત્રી. બાથ; બે કાંડાંની વચમાં જેટલો લઈ શકાય તેટલો જથ્થો.

૪. સ્ત્રી. બાળકને ખોળે બેસાડવું તે.

૫. સ્ત્રી. હિંદના મૂળ વતનીઓની એક જાત.

૬. ન. એ નામની જાતનું માણસ.

૭. વિ. એ નામની જાતનું.

૮. વિ. ગરીબ; નિર્ધન.

કોરાગ સ્ત્રી. ચંપાની ભાજી.

કોરાજમા પું. ધરજમાઈ. ભીલ લોકોમાં આ શબ્દ વપરાય છે.

કોરાટી પું. એક જાતનો સાપ.

કોરાડ (કોરાડ઼) ૧. પું. જમણવારમાં પડેલો ખાંચો.

૨. સ્ત્રી. સૂકી જગ્યા.

૩. વિ. નિર્ધન; ગરીબ.

૪. વિ. નિષ્ફળ; નકામું.

૫. વિ. લૂચ્ચું; કપટી.

૬. વિ. લોભિયું; પૈસા ખરચે નહિ એવું.

૭. વિ. સૂકું; ભીનું નહિ એવું.

કોરાડું (કોરાડ઼ું) ૧. ન. ચાલુ વરસાદથી થયેલ ભેજ સુકાઈ જવો તે.

૨. વિ. કોરું; સૂકું; ભીનું નહિ એવું.

૩. વિ. વરસાદ વરસ્યા વગરનું.

૪. વિ. શોષક.

કોરાણ ૧. સ્ત્રી. અંચલ; ગૂંથેલો છેડો.

૨. સ્ત્રી. બાજુ; કોર; કોરણ.

૩. ન. કોરાપણું; સુકવણું; સૂકાપણું.

૪. વિ. કોરું; સૂકું; ભીનું નહિ એવું.

કોરાણી ૧. સ્ત્રી. ખાટકીની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કોરાણું વિ. કોરાણ; કોરાડું; કોરું; સૂકું.

કોરાણે ૧. અ. કોર ઉપર; છેડે.

૨. અ. બાજુએ; એકબાજુ; તરફ; ગમ.

કોરાણે મૂકવું = બાજુએ મૂકવું; મુલતવી રાખવું.

કોરાન (ક઼ોરાન) [અ.] ન. મુસલમાનોનું એક ધાર્મિક પુસ્તક; કુરાન. જુઓ કોરઆન.

કોરાને શરીફ (ક઼ોરાને શરીફ઼) ન. મુસલમાનોનું એ નામનું ધર્મપુસ્તક. તમામ કોરાને શરીફની કિતાબ સફેદ રેશમી કપડામાં બાંધેલી રમજાન મહિનામાં એક રાત્રે જીબ્રાઈલ નામનો ફિરસ્તો હજરત મહંમદને આપી ગયો. આ ગ્રંથના ૧૧૪ નાના મોટા ભાગ છે જેને શૂરા કહે છે. કોરાનમાં ૬૦૩૬ આયે એટલે કડી છે અને તેમાં ૭૭૯૩૯ શબ્દ છે.

કોરાપણ ૧. ન. છોકરીનું કુંવારાપણું.

૨. ન. નવીનપણું; નવું હોવાપણું; વપરાયા વગરનું હોવું તે; કામમાં નહિ લીધેલું હોવાપણું.

૩. ન. શુષ્કતા; સુકવણું.

કોરાપણું જુઓ કોરાપણ.

કોરાપિંડા (કોરાપિડ઼ા) પું. કુંવારું હોવાપણું.

કોરાબંદી ૧. સ્ત્રી. નવી ગોઠવણ.

૨. સ્ત્રી. ભાગ પાડ્યા પ્રમાણે ગામ કે ખેતરનું પત્રક.

કોરાબાલ પું. તેલ નાખ્યા વગરના વાળ.

કોરારી પું. સિંધ તરફ થતો એક જાતનો બહુ ઝેરી સાપ. એ લંબાઈમાં આઠ ફૂટ હોય છે. એનો ડંખ લાગતાં જ ચામડી કાળી પડે છે, માણસ પીળો થાય છે, લોહી વહેવા માંડે છે તથા સોજો ચડી માણસ તરત મરી જાય છે.

કોરાવર્તન ૧. ન. કુંવારી છોકરી.

૨. ન. નવું વાસણ.

કોરાવવું ૧. સ. ક્રિ. કોતરાવવું.

૨. સ. ક્રિ. ભોંકાવવું.

કોરાવું ૧. અ. ક્રિ. કોતરાવું.

૨. અ. ક્રિ. ભોંકાય એમ થવું.

કોરાસિર જુઓ કોરાબાલ.

કોરાંખવું અ. ક્રિ. કટાક્ષથી જોવું; મર્મભરી ત્રાંસી નજર કરવી.

કોરાંખી રહેવું = કોઈના તરફ ગુસ્સાથી આંખ કાઢવી.

કોરાંટ ૧. પું. કફ ઉપર ઉપયોગી મનાતી જંગલમાં થતી એક ઔષધિ. પીળા કોરાંટનો રસ કડવો અને ખાટો હોય છે. બાળકને એનાં પાંદડાંનો રસ ખાંસી ઉપર મધ સાથે અપાય છે.

૨. સ્ત્રી. ગોહિલવાડી લેઉઆ કણબીની એ નામની એક અટક.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

કોરાંટજાંબુડો (કોરાંટજાંબુડ઼ો) પું. એક જાતનો છોડ. તેનાં મૂળિયાં વચમાં જાડાં અને છેડે અણિયાળાં હોય છે અને તે ઉપર કાળી છાલ હોય છે.

કોરાંટી સ્ત્રી. દાંતના દુખાવા ઉપર કામ આવતી એક વનસ્પતિ; કાંટાસળિયો.

કોરિઅન સ્ત્રી. અઠ્ઠાવન અર્વાચીન માંહેની એ નામની એક લિપિ.

કોરિયા ૧. સ્ત્રી. કુંભારની એ નામની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કોરી ૧. [હિં.] પું. એક જાતનો વેરો; હળ, મૂંડકી, ચૂલો અને ઢોર એ ચાર ચીજ ઉપરનો વેરો.

૨. પું. વણકર.

૩. સ્ત્રી. આબરૂ.

૪. સ્ત્રી. આંધળાપણું.

૫. [સં. કુમારી–કુંવરી–કોરી] સ્ત્રી. કચ્છ કાઠિયાવાડમાં ચાલતો ચાર પાંચ આનાની કીમતનો રૂપાનો નાનો સિક્કો; આશરે ૧/૩ રૂપિયાની કીમતનું એક કચ્છી રૂપાનાણું. અગાઉ પાદશાહને દરેક ખંડિયો રાજા પોતાની કુંવરી પરણાવતો, પણ એક ખંડિયા રાજાએ પાદશાહને પોતાની કુંવરી પરણાવવાને બદલે તેને એક એવું નાણું ભેટ કર્યું કે જેની એક બાજુ તે પાદશાહનું મોરૂં હતું અને બીજી બાજુ પોતાની કુંવરીનું મોરૂં હતું. ક્રમે ક્રમે કુંવરી શબ્દ અપભ્રષ્ટ થઈને તે રૂપાનાણું કોરી કહેવાણી. કોરીની જાત: (૧) જામશાહી કોરી. તેની કીમત આશરે સાડાચાર આના. (૨) દીવાનશાહી કોરી. તેની કીમત આશરે સાડાચાર આના. (૩) રાણાશાહી કોરી. તેની કીમત આશરે ૭ આના.

૧. કોરી ને કન્યા દીધી લેવાય = કરગરવાથી કોઈ ચીજ ન મળે.

૨. કોરી પરખાવવી = (૧) આબરૂ ઉઘાડી પાડવી. (૨) વાત પ્રકાશમાં લાવવી; વાત જાહેરમાં લાવવી.

૬. સ્ત્રી. કુંવારી છોકરી.

૭. સ્ત્રી. કોડી.

૮. સ્ત્રી. તળાવ છલકી જાય ત્યારે પાણીને જવા દેવા માટે તળાવને એક છેડે બનાવેલી પથ્થરની ઢાળ પડતી લાદી.

૯. સ્ત્રી. માલદીવના ટાપુ તરફ થતાં એક જાતનાં માછલીનાં કોટલાં. આફ્રિક તરફ એનો ઘરેણાંમાં ઉપયોગ થાય છે. ગુલામનો વેપાર ચાલતો ત્યારે એનો મોટો જથ્થો હિંદુસ્તાનથી વિલાયત જતો પણ હાલમાં એ વેપાર બંધ છે.

૧૦. સ્ત્રી. મોટા પંથમાં પાટને નમન કરતાં રાંધેલા ચોખાનો બાવાની પરવાનગીથી લેવાતો કોળિયો. તે વખતે 'દેજો આશીર્વાદ' એમ બોલે છે.

૧૧. [અં. સ્કોર (વીશ)] સ્ત્રી. વીશની સંખ્યા.

૧૨. ન. જાડું અને ખડબચડું રેશમ. તેના સુગટા બને છે.

૧૩. વિ. સ્ત્રી. કામમાં નહિ લીધેલી.

૧૪. વિ. સ્ત્રી. ગરીબ.

૧૫. વિ. સ્ત્રી. ધોયા વગરની.

૧૬. વિ. સ્ત્રી. નવી.

૧૭. વિ. સ્ત્રી. ભોળી; મૂર્ખ.

૧૮. વિ. સ્ત્રી. રંગ ચડાવ્યા વગરની.

૧૯. વિ. સ્ત્રી. લખ્યા વગરની.

૨૦. વિ. સ્ત્રી. વ્યભિચાર કર્યા વિનાની; અક્ષતયોનિ.

૨૧. વિ. સ્ત્રી. શીખવ્યા વગરની.

૨૨. વિ. સ્ત્રી. સાફ.

૨૩. વિ. સ્ત્રી. સૂકી.

કોરીઆ ૧. પું. એશિઅની પૂર્વે આવેલો એ નામનો દ્વીપકલ્પ.

૨. સ્ત્રી. કોરીઆ દ્વીપકલ્પમાં બોલાતી એ નામની ભાષા.

૩. ન. એ નામનો એક જાતનો રોગ. તેને સ્નાયુઓનું ગાંડપણુ કહે છે. તે ઘણું કરીને બચ્ચાંને થાય છે. એ દરદમાં હાથ પગ તથા શરીરના કેટલાક સ્નાયુ દરદીની ઇચ્છા સિવાય સતત હાલ્યા કરે છે. એ દરદ ચારથી પંદર વર્ષની વયવાળાંને વિશેષે થાય છે. અવયવો પોતાની મેળે જ હાલ્યા કરે છે. છોકરી જાતને વધારે લાગુ રહે. શરૂઆતમાં મોઢાના સ્નાયુ ખેંચાય. જાણે મોઢાથી કાંઈ ચાળા પાડતું હોય એમ જોનારને લાગે. પછી આસ્તે આસ્તે શરીરના ઘણા ખરા સ્નાયુ આપોઆપ હાલવા માંડે. એકસરખું સ્થિર રહી ન શકાય. કપડાં ખેંચે, પગથી જમીન ખોતરે, ખભા ઉછાળે, આંખો મટમટાવે. આપણે દરદીને વારીએ તો થોડીવાર તેના ધ્યાનમાં રહે પણ કબજે રહે નહિ અને હાલ્યા જ કરે. દરદી હસે, રડે અને માથું ફેરવે. ચાલવાનું કહીએ તો ચાલે વગેરે કેટલુંક સમજે.

કોરીથોથી વિ. સ્ત્રી. લૂખીસૂકી.

કોરીફા ન. એક જાતનો તાડ.

કોરીફીના સ્ત્રી. એક જાતની માછલી. પ્રશાંત મહાસાગર અને યરપની ઉત્તરના સમુદ્રમાં તે થાય છે. મરતી વેળા એના ઘણુા ઘણુા ચમકતા રંગ થાય છે.

કોરીલ ૧. પું. હાથી.

૨. વિ. કોતરેલ.

૩. વિ. છેદ પાડેલ.

૪. વિ. સુંદર.

કોરીવ વિ. કોતરણીવાળું.

કોરીશાખ સ્ત્રી. થાલમાં કાંઈ મૂકયા વગર નાણાં મળે એવી આબરૂ; અંગઉધાર પૈસા મળી શકે એવી આબરૂ.

કોરીંગ ન. ગોદાવરી નદી ઉપર આવેલું એ નામનું એક ગામ. એવું કહેવાય છે કે તેની પાસે આવેલી ગોદાવરીની આત્રેયી નામની શાખામાં અત્રિ ઋષિએ નાહવાથી તેને દેવપદ પ્રાપ્ત થયું હતું.

કોરુક વિ. નીરોગી.

કોરુગેટેડ [અં. કૉરુગેટેડ] વિ. સળ પાડેલું; વળ પાડેલું; કરચલીવાળું. વધુ જોર આપવાને આવાં સળ પાડેલાં લોઢાનાં પતરાં કૉંક્રીટમાં અને હોડી વગેરેમાં વપરાય છે.

કોરુર ૧. પું. મુલતાન જિલ્લામાં આવેલ એ નામનું એક સ્થળ. ત્યાં ઉજ્જનના સુપ્રસિદ્ધ રાજા વિક્રમાદિત્યે શક લોકોને સજ્જડ હાર ખવરાવી હતી. આ જીતથી વિક્રમનો સંવત ગણાવો શરૂ થયો. આ સ્થળ કરુર પણ કહેવાતું. વિદેશી ઇતિહાસકારના અભિપ્રાય પ્રમાણે ગુપ્તવંશના બીજા ચંદ્રગુપ્ત રાજાએ વિક્રમાદિત્યનું બિરુદ ગ્રહણ કર્યું હતું અને એ ઉજ્જનનો રાજા થયો હતો. પણ બીજાઓના મતે ગુપ્ત સેનાપતિ યશોધર્માએ કોરુર આગળ શક લોકો ઉપર વિજય મેળવીને વિક્રમાદિત્યનું બિરુદ ધારણ કર્યું હતું.

૨. ન. ચેરા રાજ્યની રાજધાનીનું પ્રાચીન નામ.

કોરું ૧. ન. અફીણની ગાંગડી.

૨. ન. ટીપું.

૩. વિ. અણબોટ; નહિ વપરાયેલું.

૪. વિ. અલગ; જુદું; નિર્લેપ.

૫. વિ. અસલ.

૬. વિ. એકલું.

૭. વિ. એકવડું.

૮. વિ. કાચું; રાંધેલું નહિ એવું; કાચુંકોરું.

૯. વિ. કેવળ; માત્ર.

૧૦. વિ. ખામી વગરનું.

૧૧. વિ. ખાલી; રહિત; વિહીન.

૧૨. વિ. ધનહીન; અકિંચન; સાવ ગરીબ.

૧. કોરું રહી જવું = કંઈ ન મળવું.

૨. કોરું વાહન = સાધુ; બ્રાહ્મણ.

૩. કોરો મોરો કકડધજ = ધનમાલ વિનાનું; દાંડ; ભભકો ભારી ને ખીસા ખાલી હોય એવું.

૧૩. વિ. ધોયા વગરનું; વાપર્યા વગરનું; તદ્દન નવું. કાપડને માટે બોલાય છે.

કોરા વાગા કરકડે ને ઘરની રાંડ ભૂખે મરે = ખીસા ખાલી અને ભભકો ભારી.

૧૪. વિ. નવું; તાજું.

કોરો ઘડો ને કુંવારી કન્યાનાં માગાં ઘણાં = નવી અને સારી વસ્તુની ઘણી માગણી હોય.

૧૫. વિ. નિષ્કલંક.

કોરે લૂગડે = વગર ખરડાયે; કંઈ પણ આળ વગર; હાનિ ભોગવ્યા વિના.

૧૬. વિ. ભીનું નહિ એવું; સૂકું.

૧. કોરું કરવું = ભીનાશ ખેંચી લઈ સ્વચ્છ કરવું.

૨. કોરું ધાકોર જેવું = સાવ સૂકું; કંઈ પણ મળે નહિ એવું; રસકસ વગરનું.

૩. કોરું ભીનું કરવું = (૧) કોરામાંથી ભીનામાં સૂવું. (૨) નાનાં બાળકને ભીનામાંથી કોરામાં સુવાડવું.

૪. ત્રણ તસુ ઉપર કોરું = કાંઈ લેવા દેવા ન હોવાપણું.

૧૭. વિ. મૂર્ખ; જડ.

૧૮. વિ. રંગ્યા વગરનું; સાદું.

૧૯. વિ. લખ્યા વિનાનું. પત્તું, કાગળ વગેરે માટે વપરાય છે.

કોરે કાગળે મતું મારવું = (૧) કોરા કાગળ ઉપર સહી કરવી. (૨) મફત કામ કરાવવું.

૨૦. વિ. લૂખું.

૧. કોરે ભાણે આશીર્વાદ = કોરે ભાણે આરતી; મફત કામ કરાવવું તે.

૨. કોરો પગાર = બીજી કોઈ પણ આવક વગરનો પગાર.

૨૧. વિ. વરસાદ વિનાનું.

૨૨. વિ. સાફ.

કોરુંકટ ૧. વિ. નવેનવું; નહિ વપરાયેલું.

૨. વિ. ભીંજાયા વગરનું.

૩. વિ. સ્નેહહીન; લાગણી વગરનું.

૪. વિ. સૂકું; તદ્દન સુકાઈ ગયેલું.

કોરુંકડાક (કોરુંકડ઼ાક) ૧. વિ. નિર્લેપ; જેને કંઈ પણ ચિંતા ન હોય તેવું; ઉપાધિ રહિત.

૨. વિ. ભીનું નહિ તેવું; સાવ સૂકું.

૩. વિ. સાવ નવું; નવું નક્કોર; તદ્દન નવું.

કોરુંધાકોડ (કોરુંધાકોડ઼) ૧. વિ. ચોખ્ખું.

૨. વિ. તદ્દન ખાલી.

૩. વિ. તદ્દન નવું; તદ્દન કોરું.

૪. વિ. લાગે વળગે નહિ એવું.

કોરુંધાકોર જુઓ કોરુંધાકોડ.

કોરુંમોતી ન. અણવીંધ્યું મોતી.

કોરુંમોરું ૧. વિ. તદ્દન નવું; વાપર્યા કે ઉકેલ્યા વિનાનું.

૨. વિ. પૈસા ટકા વિનાનું.

૩. વિ. લાગતું વળગતું ન હોય એવું; સંબંધ વિનાનું.

૪. વિ. લૂખું સૂકું; તદ્દન કોરું; લૂખું.

કોરૂકાપલી સ્ત્રી. વાડ કરવાનું એક જાતનું ઝાડ.

કોરૂકાપલી વિલાયતી આંબલી સ્ત્રી. એક જાતનો છોડ. તે વાડ કરવામાં વપરાય છે. તેને શીંગો થાય છે. આ છોડનું મૂળ વતન મેક્સિકો છે.

કોરે ૧. અ. તરફ; ભણી.

૨. અ. દૂર; આઘે.

૩. અ. બાજુએ; કિનારે; ધારે.

૧. કોરે કરવું = આઘું મૂકવું; દૂર કરવું; જતું કરવું.

૨. કોરે બેસવું = (૧) અભડાવું; અટકાવ આવવો. (૨) દૂર બેસવુ. (૩) ભાગ ન લેવો.

૩. કોરે મૂકવુ = દૂર ખસેડવું; ઊંચું મૂકવું.

૪. કોરે રાખવું = (૧) એકઠું કરવું. (૨) જુદું રાખવું; અલગ રાખવું.

કોરેકાટ અ. ઇજા વગર.

કોરેકોરું વિ. ચોખ્ખું; કંઇ પણ વધઘટ વિનાનું.

કોરેખ ન. એક જાતનું બાદશાહી નગારું; દમામા. તેનો અવાજ ઘણો મોટો હોય છે.

કોરેપૂંઠેહૂંડી સ્ત્રી. નહિ શિકારાયેલી હૂંડી. તેનાં નાણાં તેમજ વ્યાજખાધ હૂંડી લખનાર આસામી ભરી આપે છે.

કોરેમોરે ૧. અ. આજુબાજુ; આસપાસ; અડખેપડખે; ચારે તરફ.

કોરેમોરે કરકરિયાં ને વચમાં બેઠી રાણી.

લોકોક્તિ

૨. અ. લગભગ; આશરે.

કોરો ૧. [હિં.] પું. તરાપો; ત્રાપો.

૨. ન. એક જાતનું કાપડ.

કોરોઠ ૧. સ્ત્રી. આંજણા ક્ષત્રિય જ્ઞાતિની એક અટક.

૨. ન. એ અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કોરોનર [અં. કોરોનર] પું. અકસ્માતથી કે ભેદભરેલા થયેલા મરણ વિષે તપાસ કરનાર અમલદાર.

કોરોમંડલ ૧. પું. એ નામનો દક્ષિણ હિંદનો એક દેશ.

૨. ન. એક જાતનું લાકડું. આ લાકડાને મુંબઈનું સીસમ પણ કહે છે. તે પીળાશ પડતા પટ્ટાવાળું ઘણું જ સુંદર કાળું હોય છે.

કોરોમાલ પું. અવીંધ મોતી; કોરું મોતી.

કોરોશેક પું. (વૈદ્યક) પોટલી વડે, ખાટલા નીચે દેવતા રાખીને અથવા હાંડલીમાં અંગારા ભરીને શરીરના દરદવાળા ભાગ ઉપર આપવામાં આવતી ગરમી.

કોર્કુ સ્ત્રી. મધ્યપ્રાંત અને વરાડમાં બોલાતી એક ભાષા.

કોર્ટ ૧. પું. ગંજીફાની રમતમાં સતિયો દેવો તે.

૨. [અં. કોર્ટ] સ્ત્રી. કચેરી; દરબાર; રાજસભા.

૩. સ્ત્રી. ન્યાયમંદિર; ઇન્સાફની અદાલત.

૪. સ્ત્રી. રાજમંદિર; રાજાનું ઘર.

૫. ન. ટેનિસ રમવાની જગ્યા.

કોર્ટફી [અં. કોર્ટફી] સ્ત્રી. અદાલતમાં ભરવાની લાગત.

કોર્ટમાર્શલ [અં. કોર્ટમાર્શલ] સ્ત્રી. લશ્કરી અદાલત; લશ્કરી અને ખલાસી અમલદાર વગેરેના ગુનાની તપાસ માટેની અદાલત. તેમાં સેનાના નિયમોનો ભંગ કરનાર, સેના છોડી જનાર વગેરેના મુકદ્દમા ચાલે છે.

કોર્ડન [અં. કૉર્ડન] સ્ત્રી. માણસોની હાર વડે ઘેરી લેવુ તે; ચક્રવ્યૂહ; ચક્રાકારે ગોઠવેલી સૈન્યરચના.

કોર્નફ્લાવર [અં. કૉર્નફ્લાવર] ન. એક જાતનું ફૂલઝાડ.

કોર્નર [અં. કૉર્નર] પું. ખૂણો.

કોર્નર કરવો = (૧) એક જગાએ એકઠું કરવું. (૨) એકસામટી વસ્તુની ખરીદી કરી બજાર ઊંચે લઈ જવી; ખેલો કરવો. (૩) મૂંઝવવું; મુશ્કેલીમાં મૂકવું.

કોર્નરકિક [અં. કૉર્નરકિક] સ્ત્રી. ફૂટબોલની રમતમાં જે તરફનો ગોલ હોય તે તરફના ખૂણા ઉપરથી દડાને મરાતી લાત.

કોર્નિઆ [અં. કૉર્નિઅ] ન. નેત્રમાં દેખાતો પારદર્શક, બાહ્યગોળ, ગોળાકાર, કાળો ભાગ; કૃષ્ણમંડળ; અક્ષપટ.

કોર્નેટ [અં. કૉર્નેટ] ન. એક જાતનું પિત્તળનું વાજું.

કોર્પોરેશન [અં. કૉર્પોરેશન] સ્ત્રી. સમાજ; સભા; મંડળ.

કોર્ષાપણ [સં.] પું. પાણિનિના વખતમાં વપરાતો તાંબાનો એક સિક્કો.

કોર્સ ૧. [અં.] પું. અભ્યાસક્રમ.

૨. પું. થર; પડ.

૩. પું. વાની.

૪. વિ. ખડબચડું.

કોલ ૧. પું. અરધો તોલો; બે માસાનું વજન.

૨. પું. આમલીનાં કે લીમડાનાં ફૂલ; મોર; ફાલ.

૩. પું. આરો; ચૂનો અને રેતીનું મિશ્રણ.

૪. પું. આલિંગન.

૫. પું. ઉપસાગર.

૬. પું. એક જંગલી જાતિનો માણસ.

૭. પું. એક જાતનું અસ્ત્ર.

૮. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે ગણપ્રસ્તાર પ્રકાશનો એક ભેદ છે. તેમાં ૧૬ ગુરુ અને ૧૨૪ લઘુ મળી ૧૪૦ વર્ણ અને ૧૫૬ માત્રા હોય છે.

૯. [અ. કૉલ] પું. કરાર; વચન; કબૂલાત.

૧. કોલ આપવો-દેવો = (૧) ઘોડા, હાથી વગેરે જાનવરોએ બે પગે ઊભા રહી આગલા બે પગ તેના માલિકને અડાડવા. (૨) વચન આપવું.

૨. કોલ તોડવો = વચન તોડવું.

૩. કોલ પાળવો = બોલ્યું પાળવું.

૧૦. પું. (વૈદ્યક) કંકોલ, ચણકબાબ, ચિત્રક, મરી અને ચવકનો સમૂહ. કેટલાકના મત પ્રમાણે સૂંઠ, મરી, પીપર, ચવક અને ચિત્રકના સમૂહને પણ પંચકોલ કહેવાય છે.

૧૧. પું. કાચબો.

૧૨. પું. કોયલ.

૧૩. [અં.] પું. કોલસો; કાર્બનમય ખનિજ પદાર્થ.

૧૪. પું. કોલુ; ચિચોડો; શેરડી પીલવાનો સંચો.

૧૫. પું. કોળિયો.

૧૬. પું. ખોળો.

૧૭. પું. ગધેડો.

૧૮. પું. ગલી.

૧૯. પું. છછુંદર.

૨૦. પું. ડુક્કર.

૨૧. પું. (પિંગળ) તોમરની જાતનો એક સમજાતિ માત્રામેળ છંદ. તેમાં ૬ ગુરુ અને ૩૬ લઘુ મળી ૪૨ વર્ણ અને ૪૮ માત્રા હોય છે.

૨૨. પું. દક્ષિણ કિનારા ઉપરનો એક દેશ; કલિંગ.

૨૩. પું. પટો; સનદ; પરવાનગી.

૨૪. પું. પુરુવંશી આક્રીડ નામના રાજાનો પુત્ર.

૨૫. પું. બંદરમાં આવતાં જતાં વહાણની જકાત ખાતાની નોંધ.

૨૬. પું. બોર; બોરડીનું ફળ.

૨૭. પું. માગણી.

૨૮. પું. મોટો ઉંદર.

૨૯. પું. (પુરાણ) યયાતિના પુત્ર તુર્વસુના વંશમાં થયેલો એક પ્રસિદ્ધ રાજપુત્ર; જનાપીડનો એક પુત્ર.

૩૦. પું. વહાણનું માપ બતાવતો તથા તેને પરદેશમાં ફરવા માટે આપેલ પરવાનો.

૩૧. પું. શનિ ગ્રહ.

૩૨. પું. શરત; બોલ.

૩૩. પું. શિયાળ.

૩૪. સ્ત્રી. એ નામની એક ભાષા.

૩૫. સ્ત્રી. કોડ વર્ગની માછલી.

૩૬. સ્ત્રી. હોડી; નાનું વહાણ.

૩૭. ન. અંકોલવૃક્ષ.

૩૮. ન. ઊધઈ.

૩૯. ન. એક વજન; ૪૮ રતીભારનું વજન; શુદ્રક; વટક; દ્રક્ષણ.

૪૦. ન. તીખાં; મરી.

૪૧. ન. રમકડું.

૪૨. ન. શીળસ.

કોલક ૧. [સં.] પું. અંકોલવૃક્ષ.

૨. પું. એક જાતનું ગંધક દ્રવ્ય.

૩. પું. કંકોલ વનસ્પતિ.

૪. પું. ડુક્કર.

૫. પું. મરઘું.

૬. પું. મરી; તીખાં.

૭. ન. અખરોટનું ઝાડ.

૮. ન. બોર.

કોલકરાર ૧. પું. એકબીજાને કબૂલત આપી થતો ઠરાવ; સંધિ; કોલ અને કરાર; પાળવાનું વચન આપ્યું હોય તેવું કબૂલતપત્ર.

૨. પું. સંધિપત્ર; કરારનામું; તહનામું.

કોલકંદ [સં.] પું. વારાહીકંદ. તે ગરમ અને કૃમિદોષ દૂર કરનાર મનાય છે.

કોલકા ૧. સ્ત્રી. એક જાતની કેરી. તે ગોવા તરફ થાય છે ને ખાસ કરીને મુરબ્બા માટે વપરાય છે.

૨. [સં.] સ્ત્રી. મરચી.

૩. સ્ત્રી. મરી.

૪. અ. પડકારને માટે.

કોલકોલાયણો પું. ઝાડપીપળી નામની એક દેશી રમત. જુઓ ઝાડપીપળી.

કોલગિરિ ૧. [સં.] પું. દક્ષિણ હિંદનો કોલાચલ નામનો પર્વત. હાલ તેને કોલમલય કહે છે.

૨. પું. મલબાર કાંઠે આવેલ એ નામનો દેશ; કોડાગુ.

કોલગેસ [અં. કોલગૅસ] પું. કોલસામાંથી કાઢવામાં આવેલો વાયુ; કોલસામાંથી નીકળતો વાયુ.

કોલઘા ૧. સ્ત્રી. રાનીપરજની એક જાત. તે મજૂરી અને ખેતી કરે છે.

૨. ન. એ જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

કોલઝા ૧. ન. એક પ્રકારનું પીળું તેલ.

૨. ન. સરસવનું તેલ.

કોલટાર [અં.] પું. લાકડાં, કોલસો અને બીજાં કેટલાંક દ્રવ્યો બાળતાં તેમાંથી નીકળતો એક જાતનો જાડો કાળો પ્રવાહી પદાર્થ; કોલસામાંથી કાઢેલો ચૂવો; કાચલીનો ચૂવો; ડામર.

કોલડા (કોલડ઼ા) [હિં.] પું. ચાબખો; ફટકો.

કોલણ સ્ત્રી. કોળીની સ્ત્રી.

કોલણી સ્ત્રી. કોળણ; કોળીની સ્ત્રી.

કોલતાર જુઓ કોલટાર.

કોલદલ [સં.] ન. નખલો; એ નામનું ગંધદ્રવ્ય.

કોલદાર પું. પટ્ટો લેનાર.

કોલદાંડું પું. રણગોવાળિયો; હાથપગ બાંધી ગૂંઠણ હાથ વચ્ચે લાવી તેની અંદર લાકડી ઘાલવી તે.

કોલદાંડો જુઓ કોલદાંડું.

કોલન ૧. ન. જર્મનિનું મુખ્ય બંદર; કોલોન.

૨. [અં.] ન. દ્વિબિંદુચિહ્ન; મહાવિરામ; :.

૩. ન. મોટા આંતરડાનો એ નામનો ભાગ.

કોલનવોટર [અં. કોલનવૉટર] ન. ઠંડક કરનાર એક પ્રવાહી ઔષધ; એક પ્રકારનું સુગંધી પાણી. તે જર્મનિનાં કોલન શહેરમાં પહેલું બનતું તે ઉપરથી આ નામ પડ્યું છે.

કોલનામું ન. સંધિપત્ર; કરારનામું.

કોલપર્વતપુર ન. બંગાળના નદિયા જિલ્લામાં આવેલ કોલાપુરનું પ્રાચીન નામ; કુલીઆપહાડપુર.

કોલફળ ૧. ન. એ નામનું ઝાડ.

૨. ન. એક જાતના ઝાડનું ફળ.

કોલભાટ ૧. સ્ત્રી. એ નામની લોકોની એક જાત.

૨. ન. એ નામની એક જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

કોલમ ૧. પું. એ નામનો એક સંવત. તે ત્રાવણકોર અને મલબારમાં પ્રચલિત છે. તે સંવત ઈ. સ. ૮૨૪થી શરૂ થયેલ છે. આ સંવત ઉપરથી સપ્તર્ષિ સંવત ગણાવા માંડ્યો.

૨. પું. ખાનું; આસન; કોઠો.

૩. પું. પીલપાયો.

૪. [અં. કૉલમ] પું. વર્તમાનપત્ર, ગ્રંથ વગેરેનાં પાનાનાં લખાણનો ઊભો વિભાગ.

૫. પું. વિભાગ.

૬. પું. સ્તંભ; થાંભલો.

૭. સ્ત્રી. આંકના ઘડિયાના જેવી લખાણની એક રચના.

૮. સ્ત્રી. એક જાતની ઔષધિ. બચ્ચાંને ઝાડા ઉપર સૂંઠ સાથે ઘસી પવાય છે.

૯. સ્ત્રી. ડાંગરની એક જાત; કુલચ.

કોલમી ૧. સ્ત્રી. ઝીંગા જાતની માછલી.

૨. સ્ત્રી. વંદો; વાંદો.

કોલમૂલ [સં.] ન. પીપરીમૂળ.

કોલમ્બિયમ [અં.] સ્ત્રી. એ નામની એક ધાતુ; કાશાતુ.

કોલર ૧. [અં. કૉલર] પું. કપડાનો ગળા માટેના સીવણનો ભાગ.

૨. પું. ગળે પહેરવાનો કાંઠલો; ડોકમાં પહેરવાનું સોનાથી ગૂંથેલું ઝીણી જાળીવાળું ઘરેણું; કંઠી.

૩. ન. એ નામનું હિંદુસ્તાનનું એક સરોવર.

૪. ન. ગલપટો; ગળેબંધ.

કોલરપા સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

કોલરબોન [અં. કૉલરબોન] ન. હાંસડી; હાસડીનું હાડકું.

કોલરમા સ્ત્રી. વીંછીની દેવી. આ દેવીનું મંદિર દક્ષિણ હિંદુસ્તાનમાં માઇસોર સ્ટેટમાં કોલર ગામમાં છે.

કોલવલ્લિકા જુઓ કોલવલ્લી.

કોલવલ્લી ૧. સ્ત્રી. ગજપીપર નામની વનસ્પતિ.

૨. સ્ત્રી. શૂકરપાદિકા.

કોલવાલ ૧. સ્ત્રી. બ્રાહ્મણની ચોરાશી માંહેની એ નામની એક જ્ઞાતિ.

૨. ન. એ નામની જ્ઞાતિનું માણસ.

૩. વિ. એ નામની જ્ઞાતિનું.

કોલવાલુક પું. ગંધક.

કોલવાવું અ. ક્રિ. ભોંઠા પડવું; શરમાવું.

કોલશિંબ સ્ત્રી. કાળી વાલોળ.

કોલશુનક ૧. પું. મોટું ડુક્કર; જંગલી ભૂંડ.

૨. પું. શિકારી કૂતરો.

કોલસારક ન. એક જાતનું ઝેરી ઝાડ. તેનું ફળ જાંબુ જેવું હોય છે.

કોલસાવાળા ૧. સ્ત્રી. વોરાની એ નામની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કોલસી સ્ત્રી. કોલસાનો ઝીણો ભૂકો.

કોલસો ૧. પું. અંગાર; 'કાર્બન' નામનું રાસાયણિક દ્રવ્ય.

૨. પું. લાકડાનો અથવા બીજી કોઈ વસ્તુનો અરધો બળેલો ભાગ; ધ્રટાળો; ઓલાયેલો અંગારો. જમીનમાં દટાઈ ગયેલી વનસ્પતિ જમીનની પેટાની ગરમીને લીધે બળી જઈ જે કાળો ખનીજ પદાર્થ બને છે તે કોલસો કહેવાય છે. લાકડાનો કોલસો ખાણના કોલસા કરતાં હલકો હોય છે. તેને ખૂચનાં જેવાં છિદ્ર હોય છે, તેથી તે પાણીમાં તરી શકે છે.

કોલહાટી ૧. સ્ત્રી. એ નામની કર્ણાટક તરફની એક કસરતબાજ જાત.

૨. ન. એ જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

કોલંજન ન. નાગરવેલના પાનનું મૂળિયું.

કોલંબ ૧. પું. એ નામનો એક સંવત. જુઓ કોલંબ સંવત.

૨. પું. એક સેકંડમાં વપરાતો એક એમ્પીઅર વિદ્યુતપ્રવાહ.

૩. પું. ઝાડની નમેલી શાખાનો આગળનો ભાગ.

કોલંબક [સં.] પું. તાર રહિત તૂંબડાવાળી વીણા.

કોલંબસ પું. ઈ. સ. ૧૪૫૧માં જીનોઆમાં જન્મેલો અને ઈ. સ. ૧૪૯૨માં અમેરિક શોધનાર એક સાહસિક વહાણવટી.

કોલંબ સંવત પું. ભારતીય ૩૪ સંવત માંહેનો એ નામનો એક સંવત. તે ઈ. સ. ૮૨૫થી શરૂ થાય છે. તેને કોલ્લમ સંવત, પશ્ચિમી સંવત અને પરશુરામ સંવત પણ કહે છે. કોલમ શહેરની આબાદી વખતે આ સંવત ચાલુ થયો હોય એમ લાગે છે. સંસ્કૃત લેખોમાં કોલંબ સંવત માલૂમ પડે છે અને મલબારના લોકો તેને પરશુરામ સંવત કહે છે. આ સંવત મલબારથી કન્યાકુમારી સુધી અને તિન્નેવેલ્લિ જિલ્લામાં પ્રચલિત છે.

કોલંબાઈન સ્ત્રી. હિમાલય ઉપર ૪૦૦૦થી ૭૦૦૦ ફૂટની ઊંચાઈએ વવાતી એ નામની એક વનસ્પતિ.

કોલંબિયમ [અં.] ન. એક જાતની ધાતુ.

કોલંબો પું. કલંભો; દવા તરીકે વપરાતું એક જાતનું મૂળિયું.

કોલા ૧. પું. કોલસો.

૨. પું. નહેર માટેનો ખાડો.

૩. પું. પદકાળું; કોળું.

૪. સ્ત્રી. ગદિયાણો; અર્ધા તોલાભાર વજન.

૫. સ્ત્રી. ચવક વનસ્પતિ.

૬. સ્ત્રી. પીપર.

૭. ન. આફ્રિકના ગરમ પ્રદેશમાં થતું એક ઝાડ. તેનાં ફળ અખરોટનાં જેવાં હોય છે. બીજમાં થાક દૂર કરવાનો અને નશાના ચરમા દૂર કરવાનો ગુણ છે. તે ખાવાથી મજ્જાતંતુને પુષ્ટિ મળે છે અને ઊંઘ સારી આવે છે. તેમાં ગંદા પાણીને સ્વચ્છ કરવાનો ગુણ છે.

૮. ન. એક જાતનું હિંસક પ્રાણી. તે પૂર્વ આસ્ટ્રેલિઅમાં મળી આવે છે. તે ઝાડની ડાંખળીને બાઝી તે ઉપર સૂઈ રહે છે. પૂછડી મૂળથી જ કપાયેલી હોય છે. દેખાવમાં તે રીંછના બચ્ચા જેવું છે.

૯. ન. એક જાતનો દારૂ.

૧૦. ન. બોરડીનું ઝાડ.

૧૧. ન. શિયાળ.

૧૨. ન. સુરથ રાજાની રાજધાનીનું શહેર.

કોલાઈ ન. તિનેવેલ્લિ પ્રાંતમાં તામ્રપર્ણી નદીના મુખ આગળ આવેલું એક પ્રાચીન ગામ.

કોલાગ ન. તિરહૂટના મુઝફ્ફરપુર જિલ્લામાં આવેલ વૈશાલીનું પરૂં. અહીં નાયકુલ ક્ષત્રિયો રહેતા હતા. જૈન તીર્થંકર મહાવીર સ્વામી આ જાતના ક્ષત્રિય હતા.

કોલાપુર જુઓ કોલાહલપુર.

કોલાબો ૧. પું. કાંપ; કાદવ.

૨. પું. જમીનની દરિયામાં ઘૂસેલી અણી; કુલાબો; ભૂશિર.

કોલાભ પું. એક જાતનો ફેણવાળો સર્પ.

કોલામિ સ્ત્રી. વરાડ તરફ બોલાતી એક જાતની ભાષા.

કોલાલ [સં. કોલાહલ] પું. અવાજ; શોરબકોર.

કોલાલપુર જુઓ કોલાહલપુર.

કોલાવાસ ન. કાષ્ટ; લાકડું.

કોલાસ ૧. પું. એ નામનો એક ફૂલછોડ.

૨. પું. વાળ ખરી પડે એવો ઘોડાનો એક રોગ; બામણી.

કોલાહ ૧. સ્ત્રી. અણીવાળી ટોપી.

૨. ન. મ્હૈસુર રાજ્યનું કોલાહલપુર નામનું ગામ.

કોલાહટ [સં.] પું. તરવારની ધાર ઉપર નાચી શકે, મોઢેથી મોતી પરોવી શકે, અંગ ખૂબ મરડી શકે એવો નૃત્યમાં પ્રવીણ પુરુષ.

કોલાહલ ૧. [સં.] પું. કજિયો; તકરાર.

૨. પું. ધોંધાટ; અવાજ; ગરબડ; શોરબકોર.

૩. પું. બળવો; દંગો; ક્ષોભ.

૪. પું. મહાભારતમાં જણાવેલ એક પ્રાચીન પર્વત. તે માળવાને બુંદેલખંડથી જુદો પાડે છે.

૫. પું. (સંગીત) સંપૂર્ણ જાતિનો એક સુંદર રાગ. તે કલ્યાણ, કાન્હરા, અને બિહાગના મિશ્રણથી થાય છે. તેમાં બધા શુદ્ધ સ્વર આવે છે.

૬. ન. એક જાતનું ત્રિશાળ ઘર. સાગર ઘરનું પશ્ચિમે મુખ હોય તો તે કોલાહલ નામનું ઘર કહેવાય છે.

કોલાહલપુર ન. પરશુરામે કાર્તવીર્યાર્જુનને જ્યાં માર્યો હતો તે મ્હૈસુર રાજ્યનું કોલાહ નામનું ગામ.

કોલાહલબાજ વિ. ધાંધલિયું; ધમાલવાળું.

કોલાહલી ૧. સ્ત્રી. શ્રીરાગ સાથે સંબંધવાળી એક રાગિણી.

૨. વિ. ધાંધલિયું; ધમાલ કરનારૂં.

કોલાહાઈ ન. કશ્મીરમાં આવેલું હિમાલયનું એ નામનું શિખર. તે ૧૭૯૦૦ ફૂટ ઊંચું છે.

કોલિ ૧. પું. રોહિણી નદીનો કપિલવસ્તુની સામેના કિનારાનો પ્રદેશ. તેની રાજધાની દેવદહ હતી. સુપ્રબુદ્ધ અથવા અંજનરાજનું ત્યાં રાજ્ય હતું. વરાહછત્ર નામનું પવિત્ર સ્થળ પણ તેમાં આવેલ હતું.

૨. સ્ત્રી. બોરડીનું ઝાડ.

કોલિક [અં. કોલિક] ન. પેટની ચૂક; આંકડી.

કોલિઝન [અં. કોલિઝન] ન. અથડાઅથડી; સામસામા ભટકાવાપણું.

કોલિય ૧. પું. એ નામના એક જાતના લોક.

૨. પું. એ નામનું એક હિંદી પ્રજાસત્તાક રાજ્ય.

કોલિંજ ન. પેટનો દુખાવો.

કોલિંજન [સં. કુલંજન] ન. એક જાતની વનસ્પતિ. તે ઝાડ હળદરનાં જેવુંજ પણ જરા મોટું હોય છે. પાંદડાંની વાસ મધુર હોય છે. તેની સૂકવેલી ગાંઠોના કકડા કરી અથાણામાં નખાય છે. તે તીખું, કડવું, ઉષ્ણ, અગ્નિદીપક, રુચિકર, સ્વર્ય તથા હૃદ્ય છે. તે મુખ તથા કંઠની શુદ્ધિ કરનાર તથા મુખદોષ, કફ, ઉધરસ અને વાયુનાશક ગણાય છે.

કોલી ૧. પું. એક જાતનો ભરવાડી ચપળ કૂતરો.

તેના કાન ટૂંકા તથા છેડા પાછળ વળેલા હોય છે. તે રક્ષણ કરનાર અને ઘેટાંનું ધ્યાન રાખનાર છે.

૨. પું. તરગાળાની રમતમાં આવતો પહેલો વેશ.

૩. [સં. કૌલિક] પું. વણકર.

૪. પું. સોપારીનો એક રોગ.

૫. સ્ત્રી. કેલિ; ક્રીડા.

૬. સ્ત્રી. ગોદ; આલિંગન વખતે બે ભુજા વચ્ચેની જગ્યા.

૭. સ્ત્રી. ગોરી ગાય.

૮. સ્ત્રી. બોરડીનું ઝાડ.

૯. વિ. કુમળું; નાજુક.

કોલીઅર [અં.] ન. કોયલા ભરવાના કામમાં આવતું વેપારી વહાણ.

કોલીઅસ પું. સુંદર પાનવાળો એક છોડ. તેનાં પાંદડાં બબ્બેની જોડીમાં આવે છે અને છોડને ઘાટો બનાવે છે. ચોમાસામાં એક ઝીણો લીલો જીવડો આ છોડને નુકસાન કરે છે. તેને સાબુ તથા કેરોસીન મિશ્રિત પાણી છાંટવાથી જીવાત જતી રહે.

કોલીડિયમ [અં.] ન. લોહી બંધ કરનાર એક દવા.

કોલીફ્લાવર ન. ફૂલકોબી; એક જાતની શાકભાજી. તેમાં ફૂલનાં ગઠ્ઠા થાય છે. ફૂલ ખીલ્યા પહેલાં તેને કાપી લેવામાં આવે છે. આ છોડ નાના હોય છે ત્યારે એક જાતની ઇયળ તેને નુકસાન કરે છે. બી અરધું ચોમાસું વીત્યા પછી ખાતર પૂરેલી જમીનમાં વવાય છે.

કોલુ ૧. પું. ચિચોડો; શેરડીનો રસ પીલવાનો સંચો.

૨. ન. ઘરના એક ઓરડાને ધજા વાવટાથી તથા માણસો તથા દેવદેવીઓનાં રમકડાંથી શણગારી પ્રદર્શન ભરવાની દક્ષિણની રીત.

કોલુલાભ પું. ખેતીનું અને મહેસૂલનું ખર્ચ બાદ જતાં ખેડૂતને રહેલી ચોખ્ખી ઊપજ.

કોલું ૧. પું. શેરડીનો રસ કાઢવાનો સંચો; ચિચોડો.

૨. પું. હળ.

૩. સ્ત્રી. ખેતી.

૪. ન. શિયાળ.

૫. વિ. ઘઉંવર્ણું; ગોરૂં.

૬. વિ. તદ્દન દૂબળું.

૭. વિ. રતાશ પડતા સફેદ રંગનું.

કોલૂ ૧. પું. જાંગી; થાંભલાની આસપાસ બંને છેડે બાળકો બેસી ફેરવે છે તે રમતનું એક સાધન; ચેંચ.

૨. પું. તેલ વેંચવાનો ધંધો કરનાર માણસ; ઘાંચી.

૩. સ્ત્રી. એ નામની એક જાતિ.

૪. ન. એ નામની જાતિનું માણસ.

૫. વિ. એ નામની જાતિનું.

કોલેજ ૧. [અં. કૉલેજ] સ્ત્રી. ધંધા પ્રમાણે ભેગા થતા માણસોની સંસ્થા.

૨. સ્ત્રી. મહાવિદ્યાલય; ઉચ્ચ કેળવણી માટેની પાઠશાળા.

૩. સ્ત્રી. સરખા હક્ક તથા ફરજ ધરાવતા માણસોનું મંડળ.

કોલેજિયન [અં. કૉલેજિયન] પું. મહાવિદ્યાલયનો વિદ્યાર્થી.

કોલેણ સ્ત્રી. કોળણ; કોળીની સ્ત્રી.

કોલેદાદાર [ફા.] પું. પ્રભુની વાણી; કુરાને શરીફ.

કોલેરા [અં. કૉલેરા] પું. કોગળિયું; હગઓકનો એક રોગ. ઝાડા ઊલટીનું દરદ; વિષૂચિકા. શરીરમાં સોયો ભોંકાયા જેવી વેદના થાય છે તે ઉપરથી તેને વિષૂચિકા નામ આપેલું છે. દેશી વૈદ્યકમાં તેને અજીર્ણનો વ્યાધિ ગણેલો છે. આ રોગ લગભગ બધા દેશમાં ફેલાય છે. જો ચાંપતા ઇલાજ તરત જ લેવામાં ન આવે તો દરદી બચી શકે નહિ. ગરમ દેશમાં આ ભયંકર રોગ મનાય છે. કોલેરાનાં જંતુઓ ખોરાક કે પાણી સાથે પેટમાં ગયા પછી બારથી અઢાર કલાકની અંદર પેટમાં દુખાવો થાય અને પછી ઝાડા થવા માંડે. ઊલટી પણ થાય. ઝાડાનો રંગ સફેદ ચોખાના પાણી જેવો હોય. આ રોગના દરદીને તરસ લાગે, પેટમાં દુખાવો થાય અને વારંવાર ઝાડા ઊલટી થાય. ઝાડો રોકી શકાતો નથી અને ઊલટી થતાં જોર પડે છે. દરદીને એકદમ નબળાઈ જણાય છે. તેનાં હાથપગમાં ગોટલાં બાઝી જાય અને પીઠમાં દુખાવો થાય. ધીમે ધીમે દરદીનો દેખાવ ભયંકર થતો જાય છે. આંખો ઊંડી ઊતરી જાય અને ઉપર કાળું કુંડાળું થાય, નાક દબાઈ જાય, ગાલ બેસી જાય, હોઠ ભૂરા થઈ જાય અને અવાજ ધીમો પડે. કોલેરાના દરદીના ઝાડા ઊલટીમાં કોલેરાનાં અસંખ્ય જંતુઓ હોય છે અને તે ઊડીને ખોરાક, કાચી શાકભાજી, દૂધ અને પાણીમાં ભેળાવાથી આ રોગ ફેલાય છે. દરદીનાં ઝાડાઊલટી ઉપર માખી બેસી કોલેરાનાં જંતુઓ લઈ જાય છે અને તે જ માખી ખોરાક કે દૂધ ઉપર બેસીને તેમાં રોગનાં જંતુ મૂકે છે. દરદીને ગરમ બિછાનામાં સુવાડી રાખવો અને તેને શેકથી ગરમાવો આપવો. દરદીને પ્રથમ બાર કલાક સુધી ખોરાક આપવો નહિ. પોટાસ પરમેંગેનેટની બે ગ્રેનની ગોળીઓ દર પા પા કલાકે એકેક ગોળી પહેલા બે કલાક સુધી આપવી. આવી રીતે ઝાડો લાલ રંગનો આવતાં સુધી ગોળીઓ આપ્યા કરવી. જો ગોળી ન ગળાય તો પોટાસ પરમેંગેનેટનું રાતું પાણી ચમચી વતી દર પંદર મિનિટે પાવું. દરદીને તરસ લાગે તો થોડું સોડાનું પાણી આપવું. કોલેરાના દરદીને સ્વતંત્ર ઓરડામાં જુદો રાખવો. દરદીની આસપાસ માખી ન આવે તે જોવું. દરદીનો ઝાડો જંતુનાશક દવા નાખી બાળી દેવો. જંતુનાશક દવા ન મળે તો ગામને પાદરે દૂર ખાડો ખોદી ઝાડો દાટી દેવો. દાટતી વખતે ઝાડા ઉપર ચૂનો કે રાખ નાખવી. કોલેરાના દરદીએ વાપરેલાં કપડાં બને તો બાળી દેવાં, નહિ તો સાબુ લગાડી ગરમ પાણીમાં ઉકાળીને ધોવાં. આ રોગ ફેલાતો અટકાવવા પીવાનું પાણી અને દૂધ ઉકાળીને પીવું, સાંજ સવાર ગરમ ખોરાક ખાવો, કાચી શાકભાજી ખાવી નહિ, બજારમાં વેચાતાં કાપેલાં કે સડેલાં ફળ કે મીઠાઈ ખાવાં નહિ, ખાતાં પહેલાં હોથ મોઢું સાબુથી ધોવાં અને ખાવાનાં વાસણ સ્વચ્છ રાખવાં.

કોલો ૧. પું. કોલા રંગનો આદમી; ભૂરી ચામડીનો પુરુષ.

૨. પું. કૂવામાંનું દર કે કાણું.

૩. પું. ખાંચો; બે દીવાલથી પડેલો ખૂણો.

૪. પું. શિયાળ.

૫. વિ. ઊજળું; ગોરૂં.

૬. ન. (ભીલી) કોળું; કુષ્માંડ.

કોલોનજી પું. નાનાં કાળાં બિયાંવાળો એક જાતનો છોડ.

કોલોનિ [લે.] ન. પરદેશીઓએ વસાવેલું થાણું; વસાહત; સંસ્થાન.

કોલોસીઅમ ૧. [લે.] ન. મલ્લકુસ્તી વગેરે તમાશા કરવાનું ચોગાન.

૨. ન. રોમમાં આવેલું મોટા અખાડાનું જૂનું મકાન. હાલ તે ભાંગીતૂટી હાલતમાં છે. અસલ મકાનનો માત્ર ત્રીજો ભાગ જીર્ણ હાલતમાં રહ્યો છે. પણ તે ઉપરથી આખું મકાન કેવડું મોટું હશે તેનું અનુમાન થઈ શકે છે. અસલ મકાનને ફરતા ચાર તબકના ઝરૂખા હતા. તેમાં તમાશબીનો બેસતા. મનાય છે કે એ ઝરૂખામાં ૮૭૦૦૦ તમાશબીનને બેસવાની સગવડ રાખી હતી.

કોલોળ ૧. [હિં.] પું. એક જાતની આતશબાજી.

૨. પું. ચબરખી; ચિઠ્ઠી.

૩. પું. ચિતારાની પીછી.

૪. પું. દાઢીનો ઉપલો અણીવાળો ભાગ.

૫. પું. પુરુષની જનનેંદ્રિય.

૬. પું. મીઠાનો પાસાદાર કટકો.

૭. પું. લખવાનો કિત્તો; કલમ.

કોલ્કી [હિં.] સ્ત્રી. ગલી.

કોલ્ડ ૧. [અં.] સ્ત્રી. ટાઢ; ઠંડી.

૨. સ્ત્રી. શરદી; સળેખમ.

૩. વિ. ઠંડું; શીતળ.

કોલ્ડડ્રિંક [અં.] ન. ઠંડું પીણું; શરબત.

કોલ્ય ન. શાંડિલ્ય ગોત્રનું એ નામનું એક પ્રવર.

કોલ્યા ૧. [હિં] સ્ત્રી. ગલી.

૨. [સં.] સ્ત્રી. પીપર.

કોલ્યુબિડી (કોલ્યુબિડ઼ી) સ્ત્રી. ઝેરી સર્પની એક જાત; વાતવિલક નાગ.

કોલ્રેંગ સ્ત્રી. આસામમાં વપરાતી એક ભાષા.

કોલ્લ [સં.] પું. મહાભારતમાં જણાવેલો એક પ્રાચીન પર્વત.

કોલ્લક પું. (પુરાણ) એ નામનો ભારતવર્ષનો એક પર્વત.

કોલ્લગિરી પું. એ નામનો એક દેશ. આ પ્રદેશને યુધિષ્ઠિરના દિગ્વિજય વખતે સહદેવે જીતી લીધો હતો.

કોલ્લમ આંડુ [તા. કોલ્લ (પશ્ચિમનું) + આંડુ (વર્ષ)] પું. એક સંવત. આ સંવતને સંસ્કૃત લેખોમાં કોલંબ સંવત અને તામિલમાં કોલ્લમ આંડુ કહે છે. જુઓ કોલ્લમ સંવત.

કોલ્લમ સંવત પું. ભારતીય ચોત્રીશ માંહેનો એક સંવત; કોલંબ સંવત; પશ્ચિમી સંવત; પરશુરામ સંવત. તે ઈ.સ. ૮૨૫ થી શરૂ થવાનું મનાય છે. કોલ્લમ મલબાર કાંઠા ઉપરનું એક પ્રાચીન શહેર છે અને અગાઉ તે વેપાર માટે જાણીતું બંદર ગણાતું. શ્રી શંકરાચાર્યના સ્વર્ગવાસથી આ સંવત શરૂ થયો એમ પણ માન્યતા છે. આ સંવત મલબારથી કન્યાકુમારી સુધી અને તિન્નેવેલ્લિ જિલ્લામાં હજુ સુધી પ્રચલિત છે. ઉત્તર મલબારમાં તેનો પ્રારંભ કન્યાસંક્રાંતિ એટલે આશ્વિન માસથી થાય છે, જ્યારે દક્ષિણ મલબાર તથા તિન્નેવેલ્લિમાં સિંહસંક્રાંતિ એટલે ભાદ્રપદથી થાય છે.

કોલ્લાસૂના પું. સફેદ ફૂલવાળો બે ફૂટ ઊંચો એક છોડ.

કોલ્લુગ ૧. પું. શિયાળ.

૨. પું. શેરડી પીલવાનો ચિચોડો.

કોલ્વાગિરિ જુઓ કોલગિરિ.

કોલ્હટકર ૧. સ્ત્રી. એ નામની એક મરાઠી અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કોલ્હાગુંદો પું. મધ્યમ કદના ગુંદાનું ઝાડ.

કોલ્હી સ્ત્રી. શિયાળ.

કોલ્હું ન. શિયાળવું.

કોલ્હૂ ૧. [પ્રા. કોલ્હુઓ–કોલ્હુઉ–કોલ્હૂ] પું. (હિંદી) ઘાણી.

૧. કોલ્હૂકા બૈલ = (૧) ઘણો કઠણ પરિશ્રમ કરનાર માણસ; મહેનતુ માણસ. (૨) ઘાણીનો બળદ.

૨. કોલ્હૂમાં પડવા દેવું = તદ્દન નાશ કરવો.

૩. કોલ્હૂમાં પીલવું = (૧) ઘાણીમાં ઘાલવું. (૨) રિબાવી રિબાવીને મારવું.

૨. પું. ચિચોડો; શેરડીનો રસ કાઢવાનો સંચો.

કોલ્હો પું. શિયાળ.

કોવડામણ (કોવડ઼ામણ) ૧. સ્ત્રી. કોવડાવવું તે.

૨. સ્ત્રી. કોવડાવેલી વસ્તુ; સડો.

કોવડાવવું (કોવડ઼ાવવું) સ. ક્રિ. કોહે એમ કરવું; સોડવાવવું.

કોવડી (કોવડ઼ી) ન. ઇંદ્રજવ; અંદરજવ.

કોવત ન. એ નામનું એક ઝાડ. આ ઝાડ સીધું ઊગે છે. દડા જેવડાં તેનાં ફળ ખવાય છે.

કોવરાવવું સ. ક્રિ. કોહે એમ કરવું; સોડવાવવું.

કોવલા સ્ત્રી. નારંગીની એક જાત. તેનું વજન આશરે ૬ ઔંસ થાય છે.

કોવલાનીમ પું. એક ઊંચું ને સુશોભિત ઝાડ. તેને રણશિંગાના આકારનાં ધોળાં ફૂલ આવે છે.

કોવવું અ. ક્રિ. ફૂણું થવું; પીગળવું.

કોવાટ ૧. પું. સડો; કોહવાટ.

૨. વિ. કોવાઈ ગયેલું; સડેલ.

કોવાડ (કોવાડ઼) ૧. પું. જેને આધારે કોશનું પૈડું રહે તે લાકડું.

૨. વિ. કોદાળ; જાડી બુદ્ધિનું.

૩. વિ. સ્ત્રી. કુહાડીની ધાર જેવી. આ વિશેષણ વાણી અથવા બોલી માટે વપરાય છે.

કોવાડવું (કોવાડ઼વું) સ. ક્રિ. સડાવવું.

કોવાડી (કોવાડ઼ી) સ્ત્રી. કુહાડી.

કોવાડો (કોવાડ઼ો) પું. કુહાડો.

કોવાઢ સ્ત્રી. સમડી.

કોવાણ ૧. ન. આથો; ખમીર.

૨. ન. કોહવાટ; સડો; સડવું તે.

કોવાલ વિ. મૂર્ખ.

કોવાવું અ. ક્રિ. કોહે એમ થવું; સડવું.

કોવાશ સ્ત્રી. કાગવાશ; વાયસાન્ન; શ્રાદ્ધ નિમિત્તે નાખવામાં આવતો રાંધેલો પદાર્થ.

કોવિકા સ્ત્રી. કરહાટિકા; કુમુદિકા; મુષા; મુસ.

કોવિદ ૧. પું. (પિંગળ) ચતુસ્રજાતિ બત્રીશ માત્રાનો એક તાલ. તેમાં ૧, ૫, ૯, ૧૧, ૧૩ અને ૨૧ માત્રા ઉપર તાલ આવે છે.

૨. [સં. કિમ્ (કંઈ) + વિદ્ (જાણવું)] પું. કવિ.

૩. પું. કુશદ્વીપના લોકોની એ નામની એક જાત.

૪. પું. પંડિત; વિદ્વાન; 'ડૉક્ટર'.

૫. પું. શિવ.

૬. વિ. અનુભવી; પ્રવીણ.

૭. વિ. ડાહ્યું.

કોવિદાર ૧. પું. એક જાતનો ગુંદર.

૨. [સં.] પું. કચનાર; કાંચનવૃક્ષ; રક્તકાંચન નામનું ઝાડ; શિંબી વર્ગની એ નામની એક વનસ્પતિ. તેને કારેલ પણ કહે છે. એનાં લાલ ફૂલ અને પાંદડાં આશેતરા જેવાં પણ કદમાં જરા મોટાં હોય છે. તેનું લાકડું ઇમારતી કામમાં વપરાતું નથી.

૩. પું. કચનારનું ફૂલ.

૪. પું. ચાર ગાઉનું માપ.

કોવિયા પું. જાંબુડા રંગનાં ફૂલવાળો એક જાતનો વેલો.

કોવિલાકમ [મલ.] ન. તારાવાડ; સંયુક્ત કુટુંબ; અવિભક્ત કુટુંબ.

કોવું [સં. કુથ્ (ખરાબ ગંધ આવવી)] અ. ક્રિ. ભીની હવામાં ઘણી વાર રહેવાથી ગંધાતું થઈ જવું; છેક પોચું થઈ બગડી જવું; બગડવું; સડવું.

૧. કોહી બાંય કાપવી = ઊતરી ગયેલા મનવાળાને દૂર કરવું.

૨. કોહ્યા ધાન્ય જેવું = અળખામણું; કંટાળા ભરેલું; નમાલું.

કોશ ૧. પું. અંગનું રક્ષણ કરનાર વસ્ત્ર. જેમકે, અંગરખું, કોટ, બંડી.

૨. પું. અંડ; પેળિયો; વૃષણ.

૩. પું. અંતરાય.

૪. પું. આચ્છાદન; ચામડી વગેરે આવરણ.

૫. પું. આનંદ.

૬. પું. આવરણ; કોઈ પણ વસ્તુ સંઘરવા કે સાચવવાનું પાત્ર; ખાનું; ઘર.

૭. પું. ઈંડું.

૮. પું. ઉપસ્થ; પુરુષની ગુહ્યેંદ્રિય; લિંગ.

૯. પું. એક જાતનું યજ્ઞપાત્ર; ચમસ.

૧૦. પું. (શિલ્પ) એક પ્રકારનું ત્રિશાળ ઘર. તેના મુખ આગળ રસ્તાકાંઠે ચાર અલિંદ હોય, તે અલિંદો આગળ એક મંડપ હોય અને તે ઘરનું મુખ પશ્ચિમે હોય.

૧૧. પું. એક પ્રકારનું વાસણ. પ્રાચીન કાળમાં બે રાજા વચ્ચે સંધિ સ્થિર કરવા માટે તે વપરાતું હતું.

૧૨. પું. કમળનો ડોડો.

૧૩. પું. કરોળિયાની જાળ.

૧૪. પું. કૂવામાંથી પાણી કાઢવાનું ચામડાનું કે ધાતુનું પાત્ર; કોસ.

૧૫. પું. કોઠો; શરીરની અંદર કલ્પેલા પાંચ વિભાગ માંહેનો દરેક. પાંચ કોશ: અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય.

૧૬. પું. ખાણમાંથી તાજું નીકળેલું સોનું કે રૂપું.

૧૭. પું. ગર્ભસ્થાન; ગર્ભાશય.

૧૮. પું. ગોલક; સંપુટ.

૧૯. પું. ગોળાકાર પદાર્થ.

૨૦. પું. ઢગ; ઢગલો; સમૂહ.

૨૧. પું. તપાવેલા લોઢાને સ્પર્શ કરાવવો વગેરે સોગંદ.

૨૨. પું. થેલી.

૨૩. પું. દોઢ ગાઉ; બે માઈલનું માપ.

૨૪. [સં.] પું. નિઘંટુ; શબ્દોનો સંગ્રહ જેમાં કરેલો હોય એવો ગ્રંથ; અર્થ, પર્યાય વગેરે સહિત એકઠા કરેલા શબ્દનો ગ્રંથ; શબ્દસંગ્રહ.

૨૫. પું. પચીશ પગલાંની રમતમાં એ નામનો એક દાવ.

૨૬. પું. પરાગ; ફૂલ માંહેની રજ.

૨૭. પું. પીવાનું પાત્ર; શરબતનો પ્યાલો.

૨૮. પું. પેશાબ કરવાનું ઠામ.

૨૯. પું. પ્રાચીન કાળમાં થતો એક પ્રકારનો પરીક્ષાવિધિ.

૩૦. પું. ફણસ વગેરેની વચ્ચેનો પદાર્થ.

૩૧. પું. ફૂલની કળી.

૩૨. પું. (જ્યોતિષ) બૃહસ્પતિ અને શનિ સાથે કોઈ ત્રીજો ગ્રહ આવવાથી થતો યોગ.

૩૩. પું. બે હજાર ધનુષનું માપ.

૪ હાથ = ૧ ધનુષ
૨૦૦૦ ધનુષ = ૧ કોશ

૩૪. પું. ભક્તિનું સ્થાન; મંદિર.

૩૫. પું. ભંડાર; ખજાનો; તિજોરી; ધનાગાર.

૩૬. પું. મયાન.

૩૭. પું. મશક.

૩૮. પું. મેઘ્ર.

૩૯. પું. યોનિ.

૪૦. પું. લંબાઈનું એક માપ.

૨૦૦૦ દંડ = ૧ કોશ
૪ કોશ = ૧ યોજન.

૪૧. પું. સમૂહ.

૪૨. પું. સુશ્રુત અનુસાર ઘા ઉપર બાંધવાની એક પ્રકારની પટી.

૪૩. પું. સોનારૂપાના દાગીના; સોનારૂપાની વસ્તુ.

૪૪. સ્ત્રી. એકબાજુએ પાનાવાળો લોઢાનો લાંબો કટકો; નાની સાંગડી; જમીનમાં ખાડા ખોદવાનું એક ઓજાર; હળપૂણી.

૪૫. ન. છૂપું ઘર.

૪૬. ન. જાયફળ.

૪૭. ન. થર; પડ.

કોશક સ્ત્રી. એક જાતની શેરડી.

કોશકાર ૧. [સં.] પું. એક જાતની શેરડી.

૨. પું. એક જાતનો કીડો; રેશમનો કીડો.

૩. પું. ખજાનો કરનાર પુરુષ.

૪. પું. મયાન બનાવનાર માણસ.

૫. પું. શબ્દકોશ બનાવનાર વ્યક્તિ.

કોશકીટ [સં.] પું. રેશમનો કીડો.

કોશકો પું. લાકડાં કાપતાં પડતો કાંસકાના આકારનો ટૂંકો કકડો.

કોશકોટ સ્ત્રી. કાબુલ નદીની ખીણના પ્રાચીન નામ નુંગ્નીહર એટલે નવ નદીઓના સમુદાય માંહેની એ નામની એક નદી.

કોશકોદાળી ૧. સ્ત્રી. બ. વ. ખોદવાના કામમાં આવતાં એ નામનાં બે ઓજાર.

૨. સ્ત્રી. બ. વ. મોટી ઉધરસના રોગમાં છોકરાંની ડોકમાં પહેરાવવામાં આવતાં લોઢાનાં નાનાં કોશ અને કોદાળી.

કોશગુપ્તિ સ્ત્રી. ખજાનો સંતાડવો તે.

કોશગ્રહ [સં.] ન. ધન રાખવાનું સ્થળ.

કોશગ્રહણ [સં.] ન. સોગંદ લેવા તે.

કોશગ્રંથ પું. સંદર્ભ ગ્રંથ; 'રેફરન્સ બુક'.

કોશચક્ષુ [સં.] પું. સારસ.

કોશચંચુ [સં.] પું. સારસ પક્ષી.

કોશજ ૧. [સં.] પું. મોતી; મુક્તા.

૨. પું. રેશમ.

૩. પું. શંખ, છીપ વગેરેમાં રહેનાર જીવ.

કોશતરી સ્ત્રી. તરતાં બિલકુલ ન આવડવાપણું.

કોશતંતુ પું. કોશમાંથી નીકળતો તંતુ.

કોશતારો પું. કોશની પેઠે પાણીમાં ઝટ બૂડી જાય તેવો માણસ; જેને મુદ્દલ તરતાં આવડતું ન હોય તેવો માણસ.

કોશદ [સં.] ન. (શિલ્પ) એક જાતનું ત્રિશાળ ઘર; જે ત્રિશાળ ઘરના મુખ આગળ ત્રણ અલિંદ અને ડાબી તરફ એક અલિંદ હોય અને તે ઘરનું મુખ દક્ષિણ સામે હોય તેવું ઘર.

કોશનાયક [સં.] પું. કોશાધ્યક્ષ; ખજાનચી.

કોશપતિ [સં.] પું. કોશાધ્યક્ષ; ખજાનચી.

કોશપંચક ન. (વેદાંત) તરવારના મયાનની પેઠે આત્માને ઢાંકનાર પાંચ કોઠા. પાંચ કોશ: (૧) અન્નમય કોશ એટલે સ્થૂલ શરીર. (૨) પ્રાણમય કોશ એટલે પ્રાણ અને કર્મેંદ્રિયો, (૩) મનોમય કોશ એટલે કર્મેંદ્રિયો સહિત મન, (૪) વિજ્ઞાનમય કોશ એટલે જ્ઞાનેંદ્રિયો સહિત બુદ્ધિ અને (૫) આનંદમય કોશ એટલે કારણ શરીર અથવા સુષુપ્તિ.

કોશપાન [સં.] ન. એક પ્રકારનો પ્રાચીન પરીક્ષાવિધિ; તહોમતદાર અપરાધી છે કે નહિ તે જાણવા માટે અગાઉના વખતમાં કરાતી એક કસોટી. તેમાં તહોમતદારે એક દિવસ ઉપવાસ કર્યા બાદ પરીક્ષા વખતે કેટલાક પ્રતિષ્ઠિત લોકો સમક્ષ ત્રણ અંજલિ પાણી પીવું પડતું હતું.

કોશપાલ [સં.] પું. કોશરક્ષક; ખજાનચી; ખજાનાનું રક્ષણ કરનાર માણસ.

કોશપાલક [સં.] પું. કોશરક્ષક; ખજાનચી.

કોશપ્રવેશ્ય વિ. ખજાનામાં સ્વીકારવા જેવું.

કોશફલ ૧. [સં.] પું. અંડકોશ.

૨. પું. કાકડી, તરબૂચ વગેરે ફળ.

૩. ન. કક્કોલ નામે વનસ્પતિ.

૪. ન. જાયફળ.

૫. ન. બોર.

કોશફલા ૧. [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; નસોતર.

૨. સ્ત્રી. મહાકોષાતકી નામની વનસ્પતિ.

કોશમ જુઓ કોશામ્ર.

કોશમંત્રી પું. ખજાનચી; ખજાનાનો અથવા નાણાંપ્રકરણી પ્રધાન.

કોશર જુઓ કોશિર.

કોશરિયું ૧. વિ. કરકસરિયું; વધારે પડતું નહિ પણ જોઈતું ખર્ચ કરે એવું.

૨. વિ. કંજૂસ; બખીલ.

૩. વિ. કામનું આળસુ; એદી.

૪. વિ. નમાલું; નિર્માલ્ય; તાકાત વિનાનું.

કોશલ ૧. પું. એક રાગ. તેમાં ગાંધાર અને ધૈવત કોમળ અને બાકીના બધા શુદ્ધ સ્વર આવે છે.

૨. પું. કોશલ દેશમાં રહેનારી ક્ષત્રિય જાતિ.

૩. [સં.] પું. સરયૂના બંને કાંઠા ઉપરનો પ્રદેશ. ઉત્તર કિનારાનો ઉત્તર કોશલ અને

દક્ષિણ કિનારાનો દક્ષિણ કોશલ કહેવાતો. પ્રાચીન કાળમાં તેની રાજધાની અયોધ્યા હતી.

૪. ન. અયોધ્યા નગર.

૫. ન. પુરાણાં સોળ રાજ્યો માંહેનું એક રાજ્ય. તેની રાજધાની શ્રીવસ્તી હતી. તે અચિરવતી નદીને કાંઠે આવેલી હતી.

કોશલા ૧. સ્ત્રી. બાસઠ તેજસતત્ત્વદેવતા માંહેની એક.

૨. [સં.] સ્ત્રી. સરયૂ નદીના કાંઠા ઉપર આવેલી અયોધ્યા નગરી; કોશલ દેશની રાજધાની.

કોશલાત્મજા [સં.] સ્ત્રી. રામની માતા કૌશલ્યા.

કોશલિક [સં.] ન. રિશ્વત; લાંચ.

કોશલુ ન. હળની કોશનો અણીવાળો ભાગ.

કોશલેશ્વર ૧. [સં.] પું. કોશલ દેશનો રાજા.

૨. પું. પુરુષોત્તમ ભગવાનનું એક નામ.

કોશલેંદ્ર જુઓ કોશલેશ્વર.

કોશવતી ૧. [સં.] સ્ત્રી. ખજાનાવાળી સ્ત્રી.

૨. ન. કોષાતકી વૃક્ષ.

કોશવાસી જુઓ કોશસ્થ.

કોશવૃદ્ધિ ૧. [સં.] સ્ત્રી. અંડકોષ વધી જવાપણું; વધરાવળ નામે એક રોગ.

૨. સ્ત્રી. કુરંડક વૃક્ષ.

૩. સ્ત્રી. ધનસંગ્રહમાં વધારો.

કોશવ્યવસ્થા [સં.] સ્ત્રી. નાણાંશાસ્ત્ર; પૈસા સંબંધી શાસ્ત્ર.

કોશશાયિકા [સં.] સ્ત્રી. છરી; જમૈયો; મયાનમાં રહેનારી નાની તરવાર.

કોશસ્થ ૧. [સં.] પું. કોશેટો.

૨. પું. સુશ્રુત અનુસાર શંખલાં, શંખ, છીપ, શંબૂક, કકી એ પાંચ પ્રકારના જીવ માંહેનો એક.

કોશંકી ૧. સ્ત્રી. વાઘરીની એ નામની એક અટક.

૨. ન. એ અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કોશા ૧. સ્ત્રી. કંસાવતી નામની નગરી.

૨. સ્ત્રી. (પુરાણ) ભરતખંડની એ નામની એક નદી.

૩. ન. એક જાતનું રેશમી કાપડ.

કોશાકારપર્વતક [સં.] ન. કાળા રંગનું એક જાતનું ચંદન. તે ફૂલની કળીના આકાર જેવા પર્વતમાં ઉત્પન્ન થતું મનાય છે.

કોશાગાર [સં.] પું. ખજાનો; તિજોરી; ધનાગાર; ભંડાર.

કોશાતક ૧. [સં.] પું. યજુર્વેદની કઠ નામની શાખા.

૨. ન. કડવું તૂરિયું.

કોશાતકી ૧. [સં. કોશાતકિન્] પું. ઉદ્યોગ; ધંધો; વેપાર.

૨. પું. વેપારી.

૩. પું. સમુદ્રમાં થતો વડવાનલ અગ્નિ.

૪. સ્ત્રી. અઘાડો નામની વનસ્પતિ.

૫. સ્ત્રી. કડવાં તૂરિયાંનો વેલો. તેનાં પાંદડાંનો રસ છોકરાંઓને આંખનાં પોપચાંના સોજામાં આંખમાં નખાય છે. કમળામાં ફળનો રસ મધ અને ગળોના સત્ત્વ સાથે અપાય છે.

૬. સ્ત્રી. કડવી ગલકીનો વેલો.

૭. સ્ત્રી. કાકડીનો વેલો.

કોશાતક્યાદિ તૈલ [સં.] ન. કડવાં તૂરિયાંનો રસ તથા બીજી ઔષધિ નાખી બનાવેલું એક જાતનું તેલ. ઉપદંશ, વ્રણ અને ભગંદર ઉપર તે ફાયદો કરતું મનાય છે.

કોશાધિકારી [સં. કોશાધિકારિન્] પું. ખજાનચી; ભંડારી.

કોશાધિપતિ જુઓ કોશાધ્યક્ષ.

કોશાધીશ જુઓ કોશાધ્યક્ષ.

કોશાધ્યક્ષ [સં.] પું. ખજાનચી; ખજાનાનો ઉપરી અધિકારી; ભંડારી. પ્રાચીન કાળમાં આ અમલદારની હાર, કડાં વગેરે જડાવ દાગીના બનાવવા ઉપર દેખરેખ રાખવાની પણ એક ફરજ હતી.

કોશામ્ર [સં.] પું. કોશિંબનું ઝાડ; જંગલી આંબો; કોશમ. તેમાં પુષ્કળ ફળ આવે છે.

કોશાવધિ અ. એક ગાઉ સુધી.

કોશાંડ [સં.] પું. અંડકોષ; પેળ.

કોશાંબી સ્ત્રી. એ નામનું એક પ્રાચીન નગર; કૌશાંબી. તે કુશના પુત્ર કૌશાંબે વસાવ્યું હતું.

કોશિ ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉષ્ણિક છંદનો ભેદ છે. તેમાં ભગણ, નગણ અને લઘુ મળી સાત વર્ણ હોય છે.

૨. પું. (સંગીત) કનરા રાગનો એક પ્રકાર.

કોશિક [સં.] ન. કિલ્લાની ભીંતમાં પાડવામાં આવતું નાનું બાકોરૂં.

કોશિકાર [સં.] પું. રેશમનો કીડો.

કોશિકાષટ્ક [સં.] ન. ત્વક્, માંસ, રુધિર, મેદ, મજ્જા, હાડકાં એ ૭ સ્થૂલ દેહના ઘટક પદાર્થોનો સંગ્રહ.

કોશિયા ૧. પું. બ. વ. વૃષણ.

કોશિયા આમળવા = ખુશામદ કરવી.

૨. સ્ત્રી. કુંભારની એ નામની અટક.

૩. ન. એ અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

કોશિયાળો પું. હળમાં કોશ બરાબર બેસાડવા માટે વપરાતી ફાચર.

કોશિયું ૧. ન. કપાસ કાઢી લીધેલું જીંડવું; કાલિયું.

૨. ન. મોટી કોશ.

કોશિયો ૧. પું. એ નામનું કાબરથી મોટું કાળું પક્ષી. એની પૂછડી એનાથી મોટી હોય છે.

૨. પું. કુવેતી; કોસ ચલાવનાર માણસ; કોસ વતી પાણી કાઢનાર આદમી.

૩. પું. કોશની જેમ પાણીમાં તદ્દન ઊભો મારેલો ભૂસકો.

૪. પું. જેમાંથી કોસ ચાલતો હોય એવો કૂવો.

૫. પું. પાણીમાં ઊંચેથી ઊભા ઊભા ધૂબકો મારવો તે.

૬. પું. વૃષણ; અંડ.

કોશિર ૧. સ્ત્રી. કરકસર.

૨. સ્ત્રી. લોભ.

૩. સ્ત્રી. હાડકચર; શારીરિક પીડા.

કોશિલા સ્ત્રી. રામગંગાને મળનારી અયોધ્યા પ્રાંતની એક નદી. તેને કૂટિકોષ્ટિકા પણ કહે છે.

કોશિશ [ફા.] સ્ત્રી. ઉદ્યોગ; પ્રયત્ન; મહેનત.

કોશિંબ [સં. કોશામ્ર] પું. જંગલી આંબો. તે ડુંગરાળ દેશમાં અને કોંકણમાં બહુ થાય છે. તેનું ફળ ખાટું, ગુરુ, શોષકર, પિત્તકર, કફકર તથા કોષ્ટશોધક છે. વાયુ, કોઢ, અર્શ, સોજો, પિત્તવ્રણ, રક્તપિત્ત અને રક્તરોગનો તે નાશ કરનાર મનાય છે. તેનું તેલ જુલાબમાં વપરાય છે. તે કડવું, મધુર, બલ્ય, પથ્ય, રુચિકર, પાચક તથા સારક છે અને કૃમિ, કોઢ તથા વ્રણનાશક છે. એનું લાકડું ઘણું ચીકણું હોય છે. લાકડાનો ગાભો લાલ રંગનો હોય છે.

કોશી ૧. પું. એ નામનું એક હિંસક પક્ષી; કાળિયો કોશી; કોશિયો; ઢેંચાડિયો; કાગડાથી વધારે કાળું અને પૂછડીમાં ફાટવાળું માંસાહારી પક્ષી.

૨. [સં.] સ્ત્રી. ચંપલ; ચામડાની મોજડી; સપાટ.

૩. સ્ત્રી. ધાન્ય વગેરેનો આગલો ભાગ.

૪. વિ. સ્ત્રી. કોશવાળી; જેમાંથી પાણીના કોશ ચાલતા હોય તેવી.

કોશીકાનડા (કોશીકાનડ઼ા) સ્ત્રી. (સંગીત) કાન્હરા રાગિણીની અઢાર જાત માંહેની એક રાગિણી. જુઓ કાન્હરા. તે ગાવાનો વખત મધ્યરાત્રિનો છે. જાતિ ખાંડવ એટલે ખરજ, રિખવ તીવ્ર, ગંધાર કોમળ, મધ્યમ કોમળ, ધૈવત તીવ્ર અને નિષાદ કોમળ એ પ્રમાણે સ્વર આવે છે. માલકોશ અને વાઘેશ્વરીના મિશ્ર રૂપથી સંપૂર્ણ ગવાય છે. મધ્યમ પ્રધાન સૂર છે.

કોશીકાન્હરા જુઓ કોશીકાનડા.

કોશીટિયું ન. કોશના તરેલામાં નખાતી લૂગડાની બનાવેલી ઈંઢોણી. તેનાથી બળદને ચીપટી આવતી નથી.

કોશીર ૧. સ્ત્રી. અનારોગ્ય; મંદવાડ; સાધારણ માંદગી.

૨. સ્ત્રી. કરકસર; કસર; કોશર; કોસર; કૃપણતા; લોભ; વાપરવાનો સંકોચ.

૩. સ્ત્રી. કામમાં દિલદગડાઈ.

કોશીરાઈ સ્ત્રી. માંદગી; સહેજ મંદવાડ.

કોશીરિયું ૧. વિ. કરકસરિયું.

૨. વિ. કંજૂસ; કૃપણ; લોભી.

૩. વિ. કામ કરવાની દાનત વગરનું; કામનું ચોર; દિલદગડું.

કોશીસું ૧. ન. કળશ; ઘૂમટની ટોચ.

૨. ન. કોટ કે કિલ્લા ઉપર કરેલું બાંધકામ; કાંગરો.

૩. ન. કોટની બહારની ધારે કઢાતી અણીદાર કમાન.

૪. ન. ઢોલ નગારાનો અવાજ.

કોશેટો ૧. પું. કીટકની ચાર માંહેની ત્રીજી અવસ્થા.

૨. પું. કોકડું; રેશમના કીડાનું ઘર.

૩. પું. કોશવાસી; કોશસ્થ.

કોશેશ્વર [સં.] ન. મહાભારતમાં જણાવેલું એક પ્રાચીન તીર્થ.

કોશેષ જુઓ કોશિશ.

કોશ્ત ૧. સ્ત્રી. કમર.

૨. સ્ત્રી. મર્યાદા; હદ.

કોશ્યન સ્ત્રી. ભારતીય લિપિમાંની એ નામની એક.

કોષ ૧. [સં.] પું. અંડ; પેળ; વૃષણ.

૨. પું. આત્માને ઢાંકનાર પડ.

૩. પું. આંખનો ડોળો.

૪. પું. ઈંડું; એદું.

૫. પું. કમળનો ડોડો.

૬. પું. કૂવામાંથી પાણી કાઢવાનું ચામડાનું પાત્ર; કોસ.

૭. પું. કોઈ પણ વસ્તુ સંઘરવા અથવા સાચવવાનું પાત્ર; ખાનું.

૮. પું. કોશેટો.

૯. પું. ખજાનો; ભંડાર.

૧૦. પું. ખાણ.

૧૧. પું. ગર્ભસ્થાન; ગર્ભાશય.

૧૨. પું. ગુફા.

૧૩. પું. ગ્રંથિ; ગાંઠ.

૧૪. પું. ઘણી સાંકડી અને નાની ઓરડી; કોટડી.

૧૫. પું. ઘુમ્મટવાળા છાપરાની કિનારી વચ્ચેનો પોલો ભાગ.

૧૬. પું. ઝીણું કાણું; છિદ્ર.

૧૭. પું. તરવારનું મયાન.

૧૮. પું. પટારો; પેટી.

૧૯. પું. પુટાવલી; બરણી; 'બૅટરિ'.

૨૦. પું. પેશાબ કરવાનું ઠામ.

૨૧. પું. ફૂલનું અંતર્પટ; હીર.

૨૨. પું. રાજ્યની આઠ માંહેની એક પ્રકૃતિ. જુઓ અષ્ટપ્રકૃતિ.

૨૩. પું. શબ્દસંગ્રહ; શબ્દભંડોળ.

૨૪. પું. સજીવ દ્રવ્યના એકમ જથ્થાવાળી ઝીણામાં ઝીણી કોથળી; ચૈતન્યકણ; પિંડ; 'સેલ'. વનસ્પતિ અને પ્રાણીઓનાં શરીર જે ઈંટોનાં બન્યાં છે તે ઈંટોને કોષ કહેવાય છે. એક ટીપા પાણી જેટલી જગામાં ૨૦૦૦ કોષ હોય છે. આવા કરોડો અને અબજો કોષોથી આપણા દેહ બંધાયા છે. ખોરાક મેળવી આવા કોષો પોતાના દેહની વૃદ્ધિ કરે છે. એકના બે, બેના ચાર, ચારના સોળ અને સોળના ૨૫૬ એમ થઈ એકમાંથી બહુ થવાની જીવનલીલા આપણા શરીરોમાં ચાલી રહી છે. તેઓ દુશ્મન જંતુઓની સામે થાય છે.

૨૫. પું. સાધુની મઢી.

કોષક ૧. પું. જાયફળ.

૨. [સં.] પું. પેળ; વૃષણ.

કોષકર્તા [સં.] પું. શબ્દકોષ રચનાર; કોષકાર.

કોષકવચ ન. કોષની આસપાસનું પડ; કોષનું ઘરૂં.

કોષકાર ૧. [સં.] પું. અષ્ટપાદ; કરોળિયો.

૨. પું. એક જાતની શેરડી.

૩. પું. એક જાતનો કીડો.

૪. પું. કોષ બનાવનાર; શબ્દકોષનો કર્તા.

૫. પું. તરવારનું મયાન બનાવનાર માણસ.

૬. પું. રેશમનો કીડો.

૭. પું. સંચય કરનાર માણસ.

કોષકેશ [સં.] પું. કોષના ઉપર ઊગેલ વાળ જેવું રુવાંટું.

કોષકેંદ્ર ન. કોષનો મધ્યભાગ.

કોષગ્રહ [સં.] ન. ધન રાખવાનું સ્થળ; તિજોરી.

કોષગ્રહણ [સં.] ન. સોગંદ.

કોષગ્રંથિ [સં.] સ્ત્રી. કોષની ગાંઠ.

કોષજ [સં.] વિ. કોશમાંથી ઉત્પન્ન થયેલ.

કોષજાલ [સં.] સ્ત્રી. કોષોની જાળી જેવી રચના.

કોષદ્રવ્ય [સં.] ન. કોષની અંદરનો પદાર્થ.

કોષધર્મ [સં.] પું. કોષનું અંગ; કોષની ફરજ.

કોષનાયક [સં.] પું. ખજાનાનો ઉપરી; કોશપાલ.

કોષનીતિ [સં.] સ્ત્રી. આર્થિક નીતિ; નાણાકીય નીતિ.

કોષપંચક ન. અન્નમય, આનંદમય, પ્રાણમય, મનોમય અને વિજ્ઞાનમય એ પાંચ કોષ.

કોષપાલ જુઓ કોષનાયક.

કોષફલ ૧. [સં.] પું. એક જાતનો વેલો.

૨. ન. કક્કોલ.

કોષમય [સં.] વિ. ઝીણાં ખાનાંવાળું.

કોષમંત્રી [સં.] પું. ખજાનચી; આર્થિકમંત્રી.

કોષમાલા સ્ત્રી. બરણીઓનો સમૂહ; 'બૅટરિઝ'.

કોષરક્ષક [સં.] પું. ખજાનચી.

કોષરસ પું. કોષની અંદરની બાજુમાં આખા કોષમાં પ્રસરી રહેલ પારદર્શક અર્ધપ્રવાહી પદાર્થ; જીવનરસ.

કોષલા [સં.] સ્ત્રી. અયોધ્યા નગરી.

કોષવતી [સં.] સ્ત્રી. કડવું તૂરિયું.

કોષવિદ્યા સ્ત્રી. જીવવિદ્યાની એક શાખા; કોષની રચના, તેનાં કાર્યો, તેની સંખ્યામાં થતી વૃદ્ધિ વગેરે જણાવનારી વિદ્યા.

કોષવિભાજન ન. પોતાના જેવા જ બીજા કોષો ઉત્પન્ન કરવાની કોષની ક્રિયા.

કોષવૃદ્ધિ ૧. [સં.] સ્ત્રી. ખજાનાની વૃદ્ધિ; ધનસંગ્રહમાં વધારો.

૨. સ્ત્રી. વધરાવળ; વૃષણવૃદ્ધિ.

૩. ન. એ નામનું એક ઝાડ; કુરંડક.

કોષશાયિકા [સં.] સ્ત્રી. ચાકૂ; છરી.

કોષસ્થ ૧. [સં.] પું. કોશેટો.

૨. પું. શંખલું વગેરે જીવડું.

૩. વિ. કોષમાં રહેલ.

કોષા [સં.] સ્ત્રી. મહાભારતમાં જણાવેલી એક પ્રાચીન નદીનું નામ.

કોષાકાર [સં.] વિ. ગોળ આકારનું; વીંટી જેવું.

કોષાગાર [સં.] પું. ખજાનો; તિજોરી; ભંડાર.

કોષાટકી સ્ત્રી. એ નામની એક વનસ્પતિ.

કોષાણુ ૧. ન. ચૈતન્યકણ; પિંડ; 'સેલ'.
૨. ન. પેટમાં થતું જીવડું; કરમિયું.

કોષાત્મક [સં.] વિ. કોષ સંબંધી.

કોષાધિકારી [સં.] પું. ખજાનચી; કોષાધ્યક્ષ.

કોષાધ્યક્ષ [સં.] પું. ખજાનચી; ખજાનાનો અધિકારી; તિજોરીનો ઉપરી; ભંડારી.

કોષાશ્મરી [સં.] સ્ત્રી. મેદ; ચરબી; માથું, નાક, ગાલ, વગેરે ઠેકાણે જુવાનીમાં બહાર નીકળતો એક જાતનો ચીકણો પદાર્થ. આ દ્રવ્યની ગંધ કસ્તૂરીના જેવી છે અને તે બહુ જ માદક છે. આ નીરોગી શરીરનું લક્ષણ છે. તેમાંથી થતા વધારે પડતા સ્રાવ અને તેના ઉપરના જંતુઓના આક્રમણથી દાહ, વિસર્પ વગેરે અનેક રોગ થાય છે. આ રોગને અટકાવવા સાવધાન રહેવું જોઈએ. આ રોગને માટે ઉત્તમ ઔષધ ગંધક છે. ગંધકનો સાબુ અને ગંધકના મલમનો ઉપયોગ કરવો.

કોષાળુ વિ. કોષવાળું.

કોષાંબ પું. કોષની વચ્ચે કે કોષની અંદર થતો એક જાતનો પદાર્થ.

કોષી જુઓ કોશી.

કોષેશ ન. કોષના અંદરના પ્રાણરસમાં રહેલ દ્રવ્યરાશિ; કોષનું નિયામકબિંદુ. તેની આસપાસ દ્રવ્ય એકત્ર થાય છે.

કોષેશક પું. અંડકોષમાં આવેલો નાનો, નક્કર, ગોળ દડો.

કોષેશકવચ [સં.] ન. કોષેશને પ્રાણરસથી જુદો પાડનારી અને કોષને લપેટી લેનારી એક પાતળી ત્વચા.

કોષેશરસ પું. કોષેશની જાળીના વચલા ભાગની અંદરનો એક જાતનો રસ.

કોષેશીય [સં.] વિ. કોષેશ સંબંધી.

કોષ્ટ ૧. [સં.] પું. અનાજ વગેરે રાખવાનું સાધન; કોઠાર; કોઠી; વખાર.
૨. પું. આમ, મૂત્ર, અગ્નિ, લોહી અને અન્ન એ દરેકનું સ્થાન.
૩. પું. ઉદ્યાન.
૪. પું. ઉપલેટ.
૫. પું. એ નામનો એક ઋષિ.
૬. પું. એક જાતની વનસ્પતિ.
૭. પું. કાંઠો.
૮. પું. કિલ્લો; કોટ.
૯. પું. કોઠો; પેટનો મધ્ય ભાગ.
૧૦. પું. કોથળી; 'સેલ.'
૧૧. પું. ચાર સૂચક સાંકેતિક શબ્દ.
૧૨. પું. રાતો કોઢ.
૧૩. વિ. પોતાનું.

કોષ્ટક ૧. [સં.] ન. અનુક્રમે માંડેલી ટીપ.
૨. ન. આડી અને ઊભી સમાંતર લીટીઓ દોરવાથી થતી ચોખૂણી આકૃતિ.
૩. ન. આસન; ખાનું.
૪. ન. (ગણિત) એક જાતનો કૌંસ.
૫. ન. ઓરડો.
૬. ન. કોઠાર; વખાર.
૭. ન. કોઠો; બુરજ.
૮. ન. તિજોરી.
૯. ન. તોલ, નાણાં, માપ વગેરેના હિસાબો સહેલાઈથી કરવા માટે તૈયાર કરેલો એમના પરિમાણનો કોઠો; હિસાબ ગણવાનો માપ અગર સંખ્યાનો કોઠો.
૧૦. ન. પરિશિષ્ટ.
૧૧. ન. પાણી વગેરે ભરી રાખવાનું ટાંકું.

કોષ્ટપાલ ૧. [સં.] પું. કોટવાળ; ચોકીદાર; પહેરેગીર.
૨. પું. ખજાનચી; કોષાધ્યક્ષ.

કોષ્ટબદ્ધ પું. મલાવરોધ; કબજિયત.

કોષ્ટાગ્નિ [સં.] પું. જઠરાગ્નિ.

કોષ્ટિ ન. એક જાતનું ધાતુસત્ત્વશોધન માટે વપરાતું વાસણ.

કોષ્ટિકા સ્ત્રી. કોઠી; કોષ્ટી.

કોષ્ટી ૧. સ્ત્રી. અંત્યજની એક જાત; હરિજનની એક જાત; કાંતનાર તથા વણનાર લોકો. તેઓ દખણ, કર્ણાટક તરફ રહે છે.
૨. સ્ત્રી. કોઠી.
૩. સ્ત્રી. ધાતુઓ ગાળવા માટે વપરાતું સાધન. તે ઘણી જાતની થાય છે: અંગારકોષ્ટી, પાતાળકોષ્ટી, ગારકોષ્ટી, તિર્યકપ્રધમનકોષ્ટી. ખનિજમાંથી સત્ત્વ કાઢવાના ઉપયોગમાં તે આવે છે.

કોષ્ટુશીર્ષ પું. એક જાતનો વાયુરોગ. આ રોગથી ફૂલા વધે છે અને તેમાં વેદના થાય છે.

કોષ્ટોજ પું. સેલ્યુલોઝ નામનો એક પદાર્થ.

કોષ્ઠ ૧. [સં.] પું. ઉદર; પેટ.
૨. પું. એક જાતનું સુગંધી દ્રવ્ય; કોઠ.
૩. પું. કોઠાર; અનાજનો સંગ્રહ રાખવાનું સ્થળ.
૪. પું. કોઠી; ગોદામ; વખાર.
૫. પું. ઘરનો વચલો ભાગ.
૬. પું. પેટનો નીચલો ભાગ; મલાશય.
૭. પું. શરીરની અંદરનાં ૭ માંહેનું એક ચક્ર. તે નાભિ પાસે છે. તેને મણિપુર કહે છે.

કોષ્ઠક જુઓ કોષ્ઠ.

કોષ્ઠકાઠિન્ય [સં.] ન. મળ અટકાઈ જવાપણું; મલાવરોધ.

કોષ્ઠપાલ [સં.] પું. કારાવાસનો અધિકારી; જેલર.

કોષ્ઠબદ્ધ જુઓ કોષ્ઠકાઠિન્ય.

કોષ્ઠબદ્ધતા જુઓ કોષ્ઠકાઠિન્ય.

કોષ્ઠબુદ્ધિ [સં.] સ્ત્રી. કોઠારમાં પડેલું ધાન્ય જેમ સડે કે બગડે નહિ તેમ મેળવેલું જ્ઞાન જીવન પર્યંત નાશ પામે નહિ એવી બુદ્ધિ.

કોષ્ઠવલ્લી [સં.] સ્ત્રી. એક જાતની વેલ. લડાઈમાં રક્ષણાર્થે તેની સાદડીથી શરીર ઢંકાય છે.

કોષ્ઠશુદ્ધિ [સં.] સ્ત્રી. પેટનું મલ રહિત થવું તે; પેટ સાફ થઈ જવાપણું.

કોષ્ઠાગાર ૧. [સં.] પું. અનાજ રાખવાનું સ્થળ; કોઠાર; ધાન્યગૃહ.
૨. પું. ધનભંડાર.

કોષ્ઠાગારાધ્યક્ષ [સં.] પું. કોઠારનો ઉપરી.

કોષ્ઠિકા [સં.] સ્ત્રી. માટીની કોઠી.

કોષ્ઠી [સં.] સ્ત્રી. જન્મપત્રિકા; જન્મપત્રી.

કોષ્ણ ૧. [સં.] ન. ગરમ વસ્તુ.
૨. ન. લગાર ગરમ સ્પર્શ.
૩. વિ. કોકરવરણું; કોકરવું; સહેજ ગરમ; નવશેકું.

કોષ્ણસ્નાન [સં.] ન. નવશેકા પાણીથી નાહવું તે.

કોસ ૧. પું. અંતરનું એક માપ; દોઢ માઈલનું અંતર.
૨. પું. ઉકાળેલું જસત.
૩. પું. કપડાની બાંયનો વાળેલો ભાગ.
૪. પું. કૂવામાંથી ખેતર માટે પાણી ખેંચવાનું ચામડા કે લોઢાનું એક સાધન; મોટો ઢોલ. તેના ભાગ: કોઠો, સૂંઢ, કૂકિયું, વાડ, નાકરણ, સીંકરણ, માસ, ઢીંગલી, પૌંચો, કૂંકરી, વરત, ગરખોડ, રાસડી, ગળોઢ અને રાસડીબંધણું.
કોસ જોડવો = (૧) કોસ ચાલતો કરવો. (૨) બીજા કોઈને બોલવા ન દેતાં પોતે બોલ્યા કરવું.
૫. પું. ચામડાની કોથળા જેવી પાણી ખેંચવાની ડોઈ; બાલદી; બોખ.
૬. પું. (વહાણવટું) દક્ષિણનો પવન.
૭. સ્ત્રી. એક તરફ પાનું કાઢેલો લોઢાનો લાંબો કટકો; જમીન ખોદવાના હળમાં રાખવાનું લોઢાનું એક સાધન; પરાઈ; હળપૂણી.
૮. સ્ત્રી. કોસ વડે પાણી પવાતી જમીન.

કોસકૂવો પું. જેમાંથી કોસ વડે પાણી કઢાતું હોય તે કૂવો.

કોસકોદાળિયું ન. છોકરાંને મોટી ઉધરસ થાય ત્યારે સટકો કરવા માટે કોસ અને કોદાળીના આકારનું ડોકે પહેરવાનું એક સાધન.

કોસગિ જુઓ કાયોત્સર્ગ.

કોસણ [સં. કુક્ષિ] સ્ત્રી. કૂખ; પેટની નીચેની બાજુ; પેટનું પડખું.

કોસણવું [સં. કષ્] સ. ક્રિ. જરા જરા ચોળીને ભેગું કરવું; મેળવી દેવું.

કોસદરા ૧. વિ. બગાડેલું.

૨. વિ. રેતીવાળું.

કોસના પું. શાપ.

કોસનોહ સ્ત્રી. હાથની કોણી.

કોસમ ૧. [સં. કોશામ્ર] ન. અરીઠાના વર્ગનું એક જાતનું મોટું ઝાડ. ડાંગના જંગલમાં આનાં ઘણાં ઝાડ થાય છે. તેનું લાકડું ઘણું મજબૂત અને ટકાઉ હોવાથી ઘાણી, શેરડી પીલવાના કોલુ, સાંબેલાં, ખેતીનાં ઓજાર તથા ગાડાં વગેરે બનાવવામાં ઉપયોગી છે. કોલસા બનાવવા માટે તો તે ઉત્તમ લાકડું છે. તેનાં બીમાંથી નીકળતું તેલ જેના માથાના વાળ ખરી જતા હોય અથવા વધતા ન હોય તેને માટે સારૂં મનાય છે. આ તેલ બાળવાના તથા સાબુ બનાવવાના કામમાં પણ આવે છે. સુશ્રુતમાં લખ્યું છે કે આ તેલ ચોળવાથી કોઢ અને ફોલ્લા મટે છે. આ ઝાડની લાખ બહુ કીમતી ગણાય છે. ગ્રામોફોનની ચૂડીમાં, વાર્નિશમાં, પાલીસ કરવામાં, અરીસાની પાછળ લગાડવામાં, અને રંગોમાં એમ અનેક રીતે તે લાખ વપરાય છે.

૨. ન. કોસંબીનું ફૂલ.

કોસમિનાર પું. અંતરસૂચક સ્તંભ; 'માઈલ સ્ટોન'.

કોસમોસ ન. એક જાતનું ફૂલઝાડ. તેની ડાંડલી લાંબી વધે છે. તેને ગોળ ફરતી પાંખડીવાળાં જાતજાતનાં ફૂલ થાય છે. ફૂલની કળીઓ જાંબલી રંગની થાય છે. સૂવાની ભાજીનાં પાન જેવાં તેનાં પાન હોય છે.

કોસર ૧. સ્ત્રી. કરકસર; વાપરમાં સંકોચ.

૨. સ્ત્રી. કસર; સાધારણ માંદગી.

૩. સ્ત્રી. કામમાં દિલદગડાઈ.

૪. સ્ત્રી. સ્વર્ગમાં આવેલી નદી કે ફુવારો.

કોસરિયા ૧. સ્ત્રી. એ નામની કડવા કણબીની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કોસરિયું વિ. આળસુ; કામ ન કરે એવું. જુઓ કોશરિયું.

કોસલ ૧. [સં.] પું. અઠ્ઠાણુ માંહેનો એક દેશ. તેની રાજધાની શ્રાવસ્તી નેપાળમાં હિમાલયની તળેટીમાં આવેલી હતી. તેના ઉત્તર કોસલ અને દક્ષિણ કોસલ એમ બે ભાગ હતા. દિગ્વિજય વેળાએ ભીમસેને આ દેશ જીત્યો હતો. દક્ષિણ કોસલ દેશ મહા નદી અને ગોદાવરી એ બેની વચ્ચે પૂર્વ તરફ આવેલ હતો. રામનો પુત્ર કુશ અહીંનો રાજા હતો. એની રાજધાની કુશાવતી હતી.

૨. પું. કોસલ દેશનો રહેવાસી.

કોસલા ૧. [સં.] સ્ત્રી. અયોધ્યા પ્રાંત.

૨. સ્ત્રી. મહાભારતમાં જણાવેલી એક પ્રાચીન નદી.

કોસલાધિપતિ [સં.] પું. અયોધ્યાનો રાજા.

કોસલિયો પું. મંત્રીસભાનો સભાસદ; સલાહકાર; 'કાઉન્સેલર.'

કોસલી ૧. સ્ત્રી. તાજું નીકળેલું નવું પાંદડું.

૨. સ્ત્રી. હળની કોસ.

કોસલું ન. હળના ચવડા માંહેની લોઢાની કોસ; હળપૂણી.

કોસવરત ન. પીતથી કરેલ ઊપજવાળાને એ નિમિત્તે અપાતી બાબત.

કોસવા અ. ગાઉ જેટલે.

કોસવું અ. ક્રિ. શાપ દેવો.

કોસવેરો ૧. પું. કોસ અથવા કૂવા ઉપર લેવાતો વેરો.

૨. પું. પીઆવો.

કોસળિયું વિ. કામનું ચોર; લુચ્ચું.

કોસંબી ૧. સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેનાં ફૂલમાંથી કસૂંબાનો રંગ નીકળે છે.

૨. સ્ત્રી. કૌશાંબી; વંસ રાજ્યની રાજધાની.

૩. સ્ત્રી. લાલ રંગ.

કોસંબો ૧. પું. એક જાતની વનસ્પતિ. તેનાં ફૂલનો રંગ કેસરને મળતો છે, પણ તેમાં કેસરના જેવી વાસ હોતી નથી.

૨. પું. કસૂંબાનો રંગ. જુઓ કસૂંબો.

કોસા ૧. પું. (પિંગળ) એક સમજાતિ માત્રામેળ છંદ. તે દ્રૌપદી છંદનો ભેદ છે. તેમાં ત્રેવીસ ગુરુ અને છાસઠ લઘુ મળી નેવ્યાશી વર્ણની એકસો બાર માત્રા હોય છે.

૨. પું. શાપ.

૩. [હિં.] ન. એક પ્રકારનું રેશમ. તે સાફા અને પાઘડીના ખરનું હોય છે.

૪. ન. કામઠાનો છેડો.

૫. વિ. (કચ્છી) ઊનું.

કોસાકાટી સ્ત્રી. શાપ આપવો તે.

કોસાણી સ્ત્રી. (કચ્છી) ઉનામણી; પાણી ઊનું કરવાની દેગડી.

કોસાર (કોસ઼ાર) ૧. [સં.] પું. અનાજની મોટી ખાણ; અનાજ રાખવાનો મોટો ખાડો.

૨. પું. ગુફા; દર; બખોલ; મોટો ખાડો.

૩. પું. જમીન તરડી જવાથી અથવા ઉંદરથી પડી ગયેલ ખાડો.

૪. વિ. ઊંડું; જબરૂં; વિશાળ.

કોસારિયું (કોસ઼ારિયું) ન. ખેતરાઉ જમીન તરડી જવાથી અથવા ઉંદરથી પડી ગયેલ ખાડો.

કોસારિયો પું. કૂવામાંથી કોસ વડે પાણી ખેંચનાર માણસ.

કોસિયા ૧. સ્ત્રી. ચૂનો રાખવાની કૂંડી.

૨. સ્ત્રી. માટીનું નાનું કોડિયું.

૩. સ્ત્રી. વેશ્યા.

કોસિયો ૧. પું. ઊભા રહીને પાણીમાં ધૂબકો મારવો તે.

૨. પું. એક જાતનું પક્ષી.

૩. પું. કુવેતી; કોસ હાંકનાર; કોસ વડે પાણી કાઢનાર આદમી.

૪. પું. વૃષણ.

કોસી ૧. [સં. કૌશિકી] સ્ત્રી. નેપાલના પહાડોમાંથી નીકળી ચંપારણ પાસે ગંગાને મળતી એ નામની નદી. વિશ્વામિત્રની બેન સત્યવતી ઉર્ફે કૌશિકી જ્યારે પોતાના પતિ સાથે સ્વર્ગમાં ચાલી ગઈ ત્યારે આ નદીની ઉત્પત્તિ થયાનું અને એક માસ સુધી આના કિનારા ઉપર રહેવાથી એક અશ્વમેધ યજ્ઞનું ફળ મળવાનું મનાય છે.

૨. વિ. કોસવાળું.

૩. વિ. સ્ત્રી. (કચ્છી) ઊની.

કોસીટો ૧. પું. રેશમના કીડાનું કોકડું; કોશેટો.

૨. પું. રેશમનો કીડો.

કોસીડો (કોસીડ઼ો) પું. કુવેતી; કોસિયો; કોસ હાંકનારો.

કોસીબબો પું. એક જાતનું કરિયાણું.

કોસીરિયું ૧. ન. કોસ હાંકવાના તરેલામાંની એક સાંબેલ.

૨. વિ. કરકસર કરનાર; કંજૂસ; સૂમ.

કોસીસ [સં. કપિશીર્ષ] ન. કોટમાં ઓથે રહીને મારો કરવાને રાખેલ કાણું; કોસીસું.

કોસીસડું (કોસીસડું) ન. કોટ ઉપરનું નાનકડું શિખર.

કોસીસું ૧. ન. કોટ ઉપરનું શોભાનું નાનકડું શિખર; કાંગરો.

૨. ન. કોટમાંથી બંદૂક અથવા તોપ મારવા માટે રાખવામાં આવતું બાકું.

કોસીંદરૂં વિ. થોડું ગરમ.

કોસીંબ સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; કુસુમ.

કોસુગદ્દા [તે.] સ્ત્રી. કોબીનો છોડ.

કોસુગદ્દી સ્ત્રી. (કાનડી) કોબીનો છોડ.

કોસું ૧. [પ્રા.] ન. જુવાર બાજરીના ગાંઠામાંથી ફૂટેલો ફણગો.

૨. ન. બાણનો છેડો.

૩. વિ. કોકરવર્ણું; કોકીલું; થોડું ગરમ; હૂંફાળું.

૪. વિ. થોડું.

કોસુંબ પું. એ નામનો એક જાતનો છોડ.

કોસેટો જુઓ કોશેટો.

કોસેરિયો ૧. પું. કરકસર કરનાર; કરપી; કંજૂસ; સૂમ.

૨. પું. કોસ હાંકવાના તરેલામાંની એક સાંએલ.

કોસો ૧. પું. (પાલી) એકથી દોઢ માઈલનું અંતર.

૨. પું. બાંયનો વાળેલો ભાગ.

૩. પું. સાફા તથા પાઘડી માટેનું રેશમ જેવું કપડું.

૪. વિ. (કચ્છી) ઊનું; ગરમ.

કોસ્ટા સ્ત્રી. એ નામની એક જાતની કેરી. તે વજનમાં એકવીશ રૂપિયાભાર, તેની છાલ લીલી પીળી, અને દૂધની તર જેવો તેનો રસ પીળો અને લહેજતદાર હોય છે.

કોસ્ટિક સોડા [અં. કૉસ્ટિક સોડા] પું. એક જાતનો ખાર; દાહક સોડા.

કોસ્તો ૧. [હિં.] પું. ઝઘડો; તકરાર.

૨. પું. દુઃખ; પીડા.

કોહ ૧. [ફા.] પું. અંગારો.

૨. [હિં.] પું. કડાપો.

૩. પું. કપટ.

૪. પું. કષ્ટ; દુઃખ.

૫. (કોહ઼) પું. કૂવામાંથી પાણી બહાર ખેંચવાનું લોઢાનું કે ચામડાનું સાધન; કોસ.

૬. [પ્રા.] પું. કોથળો.

૭. પું. કોહવું તે; બગાડ; સડો.

૮. પું. ક્રોધ; ગુસ્સો.

૯. પું. ક્લેશ; ઉદ્વેગ.

૧૦. [હિં.] પું. ગલી; સાંકડો રસ્તો.

૧૧. પું. ચામડી ઉપર થતો એક જાતનો રોગ; કોહવારો. તેમાં ઘણાં ગૂમડાં થઈ ચાઠાંમાં પાક થાય છે.

૧૨. [ફા.] પું. પર્વત; પહાડ.

૧૩. ન. અર્જુન ઝાડ. તેની છાલ હૃદયરોગ ઉપર વપરાય છે.

કોહકન ૧. [ફા. કોહ (પર્વત) + કંદન (ખોદવું)] પું. પર્વત ખોદનાર માણસ.

૨. પું. ફર્હાદ; શીરીનનો આશક. તેણે શીરીનને મેળવવા માટે પર્વત ખોદ્યો હતો.

૩. ન. ગુફા.

કોહકાફ (કોહક઼ાફ઼) ૧. પું. અંધારાવાળી, એકાંત અને ન જઈ શકાય તેવી જગ્યા.

૨. પું. કોકેસસ પર્વત.

કોહખર (કોહખ઼ર) [હિં.] પું. જંગલી ગધેડો.

કોહચા [ફા.] પું. ટેકરી; નાનો પર્વત.

કોહડ (કોહડ઼) ૧. [હિં.] ન. કૂવાના મોઢા ઉપરનું ખોખું.

૨. જુઓ કોહલ.

કોહડો (કોહડ઼ો) પું. ઉખાણું; કોયડો.

કોહણ ન. કોહવું તે; સડો.

કોહતુર પું. એ નામનો એક પર્વત.

કોહની સ્ત્રી. કોણી.

કોહનીદાર કુર્સી = હાથાવાળી ખુરસી.

કોહપણ ૧. ન. કટકટિયાપણું; દોઢડહાપણ.

૨. ન. ચીકણાપણું.

૩. ન. ચીડિયાપણું.

૪. ન. નકામી ભૂલો કાઢ્યા કરવી તે; ખણખોદ; જેનાં તેનાં છિદ્રો ઉઘાડાં પાડવાનો સ્વભાવ; જેની તેની ખોદણી કરવાની ટેવ.

કોહપૈકર વિ. પર્વત જેવું મોટું.

કોહબા ન. એક જાતનો છોડ. તેનાં ડીંટ પાણીમાં ઘસી લગાડવાથી વીંછીના ડંખનું ઝેર શાંત થવાનું મનાય છે.

કોહમ્ [સં. કઃ (કોણ) + અહમ્ (હું)] પું. હું કોણ એવો આત્માએ વિચાર કરવો તે. જ્ઞાન પ્રાપ્ત થયા પછી કોહમ્ તે સોહમ્ એટલે તે હું એટલે જીવાત્મા તે પરમાત્મા થાય છે.

કોહર ૧. [સં. કુહેલિકા] સ્ત્રી. ઓસ; ઝાકળ; ધૂમસ.

કોહર પડવી-વરસવી = ઝાકળ પડવી.

૨. ન. એક ફળનું નામ.

૩. ન. કાળી જમીનમાં પાણી ભરાઈ પડતો ખાડો.

કોહરા ૧. ન. કેરો શહેર.

૨. ન. દરિયા ઉપર છવાઈ રહેતો અને દૂરથી જમીનનું મિથ્યાભાન કરાવતો ધૂમસ.

કોહલ ૧. [સં.] પું. એ નામનું એક વાદિત્ર.

૨. પું. એ નામનો એક પ્રાચીન આચાર્ય. તેણે શ્રુતિ સ્વર ઉપર ટીકા કરી છે.

૩. પું. એક જાતનો દારૂ; જવનો દારૂ.

૪. પું. એક નાટ્યશાસ્ત્રકાર મુનિ.

૫. પું. (પુરાણ) જનમેજયના સર્પસત્રનો એ નામનો એક સભ્ય.

૬. [અ.] પું. સુરમો.

કોહલ-ઉલ-જવાહીર = દવામાં વપરાતો મોતી ભેળવેલો સુરમો.

કોહલારાણી સ્ત્રી. હિંગળાજ દેવી.

કોહલુલજવાહીર ન. બિહારી કલમી આંબાની એક જાત.

કોહલું ૧. [સં. કુષ્માંડ] ન. કોળું; પદકાળું; સાકરકોળું.

૨. ન. ખડ્ગ; તરવાર.

૩. ન. લોંકડી; શિયાળ. એ મોટા કૂતરા જેવડું હોય છે. તેની પૂછડી જાડી અને વાળથી ભરેલી હોય છે. રાતની વખતે તે શિકાર શોધવા બહાર નીકળે છે. જપાનમાં તેને દેવતાઈ અવતાર તરીકે એટલે પવિત્ર માને છે. સફેદ રંગનાં કોહલાંની તેઓ પૂજા કરે છે. રોમન લોકો પણ એપ્રિલ માસમાં તેમના મેળાવડા વખતે કોહલાંની પૂજા કરે છે. તેની રીત એવી છે કે તેની પૂછડીને બળતી મશાલ બાંધી તેને ગોળ દોડાવે છે અને તેવી જ સ્થિતિમાં બળવા દે છે.

કોહલો પું. શિયાળ.

કોહવણ ન. કોહવું તે; સડો.

કોહવાટ જુઓ કોહવાણ.

કોહવાડ (કોહવાડ઼) જુઓ કોહવાણ.

કોહવાણ પું. કોહી જવું તે; સડો.

કોહવારો ૧. પું. ચામડીનો એક રોગ; કોહ.

૨. પું. સડી જવાની સ્થિતિ; સડો.

કોહવાવું જુઓ કોહવું.

કોહવું ૧. અ. ક્રિ. કોહ થવું; ચામડીનો એક જાતનો રોગ થવો.

૨. અ. ક્રિ. કોહવાણ થવું; બગડવું; સડવું.

કોહશિકન [ફા.] સ્ત્રી. એ નામની એક પુરાતની તોપ. તે ઈ. સ. ૧૭૬૮માં મુલતાનના અમીર નવાબ મુહમ્મદ શુજાખાન બહાદુરે તૈયાર કરાવી હતી. તેનું વજન ૧૧૦ મણ છે.

કોહસંજ્ઞા સ્ત્રી. (જૈન) મોહનીય કર્મના ઉદયથી જીવને ક્રોધદશા આવવાપણું.

કોહસાર ૧. પું. ડુંગરાઉ પ્રદેશ.

૨. વિ. ટેકરીઓવાળું; પહાડી.

કોહસ્તાન પું. ડુંગરાઉ પ્રદેશ.

કોહળાં ન. બ. વ. અગિયાર અથવા વધારે છોકરાંની ચોર અને રખેવાળના દેખાવવાળી મરદાની તથા મેદાની રમતનું નામ.

કોહળું ૧. [સં. કુષ્માંડ] ન. એક જાતનો વેલો. તેનાં પાન મોટાં થાય છે.

૨. ન. એક ફળ; કોળું. સારી જમીનમાં એક વેલામાં તે ૫૦ કે ૬૦ ફળ થાય છે. કોહળાંની પીળો ગર પૌષ્ટિક હોય છે. તેમાંથી સફેદ બી નીકળે છે. કોળાંનું શાક અને વડાં થાય છે. કોળું ઘણું જ ઠંડું હોય છે. કોળું ડીંટ સહિત હોય તો એક વરસ સુધી રહી શકે છે. એનો પાક વર્ષમાં બે વખત ઊતરે છે. પહેલો ભાદરવા કે આસોમાં અને બીજો પોષ કે માહમાં. કોહળું વૃષ્ય, પુષ્ટિકારક, ધાતુવર્ધક, બસ્તિશુદ્ધિકર્તા, બળકર, અતિ મીઠું, શીતળ, ગુરુ, રુક્ષ, સારક, હૃદ્ય અને કફકર્તા છે. તે મૂત્રાઘાત, પ્રમેહ, મૂત્રકૃચ્છ્ર, પથરી, તૃષા, અરુચિ, વાત પિત્ત રક્તવિકાર, વાયુ અને શર્કરાવિકારનો નાશ કરનાર મનાય છે.

કોહંડ પું. એક જાતનો વ્યંતર દેવતા.

કોહાટ ન. સડેલો પદાર્થ.

કોહાણ ન. કોહવું તે; સડો.

કોહાણા જુઓ કોહાલ.

કોહાન [ફા.] પું. બળદ કે ઊંટની ખૂંધ.

કોહાર ૧. પું. અનાજ ભરવાનો કોઠો.

૨. વિ. જબરૂં; મોટું; વિશાળ.

કોહારિયું ૧. ન. ખેતરમાં માટીવાળી જમીનમાં પડતું ઊંડું બાકોરૂં; તરડિયું.

૨. ન. સસલાનું દર.

કોહાલ પું. એક જાતનો કાઠિયાવાડી ઘોડો.

કોહાવું ૧. અ. ક્રિ. કોહી જવું; સડવું.

૨. અ. ક્રિ. ક્રોધ કરવો.

૩. અ. ક્રિ. નારાજ થવું; નાખુશ થવું.

૪. અ. ક્રિ. રાંધેલું બગડવું.

કોહાસા ન. એક જાતનું પક્ષી.

કોહાળો પું. એ નામનું એક શાક.

કોહિનૂર ૧. પું. એ નામનો એક ઘણો જ તેજસ્વી જગપ્રસિદ્ધ હીરો. તવારીખ મુજબ આ હીરો ઈ. સ. પૂર્વે ૩૨૦૦માં ગોદાવરીના કાંઠા ઉપરથી જડી આવ્યો હતો. હાલ તેનું વજન ૧૦૬$\frac{૧}{૧૬}$ કેરેટ એટલે ૪૨૪$\frac{૩}{૪}$ ગ્રેન છે. એમ કહેવાય છે કે આ હીરો પ્રથમ મહાભારતના યુદ્ધ વખતે રાજા કર્ણના કાનમાં હતો. પછી તે માળવાના રાજા વિક્રમાદિત્યના હાથમાં ગયો. સોળમા સૈકાની શરૂઆતમાં તે હીરો ગ્વાલિયરના એક રાજાએ ગોવળકોંડાના બાદશાહને આપ્યો હતો. ઈ. સ. ૧૭૩૯માં કરનાલના યુદ્ધ પછી મહમદશાહ પાસેથી તે નાદિરશાહને મળ્યો હતો. નાદિરશાહ પાસેથી અહમદશાહ દુરાનીએ મેળવ્યો. તેના વંશજ શાહશુજા પાસેથી આ હીરો રાજા રણજિતસિંહે લઈ લીધો હતો. છેવટમાં ઈ. સ. ૧૮૪૯માં તે અંગ્રેજોના હાથમાં ગયો અને બીજે વર્ષે ઈંગ્લંડની મહારાણી વિકટોરિઆને તે ભેટ કરવામાં આવ્યો. હાલ તે ત્યાંના રાજખજાનામાં છે. પહેલાં આ હીરો ૩૧૯ રતીનો હતો અને દુનિયામાં બધા કરતાં મોટો હીરો માનવામાં આવતો હતો. પણ હાલમાં ફરીથી તોળી જોતાં તે માત્ર ૧૦૨ાા રતી રહ્યો છે.

૨. પું. તેજનો અંબાર; તેજનો પર્વત.

૩. પું. વિષુવાંશ ૨૩૩ અને ઉત્તર ક્રાંત્યંશ ૨૭માં આવેલ બીજા મહત્ત્વનો તારો.

૪. સ્ત્રી. એક જાતની કેરી. તે ઓગસ્ટ માસમાં પાકે છે. તેનું વજન બે પૌંડ હોય છે.

કોહિસ્તાન ૧. [ફા.] ન. ઈરાક; 'મેસોપોટેમિઅ'.

૨. ન. જંગલ.

૩. ન. ડુંગરાવાળો પ્રદેશ; પહાડી પ્રદેશ.

કોહિસ્તાની ૧. સ્ત્રી. કશ્મીર તરફ બોલાતી એક પૈશાચી ભાષા.

૨. ન. પહાડી મુલકમાં વસનાર માણસ.

૩. વિ. જંગલી.

૪. વિ. ટેકરીઓવાળું; પહાડી.

કોહી ૧. [ફા.] પું. પહાડ ઉપર રહેનાર પુરુષ.

૨. સ્ત્રી. એક જાતનું બાજ પક્ષી.

૩. ન. એક જાતનું ઝાડ.

૪. વિ. ક્રોધી.

૫. વિ. પહાડી.

કોહીતુર પું. એક જાતનો બિહારી કલમી આંબો.

કોહુ વિ. હરકોઈ; કોઈ પણ એક; અમુક; ગમે તે.

કોહુકુંચું જુઓ કોહુ.

કોહેઅખઝર (કોહેઅખ઼્ઝર) પું. લીલો પર્વત.

કોહેઆતિશખેઝ (કોહેઆતિશખ઼ેઝ) પું. જ્વાળામુખી.

કોહેઆતિશફિશાં (કોહેઆતિશફ઼િશાં) [ફા.] પું. જ્વાળામુખી પર્વત.

કોહેકોહે વિ. આળસથી આમ તેમ રખડતું.

કોહેડો (કોહેડ઼ો) પું. અંકગણિતની સાધારણ રીતથી ન થાય તેવો હિસાબ; કોયડો.

કોહેતૂર [ફા.] પું. એ નામનો એક પર્વત.

કોહેબરશાની પું. બરફથી છવાયેલ શિખરવાળો પર્વત.

કોહેબર્ફાની (કોહેબર્ફ઼ાની) જુઓ કોહેબરશાની.

કોહેરવંદા જુઓ કોહેરવાન.

કોહેરવાન પું. ચાલતો પર્વત એટલે હાથી.

કોહેલું ૧. વિ. કોહપણુ કરે એવું; ચીકણું.

૨. વિ. ગંધાતું; દુર્ગંધમય; બગડેલું; સડેલું.

૩. વિ. જેને કોહ થયો હોય એવું.

૪. વિ. બળિયલ.

કોહેલો ૧. સ્ત્રી. ખ્રિસ્તીની એ નામની એક અટક.

૨. ન. એ અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કોહેસ [ફા.] સ્ત્રી. ઓસ; ઝાકળ.

કોહો ૧. [સં. કોથ; પ્રા. કોહ] પું. કોહોવાણ; સડો; સળો.

૨. પું. ચામડી વગેરે મેલથી સડે છે તે રોગ; ત્વચારોગ; માંસપાક; લોહીવિકાર. જુઓ કોહ.

૩. સ. કયો.

કોહોટું ૧. ન. કોઈ કામને માટે ધારેલો યોગ.

૨. ન. બોરિયું ભેરવવાનો નાનો ગાળો.

કોહોડ (કોહોડ઼) પું. એક જાતનો રોગ; કોઢ.

કોહોડિયું (કોહોડ઼િયું) વિ. કોઢવાળું; કોહોડવાળું.

કોહોડિયો (કોહોડ઼િયો) ૧. પું. હુકમ વિનાનો સિક્કો.

૨. વિ. પું. કોઢિયો.

કોહોણી સ્ત્રી. હાથનો વચલો સાંધો; જ્યાંથી હાથ ઊંચો નીચો વળે છે તે સાંધો.

કોહોનું સ. કયા શખ્સનું; કોનું.

કોહોને સ. કયા શખ્સને; કોને.

કોહોલી સ્ત્રી. શિયાળની માદા; શિયાળવી.

કોહોલું ૧. ન. દડો.

૨. ન. શિયાળ.

૩. ન. શેરડીનો રસ કાઢવાનું યંત્ર; કોલુ.

કોહોવાટ ૧. પું. કોહી જવું તે; સડો; સળો.

૨. પું. પાણી પચી રહ્યાથી જમીન ઉપરનો રોપ કોહી જવો તે.

કોહોવાડો (કોહોવાડ઼ો)] પું. કુહાડો; પરશુ; લાકડાં કાપવાનું હથિયાર.

કોહોવાણ જુઓ કોહોવાટ.

કોહોવાલો પું. કાનખજૂરો.

કોહોવું સ. ક્રિ. સડવું.

કોહોળાંપાક જુઓ કોળાંપાક.

કોહોળું જુઓ કોહળું.

કોહ્ય જુઓ કોહપણ.

કોહ્યલું ૧. વિ. કચાટિયું.
૨. વિ. કોહપણ કરે તેવું; સડેલું.
૩. વિ. ચીડિયું; બળિયલ.

કોહ્યાપણું ન. સડો.

કોહ્યાબોલું ૧. વિ. કચાટિયું; ચીકણું.
૨. વિ. ચીડિયું; તકરારી.
૩. વિ. મહેણાં મારે એવું.

કોહ્યાવેડા (કોહ્યાવેડ઼ા) પું. કચરાટિયાવેડા; કોહપણભર્યું વર્તન; પારકી ખણખોદ કરવાની ટેવ.

કોહ્યું ૧. વિ. કોહવાયેલું; બગડેલું; સડેલું.
૨. વિ. કોહાણભર્યું; ચીડિયું.

કોહ્યુંકૂચું વિ. સડેલું અને કૂચા જેવું.

કોળ ૧. પું. એક જાતનું જંગલી પ્રાણી. તેની પૂંછડીમાંનું પ્રવાહી બહુ જ ગંધ મારે છે.
૨. પું. કળ; મૂર્છા.
૩. પું. કોળિયો; ગ્રાસ.
૪. પું. ઘૂંસ; મોટો ને જાડો ઉંદર. તે રંગે કાળો, ભૂરો અને લાલ હોય છે. એને મોટી મૂછો હોય છે.
વકર્યો ઉંદર કોળ થાય = હરકોઈને બળ અને મસ્તાની આવે ત્યારે તે કાળ જેવો થઈ જાય છે.
૫. પું. ઝાકળ કે મેઘરવા વિના પૃથ્વીમાંથી વનસ્પતિમાં પાણી ઊંચું ચડી પાંદડાંમાં બાઝતાં મોતિયાં કે ટીપાં.
૬. પું. તાળી.
૭. પું. નદીકાંઠાની મીઠી જમીન.
૮. પું. નવાં આવેલાં ફૂલ; મોર. આંબલીનાં ફૂલ કોળ કે કોલ કહેવાય છે.
૯. પું. પ્રતિજ્ઞા.

કોળકંદ [સં. કોલકંદ] પું. એક જાતનો છોડ; પાણકંદો. આ છોડ ડુંગળીના જેવો જ થાય છે. તેનાં પાન પણ ડુંગળીનાં પાન જેવાં હોય છે. જમીનમાં ડુંગળીના કાંદા જેવા તેને કાંદા થાય છે. વણકર લોકોને તે કામ આવે છે. દવાના કામમાં પણ તે વપરાય છે.

કોળકોળામણો પું. ઝાડ કે પીપર ઉપર જલદી ચડી ઊતરવા ને કૂદી પડવાની કસરત મળે એવી એક સોરઠ તરફની રમત.

કોળણ ૧. સ્ત્રી. કાળી અથવા દયા વગરની સ્ત્રી.
૨. સ્ત્રી. કોળી જાતિની સ્ત્રી; કોળીની સ્ત્રી.

કોળપ સ્ત્રી. કુમાશ; સુંવાળાપણું.

કોળમડી (કોળમડ઼ી) સ્ત્રી. પાનખર ઋતુ પછી સવારે દેખાતી ઝાકળ.

કોળમી ન. એક જાતનું વંદા જેવું જીવડું.

કોળવડી (કોળવડ઼ી) સ્ત્રી. ઉંદરવાઈ; ઉંદરિયું; કોળવાઈ.

કોળવવું ૧. સ. ક્રિ. ઉછેરવું.
૨. સ. ક્રિ. ખીલવવું.

કોળવાઈ ૧. સ્ત્રી. ઉંદર પકડવાનું ચીપિયા જેવું એક સાધન; ઉંદરિયું; કોળ પકડવાનું પીંજરું.
૨. સ્ત્રી. જાળ.

કોળવું ૧. અ. ક્રિ. ઊછરવું; ઊઝરવું.
૨. અ. ક્રિ. ખીલવું; પ્રફુલ્લ થવું; વિકાસ પામવું.
૩. અ. ક્રિ. દેખાઈ આવવું.
૪. અ. ક્રિ. પાંગરવું; ફાલવું; ફૂટવું; ફૂલવું; ઝાડને નવા અંકુર ફૂટવા; નવપલ્લવિત થવું.

કોળશિંબી સ્ત્રી. કાળી વાલોળ.

કોળસુંદ ન. એક જાતનો વેલો. તેનાં પાનની ભાજી થાય છે.

કોળસુંદા સ્ત્રી. રાની બિલાડી.

કોળંબણ ન. કોળંભણ; વાવંટોળ સાથે વરસાદનું ચડી આવવું તે.

કોળંબો પું. ઝાડની ડાળી.

કોળંભણ જુઓ કોળંબણ.

કોળંભવું ૧. અ. ક્રિ. કોળવું; નવપલ્લવિત થવું.
૨. જુઓ કોળાંભવું.

કોળા વિ. (ભીલી) થોડા.

કોળાડું (કોળાડું) ન. કોળવાઈ.

કોળાપાક પું. એક જાતનો પાક; કોળાનો બનાવેલો પાક.

કોળાબડો (કોળાબડ઼ો) પું. એક જાતની રમત.

કોળામડી (કોળામડ઼ી) સ્ત્રી. એક દેશી રમત; ઓળકોળામણો.

કોળામણ ૧. સ્ત્રી. કૂંપળો ફૂટવી તે; કોળાવું તે.
૨. સ્ત્રી. કોરણ; કોળાંભ; પૃથ્વીના પૃષ્ટ તરફ ભેજનું ચડવું તે.
૩. સ્ત્રી. ખિલવણી.
૪. સ્ત્રી. ચૈત્ર માસમાં વનનું ફાલવાપણું.
૫. સ્ત્રી. પ્રસન્નતા.
૬. સ્ત્રી. વસંત ઋતુનો સમય.

કોળાવવું ૧. સ. ક્રિ. ખિલવાવવું.
૨. સ. ક્રિ. ઉછેરાવવું.

કોળાવું ૧. સ. ક્રિ. અભિમાનથી કે હર્ષથી ફુલાવું; પ્રફુલ્લિત થવું; રાજી થવું.
૨. સ. ક્રિ. ઉછેરાવું.

કોળાં સ્ત્રી. પેટલાદ તરફ રમાતી એક દેશી રમત. તેને કોળાંની ગાંઠ, ભૂરાં કોળાં પણ કહે છે. રમનાર ઓછામાં ઓછાં નવ તો જોઈએ જ. મોટા અને મજબૂત બે રમનાર ચોર થાય અને બીજા બે રખવાળ થાય. રખેવાળ પોતાના હાથમાં એકેક લૂગડાનો વણેલો ગોટીલો એટલે કોરડો રાખે. એક બીજો રમનાર એક જગ્યાએ પગ પહોળા કરી ઊભો રહે. તેને બંને પગે બાકીનાં બીજાં છોકરાં વળગીને બેસી જાય. તે કોળાં કહેવાય. પછી રખેવાળ થયેલા બે જણાં હાથમાં લૂગડાના કોરડા લઈ, બેઠેલાં છોકરાંની આસપાસ ફરી ચોકી કરે. ચોર લાગ જોઈ છોકરાંઓને પગેથી છોડાવી જાય. ચોકી કરનાર તેને કોરડા મારે. એમ બધાં છોકરાં પગેથી છોડાવી લે એટલે રમત પૂરી થાય.

કોળાંટ પું. કોળી.

કોળાંની ગાંઠ જુઓ કોળાં.

કોળાંપાક ન. (વૈદક) કુષ્માંડપાક; કોહોળાંપાક. પાકેલાં, જૂનાં, કઠણ, ભૂરાં કોહોળાંના ચારસો તોલા મગજને કલાઈવાળા વાસણમાં બાફી, પાણી નિચોવી ગાયના ઘીમાં સાંતળવો. પછી વંશલોચન, તજ, એલચી, લવિંગ, જાવંત્રી અને તમાલપત્ર એ દરેકના બબ્બે તોલાનું બનાવેલું વસ્ત્રગાળ ચૂર્ણ તેની સાથે ભેળવવું. ચારસો તોલા ધોયેલી સાકરની ચાસણી કરી તેમાં બે તોલા કેસરનું પાણી નાખવું અને પછી તેમાં દવાઓ ભેળવેલો કોહોળાંનો મગજ નાખી હલાવી થાળમાં ઢાળી તેનાં ચોસલાં પાડવાં. આ પાક ધાતુવર્ધક અને વાત, પિત્ત, કફ, ક્ષય, જીર્ણજ્વર, પ્રદર, પાંડુરોગ, સૂતિકારોગ અને રક્તદોષને દૂર કરનારો કહેવાય છે. તે બેથી દશ તોલા સુધી આપી શકાય છે.

કોળાંબડું (કોળાંબડું) ન. નમેલી ડાળી.

કોળાંબડો (કોળાંબડ઼ો) ૧. પું. એક રમત; ઓળકોળામડો. તે ઝાડની ડાળીઓ ઉપર રમાય છે.
૨. પું. ઝાડની નમેલી ડાળી.
૩. પું. વરસાદ આવતાં પહેલાંનો વખત.

કોળાંબે અ. ઊંચે; આંબી ન શકાય તેવે સ્થળે.

કોળાંબો પું. ઝાડની ડાળી.

કોળાંભ ૧. સ્ત્રી. ઊગી નીકળવું તે.
૨. સ્ત્રી. ઝાકળી વાદળાંની કોળામણ. કોળાંભ ઘણી હોય તે સાલનું ચોમાસું વહેલું અને રેલમછેલ નીવડે એવી માન્યતા છે.

કોળાંભડું (કોળાંભડું) ન. ઝાડ ઉપર ચઢી કે ઊતરી શકાય એવી ડાળી ઉપર રમાતી રમત.

કોળાંભડો (કોળાંભડ઼ો) જુઓ કોળાંબડો.

કોળાંભવું અ. ક્રિ. પોતાથી થયેલી વાછડી ઉપર ધણખૂંટનું ટપવું. તેવી વાછડી ત્રણ ચાર વરસની મોટી થતાં તે જ ધણખૂંટ તેના ઉપર ટપવા માંડે એટલે ખૂંટ કોળાંભી ગયો કહેવાય છે. ગાય જેવા પવિત્ર પ્રાણીનો ફાલ તેના બાપથી ન લેવો તે માટે ગામલોકો તે ખૂંટને બીજે ગામ મૂકી આવી ત્યાંનો ખૂંટ લઈ આવે છે.

કોળાંભું ન. ઝાડને છેવટ જ્યાં પાંદડાં ફૂટતાં હોય તે ડાળ; નાની ડાળ.

કોળાંભો પું. એક જાતની રમત. તેમાં ઝાડની ડાળીઓ ઉપર ચડવું અને ઊતરવું પડે છે.

કોળાંમી સ્ત્રી. દોઢ ફૂટ લંબાઈની લીલા રંગની ભીંગડાંવાળી માછલી. તે દરિયાને કાંઠે રહે છે અને ગીલથી તે પકડાય છે. તેને કાંટા ઘણા હોય છે.

કોળિયાર વિ. કોળીનાળીની વસતીવાળું.

કોળિયું ૧. ન. ઉંદરિયું.

૨. ન. કોળનું ઘર; કોળને રહેવાનું દર.

૩. ન. દોઢ ફૂટ લંબાઈની સામાન્ય પહોળી કાળા રંગની લીસી ચામડીવાળી એક જાતની માછલી. તેની પૂંછડીમાં ઝેરી કાંટા હોય છે. તે લાગવાથી જખમ થાય છે. તે મધદરિયામાં રહે છે અને જાળથી પકડાય છે.

૪. ન. બે હાથની બથમાં અને ખભા ઉપર લઈ શકાય તેટલું ઘાસ. મગ, મઠ વગેરેને ખેતરમાંથી કાપી લીધા પછી તેની નાની નાની ઢગલી કરેલી હોય છે તેને કોળિયાં કહે છે.

૫. વિ. ઊંડળમાં માય તેટલું; થોડુંક.

કોળિયો ૧. [સં. કવલ] પું. ગ્રાસ; નવાલો; મોંમાં એક વાર લઈ શકાય તેટલો ખોરાક.

૧. કોળિયાનું માર્યું નીચું જુએ = જેને જમાડ્યો હોય તે માણસ શરમ રાખે.

૨. કોળિયાવાળો હાથ મોં તરફ વળે = સાધારણ રીતે માણસની પ્રથમ દૃષ્ટિ સ્વાર્થ તરફ હોય.

૩. કોળિયે કોળિયે બિસમિલ્લા = પ્રસંગે પ્રસંગે જુદો લાગો લેવો.

૪. કોળિયો કરવો = (૧) ખાઈ જવું. (૨) પહોંચી વળવું.

૫. કોળિયો કરી જવો = ઉચાપત કરવું; ઓહિયાં કરી જવું; પચાવી પાડવું; વગર હક્કે લઈ લેવું.

૬. કોળિયો ગળી જવો = જવાબ ન દેવો; સાંભળ્યું ન સાંભળ્યું કરવું.

૭. કોળિયો પેટમાં ઊતરી જવો = ખાઈ જવું; પચાવી પાડવું.

૮. પહેલે કોળિયે જ માખી = શરૂઆતમાં જ વિઘ્ન.

૯. મોઢે આવેલો કોળિયો = લગભગ તૈયાર થયેલી સારી સ્થિતિ.

૧૦. લોહીનો કોળિયો = (૧) અપ્રિય ભોજન. (૨) નહિ ખાવા જેવો ખોરાક.

૨. વિ. થોડુંક.

કોળી ૧. પું. કાળો અથવા દયાહીન માણસ.

૨. પું. ઠાકરડો.

૩. સ્ત્રી. એક જાતનો વેલો; કોળાંનો વેલો.

૪. સ્ત્રી. ઓસરી.

૫. સ્ત્રી. કલ્લા; હાથની મુઠ્ઠીમાં સમાય તેટલાં રાડાં, સાંડી કે ઘાસ.

કોળી કરવી = ખડ કે લાકડાની નાની નાની ઢગલી કરવી.

૬. સ્ત્રી. ભીલની એક જાત. કોળી નામ કોળ એટલે હોડી ઉપરથી પડ્યું છે. તેમનો ધંધો દરિયામાં સફર કરવાનો કે માછલાં મારી તે ઉપર નિર્વાહ કરવાનો છે.

૭. સ્ત્રી. લૂંટારૂ.

૮. સ્ત્રી. શિખરબંધ મંદિરમાં દેવની અને ઘુંમટની વચ્ચેનો જાળીની અંદરનો ભાગ.

૯. વિ. ઠાકરડાની જાતનું.

કોળી માયલો કૂબો, એક મેલ્યો ને બીજો ઊભો = પુનર્લગ્નનો રિવાજ.

કોળીઆંકુંકાં ન. બ. વ. કોળી અને તેથી ઊતરતી જાતનાં માણસ.

કોળીકંકાળી ૧. પું. નીચ વર્ણનો માણસ.

૨. સ્ત્રી. તોફાની ટોળી.

કોળીકાંદો પું. એ નામની એક વનસ્પતિ; પાણકંદો.

કોળીખાંટ સ્ત્રી. કોળીની એક જાત. તેનો ધંધો ખેતી કે મજૂરીનો છે.

કોળીગેડિયા (કોળીગેડ઼િયા) સ્ત્રી. કોળીની એક જાત.

કોળીચૂંવાળિયા સ્ત્રી. કોળીની એક જાત. તે કાઠિયાવાડ, અમદાવાદ અને ચૂંવાળ તરફ રહે છે.

કોળીઠાણકર સ્ત્રી. કોળીની એક જાત. તે થાણા તરફ રહે છે અને માછીનો ધંધો કરે છે.

કોળીડું (કોળીડ઼ું) ન. બાળકને સૂવાનું ખોયું પહોળું રાખવા સારૂ ઘોડિયાને પાંગરે ભરાવેલા લાકડાના હાથેક લાંબા બે દંડામાંનો દરેક.

કોળીઢોર સ્ત્રી. કોળીની એક જાત. તે થાણા અને કોલાબા તરફ રહે છે અને વાંસ ફાડવાનો કે મજૂરીનો ધંધો કરે છે.

કોળીઢોલકિયા સ્ત્રી. કોળીની એક જાત. તે કાઠિયાવાડમાં રહે છે અને મજૂરી કરે છે.

કોળીતળપદા સ્ત્રી. ગુજરાતમાં વસતી કોળીની એક જાત.

કોળીદલવાડી (કોળીદલવાડ઼ી) સ્ત્રી. કોળીની એક જાત. તે ખેડા તરફ રહે છે અને કડિયા તરીકે કામ કરે છે.

કોળીનાળી ૧. [કોળી + નાળી (નિરર્થક શબ્દ)] પું. કોળી અને તેમના જેવી બીજી જાતના લોકો.

૨. પું. ધાડપાડુ; લૂંટારૂ.

૩. વિ. કોળી અને એના જેવું અનાર્ય કે શૂદ્ર જાતિનું.

કોળીપાટણવાડિયા (કોળીપાટણવાડ઼િયા) સ્ત્રી. કોળીની એક જાત. તે મધ્ય ગુજરાતમાં રહે છે અને ખેતીનો ધંધો કરે છે.

કોળીબારિયા સ્ત્રી. રેવાકાંઠા તરફ રહેતી અને ખેતીનો ધંધો કરતી કોળીની એક જાત.

કોળીમલહાર સ્ત્રી. થાણા તરફ રહેતી કોળીની એક જાત.

કોળીમહાદેવ સ્ત્રી. નાશક પૂના તરફ રહેતી કોળીની એક જાત.

કોળીમંડપ પું. હનુમાન અને ગણેશનો મંડપ.

કોળીમાજોઠિયા સ્ત્રી. કાઠિયાવાડમાં રહેતી અને ખેતીનું કામ કરતી કોળીની એક જાત.

કોળીરાજ સ્ત્રી. કોળીની એક જાત. તે થાણા નાશક તરફ રહે છે અને ખેડુત કે મજૂર તરીકેનો ધંધો કરે છે.

કોળીવળકિયા સ્ત્રી. કાઠિયાવાડમાં રહેતી કોળીની એક જાત. તે મજૂર તરીકે કામ કરે છે.

કોળીસોન સ્ત્રી. થાણા કોલાબા તરફ રહેતી અને માછીનો ધંધો કરતી કોળીની એક જાત.

કોળીસોલેસી સ્ત્રી. થાણા તરફ રહેતી અને ખેડૂત કે મજૂર તરીકે કામ કરતી કોળીની એક જાત.

કોળીંડા પું. બ. વ. ઘોડિયું છૂટું બાંધવા માટેના દોરીથી બાંધી શકાય એવી સગવડવાળા લાકડાના દંડિકા; દોરડાથી બાંધેલા હીંચકામાં કાણાં પાડીને નાખેલા લાકડાના દંડિકા.

કોળીંઢું ૧. ન. અંગરખાનું બોરિયું.

૨. ન. ઘોડિયાનો પાંગરો; બાળકને સૂવાનું ખોયું પહોળું રાખવા સારૂ ઘોડિયાને પાંગરે ભરાવેલા લાકડાના હાથ એકના લાંબા બે દંડા માંહેનો દરેક.

કોળું [સં. કુષ્માંડ] ન. કોહળું; ભોપલું; શાક તરીકે વપરાતું ભોંયવેલનું એક મોટું ફળ. તે ઘડાથી પણ મોટું, લંબગોળ, ફાતળીદાર, વજનમાં અધમણથી પચીશ શેર, ચપટાં પીળાં બિયાંવાળું અને લાલાશ પડતા ગરવાળું હોય છે. ભૂરૂં કોળું દવામાં વપરાય છે. આ શાકફળનું મૂળસ્થાન અમેરિક છે, પણ હવે તે બધે પુષ્કળ ઉગાડાય છે. આકાર, કદ અને રંગના તફાવત પ્રમાણે કોળાની ઘણી જાત છે. કેટલીક જાતનાં કોળાં ચપટાં, કેટલાંક લાંબાં, કેટલાંક લંબગોળ અને કેટલાંક ગદાકાર હોય છે. ગાયનું સડી ગયેલ છાણ, થોડી હાડકાંની ભૂકી અને લાકડાની રાખ નાખી તૈયાર કરેલી પોચી રેતાળ જમીનમાં તે વાવી શકાય. જમીનમાં છ છ ફૂટને અંતરે એક ફૂટ ઊંડા અને બે ફૂટ પહોળા ખાડા કરવા. પછી તેમાં ખાતર પૂરવું. જમીન સારી રીતે તૈયાર થાય ત્યારે દરેક ખાડામાં ત્રણ ચાર બી સાથે વાવવાં. કેટલીક જાતનાં કોળાંના વેલાને ઊંચે ચડવાનો સ્વભાવ છે. તેથી તેને યોગ્ય વખતે ટેકો આપવો. બી વરસમાં બે વખત વાવી શકાય. એક વખત ઉનાળામાં, અને બીજી વખત ઝાકળવાળી મોસમમાં. ગરમ ઋતુમાં કરેલ વાવેતરને સારી રીતે પાણી પાવું અને તેના ખેતરમાં નિંદણ રહેવા દેવું નહિ. તેનું ફળ પૂરેપૂરૂં પાકે ત્યારે શાક તરીકે વપરાય છે. કેટલીક જાતનાં કોળાંમાંથી મીઠાઈ પણ બને છે. ફળ આવતાં ત્રણથી ચાર માસ લાગે છે. તેનો પાક બનાવી સ્ત્રીના ઉદરરોગનો નાશ કરવા તથા પુષ્ટિ આપવા વૈદ લોકો વાપરે છે. તેનો મુરબ્બો પણ થાય છે. દિલ્હી તરફ તેનું પાણી કાઢી પાપડ બનાવાય છે. કોળાનું શાક ત્રણ રીતે થાય છેઃ (૧) કોરૂં, (૨) ખાટું અને (૩) તંજાવરી રીતનું. કોરૂં શાક કરવું હોય તો એક નાનું કોળું લઈ તેના ઉપરની છાલ છોલી નાખી તેના એક ઈંચ જેવડા કટકા કરવા. પછી તેમાં ત્રણ રૂપિયાભાર મીઠું ને બાર રૂપિયાભાર પાણી નાખી બાફવા. તે ચડી રહે એટલે તેમાં છ રૂપિયાભાર તુવેરની બાફેલી દાળ ને બે રૂપિયાભાર ભાજણીનો લોટ મેળવવો. પછી ચૂલે એક તપેલી મૂકી તેમાં બે રૂપિયાભાર ઘી નાખી તે તપે એટલે તેમાં એક રૂપિયાભાર અડદની દાળ ને દશ સૂકાં મરચાંના કટકા નાખી તેનો વઘાર થાય એટલે તેમાં તે શાક વઘારી તળે ઉપર હલાવી નીચે ઉતારી લેવું. આ શાક વાયુ કરનાર મનાય છે. ખાટું શાક કરવું હોય તો કોળાના કટકા કરી એક કલાઈવાળા તપેલામાં નાખવા. પછી સાડા ચાર રૂપિયાભાર આમલી, પચીશ રૂપિયાભાર પાણીમાં ચોળી તે પાણી તેમાં નાખવું. તેમ જ બે રૂપિયાભાર લાલ મરચાંનો ભૂકો ને તેટલું જ મીઠું નાખી ચૂલે મૂકી ચોડવવું. પછી દેવતા ઉપર કડછી તપાવી તેમાં ત્રણ રૂપિયાભાર ઘી નાખી તે તપે એટલે તેમાં બે માસા મેથી, ત્રણ માસા રાઈ, બે માસા જીરૂં, દશ સૂકાં મરચાંના કટકા અને મીઠા લીમડાની બે ડાંખળીનાં પાંદડાં નાખી તેનો વઘાર દેવો અને કડછીથી હલાવી શાક ઉતારી લેવું. આ શાકથી પિત્તનો નાશ થતો કહેવાય છે. તંજાવરી રીતે કોળાનું શાક કરવું હોય તો એકસો પચીશ રૂપિયાભાર કોળાંને ચીરી તેના ઉપરની છાલ છોલી નાખી અંદરનાં બી કાઢી નાખવાં. પછી તેના નાના કટકા કરી તેમાં અઢી શેર પાણી રેડી ચોડવવા. ચડે એટલે તેમાંથી પાણી નિતારી નાખી તેમાં ચાર માસા સૂકાં મરચાં, આઠ માસા કોપરૂં, ચાર માસા ધાણા અને બે માસા હળદર એટલી જણસો ઘીમાં સાંતળી, ઝીણી વાટી તેને સવાશેર પાણીમાં કાલવી તેમાં તે કટકા નાખવા. સોળ માસા આમલી પાણીમાં ચોળી તેનું પાણી તથા સોળ માસા મીઠું શાકમાં નાખી ચૂલે મૂકવું. તે ખદખદવા માંડે એટલે ઉતારી લેવું. પછી બીજું વાસણ ચૂલે મૂકી તેમાં સવાછ રૂપિયાભાર ઘી નાખી તે કકડે એટલે તેમાં ચાર માસા અડદની દાળ, ચાર માસા રાઈ, એક માસો જીરૂં અને મીઠા લીમડાની એક ડાંખળી નાખી વઘાર થાય એટલે તેથી શાક વઘારવું. પછી ચાર માસા ભાજણીનો લોટ અને આઠ માસા કોથમીર નાખી હલાવી ઉતારી લેવું.

૧. આખું કોળું કરવું = ઓહિયાં કરી જવું; હજમ કરી જવું.

૨. આખું કોળું શાકમાં ખપવું-જવું = પોલ ચાલવી; ભાવ ન પૂછવો.

કોળેકોળ અ. શ્વાસ રોકાઈ જાય તેમ.

કોળેકોળો ૧. અ. કળેકળ; કળ ચડે તેવી રીતે.

૨. અ. ખડખડાટ; મોટેથી.

કોળો ૧. પું. કલ્લો; જૂડો; મોટી કોળી.

૨. પું. કોળીને માટે વપરાતો તુચ્છકારનો શબ્દ.

૩. પું. ઘોડો.

૪. પું. તીરનું ભાથું.

કોં સ્ત્રી. અંગરખાની કસ.

કોંક પું. દક્ષિણ કર્ણાટક માંહેનો એક દેશ.

કોંકણ ૧. [સં.] પું. પશ્ચિમઘાટ અને અરબી સમુદ્રના કિનારાની વચ્ચે આવેલો સાંકડી પટ્ટી જેવો પ્રદેશ; પરશુરામક્ષેત્ર.

૨. ન. એ નામના દેશનું રહેવાસી માણસ.

૩. ન. એક જાતનું અસ્ત્ર.

કોંકણક ન. કોંકણ દેશનું રહેવાસી માણસ.

કોંકણજ જુઓ કોંકણક.

કોંકણપુર ન. તુંગભદ્રાના ઉત્તર કિનારા ઉપર આવેલું એક પ્રાચીન શહેર.

કોંકણસ્થ ૧. સ્ત્રી. દક્ષિણી બ્રાહ્મણની એક જાત.

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩. વિ. કોંકણનું; કોંકણ પ્રદેશમાં રહેનાર.

૪. વિ. મહારાષ્ટ્રી બ્રાહ્મણની એક જાતિનું.

કોંકણા ૧. સ્ત્રી. એક જાતની રાનીપરજની કોમ.

૨. સ્ત્રી. પરશુરામની માતા રેણુકા; કોંકણાવતી.

૩. ન. એ નામની જાતિનું માણસ.

૪. વિ. એ નામની એક જાતનું.

કોંકણાવતી જુઓ કોંકણા ૨.

કોંકણાસુત પું. પરશુરામ.

કોંકણી ૧. સ્ત્રી. કોંકણ દેશની ભાષા. તે આર્ય અને દ્રાવિડ ભાષા મળીને થયેલી છે.

૨. વિ. કોંકણનું; કોંકણ દેશને લગતું.

કોંકણેશ [સં.] પું. કોંકણ દેશનો રાજા.

કોંકલું વિ. દૂબળું, નબળું; માયકાંગલું.

કોંક્રીટ ન. કપચી અને સિમેંટનું બનાવેલ ઢેફું.

કોંખ [સં. કુક્ષિ] સ્ત્રી. કૂખ.

કોંગ જુઓ કોંક.

કોંગમ પું. કોંકણ દેશ.

કોંગુ પું. મદ્રાસ ઇલાકામાં કોઈમ્બતુર અને સાલમની આસપાસનો પ્રદેશ. તીનેવલ્લી અને ત્રાવણકોરના કેટલાક ભાગનો તેમાં સમાવેશ થતો.

કોંગો ૧. પું. આફ્રિક માંહેનો એક દેશ.

૨. સ્ત્રી. આફ્રિકમાં આવેલી એક નદી.

૩. સ્ત્રી. એક જાતની કાળી ચા.

કોંગ્રેસ ૧. [અં.] સ્ત્રી. અખિલ ભારતીય રાષ્ટ્રીય મહાસભા.

૨. સ્ત્રી. જુદા જુદા ભાગના પ્રતિનિધિઓની સભા; જુદા જુદા રાજ્યના, એક જ રાજ્યના કે જુદા જુદા દેશના પ્રતિનિધિઓ એકત્ર થઈને રાજદ્વારી હક્કો માટે વિચાર કરે તે મંડળ; મહાપરિષદ; મહાસભા.

કોંગ્રેસહાઉસ [અં.] ન. મહાસભા કે પરિષદનું મકાન.

કોંચલ ૧. પું. હથિયારનો અવાજ કે ખડખડાટ.

૨. વિ. ગીચોગીચ; ભરચક.

કોંચલી ૧. સ્ત્રી. ભૂંડનું દાતરડું.

૨. સ્ત્રી. લાંબો દાંત.

કોંચું વિ. ચીમળાઈ ગયેલું.

કોંજીવરમ ન. મદ્રાસ ઇલાકામાં આવેલું પુરાતન અને પવિત્ર એક શહેર. તેમાં દક્ષિણ હિંદની ઇતિહાસપ્રસિદ્ધ વિદ્યાપીઠ હતી.

કોંઝું વિ. ખરાબ.

કોંટ ૧. સ્ત્રી. ખૂંધ; બળદ અથવા ઊંટની કાંધ પાસેનો ઊંચો ભાગ.

૨. ન. એક જાતનું ફળઝાડ. એનાં પાન પાંખ જેવા આકારનાં અને કાળાશ પડતા લીલા રંગનાં હોય છે. તેના થડની છાલ કાળા રંગની હોય છે. એનાં મૂળ જમીનમાં ખૂબ ઊંડાં જાય છે. તેનાં દડા જેવાં ફળ ઉપર સફેદ કડણ પડ હોય છે. તેની અંદરનો મગજ કાચો હોય ત્યારે સફેદ અને પાકયા પછી રાતો થાય અને ખવાય છે.

કોંટાઈ ૧. સ્ત્રી. ઝેર.

૨. સ્ત્રી. મગરૂરી; ગર્વ.

૩. સ્ત્રી. રીસ; ગુસ્સો.

૪. ન. એક જાતનું અફીણ.

કોંટાવું અ. ક્રિ. કોંટો ફૂટવો.

કોંટિયાપણું ન. ઠૂંઠા હોવું તે.

કોંટિયું વિ. ઠૂંઠું.

કોંટી ૧. સ્ત્રી. તરવાર મયાનમાંથી સરી ન પડે માટે બંધાતી સાંકળ કે દોરી.

૨. સ્ત્રી. દાખલાની કૂંચી; ગુંચાળો હિસાબ ઉકેલવાની ટૂંકી રીત.

૩. સ્ત્રી. યુક્તિ; તદબીર.

કોંટીબાજ વિ. કાવાદાવા કરનાર; ખટપટિયું.

કોંટો ૧. પું. અભિમાન; અહંકાર; ગર્વ.

૨. પું. અંકુર; ફણગો.

૩. પું. ખારેકનું બારદાન.

૪. પું. જોર; બળ.

કોંટ્રાક્ટર ૧. [અં.] પું. ઇજારદાર.

૨. પું. કોઈપણ કામ ઊધડું રાખી કરી આપનાર માણસ.

કોંઠ ૧. [સં. કપિત્થ] સ્ત્રી. એક જાતનું ઝાડ. તેનું ફળ તરસ મટાડનાર, વાતહર તથા પિત્તહર છે.

૨. સ્ત્રી. બળદની ડોક ઉપરની ખૂંધ.

૩. વિ. ખૂંધવાળું.

કોંઠિયા ૧. સ્ત્રી. લેઉઆ કણબીની એ નામની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

કોંઠિયું વિ. ખૂંધવાળું.

કોંઠો પું. ભરોસો; વિશ્વાસ.

કોંડ ૧. સ્ત્રી. બંગાળ તરફના બ્રાહ્મણની એક જાત.

૨. સ્ત્રી. મદ્રાસ તરફ બોલાતી એક ભાષા.

૩. ન. એ નામની બ્રાહ્મણની જાતનું માણસ.

૪. વિ. એ નામની જાતનું.

કોંડબાર ૧. વિ. સાંકડું.

૨. વિ. સીધું.

કોંડવું અ. ક્રિ. કાયર થવું; થાકી જવું.

કોંડા ન. થૂલું; બાકી વધેલો રસકસ વગરનો પદાર્થ.

કોંડાન્ય પું. કપિલવસ્તુનો એ નામનો એક બ્રાહ્મણ.

કોંડિન્ય પું. (પુરાણ) કુંડિન કુળમાં ઉત્પન્ન થયેલો એક બ્રહ્મર્ષિ. યુધિષ્ઠિરે અશ્વમેધ યજ્ઞ કર્યો તેમાં તે વરણીમાં હતો.

કોંઢ જુઓ કોંટ.

કોંઢા ૧. પું. કોળાંનો વેલો.

૨. ન. કોળું.

કોંઢી ૧. સ્ત્રી. અંગરખાનો એક ભાગ.

૨. સ્ત્રી. કળીચૂનો.

૩. સ્ત્રી. તમાકુ પીવાની નળી.

૪. સ્ત્રી. નવું ફૂટતું પાંદડું.

૫ સ્ત્રી. પીછું.

૬. સ્ત્રી. ફૂલની અણખીલી કળી.

કોંત [સં.] સ્ત્રી. ભાલું.

કોંતડાઈ જવું (કોંતડ઼ાઈ જવું) અ. ક્રિ. વધારે વરસાદથી ડૂંડાંનું અંદરથી સડી જવું.

કોંતલ ૧. પું. સવારીનો શણગારેલો ઘોડો.

૨. વિ. જેના ઉપર સવારી ન થઈ શકે એવું.

૩. વિ. માતેલું; બહુ જોરાવર.

૪. વિ. લુચ્ચું; પ્રપંચી.

કોંતાર ૧. પું. દાબ; બીક; ભય.

૨. પું. હાથીને કાબૂમાં રાખવાનું હથિયાર; અંકુશ.

કોંદગોગુ ન. એ નામનું એક ઝાડ. જુઓ કુંભી.

કોંદરેટ [અં. કવૉડ્રૅટ] ન. છાપખાનામાં ગોઠવાતા અક્ષરોની વચમાં ભરવાને માટે અક્ષરના કરતાં ઊતરતા કદનું બીબું.

કોંધ સ્ત્રી. વાસણ ઘડવા માટે કુંભારે કરેલો ગોળાકાર ખાડો.

કોંધા સ્ત્રી. એક જાતની તુંબડી.

કોંધાવવું અ. ક્રિ. વાસણ ઘડીને ઠારવા માટે રાખમાં ખાડો કરી દાટવું.

કોંપલ [હિં.] પું. નવો કોંટો; ફણગો; અંકુર.

કોંબડા (કોંબડ઼ા) ૧. [મ.] પું. એક જાતનું પક્ષી; કૂકડો.

૨. ન. એક જાતનો છોડ. એનાં પાન કાતરાદાર, લાંબાં અને પહોળાં હોય છે. એનાં વેંત એક લાંબાં, કાળાં અને વીંછીના આકારનાં મૂળ દવામાં વપરાય છે.

કોંબુ ન. શરણાઈની જાતનું એક વાજિંત્ર.

કોંસલ ૧. [અં. કાઉન્સેલ] સ્ત્રી. છૂપી વાતચીત.

૨. સ્ત્રી. મંડળી.

કોંસિયું ન. કાલામાંથી કપાસ કાઢી લેતાં બાકી વધેલું કાલિયું.

કોંહડા (કોંહડ઼ા) [હિં.] ન. સીતાફળ.

કૌ ૧. સ્ત્રી. પૃથ્વી.

૨. વિ. કેટલું.

૩. અ. કયારે.

કૌઆ ૧. પું. કાગડો.

૨. પું. પોપટની જાતનું એક પંખી.

કૌઆઠોડી સ્ત્રી. ધોળી પીલૂડી.

કૌઆડોઢી જુઓ કૌઆઠોડી.

કૌઆપરી સ્ત્રી. કાળી બદસૂરત સ્ત્રી.

કૌઆલિ પું. (સંગીત) એ નામનો એક તાલ.

કૌકટ પું. કૃષ્ણ; વાસુદેવ.

કૌકટક [સં.] પું. મહાભારતમાં જણાવેલો એક પ્રાચીન દેશ.

કૌકબ [અ.] પું. તારો; ગ્રહ.

કૌકએહ ન. એક જાતનું બાદશાહી રાજચિહ્ન.

કૌકવા જુઓ કૌકએહ.

કૌકિલાક્ષ [સં.] ન. એખરાનું ઝાડ.

કૌકુટ્ટક જુઓ કૌકટક.

કૌકુટ્ટમ જુઓ કૌકટક.

કૌકુર પું. (પુરાણ) કુરુવંશના કારસ્કાર રાજાનું બીજું નામ.

કૌકુરુંડિ પું. (પુરાણ) ઉત્તમ મન્વંતર માંહેના સપ્તર્ષિઓમાંનો એક.

કૌક્કુટિક ૧. [સં.] પું. કીડા વગેરે મરવાના ભયથી જગ્યા જોઈ ચાલનાર સંન્યાસી; યતિ.

૨. વિ. કપટી; ઢોંગી; દંભી; પાખંડી.

કૌક્ષ ૧. [સં.] ન. ઉદરપ્રદેશ; પેટ.

૨. વિ. ઉદર સંબંધી.

કૌક્ષેયક [સં.] પું. કુખે બાંધેલી તલવાર.

કૌચ ૧. સ્ત્રી. એક જાતનો વેલો; કપિલતા; કોલવલ્લિકા; નાળી. આ વેલા માગશરમાં ઊગે છે. તેનાં પાનની બાજુએ લાંબું ડીંટ ફૂટી

ફૂલોનો ઝૂમખો આવે છે. તેમાં પાંચથી દશ સુધી નાની શિંગ થાય છે. શિંગ ઉપર બારીક કાંટા હોય છે. તે કાંટા શરીરને લાગે તો બળતરા થઈને તે ભાગ સૂજે છે. શિંગમાંના બીજને કવચબીજ કહે છે. મીઠી કૌચના કાંટા નુકસાનકર્તા નથી. કૌચ મધુર, વૃષ્ય, શીત, ધાતુવર્ધક, બલકર, ગુરુ તથા કડવી છે. તે ક્ષય, વાયુ, શીતપિત્ત, રક્તદોષ, વ્રણ, કફ તથા રક્તપિત્તનો નાશ કરે છે.

૨. ન. કવચ; એ નામની વનસ્પતિનું ફળ.

કૌચકી પું. (પુરાણ) અંગિરાકુલોત્પન્ન એ નામનો એક મહર્ષિ.

કૌચપક પું. ગોવાળિયાઓ વાપરે તેવો ધાબળો.

કૌચપાક પું. કૌચનાં બિયાંનું મગજ તથા બીજી ઔષધિ નાખેલો પાક. તેનાથી પ્રમેહ તથા મૂત્રરોગ મટે છે. તે બળ અને પુષ્ટિ આપી કામવાસના વધારે છે.

કૌચમાર પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અનુષ્ટુપનો એક ભેદ છે. તેમાં સગણ, તગણ, ગુરુ અને ગુરુ મળી આઠ વર્ણ હોય છે.

કૌચહસ્તિક પું. (પુરાણ) ભૃગુકુલોત્પન્ન એ નામનો એક મહર્ષિ.

કૌચાપાક જુઓ કૌચપાક.

કૌચુમાર [સં.] પું. કદરૂપાને સુંદર બનાવવાની વિદ્યા; ચોસઠ માંહેની એક કલા.

કૌચું જુઓ કૌચ ૨.

કૌછી સ્ત્રી. મીઠા પાણીની એક જાતની માછલી.

કૌટ ૧. પું. કુટજ વૃક્ષ.

૨. પું. [સં.] કૂટ પર્વતમાંથી નીકળતું રત્ન.

૩. સ્ત્રી. કડાછાલ.

૪. ન. જૂઠી સાક્ષી.

૫. વિ. કપટી; જૂઠું.

૬. વિ. સ્વતંત્ર.

કૌટતક્ષ [સં.] પું. સ્વતંત્ર સુતાર; પોતાની કોડમાં રહી કામ કરનાર સુતાર.

કૌટલકપુર ન. કુંતલપુરનું એક પ્રાચીન નામ.

કૌટલીય ૧. ન. એ નામનું એક અર્થશાસ્ત્ર.

૨. વિ. કુટિલ ઋષિનું બનાવેલું.

કૌટલ્ય ૧. [સં.] પું. એ નામનો એક ઋષિ.

૨. ન. કુટિલતા; વક્રતા.

કૌટિક ૧. [સં.] પું. કસાઈ; ખાટકી.

૨. પું. શિકારી.

કૌટિલ ૧. પું. (પુરાણ) ભૃગુકુલોત્પન્ન એ નામનો એક ઋષિ.

૨. ન. (શિલ્પ) એક જાતનું દ્વિશાળ ઘર.

કૌટિલિક [સં.] પું. શિકારી.

કૌટિલીય અર્થશાસ્ત્ર ન. ચંદ્રગુપ્ત મૌર્યના વખતની સ્થિતિનું વર્ણન કરતું ચાણક્યે લખેલ એ નામનું અર્થશાસ્ત્ર.

કૌટિલ્ય ૧. [સં.] પું. એ નામના એક ઋષિ; ચાણક્ય.

૨. પું. નંદવંશનો નાશ કરી ચંદ્રગુપ્ત મૌર્યને ગાદી અપાવનાર સમર્થ, કુટિલ, રાજનીતિજ્ઞ અમાત્ય ચાણક્ય. તેનું રચેલું અર્થશાસ્ત્ર સુપ્રસિદ્ધ છે.

૩. ન. કુટિલતા; વક્રતા; વાંકાપણું.

કૌટિલ્લક ૧. ન. કૌટિલ્યનું અર્થશાસ્ત્ર.

૨. ન. ચાણક્યે રચેલ નીતિશાસ્ત્ર.

કૌટિલ્યવિદ્યા સ્ત્રી. રાજનીતિશાસ્ત્ર.

કૌટી [હિં.] સ્ત્રી. ઈંડાંની કાચલી.

કૌટીર્યા [સં.] સ્ત્રી. દુર્ગાદેવી.

કૌટુંબ [સં.] વિ. કુટુંબના ભરણપોષણમાં ઉપયોગી.

કૌટુંબિક ૧. [સં.] પું. કુટુંબનો નાયક.

૨. પું. ગામનો નાયક.

૩. પું. સેવક.

૪. પું. હજૂરી.

૫. વિ. કુટુંબનું; કુટુંબને લગતું.

૬. વિ. કુટુંબનું ભરણપોષણ કરવામાં મશગૂલ.

૭. વિ. પરિવારવાળું.

કૌટુંબિકવૈદ્ય પું. ગૃહડોક્ટર; ઘરવૈદ્ય; 'ફેમિલિ ડોક્ટર.'

કૌટુંબિની ૧. [સં.] સ્ત્રી. કુટુંબની સ્ત્રી.

૨. સ્ત્રી. દાસી.

કૌટેજ સ્ત્રી. કડાછાલ.

કૌટ્ટિક પું. મોગરી; લાકડાની હથોડી.

કૌટ્રૂ ન. આફ્રિકમાં ખડક ઉપર ઊગતું એક જાતનું ઝાડ. સવારમાં તેના થડમાં કાપ મૂકતાં તેમાંથી દૂધ જેવો પદાર્થ નીકળે છે. ત્યાંના લોકો તે પીએ છે. આ પીણું ઘણું સ્વાદિષ્ઠ અને પૌષ્ટિક કહેવાય છે.

કૌડા (કૌડ઼ા) [સં. કપર્દક] પું. (હિંદી) મોટી કોડી; મોટી જાતની છીપ; શંખ.

કૌડિણ્ય ન. અઢાર મુખ્ય ગૃહ્યસૂત્ર માંહેનું એક. જુઓ ગૃહ્યસૂત્ર.

કૌડિયાગુલામ પું. ગુલામીની નિશાની તરીકે કાનમાં અને હાથમાં કોડી પહેરેલો ગુલામ.

કૌડિયાલ ૧. [હિં.] પું. એક જાતનો સર્પ; કોડિયોસાપ.

૨. પું. પૈસાદાર માણસ.

૩. ન. એક જાતનું પક્ષી; કલકલિયો.

કૌડિયાલા ૧. પું. એક જાતનું ઝાડ.

૨. [હિં.] પું. એક જાતનો ટપકાંવાળો સર્પ.

૩. પું. પૈસાદાર માણસ. તે સર્પની માફક રૂપિયા ઉપર બેસે છે.

૪. ન. એક જાતનું પક્ષી; કલકલિયો.

૫. વિ. કોડીના જેવા રંગનું.

૬. વિ. પૈસાદાર.

કૌડિયાલી ૧. [હિં.] સ્ત્રી. એક જાતનું ઘાસ.

૨. સ્ત્રી. એક જાતનું ઝાડ.

કૌડિયાં [હિં.] ન. બ. વ. વૃષણ.

કૌડિયાંનું ઝાડ = પુરુષની જનનેંદ્રિય.

કૌડી ૧. [હિં.] સ્ત્રી. આંખનો ડોળો.

૨. સ્ત્રી. કટારની અણી.

૩. સ્ત્રી. (પ્રાકૃત) કરોડની સંખ્યા.

૪. સ્ત્રી. કોથળી.

૫. સ્ત્રી. છાતીની નીચે વચ્ચોવચ રહેલું હાડકું.

૬. સ્ત્રી. જાંઘ કે ગળામાં થતી ગોળ ગાંઠ.

૭. [હિં.] સ્ત્રી. તુચ્છ વસ્તુ; દમડી.

૮. સ્ત્રી. ધન; દ્રવ્ય.

૯. [હિં.] સ્ત્રી. ભાડું.

૧૦. સ્ત્રી. વીશની સંખ્યા; વીશી.

૧૧. સ્ત્રી. સમુદ્રનો એક કીડો.

૧૨. [હિં.] સ્ત્રી. સિક્કા તરીકે વપરાતી કોડી.

૧. કાણી કૌડી = હલકામાં હલકી કીમતનો સિક્કો.

૨. કૌડી કૌડી અદા કરવી = પાઈએ પાઈ ભરપાઈ કરવી.

૩. કૌડી કૌડી જોડવી = દરેક પાઈ બચાવવી.

૪. કૌડી પાસ ન હોવી = (૧) બહુ જ ગરીબ સ્થિતિમાં આવવું. (૨) ભિખારી થવું.

૫. કૌડીના કામનું નહિ = નકામું.

૬. કૌડીનું બે કૌડીનું = (૧) ખરાબ. (૨) નકામું; તુચ્છ.

૭. કૌડીનું તીન તીન થવું = (૧) ઘણું સસ્તુ થવું. (૨) તુચ્છ હોવું.

૮. ફૂટી કૌડી = ખરાબ કે ખોટી પાઈ; હલકામાં હલકી કીમતનો સિક્કો.

કૌડીગુડગુડ પું. છોકરાંની એક રમત.

કૌડીછિપવાલ [હિં.] સ્ત્રી. છોકરાંની એક રમત.

કૌડીજગનમગન સ્ત્રી. છોકરાંની એક રમત.

કૌડીદેશ પું. પેટની ગુહાનો ઉપલો ભાગ.

કૌડીપ્રદેશ જુઓ કૌડીદેશ.

કૌડીભાર વિ. થોડું; બહુ જ ઓછું.

કૌડો ૧. [હિં.] પું. આંખનો ખૂણો.

૨. પું. ફણસની આંખ.

૩. પું. રેશમના કીડાનો કોશેટો.

કૌણકુત્સ્ય [સં.] પું. (પુરાણ) એ નામનો એક ઋષિ. એને કોણકુત્સ પણ કહે છે.

કૌણપ ૧. [સં. કુણપ (મુડદું)] પું. કર્બુર; મુડદાં ખાનાર રાક્ષસ; રાત્રિચર.

૨. પું. પાતકી.

૩. પું. (પુરાણ) વાસુકીના વંશનો એક સર્પ.

કૌણપદંત [સં.] પું. ભીષ્મ.

કૌણપાસન [સં.] પું. એ નામનો એક સર્પ.

કૌણિકબિંદુ ન. કોઈપણ આકૃતિના ખૂણા જે બિંદુએ બનતા હોય તે બિંદુ.

કૌણિંદ સ્ત્રી. કૌલિંદ; પ્રાચીન હિંદના એ નામના લોકની એક જાત.

કૌતક ૧. [સં.] ન. અજાયબી; અદ્ભુત દેખાવ; નવાઈ પમાડે તેવું કામ; કુતૂહલ જાગ્રત કરે એવું કામ.

૨. ન. આનંદ; ખુશી; ચેનચાળા; ટીખળ; મશ્કરી; હાંસી.

૩. ન. આશ્ચર્ય; કુતૂહલ; નવાઈ.

૪. ન. કામ.

૫. ન. ખરાબ કામ; દુષ્ટ કર્મ.

૬. ન. નાચગાન; ગમ્મત.

૭. ન. યુક્તિ.

કૌતકાગાર ન. જાદૂઘર; નવાઈ પમાડે એવી વિવિધ વસ્તુઓનું સંગ્રહસ્થાન.

કૌતકી ૧. [હિં.] વિ. દુષ્ટ; ખરાબ.

૨. વિ. યુક્તિબાજ.

કૌતગ ૧. [હિં.] પું. કામ.

૨. પું. ખરાબ કામ.

૩. પું. યુક્તિ.

કૌતગી જુઓ કૌતકી.

કૌતલકપુર જુઓ કુંતલકપુર.

કૌતવ ન. ઉંદરના વાળની બનાવેલ દોરી.

કૌતિગ ન. અજાયબી; આશ્ચર્ય; કૌતુક.

કૌતી સ્ત્રી. કૌવત; જોર; બળ; શક્તિ.

કૌતુક ૧. [સં.] ન. અજાયબી; જોવા કે સાંભળવાનું મન થાય તેવી બાબત; તાજુબી; નવાઈ.

૨. ન. અદ્ભુત દશ્ય.

૩. ન. અભિલાષ; ઇચ્છા.

૪. ન. આનંદ; વિનોદ; હર્ષ.

૫. ન. ઉત્સવ.

૬. ન. ઉત્સાહ.

૭. ન. કપાળે તિલક કરવું તે.

૮. ન. કુતૂહલ જાગ્રત કરે એવી બાબત.

૯. ન. ગમ્મત; નાચગાન.

૧૦. ન. ગર્ભાદિક સંસ્કાર.

૧૧. ન. ગીત વગેરે ભોગ.

૧૨. ન. ચમત્કાર; ચમત્કૃતિ; કુતૂહલ.

૧૩. ન. જિજ્ઞાસા.

૧૪. ન. ટીખળ; મશ્કરી.

૧૫. ન. પરંપરાથી આવેલું મંગલ.

૧૬. ન. ભોગકાળ.

૧૭. ન. માંગલિક હસ્તસૂત્ર.

૧૮. ન. મીંઢળ.

૧૯. ન. રક્ષણ.

૨૦. ન. સુખ.

૨૧. ન. સુખભોગ.

કૌતુકકર્મ [સં.] ન. કપાળે તિલક કરવું તે.

કૌતુકકારી વિ. કૌતુક ઉત્પન્ન કરનાર.

કૌતુકખંડ પું. અજાયબી ભરેલ વસ્તુઓ રાખવાનો ઓરડો.

કૌતુકદ્યૂત ન. ગમ્મતની ખાતર રમાતું જૂગટું; હોડ વિનાનો જુગાર.

કૌતુકનાટ્ય ન. નવાઈથી ભરપૂર નાટક.

કૌતુકપ્રિય [સં.] વિ. અદ્ભુત રસાત્મક; જેને કૌતુક જાણવાનો શોખ હોય એવું; રંગપ્રધાન; વીરકલ્પનાત્મક.

કૌતુકપ્રેમ પું. અદ્ભુત વસ્તુ પ્રત્યેનો પ્રેમ; કૌતુક વિષેનો પ્રેમ; જીવનનો ઉલ્લાસ.

કૌતુકવર્ણન [સં.] ન. દુર્લભ વસ્તુઓ ભેગી કરી હોય તેનું વર્ણન; સંગ્રહવર્ણન.

કૌતુકવાન વિ. આશ્ચર્ય ઉત્પન્ન કરે એવું.

કૌતુકવૃત્તિ [સં] સ્ત્રી. કૌતુક જાણવાની ઇચ્છા.

કૌતુકાગાર [સં.] ન. કોબું; ભીંત ઉપર લગ્નમંડપનું ચિત્ર ચીતર્યું હોય તેવો ઓરડો. કન્યાદાનનો વિધિ પૂરો થયા પછી વરકન્યા આ ઓરડામાં જાય છે. સાથે ગોર અને સ્ત્રીઓ માત્ર જાય છે. ચિત્રની સામે વરકન્યા બેસે છે અને અત્યાર સુધી વસ્ત્રથી ઢાંકી રાખેલું કન્યાનું મુખ ઉઘાડવામાં આવે છે.

કૌતુકાચાર પું. વિવાહનો એક વિધિ. તેમાં વરકન્યા કૌતુકાગારની ભીંત ઉપર ચીતરેલ ચિત્ર સામે બેસી અન્યોન્યના હાથ ઉપર મીંઢળ બાંધે છે. લાલ નાડાછડીમાં મીંઢળ ઉપરાંત લોઢાનો છલ્લો અથવા વીંટી હોય છે. પછી વરકન્યા એકબીજાની આંખો આંજે છે. એકબીજાના વાળ હોળે છે. અન્યોન્યને પાન ખવડાવે છે અને આરસી બતાવે છે.

કૌતુકાલય [સં.] ન. સંગ્રહસ્થાન; 'મ્યૂઝીઅમ'.

કૌતુકાસ્પદ વિ. આશ્ચર્ય ઉત્પન્ન થાય એવું.

કૌતુકી ૧. પું. નટ; મલ્લ.

૨. વિ. કુતૂહલવાળું.

૩. વિ કૌતુક કરનાર; વિનોદશીલ.

૪. વિ. ખેલ કે તમાશા કરનાર.

૫. વિ. વિવાહ સંબંધ કરાવનાર.

કૌતુકીયા ૧. પું. કૌતુક કરનાર.

૨. પું. વિવાહ સંબંધ કરાવનાર પુરોહિત.

કૌતુકોત્કંઠા સ્ત્રી. કૌતુક જોવાની ઉત્સુકતા.

કૌતુજાતિ પું. (પુરાણ) એ નામનો એક બ્રહ્મર્ષિ.

કૌતૂહલ ૧. ન. અજાયબી; આશ્ચર્ય; કુતૂહલ; કૌતુક; નવાઈ.

૨. ન. આતુરતા; ઇંતેજારી; ઉત્કંઠા; ઉત્સુકપણું.

કૌતૂહલિક ૧. વિ. કુતૂહલી.

૨. વિ. ઇંતેજાર; ઉત્કંઠાવાળું.

૩. વિ. મશ્કરૂં.

કૌતોમત [સં.] પું. એ નામનો એક ઋષિ.

કૌત્કલ પું. એકસો એંશી ક્રિયાવાદીઓના મત માંહેનો એક.

કૌત્કુચ્ય ૧. ન. (જૈન) અનર્થદંડ.

૨. ન. કુચેષ્ટા.

કૌત્સ ૧. [સં.] પું. આર્જુનેય.

૨. પું. (પુરાણ) એ નામનો એક બ્રહ્મર્ષિ; કુત્સનો પુત્ર. સૂર્યવંશી ભગીરથ રાજાએ પોતાની હંસી નામની કન્યા એને પરણાવી હતી.

૩. પું. એ નામનો એક તત્ત્વજ્ઞાની.

૪. ન. એ નામનું એક ગોત્ર.

૫. ન. એ નામનું એક પ્રવર.

૬. ન. કુત્સ ઋષિએ બનાવેલ સામ.

કૌત્સદુમિત્ર પું. એક ઋષિ; ઋગ્વેદના દશમા મંડળના એકસો પાંચમા સૂક્તનો કર્તા; કૌત્સસુમિત્ર.

કૌત્સદુર્મિત્ર પું. સામવેદનો એ નામનો એક ઋષિ.

કૌત્સસુમિત્ર જુઓ કૌત્સદુમિત્ર.

કૌથુમ ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) સામવેદની એક શાખા. તેમાં ભગીરથ રાજાએ ગંગાને પ્રસન્ન કરી હતી તેનું વર્ણન છે.

૨. વિ. કુથુમ નામની વેદશાખાનો અભ્યાસ કરનાર.

કૌથુમી [સં.] સ્ત્રી. સામવેદની એક શાખા. તેનો પ્રચાર કુથુમ ઋષિએ કર્યો હતો.

કૌઢ [હિં.] પું. ઘા; ઝખમ.

કૌદન ૧. [અ.] પું. ભાર ઉપાડવામાં વપરાતો ઓછી કીમતનો ઘોડો.
૨. વિ. ઠોઠ.
૩. વિ. ભોળું.

કૌદ્રવ ન. એક જાતનું ઘાસ.

કૌદારી ન. એક જાતનું ઝાડ; ચૌની; જંગલી કેળ.

કૌદાલીક [સં.] સ્ત્રી. ધીવર પિતા અને ધોબણ માતાથી ઉત્પન્ન થયેલ એક વર્ણસંકર જાતિ.

કૌદ્રવિક [સં.] ન. સંચળ.

કૌન ૧. ન. વિશ્વ; દુનિયા.
૨. [અ.] ન. હયાતી ધરાવનાર વસ્તુ.
૩. સ. કોણ.
૪. વિ. નવ. આ સંકેત દલાલોની ભાષામાં વપરાય છે.

કૌનખિના સ્ત્રી. અથર્વવેદની ગણાતી નવ માંહેની એક શાખા. જુઓ અથર્વવેદ.

કૌનખ્ય [સં.] ન. ખરાબ નખ થાય એવો એક રોગ.

કૌનપ પું. રાક્ષસ.

કૌનમકાન [અ.] ન. જગત; વિશ્વ.

કૌનસા ૧. [હિં.] સ. કોણ.
૨. વિ. કઈ જાતનું; શેના જેવું.

કૌનિંદ પું. કુલિંદ દેશનું એક નામ.

કૌની [અ.] વિ. દુનિયાદારી; દુનિયા સંબંધી.

કૌનૈન [અ.] સ્ત્રી. બંને દુનિયા; વર્તમાન અને ભવિષ્યની દુનિયા.

કૌનોમકાન જુઓ કૌનમકાન.

કૌપ [સં.] વિ. કૂવા સંબંધી.

કૌપજલ [સં.] ન. કૂવાનું પાણી.

કૌપમત્સ્ય [સં.] ન. કૂવાનું માછલું.

કૌપીન ૧. [સં.] પું. અકાર્ય; અનુચિત કાર્ય.
૨. પું. ગુદા તથા લિંગ; ગુહ્ય ભાગ.
૩. પું. ગુનો; પાપ.
૪. પું. લંગોટીથી ઢંકાતો શરીરનો ભાગ.
૫. ન. ચીર; વલ્કલ.
૬. ન. (વેદાંત) લંગોટ; લંગોટી; પુરુષના ગુહ્યસ્થાનને ઢાંકનાર ચીંદરડો.
૭. વિ. પાપી.

કૌપીનધારી વિ. લંગોટીવાળું; કોપીન પહેરેલ.

કૌબેર ૧. પું. એક દેશનું નામ.
૨. વિ. કુબેરનું; કુબેર સંબંધી.

કૌબેરી ૧. સ્ત્રી. ઉત્તર દિશા.
૨. સ્ત્રી. એક શક્તિ.
૩. સ્ત્રી. કુબેરની પત્ની.

કૌભાંડ ૧. ન. કપટ; કાવતરું; કૂડ.
૨. ન. તરકટ; તૂત.
કૌભાંડ કરવાં = (૧) કપટ કરવું. (૨) બનાવટી વાત ઊભી કરવી.

કૌભીષણ ૧. ન. એક ગોત્રનું નામ.
૨. વિ. કૌભીષણ ગોત્રનું; કૌભીષણ ગોત્રમાં થયેલ.

કૌમ (ક઼ૌમ) ૧. [અ.] સ્ત્રી. ઉછેર.
૨. સ્ત્રી. જાત; પંથ.

કૌમદાર (ક઼ૌમદાર) વિ. ઉમદા; સારી ઉછેરનું.

કૌમરી [હિં.] સ્ત્રી. બાફેલું અનાજ.

કૌમંડ પું. (પુરાણ) ગૌતમાંગિરસ માંહેનો એ નામનો એક ઋષિ.

કૌમાર ૧. [સં.] પું. કુંવારી કન્યાને પરણનાર પુરુષ; કુમાર.
૨. પું. સનત્કુમારે રચેલ સૃષ્ટિ.
૩. ન. કાર્તિકેયની શક્તિ.
૪. ન. કુંવારાપણું.
૫. ન. નાનપણ; બચપણ; કુમારતા; કુમારદશા.
૬. વિ. કાર્તિક સ્વામી સંબંધી; કુમાર સંબંધી.
૭. વિ. કુમારદશાને પામેલ; કુમારનું; તરુણ.

કૌમારક [સં.] ન. કુમારદશા; કુમારપણું; બાળપણ.

કૌમારજીવન ન. કુમાર તરીકેનું જીવન.

કૌમારતંત્રી [સં. કૌમારતંત્રિન્] ન. આયુર્વેદનાં આઠ માંહેનું એક અંગ.

કૌમારદીક્ષા સ્ત્રી. કુંવારા રહેવાનું વ્રત.

કૌમારપૈક સ્ત્રી. કેનેરા તરફના ખેડૂતની એક જાત.

કૌમારભાવ પું. કુમાર અવસ્થા.

કૌમારભૃત્ય ૧. [સં.] પું. આયુર્વેદનો એક ભાગ.
૨. ન. બાળકની શુશ્રૂષા; બાળકની માવજત.
૩. ન. બાળરોગનિદાન અને ચિકિત્સાશાસ્ત્ર.

કૌમારવસ્ત્ર ન. કુંવારી અવસ્થામાં પહેરવાનું કપડું.

કૌમારવ્રત ૧. ન. કુમાર દશામાં કરવાનું વ્રત.
૨. ન. કુમારાપણાનું વ્રત; કુમારિકાવ્રત; બ્રહ્મચર્યવ્રત.

કૌમારવ્રતી [સં. કૌમારવ્રતિન્] વિ. અપરિણીત રહેવાના વ્રતવાળું.

કૌમારસંઘ [સં.] પું. બાલક સમુદાય.

કૌમારાવસ્થા સ્ત્રી. અખંડતા; અપરિણીત સ્થિતિ; તરુણાવસ્થા; તારુણ્ય.

કૌમારાશ્રમી [સં. કૌમારાશ્રમિન્] વિ. કુમાર વયનું; યુવાવસ્થાવાળું.

કૌમારિક ૧. [સં.] પું. ઘણી કન્યાઓનો પિતા.
૨. પું. (સંગીત) સંપૂર્ણ જાતિનો અને બધા શુદ્ધ સ્વરવાળો એક રાગ.

કૌમારિકી સ્ત્રી. અષાડ મહિનાની શુક્લપક્ષની છઠ.

કૌમારિકેય ૧. [સં.] પું. કાનીન; કુંવારી કન્યાનો પુત્ર.
૨. વિ. કુંવારી કન્યાનું.

કૌમારી ૧. [સં.] સ્ત્રી. એ નામની એક દેવી.
૨. સ્ત્રી. કાર્તિક સ્વામીની સ્ત્રી.
૩. સ્ત્રી. કુમાર અવસ્થામાં દીક્ષા લીધેલ સાધ્વી.
૪. સ્ત્રી. કુમાર સંબંધી ચેષ્ટા.
૫. સ્ત્રી. કુમારી; બાળબ્રહ્મચારિણી.
૬. સ્ત્રી. પાર્વતીનું એક નામ.
૭. સ્ત્રી. (સંગીત) બાવીસ માંહેની બીજી શ્રુતિ.
૮. સ્ત્રી. બીજી સ્ત્રી જેણે કરી ન હોય તેવા પતિની પત્ની.
૯. સ્ત્રી. વારાહીકંદ.
૧૦. સ્ત્રી. સાત માંહેની એક માતૃકા.

કૌમારીતંત્રી ન. આઠ બહુરૂપતંત્ર માંહેનું એક. જુઓ બહુરૂપાષ્ટક.

કૌમાર્ય [સં.] ન. કુમારપણું; કુંવારાપણું; બ્રહ્મચર્ય.

કૌમાર્યપટલ [સં.] પું. યોનિપટલ; સતીચ્છદ. કુમારી અવસ્થામાં યોનિદ્વારને ઢાંકતું શ્લેષ્મ ત્વચાનું પાતળું પડ. બાળપણથી આરંભી કન્યાકાળ પૂર્ણ થતાં સુધી ભગદ્વાર આ પડથી ઢંકાયેલું રહે છે.

કૌમાર્યભંગ [સં.] પું. કૌમાર્યનું ખંડન; પ્રથમ સંભોગ.

કૌમાર્યવ્રત ન. કુમારાપણાનું વ્રત.

કૌમાર્યાવસ્થા [સં.] સ્ત્રી. અખંડતા; અપરિણીત કન્યા તરીકેની સ્થિતિ; તરુણાવસ્થા; તારુણ્ય.

કૌમિયત (ક઼ૌમિયત) ૧. [અ.] સ્ત્રી. એક જાતના હોવાપણું; જાતીયતા.
૨. સ્ત્રી. જાત; પ્રજા.

કૌમી (ક઼ૌમી) [હિં.] વિ. જાતનું.

કૌમીમજલિસ (ક઼ૌમીમજલિસ) [અ.] સ્ત્રી. પ્રજાની સભા.

કૌમીહુકૂમત (ક઼ૌમીહુકૂમત) ૧. [અ.] ન. પ્રજાસત્તાક રાજ્ય.
૨. ન. લોકોની સભાથી ચાલતું રાજ્ય.

કૌમુદ [સં.] પું. કાર્તિક મહિનો.

કૌમુદિકભેરી સ્ત્રી. એક વાજિંત્ર.

કૌમુદિકા ૧. [સં.] સ્ત્રી. ચંદ્રની જ્યોત્સ્ના; ચાંદની.
૨. સ્ત્રી. ભેરી કૌમુદિકા; એક ભેરી વાજિંત્ર.

કૌમુદી ૧. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. આ છંદ રાયવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૮૪ લઘુ હોય છે.
૨. સ્ત્રી. અર્થબોધક ટીકા.
૩. સ્ત્રી. આશ્વિની પૂર્ણિમા; શરદપૂનમ.
૪. સ્ત્રી. કાર્તિક માસમાં થતો ઉત્સવ.
૫. સ્ત્રી. કાર્તિકી પૂર્ણિમા.
૬. સ્ત્રી. ચંદની; ચંદ્રમાનું અજવાળું; ચંદ્રિકા; ચાંદની.
૭. સ્ત્રી. દક્ષિણ દેશની એક નદી.
૮. સ્ત્રી. દીપોત્સવની તિથિ.
૯. ન. એક શાસ્ત્ર. તે સોમનાથે રચેલ છે. તેમાં દરેક અંડના ઉપગ્રહો, અંડની અંદર થતા ફેરફારો વગેરે હકીકત આપી છે.
૧૦. ન. વૈદિક શાસ્ત્ર.
૧૧. ન. સંસ્કૃત વ્યાકરણનો એક ગ્રંથ.

કૌમુદીનાથ ૧. [સં.] પું. કપૂર.
૨. પું. ચંદ્ર.

કૌમુદીપતિ જુઓ કૌમુદીનાથ.

કૌમુદીપૂર્ણિમા [સં.] સ્ત્રી. આશ્વિનપૂર્ણિમા; શરદપૂનમ.

કૌમુદીમહોત્સવ પું. કાર્તિકી પૂનમનો ઉત્સવ.

કૌમુદીરાજ પું. ચંદ્ર.

કૌમુદીવૃક્ષ [સં.] પું. દીપવૃક્ષ; દીવાઓનો વૃક્ષાકાર.

કૌમુદીશ જુઓ કૌમુદીનાથ.

કૌમોદકી ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) એ નામની એક ગદા. ખાંડવવન બાળ્યું ત્યારે અગ્નિએ વરુણ પાસેથી આણીને તે કૃષ્ણને આપી હતી. નરકાસુરને મારવા તેમણે આ ગદા વાપરી હતી.
૨. સ્ત્રી. પૃથ્વીનું પાલન કરનાર વિષ્ણુની ગદાનું નામ.

કૌમોદકીધર ૧. પું. કૃષ્ણ.
૨. પું. વિષ્ણુ.

કૌમોદી જુઓ કૌમોદકી.

કૌર ૧. [અ.] પું. આયુધ; હથિયાર.
૨. પું. એક જાતનું ઝાડ. તે ઉત્તર હિંદની પહાડી ભૂમિમાં થાય છે.
૩. [સં. કવલ] પું. (હિંદી) કોળિયો; ગ્રાસ. કૌર ગ્રાસ ન કરવો = ન ખાવું.
૪. પું. ઘંટીમાં એક વાર ઓરવામાં આવે એટલું અનાજ.
૫. પું. મૂઠી.

કૌરખાના (કૌરખાના) [અ. કૌર (આયુધ) + ખાના (ગૃહ)] ન. આયુધશાળા.

કૌરપંડુ પું. બ. વ. કૌરવો અને પાંડવો.

કૌરબેગી પું. અકબરના વખતનો એક અમલદાર.

કૌરવ ૧. પું. આસુરી વૃત્તિ.
૨. પું. કાગડાનો અવાજ.
૩. પું. કુરુ દેશનો રાજા.
૪. પું. કુરુનો વંશજ; કુરુ રાજાની સંતતિ; કુરુવંશના રાજા; ધૃતરાષ્ટ્રનો દીકરો દુર્યોધન અને એના ભાઈઓ. ગાંધારીને ગર્ભ રહ્યો તે માંસપેશી આવી. એના ઉપર શીતલ જળ રેડયું, એટલે એના સો ભાગ પડ્યા અને ઘીએ ભરેલી કૂંડીમાં તે રાખ્યા. તેથી દુર્યોધન, દુ:શાસન, દુર્ધર્ષિ, સુબાહુ, નંદ, ચિત્રાયુધ, સત્યસંધ, અપરાજિત, સુષેણ, સુહસ્ત, કનકધ્વજ આદિ સો પુત્ર તથા દુ:શલા નામે કન્યા જન્મ્યાં. કૌરવનું વંશવૃક્ષ:


અત્રિ ઋષિ
સોમ (ચંદ્ર)
બુધ
આયુ
નહુષ
દેવયાની
યયાતિ
શર્મિષ્ઠા
યાદવ
પુરુ (અને બીજા બે પુત્ર)
યદુ
દુષ્યંત
શકુંતલા
વૃષ્ણિ
ભરત
દેવરાત
હસ્તી
અંધક
કુરુ
શૂર
ગંગા
શાંતનુ
સત્યવતી
વસુદેવ
કુંતી
ભીષ્મ
કૃષ્ણ
બલરામ
ચિત્રાંગદ
વિચિત્રવીર્ય
અંબિકા
અંબાલિકા
ગાંધારી
ધૃતરાષ્ટ્ર
કુંતી
પાંડુ
માદ્રી
દુર્યોધન વગેરે
કર્ણ
નકુલ
સહદેવ
યુધિષ્ઠિર
ભીમ
અર્જુન
અભિમન્યુ
પરીક્ષિત
જનમેજય

૫. પું. કુરુવંશ.

૬. પું. યુધિષ્ઠિર અને દુર્યોધન.

૭. વિ. કુરવક વૃક્ષ સંબંધી.

૮. વિ. કુરુવંશમાં ઉત્પન્ન થયેલું.

કૌરવપતિ [સં.] પું. દુર્યોધન.

કૌરવભવન ન. [સં.] કૌરવોને રહેવાનું મકાન.

કૌરવાખર્વગર્વનુત પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

કૌરવાર ૧. પું. કૌરવોનો દુશ્મન.

૨. વિ. કૌરવોનો દુશ્મન હોય તેવું.

કૌરવારિ જુઓ કૌરવાર.

કૌરવિકા સ્ત્રી. (સંગીત) ષડ્જ ગ્રામની એ નામની બીજી મૂર્છના.

કૌરવી ૧. [સં.] સ્ત્રી. કુરુવંશી સ્ત્રી.

૨. વિ. કુરુ સંબંધી.

કૌરવ્ય ૧. પું. (પુરાણ) એ નામનો એક બ્રહ્મર્ષિ.

૨. પું. (પુરાણ) ઐરાવત કુલોત્પન્ન એક નાગ; ઉલૂપીનો પિતા. જનમેજયના સર્પસત્રમાં એનાં કૌરવ્ય, એરક, કુંડલ, વેણી, વેણિસ્કંધ, કુમારક, બાહુક, શૃંગવેર, ધૂર્તક અને પ્રાતરાતક નામનાં દશ કુળ બળીને નાશ પામ્યાં હતાં.

૩. પું. કુરુદેશનો રાજા.

૫. પું. કુરુનું સંતાન; કૌરવ.

૪. પું. કુરુવંશમાં ઉત્પન્ન થયેલ ક્ષત્રિય.

૬. પું. મહાભારતમાં વર્ણવેલું એ નામનું એક નગર.

૭. વિ. કુરુવંશી.

કૌરા ૧. ન. એ નામની એક ઔષધિ; કુટકિ. તે સખત કબજિયતની સાથેના તાવમાં અપાય છે.

૨. [હિં.] વિ. આકરૂં; તેજ.

૩. વિ. કડવું.

૪. વિ. ખારૂં.

૫. વિ. બેસ્વાદ.

કૌરી પું. એક જાતનો ગુંદર.

કૌરુકત્ય [સં.] પું. કુરુકત ઋષિનો દીકરો.

કૌરુક્ષેત્રી પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

કૌરુપતિ પું. (પુરાણ) એ નામનો એક બ્રહ્મર્ષિ.

કૌરુપથિ પું. અથર્વવેદમાં જણાવેલ એક ઋષિ.

કૌરૂ પું. કુરુનો વંશજ.

કૌરૈયા [હિં.] પું. એ નામની એક વનસ્પતિ; કડો; ઇંદ્રજવનું ઝાડ.

કૌર્પ્ય [સં.] પું. (જ્યોતિષ) વૃશ્ચિક રાશિ.

કૌર્મ ૧. પું. (પુરાણ) બ્રહ્માના ત્રીશ મહિનો પંદરમો દિવસ; બ્રહ્માની પૂર્ણમાસી.

૨. ન. અઢાર માંહેનું એ નામનું એક પુરાણ; કૂર્મપુરાણ.

૩. વિ. કાચબા સંબંધી.

કૌર્મકલ્પ [સં. કૌર્મ (કાચબા સંબંધી) + કલ્પ (બ્રહ્મદેવના દિવસનું સાધારણ નામ)] પું. (પુરાણ) દિવસના ક્રમે બ્રહ્મદેવની પૂર્ણિમા. એ કલ્પના આરંભમાં કૂર્માવતાર થયો હતો, માટે એનું એવું નામ પડ્યું છે.

કૌર્મપુરાણ ન. અઢાર માંહેનું એ નામનું એક પુરાણ; કૂર્મપુરાણ. તેમાં સત્તર હજાર શ્લોક કહેવાય છે.

કૌલોં [હિં.] સ્ત્રી. કોગળા કરવા તે.

કૌલ ૧. [અ.] પું. અભયવચન.

૨. પું. અવતરણ.

૩. પું. આશ્વાસન.

૪. પું. ઇકરાર.

કૌલ કરવો = ઇકરાર કરવો; સાટું કરવું.

૫. પું. એક જાતની માછલી.

૬. [હિં.] પું. એક જાતનું ગીત.

૭. પું. કબૂલત; વચન; કોલ; પ્રતિજ્ઞા.

૧. કૌલ તોડવો = વચનભંગ થવું.

૨. કૌલ દેવો = વચન આપવું.

૩. કૌલ લેવો = વચન મેળવવું.

૪. કૌલ હારવો = (૧) કબૂલત આપવી; વચન આપવું. (૨) વચનભંગ થવું.

૫. કૌલથી ફરવું = વચનભંગ થવું.

૬. કૌલનો છલ્લો = બે હાથ સાથે જોડેલા હોય એમ બતાવતી વીંટી.

૭. કૌલનો પૂરો = વચન પાળનાર; સાચો.

૮. પું. કમળકંદ.

૯. [હિં.] પું કોળિયો.

૧૦. પું. નિશ્ચય.

૧૧. પું. મહેરબાની.

૧૨. પું. મૂડી.

૧૩. પું. વાણી.

૧૪. પું. વાત; કથન.

૧૫. પું. વામાચારીઓનો મુખ્ય પંથ.

૧૬. પું. શબ્દ.

૧. કૌલ ફેલ = શબ્દ અને કાર્ય.

૨. સિર્ફ કૌલ = કેવળ શબ્દો.

૧૭. પું. સરોજ.

૧૮. પું. સિદ્ધાંત.

૧૯. પું. સેનાની છાવણીનો મધ્ય ભાગ.

૨૦. વિ. કુલીન; ખાનદાન કુળમાં જન્મેલ; કુળવાન.

૨૧. વિ. તાંત્રિક મતના આચારને જાણનાર; તાંત્રિક મતનું; વામમાર્ગી; શાક્ત.

કૌલઅહ્દ પું. વચન.

કૌલક ૧. ન. એ નામનું વામશાસ્ત્ર.

૨. વિ. કુળવાન; કુલીન.

કૌલકરારદાદ પું. કોલ; વચન.

કૌલકરાર [હિં.] પું. અરસપરસ કબૂલત; કરારનામું; લિખિત ઠરાવની શરતો; સંધિ.

કૌલકરાર કરવા = (૧) ઇકરાર કરવો. (૨) સાટું કરવું.

કૌલકેય ૧. [સં.] પું. દુરાચારિણીનો પુત્ર.

૨. વિ. કુળવાન; ખાનદાન કુળમાં ઉત્પન્ન થયેલ.

કૌલગટ્ટા સ્ત્રી. કમળકાકડી.

કૌલગિરિ [સં.] પું. અઠ્ઠાણું માંહેનો એ નામનો એક દેશ.

કૌલચૂર્ણ ન. બોરકુટો; બોરનું ચૂર્ણ.

કૌલટિનેય ૧. [સં.] પું. કુલટાનો પુત્ર; વ્યભિચારિણીનો દીકરો.

૨. પું. સતી છતાં ભિક્ષા માટે ફરનારી સ્ત્રીનો પુત્ર; ભિક્ષુકી સતી સ્ત્રીનો દીકરો.

કૌલટેય ૧. [સં.] પું. કુલટાનો પુત્ર; વ્યભિચારિણીનો પુત્ર.

૨. પું. ભિક્ષા માટે ફરનારી સતી કે અસતી સ્ત્રીનો પુત્ર; સતી કે અસતી ભિક્ષુકી સ્ત્રીનો દીકરો.

કૌલટેર [સં.] પું. કુલટાનો પુત્ર; વ્યભિચારિણીનો દીકરો.

કૌલનામા [અ.] ન. કરારપત્ર.

કૌલપત્ર ન. એક જાતની મિશ્ર ધાતુ. તે બશેર સફેદ અથવા કાંસું અને એક શેર તાંબું મેળવીને બનાવે છે. આ ઘણી દેખાવડી અને ચળકાટદાર ધાતુ અકબરશાહે શોધી કાઢેલી કહેવાય છે.

કૌલફેલ [હિં.] પું. શબ્દ અને કાર્ય.

કૌલબીડા (કૌલબીડા) પું. કરારનું બીડું. કરારની કબૂલત માટે આ ક્રિયા કરવામાં આવે છે.

કૌલમ ન. ત્રાવણકોરમાં આવેલ એક પ્રાચીન ગામ. અગાઉ તે મલબારકાંઠાનું મોટું બંદર હતું.

કૌલમત પું. શાક્તપંથનો એ નામનો એક પ્રકાર. ભૈરવીચક્ર શાક્તોનું એક મુખ્ય મંતવ્ય છે. આમાં સ્ત્રીના ગુહ્ય ભાગના ચિત્રની પૂજા થાય છે. શાક્તોમાં બે ભેદ છે: પ્રાચીન કૌલિક યોનિના ચિત્રની અને બીજા વાસ્તવિક યોનિની પૂજા કરે છે. પૂજા વખતે તેઓ મદ્ય, માંસ, મીન આદિનું ભક્ષણ કરે છે. ભૈરવીચક્રને વખતે

વર્ણભેદ નથી મનાતો. નવમી શતાબ્દિની આસપાસ થયેલા કવિ રાજશેખરે કર્પૂરમંજરી નામના નાટકમાં ભૈરવાનંદના મુખથી કૌલમતનું વર્ણન કર્યું છે કે, હું મંત્રતંત્રાદિ કશું નથી માનતો. ગુરુકૃપાથી કાંઈ જ્ઞાન પણ નથી થતું. અમે તો મદ્યપાન કરીએ અને સ્ત્રીગમન કરીએ અને કુલમાર્ગનું પાલન કરતાં મોક્ષ પામીએ છીએ. વળી કુલટાઓને દીક્ષિત કરીને અમે ધર્મપત્ની બનાવીએ છીએ. અમે મદ્ય પીઈએ અને માંસ ખાઈએ છીએ. ભિક્ષાન્ન જ અમારૂં ભોજન અને ચર્મખંડ શય્યા છે.

કૌલમતાનુયાચી ૧. [સં. કૌલમતાનુયાયિન્] પું. કૌલમત પ્રમાણે ચાલનાર માણસ.

૨. વિ. કૌલમતમાં માનનાર.

કૌલમાર્ગ પું. કૌલધર્મ; કૌલમત; શાક્તપંથ.

કૌલવ ૧. [સં.] પું. (જ્યોતિષ) અગિયાર માંહેનું ત્રીજું કરણ; એ નામનું એક ચર કરણ. તેનો દેવતા મિત્ર છે. આ કરણમાં જન્મનાર વિદ્વાન, ગુણી પણ કૃતઘ્ન થાય એમ મનાય છે.

૨. પું. મહાદેવ; શિવ.

કૌલા ૧. [હિં.] પું. કાપણી કરનાર મજૂરોને અથવા ગામનાં વસવાયાંને લણણી ટાણે આપવામાં આવતી કણસલાંની ભારી.

૨. પું. નારંગી.

૩. પું. બથ.

૪. પું. બથમાં સમાય એટલું માપ.

૫. [સં. કમલા] સ્ત્રી. એક પ્રકારનું સંતરૂં. તે બહુ સ્વાદિષ્ઠ હોય છે.

૬. [હિં.] ન. પડખાંની દીવાલ.

કૌલાચાર પું. કૌલમતના રીતરિવાજ.

કૌલાનીમ ન. એ નામનું એક જાતનું ઝાડ.

કૌલાલ ૧. ન. માટીનું વાસણ.

૨. વિ. કુંભાર સંબંધી.

કૌલાલક ૧. [સં.] વિ. કુંભાર સંબંધી.

૨. વિ. કુંભારે કરેલ.

કૌલાલિક પું. કુંભાર.

કૌલાસ્થિક ન. બોરનો ઠળિયો.

કૌલિક ૧. [સં.] પું. કુલનો આચાર.

૨. પું. કૌલિકમત પ્રવર્તાવનાર શિવ.

૩. પું. ચોપન વાયુતત્ત્વદેવતામાંનો એક.

૪. પું. મનુ.

૫. પું. શક્તિનો ઉપાસક.

૬. પું શાક્તોનો એ નામનો એક ભેદ.

૭. ન. તંત્રશાસ્ત્રોક્ત કુલાચાર.

૮. ન. પાખંડ.

૯. વિ. કુલપરંપરાથી આવેલ.

૧૦. વિ. પાખંડી.

કૌલિતર [સં.] પું. શંબરાસુર દૈત્ય.

કૌલિની ૧. સ્ત્રી. એ નામની દેવી.

૨. સ્ત્રી. ચોપન આકાશતત્ત્વદેવતામાંની એક.

કૌલિયા ૧. [હિં.] પું. કાપણી કરનાર મજૂરો અથવા ગામનાં વસવાયાંને લણણી ટાણે આપવામાં આવતી કણસલાંની ભારી કે કોળી.

૨. સ્ત્રી. ગલી; શેરી.

૩. સ્ત્રી. નાનો કોળિયો.

કૌલિંદ પું. કૌણિંદ; પ્રાચીન હિંદના એ નામના લોક.

કૌલી ૧. [હિં.] સ્ત્રી. કરાર પ્રમાણે રાખેલી જમીન.

૨. સ્ત્રી. ખોળો.

૩. સ્ત્રી. બથ; બાથ.

૪. સ્ત્રી. બે કાંડાંની વચમાં લઈ શકાય તેટલો જથ્થો; બથમાં સમાય તેટલો જથ્થો.

કૌલી ભરવી = (૧) બાથ ભરવી. (૨) બે હાથ વચ્ચે પકડી રાખવું. (૩) લાલચુ થવું; લોભી થવું.

૫. સ્ત્રી. લણનાર અને ગામડાના નોકરોને દસ્તૂરી તરીકે અપાતાં ડૂંડાંની ગાંસડી.

૬. [અ.] વિ. કરાર સંબંધી.

કૌલીન ૧. [સં.] પું. દુષ્ટ કામ.

૨. પું. નિંદા; લોકોપવાદ.

૩. પું. પાખંડી.

૪. પું. ભિખારણનો પુત્ર.

૫. પું. વામમાર્ગમાં શક્તિનો ઉપાસક માણસ; વામમાર્ગી.

૬. ન. ખરાબ સમાચાર.

૭. ન. ગુપ્તેંદ્રિય.

૮. ન. પશુ, પક્ષી, સર્પ વગેરેનું યુદ્ધ.

૯. વિ. કુલક્રમે આવેલું.

૧૦. વિ. પૃથ્વી ઉપર લીન થયેલ.

૧૧. વિ. સારા કુળમાં ઊપજેલ.

કૌલીન્ય સ્ત્રી. ખાનદાની.

કૌલીય [સં.] પું. ક્ષત્રિયોની એક પ્રાચીન જાતિ.

કૌલેય ૧. ન. એક જાતનું મોતી. સિંહલદ્વીપમાં મયૂરગ્રામ પાસેની કૂલ નામની નદીમાંથી તે નીકળે છે.

૨. [સં.] વિ. સત્કુળમાં ઉત્પન્ન થયેલ.

કૌલેયક ૧. [સં.] પું. કુળક્રમથી આવેલ કૂતરો; ઊંચી જાતનો કૂતરો.

૨. વિ. કુળવાન; કુલીન.

કૌલોકરાર [હિં.] પું. કરારનામું.

કૌલોફઅલ [હિં.] પું. શબ્દ અને કાર્ય.

કૌલ્ય [સં.] વિ. સત્કુળમાં ઉત્પન્ન થયેલ.

કૌલ્લમ પું. પરશુરામકાલ; પરશુરામનો શક. તિન્નેવેલી પ્રાંતમાં કોલ્લમ શક ચાલે છે. તેમાં મહિનાનાં નામ મેષ, વૃષભ વગેરે રાશિ ઉપરથી પડેલાં છે. કન્ની, ચિંગમ વગેરે નામો કન્યા, સિંહ રાશિનાં અપભ્રંશ છે. કેરાલ પ્રદેશ સમુદ્ર પાસેથી પરશુરામે મુક્ત કર્યો ત્યારથી આ શક ચાલુ થયો એમ માન્યતા છે.

કૌવચ ૧. [સં. કપિકચ્છૂ] સ્ત્રી. એક જાતની ચોમાસામાં થતી વનસ્પતિ. તેનાં ફૂલ કાળા જાંબુડા રંગનાં, આકારમાં કેસૂડાંને મળતાં અને ઝૂમખાબંધ હોય છે. તેનાં ફળ આંબલીના કાતરાને મળતાં થાય છે. પાન, ફૂલ અને ફળને રુવાંટી હોય છે, જે શરીરને અડતાં ચળ આવે. તેનાં બીજ અરધાથી એક તોલાની માત્રામાં ધાતુપુષ્ટિ તરીકે અપાય છે.

૨. સ્ત્રી. એક જાતનું શક્તિ આપનારૂં વસાણું.

૩. ન. એ નામની વનસ્પતિનો ખંજવાળ ઉત્પન્ન કરનાર ફાફડો.

કૌવત (કૌ઼વત) ૧. [અ. કુવ્વત (શક્તિ)]. ન. જોર; તાકાત; બળ; સામર્થ્ય.

૨. ન. ટેકો; આધાર; આશ્રય.

૩. ન. મજબૂતી; ટકાવશક્તિ.

૪. ન. સત્ત્વ; તેજ.

કૌવતદાર (કૌ઼વતદાર) [ફા.] વિ. જોરાવર; કૌવતવાળું; બળવાન; સશક્ત.

કૌવતી જુઓ કૌવતદાર.

કૌવા ૧. [હિં.] પું. કનકુટકી નામનું ઝાડ.

૨. પું. કાગડો.

૩. પું. ગળાનો કાકડો.

૪. પું. લુચ્ચો માણસ; ઠગ.

૫. સ્ત્રી. એક જાતની માછલી.

કૌવાડો (કૌવાડ઼ો) પું. (ગ્રામ્ય) કોસ વડે પાણી કાઢવા માટે કૂવા ઉપર ખોડવામાં આવતાં બે માંહેનું કોઈ એક મોટું લાકડું.

કૌવાદોઢી [હિં.] સ્ત્રી. કાકમારી.

કૌવાલ (કૌ઼વાલ) [અ.] પું. એક જાતનો મુસલમાન ગવૈયો. તેઓ કૌવાલી ગાય છે.

કૌવાલી (કૌ઼વાલી) ૧. [હિં.] સ્ત્રી. કૌવાલોનો ધંધો.

૨. સ્ત્રી. ગઝલ.

૩. સ્ત્રી. (સંગીત) ત્રિતાલનો એક ભેદ.

૪. સ્ત્રી. પીરની કબર અથવા સૂફીની મજલિસમાં થતું એક જાતનું ગાન.

કૌવેર ૧. [સં.] પું. એક જાતનું ઝાડ.

૨. પું. એક પ્રાચીન દેશનું નામ. તે શુક્તિ મોતીનું ઉત્પત્તિસ્થાન મનાય છે.

૩. વિ. કુબેર સંબંધી.

કૌવેરક પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

કૌવો ૧. પું. એક જાતનું પંખી; કાકાકૌવા.

૨. [સં. કાક; પ્રા. કાઓ; દે. કવોઓ] પું. કાગડો.

૩. પું. લગ્નની એક ક્રિયા. લગ્નમાં ચોરીની ક્રિયા પૂરી થયા બાદ વરવહુ દેવમંદિરમાં આવે ને ઈંટો ઉપર કંકુ અને સિંદૂરના સાથિયા કરેલ કથરોટો ઊંધી ગોઠવી તે ઉપર બેસી કથરોટની નીચે દીવા અને અવળી ઘંટીએ દળેલ અડદના લોટના પાંચ પાપડ મૂકે છે.

૪. અ. કાગડાની બોલી દર્શાવતો અનુકરણવાચક અવાજ.

કૌશ ૧. [સં.] પું. કાન્યકુબ્જ; કનોજ.

૨. પું. કુશદ્વીપ.

૩. [હિં.] ન. એ નામનું એક ગોત્ર.

૪. ન. કુશનું વસ્ત્ર; દાભનું લૂગડું.

૫. ન. રેશમી કપડું.

૬. વિ. દર્ભનું બનાવેલ.

કૌશક ૧. [સં. કૌશિકી] પું. અઢાણું માંહેનો એક દેશ; કુશી નદીની આસપાસનો પ્રદેશ.

૨. સ્ત્રી. એક જાતની શેરડી.

કૌશકી ૧. સ્ત્રી. એ નામની એક દેવી.

> પાર્વતીએ પોતાના શરીરમાંથી એક બીજું રૂપ પ્રગટ કર્યું. એ બીજાં દેવી પાર્વતીના કોશ (શરીર)માંથી નીકળ્યાં માટે સર્વ લોકોમાં તેમનું નામ **કૌશકી** કહેવાય છે.
>
> ભગવતી ભાગવત

૨. સ્ત્રી. દુર્ગાદેવીનું એક નામ.

કૌશલ ૧. [સં.] પું. એ નામનો એક દેશ.

૨. પું. (પિંગળ) કુંડલિયાની જાતનો એક વિષમજાતિ માત્રામેળ છંદ. તેમાં ૫૫ ગુરુ અને ૪૨ લઘુ મળી ૯૭ વર્ણ અને ૧૫૨ માત્રા આવે છે.

૩. [હિં.] પું. કોશલ દેશનો વતની.

> રઘુનંદ આનંદકંદ **કૌશલ**, ચંદ દશરથનંદનં.
>
> રામાયણ

૪. પું. (પિંગળ) ષટ્પદી છપ્પયની જાતનો એક વિષમજાતિ માત્રામેળ છંદ. તેમાં ૧૫ ગુરુ અને ૧૨૬ લઘુ મળી ૧૪૧ વર્ણ અને ૧૫૬ માત્રા આવે છે.

૫. પું. સુખ.

૬. ન. અસિલ ગોત્રનું એ નામનું એક પ્રવર.

૭. ન. એક જાતનું ષટ્દ્વારયુક્ત ત્રિશાળ ઘર.

> જે ત્રિશાળ ઘરના મુખ આગળ એક હ્રસ્વ (લઘુ) હોય, તે હ્રસ્વ આગળ એક મંડપ હોય, તે મંડપ આગળ એક અલિંદ કરીએ અને તે ઘરનું મુખ પશ્ચિમે હોય તો તે **કૌશલ** નામનું ઘર કહેવાય છે.
>
> રાજવલ્લભ

૮. ન. કર્મનું પાપ ન લાગે તે રીતે કર્મ કરવાની રીત.

> કર્મનું પાપ ન લાગે તેવી રીતે કર્મ કરવાની સમત્વબુદ્ધિરૂપ જે વિશેષ યુક્તિ ઉપર કહી છે તેનું નામ **કૌશલ**.
>
> ગીતારહસ્ય

૯. [સં. કુશલ] ન. કુશળતા; કૌશલ્ય; હોશિયારી; ચાલાકી; નિપુણતા.

૧૦. ન. ખુશી; મરજી.

૧૧. ન. યુક્તિ.

કૌશલદેશ પું. એ નામનો એક દેશ; હાલનો લખનૌ તથા અયોધ્યા પ્રાંત.

કૌશલિકા ૧. [સં.] સ્ત્રી. કુશળતાનો પ્રશ્ન; ખુશીખબર પૂછવા તે.

૨. સ્ત્રી. નજરાણું; ભેટ.

કૌશલી ૧. [સં.] સ્ત્રી. કુશલપ્રશ્ન.

૨. સ્ત્રી. ભેટ; નજરાણું.

૩. સ્ત્રી. સલામ.

કૌશલેય [સં.] પું. રામચંદ્ર; કૌશલ્યાનો પુત્ર.

કૌશલ્ય ૧. પું. (પુરાણ) આશ્વલાયન ઋષિકુળનો એક ઋષિ. એ પિપ્પલાદ ઋષિનો શિષ્ય હતો.

૨. પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

૩. [સં.] ન. કુશળતા; હોશિયારી; ચતુરાઈ; નિપુણતા.

૪. ન. સારૂં નસીબ.

૫. ન. સુખ.

કૌશલ્યા ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) અયોધ્યાના રાજા દશરથનાં પત્ની અને રામચંદ્રની માતા. કૌશલ દેશના રાજા ભાનુમાનની તે પુત્રી હતી. રાવણની ધાકથી તેનાં લગ્ન વહાણમાં દશરથ સાથે કરવામાં આવતાં હતાં, તેટલામાં રાવણે દશરથ રાજાને દરિયામાં ડુબાડી દીધા, પણ અચાનક એક પાટિયું હાથ આવતાં એક બેટ ઉપર તણાઈ ગયા. કૌશલ્યાને પણ પેટીમાં ઘાલી દરિયામાં ધકેલી દીધાં. અનાયાસે જે બેટ ઉપર દશરથ રાજા તણાઈ આવ્યા હતા, તે જ બેટમાં તે પેટી તણાઈ આવી. નારદે કૌશલ્યાને દશરથ સાથે પરણાવ્યાં. ફરી તેઓ રાવણના હાથમાં પકડાયાં. તે બંનેને મારી નાખતો હતો, પણ બ્રહ્માએ તેમને બચાવ્યાં અને અયોધ્યામાં મોકલ્યાં.

૨. સ્ત્રી. (પુરાણ) ધૃતરાષ્ટ્રની માતા.

૩. [હિં.] સ્ત્રી. પંચમુખી આરતી; પાંચ દીવાની આરતી.

૪. સ્ત્રી. (પુરાણ) પુરુરાજાની સ્ત્રી અને જનમેજયની માતા.

૫. સ્ત્રી. સત્વાનની સ્ત્રી.

કૌશલ્યાતનય [સં.] પું. રામચંદ્ર.

કૌશલ્યાનંદન જુઓ કૌશલ્યાતનય.

કૌશલ્યાસુત જુઓ કૌશલ્યાતનય.

કૌશળ [સં. કૌશલ] ન. સકળ ઘરનું મુખ દક્ષિણે હોય એવું એક જાતનું ત્રિશાળ ઘર.

કૌશાપિ પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

કૌશાંબર [સં.] ન. રેશમી વસ્ત્ર.

કૌશાંબિ જુઓ કૌશાંબી.

કૌશાંબી [સં.] સ્ત્રી. (પુરાણ) એ નામની એક નગરી. બ્રહ્માપુત્ર કુશ તપસ્વી હતો. એને વૈદર્ભીથી ચાર પુત્ર થયા. તેમાંથી કુશાંબે કૌશાંબી નગરી વસાવી. વળી એમ પણ કહેવાય છે કે, વત્સ રાજાની આ નગરી સોમવંશના વિજયકુળના કુશાંબ અથવા કુશાંબુ રાજાએ વસાવી હતી. વત્સદેશની એ રાજધાની હતી. તેનું બીજું નામ વત્સપટ્ટણ પણ છે. પ્રાચીન કાળમાં આ શહેર યમુનાને કિનારે ઉજ્જનથી ઉત્તર હિંદ જતા ધોરી માર્ગ ઉપર હતું, પણ હાલ યમુનાનો પ્રવાહ ત્યાંથી છેટે ગયેલ છે. ભગવાન બુદ્ધ અહીં રહેલા. ત્યાં એક મંદિરમાં તેની ચંદનની પાંચ ફૂટની એક મૂર્તિ છે, તેથી બૌદ્ધોનું તે એક તીર્થ બન્યું છે. રામચંદ્રનું ચિત્રકૂટ પણ અહીંથી બહુ દૂર નથી. આ નગર પ્રયાગથી પાંચ ગાઉ પશ્ચિમે છે.

કૌશિ પું. (પુરાણ) એક બ્રહ્મર્ષિનું નામ.

કૌશિક ૧. પું. (સંગીત) આશાવરી થાટમાંથી ઉત્પન્ન થતો એ નામનો એક રાગ. તે ગાવાનો સમય રાત્રિનો ત્રીજો પ્રહર છે.

૨. પું. ઇંદ્ર; વાસવ; શક્ર.

૩. [સં.] પું. એક જાતનું ઝાડ; અશ્વકર્ણ.

૪. પું. (સંગીત) કાફી થાટમાંથી ઉત્પન્ન થતો એ નામનો એક રાગ. તેને ગાવાનો સમય મધ્યરાત્ર છે. તે કાનડાનો ભેદ મનાય છે.

૫. પું. (પુરાણ) કુશિકનો પુત્ર; ગાધિ. તે ઇંદ્રના અંશથી ઉત્પન્ન થયો હોવાનું મનાય છે.

૬. પું. કેશવાહિની.

૭. પું. કોષકાર; કોષ બનાવનાર વ્યક્તિ.

૮. પું. ખજાનચી.

૯. પું. ગાયત્રીના ચોવીસ માંહેનો એ નામનો એક ઋષિ.

૧૦. પું. ગૂગળ.

૧૧. પું. ઘૂડ; ઘુવડ.

૧૨. પું. (પુરાણ) જરાસંધનો એ નામનો એક સેનાપતિ.

૧૩. પું. (પુરાણ) જંગલમાં રહી તપ કરનાર એ નામનો એક બ્રાહ્મણ. સત્ય બોલવું એવો એનો એક નિયમ હતો. એમાં સારાસાર વિચાર કરવો જ નહિ એવો એનો મત હતો. પરંતુ સત્ય ભાષણથી દોષ અને અસત્યથી વખતે ગુણ થાય છે. એક વખતે કોઈ પૈસાદાર પથિકોની પાછળ લૂંટારા પડ્યા. રસ્તે જતાં જતાં આ ઋષિનો આશ્રમ આવ્યો, તેમાં પેલા પથિકો સંતાઈ ગયા. થોડી વારે પેલા લૂંટારા ત્યાં આવ્યા અને પંથી સંબંધે પૂછતાં આ ઋષિએ સત્ય કહી દીધું. લૂંટારાઓએ બધાને લૂંટીને મારી નાખ્યા અને બધી લૂંટ લઈ ગયા. આથી આ બ્રાહ્મણની અધોગતિ થઈ.

૧૪. પું. નોળિયો.

૧૫. પું. પુરુવંશી એક રાજાનું નામ.

૧૬. પું. (જ્યોતિષ) પૂર્વાષાઢા નક્ષત્રનું ગોત્ર.

૧૭. પું. પ્રીતિ; સ્નેહ.

૧૮. પું. (પુરાણ) વસુદેવને વૈશ્ય જાતિની સ્ત્રીથી થયેલ એ નામનો પુત્ર.

૧૯. પું. (પુરાણ) વિશ્વામિત્ર. તે તપોબળથી બ્રહ્મર્ષિ થયા હતા અને તેણે રામલક્ષ્મણને બલા અને અતિબલા નામની વિદ્યાઓ શીખવી હતી.

૨૦. પું. (પુરાણ) વિશ્વામિત્ર બ્રાહ્મણત્વ પામ્યા પછી તેમના કુળનો એ નામનો એક ઋષિ. એને હૈમવતી નામની સ્ત્રી હતી.

૨૧. પું. શરીરમાં રહેલી મજ્જાધાતુ.

૨૨. પું. શૃંગારરસ.

૨૩. પું. સર્પ પકડનાર વાદી.

૨૪. પું. (પુરાણ) સાવર્ણિ મન્વંતરમાં થનાર સપ્તર્ષિ માંહેનો એક.

૨૫. સ્ત્રી. એ નામની નદી. તેને કાંઠે શમીક ઋષિનો આશ્રમ હતો.

૨૬. સ્ત્રી. એ નામની શક્તિ.

૨૭. ન. અથર્વવેદનું એક કલ્પસૂત્ર. તેમાં દેવ, પિતૃ, પાકયજ્ઞ, મંત્રો, યુદ્ધ, રાજનીતિ, વૃષ્ટિનિવારણ મંત્ર, વિવાહવિધિ, વેદારંભ તથા વેદાધ્યયની વિધિ વગેરે વિષયોનું વર્ણન છે.

૨૮. ન. એ નામના ગોત્રનું એક પ્રવર.

૨૯. ન. એ નામનું એક ગોત્ર.

૩૦. ન. એક ઉપપુરાણનું નામ.

૩૧. ન. રેશમી કપડું.

કૌશિકકાનડો (કૌશિકકાનડ઼ો) પું. (સંગીત) એક ષાડવજાતિ રાગ. તેમાં સા, રિ, ગ, મ, પ, ધ, નિ સ્વરો આવે છે. પ વર્જ્ય છે. ગ અને પ કોમળ છે. તેનો ગ્રહસ્વર મ, વાદીસ્વર મ, સંવાદીસ્વર નિ અને ન્યાસસ્વર સા છે. કાનડાનો આ એક ભેદ છે, જેથી ગ કોમળ ઉપર વારંવાર આવવું, મ, ધનો લાગ લઈ નિ કોમળ ઉપર જરા ઠરી, સા લઈ, સા, નિ, ધ, મ, ગ, રિ, સા સ્વર લેવાથી એનું સ્વરૂપ સમજાય છે. તે ગાવાનો વખત રાતે બીજા પહોર પછીનો છે. તે વીર, શૃંગાર રસ ઉત્પન્ન કરે છે અને શાંત ગંભીર પ્રકૃતિવાળો છે.

કૌશિકકાશ ન. એ નામનું એક પ્રવર.

કૌશિકતરુ ન. એક જાતનું ઝાડ. કેટલાક એને ગૂગળના ઝાડના વર્ગમાં ગણે છે. એના વૃક્ષમાંથી સફેદ ડામરની જાતનો લોબાન અને રાળ નીકળે છે. ઝાડ ઉપર કાપા પડતાં રસ વહે છે, જેને હવા લાગતાં બંધાઈ જાય છે. તેની મીણબત્તી બને છે. આ ઝાડનો રસ ખાંસી, દમ, અજીર્ણ વગેરે ઉપર અકસીર મનાય છે.

કૌશિકતંતુ પું. વનસ્પતિના શરીરમાં રહેલ બારીક તંતુ.

> વનસ્પતિનું શરીર કેટલાક બારીક રેષાનું બનેલું છે. એ સઘળા તંતુ રેષા વળી કેટલાક વધારે ઘણા બારીક રેષાની મેળવણીથી બનેલા છે. એ વાસ્તે પંડિતો તેને **કૌશિકતંતુ** કહે છે.
>
> વનસ્પતિતત્ત્વજ્ઞાન

કૌશિકફલ [સં.] ન. નાળિયેર.

કૌશિકાચાર્ય પું. (પુરાણ) ગારુડીવિદ્યાનો એ નામનો એક આચાર્ય. યુધિષ્ઠિરે રાજસૂય યજ્ઞ કર્યો ત્યારે સહદેવ દક્ષિણ દિશા તરફ દિગ્વિજય કરવા ગયો હતો. તેણે આને હરાવી તેની પાસેથી કરભાગ લીધો હતો.

કૌશિકાત્મજ ૧. [સં.] પું. અર્જુન.

૨. પું. ઇંદ્રપુત્ર જયંત.

૩. પું. વિશ્વામિત્રનો પુત્ર.

કૌશિકી ૧. સ્ત્રી. કાવ્યમાં ચાર માંહેની પહેલા પ્રકારની વૃત્તિ. નાટકની લખાવટની કૌશિકી, આરભટી, સાત્વતી અને ભારતી એ ચાર શૈલી છે. તેમાં શૃંગાર, કરુણ અને હાસ્ય ત્રણે રસની જમાવટ હોય છે.

૨. સ્ત્રી. કુરુક્ષેત્રમાં આવેલ દશદ્વતીનો એક ફાંટો.

૩. સ્ત્રી. ગોદાવરી નદીનો એ નામનો ફાંટો. કૌશિક ઋષિના નામ ઉપરથી એનું નામ કૌશિકી પડ્યું છે. ગોદાવરીના છમાંથી પાંચ મુખમાં સ્નાન કરી અહીં શ્રીરામ પધાર્યા હતા. રામચંદ્રજીએ શિવની સ્થાપના કરી તેને રામેશ્વર કહે છે. કન્યાકુમારી ભૂશિર આગળ રામેશ્વર છે તે આ નહિ.

૪. સ્ત્રી. ચંડિકા. તે પાર્વતીના શરીરકોશમાંથી ઊપજી હોવાનું મનાય છે.

> પાર્વતીના અંગ કોશથી અબળા નીકળી રે,
> તેને સર્વજને **કૌશિકી** નામે કવી રે.
>
> પ્રેમાનંદ

૫. સ્ત્રી. દુર્ગાદેવીની એક મૂર્તિ.

૬. સ્ત્રી. બિહારમાં આવેલ કોસી અથવા કુસી નદી. તે ઘણા પ્રાચીન કાળમાં હાલ જ્યાં તાજપુર છે તેની આગ્નેયમાં વહેતી હતી. ગંગા સાથે જે કાળે તેનો સંગમ થયો ત્યારે બંનેનાં પાણીને બળે હાલ જેને પદ્મા કહે છે તે વહેણ ઉત્પન્ન થયું. વિશ્વામિત્રની બહેન અને જમદગ્નિની માતા સત્યવતી આ નદીના રૂપમાં ફેલાઈ ગઈ હોય એમ મનાય છે.

૭. સ્ત્રી. મેઘ રાગની છ માંહેની એક રાગણી.

૮. સ્ત્રી. યશોદાની કન્યારૂપે ઉત્પન્ન થયેલી યોગમાયા.

૯. સ્ત્રી. (સંગીત) હનુમંત મત પ્રમાણે માલકોશ રાગની આઠ માંહેની એક સ્ત્રી. કોઈ કોઈ આને પુરિયા અને અજયપાલ આદિના સંયોગથી થતી માને છે.

કૌશિકીવૃત્તિ સ્ત્રી. કાવ્યમાં ચાર માંહેની પહેલા પ્રકારની વૃત્તિ. નાટકની લખાવટની કૌશિકી, આરભટી, સાત્વતી અને ભારતી એ ચાર શૈલી છે. તેમાં શૃંગાર, કરુણ અને હાસ્ય ત્રણે રસની જમાવટ હોય છે.

કૌશિલ્ય ૧. [સં.] પું. એક ગોત્રપ્રવર્તક ઋષિનું નામ.

૨. ન. એ નામનું એક ગોત્ર.

કૌશી પું. (સંગીત) માલકોશ અને ધનાશ્રીના મિશ્રણથી બનતો એક રાગ. તે આશાવરી થાટમાંથી ઉત્પન્ન થાય છે અને મધ્યરાત્રે ગવાય છે.

કૌશીકીતીર્થ [સં.] ન. કુશી અને ગંગા નદીનો સંગમ થાય છે તે સ્થળ.

કૌશીલ [સં.] પું. સૂત્રધાર; પ્રધાન નટ.

કૌશીલવ્ય [સં.] ન. ગાનારનું તથા નાચનારનું કર્મ.

કૌશેય ૧. [સં.] ન. કાશીમાં બનેલ રેશમી કાપડ.

૨. ન. ચીનમાં થતું રેશમી કાપડ; ચીનપટ્ટ; હીરાગળ વસ્ત્ર; રેશમ.

૩. ન. તસરનું બનાવેલ વસ્ત્ર.

૪. વિ. રેશમનું; રેશમ સંબંધી.

કૌશેયક [સં.] પું. તલવાર.

કૌશ્ક પું. અથર્વવેદમાં જણાવેલ એ નામનો એક ઋષિ.

કૌશમાંડી [સં.] સ્ત્રી. વેદોની પવિત્ર કરનારી ચોત્રીશ માંહેની એક ઋચા.

કૌષરવિ જુઓ કૌષારવ.

કૌષારવ [સં.] પું. (પુરાણ) કુષારુ મુનિનો પુત્ર; મૈત્રેય.

કૌષિકી [સં.] સ્ત્રી. દુર્ગાદેવી; કૌશિકી. તેની ઉત્પત્તિ કાલીના શરીરમાંથી થઈ હતી. તેને દશ હાથ અને હમેશા સાથે રહેતી આઠ સખીઓ છે. તેનું વાહન સિંહનું છે.

કૌષીતક ૧. [સં.] પું. (પુરાણ) આશ્વલાયન ગૃહ્યસૂત્ર પ્રમાણે ઋગ્વેદનો એક આચાર્ય.

૨. પું. (પુરાણ) એ નામનો એક ઋષિ; કહોડ ઋષિ.

૩. પું. (પુરાણ) એક ઋષિ. એનો પુત્ર અથવા વંશજ કહોડ ઋષિ હશે.

૪. પું. (પુરાણ) કષીતક ઋષિનો પુત્ર અને ઋગ્વેદની એક શાખાનો પ્રવર્તક.

૫. ન. ઋગ્વેદનું અંતર્ગત એક બ્રાહ્મણ.

૬. ન. મુખ્ય અઢાર માંહેનું એક ગૃહ્યસૂત્ર.

કૌષીતકિ ૧. [સં.] પું. કૌષીતકિ બ્રાહ્મણનો કર્તા આચાર્ય.

૨. ન. ઋગ્વેદનું એક બ્રાહ્મણ; શાંખાયન બ્રાહ્મણ.

૩. ન. એ નામનું ઋગ્વેદનું એક ઉપનિષદ. આ આખું ઉપનિષદ ગદ્યમાં રચાયેલું છે. તેમાં ચાર લાંબા અધ્યાય અને કુલ ૫૧ મંત્ર છે.

કૌષીતકી ૧. [સં.] સ્ત્રી. અગસ્ત્ય મુનિની સ્ત્રી; લોપામુદ્રા.

૨. સ્ત્રી. ઋગ્વેદની એક ઉપનિષદ.

૩. સ્ત્રી. ઋગ્વેદની એક શાખા.

૪. સ્ત્રી. એ નામનો એક બ્રાહ્મણ ગ્રંથ; શાંખાયન બ્રાહ્મણ.

૫. ન. ચાર માંહેનું એક આરણ્યક.

કૌષીતકીબ્રાહ્મણ ૧. [સં.] ન. એકસો આઠ માંહેનું એક ઉપનિષદ.

૨. ન. શાંખાયન ઋષિએ બનાવેલ ઋગ્વેદનું એક બ્રાહ્મણ. તેમાં ત્રીશ પ્રકરણ હોઈને અગ્ન્યાધાન, અગ્નિહોત્ર, દર્શપૂર્ણમાસ, ચાતુર્માસ્થ અને સોમનું અનુક્રમે વર્ણન કરવામાં આવ્યું છે. તેનો સમય ઈ. સ. પૂર્વે ૨૫૦૦ મનાવાથી ઐતરેય બ્રાહ્મણ કરતાં જૂનું છે.

કૌષીતકેય પું. (પુરાણ) કહોડ ઋષિ; કુષીતક ઋષિનો પુત્ર.

કૌષીતક્યુપનિષદ સ્ત્રી. એકસો અઢાર માંહેની એક ઉપનિષદ. અગ્નિહોત્રનું અનુષ્ઠાન કરનારા ચંદ્રલોકમાં જાય છે, ચંદ્રલોક સ્વર્ગનું દ્વાર છે, જેમને સ્વર્ગલોકની ઇચ્છા નથી એવા શુભકર્મ કરનારા સગુણબ્રહ્મવેત્તા આવૃત્તિરહિત બ્રહ્મલોકમાં જાય છે એમ આ ઉપનિષદનો સાર છે.

કૌષેય પું. (પુરાણ) એક બ્રહ્મર્ષિ.

કૌષ્ટકિ [સં.] ન. એ નામનું એક હિંદી પ્રજાસત્તાક રાજ્ય.

કૌષ્ટિકિ પું. (પુરાણ) એક બ્રહ્મર્ષિ.

કૌષ્ઠેયક પું. તળાવ વગેરેની નીચાણની જમીન ઉપર લેવાતો કર.

કૌસ ૧. [અ.] સ્ત્રી. ધન રાશિ.

૨. સ્ત્રી. ધનુષ્ય.

કૌસે કુઝા = મેઘધનુષ્ય.

૩. સ્ત્રી. વર્તુળનો એક ભાગ.

૧. કૌસે અંદરૂની = (૧) અંતર્ગોળ બાજુ. (૨) વર્તુળખંડનો અંદરનો વાંક.

૨. કૌસે બીરૂની = (૧) બાહ્યગોળ બાજુ. (૨) વર્તુળખંડનો બહારનો વાંક.

કૌસનુમા [અ. કૌસ (વર્તુળનો એક ભાગ) + નુમા (બતાવનાર)] વિ. વાંક વાળેલું; કમાનના આકારનું.

કૌસર ૧. [અ.] પું. સ્વર્ગમાં આવેલ એક કૂવો. તેમાંથી અમૃતની નદી વહે છે.

૨. પું. ભલા રાજા કે સરદાર.

૩. ન. અમી; કૃપા.

૪. ન. અમૃત; સ્વર્ગનું પાણી.

કૌસલા સ્ત્રી. (પુરાણ) કૃષ્ણપત્ની સત્યા.

કૌસલેય [સં.] પું. રાજા.

કૌસલ્ય ૧. સ્ત્રી. અયોધ્યા. અહીં શ્રીકૃષ્ણ અને સત્યાનાં લગ્ન થયાં હતાં.

૨. સ્ત્રી. (પુરાણ) કોસલ્ય દેશનો ક્ષેમદર્શી નામનો રાજપુત્ર. તે લક્ષ્મી વગેરે ઐશ્વર્ય રહિત થવાથી કાલકવૃક્ષી નામના ઋષિને શરણે ગયો. ઋષિ સાથે એને ઐશ્વર્ય નાશવંત અને અનિત્ય છે એ વિષે સંવાદ થયો હતો.

કૌસલ્યા ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) ઈશાન્ય કોશલ દેશના રાજા ભાનુમાનની પુત્રી અને અયોધ્યાના રાજા દશરથની રાણી. તેને પેટે વિષ્ણુ ભગવાન રામચંદ્રજીના રૂપમાં અવતર્યા હતા. જ્યારે રાવણને ખબર પડી કે કૌસલ્યાના પુત્ર રામથી હું માર્યો જવાનો છું, ત્યારે તેણે બાલિકા કૌસલ્યાનું હરણ કરી એક પેટીમાં પૂરી. તે પેટી રાઘવ નામના માછીમારને આપી દીધી. ભક્તોની રક્ષા માટે બ્રહ્માએ રાવણનું રૂપ ધારણ કરી તેની પાસેથી તે પેટી માગી લીધી અને વનમાં પડતી મૂકી. તે સુમંતને મળી અને તેણે અયોધ્યાના દશરથ રાજાને અર્પણ કરી.

૨. સ્ત્રી. (પુરાણ) કાશીરાજની અંબા વગેરે ત્રણ કન્યા માંહેની બીજું નામ.

૩. સ્ત્રી. (પુરાણ) પાંડુની માતા.

૪. સ્ત્રી. ભક્તિ.

૫. સ્ત્રી. (પુરાણ) શ્રીકૃષ્ણના પિતા વસુદેવની સ્ત્રી.

૬. સ્ત્રી. (પુરાણ) સોમવંશી પુરુની એ નામની સ્ત્રી. એના પુત્રનું નામ જનમેજય હતું.

કૌસલ્યાજનકયોગ [સં.] પું. ઉત્તરરામચરિતના સાત માંહેનો એ નામનો ચોથો અંક.

કૌસલ્યાતનય [સં.] પું. રામચંદ્ર.

કૌસલ્યાનંદન [સં.] પું. રામચંદ્ર.

કૌસલ્યાનંદવર્ધન [સં.] પું. રામ, કારણકે તેનાં દર્શનથી કૌસલ્યાનો આનંદ વધે છે.

કૌસલ્યાયનિ [સં.] પું. રામચંદ્ર.

કૌસવી સ્ત્રી. (પુરાણ) દ્રુપદ રાજાની એ નામની સ્ત્રી. એનું બીજું નામ સૌત્રામણિ હતું.

કૌસિક ૧. સ્ત્રી. એ નામની ગાઝીપુર, ગોરખપુર, વગેરે સ્થળે વસતી રજપૂતની એક જાત.

૨. ન. એ નામની રજપૂતની જાતનું માણસ.

૩. વિ. રજપૂતની એક જાતનું.

કૌસિકી સ્ત્રી. બિહારમાં આવેલ કોસી નદી. જમદગ્નિની માતા સત્યવતી આ નદીના સ્વરૂપમાં ફેરવાઈ ગઈ હોય એમ મનાય છે.

કૌસી ૧. [અ.] વિ. કમાનના આકારનું; વાંક વાળેલું.

૨. વિ. વચ્ચે ખાડાવાળું.

કૌસીકુઝા [અ.] સ્ત્રી. મેઘધનુષ્ય.

કૌસુમ ૧. [સં.] ન. ફૂલથી બનાવેલ આંજણ.

૨. વિ. ફૂલ સંબંધી.

કૌસુરુવિંદ [સં.] પું. એક પ્રકારનો યજ્ઞ. તે દશ રાતમાં પૂરો થાય છે.

કૌસુંભ ૧. પું. એક પ્રકારનો સાગ; જંગલી કસુંબો. તે બહુ કોમળ હોય છે.

૨. વિ. કસૂંબાથી રંગેલ.

કૌસ્તુભ ૧. [સં.] પું. એ નામનો એક મણિ. તે શ્રીકૃષ્ણ તથા વિષ્ણુના હારમાં હોવાનું મનાય છે.

૨. પું. સમુદ્રમંથન સમયે નીકળેલા ચૌદ માંહેનું એક રત્ન.

૩. ન. એક જાતની મુદ્રા.

૪. ન. એક જાતનું તેલ.

૫. ન. ડોકમાં પહેરવાનું એક ઘરેણું.

કૌસ્તુભમણિ જુઓ કૌસ્તુભ ૧.

કૌસ્તુભવક્ષ [સં.] પું. વિષ્ણુ.

કૌસ્તુભહૃદય [સં.] પું. વિષ્ણુ.

કૌસ્લી પું. વકીલ; કાયદામાં સલાહકાર માણસ.

કૌહા [ફા.] પું. બળદ કે ઊંટની ખૂંધ.

કૌહાન જુઓ કૌહા.

કૌંચ ૧. [સં.] પું. પુરાણોમાં વર્ણવેલ સાત માંહેનો એક દ્વીપ. પ્રાચીનકાળમાં આ પ્રસિદ્ધ દેશ હતો. તેના સાત ભાગ યોજેલા છે: આમ, મધુરૂહ, મેઘપુષ્ટિ, સુધામ, ભ્રામિષ્ટ, લોહીતાર્ણું અને વનસ્પતિ. તેમાં સાત પર્વત છે: શુક્લ, દર્ધમાન, ભોજન, ઉપબર્હિણ, નંદ, નંદન અને સર્વતોભદ્ર. તેમાં સાત નદી છે: અભયા, અમૃતૌઘા, આર્યકા, તીર્થવતી, વૃત્તિરૂપવતી, પશ્ચિમવતી અને શુક્લા.

૨. પું. હિમાલય માંહેનો એક પર્વત.

૩. [સં.] સ્ત્રી. એક જાતની વેલ; કપિકચ્છુ. તે બંગાળ, સહરાણુપુર અને દહેરાદુન જિલ્લાનાં ગામડાંમાં જોવામાં આવે છે. તેનાં બી પુષ્ટિકારક અને વાયુનું જોર મંદ કરનાર મનાય છે.

૪. ન. એ નામની વેલનું ફળ.

૫. ન. એક જાતનું પક્ષી; કંક; બગલું.

કૌંચદારણ [સં.] પું. કાર્તિકસ્વામી.

કૌંચદ્વીપ જુઓ કૌંચ ૧.

કૌંચપદા પું. (પિંગળ) એ નામનો એક છંદ. તેમાં ભગણ, મગણ, સગણ, ભગણ, ત્રણ નગણ ને ગુરુ મળી બાવીશ અક્ષર હોય છે.

કૌંચા [હિં.] પું. અનાજ શેકવાનું લોઢાનું કડાયું.

કૌંચાદન [સં.] ન. કમળકાકડી.

કૌંજર [સં.] વિ. હાથીનું; હાથી સંબંધી.

કૌંડપાચી સ્ત્રી. એ નામની એક વેદશાખા. આ શાખાનાં સંહિતા તથા બ્રાહ્મણો મળી આવતાં નથી.

કૌંડલ ૧. સ્ત્રી. હિમાલય અને સિલોનમાં થતી એક વેલ. તેનાં ફળ નારંગી જેવડાં, ગોળ અને લાલ રંગનાં હોય છે. તેમાં કફઘ્ન ગુણ સરસ હોવાથી દમ, છાતીમાં ભરાયેલ કફ અને શ્વાસનલિકાના રોગમાં તે સારી દવા મનાય છે. ૦ાથી ૧ ગૂંજાની માત્રામાં દિવસમાં ત્રણ વખત અપાય. મોટી માત્રામાં તે તીવ્ર રેચક અને ઝેરી છે. કોપરેલમાં તે ફળનો ગર ઉકાળી તેનાં કાનમાં ટીપાં નાખવાથી પરૂ વહેતો અને ચસકા મારતો કાન સુધરે. આ ગર આંખને હિતકારક, સઘળા તાવનો નાશ કરનાર ને લોહી સાફ કરનાર પણ મનાય છે. એ તેલનું શરીરે મર્દન કરવાથી શરદી કે વાથી જકડાયેલું શરીર અને તેમાં થતી કળતર મટે.

૨. [સં.] વિ. કાનમાં પહેરવાનાં કુંડલવાળું.

કૌંડળ જુઓ કૌંડલ.

કૌંડિન્ય ૧. પું. (પુરાણ) એ નામનો એક ઋષિ. તે વ્યાકરણકર્તા હતો. તેણે શંકરને ગુસ્સે કર્યા હતા, પરંતુ તેના ક્રોધમાંથી વિષ્ણુએ તેને બચાવી લીધેલ.

૨. પું. (પુરાણ) કુંડિન કુળના એ નામે શુક્લ યજુર્વેદના એક બ્રહ્મર્ષિ. યુધિષ્ઠિરના અશ્વમેધ યજ્ઞના તે ઋત્વિજ હતા.

૩. પું. કુંડિન મુનિના ગોત્રનું માણસ.

૪. પું. (પુરાણ) કુંડિન મુનિનો પુત્ર.

કૌંડિબ્રિસ ન. પ્રાચીન કાળમાં સતલજ અને બીઆસ નદીની ખીણના પ્રદેશમાં આવેલ એ નામનું એક રાજ્ય.

કૌંડિયન ૧. ન. એ નામનું એક ગોત્ર.

૨. ન. કપિ ગોત્રનું એ નામનું એક પ્રવર.

કૌંડિલ્ય ૧. [સં.] પું. એ નામનો એક મુનિ.

૨. ન. કુંડિનપુર નામનું ગામ.

કૌંડોપરથ [સં.] પું. ત્રિગર્ત-ષષ્ઠ નામના આયુધજીવી સંઘમાંનો એ નામનો એક.

કૌંતલ ૧. [સં.] સ્ત્રી. કુંતલ રાજાની નગરી.

૨. વિ. કુંતલ દેશ સંબંધી; કુંતલ દેશનું.

કૌંતલકા [સં.] સ્ત્રી. કુંતલ રાજાની નગરી.

કૌંતિક ૧. પું. ભાલાવાળો માણસ.

૨. ન. એક જાતનું ઘાસ.

કૌંતી ૧. [સં.] સ્ત્રી. ભસ્મગંધિની નામે એક ઔષધિ; રેણુકા નામનું ગંધદ્રવ્ય.

૨. સ્ત્રી. મેંદીનાં બી.

કૌંતેય ૧. [સં.] પું. કુંતાનો પુત્ર; યુધિષ્ઠિર, ભીમ અને અર્જુન માંહેનો કોઈ એક.

ધર્મતાત અજાતરિપુ **કૌંતેય** ને કુરુરાય,
નૃપતિ યુધિષ્ઠિર સમ કુંવરી તારા સમ તુજ ભાઈ.
પિંગળલઘુકોષ

૨. પું. સાદડનું ઝાડ; અર્જુનવૃક્ષ.

કૌંદપસ્થ ન. એ નામનું એક હિંદી પ્રજાસત્તાક રાજ્ય.

કૌંદલ ન. લાલ ઇંદ્રામણું.

કૌંદા જુઓ કૌંધા.

કૌંધ જુઓ કૌંધા.

કૌંધા [હિં.] સ્ત્રી. વીજળી.

કૌંલા ૧. પું. એક જાતની નારંગી.

૨. પું. ખૂણો.

૩. વિ. કાચું; અપક્વ.

૪. વિ. નાની વયનું.

કૌંલી [હિં.] વિ. કોમળ; નાજુક.

કૌંસ [અ. કવ્સ] પું. [ ], ( ), { } આ ત્રણ માંહેનું કોઈ એક ચિહ્ન; 'બ્રેકેટ'.

કૌંસલ ૧. [અં.] પું. બેરિસ્ટર; એડવોકેટ; વકીલ.

૨. સ્ત્રી. સભા; સલાહમંડળી.

કૌંસલ કરવી = (૧) કાવતરૂં કરવું. (૨) સલાહ કરવી.

કૌંસલી જુઓ કૌંસલ ૧.

કૌંસિલ ૧. [અં.] સ્ત્રી. કોઈ પણ વિષય ઉપર વિચાર કરવા માટેની લોકોની બેઠક.

૨. સ્ત્રી. રાજકારભાર ચલાવનાર મંત્રીસભા; મંત્રીમંડળ.

કૌંસિલર [અં.] પું. મંત્રીસભાનો સભાસદ.

ક્ પું. એક સૂચક સાંકેતિક અક્ષર.

ક્કે અ. કે; એક સંબંધક પ્રત્યય.

ક્ચ [સં. કતિ] વિ. કેટલું.

ક્ચડ (ક્ચડ઼) સ્ત્રી. (પ્રાકૃત) કટિ; કેડ.

ક્ચદ સ્ત્રી. કેદ; જેલની સજા.

ક્ચમ ૧. [સં. કિમ્] અ. કેમ; શા માટે; શા સારૂ.

૨. અ. કેવી રીતે; કઈ રીતે.

રાક્ષસને ઘેર રેતાં વ્રત **ક્ચમ** સાધવી તણુંય સચવાય.
ઉત્તરરામચરિત

ક્ચહીં અ. ક્યાં; કયે ઠેકાણે.

ક્ચહું અ. કહીં; કોઈ ઠેકાણે; ક્યાંય પણ.

ક્ચા ૧. [સં. કિમ્] સ. (હિંદી) શું.

ક્યા કરે નર બંકડા થેલીકા મોં સંકડા = પૈસા વગર માણસ કંઈ કરી શકતું નથી.

૨. વિ. કેટલું.

૩. વિ. ક્યા પ્રકારનું.

૪. વિ. ઘણું વધારે.

૫. વિ. ઘણું જ સારૂં.

૬. અ. કે.

૭. અ. જોકે.

૮. અ. નહિ.

૯. અ. શું; પ્રશ્ન પૂછવામાં વપરાતો અવ્યય.

ક્ચા ક્ચા વિ. બધી જાતનું.

ક્ચાટી સ્ત્રી. બાવન તોલાનું એક વજન.

ક્ચાડા (ક્યાડ઼ા) ૧. સ્ત્રી. લેઉઆ કણબીની એ નામની એક અટક.

૨. ન. લેઉઆ કણબીની એ અટકનું માણસ.

૩. વિ. લેઉઆ કણબીની એ અટકનું.

ક્યાડી (ક્યાડ઼ી) સ્ત્રી. આછા રાતા રંગની એક જાતની કાઠિયાવાડી ઘોડી.

ક્યાડું (ક્યાડું) ૧. ન. આછા રાતા રંગનું એક જાતનું કાઠિયાવાડી ઘોડું.

૨. વિ. ઘેરા રાતા કથ્થાઈ રંગનું.

ક્યાડો (ક્યાડ઼ો) ૧. પું. આછો રાતો રંગ.

૨. પું. એક જાતનો ઘોડો.

૩. પું. ચૌડાની એક જાત.

ક્યાફા (ક઼્યાફ઼ા) [અ. કવ્ફ] પું. સૂરત; ચહેરો.

ક્યાફાશિનાસ (ક઼્યાફ઼ાશિનાસ) પું. મુખસામુદ્રિક વિદ્યા જાણનાર માણસ.

ક્યાફાશિનાસી (ક઼્યાફ઼ાશિનાસી) સ્ત્રી. મુખસામુદ્રિક વિદ્યા.

ક્યાબુબ અ. શાબાશ.

ક્યામ (ક઼્યામ) ૧. [અ. કવમ (તે ઊભો)] પું. નમાઝમાં ઊભેલી સ્થિતિ.

૨. પું. રોકાવું તે; રોકાણ.

૩. પું. સ્થિરતા; ટકવાપણું.

૪. પું. હયાતી; અસ્તિત્વ.

૧. ક્યામ કરવો = (૧) પડાવ નાખવો. (૨) રહેવું; ઉતરવું. (૩) રાહ જોવી.

૨. ક્યામે અમન = શાંતિ.

ક્યામત (ક઼્યામત) ૧. સ્ત્રી. અવાજ; ઘોંઘાટ.

૨. સ્ત્રી. આફત; સંકટ.

૩. [અ. કવમ (તે ઊભો રહ્યો)] સ્ત્રી. છેલ્લો ન્યાયનો દિવસ; ઈશ્વર આગળના ઇન્સાફનો દિવસ. મુસલમાન તથા ખ્રિસ્તિમાં એવી માન્યતા છે કે, મરણ પછી અમુક વખતે બધાં મુડદાં પ્રભુના હુકમથી ઊઠે છે અને દરેકે કરેલ પાપપુણ્યનો જવાબ ઈશ્વર આગળ દેવો પડે છે. આ રીતે થતા ન્યાયના દિવસને ક્યામત કહે છે.

ક્યામત આવવી = (૧) છેલ્લો દિવસ આવવો. (૨) મોટી આફત પડવી.

૩. સ્ત્રી. મહાપ્રલય.

૪. સ્ત્રી. રોવું કકળવું તે.

૫. વિ. બહુ મોટું.

૬. વિ. ભારે; સખત.

ક્યામતવાદ પું. ક્યામતમાં માનવાનો સિદ્ધાંત. જુઓ ક્યામત ૩.

ક્યારડા (ક્યારડ઼ા) ૧. સ્ત્રી. કણબીની એ નામની અટક.

૨. ન. એ અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ક્યારડી (ક્યારડ઼ી) ૧. સ્ત્રી. કાળી અને ચીકણી જમીન. તેમાં ડાંગર થાય છે.

૨. સ્ત્રી. નાનો ક્યારો.

૩. સ્ત્રી. પાણી રહે એવું નાનું ખેતર; લગભગ ઢીંચણ સુધી પાણી રહી શકે એમ ખોદી કિનારો બાંધીને બનાવેલ જમીનનો ટુકડો.

ક્યારડો (ક્યારડ઼ો) ૧. પું. આછા રાતા રંગનો ઘોડો.

૨. [સં. કેદાર; અપ. કેયાર] પું. ડાંગર તથા મીઠું પકવવા સારૂ ખેતરમાં કે દરિયા કાંઠે પાળ બાંધી પાણી ભરી રાખવા માટે જુદો પાડેલ જમીનનો ટુકડો.

૩. પું. પાણી રહી શકે એવું બાગાયત ખેતર.

ક્યારનું અ. ઘણા વખતથી; ઘણા સમય થયાં.

ક્યારી ૧. સ્ત્રી. આસામમાં વસતી એ નામની એક કોમ.

૨. સ્ત્રી. ખેડાણ જમીન.

૩. સ્ત્રી. ખોદી પાળ બાંધીને બનાવેલ પાણી ભરાઈ રહે તેવી જમીન.

૪. સ્ત્રી. ચોકઠું.

૫. સ્ત્રી. જમવા બેસવા માટે પંગતમાં પાડેલ ખાનું.

૬. સ્ત્રી. ડાંગરના પાકને અનુકૂળ મધ્યમ કાળી અને નીચાણવાળી જમીન.

૭. સ્ત્રી. ઢોરને ચરવાની જમીન; ગૌચર.

૮. સ્ત્રી. નાનો ક્યારો.

૯. સ્ત્રી. પાણી પાવું પડે તેવી જમીન.

૧૦. સ્ત્રી. બગીચાનો કે ખેતરનો પટ.

૧૧. સ્ત્રી. મીઠાનો અગર.

૧૨. ન. એ નામની કોમનું માણસ.

૧૩. વિ. એ નામની કોમનું.

૧૪. વિ. સ્ત્રી. ક્યારાવાળી; ક્યારા કર્યા હોય એવી.

ક્યારૂનું જુઓ ક્યારનું.

ક્યારે ૧. [સં. કદા] અ. કયે વખતે; કે વારે; કયે સમયે.

૨. અ. કોઈ કોઈ વખત; કોઈ વાર.

ક્યારેક અ. કોઈક વખત; ક્વચિત્.

ક્યારેય અ. કોઈ પણ વખતે.

ક્યારો ૧. પું. આટાપટાની રમતમાં દરેક ખંડનો અર્ધો ભાગ.

૨. પું. ગોળ ઠારવા માટે ચારે તરફ બાંધી સપાટ કરવામાં આવેલ જમીન.

૩. [સં. કેદાર] પું. પાણી ભરાઈ રહે એવું પાળ બાંધેલું ખેતર.

૪. પું. વનસ્પતિના થડની આસપાસ પાણી ભર્યું રહે એટલા માટે જમીનને ખોદી પાળ બાંધી કરવામાં આવતો કુંડ; હોજ; ખામણું; ક્યારડો.

છેલ્લે ક્યારે પાણી જવું = (૧) કામ લગભગ પૂરૂં થવું. (૨) બીજો માર્ગ ન હોવો. (૩) મોત નજીક હોવું.

૫. પું. વિયાજણ ઉપર આવેલ ગાયના પૂછના મૂળ પાસે બંને બાજુએ પડતો ખાડો.

ક્યાશિયર [અં. કૅશિયર] પું. પગારનો ચુકાવો કરનાર માણસ.

ક્યાસ (ક઼્યાસ) ૧. [અ. કીસ (સરખાવતું)] પું. અટકળ; અનુમાન; તુલના.

ક્યાસ આંકવો-કરવો-લગાવવો = (૧) અટકળ કરવી. (૨) કીમત કરવી. (૩) ખયાલ બાંધવો.

૨. પું. અંદાજ; આશરો; ગણતરી.

૩. પું. કલ્પના; ધારણા; વિચાર.

૪. પું. કસોટી; પરીક્ષા; પરખ.

૫. પું. કીમત; આંક; આંકણી.

ક્યાસન [અ.] અ. અટકળે; અનુમાનથી.

ક્યાસી ૧. વિ. આનુમાનિક; અટકળ કરેલું; કાલ્પનિક; ધારેલું.

૨. [હિં.] વિ. એક્યાસી; ૮૧.

૩. વિ. નિયમિત.

ક્યા ૧. [સં. ક્વ; પ્રા. કઓ] અ. કહીં; કયે ઠેકાણે; કઈ જગ્યાએ. બે વસ્તુ વચ્ચેનું મોટું અંતર કે તફાવત બતાવવાને પણ તે વપરાય છે. જેમકે, ક્યાં રાજા ભોજ ને ક્યાં ગાંગો તેલી; ક્યાં ઘોડું અને ક્યાં ગધેડું; ક્યાં ચંદન ને ક્યાં મલયાગિરિ; ક્યાં બીબી ફાતમા ને ક્યાં દાવલશા પીર; ક્યાં મહોર ને ક્યાં અધેલી; ક્યાં સાયર ને ક્યાં નીર. કસ્માત્ ઉપરથી કમ્હાં થઈ કહાં થાય ને છેવટે કાં થઈ ઉચ્ચારની સરળતા ખાતર ય્ ઉમેરાઈ ક્યાં થયેલ છે.

ક્યાં ગયા'તા તો ક્યાંય નહિ = ગઢવી ઘેરના ઘેર; દળી દળીને ઢાંકણીમાં ઉઘરાવવું; મહેનત નકામી જવી.

૨. અ. નજીક; પાસે.

ક્યાંઈ અ. કોઈ પણ ઠેકાણે; ક્યાંય; ગમે ત્યાં.

ક્યાંક અ. કોઈ ઠેકાણે.

ક્યાંકણે અ. કયે ઠેકાણે; ક્યાં.

ક્યાંકારો પું. ક્યાં ક્યાં એમ પૂછવું તે; અપશુકનવાચક મનાતો શબ્દ.

ક્યાંડીગુચ્છ ન. એક જાતનું ફૂલઝાડ.

ક્યાંથી અ. કઈ જગ્યાએથી; કયે સ્થળેથી.

ક્યાંથો જુઓ ક્યાંથી.

ક્યાંનું ક્યાં અ. ઘણે છેટે.

ક્યાંય અ. કોઈ પણ ઠેકાણે; ક્હીં પણ.

ક્યાંયે ૧. અ. ક્યાંય પણ; કોઈ ઠેકાણે; ક્હીંક.

૨. અ. ગમે ત્યાં; ગમે તે ઠેકાણે.

ક્યાંહી ૧. અ. ક્યાં; કયે સ્થળે.

૨. અ. ગમે ત્યાં; કોઈ પણ જગ્યાએ.

ક્યુપા સ્ત્રી. એક જાતની માછલી. તે સપ્ટેમ્બરથી નવેમ્બર સુધીમાં સારી સંખ્યામાં બજારમાં વેચાવા આવે છે. તેની લંબાઈ બે ફૂટ ને વજન આશરે આઠ રતલ હોય.

ક્યુપોલા ૧. [અં.] સ્ત્રી. કારખાનાની મોટી ભઠ્ઠી.

ફાઉન્ડરીમાં એક મોટી ભઠ્ઠી વપરાય છે. તેને ક્યુપોલા કહે છે. સ્ટીમ એન્જિનિયર

૨. સ્ત્રી. ઘૂમટ.

૩. સ્ત્રી. તાજ.

ક્યુબ [અં.] પું. ઘન.

ક્યુબિકકન્ટેન્ટ [અં.] ન. ઘનફળ.

ક્યુબિકફૂટ [અં.] પું. ઘનફૂટ.

ક્યુબિટ ૧. [અં.] સ્ત્રી. કોણી.

૨. ન. એક જાતનું માપ.

ક્યુરાઈલની સ્ત્રી. ક્યુરાઈલ પર્વત તરફ બોલાતી એક જાતની ભાષા.

ક્યુરેટર ૧. [અં.] પું. રક્ષક અધિકારી.

૨. પું. સંગ્રહસ્થાનનો વ્યવસ્થાપક માણસ.

ક્યુરેસો ન. દક્ષિણ અમેરિકમાં આમાઝોન નદીના જંગલમાં વસનારૂં એક પક્ષી. તે મરઘાંની જાતનું છે, પણ જમીન ઉપર ન રહેતાં ઝાડ ઉપર ઊંચે રહે છે. તે છાતીવાળું અને દ્વેષી છે. તેની ચાંચ ઉપર પીછાંનો કલગી જેવો તૂરો હોય છે. ફળફળાદિ તેનો ખોરાક છે.

ક્યુલેક્સ પું. એક જાતનો મચ્છર. તે કરડવાથી ટાઢિયો તાવ આવતો નથી. એનોફિલિસ કરતાં તેનો ગણગણાટ વધારે હોય છે.

ક્યુસેક ન. પાણીના વહેનનું માપ.

ક્યું [હિં.] અ. શા માટે; કેમ; શા કારણથી.

ક્યુંનું અ. ક્યારનું; ઘણા વખત પહેલાં.

ક્યુપિડ પું. કામદેવ. એ બાળકરૂપે હોય છે. તેની પીઠ ઉપર પાંખો, હાથમાં અણીદાર તીર અને ખાંધે ધનુષ્ય લટકાવેલું હોય એમ કહેવાય છે.

ક્યોં [સં. કિમ્] અ. (હિંદી) શા માટે; કેમ.

૧. ક્યોંકર = (૧) કેવી રીતે. (૨) શા માટે.

૨. ક્યોં કિ = કારણકે.

૩. ક્યોં નહિ-ન હો = (૧) બેશક. (૨) શા માટે નહિ.

ક્યૌં ૧. અ. ક્હીં; કોઈ ઠેકાણે; ક્યાંઈ.

૨. અ. (વ્રજ) કેમ; શા માટે.

ક્ર પું. (ગણિત) આપેલી બૈજિક પદીના અજ્ઞાતને માટે આપેલ મૂલ્ય મૂકવાથી આવતાં પરિણામોનો બીજગણિતની રીતે સરવાળો. આપેલ મૂલ્યમાંથી સૌથી નાનું ક્રની નીચે અને સૌથી મોટું ક્રની ઉપર લખાય છે.

ક્રકચ ૧. પું. એ નામનો ઉજ્જયિનીનો એક શૂદ્ર. તેણે ઉન્મત્તભૈરવમત નામનો સંપ્રદાય ચલાવ્યાનું મનાય છે.

૨. પું. કાપાલિક જાતિનો એ નામનો એક આગેવાન. શંકરાચાર્યે તેનો નાશ કર્યો હતો.

૩. પું. (ગણિત) જે ઘન આકૃતિનાં બે પાસાં વિપરીતકોણ રહિત બહુભુજ હોવાની સાથે પરસ્પર એકરૂપ અને સમાંતર હોય તથા બાકીનાં પાસાં સમાંતરભુજ ચતુષ્કોણ હોય તેવી ઘનાકૃતિ; 'પ્રિઝમ'. બે સમાન અને સમાંતર પાસાંને ક્રકચનાં પાસાં કહે છે.

૪. પું. જ્યોતિષપ્રસિદ્ધ એક યોગ. રવિવાર પહેલો, સોમવાર બીજો એ પ્રમાણે ગણતાં વાર અને તિથિનો સરવાળો તેર થાય અને શુક્રવારને સાતમ, ગુરુવારને આઠમ એ પ્રમાણે હોય ત્યારે આ યોગ થયો કહેવાય છે. આ યોગમાં કોઈ શુભ કાર્ય કરવું વર્જિત મનાય છે.

૫. સ્ત્રી. ગણિતમાં એક પ્રકારની ક્રિયા.

૬. [સં.] ન. એક જાતનું ઝાડ.

૭. ન. એક જાતનું નરક.

૮. ન. એક પ્રકારનું વાજું; રણવાદ્ય.

૯. ન. કરવત.

૧૦. ન. લડાઈનું એક અસલી હથિયાર. તે કરવતના જેવું હતું.

૧૧. વિ. કરાળ; ભયંકર.

ક્રકચકોટી સ્ત્રી. કરવતી.

ક્રકચચ્છદ [સં.] પું. એક જાતનું ઝાડ.

ક્રકચદલ [સં.] ન. એક જાતનું ઝાડ.

ક્રકચપાદ [સં.] પું. કાકીડો; કાચંડો.

ક્રકચવેધ પું. ક્રકચના બે પાયા વચ્ચેનો લંબ.

ક્રકચા [સં.] સ્ત્રી. એક જાતનું ઝાડ.

ક્રકચાવરણ [સં.] ન. સૂર્યબિંબને બધી બાજુ વીંટાયેલું વાયુનું આવરણ; ક્રકચનું ઢાંકણ. સૂર્યની આસપાસ આવેલ આ તેજોમય આવરણનો પૃષ્ઠભાગ ઊંચો નીચો દેખાવાથી કરવતના દાંતા જેવો જણાય છે. કરવતના દાંતા એકસરખા હોય છે તેટલું નિયમિત તે આવરણ નથી હોતું. તેમાં બે થર છે. નીચેનો થર સૂર્યબિંબથી શુમારે એક બે વિકળા અને ઉપરનો થર શુમારે દશ પંદર વિકળા છે. આ આવરણમાંથી નીકળતી લાલ અથવા ગુલાબી રંગની જ્વાળા કોઈ વાર થોડી તો કોઈ વાર વધારે હોય છે. સૂર્ય ઉપર ડાઘ નથી હોતા તે વખતે આ જ્વાળાઓ પણ મુદ્દલ હોતી નથી. હાઇડ્રોજન, સોડિયમ, લોખંડ, મેગ્નેશીઅ, બેરિયમ, તાંબું, જસત, કેલ્શિઅ, ક્રોમિયમ, નિકલ, ટીટેનિયમ, કોબોલ્ટ, મેંગેનીઝ આ સર્વ તત્ત્વો તેમાં છે. સોનું પણ તેમાં હશે એમ સંભવ છે. તે ઉપરાંત પૃથ્વી ઉપર જેની માહિતી નથી એવા પણ કેટલાક પદાર્થો છે. આમાં ધાતુઓ મુખ્ય કરીને નીચેના થરમાં અને વાયુ મુખ્ય કરીને ઉપર છે. આ સર્વ અતિ ઉષ્ણ વરાળની સ્થિતિમાં છે. તળિયાથી આ આવરણની ઘનતા બહુ જ છે અને તેજોગોલમાંથી નીકળનાર કિરણોનો ત્યાં લોપ થાય છે, એટલે કે કેટલાંક કિરણો તેઓ ગળી જાય છે.

ક્રકણ [સં.] ન. એક જાતનું પક્ષી.

ક્રકર ૧. [સં.] પું. એક જાતનું તેતર.

૨. પું. એક જાતનો જીવડો; કેકડા.

૩. પું. કરવત.

૪. પું. કેરડાનું ઝાડ.

૫. પું. ગરીબ માણસ.

ક્રકુચંડ જુઓ ક્રકુચ્છંદ.

ક્રકુચંદ્ર જુઓ ક્રકુચ્છંદ.

ક્રકુચ્છંદ પું. (બૌદ્ધ) ક્રકુચંદ્ર; ભદ્રકલ્પના પાંચ માંહેના એ નામના પહેલા બુદ્ધ. તેની જન્મભૂમિ નેપાલમાં ખેમવતી અથવા ખેમી હતી. ફાહ્યાનનું માનવું છે કે, નપેકિયા અથવા નિભગમાં તેની જન્મભૂમિ હતી. કાશ્યપ, વિપશ્યી, શિખી, વિશ્વભૂ, ક્રકુચ્છંદ, કાંચન અને શાક્યસિંહ એ સાત બૌદ્ધ થયા છે.

ક્રચ [અં.] સ્ત્રી. લંગડા માણસને ચાલવાની ઘોડી.

ક્રતક પું. (પુરાણ) વસુદેવનો એક પુત્ર.

ક્રતુ ૧. પું. અષાડ મહિનો. ઘણે ભાગે આ માસમાં યજ્ઞ થાય છે.

૨. પું. આધ્યાત્મિક અગ્નિ.

૩. પું. ઇચ્છા; અભિલાષા; રુચિ.

૪. [સં.] પું. ઇંદ્રિય.

૫. પું. (પુરાણ) એ નામનો એક અસુર.

૬. પું. એક જાતનો શ્રાદ્ધભોક્તા વૈશ્વદેવ.

૭. પું. (પુરાણ) ચક્ષુર્મનુના પૌત્ર ઉલ્મુકને પુષ્કરિણીથી થયેલ છ માંહેનો ચોથો પુત્ર.

૮. પું. (પુરાણ) જાંબુવતીને કૃષ્ણથી થયેલ એ નામનો દીકરો.

૯. પું. જીવ.

૧૦. પું. પૂજા, સ્તવન વગેરે કર્મ.

૧૧. પું. (પુરાણ) ફાગણ મહિનામાં પર્જન્ય નામના સૂર્યના સમાગમે સંચાર કરનાર એ નામનો એક યક્ષ.

૧૨. પું. (પુરાણ) બાર ભાર્ગવદેવમાંનો એક.

૧૩. પું. બુદ્ધિ; જ્ઞાન.

૧૪. પું. યૂપ, પશુ સહિતનો સોમસાધ્ય યજ્ઞ. પશુ સહિત યજ્ઞ તે ક્રતુ અને પશુ રહિત યજ્ઞ તે યજ્ઞ ગણાય છે. ખાસ કરીને અશ્વમેધ યજ્ઞને ક્રતુ કહેવાય છે.

૧૫. પું. વિષ્ણુ. જે યજ્ઞમાં યજ્ઞસ્તંભ ઊભો કરવામાં આવે છે એવો ક્રતુ યજ્ઞ પણ તે જ છે, યજ્ઞના કર્તા, યજ્ઞની ક્રિયા, મંત્રો, આહુતિઓ, ઔષધિઓ અને તેના હોતા પણ તે જ છે, વળી બ્રહ્માર્પણં બ્રહ્મ હવિઃ એવી બ્રહ્મયજ્ઞ મૂર્તિ પણ તે જ છે, તેથી તે ક્રતુ કહેવાય છે.

૧૬. પું. (પુરાણ) વૈવસ્વત મન્વંતરમાંનો બ્રહ્મપુત્ર. તેને કાંઈ સંતતિ જ નહોતી. દર વર્ષે પોષ મહિનામાં આયુ નામનો સૂર્ય સંચાર કરે છે તેની સાથે આ હોય છે.

૧૭. પું. શક્તિ; બળ.

૧૮. પું. શુક્ર નામનો ગ્રહ.

૧૯. પું. સત્ય.

૨૦. પું. સપ્તર્ષિના જે બે તારાની સીધી લીટીમાં ધ્રુવ છે તે બેમાંથી ધ્રુવની વધારે નજીકનો તારો.

૨૧. પું. સંકલ્પ; વિચાર; નિશ્ચય.

૨૨. પું. (પુરાણ) સ્વાયંભુવ મન્વંતરના બ્રહ્મ માનસ પુત્રોમાંથી એક. એ બ્રહ્મદેવના કરમાંથી ઉત્પન્ન થયો હતો. કર્દમ પ્રજાપતિની ક્રિયા નામની કન્યા એને પરણી હતી. એને વાલખિલ્ય નામના સાઠ હજાર પુત્ર હતા.

૨૩. પું. (પુરાણ) હાલના મન્વંતરના સપ્તર્ષિ માંહેનો એ નામનો ઋષિ.

૨૪. સ્ત્રી. પ્લક્ષદ્વીપની એ નામની એક નદી.

ક્રૂતુચ્છદ ૧. [સં.] પું. જૈન.

૨. વિ. યજ્ઞક્રિયામાં કુશળ.

ક્રતુદક્ષ [સં.] પું. સોમયાગના નાંદિશ્રાદ્ધના વિશ્વેદેવા.

ક્રતુદ્વિષ ૧. [સં. ક્રતુદ્વિષ્] પું. દૈત્ય; દાનવ, કેમકે તે યજ્ઞનો દુશ્મન મનાય છે.

૨. પું. નાસ્તિક માણસ.

૩. પું. યજ્ઞનો વેરી.

ક્રતુધામન [સં. ક્રતુધામિન્] પું. નારાયણ; વિષ્ણુ.

ક્રતુધ્વંસી [સં. ક્રતુ (એક જાતનો સોમયજ્ઞ) + ધ્વંસિન્ (નાશ કરનાર)] પું. મહાદેવ; શંકર. તેમણે દક્ષના યજ્ઞનો નાશ કર્યો હતો.

ક્રતુપતિ [સં.] પું. વિષ્ણુ.

ક્રતુપશુ [સં.] પું. ઘોડો.

ક્રતુપુરુષ ૧. [સં.] પું. યજ્ઞપુરુષ; વિષ્ણુ.

૨. પું. યજ્ઞવરાહ.

ક્રતુપ્રતિપક્ષ જુઓ ક્રતુદ્વિષ.

ક્રતુપ્રતિપક્ષી જુઓ ક્રતુદ્વિષ.

ક્રતુફલ [સં.] ન. યજ્ઞનું ફળ.

ક્રતુભુક ૧. [સં. ક્રતુભુક્] પું. ક્રતુભુજ.

૨. પું. યજ્ઞમાં દેવતાઓને અર્પણ કરવામાં આવતું દ્રવ્ય.

ક્રતુભુજ [સં. ક્રતુભુજ્] પું. યજ્ઞમાં હોમેલ ઘી વગેરે ખાનાર દેવતા.

ક્રતુમત પું. (પુરાણ) એ નામનો વિશ્વામિત્રનો એક પુત્ર.

ક્રતુમય [સં.] વિ. શુભાશુભ સંકલ્પથી ભરેલું.

ક્રતુરાજ ૧. [સં. ક્રતુરાજ્] પું. અશ્વમેધયજ્ઞ.

૨. પું. રાજસૂયયજ્ઞ.

ક્રતુરૂપ [સં.] પું. શુક્ર નામનો ગ્રહ.

ક્રતુવિક્રયી [સં. ક્રતુવિક્રયિન્] વિ. ધન લઈ યજ્ઞનું ફળ વેચનાર.

ક્રતુવ્રત પું. શાકદ્વીપના ચાર માંહેનો એક વર્ણ.

> સત્યવ્રત, **ક્રતુવ્રત,** દાનવ્રત અને અનુવ્રત નામના શાકદ્વીપના ચાર વર્ણો પ્રાણાયામથી રજોગુણ મટાડી નાખી પ્રાણવાયુરૂપ સર્વોત્તમ ભગવાનને ભજે છે.
> ભગવતી ભાગવત

ક્રતુસ્થલા [સં.] સ્ત્રી. એ નામની એક અપ્સરા. તેનું નામ યજુર્વેદમાં આવે છે. પુરાણાનુસાર તે ચૈત્ર માસમાં સૂર્યના રથ ઉપર રહે છે.

ક્રત્વર્થ ૧. [સં.] પું. યજ્ઞનો અર્થવાદ અથવા તેનું વિધાન.

૨. વિ. યજ્ઞ માટેનું.

૩. વિ. સ્વતંત્ર રીતે ફળ ન આપનાર.

ક્રથ્ ૧. [સં.] સ. ક્રિ. ઈજા કરવી.

૨. સ. ક્રિ. (ધાતુ) મારવું; મારી નાખવું. તે ઉપરથી થયેલ શબ્દઃ ક્રથન.

ક્રથ ૧. પું. અઠ્ઠાણું માંહેનો એક દેશ; વિદર્ભ દેશનો એક ભાગ.

૨. પું. એ નામનો એક અસુર.

૩. પું. કંદનો એક ગણ.

૪. પું. જનક રાજાનો એ નામનો દીકરો.

૫. પું. વિદર્ભ નામના યાદવ રાજાનો એક પુત્ર અને કૈશિકનો ભાઈ.

૬. પું. (પુરાણ) શુક્તિમાન પર્વતની પૂર્વ તરફના દેશનો એક રાજા. ભારતના યુદ્ધમાં એ દુર્યોધનના પક્ષમાં હતો.

ક્રથક પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

ક્રથકૈશિક ૧. [સં.] પું. ક્રથ અને કૈશિકનો વંશ.

૨. પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રના એક પુત્રનું નામ.

૩. પું. (પુરાણ) વિદર્ભ કે વરાડમાં આવેલો એ નામનો એક દેશ. વિદર્ભ રાજાના બે કુમાર ક્રથ અને કૈશિકનાં નામ ઉપરથી આ નામ પડ્યું છે.

ક્રથકૈશિકા સ્ત્રી. વરાડમાં આવેલ પૂર્ણા નદીનુ નામ; પયોષ્ણી.

ક્રથન ૧. પું. એ નામનો એક યક્ષ. તે અમૃતનો રખેવાળ મનાતો હતો.

૨. પું. દેવયોનિ.

૩. પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રના એક પુત્રનું નામ.

૪. પું. (પુરાણ) રામની સેનાના એ નામના બે વાનર અધિપતિ.

૫. પું. (પુરાણ) વરુણ લોકમાંનો એક અસુર.

૬. ન. છેદવું તે; કાપવું તે.

૭. ન. મારવું તે; વધ; નાશ.

ક્રમ્ ૧. [સં.] અ. ક્રિ. ઉત્સાહિત હોવું.

૨. અ. ક્રિ. (ધાતુ) ચાલવું; જવું. તે ઉપરથી થયેલ શબ્દઃ આક્રમણ, પરાક્રમ, અનુક્રમ.

૩. અ. ક્રિ. છૂટથી રહેવું.

૪. અ. ક્રિ. મહેનત કરવી.

૫. અ. ક્રિ. માથે લેવું.

૬. અ. ક્રિ. વિકાસ થવો.

૭. સ. ક્રિ. ઉલ્લંઘન કરવું; ઓળંગી જવું; પાર ઊતરવું.

૮. સ. ક્રિ. કબજે લેવો; માલિકીમાં રાખવું.

૯. સ. ક્રિ. કૂદવું; ઠેકવું.

૧૦. સ. ક્રિ. ચડવું; ઉપર જવું.

૧૧. સ. ક્રિ. ઢાંકવું.

૧૨. સ. ક્રિ. પાસે જવું.

૧૩. સ. ક્રિ. ફરજ અદા કરવી.

૧૪. સ. ક્રિ. ભરવું.

૧૫. સ. ક્રિ. રોકવું; ઉપયોગમાં લેવું.

૧૬. સ. ક્રિ. શક્તિમાન હોવું.

૧૭. સ. ક્રિ. સંભોગ કરવો.

ક્રમ ૧. [સં.] પું. (કાવ્ય) અઠ્ઠાવન માંહેનો ઓગણચાળીશમો વર્ણાલંકાર. તેમાં ક્રમથી શબ્દોનું અથવા અર્થોનું કથન હોય છે.

૨. પું. અર્થની નિયતપણે પૂર્વાપર સ્થિતિ.

૩. પું. આક્રમણ; ચડાઈ; હુમલો.

૪. પું. ઇચ્છિત અર્થની પ્રાપ્તિ.

૫. [સં. ક્રમ્ (જવું)] પું. એક પછી એક આવે એવી વસ્તુસંકલના; શ્રેણી; હારમાળા; અનુક્રમ; પરિપાટી.

૬. પું કર્મ; કાર્ય; કૃત્ય.

૭. પું. કાદવ; પંક.

૮. પું. કૂદકો; ફાળ.

૯. પું. ગોઠવણ; વ્યવસ્થા.

૧૦. પું. ચાલવું તે; ગતિ.

૧૧. પું. ધારો; રિવાજ; ચાલ; નિયમ.

૧૨. પું. પગલું; ડગલું.

૧૩. પું. પ્રસ્થાન; ઊપડવું તે.

૧૪. પું. યથાયોગ્ય સ્થાપવું તે.

૧૫. પું. વર્ગ; કોટિ; જાતિ.

૧૬. પું. (પુરાણ) વામનનું એક નામ. તેણે ત્રણ પગલાંમાં પૃથ્વી માપી હતી.

૧૭. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. જગતને ઉત્પન્ન કરતાં રહેવું અને તેમાં ફેરફાર કરતાં રહેવું અથવા જગતપ્રવાહને વહન કરવો એ તેમનો સહજ સ્વભાવ છે. વળી જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરતાં રહેવું એ તેમનો નિત્યક્રમ છે. તેથી તે ક્રમ કહેવાય છે.

૧૮. પું. વિસ્તાર; ફેલાવો.

૧૯. પું. વેદ ભણવાની એક રીત; વેદની આઠ માંહેની એક વિકૃતિ; વેદની સંહિતાને અનુસરતા પાઠથી વિલોમ પાઠ. ક્રમ, જટા, શિખા, માલા, રથક્રમ, વરુણક્રમ, દંડક્રમ અને ઘન એ આઠ વિકૃતિ છે.

૨૦. પું. સત્તા; સામર્થ્ય.

૨૧. પું. (સંગીત) સંચારી અલંકાર માંહેનો એક આરોહી અલંકાર; મૂર્છનાના આપેલા સ્વરોને એક પછી એક એમ ક્રમથી લઈ આરોહ કરીને પછી તેમાંના બાકી ખૂટતા સ્વરો લઈ કરવામાં આવતો આરોહ.

ક્રમચાર પું. મલ્લ.

ક્રમજટા [સં.] સ્ત્રી. એક પ્રકારનો વેદપાઠ.

ક્રમજિત પું. (પુરાણ) એ નામનો એક ક્ષત્રિય.

ક્રમણ ૧. [સં. ક્રમ્ (જવું)] પું. પગ.

૨. પું. (વૈદ્યક) પારાના અઢાર માંહેનો એક સંસ્કાર.

૩. પું યદુવંશી એક રાજા.

૪. ન. ઉલ્લંઘન કરવું તે; ઓળંગવાપણું.

૫. ન. જવું તે; ગમન.

૬. ન. ડગલું ભરવું તે.

૭. ન. પ્રદક્ષિણા; આસપાસ ફરવું તે; ભ્રમણ.

૮. ન. વધવું તે; અભિવૃદ્ધિ; વધારો.

ક્રમતઃ [સં.] અ. અનુક્રમ પ્રમાણે; ધીમે ધીમે.

ક્રમદંડક ૧. પું. વિકૃતિરૂપના આઠ માંહેનો એક ભેદ.

૨. [સં.] પું. વેદનો એક પાઠ.

ક્રમદીશ્વર ૧. પું. એ નામનો એક વૈયાકરણ. તેણે સંક્ષિપ્તસાર નામનું વ્યાકરણનું પુસ્તક લખ્યું છે.

૨. પું. ભૈરવનું એક નામ. તેની મૂર્તિ જયંતી નામના પીઠસ્થાનમાં છે.

ક્રમધર્મી [સં.] વિ. ઉત્કર્ષવાળું; પ્રાગતિક; વિકાસવાળું.

ક્રમનિગ્રહ [સં.] પું. (વેદાંત) શાસ્ત્રમાં કહેલ ક્રમે ઇંદ્રિયોને રોકવી તે. બળાત્કારથી રોકવી તે હઠનિગ્રહ અને શાસ્ત્રમાં કહેલા ક્રમે રોકવી તે ક્રમનિગ્રહ કહેવાય છે.

ક્રમનિવેદન ન. પરિપાટી; કાર્યક્રમ; કાર્યાવલિ.

ક્રમનિષ્પત્તિ [સં.] સ્ત્રી. (ગણિત) પહેલી ને બીજીનું ગુણોત્તર, બીજી ને ત્રીજીનું, ત્રીજી ને ચોથીનું ઇત્યાદિ સંખ્યાનાં ગુણોત્તરો સરખાં હોય એવી ત્રણ અથવા વધારે સંખ્યા.

ક્રમપદ [સં.] પું. એક પ્રકારનો વેદપાઠ.

ક્રમપંક્તિ [સં.] સ્ત્રી. સાંકળિયું; અનુક્રમણિકા.

ક્રમપાઠ [સં.] પું. ઋગ્વેદનો એક પાઠ. તેમાં દરેક પદ બે વાર બોલવામાં આવે છે. એક વાર આગલા પદ સાથે ને બીજી વાર પાછલા પદ સાથે. તે ઈ.સ. પૂર્વે ૬૦૦ વર્ષ પહેલાં રચાયો હતો.

ક્રમપાર [સં.] પું. એક પ્રકારનો વેદપાઠ.

ક્રમપુર અ. ક્રમ પ્રમાણે; ક્રમાનુસાર.

ક્રમપુરઃસર અ. ક્રમ પ્રમાણે.

ક્રમપૂર્વક [સં.] અ. અનુક્રમે; ક્રમ પ્રમાણે.

ક્રમપ્રસ્તાર પું. (પિંગળ) જેમાં સંખ્યા, ક્રમ સર્વ ગુરુના રૂપથી ગણવામાં આવે એવો પ્રસ્તાર.

ક્રમપ્રાપ્ત વિ. પરંપરાપ્રાપ્ત; ઉત્તરોત્તર મળેલું.

ક્રમબદ્ધ ૧. સ્ત્રી. એક પછી એક નિયમ પ્રમાણે ગોઠવણી.

૨. [સં.] વિ. ક્રમમાં બંધાયેલ; ક્રમસર; નિયત ક્રમવાળું.

ક્રમબાહ્યઅંક પું. ઉડાફા નંબર; એકી એકી સંખ્યા.

ક્રમબાહ્યનંબર જુઓ ક્રમબાહ્યઅંક.

ક્રમભંગ ૧. [સં.] પું. અવ્યવસ્થા; વ્યતિક્રમ; ઉત્ક્રમ.

૨. પું. ક્રમનો ભંગ; નિયમભંગ; વ્યવસ્થાનું તૂટી જવું તે.

ક્રમમાણ [સં.] વિ. ગતિ કરતું; આગળ જતું.

ક્રમમુક્તિ [સં.] સ્ત્રી. ઉત્તરોત્તર સારી સ્થિતિ પામીને મળેલ મુક્તિ. વિદ્યુલ્લોક તથા બ્રહ્મલોકમાં ગયા પછી આ મુક્તિ મળે છે. ઉપાસક લોકો ક્રમે કરીને વિદ્યુલ્લોકમાં જાય છે. ત્યાં કોઈ દિવ્ય પુરુષ આવી તેમને બ્રહ્મલોકમાં લઈ જાય છે અને ત્યાં હિરણ્યગર્ભના આયુષ્ય પર્યંત રહીને પછી મોક્ષરૂપી પરમપદને પામે તેને ક્રમમુક્તિ કહે છે.

ક્રમમોક્ષ જુઓ ક્રમમુક્તિ.

ક્રમયાદી સ્ત્રી. નોકરોના પગાર અને દાખલ તારીખના ધોરણે બનાવેલું નામવાર પત્રક.

ક્રમરચના [સં.] સ્ત્રી. વ્યવસ્થાક્રમ; ક્રમમાં ગોઠવવું તે.

ક્રમરેચિત્ત પું. (સંગીત) સિતાર બજાવવામાં ઉપયોગી સાત માંહેનો એક અલંકાર; ગ્રીવ.

ક્રમરેચિત્તાવરોહ પું. (સંગીત) સિતાર બજાવવામાં ઉપયોગી અવરોહી અલંકાર માંહેનો એક. ક્રમરેચિત્તનું અવરોહી સ્વરૂપ નીચે મુજબ હોય છે:

સ ધ નિ ધ પ ધ નિ સ | નિ પ ધ પ મ̐ પ ધ નિ |
ધ મ પ મ̐ ગ મ̐ પ ધ | પ ગ મ ગ રિ ગ મ̐ પ |
મ રિ ગ રિ સ રિ ગ મ | ગ સ રિ સ નિ સ રિ ગ |
રિ નિ સ નિ ધ નિ સ રિ | સ ધ નિ ધ પ ધ નિ સ |

ક્રમવાચક [સં.] વિ. ક્રમ બતાવતું; ક્રમ પ્રમાણેનું.

ક્રમવાદ [સં.] પું. પ્રાણીઓનો વિકાસ ક્રમે ક્રમે થાય છે એવો મત; વિવર્તનવાદ.

> હાલમાં વિજ્ઞાનનો પાયો **ક્રમવાદ** અથવા વિવર્તનવાદ ઉપર છે. વનસ્પતિતત્વજ્ઞાન

ક્રમવાર [સં.] અ. અનુક્રમ પ્રમાણે; એક પછી એક એમ; ક્રમશઃ.

ક્રમવિવશ વિ. ક્રમને આધીન.

> અજબ અવરોહ આરોહ સંભ્રમ ભરી,
> **ક્રમવિવશ** ધરણિતલ ચરણ ધરતી.
> રાસતરંગિણી

ક્રમવિસ્તાર [સં.] પું. વિષયવિસ્તાર; ટિપ્પણું; ટાંચણ.

ક્રમવું ૧. [સં. ક્રમ્ (જવું)] અ. ક્રિ. ઉપર ફરી વળવું; ઢાંકી દેવું.

૨. સ. ક્રિ. ઓળંગવું; જવું.

ક્રમશઃ ૧. [સં.] અ. એક પછી એક; નિયત ક્રમ પ્રમાણે; સંખ્યાવાર.

૨. અ. ધીમે ધીમે; થોડે થોડે કરીને.

૩. અ. રફતે રફતે; ક્રમેક્રમે; હફતેથી.

ક્રમસંન્યાસ [સં.] પું. બ્રહ્મચર્ય, ગૃહસ્થ અને વાનપ્રસ્થ આશ્રમમાં અનુક્રમે રહ્યા બાદ લીધેલ સંન્યાસ.

ક્રમસૃષ્ટિ [સં.] સ્ત્રી. (વેદાંત) પ્રથમ આકાશ પછી વાયુ એમ ક્રમ પ્રમાણે ઉત્પન્ન થયેલ સૃષ્ટિ; સૃષ્ટિદૃષ્ટિવાદ. એ મતમાં આકાશાદિક તેમ માતપિતા આદિક સર્વે પોતપોતાના કારણમાંથી ક્રમે કરીને ઊપજે છે.

ક્રમઃસર અ. એક પછી એક; વારાફરતી; ક્રમ પ્રમાણે.

ક્રમાગત ૧. [સં.] વિ. ક્રમવાર થતું આવેલ.

૨. વિ. પરંપરાગત; કુળપરંપરાથી ઊતરી આવેલ; વંશપરંપરા પ્રમાણે મળેલ.

૩. વિ. લાગલાગટ; સતત; નિત્ય.

ક્રમાગતતા [સં.] સ્ત્રી. ક્રમે આવેલાપણું.

ક્રમાગતહ્રાસ પું. વાવવાથી દર વર્ષે ઓછી અને ઓછી ઊપજ આવવી તે.

ક્રમાનપેક્ષનિયમ ૧. પું. (ગણિત) ગુણાકાર ભાગાકારથી જોડાયેલાં પદ ગમે તે ક્રમમાં લખી શકાય એ નિયમ. જેમકે, ૧૫ × ૨૧ ÷ ૩, ૧૫ ÷ ૩ × ૨૧, ૨૧ ÷ ૩ × ૧૫.

૨. પું. (ગણિત) સરવાળા બાદબાકીથી જોડાયેલાં પદ ગમે તે ક્રમમાં લખી શકાય એ નિયમ. જેમકે, ૫ + ૭ − ૪, ૫ − ૪ + ૭, ૭ − ૪ + ૫.

ક્રમાનુકૂલ [સં.] અ. ક્રમાનુસાર.

ક્રમાનુગત [સં.] વિ. પદ્ધતિસર; નિયમસર; ક્રમ પ્રમાણે હોય એવું.

ક્રમાનુસાર [સં.] અ. ક્રમ પ્રમાણે; અનુક્રમે; ઉત્તરોત્તર; એક પછી એક.

ક્રમાનુસારિણી સ્ત્રી. ચાર માંહેની એક પ્રકારની ભાષા; પ્રત્યય વગરની ભાષા; એકસ્વરી ભાષા.

> આ કારણથી એ પ્રકારની ભાષા પ્રત્યયરહિતા, એકસ્વરી કે ક્રમાનુસારિણી કહેવાય છે.
>
> બૃહદ્વ્યાકરણ

ક્રમાનુસારી વિ. સ્ત્રી. ક્રમ પ્રમાણે ચાલતી આવેલી.

ક્રમાન્વય [સં.] અ. ક્રમવાર; એક પછી એક.

ક્રમાયાત [સં.] વિ. વંશપરંપરાનું.

ક્રમાવરોહ પું. (સંગીત) સંચારી અલંકાર માંહેનો એક અવરોહી અલંકાર. તેનું સ્વરૂપ આ મુજબ છે: સ નિ નિ ધ ધ પ। નિ ધ ધ પ પ મૅ। ધ પ પ મૅ મૅ ગ। પ મૅ મૅ ગ ગ રિ। મૅ ગ ગ રિ રિ સ।

ક્રમાંક [સં.] પું. ક્રમનો આંકડો; અનુક્રમ પ્રમાણેનો નંબર; ઉત્તરોત્તર એક એક ઉમેરવાથી કે બાદ કરવાથી બનતી સંખ્યા. જેમકે, ૫, ૬, ૭, ૮ અથવા ૫, ૪, ૩, ૨ વગેરે.

ક્રમિ ૧. [સં.] પું. કૃમિ.

૨. પું. પેટનો એક રોગ. તેમાં આંતરડાંમાં નાના નાના સફેદ કીડા પેદા થાય છે.

ક્રમિક ૧. [સં.] વિ. અનુક્રમે આવતું; એક પછી એક.

૨. વિ. ઉત્કર્ષશાલી; ક્રમે ક્રમે વધતું.

૩. વિ. વંશપરંપરાગત; વંશપરંપરાથી ઊતરી આવેલ.

૪. વિ. સામયિક; મુદ્દતિયું.

ક્રમિકતા સ્ત્રી. ક્રમિકપણું; નિયમિતતા.

ક્રમિકપત્ર [સં.] ન. સમયના અમુક ક્રમ પ્રમાણે પ્રગટ થનારૂં પત્ર; ઠરાવેલી મુદ્દતે પ્રસિદ્ધ થતું ચોપાનિયું.

ક્રમિકપુરસ્કાર [સં.] પું. મુદ્દતી પગાર વધારો.

ક્રમિકબઢતી સ્ત્રી. ઉત્તરોત્તર મળતો વધારો.

ક્રમિકહ્રાસ [સં.] પું. ધીમો ધીમો નાશ.

ક્રમિઘ્ન ૧. [સં.] ન. વાવડિંગ.

૨. વિ. કૃમિનો નાશ કરનાર.

ક્રમિજ [સં.] ન. ચંદન.

ક્રમિશત્રુ [સં.] ન. વાવડિંગ.

ક્રમુ ૧. સ્ત્રી. એ નામની એક વૈદિક નદી; સિંધુ નદીની પશ્ચિમ તરફની એક શાખા.

૨. સ્ત્રી. ચરપી દક્ષિણ રશિઅ અને યુક્રેઈનમાં આવેલ એ નામની એક નદી.

૩. ન. (જૂ. ગુ.) કર્મ.

> સહજિ જીઉ નિરમલુ અલંકંતુ,
> આઠ પહર છઈ ક્રમુ બાધંતુ.
>
> ત્રૈમાસિક

૪. [સં.] ન. સોપારીનું ઝાડ.

ક્રમુક ૧. પું. એ નામનો એક પ્રાચીન દેશ.

૨. [સં.] પું. એક જાતની મોથ; નાગરમોથ.

૩. પું. કપાસનું ઝાડ.

૪. પું. બ્રહ્મદાર વૃક્ષ.

૫. પું. રાતા લોધ્રનું ઝાડ.

૬. પું. સોપારીનું ઝાડ.

૭. ન. કપાસિયો.

૮. ન. શેતૂર.

ક્રમુકફલ [સં.] ન. સોપારી.

ક્રમુકવતી પું. (પિંગળ) જગતી છંદની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; નગમહિતા. તેના દરેક ચરણમાં સગણ, ભગણ, ભગણ અને સગણ મળી બાર અક્ષર હોય છે.

ક્રમે અ. એક પછી એક.

ક્રમે ક્રમે ૧. અ. એક પછી એક.

૨. અ. ધીમે ધીમે; પગથિયે પગથિયે.

ક્રમેરા [સં. કર્મકર] પું. (હિંદી) મજૂર.

ક્રમેલક [સં.] પું. ઊંટ.

ક્રમોનક [સં.] વિ. અવરોધક.

ક્રમોનગતિ [સં.] સ્ત્રી. અવરુદ્ધ ગતિ.

ક્રમોન્નતિસિદ્ધાંત [સં.] પું. ઉન્નતિ ક્રમ પ્રમાણે થવી જોઈએ એવો સિદ્ધાંત.

ક્રય ૧. [સં. ક્રી (ખરીદવું)] પું. કીમત.

૨. પું. ફૂદકો.

૩. પું. ખરીદ; ખરીદી.

ક્રયક [સં.] પું. ખરીદ કરનાર માણસ.

ક્રયકૈશિકા સ્ત્રી. એ નામની બિહાર પ્રાંતમાં આવેલ નદી; પયોષ્ણી.

ક્રયક્રીત [સં.] વિ. વેચાતું લીધેલ.

ક્રયનિયમ [સં.] પું. વેચનાર અને વેચાતું લેનારની વચ્ચે થયેલો કરાર.

ક્રયપત્ર સ્ત્રી. ખરીદીનો આંકડો; વાઉચર.

ક્રયપત્રાવલિ સ્ત્રી. સાક્ષ્ય લેખાવલિ; વાઉચરનો ક્રમ પ્રમાણેનો સંગ્રહ.

ક્રયવસ્તુ સ્ત્રી. ખરીદી શકાય તેવી ચીજ.

ક્રયવિક્રય [સં.] પું. વાણિજ્ય; વેચાતું લેવા આપવાનો વહેવાર; વેચાણખરીદી; આપલે.

ક્રયવિક્રયાનુશય ૧. [સં.] પું. મનુ અનુસાર અઢાર માંહેનો એક પ્રકારનો વિવાદ.

૨. પું. વેચવામાં અને ખરીદવામાં પશ્ચાતાપ.

ક્રયવિક્રયિક ૧. [સં.] પું. લેવડદેવડ; વેપાર.

૨. પું. વેપારી; વેચવા ખરીદવાનો ધંધો કરનાર માણસ.

ક્રયશક્તિ [સં.] સ્ત્રી. ખરીદ કરનારની શક્તિ.

ક્રયશાસન [સં.] ન. વેચાણ દસ્તાવેજ.

ક્રયસામર્થ્ય [સં.] ખરીદ કરનારની શક્તિ.

ક્રયારોહ ૧. [સં.] પું. દુકાન.

૨. પું. બજાર.

ક્રયિક ૧. [સં.] પું. વેપારી; માલ વેચી અને ખરીદીને ગુજરાન ચલાવનાર માણસ.

૨. વિ. વેચવા ખરીદવાનો ધંધો કરનાર.

ક્રયિમ ૧. પું. માલની ખરીદી કે વેચાણ ઉપર લેવાતો કર.

૨. [સં.] પું. વેપાર.

ક્રયી [સં. ક્રયિન્] વિ. ખરીદનાર.

ક્રયોપાગત ૧. [સં.] પું. તાજેતરમાં ખરીદાયેલ ઘોડો.

૨. વિ. તાજેતરમાં ખરીદેલ.

ક્રય્ય [સં.] પું. દુકાનમાં વેચાણ માટે મૂકેલ વસ્તુ; વેચવાનો સામાન.

ક્રવિ ૧. [સં. ક્રવિસ્] પું. કાચું માંસ.

૨. પું. લોહી.

ક્રવ્ય [સં.] ન. કાચું માંસ.

ક્રવ્યપ ન. એક પ્રકારનું અર્કથી ખેંચેલ તેલ.

ક્રવ્યપક પું. એક જાતનો જંતુનાશક વાયુ.

ક્રવ્યાદ ૧. પું. એક જાતનો મૃગ.

૨. [સં. ક્રવ્ય (કાચું માંસ) + અદ્ (ખાવું)] પું. ગીધ.

૩. પું. પ્રેતદાહ સમયનો અગ્નિ; ચિતાની આગ.

૪. પું. બાજ; સીંચાણો.

૫. પું. મનુષ્યાહારી; નરભક્ષક.

૬. પું. માંસાહારી પ્રાણી.

૭. પું. રાક્ષસ; કૌણપ.

૮. પું. (પુરાણ) સહરક્ષ નામના અગ્નિનો પુત્ર.

૯. પું. સિંહ.

૧૦. ન. (વૈદ્યક) એક જાતનું ઔષધ. તે વાતહર, દીપક, પાચક અને ગ્રાહી મનાય છે. તે બનાવવા શુદ્ધ ગંધક તોલા ૮, પારો, લીંબુ અને ગજવેલ દરેક તોલા ૪ લોઢાના ઠામમાં એકમેક કરી ચૂલા ઉપર ધીમી આંચે તેનો રસ થતાં સુધી રાખવાં. પછી છાણ ઉપર કેળનું પાન પાથરી તે ઉપર તૈયાર થયેલો રસ રેડી તે ઉપર બીજું પાન પાથરી તે ઉપર છાણ મૂકવું એટલે તેની પર્પટી થશે. પર્પટીનો ભૂકો કરી પંચકોળનો ક્વાથ શેર એક તથા લીંબુનો રસ શેર એકમાં તેને ઘૂંટવો. પછી ટંકણખાર તોલા વીશ, સિંધાલૂણ તોલા દશ અને કાળાં મરી તોલા પચાસનું ચૂર્ણ કરી તેમાં મેળવી ચણાના ખારના ચૌદ પટ દેવા એટલે ક્વાથ થશે. અજીર્ણ, ઝાડો, કોગળિયું, ચૂંક, ઊલટી તથા આફરા ઉપર તે ૧૫થી ૩૦ ગ્રેનની માત્રામાં છાશ, સિંધાલૂણ તથા સૂંઠની સાથે અપાય છે.

૧૧. ન. એક જાતનું ઝાડ.

૧૨. વિ. માંસાહારી; માંસજીવી; માંસભક્ષણ કરનાર.

ક્રવ્યાદીશ્વર [સં. ક્રવ્યાદ (ગીધ) + ઈશ્વર (શ્રેષ્ઠ)] પું. જટાયુ.

ક્રશ વિ. કૃશ; દુર્બળ.

ક્રશાની સ્ત્રી. કર્કશા; કંકાસિયણ સ્ત્રી.

ક્રશિત [સં.] વિ. દુર્બળ કરેલ; પાતળું કરેલ.

ક્રષ્નાવલી ૧. સ્ત્રી. ટીકા.

૨. સ્ત્રી. ડુંગળી; પ્યાજ.

૩. સ્ત્રી. દ્રૌપદી.

ક્રંગટ પું. કાંટાવાળી એક વનસ્પતિ.

ક્રંદ્ ૧. [સં.] અ. ક્રિ. દયાજનક રીતે બોલાવવું.

૨. અ. ક્રિ. બૂમ મારીને બોલાવવું.

૩. અ. ક્રિ. (ધાતુ) રડવું; આંસુ સારવાં. તે ઉપરથી થયેલ શબ્દઃ આક્રંદ, ક્રંદન, ક્રંદિત.

૪. અ. ક્રિ. રાડ પાડવી; બૂમ મારવી.

૫. સ. ક્રિ. રડાવવું; ચીસ પડાવવી.

ક્રંદન ૧. [સં.] પું. બિલાડો.

૨. ન. આર્તસ્વરે રડવું તે; કકળાટ; રોકકળ.

૩. ન. યુદ્ધને સમયે વીરોનું આહ્‌વાન.

ક્રંદનધ્વનિ [સં.] પું. આક્રંદનો ગણગણાટ.

ક્રંદની [સં.] સ્ત્રી. બિલાડી.

ક્રંદિત ૧. પું. (જૈન) વાણવ્યંતર દેવતાની એક જાત.

૨. ન. વિયોગી સ્ત્રીનું રુદન.

૩. [સં.] ન. શોક વગેરેથી આંસુ આવે એમ રડવું તે; પોક મૂકી રડવું તે.

૪. વિ. બૂમ મારી બોલાવેલ.

૫. વિ. રડેલું; રુદન કરેલું.

ક્રાઇસ ન. બ્રહ્મદેશનું એક શહેર; હાલનું પેગુ.

વેપારી વહાણો હવે કલીંગ-પટ્ટન અથવા કીકાકોલાથી નીકળી ત્રાંસા બંગાળાના અખાતમાં થઈને, **ક્રાઇસ** અથવા આધુનિક પેગુ જતા.
પુરાતત્ત્વ

ક્રાઇસોપા [અં.] પું. જંતુભક્ષક એક જાતનું પ્રાણી.

ક્રાઇસ્ટ [લે.] પું. ઈસુખ્રિસ્ત. યૂનાની ભાષામાં તેનો અર્થ 'તેલ ચોપડી પવિત્ર કરેલ' એવો થાય છે. પ્રાચીન કાળમાં એવો ચાલ હતો કે કોઈને ધર્મ અથવા રાજ્ય સંબંધી મોટો ઓદ્ધો બક્ષતાં તેને તેના માનને લાયક બનાવવા માટે તેલ ચોપડી પવિત્ર કરવામાં આવતા.

ક્રાઉન ૧. પું. આરકાનું શિરોબિંદુ.

૨. [અં.] પું. છાપવામાં વપરાતો એક જાતનો કાગળ. તેની લંબાઈ વીશ ઈંચ અને પહોળાઈ પંદર ઈંચ હોય છે.

૩. પું. મુગટ; તાજ.

૪. પું. રાજા; બાદશાહ.

૫. પું. રાજ્ય.

૬. પું. રૂપાનો એક અંગ્રેજી સિક્કો. તે પૌંડનો ચોથો ભાગ હોવાથી પાંચ શિલિંગ અથવા અઢી રૂપિયા તેની કીમત ગણાય છે.

૭. પું. સિપાઈ વગેરે અમલદારને ઓળખવા માટે રાખવામાં આવતી ટોપી ઉપર લગાડેલ ટૂંકા અક્ષરમાં કરેલ નિશાની.

૮. વિ. કાગળના એક માપનું.

ક્રાઉનપ્લેટ [અં.] સ્ત્રી. બોઈલરની ભઠ્ઠીની ઉપલી પ્લેટ.

ક્રાથ ૧. [સં.] પું. એ નામનો એક નાગ.

૨. પું. (પુરાણ) એક રાજાનું નામ. એના પુત્રને ભારતના યુદ્ધમાં અભિમન્યુએ માર્યો હતો.

૩. પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રનો એક પુત્ર. એને ભીમસેને યુદ્ધમાં માર્યો હતો.

૪. પું. (પુરાણ) રામની સેનાનો એક વાનર. રામ રાવણના યુદ્ધમાં તેણે સેનાપતિનું કામ કર્યું હતું.

૫. ન. મારી નાખવું તે; હિંસા કરવી તે.

ક્રાની [હિં.] પું. કારકુન; લખનાર માણસ.

ક્રામક્રી પું. (પિંગળ) અષ્ટિ છંદની જાતનો પાંચ મગણ અને એક ગુરુ મળી સોળ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ.

ક્રામિસસિઓનિસ સ્ત્રી. એક જાતની વિચિત્ર માછલી. તેની આંખો અપંગ હોય છે. નર માછલી પોતાના મોઢામાં ઈંડાં રાખી તેનું સેવન કરી બચ્ચાં પેદા કરે છે અને તેઓ પોતાની સંભાળ લેવા શક્તિમાન થાય ત્યાંસુધી મોઢામાં જ સંભાળથી ઉછેરે છે.

ક્રાલ પું. વાડ; વાડો.

ક્રાંચી સ્ત્રી. એક જાતની કાતર. તે પતરું કાપવાના કામમાં વપરાય છે.

ક્રાંત ૧. [સં.] પું. ઘોડો.

૨. સ્ત્રી. (ખગોળ) અયનવૃત્ત; રવિમાર્ગ; આકાશમાં જે માર્ગે સૂર્ય ફરતો દેખાય છે તે માર્ગ.

૩. સ્ત્રી. આકાશી પદાર્થનું નમવું તે.

૪. સ્ત્રી. ચડવું તે.

૫. ન. ગમનકર્મ; જવું તે; ઓળંગવું તે.

૬. ન. પગ; પાદ; ઈંદ્રિય.

૭. વિ. ક્રોધી; ક્રોધાતુર.

૮. વિ. ગમન કરેલ; ઓળંગેલ; દૂર કરેલ; આક્રાંત.

૯. વિ. ગ્રસ્ત; દબાવેલ; જેના ઉપર આક્રમણ થયું હોય તેવું.

૧૦. વિ. ભૂતકાળમાં વીતેલ; અતીત.

૧૧. વિ. વ્યાપ્ત; ફેલાયેલ.

ક્રાંતદર્શન ૧. [સં.] ન. કોઈ પણ બાબતમાં ઊંડું ઊતરવું તે.

૨. ન. ભૂતકાળ જોવો તે.

૩. વિ. કાલદર્શી.

ક્રાંતદર્શિણી વિ. સ્ત્રી. જ્યોતિષી; જોશ જોનારી.

ક્રાંતદર્શી ૧. [સં. ક્રાંતદર્શિન્] પું. ઈશ્વર; પરમેશ્વર; પરબ્રહ્મ.

૨. પું. કવિ.

૩. પું. પંડિત.

૪. વિ. અતીત, અનાગત તથા સૂક્ષ્મ પદાર્થ જોઈ શકનારૂં.

૫. વિ. જ્યોતિષ જાણનાર; ભૂત ભવિષ્યના જ્ઞાનવાળું.

૬. વિ. પાછલી વાત જાણનાર.

૭. વિ. વસ્તુનું રહસ્ય જોઈ શકનારૂં; ભાવિમાં ગૂઢ રહેલી બીનાઓનું દર્શન કરનાર.

૮. વિ. વિશ્વદષ્ટિવાળું.

૯. વિ. સર્વજ્ઞ.

ક્રાંતપ્રજ્ઞ [સં. ક્રાન્ત (અતિશય યુક્ત) + પ્રજ્ઞા (બુદ્ધિ)] વિ. અતિશય બુદ્ધિવાળું; ઉત્તમ પ્રજ્ઞાવાળું.

ક્રાંતા ૧. સ્ત્રી. ઊભી ભોંયરીંગણી; બૃહતી નામે વનસ્પતિ.

૨. સ્ત્રી. એલચી.

> ક્રાંતા શબ્દ એલચીમાં અને ઊભી ભોરીંગણીમાં બે અર્થમાં વપરાય છે. આયુર્વેદ રહસ્યાર્ક

૩. [સં.] સ્ત્રી. ઘોડી.

ક્રાંતાક્ષી [સં.] સ્ત્રી. ચોસઠ માંહેની એ નામની એક યોગિની.

ક્રાંતિ ૧. સ્ત્રી. આત્મશુદ્ધિ.

૨. [સં. ક્રમ્ (જવું)] સ્ત્રી. એકમાંથી બીજામાં જવું તે; ઊથલપાથલ; પરિવર્તન; પલટો.

૩. સ્ત્રી. (ખગોળ) કોઈ પણ આકાશીય પદાર્થમાંથી વિષુવવૃત્ત ઉપર દોરેલ લંબ.

૪. સ્ત્રી. (ખગોળ) ક્રાંતિવૃત્ત; સૂર્યને ફરવાનો માર્ગ; ખગોળમાં એક કલ્પિત વૃત્ત, જેમાં સૂર્ય પૃથ્વીની આસપાસ ફરતો દેખાય છે. તેને અપમંડલ, અપવૃત્ત, અપક્રમ, અયમ, સ્પષ્ટ ક્રાંતિ, ક્રમણ પણ કહે છે.

૫. સ્ત્રી. (ખગોળ) ખગોળીય નાડીમંડલથી કોઈ નક્ષત્રનું અંતર; ખગોળની વિષુવવૃત્ત રેખાથી કોઈ નક્ષત્રનું અંતર; વિષુવવૃત્તથી તારાઓનું ઉત્તર દક્ષિણ અંતર.

૬. સ્ત્રી. ગતિ; માર્ગ; ભ્રમણ; પરિભ્રમણ; અયન; ગમન; એક સ્થાનેથી બીજે સ્થાને જવું તે; પગલું ભરવું તે.

૭. સ્ત્રી. (ખગોળ) ગ્રહને ફરવાના માર્ગથી વિષુવવૃત્તની સાથે થતો ખૂણો.

૮. સ્ત્રી. ચડાઈ; આક્રમણ.

૯. સ્ત્રી. ચાલુ પ્રથામાં ફેરફાર; સુધારો.

૧૦. સ્ત્રી. ચુંબકવાંક.

૧૧. સ્ત્રી. રાજ્યવિપ્લવ; રાજ્યપરિવર્તન; મહાન ઊથલપાથલ; રાજ્યક્રાંતિ.

૧૨. સ્ત્રી. (ખગોળ) વ્યામોત્તર ગમન; સંક્રમણ; સંક્રાંતિ; આકાશીય પદાર્થનું ક્રમણ; આકાશીય પદાર્થનું નમવું તે.

૧૩. સ્ત્રી. સ્ખલન; ઝુકાવ; દિગ્ક્ષતિ; વિચલન.

ક્રાંતિકક્ષ [સં.] પું. સૂર્યને ફરવાનો કલ્પિત માર્ગ.

ક્રાંતિકર જુઓ ક્રાંતિકાર.

ક્રાંતિકાર ૧. [સં.] પું. બળવાખોર; ઊથલપાથલ કરનાર માણસ; રાજ્યપલટો કરનાર વ્યક્તિ.

૨. વિ. ક્રાંતિ કરનાર; વિપ્લવકાર; પરિવર્તન કરનાર.

૩. વિ. મોટો ફેરફાર કરનાર; વસ્તુસ્થિતિને પલટાવી નાખનાર.

ક્રાંતિકારક જુઓ ક્રાંતિકાર.

ક્રાંતિકારિણી [સં.] વિ. સ્ત્રી. ક્રાંતિ કરનારી.

ક્રાંતિકારી ૧. [સં. ક્રાંન્તિકારિન્] વિ. ક્રાંતિ કરનારૂં; વિપ્લવ કરનારૂં; બળવાખોર.

૨. વિ. પરિવર્તનવાળું; ફેરફારવાળું.

ક્રાંતિકાળ પું. ફેરફાર કરવાનો સમય; ઊથલપાથલનો વખત.

ક્રાંતિકોટિ સ્ત્રી. (ખગોળ) કોઈ પણ આકાશીય પદાર્થનું આકાશીય ધ્રુવથી અંતર.

ક્રાંતિકોણ [સં.] પું. કિરણનું પરાવર્તન થાય તે બિંદુ આગળ બનતો નાનામાં નાનો ખૂણો.

ક્રાંતિક્ષેત્ર [સં.] ન. જ્યોતિષ પ્રસિદ્ધ અયમ ક્ષેત્રાકાર પદાર્થ; ગણિતમાં એક ક્ષેત્ર, જે ક્રાંતિ કાઢવા માટે બનાવવામાં આવે છે.

ક્રાંતિજ્યા [સં.] સ્ત્રી. ક્રાંતિક્ષેત્રમાં રહેલ અક્ષક્ષેત્રનો એક અવયવ.

ક્રાંતિતેજ ૧. ન. ક્ષિતિજ ઉપર દેખાતો તેજનો પટ્ટો; રાશિચક્રનો પ્રકાશ. તે વસંત ઋતુમાં સૂર્યાસ્ત પછી અંધારિયામાં નજરે પડે છે. આ તેજ ક્રાંતિપ્રદેશમાં સૂર્યથી શુમારે દશ કરોડ માઈલ સુધી પ્રસરેલું છે. ક્રાંતિતેજનું સ્વરૂપ હજુ સુધી સમજાયું નથી. પૃથ્વી અને સૂર્ય બંનેની વચ્ચે પૃથ્વીની કક્ષાની સહેજ બહારના પ્રદેશ સુધી અગણ્ય અશનિનો સમૂહ હોવો જોઈએ અને તેના જ ઉપર સૂર્યનો પ્રકાશ પડીને પરાવર્તન પામ્યા પછી આ તેજ ઉત્પન્ન થતું હોવું જોઈએ.

૨. ન. સંધ્યા.

ક્રાંતિપાત [સં.] પું. (ખગોળ) વિષુવવૃત્ત અને ક્રાંતિવલયનું એકત્ર થઈ એકબીજાને કાપવું તે; અયન; સંક્રાંતિ; સંપાતબિંદુ. આ બિંદુ ઉપર પૃથ્વી આવે છે ત્યારે દિવસ અને રાત સરખાં થાય છે.

ક્રાંતિપ્રદેશ પું. (ખગોળ) ક્રાંતિવૃત્તની ઉત્તરે ૭½ અને દક્ષિણે ૭½ મળી થતો શુમારે પંદર અંશનો પ્રદેશ. બધા ગ્રહ તેમાં ફરે છે.

ક્રાંતિબિંદુ ન. (ખગોળ) વિષુવબિંદુ; સંપાતબિંદુ; વિષુવવૃત્ત અને ક્રાંતિવલય એક બીજાને કાપે તે બિંદુ.

ક્રાંતિમંડળ [સં. ક્રાંતિમંડલ] ન. (ખગોળ) સૂર્ય પૃથ્વીની આસપાસ ફરતો દેખાય છે તે વૃત્ત; અયનવૃત્ત.

ક્રાંતિયંત્ર ન. ક્રાંતિનો ખૂણો માપવાનું એક યંત્ર. કોઈ પણ આકાશીય પદાર્થ ક્ષિતિજથી કેટલો ઊંચો છે તે આ યંત્રથી માપી શકાય છે.

ક્રાંતિલંબ પું. (ખગોળ) નિક્ષેપાંશ; કોઈ પણ આકાશીય પદાર્થમાંથી વિષુવવૃત્ત ઉપર દોરેલ લંબ.

ક્રાંતિલંબન ન. (ખગોળ) એક જ આકાશીય પદાર્થને જુદે જુદે સ્થળેથી જોવાથી તેની ક્રાંતિમાં માલૂમ પડતો ફરક.

ક્રાંતિવલય ન. (ખગોળ) અયનવૃત્ત; ક્રાંતિમંડળ; સૂર્ય પૃથ્વીની આસપાસ ફરતો દેખાય છે તે વૃત્ત.

ક્રાંતિવાદ પું. વિપ્લવવાદ; બળવો જરૂરી છે એવો મત.

ક્રાંતિવાદી ૧. વિ. ક્રાંતિવાદમાં માનનાર; ઊથલપાથલમાં માનવાવાળું.

૨. વિ. રાજપલટો ઇચ્છનાર; રાજપલટાનું હિમાયતી.

ક્રાંતિવૃત્ત ૧. [સં.] ન. ક્રાંતિવલયના આકારનું વૃત્તક્ષેત્ર.

૨. ન. (ખગોળ) પૃથ્વી સૂર્યની આસપાસ ફરતી હોવાથી સૂર્ય જે માર્ગમાં પૃથ્વીની આસપાસ ફરતો દેખાય છે તે માર્ગ; સૂર્યમાર્ગ; અયનવૃત્ત.

ક્રાંતિવૃત્તતિર્યકત્વ ન. ક્રાંતિવૃત્ત અને વિષુવવૃત્ત વચ્ચેનો ખૂણો.

ક્રાંતિવૃત્તયંત્ર ન. જયપુરમાં આવેલ ભારતીય જ્યોતિષ યંત્રાલય માંહેનું એ નામનું એક યંત્ર. તેની અંદર ધ્રુવની સામે એક વૃત્ત પથ્થરનો

બનાવેલો છે. તેની અંદર સાઠ ઘડી તથા પળના ભાગ લખેલા છે. તેની મધ્યમાં લોઢાનો એક શંકુ આવેલ છે. આ શંકુમાં પિત્તળના બે વૃત્ત ઝૂલતા માલૂમ પડે છે. આ યંત્રથી સાયન માલૂમ પડે છે.

ક્રાંતિવૃત્તાંતર્ગત [સં. ક્રાંતિવૃત્ત (ઉષ્ણ કટિબંધ) + અંતર્ગત (અંદરનું)] વિ. ઉષ્ણકટિબંધમાં આવેલું.

ક્રાંતિવૃત્તીયફલ ન. (ખગોળ) ક્રાંતિવૃત્તીય સમગ્રીકરણનો વ્યુત્ક્રમ. જેવી રીતે દીર્ઘવૃત્તીય સમગ્રીકરણનો વ્યુત્ક્રમ તે દીર્ઘવૃત્તીય ફલ છે, તેવી જ રીતે ક્રાંતિવૃત્તીય સમગ્રીકરણનો વ્યુત્ક્રમ તે ક્રાંતિવૃત્તીય ફલ કહેવાય છે.

ક્રાંતિવૃત્તીયસ્થાન [સં. ક્રાંતિવૃત્તીય (ક્રાંતિવૃત્તનું) + સ્થાન (જગ્યા)] ન. (ખગોળ) કોઈ પણ આકાશી પદાર્થમાંથી ક્રાંતિવૃત્ત ઉપર દોરેલો લંબ ક્રાંતિવૃત્તને છેદે તે બિંદુ.

ક્રાંતિશીલ વિ. ક્રાંતિમય; ક્રાંતિવાળું.

ક્રાંતિસામ્ય [સં.] ન. ગ્રહોની એકસરખી ક્રાંતિ એટલે ગતિ.

ક્રાંતિસૂત્ર ૧. [સં.] ન. (ખગોળ) કોઈ આકાશીય પદાર્થને આકાશીય ધ્રુવ સાથે જોડનારું વર્તુળ.

૨. ન. (ખગોળ) ક્રાંતિઓનો સૂત્રાકાર એક યોગ. તે ધ્રુવનો સ્પર્શ કરનાર હોય છે.

ક્રાંત્યંશ ૧. [સં.] પું. તિર્યક્ ઝુકાવ; 'ઑબ્લિક એસેન્શન'. વૈજ્ઞાનિકો માને છે કે પૃથ્વીનો ક્રાંત્યંશ બદલાતો જાય છે, આથી એક વખત એવો આવશે કે જ્યારે ઋતુ તદ્દન બદલાઈ જશે એટલે કે શિયાળાને વખતે ઉનાળો અને ઉનાળાને વખતે શિયાળો થઈ જશે.

૨. પું. ભુજાંશ; 'સીલેશ્ચલ લૉંજિટ્યૂડ'.

ક્રાંત્યાંશ જુઓ ક્રાંત્યંશ ૧.

ક્રાંવ પું. કાગડાની વાણીનો અવાજ.

ક્રાંસિયો પું. કડછી.

ક્રિકેટ ૧. [અં.] સ્ત્રી.; ન. એક જાતની અંગ્રેજી રમત; ગેડીદડા જેવી બૅટબોલની રમત. ખુલ્લા મેદાનમાં રમાતી આ રમતમાં રમનારના બે પક્ષ પાડવામાં આવે છે. સાધારણ રીતે દરેક પક્ષમાં અગિયાર રમનાર હોય. રમવાનાં મુખ્ય સાહિત્યમાં બે બૅટ, એક દડો, છ લાકડી, એક સાદડી અને લાકડી ઉપર મૂકવાની ચાર ચરકલી છે. મેદાનની વચગાળે એક ઠેકાણે ત્રણ લાકડીનું એક વિકેટ ખોડવામાં આવે. ત્યાંથી તેની સામે અને બરાબર સીધાણમાં બાવીશ વારને છેટે બીજું ત્રણ લાકડીનું વિકેટ ખોડવામાં આવે. દાવ દેનાર પક્ષના ખેલાડીઓમાંથી એક જણ એક વિકેટ પાસેથી દડો ફેંકે, બીજો એક સામેના વિકેટની પાછળ ઊભો રહે, ત્રીજો તેની પાછળ ઊભો રહે અને બાકીના મેદાનમાં જુદે જુદે સ્થળે ગોઠવાઈ જાય. દાવ લેનાર પક્ષના બે ખેલાડી પ્રથમ દાવ લેવા આવે. તેઓ દરેક વિકેટ પાસે અક્કેક જણ બૅટ લઈને ઊભો રહે. એક વિકેટ પાસેથી દડો ફેંકનાર દડો ફેંકે છે એટલે સામેના વિકેટ પાસે બૅટ લઈને ઊભેલો દાવ લેનાર તે દડાને ફટકો મારે. દાવ દેનાર પક્ષના જે ખેલાડી પાસે તે દડો જાય તે તે દડો લઈને દડો ફેંકનારને આપે, પણ તેટલા વખતમાં દાવ લેનારા બે ખેલાડી એક વિકેટથી બીજા વિકેટ સુધી દોડે અને જેટલા ફેરા થાય તેટલા રન કર્યા કહેવાય. આ પ્રમાણે રમતાં કોઈ દાવ લેનાર ફટકો મારતાં ભૂલી જાય અને દડો વિકેટને લાગે અથવા તેના શરીરનો કોઈ ભાગ દડાને વિકેટ ઉપર જતાં અટકાવે, રમત દરમિયાન તે વિકેટથી ચાર ફૂટ કરતાં વધારે દૂર રહે અને દાવ દેનાર કોઈ વિકેટને દડાથી પાડી નાખે, દાવ લેનાર રમત દરમિયાન પોતાના બૅટથી વિકેટને અડે, દાવ લેનાર દડાને ફટકો મારતાં તેનો દડો ઝિલાઈ જાય, દોડતી વખતે સ્થાને પહોંચ્યા પહેલાં દડો આવી પહોંચે અને તે દડાથી વિકેટ પાડી નાખવામાં આવે, આવું બને તો દાવ લેનારને દૂર બેસવું પડે છે અને તેની જગ્યાએ બીજો ખેલાડી આવે. આ પ્રમાણે બધા ખેલાડીનો વારો આવી રહે ત્યારે સામો પક્ષ દાવ લેવા આવે. છેવટે જે પક્ષના રન વધારે થાય તે પક્ષ જીત્યો કહેવાય. આ રમતની ઉત્પત્તિ ગ્રીક લોકોથી થયેલ જણાવવામાં આવે છે. સેકસનોએ રોમન પાસેથી શીખી લઈ ઈ. સ. ૯૦૦માં ઈંગ્લંડમાં દાખલ કરી. તે વખતની રમત હિંદના ગેડીદડા જેવી હતી. નૉર્મનોએ ઈંગ્લંડ જીત્યું ત્યારે આ રમત તેઓમાં દાખલ થઈ. તે વખતે અંગ્રેજો બે લાકડી દાટી તે ઉપર ત્રીજી લાકડી મૂકતા અને એક રમનાર દડાને આ લાકડી ઉપર ફેંકતો. જેને બીજો રમનાર ખાળતો. તે વખતે હાલની પેઠે અગિયાર માણસની જરૂર ન હતી. દૂર પડેલ દડો નોકર લાવતા. આગળ ક્રિકેટમાં વપરાતાં બૅટની લંબાઈ રમનારના કદ પ્રમાણે રાખવામાં આવતી અને પહોળાઈ ૨ થી ૮ ઈંચ સુધીની હતી. અસલના વખતમાં દડો પથ્થરનો કરવામાં આવતો, તે પછી ધાતુનો અને તે પછી લાકડાનો થયો. હાલ ચામડાનો દડો વપરાય છે. પહેલાં વિકેટની લાકડીની જગ્યાએ ઝાડની ડાંખળી રોપતા, હાલ લાકડાની અથવા નેતરની લાકડીઓ વપરાય છે.

૨. ન. તમરું નામનું એક જીવડું.

ક્રિકેટક્લબ [અં.] સ્ત્રી. ક્રિકેટની રમતને લગતું મંડળ.

ક્રિકેટગ્રાઉન્ડ [અં.] ન. ક્રિકેટ રમવાની જગ્યા; ક્રિકેટનું મેદાન.

ક્રિકેટબૅગ [અં. ક્રિકેટબૅગ] સ્ત્રી. ક્રિકેટનો સામાન રાખવાની ચામડાની અથવા કેનવાસની થેલી.

ક્રિકેટવીર પું. ક્રિકેટ રમવામાં હોશિયાર માણસ.

ક્રિકેટસીઝન [અં.] સ્ત્રી. ક્રિકેટ રમવાની યોગ્ય ઋતુ.

ક્રિકેટીઅર [અં.] પું. સારું ક્રિકેટ રમનાર અને જાણનાર માણસ.

ક્રિટોન ન. પડદાનું એક જાતનું કાપડ.

ક્રિપા ૧. [સં. કૃપા] સ્ત્રી. કૃપા; દયા.

૨. સ્ત્રી. ફરિયાદ.

ક્રિપાળુ [સં. કૃપાલુ] વિ. દયાવાળું; કૃપાળુ.

ક્રિમિ ૧. [સં.] પું. એ નામનો એક રોગ.

૨. પું. (પુરાણ) એક જાતનો કીડો. એનું નામ અલર્ક હતું. એણે કર્ણની જાંઘ કોરી ખાધી હતી.

૩. પું. કૃમિ.

૪. પું. ક્ષુદ્ર જંતુ; જૂ વગેરે જંતુ.

ક્રિમિકંટક ૧. [સં.] ન. ઉંબરાનું ઝાડ.

૨. ન. એ નામની એક વનસ્પતિ; ચિત્રાંગ.

૩. ન. વાવડિંગ.

ક્રિમિઘ્ન ૧. [સં.] ન. વાવડિંગ.

૨. વિ. કૃમિનો નાશ કરનાર.

ક્રિમિઘ્ની [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; સોમરાજી.

ક્રિમિજ [સં.] ન. અગરચંદન.

ક્રિમિજા [સં.] સ્ત્રી. લાખ.

ક્રિમિભક્ષ [સં.] ન. એ નામનું એક નરક.

ક્રિમિરિપુ ૧. [સં.] પું. રાતાં ફૂલવાળું એક જાતનું ઝાડ.

૨. ન. વાવડિંગ, કેમકે તે ક્રિમિ એટલે પેટનાં જીવડાંનો નાશ કરે છે.

ક્રિમિશત્રુ જુઓ ક્રિમિરિપુ.

ક્રિમિશાત્રવ [સં.] પું. એક જાતનો દુર્ગંધી ખેર.

ક્રિમિશૈલ [સં.] પું. રાફડો.

ક્રિય [સં.] પું. (જ્યોતિષ) મેષ રાશિ.

ક્રિયમાણ ૧. [સં.] ન. (વેદાંત) અનારબ્ધકાર્ય; જીવ જે કાંઈ કર્મ કરે તે; નવાં કર્મ; પાપપુણ્ય; જીવ પોતે પ્રારબ્ધને અધીન થઈ જે કાંઈ કરે તે.

> પ્રારબ્ધ અને **ક્રિયમાણ** એ બે શબ્દ અનુક્રમે વેદાંતસૂત્રમાંના આરબ્ધકાર્ય અને અનારબ્ધકાર્ય એ શબ્દોના સમાનાર્થક શબ્દો થશે.
>
> ગીતારહસ્ય

૨. ન. ક્રિયાકર્મ; ધર્મક્રિયાનો વિધિ; સંસ્કારવિધિ.

૩. વિ. કરાતું; થતું; બનતું.

ક્રિયમાણકર્મ ૧. [સં.] ન. ત્રણ માંહેનું એક પ્રકારનું કર્મ; વર્તમાન જન્મમાં કરવામાં આવે છે તે કર્મ.

૨. [હિં.] ન. વાસના.

ક્રિયા ૧. સ્ત્રી. અનુષ્ઠાન; કામ કરવું તે.

૨. સ્ત્રી. અમલ; કામ કરવાની રીત; કૃતિ.

૩. સ્ત્રી. આચાર; કરણી.

૪. સ્ત્રી. આત્મા તથા પરલોક છે એમ માનવું તે.

૫. સ્ત્રી. આરંભ.

૬. સ્ત્રી. (ન્યાય) ઉત્ક્ષેપણ વગેરે કર્મ.

૭. સ્ત્રી. એ નામની એક દેવી; ચોસઠ માનસતત્ત્વદેવતામાંની એ નામની એક.

૮. સ્ત્રી. (વ્યાકરણ) કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન અને અધિકરણ એ દરેકનો ક્રિયાપદ સાથેનો સંબંધ.

૯. સ્ત્રી. (પુરાણ) કર્દમ પ્રજાપતિની નવ માંહેની એક કન્યા અને ક્રતુ ઋષિની સ્ત્રી.

૧૦. સ્ત્રી. (જૈન) કર્મબંધનહેતુ; કાયિકી આદિ પાંચ ક્રિયા; સાવદ્ય એટલે પાપકારી વ્યાપાર.

૧૧. સ્ત્રી. કલા.

૧૨. સ્ત્રી. કૃતિ; કાર્ય; કામ; કર્મ; કરવું તે.

૧૩. સ્ત્રી. ક્રિયમાણ; સંસ્કારવિધિ; શાસ્ત્ર પ્રમાણે વિધિ કરવી તે; ધર્માનુષ્ઠાન.

ક્રિયાભંગ કરવી = ધાર્મિક ક્રિયામાં ખલેલ કરવી.

૧૪. સ્ત્રી. (જૈન) ગતિ; એક ક્ષેત્રથી બીજા ક્ષેત્રમાં ગમન.

૧૫. સ્ત્રી. ગર્ભાધાનનો સંસ્કાર.

૧૬. સ્ત્રી. (વૈદ્યક) ચિકિત્સા; ઉપાય; ઉપચાર.

૧૭. સ્ત્રી. (યોગ) ૭ માંહેની એક ક્રિયા. જેના શરીરમાં મેદાદિ દોષને લીધે પ્રાણાયામમાં વિઘ્ન આવતું હોય તેને માટે બસ્તિ, ધૌતિ, નેતિ, નૌલિ, કપાલભાતિ અને ત્રાટક એમ ૭ ક્રિયા માની છે.

૧૮. સ્ત્રી. (સંગીત) તાલમાં તાળી આપવાની ક્રિયા. તાલમાં તાળી આપવાની ક્રિયા કરવામાં આવે છે તેને સશબ્દ અને ખાલી આપતી વખતે બંને હાથને છૂટા પાડવાની ક્રિયા કરવામાં આવે છે તેને નિઃશબ્દ કહે છે.

૧૯. સ્ત્રી. દાખલો ગણવાની રીત.

૨૦. સ્ત્રી. (વ્યાકરણ) ધાતુનો અર્થ.

૨૧. સ્ત્રી. નિત્યકર્મ; શૌચ, સ્નાન, સંધ્યા, તર્પણ આદિ કૃત્ય.

૨૨. સ્ત્રી. પદ્ધતિ; રીતિ; વિધાન; વિધિ.

૨૩. સ્ત્રી. પૂજા.

૨૪. સ્ત્રી. પ્રમાણદર્શન.

૨૫. સ્ત્રી. પ્રયત્ન; ચેષ્ટા.

ક્રિયા ખરાબ કરવી–બગાડવી = કલંક લગાડવું.

૨૬. સ્ત્રી. પ્રયોગ.

૨૭. સ્ત્રી. પ્રવૃત્તિ; વ્યાપાર.

૨૮. સ્ત્રી. પ્રાયશ્ચિત્ત.

૨૯. સ્ત્રી. બનાવવાની રીત; પ્રયોગકલા.

૩૦. સ્ત્રી. (પુરાણ) બાર આદિત્ય માંહેના અંશુમાનની સ્ત્રી.

૩૧. સ્ત્રી. મરનારની પાછળ કરાતો વિધિ.

ક્રિયા કરવી = મરણક્રિયા કરવી.

૩૨. સ્ત્રી. વિધાતા નામના આદિત્યની એ નામની સ્ત્રી.

૩૩. સ્ત્રી. વિવાદના વિચારનું અંગ એક સાધન.

૩૪. સ્ત્રી. શિક્ષા.

૩૫. સ્ત્રી. શ્રાદ્ધ આદિ પ્રેત કર્મ.

૩૬. સ્ત્રી. (વેદાંત) સંયોગ અને વિભાગનો અસાધારણ હેતુ.

૩૭. સ્ત્રી. સામ વગેરે ઉપાય.

૩૮. સ્ત્રી. સોગંદ.

૧. ક્રિયા ખાવી = સોગંદ લેવા.
૨. ક્રિયાભંગ = જૂઠા સોગંદ.

૩૯. સ્ત્રી. સ્ત્રી પુરુષનું રેત પડવાની ખટપટ. તેના ત્રણ પ્રકારઃ ચિરોદય, મધ્યોદય અને લઘુદય. લાંબા કાળ પછી રેત પતન થાય તેવી ક્રિયા કરવી તેનું નામ ચિરોદયક્રિયા, તરત રેત પડે તેમ કરવું તેને લઘુદય કહે છે અને મધ્યોદય એટલે સામાન્ય સમયમાં રેત પડે તે.

૪૦. સ્ત્રી. (વ્યાકરણ) સ્થિતિ અથવા કર્મ એ સંબંધી અર્થવાળું કાર્ય.

૪૧. સ્ત્રી. સ્વયંવલન; સ્વયંકૃતિ.

૪૨. સ્ત્રી. (પુરાણ) સ્વાયંભૂ મન્વંતર માંહેના દક્ષની સોળ માંહેની એક કન્યા અને ધર્મ ઋષિની તેર માંહેની એક સ્ત્રી.

૪૩. સ્ત્રી. સ્વાહાનું એક નામ.

> સ્વાહા, વહ્નિપ્રિયા, વહ્નિજાયા, સંતોષકારિણી, શક્તિ, ક્રિયા, કાલદાત્રી, પરિપાકકરી, ધ્રુવા, સર્વદાનરગતિ, દાહિકા, દહનક્ષમા, સંસારસારરૂપા, ઘોરસંસારતારિણી, દેવજીવનરૂપા અને દેવપોષણકારિણી એવાં સોળ નામવાળાં સ્વાહાને હું નમન કરું છું.
>
> ભગવતી ભાગવત

૪૪. સ્ત્રી. હસ્તક્રિયા; દાસ્તકારી.

ક્રિયાકર ૧. [સં.] પું. અભ્યાસ કરનાર નવો શિષ્ય.

૨. વિ. ક્રિયા કરનાર; કામ કરનાર.

ક્રિયાકર્મ [સં.] ન. મરણક્રિયા કરવી તે.

ક્રિયાકર્માંતર સ્ત્રી. મરણક્રિયા; ઉત્તરક્રિયા.

ક્રિયાકલાપ [સં.] પું. ક્રિયાનો જથ્થો.

ક્રિયાકલ્પ ૧. [સં.] પું. ચિકિત્સાના અંગરૂપ ક્રિયા.

૨. પું. ચોસઠ માંહેનું એક વિજ્ઞાન.

ક્રિયાકાર ૧. [સં.] પું. અભ્યાસ કરનાર નવો શિષ્ય.

૨. વિ. ક્રિયા કરનાર; કામ કરનાર.

૩. વિ. પ્રવર્તક; ચલાવનાર; 'ઑપરેટર'.

ક્રિયાકાંડ ૧. [સં.] પું. કર્મકાંડ; ધર્મ સંબંધી ક્રિયા.

૨. પું. જેમાં યજ્ઞાદિનું વિધાન હોય તે શાસ્ત્ર; ધર્મવિધિને લગતો વેદશાસ્ત્રનો ભાગ.

ક્રિયાકાંડી ૧. [સં.] વિ. ક્રિયાકાંડમાં માનનારું.

૨. વિ. ધાર્મિક ક્રિયા કરનારું.

ક્રિયાકુશળ વિ. ક્રિયા કરવામાં ચતુર; કામમાં હોશિયાર.

ક્રિયાક્ષેત્ર [સં.] ન. કામ કરવાનું ક્ષેત્ર; કર્મભૂમિ.

ક્રિયાગત [સં.] વિ. ક્રિયામાં મુકાયેલ; પળાતું; આચારમાં મૂકેલું.

ક્રિયાગોપ્તા [સં.] પું. વિષ્ણુ ભગવાનનું એક નામ.

ક્રિયાચતુર ૧. [સં.] પું. (કાવ્ય) ઉપપત્તિના બે માંહેનો એક પ્રકાર.

૨. પું. શૃંગારરસમાં નાયકનો એક ભેદ. તેમાં નાયક ક્રિયામાં ચતુરાઈ બતાવીને નાયિકાને મળે છે.

ક્રિયાણ ન. (પ્રાકૃત) કરિયાણું; વસાણું.

ક્રિયાતંતુ [સં.] પું. શરીરના અવયવોને અમુક કામ કરવા માટે મગજમાંથી હુકમ પહોંચાડનાર તંતુ; ઉદ્વાહકતંતુ; જ્ઞાનતંતુ.

ક્રિયાતિપત્તિ ૧. [સં.] સ્ત્રી. (કાવ્ય) એક જાતનો કાવ્યાલંકાર. કેટલાક આને અતિશયોક્તિનો ભેદ અને કેટલાક સંભાવના અલંકારનો ભેદ માને છે.

૨. સ્ત્રી. (વ્યાકરણ) કૃદંતનું ક્રિયાપદ તરીકે વપરાવું તે.

ક્રિયાતિપત્ત્યર્થ ૧. [સં.] પું. (કાવ્ય) એક અલંકાર. તેમાં પ્રકૃતિથી ભિન્ન કલ્પના કરીને વિષયનું વર્ણન કરવામાં આવે છે.

૨. પું. (વ્યાકરણ) ક્રિયાપદનું સાંકેતિક ભવિષ્યકાળનું રૂપ. જેમકે, જો વૃષ્ટિ થઈ હોત તો સુકાળ થાત.

ક્રિયાત્મક ૧. [સં.] ન. પ્રભુનું કાર્ય પરત્વેનું સ્વરૂપ.

૨. વિ. ઉપયોગમાં આવે તેવું; કરી શકાય તેવું.

૩. વિ. ક્રિયાવાળું; સક્રિય; પ્રાયોગિક.

૪. વિ. ગતિવિષયક.

ક્રિયાત્મકગર્ભવિદ્યા [સં.] સ્ત્રી. પ્રાણીનાં ગર્ભાશયનાં બંધારણ અને વિકાસ સંબંધી વિદ્યા.

ક્રિયાત્મકવિજ્ઞાન [સં.] ન. મગજબળથી, કારણોથી અથવા કાયદાથી અમુક બનાવો કે દેખાવો વિષેનું શાસ્ત્ર.

ક્રિયાત્મકશક્તિ [સં.] સ્ત્રી. આપમેળે કામ કરવાનું બળ.

ક્રિયાદક્ષ [સં.] વિ. કાર્યકુશળ; કામ કરવામાં ચતુર.

ક્રિયાદષ્ટિ [સં.] સ્ત્રી. (જૈન) શોધાયેલ સત્યને જીવનમાં મૂર્તિમંત કરવાની તરફેણ કરનાર દષ્ટિ; ક્રિયાનય.

ક્રિયાદ્વેષી [સં. ક્રિયાદ્વેષિન્] પું. ધર્મશાસ્ત્રમાં સાક્ષી અને પ્રમાણ આદિને નહિ માનનાર પ્રતિવાદી.

ક્રિયાદ્વૈત [સં.] ન. (વેદાંત) મન, વચન અને કર્મથી કરાતાં સર્વ કર્મનું પરબ્રહ્મમાં અર્પણ.

ક્રિયાનય જુઓ ક્રિયાદષ્ટિ.

ક્રિયાનષ્ટ ૧. વિ. કૃતઘ્ન.

૨. [સં.] વિ. પોતાનાં કૃત્યોથી નાશ પામેલું.

ક્રિયાનાથ [સં.] પું. (વ્યાકરણ) ક્રિયાપદનાં લિંગ, વચન વગેરે જેના ઉપર આધાર રાખે તે શબ્દ.

ક્રિયાનિર્દેષ [સં.] પું. સાક્ષી.

ક્રિયાનિષ્ઠ ૧. [સં.] વિ. ક્રિયા કરવામાં ચુસ્ત.

૨. વિ. સ્નાન, સંધ્યા, તર્પણ આદિ નિત્યકર્મ કરનાર.

ક્રિયાનિષ્પત્તિ [સં.] સ્ત્રી. કામવિકારની ઉત્પત્તિ.

ક્રિયાનુસારી [સં. ક્રિયાનુસારિન્] વિ. રીતિ પ્રમાણે ચાલનાર.

ક્રિયાનૈપુણ્ય [સં.] ન. પોતાના કામમાં નિપુણતા.

ક્રિયાપત્તિ ૧. [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

૨. પું. વિષ્ણુનું એક નામ.

ક્રિયાપદ [સં.] ન. (વ્યાકરણ) ક્રિયા બતાવનારૂં પદ કે શબ્દ. જેમકે, શીખ, બેસ, ખેલ વગેરે ધાતુ ઉપરથી અનુક્રમે શીખવું, બેસવું, ખેલવું વગેરે ક્રિયાપદ બને છે.

ક્રિયાપર વિ. ક્રિયા જેમાં પ્રધાન હોય એવું.

ક્રિયાપરા સ્ત્રી. ચોસઠ માનસતત્ત્વદેવતા માંહેની એક.

ક્રિયાપરાયણ [સં.] વિ. ક્રિયા કરવામાં તલ્લીન; ક્રિયામાં રત.

ક્રિયાપંથ [સં.] પું. કર્મકાંડ.

ક્રિયાપાદ ૧. પું. ચતુષ્પાદ વ્યવહારમાં સાધ્ય અર્થના સાધનરૂપ ત્રીજો પાદ; મુકદ્દમાના ચાર માંહેનો એક વિભાગ. તેમાં વાદીનું કથન અને પ્રતિવાદીનો જવાબ લખાવવા ઉપરાંત વાદી પોતાનું કથન અથવા દાવાનાં પ્રમાણ વગેરે રજૂ કરે છે.

૨. પું. ચાર માંહેનો એક પાદ. શૈવ દર્શનાનુસાર ચાર પાદ છેઃ વિદ્યાપાદ, ક્રિયાપાદ, યોગપાદ અને ચર્યાપાદ.

ક્રિયાપૂરક ૧. [સં.] પું. (વ્યાકરણ) વાક્યનો એક ભાગ.

૨. વિ. ક્રિયાનો અર્થ પૂરો કરનાર (પદ કે પદો).

ક્રિયાપ્રક્રિયા ૧. [સં.] સ્ત્રી. અસર.

૨. સ્ત્રી. કાર્યપ્રણાલી; કામ કરવાની રીત.

૩. સ્ત્રી. ક્રિયા અને તેથી ઊલટી ક્રિયા.

ક્રિયાફલ [સં.] ન. ઉત્પત્તિ વગેરે કર્મફળ; ક્રિયાજન્ય ફળ; ક્રિયાનું કે કર્મનું પરિણામ. ક્રિયાનું ફળ ચાર પ્રકારનું છેઃ ઉત્પાદ્ય, આપ્ય, વિકાર્ય અને સંસ્કાર્ય. કુંભાર ઘડો કરે છે તે ઉત્પાદ્ય ક્રિયાફળ છે. તે નેત્ર વડે રૂપ જુએ છે એ આપ્ય ક્રિયાફળ છે. સોમરસ પીનારો સોમરસ કાઢે છે એ વિકાર્ય ક્રિયાફળ છે અને ધર્મિષ્ઠ રાજ્યને પામે છે એ સંસ્કાર્ય ક્રિયાફળ છે.

ક્રિયાફળ જુઓ ક્રિયાફલ.

ક્રિયાભ્યાવૃત્તિ [સં.] સ્ત્રી. વારંવાર ક્રિયા કરવી તે.

ક્રિયાભ્યુપગમ [સં.] પું. કોઈ ખેતરમાં જે ઉત્પન્ન થાય તેમાંથી આપણા બંનેનો ભાગ એવો નિયમ કરી ખેડવા માટે બીજાના ખેતરનો સ્વીકાર.

ક્રિયાભ્રષ્ટ ૧. [સં.] વિ. કરવાનું ચૂકેલું; પતિત.

૨. વિ. શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે ક્રિયા ન કરતું.

ક્રિયામય જુઓ ક્રિયાત્મક.

ક્રિયામાતૃકાદોષ [સં.] પું. બાળકોનો એક રોગ. તેમાં બાળકને જન્મથી દશમે દિવસે, મહિને કે વર્ષે તાવ, કંપ અને અધિક મળમૂત્ર થાય છે.

ક્રિયાયોગ ૧. [સં.] પું. અમુક વસ્તુ સિદ્ધ કરવા યોગ્ય સાધનોની યોજના.

૨. પું. ઉપાયો યોજવાપણું.

૩. પું. એક પ્રકારનો યોગ.

૪. પું. (વ્યાકરણ) ક્રિયાપદ સાથેનો સંબંધ.

૫. પું. (યોગ) દેવતાનું આરાધન; પુરાણ અનુસાર દેવતાની પૂજા કરવી તથા મંદિર વગેરે બનાવવાનું પુણ્યકર્મ.

૬. પું. યોગના અભ્યાસ માટે કરવાનાં સાધનરૂપ કર્મ.

ક્રિયારુચિ સ્ત્રી. ક્રિયા કરવાની ઇચ્છા.

ક્રિયારોધ [સં.] પું. ક્રિયાને અટકાવવી તે.

ક્રિયાર્થ ૧. [સં.] ન. કર્તવ્યવિધિને સમજાવનારૂં શાસ્ત્રનું વાક્ય.

૨. વિ. ક્રિયા જેનું પ્રયોજન હોય એવું.

ક્રિયાર્થક [સં.] વિ. ક્રિયા જેનું પ્રયોજન હોય એવું.

ક્રિયાલક્ષણયોગ [સં.] પું. જપ, ધ્યાન આદિ દ્વારા આત્મા અને ઈશ્વરનો સંબંધ સ્થાપિત કરવાપણું.

ક્રિયાલભ્ય [સં.] વિ. ક્રિયા કરવાથી મળી શકે એવું.

ક્રિયાલીન વિ. ક્રિયામાં લીન; ક્રિયામાં મગ્ન.

ક્રિયાલોપ [સં.] પું. ક્રિયાનો નાશ.

ક્રિયાવસન્ન [સં.] પું. સાક્ષી વગેરેના પ્રમાણથી પરાજય પામેલો વાદી કે પ્રતિવાદી.

ક્રિયાવસ્થ [સં.] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

ક્રિયાવંત વિ. ક્રિયાવાળું; ક્રિયા કરતું હોય એવું.

ક્રિયાવાચક ૧. [સં.] ન. (વ્યાકરણ) એક જાતનું પદ. પદ ચાર પ્રકારનાં છેઃ (૧) જાતિવાચક. જેમકે, ગાય. (૨) ગુણવાચક. જેમકે, લાલ, (૩) ક્રિયાવાચક. જેમકે, જાય છે; (૪) સંજ્ઞાવાચક. જેમકે, ગંગા.

૨. વિ. ક્રિયા બતાવનાર; જેનાથી ક્રિયાનો બોધ થાય એવું.

ક્રિયાવાદ [સં.] પું. વ્યાવહારિકતાવાદ; વ્યવહારદષ્ટિવાદ.

ક્રિયાવાદી ૧. [સં. ક્રિયાવાદિન્] પું. ફરિયાદી; વાદી.

૨. વિ. ક્રિયાને જ મોક્ષસાધન માનનાર.

૩. વિ. ક્રિયામાં માનનાર; ક્રિયા કરનાર.

૪. વિ. જીવાજીવ આદિ પદાર્થનું અસ્તિત્વ સ્વીકારનાર.

૫. વિ. સમજણ વિના માત્ર ક્રિયા કરનાર.

ક્રિયાવાન ૧. વિ. અમલમાં મૂકનારૂં.

૨. વિ. ક્રિયા કરનાર; ક્રિયામાં મચ્યા રહેનાર.

૩. [સં. ક્રિયાવત્] વિ. ક્રિયાપ્રવૃત્ત; કર્મનિષ્ઠ; યજ્ઞયાગાદિ વિધિપૂર્વક કર્યા કરનારૂં.

ક્રિયાવિકલ્પ સ્ત્રી. ચોસઠ માંહેની એક કળા. જુઓ કળા.

ક્રિયાવિકલ્પકળા સ્ત્રી. ચોસઠ માંહેની એક કળા. જુઓ કળા.

ક્રિયાવિદગ્ધા [સં.] સ્ત્રી. કોઈ ક્રિયા દ્વારા પોતાનો ભાવ પ્રગટ કરે એવી નાયિકા.

ક્રિયાવિધિ ૧. [સં.] સ્ત્રી. ધાર્મિક ક્રિયાની વિધિ.

૨. સ્ત્રી. યંત્રરચના.

ક્રિયાવિધિશાસ્ત્ર [સં.] ન. વેદનાં છ માંહેનું એક અંગ; કલ્પ.

ક્રિયાવિભાગ [સં.] પું. કામની વહેંચણી.

ક્રિયાવિશેષણ [સં.] ન. (વ્યાકરણ) ક્રિયાપદના વિશેષણ તરીકે વપરાતો શબ્દ; ક્રિયાનો ગુણ બતાવનાર શબ્દ.

ક્રિયાવિશેષણઅવ્યય [સં.] ન. (વ્યાકરણ) ક્રિયાપદના વિશેષણ તરીકે વપરાતો શબ્દ. ક્રિયાપદની સાથે સંબંધ રાખે તે ક્રિયાવિશેષણ અવ્યય કહેવાય છે. જેમકે, જલદી, અચાનક વગેરે.

ક્રિયાવિશેષણવાક્ય ન. ક્રિયાવિશેષણનું કામ કરતું ઉપવાક્ય.

ક્રિયાવૃત્તિ ૧. સ્ત્રી. ક્રિયા કરવાની વૃત્તિ.

૨. સ્ત્રી. (બૌદ્ધ) ચિત્તની બાર માંહેની એક પ્રકારની વૃત્તિ.

ક્રિયાશક્તિ ૧. [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

૨. પું. વિષ્ણુનું એક નામ.

૩. સ્ત્રી. ઈશ્વરની એક શક્તિ. તેથી બ્રહ્માંડની ઉત્પત્તિ થયેલી મનાય છે. સાંખ્યમાં આ શક્તિને પ્રકૃતિ અને વેદાંતમાં માયા કહે છે.

૪. સ્ત્રી. કામ કરવાની શક્તિ; બળ; તાકાત; પ્રભાવ.

૫. સ્ત્રી. ચપળતા; ચાંચલ્ય.

૬. સ્ત્રી. ધર્માનુષ્ઠાનરૂપી શક્તિ. તે સાત પ્રકારની છે: (૧) ઈષ્ટ, (૨) પૂર્ત, (૩) સ્વાધ્યાય, (૪) જપ, (૫) પૂજા, (૬) તપ અને (૭) દાન.

૭. સ્ત્રી. પ્રાણ.

ક્રિયાશબ્દ [સં.] પું. (વ્યાકરણ) ચાર પ્રકારની શબ્દપ્રવૃત્તિ માંહેની એક પ્રવૃત્તિ.

ક્રિયાશીલ ૧. વિ. કામ કરતું હોય એવું; કામ કરનારૂં.

ક્રિયાશીલ સોઝદાર = પૈસા અથવા જાત મહેનતથી કામ આપનાર ભાગીદાર.

૨. વિ. કાંઈ કાર્ય કરવાના સ્વભાવવાળું.

ક્રિયાશૂન્ય ૧. [સં.] વિ. કર્મહીન.

૨. વિ. કાંઈ કરે નહિ પણ જે થાય તે પોતાના ઉપર થવા દેનાર.

ક્રિયાશ્રય [સં.] પું. (વ્યાકરણ) કર્તા.

ક્રિયાસક્ત [સં.] વિ. ક્રિયામાં મચ્યું રહેલું; પ્રવૃત્તિવાળું; ઉદ્યોગી.

ક્રિયાસંક્રાંતિ [સં.] સ્ત્રી. શિક્ષણ આપવું તે.

ક્રિયાસાધ્ય [સં.] વિ. જપ, તપ આદિ ક્રિયાથી મેળવી શકાય એવું.

ક્રિયાસાર ન. એ નામનું એક પુસ્તક.

ક્રિયાસિદ્ધિ [સં.] સ્ત્રી. કામની સફળતા.

ક્રિયાસૂચક વિ. કામ કરવાનું સૂચવનાર.

ક્રિયાસૌકર્ય [સં.] ન. કામ કરવું સહેલું હોવું તે.

ક્રિયાસ્થાન [સં.] ન. (જૈન) કર્મનો વિષય; કર્મબંધનનું કારણ.

ક્રિયાસ્નાન [સં.] ન. ધર્મશાસ્ત્ર અનુસાર સ્નાનની એક વિધિ. તે પ્રમાણે સ્નાન કરવાથી તીર્થસ્નાનનું ફળ મળે છે.

ક્રિયાંગ પું. (સંગીત) રાગના દશ માંહેનો એક વર્ગ.

ક્રિયેંદ્રિય [સં.] સ્ત્રી. કર્મેંદ્રિય; ક્રિયાની સાધનરૂપ ઇંદ્રિય. જેમકે હાથ, પગ, વાણી વગેરે.

ક્રિયોન્મુખ ૧. વિ. કામ કરવામાં તત્પર.

૨. [સં.] વિ. ક્રિયા રહિત; ક્રિયા કરવામાં નારાજ.

ક્રિવિ ૧. પું. એ નામનો એક અસુર.

૨. [સં.] પું. કૂવો.

૩. પું. પાંચાલ દેશનું જૂનું નામ.

ક્રિશ્ચન ૧. ન. ક્રાઈસ્ટે સ્થાપેલ ખ્રિસ્તી ધર્મ પાળનાર માણસ.

૨. વિ. ખ્રિસ્તી ધર્મનું.

ક્રિશ્ચનધર્મ પું. યુરપ અમેરિકમાં પળાતો એક એક ધર્મ; ખ્રિસ્તી ધર્મ.

ક્રિશ્ચિયન જુઓ ક્રિશ્ચન.

ક્રિશ્ચિએનિટિ જુઓ ક્રિશ્ચનધર્મ.

ક્રિશ્ટાન જુઓ ક્રિશ્ચન.

ક્રિશ્ટાની સ્ત્રી. ખ્રિસ્તી ધર્મ.

ક્રિસમસ ન. નાતાલ; ઈસુ ખ્રિસ્તના જન્મદિવસે ઊજવવામાં આવતો ઉત્સવ. તે દર ડિસેંબરની ૨૫મી તારીખે ઊજવાય છે. આ દિવસ ભેટ આપવાનો, ભોજન કરાવવાનો અને બધા પ્રત્યે સદ્ભાવ બતાવવાનો છે.

ક્રિસ્ટલ ૧. [અં.] પું. ક્ષારનો રવાદાર ટુકડો.

૨. પું. સ્ફટિક

ક્રી ૧. વિ. ખરીદનાર; વેચાતું લેનાર.

૨. [સં.] સ. ક્રિ. અદલોબદલો કરવો; વિનિમય કરવો.

૩. સ. ક્રિ. ખરીદવું; વેચાતું લેવું.

૪. સ. ક્રિ. પાછું વાળવું.

૫. સ. ક્રિ. ભાડે લેવું.

ક્રીચ સ્ત્રી. વિલાયતી તરવાર.

ક્રીઝ [અં.] સ્ત્રી. વિકેટથી દોઢ બેટને અંતરે દોરવામાં આવતી લીટી; ક્રિકેટની રમતમાં દાવ લેનારને રહેવા માટેની હદ. ક્રિકેટની રમતમાં દડા ફેંકનાર અને દાવ લેનાર માટે લીટીઓ દોરાય છે અને તેની અંદર રમનારે રમવું પડે છે. આ લીટીઓ ચાક, ચૂનો કે એવા કોઈ ધોળા પદાર્થથી દોરવામાં આવે છે.

૧. ક્રીઝ આઉટ = રમનાર રમતાં રમતાં દોઢ બેટની બહાર નીકળી જાય અને વિકેટ કીપર દડો વિકેટમાં લગાવે ત્યારે રમનાર ક્રીઝ આઉટ કહેવાય છે.

૨. પોપિંગ ક્રીઝ = દાવ લેતી વખતે દાવ લેનારને ઊભા રહેવાની હદ બતાવનાર લીટી. દરેક વિકેટથી ચાર ફૂટને અંતરે અને બોલિંગ ક્રીઝને સમાંતર દોરાતી આ લીટીની લંબાઈની હદ નથી.

૩. બોલિંગ ક્રીઝ = દડા ફેંકનાર માટે નક્કી કરેલ ,હદ બતાવનાર લીટી. વિકેટ મધ્યમાં રાખીને તેની બંને બાજુએ વિકેટની સીધી લીટીમાં આઠ ફૂટ ને આઠ ઇંચ લાંબી લીટી.

૪. રિટર્ન ક્રીઝ = બોલિંગ ક્રીઝને બંને છેડે દડા ફેંકનાર તરફ કાટખૂણે દોરેલ નાની સીધી લીટી.

ક્રીડ્ (ક્રીડ઼્) ૧. [સં.] સ. ક્રિ. જુગાર રમવો; પાસા ખેલવા.

૨. સ. ક્રિ. મશ્કરી કરવી; ઉડાડવું.

૩. સ. ક્રિ. (ધાતુ) રમવું; ખેલવું; ક્રીડા કરવી. તે ઉપરથી થયેલ શબ્દઃ ક્રીડ, ક્રીડા, ક્રીડન.

ક્રીડ ૧. [અં.] સ્ત્રી. પંથ; સંપ્રદાય.

૨. (ક્રીડ઼) સ્ત્રી. મશ્કરી; મજાક.

ક્રીડક (ક્રીડ઼ક) ૧. [સં.] પું. દ્વાર ઉપર ઊભો રહેનાર માણસ; સેવક.

૨. ન. રમકડું.

૩. ન. રમવું તે; ક્રીડા.

૪. વિ. ક્રીડા રમનાર; ખેલનાર; રમનાર.

ક્રીડગા (ક્રીડ઼ગા) પું. (પિંગળ) ધૃતિ છંદની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ક્રીડચંદ્ર. તેના દરેક ચરણમાં છ યગણ મળી અઢાર અક્ષર આવે છે.

ક્રીડચક્ર (ક્રીડ઼ચક્ર) જુઓ ક્રીડગા.

ક્રીડચંદ્ર (ક્રીડ઼ચંદ્ર) જુઓ ક્રીડગા.

ક્રીડન (ક્રીડ઼ન) ૧. [સં.] ન. ક્રીડા; રમત; ખેલ.

૨. ન. બસો ચોરાણું માંહેનાં એક જાતનું ઘર; ઉતરમાં ષટ્દારુવાળી ઓરડી અને પશ્ચિમે પરશાળવાળું ઘર.

> ખર નામના ઘરના અપવર્કમાં ષટ્દારુ આવે તો તે **ક્રીડન** નામે ઘર થાય. રાજવલ્લભ

૩. ન. રમવાનું સાધન.

ક્રીડનક (ક્રીડ઼નક) [સં.] ન. રમવાનું સાધન.

ક્રીડનખેત (ક્રીડ઼નખેત) જુઓ ક્રીડાક્ષેત્ર.

ક્રીડનધાત્રી (ક્રીડ઼નધાત્રી) [સં.] સ્ત્રી. બાળકોને રમાડનાર દાઈ; ધાવ.

ક્રીડનીય (ક્રીડ઼નીય) ૧. [સં.] ન. રમવાનું સાધન.

૨. વિ. રમવા યોગ્ય.

ક્રીડનીયક (ક્રીડ઼નીયક) [સં.] ન. ક્રીડા કરવાનું સાધન; રમકડું.

ક્રીડવું (ક્રીડ઼વું) અ. ક્રિ. ક્રીડા કરવી; ખેલવું.

ક્રીડા (ક્રીડ઼ા) ૧. [સં.] પું. (પિંગળ) એક યગણ અને એક ગુરુ મળી ચાર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે.

> ય ગા **ક્રીડા**. રણપિંગળ

૨. સ્ત્રી. (સંગીત) તાલના મુખ્ય સાઠ માંહેનો એક ભેદ; જેમાં કેવળ એક પ્લુત હોય તેવો તાલ.

૩. સ્ત્રી. બાલ્યાવસ્થા.

૪. સ્ત્રી. ભોગવિલાસ; એશઆરામ; ચેનબાજી.

૫. સ્ત્રી. મશ્કરી; હાંસી.

૬. સ્ત્રી. મૈથુનના આઠ માંહેનો એક પ્રકાર. સ્ત્રીનું ધ્યાન, કથા, સ્પર્શ, ક્રીડા, દર્શન, આલિંગન, એકાંતવાસ અને સમાગમ એ આઠ પ્રકારનું મૈથુન કહેવાય.

૭. સ્ત્રી. રમત; ગમત; ખેલ.

ક્રીડાકથા (ક્રીડ઼ાકથા) [સં.] સ્ત્રી. વિલાસની વાર્તા.

ક્રીડાકલહ (ક્રીડ઼ાકલહ) પું. રમતનો કજિયો.

ક્રીડાકાલ (ક્રીડ઼ાકાલ) [સં.] પું. સંભોગ માટેનો વખત.

ક્રીડાક્ષેત્ર (ક્રીડ઼ાક્ષેત્ર) [સં.] ન. વિહારસ્થાન; ક્રીડા કરવાનું ઠેકાણું.

ક્રીડાગાર (ક્રીડ઼ાગાર) [સં.] ન. રમતનું ઠેકાણું; આનંદ કરવાનું સ્થળ; વિલાસભવન.

ક્રીડાગૃહ (ક્રીડ઼ાગૃહ) [સં.] ન. વિલાસગૃહ.

ક્રીડાચંદ્ર (ક્રીડ઼ાચંદ્ર) જુઓ ક્રીડગા.

ક્રીડાતાલ (ક્રીડ઼ાતાલ) [સં.] પું. સંગીતશાસ્ત્ર પ્રસિદ્ધ છ માત્રાનો એક તાલ; દાદરાતાલ.

ક્રીડાત્મક (ક્રીડ઼ાત્મક) ૧. વિ. આનંદી; ખુશીવાળું.

૨. વિ. ખેલતું; ક્રીડા કરતું; રમતું.

ક્રીડાનખેત (ક્રીડ઼ાનખેત) ન. ક્રીડા કરવાનું સ્થાન.

ક્રીડાનારી (ક્રીડ઼ાનારી) [સં.] સ્ત્રી. રમત માટે રાખેલ વેશ્યારૂપ સ્ત્રી.

ક્રીડાનૌકા (ક્રીડ઼ાનૌકા) [સં.] સ્ત્રી. સહેલ કરવાની હોડી. તેમાં બેસીને પ્રેમીયુગલ ક્રીડાવૈભવ ભોગવે છે.

ક્રીડાભવન (ક્રીડ઼ાભવન) જુઓ ક્રીડાભુવન.

ક્રીડાભાણું (ક્રીડ઼ાભાણું) [સં. ક્રીડાભાંડ] ન. ક્રીડાનું સ્થાન.

> ભાગવતમાં પણ આ વિશ્વને **ક્રીડાભાણું** કહ્યું છે. અણુભાષ્ય

ક્રીડાભાંડ (ક્રીડ઼ાભાંડ) [સં.] ન. ક્રીડા કરવાનું ઠેકાણું.

> જગત્ બ્રહ્મનું **ક્રીડાભાંડ** હોવાથી સ્વક્રીડાને માટે–સ્વલીલાને માટે બ્રહ્મ જીવોને ઉચ્ચ નીચ સ્થિતિમાં મૂકે છે. જેઠાલાલ શાહ

ક્રીડાભુવન (ક્રીડ઼ાભુવન) ન. આનંદ કરવાની જગ્યા.

ક્રીડાભૂમિ (ક્રીડ઼ાભૂમિ) ૧. [સં.] સ્ત્રી. ક્રીડા કરવાનું સ્થળ.

૨. સ્ત્રી. રમતગમતનું મેદાન.

ક્રીડાભૂમી (ક્રીડ઼ાભૂમી) જુઓ ક્રીડાભૂમિ.

ક્રીડામયૂર (ક્રીડ઼ામયૂર) [સં.] પું. રમકડું.

ક્રીડામિશ્રિત (ક્રીડ઼ામિશ્રિત) [સં.] વિ. ગમત સાથે જ્ઞાન મળે તેવું.

ક્રીડામૃગ (ક્રીડ઼ામૃગ) ૧. [સં.] પું. વિલાસ માટે ઉપયોગી વસ્તુ.

> એ ઇંદ્ર સ્ત્રીઓનો એક **ક્રીડામૃગ** જ છે. સ્ત્રીઓનાં રમકડાં જેવો છે. જેમ સ્ત્રીઓ નચાવે તેમ જ નાચનારો છે. ભગવતી ભાગવત

૨. પું. શિકાર ખેલવાનો મૃગ.

ક્રીડાયતન (ક્રીડ઼ાયતન) પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ક્રીડાવસથ. તે શર્કરી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ત્રણ સગણ, તગણ, લઘુ અને ગુરુ મળી ચૌદ અક્ષર હોય છે.

ક્રીડાયાન (ક્રીડ઼ાયાન) [સં.] ન. પુષ્પરથ; નાની ગાડી; ખેલગાડી.

ક્રીડાયુદ્ધ (ક્રીડ઼ાયુદ્ધ) [સં.] ન. યુદ્ધવિહાર; 'ટૂર્નમન્ટ'.

ક્રીડારત્ન (ક્રીડ઼ારત્ન) [સં.] ન. મૈથુન; વિષયસેવા; સંભોગ.

ક્રીડારથ (ક્રીડ઼ારથ) જુઓ ક્રીડાયાન.

ક્રીડારસિક (ક્રીડ઼ારસિક) [સં.] વિ. ક્રીડામાં આનંદ માનનારૂં; ભોગવિલાસી.

ક્રીડાવન (ક્રીડ઼ાવન) [સં.] ન. ભોગવિલાસ માટેનું જંગલ.

ક્રીડાવસથ (ક્રીડ઼ાવસથ) જુઓ ક્રીડાયતન.

ક્રીડાવસ્થા (ક્રીડ઼ાવસ્થા) ૧. [સં.] સ્ત્રી. (જ્યોતિષ) ચંદ્રમાની બાર માંહેની એક અવસ્થા.

૨. સ્ત્રી. ભોગવિલાસની સ્થિતિ.

ક્રીડાવાનર (ક્રીડ઼ાવાનર) [સં.] પું. સંસારમાં ક્રીડા કરતાં વાનરની માફક ચેષ્ટા કરનાર સંસારી.

ક્રીડાવિનોદ (ક્રીડ઼ાવિનોદ) [સં.] પું. મોજશોખ; ભોગવિલાસ.

ક્રીડાશાસ્ત્ર (ક્રીડ઼ાશાસ્ત્ર) [સં.] ન. ભોગવિલાસ ભોગવવાની વિદ્યા.

ક્રીડાશીલ (ક્રીડ઼ાશીલ) [સં.] વિ. રમતિયાળ.

ક્રીડાશૈલ (ક્રીડ઼ાશૈલ) [સં.] પું. બાગની અંદરનો નકલી ડુંગર; બનાવટી પર્વત.

ક્રીડાસર (ક્રીડ઼ાસર) જુઓ ક્રીડાસરોવર.

ક્રીડાસરોવર (ક્રીડ઼ાસરોવર) ન. ક્રીડા માટેનું તળાવ.

ક્રીડાસંમેલન (ક્રીડ઼ાસંમેલન) ન. રમતગમતનો મેળાવડો; 'ટૂર્નમન્ટ'.

ક્રીડાસ્થાન (ક્રીડ઼ાસ્થાન) [સં.] વિહારસ્થાન; રમવાનું ઠેકાણું.

ક્રીડાંગણ (ક્રીડ઼ાંગણ) ન. રમવાનું મેદાન; રમતગમતનું સ્થળ; 'પ્લેગ્રાઉન્ડ'.

ક્રીડાંગણું (ક્રીડ઼ાંગણું) જુઓ ક્રીડાંગણ.

ક્રીડિ (ક્રીડ઼િ) [સં.] વિ. ક્રીડા કરનાર; રમનાર.

ક્રીડિતકટકા (ક્રીડ઼િતકટકા) પું. (પિંગળ) અતિશર્કરી છંદની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં ભગણ, બે સગણ અને બે મગણ મળી પંદર અક્ષર આવે. અગિયારમા અક્ષર ઉપર યતિ એટલે વિસામો આવે.

ક્રીડોદ્યાન [સં.] ન. રમતગમત માટેનો બગીચો.

ક્રીત ૧. [સં.] પું. ખરીદેલ ગુલામ.

૨. પું. બાર માંહેના એક પ્રકારનો પુત્ર; ખરીદેલ પુત્ર; વેચાતો લીધેલ દીકરો.

૩. પું. (જૈન) સાધુને માટે આહારાદિ વેચાતાં લઈને આપવાથી લાગતો એક દોષ.

૪. ન. ખરીદી; ક્રય.

૫. વિ. ખરીદેલું; વેચાતું લીધેલું.

ક્રીતક [સં.] પું. એક જાતનો દત્તક પુત્ર; વેચાતો લીધેલ દીકરો.

ક્રીતકૃત વિ. (જૈન) સાધુને માટે અગાઉથી વેચાતું લઈ રાખેલ.

ક્રીતતરદોષ પું. (જૈન) વેચાતી કે અદલાબદલીથી કોઈ ચીજ મેળવીને સાધુને તે આપવાથી થતો અપરાધ.

ક્રીતદાસ [સં.] પું. વેચાણ લીધેલ માણસ; ગુલામ.

ક્રીતદાસી [સં.] સ્ત્રી. વેચાણ લીધેલ સ્ત્રી; ગુલામડી.

ક્રીતદોષ પું. (જૈન) ઉદ્‌ગમદોષના સોળ ભેદ માંહેનો એક દોષ; સાધુને આહાર વગેરે વેચાતાં લઈ આપવાથી થતો દોષ.

ક્રીતપુત્ર [સં.] પું. વેચાણ લીધેલો દીકરો.

ક્રીતપૂત જુઓ ક્રીતપુત્ર.

ક્રીતાનુશય ૧. [સં.] પું. અઢાર માંહેના એક પ્રકારનો વિવાદ.

૨. પું. ખરીદ કરીને પસ્તાવું તે; ખરીદ કર્યા પછી કીમત બહુ આપી છે એમ માનવાપણું.

૩. પું. વેચાણખરીદના ઝઘડા સંબંધી એક નિયમ.

ક્રીનગ પું. ખુશબોવાળો એક જાતનો ફૂલછોડ. તેમાં સફેદ ફૂલ આવે છે.

ક્રીનમ પું. સફેદ ફૂલવાળું એક ફૂલઝાડ.

ક્રીપર ૧. [અં.] સ્ત્રી. વેલ; લતા.

૨. ન. ચરપનું એક નાનું કલગીદાર પક્ષી. તે રંગે ફિક્કું, કાળાશ ઉપર અને પીઠ ઉપર પીળા છાંટ હોય છે. તે જૂના ઝાડના પોલાણમાં પોતાના માળા કરે છે. કંદ, મૂળ અને ફળ તેનો ખોરાક છે.

ક્રીપા [સં. કૃપા] સ્ત્રી. દયા; મહેરબાની.

કો સમે કરજો **ક્રીપા** ય. પ્રેમાનંદ

ક્રીપિંગ સ્ત્રી. એક જાતનો આંબો. તેનું ફળ આશરે અરધો શેરનું હોય છે. તે વેલાની માફક માંડવા ઉપર ચડે છે.

ક્રીમ ૧. [અં.] સ્ત્રી. તત્ત્વ.

૨. સ્ત્રી. તર; મલાઈ.

૩. સ્ત્રી. મોઢા ઉપર લગાડવાની એક સુગંધી બનાવટ.

ક્રીમિજ પું. અગરુચંદન.

ક્રીયાણું ન. [જૂ. ગુ.] કરિયાણું.

વિવિધ વસ્તુ હાટિ પામઈ,
છત્રીસઈ **ક્રીયાણાં** લીઈ. કાન્હડદેપ્રબંધ

ક્રીયાસોટ [અં.] ન. કોલ કે ડામરમાંથી નીકળતો એક પ્રવાહી પદાર્થ. તે જંતુઘ્ન, ઊલટી શાંત પમાડનાર અને દુર્ગંધનાશક તરીકે દવામાં વપરાય છે.

ક્રીલ ૧. [અં.] પું. મીલમાં તાણાના સંચા પાછળ મૂકવામાં આવતું લાકડાનું ચોકઠું.

૨. સ્ત્રી. વાર્પિંગના સંચા પાછળ ઊભી કરેલી લાકડાની ટટ્ટી. તેમાં સળિયાના આધારે બોબીન મુકાય છે.

ક્રીલપેગ્ઝ [અં.] સ્ત્રી. બ. વ. V આકારની વાર્પિંગના સંચા પાછળ ઊભી કરેલ ટટ્ટીમાંની ખૂંટીઓ.

ક્રોષણચૂર ન. ચારથી પાંચ ફૂટ ઊંચો વધતો એક જાતનો સુંદર પાંદડાંવાળો છોડ. તેનાં પાંદડાં વરસાદમાં લીલા રંગનાં અને ઠંડી ઋતુમાં એકદમ લાલ રંગનાં બને છે.

ક્રુઓર પું. (વૈદ્યક) રાતા રક્તકણની સૂક્ષ્મ કોથળી માંહેનો રસ.

ક્રુઝર [અં.] સ્ત્રી. યુદ્ધનૌકા; લશ્કરી વહાણ.

ક્રુઝેડ ૧. [અં.] સ્ત્રી. ક્રોસ ખાતરનું ધર્મયુદ્ધ.

૨. સ્ત્રી. ખંત અને જોખમથી એક વાત પાછળ લાગ્યા રહેવું તે.

૩. સ્ત્રી. ધર્મયુદ્ધ; ધર્મ માટેની લડાઈ.

ક્રુઝેડર [અં.] પું. ધર્મસંગ્રામનો સૈનિક; ધર્મ માટે યુદ્ધે ચડનાર વ્યક્તિ.

ક્રુડઓઈલ [અં.] ન. સાફ કર્યા વગરનું બળતણ તરીકે વપરાતું તેલ.

ક્રુધ્ [સં.] અ. ક્રિ. (ધાતુ) ક્રોધ કરવો; ગુસ્સે થવું. તે ઉપરથી થયેલ શબ્દઃ ક્રોધી, ક્રુદ્ધ, ક્રોધ, ક્રોધાયમાન, ક્રુધિત.

ક્રુધા [સં.] સ્ત્રી. ક્રોધ; કોપ; ગુસ્સો.

ક્રુધાંત વિ. ગુસ્સાવાળું.

ક્રુધિત [સં.] વિ. ક્રોધે ભરાયેલ; ગુસ્સે થયેલ.

ક્રુદ્ધ [સં.] વિ. ક્રોધિત; ક્રોધે ભરાયેલ; ગુસ્સે થયેલું.

ક્રુદ્ધા ૧. સ્ત્રી. (સંગીત) બાવીશ માંહેની એક શ્રુતિ. તે આયતાનો એક પ્રકાર છે.

૨. વિ. સ્ત્રી. ક્રોધે ભરાયેલ સ્ત્રી.

ક્રુદ્ધિત [સં.] વિ. કોપાયમાન; ક્રોધે ભરાયેલું.

ક્રુમ [અં.] સ્ત્રી. ચામડાની એક જાત.

ક્રુમુ ૧. સ્ત્રી. જલાલાબાદથી થોડે છેટે કાબુલને મળનારી કુનર નદીનું એક પ્રાચીન નામ; કુમા; કોરમ; કુરમુ.

૨. [સં.] વિ. સર્વત્ર ગમન કરવાના સ્વભાવવાળું.

ક્રુર પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ અનુષ્ટુપનો ભેદ છે. તેના દરેક ચરણમાં તગણ, મગણ, લઘુ અને ગુરુ મળી આઠ અક્ષર હોય છે.

ક્રુશ્ ૧. [સં.] અ. ક્રિ. (ધાતુ) ચીસ પાડવી; બરાડા પાડવા; ઘુમરાણ મચાવવું. તે ઉપરથી થયેલ શબ્દઃ ક્રુષ્ટ, આક્રોશ.

૨. અ. ક્રિ. દિલગીર થવું; અફસોસ કરવો.

૩. અ. ક્રિ. રડવું.

ક્રુસિફિક્સ [અં.] ન. ઇસુ ખ્રિસ્તને શૂળીએ ચડાવેલ મૂર્તિ.

ક્રુંચ ૧. [સં.] પું. ક્રૌંચ પક્ષી.

૨. પું. ક્રૌંચ પર્વત.

ક્રુંચા [સં.] સ્ત્રી. એક જાતની વીણા.

ક્રૂન પું. એક ઑસ્ટ્રિયન સિક્કો.

ક્રૂપ [અં.] ન. છાતીમાં થતું એક દર્દ. તેમાં તાવ હોય છે અને શ્વાસ લેવામાં પણ મુશ્કેલી પડે છે. નાનાં બાળકોને વિશેષ થાય છે.

ક્રૂય્ ૧. [સં.] અ. ક્રિ. કચડડ અવાજ કરવો.

૨. અ. ક્રિ. ડૂબી જવું.

૩. અ. ક્રિ. ભીનું થવું

ક્રૂર ૧. [સં.] પું. કંક પક્ષી; સફેદ ચીલ.

૨. પું. કાળો ધંતૂરો.

૩. પું. (જ્યોતિષ) ક્રૂર ગ્રહ; સૂર્ય, મંગળ, શનિ, રાહુ અને કેતુ. તેને પાપગ્રહો પણ કહે છે. જે રાશિમાં કોઈ પાપગ્રહ હોય અને તે રાશિમાં કોઈ શુભ ગ્રહ આવે તો તે પણ ક્રૂર ગ્રહ કહેવાય છે. ક્ષીણ ચંદ્રમાને પણ ક્રૂર ગ્રહ મનાય છે. પારાશરના મત પ્રમાણે લગ્નથી ત્રીજા, છઠ્ઠા

અથવા અગિયારમા ઘરનો સ્વામી ગમે તે ગ્રહ હોય તે ક્રૂર અથવા પાપગ્રહ કહેવાય છે. ક્રૂર ગ્રહવાળી તિથિ અથવા નક્ષત્રમાં યાત્રા અથવા વિવાહ જેવાં શુભ કર્મ વર્જિત છે.

૪. પું. પાકેલા ભાત.

૫. પું. બાઝ પક્ષી.

૬. પું. ભૂતાંકુશ.

૭. પું. રાતી કરેણ.

૮. પું. (જ્યોતિષ) વિષમ રાશિ.

૯. પું. વિષ્ણુ.

૧૦. ન. અશુભ ઘરનો એક પ્રકાર.

કરાળ ઘરના મુખ આગળ બે અલિંદો અને વચ્ચે ષટ્દારૂ આવે ને તે ઘરના મુખ આગળ મંડપ આવે તો તે ક્રૂર નામનું ઘર કહેવાય.
રાજવલ્લભ

૧૧. ન. પૂર્વાફાલ્ગુની, મઘા અને ભરણી નક્ષત્ર.

૧૨. વિ. ઉગ્ર; તીક્ષ્ણ; તીખું.

૧૩. વિ. કઠોર; સખત.

૧૪. વિ. ગરમ.

૧૫. વિ. જોશમાં કે આવેશમાં આવેલું.

૧૬. વિ. નિર્દય; હિંસક; ઘાતકી; જુલમી.

૧૭. વિ. પાપી; અધર્મી.

૧૮. વિ. બિહામણું.

ક્રૂરકર્મા ૧. પું. એક વનસ્પતિ; અર્કપુષ્પી.

૨. પું. તિતલૌકીનું ઝાડ.

૩. [સં. ક્રૂરકર્મન્] વિ. ઘાતકી; નિર્દય.

ક્રૂરકોષ્ઠ [સં.] ન. મળાવરોધવાળું આંતરડું.

ક્રૂરગંધ ૧. [સં.] પું. ગંધક.

૨. વિ. આકરી વાસવાળું.

ક્રૂરગ્રહ [સં.] પું. રવિ, મંગળ, શનિ, રાહુ અને કેતુ માંહેનો કોઈ એક ગ્રહ; પાપગ્રહ.

ક્રૂરતા ૧. [સં.] સ્ત્રી. કઠોરતા; કઠણાઈ; ક્રૂરપણું.

૨. સ્ત્રી. ગરમ હોવું તે; ગરમ હોવાપણું.

૩. સ્ત્રી. જોશ કે આવેશમાં આવવાપણું.

૪. સ્ત્રી. નિર્દયતા; ઘાતકીપણું.

૫. સ્ત્રી. પાપીપણું; અધર્મીપણું.

૬. સ્ત્રી. ભયંકરતા.

ક્રૂરત્વ જુઓ ક્રૂરતા.

ક્રૂરદંતી [સં.] સ્ત્રી. દુર્ગાનું એક નામ.

ક્રૂરદશ્ ૧. [સં.] પું. મંગળગ્રહ.

૨. પું. શનૈશ્ચર ગ્રહ.

૩. સ્ત્રી. ક્રૂર ગ્રહ વગેરેની દૃષ્ટિ.

૪. વિ. ખરાબ નજરવાળું.

૫. વિ. ખળ; લુચ્ચું.

ક્રૂરદૃષ્ટિ [સં.] સ્ત્રી. દયા વગરની નજર.

ક્રૂરદૈત્યવિનાશક [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

ક્રૂરદ્દી પું. શનિ.

ક્રૂરપણું જુઓ ક્રૂરતા.

ક્રૂરપાત પું. (ગણિત) જે દ્વિગુણ બિંદુમાં કોઈ વક્ર પોતાને જ કાપે અને તેથી જ્યાં બે વાસ્તવિક સ્પર્શરેષાઓ દોરી શકાય એ બિંદુ.

ક્રૂરપુર ન. જમપુરીના રસ્તામાંનું છઠ્ઠું શહેર.

ક્રૂરલોચન ૧. [સં.] પું. (જ્યોતિષ) મંગળ ગ્રહ.

૨. પું. (જ્યોતિષ) શનિ ગ્રહ.

૩. વિ. નિર્દય આંખવાળું.

ક્રૂરલોષ્ટ [સં.] સ્ત્રી. અગિયાર માંહેની એક જાતની ઈંટ.

ક્રૂરવ ૧. [સં.] પું. કાગડો.

૨. પું. શિયાળ.

ક્રૂરવાર પું. રવિ, મંગળ અથવા શનિવાર. આ ત્રણ વાર ક્રૂરવાર ગણાય છે.

ક્રૂરસત્ત્વ ૧. [સં.] ન. ક્રૂર પ્રાણી.

૨. ન. ક્રૂર સ્વભાવ.

ક્રૂરસ્વર [સં.] વિ. કઠોર સ્વરવાળું; કર્કશ અવાજવાળું.

ક્રૂરાકૃતિ ૧. [સં.] પું. રાવણ.

૨. સ્ત્રી. ભયંકર આકૃતિ.

૩. વિ. ભયંકર આકારવાળું.

ક્રૂરાત્મા [સં. ક્રૂરાત્મન્] પું. (જ્યોતિષ) શનિ ગ્રહ.

ક્રૂરાશન પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અત્યષ્ટિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં તગણ, નગણ, તગણ, નગણ, સગણ અને બે ગુરુ મળી સત્તર અક્ષર હોય.

ક્રૂરાસન જુઓ ક્રૂરાશન.

ક્રૂસ ૧. [અં. ક્રૉસ] પું. ખ્રિસ્તી ધર્મની નિશાની; એક લીટી ઉપર બીજી ઊભી લીટી કાટખૂણે પડેલી હોય એવી આકૃતિ; ✝.

૨. પું. ચોકડી ઘાટનો વધસ્તંભ.

ક્રેક ૧. [અં. ક્રૅક] સ્ત્રી. ફાટ; તડ.

૨. વિ. ફરેલ મગજનું; તરઘેલ.

ક્રેટન પું. એ નામની એક પ્રજા. તેઓને ગળા ઉપર વરસોળી હોય છે. બુદ્ધિમાં તેઓ એટલા બધા જડ હોય છે કે ખાવાપીવાનું પણ તેમને ભાન હોતું નથી.

ક્રેટાં જુઓ ક્રેટોન.

ક્રેટોન [અં.] ન. શણ અને ઊનના તાણાવાણાવાળું એક જાતનું કાપડ.

ક્રેડ [સં. કોટિ] વિ. સો લાખ; કરોડ.

ક્રેડિટ ૧. [અં.] સ્ત્રી. આબરૂ; માન; પ્રતિષ્ઠા.

૨. સ્ત્રી. જમા કરવું તે; જમેખાતું.

૩. સ્ત્રી. મુદ્દત; વાયદો; નાણાં ભરવા માટે આપેલ વધારાના દિવસ.

૪. સ્ત્રી. વજન; ભાર; બોજ.

૫. સ્ત્રી. વિશ્વાસ; ભરોંસો.

૬. સ્ત્રી. શાખ; નોક; આંટ.

ક્રેડિટ નોટ ૧. [અં.] સ્ત્રી. શાખ ઉપર નૂર દેવાની ચિઠ્ઠી.

૨. સ્ત્રી. શાહ ચિઠ્ઠી.

ક્રેત સ્ત્રી. ચાસ; ક્યારો.

ક્રેતા ૧. [સં.] પું. ગ્રાહક; ઘરાક; ખરીદ કરનાર માણસ.

૨. વિ. ખરીદ કરનાર.

ક્રેન [અં.] પું.; સ્ત્રી.; ન. વજન ચડાવવા ઉતારવાનું કે ખસેડવાનું એક પ્રકારનું યંત્ર; ઊંટડો.

ક્રેનબારિ પું. એક જાતનો છોડ. તેનાં પાંદડાં નાનાં ને અણીવાળાં હોય. ફળ ખટાશદાર ચીજો બનાવવામાં ઉપયોગમાં આવે છે. સૈબિરિઅમાં એમાંથી દારૂ બનાવે છે. તેનું સરબત પણ બને છે.

ક્રેપ ન. એક જાતનું રેશમી કાપડ.

ક્રેય [સં.] વિ. ખરીદવા જેવું; ખરીદી શકાય એવું.

ક્રેયોન [અં.] સ્ત્રી. ચિત્ર કાઢવા માટેની રંગિત ચાક અથવા બીજા પદાર્થની લાકડી કે સીસાપેન.

ક્રેશેંડો [અં.] પું. (સંગીત) એક જ સ્વરને અથવા બેથી વધારે સ્વરોના સમૂહને અતિમંદથી ચડાવતાં ચડાવતાં કર્કશ કે અતિકર્કશ સુધી ચાલ્યા જવું તે.

ક્રેસ પું. એક જાતનો મસાલો.

ક્રેસ્ટલ [અં.] ન. યરપ અને અમેરિકમાં નજરે પડતું શકરાની જાતનું સુંદર પક્ષી; 'વિંડ હોવર'. તે ઉંદરનો નાશ કરે છે.

ક્રેસ્ટોગ્રાફ [અં.] ન. એક જાતનું યંત્ર. તેના શોધક સર જે. સી. બોઝ હતા. આ યંત્રથી છોડની વીજળીક શક્તિ તેમ જ જીવન કેટલું છે તે મપાય છે. છોડ કેટલો વધ્યો છે તે પણ જાણી શકાય છે.

ક્રેંક [અં.] સ્ત્રી. ચક્રાકારમાં સંચો ચલાવવાને કરેલ વાંક, પેચ કે ચાંપ.

ક્રૅંક ચેમ્બર [અં.] સ્ત્રી. ચક્રાકારમાં સંચો ચલાવવાને કરેલ પેચ, વાંક કે ચાંપનું ઢાંકણું; જે પેટીની અંદર ક્રૅંક હોય છે તે ભાગ.

ક્રૅંકારવ પું. હંસનો શબ્દ.

ક્રૅંચબીન સ્ત્રી. વાલોળની જાતની એક શાકભાજી.

ક્રોકલ ન. સિંધમાં આવેલ કરાંચીનું પ્રાચીન નામ. તેને કરકલ્લા પણ કહેતા. મેગેસ્થિનીસે એને ક્રોકલ કહેલ છે.

ક્રૉકે [અં.] સ્ત્રી ક્રિકેટ અને લોન બિલિયર્ડને મળતી આવતી એક અંગ્રેજી રમત. બે અથવા વધુ જણથી રમાતી આ રમત હથોડી, દડા, ખૂંટી વગેરેથી રમાય છે. તેમાં હથોડી વડે લાકડાના દડાને ફટકો મારી જમીનમાં ઊભા કરેલા ખૂંટા, કમાન વગેરેમાંથી દડાને હાંકવાનો પ્રયાસ કરવાનો હોય છે. તેમાં થોડો શ્રમ હોવાથી સ્ત્રીઓ પણ તે રમી શકે છે. તેમાં નેમ ટાંકવી, દડાની સીધી અને વાંકી ગતિ ગણવી, અમુક અંતર સુધી દડો જવા દેવા માટે તાકીને મારવો વગેરે ક્રિયા કરવાની હોય છે. તેથી કસરત મળે છે અને શરીરમાં ચપળતા વ્યાપી રહે છે.

ક્રોકો પું. પશ્ચિમ આફ્રિકના દરિયાકાંઠાવાળા ભાગમાં થતો એક જાતનો રોગ.

ક્રોચ પું. એક જાતની લશ્કરી ગોઠવણ; વ્યૂહનો એક પ્રકાર.

ક્રોચેટ [અં.] પું. (સંગીત) ગુરુકાળ; બે માત્રાનો સમય.

ક્રોટન [અં. ક્રોટન] ન. બેથી છ હાથ ઊંચું થતું એક જાતનું ઝાડ. તેની લગભગ ત્રણસો જાત છે. તેમાં જુદા જુદા રંગનાં અને જુદા જુદા આકારનાં પાન આવવાથી તે ઘણાં શોભાવાળાં લાગે છે. ઘણી વાર તો એક જ પાનમાં જુદા જુદા રંગ અને છાંટણાં હોય છે.

ક્રોડ (ક્રોડ઼) ૧. પું. અંક; ગોદ.

૨. પું. ખોબો.

૩. પું. ઘન થયેલ છાતીનો મધ્યભાગ.

૪. પું. ઘોડાની છાતી.

૫. પું. ઝાડની બખોલ.

૬. પું. ભૂંડ; વરાહ; સૂઅર.

૭. પું. રાક્ષસ.

૮. પું. વારાહીકંદ નામની વનસ્પતિ.

૯. પું. (જ્યોતિષ) શનિ ગ્રહ.

૧૦. પું. હોંશ; ઇચ્છા.

૧૧. ન. બે ભુજાની વચ્ચેનો ભાગ.

૧૨. [સં. કોટિ] વિ. કરોડ; સો લાખ.

ક્રોડકન્યા (ક્રોડ઼કન્યા) [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; વારાહી કંદ.

ક્રોડકાંતા (ક્રોડ઼કાંતા) [સં.] સ્ત્રી. પૃથ્વી.

ક્રોડક્રીડ (ક્રોડ઼ક્રીડ઼) પું. (પિંગળ) ધૃતિ છંદની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં મગણ, ભગણ, બે નગણ અને બે રગણ મળી અઢાર અક્ષર હોય છે.

ક્રોડચરણ (ક્રોડ઼ચરણ) [સં.] પું. કાચબો.

ક્રોડદેશ (ક્રોડ઼દેશ) પું. કૂર્ગ પ્રાંતનું બીજું નામ.

ક્રોડપત્ર (ક્રોડ઼પત્ર) ૧. [સં.] ન. તૂટેલ ગ્રંથને પૂરો કરવા માટે અમુક ચિહ્ન કરીને ગ્રંથનાં બે પાનાંની વચ્ચે રાખેલ કાગળ; વચમાં મૂકેલું પાનું.

૨. ન. (ન્યાય) ન્યાય વગેરે શાસ્ત્રનાં લક્ષણ સંબંધી શંકા અને ઉત્તરરૂપ ખંડન કે મંડન કરનાર લખાણ. ન્યાયશાસ્ત્રમાં ચંદ્રનારાયણી, દુલાલી, કાલી, શાંકરીપત્ર એ ક્રોડપત્ર છે.

૩. ન. પરિશિષ્ટ; પૂર્તિ; ગ્રંથ કે વર્તમાનપત્રનો વધારો.

૪. ન. વસિયતનામામાં કરેલ ઉમેરો; વસિયતનામાની પુરવણી.

ક્રોડપાદ (ક્રોડ઼પાદ) [સં.] પું. કાચબો.

ક્રોડપાયન (ક્રોડ઼પાયન) ન. (સંગીત) ષાડવનું એક તાન; મધ્યમ ગ્રામમાં ષડ્જ સ્વર વર્જિત કરવાથી ઉત્પન્ન થતું એક તાન.

ક્રોડપુચ્છી (ક્રોડ઼પુચ્છી) [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ.

ક્રોડવરણું (ક્રોડ઼વરણું) વિ. કરોડ રંગવાળું.

> કુદરત હજી **ક્રોડવરણી** છે. — ખબરદાર

ક્રોડવસા (ક્રોડ઼વસા) અ. લક્ષવસા; જરૂર.

ક્રોડા (ક્રોડ઼ા) [સં.] સ્ત્રી. બે ભુજાની વચ્ચેનો ભાગ.

ક્રોડાંતિક (ક્રોડ઼ાંતિક) પું. (પિંગળ) ઉષ્ણિક છંદની જાતનો તગણ, ભગણ અને લઘુ મળી સાત અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ.

> **ક્રોડાંતિકે** ત ભ લ. — રણપિંગળ

ક્રોડિકા (ક્રોડ઼િકા) સ્ત્રી. વામ મહામાત્રિકા ધમની.

ક્રોડિકાવામા (ક્રોડ઼િકાવામા) સ્ત્રી. અર્દ્ધોદરિકા નામની ધમનીની એ નામની એક શાખા; 'લેફ્ટ ગેસ્ટ્રોએપિપ્લોઇક આર્ટરિ'.

ક્રોડી (ક્રોડ઼ી) ૧. [સં.] સ્ત્રી. ભૂંડણી; ભૂંડણ.

૨. સ્ત્રી. વારાહી કંદ નામની વનસ્પતિ.

૩. વિ. અનેક; કરોડની સંખ્યામાં.

ક્રોડીકરણ (ક્રોડ઼ીકરણ) [સં.] ન. આલિંગન; ભેટવું તે.

ક્રોડીકૃતિ (ક્રોડ઼ીકૃતિ) જુઓ ક્રોડીકરણ.

ક્રોડીમુખ (ક્રોડ઼ીમુખ) [સં.] પું. ગેંડો.

ક્રોડીમુખી (ક્રોડ઼ીમુખી) [સં.] સ્ત્રી. ગેંડી.

ક્રોડોદરાયણ (ક્રોડ઼ોદરાયણ) પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

ક્રોદ પું. (જ્યોતિષ) શનિ ગ્રહ.

ક્રોધ ૧. પું. અગ્નિના અગિયાર માંહેનો એક પ્રકાર.

૨. [સં.] પું. આઠ માંહેનો એ નામનો એક ભૈરવ.

૩. પું. (કાવ્ય) આઠ માંહેનો એક સ્થાયીભાવ; રૌદ્રરસ. રતિ, હાસ્ય, શોક, ક્રોધ, ઉત્સાહ, ભય, જુગુપ્સા અને વિસ્મય એ આઠ સ્થાયીભાવ છે.

૪. પું. એ નામનું એક વર્ષ.

૫. પું. (પુરાણ) કશ્યપની સ્ત્રી કાલાના ચાર માંહેનો એક પુત્ર.

૫. [સં.] પું. ગુસ્સો; કોપ; રીસ; પ્રતિકૂળ વસ્તુ બનવાથી અથવા ઇચ્છેલ અર્થનો નાશ થવાથી મનમાં જાગ્રત થતી તીક્ષ્ણતા.

૬. પું. બીજાનું અનિષ્ટ કરવાની મનોવૃત્તિ.

૭. પું. (પુરાણ) બ્રહ્મદેવની ભૃકુટિમાંથી ઉત્પન્ન થયેલ એક પુત્ર. એક વખત તેણે જમદગ્નિએ પોતાના પિતરો માટે શ્રાદ્ધ સારૂ સિદ્ધ કરેલ પાયસ એટલે દૂધપાક સર્પનું રૂપ ધારણ કરીને પોતાના વિષથી દૂષિત કર્યો, તોપણ ઋષિને ક્રોધ ઉત્પન્ન થયો નહિ. પરંતુ પિતરોના શાપને લીધે તેને કેટલોક કાળ નકુળયોનિ પ્રાપ્ત થઈ અને પછી તેનો ઉદ્ધાર થયો.

૮. પું. વેર લેવાનો જુસ્સો.

૯. પું. શિવ; શંકર.

૧૦. સ્ત્રી. (પુરાણ) દક્ષની એ નામની એક દીકરી. તે તીણા દાંતવાળા રાક્ષસોની માતા મનાય છે.

ક્રોધઆક્રોશ [સં.] પું. ગુસ્સાની ગર્જના.

> અંબિકા એ સુણી, અરિ ઉપર અતિ ક્રોધ્યોં,
> **ક્રોધઆક્રોશ** કે વર્ણ પલટ્યો. — પ્રેમાનંદ

ક્રોધકારિત [સં.] વિ. ગુસ્સાને લીધે બીજા પાસે કરાવેલ.

ક્રોધકૃત ૧. [સં. ક્રોધકૃત] પું. પરમેશ્વર.

૨. વિ. ગુસ્સાથી કરેલું.

૩. વિ. રોષ કરનાર; ગુસ્સે થનાર.

ક્રોધકૃત્કર્તા [સં. ક્રોધકૃત્કર્તૃ] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. ક્રોધ કરનારા એવા દુર્જનો અને દૈત્યોનો નાશ કરનારા અને જગતમાં ધર્મની વ્યવસ્થા કે પુનઃસ્થાપના કરનારા તે છે. ક્રોધ કરનારા એવા દૈત્યોના સ્રષ્ટા પણ તે છે. આથી તે ક્રોધકૃત્કર્તા કહેવાય છે.

ક્રોધજ ૧. [સં.] પું. અજ્ઞાન; મોહ.

૨. પું. અર્થદૂષણ.

૩. પું. ગાળાગાળી.

૪. પું. સખ્તાઈ; કઠિનતા.

૫. વિ. ક્રોધથી ઉત્પન્ન થનાર.

ક્રોધન ૧. [સં.] પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

૨. પું. (પુરાણ) કૌશિક ઋષિના સાત માંહેનો એક પુત્ર. તે ગર્ગનો શિષ્ય હતો.

૩. પું. તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ ભૈરવ.

૪. પું. બાર્હસ્પત્ય સંવત્સરનાં સાઠ માંહેનું ઓગણસાઠમું વર્ષ.

૫. પું. રુદ્રની વીશીમાં ઓગણીસમો સંવત્સર.

૬. પું. (પુરાણ) સોમવંશી પુરુકુળના અજમીઢના ઋક્ષ નામના પુત્રના વંશના જહ્નુ કુળમાં થયેલ અયુત રાજાનો પુત્ર.

૭. વિ. ક્રોધી સ્વભાવવાળું.

ક્રોધના [સં.] સ્ત્રી. ક્રોધી નાયિકા; ક્રોધી સ્ત્રી.

ક્રોધનાયન પું. (પુરાણ) પારાશર મુનિ.

ક્રોધનીય ૧. [સં.] ન. દુઃખ; પીડા.

૨. ન. હરકત; ઈજા.

૩. વિ. કોપ કરવાને યોગ્ય; ગુસ્સો લાવવાને જે કારણભૂત હોય તે.

ક્રોધપ્રત્યાખ્યાન ન. (જૈન) ગુસ્સાનો ત્યાગ.

સત્યવ્રતની અનુવીચિભાષણ, **ક્રોધપ્રત્યાખ્યાન**, લોભપ્રત્યાખ્યાન, નિર્ભયતા અને હાસ્યપ્રત્યાખ્યાન એવી પાંચ ભાવનાઓ છે. તત્ત્વાર્થસૂત્ર

ક્રોધમય વિ. ગુસ્સે થયેલું; ક્રોધથી ભરેલું.

ક્રોધમુખી વિ. સ્ત્રી. હમેશ ગુસ્સામાં રહેનારી.

ક્રોધમૂર્ચ્છિત ૧. [સં.] પું. ચોર નામે સુગંધી દ્રવ્ય.

૨. સ્ત્રી. રિસામણીનો છોડ. તેની પાસે જઈએ કે તરત જ તેને ક્રોધ આવવાથી મરડાઈ જાય છે, માટે તેને ક્રોધમૂર્ચ્છિત કહે છે.

૩. વિ. ક્રોધથી ધમધમી ઊઠેલ; અત્યંત કોપાવિષ્ટ; ગુસ્સાથી ભરાઈ ગયેલ.

ક્રોધયુક્ત જુઓ ક્રોધમય.

ક્રોધવર્જિત [સં.] વિ. નમ્ર; ગુસ્સા વગરનું.

ક્રોધવર્દ્ધન ૧. [સં.] પું. એ નામનો એક અસુર.

૨. વિ. ગુસ્સો વધારનાર.

ક્રોધવશ ૧. [સં.] પું. (પુરાણ) કશ્યપની ક્રોધા અથવા ક્રોધવશા નામની સ્ત્રીને થયેલો એ નામનો પુત્ર અને તેના વંશજ. તેને ભીમસેને માર્યો હતો.

૨. પું. (પુરાણ) કાદ્રવેય નામના સર્પો માંહેનો એક; મહાતલાતલ માંહેનો એ નામનો એક સર્પ.

૩. પું. (પુરાણ) રાવણ પક્ષનો એક રાક્ષસ.

૪. વિ. ગુસ્સે થયેલું.

૫. અ. ક્રોધવશાત્; ગુસ્સામાં.

ક્રોધવશા ૧. પું. બ. વ. (પુરાણ) ક્રોધાના પુત્રો. તેઓ રાક્ષસ હોઈ સૌગંધિક વનનું રક્ષણ કરતા હતા.

૨. સ્ત્રી. (પુરાણ) કશ્યપ ઋષિની તેર માંહેની એક સ્ત્રી અને દક્ષની એક દીકરી. તે તીણા દાંતવાળા રાક્ષસોની માતા મનાય છે.

ક્રોધવંત [સં. ક્રોધ (ગુસ્સો) + વત્ (વાળું)] વિ. કુપિત; ગુસ્સાથી ભરેલું.

ક્રોધવંશ પું. એ નામના એક જાતના સર્પ.

ક્રોધવાચક [સં. ક્રોધ (ગુસ્સો) + વાચક (જણાવનાર)] વિ. ગુસ્સો બતાવતું.

ક્રોધવાન [સં. ક્રોધ (કોપ) + વત્ (વાળું)] વિ. ગુસ્સે થયેલું.

ક્રોધવું [સં. ક્રુધ્ (ગુસ્સે થવું)] અ. ક્રિ. ગુસ્સે થવું; ક્રોધ કરવો.

ક્રોધશત્રુ પું. (પુરાણ) કશ્યપની સ્ત્રી કાળાના ચાર માંહેનો એ નામનો એક પુત્ર.

ક્રોધસંજ્ઞા [સં.] સ્ત્રી. ક્રોધથી અંગનો ધ્રુજારો.

ક્રોધસંભવ ૧. [સં.] પું. ક્રોધની ઉત્પત્તિ.

૨. વિ. ગુસ્સો આવે તેવું.

ક્રોધહંતા ૧. [સં. ક્રોધહંતૃ] પું. (પુરાણ) કશ્યપની સ્ત્રી કાળાના ચાર માંહેનો એ નામનો એક પુત્ર.

૨. વિ. ગુસ્સાનો નાશ કરનાર.

ક્રોધહા ૧. [સં. ક્રોધહન્] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. તે ક્રોધના આવેશનો નાશ કરનારા છે. તેની પ્રકૃતિ એટલે સ્વભાવ પણ સત્ત્વગુણરૂપ છે. વળી તે સહનશીલ છે. દયા અને ક્ષમા કરનારા દયાસાગર અને ક્ષમાસાગર પણ તે છે. તેથી તે ક્રોધહા કહેવાય છે.

૨. વિ. ક્રોધનો નાશ કરનાર.

ક્રોધા ૧. સ્ત્રી. (સંગીત) આયતા શ્રુતિનો એક પ્રકાર.

૨. સ્ત્રી. (પુરાણ) કશ્યપ ઋષિની તેર માંહેની એક સ્ત્રી. એનું બીજું નામ ક્રોધવશા પણ હતું. એને ક્રોધવશ નામના લાખ પુત્ર હતા, તેમ જ મૃગી, મૃગમંદા, હરિ, ભદ્રમના, માતંગી, શાર્દૂલી, શ્વેતા, સુરભિ અને સુરસા નામે નવ કન્યા હતી.

૩. સ્ત્રી. (સંગીત) બાવીશ માંહેની એક શ્રુતિ; ગાંધાર સ્વરની બે માંહેની એક શ્રુતિ.

ક્રોધાક્રાંત [સં. ક્રોધ (ગુસ્સો) + આક્રાંત (વ્યાપ્ત)] વિ. રીસે ભરાયેલ; ગુસ્સામાં આવી ગયેલ.

ક્રોધાગાર [સં. ક્રોધ (કોપ) + આગાર (ઘર)] પું.; ન. ક્રોધે ભરાઈને બેસવાનું સ્થળ; ક્રોધી માણસને ભરાઈ બેસવાનો ઓરડો.

ક્રોધાગ્નિ [સં.] પું. ક્રોધરૂપી અગ્નિ; રોષાનલ; ક્રોધનો જુસ્સો.

ક્રોધાચરણ [સં. ક્રોધ (ગુસ્સો) + આચરણ (વર્તન)] ન. ક્રોધવાળું આચરણ.

ક્રોધાત્મા ૧. પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

૨. પું. વિષ્ણુનું એક નામ.

ક્રોધાનલ [સં. ક્રોધ (ગુસ્સો) + અનલ (અગ્નિ)] પું. ક્રોધાગ્નિ.

ક્રોધાન્વિત જુઓ ક્રોધાન્વીત.

ક્રોધાન્વીત [સં. ક્રોધ (ગુસ્સો) + અન્વીત (વાળું)] વિ. ક્રોધયુક્ત; ગુસ્સાવાળું.

ક્રોધાયમાન [સં.] વિ. ગુસ્સે થયેલું; ક્રોધે ભરાયેલું; ખફા; કુપિત.

ક્રોધારિ પું. વિષ્ણુનું એક નામ.

ક્રોધાલુ [સં. ક્રોધ (ગુસ્સો) + આલુ (વાળું)] વિ. ક્રોધી.

ક્રોધાવિષ્ટ [સં. ક્રોધ (ગુસ્સો) + આવિષ્ટ (આવેશવાળું)] વિ. ક્રોધથી ઘેરાયેલું; ક્રોધવાળું; ક્રોધી; ક્રોધના આવેશવાળું.

ક્રોધાવેશ [સં. ક્રોધ (ગુસ્સો) + આવેશ (ઊભરો)] પું. ક્રોધનો ઉછાળો; ગુસ્સાનો વેગ; રોષનો જુસ્સો.

ક્રોધાશ્રુ [સં. ક્રોધ (ગુસ્સો) + અશ્રુ (આંસુ)] ન. ક્રોધનાં આંસુ; ગુસ્સાથી આવતાં આંસુ.

ક્રોધાળ [સં. ક્રોધ (કોપ) + આલુ (વાળું)] વિ. ક્રોધવાળું; ગુસ્સે થયેલું; કુપિત.

ક્રોધાળુ જુઓ ક્રોધાળ.

ક્રોધાંત વિ. ગુસ્સે થયેલું; ક્રોધે ભરાયેલું.

ક્રોધાંધ [સં. ક્રોધ (ગુસ્સો) + અંધ (આંધળું)] વિ. ક્રોધથી આંધળું; બહુ ક્રોધવાળું.

ક્રોધિત [હિં.] વિ. ક્રોધયુક્ત; કુપિત; ક્રુદ્ધ.

ક્રોધિષ્ઠ ૧. [સં.] વિ. ખૂબ ગુસ્સે થયેલું; અત્યંત રોષે ભરાયેલું; બહુ ક્રુદ્ધ.

૨. વિ. ઝનૂની; આકરું; જલદ; કડક.

૩. વિ. રજમાં ગુસ્સે થઈ જાય તેવું; ચીડિયું; તામસી; ક્રોધી.

ક્રોધી ૧. [સં.] પું. (પુરાણ) એ નામના બ્રહ્મર્ષિ.

૨. પું. પ્રભવથી આડત્રીશમો ક્રોધ નામનો સંવત્સર; બાર્હસ્પત્ય સંવત્સરના સાઠ માંહેનું આડત્રીશમું વર્ષ.

૩. પું. વિષ્ણુની વીશીનો અઢારમો સંવત્સર.

૪. સ્ત્રી. (સંગીત) ગાંધાર સ્વરની બે માંહેની અંતિમ શ્રુતિ.

૫. [સં. ક્રોધ (ગુસ્સો) + ઇન્ (વાળું)] વિ. ક્રોધવાળું; ક્રોધ કરનારૂં; ગુસ્સાખોર; તમોગુણી; તામસી.

ક્રોધી પ્રકૃતિ સ્ત્રી. રક્તપ્રધાન પ્રકૃતિ.

ક્રોધીશ પું. એ નામનો એક ભૈરવ. તેની મૂર્તિ શર્કરા અથવા કરવીપુર નામના પીઠસ્થાનમાં છે.

ક્રોધોન્મત્ત [સં. ક્રોધ (ગુસ્સો) + ઉન્મત્ત (ગાંડું)] વિ. ક્રોધ વડે ગાંડું થયેલું; બહુ જ ક્રોધી; ક્રોધથી છકી ગયેલ.

ક્રોન પું. નોર્વે ડેન્માર્કમાં ચાલતો એ નામનો એક સિક્કો.

ક્રોનિક [અં.] વિ. જાથુકનું; લાંબો વખત ટકે એવું.

ક્રોનોગ્રાફ [અં.] ન. એક પ્રકારનું કાળદર્શકયંત્ર; સમયમાપકયંત્ર.

ક્રોનોમીટર ૧. [અં.] ન. એક જાતનું ઘડિયાળ. જોન હેરિસને પહેલું ક્રોનોમીટર ઈ. સ. ૧૭૨૯ અને ૧૭૬૦ વચ્ચે બનાવ્યું. હાલનું ક્રોનોમીટર મોટી ઘડિયાળ જેવું અને વહાણની આડીઅવળી ગતિ દરમિયાન પણ સીધું રહે એવું હોય છે. તે ગમે તેવા વાતાવરણમાં બરાબર વખત આપે છે.

૨. ન. રેખાંશ નક્કી કરવા માટે વપરાતું યંત્ર.

ક્રોબાર [અં.] પું. પરાઈ; કોશ; સાંગડી.

ક્રોમ ૧. ન. એક જાતનું કાપડ.

૨. ન. નરમ અને કમાવેલું ચામડું.

ક્રોમડિયા (ક્રોમડ઼િયા) ન. કોષમાંથી છૂટું પાડેલ એક સત્ત્વ.

ક્રોમસોમ ન. કોષમાંથી છૂટું પાડેલ એક સત્ત્વ.

ક્રોમિયમ [અં.] સ્ત્રી. એક જાતની ધાતુ. તે સ્વીડન અને અમેરિકામાં જડે છે. આ સખત લોઢા જેવી અને ભૂરી ધાતુ ઉપર સામાન્ય વાતાવરણથી કાટ કરવાની અસર જરા પણ થતી ન હોવાથી બીજી ધાતુ સાથે તે ભેળવવામાં આવે છે. લોઢા સાથે તેને ભેળવતાં લોઢું વધારે સખત, મજબૂત અને ન કટાય તેવું બને છે.

ક્રોરી પું. તહેસીલદાર; તાલુકાનું મહેસૂલ વસૂલ કરનાર અધિકારી.

ક્રોશ ૧. [સં.] પું. કોશ; ગાઉ; દોઢ માઈલનું અંતર.

૨. પું. તંત્રશાસ્ત્ર પ્રસિદ્ધ એક પટલ.

૩. પું. બોલાવવું તે.

૪. પું. મુહૂર્ત.

૫. પું. રડવું તે.

ક્રોશવું સ. ક્રિ. કહેવું.

કો નવ એહને દીન ક્રોશે. પ્રેમાનંદ

ક્રોશિતકુશલા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં ભગણ, બે સગણ અને બે ગુરુ મળી અગિયાર અક્ષર હોય છે. આ છંદ ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે.

ક્રોશિતકુશલા ભ સ સા ગા ગે. રણપિંગળ

ક્રોષ્ટશીર્ષક [સં.] પું. એક જાતનો વાયુરોગ. વાયુ રક્તાશ્રિત થઈ ઢૂલામાં ફેલાઈ સોજો ઉત્પન્ન કરે છે. તે સોજાથી ઢૂલા પાડાના મસ્તક જેવા મોટા થાય છે અને અંદર ઘણી વેદના થાય છે.

ક્રોષ્ટા ૧. પું. (પુરાણ) એક ઋષિનું નામ.

૨. પું. (પુરાણ) સોમવંશી આયુકુળના યદુ રાજાના ચાર માંહેનો બીજો પુત્ર. એને કોઈ પુરાણમાં ક્રોષ્ઠુ કહ્યો છે.

ક્રોષ્ટાવક્ષિ પું. (પુરાણ) એક બ્રહ્મર્ષિનું નામ.

ક્રોષ્ટુ ૧. [સં.] પું. ગધેડો.

૨. પું. (પુરાણ) યદુ રાજાના ચાર માંહેનો બીજો પુત્ર.

૩. પું. શિયાળ.

ક્રોષ્ટુક ૧. [સં.] પું. ગધેડો.

૨. પું. શિયાળ.

ક્રોષ્ટુકર્ણ [સં.] ન. પ્રાચીન હિંદનું એ નામનું એક શહેર.

ક્રોષ્ટુશીર્ષ જુઓ ક્રોષ્ટશીર્ષક.

ક્રોષ્ટ્રી ૧. [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; કાળી વિદારી.

૨. સ્ત્રી. ગધેડી.

૩. સ્ત્રી. ધોળું ભોંયકોળું.

૪. સ્ત્રી. શિયાળની માદા.

ક્રોસ ૧. [અં. ક્રોસ] પું. ઈસાઈ ધર્મનું સાંકેતિક પવિત્ર ચિહ્ન.

૨. પું. એક આડી લીટી ઉપર બીજી ઊભી લીટી કાટખૂણે પડેલ હોય એવી આકૃતિ; કાટખૂણુત્રિશૂલ.

૩. પું. ચોકડી ભાતનો વધસ્તંભ; બે આડાં લાકડાંનો બનાવેલ વધસ્તંભ. † આવી બનાવટના લાકડાના વધસ્તંભ ઉપર જીસસ ક્રાઈસ્ટને મારી નાખવામાં આવેલ હતા. આ ક્રોસ તાડ, દેવદાર, જિતવૃક્ષ અને શરૂ એમ ચાર જુદી જાતના લાકડાના બનાવેલ મનાય છે.

૪. પું. હુંડિયામણનો દર.

બજારની વધઘટ અમેરિકાના ક્રોસ ઉપર રહે છે.
મુંબઈનો વ્યાપારી વર્ગ

ક્રોસઅપીલ [અં. ક્રોસઅપીલ] સ્ત્રી. અપીલ સામી અપીલ કરવી તે.

ક્રોસએક્ઝામિનેશન [અં. ક્રોસએક્ઝામિનેશન] સ્ત્રી. ઊલટ તપાસ; સાક્ષીને ફરી તપાસવો તે.

ક્રોસએક્શન [અં. ક્રોસએક્શન] ન. સામો દાવો; ઊલટદાવો.

ક્રોસઓવર [અં. ક્રોસઓવર] પું. એક રેલ ઉપર થઈ બીજી ઉપર જવાનો રસ્તો.

ક્રોસરેટ [અં. ક્રોસરેટ] પું. બીજા દેશની હુંડીનો ત્યાંના ચલણનો ભાવ.

ક્રોસવર્ડ [અં. ક્રોસવર્ડ] પું. શબ્દોની આડી ઊભી હારની રચના.

ક્રોસિંગ ૧. [અં. ક્રોસિંગ] ન. પગરસ્તામાં વચ્ચે આવતા રેલમાર્ગને ઓળંગવા રખાતો રસ્તો.

૨. ન. બે ગાડીનું ભેગું થવું તે.

૩. ન. સામસામી દિશાએ જનારનું એકબીજાને મળવું તે.

ક્રૌંચ ૧. પું. એક અસુરનું નામ.

૨. [સં.] પું. એક જાતનો ધોળો હંસ.

૩. પું. એક પંખી; કંક; બગલું.

૪. પું. કૈલાસ પર્વતનો એક ભાગ. ત્યાં માનસરોવર છે. તેમાં ક્રૌંચરંધ્રનો પણ સમાવેશ થાય છે.

૫. પું. ક્રૌંચ પર્વત; હાલનો લોહાચલ પર્વત.

૬. પું. ટિટોડો.

૭. પું. (જૈન) તીર્થંકરોનો એક ધ્વજ.

૮. પું. (પુરાણ) સાત માંહેનો એ નામનો એક દ્વીપ.

ક્રૌંચદ્વીપ [સં.] પું. પૃથ્વીના સાત મહાદ્વીપ માંહેનો પાંચમો દ્વીપ. તેમાં ક્રૌંચ નામે પર્વત છે તેથી આ નામ પડેલું છે. ક્ષીરસાગર એની આસપાસ ફરી વળેલ છે.

ક્રૌંચપુર ન. કાનડામાં તુંગભદ્રા નદીની શાખા વરદા નદીને કિનારે આવેલ એક પ્રાચીન શહેર. સારસ રાજાએ આ શહેર વસાવ્યું હતું.

ક્રૌંચરંધ્ર પું. કુમાઉન જિલ્લામાં આવેલ એક ઘાટનું નામ. એમાં થઈને હિંદુસ્તાનમાંથી ટિબેટમાં જવાય છે. ક્રૌંચ પર્વતમાં તીર મારીને પરશુરામે આ ઘાટ ઉઘાડ્યાનું કહેવાય છે. એને ક્રૌંચની બારી પણ કહે છે.

ક્રૌર્ય [સં.] ન. ક્રૂરતા; નિર્દયતા; ઘાતકીપણું.

ક્રૌંચ ૧. પું. (પુરાણ) એ નામનો એક રાક્ષસ. તે મયદાનવનો પુત્ર હતો. સ્કંદ ભગવાને તેને માર્યો હતો.

૨. પું. (પિંગળ) એ નામનો એક વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં ભગણ, મગણ, સગણ, ભગણ, ચાર નગણ અને છેલ્લે ગુરુ મળી પચીશ અક્ષર હોય છે.

૩. [સં.] પું. એક જાતનું પક્ષી; કંક; બગલું. યરપનો મોટો ભાગ, એશિઅ અને આફ્રિકમાં આ પક્ષી જોવામાં આવે છે. ઘણું કરીને મેદાનો અને ટેકરીઓમાં લગભગ પાંચ હજાર ફૂટની ઊંચાઈએ રહેતા આ પક્ષીની લંબાઈ ૪૦ ઇંચ હોય છે. નર અને માદા દેખાવે ને કદમાં સરખાં હોય. માથાનું તાળવું, કલગી અને આંખની પાછળની પટી બદામી કાળાં અને બાકીનો માથાનો ભાગ સફેદ હોય છે. ઉપરના ભાગનાં પીછાં રાખોડી ભૂરાં હોય છે. છાતીની બેઉ બાજુએ લાંબાં પીછાંનું કાળું ચાઠું હોય છે. શરીરના બાકીના નીચલા ભાગનાં પીછાં સફેદ હોય છે. ચાંચ લાંબી અને અણીદાર હોય છે. ડોક અને પગ લાંબાં અને પુચ્છ ટૂંકું હોય છે. માળા બાંધતી વખતે યૂથચારી આ પક્ષી મુખ્યત્વે કરીને એકલું વધારે રહે છે. ક્રૌંચ પર્વત પાસેનાં સરોવર, ખળખળ વહેતો ઝરો, મેદાનોની વિશાળ નદી અથવા ગામડાનાં ગંદાં ખાબોચિયાં પાસે માછલાંઓનો શિકાર કરતું આ પક્ષી માલૂમ પડે છે. કેટલીક વખત છીછરા પાણીમાં ડોક લંબાવીને ધીમે પગલે ચાલે છે; વળી કેટલીક વખત પાણીને કિનારે ખભા વચ્ચે માથું દબાવી શાંત ઊભું રહે છે, પણ જો દેડકું કે માછલું નજીકમાં આવે તો તેની લાંબી ડોક અને ભાલા જેવી અણીદાર ચાંચના એક ઝટકાથી ઉપાડી લે છે. તેની ઊડવાની રીત ભવ્ય અને લાક્ષણિક છે. તે હવામાં ઘણે ઊંચે ઊડી શકે છે અને દૂરથી પણ ઓળખી શકાય છે. તે એકી વારે ત્રણ ઈંડાં મૂકે છે.

૪. પું. એક જાતનો ધોળો હંસ.

૫. પું. ક્રૌંચ પર્વત; હાલનો લોહાચલ પર્વત.

૬. પું. ચક્રવાક.

૭. પું. ટિટોડો.

૮. પું. (જૈન) તીર્થંકરોનો એક ધ્વજ.

૯. પું. પુરાણમાં ગણાવેલ સાત માંહેનો પાંચમો દ્વીપ. તે દધિસમુદ્રથી વીંટાયેલો ને સોળ લાખ જોજન વિસ્તારમાં છે. પૃથ્વી વિષે જંબુ, પ્લક્ષ, શાલ્મલિ, કુશ, ક્રૌંચ, શાક તથા પુષ્કર એમ સાત દ્વીપ છે અને તેમાં ઉત્તરોત્તર એક કરતાં બીજો દ્વીપ બમણો મોટો છે.

૧૦. પું. (પુરાણ) હિમવાન પર્વતને મેનાની કૂખે થયેલ પુત્ર.

૧૧. પું. હિમાલય પર્વતમાં આવેલ એ નામનો એક ઘાટ. કૈલાસથી દક્ષિણમાં રસ્તો કરવા માટે પરશુરામે પોતાના બાણ વતી આ રસ્તો બનાવ્યો કહેવાય છે. વળી એમ પણ કહેવાય છે કે, ઇંદ્ર અને કાર્તિકેય વચ્ચે એક વખત પોતાના બળ સંબંધે વાદ ઉત્પન્ન થયો. હિમાલય પર્વતની આસપાસ જે પહેલો ફરી રહે તે વધારે બળવાન એમ નક્કી કર્યું. બંનેએ તેમ કર્યું, પણ પરિણામ અચોક્કસ આવ્યું એટલે હિમાલયને પૂછતાં હિમાલયે અસત્યપણે ઇંદ્રની તરફેણમાં ચુકાદો આપ્યો. આથી કાર્તિકેય ગુસ્સે થયા અને પોતાનું ભાલું પર્વતને માર્યું અને આ ઘાટ કરી નાખ્યો કહેવાય છે.

૧૨. પું. હિમાલય માંહેનો એક પર્વત.

૧૩. ન. એક પ્રકારનું અસ્ત્ર.

ક્રૌંચક પું. (પુરાણ) એ નામનો રાજા.

ક્રૌંચકપુર ન. યમુના તીરે આવેલ એ નામની નગરી.

ક્રૌંચડી (ક્રૌંચડ઼ી) સ્ત્રી. ક્રૌંચ પક્ષીની માદા.

> કન્યા બોલી પ્રિય વિરહિણી **ક્રૌંચડી** બાપડી રે !
> મ્હારાથી તું વધુ દુ:ખી નકી કાંઈ આશા વિના છે.
> કલાપી

ક્રૌંચદારક ૧. [સં.] પું. કાર્તિકેય; કાર્તિક સ્વામી.

૨. પું. પરશુરામ.

ક્રૌંચદારણ જુઓ ક્રૌંચદારક.

ક્રૌંચદ્વીપ ૧. [સં.] પું. ઓસ્ટ્રેલિઅ.

> ઓસ્ટ્રેલીઆને આપણા પૂર્વજોએ કદાચ **ક્રૌંચદ્વીપ** નામથી ઓળખતા હશે એમ કહી શકાય.
> ભૂપૃષ્ઠવિચાર

૨. પું. (પુરાણ) પ્રિયવ્રત રાજાના રથનાં પૈડાંથી બનેલ પૃથ્વીના સાત મહાદ્વીપમાંનો પાંચમો દ્વીપ. એનો વિસ્તાર સોળ લાખ યોજનનો છે અને પોતાના જેવડા દૂધના સમુદ્રથી વીંટાયેલો છે. આ દ્વીપમાં ક્રૌંચ નામનો એક મોટો પર્વત છે, તે ઉપરથી એ દ્વીપનું નામ ક્રૌંચદ્વીપ પડ્યું છે. પ્રિયવ્રત રાજાનો પુત્ર ઘૃતપૃષ્ઠ આ દ્વીપનો અધિપતિ હતો. તેણે એ દ્વીપના સાત ખંડ કરીને પોતાના પુત્રોના જ નામના તે ખંડ વહેંચી આપ્યા હતા. તે ઘૃતપૃષ્ઠ રાજાના આમ, મધુરુહ, મેઘપૃષ્ઠ, સુધામા, ભ્રાજિષ્ઠ, લોહિતાર્ણ તથા વનસ્પતિ નામના પુત્ર હતા. અહીં પણ સાત પર્વત ને સાત નદી પ્રસિદ્ધ છે. તેમાં પર્વતો શુક્લ, વર્ધમાન, ભોજન, ઉપબર્હિણ, નંદ, નંદન તથા સર્વતોભદ્ર નામના છે. અને નદીઓ અભયા, અમૃતોઘા, આર્યકા, તીર્થવતી, વૃત્તિરૂપવતી, પવિત્રવતી તથા શુકલા નામની છે.

ક્રૌંચપદા પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિકૃતિ છંદનો ભેદ છે. તેના દરેક ચરણમાં ભગણ, મગણ, સગણ, ભગણ, ચાર નગણ અને ગુરુ મળી પચીશ અક્ષર હોય છે. પાંચમા અક્ષર પછી, દશમા પછી અને અઢારમા અક્ષર પછી યતિ કે વિસામો આવે છે.

ક્રૌંચપદી [સં.] સ્ત્રી. એ નામનું એક તીર્થ.

ક્રૌંચપુર [સં.] ન. જમપુરીના રસ્તામાંનું સાતમું શહેર.

ક્રૌંચબર પું. એ નામનો દ્વીપ.

ક્રૌંચમારયોગ ૧. [સં.] પું. ચોસઠ માંહેની એ નામની એક કળા.

૨. પું. બીજાને ફસાવવાની વિદ્યા.

ક્રૌંચરવા સ્ત્રી. રામાયણમાં વર્ણવેલ એક નદી; કૃષ્ણા નદીનું પ્રાચીન નામ. વનવાસ દરમિયાન રામચંદ્રજી અહીં એક પર્ણકુટી બાંધી ચાતુર્માસ રહ્યા હતા.

ક્રૌંચરંધ્ર [સં.] પું. હિમાલય પર્વતનો એક ઘાટ. પરશુરામે ક્રૌંચ પર્વતને એક પર્વતથી છેદી આ ખીણ બનાવી હતી એમ મનાય છે. માન્યતા પ્રમાણે હંસ આ માર્ગે થઈને માન સરોવર જાય આવે છે.

ક્રૌંચરિપુ ૧. [સં.] પું. કાર્તિકસ્વામી.

૨. પું. પરશુરામ.

ક્રૌંચસૂદન [સં.] પું. કાર્તિકસ્વામી.

ક્રૌંચા [સં.] સ્ત્રી. એક જાતની બગલી.

ક્રૌંચાદન ૧. [સં.] ન. એક જાતનું કંદ.

૨. ન. કમલબીજ.

૩. ન. કમળતંતુ.

૪. ન. પીપળીમૂળ.

ક્રૌંચાદની [સં.] સ્ત્રી. કમળબીજ.

ક્રૌંચારણ્ય [સં.] ન. દંડકારણ્યની દક્ષિણે આવેલું રામાયણમાં વર્ણવેલું એક વન.

ક્રૌંચારાતિ જુઓ ક્રૌંચરિપુ.

ક્રૌંચારિ જુઓ ક્રૌંચરિપુ.

ક્રૌંચારુણ [સં] પું. એક પ્રકારની વ્યૂહરચના.

ક્રૌંચાવટ જુઓ ક્રૌંચારણ્ય.

ક્રૌંચાસન [સં.] ન. એક જાતનું આસન.

ક્રૌંચી ૧. [સં.] સ્ત્રી. કશ્યપ ઋષિની તામ્રા નામની પત્નીથી ઉત્પન્ન થયેલ પાંચ માંહેની એક કન્યા.

૨. સ્ત્રી. ક્રૌંચ પક્ષીની માદા.

૩. ન. એક પ્રકારનું ભયંકર અસ્ત્ર.

ક્રૌંશપદા જુઓ ક્રૌંચપદા.

ક્લબ ૧. [અં.] સ્ત્રી. ગંજીફામાં ફુલેવરનું પાનું.

૨. સ્ત્રી. ધોકો.

૩. સ્ત્રી. મંડળી; સમિતિ.

૪. સ્ત્રી. મગદળ.

૫. સ્ત્રી. મોજશોખ અને રમતગમત કરવાનું ઠેકાણું.

૬. સ્ત્રી. રમતગમત માટે અને ભેગા બેસવા ઊઠવા અને વિશ્રાંતિ માટે કાઢેલ મંડળ; આનંદ પ્રમોદ માટે સ્થપાયેલ સમિતિ.

ક્લમ્ [સં.] અ. ક્રિ. (ધાતુ) થાકી જવું. તે ઉપરથી થયેલ શબ્દ: ક્લાંત, ક્લાંતિ.

ક્લમ ૧. [સં.] પું. ગ્લાનિ; શોક.

૨. પું. થાક; શ્રમ; મહેનત.

૩. પું. પીડા; દુઃખ.

ક્લર્ક [અં.] પું. કારકુન; મહેતો; ગુમાસ્તો.

ક્લંદ્ ૧. [સં.] સ. ક્રિ. (ધાતુ) બૂમ મારવી; મોટેથી બોલાવવું. તે ઉપરથી થયેલ શબ્દ: ક્લંદિત.

૨. સ. ક્રિ. વિલાપ કરવો.

ક્લાઇમેટ [અં.] સ્ત્રી. હવાપાણી; ઋતુમાન; આબોહવા.

ક્લાયંટ [અં.] પું. અસીલ; ક્લ.

ક્લારન્સ [અં.] સ્ત્રી. ચાર પૈડાંવાળી બંધ ગાડી. તેમાં અંદર એક બેઠક હોય અને હાંકનાર માટે બીજી એક બેઠક હોય છે.

ક્લારેટ [અં.] પું. એક જાતનો વિલાયતી દારૂ. ઘણી અશક્તિ જણાય તો તે અપાય છે.

ક્લાસ ૧. [અં.] પું. વર્ગ; શ્રેણિ; દરજ્જો.

૨. પું. શાળાની અંદરનો ખંડ.

ક્લાસિકલ ૧. [અં.] વિ. પૌરાણિક.

૨. વિ. પ્રાચીન; જૂના સમયનું.

૩. વિ. પ્રાચીન સાહિત્યમાંથી લેવાયેલું.

૪. વિ. રૂઢિપૂજક.

ક્લાસિફિકેશન [અં.] ન. વર્ગીકરણ.

ક્લાંગ ન. (સંગીત) બહુ જ ત્વરાથી એક કહેતાંની સાથે એક ટકોરો વગાડવો તે.

ક્લાંત ૧. [સં.] વિ. તેજહીન; કરમાયેલું.

૨. વિ. થાકેલું; શ્રમિત; શ્રાંત.

૩. વિ. દુઃખથી પીડિત.

૪. વિ. દૂબળું; પાતળું; નબળું.

૫. વિ. ધીરજ વગરનું.

ક્લાંતમના ૧. [સં. ક્લાંતમનસ્] વિ. જુસ્સા વગરનું; ધીમું.

૨. વિ. દુઃખથી પીડિત.

૩. વિ. ધીરજ વગરનું.

ક્લાંતિ ૧. [સં.] સ્ત્રી. ગ્લાનિ; શોક.

૨. સ્ત્રી. થાક; શ્રમ; મહેનત.

૩. સ્ત્રી. દુઃખ; પીડા.

ક્લાંતિચ્છેદ [સં.] પું. થાક ઊતરવો તે; પરિશ્રમ દૂર થવાપણું.

ક્લાંતિહાર વિ. થાક ઉતારનાર.

ક્લિદ્ [સં.] અ. ક્રિ. (ધાતુ) ભેજવાળું થવું; ભીનું થવું; હવાવાળું થવું. તે ઉપરથી થયેલ શબ્દ: ક્લિન્ન.

ક્લિન્ન [સં.] વિ. આર્દ્ર; ભેજવાળું; ભીનું.

ક્લિપ [અં.] સ્ત્રી. કાગળો, ચિઠ્ઠીઓ વગેરે એકઠાં રાખવા માટે વપરાતી કમાનદાર પકડ: ચાંપ.

ક્લિપ્ત ન. કર; વેરો.

ક્લિશ્ ૧. [સં.] અ. ક્રિ. (ધાતુ) ક્લેશ પામવો; દુઃખી થવું. તે ઉપરથી થયેલ શબ્દ: ક્લિષ્ટ, ક્લેશ.

૨. સ. ક્રિ. દુઃખ દેવું.

૩. સ. ક્રિ. બગાડવું.

૪. સ. ક્રિ. સહન કરવું.

ક્લિશિત જુઓ ક્લિષ્ટ ૩–૧૫.

ક્લિષ્ટ ૧. [સં.] પું (કાવ્ય) પરદોષનો એક ભેદ. જ્યાં તરત અર્થપ્રતીતિ ન થાય ત્યાં ક્લિષ્ટ વ્યવધાનથી અર્થપ્રાપ્તિ આ દોષનું કારણ છે. આ દોષ અનિત્ય છે.

૨. સ્ત્રી. ઘોડાની એક ધીમી ચાલ. તેમાં ઘોડો પોતાનાં કાન અને માથું સીધાં રાખે છે અને ઘોડેસવાર વિના સીધો ચાલ્યો જાય છે.

૩. વિ. અર્થની ખેંચતાણ કરવી પડે એવું.

૪. વિ. અશુભ; અપશુકનિયાળ.

૫. વિ. કઠણ; મુશ્કેલ; અઘરૂં.

૬. વિ. કૃત્રિમ; બનાવટી.

૭. વિ. ક્લેશયુક્ત; દુઃખી; દુઃખથી પીડિત.

૮. વિ. ખરાબ; દુષ્ટ.

૯. વિ. ગૂંચવણવાળું; અસ્પષ્ટ; અવ્યવસ્થિત.

૧૦. વિ. દુઃખ ઉત્પન્ન કરનાર; મનને રુચે નહિ એવું.

૧૧. વિ. પૂર્વાપર વિરુદ્ધ હોય એવું.

૧૨. વિ. મરડી કચડીને બેસાડેલું.

૧૩. વિ. મુશ્કેલીથી સિદ્ધ થાય એવું.

૧૪. વિ. રાગદ્વેષના પરિણામવાળું.

૧૫. વિ. સમજતાં મુશ્કેલી પડે એવું; દુર્બોધ.

ક્લિષ્ટકર્મ [સં.] ન. (જૈન) સંસારમાં જ નિવાસનું કારણ થઈ પડે તેવું કૃત્ય.

ક્લિષ્ટકોટિ [સં.] સ્ત્રી. શુષ્ક તર્ક; તરંગી વિચાર.

ક્લિષ્ટતા ૧. [સં.] સ્ત્રી. ખામી; દોષ; ભૂલ.

૨. સ્ત્રી. મુશ્કેલી; કઠિનતા; ક્લિષ્ટપણું.

૩. સ્ત્રી. વાક્યરચનાનો એક દોષ; વાક્ય સમજવું મુશ્કેલ પડે એવી રચના; અગમ્યતા.

ક્લિષ્ટત્વ ૧. [સં.] ન. અલંકારશાસ્ત્ર અનુસાર કાવ્યનો એક દોષ. તેને લીધે તેનો ભાવ સમજવામાં મુશ્કેલી પડે છે.

૨. જુઓ ક્લિષ્ટતા.

ક્લિષ્ટવક્તા [સં. ક્લિષ્ટવક્તૃ] પું. વિષ્ણુનું એક નામ.

ક્લિષ્ટા [સં.] સ્ત્રી. યોગશાસ્ત્રી પતંજલિએ કહેલ એક ચિત્તવૃત્તિ.

ક્લિષ્ટાર્થ ૧. [સં.] પું. કવિતાનો એક દોષ. તેમાં અર્થ સરળ ન હોય, પણ મુશ્કેલીથી બેસાડવામાં આવતો હોય.

૨. વિ. મુશ્કેલ અર્થવાળું.

ક્લીઅર [અં.] સ્ત્રી. સાફ; સ્વચ્છ; ચોખ્ખું.

ક્લીઅરિંગ [અં.] ન. હિસાબની ચોખવટ; નાણાંની પતાવટ.

ક્લીઓપેટ્રા સ્ત્રી. એ નામની મિસરની પ્રસિદ્ધ રાણી.

ક્લીટોનિયા પું. એક જાતનો વર્ષાયુ છોડ. તેનાં બી ઝીણાં રજકણ જેવાં હોય છે.

ક્લીત [સં.] પું. સુશ્રુત અનુસાર એક જાતનો કીડો. તેની ઉત્પત્તિ મળમૂત્ર અથવા સડેલા શબ વગેરેમાંથી થાય છે. તેના કરડવાથી પિત્તદોષ થવાનું મનાય છે.

ક્લીતક [સં.] ન. જેઠીમધ.

ક્લીતકા [સં.] સ્ત્રી. જેઠીમધનો શીરો.

ક્લીતનીયક જુઓ ક્લીતકા.

ક્લીનર [અં.] પું. સાફ કરનાર માણસ.

ક્લીબ્ [સં.] અ. ક્રિ. (ધાતુ) બીકણ થવું; બીવું. તે ઉપરથી બનેલ શબ્દઃ ક્લીબ.

ક્લીબ ૧. [સં.] પું. નપુંસક; ષંઢ; પાવૈયો; નામર્દ.

૨. વિ. આળસુ; સુસ્ત; મંદ.

૩. વિ. ધર્મકાર્યમાં નિરુત્સાહી.

૪. વિ. નિષ્ફળ; નકામું.

૫. વિ. બાયલું; કાયર; બીકણ.

ક્લીબતા ૧. સ્ત્રી. આળસ.

૨. સ્ત્રી. કાયરપણું; બાયલાપણું; બીકણ હોવું તે.

૩. સ્ત્રી. ધર્મકાર્યમાં નિરુત્સાહીપણું.

૪. [સં.] સ્ત્રી. નપુંસકપણું; નામર્દાઈ.

૫. સ્ત્રી. નિષ્ફળતા; અર્થ ન સરવાપણું.

ક્લીબત્વ જુઓ ક્લીબતા.

ક્લીમ્ [સં.] ન. કામદેવના મંત્રનું બીજ. ઐમ્, હ્રીમ્ અને ક્લીમ્ એ ત્રણ બીજ કહેવાય છે. તેમાં ક્લીમ્ એ કામદેવના મંત્રનું બીજ છે.

ક્લીમેટિસ સ્ત્રી. એ નામની એક ફૂલવેલ. તેનાં ફૂલ અનહદ વાસવાળાં અને ઝૂમખાંવાળાં થાય છે.

ક્લીવ જુઓ ક્લીબ.

ક્લીવતા જુઓ ક્લીબતા.

ક્લીવત્વ જુઓ ક્લીબતા.

ક્લૃપ્ત ૧. [સં.] ન. નક્કી કરેલ વેરો; કર.

૨. વિ. કલ્પેલું; ધારેલું.

૩. વિ. કાપેલું; છેદેલું.

૪. વિ. રચેલું; બનાવેલું.

૫. વિ. વમન કરાવેલું.

ક્લેદ ૧. [સં.] પું. ચીકટપણું; ચીકાશ.

૨. પું. તકલીફ; ઉપદ્રવ; પીડા; દુઃખ.

૩. પું. દુર્ગંધ.

૪. પું. પસીનો; પરસેવો.

૫. પું. ભીનાશ; ભેજ; આર્દ્રતા.

૬. પું. રુચિ.

૭. પું. શ્લેષ્મા; કફ. જુઓ ક્લેદન ૨.

ક્લેદક ૧. [સં.] પું. શરીરમાં રહેલ દશ માંહેનો એક અગ્નિ.

૨. પું. શરીરમાં એક પ્રકારનો કફ. તેથી પરસેવો ઉત્પન્ન થાય છે.

૩. વિ. પરસેવો લાવનાર.

૪. વિ. ભીનું કરનાર.

ક્લેદન ૧. [સં.] પું. ચંદ્ર.

૨. પું. જઠરમાં રહેતો કફ. તે ચારે જાતના ખોરાક એટલે ખાવું, પીવું, ચાટવું અને ચૂસવું તેને પચવામાં મદદ કરે છે અને શરીરને બળવાન બનાવે છે.

૩. પું. પરસેવો લાવવાનું કાર્ય.

૪. પું. ભીનાશવાળો ભાગ.

૫. ન. ભીનું કરવું તે.

૬. વિ. ભીનું કરનાર.

ક્લેદનકફ જુઓ ક્લેદન ૨.

ક્લેદમય ૧. [સં.] વિ. ચીકણું.

૨. વિ. પરસેવાથી ભરેલું.

૩. વિ. શ્લેષ્મલ; કફવાળું.

ક્લેદમાપક ૧. [સં.] ન. હવામાં રહેલી ભીનાશ માપવાનું યંત્ર; 'હાઇગ્રોમીટર'.

૨. વિ. ભેજ માપનારૂં.

ક્લેદરસ જુઓ ક્લેદન ૨.

ક્લેદિન પું. શ્લેષ્મ; એક જાતનો કફ.

ક્લેદુ ૧. [સં.] પું. કપૂર.

૨. પું. ચંદ્ર.

૩. પું. સન્નિપાત.

ક્લેદ્ય [સં.] વિ. ભીંજવી શકાય એવું.

ક્લેમ ૧. [અં.] પું. દાવો; હક્કની માગણી.

૨. પું. હક્ક.

ક્લેરવોયન્સ [અં.] સ્ત્રી. ભવિષ્ય જાણવાની વિદ્યા; સામાન્ય દૃષ્ટિથી જોઈ કે જાણી શકાય નહિ એવી વસ્તુ અથવા ઘટના જોવા જાણવાની શક્તિ.

ક્લેરિનેટ [અં.] ન. પિપૂડી જેવું એક વાજું; શરણાઈના સિદ્ધાંત ઉપર રચાયેલું એક પાશ્ચાત્ય વાદ્ય.

ક્લેરિયોનેટ જુઓ ક્લેરિનેટ.

ક્લેરટ [અં. ક્લેરેટ] પું. બોર્ડો અને ગેરોનનો ઘેરા રંગનો લાલ દારૂ.

ક્લેવર [અં.] વિ. હોશિયાર; ચતુર; દક્ષ.

ક્લેશ ૧. [સં.] પું. કજિયો; કંકાસ; ઝઘડો. ક્લેશે ગોળાનાં પાણી સુકાય = કજિયાનું પરિણામ બહુ ખરાબ આવે છે.

૨. પું. દુઃખ; પીડા.

૩. પું. દુઃખનું કારણ.

૪. પું. યોગશાસ્ત્રપ્રસિદ્ધ અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશ માંહેનો દરેક દોષ.

૫. પું. (જૈન) વચનના દશ માંહેનો એક દોષ.

૬. પું. વ્યવસાય; પ્રવૃત્તિ.

૭. પું. શુભાશુભ કર્મ.

ક્લેશક જુઓ ક્લેશકર.

ક્લેશકર ૧. [સં.] વિ. તકરાર કરનાર; કજિયાખોર.

૨. વિ. ત્રાસજનક; સંતાપ આપનારૂં; દુઃખકર.

ક્લેશકૂટ સ્ત્રી. કજિયોકંકાસ.

ક્લેશદ જુઓ ક્લેશકર.

ક્લેશદાતા જુઓ ક્લેશકર.

ક્લેશદાયક જુઓ ક્લેશકર.

ક્લેશદાયી જુઓ ક્લેશકર.

ક્લેશદોષ જુઓ ક્લેશ ૫.

ક્લેશનાશન [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

ક્લેશપંચક [સં.] પું. (વેદાંત) યોગદર્શનમાં કહેલ અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશ એ પાંચનો સમૂહ.

ક્લેશપ્રદ જુઓ ક્લેશકર.

ક્લેશમય વિ. દુઃખથી ભરેલું.

ક્લેશાગ્નિ [સં. ક્લેશ (સંતાપ) + અગ્નિ (આગ)] પું. ક્લેશરૂપી અગ્નિ.

ક્લેશાનંદકર [સં. ક્લેશ (દુઃખ) + આનંદ (હર્ષ) + કર (કરનાર)] વિ. ક્લેશ અને આનંદ કરનાર.

ક્લેશાપહ ૧. [સં. ક્લેશ (દુઃખ) + અપહ (નાશ કરનાર)] પું. પુત્ર.

૨. વિ. શોકહારક; ક્લેશનો નાશ કરનાર.

ક્લેશાવહ [સં. ક્લેશ (દુઃખ) + આવહ (પમાડનાર)] વિ. ક્લેશકર; દુઃખ આપનાર.

ક્લેશિત [સં.] વિ. ક્લેશ પામેલ; દુઃખ પામેલ; દુઃખી.

ક્લેશી ૧. [સં. ક્લેશિન્] વિ. ક્લેશ કરનારૂં; કલહ કરે એવું; કંકાસિયું; કજિયાખોર.

૨. વિ. દુઃખવાળું; દુઃખી; પીડિત.

ક્લેસહાઈ સ્ત્રી. કજિયાળી સ્ત્રી.

ક્લૈબ્ય ૧. [સં. ક્લીબ (નપુંસક) + ય (પણું)] ન. નપુંસકતા; નામરદાઈ; હીજડાપણું; અશક્તપણું.

૨. ન. નમાલાપણું; કાયરતા; બાયલાપણું.

૩. વિ. નામર્દ.

ક્લૈવ્ય ૧. ન. દુર્બળપણું.

૨. [સં.] ન. નપુંસકતા; નામરદાઈ.

૩. ન. નાન્યતરજાતિ.

૪. ન. બીકણપણું.

ક્લોક [અં. ક્લોક] સ્ત્રી. વખત માપવાનું યંત્ર; ઘડિયાળ.

ક્લોટ [અં. ક્લૉટ] ન. અર્ધસ્થૂળ દળનો પદાર્થ. એમાં રક્ત જેવો પ્રવાહી પદાર્થ ધીમે ધીમે રહી રહીને પસાર થાય છે. એને જામવું કહે છે.

ક્લોથ ઓફ ગોલ્ડ [અં. ક્લૉથ ઑવ ગોલ્ડ] ન. એક જાતનું ગુલાબ; મીઠી વાસવાળું સોનેરી રંગનું ફૂલ.

ક્લોથ માર્કીટ [અં. ક્લૉથ માર્કેટ] સ્ત્રી. કાપડ બજાર.

ક્લોમ ૧. પું. અગ્ન્યાશય; 'પૅંક્રિયાસ'.

૨. સ્ત્રી. શ્વાસનળી.

૩. [સં.] ન. જમણી તરફનું ફેફસું.

ક્લોમકાંડાનુગા સ્ત્રી. ફેફસાંને લોહી પૂરૂં પાડનાર ધમની.

ક્લોમગ્રંથિ સ્ત્રી. અગ્ન્યાશયવાળો ભાગ. તે છથી આઠ ઇંચ લાંબી હોય છે. તેનો રસ નળી મારફત પક્વાશયમાં જાય છે અને ભોજન પચાવે છે. તેનું વજન ૧$\frac{૧}{૨}$ છટાંક હોય છે.

ક્લોમનલિકા સ્ત્રી. દમ લેવાની નળી; શ્વાસમાર્ગ; શ્વાસોચ્છ્વાસ લેતાં હવાને ફેફસામાં જવાનો માર્ગ. તે ડોક પાસે તથા ઉત્તર ફુસ્ફુસાંતરાલ પ્રદેશમાં આવેલ છે.

ક્લોમપ્રણાલી સ્ત્રી. સ્વાદુપિંડવાહક અગ્ર અગ્ન્યાશયનલિકા.

ક્લોમરસ પું. અગ્ન્યાશયમાંથી નીકળતો રસ; 'પૅંક્રિયટિક જ્યૂસ'.

ક્લોમશાખા સ્ત્રી. શ્વાસનલિકાની એ નામની શાખા; વાયુપ્રણાલી. તે બે છે: જમણી ક્લોમશાખા અને ડાબી ક્લોમશાખા. જમણી શાખા વધારે જાડી અને ટૂંકી છે. તે એક ઇંચ લાંબી છે અને હૃદય તેમ જ ઉત્તરામહાશિરાની પાછળ તથા જમણી બાજુએ રહેલી છે. સ્નાયુસૂત્રો તેમ જ સ્વતંત્ર માંસપેશીઓના તંતુ વડે પરસ્પર જોડાયેલ છ થી આઠ ગોળાકાર તરુણાસ્થિ મળીને આ શાખા બનેલી છે. તે બે ક્લોમકાંડિકાઓમાં વહેંચાઈ જાય છે, જેમાંની એક ફુસ્ફુસાભિગા ધમનીની જમણી શાખા ઉપર જ્યારે બીજી તેની નીચે થઇને પસાર થાય છે. આમાંની ઉપરની શાખા જમણા ફેફસાના ઉપલા પિંડમાં જાય છે, જ્યારે નીચેની શાખા બે નાની શાખાઓમાં વહેંચાઈને તે જ ફેફસાના વચલા તેમ જ નીચલા પિંડોમાં જાય છે. ડાબી ક્લોમશાખા પાતળી તેમ જ બે ઇંચ લાંબી હોઈ આશરે દશથી બાર ગોળાકાર તરુણાસ્થિ મળીને બનેલી છે. તે મહાધમનીના તોરણભાગ નીચે થઈ પસાર થાય છે અને ડાબા ફેફસા તરફ જતાં અન્નનલિકા તથા ડાબી રસકુલ્યાની આગળ, જ્યારે ડાબી ફુસ્ફુસાભિગા ધમનીની પાછળ રહેલી છે. ત્યાં તે ત્રણ શાખામાં વહેંચાઈ ડાબા ફેફસાના બંને પિંડમાં દાખલ થાય છે.

ક્લોમશિરા સ્ત્રી. એ નામની એક રક્તવાહિની.

ક્લોમસ્રોત પું. પૅંક્રિયાંસ એટલે અગ્ન્યાશયની નળી.

ક્લોરાઇડ [અં. ક્લોરાઇડ] પું. મીઠાના તેજાબનો ક્ષાર.

ક્લોરિન [અં. ક્લોરિન] ન. મીઠાની અંદરનું એ નામનું વાયુરૂપ તત્ત્વ. તે ખોરાક પચાવવામાં ઓઝરીને તથા આંતરડાંને ઘણી મદદ આપે છે. ઈ. સ. ૧૭૭૪માં શીલ નામના વિદ્વાને આ તત્ત્વની પ્રથમ શોધ કરી હતી. આ પદાર્થ વાયુરૂપી હોય છે. તેનો રંગ લીલાશ પર પીળો હોય છે.

ક્લોરેટ [અં. ક્લોરેટ] પું. નાઇટ્રેટ અને સલ્ફેટના વર્ગનો એક ક્ષાર. અગ્નિ ઉપર ક્લોરેટ નાખવાથી તે સળગી તણખા ઊડે છે. તે ગરમ કરવાથી તેમાંથી ઓક્સિજન નીકળે છે અને પાછળ ક્લોરાઇડ રહે છે.

ક્લોરોફોર્મ [અં. ક્લોરોફોર્મ] ન. બેભાન કરનારૂં એક ઓષધ; એક જાતનો માદક વાયુ. આ ભારે રંગ વગરનો પ્રવાહી પદાર્થ ક્લોરિન અને ફોરમિલ નામના બે પદાર્થના સંયોગથી બને છે. દેખાવમાં તે સ્વચ્છ પાણીના જેવું હોય છે અને ખુલ્લું મૂકવામાં આવે તો જલદી ઊડી જાય છે. ક્લોરોફોર્મ આલ્કોહોલ, ઇથર અને તેલમાં તેમ જ અમુક અંશે પાણીમાં ઓગળી શકે છે. રબર, રેઝિન વગેરે તેમાં ઓગળી શકે છે. શસ્ત્રક્રિયા કરતાં પહેલાં જરૂર જણાય તો દરદીને તે સુંઘાડવામાં આવે છે તેથી દરદી અચેત થઇ જતો હોવાથી પીડા જણાતી નથી. વધુ માત્રામાં અપાય તો મરણ પણ નીપજે છે.

ક્વ [સં.] અ. ક્યાં.

ક્વચિત્ ૧. [સં.] અ. કદાચ; કદાપિ; કોઈક પ્રસંગે.

૨. અ. કોઈ કોઈ વાર.

૩. અ. કોઈ ઠેકાણે; ક્યાંક.

ક્વણ્ ૧. [સં.] અ. ક્રિ. અવાજ કરવો.

૨. સ. ક્રિ. (ધાતુ) ન સમજાય તેમ ગાવું. તે ઉપરથી થયેલ શબ્દ; ક્વણિત; ક્વણ.

ક્વણ ૧. [સં.] પું. એક અવાજ; ગણગણાટ.

૨. પું. વીણાનો અવાજ.

ક્વણન ૧. [સં.] ન. ગણગણાટ.

૨. ન. નાનું માટીનું વાસણ.

૩. ન. વીણાનો શબ્દ.

૪. ન. હરકોઈ શબ્દ.

ક્વણિત ૧. [સં.] વિ. અવાજ કરતું; બોલતું.

૨. વિ. ખણખણતું.

ક્વથ્ ૧. [સં.] સ. ક્રિ. (ધાતુ) ઉકાળવું. તે ઉપરથી થયેલ શબ્દ; કાઢો, કઢાઈ, કઢવું.

૨. સ. ક્રિ. (ધાતુ) પચાવવું. તે ઉપરથી થયેલ શબ્દઃ ક્વાથ, ક્વથિત.

ક્વથન [સં.] ન. ઉકાળવું તે.

ક્વથનબિંદુ ન. ક્વથનાંક; જેટલી ગરમીએ પાણી ઊકળે તે ગરમી બતાવનાર આંક.

ક્વથનમાપક ન. સ્ફોટનમાપક; પ્રવાહી પદાર્થના ઉકાળાની ગરમીનું બિંદુ માપવાનું સાધન.

ક્વથનાંક [સં.] પું. જેટલી ગરમીએ પાણી ઊકળે તે ગરમી બતાવનાર આંક; ઉત્કલનબિંદુ; પાણીમાં પરપોટા થાય તે વખતનો ઉષ્ણતામાપક યંત્રનો આંકડો. ક્વથનાંક હવાના દબાણ ઉપર આધાર રાખે છે. જો આપણે પર્વત ઉપર ઊંચે જઇએ તો માલૂમ પડશે કે ત્યાં હવાનું દબાણ ઓછું છે ને તેથી ત્યાં પાણી જલદીથી ઊકળશે.

ક્વથિકા [સં.] સ્ત્રી. કઢી; ઉકાળો.

ક્વથિત [સં.] વિ. ઉકાળો કરેલ; ક્વાથ બનાવેલું; બહુ જ પકાવેલું.

ક્વથિતા જુઓ ક્વથિકા.

ક્વથિતાંબુ [સં.] ન. ઉકાળેલું પાણી.

ક્વધસ્થ [સં. કુ (પૃથ્વી) + અધસ્ (નીચે) + સ્થ (રહેનાર)] વિ. નીચે પૃથ્વી લોકમાં રહેનાર.

ક્વલ [સં.] પું. મોટું બોર.

ક્વલિકા સ્ત્રી. સોગઠી.

ક્વાગા ન. જિબ્રાને મળતું એક પ્રાણી. દક્ષિણ આફ્રિકમાં રહેતું આ પ્રાણી ટોળામાં જ રહે છે. એના પાછલા પગ લાંબા અને કાન ટૂંકા હોય છે.

ક્વાટ ૧. પું. જૂનાગઢનો પ્રાચીન સમયનો એક રાજા.

૨. ન. નૃત્યભેદ; નાચનો એક ભેદ.

ક્વાડ્રેટ [અં. ક્વૉડ્રેટ] પું. સીસાનો એક ટુકડો. તે છાપવાના કામમાં ખાલી જગ્યા ભરવાના કામમાં આવે છે. તે સ્પેસથી મોટો અને કોટેશનથી નાનો હોય. તેની પહોળાઈ ટાઇપ જેટલી અને લંબાઈ ૧ થી ૪ એમ્ સુધી હોય છે.

ક્વાણુ ૧. પું. અઠ્ઠાણું માંહેનો એક દેશ.

૨. [સં.] પું. શબ્દ; અવાજ.

૩. વિ. શબ્દ કરનાર; અવાજ કરનાર.

ક્વાથ ૧. [સં.] પું. (વૈદ્યક) ઉકાળો; કાવો; કાઢો. કૂટેલાં દ્રવ્યને તેના કરતાં સોળગણા પાણીમાં માટીના કોરા વાસણમાં ઢાંકયા સિવાય ધીમે તાપે ઉકાળી આઠમો ભાગ બાકી રહે એટલે ઉતારી ગળી લેવું તે ક્વાથ કહેવાય છે. સાધારણુ રીતે એક વખતને માટે ક્વાથ કરવાના ઓસડનું વજન ચાર તોલા લેવામાં આવે છે; તોપણુ કેટલાક ક્વાથની અંદર ફક્ત બે તોલા ઓસડ લે છે અને સોળગણા પાણીને બદલે આઠગણું પાણી મૂકીને ઉકાળવામાં આવે છે, તેમ જ આઠમો ભાગ પાણી રહે ત્યાંસુધી બાળવાને બદલે ચોથો ભાગ રહે ત્યારે ઉતારી લેવાય છે. ક્વાથની માત્રા ચાર તોલાની છે. કેટલીક વખતે સવારે કાઢો કર્યા પછી જે ઉકાળેલું ઔષધ બાકી રહે છે તેમાં નવું પાણી નાખી સાંજે પાછું ઉકાળવામાં આવે છે. તેને પરકાઢો કહે છે. તેની માત્રા પણુ કાઢાના જેટલી જ છે, તોપણુ કાઢાના જેટલો ગુણુ તેમાં રહેલો નથી. ષડ્‌રસમાંથી લવણુ સિવાયના પાંચે રસના ક્વાથ કરી શકાય છે.

૨. પું. દુઃખ; ઘણું વધારે દુઃખ.

૩. પું. વ્યસન.

ક્વાથાધ્યાય પું. ક્વાથ સંબંધી લખેલ હોય તે પ્રકરણુ.

ક્વાથિ [સં.] પું. (પુરાણુ) અગસ્ત્ય ઋષિ.

ક્વાર્ટર માસ્ટર ૧. [અં. ક્વૉર્ટર માસ્ટર] પું. નાખુદાના હાથ નીચેનો એક નાનો અમલદાર.

૨. પું. સિપાઈઓના મુકામ અને ખાવાપીવાનો બંદોબસ્ત રાખનાર અમલદાર.

ક્વાર્ટર્સ ૧. [અં. ક્વૉર્ટર્સ] ન. બ. વ. ઘરો; રહેઠાણુ; નિવાસસ્થાન; મુખ્ય સંસ્થાને અંગે નોકરોને રહેવાનાં બાંધેલ મકાન.

૨. ન. બ. વ. ચોથિયાં; ચોથા ભાગો.

ક્વાસિયા ન. એક જાતનું ફૂલઝાડ. તેનાં ઝાડ ૭ થી ૮ ફૂટ ઊંચાં વધે છે. તેનાં પાંદડાં ૪થી ૫ ઈંચ લાંબાં હોય છે.

ક્વિકમાર્ચ [અં.] સ્રી. જલદીથી કૂચ કરવી તે.

ક્વિનાઈન જુઓ ક્વિનીન.

ક્વિનીન [અં.] ન. ક્વિનાઈન; કોયદાન; કોયલાન; સિંકોનાના ઝાડની છાલમાંથી કાઢેલ સત્ત્વ. તે ટાઢિયા તાવ ઉપર વપરાય છે. તેનાં ઝાડની ખેતી પેરૂ, સિક્કિમ, હિમાલય, દાર્જીલિંગ, નીલગિરિ, મદ્રાસ, બંગાળ વગેરે સ્થળે થાય છે. રોપ્યા પછી સાત વર્ષે તેમાં ઔષધિતત્ત્વો આવે છે. તે સ્વાદે અતિશય કડવું અને ગુણે જ્વરઘ્ન, પૌષ્ટિક અને પાચક છે. તાવ ઉપર ૧ થી ૧૦ ગ્રેનની માત્રામાં અપાય છે.

ક્વિલ ૧. [અં.] ન. શાહુડીના પીંછામાંથી બનાવેલી કલમ.

૨. ન. શાહુડીનું પીંછું.

ક્વિલપેન [અં.] ન. પીંછામાંથી બનાવેલ કલમ.

ક્વીન ૧. સ્રી. કેરમની રમતમાંની લાલ કાંકરી.

૨. સ્રી. ચેસની. રમતમાં વજીરનું રમકડું.

૩. સ્રી. રાણી; મહારાણી; રાજપત્ની.

ક્વેકર [અં.] પું. શાંતિપ્રિયતાને માટે પ્રખ્યાત એક ખ્રિસ્તી સંપ્રદાય.

ક્વેત પું. કૂવાના પાણીથી કરવામાં આવતો પાક.

ક્વેનલૂન પું. એશિઅ ખંડનો એ નામનો એક પર્વત; વિષ્ણુપુરાણુમાં જણાવેલ ગંધમાદન પર્વત.

ક્વોટેશન [અં.] ન. ટાંચણુ; ઉતારો.

૨. ન. ભાવ; દર.

ક્વોરંટીન ૧. [અં.] ચાળીશ દિવસની મુદ્દત.

૨. ન. ચેપી રોગવાળા પ્રદેશમાંથી આવનાર માણસને અમુક વખત જુદા રાખવાનો કાયદો. જે દેશમાં મરકી ફાટી નીકળે છે તેના દેશના લોકને અમુક દિવસો સુધી દૂર રખાવ્યા બાદ શહેરમાં પેસવા દેવામાં આવે છે ને એમ અટકાવવા સત્તાવાર કાયદો કરાય છે. પ્રથમ વેનીસમાં ૧૧૨૭માં ચાળીશ દિવસ સુધીનો તે કાયદો થયો અને પછી ૮થી ૨૦ દિવસ સુધીનો થયો. પહેલાં તે પ્લેગના અટકાવ માટે સૂચવવામાં આવ્યો હતો. હવે તો તે પ્લેગ, કોલેરા, પીળો તાવ વગેરે રોગ અટકાવવામાં વપરાય છે.

૩. ન. રોગવાળાને અલગ રાખવાની જગ્યા. દૂર દેશથી આવેલ વહાણુમાં ચેપી રોગ હશે એવા વહેમથી વહાણુવાળાને ચાળીશ દિવસ સુધી કિનારાની સાથે કાંઈ પણુ વહેવાર રાખ્યા વિના અલગ રહેવું પડે છે.

૪. ન. રોગવાળાને અલગ રાખવું તે.

૫. ન. સૂતક; સંસર્ગનિષેધ.

ક્વોરી [અં.] સ્રી. પથ્થરની ખાણુ.

ક્વોર્ટ [અં.] ન. બશેરનું માપ; ગેલનનો ચોથો ભાગ.

ક્વોર્ટો ૧. [અં.] પું. કાગળના એક તાવનાં ચાર પાનાં કર્યાથી થયેલ ચોપડી.

૨. વિ. એક કાગળના તાવના ચાર પાનાંવાળું.

ક્વોલિટિ [અં. ક્વૉલિટિ] સ્રી. એક જાતની મગફળી. આ જાતની શિંગ આડી વધે છે. મણે છવ્વીશ શેર દાણાનો ઉતાર થાય છે. દાણો મોટો હોય છે. આ જાતને વરસાદ વધારે જોઈએ ને તેથી પાક મોડો થાય. આ મગફળી વાવ્યા પછી ઘઉંનું વાવેતર થઈ શકતું નથી. આનો પાલો પુષ્ટિકારક છે.

ક્ષ ૧. [સં.] પું. ક્ + ષ્‌નો જોડાક્ષર; એક સાધિત વ્યંજન. તેનું સંકેત નામ મેરુ છે. ક્ષ ક્ષય કરે એવી માન્યતાથી લહીઆઓ ક્ષ અક્ષરથી લખવું અટકાવતા નહિ.

૨. પું. ખેતર.

૩. પું. ખેતરનો રખવાળ.

૪. પું. નરસિંહ ભગવાન.

૫. પું. નાશ.

૬. પું. પ્રલય.

૭. પું. રાક્ષસ.

૮. પું. વીજળી.

ક્ષકાર પું. ક્ષ અક્ષર.

ક્ષકિરણુ ન. ઇંદ્રનીલ કિરણુ; 'એકસ રે'. રોન્ટ્‌જને તેનો પ્રથમ અભ્યાસ કર્યો હતો, તેથી તેને રોન્ટ્‌જનનાં કિરણુ પણુ કહે છે.

ક્ષણ્ ૧. [સં.] સ. ક્રિ. ઈજા કરવી; દુઃખ દેવું.

૨. સ. ક્રિ. (ધાતુ) ઘાયલ કરવું. તે ઉપરથી થયેલ શબ્દઃ ક્ષણુ, ક્ષત, ક્ષત્રિય, અક્ષત.

૩. સ. ક્રિ. ભાંગવું; કટકા કરવા.

૪. સ. ક્રિ. હણુવું; વધ કરવો.

ક્ષણુ ૧. [સં.] પું. અવસર; સમય; તક.

૨. પું. આનંદ.

૩. પું. ઉત્સવ; મેળો.

૪. પું. દારૂ.

૫. પું. પરાધીનતા; પરવશતા.

૬. પું. ફુરસદ; નવરાશ; નિરાંત.

૭. પું. મધ્ય ભાગ.

૮. પું. રાળ.

૯. પું. શવ; શંકર.

૧૦. પું. સૂર્ય.

૧૧. સ્રી. કાળનું એક પરિમાણુ; પળથી પણુ ટૂંકો વખત; સેકંડનો $\frac{૪}{૫}$ ભાગ. ક્ષણુના માપ સંબંધી ઘણો મતભેદ છે. મહાભાષ્યકાર પતંજલિના મત પ્રમાણે કાળનો એવો નાનો ભાગ જેનો વિભાગ ન થઈ શકે તે ક્ષણુ. તેમના મત પ્રમાણે ક્ષણુ અને કાલ વચ્ચે પરમાણુ અને દ્રવ્યના જેવો સંબંધ છે. કોઈના મત પ્રમાણે પળ અથવા નિમિષનો ચોથો ભાગ તે ક્ષણુ. કોઈના મત પ્રમાણે બે દંડ અથવા મુહૂર્ત એક ક્ષણુ બરાબર છે. અમરના મત પ્રમાણે ત્રીશ કળા અથવા મુહૂર્તનો બારમો ભાગ એક ક્ષણુ થાય છે. પણુ ન્યાયમત પ્રમાણે મહાકાળ એ

નિત્ય દ્રવ્ય છે અને તેના ભાગ કે અંશ ન થઈ શકે, એથી ક્ષણ કોઈ અલગ પદાર્થ નથી. બૌદ્ધમતે જેટલો સમય પોતાના ઉપર આધાર રાખતા પદાર્થના પ્રાગભાવનો આધાર ન હોય તેટલો સમય તે ક્ષણ, અર્થાત્ જે સમય પદાર્થના પ્રાગભાવ વખતે હોતો નથી, પણ પ્રાગભાવનો નાશ થતાં તરત જ હોય છે તે ક્ષણ કહેવાય. કમળની ૧૦૦ પાંદડીઓ એક ઉપર એક ગોઠવી તેમાં સોય ઉપરથી નીચે સુધી એવી રીતે ભોંકવી કે બધી પાંખડીઓ ભોંકાઈ જાય. એમ કરવાથી દરેક પાંદડીને વીંધાતાં-ભોંકાતાં જે સૂક્ષ્મ વખત લાગે તેને પણ ક્ષણ કહેવામાં આવે છે. તેનાં કોષ્ટક:

(૧) ૧૮ નિમિષ = કાષ્ટા, ૩૦ કાષ્ટા = કલા, ૩૦ કલા = ક્ષણ, ૧૨ ક્ષણ = મુહૂર્ત. (૨) ૨ માત્રા = અક્ષર, ૨ અક્ષર = લવ, ૨ લવ = ક્ષણ, ૩૦ ક્ષણ = વિપલ. (૩) ૩ લવ = નિમિષ, ૩ નિમેષ = ક્ષણ, ૫ ક્ષણ = કાષ્ટા.

૧૨. સ્ત્રી. છેક જૂજ સમય.

૧૩. સ્ત્રી. (બૌદ્ધ) નિર્વાણ પામવાનો સમય.

ક્ષણકાલ [સં.] પું. એક ક્ષણ જેટલો વખત.

ક્ષણક્ષણ [સં.] અ. ક્ષણમાત્ર.

ક્ષણચિત્ર [સં.] ન. ઝડપથી લીધેલી છબી.

ક્ષણજીવી [સં. ક્ષણજીવિન્] વિ. અલ્પાયુષી; ક્ષણભંગુર; ક્ષણ સુધી ટકે એવું; થોડા વખતમાં નાશ પામે એવું.

ક્ષણજ્ઞ [સં.] વિ. અવસર જાણનાર; તક જોનાર.

ક્ષણદ ૧. [સં.] પું. જોશી; ભવિષ્ય કહેનાર માણસ.

૨. ન. પાણી; જલ.

ક્ષણદર્શન [સં.] ન. ઝાંખી; આભાસ; દર્શનમાત્ર.

ક્ષણદા ૧. [સં. ક્ષણ (નિરાંત) + દા (આપવું)] સ્ત્રી. રાત્રિ; રાત.

> **ક્ષણદા** ક્ષપા તમસ્વિની તમી તમિસ્રા હોઈ,
> નિશા શર્વરી વિભાવરી, રાત્રી ત્રિયામા સોઈ.
> પિંગળલઘુકોષ

૨. સ્ત્રી. હળદર.

ક્ષણદાકર [સં.] પું. ચંદ્રમા.

ક્ષણદાચર ૧. [સં.] પું. ભૂત; પિશાચ.

૨. પું. રાક્ષસ.

૩. વિ. રાત્રિએ ફરનાર.

ક્ષણદ્યુતિ [સં.] સ્ત્રી. વિદ્યુત; વીજળી.

ક્ષણનશ્વર [સં.] વિ. ક્ષણમાં નાશ પામે એવું.

ક્ષણનશ્વરત્વ [સં.] ન. વિનાશીપણું; ક્ષણભંગુરતા.

ક્ષણપ્રભા [સં.] સ્ત્રી. વિદ્યુત; વીજળી; સૌદામિની; ચપલા; ઐરાવતી.

ક્ષણબુદ્ધિ [સં.] વિ. ક્ષણે ક્ષણે જેના વિચાર ફરે એવું; ચલિત બુદ્ધિવાળું; વાયલ; તરંગી.

ક્ષણભર ૧. પું. એક ક્ષણનો સમય.

૨. અ. થોડીવાર; જૂજ વખત સુધી; ક્ષણને માટે.

ક્ષણભંગ ૧. [સં.] પું. એક પ્રકારનો બૌદ્ધ સિદ્ધાંત. તેમાં વસ્તુઓની સ્થિતિ એક ક્ષણની માની છે. આને ક્ષણિકવાદ પણ કહે છે.

૨. ન. ક્ષણમાં નાશ પામવાપણું.

૩. વિ. ક્ષણમાં ભાંગી જાય એવું; નાશવંત; અનિત્ય; ક્ષણભંગુર.

ક્ષણભંગવાદ [સં.] પું. એ નામનો એક મત; ક્ષણિકવિજ્ઞાનવાદ; ક્ષણમાં નાશ થઈ જાય એવી માન્યતા.

ક્ષણભંગુર [સં. ક્ષણ + ભંજ્ (ભાંગવું)] વિ. ક્ષણમાં ભાંગી જાય એવું; ફાની; નાશવંત; અશાશ્વત.

ક્ષણભંગુરતા સ્ત્રી ફાનીપણું; નશ્વરતા; થોડી વારમાં નાશ પામવાની સ્થિતિ.

ક્ષણભંગુરપણું જુઓ ક્ષણભંગુરતા.

ક્ષણમન્યુ [સં.] વિ. જેનો ક્રોધ જોતજોતામાં ઊતરી જતો હોય એવું.

ક્ષણમાત્ર [સં.] અ. એક ક્ષણ સુધી; પળવાર.

ક્ષણયોગી જુઓ ક્ષણભંગુર.

ક્ષણરુચિ [સં. ક્ષણ + રુચિ (પ્રભા)] સ્ત્રી. વીજળી.

> **ક્ષણરુચિ** છટા અકાલિકા તડિત ચંચલા બીજ,
> દામિની વીણ વર્ષા નહિ વર્ષા વિના ન વીજ.
> પિંગળલઘુકોષ

ક્ષણલવ પું. (જૈન) તીર્થંકરનું ક્ષણમાત્ર કે લવમાત્ર વૈરાગ્ય ભાવથી ધ્યાન.

ક્ષણવાદ [સં.] પું. ક્ષણે ક્ષણે વસ્તુ ફરે છે એવો બૌદ્ધવાદ.

ક્ષણવાદી [સં. ક્ષણવાદિન્] વિ. પું. ક્ષણવાદમાં માનનાર.

ક્ષણવાર જુઓ ક્ષણમાત્ર.

ક્ષણશઃ [સં.] અ. ક્ષણ ક્ષણ કરીને; પળ કરીને.

ક્ષણસ્થાયી જુઓ ક્ષણભંગુર.

ક્ષણંક્ષણં [સં.] અ. દરેક પળે; પળે પળે.

ક્ષણાંતર અ. એક ક્ષણ પછી.

ક્ષણિક ૧. [સં.] પું. એક પ્રકારનો બૌદ્ધવાદ; ક્ષણવાદ.

૨. વિ. નાશવંત; અસ્થાયી; અનિત્ય; ક્ષણભંગુર.

૩. વિ. પહેલી ક્ષણમાં ઉત્પત્તિ, બીજી ક્ષણમાં સ્થિતિ અને ત્રીજી ક્ષણમાં નાશ થાય તેવું.

ક્ષણિકતા [સં.] સ્ત્રી. ક્ષણિક ભાવ; ક્ષણભંગુરતા.

ક્ષણિકત્વ જુઓ ક્ષણભંગુરતા.

ક્ષણિકત્વવાદ જુઓ ક્ષણિકવાદ.

ક્ષણિકનક્ષત્ર [સં.] ન. થોડો વખત દેખાઈ તરત જ અદૃશ્ય થઈ જતો તારો.

ક્ષણિકબુદ્ધિ [સં.] વિ. ઘડીમાં વિચાર ફરી જાય તેવું. જુઓ ક્ષણબુદ્ધિ.

ક્ષણિકમત પું. ક્ષણિકવાદનો સિદ્ધાંત. જુઓ ક્ષણિકવાદ.

ક્ષણિકવાદ [સં.] પું. દરેક વસ્તુ એક ક્ષણ જ હયાત હોય છે અને બીજી ક્ષણે તેનો નાશ થાય છે એવો બૌદ્ધદર્શનનો એક સિદ્ધાંત.

ક્ષણિકવાસી વિ. ક્ષણવાર જેનું જીવતર છે એવું; થોડો વખત ટકનારું.

ક્ષણિકવિજ્ઞાનવાદ [સં.] પું. બૌદ્ધનો એ નામનો એક વાદ; ક્ષણિકવાદ.

ક્ષણિકા [સં.] સ્ત્રી. વીજળી; વિદ્યુત.

ક્ષણિની ૧. [સં.] સ્ત્રી. રાત્રિ.

૨. સ્ત્રી. હળદર.

ક્ષણી જુઓ ક્ષણિક

ક્ષણુ સ્ત્રી. વખતનું એક માપ. જુઓ ક્ષણ.

> ના **ક્ષણુ** અળગાં કીધ. નાનાલાલ

ક્ષણું સ્ત્રી. ક્ષણ; નિમિષ; પળ.

> તેમાં **ક્ષણું** ન લાગી વાર. કાળિદાસ

ક્ષણુંક્ષણું અ. ક્ષણેક્ષણે; હરઘડીએ; પળેપળે.

> જણે ને જીવે નહિ તેનો **ક્ષણુંક્ષણું** શો શોક.
> ભાલણ

ક્ષણેક અ. જરાવાર સુધી; પલવાર.

ક્ષણેક્ષણે અ. પળે પળે; વારંવાર.

ક્ષત ૧. સ્ત્રી. દુનિયાનાં માણસ; પ્રજા.

૨. ન. આઘાત; સખત ફટકો.

૩. ન. કલંક; ડાઘ.

૪. ન. ઘસવું તે.

૫. [સં.] ન. ઘા; જખમ; છેદ.

૬. ન. ચીરી નાખેલું તે.

૭. ન. જેમાંથી લોહી પરુ વહેતું હોય એવું ચાંદું; ઘારું.

૮. ન. દુઃખ; પીડા.

૯. ન. નખોરિયું; ઉઝરડો.

૧૦. ન. નાશ.
૧૧. ન. ભગંદર નામનો રોગ.
૧૨. વિ. ઈજા પામેલું; ઘવાયેલું; જખમી; ઘાયલ.
૧૩. વિ. ઓછું થયેલું.
૧૪. વિ. ઘસી નાખેલ.
૧૫. વિ. ચીરી નાખેલ; ફાડી નાખેલું.
૧૬. વિ. નાશ પમાડેલ.
૧૭. વિ. પીડેલ; દુઃખ આપેલ.

ક્ષતકાસ [સં.] પું. (વૈદ્યક) એક જાતનો રોગ; ઉધરસના પાંચ માંહેનો એક પ્રકાર. શ્વાસ ચડે એવાં કામ વારંવાર કરવાથી અને લૂખું ખાવાથી વાયુ હૃદયમાં જઈને ઉધરસ ઉત્પન્ન કરે છે. તેનાથી પ્રથમ લૂખો ઠાંસો ને પછી લોહીવાળું થૂંક આવે, કંઠ ઘણો દુઃખે, શૂળ નીકળે, સાંધે સાંધે પીડા થાય, તાવ અને તરસ હોય, તેમ જ સ્વર ખોખરો થવાથી કબૂતરની માફક બોલ્યા કરે. આ રોગ મટાડવા એખરાનું ચૂર્ણ મધ અને તાજા ઘીમાં લેવું.

ક્ષતઘ્ન [સં.] વિ. જખમ મટાડનાર.

ક્ષતઘ્ની [સં.] સ્ત્રી. રાળ; લાખ.

ક્ષતચિહ્ન [સં.] ન. ઘાનું ચિહ્ન.

ક્ષતજ ૧. [સં.] પું. એક જાતનો ઉધરસનો રોગ.
૨. સ્ત્રી. સાત જાતની તરસ માંહેની એક. આ તરસ શરીરમાં ઘા લાગવાથી અથવા ઘણું લોહી નીકળવાથી લાગે છે. તે શરીર ઉપર ભીનાં કપડાં લપેટવાથી શાંત પડે છે.
૩. ન. પરુ.
૪. ન. લોહી.
૫. વિ. ઘામાંથી ઉત્પન્ન થનાર.
૬. વિ. લાલ; રાતા રંગનું.

ક્ષતજ્વર [સં.] પું. ઘાના દુઃખથી ચડેલો તાવ.

ક્ષતધર [સં.] વિ. ઘાયલ; ઘા કરેલું.

ક્ષતપુત્ર પું. શૂદ્રથી ક્ષત્રિયાણીમાં ઉત્પન્ન થયેલ દીકરો.

ક્ષતમુખ [સં.] ન. ઘાનું મોઢું.

ક્ષતયોનિ [સં.] સ્ત્રી. જેનો પુરુષ સાથે સમાગમ થયો હોય તેવી સ્ત્રી; લગ્નના હક્ક ભોગવેલ સ્ત્રી.

ક્ષતરક્ષક [સં.] વિ. ઘવાયાનું રક્ષણ કરનાર.

ક્ષતવિક્ષત ૧. [સં.] વિ. ઘાયલ; ઘા લાગેલું.
૨. વિ. જખમને લીધે છૂંદાઈ ગયેલું.
૩. વિ. બહુ જ આઘાત પહોંચેલું.

ક્ષતવૈદ્ય [સં.] પું. ઘા રૂઝાવવાની દવા જાણનાર વૈદ્ય.

ક્ષતવ્રણ [સં.] ન. ઘારું; વ્રણ.

ક્ષતવ્રત [સં.] વિ. લીધેલ વ્રતનો ત્યાગ કરનાર; વ્રતભ્રષ્ટ.

ક્ષતહર ૧. [સં.] ન. અગરચંદન.
૨. ન. અગરચંદનનું ઝાડ.
૩. વિ. ક્ષતનો નાશ કરનાર.

ક્ષતા ૧. [સં. ક્ષતૃ] પું. શૂદ્ર પુરુષથી ક્ષત્રિય સ્ત્રીને થયેલ દીકરો.
૨. પું. સારથિ.
૩. સ્ત્રી. પરણ્યા પહેલાં કોઈ પુરુષ સાથે સંબંધ થઈ ચૂક્યો હોય તેવી કન્યા.

ક્ષતારિ [સં.] વિ. શત્રુઓનો નાશ કરનાર.

ક્ષતિ ૧. [સં.] સ્ત્રી. ક્ષય; લોપ; નાશ; લય.
૨. સ્ત્રી. ખોડ; ઊણપ; ન્યૂનતા.
૩. સ્ત્રી. છેદ; ક્ષત; ઘાવ; ઘા.
૪. સ્ત્રી. તોટો; ખોટ; ઘટ.
૫. સ્ત્રી. નુકસાન; હાનિ.
૬. સ્ત્રી. મરણ; મૃત્યુ.
૭. સ્ત્રી. મુશ્કેલી; અડચણ.
૮. સ્ત્રી. લાંછન; કલંક.

ક્ષતિકર ૧. [સં.] વિ. અડચણ કરે એવું.
૨. વિ. ઊણપ કરનાર.
૩. વિ. ક્ષય કરનારું; વિનાશકારી.
૪. વિ. છેદ કરનારું; ઘા કરનાર.
૫. વિ. નુકસાનકારક; ખોટકારક.
૬. વિ. લાંછન લગાડનાર; કલંક કરે તેવું.

ક્ષતિકારક જુઓ ક્ષતિકર.

ક્ષતિજનક જુઓ ક્ષતિકર.

ક્ષતિપૂરકપત્ર [સં.] ન. નુકસાની બદલનું જામીનખત; હાનિપૂરણપત્ર.

ક્ષતિપૂરકલેખ જુઓ ક્ષતિપૂરકપત્ર.

ક્ષતિપૂરણ ૧. [સં.] ન. અવેજ; પ્રતિફળ; બદલો.
૨. ન. નુકસાન ભરપાઈ કરવાની ક્રિયા.
૩. ન. પૂરું કરતો ભાગ.
૪. ન. સુધારણા; શુદ્ધિ.

ક્ષતિપૂરણપત્ર જુઓ ક્ષતિપૂરકપત્ર.

ક્ષતિપૂર્ણ પું. બદલો; નુકસાની ભરપાઈ કરવાપણું.

ક્ષતિપૂર્ણતા [સં.] સ્ત્રી. યોગક્ષેમ; નુકસાન ન થવાની હામી.

ક્ષતિપૂર્તિ ૧. [સં.] સ્ત્રી. નુકસાન ભરપાઈ કરવાની ક્રિયા; હામી.
૨. સ્ત્રી. પુરસ્કાર; બદલો.

ક્ષતિપૂર્તિપત્ર જુઓ ક્ષતિપૂરકપત્ર.

ક્ષતૃ ૧. [સં.] પું. દ્વારપાળ.
૨. પું. સારથિ.
૩. વિ. રથ ચલાવતાં શીખવનાર.

ક્ષતોદર [સં.] પું. એક જાતનો ઉદરરોગ; ક્ષતથી થયેલ પેટનો વ્યાધિ. તેમાં અન્નની સાથે રેતી, ઘાસનું તરણું, લાકડું, કાંટો વગેરે જવાથી આંતરડું છેદાય છે અને તેમાંથી રસ ગુદા વાટે ઝરે છે.

ક્ષત્ત ૧. [સં. ક્ષત્ર] પું. ક્ષત્રિય.
૨. પું. ખજાનચી.
૩. પું. દાસીપુત્ર વિદુર.
૪. પું. દ્વારપાળ.
૫. પું. બ્રહ્મા.
૬. પું. શૂદ્રથી ક્ષત્રિયાણીમાં ઉત્પન્ન થયેલ વર્ણસંકર દીકરો.
૭. સ્ત્રી. માછલી.
૮. વિ. રથ ચલાવનાર.

ક્ષત્તા ૧. પું. દરવાન.
૨. પું. દાસીપુત્ર.
૩. પું. (પુરાણ) વિદુરનું એક નામ.
૪. સ્ત્રી. એક જાતની વર્ણસંકર પ્રજા. બ્રાહ્મણ સ્ત્રી વણિક પુરુષ સાથે યોજાતાં ક્ષત્તા નામની પ્રજા ઉત્પન્ન થાય છે.
૫. સ્ત્રી. માછલી.

ક્ષત્ર ૧. પું. અમલ.
૨. પું. (પુરાણ) એ નામનો એક યાદવ.
૩. [સં.] પું. ક્ષત્રિય.
૪. પું. દાસીપુત્ર.
૫. પું. વર્ણસંકર.
૬. પું. સિપાઈ; યોદ્ધો.
૭. પું. હિંસા.
૮. સ્ત્રી. ક્ષત્રિય કોમ; ક્ષત્રિય જાતિ.
૯. ન. તગરનું ઝાડ.
૧૦. ન. તાકાત; શક્તિ; બળ.
૧૧. ન. ધન; દોલત.
૧૨. ન. પાણી.
૧૩. ન. રાષ્ટ્ર; રાજ્ય.
૧૪. ન. શરીર.

ક્ષત્રકર્મ [સં.] ન. ક્ષત્રિયને યોગ્ય કર્મ. અધ્યયન, દાન, યજ્ઞ, પ્રજાપાલન અને વિષયવાસનાથી દૂર રહેવું તે ક્ષત્રિયનાં કર્મ છે.

ક્ષત્રગણ [સં.] પું. ક્ષત્રિય સુભટોનું જૂથ.

ક્ષત્રતા [સં.] સ્ત્રી. ક્ષત્રિયપણું; રજપૂતવટ.

ક્ષત્રદેવ ૧. પું. (પુરાણ) ધૃષ્ટદ્યુમ્નના પુત્રોમાંનો એ નામનો એક. તે ભીષ્મ પાસે શસ્ત્રવિદ્યા શીખ્યો હતો. મહાભારતના યુદ્ધમાં તે પાંડવ પક્ષમાં લડી મરણ પામ્યો હતો.

૨. પું. (પુરાણ) શિખંડીનો પુત્ર. મહાભારતના યુદ્ધમાં પાંડવપક્ષમાં લડી તે દુર્યોધનના પુત્ર લક્ષ્મણને હાથે મરાયો હતો.

ક્ષત્રધર્મ [સં.] પું. ધર્મશાસ્ત્રમાં કહ્યા પ્રમાણે ક્ષત્રિયનો ધર્મ.

ક્ષત્રધર્મા ૧. પું. (પુરાણ) ધૃષ્ટદ્યુમ્નના પુત્ર માંહેનો એ નામનો એક. એને દ્રોણાચાર્યે માર્યો હતો.
૨. વિ. ક્ષત્રિય ધર્મનું પાલન કરનાર.
૩. વિ. વીર; પરાક્રમી.

ક્ષત્રધૃતિ [સં.] પું. એ નામનો એક યજ્ઞ. તે શ્રાવણની પૂર્ણિમાને દિવસે કરવામાં આવે છે.

ક્ષત્રપ ૧. પું. એક પ્રાચીન રાજવંશ. ઈરાનના પ્રાચીન માંડલિક રાજાઓ પણ ક્ષત્રપ કહેવાતા. આગળ જતાં ભારતના શક તથા ગુજરાતના એક પ્રાચીન વંશના રાજાઓએ પણ આ નામ ધારણ કર્યું હતું.
૨. સ્ત્રી. શક લોકોની એક જાત.

ક્ષત્રપતિ [સં.] પું. રાજા.

ક્ષત્રપ્રકોપ ૧. [સં.] પું. લડાયક જુસ્સો.
૨. પું. વધારે પડતી ક્ષત્રિયતા.

ક્ષત્રબંધુ ૧. પું. ક્ષત્રિય.
૨. [સં.] પું. નિંદાને લાયક ક્ષત્રિય; પતિત ક્ષત્રિય.
૩. વિ. ક્ષત્રિયનું કામ ન કરી શકનાર.

ક્ષત્રવટ સ્ત્રી. ક્ષત્રિયવટ; રજપૂતવટ.

ક્ષત્રવર્મા જુઓ ક્ષત્રધર્મા.

ક્ષત્રવિદ્યા ૧. [સં.] સ્ત્રી. ધનુર્વિદ્યા; ક્ષત્રિયોની વિદ્યા.
૨. સ્ત્રી. ધનુર્વેદ.
૩. સ્ત્રી. યુદ્ધવિદ્યા.

ક્ષત્રવૃક્ષ [સં.] ન. એ નામનું એક ઝાડ; મુચકુંદ.

ક્ષત્રવૃદ્ધ ૧. [સં.] પું. (પુરાણ) તેરમા રુચિ નામના મનુના પુત્ર.
૨. પું. શ્રેષ્ઠ ક્ષત્રિય.
૩. પું. (પુરાણ) સોમવંશી આયુરાજાના પાંચ માંહેનો બીજો પુત્ર; નહુષ રાજાનો નાનો ભાઈ.

ક્ષત્રવૃદ્ધિ જુઓ ક્ષત્રવૃદ્ધ.

ક્ષત્રવેદ [સં.] પું. ધનુર્વેદ.

ક્ષત્રશ્રી [સં.] વિ. વીરતાના પ્રભાવવાળું.

ક્ષત્રંજય પું. (પુરાણ) ધૃષ્ટદ્યુમ્નના પુત્રમાંનો એ નામનો એક. મહાભારતના યુદ્ધમાં એ દ્રોણાચાર્યને હાથે મરાયો હતો.

ક્ષત્રાણી સ્ત્રી. ક્ષત્રિયાણી; ક્ષત્રિય જાતની સ્ત્રી; રજપૂતાણી.

ક્ષત્રાવળી જુઓ ક્ષત્રીવટ.

ક્ષત્રાંગના [સં.] સ્ત્રી. ક્ષત્રિયની સ્ત્રી.

ક્ષત્રાંતક [સં.] પું. પરશુરામ.

ક્ષત્રિ ૧. પું. કંચુકી.
૨. પું. મનુના મત પ્રમાણે શૂદ્ર પિતા અને બ્રાહ્મણ માતાનો પુત્ર.
૩. પું. વિદુર. તેનો બાપ બ્રાહ્મણ અને મા દાસી હતાં.

ક્ષત્રિની [સં.] સ્ત્રી. મજીઠ.

ક્ષત્રિય ૧. [સં.] પું. એ નામની જાતિનો પુરુષ.
૨. પું. એક જાતનો રાતા રંગનો હીરો.
૩. પું. બળ; શક્તિ.
૪. પું. રાજકર્તા.

> એ જ પ્રમાણે **ક્ષત્રિય** (રાજકર્તા) માટે વિજય અને એવી બીજી રીતિ યોગ્ય છે.
>
> હિંદુરાજ્યવ્યવસ્થા

૫. સ્ત્રી. એ નામની એક જાતિ; પ્રજાનું રક્ષણ કરનારી એક શૂરવીર રાજવંશી જાત; રજપૂત. આર્યોએ વર્ણના ચાર વિભાગ કર્યા હતા: બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર. સંસ્કૃતના મહાકવિ કાળિદાસ રઘુવંશમાં ક્ષત્રિયની વ્યાખ્યા એમ કરે છે કે, ક્ષતાત્ એટલે પ્રાણીઓને ઘાયલ થવામાંથી ત્રાયતે એટલે બચાવે કે રક્ષણ કરે તે ક્ષત્રિય. વેદમાં કહ્યા પ્રમાણે ક્ષત્રિયો વિરાટ પુરુષના બાહુમાંથી ઉત્પન્ન થયા છે. તે વિષ્ણુના અંશરૂપ મનાય છે. આ વર્ણના લોકોનું કામ દેશનું શાસન અને શત્રુઓથી તેની રક્ષા કરવી તે છે. મનુ પ્રમાણે આ વર્ણના લોકોનું કર્તવ્ય વેદનો અભ્યાસ, પ્રજાપાલન, દાન અને યજ્ઞ કરવા તથા વિષયવાસનાથી દૂર રહેવું તે છે. વસિષ્ઠે આ વર્ણના લોકોનો મુખ્ય ધર્મ અધ્યયન, શાસ્ત્રનો અભ્યાસ અને પ્રજાપાલન બતાવેલ છે. અગાઉ રાજ્યના શાસક, સેનાપતિ અને યોદ્ધા ઘણું કરીને ક્ષત્રિય જ બનતા. બ્રાહ્મણોની સાથે વધારે રહેવાથી ક્ષત્રિયોમાં ખાસ કરીને રાજકીય વર્ગમાં શિક્ષાનો પ્રચાર સારો હતો. ક્ષત્રિય લોકો શરૂઆતમાં મદ્ય ન પીતા. જો કોઈ ક્ષત્રિય શરાબ પીતો તો તે શાસન કરવાને અયોગ્ય મનાતો. મહાભારત અને રામાયણમાં સૂર્ય અને ચંદ્રવંશીઓનાં વર્ણનો આવે છે અને આ વંશભેદ સમયની સાથે વધતો ગયો.
૬. ન. એ નામનું એક હિંદી પ્રજાસત્તાક રાજ્ય; કથરોઈ.
૭. ન. એક જાતનું મોતી. તે અરુણ સરખું તેલી અને મોટું હોય છે.
૮. વિ. એ નામની જાતનું.

ક્ષત્રિયકર્મ [સં.] ન. શાસ્ત્રમાં કહેલ ક્ષત્રિયને લાયક કર્મ. શૌર્ય, તેજ, ધૃતિ, દક્ષતા, યુદ્ધમાં પાછા ન હઠવું, દાન અને રાજ્યકર્તાપણું એ ક્ષત્રિયનાં કર્મ મનાય છે.

ક્ષત્રિયકા સ્ત્રી. ક્ષત્રિય જાતિની સ્ત્રી.

ક્ષત્રિયકુમાર પું. રાજકુમાર; રાજપુત્ર.

ક્ષત્રિયકુલ [સં.] ન. એ નામનું ૠષભદેવે સ્થાપેલ એક ક્ષત્રિય કુળ.

> ૠષભદેવે રાજનકુળ, **ક્ષત્રિયકુળ**, ઉગ્રકુળ અને ભોગકુળ એવાં ચાર કુળો સ્થાપન કર્યાં.
>
> ગુ. સા. પરિષદ

ક્ષત્રિયકુલકિરીટ [સં.] વિ. ક્ષત્રિયકુળમાં મુગટરૂપ; ક્ષત્રિયમાં ઉત્તમ.

ક્ષત્રિયકુળ જુઓ ક્ષત્રિયકુલ.

ક્ષત્રિયકુંડ [સં.] ન. એ નામનું એક પ્રાચીન શહેર; કુંડપુર. ત્યાં મહાવીરનો જન્મ થયો હતો.

ક્ષત્રિયકુંડપુર ન. મહાવીર સ્વામીની જન્મભૂમિનું ગામ; સિદ્ધાર્થ રાજાની રાજધાનીનું ગામ.

ક્ષત્રિયતા [સં.] સ્ત્રી. ક્ષત્રિયપણું.

ક્ષત્રિયત્વ જુઓ ક્ષત્રિયતા.

ક્ષત્રિયધર્મ [સં.] પું. ક્ષત્રિયનો ધર્મ. અધ્યયન કરવું, યજ્ઞ કરવા, દાન કરવું, શસ્ત્રથી આજીવિકા કરવી અને પ્રાણીઓનું રક્ષણ કરવું એ ક્ષત્રિયના ધર્મ છે.

ક્ષત્રિયપણું ન. ક્ષત્રિયમાં રહેલ ગુણ.

ક્ષત્રિયરત્ન [સં.] પું. ક્ષત્રિયમાં ઉત્તમ પુરુષ.

ક્ષત્રિયવટ સ્ત્રી. ક્ષત્રિયની ટેક; ક્ષત્રિયપણું; ક્ષાત્રત્વ.

ક્ષત્રિયવિદ્યા [સં.] સ્ત્રી. ક્ષત્રિયની ધર્મવિદ્યા આદિ વિદ્યા; ચાળીસ માંહેની એક વિદ્યા.

ક્ષત્રિયહણ [સં.] પું. પરશુરામ.

ક્ષત્રિયા [સં.] સ્ત્રી. ક્ષત્રિયાણી; ક્ષત્રિય જાતિની સ્ત્રી.

ક્ષત્રિયાઆર્યા સ્ત્રી. (પિંગળ) એક આર્યા માત્રામેળ છંદ.

ક્ષત્રિયાણી ૧. સ્ત્રી. ક્ષત્રિયા; ક્ષત્રિય જાતિમાં ઉત્પન્ન થયેલ સ્ત્રી.
૨. સ્ત્રી. બહાદુર સ્ત્રી.

ક્ષત્રિયાદ્ય [સં.] વિ. ક્ષત્રિયમાં મુખ્ય.

ક્ષત્રિયાધમ [સં.] પું. અધમ ક્ષત્રિય; નીચ ક્ષત્રિય.

ક્ષત્રિયિકા જુઓ ક્ષત્રિયા.

ક્ષત્રિચી જુઓ ક્ષત્રિયા.

ક્ષત્રિયોચિત [સં.] વિ. ક્ષત્રિયને યોગ્ય; ક્ષત્રિયને શોભે તેવું.

ક્ષત્રિયોત્તમ [સં.] વિ. ક્ષત્રિયમાં શ્રેષ્ઠ.

ક્ષત્રી ૧. પું. કથૈડી લોકોનો દેશ. એ લોકો રાવી અને બિયાસ નદીની વચ્ચેના પ્રદેશમાં રહેતા હતા. એમની રાજધાની સંગલમાં હતી.

૨. પું. ક્ષત્રિય.

૩. સ્ત્રી. એ નામની એક જાતિ.

૪. ન. એ નામની જાતિનું માણસ.

૫. વિ. એ નામની જાતિનું.

ક્ષત્રીકુંડ સ્ત્રી. એ નામની નગરી. તે મહાવીર સ્વામીના પિતા સિદ્ધાર્થની રાજધાનીનું શહેર હતું.

ક્ષત્રીજાયો પું. ક્ષત્રિય.

ક્ષત્રીધર્મ પું. રજપૂતની ફરજ. અધ્યયન કરવું, યજ્ઞ કરવા, દાન કરવું, શસ્ત્રથી આજીવિકા ચલાવવી અને ભૂતરક્ષણ એ ક્ષત્રિયના ધર્મ છે.

ક્ષત્રીવટ સ્ત્રી. ક્ષત્રિય જાતનું બિરદ; ક્ષત્રિય જાતનું અભિમાન.

ક્ષત્રીવૃત્તિ સ્ત્રી. લડાયક વૃત્તિ; ક્ષત્રિયનો જુસ્સો.

ક્ષત્રોપેક્ષ પું. (પુરાણ) શ્વફલ્ક યાદવના તેર માંહેનો એક પુત્ર.

ક્ષથ્રોઈ જુઓ ક્ષત્રિય.

ક્ષદન [સં.] ન. હળવે હાથે ચપ્પુથી શરીરના ભાગને કાપ્યા વગર ખોતરીને લોહી કાઢવું તે.

ક્ષપ્ ૧. [સં.] અ. ક્રિ. ઉપવાસ કરવો.

૨. અ. ક્રિ. ગેરહાજર રહેવું.

૩. સ. ક્રિ. ચૂકી જવું.

૪. સ. ક્રિ. ફેંકવું.

૫. સ. ક્રિ. મોકલવું.

૬. સ. ક્રિ. (ધાતુ) સહન કરવું. તે ઉપરથી થયેલ શબ્દ: ક્ષપિત.

ક્ષપક ૧. પું. જૈન અથવા બૌદ્ધ સાધુ.

૨. વિ. કર્મોનો ક્ષય કરનાર.

ક્ષપકશ્રેણિ જુઓ ક્ષપકશ્રેણી.

ક્ષપકશ્રેણી સ્ત્રી. (જૈન) કર્મનો નાશ કરવાની પરિપાટી; આત્મગુણ પ્રગટ કરી ગુણસ્થાનકે ચડવાના બે માંહેનો એ નામનો એક રસ્તો. આ રસ્તે ચડેલ માણસ કદી ગુણસ્થાનકમાં પડતો નથી, પણ ઊંચે જ ચડતો રહે છે. છેવટે તે પરમ પદને પ્રાપ્ત કરે છે.

ક્ષપણ ૧. [સં.] પું. જૈન અથવા બૌદ્ધ સાધુ; રાગદ્વેષનો ત્યાગ કરેલ શ્રમણ.

૨. પું. દિગંબર સાધુ.

૩. પું. શિવ.

૪. ન. ઉપવાસ.

૫. ન. કર્મનો ક્ષય; નિર્જરા.

૬. ન. ગાળવું તે.

૭. ન. પ્રકરણ; અધ્યાય.

૮. ન. ફેંકવું તે; દૂર કરવાપણું.

૯. વિ. દૂર કરનાર.

૧૦. વિ. નિર્લજ્જ; બેશરમું.

ક્ષપણક ૧. [સં.] પું. એ નામનો એક કવિ. તે વિક્રમાદિત્યના નવ રત્ન માંહેનો એક હતો. તેણે અનેકાર્થધ્વનિમંજરી નામનો કોશ બનાવ્યો હતો.

૨. પું. એ નામનો એક નાસ્તિકવાદી. મહાભારતના યુદ્ધ પછી અવ્યવસ્થા અને ગોટાળો થઈ જતાં સૌ કોઈ પોતપોતાની મરજી પ્રમાણે વર્તતા હતા. એ વખતે નાસ્તિકવાદી ક્ષપણક થયો હતો. ઈશ્વર નથી, પુનર્જન્મ નથી, પાપપુણ્ય નથી અને શરીરને ગમે તેવાં કાર્યથી પુષ્ટ અને સુખી રાખવું એ જ સાચો ધર્મ છે એમ તેણે જણાવ્યું. આ ઉપદેશ નાશ પામ્યો તોપણ તેની અસર ગઈ નહિ અને એમાંથી જ બૌદ્ધ મત થયો એમ કહેવાય છે.

૩. પું. દિગંબર સાધુ.

૪. પું. બૌદ્ધ સંન્યાસી; મૂંડિયો સાધુ; ભિક્ષુ.

૫. વિ. નિર્લજ્જ; બેશરમ.

ક્ષપણા સ્ત્રી. અધ્યયન; અભ્યાસ.

ક્ષપણી ૧. [સં.] સ્ત્રી. ગોફણ.

૨. સ્ત્રી. માછલાં પકડવાની જાળ.

૩. સ્ત્રી. હોડીનું હલેસું.

ક્ષપા ૧. પું. સૂર્યનાં એકસો આઠ માંહેનું એક નામ.

૨. [સં.] સ્ત્રી. રાત્રિ; રાત.

> ક્ષણદા **ક્ષપા** તમસ્વિની તમી તમિસ્રા હોઈ;
> નિશા શર્વરી વિભાવરી રાત્રી ત્રિયામા સોઈ.
> પિંગળલઘુકોષ

૩. સ્ત્રી. હળદર.

ક્ષપાઅંધ વિ. રતાંધળું; રાત્રિએ ન દેખનાર.

ક્ષપાકર ૧. [સં.] પું. કપૂર.

૨. પું. ચંદ્ર.

ક્ષપાચર ૧. [સં.] પું. ચંદ્ર.

૨. પું. ચોર.

૩. પું. નિશાચર; રાક્ષસ.

૪. વિ. રાત્રિમાં ફરનાર.

ક્ષપાચરી [સં.] સ્ત્રી. રાક્ષસી; નિશાચરી.

ક્ષપાજલ [સં.] ન. હિમ.

ક્ષપાટ ૧. [સં.] પું. રાક્ષસ.

૨. વિ. રાત્રિમાં ભટકનાર.

ક્ષપાદિવા [સં.] ન. બ. વ. રાતદિવસ; રાત્રિ અને દિવસ.

ક્ષપાધર જુઓ ક્ષપાનાથ.

ક્ષપાનાથ ૧. [સં.] પું. કપૂર.

૨. પું. ચંદ્રમા.

ક્ષપાપતિ ૧. [સં.] પું. કપૂર. પાંદડાના આકારનો આ કપૂર તૃષાને મટાડનારો હોવાથી તે ક્ષપાપતિ કહેવાય છે.

૨. પું. ચંદ્રમા; ચાંદો.

ક્ષપાવિદ્ધ્વકર પું. (પુરાણ) ત્રણની સંજ્ઞાવાળો અંગિરા કુળનો એક ઋષિ.

ક્ષપાંત [સં.] પું. સવાર; પ્રભાત; ભોર.

ક્ષપિત ૧. [સં.] વિ. ક્ષીણ; નબળું; પાતળું.

૨. વિ. ઘટેલું; ઓછું થયેલું.

૩. વિ. નાશ પામેલ.

૪. વિ. સહન કરેલું.

ક્ષપ્ર અ. તરત; એકદમ.

ક્ષમ્ ૧. [સં.] સ. ક્રિ. (ધાતુ) ક્ષમા કરવી; સહન કરવું; ખમવું. તે ઉપરથી નીકળેલ શબ્દ: ક્ષમા, ક્ષંતા, ક્ષંતવ્ય, ખમા, ખમવું.

૨. સ. ક્રિ. રજા દેવી; પરવાનગી આપવી.

૩. સ. ક્રિ. રાહ જોવી; થોભવું.

૪. સ. ક્રિ. શક્તિમાન થવું.

૫. સ. ક્રિ. સામું થવું; વિરુદ્ધ પડવું.

ક્ષમ ૧. [સં.] પું. યથાર્થતા; વાજબીપણું.

૨. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. તે સર્વશક્તિમાન હોવા છતાં ક્ષમા કરનારા છે. વળી સહન કરનારા તથા નિર્વૈર પણ તે જ છે. તેથી ક્ષમ કહેવાય છે.

૩. પું. શક્તિ; બળ.

૪. ન. યુદ્ધ.

૫. વિ. ક્ષમાવાળું; સહનશીલ; સહન કરી શકે એવું.

૬. વિ. ધીરજવાળું.

૭. વિ. યથાર્થ; યોગ્ય; વાજબી.

૮. વિ. શુભ; હિતકર.

૯. વિ. સમર્થ; શક્તિમાન; સાધી શકે એવું.

ક્ષમક્ષણી સ્ત્રી. રુક્મિણી; કૃષ્ણની પત્ની.

> એક મને તું સ્તવી થાનકે,
> સ્થિર કરીયા વર **ક્ષમક્ષણી**. નાકર

ક્ષમણ ૧. પું. તપ; વ્રત.

૨. પું. સહનશીલતા રાખનાર સાધુ.

૩. ન. ક્ષમા; માફી.

૪. ન. ક્ષાંતિ; સહનશીલતા.

ક્ષમણીય [સં.] વિ. માફ કરવા યોગ્ય; ક્ષમા કરવા લાયક.

ક્ષમતા ૧. [સં.] સ્ત્રી. ક્ષમાભાવ; સહનશક્તિ; સહનશીલતા.
૨. સ્ત્રી. ગ્રહણશક્તિ; ધારણશક્તિ.
૩. સ્ત્રી. યોગ્યતા; લાયકી.
૪. સ્ત્રી. શક્તિ; બળ; સામર્થ્ય.
૫. સ્ત્રી. શબ્દમાં રહેલ અર્થપ્રકાશન સામર્થ્ય.
૬. સ્ત્રી. સત્તા; અધિકાર; અખત્યાર.

ક્ષમત્વ જુઓ ક્ષમતા.

ક્ષમવું સ. ક્રિ. ક્ષમા આપવી; ખમી લેવું.

ક્ષમા ૧. પું. (પિંગળ) અર્ધસમજાતિ એક માત્રામેળ છંદ. તે વર્ણવાળી આર્યા છંદનો ભેદ છે. તેમાં ૨૨ ગુરુ અને ૧૩ લઘુ મળી ૩૫ વર્ણ અને ૫૭ માત્રા હોય.
૨. પું. (પિંગળ) એ નામનો એક છંદ. તેમાં ભગણ, મગણ, સગણ, ભગણ, ત્રણ નગણ અને ગુરુ મળી બાવીશ અક્ષર હોય છે.
૩. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ચંદ્રિકા; ઉત્પલિની. તે અતિજગતી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, નગણ, તગણ, તગણ અને ગુરુ મળી તેર અક્ષર હોય છે. આમાં સાતમા અક્ષર પછી યતિ કે વિસામો આવે છે.
૪. પું. વિષુવાંશ ૫૬ અને ઉત્તર ક્રાંત્યંશ ૨૪માં આવેલો ચોથા મહત્ત્વનો તારો.
૫. સ્ત્રી. અળસી નામની વનસ્પતિ.
૬. સ્ત્રી. એ નામની બાર માંહેની સૂર્યની એક કલા. તપિની, તાપિની, ધૂમ્રા, મરીચિ, જ્વાલિની, રુચિ, સુષુમ્ણા, ભોગદા, વિશ્વા, બોધિની, ધારિણી ને ક્ષમા એ સૂર્યની બાર કલાનાં નામ છે.
૭. સ્ત્રી. એકની સંખ્યા.
૮. સ્ત્રી. (પુરાણ) દક્ષની એ નામની એક કન્યા.
૯. સ્ત્રી. દુર્ગાદેવીની એક શક્તિ.
૧૦. સ્ત્રી. પૃથ્વી.

> પૃથ્વી ક્ષિતિ ક્ષોણિ **ક્ષમા** ધરણી ધાત્રી ગાય;
> ઉર્વી જગતી વસુમતી વસુધા સર્વ સહાય.
> પિંગળલઘુકોષ

૧૧. સ્ત્રી. માન અપમાનમાં ચિત્તની અવિકારતા.
૧૨. સ્ત્રી. રાત્રિ.
૧૩. સ્ત્રી. રાધિકાની એ નામની એક બહેનપણી.
૧૪. સ્ત્રી. વેત્રવતી નદીનું બીજું નામ.
૧૫. સ્ત્રી. સહિષ્ણુતા; સહનશીલતા; દરગુજર કરવું તે; ખામોશી; માફી.
૧૬. ન. ખેરનું ઝાડ.

ક્ષમાકાર વિ. ક્ષમા કરનાર; માફી આપનાર.

ક્ષમાક્ષમણ ૧. પું. (જૈન) ક્ષમાવાળો સાધુ.
૨. ન. ક્ષમાપૂર્વક સહન કરવું તે; સહિષ્ણુતા.

ક્ષમાક્ષેત્ર પું. શિવ; શંકર.

ક્ષમાચાર જુઓ ક્ષમાક્ષેત્ર.

ક્ષમાદૃષ્ટિ [સં.] સ્ત્રી. માફીભાવ; ક્ષમાની નજર.

ક્ષમાધર ૧. [સં.] પું. ક્ષમા ધારણ કરનાર પુરુષ.
૨. પું. પર્વત; પહાડ; ગિરિ.
૩. પું. પૃથ્વી ધારણ કરનાર શેષનાગ; ધરાધર.
૪. પું. વિપ્ર; બ્રાહ્મણ.
૫. વિ. ક્ષમાશીલ; દરગુજર કરનાર.
૬. વિ. ખામોશ રાખનાર; સહન કરનાર.

ક્ષમાનિધિ [સં.] પું. ક્ષમાનો ભંડાર.

ક્ષમાપડ (ક્ષમાપડ઼) ન. પૃથ્વીની સપાટી.

ક્ષમાપતિ ૧. [સં.] પું. રાજા.
૨. વિ. અતિશય ક્ષમાના ગુણવાળું.

ક્ષમાપત્ર [સં.] ન. રાજદ્રોહી ગુનેગારને માફી આપવાનું જાહેરનામું; માફીપત્રિકા.

ક્ષમાપત્રિકા જુઓ ક્ષમાપત્ર.

ક્ષમાપન ૧. [સં.] ન. ક્ષમા કરવાનું કામ; માફી.
૨. ન. માફી માગવાપણું; ખમાવવું તે; ક્ષમાપના.

ક્ષમાપના ૧. [સં.] સ્ત્રી. (જૈન) દોષનો પશ્ચાત્તાપ; અપરાધની માફી માગવી તે; ખમાવવું તે; ખમતખામણાં.
૨. સ્ત્રી. માફી.

ક્ષમાપાત્ર [સં.] વિ. માફ કરવા યોગ્ય; માફી આપવા જેવું.

ક્ષમાપાલિ પું. (પિંગળ) ગાયત્રી છંદની જાતનો એક વર્ણમેળ છંદ. તેમાં જગણ અને તગણ મળી છ અક્ષર હોય છે.

> જ તા **ક્ષમાપાલિ.** રણપિંગળ

ક્ષમાપ્રાર્થી [સં. ક્ષમાપ્રાર્થિન્] વિ. માફી માગનાર.

ક્ષમાભુજ [સં.] પું. રાજા.

ક્ષમાભૂષણ [સં.] વિ. ક્ષમારૂપી અલંકારવાળું.

ક્ષમામય જુઓ ક્ષમાવાન.

ક્ષમામૂર્તિ [સં.] વિ. અતિશય ક્ષમા દર્શાવનારૂં.

ક્ષમાયાતના સ્ત્રી. ક્ષમા માગતાં થતું દુઃખ.

ક્ષમાયુક્ત જુઓ ક્ષમાવાન.

ક્ષમાર્હ વિ. માફી આપવા યોગ્ય.

ક્ષમાવવું ૧. સ. ક્રિ. ખમાવવું; કરેલ દોષ માટે માફી માગવી.
૨. સ. ક્રિ. માફ કરવું.

ક્ષમાવંત ૧. પું. (પુરાણ) દેવલ ઋષિના બે માંહેનો એક પુત્ર.
૨. પું. (પુરાણ) પ્રત્યૂષ નામના વસુનો પુત્ર.
૩. જુઓ ક્ષમાવાન.

ક્ષમાવાદી ૧. [સં. ક્ષમાવાદિન્] વિ. ક્ષમા આપનાર; માફ કરે એવું.
૨. વિ. ક્ષમા માગનારૂં; માફી યાચનારૂં.

ક્ષમાવાન ૧. વિ. ક્ષમાવાળું; દયાળુ.
૨. વિ. સાંખી રહેનાર; સહનશીલ; સહિષ્ણુ.

ક્ષમાવ્રત [સં.] ન. ગુરુ પાસે દોષની કબૂલતથી કરાતું પ્રાયશ્ચિત્ત; પાપ ધોવા માટે લેવાતું વ્રત; આળોવણ.

ક્ષમાશીલ ૧. [સં.] વિ. ક્ષમાવાન; માફ કરનારૂં.
૨. વિ. શાંત પ્રકૃતિવાળું.
૩. વિ. સહનશીલ; સહિષ્ણુ.

ક્ષમાશીલતા ૧. [સં.] સ્ત્રી. ક્ષમા કરે એવો સ્વભાવ.
૨. સ્ત્રી. રહેમિયત; દયા.
૩. સ્ત્રી. સહનશીલપણું.

ક્ષમાશ્રમણ [સં.] પું. ક્ષમાના ગુણવાળો સાધુ.

ક્ષમાષ્ટ પું. (સંગીત) ચૌદ પ્રકારના તાલ માંહેનો એક તાલ.

ક્ષમાળુ [સં. ક્ષમાલુ] વિ. માફી આપનારૂં; દયાળુ.

ક્ષમિણાંવર ૧. [સં. ક્ષમિન્ (ક્ષમાવાળું) + વર (શ્રેષ્ઠ)] પું. ક્ષમાવંતોમાં ઉત્તમ પુરુષ.
૨. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. તે સહનશક્તિ ધરનારાઓમાં ઉત્તમ, ક્ષમા કરનારાઓમાં શ્રેષ્ઠ, અનંત કોટિ જન્મોનાં કરેલાં પાપ અને પુણ્યરૂપ કર્મોને ભસ્મ કરી દઈ સ્વરૂપજ્ઞાન કરાવનારા, શરણે આવેલાને અભયદાન કરનારા, અશરણના શરણ અને સર્વશક્તિમાન હોવાથી ક્ષમિણાંવર કહેવાય છે.

ક્ષમિત [સં.] વિ. ક્ષમા કરેલ; માફી આપેલું.

ક્ષમિતવ્ય [સં.] વિ. ક્ષમા કરવા યોગ્ય; માફ કરી શકાય એવું.

ક્ષમી ૧. [સં. ક્ષમિન્] વિ. ખામોશીવાળું; માફ કરવાના સ્વભાવવાળું.

૨. વિ. શાંત પ્રકૃતિવાળું.

૩. વિ. સમર્થ; શક્તિમાન.

ક્ષમોપાધિ [સં.] સ્ત્રી. માફીની શરત.

ક્ષમ્ય [સં.] વિ. માફ કરવા જેવું; ક્ષમા આપી શકાય એવું.

ક્ષય ૧. [સં.] પું. (જ્યોતિષ) અઠ્ઠાવીશ માંહેનો એક યોગ. જુઓ યોગ.

૨. પું. અવગતિ; દુર્દશા.

૩. પું. અંત; સમાપ્તિ; છેડો.

૪. પું. એ નામે એક વૈદિક સ્તોત્રસંત્ર; દેવસંઘ.

૫. પું. એક જાતનો મહિનો; ક્ષયમાસ.

૬. પું. ઘસાઈ જવાપણું; ક્ષીણ થવું તે; ઘટાડો.

૭. પું. ચંદ્રની કળા ઓછી થતી જવી તે.

૮. પું. જમીનનો ઘસારો.

૯. પું. નાશ; લય; ઉચ્છેદ.

૧૦. પું. નિરોધ; અટકાવ.

૧૧. પું. પ્રભવથી સાઠમો સંવત્સર; સાઠ માંહેનો છેલ્લો સંવત્સર. તે બહુ ભયાનક અને ઉપદ્રવકારી કહેવાય છે.

૧૨. પું. પ્રલય; કલ્પાંત.

૧૩. પું. ફેફસાંનો એક રોગ; રાજરોગ; રાજક્ષ્મા; ધાતુક્ષય; ખેન. આ ચેપી રોગ પ્રાણીઓના શ્વાસોચ્છ્વાસ મારફત ફેલાય છે. માણસો ઉપરાંત બધી જાતનાં જાનવરોને તેમ જ પક્ષીઓને પણ તે લાગુ પડે છે. તેનું કારણ અમુક જાતનાં જંતુ છે. આ જંતુ પ્રાણીઓનાં શરીરમાં જીવી શકે છે. બંધ હવાવાળાં મકાનોમાં તે જલદી ફેલાય છે. ખુલ્લી હવામાં તે જલદી ફેલાતાં નથી. સૂર્યના તડકામાં તરત મરી જાય છે. ક્ષયવાળાં દૂધાળાં પશુઓનાં દૂધ મારફત પણ તે ફેલાતો હોવાથી માણસોને આ રોગ ઘણો જ ભય ભરેલો છે. ઘણાં કુટુંબમાં આ રોગ વારસા તરીકે પણ ઊતરે છે. ખરાબ ખોરાકથી, તમાકુ અને દારૂ વગેરે કેફી વસ્તુઓ ઘણી પીવાનો મહાવરો રાખવાથી અથવા કાચી ઉમરે સંસારમાં પડવાથી તેમ જ ઘણી જ ચિંતા રાખવાથી શરીરમાં નબળાઈ પેદા થઈ આ રોગ લાગુ થાય. ક્ષયની શરૂઆત એવી તો અજાણી રીતે થાય છે કે ઘણી વેળા તેનું મૂળ મજબૂત રોપાય છે. તેથી સાધારણ જોનારને તે વિષે કશો વિચાર આવતો નથી. કેટલીક વખત શરૂઆતમાં જરા ખાંસી ઘણા દિવસો સુધી થયા કરે. અને આખર જતાં તે સવારના જણાય. તેમાં વધારો થઈ ખાંસીનું જોર વધે અને તે કાયમ રહે. તેની સાથે થોડો ચીકણો, પાતળો બલગમ પડે. આ ખાંસી થતી વેળા ગળામાં ખરાટી લાગે છે અને રોગીનો અવાજ ઘેરો થાય છે. ખાંસી ઘણા દિવસ રહેવાથી રોગીનો શ્વાસ ભરાઈ આવે છે અને થોડી મહેનત કર્યાથી પણ તેને હાંફણ થઈ આવે છે. શરીરમાં નબળાઈ વધવા લાગે અને રોગી ધીમે ધીમે સુકાતો જાય. આ રોગ નાની ઉંમરે બહુ થાય છે. વૈદિક સમયના આર્યો પણ આ પ્રાણઘાતક રોગથી બીતા અને તેને હાંકી કાઢવા માટેનાં બે સૂક્તો વેદમાં જોવામાં આવે છે. શરીરના સ્વાભાવિક વેગો રોકવાથી, ઉપવાસથી, ચિંતાથી કે શ્રમથી આ રોગ થાય છે. તેની ત્રણ સ્થિતિ છેઃ (૧) પહેલી સ્થિતિઃ ખાંસી, દમ, શ્વાસ, નબળાઈ, ઉતાવળી નાડી, દરદી લેવાતો જાય, જમ્યા પછી નાડી વધુ ઉતાવળી બને, સાંજે હાથ પગમાં દાહ અને તાવ. (૨) બીજી સ્થિતિઃ ફેફસાં સૂજી આવે, કફ પડે, ઝાડા થાય, છાતી પોલી થાય, હાંસડી બેઠેલી અને તાવ જણાય. આ અવસ્થામાં ઠીક ચિકિત્સા થાય તો રોગી બચી શકે છે. (૩) ત્રીજી સ્થિતિઃ પાંસળી વચ્ચે ખાડા અને દરદવાળી જગો બેઠેલી માલૂમ પડે, રોગી બિલકુલ ક્ષીણ થઈ જાય અને મોઢેથી વધારે લોહી પડે. આ સ્થિતિ તદ્દન અસાધ્ય છે. આ રોગ ઘણુંખરૂં ફેફસામાં થાય છે. શ્વાસોચ્છ્વાસ બરાબર ચાલતા નથી. ઉધરસ થાય છે. પ્રાણી દૂબળું પડતું જાય. દૂધાળાં ઢોરને આ રોગ અડણમાં થાય છે. અડણ કઠણ અને મોટું થતું જાય, દૂધ ઓછું, પાતળું અને પીળું થતું જાય અને આખરે બંધ થાય. આ દૂધ જેના પીવામાં આવે તેને પણ તે રોગ લાગુ પડે. આંતરડાં બગડ્યાં હોય ત્યારે પેટમાં દુખવાનાં ચિહ્ન માલૂમ પડે. પેટની છૂટવાની શરૂઆત થાય તે લાંબો વખત જારી રહે અને પ્રાણી ક્ષીણ થતું જાય. સ્વચ્છ હવાવાળાં વિશાળ મકાનોમાં પ્રાણીઓને પૂર્ણ આરામમાં રાખવાથી આ રોગ અટકે છે. ક્ષયનાં જંતુ ઘણાં જ ઝીણાં હોય છે અને તે ફક્ત સૂક્ષ્મદર્શક યંત્રથી જોઈ શકાય છે. આ જંતુ શ્વાસમાં જવાથી ક્ષય ઉત્પન્ન થાય છે. ક્ષયના રોગીના થૂંકમાં તે અગણિત હોય છે. રોગી જમીન ઉપર, દીવાલ ઉપર, જાહેર અથવા ખાનગી જગ્યામાં થૂંકે અને આ થૂંક સુકાય ત્યારે તેનાં રજકણો જો બીજાના દમ વાટે તેના શરીરમાં પ્રવેશ થાય તો તેને ક્ષયનો રોગ લાગુ પડવાનો સંભવ છે. ક્ષયના દરદીએ પોતાની પાસે એક થૂંકદાની રાખવી અને તેમાં થોડુંક કારબોલિકનું દ્રાવણ રાખવું અને જ્યારે થૂંકવું હોય ત્યારે તેમાં જ થૂંકવું. આવી થૂંકદાની એવે સ્થળે ખાલી કરવી જોઈએ કે જ્યાંથી તેનો ફેલાવો ન થાય. વળી તેને ગરમ પાણીથી ધોઈ સાફ કરવી જોઈએ. જો ક્ષયનો દરદી રૂમાલમાં અથવા કાગળમાં થૂંકવાનું પસંદ કરે તો તે કપડું અથવા કાગળ પણ બાળી નાખવો જોઈએ. ક્ષયના દરદીએ એકલાએ જ સૂવું અને સૂવાના ઓરડાનાં બારીબારણાં ખુલ્લાં રાખવાં. બિછાનાની ચાદર અને પહેરવાનાં કપડાં ગરમ પાણીમાં બોળી પછી ધોવાં જોઈએ અને બીજાં કપડાંઓથી તેને જુદાં રાખવાં જોઈએ. ક્ષયનાં જંતુ ફેફસામાં જવા ઉપરાંત આંતરડાંમાં તેમ જ શરીરના બીજા ભાગમાં પણ જઈ શકે છે અને આંતરડાંનો ક્ષય વગેરે થાય છે. માતાને ક્ષય રોગ હોય તો તેણે પોતાનું દૂધ બચ્ચાંને પાવું નહિ. ગાય વગેરેનું દૂધ પણ ગરમ કર્યા વગર લેવું નહિ. સૂર્યનો તડકો અને ખુલ્લી હવા એ ક્ષયનાં જંતુઓના ખાસ દુશ્મન છે, માટે દરદીને તડકાનો ને ખુલ્લી હવાનો લાભ મળે તેમ રાખવો. દારૂ ક્ષયના રોગીને ઝેર સમાન છે. ક્ષયના દરદીએ થૂંક ગળી જવું નહિ. આવા રોગીને દૂધનો ખોરાક અને કોડલીવર ઓઇલ આપવું અને કાબેલ તબીબની સલાહ લેવી. આ ભયંકર રોગ હોવાથી માથું મારી બેસી રહેવું ન જોઈએ. સિતોપલાદિ ચૂર્ણ સવાર સાંજ પા તોલો મધ અને ઘી સાથે ચાટવું. મધ અને ઘી સરખા વજને લેવાં નહિ. ઉપર બકરીનું દૂધ લેવું. સોનાનો વરખ આ રોગમાં ફાયદો કરે છે. અરડૂસીનો રસ પણ ફાયદાકારક મનાય છે.

૧૪. પું. રહેઠાણ; નિવાસ.

૧૫. પું. વિરામ; શાંતિ.

૧૬. પું. હરકોઈ રોગ.

૧૭. પું. હાનિ; ઈજા.

૧૮. સ્ત્રી. ક્ષયતિથિ; મહિનાનો ક્ષય પામેલો દિવસ.

૧૯. ન. બસો ચોરાણું જાતનાં ઘરોમાંનું એક જાતનું ઘર. તેની પશ્ચિમે અને ઉત્તરે એક એક અલિંદ હોય છે.

૨૦. વિ. ઓછાની નિશાનીવાળું; — આવી નિશાની હોય એવું.

૨૧. વિ. ઓછું થતું; ઘટતું.

ક્ષયકારિણી [સં.] વિ. સ્ત્રી. નાશ કરનારી.

ક્ષયકારી [સં. ક્ષયકારિન્] વિ. ધીમે ધીમે ખાઈ જનારૂં; નાશકારી.

ક્ષયકાલ [સં.] પું. દુનિયાનો નાશ; પ્રલય.

ક્ષયકાસ [સં.] પું. ઉધરસના પાંચ માંહેનો એક પ્રકાર; ક્ષયની ઉધરસ. કુપથ્ય અને વિષમાશન કરવાથી, બહુ મૈથુન કરવાથી,

મળમૂત્ર રોકવાથી, ઘણો શોક કરવાથી, ઘણું સૂવાથી માણસને મંદાગ્નિ થઈ વાત, પિત્ત અને કફ એ ત્રણેના કોપથી ક્ષયરોગની ખાંસી પેદા થાય છે. એનાથી શરીર ક્ષીણ થઈ તાવ, દાહ અને મોહ થાય ત્યારે દેહ ટકતો નથી. એ રોગી સૂકો ખાંસે છે, દૂબળો થતો જાય છે અને માંસ અને લોહી સુકાય છે. તે પરુ થૂંકે ત્યારે તેનો રોગ અસાધ્ય જાણવો.

ક્ષયકુઠાર [સં.] પું. ક્ષય રોગનો નાશ કરનાર એ નામનું એક ઔષધ.

ક્ષયગ્રસ્ત ૧. [સં.] વિ. ક્ષયના રોગથી ઘેરાયેલું.

૨. વિ. નાશને પંથે પડેલું.

ક્ષયગ્રંથિ સ્ત્રી. ક્ષયરોગની ઝીણી ઝીણી ગાંઠ.

ક્ષયજ ૧. [સં.] પું. ક્ષયથી થયેલ ઉધરસ.

૨. વિ. ક્ષયથી ઉત્પન્ન થનાર.

ક્ષયજશિરોરોગ [સં.] પું. એક જાતનો માથાનો રોગ. તેમાં માથામાં સખત શૂળ નીકળે છે.

ક્ષયજ્ઞાની પું. (જૈન) કેવળી; આવરણના ક્ષયથી ઉત્પન્ન થયેલ કેવળ જ્ઞાનવાળો મનુષ્ય.

ક્ષયજ્વર [સં.] પું. ક્ષયના રોગથી આવતો તાવ; જીર્ણજ્વર.

ક્ષયણ ૧. પું. શંકર; રુદ્ર.

૨. વિ. વસવા યોગ્ય દેશમાં રહેનાર.

ક્ષયતરુ [સં.] ન. એક જાતનું ઝાડ; સ્થાલીવૃક્ષ; પીપળ.

ક્ષયતાપ [સં.] પું. (વેદાંત) પુણ્યકર્મનો ક્ષય થવાથી સ્વર્ગાદિ લોકમાંથી નીચે પડવાના ભયથી ઉત્પન્ન થયેલ દુઃખ.

ક્ષયતિથિ ૧. [સં.] સ્ત્રી. જેનો લોપ થતો હોય તેવી તિથિ. જો બે પાસે પાસેના દિવસોની સૂર્યોદયની વચમાં એક આખી તિથિ સમાઈ જતી હોય તો તે ક્ષયતિથિ થાય છે, એટલે તે દિનગણનામાં આવતી નથી.

૨. સ્ત્રી. માસિક શ્રાદ્ધતિથિ; માસીસો.

૩. સ્ત્રી. સંવત્સરી; વરસી.

ક્ષયથુ [સં.] પું. ઉધરસનો રોગ; ખાંસી.

ક્ષયદિવસ જુઓ ક્ષયતિથિ.

ક્ષયદ્વીર ૧. પું. શંકર; રુદ્ર.

૨. વિ. બળવાન દુશ્મનનો નાશ કરનાર; વીરોને હણનાર.

ક્ષયનાશન [સં.] વિ. ક્ષય રોગ મટાડનાર.

ક્ષયનાશિની [સં.] સ્ત્રી. જીવંતી વૃક્ષ.

ક્ષયપક્ષ ૧. [સં.] પું. કૃષ્ણપક્ષ; અંધારિયું.

૨. પું. તેર દિવસનું પખવાડિયું.

ક્ષયપલ [હિં.] પું. કૃષ્ણપક્ષ; અંધારિયું.

ક્ષયપ્રાપ્ત [સં.] ન. ક્ષીણતા; નબળાઈ.

ક્ષયમાઘ પું. (જ્યોતિષ) માઘ માસનો ક્ષય હોવો તે.

ક્ષયમાય ૧. સ્ત્રી. ખાંસી; ઉધરસ.

૨. વિ. દમિયલ; દમના રોગવાળું.

ક્ષયમાસ પું. ચાંદ્રમાસમાં સૂર્ય બે સંક્રાંતિમાં એટલે એક રાશિનો પૂર્ણ ભોગ કરી બીજી રાશિમાં પ્રવેશ કરતો હોય તેવો ચાંદ્રમાસ. જો એક સૌર ચાંદ્રમાસમાં સૂર્યની બે સંક્રાંતિ આવે તો પહેલી સંક્રાંતિ ઉપરથી આવતો માસ ક્ષયમાસ થાય છે એટલે તે માસ ગણનામાં આવતો નથી. હાલમાં સૂર્યની ગતિ કાર્તિક, માર્ગશીર્ષ અને પોષ મહિનામાં ઉતાવળી હોય છે. તેને વૃશ્ચિક, ધન અને મકર એ રાશિક્રમણમાં ૨૯॥ દિવસથી ઓછા દિવસ લાગે છે એટલે તે વખતે એકાદા ચાંદ્રમાસમાં બે સંક્રાંતિ થવાની સંધિ કોઈ કોઈ વાર આવે છે. આવે વખતે ક્ષયમાસ થાય છે. તે એક વાર આવ્યા પછી ૧૪૧ અથવા ૧૯ વર્ષે ફરીથી આવે છે. જ્યારે આવે ત્યારે તેનું સાટું વાળવા અધિક મહિનો તેની પાછળ કે આગળ ત્રણ ચાર મહિનામાં આવે છે. શાકે ૧૭૪૪માં માર્ગશીર્ષનો ક્ષય થયો હતો. હવે પછી શાકે ૧૮૮૫માં એટલે સંવત ૨૦૨૦માં તે માર્ગશીર્ષનો જ ક્ષય થશે.

ક્ષયરાશિ સ્ત્રી. ઋણરાશિ; જે પરિમાણની આગળ ઓછાનું ચિહ્ન હોય તે.

ક્ષયરોગ જુઓ ક્ષય ૧૩.

ક્ષયરોગિતા [સં.] સ્ત્રી. ક્ષયનો રોગ હોવાપણું.

ક્ષયરોગિત્વ જુઓ ક્ષયરોગિતા.

ક્ષયરોગી વિ. ક્ષયના રોગવાળું.

ક્ષયવત [સં. ક્ષયવત્] વિ. નાશવાન; નાશ પામનાર.

ક્ષયવાન જુઓ ક્ષયવત.

ક્ષયવાયુ [સં.] પું. સૃષ્ટિને અંતે વાતો પ્રલયકાળનો પવન.

ક્ષયવૃદ્ધિ ૧. [સં.] સ્ત્રી. (ગણિત) ઓછાવધતાની સંખ્યા.

૨. સ્ત્રી. વધઘટ; ઓછું થવું ને વધવું તે.

ક્ષયશીલ [સં.] વિ. નાશવંત; નશ્વર.

ક્ષયશીલસંપત્તિ [સં.] સ્ત્રી. નાશ પામે તેવી દોલત.

ક્ષયસંવત્સર [સં.] પું. એક આખા વર્ષનો ઘટાડો. જૂના કાળમાં ચાલતા બૃહસ્પતિના દર ૮૫ સંવત્સરે ૧ સંવત્સરનો લોપ થતો હતો, કારણકે ૮૬ બૃહસ્પતિ સંવત્સર ૮૫ સૌર સંવત્સરની લગભગ હોય છે. પ્રભવ વગેરે સંવત્સરો બાર્હસ્પત્યમાનના છે. બૃહસ્પતિને એક રાશિના ક્રમણ માટે મધ્યમાન પ્રમાણે શુમારે ૩૬૧ દિવસ લાગે છે, એટલા કાળમાં એક બાર્હસ્પત્ય સંવત્સર થાય છે. આને લીધે શુમારે ૮૫ સૌર વર્ષમાં ૮૬ બાર્હસ્પત્ય સંવત્સર થાય છે, એટલે કે એક સંવત્સરનો ક્ષય થાય છે. આ પદ્ધતિ નર્મદાની ઉત્તરે હજી પણ ચાલે છે. આ તરફ પણ શકે ૭૨૬ સુધી તે ચાલતી હતી.

ક્ષયંકર [સં.] વિ. નાશ કરનાર.

ક્ષયંકારી સ્ત્રી. મણિદ્વીપની અંદર આવેલ ચોસઠ માંહેની એક કળા. જુઓ કળા.

ક્ષયાત્મક [સં.] વિ. જેની પહેલાં ઓછાની નિશાની હોય તેવું; બાદ કરવાનું.

ક્ષયાહ ન. એક પ્રકારનું વાર્ષિક શ્રાદ્ધ. હાલ ક્ષયાહ અને કન્યાગત એ બે જ પ્રકારનાં શ્રાદ્ધનો વિશેષ પ્રચાર જોવામાં આવે છે.

ક્ષયિત્વ [સં.] ન. નાશ પામવાપણું.

ક્ષયિષ્ણુ [સં.] વિ. નાશ પામવાના સ્વભાવવાળું; નશ્વર.

ક્ષયી ૧. [સં. ક્ષયિન્] પું. કપૂર.

૨. પું. ચંદ્રમા; ચંદ્ર. પુરાણાનુસાર દક્ષના શાપથી ચંદ્રમાને ક્ષય રોગ થયો હતો, તેથી તેને ક્ષયી કહે છે.

૩. વિ. ક્ષયરોગવાળું; ક્ષય થયો હોય તેવું.

૪. વિ. નાશવંત; નશ્વર.

ક્ષયેશ [સં.] પું. ચંદ્ર.

ક્ષયોપશમ ૧. [સં.] પું. (જૈન) ઉદયમાં આવેલ કર્મનો ક્ષય અને ઉદયમાં ન આવેલ કર્મની શાંતિ.

૨. પું. ક્ષમાએ કરીને મનાતી શાંતિ.

૩. પું. નાશ.

ક્ષય્ય [સં.] વિ. ક્ષય થવા જેવું; જેનો ક્ષય થઈ શકે એવું.

ક્ષર્ ૧. [સં.] અ. ક્રિ. (ધાતુ) ખરવું. તે ઉપરથી થયેલ શબ્દઃ ખરવું.

૨. અ. ક્રિ. (ધાતુ) ગળવું; ટપકવું. તે ઉપરથી થયેલ શબ્દઃ ઝરવું, ઝરણ; ક્ષરક.

૩. અ. ક્રિ. નકામું થવું.

૪. અ. ક્રિ. (ધાતુ) નાશ કરવો. તે ઉપરથી થયેલ શબ્દ: ક્ષર, ક્ષરણ.

૫. અ. ક્રિ. પડવું.

૬. અ. ક્રિ. વહેવું.

૭. અ. ક્રિ. હાલવું; ચાલવું.

૮. સ. ક્રિ. પાડવું.

૯. સ. ક્રિ. મૂકવું.

૧૦. સ. ક્રિ. રેડવું.

૧૧. સ. ક્રિ. હલાવવું.

ક્ષર ૧. [સં.] પું. અવ્યક્તમાંથી ઉત્પન્ન થનાર સર્વ નાશવંત પદાર્થ કે પ્રાણી.

આ અવ્યક્ત પ્રકૃતિને જ અક્ષર અને તે પ્રકૃતિમાંથી ઉત્પન્ન થનાર સર્વ પદાર્થને ક્ષર એવી બીજી સંજ્ઞા સાંખ્યશાસ્ત્રીઓએ આપેલી છે.
ગીતારહસ્ય

૨. પું. (પિંગળ) એ નામનો અનુષ્ટુપની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ક્ષુર. તેના દરેક ચરણમાં જગણ, નગણ અને બે લઘુ મળી ૮ અક્ષર આવે છે.

જ ના લ લ ક્ષર ધર.
રણપિંગળ

૩. પું. જીવાત્મા.

૪. પું. પરમેશ્વર; પ્રભુ.

૫. પું. મેઘ; વાદળ.

૬. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. તેમના અધિકારીપદમાં જીવપણાની અને ઈશ્વરપણાની પ્રતીતિ માયિક છે. માયિક પ્રતીતિઓ સર્વ મિથ્યા અને વિનાશી હોવાથી તે ક્ષર કહેવાય છે.

૭. પું. શરીર; દેહ.

૮. ન. અજ્ઞાન.

૯. ન. કારણ.

૧૦. ન. કાર્ય.

૧૧. ન. પાણી.

૧૨. વિ. ધીમેધીમે ગળીને જતું રહે તેવું.

૧૩. વિ. નાશ પામે એવું; નાશવંત; નશ્વર.

૧૪. વિ. પડેલું; ખરેલું.

ક્ષરક [સં. ક્ષર્ (ટપકવું)] વિ. ઝરનાર; ટપકનાર; સ્રવનાર.

ક્ષરણ ૧. પું. ઝઘડો.

૨. પું. નાશ થવો તે; ક્ષય.

૩. પું. વિકાર થવો તે.

૪. [સં.] ન. ઝરવું તે; સ્રવવું તે; ટપકવું તે.

૫. ન. મૂકવું તે; છોડવું તે.

૬. વિ. ઝરવાના કે સ્રવવાના સ્વભાવવાળું.

ક્ષરદેહ [સં. ક્ષર (નાશવંત) + દેહ (શરીર)] પું. નાશવંત શરીર; હાડમાંસનું બનેલ શરીર.

ક્ષરવું અ. ક્રિ. નાશ પામવું.

ક્ષરાક્ષર [સં. ક્ષર (નાશવંત) + અક્ષર (નાશ ન પામે એવું)] પું. ક્ષર અને અક્ષર; નાશ પામે એવું તથા નાશ ન પામે એવું.

ક્ષરાક્ષરવિચાર પું. ક્ષર અને અક્ષર સંબંધી વિચાર. ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ એનો વિચાર કર્યા વિના બ્રહ્માંડનો એટલે બાહ્ય સૃષ્ટિનો વિચાર કરવો તથા એક જ નિત્ય પરમેશ્વરથી વિવિધ નાશવંત પદાર્થ શી રીતે થાય છે તે સમજવું, એને ક્ષરાક્ષરવિચાર કહે છે.

ક્ષરિતકરણ [સં.] ન. પાણીનું ઝવવું તે.

ક્ષરી ૧. [સં. ક્ષરિન્] પું. વર્ષાકાળ.

૨. વિ. ક્ષરક; ઝરનાર; ટપકનાર; સ્રવનાર.

ક્ષલ્ ૧. [સં.] સ. ક્રિ. (ધાતુ) ધોવું. તે ઉપરથી થયેલ શબ્દ: ક્ષાલિત, ક્ષાલન, પ્રક્ષાલન, પખાળવું.

૨. સ. ક્રિ. લૂછી નાખવું.

૩. સ. ક્રિ. સાફસૂફ કરવું; સ્વચ્છ કરવું.

ક્ષવક ૧. [સં.] પું. એ નામની એક વનસ્પતિ; અઘેડો; અપામાર્ગ.

૨. પું. નાકછીંકણી.

૩. પું. ભૂતાકાશ.

૪. પું. રાઈ.

૫. પું. રાત.

ક્ષવકૃત [સં. ક્ષવકૃત] પું. છીંકણી; નાકછીંકણી નામની વનસ્પતિ.

ક્ષવથુ ૧. [સં.] પું. ઉધરસ.

૨. પું. નાકનો એક પ્રકારનો રોગ; છીંકનું દરદ; વારંવાર છીંકનું આવવું તે.

ક્ષવપત્રા [સં.] સ્ત્રી. દ્રોણપુષ્પી નામની વનસ્પતિ. તેનાં પાન સૂંઘવાથી છીંક આવે છે તેથી તેને ક્ષવપત્રા કહે છે.

ક્ષવપત્રી જુઓ ક્ષવપત્રા.

ક્ષવિકા ૧. [સં.] સ્ત્રી. એક જાતના ચોખા.

૨. સ્ત્રી. એક જાતની ભોંયરીંગણી.

ક્ષંતવ્ય [સં. ક્ષમ્ (માફ કરવું)] વિ. માફ કરવા જેવું; ક્ષમાને લાયક.

ક્ષંતવ્યતા [સં.] સ્ત્રી. ક્ષમા આપવાનો ગુણ; સહિષ્ણુતા.

ક્ષંતા [સં. ક્ષંતૃ] વિ. માફી આપનાર.

ક્ષા [સં.] સ્ત્રી. પૃથ્વી.

ક્ષાત સ્ત્રી. આબરૂ; કીર્તિ; ખ્યાતિ.

ક્ષાતિ ૧. સ્ત્રી. કીર્તિ; ખ્યાતિ.

૨. સ્ત્રી. નુકસાની.

ક્ષાત્ર ૧. [સં.] ન. ક્ષત્રિયનું કર્મ.

૨. ન. ક્ષત્રિયનો સમૂહ; ક્ષત્રિય કોમ.

૩. ન. ક્ષત્રીપણું; ક્ષત્રીવટ.

૪. ન. ખાતર; ચોરી.

૫. વિ. ક્ષત્રિયને લગતું; ક્ષત્રી સંબંધી.

ક્ષાત્રકન્યા સ્ત્રી. ક્ષત્રિયની કન્યા.

ક્ષાત્રકર્મ [સં.] ન. ક્ષત્રિયનું કામ.

ક્ષાત્રકુલભૂષણ [સં.] વિ. ક્ષત્રિય કુળમાં અલંકારરૂપ.

ક્ષાત્રતેજ [સં. ક્ષાત્રતેજસ્] ન. ક્ષત્રિયોનું પરાક્રમ; રજપૂતાઈનું પાણી.

ક્ષાત્રધર્મ [સં.] પું. ક્ષત્રિયોનો ધર્મ; ક્ષત્રિયોની ફરજ.

ક્ષાત્રનીતિ [સં.] સ્ત્રી. રણસંગ્રામમાં ક્ષત્રિયે પાળવાની નીતિ.

ક્ષાત્રપ્રકોપ [સં.] પું. રજપૂતવટનો ઊભરો.

ક્ષાત્રબળ [સં. ક્ષાત્ર (ક્ષત્રિયનું) + બલ (શક્તિ)] ન. ક્ષત્રિયને લાયક બળ; વીરતા.

ક્ષાત્રવટ સ્ત્રી. ક્ષત્રિયપણું; ક્ષત્રીવટ.

ક્ષાત્રવિદ્યા [સં.] સ્ત્રી. ક્ષત્રિયોએ ભણવાની વિદ્યા; ક્ષત્રિયોને ઉપયોગી વિદ્યા.

ક્ષાત્રવિવાહ [સં.] પું. રાક્ષસવિવાહ; લગ્નના આઠ માંહેનો એક પ્રકાર.

ક્ષાત્રવીરત્વ [સં.] ન. ક્ષત્રિયોની વીરતા.

ક્ષાત્રવૃત્તિ [સં.] સ્ત્રી. સેવ્ય સેવક ભાવ.

ક્ષાત્રસેવા [સં.] સ્ત્રી. ક્ષત્રિયનો ધંધો.

ક્ષાત્રિ [સં.] વિ. ક્ષત્રીય સંબંધી.

ક્ષાત્રોચિત [સં. ક્ષાત્ર (ક્ષત્રિયપણું) + ઉચિત (યોગ્ય)] વિ. ક્ષત્રિયોને યોગ્ય; ક્ષત્રીને લાયક.

ક્ષાત્રોદ્રેક [સં. ક્ષાત્ર (ક્ષત્રિયપણું) + ઉદ્રેક (અતિશયતા)] ન. ક્ષાત્રપ્રકોપ.

ક્ષાદન ન. ઘસાઈ અથવા કટાઈ જવાની ક્રિયા.

ક્ષામ ૧. [સં.] પું. પરમેશ્વર.

૨. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.

૩. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૪. ન. ક્ષય; નાશ.

૫. ન. ઘસારો.

૬. વિ. અલ્પ.

૭. વિ. અશક્ત.

૮. વિ. કૃશ; દુર્બળ.

૯. વિ. ક્ષીણ.

૧૦. વિ. નાજુક.

૧૧. વિ. પાતળું.

ક્ષામણ ન. (જૈન) ખમાવવું તે.

ક્ષામણા સ્ત્રી. (જૈન) અપરાધની માફી માગવી તે; ખમાવવું તે.

ક્ષામતા ૧. [સં.] સ્ત્રી. અશક્તપણું.

૨. સ્ત્રી. કૃશતા; દુર્બળતા.

૩. સ્ત્રી. ક્ષીણપણું.

૪. સ્ત્રી. નાજુકપણું.

૫. સ્ત્રી. પાતળાપણું.

ક્ષામત્વ જુઓ ક્ષામતા.

ક્ષામવતી [સં.] સ્ત્રી. એ નામની એક ઇષ્ટિ.

ક્ષામવાન [સં. ક્ષામવત્] પું. એ નામનો એક અગ્નિ.

ક્ષાર્યા [સં.] સ્ત્રી. પૃથ્વી.

ક્ષામોદર [સં. ક્ષામ (પાતળું) + ઉદર (પેટ)] ન. પાતળું પેટ.

ક્ષામોદરી વિ. સ્ત્રી. પાતળી કમરવાળી.

ક્ષામ્ય [સં. ક્ષમ્ (માફ કરવું)] વિ. ક્ષમા કરવા જેવું.

ક્ષાયિક ૧. પું. (જૈન) પાંચ માંહેનો એક ભાવ; કર્મપ્રકૃતિનો ક્ષય કરવાથી ઉત્પન્ન થતો ભાવ.

૨. પું. (જૈન) સમ્યકૃત્વનો એક પ્રકાર.

૩. વિ. કર્મના ક્ષયથી ઉત્પન્ન થતું.

૪. વિ. (જૈન) મોહનીય કર્મના ક્ષયને લીધે થતું.

ક્ષાયિકચારિત્ર ન. (જૈન) કેવળચારિત્ર.

ક્ષાયિકજ્ઞાન ન. (જૈન) કેવળજ્ઞાન. જ્ઞાનાવર્ણી કર્મનો સર્વથા ક્ષય એટલે નાશ થાય ત્યારે આ જ્ઞાન થાય છે.

ક્ષાયિકદર્શન ન. (જૈન) કેવળદર્શન. દર્શનાવર્ણી કર્મનો સંપૂર્ણ નાશ થવાથી આ જ્ઞાન થાય છે.

ક્ષાયિકદાન ન. (જૈન) અભયદાન. દાનાંતરાય કર્મનો સર્વથા નાશ થવાથી કેવળીનું અભયદાન અનંત જીવોને ઉપકાર કરવાવાળું છે.

ક્ષાયિકભાવ પું. (જૈન) કર્મનો નાશ થતાં પેદા થતા મનના નવ ભાવ. જ્ઞાન, દર્શન, દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય, સમ્યકૃત્વ અને ચારિત્ર એ નવ ક્ષાયિક ભાવ છે.

ક્ષાયિકવીર્ય ન. (જૈન) બધાં કર્મોનો નાશ થાય તેની રીત આત્મશક્તિનો ઉપયોગ.

ક્ષાયોપશમિક [સં.] વિ. (જૈન) ક્ષય અને ઉપશમવાળું; મોહનીય કર્મનો કાંઈક ક્ષય અને કાંઈક ઉપશમ કર્યો હોય એવું.

ક્ષાયોપશમિકભાવ પું. (જૈન) ક્ષય અને ઉપશમથી. પેદા થતો ભાવ. ક્ષયોપશમ એક પ્રકારની આત્માની શુદ્ધિ છે. કર્મના ઉદયમાં નહિ આવેલ અંશના ક્ષયથી તે પ્રગટ થાય છે.

ક્ષાર ૧. [સં.] પું. કાચ.

૨. પું. કોઈ ધાતુની સાથે તેજાબની અસરથી થતો પદાર્થ. સડેલા માંસ વગેરેને બાળીને ખેરવી નાખે માટે તે ક્ષાર કહેવાય છે. દેશી વૈદ્યકમાં મુખ્ય અઢાર ક્ષાર કહ્યા છે: હરતાળ, અભ્રક, મનઃશિલ, ગૈરિક, અંજન, કાસીસ, હિંગળો, પલાશક્ષાર, સિંદૂર, તુત્થાંજન, રસાંજન, કુસુમાંજન, યવક્ષાર, સર્જિકા, તિલક્ષાર, પિલુક્ષાર, માષક્ષાર અને કદલીક્ષાર.

૩. પું. (જૈન) ક્ષરણ; સંચલન.

૪. પું. ક્ષાર.

૫. પું. ખારાપણું.

૬. પું. ખારો પદાર્થ.

૭. પું. ખારો રસ.

૮. પું. ખાંડ; શર્કરા.

૯. પું. ગોળ.

૧૦. પું. ચક્રદત્ત પ્રમાણે એક પ્રકારની ઔષધિ. તે મોખા નામના વૃક્ષની પત્તિના ક્ષારથી બને છે.

૧૧. પું. ટંકણખાર.

૧૨. પું. ધૂર્ત; ધુતારો.

૧૩. પું. ભસ્મ; ખાખ.

૧૪. પું. મીઠું; ખારૂં મીઠું.

૧૫. પું. રાખ.

૧૬. પું. (વૈદ્યક) એક જાતનો સિદ્ધ ખાર. વનસ્પતિને સર્વાંગ બાળી તેની રાખ ચોગણા પાણીમાં માટીના વાસણમાં એક દિવસ સુધી પલાળી રાખી પછી ત પાણી ગાળી લઈ તેની ચાસણી કરી નાખીને સિદ્ધ કરવાથી આ ખાર થાય છે.

૧૭. પું. (જૈન) વેર.

૧૮. પું. સાજીખાર.

૧૯. પું. સામુદ્રિક લવણ.

૨૦. સ્ત્રી. ખારવાળી ભૂમિ.

૨૧. ન. જવખાર.

૨૨. ન. સંચળ.

૨૩. વિ. ક્ષારવાળું.

૨૪. વિ. ખારૂં.

૨૫. વિ. ઝરવાના સ્વભાવવાળું; સ્રવતારૂં.

ક્ષારક ૧. [સં.] પું. તાજું ઉત્પન્ન થયેલ ફળ.

૨. પું. ધોબી.

૩. પું. પક્ષી, માછલાં વગેરેનો કરંડિયો.

૪. પું. પક્ષીઓને સપડાવવાની જાળ.

૫. પું. સાર.

ક્ષારકર્દમ ન. (પુરાણ) એ નામનું એક નરક. જે માણસ પોતાની વિદ્યા, તપ, ધન, કુળ વગેરેને લીધે બીજાંનો તિરસ્કાર કરે તેને આ નરક મળતું મનાય છે.

ક્ષારકર્મ ન. તેજાબ લગાડવાપણું.

ક્ષારકુંડ પું. એ નામનો નરકકુંડ.

ક્ષારગુડ (ક્ષારગુડ઼) ૧. [સં.] પું. ખારમાં પકવેલો ગોળ.

૨. પું. ચક્રદત્ત પ્રમાણે એ નામની એક ઔષધિ.

ક્ષારગુણક ૧. વિ. ક્ષારગુણી; ખારના ગુણવાળું.

૨. વિ. ક્ષારવર્ધક.

ક્ષારગુણી જુઓ ક્ષારગુણક.

ક્ષારજનક [સં.] વિ. ખાર ઉત્પન્ન કરનારૂં.

ક્ષારજલ [સં.] ન. ક્ષારોદક; રાસાયનિક ક્રિયા પછી બાકી રહેતો ક્ષારવાળો પદાર્થ.

ક્ષારણ ૧. [સં.] ન. આરોપ.

૨. ન. ઠપકો.

૩. ન. ધાતુની ભસ્મ કરવી તે.

૪. ન. યંત્રથી સત્ત્વ ખેંચવો તે.

ક્ષારતેલ જુઓ ક્ષારતૈલ.

ક્ષારતૈલ ૧. [સં.] ન. ઔષધરૂપે પકવેલ તેલ.

૨. ન. (જૈન) ખારૂં તેલ.

૩. ન. વાળ કાઢવાનું એક જાતનું તેલ.

ક્ષારત્રપુષી સ્ત્રી. કડવી તૂંબડી.

ક્ષારત્રય [સં.] ન. જવખાર, સાજીખાર અને ટંકણખાર એ ત્રણ જાતના ક્ષારનું મિશ્રણ.

ક્ષારદશક [સં.] પું. સરગવો, મૂળા, ખાખરો, આમલી, ચિત્રક, આદુ, શેરડી, અઘેડી, મોચરસ અને જવ એ દશ ઔષધિનો ક્ષાર.

ક્ષારદેશ [સં.] પું. ખારો દેશ.

ક્ષારદ્રવ ન. ઔષધિના ક્ષારને સોગણા પાણીમાં મેળવવો તે.

ક્ષારદ્રુ પું. મોખા નામનું ઝાડ.

ક્ષારદ્વય [સં.] પું. જવખાર અને સાજીખાર એ બે ક્ષારનો સમૂહ.

ક્ષારનિષ્કાસન [સં.] ન. શિલ્પસંહિતામાં વર્ણવેલ ચોસઠ માંહેની એક કળા.

ક્ષારપત્ર [સં.] પું. એક જાતનું ઝાડ.

ક્ષારપરિમાપક [સં.] ન. પદાર્થમાં રહેલી ખારાશ દર્શાવનારૂં યંત્ર.

ક્ષારપરીક્ષા [સં.] સ્ત્રી. શિલ્પસંહિતામાં વર્ણવેલ ચોસઠ માંહેની એક કળા.

ક્ષારપંચક [સં.] પું. ખાખરો, કમળ, જવ અને તલસરાનો ખાર તથા સાજીખારનું મિશ્રણ.

ક્ષારપાક [સં.] પું. ક્ષાર દ્રવ્યનો પાક.

ક્ષારપાણિ પું. એ નામનો એક ઋષિ.

ક્ષારપાલ પું. એક ઋષિનું નામ.

ક્ષારપ્રકૃતિ [સં.] વિ. ખાર જેવા ગુણવાળું.

ક્ષારપ્રમેહ [સં.] પું. પિત્તથી થનાર એક જાતનો પ્રમેહ.

ક્ષારભૂમિ [સં.] સ્ત્રી. ખારી જમીન; દરિયા કાંઠાની જમીન.

ક્ષારમધ્ય [સં.] પું. અઘેડો. એનાં પાંદડાંમાં ક્ષાર વધારે હોવાથી તેને ક્ષારમધ્ય કહે છે.

ક્ષારમય ૧. વિ. કઠોર.
૨. [સં.] વિ. ક્ષારાળુ; ખારૂં.

ક્ષારમાપક ૧. [સં.] ન. વસ્તુમાં રહેલ ક્ષાર માપવાનું યંત્ર.
૨. વિ. ક્ષાર માપનારૂં.

ક્ષારમિતિ [સં.] સ્ત્રી. ક્ષાર માપવાનું યંત્ર; ક્ષારમાપક.

ક્ષારમૃત્તિકા [સં.] સ્ત્રી. ક્ષારવાળી માટી; ખારી માટી.

ક્ષારમેઘ પું. (જૈન) સાલવૃક્ષના રસ જેવા જળવાળો વરસાદ.

ક્ષારમેલક ૧. [સં.] પું. ખારનો સમૂહ.
૨. પું. સાબુ.

ક્ષારમેહ [સં.] પું. ક્ષારના જેવો પેશાબ આવે તે રોગ.

ક્ષારયુક્ત [સં.] વિ. ક્ષારમય; ખારૂં.

ક્ષારરસ ૧. [સં.] પું. ખારો રસ.
૨. પું. નાના આંતરડામાંથી સ્રવતો એ નામનો રસ. અન્નપાચનની ક્રિયામાં આ રસ મુખ્ય ભાગ ભજવે છે.
૩. પું. મીઠું.

ક્ષારવર્ગ [સં.] પું. જવખાર, સાજીખાર અને ટંકણખારનો સમૂહ; ક્ષારત્રય.

ક્ષારવૃક્ષ [સં.] ન. ક્ષાર આપનાર હરેક ઝાડ. જેમકે, ખાખરો, અઘેડો.

ક્ષારશ્રેષ્ઠ ૧. [સં.] ન. ખાખરો.
૨. ન. વજખાર.

ક્ષારષટ્ક [સં.] ન. (વૈદક) તલસરાં, લાંગલી, અડદ, અઘેડો, મરઘો અને કડાનો એમ ૭ જાતના ખાર.

ક્ષારસિંધુ ૧. [સં.] પું. ખારો સમુદ્ર.
૨. પું. હિંદી મહાસાગર.

ક્ષારાચ્છ [સં.] ન. સમુદ્રનું મીઠું.

ક્ષારાતુ સ્ત્રી. રૂપાના જેવી સફેદ એક ધાતુ; 'સોડિઅમ'.

ક્ષારાત્મક [સં.] વિ. જેમાં ક્ષાર હોય એવું.

ક્ષારાબ્ધિ [સં.] પું. ખારો દરિયો; લવણ સમુદ્ર.

ક્ષારાષ્ટક [સં.] ન. આઠ પ્રકારના ખારનો સમૂહ.

ક્ષારાળુ જુઓ ક્ષારાત્મક.

ક્ષારાંબુધિ જુઓ ક્ષારાબ્ધિ.

ક્ષારિક ૧. [સં.] ન. મૂળા વગેરેનાં પાંદડાંમાં મીઠું ભભરાવી બનાવેલું ખારિયું.
૨. વિ. ક્ષારને લગતું.
૩. વિ. ક્ષારમાંથી ઉત્પન્ન થતું.

ક્ષારિકા [સં.] સ્ત્રી. ક્ષુધા; ભૂખ.

ક્ષારિણી [સં.] સ્ત્રી. ક્ષીરકાકોલી નામની વનસ્પતિ.

ક્ષારિત ૧. [સં.] વિ. અપવાદરૂપ.
૨. વિ. ક્ષારવાળું; ઝારેલું; ખારેલું.
૩. વિ. જેને માથે દોષ આવેલ હોય એવું; દોષિત.

ક્ષારિન પું. અપાનવાયુ.

ક્ષારીય ૧. ન. એક જાતનું ધાતુમય ક્ષારવાળું તત્ત્વ.
૨. ન. ખારો.
૩. વિ. ક્ષાર સંબંધી.

ક્ષારોદ ૧. [સં.] પું. (પુરાણ) જંબુદ્વીપની આજુબાજુ વલયાકારે આવેલો ખારો સમુદ્ર. મહાસાગરોમાં એ પહેલો હોઈ એની પહોળાઈ એક લાખ યોજનની છે.
૨. ન. કેટલાંક ઝેરી દ્રવ્યોનું સત્ત્વ.

ક્ષારોદક ૧. [સં.] ન. ખારૂં પાણી.
૨. જુઓ ક્ષારોદ.

ક્ષારોદધિ જુઓ ક્ષારોદ ૧.

ક્ષાલ [સં.] વિ. ધોનાર; શુદ્ધ કરનાર; સ્વચ્છ કરનાર.

ક્ષાલણ ન. ધોવું તે; સાફ કરવાપણું.

ક્ષાલન જુઓ ક્ષાલણ.

ક્ષાલવું સ. ક્રિ. ધોવું.

ક્ષાલિત [સં.] વિ. ધોયેલ; પખાળેલ; સાફ કરેલ.

ક્ષાંત ૧. પું. એ નામે એક ઋષિ.
૨. વિ. ક્ષમા કરાયેલ; માફી આપેલું.
૩. વિ. ક્ષમાવાળું; સહનશીલ; શાંત.

ક્ષાંતા [સં.] સ્ત્રી. પૃથ્વી.

ક્ષાંતિ ૧. સ્ત્રી. એ નામની એક નદી.
૨. [સં.] સ્ત્રી. ક્ષમા; માફી.
૩. સ્ત્રી. સહનશીલતા.

ક્ષાંતિકા સ્ત્રી. જનની; માતા.

ક્ષાંતિવાદ [સં.] પું. ક્ષમાધર્મ; દોષ માફ કરવાનો સિદ્ધાંત.

ક્ષાંતિવાદી વિ. ક્ષમાધર્મમાં માનનાર; દોષ માફ કરવામાં માનવાવાળું.

ક્ષાંતુ ૧. [સં.] પું. પિતા; બાપ.
૨. વિ. ક્ષમાશીલ; માફ કરે એવું; સહનશીલતાવાળું.

ક્ષિ ૧. [સં.] અ. ક્રિ. ક્ષય થવો; ઘસાવું.
૨. સ. ક્રિ. ઈજા કરવી.
૩. સ. ક્રિ. ઓછું કરવું.
૪. સ. ક્રિ. નાશ કરવો.
૫. સ. ક્રિ. બગાડવું.

ક્ષિતિ ૧. [સં.] પું. એ નામનો એક ઋષિ.
૨. પું. એક સૂચક સાંકેતિક શબ્દ.
૩. પું. ક્ષય; નાશ.
૪. પું. પ્રલયકાળ.
૫. સ્ત્રી. ઘટ; ઓછું થવું તે; હાણ.
૬. સ્ત્રી. પૃથ્વી.
૭. સ્ત્રી. (સંગીત) બાવીસ માંહેની એ નામની એક શ્રુતિ.
૮. ન. ગોરોચન; એક જાતનું ગંધદ્રવ્ય.
૯. ન. નિવાસ; રહેઠાણ.

ક્ષિતિકણ [સં.] પું. ધૂળ; રજ.

ક્ષિતિકંપ [સં.] પું. ધરતીકંપ; પૃથ્વીનો ધ્રુજારો.

ક્ષિતિખંડ [સં.] પું. માટીનું ઢેફું.

ક્ષિતિગર્ભ [સં.] પું. બોધિસત્ત્વનું એક સ્વરૂપ.

ક્ષિતિજ ૧. પું. નરકાસુર નામનો અસુર.
૨. પું. (જ્યોતિષ) મંગળ ગ્રહ.
૩. [સં.] સ્ત્રી. આંખને પૃથ્વી આકાશ સાથે મળતી દેખાય છે એ કલ્પિત રેખા; દૃષ્ટિમર્યાદા.
૪. સ્ત્રી. પૃથ્વી.
૫. ન. ઝાડ; વૃક્ષ.
૬. ન. ભૂનાગ નામે એક ઉપરસ.
૭. વિ. પૃથ્વીથી પેદા થયેલ.

ક્ષિતિજક્ષેત્ર [સં.] ન. ક્ષિતિજની સાથે સરખી સપાટીએ રહેલી ભૂમિ; સમતલ જમીન.

ક્ષિતિજધરાતલ જુઓ ક્ષિતિજક્ષેત્ર.

ક્ષિતિજરેખા જુઓ ક્ષિતિજ ૩.

ક્ષિતિજલંબન [સં.] ન. કોઈ પણ આકાશી પદાર્થ પૃથ્વીની સપાટી ઉપરથી જોતાં ક્ષિતિજમાં દેખાતો હોય તે વખતે તેને પૃથ્વીના ગર્ભમાં રહેલા પૃથ્વીના મધ્યબિંદુમાંથી જોતાં તેની દિશામાં માલૂમ પડતો ફરક.

ક્ષિતિજવૃત્ત જુઓ ક્ષિતિજ ૩.

ક્ષિતિજસમાંતર વિ. સપાટ; 'હોરિઝૉન્ટલ'.

ક્ષિતિતનય ૧. [સં.] પું. નરકાસુર.
૨. પું. (જ્યોતિષ) મંગળ ગ્રહ.

ક્ષિતિતલ ૧. [સં.] ન. પાતાળ.
૨. ન. પૃથ્વીની સપાટી.

ક્ષિતિદેવ [સં.] પું. બ્રાહ્મણ; ભૂદેવ.

ક્ષિતિદેવતા જુઓ ક્ષિતિદેવ.

ક્ષિતિધર ૧. [સં.] પું. પર્વત.
૨. પું. રાજા.
૩. પું. શેષનાગ.
૪. વિ. પૃથ્વીને ધારણ કરનાર.

ક્ષિતિનાગ પું. ભૂનાગ નામે ઉપરસ.

ક્ષિતિનાથ [સં.] પું. રાજા; નૃપ; ભૂપ.

ક્ષિતિપ જુઓ ક્ષિતિનાથ.

ક્ષિતિપતિ જુઓ ક્ષિતિનાથ.

ક્ષિતિપાલ જુઓ ક્ષિતિનાથ.

ક્ષિતિપાળ જુઓ ક્ષિતિનાથ.

ક્ષિતિપુત્ર જુઓ ક્ષિતિતનય.

ક્ષિતિબાલ પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે મંગળ વસ્તુનો એક ભેદ છે. તેમાં ૨ ગુરુ અને ૮૪ લઘુ મળી ૮૬ વર્ણ અને ૮૮ માત્રા હોય છે.

ક્ષિતિભૂષણ [સં.] ન. (શિલ્પ) ઘરનું મુખ પૂર્વ તરફ હોય એવું એક જાતનું ત્રિશાળ ઘર.

ક્ષિતિભૃત ૧. [સં. ક્ષિતિભૃત્] પું. પર્વત.
૨. પું. રાજા.

ક્ષિતિમંડળ [સં. ક્ષિતિમંડલ] ન. પૃથ્વીનો ગોળો.

ક્ષિતિરંધ્ર [સં.] ન. ખાડો; ભોંયરૂં.

ક્ષિતિરુહ [સં.] પું. ઝાડ; વૃક્ષ.

ક્ષિતિવર્ધન [સં.] પું. મુડદું; શબ.

ક્ષિતિસુત ૧. [સં.] પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. આ છંદ મંગળવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૨૦ ગુરુ અને ૪૮ લઘુ મળી ૬૮ વર્ણ અને ૮૮ માત્રા હોય છે.
૨. પું. નરકાસુર.
૩. પું. (જ્યોતિષ) મંગળ ગ્રહ.

ક્ષિતીશ ૧. [સં.] પું. પૃથ્વીનો રાજા.
૨. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.

ક્ષિતીશ્વર [સં.] પું. રાજા.

ક્ષિદ ૧. [સં.] પું. આકડાનો છોડ.
૨. પું. રોગ.
૩. પું. શીંગડું.
૪. પું. સૂર્ય.

ક્ષિન ન. ક્ષણ.

ક્ષિપ્ ૧. [સં.) અ. ક્રિ. જલદીથી જવું.
૨. સ. ક્રિ. અપમાન કરવું.
૩. સ. ક્રિ. આરોપણ કરવું.
૪. સ. ક્રિ. ઉડાડવું.
૫. સ. ક્રિ. કાઢી નાખવું.
૬. સ. ક્રિ. ગાળો દેવી.
૭. સ. ક્રિ. છોડી દેવું.
૮. સ. ક્રિ. જવા દેવું.
૯. સ. ક્રિ. ઠપકો દેવો.
૧૦. સ. ક્રિ. નાશ કરવું.
૧૧. સ. ક્રિ. પ્રેરવું.
૧૨. સ. ક્રિ. (ધાતુ) ફેંકવું. તે ઉપરથી થયેલ શબ્દ: કાળક્ષેપ, આક્ષેપ, વિક્ષેપ, સંક્ષેપ, ક્ષિપ્ત, સંક્ષિપ્ત, ક્ષેપક, ક્ષિપા.
૧૩. સ. ક્રિ. મૂકવું.
૧૪. સ. ક્રિ. મોકલવું.
૧૫. સ. ક્રિ. લઈ લેવું.

ક્ષિપ ૧. [સં.] વિ. નાખી દીધેલું.
૨. વિ. નિંદા કરનાર.
૩. વિ. પ્રેરણા કરનાર.
૪. વિ. ફેંકનાર.

ક્ષિપક [સં.] પું. યોદ્ધો.

ક્ષિપકા [સં.] સ્ત્રી. ફેંકવું તે.

ક્ષિપણ ૧. [સં.] ન. પ્રેરણા.
૨. ન. ફેંકવું તે.

ક્ષિપણી ૧. [સં.] સ્ત્રી. અધ્વર્યુ.
૨. સ્ત્રી. એક જાતની જાળ.
૩. સ્ત્રી. માછલાંને વીંધવાનો સોયો.
૪. સ્ત્રી. શસ્ત્ર.
૫. સ્ત્રી. હલેસું.

ક્ષિપતિ [સં.] પું. બાહુ; હાથ.

ક્ષિપા ૧. [સં.] સ્ત્રી. પ્રેરણા.
૨. સ્ત્રી. ફેંકવું તે.
૩. સ્ત્રી. રાત્રિ.

ક્ષિપ્ત ૧. [સં.] સ્ત્રી. (યોગ) ચિત્તની પાંચ માંહેની એક વૃત્તિ.
૨. વિ. અપમાન કરેલ.
૩. વિ. અવજ્ઞા કરેલ.
૪. વિ. આકર્ષાયેલ; ખેંચાયેલ.
૫. વિ. ઉડાવેલું.
૬. વિ. ઉમેરેલું.
૭. વિ. ઉસેટેલું.
૮. વિ. ત્યાગ કરેલું.
૯. વિ. થાપણ તરીકે મૂકેલ.
૧૦. વિ. નાખી દીધેલું.
૧૧. વિ. પતિત.
૧૨. વિ. પ્રેરેલું.
૧૩. વિ. ફેંકેલું.
૧૪. વિ. રાગદ્વેષથી વિષયાસક્ત.
૧૫. વિ. વધારેલું.
૧૬. વિ. વાયુના રોગવાળું.
૧૭. વિ. વ્યગ્ર થયેલ.
૧૮. વિ. સ્થાપેલ.

ક્ષિપ્તચિત્ત ૧. [સં.] ન. વ્યગ્ર ચિત્ત.
૨. વિ. અકળાયેલ ચિત્તવાળું.

ક્ષિપ્તચિત્તતા [સં.] સ્ત્રી. વ્યગ્રચિત્તપણું.

ક્ષિપ્તયોનિ [સં.] વિ. જેની માતા પોતાના ધણીમાં આસક્ત ન હોય તેવું.

ક્ષિપ્તા [સં.] સ્ત્રી. રાત્રિ.

ક્ષિપ્તાવસ્થા [સં.] સ્ત્રી. ચિત્તની પાંચ માંહેની એક અવસ્થા. આ અવસ્થામાં ચિત્તની વૃત્તિઓ અનેક સાંસારિક વિષયોમાં ભ્રમણ કરે છે.

ક્ષિપ્ર ૧. પું. મુહૂર્તનો પંદરમો ભાગ.
૨. [સં.] પું. શરીરનાં ૧૦૭ મર્મસ્થાનો માંહેનું એક. તે અંગૂઠા અને બીજી આંગળીની વચ્ચે હોય છે.
૩. ન. અશ્વિની નક્ષત્ર.
૪. ન. પુષ્ય નક્ષત્ર.
૫. ન. વખતનું એક માપ.
૬. વિ. ઉતાવળું; ઝડપદાર.
૭. વિ. ચંચળ; તેજ.
૮. અ. જલદી; ઝટ.

ક્ષિપ્રકારી ૧. વિ. (વૈદક) એકદમ મરણ ઉપજાવે એવું.
૨. [સં.] વિ. ચાલાક.
૩. વિ. જલદી કામ કરનારૂં; ઉતાવળું.

ક્ષિપ્રગામી [સં. ક્ષિપ્રગામિન્] વિ. ઝડપથી જનારૂં.

ક્ષિપ્રગ્રાહી [સં. ક્ષિપ્રગ્રાહિન્] વિ. ઝડપથી ગ્રહણ કરનાર.

ક્ષિપ્રચટિકા [સં.] સ્ત્રી. ખીચડી.

ક્ષિપ્રપાકી [સં. ક્ષિપ્રપાકિન્] પું. એક જાતનું ઝાડ; ગર્દભાંડ.

ક્ષિપ્રપાતી [સં. ક્ષિપ્રપાતિન્] વિ. ઉતાવળથી પડનાર.

ક્ષિપ્રપાદમર્મ [સં.] ન. પગના અંગૂઠા તથા આંગળી વચ્ચે આવેલું અર્ધા આંગળના વિસ્તારવાળું કાલાંતર પ્રાણહર સ્નાયુમર્મ.

ક્ષિપ્રમર્મ જુઓ ક્ષિપ્રપાદમર્મ.

ક્ષિપ્રમૂત્રતા [સં.] સ્ત્રી. એક જાતનો વાયુરોગ. આ રોગમાં પેશાબ ઘણો અને વારંવાર થાય છે.

ક્ષિપ્રમૂત્રત્વ જુઓ ક્ષિપ્રમૂત્રતા.

ક્ષિપ્રહસ્ત ૧. [સં.] પું. અગ્નિનું એક નામ.
૨. પું. એક રાક્ષસનું નામ.
૩. વિ. જલદીથી કામ કરનાર.

ક્ષિપ્રહસ્તમર્મ [સં.] ન. હાથના અંગૂઠા તથા આંગળીઓ વચ્ચે આવેલું કાલાંતર પ્રાણહર તથા વૈકલ્યકર મર્મ. અહીં ઈજા થવાથી ખૂબ પીડા થાય છે, તેમ જ લોહી અટકાવવું બહુ જ મુશ્કેલ પડે છે.

ક્ષિપ્રહોમ [સં.] પું. સવાર અથવા સાંજનો જલદીથી થતો હોમ.

ક્ષિપ્રા ૧. [સં.] સ્ત્રી. ઉજ્જૈન આગળથી વહેતી નદી.
૨. સ્ત્રી. ખીચડી.
૩. સ્ત્રી. ખીર; દૂધપાક.
૪. ન. એ નામનું એક સરોવર.

ક્ષિપ્રોત્તર [સં. ક્ષિપ્ર (જલદી) + ઉત્તર (જવાબ)] પું. હાજરજવાબ.

ક્ષિવ્ ૧. [સં.] અ. ક્રિ. ઓકવું; થૂંકવું.
૨. સ. ક્રિ. ફેંકવું; દૂર કરવું.

ક્ષીજન [સં.] ન. વાંસળીનો અવાજ.

ક્ષીણ ૧. [સં.] વિ. અશક્ત; દુર્બળ.
૨. વિ. ઓછું થયેલું; કમી થયેલું.
૩. વિ. ક્ષય પામેલું.
૪. વિ. ખોયેલું.
૫. વિ. ગરીબ.
૬. વિ. તાબે કરેલું.
૭. વિ. તોડેલું; ભાંગેલું.
૮. વિ. દળાવેલું.
૯. વિ. નાજુક; પાતળું.
૧૦. વિ. સૂક્ષ્મ.

ક્ષીણકષાય ન. (જૈન) બારમું ગુણસ્થાન. તેમાં કષાયનો સર્વથા ક્ષય કરવામાં આવે છે.

ક્ષીણકામી [સં. ક્ષીણકામિન્] વિ. ઘણા ઓછા પ્રમાણમાં કામવાસના હોય એવું.

ક્ષીણકાય [સં.] વિ. દુર્બળ શરીરવાળું; નબળા બાંધાનું.

ક્ષીણચંદ્ર [સં.] પું. આઠમનો ચંદ્ર.

ક્ષીણતા ૧. [સં.] સ્ત્રી. અશક્તિ; ક્ષીણપણું; દુર્બળતા.
૨. સ્ત્રી. ઓછપ; થોડું હોવું તે.
૩. સ્ત્રી. ક્ષય પામવાપણું.
૪. સ્ત્રી. ગરીબાઈ.
૫. સ્ત્રી. તબિયતમાં નાજુકપણું.
૬. સ્ત્રી. સૂક્ષ્મતા.

ક્ષીણત્વ જુઓ ક્ષીણતા.

ક્ષીણદુ:ખ વિ. (જૈન) દુ:ખ વગરનું.

ક્ષીણપાપ [સં.] વિ. જેનાં પાપ નાશ પામ્યાં હોય એવું.

ક્ષીણપુણ્ય [સં.] વિ. અભાગી; જેનાં પુણ્ય નાશ થયાં હોય એવું.

ક્ષીણબલ [સં.] વિ. અશક્ત.

ક્ષીણમધ્ય [સં.] વિ. પાતળી કેડવાળું.

ક્ષીણમોહ ૧. [સં.] વિ. મોહ વગરનું.
૨. વિ. (જૈન) મોહનીની પ્રકૃતિઓનો ક્ષય પૂરેપૂરો થયો હોય તેવું.

ક્ષીણરક્ત [સં.] વિ. થોડા લોહીવાળું.

ક્ષીણરાગ ૧. [સં.] પું. (જૈન) તીર્થંકર દેવ.
૨. વિ. રાગ વગરનું.

ક્ષીણવીર્ય [સં.] વિ. જેનું બળ ખૂટી ગયું હોય તેવું; નમાલું.

ક્ષીણવૃત્તિ ૧. [સં.] સ્ત્રી. નાશ પામેલી આજીવિકા.
૨. વિ. આજીવિકા નાશ પામી હોય એવું.

ક્ષીણશક્તિ ૧. [સં.] સ્ત્રી. નાશ પામેલી શક્તિ.
૨. વિ. અશક્ત; નબળું.

ક્ષીણસત્ત્વ [સં.] વિ. નિર્બળ; તાકાત વગરનું.

ક્ષીણાષ્ટક [સં.] પું. તીર્થંકર. તેણે આઠમાંથી ચાર કર્મનો ક્ષય કરેલ છે.

ક્ષીણાષ્ટકર્મા ૧. [સં. ક્ષીણાષ્ટકર્મન્] પું. એ નામનો એક બૌદ્ધ સાધુ.
૨. પું. (જૈન) ચોવીસ તીર્થંકર માંહેના ગમે તે એક; અર્હંત; જિન; તીર્થંકર. તેણે ચાર કર્મ ક્ષય કર્યાં હોય છે.

ક્ષીણાસવ વિ. વાસના વગરનું; તૃષ્ણા ક્ષીણ થઈ હોય તેવું.

ક્ષીણાંગી [સં. ક્ષીણાંગિન્] વિ. પાતળા શરીરવાળું.

ક્ષીબ્ [સં.] અ. ક્રિ. મદ કરવો.

ક્ષીબ [સં.] વિ. મદોન્મત્ત; છકી ગયેલ.

ક્ષીબતા [સં.] સ્ત્રી. કેફ; નશો; મદ.

ક્ષીયમાણ ૧. [સં.] વિ. ઓછું થતું; કમી થતું; ઘટતું.
૨. વિ. નાશવાન.

ક્ષીર ૧. પું. (પુરાણ) એ નામનો એક ઋષિ.
૨. [સં.] પું. (જૈન) એ નામનો પાંચમો દ્વીપ.
૩. પું. (જૈન) એ નામનો પાંચમો સમુદ્ર.
૪. ન. ઓગળી જાય એવો પદાર્થ.
૫. ન. ખીર.
૬. ન. ઝાડનો દૂધ જેવો રસ.
૭. ન. દૂધ.
ક્ષીર નીર જુદાં કરવાં = માણસના ગુણ દુર્ગુણ શોધવા.
૮. ન. દૂધપાક.
૯. ન. પાણી.
૧૦. ન. સરલ નામના ઝાડનો ગુંદ.

ક્ષીરક [સં.] પું. એક જાતનો વેલો.

ક્ષીરકંઠ [સં.] પું. ધાવણું બાળક.

ક્ષીરકંઠક જુઓ ક્ષીરકંઠ.

ક્ષીરકાકોલી સ્ત્રી. એક જાતની વનસ્પતિ. આ કંદમાંથી દૂધ ઝરે છે. તેમાંથી વાસ આવે છે. તે શીત, વીર્યવર્ધક, મધુર, ગુરુ અને શરીરમાં ધાતુની વૃદ્ધિ કરનાર અને વાયુ, દાહ, રક્તપિત્ત, શોષ અને જ્વરનો નાશ કરનાર છે. તે ખાવાથી સ્ત્રીઓને દૂધ વધે છે.

ક્ષીરકીટ [સં.] પું. દૂધનો કીડો.

ક્ષીરકુંડ [સં.] ન. એ નામનું પ્રાચીન તીર્થ.

ક્ષીરક્ષવ [સં.] પું. દૂધિયો પથ્થર.

ક્ષીરખંડક પું. ભૈરવનું એક નામ.

ક્ષીરગંધિકા [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; ક્ષીરકાકોલી.

ક્ષીરગ્રામ ન. બંગાળમાં આવેલ એક તીર્થસ્થાન. ત્યાં શક્તિની પીઠ છે.

ક્ષીરઘૃત ૧. [સં.] ન. પીપર અને બીજી બનાવટનું ઘી. સુશ્રુત અનુસાર તે મળાવરોધક, મૂર્છા દૂર કરનાર અને આંખોને હિતકારી છે.
૨. ન. મથેલા દૂધમાંથી ઉત્પન્ન થયેલ ઘી.

ક્ષીરચંપો પું. એક જાતનું વૃક્ષ. તેનાં પાન લાંબાં અને ફૂલ ધોળાં હોય છે. આ ચંપાનો રસ બહુ ઉષ્ણ હોય છે. તે શરીરને અડે તો ફોલ્લા પડે છે.

ક્ષીરજ ૧. [સં.] પું. ચંદ્રમા.

૨. પું. શંખ.

૩. ન. કમળ.

૪. ન. દહીં.

૫. વિ. દૂધમાંથી ઉત્પન્ન થયેલ.

ક્ષીરજલન્યાય [સં.] પું. દૂધને પાણી ભરેલાં હોય તેમાંથી દૂધ ગ્રહણ કરી પાણી તજી દેવાય, તેમ સાર ખેંચી નકામી વસ્તુ દૂર કરી દેવાપણું.

ક્ષીરજા [સં.] સ્ત્રી. લક્ષ્મી.

ક્ષીરણી સ્ત્રી. એક જાતનો છોડ. એનાં પાન પીપળનાં પાન જેવાં હોય છે. તેમાં રાતાં ફૂલ છૂટક છૂટક મંજરી ઉપર આવે છે. તે રંગના કામમાં તથા દવામાં વપરાય છે.

ક્ષીરતરુ ૧. [સં.] પું. ઉંબરાનું ઝાડ.

૨. પું. પાપળો.

૩. પું. મહુડાનું ઝાડ.

૪. પું. વડનું ઝાડ.

ક્ષીરતૈલ [સં.] ન. સુશ્રુત અનુસાર એક જાતનું ઔષધસિદ્ધ તેલ.

ક્ષીરદ [સં.] ન. મેઘ; વાદળું.

ક્ષીરદલ [સં.] પું. આકડાનો છોડ.

ક્ષીરદ્યવની સ્ત્રી. (પુરાણ) એ નામની એક ભારતવર્ષીય નદી.

ક્ષીરદ્રુમ જુઓ ક્ષીરતરુ.

ક્ષીરદ્વીપ [સં.] પું. વારુણી સમુદ્રની પછી આવેલો એ નામનો એક દ્વીપ. તે બે કરોડ છપ્પન લાખ જોજન લાંબો પહોળો મનાય છે.

ક્ષીરધાત્રી સ્ત્રી. ધાવમાતા; ધાઈ.

ક્ષીરધિ [સં.] પું. દરિયો; સમુદ્ર.

ક્ષીરધેનુ [સં.] સ્ત્રી. દાન માટે દૂધરૂપ ગાય.

ક્ષીરનાશક [સ.] ન. ધૂમસ; પાણી વિનાનાં વાદળાંનો સમૂહ. તેનાથી ગાયો તથા ભેંસોના દૂધનો નાશ થવાનુ મનાય છે.

ક્ષીરનિધિ [સં.] પું. ક્ષીરસાગર; દૂધનો સમુદ્ર.

ક્ષીરનાર ૧. [સં.] ન. આલિંગન; ભેટવું તે.

૨. ન. દૂધ અને પાણી.

૩. ન. દૂધ જેવું પાણી.

ક્ષીરનીરક જુઓ ક્ષીરનીર.

ક્ષીરપ ૧. [સં.] ન. ધાવણું બાળક.

૨. વિ. દૂધ પીનાર.

ક્ષીરપક પું. એક જાતનો હીરો.

ક્ષીરપર્ણી [સં.] સ્ત્રી. આકડાનો છોડ. તેનાં પાનમાં ચીર હોય છે.

ક્ષીરપલાંડુ [સં.] સ્ત્રી. સફેદ ડુંગળી.

ક્ષીરપાક ૧. [સં.] પું. પાણીમાં પકાવેલું દૂધ. દ્રવ્યથી આઠગણું દૂધ અને દૂધથી ચારગણું પાણી નાખી, ઉકાળી માત્ર દૂધ બાકી રહે એટલે ઉતારી ગળી લેવું.

૨. વિ. દૂધમાં પકાવેલું.

ક્ષીરપાન [સં.] ન. દૂધ પીવું તે.

ક્ષીરભવાની ન. કશ્મીરમાં શ્રીનગરથી બાર માઈલ દૂર આવેલ એક યાત્રાનું ધામ. તે જે તળાવમાં આવેલું છે તેનું પાણી જુદા જુદા વખતમાં જુદા જુદા રંગનું થઈ જાય છે.

ક્ષીરભૃત ૧. [સં.] પું. માત્ર દૂધના પગારથી રાખેલો ગોવાળ.

૨. વિ. દૂધ વડે પોષેલું.

ક્ષીરભોગી ૧. [સં. ક્ષીરભોગિન્] પું. રાજહંસ.

૨. વિ. દૂધ પીનાર.

ક્ષીરમધુરા [સં.] સ્ત્રી. ક્ષીરકાકોલી નામની વનસ્પતિ. ખાવામાં તે મીઠી અને ખટમધુરી હોય છે.

ક્ષીરમેઘ પું. (જૈન) ભરત ક્ષેત્રમાં ઉત્સર્પિણીનો બીજો આરો બેસતાં સાત દિવસ પુષ્કરસંવર્ત નામનો મેઘ વરસ્યા પછી બીજો મેઘ સાત દિવસ સુધી વરસે તે; દૂધનો વરસાદ.

ક્ષીરમોચક [સં.] પું. સરગવાનું ઝાડ.

ક્ષીરરાજ જુઓ ક્ષીરસમુદ્ર.

ક્ષીરવતી ૧. સ્ત્રી. એ નામે એક નદી.

૨. વિ. સ્ત્રી. ઘણું દૂધ આપનારી.

ક્ષીરવલ્લિકા જુઓ ક્ષીરવલ્લી.

ક્ષીરવલ્લી [સં.] સ્ત્રી. ક્ષીરકાકોલી નામની વનસ્પતિ. તેના વેલાનાં પાંદડાં તોડીએ તો દૂધ નીકળે છે.

ક્ષીરવારિધિ જુઓ ક્ષીરસમુદ્ર.

ક્ષીરવિકૃતિ [સં.] સ્ત્રી. દૂધનો વિકાર; મલાઈ.

ક્ષીરવિદારી [સં.] સ્ત્રી. ધોળું ભોંયકોળું; વિદારીકંદને મળતી એક જાતની વનસ્પતિ. તેમાંથી દૂધ નીકળે છે. તે શૂળ અને પ્રમેહ રોગમાં ફાયદાકારક મનાય છે.

ક્ષીરવિષાણિકા [સં.] સ્ત્રી. ક્ષીરકાકોલીનો કંદ. તે ખાવાથી વિષયવાસના ઉત્પન્ન થાય છે.

ક્ષીરવૃક્ષ જુઓ ક્ષીરતરુ.

ક્ષીરવ્રત [સં.] ન. માત્ર દૂધ પીને રહેવાનું વ્રત.

ક્ષીરશર [સં.] પું. તપાવેલા દૂધમાં દહીં નાખવાથી થયેલ વિકૃત પદાર્થ.

ક્ષીરશાક [સં.] ન. કાચું ફાટેલું દૂધ. વૈદકમાં તે બહુ બળકારક મનાય છે.

ક્ષીરશાલા સ્ત્રી. દૂધની દુકાન.

ક્ષીરશીર્ષ ૧. પું. બેરજીના ઝાડમાંથી નીકળતો ધોળો દૂધ જેવો ઘાટો રસ.

૨. પું. શ્રીવાસ નામે ચંદન.

ક્ષીરશુક્લ ૧. [સં.] ન. રાયણનું ઝાડ.

૨. ન. શીંગોડું; શૃંગાટક.

ક્ષીરશુક્લા [સં.] સ્ત્રી. ક્ષીરકાકોલી નામની વનસ્પતિ.

ક્ષીરશ્રી ૧. [સં.] સ્ત્રી. દૂધ ભેળવેલો સોમરસ.

૨. સ્ત્રી. દૂધની શોભા.

૩. વિ. દૂધના જેવી શોભાવાળું.

ક્ષીરષષ્ટિક [સં.] ન. દૂધમાં પકાવેલ સાઠી ભાત. તે ગ્રહયજ્ઞમાં બુધ ગ્રહને અર્પણ કરવામાં આવે છે.

ક્ષીરસમુદ્ર [સં.] પું. દૂધનો સાગર.

ક્ષીરસાગર જુઓ ક્ષીરસમુદ્ર.

ક્ષીરસાગરકન્યા [સં.] સ્ત્રી. લક્ષ્મી. તે દરિયામાંથી નીકળેલ મનાય છે.

ક્ષીરસાગરસુત ૧. [સં.] પું. કપૂર.

૨. પું. ચંદ્ર.

ક્ષીરસાગરસુતા જુઓ ક્ષીરસાગરકન્યા.

ક્ષીરસાર ૧. [સં.] પું. ઘી.

૨. પું. માખણ.

૩. ન. એક જાતનું કાપડ.

ક્ષીરસ્થાન [સં.] ન. દૂધ મળવાનું ઠેકાણું.

ક્ષીરસ્ફટિક ૧. [સં.] પું. એક જાતનો ઉત્તમ મણિ.

૨. પું. દૂધ જેવો આરસ.

ક્ષીરસ્રાવ [સં.] પું. દૂધ જેવો ઝરતો રસ.

ક્ષીરા ૧. સ્ત્રી. (પુરાણ) એ નામની એક ભારતવર્ષીય નદી.

૨. [સં.] સ્ત્રી. કાકોલી કંદ.

ક્ષીરાદ ૧. [સં.] ન. ધાવણું બાળક.

૨. વિ. દૂધ પીનાર.

ક્ષીરાન્ન [સં.] ન. દૂધપાક.

ક્ષીરાબ્ધિ [સં.] પું. ક્ષીરસમુદ્ર.

ક્ષીરાબ્ધિજ ૧. [સં.] પું. કપૂર.

૨. પું. ચંદ્ર.

૩. ન. મીઠું.

૪. ન. મોતી.

ક્ષીરાબ્ધિજા [સં.] સ્ત્રી. લક્ષ્મી.

ક્ષીરાબ્ધિતનય ૧. [સં.] પું. કપૂર.

૨. પું. ચંદ્ર.

ક્ષીરાબ્ધિતનયા [સં.] સ્ત્રી. લક્ષ્મી.

ક્ષીરાબ્ધિસુત જુઓ ક્ષીરાબ્ધિતનય.

ક્ષીરાબ્ધિસુતા જુઓ ક્ષીરાબ્ધિતનયા.

ક્ષીરાશન [સં.] ન. બાળકને દૂધ પાવાનો એક સંસ્કાર.

ક્ષીરાહ્વય [સં.] પું. દેવદારનો રસ. તે ધૂપના કામમાં આવે છે.

ક્ષીરિક [સં.] ન. એક જાતની ડાંગર.

ક્ષીરિકા ૧. [સં.] સ્ત્રી. ખીર.

૨. સ્ત્રી. ગળેલો ખજૂર.

૩. સ્ત્રી. દૂધપાક.

૪. સ્ત્રી. પીપળીનું ઝાડ.

૫. સ્ત્રી. રાયણનું ઝાડ.

૬. સ્ત્રી. વાંસકપૂર. વાંસના દૂધને જમાવી તે બનાવવાનું કહેવાય છે.

ક્ષીરિણી ૧. [સં.] સ્ત્રી. આકડો.

૨. સ્ત્રી. એક જાતનું ફૂલ.

૩. સ્ત્રી. ક્ષીરકાકોલી નામની વનસ્પતિ.

૪. સ્ત્રી. ચમારદૂધલી.

૫. સ્ત્રી. દૂધી; એક જાતનું શાક.

૬. સ્ત્રી. પુષ્કળ દૂધ આપનારી ગાય.

૭. સ્ત્રી. રાણકોકડી.

૮. સ્ત્રી. રેવંચી.

૯. વિ. સ્ત્રી. દૂધવાળી; દૂધ આપતી હોય એવી.

ક્ષીરી ૧. [સં. ક્ષીરિન્] ન. જેમાંથી દૂધ નીકળે એવું ઝાડ. જેમકે, આકડો, ઉંબરો, થોર, પીપર, વડ.

૨. વિ. દૂધ આપતું હોય એવું; દુધાળું.

ક્ષીરીવૃક્ષ [સં.] ન. જેમાંથી દૂધ નીકળે તેવું ઝાડ.

ક્ષીરોદ [સં.] પું. ક્ષીરસાગર; દૂધનો સમુદ્ર. અમૃત મેળવવા માટે તેનું મંથન કરવામાં આવ્યું હતું.

ક્ષીરોદક ૧. [સં.] ન. એક જાતનું ધોળું રેશમી વસ્ત્ર.

૨. ન. દૂધ જેવા પાણીનો સમુદ્ર; ક્ષીરસાગર.

૩. ન. દૂધ જેવું સફેદ પાણી.

૪. ન. દૂધનો મહાસાગર.

ક્ષીરોદતનય ૧. [સં.] પું. કપૂર.

૨. પું. ચંદ્ર.

ક્ષીરોદતનયા [સં.] સ્ત્રી. લક્ષ્મી.

ક્ષીરોદધિ જુઓ ક્ષીરસાગર.

ક્ષીરોદનંદના [સં.] સ્ત્રી. લક્ષ્મી.

ક્ષીરૌદન [સં.] પું. દૂધમાં રાંધેલા ચોખા.

ક્ષીવ્ [સં.] અ. ક્રિ. દારૂ પી ઘેલા થવું; નશો કરવો.

ક્ષીવ ૧. [સં.] વિ. અધમ; દુષ્ટ.

૨. વિ. પાગલ; ઉન્મત્ત; ગાંડું.

ક્ષુ ૧. [સં.] પું. અન્ન; અનાજ.

૨. પું. સિંહ.

૩. પું. સ્તોત્ર વગેરેનો શબ્દ.

૪. અ. ક્રિ. ઉધરસ ખાવી.

૫. અ. ક્રિ. છીંક ખાવી.

ક્ષુકા સ્ત્રી. ભૂખ; ક્ષુધા.

ક્ષુણ્ણ ૧. [સં.] વિ. અભ્યસ્ત; બરોબર વિચારેલું; જેનો અભ્યાસ કર્યો હોય એવું.

૨. વિ. કચરાયેલું; ચગદાયેલું; પગના ઘસારાથી બેસી ગયેલું.

૩. વિ. ખંડિત; જેનું કોઈ અંગ તૂટી ગયું હોય તેવું; ભાંગેલું.

૪. વિ. ખાંડેલું; દળેલું.

ક્ષુણ્ણક [સં.] ન. મરણ વખતે વગાડવાનું એક વાદિત્ર.

ક્ષુત ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; વિષ્ણુ; પંચા. તે સુપ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે.

૨. [સં. ક્ષુત્] સ્ત્રી. (હિંદી) ભૂખ; ક્ષુધા.

૩. ન. ઉદાનવાયુ અને પ્રાણવાયુનો મસ્તકમાં મેળાપ થવાથી આવતી છીંક.

૪. ન. ઉધરસ.

૫. વિ. છીંકેલું.

ક્ષુતા ૧. સ્ત્રી. ઉધરસ.

૨. [સં.] સ્ત્રી. છીંક.

ક્ષુતિ ૧. સ્ત્રી. (જૈન) છીંક.

૨. સ્ત્રી. છીંકનું નિશાન.

ક્ષુત્ક્ષામ [સં.] વિ. ભૂખથી દૂબળું થયેલું.

ક્ષુત્પિપાસા [સં.] સ્ત્રી. ભૂખ અને તરસ.

ક્ષુત્પ્રતિકાર [સં.] પું. ભૂખ દૂર કરવાનો ઈલાજ; ભોજન; ખાવું તે.

ક્ષુદ્ ૧. [સં.] અ. ક્રિ. ક્ષોભ પામવો.

૨. અ. ક્રિ. ખસવું; જવું.

૩. સ. ક્રિ. કચરવું.

૪. સ. ક્રિ. ખૂંદવું.

૫. સ. ક્રિ. દળવું; પીસવું.

ક્ષુદાંબર વિ. કસુંબલ રંગનું.

ક્ષુદ્ર ૧. [સં.] પું. એક જાતની અંગૂઠી.

૨. પું. ચોખાનો ભાંગેલો દાણો.

૩. પું. તાંદળજાનું શાક.

૪. પું. ધતૂરો.

૫. પું. નાનો શિષ્ય.

૬. પું. મચ્છર.

૭. પું. માખી.

૮. પું. શંખલું.

૯. ન. સોનીનું મણકા કરવાનું કામ.

૧૦. વિ. અધમ; તુચ્છ; નીચ; હલકું.

૧૧. વિ. આકાર કે યોગ્યતામાં છેકવાનું.

૧૨. વિ. ઓછું; થોડું.

૧૩. વિ. કૃપણ; દરિદ્ર; નિર્ધન.

૧૪. વિ. ક્રૂર; નિર્દય.

૧૫. વિ. દૂબળું; નબળું.

૧૬. વિ. બિનઅગત્યનું; નકામું; નજીવું.

ક્ષુદ્રક ૧. [સં.] પું. એ નામનો એક પ્રાચીન દેશ.

૨. પું. એ નામનો એક રાજકવિ. તેણે ધનુર્વેદ, ચૌરશાસ્ત્ર વિષે ગ્રંથો લખ્યા છે.

૩. પું. (પુરાણ) સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળના અંતરિક્ષ રાજાના વંશમાં થયેલા પ્રસન્નજિત રાજાનો એક દીકરો. એનો પુત્ર રણક અથવા ફુલક રાજા હતો.

૪. સ્ત્રી. ચોમાસામાં નદીમાં ફરતી નાની હોડી.

૫. ન. અડતાલીસ રતીભારનું વજન; કોલ; વટક.

૬. ન. એક જાતનું પ્રજાતંત્ર.

૭. ન. એક તોલાનું વજન.

૮. વિ. અધમ; નીચ.

૯. વિ. ઘણું નાનું.

૧૦. વિ. થોડું; ઓછું.

ક્ષુદ્રકલ્પશ્રુત ન. (જૈન) એ નામનું એક ઉત્કાલિક સૂત્ર.

ક્ષુદ્રક્ષુદ્રક વિ. નાનામાં નાનું.

ક્ષુદ્રક્ષુર પું. ઝીણો ગોખરૂ.

ક્ષુદ્રગોધા સ્ત્રી. એક જાતનું પ્રાણી.

ક્ષુદ્રઘંટા [સં.] સ્ત્રી. ઘૂઘરી.

ક્ષુદ્રઘંટાળી સ્ત્રી. કટિમેખલા; કંદોરો.

ક્ષુદ્રઘંટિકા ૧. [સં] સ્ત્રી. ઘૂઘરી.

૨. સ્ત્રી. નાની ઘંટડી.

૩. સ્ત્રી. નાની ઝીણી ઘૂઘરીઓવાળો કંદોરો.

ક્ષુદ્રઘંટિકાધાર પું. (યોગ) યોગશાસ્ત્ર પ્રમાણે સોળ આધાર માંહેનો નવમો આધાર.

ક્ષુદ્રઘંટી સ્ત્રી. ઘૂઘરી.

ક્ષુદ્રચંદન ૧. [સં.] ન. રતાંજલીનું ઝાડ.

૨. ન. રાતું ચંદન.

ક્ષુદ્રચંપક [સં.] પું. એક જાતનો ચંપો.

ક્ષુદ્રચૂડ [સં.] પું. એક જાતનું પક્ષી.

ક્ષુદ્રછત્ર ન. છત્રી આકારનો પુષ્પનો ગુચ્છો.

ક્ષુદ્રજંતુ [સં.] પું. હાડકાં વિનાનું પ્રાણી; ઇયળ, કીડો વગેરે.

ક્ષુદ્રજંતુપણું ન. અધમતા; હલકાપણું.

ક્ષુદ્રજા સ્ત્રી. હેડકી.

ક્ષુદ્રજાંબુ [સં. જલજંબૂકા] ન. એક જાતનું ઝાડ. તેનું ફળ દાહ અને રક્તદોષમાં ઉપયોગી છે. તે ખાવાના કામમાં આવે છે. તેમાં પથરી ગાળી નાખવાનો ગુણ છે.

ક્ષુદ્રતમ ૧. [સં. ક્ષુદ્ર (અલ્પ) + તમ (શ્રેષ્ઠતાવાચક પ્રત્યય)] વિ. અતિ અલ્પ.

૨. વિ. અત્યંત ક્ષુદ્ર.

૩. વિ. અધમમાં અધમ.

૪. વિ. ઘણું ક્રૂર.

૫. વિ. બહુ કૃપણ.

૬. વિ. બહુ નીચ.

ક્ષુદ્રતા ૧. [સં.] સ્ત્રી. અધમતા; તુચ્છતા; નીચતા; હલકાઈ.

૨. સ્ત્રી. નાનાપણું.

ક્ષુદ્રત્વ જુઓ ક્ષુદ્રતા.

ક્ષુદ્રદર્શી [સં. ક્ષુદ્રદર્શિન્] વિ. હલકું જોનાર.

ક્ષુદ્રદંતી [સં. ક્ષુદ્રદંતિન્] ન. નાના નેપાળાનું ફળ.

ક્ષુદ્રદંશિકા [સં,] સ્ત્રી. નાનો મચ્છર.

ક્ષુદ્રદંશી જુઓ ક્ષુદ્રદંશિકા.

ક્ષુદ્રદુરાલભા [સં.] સ્ત્રી. ઝીણો ધમાસો.

ક્ષુદ્રધાત્રી [સં.] સ્ત્રી. કાકડાશીંગનો છોડ.

ક્ષુદ્રધાન્ય [સં.] ન. એક જાતનું તૃણધાન્ય. જેમકે, સામો.

ક્ષુદ્રનલ [સં.] પું. બારીક નળી.

ક્ષુદ્રનાશી સ્ત્રી. દેવડી; દ્વારમંડપ.

ક્ષુદ્રનાસિક ૧. વિ. નકટું.

૨. [સં.] વિ. નાના નાકવાળું.

ક્ષુદ્રનિકાય પું. (બૌદ્ધ) ખુદ્દક નિકાય; સુત્તપિટકના પાંચ માંહેનો એ નામનો એક પેટા વિભાગ.

ક્ષુદ્રપટલ ન. એક જાતનું બારીક કાપડ.

ક્ષુદ્રપતિ [સં.] પું. કુબેર.

ક્ષુદ્રપત્ર ૧. [સં.] પું. એક જાતની વનસ્પતિ; સાટોડી.

૨. પું. જંગલી તુલસી.

૩. વિ. નાનાં પાંદડાંવાળું.

ક્ષુદ્રપત્રા ૧. [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; ચાંગેરી.

૨. સ્ત્રી. સાટોડી.

ક્ષુદ્રપત્રી [સં.] સ્ત્રી. વજ નામની વનસ્પતિ; ગંધીલો વજ.

ક્ષુદ્રપદ ન. દશ અંગુલનું એક પ્રાચીન માપ.

ક્ષુદ્રપનસ [સં.] પું. એક જાતના ફણસનું ઝાડ.

ક્ષુદ્રપર્ણ ૧. [સં.] પું. એક જાતની વનસ્પતિ; અર્જક.

૨. વિ. નાનાં પાંદડાંવાળું.

ક્ષુદ્રપશુ [સં.] ન. ચોપગું હલકું જાનવર.

ક્ષુદ્રપશુપથ [સં.] પું. નાનાં જાનવરોની આવજા માટેનો ચાર ફૂટ પહોળો રસ્તો.

ક્ષુદ્રપાષાણભેદા [સં.] સ્ત્રી. પહાડમાં થતી ક્ષુપ જાતિની એક વનસ્પતિ.

ક્ષુદ્રપિપ્પલી [સં.] સ્ત્રી. જંગલી પીપર.

ક્ષુદ્રપૃષતી [સં.] સ્ત્રી. એક જાતની મૃગલી.

ક્ષુદ્રપોતિકા [સં.] સ્ત્રી. મૂલપોતિકા વનસ્પતિ.

ક્ષુદ્રફણસ [સં. ક્ષુદ્રપનસ] ન. એક જાતનું જંગલી ફણસ. તે ઉષ્ણ, ગ્રાહી, વીર્યહર અને અગ્નિહર મનાય છે.

ક્ષુદ્રફલ ૧. [સં.] પું. એક જાતનું જાંબુનું વૃક્ષ.

૨. પું. જીવનવૃક્ષ નામે એક ઝાડ.

ક્ષુદ્રફલક જુઓ ક્ષુદ્રફલ.

ક્ષુદ્રફળ જુઓ ક્ષુદ્રફલ.

ક્ષુદ્રફલા ૧. [સં.] સ્ત્રી. અગ્નિદમની નામનું વૃક્ષ.

૨. સ્ત્રી. ઇંદરવરણી.

૩. સ્ત્રી. એક જાતની કાકડી.

ક્ષુદ્રફોડા (ક્ષુદ્રફોડ઼ા) પું. અર્બુદ.

ક્ષુદ્રબહુકોણ વિ. (ગણિત) નાના બહુ ખૂણાવાળું.

ક્ષુદ્રબુદ્ધિ ૧. [સં.] સ્ત્રી. તુચ્છ બુદ્ધિ; હલકી બુદ્ધિ.

૨. વિ. તુચ્છ બુદ્ધિવાળું.

૩. વિ. મૂર્ખ.

ક્ષુદ્રબોર ૧. ન. કાચું બોર.

૨. ન. સૂકું બોર.

ક્ષુદ્રબૃહતી [સં.] સ્ત્રી. નાની ભોરિંગડી.

ક્ષુદ્રભગોષ્ઠ પું. ભગોષ્ઠની નીચે યોનિના અંદરના ભાગમાં રહેલા બે નાના ચામડીના બનેલા હોઠ; બૃહદ્ ભગોષ્ઠને આંગળાથી હઠાવી જોવાથી અંદર દેખાતા બીજા પાતળા ભગોષ્ઠ.

ક્ષુદ્રભંડાકી સ્ત્રી. ભોરિંગડી.

ક્ષુદ્રભાવ પું. હલકી મનોદશા; હલકી ભાવના.

ક્ષુદ્રભૂત પું. (પુરાણ) સ્વાયંભુવ મન્વંતરમાંના મરિચિ ઋષિના ૭ માંહેનો એ નામનો એક દીકરો. કૃષ્ણાવતાર વખતે તે કૃષ્ણના તેમની પૂર્વે જન્મેલા ૭ ભાઈઓમાં એક તરીકે જન્મી કંસને હાથે મરણ પામ્યો હતો.

ક્ષુદ્રમ પું. ૭ માસાનું એક તોલું; ૭ દામ.

ક્ષુદ્રમતિ ૧. [સં.] સ્ત્રી. હલકી બુદ્ધિ.

૨. વિ. તુચ્છ બુદ્ધિવાળું.

૩. વિ. મૂર્ખ.

ક્ષુદ્રમત્સ્ય ન. નાનું માછલું.

ક્ષુદ્રમુસ્તા [સં.] સ્ત્રી. એક જાતની ઝીણી મોથ.

ક્ષુદ્રમૂલ [સં.] ન. મૂળાંકુર; બીના જે ભાગનું મૂળ બને છે તે ભાગ.

ક્ષુદ્રમોથ સ્ત્રી. એક જાતની મોથ.

ક્ષુદ્રયુવતી [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; વજ.

ક્ષુદ્રરૂપ ન. નરમ રૂપ.

ક્ષુદ્રરોગ [સં.] પું. ખસ, ખુજલી, લુખસ જેવા નાના રોગ; એક જાતનો હલકો રોગ.

ક્ષુદ્રલ [સં.] વિ. ક્ષુદ્ર રોગવાળું.

ક્ષુદ્રલસિકાણુ પું. લસિકાનો નાનો અણુ.

ક્ષુદ્રલા સ્ત્રી. બાળાવજ; ધોળો વજ.

ક્ષુદ્રવર્વેરા [સં.] સ્ત્રી. હંસલી.

ક્ષુદ્રવર્ષાભૂ સ્ત્રી. રાતી સોગડી.

ક્ષુદ્રવલ્લી [સં.] સ્ત્રી. એક વનસ્પતિ; મૂલપોતી.

ક્ષુદ્રવંશા [સં.] સ્ત્રી. રિસામણીનો વેલો.

ક્ષુદ્રવાર્તાકિની [સં.] સ્ત્રી. ધોળી ભોંયરીંગણી.

ક્ષુદ્રવાર્તાકી [સં.] સ્ત્રી. ભોંયરીંગણી.

ક્ષુદ્રવિરાટ પું. પરમાત્માનું નાનામાં નાનું સ્વરૂપ.

ક્ષુદ્રશાણા પું. વગડાઉ શણનો છોડવો.

ક્ષુદ્રશર્કરા [સં.] સ્ત્રી. એક જાતની સાકર.

ક્ષુદ્રશંખ [સં.] પું. નાનું શંખલું.

ક્ષુદ્રશાર્દૂલ [સં.] પું. ચિત્રો; દીપડો; નાનો વાઘ.

ક્ષુદ્રશીર્ષ ૧. [સં.] પું. મયુરશિખા નામનું વૃક્ષ.

૨. વિ. નાના માથાવાળું.

ક્ષુદ્રશુક્તિ [સં.] સ્ત્રી. નાની છીપ.

ક્ષુદ્રશુક્તિકા જુઓ ક્ષુદ્રશુક્તિ.

ક્ષુદ્રશ્યામા [સં.] સ્ત્રી. કટભી નામનું વૃક્ષ.

ક્ષુદ્રશ્વાસ [સં.] પું. એક જાતનો શ્વાસનો રોગ. સુશ્રુત અનુસાર અધિક ભોજનથી, ઓછો પરિશ્રમ કરવાથી અને દિવસે સૂવાથી આ રોગ થતો મનાય છે.

ક્ષુદ્રશ્વેતા [સં.] સ્ત્રી. એક જાતની ઔષધિ.

ક્ષુદ્રસર્વતોભદ્ર [સં.] પું. (જૈન) તપનો એ નામનો એક પ્રકાર.

ક્ષુદ્રસહા ૧. [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; માર્જારગંધા.
૨. સ્ત્રી. મુદ્ગપર્ણી નામની વનસ્પતિ.

ક્ષુદ્રસુવર્ણ [સં.] ન. પિત્તળ.

ક્ષુદ્રસૂક્ત પું. ઋગ્વેદના દશમા મંડલનાં ૧૨૯થી છેવટ સુધીનાં નાનાં સૂક્ત બનાવનાર એ નામનો એક ઋષિ.

ક્ષુદ્રહા [સં. ક્ષુદ્રહન્] પું. શિવ; મહાદેવ.

ક્ષુદ્રહિંગુલિકા [સં.] સ્ત્રી. ભોંયરીંગણી.

ક્ષુદ્રહિંગુલી જુઓ ક્ષુદ્રહિંગુલિકા.

ક્ષુદ્રા ૧. [સં.] સ્ત્રી. અપંગ સ્ત્રી; ખોડવાળી સ્ત્રી.
૨. સ્ત્રી. એ નામનું એક લઘુપંચમૂળ.
૩. સ્ત્રી. કસબણ; વેશ્યા.
૪. સ્ત્રી. કંટકારી; ભોંયરીંગણી.
૫. સ્ત્રી. જટામાંસી નામની વનસ્પતિ.
૬. સ્ત્રી. જાળ.
૭. સ્ત્રી. નટી; નાચનારી સ્ત્રી.
૮. સ્ત્રી. નીચ સ્ત્રી.
૯. સ્ત્રી. પાતળી શેરડી.
૧૦. સ્ત્રી. પ્રાચીન કાળમાં ભારતવર્ષમાં બનતી એક જાતની નાની હોડી.
૧૧. સ્ત્રી. મધમાખી.
૧૨. સ્ત્રી. માખી.
૧૩. સ્ત્રી. રાતી સાટોડી.
૧૪. સ્ત્રી. હિંસક સ્ત્રી.

ક્ષુદ્રાતુ [સં. ક્ષુદ્ર (અલ્પ) + આતુ (ધાતુ)] સ્ત્રી. એક જાતની અમેરિકના વર્જિનિયા પ્રાંતમાંથી નીકળતી હલકી ધાતુ.

ક્ષુદ્રાદિ કવાથ પું. (વૈદ્યક) ભોંયરીંગણી અને બીજી વનસ્પતિનો ઉકાળો.

ક્ષુદ્રાનુક્ષુદ્ર વિ. સૂક્ષ્મમાં સૂક્ષ્મ; અતિ સૂક્ષ્મ.

ક્ષુદ્રાપામાર્ગ [સં.] પું. રાતો અઘેડો.

ક્ષુદ્રામલક [સં.] ન. એક જાતનું આંબળું.

ક્ષુદ્રાલય પું. થોડાં ઝૂંપડાંવાળું ગામ; નાનું ગામ.

ક્ષુદ્રાલેખન [સં. ક્ષુદ્ર (હલકું) + આલેખન (ચિત્રકામ)] ન. હલકી જાતની વસ્તુઓ ચીતરવી તે.

ક્ષુદ્રાશય [સં.] વિ. હલકા વિચારવાળું; નીચ પ્રકૃતિવાળું.

ક્ષુદ્રાસ્થિ [સં.] ન. નાનું હાડકું.

ક્ષુદ્રાંજન [સં.] ન. એક જાતનું અંજન.

ક્ષુદ્રાંત્ર ન. નાનું આંતરડું; પાતળી માંસમય દીવાલવાળી એક લાંબી નળી. તે નાભિની આસપાસ ગૂંચળું વળીને રહેલી છે. તેનો ઉપલો છેડો ઓઝરી સાથે અને નીચલો છેડો ઉંડુક નામથી ઓળખાતા મોટા આંતરડાના શરૂઆતના ભાગ સાથે જોડાયેલ છે. આ આંતરડાની લંબાઈ સામાન્ય રીતે ત્રેવીશ ફૂટ હોય છે. તેનો શરૂઆતનો ભાગ આશરે દોઢ ઈંચ પહોળો અને તેના નીચલા છેડાની પહોળાઈ ફક્ત એક ઇંચ હોય છે, એટલે કે આંતરડાનો વ્યાસ ધીમે ધીમે ઘટતો જાય છે. ઓઝરીએ અરધા પકવેલા ખોરાકની પાચનક્રિયા અહીં પૂરી થાય છે. નાનું આંતરડું પૃષ્ઠવંશની આગલી બાજુ સાથે અંત્રબંધનીથી જોડાયેલું છે. મોટું આંતરડું નાના આંતરડાની આસપાસ રહેલું છે. નાના આંતરડાના ગ્રહણી, મધ્યાંત્રક તથા શેષાંત્રક એવા ત્રણ ભાગ પાડવામાં આવ્યા છે, પરંતુ આ એક સળંગ નળી છે.

ક્ષુદ્રાંત્રબંધની સ્ત્રી. નાના આંતરડાની કલા વડે રચાયેલી બંધની. તે નાના આંતરડાને પેટની પાછલી દીવાલ સાથે જોડે છે.

ક્ષુદ્રાંત્રીયરસ [સં.] પું. નાના આંતરડા માંહેનો પાચક રસ.

ક્ષુદ્રિકા ૧. સ્ત્રી. એક જાતની હેડકી.
૨. સ્ત્રી. ચોમાસામાં છલકાતી નાની અને છીછરી નદી.
૩. સ્ત્રી. નહિ ખોદેલું નાનું તળાવ.
૪. સ્ત્રી. નાની સાધ્વી.
૫. [સં.] સ્ત્રી. મચ્છર; ડાંસ.
૬. સ્ત્રી. હોડી; વહાણ.

ક્ષુદ્રિમા સ્ત્રી. ગાંધાર ગ્રામની બીજી મૂર્ચ્છના.

ક્ષુદ્રીય [સં.] વિ. નીચ મનુષ્યે કરેલું.

ક્ષુદ્રોલૂક [સં.] ન. નાનું ઘૂવડ.

ક્ષુદ્રૌષ્ઠ [સં.] પું. યોનિના ઉપલા મોટા હોઠની નીચે આવેલા બે નાના હોઠ માંહેનો દરેક.

ક્ષુદ્ધાન વિ. ભૂખ્યું.

ક્ષુધ્ [સં.] અ. ક્રિ. ભૂખ લાગવી.

ક્ષુધા ૧. [સં.] સ્ત્રી. ભૂખ.
૨. સ્ત્રી. લાલસા; તીવ્ર ઇચ્છા.

ક્ષુધાક્રાંત [સં.] વિ. ભૂખથી પીડાયેલું.

ક્ષુધાતુર ૧. વિ. બહુ જ આતુર; ઉત્સુક.
૨. [સં.] વિ. ભૂખથી બેબાકળું થઈ ગયેલું; ભૂખ્યું.
૩. વિ. લાલસાવાળું.
૪. વિ. લોભી.

ક્ષુધાધિક્ય [સં.] ન. બહુ ભૂખ લાગવાપણું.

ક્ષુધાધ્વંસ [સં.] પું. ભૂખનો નાશ; ભૂખ ન લાગવાપણું.

ક્ષુધાનલ [સં.] પું. ભૂખ; ભૂખરૂપી અગ્નિ.

ક્ષુધાપરીષહ [સં.] પું. (જૈન) ગમે તેવી ભૂખની વેદના છતાં સ્વીકારેલ મર્યાદા વિરુદ્ધ આહારપાણી ન લેતાં સમભાવપૂર્વક દુઃખ સહન કરવાપણું.

ક્ષુધાપીડિત ૧. ન. ભૂખને લીધે થતી અશાંતિ.
૨. વિ. ભૂખથી પીડાતું; ભૂખ્યું.

ક્ષુધાભિજનન ૧. [સં.] ન. રાઈ.
૨. વિ. ભૂખ લગાડે તેવું.

ક્ષુધામાંદ્ય [સં.] ન. ભૂખ ન લાગવાપણું.

ક્ષુધાયુક્ત [સં.] વિ. ભૂખ્યું; ભૂખવાળું.

ક્ષુધાર્ત [સં.] વિ. ભૂખથી પીડાતું.

ક્ષુધાર્તી જુઓ ક્ષુધાર્ત.

ક્ષુધાર્થી જુઓ ક્ષુધાર્ત.

ક્ષુધાલુ જુઓ ક્ષુધાયુક્ત.

ક્ષુધાવતી [સં.] સ્ત્રી. એક જાતનું ઔષધ. તેના સેવનથી ભૂખ વધે છે.

ક્ષુધાવંત [સં.] વિ. ક્ષુધાથી પીડાતું; ભૂખ્યું.

ક્ષુધિ પું. (પુરાણ) મિત્રવિંદાને કૃષ્ણથી થયેલ દશ માંહેનો એ નામનો એક દીકરો.

ક્ષુધિત જુઓ ક્ષુધાતુર.

ક્ષુધોત્તેજક [સં.] વિ. ભૂખ ઉત્પન્ન કરે એવું.

ક્ષુપ ૧. [સં.] પું. છોડ; મૂળ અને શાખા નાનાં હોય તેવું ઝાડ.
૨. પું. ઝાડી; ગીચ જંગલ.
૩. પું. દ્વારકાની પશ્ચિમે આવેલો એ નામનો એક પર્વત.
૪. પું. (પિંગળ) પાંચ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; હર. તે સુપ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે. તેમાં જગણ અને બે લઘુ મળી પાંચ વર્ણ હોય છે.
૫. પું. (પુરાણ) બ્રહ્મદેવની છીંકમાંથી ઉત્પન્ન થયેલ એક પ્રજાપતિ.

૬. પું. મહાભારત અનુસાર પ્રસંધિનો દીકરો અને ઇક્ષ્વાકુનો બાપ.

૭. પું. શ્રીકૃષ્ણનો સત્યભામાને પેટે થયેલો એક દીકરો.

૮. સ્ત્રી. રજપૂતની એક જાતિ.

૯. ન. રજપૂતની એ નામની જાતિનું માણસ.

૧૦. વિ. રજપૂતની એ નામની જાતિનું.

ક્ષુબ્ધ ૧. [સં.] પું. એક જાતનો રતિબંધ.

૨. પું. મંથનદંડ; રવૈયો.

૩. વિ. અધીરૂં; બહુ આતુર.

૪. વિ. અસ્થિર; ચંચળ.

૫. વિ. કુપિત; ગુસ્સે થયેલું.

૬. વિ. ક્ષોભ પામેલું; વ્યાકુળ; ગભરાયેલું.

૭. વિ. ડરેલું; ભયભીત.

૮. વિ. ડોળું; મેલું; ડહોળાયેલું.

૯. વિ. હલાવેલું; ડોલાવેલું.

ક્ષુબ્ધચિત્ત [સં.] ન. વ્યાકુળ મન.

ક્ષુભ્ ૧. [સં.] અ. ક્રિ. કંપવું; ડોલવું.

૨. અ. ક્રિ. (ધાતુ) ખળભળવું; ગભરાવું; સંકોચ પામવો. તે ઉપરથી થયેલ શબ્દઃ ક્ષુભ.

ક્ષુભ ૧. [સં.] વિ. ક્ષોભ પામનાર; ગભરાનાર; ખળભળનાર.

૨. વિ. પ્રવર્તક; ફેલાવો કરનાર.

ક્ષુભા ૧. પું. એ નામે સૂર્યનો એક પાર્ષદ.

૨. [સં.] સ્ત્રી. એ નામની એક દેવી.

ક્ષુભિત ૧. [સં.] ન. ક્ષોભ; ખળભળાટ.

૨. ન. ઝઘડો; ક્લેશ.

૩. જુઓ ક્ષુબ્ધ ૩–૯.

ક્ષુભ્નાદિ [સં.] પું. પાણિનીય વ્યાકરણપ્રસિદ્ધ એક શબ્દગણ.

ક્ષુભ્ય ૧. પું. (પુરાણ) ભૃગુ કુળમાં જન્મેલ એ નામનો એક ઋષિ.

૨. વિ. ગભરાઈ જાય એવું; ડરપોક.

ક્ષુભ્યતા ૧. સ્ત્રી. ચંચળતા; અસ્થિરતા.

૨. સ્ત્રી. વ્યાકુળતા; વિહ્વળપણું.

ક્ષુમા ૧. [સં.] સ્ત્રી. અળસી.

૨. સ્ત્રી. ગળી.

૩. સ્ત્રી. જવાસો નામની વનસ્પતિ.

૪. સ્ત્રી. બાણ.

૫. સ્ત્રી. શણ.

૬. વિ. શત્રુને કંપાવનાર.

ક્ષુર્ ૧. [સં.] અ. ક્રિ. ક્યારા કરવા.

૨. અ. ક્રિ. રેખા કાઢવી; લીટી દોરવી.

૩. સ. ક્રિ. (ધાતુ) કાપવું; છેદવું. તે ઉપરથી થયેલ શબ્દઃ ક્ષુરિત, ક્ષૌર, ક્ષૌરકર્મ.

ક્ષુર ૧. [સં.] પું. અસ્રો; સજાયો.

૨. પું. (પિંગળ) આઠ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; ક્ષર. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં જગણ, નગણ અને બે લઘુ એમ આઠ અક્ષર હોય છે.

૩. પું. એક જાતની વનસ્પતિ; એખરો.

૪. પું. ગોખરુ.

૫. પું. તીર; બાણ.

૬. પું. પશુઓની ખરી.

૭. પું. માથાનો મૂંડો; ટકો.

ક્ષુરક ૧. [સં.] પું. અઢાર મુખ્ય કર્મજ્ઞ માંહેનો એ નામનો એક.

૨. પું. એખરો.

૩. પું. તલબાવળડી નામની વનસ્પતિ.

૪. પું. મોટું ગોખરુ.

ક્ષુરકર્મ [સં.] ન. હજામત; નખ તથા વાળ કાપવા તે.

ક્ષુરક્રિયા જુઓ ક્ષુરકર્મ.

ક્ષુરધાન [સં.] સ્ત્રી. હજામની પેટી; હજામની કોથળી.

ક્ષુરધાર ૧. ન. એ નામનું એક નરક.

૨. [સં.] ન. એક જાતનું બાણ.

૩. વિ. છરાની માફક તેજ ધારવાળું.

ક્ષુરધારકુંડ પું. એ નામનો ૮૬ નરકકુંડ માંહેનો એક.

ક્ષુરધારા ૧. [સં.] સ્ત્રી. અસ્ત્રાની ધાર.

૨. સ્ત્રી. એક જાતનું બાણ.

ક્ષુરપત્ર ૧. [સં.] ન. અસ્ત્રા જેવાં પાંદડાંવાળું ઝાડ.

૨. ન. અસ્ત્રા જેવી ધારવાળું બાણ.

૩. ન. અસ્ત્રાની ધાર.

૪. ન. અસ્ત્રો; સજાયો.

૫. ન. દાભડો; દર્ભ નામનું ધાસ.

૬. વિ. ધારવાળાં પાંદડાંવાળું.

ક્ષુરપ્ર ૧. [સં.] પું. અસ્ત્રો; સજાયો.

૨. પું. ધાસ કાપવાનું ઓજાર; દાતરડું.

૩. પું. ચપટા માથાવાળું બાણ.

ક્ષુરપ્રમાલ પું. હાથીને પહેરાવવાનો એક જાતનો હાર.

ક્ષુરમત્સ્ય [સં.] ન. દાતરડાવાળું એક જાતનું માછલું.

ક્ષુરમર્દી [સં. ક્ષુરમર્દિન્] પું. વાળંદ; હજામ; નાવી.

ક્ષુરમુંડક જુઓ ક્ષુરમર્દી.

ક્ષુરમુંડી જુઓ ક્ષુરમર્દી.

ક્ષુરા [સં.] સ્ત્રી. એખરો નામની વનસ્પતિ.

ક્ષુરાગ્ર [સં.] પું. અસ્ત્રાનો ધારવાળો ભાગ.

ક્ષુરિકા ૧. [સં.] સ્ત્રી. એક જાતનું શાક.

૨. સ્ત્રી. કૃષ્ણ યજુર્વેદનું એક ઉપનિષદ. જુઓ ક્ષુરિકોપનિષદ.

૩. સ્ત્રી. ચપ્પુ; ચાકું.

૪. સ્ત્રી. છરી.

૫. સ્ત્રી. નાનો અસ્ત્રો.

ક્ષુરિકોપનિષદ[સં. ક્ષુરિકોપનિષત્]સ્ત્રી.;ન. એકસો અઢાર ઉપનિષદોમાંનું એ નામનું એક. તેનો સાર નીચે પ્રમાણે છેઃ કોલાહલરહિત પવિત્ર દેશમાં સ્થિતિ કરીને કોમલ આસન ઉપર પદ્માદિક આસને બેસવું. પછી કાચબો જેમ પોતાના અંગો સંકોચી લે છે તેમ સાધક ઇંદ્રિયો તથા મનની વૃત્તિઓને હૃદયાકાશમાં સંકોચી લે અને બાર પ્રણવનું ઉચ્ચારણ કરતાં સુધી ધીમે ધીમે બહારના વાયુનું કોઈ પણ નાસાપુટ દ્વારા હૃદયભણી આકર્ષણ કરે. તે વખતે શરીરનાં મુખ્ય છિદ્રોનો નિરોધ કરે અને કેડ, હૃદય, કંઠ તથા મુખને થોડાં ઊંચાં રાખે. શરીરમાં પૂરેલા વાયુને અડતાલીશ માત્રા પર્યંત અચલ રાખે ને પછી બીજા નાસાપુટ દ્વારા ધીમેધીમે શરીરમાંના તે વાયુને બહાર કાઢે. પ્રાણાયામનો અભ્યાસ પાકો થયા પછી ધારણા વડે પ્રાણના પ્રત્યાહારનો અભ્યાસ કરે. અંગૂઠાથી ઘૂંટી, ત્યાંથી નીચલો ભાગ, ત્યાંથી ઢીંચણનો ઉપલો ભાગ, ત્યાંથી ઊરુ, ત્યાંથી ગુદા, ત્યાંથી શિશ્ન, ને ત્યાંથી નાભિ એમ ક્રમથી નીચેના વાયુને મન વડે ઉપરના સ્થાનમાં ધારણ કરે. ત્યાંથી વાયુ, મન તથા અગ્નિનો સુષુમ્ણામાં પ્રવેશ કરાવે. ત્યાંથી હૃદય તથા અનાહતચક્રનું ભેદન કરી તે કંઠમાં વિશુદ્ધચક્રમાં જાય. આવા અભ્યાસથી એટલે કે અભિમાતીની સુષુમ્ણામાં સ્થિતિ થવાથી તે સમયમાં શરીરમાંની બીજી નાડીઓ અશક્ત થઈ જાય છે. કંઠમાંથી તે આજ્ઞાચક્રમાં જઈ ત્યાંથી બ્રહ્મરંધ્રમાં જાય છે. જેમ બળવાન હંસ પાશ છેદીને ભય રહિત થઈ આકાશમાં ઊડી જાય છે તેમ નિઃસ્પૃહ યોગવેત્તા ધીમેધીમે અવિદ્યાદિ પાશોને તોડી નાખી સંસારના અવધિને પામે છે. પ્રાણનો આરોહ અવરોહ જે હઠયોગમાં ઉપયોગી છે તેનું સંક્ષેપમાં આ ઉપનિષદમાં નિરૂપણ કર્યું છે.

ક્ષુરિણી ૧. [સં.] સ્ત્રી. એ નામની વનસ્પતિ; વરાહક્રાંતા.

૨. સ્ત્રી. વાળંદની સ્ત્રી.

ક્ષુરી ૧. [સં. ક્ષુરિન્] પું. ખરીવાળું પશુ.

૨. પું. હજામ.

૩. સ્ત્રી. છરી.

ક્ષુલ્લ ૧. [સં.] વિ. અલ્પ; થોડું.
૨. વિ. ક્ષુદ્ર; નીચ.
૩. વિ. નાનું; કનિષ્ઠ.

ક્ષુલ્લક ૧. પું. નાનું શંખલું; કોડી.
૨ [સં.] પું. રુદ્રનું એક નામ.
૩. વિ. અલ્પ; જરા; થોડું.
૪. વિ. તુચ્છ; નજીવું.

ક્ષુલ્લકતા ૧. [સં.] સ્ત્રી. અસારતા; તુચ્છતા.
૨. સ્ત્રી. નાનપ.

ક્ષુલ્લકપુર ન. મુંબઈ ઇલાકામાં આવેલ એ નામનું એક શહેર; કોલ્હાપુર.

ક્ષે ૧. પું. નાશ.
૨. વિ. ક્ષય કરનાર; ઘાતક.

ક્ષેડિત [સં.] ન. સિંહનો શબ્દ.

ક્ષેત્ર ૧. ન. અવકાશ; પ્રસંગ.
૨. [સં.] ન. અંતઃકરણ; મન.
૩. ન. (જૈન) આર્ય અનાર્ય પ્રદેશ.
૪. ન. ઉત્પત્તિસ્થાન.
૫. ન. એક રાગિણી; હનુમંત મત પ્રમાણે શ્રી રાગની આઠ પુત્રવધૂ માંહેની એક; ક્ષેમ. આ રાગિણી કન્હરા, સરસ્વતી અને કલ્યાણથી મિશ્ર છે.
૬. ન. ગણિતશાસ્ત્રપ્રસિદ્ધ દ્વિકોણ, ત્રિકોણ વગેરે પદાર્થો.
૭. ન. જે સપાટીમાંના ગમે તે બે બિંદુને જોડનારી સીધી લીટી આખી તે સપાટી ઉપર પડી રહે તે ભાગ.
૮. ન. જેમાં વસ્તુ ઉત્પન્ન કરાતી હોય તે.
૯. ન. ડાંગર વગેરેનો ક્યારો.
૧૦. ન. દેશ.
૧૧. ન. (જૈન) દ્વીપનો એક ભાગ; ખંડ.
૧૨. ન. ધંધાનો અવકાશ; મોકળાશ.
૧૩. ન. ધંધો; આજીવિકાનું સાધન.
૧૪. ન. ધ્વજા, વાવટા, નિશાન વગેરે કરવાનું વસ્ત્ર.
૧૫. ન. પવિત્ર સ્થળ; તીર્થ.
૧૬. ન. પાંચ જ્ઞાનેંદ્રિયોનો સમૂહ.
૧૭. ન. બંદર.
૧૮. ન. ભૂમિ; ખેતર; જમીન; ખુલ્લી કે ઉઘાડી જમીન.
૧૯. ન. ભૂમિતિ.
૨૦. ન. મેષ વગેરે બાર રાશિ.
૨૧. ન. રાહુ.
૨૨. ન. લડાઈનું સ્થળ; રણાંગણ.
૨૩. ન. લંબાઈ પહોળાઈવાળી વસ્તુ.
૨૪. ન. (જૈન) લોકાકાશ; આકાશપ્રદેશ.
૨૫. ન. શરીર; દેહ.
૨૬. ન. સિદ્ધની જગ્યા; સિદ્ધસ્થાન.
૨૭. ન. સ્ત્રી; પત્ની.
૨૮. ન. સ્થાન; જગા; પ્રદેશ.

ક્ષેત્રઆર્ય પું. (જૈન) કાશી, કોશલ વગેરે આર્યદેશોમાં ઉત્પન્ન થયેલ માણસ.

ક્ષેત્રકર [સં.] વિ. ખેતી કરનાર; ખેતર ખેડનાર.

ક્ષેત્રકરીષ ન. અડાયું છાણું; ઉત્પલક.

ક્ષેત્રકલ્પ પું. (જૈન) દેશનો રિવાજ.

ક્ષેત્રકાર જુઓ ક્ષેત્રકર.

ક્ષેત્રકૃત [સં.] વિ. ક્ષેત્રને લીધે થયેલું.

ક્ષેત્રકોણ [સં.] પું. એક બિંદુમાં મળનારી બે સીધી લીટીઓની વચ્ચેનો ખૂણો.

ક્ષેત્રક્ષેત્રજ્ઞવિભાગયોગ [સં.] પું. ગીતાનો તેરમો અધ્યાય. ક્ષેત્ર એટલે શરીર અને ક્ષેત્રજ્ઞ એટલે શરીરમાં રહેનાર અથવા શરીરને જાણનાર આત્મા. એના વેદાંતશાસ્ત્રમાં અનુક્રમે પિંડ અને બ્રહ્માંડ એવાં નામો છે. એ બંનેનો વિચાર આ અધ્યાયમાં કર્યો છે.

ક્ષેત્રગણના [સં.] સ્ત્રી. ક્ષેત્રફળની ગણતરી. તેનું કોષ્ટક:

૧ ચોરસ હાથ = આસન
૧૬ આસન = ગોચર્મ
૬૪ ગોચર્મ = કાકણી
૪ કાકણી = માષ
૪ માષ = વર્તનિકા
૫ વર્તનિકા = વાટિ
૪ વાટિ = કુટુંબ
૧૦૦ કુટુંબ = ગ્રામ
૧૦૦ ગ્રામ = જનપદ
૧૦૦ જનપદ = દેશ

ક્ષેત્રગણિત [સં.] ન. ક્ષેત્રનું માપ કાઢવાની વિદ્યા.

ક્ષેત્રગૃહ [સં.] ન. ખેતરમાં બાંધેલ મકાન.

ક્ષેત્રચંચુ [સં.] પું. ઊભી બહુફળીનો છોડ.

ક્ષેત્રજ ૧. [સં.] પું. પતિ મરી ગયો હોય, નપુંસક હોય અથવા રોગી હોય તેવી સ્ત્રી શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે નિયુક્ત થવાથી ઉત્પન્ન થયેલ પુત્ર.
૨. વિ. ખેતરમાં ઉત્પન્ન થનાર.
૩. વિ. શરીરમાંથી જન્મેલ.
૪. વિ. સ્ત્રીથી ઉત્પન્ન થયેલ.

ક્ષેત્રજપુત્ર જુઓ ક્ષેત્રજ ૧.

ક્ષેત્રજા ૧. [સં.] સ્ત્રી. એક જાતનું ઘાસ; ગોમૂત્ર તૃણ.
૨. સ્ત્રી. એક પ્રકારની કાકડી.
૩. સ્ત્રી. ધોળી ભોંયરીંગણી.

ક્ષેત્રજ્ઞ ૧. [સં.] પું. આત્મા.
૨. પું. આત્મારૂપે દેહ વગેરે ઉપર અભિમાન કરનારો જીવ.
૩. પું. ખેડૂત.
૪. પું. પરમાત્મા; સર્વજ્ઞ પરમેશ્વર; અંતર્યામી.
૫. પું. બટુક ભૈરવ.
૬. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. તે દેહરૂપી ક્ષેત્રની સર્વ ચેષ્ટાઓના જાણનાર છે. વળી સર્વ દેહરૂપી ક્ષેત્રોના જાણનાર પણ તે છે. તેથી તે ક્ષેત્રજ્ઞ કહેવાય છે.
૭. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.
૮. પું. સાક્ષી.
૯. પું. સ્વચ્છંદી માણસ; કાછડીછૂટો પુરુષ; લંપટ.
૧૦. વિ. ક્ષેત્રને જાણનારું; જ્ઞાની.
૧૧. વિ. ચતુર; હોશિયાર; ડાહ્યું.
૧૨. વિ. જાણનાર; જ્ઞાતા.
૧૩. વિ. માયા અને તેના કાર્યને જાણનાર; આત્મજ્ઞાની.
૧૪. વિ. વિવેકી.

ક્ષેત્રજ્ઞા [સં.] સ્ત્રી. સીતાના હજાર માંહેનું એક નામ.

ક્ષેત્રજ્ઞાધિષ્ઠાન [સં.] ન. ક્ષેત્રજ્ઞના એટલે આત્માના સ્થાનરૂપ જે હોય તે.

ક્ષેત્રજ્ઞાની [સં. ક્ષેત્રજ્ઞાનિન્] વિ. ક્ષેત્રનું જ્ઞાન ધરાવનાર; બ્રહ્મજ્ઞાન મેળવતાં પ્રથમ શરીરરૂપી ક્ષેત્ર સમજનાર.

ક્ષેત્રત્રિકોણમિતિ [સં.] સ્ત્રી. (ગણિત) સમતલત્રિકોણમિતિ; સીધી સપાટી ઉપર દોરેલા ત્રિકોણનું ગણિત; 'ટ્રિગૉનૉમેટ્રિ'.

ક્ષેત્રદ ૧. [સં.] પું. બટુક ભૈરવ.
૨. વિ. ખેતર આપનાર.

ક્ષેત્રદર્શક વિ. ચોરસ માપ બતાવતું. જેમકે, ક્ષેત્રદર્શક કોષ્ટક.

ક્ષેત્રદર્શન ન. ખગોળ કે જ્યોતિષમાં ક્ષેત્ર દેખાડવા પૂરતી કરેલી આકૃતિ.

ક્ષેત્રદૂતી [સં.] સ્ત્રી. એક વનસ્પતિ; ધોળી ભોંયરીંગણી.

ક્ષેત્રદેવતા [સં.] સ્ત્રી. ક્ષેત્રની અધિષ્ઠાયક દેવતા.

ક્ષેત્રનલિકા સ્ત્રી. વિદ્યુતજનક યંત્રમાં લગાડવામાં આવતી એક નલિકા; 'ફીલ્ડ કૉઇલ'.

ક્ષેત્રપ ૧. [સં.] પું. પરમાત્મા.
૨. પું. બટુક ભૈરવ.

૩. વિ. ક્ષેત્રનો રક્ષક.

ક્ષેત્રપતિ ૧. [સં.] પું. ખેડૂત; જમીનનો માલિક; ખેતરનો ધણી.

૨. પું. જીવાત્મા.

૩. પું. પરમાત્મા.

૪. વિ. ખેતરનું રક્ષણ કરનાર.

ક્ષેત્રપરમાણુ પું. (જૈન) આકાશ પ્રદેશને અવગાહી રહેલ પુદ્ગલ પરમાણુ.

ક્ષેત્રપરિગતવૃત્ત ન. (ગણિત) આપેલ આકૃતિના શિરોબિંદુઓમાંથી પરિધિ પસાર થાય એવી રીતે દોરેલું વર્તુલ.

ક્ષેત્રપર્પટી [સં.] પું. પિત્તપાપડો નામની વનસ્પતિ.

ક્ષેત્રપાલ ૧. [સં.] પું. એક જાતનો બટુક ભૈરવ દેવ.

૨. પું. કોઈ પણ સ્થળનો મુખ્ય પ્રબંધકર્તા.

૩. પું. ક્ષેત્રનું રક્ષણ કરનાર; ખેડૂત.

૪. પું. ખેતરપાળ દેવ; ખેતરનું રક્ષણ કરનાર દેવ.

૫. પું. દ્વારપાલ.

૬. પું. (તાંત્રિક) પશ્ચિમ દ્વારપાળ ભૈરવ.

૭. પું. પૂર્વ બંગાળમાં પૂજાતો એક દેવ.

૮. પું. બેટબોલની રમતમાં દાવ દેનાર વ્યક્તિ; 'ફીલ્ડર'.

૯. પું. રાજા; સ્વામી.

ક્ષેત્રપાલક ૧. [સં.] પું. ક્ષેત્રનો રક્ષક; ખેતરનો રખેવાળ.

૨. પું. શિવ.

ક્ષેત્રપાલરસ [સં.] પું. (વૈદ્યક) સંગ્રહણી સહિતના સોજામાં અપાતું એક ઔષધ.

ક્ષેત્રપાલિકા [સં.] સ્ત્રી. ખેતરનું રક્ષણ કરનાર સ્ત્રી.

ક્ષેત્રપાળ જુઓ ક્ષેત્રપાલ.

ક્ષેત્રપ્રસાર પું. ક્ષેત્રમાં વિસ્તાર થવો તે.

ક્ષેત્રફેતિકા સ્ત્રી. ધોળી ભોંયરીંગણી.

ક્ષેત્રફલ ૧. ન. (ગણિત) ક્ષેત્રનો વિસ્તાર. કોઈ પણ આકૃતિમાં જેટલી સપાટીનો સમાવેશ થાય અથવા કોઈ પણ આકૃતિની હદ બાંધનારી લીટીઓથી સપાટીનો જેટલો ભાગ ઘેરાય તેને તે આકૃતિનું ક્ષેત્રફળ કહે છે.

૨. ન. ખેતરની પેદાશ.

૩. ન. જમીનની લંબાઈ પહોળાઈનું માપ; 'એરિય'.

૪. ન. પરિણામ.

૫. ન. સોદામાં ચોખ્ખો નફો કે ખોટ.

ક્ષેત્રફલપત્રક [સં.] ન. જરીફખરડો; માપણીનું પત્રક; સૂડ.

ક્ષેત્રફલપુસ્તક [સં.] ન. ગુણાકારવહી.

ક્ષેત્રફલીયપુષ્ટિ સ્ત્રી. કોઈ પણ ફરતા બિંદુને આપેલા બિંદુની સાથે જોડનારી સીધી લીટીના ફરવાથી જે ક્ષેત્રફળ ઉત્પન્ન થાય તેમાં આપેલા વખતમાં થતો ફેરફાર; 'એરિયલ એડવાન્સ'.

ક્ષેત્રફલીયવૃદ્ધિ સ્ત્રી. ક્ષેત્રફલીયવેગમાં થતા ફેરફારનો દર, એટલે સમયના એક એકમમાં ક્ષેત્રફલીયવેગમાં થતો ફેરફાર; 'એરિયલ એક્સેલરેશન'.

ક્ષેત્રફલીયવેગ પું. ક્ષેત્રફલીયપુષ્ટિનો દર, એટલે સમયના એક એકમમાં થતી ક્ષેત્રફલીય પુષ્ટિ; 'એરિયલ વેલૉસિટિ.'

ક્ષેત્રફળ જુઓ ક્ષેત્રફલ.

ક્ષેત્રભૂમિ [સં.] સ્ત્રી. ખેતરની જમીન.

ક્ષેત્રભૂમિતિ સ્ત્રી. (ગણિત) સીધી સપાટી ઉપર દોરેલી લીટીઓ અને આકૃતિનું ગણિત; સમતલભૂમિતિ; 'પ્લેન જ્યૉમેટ્રિ.'

ક્ષેત્રમર્યાદા ૧. [સં.] સ્ત્રી. અધિકારની હદ આંકવી તે.

૨. સ્ત્રી. ક્ષેત્રની હદ.

ક્ષેત્રમર્યાદાચિહ્ન [સં.] ન. ક્ષેત્રની હદનું ચિહ્ન; સીમાચિહ્ન.

ક્ષેત્રમાપ ન. ચોરસ માપ.

ક્ષેત્રમાપન ન. ક્ષેત્રને માપવું તે.

ક્ષેત્રમાલિકા [સં.] સ્ત્રી. વજ નામની વનસ્પતિ.

ક્ષેત્રમિતિ ૧. સ્ત્રી. (ગણિત) કોઈ પણ આકૃતિની કે પદાર્થની સપાટીનું માપ કાઢવાનું ગણિત.

૨. સ્ત્રી. ક્ષેત્રને માપવું તે.

ક્ષેત્રયમાનિકા [સં.] સ્ત્રી. (ગણિત) એક જાતની ભૂમંડલની કલા.

ક્ષેત્રયવાનિકા [સં.] પું. અજમા. અજમાના છોડ ખેતરમાં યવનાં જેવાં અણીવાળાં થાય છે માટે તેને ક્ષેત્રયવાનિકા કહે છે.

ક્ષેત્રરુહ [સં.] વિ. ખેતરમાં ઊગનાર.

ક્ષેત્રરુહા [સં.] સ્ત્રી. એક જાતની કાકડી.

ક્ષેત્રરેખા [સં.] સ્ત્રી. કોઈ પણ સીધી સપાટીમાં પૂરેપૂરી સમાઈ જતી આખી રેખા; 'પ્લેન લાઇન'.

ક્ષેત્રલિપ્તા [સં.] સ્ત્રી. એક જાતની વેલ.

ક્ષેત્રલૂતા સ્ત્રી. ખેતરાઉ કરોળિયો. આ જંતુ જાળું બાંધતું નથી પણ જમીનમાં દર કરી રહે છે.

ક્ષેત્રલોક પું. (જૈન) ક્ષેત્રરૂપ લોક; લોકાકાશ.

ક્ષેત્રવસ્તુપ્રમાણાતિક્રમ પું. (જૈન) જે જમીન ખેતીવાડી લાયક હોય તે ક્ષેત્ર અને રહેવા લાયક હોય તે વસ્તુ, એ બંનેનું પ્રમાણ નક્કી કર્યા પછી લોભ વશ થઈ તેની મર્યાદાનું ઉલ્લંઘન કરવાથી થતો દોષ.

ક્ષેત્રવહી સ્ત્રી. ખેડૂતોની જમીન સંબંધીની ચોપડી; ખેતરની વહી.

ક્ષેત્રવિદ જુઓ ક્ષેત્રજ્ઞ.

ક્ષેત્રવિભાગ પું. ખગોળશાસ્ત્રમાં કલાક, મિનિટ, વગેરે; કલાવિભાગથી જુદા પડી આવતાં અંશ, કલા વગેરે માપ.

ક્ષેત્રવૃત્તાંતપત્રક [સં.] ન. પહાણીપત્રક; ખેતરના જૂના તથા નવા માલિક તેમ જ ખેતરના જૂના અને નવા આંક બતાવનારૂં પત્રક.

ક્ષેત્રવૃદ્ધિ [સં.] સ્ત્રી. (જૈન) જુદી જુદી દિશાનું જુદું જુદું પ્રમાણ નક્કી કર્યા પછી વધારે પ્રમાણવાળી દિશામાં ઘટાડો કરી ઓછા પ્રમાણવાળી દિશામાં વધારો કરવો તે.

ક્ષેત્રવ્યવહાર [સં.] પું. (ગણિત) ત્રિકોણ વગેરેના ક્ષેત્રફળ વગેરે જણાવવાં તે; કોઈ પણ ક્ષેત્રનું વર્ગફળ કાઢવું તે.

ક્ષેત્રશુદ્ધિ ૧. સ્ત્રી. આત્મશુદ્ધિ.

૨. સ્ત્રી. જગ્યાની શુદ્ધિ.

ક્ષેત્રસંન્યાસ પું. બીજાં બધાં ક્ષેત્ર છોડી એક જ સ્થાનને વળગી બેસવું તે. ઘરબાર છોડીને કોઈ તીર્થમાં પ્રતિજ્ઞાપૂર્વક રહેવું તેને ક્ષેત્રસંન્યાસ કહે છે.

ક્ષેત્રસંભૂત [સં.] વિ. ખેતરમાં ઉત્પન્ન થયેલ.

ક્ષેત્રસંશોધન ન. જમીનની જાત બાબત શોધખોળ કરવી તે.

ક્ષેત્રસીમા [સં.] સ્ત્રી. ખેતરની હદ.

ક્ષેત્રસીમાચિહ્ન જુઓ ક્ષેત્રમર્યાદાચિહ્ન.

ક્ષેત્રસ્થ ૧. [સં.] પું. શરીરમાં રહેલો આત્મા.

૨. વિ. પુણ્યક્ષેત્રમાં રહેનારૂં.

૩. વિ. શરીરમાં રહેલું.

ક્ષેત્રહિંસા ૧. [સં.] સ્ત્રી. ખેતરને નુકસાન પહોંચાડવું તે.

૨. સ્ત્રી. પોતાની માલિકી વગરની જમીનનું કરેલ દબાણ.

ક્ષેત્રહિંસાનિવેદન ન. દબાવેલી જમીનનું પત્રક; અસ્વામિભોગ; નિવેદનપત્રક.

ક્ષેત્રાકૃતિ સ્ત્રી. (ગણિત) કોઈ પણ સીધી

સપાટીમાં પૂરેપૂરી સમાઈ જતી હોય તેવી આકૃતિ; સરલ સપાટી ઉપર દોરેલી આકૃતિ.

ક્ષેત્રાજીવ [સં.] પું. ખેતર ખેડી કે ખેડાવી ગુજરાન ચલાવનાર ખેડૂત.

ક્ષેત્રાણાંપતિ ૧. [સં.] પું. વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ.
૨. પું. શરીરનો પાલક.

ક્ષેત્રાદીપિક [સં.] પું. ખેતરમાં આગ લગાડનાર માણસ.

ક્ષેત્રાધિકાર [સં.] પું. ખેડહક્ક; જમીન ખેડવાનો અધિકાર.

ક્ષેત્રાધિદેવતા [સં.] પું.; સ્ત્રી. ખેતરનાં અધિષ્ઠાતા દેવદેવી.

ક્ષેત્રાધિપ ૧. [સં.] પું. ક્ષેત્રિક; ખેતરનો માલિક.
૨. પું. (જ્યોતિષ) મેષ વગેરે બાર રાશિના સ્વામી મંગળ વગેરે ગ્રહ.

ક્ષેત્રાંતર્ગતવૃત્ત ન. (ગણિત) આપેલી આકૃતિની બધી બાજુ વર્તુલની સ્પર્શરેખાઓ બને એવી રીતે આકૃતિની અંદર કાઢેલું વર્તુલ.

ક્ષેત્રાંશ ૧. [સં.] પું. અંશમાં માપેલો ક્રાંતિવૃત્તનો કોઈ પણ ભાગ.
૨. પું. ભૂવિભાગ; ગાળો.

ક્ષેત્રિક ૧. [સં.] પું. ખેડૂત; ખેતરનો માલિક.
૨. વિ. ખેતરનું; ખેતર સંબંધી.

ક્ષેત્રિકાયત્ત [સં.] વિ. જમીનદારના અધિકારનું.

ક્ષેત્રિકાયત્તગ્રામ [સં.] ન. જમીનદારના અધિકારનું ગામ.

ક્ષેત્રિણી [સં.] સ્ત્રી. મજીઠ વનસ્પતિ.

ક્ષેત્રિય ૧. [સં.] પું. અસાધ્ય રોગ; આરામ ન થાય એવો રોગ.
૨. પું. આત્મા.
૩. પું. ઔષધ.
૪. પું. ક્ષેત્રજ પુત્ર.
૫. પું. ખેડૂત; ક્ષેત્રનો ધણી.
૬. પું. પતિ.
૭. પું. પરસ્ત્રીલંપટ પુરુષ; રંડીબાજ.
૮. ન. ઔષધોપચાર.
૯. ન. ચરાણનું ખડ, તૃણ, છોડ વગેરે.
૧૦. વિ. ખેતરમાં ઉત્પન્ન થયેલ.

ક્ષેત્રી ૧. [સં. ક્ષેત્રિન્] પું. આત્મા.
૨. પું. ક્ષેત્રનો સ્વામી.
૩. પું. ખેડૂત.
૪. પું. જીવ.
૫. પું. નિયુક્તા સ્ત્રીનો વિવાહિત પતિ.
૬. પું. પતિ; ધણી.
૭. પું. માલિક; સ્વામી.
૮. સ્ત્રી. એક પ્રકારની વેલ. તે છત્રાકાર અને મૂળમાં એક જ કંદવાળી હોય છે અને પારો બાંધવા માટે વપરાય છે.

ક્ષેત્રીકૃત [સં.] વિ. બીજાને સોંપાયેલ.

ક્ષેત્રેક્ષુ પું. એક જાતનું ધાન્ય; જુવાર.

ક્ષેત્રોદ્ધરણ [સં.] ન. ભૂમિ શુદ્ધિકરણ; ક્ષેત્ર શુદ્ધ કરવું તે.

ક્ષેદ [સં.] પું. અફસોસ; ખેદ.

ક્ષેપ ૧. [સં.] પું. અક્ષાંશ.
૨. પું. (ગણિત) અનિશ્ચિત સમીકરણમાં આવતી સ્થિર સંખ્યા.
૩. પું. ઉમેરવાની સંખ્યા.
૪. પું. ઓળંગવું તે.
૫. પું. ખેપ; મોકલવું તે.
૬. પું. ગર્વ.
૭. પું. ગાળવું તે; સમય ગુમાવવો તે; વિલંબ.
૮. પું. ગુચ્છો.
૯. પું. ઠોકર; ધાત.
૧૦. પું. તિરસ્કાર કરવો તે.
૧૧. પું. નાખી દેવું તે; ફેંક્વું તે.
૧૨. પું. નિંદા; વિક્ષેપ; કલંક.
૧૩. પું. પ્રેરણા કરવી તે.
૧૪. પું. ભૂલ.
૧૫. પું. લાંઘવું તે.
૧૬. પું. લેપવું તે; લેપન.
૧૭. પું. (ખગોળ) શર; અક્ષાંશ; કોઈ પણ આકાશી પદાર્થમાંથી ક્રાંતિવૃત્ત ઉપર દોરેલો લંબ.

ક્ષેપક ૧. [સં.] પું. ઉમેરવાની રકમ.
૨. પું. ઉમેરો; પાછળથી ઉમેરેલી વસ્તુ.
૩. પું. કોઈના કરેલા ગ્રંથમાં પોતા તરફથી પાઠ ઘુસાડી દેનાર કે નાખનાર પુરુષ.
૪. પું. ખેપિયો.
૫. પું. ગ્રહ વગેરેથી સિદ્ધ થયેલા ગણિતને સ્પષ્ટ થવા તેમાં ઉમેરવાનો અથવા તેમાંથી બાદ કરવાનો અંકરાશિ.
૬. પું. ગ્રંથ વગેરેમાં ગ્રંથકર્તા સિવાય બીજાએ નાખેલો પાઠ.
૭. પું. હોડી ચલાવનાર; નાવિક.
૮. ન. (શિલ્પ) ઉત્તર તથા પૂર્વમાં બબ્બે અલિંદો અને અંદર બે પાટડાવાળું ઘર.
૯. ન. હૃદયની નીચલી બખોલ માંહેની કોઈ પણ એક બખોલ.
૧૦. વિ. ગર્વ કરનાર.
૧૧. વિ. ગાળો દેનાર; ભાંડનાર.
૧૨. વિ. ઘુસાડેલું; પાછળથી ઉમેરેલું.
૧૩. વિ. જલદીથી જનાર.
૧૪. વિ. નિંદા કરનાર; તિરસ્કાર કરનાર.
૧૫. વિ. પ્રેરનાર.
૧૬. વિ. ફેંકનાર.
૧૭. વિ. મિશ્રિત.
૧૮. વિ. મોકલનાર.
૧૯. વિ. લાંઘણ કરનાર.
૨૦. વિ. લેપનાર.
૨૧. વિ. વિલંબ કરનાર.

ક્ષેપણ ૧. [સં.] ન. અપવાદ.
૨. ન. (શિલ્પ) એક જાતનું કોતરકામ.
૩. ન. ક્ષેપ કરવો તે.
૪. ન. ગાળો દેવી તે; ભાંડવું તે.
૫. ન. નિંદા.
૬. ન. પ્રેરવું તે.
૭. ન. ફેંકવું તે.
૮. ન. બંધન.
૯. ન. મલ્લનો એક જાતનો વ્યાપાર.
૧૦. ન. વિલંબ કરવો તે; વખત ગાળવો તે.
૧૧. ન. સોનાના દાગીનામાં હીરા જડવાનું કામ.

ક્ષેપણિ જુઓ ક્ષેપણી.

ક્ષેપણિક [સં.] પું. વહાણ ચલાવનાર.

ક્ષેપણિકા [સં.] સ્ત્રી. હલેસું.

ક્ષેપણી ૧. [સં.] સ્ત્રી. એક જાતનું અસ્ત્ર.
૨. સ્ત્રી. કુસ્તીનો એક દાવ.
૩. સ્ત્રી. ગોફણ.
૪. સ્ત્રી. માછલાં મારવાની જાળ.
૫. સ્ત્રી. મુશ્કેલી દૂર કરવાપણું.
૬. સ્ત્રી. હલેસું.

ક્ષેપણીપદી [સં. ક્ષેપણીપદિન્] ન. જાળપગવાળું પ્રાણી.

ક્ષેપણીય ૧. [સં.] ન. એક જાતનું અસ્ત્ર; ભિંદિપાલ.
૨. સ્ત્રી. ગોફણ.
૩. વિ. નિંદા કરવા જેવું.
૪. વિ. ફેંકવા યોગ્ય.
૫. વિ. વિલંબ કરવા જેવું.

ક્ષેપન જુઓ ક્ષેપણ.

ક્ષેપપાત [સં.] પું. કોઈ પણ ગ્રહનો સૂર્યની આસપાસ ફરવાનો માર્ગ ક્રાંતિવૃત્તને જે બે બિંદુમાં છેદે તે બેમાંથી કોઈ પણ એક બિંદુ; ગ્રહકક્ષા અને ક્રાંતિમંડળનો યોગ.

ક્ષેપવવું [સં. ક્ષિપ્] સ. ક્રિ. ઉમેરવું; વધારવું.

ક્ષેપવૃત્ત ન. જે માર્ગમાં થઈને કોઈ પણ ગ્રહ સૂર્યની આસપાસ ફરે તે માર્ગ; ગ્રહની કક્ષા.

ક્ષેપ્સા ૧. [સં. ક્ષેપ્તૃ] વિ. પ્રેરણા કરનાર.
૨. વિ. ફેંકનાર.

ક્ષેમ ૧. [સં.] પું. અભ્યુદય; શ્રેય.
૨. પું. એક જાતનો સુગંધી પદાર્થ.
૩. પું. (પુરાણ) ધર્મનો એ નામનો એક પુત્ર. તે શાંતિના ગર્ભથી ઉત્પન્ન થયો હતો.
૪. પું. (પુરાણ) પ્રિયવ્રતના પુત્ર ઇધ્મજિહ્વના સાત માંહેનો એ નામનો એક પુત્ર.
૫. પું. પ્લક્ષદ્વીપના સાત દેશો માંહેનો પાંચમો દેશ.
૬. પું. (પુરાણ) ભારતના યુદ્ધમાં દુર્યોધન પક્ષના એક રાજાનું નામ.
૭. પું. (પુરાણ) સોમવંશી પુરુ કુલોત્પન્ન જરાસંધ વંશના સૂચિ નામના રાજાનો દીકરો.
૮. પું. (પુરાણ) સ્વાયંભૂ મન્વંતરમાં ધર્મ ઋષિને તિતિક્ષાને કૂખે થયેલો પુત્ર.
૯. ન. આરોગ્ય.
૧૦. ન. આલિંગન.
૧૧. ન. ઉત્તર તરફ બે અલિંદો તથા અંદર બે પાટડાવાળું ઘર.
૧૨. ન. કલ્યાણ; કુશળ.
૧૩. ન. (જ્યોતિષ) જન્મના નક્ષત્રથી ચોથું, તેરમું તથા બાવીશમું નક્ષત્ર.
૧૪. ન. મેળવેલી વસ્તુનું રક્ષણ.
૧૫. ન. મોક્ષ; મુક્તિ.
૧૬. ન. સુખશાંતિ.
૧૭. વિ. સુખશાંતિ આપનારૂં.
૧૮. વિ. સુખશાંતિવાળું; આબાદ.

ક્ષેમક ૧. [સં.] પું. એ નામનો એક રાક્ષસ.
૨. પું. એક નાગનું નામ.
૩. પું. ચોર નામે સુગંધી દ્રવ્ય.
૪. પું. પ્લક્ષદ્વીપના એક પર્વતનું નામ.
૫. પું. (પુરાણ) ભારતના યુદ્ધમાં પાંડવ પક્ષનો એ નામનો રાજા.
૬. પું. ચરપી રશિઅ.
૭. પું. શિવના એક ગણનું નામ.

ક્ષેમકર ૧. [સં.] વિ. કલ્યાણકારક.
૨. વિ. માંગલિક.

ક્ષેમકરણ [સં.] ન. વીમો.

ક્ષેમકર્ણ [સં.] પું. અર્જુનના એક પૌત્રનું નામ. તે જનમેજયનો મિત્ર હતો.

ક્ષેમકર્તા ૧. [સં. ક્ષેમકર્તૃ] પું. વિષ્ણુનું એક નામ.
૨. વિ. પું. વીમો ઉતારનાર.

ક્ષેમકલ્યાણ ૧. (સંગીત) પું. હમીર અને કલ્યાણના સંયોગથી બનેલો એક સંકર રાગ.
૨. ન. સુખશાંતિ અને શ્રેય.

ક્ષેમકાર જુઓ ક્ષેમકર.

ક્ષેમકારક [સં.] વિ. કલ્યાણવાળું.

ક્ષેમકુશલ ૧. ન. સમાધાન.
૨. [સં.] વિ. સુખશાંતિવાળું.

ક્ષેમકુશળ જુઓ ક્ષેમકુશલ.

ક્ષેમકૃત ૧. [સં. ક્ષેમકૃત્] પું. પરમેશ્વર.
૨. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.
૩. વિ. કલ્યાણકારક.

ક્ષેમક્ષારી પું. એક જાતનો વેલો; શિરકસિયો.

ક્ષેમદર્શી ૧. [સં. ક્ષેમદર્શિન્] પું. (પુરાણ) ઉત્તર કોશલ દેશના એક રાજાનું નામ.
૨. વિ. (જૈન) નિર્વાણદર્શી.
૩. વિ. મંગલનું દર્શન કરનાર; મંગલદ્રષ્ટા.

ક્ષેમધન્વા પું. (પુરાણ) સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુલોત્પન્ન કુશની પહેલાં જન્મેલા પુંડરીક રાજાનો દીકરો.

ક્ષેમધી પું. (પુરાણ) વિદેહવંશી ચિત્રરથ જનકનો પુત્ર.

ક્ષેમધૂર્તિ પું. (પુરાણ) ભીમસેને મારેલ દુર્યોધન પક્ષના એક રાજાનું નામ.

ક્ષેમપત્ર [સં.] ન. વીમાખત; વીમાપત્ર; 'પૉલિસિ'.

ક્ષેમફલા [સં.] સ્ત્રી. ઉંબરાનું ઝાડ.

ક્ષેમમૂર્તિ પું. (પુરાણ) ધૃતરાષ્ટ્રના સો માંહેનો એ નામનો એક પુત્ર. તેને યુદ્ધમાં ભીમસેને માર્યો હતો.

ક્ષેમમૂલ્ય [સં.] ન. વીમાનો હપતો.

ક્ષેમરાત્રિ [સં.] સ્ત્રી. ચોરી વગેરે ન થઈ હોય તેવી રાત.

ક્ષેમરૂપ વિ. કલ્યાણકારક.

ક્ષેમવતી સ્ત્રી. એક પ્રાચીન નગરીનું નામ. તે હાલના ગોરખપુર જિલ્લાનું ક્ષેમરાજપુર હોવાનું મનાય છે.

ક્ષેમવાન [સં. ક્ષેમવત્] વિ. આબાદ; સુખી.

ક્ષેમવૃત્તિ ૧. સ્ત્રી. રૂઢિચુસ્તપણું; પુરાણપ્રિયતા; 'કૉન્ઝરવૅટિઝમ'.
૨. સ્ત્રી. વસ્તુનું ક્ષેમ સાચવવા તરફ ઢળતી વૃત્તિ.

ક્ષેમવૃદ્ધિ ૧. પું. (પુરાણ) એ નામનો શાલ્વ રાજાનો સેનાપતિ. તે કૃષ્ણના પુત્ર શાંબથી હાર્યો હતો.
૨. વિ. કલ્યાણવર્ધક.
૩. વિ. નીતિવાળું.

ક્ષેમશૂર [સં.] પું. નિર્ભય સ્થાને બળ બતાવનાર માણસ.

ક્ષેમંકર ૧. [સં.] પું. (જ્યોતિષ) અઠ્યાસી માંહેનો એ નામનો એક ગ્રહ.
૨. પું. (પુરાણ) પશ્ચિમ ત્રિગર્ત દેશનો રાજા.
૩. વિ. કલ્યાણકારક; સુખકારી.

ક્ષેમંકરી ૧. [સં.] સ્ત્રી. એ નામની એક દેવી. તેનું સ્થાન રજપૂતાનામાં છે.
૨. સ્ત્રી. ક્ષેમ કરવાવાળી સ્ત્રી.
૩. સ્ત્રી. સફેદ ગળાવાળી શુભ સૂચવનાર સમળી.

ક્ષેમા ૧. [સં.] સ્ત્રી. ઉંબરાનું ઝાડ.
૨. સ્ત્રી. એ નામની એક દેવી; કાત્યાયની.
૩ સ્ત્રી. એક અપ્સરાનું નામ.
૪. સ્ત્રી. (સંગીત) હનુમંત મત પ્રમાણે શ્રી રાગની આઠ પુત્રવધૂ માંહેની એક રાગિણી. તે કન્હરા, સરસ્વતી અને કલ્યાણથી મિશ્ર છે.
૫. વિ. (જૂ. ગુ.) ક્ષેમકુશળ; સુખી.

ક્ષેમાસન [સં.] ન. (તાંત્રિક) જમણા હાથ ઉપર જમણો પગ રાખીને બેસવામાં આવે એવું આસન. આવા આસને ઉપાસના કરવાથી સ્વર્ગની પ્રાપ્તિ થાય એમ મનાય છે.

ક્ષેમિકા [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ.

ક્ષેમી ૧. [સં. ક્ષેમિન્] વિ. કુશળ ચાહનાર; ભલું ઇચ્છનાર.
૨. વિ. ક્ષેમકુશળ કરનાર; મંગલકારક.
૩. વિ. ક્ષેમવાળું; કુશળ.

ક્ષેમેંદ્ર [સં.] પું. કશ્મીરનો એક સંસ્કૃત કવિ, ગ્રંથકાર તથા ઇતિહાસકાર. તેને બૌદ્ધ ધર્મ ઉપર બહુ અનુરાગ હતો. તેણે રામાયણમંજરી તથા સુવૃત્તતિલક નામના ગ્રંથ લખ્યા છે.

ક્ષેમ્ય ૧. [સં.] પું. વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ.
૨. પું. (પુરાણ) સોમવંશી નહુષ કુલમાં થયેલ પુરુ રાજાના વંશનો એ નામનો એક રાજા.
૩. વિ. કલ્યાણને માટે યોગ્ય.
૪. વિ. નીરોગી.
૫. વિ. સૌભાગ્યવાળું.

ક્ષૈ ૧. [સં.] અ. ક્રિ. કમ હોવું; ક્ષય પામવો; ઘસાવું.
૨. અ. ક્રિ. ખવાઈ જવું; જીર્ણ થવું.
૩. અ. ક્રિ. નાશ થવું; નાશ પામવું.
૪. અ. ક્રિ. પડતી દશામાં આવવું.
૫. અ. ક્રિ. મ્લાન થવું.

ક્ષૈણ્ય [સં.] ન. ક્ષીણપણું.

ક્ષૈત ૧. [સં.] વિ. ક્ષીણતા સંબંધી.
૨. વિ. પૃથ્વી સંબંધી.

ક્ષૈતયત [સં.] પું. (પુરાણ) ક્ષીણતા માટે પ્રયત્ન કરતો એ નામનો એક ઋષિ.

ક્ષૈતિજ વિ. અનુભૂમિક; ક્ષિતિને લગતું.

ક્ષૈતિજલંબન ન. જે વખતે કોઈ આકાશી પદાર્થ પૃથ્વીની સપાટી ઉપરથી જોતાં ક્ષિતિજમાં દેખાતો હોય તે વખતે તેને પૃથ્વીના ગર્ભમાં રહેલા પૃથ્વીના મધ્યબિંદુમાંથી જોતાં તેની દિશામાં માલૂમ પડતો ફરક.

ક્ષૈત્ર ૧. [સં.] ન. ખેતર.
૨. ન. ખેતરનો સમૂહ.

ક્ષૈત્રજ્ઞ ૧. [સં.] ન. ક્ષેત્રજ્ઞપણું; આત્મત્વ; જીવપણું.
૨. ન. પરમેશ્વરત્વ; પરમાત્માપણું.

ક્ષૈત્રપત્ય [સં.] ન. ક્ષેત્રપતિપણું; ખેતરનું સ્વામિત્વ.

ક્ષૈમિક [સં.] વિ. મેળવેલાના રક્ષણ માટે ઉપયોગી.

ક્ષૈરેય [સં.] વિ. દૂધમાં રાંધેલું.

ક્ષૈરેયી ૧. [સં.] સ્ત્રી. ખીર.
૨. સ્ત્રી. દૂધપાક.
૩. સ્ત્રી. રાબડી.

ક્ષોગણભોજન ન. અઠ્ઠાવીશ માંહેનું એ નામનું એક નરક.

ક્ષોજન [સં.] ન. બંસીનો અવાજ; વાંસળીનો શબ્દ.

ક્ષોડ [સં.] પું. હાથી બાંધવાનો ખીલો; આલાન.

ક્ષોણિ જુઓ ક્ષોણી.

ક્ષોણિત ન. લોહી; શોણિત.

ક્ષોણિય [સં.] પું. રાજા.

ક્ષોણી ૧. સ્ત્રી. અક્ષૌહિણી.
૨. [સં.] સ્ત્રી. એકની સંખ્યા.
૩. સ્ત્રી. જવાસો.
૪. સ્ત્રી. પૃથ્વી; ભૂમિ.

ક્ષોણીપતિ [સં.] પું. રાજા; પૃથ્વીપતિ.

ક્ષોદ ૧. [સં.] ન. ચૂર્ણ; લોટ; ભૂકી.
૨. ન. ચૂર્ણ કરવાનું કે પીસવાનું કામ.
૩. ન. જેના ઉપર વટાય તે; પથ્થર; ખરલ.
૪. ન. (નાટ્ય) તેત્રીશ માંહેનો એ નામનો એક અલંકાર.
૫. [સં. ક્ષોદસ્] ન. પાણી; જળ.
૬. ન. રજ; ધૂળ.
૭. ન. શેરડીનો રસ.

ક્ષોદિત ૧. [સં.] ન. ચૂર્ણ; લોટ; ભૂકો.
૨. વિ. ચૂર્ણ કરેલ; દળેલ; પીસેલ.

ક્ષોદિષ્ઠ [સં.] વિ. અત્યંત ક્ષુદ્ર.

ક્ષોદોદ ૧. [સં.] પું. (જૈન) એ નામનો એક સમુદ્ર.
૨. પું. (જૈન) મધુર પાણીવાળી વાવ.
૩. ન. (જૈન) શેરડીના રસ જેવું મીઠું પાણી.

ક્ષોદોદક ૧. પું. (જૈન) શેરડીના રસ જેવા પાણીવાળો એક સમુદ્ર.
૨. ન. શેરડીના રસ જેવું પાણી.

ક્ષોધુક [સં.] વિ. ક્ષુધાવાળું; ભૂખવાળું.

ક્ષોભ ૧. [સં.] પું. અડચણ; ખટકો; આંચકો; દુઃખ.
૨. પું. કોપ; ગુસ્સો.
૩. પું. ખળભળાટ.
૪. પું. ગુણની વિષમતા.
૫. પું. દબાઈ જવું તે; હઠી જવું તે.
૬. પું. ભય; ડર.
૭. પું. મનનો ગભરાટ; વ્યગ્રતા; રંજ; શોક.
૮. પું. મોહ.
૯. પું. વિકાર.
૧૦. પું. વ્યાકુળપણું; વિચળપણું.
૧૧. પું. શરમાવું તે; ઓસારો ખાવો તે.

ક્ષોભક ૧. [સં.] પું. એ નામનો એક પર્વત.
૨. વિ. ગભરાટ ઉત્પન્ન કરનારૂં; ક્ષોભ કરે એવું; ગભરાવનાર; ક્ષોભકારક.

ક્ષોભકર [સં.] વિ. ક્ષોભ ઉત્પન્ન કરે એવું.

ક્ષોભકવિષ ન. એક જાતનું ઉશ્કેરનારૂં ઝેર.

ક્ષોભકારક [સં.] વિ. ક્ષોભ ઉત્પન્ન કરે એવું; વ્યગ્રતા ઉપજાવનારૂં; ગભરાવનાર.

ક્ષોભકૃત [સં.] પું. સાઠ માંહેનો છત્રીશમો સંવત્સર.

ક્ષોભણ ૧. [સં.] પું. એ નામનું કામદેવનું બાણ.
૨. પું. વિષ્ણુનું એક નામ.
૩. પું. શિવ.
૪. પું. સાંખ્ય મત પ્રમાણે પ્રકૃતિને પ્રેરણા કરાવનાર પુરુષ; ઈશ્વર.
૫. ન. ક્ષોભ પામવાપણું; ગભરાવું તે.
૬. વિ. ક્ષોભકારક; ગભરાવનાર; ક્ષોભક.

ક્ષોભદા [સં.] વિ. સ્ત્રી. ક્ષોભ આપનારી.

ક્ષોભના ૧. [સં.] સ્ત્રી. ખેદ; દિલગીરી; પસ્તાવો.
૨. સ્ત્રી. પ્રેરણા; સ્ફુરણ.

ક્ષોભવું ૧. અ. ક્રિ. ક્રોધ કરવો; ગુસ્સે થવું.
૨. અ. ક્રિ. ક્ષોભ પામવો; શરમાવું.
૩. સ. ક્રિ. સતાવવું.

ક્ષોભશીલ [સં.] વિ. ક્ષોભ પામે એવું.

ક્ષોભશીલતા [સં.] સ્ત્રી. ક્ષોભ પામે એવું હોવાપણું.

ક્ષોભિણી સ્ત્રી. (સંગીત) બાવીશ માંહેની એ નામની એક શ્રુતિ.

ક્ષોભિત ૧. [સં.] વિ. ક્રુદ્ધ; ગુસ્સે થયેલું.
૨. વિ. ક્ષોભ પામેલું; ભયભીત.
૩. વિ. વિચલિત; ચલાયમાન.
૪. વિ. શરમાયેલું.

ક્ષોભિની સ્ત્રી. (સંગીત) મધ્યાશ્રુતિનો એક અવાંતર ભેદ.

ક્ષોભી [સં. ક્ષોભિન્] વિ. ઉદ્વેગશીલ; ચંચળ; વ્યાકુળ.

ક્ષોભોન્માદ [સં.] પું. ચિત્તભ્રમ; વાતોન્માદ; ભૂતવાયુ; મૂર્ચ્છાઉન્માદ.

ક્ષોભ્ય [સં.] વિ. ક્ષોભિત થાય કે કરી શકાય તેવું.

ક્ષોમ ૧. [સં.] પું. ખળભળાટ; વિચલતા.
૨. ન. ઉપરનો માળ; અટારી.
૩. જુઓ ક્ષૌમ.

ક્ષોહિણી [સં. અક્ષૌહિણી] સ્ત્રી. લશ્કરનો એક મોટો સમુદાય. તેમાં ૨૧,૮૭૦ હાથી, ૨૧,૮૭૦ રથ, ૬૫,૬૧૦ ઘોડા અને ૧,૦૯,૩૫૦ પાયદળ હોય છે.

ક્ષોણિ ૧. [સં.] સ્ત્રી. એક સંખ્યા.
૨. સ્ત્રી. પૃથ્વી.

ક્ષૌણી ૧. [સં.] સ્ત્રી. એકની સંખ્યા.
૨. સ્ત્રી. જેમાં ૨૧,૮૭૦ હાથી, ૨૧,૮૭૦ રથ, ૬૫,૬૧૦ ઘોડા અને ૧,૦૯,૩૫૦ પાયદળ હોય એવું સૈન્ય; અક્ષૌહિણી.
૩. સ્ત્રી. પૃથ્વી.

ક્ષૌણીપ્રાચીર [સં.] પું. સમુદ્ર.

ક્ષૌણીભુજ [સં. ક્ષૌણીભુજ્] પું. રાજા.

ક્ષૌદ્ર ૧. [સં.] પું. એક જાતનો વર્ણસંકર.
૨. પું. ચંપાનું ફૂલ.
૩. પું. ચંપાનો છોડ.
૪. ન. ક્ષુદ્રપણું; ક્ષુદ્રતા.
૫. ન. પાણી; જળ.
૬. ન. મધ.
૭. ન. રજ; ધૂળ; પૃથ્વીકણ.

ક્ષૌદ્રજ ૧. [સં.] ન. મધપૂડામાંથી થતું મીણ.
૨. વિ. મધમાંથી થયેલ.

ક્ષૌદ્રધાતુ ૧. [સં.] પું. મધમાખીઓએ બનાવેલું મધ.
૨. પું. સોનામુખી; માક્ષિક નામની ઉપધાતુ.

ક્ષૌદ્રપ્રિય ૧. [સં.] પું. પાણીમાં થનારો એક જાતનો મહુડો.
૨. વિ. મધ જેને પ્રિય હોય તેવું.

ક્ષૌદ્રમધ ન. એક જાતનું મધ. પીંગળા રંગવાળી ઝીણી માખીઓ ક્ષુદ્રા કહેવાય છે અને એ માખીઓએ કરેલા મધને ક્ષૌદ્રમધ કહે છે. ક્ષૌદ્રમધ પીંગળા વર્ણવાળું હોય છે અને પ્રમેહનો નાશ કરનાર મનાય છે.

ક્ષૌદ્રમેહ પું. મીઠો પ્રમેહ રોગ.

ક્ષૌદ્રેય ૧. [સં.] ન. મધ.
૨. ન. મીણ.

ક્ષૌમ ૧. [સં.] પું. ભીંડીનો છોડ.
૨. સ્ત્રી. અળશી.
૩. ન. ઇમારતનો પાછલો ભાગ.
૪. ન. એક જાતનું કાપડ; એક જાતના ખરબચડા કાપડની જાત. તે પાંડ્ય દેશમાં બનતું.
૫. ન. ઓરડા ઉપરનો મેડો.
૬. ન. ઘર ઉપરની હવાવાળી મેડી; ઉપરના ભાગની બંગલી.
૭. ન. રેશમી વસ્ત્ર; દુકૂલ.
૮. ન. શણના વસ્ત્રથી વીંટેલો રથ.
૯. ન. શણનું બનાવેલું વસ્ત્ર.
૧૦. ન. સુતરાઉ કાપડ.

ક્ષૌમવસ્ત્ર ૧. ન. રેશમનું વસ્ત્ર.
૨. ન. શણનું બનાવેલું વસ્ત્ર.

ક્ષૌમિ પું. (પુરાણ) શ્યામ પરાશર કુળમાં થયેલો એક ઋષિ.

ક્ષૌમિક ૧. [સં.] ન. એક જાતનું સુગંધી દ્રવ્ય; ચોર.
૨. ન. રેશમી વસ્ત્ર.
૩. ન. શણની બનાવેલ ગોદડી.
૪. ન. શણનું કપડું.
૫. ન. સુતરાઉ વસ્ત્ર.
૬. વિ. શણ સંબંધી.

ક્ષૌમી ૧. [સં.] સ્ત્રી. અતસી; શણ.
૨. સ્ત્રી. શણમાંથી કરેલી કામળી.

ક્ષૌર [સં.] ન. માથું મુંડાવવું તે; મુંડન; હજામત.

ક્ષૌરકર્મ [સં.] ન. હજામત કરાવવી તે; હજામત; મુંડન.

ક્ષૌરકામ જુઓ ક્ષૌરકર્મ.

ક્ષૌરક્રિયા સ્ત્રી. હજામત.

ક્ષૌરિક [સં.] પું. હજામ; વાળંદ.

ક્ષૌરી [સં.] પું. અસ્ત્રો; છરા.

ક્ષ્ણુ [સં.] અ. ક્રિ. ધાર કાઢવી; તીક્ષ્ણ કરવું; તેજ કરવું.

ક્ષ્ણોત્ર [સં.] ન. સરાણ; અસ્ત્રા વગેરે સજવાનું યંત્ર.

ક્ષ્મા ૧. [સં.] સ્ત્રી. એકની સંખ્યા.
૨. સ્ત્રી. પૃથ્વી; ભૂમિ.

ક્ષ્માજ ૧. [સં.] પું. નરકાસુર.
૨. પું. (જ્યોતિષ) મંગળ ગ્રહ.

ક્ષ્માતલ [સં.] ન. પૃથ્વીની સપાટી; પૃથ્વી; ભૂતલ.

ક્ષ્માત્મજ પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. આ છંદ મંગળવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૨૭ ગુરુ તથા ૩૪ લઘુ મળી ૬૧ વર્ણ અને ૮૮ માત્રા હોય છે.

ક્ષ્માનાથ ૧. [સં.] પું. ઈશ્વર.
૨. પું. રાજા; ક્ષ્માનો પતિ.

ક્ષ્માપ [સં.] પું. રાજા.

ક્ષ્માપતિ જુઓ ક્ષ્માનાથ.

ક્ષ્માપાલ [સં.] પું. રાજા.

ક્ષ્માભુજ [સં. ક્ષ્માભુજ્] પું. રાજા.

ક્ષ્માભૃત ૧. [સં. ક્ષ્માભૃત] પું. પર્વત; ડુંગર.
૨. પું. રાજા.

ક્ષ્વેડ ૧. [સં. ક્ષ્વિડ્ (અસ્પષ્ટ અવાજ કરવો)] પું. અસ્પષ્ટ એવો દાંતનો અવાજ.
૨. પું. એક જાતનો કાનનો રોગ. તેમાં વાંસ ફાટવા જેવા કાનમાં ધડાકા થાય.
૩. પું. ચીકણું કરવું તે.
૪. પું. મૂકવું તે; છોડવું તે.
૫. પું. વછનાગ.
૬. પું. શબ્દ; ધ્વનિ.
૭. ન. જીવક. જીવકનું કંદ ખાવાથી શરીરનો નાશ થતો નથી અને જરાપણું આવતું નથી માટે તેને ક્ષ્વેડ કહે છે.
૮. ન. ઝેર; વિષ.
૯. ન. રાતા આકડાનું પાંદડું.
૧૦. ન. રાતા આકડાનું ફળ.

ક્ષ્વેડન [સં.] ન. અસ્પષ્ટ શબ્દ કરવો તે.

ક્ષ્વેડા ૧. [સં.] સ્ત્રી. કોષાતકી વૃક્ષ.
૨. સ્ત્રી. વાંસની સળી.
૩. સ્ત્રી. સિંહનો નાદ; સિંહની ગર્જના.

ક્ષ્વેડિત ન. સિંહની ગર્જના; સિંહનો નાદ.

ક્ષ્વેલા [સં.] સ્ત્રી. ક્રીડા; રમત.

ક્ષ્વેલિકા જુઓ ક્ષ્વેલા.

ક્ષ્વેલી જુઓ ક્ષ્વેલા.

ખ

ખ

ખ ૧. [સં.] પું. ઇંદ્રિય.
૨. પું. કૂવો.
૩. પું. ખાડો.
૪. પું. ગળાની જે નળીમાંથી વાયુ આવે જાય છે તે નળી; શ્વાસનળી.
૫. પું. ગુજરાતી લિપિના મૂળાક્ષરો માંહેનો તેરમો અને વ્યંજનો માંહેનો કંઠસ્થાની બીજો વર્ણ કે અક્ષર. લહિયાઓ પુસ્તક લખતાં લખતાં સહેજ ઊઠવું હોય અથવા લખવાનું તે દિવસ માટે કે અમુક વખત માટે બંધ કરવું હોય તો આ અક્ષર ઉપર અટકતા નથી, કારણ કે તેઓ માને છે કે, 'ખ ખા જાવે.' ક્ષના અપભ્રંશ તરીકે ગુજરાતીમાં ખ વપરાય છે. જેમકે, ક્ષમા = ખમા, ક્ષેમ = ખેમ, ક્ષાર = ખાર, ક્ષેત્ર = ખેતર, કુક્ષિ = કૂખ, ભક્ષ = ભખ. યજુર્વેદી બ્રાહ્મણો ષનો ખ બોલતા હોવાથી ગુજરાતીમાં ષને ઠેકાણે ખ અને ખને ઠેકાણે ષ બોલાય છે. જૂનાં લખાણોમાં એ પ્રમાણે લખાતું પણ હતું. જેમકે, અભિલાષ = અભિલાખ, વિષે = વિખે, લખીને = લષીને, ષટ્શાસ્ત્ર = ખટ્શાસ્ત્ર.
૬. પું. ગ્રહ.
૭. પું. છિદ્ર; રંધ્ર; બિલ.
૮. પું. છેદ; કાપ.
૯ પું. દેવલોક; સ્વર્ગ.
૧૦. પું. પરબ્રહ્મ; પ્રરમાત્મા; ઈશ્વર.
૧૧. પું. બ્રહ્મા.
૧૨. પું. મનુષ્યના શરીરનાં નવ દ્વાર: મોઢું, બે આંખ, બે કાન, બે નાક, ગુદા અને ઇંદ્રિય.
૧૩. પું. વિષ્ણુ.
૧૪. પું. સૂર્ય.
૧૫. પું. હાથી.
૧૬. સ્ત્રી. પૃથ્વી.
૧૭. ન. અનુસ્વાર.
૧૮. ન. અભ્રક; અબરખ.
૧૯. ન. આકાશ.
૨૦. ન. આબાદાની; પ્રગતિ.
૨૧. ન. આલુ; બટેટું.
૨૨. ન. કથા; વાર્તા.
૨૩. ન. કર્મ; ક્રિયા.
૨૪. ન. કલ્યાણ.
૨૫. ન. ક્ષત; ઘા; ચાંદું.
૨૬. ન. ક્ષેત્ર; ખેતર.
૨૭. ન. જ્ઞાન.
૨૮. ન. તીરનો ઘા.
૨૯. ન. પોકળ; ખાલી જગ્યા.
૩૦. ન. મંગલ કામ.
૩૧. ન. મંગલપણું; શુભ હોવું તે.
૩૨. ન. મીંડું; શૂન્ય; કવિતામાં સંખ્યા આણવા મીંડાના સંકેત તરીકે વપરાતી અર્થવાળી સંજ્ઞા.
૩૩. ન. વર્તન; આચરણ.
૩૪. ન. શહેર; નગર.
૩૫. ન. સુખ.
૩૬. ન. હરકોઈ નક્ષત્રથી દશમું નક્ષત્ર.
૩૭. ન. હર્ષ; આનંદ.
૩૮. વિ. ઇંદ્રિય સંબંધી.

ખઈ ૧. [સં. ક્ષય] પું. એક જાતનો રોગ; ક્ષયરોગ. આ રોગમાં ધાતુઓ ઘટી જઈ શરીર ઘસાઈ જાય છે. છાતીમાંથી કફ અને લોહી પડે તથા આખરે મરણ નીપજે. આ રોગ ચેપી હોઈ વંશપરંપરા ઊતરે છે. અત્યંત ભોગવિલાસમાંથી પણ તેની ઉત્પત્તિ થાય છે. તેને રાજ્યક્ષ્મા કે રાજરોગ પણ કહે છે.
૨. પું. નાશ.
૩. સ્ત્રી. ખાઈ; ખોદીને બનાવેલી ઊંડી નીક અથવા ખાડો; ચર.
૪. સ્ત્રી. ખાણ.
ખઈ ખખૂચીને = સામટું; એકીસાથે.
૫. સ્ત્રી. તકરાર; ઝઘડો.
૬. સ્ત્રી. નાશ ઉત્પન્ન કરે એવું કોઈ પણ કામ.
ખઈનો ખાટલો = પૂરું થતાં ઘણો કાળ લાગે અને ઘણી માથાકૂટ કરવી પડે એવું કામ; મહેનત કરીએ અને કંટાળો ઊપજે એવું લાંબા વખત સુધી પહોંચે તેવું જખ્ખ કામ.
૭. સ્ત્રી. લડાઈ; યુદ્ધ.
૮. વિ. ક્ષયરોગવાળું.

ખઈગઈ ન. એક જાતનું રત્ન.

ખઈડિયું (ખઈડ઼િયું) વિ. દુકાળના વખતનું.

ખઈય વિ. ખપાવેલું; ક્ષય કરેલું.

ખઈયેલ વિ. ક્ષયરોગ થયો હોય એવું.

ખઈયો સ્ત્રી. કોદાળી.

ખઈર ૧. પું. જૈનમત પ્રમાણે એક ઉત્તમ વંશ.
૨. ન. ખેતરનું ઝાડ.

ખઈરોગ જુઓ ખઈ ૧.

ખઉ વિ. ખાવા લાયક.

ખઉકોડ વિ. ખાઉધરૂં; અકરાંતિયું.

ખઉરીય વિ. ઘણું મેલું; ડોળું.

ખક વિ. નિષ્ણાત; કુશળ; હોશિયાર.

ખકક્ષા [સં.] સ્ત્રી. સૂર્યનાં કિરણોના પ્રચાર સુધીનું વેષ્ટનાકાર બ્રહ્માંડરૂપ વિવરવાળું ગગનમંડળ; હિંદુ ખગોળશાસ્ત્ર પ્રમાણે આકાશનો પરિધિ. દરેક ગ્રહ એક કલ્પમાં આટલું ચાલે છે.

ખકામિની ૧. [સં.] સ્ત્રી. દુર્ગા દેવી.
૨. સ્ત્રી. સમળી; એક જાતનું પક્ષી.

ખકાર ૧. [સં.] પું. ખ એવો ઉચ્ચાર.
૨. પું. ખ અક્ષર; ખકખો.

ખકારાંત ૧. [સં.] પું. જેને છેડે ખ આવતો હોય તેવો શબ્દ.
૨. વિ. જેને છેડે ખકાર હોય એવું.

ખકુંતલ [સં.] પું. મહાદેવ; શિવ.

ખકેડ (ખકેડ઼) સ્ત્રી. કસોટી; મુશ્કેલી.
ખકેડ ઉઠાવવી = મુશ્કેલી ભોગવવી.

ખકોડવું (ખકોડ઼વું) ૧. સ. ક્રિ. ઘસવું.
૨. સ. ક્રિ. છોલવું.
૩. સ. ક્રિ. શોધવું.

ખંક્ષા ૧. વિ. જૂનું; પુરાણું.
૨. વિ. ધૂળના રંગનું; માટી જેવું.

ખક્ખટ [સં.] પું. ચાક; ખડી.

ખક્ખર પું. સાધુનો દંડ.

ખક્ખો પું. ખકાર.

ખખ ૧. પું. છેક ઘરડો ડોસો.
૨. ન. ખોખું.
૩. વિ. ઘણો કાળ જવાથી ઘસાઈને અંદરથી પોલું થઈ ગયેલું.
૪. વિ. મોટું પણ ખવાઈને નિઃસત્ત્વ થઈ ગયેલું; ખોખરૂં થઈ ગયેલું; ખળભળી ગયેલું; જીર્ણ.

ખખડતું (ખખડ઼તું) વિ. ખખડ ખખડ એવો અવાજ કરતું.

ખખડધજ (ખખડ઼ધજ) ૧. વિ. કદાવર; ઊંચું.
૨. વિ. ખોખલું; જર્જરિત; ખળભળી ગયેલું.
૩. વિ. ઘરડું છતાં મજબૂત બાંધાનું.
૪. વિ. દમામદાર; ભવ્ય.

ખખડવું (ખખડ઼વું) ૧. અ. ક્રિ. ખડખડવું; વસ્તુઓના અફળાવાથી અવાજ થવો; ખડખડ એવો અવાજ થવો.
૨. અ. ક્રિ. બજવું; વાગવું.
૩. અ. ક્રિ. બારણું હલવાથી અવાજ થવો.
૪. અ. ક્રિ. ભાંગી જવું.
૫. અ. ક્રિ. વૃદ્ધ જેવું થઈ જવું; જર્જરિત થવું.

ખખડાટ (ખખડ઼ાટ) ૧. પું. બે વસ્તુઓ અફળાવાથી થતો અવાજ; ખખડવાથી થતો શબ્દ.
૨. પું. બોલાચાલી; તકરાર.
૩. પું. સંચાર; હાલવાચાલવાથી થતો ધીમો અવાજ.

ખખડાવવું (ખખડ઼ાવવું) ૧. સ. ક્રિ. ઊંચું નીચું કરવું; હચમચાવવું.
૨. સ. ક્રિ. ખખડે તેમ કરવું; ખડખડ અવાજ કરવો.
૩. સ. ક્રિ. ધમકાવવું; ઠપકો આપવો.
૪. સ. ક્રિ. ધોલ મારવી.

ખખડાવું (ખખડ઼ાવું) અ. ક્રિ. ખખડે એમ અવાજ થવો.

ખખડેલ (ખખડ઼ેલ) ૧. વિ. ખોખરો અવાજ કરતું.
૨. જુઓ ખખડધજ.

ખખણાંટ પું. કુટારો; નકામી મહેનત.

ખખર ૧. સ્ત્રી. લોહાણાની એ નામની એક અટક.
૨. ન. એક જાતનું ઝાડ; ખાખરો.
૩. [સં. ખર્પર] ન. ઝેરી નાળિયેરનું બનાવેલું ભીખ માગવાનું પાત્ર.
૪. ન. લોહાણાની એક અટકનું માણસ.
૫. વિ. એ નામની લોહાણાની અટકનું.

ખખરવખર ૧. વિ. ખળભળીને વીખરાઈ ગયેલું; દોદળું.
૨. અ. અવ્યવસ્થિત હોય એમ; આમતેમ પડ્યું હોય એમ.

ખખરવું ૧. અ. ક્રિ. આંખમાં કાંકરી પડી હોય એવી પીડા થવી; ખીલ ખૂંચવાં.
૨. અ. ક્રિ. ખરખર, ઘરઘર એવો અવાજ થવો; વહેતાં ખળખળ એવો અવાજ થવો.
૩. અ. ક્રિ. દિલમાં લાગવું; ખળાપો થવો.
૪. અ. ક્રિ. શરીરનું ખળભળવું; બાંધાનું હાલી ઊઠવું; જીર્ણ કે અશક્ત થવું.
ખખરી જવું = (૧) ઊતરતાં પાણી થવાં. (૨) દુખવું; પીડા થવી. (૩) વૃદ્ધાવસ્થાએ પહોંચવું. (૪) વૃદ્ધાવસ્થાને લીધે નરમ થવું; અશક્ત થવું. (૫) સુકાવું.

ખખરાટ પું. ગળામાં ખરખર અવાજ થવો તે.

ખખરી ૧. સ્ત્રી. અવાજ; સૂર.
ખખરી બાઝવી = ઘાંટો બેસી જવો; અવાજ ઘોઘરો થવો.
૨. સ્ત્રી. કોઈ વસ્તુ ખાતાં તેનો કોઈ ભાગ ગળાની અંદર રોકાઈ શ્વાસ લેવામાં હરકત કરે તે; ખરખરી.
૩. સ્ત્રી. ગળામાં બોલતો કફ; સસણી.
૪. સ્ત્રી. ગાયન ગાતી વખતે સૂરને ઘણી વાર ધ્રુજાવવો તે; તાન મારવાપણું.
૫. સ્ત્રી. ચિંતા; ચટપટી.

ખખરો ૧. પું. અનુતાપ; પશ્ચાત્તાપ; પસ્તાવો.
૨. પું. અંદેશો; શક; વહેમ.
૩. પું. ખરખરો; શોક બતાવવો તે; ખેદ; ખટકો.
ખરખરે જવું = મરણનો શોક દર્શાવવા જવું; કાણે જવું.

ખખળતું ૧. વિ. ઊકળતું; ઘણું ગરમ; ઊછળતું; બહુ ઊનું.
૨. વિ. ખળખળ કરતું વહેતું.

ખખળપખળ વિ. વીંખાઈ ચૂંથાઈ ગયેલ; અસ્તવ્યસ્ત.

ખખળવું ૧. અ. ક્રિ. અશક્ત થવું; બાંધાનું હાલી ઊઠવું; જીર્ણ થઈ જવું.
૨. અ. ક્રિ. ઘણું ગરમ થવાથી ખળખળ એવો અવાજ કરવો; ઊકળવું.
૩. અ. ક્રિ. વહેતાં ખળખળ અવાજ કરવો.
ખખળી જવું = અશક્ત થવું; ઘસાઈ જવું; શક્તિ ક્ષીણ થવી.

ખખળાવવું ૧. સ. ક્રિ. કઢાવવું; પટાવી લેવું; ફોસલાવી પૈસા પડાવવા.
૨. સ. ક્રિ. ખૂબ ગરમ કરવું; ઉકાળવું.
૩. સ. ક્રિ. ખૂબ પાણી રેડી હલાવીને ધોવું.

ખખા સ્ત્રી. દરકાર; કાળજી.

ખખાર પું. બલગમ; કફ.

ખખારો ૧. પું. ખોંખારો; ઠાંસવાનો કે ખોટી ઉધરસ ખાવાનો અવાજ.
૨. પું. ગળામાંથી ખૂંખૂં એવો કરાતો અવાજ.

ખખો ૧. પું. ખટરાગ; તકરાર.
૨. પું. પક્ષાપક્ષી; તડ઼ો.

ખખોડલ ૧. પું. ઘુવડનો માળો.
૨. સ્ત્રી. ઝાડમાંની પોલ; બખોલ.

ખખ્ખ વિ. જૂનું; પુરાણું; ઘરડું.

ખખ્ખી સ્ત્રી. ખારેકનો ઠળિયો.

ખખ્ખુ પું. ખ એવો ઉચ્ચાર તેમ જ અક્ષર; ખક્ખો; ખકાર.

ખખ્ખો જુઓ ખખ્ખુ.

ખગ ૧. પું. આકાશ.
૨. [સં.] પું. આકાશમાં ફરનાર પક્ષી; વિહંગ.
૩. પું. આદિત્ય; સૂર્ય; રવિ.
૪. પું. આશ્ચર્ય પામવું તે.
ખગ થવું-થઈ જવું = નવાઈ પામવી; સ્તબ્ધ થવું.
૫. પું. કાગડો.
૬. પું. ગંધર્વ.
૭. પું. ગ્રહ, તારો વગેરે આકાશી પદાર્થ.
૮. પું. ચંદ્રમા.
૯. પું. તીતીઘોડો; તીડ; એક જાતનું પતંગિયું.
૧૦. પું. તીર; બાણ; શર.
૧૧. પું. દેવતા.
૧૨. પું. દૈવ; નસીબ.
૧૩. પું. નવની સંખ્યાનો સંકેતસૂચક શબ્દ.
૧૪. પું. પવન; વાયુ.
૧૫. પું. મેઘ; વાદળું; અંબુદ.
૧૬. વિ. આકાશમાં ફરનાર.

ખગકુલ [સં.] ન. પક્ષીનું ટોળું.

ખગકેતુ [સં.] પું. ગરુડ.

ખગખાન [સં.] ન. ઝાડમાં રહેલી બખોલ; પોલ.

ખગગતિ ૧. [સં.] સ્ત્રી. પક્ષીનું ઊડવું તે.
૨. સ્ત્રી. પંખીની ચાલ. તેના પ્રકાર: ડીન, પ્રડીન, સંડીન, પરિડીન, વિડીન, અવડીન, અતિડીન, ડીન, ડીનક, ગતાગત, પ્રપતિત અને સંપાત.

ખગગીત [સં.] ન. પક્ષીનો કિલકિલાટ.

ખગચર ૧. [સં.] ન. ખેચર; હવામાં ઊડનાર પક્ષી.
૨. વિ. આકાશમાં ફરનાર.

ખગજન [સં.] પું. ગરુડ.

ખગડો (ખગડ઼ો) પું. હદ; મર્યાદા.

ખગણ પું. (પુરાણ) સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલોત્પન્ન કુરુવંશમાં જન્મેલા વજ્ર અથવા વજ્રનાભ રાજાનો પુત્ર.

ખગતિ ૧. પું. સોળ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; નીલછંદ. તે અષ્ટિ છંદનો ભેદ છે. તેના દરેક ચરણમાં પાંચ ભગણ અને ગુરુ મળી સોળ અક્ષર હોય છે.
૨. સ્ત્રી. ચાલ; ગતિ.
૩. સ્ત્રી. હવામાં ઊડવું તે.

ખગન સ્ત્રી. તલવાર.

ખગનાથ [સં.] પું. ગરુડ.

ખગનાયક જુઓ ખગનાથ.

ખગપ જુઓ ખગનાથ.

ખગપક્ષી પું. જટાયુ; ગીધનો રાજા.

ખગપઠ (ખગપડ઼) પું. મરણ વખતે ૭ પિંડ મૂકવાની ક્રિયા.

ખગપત ૧. પું. ગરુડ.
૨. પું. હંસ.

ખગપતિ ૧. [સં.] પું. ગરુડ; પક્ષીઓનો રાજા.
૨. પું. વિષ્ણુ.
૩. પું. શ્રીકૃષ્ણ.
૪. પું. (પિંગળ) સુડતાલીશ માત્રાનો એક સમજાતિ માત્રામેળ છંદ.
૫. પું. સૂર્ય.
૬. પું. હંસ.

ખગપતિપતિ [સં.] પું. વિષ્ણુ.

ખગબારી સ્ત્રી. મેડી ઉપરનું નાનું બારણું.

ખગમ ૧. પું. (પુરાણ) એ નામનો એક તીક્ષ્ણ વાણીવાળો અને તપોબળવાળો બ્રાહ્મણ. એક વખત તે અગ્નિહોત્ર ક્રિયામાં રોકાયો હતો ત્યારે તેના બાળકમિત્ર સહસ્રપાન નામે ઋષિએ રમતમાં એક ઘાસનો સર્પ બનાવી તે વડે તેને બિવડાવ્યો. આથી ખગમ મૂર્છિત થઈ ગયો. એ જ્યારે ફરીથી સ્વસ્થ થયો, ત્યારે ક્રોધ કરીને બોલ્યો કે તેં મને બિવરાવ્યો એવા સાપનો દેહ પામીશ. સહસ્રપાને તેની પ્રાર્થના કરી, તેથી તેણે કહ્યું કે, મારૂં બોલવું વ્યર્થ નહિ થાય, પણ પ્રમતિથી રુરુ નામનો પુત્ર થશે, તેને જોતાં તારો દેહ છૂટશે અને મૂળ સ્વરૂપ ફરીથી પામીશ.
૨. [સં.] પું. પક્ષી.
૩. વિ. આકાશમાં ગતિ કરનાર; હવામાં જતું.

ખગમન [સં.] ન. આકાશમાં ગમન કરવું તે. જુઓ ખેગમન.

ખગરાજ પું. પક્ષીઓનો રાજા; ગરુડ.

ખગરાય જુઓ ખગરાજ.

ખગલીઠગલી સ્ત્રી. હાલાર તરફ રમાતી એ નામની રમત; ખીલમાંકડી.

ખગવતી ૧. સ્ત્રી. એક જાતનું ઝાડ.
૨. [સં.] સ્ત્રી. પૃથ્વી; ભૂમિ.

ખગવાણી ૧. સ્ત્રી. મુસલમાન ઘાંચીની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ખગવાસ પું. આકાશ.

ખગવાહન [સં.] પું. વિષ્ણુ, કેમકે ગરુડ તેમનું વાહન છે.

ખગશત્રુ ૧. [સં.] પું. પક્ષીઓનો દુશ્મન; બાજ; શ્યેન; શકરો; સીંચાણો.
૨. પું. પૃશ્નિપર્ણી નામે વનસ્પતિ.

ખગસ્થાન [સં.] ન. પક્ષીને રહેવાનું ઠેકાણું; માળો.

ખગંગા [સં.] સ્ત્રી. આકાશગંગા; ઉજ્જવલગંગા; ધવલગંગા.

ખગાકાર ૧. પું. આશ્ચર્ય પમાડે એવો સુંદર ઘાટ; આંખને ગમે એવો ઘાટ.
૨. [સં.] વિ. અજાયબીથી ટગર ટગર જોયા કરે એવું; આભું; ચકિત.
૩. વિ. એકતાન; તલ્લીન; સ્તબ્ધ.
૪. વિ. સુંદર.

ખગાદ ૧. [સં.] પું. એક જાતનો પક્ષીખાઉ કરોળિયો.
૨. વિ. પક્ષીને ખાનાર.

ખગાધિપ [સં.] પું. ગરુડ; પક્ષીઓનો સ્વામી; ખગપતિ.

ખગાભિરામ [સં.] પું. શિવ.

ખગામ ૧. સ્ત્રી. લોહાણાની એ નામની અટક.
૨. ન. લોહાણાની એ નામની અટકનું માણસ.
૩. વિ. લોહાણાની એ નામની અટકનું.

ખગારા સ્ત્રી. તલવાર.

ખગારૂઢ ૧. [સં.] પું. વિષ્ણુ.
૨. વિ. ગરુડ ઉપર સવારી કરનાર.

ખગાલિકા સ્ત્રી. વેશ્યા.

ખગાસન ૧. પું. પૂર્વ દિશામાં આવેલ ઉદયાચળ નામનો પર્વત.
૨. [સં.] પું. વિષ્ણુ.
૩. ન. ગરુડરૂપી આસન.

ખગાંતક [સં.] પું. બાજ પક્ષી.

ખગિંદ્ર પું. (પિંગળ) એક અર્ધસમજાતિ માત્રામેળ છંદ. તે જગણવાળા સ્કંધક છંદનો એક ભેદ છે. તે ૨૩ ગુરુ અને ૧૮ લઘુ મળી ૪૧ વર્ણનો હોય છે.

ખગી સ્ત્રી. પક્ષિણી.

ખગીકરોળિયો પું. એક જાતનો ચાર કાપાવાળાં ફેફસાં ધરાવનાર મોટો કરોળિયો. તે હવામાં વિચરનાર હોઈ અદ્ધર જાળાં બાંધે છે.

ખગુણ [સં.] પું. (ગણિત) જેનું મૂલ્ય શૂન્ય હોય એવો અવયવ; 'ઝીરો ફેક્ટર'.

ખગું વિ. ત્રાંસું; વાંકું.

ખગેકાર વિ. સ્તબ્ધ; દિંગ.

ખગેમ પું. ગરુડ.

ખગેશ ૧. [સં.] પું. ગરુડ.
૨. પું. ચોપન વાયુતત્ત્વ દેવતા માંહેનો એક.

ખગેશ્વર [સં.] પું. ગરુડ; વૈનતેય.

ખગેસ જુઓ ખગેશ.

ખગેંદ્ર [સં.] પું. ગરુડ; પંખીઓનો રાજા.

ખગેંદ્રધ્વજ [સં.] પું. વિષ્ણુ.

ખગોલ ૧. [સં.] પું. આકાશ સંબંધી જ્ઞાન આપવાનો ગોળો; ખગોલના નકશા તરીકે બનાવેલો ધાતુ કે માટી વગેરેનો ગોળો.
૨. પું. આકાશનો ઘુમ્મટ; આકાશમંડળ.
૩. પું. આભ; ગગન; આકાશ.
૪. પું. ઊર્ધ્વલોક.
૫. પું. તારાગણ; તારાઓનો સમૂહ.
૬. સ્ત્રી. ખગોળવિદ્યા.

ખગોલગણિત જુઓ ખગોળગણિત.

ખગોલગર્ભક્ષિતિજ [સં.] પું. માથા ઉપર આવેલા આકાશના બિંદુથી ૯૦ અંશને અંતરે આકાશ ઉપર દોરેલું વર્તુળ.

ખગોલવિદ્યા જુઓ ખગોળવિદ્યા.

ખગોલવેત્તા જુઓ ખગોળવેત્તા.

ખગોલશાસ્ત્ર જુઓ ખગોળશાસ્ત્ર.

ખગોલશાસ્ત્રી જુઓ ખગોળશાસ્ત્રી.

ખગોલીય [સં.] વિ. આકાશગામી; ગગનગામી.

ખગોલીયદેશાંતર [સં.] ન. કોઈ પણ આકાશીય પદાર્થમાંથી ક્રાંતિવૃત્ત ઉપર દોરેલો લંબ ક્રાંતિવૃત્તને જે બિંદુમાં છેદે તે બિંદુથી ક્રાંતિવૃત્તના આરંભસ્થાન સુધીનું અંતર; ખગોલીયભુજાંશ.

ખગોલીયનાડીમંડલ (ખગોલીયનાડ઼ીમંડલ) ન. પૃથ્વીના વિષુવવૃત્તની સપાટીને બંધી બાજુએ લંબાવવાથી આકાશના ગોળાને જે વર્તુળમાં કાપે તે વર્તુળ; આકાશીયવિષુવવૃત્ત.

ખગોલીયભુજાંશ જુઓ ખગોલીયનાડીમંડલ.

ખગોલીયયામ્યોત્તરવૃત્ત [સં.] ન. ક્ષિતિજના ઉત્તર અને દક્ષિણ બિંદુઓમાં તથા માથા ઉપર થઈને પસાર થતું આકાશનું વર્તુળ.

ખગોલીયવિષુવવૃત્ત [સં.] પું. આકાશનું વિષુવવૃત્ત; વ્યોમકલા; ખગોલીયનાડીમંડલ.

ખગોલીયવૃત્ત [સં.] ન. આકાશના ગોળ ઘુમ્મટ ઉપર દોરેલું વર્તુળ.

ખગોલીયશર [સં.] પું. કોઈ પણ આકાશી પદાર્થમાંથી ક્રાંતિવૃત્ત ઉપર દોરેલો લંબ.

ખગોળ જુઓ ખગોલ.

ખગોળગણિત ન. ખગોળના પદાર્થોની ગતિ વગેરેનું ગણિત.

ખગોળવર્ષ ન. ખગોળશાસ્ત્રની ગણતરી અનુસારનું વર્ષ.

ખગોળવિદ્યા સ્ત્રી. ગ્રહ, ઉપગ્રહ, સૂર્ય, તારા વગેરેનાં સ્વરૂપ, ગતિ, અંતર, બંધારણ વગેરે બાબતનું વર્ણન કરનારી વિદ્યા; ખગોળ સંબંધી માહિતી આપનારૂં શાસ્ત્ર; આકાશમાં ફરનારા ગ્રહ વગેરેનું જ્ઞાન જેમાં અપાયેલું હોય એવું શાસ્ત્ર; ખગોળશાસ્ત્ર. હિંદુઓએ ખગોળવિદ્યાની શોધ ઈ. સ. પૂર્વે ૩૦૦૦ વર્ષ પહેલાં કરી હતી. તેનું અંગ્રેજ વિદ્વાનોને છેક ઈ. સ. ની ૧૯મી સદીમાં જ્ઞાન થયું છે. હિંદમાંથી એ વિદ્યા જ્યોતિષવિદ્યાની સાથે ગ્રીસ અને મિસરમાં ફેલાઈ. ખગોળ સંબંધી હકીકત ઋગ્વેદમાં છે. દૂરબીનની સહાય વિના તે વખતે સૂર્યબિંબ શોધી કાઢવામાં આવ્યાં હતાં. ખુલ્લા મેદાનમાં રહેવાથી રાત્રે દેખાતા તારાઓનું ચાલુ અવલોકન કરી ફેરફારને સમજવો તે જ તેમનું સાધન હતું. તારાઓના જે સમૂહની વચ્ચે સૂર્ય વસંતઋતુમાં પસાર થતો તે સમૂહને મેષ કહેતા, કેમકે તે સમયે ઢોરને ખેતરમાં ચરવા મોકલવામાં આવતાં હતાં. ગ્રીષ્મઋતુમાં સૂર્યનાં કિરણોની શક્તિને સિંહનું ચિહ્ન આપવામાં આવ્યું હતું. તેમ રાતદિવસની લંબાઈ સરખાવી તેને તુલાનું નામ આપ્યું હતું. તેમ જ પાનખર ઋતુમાં હવા ઝેરી હોવાથી તેની નિશાની વૃશ્ચિકની રાખી હતી અને કુંભ તથા મીન એ વરસાદ ને શિયાળાની મોસમ જણાવતાં ચિહ્નો હતાં. પૃથ્વી ખગોળની વચ્ચે આવેલી છે. તેના દક્ષિણોત્તર છેડાને ધ્રુવ કહે છે. પૃથ્વીની છાયામાંથી ચંદ્ર જવા માંડે ત્યારે તેને ગ્રહણ કહે છે. ચંદ્રને ગ્રહણ લાગતાં તેનો રંગ લાલાશ ઉપર થાય છે. જ્યારે ચંદ્ર પૃથ્વીની છાયામાં સમાય છે ત્યારે તેને ખગ્રાસ કહે છે. સૂર્યગ્રહણ અમાસને દિવસે અને ચંદ્રગ્રહણ પૂનમને દિવસે થાય છે. પ્રાચીન સમયના મિસર, ચીન અને ગ્રીસ દેશની પ્રજાઓએ હિંદુઓની માફક તારા, ગ્રહ અને સૂર્યની ગતિ સંબંધી ઘણું વ્યાવહારિક જ્ઞાન સંપાદન કર્યું હતું. પરંતુ કેવળ નિરીક્ષણ ઉપરાંત વ્યવસ્થાપૂર્વક ગોઠવણ અને વિચારપૂર્વક ચિંતનથી બીજી પ્રજાઓ કરતાં હિંદુઓએ આ વિષયમાં વધારે પ્રવીણતા મેળવી હતી.

ખગોળવેત્તા પું. ખગોળવિદ્યા જાણનાર; જ્યોતિષી; જોશી; આકાશી જ્ઞાન જાણનાર; જ્યોતિર્વિદ; આકાશના ગોળાનો જાણનાર.

ખગોળવેધશાળા સ્ત્રી. આકાશીય પદાર્થ તપાસવાનું ઠેકાણું; ગ્રહનિરીક્ષણશાળા.

ખગોળશાસ્ત્ર ન. આકાશ અને તેને લગતી તમામ માહિતી જેમાં હોય એવો ગ્રંથ; જ્યોતિષ; ખગોળવિદ્યા.

ખગોળશાસ્ત્રી પું. ખગોળશાસ્ત્રનો અભ્યાસી; ખગોળવિદ્યાનો જાણકાર.

ખગોળી પું. ખગોળવેત્તા; જ્યોતિષી.

ખગ્ગ ૧. [સં. ખડ્ગ; પ્રા. ખગ્ગ] સ્ત્રી.; ન. ખડ્ગ; તરવાર; શમશેર.

૨. ન. ગેંડાનું શીંગડું.

ખગ્ગડ (ખગ્ગડ઼) [સં.] પું. એક જાતનું ઘાસ.

ખગ્ગરી સ્ત્રી.; ન. ખડ્ગ; તરવાર.

ખગ્ગા ૧. પું. (પિંગળ) ઉષ્ણિક જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; વર્કરિતા. તેના દરેક ચરણમાં મગણ, ભગણ અને ગુરુ એમ સાત અક્ષર હોય છે.

૨. [સં.] પું. ખગ; પંખી; પક્ષી.

૩. પું. (જૂ. ગુ.) જ્યોતિષી; જોશી; ખગોળવેત્તા.

૪. ન. આકાશ; નભોમંડળ.

ખગ્ગી પું. ગેંડો.

ખગ્ગો [હિં.] પું. તરવાર.

ખગ્રામ ૧. સ્ત્રી. લોહાણાની એ નામની અટક.

૨. ન. લોહાણાની એ નામની અટકનું માણસ.

૩. વિ. લોહાણાની એ નામની અટકનું.

ખગ્રાસ [સં. ખ (આકાશ) + ગ્રાસ (ખાવું)] પું. સૂર્ય કે ચંદ્રનું આખું ઢંકાઈ જવું તે. પૃથ્વી ચંદ્ર કરતાં મોટી હોવાથી પૃથ્વીની છાયા પડી જ્યારે ચંદ્રનું પૂર્ણ ગ્રહણ થાય ત્યારે આખું યે ચંદ્રબિંબ ઘેરાય અને તે ચંદ્રનું ખગ્રાસ ગ્રહણ કહેવાય છે. ચંદ્ર સૂર્યથી બહુ જ નાનો હોવાથી સૂર્યનું આખું બિંબ કદી ઘેરાતું નથી, અને તેથી સૂર્યનું ખગ્રાસ ગ્રહણ થતું નથી. જ્યારે બરોબર સીધી લીટીમાં તેઓ આવી જાય ત્યારે ચંદ્રની સંપૂર્ણ છાયા સૂર્યની સપાટીમાં સમાઈ જાય છે અને બધી તરફથી સૂર્યની કિનારી ખુલ્લી રહે છે. આવા ગ્રહણને કંકણાકૃતિ ગ્રહણ કહે છે.

ખગ્રાસાંઘ્રિ ન. બ. વ. ગ્રહણ વખતે સૂર્યના કે ચંદ્રના બિંબના કયા ભાગમાં સ્પર્શ કે મોક્ષ થાય છે તે દર્શાવવા બિંબના પરિઘ ઉપર કરેલાં નિશાનો.

ખગેંદ્રધ્વજ ૧. પું. કૃષ્ણ.

૨. [સં.] પું. જેની ધજામાં ગરુડનું ચિહ્ન છે એવા વિષ્ણુ.

ખચ્ ૧. [સં.] અ. ક્રિ. આગળ આવવું.

૨. અ. ક્રિ. દેખાવું.

૩. અ. ક્રિ. પુનર્જન્મ થવો.

૪. સ. ક્રિ. આબાદ કરવું.

૫. સ. ક્રિ. ઉત્પન્ન કરવું.

૬. સ. ક્રિ. (ધાતુ) એકત્ર કરવું. તે ઉપરથી નીકળેલ શબ્દ: ખચિત.

૭. સ. ક્રિ. પવિત્ર કરવું.

૮. સ. ક્રિ. બાંધવું; તાણીને બાંધવું.

૯. સ. ક્રિ. લટકાવવું.

૧૦. સ. ક્રિ. સારૂં કરવું.

ખચ ૧. [સં. ખચ્ (ખેંચીને બાંધવું)] પું. તંગ સપાટી અથવા ચામડીમાં ભોંકાતાં થતો અવાજ.

૨. અ. ખેંચીને; તંગ; સખત રીતે.

૩. અ. મારવાના, ધોંચવાના કે ખોદવાના અવાજની જેમ.

ખચકવું ૧. અ. ક્રિ. અચકવું; થંભવું.

૨. અ. ક્રિ. સંકોચાવું.

ખચકાટ ૧. પું. ખચકાવું તે.

૨. પું. હડદોલો; હેલો.

ખચકાવવું ૧. સ. ક્રિ. ઉપાડવું; લઈ જવું.

૨. સ. ક્રિ. ખચ દઈને ખોસી દેવું.

૩. સ. ક્રિ. તાણવું; ઉખેડવું.

ખચકાવું ૧. [સં. કૃષ્] અ. ક્રિ. અચકાવું; અટકવું; ખમચાવું; એકદમ અટકી જવું.

૨. અ. ક્રિ. આંચકો ખાવો.

૩. અ. ક્રિ. પાછા પડવું.

૪. સ. ક્રિ. ખચ એવો અવાજ થાય તેમ ધોંચવું; ભોંકવું.

ખચકો ૧. પું. અટકાવ; અંતરાય.

૨. પું. ખૂણો; ખાંચો.

૩. પું. ગલી.

૪. પું. ધોંચ.

૫. પું. છૂપી જગ્યા; અંધારી જગ્યા.

૬. પું. પડદો.

૭. [સં. ખાત] પું. સપાટી ઉપર પડેલો નાનો ખાડો. આ શબ્દ ખાડા કે ખાંચાની સાથે વપરાય છે.

૮. પું. સંકોચ.

ખચક્ર [સં.] ન. ગગનમંડળ.

ખચખચ અ. પચપચ; કાદવમાં ચાલતી વખતે થતો અવાજ.

ખચખચવું ૧. અ. ક્રિ. ખચખચ એવો અવાજ થવો.

૨. અ. ક્રિ. ખીચોખીચ ભરાવું.

૩. અ. ક્રિ. દોડતા ઘોડાની ગતિ સાથે અવાજ સહિત ઊંચા નીચા થવું.

૪. અ. ક્રિ. ભિડાવું.

૫. અ. ક્રિ. મારગ રહે ત્યાં સુધી ભરવું.

ખચખચાવવું ૧. સ. ક્રિ. અવાજ થાય તેવી રીતે હલાવવું.

૨. સ. ક્રિ. ખચખચ થાય તેમ કરવું; ખટખટાવવું.

૩. સ. ક્રિ. ખડખડ કે ખણખણ એવો અવાજ કરવો.

૪. સ. ક્રિ. જોરથી બાંધવું.

ખચખચી અ. ખીચોખીચ ભરીને; પૂરેપૂરું; ભીડ થાય તેવી રીતે.

ખચડખચડ (ખચ઼ડ઼ખચ઼ડ઼) પું. પાણીનો છબછબ થતો અવાજ.

ખચડી (ખચ઼ડી) સ્ત્રી. એક પ્રકારની ભાષા. જે મુસલમાનોની માતૃભાષા ફારસી હતી તે લોકો દેશીઓ સાથે બોલચાલ કરવા માટે આ ભાષાનો ઉપયોગ કરતા.

ખચમસ ૧. [સં.] પું. કપૂર.

૨. પું. ચંદ્ર.

ખચર ૧. [સં.] પું. આકાશી પદાર્થ; ચંદ્ર, તારા વગેરે.

૨. પું. એ નામનો એક દેશ.

૩. પું. એક જાતનું ગીત.

૪. પું. એક તાલનું માપ.

૫. પું. તીર; બાણ.

૬. પું. પક્ષી; વિહંગ; ખેચર.

૭. પું. ભૂત; પ્રેત.

૮. પું. મેઘ; વાદળું.

૯. પું. રાક્ષસ.

૧૦. પું. વાયુ; પવન.

૧૧. પું. સૂર્ય.

૧૨. ન. ખચ્ચર.

૧૩. વિ. આકાશમાં ગતિ કરનાર.

ખચરખચર જુઓ ખચડખચડ.

ખચરી ૧. સ્ત્રી. ખચ્ચરની માદા.

૨. સ્ત્રી. પક્ષિણી.

ખચરું ૧. ન. જુવાનનું મરણ.

૨. ન. નિર્માલ્ય ઘોડું.

૩. વિ. ખચ્ચર જેવું.

૪. વિ. ખરાબ; માઠું.

૫. વિ. જીર્ણ થઈ ગયેલું.

૬. વિ. જૂનું; પુરાણું.

૭. વિ. થાકી ગયેલું; ઊતરી ગયેલું.

૮. વિ. નકામું.

૯. વિ. બૂઢું; ઘરડું.

ખચવું ૧. અ. ક્રિ. નડવું.

૨. સ. ક્રિ. ખીચોખીચ ભરવું; લાદવું.

૩. સ. ક્રિ. જડવું; બેસાડવું.

૪. સ. ક્રિ. ઠાંસી ઠાંસીને ભરવું.

ખચા [અ.] વિ. જડેલું.

ખચાખચ ૧. પું. ગારો ખૂંદવાનો અવાજ.

૨. પું. હથિયારનો ખણભણાટ.

૩. સ્ત્રી. તરવારના અથવા ભાલાના ઘા પડવાથી થતો અવાજ.

૪. સ્ત્રી. ભીડ; ભીચડાભીચડી.

૫. ન. એકઠા થયેલા માણસોનો શોરબકોર.

૬. અ. ખચખચ અવાજ થાય એમ; ભચાભચ; કચાકચ; ખચખચ.

૭. અ. ખીચોખીચ; ઠસાઠસ; અકડાઠઠ.

ખચાખચી ૧. સ્ત્રી. ધમ્મંધમ્મા; ભીડાભીડ; લોકોની ઠઠ; ગીરદી.

૨. અ. અવશ્ય; જરૂર; નક્કી; ખચીત.

ખચિત ૧. પું. ગૂંથેલ દોરાનો ધાબળો.

૨. વિ. કેસર વગેરેથી રંગેલું.

૩. [સં.] વિ. કોઈ વસ્તુમાં બેસાડેલું; જડેલું; મઢેલું.

૪. વિ. બાંધેલું.

૫. વિ. મેળવેલું; મિશ્ર.

૬. વિ. વ્યાપ્ત.

૭. વિ. સંયુક્ત.

૮. અ. જરૂર.

ખચીત અ. અવશ્ય; જરૂર; અચૂક; ખરેખર.

ખચીતાઈ સ્ત્રી. નક્કીપણું; ખાતરી; ચોકસાઈ.

ખચૂકખચૂક અ. આમતેમ ઊંચુંનીચું થતું અને ડગમગતું હોય તેમ; ખદુકખદુક; ઢચુકઢચુક; થોડું થોડું ઊછળતું અને હેલા ખાઈ ખાઈને ચાલતું હોય તેમ.

ખચેલ વિ. શણગારેલ; મઢેલ.

ખચોખચ ૧. અ. ખચખચ એવો ઉપરાઉપરી અવાજ નીકળે તેમ; ભચોભચ.

૨. અ. ખીચોખીચ; સજડાસજડ.

ખચ્ચ ૧. [સં. ખચ્ (ખેંચીને બાંધવું)] વિ. તંગ; ખેંચીને બાંધેલું.

૨. અ. ખેંચીને; સખત રીતે.

૩. અ. ઘા મારવાના, ધોંચવાના કે ખોદવાના અવાજના અનુકરણરૂપ શબ્દ કરીને; ખચ એવો અવાજ થાય તેમ.

ખચ્ચર ૧. ન. એક જાતનું વહાણ.

૨. ન. ઘોડી અને ગધેડાથી અથવા ગધેડી અને ઘોડાથી ઉત્પન્ન થયેલું બંનેને ઘાટમાં થોડું થોડું મળતું મિશ્ર જાતિનું પ્રાણી. તેના કાન વગેરે અવયવ ગધેડાના જેવા હોય છે, પણ તેની શક્તિ ઘોડાથી પણ કાંઈક વધારે હોય છે. તે દીર્ઘજીવી હોય છે, બીમાર ઓછું પડે છે અને પરિશ્રમ વધારે કરી શકે છે. ઘોડાની માફક તે સમજદાર હોય છે. ઊંચીનીચી જમીન ઉપર તેના પગ મજબૂત બેસે છે. આ પ્રાણી ગધેડાની માફક ભાર ઉપાડવાના કામમાં આવે છે. યુરપ અને અમેરિકમાં માંસનો વેપાર કરનારાઓ બકરાં, ઘેટાં અને ભૂંડ વગેરે પ્રાણીઓમાંથી ઘણી ખચ્ચર જાતિઓ ઉત્પન્ન કરે છે, કારણકે તે મિશ્રપ્રાણીઓ બહુ માંસવાળાં થાય છે. એવું

કહેવાય છે કે ખચ્ચરમાં નરમાદા હોય છે પરંતુ તેઓ પોતાની ઓલાદ વધારી શકતાં નથી.

ખચ્ચર થવું = (૧) પાયમાલ થવું. (૨) ભૂરૂં થવું; ખરાબ થવું.

૩. ન. જોડો; પગરખું.

૪. વિ. માઠું; નઠારું; ભૂરૂં.

ખચ્ચરબાન પું. ખચ્ચર હાંકનાર માણસ.

ખચ્ચરી ૧. પું. ખચ્ચર ઉપર સવારી કરનાર કે ખચ્ચર હાંકનાર માણસ.

૨. સ્ત્રી. ખચ્ચરની માદા.

ખચ્ચી વિ. ખસી કરેલું; જેના વૃષણ કાઢી નાખ્યા હોય એવું.

ખચ્ચું વિ. ભરેલું; ખીચ.

• **ખજ્** [સં.] સ. ક્રિ. મથવું; વલોવવું.

ખજ ૧. [સં.] પું. કડછી; ચમચો.

૨. પું. યુદ્ધ.

૩. પું. રવૈયો; વલોવવાનો દંડ.

૪. સ્ત્રી. એક જાતનો ત્વચારોગ; ખંજોળ; ખસ; ચળ; વલૂર; ખણુજ.

૫. ન. ઉસ્કેરણી.

૬. ન. વલોવવું તે.

૭. વિ. ભક્ષ્ય; ખાવા યોગ્ય.

ખજક [સં.] પું. રવૈયો; વલોવવાનો દંડ.

ખજપ [સં.] ન. ઘી.

ખજમતિયાં ન. બ. વ. બેવડા પટાની ચૂડીઓ.

ખજમતી ૧. સ્ત્રી. ખંડણી.

૨. સ્ત્રી. ખિજમત; તહેનાત.

ખજલ ૧. [સં.] ન. આકાશનું પાણી; ઝાકળ; હિમ.

૨. [અ.] વિ. શરમાળ.

ખજલો પું. કવચ; બખતર.

ખજવાટ જુઓ ખજવાળ.

ખજવાળ ૧. સ્ત્રી. ખંજવાળ; ખણુજ; ચળ; વલૂર.

૨. સ્ત્રી. વલૂરવાની લાગણી થાય એવો એક ત્વચારોગ; લૂખસ.

ખજવાળવું સ. ક્રિ. ખંજોળવું; ખણવું; વલૂરવું.

માથું ખજવાળવું = કોઈ બાબત ઉપર વિચાર કરવો.

ખજા ૧. સ્ત્રી. આંગળી લંબાવેલ હાથ.

૨. સ્ત્રી. ઉસ્કેરણી.

૩. [સં.] સ્ત્રી. કડછી; ચમચો.

૪. સ્ત્રી. મારી નાખવું તે; વધ.

૫. સ્ત્રી. યુદ્ધ; લડાઈ.

૬. સ્ત્રી. રવૈયો; વલોવવાનો દંડ.

૭. સ્ત્રી. વલોવવું તે; મથવાપણું.

ખજાક ૧. [સં.] પું.; ન. પક્ષી.

૨. સ્ત્રી. કડછી; ચમચો.

ખજાકા [સં.] સ્ત્રી. કડછી; ચમચો.

ખજાજિકા જુઓ ખજાકા.

ખજાનચી [અ. ખજન (તેણે એકઠું કર્યું)] પું. ખજાનાનો ઉપરી; નાણાં લેવા દેવાની અને સંભાળવાની ફરજ જેને માથે હોય તે અમલદાર; કોષાધ્યક્ષ.

ખજાનચીગીરી સ્ત્રી. કોષાધ્યક્ષની કામગીરી; ખજાનાનું કામકાજ.

ખજાનજી જુઓ ખજાનચી.

ખજાનદાર ૧. પું. ખજાનચી; કોષાધ્યક્ષ; કોષાધિપતિ; 'ટ્રેઝરર'.

૨. વિ. ખજાનાવાળું.

ખજાનપૂર વિ. જેનો ખજાનો અખંડ ભરેલો હોય તેવું; શ્રીમંત.

ખજાનો ૧. પું. જ્યાં કોઈ ચીજ સંગ્રહ કરીને રાખવામાં આવે તે સ્થાન; કોષ; ભંડાર; નિધિ; ધનાગાર; જામદારખાનું.

૧. અક્કલનો ખજાનો = (૧) ડહાપણનો દરિયો. (૨) મૂર્ખ; બેવકૂફ.

૨. એક દુનિયાનો ખજાનો = દુનિયામાં ચાલુ જન્મ. દુનિયા એટલે કે જન્મ અનેક છે. માટે એકાદ જન્મમાં સારી સ્થિતિ પ્રાપ્ત થઈ હોય તો તેનું અભિમાન કરવું નહિ, અર્થાત્ ધનનો ગર્વ કરવો નહિ.

૩. ખજાને ખોટ ન આવવી = કંઈ પણ વસ્તુ ન ખૂટવી; અઢળક હોવું.

૪. ખજાને પડવું = (૧) આવ્યા ત્યારે આવ્યા અને પછી કોઈ ભાવ પણ ન પૂછે એવું થવું; ખૂણે પડવું. (૨) ગળે ઊતરવું. (૩) બંધાઈ જવું; ઠેકાણે પડવું.

૫. ખજાને પાઈ અને વહૂનો ભાઈ એનો શો હિસાબ? = ખજાનામાં પાઈ આવી તો શું અને તેમાંથી ગઈ તોપણ શું? એમ વહૂનો ભાઈ આવ્યો તો શું અને ન આવ્યો તોપણ શું? એની કંઈ ગણતરી જ નહિ એવા અર્થમાં આ કહેવત વપરાય છે.

૬. શેઠ આવ્યા તો નાખો ખજાને = કીમત ન હોવી.

૨. [અ. ખ઼જાના] પું. ધન; દોલત; લક્ષ્મી; પૈસો.

૩. પું. પેળ; અંડગોળી.

૪. પું. બંદૂકમાંનું ગોળી ભરવાનું ખાનું.

૫. પું. મીઠાનો ક્યારડો; અગર.

૬. પું. રાજ્યની ઊપજ.

૭. પું. હથિયાર ભેરવવાની ખોલ કે બાંકાવાળો પટો.

૮. પું. હાથો; તરવારની મૂઠ.

૯. પું. હુક્કાની ચલમમાં તમાકૂ મૂકવાનો ઊંડો ખાડો.

ખજિકા [સં.] સ્ત્રી. ચમચો; કડછી.

ખજિત [સં.] પું. એક પ્રકારનો શૂન્યવાદી બૌદ્ધ.

ખજિલ [અ.] વિ. ઝંખવાણું; ભોંઠું પડી ગયેલ; લજ્જિત; શરમિંદું.

ખજીના [ફા.] પું. હથિયાર ભેરવવાની ખોલ કે બાંકાવાળો પટો.

ખજીનાદાર [ફા.] પું. ખજાનચી; કોષાધ્યક્ષ.

ખજીનેદાર જુઓ ખજાનાદાર.

ખજીનો જુઓ ખજાનો.

ખજુળિયું વિ. વળવળતું; ખજવાળ ઉત્પન્ન કરે એવું.

ખજૂર ૧. પું. બંગાળમાં થતો ઊંચી જાતનો આંબો.

૨. સ્ત્રી. એક પ્રકારની મીઠાઈ.

૩. [સં. ખર્જૂર] ન. ખજૂરીનું ઝાડ.

૪. ન. ખૂબ પાકેલી ખારેક; પાકી ગયેલી ખારેકને સૂકવીને બનાવેલો લીલો મેવો. ખજૂરીનાં તૈયાર થયેલાં પણ પાકી નહિ ગયેલાં ફળને સૂકવવાથી ખારેક અને ખૂબ પાકી ગયેલાં ફળને સૂકવવાથી ખજૂર થાય છે. અરબસ્તાનમાં મદીનાની દક્ષિણે તેનાં ઝાડ ઊગે છે. યુફ્રેટિસ અને તૈગ્રિસ નદીના પ્રદેશમાં તે સારી રીતે વવાય છે. તે ઝાડને ઉનાળામાં ગરમ અને સૂકી હવાની જરૂર છે. શિયાળામાં ઠંડી અને વરસાદની જરૂર છે. ટૂંકમાં તે ઝાડનો ઉપરનો ભાગ અગ્નિમાં જોઈએ અને તેનાં મૂળિયાં પાણીમાં જોઈએ, એમ આરબ લોકોનું માનવું છે. તેની ઘણી જાત છે. હિંદુસ્તાનમાં ખજૂર થતો નથી; જોકે ખજૂરીની ઘણી જાતો થાય છે. પંજાબના ગરમ અને રેતાળ પ્રદેશમાં અને ખાસ કરીને સિંધ અને સિંધુ નદીના પ્રદેશમાં તે વાવી શકાય તેમ છે. અરબી ખજૂરની જાતઃ ૧. શિહાની. તે પીળાશ ઉપર હોય છે. ૨. બિર્ની. તે રાતી અને રસવાળી હોય છે. ૩. જાએલી. તે જાત મોટા પ્રમાણમાં પરદેશ ચડે છે. ૪. નીડ. આ સૌથી સારી જાત છે. તેનું ફળ બે ઇંચ લાંબું હોય છે. ૫. ખોલાસ. તેનો રંગ સહેજ પીળાશ પડતો

હોય છે. તે બહુ સ્વાદિષ્ટ હોય છે. પૌષ્ટિક ખોરાક તરીકે ખજૂરની સાથે સરખાવી શકાય એવા બહુ ઓછા પદાર્થ છે. ખજૂરમાંથી આલ્કાહોલવાળો દારૂ બને છે. તેનું બી કોફીને બદલે વપરાય છે. ખજૂર શક્તિવર્ધક, કામોત્તેજક, જીવનશક્તિ વધારનાર અને માદક પદાર્થોના ગુણને હરનાર છે. શુક્રસ્રાવ, તાવ, કફ અને દમમાં તે ઉપયોગી છે.

૨. સ્ત્રી. એક પ્રકારની મીઠાઈ.

ખજૂરગૂડ (ખજૂરગૂડ઼) પું. ખજૂરના રસમાંથી બનાવેલો ગોળ.

ખજૂરછડી (ખજૂરછડ઼ી) સ્ત્રી. ખજૂરીના પાનના આકારનું ચીતરેલું રેશમી કાપડ.

ખજૂરમાણું ન. સત્તાવીશ જાતનાં નૈવેદ્ય માંહેનું એક.

ખજૂરા ૧. સ્ત્રી. એક જાતનું ઝાડ.

૨. સ્ત્રી. ખજૂરીની ભાતવાળું એક જાતનું કાપડ.

૩. સ્ત્રી. મુંબઈમાં થતી ચાર ઈંચ લાંબી લીલી મજબૂત માછલી.

૪. સ્ત્રી. રંગ ચડાવેલી વાળની લટ.

૫. સ્ત્રી. સામસામા છેડા લઈ જવાથી વસ્ત્રના વણાટમાં વચમાં પડે તે આંટીની ગૂંથણી.

૬. ન. એક જાતનું જંતુ.

ખજૂરિયા ૧. [સં.] પું. એક જાતની મીઠાઈ.

૨. પું. ખજૂરીનું નાનું ઝાડ.

૩. પું. ઘઉંની એક જાત.

૪. પું. શેરડીની એક જાત. તે રંગે પીળાશ પડતી, લીલી, પોચી અને સાધારણ જાડી હોય છે.

૫. સ્ત્રી. એ નામની કણબીની એક અટક.

૬. ન. એ નામની અટકનું માણસ.

૭. વિ. એ નામની અટકનું.

ખજૂરિયું ન. રૂપાના નકોર જાડા વાળાની કડીથી ગૂંથેલું સ્ત્રીઓને પગમાં પહેરવાનું એક જાતનું ઘરેણું.

ખજૂરિયો ૧. પું. ગળે પહેરવાનું સોનાનું ખજૂરા જેવું એક ઘરેણું.

૨. પું. સારી જાતનો એક ગુવાર. તેનાં પાંદડાં ઉપર વાળ જેવી રુવાંટી હોય છે.

ખજૂરી ૧. સ્ત્રી. એક જાતની મીઠાઈ.

૨. સ્ત્રી. એક જાતનું ઝાડ. તે બીમાંથી થાય છે. પશ્ચિમ હિંદુસ્તાનમાં ખજૂરી ઘણી થાય છે. તેમાંથી તાડીનો રસ ખેંચાય છે, તેથી તેની પેદાશ ઘણી આવે છે. જે જમીનમાં અંતરભૂમિ નીચે દશ ફૂટ પાણી હોય ત્યાં ખજૂરી સંખ્યાબંધ ઊગી નીકળે. ખજૂરી હમેશા પોચી જમીનમાં થાય છે. ચોમાસામાં તેના ઠળિયા વાવી બે ત્રણ વર્ષ પાણી પાઈ જાનવરથી તેનું રક્ષણ કરવામાં આવે તો તે સારી ઊછરી આવે છે. જે ખજૂરીમાંથી ખજૂર તથા ખારેક થાય છે તે અરબસ્તાન તરફની છે. આ ખજૂરીઓ આપણા દેશમાં ઉછેરવાની ઘણી જ તજવીજ કરાઈ છે પણ તેમાં ફતેહ મળી નથી. મુલતાનમાં પંજાબ સરકારે ફરીને અખતરા કરવા શરૂ કર્યા છે. આપણા દેશમાં દેશી ખજૂરીનાં ઝાડ ઘણાં થાય છે. ખજૂરી વાવ્યા પછી તાડી ખેંચવાને લાયક થાય ત્યારે જે ઝાડમાંથી એક વરસ સુધી રસ ખેંચ્યો હોય તેને બીજે વરસે આરામ આપવામાં આવે છે, જેથી ઝાડ કૌવતમાં રહે. મદ્રાસ અને મુંબઈ ઇલાકામાં ખજૂરીનો રસ તાડી તરીકે વપરાય છે અને તેમાંથી દારૂ તથા ગોળ અને ખાંડ પણ બનાવાય છે. ઉત્તર હિંદુસ્તાન અને પંજાબ તરફ તેમાંથી રસ કાઢવામાં આવતો નથી, પરંતુ તેનાં પાતરાં વગેરે કૂટી જાનવરને ખવરાવાય છે. તેનાં પાતરાંના પંખા, સાદડી વગેરે અનેક ચીજો બને છે. ખજૂરીનાં તાજાં બી વાવવાથી નવાં ઝાડ થાય છે. પાતરાં વગેરેનું ખૂબ ખાતર નાખી ખજૂરીના રોપા કરવા અને ચોમાસાની શરૂઆતમાં ખજૂરીનાં તાજાં ખલેલાં નજીક નજીક રોપવાં. રોપા છ ઈંચ ઊંચા થાય ત્યારે દોઢ ફૂટને અંતરે ફેરવી બીજા ક્યારામાં રોપવા અને તેમાં ચાર ફૂટ ઊંચા વધતા સુધી રહેવા દેવા અને પછી કાયમની જગ્યાએ તે રોપવા. બીલીમોરા, નવસારી, વલસાડ, દમણ વગેરે મુંબઈ નજીકનાં ગામોમાં ખજૂરીનાં ઘણાં ઝાડ થાય છે. ખજૂરીમાં પણ નરમાદા હોય છે. ખજૂરીનાં પાંદડાંમાંથી ખેડુ લોક દોરડાં બનાવે છે. તેનાં ફળ તે ખલેલાં કહેવાય છે. ખજૂરીનાં ઝાડ બહુ ઊંચાં વધે છે. તે સમુદ્ર કિનારે અથવા રેતાળ પ્રદેશમાં મેદાનમાં થાય છે. આ ઝાડ થાંભલાની માફક સીધું ઊંચું ચાલ્યું જાય છે. તેને ટોચ ઉપર પાંદડાં આવે છે. પાંદડાની છડ બે ત્રણ હાથ લાંબી હોય છે.

૩. સ્ત્રી. ખંજવાળ; ચેળ; વલૂર.

૪. સ્ત્રી. ખંજવાળ લાગે એવા નાના નાના કાંટા.

ખજૂરી લગાડવી = હેરાન કરવું.

૫. સ્ત્રી. જુવાર અને બાજરીનાં કણસલાંમાંથી ઊડતી ઝણ. તેની અસરથી ચેળ, ખણજ, વલૂર કે ચૂંટ આવે છે.

ખજૂરી લાગવી = ખંજોળ આવે એવા ત્વચારોગથી પીડાવું.

૬. સ્ત્રી. બંગાળના આંબાની એક ઊંચી જાત.

૭. સ્ત્રી. સોદાગરી મશરૂની એક પેટા જાત.

૮. વિ. ખજૂર સંબંધી.

૯. વિ. ખજૂરના આકારનું; ખજૂરના જેવું.

૧૦. વિ. ગૂંથેલું.

ખજૂરું ૧. ન. એક જાતનું જંતુ.

૨. [સં. ખર્જૂર] ન. ખજૂરીની જાતનું એક નાનું ઝાડ. તે દરિયા કિનારાની ભીની જમીનમાં એની મેળે ઊગી નીકળે છે. એને છેદી તેમાંથી તાડી કાઢવામાં આવે છે. સુરત અને થાણા જિલ્લામાં ખજૂરાં ઘણાં થાય છે. આ શબ્દ ઘણુંખરૂં બહુવચનમાં જ વપરાય છે.

૩. ન. ખજૂરીનું ફળ.

૪. ન. ખણજ; ખંજવાળ; ચેળ.

ખજૂરો ૧. પું. એ નામની છાપવાની એક ભાત.

૨. પું. એ નામનું એક ઝાડ; ખજૂરી.

૩. પું. કાનખજૂરો.

ખજૂરાનો એક ટાંગ તૂટ્યો તો ય શું અને ન તૂટ્યો તો ય શું ? = નજીવું નુકસાન થવું.

૪. પું. તાણાવાણામાં આવતી ભૂલથી થયેલો કપડાનો ઝીણો ભાગ.

૫. પું. બળદના શરીર કે પીઠ ઉપરના કોઈ પણ ભાગ ઉપરના કાનખજૂરાના આકારના વાળ.

૬. પું. લાકડામાં કરાતું એક જાતનું કોતરકામ.

ખજોટિયા ૧. સ્ત્રી. એ નામની પારસીની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ખજૌહટી [હિં.] સ્ત્રી. ચળ; ખણજ.

ખજ્જ ૧. [સં. ખાદ્ય] પું. ખાવા યોગ્ય પદાર્થ.

૨. વિ. ખાવા લાયક.

ખજ્જૂ ૧. સ્ત્રી. ખરજવું.

૨. સ્ત્રી. ખૂજલી.

ખજ્જૂર [સં. ખર્જૂર] પું. ખજૂર.

ખજ્જૂરી [પ્રા.] સ્ત્રી. ખજૂરીનું ઝાડ.

ખજ્જોત [પ્રા.] પું. ખદ્યોત; પતંગિયો.

ખજ્યોતિ પું. આગિયો જીવડો; ખદ્યોત.

ખજુહ ન. બુંદેલખંડમાં આવેલ ચંડેલની એક પ્રાચીન રાજધાની.

ખઝફ (ખ઼ઝફ) [અ.] ન. બ. વ. ચીનાઈ માટીનાં વાસણો.

ખઝાઈન (ખ઼ઝાઈન) [અ.] પું. તિજોરી; ભંડાર.

ખઝાન (ખ઼ઝાન) [ફા.] સ્ત્રી. પાનખર ઋતુ

ખઝાનચી (ખ઼ઝાનચી) [અ.] પું. તિજોરી સાચવનાર; રોકડ રાખનાર.

ખઝાનચીગરી (ખ઼ઝાનચીગરી) સ્ત્રી. ખજાનચીનું કામ.

ખઝાના (ખ઼ઝાના) ૧. [અ.] પું. એકઠું કરવાનું સ્થળ.

૨. પું. ખજાનો; તિજોરી.

૩. પું. બંદૂકખાનું.

૪. પું. ભંડાર; સંગ્રહ.

ખઝાનાઘર (ખ઼ઝાનાઘર) પું. બંદૂક રાખવાનું ઘરું.

ખઝાનો (ખ઼ઝાનો) ૧. પું. ધન; પૈસો; દોલત.

૨. પું. ધન મૂકવાની જગ્યા; ભંડાર; નિધિ.

૩. પું. રાજ્યની ઊપજ.

ખઝીના (ખ઼ઝીના) [અ.] પું. ખજાનો; તિજોરી.

ખઝ્ઝ (ખ઼ઝ્ઝ) [અ.] સ્ત્રી. રેશમી લૂગડાની એક જાત.

ખટ ૧. [સં.] પું. અંધારિયો કૂવો.

૨. પું. (સંગીત) એક જાતનો રાગ. તે છ રાગ મળીને થયો હોવાથી તેનું નામ ખટ પડ્યું છે. જાતિ સંપૂર્ણ એટલે ખરજ, રિખબ કોમળ, ગાંધાર કોમળ, મધ્યમ કોમળ, પંચમ, ધૈવત કોમળ, વિખાદ કોમળ એ પ્રમાણે સાતે સ્વર આવે છે. પંચમ ગ્રહસ્વર અને મધ્યમ ન્યાસસ્વર છે.

૩. પું. (સંગીત) એક પ્રકારનો રાગ. ભૈરવી થાટના સંકીર્ણ પ્રકારના રાગોમાં આ રાગનો સમાવેશ થાય છે. તેમાં કોમળ તથા શુદ્ધ રિખબ, ગાંધાર, ધૈવત અને નિષાદનો પ્રયોગ થાય છે. તે સિવાય સર્વે શુદ્ધ સ્વરો છે. આ રાગનો વાદી સ્વર ધૈવત અને સંવાદી સ્વર રિખબ છે. આ રાગ પ્રાતઃકાલે ગાવાનો પ્રચાર છે.

૪. પું. કફ; બલગમ.

૫. પું. ખટરસ; છ રસ.

૬. પું. ખરાબ ધાસ.

૭. પું. પલંગ.

૮. પું. માંકડ.

૯. પું. મુક્કો.

૧૦. પું. (સંગીત) ષાડવ જાતિનો એક રાગ. તે દીપક રાગનો પુત્ર મનાય છે. તે ગાવાનો સમય પ્રાતઃકાળે એક દંડથી પાંચ દંડ સુધી છે. તેમાં મધ્યમ સ્વર વાદી હોય છે. કોઈ કોઈ તેને આસાવરી, લલિત, ભૈરવી વગેરે રાગિણીઓથી સંકર રાગ માને છે.

૧૧. પું. હળ.

૧૨. સ્ત્રી. નનામી; ઠાઠડી.

૧૩. ન. એક જાતનું હથિયાર; કોદાળી.

૧૪. ન. ઢાંકણું.

૧૫. વિ. છ; ૬.

૧૬. વિ. ઠગ; લબાડ; શઠ.

૧૭. વિ. લુચ્ચું.

ખટક ૧. પું. એક જ બાબતનો વિચાર.

૨. પું. ખટકો; નાખુશી.

૩. પું. પગલાંનો અવાજ.

૪. પું. બંને પક્ષનું લગ્ન જોડી દેનાર પુરુષ.

૫. પું. મનની શંકા; વહેમ.

૬. પું. મૂઠી.

૭. પું. રહી રહીને કાંકરીની માફક ખૂંચવું તે; સણકો.

૮. પું. વાંકો વળેલો હાથ.

૯. સ્ત્રી. ચાનક; ખંત.

૧૦. [સં. ક્ષત (ઘા)] સ્ત્રી. દુઃખ; પીડ.

૧૧. સ્ત્રી. મુશ્કેલી.

૧૨. સ્ત્રી. વટ; ટેક; પ્રતિજ્ઞા.

ખટકખટક ૧. પું. અકળાવાથી થતો એવો અવાજ; ખટખટ અવાજ.

ખટકખટક થવું = (૧) ખટખટ થવું. (૨) દુઃખ થવું. (૩) વારંવાર રહી રહીને મનમાં ખૂંચવું.

૨. અ. ખટખટ થાય એમ.

ખટકમય વિ. ખટકાવાળું; ખેદ ઉપજાવે તેવું.

ખટકરમ જુઓ ખટકર્મ.

ખટકર્બિત પું. એક રસાયણ; 'કેલ્શિયમ કાર્બોનેટ'.

ખટકર્મ ૧. [સં. ષટ્ (છ) + કર્મન્ (ક્રિયા)] ન. અધ્યયન, અધ્યાપન, યજન, યાજન, દાન અને પ્રતિગ્રહ એમ છ કર્મ.

૨. ન. ધર્મ સંબંધી નિત્યકર્મ.

૩. ન. મારણ, મોહન, સ્તંભન, ઉચ્ચાટન, વિધ્વંસન અને જાચ એમ છ તાંત્રિક કર્મ.

ખટકવું ૧. અ. ક્રિ. આંખમાં કણું પડતાં દુખાવો થવો.

૨. અ. ક્રિ. આંખે હોવું; આંખમાં હોવું.

૩. અ. ક્રિ. ઈંડામાંથી બહાર આવવું.

૪. અ. ક્રિ. કાપી નાખવું.

૫. અ. ક્રિ. કાંકરીની માફક રહી રહીને ખૂંચવું.

૬. અ. ક્રિ. ખોટ જણાવી.

૭. અ. ક્રિ. ગરજ પડવી.

૮. અ. ક્રિ. ચાંચ મારવી.

૯. અ. ક્રિ. દુશ્મન ઉપર અભાવ હોવો.

૧૦. અ. ક્રિ. પશ્ચાત્તાપ થવો; લાગણી થયા કરવી.

૧૧. અ. ક્રિ. લાગી આવવું.

૧૨. અ. ક્રિ. શોક થવો; ચિંતા થવી.

૧૩. અ. ક્રિ. સાલ્યા કરવું; ભોંકાવું.

૧૪. અ. ક્રિ. સ્થાનભ્રષ્ટ થવું; ઊખડી જવું.

ખટકાના ૧. [હિં.] પું. બારણું વગેરે ખખડાવવું તે; ખટખટ.

૨. પું. શંકા ઉત્પન્ન કરવી તે.

ખટકામુખ ૧. [સં.] પું. શિકાર કરવાની સ્થિતિમાં ઊભો રહેલો પુરુષ.

૨. ન. ગોળીબાર કરતી વખતે શરીરની એક સ્થિતિ.

૩. ન. તીર ચલાવવાનું આસન; બાણ ખેંચવાની એક મુદ્રા.

૪. ન. નૃત્યમાં એક પ્રકારની ચેષ્ટા.

ખટકારો ૧. પું. ઉઘાડે પગે ચાલતાં થતો અવાજ.

૨. પું. ખટકો.

ખટકાવવું સ. ક્રિ. ખખડાવવું.

ખટકીડા (ખટકીડ઼ા) [હિં.] પું. માંકડ.

ખટકીરા [હિં.] પું. માંકડ; ખટમલ.

ખટકો ૧. પું. અડચણ; હરકત; નડતર; પ્રતિબંધ; બાધ.

૨. પું. અપ્રિયતા.

૩. પું. અકળાવાનો કે ટિચાવાનો થતો અવાજ.

૪. પું. આશા.

૫. પું. આંખનો દુખાવો; ખટકવું તે.

૧. ખટકો ઊપડવો = આંખમાં પીડા શરૂ થવી.

૨. ખટકો થવો = આંખમાં પીડા થવી.

૩. ખટકો ભાંગવો = પીડા ઓછી કરવી.

૬. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; હરિણી. આ છંદ ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ત્રણ જગણ, લઘુ અને ગુરુ એમ અગિયાર અક્ષર હોય છે.

૭. પું. કાળજી; ચાનક; ખંત; ચીવટ.

ખટકો રાખવો = કામ કરવાની ચિંતા રાખવી; વસવસો રાખવો; કોઈ વાત બરાબર ધ્યાનમાં રાખવી.

૮. પું. ખખડાટ; ખટખટ એવો અવાજ.

૯. પું. ચાંપ; કળ; કોઈ પણ પ્રકારનો પેચ કે કમાન. તેની સહાયતાથી આવરણ ખૂલે અગર બંધ થાય.

૧૦. પું. દાઝ.

૧૧. પું. દાવો; મુકદ્દમો.

૧૨. પું. ધીમેથી બારણું ખખડાવવું તે.

૧૩. પું. નુકસાન; ખોટ.

૧૪. પું. પક્ષીઓ ઉડાડવાને કરાતો અવાજ.

૧૫. પું. પક્ષીઓને ડરાવી ઉડાડવા માટે ફળઝાડ ઉપર બાંધવામાં આવતો વાંસનો કટકો.

૧૬. પું. પગરવ; ચાલવાનો અવાજ.

૧૭. પું. ફિકર; ચિંતા.

૧૮. પું. ફેંટો.

૧૯. પું. બારણું બંધ કરવાનો આગળો અથવા ભોગળ.

૨૦. પું. ભય; બીક; ડર; આશંકા.

બેખટકા = (૧) બીક વગરનું. (૨) સહેલાઈથી; શાંતિથી.

૨૧. પું. મોટો ખીલો.

૨૨. પું. રીસ; ચીડ.

૨૩. પું. વહેમ; શક; શંકા; અંદેશો.

ખટકો થવો = વહેમ પડવો.

૨૪. પું. વ્યાધિ; પીડા.

૨૫. પું. સતારના હરકોઈ સ્વર વગાડવામાં આગળના તેમ જ પાછળના સ્વરોને ઝટકો દઈને તેમાંથી મિશ્ર સ્વર ઉત્પન્ન કરવા તે; જમજમા.

૨૬. પું. સંડાસ; જાજરૂ; વાડો.

ખટખટ ૧. સ્ત્રી. કજિયો; ઝઘડો.

૨. સ્ત્રી. ખટકો; વસવસો; દગદગો.

૩. સ્ત્રી. ખટખટ એવો અવાજ.

૪. સ્ત્રી. નડતર; હરકત; અડચણ.

ખટખટ કરવું = ટકટક કરવું; વચમાં બોલબોલ કરવું.

૫. સ્ત્રી. પંચાત.

૬. સ્ત્રી. સામસામે બે વસ્તુ અફળાવાથી થતો અવાજ; ખખડાટ.

ખટખટા ૧. [હિં.] પું. કજિયો; બખેડો; ઝઘડો.

૨. પું. ગૂંચવણ.

૩. પું. ચિંતા; ફિકર.

૪. પું. ધંધો.

૫. પું. પક્ષીઓને ભડકાવવા માટે ખખડાટ ઉત્પન્ન કરવાની વ્યવસ્થા; ખટકો.

૬. પું. મુશ્કેલી.

ખટખટાટ પું. બકવાદ; બડબડાટ.

ખટખટારો ૧. પું. ખટખટ થતો અવાજ.

૨. પું. પંચાતી; માથાઝીક; ખાલી માથાકૂટ; કચકચાટ.

૩. પું. બડબડાટ; બકવાદ.

ખટખટાવ પું. તાર મારફત આપેલી સૂચના.

ખટખટાવવું ૧. અ. ક્રિ. ખટખટ એવો અવાજ કરવો.

૨. સ. ક્રિ. ખખડાવવું; બારણું ઠોકવું.

૩. સ. ક્રિ. યાદ આપવું; સ્મરણ કરાવવું.

ખટખટાવું અ. ક્રિ. બારણા ઉપર ધીમેથી ઠોકવું.

ખટખટી ન. એક જાતનું આમલી જેવું મોટું ઝાડ. તેનાં મૂળ મરડાનો રોગ મટાડે છે. ધામણીનાં પાન જેવાં તેનાં પાન આમરક્ત, વાતરક્ત અને અતિસારના રોગમાં તેમ જ પુષ્ટિ માટે વપરાય છે. તેમાં ચાર પાંચ ફૂલનો ઝૂમખો થાય છે. તેનાં ફળ ગોળ, નાનાં અને ગળચટાં હોય છે.

ખટખરાહટ ૧. પું. ચિંતા; ફિકર.

૨. પું. ધીમેથી બારણા ઉપર ખખડાવવું તે.

૩. પું. ફળઝાડ ઉપરથી પક્ષીઓને ઉડાડવા માટે ખખડાટ ઉત્પન્ન કરવાની વ્યવસ્થા.

૪. પું. ભય; બીક; ડર.

૫. પું. મોટો ખીલો; 'બોલ્ટ'.

૬. પું. શંકા.

૭. પું. સંડાસ; જાજરૂ; વાડો.

૮. પું. સારો કંઠ.

ખટખાદક ૧. [સં.] પું. કાગડો.

૨. પું. કાચનું વાસણ.

૩. પું. ચોપગું પશુ.

૪. પું. શિયાળ.

૫. વિ. ખાનાર; ભક્ષણ કરનાર.

ખટગીર [ફા.] પું. માંકડ.

ખટગુજરી સ્ત્રી. (સંગીત) ગુજરી રાગિણીની ૭ માંહેની એક જાતિ; ખટ અને ગુજરી રાગિણીનું મિશ્રણ.

ખટગુણ પું. બ. વ. ૭ ગુણ. જેમકે, ઉદ્યોગ, સાહસ, ધૈર્ય, બળ, બુદ્ધિ અને પરાક્રમ.

ખટચક્ર ન. બ. વ. (યોગ) શરીરની અંદરનાં ૭ ચક્ર. તેનાં નામ: (૧) આધારચક્ર. તેનું સ્થાન ગુદા અને તેનો દેવતા ગણપતિ. (૨) લિંગચક્ર. તેનું સ્થાન લિંગ અને તેનો દેવતા બ્રહ્મ. (૩) નાભિ અથવા મણિપૂરચક્ર. તેનું સ્થાન નાભિ અને દેવતા વિષ્ણુ. (૪) અનાહતચક્ર. તેનું સ્થાન હૃદય તથા છાતી અને તેનો દેવતા રુદ્ર. (૫) મૂર્દ્ધચક્ર. તેનું સ્થાન માથાની ખોપરી અને દેવતા ગુરુ. (૬) કંઠચક્ર અથવા વિશુદ્ધચક્ર. તેનું સ્થાન ગળું અને તેનો દેવતા જીવ.

ખટચટું વિ. ખાટું; સહેજ ખાટું.

ખટછપ્પર પું. પડદાવાળો પલંગ.

ખટટોડી સ્ત્રી. (સંગીત) ટોડી રાગિણીની એક જાત.

ખટતાલ ૧. પું. (સંગીત) એ નામનો એક ચતુસ્રજાતિ તાલ. તેને છક્કો પણ કહે છે. તેમાં બાર માત્રા હોય છે. તેનાં તાલસ્થાન ૧, ૩, ૫, ૭, ૯ અને ૧૧ માત્રા ઉપર છે.

૨. પું. (સંગીત) એક ચતુસ્રજાતિ અઢાર માત્રાનો તાલ. તેનાં તાલસ્થાન ૧, ૫, ૭, ૧૧, ૧૩ અને ૧૫ માત્રા ઉપર છે.

ખટદર્શન [સં. ષડ્દર્શન] ન. ખટશાસ્ત્ર; હિંદુઓના તત્ત્વજ્ઞાન સંબંધી જુદા જુદા ૭ મત. તેનાં નામ: સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, મીમાંસા અને વેદાંત. બૌદ્ધ, જૈન અને નાસ્તિકોના મતનાં પણ બીજાં દર્શન છે.

ખટનટ વિ. નટખટ; પ્રપંચી.

ખટપટ ૧. સ્ત્રી. કાવતરૂં; કપટ.

૨. સ્ત્રી. ખડખડાટ; બે કઠણ વસ્તુને ભટકાવવાથી થતો અવાજ.

૩. સ્ત્રી. ગોઠવણ.

૪. સ્ત્રી. જંજાળ; પંચાતી; કડાકૂટ.

૫. સ્ત્રી. તકરાર; કજિયો; કંકાસ; લડાઈ; ઝઘડો.

૬. સ્ત્રી. દાવપેચની જાળ; ગૂંચવણ; મુશ્કેલી.

૭. સ્ત્રી. યુક્તિપ્રયુક્તિથી કામ સાધી લેવાની તજવીજ; પ્રાપંચિક ગોઠવણ.

૧. ખટપટ કરવી–ચલાવવી = (૧) મહેનત લેવી. (૨) યુક્તિ કરવી. (૩) લાગવગ લગાડવી.

૨. ખટપટ થવી = (૧) ખટરાગ થવો; કુસંપ થવો; મતભેદ પડવો. (૨) ગૂંચવણ ઊભી થવી.

૩. ખટપટનું પૂતળું = ખટપટમાં પ્રવીણ; ટંટો કરાવવામાં નિપુણ.

ખટપટખોરી સ્ત્રી. ખટપટ કરવી તે.

ખટપટવું ૧. અ. ક્રિ. એકઠા મળીને એક થઈ કાંઈ કરવું; એકસંપ થવું.

૨. અ. ક્રિ. કાવતરું કરવું; તરકટ કરવું.

૩. અ. ક્રિ. ખખડવું; અથડાવું.

૪. અ. ક્રિ. ખટપટ કરવી; યુક્તિપ્રયુક્તિ ચલાવવી.

૫. અ. ક્રિ. ગુંચવાવું.

૬. અ. ક્રિ. જોશમાં વધવું.

ખટપટાસ્ત્ર ન. ખટપટરૂપી હથિયાર.

ખટપટિયું ૧. વિ. કાવતરાખોર.

૨. વિ. જેને ખટપટ કરવી ગમતી હોય તેવું; ખટપટી; કારસ્તાની; ધાલમેલિયું.

૩. વિ. જેમાં ખટપટ કરવી પડે એવું; કડાકૂટિયું; ખટપટવાળું.

૪. વિ. ઝઘડાખોર; લડાઈ કરાવનારૂં.

૫. વિ. નિપુણ; કાર્ય સિદ્ધ કરવામાં ખબડદાર; કુશળતાવાળું; કાર્યદક્ષ; ચતુર.

૬. વિ. માથાં ફોડનાર.
૭. વિ. યુક્તિપ્રયુક્તિથી કામ કરનાર.
૮. વિ. લાગવગવાળું.

ખટપટી જુઓ ખટપટિયું.

ખટપદ ૧. [સં. ષટ્ (છ) + પદ (પગ)] પું. કરોળિયો.
૨. પું. છપગું પ્રાણી; છપગાં પ્રાણીઓનો વર્ગ.
૩. પું. જૂ.
૪. પું. ભમરો.
૫. પું. મધમાખ.
૬. વિ. છ પગવાળું.

ખટપદી ૧. [સં. ષટ્પદી] પું. છ પદ કે ચરણવાળો એક છંદ; છપ્પય.
૨. જુઓ ખટપદ.

ખટપાટી ૧. સ્ત્રી. બેસવાની ખાટમાં ભરેલી પાટી.
૨. ન. એક જાતનું ઝાડ. તે બે ત્રણ માથોડાં ઊંચું વધે છે. તેને ચાર પાંચ ફૂલોનાં ઝૂમખાં હોય છે. તેનાં ગળચટાં ફળ દવામાં વપરાય છે.

ખટપાપડી (ખટપાપડ઼ી) સ્ત્રી. આંબલી.

ખટપુરા [હિં.] સ્ત્રી. જમીનના નાના કટકા કરવામાં વપરાતી એક જાતની કોદાળી.

ખટબાકી ૧. સ્ત્રી. બેઠી ઉઘરાણી.
૨. સ્ત્રી. મહેસૂલમાંની વસૂલ ન થાય એવી બાકી રકમ; વસૂલ ન આવી શકે એવું લેણું.

ખટબુના [હિં.] પું. ખાટલો ભરનાર માણસ.

ખટમઠું વિ. ખાટું અને મીઠું.

ખટમડું (ખટમુડ઼ું) વિ. ખાટું.

ખટમધુર વિ. સ્વાદે કંઈક ખાટું અને કંઈક મીઠું હોય એવું; ખાટુંમીઠું; ખટમધુરૂં.

ખટમધુરૂં જુઓ ખટમધુર.

ખટમલ ૧. પું. ખાટલાનો જીવ; માકડ; મત્કુણ.
૨. પું. હિમાયતી કે મદદગાર માણસ.

ખટમલી વિ. માકડના રંગનું; ઘેરા રાતા રંગનું.

ખટમંડુ ન. નેપાળની હાલની રાજધાની. તે કાંતિપુર કે મંજુપટ્ટણ પણ કહેવાતું.

ખટમાસ પું. છ મહિનાનો સમૂહ.

ખટમાસી વિ. છમાસી; છ છ મહિને આવતું; છ છ મહિને થતું.

ખટમાઠડું (ખટમીઠડું) જુઓ ખટમીઠું.

ખટમીઠી ૧. સ્ત્રી. ગુલાબચકરી; એક જાતની બાળકોને ખાવાની વાની; 'પેપરમિન્ટ'.
૨. વિ. સ્ત્રી. સ્વાદમાં ખાટી અને મીઠી.

ખટમીઠું વિ. ખાટું અને મીઠું.

ખટમીઠો ૧. પું. મીઠો અને ખાટો સ્વાદ.
૨. વિ. પું. ખાટો અને મીઠો.

ખટમુખ પું. કાર્તિકસ્વામી.

ખટમુખવાહન પું. મોર. તે કાર્તિકસ્વામીનું વાહન મનાય છે.

ખટરસ ૧. પું. અણબનાવ; વાંકું પડવું તે.
૨. પું. બ. વ. છ જાતના સ્વાદ: મધુર, અમ્લ, લવણ, કટુ, કષાય અને તિક્ત.
૩. ન. એક જાતનું ઝાડ.
૪. વિ. છ રસ અથવા સ્વાદવાળું.

ખટરાગ ૧. પું. અણબનાવ; તકરાર; કજિયો; ટંટો; બખેડો.
૨. પું. ખટપટ; જંજાળ; પંચાતી.
૩. પું. ગાવાના મુખ્ય છ રાગ: ભૈરવ, માલકોશ, હિંદોલ, શ્રીરાગ, કેદાર અને મલાર. ગીતરત્નાકરમાં છ રાગ આ પ્રમાણે છે: શ્રીરાગ, વસંત, ભૈરવ, પંચમ, મેઘ અને બૃહન્નાટ. આમાંના પાંચ રાગ મહાદેવના મુખમાંથી ઉત્પન્ન થયેલા કહેવાય છે. છઠ્ઠો રાગ પાર્વતીએ ઉત્પન્ન કર્યો છે. દરેક રાગની પાંચ સ્ત્રીઓ એટલે રાગિણી, આઠ પુત્ર અને આઠ પુત્રની સ્ત્રીઓ એમ મળી છ એ રાગમાંથી ૧૩૨ રાગ નીકળ્યા છે. વસંત ઋતુમાં એટલે ચૈત્ર વૈશાખમાં હિંદોલ અને તેની રાગિણી–રામકળી, દેશાખ, લલન, બિલાવલ, પટમંજરી; ગ્રીષ્મ ઋતુમાં એટલે જેઠ અષાઢમાં ભૈરવ અને તેની રાગિણી–ભૈરવ, મધુમાધ, સિંધવી, બંગાલી, બેરારી; વર્ષા ઋતુ એટલે શ્રાવણ ભાદરવામાં મેઘ અને તેની રાગિણી–તંકા, મલાર, ગુજરી, ભોપાલી, દેશાકરી; શરદ ઋતુમાં એટલે આસો કારતકમાં માલકોશ અને તેની રાગિણી–ટોડી, ગુલકળી, કોકબ, ખંભાતી, ગોડી; હેમંત ઋતુમાં માગશર પોષમાં દીપક અને તેની રાગિણી–કામોદ, દેશ, નટ, કેદાર, કાનરા અને શિશિર ઋતુમાં એટલે મહા ફાગણમાં શ્રીરાગ અને તેની રાગિણી–માલશ્રી, મરાવી, ધનાશ્રી, બસંત, આશાવરી. આમ મુકરર કરેલી ઋતુમાં તે તે રાગ ગાવાથી વિશેષ આનંદ થાય છે.
૪. પું. બેસૂરૂં ગાવું તે; મેળ વગરનું ગાવાપણું.
૫. પું. ભભકો; ઠાઠમાઠ.

ખટરાગી ૧. વિ. અનુભવી; બધી બાબતોમાં રસ લઈ શકે તેવું.
૨. વિ. કજિયાખોર; પંચાતી; ધાંધલિયું; માથાકૂટિયું.
૩. વિ. જંજાળી; સંસારની માયામાં લપટાયેલું; સાંસારિક વ્યવસાયવાળું.

ખટરિયું ન. એક જાતનું જંતુ.

ખટલું જુઓ ખટલો.

ખટલો ૧. પું. એક માણસના જીવનવ્યવહારની જરૂરિયાતો માટે જોઈતું બધું; સ્ત્રી, નોકર, ઢોર, સરસામાન વગેરે.
૨. પું. કુટુંબકબીલો; પરિજન; પરિવાર.
૩. પું. ખટપટિયું કે ગૂંચવણીનું કામ; મુશ્કેલ કામ.
૪. પું. મામલો; બાબત; મુકદ્દમો.
૫. પું. મુસાફરી કરતા અમલદાર કે મોટા માણસની સાથે રહેતી સર્વ ઘરવખરી; રસાલો; સરંજામ.
૬. પું. સ્ત્રીઓના કાનનો છેદ. તેમાં વાળી પહેરાય છે.

ખટવવું ૧. સ. ક્રિ. કમાવરાવવું; કોઈ કમાય કે લાભ મેળવે એમ કરવું; રળાવવું; ફાયદો કરાવવો.
૨. સ. ક્રિ. ખાટું કરવું; ખટાશ ચડાવવી. હાથીદાંત અને બીજી કેટલીક વસ્તુઓને સારો રંગ ચડાવવા માટે ખટવવી પડે છે.

ખટવાટ ૧. પું. માંદગીથી પથારીવશ થવાપણું.
૨. સ્ત્રી. ખાટની પાટી.

ખટવાટી જુઓ ખટવાટ.

ખટવાટીપટવાટી ૧. સ્ત્રી. પથારીવશ માણસને ટિંગાટોળી કરી પથારીમાં સુવરાવવું તે.
૨. સ્ત્રી. સરસામાન.

ખટવારા પું. ઉકરડો; કચરોપૂંજો નાખવાની જગ્યા.

ખટવાહો પું. લાકડા ઉપર ચોમાસામાં ઊગી નીકળતો બિલાડીનો ટોપ.

ખટવું ૧. સ. ક્રિ. કમાવું.
૨. સ. ક્રિ. ખાટવું; લાભ થવો; ફાયદો મેળવવો.
૩. [સં. ખટ્ (ચાહવું)] સ. ક્રિ. ચાહવું; ઇચ્છવું.
૪. સ. ક્રિ. જય પામવું.
૫. સ. ક્રિ. ભાંગી જવું; કટકા થઈ જવા.

ખટશત્રુ પું. બ. વ. શરીરની અંદર રહેલા કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સરરૂપ છ દુશ્મન.

ખટશાસ્ત્ર ન. બ. વ. હિંદુ તત્ત્વજ્ઞાનનાં છ શાસ્ત્ર; છ દર્શન ગ્રંથ. તેનાં નામ: (૧) કપિલનું સાંખ્યશાસ્ત્ર: આ મત પ્રમાણે પુરુષ અને પ્રકૃતિથી તત્ત્વોની ઉત્પત્તિ છે અને તત્ત્વોથી જ જગત છે. ઈશ્વર જેવું કશું નથી. (૨) પતંજલિનું યોગશાસ્ત્ર: આમાં સાંખ્યના અનીશ્વરવાદનું ખંડન કરી ઈશ્વર છે એમ બતાવ્યું છે અને તેની સાથે કેમ યુક્ત થવું એ પરત્વેની ક્રિયાઓ દર્શાવી છે. (૩) ગૌતમનું ન્યાયશાસ્ત્ર: આ શાસ્ત્ર

કાર્યરૂપ જગતથી કારણરૂપ ઇશ્વરની તપાસ ચલાવવાની રીતિ દર્શાવે છે. (૪) કણાદનું વૈશેષિક ન્યાયશાસ્ત્ર: એ પ્રમાણે બધું અત્યંત સૂક્ષ્મ પરમાણુમય છે અને પરમાણુઓના જોડાવાથી અને છૂટા પડવાથી બધું થાય છે. (૫) જૈમિનિનું પૂર્વમીમાંસાશાસ્ત્ર: તેમાં વેદ આધારથી કર્મ જ સત્ય છે એમ દર્શાવ્યું છે. (૬) વેદવ્યાસકૃત ઉત્તરમીમાંસાશાસ્ત્ર: આમાં બ્રહ્મ સત્ય છે, જગત મિથ્યા છે એ મત પ્રચલિત છે. આ છ દર્શન કહેવાય છે અને વિદ્યાઓ ચૌદ અથવા અઢાર ગણાય છે. નિયમસર અમુક વિષયનું જેમાં નિબંધન કરેલું હોય તે શાસ્ત્ર કહેવાય. ધર્મશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, કામશાસ્ત્ર, શિલ્પશાસ્ત્ર, અલંકારશાસ્ત્ર અને છંદશાસ્ત્ર વગેરે પણ ખટશાસ્ત્રોમાં ગણાય છે.

ખટસ્વાદિષ્ટ વિ. ખાટા સ્વાદનું; ખટમધુરૂં.

ખટા પું. પૈડાનો એક ભાગ.

ખટાઈ ૧. સ્ત્રી. અણબનાવ; વારંવાર થતો મતભેદ.

ખટાઈ મીઠાઈ = વારંવાર અણબનાવ તેમ જ સમાધાન થવું તે.

૨. સ્ત્રી. અપચો; અજીર્ણ. તેમાં ખાટા ઓડકાર આવે છે.

૩. સ્ત્રી. ખટાશ; ખાટાપણું.

ખટાઈમાં નાખવું = (૧) આજકાલ આવજો એમ કહેવું. (૨) ખાટા પદાર્થમાં બોળવું. (૩) મૂકી દેવું; છોડી દેવું.

૪. સ્ત્રી. ખાટી વસ્તુ.

ખટાઉ ૧. પું. ખટરસ; ૭ રસનો સમૂહ.

૨. વિ. ખટવે તેવું; ફાયદો કરાવે એવું; કમાઉ; લાભ અપાવે એવું.

ખટાઉપેદાશ સ્ત્રી. હરાયાં ઢોરની હરરાજીમાંથી થતી ઉત્પન્ન.

ખટાક પું. ખટાકો; ખડખડાટ; એક જાતનો અવાજ.

ખટાકો ૧. પું. ખડખડાટ.

૨. પું. ચિંતા; ફિકર.

૩. પું. ધીમેથી બારણા ઉપર ખખડાવવું તે.

૪. પું. પક્ષીઓ ઉડાડવાને ખડખડ અવાજ ઉત્પન્ન કરવાની વ્યવસ્થા.

૫. પું. ભય; બીક.

૬. પું. મોટો ખીલો.

૭. પું. શંકા; વહેમ.

૮. પું. સંડાસ; જાજરૂ.

૯. પું. સારો અવાજ.

ખટાખટ ૧. સ્ત્રી. અણબનાવ; ચડભડાટ.

૨. સ્ત્રી. કજિયો; તકરાર.

૩. સ્ત્રી. ખટપટ એવો એક અવાજ.

૪. અ. એકદમ ઉતાવળે; ઝટપટ.

ખટાખટી ૧. સ્ત્રી. અણબનાવ; ઊંચાં મન થઈ જવાં તે.

૨. સ્ત્રી. કજિયો; તકરાર.

૩. સ્ત્રી. તડતડ એવો અવાજ; ખટાખટ.

ખટાટોપ ૧. પું. આડંબર; દંભ.

૨. પું. ખટપટ; પ્રવૃત્તિ.

૩. પું. ગર્વ; અહંકાર.

૪. પું. ધમપછાડ.

૫. પું. ધામધૂમ.

ખટાણ સ્ત્રી. ખાટો પદાર્થ; ખટાશ.

ખટાણા ૧. સ્ત્રી. રબારીની એ નામની અટક.

૨. ન. રબારીની એ નામની અટકનું માણસ.

૩. વિ. રબારીની એક અટકનું.

ખટાપટી ૧. સ્ત્રી. એક જાતનો તડતડ એવો અવાજ.

૨. સ્ત્રી. કજિયો; તકરાર.

૩. સ્ત્રી. ખટખટ થવું તે.

૪. સ્ત્રી. ગરબડ.

૫. સ્ત્રી. ઘરનો લાકડાનો સામાન.

૬. સ્ત્રી. ચકમક ઝરવી તે; અણબનાવ.

૭. સ્ત્રી. હથિયારોનો ખડખડાટ.

ખટાપણ ન. ખાટું હોવાપણું; ખટાશ.

ખટાપણું જુઓ ખટાપણ.

ખટામણ ૧. સ્ત્રી. ખટાશ.

૨. સ્ત્રી. ખાટો પદાર્થ.

૩. સ્ત્રી. નફો; હાંસલ; લાભ; પ્રાપ્તિ.

ખટારિ પું. બ. વ. ૭ દુશ્મન; ષડ્રિપુ.

ખટારિયા ૧. સ્ત્રી. આહીર તથા બ્રાહ્મણની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ખટારો ૧. પું. કજિયો; તકરાર; અણબનાવ.

૨. પું. કર્કશ અવાજ.

૩. [સં. કૃષ્ (ખેંચવું)] પું. કર્કશ અવાજ કરે એવું ખરાબ વાહન; ભાર ભરવાનું મોટું ગાડું.

૪. પું. કંટાળો આવે એવી માથાઝીક; કચકચાટ.

૫. પું. ઘરવખરીનો જૂનો ભાંગ્યોતૂટ્યો સામાન.

૬. પું. જંજાળ; ખટપટ.

૭. પું. ખડખડાટ.

ખટાલ ૧. [હિં.] પું. વસંત ઋતુ.

૨. પું. સમુદ્રની ઊંચી લહેર.

૩. સ્ત્રી. વસંતમાં આવતી ભરતી.

ખટાલિયા ૧. સ્ત્રી. આહીરની એ નામની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ખટાલી ન. એ નામનું વાજિંત્ર; કરતાલ.

ખટાલીસું ન. એક પ્રકારનું વૃક્ષ.

ખટાવ ૧. [હિં.] પું. જેની સાથે હોડી બાંધવામાં આવે તે ખીલી.

૨. પું. નિર્વાહ; ગુજરાન.

ખટાવવું ૧. સ. ક્રિ. કમાવવું; કમાણી કરાવવી.

૨. સ. ક્રિ. ખાટું થાય તેમ કરવું; ખટાઈ ચડાડવી.

૩. સ. ક્રિ. ફાયદો કરાવી આપવો; લાભ મળે એમ કરાવવું.

ખટાવું ૧. અ. ક્રિ. અખરાવું; ખાટું થવું; ખટાઈ ચડવી.

૨. અ. ક્રિ. કમાવું; ખાટવું.

ખટાશ ૧. સ્ત્રી. ખાટો સ્વાદ.

૨. સ્ત્રી. ઝઘડો.

૩. સ્ત્રી. વેર; અણબનાવ.

ખટાશિયો વિ. પું. શેખીખોર.

ખટાસ ૧. [હિં.] સ્ત્રી. એક જાતની બિલાડી.

૨. સ્ત્રી. ખટાશ.

ખટાંગ પું. એક જાતનો અવાજ.

ખટાંધ સ્ત્રી. ખાટી ગંધ.

ખટાંસ સ્ત્રી. જંગલી બિલાડી.

ખટિક ૧. [હિં.] પું. ચામડાં રંગનાર માણસ.

૨. પું. વાંકો વાળેલો કે અર્ધો બીડેલો હાથ; મૂઠી.

૩. પું. શિકારી; ખાસ કરીને ડુક્કર રાખી તેનું માંસ વેચી જીવનારી જાત.

૪. પું. સૌધેય; 'કેલ્શ્યમ'.

૫. [સં. ખટ્ટિક] સ્ત્રી. લોકોની એક જાત. આ જાતનાં લોકો ફળ, શાક વગેરે વેચવાનો ધંધો કરે છે. બુંદેલખંડમાં તે ભાંગ અને બિહારમાં તાડી વેચે છે.

ખટિકડા (ખટિકડ઼ા) જુઓ ખટિક.

ખટિકા ૧. સ્ત્રી. એક જાતની મટોડી; સફેદ માટી.

૨. સ્ત્રી. કાનનું છિદ્ર.

૩. [સં.] સ્ત્રી. ખડી.

૪. સ્ત્રી. સુગંધી વાળો; ખસ.

ખટિની [સં.] સ્ત્રી. ખડી; ધોળી માટી.

ખટિબિંવા પું. ખાટલો ભરનાર માણસ.

ખટિયા ૧. [હિં.] સ્ત્રી. ખાટલો.

૨. સ્ત્રી. નનામી; જનાજો.

૩. સ્ત્રી. ભરવાડની એ નામની અટક.

૪. ન. એ નામની અટકનું માણસ.

૫. વિ. એ નામની અટકનું.

ખટિયાવ [હિં.] પું. સારો સંબંધ; મિત્રાચારી.

ખટિયાંમરી સ્ત્રી. (કચ્છી) એક પ્રકારનું ઝાડ. તેને પીળા રંગનાં કાંકણાં જેવાં ફૂલ થાય છે.

ખટિયો પું. (કચ્છી) મોટી ઉધરસ.

ખટી ૧. સ્ત્રી. ખટપટ.

૨. [સં.] સ્ત્રી. ખડી; એક જાતની ધોળી માટી.

૩. અ. ખાતરીથી; ચોક્કસ.

ખટીક જુઓ ખટિક.

ખટીકમરક ન. (કચ્છી) એક જાતનું ઝાડ. એમાં ગુલાબી ફૂલ અને ખાટાં ફળ થાય છે.

ખટીગાંગણી ન. (કચ્છી) એક જાતની વનસ્પતિ; ધ્રામણ. એની છાલમાંથી નીકળતા રેસામાંથી દોરી બને છે.

ખટીજામુડી (ખટીજામુડ઼ી) ન. (કચ્છી) જાંબુડી; નદીજાંબુ. એને ઝીણાં ખાટાં ફળ થાય છે.

ખટીપાલખ પું. (કચ્છી) એક જાતનો છોડ. તેનાં પાન સોજા ઉપર બાંધવામાં આવે છે.

ખટીય ન. સૌધેય; 'કેલ્શ્યમ'.

ખટુઆ વિ. ખાટું.

ખટુકવું અ. ક્રિ. ખટક ખટક અવાજ થવો.

ખટુકો ૧. પું. ખાટકો.

૨. પું. ફાળકો.

૩. પું. શંકા.

ખટુમરૂં વિ. સહેજ ખટાશવાળું; થોડું ખાટું.

ખટુંબડું (ખટુંબડ઼ું) ૧. ન. ખાટાં પાનનું ઝાડ. ૨. વિ. થોડુંક ખાટું; ખટાશ ઉપર હોય એવું; સહેજસાજ ખાટું.

ખટુંબડો (ખટુંબડ઼ો) પું. એક જાતનો ખાટો છોડ. તે દોઢથી ત્રણ ફૂટ ઊંચો થાય છે. તેને ગંધકી રંગનાં પીળાં અને પાંચ ખાનાવાળાં ફૂલ થાય છે. કમળાના રોગ ઉપર તેનાં પાન મીઠા સાથે ખવરાવવામાં આવે છે. તેનો ગુણ વિષઘ્ન અને જ્વરઘ્ન છે.

ખટુંબરૂં જુઓ ખટૂંમડું.

ખટુંબો પું. ખાટખટુંબો; એક વેલો.

ખટૂમડી (ખટૂમડ઼ી) ૧. સ્ત્રી. એક જાતનો છોડ. તેને પીળાં ફૂલ થાય છે. તેનાં પાનની ચટણી બનાવાય છે.

૨. વિ. સ્ત્રી. ખાટી; ખટાશવાળી.

ખટૂમડું જુઓ ખટૂંમડું.

ખટૂલી સ્ત્રી. ખાટલી.

ખટૂંબડૂજીવલ (ખટૂંબડ઼ૂજીવલ) પું. (કચ્છી) એક પ્રકારનો વેલો. એમાં ત્રણ ત્રણ પાન ભેળાં આવે છે. એના ફળ માંહેનો કાળો રંગ શાહી તરીકે વપરાય છે.

ખટૂંમડું (ખટૂંમડ઼ું) વિ. થોડુંક ખાટું; સહેજ ખટાશવાળું.

ખટેલું વિ. હોશિયાર.

ખટોલના ૧. [હિં.] પું. એ નામનો એક પ્રાચીન દેશ.

૨. પું. ખાટલો; પલંગ.

૩. સ્ત્રી. એક જાતની જાળ.

ખટોલા ૧. [હિં.] પું. એ નામનો એક પ્રાચીન દેશ.

૨. પું. ખાટલી; માંચી.

ખટોલી [હિં.] પું. ખાટલો.

ખટ્ટ વિ. ખાટું.

ખટ્ટક સ્ત્રી. કોહાટના પ્રદેશમાં વસતી એક પઠાણ કોમ. તે વફાદાર લોકો તરીકે પ્રસિદ્ધ છે. હિંદી લશ્કરમાં તે કોમ સુંદર યોદ્ધા પૂરા પાડે છે.

ખટ્ટન ૧. પું. ઠિંગુજી માણસ.

૨. [સં.] વિ. ઠીંગણું.

ખટ્ટમેહ પું. ખાટા પાણીનો વરસાદ.

ખટ્ટંગ પું. ખાટલાનો એક ભાગ.

ખટ્ટા ૧. [હિં.] સ્ત્રી. એક જાતનું ઘાસ.

૨. સ્ત્રી. ખાટલો.

૩. સ્ત્રી. પથારી.

૪. ન. મીઠું લીંબુ; મોસંબી.

૫. વિ. એકઠું થયેલું.

૬. વિ. ખાટું; ખટાશવાળું.

૧. ખટ્ટા ખાવું = (૧) અપ્રસન્ન રહેવું. (૨) ખાટું ખાવું. (૩) દુષ્ટતા સહન કરવી.

૨. ખટ્ટા હોવું = માઠું લાગવું; નાખુશ થવું.

૭. વિ. ઘણું.

૮. અ. એક જ જથ્થામાં.

ખટ્ટાચૂક વિ. ઘણું ખાટું.

ખટ્ટાદૂધ ન. અજીર્ણ વગેરે રોગમાં વપરાતું સિદ્ધ થયેલું દૂધ.

ખટ્ટાપણ સ્ત્રી. ખટાશ.

ખટ્ટામલ્લ પું. મંદવાડને લીધે ખાટલાવશ હોવાપણું.

ખટ્ટામીઠા વિ. ખાટું અને મીઠું.

૧. ખટ્ટામીઠા હોવું = ગેરસમજૂતી હોવી; કજિયો હોવો.

૨. ખટ્ટે મીઠે દિન = ખરાબ દિવસ.

ખટ્ટાશ [સં.] પું. ગંધમાર્જાર; કસ્તૂરી પેદા કરનાર બિલાડી.

ખટ્ટાશી જુઓ ખટ્ટાશ.

ખટ્ટાસ જુઓ ખટ્ટાશ.

ખટ્ટાસા વિ. ખટાશ પડતું.

ખટ્ટાસાગ [હિં.] પું. એક જાતનો છોડ.

ખટ્ટાસી જુઓ ખટ્ટાશ.

ખટ્ટિ [સં.] પું. મુડદાંની શય્યા; ઠાઠડી.

ખટ્ટિક [સં.] પું. પક્ષીઓને મારનાર પારધિ.

ખટ્ટિકા ૧. [સં.] સ્ત્રી. નાનો ખાટલો.

૨. સ્ત્રી. પથારી.

૩. સ્ત્રી. મૃત્યુશય્યા.

ખટ્ટુ ૧. ન. ખટાઈ; ખટાશ.

૨. વિ. ખાટું.

ખટ્ટું થઈ જવું = (૧) ઊતરી જવું; બગડી જવું. (૨) નારાજ થવું. (૩) નિરાશ થવું; આશાભંગ થવું. (૪) મન ખાટું થઈ જવું; સ્નેહભાવમાં બગાડ થવો.

ખટ્ટૂ ૧. [હિં.] પું. કમાણી કરનાર માણસ.

૨. પું. જેસલમેરમાં થતો એક જાતનો આરસ. તેનો રંગ પીળો હોય છે.

૩. પું. મજૂર.

ખટ્ટેરક [સં.] વિ. ઠીંગણું.

ખટ્વ ૧. પું. જુદી જુદી રીતે હાથ જોડવાથી થતા ચોવીશ માંહેનો એક પ્રકારનો અભિનય.

૨. સ્ત્રી. ખાટલી.

ખટ્વા ૧. [સં.] પું. ખાટલો; પલંગ.

૨. પું. ઝૂલો.

૩. સ્ત્રી. સુશ્રુત અનુસાર ચૌદ માંહેની પાટો બાંધવાની એક રીત. તે જખમ, વ્રણ, ગૂમડાં વગેરે ઉપર બાંધવામાં આવે છે.

ખટ્વારૂઢ ૧. [સં.] વિ. અવળે માર્ગે દોરનાર.

૨. વિ. ખાટલામાં પડેલું; ખાટલા ઉપર ચઢેલ.

૩. વિ. ભૂલ કરતું.

૪. વિ. મૂર્ખ.

૫. વિ. હલકું; ક્ષુદ્ર; નીચ.

ખટ્વાંગ ૧. પું. એક પ્રકારની મુદ્રા. તેથી દેવતાઓ પ્રસન્ન થતા હોવાનું મનાય છે.

૨. પું. ખોપરીના મૂઠાવાળું શિવનું એક શસ્ત્ર; છેડે ખોપરી હોય તેવી ગદાના આકારની લાકડી.

૩. પું. ચિતાનું લાકડું.

૪. પું. (પુરાણ) સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળમાં વિશ્વાસહ રાજાના પુત્ર વૃદ્ધશર્મા રાજાનો પૌત્ર; દિલીપ. આ રાજા મોટા યજ્ઞ કરતો. એના યજ્ઞમાં વિશ્વાવસુ વગેરે સાઠ હજાર ગંધર્વો ગાન કરતા હતા. એના યજ્ઞનો યૂપ એટલે પશુને બાંધવાનો થાંભલો સોનાનો હતો. દેવોને એક વખત તેણે યુદ્ધમાં જય અપાવ્યો હતો તેથી દેવોએ વરદાન માગવાનું કહેતાં તેણે કહ્યું કે મારૂં આયુષ્ય હજી કેટલું બાકી છે તે જણાવો પછી માગું. દેવોએ કહ્યું કે માત્ર એક મુહૂર્ત રહ્યું છે. તે સાંભળીને તરત જ કંઈ ન માગતાં ઝડપવાળા વિમાનમાં બેસી એ અયોધ્યા ગયો. ત્યાં જઈને પોતાના દીર્ઘબાહુ નામના પુત્રને ગાદીએ બેસાડી પોતે આત્મસ્વરૂપનું ચિંતન કરતો પરબ્રહ્મને પ્રાપ્ત થયો.

૫. સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેનાં ફળમાંથી નીકળતી ભૂકી માથામાં પડતા ખોડાને અટકાવવા વપરાય છે.

૬. ન. એક જાતનું વાજિંત્ર.

૭. ન. ખાટલાનું અંગ; સાલ, ઈસ વગેરે.

૮. ન. પ્રાયશ્ચિત્ત કરતી વખતે ધારણ કરવાનું ભિક્ષાપાત્ર.

૯. ન. (જૈન) વ્યંતરદેવનું એક ચિહ્ન.

ખટ્વાંગધર ૧. [સં.] પું. શિવ.

૨. વિ. ખટ્વાંગ ધારણ કરનાર.

ખટ્વાંગધારી જુઓ ખટ્વાંગધર.

ખટ્વાંગમોક્ષહેતુ [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

ખટ્વાંગી ૧. [સં. ખટ્વાંગિન્] પું. શિવ.

૨. સ્ત્રી. એક જાતનું પાત્ર.

ખટ્વિકા [સં.] સ્ત્રી. નાની ખાટલી.

ખઠલબૂટી સ્ત્રી. એક જાતની વનસ્પતિ; અંગેરી. તેનો રસ ધતૂરાનો નશો ઉતારનાર અને પાચન શક્તિ વધારનાર છે. અતિસાર, દૂઝતા હરસ અને ગર્ભાશયભ્રંશમાં તે આપવામાં આવે છે. તેનું ઘી મરડા, ખસ વગેરેમાં પણ અપાય છે.

ખડ્ ૧. [સં.] સ. ક્રિ. ટુકડા કરવા.

૨. સ. ક્રિ. ફાડવું; ચીરવું.

૩. સ. ક્રિ. મંથન કરવું.

ખડ ૧. [સં.] પું. એ નામનો એક ઋષિ.

૨. (ખડ઼) પું. ખરડ; લેપ.

૩. [હિં.] પું. ખાડો.

૪. [હિં.] પું. ખીણ; ટેકરીની બાજુમાં નીચેની ઊંડી પોલાણ.

૫. પું. (કચ્છી) ખોળ.

૬. પું. સોનાચાંદીની બુકની. તેથી ચીજ ઉપર ઓપ ચડાવાય છે.

૭. ન. એક જાતનું પીણું.

૮. ન. કડબ.

૯. ન. ઘાસ.

૧. ખડ ખાવું = (૧) મૂર્ખાઈ ભરેલું કામ કરવું. (૨) હીણપત ભરેલું કામ કરવું.

૨. ખડ વાઢવા જવું અને ગળચોપડીનું ભાતું = ગજા ઉપરાંત ખર્ચ કરવું.

૩. ખડની તાપણીએ તાપવું = થોડો વખત ટકવું.

૧૦. વિ. જૂનું; અનુભવી.

૧૧. વિ. પાસેનું; થડનું. જેમકે, ખડમોસાળ.

૧૨. વિ. મોટું; પાકટ.

૧૩. વિ. વડીલનું વડીલ; વૃદ્ધથી વૃદ્ધ.

૧૪. વિ. વાપરેલું; ઉપયોગમાં લીધેલું.

ખડઅભરામણી (ખડ઼અભરામણી) સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેના વેલા ખેતરમાં થાય છે. તેનાં પાન ગોળ અને ઉંદરના કાન જેવાં ખાડાવાળાં હોય છે. ફૂલ જરા કાળાશ પડતાં સફેદ થાય છે. તે એક જાતના કરિયાણા તરીકે વપરાય છે.

ખડઅભરામી જુઓ ખડઅભરામણી.

ખડઈ (ખડ઼ઈ) સ્ત્રી. લડાઈ.

ખડક ૧. (ખડ઼ક) [હિં.] પું. અવેડો.

૨. પું. એક જાતનો અવાજ; ખટકો.

ખડક જવું = થડકી જવું.

૩. પું. ખડકલો; ઢગલો.

૪. પું. ખરખડો; તાણાને સાળની પાછળના ભાગમાં ટેકવવા માટે રાખેલો વાંસનો અથવા લાકડાનો કટકો.

૫. પું. ખરાબો; ધારદાર ભેખડ.

૬. પું. જમીન અથવા પાણીમાં અમુક સપાટીની બહાર નીકળેલો પથ્થરનો ટેકરો.

૭. પું. નાળિયેર.

૮. પું. મરઘી ઈંડાં મૂકતી બંધ પડે તેવી સ્થિતિ. દેશી મરઘી ૧૦થી ૧૨ દિવસ સુધી ઈંડાં આપે છે, ત્યારબાદ ૧૫ થી ૧૮ દિવસ સુધી ખડક બેસી રહે છે.

૯. પું. રજા.

૧૦. પું. વિઘ્ન; આડી આવતી બાબત.

૧૧. પું. શિલા; પાષાણ. ખડકના ત્રણ પ્રકાર: ૧. જલજ, ૨. અગ્નિકૃત અને ૩. વિકૃત.

૧૨. સ્ત્રી. ગૌશાળા; કોઢ.

ખડકટ (ખડ઼કટ) [હિં.] પું. લખવા માટેની ખડી.

ખડકતેલ (ખડ઼કતેલ) ન. ખાણમાંથી નીકળતો સળગી ઊઠે એવો પદાર્થ; શિલાતેલ; પાષાણતેલ.

ખડકપાલુ (ખડ઼કપાલુ) સ્ત્રી. એક જાતની માછલી.

ખડકલાબંધ (ખડ઼કલાબંધ) અ. ઢગલાબંધ.

ખડકલો (ખડ઼કલો) પું. એકએકની ઉપર મૂકેલી વસ્તુનો ઢગલો; ગંજ; ઊતરડ.

ખડકવાસલા (ખડ઼કવાસલા) અ. ખડકની પાસે.

ખડકવું (ખડ઼કવું) ૧. સ. ક્રિ. અવાજ કરવો.

૨. સ. ક્રિ. એકએકની ઉપર ચડાવવું; ઢગલો કરવો; ઉપરાઉપરી ભરવું.

૩. સ. ક્રિ. ગોઠવવું.

ખડકશિલા (ખડ઼કશિલા) સ્ત્રી. ખડકનો પથ્થર.

ખડકા (ખડ઼કા) ૧. [હિં.] પું. ખટખટ શબ્દ.

૨. પું. ખોટ; નુકસાન.

૩. પું. ચિંતા; ફિકર.

૪. પું. દાંતખોતરણી.

૫. પું. પગરવ; પગલાંનો અવાજ.

૬. પું. બીક.

૭. પું. શંકા.

ખડકાવું (ખડ઼કાવું) ૧. અ. ક્રિ. એક ઉપર બીજું એમ મુકાવું.

૨. અ. ક્રિ. ગોઠવાય એમ થવું.

૩. સ. ક્રિ. ખખડાવવું.

૪. સ. ક્રિ. બિવરાવવું.

૫. સ. ક્રિ. શંકા ઉત્પન્ન કરાવવી.

ખડકાળ (ખડ઼કાળ) વિ. ખડકવાળું.

ખડકિયું (ખડ઼કિયું) વિ. ખડકવાળું.

ખડકી (ખડ઼કી) ૧. [સં. ખડક્કી] સ્ત્રી. આવાસ કે મકાનનું આગલું મોટું ફળિયું; ઘરના મુખ્ય બારણા આગળની બાંધેલી બારણાવાળી છૂટી જગ્યા.

૨. સ્ત્રી. ગોખલો.

૩. સ્ત્રી. ઝાંપો; દરવાજો.

૪. સ્ત્રી. બારી; પાછળનું બારણું; ગુપ્ત દ્વાર.

૫. સ્ત્રી. બે અથવા વધારે ઘર આગળની સામાન્ય દરવાજાવાળી રચના અથવા એની ઉપરની ડેલી; દેવડી.

૬. સ્ત્રી. મહોલ્લો; શેરી; પોળ.

૭. સ્ત્રી. રાસ્ના નામની ઔષધિની એક જાત.

ખડકીઆદત (ખડ઼કીઆદત) ૧. સ્ત્રી. કુદરત વિરુદ્ધની ટેવ.

૨. સ્ત્રી. ચમત્કાર.

ખડકીદ્વાર (ખડ઼કીદ્વાર) ન. નાનો દરવાજો; ડેલીનું બારણું.

ખડકીબંધ (ખડ઼કીબંધ) વિ. ડેલીબંધ; પોતાના ઘર સિવાય બીજાનું ઘર જેમાં ન હોય તેવું.

ખડકું (ખડ઼કું) ૧. ન. ખડકનો પાણીથી બહાર દેખાતો નાનો ભાગ; નાનો ખડક; ટેકરો.

૨. ન. પથ્થરનો કે લાકડાનો લૂગડાં ધોવામાં કામ આવતો નાનો કકડો; છીપરૂં.

ખડકો (ખડ઼કો) ૧. પું. ખડકલો; ઢગલો.

૨. પું. નાનો બેટ.

૩. પું. મોટી શિલા.

ખડક્કી (ખડ઼ક્કી) [સં.] સ્ત્રી. ખાનગી બારણું; ગુપ્ત દ્વાર.

ખડખડ (ખડ઼ખડ઼) ૧. સ્ત્રી. તકરાર; ખટપટ; કજિયો; બોલાબોલી.

૨. સ્ત્રી. પીડા; નડતર; ડખલ.

ખડખડ કાઢવી = પીડા કે નડતર દૂર કરવી.

૩. સ્ત્રી. બે અથવા વધારે નક્કર વસ્તુ સાથે ટિચાવાથી કે અથડાવાથી થતો અવાજ.

૪. સ્ત્રી. મોટેથી હસતાં નીકળતો કે થતો અવાજ; અટ્ટહાસ્ય; બહુ જ આનંદ થયો હોય તેમ પુષ્કળ હસવાનો અવાજ.

૫. વિ. જીર્ણ; ખળભળી ગયેલું.

ખડખડ પાંચમ = ખળભળી ગયેલું; જીર્ણ.

૬. અ. ખડખડ એવો અવાજ કરીને.

ખડખડજોગ (ખડ઼ખડ઼જોગ) ૧. પું. અણબનાવ; ઊંચાં મન થવાં તે.

૨. પું. કજિયો; કંકાસ; ટંટાનો પ્રસંગ; બોલાચાલી.

ખડખડતું (ખડ઼ખડ઼તું) ૧. ન. સૂકું નાળિયેર.

ખડખડતું આપવું = રજા આપવી; નોકરી બાતલ કરવું.

૨. વિ. સુકાયાથી ખડખડ અવાજ કરતું.

ખડખડભડભડ (ખડ઼ખડ઼ભડ઼ભડ઼) ૧. સ્ત્રી. ખડખડ ભડભડ એવો અવાજ.

૨. સ્ત્રી. પંચાત; ગરબડ; ખટરાગ.

૩. અ. ખડખડ ભડભડ એવો અવાજ કરીને.

ખડખડભાણાં (ખડ઼ખડ઼ભાણાં) ન.બ.વ. વાસણોનો ખડખડ એવો અવાજ.

ખડખડવું (ખડ઼ખડ઼વું) [સં. ક્વણ્ (અવાજ કરવો)] અ. ક્રિ. ધાતુ વગેરે વસ્તુઓના અફળાવાથી અવાજ નીકળવો; ખડખડ અવાજ થવો; વાગવું.

ખડખડહાસ્ય (ખડ઼ખડ઼હાસ્ય) ન. એકાએક બહુ દાંત કાઢવા તે; અટ્ટહાસ્ય; પુષ્કળ અથવા પેટમાં દુઃખે ત્યાંસુધી હસવું તે.

ખડખડાટ (ખડ઼ખડ઼ાટ) ૧. પું. ખડખડ એવો અવાજ.

૨. પું. ખૂબ જોરથી હસવું તે.

૩. પું. વસ્તુ પડવાનો અવાજ.

૪. અ. ખડખડ એવો અવાજ કરીને.

ખડખડાટભડભડાટ (ખડ઼ખડ઼ાટભડ઼ભડ઼ાટ) પું. ખડખડ ભડભડ એવો અવાજ.

ખડખડાવવું (ખડ઼ખડ઼ાવવું) ૧. સ. ક્રિ. ખડખડ એવો અવાજ કરવો; ખખડાવવું.

૨. સ. ક્રિ. દમ ભરાવવો; ઠપકો આપવો; ધમકાવવું; ખખડાવવું.

ખડખડાહટ (ખડ઼ખડ઼ાહટ) ૧. સ્ત્રી. ખડખડ થાય એવો અવાજ; ખણખણાટ.

૨. સ્ત્રી. નાકનાં નસકોરાં બોલવાં તે.

૩. સ્ત્રી. બારણું ખખડાવવાપણું.

ખડખડિયા (ખડ઼ખડ઼િયા) ૧. પું. નિયમન; અંકુશ.

૨. સ્ત્રી. પાલખી.

૩. વિ. બાબાશાહી; હલકું; નકામું.

ખડખડિયાં (ખડ઼ખડ઼િયાં) ૧. ન. બ. વ. કેળાંના તળેલા કટકા.

૨. ન. બ. વ. ખાવાની એક વાની; સૂકવીને તળેલી પૂરી. તે ખાતી વખતે અવાજ થાય છે.

૩. ન. બ. વ. ઝાંઝપખાજ.

ખડખડિયું (ખડ઼ખડ઼િયું) ૧. ન. ખડખડ અવાજ કરે એવી વસ્તુ.

૨. ન. ખડખડ થાય એવી જૂની ગાડી.

૩. ન. છાશ કરવાની રવાઈને મથાળે ભમરકડીને બદલે નાખેલું કાણાવાળું લાકડું.

૪. ન. ઝાંઝપખાજ.

૫. ન. નોકરીમાંથી કાઢી મૂકવું તે.

૧. ખડખડિયું આપવું = ગડગડિયું આપવું; નોકરીમાંથી રૂખસદ આપવી; બરતરફ કરવું.

૨. ખડખડિયું મળવું = બરતરફ થવું.

૬. ન. ભાર ભરવાનું ગાડું.

૭. ન. વસાય ખોલાય એવી નાનાં નાનાં પાટિયાંની બારીબારણામાં મુકાતી રચના.

૮. ન. સૂકું નાળિયેર.

૯. વિ. ખડખડ થાય એવું; વાગતું; ખખડે એવું.

ખડખડિયો (ખડ઼ખડ઼િયો) ૧. પું. એક જાતનો ખખડે એવો કાગળ.

૨. પું. એક જાતનો છોડ. તેનાં પાન ઝીણાં, નાનાં અને ગોળ હોય છે. તેને એક ફૂટ લાંબી અને દોઢ બે ઈંચ પહોળી બાવળના પરડિયા જેવી શિંગો થાય છે.

ખડગ (ખ઼ડ઼ગ) ૧. પું. એ નામનો એક બુદ્ધ.

૨. ન. એક જાતનું સુગંધી દ્રવ્ય; શિલીમુખ.

૩. ન. કમંડળ.

૪. ન. ગેંડાનું શિંગડું.

૫. [સં. ખડ્ગ] ન. તલવાર; શમશેર.

૬. ન. (તાંત્રિક) શક્તિપૂજાની એક મુદ્રા.

૭. ન. સોનું જડેલી ચૂડી.

ખડગકુંડ (ખડ઼ગકુંડ) પું. એ નામનો એક નરકકુંડ. જે બ્રાહ્મણ સંધ્યા વગરનો કે પ્રભુભક્તિ વગરનો હોય તે પોતાનાં રૂવાડાં જેટલાં વર્ષ આ કુંડમાં વસે એમ કહેવાય છે.

ખડગધારી (ખડ઼ગધારી) વિ. તલવાર ધરનાર.

ખડગપાત્ર (ખડ઼ગપાત્ર) ન. ગેંડાના શિંગડાંનું બનેલું કંઈ પણ પીવાના ઉપયોગનું વાસણ.

ખડગમચ્છ (ખડ઼ગમચ્છ) [સં. ખડ્ગમત્સ્ય] પું. એક જાતનું માછલું. તેનું જડબું લાંબું થઈને તલવારના આકારનું બને છે. આ ભયંકર તલવાર લગભગ પંદર ફૂટ લાંબી હોય છે, તેથી કોઈ કોઈવાર વહાણને ગાબડાં પાડી ડુબાડી દે છે. આટલાંટિક અને ભૂમધ્ય સમુદ્રમાં આવી જાતનાં માછલાં જોવામાં આવે છે.

ખડગમત્સ્ય (ખડ઼ગમત્સ્ય) ૧. પું. (જ્યોતિષ) એ નામનો એક તારો.

૨. જુઓ ખડગમચ્છ.

ખડગલગોટો (ખડ઼ગલગોટો) પું. એક જાતનો છોડ. તેને ગુલદાવદી જેવાં પાન અને ગલગોટા જેવાં ફૂલ થાય છે.

ખડગાખડગી (ખડ઼ગાખડ઼ગી) સ્ત્રી. તલવારની પટ્ટાબાજી; બે યોદ્ધાની સામસામી તલવારથી લડાઈ.

ખડગી (ખડ઼ગી) ૧. પું. ગેંડો.

૨. વિ. તલવારવાળું.

ખડગું (ખડ઼ગું) ન. રાની બિલાડીની જાતનું એક હિંસક પ્રાણી; નાનો વાઘ.

ખડગોટા (ખડ઼ગોટા) પું. એક જાતનો છોડ; ગુલકમળ. તેને રાતાં અને ધોળાં એમ બે જાતનાં ફૂલ આવે છે.

ખડઘૂસ (ખડ઼ઘૂસ) ન. ઘાસમાં રહેનારૂં એક જાતનું ગાનારૂં પક્ષી.

ખડચંદી (ખડ઼ચંદી) સ્ત્રી. ઘાસદાણો.

ખડચંપો (ખડ઼ચંપો) પું. એક જાતનો ચંપો. તેનાં પાન લાંબાં અને ફૂલ ધોળાં, પીળાં અને રાતાં એમ ત્રણ જાતનાં થાય છે. એમ કહેવાય છે કે આ ઝાડ ફિરંગીઓએ આણેલું છે. તેનો રસ ઘણો ગરમ હોઈ શરીરે અડે તો ફોલ્લા પડે. જૂનાં ઝાડને ક્યાંક ક્યાંક શિંગો આવે છે. ખડચંપાની શિંગ અને ગાયનું દૂધ અથવા પાણી એક રૂપિયાભાર લઈ ઘસીને પીવાથી સાપનું ઝેર ઊતરવાનું મનાય છે.

ખડચી (ખડ્ચી) સ્ત્રી. પાણિયારામાં ગોઠવેલી તાડીની પરનાળ.

ખડચીતળો (ખડ્ચીતળો) પું. એક જાતનો ઝેરી સાપ; ડોળિયો. તે શરીરે જાડો લઠ્ઠ જેવો અને રંગે આછો લાલ, પીળચટ્ટો કે બદામી હોય છે. તેના શરીર ઉપર વીંટી જેવી ગોળાશ પડતી કે લંબગોળ કડીઓ હોય છે. આવાં ચકરડાંની હાર માથાથી પૂછડી સુધી સાંકળી જેમ પથરાયેલી હોય છે. એનું માથું ચપટું, પહોળું, આગળ સાંકડું અને લાલ બદામના આકારનું હોય છે. તેની ગરદનનો ભાગ દૂબળો લાગે છે. તેના મોઢામાં પાંચ સાત દાઢ હોય છે. તે કરડે કે તરત તીવ્ર બળતરા શરૂ થાય, સોજો ચડી આવે, ડંખની આસપાસની ચામડી લીલી કે આસમાની થઈ જાય, લોહીમાં ઝેર પ્રસરે એટલે તરત લાલ અણુઓ નાશ પામે, પ્રાણવાયુ ઓછો થાય એટલે અંગો ઢીલાં પડી દંશની જગ્યાએથી લોહી પાણીની પેઠે વહી જાય, શરીર શિથિલ અને અશક્ત બને, ધીમે ધીમે જ્ઞાનતંતુઓની શક્તિ હણાઈ જાય અને કેટલાક દિવસ રિબાઈ રિબાઈ દરદી મરી જાય. આ નાગ સીધો સડસડાટ પાણીના રેલાની પેઠે ચાલતો નથી પણ ગૂંછળું વળીને ચાલે છે. એ રાત્રિચર હોવાને લીધે ઝાઝો દેખાતો નથી પણ કોઈ વાર તડકામાં નજરે પડે છે. એને સૂરજની ગરમી ખૂબ ગમે છે એટલે તે ગાઢ જંગલમાં નથી હોતો. ખડચીતળો કરડતાં વાર કરે. તે જબરો આળસુ છે, પણ જ્યારે તે કરડે ત્યારે છલંગ મારે અને પાછો ગૂંછળું વળી જાય. ખોરાકમાં તેને ઉંદરનો બહુ શોખ હોય છે. દેડકાં, ગરોળી, ખિસકોલી પણ તેને ભાવે છે. તેની સામાન્ય લંબાઈ ત્રણથી ચાર ફૂટ હોય છે.

ખડચીલો (ખડ્ચીલો) પું. સાળની પાછળના ભાગમાં ખડકને ટેકવવા માટે રાખેલો થાંભલો.

ખડજ (ખડ્જ) ન. ઘાસ; તૃણ.

ખડજગન (ખડ્જગન) ૧. પું. ખળામાંથી દાનાર્થે દાણા દેવા તે.

૨. [સં. ષડ્યન્ત્ર] પું. ૭ યન્ત્રોનો સમૂહ.

૩. પું. માગવા જવું તે; ભિક્ષા.

ખડખટ (ખડ્ખટ) પું. એક પ્રકારનો અવાજ.

ખડણ (ખડ્ણ) વિ. હરામ હાડકાનું; જાણી જોઈને કામ ન કરે એવું; સુસ્ત; પ્રમાદી; આળસુ.

ખડતર (ખડ્તર) જુઓ ખડતલ.

ખડતરગ્રહ (ખડ્તરગ્રહ) પું. પાપગ્રહ; કુગ્રહ. મંગળ, સૂર્ય, શનિ, રાહુ અને કેતુ પાપગ્રહો ગણાય છે.

ખડતલ (ખડ્તલ) ૧. વિ. અડગ; મંડ્યું રહેનાર; દૃઢતાથી મચ્યું રહે એવું.

૨. વિ. કટાઈ ગયેલું.

૩. વિ. ખરવાણુ; દુઃખ ખમી શકે એવું; સહનશીલ; ઘડાયેલું; રીઢું.

૪. વિ. ખરાબ; બગડેલું.

૫. વિ. જૂના જમાનાનું.

૬. વિ. તુચ્છ; હલકું; નકામું.

૭. વિ. નીચવૃત્તિનું; દુષ્ટ; પાજી.

૮. વિ. મજબૂત બાંધાનું; સશક્ત; કસાયેલ શરીરવાળું.

૯. વિ. મહેનતુ.

૧૦. વિ. માનવું જ પડે એવું.

૧૧. વિ. રદિયો આપી શકાય નહિ એવું.

૧૨. વિ. લુચ્ચું; ખંધું.

૧૩. વિ. વૃદ્ધ; ઘરડું.

ખડતલપણું (ખડ્તલપણું) ૧. ન. ઊલટાપણું; વિપરીતતા.

૨. ન. સહન કરવાની શક્તિ; રીઢાપણું.

ખડતલિયું (ખડ્તલિયું) વિ. ખડ બાળવાથી થયેલું.

ખડતળ (ખડ્તળ) ૧. ન. રેણ દેવાના ઉપયોગનું હલકું રૂપું.

૨. જુઓ ખડતલ.

ખડતારવું (ખડ્તારવું) સ. ક્રિ. ખોદીને સરખું કરવું.

ખડતાલ (ખડ્તાલ) ૧. પું. ગધેડાની પાટુ; લાત.

૨. પું. (સંગીત) ગાયનમાં ૭ તાલવાળો રાગ.

૩. પું. લાકડાની આડચ; આંતરો; ફડેતાળ.

૪. સ્ત્રી. મૂળ.

૫. ન. કરતાલ; કાંસીજોડાં; કીર્તનિયાં; ઝાંઝ.

ખડતાલવું (ખડ્તાલવું) ૧. સ. ક્રિ. ખરી વડે ઠોકવું કે ખોદવું.

૨. સ. ક્રિ. ખોદાવવું.

૩. સ. ક્રિ. જડમૂળથી ઉખેડી નાખવું.

ખડતાળવું જુઓ ખડતાલવું.

ખડતીતર (ખડ્તીતર) ન. ચરસ; એક જાતનું પક્ષી. તેના પગ રાખોડી રંગના અને લંબાઈ બે ફૂટની હોય છે. તેનો ખોરાક ખડમાંકડી, જીવડાં, કીડા વગેરે છે. માદા કાળાશ પડતા રંગનાં ચાર પાંચ ઈંડાં મૂકે છે. ઉત્તર હિંદુસ્તાનમાં આ પક્ષીને લીખ, ખડતીતર, ચરસ વગેરે નામથી ઓળખે છે.

ખડતું (ખડ્તું) ૧. ન. કાઢી મૂકવું તે; રજા; બરતરફી.

ખડતું આપવું = નોકરીમાંથી રજા આપવી.

૨. વિ. દરકાર રખાયા વગરનું; જેને માટે બેપરવા રહેવાતું હોય એવું.

ખડતું મૂકવું = (૧) અખાડા કરવા. (૨) દરકાર ન રાખવી; બેપરવા રહેવું.

ખડતૂસ (ખડ્તૂસ) ન. રજા; બરતરફી.

ખડતેલ (ખડ્તેલ) ન. પથ્થરતેલ; પૃથ્વીતેલ; માટિયું તેલ; ઘાસતેલ.

ખડતોલ (ખડ્તોલ) વિ. તરણા તોલ; તુચ્છ; વજન વગરનું.

ખડદાદા (ખડ્દાદા) પું. દાદાના દાદા.

ખડદું (ખડ્દું) ૧. ન. ખામી; ખોટ; છિદ્ર; દોષ.

૨. ન. દહીંનું ચોસલું.

૩. ન. પ્રવાહી પદાર્થનો બંધાયેલો પોપડો; ખડબું.

ખડધલ (ખડ્ધલ) ૧. વિ. ભાંગેલ; તૂટેલ.

૨. વિ. માલ વગરનું.

ખડધાન (ખડ્ધાન) ૧. [સં. કુધાન્ય] ન. ઘાસની માફક પોતાની મેળે ઊગી નીકળતું અનાજ; ખેડ્યા કે વાવ્યા વિના થતું ધાન્ય. જેમકે, સામો.

૨. ન. હલકી જાતનું અન્ન.

ખડધાન્ય (ખડ્ધાન્ય) ન. સામો, રાજગરો વગેરે હલકું ધાન્ય.

ખડધામણી (ખડ્ધામણી) સ્ત્રી. એક જાતની વનસ્પતિ; મોટી ધામણી. તેનાં પાન સાંકડાં અને લાંબાં હોય છે. તેમાં પ્રથમ સફેદ ફૂલ આવે છે. પછી તે પીળાં થઈ જાય. તેના ગોળ ચાર ખાંચાવાળા રાતા નાના ફળમાં ત્રણ ચાર ઠળિયા હોય છે. ત્રણથી ચાર ફૂટ ઊંચો થતો આ છોડ ઘણું કરીને ખડ સાથે ઊગે છે. તે બારે માસ રહે છે.

ખડધાયેલું (ખડ્ધાયેલું) ૧. વિ. ખરાબ કામ કરનારૂં.

૨. વિ. ખવાયેલું; કીડ લાગેલું; ખૂજલી ઇત્યાદિ થવાથી ખરાબ થયેલું; ખસવાળું.

૩. વિ. ઘસાઈ ગયેલું; જીર્ણ થયેલું; નબળું.

૪. વિ. ઘાસ સિવાય બીજું ખાવાનું પાસે ન હોય એવું.

૫. વિ. ચામડીના રોગથી પીડાતું.

૬. વિ. મેલું; ગંદું; ખરડાયેલું.

ખડધાલ (ખડ્ધાલ) જુઓ ખડધાયેલું.

ખડધ્રામણું (ખડ્ધ્રામણું) ન. એક જાતના વેલાનું ફળ.

ખડપ (ખડ્પ) પું. કાપડામાં પડખાં ચડાવ્યા પછી ચડાવાતો બીજો કટકો.

ખડપણુ (ખડ્પણુ) [સં. ષટ્પિંડ] પું. શ્રાદ્ધ સમયે મૂકવામાં આવતા છ પિંડ.

ખડપદ (ખડ્પદ) ન. એક જાતનું પક્ષી.

ખડપવું (ખડ્પવું) સ. ક્રિ. ભોંય ઉપરના ઘાસને મૂળમાંથી ઉખેડી લેવું; ખોતરી કાઢવું; સોરવું.

ખડપા (ખડ્પા) પું. બ. વ. કાપડામાં પડખાંનો ભાગ; જ્યાં કસ બાંધી કાપડું મજબૂત કરવામાં આવે તે ભાગ.

ખડપાટચોકી (ખડ્પાટચોકી) સ્ત્રી. દેવમંદિરમાં પાટલાની વચ્ચે કોતરેલો ભાગ.

ખડપાંખડી (ખડ્પાંખડી) વિ. દૂબળા શરીરવાળું.

ખડપિકા (ખડ્પિકા) ન. ખડઘાસમાં હરતું ફરતું મેનાની જાતનું એક પક્ષી.

ખડપિત્રાઈ (ખડ્પિત્રાઈ) પું. પિત્રાઈના પિત્રાઈ.

ખડપું (ખડ્પું) ન. જમીન ઉપરનાં ચાટલાં ઉખેડી લેવાનું ઓજાર; ખરપી; ખરપવાનું ઓજાર; નાનો ખરપો.

ખડપૂળો (ખડ્પૂળો) પું. નીરણ.

ખડપો (ખડ્પો) ૧. પું. ઍંજિનની આગળનો પાટા ઉપર થોડો ઊંચે રહેતો ખરપી જેવો ભાગ.

૨. પું. કરાડ; સીધો ખડક કે ટેકરો.

૩. પું. કાપડાનો એક ભાગ.

૪. પું. ચામડું ઉઝરડવાનું ધારવાળું હથિયાર.

૫. પું. ઝારો.

૬. પું. મોટી ખરપડી.

૭. પું. મોટો તવેથો.

૮. પું. રોંચો; મૂર્ખ; ગમાર માણસ; કમઅક્કલ; ગામડિયો.

ખડબ (ખડ્બ) [હિં.] વિ. ખર્વ.

ખડબચડ (ખડ્બચડ) ૧. પું. એક પ્રકારનો અવાજ.

૨. વિ. વાંકુંચૂકું.

ખડબચડાઈ (ખડ્બચડાઈ) સ્ત્રી. ઊંચુંનીચું હોવું તે; ખડબચડાપણું.

ખડબચડું (ખડ્બચડું) વિ. ખાડાખૈયાવાળું; વિષમ; લીસું નહિ એવું; ઊંચુંનીચું; ખાડા ટેકરાવાળું.

ખડબડ (ખડ્બડ) ૧. સ્ત્રી. ખટખટ થતો અવાજ.

૨. સ્ત્રી. ખોદવાનો અવાજ.

૩. સ્ત્રી. ગાડી ચલાવતાં થતો અવાજ.

૪. સ્ત્રી. ફડફડ એવો અવાજ.

૫. સ્ત્રી. વ્યતિક્રમ; ઊલટફેર.

૬. સ્ત્રી. હાલચાલ.

ખડબડવું (ખડ્બડવું) સ. ક્રિ. ખળભળવું; ખડભડવું.

ખડબડાટ (ખડ્બડાટ) ૧. પું. અવાજ; ઘોંઘાટ; ગડબડ; ગડબડાટ; ખળભળાટ.

૨. પું. ઘોડાના ડાબલાનો અવાજ.

૩. પું. તોફાન; બખેડો; હુલ્લડ; ધાંધલ.

૪. પું. ધમાચકડી; ધિંગાણું.

૫. પું. પેટમાં ચૂંક આવવી તે.

ખડબડી (ખડ્બડી) ૧. સ્ત્રી. વ્યતિક્રમ; ઊલટફેર.

૨. સ્ત્રી. હાલચાલ.

૩. જુઓ ખડબડાટ.

ખડબા (ખડ્બા) પું. બ. વ. ટેકરા.

ખડબાદાર (ખડ્બાદાર) વિ. ખડબાં નીકળે એવું; બંધાયેલું; સારી રીતે જામી ગયેલું; લોંદાદાર.

ખડબાસિયું (ખડ્બાસિયું) ૧. વિ. ખડબચડું; લીસું નહિ એવું.

૨. વિ. બેડોળ.

ખડબાં (ખડ્બાં) ન. બ. વ. પ્રવાહી પદાર્થના ઠરી જઈને બંધાતા પોપડા.

ખડબી (ખડ્બી) સ્ત્રી. ખોડીબારું; છીંડામાં ઘાલવાનું બે પાંખિયાંવાળું લાકડું.

ખડબું (ખડ્બું) ન. જામી ગયેલ પ્રવાહીનું ચોસલું; ખડદું; પ્રવાહી પદાર્થની સપાટી ઉપર જામી ગયેલું પોપડું.

ખડબૂચ (ખડ્બૂચ) ૧. ન. કલિંગડ; તરબૂચ.

૨. [સં. ખર્બુજ] ન. તળિયું. ખડબૂચ ઘણી જાતનાં થાય છે. તેનાં મૂળ નજીક પાણી હોય તો તે સારાં થાય છે. તેટલા માટે જ નદીની રેતીમાં ખાતર નાખી પાળા બાંધી તેનાં બી વવાય છે. આનું વાવેતર ચોમાસા પછી થાય છે. બી વાવ્યા પછી એકાદ ફૂટનો લાંબો વેલો થાય છે. તે વખતે તેને મથાળેથી કાપવાથી તે જગ્યાએથી ઘણી શાખા નાખી તે મોટો થાય છે અને દરેક શાખામાં ઘણાં ખડબૂચાં બાઝે છે. દર બબ્બે દિવસે ખડબૂચાંને પાણી પાવું જોઈએ. વધુ પાણી પાવાથી તેને નુકસાન થાય છે. નર માદાના અવયવો ખડબૂચના વેલામાં જુદાં જુદાં ફૂલમાં હોય છે. ખડબૂચની માલ્ટા નામની જાતિ જે લખનૌ તથા અલીબાગમાં વવાય છે તેને ચિતલા ખરબૂઝ કહે છે. તેમાં ઠેઠ છાલ સુધી ખાવાનો ગર્ભ હોય છે અને તે ઘણી સારી જાત ગણાય છે. તેની છાલ નારંગીના જેવી પીળા રંગની અને તેમાં વચ્ચે કાળી લીટી હોય છે. તેનો ગર્ભ લીલાશ પડતો સફેદ અને મીઠો હોય છે. જ્યારે તેની સુગંધ આવવા લાગે અને છાલ પોચી લાગે ત્યારે તે પાકી ગયું સમજવું. ખડબૂચનો ચાસણીદાર દોપ્યાજો પણ બને છે. તે બનાવવા કાચા ખડબૂચનો એક શેર ગર દશ રૂપિયાભાર ઘીમાં સાંતળી તેમાં દશ રૂપિયાભાર પાણી નાખવું. ગર ચડી જઈ તેમાંનું પાણી બળી જાય એટલે દશ રૂપિયાભાર ખાંડ અને તેટલાં જ કાગદી લીંબુનો રસ, એની ચાસણી કરી તેમાં એક માસો ખલ કરેલું કેસર નાખી તે ઉપરના ગરમાં નાખી દેવું. તેમ જ તેમાં બે માસા તજ, એક માસો લવિંગ, તેટલી જ એલચી અને તેટલાં જ મરી નાખી વાટીને દોપ્યાજો તૈયાર થાય એટલે નીચે ઉતારી લેવો.

૩. ન. સાકરટેટી.

૪. ન. સૂર્યની ગરમીથી પકવેલો મેવો.

ખડબૂચી (ખડ્બૂચી) સ્ત્રી. ખડબૂચનો વેલો.

ખડબૂચું (ખડ્બૂચું) જુઓ ખડબૂચ.

ખડબેડ (ખડ્બેડ) પું. ધાતુનો અવાજ.

ખડબો (ખડ્બો) પું. નાનો ઢોરો; ઊંચાણ.

ખડબોદાળા (ખડ્બોદાળા) ૧. સ્ત્રી. ઔદીચ્ય બ્રાહ્મણની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ખડબ્રાહ્મી (ખડ્બ્રાહ્મી) સ્ત્રી. એક જાતની વનસ્પતિ; લઘુબ્રાહ્મી; કારિવણા; ખડભરામી. તે વેલા પ્રમાણે વધે છે અને પાણીવાળી જમીનમાં બાર મહિના સુધી રહે છે. તેનાં પાંદડાં બે આંગળ પહોળાં હોય છે. પાંદડાંની ચટણી થાય છે. નાનાં બાળકોનો શબ્દોચ્ચાર સ્પષ્ટ થવા, ગરમીથી બાળકોના અંગમાં થતી ગાંઠો, સોજો, બાળકોના અતિસાર, બાળકોની તૃષાના આજાર, ઉન્માદ, ચિત્તભ્રમ, શીતળા વગેરે દરદો ઉપર તે ઉપયોગમાં લેવામાં આવે છે.

ખડભડ (ખડ્ભડ) ૧. સ્ત્રી. એક જાતનો અવાજ; ખડખડાટ.

૨. સ્ત્રી. કજિયો; કંકાસ; બોલાચાલી.

ખડભડ જોગ = ટંટો ફિસાદ થાય એવો પ્રસંગ; તકરાર ઊભી થવાનો સંભવ હોય એવો વખત.

૩. સ્ત્રી. ગરબડ; ધાંધલ; દખલ.

ખડભડવું (ખડ઼ભડ઼વું) ૧. અ. ક્રિ. અવાજ સાથે ઊથલપાથલ થવી.

૨. અ. ક્રિ. ખડભડ અવાજ થવો; ખખડવું; ખડખડાટ થવો.

૩. અ. ક્રિ. તકરાર થવી; બોલાચાલી અથવા લડાઈ થવી.

ખડભડાટ (ખડ઼ભડ઼ાટ) ૧. પું. ખડભડ; ગડબડાટ; ધાંધલ.

૨. પું. ખડવાનો કે ભીડાવાનો અવાજ.

ખડભરામી (ખડ઼ભરામી) સ્ત્રી. એક જાતની વનસ્પતિ; મંડુકપર્ણિકા. તે પ્રમેહ અને પાંડુ ઉપર વપરાય છે. જુઓ ખડબ્રાહ્મી.

ખડભારિયાં (ખડ઼ભારિયાં) ન. બ. વ. ખડની ભારી ઉપાડનાર માણસો.

ખડભીંડો (ખડ઼ભીંડો) પું. એક જાતની વનસ્પતિ.

ખડભ્રામી જુઓ ખડભરામી.

ખડમચો (ખડ઼મચો) પું. આંટના ઉપર કડાઉ ઈંટોનું ચણતર.

ખડમડું (ખડ઼મડું) ન. એક જાતની મેંદાની પૂરીના આકારની મીઠાઈ.

ખડમલિયા (ખડ઼મલિયા) ૧. સ્ત્રી. હજામની એ નામની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ખડમહાકાલ (ખડ઼મહાકાલ) પું. (સંગીત) એક ચતુસ્રજાતિ ૨૦ માત્રાનો તાલ. તેનાં તાલસ્થાન ૧, ૩, ૫ અને ૧૩ માત્રા ઉપર છે.

ખડમંઠા (ખડ઼મંઠા) ન. મેંદાની ગળી પૂરી.

ખડમંડલ (ખડ઼મંડલ) ૧. [હિં.] પું. ગડબડ; ગોટાળો.

૨. સ્ત્રી. કજિયો; તકરાર.

ખડમાકડી (ખડ઼માકડ઼ી) [સં. ખડમર્કટી] સ્ત્રી. લીલા ઘાસમાં થતું લીલા રંગનું અને ઘાસ જેવા અવયવોવાળું જીવડું; ઋજુપત્ર; ષટ્પદી. તે વનસ્પતિ ઉપર જીવનારૂં જીવડું છે.

ખડમામા (ખડ઼મામા) પું. મામાના મામા.

ખડમાંકડી જુઓ ખડમાકડી.

ખડમાંદલું (ખડ઼માંદલું) વિ. માંદુંસાજું.

ખડમોસાળ (ખડ઼મોસાળ) ન. બાપ અથવા માનું મોસાળ.

ખડય (ખડ઼ય) ન. તાડી ભરવા માટેનું માટીનું વાસણ.

ખડયવાગૂ [સં.] ન. એક જાતનું પીણું.

ખડયૂષ [સં.] પું. છાશ.

ખડલ (ખડ઼લ) [સં. ખલ્લ] સ્ત્રી. ખરલ.

ખડવઢ (ખડ઼વઢ) વિ. ભિખારી હાલતવાળું.

ખડવઢુ (ખડ઼વઢુ) ૧. વિ. ગરીબ; કંગાળ.

૨. વિ. ઘાસ કાપનાર; ખડ વાઢનાર.

ખડવહેવણ (ખડ઼વહેવણ) સ્ત્રી. વડસાસુ; સાસુની સાસુ.

ખડવહેવાઈ (ખડ઼વહેવાઈ) પું. વડસસરો; વડવહેવાઈ.

ખડવહેવાણ (ખડ઼વહેવાણ) જુઓ ખડવહેવણ.

ખડવાલ (ખડ઼વાલ) સ્ત્રી. વાણિયાની ચોરાશી ન્યાત માંહેની એક.

ખડવાંગ (ખડ઼વાંગ) પું. શિવનું એક આયુધ.

ખડવું (ખડ઼વું) ૧. અ. ક્રિ. અટકી પડવું.

૨. અ. ક્રિ. ઊપડી જવું.

૩. અ. ક્રિ. ઊતરી જવું; સરકવું.

૪. અ. ક્રિ. ઠોકર લાગવાથી પડવું; અખડાવું.

૫. અ. ક્રિ. મુદ્દત વીતવી; મુલ્તવી રાખવું. લગ્ન ખડવાં = લગ્નનો દિવસ વીતી જવો.

૬. અ. ક્રિ. રંગનું ઝાંખું થવું; ઊડી જવું.

૭. અ. ક્રિ. સડી જવું; બગડવું.

૮. અ. ક્રિ. સ્થાનભ્રષ્ટ થવું.

૯. અ. ક્રિ. હાથપગ વગેરે શરીરના અવયવોનું ઊતરી જવું.

૧૦. સ. ક્રિ. ખરડવું; ચોપડવું; લેપ કરવો.

૧૧. સ. ક્રિ. ડાઘ લગાડવો; આળ મૂકવું.

૧૨. સ. ક્રિ. સંડોવવું; નઠારા કામમાં સામેલ કરવું.

ખડવેલો (ખડ઼વેલો) ૧. પું. ગોથું; વાઈના રોગનો એક પ્રકાર.

૨. પું. ભાદરવા માસમાં ઝીલના છોડવા ઉપર દિવસ ઊગતી વખતે માલૂમ પડતો ચૂંકના જેવો પદાર્થ.

ખડવેવાઈ (ખડ઼વેવાઈ) જુઓ ખડવહેવાઈ.

ખડવેવાણ (ખડ઼વેવાણ) જુઓ ખડવહેવણ.

ખડશિંગ (ખડ઼શિંગ) ન. એક જાતનું ઝાડ. તેના ઉપર શિંગ આવે છે. તેના લાકડામાં પીળા રંગનો રાળ જેવો પદાર્થ હોય છે. તેને બાળી તેમાંથી નીકળતો કાળા રંગનો પાતળો પદાર્થ ખરજ ઉપર ચોપડાય છે.

ખડશિંગી (ખડ઼શિંગી) [સં. ખરશૃંગિકા] ન. એક જાતનું ઝાડ. તે ઘણુંજ મોટું થાય છે અને તેમાં હાથ સવા હાથ લાંબી શાક અને અથાણામાં ઉપયોગી શિંગ થાય છે. તેનાં પાન લીમડાનાં પાન જેવાં કડવાં હોય છે. તેને મેંઢાશિંગી કે ખારીશિંગી પણ કહે છે.

ખડશિંબી (ખડ઼શિંબી) સ્ત્રી. એક જાતની વનસ્પતિ; પરબોળિયાની વેલ.

ખડશીંગી (ખડ઼શીંગી) જુઓ ખડશિંગી.

ખડશેરની (ખડ઼શેરની) ન. એ નામનું એક ઝાડ.

ખડષ્ટકું (ખડ઼ષ્ટકું) વિ. આઠની સંખ્યાવાળું.

ખડસણ (ખડ઼સણ) પું. એક જાતનો એકથી ત્રણ ફૂટ ઊંચો ઊગતો છોડ. તેમાં ફૂલ પીળા રંગનાં સૂક્ષ્મ પતંગિયાં જેવાં આવે છે. શિંગ શણની શિંગ જેવી હોય છે.

ખડસમેરવી (ખડ઼સમેરવી) સ્ત્રી. એક જાતનો બે ફૂટ ઊંચો વધતો છોડ. તેનાં પાન ત્રણ ઈંચ લાંબાં અને સાંકડાં અણીવાળાં થાય છે. ફૂલ નાનાં ગુલાબી કે રાતા રંગનાં હોય છે. શિંગ ઝીણી ઝીણી અણીવાળી ત્રણ સાંધાવાળી થાય છે.

ખડસમેરવો (ખડ઼સમેરવો) પું. એક જાતનો ઘાસ જેવો છોડ. દવા તરીકે તે સંધિવાના કવાથમાં અપાય છે.

ખડસલ (ખડ઼સલ) પું. મકાનનો પાયો; તટબંધી.

ખડસલિયો (ખડ઼સલિયો) ૧. [સં. ખર્પટક] પું. એક જાતનો જમીન ઉપર ફેલાતો બારીક પાનવાળો છોડ. તેના ઉપર નાનાં જીંડવાં જેવા તોરા આવે છે. તે બે જાતનો થાય છે: ધોળો અને લાલ. લાલ ખડસલિયો ગુણકારી છે. તેનાં પંચાંગ શોધક, જ્વરઘ્ન, સ્વેદક અને મૂત્રલ હોઈ જીર્ણજ્વર, પાંડુ, ઉપદંશ, મંદાગ્નિ, ત્વચારોગ, પિત્તવિકાર વગેરે ઉપર ઉકાળાના રૂપમાં આપવામાં આવે છે. ખડસલિયો શીતળ, કડવો, ગ્રાહક, વાતકારક, લઘુ તથા પાકકાળે તીખો છે અને પિત્ત, કફ, જ્વર, રક્તદોષ, અરુચિ, દાહ, ગ્લાનિ, ભ્રમ, મદ, પ્રમેહ, ઓકારી, તૃષા તથા રક્તપિત્તનો નાશ કરે છે. એનું શાક પણ થાય છે. તે શીતળ, સંગ્રાહી, વાતકારક, લઘુ તથા કડવું છે અને રક્તવિકાર, પિત્તજ્વર, કફભ્રમ તથા દાહનો નાશ કરે છે.

૨. પું. નેતરનો ગૂંથેલો કરંડિયો.

ખડસલું (ખડ઼સલું) ન. ખડ; ઘાસ.

ખડસળિયો જુઓ ખડસલિયો.

ખડસાન (ખડ઼સાન) પું. નિસરણો; ધાર કાઢવાનો પથ્થર.

ખડસૂઉં (ખડ઼સૂઉં) ન. એક જાતનું કંદ.

ખડહટ (ખડ઼હટ) પું. કંકાસ; ક્લેશ.

ખડંક (ખડ઼ંક) વિ. સૂકલ; સૂકું.

ખડંગ (ખડ઼ંગ) ૧. પું. ખડવાથી કે પડવા અફળાવાથી ધાતુમાંથી નીકળતો અવાજ; ખણુખણુ થાય તેવો અવાજ.

૨. પું. લાંબા વખત સુધી સીધા ને સીધા ઊભા રહેવું તે.

ખડંગ રહેવું = અમુક દિવસ ઈંડાં મૂક્યા પછી થોડા દિવસ મરઘીએ ઈંડાં ન મૂકવાં. ઈંડાં ન મૂકવાના વખતને મુરઘી ખડંગ રહી કહેવાય છે.

૩. વિ. જાગૃત; સાવધ.

૪. અ. ખડંગ એવો અવાજ કરીને.

ખડા (ખડ઼ા) ૧. પું. એક જાતનો હાથી.

૨. પું. કાંકરો.

૩. પું. ચૂનાનો ગાંગડો.

૪. પું. સાકરનો કટકો.

૫. સ્ત્રી. જોડાનો પાની આગળનો ઊભો ભાગ; જોડાની એડી.

ખડા ચડાવવા = (૧) તૈયારી કરવી; મર્દાનગીનું કામ કરવાને તત્પર રહેવું; ખરા વાળવા. (૨) પગમાંથી નીકળી ન જાય તેમ જોડા પહેરવા.

૬. સ્ત્રી. પાડી; ભેંસનું માદા બચ્ચું.

૭. સ્ત્રી. પાદુકા; પાવડી; ચાખડી.

૮. સ્ત્રી. વરસવા તૈયાર થયેલી કાળી વાદળી.

૯. ન. દિશાતેજ.

૧૦. ન. સંધ્યા વખતનું મોટું લાલ વાદળું.

૧૧. વિ. અર્ધું પાકેલું; અર્ધું ચડેલું; કાચું.

૧૨. વિ. ઊભું; સીધું.

૧. ખડા કદ = માણુસની ઊંચાઈ.

૨. ખડા કરવું = (૧) અટકાવવું. (૨) ઉઠાડવું; જગાડવું. (૩) ઊંચે ચડાવવું. (૪) કોઈ માણુસને હેતુસર ઊભો કરવો; બેસાડવું. (૫) ચાલુ કરવું; શરૂ કરવું. (૬) તંબૂ ઊભો કરવો. (૭) બાંધવું; રચના કરવી. (૮) રાખવું. (૯) સ્થાપવું. (૧૦) સ્થૂલ રૂપમાંથી આકાર વગેરે બનાવવો.

૩. ખડા કરીને દેખાડવું = અંગૂઠો બતાવવો; લીધેલી રકમ ભરવાની ના કહેવી.

૪. ખડા ખેત = ઊભો મોલ; પાક.

૫. ખડા ખેલ = મુસાફરી; સફર.

૬. ખડા ગોળ = ઊભો ગોળાકાર શંકુ.

૭. ખડા થવું = ઊભું થવું.

૮. ખડા દાવ = છેલ્લો દાવ.

૯. ખડા પછાડે ખાવું = (૧) અચાનક આફત આવી પડવી. (૨) ક્રોધ કે શોકને અંગે જમીન ઉપર નીચે પડવું.

૧૦. ખડા પાણી ન પીવું = (૧) કોઇને ઘેર પાણી ન પીવું. (૨) ધિક્કારવું.

૧૧. ખડા પીરનાં રોજાં રાખવાં = ચાલુ અથવા કાયમ ઊભું રહેવું.

૧૨. ખડા રહેવું = (૧) આશા રાખવી. (૨) ઊભું રહેવું. (૩) રાહ જોવી.

૧૩. ખડા હોવું = (૧) ઉત્પન્ન થવું. (૨) ઊઠવું; જાગવું. (૩) ઊભું રહેવું. (૪) ઊંચે ઊડવું. (૫) કીમત મળવી. (૬) ઘોડું ઉછેરવું. (૭) ટટ્ટાર થવું. (૮) તૈયાર થવું. (૯) ધબકવું. (૧૦) નજરમાં આવવું. (૧૧) ફણુગો ફૂટવો. (૧૨) બરખાસ્ત થવું. (૧૩) બંધાઈ જવું. (૧૪) મદદ કરવી. (૧૫) મેળવવું. (૧૬) રજા લેવી. (૧૭) રસ્તો લેવો. (૧૮) શરૂ કરવું. (૧૯) સારૂં થવું. (૨૦) સ્થાપવું. (૨૧) સ્વાદ આવવો.

૧૪. ખડે ખડે-ખડે પગે પાંવ = (૧) તુરત જ. (૨) થોડી મુદ્દત માટે. (૩) પગભર; ઊભેલી દશામાં.

૧૫. ખડે ઘાટ હોવું = ભઠ્ઠીમાં નાખ્યા વિના ઘાટ ઉપર ઉતાવળથી લૂગડાં ધોવાં.

૧૬. ખડે રાખવું = સમતોલ રાખવું.

૧૭. દામ ખડે કરવું = વેચી નાખવું.

૧૩. વિ. કપાયા વગરનું.

૧૪. વિ. કાયમી; સ્થિર.

૧૫. વિ. ખરાબ; હલકું.

૧૬. વિ. જારી; ચાલુ.

૧૭. વિ. ટટ્ટાર.

૧૮. વિ. તરતની મુદ્દતનું; ટૂંક સમયનું.

૧૯. વિ. તૈયાર; ઉપસ્થિત.

૨૦. વિ. નાંગરેલું; લંગર નાખેલું.

૨૧. વિ. પાકું; પરિપક્વ.

૨૨. વિ. પૂરૂં; સંપૂર્ણ.

૨૩. વિ. પ્રામાણિક.

૨૪. વિ. બાકી; વધેલું.

૨૫. અ. ઊભા રહીને; ખડે પગે.

૨૬. અ. જમીન ઉપર.

ખડાઈ (ખડ઼ાઈ) ૧. સ્ત્રી. કામ કરવાની ચોરી; જાણી જોઈને કામ ન કરવું તે.

૨. સ્ત્રી. બહાનું કાઢીને અલગ રહેવું તે.

૩. સ્ત્રી. વાછરડી.

૪. સ્ત્રી. શઠતા; લુચ્ચાઈ.

ખડાઉ (ખડ઼ાઉ) ૧. સ્ત્રી. પાવડી; ચાખડી; પાદુકા; ખડા.

૨. સ્ત્રી. સૂકા ઘાસનો જથ્થો.

૩. વિ. સીધું; ઊભું.

ખડાઉતાર (ખડ઼ાઉતાર) વિ. જોડા ઉતારતાં વેંત એટલે કે તરત જ જેનાં નાણાં આપવાં જ જોઈએ એવું તરત મુદ્દતનું. હૂંડીના સંબંધમાં આ શબ્દ વપરાય છે.

ખડાઉપાડ (ખડ઼ાઉપાડ઼) ૧. પું. બરાબર ખડા ભિડાય અને સપાટાબંધ પગ ઊપડે એવો દેખાવડો પગે પહેરવાનો જોડો.

૨. વિ. ચપોચપ; ખડાદાર; ચપસીને બેસતું.

ખડાક (ખડ઼ાક) પું. એક જાતનો અવાજ.

ખડાકો (ખડ઼ાકો) પું. કોઈ વસ્તુ ભાંગવામાં થતો અવાજ; ખટકો.

ખડાખડ (ખડ઼ાખડ઼) ૧. અ. ઉતાવળથી; ચંચળાઈથી; ચાલાકીથી.

૨. અ. જોરમાં ખડખડ અવાજ થાય તેમ.

૩. અ. વારંવાર ખડખડ થાય તેમ; ઉપરાઉપરી ખડખડતું હોય તેમ; ખડખડ.

ખડાખાટ (ખડ઼ાખાટ) ૧. પું. અણુબનાવ; કુસંપ.

૨. પું. (જ્યોતિષ) ૭ અષ્ટકવાળો એક યોગ. જે બે માણુસ વચ્ચે આ યોગ આવે તેમને બને નહિ એમ કહેવાય છે.

ખડાખાટકું (ખડ઼ાખાટકું) પું. અણુબનાવ; તકરાર; વઢવાડ.

ખડાખાટકો (ખડ઼ાખાટકો) ન. કજિયો; વિરોધ; એકબીજાને બનવું નહિ તે.

ખડાખાષ્ટકું (ખડ઼ાખાષ્ટકું) જુઓ ખડાખાટ.

ખડાખાષ્ટું (ખડ઼ાખાષ્ટું) જુઓ ખડાખાટ.

ખડાખાસટું (ખડ઼ાખાસટું) જુઓ ખડાખાટ.

ખડાખાસ્ટું (ખડ઼ાખાસ્ટું) જુઓ ખડાખાટ.

ખડાખાસ્તુ (ખડ઼ાખાસ્તુ) ન. અણુબનાવ; કુસંપ.

ખડાચક્કર (ખડ઼ાચક્કર) [હિં.] ન. રેખાંશ.

ખડાચક્ર (ખડ઼ાચક્ર) જુઓ ખડાચક્કર.

ખડાજંગી (ખડ઼ાજંગી) ૧. સ્ત્રી. કજિયો; કંકાસ; તકરાર; બોલાચાલી.

૨. સ્ત્રી. ગેરવાજબી રીતની લડત.

ખડાત (ખડ઼ાત) ન. કોટીશ્વર અથવા કોટ્યર્કને ઇષ્ટદેવ ગણુનારા ખડાયતા બ્રાહ્મણુ વાણિયાનું મૂળસ્થાન; ખડાલ.

ખડાતિયા (ખડ઼ાતિયા) ૧. સ્ત્રી. બ્રાહ્મણુની એક જ્ઞાતિ.

૨. સ્ત્રી. વાણિયાની ચોરાશી જ્ઞાતિ માંહેની એ નામની એક. જુઓ ખડાયતા.

ખડાદાર (ખડ઼ાદાર) વિ. ખાડાખૈયાવાળું અને ઊભું.

ખડાનન (ખડ઼ાનન) [સં. ષડાનન] પું. કાર્તિકસ્વામી.

ખડાપાટ (ખડ઼ાપાટ) પું. આટાપાટા નામની એક દેશી રમત.

ખડાભીર (ખડ઼ાભીર) જુઓ ખડાઉપાડ.

ખડામ (ખડ઼ામ) સ્ત્રી. પાદુકા; ચાખડી.

ખડાયતા (ખડ઼ાયતા) સ્ત્રી. બ્રાહ્મણ કે જૈન વૈશ્યોની ૮૪ જ્ઞાતિમાંની એ નામની એક. પ્રાંતિજથી લગભગ ૭ ગાઉ એ લોકોના ઇષ્ટદેવ કોટ્યર્ક ભગવાનનું સ્થાન છે. તેની પાસેના ખડાત ગામના તેઓ રહેવાશી મનાય છે.

ખડાયું (ખડ઼ાયું) ન. ખડેલું; થોડા વખતમાં ભેંસ થવાની સ્થિતિમાં હોય એવી પાડી.

ખડારી (ખડ઼ારી) સ્ત્રી. ગાવાની એક બાની.

ખડાલ (ખડ઼ાલ) જુઓ ખડાત.

ખડાવા (ખડ઼ાવા) સ્ત્રી. પાદુકા; ચાખડી.

ખડાવો (ખડ઼ાવો) પું. લાકડાનો જોડો.

ખડાષ્ટક (ખડ઼ાષ્ટક) ૧. ન. અણબનાવ; વૈર; કુસંપ.

૨. ન. એક જાતનું પદ્ય લખાણ; 'સોનેટ' માટે સૂચવાયેલ શબ્દ. સોનેટમાં ચૌદ લીટી હોય છે અને તેમાં આઠ લીટીનો એક અને છ લીટીનો બીજો એમ બે ભાગ હોય છે. તેથી તેને ષડાષ્ટક કે ખડાષ્ટક સંજ્ઞા આપવામાં આવે છે.

૩. ન. જ્યોતિષશાસ્ત્રનો અણબનાવસૂચક એક યોગ.

ખડાષ્ટકું (ખડ઼ાષ્ટકું) જુઓ ખડાષ્ટક.

ખડાષ્ઠું (ખડ઼ાષ્ઠું) જુઓ ખડાષ્ટક.

ખડાસન (ખડ઼ાસન) પું. એક જાતની દવામાં વપરાતી વનસ્પતિ.

ખડાસ્વર (ખડ઼ાસ્વર) પું. હારમોનિયમમાં બાંધેલો સ્વર.

ખડાહૂંડી (ખડ઼ાહૂંડી) સ્ત્રી. તરત મુદ્દતની હૂંડી.

ખડાં (ખડ઼ાં) સ્ત્રી. બ. વ. ચાખડીઓ.

ખડાંખ (ખડ઼ાંખ) ૧. વિ. શેકેલું.

૨. વિ. સૂકું.

ખડાંગ (ખડ઼ાંગ) વિ. ટટ્ટાર; સીધું.

ખડાંવ (ખડ઼ાંવ) [હિં.] પું. ચાખડી; પાદુકા.

ખડિકા (ખડ઼િકા) ૧. પું. ખડખડ થતો અવાજ.

૨. [સં.] સ્ત્રી. ખડી; ધોળી માટી; ચાક.

૩. સ્ત્રી. દાંતકોતરણી.

ખડિયલ (ખડ઼િયલ) વિ. ખડી દીધેલું; ધોળેલું.

ખડિયા (ખડ઼િયા) ૧. પું. બ. વ. ચહેરા.

૨. પું. બ. વ. રસ્તામાં પડેલ ખાડા.

૩. [સં. ખટિકા] સ્ત્રી. ખડી; ચાક; સફેદ માટી.

૪. સ્ત્રી. નિશાની.

૫. સ્ત્રી. વોરાની એ નામની અટક.

૬. ન. એ અટકનું માણસ.

૭. વિ. એ નામની અટકનું.

ખડિયાખડખડ (ખડ઼િયાખડ઼ખડ઼) ૧. સ્ત્રી. કટકટ; પંચાતી.

૨. સ્ત્રી. જંજાળ.

૩. સ્ત્રી. ભાંગીતૂટી હાલત.

૪. સ્ત્રી. મોટી આફત; મોટું નુકસાન.

૫. સ્ત્રી. સમૂળગો નાશ; તળિયાઝાટક.

૬. વિ. ખખળી ગયેલું; જીર્ણ; બિસ્માર હાલતમાં આવી ગયેલું.

ખડિયાખરચી (ખડ઼િયાખરચી) ૧. સ્ત્રી. બંધાણીની હાથખરચી.

૨. સ્ત્રી. ભરણપોષણ માટે અપાતી રકમ કે જમીન.

ખડિયાખાર (ખડ઼િયાખાર) પું. પીસેલો ટંકણખાર.

ખડિયાખૂટ (ખડ઼િયાખૂટ) વિ. માહિતગાર.

ખડિયાટ (ખડ઼િયાટ) પું. તળાવમાં ઊતરવાની ઢાળ પડતી પણ ખસી ન પડાય એવા ચણતરવાળી ઓકળીબંધ રચના.

ખડિયાટું જુઓ ખડિયાટ.

ખડિયાનાગ (ખડ઼િયાનાગ) સ્ત્રી. લાંગુલી; એ નામની વનસ્પતિ.

ખડિયામિટ્ટી (ખડ઼િયામિટ્ટી) સ્ત્રી. ખડી માટી; સફેદ માટી.

ખડિયાં (ખડ઼િયાં) ન. બ. વ. કાદવમાં ચાલેલાં ઢોરનાં પગલાં સુકાઈ ગયા પછી તેના કઠણ થઈ ગયેલા ખાડાખડબા.

ખડિયું (ખડ઼િયું) ૧. ન. ખરડિયું; ઓછા વરસાદવાળું વર્ષ.

૨. ન. ખાનાંવાળી ખભે બે તરફ લટકતી કોથળી.

૩. ન. ગાય.

૪. ન. ચિત્તો.

૫. ન. ચોપાટની રમતમાં છેવટની કૂકી ઘરમાં બરોબર પહોંચે એથી વધારે દાણા પડતાં તેણે બહાર નીકળવું પડે તે.

૬. ન. ચોમાસામાં કેટલાક દિવસ સુધી વરસાદ ન પડવાથી પડતો સખત તાપ.

૭. ન. જોટકું; જુવાન ભેંસ; પહેલા વેતરની ભેંસ.

૮. ન. દુકાળ.

૯. ન. મોંઘવારી.

૧૦. ન. સુકાવાથી તડો પડી ગઈ હોય તેવી જમીન.

ખડિયેપોટલિયે (ખડ઼િયેપોટલિયે) અ. તૈયાર થઈને; સજ્જ થઈને.

ખડિયો (ખડ઼િયો) ૧. પું. એક જાતનો ખાર.

૨. પું. કૂતરિયો વાઘ.

૩. પું. કોથળો; ખભાની બે તરફ ઝૂલતો રખાય એવો કોથળો.

૪. પું. ખડી અથવા સાહી રાખવાનું પાત્ર.

૫. પું. ઘણાં પડવાળી ઝોળી; બે ત્રણ પડની ખાનાંવાળી ખલેચી.

૬. પું. ઘોડા ઉપર સામાન નાખવાનો કારીગીરીવાળો બે ખાનાંનો કોથળો.

૧. ખડિયા ખાટવા = ફાવવું; જીતવું.

૨. ખડિયા પોટલાં બાંધવાં–ખડિયા ભરવા = (૧) ઊપડી જવું; ઉઠાંતરી કરવી; જતું રહેવું; ઉચાળા ભરવા. (૨) ઘર ફેરવવું.

૩. ખડિયામાં ખાપણ અને મોઢામાં તુલસી = મૃત્યુ માટેની કાયમી તૈયારી. પૂર્વે વીર નરો ચાહે ત્યારે મરણ પામવાની સંભવિતતાને લીધે પોતાની થેલીમાં કફન અને મુખમાં તુલસીપત્રને રાખી નીકળતા.

૭. પું. દીવો કરવાનો નાનો ડબો.

૮. પું. પાનસોપારીની સામગ્રી રાખવાની કોથળી.

૯. પું. રેવવાનું એક ઓજાર.

ખડિયોકલમ (ખડ઼િયોકલમ) ન. બ. વ. દોતકલમ; લખવાનાં સાહિત્ય.

ખડિયોખાર (ખડ઼િયોખાર) પું. ખડી જેવો એક જાતનો ધોળો ખાર; ટંકણખાર.

ખડિયોનાગ (ખડ઼િયોનાગ) પું. એક જાતનો છોડ; લાંગુલી. એના છોડ વેલા જેવા થાય છે. તેને લાંબાં રાતાં પીળાં અગ્નિની શિખા જેવાં ફૂલ થાય છે. સ્ત્રીને વેણ એકદમ ન આવતી હોય ત્યારે કે ઓર એકદમ ન બહાર આવતી હોય ત્યારે તેનો લેપ દૂંટી ઉપર લગાડવામાં આવે છે. મધુપ્રમેહમાં તેની કાંજી મધ સાથે અપાય છે.

ખડિયોવાઘ (ખડ઼િયોવાઘ) પું. જેના શરીર ઉપર ખડીના જેવા ધોળા ચટાપટા હોય એવો વાઘ; ચિત્તો.

ખડિલ (ખડ઼િલ) [હિં.] સ્ત્રી. ચૂનાનો કેલ.

ખડી (ખડ઼ી) ૧. [સં. ખટિકા] સ્ત્રી. ઊજળી ધોળી માટી; ચાક જેવી સફેદ માટી. કેટલીક સ્ત્રીઓ આ માટી ખાય છે, પણ તે શરીરને નુકસાન કરે છે. કારખાનાવાળા આ માટીથી કપડાંને આર ચડાવે છે.

૨. સ્ત્રી. નાના નાના કાંકરા; કપચી.

૩. સ્ત્રી. પહાડ.

૪. સ્ત્રી. પાણીમાં સીધામાં સીધા ઊભા રહીને તરવું તે.

ખડી લગાવવી = (૧) તરવું. (૨) પાણી કાપવું.

૫. સ્ત્રી. વગર વિયાયેલી ભેંસ; પાડી.

૬. ન. છાજવા માટે કામમાં આવતું જાડું ઘાસ.

૭. ન. સિતધાતુ; સિતોપલ.

૮. વિ. સ્ત્રી. અર્ધી પાકેલી; અર્ધી ચડેલી.

૯. વિ. સ્ત્રી. ઊભી.

૧૦. વિ. સ્ત્રી. ટટ્ટાર.

૧૧. વિ. સ્ત્રી. તીવ્ર.

૧૨. વિ. સ્ત્રી. તુરત પાકે એવી. આ શબ્દ હૂંડી માટે વપરાય છે.

૧૩. વિ. સ્ત્રી. તૈયાર.

૧૪. વિ. સ્ત્રી. લંગર નાખેલી.

૧૫. અ. જમીન ઉપર.

ખડીઆ (ખડ઼ીઆ) પું. (વહાણવટું) ખલ.

ખડીકટખડી (ખડ઼ીકટખડ઼ી) સ્ત્રી. લખવામાં વપરાતી ખડી.

ખડીખમલી (ખડ઼ીખમલી) સ્ત્રી. વ્યાયામની એક જાતની બેઠક.

ખડીખેતી (ખડ઼ીખેતી) સ્ત્રી. ઊભો પાક; ઊભો મોલ.

ખડીચ (ખડ઼ીચ) પું. અનાવલા બ્રાહ્મણમાં નીચા કુળનો બ્રાહ્મણ.

ખડીછાયા (ખડ઼ીછાયા) સ્ત્રી. ધૂમકેતુનું માથું.

ખડીડંકી (ખડ઼ીડંકી) સ્ત્રી. મલખમની એક કસરત.

ખડીતાલ (ખડ઼ીતાલ) પું. સંગીતનો એક તાલ.

ખડીફોજ (ખડ઼ીફોજ) સ્ત્રી. કાયમી ફોજ.

ખડીબેઠક (ખડ઼ીબેઠક) સ્ત્રી. વ્યાયામની એક જાતની બેઠક.

ખડીબોલી (ખડ઼ીબોલી) ૧. સ્ત્રી. ટંકશાળનો સાચો સિક્કો.

૨. સ્ત્રી. સામાન્ય લોકોની બોલી; આમ લોકો જેમાં વાતચીત કરે છે તે ભાષા.

૩. સ્ત્રી. હિંદી. સં. ૧૮૬૧માં 'પ્રેમસાગર'માં હિંદીના અભ્યાસી કવિ લલ્લુ લાલજીએ આ ભાષાનું નામ ખડીબોલી લખ્યું છે. મુસલમાનોના પ્રથમ કવિ અમીર ખુશરો જેઓનું મૃત્યુ સં. ૧૩૮૨માં થયું તેઓએ કવિતામાં ખડીબોલીને લગતી ભાષા વાપરી છે.

ખડીમાટી (ખડ઼ીમાટી) સ્ત્રી. ધોળી ધૂળ.

ખડીરામખડી (ખડ઼ીરામખડ઼ી) જુઓ ખડીકટખડી.

ખડીશકર (ખડ઼ીશકર) જુઓ ખડીસાકર.

ખડીસાકર (ખડ઼ીસાકર) સ્ત્રી. એક જાતની સાકર.

ખડીહૂંડી (ખડ઼ીહૂંડી) સ્ત્રી. ઊભી હૂંડી; જેના નાણાં અટકાયત કરવામાં આવ્યાં હોય તેવી હૂંડી.

ખડુ (ખડ઼ુ) ૧. સ્ત્રી. ડાકડી; નનામી.

૨. ન. ખીણ; કોતર.

૩. ન. પાણીનો ધોધ.

૪. ન. મુસલમાન લોકો પેશાબ કર્યા પછી, પેશાબ ટપકો કપડું અશુદ્ધ ન થાય માટે ચોરણામાં થોડી વાર રાખે છે તે ઠીકરૂં કે ઢેફું.

ખડુઆ (ખડ઼ુઆ) ૧. [હિં.] સ્ત્રી. પગનું સાંકળું.

૨. સ્ત્રી. બંગડી.

ખડુકલો (ખડ઼ુકલો) પું. વસ્તુઓનો એકઠો કરેલો સમૂહ. જુઓ ખડકલો.

ખડું (ખડ઼ું) ૧. ન. આશરે એક ફૂટ લંબાઈની અને પૂછડે સાંકડી તેમજ લીલી ભીંગડાંવાળી એક માછલી. તે દરિયા કિનારે રહે છે.

૨. ન. કાદવમાં ચાલવાથી જે પગલાં પડે અને સુકાય તે.

૩. ન. ખડુ; ઠીકરૂં; પાણી ચૂસી લે એવું ઈંટનું ઢેફું.

૪. ન. ચોપાટની રમતમાં જોઈએ તેના કરતાં વધારે દાણા પડવાથી પાછું ફરવું પડે તે.

૧. ખડું કરવું = ફરીથી કામ કરવું; નવેસરથી કામ કરવું.

૨. ખડું થવું = ચોપાટમાં વધારે દાવ આવતાં ફરી રમત રમવી.

૫. વિ. ઊભું; ટટ્ટાર; સ્થિર રહેતું.

૧. ખડા રહેવું = એક પગે ઊભા રહેવું; ટટ્ટાર રહેવું.

૨. ખડાં ખડાં = ઊભાં ઊભાં; તરત જ; થોડી વારમાં.

૩. ખડી ચોટ = તરત જ; તેજ ક્ષણે.

૪. ખડી સવારી = ઊભે ઊભે કામ લેવું તે; જાતે કામ કરવું તે.

૫. ખડું કરવું = (૧) આણી આપવું. (૨) નવી બનાવટ બનાવવી; ઉપજાવી કાઢવું. (૩) રજૂ કરવું.

૬. વિ. તૈયાર; તત્પર; હાજર.

ખડું થવું = (૧) ઊભા રહેવું. (૨) હાજર રહેવું.

૭. વિ. મૂર્ખ.

ખડૂ (ખડ઼ૂ) સ્ત્રી. ડાઠડી.

ખડૂઆ (ખડ઼ૂઆ) પું. કાંડા ઉપર પહેરાતું એક ઘરેણું; 'બ્રેસલેટ'.

ખડે (ખડ઼ે) ૧. વિ. અર્ધું પાકેલ; અર્ધું ચડેલ.

૨. વિ. ઊભું.

૩. વિ. ટટ્ટાર.

૪. વિ. તૈયાર; તત્પર.

૫. વિ. બાકી.

૬. વિ. લંગર નાખેલું.

૭. અ. જમીન ઉપર.

ખડેકદમ (ખડ઼ેકદમ) વિ. તત્પર; તૈયાર.

ખડેખડા (ખડ઼ેખડ઼ા) સ્ત્રી. પરમાર ક્ષત્રિયોની એક શાખા.

ખડેખડે (ખડ઼ેખડ઼ે) ૧. [હિં.] પું. કૂકડાને ખાડામાં પૂરવા માટે બોલાતો શબ્દ.

૨. અ. તરત જ; થોડી વારમાં.

ખડેખાંગ (ખડ઼ેખાંગ) અ. ટટ્ટાર.

ખડેખૂટ (ખડ઼ેખૂટ) અ. તનતોડ મહેનતથી.

ખડેઘાટ (ખડ઼ેઘાટ) ૧. વિ. તૈયાર થયેલું.

૨. વિ. ધોયેલાં કપડાં પહેરીને દેખાવડું બનેલ.

૩. વિ. ભઠ્ઠીમાં નાખ્યા વગર એમનાં એમ પથ્થરા ઉપર ઝીક મારી સાબુથી ધોયેલ. કપડાંને માટે આ શબ્દ વપરાય છે.

૪. વિ. સફેદ; ઊજળું.

૫. અ. અક્કડ; કડક; ટટ્ટાર; મગરૂર રીતે.

૬. અ. તત્પર; સજ્જ.

ખડેચોક (ખડ઼ેચોક) અ. ખુલ્લેખુલ્લું; છડેચોક; ભરબજારે; ખુલ્લી રીતે; જાહેર રીતે; ચોકીદારો ખડા હોય તેમની વચ્ચેથી.

ખડેજોડે (ખડ઼ેજોડ઼ે) ૧. અ. ઊભે ઊભે; જોડા ઉતારવાની પણ જરૂર ન પડે તેમ; ચડ્યે ઘોડે.
૨. અ. તરત; ઉતાવળમાં; આવતાવેંત.

ખડેડવું (ખડ઼ેડ઼વું) અ. ક્રિ. ખરવું; છૂટું પડવું.

ખડેધડે (ખડ઼ેધડ઼ે) વિ. કામ કરવાની શક્તિવાળું; સશક્ત.

ખડેધાર (ખડ઼ેધાર) વિ. જવાંમર્દ; શૂરવીર.

ખડપગે (ખડ઼પગે) ૧. અ. ઊભેપગે.
૨. અ. તરત જ; ઉતાવળમાં.

ખડપથ્થર (ખડ઼પથ્થર) સ્ત્રી. થાંભલા નીચે રાખેલ પથ્થર; જેના ઉપર થાંભલો મૂકવામાં આવે તે પથ્થર.

ખડબંદ (ખડ઼બંદ) ૧. [હિં.] સ્ત્રી. છૂટા કાગળના કટકા ઉપર લખેલો હિસાબ.
૨. સ્ત્રી. નોંધપોથી; ડાયરી.

ખડભરામી (ખડ઼ભરામી) સ્ત્રી. એક જાતની વનસ્પતિ. જુઓ ખડઅભરામી.

ખડેરો પું. ખાડો.

ખડેલી (ખડ઼ેલી) સ્ત્રી. પાડી; પુખ્ત થયેલી પણ નહિ વિયાયેલી ભેંસ.

ખડેલું (ખડ઼ેલું) ૧. ન. પાડી; વિયાણા વગરની ભેંસ.
ખડેલા જેવું = મજબૂત.
૨. વિ. ઊતરી ગયેલું; કમજોર.
૩. વિ. ખરીને પડી ગયેલું; ખરી પડેલું.

ખડો (ખડ઼ો) ૧. પું. ખરાબો.
૨. પું. ખાડાખૈયાવાળી ઊભી ટેકરી; કરાડો.
૩. પું. નિશાળમાંથી બાળકોને ઘેર જવાની મળતી રજા; છૂટી.
૪. પું. પક્ષીઓ રાખવાનું પાંજરૂં; પક્ષીશાળા; વાડોલિયું.
૫. પું. પાની આગળનો જોડાનો ઊભી અને ઊંચી કિનારનો ભાગ; ખરો.
૬. પું. માળો.
૭. સ્ત્રી. હિંગની પ્રખ્યાત જાત.
૮. વિ. પું. ઊભો; ઉપસ્થિત.
૯. વિ. પું. તૈયાર; સજ્જ.
૧૦. વિ. પું. મોટો.
૧૧. વિ. પું. રજૂ કરેલો.

ખડોખલી (ખડ઼ોખલી) સ્ત્રી. નાનો કુંડ.

ખડોપહેરો (ખડ઼ોપહેરો) ૧. પું. ઊભા ઊભા ભરાતો પહેરો; ઊભેપગે કરાતી ચોકી.
૨. પું. કાયમની ચોકી.

ખડોપાટ (ખડ઼ોપાટ) પું. આટાપાટા જેવી એ નામની એક દેશી રમત.

ખડ્ગ (ખડ્ગ) ૧. પું. એ નામનો એક બૌદ્ધ.
૨. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. આ છંદ આનંદવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૨૦ ગુરુ અને ૫૦ લઘુ મળી ૭૦ વર્ણ અને ૯૦ માત્રા હોય છે.
૩. પું. તંત્ર અનુસાર શક્તિ પૂજાની એક મુદ્રા.
૪. [સં.] ન. એક જાતનું સુગંધી દ્રવ્ય.
૫. ન. ગેંડાનું શિંગડું.
૬. ન. ગેંડો.
૭. ન. તરવાર; શમશેર.
૮. ન. યજ્ઞશસ્ત્ર; પ્રાચીન કાળનું એક પ્રસિદ્ધ અસ્ત્ર. તેનો વ્યવહાર આજકાલ કેવળ પશુઓનો બલિ દેવા માટે થાય છે. તરવાર તેનો એક ભેદ છે. તેને ખાંડું પણ કહે છે.
૯. ન. લોઢું.

ખડ્ગકુંડ પું. એ નામનો એક નરકકુંડ. તે ખડ્ગોથી પરિપૂર્ણ છે, તેનાથી વીંધાઈને લોહીઝાણ થયેલા પાપીઓથી તે વ્યાપ્ત છે અને તે વાવના અર્ધા પ્રમાણમાં છે.

ખડ્ગકોશ ૧. [સં.] પું. તરવારનું મયાન.
૨. પું. પ્રસરનારી એક જાતની વેલ.

ખડ્ગકોષ જુઓ ખડ્ગકોશ.

ખડ્ગચર્મધર [સં.] પું. ઢાલ તરવાર ધારણ કરનાર યોદ્ધો.

ખડ્ગધર [સં.] પું. તરવાર ફેરવવામાં કુશળ પુરુષ.

ખડ્ગધાર ૧. [સં.] પું. તરવારબાજ; લડવૈયો.
૨. પું. બદરિકાશ્રમના એક પર્વતનું નામ.

ખડ્ગધારા સ્ત્રી. તરવારની ધાર.

ખડ્ગધારિણી સ્ત્રી. એ નામની એક દેવી.

ખડ્ગધેનુ ૧. સ્ત્રી. ગેંડાની માદા; ગેંડી.
૨. સ્ત્રી. છરી.
૩. સ્ત્રી. નાની તરવાર; નાનું ખડ્ગ.

ખડ્ગધેનુકા જુઓ ખડ્ગધેનુ.

ખડ્ગપત્ર ૧. [સં.] પું. એક જાતનો વેલો.
૨. પું. નરકમાં એક જાતનું વૃક્ષ. તેનાં પાંદડાં તરવાર જેવાં હોય છે.
૩. ન. તરવારનું પાનું.

ખડ્ગપરીક્ષા [સં.] સ્ત્રી. તરવારની પરીક્ષા.

ખડ્ગપાણિ ૧. [સં.] સ્ત્રી. ચોસઠ માંહેની એક યોગિની.
૨. વિ. હાથમાં તરવાર હોય એવું.

ખડ્ગપાત્ર ૧. [સં.] ન. ગેંડાના શિંગડાનું વાસણ.
૨. ન. ગેંડાની ઢાલ.

ખડ્ગપિધાન [સં.] ન. તરવારનું મયાન.

ખડ્ગપિધાનક જુઓ ખડ્ગપિધાન.

ખડ્ગપુત્ર [સં.] પું. પ્રાચીન કાળની એક પ્રકારની કટારી. તે લગભગ એક હાથ લાંબી અને બે આંગળ પહોળી હતી. તેનો ઉપયોગ બહુ નજીક આવેલા શત્રુ ઉપર પ્રહાર કરવા માટે થતો.

ખડ્ગપુત્રિકા ૧. [સં.] સ્ત્રી. ખડ્ગપુત્ર; છરી.
૨. સ્ત્રી. નાની તલવાર.

ખડ્ગપુત્રી જુઓ ખડ્ગપુત્રિકા.

ખડ્ગપ્રહાર [સં.] પું. તરવારનો પ્રહાર; તરવારનો ઘા.

ખડ્ગફલ ૧. [સં.] ન. તરવારનું પાનું.
૨. ન. તરવારનું મયાન.

ખડ્ગબંધ [સં.] પું. એક જાતની શબ્દરચના. તે ખડ્ગાકારમાં દેખાડવામાં આવે છે.

ખડ્ગમચ્છ જુઓ ખડ્ગમત્સ્ય.

ખડ્ગમત્સ્ય ૧. ન. ક્રાંતિવૃત્તનો દક્ષિણ ધ્રુવ જે તારાપુંજમાં છે તે તારાપુંજ. આ પુંજ નાનો છે અને તે વિષુવાંશ ૯૦ અને દક્ષિણ ક્રાંત્યંશ ૬૬ાની આસપાસ દક્ષિણ તરફ આવેલો છે.
૨. ન. તરવાર જેવું જેનું ઉપલું લાંબું જડબું હોય તેવું માછલું.

ખડ્ગમત્સ્યતારા ૧. પું. ખડ્ગના આકાર જેવો ધૂમકેતુ.
૨. પું. ખડ્ગમત્સ્ય આકારનું તારાઓનું આકાશમાં દેખાતું એક નક્ષત્ર; ક્ષુર નક્ષત્ર.
૩. પું. દક્ષિણમાં આવેલો એક તારો.

ખડ્ગમાંસ [સં.] ન. ગેંડાનું માંસ.

ખડ્ગયુદ્ધ [સં.] ન. તરવારની લડાઈ.

ખડ્ગલતા [સં.] સ્ત્રી. તરવારરૂપી વેલ.

ખડ્ગલેખા [સં.] સ્ત્રી. તરવારની રેખા.

ખડ્ગવાહિની [સં.] સ્ત્રી. ખડ્ગ ઝાલનારી સ્ત્રી.

ખડ્ગવિષાણ ૧. પું. ગેંડો.
૨. વિ. જેનાં શિંગડાં ખડ્ગ જેવાં હોય એવું.

ખડ્ગશિંબી સ્ત્રી. અબઈની વેલ.

ખડ્ગાકાર [સં.] વિ. ખડ્ગના આકાર જેવું.

ખડ્ગાઘાત [સં.] પું. ખડ્ગનો પ્રહાર; તરવારનો ઘા.

ખડ્ગાધાર [સં.] પું. તરવારનું મયાન.

ખડ્ગામિષ [સં.] ૧. ન. ગેંડાનું માંસ.
૨. ન. ભેંસ અથવા પાડાનું માંસ.

ખડ્ગારીટ ૧. [સં.] પું. ચામડાની ઢાલ.
૨. વિ. તરવારની ધારા જેવું વ્રત ધારણ કરનાર.

ખડ્ગાહ્વ [સં.] પું. ગેંડો.

ખડ્ગિક ૧. [સં.] પું. તરવાર ધારણ કરનાર પુરુષ.
૨. પું. પારધિ.

૩. પું. ભેંસના દૂધનું ફીણુ.

૪. પું. માંસ વેચનાર.

ખડ્ગી ૧. [સં. ખડ્ગિન્] પું. ખડ્ગધારી પુરુષ.

૨. પું. ગેંડો.

૩. પું. શિવ; મહાદેવ.

૪. પું. (પુરાણ) સોમવંશી ધૃતરાષ્ટ્રના સોમાંનો એક પુત્ર. એને યુદ્ધમાં ભીમે માર્યો હતો.

૫. વિ. તરવારવાળું; ખડ્ગધારી.

ખડ્ગીક [સં.] ન. દાતરડું.

ખડ્ડ જુઓ ખડ્ડુ.

ખડ્ડા ૧. પું. ખાડો.

૨. સ્ત્રી. ખાઈ; ખાડ.

ખડ્ડાવું (ખડ્ડાવું) અ. ક્રિ. ખરડાવું; બગડવું; ડાઘ લાગવો.

ખડ્ડિઆ સ્ત્રી. ગાંધાર ગ્રામની સાત માંહેની બીજી મૂર્ચ્છના.

ખડ્ડુ ૧. વિ. અનુભવી; કુશળ.

૨. વિ. ખાંડું; અપંગ.

૩. વિ. ચાલાક; હોશિયાર.

૪. વિ. વયોવૃદ્ધ; ઘરડું.

ખડ્ડો પું. ખાડો; ખબડો.

ખડ્યંત્ર [સં. ષડ્યંત્ર] ન. કાવતરું; પ્રપંચ.

ખડ્યોનાગ (ખડ઼યોનાગ) પું. એક જાતની વનસ્પતિ; ઇંદ્રપુષ્પી. તેનાં મૂળિયાંની ભૂકી તાવ ઉપર દવા તરીકે વપરાય છે.

ખણ ૧. સ્ત્રી. ખણુજ; ચળ; ખજવાળ; વલૂર.

૨. [સં. ક્ષણ] સ્ત્રી. ચાર સેકંડ જેટલો કાળ; પળ; ક્ષણ.

૩. સ્ત્રી. તરવાર.

૪. ન. અંડ; ઈંડું.

૫. ન. એક જાતનું ગરોળી જેવું ઝીણું જીવડું. તે કરડવાથી માણસ તત્કાળ મરી જાય છે.

૬. ન. કાનમાં પાડેલું કાણું.

૭. ન. ટેબલનું કે કપાટનું ખાનું.

૮. ન. વાંસ કે વળી ખોડવા માટે જમીનમાં ખોદવામાં આવતો ખાડો.

૯. અ. જરાવાર; ક્ષણભર; થોડા વખત સુધી.

ખણકાર પું. રણકાર; ખણુણખણુણ એવો અવાજ.

ખણકારબંધ ૧. વિ. રણકારવાળું.

૨. અ. ખણુણ અવાજ થાય એ રીતે.

ખણકારો જુઓ ખણકાર.

ખણકો ૧. પું. ખણુણ એમ થઈ રહી જતો મોટો અવાજ; ખણખણાટ.

૨. પું. ધાતુનો અવાજ; રણકો.

૩. પું. શૂળના ભોંક જેવી વેદના; સણકો; ખટકો.

ખણખટ સ્ત્રી. વસવસો; મનમાં થતી દુઃખની લાગણી.

ખણખણ ૧. પું. ધાતુમાંથી નીકળતો એવો અવાજ; ખણખણાટ.

૨. સ્ત્રી. ઇચ્છા; વાસના.

૩. સ્ત્રી. કલબલાટ; કોલાહલ.

૪. સ્ત્રી. ખણખોદ; નિંદા; બદગોઈ.

૫. સ્ત્રી. ખંત; ઉદ્યોગ.

૬. સ્ત્રી. છંદ; વ્યસન.

૭. સ્ત્રી. બારીક તપાસ; શોધ.

૮. અ. કોઈ કોઈ ક્ષણે.

૯. અ. ખણખણ અવાજ થાય એમ.

ખણખણતું વિ. ઝણઝણતું; ખણખણ એવો અવાજ કરતું; ખખડતું; રણકારતું.

ખણખણવું ૧. અ. ક્રિ. ખણખણ એવો અવાજ થવો; વાગવું; ખડખડવું.

૨. અ. ક્રિ. થનગનવું; નાચવું.

૩. અ. ક્રિ. શોરબકોર કરવો.

ખણખણાટ પું. ધાતુનો ખણખણ એવો અવાજ; ધણધણાટ; ખડખડાટ.

ખણખણાટી સ્ત્રી. બે વસ્તુ અથડાવાથી થતો ખણખણ એવો અવાજ.

ખણખણાવવું સ. ક્રિ. ખખડાવવું.

ખણખણાં ૧. ન. બ. વ. કુટારો; માથાઝીક.

૨. ન. બ. વ. ખખડાટ; રણકાર.

ખણખણિત વિ. ખખડેલું; રણકો થયો હોય એવું.

ખણખણિયાં જુઓ ખણખણિયું.

ખણખણિયું ૧. ન. ખડખડે એવી આકરી તળી કાઢેલી પૂરી.

૨. ન. ખણખણ ખડખડે એવી પાતળી ધાતુની તકતી; કાંસાનાં વાગે એવાં પતરાંની જોડ; કાંસી જોડાં.

૩. ન. છબછબિયું.

ખણખણું ૧. વિ. ખણખણે અથવા ખખડે એવું.

૨. વિ. ખૂબ શેકાયેલું; ગરમીથી ખડખડે એવું થઈ ગયેલું; ખરૂં થયેલું; ખૂબ તપેલું.

ખણખેર પું. શિરદોડીનો વેલો.

ખણખોજ ૧. સ્ત્રી. ખણખોદથી કોઈના દોષ કાઢ્યા કરવા તે; નિંદા; બદગોઈ.

ખણખોજ કરવી = (૧) પાછળથી ભૂંડું બોલવું. (૨) ભૂલો શોધવી; નિંદા કરવી.

૨. સ્ત્રી. બારીક તપાસ; શોધ; ખણખોતર.

ખણખોત જુઓ ખણખોજ.

ખણખોતર ૧. સ્ત્રી. ઊલટસૂલટ તપાસ; બારીક શોધ; ખણખોજ.

૨. સ્ત્રી. નિંદા કર્યા કરવી તે; બદગોઈ.

ખણખોતરિયું જુઓ ખણખોદિયું.

ખણખોદ જુઓ ખણખોજ.

ખણખોદિયું વિ. ખણખોદ કરવાની ટેવવાળું.

ખણખોદિયો ૧. પું. કોઈની પછવાડે પડી તેનાં છિદ્રો કાઢનાર માણસ.

૨. વિ. પું. નિંદા કરનારો.

ખણખોલણ સ્ત્રી. બારીક તપાસ; શોધ. જુઓ ખણખોજ.

ખણખોસ જુઓ ખણખોજ.

ખણખોસિયું ૧. વિ. ખણખોદ કરવાની ટેવવાળું.

૨. વિ. ઝીણું જોનાર; બારીકાઈથી તપાસનાર.

ખણખોળ જુઓ ખણખોજ.

ખણચલું ન. પાવડો; એક જાતનું હથિયાર.

ખણજ સ્ત્રી. ખંજવાળ; ખણ; ચળ; વલૂર.

ખણણ ૧. પું. એક જાતનો અવાજ; ખણખણાટ.

૨. વિ. ખોદનાર.

ખણપડવું (ખણપડવું) અ. ક્રિ. નાશ થવું; ઠેકાણે પડવું.

ખણલી સ્ત્રી. લીટી; રેખા.

ખણવું ૧. સ. ક્રિ. ઉપર ઉપરથી ઉખાડવું; ઉઝરડવું; ખોતરવું.

૨. સ. ક્રિ. ખંજોળવું; ખંજવાળવું; વલૂરવું.

૩. સ. ક્રિ. ખોદકામ કરવું; ખોદવું.

૧. ખણવો ડુંગર ને મારવો ઉંદર = મહેનત ઘણી કરવી પણ ફાયદો નહિ જેવો હોવો.

૨. ભોંય ખણવી = (૧) જમીન ખોતરવી. (૨) શરમના માર્યા નીચું જોવું.

૪. સ. ક્રિ. ચીમટી ભરવી; ચૂંટવું.

ચૂંટી ખણવી = (૧) બે આંગળી વચમાં ચામડી પકડી કોઈને પીડા કરવી. (૨) સૂચન કરવું.

૫. સ. ક્રિ. તદ્દન ઓછું કરવું.

ખણુસ ૧. સ્ત્રી. ઇંદ્રિયની લાગણી.

૨. સ્ત્રી. ખંજોળ; ચળ; વલૂર.

ખણુસ થવી = ખંજોળ આવવી.

૩. સ્ત્રી. ખંત; ભાવ; હોંશ; ઇચ્છા; મરજી.

૪. સ્ત્રી. ખુન્નસ; ખાર; વેરઝેર; દ્વેષ.

ખણુસે ભરાવું = ખાર રાખવો; ખુન્નસ રાખવી.

૫. સ્ત્રી. ઝાડે ફરવા જવાની કે પેશાબ કરવાની હાજત; ઝાડાપેશાબની હાજત.

ખણુસ થવી = ઝાડે ફરવાની હાજત લાગવી.

૬. સ્ત્રી. ટેવ; આદત.

૭. સ્ત્રી. વહેમ; શંકા; અંદેશો; વસવસો.

ખણુસાવું ૧. અ. ક્રિ. દાઝે બળવું; મનમાં દાઝ હોવી કે ચડવી.

૨. અ. ક્રિ. દુભાવું; વાંકું પડવું; દુખવું.

૩. અ. ક્રિ. દ્વેષભાવથી જોવું કે બોલવું.

૪. અ. ક્રિ. ધિક્કાર કે વેરની લાગણી ધરાવવી.

૫. અ. ક્રિ. વહેમાવું; શંકાશીલ થવું.

૬. અ. ક્રિ. હાજત થવી.

ખણુંગ પું. એક પ્રકારનો અવાજ; ખડંગ.

ખણાવવું પું. ખોદાવવું; ખોદકામ કરાવવું.

ખણિ [સં. ખનિ] સ્ત્રી. ખાણ.

ખણિક [સં. ક્ષણિક] વિ. જરાવાર ટકે તેવું; ક્ષણભંગુર; અશાશ્વત; અનિત્ય; પળવારનું.

ખણિજ [સં. ખનિજ] વિ. ખાણમાંથી ખોદી કાઢેલું.

ખણિય [સં. ક્ષણિક] વિ. ક્ષણભંગુર; ખણિક.

ખણિયો પું. ખાણમાં કામ કરનાર મજૂર.

ખણિંગખણિંગ પું. રૂપિયા ખખડતાં થતો ખણુંગ એવો અવાજ.

ખણુ [સં. ક્ષણ] સ્ત્રી.; ન. નિમેષ; ક્ષણ; એક સેકંડના $\frac{4}{5}$ જેટલા સમયનું માપ; પળનો સાઠમો ભાગ.

ખણુખણુ અ. વારંવાર; હરઘડી.

ખણુમાત્ર ૧. અ. ક્ષણમાત્ર; પળભર.

૨. અ. થોડીવાર પણ.

ખણેણવું અ. ક્રિ. ખખડવું; ખણખણ અવાજ થવો.

ખણેતરું ન. ખોદવાનું સાધન.

ખણેર સ્ત્રી. એક જાતની વેલ; ખીરણ; ખીરવેલ. તેનાં પાન પહોળાં, લાંબાં અને હૃદયાકૃતિનાં હોય છે. ફૂલ ધોળાં, ફિક્કાં, જાંબલી રંગની છાયા લેતાં, આકડાનાં ફૂલ જેવાં હોય છે. આ વેલમાંથી દૂધ ઝરે છે.

ખણેસા ૧. સ્ત્રી. એ નામની લેઉઆ કણબીની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ખત (ખ઼્ત) ૧. [ફા.] સ્ત્રી. ચટાપટા; કપડા ઉપરની લીટી.

૨. સ્ત્રી. પૃથ્વી; જમીન.

૩. સ્ત્રી. લીટી; પટો.

૪. ન. અક્ષર.

૫. ન. અરબસ્તાનમાં આવેલ એક ગામ. ત્યાં ભાલાં બનાવાય છે.

૬. ન. કરારપત્ર; બંધકપત્ર; 'બૉન્ડ.'

૭. ન. ક્ષત; ઘા; જખમ.

૮. ન. ખાતર.

૯. ન. દસ્તાવેજ; લખાણ; લેખ; પત્ર; ચિઠ્ઠી; કાગળ.

૧. અંગાઉ ખત = (૧) જાતની જામીનગીરી ઉપર કરેલો દસ્તાવેજ. (૨) વેચાણ લીધેલી ચીજનો દસ્તાવેજ.

૨. કરજ ખત = ઊછીનું લીધાનો દસ્તાવેજ.

૩. ખત કરવું = (૧) કરાર કરવો; સાટું લખી આપવું. (૨) લખત કરવું; દસ્તાવેજ કરવો.

૪. ખત્ કાગળ = ખતપત્ર; કરારપત્ર.

૫. ખત કિતાબ = (૧) ખિતાબ. (૨) પત્રવ્યવહાર.

૬. ખત ખુતૂત = (૧) કાગળો; કાગળપત્રનો વ્યવહાર. (૨) પ્રમાણપત્ર.

૭. ખત ફાડવું = (૧) જોખમ જતું રહેવું. (૨) બંધનમાંથી મુક્ત થવું. (૩) મરવું. કેટલાક લોકો દીકરીનો અવતાર પથરા જેવો ગણે છે, કારણકે તેઓ તેને નકામી ગણે છે. છોકરી જો કદાચ પરણ્યા પહેલાં ગુજરી જાય તો તેનાં સગાંવહાલાં તેનો શોક શમાવવા "અરે એ તો પાંચસે હજારનું ખત ફાટ્યું; છોકરીમાં ઝાઝું રોવું શું?" એમ કહે છે. મતલબ કે તેને પરણાવવામાં જે ખર્ચ હતો તે બચ્યો. (૪) મોટા ખર્ચમાંથી બચી જવું. (૫) સાટું રદ થવું.

૮. ખત લખવું = (૧) કાગળ લખવો. (૨) દસ્તાવેજ કરવો; લખાણ કરવું.

૯. ખતે લાદાવા = (૧) કાગળનો દાવો ન થાય તેવો કાગળ. (૨) હક્ક જતો કરવો તે.

૧૦. ખતે શરીફ = હૂંડી; ચેક.

૧૧. ગીરોખત = ગીરવી રાખ્યાનો દસ્તાવેજ; રૂપિયા પેટે કોઈ વસ્તુનો કબજો આપી પૈસા આપ્યે છૂટે તેવું લખાણ.

૧૨. વેચાણખત = વેચાણ રાખ્યાનો દસ્તાવેજ.

૧૩. સાનગીરોખત = રૂપિયા પેટે વસ્તુ લખાય પણ કબજો આપેલો ન હોય અને વ્યાજ ચડતું હોય તેવું ખત.

૧૦. ન. દાઢીનો બાલ.

૧. ખત આવવા-નીકળવા = મોઢા ઉપર બાલ ઊગવા; દાઢી ઊગવી.

૨. ખત બનાવવી = દાઢી બનાવવી; દાઢીની હજામત કરાવવી.

૧૧. ન. નિશાની.

૧૨. ન. સહી; દસ્કત.

૧૩. ન. સ્ટેમ્પ.

૧૪. ન. હજામત.

૧૫. ન. હજામતમાં માથા ઉપરનો ભાગ.

ખતક ૧. સ્ત્રી. અફઘાન લોકોની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ખતન (ખ઼્તન) ૧. [અ.] પું. ઉજાણી.

૨. પું. જમાઈ.

૩. પું. સુન્નત.

૪. પું. બ. વ. સ્ત્રીનાં નજીકનાં સગાં.

ખતના (ખ઼્તના) [અ.] સ્ત્રી. મુસલમાન લોકોની એક ક્રિયા; સુન્નત.

ખતને અ. ઠેકાણે; સ્થાને; યોગ્ય જગ્યાએ.

ખતપત્તર જુઓ ખતપત્ર.

ખતપત્ર (ખ઼્તપત્ર) ન. કરાર અને તેને લગતો અથવા એવો જ કીમતી કાગળ; દસ્તાવેજ; લેખી મુદ્દો.

ખતબ (ખ઼્તબ) ૧. [અ.] પું. કામ; કાર્ય.

૨. પું. વિવાહ.

૩. સ. ક્રિ. (ધાતુ) સંબોધવું. તે ઉપરથી નીકળેલા શબ્દો: ખિતાબ, ખુતબા, મુખાતિબ.

ખતમ (ખ઼્તમ) ૧. [અ. ખત્મ] સ્ત્રી. આખર; છેડો; અંત.

૨. સ્ત્રી. શરૂઆતથી તે અંત સુધી કુરાનનું વાચન કરવું તે.

૩. વિ. પૂરું; પૂર્ણ; ખલાસ; સમાપ્ત.

૧. ખતમ કરવું = (૧) પૂરું કરવું. (૨) હદ વાળવી; ધાર્યા ઉપરાંત સારું કરવું.

૨. ખતમ થઈ જવું-થવું = (૧) અંત આવી જવો; પૂરું થવું; ખલાસ થવું. (૨) મરી જવું.

ખતમાલ ૧. [સં.] પું. ધુમાડો.

૨. પું. મેઘ; વાદળું.

૩. પું. મોથ.

ખતમી સ્ત્રી. એક જાતની વનસ્પતિનાં બી. બાગમાં સુંદર આકર્ષક ફૂલો માટે તે બહુ વવાય છે. તેના છોડ ગુલખેરુ અને તેનાં બી ખતમી કહેવાય છે.

ખતર જુઓ ખતરા.

ખતરણ ૧. સ્ત્રી. ખતરીની સ્ત્રી.

૨. સ્ત્રી. રજપૂતાણી.

ખતરનાક વિ. જોખમી; હાનિકારક; ભયાવહ.

ખતરવટ ૧. સ્ત્રી. ક્ષત્રિય તરીકેની ખ્યાતિ; શાખ; આબરૂ.

૨. [સં. ક્ષત્રિયવૃત્તિ] સ્ત્રી. ક્ષત્રિયોના જેવી કોઈ પણ ભોગે કાર્ય પૂરું કરવાની આગ્રહવૃત્તિ; ક્ષત્રિયોના જેવી વટથી કે એકસરખા ઉત્સાહથી કોઈ પણ કામ પાછળ આગ્રહપૂર્વક કે જીદથી મચ્યા રહેવું તે.

૩. સ્ત્રી. છિદ્ર; ખોડ; ભૂલ; ચૂક.

૪. સ્ત્રી. ભૂલ ખોળ્યા કરવી તે; ખણખોજ.

ખતરવટ થઈને લાગવું = (૧) ચાનક રાખવી; કાળજી રાખવી. (૨) છિદ્રશોધ કરવી. (૩) પછવાડે લાગવું; કેડો લેવો.

૫. સ્ત્રી. હઠ; આગ્રહ; જીદ.

૬. અ. આગ્રહપૂર્વક; જીદપૂર્વક.

૭. અ. ક્ષત્રિયના જેવી વટથી.

ખતરવું સ. ક્રિ. નિંદા કરવી; અપશબ્દ ભાંડવા; ગાળો દેવી.

ખતરા (ખ઼તરા) ૧. પું. આશંકા; જોખમ; ભય; બીક.

૨. પું. આંતરો; પડદો; સંકલ્પવિકલ્પાત્મક ભૂમિકા.

૩. પું. દોષ; છિદ્ર.

૪. પું. મુશ્કેલી; અગવડ.

૫. સ્ત્રી. યાદી; નોંધ.

ખતરાયું વિ. ખાતર નાખવામાં આવ્યું હોય એવું.

ખતરાયેલું જુઓ ખતરાયું.

ખતરાવવું ૧. સ. ક્રિ. ખાતર પુરાવવું.

૨. સ. ક્રિ. વડીલો સામે ગાળો ખાવી કે તેની નિંદા સાંભળવી.

ખતરાવું ૧. અ. ક્રિ. ખાતરવાળું થવું; ખાતર નખાવું.

૨. અ. ક્રિ. ગાળ ખાવી.

૩. અ. ક્રિ. બગડવું.

ખતરિયાંવટ જુઓ ખતરવટ.

ખતરી ૧. પું. ગરાસિયો; રજપૂત; ક્ષત્રિય.

૨. પું. વણકર.

૩. સ્ત્રી. હિંદુઓની એક જ્ઞાતિ. ગુજરાતમાં તેઓ મુત્સદ્દી ગણાય છે. તેઓ બ્રહ્મક્ષત્રી, ખાતરી કે મુલતાની ખખ્ખા તરીકે પણ ઓળખાય છે. ઘણાખરા વણકરનો ધંધો કરે છે.

૪. ન. એ નામની જાતિનું માણસ.

૫. વિ. એ નામની જાતિનું.

ખતરીવટ સ્ત્રી. ક્ષત્રિયવટ; ક્ષત્રિયને સ્વાભાવિક એવું આગ્રહપણું; ખતરવટ.

ખતરું ૧. ન. અડચણ; આફત.

૨. ન. ખોડ; છિદ્ર; દોષ.

ખતરેણ સ્ત્રી. ખતરીની સ્ત્રી.

ખતરો ૧. પું. અણબનાવ.

૨. પું. અંદેશો; શંકા; વહેમ.

ખતરો પડવો-પેસવો = (૧) બીવું. (૨) શંકા આવવી.

૩. પું. ઝાડો.

૧. ખતરે જવું-ખતરો કરવા જવું = કળશે જવું.

૨. ખતરો મટાડવો = (૧) ઝાડે ફરવા જવું. (૨) વહેમ કાઢવો.

૪. પું. બીક; ડર; ભય; જોખમ.

ખતવણી સ્ત્રી. ખતવવું તે; રોજમેળમાંથી જુદે જુદે ખાતે રકમો ખાતાવહીમાં લઈ જવાપણું.

ખતવવું સ. ક્રિ. રોજમેળમાં જુદે જુદે નામે અને ખાતે લખાયેલી રકમોને તે તે નામનાં જુદાં ખાતાં પાડી તેમાં લઈ જવી; ખાતાવાર નોંધ કરવી. તે ખતવ્યા બદલ તે રકમ નીચે ખા. પા. એટલે ખાતાવહી પાનું લખાય છે.

ખતવારા પું. ઉકરડો.

ખતવાલા પું. ટપાલી; પોસ્ટમેન.

ખતવાવું અ. ક્રિ. ખતવણી કરાવી; ખાતામાં લેવાઈ જવું.

ખતા (ખ઼તા) ૧. [અ. ખતી (તેણે ખોટું કર્યું)] પું. કસૂર; ચૂક; ભૂલ; ગફલત.

૨. પું. ક્ષત; ઘા.

૩. પું. ખજાનો.

૪. પું. ગુનો; પાપ.

૫. [સં. ખાત] પું. જમીન નીચેનો કોઠાર; અન્ન રાખવાનું સ્થાન.

૬. પું. ઢગલો; ભંડાર.

૭. પું. બરફનો ખાડો.

૮. પું. સિથિયા નામનો પ્રદેશ. તે ઉત્તર ચીનની પહેલી પાર આવેલ છે. માર્કો પોલો અને બીજા મુસાફરોએ તેને ખતા નામથી ઓળખાવેલો છે.

૯. સ્ત્રી. છેતરાવું તે; નુકસાની; ભૂલથી ઠોકર ખાવી તે; હાનિ.

૧. ખતા ખાવી = (૧) ખાસડાં ખાવાં. (૨) ચૂક કે ગફલત કરવી. (૩) નુકસાની થવી. (૪) પસ્તાવો થવો.

૨. ખતા હોવી = (૧) ઠપકો મળવો. (૨) ભૂલ થવી. (૩) મરજી વિના પેશાબ ચાલ્યો જવો.

૧૦. સ્ત્રી. ધોકો; ગોદો; થાપ; ઠપકો; અથડામણું; ક્લેશથી થયેલ અપયશ કે નુકસાન.

૧૧. સ્ત્રી. નિષ્ફળતા; ફોગટ ફેરો.

૧૨. સ્ત્રી. પસ્તાવો.

૧૩. સ્ત્રી. સૂજી ગયેલી આંખો માટેનો મલમ.

ખતાખાનત (ખ઼તાખ઼ાનત) સ્ત્રી. લુચ્ચાઈ; લબાડપણું.

ખતાપ [અ. ખત્તા] પું. નિસાસો; શાપ; કદુઆ; દુઃખની હાય.

ખતાફ [યૂ.] સ્ત્રી. કાળા રંગનું એક પક્ષી; અબાબીલ.

ખતાબ (ખ઼તાબ) ૧. [અ. ખત્તા (ભૂલ) + એબ (ખામી)] સ્ત્રી. આરોપ; ગુનો; અપરાધ; દોષ દેવો તે; તહોમત; દૂષણ.

૨. સ્ત્રી. એબ; ભૂલ; ખોડ; ખામી.

૩. સ્ત્રી. બદદુઆ; શાપ; કદુઆ.

ખતાબક્ષ (ખ઼તાબક્ષ) ૧. [અ. ખત્તા (પાપ) + ફા. બખ્શ (માફી આપનાર)] પું. પાપ માફ કરનાર ઈશ્વર.

૨. વિ. પાપની માફી આપનાર.

ખતાયાં સ્ત્રી. (ગણિત) ઇષ્ટ કર્મ.

ખતાવાર (ખ઼તાવાર) [અ. ખત્તા (ભૂલ) + ફા. વાર (ભરેલું)] વિ. ભૂલવાળું; દોષી.

ખતાવી સ્ત્રી. ખાતાવહી; વેપારીના આવરા ઉપરથી ઘરાકોના ખાતાવાર જમા ઉધાર કરવાનો ચોપડો.

ખ્રતિ [સં. ક્ષતિ] સ્ત્રી. નુકસાન; હાનિ.

ખતિયાવની સ્ત્રી. ગામડાની જમીનની વહેંચણીની વિગતવાળો હિસાબ.

ખતિયો પું. એ નામનું એક પક્ષી.

ખતી ૧. સ્ત્રી. ક્ષતિ; નુકસાન.

૨. સ્ત્રી. ખાણ.

ખતીબ (ખ઼તીબ) [અ.] પું. પેશ ઇમામ; શુક્રવારને દિવસે મસ્જિદમાં ખુતબો એટલે ધાર્મિક ભાષણ કહેનાર; ઉપદેશક; વ્યાખ્યાતા.

ખતીબી (ખ઼તીબી) ૧. સ્ત્રી ખતીબની પદવી.

૨. સ્ત્રી. ખતીબનો ધંધો.

ખતીર (ખ઼તીર) [અ.] વિ. મહાન; માનનીય.

ખતોકિતાબ (ખ઼તોકિતાબ) સ્ત્રી. પત્રવ્યવહાર; પત્રની આપલે.

ખતોખાલ (ખ઼તોખ઼ાલ) ૧. પું. ચહેરો; શિકલ.

૨. [અ. ખત (ચહેરો) + વ (અને) + ખાલ (તલ)] ન. સ્ત્રીના મુખ ઉપરનો તલ.

ખતૌની જુઓ ખતિયાવની.

ખત્ત (ખ઼ત્ત) જુઓ ખત.

ખત્તરવટ अ. ચામજૂની પેઠે વળગી રહીને; ખરા દિલથી; તનતોડ મહેનત કરીને.

ખત્તા (ખ઼ત્તા) જુઓ ખતા.

ખત્તાત (ખ઼ત્તાત) [અ.] वि. સારૂં લખનાર.

ખત્તિ [સં. ક્ષત્રિય; પ્રા. ખત્તિ] પું. ક્ષત્રિય.

ખત્તિય જુઓ ખત્તિ.

ખત્તિયકુમાર [પ્રા.] પું. રાજકુમાર; ક્ષત્રિયકુંવર.

ખત્તિયાણી [પ્રા.] સ્ત્રી. ક્ષત્રિયની સ્ત્રી.

ખત્તી ૧. [હિં.] પું. ખજાનો.
૨. પું. જમીન નીચેનો કોઠાર.
૩. પું. ઢગલો; ભંડાર.
૪. પું. બરફનો ખાડો.
૫. સ્ત્રી. અરબસ્તાનમાં બનેલું ભાલું.
૬. સ્ત્રી. સિંધમાં વણવાનું કામ કરતી એક જાત.
૭. अ. શબ્દશ:; શબ્દાનુસાર.

ખત્તો ૧. પું. કામળો; ધાબળો.
૨. પું. ખત્તા; ઠોકર.

ખત્ના [અ. ખ઼ત્ના] પું. સુન્નત કરવી તે; સુન્નતક્રિયા.

ખત્બ (ખ઼ત્બ) ૧. [અ.] પું. કાર્ય; કામ.
૨. પું. વિવાહ; સગાઈ કરવી તે.

ખત્મ (ખ઼ત્મ) ૧. [અ.] પું. છેડો; અંત; ખતમ; આખર.
૨. પું. શરૂઆતથી તે ઠેઠ સુધી કુરાનનું વાચન કરવું તે.

ખત્મી (ખ઼ત્મી) [અ.] સ્ત્રી. ભેજવાળી જગ્યામાં થતી એક જાતની વનસ્પતિ.

ખત્રણ ૧. સ્ત્રી. ખતરીની સ્ત્રી.
૨. સ્ત્રી. રાજપૂતાણી; ક્ષત્રિય સ્ત્રી.

ખત્રવટ ૧. સ્ત્રી. ક્ષત્રિયની ટેક; વીરતા.
૨. સ્ત્રી. ક્ષત્રીપણું.

ખત્રવાટ જુઓ ખત્રવટ.

ખત્રાણી ૧. સ્ત્રી. ક્ષત્રિય સ્ત્રી; રજપૂતાણી.
૨. સ્ત્રી. ખતરીની સ્ત્રી.
૩. સ્ત્રી. પંજાબી ગાંધીની સ્ત્રી.

ખત્રિય પું. ક્ષત્રિય.

ખત્રિયણ જુઓ ખત્રણ.

ખત્રી ૧. પું. ખતરી; બ્રહ્મક્ષત્રિય.
૨. પું. રંગરેજ.
૩. [સં. ક્ષત્રિય] સ્ત્રી. ક્ષત્રિયોમાંથી બનેલી એક પેટા જ્ઞાતિ. તે પંજાબમાં ખેતીનો ધંધો કરે છે.
૪. સ્ત્રી. છીપા નામની જાતિ; છાપવાનું, રંગવાનું કે વણવાનું કામ કરનારી એક જ્ઞાતિ.
૫. સ્ત્રી. લોહાણા અને ઘાંચીની એ નામની અટક.
૬. न. એ નામની અટકનું માણસ.
૭. न. એ નામની જ્ઞાતિનું માણસ.
૮. वि. એ નામની અટકનું.
૯. वि. એ નામની જ્ઞાતિનું.

ખત્રીપા પું. ખત્રી લોકોનો લત્તો.

ખત્રુ न. રાનીપરજ લોકોમાં મરેલાની યાદગીરીમાં મૂકવામાં આવતો નાનો સરખો લાકડાનો કે પથ્થરનો પાળિયો.

ખત્રૈસ પું. ખત્રીનો દીકરો.

ખત્રો ૧. પું. ઝાડો.
૨. પું. વીર્યસ્ખલન.

ખદ ૧. પું. (ડિંગળ) મુસલમાન.
૨. [સં.] પું. સ્થિરતા.
૩. સ્ત્રી. ઘોડાની ખદક ખદક એમ બબ્બે પગે સાથે ચાલે તે ચાલ; ગીદ; આગલો જમણો પગ અને પાછલો ડાબો પગ અને આગલો ડાબો અને પાછલો જમણો આ પ્રમાણે ખદમાં પગ ઊપડે તેવી ચાલ.
૪. न. નપુંસક.

ખદકવું अ. क्रि. ખદખદ થવું; ખૂબ ઊકળવું.

ખદકો પું. ઊભરો; ઉછાળો; આંધણનો ઊભરો.

ખદખદ ૧. પું. જાડા પ્રવાહીના ઊભરણમાંથી નીકળતો એવો અવાજ.
૨. अ. ઊભરણને લીધે તળેઉપર થવું અને પરપોટા થઈ થઈને ફૂટી જતાં એક તરેહનો અવાજ થાય એમ; ખદખદ એવો અવાજ થાય તેમ.

ખદખદતું ૧. वि. ઊકળતું; ઉફાણે આવતું.
૨. वि. ખદખદ થતું હોય એવું; તાતું; ખદખદ એવો અવાજ કરતું.

ખદખદવું ૧. अ. क्रि. ઊભરણ ચડી પરપોટા થઈ ફૂટતાં બોલે એમ ઊકળવું; ખદખદ થવું.
૨. अ. क्रि. ખદખદ અવાજ સાથે ઊકળવું; તળેઉપર થવું.

ખદખદાવવું स. क्रि. તાપના ઊભરણથી તળે ઉપર થઈ ઊકળે તેમ કરવું; ઊકળીને ખદખદ અવાજ થાય તેમ કરવું; ખૂબ ગરમ કરવું.

ખદખંશા પું. બીક.

ખદડ (ખદડ઼) ૧. वि. ખદડું.
૨. वि. ઘટ્ટ; ધાડું.
૩. वि. હીજડું; નપુંસક; નમાલું.

ખદડવું (ખદડ઼વું) ૧. स. क्रि. ખૂબ દોડાવવું; તગડવું; દોડતું જાય તેમ કરવું; નસાડવું.
૨. स. क्रि. ખૂબ મહેનત આપવી.
૩. स. क्रि. થકવવું; ફેરા આંટા ખવરાવવા; અથડાવવું.

ખદડામણ (ખદડ઼ામણ) ૧. સ્ત્રી. આમતેમ વારંવાર દોડાદોડી થવી તે; તગડામણ; અથડામણ; તગડ; ખદડવું તે.
૨. સ્ત્રી. થાક.
૩. સ્ત્રી. નકામું દોડવું તે.

ખદડુકખદડુક (ખદડુ઼કખદડુ઼ક) ૧. न. ખદુકખદુક; ઘોડા અથવા ગધેડાના ધીમા ચાલવાથી થતો અવાજ.
૨. अ. ઘોડા ગધેડાની ધીરી ઉતાવળી ચાલની જેમ.
૩. अ. ઢચૂકઢચૂક.

ખદડું (ખદડ઼ું) ૧. वि. ખરબચડું.
૨. वि. જાડું; ઘટ્ટ પોતનું.
૩. वि. હીજડું; નમાલું; નપુંસક.

ખદડો (ખદડ઼ો) ૧. પું. નપુંસક; નામરદ; નહિ પુરુષ કે નહિ સ્ત્રી એવો હીજડો; રાંડવો.
૨. वि. પું. ખરબચડો.
૩. वि. પું. જાડો; ઘટ્ટ.

ખદબદ ૧. अ. ઉકાળતી વખતે પાણીનો ઊભરો આવે તેમ.
૨. अ. કોહવાણમાં કીડાઓ ઉભરાય તેમ.
૩. अ. ખદખદતું અને બદબદતું હોય એમ.
૪. अ. તળેઉપર થતું અને સડતું હોય તેમ.

ખદબદવું ૧. अ. क्रि. ઉભરાઈ આવવું.
૨. अ. क्रि. કીડાઓનું ઉભરાવું; કીડાથી ભરાઈ જવું.
૩. अ. क्रि. પાકના ઉભરણથી તળેઉપર થવું; ખદખદ થવું.
૪. अ. क्रि. સડવાથી તળેઉપર થવું.

ખદબદા પું. ब. व. પરપોટા.

ખદબદાટ પું. ખદખદ એવો અવાજ.

ખદબદિયાં ૧. न. ब. व. માછલાં.
૨. न. ब. व. સુખી સ્થિતિ; મોજમજા.
૩. वि. ઘણું ખીચોખીચ.

ખદબદિયું ૧. न. ઘરેણું.
૨. वि. ખદબદ થતું.

ખદમ (ખ઼દમ) ૧. [ફા.] પું. ब. व. નોકરો.

૨. અ. ક્રિ. (ધાતુ) તેણે સેવા કરી. આ ધાતુ ઉપરથી નીકળેલા શબ્દો: ખિદમત, ખાદિમ, ખુદ્દામ, મખદૂમ.

ખદર [હિં.] સ્ત્રી. ખાદી.

ખદરખદર પું. ઊકળતા વાસણમાં થતો પરપોટાનો અવાજ.

ખદરબદર જુઓ ખદરખદર.

ખદર્શન [સં.] ન. ખગોળદર્શન; ખાવલોકન.

ખદવું ૧. અ. ક્રિ. આગળ વધવું; ચાલવું.

૨. અ. ક્રિ. તગડાવું; આમતેમ નકામા દોડાદોડી કરવી.

૩. અ. ક્રિ. પાછળ દોડવું.

ખદશા (ખ઼દશા) ૧. [અ.] પું. અફસોસ.

૨. પું. બીક; ભય.

ખદંગ (ખ઼દંગ) [ફા.] પું. તીર.

ખદાડો (ખદાડ઼ો) ૧. પું. મીઠાઈ.

૨. પું. મોટો તાવડો.

ખદાના [હિં.] પું. કાદવનો ખાડો.

ખદિર ૧. [સં.] પું. ઇંદ્ર.

૨. પું. એ નામે એક ઋષિ.

૩. પું. એક હિંદી ઔષધિ.

૪. પું. કપૂર.

૫. પું. કાથો.

૬. પું. ખેરનું ઝાડ; એક જાતનું મજબૂત લાકડાનું ઝાડ. ખેરનાં મૂળિયાંને પાણીમાં ઉકાળીને તેના સત્ત્વને ઠરવા દઈ, ગાંગડા બનાવી દવામાં વાપરવામાં આવે છે. આ ભૂકી કે તેનો આસવ અતિસાર અને રક્તસ્રાવમાં સંકોચક તરીકે અપાય છે.

૭. પું. ચંદ્ર.

ખદિરક [સં.] વિ. ખેરમાંથી બનેલ.

ખદિરકા [હિં.] સ્ત્રી. રિસામણી.

ખદિરપત્રિકા ૧. [સં.] સ્ત્રી. એક જાતનો ખેર.

૨. સ્ત્રી. રિસામણીનો વેલો; લજામણીની વેલ.

ખદિરપત્રી જુઓ ખદિરપત્રિકા.

ખદિરસાર પું. ખેરસાર; કાથો.

ખદિરા [સં.] સ્ત્રી. રિસામણીનો વેલો.

ખદિરાદિક્વાથ પું. (વૈદ્યક) ગુલ્મ, યકૃતોદર, પ્લીહોદર વગેરે દરદો ઉપર અપાતી એ નામની ઔષધિ. ખેર, હરડાં, બહેડાં અને આમળાં એ ચારે ચીજ અર્ધો તોલો લઈ એને ૩૨ તોલા પાણીમાં નાખી ઉકાળવું. જ્યારે આઠ તોલા પાણી બાકી રહે ત્યારે ઉતારી લેવું. તેની સાથે વાવડિંગ અને ભેંસનું દૂધ નાખી પાવું. માત્રા ૨ થી ૫ વાલ.

ખદિરાદિગોળી સ્ત્રી. (વૈદ્યક) ખાંસી, મોઢાની ગરમી તથા ગળાનાં દરદમાં વપરાતી એક ગોળી.

ખદિરારિષ્ટ પું. (વૈદ્યક) ભગંદર વગેરે દરદો ઉપર અપાતી એ નામની દવા. તેની બનાવટ આ પ્રમાણે છે: ખેરની છાલ ૨૦૦ તોલા, દેવદાર ૨૦૦ તોલા, બાબચી ૪૮ તોલા, દારુહળદર ૮૦ તોલા અને હરડાં, બહેડાં અને આમળાં એ ત્રણે મળીને ૮૦ તોલા એ બધાં ઔષધોને ભેગાં કરી, અધકચરાં ખાંડી તેમાં ૮૧૯૨ તોલા પાણી નાખી ઉકાળતાં ૧૦૨૪ તોલા પાણી બાકી રહે ત્યારે તેને ગાળી લેવું. પછી જ્યારે તે ઠંડું થાય ત્યારે તેની અંદર મધ ૮૦૦ તોલા, સાકર ૪૦૦ તોલા, ધાવડીનાં ફૂલ ૮૦ તોલા અને ચણકબાબ, નાગકેસર, જાયફળ, લવિંગ, એલચી, તજ, તમાલપત્ર એ સાતે ઔષધ ચાર ચાર તોલા અને પીપર ૧૬ તોલા એ પ્રમાણે ઔષધોનું ચૂર્ણ કરી નાખવું. પછી તેનું મોં બંધ કરી એક માસ સુધી રાખી મૂકવું. તેની માત્રા ૨ થી ૫ વાલ છે.

ખદિરાષ્ટક પું. (વૈદ્યક) જીર્ણ ત્વક્દોષ ઉપર અપાતી એ નામની દવા. તેની બનાવટ નીચે પ્રમાણે છે: ખેર, હરડાં, બહેડાં, આમળાં, લીમડાની છાલ, પટોળ, ગળો અને અરડૂસી એ આઠે ચીજનો ક્વાથ કરવો. તેની માત્રા ૨થી ૫ તોલા છે.

ખદિરાંગાર [સં.] પું. ખેરના લાકડાનો અંગારો.

ખદિરિકા ૧. [સં.] સ્ત્રી. લજામણીનો છોડ; રિસામણીનો છોડ.

૨. સ્ત્રી. લાખ.

ખદિરી [સં.] સ્ત્રી. લાજવંતી; રિસામણીનો છોડ; વરાહક્રાંતા.

ખદિરીકા જુઓ ખદિરિકા.

ખદિરોપમ [સં.] પું. બાવળનું ઝાડ.

ખદી [હિં.] સ્ત્રી. તળાવમાં ઊગતું એક જાતનું ઘાસ.

ખદીખુંદી અ. ઉફાંદ કરીને.

ખદીજા સ્ત્રી. જનાબ મહંમદ પેગંબર સાહેબની પહેલી સ્ત્રી. સૈયદો એમની દીકરી બીબી ફાતિમાના વંશના છે.

ખદીરી જુઓ ખદિરી.

ખદીરીકા જુઓ ખદિરિકા.

ખદીવ (ખ઼દીવ) ૧. [ફા.] પું. મિસરના પાદશાહનો ઇલકાબ.

૨. પું. રાજા; મહાન પાદશાહ.

ખદુકખદુક અ. ખદુકખદુક થાય એમ; ઢચૂકઢચૂક; ટૂંકે પગલે ઘોડું ગધેડું ચાલે તેમ.

ખદુકાવવું સ. ક્રિ. ઘોડાને ખદુકખદુક એમ દોડાવવું.

ખદુશખદુશ જુઓ ખદુકખદુક.

ખદૂરવાસિની [સં.] સ્ત્રી. (બૌદ્ધ) એ નામની એક શક્તિ.

ખદેડ (ખદેડ઼) [હિં.] પું. પાછળ પડવું તે; શિકાર.

ખદેડવું (ખદેડ઼વું) ૧. સ. ક્રિ. કાઢી મૂકવું; નસાડવું; દૂર કરવું; ખસેડવું.

૨. સ. ક્રિ. ખૂબ દોડાવવું; વારંવાર દોડાવવું; તગડવું; ખદડવું.

૩. સ. ક્રિ. ખૂબ મહેનત કરાવવી.

૪. સ. ક્રિ. થકવવું.

૫. સ. ક્રિ. ફેરા ખવરાવવા; અથડાવવું.

૬. સ. ક્રિ. શિકાર કરવો.

ખદેર જુઓ ખદેડ.

ખદેવ જુઓ ખદીવ.

ખદેશ ૧. સ્ત્રી. ભંગીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ખદ્દ (ખ઼દ્દ) [અ.] પું. ગાલ.

ખદ્દડ (ખદ્દડ઼) વિ. ઘટ પોતનું; ખદડું; જાડું; ખરબચડું.

ખદ્દડુ (ખદ્દડ઼ુ) જુઓ ખદ્દડ.

ખદ્દા ન. જમીનમાં ખોદેલું કાણું.

ખધા ૧. [સં. ક્ષુધા] સ્ત્રી. ખાવાની તીવ્ર લાગણી; ભૂખનું જોર.

૨. સ્ત્રી. ભૂખ; ક્ષુધા.

ખદ્યોત ૧. [સં. ખ (આકાશ) + દ્યુત (પ્રકાશવું)] પું. અંધારામાં જેના શરીરમાંથી પ્રકાશ ઝળકતો લાગે એવો ચોમાસાનો એક ઊડતો જીવડો; આગિયો; પતંગિયો.

૨. પું. આકડાનો છોડ.

૩. પું. આકાશમાં તેજ કરે તે.

૪. પું. આગિયાનો પ્રકાશ.

૫. પું. કીડો.

૬. પું. ચંદ્ર.

૭. પું. તારો.

૮. પું. બહુ ઝેરી ફળવાળું એક જાતનું ઝાડ.

૯. પું. સૂર્ય.

ખદ્યોતક જુઓ ખદ્યોત.

ખદ્યોતન ૧. [સં.] પું. આકડાનો છોડ.

૨. પું. સૂર્ય.

ખદ્યોતવદની વિ. સ્ત્રી. આગિયા જેવા મુખવાળી.

ખધરણ [સં.] પું. વિષ્ણુંનું એક નામ. તે આકાશને ધારણ કરનાર મનાય છે.

ખધરાવું અ. ક્રિ. સપાટી ઉપરથી ખવાવું; ખરબચડું થવું.

ખધા સ્ત્રી. (ગ્રામ્ય) ક્ષુધા; ભૂખ.

ખધૂપ [સં.] પું. એક જાતનું શસ્ત્ર; અગ્નિની શિખા સાથે આકાશમાં જનાર પદાર્થ; લાકડાનું કરેલું બાણ; હવાઈ.

ખધ્યા ૧. સ્ત્રી. ખાવાની તીવ્ર લાગણી; ખાધાગળો.

૨. સ્ત્રી. ભૂખ; ક્ષુધા.

ખધ્યાશી વિ. બહુ ખાનાર.

ખધ્રુવ [સં.] પું. આકાશનો ધ્રુવ.

ખન્ ૧. [સં.] સ. ક્રિ. (ધાતુ) ખોદવું. તે ઉપરથી નીકળેલ શબ્દઃ ખણુ; ખણવું; ખનિજ.

૨. સ. ક્રિ. દુઃખ દેવું; ઈજા કરવી.

ખન ૧. [સં. ખંડ] પું. (હિંદી) ઘરની મેડી; ખંડ.

૨. પું. સમય; વખત.

૩. સ્ત્રી. (વહાણવટું) કૂંડી.

૪. [હિં.] સ્ત્રી. ક્ષણ; પળ.

૫. સ્ત્રી. ક્ષય; ખેન.

૬. સ્ત્રી. ખણખણાટ; રણકો.

૭. ન. કંટાળો; મુસીબત.

૮. [સં. ખિદ્] ન. નડતર; આડ; પીડા; મુશ્કેલી; કંટાળો આપે તેવી સ્થિતિ; માથું ફોડાવે એવું હોવાપણું.

ખનક ૧. [સં. ખન્ (ખોદવું)] પું. ઉંદર.

૨. પું. એક નીચ જાતિ. માગધ પુરુષ ક્ષત્રિય સ્ત્રીથી ખનકને ઉત્પન્ન કરે છે.

૩. પું. ખાણ ખોદનાર માણસ; ખાણિયો; ખાણવાળો; ખાણમાં કામ કરનાર માણસ.

૪. પું. ચોર; ઘર ખોદનાર માણસ; ઘર ફાડીને ચોરી કરનાર માણસ.

૫. પું. ભૂતત્ત્વશાસ્ત્ર જાણનાર પુરુષ.

૬. પું. (પુરાણ) વિદુરનો મિત્ર. તેણે લાક્ષાગૃહમાંથી પાંડવોને નીકળી જવા માટે ગુપ્ત સુરંગ તૈયાર કરી હતી.

૭. [હિં.] સ્ત્રી. સખત પવન.

૮. સ્ત્રી. સોના વગેરેની ખાણ.

૯. ન. તૂટી જવું તે.

૧૦. વિ. ખોદનાર.

૧૧. વિ. તોડનાર.

૧૨. વિ. ફાડનાર.

૧૩. વિ. ભોંયરૂં બનાવનાર.

૧૪. વિ. વિભાગ કરનાર.

ખનકયુદ્ધ ન. ખાઈમાં રહીને થતું યુદ્ધ.

ખનકલૂતા પું. ઉંદરના રંગ જેવો પથ્થરને તળિયે સંતાઈ રહેતો કરોળિયો. તેનું શરીર લંબગોળ હોય છે. સાધારણ રીતે તેને બે નહોરવાળા લાંબા પગ હોય છે.

ખનકવું અ. ક્રિ. ખણખણવું; ખડખડવું.

ખનકું ન. કોતર; ખાડી; ખાઈ.

ખનખન ૧. સ્ત્રી. ખણસ; હાજત; ઝાડો; પેશાબ કરવાની ઇચ્છા; શંકા.

૨. સ્ત્રી. ખંત; લાગણી.

૩. સ્ત્રી. ખોજ; ખોળ; તપાસ.

૪. [હિં.] સ્ત્રી. રણકો; ખણખણાટ.

૫. સ્ત્રી. વ્યસન.

૬. અ. અસ્તવ્યસ્ત.

ખનખનવું અ. ક્રિ. ઉપરતળે થઈ રહેવું; અધીરા થવું.

ખનખનાવલ સ્ત્રી. ખણખણાટ.

ખનખનાહટ [હિં.] સ્ત્રી. ખડખડાટ.

ખનખાવ [હિં.] પું. ઘોડાની એક જાતની એબ.

ખનડું (ખનડું) સ્ત્રી. નાની ખાડી.

ખનન ૧. પું. ખાડો.

૨. ન. ખોદવું તે; ખણવાની ક્રિયા.

ખનનન પું. ખરા રૂપિયાનો થતો એવો અવાજ.

ખનનવિદ્યા સ્ત્રી. ખાણ સંબંધી વિદ્યા.

ખનપાન પું. (પુરાણ) સોમવંશના અનુકુલોત્પન્ન બલિરાજાનો પૌત્ર; અંતરાજાનો પુત્ર. એનું બીજું નામ દધિવાહન હતું. એને દિવિરથ નામે પુત્ર હતો.

ખનયિત્રી [સં.] સ્ત્રી. એ નામનું એક અસ્ત્ર.

ખનવું સ. ક્રિ. ખોદવું; ખણવું.

ખનશેષ પું. પથ્થરરૂપ બની ગયેલો પદાર્થ; પાષાણીભૂત દ્રવ્ય.

ખનિ ૧. સ્ત્રી. આધાર; ટેકો.

૨. [સં. ખન્] સ્ત્રી. ખાણ; જમીનની અંદર ખોદવાથી પડેલો ખાડો.

ખનિજ ૧. ન. ખાણમાંથી નીકળેલી ધાતુ.

૨. ન. ખોરાકમાંથી મળતું એક પ્રકારનું તત્ત્વ.

૩. વિ. અચેતન; જડ.

૪. વિ. જમીન ખોદીને તેમાંથી કાઢવામાં આવતું હોય એવું; ખાણમાંથી નીકળેલું; ખાણમાંથી ઉત્પન્ન થયેલું.

૫. વિ. ધાતુમય; ધાતુ સંબંધી.

ખનિજઅંગાર પું. કાવાટ; હલકી જાતનો એક કોલસો.

ખનિજક્ષાર પું. ખાણમાંથી નીકળતું મીઠું.

ખનિજજલ ન. ખાણમાંથી નીકળતું પાણી.

ખનિજજ્ઞ પું. ધાતુવિદ્યા જાણનાર પુરુષ; ધાતુવેત્તા; ધાતુજ્ઞ.

ખનિજતૈલ ન. ખાણમાંથી નીકળતું તેલ; ઘાસલેટ.

ખનિજરત્ન ન. ખાણમાંથી નીકળેલ રત્ન.

ખનિજવિદ્યા સ્ત્રી. ધાતુવિદ્યા; જમીનમાંથી નીકળતા પદાર્થો સંબંધી વિદ્યા.

ખનિજવેત્તા જુઓ ખનિજજ્ઞ.

ખનિજશાસ્ત્ર જુઓ ખનિજવિદ્યા.

ખનિજશાસ્ત્રી જુઓ ખનિજજ્ઞ.

ખનિજશિલ્પ ન. ખાણને લગતું શિલ્પશાસ્ત્ર.

ખનિજસાર જુઓ ખનિજવિદ્યા.

ખનિજસૃષ્ટિ સ્ત્રી. ધાતુજાતિ; ધાતુકોટિ.

ખનિજામ્લ પું. ખનિજનો તેજાબ.

ખનિજીકરણ ન. ખનિજ બનાવવું તે; ખનિજ કરવું તે.

ખનિતૃ [સં.] વિ. ખોદનાર.

ખનિતૈલ જુઓ ખનિજતૈલ.

ખનિત્ર ૧. [સં.] ન. કોદાળી.

૨. ન. માટી ખાંપી કાઢવાનું ઓજાર; પાવડો.

૩. ન. માટી ખોદી કાઢવાનું એક ઓજાર; તીકમ.

ખનિત્રક જુઓ ખનિત્ર.

ખનિત્રિકા જુઓ ખનિત્ર.

ખનિત્રિમ ૧. વિ. ખોદીને કાઢેલું.

૨. જુઓ ખનિત્ર.

ખનિનેત્ર પું. (પુરાણ) સૂર્યવંશી દિષ્ટકુળના રંભ રાજાનો દીકરો. એના પુત્રનું નામ કરંધમ અથવા સુવર્ચા હતું. આ રાજા દુષ્ટ હોવાથી પ્રજાએ એને ગાદીએથી ઉઠાડી મૂકી એની જગ્યાએ સુવર્ચાને સ્થાપ્યો હતો.

ખનિરથ પું. (જરથોસ્તી) સાત ખંડ માંહેનો સૌથી મોટો અને શ્રેષ્ઠ ખંડ.

ખનિશાસ્ત્ર ન. ખાણ સંબંધી જ્ઞાન આપનારૂં શાસ્ત્ર. તેમાં રત્નપરીક્ષા, લોહાર્ણવ, ધાતુકલ્પ, લોહપ્રદીપ, મહાવજ, ભૈરવતંત્ર, પાષાણ વિચાર વગેરેનો સમાવેશ થાય છે.

ખની પું. કમોદ રાખવાનો ખાડો. જુઓ ખનિ.

ખનીજ જુઓ ખનિજ.

ખનો પું. ક્ષણ; પળ.

ખન્ના ૧. પું. અહંકાર; ગર્વ.

ખન્ને ચાલવું-બહકવું = (૧) અભિમાની થવું. (૨) કજિયાળું હોવું.

૨. પું. પરવાનો.

ખન્નાપત્ર ૧. ન. જેના પૈસા રોકડા ન મળતાં બેંકના ખાતામાં જમા કરાય એવી તરત મુદ્દતની હૂંડી.

૨. ન. પરદેશ મોકલવાના માલના પારસલની સાથે ભરવી પડતી છાપેલી નોંધ.

ખન્નાસ ૧. [અ.] પું. દુષ્ટ માણસ.

૨. પું. રાક્ષસ.

ખન્નાસી ૧. [અ.] વિ. દુષ્ટ; અધમ.

૨. વિ. રાક્ષસી; આસુરી.

ખન્નાહૂંડી જુઓ ખન્નાપત્ર ૧.

ખન્નું ન. અથાણું.

ખન્ય [સં.] વિ. ખોદવા જેવું.

ખન્યધ્યક્ષ [સં.] પું. ખાણોનો ઉપરી.

ખન્યા [ફા.] સ્ત્રી. ગાનારી સ્ત્રી; ગાયિકા.

ખન્યાગર જુઓ ખન્યા.

ખન્હક [અ.] સ્ત્રી. ખાડી.

ખપ ૧. પું. ઉઠાવ; ઉપાડ; ખપત.

ખપ જાગવો-થવો-પડવો = (૧) એકાએક માગણી થવી. (૨) કોઈ વસ્તુની જરૂર પડવી.

૨. પું. ઉપયોગ; અગત્ય; જરૂર; કામ.

૧. ખપ આવવું = (૧) ઉપયોગમાં આવવું. (૨) મરી જવું; વિગ્રહમાં હણાવું.

૨. ખપજોગું = ઉપયોગ પૂરતું; જરૂરજોગું; જરૂરિયાત પૂરતું.

૩. ખપતી ચીજ = ઉપયોગી વસ્તુ; ઉપયોગમાં લઈ શકાય તેવી ચીજ.

૪. ખપ લાગવું = કામ આવવું.

૫. ખપ તેની છોછ નહિ = ગરજે ગધેડાને બાપ કહેવો પડે.

૬. ખપી જવું = (૧) ખપ લાગવું. (૨) મોત થવું. (૩) વેચાઈ જવું.

૩. પું. ખંત; ઉત્સાહ.

૪. પું. તંગી; ખોટ; ઓછપ.

૫. પું. માગ; માગણી.

૬. પું. વપરાશ; વાવર.

૭. પું. વ્યય; ખર્ચ.

ખપકડી (ખપકડ઼ી) સ્ત્રી. ભાંગેલી સોપારીની એક જાત.

ખપચાલ ૧. પું. બહુ પાતળો માણસ.

૨. સ્ત્રી. વાંસની ચીપ.

ખપચી સ્ત્રી. સખત રીતે આલિંગન કે બાથ લેવી તે.

ખપજોગું વિ. કામ સરે એટલું; ઉપયોગ પૂરતું; જોઈતા પ્રમાણમાં.

ખપટ ૧. સ્ત્રી. વેચાણ.

૨. વિ. ખરચેલું; વાપરેલું.

ખપટા ૧. પું. પાટિયું.

૨. પું. ભાંગેલું નળિયું.

૩. સ્ત્રી. કેરીની ચીર.

૪. સ્ત્રી. ચીપ; કાતરી.

૫. સ્ત્રી. છાલ.

૬. સ્ત્રી. સખત વરસાદ પછી ઘઉં બાજરામાં પડતી જીવાત.

ખપડા (ખપડ઼ા) જુઓ ખપટા.

ખપડી (ખપડ઼ી) સ્ત્રી. લાકડાનું કોદાળીના ઘાટનું એક ઓજાર.

ખપડૈલ (ખપડ઼ૈલ) ન. વિલાયતી નળિયાંવાળું મકાન.

ખપડો (ખપડ઼ો) ૧. પું. ધાટું પ્રવાહી.

૨. પું. નામર્દ; હીજડો; બાયલો.

૩. પું. લોખંડનું કોદાળી જેવું એક હથિયાર.

ખપત ૧. સ્ત્રી. ઉપયોગ; જરૂર; અગત્ય.

૨. સ્ત્રી. જગ્યા; સમાવેશ.

૩. સ્ત્રી. તંગી; ખોટ.

૪. સ્ત્રી. વેચાણ; ઉપાડ; વપરાશ.

ખપતી ૧. પું. ગાંડો માણસ.

૨. સ્ત્રી. અરજી.

૩. સ્ત્રી. વેચાણ; ઉપાડ; ખપત.

ખપતું ૧. વિ. ઉપયોગમાં લઈ શકાય એવું; કામનું.

૨. વિ. એક ન્યાતનું; ભાણે બેસાય એવું.

૩. વિ. જરૂર જેટલું; જોઈતું; ઉપયોગ પૂરતું.

૪. વિ. જેનું વેચાણ થયા કરતું હોય તેવું; ચાલુ ખપતનું; બજારમાં માગણી થતી હોય એવું.

૫. વિ. વ્યવહારમાં આવતું; વહેવારુ; વ્યવહારમાં ચાલે તેવું.

ખપના [હિં.] પું. મુસાફરોની ટોળી.

ખપની ૧. [હિં.] સ્ત્રી. કફની; ફકીર કે સાધુને પહેરવાનો ભગવો ઝભ્ભો.

૨. વિ. સ્ત્રી. કામની; ઉપયોગી.

ખપનું વિ. જરૂરનું; કામનું; ઉપયોગનું.

ખપર ૧. ન. કમંડળ.

૨. ન. ભિક્ષા માગવા માટે બનાવેલ નાળિયેરના અર્ધા કાચલાનું પાત્ર.

ખપરખ્વાહ પું. આશ્રયદાતા.

ખપરડી (ખપરડ઼ી) ૧. સ્ત્રી. ઊગતા કૂણા છોડ ખાઈ જનારૂં એક જીવડું.

૨. સ્ત્રી. નાનો ખપરડો; વાંસની ચીપની સાદડી.

૩. સ્ત્રી. પોપડી.

ખપરડો (ખપરડ઼ો) ૧. પું. ઊગતો પાક ખાઈ જનાર એક જાતનો જીવડો.

૨. પું. ઘાસનો પડદો; ટટ્ટી.

૩. પું. વાંસની ચીપોની સાદડી.

ખપરા ૧. પું. ચીપ; કાતરી.

૨. પું. છાલ; ચામડી.

૩. પું. નળિયું.

૪. પું. પહોળા પાનાવાળું તીર.

ખપરાગ [સં.] પું. અંધારૂં; અંધકાર.

ખપરિયા ૧. સ્ત્રી. એક જાતનો કીડો.

૨. [હિં.] સ્ત્રી. ભૂરા રંગનો એક ખનિજ પદાર્થ.

૩. ન. કઠણ જમીન ખેડવાનું વજનદાર હળ.

૪. ન. ખાપરિયું.

ખપરી ૧. [સં.] સ્ત્રી. કપાળ.

૨. સ્ત્રી. ખોપરી.

૩. સ્ત્રી. નાનું નળિયું.

ખપરેલ ૧. [સં. ખર્પર] વિ. નળિયાં ચડાવેલું; નળિયાંથી છાયેલું.

૨. વિ. સાદડીથી છાયેલું.

ખપરેલું જુઓ ખપરેલ.

ખપરૈત સ્ત્રી. નળિયાંથી છાયેલું ઘર.

ખપરૌયા ૧. [હિં.] સ્ત્રી. ખોપરી.

૨. સ્ત્રી. તુંબડું.

૩. સ્ત્રી. બળિદાન અપાયેલ માણસનું લોહી ધરવાનું વાસણ.

ખપલા સ્ત્રી. ઘઉંની એક જાત.

ખપલો પું. પોપડો.

ખપવું ૧. સ. ક્રિ. અંકાવું; કીમત થવી.

૨. સ. ક્રિ. ઇચ્છા હોવી; મરજી રાખવી.

૩. સ. ક્રિ. કળપવું; કાપવું.

૪. [સં. ક્ષપ્] સ. ક્રિ. ખરચાઈ જવું; વપરાવું; કામ આવવું.

૫. સ. ક્રિ. ગણાવું; લેખાવું.

૬. અ. ક્રિ. ઘટતું હોવું; વહેવારમાં ઉપયોગમાં આવવું.

૭. અ. ક્રિ. ચપોચપ હોવું.

૮. અ. ક્રિ. ભળી જવું.

૯. અ. ક્રિ. મગ્ન રહેવું.

૧૦. અ. ક્રિ. મરવું; મરી જવું.

૧૧. અ. ક્રિ. માગણી થવી; ઉઠાવ થવો.

૧૨. અ. ક્રિ. વેચાવું; વકરો થવો; ખપતી થવી.

ખપવો પું. એક જાતનું હથિયાર; બે ધારવાળી તરવાર.

ખપસગો પું. ગરજ વખતે સગો થઈ આવનાર માણસ; સ્વાર્થનું સગું.

ખપાઉ ૧. [હિં.] સ્ત્રી. ઉપયોગ; રીત.

૨. સ્ત્રી. જગ્યા.

ખપાખપ અ. જેમ જેમ ખપે તેમ.

ખપાચ ૧. [હિં.] પું. બહુ પાતળો માણસ.

૨. સ્ત્રી. વાંસમાંથી ચીરી લીધેલો કટકો; વાંસની ચીપ.

ખપાજ પું. ઝાંઝ જેવું એક વાદિત્ર; પખાજ.

ખપાટ ૧. સ્ત્રી. એક જાતનું જીવડું.

૨. સ્ત્રી. એક જાતનું ઝાડ. આ ઝાડ બહુ મોટાં થાય છે. તેનાં પાંદડાંને બે ખાંચ હોય છે. તેનાં ફળ ઝીણાં અને ગોળાકાર હોય છે. તે દવામાં વપરાય છે. ફળો પાકયા પછી ઝીણાં રુદ્રાક્ષ જેવાં જણાય છે. તે સ્વાદે તૂરાં, મધુર અને મુખરોગનાશક છે. તેને ધોળાં ફૂલો આવે છે. તેનાં બિયાંને બળદાણા કે બળબીજ કહે છે. ખપાટ, સહદેવી, કાંગસી અને ગંગેટી એ ચારેના સમુદાયને 'બલાચતુષ્ટય' કહે છે.

૩. સ્ત્રી. એક જાતનો છોડ. આ છોડ બારે માસ રહે છે. તેની ડાંડી અને શાખા ઉપર જાંબુડા રંગની છાયા હોય છે. તેનાં ફૂલો બપોર પછી ઊઘડે છે. ફળ ડાબલીના નીચા પડ જેવાં કે દાંતીઆ જેવાં હોય છે.

૪. સ્ત્રી. વાંસની ચીપ; કામઠું; લાકડાનો પાતળો લાંબો પણ સાંકડો કકડો.

ખપાટિયું ૧. સ્ત્રી. ગુંદાની એક જાત.

૨. ન. કામઠું.

૩. ન. ખપાટનો બનાવેલો ઢોરનો આશરો.

૪. ન. વાંસની ચીપ; ખપાટ.

૫. ન. વાંસનું કે લાકડાનું ફાડિયું.

ખપાટિયોગુલાબ પું. એક જાતનો છોડ. તેનાં પાન મોટાં, પહોળાં અને ખાખરાનાં પાન જેવાં હોય છે. તેને ગુલાબી રંગનો મોટો ફૂલનો ગોટો થાય છે.

ખપાટિયોભીંડો ૧. પું. એક જાતનો છોડ. તેની શિંગ ખરસટ હોવાથી તેને ખપાટિયો કહે છે.

૨. પું. બહુ જ લાંબી શિંગવાળો ભીંડો.

ખપાટીગુલાબ જુઓ ખપાટિયોગુલાબ.

ખપાડવું (ખપાડ઼વું) ૧. સ. ક્રિ. ઉઠાવ, ઉપાડ અથવા ખપત ઉત્પન્ન કરવાં; વપરાય તેમ કરવું; વાપરી ખુટાડવું.

૨. સ. ક્રિ. ખપે તેમ કરવું; ખપાવવું.

૩. સ. ક્રિ. વાપરવું; વાપરી દેવું.

ખપામણ સ્ત્રી. વેચી આપવાનું મહેનતાણું.

ખપામણી જુઓ ખપામણ.

ખપાવવું જુઓ ખપાડવું.

ખપાવું અ. ક્રિ. ગણાવું; મનાવું.

ખપાંચ ૧. પું. બહુ પાતળો માણસ.

૨. સ્ત્રી. વાંસની ચીપ.

ખપાંચી જુઓ ખપાંચ.

ખપિ અ. ઉપયોગમાં; ખપમાં.

ખપી ન. ખાપિયું.

ખપુ ન. ભેંસોનું ટોળું; ખાડું.

ખપુઓ ૧. પું. કટારી.

૨. પું. નાનો ચપ્પુ.

ખપુર ૧. [સં.] પું. આમવાયુ.

૨. ન. આકાશમાં ઉદય પામેલ અશુભસૂચક ગંધર્વ નગર; આકાશગામી દૈત્ય નગર.

૩. પું. એક જાતની મોથ.

૪. પું. એક જાતનો ગુંદર; ઇસેસ.

૫. પું. એક વનસ્પતિ; વાળો.

૬. પું. એક સુગંધી ઘાસ.

૭. પું. વાઘનખનું ઝાડ.

૮. પું. લસણ.

૯. પું. સોપારીનું ઝાડ.

૧૦. ન. માટીનું વાસણ.

૧૧. ન. હરિશ્ચંદ્રનું નગર.

૧૨. વિ. આળસુ.

ખપુવું સ. ક્રિ. મારવું.

ખપુષ્પ [સં. ખ (આકાશ) + પુષ્પ (ફૂલ)] ન. આકાશનું ફૂલ; અસંભવિત વાત; ખાલી કલ્પના.

ખપુષ્પવત્ અ. આકાશનાં ફૂલની જેમ; અસંભવિતપણે.

ખપૂકલી ૧. સ્ત્રી. ઝૂંપડી.

૨. વિ. સ્ત્રી. નબળી પડી ગયેલ; સુકલલકડી.

૩. વિ. સ્ત્રી. નાજુક.

ખપૂકલું ૧. ન. ઝૂંપડું.

૨. વિ. નાજુક.

ખપૂકલો વિ. પું. નાજુક.

ખપૂર જુઓ ખપુર.

ખપૂવ ન. એક જાતનું પહોળા પાનાવાળું હથિયાર.

ખપૂવવું સ. ક્રિ. મારવું.

ખપૂવો પું. એક જાતનું હથિયાર; બે ધારવાળી તરવાર.

ખપૂસવું ૧. અ. ક્રિ. એકધ્યાન થવું.

૨. અ. ક્રિ. ખાઈ પીને મંડવું; પાછળ પડવું; ખંતથી મંડ્યા રહેવું; મચ્યા રહેવું.

૩. સ. ક્રિ. ખાંડવું; ઝીકવું; ઝાપટવું.

૪. સ. ક્રિ. ખોખરૂં કરવું; મારવું; ઝૂડવું; ઠોકવું.

ખપેટી સ્ત્રી. મોલમાં થતી એક જાતની જીવાત.

ખપેડાબંધ (ખપેડ઼ાબંધ) વિ. ખપેડાવાળું.

ખપેડી (ખપેડ઼ી) ૧. સ્ત્રી. ઊગતા કૂણા છોડ ખાઈ જનારૂં એક જીવડું; નાનાં ટીડડાં.

૨. સ્ત્રી. ગૂંગું; છોડ; નાકની અંદર મળનો બાઝેલો પોપડો.

૩. સ્ત્રી. છોડું; પોપડો.

ખપેડું (ખપેડ઼ું) જુઓ ખપેડો.

ખપેડો (ખપેડ઼ો) ૧. પું. ખપરડો; વાંસની ચીપોની સાદડી; ઘાસનો પડદો; વાંસની ટટ્ટી; સાદડીનો પડદો.

૨. પું. છાપરામાં જડેલી વંઝી; વાંસની ખપાટ.

૩. પું. દરવાજાનાં કમાડ.

ખપૈડી (ખપૈડ઼ી) ૧. સ્ત્રી. અમદાવાદી કિનખાબની એક જાત.

૨. સ્ત્રી. એક જાતનું ટીડને મળતું જીવડું.

ખપોટી ૧. સ્ત્રી. એક જાતની રેતી.

૨. સ્ત્રી. ચીપ; લાકડા કે પથ્થરનો પાતળો કકડો.

૩. સ્ત્રી. છોડું; કાચલી.

૪. સ્ત્રી. પાતળી છાલ.

૫. સ્ત્રી. ભિંગડું; પોપડી.

૬. સ્ત્રી. રોટલા રોટલી વગેરેનું ઉપસી આવેલું પાતળું પડ; કપોટી.

ખપોટું જુઓ ખપોટી.

ખપોડી (ખપોડ઼ી) જુઓ ખપોટી.

ખપોત ન. એક પ્રકારનું વિમાન.

ખપ્કાન [અ.] પું. હૃદયનું દરદ. ખાસ કરીને ગુલ્મવાયુ માટે આ શબ્દ વપરાય છે.

ખપ્ગાની વિ. ગુલ્મવાયુના દરદવાળું.

ખપ્ગી સ્ત્રી. ગુસ્સો; કોપ.

ખપ્તાન જુઓ ખપ્કાન.

ખપ્પર ૧. ન. ઇતરાજી; કરડી નજર.

૨. ન. ખોપરી.

૩. ન. જેમાં આવેલું બધું નાશ પામે એવું પાત્ર; માતાનું ખપ્પર.

૧. ખપ્પરમાં આવવું = ભક્ષ્ય થવું; શિકાર થવો; ભોગ થઈ પડવું.

૨. ખપ્પરમાં લેવું = (૧) કરડી ખાવું; ચૂસી લેવું. (૨) ખાઈ જવું; ભક્ષણ કરવું. (૩) મારી નાખવા કે ખાઈ જવાને માટે પોતાના કબજામાં લેવું.

૩. હાલમાં માતાનું ખપ્પર ચાલે છે = હમણાં માતાજીનો રોષ કામ કરી રહ્યો છે.

૪. ન. ઝેરી નાળિયેરનું બનાવેલું હોડીના આકારનું ભિક્ષાપાત્ર; નાળિયેરના કાચલાનું બનાવેલું વાસણ.

૫. ન. તાંસળીના આકારનું માટીનું વાસણ.

૬. ન. નાશકારક કે સંહારકારક ચીજ.

૭. ન. ભોગ અથવા બલિદાન જેવું આપવામાં આવે તેનું લોહી ધરવા માટેનું વાસણ.

ખપ્પર ભરવાં = (૧) લોહી ધરવું. (૨) શિવના નામે જોગીને દક્ષિણા આપવી.

૮. ન. ભોજનપાત્ર.

ખપ્રકાશ ૧. [સં. ખ (આકાશ) + પ્રકાશ (તેજ)] ન. આકાશનું તેજ.

૨. ન. (જ્યોતિષ) ન. ખરતા તારાનો એક પ્રકાર.

ખફ (ખ઼ફ઼) પું. ક્રોધ; ગુસ્સો.

ખફકાન (ખ઼ફ઼કાન] પું. આંચકી; તાણ.

ખફકાની (ખ઼ફ઼કાની) વિ. તાણ થાય તેવું; તાણવાળું.

ખફગ (ખ઼ફ઼ગ) સ્ત્રી. રોષ; કોપ; ગુસ્સો; ક્રોધ.

ખફગી (ખ઼ફ઼ગી) ૧. સ્ત્રી. અવકૃપા; ઇતરાજી.

૨. સ્ત્રી. કોપ; ગુસ્સો; ક્રોધ; રોષ; કરડી નજર.

ખફગીની નજરથી જોવું = ગુસ્સે થઈને જોવું.

૩. સ્ત્રી. નાખુશી; નાપસંદગી.

ખફની સ્ત્રી. ફકીર કે સાધુને પહેરવાનો ભગવો કે લીલો લાંબો ઝભ્ભો.

ખફા (ખ઼ફ઼ા) ૧. [અ. ખફા (ગુપ્ત)] સ્ત્રી. ગુપ્ત વાત.

૨. સ્ત્રી. ગુસ્સો; ક્રોધ.

૩. સ્ત્રી. નારાજી; નાખુશી; ઇતરાજી.

૪. [ફા.] વિ. ઇતરાજ; ગુસ્સે થયેલું; કોપાયમાન.

૫. વિ. છુપાવેલું; ગુપ્ત રાખેલું. ગુસ્સાને વખતે માણસની માણસાઈ છુપાઈ જાય છે, તેથી ખફાનો અર્થ ગુપ્ત થયો.

૬. વિ. નાખુશ.

ખફાદષ્ટિ (ખ઼ફ઼ાદષ્ટિ) જુઓ ખફાનજર.

ખફાનજર (ખ઼ફ઼ાનજર) સ્ત્રી. કરડી નજર; ગુસ્સાભરી નજર.

ખફામરજી (ખ઼ફ઼ામરજી) ૧. સ્ત્રી. ઇતરાજી; અવકૃપા; અપ્રીતિ.

૨. સ્ત્રી. ગુસ્સો; ક્રોધ.

૩. સ્ત્રી. નાપસંદગી.

ખફાસ [યૂ.] ન. હવામાં ઊડતું એક જંતુ; ચિમગાદર.

ખફી (ખ઼ફ઼ી) ૧. [અ.] પું. સુંદર અક્ષર.

૨. વિ. અલ્પ; થોડું.

૩. વિ. ગુપ્ત; છાનું.

૪. વિ. ઝીણા અક્ષરવાળું.

ખફીફ (ખ઼ફ઼ીફ઼) ૧. [અ.] વિ. અશોભનિક; શોભે નહિ એવું.

૨. વિ. ક્ષુદ્ર; તુચ્છ; હલકું.

૩. વિ. થોડું; અલ્પ; જૂજ.

૪. વિ. નાનું.

૧. ઉઝ્રે ખફીફ = નાના વાંધા.

૨. ખફીફ ફસાદ = નાનો ઝઘડો.

૩. ખફીફ મુકદ્દમા = નજીવો દાવો.

૪. ખફીફસા = ઘણું નાનું.

૫. ખફીફે જરાઈમ = નાના ગુના.

૬. ખફીફે દાયરા = વર્તુળનું મધ્યબિંદુ.

૭. ખફીફે દુઝદી = નાની ચોરી.

૮. જમા ખફીફ = નાનું ભરણું; નાના પ્રમાણમાં એકઠું કરવું તે.

૯. જુર્મને ખફીફ કરવું = ગુનાને ઓછો કરવો.

૫. વિ. નિર્જીવ; નમાલું; નકામું.

૬. વિ. પાતળું.

૭. વિ. બિનજરૂરી; અનાવશ્યક.

૮. વિ. લજ્જિત; અપમાનિત; શરમિંદું.

ખફીફ હોવું = શરમાવું.

ખફીફા (ખ઼ફ઼ીફ઼ા) ૧. સ્ત્રી. નાના દાવા ચૂકવનારી અદાલત.

અદાલતે ખફીફા = થાણદારી કોર્ટ.

૨. [અ.] વિ. ક્ષુલ્લક; હલકું.

૧. ખફીફા જરાઇમ = નાનો નજીવો ગુનો.

૨. ખફીફા દુઝદી = નજીવી ચોરી.

૩. ખફીફા મુકદ્દમા = નજીવો દાવો.

ખફ્કાન (ખ઼ફ઼્કાન) [અ.] પું. હૃદયનું દરદ. ખાસ કરીને ગુલ્મવાયુના દરદ માટે આ શબ્દ વપરાય છે.

ખફ્કાની (ખ઼ફ઼્કાની) [અ.] વિ. ગુલ્મવાયુના દરદવાળું.

ખફ્તા વિ. ગાંડું.

ખફ્તાન (ખ઼ફ઼્તાન) [ફા.] પું. બખ્તર નીચે પહેરવાનો કબજો.

ખબ ૧. સ્ત્રી. કરચલી; ઘડી.

૨. અ. ઝટ.

ખબકવું ૧. સ. ક્રિ. ખખડવું.

૨. સ. ક્રિ. પુષ્કળ હોવું; ઊભરાવું.

ખબકાવવું ૧. સ. ક્રિ. ઓળવવું; ઉચાપત કરવું; ઉઠાવી જવું; ચોરવું.

૨. સ. ક્રિ. ખોસવું; નાખવું.

૩. સ. ક્રિ. સરી જવું.

૪. સ. ક્રિ. સંભોગ કરવો.

ખબખબ ૧. અ. ખડુકખડુક; ટૂંકે ડગલે ઘોડું ગધેડું ચાલે તેમ.

૨. અ. ખબખબ અવાજ કરીને.

ખબખબવું ૧. અ. ક્રિ. ખબખબ અવાજ થાય એમ દોડવું.

૨. અ. ક્રિ. ખબખબ એવો અવાજ કરીને ચાલવું.

ખબખબાવવું ૧. સ. ક્રિ. ઘોડાને ઉતાવળથી ચલાવવું.

૨. સ. ક્રિ. પુષ્કળ ભરી દેવું; ખબખબાવીને ભરી દેવું.

ખબડખત (ખબ઼ડખત) ૧. અ. ગોથાં ખાતું; અથડાતું.

૨. અ. મૂળગેથી.

ખબડખબડ (ખબ઼ડખબ઼ડ) પું. ઘોડા દોડે ત્યારે થતો અવાજ.

ખબડદાર (ખબ઼ડદાર) ૧. વિ. કાબેલ; કુશળ; બાહોશ; હોશિયાર.

૨. વિ. ગાંજ્યું જાય નહિ એવું.

૩. વિ. ચોક્કસ; પાકું; ચારે પાસ ખબર રાખતું હોય તેવું.

૪. વિ. ધીંગું; ખાતુંપીતું; બે પૈસાની પૂંજીવાળું; પૈસાટકાવાળું.

૫. વિ. મજબૂત; સારી ચાલનું.

૬. વિ. સાવધ; સાવચેત.

૭. અ. સાવધ રહો, યાદ રાખો, સંભાળો એવા અર્થનો ઉદ્ગાર.

ખબડદાર કરવી = ચેતવણી આપવી.

૮. અ. સાવધાન; અવહિત; ધ્યાન કે સંભાળપૂર્વક.

ખબડદારી (ખબડ઼દારી) ૧. સ્ત્રી. કસબ.

૨. સ્ત્રી. કાળજી.

૩. સ્ત્રી. ખબડદારપણું; સાવધાની; સાવચેતી; ચોકસી.

૪. સ્ત્રી. ખબર આપવી તે.

૫. સ્ત્રી. ખંતપૂર્વક જતન કરવું તે; કાળજીભરી સંભાળ રાખવી તે.

૬. સ્ત્રી. ધ્યાન.

૭. સ્ત્રી. બળ; સામર્થ્ય; દઢતા.

૮. સ્ત્રી. બાહોશી; કાબેલિયત; હોશિયારી; ચાલાકી.

૯. સ્ત્રી. રક્ષણ કરવું તે.

ખબડા (ખબડ઼ા) પું. બ. વ. ખાડા.

ખબડું (ખબડ઼ું) ન. જાડું પડ કે થર; ખપોટું.

ખબર (ખ઼બર) ૧. [અ.] સ્ત્રી. અજાણી નવી બાબત; નહિ જાણેલું જણાવું તે; જાણ.

૧. ખબર આપવી = જણાવવું; જાણ કરવી; ખબર કરવી; સમાચાર આપવા.

૨. ખબર કરવી = સંદેશો મોકલવો; કહેવરાવવું; સમાચાર મોકલાવવા.

૩. ખબર કાઢવી = જાણતા કે જોતા રહેવું; સમાચાર જાણવા.

૪. ખબર દેવી = કોઈને વિષે સમાચાર આપવા.

૫. ખબર પડવી = જાણવું; સૂઝવું; દેખાવું; લાગવું.

૬. ખબર પહોંચાડવા = સમાચાર આપવા.

૭. ખબર પાડવી = ધમકા આપવી.

૮. ખબર લાવવી = કંઈ નવા સમાચાર આપવા.

૯. ખબર લેવી = (૧) કોઈને વિષે સમાચાર જાણવા. (૨) ધમકોમા બતાવી આપવું. (૩) નુકસાન કરવાની તજવીજમાં રહેવું. (૪) વેર કાઢવું. (૫) સંભાળ લેવી.

૧૦. ખબર વસંતની પૂછવી = (૧) વસંત વિષે પૂછવું. (૨) સાવ અજ્ઞાનતા કે બેદરકારપણું બતાવવુ.

૧૧. ખબર હોવી = જાણ થવી; જાણવું.

૧૨. ખબરે ખિઝરી = જે બનવાનું છે તેની આગળથી કરેલા અટકળ. ખ્વાજા ખિઝર ભવિષ્ય જોવામાં કુશળ પયગંબર હતા.

૨. સ્ત્રી. ઊડતી વાત; લોકવાયકા; અફવા; ગપ.

૩. સ્ત્રી. કહેણ; પેગામ; સંદેશો.

૪. સ્ત્રી. છૂપી હકીકત; બાતમી.

ખબર લગાડવી = ચોરાયેલી વસ્તુની શોધ કરવી.

૫. સ્ત્રી. જાહેરાત; સૂચના; ચેતવણી.

૬. સ્ત્રી. જ્ઞાન; માહિતી.

૭. સ્ત્રી. તંદુરસ્તીના સમાચાર.

૮. સ્ત્રી. ધ્યાન; લક્ષ.

૧. ખબર રાખવી = (૧) જે જે હકીકત બને તેના ઉપર નજર રાખવી. (૨) તપાસ રાખવી. (૩) ધ્યાન રાખવું; ચેતતા રહેવું.

૨. ખબર લેવાવાળા = મુરબ્બીઓ; વડીલો.

૩. ખબર લેવી = (૧) અંટસ રાખી વેર લેવું; ઠપકો આપવો; નુકસાન કરવાની તજવીજમાં રહેવું. (૨) સંભાળ રાખવી; શરત કાઢતા રહેવું.

૪. બેખબર = (૧) અજ્ઞાત. (૨) ધ્યાન વગરનું. (૩) નિર્દોષ. (૪) મસ્ત.

૯. સ્ત્રી. પત્તો; વાઘના પત્તાના સમાચાર.

૧૦. સ્ત્રી. મરણના સમાચાર.

૧૧. સ્ત્રી. રક્ષણ.

૧૨. સ્ત્રી. સંજ્ઞા; શુદ્ધિ.

૧૩. સ્ત્રી. હકીકત; વૃત્તાંત; સમાચાર; બીના.

૧૪. વિ. ખરાબ.

૧૫. વિ. માલૂમ; જાણમાં હોય એવું.

ખબર નહિ = કોણ જાણે છે?

૧૬. [અ.] સ. ક્રિ. (ધાતુ) તેણે જાહેર કર્યું. આ ધાતુ પરથી નીકળેલા શબ્દો: અખબાર; ખબર; ખબરદાર.

ખબરઅખબાર (ખ઼બરઅખ઼બાર) સ્ત્રી. બાતમી પત્ર.

ખબરઅંતર (ખ઼બરઅંતર) ૧. સ્ત્રી. કરાર; હકીકત; નવાજૂના સમાચાર; હરકોઈ બાબતની માહિતી; વર્તમાન.

૨. સ્ત્રી. શારીરિક આરોગ્ય સંબંધી પડપૂછ કરવી તે; સંભાળ; તબિયતના સમાચાર.

ખબરખત (ખ઼બરખ઼ત) સ્ત્રી. સમાચાર; હકીકત.

ખબરખાતું ન. બાતમી ખાતું; ખબર રાખનારૂં ખાતું.

ખબરગીર (ખ઼બરગીર) ૧. [અ.] પું. જાસૂસ; બાતમીદાર.

૨. પું. રક્ષણ કરનાર; વાલી.

૩. પું. વડીલ; મુરબ્બી.

૪. પું. સમાચાર આપનાર ખબરપત્રી.

ખબરગીરાન (ખ઼બરગીરાન) [ફા.] પું. ખબર લેનાર; વાલી; રક્ષક; સંભાળ રાખનાર માણસ.

ખબરગીરી (ખ઼બરગીરી) ૧. સ્ત્રી. જાસૂસી.

૨. સ્ત્રી. તપાસ; શોધ.

૩. સ્ત્રી. રક્ષણ.

૪. સ્ત્રી. સહાનુભૂતિ.

૫. સ્ત્રી. સંભાળ; ભરણપોષણ કરવું તે; ધ્યાન રાખવું તે.

ખબરદાર (ખ઼બરદાર) ૧. પું. અરદેશર ફરામજી ખબરદાર નામના એક પારસી કવિ. તેનો જન્મ ઈ. સ. ૧૮૮૧માં દમણમાં થયો હતો. જાતે પારસી હોવા છતાં તેમણે શિષ્ટ ગુજરાતી ભાષામાં કાવ્યો રચ્યાં છે. કવિએ પોતાના જીવનનો અંગત પરિચય "આભારદર્શન" નામે વ્યાખ્યાનમાં જાહેરમાં મૂક્યો છે. એમણે મુંબઈમાંની ન્યૂ હાઈ સ્કૂલમાં અંગ્રેજી અભ્યાસ કરેલો. નાનપણથી તેમને કવિતા તથા સંગીતનો શોખ હતો. ઈ. સ. ૧૯૦૦માં એમનાં લખાણની પહેલી શરૂઆત "કાવ્યરસિકા"થી થઈ. ઊંચા કવિત્વની આગાહી તેમાં મળી ચૂકી હતી. ત્યારપછી 'વિલાસિકા' બહાર પડી. જાગૃતિ યુગના પહેલા દશકાની દેશદાઝની લાગણી, વિચારની પ્રૌઢતા તથા વિષયોનું વૈવિધ્ય એ સારા પ્રમાણમાં આ લખાણમાં દાખલ થવા પામ્યાં હતાં. તે પછીના સંગ્રહો 'પ્રકાશિકા' અને 'ભારતનો ટંકાર', એ કવિનો વીસમી સદીના બીજા દશકાનો ફાલ છે. એમની કવિતામાં કેવળ કલ્પનાઓ, ભાવ કે જુસ્સાના ઊછળતા આવેશ નથી, પરંતુ એમાં ઊંડો સાહિત્યપ્રેમ અને દેશભાવનાની ભભક છે. ખબરદારની વિશેષતા, વીરરસના કાવ્યોમાં અને સ્વદેશગીતોમાં છે. મુંબઈની બીજી સાહિત્ય પરિષદ વખતનું ૧૯૦૬માં લખેલું એમનું "ગુણવંતી ગુજરાત"નું ગીત ગુજરાતના દરેક ભાગમાં જાણીતું થયેલું છે. "ગુણવંતી ગુજરાત", "ગરવી ગુજરાત", "અમારી ગુજરાત", "ઓ ગુજરાત", "સદાકાળ ગુજરાત", "ગુણ ગરવી ગુજરાત", "ગુણિયલ હો ગુજરાત", "સૌની પહેલાં ગુજરાત", વગેરે અનેક વિશેષણોથી વિભૂષિત ગુજરાતનાં ગુણગાન કવિ કરી રહ્યા છે. એમણે અનેક નવીન છંદો યોજ્યા છે. 'ધ્વનિત', 'દિવ્ય', 'અદલ' અને થોડા વખત પહેલાં પ્રસિદ્ધ થયેલા એમના 'કલિકા' નામના ખંડકાવ્યમાં એમણે 'મુક્તધારા' નામનો મનહર છંદ ઉપરથી ઉપજાવી કાઢેલો, સળંગ કાવ્યરચના માટે અનુકૂળ પડે તેવો છંદ યોજ્યો છે. એમના નવા છંદોનો ચમત્કાર તેના ઉચ્ચારમાં અને તેની ચાલમાં છે. પિંગળશાસ્ત્રોના નિયમોને વશ રહીને નવીનતામાં કંઈ કંઈ રૂપો દાખલ કરવાની એમની હોંશ છે. રાસ અને ભજનોનાં સાહિત્યમાં હમણાં પ્રગટ થયેલાં 'ભજનિકા' અને 'રાસચંદ્રિકા' એ એમનો કીમતી ફાળો છે. કવિતા ઉપરાંત કેટલુંક છૂટક ગદ્ય પણ એ લખે છે. ભાવનગરમાં મળેલી સાહિત્ય પરિષદ વખતનું સાહિત્ય વિભાગના પ્રમુખપદેથી એમનું ભાષણ એ એમના શિષ્ટ ગદ્યનો નમૂનો છે.

૨. ન. જાસૂસ.
૩. વિ. સાવધ.
૪. અ. ધ્યાનપૂર્વક.
૫. અ. યાદ રાખો, સાવધ રહો એવા અર્થનો ઉદ્‌ગાર. જુઓ ખબડદાર.

ખબરદારી જુઓ ખબડદારી.

ખબરપત્ર ૧. પું.; ન. ખબર આપતો પત્ર; ખબરઅંતર કે કાગળપત્ર.
૨. ન. વર્તમાનપત્ર.
૩. ન. વર્તમાનપત્રમાં પ્રકટ થવા મોકલાયેલ અહીંતહીંના સમાચાર જણાવનાર પત્ર.

ખબરપત્રી પું. વર્તમાનપત્રોને સમાચાર લખી મોકલનાર માણસ.

ખબરબાત સ્ત્રી. બાતમી; વર્તમાન.

ખબરી પું. દૂત; સંદેશવાહક.

ખબરૂ ન. વ. વ. સાર; સમાચાર; ખબરનું બહુવચન.

ખબલું વિ. બોખું; મોઢામાં દાંત વિનાનું.

ખબલો પું. હલાલ કરેલ જાનવરનો ખભાનો ભાગ.

ખબાખબ ૧. સ્ત્રી. કજિયો; તકરાર.
૨. સ્ત્રી. ગૂંચવણ; ગોટાળો; અવ્યવસ્થા; ગરબડ સરબડ.
૩. સ્ત્રી. ધાંટાધાટ; ધોંધાટ; ધાંધલ; કલબલાટ.

ખબાખબી સ્ત્રી. દોડાદોડી; કૂદાકૂદી.

ખબાડું (ખબાડું) ન. ખેતીનું એક ઓજાર.

ખબાબોરફ સ્ત્રી. વહાણની જમણી બાજુ; સાત્રી.

ખબાબ ૧. પું. ઝાકળ.
૨. પું. બરફ; હિમકણ.

ખબાસત (ખ઼બાસત) [અ.] સ્ત્રી. દુષ્ટતા; અધમતા.

ખબિ પું. થાંભલો.

ખબીર (ખ઼બીર) ૧. [અ.] વિ. ડાહ્યું.
૨. વિ. હોશિયાર; ચાલાક.

ખબીસ (ખ઼બીસ) ૧. પું. હલકો માણસ.
૨. ન. ભૂત; પ્રેત; પિશાચ; ખવીસ; વળગણ.
૩. વિ. કંજૂસ; લોભી; કૃપણ.
૪. વિ. દુષ્ટ; અધમ.

ખબીસી (ખ઼બીસી) [અ.] સ્ત્રી. દુષ્ટ સ્ત્રી.

ખબૂકવું અ. ક્રિ. જોયા વિના કૂદી પડવું.

ખબૂકિયું ન. ખબૂકવું તે; જોયા વિના કૂદી પડવાપણું.

ખબૂતર (ખ઼બૂતર) ૧. [ફા.] ન. એક જાતનું પક્ષી; કપોત. જુઓ કબૂતર.
૨. ન. તાસ્તો પીજનની રમતમાં ચોથી આંગળી ઉપર બોલાતો શબ્દ.

ખબૂતરખાનું (ખ઼બૂતરખ઼ાનું) [ફા.] ન. ખબૂતરને રહેવા માટે ખાનાં કરેલાં હોય તેવું પીંજરૂં; કબૂતરખાનું.

ખબૂતરી (ખ઼બૂતરી) ૧. પું. મલ્લ; કુસ્તીબાજ.
૨. સ્ત્રી. કબૂતરી; કબૂતરની માદા.
૩. સ્ત્રી. સૂપડાંથી પાંખો કરીને ઊડવાનો તમાશો કરનારી નટડી.

ખબૂસવું ૧. અ. ક્રિ. ખંતથી લાગ્યા રહેવું; મચ્યા રહેવું. જુઓ ખપૂસવું.
૨. સ. ક્રિ. ખાંડવું.
૩. સ. ક્રિ. ઝાપટવું.
૪. સ. ક્રિ. ઝીંકવું; ફેંકવું.

ખબે અ. નકામું; નિરર્થક; ફોગટ.

ખબેડવું (ખબેડ઼વું) ૧. સ. ક્રિ. ગમે તેમ આડું અવળું ખૂંદી નાખવું.
૨. સ. ક્રિ. વાપરવું.

ખબેડા (ખબેડ઼ા) ૧. સ્ત્રી. મહેનત.
૨. ન. ખેતરમાં ઊભું કરવામાં આવતું ઓડું.

ખબેડાં (ખબેડ઼ાં) ન. વ. વ. અયોગ્ય વર્તન.

ખબેડો (ખબેડ઼ો) ૧. પું. અથડામણ.
૨. પું. પરાધીનતા; પાસલો.
૩. પું. પ્રમાણથી વધુ લેવાતું કામ.
૪. પું. હેરાનગતિ.

ખબો ૧. પું. ખભો; સ્કંધ; ખાંધ.
૨. વિ. પું. બોખો; દાંત વગરનો.

ખબોચિયું ન. જમીન ઉપર ગંદા પાણીનું ભરેલું ખાબડું; મેલું પાણી ભરેલી નાની ખાડ. જુઓ ખાબોચિયું.

ખબોડવું (ખબોડ઼વું) ૧. સ. ક્રિ. નાખવું.
૨. સ. ક્રિ. પડવું.

ખબ્ચૂ [હિં.] વિ. ડાબેરિયું; ડાબોડિયું; ડાબી બાજુ ફાવતી હોય એવું.

ખબ્ત (ખ઼બ્ત) ૧. [અ.] પું. ગાંડપણ.
૨. પું. ભૂલ કરવી તે.
૩. પું. મૂર્ખાઈ.

ખબ્તી (ખ઼બ્તી) ૧. [અ.] વિ. ગાંડું.
૨. વિ. ભૂલ કરે તેવું.
૩. વિ. મૂર્ખ.

ખબ્બા ૧. [હિં.] પું. ડાબો હાથ.
૨. વિ. ડાબું; ડાબેરિયું; ડાબોડિયું.

ખબ્બાઝ (ખ઼બ્બાઝ) [અ.] પું. રસોઇયો.

ખબ્બાઝી (ખ઼બ્બાઝી) ૧. સ્ત્રી. રસોઇયાનો ધંધો.
૨. સ્ત્રી. રાંધવું તે.

ખબ્બી જુઓ ખબ્બા.

ખબ્સા [હિં.] પું. કાદવ.

ખભ પું. થાંભલો.

ખભળવું ૧. અ. ક્રિ. આમતેમ પાસું મરડ્યા કરવું.
૨. અ. ક્રિ. ખળભળવું; ક્ષુબ્ધ થવું; ખળભળ અવાજ થવો.
૩. અ. ક્રિ. ગડગડાટ થવો; ગુરગુર થવું.
૪. અ. ક્રિ. ગભરાવું; મનમાં અજંપો થવો.
૫. અ. ક્રિ. તળેઉપર થવું; હાલી ઊઠવું.
ખભળી ઊઠવું = ઉશ્કેરાઈ જવું.
૬. અ. ક્રિ. પેટમાં ડહોળાવું.

ખભળાટ ૧. પું. ઊથલપાથલ; તળેઉપર થવું તે; ઊંચાનીચા થવું તે.
૨. પું. ખળભળવું તે; ખળભળાટ.
૩. પું. ગભરામણ; ગભરાટ.

ખભળો ૧. પું. આશાભંગ; હાર.
૨. પું. દોડમદોડા; નાસભાગ.

ખભાઈતી સ્ત્રી. (સંગીત) એ નામની એક રાગિણી.

ખભાણ સ્ત્રી. ભેખડ.

ખભાફેર ન. ખભો ફેરવવો તે; વિસામો આપવો તે.

ખભાબરદાર પું. ખભા ઉપર ઊંચકનાર; કાંધિયો.

ખભિ પું. થાંભલો.

ખભ્ભ ન. ખભો.

ખભેઝિમ્મા સ્ત્રી. એક જાતની રમત. તેમાં બે છોકરી સામસામી ઊભી રહી એકમેકની હથેળી ઉપર હથેળી મારે અને હાથને પાછળ ખભા સુધી લાવે. પછી પોતાની હથેળી ઉપર હથેળી મારી તાળી પાડી પોતાને ફરતું કૂંડાળું કરી ફરીથી પ્રથમની જેમ હથેળી ઉપર હથેળી મારે. પછી હાથને પાછળ ખભા સુધી લઈ પોતાની હથેળી ઉપર તાળી વગાડી પાછી ગોળ ફરે.

ખભેડું (ખભેડું) ૧. ન. અટારો; ઉચાળો; ડાકડમાળ.
૨. ન. પથારો.

ખભો ૧. પું. આધાર; ટેકો.
૨. [સં. સ્કન્ધ; પ્રા. ખબ્બો-ખબઓ-ખબઉ-ખવઓ-ખભો] પું. બગલની ઉપરનો અને ગળાની બાજુનો શરીરનો ભાગ; ધડ અને હાથ જ્યાં જોડાય છે તે અવયવ; કાંધ; ખાંધ.

૧. ખભા ઉપર માથું હોવું = (૧) ખાતરી આપવી. (૨) બોજો કે જુમ્મેદારી ઉઠાવવાની તાકાત હોવી. (૩) સોગન ખાવા.

૨. ખભા વીંઝવા = અણગમો બતાવવા ખભા ઊંચા કરવા.

૩. ખભે ધોતિયું = કાંઈ લેવાદેવા ન હોવાપણું.

૪. ખભે હાથ મૂકવો = ગળાના સોગન ખાવા; વિશ્વાસ આપવો.

૫. ખભો ચડાવવો = (૧) આનાકાની કરવી. (૨) નાપસંદગી બતાવવી. (૩) શરમાવું; લજ્જા બતાવવી. (૪) સંકેતમાં ના કહેવી.

૬. ખભો ઠોકવો = (૧) ઉત્તેજન આપવું; શાબાશી આપવી. (૨) પૂંઠ ફેરવવી.

૭. ખભો દેવો = ઊંચકવામાં સહાય આપવી; મદદ કરવી.

ખભ્રાંતિ [સં.] પું. સમળી; નર સમળી.

ખભ્રાંતી [સં.] સ્ત્રી. સમળી; માદા સમળી.

ખમ ૧. પું. આંટો; ગાળો; ગાળિયો; ગળાને વીંટાતો ફાંસાનો ભાગ.

૨. પું. ઘડી; ગૂંછળું.

ખમ અંદર ખમ = ગૂંછળાવાળા વાળ; વાંકડિયા વાળ.

૩. પું. થાંભલો.

૪. પું. વાંક.

૫. સ્ત્રી. ઉતાવળ ન કરવી તે; જાળવવાપણું.

૬. સ્ત્રી. ઝોક.

૭. સ્ત્રી. બાહુના ભાગનો સ્નાયુ; 'બાઇસેપ્સ'.

૮. સ્ત્રી. ભુજ; બાહુ; ખભાથી કોણી સુધીનો અવયવ.

ખમ ઠોકવી = (૧) કુસ્તી કરતી વખતે જાંઘ ઉપર અને બાહુ ઉપર હાથ મારવા; બાહુ થાબડવી. (૨) કુસ્તીમાં ઊભવું; કુસ્તી માટે તૈયાર થવું.

૯. વિ. સમર્થ.

૧૦. વિ. હિતકર.

૧૧. અ. ક્રિ. ધીરજ પકડ; અટક.

ખમકદા (ખ઼મકદા) ૧. પું. જાહેર મકાન.

૨. [ફા.] પું. દારૂનું પીઠું.

ખમકરા પું. એક જાતનું પુષ્ટિકારક ઘાસ.

ખમકવું ૧. સ. ક્રિ. અચકવું; થંભવું.

૨. સ. ક્રિ. વાગવું; અવાજ થવો.

ખમકારો પું. ધીરપનો અવાજ; ખમાખમા કહેવું તે.

ખમકાવવું ૧. સ. ક્રિ. છૂપી રીતે લઈ લેવું.

૨. સ. ક્રિ. તાણવું.

ખમકાવીને બાંધવું = મજબૂતીથી બાંધવું.

ખમખમ અ. ધાતુની પોલી ચીજમાંથી નીકળતા અવાજની જેમ; ખમખમ અવાજ થાય એમ; ઘૂઘરા ઘૂઘરીમાંથી નીકળતા અવાજની જેમ.

ખમખમવું ૧. અ. ક્રિ. ખડખડવું; ખમખમ થવું; વાગવું; ખમખમ એવો અવાજ થવો.

૨. અ. ક્રિ. ખમખમી જવું; શરદીની અસરથી સાદ ઘોઘરો થઈ જવો; સળેખમ થવું; ગળાનો સોજો થવો; ભરાઈ જવું; શરદી થઈ આવવી.

૩. અ. ક્રિ. રોગ થવો; વ્યાધિ થવી.

ખમખમાટ પું. ખમખમ એવા અવાજનું થવું તે; ખમખમ એવી તરેહનો અવાજ; ખમખમવાનો અવાજ.

ખમખાના (ખ઼મખ઼ાના) ૧. [ફા.] પું. જાહેર મકાન.

૨. પું. દારૂનું પીઠું.

ખમગ [સં. ક્ષમ્ (સહન કરવું)] પું. તપસ્વી સાધુ.

ખમચ [હિં.] પું. એક જાતનું ઉનાળુ કઠોળ.

ખમચવું અ. ક્રિ. અટકવું; અચકાવું; ખંચાવું.

ખમચાવું અ. ક્રિ. અચકાવું; આંચકો ખાવો; ખંચાવું; અટકવું; ખમચવું; કોઈ વિચાર અથવા મર્યાદાને લીધે અટકી જવું.

ખમચી પું. એક જાતનો ચાબખો; ફૂમચી.

ખમણ ૧. [સં. ક્ષમ્ (સહન કરવું)] પું. સહનશીલ સાધુ.

૨. ન. ઉપવાસ.

૩. ન. એક જાતનું અથાણું.

૪. ન. ખમણઢોકળાં; ખાવાની એક વાની.

૫. ન. તપ.

૬. ન. લીલા કે સૂકા ફળના દળની કચૂંબર; છીણીને કરેલો છૂંદો; ખમણીમાંથી નીકળેલ કોઈ પણ વસ્તુ.

૭. [સં. ક્ષમિન્] વિ. તિતિક્ષુ; સહિષ્ણુ.

ખમણકાકડી (ખમણકાકડ઼ી) ૧. સ્ત્રી. કાકડીની એક જાત; જેનું ખમણ થઈ શકે એવી કાકડી; ખમણી શકાય એવી કાકડી.

૨. સ્ત્રી. નાળિયેરનું ખમણ. તે દાળિયા અને મરીમીઠું નાંખી કરાય છે.

ખમણઢોકળાં ન. બ. વ. ખાવાની એક વાની; ખમણ નાંખીને બનાવેલાં ઢોકળાં; ખમણવાળાં ઢોકળાં.

ખમણવું સ. ક્રિ. ઝીણા દાંતાવાળા ઓજારથી સોરવું; છીણવું; કચૂંબર કરવી; ખમણીથી ખમણ કરવું.

ખમણા જુઓ ક્ષમા.

ખમણાં ન. બ. વ. ખેડાવાળ બ્રાહ્મણની ગ્નાતિમાં મરણ પાછળ થતાં જમણ.

ખમણાં ભાંગવાં = ખેડાવાળ બ્રાહ્મણમાં બીજી કોઈ ઠરાવેલી તિથિએ તેરમાનાં સામટાં જમણ કરવાં.

ખમણિ ૧. [સં.] પું. આકડાનો છોડ.

૨. પું. સૂર્ય.

ખમણી ૧. સ્ત્રી. ખમણવાનું ઓજાર; ખમણ કરવાની છીણી; છોલણી.

૨. વિ. સ્ત્રી. દૂઝતી; દૂધ આપવાવાળી.

૩. વિ. સ્ત્રી. નમણી.

૪. વિ. સ્ત્રી. નમ્રતા રાખનારી; સહિષ્ણુતા દાખવનારી.

ખમણું વિ. સહનશીલ.

ખમણેલું વિ. ચૂરો કરેલું.

ખમત સ્ત્રી. વિલંબ; મુદત આપવી તે.

ખમતખામણું ન. (જૈન) ક્ષમા માગવી તે; ભૂલચૂકની માફી માગવી તે.

ખમતલ વિ. ખમનારૂં; સહન કરનારૂં.

ખમતી વિ. બોજો સહન કરનાર.

ખમતીઆસામી પું. બોજો ખમી શકે તેવો પુરુષ; સદ્ધર આસામી; નુકસાન કે બોજો ખમી શકે તેવો આદમી; ધનાઢ્ય માણસ.

ખમતીધર ૧. વિ. ખમી શકે એવું; ભાર ઉપાડી શકે તેવું; ખમતું; સહનશીલ.

૨. વિ. તવંગર; તાલેવર; ધનવાન; પૈસાવાન; સદ્ધર.

૩. વિ. ભડ; બહાદુર.

૪. વિ. લાયક.

૫. વિ. લોંઠકું; મજબૂત; જબ્બર; જોરાવર.

ખમતું ૧. વિ. ખમતીધર; ખમી શકે એવું; સહી લેનારૂં.

૨. વિ. ગજા પ્રમાણેનું.

૩. વિ. પૈસાદાર; પૈસેટકે સુખી; સમૃદ્ધ.

ખમત્ય સ્ત્રી. વિલંબ; ખમત.

ખમદાણ ૧. ન. અવ્યવસ્થિતપણું.

૨. ન. પુષ્કળપણું.

૩. ન. મંદવાડ.

૪. વિ. અવ્યવસ્થિત.

૫. વિ. માંદું.

ખમદાર (ખ઼મદાર) [ફા.] વિ. વાંકું; વાંકવાળું.

ખમધ્ય [સં.] ન. આકાશમાં માથા ઉપરનું મધ્યબિંદુ; મધ્યાહ્નરેખા; ખસ્વસ્તિક; શિરોબિંદુ.

ખમધ્યવલન [સં.] ન. સૂર્યબિંબના મધ્યબિંદુમાંથી ક્ષિતિજ અને ક્રાંતિવૃત્ત ઉપર દોરેલા લંબોની વચ્ચેનો ખૂણો.

ખમધ્યવૃત્ત [સં.] ન. ખમધ્યબિંદુમાંથી પસાર થતું ઉત્તરદક્ષિણ વૃત્ત; યામ્યોત્તરવૃત્ત.

ખમયાઝા (ખ઼મયાઝા) ૧. [ફા.] પું. આળસ મરડવી તે.

૨. પું. બગાસાં ખાવાં તે.

૩. પું. શિક્ષા.

ખમલાઈ સ્ત્રી. એક દેવીનું નામ.

ખમલી ૧. સ્ત્રી. બેઠક તથા ઊભા દંડ કાઢવા માટે જમીનમાં ખોડેલ નળાકારની બે પાતળી થાંભલીઓ. આ ખમલી ત્રણ ફૂટ જમીનમાં અને પાંચ ફૂટ બહાર હોય છે. તેની ગોળાઈ ત્રણથી ચાર ઇંચ હોય છે. આ જમીનની બહાર ત્રાંસી ખોડવામાં આવે છે અને બંનેને અનુકૂળ જગાએથી બંને હાથથી પકડી કસરત કરવામાં આવે છે.

૨. સ્ત્રી. વ્યાયામમાં એક જાતની બેઠક.

ખમવું ૧. અ. ક્રિ. ક્ષમા કરવી.

ખમી ખાવું = (૧) અપરાધ સાંખી રહી અપરાધ કરનારને માફી આપવી. (૨) ક્ષમા આપવી. (૩) સહી લેવું.

૨. અ. ક્રિ. થોભવું; રાહ જોવી.

૩. સ. ક્રિ. અનુભવવું; ભોગવવું.

૪. સ. ક્રિ. ખમણવું; ઝીણો ચૂરો કરવો.

૫. સ. ક્રિ. ઝીલવું; ધારવું; ઉપાડવું.

૬. સ. ક્રિ. દબાણમાં આવવું.

૭. સ. ક્રિ. ધીરજથી રહેવું.

૮. સ. ક્રિ. મના ન કરતાં જોયા કરવું; ખામોશથી જોવું; થાય તે થવા દેવું.

૯. સ. ક્રિ. માથે પડવું.

૧૦. સ. ક્રિ. વેઠવું.

૧. ખમતી આસામી = (૧) ધનાઢ્ય માણસ. (૨) બોજો–તોટો–નુકસાની વેઠવાની શક્તિવાળું માણસ.

૨. દુઃખ ખમવું = દુઃખ સહન કરવું.

૩. નુકસાન ખમવું = આર્થિક હાનિ વેઠી લેવી.

ખમસ ૧. [હિં.] પું. ઉનાળો; ગરમીની ઋતુ.

૨. (ખ઼મસ) [અ. ખમ્સ] પું. પાંચ.

૩. પું. પાંચમો ભાગ.

ખમસા ૧. [હિં.] પું. એક પ્રકારની ગઝલ. તેના પ્રત્યેક પાદમાં પાંચ ચરણ હોય છે.

૨. પું. (સંગીત) સંગીતમાં એક પ્રકારનો તાલ. તેમાં પાંચ આઘાત અને ત્રણ ખાલી હોય છે.

ખમસૈન (ખ઼મસૈન) ૧. [અ. ખમ્સીન] પું. પચાસ.

૨. પું. પચાસમો ભાગ.

ખમહત (ખમહ઼ત) સ્ત્રી. અટકવું તે; ખમવું તે.

ખમંડળગતિવિદ્યા સ્ત્રી. ગ્રહો વગેરેનું ગતિશાસ્ત્ર.

ખમા ૧. [સં. ક્ષમા] સ્ત્રી. ક્ષમા; દરગુજર; માફી.

૨. સ્ત્રી. ધીરજ; સબૂરી.

૩. સ્ત્રી. સાંખી રહેવું તે; સહન કરવું તે.

ખમા રાખવી = (૧) ખામોશ રાખવી; માફી આપવી. (૨) રક્ષા કરવી. (૩) સાંખી રહેવું; સહન કરવું.

૪. [સં. ક્ષેમ] અ. ક્ષેમકુશળ રહો એવું બતાવતો ઉદ્ગાર; ખુશખુશાલ રહો એવા અર્થમાં વપરાતો હુલામણો ઉદ્ગાર; આશિષ અથવા વહાલભર્યો ઉદ્ગાર.

૧. ખમા ખમા = ન કરે નારાયણ; પ્રભુ એવું ન કરો; ભલું થાય.

૨. ખમા ઢોર ઢાંઢા અને ખમા જેટલા વાંઢા = પશુઓમાં જેમ ઢાંઢા પ્રત્યે તેમ સમાજમાં વાંઢા પ્રત્યે ઉદાસીનતા વધુ હોય છે.

૩. ખમા રાખ્યા છે = કાંઈ યે નથી.

૪. ઘણી ખમા = અનિષ્ટ કે અમંગળ દૂર થાઓ.

ખમાઉ વિ. સહનશીલ.

ખમાખમ [હિં.] સ્ત્રી. ગભરાટ; વ્યગ્રતા.

ખમાચ જુઓ ખ઼માચી.

ખમાચી ૧. સ્ત્રી. (સંગીત) એ નામની રાગિણી; સ્તંભાવતી; માલકોષ રાગની છ રાગિણીઓમાંની એક. તેની આંખ હરિણ સરખી અને વાણી કોયલ સરખી છે. તેણે લાલ રંગનાં કસુંબી વસ્ત્ર પહેર્યાં છે, ક્વચિત લીલા રંગનો પોશાક પણ કહેલ છે. હંસના સરખી તેની ગતિ છે. શરીર ઉપર મણિમાણિક્ય ઇત્યાદિનાં આભૂષણ ધારણ કરેલાં છે. કપાળમાં કસ્તુરીનું તિલક કર્યું છે. તેની પાસે એક કોયલ નામનું પક્ષી છે અને પોતે પલંગ ઉપર પોતાના પતિની રાહ જોતી બેઠી છે. વખત રાત્રિના એક વાગ્યાનો છે. જાતિ સંપૂર્ણ છે. તેમાં ખરજ શુદ્ધ, રિખબ તીવ્ર, ગંધાર તીવ્ર, મધ્યમ કોમળ, પંચમ શુદ્ધ, ધૈવત તીવ્ર, નિષાદ બે એટલે આરોહમાં તીવ્ર નિષાદ અને અવરોહમાં કોમળ નિષાદ આવે છે. આરોહમાં રિખબ બાદ છે. ગંધાર ગ્રહ અને પ્રધાન સ્વર છે. ધૈવત ન્યાસ છે. આ રાગિણીની બે જાતિ છે: (૧) શુદ્ધ ખમાચ, (૨) પરજ ખમાચ. કોઈ ખમાચને ખોડવ પણ કહે છે. તેમાં પંચમ બાદ છે, તથા સંપૂર્ણ જાતિમાં કોઈ કોમળ ગંધાર પણ લગાવે છે. તે માલશ્રી અને મલ્હારશ્રી મિશ્ર છે, અથવા મ્હારવા કિદારા, જૈતશ્રી અને શ્રી રાગથી મિશ્ર છે એમ પણ છે.

૨. સ્ત્રી. કાન્હરા રાગિણીની અઢાર જાતિ માંહેની એક રાગિણી. આ ખમાચ અને કાન્હરાનું મિશ્રણ પણ ગણાય છે.

ખમાચીબિલાવલ સ્ત્રી. (સંગીત) બિલાવલી રાગિણીની ચૌદ જાત માંહેની એક. તે ખમાચ અને બિલાવલીનું મિશ્રણ મનાય છે.

ખમાજ પું. (સંગીત) એ નામનો એક રાગ. તેમાં કોમળ તેમ જ શુદ્ધ નિષાદનો પ્રયોગ થાય છે. તે સિવાય સર્વ શુદ્ધ સ્વરો છે. તેમાં આરોહે રિખબ વર્જ્ય છે. તેનો વાદી સ્વર ગાંધાર અને સંવાદી સ્વર નિષાદ છે. રાત્રિનો બીજો પહોર આ રાગ ગાવાનો સમય છે. તેમાં કેટલેક સ્થળે તિલંગ અને બિહાગનો ભાસ થાય છે.

ખમાજથાટ પું. (સંગીત) દશ થાટ માંહેનો એક થાટ. તેમાં તિલંગ, દુર્ગા, રામેશ્વરી, બિલાવલ, અલૈયા બિલાવલ, શુકલ બિલાવલ, કકુભ બિલાવલ, જેત બિલાવલ, ખમાજ દેશ, સોરઠ, ખંભાવતી, બિહારી, માંડ, પહાડી, ગૌડ મલાર, નટ મલાર અને કજરી વગેરે રાગોનો પણ સમાવેશ થાય છે.

ખમામણું ૧. ન. ક્ષમા માગવાપણું.

૨. ન. જૈનોની એક જાતની ખમાવવાની વિધિ. તેમાં વહુ પોતાની સાસુને પગે લાગી ભેટ ધરે છે.

૩. ન. વહુએ ખમાવતાં સાસુને કરેલ ભેટ.

ખમાર ૧. પું. દારૂ ગાળનાર માણસ.

૨. સ્ત્રી. દારૂ ગાળનારનો ધંધો કરનારી એક જાત.

૩. વિ. દારૂ ગાળનાર.

ખમાવણું જુઓ ખમામણું.

ખમાવવું ૧. અ. ક્રિ. ક્ષમા કરવું; માફ કરવું. પર્યુષણ ઊતર્યા પછી જૈનો એકબીજાને ત્યાં જઈ બાર મહિનાનું બોલ્યુંચાલ્યું માફ કરવાની વિનતિ કરે છે. જૈન સ્ત્રીઓ એકબીજાની હથેળીઓ ભેગી કરી બોલે છે કે, "બાર માસ, ચોવીસ પક્ષ, અડતાલીશ આદિસવાર, ત્રણસેંને સાઠ દિવસ બોલ્યુંચાલ્યું માફ કરજો." એમ

કહી નાની ઉમ્મરની સ્ત્રી મોટી ઉમ્મરની સ્ત્રીના પગે પડે છે. આથી ઘણા દિવસના અબોલા હોય તે પણ તૂટે છે.

૨. સ. ક્રિ. ક્ષમા માગવી; માફી માગવી.

૩. સ. ક્રિ. ખમે એમ કરવું; વેઠવું પડે એમ કરવું; સહન કરાવવું; વેઠાવવું.

૪. સ. ક્રિ. પરસ્પર દોષો માફ કરવા કે કરાવવા.

૫. સ. ક્રિ. માફી મગાવવી.

ખમાસણ ન. (જૈન) ગુરુને વંદન કરવાના સૂત્રનું પહેલું પદ.

ખમાસણું ૧. ન. ક્ષમા માગવી તે.

૨. ન. જૈન સાધુને વંદન કરતી વખતે બોલાતું સૂત્ર.

૩. ન. જૈન સાધુને વંદન કરવાની ક્રિયા.

૪. ન. જૈનોની એક જાતની ખમાવવાની વિધિ. તેમાં વહુ પોતાની સાસુને પગે લાગી ભેટ ધરે છે.

ખમાસવાનું ન. ખમાવવાનું કામ. જુઓ ખમાસણું.

ખમાં ન. શૂન્ય; મીંડું.

ખમિત વિ. ખીચોખીચ ભરેલું.

ખમિતિ [સં.] સ્ત્રી. આકાશ માપવાની વિદ્યા.

ખમિયા સ્ત્રી. સબૂરી; ધીરજ.

ખમિયાઝા જુઓ ખમયાઝા.

ખમીદની (ખ઼મીદની) ૧. [ફા.] સ્ત્રી. વાંક વાળેલું હોવાપણું.

૨. વિ. વાંકું વાળવાને લાયક.

ખમીદા (ખ઼મીદા) [ફા.] વિ. વાળેલું; વાંકવાળું.

ખમીયા જુઓ ખમિયા.

ખમીર (ખ઼મીર) ૧. [અ.] ન. અભિમાન; ગર્વ.

૨. ન. આથો; ખટાશ ચડાવનારૂં તત્ત્વ; પ્રવાહી વસ્તુમાં વિક્રિયા થઈ તેની ઉપર ખટાશવાળું ઊભરણુ આવવું તે; ઉભરણુ; જોશ; ઊભરો.

૩. ન. ખામોશી; સહનશક્તિ.

૪. ન. ખીરૂં.

૫. ન. ખ્રિસ્તી શાસ્ત્રમાં આકાશના એટલે દેવના રાજ્યને આપવામાં આવતી એક ઉપમા.

૬. ન. જોમ; જુસ્સો; બળ; તાકાત; વીર્ય.

૭. ન. ટેવ; આદત.

૮. ન. તેજ.

૯. ન. પાચનશક્તિ; જીરવવાની શક્તિ.

૧૦. ન. પ્રકૃતિ; સ્વભાવ.

૧૧. ન. ફૂગ; ફીણ ચઢવું તે.

૧૨. ન. બંધારણ; ઘાટ.

૧૩. ન. બુદ્ધિબળ.

૧૪. ન. માટી.

૧૫. ન. રૂઢિ; પ્રથા.

૧૬. ન. લોહી.

૧૭. ન. શરીર; તન.

૧૮. ન. સહવાસ; સોબત.

૧૯. વિ. અભ્યાસવાળું.

૨૦. વિ. ટેવાયેલું.

૨૧. વિ. તાકાતવાળું; વીર્યવાન; સહનશીલ.

૨૨. વિ. પચાવી શકે તેવું; જીરવી શકે એવું.

ખમીરા (ખ઼મીરા) ૧. [અ.] પું. જાડું ખીરૂં.

૨. પું. તંબાકૂની એક જાત.

૩. વિ. ખમીર આણીને બનાવેલું.

ખમીરી (ખ઼મીરી) ૧. સ્ત્રી. ઉપસેલ રોટલીની એક જાત.

૨. ન. સાદું પોલાદ.

૩. વિ. કુલીન; ખાનદાન.

૪. વિ. ખટાશવાળું; ખાટું; અમ્લ.

૫. વિ. ખમીરવાળું.

૬. વિ. જોસદાર; તાકાતવાળું.

૭. વિ. મજબૂત; ટકાઉ.

ખમીરો ૧. [અ. ખમીરા] પું. એક પ્રકારની તંબાકૂ.

૨. પું. ગડાકુ બનાવવા માટે વપરાતો તંબાકૂનો કાકબ કે શીરો.

ખમીલન [સં.] ન. તંદ્રા; આળસ; સુસ્તી.

ખમીસ [પોર્ટુ. કેમીસ] ન. ખૂલતું અને કફ કોલરવાળું પહેરણ; પુરુષને પહેરવાનું ખુલ્લું બદન; મોઢું, ખૂલતું, હાથની બાંયે કાપવાળું, છાતીએ મોટી પટીનું અને ગરદન ઉપર કરચલીવાળું પંહેરણ.

ખમીસા સ્ત્રી. ક્ષમા; માફી.

ખમૂર્તિ ૧. [સં.] પું. શિવ.

૨. સ્ત્રી. આકાશનું સ્વરૂપ; બ્રહ્મનું સ્વરૂપ.

ખમૂલિ સ્ત્રી. પાણીમાં ઉત્પન્ન થતી એક જાતની વનસ્પતિ.

ખમેડો (ખમેડ઼ો) સ્ત્રી. ઓસરીની જાળી.

ખમેધાખ્ય [સં.] ન. અભ્રક નામની ધાતુ.

ખમૈયા ૧. ન. ક્ષમા; માફ કરવું તે.

૨. અ. બસ કરો, ક્ષમા આપો, માફી બક્ષો એવા અર્થનો ઉદ્ગાર.

ખમો પું. એક જાતનું ઝાડ.

ખમોચમ ૧. પું. નખરાં; ઠમકવાળી ચાલ.

૨. વિ. દેખાવડું; સુંદર.

ખમોશ (ખ઼મોશ) [ફા.] વિ. ચૂપ; છાનું.

ખમોશી (ખ઼મોશી) [ફા.] સ્ત્રી. ચૂપકી; શાંતિ.

ખમ્પીર ન. સબૂરી; ધીરજ; સહનશીલતા.

ખમ્બા ૧. [હિં.] પું. કેળનું થડ.

૨. પું. થાંભલો; ખાંભો.

૩. પું. નાના થાંભલાના આકારની મીઠાઈ. ખાસ કરીને હિંદુ સ્ત્રીઓ મૂર્તિને તેની ભેટ ધરે છે.

ખમ્ભ પું. થાંભલો.

ખમ્ભારી ન. સીવણ.

ખમ્મસ સ્ત્રી. ધીરજ; સબૂરી.

ખમ્મા ૧. [સં. ક્ષમા] સ્ત્રી. ખમા; ક્ષમા; માફી.

૨. અ. ક્ષેમકુશળ રહો કે દુઃખ ન થાઓ એવું બતાવતો ઉદ્ગાર.

ખમ્માર (ખ઼મ્માર) [ફા.] પું. દારૂડિયો.

ખમ્ય ન. સબૂરી; ઊભું રહેવું તે.

ખમ્ર (ખ઼મ્ર) ૧. [અ.] પું. ખમીર આવવું તે.

૨. પું. ઢાંકણુ.

૩. પું. દારૂ; શરાબ.

૪. પું. દ્રાક્ષાસવ.

ખમ્રક [હિં.] ન. એક ફળનું નામ.

ખમ્રમહાલ (ખ઼મ્રમહાલ) [અ.] પું. દારૂની દુકાન; પીઠું.

ખમ્સ (ખ઼મ્સ) ૧. [અ.] પું. પાંચ કવિતાનો જથ્થો.

૨. પું. પાંચમો ભાગ.

૩. વિ. પાંચ.

ખમ્સા જુઓ ખમ્સ.

ખય ૧. [સં. ક્ષય] પું. ક્ષયરોગ; રાજયક્ષ્મા.

૨. પું. પ્રલય.

૩. પું. વિનાશ.

ખયડિયું (ખયડ઼િયું) ન. અનાવૃષ્ટિ; વરસાદની તાણવાળું વર્ષ; સુકવણું; ખરડિયું.

ખયર ૧. [સં. ખદિર] પું. ઢોર.

૨. (ખ઼યર) [અ.] ન. ખેરનું ઝાડ.

ખયરનસ્સાજ (ખ઼યરનસ્સાજ) પું. એ નામનો એક મુસ્લિમ સંત.

ખયરાત (ખ઼યરાત) [ફા.] સ્ત્રી. ખેરાત; સખાવત; ધર્માદો.

ખયાનત (ખ઼યાનત) ૧. સ્ત્રી. અપ્રમાણિકતા; બેઈમાની.

૨. સ્ત્રી. ગલન; વિશ્વાસે આપેલ પૈસા કે માલનો દુરુપયોગ કે દુર્વ્યય.

૩. સ્ત્રી. ચોરી.

ખયાબાન (ખ઼યાબાન) [ફા.] પું. ક્યારો.

ખયારખ્વારજા (ખ઼યારખ્વારજા) [યૂ.] સ્ત્રી. એક જાતની કાકડી.

ખયારવાદંગ (ખ઼યારવાદંગ) [યૂ.] સ્ત્રી. વરસાદમાં થતી એક જાતની કાકડી.

ખયારસંબર (ખ઼યારસંબર) [યૂ.] ન. એક જાતનું વૃક્ષ; અમલતાસ.

ખયારી (ખ઼યારી) [અ.] વિ. એક જાતનું પરદેશી ફૂલ.

ખયારીવાહ (ખ઼યારીવાહ) [યૂ.] સ્ત્રી. સાલમમિશ્રી.

ખયારૈન (ખ઼યારૈન) [અ.] પું. તરબૂચનાં બી.

ખયાલ (ખ઼યાલ) ૧. [અ. ખયલ (તેણે ધાર્યું)] પું. કલ્પના.

૨. પું. ગાયનની એક જાત.

૩. પું. ભય.

૪. પું. માન.

૫. પું. વિચાર.

૧. ખયાલ કરવો–રહેવો = (૧) ધ્યાન આપવું. (૨) રાખવું. (૩) વિચારવું.

૨. ખયાલ બાંધવો = (૧) વિચાર કરવો કે ગોઠવવો. (૨) હવાઈ કિલ્લા બાંધવા.

૩. ખયાલ રાખવો = ધ્યાનમાં રાખવું.

૪. ખયાલમાં લેવું = (૧) ધ્યાન આપવું. (૨) યોગ્ય માન આપવું.

૫. ખયાલે ખામ = વિચિત્ર વિચાર.

૬. પું. સંભાળ.

ખયાલાત (ખ઼યાલાત) [અ. ખયાલનું બહુવચન] પું. બ. વ. કલ્પના; ખયાલો.

ખયાલી (ખ઼યાલી) ૧. વિ. કલ્પનાત્મક; કલ્પિત.

૨. વિ. મૃગજળ જેવું.

ખયુરખયુર (ખ઼યુરખ઼યુર) સ્ત્રી. કાચાં ફળ ખાવાથી થતો અવાજ.

ખયેર (ખ઼યેર) ૧. ન. ભલું; કલ્યાણ.

૨. વિ. સારૂં; સલામત.

૩. અ. બહુ સારૂં; વારૂ.

ખયેરખાહ (ખ઼યેરખ઼ાહ) પું. હિતચિંતક.

ખર ૧. પું. એ નામની વનસ્પતિ; ધમાસો.

૨. પું. (પુરાણ) એ નામનો એક રાક્ષસ. તે વિશ્રવા ઋષિનો પુત્ર હતો. તેની માતા રાકા રાક્ષસી હતી. ખર રાવણનો ઓરમાન ભાઈ હતો. પૂર્વજન્મે એ યાજ્ઞવલ્ક્યનો પુત્ર ચંદ્રકાંત હતો અને ધનુર્વિદ્યામાં નિપુણ હતો. રાવણે એને શૂર્પણખાની સાથે જનસ્થાનની રક્ષા માટે ત્યાં રહેવાની આજ્ઞા કરી હતી. દંડકારણ્યમાં વસતા મુનિઓને અનેક પ્રકારે પીડા કરી તે તેમને ખાઈ પણ જતો. એનો ઉપદ્રવ છેક ચિત્રકૂટ પર્વત પર્યંત હોવાની રામચંદ્રજીને ખબર હતી. રામચંદ્રજી જનસ્થાનમાં લક્ષ્મણ અને સીતાની સાથે પંચવટીમાં રહેતા હતા તે વખતે એક સમયે શૂર્પણખા રામચંદ્રજી પાસે આવી અને તમે મને વરો એમ માગણી કરી. તે ઉપરથી તેમણે લક્ષ્મણદ્વારા તેની ફજેતી કરાવી હતી. જ્યારે ખરની પાસે આવી આ હકીકત કહી વિહ્વળ થઈ તે રડવા લાગી, ત્યારે ખરે રામચંદ્રજીના નાશને માટે ચૌદ હજાર રાક્ષસો મોકલ્યા. રામચંદ્રજીએ સઘળાનો તત્કાળ નાશ કર્યો. પછી ખર પોતે દૂષણ નામના પોતાના સેનાધિપતિ સાથે એક જબરૂં લશ્કર લઈ નીકળ્યો, પણ અંતે રામચંદ્રજીએ તેનો નાશ કર્યો.

૩. [સં.] પું. એક ચતુષ્કોણ વેદી. તેના ઉપર યજ્ઞપાત્ર રાખવામાં આવે છે.

૪. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે ષટ્પદી છપ્પય છંદનો એક ભેદ છે. તેમાં ૫૦ લઘુ અને ૫૧ ગુરુ મળી ૧૫૨ માત્રા હોય છે.

૫. પું. કાગડો.

૬. પું. કામદેવ.

૭. પું. ખબરઅંતર.

૮. પું. ખરબચડો પદાર્થ.

૯. પું. ખરાર; વરસાદ અટકી જવો તે.

૧૦. પું. ગધેડો; ગર્દભ; રાસભ.

૧૧. પું. તીક્ષ્ણ સ્પર્શ; કઠોર સ્પર્શ.

૧૨. પું. પ્રભવથી ૨૫મો સંવત્સર. આ સંવત્સરમાં બહુ ઉપદ્રવ થવાનું મનાય છે.

૧૩. પું. (પુરાણ) પ્રલંબાસુરનું એક નામ; લંબાસુરનો ભાઈ એક અસુર.

૧૪. પું. બગલો.

૧૫. પું. મોહ.

૧૬. પું. રાવણ પક્ષનો એક રાક્ષસ.

૧૭. પું. રાહુનું બીજું નામ.

૧૮. પું. રીંગણીનો છોડ.

૧૯. પું. (જ્યોતિષ) વિષુવાંશ ૧૩૦ અને ઉત્તરક્રાંતિ ૨૨માં આવેલો પાંચમા મહત્ત્વનો તારો.

૨૦. પું. વિષ્ણુ.

૨૧. પું. સૂર્યનો એક પાર્શ્વચર.

૨૨. [હિં.] સ્ત્રી. છૈયાં. તે છાજવાના કામમાં આવે છે.

૨૩. સ્ત્રી. શિલાપાષાણરૂપી કઠણ પૃથ્વી.

૨૪. ન. અઢાર માંહેનું એક મુખ્ય ધન.

૨૫. ન. એક જાતનું ઘર. તેની પશ્ચિમ દિશાએ એક ઓસરી હોય છે.

૨૬. ન. ખડ; સૂકું ઘાસ.

૨૭. ન. તલનું તેલ.

૨૮. ન. વાજિંત્રમાંના ત્રણ માંહેનું ઘાટો અવાજ કરે તે સમક.

૨૯. વિ. અમાંગલિક; હાનિકર.

૩૦. વિ. કઠોર; કર્કશ.

૩૧. વિ. કડક.

૩૨. વિ. ખોખરૂં; ખોખરા સાદવાળું.

૩૩. વિ. ગરમ; ઉષ્ણ; ઊનું.

૩૪. વિ. ધટ્ટ.

૩૫. વિ. ઘાતકી; દુષ્ટ.

૩૬. વિ. ધીચ.

૩૭. વિ. ટૂંકું; ઠીંગણું.

૩૮. વિ. તીક્ષ્ણ ધારવાળું; તીવ્ર; તીક્ષ્ણ.

૩૯. વિ. તીખું.

૪૦. વિ. નાશવંત; અસ્થાયી.

૪૧. વિ. મૂર્ખ; ઠોઠ.

૪૨. વિ. વ્યવહારમાં ચતુર.

૪૩. વિ. સત્યપ્રતિજ્ઞાવાળું.

૪૪. (ખ઼ર) અ. એક ફારસી પ્રત્યય. તે ઉપસર્ગનું કામ કરે છે ત્યારે તેનો અર્થ 'મોટો' એમ થાય છે. જેમકે, ખરશીદ, ખરગોશ, ખરબુજા.

૪૫. અ. શબ્દને અંતે લગાડાતો ક્રિયા કરનાર સૂચવતો પ્રત્યય. જેમકે, પાનખર.

ખરક ૧. પું. વાણો જમીનથી ઊંચો રહે અને ભોંયે ન ઘસાય તે માટે વાપરવામાં આવતું સાધન.

૨. [હિં.] સ્ત્રી. ગૌશાળા.

૩. સ્ત્રી. ધોધાબારા તરફના ખેતી કરનારા લોકોની એક જાત.

૪. ન. ધોધાબારા તરફના ખેતી કરનારા લોકોની એક જાતનું માણસ.

૫. વિ. એ નામના લોકોનું.

ખરકર ૧. [સં.] પું. આકડાનો છોડ.

૨. પું. સૂર્ય.

ખરકર્મ ન. બ. વ. આકરાં કામ; ઘણી હિંસાવાળાં કામ.

ખરકલો પું. એકએકની ઉપર ગોઠવેલ વસ્તુઓનો ઢગલો; રાશિ; ખડકલો; ઢગ.

ખરકાવવું ૧. સ. ક્રિ. ઉતાવળે હાંકવું; ધોકાવીને દોડાવવું.

૨. સ. ક્રિ. ખેંચવું.

૩. સ. ક્રિ. ધમકાવવું.

૪. સ. ક્રિ. સતેજ કરવું.

ખરકાંડ ૧. પું. કઠણ જમીનનો ભાગ.

૨. પું. (જૈન) રત્નપ્રભા નામના પહેલા નરકના ત્રણ માંહેનો સૌથી ઉપલો રત્નથી

ભરપૂર ભાગ. તેની જાડાઈ ૧૬ હજાર યોજનની છે.

ખરકિરણ ૧. [સં.] પું. આકડાનો છોડ.
૨. પું. સૂર્ય.

ખરકી સ્ત્રી. ઔરંગાબાદનું પ્રાચીન નામ.

ખરકુટી ૧. [સં.] સ્ત્રી. ગધેડાનું સ્થળ.
૨. સ્ત્રી. હજામનું ઘર.

ખરકોણ [સં.] પું. એક જાતનું પક્ષી; તેતર પક્ષી.

ખરકોમલ [સં.] પું. જેઠ મહિનો.

ખરખડ (ખરખડ઼) ન. કંસારાનું કામ કરવાનું લોઢાનું ઓજાર.

ખરખડિયું (ખરખડ઼િયું) ૧. ન. નાની ઘોડાગાડી; બગી.
૨. ન. વસાય અને ખોલાય એવી નાનાં નાનાં પાટિયાંની બારીબારણામાં મુકાતી રચના.
૩. ન. સૂકું નાળિયેર.
૪. વિ. ખડખડ ખડખડ થાય એવું; ખખડે તેવું.
૫. વિ. નોકરીમાંથી બાતલ.
૬. વિ. પાણી સુકાઈ જઈ નાળિયેરની અંદરનો ગોટો ખડખડતો હોય તેવું.

ખરખબર પું. બ. વ. સમાચાર; હકીકત; વર્તમાન; સરસમાચાર.

ખરખર (ખ઼રખ઼ર) ૧. [ફા.] પું. બિલાડીનો મ્યાઉં મ્યાઉં અવાજ.
૨. સ્ત્રી. ખરીને પડેલી રજ; કરગર; ધૂળનાં રજકણ.
૩. સ્ત્રી. ખોખરો અવાજ.
૪. સ્ત્રી. ગળામાં બાઝેલો કફ કે ખાધેલી વસ્તુનો ભાગ; ખરખરી. તેનાથી અવાજ ખોખરો થાય છે.
૫. સ્ત્રી. ગાતી વખતે સૂર ધ્રુજાવવો તે.
૬. સ્ત્રી. ઘસઘસાટ ઊંઘવું તે.
૭. સ્ત્રી. ચટપટી; ચિંતા.
૮. સ્ત્રી. સૂર; અવાજ.
૯. અ. એક પછી એક ખરતું હોય તેમ; સપાટાબંધ; અટક્યા વગર.

ખરખરડી (ખરખરડ઼ી) ૧. સ્ત્રી. નદીનું વહેન ધીમું વહેતું હોય તે જગ્યા.
૨. સ્ત્રી. નાની નદી.

ખરખરવું ૧. અ. ક્રિ. એક પછી એક ચાલુ પડ્યા કરવું; ગરવું; ખરખર એવો અવાજ થવો.
૨. અ. ક્રિ. ખટકવું; મનમાં વ્યથા થયા કરવી.
૩. અ. ક્રિ. ખૂંચવું.
૪. અ. ક્રિ. ગળામાંથી ખોખરો અવાજ નીકળવો; ગળામાં ખરખરી બોલવી.
૫. અ. ક્રિ. જીર્ણ થઈ જવું; ઘસાઈ જવું; ખખળી જવું; અશક્ત થવું.
૬. અ. ક્રિ. દુઃખ લાગવું; માઠું લાગવું; બળાપો થવો; સાલવું.
૭. અ. ક્રિ. ભારે પડવું; આકરું લાગવું.
૮. અ. ક્રિ. શોક કરવો; પશ્ચાત્તાપ કરવો; અફસોસ થવો..
૯. સ. ક્રિ. દુઃખ દેવું.

ખરખરા ૧. [અ.] પું. ખૂબ ઊંઘવું તે.
૨. પું. ઘોડાને સાફ કરવાનો ખરેરો.

ખરખરાજાત ૧. [અ. ખર્જ (ખરજનું બ. વ.)] સ્ત્રી. ઘટ; ખાધ; નુકસાન.
૨. સ્ત્રી. જકાત વગેરે પરચૂરણ ખરચ; મજૂરી, જકાત વગેરે ખરચ.
૩. સ્ત્રી. વસૂલાતને લગતું કામકાજ.

ખરખરાવીને અ. પૂરી સમજણ આપીને; સ્પષ્ટતાથી નોંધ રાખે તેવી રીતે.

ખરખરિયા ૧. સ્ત્રી. ખુરસી.
૨. સ્ત્રી. મ્યાનો.

ખરખરી ૧. સ્ત્રી. ગળામાં બાઝેલો કફ કે ખાધેલી ચીજનો ભાગ. તેનાથી અવાજ ખોખરો થાય છે.
૨. સ્ત્રી. મ્યાનો.
૩. સ્ત્રી. ચટપટી; તાલાવેલી.
૪. સ્ત્રી. ચિંતા.
૫. સ્ત્રી. સૂર; અવાજ.
૬. વિ. સ્ત્રી. ખડખડ થાય તેવી; વધારે શેકેલ; આકરી.

ખરખરીઓ પું. કપાસને લાગુ પડતો એક રોગ. તેથી તેનાં પાંદડાં ખરી જાય છે.

ખરખરુ પું. ખરખરો; વસવસો; આશંકા.

ખરખરું ૧. વિ. ખડખડ થાય તેવું; આકરું.
ખરખરી પૂરી = વધારે આકરી કરેલ પૂરી.
૨. વિ. લીસું ન હોય તેવું.

ખરખરો ૧. [ફા. ખર્ખરા] પું. આભરણું કાઢવું તે.
૨. પું. ખખરો; દિલગીરી.
૩. પું. ધૂપ લેવો તે.
૪. પું. પસ્તાવો; પશ્ચાત્તાપ.
ખરેખરો થવો = પસ્તાવો થવો.
૫. પું. લૌકિક કરવી તે.
૬. પું. શક; અંદેશો; વહેમ.
૭. પું. સમદુઃખતા બતાવવી તે; શોક દેખાડવો તે; આશ્વાસન આપવું તે.
૮. પું. સંતાપ; શોક.
૧. ખરખરે જવું = (૧) કાણે જવું. (૨) શોક બતાવવા જવું; મરનારને ત્યાં આશ્વાસન આપવા જવું.
૨. ખરખરો કરવો = શોક બતાવવો.
૯. વિ. પું. આકરો; ખડખડ થાય તેવો.

ખરખલો ૧. પું. ઉતરડ.
૨. પું. ખડકેલી ચીજનો ઢગલો; ખડકલો; ઢગ; રાશિ; ખરકલો.

ખરખશ પું. કજિયો.

ખરખશા ૧. [ફા.] પું. ગડબડ.
૨. પું. દાવો.
૩. પું. બખેડો.
૪. પું. ભય; આશંકા.

ખરખાવિંદ [ફા.] પું. ગધેડાનો માલિક.

ખરખાવું અ. ક્રિ. નુકસાન ખમવું.

ખરખોટી સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

ખરખોડી સ્ત્રી. એક જાતનો વેલો. તે થોરમાં થાય છે. આંગળી જેવાં લાંબાં તેનાં ફળને ખરખોડાં કહે છે. તે ખવાય છે અને પાકે ત્યારે તેમાંથી રૂ જેવું નીકળે છે.

ખરખોડી મીઠી સ્ત્રી. ખરખોડીનો એક પ્રકાર. તે શીતલ, રસાયન અને ગ્રાહી છે અને ત્રિદોષમાં ઉપયોગી મનાય છે.

ખરખોડું ન. ખરખોડીનું ફળ. તે કુમળાં હોય ત્યારે તેનું શાક થાય છે.

ખરખોડો પું. એક જાતનો વેલો. તેનું મૂળ ઘસી સોજા ઉપર ચોપડાય છે.

ખરગ ૧. પું. ખડ્ગ; તરવાર.
૨. સ્ત્રી. આકડો.

ખરગધ ન. જંગલી ઘોડો. આ જાનવર બલુચિસ્તાનમાં, કચ્છના રણમાં તથા રજપુતસ્થાનમાં જેસલમીર અને બીકાનેરના રણમાં મળી આવે છે. એ ઘણું દોડનારું છે. તેની ગરદન બાર તેર મૂઠ ઊંચી, ચામડીનો રંગ ફિક્કો, કાબરચીતરો અને પેટ ઉપર સફેદ હોય છે. પેટ ઉપર એક લાંબો લીસોટો અને ગરદન ઉપર યાળ હોય છે.

ખરગંધા [સં.] સ્ત્રી. નાગરવેલ.

ખરગાહ ૧. પું. બાદશાહી મહેલ.
૨. [ફા. ખર (વિશાળ) + ગાહ (જગ્યા)] પું. મોટો તંબૂ; શમિયાનો.
૩. પું. સફરીમંડપ; અકબરના વખતનો એક જાતનો સફરીમંડપ. એને એક અથવા બે દરવાજા હોય છે.

ખરગૃહ ૧. [સં.] ન. ગધેડાં બાંધવાનું સ્થળ.

૨. ન. હજામનું ઘર.

ખરગેહ જુઓ ખરગૃહ.

ખરગોશ (ખ઼રગોશ) ૧. ન. એક જાતનું હરણ.

૨. ન. એક પ્રકારનું પક્ષી; પંખા જેવી પાંખવાળું મેનાની જાતનું એક પંખી. તેનો રંગ ધોળો અને કોઈ કોઈ જગ્યા ઉપર કાળાં ધાબાં હોય છે.

૩. [ફા. ખર (ગધેડો) + ગોશ (કાન)] ન. ગધેડા જેવા લાંબા કાનવાળું પ્રાણી.

૪. ન. સસલું; શશક.

ખરગોસ જુઓ ખરગોશ.

ખરગ્રહ ૧. પું. વલ્લભી વંશનો એ નામનો એક રાજા.

૨. ન. ગધેડાં બાંધવાનો તબેલો.

૩. ન. હજામનું ઘર.

ખરઘાતન ૧. [સં.] પું. નાગકેસર.

૨. પું. શ્રી રામ.

ખરઘોશ ૧. ન. એક જાતનું પક્ષી.

૨. ન. સસલું; શશ; શશક.

ખરચ ૧. [ફા. ખર્ચ] પું.; ન. ખરચવું તે; વાપરવું તે; વ્યય; વાપર.

૧. આંધળું ખરચ = જાણતાં છતાં ન કાઢી શકાય તેવું ખરચ; નકામો નાણાંનો વ્યય.

૨. ખરચ કરવું = વાપરવું.

૩. ખરચ કાઢવું = (૧) મોટી રકમ ખરચવી પડે તેવો પ્રસંગ ઉકેલવો. (૨) વરો કરવો.

૪. ખરચ ખાવાં = જમણવાર જમવા.

૫. ખરચ ખાવું = કોઈને ખરચે બેઠાં બેઠાં વખત ગુમાવવો; વગર કારણે ભથ્થાં ખાવાં; પારકે પૈસે તાગડધિન્ના કરવા.

૬. ખરચ ધોવું = અમુક પ્રસંગને લીધે થયેલ ખરચ મજરે આપવું.

૭. ખરચ પાડવું = ખરચના હિસાબમાં લેવું.

૮. ખરચ પૂરવું = ખોરાકીપોષાકી આપવી; ગુજરાન ચલાવવામાં મદદ કરવી.

૨. પું.; ન. મોટી રકમ વાપરવાનો સારોનરસો અવસર.

૩. પું.; ન. લાગત; કીમત.

ખરચક વિ. ખરચાળ.

ખરચખાતું ન. ખર્ચ થયેલી રકમો લખવાનું ખાતું.

ખરચખાતે નાખવું = (૧) માંડી વાળવું; ખર્ચના હિસાબમાં લેવું. (૨) વાપરવું.

ખરચખૂટણ ૧. ન. અવસર વખતે કરવાનું ખરચ; વરો.

૨. ન. ફાલતુ ખરચ; પરચૂરણ ખરચ.

૩. ન. વાપરવું તે.

ખરચખૂંટણ જુઓ ખરચખૂટણ.

ખરચજોગું વિ. ખરચ જેટલું.

ખરચટ વિ. ખરબચડું.

ખરચપત્રક ન. ખરચની વિગત બતાવનારૂં પત્રક.

ખરચપાણી ૧. ન. ખરચીપાણી.

૨. ન. જમણવાર.

ખરચપાણી કરવાં = જમણવાર કરવા; વરાખરા કરવા.

ખરચવું ૧. સ. ક્રિ. ઉકાળવું; કઢવું.

૨. સ. ક્રિ. કીમત આપવી.

૩. [ફા. ખર્ચ] સ. ક્રિ. ખરચ થાય એમ કરવું; વાપરવું; વાવરવું; વ્યય કરવો.

૧. અક્કલ ખરચી કાઢવી = અર્થ વગરનું કે મૂર્ખાઈભર્યું બોલવું કે કાર્ય કરવું.

૨. ખરચી ખાવું = વાપરી નાખવું; ઉડાવી દેવું.

૩. ખરચી નાખવું = ઉડાવવું; વેડફી નાખવું.

૪. સ. ક્રિ. ગાળવું; ગુજારવું; ગુમાવવું.

૫. સ. ક્રિ. વેડફી નાખવું.

ખરચંગ ૧. પું. એક જાતનો છોડ.

૨. [ફા.] પું. કરચલો.

૩. પું. કાચબો.

ખરચાઉ ૧. [ખર્ચ + આલુ (વાળું)] વિ. ખરચ કરે તેવું; હાથનું છૂટું.

૨. વિ. ખરચ લાગે એવું; કીમત આપવી પડે એવું.

૩. વિ. ખરચાઈ જાય એવું; ખૂટતું; ઓછું થાય એવું.

૪. વિ. મોંઘું.

ખરચાવવું સ. ક્રિ. ખરચવાની ફરજ પાડવી; ખરચે તેમ કરવું; વપરાવવું.

ખરચાવું ૧. અ. ક્રિ. ખંચાવું; અટકવું; થોભવું; અચકાવું.

૨. અ. ક્રિ. ધટ્ટ થવું.

૩. અ. ક્રિ. મરાવું.

૪. અ. ક્રિ. વપરાવું; ખરચ થવો; વ્યય થવો; ખૂટવું.

ખરચાળ જુઓ ખરચાઉ.

ખરચાળપણું ૧. ન. ખરચ લાગે એવું હોવાપણું.

૨. ન. ખરચાઈ જાય એવું હોવું તે.

૩. ન. મોંઘાપણું.

૪. ન. હાથ છૂટો હોવાપણું; બહુ ખર્ચ કરે એવું હોવાપણું.

ખરચાળુ જુઓ ખરચાઉ.

ખરચી ૧. સ્ત્રી. આજીવિકાનું સાધન; ગુજરાનનું સાધન; પોષણનું સાધન.

ખરચી ખૂટી ને માયા તૂટી = આજીવિકાનું સાધન ગુમાવવાથી સ્નેહ ઓછો થાય છે; ગરીબ સ્થિતિમાં આવી પડનાર પ્રત્યે તેનાં સ્નેહીઓને સ્નેહ ઓછો થાય છે.

૨. સ્ત્રી. ખરચખાતું.

૩. [ફા. ખર્ચ] સ્ત્રી. ખરચવાને માટે જોઈતી રકમ.

૪. સ્ત્રી. જાવક; ખરચ.

૫. સ્ત્રી. નકામું ખરચ.

૬. સ્ત્રી. હાથખરચ; ખીસાખરચ.

૭. વિ. સાધારણ; હલકું.

ખરચી કાગળ = એક જાતનો દેશી જાડો કાગળ.

૮. વિ. સામાન્ય; હરરોજના ઉપયોગનું.

૯. અ. ખર્ચ કરીને; વાપરીને.

ખરચીખૂટ ૧. સ્ત્રી. પરચૂરણ ખરચ; ખરચ ખૂટણ.

૨. વિ. પૈસા વિનાનું; ખરચ કરવાને અશક્ત.

ખરચી ચૂનો પું. મોટા બાંધકામ માટે નહિ પણ મરામત વગેરે સાધારણ કામમાં વાપરવા જોગ ચૂનો; ચૂનો અને રેતીની મેળવણી; પકવેલી માટી.

ખરચીપાણી ૧. ન. ઉડાડી જવું તે; ધણીને ન આપતાં બારોબાર ખાઈ જવું તે; ઉચાપત.

ખરચીપાણી કરવાં = (૧) ઉડાડવું; ધણીને કે માલિકને ન આપવું; ધણીને ખબર ન પડે એમ ખાઈ જવું. (૨) વાપરી નાખવું; નાણાનો ખોટો વ્યય કરવો; પૈસા કે ધનમાલનું પાણી કરવું.

૨. [ખરચી + પાણિ (હાથ)] ન. ખરચ માટેના પૈસા; હાથખરચના પૈસા.

૩. ન. ગુજરાનનું સાધન.

૪. ન. દોલત; લક્ષ્મી.

ખરચીપાણી ખૂટવાં = દોલત ખૂટી જવી; પૈસા વપરાઈ જવા; નાણું ખૂટવું; ખરચ કરવાની કાંઈ સગવડ ન હોવી; હાથ તંગ થવો.

૫. ન. પરચૂરણ ખરચ.

૬. ન. બોણી; વકરો.

૭. ન. મુસાફરીમાં ખાવા માટે લીધેલું ભાતું.

૮. ન. હક્ક વગર કોઈની પાસેથી તેની ખુશી જોઈને જે માગી લેવું તે; બક્ષિશ.

ખરચીલું વિ. પ્રમાણુથી વધારે ખરચ કરનાર; ખરચાઉ.

ખરચુ ન. મળત્યાગ; ઝાડે જવું તે.

ખરચુ જવું = ઝાડે ફરવા જવું; હગવા જવું; દિશાએ જવું; જંગલ જવું; નદીએ જવું; કળશે જવું.

ખરચુપાણી ન. ખરચુ.

ખરચો ૧. [ખડ (ઘાસ) + ચેહ] પું. કાપતાં ભોંયને ચોંટી રહેલું છોડનું ઠૂંઠું; કરચો; ખાંપો; ખૂંપો.

૨. પું. ખરચવાની રકમ; ખર્ચ.

૩. પું. પતરાવળાં સીવવાની રાડાંની સળી.

૪. પું. ફણગો; કોંટો.

૫. પું. વરોખરો.

૬. પું. વાળનો ખૂંપરો; હજામતમાં અડધો કપાઈ સપાટી ઉપર લાગે તેમ રહી ગયેલો વાળ.

ખરચ્છદ ૧. [સં.] પું. એક જાતનું ઘાસ.

૨. પું. શાખોટ; એક જાતનું ઝાડ.

૩. પું સાગનું ઝાડ.

ખરછરા [હિં.] વિ. ખડબચડું.

ખરજ ૧. પું. ગંભીર; જાડો રાગ.

૨. પું. (સંગીત) સાત માંહેનો એક સ્વર; ષડ્જ. તેનો અવાજ મોરના જેવો, તેનું સ્થાન નાભિ અને અધિષ્ઠાતા ગ્રહ ચંદ્ર છે. તે શીત અને રસયુક્ત છે. છ ઋતુમાં તે અનુકૂળ છે.

ખરજનો સૂર = ગધેડાનું ભૂંકવું તે.

૩. સ્ત્રી. કોડીનાર પાસેના દરિયામાં થતી એક જાતની માછલી.

૪. સ્ત્રી. ખંજવાળ; વલૂર; ખણુજ; ચળ; કંડૂ; ખૂજલી.

૫. સ્ત્રી. ખંજવાળ થાય એવો ચામડીનો રોગ. જેમકે, દાદર, ખરજવું.

ખરજવું ૧. ન. ચામડીનો એક રોગ. તે એક પ્રકારના જંતુથી થાય છે. આ પ્રાણી ખાસ કરીને હાથ, તેની આંગળીઓ, તેઓ વચ્ચેના સાંધા, કોણી, કાખ વગેરે જગ્યાએ રહે છે. શરીર ખજવાળવાથી તેનો પ્રસાર આખા શરીર ઉપર થાય છે. તેની માદા ચામડીમાં એક ફાટ પાડે છે અને ત્યાં ઈંડાં મૂકી ચામડીની અંદર વધુને વધુ પ્રવેશ કરે છે. આ રોગનો ચેપ વિશેષે કરીને રાત્રે લાગુ પડે છે. ખરજવાના બે પ્રકાર: (૨) સૂકું ખરજવું અને (૨) કચકચતું ખરજવું. સૂકા ખરજવામાં બહુ ચળ આવે છે અને નિત્ય ઘર્ષણુથી તે જાડું અને ખરબચડું થઈ જાય છે.

૨. સ. ક્રિ. ખંજવાળવું; વલૂરવું.

ખરજસપ્તક ન. (સંગીત) મંદસપ્તક.

ખરજસૂર પું. સંગીતમાં સૌથી નીચલો સૂર.

ખરજહરા [યૂ.] પું. ગુલુ નામના ઝાડનો કંદ; કતીરા.

ખરજાન [યૂ.] પું. વેતસ; નેતર.

ખરજીકણ ન. ખળામાંથી બ્રાહ્મણોને આપવામાં આવતો દાણો.

ખરજુ [સં.] વિ. તીવ્ર ગતિવાળું.

ખરઝાર સ્ત્રી. ખરેલ હોય તે.

ખરડ (ખરડ઼) ૧. [સં. ક્ષલ્ (ધોવું)] પું. જાડા રગડાનો લેપ; થપેડો; જાડું જાડું ચોપડવું તે.

૨. પું. વાસણને તળિયે જે કાંઈ ચોંટી રહ્યું હોય તે.

૩. સ્ત્રી. કાંકરી.

૪. સ્ત્રી. ખરલ.

૫. સ્ત્રી. ઢાલની ફૂરડી.

૬. ન. ખેતરમાંનું ઘાસ; ખડ.

૭. ન. નાનું વહેન.

ખરડકું (ખરડ઼કું) [સં. ક્ષર્ (વહેવું)] ન. વહેળિયું; નાનો ઝરો.

ખરડવું (ખરડ઼વું) ૧. સ. ક્રિ. આબરૂને નુકસાન પહોંચાડવું.

૨. [સં. ક્ષર્ (ટપકવું)] સ. ક્રિ. ખરાબ કરવું; મેલું કરવું; બગાડવું.

૩. સ. ક્રિ. ખોટેખોટું લખી નાખવું.

નામું ખરડવું = ખોટું નામું ચડાવવું.

૪. સ. ક્રિ. જાડું પ્રવાહી લગાડવું; ચોપડવું; લેપ કરવો.

૫. સ. ક્રિ. સંડોવવું; લબદાવવું; ફસાવવું.

ખરડા (ખરડ઼ા) ૧. સ્ત્રી. અંદાજપત્ર.

૨. સ્ત્રી. કાચી નોંધ.

ખરડાખરડી (ખરડ઼ાખરડ઼ી) સ્ત્રી. છેકાછેકી.

ખરડાવવું (ખરડ઼ાવવું) ૧. સ. ક્રિ. આબરૂને નુકસાન પહોંચે તેમ કરાવવું.

૨. [સં. ક્ષર્ (ટપકવું)] સ. ક્રિ. ખરાબ કરાવવું; બગાડાવવું.

૩. સ. ક્રિ. જાડું પ્રવાહી લગાડાવવું; ચોપડાવવું; લેપ કરાવવો.

૪. સ. ક્રિ. સંડોવાવવું; ફસાવવું; નઠારાં કામમાં સામેલ કરાવવું.

ખરડાવું (ખરડ઼ાવું) ૧. અ. ક્રિ. ઉપભોગ કરવા જેવું બનવું; ઉપભોગ્ય બનવું.

૨. અ. ક્રિ. ડાઘ લાગવો; રંગાવું; ડાઘ પડવા.

૩. અ. ક્રિ. બગડવું.

૪. અ. ક્રિ. લેપ લાગવો.

૫. અ. ક્રિ. સંડોવાવું; ફસાવું.

ઘણાં ડાહ્યાં તે ઘણાં–ત્રણ ઠેકાણે ખરડાય = બહુ ડાહ્યાં હોય તે બહુ ફસાય.

ખરડિયાણું (ખરડ઼િયાણું) વિ. ભોંઠું; છોભીલું.

ખરડિયું (ખરડ઼િયું) ૧. ન. અછત; તંગી; મોંઘવારી.

૨. [સં. ખર (ગરમ)] ન. સુકવણાનું વર્ષ; દુકાળ જેવું વર્ષ; ખૈડિયું.

૩. વિ. વરસાદ છતાં કમ પાકવાળું.

ખરડિયો (ખરડ઼િયો) પું. નોંધ; ખરડો.

ખરડુ (ખરડ઼ુ) સ્ત્રી. દોરાને સરખી ઊંચાઈએ રાખવાનું સાધન.

ખરડો ૧. (ખરડ઼ો) પું. અસલ લખાણ; પ્રથમ લેખ.

૨. પું. અંદાજપત્ર.

૩. પું. કાચું લખાણ; લખાણનો મુસદ્દો; કાચી નોંધ; ડોળિયું.

૪. [સં. ક્ષર્ (ટપકવું)] પું. ખરડ; લેપ.

૫. પું. ખેતરો સંબંધી હકીકત લખી' હોય તેવું તલાટીનું પત્રક; રજિસ્ટર.

૬. પું. ઠરાવ; કાયદો.

૭. પું. દસ્તાવેજ.

૮. પું. દોપિસ્તું; ઘૂંટવાના અક્ષરોનો કાગળ.

૯. પું. નમૂનો.

૧૦. પું. ફાળાના રકમની નોંધ.

ખરણ ન. ઝરડું; ઝાંખરું.

ખરણસ ૧. [સં.] વિ. ગધેડાના જેવા નાકવાળું.

૨. વિ. તીવ્ર નાકવાળું.

ખરણાસરી સ્ત્રી. એક જાતની સફેદ કાંકરી સાથેની કાળી જમીન. આ જમીનમાં વરાપ જલદી આવે. તેમાં કપાસ અને જુવારનાં તૂલ થઈ શકે છે પણ બાગાયત તૂલ માટે તે લાયક નથી.

ખરણિયું ન. બોરડી; ઝાંખરું.

ખરણી સ્ત્રી. એક જાતનો ક્ષુપ. તેનાં પાન બારીક, ફૂલ ધોળાં કે ગુલાબી અને ફળ ગોળાઈ લેતાં બારીક હોય છે.

ખરણેર ૧. સ્ત્રી. એક જાતની વનસ્પતિ; શિરદોડી; અર્કપુષ્પા.

૨. સ્ત્રી. એક જાતનો વેલો. એનાં પીપરનાં જેવાં પાન તોડવાથી કાળો રસ નીકળે. તેને બરછી જેવાં અણીદાર ફળ થાય છે.

ખરતન ન. ગધેડું.

ખરતર સ્ત્રી.; ન. (જૈન) એક જાતની પદવી.

ખરતરગચ્છ [સં. ખર (ગરમ) + તર (વધારે) + ગચ્છ (ટોળું)] પું. (જૈન) જિનેશ્વર નામના જિન યતિએ સ્થાપેલો એક સંપ્રદાય; જૈન સાધુઓનો એક વર્ગ. ઈ. સ. ૧૦૨૪માં જિનેશ્વર નામના જૈન યતિએ અણહિલવાડના રાજા દુર્લભ પાસેથી ખરતર પદ મેળવ્યું અને તેણે ખરતરગચ્છ સ્થાપ્યો.

ખરતલ ૧. [હિં.] પું. સ્પષ્ટ વક્તા.
૨. વિ. ખમી શકે એવું.
૩. વિ. નિષ્પક્ષપાત.
૪. વિ. પ્રચંડ; ઉગ્ર.
૫. વિ. શુદ્ધ હૃદયવાળું.
૬. વિ. સાફ; સ્પષ્ટ.
ખરતલ કહેવું = છૂટથી બોલવું.
૭. વિ. સ્પષ્ટવાદી.

ખરતવા [હિં.] પું. છૈયા.

ખરતાડ (ખ઼રતાડ઼) પું. તાડનો એક પ્રકાર. ગુજરાતની ભૂમિમાં જે તાડનાં વૃક્ષો છે તે ખરતાડ છે. તેનાં પત્રો સ્થૂળ, લંબાઈ પહોળાઈમાં ટૂંકાં તેમ જ નવાં હોય ત્યારે પણ સહેજ ટક્કર કે આંચકો લાગતાં તૂટી જાય એવાં એટલે કે બરડ હોય છે. માટે પુસ્તક લખવાના કાર્યમાં તેનો ઉપયોગ કરાતો નથી.

ખરતાલ ન. સફેદ શરીરવાળું એક જાતનું પ્રાણી. તેને ત્રણ પગ, છ આંખ, નવ મોઢાં, બે કાન અને એક શીંગડું હોય છે.

ખરતું વિ. પડતું; ખસતું; ખરી જતું; ખસી જતું.
૧. ખરતું કરવું = કાઢી મૂકવું; દૂર કરવું.
૨. ખરતું થવું = (૧) દૂર થવું. (૨) પોતાની મરજી માફક ચાલવું.
૩. ખરતું મૂકવું = દૂર કરવું; વહી જવા દેવું.

ખરતૈલ વિ. નિષ્પક્ષપાત.

ખરતો તારો પું. (ખગોળ) ઉલ્કા; અશનિ. જુઓ ઉલ્કા ૨.
ખરતા તારા દેખાડવા = ખરતા તારાના જેવી દશા કરવી; મરણતોલ કરવું.

ખરત્રીટ ૧. વિ. ખરાબ; હલકું.
૨. વિ. બરછટ; અસંસ્કારી.

ખરત્વક [સં. ખરત્વચ્] પું. અલંબુષા; મેદોગલા; એક જાતની રિસામણી. આ વનસ્પતિ હલકી, સ્વાદિષ્ટ અને કૃમિ, પિત્ત તથા કફનો નાશ કરનાર મનાય છે.

ખરદજાલ વિ. ખ્રિસ્ત વિરોધી.

ખરદરાજગોશ [યૂ.] પું. ગધેડો.

ખરદલ [અ.] પું. રાઈ.

ખરદલા [સં.] સ્ત્રી. સામસામા પર્ણવાળું અંજીરના પ્રકારનું એક ઝાડ; એક જાતનો ઉમરો.

ખરદંડ [સં.] ન. પદ્મ; કમળ.

ખરદારુ [યૂ.] પું. એક જાતનો છોડ; કુલંજન.

ખરદિયા ૧. સ્ત્રી. દશા શ્રીમાળી વાણિયાની એક અટક.
૨. ન. દશા શ્રીમાળી વાણિયાની એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ખરદી સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

ખરદૂખર પું. બ. વ. એ નામના બે રાક્ષસ; ખરદૂષણ.

ખરદૂષણ ૧. [સં.] પું. ધંતૂરાનું ઝાડ.
૨. પું. બ. વ. ખર અને દૂષણ નામના બે રાક્ષસ.
૩. વિ. તીક્ષ્ણ દોષોવાળું; ઘણા દોષોવાળું.

ખરદૂષણઘાતક [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

ખરધાર [સં.] સ્ત્રી. તીક્ષ્ણ ધારવાળું.

ખરધ્વંસી ૧. પું. કૃષ્ણચંદ્ર.
૨. [સં.] પું. રામ; ખર દૈત્યને મારનાર રામચંદ્રજી.

ખરના [હિં.] પું. ઢોરની એક જાત.

ખરનાદ [સં. ખર (ગધેડું) + નાદ (અવાજ)] પું. ગધેડાનો અવાજ; ગધેડાની ભૂંક.

ખરનાદિની [સં.] સ્ત્રી. એક જાતનું સુગંધી દ્રવ્ય; રેણુકાબીજ.

ખરનાદી [સં. ખર (ગધેડું) + નાદ (અવાજ) + ઇન્ (વાળું)] વિ. તીવ્ર શબ્દ કરનાર; ગધેડાના જેવો અવાજ કરનાર.

ખરનાલ [સં.] ન. કમળ.

ખરપ [સં.] પું. એ નામનો એક ઋષિ.

ખરપચી ૧. પું. બહુ પાતળો માણસ.
૨. સ્ત્રી. વાંસની ચીપ.

ખરપજા [યૂ.] ન. તરબૂચ.

ખરપટ પું. મૂલદેવ.

ખરપડ (ખરપડ઼) [મ.] ન. માઠું વર્ષ.

ખરપડી (ખરપડ઼ી) ૧. સ્ત્રી. ઊગતા છોડને નુકસાન કરતું એક જાતનું જીવડું.
૨. [સં. સૃપ્ (ગતિ કરવી)] સ્ત્રી. જમીન ઉપરથી ઘ્રો ઉખેડવાનું એક પહોળા ફળનું ઓજાર; ખરપી; ખરપવાનું ઓજાર; તવેથાના આકારનું નીંદવાનું ઓજાર.
૩. સ્ત્રી. ચામડામાં લીટા જેવાં ચિત્રો કાઢવા માટે વપરાતું ઓજાર.
૪. સ્ત્રી. ચુનારકું.

ખરપડો (ખરપડ઼ો) ૧. પું. કમઅક્કલ ગામડિયો માણસ.
૨. પું. મોચીનું ચામડાં ઉઝરડવાનું ઓજાર.
૩. [સં. સૃપ્ (ખસવું)] પું. મોટી ખરપડી; ખરપો.
૪. પું. મોટો તવેથો.
૫. પું. રેલવે એંજિનની આગળ પાટાથી થોડો ઊંચો રહેતો ખરપીના આકારનો ભાગ.

ખરપણિની સ્ત્રી. ભોંપાથરી; ગળજીભી.

ખરપણી ૧. સ્ત્રી. આદત; ટેવ.
૨. સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

ખરપત્ર ૧. [સં.] પું. એક જાતની તુલસી; રાતી તુલસી.
૨. પું. સાગનું ઝાડ.

ખરપત્રક ન. તિલકવૃક્ષ નામે ઝાડ; તિલકનું ઝાડ.

ખરપત્રી [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

ખરપર ૧. પું. એ નામના એક જાતના લોક.
૨. ન. એક જાતનું ઝાડ.
૩. અ. ચાલાકીથી; ઝડપથી.

ખરપરિક ૧. પું. એ નામના એક જાતના લોક.
૨. ન. એ નામનું એક પ્રાચીન હિંદી પ્રજાસત્તાક રાજ્ય; કરપટ.

ખરપરુષ વિ. ઘણું કઠોર.

ખરપરો પું. ઉંદર.

ખરપવું [સં. સૃપ્ (ગતિ કરવી)] સ. ક્રિ. જમીનમાંથી ખણીને કાઢી લેવું; સોરવું; ઉખેડી કાઢવું; ખડપવું.

ખરપશું ન. ખરજવું; એક જાતનો ત્વચારોગ.

ખરપસું જુઓ ખરપશું.

ખરપા ૧. પું. ચાખડી.
૨. [હિં.] સ્ત્રી. ઘાસ નીંદવાનો ખરપો.

ખરપા થવું અ. ક્રિ. ઉત્પન્ન થવું.

ખરપાત્ર [સં. ખર (કઠણ) + પાત્ર (વાસણ)] ન. લોઢાનું વાસણ.

ખરપાદાઢ્ય [સં.] પું. કોઠનું ઝાડ.

ખરપાલ [સં.] પું. લાકડાનું ઠામ.

ખરપાવવું સ. ક્રિ. ખોટા ખરચમાં ઉતારવું; નુકસાનીમાં ઉતારવું.

ખરપાવું અ. ક્રિ. ખોટા ખરચમાં ઊતરવું; તોટો લાગવો; ખોટ ખાવી; નુકસાનમાં ઊતરવું.

ખરપિયું જુઓ ખરપિયો.

ખરપિયો ૧. પું. કઠબ કાપવાનું એક ઓજાર.

૨. પું. ઢેઢનું ચામડું ઊતરડવાનું ઓજાર; રાંપી.

૩. પું. દંતાળ, બેલી વગેરે ઉપર હાથ વડે પકડી ભાર આપવાનું લાકડી સાથે લોઢાનો બીજનાં આકારનો કટકો જડી દીધો હોય એવું સાધન; મોટી ખરપડી.

ખરપી ૧. સ્ત્રી. ખરપડી; ઘાસ નીંદવાનું કે ખરપવાનું તવેથા જેવું એક ઓજાર.

૨. સ્ત્રી. મોચીનું ચામડાં ઉઝરડવાનું એક ઓજાર.

ખરપીઠ સ્ત્રી. ગધેડાનો વાંસો.

ખરપુષ્પ [સં.] પું. મરવો નામની વનસ્પતિ.

ખરપુષ્પા ૧. સ્ત્રી. એક જાતની તુલસી.

૨. સ્ત્રી. બોડી અજમોદ.

ખરપૃથ્વી [સં.] સ્ત્રી. કઠણ જમીન.

ખરપો ૧. પું. એંજિનની આગળનો પાટા ઉપર થોડો ઊંચો રહેતો ખરપી જેવો એક ભાગ.

૨. પું. કમઅક્કલ ગામડિયો; ગમાર માણસ; મૂર્ખ.

૩. પું. ખેડૂત.

૪. પું. ઘરડો માણસ.

૫. પું. દૂધપાક વગેરે હલાવવાનું તવેથા જેવું પણ જાડું લોઢા કે પિત્તળનું ઓજાર.

૬. પું. પાવડો.

૭. પું. મોચીનું ચામડું નરમ કરીને વધારવાનું કે ઉઝરડવાનું ઓજાર.

૮. પું. મોટો તવેથો; ચલેધો.

૯. પું. લોઢાનું એક જાતનું નીરણ, શેરડી વગેરે કાપવાનું ખેતીનું ઓજાર.

૧૦. પું. સપાટી ઉપરથી ઘાસ વગેરે ઉઝરડીને ઉખેડવાનું ઓજાર; ખરપડો.

ખરપ્રિય [સં.] ન. પારેવું; કબૂતર.

ખરપ્રિયા સ્ત્રી. કબૂતરની માદા.

ખરફ સ્ત્રી. ફટકડી.

ખરફેસ્તર ન. એક જાતનું જીવડું.

ખરફૂટી સ્ત્રી. હજામની દુકાન.

ખરબચડાઈ (ખરબચ઼ડાઈ) સ્ત્રી. ખરબચડાપણું; સપાટ કે સુંવાળું ન હોવું તે.

ખરબચડું (ખરબચ઼ડું) વિ. સપાટ, લીસું કે સુંવાળું નહિ એવું; સપાટી ઉપર હાથ ફેરવતાં લાગે તેવું; અસમતલ.

ખરબર ૧. સ્ત્રી. ઉતાવળ; ત્વરા.

૨. સ્ત્રી. કંસારાનું એક છેડે વાળેલું વાસણ ઘડવાનું, ઘોબા ઉપાડવાનું કે ઠામ મઠારવાનું લોઢાનું ઓજાર.

૩. સ્ત્રી. કૂદકા મારતાં ઘોડાનો થતો અવાજ.

૪. સ્ત્રી. ધમાલ; ધાંધલ.

ખરબુસ ન. ડમરો નામની વનસ્પતિ.

ખરબૂજ ૧. પું. એક જાતનો વેલો. તેનું ફળ કલિંગડ જેવું હોય છે.

૨. જુઓ ખરબૂજા.

ખરબૂજા ૧. પું. બિહારી કલમી આંબાની એક જાત.

૨. ન. ખડબૂચું; તળિયું; ચીભડું.

૩. ન. તરબૂચ.

૪. ન. સાકરટેટી.

ખરભડો (ખરભ઼ડો) પું. તકરાર; કજિયો.

ખરભીંડી સ્ત્રી. રેસા કાઢવામાં ઉપયોગી એક જાતની ભીંડી.

ખરભુજા જુઓ ખરબૂજા.

ખરમચાદાર વિ. કાળજીવાળું; ચીવટવાળું.

ખરમચિયું ન. ચૂડી; ચૂડલી.

ખરમચી સ્ત્રી. આદત; ટેવ.

ખરમચો ૧. પું. આદત; ટેવ.

૨. પું. કાળજી; ચીવટ; સંભાળ.

ખરમટો પું. ખળામાંથી અનાજ લઈ લીધા પછી જમીનને ખાડેખોચરે પડી રહેલ દાણોદૂણી.

ખરમન પું. બળદનો એક જાતનો રોગ. તેમાં બળદના મોંમાંથી લાળ પડે છે અને મોં પૂરૂં ઊઘડતું નથી.

ખરમસ્તુ ૧. વિ. કસરતબાજ; ખેલાડી.

૨. વિ. મૂર્ખ.

ખરમંજરી [સં.] સ્ત્રી. અઘાડો નામની વનસ્પતિ; અપામાર્ગ. તેના ફૂલની મંજરી બરડ હોવાથી તેનું આ નામ પડેલું છે.

ખરમંજારી જુઓ ખરમંજરી.

ખરમુખ ૧. પું. એક રાક્ષસનું નામ. તેને કેકય દેશમાં ભરતે માર્યો હતો.

૨. પું. નીચલા હોઠ કરતાં ઉપલો હોઠ મોટો હોય તેવો ઘોડો.

ખરમુખું વિ. ગધેડાના જેવા મોઢાવાળું.

ખરમુહરા પું. કોડીનો સિક્કો.

ખરમૂર ન. એક જાનનું પક્ષી. તેને ગધેડાના જેવા કાન અને મોર જેવો આકાર હોય છે.

ખરમૂશ પું. મોટી જાતનો ઉંદરડો.

ખરમોડો (ખરમોડ઼ો) પું. એક જાતનો ઢોરનો રોગ.

ખરમોહરા જુઓ ખરમુહરા.

ખરયાન [સં.] ન. ગધેડું જોડેલું વાહન.

ખરરખટ અ. સડસડાટ; ખરખર અવાજ થાય તેવી રીતે.

ખરરશ્મિ ૧. પું. આકડાનો છોડ.

૨. પું. સૂર્ય.

ખરલ ૧. પું. ખરડ; લેપ.

૨. પું. ખલનો બત્તો; દસ્તો.

૩. પું. ગુલામ; નોકર.

૪. પું. લીસા કઠણ પથ્થરનો વાટવા ઘૂંટવાનો ખાંડણિયો; ખલ.

ખરલ કરવું = ઘૂંટવું; ખરલમાં નાખી ખૂબ લઢવું.

૫. સ્ત્રી. કુંભારનું માટીનું એક સાધન. કુંભાર લોકો વાસણને ઘડે ત્યારે તેમાં પાણી ભરી પાસે રાખે છે અને તેમાં લાકડાનો બનેલો ટપલો બોળી વાસણ ઉપર મારે છે.

ખરવ ૧. પું. ખર્વ; હજાર કરોડ જેટલી સંખ્યા.

૨. વિ. ખોડીલું; અપંગ; દોષવાળું.

૩. વિ. નીચું; ઠીંગણું; વામનરૂપ.

ખરવટ ૧. પું. પશુઓનો ખરીનો એક રોગ.

૨. અ. એકદમ; જલદી; તુરત.

ખરવડ (ખરવડ઼) સ્ત્રી. ઝાડની છાલ ઉપરનો સુકાયેલો ભાગ; ઝાડની છાલનું સૂકું છોડું કે ભીંગડું.

ખરવડવું (ખરવડ઼વું) સ. ક્રિ. ખંજવાળવું; ચંચોળવું.

ખરવડું (ખરવડ઼ું) ૧. ન. પોપડો; તપેલી સાથે વળગેલો દાઝેલા અનાજનો ભાગ.

૨. વિ. ખરબચડું; લીસું નહિ એવું.

ખરવણ ૧. વિ. કઠણ; મજબૂત.

૨. વિ. ખડતલ; દુ:ખ સહન કરી શકે એવું.

ખરવત ન. ખોરેતીનું ઝાડ.

ખરવબ ન. સોનીનું ઉજાળ વાટવાનું ઠામ.

ખરવર ૧. પું. મૂર્ખ માણસ.

૨. પું. મોટો ગધેડો.

ખરવલ્લિકા [સં.] સ્ત્રી. નાગરવેલ.

ખરવલ્લી જુઓ ખરવલ્લિકા.

ખરવવું સ. ક્રિ. ખાટું કરવું; ખટાશવાળું બનાવવું.

ખરવળવું સ. ક્રિ. ખોતરવું; ખોદવું.

ખરવા પું. ઢોરનો એક જાતનો રોગ. ખરવા અને મોવાસો ઢોર, ઘેટાં અને બકરાંનો ચેપી રોગ છે. ખોરાક, પાણી, હવા અને માણસો વગેરે મારફત તે ફેલાય છે. આ રોગમાં મરણનું પ્રમાણ ઘણું ઓછું હોય છે. નાનાં વાછરડાં આ રોગથી મરી જાય છે. આ રોગમાં ખવાતું

નથી એટલે ઢોર દૂબળાં પડે છે. આ રોગ થવાથી દૂઝણાં ઢોરનું દૂધ ઓછું થાય છે, બળદ લંગડો થવાથી કામ કરી શકતો નથી. તેમાં ઢોરને તાવ આવે, તે સુસ્ત જણાય, ધ્રૂજે, ખાય નહિ, મોઢામાંથી લાળ પડે, પગ ખંખેરે અને લંગડાય, ખરીના વચલા ભાગમાં ચાંદાં પડે, ખરીનાં ખોળાં જુદાં પડે, પગમાં જીવાત પડે અને જખમ વધી જાય. ઘેટાં અને બકરાંને પણ ઉપર પ્રમાણે ચિહ્ન જણાય છે. તે અટકાવવા માંદાં ઢોરને સાજાં ઢોરથી જુદાં રાખવાં, ઢોરની કોઢો સાફ કરવી અને ઓગાઠ વગેરે કચરો બાળી દેવો. રોગનાં ચિહ્ન જણાય ત્યારથી ચાંદાં બરાબર રૂઝાય ત્યાંસુધી ઢોરને આરામ આપવો. સૂકી, સ્વચ્છ અને કઠણ જમીન ઉપર તેને બાંધવાં અને પુષ્કળ તાજી હવા મળે તેવી ગોઠવણ કરવી. તુવેરની દાળ રાંધી ઢોરને ચાટવા દેવી, ન ચાટે તો તેમાં થોડું ઘી નાંખી પાઈ દેવી. ફટકડીનું પાણી મોઢામાં જીભ ઉપર વારંવાર છાંટવું. પગ બરાબર ધોઈ સાફ કરવા અને ડામર અને કણજિયું સરખે ભાગે મેળવી લગાડવું. જીવડા પડ્યા હોય તો જખમ બરાબર સાફ કરી જીવડા વીણી કાઢવા. ફીનાઇલમાં રૂનું પૂમડું બોળી જખમનાં કાણાંઓમાં બરાબર મૂકવું. જખમને રોજ બરાબર ધોઈ સાફ કરી કૂચા વડે જખમ ઉપર ફીનાઈલ લગાડવાથી પણ જખમ સુકાઈ જાય અને રૂઝાઈ જાય. મીઠા તેલને ગરમ કરી જખમ ઉપર રૂથી ચમકાં દેવાય છે. ઢોરને ગરમ રેતીમાં ઊભું રાખવામાં પણ આવે છે. માંદાં ઢોરનું દૂધ બરાબર ઉકાળ્યા વગર ખોરાકના ઉપયોગમાં લેવું નહિ.

ખરવાડ (ખરવાડ઼) ૧. સ્ત્રી. આમલીના થડ ઉપરનાં સૂકાં તરડાઈ ગયેલાં છોડાં; ખરવડ.

૨. સ્ત્રી. ગામને પાદર ખળી હોય તે જગ્યા; પાદર; પરવાડ; ખળાવાડ.

ખરવાડી (ખરવાડ઼ી) સ્ત્રી. રામચંદ્રે ખર રાક્ષસને માર્યો હતો તે સ્થળ. હિંદને પૂર્વ કિનારે અંકોલથી તે પાંચ માઇલ દૂર છે.

ખરવાણ ૧. વિ. ધૈર્યવાન; શાંત.

૨. [સં. ક્ષમા (સહનશીલતા) + વત્ (વાળું)] વિ. સહનશીલ; દુઃખ ખમીખમીને રીઢું થયેલું; ખડતલ.

ખરવાત પું. એક જાતનો રોગ; ખરવા.

ખરવાર (ખ઼રવાર) ૧. પું. એક ગધેડા ઉપર લાદી શકાય એટલો ભાર.

૨. સ્ત્રી. એક જાતનું અનાજ ભરવાનું માપ.

ખરવાસ ૧. પું. ઢોરની ખરીમાં પાક થઈ દુખાવો થાય તેવો રોગ.

૨. અ. એકદમ.

ખરવાહન ન. ગધેડા ઉપર બેસાડવું તે.

ખરવાંસ [હિં.] પું. પોષ તથા ચૈત્ર માસ. ત્યારે સૂર્ય ધન અને મીન રાશિનો થાય છે. આ મહિનાઓમાં માંગલિક કાર્ય કરવું વર્જિત છે.

ખરવિષાણ ન. ગધેડાનું શિંગડું.

ખરવું ૧. અ. ક્રિ. તણખાની પેઠે ઊંચેથી નીચે પડવું.

૨. [સં. ક્ષર્; પ્રા. ખર] અ. ક્રિ. વળગણીથી છૂટું પડવું; જુદું પડી જવું.

૧. ખરતું આપવું = ખડખડિયું આપવું; કાઢી મૂકવું; રજા આપવી.

૨. ખરતુ કરવું–મૂકવું = પડતું મૂકવું.

૩. અ. ક્રિ. સુકાઈ ને પડી જવું; ગરવું.

ખરી જવું–પડવું = (૧) ઊતરવું; વાળનું ઊખડી જવું. (૨) પડી જવું. (૩) સડો થવો. (૪) સુકાઈ ને પડી જવું. (૫) હારીને દૂર જવું.

૪. અ. ક્રિ. હારીને દૂર થવું.

ખરવો પું. ખરપા જેવું મોચીનું ઓજાર.

ખરશબ્દ ૧. [સં.] પું. આકરો શબ્દ.

૨ પું. ગધેડાનો અવાજ.

૩. પું. ટિટોડો.

૪. વિ. તીક્ષ્ણ શબ્દવાળું.

ખરશાલ ૧. [સં.] ન. ગધેડાંનો તબેલો; ગધેડાં બાંધવાનું સ્થળ.

૨. વિ. ગધેડાંના તબેલામાં હોય એવું.

ખરશાલા જુઓ ખરશાલ.

ખરશાવિકા સ્ત્રી. અઢાર માંહેની એ નામની એક લિપિ. જુઓ આદર્શલિપિ.

ખરશાંબળ પું. એક જાતનો વેલો. તેના ઉપર શીંગો આવે છે. તેનું શાક અથવા અથાણું બને છે.

ખરશિંગ જુઓ ખરશિંગી.

ખરશિંગી [સં. મેષશૃંગી] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; મેંઢાશિંગી. એનાં પાંદડાં લીંબડાના પાંદડાં જેવાં પણ વધારે લાંબાં હોય છે. એને ચપટી, હાથ પોણો હાથ લાંબી અને અંગૂઠા જેવી જાડી શિંગો આવે છે. ખરશિંગનો ઉપયોગ નળ ફૂલવા ઉપર, પેટશૂળ ઉપર અને કૃમિ તેમ જ ખસ ઉપર થાય છે.

ખરસટ ૧. વિ. કર્કશ.

૨. વિ. ખરબચડું; બરછટ.

૩. વિ. તકલાદી; જલદી ભાંગી જાય તેવું; બરડ.

ખરસટશંખલો પું. એક જાતનો છોડ. એની ડાંડી ચોધારી, રાતી ને ખરસટ હોય છે. પાન સામસામાં, ખરસટ, જાડાં, પહોળાં ને ગોળ હોય છે. તેમાં ધોળાં કે આસમાની રંગનાં ફૂલ થાય છે. તેમાં શંખલાંના આકારનાં ફળ થાય છે. તે ભેંસના ચારામાં વપરાય છે.

ખરસણ સ્ત્રી. એક જાતનો છોડ. આ છોડ ઝરડાં જેવો દેખાય છે. તેમાં ડાંડી ભાગ્યે જ હોય છે. તેનાં પાન ફિક્કા લીલા રંગનાં હોય છે. પાન તરત ખરી જાય છે. ઘણી વાર તેનાં પાન દેખાતાં નથી અને શાખાને છેડે પીળાં ફૂલ થાય છે અને શિંગો લાંબી પાતળી અને ઘણાં બીવાળી થાય છે.

ખરસત્ત્વા વિ. સ્ત્રી. સ્વભાવથી જ દુષ્ટ; અપ્રિય વાક્યોને જ બોલવાવાળી.

ખરસલી ૧. સ્ત્રી. ઝીણું ઘાસ; ખસલી.

૨. સ્ત્રી. તણખલું.

ખરસલીઓ પું. એક જાતની વનસ્પતિ. તે લોહીવિકાર મટાડે.

ખરસલું ૧. ન. ખસલું; પશુઓને ખાવાનું ઝીણું સૂકું ઘાસ.

ખરસલાનો તાપ અને મા વિનાનો બાપ = જેમ ખરસલાનો તાપ ઝાઝો વખત ટકતો નથી, તેમ મા વિનાનું બાપનું હેત થોડો જ વખત રહે છે.

૨. ન. દાણાના ખેતરમાં વચ્ચે ઊગતું નકામું ઘાસ; નિંદામણ.

ખરસવાં ન. બ. વ. તળાવ કાંઠે કીચડમાં થતાં શેવાળનાં મૂળિયાં. તે સોપારી જેવડાં અને રંગે કાળાં હોય છે. તેને બાફીને અથવા કાચાં પણ ખવાય છે.

ખરસવું ૧. ન. એક જાતનો ખાવાનો કંદ.

૨. ન. ખરજવું.

ખરસળી ૧. સ્ત્રી. તણખલું.

૨. સ્ત્રી. પાતળી સળીનું ખડ; પશુઓને ખાવાનું ઝીણું સૂકું ઘાસ; ખસલી.

ખરસંગ (ખ઼રસંગ) ૧. [ફા.] પું. એક મોટો પથ્થર.

૨. પું. હરીફ.

ખરસંબલ ન. એક જાતનું કઠોળ.

ખરસા ૧. પું. એક પ્રકારનો ભોજ્ય પદાર્થ.

૨. પું. ખાજ; ખુજલી.

૩. સ્ત્રી. અનાવૃષ્ટિ.

૪. [હિં.] સ્ત્રી. એક પ્રકારની માછલી. આસામ અને બ્રહ્મદેશની નદીઓમાં તે જોવામાં આવે છે.

૫. સ્ત્રી. ગ્રીષ્મ ઋતુ.

ખરસાણી ૧. [સં.] પું. એક જાતનું ઝાડ; ભદ્રચૂડ; પત્રગુપ્ત. તેનું ચીર ઘણું ઝેરી છે. તે શરીરે લગાડવાથી ફોલ્લો ઊઠે. તે વાના દરદ ઉપર કામ આવે છે.

૨. પું. ખાનદેશમાં થતું એક જાતનું તૈલી બી.

૩. પું. થોરની એક જાત. તે વાડ કરવાના કામમાં ઉપયોગી છે. ખરસાણીનાં લાકડાંને બાળી કોલસા તથા ફોડવાનો દારૂ બનાવવામાં આવે છે. વીંછીનું વિષ, ઉધરસ, ખસ, કર્ણશૂળ, વિષમજ્વર અને પેચોટી ખસી ગઈ હોય તેના ઉપર તેનો ઉપયોગ કરવામાં આવે છે.

ખરસાણીને કાંઈ ન થાય-ખરસાણીને પાણી પાવું પડતું નથી = (૧) જંગલી રોપાઓ એમને એમ ઊગે છે. તેને માટે કાંઈ શ્રમ લેવો પડતો નથી. (૨) દીકરડી અને ઉકરડીને વધતાં વાર નહિ.

ખરસાધિકા સ્ત્રી. અઢાર માંહેની એક પ્રકારની લિપિ.

ખરસાન [હિં.] સ્ત્રી. ધાર કાઢવાનો પથ્થર.

ખરસાહાણી સ્ત્રી. ઘોડાની એક જાત.

ખરસાં પું. સરાણ; ધાર કાઢવાનો પથ્થર.

ખરસાંડી જુઓ ખરસાણી.

ખરસાંડીઓ ૧. પું. એક જાતનું જંગલી ઝાડ. તેનાં પાન આંબલીનાં પાન જેવાં ઝીણાં હોય છે. તેને પીળાં રંગનાં ફૂલ આવે છે અને લાંબી મોટી શિંગ આવે છે.

૨. પું. શરસડો; શિરીષ.

ખરસાંણી જુઓ ખરસાણી.

ખરસુ ન. (ગ્રામ્ય) મળત્યાગ કરવાપણું; ખરચુ.

ખરસૂરું વિ. જરા ખારું.

ખરસૂલું જુઓ ખરસૂરું.

ખરસૈલા [હિં.] વિ. ખુજલીવાળું.

ખરસોડી (ખરસોડ઼ી) પું. એક જાતનો થોર. જુઓ ખરસાણી ૩.

ખરસ્કંધ ૧. [સં.] પું. પ્રિયાલ વૃક્ષ.

૨. સ્ત્રી. ચારોળી.

ખરસ્પર્શી સ્ત્રી. પીળી કૂકડવેલ

ખરસ્વર ૧. પું. (જૈન) વજ્ર જેવા કાંટાવાળા શાલ્મલી વૃક્ષ ઉપર નારકીને ચડાવી ગધેડા જેવો અવાજ કાઢતાં નારકીને આમતેમ ખેંચનાર પરમાધામી.

૨. [સં.] વિ. તીક્ષ્ણ શબ્દવાળું.

ખરસ્વરા [સં.] સ્ત્રી. વનમલ્લિકા નામની લતા.

ખરહક [હિં.] પું. રાજ્યના નોકરોને મોસમને છેડે અપાતો દાણાનો અમુક ભાગ.

ખરહટ વિ. કરકરૂં; બરછટ; ખડબચડું.

ખરહડા (ખરહડ઼ા) પું. ખરેરો.

ખરહર વિ. ખરબચડું; ખરસટ.

ખરહરપ્રિયા પું. (સંગીત) બત્રીશ થાટ પૈકીનો દશમો થાટ; કાફી થાટ. તેમાં ગાંધાર-ગ અને નિષાદ-નિ એ બે સ્વરો કોમળ આવે છે. બાકીના પાંચ સ્વર શુદ્ધ કોમળ આવે છે.

ખરહરા [હિં.] પું. ઘોડાને સાફ કરવાનો ખરેરો.

ખરહા ૧. ન. છાજવા માટેનું જાડું ઘાસ.

૨. ન. નકામું ઘાસ.

૩. [હિં.] ન. સસલું.

ખરહાણી સ્ત્રી. એક જાતનું જંગલી ઝાડ. જુઓ ખરસાણી.

ખરહી ૧. [હિં.] સ્ત્રી. એક જાતનું ઘાસ.

૨. સ્ત્રી. ગંજી.

ખરહોડવું (ખરહોડ઼વું) સ. ક્રિ. ફેરવવું.

ખરળીઓ પું. બળદને હાંકવા માટે લાકડા ઉપર લોઢું જડેલ ઓજાર.

ખરંઠ [હિં.] વિ. સૂકું.

ખરંજા [હિં.] પું. લાદી.

ખરંટણા સ્ત્રી. નિંદા; તિરસ્કાર.

ખરા (ખ઼રા) ૧. [ફા.] પું. કઠણ પથ્થર.

૨. પું. (જૂ. ગુ.) ઘોડાની એક જાતનું નામ.

૩. પું. બલગમ; બળખો; કફ.

૪. સ્ત્રી. એક જાતનું જંતુ.

૫. સ્ત્રી. ગધેડી.

૬. [સં.] સ્ત્રી. દેવતાડ વૃક્ષ.

૭. સ્ત્રી. લેરિયાંવાળી રેશમની એક જાત.

૮. વિ. કુદરતી.

૯. વિ. ચોખ્ખું; તેજ.

૧૦. વિ. નિષ્પક્ષપાતી.

૧૧. વિ. પથ્થર જેવું કઠણ.

૧૨. વિ. પ્રમાણિક.

૧૩. વિ. ભલું.

૧૪. [હિં.] વિ. શુદ્ધ.

૧૫. વિ. સંપૂર્ણ.

૧૬. [હિં.] વિ. સાચું.

૧૭. વિ. સીધું.

૧૮. વિ. હલકી જાતનું.

ખરાઈ ૧. સ્ત્રી. અનાજના કણુસલાં ઝૂડવાનું ભોંયતળિયું.

૨. સ્ત્રી. ઊભું હોવાપણું.

૩. સ્ત્રી. કોઠાર.

૪. સ્ત્રી. ખરાપણું.

૫. સ્ત્રી. પાણી ખેંચવામાં બળદને નીચે ઊતરવા માટે જમીનનો ઢાળ.

૬. સ્ત્રી. માંદગીમાં ઢીલા ન થઈ જતાં કઠણ બનવું તે; માંદગીની સહનશીલતા.

ખરા કરવા = (૧) મંદવાડમાંથી બેઠા થવું; સાજા થઈ અસલની સારી સ્થિતિએ આવવું. (૨) સલામત રહેવું; જીવતા રહેવું.

૭. સ્ત્રી. સચ્ચાઈ.

ખરાઉ વિ. ખરી જાય એવું.

ખરાઉની [હિં.] સ્ત્રી. પાવડી; પાદુકા.

ખરાઊં [હિં.] સ્ત્રી. પાદુકા; પાવડી.

ખરાક પું. ખબર; હકીકત.

ખરાકા [હિં.] પું. ભાંગવામાં થતો અવાજ.

ખરાખર ૧. વિ. ખરેખરૂં; નક્કી; ખચીત.

૨. અ. આખરે; અણી ઉપર.

ખરાખરી ૧. સ્ત્રી. અણીની વેળા; સંકટ વેળા; આપત્કાળ; બારીક વખત.

૨. સ્ત્રી. આફત; સંકટ.

૩. સ્ત્રી. પુરવારી; સાબિતી.

૪. સ્ત્રી. બહાદુરી.

૫. સ્ત્રી. સચ્ચાઈ; સત્યતા.

૬. વિ. સાચેસાચું.

૭. અ. ખરેખર; નક્કી; ચોક્કસ.

ખરાખોટા [હિં.] વિ. સારૂં અને ખરાબ.

ખરાગરી ૧. સ્ત્રી. એક જાતનું ઘાસ.

૨. [સં.] સ્ત્રી. કૂકડવેલ.

૩. સ્ત્રી. દેવતાઈ વૃક્ષ.

ખરાગ્નિ પું. અગ્નિના છ પ્રકાર માંહેનો એક. એક લાકડાની બે ચીરીઓ સાથે સળગાવીને કરેલા અગ્નિને મધ્યમાગ્નિ કહે છે અને એવી પાંચ ચીરીઓ સાથે સળગવા મૂકીને કરેલો અગ્નિ.

ખરાચ ન. ખાતરિયું.

ખરાજ (ખ઼રાજ) [અ.] પું. ખંડણી; કર.

ખરાજત સ્ત્રી. ખર્ચ; માલ ઉપર થયેલું પરચૂરણ ખર્ચ.

ખરાજાત (ખ઼રાજાત) ૧. સ્ત્રી. મજૂરી કે બગાડને કારણે માલ પાછળ થતું ખર્ચ.

માલ ઉપર ખરાજાત = મુખ્ય વસ્તુ હોય તો ખરચ થાય, ન હોય તો ખરચ ન થાય; મૂળ ન હોય તો શાખા ન હોય.

૨. સ્ત્રી. મહેસૂલ વસૂલ કરવાનું ખર્ચ પૂરું પાડવા લેવામાં આવતો ભાગ.

૩. [અ.] સ્ત્રી. લવાજમ; મહેનતાણું; ખરચ.

૪. સ્ત્રી. વસવાયાં વગેરેને કામગીરીના બદલામાં અપાતું માપું.

ખરાજી (ખ઼રાજી) ૧. [અ.] વિ. સ્ત્રી. કર નાખવા જેવી.

૨. વિ. ભાડું આપતી.

ખરાટા પું. બ. વ. વાસણની બહારના ભાગ ઉપરના ડાઘા.

ખરાટો પું. વાસણની બહારના ભાગ ઉપર પડેલો ડાઘ; ધાતુના વાસણ ઉપર પડેલો ડાઘો.

ખરાડ (ખરાડ઼) ૧. સ્ત્રી. ખોટ; ઘસારો; ઘટ; તંગી.

૨. સ્ત્રી. ઝાડવાંની નીચે તેનાં સૂકાં ડાંખળાં અને પાંદડાં વગેરેનો થતો જમાવ.

૩. સ્ત્રી. વરસાદ વરસીને થતો ઉઘાડ; કોરાકું.

ખરાત (ખ઼રાત) [અ.] પું. સંઘેડી.

ખરાતી ૧. [અ.] પું. સંઘાડો ફેરવનાર.

૨. વિ. ફેરવેલું.

ખરાતીન [અ.] ન. એક જાતનો વરસાદ વખતે થતો કીડો.

ખરાદ (ખ઼રાદ) ૧. [ફા.] પું. લાકડું, હાથીદાંત અને ધાતુ વગેરેના ગોળ ઘાટ ઉતારવાનું યંત્ર; સંઘેડો.

ખરાદ ઉપર ચઢવું = (૧) રીતભાત સુધરવી. (૨) લૌકિક વ્યવહારમાં હોશિયાર હોવું.

૨. સ્ત્રી. ખરીદવાની ક્રિયા.

૩. સ્ત્રી. ખરીદવાનો ભાગ.

૪. સ્ત્રી. બનાવટ.

૫. ન. (વહાણવટું) વલ્ર.

ખરાદવું ૧. સ. ક્રિ. ખરાદી કામ કરવું.

૨. સ. ક્રિ. ચિંતા કરવી; ફિકર કરવી.

૩. સ. ક્રિ. સંઘાડા પર ચડાવી વસ્તુનો ઘાટ ઘડવો.

ખરાદી (ખ઼રાદી) ૧. [ફા.] પું. લાકડાના, હાથીદાંતના અને ધાતુ વગેરેના ગોળ ઘાટ ઉતારનારો માણસ; સંઘાડિયો; સરાણિયો.

૨. સ્ત્રી. સંઘાડિયાનો ધંધો કરનારી કોમ.

૩. સ્ત્રી. હાથીદાંત વગેરેનો સામાન ઉતારવાનું યંત્ર; સરાણ; સંઘાડો.

ખરાપણું ૧. ન. શુદ્ધતા; નિર્મળતા.

૨. ન. સત્યતા; વાજબીપણું; સચ્ચાઈ.

ખરાપન ૧. [હિં.] પું. પ્રમાણિકતા.

૨. પું. સત્યતા; સચ્ચાઈ.

ખરાફત ૧. સ્ત્રી. વૃદ્ધાવસ્થા.

૨. વિ. શિથિલ; મંદ.

ખરાબ ૧. વિ. અપવિત્ર.

૨. વિ. અરુચિકર; નાપસંદ.

૩. વિ. અવગુણ કરનાર.

૪. વિ. ઉજ્જડ; વેરાન.

૫. વિ. ઉડાવી દીધેલું.

૬. વિ. ઊલટું; વિપરીત.

૭. વિ. કદરૂપું.

૮. વિ. ગરીબ.

૯. વિ. દુર્દશામાં આવી પડેલું.

ખરાબ થવું = પાયમાલ થવું.

૧૦. [અ.] વિ. દુષ્ટ; દૂષિત; નીચ.

ખરાબ હોવું = દુષ્ટ ચારિત્ર હોવું.

૧૧. વિ. દુ:ખી.

૧૨. વિ. પતિત.

૧૩. વિ. બગડેલું.

ખરાબ કરવું = (૧) ઈજા કરવી. (૨) ગુમાવવું. (૩) દુ:ખ દેવું. (૪) નુકસાન કરવું. (૫) પાયમાલ કરવું. (૬) પૈસાનો ખોટો ઉપયોગ કરવો. (૭) બગાડવું; અનીતિમાન કરવું. (૮) બીભત્સ થવું. (૯) વહી જવા દેવું. (૧૦) વિષયી હોવું. (૧૧) વ્યાધિ કરવી. (૧૨) હુમલો કરવો.

૧૪. વિ. બીભત્સ.

૧૫. વિ. વિષયી; વ્યભિચારી.

ખરાબ ચાલ = વ્યભિચારીપણું.

૧૬. વિ. સારૂં ન હોય તેવું; નઠારૂં; નરસું; ભૂંડું.

૧૭. વિ. હલકા પ્રકારનું.

ખરાબ અહવાલ [અ.] વિ. ખરાબ હાલતવાળું.

ખરાબ ખસ્ત ૧. વિ. ઉજ્જડ; તારાજ; ખેદાનમેદાન.

૨. વિ. પડતી હાલતમાં આવી પડેલું.

૩. વિ. પાયમાલ થયેલું.

૪. વિ. બહુ જ નઠારૂં; અત્યંત ખરાબ.

૫. વિ. ભૂંડું.

ખરાબ ખસ્તા જુઓ ખરાબ ખસ્ત.

ખરાબ ખાસ્તા જુઓ ખરાબ ખસ્ત.

ખરાબપોર ૧. પું. ખરેખરા બપોર; મધ્યાહ્ન; આકાશમાં બરોબર મધ્યભાગમાં સૂર્ય આવે તે સમય.

ખરાબપોરે = (૧) ખરે તડકે. (૨) દિવસે.

૨. પું. ખરેખરી ચઢતીનો સમય; અમલ અને દોરતોરનો ખરેખરો કાળ.

ખરાબા ૧. પું. નાશ; પાયમાલી.

૨. સ્ત્રી. ખેડાય નહિ તેવી જમીન.

૩. [હિં.] વિ. વેરાન; ઉજ્જડ.

ખરાબાત ૧. [અ.] સ્ત્રી. દારૂનું પીઠું.

૨. સ્ત્રી. વેરાન જગ્યા.

૩. સ્ત્રી. વેશ્યાવાડો; વ્યભિચારવાડો.

ખરાબાતી ૧. પું. વ્યભિચારી માણસ.

૨. [અ.] વિ. દારૂના પીઠામાં અને વ્યભિચારવાડામાં જનાર.

ખરાબી ૧. [અ.] સ્ત્રી. અહિત.

૨. સ્ત્રી. ગંદકી.

૩. સ્ત્રી. દુર્દશા; ખરાબ અવસ્થા.

૪. સ્ત્રી. દુ:ખ; આપત્તિ.

૫. સ્ત્રી. દોષ; અવગુણ.

૬. સ્ત્રી. પડતી; અધ:પાત; અધોગતિ.

૭. સ્ત્રી. પાયમાલી; નાશ.

ખરાબીનો ખાટલો = સર્વ નાશ; પૂરી પાયમાલી.

૮. સ્ત્રી. બગાડ; નુકસાન.

૯. સ્ત્રી. બુરાઈ.

૧૦. સ્ત્રી. મુશ્કેલી.

ખરાબો ૧. [અ. ખરાબહ] પું. ઉજ્જડ જમીન; પડતર જમીન.

૨. પું. ચોમાસાનું પાણી ભરાઈ રહેતું હોવાથી ખેતી કામમાં ઉપયોગમાં આવી ન શકતી હોય એવી જમીન.

૩. પું. પાણીથી ઢંકાયેલો ખડક.

ખરાબે ચડવું–પડવું = (૧) નકામું થવું. (૨) ભાંગીતૂટી હાલતમાં આવી જવું. (૩) મિથ્યા જવું; બરબાદ જવું. (૪) વહાણનું ખડક સાથે અથડાઈ જવું.

૪. પું. (વહાણવટું) સહીસલામત ન હોય તેવી જગ્યા.

ખરાબોલું વિ. સત્યવાદી; સાચું બોલનાર.

ખરાયંધ [હિં.] સ્ત્રી. ક્ષાર આદિની દુર્ગંધ.

ખરાયુ પું. (જ્યોતિષ) વિષ્ણુની વીશીમાં પાંચમો સંવત્સર.

ખરાર સ્ત્રી. ઉઘાડ; વરસાદ વરસવો બંધ થવો તે.

ખરારા પું. ઘોડાને સાફ કરવાનો ખરેરો.

ખરારિ ૧. [સં.] પું. કૃષ્ણચંદ્ર.

૨. પું. (પિંગળ) બત્રીશ માત્રાવાળો એક છંદ. તેમાં ૮, ૬, ૮ અને ૧૦ માત્રાએ યતિ એટલે વિસામો આવે છે, અને ૩, ૯, ૧૫, ૨૧, ૨૫ અને ૩૧ માત્રાએ તાલ આવે છે.

પ્રતિ ચરણ ચરણ, સારી દંત,
કલ **ખરારિ**માં, ધરી પાદ આદરો,
છે આઠ છએ, આઠ દશે,
એમ ચાર તો, યતિ માપથી ધરો;
બે મૂકી કલા, ત્રીજી પરે,
તાલ ધરો રે! નવ પંદરે કરો,
પછી એકવીશ, ને પચીશ,
એકત્રીશ પર, ઠિક તાલ તો ભરો.

રણપિંગળ

૩. પું. બળરામ.

૪. પું. રામચંદ્ર; ખર રાક્ષસના શત્રુ રામ.

૫. પું. વિષ્ણુ ભગવાન.

ખરારી જુઓ ખરારિ.

ખરારો પું. ઘોડાને ઘસીને સાફ રાખનાર માણુસ.

ખરાલક [સં.] પું. લોખંડી બાણ.

ખરાલય ૧. [સં.] ન. ખર નામના રાક્ષસનું મકાન.

૨. ન. ગધેડાં પૂરવાનું ઘર; ગધેડાંનો તબેલો.

ખરાલિક ૧. પું. અસ્ત્રાનું ઘરૂં.

૨. પું. ઓશીકું.

૩. [સં.] પું. લોઢાનું બાણ.

૪. પું. વાળંદ; હજામ.

ખરાવાડ (ખરાવાડ઼) સ્ત્રી. જ્યાં ખળાં કરવામાં આવે તે ગામનું પાદર; ખળાવાડ.

ખરાંવાદી ૧. વિ. ઉદ્યમી.

૨. વિ. પ્રમાણિક; વિશ્વાસુ.

૩. વિ. સાચાબોલું; ખરાબોલું; સત્યવાદી.

ખરાવી અ. ખૂબ ભલામણ કરી.

ખરાશ (ખ઼રાશ) ૧. [ફા. ખરાશીદન (ખણવું)] પું. ઉઝરડો.

૨. સ્ત્રી. ખણુશ.

૩. વિ. હૃદયભેદક.

ખરાશા ૧. [ફા.] પું. બ. વ. લોઢાની કટકીઓ.

૨. ન. થોડું કરજ.

ખરાશ્વા ૧. સ્ત્રી. અજમોદ.

૨. [સં.] સ્ત્રી. એક જાતનો વેલો.

૩. સ્ત્રી. મોરની કલગી.

૪. સ્ત્રી. રુદ્રજટા લતા.

ખરાસૌદા ૧. પું. ખરો લાભ.

૨. ન. વેપાર માટે પિતાએ આપેલ પૈસામાંથી ગુરુ નાનકે સંન્યાસીઓને જમાડ્યા તે સ્થળ.

ખરાહંદ [સં.] સ્ત્રી. બળેલા ઘાસની ગંજી.

ખરાહ્વા [સં.] સ્ત્રી. અજમોદ.

ખરાળો પું. ખડક.

ખરાંકી [સં. કક્ષા] સ્ત્રી. ખડકી; ડેલી.

ખરાંખ ૧. [હિં.] વિ. સૂકું.

૨. વિ. શેકેલું.

ખરાંટ વિ. વેરાન.

ખરાંટો પું. ધાતુના વાસણ઼ ઉપર પડેલો ડાઘો.

ખરાંડક [સં.] પું. શિવના એક અનુચરનું નામ.

ખરાંદ ૧. [હિં.] સ્ત્રી. ખારો સ્વાદ.

૨. સ્ત્રી. ગંધ; વાસ.

૩. સ્ત્રી. બળી ગયેલ હોવાનો સ્વાદ.

ખરાંશુ ૧. પું. આકડાનો છોડ.

૨. [સં.] પું. સૂર્ય.

ખરિકા ૧. [સં.] સ્ત્રી. કસ્તુરીનો ભૂકો.

૨. સ્ત્રી. તેજ કસ્તુરી.

ખરિયત [ફા.] ન. મૂર્ખાઈ.

ખરિયાત પું. એક જાતનો લાગો.

ખરિયામટ્ટી [હિં.] સ્ત્રી. ખડી માટી.

ખરિયામિટ્ટી જુઓ ખરિયામટ્ટી.

ખરિયાં ન. બ. વ. ખરી સુદ્ધાં નળાનો ભાગ.

ચારે ખરિયાં પેટમાં હોવાં = (૧) અજાણ્યા હોવું; ખબર વગરનું હોવું. (૨) છોકરાં થયા વિનાની સ્ત્રી. જે પશુને એક પણ બચ્ચું અવતર્યું નથી હોતું તેને પ્રસૂતિની વેદનાની ખબર હોતી નથી. તે ઉપરથી જે મનુષ્યને મુશ્કેલીનો અનુભવ નથી થયો અને આગળ ઉપર આવનાર ઉપાધિના ખયાલ વિના મોજમાં રહે છે તેને માટે આ લોકોક્તિનો પ્રયોગ થાય છે.

ખરિયો પું. પતરાંને કલાઈનું રેણ દેવાનો લોઢાનો ધારવાળો હાથલો.

ખરિહાન ૧. [હિં.] સ્ત્રી. અનાજનાં કણુસલાં ઝૂડવાનું ભોંયતળિયું.

૨. સ્ત્રી. કોઠાર.

૩. સ્ત્રી. ઢગલો.

૪. સ્ત્રી. પાણી ખેંચવામાં બળદને નીચે ઉતારવા માટે જમીનનો ઢાળ.

ખરી ૧. સ્ત્રી. ખાતરની ઢગલી.

૨. સ્ત્રી. ખોળ.

૩. સ્ત્રી. ગધેડી.

૪. સ્ત્રી. તેલમાં તળેલી પૂરી.

૫. સ્ત્રી. દવા જોખવામાં વપરાતું એક જાતનું વજન. તે ૧૬૩૮૪ તોલાભાર થાય છે.

૬. સ્ત્રી. દાંત ઉપરનો પીળાશ પડતો મેલ.

૭. સ્ત્રી. ધોળી માટી; ખડી; ચાક.

૮. [સં. ક્ષુર] સ્ત્રી. કેટલાંક ચોપગાં પ્રાણીઓને પગનાં આંગળાંને ઠેકાણે જે આખા કે ફાટવાળા હોય છે તે નખ; ખુર.

૯. વિ. સ્ત્રી. સાચી; શુદ્ધ; સત્ય.

૧૦. અ. હમણાં જ; આ ઘડીએ.

ખરીઆ સ્ત્રી. બિહાર અને ઓરિસા પ્રાંત તરફ બોલાતી એ નામની એક ભાષા.

ખરીઓ સ્ત્રી. હલાલ કરેલ જાનવરના ખરી સહિતનો નળાનો ભાગ.

ખરીખો સ્ત્રી. છોકરાંની એ નામની એક રમત. જુઓ ખોભિલ્લુ.

ખરીજ ૧. પું. ખુડદો; પરચૂરણ.

૨. વિ. છૂટુંછૂટું; જુદુંજુદું.

ખરીજંઘ ૧. પું. એ નામનો એક ઋષિ.

૨. [સં.] પું. શિવ; શંકર.

ખરીટીચો સ્ત્રી. એક જાતની વનસ્પતિ; કાળો હંસરાજ.

ખરીતિયા પું. મુસલમાન રાજઅમલ વખતનો એક કર. અકબરે તે કાઢી નાખ્યો હતો.

ખરીતો (ખ઼રીતો) ૧. [અ. ખરીતા] પું. ઉપરી રાજાથી તાબાના રાજ્યકર્તાને ગાદીએ બેસતી વખતે અપાતો સનદપત્ર.

૨. પું. પરબીડિયું; ખલીતો.

૩. પું. રાજદ્વારી કામકાજના કાગળિયાનો બીડો; થેલો.

૪. પું. સનદ; જાહેર હુકમ,

ખરીત્વચા સ્ત્રી. ઉપત્વચા નીચેનું ત્વચાનું રેષામય પડ. તે સ્થિતિસ્થાપક તેમ જ બરડ છે. તેથી ચામડી ખેંચી શકાય છે તેમ લાંબા ટૂંકી થઈ શકે છે. તેની નીચે ચરબીનો થર હોય છે. તેનો આધાર તેના ઉપર પથરાયેલા સૂક્ષ્મ સ્પર્શાંકુર ઉપર છે. ખરીત્વચામાં પરસેવાના પિંડ, કેશનાં મૂળ, સ્નિગ્ધપિંડ અને સ્પર્શાંકુર હોય છે.

ખરીદ (ખ઼રીદ) ૧. સ્ત્રી. ખરીદી; માલ લેવાનું કામ.

૧. ખરીદ કરવું = મૂલ આપીને વેચાતું લેવું; ખરીદવું.

૨. ખરીદ ફરોખ્ત = વેચવું અને ખરીદવું તે; સોદો; વેપાર; સાટું.

૩. ખરીદભાવમૂલ = વેચાણ લેતી વખતે આપેલો દર; મૂળ કે અસલ કીમત.

૨. સ્ત્રી. જરૂરિયાત.

૩. સ્ત્રી. મૂળ કીમત.

૪. સ્ત્રી. વેચાતી લીધેલી વસ્તુ.

૫. વિ. કીમત આપીને લીધેલું; વેચાણ લીધેલું; ખરીદેલું.

ખરીદખત પું. કોઈ પણ વસ્તુ ખરીદ કર્યાનો કાગળ.

ખરીદખાતા ન. ખરીદી સંબંધી નોંધનો ચોપડો.

ખરીદદાર ૧. વિ. કીમત કરનાર; ખૂબી જાણનાર.

૨. વિ. ખરીદી કરનાર; વેચાણ લેનાર; ગ્રાહક; ખરીદનાર.

ખરીદદારી ૧. સ્ત્રી. ઘરાકી; માલ ખરીદ કરવાનું વલણ.

૨. સ્ત્રી. વેચાણ કરવું તે; માલ વેચી નાખવાપણું.

ખરીદનામા ન. ખરીદખત.

ખરીદનાર જુઓ ખરીદદાર.

ખરીદવકરાખાતું ન. ખાતાવહીમાં માલની ખરીદી અને વકરાનું જુદું જુદું ખાતું ન પાડતાં બંનેને માટે રખાતું એક જ ખાતું. તે ઉપરથી નફોતોટો જાણી શકાય છે.

ખરીદવું સ. ક્રિ. કીમત આપીને વેચાતું લેવું; ખરીદ કરવું; સોદો કરવો; વેચાણ રાખવું.

ખરીદા (ખ઼રીદા) [ફા.] વિ. ખરીદેલું.

ખરીદાર (ખ઼રીદાર) ૧. [હિં.] પું. આશક; પ્રેમી.

૨. પું. ગ્રાહક; ખરીદી કરનાર માણસ.

૩. વિ. ખરીદનાર; વેચાતું લેનાર.

ખરીદારી (ખ઼રીદારી) ૧. [ફા.] સ્ત્રી. ખરીદવું તે; ખરીદી.

૨. સ્ત્રી. માગણી.

૩. સ્ત્રી. વેપાર.

ખરીદાવવું સ. ક્રિ. કીમત આપીને લેવરાવવું; ખરીદ કરે તેમ કરવું; ખરીદવાની ફરજ પાડવી.

ખરીદાવું અ. ક્રિ. વેચાણ થવું; વેચાવું; ખરીદ થવું.

ખરીદિયો પું. ખરીદ કરનારો માણસ.

ખરીદી ૧. સ્ત્રી. ઉઠાવ; વેચાણ; માગણી.

૨. સ્ત્રી. ખરીદ કરતી વખતનો ભાવ; જે ભાવે ખરીદ કર્યું હોય તે ભાવ.

૩. સ્ત્રી. વેચાતું લેવું તે; કીમત આપીને વસ્તુ ખરીદવાનું કામ; ખરીદ કરવાપણું.

ખરીધાર સ્ત્રી. નદીના જે ભાગમાં પાણીનો વેગ વધારે હોય તે સ્થળ; વહેણ.

ખરીપટી સ્ત્રી. ગામને દેવામાંથી મુક્ત કરવા માટેનું ઉઘરાણું.

ખરીપટ્ટી જુઓ ખરીપટી.

ખરીપારી ૧. પું. ભયંકર નહિ એવો ગુનો; હલકો અપરાધ.

૨. સ્ત્રી. રૂપાના તોડા વગેરે પોલા દાગીના ચીતરતી તથા વાળતી વખતે તેમાં ભરવામાં આવતી વસ્તુ.

ખરીફ (ખ઼રીફ઼) ૧. [અ.] પું. ચોમાસામાં વવાઈ તૈયાર થતો પાક; ચોમાસુ પાક; ચોમાસુ ઉત્પન્ન. કૂવાના પાણીથી શિયાળામાં વવાઈ શિયાળાને અંતે તૈયાર થાય તે રવી અથવા શિયાળુ પાક અને કૂવાને પાણીએ ઉનાળામાં વવાઈ ઉનાળાને અંતે ઊતરે તે ઉનાળુ પાક કહેવાય છે.

૨. વિ. વરસાદના પાણીએ પાકેલું; ચોમાસે થતું હોય એવું; ચોમાસુ.

ખરીફી જુઓ ખરીફ.

ખરીબોલી ૧. સ્ત્રી. શુદ્ધ ભાષા.

૨. સ્ત્રી. સાચો ટંકશાળનો સિક્કો.

ખરીમિટ્ટી સ્ત્રી. ખડી; ચાક.

ખરીવસ્તુ સ્ત્રી. ઈશ્વર સંબંધી જ્ઞાન; તત્ત્વસાર.

ખરુ ૧. [સં.] પું. કામદેવ.

૨. પું. ગર્વ; અભિમાન.

૩. પું. ઘોડો.

૪. પું. દાંત.

૫. પું. ધોળો રંગ.

૬. પું. શિવ; શંકર.

૭. સ્ત્રી. પતિ પોતાની મેળે પસંદ કરે એવી કન્યા; પતિ કરવા ઇચ્છતી કન્યા.

૮. વિ. અજ્ઞાની; મૂર્ખ.

૯. વિ. કેવળ અયોગ્ય વસ્તુની ઇચ્છા રાખનાર.

૧૦. વિ. ક્રૂર; નિર્દય.

૧૧. વિ. ગાંડું; ઘેલું.

૧૨. વિ. છળછિદ્ર વગરનું; ઇમાનદાર; પ્રમાણિક.

૧૩. વિ. તીક્ષ્ણ; ધારવાળું.

૧૪. વિ. ધોળા રંગવાળું.

ખરુક પું. છાણનો કીડો.

ખરું જુઓ ખરૂં.

ખરૂઅ ન. છથી સાત હાથ ઊંચું થતું એક ઝાડ; એરંડ.

ખરૂઆ ન. જાડું રાતું કપડું.

ખરૂં ૧. વિ. આકરૂં; કડક; તીખું.

૨. વિ. ખૂબ શેકેલું; શેકીને કડક કરેલું.

૧. ખરા કરવા = બચી જવું; જીવતા રહેવું; મંદવાડમાંથી સારા થવું.

૨. ખરા પરસેવાનું = (૧) તનતોડ મહેનત કરી મેળવેલું; પરસેવો ઉતારી પેદા કરેલું. (૨) હક્કની રૂએ મેળવેલું.

૩. ખરા બપોર = (૧) દિવસનો વધુમાં વધુ ગરમીવાળો ભાગ; મધ્યાહ્ન. (૨) પૂર્ણ આબાદી; ચડતીનો સમય.

૪. ખરા બપોરે તારા દેખાડવા = (૧) કંઈ પણ અશક્ય કામ આટોપવું. (૨) બહુ જ મોટી મુશ્કેલીમાં મૂકી દેવું.

૫. ખરા બપોરે બણગું અને પોપાંબાઈનું રાજ્ય = રાજ્યકર્તા નબળો હોય ત્યારે ધોળે દહાડે બંડ બખેડા થાય.

૬. ખરી વાતમાં ખાર શો, અને પરઠ્યું આપે તેમાં પાડ શો ? = કોઈ સાચું કહી આપે તેમાં ખારદ્વેષ રાખવાપણું ન હોય, તેમ માગણું આપવામાં પાડ માનવાપણું ન હોય.

૭. ખરૂં કરવું = (૧) ચોક્કસ કરવું; પાકું કરવું. (૨) મોઢે કરવું; ગોખવું. (૩) સજ્જડ કરવું; મજબૂત કરવું; કઠણ કરવું.

૮. ખરૂં કરાવવું = ખરાખોટાનો મોઢામોઢ નિર્ણય કરાવવો; સાચું પુરવાર કરાવવું.

૯. ખરૂં કહેવું = સાચેસાચું કહી દેવું; જેવું હોય તેવું કહી દેવું.

૧૦. ખરૂં ઠરવું-પડવું = સાચું સિદ્ધ થવું; સત્ય ઠરવું.

૧૧. ખરૂં થવા દેવું = શેકાવા દેવું.

૧૨. ખરૂં થવું = દુઃખ ખમી ખમીને પાકું થવું.

૧૩. ખરૂં પાણી = (૧) અસલપણું. (૨) ખરૂં બળ. (૩) મગજની ખરી તાકાત. (૪) સત્યતા; ચોખ્ખાપણું. (૫) સર્જનશક્તિ.

૧૪. ખરૂં પાણી પાવું = બહુ બારીક ધાર કાઢવી.

૧૫. ખરૂં પારખું = (૧) ખરી કીમતની કસોટી. (૨) વાત ખરી છે કે ખોટી તેની તપાસ; પરીક્ષા.

૧૬. ખરૂં લોઢું = (૧) પોલાદ; ગજવેલ. (૨) રણમાં ઝાઝું પરાક્રમ બતાવી શકે અને દુશ્મનનું અપમાન સહન ન કરી શકે એવો વીર પુરુષ. (૩) ગરમ મિજાજનું; તીખા સ્વભાવનું. (૪) સત્યનિષ્ઠાવાળું.

૧૭. ખરો આદમી = ઇમાનદાર; વ્યવહારમાં સાચો માણસ.

૧૮. ખરો આંકડો = હિસાબ કરી કાઢેલી રકમ.

૧૯. ખરો ન્યાય = અદલ ઇન્સાફ.

૨૦. ખરો ભાવ = છેવટની લેવાતી કીમત.

૩. વિ. ફેર પડે નહિ એવું; સત્ય; સાચું; સિદ્ધ; શુદ્ધ.

૪. વિ. મોઢે પાઠ તૈયાર કરેલું; પાકું.

૫. વિ. યથાર્થ; વાસ્તવિક; વાજબી.

૬. [સં. ખલુ] અ. હા; ઠીક; વારુ; અલબત્ત.

ખરૂંખોટું વિ. સાચુંજૂઠું.

ખરૂંસ્તો વિ. સાચેસાચું; જરૂર સાચું.

ખરે ૧. સ્ત્રી. એ નામની એક મરાઠી અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

૪. અ. આખરે; અંતે; છેવટે.

૫. અ. ટાણે; વેળાએ; યોગ્ય વખતે.

૬. અ. સાચે; ખચીત; ખરેખાત; નક્કી.

૭. અ. હા.

ખરેખર ૧. અ. ખચીત; ચોક્કસ; નક્કી.

૨. અ. સાચે; વાસ્તવિક; યથાર્થ.

ખરેખરૂં ૧. વિ. કસોટી થાય તેવું; મુશ્કેલ; અઘરૂં.

૨. વિ. સાચેસાચું; જેવું હોય તેવું; અકૃત્રિમ.

ખરેખાત ૧. વિ. ખરેખરૂં; સાચું; આબેહૂબ.

૨. અ. ખચીત; ખરેખર; નક્કી.

૩. અ. સાચે.

ખરેખાતે જુઓ ખરેખાત.

ખરેખુરે વિ. મૂળ કીમતનું; કમિશન વગરનું.

ખરેઘાત વિ. સ્વચ્છ ને સારાં કપડાંવાળું; ફક્કડ.

ખરેટવું સ. ક્રિ. વેચવું; વેચાણ કરવું.

ખરેટા ૧. પું. બ. વ. વાસણ ઉપર પડેલા અને સુકાઈ ગયેલા અજીઠા અથવા જાડા પ્રવાહીના ડાઘા.

૨. સ્ત્રી. કાપડની એક જાત.

ખરેટી ૧. સ્ત્રી. એક જાતની વનસ્પતિ. કેટલાક ખપાટને ખરેટી કહે છે. કેટલાક ખરેટીને ખપાટથી જુદી માને છે. કેટલાકનું માનવું એવું છે કે ખરેટીને ખપાટીની પેઠે પાંદડાં કાતરાદાર બે ખાંચાવાળા નહિ પણ શુદ્ધ મેંદીનાં પાંદડાંને મળતાં આવે છે. એની ડાંખળી ઉપર આશરે એક દોઢ ઈંચના આશરાની લંબાઈનો જાડો કાંટો હોય છે. ખરેટી, સહદેવી, કાંકસી અને ગંગેટી એ ચારેના સમુદાયને બલાચતુષ્ટય કહે છે. બલાચતુષ્ટય શીત, મધુર, બલ્ય, કાંતિકારક, સ્નિગ્ધ તથા ગ્રાહી છે અને વાયુ, રક્તપિત્ત તથા ક્ષતનો નાશ કરે છે. ખરેટીનાં મૂળની છાલનું ચૂર્ણ દૂધ અને સાકર સાથે સેવન કરવાથી બહુમૂત્રરોગ મટતો મનાય છે.

૨. સ્ત્રી. એક પ્રકારનો છોડ; કાગમેંદી.

૩. સ્ત્રી. કાદવ સુકાઈને ફાટી ગયેલી તરીવાળી જમીન.

૪. સ્ત્રી. ગળામાં અટકતું જાળું.

૫. સ્ત્રી. બલદાણા.

૬. [સં. ક્ષર્ (પડવું)] સ્ત્રી. રાંધવાના વાસણને તળિયે બંધાતું ધુમાડાનું પડ.

ખરેટું ૧. ન. તરત વિયાયેલી ગાય ભેંશનું બે ત્રણ દહાડા સુધી નીકળતું જાડું દૂધ; ખીરૂં.

૨. ન. દેવને વાંકું પડવું તે; ફૂટું પડવું તે.

૩. ન. વાંધો.

ખરેટો ૧. પું. ખજવાળતાં નીકળેલા લોહીનું જામી ગયેલ ભીંગડું.

૨. પું. જરીનો છાપેલ સાડલો.

૩. પું. દાઝી ગયેલ અન્નનો પોપડો.

૪. પું. વાસણ ઉપર પડેલો અને સુકાઈ ગયેલો અજીઠાં અથવા જાડા પ્રવાહીનો ડાઘો; ડાઘ; ઓઘરાળો.

ખરેઠું ન. વિયાએલી ગાયનું પહેલું દૂધ; ખીરૂં.

ખરેડ (ખરેડ઼) ૧. સ્ત્રી. કણબી અને વાદીની એ નામની અટક.

૨. ન. એ અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ખરેડવું (ખરેડ઼વું) ૧. અ. ક્રિ. કળી જવું.

૨. અ. ક્રિ. ખળભળવું; ખખળી જવું.

૩. અ. ક્રિ. વાંકું થાવું; નમવું.

ગોઆરા ગિરનાર, વળામણ વેરી ન થયો;
મરતાં રા'ખેંગાર, **ખરેડી** ખાંગો કાં ન થયો ?
દુહો

ખરેડિયા (ખરેડ઼િયા) ૧. સ્ત્રી. બ્રાહ્મણ, લોહાણા, દરજી અને મેમણની એ નામની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ખરેડી (ખરેડ઼ી) ૧. સ્ત્રી. ઔદિચ્ય બ્રાહ્મણનો એક સંપ્રદાય.

ખરેડી સમવાય = ઔદિચ્ય બ્રાહ્મણનો એક ભાગ.

૨. સ્ત્રી. ગડગડી; ગરેડી; કપ્પી; ઘરેડી.

૩. સ્ત્રી. ગળું સુકાઈ જવું તે; ખરેટી.

ખરેડો (ખરેડ઼ો) જુઓ ખરેરો.

ખરેદી ૧. સ્ત્રી. ખરીદ કરેલ ભાવ.

૨. [ફા. ખરીદી] સ્ત્રી. વેચાતું લેવું તે; કીમત આપીને વસ્તુ લેવાપણું.

૩. વિ. ખરીદવા સંબંધી.

૪. વિ. વેચાતું લીધેલું.

ખરેદીદાર પું. ખરીદી કરનાર; વેચાતું લેનાર.

ખરેનંઘ પું. (જરથોસ્તી) પ્રતિષ્ઠા.

ખરેરવું અ. ક્રિ. મૂતરવું; ખળેળવું.

ખરેરાટ પું. ખડખડાટ; ખડખડ અવાજ થવો તે.

ખરેરા જુઓ ખરહરા.

ખરેરાટી સ્ત્રી. ખરરર થતો અવાજ.

ખરેરી ૧. સ્ત્રી. ગળામાં અથવા શ્વાસનળીમાં સોજો આવવાથી શ્વાસ લેતાં થતો અવાજ; ખખરી.

૨. સ્ત્રી. ગળામાં બાઝેલો ચીકણો કફ; ગળામાં ખરખર થવું તે; ખરેટી.

૩. સ્ત્રી. નાનો ખરેરો.

ખરેરીઆં ન. બ. વ. રૂપાનાં ઘરેણાં.

ખરેરો ૧. [સં. ક્ષર્ (ટપકવું)] પું. ઘોડા, બળદ વગેરેના શરીરને માલિસ કરવાનું સાધન; હાથિયો; કાથાની ગૂંથણીનું ઉઝરડિયું; ખરેડો.

ખરેરો કરવો = હાથિયો ફેરવવો; શરીરને ઘસી મસળીને સાફ કરવું.

૨. પું. જાડા તલ.

૩. પું. થોડો માર.

ખરેલ સ્ત્રી. ઘૂંટવા માટે પથ્થરની બનાવેલ ઘાટવાળી નાજુક કૂંડી; ખરલ.

ખરેલિયા ૧. સ્ત્રી. એ નામની દરજીની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ખરેંટી ૧. સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; બલદાણા.

૨. [સં. ક્ષર્ (પડવું)] સ્ત્રી. કાદવ સુકાઈ ફાટી ગયેલી જમીન; ખરેટી.

૩. સ્ત્રી. ગળામાં અટકતું જાળું; ખરેટી.

૪. સ્ત્રી. રાંધવાનાં વાંસણને તળિયે ધુમાડાનું બંધાતું પડ.

૫. સ્ત્રી. વાસણને ચોટી ગયેલી અન્નની પોપડી.

ખરેંટું ૧. ન. તરત વિયાએલી ગાય અથવા ભેંશનું બે ત્રણ દિવસ સુધી નીકળતું જાડું દૂધ; ખીરૂં.

૨. ન. વાંકું કે ફૂટું પડવું તે.

૩. ન. વાંધો.

ખરેંટો ૧. પું. ખોટા કસબનું લૂગડું; ખરેટો.

૨. પું. વાસણને ચોટી ગયેલ અન્નનો પોપડો.

૩. પું. વાસણને દાઝી ગયેલા અન્ન અથવા તેના રેલાનો પડેલ ડાઘો; ઓઘરાળો.

ખરૈટી [હિં.] સ્ત્રી. ખરેટી; બળદાણા.

ખરૈરા [હિં.] પું. ઘોડા સાફ કરવાનું સાધન; ખરેરો.

ખરો ૧. પું. (કચ્છી) ખળું.

૨. પું. પગરખાંનો એડીને અડતો ઊંચો ભાગ.

૩. વિ. પું. આકરો.

ખરો કરવો = (૧) અગ્નિથી ખૂબ પકવવું. (૨) બંધબેસતું કરવું; અક્કડ કરવું.

૪. વિ. પું. મજબૂત; ટાઢ તડકો સહન કરે તેવો.

૫. વિ. પું. મૂળ; વાસ્તવિક.

૬. વિ. પું. શુદ્ધ દાનતનો.

૭. વિ. પું. સાચો.

ખરોખર જુઓ ખરેખર.

ખરોજ પું. ઉઝરડો.

ખરોટ [હિં.] પું. અખરોટ.

ખરોટે સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેની છાલ બહારની બાજુએ કરચલીવાળી તથા ઝાંખી બદામી રંગની અને અંદરની બાજુએ રેસાવાળી, સાધારણ કઠણ અને લીલાશ પડતી બદામી રંગની અથવા ઝાંખી હોય છે. તેનો સ્વાદ કડવો, ઉગ્ર અને ખટાશ પડતો છે. પાંદડાં

૨ થી ૪ ઇંચ લાંબાં, અંડાકાર કે લંબગોળ, ખાંચાવાળાં, અને ઘેરા લીલા રંગના હોય છે. તેનો રસ ઉગ્ર અને જંતુનાશક છે. પાંદડાં હાથીદાંતને સાફ કરવામાં વપરાય છે.

ખરોદ પું. ઓટો.

ખરોધ જુઓ ખરોદ.

ખરોબપોર પું. મધ્યાહ્ન; સખ્ત તાપ પડતો હોય તેવો બપોરનો સમય.

ખરોશ (ખ઼રોશ) ૧. [ફા.] પું. ગરબડ; ભારે અવાજ.

૨. વિ. ખરૂં; ખરેખરૂં.

ખરોશન (ખ઼રોશન) [ફા.] પું. મોટો અવાજ.

ખરોષ્ટી સ્ત્રી. એક જાતની લિપિ; ખરોષ્ટ્રી.

ખરોષ્ટ્રપથ [સં. ખર (ગધેડું) + ઉષ્ટ્ર (ઊંટ) + પથ (રસ્તો)] પું. ગધેડાં તથા ઊંટની આવજા માટેનો રસ્તો.

ખરોષ્ટ્રિકા સ્ત્રી. અઢાર માંહેની એ નામની એક લિપિ.

ખરોષ્ટ્રી ૧. [સં.] સ્ત્રી. એક પ્રકારની લિપિ. તે અશોકના વખતમાં હિંદુસ્તાનના વાયવ્ય તરફના ભાગમાં પ્રચલિત હતી. આ લિપિ ફારસીની માફક જમણી તરફથી ડાબી તરફ લખાતી હતી. તેને ગાંધાર લિપિ પણ કહે છે.

૨. સ્ત્રી. ખરોષ્ટ્ર દેશની ભાષા.

ખરોષ્ઠી જુઓ ખરોષ્ટ્રી.

ખરોંટ સ્ત્રી. નખનો ઉઝરડો.

ખરૌંટ [હિં.] સ્ત્રી. ઉઝરડો.

ખર્ક સ્ત્રી. તરવાર.

ખર્કશા પું. ટંટો; તોફાન.

ખર્ખર પું. શ્વાસપ્રશ્વાસનો અવાજ.

ખર્ખરા ૧. [ફા. ખાર્ખાર] પું. અસ્વાસ્થ્ય.

૨. પું. ઉત્કંઠા.

ખર્ચ (ખ઼ર્ચ) ૧. [ફા.] પું. ઉધાર બાજુ; જાવક.

૨. પું. જીવનની આવશ્યક હાજતો માટે થતો વ્યય.

૧. ખર્ચે ખાનગી = ખાનગી ખર્ચ.
૨. ખર્ચે ખાનદારી = ઘર ખર્ચ.

૩. પું.; ન. અવસર વખતે કરવાનું ખરચ; વરો.

૪. પું.; ન. કીમત; લાગત.

૫. પું.; ન. મોટી રકમ વાપરવાનો સારો નરસો અવસર.

૬. પું.; ન. વાપરેલું ધન.

૭. પું.; ન. લવાજમ; મહેનતાણું. જુઓ ખરચ.

ખર્ચકુંડ પું. કેદારનાથની ડાબી બાજુએ આવેલું હિમાલયનું એ નામનું એક શિખર.

ખર્ચખાતું ન. જે ખર્ચ થાય તે બતાવવા માટે પાડવામાં આવતું ખાતું.

ખર્ચખૂટણ ૧. ન. અવસરનું ખરચ; વરો; જમણવાર.

૨. ન. ફાલતું ખર્ચ; પરચૂરણ ખર્ચ; હાથખ઼રચી.

ખર્ચપત્રક ન. ખર્ચ સંબંધી નોંધ; વ્યયપત્ર.

ખર્ચબરદાર પું. ઘરની જરૂરિયાતો પૂરી પાડવા રાખેલો નોકર.

ખર્ચભુવન ન. (જ્યોતિષ) જન્મકુંડળીમાં બાર માંહેનું એ નામનું એક ભુવન.

ખર્ચવું સ. ક્રિ. ખરચવું; વ્યય કરવો; વાપરવું; ખર્ચ કરવું.

ખર્ચવેંચ પું. માલની મૂળ કીમત અને તે ઉપર થયેલો બીજો ખર્ચ.

ખર્ચા ૧. [અ.] પું. કીમત.

૨. પું. દાવાનું ખર્ચ.

ખર્ચાઉ ૧. વિ. ખર્ચ કરે એવું; હાથનું છૂટું.

૨. વિ. મોંઘું; ખરચાળ.

ખર્ચાળ જુઓ ખર્ચાઉ.

ખર્ચાળુ જુઓ ખર્ચાઉ.

ખર્ચી (ખ઼ર્ચી) ૧. [ફા.] સ્ત્રી. વાપરવા માટેની રકમ.

૨. [હિં.] સ્ત્રી. વેશ્યાને આપવામાં આવતા પૈસા.

૩. વિ. ઉડાઉ.

ખર્ચીક [ફા. ખર્ચી] વિ. ખર્ચાળ; ઉડાઉ.

ખર્ચીલું વિ. ખૂબ ખર્ચ કરનાર; ઉડાઉ.

ખર્ચું ન. કળશે જવું તે.

ખર્ચો પું. ખરચ; ખર્ચ; વ્યય.

ખર્જ્ ૧. [સં.] અ. ક્રિ. (ધાતુ) પીડા થવી. તે ઉપરથી થયેલ શબ્દો: ખર્જુ, ખરજવું.

૨. સ. ક્રિ. કચરરર અવાજ કરવો.

૩. સ. ક્રિ. દુઃખ દેવું.

૪. સ. ક્રિ. સાફ કરવું.

ખર્જ ૧. [હિં.] સ્ત્રી. ખરજ; એક જાતનું વાજિંત્ર.

૨. સ્ત્રી. ખર્ચ. જુઓ ખર્ચ.

ખર્જ બરદાર = ખર્ચ ઉપાડનાર.

ખર્જન ૧. [સં.] ન. ખણવું તે; ખંજોરવું તે; ખજવાળવું તે.

૨. ન. ખરજવું.

ખર્જિકા ૧. [સં.] સ્ત્રી. સ્ત્રીસંભોગથી થતું એક દર્દ; ઉપદંશ રોગ; ગરમીનો રોગ.

૨. સ્ત્રી. સ્વાદ.

ખર્જુ ૧. [સં.] પું. એક જાતનો કીડો; કાનખજૂરો.

૨. પું. ખજૂરીનું ઝાડ.

૩. પું. ખરજવું.

૪. પું. ચળ; ખણુ; ખરજ.

૫. પું. ધતૂરો.

૬. પું. વીંછી.

ખર્જુઘ્ન ૧. [સં.] પું. આકડો.

૨. પું. ધતૂરો.

ખર્જુર ૧. [સં.] ન. ખજૂર.

૨. ન. રૂપું.

૩. ન. હડતાલ.

ખર્જુરા ન. બુંદેલખંડના પ્રાચીન નામ જેજભુક્તિની એક રાજધાની.

ખર્જુસંવેદન [સં.] ન. ખુજલી; ચળ.

ખર્જૂ જુઓ ખર્જુ.

ખર્જૂઘ્ન જુઓ ખર્જુઘ્ન.

ખર્જૂર ૧. [સં.] પું. કાનખજૂરો.

૨. પું. વીંછી.

૩. ન. એક જાતનું ઘાસ.

૪. ન. ખજૂરીનાં પાકાં ફળ; પાકી ખારેકનો સુકો મેવો; ખજૂર.

૫. ન. ખજૂરીનું ઝાડ; ખર્જૂરી.

૬. ન. રૂપું.

રૂપ્ય રજત દુર્વર્ણ અને જાતરૂપ ખર્જૂર;
રૂપાની ગૌશાળ છે, ભૂપ ભુવનથી દૂર.
પિંગળલઘુકોષ

૭. ન. હડતાળ.

ખર્જૂરક [સં.] પું. વીંછી.

ખર્જૂરપાક પું. ખારેક તથા બીજી ઔષધિનો એક જાતનો પાક. આ ખાવાથી ધાતુવૃદ્ધિ થાય છે.

ખર્જૂરરસ ૧. [સં.] પું. ખજૂરનો રસ.

૨. પું. જંગલી ખજૂરીનો રસ; તાડી.

ખર્જૂરવેધ [સં.] પું. (જ્યોતિષ) વિવાહમાં વર્જ્ય એક યોગ.

ખર્જૂરિકા [સં.] સ્ત્રી. ખજૂરી; ખજૂરનું ઝાડ.

ખર્જૂરી [સં.] સ્ત્રી. ખજૂરીનું ઝાડ.

તાલી ખર્જૂરી તૃણદ્રુમા કેતકી પકડત પાય;
તુવ આગમ આનંદથી એ ફૂલી અંગ માંય.
પિંગળલઘુકોષ

ખર્ત ૧. [અ.] પું. એક જાતનો કંદ.

૨. પું. સારંગીનો ગજ.

ખર્તર પું. એક જૈન ગચ્છનું નામ.

ખર્તૂમ [અ.] પું. હાથીની સૂંઢ.

ખર્દલ [અ.] સ્ત્રી. રાઈ.

ખર્પર ૧. પું. ખાપરિયો; ખાપરિયું નામે એક ઉપધાતુ.

૨. પું. ખોપરી.

૩. [સં.] પું. ચોર; ધુતારો.

૪. પું. છત્રી; છત્ર.

૫. પું. ભિક્ષાપાત્ર; ખપ્પર.

૬. પું. વાસણનો કટકો; ઠીકરૂં.

૭. સ્ત્રી. ભૂંજેલી માટી; ભૂતડો.

૮. ન. જસત.

૯. ન. તાંસળીના આકારનું એક માટીનું વાસણ.

ખર્પરભસ્મ સ્ત્રી. મગજને પૌષ્ટિક એક રસાયન.

ખર્પરવટી સ્ત્રી. ખાપરિયાની ગોળી.

ખર્પરાલ [સં.] પું. એક જાતનો પીપળો; લાખી પીપળાનું ઝાડ.

ખર્પરાંજન ન. ખાપરિયાની બનાવેલ આંખમાં આંજવાની દવા. તે બનાવવા શુદ્ધ ખાપરિયાને પાણી સાથે ખરલમાં ખૂબ વાટવો. તેથી કેટલોક ખાપરિયો પાણીની સાથે મળી જશે અને કેટલોક ડૂચાવાળો ભાગ નીચે બેસી જશે. પછી આ પાણી નિતારી લેવું અને તળે રહેલ ડૂચો ફેંકી દેવો. આ પાણીને એક ઠામની અંદર ઉકાળવું અને ઊકળતાં જે તળે રહે તેને ત્રિફળાના કવાથથી ત્રણ વખત ભાવના આપવી. જ્યારે સુકાય ત્યારે તેની અંદર દશમો ભાગ કપૂર નાખી બારીક લઢવું. પિત્તના પ્રકોપથી આંખો બળતી હોય અગર આંખો ભારે રહેતી હોય તેમાં તેમ જ કમકૌવત દૃષ્ટિવાળાને આ અંજન ઉત્તમ મનાય છે. ઝામરથી આંખ આડા થતા પડદા તેમ જ આંખ આડો થતો ધુમાડો વગેરે આ અંજનના ઉપયોગથી દૂર થાય. ઝામરથી થતી બળતરા બંધ તથા શાંત થાય અને તાજું ફૂલું પણ ઘસાઈ જાય. સાજા માણસોને પણ તે આંજવાથી આંખે ઠંડક રહે છે.

ખર્પરિકા ૧. સ્ત્રી. એક જાતની ઘોડી.

૨. સ્ત્રી. એક પ્રકારની મેશ.

૩. [સં.] સ્ત્રી. ખાપરિયું; એક જાતની ઉપધાતુ.

ખર્પરી ૧. પું. (પિંગળ) સાત અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં જગણ, તગણ અને લઘુ એમ સાત અક્ષર હોય છે.

૨. સ્ત્રી. એક પ્રકારની ઘોડી.

૩. [સં.] સ્ત્રી. એક પ્રકારની મેશ.

૪. સ્ત્રી. ખાપરિયું; એક ઉપધાતુ.

ખર્પરીતુત્થ [સં.] ન. એ નામની એક ઉપધાતુ; ખાપરિયું.

ખર્પા ૧. [હિં.] પું. ચંપલ; ચાંખડી.

૨. પું. બગલથી નીચેની બાજુ સુધી જતો લૂગડાનો સાંધો.

ખર્પુજા [યૂ.] પું. તરબૂચ; ખર્બૂઝા.

ખર્પુઝા ૧. પું. કાકડી.

૨. (ખર્પુઝા) [ફા. ખુર (સૂર્ય) + પુઝ (પાકેલું)] પું. તરબૂચ.

૩. પું. શકરટેટી.

ખર્બ ૧. [સં.] પું. કુબેરના નવ માંહેનો એ નામનો એક નિધિ.

૨. પું. કુબ્જક વૃક્ષ.

૩. ન. એક હજાર કરોડની સંખ્યા; ૧૦,૦૦,૦૦,૦૦,૦૦૦ની સંખ્યા.

૪. વિ. ઠીંગણું; વામન; ટૂંકું; નીચું; કદમાં નાનું.

ખર્બક અવૈજ [યૂ.] ન. એક જાતનું ઝાડ; સફેદ કૂટકી.

ખર્બબ અસબર [યૂ.] ન. એક જાતનું ઝાડ; કાળી કૂટકી.

ખર્બશાખ [સં.] વિ. વામન; ઠીંગણું; નાનું.

ખર્બિત [સં.] વિ. નાનું; ઠીંગણું; ટૂંકું.

ખર્બિતા [સં.] સ્ત્રી. એક પ્રકારની અમાસ તિથિ. જુઓ ખર્વિતા.

ખર્બુજ ૧. [સં.] ન. એક જાતના વેલાનું ફળ; તળિયું.

૨. ન. તરબૂચ; તડબૂચ.

ખર્બૂજ જુઓ ખર્બુજ.

ખર્બૂઝા [ફા. ખુર (સૂર્ય) + પુઝ (પાકેલું)] પું. તરબૂચ.

ખર્બૂઝી અંગ્યા = જુદા જુદા રંગની સીવેલી ચોળી.

ખર્મ ૧. [સં.] ન. મરદાઈ; પુરુષત્વ.

૨. ન. વણેલું રેશમ.

ખર્યાતા વિ. લગભગ ખારૂં.

ખર્યાવું સ. ક્રિ. ખારૂં ચાખવું.

ખર્યું પાન વિ. સાવ બૂઢું; મરવા યોગ્ય; વૃદ્ધ; પાકું.

ખર્રર્ર પું. ખર્રર્ર થાય એવો અવાજ.

ખર્રા ૧. [હિં.] પું. કાચું લખાણ.

૨. પું. ઘોડાને સાફ કરવાનો ખરેરો.

૩. સ્ત્રી. તાલિક; ફેરિસ્ત; સારિણી; યાદી; ટીપ.

૪. સ્ત્રી. પગના તળિયામાં થતી કપાસી.

ખર્રાચ વિ. ઉડાઉ.

ખર્રાટા [હિં.] સ્ત્રી. નસકોરાં બોલાવવાં તે; ઘસઘસાટ ઊંઘ.

ખર્રાટે લેવી-ભરવી = ઘસઘસાટ ઊંઘવું.

ખર્રાત [અ.] પું. સંઘાડો ફેરવનાર માણસ.

ખર્રાતી [અ.] પું. સંઘાડો ફેરવવો તે.

ખર્વ ૧. પું. કાંટા શેવતીનું ઝાડ.

૨. પું. કુબેરના નવ માંહેનો એ નામનો એક નિધિ.

> મહાપદ્મ પદ્મ અને કચ્છપ મકર મુકુંદ;
> શંખ **ખર્વ** ને નીલ વળી નવમી કહીએ કુંદ.
>
> પિંગળલઘુકોષ

૩. પું. કુબ્જક વૃક્ષ.

૪. પું. (પુરાણ) વાલખિલ્ય.

૫. [સં.] પું. હજાર કરોડ જેટલી સંખ્યા; દશ અબજ; ૧૦,૦૦,૦૦,૦૦,૦૦૦.

૬. ન. સંખ્યાનું પાંત્રીશમું સ્થાન. વૈદિક કાળમાં સંખ્યાના પાંત્રીશમા સ્થાનને ખર્વ કહેતા હતા.

૭. વિ. કુબ્જ; કૂબડું.

૮. વિ. જેનું અંગ ભગ્ન અથવા અપૂર્ણ હોય તેવું; ન્યૂનાંગ; ખોડીલું; અપંગ.

૯. વિ. નીચું; ઠીંગણું; ટૂંકું; કદમાં નાનું; વામન.

૧૦. વિ. હલકું; નીચ.

ખર્વટ ૧. પું. અઠ્ઠાણું માંહેનો એ નામનો એક દેશ.

૨. ન. ચારસો ગામડાંની રાજધાનીનું શહેર.

૩. ન. ચારસો ગામડાંનો સમૂહ.

૪. [સં.] ન. પર્વતની તળેટીનું શહેર.

૫. ન. કૂટનું અર્ધ ગામડું; ખેડકના ચોથા ભાગનું ગામડું; નગરના સોળમા ભાગનું નામ.

> કૂટનું અર્ધું જે ભાગ હોય તેને **ખર્વટ** કહેવું.
>
> રાજવલ્લભ

૬. ન. બજારનું ગામ; શહેર.

૭. ન. બસો ગામડાં હટાણું વહોરતાં હોય તેવું શહેર.

ખર્વા ૧. સ્ત્રી. એક જાતની વનસ્પતિ; નાગબલા; નાગરવેલ.

૨. વિ. સ્ત્રી. બહુ જાડી.

ખર્વાસ પું. (જૂ. ગુ.) એક જાતનું ઘરેણું.

ખર્વિકા સ્ત્રી. ચૌદશ સાથે મળેલી અમાસ.

ખર્વિણી પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉષ્ણિક છંદનો એક ભેદ છે. તેમાં રગણ, મગણ અને લઘુ મળી સાત વર્ણ હોય છે.

ખર્વિત જુઓ ખર્બિત.

ખર્વિતા ૧. [સં.] સ્ત્રી. ચૌદશ સાથે મળેલી અમાવાસ્યા.

૨. સ્ત્રી. જે તિથિનું કાલમાન આગલા દિવસની તિથિના કાલમાનથી કાંઈ ઓછું હોય તેવી તિથિ.

ખર્વુજ જુઓ ખર્બુજ.

ખર્વૂજ [સં.] ન. એક જાતનો વેલો.

ખર્હ [હિં.] સ્ત્રી. પરાળ.

ખલ્ ૧. [સં.] અ. ક્રિ. ચાલવું; હાલવું.

૨. અ. ક્રિ. ઠોકર ખાવી.

૩. સ. ક્રિ. (ધાતુ) એકઠું કરવું; જમા કરવું. તે ઉપરથી થયેલ શબ્દઃ ખલિત.

ખલ ૧. [સં.] પું. આંકડાનો છોડ.

૨. પું. ઔષધ વગેરે કચરવાનો કે ઘૂંટવાનો ખાડાવાળો ઘડેલો પથ્થરો; ગોળ અથવા હોડીના ઘાટની પાકા પથ્થરની ખાંડણી; ખરલ; ઔષધ મર્દન કરવાનું પથ્થરનું વાસણ.

ખલ કરવું = (૧) ખૂબ ઝીણું થાય તેમ ઘૂંટવું; પીસવું. (૨) દવા ખરલમાં નાખી ઘસવી; ખરલ કરવું.

૩. પું. ખાડો.

૪. પું. ખોળ.

૫. પું. ચક્રી.

૬. પું. તમાલ વૃક્ષ

૭. પું. દુષ્ટ માણસ; નીચ માણસ.

૮. પું. ધતુરાનો છોડ.

૯. પું. માટી.

૧૦. પું. માલ વગરનો માણસ.

૧૧. પું. રસવાળો નહિ પણ નક્કર કે કઠણ પદાર્થ.

૧૨. પું. લડાઈ.

૧૩. [ગ્રૂ.] પું. સિરકો.

૧૪. પું. સૂર્ય.

૧૫. પું.; ન. અનાજ કચરવાનું સ્થાન; ખળું; ખળાવાડ.

ખલ જગન = માગનારાઓને ખળામાંથી અપાતું ધાન્ય.

૧૬. પું.; ન. ધૂળનો ઢગલો.

૧૭. પું.; ન. પૃથ્વી.

૧૮. પું.; ન. સ્થાન; સ્થળ.

૧૯. સ્ત્રી. કાગળ વગેરે ચોંટાડવાની લાહી.

૨૦. સ્ત્રી. કેસર. તે ઈરાન દેશમાં થાય છે. તે મધુના જેવી ગંધવાળું, જરા પીળું અને લાંબા રેસાવાળું થાય છે. આ કેસર અધમ હોવાથી તેને ખલ કહે છે.

૨૧. સ્ત્રી. ખાલ; છાલ; ચામડી.

૨૨. સ્ત્રી. તેલની પૂરી.

૨૩. [અ.] ન. જગ્યામાંથી દૂર કરવું તે.

૨૪. ન. મળમૂત્ર.

૨૫. ન. વહાણને બહારના ભાગે જડેલાં પાટિયાં.

૨૬. વિ. છીછરું.

૨૭. વિ. દુષ્ટ; ખરાબ.

૨૮. વિ. નિર્લજ્જ.

૨૯. વિ. શઠ; પાકું; પહોંચેલું; ધૂર્ત.

૩૦. વિ. હલકું; નીચ.

ખલઉપાડ (ખલઉપાડ઼) વિ. મખ્ખીચૂસ; લોભી.

ખલક ૧. પું. ગૂગળ.

૨. પું. ચંબુ; ઘડો; કળશ.

૩. [અ. ખલ્ક] સ્ત્રી. દુનિયા; જગત; વિશ્વ; સૃષ્ટિ; આલમ.

૪. સ્ત્રી. પ્રજા; લોકો.

નાનું મોટું નગરનું સહુ, મળી ખલક જોવાને બહુ.
સામળ

૫. સ્ત્રી. માણસજાત; સંસાર.

૬. અ. ક્રિ. (ધાતુ) તેણે પેદા કર્યું. તે ઉપરથી બનેલ શબ્દઃ ખલ્ક; સખલૂક; ખાલિક; મખલૂકાત; ખિલ્કાત.

ખલકચરખો પું. દુનિયા રૂપી ઘાણી.

ખલકત ૧. [અ. ખિલકત (સ્વભાવ)] સ્ત્રી. આદત; ટેવ.

૨. સ્ત્રી. દુનિયા.

૩. (ખ઼લકત) [ફા.] સ્ત્રી. પ્રાણીમાત્ર.

૪. સ્ત્રી. ભીડ; ઝૂંડ.

૫. વિ. પેદા થયેલ.

ખલકતલક ન. પૃથ્વીનો પટ.

ખલકદીના ૧. સ્ત્રી. ખોજાઓની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ખલકલ [સં.] પું. એક જાતનું અનાજ; કળથી.

ખલકવું ૧. અ. ક્રિ. ખડખડ થવું; ખણખણવું.

૨. અ. ક્રિ. ખદખદ થવું; ઊકળવું.

૩. અ. ક્રિ. ખળકાબંધ વહેવું.

રૂધિર ધારા ખલકે અતિ,
જાણે ધાતુ ઝરતો ગિરિપતિ.
પ્રેમાનંદ

ખલકાવવું સ. ક્રિ. ખખડાવવું.

કરિ કંકણ મણિવલયચૂડ ખલકાવઈ બાલા.
નેમિવિજય

ખલકું ન. કણ; રજકણ.

ખલકો ૧. પું. ઊચક રકમ.

૨. પું. ઝભ્ભો; લાંબો અને ખૂલતો ડગલો.

૩. [અ. ખિર્કહ] પું. ફકીરનો પોષાક; ગોદડી; કંથા.

૪. પું. શરીર; દેહ.

૫. વિ. પહોળું.

ખલખણુ પું.; સ્ત્રી. ગળાનો એક જાતનો રોગ.

શ્વાસ, ખાસ ને ખલખણુ.
નાકર

ખલખલ [અ.] વિ. ઢીલું; પોચું.

ખલખલાવવું સ. ક્રિ. ખખડાવવું; અવાજ કરવો.

ખલખાલ [અ.] પું. ઘૂંટીની આસપાસ પહેરાતું ઘૂઘરીઓવાળું સોનારૂપાનું એક જાતનું ઘરેણું.

ખલગા [હિં.] ન. એક જાતનું ફૂલ.

ખલજન [સં.] પું. ખરાબ માણસ; લુચ્ચો; ધૂર્ત.

ખલડા (ખલડ઼ા) સ્ત્રી. ચામડી.

ખલત વિ. ટાલિયું; ટાલના રોગવાળું.

ખલતા ૧. [સં.] સ્ત્રી. આકાશલતા નામે એક વેલો; આકાશવલ્લિ.

૨. સ્ત્રી. લુચ્ચાઈ; શઠતા; નીચપણું; દુર્જનતા; દુષ્ટપણું.

ખલતિ ૧. [સં.] પું. ઇંદ્રગુપ્ત રોગ; ટાલનો રોગ.

૨. વિ. ટાલના રોગવાળું; ટાલિયું.

ખલતિક ૧. પું. એ નામનો એક પર્વત; ગયા જિલ્લાના જહાનાબાદ પેટા વિભાગમાં આવેલી બરબર ટેકરી. તેના ઉપર અશોક અને તેના પૌત્ર દશરથના સમયની સાતધારા અને નાગાર્જુની નામની ગુફાઓ આવેલી છે. ખલતિક એ સ્ખલતિક એટલે લપસણું ઉપરથી થયેલું છે. આ ગુફા ઉપરના કેટલાક શિલાલેખો ઉપરથી જણાય છે કે દશરથે આજીવકો અથવા નગ્ન સાધુઓને કેટલીક ગુફાઓનું દાન કર્યું હતું. સાતધારા નામની ગુફા પાસે પાતાળગંગા નામે પવિત્ર ઝરો પણ આવેલો છે.

૨. [સં.] પું. પર્વત; ડુંગર.

૩. ન. પર્વત માંહેનું જંગલ; ઝાડી.

ખલતું વિ. ખૂલતું; પહોળા માપનું; જોઈએ તે કરતાં મોટા પ્રમાણનું.

ખલતો [ફા. ખલીતહ] પું. ખાનાંખાનાંવાળા અંતરપડવાળી કાપડની કોથળી; મોટો વાટવો; સૂડી, સોપારી તમાકુ વગેરે રાખવાની મોટી કોથળી. વાટવો ગોળ આકારનો અને નાનો હોય છે, ખલતો લાંબો અને મોટો હોય છે.

ખલત્વ [સં.] ન. ખળપણું; નીચતા; દુર્જનતા.

ખલધાન [સં.] પું. એક જાતનું વાસણ.

ખલધિષ્ઠિતા સ્ત્રી. અસાધ્યા પરકીયા નાયિકાનો એક ભેદ.

ખલનાયક પું. લુચ્ચાઈમાં પારંગત નટ.

ખલનાશિની વિ. સ્ત્રી. દુષ્ટોનું નિકંદન કરનારી.

ખલપૂ ૧. [સં.] પું. ઢેઢ; હરિજન.
૨. વિ. સ્થાન સાફ કરનાર; વાસીદું વાળનાર.

ખલપ્રીતિ [સં.] સ્ત્રી. પ્રેમ ન હોવા છતાં બહારથી તે હોવાનો લુચ્ચાઈભર્યો દેખાવ.

ખલફ ૧. પું. વારસ દીકરો.
૨. વિ. ફરજવાળું.
૩. વિ. ભ્રષ્ટ થયેલું.
૪. અ. ક્રિ. (ધાતુ) તે જુદો પડ્યો. તે ઉપરથી નીકળેલા શબ્દ: ખિલાફ; મુખાલિફત; મુખાલિફ.

ખલફેન [અ.] અ. વારાફરતી; એક પછી એક.

ખલબત ૧. સ્ત્રી. ગમ્મત; મોજમજા.
૨. સ્ત્રી. છૂપી મસલત; ખાનગી બેઠક; ખિલવત.

ખલબતખાનું ન. એકાંતની ઓરડી; છૂપી મસલત અથવા ખાનગી વાતચીત કરવાની જગ્યા.

ખલબત્તા જુઓ ખલબત્તો.

ખલબત્તો પું. ખલનો બત્તો; ઉપરવટણો; દસ્તો.

ખલબલ ૧. સ્ત્રી. અવ્યવસ્થા.
૨. સ્ત્રી. ગરબડ; શોર.
૩. સ્ત્રી. હાલચાલ.

ખલબલાવવું સ. ક્રિ. ખળભળાટ ઉત્પન્ન કરવો.

ખલબલાહટ પું. ધોંધાટ; ગરબડ; ખળભળાટ.

ખલબલી જુઓ ખલબલાહટ.

ખલબુદ્ધ સ્ત્રી. અવળી બુદ્ધિ; કુમતિ.

ખલભૂમિ સ્ત્રી. ખળાવાડ; ખળું; ખળી.

ખલમલવું અ. ક્રિ. જીર્ણ થવું; ઘસાઈ જવું.

ખલમૂર્તિ [સં.] પું. પારો.

ખલયજ્ઞ [સં.] પું. ખળામાં અનાજ આવે ત્યારે કરવાનો યજ્ઞ.

ખલયૂથ [સં.] ન. લુચ્ચા લોકોનો સમૂહ.

ખલલ ૧. [ફા.] સ્ત્રી. આડ; અવરોધ; અડચણ.
૨. સ્ત્રી. ગેરસમજૂતી.
૩. સ્ત્રી. ગોટાળો; ગેરવ્યવસ્થા.
૪. સ્ત્રી. ત્રુટિ; ખામી; દોષ.
૫. સ્ત્રી. નુકસાન; ઈજા.
૬. સ્ત્રી. બાધા; આખડી.
૭. સ્ત્રી. વિકાર; બગાડ.
૮. સ્ત્રી. વિઘ્ન; નડતર; હરકત.

ખલલઅંદાઝ વિ. દખલગીરી કરનાર; વચ્ચે માથું મારનાર.

ખલલી ૧. વિ. નુકસાન કરે એવું.
૨. વિ. હરકત કરનાર.

ખલલોઢા પું. ખાંડણિયો અને સાંબેલું.

ખલવત ૧. [અ.] પું. ખાનગી ઓરડો.
૨. સ્ત્રી. એકાંત.

ખલવતી ૧. [અ.] પું. જાણીતો મિત્ર.
૨. પું. સાધુ; સંત.

ખલવલવું અ. ક્રિ. શોભવું; દીપવું.

ખલવલિયું ન. હર્ષ અને ઉત્સાહ ભરેલી લાગણી.

ખલવાટ સ્ત્રી. ખળું; ખળી; ખળાવાડ.

ખલવાડ (ખલવાડ઼) સ્ત્રી. ખળું કરવાની જગ્યા; ખળાવાડ; ખળી; ખળું.

ખલવાં ન. બ. વ. ભજિયાં; નાનાં કુમળાં વેંગણને ચીરીને મસાલા અને ચણાના લોટ સાથે તળેલાં હોય તેવી વાની.

ખલવું ૧. ન. ક્રિકેટની રમતમાં ખોડવામાં આવતો દાંડિયો; ‘સ્ટંપ’.
૨. ન. ખીલો.
૩. ન. ગાડાનાં પાંજરાં બરાબર રહે તે માટે તેમાં રાખેલો લાકડાનો કટકો; ઠોયો; આડું.
૪. ન. ભજિયું.
૫. અ. ક્રિ. હસવું.
૬. સ. ક્રિ. ખલમાં કચરવું; ઘૂંટવું; બારીક વાટવું.
૭. સ. ક્રિ. ખીલવું; જોબનમાં આવવું.
૮. સ. ક્રિ. શોભવું; શોભીતું દેખાવું; દીપવું.

ખલવો ૧. પું. કારેલાં અને ચણાના લોટનું એક જાતનું શાક.
૨. સ્ત્રી. એ નામની એક દેશી રમત. જુઓ ખોભિલ્લુ.

ખલશ [ફા. ખાલિશ] પું. અંતર; ભેદ; જુદાઈ.

ખલસ [અ.] પું. ખરો મિત્ર.

ખલસંસર્ગ [સં.] પું. નીચ માણસની સોબત.

ખલહન ન. અનાજ; દાણો.

ખલંગો પું. બગીચો.

ખલા ૧. પું. કોઈ ન હોય તેવું નિર્જન સ્થળ.
૨. પું. ખાલી જગ્યા; પોલાણ; આકાશ.
૩. પું. ખાસડાં; ખત્તા.

અમ મન ભાવ્યા તે નર ભલા,
બીજા કંઈ કંઈ ખાય છે **ખલા.** ભોજો

૪. સ્ત્રી. અંકુશ; આર; અણીદાર હથિયાર.
૫. સ્ત્રી. નજીવી બાબત.
૬. સ્ત્રી. હલકી સ્ત્રી; વેશ્યા.

દાસી દારી લજ્જિકા, **ખલા** પુંશ્ચલી હોઈ;
રૂપા જીવા કામુકી, પુન્ય યોષિતા સોઈ.
પિંગળલઘુકોષ

૭. ન. ન્યાયાધીશની સહીવાળું હુકમનામું.
૮. ન. સુકાન.

ખલાજિન [સં.] ન. ખળામાં રહેલું ચામડું.

ખલાટવું અ. ક્રિ. ખભાનો ટેકો આપવો.

ખલાડી (ખલાડ઼ી) [હિં.] સ્ત્રી. મીઠું ઊકળવાની જગ્યા.

ખલાબલી સ્ત્રી. ધોંધાટ; ગરબડ.

ખલામલા ૧. પું. ખરો સ્નેહ.
૨. વિ. ગાઢ મિત્રાચારીવાળું.

ખલાયક ૧. [અ. ખલક (તેણે પેદા કર્યું)] સ્ત્રી. બ. વ. બધાં પ્રાણીઓ.
૨. ન. જગત; દુનિયા.

ખલાર ન. પોલું તળિયું.

ખલાલ વિ. તદ્દન ભીનું.

ખલાલત ૧. [અ.] પું. દાંતે ચોંટી જતો માંસનો કટકો.
૨. સ્ત્રી. ખરી મિત્રતા.

ખલાલા પું. ઝરો.

ખલાવાડ (ખલાવાડ઼) સ્ત્રી. ખળું; ખળી; ખલવાટ.

ખલાવું અ. ક્રિ. અટકી રહેવું.

ખલાસ ૧. પું. ખલાસી; વહાણવટી; ખારવો.
૨. પું. ખલાસીને સફર દીઠ મળતો પગાર. કચ્છમાં ખલાસીને પગાર સફરના પ્રમાણમાં અપાય છે. બધાં બંદરોની સફર ઉપર એક સામટા પગાર ઠેરવ્યા હોય છે. સફરમાં ગમે તેટલા દિવસો લાગે, છતાં પગાર તો સફર ઉપર જ મળે છે.
૩. [અ.] પું. સ્વતંત્રતા; મુક્તિ; છુટકારો.
૪. ન. ખલાસીઓના પગાર વગેરેનું ખર્ચપત્રક.
૫. વિ. છૂટું; બંધનમાંથી મુક્ત; મુક્ત; આઝાદ.
૬. વિ. પાર કે છેડો આણેલો હોય તેવું; ખતમ; પૂરું; સમાપ્ત.
૭. વિ. વાપરી કે ખપાડી નાખેલું હોય તેવું.

ખલાસણ ૧. સ્ત્રી. ખલાસી જાતિની સ્ત્રી.
૨. [અ. ખલાસ] સ્ત્રી. ખલાસીની સ્ત્રી; ખારવણ.
૩. સ્ત્રી. રાણીની હજુરમાં રહેનાર બાઈ; દાસી.

ખલાસણી જુઓ ખલાસણ.

ખલાસપત્ર પું. છુટકારાનો કાગળ; મુક્તિપત્ર.

ખલાસી ૧. [અ.] પું. તંબૂ વગેરે ઊભા કરનાર અને સરસામાન ઉપાડનાર નોકર.
૨. પું. નાવિકદલ; નૌકાસૈન્ય.
૩. પું. વહાણખેડુ; વહાણ ઉપર કામ કરનાર; વહાણવટી; દરિયામાં ફરનાર; ખારવો.

૪. સ્ત્રી. છાપરાં સંચારવાનો ધંધો કરનાર એક જાતિ.

૫. સ્ત્રી. છૂટવાની બારી.

૬. સ્ત્રી. મુક્તિ; સ્વતંત્રતા; આઝાદી.

૭. ન. એ નામની જાતનું માણસ.

૮. વિ. એ નામની જાતનું.

ખલાસીગીત ન. ખારવાનું કાવ્ય.

ખલાસીડો (ખલાસીડ઼ો) પું. ખલાસી; વહાણુ ચલાવનાર માણસ.

ખલિ ૧. [સં.] સ્ત્રી. તલનો ખોળ.

૨. સ્ત્રી. તાલનું મૂળ.

૩. સ્ત્રી. તેલમાં તળેલી પૂરી.

૪. સ્ત્રી. રાયનો ખોળ.

ખલિણુ ૧. પું. (જૈન) કાઉસગ્ગ કરતાં ઘોડાના ચોકડાંની જેમ રજોહરણુ પકડીને હાથ આગળ રાખવાનો દોષ.

૨. ન. ઘોડાની લગામ; ચોકડું.

૩. ન. નદીની ભેખડ.

ખલિત ૧. [સં. સ્ખલ્ (પડવું)] વિ. ખરેલું; ગરેલું; પડેલું; પતિત.

૨. વિ. ચલાયમાન; ચંચળ.

૩. વિ. સંભોગથી વીર્ય બહાર પડ્યું હોય તેવું; વીર્યપાત થયેલ; વીર્ય નીકળી પડેલ.

ખલિદ્રુમ [સં.] પું. દેવદારનું ઝાડ.

ખલિન ૧. [સં.] પું.; ન. ઘોડાના મોઢામાં રહેતું ચોકડું; ઘોડાની લગામ.

૨. ન. નદીની ભેખડ.

ખલિયાન ૧. [હિં.] સ્ત્રી. અનાજનાં કણુસલાં ઝૂડવાનું ભોંયતળિયું; ખળું.

૨. સ્ત્રી. દાણુાનો કોઠાર.

૩. સ્ત્રી. પાણી ખેંચવામાં બળદને નીચે ઊતરવા માટે જમીનનો ઢાળ.

ખલિલખાની સ્ત્રી. કાપડની એક જાત.

ખલિવર્દ્ધન [સં.] પું. વાયુથી પીડા પામતો દાંત.

ખલિશ ૧. પું. અફસોસ.

૨. પું. એક જાતનું માછલું.

૩. [ફા.] પું.; સ્ત્રી. અટકાવવું તે; બોલાવવું તે.

૪. સ્ત્રી. ચિંતા.

૫. સ્ત્રી. દુઃખ.

૬. સ્ત્રી. શંકા.

ખલિશા [સં.] સ્ત્રી. એક જાતની માછલી.

ખલિહાન પું. ખળું.

ખલી ૧. પું. એક પ્રકારનો દાનવ. તેને મહાભારત અનુસાર વસિષ્ટ દેવે માર્યો હતો.

૨. [સં. ખલિન્] પું. મહાદેવ.

૩. સ્ત્રી. કઠોળની દાળ કરવાની જગ્યા.

૪. સ્ત્રી. કણુસલાંમાંથી અનાજ ખંખેરી લેવાને બનાવેલી જગ્યા; ખળી; ખળું.

૫. સ્ત્રી. ખલેડી; ખિસકોલી.

૬. સ્ત્રી. તલ વગેરેનો ખોળ.

૭. સ્ત્રી. તેલમાં તળેલી પૂરી.

૮. સ્ત્રી. બાલ ધોવા માટે વપરાતો સુગંધી ખોળ.

૯. સ્ત્રી. બાળકોની એક રમતનું નામ; ખોભિલ્લુ.

૧૦. સ્ત્રી. મોટો વાડો; ઘર માંહેની ખુલ્લી જગ્યા.

૧૧. વિ. ખોળવાળું; તલ વગેરેના કીચડવાળું.

૧૨. વિ. લુચ્ચું; ધૂર્ત; છેતરનાર.

ખલીક [અ.] વિ. વિવેકી; સભ્ય.

ખલીકાર ૧. [સં.] પું. અપકાર.

૨. પું. તિરસ્કાર.

ખલીકારન ૧. સ્ત્રી. ઈજા કરવી તે.

૨. સ્ત્રી. ખરાબ વર્તણૂક ચલાવવી તે.

૩. સ્ત્રી. દુષ્ટતા.

૪. સ્ત્રી. નુકસાની.

ખલીકૃત ૧. [સં.] વિ. અપકાર કરેલ.

૨. વિ. તિરસ્કાર કરેલ.

ખલીકૃતિ ૧. સ્ત્રી. અપકાર.

૨. [સં.] સ્ત્રી. ઈજા કરવી તે.

૩. સ્ત્રી. ખરાબ વર્તણૂક ચલાવવી તે.

૪. સ્ત્રી. તિરસ્કાર.

૫. સ્ત્રી. દુષ્ટતા.

૬. સ્ત્રી. ધમકી આપવી તે.

૭. સ્ત્રી. નુકસાની.

ખલીચ [અ.] સ્ત્રી. ખાડી.

ખલીચક સ્ત્રી. ખોભિલ્લુ નામની એક દેશી રમત. જુઓ ખોભિલ્લુ.

ખલીણુ ૧. ન. ચોકડું; લગામ.

૨. ન. નદીનો કિનારો.

ખલીતા ૧. [અ.] પું. એક રાજાએ બીજા રાજાને મોકલેલ પત્ર; પરબીડિયું.

૨. પું. ખીસું.

૩. પું. ટપાલનો કોથળો.

૪. પું. નાની કોથળી.

ખલીતી સ્ત્રી. શેઠાણી; ગૃહિણી.

ખલીતો ૧. પું. ખરીતો; સંદેશ.

૨. [અ. ખલિતા (પરબીડિયું)] પું. મોટા અમલદારો અને રાજારાણાઓ વચ્ચે ચાલતા કાગળપત્રો મોકલવાની રેશમ કે કિનખાબની કોથળી; પરબીડિયું; દસ્તાવેજનો બીડો; ખલતો; ખલેચી.

ખલીદા [ફા.] વિ. ડંખેલું; ખૂંચેલું.

ખલીન ૧. ન. નદીનો કિનારો; ભેખડ.

૨. ન. લગામ; ચોકડું.

૩. [સં.] વિ. આકાશમાં લીન.

ખલીફ (ખ઼લીફ઼) ૧. [અ. ખલફ (તે પાછળ આવ્યો)] પું. મહંમદ પેગંબરની પછી તેની ગાદી ચલાવનાર મહાપુરુષ; મહંમદીય ધર્મનો વડો ગુરુ; મહંમદ પેગંબરના કુટુંબનો અથવા ઇસ્લામ ધર્મનું રક્ષણુ કરનાર મહાપુરુષ; ધર્મરક્ષક.

૨. પું. રાજ્યકર્તા.

ખલીફતુલ્લાહ પું. ખુદાનો પ્રતિનિધિ; ઇમામ.

ખલીફા (ખ઼લીફ઼ા) ૧. પું. અધ્યક્ષ; અધિકારી.

૨. પું. કોઈ વૃદ્ધ વ્યક્તિ.

૩. [અ. ખલફ (તે પાછળ આવ્યો)] પું. ગાદીનો વારસ; યુવરાજ.

૪. પું. ચાર માંહેનો એક કલ્પ.

૫. પું. દરજી.

૬. પું. પટ્ટાબાજી શિખવનાર શિક્ષક.

૭. પું. મહંમદ પેગંબરની ગાદીએ બેસનાર વ્યક્તિ.

૮. પું. મુસલમાની ધર્મનો વડો ગુરુ; ધર્મરક્ષક.

૯. પું. રસોઇયો.

૧૦. પું. રાજ્યકર્ત્તા.

૧૧. પું. વડો નિશાળિયો.

૧૨. પું. હજામ; નાઈ; હજામ માટે માનવાચક શબ્દ.

૧૩. સ્ત્રી. એ નામની હજામની અટક.

૧૪. ન. એ નામની અટકનું માણસ.

૧૫. વિ. એ નામની અટકનું.

૧૬. વિ. તખ્ત ઉપર બેસનાર.

ખલીફાત (ખ઼લીફ઼ાત) ૧. સ્ત્રી. ખલીફ તરીકેની ગાદી.

૨. [અ. ખિલાફત (મુસલમાની ધર્મની સેવા ચાકરી)] સ્ત્રી. ખલીફના હોદ્દાનું કામ.

૩. સ્ત્રી. ખલીફપણું.

૪. સ્ત્રી. પ્રતિનિધિત્વ.

ખલીફી (ખ઼લીફ઼ી) ૧. સ્ત્રી. ખલીફની ગાદી અથવા સત્તા.

૨. [અ. ખિલાફત] સ્ત્રી. ખલીફાપણું.

ખલીફેત જુઓ ખલીફાત.

ખલીફો પું. એક જાતનો છોડ. તેને રાતી કોરવાળાં પાન હોય છે.

ખલીલ પું. દોસ્ત; મિત્ર; ભાઈબંધ.

ખલીલખાની સ્ત્રી. કાપડની એક જાત.

ખલીલુલ્લાહ પું. ખુદાનો દોસ્ત; અલ્લાહનો મિત્ર.

ખલીલ્લાહ પું. ઇમામી ધર્મના પિસ્તાળીસમા ઇમામ. તેની ઇમામત ઈ.સ. ૧૭૮૦ થી ૧૮૧૭ સુધી ૩૮ વર્ષ ચાલી હતી.

ખલીહાન પું. ખળું.

ખલુ ૧. સ્ત્રી. મહાભારતમાં જણાવેલી એક પ્રાચીન નદી.

૨. [સં.] અ. નક્કી; જરૂર; નિશ્ચે. આ શબ્દ નિશ્ચયાર્થમાં, નિષેધમાં, વાક્યાલંકારમાં, જિજ્ઞાસામાં, અનુનયમાં તથા નિયમમાં વપરાય છે.

૩. અ. પુનઃ; ફરીથી.

ખલુત ૧. સ્ત્રી. પ્રાણીમાત્ર.

૨. સ્ત્રી. સૃષ્ટિ.

ખલુરિકા ૧. [સં.] સ્ત્રી. લશ્કરી તાલિમ.

૨. સ્ત્રી. શસ્ત્રનો અભ્યાસ.

ખલુંકીય વિ. ગળિયા બળદ સંબંધી.

ખલૂલો પું. છોકરાંઓની એક રમત; ખોભિલ્લુ; ખલી.

ખલેકપોત ૧. પું. એક પ્રકારનો ન્યાયભેદ.

૨. [સં.] પું. ખળામાં પડતું કબૂતર.

ખલેચી ૧. [ફા. ખલીતહ] સ્ત્રી. ઉપયોગી વસ્તુ રાખવાની ખાનાં અને પડવાળી કોથળી; સોપારી, તમાકુ વગેરે નાખવાને લૂગડાની કરેલી કોથળી.

૨. સ્ત્રી. ખીસુ.

૩. સ્ત્રી. ગજવામાં રહે એવી ચોપડી.

૪. સ્ત્રી. ઘોડિયા ઉપર પરચૂરણ ચીજો રાખવાની કોથળી.

૫. સ્ત્રી. બજર નાંખવાની દફતર ઘાટની ચામડાની નાની કોથળી.

ખલેડી (ખલેડ઼ી) સ્ત્રી. ખિસકોલી.

ખલેધાની ૧. [સં.] સ્ત્રી. ખળામાં અનાજ છૂટું પડાતું હોય ત્યાં વચ્ચે બળદ બાંધવાનું લાકડું.

૨. સ્ત્રી. ધૂળ.

ખલેયવ [સં.] પું. જવ ખળામાં આવે તે વખત.

ખલેરા [અ.] વિ. માસીનું; માસિયાઈ.

ખલેરી સ્ત્રી. ખલી; ખિસકોલી.

ખલેરૂ સ્ત્રી. ખિસકોલી.

ખલેલ ૧. [ફા.] પું. સુગંધી તેલ.

૨. [અ. ખલલ] સ્ત્રી. અડચણ; હરકત; નડતર.

૧. ખલેલ આણવી-નાખવી = વિઘ્ન નાખવું; અડચણ ઊભી કરવી.

૨. ખલેલ કરવી = હરકત કરવી; ઈજા કરવી.

૩. ખલેલ થવી = હરકત થવી; ઈજા થવી.

૪. ખલેલ પહોંચવી-લાગવી = વિઘ્ન આવવું; અડચણ ઊભી થવી.

૩. સ્ત્રી. નુકસાન; ઈજા; હાનિ.

૪. સ્ત્રી. મુશ્કેલી.

ખલેલું ૧. ન. ખજૂર.

૨. ન. ખજૂરનું ઝાડ; ખજૂરી.

૩. ન. ખજૂરીનું ફળ; ખારેક.

ખલેવાલી સ્ત્રી. ખળામાં બળદ બાંધવાને ખોડેલો થાંભલો.

ખલેવું જુઓ ખલેલું.

ખલેશ ૧. [સં.] પું. એક જાતનું માછલું.

૨. વિ. અત્યંત લુચ્ચું.

ખલેશય [સં.] પું. એક જાતનું માછલું.

ખલેશયા [સં.] સ્ત્રી. એક જાતની માછલી.

ખલેશી જુઓ ખલેશયા.

ખલેળવું અ. ક્રિ. મૂતરવું; પેશાબ કરવો.

ખલૈટા ૧. [હિં.] પું. ખિસ્સાકાતરૂ.

૨. પું. ખેલાડી.

ખલો ૧. પું. છોકરાંની એક જાતની રમત; ખોભિલ્લુ; ખલીચક્ર.

૨. પું. જોડો; ખાસડું.

૩. વિ. છીછરૂં.

૪. વિ. હલકું.

ખલોક્તિ ૧. [સં.] સ્ત્રી. ખળપુરુષનું વચન; નીચનું વાક્ય.

૨. સ્ત્રી. હલકી બોલી; ગાળ.

ખલૌડ (ખલૌડ઼) વિ. રમતિયાળ; રમવાની ટેવવાળું.

ખલ્ક ૧. [અ. ખલ્ક (તેણે પેદા કર્યું)] સ્ત્રી. દુનિયા; જગત.

ખલ્ક ખુદાના, મુલ્ક પાદશાહકા = દુનિયા ઈશ્વરની ને મુલક રાજાનો.

૨. સ્ત્રી. માણસ જાત; સંસાર.

૩. સ્ત્રી. વિશ્વ; સૃષ્ટિ.

ખલ્કત ૧. [અ.] સ્ત્રી. લોક; મનુષ્ય જાતિ.

૨. સ્ત્રી. સૃષ્ટિ; પ્રાણીમાત્ર.

ખલ્કપરસ્તી સ્ત્રી. લોકસેવા.

ખલ્કિયત [અ.] સ્ત્રી. વિશ્વ; સૃષ્ટિ.

ખલ્કી ૧. [અ.] વિ. કુદરતી.

૨. વિ. દુનિયાનું.

૩. વિ. માણસ જાત સંબંધી.

ખલ્ખાબ ન. કલ્લાં.

ખલ્ત [અ.] પું. ગોટાળો; સેળભેળ.

ખલ્તમલ્ત ૧. પું. આડુંઅવળું થઈ જવું તે; સેળભેળ થવાપણું.

૨. વિ. આડુંઅવળું; સેળભેળ.

ખલ્તીન [અ.] પું. ખજૂરનો દારૂ.

ખલ્તેમબ્હસ વિ. આડુંઅવળું; સેળભેળ.

ખલ્ય ૧. [સં.] પું. વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ.

૨. વિ. ખરલને યોગ્ય.

૩. વિ. ખળને યોગ્ય.

૪. વિ. ખળા માટે યોગ્ય.

૫. વિ. ખોળને માટે લાયક.

૬. વિ. ધાન્યના ખળામાં ઉત્પન્ન થનાર.

ખલ્યા ૧. [સં.] સ્ત્રી. ખરલનો જથ્થો; ઘણી ખરલો.

૨. સ્ત્રી. ખળાંનો સમુદાય; ઘણાં ખળાં.

૩. સ્ત્રી. દુષ્ટનું ટોળું; ખલનો સમૂહ; ખળ મનુષ્યોનો સમુદાય.

ખલ્યાં ૧. [ફા.] પું. પાકનો ઢગલો.

૨. પું. લણવું તે.

ખલ્લ ૧. [સં.] પું. એક જાતનું વસ્ત્ર.

૨. પું. ખાઈ; ધોરિયો; નહેર.

૩. પું. ખાડો.

૪. પું. ખાબોચિયું.

૫. પું. ચાતક પક્ષી.

૬. સ્ત્રી. ચામડાની મસક.

૭. સ્ત્રી. ચામડું.

૮. સ્ત્રી. દવા ઘૂંટવાની ખરલ.

૯. [અ.] સ્ત્રી. સૂરકો.

ખલ્લક જુઓ ખલ્લ ૧-૭.

ખલ્લકી [સં.] સ્ત્રી. સાકર.

ખલ્લકોર પું. હાડકાંના સાંધાનો એક પ્રકાર. તેમાં એક હાડકાનો છેડો ખરલના જેવો ઊંડો હોય અને એના સંબંધમાં આવતા બીજા હાડકાનો છેડો સહેજ ઊપસતો હોય.

ખલ્લડ (ખલ્લડ઼) સ્ત્રી. બારીક ચૂર્ણ કરવા માટેની ખરલ.

ખલ્લદ [અ.] અ. ઈશ્વર લંબાવે. આયુષ્ય, કીર્તિ, ચડતી વગેરે માટે આ શબ્દ વપરાય છે.

ખલ્લર સ્ત્રી. ઘરડી ભેંસ.

ખલ્લરી સ્ત્રી. શરીરમાં ચડતી ખાલી.

ખલ્લવું અ. ક્રિ. શોભવું; દીપવું.

ખલ્લા ૧. પું. અનાજનો કોઠાર.

૨. [હિં.] પું. ખળું.

૩. પું. જૂનો જોડો; ખાસડું.

૪. સ્ત્રી. ખાલ.

ખલ્લાક [અ.] પું. સરજનહાર; ઈશ્વર.

ખલ્લાસર [સં.] પું. (જ્યોતિષ) એ નામનો એક યોગ.

ખલ્લાસી ૧. પું. તંબૂ ખોડનાર.
૨. પું. વહાણ હાંકનાર.

ખલ્લિકા [સં.] સ્ત્રી. તાવડી; તળવાનું કે શેકવાનું પાત્ર.

ખલ્લી ૧. સ્ત્રી. ખડી; ચાક; સફેદ માટી.
ખલ્લી ઘૂંટવો = પ્રથમ પાઠ લેવો.
૨. સ્ત્રી. તેલમાં તળેલી પૂરી.
૩. સ્ત્રી. રાય વગેરેનો ખોળ.
૪. સ્ત્રી. વાયુના પ્રકોપથી પગ, હાથ, જાંઘ, ગોઠણમાં ચડતી ખાલી.
ખલ્લી આવવું = નાસી આવવું.

ખલ્લીટ ૧. [સં.] પું. ટાલનો રોગ.
૨. વિ. ટાલના રોગવાળું.

ખલ્લીવર્ધન ન. દંતમૂળનો એક રોગ; પારામાં બીજા કરતાં એક દાંત વધારે વધે તે.

ખલ્લું ૧. ન. ખાસડું.
૨. વિ. ઉઘાડું; ખુલ્લું.

ખલ્લો ૧. પું. જોડો; પગરખું.
૨. વિ. પું. ઊંધે માથે પડેલ.

ખલ્વ ૧. [સં.] પું. એક જાતનું અનાજ; ચણા.
૨. પું. માથાના વાળ ખરી જવાનો રોગ.

ખલ્વયંત્ર ન. ખરલ.

ખલ્વાટ ૧. [સં.] પું. ટાલનો રોગ.
૨. પું. ટાલવાળો માણસ.
૩. વિ. ટાલના રોગવાળું.

ખલ્વાયન પું. (પુરાણ) ધૂમ્રપરાશર કુલમાં થયેલ એક ઋષિ.

ખલ્વિકા સ્ત્રી. તવો; કઢાઈ; તાવડી.

ખવકોડ (ખવકોડ઼) વિ. ખાઉધરૂં; સ્વાદિયું.

ખવખવ ન. એક વાની.

ખવડાવવું (ખવડ઼ાવવું) ૧. સ. ક્રિ. એક માણસે બીજા માણસના મુખમાં ખોરાક મૂકવો.
૨. સ. ક્રિ. ખાય તેમ કરવું; જમાડવું.
૩. સ. ક્રિ. ગુજરાન કરવું; પોષણ કરવું; પાળવું.
૪. સ. ક્રિ. પોતાને મળતું હોય તેમાંથી બીજાને આપવું; લાંચ આપવી.
૫. સ. ક્રિ. ભૂલથી અજાણતાં કોઈ માણસ ખાઈ જાય તેમ કોઈ ઝેરી કે કેફી પદાર્થ ખાવામાં આપવો.
૬. સ. ક્રિ. ભોજન આપવું; એક માણસે બીજાને ખોરાક આપવો.

ખવઝા સ્ત્રી. ખોઢો.

ખવણ ૧. પું. સાધુ; મુનિ.
૨. ન. અધ્યયન.
૩. [સં. ક્ષપણ] ન. (પ્રાકૃત) કર્મનો ક્ષય.
૪. ન. પ્રકરણ.

ખવણી સ્ત્રી. (વહાણવટું) કપાકપીની ફરતો ખાડો.

ખવફ પું. ભય; બીક; ડર.

ખવરવું સ. ક્રિ. ખોતરવું; ખજવાળવું.

ખવરાવવું જુઓ ખવડાવવું.

ખવરિયાં લીમરી સ્ત્રી. પૂના તરફ થતી એ નામની એક જાતની કેરી.

ખવર્નક [ફા.] પું. બાબિલોનિઅમાં બહેરામ ગોર રાજાનો ભવ્ય મહેલ.

ખવર્નાં જુઓ ખવર્નક.

ખવલ્લરી જુઓ ખવલ્લી.

ખવલ્લી ૧. સ્ત્રી. અમરવેલ.
૨. [સં.] સ્ત્રી. આકાશમાંની વેલ.

ખવવું અ. ક્રિ. ચમકવું; ઝબકવું.

ખવળવું ૧. અ. ક્રિ. ખણવું; વલૂરવું; ઘસવું.
૨. અ. ક્રિ. ભોંય અથવા બિછાના ઉપર આમતેમ ગબડવું; આળોટવું; પાસું મરડ્યા કરવું.
૩. [સં. ક્ષુભ્] અ. ક્રિ. હાલવું; ડહોળાવું; ખળભળવું.

ખવા ૧. [સં. સ્કંધ] પું. ખભો.
૨. સ્ત્રી. રાત્રિ; રાત.

ખવાજલ ન. હિમ.

ખવાડવું (ખવાડ઼વું) ૧. સ. ક્રિ. આગ્રહથી જમાડવું.
૨. સ. ક્રિ. એક માણસે બીજા માણસના મુખમાં ખોરાક ઘાલવો; જમાડવું; ખવડાવવું.
૩. સ. ક્રિ. ખાય તેમ કરવું.
૪. સ. ક્રિ. ગુજરાન કરવું; પોષણ કરવું; પાળવું.
૫. સ. ક્રિ. પોતાને મળતું હોય તેમાંથી બીજાને આપવું; લાંચ આપવી; ચટાડવું.
૬. સ. ક્રિ. ભૂલથી અજાણતાં બીજે માણસ ખાઈ જાય તેમ કોઈ ઝેરી વસ્તુ આપવી.
૭. સ. ક્રિ. ભોજન આપવું.

ખવાણ ન. ખવાઈ જવું તે.

ખવાતીન [ફા.] સ્ત્રી. બ. વ. સદ્દખાનુઓ; સન્નારીઓ.

ખવાનીન [ફા.] પું. બ. વ. અમીરો.

ખવાબ [ફા. ખાવ] પું. સ્વપ્ન; સ્વપ્નું; સોણું.

ખવાબી વિ. સ્વપ્ન જેવો સંસાર.

ખવાર ૧. વિ. દુઃખી.
૨. વિ. પાયમાલ.
૩. વિ. હેરાન.

ખવારક [અ.] પું. રીતભાત.

ખવારગ જુઓ ખવારક.

ખવારવું જુઓ ખવાડવું.

ખવારિ [સં.] ન. આકાશનું પાણી; દિવ્યજળ.

ખવારિક [અ.] સ્ત્રી. બ. વ. કુદરત વિરુદ્ધની ચીજો; અસાધારણ ચીજો.

ખવારિજ [અ.] પું. બ. વ. નાસ્તિકો.

ખવારી સ્ત્રી. ખુવારી; નુકસાની.

ખવાલિયા ૧. સ્ત્રી. વાઘરીની એ નામની અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ખવાવું ૧. અ. ક્રિ. કોઈ જાતના વિકારથી વસ્તુનું ક્ષીણ થઈ જવું; કાટ કે સડો લાગવો; ક્ષીણ થવું.
૨. [પ્રા. ખવિઅ] અ. ક્રિ. ખાઈ શકવું.
૩. અ. ક્રિ. ગરીને ખરી જવું; જરજર થઈ જવું.
૪. અ. ક્રિ. ઘસારા અથવા વપરાશથી પાતળું થઈ જવું.
૫. અ. ક્રિ. દુરુપયોગ થવો; ખરચાઈ કે લૂંટાઈને ખતમ થઈ જવું.

ખવાશી [અ. ખવાસી] સ્ત્રી. અંબાડીમાં રાજાને બેસવાની જગ્યા પાછળ ખવાસોને બેસવાની જગા.

ખવાપ્પ [સં.] પું. ઝાકળ.

ખવાસ ૧. [ફા.] પું. ઉમરાવ.
૨. [અ. ખાસનું બ. વ.] પું. કિંકર; ખાસદાર; ખિજમતદાર.
૩. પું. જનાનખાનાનું કામ કરનાર માણસ; જનાનખાનાનો નોકર; ગોલો.
૪. પું. ટેવ; આદત.
૫. પું. ઢોરનો એક જાતનો રોગ. તેનાથી ઢોરના પગ રહી જાય છે.
૬. પું. પદાર્થનો ધર્મ અથવા ગુણ.
૭. પું. સાથી.
૮. પું. સ્વભાવ; પ્રકૃતિ.
૯. પું. [અ. ખાસનું બ. વ.] હજૂરી; હજૂરનો નોકર.
૧૦. સ્ત્રી. ખરાબી; પડતી.

૧૧. સ્ત્રી. ગોલાની એક જાત; રજવાડી સેવકોની એક જાત.

૧૨. સ્ત્રી. રખાત.

૧૩. સ્ત્રી. શૂદ્રમાંથી બનેલી એક પેટા જ્ઞાતિનું નામ.

૧૪. ન. એ નામની જાતનું માણસ.

૧૫. વિ. રજવાડી સેવકોની એક જાતનું; સેવા ચાકરીનો ધંધો કરતી એક જાતનું.

૧૬. વિ. હલકો ધંધો કરનાર.

ખવાસણ ૧. સ્ત્રી. ખવાસ જાત કે કોમની હરકોઈ સ્ત્રી.

૨. સ્ત્રી. ખવાસની સ્ત્રી.

૩. સ્ત્રી. મોટા ઘરની સ્ત્રીઓ અને રાણીઓની અનુચારિકા; દાસી; પરિચારિકા.

ખવાસણી જુઓ ખવાસણ.

ખવાસ વ અવામ ૧. પું. બ. વ. અમીરો અને સામાન્ય લોકો; સકળ સમાજ.

૨. સ્ત્રી. અમદાવાદ, કચ્છ તથા કાઠિયાવાડમાં રહેતા લોકોની એક જાત.

ખવાસિયું ન. ગાદીતકિયાની બેઠકમાં તકિયાની પાછળ મૂકવામાં આવતો લાકડાનો આધાર. અગાઉ તે ઠેકાણે ખવાસ બેસતો, તેથી તે ખવાસિયું કહેવાયું છે.

ખવાસી ૧. સ્ત્રી. ખવાસની સ્ત્રી.

૨. [હિં.] સ્ત્રી. ખવાસનું કામ; ખિદમતદારી.

૩. સ્ત્રી. ખુશામત.

૪. સ્ત્રી. ચાકરી; નોકરનું કામ.

૫. સ્ત્રી. મોટા ઘરની સ્ત્રીઓ અને રાણીઓની અનુચારિકા; દાસી; પરિચારિકા.

૬. સ્ત્રી. હાથીના હોદાની પાછલી બેઠક.

ખવાસેણ જુઓ ખવાસણ.

ખવાસ્ખાના (ખ઼વાસ્ખાના) પું. અંબાડીમાં રાજાની બેઠક પાછળ ખવાસોને બેસવા માટેની જગ્યા.

ખવાસ્સ (ખ઼વાસ્સ) ૧. પું. માનીતો માણસ.

૨. પું. બ. વ. ખાસ ગુણો.

૩. [અ.] પું. બ. વ. ઘરના નોકરો.

૪. પું. બ. વ. પ્રધાનો.

૫. ન. પાનું.

૬. વિ. હરામ.

ખવાહેશ (ખ઼વાહેશ) સ્ત્રી. તીવ્ર ઇચ્છા; ખ્વાહિશ.

ખવિદ્યા [સં.] સ્ત્રી. આકાશવિદ્યા; આકાશી પદાર્થોનું શાસ્ત્ર.

ખવી ૧. પું. ખવીસ; માથા વિનાનું પ્રેત.

૨. [ફા. ખવીદ (લીલું ઘાસ)] સ્ત્રી. એક પ્રકારનું સુગંધી ઘાસ; ભૂસ્તૃણ; ઘટિયારી. તેનાં પાનમાંથી એક પ્રકારનું સુગંધી તેલ નીકળે છે.

ખવીદ (ખ઼વીદ) [ફા.] સ્ત્રી. ચારા તરીકે વપરાતા ઘઉં.

ખવીસ (ખ઼વીસ) ૧. પું. અવગતિ પામેલો મુસલમાન.

૨. [અ. ખવીસ] પું. અવગતિયો અનાર્ય ભૂત; માથા વગરનો જબરો પિશાચ.

૩. પું. ભય ઉત્પન્ન થાય એવી આકૃતિનો બિહામણો જબરદસ્ત માણસ.

૪. પું. માથા વિનાનો રાક્ષસ.

ખવેદ ૧. [ફા.] પું. લીલું ખેતર.

૨. પું. લીલું ઘાસ.

ખવૈયા [હિં.] વિ. ખાનાર.

ખવો ૧. પું. ખભો.

૨. પું. સડો; સડવું તે; કોહાણ.

ખવ્વીસ જુઓ ખવીસ.

ખવ્વો પું. એક જાતનું લીલું ઘાસ.

ખશ ૧. પું. કશ્મીરની દક્ષિણે આવેલો ખાસાઓનો મુલક.

૨. પું. (પુરાણ) ભરતખંડનો એ નામનો એક દેશ; હાલના ગઢવાલ અને તેની ઉત્તર તરફના પહાડી પ્રાંતનું પ્રાચીન નામ.

ખશકલાં ન. બ. વ. ચાળા; તોફાન; અડપલાં.

ખશકૂલું વિ. ઠીંગણું.

ખશખશ સ્ત્રી. એક જાતનું બીજ. જુઓ ખસખસ.

ખશખાશ જુઓ ખશખશ.

ખશબુલ હયાત [યૂ.] સ્ત્રી. મેંદાલકડી.

ખશબો સ્ત્રી. ખુશબો; સુગંધી.

ખશબોદાર વિ. સુગંધી.

ખશમનાક (ખ઼શમનાક) [ફા.] પું. ક્રોધાવેશ; ચીડ.

ખશય [સં.] વિ. ખુલ્લા મેદાનમાં સૂનાર.

ખશરત [યૂ.] પું. ઇલાજ.

ખશરીર [સં.] ન. આકાશરૂપ મૂર્તિ.

ખશા ૧. [સં.] સ્ત્રી. એ નામનું એક સુગંધી દ્રવ્ય.

૨. સ્ત્રી. કશ્યપની એ નામની એક સ્ત્રી.

ખશાસ્ત્ર [સં.] ન. આકાશી પદાર્થોનું શાસ્ત્ર.

ખશિન [અ.] વિ. ખરબચડું.

ખશિયાણું ૧. વિ. ફીકું.

૨. વિ. ભોંઠું પડી ગયેલું; છોભીલું; માનભંગ થયેલું.

ખશિયાણું પડવું = માનભંગ થવું.

૩. વિ. શરમાઈ ગયેલું; શરમાયેલું.

ખશિયું ન. એક જાતના દાગીનાનું નામ.

ખશીઆણું વિ. શરમિંદું. જુઓ ખશિયાણું.

ખશીર ૧. [સં.] પું. એ નામનો એક દેશ.

૨. પું. બ. વ. તે નામના દેશના લોકો.

ખશેટ [સં.] પું. એક જાતનું માછલું.

ખશેટી [સં.] સ્ત્રી. એક જાતની માછલી.

ખશનુમન ૧. [અવ.] પું. આનંદ; સંતોષ; રાજીપો.

૨. ન. આરાધના; પ્રસન્ન કરવું તે; ખુશ કરવાપણું.

ખશમ (ખ઼શમ) ૧. [ફા.] પું. ક્રોધ; ગુસ્સો.

૨. પું. ધણી; માલિક.

ખશમગીન (ખ઼શમગીન) [ફા.] વિ. ગુસ્સે થયેલું; ક્રોધે ભરાયેલું.

ખશમનાક (ખ઼શમનાક) જુઓ ખશમગીન.

ખશ્વાસ [સં.] પું. વાયુ; પવન.

ખષા પું. (પુરાણ) એ નામનો એક દેશ.

ખષીક સ્ત્રી. હિંદની ઉત્તરમાં સરહદના લોકોની એક જાત.

ખષ્ટ ૧. સ્ત્રી. નિંદા; ફજેતી; બદગોઈ.

૨. સ્ત્રી. શરમ; લાજ.

૩. વિ. છોભું; શરમિંદું; વીલું; ભોંઠું પડેલું; ઝંખવાણું; ખસિયાણું.

ખષ્ટ પડવું = માનભંગ થવું; ઝંખવાણા પડી જવું; ખસિયાણું પડવું.

૪. વિ. દુઃખી થયેલું; કષ્ટ પામેલું.

૫. વિ. નષ્ટ; નાશ પામેલું.

ખષ્ઠ ૧. ન. એ નામના ઝાડનું ફળ. એને કડવું કવઠ પણ કહે છે. એનાં ઝાડ સીલોનમાં થાય છે. તેના ઠળિયામાંથી તેલ કઢાય છે.

૨. ન. એક જાતનું ઝાડ.

ખષ્પ ૧. [સં.] પું. ક્રૂરતા; ઘાતકીપણું.

૨. પું. ક્રોધ; ગુસ્સો.

૩. પું. બળાત્કાર.

ખસ ૧. [સં. ખશ] પું. અઠ્ઠાણું માંહેનો એ નામનો એક દેશ; ઉત્તર હિંદુસ્તાન માંહેનો એક પહાડી પ્રદેશ.

૨. સ્ત્રી. એ નામની એક લડાયક કોમ.

૩. સ્ત્રી. એ નામની સોનગઢ તરફ રમાતી એક રમત; ખોભિલ્લુ.

૪. સ્ત્રી. એક જાતનું ઘાસ; વીરણ નામની વનસ્પતિનાં સુગંધી મૂળિયાં; ઉશિર; વાળો. તેની ટટ્ટી, પંખા વગેરે બને છે. તે પાણી છાંટવાથી સુગંધી સાથે ઠંડક આપે છે.

૫. [સં. કચ્છુ] સ્ત્રી. હાથનાં આંગળાં અને તેની વચ્ચે થતો ધોળા પરુના ફોલ્લાવાળો એક ચેપી ત્વચારોગ; ખૂજલી; ખરજ. ગંદા માણસોને આ રોગ જંતુથી થાય છે.

૬. ન. એક જાતનું જીવડું.

૭. ન. ખસખસનું ઝાડ.

ખસક (ખ઼સક) ૧. [ફા.] પું. કચરો.

૨. ન. ગોખરૂ.

ખસકત ૧. સ્ત્રી. જુદાઈ.

૨. ન. નાસી જવું તે.

ખસકવું અ. ક્રિ. ચસવું; હલવું; એક સ્થાનેથી બીજે સ્થાને ધીરે ધીરે જવું; સરકવું.

ખસકો પું. ખાંચો; ખચકો; ખસરકો; ખસરો.

ખસખસ ૧. સ્ત્રી. અફીણનો છોડવો. તેમાંથી અફીણ કાઢવામાં આવે છે. ઈરાન અને હિંદુસ્તાનમાં તેનું વાવેતર થાય છે. ખસખસના રોપાનાં કપાસ જેવાં જીંડવાં રોપા ઉપર હોય ત્યારે સાંજના તેની ઉપર કાપા મૂકવામાં આવે છે. એ કાપામાંથી રસ નીકળીને ઠરી જાય. એને જીંડવાં ઉપરથી ઉઝરડી લઈ સૂકવતાં તે કાળો રતુમડો થાય. આને અફીણ કહે છે. તે ઝેરી છે. ખસખસનાં કૂણાં પાંદડાંની ભાજી થાય છે. તેનાં મૂળિયાંના લાંબા ભુરા રંગના તાંતણામાંથી પંખા, પડદા, સુંદર ટોપલી વગેરે સામાન બને છે. તેનાં ડોડવાં પોલાં, લંબગોળ અને છેડા ઉપર મુગટવાળાં હોય છે. તેને પાણીમાં ઉકાળી શેક કરવાના કામમાં લેવાય છે. તેનો ઉકાળો કે શરબત કફઘ્ન હોવાથી ઉધરસ, દમ અને શ્વાસ ઉપર અપાય છે.

૨. સ્ત્રી. ખસખસના રોપાનાં રાજગરા જેવાં ઝીણાં અને ધોળાં બી. તેને પીલતાં તેમાંથી તેલ નીકળે છે. તેનો ઉપયોગ મીણબત્તી, સાબુ વગેરે બનાવવામાં થાય છે. માથા ઉપર તે ચોળવાથી ઘેન આવે. આ બી કફકારક, બલ્ય, વૃષ્ય, ગુરુ, મધુર, ગ્રાહક અને વાતનાશક છે. તે દમ અને ખાંસીમાં અપાય છે. તે શક્તિવર્ધક અને કામોત્તેજક હોવાથી દૂધમાં તેનો પાક બનાવીને ખાવા માટે અપાય છે. તેનો ખોળ ગાય ભેંસને ખવડાવાય છે. ખસખસ જેમ તાજાં તેમ તેમાંથી તેલ વધારે નીકળે. રંગ તૈયાર કરવામાં પણ તેનો ઉપયોગ થાય છે.

૩. સ્ત્રી. જાડું ઘાસ કાપતી વખતે થતો અવાજ.

ખસખસ રસ પું. અફીણ.

ખસખસા પું. દાંત કરડવા તે.

ખસખસામ્લ પું. ખસખસનો તેજાબ; એક જાતનું રાસાયનિક દ્રવ્ય.

ખસખસિયું ૧. વિ. ખસખસના જેવા ધોળા રંગનું.

૨. વિ. ખસખસના દાણા જેવું ઝીણું.

ખસખસી ૧. પું. ખસખસ જેવો ધોળો રંગ.

૨. સ્ત્રી. એક જાતનો વર્ષાયુ છોડ. એનાં ફૂલ જુદી જુદી જાતનાં તથા રંગનાં હોય છે.

૩. વિ. ખસખસના જેવા ધોળા રંગનું.

૪. વિ. ખસખસિયું; ખસખસના દાણા જેવું ઝીણું.

૫. વિ. ગાઢ; ઘાટું; ભરાઉ.

ખસખાસી પું. હલકો આસમાની રંગ.

ખસઘાસ ન. એક જાતના ઘાસનો છોડ. તેનાં પાન ઊભાં, સાંકડાં ને વચમાં નીકવાળાં હોય છે. તેનાં ફૂલની ચમરી પાતળી સળીવાળી અને સૂક્ષ્મ ફૂલવાળી થાય છે. એનાં મૂળ સુગંધી થાય છે.

ખસજોધા ન. (કચ્છી) એક પ્રકારનું ઘાસ. તેનાં મૂળ સુગંધી થાય છે. તેને વાળો અથવા ખસવાળો કહે છે.

ખસડપસડ (ખસડ઼પસડ઼) ૧. [ખાસડું (જોડો) + પસડ (ખસડનું એવડું રૂપ)] વિ. ઘસડાતું હોય તેવું; તણાતું; ભોંય ઉપર ખેંચાઈ ને જતું.

૨. અ. જેમતેમ; ઢીલા જોડાને લીધે પગ ખેંચીને ચલાતું હોય તેમ; રગડધગડ; ઘસડપસડ.

ખસડફસડ (ખસડ઼ફસડ઼) [ખાસડું (જોડો) + ફસડ (ખસડનું એવડું રૂપ)] વિ. ઢીલું ને ખેંચાતું. જુઓ ખસડપસડ.

ખસડી (ખસડ઼ી) સ્ત્રી. ખંભે કે કેડે બાંધવાનું લૂગડું.

ખસત [યૂ.] સ્ત્રી. ઇલાજ.

ખસતિલ [સં.] પું. ખસખસનો છોડ.

ખસતિલકામ્લ [ખસતિલક (ખસખસનું) + અમ્લ (તેજાબ)] પું. ખસખસનો તેજાબ.

ખસતિલકિત વિ. ખસખસના તેજાબવાળું.

ખસતું ૧. ન. જૂનું પગરખું.

૧. ખસતું કરવું = (૧) દૂર કરવું; વેગળું કરવું; ખસેડવું. (૨) મનથી ઉતારી નાખવું; અળખામણું કરવું.

૨. ખસતું મૂકવું = (૧) આઘુંપાછું કરવું; રસ્તામાં અથડાય તેમ નહિ રાખવું; ઠેકાણે મૂકવું. (૨) જતું કરવું; દરકાર ન કરવી; ગરજ છોડી દેવી; વિનવણી મૂકી દેવી.

૩. મૂકીએ ખસતાં તો આવે હસતાં = જો ગરજ છોડી દઈએ તો બહુ તંગીલાં કે હઠીલાં હોય તે એની મેળાએ ઠેકાણે આવે.

૨. [સં. કૃષ્ (ખેંચવું)] વિ. આઘું; દૂર; વેગળું.

ખસપરૂ પું. જાકારો દેવો તે; સહજ અપમાન કરવું તે; દૂર ખસી જા એમ કહેવું તે.

ખસપુત્ર પું. વ્રાત્ય; ક્ષત્રિયથી વ્રાત્યજાતિની ક્ષત્રિય કન્યામાં થયેલ પુત્ર.

ખસપોશ [ફા.] વિ. કાંટાથી ઢંકાયેલું.

ખસફલક્ષીર ન. અફીણ.

ખસબીજ ન. ખસખસ.

ખસબો [ફા. ખુશ્બો] સ્ત્રી. ખુશબો; સુગંધ; વાસ; પરિમલ; ખસબોઈ.

ખસબોઈ સ્ત્રી. ખુશબો; સુવાસ; સુગંધ; પરિમલ.

ખસમ ૧. [ફા. ખસ્મ] પું. ખાવિંદ; ધણી; વર; પતિ; પિયુ; ભરથાર.

લેને ગઈ પૂત ને ખો આઈ ખસમ = થોડું મેળવવા જતાં ઝાઝું ખોઈ દીધું.

૨. [સં.] પું. બુદ્ધ ભગવાન.

૩. પું. રીતભાત; રૂઢિ; રહેણીકરણી.

૪. પું. સ્વામી; માલિક.

ખસમખઈ ૧. સ્ત્રી. તારો ધણી મરે એવો શાપ.

૨. સ્ત્રી. વિધવા.

ખસમત ૧. સ્ત્રી. ખુશામત; સ્વાર્થ સાધવાને માટે કરેલ હદ બહારનાં વખાણ; પળશી.

૨. સ્ત્રી. મોજમજા.

ખસમપીટી જુઓ ખસમખઈ.

ખસમમૂઈ સ્ત્રી. વિધવા.

ખસમરોઈ જુઓ ખસમખઈ.

ખસમવાલી સ્ત્રી. સૌભાગ્યવતી બાઈ; જેનો ધણી જીવતો હોય તેવી સ્ત્રી.

ખસમાના ૧. [અ.] સ્ત્રી. ઘરની સંભાળ રાખવી તે.

૨. અ. ધણીની જેમ.

ખસયા પું. આંડ.

ખસયા બરદાર = ખુશામત કરનાર.

ખસર ૧. પું. કીમતનો ઘટાડો.

૨. પું. ખસનો રોગ.

૩. પું. (જૂ. ગુ.) ઘસારો.

૪. [સં. કૃષ્ (ખેંચવું)] પું. નિશાનીનો લીટો; આંકો; કાપો; ચિહ્ન; નાનો ખસરકો.

૫. [અ.] પું. નુકસાન.

૬. સ્ત્રી. સુતાર લાકડું વહેરવાને દોરીને ગેરૂમાં બોળી અથવા આંક લગાડી લાકડા ઉપર કરે છે તે નિશાની.

૭. [અ.] સ. ક્રિ. (ધાતુ) તેણે ટૂંકું કર્યું. આ ધાતુ ઉપરથી નીકળેલા શબ્દો: ઇખ્તિસાર, મુખ્તેસર.

ખસરકો ૧. પું. ઉઝરડો; કાપો.

૨. પું. ચાલતી વખતે જમીન સાથે જોડાના ઘસાવાથી થતો મંદ અવાજ.

૩. [સં. કૃષ્ (તાણવું)] પું. નિશાનીનો લીટો; આંકો; ખચકો.

ખસરપસર વિ. ઘસરપસર; તૂટેલ જોડા ભોંય ઉપર ઘસાવાથી થતો અવાજ.

ખસરવું ૧. [સં. કૃષ્ (દોરવું)] સ. ક્રિ. ખેતરમાં જુદી જુદી જાતનું વાવેતર કરવાને તેનાં ખાલાં એટલે ક્યારા પાડવા.

૨. સ. ક્રિ. દોરવું.

૩. સ. ક્રિ. નમૂનો કાઢવો; દીવાલ અગર સાફ જમીન ઉપર નમૂનો કાઢવો.

૪. સ. ક્રિ. નિશાનીની રેખા કાઢવી; હદ કરવી; ખસરિયાથી આંકો પાડવો; નિશાની કરવી; ખસરકો પાડવો.

૫. સ. ક્રિ. ફરમા પ્રમાણે ઘાટ દોરવો.

ખસરા ૧. [હિં.] પું. એક જાતનો ચળ આવે એવો રોગ; બહુ કષ્ટવાળી ખુજલીનો રોગ.

૨. પું. ઓરી.

૩. પું. કાચી વહી; કાચા હિસાબની ચોપડી.

૪. પું. તલાટીનું એક જાતનું પત્રક. તેમાં ખેતરનો આંક, રકબો વગેરે લખેલ હોય છે.

૧. ખસરા આબાદી = ગામડાંમાં વસતી સાથે ધરતું પત્રક.

૨. ખસરા તકસીમ = ખેતરમાં ભાગનું પત્રક.

ખસરાદુ વિ. સંપૂર્ણ; સમૂળગું; સામટું.

ખસરિયું ન. લાકડામાં આંકા પાડવાનું સુતારનું હથિયાર.

ખસરિયો પું. સુતારનું ખસરકો પાડવાનું ઓજાર; સુતારનું લાકડા ઉપર આંકો કે લીટી પાડવાનું ઝીણી આરવાળું એક હથિયાર.

ખસરીર પું. દૈવી વિભૂતિ; દૈવી સત્ત્વ.

ખસરો ૧. પું. આંકીને ભરેલું પત્રક.

૨. પું. આંકો; લીટો.

૩. [અ. ખસરા] પું. જમીન માપણીની નોંધ બુક.

૪. પું. નાશ; સત્યાનાશ.

૫. પું. નિશાની; ઘસરકો; કાપો.

૬. પું. લાકડા ઉપર પાડેલો સ્વસ્તિક.

ખસર્પ પું. બુદ્ધ.

ખસર્પણ ૧. [સં.] પું. બુદ્ધ.

૨. [સં. ખ (આકાશ) + સૃપ્ (જવું)] ન. આકાશમાં જવું તે.

ખસલત (ખ઼સલત) ૧. [ફા. ખસ્લત] સ્ત્રી. ટેવ; આદત.

૨. સ્ત્રી. સ્વભાવ.

ખસલી ૧. [અ. ખડ + શલાકા (સળી)] સ્ત્રી. ખરસલી; ઝીણું સૂકું ઘાસ; પાતળી સળીનું ઘાસ. જુઓ ખરસલું.

૨. સ્ત્રી. ઘાસનું પાનું; તણખલું.

૩. વિ. ખસખસના રંગનું.

૪. વિ. ખસિયું; સડેલું; ખસવાળું.

ખસલુળખાસ પું. એક જાતનો બિહારી કલમી આંબો.

ખસલું ૧. ન. કસ્તર; ઘાસનો કચરો.

૨. ન. ખરસલી. જુઓ ખરસલું.

૩. ન. ઘાસ; તણખલું.

૪. વિ. ખસ થઈ હોય તેવું; સડેલું; ખસના રોગવાળું.

ખસલેલ વિ. ખસથી સડેલું; ખસવાળું; ખસના રોગવાળું.

ખસવણી સ્ત્રી. અતિક્રમ; ઉલ્લંઘન.

ખસવત [અ.] સ્ત્રી. ટેવ.

ખસવાળો પું. એક પ્રકારનું ઘાસ. એનાં મૂળ સુગંધી હોય છે.

ખસવું ૧. ન. હાનિ.

૨. [સં. કૃષ્ (ખેંચવું)] અ. ક્રિ. આઘા થવું; પોતાની જગ્યાએથી હટવું; દૂર જવું; સરકવું.

૧. ખસતું કરવું = (૧) અળખામણું કરવું. (૨) જતું કરવું; દૂર કરવું. (૩) જવાબદારી ફેંકી દેવી.

૨. ખસતું થવું = નીકળી જવું; દૂર થવું.

૩. અ. ક્રિ. ઊઠી જવું.

ખસી જવું = (૧) ચસકવું; ફટકવું. (૨) દૂર જવું.

૪. અ. ક્રિ. કરાર, મત, માન્યતા વગેરેથી ફરી જવું.

ખસી બેસવું = જુમ્મેદારીમાંથી નીકળી જવું; અળગા થવું.

૫. અ. ક્રિ. ઠેકાણે ન રહેવું; ચસકી જવું.

મિજાજ ખસવો = ગુસ્સે થવું.

૬. અ. ક્રિ. પેચમાંથી નીકળી જવું.

૭. અ. ક્રિ. લપસવું.

ખસંભવ [સં. ખ (આકાશ) + સંભવ (ઉત્પત્તિ)] વિ. આકાશમાં ઉત્પન્ન થનાર; આકાશમાં હોનાર.

ખસંભવા [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; આકાશમાંસી વૃક્ષ.

ખસા સ્ત્રી. (પુરાણ) કશ્યપની એક સ્ત્રી; રાક્ષસોની માતા.

ખસાઇલ (ખ઼સાઇલ) [અ.] પું. બ. વ. સદ્ગુણો.

ખસાક સ્ત્રી. હિંદની ઉત્તર સરહદના લોકોની એક જાત.

ખસાત્મજ [સં. ખસા (રાક્ષસોની માતા) + આત્મજ (દીકરો)] પું. રાક્ષસ; દૈત્ય.

ખસાનંદન જુઓ ખસાત્મજ.

ખસાપુત્ર જુઓ ખસાત્મજ.

ખસાસત (ખ઼સાસત) [અ.] પું. લોભ.

ખસાસુત જુઓ ખસાત્મજ.

ખસિયત સ્ત્રી. ટેવ; આદત; હેવા.

ખસિયલ ૧. વિ. ખસના રોગવાળું.

૨. વિ. જેને ખસી કરી હોય તેવું; જેના વૃષણ કાપી નાંખેલા હોય એવું.

ખસિયા ૧. પું. એક પ્રાચીન દેશનું નામ.

૨. પું. ખસ્સી કરેલ બકરો.

૩. સ્ત્રી. કોળીની એ નામની એક અટક.

૪. ન. એ નામની અટકનું માણસ.

૫. [અ. ખસ્સી] વિ. અંડકોશ કાઢી લીધેલ હોય એવું; નપુંસક.

૬. વિ. એ નામની અટકનું.

૭. અ. ક્રિ. બંધ થવું.

૮. સ. ક્રિ. ક્ષમા કરવી.

ખસિયાણું ૧. વિ. ઓશિયાળું.

૨. વિ. ખશિયાણું; ઝાંખું; ઝંખવાણું; છોભીલું.

૩. વિ. માનભંગ થયેલું; ભોંઠું.

૪. વિ. શરમિંદું; શરમાયેલું.

ખસિયું ૧. વિ. ખસખસના રંગનું.

૨. વિ. ખસના રોગવાળું; ખસિયલ; ખસલું.

ખસિયેલ જુઓ ખસિયલ.

ખસિંધુ ૧. [સં.] પું. કપૂર.

૨. પું. ચંદ્ર.

ખસી (ખ઼સી) ૧. [અ.] પું. વૃષણ કાપી નાખેલ હોય એવો બકરો.

૨. પું. હીજડો; પાવૈયો.

૩. સ્ત્રી. આસામમાં વસતા લોકોની એક જાત.

૪. સ્ત્રી. બળદ વગેરેના આંડવા કાપી નાખવા તે.

૫. વિ. જેના વૃષણ કાપી નાખેલા હોય એવું; ખસિયલ. ખસી કરેલા પુરુષનો અવાજ સ્ત્રીઓના અવાજની માફક બને છે, અને તેથી જ જૂના જમાનામાં રોમન લોકોમાં નાટકમાં સ્ત્રીઓના વેશ ભજવનાર છોકરાઓને ખસી કરવામાં આવતા હતા. આવા પુરુષોને દાઢી કે મૂછ પણ વિશેષ ઊગતી નથી અને તેઓના સ્વભાવમાં પણ ફરક પડે છે.

ખસી કરવું = વાછડાને ખૂંટિયામાંથી ગોધલો બનાવવો; ઘોડા, બળદ વગેરેના આંડવા કાપી નાખવા.

૬. વિ. પુરુષાતન ન હોય એવું.

ખસીઆ ૧. સ્ત્રી. ગોહેલવાડી લેઉઆ કણબીની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ખસીઉં વિ. ખસિયલ; ખસલું.

ખસીબ (ખ઼સીબ) [અ.] ન. તાડનું ઝાડ.

ખસીસ (ખ઼સીસ) [અ.] વિ. કંજૂસ.

ખસુ ન. એક પ્રકારનું વાજિંત્ર.

ખસુકલા સ્ત્રી. ચાડીચુગલી.

ખસુફ (ખ઼સુફ઼) [અ.] પું. ચંદ્રગ્રહણ.

ખસુર ૧. વિ. ખસવાળું.

૨. વિ. ગંદુ.

ખસુરિયું ૧. ન. લપસવું તે.

ઇંગ્રેજો સ્કેટિંગની કસરત કરે છે ત્યારે બરફ ઉપર પૈડાંવાળી પાવડીઓ પહેરી સરે છે. આપણા બાળકની ભાષામાં બોલીએ તો **ખસુરિયાં** ખાય છે.
ગોવર્ધનરામ

ખસુરિયાં ખાવાં = સરવું.

૨. વિ. ખસના રોગવાળું; ખસલેલ; ખસિયલ.

ખસુશિયત (ખ઼સુશિયત) [અ.] અ. ખાસ કરીને.

ખસૂમત (ખ઼સૂમત) સ્ત્રી. દુશ્મનાવટ.

ખસૂમતે શદીદ = ઘણું જ વેર.

ખસૂસ (ખ઼સૂસ) ૧. [અ.] અ. જરૂર; અવશ્ય; નક્કી; ખચીત.

૨. અ. વિશેષે કરીને; મુખ્યત્વે; ખાસ કરીને.

ખસૂસન (ખ઼સૂસન) ૧. અ. ખાસ કરીને; મુખ્યત્વે.

૨. [ફ઼ા.] અ. જરૂર; નક્કી; ખસૂસ; ખચિત.

ખસૂસિયત (ખ઼સૂસિયત) ૧. સ્ત્રી. ખાસ ગુણ.

૨. સ્ત્રી. વિચિત્રતા.

ખસેડવું (ખસેડ઼વું) [સં. કૃષ્] સ. ક્રિ. એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઈ જવું; દૂર કરવું.

ખસેલું વિ. ચસકેલ; ગાંડું.

ખસોખાર (ખ઼સોખ઼ાર) ૧. પું. કાટમાળ; કચરોપૂંજો; ભંગાર.

૨. [ફ઼ા.] પું. ઘાસનું બિછાનું; પથારી; તૃણશય્યા.

૩. વિ. વેરવિખેર; વેરણછેરણ; અસ્તવ્યસ્ત.

ખસોખાશાક જુઓ ખસોખાર.

ખસોટવું ૧. સ. ક્રિ. ખેંચવું.

૨. સ. ક્રિ. ઝૂંટવી લેવું.

૩. સ. ક્રિ. ફાડવું.

ખસોટા ૧. [હિં.] પું. કુસ્તીનો એક દાવપેચ.

૨. પું. નામોશીવાળો માણસ.

ખસોટી ૧. સ્ત્રી. કમરે પહેરેલા કપડાની ગેડમાં પૈસા વગેરે કંઈ રાખવાની ખોળ; ઓટી.

૨. સ્ત્રી. કસોટી.

ખસોટે અ. કમરે; કેડે.

ખસોટો પું. ખસોટી; કમરે પહેરેલા કપડાની ગેડમાં કંઈ રાખવાની ખોળ; ઓટી.

ખસોરવું [સં. કૃષ્] સ. ક્રિ. ખસેડવું; દૂર કરવું.

ખસ્કુર સ્ત્રી. બંગાળા, આસામ અને સંયુક્ત પ્રાંતમાં વપરાતી એક ભાષા.

ખસ્ખસ સ્ત્રી. ખસખસ.

ખસ્ખસરસ પું. અફીણ.

ખસ્ત (ખ઼સ્ત) ૧. વિ. અસ્તવ્યસ્ત; વેરણછેરણ.

૨. વિ. ખરાબ.

૩. વિ. ઘવાયેલું.

૪. વિ. છૂટું પડી ગયેલું.

૫. [અ. ખસ્તા] વિ. ભાંગેલું.

૬. વિ. માંદું.

૭. વિ. સ્થાનભ્રષ્ટ થયેલું.

૮. અ. છેક જ; તદ્દન.

ખસ્તગી (ખ઼સ્તગી) ૧. [ફ઼ા.] સ્ત્રી. ઘા.

૨. સ્ત્રી. થાક; પરિશ્રમ.

૩. સ્ત્રી. ભાંગી જાય તેવું હોવાપણું; બરડતા.

૪. સ્ત્રી. માંદગી.

ખસ્તની [સં.] સ્ત્રી. પૃથ્વી.

ખંસ્તા (ખ઼સ્તા) ૧. [અ.] વિ. ઘાયલ થયેલું; જખ્માયેલ.

૨. વિ. છૂટું પડી ગયેલું.

૩. વિ. જરા દાબવાથી તૂટી જાય તેવું.

૪. વિ. નિરાશ; હતાશ.

૫. વિ. ભાંગેલું.

૬. વિ. માંદું.

૭. વિ. વેરણછેરણ થઈ ગયેલ.

૮. વિ. સ્થાનભ્રષ્ટ થયેલું.

૯. અ. છેક જ; તદ્દન.

ખસ્તાખાર (ખ઼સ્તાખ઼ાર) વિ. ખુવાર; પાયમાલ.

ખસ્તાજાન (ખ઼સ્તાજાન) [ફ઼ા.] વિ. દુઃખી.

ખસ્તાજિગર (ખ઼સ્તાજિગર) [ફ઼ા.] વિ. દુઃખી.

ખસ્તાદિલ (ખ઼સ્તાદિલ) જુઓ ખસ્તાજિગર.

ખસ્તાપન (ખ઼સ્તાપન) [ફ઼ા.] સ્ત્રી. ભાંગી જાય તેવું હોવાપણું.

ખસ્તાહાલ (ખ઼સ્તાહાલ) ૧. [ફ઼ા.] વિ. દુર્બળ; ગરીબ.

૨. વિ. દુઃખી.

ખસ્તાહાલી (ખ઼સ્તાહાલી) [ફ઼ા.] વિ. દુઃખી.

ખસ્તિલ સ્ત્રી. ખસખસ.

ખસ્તુ ૧. ન. કામ ચાલુ રાખવું તે.

૨. વિ. અણગમતું.

ખસ્તો ૧. વિ. જતું; ચાલતું.

૨. અ. આઘે; દૂર; છેટે.

ખસ્થ ૧. [સં.] ન. આકાશમાં રહેલો પદાર્થ.

૨. વિ. આકાશમાં રહેલું.

ખસ્થપિંડ [સં.] પું. આકાશમાં રહેલો કોઈ પણ પદાર્થ; આકાશીય પદાર્થ.

ખસ્ફટિક ૧. [સં.] પું. ચન્દ્રકાન્ત મણિ.

૨. પું. સૂર્યકાન્ત મણિ.

ખસ્મ (ખ઼સ્મ) [અ.] પું. દુશ્મન; શત્રુ.

ખસ્મી (ખ઼સ્મી) [અ.] સ્ત્રી. દુશ્મનાવટ; શત્રુતા.

ખસ્યાણું વિ. શરમીંદું; ભોંઠું. જુઓ ખસિયાણું.

ખસ્લત (ખ઼સ્લત) [ફ઼ા.] સ્ત્રી. સ્વભાવ; ટેવ; આદત.

બદ ખસ્લત = ખરાબ સ્વભાવવાળો માણસ.

ખસ્વસ્તિક ૧. ન. ક્ષિતિજ.

૨. [સં.] ન. ખમધ્ય; શિરોબિંદુ; મધ્યલગ્ન. આપણને જે આકાશ દેખાય છે તે અર્ધા ગોળાના કવચ જેવું દેખાય છે. ખસ્વસ્તિક આ કવચનું મધ્યબિંદુ છે.

૩. ન. મધ્યાહ્નના સૂર્યનું સ્થાન.

ખસ્વસ્તિકયન્ત્રોન્નતાંશ [સં.] પું. યંત્રથી નક્કી કરેલા ખસ્વસ્તિકનું ક્ષિતિજથી અંતર.

ખસ્વસ્તિકવૃત્તખંડ [સં.] ન. બે તારાઓ લગભગ એક જ વખતે, ખસ્વસ્તિકથી લગભગ સરખે અંતરે, પણ ખસ્વસ્તિકની સામસામી બાજુએ યામ્યોત્તરવૃત્ત ઉપર આવતા હોય એવા તારાઓની મદદથી ખાસ અક્ષાંશ નક્કી કરવા માટે બનાવેલું યંત્ર.

ખસ્સ [અ.] પું. સુગંધી વાળો.

ખસ્સી ૧. પું. ખસી કરેલો બકરો.
૨. સ્ત્રી. સ્તન વિનાની સ્ત્રી; પાવઈ.
૩. વિ. જેના આંડવા કાપી લીધેલ હોય એવું.
૪. [અ.] વિ. નપુંસક; ખસિયેલ.

ખહર ૧. [સં.] પું. (ગણિત) શૂન્ય ભાજકવાળો અંક.
૨. સ્ત્રી. સુતારથી પાટિયાં ઉપર કરાતી બે લીટી.
૩. વિ. ખહાર; અનંત.

ખહરવું સ. ક્રિ. કોતરકામ કરવા માટે કે ચિત્ર આલેખવા માટે અગાઉથી આંકવું.

ખહરિયો પું. સુતારનું ઓજાર. પાટિયાં ઉપર તે ઘસવાથી બે લીટી થાય છે.

ખહરો પું. લાકડામાં ખહરિયાથી પડાતો લીટો.

ખહાર વિ. અનંત. જુઓ ખહર.

ખહી સ્ત્રી. એક જાતનો ક્ષય; ઉરઃક્ષત.

ખહે [ફા.] અ. શાબાશ.

ખહેડ (ખહેડ઼) ૧. સ્ત્રી. કણબીની એ નામની એક અટક.
૨. ન. એ અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ખહોર સ્ત્રી. લીંપવાના કામમાં ઉપયોગી માટી; લીંપણ માટી.

ખળ ૧. પું. ખોળ; પીલેલાં તેલીબિયાંનો કૂચો.
૨. [સં. ખલ્લ] સ્ત્રી. ખલ; ખરલ.
૩. સ્ત્રી. લહી; લાહી; ઘઉંના લોટનો બનાવેલ ગુંદ જેવો પ્રવાહી પદાર્થ.
૪. ન. (ભીલી) ખડ; ઘાસ.
૫. ન. સૂર્ય અથવા ચંદ્ર આસપાસ દેખાતું મંડળ.
૬. [સં. ખલ] વિ. ધૂર્ત; શઠ; દોંગું; લુચ્ચું.
૭. વિ. નીચ; દુષ્ટ.
નિમ્ન નિગાતન કુબ્જ અધ અવળ અજશની ખાણ;
અધમ દુષ્ટ **ખળ** હૃદયને જાણ સદા પાષાણ.
પિંગળલઘુકોષ

ખળકવું ૧. અ. ક્રિ. ખડખડવું; રણકાર કરવો; ખણખણવું.
ખળકે કંકણ ને કરચૂડી. ગોવિંદ
૨. અ. ક્રિ. સારૂં દેખાવું; શોભવું; દીપવું.
ભાદરવે ભવન પાંચમે **ખળકે** હિંડોળાખાટ.
રત્નો

ખળકાવ પું. શોભા.

ખળકાવવું સ. ક્રિ. ખખડાવવું.
ખળકાવતી ચૂડલો ચપળ જોતી. પ્રેમાનંદ

ખળકો ૧. પું. ઊચક રકમ.
૨. [સં. ખલ્ (એકત્ર કરવું)] પું. જથ્થો; સમૂહ.

૩. પું. જોસભેર વહી જતો પાણીનો જથ્થો.
૪. પું. મોજું; તરંગ.
૫. પું. સપાટો; ઝપાટો.

ખળખળ ૧. સ્ત્રી.; ન. પાણીના વહેવાથી અથવા ઊકળવાથી થતો અવાજ; ખળખળાટ.
૨. અ. અટકયા વગર વહેતું હોય તેમ.
૩. અ. ખળખળ અવાજ થાય એવી રીતે.

ખળખળતું ૧. વિ. ખળખળ કરતું વહેતું.
૨. વિ. ઘણું ગરમ થવાથી ખળખળ એવો અવાજ કરતું; ઊકળતું.

ખળખળભળભળ સ્ત્રી. લડાઈ; ઝઘડો.

ખળખળવું ૧. અ. ક્રિ. ઘણું ગરમ થવાથી પાણીનું બોલવું; ઘણું ઊકળવું.
૨. અ. ક્રિ. બાંધાનું હાલી ઊઠવું; જીર્ણ થઈ જવું; ઘડપણથી છેક ઘસાઈ જવું.
૩. અ. ક્રિ. વહેતાં ખળખળ અવાજ કરવો.

ખળખળાટ ૧. પું. ખળખળ એવો અવાજ; ખળખળ.
૨. અ. અટકયા વગર વહેતું હોય એમ.
૩. અ. ખળખળાટ અવાજ સાથે.
૪. અ. વેગબંધ; જલદી.

ખળખળાવવું સ. ક્રિ. ખૂબ ઊનું કરવું; ખળખળ અવાજ થાય ત્યાંસુધી ઊનું કરવું.

ખળખળિયું ૧. ન. નાની ખરખરડી; દડદડીઓ.
૨. વિ. ઊકળતું.

ખળખળિયો પું. ખળખળ થતો વહેતા પાણીનો પ્રવાહ; દડદડીઓ.

ખળગણ [સં. ખલગણ] ન. મશ્કરાનું ટોળું; લુચ્ચાની મંડળી.

ખળગૂગળ વિ. અવ્યવસ્થિત; અસ્તવ્યસ્ત.

ખળજીગણ [સં. ષડ્યજ્ઞ] પું. ખળાવાડમાં આવેલા ભિક્ષુકને થોડાક દાણા આપવા તે.

ખળતરાઈ ૧. સ્ત્રી. કાર્યસાધકતા; બુદ્ધિચાતુર્ય; વ્યવહારદક્ષતા.
૨. સ્ત્રી. લુચ્ચાઈ; કુટિલતા.

ખળતા સ્ત્રી. ધૂર્તતા; દોંગાઈ; લુચ્ચાઈ; શઠતા.

ખળત્વ જુઓ ખળતા.

ખળદળ ન. દુષ્ટ લોકોનો સમૂહ.

ખળધર્મીલું વિ. ખોટો પંથ ચલાવનારૂં અથવા તેમાં માનનારૂં.

ખળનિકંદન ૧. ન. લુચ્ચાઓનો નાશ.
૨. વિ. લુચ્ચાઓનો નાશ કરનાર.

ખળપણ ન. ધૂર્તપણું; ખળતા; લુચ્ચાઈ.

ખળપણું જુઓ ખળતા.

ખળબળગંજન ૧. ન. દુષ્ટ લોકોની શક્તિનો સંહાર.
૨. વિ. દુષ્ટ લોકોની શક્તિનો સંહાર કરનાર.

ખળબળવું ૧. અ. ક્રિ. જીવ ઊંચો થવો; મનમાં અજંપો થવો; ગભરાઈ જવું.
૨. અ. ક્રિ. દુઃખથી આમતેમ પાસું મરડ્યા કરવું.
૩. અ. ક્રિ. નીચું ઊંચું અથવા ડગુમગુ થઈ જવું; હાલી ઊઠવું; ઊથલપાથલ થઈ રહેવું; તળે ઉપર થવું.
ખળભળી ઊઠવું-જવું = (૧) ઉશ્કેરાઈ જવું. (૨) હાલી ઊઠવું; ઊથલપાથલ થવી.
૪. અ. ક્રિ. પાતળો પાણી જેવો ઝાડો થવો.
૫. અ. ક્રિ. પેટમાં ગડગડાટ થવો.
૬. અ. ક્રિ. બંડ જાગવું.

ખળભગત પું. ઈશ્વરનો ભક્ત હોવાનો ડોળ કરનાર લુચ્ચો માણસ.

ખળભળ ૧. સ્ત્રી. ગરબડ; દોડધામ; ધમ્માચકડી; ધોંધાટ.
૨. સ્ત્રી. ધાક અથવા ભયથી જીવનું ગભરાવું કે ઊંચું થવું તે; ગભરાટ; ઉદ્વેગ; મનનો અજંપો.

ખળભળાટ ૧. પું. ખભળાટ; ભય કે ઉશ્કેરણીથી થયેલી અસર; વ્યાકુળતા; ઉદ્વેગ; મનનો ગભરાટ.
૨. પું. ગરબડ; તોફાન; ઊથલપાથલ; ધમાલ; ધાંધલ.
૩. પું. બકવાટ; હોગોકીરો; શોરબકોર; રીડીઆરમણ.

ખળભળાવવું ૧. સ. ક્રિ. ઉશ્કેરણી કરવી; જાગૃત કરવું; ઉત્તેજિત કરવું.
૨. સ. ક્રિ. તોફાન મચાવવું.
૩. સ. ક્રિ. નીચું ઊંચું કરવું; ઊથલપાથલ કરવી; હચમચાવવું; હલાવવું.
૪. સ. ક્રિ. મૂંઝવવું; ગભરાય એમ કરવું.

ખળર ન. ચોરી કરવાને દિવાલમાં પાડેલું બાકું.

ખળરાજ પું. ઘણો લુચ્ચો માણસ.

ખળવચન ન. લુચ્ચા પુરુષનું વેણ.

ખળવળ પું. પાણી વહેવાથી થતો અવાજ.

ખળવાડી (ખળવાડ઼ી) જુઓ ખળાવાડ.

ખળવિદ્યા સ્ત્રી. ધૂર્તતા; શઠતા; છળકપટ.

ખળવું ૧. અ. ક્રિ. અચકાવું; થોભવું; અટકવું.
૨. અ. ક્રિ. ખેળ ચડાવવી.
૩. અ. ક્રિ. ચૂકવું; ભૂલવું.
૪. અ. ક્રિ. નાશ પામવું; ટળવું.
૫. અ. ક્રિ. નીકળવું; બહાર આવવું.

૬. અ. ક્રિ. લખોટવું; ઘસવું; ઘૂંટવું; ચામડાને ઘસીને ચળકતું કરવું.
૭. અ. ક્રિ. હસવું; દાંત કાઢવા.

ખળહળ સ્ત્રી. ધમસાણ; ધમાલ. જુઓ ખળભળાટ.

ખળહળવું ૧. અ. ક્રિ. પ્રકાશવું; ઝબૂકવું.
૨. અ. ક્રિ. મોટો અવાજ થવો.

ખળળખળ ૧. અ. અટક્યા વગર વહેતું હોય તેમ; સતત.
૨. અ. ખળખળ એવો અવાજ કરીને.
૩. અ. સપાટાબંધ; જોરથી; વેગથી.

ખળળળ પું. નદીના વહેતા પાણીનો અવાજ.

ખળાઈ સ્ત્રી. ખળપણું; લુચ્ચાઈ; દોંગાઈ; શઠતા.

ખળાખરાજાત સ્ત્રી. ખળાંને લગતું ખરચ.

ખળાપાલી સ્ત્રી. ખેડૂત પાસેથી ખળામાંથી લેવામાં આવતા દાણાનું એક માપ.

ખળામણ સ્ત્રી. અનાજનું ખળું કર્યું હોય તે જગ્યા; ખળાવાડ.

ખળાવવું ૧. સ. ક્રિ. અચકાવવું; થોભાવવું; અટકાવવું.
૨. સ. ક્રિ. ખેળ ચડાવરાવવી; ઘુંટાવવું.

ખળાવાડ (ખળાવાડ઼) સ્ત્રી. જનસીનાં ખળાં કરવાની જગ્યા; ખરાવાડ.

ખળાવું ૧. અ. ક્રિ. અચકાવું; અટકી રહેવું.
૨. અ. ક્રિ. ખેળ ચડાવાવી.

ખળાંઢળાં અ. ખળાં ઊભરાઈ જાય એમ; પુષ્કળ છત હોય એમ.
ખળાંઢળાં થઈ જવું = ખૂબ મળવું; પુષ્કળ પ્રાપ્તિ થવી.

ખળિયાણ ૧. સ્ત્રી. તોફાન; ધાંધલ.
૨. સ્ત્રી. રડારોળ; કકળાટ.

ખળી ૧. સ્ત્રી. અનાજને ખંખેરી સાફ કરવામાં આવતું હોય તે જગ્યા; ખળું.
૨. સ્ત્રી. કઠોળની દાળ કરવાની જગ્યા.
૩. સ્ત્રી. ખાતરની ઢગલી.
૪. સ્ત્રી. જમીનમાંથી ઉત્પન્ન થતી જનસી ખાતેદાર કે વહીવટ મુજબ જુદી જુદી એકઠી કરી, જુદી જુદી લણી, મસળી, સાફ કરી, જુદા જુદા ઢગલા કરવામાં આવે તે.
૫. સ્ત્રી. દૂધની બળી.

ખળીગલ્લો પું. ઘણાં ખળાંનો જથ્થો.

ખળું ૧. [સં. ખલ્લ] ન. કણસલાં ગૂંદીને કે ઝૂડીને અનાજ કાઢવાની જગ્યા; ખેતરમાં અથવા ગામના પાદરના વાડામાં કણસલાંમાંથી અનાજ ખંખેરી લેવાને સાફ કરેલી જગ્યા; ખળી.
૧. ખળું પાકવું = ઘણો ફાયદો થવો; ધનનો લાભ થવો.
૨. ખળું માગવું = ખળે જઈ અનાજની ભિક્ષા માગવી.
૩. ખળે ખબર્યું = પરિણામની છેવટ ખબર પડે.
૨. ન. ખળામાંથી દાનમાં અપાતું અનાજ.
૩. ન. જનસીનો મજમુ ઢગલો.
૪. ન. રાશિ; ઢગલો.

ખળેખરાબી સ્ત્રી. ખુવારી; નુકસાન.

ખળેળવું અ. ક્રિ. ગાય ભેંસે પેશાબ કરવો.

ખળેળાટ પું. પાણીના વહેવાથી થતો અવાજ.

ખળેળાટી સ્ત્રી. ખળખળ અવાજ.

ખળેળો પું. પાણીનો અવાજ; ખળખળાટ.

ખં ૧. ન. અબરખ.
૨. [સં.] ન. આકાશ; શૂન્યસ્થાન.

અંબર પુષ્કળ નભ વિયત અંતરીક્ષ ઘનવાસ;
વ્યોમ અનંત વિહાયસ અરૂ સુરમગ **ખં** ખગવાસ.
પિંગળલઘુકોષ

૩. ન. ઇંદ્રિય.
૪. ન. કર્મ.
૫. ન. છિદ્ર.
૬. ન. જન્મલગ્નથી કુંડલીમાં દશમું સ્થાન.
૭. ન. નીકળવાનો માર્ગ.
૮. ન. બ્રહ્મા.
૯. ન. મીંડું; શૂન્ય.
૧૦. ન. મોક્ષ; નિર્વાણ.

ખણસંગીને અરૂપ જ હોય, એ **ખં**કેરૂં લક્ષણ જોય.
અખો

૧૧. ન. સુખ.
૧૨. ન. સ્વર્ગ; દેવલોક.

ખંક વિ. નબળું.

ખંકર [સં.] પું. વાળનું ગૂંછળું; વાળની લટ.

ખંકલી [હિં.] સ્ત્રી. એક જાતનો છોડ.

ખંકાર [સં. ક્ષયકાર] પું. બલ્ગમ; બળખો.

ખંકારવું ૧. અ. ક્રિ. ઉધરસ ખાવી.
૨. અ. ક્રિ. બળખો કાઢવો.

ખંખ ૧. પું. તોફાની ઘોડો.
૨. પું. પાયમાલી.
૩. પું. બદલો વાળવો તે; વેરની લાગણી તૃપ્ત કરવી તે.
૪. સ્ત્રી. ઇચ્છા; તીવ્ર લાગણી.
૫. [હિં.] સ્ત્રી. એક બે વરસ સુધી ઉજ્જડ રાખવી પડે એવી જમીન.
ખંખ વાળવી = ઉજ્જડ કરવું.
૬. સ્ત્રી. ખંત; ઉદ્યોગ.
૭. સ્ત્રી. જુલમ.
૮. સ્ત્રી. દબામણી; સતામણી.
૯. સ્ત્રી. ભૂખ.
ખંખ ભાંગવી = જરૂરિયાત પૂરી પાડવી.
૧૦. વિ. ઉજ્જડ; ખેદાનમેદાન.
૧૧. વિ. કંજૂસ; બખીલ.
૧૨. [સં. ખન્] વિ. ખાલી; પોકળ.
૧૩. વિ. ખોખાં જેવું નકામું.
૧૪. વિ. નિર્ધન.
૧૫. વિ. સત્ત્વ વગરનું.

ખંખડ (ખંખડ઼) ૧. પું. હાડપિંજર.
૨. [હિં.] વિ. સૂકું અને તડતડતું.

ખંખણવું સ. ક્રિ. ખણખણવું.

ખંખણાટ સ્ત્રી. પંચાત.

ખંખતા સ્ત્રી. (ગ્રામ્ય) ખાંખત.

ખંખરોટવું સ. ક્રિ. જરા ચોપડવું; ખરડવું.

ખંખળાવવું ૧. સ. ક્રિ. કઢાવી લેવું.
૨. સ. ક્રિ. ખખાળવું; ખૂબ ઉકાળવું.
૩. [સં. ક્ષલ્ (ધોવું)] સ. ક્રિ. પાણીમાં ઝાટકીને ધોઈ નાખવું; ઘણું પાણી રેડી હલાવીને ધોવું; નિખારવું: ખંખાળવું; ઝાટકી ધોવું.

ખંખા [હિં.] સ્ત્રી. ડાકણી.

ખંખાર ૧. પું. ખંખારો; ખુંખારો.
૨. પું. થૂંક.
૩. પું. બળખો.
૪. પુ. હણહણાટ.

ખંખારવું ૧. અ. ક્રિ. કફનો ગળફો કાઢવો; બળખો હાકવો.
૨. અ. ક્રિ. ખખળાવવું; મોઢામાં પાણી રાખી મોઢું બંધ રાખી હલાવવું.
૩. [સં. ક્ષલ્] અ. ક્રિ. ખોંખારવું; ગળું સાફ કરવા ગળામાંથી ઘસાતો અવાજ કરવો; ખોંખારો ખાવો.
૪. અ. ક્રિ. ઘોડાનું બોલવું; હણહણવું.

ખંખારીને અ. ચોખ્ખે ચોખ્ખું; સ્પષ્ટ રીતે.

મેં તો કાલે બી એને **ખંખારીને** કહી દીધું કે હું તને વીલમાંથી રદ બાતલ કરી મુકીશ.
પીનમ

ખંખારો ૧. પું. ખંખાર; ખુંખારો.
૨. પું. ઘોઘરો અવાજ.
૩. પું. ઘોડાનો હણહણાટ.
૪. પું. ઠાંસવાનો કે ખોટી ઉધરસ ખાવાનો અવાજ; ગળામાંથી ઘસાતો સાદ કાઢવો તે.

ખંખાળવું ૧. સ. ક્રિ. પાણીના કોગળા કરી મોં ખૂબ સાફ કરવું.

૨. [સં. ક્ષલ્] સ. ક્રિ. પાણીમાં ઝાટકી ઝીકીને ધોવું; પાણી રેડતા જવું અને ઝાટકવું એમ કરીને ધોવું.

ખંખેર પું. ખંખેરવું તે.

ખંખેરવું ૧. સ. ક્રિ. ખેરવી પાડવું; ઝાટકવું; ઝાપટવું; ઝાટકીને ધૂળ દૂર કરવી.

ખંખેરી નાખવું = (૧) ઝાટકી નાખવું. (૨) દૂર કરવું; નાબૂદ કરવું. (૩) મારવું; માર મારીને હલકું પાડવું. (૪) લૂંટી લેવું. (૫) વઢવું; ધખવું; ધમકાવવું.

૨. સ. ક્રિ. ઠપકો દેવો; ધમકાવવું; ઊધડું લેવું.

૩. સ. ક્રિ. તાડન કરવું; મારવું.

૪. સ. ક્રિ. મારીને પૈસા કઢાવવા; ઝંઝેરવું.

ખંખેરાવું ૧. અ. ક્રિ. દંડાવું; માર ખાવો.

૨. અ. ક્રિ. લૂંટાવું; પૈસા છોડાઈ જવા.

ખંખોદ ૧. સ્ત્રી. કોઈની પાછળ પડી ખંતથી તેના દોષ શોધવા તે; ખણખોદ; ભૂલ કે દોષ શોધવાનો સ્વભાવ.

૨. સ્ત્રી. ખાર; દ્વેષ.

ખંખોરવું ૧. સ. ક્રિ. જોરથી ખોરવું; બળતા લાકડાના કોયલાને સંકોરવો; દેવતાને ઉશ્કેરી જાગ્રત કરવો.

૨. સ. ક્રિ. નખથી ખોતરવું; ઉઝરડો પાડવો; ખણવું.

૩. સ. ક્રિ. વેરી નાખવું; વીખી નાખવું; છિન્નભિન્ન કરવું.

ખંખોળ સ્ત્રી. શોધખોળ; તપાસ.

ખંખોળવું ૧. સ. ક્રિ. ખૂણેખોચરે શોધવું; ખોળવું; શોધ કરવી; ગોતવું.

૨. સ. ક્રિ. પુષ્કળ પાણીમાં સારી પેઠે હલાવી મેલ કાઢી નાખવો; નિખારવું; ઘણા પાણીમાં ઝાપટીને ધોવું.

૩. સ. ક્રિ. વાસણમાં થોડું પાણી નાખીને હલબલાવીને કાઢી નાખવું; ખંખાળવું.

૪. સ. ક્રિ. વીખવું; અવ્યવસ્થિતપણે ફેંકવું; વેરણછેરણ કરી નાખવું; ચૂંથી નાખવું.

ખંખોળા પું. ખોળંખોળા; ખાંખાખોળા; ફાંફાં; આતુરતાપૂર્વક શોધખોળ.

ખંખોળાં જુઓ ખંખોળા.

ખંખોળિયાં ન. બ. વ. ખૂબ પાણીથી નાહવું તે.

ખંખોળિયું ન. માથે પાણી રેડીને ઉતાવળથી નાહવું તે.

ખંખોળિયું ખાવું-મારવું = ઉતાવળથી નાહી લેવું.

ખંખોળો પું. તપાસ; શોધખોળ.

ખંગ ૧. પું. ખંત; ખાંત; હોંસ; ઊલટ.

૨. પું. ગેંડો.

૩. પું. ઢગ; ઢગલો; રાશિ.

૪. પું. દ્વેષ; વેર; દાઝ.

૫. પું. બદલો; પ્રતિકાર; સાટું.

ખંગ કાઢવો-વાળવો-વાળી આપવો = (૧) નખોદ વાળવું. (૨) વેર લેવું. (૩) સમતોલ ઊતરવું. (૪) સાટું વાળવું; બદલો મેળવવો.

૬. પું.; ન. તરવાર.

૭. સ્ત્રી. ખાંસી; ઉધરસ.

૮. સ્ત્રી. ટોચ; શિખર.

૯. ન. આકાશમાં ઊડનાર એક પક્ષી.

૧૦. ન. ગેંડાનું શીંગડું.

૧૧. વિ. ચકિત; આશ્ચર્ય પામેલું.

૧૨. વિ. લૂલું; લંગડું; ખોડું.

૧૩. વિ. વાંકું વળેલું; ત્રાંસું.

ખંગડ (ખંગડ઼) ૧. સ્ત્રી. બહુ પાકી ઈંટ.

૨. વિ. ક્રોધી; ઉગ્ર.

ખંગપા પું. (બૌદ્ધ) ચોરાશી માંહેનો એક સિદ્ધ.

ખંગબંધ પું. આકારચિત્ર; કાવ્યનો એક પ્રકાર.

ખંગર ૧. પું. ધાતુનો કચરો.

૨. પું. બહુ સુકાઈ ગયેલી વસ્તુ.

૩. સ્ત્રી. વધારે પાકેલી ઈંટ. ભઠ્ઠીમાં ગરમી વધી જાય તો ઈંટનો આકાર વાંકોચૂકો બની જાય અને રંગ કાળો પડી જાય. આવી ઈંટને ખંગર કહેવામાં આવે છે. એ ઈંટ પથ્થર જેટલી કઠણ અને છિદ્ર રહિત હોવાથી તેનો ઉપયોગ પથ્થરને બદલે કરવામાં આવે છે.

૪. વિ. બહુ સૂકું.

૧. ખંગર લાગવું = હાડકાં અને ચામડી રહેવી; દુર્બળતાનો રોગ થવો.

૨. ખંગર હોવું = તદ્દન સુકાઈ જવું.

ખંગરવું ૧. સ. ક્રિ. ખાલી કરવું.

૨. સ. ક્રિ. ચરવું.

ખંગળાવવું ૧. સ. ક્રિ. કોગળા કરવા; મોઢામાં પ્રવાહી લઈ હલાવીને કાઢી નાખવું.

૨. સ. ક્રિ. ખંખાળવું; વીંછળવું; પાણીમાં હલાવી ધોવું; પાણીથી સાફ કરવું.

ખંગા પું. (પિંગળ) સાત અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; વર્કરિતા. તે ઉષ્ણિક છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં મગણ, ભગણ અને ગુરુ મળી સાત અક્ષર હોય છે.

ખંગારો પું. બળખો.

ખંગાલવું ૧. અ. ક્રિ. મૈથુન સેવવું.

૨. સ. ક્રિ. ખાલી કરી દેવું.

૩. સ. ક્રિ. થોડું ધોવું.

ખંગાલ નાખવું = (૧) ધોવું. (૨) મૈથુન સેવવું.

ખંગાળવું ૧. સ. ક્રિ. કોગળા કરવા; મોઢામાં પ્રવાહી લઈ હલાવીને કાઢી નાખવું.

૨. સ. ક્રિ. વીંછળવું; પાણી વડે ખૂબ ધોવું; ખંખાળવું.

ખંગિન પું. ગેંડો.

ખંગું ૧. વિ. ત્રાંસું; વાંકું.

૨. વિ. લંગડું; લૂલું.

ખંગોલ [હિં.] વિ. હાથીદાંતવાળું.

ખંચકાટ પું. કામ કરતાં અચકાવું તે; આનાકાની.

ખંચકાવું અ. ક્રિ. ખમચાવું; અચકાવું.

ખંચકો પું. ખાંચો; ખચકો; સપાટી ઉપર પડેલો નાનો ખાડો.

ખંચામણ સ્ત્રી. ખંચાવું તે; આચકો; આનાકાની; ખંચકાટ.

ખંચાવું ૧. અ. ક્રિ. અચકાવું; ખમચાવું.

૨. અ. ક્રિ. અટકવું; થોભવું.

૩. અ. ક્રિ. આશંકાવું; શંકા પડવી.

૪. અ. ક્રિ. શરમને લીધે પાછા ફરવું; લજવાવું; શરમાવું.

ખંચાળું ન. નવેળું; ઘરની પાછળનો સાંકડો ભાગ.

ખંચેરવું સ. ક્રિ. ખંખેરવું; ઝાપટવું; સાફ કરવું.

ખંજ્ [સં.] અ. ક્રિ. (ધાતુ) લંગડાવું; ખોડાંગવું. તેના ઉપરથી નીકળેલ શબ્દ: ખંજ; ખંજન.

ખંજ ૧. પું. (વૈદક) એક પ્રકારનો રોગ. તેમાં માણસના પગ જકડાઈ જવાથી તે હાલીચાલી શકતો નથી. આ રોગમાં કમરનો વાયુ જાંઘની નસોને પકડી લે છે, તેથી પગ અટકી પડે છે.

૨. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; પ્રતિસીરા. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં મગણ, ભગણ અને બે ગુરુ એમ આઠ અક્ષર હોય છે.

૩. પું. (પિંગળ) ત્રીશ અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેમાં નવ નગણ અને રગણ મળી ત્રીશ વર્ણ હોય છે.

નવ નગણ કવિવર ! કર તરત પછી
ઉપર ધર રગણ ચરણ ખંજમાં. રણપિંગળ

૪. પું. (જ્યોતિષ) સૂર્યચંદ્રના અમુક સ્થાનમાં આવવાથી થતો એક જાતનો અશુભ યોગ.

૫. ન. એક જાતનું પક્ષી; ખંજન; દિવાળીનો ઘોલ્લો.

૬. [સં.] વિ. લંગડું; લૂલું; ખોડું.

ખંજક ૧. પું. પિસ્તાની જાતનું એક ઝાડ.

૨. [સં.] વિ. લંગડું; લૂલું.

ખંજખેટ [સં.] પું. ખંજન પક્ષી; દિવાળીનો ધોલ્લો.

ખંજખેલ [સં.] પું. દિવાળીનો ધોલ્લો; ખંજન પક્ષી.

ખંજડ (ખંજડ઼) [હિં.] પું. અતિ પાકી ગયેલ ઈંટ.

ખંજણ ૧. પું. એક જાતનું પક્ષી.

૨. પું. ગાડાની ઊંજણ.

૩. પું. મેશ; કાજળ.

ખંજત્વ ન. લંગડાપણું.

ખંજન ૧. [હિં.] પું. (પિંગળ) ગંગાધર; ગંગોદક છંદનું એક નામ.

૨. [સં.] ન. એક જાતનું પંખી; દિવાળીનો ધોલ્લો. આ પક્ષીની એશિઅ, યરપ અને આફ્રિકમાં અનેક જાતિ જોવામાં આવે છે. તેમાં ભારતવર્ષનું ખંજન મુખ્ય અને અસલી માનવામાં આવે છે. તે અનેક રંગ અને આકારનું હોય છે. હિંદમાં તે હિમાલયના તરાઈ જંગલમાં તથા આસામ અને બ્રહ્મદેશમાં વિશેષ જોવામાં આવે છે. તેનો રંગ વચ્ચે વચ્ચે ક્યાંક સફેદ અને ક્યાંક કાળો હોય છે. તે એક વેંત લાંબું થાય છે. તેની ચાંચ લાલ અને પૂછડી કાળાશ પડતી ઝાંયવાળી સફેદ અને બહુ સુંદર હોય છે. તે ઘણુંખરૂં નિર્જન સ્થાનમાં અને એકલું રહે છે અને શિયાળાની શરૂઆતમાં પહાડોની નીચે ઊતરી આવે છે. તે પાળી શકાતું નથી એમ મનાય છે. તેની ચંચળતા ઉપરથી કવિઓ આંખને એની ઉપમા આપે છે. માદા બદામી છાંટવાળાં લીલાશ પડતાં ધોળાં ત્રણ ચાર ઈંડાં મૂકે છે. એનો કંઠ પણ મધુર છે. ખંજનના માથા ઉપર ચોટી અથવા શિખા ઊગે છે, તે વખતથી તે અદૃશ્ય રહે છે અને દેખાવ દેતું નથી. તેના શિર ઉપરથી જ્યારે ચોટી પડી જાય ત્યારે દેખવામાં આવે છે. આ પક્ષી બહુ કમ તથા ગુપ્ત રીતે રતિ કરે છે.

જોઈને **ખંજન** પંકજ લાજે, ચંચળ લોચન લાલ.
કૃષ્ણાનંદ

૩. સ્ત્રી. ચોખાની એક જાત.

૪. ન. ગમન; જવું તે.

૫. ન. ગાડાંની ઊંજણ; ગાડાંના પૈડાંમાંનો કીલ.

૬. ન. દીવાની મેશ; કાજળ.

૭. ન. લૂલે પગે જવું તે; લંગડાતું ચાલવું તે.

૮. ન. હસતાં હસતાં ગાલમાં પડતો ખાડો.

શું **ખંજન** પડીઆં ગાલે રે. પ્રેમાનંદ

ખંજનક ૧. ન. એક જાતનું ગાનારૂં પક્ષી. તેની ઘણી જાત થાય છે. અમુકનું માથું પીળું તો કોઈનું વાદળી હોય છે. તે સામાન્ય રીતે ઊડતાં જીવડાં ખાય છે.

૨. ન. દિવાળીનો ધોલ્લો; ખંજન પક્ષી; દિવાળીના દિવસોમાં પૂંછડીને હલાવ્યા કરતી ધોળી કે પીળી ચકલી.

ખંજનરત ૧. ન. તપસ્વી સાધુઓનો એકત્ર વાસ.

૨. [સં.] ન. મૈથુન; સંભોગ.

ખંજનરતિ [સં.] સ્ત્રી. ખંજન પક્ષીની માફક ઘણો જ ગુપ્ત વિહાર.

ખંજના ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; સ્વૈરિણી ક્રીડન. તે સંસ્કૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં આઠ રગણ મળી ચોવીશ અક્ષર હોય છે.

૨. [સં.] સ્ત્રી. ખંજન પક્ષીના આકારની એક પક્ષિણી.

૩. સ્ત્રી. રાઈ.

ખંજનાસન [સં.] ન. (યોગ) એ નામનું એક આસન. ગોમુખાસનની પેઠે પગ રાખી બંને હાથના પંજા ઉપર ભાર આવે એમ શરીરને સહજ નીચે નમાવી સ્થિતિ કરવી તે ખંજનાસન કહેવાય છે. આ આસનથી ઉપાસના કરવાથી વિજયનો લાભ થાય એમ મનાય છે.

ખંજર (ખંજ઼ર) ૧. પું. ધાતુનો કચરો.

૨. પું. વધારે પાકેલી ઈંટ.

૩. પું. વધારે સુકાઈ ગયેલી વસ્તુ.

૪. [અ.] ન. બે તરફ ધારવાળું વાંકું અને ભારે એક હથિયાર; જમૈયો; છરી; મોટી કટાર.

૫. ન. મોટું મકાન.

૬. વિ. વૃદ્ધ; ઘરડું.

ખંજરખાનું ન. કટાર રાખવાનું મયાન.

ખંજરબાજી સ્ત્રી. છરો હુલાવવાની ક્રિયા.

ખંજરી ૧. સ્ત્રી. ખડ રાખવાની જગ્યા.

૨. સ્ત્રી. ચટાપટાવાળું એક જાતનું રેશમી કાપડ.

૩. સ્ત્રી. રેશમ રંગવાની કે છાપવાની એક રીત.

૪. સ્ત્રી. લાકડાના કાઠા ઉપર ચામડેથી મઢાવેલી અને ઘૂઘરીઓ બાંધેલી નગારી; એક જાતનું વાદ્ય; ઢોલકડી; નાની ડફ.

૫. વિ. કટાર જેવી ધારવાળું.

ખંજરીટ જુઓ ખંજનક.

ખંજરીટક જુઓ ખંજનક.

ખંજરીટી [સં.] સ્ત્રી. ખંજન પક્ષિણી.

ખંજરીતાશા ન. એક જાતનું કાપડ.

ખંજવાળ ૧. સ્ત્રી. ખણુજ; ચેળ; વલૂર.

૨. સ્ત્રી. લૂખસ; ચૂંટ; ચામડી ઘસડવાની ચેળ થાય તેવો રોગ.

ખંજવાળવું અ. ક્રિ. ચામડી ઉપર નખથી ખણવું; વલૂરવું; ઘવડવું.

માથું ખંજવાળવું = દિગ્મૂઢ થવું; વિચારમાં પડવું.

ખંજવિશાળ પું. (પિંગળ) ગુરુ લઘુના નિયમ વગર એકત્રીશ અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેમાં પંદરમા અને સોળમા અક્ષર ઉપર વિસામો આવે છે.

તિથિ સોળ યતિથી વર્ણ એમ એકત્રીશ,
ચરણ **ખંજવિશાળ** કવિવર! તું સંભાળ.
રણપિંગળ

ખંજા ૧. પું. (પિંગળ) એ નામનો એક છંદ. તેની દરેક લીટીમાં ૨૮ અક્ષર હોય છે.

૨. પું. (પિંગળ) એક છંદ. તેના પહેલા ચરણમાં બત્રીશ અને બીજા ચરણમાં ત્રીશ માત્રા હોય છે.

૩. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; પ્રતિસીરા. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં મગણ, ભગણ અને બે ગુરુ મળી આઠ અક્ષર હોય છે.

૪. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; વર્કરિતા. તે ઉષ્ણિક છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં મગણ, ભગણ અને ગુરુ મળી સાત અક્ષર હોય છે.

૫. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; વૈનસ. તે સુપ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં રગણ, લઘુ અને ગુરુ મળી પાંચ અક્ષર હોય છે.

૬. પું. (પિંગળ) દરેક દલમાં ૩૮ લઘુ અને એક રગણ મળી ૪૧ માત્રાવાળો છંદ.

૭. વિ. સ્ત્રી. લૂલી; લંગડી; પાંગળી.

ખંજાછંદ જુઓ ખંજા ૧-૬.

ખંજિકા પું. (પિંગળ) એક અર્ધસમવૃત્ત માત્રામેળ છંદ. તેના પ્રત્યેક દલમાં ૪૧ માત્રા હોય છે.

છતરિશ લઘુ કલ ચરણ ચરણ પ્રતિ,
પછી ચકી ઉપર તું શશિ રગણ જ સજ
પ્રતિ પદ **ખંજિકે**,
પ્રથમ ઉપર પછી શ્રુતિ શ્રુતિ ચડી ચડી,
સકલ મળી તું દશ પછી ત્રણ પર ઠિક દ્વય
દલ તાલ દે.
રણપિંગળ

ખંજીર જુઓ ખંજર.

ખંજીરી ૧. સ્ત્રી. ખંજરી; ઘૂઘરીઓવાળી નગારી; ઢોલકડી; નાની ડફ. આ એક દેશી વાદ્ય છે. એની આસપાસ નાની ઝાંઝો જડેલી હોવાથી અને ઘૂઘરીઓ બાંધેલી હોવાથી તે ખણુણુ ખણુણુ ખખડે છે. જુઓ ખંજરી.

૨. વિ. કટાર જેવું ધારવાળું.

ખંજો પું. ગીધ પક્ષી.

ખંજોપવિશાળ પું. (પિંગળ) બત્રીશ વર્ણનો એક સમવૃત્ત વર્ણદંડક છંદ. તેમાં ૧૫ અને ૧૭ અક્ષરે યતિ એટલે વિસામો આવે છે.

> વર્ણ દંત આણવા **ખંજોપવિશાળ** થવા,
> તિથિને સતરે સારા છેદ શોધી આણવા નવા.
> રણપિંગળ

ખંજોળ સ્ત્રી. ચળ; ખૂજલી; વલૂર. જુઓ ખંજવાળ.

ખંજોળવું ૧. અ. ક્રિ. પડખામાં લેવું; સારૂં લગાડવું; પંપાળવું.

૨. સ. ક્રિ. ચામડી ઉપર નખથી ખણવું; વલૂરવું; હાથ ફેરવવો; ખંજવાળવું.

ખંટાવું અ. ક્રિ. સમાવું; પોષાવું.

ખંટોળ પું. ખાંચો; ખાંચરો.

ખંડ્ ૧. સ. ક્રિ. ખલેલ કરવી.

૨. સ. ક્રિ. છેતરવું.

૩. સ. ક્રિ. (ધાતુ) ટુકડા કરવા; ભાંગવું; તોડવું. તે ઉપરથી નીકળેલ શબ્દ: ખંડ; ખંડિત; ખાંડણીઓ.

૪. સ. ક્રિ. નિરાશ કરવું.

૫. સ. ક્રિ. પ્રેમમાં નડતર રૂપ થવું.

૬. સ. ક્રિ. સંપૂર્ણ હરાવવું.

ખંડ ૧. પું. (પિંગળ) એક જાતનો આધુનિક ગુજરાતી કવિઓએ યોજેલો નવીન છંદ.

૨. પું. એક જાતનો નરમ ગોળ.

૩. પું. એક જાતનો મણિ.

૪. પું. ખાનું; કબાટ વગેરેમાં કંઈ પણ વસ્તુ રાખવા કરેલો વિભાગ.

૫. પું. ગૂમડું; ગાંઠ.

૬. પું. ઘરનો ભાગ; ઓરડો.

૭. પું. ચોળી થાય એટલો કાપડનો કટકો; એક કાંચળીપુર વણાયેલું કપડું; રેજો.

૮. પું. છંદ; એક પ્રકારનું ગીત.

૯. પું. જમીનનો ઘણો મોટો ભાગ; દેશ; વર્ષ.

૧૦. પું. જરથોસ્તી ધર્મગ્રંથમાં જણાવેલા પૃથ્વીના સાત માંહેનો દરેક ભાગ; હિંદુધર્મશાસ્ત્ર પ્રમાણે પૃથ્વીના નવ ખંડ માંહેનો દરેક. જરથોસ્તી ધર્મગ્રંથમાં જણાવેલા સાત ભાગ: પૂર્વમાં અરેંજહી, અગ્નિમાં ફ્રદધફશુ, નૈર્ઋત્યે વિદ્દફ્શુ, પશ્ચિમે સ્વહી, ઈશાને વોઉરૂજરેષ્ત, વાયવ્યમાં વોઉરૂબરેસ્તી અને મધ્યમાં ખનિરથ. હિંદુશાસ્ત્ર પ્રમાણે પૃથ્વીના નવ ખંડ: ઇલાવૃત, ભદ્રાશ્વ, હરિવર્ષ, કિંપુરુષ, કેતુમાલ, રમ્યક, ભરત, હિરણ્યય, ઉત્તરકુરુ; અથવા ભરતખંડ, વૃતખંડ, રમ્યખંડ, દ્રવ્યમાલખંડ, કેપૂમાલખંડ, હરિખંડ, વિધિમાલખંડ, હર્ણખંડ અને સુવર્ણખંડ.

૧૧. પું. તરડ; ફાટ; ચીરો.

૧૨. [સં. ખડ્ગ] પું. તરવાર; ખાંડું.

૧૩. પું. (સંગીત) તાલનો એક પ્રકાર. તાલના પહેલા અંગમાં પાંચ માત્રા આવતી હોય તો તેને ખંડ જાતિનો તાલ કહે છે.

૧૪. પું. દિશા.

૧૫. પું. દોષ.

૧૬. પું. નવની સંખ્યા બતાવનાર સંજ્ઞા.

૧૭. પું. નિકાલ લાવવા ઓછી રકમ ઠરાવી માંડવાળ કરવી તે.

૧૮. પું. પરિચ્છેદ; વાક્યસમૂહ; ‘પેરેગ્રાફ’.

૧૯. પું. પૃથ્વીના પાંચ મોટા મોટા ભૂમિ ભાગોમાંનો દરેક. તેમનાં નામ: યરપ, એશિઅ, આફ્રિક, અમેરિક, ઓસ્ટ્રેલિઅ.

૨૦. પું. પ્રકરણ; બાબ.

૨૧. પું. બે અથવા વધારે સંધિનો કવિતાનો વિભાગ.

૨૨. પું. ભાગ; કટકો; અંશ.

ખંડ કરવું = ભાંગવું; તોડવું; નાશ કરવો.

૨૩. પું. મહાસાગરને અડીને આવેલી જમીન.

૨૪. પું. રત્નોનો એક દોષ. સામાન્ય રીતે માણેકમાં આ દોષ હોય છે.

૨૫. પું. સમીકરણનું એક પદ.

૨૬. પું. સમૂહ; જથ્થો.

૨૭. સ્ત્રી. ખાંડ.

૨૮. સ્ત્રી. (ગણિત) જે સંખ્યાનું વર્ગમૂળ બરાબર ન નીકળી શકે એવી સંખ્યાનું વર્ગમૂળ. જેમકે $\sqrt{૨}$.

૨૯. સ્ત્રી. શેરડી.

૩૦. ન. એક જાતનું મીઠું; સંચળખાર.

૩૧. ન. કાળું સુતરાઉ રેશમી કોરવાળું લૂગડું.

૩૨. ન. ગણોત; ભાડું; કિરાયું.

૩૩. ન. સ્ત્રીકેસરને છેડે આવેલો ઝીણા દાણાવાળો ગોળ પોટો.

૩૪. વિ. અર્ધું.

૩૫. વિ. નાનું; ટૂંકું.

૩૬. વિ. વિભાગવાળું; ભાંગેલું; ખંડિત.

ખંડક ૧. [સં.] પું. કટકો; ટૂકડો; ભાગ.

૨. પું. કાપેલો નખ.

૩. પું. ખાડો; ખાઈ.

૪. પું. ખાંડ.

૫. પું. ખાંડમાંથી બનાવેલી એક જાતની સાકર.

૬. પું. છંદ; કડી.

૭. પું. પરિચ્છેદ; વાક્યસમૂહ; કંડિકા; પેરો.

૮. પું. બે અવ્યવહિત જ્યાપિંડનું અંતર.

૯. પું. મોટો પથ્થર.

૧૦. પું. સીમાડો.

૧૧. વિ. કાપનાર; ટુકડા કરનાર.

૧૨. વિ. નખ વગરનું.

૧૩. વિ. નાશ કરતું.

ખંડકથા ૧. [સં.] સ્ત્રી. ઉપન્યાસનો એક ભેદ. તેના દરેક ખંડમાં એક પૂરી કથા હોય છે. તેની એક કથા સાથે બીજી કથાને કાંઈ સંબંધ હોતો નથી.

૨. [સં.] સ્ત્રી. કથાનો એક ભેદ. કરુણરસ પ્રધાન આ કથામાં મંત્રી અથવા બ્રાહ્મણ નાયક હોય છે.

૩. સ્ત્રી. ટૂંકી વાર્તા; નવલિકા; નાની કથા.

ખંડકર્ણ ૧. [સં.] પું. એક જાતનો છોડ.

૨. પું. સકરકંદ; રતાળુ.

ખંડકા પું. (પિંગળ) સાત અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; વર્કરિતા. તે ઉષ્ણિક છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં મગણ, ભગણ અને ગુરુ એમ સાત અક્ષર હોય છે.

ખંડકાદ્યવલૌહ પું. (વૈદ્યક) એક પ્રકારનું ચાટણ. તે અગ્નિ તથા બળને વધારનાર અને પાંડુરોગ, પ્લીહા, મૂત્રકૃચ્છ્ર ઉપર ફાયદો કરનાર મનાય છે.

ખંડકાપાલિક પું. હઠવિદ્યાનો એ નામનો એક મહાન યોગી.

ખંડકાલુ [સં.] ન. સકરકંદ.

ખંડકાવ્ય ૧. ન. અનેક જાતના છંદો વપરાયા હોય એવું પણ એક જ પ્રસંગનું વર્ણન કરતું જરા લાંબું કાવ્ય. મોટા કાવ્યને મહાકાવ્ય અને નાનાને ખંડકાવ્ય કહે છે. કોઈ પણ એકાદ પ્રસંગ ઉપર થોડાક વિસ્તારથી લખાયેલું કાવ્ય ખંડકાવ્ય કહેવાય. મહાકાવ્યનાં કેટલાંક તત્ત્વો જેવાં કે, લાંબાં, પ્રકૃતિવર્ણનો, ઉપકથાઓ, પાત્રાલેખન વગેરે ખંડકાવ્યમાં હોતાં નથી. કેટલાક ખંડકાવ્યને લિરિક એટલે ઊર્મિકાવ્ય સાથે સરખાવે છે, છતાં તે લિરિક કરતાં લાંબું હોય છે.

૨. ન. કવિતાનો નાનો ગ્રંથ.

૩. ન. કાવ્યનાં સંપૂર્ણ લક્ષણ કે અલંકાર ન હોય એવું કાવ્ય.

૪. ન. નાનું કાવ્ય; ટૂંકું કાવ્ય.

ખંડકાળ ૧. પું. માપથી જાણી શકાય એવો કાળ.

૨. પું. વખતનો આંતરો; સમયનો ગાળો.

ખંડકુષ્માંડક [સં.] પું. એ નામનું એક ઔષધ.

ખંડકોષેશ [સં.] પું. નરકોષેશો અને માદા કોષેશોનું એકમેક થઈ જવું તે.

ખંડગિરિ પું. ઓરિસામાં કટક જિલ્લામાં આવેલ અસ્સિયાની પર્વતમાળાનું બીજું નામ.

ખંડગુણાકાર પું. એક જાતનો ગુણાકાર; ગુણ્ય અથવા ગુણકમાં અમુક ઉમેરીને કે બાદ કરીને સહેલી રીતે થતો ગુણાકાર. જેમકે, ૧૩૫×૧૨. સરળતા ખાતર ૨ બાદ કરી ૧૩૫×૧૦=૧૩૫૦; ૧૩૫×૨=૨૭૦. ૧૩૫૦+૨૭૦=૧૬૨૦.

ખંડગ્રહ [સં.] પું. (ન્યાય) એકનો જ સ્વીકાર કરી પ્રધાનસ્થાને સ્થાપવું તે; જ્યાં સર્વ અંશો સ્વીકારવા જોઈએ ત્યાં એમાંનો એકાદ સ્વીકારવા રૂપ દોષ.

ખંડગ્રહણ [સં.] ન. સૂર્યગ્રહણ કે ચંદ્રગ્રહણ વખતે સૂર્ય કે ચંદ્ર આખો છાયાથી ઘેરાઈ ગયેલ ન હોય તેવું ગ્રહણ.

ખંડગ્રાસ જુઓ ખંડગ્રહણ.

ખંડચિઠ્ઠી ૧. [સં.] સ્ત્રી. કબૂલત.
૨. સ્ત્રી. ભાડાચિઠ્ઠી.

ખંડચિત્ર [સં.] ન. છેદનાકૃતિ; છેદાકૃતિ.

ખંડચિહ્ન [સં.] ન. અવશેષો; નાશની નિશાની; ખંડિયેર.

ખંડચ્છાયા [સં.] સ્ત્રી. છાયાભાસ; ઝાંખો ઓળો; અપૂર્ણ છાયા.

ખંડછાયા જુઓ ખંડચ્છાયા.

ખંડજ [સં.] પું. ગોળ; સાકરિયો ગોળ.

ખંડજાતિ ૧. સ્ત્રી. (સંગીત) એ નામે પાંચ વર્ણના સમૂહનો એક વર્ગ.
૨. સ્ત્રી. પાંચ કે પંચમાંશ માત્રાના ખંડવાળા તાલની જાતિ.

ખંડણા ૧. સ્ત્રી. ખામી.
૨. સ્ત્રી. ભંગાણ.
૩. વિ. વિભાગી; ભાંગેલું; ખંડિત.

ખંડણી ૧. સ્ત્રી. કર; ભાગ.
૨. સ્ત્રી. ખાંડણી; ખારણી.
૩. સ્ત્રી. ચોથાઈ; ચોથ.
૪. [સં. ખંડન; અપ. ખંડણ] સ્ત્રી. તાબેદાર રાજ્ય ઉપરી રાજ્યને દર વર્ષે ભરે તે રકમ; સંકટ સમયે સહાય મળવા માટે તાબેદાર રાજાએ અથવા એક પ્રજાએ દર વર્ષે જે દ્રવ્ય બીજા રાજાને આપવું પડે તે.
૫. સ્ત્રી. દંડ.

ખંડણિયો પું. ખંડણી ભરનાર; તાબેદાર માણસ.

ખંડત [હિં.] વિ. તૂટેલું; ભાંગેલું.

ખંડતાત્કાલિકગતિ સ્ત્રી. (ગણિત) બે શૂન્યપ્રાય પરિમાણોનો કકડે કકડે કાઢવામાં આવતો ગુણોત્તર.

ખંડતાલ [સં.] પું. (સંગીત) એક જાતનો તાલ; જેમાં કેવળ એક દ્રુત હોય એવો તાલ.

ખંડતિથિ [સં.] સ્ત્રી. સૂર્યોદય વખતે હોય પણ મધ્યાહ્ને ન હોય એવી તિથિ. આવી તિથિમાં વ્રતનો આરંભ કે સમાપન કરવામાં આવતો નથી.

ખંડત્રિકોણ ન. મનુષ્યના હાથમાં હોતું > આવું ચિહ્ન.

ખંડધારા સ્ત્રી. કાતર; કર્તરી.

ખંડન ૧. ન. અપમાન.
૨. ન. ઉથલાવી કે ઉલટાવી નાખવાપણું..
૩. ન. કાઢી મૂકવું તે.
૪. ન. કાપવું તે.
૫. ન. છેતરવું તે.
૬. ન. ઝાટકવું તે.
૭. ન. નિરાકરણ; તોડ.
૮. ન. બળવો; બંડ.
૯. [સં.] ન. ભાંગવું તે; છેદન.
૧૦. [હિં.] ન. મૂર્તિનું ભાંગવું તે.
૧૧. ન. રદિયો; પ્રત્યાખ્યાન; મતખંડન; દલીલ કે વાદને તોડી પાડવો તે; સામાનો અભિપ્રાયવાદ યુક્તિ વગેરેથી તોડી પાડવો તે.
ખંડન કરવું = દલીલ કે વાદને તોડી પાડવો.
૧૨. ન. વાતમાં વચ્ચે પડવું તે.
૧૩. ન. વિઘ્ન.
૧૪. ન. હતાશ થવું તે.
૧૫. વિ. ખંડિત કરનાર.

ખંડનપ્રિય [સં.] વિ. તોડી પાડવાની વૃત્તિવાળું.

ખંડનમય વિ. વિનાશક; તોડી પાડવાની ભાવનાવાળું.

ખંડનમંડન ૧. ન. ચર્ચામાં વાદને તોડવો અને માંડવો તે.
૨. ન. તોડવું અને માંડવું તે.
૩. ન. ભાંગફોડ; તોડી પાડવું તે.
૪ ન. વાદવિવાદ; ચર્ચા.
૫. ન. સંજીવ વસ્તુમાં થતો રાસાયનિક ફેરફાર.

ખંડનવ ન. એક પ્રકારનું નૃત્ય.

ખંડનવાક્ય ન. વિરુદ્ધવાણી; રદિયો.

ખંડનશક્તિ સ્ત્રી. સજીવ વસ્તુમાં રાસાયનિક ફેરફારો કરવાની શક્તિ.

ખંડના ૧. સ્ત્રી. ઉલટાવી કે ઉથલાવી પાડવું તે.
૨. [સં.] સ્ત્રી. ખંડન; ભેદવું તે; તોડવાપણું.
૩. સ્ત્રી. નિરાકરણ; તોડ.
૪. સ્ત્રી. રદિયો.

ખંડનાત્મક [સં.] વિ. તોડી પાડનારું; ખંડન કરવાવાળું; નાશ કરનારું.

ખંડનીય [સં.] વિ. ખંડન કરવા જેવું; તોડી નાખવા જેવું.

ખંડપટ્ટ ૧. વિ. અન્યાયી.
૨. [સં.] વિ. અપૂર્ણ લૂગડાંવાળું.
૩. વિ. ગરીબ.
૪. વિ. જુગારી.

ખંડપતિ [સં.] પું. રાજા.

ખંડપત્ર [સં.] પું. પાંદડાંનો સમૂહ.

ખંડપરશુ ૧. પું. પરશુરામ; જમદગ્નિનો એ નામનો પુત્ર.
૨. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.
૩. [સં.] પું. શિવ; મહાદેવ; શંકર.

ખંડપર્શુ ૧. પું. દાંત પડી ગયા હોય એવો હાથી.
૨. પું. મલમપટ્ટી કરનાર.
૩. પું. રાહુ.
૪. જુઓ ખંડપરશુ.

ખંડપાક પું. (વૈદ્યક) મુરબ્બા, મીઠાઈ કે ખાંડની ચાસણી અંદર ઔષધ મેળવી કરવામાં આવતો એક જાતનો પાક. કેટલીક વખતે આ પાકની અંદર મદ્ય નાખવામાં આવે છે. ખંડપાક આંગળીથી ચટાય એવો જાડો હોવો જોઈએ. તેની માત્રા ૨॥ તોલાથી ૦। શેર સુધી છે.

ખંડપાટ પું. મંદિરમાં સિંહાસનની પાસેની સીડી.

ખંડપાલ [સં.] પું. કંદોઈ; મીઠાઈ બનાવનાર અને વેચનાર.

ખંડપાંડિત્ય [સં.] ન. ઉપરચોટિયું જ્ઞાન.

ખંડપિપ્પલ્યવલેહ (વૈદ્યક) પું. હૃદયરોગ, ઉધરસ, કમળો, પાંડુરોગ અને કોઢ ઉપર અપાતું એક પ્રકારનું ચાટણ.

ખંડપૂજા સ્ત્રી. શસ્ત્રાસ્ત્રની પૂજા.

ખંડપૂરી સ્ત્રી. એક પ્રકારની પૂરી. તેમાં મેવામસાલા સાથે ખાંડ ભરી હોય છે.

ખંડપ્રલય ૧. પું. અમુક ભાગનો નાશ.
૨. પું. કજિયો.
૩. [સં.] (વેદાંત) પું. જે કાળમાં કોઈ જન્યદ્રવ્ય રહેતું નથી તે કાળ; અવાંતર પ્રલય.
૪. પું. બ્રહ્માનો એક દિવસ પૂરો થઈ જતાં પૃથ્વી વગેરે ખંડનો થતો નાશ; પ્રલય. તેમાં બધાં ભૂતોનો લય થઈ જાય છે. માત્ર બ્રહ્મા

રહે છે. પુરાણાનુસાર આ પ્રલયમાં સૂર્યનું તેજ હજારગણું વધી જાય છે અને રુદ્ર બધાં પ્રાણીનો સંહાર કરી નાખે છે.

ખંડપ્રસ્તાર પું. (સંગીત) એક પ્રકારનો તાલ.

ખંડપ્રિય વિ. ખંડ કરવાનું જેને ગમતું હોય તેવું; તોડી નાખવાનો જેને શોખ હોય એવું.

ખંડફેણ [સં.] પું. એક જાતનો સર્પ.

ખંડભઠ્ઠી સ્ત્રી. દારૂની ભઠ્ઠી ઉપર લેવાતો કર.

ખંડભેદ [સં.] પું. પદાર્થનું પૃથક્કરણ.

ખંડમંડલ ૧. [સં.] પું. અસંપૂર્ણ ગોળ ચક્કર.

૨. ન. વર્તુલની લીટીનો અમુક ભાગ.

૩. વિ. પૂરેપૂરો ગોળ નહિ એવું; અપૂર્ણ મંડળવાળું.

૪. વિ. બાહ્યગોળ; બિંબાકાર.

ખંડમંડળ જુઓ ખંડમંડલ.

ખંડમોદક [સં.] ન. એક પ્રકારની ખાંડ; સાકર.

ખંડયુક્ત [સં.] વિ. ભાંગ્યુંતૂટ્યું.

ખંડર ૧. પું. ઉજ્જડ ગામ.

૨. [હિં.] પું. ખંડેર; પડી ગયેલું મકાન.

૩. પું. ઘર.

૪. વિ. ઉજ્જડ કરેલું.

૫. [સં.] વિ. ખંડની પાસેનું.

ખંડરક્ષ ૧. પું. કોટવાળ.

૨. [સં.] પું. દાણ લેનાર; દાણી.

ખંડરવાલ પું. શેવડાના ચોરાશી ગચ્છનો એક પેટા ગચ્છ.

ખંડરાં [હિં.] ન. બ. વ. ઢોકળાં.

ખંડરી સ્ત્રી. તેલમાં તળેલ ઢોકળાંના કકડા; ઢોકળી.

ખંડરીચ પું. એક જાતનું પક્ષી.

ખંડલ [સં.] ન. કટકો.

ખંડલયા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; તિલકા. તે ગાયત્રી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે સગણ મળી છ અક્ષર હોય છે.

ખંડલવણ [સં.] ન. સંચળ ખાર.

ખંડલા ૧. પું. જમીનનો કટકો.

૨. [સં.] પું. માછલીનું ભીંગડું.

ખંડવાસી પું. ખંડમાં રહેનાર માણસ; દેશી ભાઈ.

ખંડવાળું ૧. વિ. ઓરડાવાળું.

૨. વિ. ચીરાવાળું; ફાડવાળું.

૩. વિ. જેમાં વિભાગ હોય એવું.

ખંડવું ૧. સ. ક્રિ. ઊધડું સામટું કરાવવું; સામટો ભાગ ઠરાવીને સોંઘામાં ખરીદવું.

૧. ખંડી આપવું-વાળવું = (૧) જથ્થાબંધ માલ સામટી ઊચક કીમત ઠરાવીને લઈ લેવો. (૨) દેવામાં ઓછું આપી પતાવી વાળવું. (૩) બધા વેચાણના પૈસા એક સાથે મળી જતાં હિસાબ ચોખ્ખો કરવો. (૪) બધું ખરીદી લેવું; જથ્થાબંધ માલ ઓછી કીમતે લેવો.

૨. ખંડી રાખવું-લેવું = (૧) ઓછા ભાવથી એક સામટું ખરીદી લેવું; જથ્થાબંધ માલ સામટી ઊચક કીમત ઠરાવીને લઈ લેવો. (૨) કકડા કરી નાખવું. (૩) માગતા પેટે ઊચક કીમતે અમુક વસ્તુ ખરીદી લેવી.

૨. સ. ક્રિ. કીમત ઠરાવવી; આંકવું; આંક પાડવો.

૩. સ. ક્રિ. ચીરવું.

૪. [સં. ખંડ્] સ. ક્રિ. તોડવું; કકડા કરવા; વિભાગ કરવા.

૫. સ. ક્રિ. નાશ કરવો.

૬. સ. ક્રિ. માગતા લેણામાં અમુક કીમતે આપવું અથવા લઈ લેવું; માગતામાં અમુક ઓછું આપી પતાવવું.

૭. સ. ક્રિ. વીંધવું.

> ગયવર ઠાઠ બિસઈ, હિંદૂ ખલભલ ભાલઈ ખંડઈ.
>
> કાન્હડદેપ્રબંધ

ખંડવૃષ્ટિ [સં.] સ્ત્રી. કકડે કકડે આવતો વરસાદ.

ખંડવો વિ. ઘઉંની એક પ્રખ્યાત જાતનું.

ખંડવ્યાપી [સં. ખંડવ્યાપિન્] વિ. વિશ્વવ્યાપી; સર્વવ્યાપી.

ખંડશર્કરા [સં.] સ્ત્રી. એક જાતની સાકર.

ખંડશઃ ૧. વિ. છૂટક; તૂટક; પરચૂરણ.

૨. [સં. ખંડશસ્] અ. કટકે કટકે.

૩. અ. ટુકડે ટુકડા.

ખંડશાખા [સં.] સ્ત્રી. એક જાતનો વેલો.

ખંડશિખરિણી પું.; સ્ત્રી. (પિંગળ) શિખરિણીના પેટા પ્રકારનો એ નામનો છંદ. તેમાં શિખરિણીની આખી પંક્તિને બદલે તેનો એક જ ખંડ વપરાય છે. પછી તે યતિ પહેલાંનો ખંડ હોય કે યતિની પછી ખંડ હોય.

ખંડશીલા [સં.] સ્ત્રી. વ્યભિચારિણી સ્ત્રી; કુલટા; વેશ્યા.

ખંડસર [સં.] પું. સાફ કરેલી ખાંડ; ચીની.

ખંડસંઘાટ્ય [સં.] પું. જુદા કટકાઓનો બનાવેલ ધાબળો.

ખંડસારી જુઓ ખંડસર.

ખંડસાલ ૧. સ્ત્રી. એક જાતની ખાંડ; ખંડસર.

૨. સ્ત્રી. ખાંડ અથવા સાકર બનાવવાનું કારખાનું.

ખંડસૂચી પું. કોઈ પણ સૂચી એટલે પિરમિડની ટોચનો ભાગ કાપી નાખવામાં આવે તો બાકી રહેતો ભાગ.

ખંડહરિગીત પું.; ન. (પિંગળ) હરિગીત છંદનો એક પ્રકાર.

ખંડંખંડા ૧. સ્ત્રી. ઉપરાઉપરી ખાંડવું તે.

૨. સ્ત્રી. ખંડાખંડી; ભીડાભીડ.

ખંડા ૧. સ્ત્રી. એક જાતની સાકર.

૨. પું. ખરાબ અક્ષર.

૩. પું. ઘરેણું.

૪. પું. દેશી રમતનો એક પ્રકાર.

૫. પું. ભાંગેલ ચોખા.

૬. પું. (પિંગળ) સ્થાલી; છ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ગાયત્રી છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં તગણ અને રગણ એમ છ અક્ષર હોય છે.

૭. પું. હથિયાર.

ખંડાખંડી ૧. સ્ત્રી. એકબીજાથી ખંડાવું તે.

૨. સ્ત્રી. કચરાકચરી; ધમ્મંધમ્મા; ભીડાભીડ; ગિરદી.

૩. અ. કટકે કટકા.

ખંડાભ્ર ૧. પું. દંતક્ષતનો અવશેષ; દાંતનો કરડ.

૨. [સં.] ન. કપાયેલ વાદળ; વિખરાયેલ વાદળ.

૩. ન. દાંતનો એક રોગ; એક જાતનું દંતક્ષત.

ખંડામલક ૧. [સં.] ન. આંબળાંનું ચૂર્ણ.

૨. ન. સાકરમાં પકવેલ આંબળાં.

ખંડામલકિ સ્ત્રી. (વૈદ્યક) અજીર્ણ ઉપર અપાતી એક જાતની દવા. તે બનાવવા જૂનાં કોળાંનો ગરભ ૪૦૦ તોલા લઈ સૂકવવો અને તેને ૧૮૮ તોલા ઘીમાં તળવો. પછી ૨૫૬ તોલા આંબળાંનો રસ અને ૨૫૬ તોલા કોળાંનો રસ લઈ તેની અંદર ૪૦૦ તોલા ખડી સાકર નાખી તેને ધીમો તાપ આપવો. જ્યારે તેની શરબત જેવી જાડી ચાસણી થાય ત્યારે તેમાં આગળ તળેલ કોળાંનો ગર તથા નીચે પ્રમાણે ચીજોનું ચૂર્ણ નાખવું: કાળીજીરી, લીંડીપીપર ને સૂંઠ સોળ સોળ તોલા, ધાણા, તજ, તમાલપત્ર, એલચી, નાગકેસર, મોથ અને તાલીશપત્ર એ દરેક બબ્બે તોલા. આ ચૂર્ણ ચાસણીમાં નાખી હલાવવું. પછી તેની અંદર ૬૪ તોલા મધ નાખવું અને હલાવી ચાટવા જેવું જાડું કરવું. તેની માત્રા ૨ થી ૪ તોલા છે.

ખંડારી સ્ત્રી. (સંગીત) હનુમાન મત પ્રમાણે ધ્રુપદ ગાવાની પદ્ધતિ. તેને ખીલવીને જાળવી રાખવાનું માન ઇચ્છાબરસ નામના ગવૈયાને ઘટે છે.

ખંડાલી ૧. [સં.] સ્ત્રી. કામી સ્ત્રી.
૨. સ્ત્રી. તળાવડી.
૩. સ્ત્રી. તેલનું એક માપ; તેલ માપવાનું એક વજન.
૪. સ્ત્રી. તેલનું તળાવ.

ખંડાવવું ૧. અ. ક્રિ. ભંગ કરાવવો.
૨. અ. ક્રિ. હેરાન થવું; કૂચે મળવું.
પતર ખંડાવવી = (૧) સંભોગ કરાવવો. (૨) હેરાન થવું.
૩. સ. ક્રિ. કોઈ ખાંડે તેમ કરવું; કચડાવવું.
૪. સ. ક્રિ. છોડાં ઉખડાવવાં.

ખંડાવું ૧. અ. ક્રિ. આવવું. આ અર્થમાં આ શબ્દ તિરસ્કારરૂપે વપરાય છે.
૨. અ. ક્રિ. કચરાવું; ભૂકો થવો.
૩. અ. ક્રિ. કપાવું.
૪. અ. ક્રિ. કીમત નક્કી થવી; ભાવ નક્કી થવો.
૫. અ. ક્રિ. છોલાં જુદાં પડવાં.
૬. અ. ક્રિ. નુકસાનમાં આવવું.
૭. અ. ક્રિ. પીડાવું.
૮. અ. ક્રિ. ભીડાભીડ કે ગિરદીથી હેરાન થવું.
૯. અ. ક્રિ. મરાવું; માર ખાવો.

ખંડાસ્ય પું. નારાયણ; વિષ્ણુ.

ખંડાળ પું. ગર્ભ.

ખંડાંક [સં.] પું. પેટા આંકડો.

ખંડિક ૧. પું. એક ઋષિનું નામ.
૨. પું. ખાંડ ઉકાળનાર પુરુષ.
૩. પું. વટાણો.
૪. [સં.] પું. શિષ્ય; વિદ્યાર્થી.
૫. સ્ત્રી. મકાઈ.
૬. ન. બગલ; કાખ.
૭. વિ. ક્રોધાયમાન થયેલ; ક્રોધ પામેલ.

ખંડિકા ૧. [સં.] સ્ત્રી. એક જાતનું ધાન્ય; શમી.
૨. સ્ત્રી. (સંગીત) એક જાતનો તાલ.

ખંડિત ૧. વિ. અપૂર્ણ; અધૂરું.
૧. ખંડિત કરવું = (૧) ભાંગવું. (૨) વચમાં પડવું; દખલગીરી કરવી.
૨. ખંડિતમૂર્તિ = (૧) તૂટેલી મૂર્તિ. (૨) નાઉમેદ થયેલું. (૩) બળવાખોર; બંડખોર. (૪) વિખરાઈ ગયેલું; પ્રસરેલું. (૫) વિનાશ પામેલું. (૬) વિશ્વાસઘાત કરેલું.
૩. ખંડિત હોવું = ભંગાવું.
૨. વિ. કપાયેલા અંગવાળું; ખોડવાળું.
૩. વિ. કૌમાર્યાવસ્થા દરમિયાન અનીતિને માર્ગે ગયેલ.
૪. વિ. ખાંચાખાંચાવાળું.
૫. વિ. છિન્નભિન્ન થયેલું.
૬. વિ. તોડેલું.
૭. વિ. દોષવાળું; ખામીવાળું.
૮. વિ. નાઉમેદ થયેલું.
૯. વિ. નાશ કરેલું.
૧૦. વિ. પાછું પાડેલું; વિવાદમાં હરાવેલું.
૧૧. વિ. બળવાખોર; બંડખોર.
૧૨. [સં.] વિ. ભાંગેલું; છેદેલ; ખાંડું.
૧૩. વિ. માનભંગ થયેલું; અપમાન પામેલ.
૧૪. વિ. વિખરાઈ ગયેલું.
૧૫. વિ. વિનાશ પામેલું.
૧૬. વિ. વિશ્વાસઘાત કરેલું.
૧૭. વિ. સાંધાવાળું.
૧૮. વિ. હતાશ થયેલું; ભગ્ન.

ખંડિતતા [સં.] સ્ત્રી. ખંડિત હોવાપણું.

ખંડિતપ્રણયા [સં.] સ્ત્રી. પોતાના નાયકને અન્ય સ્ત્રીમાં આસક્ત થયેલો જાણી ઈર્ષ્યા કરનારી સ્ત્રી.

ખંડિતવૃત્ત [સં.] વિ. વ્યભિચારી.

ખંડિતવ્રત ૧. [સં.] વિ. તોડેલ વ્રતવાળું.
૨. વિ. દગાખોર વર્તણૂકવાળું.
૩. વિ. બળવાખોર.

ખંડિતા ૧. [સં.] સ્ત્રી. એક પ્રકારની નાયિકા; પોતાના ધણીને સપત્નીને ત્યાં રહી આવેલ જોઈને મનમાં બળી જનારી સ્ત્રી; પ્રીતમના શરીર ઉપર પરસ્ત્રીગમનનાં ચિહ્ન જોઈને પોતે તેને આવકાર ન દેતાં રિસાઈને મૂંગી રહે અને વખતે બોલે તો વક્રોક્તિ બોલે એવી માનભંગ થયેલી સ્ત્રી.
૨. વિ. સ્ત્રી. ખંડન થયેલી.
૩. વિ. સ્ત્રી. સ્નેહના ભંગથી અપમાન પામેલી.

ખંડિતાધીરા [સં.] સ્ત્રી. નાયિકાનો એક પ્રકાર; ઘડીમાં ધીરા અને ઘડીમાં અધીરા સ્વભાવની ખંડિતા નાયિકા.

ખંડિતાયોનિ પું. યોનિરોગના વીશ માંહેનો એક પ્રકાર. આ રોગમાં યોનિ ખંડિત હોવાથી મૈથુન કરતાં કાંઈક નીચે લટકી આવે છે.

ખંડિતાંગ [સં.] વિ. અપંગ.

ખંડિની [સં.] સ્ત્રી. પૃથ્વી.

ખંડિયઆબોહવા સ્ત્રી. દરિયાની સપાટીથી બહુ દૂરના પ્રદેશની અતિ ઉષ્ણ અને અતિ ઠંડી હોય એવી આબોહવા.

ખંડિયછાજલી સ્ત્રી. ખંડના વાસ્તવિક અંતરૂપ ખંડનો અનિયમિત કંઠાળ પ્રદેશ. દરિયાની ઊંડાઈ અહીંથી એકદમ શરૂ થાય છે.

ખંડિયર ન. પડી ગયેલ અથવા બળી ગયેલ ઘરનું ખોખું.

ખંડિયું ૧. વિ. ખંડણી આપતું હોય તેવું; તાબેદાર; મોટા રાજ્યના રક્ષણ નીચેનું.
૨. વિ. ખંડણી ભરનાર; તાબેદાર.
૩. [સં. ખંડિત] વિ. ભાંગેલું; તૂટેલું; ખંડિત.

ખંડિયેર ન. ખંડેર; પડી ગયેલા ઘરનું ખોખું; ભાંગી તૂટી ઈમારત.

ખંડી ૧. પું. એ નામનો એક રસસિદ્ધ.
૨. પું. શિવ; શંકર.
૩. સ્ત્રી. ખાજું; દેથરૂં.
૪. સ્ત્રી. ગઢમાં પાડેલી નાની બારી; છીંડી.
૫. [સં.] સ્ત્રી. જંગલી મગ.
૬. [સં. ખંડિન્] વિ. કાપનાર; ટુકડા કરનાર; છેદનાર.
૭. વિ. ભાગવાળું; ખંડવાળું.
૮. વિ. રહેવાસી; રહેનાર.
વનખંડી = વનમાં રહેનાર.

ખંડીર [સં.] પું. પીળા મગ.

ખંડું ૧. વિ. ખંડન કરનાર; ટુકડા કરનાર.
૨. વિ. ખંડિત; ભાંગેલું; તૂટેલું; ખાંડું.

ખંડૂરિયું વિ. ખાતાં વળગે એવું; મોઢામાં વવળાટ ઉત્પન્ન કરે એવું.

ખંડેર ૧. સ્ત્રી. એ નામની વાણિયાની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. ન. ખંડિયેર; ભાંગીતૂટી ઇમારત.
૪. વિ. એ નામની જાતનું.

ખંડેરા ૧. સ્ત્રી. એ નામની કોળીની એક અટક.
૨. સ્ત્રી. જૈન વૈશ્યોની ચોરાશી માંહેની એક જ્ઞાતિ.
૩. ન. એ નામની અટકનું માણસ.
૪. ન. એ નામની જ્ઞાતિનું માણસ.
૫. વિ. એ નામની અટકનું.
૬. વિ. એ નામની જ્ઞાતિનું.

ખંડેરાવ વિ. ખડ્ગથી શોભનાર.

ખંડેલવાલ ૧. પું. જૈન વૈશ્યોની ચોરાશી માંહેની એક જ્ઞાતિ.
૨. ન. એ નામની જ્ઞાતિનું માણસ.
૩. વિ. એ નામની જ્ઞાતિનું.

ખંડેવાલ સ્ત્રી. જૈન વૈશ્યોની એક જ્ઞાતિ. જયપુરની પાસે ખંડેવાલ ગામ છે. ત્યાં સં. ૬૪૩માં શ્રીજિનસેન આચાર્યે ૮૨ ગામ રજપૂતનાં અને બે ગામ સોનીઓનાં મળી ૮૪

ગામ જૈની બનાવ્યાં. આ લોકો ખંડેવાલ નામથી ઓળખાય છે. તેઓની વસ્તી ઘણે સ્થળે છે. જયપુર વગેરે સ્થળમાં તેઓને સરાવગી કહે છે. તેઓ હાલ ઘણું કરીને દિગંબરી આમન્યામાં છે.

ખંડેશ્વર [સં.] પું. ખંડનો રાજા.

ખંડેસરી સ્ત્રી. એક જાતની દ્રાક્ષ.

ખંડોકલી જુઓ ખંડોકળી.

ખંડોકળી સ્ત્રી. એક જાતની વેલ.

ખંડોબા ૧. પું. શિવનું એક સ્વરૂપ. કેટલાક મરાઠા તેને આ સ્વરૂપમાં પૂજે છે. આ સ્વરૂપમાં તેના જમણા હાથમાં ખુલ્લી તરવાર અને ડાબા હાથમાં ઢાલ હોય છે. તે ઘોડા ઉપર બેઠેલ હોય છે અને કૂતરો તેની સાથે આવે છે. તેની પ્રિયા મ્હાલ્સા પણ તેની સાથે રહેલ માલૂમ પડે છે. તેના પૂજારીઓ વાઘ્ય કહેવાય છે.

૨. સ્ત્રી. એ નામની એક દેવી.

ખંડોલ ૧. સ્ત્રી. વાણિયાની એ નામની જ્ઞાતિ.

૨. ન. એ નામની જ્ઞાતિનું માણસ.

૩. વિ. એ નામની જ્ઞાતિનું.

ખંડ્ય ૧. [સં.] વિ. ટૂકડા કરવા યોગ્ય; ભાગ પાડવા લાયક.

૨. વિ. નાશવંત.

ખંઢલા સ્ત્રી. ઝાડનું પોલાણ.

ખંઢેર ૧. સ્ત્રી. ત્રાંસી નજર રાખીને ચાલતી ભેંસ.

૨. ન. ખંડિયેર; ખંડેર; ભાંગીતૂટી ઇમારત.

ખંઢેરિયા ૧. સ્ત્રી. એ નામની વાણિયા, લોહાણા, ક્ષત્રિય કે ખવાસની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ખંઢોર વિ. કાદવવાળું; મેલું.

ખંત ૧. પું. ઉત્સાહ; હોંશ; ઉમંગ.

૨. પું. પિતા; બાપ.

૩. સ્ત્રી. કંટાળો; છીટ; ચીડ.

૪. સ્ત્રી. ચીવટ; કાળજી.

૫. સ્ત્રી. ચીવટપૂર્વક પાછળ લાગ્યા રહેવાનો ગુણ; ધ્યાન અને ઉત્સાહથી મચ્યા રહેવાપણું.

ખંતે પડવું-લાગવું = (૧) ચાનક રાખવી; આગ્રહપૂર્વક મંડવું. (૨) પછવાડે લાગવું; પૂંઠે પડવું; કેડો લેવો; સંતાપવું; પાછળ પડી કનડવું. (૩) ભૂલ ખોળ્યા કરવી; ખણખોજ કરવી; દોષ કાઢ્યા કરવા.

ખંતખોર ૧. વિ. કંટાળે એવું.

૨. વિ. ચિપાસિયું; કંજૂસ.

ખંતખોરપણું ૧. ન. ચિપાસિયાપણું.

૨. ન. સહજમાં કંટાળવાની ટેવ.

ખંતિ સ્ત્રી. ક્ષમા; સહનશીલતા; ક્રોધનો નિગ્રહ.

ખંતિયા સ્ત્રી. જનની; માતા.

ખંતિયું જુઓ ખંતીલું.

ખંતી ૧. સ્ત્રી. કાંટો; શલ્ય.

૨. સ્ત્રી. જમીન ખોદવા માટેનો તાવેથો.

૩. વિ. ક્ષમાવંત; સહનશીલ.

૪. વિ. ખંતીલું; ચીવટપૂર્વક મંડ્યું રહેનાર; પછવાડે લાગ્યું રહેનાર.

૫. વિ. ચીવટવાળું; કાળજી રાખનાર.

ખંતીલું ૧. વિ. કાળજી રાખનાર; ચીવટવાળું.

૨. વિ. પછવાડે લાગ્યું રહેનાર; ખંતવાળું.

૩. વિ. હોંશીલું.

ખંતું જુઓ ખંતીલું.

ખંતૌની [હિં.] સ્ત્રી. ખતવણી; ખાતાવહી; ખાતાંનો ચોપડો.

ખંદ ૧. પું. કાર્તિકસ્વામી.

૨. પું. ખાંધ; ખભો.

૩. પું. રસ્તો.

ખંદક ૧. પું. કચરો ને પાણી ભરાયેલ ખાડો.

૨. પું. શહેરની અથવા કિલ્લાની ચારે તરફ ખોદેલી ખાઈ; ખાડી.

ખંદરૂસ [યૂ.] ન. એક જાતનું ધાન્ય; જુવાર.

ખંદલ ૧. ન. ખેતર.

૨. ન. મેદાન.

ખંદલાટ સ્ત્રી. પગ નીચે કચરવાની જગ્યા.

ખંદા ૧. [ફા.] પું. હાસ્ય; સ્મિત.

૨. સ્ત્રી. એ નામની મલખંભની એક કસરત.

૩. વિ. આનંદી.

૪. વિ. જ્ઞાની.

૫. વિ. ડાહ્યું.

૬. વિ. શૂરવીર.

ખંદાઈ સ્ત્રી. ખંધાઈ; લુચ્ચાઈ; દોંગાઈ; ઠગબાજી.

ખંદાઝન [ફા.] વિ. હસાવનાર; દાંત કઢાવનાર.

ખંદાઝનાન જુઓ ખંદાઝન.

ખંદાન [ફા.] વિ. હસતું; દાંત કાઢતું.

ખંદાના ૧. [હિં.] પું. ઈંટ વગેરે બનાવવા માટે માટી ખોદી હોય તે ખાડો.

૨. પું. લાકડાનો વેઢો; ખાંચો.

ખંદારૂ ૧. [ફા.] વિ. આનંદી.

૨. વિ. હસતા ચહેરાવાળું.

ખંદારૂઈ સ્ત્રી. આનંદ; હર્ષ.

ખંદાવું સ. ક્રિ. કામ ઉપર મોકલવું.

ખંદી ૧. સ્ત્રી. નખરાંબાજ સ્ત્રી.

૨. સ્ત્રી. રસીલી સ્ત્રી.

૩. સ્ત્રી. શરમ વગરની અને અપવિત્ર સ્ત્રી.

ખંદું જુઓ ખંધું.

ખંદેડવું (ખંદેડ઼વું) ૧. સ. ક્રિ. કાઢી મૂકવું.

૨. સ. ક્રિ. શિકાર કરવો.

ખંદોલી [હિં.] સ્ત્રી. બાળક માટેની ગોદડી.

ખંધ ૧. પું. (જૈન) ઘણાં પરમાણુ મળીને બનેલો એક જથ્થો.

૨. [સં. સ્કંધ] પું. ઝાડનું થડ.

૩. પું. ઢગલો.

૪. પું. રૂપ, વેદન, વિજ્ઞાન, સંજ્ઞા અને સંસ્કારનો સમૂહ.

૫. પું. સમગ્ર વસ્તુ; સંપૂર્ણ પદાર્થ.

૬. સ્ત્રી. કાંધ; ખાંધ; ખભો.

૭. સ્ત્રી. ડોક; ગરદન.

ખંધકરણી [પ્રા.] સ્ત્રી. કામળી; જૈન સાધ્વીએ ખભે નાખવાનું વસ્ત્ર; સંથારિયો.

ખંધખંધવું અ. ક્રિ. ગભરાવું; ભય પામવું.

ખંધગુગલું વિ. પહોળી પીઠવાળું.

ખંધડિયા (ખંધડ઼િયા) ૧. સ્ત્રી. લોહાણાની એ નામની અટક.

૨. ન. લોહાણાની એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ખંધદેશ પું. આખી વસ્તુનો એક ભાગ.

ખંધપ્રદેશ પું. આખી વસ્તુનો બારીકમાં બારીક અંશ.

ખંધબીય [સં. સ્કન્ધબીજ] પું. (પ્રાકૃત) થડ રૂપ બીજ જેને છે તે; થડ વાવવાથી જે ઊગે તે. જેમકે, મોગરો, ચંપેલી.

ખંધા ૧. પું. (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ; ખંધાન; ખંધો; કંદકા. તેના પ્રથમ તથા દ્વિતીય દલમાં બત્રીશ બત્રીશ મળી ચોસઠ માત્રા હોય છે.

મોકલિયા ગણ વસુ કર,
પ્રતિદલ બારે વીશે વિરતિ ધરીને તો;
સ્કંધક, **ખંધા** ને વળી,
કોઈ કહે કંદકા ખરે એને તો.
રણપિંગળ

૨. પું. ઘોડાને ચંદી ખવરાવવા માટે ડોલ કે ચામડાનો તોબરો વાપરવાને બદલે અનુકૂળ પડતી ઊંચાઈએ કાચા ચણતરથી બનાવેલો કોઠા જેવો ખાડો.

ખંધાઈ ૧. સ્ત્રી. લાડ; પ્યાર. આ શબ્દ મશ્કરીમાં વપરાય છે.

૨. સ્ત્રી. લુચ્ચાઈ; દોંગાઈ; દગલબાજી; શઠતા.

ખંધાડ (ખંધાડ઼) જુઓ ખંધાડિયો.

ખંધાડિયો (ખંધાડ઼િયો) પું. રાનીપરજ કોમમાં કન્યાના બાપે પોતાને ઘેર રાખેલો જમાઈ; ઘરજમાઈ. ઘણું ખરૂં જેને પોતાના ઘરની જમીન કે એવી કંઈ મિલ્કત ન હોય તેજ છોકરો ખંધાડિયા તરીકે જાય છે. ખંધાડિયો શોધવો હોય ત્યારે કન્યાના બાપે તેને શોધવા જવું પડે છે. તેણે છોકરાના બાપને રૂ. ૧૦ કે ૧૨ આપવા પડે છે. ખંધાડિયાનાં લગ્ન સારી રીતે રૂ. ૫ થી ૧૦ માં થઈ જાય, પણ છોકરીનો બાપ સારી સ્થિતિનો ને હોંશીલો હોય તો રૂ. ૫૦ સુધી ખર્ચે છે. ખંધાડિયો સસરાના કુટુંબમાં ઘરનાં માણસ જેવો થઈ જાય છે. છોકરીને તેનાથી એક બે સંતાન થયાં હોય ત્યારપછી બાપ અથવા છોકરીનો ભાઈ પોતાની મિલ્કતમાંથી અમુક ભાગ ખંધાડિયાને કાઢી આપે અને પછી તે સ્વતંત્ર રીતે રહે.

ખંધાન જુઓ ખંધા.

ખંધાપો પું. લુચ્ચાઈ; શઠતા; ધૂર્તતા.

ખંધાર ૧. પું. ઘોડો.

૨. પું. સેનાનો પડાવ; છાવણી; લશ્કરનું નિવાસસ્થાન.

ખંધારમાણ પું. સૈન્યને ગોઠવવાની કળા; વ્યૂહ.

ખંધારી સ્રી. ગાવામાં ચાર બાની માંહેની એક. તેમાં ધ્રુવપદના ઢંગ પ્રમાણે ગાવું બજાવવું થાય છે. આ બાની બધી બાની કરતાં મુશ્કેલ છે, કારણકે તે બાનીમાં દરેક ચીજને માર્ગરૂપ ગાવી પડે છે. સર્વ દેશમાં હરકોઈ રાગ એક જ તરેહથી ગવાતો હોય, તેનો ઢંગ પણ મુશ્કેલ હોય અને તેમાં કોઈ પણ સુધારોવધારો કરી શકે નહિ તે માર્ગરૂપ કહેવાય છે.

ખંધું ૧. વિ. ખંધાઈ કરનાર; ઠગણું; ધૂર્ત; લુચ્ચું; ખળ; શઠ.

૨. વિ. ચતુર; વિચક્ષણ.

૩. વિ. ચાલાક; હોશિયાર.

૪. વિ. જિદ્દી; હઠીલું; મમતી.

૫. વિ. જ્ઞાની; ડાહ્યું.

ખંધો ૧. પું. (પિંગળ) એક માત્રામેળ છંદ. જુઓ ખંધા ૧.

૨ પું. ખભો.

૩. પું. ગમાણ; ઢોરને નીરણ નાખવા માટે પથ્થર કે માટીથી બાંધેલો લાંબો ખાડો.

ખંધોલી સ્રી. બળદની ખૂંધ.

ખંધોલું ૧. ન. કાંધ; ખભો; ખાંધ.

૨. ન. ખૂંધ; ઢેકો; પીઠ ઉપરનો ઢેચો.

૩. ન. બળદને કાંધ પાડવા સારૂ ખાંધે મુકાતું ત્રિકોણાકાર લાકડું.

ખંધોલો ૧. પું. ખભે બેસારીને લઈ જવાપણું.

૨. [સં. સ્કંધ] પું. ખભો; ખાંધ; સ્કંધ.

ખંપણ ૧. પું. ઘા; જખમ.

૨. ન. કલંક; ડાઘ.

૩. ન. ખાપણ; મુડદાને ઢાંકવાનું વસ્ત્ર.

ખંપારા ૧. સ્રી. ઉમરમાં આવ્યા પહેલાં સંભોગ કરાવ્યો હોય એવી સ્ત્રી.

૨. સ્રી. કપટી સ્ત્રી.

ખંપાલી જુઓ ખંપાળી.

ખંપાળ પું. એક જાતનો ઘોડો. તેના પૂછડા ઉપર ખંપાળી જેવો આકાર હોય છે.

ખંપાળિયો ગણેશ = જ્યાંત્યાંથી ઘણા પૈસા કમાઈ લાવનાર માણસ.

ખંપાળી ૧. સ્રી. ખેતીનું એક ઓજાર; પંજેટી.

૨. સ્રી. માથું ઓળવાની કાંસકી.

ખંપાળો પું. છૂટા છૂટા દાંતાવાળી કાંસકી.

ખંબ ૧. પું. ખભો; કાંધ.

૨. પું. થાંભલો.

ખંબાતા ૧. સ્રી. કણબીની એ નામની એક અટક.

૨. ન. કણબીની એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકવાળું.

ખંબાતી ૧. સ્રી. પારસીની એ નામની એક અટક.

૨. સ્રી. (સંગીત) માલકોશ રાગની એક રાગણી.

૩. ન. પારસીની એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

ખંબાવતી ૧. પું. (સંગીત) ખમાજ ચાટમાંથી ઉત્પન્ન થતો એક રાગ. આ રાગમાં કોમળ તેમ જ શુદ્ધ નિષાદનો પ્રયોગ થાય છે. તે સિવાય બધા શુદ્ધ સ્વર છે. આ રાગનો વાદી સ્વર ષડ્જ અને સંવાદી સ્વર પંચમ છે. તેમાં આરોહે ગાંધાર વર્જ્ય અને અવરોહે રિખબ વર્જ્ય હોય છે. તેમાં કેટલેક સ્થળે સોરઠ અને ખમાજનો ભાસ થાય છે.

૨. સ્રી. (સંગીત) માલકોશની એક રાગણી. તે ગાવાનો વખત રાત્રે ૧૨ થી ૩ સુધીનો હોય છે. તેના પુત્રનું નામ નદ છે.

ખંબાળવું સ. ક્રિ. ધોવું.

ખંબૂ સ્રી. બંગાળ તરફ બોલાતી એક ભાષા.

ખંભ ૧. પું. કેળનો થાંભલો.

૨. પું. ખંભો; કાંધ.

૩. પું. ખાંભી; ખાંભો; પાળિયો.

ખંભન પું. થાંભલો; સ્તંભ.

ખંભનગર ન. ખંભાત શહેર.

ખંભા પું. (પિંગળ) એક સમજાતિ માત્રામેળ છંદ. તે દ્રૌપદી છંદનો ભેદ છે. તેમાં ૧૦ ગુરુ અને ૯૨ લઘુ મળી ૧૦૨ વર્ણ હોય છે.

ખંભાત ન. એ નામનું ગુજરાતનું એક બંદર; સ્તંભતીર્થ. અગાઉના વખતમાં આ બંદરે ધીકતો દરિયાઈ વ્યાપાર ચાલતો.

ખંભાતણ સ્રી. ખંભાત ગામની સ્રી.

ખંભાતા પું. શેવડા ચોરાશી ગચ્છનો એક પેટા ભેદ.

ખંભાતી ૧. પું. (સંગીત) એક જાતનો રાગ.

૨. વિ. ખંભાતનું રહેવાસી.

૩. વિ. ખંભાતને લગતું.

૪. વિ. ખંભાતમાં બનેલું.

૧. ખંભાતી તાળું = જલદી ન ઉઘડી શકે એવું મોટું અને મજબૂત તાળું.

૨. ખંભાતી તાળું દેવાવું = નિર્વંશ જવો; વંશમાં કોઈ પાછળ ન રહેવું

ખંભાયત જુઓ ખંભાત.

ખંભાયતા ૧. સ્રી. સુતારની એ નામની એક અટક.

૨. ન. સુતારની એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ખંભાર ૧. પું. અંદેશો; ચિંતા.

૨. પું. કાછિયો; શાક વેચનાર માણસ.

૩. પું. ડર; ભય.

૪. પું. વ્યાકુળતા.

૫. પું. શોક.

ખંભારી ૧. સ્રી. એક જાતનું ઝાડ.

૨. સ્રી. (સંગીત) હનુમંત મત પ્રમાણે ભૈરવ રાગની આઠ પુત્રવધૂમાંની એક રાગિણી.

ખંભારો પું. હાથીને બાંધવાનો ખીલો.

ખંભાવતિ જુઓ ખંબાવતી.

ખંભાવતી જુઓ ખંબાવતી.

ખંભી સ્રી. જમીન ઉપર હાથ રાખી તેના ઉપર શરીરનું વજન રાખી બેસવું તે.

ખંભીદાસ પું. મસાણમાં રહેનારો માણસ.

ખંભીર સ્રી. ટેવ; મહાવરો.

ખંભો ૧. પું. ખભો; સ્કંધ; ખાંધ.

૧. ખંભે ખંભો મેળવવો = જોડાજોડ ઊભવું; બરોબરી કરવી.

૨. ખંભો દેવો = નનામી ઉપાડવામાં કાંધ દેવી.

૨. પું. થાંભલો.

ખા ૧. સ્ત્રી. કફ; ઉધરસ.

૨. સ્ત્રી. ખપેડી; એક જાતનું મોલ ખાઈ જનારૂં જીવડું.

૩. સ્ત્રી. ખાવાની ઇચ્છા.

૪. સ્ત્રી. ખેતરમાં જનાવરો પાક ખાઈ જાય તે.

૫. સ્ત્રી. નદી; પાણીનો ઝરો.

૬. વિ. ખોદનાર; ખણનાર.

૭. સ. ક્રિ. જમ; જમવુંનું આજ્ઞાર્થ રૂપ.

૮. અ. વારતા છતાં ન માને ને નિષ્ફળતા મળે ત્યારે કહાતો બોલ; લેતો જા.

ખાઈ ૧. સ્ત્રી. આજીવિકાનું સાધન.

૨. સ્ત્રી. કોટને ફરતી ખાડી.

૩. સ્ત્રી. ખાણ; ઊંડો ખાડો.

૪. સ્ત્રી. ખાવાની વસ્તુ.

૫. સ્ત્રી. ખોદીને બનાવેલ ઊંડી નીક અથવા ખાડો.

૬. સ્ત્રી. ગામનું પાણી જવા ખોદેલો કાંસ.

૭. સ્ત્રી. પાણી ભરેલો ખાડો.

૮. [પ્રા.] સ્ત્રી. પ્રખ્યાતિ; પ્રસિદ્ધિ.

૯. સ્ત્રી. મતભેદ; અંતર.

ખાઈકી સ્ત્રી. લાંચ; રૂશવત.

ખાઈ ખપૂસવું અ. ક્રિ. ખાઈપીને મંડયું રહેવું; વિશ્રાંતિ લીધા વગર કામે લાગી જવું.

ખાઈ ખપૂસીને અ. ખંત અને એકાગ્રતાથી.

ખાઈખેલી વિ. અનુભવી.

ખાઈખોઈ ૧. સ્ત્રી. કાનમાં ધીમેથી કહેવું તે.

૨. સ્ત્રી. કાવતરૂં.

ખાઈન [ફા.] વિ. છેતરનાર; દગાબાજ.

ખાઈબદેલું ૧. વિ. પાકું; પહોંચેલ.

૨. વિ. રીઢું થઈ ગયેલું; કોઈને નહિ ગણકારનારૂં.

ખાઈબંધી સ્ત્રી. રક્ષણાર્થે ખાઈઓ ખોદવી તે.

ખાઈમ [પ્રા.] પું. સુખડી, મેવો વગેરે ખાવા લાયક પદાર્થ; ધાણી, ચણા જેવાં શેકેલાં અનાજ કે ફળ ફળાદિ.

ખાઈશ [ફા. ખ્વાહિશ] સ્ત્રી. ઇચ્છા.

ખાઉ ૧. ન. ખાવાની વસ્તુ; ખાવાનું; ખાવું.

૨. વિ. ખાવાના લોભવાળું; બુભુક્ષિત.

૩. વિ. લાંચિયું.

૪. અ. ખાનાર કે સહન કરનાર એવા અર્થનો પ્રત્યય.

ખાઉકડ (ખાઉકડ઼) વિ. ખાખા કરે એવું; જેનું મન હમેશ ખાવા ઉપર જ રહેતું હોય એવું; ખાઉધરૂં.

ખાઉકણુ જુઓ ખાઉકડ.

ખાઉકર જુઓ ખાઉકડ.

ખાઉકી ૧. સ્ત્રી. ખોરાકી.

૨. સ્ત્રી. ચોરી.

૩. સ્ત્રી. હરામનું લેવું તે; લાંચ રુશવત; રિશ્વત.

ખાઉખાઉ ન. અત્યંત ખાઉધરાપણાનો વલોપાત.

ખાઉધર ૧. ન. નોળિયાને મળતું એક જાતનું માંસાહારી ચોપગું પ્રાણી. તે નેપાળ અને મલાયામાં જોવામાં આવે છે. આ જાનવર રાતના શિકારે નીકળે છે.

૨. વિ. અકરાંતિયું; ખાતાં ધરાય નહિ એવું; ખાખા કરનારૂં.

૩. વિ. આળસુ.

૪. વિ. લાંચિયું.

ખાઉધરાવેડા (ખાઉધરાવેડ઼ા) પું. બ. વ. અકરાંતિયાપણું; ખાઉધરાપણું.

ખાઉધરૂં ૧. વિ. અકરાંતિયું; ખાખા કરનારૂં.

૨. વિ. લાંચિયું.

ખાઉપાત્ર ૧. વિ. અતિલોભી; અત્યાકાંક્ષી.

૨. વિ. ખાવાને યોગ્ય.

૩. વિ. લાંચિયું; ખાઉકી કરે એવું.

ખાઉબદ્દ વિ. ગાંઠે નહિ એવું; નહિ ગણકારનાર.

ખાઉંખાઉં ન. કાચુંકોરૂં ખાવાનું તે.

ખાઊમીત વિ. લાલચુ; લોભી.

ખાઊંખાઊં ન. ઉધરસનો અવાજ.

ખાએશ ૧. [ફા. ખ્વાહિશ] સ્ત્રી. ઇચ્છા; મરજી; અભિલાષા.

૨. સ્ત્રી. જરૂર; અગત્ય.

ખાક ૧. [ફા.] સ્ત્રી. કોયલો.

૨. સ્ત્રી. ધાતુની રાખોડી; મારેલી ધાતુ; ભસ્મ.

૩. સ્ત્રી. ધૂળ; રાખ.

૧. ખાક ઉડાડીને ફરવું = રખડ્યા કરવું.

૨. ખાક ઊડવી = (૧) ઘનઘોર થવું. (૨) નામોશી લાગવી. (૩) નાશ થવું.

૩. ખાક ચાટવી = (૧) ધૂળ ચાટવી. (૨) નમ્ર બનવું.

૪. ખાક ડાલવી–ફેંકવી = (૧) કોઈના ઉપર ધૂળ નાખવી. (૨) કજિયો બંધ કરવો. (૩) શાપ આપવો.

૫. ખાક ફાકવી = (૧) અસત્ય બોલવું. (૨) ભટકવું; રખડવું.

૬. ખાકનું પૂતળું = માણસ.

૭. ખાક શિર ઉપર ઉડાડવી = અફસોસ કરવો.

૪. સ્ત્રી. નાશ; પાયમાલી.

૧. ખાક કરવું = ઉજ્જડ કરવું.

૨. ખાક થઈ જવું = કરમાઈ જવું.

૩. ખાક હોવું = (૧) અદેખાઈથી બળવું. (૨) નાશ થવો. (૩) રાખ થવી.

૪. ખાકમાં ખાક મિલાવવી = મરી જવું.

૬. સ્ત્રી. રેતી.

૭. વિ. ગરીબ; અકિંચન.

૮. અ. કાંઈ નહિ.

૯. અ. ધિક્કાર બતાવનાર અવ્યય.

૧૦. અ. બિલકુલ નહિ.

ખાકઝાદ વિ. ધૂળનું બનેલું.

ખાકટી સ્ત્રી. નાની કાચી કેરી.

ખાકટું ન. નાની કાચી કેરી.

ખાકદાન ૧. પું. દુનિયા.

૨. પું. ધૂળ રાખવાની જગ્યા.

૩. પું. ધૂળ લઈ જવાનો કોથળો.

ખાકધૂળ અ. બિલકુલ નહિ.

ખાકનાઈ [ફા.] સ્ત્રી. સંયોગીભૂમિ.

ખાકબોસી સ્ત્રી. ચરણરજ લેવી તે.

ખાકરૂબ [ફા.] પું. ભંગી; ઝાડુ કાઢનાર.

ખાકરોબ જુઓ ખાકરૂબ.

ખાકશીર સ્ત્રી. એ નામની વનસ્પતિ. તે ગૂમડાં અને સોજા ઉપર પોટીસ તરીકે મૂકવામાં વપરાય છે. તેનાં બી ઉત્તેજક અને શક્તિવર્ધક મનાય છે.

ખાકશો પું. ઈંટ બનાવવા માટે માટી તૈયાર કરનાર માણસ.

ખાકશોહા જુઓ ખાકશો.

ખાકસાર ૧. પું. એ નામનું એક મુસલમાની મંડળ. તે મંડળમાં જે લોકો લોહીથી વફાદાર રહેવાની પ્રતિજ્ઞા કરે તેઓને જાનબાજ કહે છે. જે લોકો પોતાની બધી મિલ્કત આપી જિંદગી સુધી મંડળમાં જોડાય તેઓ પાકબાજ કહેવાય છે. જેઓ વફાદાર હોય, દરરોજ કવાયતમાં હાજરી આપે અને ગમે ત્યારે ગમે તે સંજોગો માટે તૈયાર રહે તેઓ મજહીદ કહેવાય છે. જેઓ સીધી રીતે ભાગ ન લેતાં ફક્ત ત્રણ માસ કવાયતમાં જાય, સામાન્ય મંડળમાં જોડાય અને અનામત દળમાં દાખલ થાય તેઓ મોઅવન એટલે મદદ કરનાર કહેવાય છે. આ મંડળના ચૌદ સિદ્ધાંત રહેલા છે. ધર્મસહિષ્ણુતા ઉપર રચાયેલી સમાજવ્યવસ્થામાં તેઓ માને છે.

૨. વિ. નજીવું; તુચ્છ; પામર.

૩. [ફા.] વિ. નમ્ર; વિનયી; વિવેકી.

૪. વિ. પગની રજ જેવું.
૫. વિ. હલકું; અધમ.

ખાકસારી ૧. પું. એ નામનો ઇસ્લામી પંથ.
૨. [ફા.] સ્ત્રી. ગરીબી; નમ્રતા.

ખાકસી [હિં.] સ્ત્રી. આંખની ઔષધિ માટે વપરાતું એક નાનું રાતું બી.

ખાકસીર જુઓ ખાકસી.

ખાકા ૧. [હિં.] પું. કાચી ચિઠ્ઠી.
૨. [ફા.] પું. છબી.
૩. પું. તખમીના; અંદાજપત્ર.
૪. પું. બયાન; વર્ણન.
૫. પું. મર્મ વચન.
૬. પું. યોજના.

ખાકાન ૧. પું. પાટવી કુંવર.
૨. પું. મહારાજા; સુલતાન; બાદશાહ.

ખાકાની ૧. પું. ઈરાનના એક સુપ્રસિદ્ધ કવિનું નામ.
૨. વિ. પાદશાહી; સુલતાની.

ખાકિયાન (ખ઼ાકિયાન) [ફા.] પું. મુસલમાન ફકીર.

ખાકિસ્તર (ખ઼ાકિસ્તર) ૧. સ્ત્રી. ધાતુની ભસ્મ.
૨. સ્ત્રી. ધૂળ.
ખાકિસ્તર થવું = ધૂળ થઈ જવું.

ખાકિસ્તરી (ખ઼ાકિસ્તરી) [ફા.] વિ. રાખના રંગનું; રાખોડિયું.

ખાકી (ખ઼ાકી) ૧. પું. ધૂળ જેવો રંગ.
૨. પું. નહેર વગરની જમીન; પાણી માટે વરસાદ ઉપર આધાર રાખનાર જમીન.
૩. પું. પંજાબી સિપાઈ.
૪. પું. મુસલમાન ફકીરનો એક સંપ્રદાય. તે ખાકી શાહના અનુયાયી છે.
૫. પું. શરીરે રાખ ચોળનાર બાવાની એક જાત.
૬. ન. એક જાતનું તીર.
૭. વિ. ઐહિક.
૮. વિ. ખાખવાળું; રાખોડી ચોળનારું.
૯. વિ. ગંદું.
૧૦. વિ. ગાંડું.
૧૧. વિ. ઘેરા પીળા રંગનું.
૧૨. વિ. ધૂળનું; માટીનું.
૧૩. વિ. રાખવાળું.
૧૪. વિ. રાખોડિયા રંગનું.
૧૫. વિ. સડેલું.

ખાકીઅંડા ૧. પું. ઠપકાનો શબ્દ.
૨. પું. પાકેલું ઈંડું.
૩. પું. રખાતનો દીકરો.

ખાકીબાવો ૧. પું. દરિદ્ર માણસ; પૈસેટકે ખાલી થઈ ગયેલ માણસ.
૨. પું. ભગવાં કપડાં પહેરનાર બાવો.
૩. પું. શરીરે રાખ લગાડનાર બાવો.

ખાક્ષી ૧. સ્ત્રી. એક જાતનું કાંટાળું ઝાડ.
૨. સ્ત્રી. દવામાં વપરાતું એક નાનું રાતું બી. ખાસ કરીને આંખની ઔષધિ માટે તે વપરાય છે.
૩. સ્ત્રી. સોની લોકોનું એક નાનું વજન.

ખાખ ૧. [ફા.] પું. ખાખીનો ચોક.
૨. સ્ત્રી. (ચારણી) કચેરી; દરબાર.
૩. સ્ત્રી. કોઈ વસ્તુ બળ્યા પછી તેનો રહેતો અવશેષ; રાખ.
ખાખ થવું = (૧) અદેખાઈથી દુઃખી થવું. (૨) બળીને ભસ્મ થઈ જવું.
૪. સ્ત્રી. ધાતુની ભસ્મ; મારેલી ધાતુ.
૫. સ્ત્રી. ધૂળ.
૬. સ્ત્રી. સમૂળો નાશ; પાયમાલી.

ખાખટી ૧. સ્ત્રી. એક જાતનું પક્ષી; બદામી શામળા રંગનું એક શિકારી પક્ષી.
૨. સ્ત્રી. કેરીનો મરવો; કાચી નાની કેરી.

ખાખઠી સ્ત્રી. નાની કાચી કેરી; ખાકટી.

ખાખઠું ન. ખાકટું; મરવો.

ખાખડો (ખાખડ઼ો) પું. એક જાતનું ઝાડ; ખાખરો.

ખાખઢેરી સ્ત્રી. રાખનો ઢગલો.

ખાખણ સ્ત્રી. એક જાતની વનસ્પતિ; વરખડી.

ખાખન ન. એ નામની વનસ્પતિ; પીલુ.

ખાખર ૧. પું. એક જાતનું ઝાડ; ખાખરો. તેનાં પાનનાં પતરાળાં થાય છે.
ખાખરની ખિસકોલી = (૧) કુસ્થાનમાં રહેનારૂં; જેમાં રસકસ કે સ્વાદ ન હોય તેવા સ્થાનમાં રહેનાર અને તેવા સ્થાનમાં માત્ર એક જ વસ્તુ જેણે જોયેલી હોય એવું. (૨) બિનઅનુભવી.
૨. પું. લાખ બનાવવામાં વપરાતી એક જાતની વનસ્પતિ.
૩. [હિં.] પું. હણહણાટ.
૪. સ્ત્રી. માર; શિક્ષા.
૧. ખાખર કાઢવી = મારવું.
૨. ખાખર ખેરવી = (૧) અતિ સંભોગ કરવો. (૨) આબરૂ પાડવી. (૩) મારવું.

ખાખરવીખી વિ. જુદું જુદું; છૂટું છૂટું.

ખાખરવેલ ૧. સ્ત્રી. એક જાતની વેલ. તે ઘણી લાંબી થાય છે. તેનાં પાન ત્રણ ત્રણ ભેગાં હોય છે. તેમાં લાંબી લટ ઉપર ફીકા આસમાની રંગનાં, પતંગિયાના આકારનાં અને સહેજ વાસવાળાં ફૂલ થાય છે. તેમાં ત્રણ ઇંચ લાંબી પાંચ છ બીવાળી શિંગ થાય છે.
૨. સ્ત્રી. ફગિયા; વિદારી કંદ.
૩. સ્ત્રી. વડારી.

ખાખરા ૧. સ્ત્રી. વીશા શ્રીમાળી વાણિયાની એ નામની અટક.
૨. ન. વીશા શ્રીમાળી વાણિયાની એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકવાળું.

ખાખરાખોળ પું. ખેદાનમેદાન; સર્વસ્વનો નાશ.

ખાખરાવેલ સ્ત્રી. એક જાતની વેલ; ખાખરવેલ.

ખાખરિયા ૧. પું. બ. વ. ખાખરાનાં પાનનાં પાતરાં તથા પડિયા બનાવી વેચનાર લોકો.
૨. સ્ત્રી. વાણિયાની તથા લોહાણાની એ નામની અટક.
૩. ન. એ નામની અટકનું માણસ.
૪. ન. એક જાતનું ઝાડ; ખાખરો.
૫. વિ. એ નામની અટકનું.

ખાખરિયાવાડ (ખાખરિયાવાડ઼) સ્ત્રી. શહેરના જે લત્તામાં ખાખરિયા લોક વસતા હોય તે ભાગ; ચોરાશી પૈકીનું એક ચૌટું.

ખાખરિયો [સં. ખદિર] પું. પતરાવળાં તથા પડિયા બનાવનારો તથા વેચનારો માણસ.

ખાખરી ૧. સ્ત્રી. ખાખર; નાનો ખાખરો.
૨. સ્ત્રી. ભાખરી; શેકેલી રોટલી.
૩. સ્ત્રી. માર; શિક્ષા.
ખાખરી ખેરવી = (૧) અતિ સંભોગ કરવો. (૨) આબરૂ પાડવી; અપમાન કરવું. (૩) માર મારવો.
૪. સ્ત્રી. સૂકો; તમાકુનાં સુકાઈ ગયેલાં પાંદડાં.

ખાખરેજ પું. (સંગીત) એક જાતનો રાગ.

ખાખરો ૧. પું. એક જાતનું ઝાડ; કેસૂડો. સંસ્કૃતમાં તેને બીજસ્નેહ, બ્રાહ્મોપાદપ, કરક, કૃમિઘ્ન, લક્ષતરુ, પલાશ, રક્તપુષ્પક અને ત્રિપત્રક અને ગુજરાતીમાં ખાખરિયા, ખાખરો, ખાકડા, ખાખડો, ખાખર અથવા પલાસો કહે છે. ફૂલના ભેદ પ્રમાણે તેના રાતો, પીળો, ધોળો અને કાળો એવા ચાર પ્રકાર છે. ઉનાળાના તાપમાં તેનાં ચકચકિત કેસરી ફૂલ બહુ ચકચકાટ મારે છે. આ ઝાડ આશરે ૨૦થી૪૦ ફૂટ ઊંચું થાય છે. તેનું થડ વાંકું અને ડાળીઓ પણ અનિયમિત હોય છે. તેની છાલ રાખોડિયા રંગની અને ખરબચડી હોય છે. પાંદડાં ત્રણ ત્રણના ઝૂમખામાં હોય છે. પાંદડાની નીચેની સપાટી રેશમી હોવાથી તેનો દેખાવ દૂરથી ભૂરો લાગે છે. પાંદડાની નીચેની સપાટીમાં નસો ચોખ્ખી દેખાય છે. ડાળીઓ ઉપર ત્રણ

ત્રણનાં ઝૂમખામાં પુષ્કળ સુંદર ફૂલ થાય છે. ફૂલનું ડીંટું ફૂલની ટોપીના કરતાં બમણું લાંબું હોય છે. ફૂલને પાંચ પાંખડી સામાન્ય રીતે દેખાય છે. સામાન્ય પાંખડી એક ઇંચ પહોળી હોય છે. પાંખડીઓનો ચકચકિત કેસરિયો રંગ અને ડીંટનો કાળો રંગ શોભામાં વધારો કરે છે. તેની શિંગ કુમળી હોય ત્યારે ઝાંખી લીલી અને પાકે ત્યારે ઝાંખી પીળી અથવા બદામી થાય છે. તે ઘણી ચપટી, પાતળી અને છેડે સહેજ જાડી હોય છે. આ જાડા ભાગમાં એક બી હોય છે. કોરે કોરે તે સહેજ ઊપસેલી જણાય છે. નવેંબર અથવા ડિસેંબરમાં પાદડાં ખરવા માંડે અને જાન્યુઅરિમાં બધાં ખરી પડે. એપ્રિલ અથવા મે માસમાં નવાં પાન આવે. ફૂલ ઊપલા ભાગની ડાળીઓ ઉપર જાન્યુઅરિમાં ચોંટવા લાગે અને ધીમે ધીમે ખીલીને ચકચકિત કેસરિયો રંગ ધારણ કરે. ફૂલ જ્યારે ખીલે ત્યારે ઝાડને પાંદડાં હોતાં નથી પણ રહ્યાંખહ્યાં પાન નીચલી ડાળીઓ ઉપર માલૂમ પડે. તેમાં ઝાંખી લીલી ચપટી શિંગ ઊગે છે. એપ્રિલમાં આ શિંગો જાણે પાંદડાં હોય એવો દેખાવ આપે છે. આ ઝાડ કાળી માટીમાં સારી રીતે વૃદ્ધિ પામે છે. ખારાશવાળી માટી તેને અનુકૂળ છે. આ ઝાડમાંથી નીકળતો ગુંદર ઔષધિ તરીકે તેમ જ ચામડું રંગવામાં તથા કમાવવામાં ઉપયોગી છે. તેનાં કુમળાં મૂળમાંથી એક જાતના રેસા નીકળે છે, જેનાં દોરડાં અને દેશી ચંપલ બને છે. અંદરની છાલમાંથી નીકળતા રેસાનાં દોરડાં અને કાગળ બને છે. તેનાં પાનનાં પતરાવળાં બનાવાય છે. ખાતર તરીકે તેનાં પાન ઘણાં સારાં છે. તેનાં બિયાંમાંથી સ્વચ્છ તેલ નીકળે છે. તેનાં ફૂલ ઉકાળી તેમાં ફટકડી નાખવાથી સુંદર પીળો રંગ થાય છે. દેખાવમાં સાગને મળતું તેનું લાકડું બાંધકામમાં ઉપયોગી છે. બંદૂકનો દારૂ અને કોલસા બનાવવામાં તે કામ આવે છે. બે વર્ષના કુમળાં ઝાડનાં મૂળ કેટલાક ગરીબ લોકો શેકીને ખાય છે, પણ મૂળ કાચાં ખવાય તો ચકરી આવે. ચંદ્રનું આ પવિત્ર ઝાડ છે. કહેવાય છે કે સોમરસ પીધેલા ગરુડનાં પીછાંમાંથી તેની ઉત્પત્તિ થઈ છે. સોમરસનો તેમાં અંશ હોવાથી કેટલીક ધાર્મિક ક્રિયામાં તેનો ઉપયોગ થાય છે. તેનાં સૂકાં ડાખળાં યજ્ઞમાં હોમાય છે. કેટલાંક પવિત્ર વાસણ અને બ્રહ્મચારીનો દંડ તેના લાકડાનો બનાવાય છે. જનોઈ આપતી વખતે કેશ કાપ્યા પછી બ્રહ્મચારીને પલાશના પતરાવળામાં જમવું પડે છે. તે પતરાવળું ત્રણ પાનના સમૂહનું બનેલું હોય છે. તેમાં મધ્યનું પાંદડું વિષ્ણુ, ડાબું બ્રહ્મા અને જમણું શિવ મનાય છે. ખાખરો ઉષ્ણ, તૂરો, વૃષ્ય, અગ્નિદીપક, સારક, કડવો, સ્નિગ્ધ, ગ્રાહક તથા ભગ્નસંધાનકારક છે. વ્રણ, ગુલ્મ, કૃમિ, પ્લીહા, સંગ્રહણી, અર્શ, વાયુ, કફ, યોનિરોગ અને પિત્તરોગનો નાશ કરનાર કહેવાય છે. તેનાં સ્વાદુ, કડવાં, ઉષ્ણ, તૂરાં, વાતુલ, ગ્રાહક, શીતળ તથા તીખાં ફૂલ તૃષા, દાહ, પિત્ત, કફ, રક્તદોષ, કોઢ અને મૂત્રકૃચ્છ્રનો નાશ કરનાર મનાય છે. તેનાં ફળ રુક્ષ, લઘુ, ઉષ્ણ તથા પાક કાળે તીખાં હોય અને કફ, વાયુ, કૃમિ, કોઢ, ગુલ્મ, પ્રમેહ, અર્શ તથા શૂળના રોગ ઉપર વપરાય. તેનાં સ્નિગ્ધ, ઉષ્ણ અને તીખાં બિયાં કફ તથા કૃમિનો નાશ કરે છે.

ખાખરાને ખાંડે =વગર મૂડીએ; વગર તેવડે.

૨. પું. ખૂજલી.

૩. પું. માર; શિક્ષા.

ખાખરો કાઢવો–ખેરવો = માર મારવો.

૪. પું. શેકીને કડક કરેલી રોટલી; ભાખરી.

ખાખરોટવું સ. ક્રિ. રોટલા રોટલીને સાધારણ ઘી વગેરે ચોપડવું; ખખરોટવું; જરાતરા ચોપડવું.

ખાખસ ૧. [સં.] પું. ખસખસનું ઝાડ.

૨. સ્ત્રી. ખસખસ.

૩. ન. પોસ; ખસખસનું ખાલી જીંડવું.

ખાખસતિલ પું. ખસખસ.

ખાખસફળ ન. અફીણનો ડોડવો.

ખાખસાર ૧. [ફા. ખાકસાર] વિ. ગરીબ; દીન; નમ્ર.

૨. વિ. ધૂળ જેવું.

ખાખસીર ન. એક જાતનું કરિયાણું.

ખાખસૂસ [અ. ખસૂસ] અ. અચૂક; જરૂર; નક્કી.

ખાખા સ્ત્રી. વારંવાર ખાવાની ઇચ્છા.

ખાખાખીખી સ્ત્રી. બહુ હસવું તે; હસહસાટ.

ખાખાબુટ્ટી સ્ત્રી. એક જાતની કાપડની બુટ્ટી.

ખાખાવીખી ૧. સ્ત્રી. પાયમાલી; ધૂળધાણી.

૨. સ્ત્રી. મીંદડાંનો લડતી વખતનો એક જાતનો અવાજ.

૩. વિ. છિન્નભિન્ન; ચૂંથાયેલું; ફેંદી નાખેલું; છૂટું છૂટું આમતેમ વીખી નાંખેલું.

૪. વિ. દુઃખી; હેરાન; પીડિત.

૫. વિ. પાયમાલ થયેલું; ભૂકો થઈ ગયેલું; તારાજ.

ખાખી ૧. [ફા. ખાકી (માટીના રંગ જેવું)] પું. એક જાતનો માટીના જેવો કે ઘેરો પીળો રંગ.

૨. પું. બાવાનો એક પંથ. તેઓ શરીર ઉપર માટી અથવા રાખ ચોળે છે.

૩. પું. શરીરે ખાખ ચોળનાર બાવો; જોગી.

૪. સ્ત્રી. બીડી.

૫. સ્ત્રી. બ્રાહ્મણની એ નામની એક અટક.

૬. ન. બ્રાહ્મણની એ નામની અટકનું માણસ.

૭. ન. રાખોડી રંગનું એક જાતનું કપડું.

૮. વિ. ઐહિક.

૯. વિ. ખામીવાળું.

૧૦. વિ. ઘેરા પીળા રંગનું; ખાખી રંગનું.

ખાખી પલટણ = ખાખી રંગનો પોશાક પહેરનાર સિપાઈની ટુકડી.

૧૧. વિ. જેની પાસે કાંઈ ન હોય એવું; કોરું; ખાલી; નિર્ધન.

૧૨. વિ. બ્રાહ્મણની એ નામની અટકનું.

૧૩. વિ. રાખોડિયા રંગનું.

ખાખી કપાસ પું. એક જાતનો કપાસ.

ખાખી જીન ન. એક જાતનું ખાખી રંગનું કપડું.

ખાખી ટ્વિલ ન. એક જાતનું ખાખી રંગનું કાપડ.

ખાખી બંગાલી ૧. પું. ખાલી ખિસ્સાનો ફક્કડ માણસ; દેખાવમાં સારો પણ જેની પાસે કશું ધન ન હોય એવો માણસ.

૨. વિ. ખાલી ખિસ્સે ફક્કડ થઈ ફરનારું.

૩. વિ. નિર્ધન; ગરીબ.

૪. વિ. બંગાળનો વતની.

ખાખી બંગાળી જુઓ ખાખીબંગાલી.

ખાખી બાવો ૧. પું. ચિડાઈ જાય એવો તમોગુણી પુરુષ.

૨. પું. પાસે કંઈ જ ન હોય એવો પુરુષ; માલમતા ઉડાવી દેનાર માણસ.

૩. પું. રાખ ચોળનારો બાવો; જોગી.

ખાખુ ૧. સ્ત્રી. મેમણની એ નામની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ખાખો પું. એક જાતનું ઝવેરાત; સાચાં મોતી.

ખાગ ૧. પું. ગામડાની હદ બતાવનાર થાંભલો.

૨. પું. ગેંડાનું શિંગડું.

૩. સ્ત્રી. તરવાર; શમશેર; ખડ્ગ.

૪. ન. ઈંડું.

ખાગઝી સ્ત્રી. ગોળ નારંગીની એક જાત. તેનું વજન આશરે દશ ઔંસ થાય છે.

ખાગડો (ખાગડ઼ો) સ્ત્રી. દોઢ ફૂટ લંબાઈની લીલા રંગની લીસી ચામડીવાળી માછલી. તે મધ્ય દરિયામાં રહે છે અને તેને એક જ કાંટો હોય છે. ખોરાકમાં સાધારણ તાકાતવાળી ગણાય છે.

ખાગરી સ્ત્રી. પોણા ફૂટની લંબાઈની, લીલા રંગની, લીસી ચામડીવાળી અને ત્રણ કાંટાવાળી એક જાતની માછલી. તે દરિયાકાંઠે રહે છે.

ખાગલાં ન. બ. વ. ખેડૂતનું ખીજવણું.

ખાગા ૧. પું. બ. વ. કપાસના વાવેતર સાથે છૂટા છૂટા વાવેલા જુવારના છોડ.

૨. ન. ખાગલાં; કણબીનું ખીજવણું.

ખાગાં ન. કૃપાણ; લડવાનું તરવાર જેવું હથિયાર.

ખાગીના પું. બ. વ. તળેલાં ઈંડાં.

ખાગું ૧. ન. કણબી માટે ખીજવણીનો શબ્દ.

૨. ન. લાકડાનો ખૂંટો.

ખાગો ૧. પું. કણબીનું ખીજવણું.

૨. પું. લાકડાનો ખૂંટો.

૩. સ્ત્રી. (ચારણી) તરવાર.

૪. વિ. વિવેકશૂન્ય; અસભ્ય.

ખાગોવગો ન. રફેતફે કરવું તે; ઉચાપત.

ખાગ્નિ [સં. ખ (આકાશ) + અગ્નિ (આગ)] સ્ત્રી. એક જાતનો ખરતો તારો.

ખાચર ૧. સ્ત્રી. એ નામની કાઠીની તથા કણબીની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. ન. ખાદી; જાડું કપડું.

૪. ન. ચર્મ.

૫. ન. વલ્કલ.

૬. વિ. એ નામની અટકવાળું.

ખાચરિયા ૧. સ્ત્રી. લેઉઆ કણબીની એ નામની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકવાળું.

ખાચિડી (ખાચિડ઼ી) ૧. સ્ત્રી. ખીચડી.

૨. [ફ઼ા.] સ્ત્રી. ગોટાળો.

૩. સ્ત્રી. ન સમજાય એવી ભાષા.

૪. સ્ત્રી. બેર ઝાડનું ફૂલ.

૫. સ્ત્રી. સોનારૂપાના સિક્કાનો ઢગલો.

ખાજ ૧. પું. શિકાર.

૨. સ્ત્રી. ખસ; મકડી જાતિના કીટાણુથી થતો એક રોગ. આ રોગ ચેપી હોવાથી એકબીજાની સાથે બેસવા ઊઠવાથી કે એકબીજાનાં કપડાં પહેરવાથી થાય છે. એક માદા કીટાણુ ચામડીની અંદર ઘૂસી જઈ ચોંટી જાય અને આખા શરીરમાં ખાજ ફેલાવી દે. દરેક માદા આશરે વીશ બચ્ચાંને જન્મ આપ્યા બાદ મરી જાય છે. રાતમાં આ રોગ વધારે ફેલાય છે. ઘરમાં એકને આ રોગ થાય તો બીજાં બધાંને લાગુ પડે છે. ગંધક આને માટે ઉત્તમ દવા મનાય છે. ગરમ પાણી કે ખારા પાણીનું સ્નાન ફાયદો આપે છે.

૩. [સં. ખર્જુ] સ્ત્રી. ખંજવાળ; ખૂજલી; ખરજ.

ખાજ ઊઠવી-મારવી = (૧) ખસ થવી. (૨) ચળ આવવી.

૪. સ્ત્રી. ગરજ.

૫. સ્ત્રી. શોધ.

૬. ન. ખાજું.

૭. ન. ખાવાની ચીજ; ખોરાક; ખાદ્ય.

ખાજકોલતી સ્ત્રી. ચોમાસામાં વગડામાં ઊગતો એક જાતનો છોડ. એનાં પાન મોટાં અને કાળાં હોય છે. તે શરીરે લાગવાથી બળતરા થાય છે. તેમાં ફૂલનો ગુચ્છો' આવે છે. કોડિયાના વિષ ઉપર એનાં મૂળ પાણીમાં ઘસી અપાય છે. શિયાળના વિષ અને વાળા ઉપર પણ તે અપાય છે.

ખાજગી સ્ત્રી. ધણીપદ; શેઠાઈ.

ખાજણ સ્ત્રી. ખારોપાટ.

ખાજરૂં ૧. ન. ખેડૂતો પાસેથી લેવાતો લગ્નવેરો.

૨. ન. રાંધેલું માંસ.

ખાજલિયું સ્ત્રી. ખાટલામાં વાણ ભરતાં પડતી ચોકડી.

ખાજલી ૧. સ્ત્રી. ખાટલાની ઈસોનાં બાકાં.

૨. સ્ત્રી. ગૂંથણીમાં પાડવામાં આવતી એક પ્રકારની ભાત.

૩. સ્ત્રી. છાજલી.

૪. સ્ત્રી. નાનું ખાજું; એક ખાવાની વાની.

૫. સ્ત્રી. સેવ નાખવા માટે સૂપડા ઉપર પાથરેલું લૂગડું.

ખાજલું ૧. ન. અંદરથી ખાલી જાળીદાર ચકરડું; કૂંડાળું.

૨. ન. ખાજું; એક જાતની ખાવાની વાની.

૩. ન. છાણું.

ખાજવણી ૧. સ્ત્રી. એક જાતનો છોડ. તેને અડવાથી ખરજ ઊપડે છે. તેના વેલા ચોમાસામાં વાડમાં થાય છે. તેનાં પાનની કોર ઉપર ખાંચા અને લાળ હોય છે. તે અડવાથી શરીરને ચોંટી જાય અને જ્યાં અડે ત્યાં સોજો ચડે. તેની ભાજીથી કોઢ અને રક્તવિકાર મટવાનું મનાય છે.

૨. સ્ત્રી. ખાજ; ખંજવાળ; ખૂજલી.

ખાજવલ જુઓ ખાજવણી.

ખાજવવું અ. ક્રિ. ચળ આવવી.

હાથ ખાજવવો = કોઈ ને મારવા ઇચ્છવું.

ખાજવું અ. ક્રિ. ખંજવાળ ઉત્પન્ન કરવી.

ખાજા (ખ઼ાજા) ૧. પું. એક જાતનું જંગલી ઝાડ.

૨. [સં. ખાદ્ (ખાવું)] પું. ખોરાક.

૩. પું. ગૃહસ્થ; આબરૂદાર માણસ.

૪. પું. ધનાઢ્ય વેપારી.

૫. પું. મીઠાઈ.

૬. પું. મોળા સાટા.

૭. પું. શેઠ; ઘરધણી.

૮. [ફ઼ા. ખાજહ] પું. સરદાર.

ખાજાખિઝ્ર (ખ઼ાજાખિ઼ઝ્ર) ૧. પું. પાણીનો દેવ.

૨. પું. ભક્તિથી આબે હયાત મેળવે તેવો સાધુ.

ખાજાસરા (ખ઼ાજાસરા) ૧. [ફ઼ા. ખાજહ્સરા] પું. કુટુંબનો વડો; વડીલ.

૨. પું. ખજાનાનો નાજર.

૩. પું. હીજડો; નામર્દ; વ્યંઢળ.

ખાજિક ૧. પું. તળેલા દાણા.

૨. [સં.] પું. શેકેલી ડાંગર.

ખાજી ૧. સ્ત્રી. ખસ; ખૂજલી.

૨. સ્ત્રી. ખાદ્ય પદાર્થ; ખાવાની વસ્તુ.

ખાજું ૧. ન. એક ખાવાની વાની; મેંદાના લોટમાં મોણ નાખી ઘીમાં તળેલી અનેક પડવાળી પોચી પૂરી.

૨. [સં. ખાદ્ (ખાવું)] ન. ખાવાનો પદાર્થ; ખાવાનું.

ખાજેશર પું. નોકરચાકર.

ખાજેસરો પું. જનાનાનો દરોગો; જનાનાનો રક્ષક.

ખાંજોટી સ્ત્રી. એક જાતનો વેલો. જુઓ ખાજવણી.

ખાજ્ય વિ. ખાવા લાયક; ખાવા જેવું.

ખાઝિન (ખ઼ાઝિન) [અ.] પું. તિજોરી સાચવનાર માણસ.

ખાઝુ ૧. પું. ખોરાક.

૨. પું. મીઠાઈ.

ખાટ ૧. પું. એ નામનો એક રાગ.

૨. પું. એક જાતનો પતંગ.

૩. [સં.] પું. મૃત્યુશય્યા; ઠાઠડી.

૪. સ્ત્રી. અદ્ધર લટકાવી શકાય એવો પાયાવાળો અથવા પાયા વગરનો પાટીનો ખાટલો; હિંડોળાખાટ.

૫. સ્ત્રી. જીત.

૬. સ્ત્રી. પલંગ; ઢોલિયો.

૭. સ્ત્રી. લાભ; ફાયદો; નફો; ખાટવું તે.

ખાટક પું. કસાઈ; હલાલખોર.

ખાટકા પું. બ. વ. લાકડાના ચીચોડાના સરમાં ગોળાકારે આવેલ લીટા વચ્ચેની જગ્યા.

ખાટકી ૧. [સં. ખટ્ટિક] પું. પશુઓને મારી તેના માંસનો વેપાર કરનાર માણસ; કસાઈ.

૨. વિ. નિર્દય; ક્રૂર; હિંસક; ઘાતકી.

ખાટકીખાનું ન. કતલખાનું.

ખાટકીવાડો (ખાટકીવાડ઼ો) ૧. પું. કસાઈખાનું.

૨. પું. ક્લેશ, કંકાસ અને મારઝૂડ.

૩. પું. ખાટકી રહેતા હોય તે મહોલ્લો; કસાઈવાડો.

૪. પું. ગંદવાડો.

૫. પું. પ્રાણીઓ કપાતાં હોય અને માંસ વેચાતું હોય તે લત્તો.

ખાટકેલ ૧. વિ. છટકેલ.

૨. વિ. લુચ્ચું.

ખાટકો પું. બારીબારણાંને બંધ કે ખુલ્લાં રાખવા માટે ચોડવામાં આવતો લાકડાનો કે લોઢાનો કટકો.

ખાટખટાઉ ન. ખાટખટૂમડાનું પાન.

ખાટખટી સ્ત્રી. એક ડુંગરી વનસ્પતિ; ચોધારી ફ્રામણી.

ખાટખટુંબડું (ખાટખટુંબડ઼ું) ૧. ન. ખાટખટુંબાનું ફળ. એ બોર જેવડું થાય છે. સ્વાદે બહુ ખાટું હોય છે. તેના રસનાં હાથે છૂંદણાં પાડવામાં આવે છે.

૨. વિ. ખાટું અને મીઠું; ખટમધુરું.

ખાટખટુંબડો (ખાટખટુંબડ઼ો) પું. એક જાતની વનસ્પતિ. તેનાં જાડાં પાન ભજિયાં બનાવવામાં વપરાય છે.

ખાટખટુંબિયો પું. એક જાતની વનસ્પતિ. તેના વેલા ચોમાસામાં ઘણા દેખાય છે. તે લાંબા અને પાતળા હોય છે. ત્રણ ત્રણ પાન ભેગાં આવે છે. વેલા ઉપર તંતુ હોય છે, જે વડે તે ઊંચે ચડે છે. ફૂલના ગુચ્છા પીળા રંગના અને ફળ દ્રાક્ષને મળતાં કાળા રંગનાં હોય છે. એની ભાજી ખાટી હોય છે. તેની ગાંઠ સાપ અને વીંછીના ઝેર ઉપર ચોપડાય છે.

ખાટખટુંબી જુઓ ખાટખટુંબિયો.

ખાટખટુંબો જુઓ ખાટખટુંબિયો.

ખાટખટૂમડું (ખાટખટૂમડ઼ું) જુઓ ખાટખટુંબડું.

ખાટખટૂમડો (ખાટખટૂમડ઼ો) જુઓ ખાટખટુંબિયો.

ખાટખટોલા [હિં.) પું. ઘરવખરી; રાચરચીલું.

ખાટડી (ખાટડ઼ી) સ્ત્રી. ખાટલી.

ખાટના પું. ખાટલો. ભીલ લોકો આ શબ્દ વાપરે છે.

ખાટપ સ્ત્રી. નફો; ફાયદો.

ખાટલા ખરોજ વિ. ઘણું જ બીમાર.

ખાટલા વચ્ચે ૧. [હિં.] પું. પુરુષની ઇંદ્રિય.

૨. પું. યોનિ; સ્ત્રીની જનનેંદ્રિય.

ખાટલાવશ ૧. વિ. ખાટલામાંથી ઊઠી ન શકે એવું; માંદું; પથારીવશ.

૨. વિ. નરમ; અશક્તિવાળું.

ખાટલિયો પું. (ગ્રામ્ય) ધ્રુવમત્સ્ય; સપ્તર્ષિ.

ખાટલી ૧. સ્ત્રી. ઘાણીની લાઠને વજન આપવા માટે નાડવેલા નીચે લાકડાના જે ચોકઠા ઉપર પથરા રાખવામાં આવે તે ભાગ; મૂડો.

૨. સ્ત્રી. ઠાઠડી; નનામી.

૩. સ્ત્રી. નાની ખાટ.

૪. સ્ત્રી. નાનો ખાટલો; ઢોલણી; પલંગડી.

ખાટલૂણી સ્ત્રી. એક જાતની વનસ્પતિ; ચાંગેરી. અંબષ્ઠા, અફીણ, શીતપિત્ત, દાહ અને પિત્તથી માથું ભારે થાય તો તે ઉપર ખાટલૂણી અપાય છે.

ખાટલો ૧. [સં. ખટ્વ] પું. જમીનથી ઊંચું રહે એવું ચાર પાયાવાળું પાટિયાં, પાટી કે દોરી ભરેલું અથવા નહિ ભરેલું લાકડાનું લંબચોરસ ચોકઠું; ઢોલિયો; ચારપાઈ; માંચો; પલંગ.

૧. ખાટલો પાથરી આપવો = ભડવાઈ કરવી.

૨. ખાટલો ભરવો = પલંગમાં પાટી કે વાણ ભરવું.

૩. ખાટલો ભાંગવો = સંસાર ભોગવતાં છતાં પ્રજા ન થવી,

૪. ખાટલો પાથરવો = બિછાનું કરવું.

૫. ખાટલો સાલવવો = (૧) ખાટલાના જુદા જુદા ભાગ જોડવા. (૨) સંભોગ કરવો.

૨. પું. પ્રસૂતિ; સુવાવડ.

૩. પું. મંદવાડ; માંદગી.

૧. ખર્ચનો ખટલો = (૧) પૂરું થતાં ઘણો કાળ લાગે ને ઘણી માથાફોડ પડે એવું કામ. (૨) લાંબી માંદગી.

૨. ખાટલાવશ = ઊઠીને હરી ફરી શકે નહિ એવું; બહુ જ માંદું.

૩. ખાટલે પડવું = માંદા થવું.

૪. ખાટલે પડ્યાં પડ્યાં = (૧) નિરાંતે; ઠંડે પેટે. (૨) માંદાં માંદાં; મંદવાડમાં હોય તે રીતે.

૫. ખાટલે મોટી ખોટ કે ચોથો પાયો જ નહિ = એક એવો મોટો દુર્ગુણ કે જેથી બીજા બધા ગુણ નિરર્થક ગણાય.

૬. ખાટલેથી પાટલે ને પાટલેથી ખાટલે = (૧) એશઆરામી જીવન ગાળવું તે; અમીરી સ્થિતિ; વૈભવ. (૨) ઓલમાંથી ચૂલમાં; અહીંથી તહીં ને તહીંથી અહીં. (૩) માંદગીનો દેખાવ.

૭. ખાટલો આવવો-હોવો = (૧) મંદવાડ હોવો; માંદા પડવું. (૨) સુવાવડ આવવી.

૮. ખાટલો ઊફરો કરવો = બિછાનું સંકેલી લેવું.

૯. ખાટલો ઊફરો થવો = ઘરમાંથી મંદવાડ જવો.

૧૦. ખાટલો ભોગવવો = મંદવાડ સેવવો.

૧૧. ખાટલો લાંબો ચાલવો = મંદવાડ લંબાવો.

ખાટવડું (ખાટવડ઼ું) ન. કન્યાના વિવાહનું જાન આવતા પહેલાંનું જમણ.

ખાટવું ૧. અ. ક્રિ. ખાટું થવું.

૨. અ. ક્રિ. ફાયદો મેળવવો; કમાવું; રળવું.

૩. અ. ક્રિ. ફાવવું; પાર પડવું; સફળ થવું.

ખાટી ખાવું-જવું = (૧) ફાવી જવું. (૨) લાભ મળવો.

ખાટસ્વાદિયું ૧. વિ. કોઈ પણ કામમાં સંજોગોને આધારે એક વખત લાભ મળી ગયો હોય તો તેથી લલચાઈને ફરી ફરી તેવો લાભ લેવા ઇચ્છનાર.

૨. વિ. જેને ખાટું બહુ વહાલું હોય એવું; ખાટી વસ્તુનું શોખીન; ખટાશ ઉપર પ્રેમ હોય એવું.

૩. વિ. નામીચા માણસને નામે સારાંનરસાં કામ કરનાર; ચડસીલું.

૪. વિ. પોતાને સંબંધ ધરાવ્યા વિનાની નકામી બાબતમાં રસ લેનાર કે માનનાર; ખાટસવાદુ.

૫. વિ. લૂંટફાટ વગેરેના ઇરાદાથી ભેળું ભળનાર.

૬. વિ. સ્વાદને ખાતર જ્યાંત્યાં ખાવા ટાંપી રહેનાર.

ખાટસવાદુ જુઓ ખાટસ્વાદિયું.

ખાટાઈ ૧. સ્ત્રી. ખાટી વસ્તુ.

૨. સ્ત્રી. ખાટું હોવાનો ગુણ; ખટાશ; ખાટાપણું.

૩. સ્ત્રી. વૈમનસ્ય; દુશ્મનાવટ.

ખાટિ ૧. [સં.] સ્ત્રી. ઊઝરડો.

૨. સ્ત્રી. ખોટો આગ્રહ.

૩. સ્ત્રી. ચિહ્ન.

૪. સ્ત્રી. ઠાઠડી; નનામી.

૫. સ્ત્રી. ડંખ.

૬. સ્ત્રી. તોર; ગર્વ.

૭. સ્ત્રી. મનની લહેર.

૮. સ્ત્રી. વ્રણ; ધારૂં.

૯. સ્ત્રી. સુકાયેલું વ્રણસ્થાન.

ખાટિકા [સં.] સ્ત્રી. ઠાઠડી; નનામી.

ખાટિયું ૧. ન. કેરીને બાફીને અથવા બીજી કોઈ ખાટી વસ્તુને ચોળીને બનાવેલું ખટાશદાર પેય; ચોળો; કઢી.

૨. ન. ખાટું પ્રવાહી શાક.

૩. ન. ટમેટું.

૪. વિ. ખટાશવાળું; જેમાં ખટાશ આવેલી હોય એવું.

ખાટી જુઓ ખાટિ.

ખાટીકો પું. અડ્ડો; રેંટને ઊંધો ફરતો અટકાવવા તેમાં રાખવામાં આવતી એક લાકડી.

ખાટીછાશ સ્ત્રી. એક જાતનો છોડ; ખટૂંબડો. તે ચોમાસે ઊગી નીકળે છે. તેનાં પાન લંબગોળ અને કોર ઉપર દાંતાવાળાં હોય છે. તેને ગંધકના રંગનાં પીળાં ફૂલ આવે છે. તે બપોર સુધી પૂર્ણ ઊઘડી રહી બપોર પછી બંધ થઈ જાય છે. તેનાં ફળ પાંચ ખાનાંવાળાં અને પાન ખાટાં હોય છે.

ખાટીમીઠી ૧. સ્ત્રી. ખટમધુરી ખાવાની ચકતી કે ગોળી; પેપરમિંટ.

૨. વિ. સ્ત્રી. ગમે તેવી અને ન ગમે તેવી.

ખાટીલૂણી સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તે ભીનાશવાળી જમીનમાં ઉનાળાની ઋતુમાં ઊગે છે. તેના વેલામાં થતાં આમલીનાં પાન જેવાં ખાટાં પાન ભાજી તથા દવામાં વપરાય છે. તે મરડો મટાડનાર, ઉષ્ણ, દીપન, કફઘ્ન અને પિત્તહર છે.

ખાટું ૧. ન. કોઈ પણ જાતની દાળમાં લીલાં ફળ, આમલી, ગોળ અને મસાલો નાખી ઉકાળીને ખાવા માટે કરેલો પદાર્થ.

૨. વિ. આંબટ; આમલી, કાચી કેરી, દહીં, લીંબુ અને બીજી વનસ્પતિઓના દાંતને અંબાવી નાખે એવા સ્વાદવાળું.

૩. વિ. કચવાયેલું; મનનો ઉત્સાહ પડી ભાંગેલું; નારાજ.

૧. ખાટું કરી દેવું = અણગમો ઉત્પન્ન કરવો.

૨. ખાટું થઈ જવું = મન ઊતરી જવું; નાઉમેદ થવું.

૩. ખાટું થવું = (૧) ઊતરી જવું; કોહવાણ થવું. (૨) ખટાશ આવવી. (૩) ગુસ્સે થવું; ચિડાવું.

૪. ખાટું લાગવું = (૧) ન ગમવું; નાપસંદ પડવું. (૨) સ્વાદમાં ખટાશ જણાવી.

૫. દિલ ખાટું થવું = કચવાવું; ઉત્સાહ ન રહેવો.

૪. વિ. કઠોર; દયાહીન.

ખાટુંખોરૂં ૧. વિ. આરોગ્યની દૃષ્ટિએ ખરાબ; કુપથ્ય.

૨. વિ. સ્વાદમાં ખાટું અને ખોરૂં.

ખાટુંખોરૂં ચાખવું = દુનિયાદારીનાં સુખ દુઃખ અનુભવવાં; તડકો છાંયો જોવો.

ખાટુંચરડ (ખાટુંચરડ઼) વિ. બહુ ખાટું.

ખાટુંબડક (ખાટુંબડ઼ક) જુઓ ખાટુંચરડ.

ખાટુંબડચ (ખાટુંબડ઼ચ) જુઓ ખાટુંચરડ.

ખાટુંબડસ (ખાટુંબડ઼સ) જુઓ ખાટુંચરડ.

ખાટુંમોળું ૧. વિ. ઘડીમાં સારૂં અને ઘડીમાં નઠારૂં.

ખાટુંમોળું થવું = (૧) નુકસાન થવું. (૨) પાયમાલ થવું. (૩) બગડી જવું; ઊતરી જવું; કોહી જવું. (૪) મિજાજ ખોવો. (૫) વાંધો આવવો.

૨. વિ. સ્વાદમાં ખાટું અને મોળું.

ખાટુંવડું (ખાટુંવડું) ન. લગ્નમુહૂર્તના આગલા દિવસનું જમણ. તેમાં નાની જાડી પૂરી પીરસાય છે.

ખાટૂ ૧. પું. હલકી જાતનો કજિયાખોર માણસ.

૨. ન. દૂધ.

ખાટોઆંબલો પું. નવસારી તરફ રમાતી એક દેશી રમત.

ખાટોડી (ખાટોડ઼ી) ૧. સ્ત્રી. એક જાતની ખાટી ભાજી.

૨. સ્ત્રી. વણકર લોકો પાસેથી લેવાતો વેરો.

ખાટોદૂધ પું. (ભીલી) દહીં.

ખાટોબડચ (ખાટોબડ઼ચ) વિ. ઘણું જ ખાટું.

ખાટોબડસ (ખાટોબડ઼સ) જુઓ ખાટોબડચ.

ખાડ ૧. [સં. ખાત] સ્ત્રી. ખાડો; ખાઈ; કોતર; ખાણ.

૨. સ્ત્રી. ખાતર; કચરો; ગંદકી.

૩. સ્ત્રી. ખાતર ભેગું કરવાની જગ્યા.

૪. સ્ત્રી. નીક; મોરી.

૫. સ્ત્રી. નુકસાની.

૬. સ્ત્રી. પૈસા સંબંધી તાણ; આર્થિક સંકડામણ.

ખાડણી સ્ત્રી. માટીનાં વાસણ સાચવવાનો રાખ પાથરેલો ખાડો.

ખાડવ [સં. ષાડવ] પું. છ સ્વરવાળું ગાયન.

ખાડા ૧. [હિં.] પું. કસરત કરવાની જગ્યા.

૨. પું. ટોળું.

૩. પું. માટીનું વાસણ લીલું હોય તે વખતે ટીપીને ઘાટમાં લાવી તેને મૂકવાનો ખાડો.

૪. વિ. ઊભું; સીધું.

૫. વિ. તરતની મુદ્દતનું.

૬. વિ. પ્રામાણિક.

ખાડાખચરા પું. બ. વ. ખાડાટેકરા.

ખાડાખડબા (ખાડાખડ઼બા) પું. બ. વ. ઢેકાઢળિયા; ટેકરા.

ખાડાખડિયા (ખાડાખડ઼િયા) પું. બ. વ. નાના ખાડા.

ખાડાખબડા (ખાડાખબડ઼ા) પું. બ. વ. ખાડાટેકરા.

ખાડાખાબોચિયાં ન. બ. વ. ખાડા અને ખાબોચિયાં.

ખાડાખૂડી સ્ત્રી. ખાડાખબડા.

ખાડાખૈયા પું. બ. વ. ખાડાટેકરા.

ખાડાખોબડું (ખાડાખોબડ઼ું) વિ. ખાડાટેકરાવાળું.

ખાડાજાજરૂ ન. ખાડા ઉપર ગોઠવાતું જાજરૂ.

ખાડાશાળ સ્ત્રી. એક પ્રકારની શાળ.

ખાડાળું વિ. ખાડાવાળું.

ખાડી ૧. પું. ઢોરનો દલાલ.

૨. [સં. ખાત] સ્ત્રી. ઊંડા પાણીવાળી જગ્યા.

૩. સ્ત્રી. ગામનું પાણી બહાર કાઢવાનો ઊંડો અને લાંબો ખોદેલો ખાડો; નીક; ગટર.

૪. સ્ત્રી. જમીન ખોદાઈ કે પાણીથી ખણાઈને લાંબો અને સાંકડો પડેલો વહેળો.

૫. સ્ત્રી. દરિયાનો સાંકડો થઈને જમીન તરફ ગયેલ ભાગ; જમીનમાં ગયેલો દરિયાનો સાંકડો પ્રવાહ; અખાત.

૬. સ્ત્રી. (કચ્છી) દાઢી; હડપચી.

૭. સ્ત્રી. નદીના જેટલા ભાગમાં ભરતી આવે તેટલો ભાગ.

ખાડુ [સં. ખંડ] ન. ભેંસનું ટોળું; ઠાઠ.

ખાડુઓ જુઓ ખાડો.

ખાડું [સં. ખંડ] ન. ખાડુ.

ખાડૂ (ખાડ઼ૂ) પું. ઘરડો માણસ.

ખાડો ૧. [સં. ખાત] પું. કૂવો. આ શબ્દ તિરસ્કારમાં વપરાય છે.

૨. [ફા. ગૌદ] પું. ગીદી; પાણી ભરી રાખી વહાણને સહીસલામત લાંગરવાનો ખાડો.

૩. પું. નુકસાની; ખોટ.

૪. પું. પાયખાનું.

ખાડે જવું = પાયખાને જવું.

૫. પું. ભૂવો.

૬. પું. સપાટી ખોદાઈ, ભાંગી કે તૂટીને જમીનમાં થયેલું ઊંડાણ; ખાણ; કોતર.

૧. ખાડામાં ઉતારવું = (૧) ખાડામાં નાખી દેવું. (૨) નાશ કરવો. (૩) નુકસાનીમાં ઉતારવું.

૨. ખાડામાં પડવું = (૧) આપઘાત કરવો. (૨) નુકસાની વહોરવી. (૩) ભૂલ કરવી.

૩. ખાડો ખોદવો = (૧) કૂવો કરવો. (૨) જમીન ઊંડી કરવી. (૩) દીકરીનું વેવિશાળ કરવું. (૪) દેવું કરવું.

૪. ખાડો ખોદે તે પડે = કરે તે ભોગવે.

૫. ખાડો પડવો = (૧) તંગી પડવી. (૨) તિજોરીમાં તળિયું દેખાવું. (૩) નુકસાની વેઠવી.

૬. ખાડો પાડવો = (૧) ખાડામાં પડી આત્મઘાત કરવો. (૨) નુકસાન આપવું; કોઈની પાસેથી વસ્તુ છીનવી લેવી. (૩) નુકસાન ભરી આપવું.

૭. ખાડો પૂરવો = (૧) ઊંડાણવાળી જમીન સપાટી પ્રમાણે પૂરીને બરાબર કરવી. (૨) કરજ અદા કરવું; દેવું વાળવું. (૩) ખાડામાં પડી આત્મઘાત કરવો.

ખાડોખડબો (ખાડોખડ઼બો) ૧. પું. ખાડોટેકરો; ઊંચી નીચી જમીન.

૨. પું. નડતર.

ખાડોખડિયો (ખાડોખડ઼િયો) પું. ઊંચી નીચી જમીન; ખાડોખૈયો; ખાડો કે ખાધરો.

ખાડોખૈયો પું. ખાડોટેકરો; ઊંચી નીચી જમીન; ખાડો કે ખાધરો; ખાડોખડિયો.

ખાડોટેકરો જુઓ ખાડોખૈયો.

ખાડોડી (ખાડોડ઼ી) ૧. સ્ત્રી. એક જાતની ખાટી ભાજી; ખાટોડી.

૨. સ્ત્રી. વણકર ઉપરનો વેરો; વણવાની શાળ ઉપરની લાગત.

ખાણ ૧. પું. કાન.

૨. પું. કોણ; ખૂણો.

૩. પું. ખજાનો; ભંડાર.

૪. સ્ત્રી. ગતિ; ફેરો; અવતાર.

૫. સ્ત્રી. ગર્ત; કોઠલો; અનાજ ભરવા માટે બનાવેલું ભોંયરું; ભંડાર.

૬. સ્ત્રી. ઢગલો.

૭. સ્ત્રી. દિશા.

૮. સ્ત્રી. ધારવાળી વસ્તુની ધાર ભાંગવાથી પડેલો ખચકો; ધારવાળી વસ્તુની ધારમાં પડેલી ખાંચ.

૯. સ્ત્રી. પુષ્કળતા; બહુપણું.

૧૦. સ્ત્રી. માળો.

૧૧. સ્ત્રી. મૂળ; ઉત્પત્તિસ્થાન.

૧૨. સ્ત્રી. વાસણ; પાત્ર.

૧૩. સ્ત્રી. સપાટીમાં પડેલી ખાડ.

૧૪. સ્ત્રી. સોનું, રૂપું, પથ્થર, કોયલા વગેરે ખનીજ પદાર્થ ખોદી કાઢવા માટે જમીનમાં ખોદેલો ખાડો.

૧૫. ન. અનાજ, કપાસિયા, ખોળ વગેરે ઢોરને ખાવાની વસ્તુ; ગોતું.

ખાણકામ ન. જમીનમાંથી ખનીજ ખોદી કાઢવું તે.

ખાણકી સ્ત્રી. એક જાતનો ઘડેલો પથ્થર.

ખાણખૂટણ ન. કપાસિયા, ખોળ, અનાજ વગેરે ઢોરને ખાવાનું ખાણ. જુઓ ખાણ ૧૫.

ખાણખોદનાર પું. બેલદાર; સુરંગ ખોદનાર મજૂર.

ખાણગત સ્ત્રી. ખાણ ઉપર લેવાતો કર.

ખાણણી સ્ત્રી. ખાંડણી.

ખાણદાણ ૧. ન. ખાણ ઉપર લેવાતો કર.

૨. ન. ખાણમાં ભરેલું અનાજ.

ખાણધર ૧. સ્ત્રી. સથવારાની એ નામની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ખાણવાયુ પું. ખાણમાંનો જલદી સળગી ઊઠે એવો એક વાયુ.

ખાણવું ૧. વિ. થોડા દિવસનું ભેળું કરેલું.

૨. સ. ક્રિ. ખણવું; ચોંટી ભરવી.

ખાણાઘર ન. જમવાનો ઓરડો.

ખાણાપાણી સ્ત્રી. ખાણું; જમણ; ભોજન.

ખાણાવળ ન. વીશી; પૈસા આપવાથી તૈયાર રસોઈ મળે તે જગ્યા.

ખાણાવળી જુઓ ખાણાવળ.

ખાણાં ન. બ. વ. ચબોલો; બાળ ઉખાણાં; સવાલ જવાબરૂપે બોલવાની કડીઓ.

ખાણિયા ૧. સ્ત્રી. ઢેઢની એ નામની અટક.

૨. ન. ઢેઢની એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ખાણિયું ૧. ન. કોઠારિયું; અનાજ ભરવાનું ભોંયરું.

૨. ન. ખાણ ખાનાર ગાય કે ભેંસનું ઘી.

૩. ન. ખાંડણિયું; ભાડભૂંજાનું ખાંડવા માટેનું લાકડું અથવા પથ્થર.

૪. ન. ઢોબું; ભેંસ.

૫. ન. સોની લોકોનું રાખ ભેગી કરવાનું ઠેકાણું.

૬. વિ. ખાણ ખાધેલા ઢોરનું.

૭. વિ. ખાણમાં નાખેલું.

૮. વિ. થોડા વખતનું પડતર.

૯. વિ. ભેળું કરેલું.

ખાણિયો ૧. પું. ખનક; બેલદાર; ખાણનો મજૂર.

૨. પું. ખાણનો માલિક.

૩. પું. ખાંડણિયો.

ખાણી ૧. સ્ત્રી. ઉત્પત્તિસ્થાન; મૂળ.

૨. સ્ત્રી. ખાણ; ખાડો.

૩. સ્ત્રી. ખાંડણી.

૪. સ્ત્રી. ભંડાર; રાશિ; નિધિ.

ખાણીપીણી જુઓ ખાણાપાણી.

ખાણુ ૧. [સં. સ્થાણુ] પું. ખીલો; ખૂંટો.

૨. પું. ઝાડનું ઠૂંઠું.

ખાણું ૧. ન. ખાવાનાં દ્રવ્ય; ખોરાક; જમણ.

૨. ન. મરણ પાછળ ખાવાપીવાનો પાળવામાં આવતો શોક.

ખાણું પાળવું = મરણ પાછળ ખાવાપીવાનો શોક રાખવો.

૩. [સં. ખાદન (ખાવું તે)] ન. મોટા માણસને જમવા તેડવું તે; મિજબાની.

૧. ખાણું આપવું–કરવું–દેવું = નોતરીને જમાડવું; ભોજન કરાવવું.

૨. ખાણું ખરાબ થવું = (૧) ખાવેપીવે હેરાન થવું. (૨) પેટનું પૂરું કરવા સાંસાં પડવાં. (૩) રોજી તૂટવી; જે ધંધો, રોજગાર કે કામ ઉપર ગુજરાન ચાલતું હોય તે અટકવું; આજીવિકા બંધ થવી.

૩. ખાણું પકવવું = ખાવાનું રાંધવું.

ખાણુંપીણું ન. ખાવાપીવાની વસ્તુ.

ખાણણાં જુઓ ખાણાં.

ખાણણી સ્ત્રી. ખાંડણી; ખાંડવાનું સાધન.

ખાણણું ન. ખાંડતાં કે દળતાં ગાવાનું ગીત.

ખાણ્ય જુઓ ખાણ.

ખાત ૧. સ્ત્રી. અનાજની ખાણ.

૨. સ્ત્રી. કથન; ઉલ્લેખ; લખાણ; વર્ણન.

૩. સ્ત્રી. ખલ; ખાંડણિયો.

૪. સ્ત્રી. ખાતર; કચરો; ગંદકી.

૫. સ્ત્રી. ખોટું કામ.

૬. સ્ત્રી. છાણ.

૭. સ્ત્રી. મુડદાની ઠાઠડી; નનામી.

૮. સ્ત્રી. સડેલી વસ્તુ.

૯. ન. ખાડો; ગર્ત; ખાઈ.

૧૦. ન. ખોદવું તે; ખોદવાની ક્રિયા.

૧૧. ન. ખોદાઈ; ખોદવાની મજૂરી.

૧૨. ન. નાનું ચોરસ તળાવ.

૧૩. વિ. ખોદેલું; ખણેલું.
૧૪. વિ. તોડેલું; ભાંગેલું; ફાડેલું.

ખાતક ૧. [સં.] ન. ખાઈ; ખાડો.
૨. વિ. ખોદનાર.
૩. વિ. દેવાદાર; દેણદાર.

ખાતફૂડા (ખાતફૂડ઼ા) પું. કચરો.

ખાતગી સ્ત્રી. ખોરાક ખાવો તે; ભોજનની ક્રિયા.

ખાતગુપ્ત [સં.] વિ. ખાઈ વડે રક્ષણ થયેલ; જેની ચોતરફ ખાઈ હોય એવું.

ખાતઘર ન. ભોંયરું; જમીનમાં ખાડો ખોદી બનાવેલું ઘર.

ખાતભૂ ૧. [સં.] સ્ત્રી. ખાઈ; ખાડી; કૂવા જેવો મોટો ખાડો.
૨. સ્ત્રી. ખોદેલી જમીન.

ખાતમા જુઓ ખાતમો.

ખાતમુરત ૧. [સં. ખાતમુહૂર્ત] ન. ઘર, હવેલી અથવા બીજા કોઈ બાંધકામનો પાયો નાખવાની શુભ ક્રિયા; બાંધકામનો પાયો નાખવાનો શુભ અવસર.
૨. ન. બાંધકામનો પાયો નાખતી વખતે કરવામાં આવતી વિધિ.
૩. ન. શરૂઆત.

ખાતમુહૂર્ત જુઓ ખાતમુરત.

ખાતમો ૧. પું. અંત; છેડો.
૨. પું. મરણ; મોત.

ખાતર ૧. સ્ત્રી. આગતાસ્વાગતા; સરભરા; બરદાશ; પરોણાચાકરી.
૨. સ્ત્રી. ગરજ; જરૂર.
૩. સ્ત્રી. તરફદારી; પક્ષ.
૪. સ્ત્રી. દરકાર; સંભાળ.
૫. સ્ત્રી. નજર; દૃષ્ટિ.
૬. સ્ત્રી. નિશ્ચય; ઠરાવ.
૭. સ્ત્રી. શરમ.
૮. ન. ખેતર સુધારવા તેમાં નખાતા છાણ, કાંપ, લીંડી વગેરે પદાર્થ કે તેવો બીજો રસાયણી પદાર્થ. તેથી જમીનમાં કસ આવે અને વાવેતર સારૂં થાય.
૧. ખાતર ભરવું = ખેતરમાં ખાતર નાખવું.
૨. ગળતિયું ખાતર = જમીનના ખાડામાં કે વરસાદના પાણીથી છાણ, મૂત્ર, કડબનો કૂચો વગેરે સડી બનતું ખાતર.
૯. ન. ચોરી; લૂંટ.
૧. ખાતર ઉપર દીવો = દાઝ્યા ઉપર ડામ.
૨. ખાતર પાડવું = ચોરી કરવી; ઘર ફાડવું.
૧૦. ન. ચોરે ભીંતમાં પાડેલું બાકોરૂં.
૧૧. અ. વાસ્તે; કાજે; માટે.

ખાતરજમા ૧. સ્ત્રી. બેફિકર રહેવું તે; નિરાંત.
૨. સ્ત્રી. મનનું સમાધાન; શંકા નિર્મૂળ કરવી તે.
૩. સ્ત્રી. સંતોષ.
૪. સ્ત્રી. સંતોષ આપનાર વસ્તુ.
૫. સ્ત્રી. સાબિતી; ખાતરી.
૬. ન. કચરોપૂંજો એકઠો કરવો તે.

ખાતરડું (ખાતરડ઼ું) જુઓ ખાતર ૮.

ખાતરણી ૧. સ્ત્રી. ગાડાના કઠોડામાં મૂકવાની સાંઠી; વાંસની ગૂંથેલી પાંજરી; છાણાં અથવા ગાડામાં ભરેલી વસ્તુ પડી ન જાય તે માટે ગાડાની કિનારે કરેલી આડ; કડતલું.
૨. સ્ત્રી. છાણાં ભરેલી ગાડી.

ખાતરતસલ્લી સ્ત્રી. સમાધાન; સમજાવી આપવું તે.

ખાતરદાર ૧. વિ. ખાતરી લાયક; ભરોસાપાત્ર; વિશ્વાસુ; તરફદાર.
૨. વિ. ચાકરી બરદાશ કરે એવું.

ખાતરદારી ૧. સ્ત્રી. જામીનગીરી.
૨. સ્ત્રી. તરફદારી; પક્ષ; પક્ષપાત.
૩. સ્ત્રી. માનઅદબ; મર્યાદા.
૪. સ્ત્રી. શરમ; દરકાર.
૫. સ્ત્રી. સરભરા; બરદાશ; સેવાચાકરી.

ખાતરદાસ્ત ૧. સ્ત્રી. ઇચ્છા; મરજી.
૨. સ્ત્રી. ખાતરજમા; સમાધાન.
૩. સ્ત્રી. ખાતરી; સાબિતી.

ખાતરનિશા જુઓ ખાતરજમા.

ખાતરપડો (ખાતરપડ઼ો) પું. ખાતર પાડનાર માણસ; ચોર; ઘરફાડુ.

ખાતરપાડુ (ખાતરપાડ઼ુ) જુઓ ખાતરપડો.

ખાતરપાણી ન. જરૂરની વસ્તુ; જરૂરનું સાધન.

ખાતરપૂંજો પું. ઘાસ, છાણ, વાસીદું વગેરે કચરો; છાણવાસીદું; ખાતરના કામમાં આવે એવો કચરો.

ખાતરબરદાશ સ્ત્રી. આગતાસ્વાગતા; સરભરા; આતિથેય; પરોણાગત.

ખાતરબરદાસ જુઓ ખાતરબરદાશ.

ખાતરવાડો (ખાતરવાડ઼ો) પું. સારૂં કસદાર ખેતર; ખાતર પૂરેલું ખેતર.

ખાતરવું ૧. સ. ક્રિ. ખાતરવાળું કરવું; જમીનમાં ખાતર નાખવું.
૨. સ. ક્રિ. ગાળ દેવી; અપશબ્દ કહેવા.

ખાતરા ૧. સ્ત્રી. કણબીની એ નામની અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ખાતરાળ વિ. ખાતર નાખેલ.

ખાતરિયું [સં. ખન્ (ખોદવું)] ન. ખાતર પાડવાનું ઓજાર; ભીંત કોચવાનું ચોરનું ઓજાર; ગણેશિયો.

ખાતરિયો ૧. પું. ખાતર કાઢનાર માણસ.
૨. પું. ચોરને ખાતર પાડવામાં ઉપયોગી ઓજાર; ગણેશિયો.
૩. પું. ભૂવો; ભૂત પ્રેત કાઢવાની તાંત્રિક વિદ્યા જાણનાર માણસ; મેલી વિદ્યામાં નિપુણ માણસ.

ખાતરી ૧. પું. ચોર.
૨. [ફા. ખાતર (હૃદય)] સ્ત્રી. ઇતબાર; વિશ્વાસ; પતીજ; ભરોસો.
૩. સ્ત્રી. નિઃશંકપણું.
૪. સ્ત્રી. સાબિતી; પ્રમાણ.

ખાતરીદાયક વિ. ખાતરી આપે એવું; ભરોસો આપે એવું; વિશ્વાસ ઉપજાવનારૂં.

ખાતરીદાર વિ. ખાતરીવાળું; જેને માટે ખાતરી હોય એવું; વિશ્વાસુ.

ખાતરીપૂર્વક અ. ખાતરી આપીને; ચોક્સ; ખાતરીબંધ; ખાતરી સાથે.

ખાતરીબંધ જુઓ ખાતરીપૂર્વક.

ખાતરૂ પું. ખાતર નાખવા માટે કરી રાખેલો ખાડો.

ખાતરૂં ૧. ન. નાની નદી; વહેળો; નાળું.
૨. ન. બુરાઈ ગયેલી વાવ; બાંધ્યા વગરનો પહોળો અને પડી ગયેલો કૂવો.

ખાતરેલ વિ. ખાતર નાખેલ.

ખાતરો પું. વહેળો.

ખાતરોડ (ખાતરોડ઼) સ્ત્રી. સારી રીતે ખાતર પૂરેલું હોય તેવી જમીન.

ખાતલ વિ. ખાય એટલી કમાણી આપે એવું.

ખાતલપીતલ ૧. વિ. ખાનાર પીનાર.
૨. વિ. ઠીક ઠીક ગુજરાનનાં સાધનવાળું; ખાતુંપીતું.

ખાતવ્યવહાર [સં.] પું. તળાવ વગેરે ઊંડી જગ્યાનું ક્ષેત્રફળ જાણવા સંબંધી ગણિત; ખોદાણ સંબંધી પરિમાણ; ખાતસિદ્ધિ.

ખાતસિદ્ધિ જુઓ ખાતવ્યવહાર.

ખાતા ૧. [હિં.] પું. ખાવાની ક્રિયા; ભોજન.
૨. પું. રોજના હિસાબનો ચોપડો.
૩. પું. વખાર.
૪. પું. હિસાબ.
૧. ખાતે પડવું = ખાતાવહીમાં ખતવાઈ જવું.

૨. ખાતે બાકી = (૧) પુરાંત. (૨) લેણી રકમ.

૩. ગાલ ખાતા = પૈસા ન મળી શકે એવું ખાતું.

૫. [સં.] સ્ત્રી. નાનું તળાવ.

૬. વિ. ખર્ચાળ.

ખાતાઈ વિ. ચીનનું; ચીન સંબંધી.

ખાતાડ (ખાતાડ઼) પું. ખાતર નાખવાનો ખાડો.

ખાતાદાર પું. ભૂમિધારક; કબ્જાદાર; ભૂમિભોક્તા.

ખાતાધીશ પું. ખાતાનો મુખ્ય અધિકારી.

ખાતાધ્યક્ષ જુઓ ખાતાધીશ.

ખાતાબંદી [હિં.] સ્ત્રી. આસામીવાર હિસાબની તારીજ.

ખાતાબંધી સ્ત્રી. અમુક ખેડૂતે અમુક જમીનની આટલી મહેસૂલ આપવી જોઈએ એવી વસૂલાતી ખાતાની ગોઠવણ; અક્કેક ખેડૂતને અમુક માપની જમીન તેને નામે ચડાવી આપી તેનું અમુક ભાડું ભરવા ખાતું પાડેલી ચોપડી આપવાની મહેસૂલી રચના; જમીનમહેસૂલની રૈયતવારી પદ્ધતિ.

ખાતાબાકી સ્ત્રી. ખાતામાં જમા ઉધાર થઈ ગયા પછી જે બાકી રહેલું હોય તે; જમા ઉધાર બાદબાકી કરતાં બાકી રહેલ રકમ.

ખાતાબાડી (ખાતાબાડ઼ી) [હિં.] સ્ત્રી. કોઠાર.

ખાતારોકડ (ખાતારોકડ઼) પું. રોકડમેળ; રોકડા હિસાબનો મેળ.

ખાતાવની [હિં.] સ્ત્રી. ચોપડો.

ખાતાવહી સ્ત્રી. રોજમેળમાં જુદે જુદે નામે જમા ઉધાર થયું હોય તે તે નામનાં જુદાં જુદાં ખાતાં પાડીને લખવા માટે રાખેલ ચોપડો; આસામીવાર ખાતાનો ચોપડો; ખાતાવાર હિસાબ નોંધવાનો ચોપડો.

ખાતાવાર અ. એક એક ખાતું પાડ્યું હોય તેમ; ખાતા દીઠ.

ખાતાસુખડી (ખાતાસુખડ઼ી) સ્ત્રી. દરેક ખાતેદાર દીઠ લેવામાં આવતો કર.

ખાતાં ૧. ન. બ. વ. ખાતાવહી.

૨. ન. બ. વ. ભાગ.

૩. ન. બ. વ. રોજમેળ.

૪. ન. બ. વ. હિસાબ.

ખાતાંપીતાં અ. ગુજરાન કરતાં; આજીવિકા ચલાવતાં.

ખાતાંપોતાં ૧. ન. બ. વ. લેણદેણની ચોપડીઓ.

૨. ન. બ. વ. હિસાબકિતાબ; લેવડદેવડ.

ખાતાં વેંત અ. ખાઈને તરત.

ખાતિ [સં.] સ્ત્રી. ખોદવું તે.

ખાતિકા [સં.] સ્ત્રી. ખાઈ; નગરને ફરતી ખાઈ.

ખાતિફ (ખ઼ાતિફ઼) ૧. [અ.] વિ. ખસેડનાર.

૨. વિ. પકડનાર.

ખાતિબ (ખ઼ાતિબ) ૧. [અ.] પું. ઉપદેશક.

૨. પું. જાહેર ભાષણ કરનાર.

ખાતિમ (ખ઼ાતિમ) ૧. [અ.] સ્ત્રી. આંગળી ઉપર પહેરવાની વીંટી; મહોર.

૨. ન. અંત.

૩. વિ. અંત લાવે તેવું.

ખાતિમા (ખ઼ાતિમા) ૧. [અ.] પું. અંત; આખર; છેડો.

૨. પું. મોત; મરણ.

ખાતિમાબંદી ૧. સ્ત્રી. એક જાતની કારીગરી.

૨. સ્ત્રી. છાપરાની છત.

ખાતિર (ખ઼ાતિર) ૧. [અ.] સ્ત્રી. આનંદ.

૨. સ્ત્રી. ઇચ્છા.

૩. સ્ત્રી. મહેરબાની.

૪. સ્ત્રી. માન; મરતબો.

૫. સ્ત્રી. લાગણી.

૬. સ્ત્રી. વિશ્વાસ; ખાતરી; ભરોસો.

૭. સ્ત્રી. સન્માન; આદર.

૮. સ્ત્રી. હૃદય; દિલ; મન.

૯. અ. વાસ્તે; માટે; કારણે; સબબ.

ખાતિરખાહ (ખ઼ાતિરખ઼ાહ) ૧. વિ. ઇચ્છાને અનુકૂળ આવતું.

૨. અ. આનંદ પ્રમાણે.

ખાતિરજમા ૧. સ્ત્રી. નિવૃત્તિ; શાંતિ.

૨. સ્ત્રી. સંતોષ.

ખાતિરજમે ૧. સ્ત્રી. ખાતરી.

૨. સ્ત્રી. સંતોષ.

૩. વિ. સંતોષી.

ખાતિરદારી ૧. [ફા.] સ્ત્રી. આરામ; સંતોષ.

૨. સ્ત્રી. સત્કાર; મહેમાનદારી.

૩. સ્ત્રી. સન્માન; આદર.

ખાતિરદાશ્ત ૧. સ્ત્રી. દિલ.

૨. સ્ત્રી. ધ્યાન.

ખાતિરન ૧. અ. ઇચ્છાપૂર્વક.

૨. અ. કોઈની ખાતર.

૩. અ. મહેરબાની બદલ.

૪. અ. મોઢે.

ખાતી ૧. [હિં.] પું. સુતાર.

૨. સ્ત્રી. ખોદેલી જમીન.

૩. સ્ત્રી. જમીન ખોદનારી લોકોની એક જાતિ.

ખાતું ૧. ન. એક જ જણના નામનો જમા ઉધારનો હિસાબ; લેણદેણનો હિસાબ; આસામીવાર અથવા આવક ખર્ચની જાતવાર જમા ઉધારનો હિસાબ; ખાતાવહીમાં દરેક આસામીવાર જુદો જુદો પાડેલો જમા ઉધારનો હિસાબ.

૧. ખાતા ઉપર સહી કરવી = હિસાબના સાચાપણાની ખાતરી બદલ સહી કરવી; હિસાબ તપાસી જવો અને ખાતરી કરવી.

૨. ખાતું ઉડાવવું = હિસાબ બંધ કરવો.

૩. ખાતું ખોલવું = (૧) નવો સંબંધ સ્થાપવો; નવો વહેવાર કરવો. (૨) હિસાબ શરૂ કરવો.

૪. ખાતું ચલાવવું = હિસાબ રાખવો; લેવડદેવડ રાખવી.

૫. ખાતું ચાલવું = લેવડદેવડ હોવી.

૬. ખાતું ચુકાવવું–ચૂકતું કરવું = (૧) કરજ પતાવવું. (૨) લેવડદેવડ બંધ કરવી. (૩) હિસાબમાં નીકળેલી બાકી રકમ આપી ખાતું માંડી વાળવું.

૭. ખાતું પડાવવું–પડાવી લેવું = લેણા માટે દેવાદારની સહી લેવી.

૮. ખાતું પાડવું–માંડવું = ચોપડામાં નવેસરથી હિસાબ લખવો; હિસાબ ઉઘાડવો.

૯. ખાતું પાડી આપવું = દેવું કબૂલ છે એમ જણાવવા હિસાબ ઉપર સહી કરી આપવી.

૧૦. ખાતું બરાબર કરવું = હિસાબ ચોખ્ખો કરવો.

૧૧. ખાતું બંધ કરવું = પૈસા ઉછીના આપવા કે ધીરધાર કરવા ના કહેવી.

૧૨. ખાતું મંડાઈ–મંડામણી = હિસાબ ઉપાડતી વખતે દેણદારે પ્રથમ આપવી પડતી પાઘડી; નાણું ધીરવા માટે આપવામાં આવતી બક્ષિશ.

૧૩. ખાતું માંડી વાળવું = (૧) નુકસાની ખાતે કોઈ રકમ માંડી વાળવી. (૨) લેવડદેવડ બંધ કરવી.

૧૪. ખાતું સરભર કરવું = જમા ઉધારના બંને સરવાળા બરોબર કરવા; ચૂકતે કરવું.

૨. ન. કામ; ધંધો; વિષય.

૩. ન. પ્રકરણ.

૪. ન. બાબત.

૫. ન. મોટો વહીવટ ચલાવવાને માટે જુદાં જુદાં કામકાજની જુદી જુદી ગોઠવણ; કામકાજની વહેંચણ.

૬. ન. લેણદેણનો હિસાબ; લેણાદેણીનું લખાણ.

૭. ન. હિસાબ; નામું.

ખાતુંપત્રું ૧. ન. લેણદેણના હિસાબની લખાવટ.

૨. ન. હિસાબ; લેવડદેવડ.

ખાતુંપીતું ૧. વિ. સારી પેઠે ગુજરાન કરી શકતું હોય તેવું; ખાવાપીવાની ચિંતા ન હોય એવું; સાધનવાળું; સુખી.
૨. વિ. સ્વસ્થ; નીરોગી.

ખાતૂન (ખ઼ાતૂન) [તુ.] સ્ત્રી. આબરૂદાર સ્ત્રી; મોટા ઘરની સ્ત્રી; બેગમ.

ખાતૂને જન્નત (ખ઼ાતૂને જન્નત) ૧. સ્ત્રી. એક ઇલ્કાબ. મહમ્મદની દીકરી ફાતિમાને આ ઇલ્કાબ આપવામાં આવેલો હતો.
૨. સ્ત્રી. સ્વર્ગની રાણી.

ખાતે અ. હિસાબે; નામે; નામ ઉપર.

ખાતેડિયું (ખાતેડ઼િયું) ન. ઢોર માટે ખાણ બાફવાનું માટલું.

ખાતેદાર ૧. પું. ખાતાવાળો ગ્રાહક અથવા ઘરાક.
૨. પું. જમાબંદીનો ખાતાવાળો ખેડુ.
૩. પું. દરબારી જમીનનો માલિક.
૪. પું. સરકારના મહેસૂલી કે ખાનગી ચોપડે ખાતાવાળો.

ખાતેમ (ખ઼ાતેમ) પું. ચોપડીનો છેલ્લો ભાગ.

ખાતેવહી સ્ત્રી. આસામીવાર ખાતાનો ચોપડો.

ખાતોચ્છ્રિત ન. ભોંયરાં ઉપર ચણાવેલ ઘર.

ખાત્ત [સં. ક્ષાત્ર] ન. ખાતર.

ખાત્મા (ખ઼ાત્મા) ૧. સ્ત્રી. અંત; સમાપ્તિ; છેડો.
૨. સ્ત્રી. ઝભ્ભો; ડગલો.
૩. સ્ત્રી. મૃત્યુ.

ખાત્ર ૧. [સં.] ન. કોદાળી.
૨. ન. ખાતર.
૩. ન. જંગલ; અરણ્ય.
૪. ન. ત્રાસ; ભય.
૫. ન. દોરો; સૂતળી.
૬. ન. નાનું તળાવ.
૭. ન. પાવડો.

ખાત્રપાડુ (ખાત્રપાડ઼ુ) વિ. પું. ખાતર પાડનાર; ચોર.

ખાત્રી ૧. સ્ત્રી. ખાતરી; પતીજ; ભરોંસો.
૨. સ્ત્રી. જામીનગીરી; હામી.
૩. સ્ત્રી. નિશ્ચય.
૪. સ્ત્રી. વણુકરની એક જાત.
૫. સ્ત્રી. સંતોષ.
૬. અ. નક્કી; જરૂર.

ખાત્રીદાયક વિ. ખાતરી આપે એવું; ભરોંસો આપે એવું; વિશ્વાસ ઉપજાવનારૂં.

ખાત્રીદાર વિ. ખાતરીદાર; વિશ્વાસવાળું; વિશ્વાસપાત્ર.

ખાત્રીપત્ર ન. પ્રમાણપત્ર; સર્ટિફિકેટ.

ખાત્રીપત્રક જુઓ ખાત્રીપત્ર.

ખાત્રીપૂર્વક અ. ખાતરી આપીને; ચોકસ; અલબત્ત; બેશક.

ખાત્રીબંધ જુઓ ખાત્રીપૂર્વક.

ખાત્રીભર્યું વિ. ચોકસ; નક્કી.

ખાત્રીલાયક વિ. ખાતરી પડે એવું; વિશ્વાસપાત્ર; ભરોંસાપાત્ર.

ખાત્રોજા ૧. સ્ત્રી. બ્રાહ્મણની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ખાદ્ ૧. [સં.] સ. ક્રિ. ખવડાવવું.
૨. સ. ક્રિ. ખાવું.
૩. સ. ક્રિ. ફાડી ખાવું.
૪. સ. ક્રિ. શિકાર કરવો.

ખાદ ૧. [સં. ખાદ્ (ખાવું)] પું. ખાવા લાયક પદાર્થ.
૨. સ્ત્રી. ખલેલ; ધક્કો.
૩. [હિં.] સ્ત્રી. ખાડી.
૪. સ્ત્રી. ખાડો.
૫. સ્ત્રી. ખાધ; તોટો; તંગી.
૬. સ્ત્રી. ખામી.
૭. સ્ત્રી. ખોડ; ખાંપણ; દોષ; એબ.
૮. સ્ત્રી. ખોરાક માટે ખેડૂતને ધીરવામાં આવતી રકમ.
૯. સ્ત્રી. ગરુડ પક્ષી.
૧૦. સ્ત્રી. નુકસાનનો બદલો.
૧૧. સ્ત્રી. બાજ પક્ષી.
૧૨. સ્ત્રી. બાદ કરવું તે.
૧૩. સ્ત્રી. ભૂખ; ખાવાની રુચિ.
૧૪. સ્ત્રી. લાંચ; રૂશ્વત.
૧૫. સ્ત્રી. સમડી.
૧૬. સ્ત્રી. સુકાયેલા છાણનો ટુકડો.
૧૭. ન. સડેલી વસ્તુ.

ખાદક ૧. સ્ત્રી. કોઈ ધાતુની ભસ્મ.
૨. વિ. ખાનાર; ભક્ષણ કરનાર.
૩. વિ. દેવાદાર.

ખાદકૂપ પું. જનાવર માટે ઘાસનો સંગ્રહ કરવા બનાવેલી હવા ન જઈ શકે તેવી કોઠી.

ખાદન ૧. [સં. ખાદ્] ન. ખાવું તે; ભક્ષણ.
૨. ન. ખોરાક.
૩. ન. દાંત.

ખાદનકોષ્ઠક ન. ગમાણ.

ખાદનીય [સં.] વિ. ખાવા યોગ્ય; ખાદ્ય; ભક્ષણીય.

ખાદબીજ ન. ખોરાક તેમ જ બી માટે ખેડૂતને ધીરવામાં આવતી રકમ.

ખાદમ (ખ઼ાદમ) ૧. [અ. ખાદિમ] પું. ચાકર; નોકર.
૨. પું. પૂજારી.

ખાદર ૧. [હિં.] સ્ત્રી. ઊંચી સપાટીમાંથી મોરી મારફત ખાતરવાળી નીચી જમીનને પાણીથી તૃપ્ત કરવી તે.
૨. સ્ત્રી. ખાદી; પાણકોરૂં.
૩. સ્ત્રી. (હિંદી) ચોખાના પાક માટે ઉપયોગી નીચી અને કાંપવાળી જમીન.

ખાદાડ (ખાદાડ઼) વિ. પુષ્કળ ખાનાર; ખાઉધર; ખાધાગળું.

ખાદિકા ૧. સ્ત્રી. ખાનાર સ્ત્રી.
૨. વિ. કરજદાર; દેવાદાર.

ખાદિત ૧. [સં. ખાદ્] વિ. ખાધેલું; ભક્ષણ કરેલું.
૨. વિ. ખવરાવેલું; ભક્ષણ કરાવેલું.

ખાદિતવ્ય [સં.] વિ. ખાવા યોગ્ય; ભક્ષણ કરવા યોગ્ય.

ખાદિત્ય [સં. ખ (આકાશ) + આદિત્ય (સૂર્ય)] પું. આકાશનો સૂર્ય.

ખાદિમ (ખ઼ાદિમ) ૧. [અ. ખદમ (તેણે સેવા કરી)] પું. નોકર; ચાકર; સેવક.
૨. પું. પૂજારી.
૩. પું. મસ્જિદ અથવા મકરબાની સંભાળ રાખનાર કે રક્ષક.
૪. પું. મેવો.
૫. પું. (જૈન) સુખડી.

ખાદિમા (ખ઼ાદિમા) [અ. ખદમ (તેણે સેવા કરી)] સ્ત્રી. નોકર; દાસી; વડારણ.

ખાદિમાન (ખ઼ાદિમાન) પું. કબર, મસ્જિદ વગેરેની સંભાળ લેનાર નોકર.

ખાદિમી (ખ઼ાદિમી) ૧. [અ.] સ્ત્રી. ધર્માધિકારીની પદવી.
૨. સ્ત્રી. નોકરી.

ખાદિર ૧. પું. ખેરસાર.
૨. [સં. ખદિર] વિ. ખેરના ઝાડથી ઉત્પન્ન થયેલું; ખેરના ઝાડનું.

ખાદિરગૃહ્યસૂત્ર ન. એ નામનું સૂત્ર.

ખાદિરસાર [સં.] પું. ખેરસાર; ખેરી ગુંદર.

ખાદિરાદિગુટિકા સ્ત્રી. એ નામની એક ઔષધિ. તે બનાવવા ખાદિર રસ, ઈરિમેડા, લવંગ, કંકોળ, જાતિફળ, જાતિપત્ર અને કપૂર વપરાય છે. તે સંકોચક, જંતુઘ્ન અને જ્ઞાનતંતુને જડ

ખનાવનાર છે. તે મોઢાની દુર્ગંધ, દાંત તથા ગળાનો દુખાવો વગેરેમાં અપાય છે.

ખાદિરિ ન. પ્રાચીન હિંદનું એક શહેર.

ખાદી ૧. પું. ઊંચી સપાટીમાંથી મોરી વાટે નીચી સારી ખાતરવાળી જમીનને પાણીથી તૃપ્તિ કરવી તે.
૨. પું. ખજાનો.
૩. પું. જમીન નીચેનો કોઠાર.
૪. પું. જાડા સૂતરનું કાપડ; હાથે કાંતેલા સૂતરનું હાથે વણેલું કાપડ; પાણકોરું.
૫. પું. ઢગલો; ભંડાર.
૬. પું. બરફનો ખાડો.
૭. વિ. રક્ષક.
૮. વિ. શત્રુનો નાશ કરનાર.
૯. વિ. સ્ત્રી. કડવી.

ખાદીકેંદ્ર ન. ખાદી કામ કરનારૂં મથક.

ખાદીક્ષેત્ર ન. ખાદીની પ્રવૃત્તિ માટે યોગ્ય મથક.

ખાદીગાદી ૧. સ્ત્રી. ખાદીની ગાદી.
૨. સ્ત્રી. ખાદીની મહત્તા.
૩. સ્ત્રી. ખાદીનું મહેનતાણું.

ખાદીઘેલું વિ. ખાદી પાછળ ગાંડું; ખાદી માટે અતિ પ્રેમી.

ખાદીધારી વિ. ખાદી પહેરનાર.

ખાદીપરિધાન ન. ખાદી પહેરવી તે.

ખાદીપ્રચાર પું. ખાદીનો ફેલાવો; ખાદીની વપરાશ ફેલાવવી તે.

ખાદીપ્રવૃત્તિ સ્ત્રી. ખાદીના ફેલાવાને માટે કરવામાં આવતું કામકાજ.

ખાદીફેરી સ્ત્રી. ખાદી વેચવા માટે ફરવું તે; ખાદી વેચવા નીકળવું તે.

ખાદીભંડાર પું. ખાદ્યાલય; ખાદીગૃહ; ખાદીની દુકાન.

ખાદીવાદી પું. ખાદીના ધ્યેયમાં શ્રેય માનનાર; ખાદી વાપરવાના સિદ્ધાંતને માનનાર.

ખાદીશાળા સ્ત્રી. ખાદી ઉત્પન્ન કરવાનું મુખ્ય મથક.

ખાદીસજ્જ વિ. ખાદીનો પોશાક પહેરેલું; ખાદીધારી.

ખાદીસેવક પું. ખાદીનું કામ કરનાર સેવક.

ખાદુક ૧. [સં.] વિ. ખાઉધરૂં.
૨. વિ. તોફાની.
૩. વિ. નુકસાનકારક.
૪. વિ. મૂર્ખ.
૫. વિ. હિંસક; હિંસા કરવાના સ્વભાવવાળું.

ખાદ્ય ૧. [સં.] ન. ખાવાનો પદાર્થ; ખાવાનું તે.
૨. વિ. ખાવા યોગ્ય; ખવાય એવું.

ખાદ્યપ્રાણ પું. જીવનસત્ત્વ; વિટામિન્સ.

ખાદ્યાખાદ્ય [સં. ખાદ્ય (ખાવા જેવું) + અ (નહિ) + ખાદ્ય (ખાવા લાયક)] વિ. ખાવા યોગ્ય અને નહિ ખાવા યોગ્ય.

ખાદ્યાર્પણ ૧. ન. ખોરાક અર્પણ કરવો તે.
૨. ન. યહૂદીઓ પોતાની પેદાશના પ્રથમ ફળમાંથી મુસાના નિયમશાસ્ત્ર પ્રમાણે યાજક આગળ જે અર્પણ કરે તે.

ખાધ ૧. [સં. ખાદ્] સ્ત્રી. આહાર; ખોરાક.
૨. સ્ત્રી. ખલેલ; ધક્કો.
૩. સ્ત્રી. ખોટ; નુકસાન.
૪. સ્ત્રી. ખોડ; ખાંપણ; ખામી.
૫. સ્ત્રી. દોષ; એબ.
૬. સ્ત્રી. નુકસાનીનો બદલો; અવેજ.
૭. સ્ત્રી. ભૂખ; તંગી.

ખાધખોરાકી ૧. સ્ત્રી. આજીવિકા; ગુજરાન.
૨. સ્ત્રી. ખાદ્ય પદાર્થ; ખાવાનું તે.
૩. સ્ત્રી. ભરણપોષણ માટે જરૂરી રકમ; ખાધાખોરાકી.

ખાધરાપણું ન. અકરાંતિયાપણું.

ખાધરિયાગોત્ર ન. (જૈન) એ નામનું એક ગોત્ર.

ખાધરું વિ. ખાઉધરું; ખાઉં ખાઉં કરનારું.

ખાધરો ૧. પું. ઊંડો ખાડો.
૨. પું. નુકસાન.
૩. વિ. પું. ખાઉધરો; પુષ્કળ ખાનાર; ખાઉં ખાઉં કરનારો.

ખાધલ વિ. ખાધેલું.

ખાધાખરચ પું. ખોરાકીનો ખરચ; ભરણપોષણ માટે જરૂરી રકમ.

ખાધાખર્ચ જુઓ ખાધાખરચ.

ખાધાખાઈ સ્ત્રી. ખાધાખોરાકી; ખાવાપીવાનું ખર્ચ; ખાધાખરચ.

ખાધાખાધ ૧. વિ. ખાવા જેવું અને ન ખાવા જેવું.
૨. અ. જરૂરી કે બિનજરૂરી ખાવાનું ચાલુ રહે તેમ.

ખાધાખુવાર વિ. ખાય પણ કામ ન કરે એવું.

ખાધાખોરાક પું. ખાવાનો ખોરાક; ખાવાનો પદાર્થ.

ખાધાખોરાકી ૧. સ્ત્રી. ખાવાનું તે; ખાદ્ય પદાર્થ.
૨. સ્ત્રી. ભરણપોષણ; આજીવિકા.
૩. સ્ત્રી. ભરણપોષણ માટે જરૂરી રકમ; ખાધાખરચ.

ખાધાગળો ૧. [ખાવું + ગળવું (ગળી જવું)] પું. ખાઉધરાવેડા; ખાઉકણપણું; ભૂખાળવાપણું.
૨. પું. વારંવાર સારૂં સારૂં ખાવાનો ભાવ.

ખાધાડ (ખાધાડ઼) ૧. વિ. બહાદુર.
૨. વિ. મરણિયું.

ખાધાવેધ ૧. [ખાવું + વિધ્ (ભોંકવું)] સ્ત્રી. અદાવત; શત્રુવટ; વેર; દુશ્મનાવટ.
૨. સ્ત્રી. એકબીજાનું ભૂંડું કરવું તે.
૩. સ્ત્રી. ડખો; ગોકીરો; વાદ.

ખાધાળું ૧. વિ. ખાઉધર; ખાતાં ન ધરાય એવું.
૨. વિ. ખાધવાળું; નુકસાનીવાળું.
૩. વિ. ખામીવાળું; દોષયુક્ત; એબદાર; ખોડખાપણવાળું.

ખાધું સ. ક્રિ. ખાવુંનું ભૂતકાળ.

ખાધેલ ૧. વિ. જેણે ખાધું હોય તેવું; ખાધેલું.
૨. વિ. ખાવામાં આવ્યું હોય એવું; ખવાયેલું.
૩. વિ. સુખી.

ખાધેલપીધેલ ૧. વિ. તંદુરસ્ત; દોંગું; જાડું; માતેલું; આરોગ્ય; હૃષ્ટપુષ્ટ.
૨. વિ. સારી સ્થિતિનું; ખાધેપીધે સુખી.

ખાધેલું જુઓ ખાધેલ.

ખાધોડ (ખાધોડ઼) જુઓ ખાધોડકું.

ખાધોડકું (ખાધોડ઼કું) ૧. વિ. ખાતાં ન ધરાય તેવું; ખા ખા કરનારૂં.
૨. વિ. ખાવા ઉપર બહુ આસક્તિ રાખનાર.
૩. વિ. સારૂં સારૂં ખાવાની લોલુપતાવાળું.

ખાધ્ય સ્ત્રી. નુકસાન; ખોટ.

ખાન (ખ઼ાન) ૧. પું. અમુક ગામડાંનો ઉપરી.
૨. પું. (જરથોસ્તી) આતશ બહેરામમાં વાસણ મૂકવા માટેનો પથ્થરનો ઓટલો.
૩. પું. ખાણ.
૪. પું. ખાનદેશ.
૫. પું. ખાવું તે; ભક્ષણ.
૬. પું. ખૂમચો.
૭. પું. પખવાડિયાનો અમુક દિવસ.
૮. પું. માળ.
૯. પું. મોટો માણસ; મોટો અમલદાર.
૧૦. પું. લશ્કરી અમલદારનો એ નામનો એક દરજ્જો; સરદાર.
૧૧. પું. શાહજાદા, અમીર, ગૃહસ્થ વગેરેને અપાતું મુસલમાની ઉપનામ.
૧૨. સ્ત્રી. પઠાણ તથા મકરાણીની એ નામની અટક.

૧૩. સ્ત્રી. મૂળ.
૧૪. ન. આકાશ.
૧૫. ન. ઈજ્જત.
૧૬. ન. એ નામની અટકનું માણસ.
૧૭. ન. ખાવાની ક્રિયા; ભોજન.
૧૮. ન. ખોદવું તે.
૧૯. ન. ભોજન કરવાની રીત; આચાર.
૨૦. ન. વહાણનું ખોખું.
૨૧. ન. હવા.
૨૨. ન. હિંસા.
૨૩. વિ. એ નામની અટકનું.
૨૪. [ફા. ખાન્દન (ભણવું)] વિ. કાબેલ; કુશળ; જાણનાર; ખાં.

ખાન આબાદ પું. પ્રણામ.

ખાનઈ સ્ત્રી. હઠ.

ખાનક [સં. ખન્ (ખોદવું)] પું. ખાણ ખોદનાર માણસ.

ખાનકા [હિં.] વિ. ખનિજ; જમીનમાંથી ખોદેલું.

ખાનકાહ [ફા.] સ્ત્રી. મઠ; ફકીરને રહેવાનું સ્થાન.

ખાનકી ૧. સ્ત્રી. ખાણકી; મોઢું ઘડેલો કાળો પથ્થર. ખાનકીની પાંચ જાત: (૧) ભૂચવાળી એટલે આગળના ભાગમાં ઘડ્યા વિનાના નીકળતા ભાગવાળી. (૨) અણિયાર એટલે ખડબચડા મોઢાવાળી. (૩) પટીવાળી એટલે મોઢાની ચારે બાજુ સાફ ઘડેલી પટી હોય એવી. (૪) રેવણી એટલે ચોરસ ઘડેલી ધારવાળી. (૫) સાફ એટલે મોઢું સાફ ઘડાયેલી.
૨. વિ. છાનું; ખાનગી.

ખાનખવાસ પું. ઊંચી જાતનો ખવાસ; ખવાસ કોમમાં ઊંચી જાતનો માણસ.

ખાનખાના (ખ઼ાનખ઼ાના) જુઓ ખાનખાનાન.

ખાનખાનાન ૧. [તુ. ખાન (ઉપરી) + ખાનાન (ઉપરીઓ)] પું. ખાનોનો પણ ખાન; મુગલ રાજ્યનો એક ઇલકાબ; મુખ્ય પ્રધાન; અમીરોનો સરદાર; બહુ ઊંચા દરજ્જાનો સરદાર.
૨. વિ. મોટા ખાનનો ઇલકાબ ધરાવનાર.

ખાનગાર સ્ત્રી. ધાર્મિક ક્રિયા માટે માટી ખોદી લાવવી તે.

ખાનગાહ જુઓ ખાનકાહ.

ખાનગી ૧. [ફા. ખાન્ગી (ઘરગથ્થુ)] સ્ત્રી. ગુપ્ત વાત; ગુફ્તેગો.
૨. સ્ત્રી. દાસી.
૩. સ્ત્રી. દેશી બેલગાડી.
૪. સ્ત્રી. નાયકા; વેશ્યા.
૫. સ્ત્રી. રાખેલી સ્ત્રી; રખાત.
૬. વિ. અમલ વગરનું; અનધિકારી.
૭. વિ. કૌટુંબિક.
૮. વિ. જાહેર નહિ એવું; છૂપું.
૯. વિ. જ્યાં અમુક સિવાય બીજાનો અવરજવર ન હોય એવું.
૧૦. વિ. પડદેપોશ; ઓઝલમાં રહેનારું.
૧૧. વિ. પાળેલું.
૧૨. વિ. પોતીકું; અંગત.
૧૩. વિ. વાંચેલું કે શીખેલું.
૧૪. વિ. વિજન; એકાંતવાળું.

ખાનગી અટક સ્ત્રી. ખાનગી પહેરો; ખાનગી જાપ્તો.

ખાનગી ઉપયોગ પું. ઘરખપ; કૌટુંબિક વ્યય.

ખાનગી કબજો પું. ખાનગી હવાલો; ખાનગી પહેરો.

ખાનગી કમિટી સ્ત્રી. ગુપ્ત અને અગત્યના વિષય ચર્ચનારી સભા.

ખાનગી કારભારી પું. રહસ્યમંત્રી; અમાત્ય.

ખાનગી જાપ્તો [ફા. ખાનગી + અ. જાબિતા (સંભાળ)] પું. ખાનગી પહેરો; ખાનગી અટક.

ખાનગી ઝઘડો (ખાનગી ઝઘ઼ડો) પું. ઘરકજિયો.

ખાનગીપણું ન. છૂપું રાખવાપણું; છૂપાપણું.

ખાનગી પહેરો પું. ખાનગી જાપ્તો; ખાનગી હવાલો.

ખાનગી બચાવ પું. અંગત બચાવ; આત્મરક્ષણ.

ખાનગી મિલકત સ્ત્રી. પોતાની સંપત્તિ; આત્મીય પૂંજી.

ખાનગી વાપર પું. ઘરખપ; ખાનગી ઉપયોગ.

ખાનગી શિક્ષક પું. ઘર આગળ શિક્ષણ આપનાર શિક્ષક.

ખાનગી હવાલો (ખ઼ાનગી હવાલો) [ફા. ખાનગી + હવાલા (કબજો)] પું. ખાનગી જાપ્તો; ખાનગી કબજો.

ખાનચા (ખ઼ાનચા) ૧. [ફા.] પું. ખાણાનું નાનું મેજ.
૨. પું. પૈસા માટેની નાની પેટી.

ખાનઝાદી (ખ઼ાનઝાદી) ૧. [ફા.] સ્ત્રી અમીરઝાદી; અમીરની પુત્રી.
૨. સ્ત્રી. સારા ઘરની દીકરી.

ખાનઝાદો (ખ઼ાનઝાદો) ૧. [ફા.] પું. અમીરઝાદો; અમીરનો પુત્ર.
૨. પું. કુળવાન ઘરનો માણસ.

ખાનદાન (ખ઼ાનદાન) ૧. [ફા. ખાન (સરદાર) + દાન (વાળું)] પું. વંશ.
૨. ન. પ્રતિષ્ઠિત કુટુંબ; સુકુળ.
ખાનદાને શાહી = રાજવંશ.
૩. ન. સંતાન.
૪. વિ. કુળવાન; સારા ઘરનું.
૫. વિ. ખાનપાન અને પુણ્યદાન વગેરેમાં જેનો વહેવાર સારો હોય એવું; ખવડાવી પિવડાવી બે પૈસા આપી જાણનાર; ઉદાર.
૬. વિ. પ્રતિષ્ઠિત; આબરૂદાર.

ખાનદાનિયત (ખ઼ાનદાનિયત) સ્ત્રી. ખાનદાનીપણું; કુલીનતા.

ખાનદાની (ખ઼ાનદાની) ૧. [ફા. ખાનદાન + ઈ (પણું)] સ્ત્રી. કુલીનતા; ખાનદાનપણું.
૨. સ્ત્રી. પ્રૌઢતા; મોટાઈ; ઔદાર્ય; ઐશ્વર્ય.
૩. સ્ત્રી. સજ્જનતા.
૪. વિ. પેઢી દર પેઢીનું.
૫. વિ. સારા કુટુંબનું; ઊંચા વંશનું.
૧. ખાનદાની ઓરત = સારા ઘરની સ્ત્રી.
૨. ખાનદાની નામ = કુટુંબી નામ.
૩. ખાનદાનીભર્યું = કુલીન.

ખાનદાર (ખ઼ાનદાર) પું. કુટુંબી માણસ; કુટુંબવાળો માણસ.

ખાનદારી (ખ઼ાનદારી) ૧. પું. કુટુંબની વ્યવસ્થા કરનારો માણસ; ઘરકામ કરનારો માણસ.
૨. પું. કુટુંબવાળો માણસ.
૩. સ્ત્રી. કુટુંબવ્યવસ્થા; ગૃહવ્યવસ્થા; ઘરનું કારભારીપણું.

ખાનદેશ પું. મુંબઈ ઇલાકાનો સાતપુડા પર્વતની દક્ષિણનો પ્રદેશ.

ખાનદેશી ૧. સ્ત્રી. એ નામની એક ભાષા.
૨. સ્ત્રી. એક જાતની કેરી.
૩. સ્ત્રી. કપાસિયાની ખાનદેશમાં વવાતી એક જાત.

ખાનપરા ૧. સ્ત્રી. કડવા કણબીની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ખાનપાન ૧. ન. આજીવિકા; ગુજરાન.
૨. ન. ખાવાપીવાની ક્રિયા.
૩. ન. ખાવાપીવાની સામગ્રી.
૪. ન. ભોજન કરવાની રીત.
૫. ન. સંસારસુખ.

ખાનપાનકી ટીટી સ્ત્રી. (કચ્છી) એ નામની એક રમત; મિયાંજીની ઘોડી.

ખાનપોશ (ખ઼ાનપોશ) ૧. પું. ખૂમચો ઢાંકવાનો રૂમાલ.

૨. પું. ટેબલ ઉપરનું કપડું.

ખાન બહાદુર (ખ઼ાન બહાદુર) ૧. પું. મુસલમાન અને પારસી ગૃહસ્થોને આપવામાં આવતો એક ખિતાબ. ખાન સાહેબ કરતાં તે ચડતા દરજ્જાનો ખિતાબ મનાય છે.

૨. વિ. ખાન બહાદુરનો ઇલકાબ ધરાવનાર.

ખાનમ (ખ઼ાનમ) ૧. [તુ.] સ્ત્રી. ખાનનો ઇલકાબ ધરાવનાર સ્ત્રી.

૨. સ્ત્રી. બેગમ; મોટા ઘરની સ્ત્રી.

ખાનમાન પું. ઘરવખરી; ઘરનું રાચરચીલું.

ખાનમાન ખરાબ = નાશ પામેલું; ઉજ્જડ; વેરાન.

ખાનરી સ્ત્રી. કાળા પાણીની આંટ સુધી ચણાતી તખ્તી.

ખાનવાદા ૧. સ્ત્રી. ઘરની મુખ્ય સ્ત્રી.

૨. ન. કુટુંબ.

૩. વિ. ખાનદાન; અમીર કુટુંબનું.

ખાનવીલકર ૧. સ્ત્રી. મરાઠી ક્ષત્રિય જ્ઞાતિની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ખાનસમા પું. ઘરનો કારભારી.

ખાનસમાન જુઓ ખાનસમા.

ખાનસામા (ખ઼ાનસામા) જુઓ ખાનસમા.

ખાનસાલાર (ખ઼ાનસાલાર) પું. અકબરના વખતનો એક અમલદાર.

ખાન સાહેબ (ખ઼ાન સાહેબ) ૧. પું. મુસલમાન અને પારસી ગૃહસ્થોને આપવામાં આવતો એક ખિતાબ.

૨. વિ. ખાન સાહેબનો ઇલકાબ ધરાવનાર.

ખાના (ખ઼ાના) ૧. [ફા.] ન. ખાતું.

૨. ન. ખોખું; ખાનું.

૩. ન. ઘર; મકાન; રહેવાની જગ્યા.

૪. ન. જમણ; ભોજન; ખાણું.

૫. ન. થાળી; ખૂમચો.

૬. ન. ભાગ.

૭. ન. મથાળું.

૮. ન. વર્ગ.

૯. અ. ઠેકાણું બતાવનાર પ્રત્યય.

ખાનાઈ (ખ઼ાનાઈ) ૧. સ્ત્રી. ખાન તરીકે અમલ બજાવવાપણું; ખાનની જેમ સત્તા દાખવવી તે.

૨. સ્ત્રી. ખાનપણું; ખાનનો ઇલકાબ.

૩. સ્ત્રી. ખોજાઓનો એક પંથ.

૪. સ્ત્રી. જોહુકમીપણું; ઉદ્ધતાઈ; જુલમીપણું.

ખાનાખરાબ (ખ઼ાનાખ઼રાબ) ૧. પું. રખડતો દુષ્ટ માણસ.

૨. વિ. ખરાબ; નાશ પામેલું.

૩. વિ. રહેવાને ઠેકાણું કે ઘરબાર ન હોય એવું.

૪. વિ. વિનાશક; નુકસાન કરનાર; સત્યાનાશ વાળનાર.

ખાનાખરાબી (ખ઼ાનાખ઼રાબી) ૧. સ્ત્રી. ખાણાની ખરાબી; ખોરાકમાં બગાડ થવાપણું.

૨. સ્ત્રી. પાયમાલી; સત્યાનાશ; ખુવારી.

ખાનાખુદા (ખ઼ાનાખ઼ુદા) પું. ઘરનો માલિક.

ખાનાજંગ (ખ઼ાનાજંગ) વિ. કજિયાળું; ઝઘડાખોર.

ખાનાજંગી (ખ઼ાનાજંગી) ૧. સ્ત્રી. ઘરકજિયો; કુટુંબકલેશ; માંહોમાંહેની લડાઈ.

૨. સ્ત્રી. બળવો.

૩. સ્ત્રી. રણસંગ્રામ; લડાઈ; યુદ્ધ.

૪. સ્ત્રી. વિરોધ; તકરાર; વાંધો.

ખાનાજાદ (ખ઼ાનાજાદ) ૧. પું. ગુલામનો છોકરો; દાસીપુત્ર; ઘરમાં જન્મેલો અને ઊછરેલો છોકરો.

૨. વિ. ઘરમાં જન્મેલું અને ઊછરેલું.

ખાનાતલાશી (ખ઼ાનાતલાશી) ૧. સ્ત્રી. ઘર તપાસણી; જડતી; ઘરની શોધ.

૨. સ્ત્રી. ઘરની જડતી લેવાનો કાયદાસર લિખિત હુકમ.

ખાનાદાર (ખ઼ાનાદાર) [ફા.] પું. કુટુંબવાળો માણસ.

ખાનાદારી (ખ઼ાનાદારી) ૧. [ફા.] સ્ત્રી. ઘરના માલિક જેવી સ્થિતિ.

૨. સ્ત્રી. વહેવાર સાચવવાની આવડત; ઘરના કારોબારમાં પ્રવીણતા.

ખાનાદોસ્ત (ખ઼ાનાદોસ્ત) વિ. ઘેર રહેવાનું શોખીન.

ખાનાનશીન (ખ઼ાનાનશીન) ૧. [ફા.] પું. ઘેર રહી બેઠો પગાર ખાનાર માણસ.

૨. પું. નોકરી વગરનો માણસ.

ખાનાપીના ૧. ન. ખાવાપીવા માટે જોઈતી સામગ્રી.

૨. ન. ખાવુંપીવું તે; મીજબાની; જમણવાર.

ખાનાપીના ખેરસલ્લા ને ધિંગાણા બોત = ઘરમાં ખાવાપીવાના તાકડા હોય અને ઠઠારો ભારે હોવાપણું.

ખાનાપુરી સ્ત્રી. હદ જણાવવી તે; સરહદ નક્કી કરવાપણું.

ખાનાબદોશ (ખ઼ાનાબદોશ) ૧. [ફા.] પું. ઘર વગરનો રખડતો માણસ.

૨. પું. મુસાફર; યાત્રાળુ.

૩. વિ. રખડતું.

ખાનાબદોશી (ખ઼ાનાબદોશી) [ફા.] સ્ત્રી. બેકાર ઘૂમવું તે; રખડપટ્ટી.

ખાનાબરબાદી (ખ઼ાનાબરબાદી) સ્ત્રી. ઘરનો નાશ; ઘર પાયમાલ થવાપણું.

ખાનાબરંદાઝ (ખ઼ાનાબરંદાઝ) પું. ખરચાળ માણસ.

ખાનાબાદ (ખ઼ાનાબાદ) પું. આશીર્વાદ; આશીષ; દુઆ.

ખાનાબારી (ખ઼ાનાબારી) [ફા.] સ્ત્રી. કુટુંબનું ઘર.

ખાનાવાળી સ્ત્રી. વીશી; પૈસા આપી ખાવાનું મળતું હોય તે સ્થળ.

ખાનાશુમારી (ખ઼ાનાશુમારી) ૧. [ફા.] સ્ત્રી. ઘરગણતરી.

૨. સ્ત્રી. વસતીગણતરી.

ખાનાસુમારી જુઓ ખાનાશુમારી.

ખાનિ ૧. સ્ત્રી. ખાણ; ભંડાર.

૨. સ્ત્રી. ઢગલો.

૩. સ્ત્રી. માળો.

૪. સ્ત્રી. વાસણ; પાત્ર.

ખાનિક ૧. [સં.] ન. કિલ્લામાં ગાબડું પડવું તે.

૨. ન. ભીંતમાં બાકું.

ખાનિકા સ્ત્રી. ખાણ; ભંડાર.

ખાનિલ [સં.] પું. ઘર ફાડનાર માણસ; ચોર.

ખાની જુઓ ખાનિ.

ખાનીચો ૧. પું. ભીખ માગવાની કપડાની ઝોળી; ખડિયો.

૨. પું. મીઠું, મરચું વગેરે ચીજ ખભે નાખી વેચવા જવાનો કોથળો.

ખાનીપીની સ્ત્રી. મીજબાની; ઉજાણી.

ખાનુમત ન. મગધમાં આવેલું એ નામનું ગામ. તેમાં અંબલટ્ઠિકા નામનો બગીચો છે.

ખાતું (ખ઼ાતું) ૧. ન. કોઠો; આસન; પત્રકનું ખાનું; લખાણ કે આંકડા ભરવા માટે કાગળ ઉપર પાડેલો વિભાગ.

૨. ન. ખાણું; ખાવાનું ભોજન; જમણ.

૩. [ફા. ખાના (ઘર)] ન. ઘર; જગ્યા; પડ; ઠેકાણું; મકાન.

૪. ન. ઘરું; કોઈ ચીજ રાખવાની કેસ.

૫. ન. ધર્મનું સ્થાનક; દેવમંદિર.

૬. ન. ભંડાર; સંચયસ્થાન; કોઠાર; કોઠી; નિધિ. જેમકે, દારૂખાનું.

૭. ન. મેજ, ટેબલ કે કબાટનો એક ભાગ; પેટી, કબાટ વગેરેના જુદા જુદા ભાગ.

૮. ન. મોટી જગામાં પાડેલા વિભાગો માંહેનો અક્કેક ખંડ; વિભાગ; ઘરનો ભાગ; ખંડ.

૯. ન. લાકડાના પાણિયારા ઉપર પાણીનું વાસણ રાખવાને કરેલું ચોકઠું.

૧૦. અ. ઠેકાણું બતાવનાર પ્રત્યય. જેમકે, કારખાનું; દવાખાનું.

ખાનુંખરાબ (ખ઼ાનુંખ઼રાબ) ન. ખાવાપીવામાં હેરાનગતિ.

ખાનુંખરાબ થાઓ = ખાવેપીવે હેરાન થાઓ; પાયમાલ થાઓ.

ખા ને શ. પ્ર. લેતો જા.

ખાનેઅંદાજી (ખ઼ાનેઅંદાજી) સ્ત્રી. ખાધાખોરાકીના ખર્ચનો અડસટ્ટો.

ખાનેઆબાદ (ખ઼ાનેઆબાદ) [ફા.] વિ. પૈસાદાર; પૈસેટકે સુખી; સારી સ્થિતિનું; આબાદ; સમૃદ્ધ; ખાવાપીવાની ગોઠવણ ઠીકસર રાખનાર; ખાવેપીવે સુખી.

ખાનેઆબાદી (ખ઼ાનેઆબાદી) [ફા.] સ્ત્રી. પૈસેટકે સુખી હોવાપણું; સારી સ્થિતિ; આબાદી; સમૃદ્ધિ; ઘરનું સુખ.

ખાનેખરાબી (ખ઼ાનેખ઼રાબી) ૧. [ફા.] સ્ત્રી. ખાણુંપીણું ખરાબ કરી નાખવું તે.

૨. સ્ત્રી. બેહદ નુકસાન.

ખાનેયઘમા (ખ઼ાનેયઘમા) ન. તુર્કી લોકોનો લૂટનો ખૂમચો.

ખાનેશરાબ (ખ઼ાનેશરાબ) ન. દારૂખાનું; શરાબખાનું.

ખાનેશુમારી (ખ઼ાનેશુમારી) સ્ત્રી. વસતીગણતરી માટે કરવામાં આવતી ઘરગણતરી.

ખાનોદક ૧. [સં.] પું. નાળિયેર.

૨. ન. નાળિયેરી.

ખાનોમાન (ખ઼ાનોમાન) [ફા.] ન. ઘરનું રાચરચીલું.

ખાન્કા (ખ઼ાન્કા) [ફા.] પું. મઠ.

ખાન્યધ્યક્ષ પું. ખનિજ સંબંધી તપાસ રાખનાર અધિકારી; ખાણનો ઉપરી.

ખાપ ૧. [હિં.] પું. કેળનું થડ.

૨. સ્ત્રી. કાંટો.

૩. સ્ત્રી. ખાંપિયો; વાંસનો ચીરીને કરેલ કટકો.

૪. સ્ત્રી. જાત.

૫. સ્ત્રી. તરવારના મયાન ઉપર ચામડા નીચે બંને બાજુએ બાંધવામાં આવતી લાકડાની પટી.

૬. સ્ત્રી. પટારાની આગલી દીવાલની કોરમાં ચોતરફ પિત્તળનું પતરૂં અને પાનાં જડી કરવામાં આવતી નકશી.

૭. [સં. ખર્પર (ઠીકરૂં)] સ્ત્રી. બહુ સફાઈદાર, કડક અને ચકચકતી પતરી; અત્યંત સ્વચ્છ નિર્મળ વસ્તુ; અબરખનું ચાટલું કે પડ.

૧. ખાપ બંધાવી = ચૂના ઉપર પાણી છાંટવાથી તરી બંધાવી.

૨. ખાપનું ભરત = કચ્છ કાઠિયાવાડમાં અબરખ અથવા કાચની નાની ગોળ કકડીઓ મૂકીને ભરાતું ભરત.

૮. [સં. કર્કર] સ્ત્રી. મોઢું જોવાનો કાચ; ચાટલું; આરસી; દર્પણ; આયનો; તકતો; અરીસો.

૯. સ્ત્રી. લાકડાની ચોરસ પટી.

૧૦. સ્ત્રી. વણવાના સાધન હાથલાનો ઉપલો ભાગ. તેની નીચેનો ભાગ ખારૂં કહેવાય છે.

૧૧. સ્ત્રી. વંજી.

ખાપ ધાપ = (૧) પહેલેથી છેલ્લે સુધી જેટલું અને જેવું હોય તેવું. (૨) વંજીના કટકા બટકા.

ખાપગા [સં.] સ્ત્રી. સ્વર્ગગંગા; ગંગા નદી. તે સ્વર્ગમાંથી વહે છે.

ખાપટ ૧. સ્ત્રી. એક વનસ્પતિ. તેનાં પાન હથેળીનાં જેવાં પહોળાં અને ખરસટ હોય છે. તેનાં ફૂલનો ડોડવો થાય છે. તેનાં બી ભૂખરાં અને ચપટાં હોય છે. તે શીતળ, પૌષ્ટિક અને મગજને પુષ્ટિ આપનાર છે.

૨. [હિં.] વિ. અનુભવી.

૩. વિ. ઘરડું.

ખાપટો ન. (કચ્છી) ખપાટ. તેના પીળાં કેસરિયાં ફૂલ બપોરનાં ઊઘડે છે. આ છોડ ચારથી આઠ ફૂટ ઊંચો વધે છે.

ખાપડી (ખાપડ઼ી) સ્ત્રી. પડ; આછી ચામડી.

ખાપડું (ખાપડ઼ું) [સં. ખર્પર] ન. માટીના વાસણનો ભાંગેલો કકડો; ઠીકરૂં; ઠીબ; ભાંગેલું વાસણ.

ખાપણ ૧. ન. ન્યૂનતા; અપૂર્ણતા; ખામી; દોષ; કલંક; બેડોળપણું.

૨. ન. શબ ઉપર વીંટાડવાનું કપડું; ખાંપણ; મુડદાને ઓઢાડવાનું લૂગડું.

ખાપર ૧. ન. એક જાતની વનસ્પતિ; સાટોડો.

૨. [સં. ખર્પર; પ્રા. ખપ્પર] ન. ખપ્પર; જેમાં આવેલું બધું યે ખપી જાય એવું નાશકારક પાત્ર.

ખાપરડા (ખાપરડ઼ા) પું. બ. વ. અનાજને ખાઈ જતા જંતુઓ.

ખાપરા ૧. સ્ત્રી. લેઉઆ કણબીની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. [સં. ખર્પર] ન. ઠીકરૂં.

૪. વિ. એ નામની અટકનું.

ખાપરાભસ્મ સ્ત્રી. (વૈદ્યક) ખાપરિયાની ભસ્મ. તેની બનાવટ: ખાપરિયા, લાખ, હળદર, હરડાં, રાળ, ટંકણખાર સમભાગે લઈ બારીક ચૂર્ણ કરવું. આ ચૂર્ણને ઘીમાં ઘૂંટી થોડી હરતાલ નાખવી. પછી તે ચૂર્ણને રાખ થઈ જાય ત્યાંસુધી અગ્નિ ઉપર રાખવું.

ખાપરાંજન ન. (વૈદ્યક) ખાપરિયામાંથી બનતું એક જાતનું અંજન. તે બનાવવા ખાપરિયાને પાણીમાં ઘસવો. ઘસારાને સૂકવી તેનું ચૂર્ણ બનાવવું. ચૂર્ણને ત્રિફળાના ક્વાથમાં નાખી ફરી સૂકવી તેમાં દશમા ભાગનું કપૂરનું ચૂર્ણ નાખવું.

ખાપરિયું ૧. [સં. ખર્પર; પ્રા. ખપ્પર] ન. એક જાતનું ઔષધ; કાંસાંજન; દુઃખતી આંખમાં ભરવામાં આવતું જસતનું ભરણ.

૨. ન. ખાવાનું એક ઔષધ.

ખાપરિયો ૧. [સં. ખર્પર] પું. એક ઉપધાતુ.

૨. પું. (વૈદ્યક) એક જાતની વનસ્પતિ; સાટોડીનો વેલો. ખાપરિયો બે જાતનો થાય છે. એક જાતના કકડા કાળા રંગનાં ઠીકરાં જેવાં હોય છે અને બીજી જાતના ભૂખરા રંગના હોય છે. ભૂખરા રંગના કકડા તજના વળદાર ભૂંગળા જેવા પણ જાડા અને મોટા થાય છે. ખાપરિયાને સાત દિવસ ગૌમૂત્રમાં દોલાયંત્રમાં રાખવાથી અગર લીમડાના રસમાં ઘૂંટવાથી તેમ જ ગૌમૂત્રની અંદર એક પ્રહર પર્યંત ઉકાળવાથી તે શુદ્ધ થાય છે. ખાપરિયામાંથી રસકેશ્વર, ખર્પર અંજન અને વસંતમાલિનીની બનાવટ થાય છે.' ખાપરિયો પૌષ્ટિક તરીકે ઘણા જૂના વખતથી પ્રસિદ્ધ છે. દરેક જાતના જીર્ણજ્વરની અંદર, પ્રદર અને જીર્ણપ્રમેહની અંદર તે ઘણો ઉપયોગી મનાય છે. ખર્પર લીંડીપીપરના ચૂર્ણમાં તથા મધમાં મેળવી ખાવાથી તથા માથે દૂધ ભાતનું પથ્ય પાળવાથી દરેક જાતના જીર્ણજ્વર, વિષમજ્વર, ધાતુગતજ્વર, લોહીવાળો તથા પાણીવાળો પાતળો ઝાડો, પ્રદર, ગુદભ્રંશ તથા સામાન્ય નબળાઈ એ દરેક દરદમાં સારો ફાયદો કરતો હોય એમ મનાય છે. ખર્પરનો ભૂકો ગૂમડાં, ઘારાં તથા બળી ગયેલ ભાગ

ઉપર લગાડવાથી તેમ જ ભાઠાં ઉપર તેનો ભૂકો ભભરાવવાથી ઘારાં રૂઝ ઉપર આવે છે. ત્વક્દોષની અંદર તે લગાડાય છે અને ઠંડો હોવાથી તે અંદરથી દાહને શાંત કરે છે. રસકેશ્વર અને ખર્પરઅંજન એ બે તેની બનાવટ આંખના દરદ ઉપર વપરાય છે. પિત્તના પ્રકોપથી આંખો બળતી હોય અથવા આંખો ભારે રહેતી હોય ત્યારે તેમ જ કમકૌવત દૃષ્ટિવાળાને ખાપરિયાનું અંજન ઉત્તમ છે. ઝામરની અંદર થતી બળતરા તેનાથી શાંત થાય. સાજા માણસને પણ ખર્પરઅંજન આંજવાથી આંખે ઠંડક રહે છે, તથા ટૂંકી દૃષ્ટિ થતી નથી. આંખની અંદર થયેલ તપોડિયાંને તે બેસારી દે છે, તથા તે ઉપર થતી માંસવૃદ્ધિને દબાવી દે છે. કેટલીક જાતનાં રતાંધળાપણાની અંદર તથા ઝાંખ અને થોડું દેખવાની અંદર ખાપરિયાનું અંજન સારૂં ગણાય છે.

૩. પું. એક જાતનું લૂગડું.

ખાપરી ૧. સ્ત્રી. ઢોરનું એક દરદ. આ દરદમાં આંચળમાંથી દૂધને બદલે રતાશ પડતું લોહી જેવું નીકળે છે. આ રાતું દૂધ રાફડા ઉપર રેડવાથી ત્રીજે દિવસે આ રોગ મટે એમ મનાય છે.

૨. સ્ત્રી. લીંટની પોપડી; ગૂંગું; નાકનો મળ.

ખાપરી ખાવી = (૧) ઝોકું ખાઈ જવું. (૨) તમ્મર ખાવી. (૩) ફિકર ન હોવી. (૪) બળતા બળતા ઠરી જવું. (૫) ભૂલ કરવી. (૬) મૂંઝાઈ જવું. (૭) સળી જવું.

ખાપરૂં ૧. ન. ઘર.

૨. વિ. તીક્ષ્ણ દૃષ્ટિવાળું; ઝીણી નજરવાળું; ઊંડું ઊતરી શકે એવું.

૩. વિ. બધી બાજુએ નજર રાખી શકે એવું.

૪. વિ. હોશિયાર; પહોંચેલું.

ખાપરોકોડિયો ૧. પું. એક એકથી ગાંજ્યા જાય નહિ એવા બે ધૂર્તમાંનો દરેક; એકબીજાથી ઠગાય નહિ એવો ઠગ. અગાઉ એ નામના બે મોટા ધૂર્ત થઈ ગયા. તે એકબીજાની સાથે દાવપેચ રમવામાં અને લોકોને ધૂતી ખાવામાં બહુ નામાંકિત થયા હતા. તે ઉપરથી લુચ્ચા માણસની જોડીને ખાપરોકોડિયો કહે છે.

૨. પું. ઘડીમાં લડે અને ઘડીમાં એક થાય એવા બે માંહેનો દરેક જણ.

૩. પું. સરખે સરખા હરીફો માંહેનો દરેક.

૪. વિ. પત્તો મેળવનાર; ખટપટિયો.

ખાપરોઝવેરી ૧. પું. પક્કો ધૂર્ત; મહા ઠગ. ચાંપાનેરમાં એક બહુ જ કાબેલ ઝવેરી હતો. તેની કાબેલિયત અને ઠગબાજી કે ધૂર્તતા ઉપરથી આ શબ્દ નીકળેલો છે.

૨. પું. પહોંચેલો માણસ; છેતરી શકાય નહિ તેવો માણસ.

૩. પું. હીરાનો હોશિયાર પારખ.

૪. વિ. હોશિયાર; કાબેલ.

ખાપલું ન. ચાર ઇંચથી ઓછી જાડાઈનો પથ્થર.

ખાપવું ૧. સ. ક્રિ. ઉપર ઉપરથી છોલવું; તાસવું.

૨. સ. ક્રિ. થોડું થોડું ખોદવું; પાવડાથી ઊથલપાથલ કરવું; ખાંપવું.

ખાપશિયા સ્ત્રી. આંબાની એક જાત.

ખા. પા. ન. ખાતાવહી પાનાનું ટૂંકું રૂપ. આ રૂપ રોજમેળમાં ખાસ વપરાય છે.

ખાપાક પું. એ નામનો સરહદ ઉપરનો એક ઘાટ; પહાડી પ્રદેશ.

ખાપિયું ૧. ન. કમાન બનાવવામાં ચોડવામાં આવતો લાકડાનો લાંબો કટકો.

૨. ન. ઠાઠડીમાં બાંધવામાં આવતા વાંસના કકડા માંહેનો પ્રત્યેક.

૩. ન. પગરખામાં પગ નાખતાં પગના તળિયા નીચે રહેતો ભાગ.

૪. ન. ભરવાડ, ઢેઢ વગેરે જાતની સ્ત્રીઓને પહેરવાનું ઘરેણું.

૫. ન. લાકડાની કે વાંસની ચીપ; હાથ પગ ભાંગી જતાં પાટો બાંધતી વખતે વપરાતી લાકડાની પાતળી ચીપ.

ખાપું ન. છાપરા ઉપર બાંધેલ કામઠું.

ખાફી (ખ઼ાફ઼ી) [અ.] વિ. સંતાડેલું.

ખાબ (ખ઼ાબ) ૧. [ફા.] પું. નિદ્રા; ઊંઘ.

૨. પું. સ્વપ્નું; સોણું.

૩. ન. રુવાંટું.

૪. વિ. ક્ષણજીવી; સ્વપ્ના જેવું.

ખા. બ. ન. ખાન બહાદુરનું ટૂંકું રૂપ; સરકાર તરફથી મળતો એક ઇલકાબ.

ખાબકવું ૧. અ. ક્રિ. ઊંચાનીચી જમીન ઉપર ચાલતાં ખાડામાં એકાએક પડી જવું; તાટકવું; ભૂસ્કો મારવો.

૨. અ. ક્રિ. ઝંપલાવવું; જોયા વગર પડવું.

૩. અ. ક્રિ. પાણીમાં ઊંચેથી પડવું.

૪. અ. ક્રિ. વગર વિચાર્યે કોઈ કામ માથે લેવું; કોઈ બાબતમાં સાહસ કરવું.

૫. અ. ક્રિ. વચ્ચે બોલી ઊઠવું.

ખાબગા (ખ઼ાબગા) જુઓ ખાબગાહ.

ખાબગાહ (ખ઼ાબગાહ) [ફા. ખાબ્ગાહ] સ્ત્રી. શયનગૃહ; સૂવાની જગા.

ખાબડ (ખાબડ઼) ૧. ન. ખાબોચિયું; ખાબડું.

૨. વિ. ખડબચડું.

ખાબડખૂબડ (ખાબડ઼ખૂબડ઼) વિ. ખાડા ખૈયાવાળું; એકસરખી સપાટી વગરનું; ઢેકા ઢૈયાવાળું; ઊંચુંનીચું.

ખાબડી (ખાબડ઼ી) ૧. સ્ત્રી. ખાબોચિયું.

૨. સ્ત્રી. ઠીકરાનું વાસણ; માટીનું ઠામ.

૩. સ્ત્રી. તરવાર.

૪. સ્ત્રી. વ્યભિચારી સ્ત્રી.

ખાબડું (ખાબડ઼ું) ૧. ન. ખોરડું.

૨. ન. નાનું ખાબોચિયું.

ખાબડો (ખાબડ઼ો) પું. મોટું ખાબોચિયું.

ખાબુ સ્ત્રી. એક જાતની મચ્છી. તે ડોળ જેવડી મોટી હોય છે.

ખાબેઘફલત (ખ઼ાબેઘફ઼લત) સ્ત્રી. તદ્દન બેદરકારી; પ્રમાદ.

ખાબેઘરગોશ (ખ઼ાબેઘરગોશ) ૧. સ્ત્રી. કાગનિદ્રા.

૨. સ્ત્રી. બેદરકારી.

ખાબેધોબે અ. પુષ્કળતાથી; છૂટથી.

ખાબો ૧. પું. બાવો. ખીજવણા માટે આ શબ્દ વપરાય છે.

૨. વિ. ચાલતી વાતમાં સમજ્યા વગર વચ્ચે બોલનાર; દોઢડાહ્યું.

ખાબોચ ન. ખાબોચિયું.

ખાબોચિયું ૧. ન. ગંધાતા પાણીનો ભરેલો નાનો છીછરો ખાડો.

૨. ન. જળાશય.

૩. ન. પાણીથી ભરેલો નાનો ખાડો; ખાબડું; તળાવડું.

ખાભ ૧. પું. ખભો.

૨. પું. સ્તંભ; થાંભલો.

ખાભલા ૧. સ્ત્રી. રબારીની એ નામની એક અટક.

૨. ન. એ અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ખાભળ પું. ઘોડા ઉપર લઈ જવાનો સામાન ભરવાનો ખડિયા જેવો જાડા કપડાનો કોથળો.

ખાભળિયો પું. કન્યાને આપેલો કરિયાવર; સ્ત્રીધન; સ્ત્રીનાં ઘરેણાં લૂગડાં.

ખાભી સ્ત્રી. મરનારની યાદગીરી માટે તેના નામ તથા હકીકત સાથે કોતરેલી મૂર્તિવાળો પથ્થર.

ખામ ૧. [સં. સ્કંધ (કાંધ)] પું. ખભો.

૨. પું. ખાનું.

૩. પું. તંબૂનો થાંભલો.

૪. પું. વહાણનો થાંભલો.

૫. પું. સ્તંભ; થાંભલો; ટેકો.

૬. ન. ખામણું; ક્યારો.

૭. ન. દરિયામાંથી નીકળતું મોતી.

૮. ન. મેલી ઊપજ.

૯. (ખ઼ામ) [ફા.] વિ. કાચું; અધૂરૂં; ઓછું; અપરિપક્વ; અનુભવ વગરનું; બિનઅનુભવી.

૧૦. વિ. ખોડવાળું; અપૂર્ણ.

ખામઅક્લી (ખ઼ામઅક઼્લી) [ફા.] સ્ત્રી. મૂર્ખાઈ.

ખામઆમદાની (ખ઼ામઆમદાની) [ફા.] સ્ત્રી. ખર્ચ બાદ કર્યા વિનાની કુલ ઊપજ; કુલ મહેસૂલ; એકંદર આવક.

ખામકારી (ખ઼ામકારી) [ફા.] સ્ત્રી. બુદ્ધિ ન હોવાપણું; મૂર્ખાઈ.

ખામખા (ખ઼ામખ઼ા) ૧. વિ. વર્ણસંકર.

૨. [ફા. ખાહ (ઇચ્છો) + મખાહ (ઇચ્છો નહિ)] અ. ખસૂસ; જરૂર; અવશ્ય; મને કે કમને.

૩. અ. ખાસ કરીને; જાણી જોઈ ને.

ખામખાહ (ખ઼ામખ઼ાહ) અ. વિચાર કર્યા વગર.

ખામખિયાલી (ખ઼ામખ઼િયાલી) સ્ત્રી. ખોટો ખયાલ; ખોટી કલ્પના.

ખામચિઠ્ઠી સ્ત્રી. કાચી ચિઠ્ઠી.

ખામચી (ખ઼ામચી) ૧. [ફા. ખામોશ (શાંત)] સ્ત્રી. ખામોશી; ધીરજ; સહનશીલતા.

૨. સ્ત્રી. દરકાર; કાળજી; ગરજ; ચીવટ.

૩. વિ. ખંત અને ચીવટ રાખનારૂં.

૪. વિ. હોશિયાર.

ખામચીદાર (ખ઼ામચીદાર) વિ. કાળજીવાળું; દરકાર રાખનાર; ચીવટવાળું; સંભાળ રાખનાર.

ખામચું ૧. વિ. કાળજીવાળું; ઉત્સાહી; ખંતીલું.

૨. અ. કાળજીથી.

ખામણ ન. (જૈન) ખમાવવું તે.

ખામણા [સં. ક્ષમાપના] સ્ત્રી. (જૈન) અપરાધની માફી માગવી તે; ખમાવવું તે.

ખામણિયું [સં. સ્કંભ્ (ટેકો આપવો)] ન. પાણી કાઢવાના કોસનો સૂતર કે ચામડાનો દોર; વરત.

ખામણું ૧. ન. કાઢું; બાંધો; કદ.

નીચે ખામણે હોવું = ઠીંગણું હોવું.

૨. ન. ખાનું.

૩. ન. છાછરો ક્યારો; આલવાલ; ક્યારામાં છોડને પાણી પાવાની જગ્યા.

૪. ન. ઢળતી જગ્યા.

૫. ન. પાણિયારા ઉપર અથવા ચોકડીની કોર ઉપર વાસણ મૂકવા માટે ગોળ કોરણવાળો કરેલો આછો ખાડો.

ખામણે અ. ઠેકાણે.

ખામણો ૧. પું. ખાનું; ખંડ.

૨. પું. નાનો ઠીંગણો માણસ.

૩. પું. ભડવો.

ખામતબ (ખ઼ામતબ) [ફા.] વિ. મૂર્ખ.

ખામતબી (ખ઼ામતબી) [ફા.] સ્ત્રી. મૂર્ખાઈ.

ખામતમા (ખ઼ામતમા) [ફા.] સ્ત્રી. અપક્વ આકાંક્ષા; ખોટી ઇચ્છા; હવાઈ કિલ્લા.

ખામપારા (ખ઼ામપારા) ૧. [ફા.] સ્ત્રી. મુસલમાની સ્ત્રીઓમાં વપરાતો એક બીભત્સ શબ્દ. ઉમરમાં આવ્યા પહેલાં સંભોગ કરાવ્યો હોય તેવી સ્ત્રી માટે વપરાય છે.

૨. સ્ત્રી. લુચ્ચી સ્ત્રી.

ખામવું ૧. સ. ક્રિ. વાસણનું મોઢું માટી અથવા લોઢાથી બંધ કરવું.

૨. સ. ક્રિ. સીલ મારવું.

ખામશી [ફા. ખામોશી (ચૂપ રહેવું તે)] સ્ત્રી. ધીરજ; ધૈર્ય; સહનશીલતા.

ખામશુર્વા (ખ઼ામશુર્વા) [ફા.] પું. સહેજ ઉકાળેલ સેરવો.

ખામશોબ (ખ઼ામશોબ) [ફા.] વિ. અર્ધું ધોયેલું.

ખામશ્યા સ્ત્રી. આંબાની એક જાત.

ખામા (ખ઼ામા) ૧. [ફા.] પું. કલમ.

૨. સ્ત્રી. મેમણની એ નામની એક અટક.

૩. ન. એ અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

ખામાદાન (ખ઼ામાદાન) [ફા.] ન. કલમનું ખોખું.

ખામિ સ્ત્રી. બંગાળમાં વપરાતી એક ભાષા; કુમિ.

ખામી (ખ઼ામી) ૧. [ફા.] સ્ત્રી. અપૂર્ણતા; ન્યૂનતા; ઓછાપણું; કસર; ખોડ; ઊણપ; ખાંપણ; કચાશ.

૨. સ્ત્રી. કાચી સમજ; મૂર્ખાઈ.

૩. સ્ત્રી. ખોટ; ઘટ; ઓછ; તંગી; અછત.

૪. સ્ત્રી. ભૂલ; દોષ; ચૂક; ખોડ; એબ. ખામી શબ્દ કોઈ ચીજની પૂર્ણતા માટે જેની જરૂર હોય તે વસ્તુનો અભાવ બતાવે છે. ખામીવાળી ચીજને ખોડ કે ખાંપણવાળી ન કહી શકાય પણ ખોડ કે ખાંપણવાળી ચીજને ખામીવાળી કહી શકાય. ખોડ અને ખાંપણ એ શબ્દ જે ચીજને માટે બોલાય છે તેના કોઈ ભાગના અભાવ માટે વપરાય છે. કોઈ પદાર્થનો ભાગ જોઈએ તે કરતાં વધારે હોય અને તેથી તેની સુંદરતામાં કે સંપૂર્ણતામાં ખામી જણાતી હોય તેને ખોડ કહે છે. ખાંપણ શબ્દ કોઈ પણ પદાર્થનો ભાગ નાશ પામ્યો હોય કે જતો રહ્યો હોય તેને માટે વપરાય છે. ખોડ શબ્દ અસલ સ્થિતિમાં કોઈ ભાગ નાશ પામ્યો હોય કે દોષવાન જણાતો હોય તેને માટે વપરાય. ખોડ અને ખાંપણ એ બંને જે પદાર્થમાં હોય તેને માટે ખામી શબ્દ વપરાય છે.

ખામીખૂબી (ખ઼ામીખ઼ૂબી) સ્ત્રી. સારાનરસાપણું.

ખામુખા (ખ઼ામુખ઼ા) ૧. [ફા. ખાહ (ઇચ્છો) + મ (નહિ) + ખાહ (ઇચ્છો)] અ. ઇચ્છાએ કે અનિચ્છાએ; નાછૂટકે.

૨. અ. ખસૂસ; ખાસ કરીને; મુદ્દામ.

૩. અ. જાણી જોઈ ને; બુદ્ધિપુરઃસર.

૪. અ. નક્કી; ખરેખર; ખચીત; અવશ્ય; નિઃસંદેહ.

૫. અ. લગભગ; અનુમાને.

ખામું ૧. ન. અનુકૂળ સ્થળ કે દિશા.

૨. ન. ખાબડું; ખાબોચિયું.

૩. ન. ખામણું; પાણિયારા ઉપર અથવા ચોકડીની કોર ઉપર પાણીનું વાસણ મૂકવા માટે કરેલો નાનો ખાડો.

૪. ન. ઘાઘરાનો ઢીંચણ આગળનો ભાગ ફાટતાં ત્યાં દેવાનું થીગડું. માથાના ઘસારાથી સાલ્લો ફાટે ત્યાં માથાવટી અને ઢીંચણના ઘસારાથી ઘાઘરો ફાટે ત્યાં ખામું દેવું કહેવાય છે.

૫. ન. ઝાડના થડ આગળનો છાછરો ક્યારો.

૬. ન. સમુદ્ર.

૭. ન. સ્વરૂપ; આકાર; કદ.

ખામુંખા જુઓ ખામુખા.

ખામૂશ (ખ઼ામૂશ) [ફા.] વિ. ચૂપ; મૂંગું.

ખામૂશી (ખ઼ામૂશી) [ફા.] સ્ત્રી. ચૂપકી.

ખામોખા જુઓ ખામુખા.

ખામોખાં જુઓ ખામુખા.

ખામોશ (ખ઼ામોશ) ૧. પું. ઘોડાને થતો એક જાતનો રોગ.

૨. [ફા. ખામોશીદન (ચૂપ રહેવું)] સ્ત્રી. ક્ષમા; માફી; દરગુજર.

૩. સ્ત્રી. મૌન.

૪. સ્ત્રી. સબૂરી; શાંતિ.

ખામોશી (ખ઼ામોશી) ૧. [ફા. ખામોશીદન (ચૂપ રહેવું)] સ્ત્રી. ક્રોધ અથવા બીજા કોઈ આવેશને દબાવી રાખવાની શક્તિ; સહનશીલતા; સબૂરી.

૨. સ્ત્રી. ચૂપકી; મૌન.

ખામોસા પું. મોંથી ચાર આંગળ અંદર કાંટા જેવું કુમળું ને વાંકું હાડકું વધે એવો ઘોડાનો એક રોગ.

ખામ્સાઈ સ્ત્રી. ગરમી.

ખાય ૧. [સં. ખાત] સ્ત્રી. ખાઈ; કિલ્લાને ફરતો કરેલો ઊંડો ખાડો.

૨. સ્ત્રી. ખાડો; કૂવો.

૩. વિ. ખોદેલું.

૪. [સં. ખ્યાત] વિ. પ્રખ્યાત; પ્રસિદ્ધ.

ખાયકી ૧. [સં. ખાદ્ (ખાવું)] સ્ત્રી. કોઈનું છાનું ખાવું કે મેળવવું તે; ચોરીછૂપીથી ઉડાવી ખાવું તે.

૨. સ્ત્રી. પેદાશ; મળતર.

૩. સ્ત્રી. લાંચ રુશવતરૂપે જે કંઈ મેળવવું તે.

ખાયડો (ખાયડ઼ો) પું. (ભીલી) પગરખું; જોડો.

ખાયણાં ન. બ. વ. ખાંડતાં ખાંડતાં ગાવાનાં ત્રણ ત્રણ નાજુક પંક્તિનાં જોડકણાં.

ખાયણિયો પું. ખાંડણિયો.

૧. ખાયણિયામાં ઘાલીને ખાંડવું = બહાર ન દેખાય એમ કે કોઈ ન જાણે એમ ખૂબ સંતાપવું; કબજામાં લઈ અતિશય દુઃખ દેવું; કનડવું.

૨. ખાયણિયામાં માથું મૂકીને સૂવું = સાવચેત ન રહીએ તો ખંડાય જવાય એવી ભયંકર એટલે જોખમ ભરેલી સ્થિતિમાં રહેવું.

ખાયણી સ્ત્રી. ખરલ; ઔષધ વગેરે કચરવાનો કે ઘૂંટવાનો ખાડાવાળો ઘડેલો પથરો.

ખાયણું ૧. ન. એક પ્રકારનું લોકગીત; ખાંડતાં ખાંડતાં ગાવાનું ગીત.

૨. ન. કાઠી લોકોમાં વેશવાળ કર્યા પછી કન્યાપક્ષ તરફથી વરપક્ષને ત્યાં વહેંચવા માટે મોકલાતી મીઠાઈ સોપારી વગેરે.

૩. ન. દીકરી સાસરે જાય ત્યારે તેને પિયરિયાં અને આપ્તવર્ગ તરફથી અપાતું અનાજ વગેરે.

ખાયપદાર્થ પું. ખોરાક.

ખાયમ પું. (જૂ. ગુ.) ખાદ્ય પદાર્થ; ખાવાની ચીજ.

ખાયા (ખ઼ાયા) ૧. [ફા.] પું. અંડ; વૃષણ.

૨. પું. ઈંડું.

૩. પું. પુરુષની જનનેંદ્રિય.

ખાયાકશીદા [ફા. ખાયા (અંડ) + કશીદા (કાઢી નાખેલું)] પું. પાવૈયો; હીજડો.

ખાયાબર્દાર [ફા. ખાયા (અંડ) + બર્દાર (ઉપાડનાર)] પું. ખુશામતિયો માણસ.

ખાયાબર્દારી [ફા.] સ્ત્રી. ખુશામત.

ખાયેશ [ફા. ખાહિશ] સ્ત્રી. ઇચ્છા; મરજી; ઇરાદો.

ખાયો ૧. [ફા. ખાયા] પું. અંડ; વૃષણ; પેળ.

૨. પું. પુરુષની જનનેંદ્રિય; લિંગ.

૩. પું. બારદાન.

૪. પું. ભરતમાં ભરવામાં આવતું આભલું.

ખાર (ખ઼ાર) ૧. [ફા.] પું. અદેખાઈ; ઈર્ષ્યા.

૨. પું. કાંટો.

૧. આંખમાં ખાર = નેત્રકંટક.

૨. ખાર થવું = કોઈને કાંટારૂપ થવું.

૩. ખાર હોવો = કાંટા માફક ખટકવું.

૪. બેખાર = કાંટા વગરનું.

૩. પું. કૂકડાની ઘૂંટીની પાછળનો નખ.

૪. [સં. ક્ષર્ (નીતરવું)] પું. ક્ષરણ; ઝરવું તે.

૫. [સં. ક્ષાર] પું. ખારાશવાળો પદાર્થ; જેમાં મીઠું અથવા લવણ જેવો ગુણ, સ્વાદ અને ખાસિયત હોય તે પદાર્થ. ખાર ચોમાસામાં ઓગળે અને શરદીથી પીગળે. કેટલાક ખાર ધાતુને જલદી ગાળે છે. કેટલીક વનસ્પતિની રાખ પણ ખાર કહેવાય છે. જે ઝાડમાંથી ખાર કાઢવો હોય તેનાં પાંદડાં, ડાળી, મૂળ સૂકવવાં. પછી તેને બાળી રાખ કરવી. રાખને પાણીમાં બે ત્રણ કલાક સુધી ઉકાળી પાણી ઠારવું એટલે કચરો નીચે બેસી જશે. સપાટી ઉપરના પ્રવાહીમાં ખારનો ભાગ રહે છે. આ ભાગને લોઢાના વાસણમાં લઈ બધું પાણી વરાળરૂપે ઊડી જાય ત્યાંસુધી ઉકાળવું. બાકી રહેલો ભાગ ક્ષાર છે. ખારી જમીનમાંના ખારની છ જાતઃ (૧) તેલિયો ખાર. (૨) પાપડિયો ખાર. (૩) ધૂળિયો ખાર. (૪) મીઠો ખાર. (૫) ફોડાખાર. (૬) ખારો ખાર.

૬. પું. તાસ્તો પીંજણની રમતમાં એક દાવ અને તે રમતમાં ત્રણની સંખ્યા માટે વપરાતો શબ્દ.

૭. પું. પાંચસો બાર શેરનું એક જાતનું વજન; સોળ દ્રોણનું માપ.

૮. [ફા.] પું. બાલ; દાઢી; થોભિયા.

૯. પું. ભસ્મ.

૧૦. પું. વેર; દ્વેષ; અદાવત; કિન્નો.

૧. ખાર રાખવો = કિન્નો રાખવો; દ્વેષ રાખવો.

૨. ખારે જવું = દ્વેષ રાખવો.

૧૧. સ્ત્રી. (જૈન) ખારવાળી ભૂમિ.

ખાર લાગવો = જમીન ખારવાળી થવી.

૧૨. [ફા.] વિ. અદેખું; ઈર્ષ્યાખોર.

ખાર અને ખુવાર થવું = નિર્ધન થવું.

૧૩. વિ. ખારૂં.

૧૪. પ્ર. પીનાર એવો અર્થ બતાવનાર ફારસી પ્રત્યય. જેમકે, શીરખાર.

ખારક ૧. સ્ત્રી. ખજૂરીનું સૂકું ફળ; ખારેક.

૨. સ્ત્રી. ગુજરાત અને કાઠિયાવાડમાં રહેતી અને ખેતીનો ધંધો કરતી એક જાત.

૩. ન. એ નામની જાતનું માણસ.

૪. વિ. એ નામની જાતનું.

ખારકડી (ખારકડ઼ી) સ્ત્રી. (કચ્છી) એક વનસ્પતિ. તેની કાચી શિંગો છોકરાં ખાય છે.

ખારકડીઆર (ખારકડ઼ીઆર) ન. (કચ્છી) એક જાતનું ઝાડ.

ખારકન (ખ઼ારકન) [ફા. ખાર (કાંટો) + કન (ખોદનાર)] પું. કાંટા ખોદનાર માણસ.

ખારકશ (ખ઼ારકશ) [ફા.] પું. કઠિયારો.

ખારકશા પું. ટંટો; ફિસાદ; કજિયો; ઝઘડો.

ખારકીરાસ્ના સ્ત્રી. એક વનસ્પતિ. તેનાં પાન અને મૂળ ઔષધમાં વપરાય છે. તેનાં પાન બેથી પાંચ ઇંચ લાંબાં ને એકથી બે ઇંચ પહોળાં થાય છે. તેની ઉપલી સપાટી લીસી અને હેઠલી સપાટી રૂવાંવાળી થાય છે.

ખારખશા જુઓ ખારકશા.

ખારખળી સ્ત્રી. જમીન ધારણ કરનારને માત્ર ખાવા અપાતી જમીન.

ખારખુશ્ક (ખ઼ારખુશ્ક) [યૂ.] ન. ગોખરુ; કાંટાવાળું એક બીજ.

ખારગદ્ધો પું. એક જાતનું પ્રાણી. તે કચ્છના રણમાં જ દેખાય છે. તે બહુ બીકણ હોઈ માણસની નજરે કોઈ વાર જ પડે છે.

ખારચ વિ. સ્ત્રી. ખારવાળી.

ખારચકરાળ જુઓ ખારચજમીન.

ખારચજમીન સ્ત્રી. કાળાશ પડતા રંગની અને ખારાશવાળી એક જાતની જમીન; દરિયા કાંઠાની જમીન; ખારનો પોપડો બાઝે એવી અને પાક મોળો થાય એવી જમીન.

ખારજ ૧. [અ. ખરજ (તેણે કાઢી મૂક્યું)] વિ. જુદું કાઢેલું.

૨. વિ. બેઠાબેઠ; નિરુદ્યમી.

ખારઝી [અ. ખારિજી (મુસલમાની ધર્મથી નોખું પડેલું)] વિ. બેઇમાન; નાસ્તિક. જે લોકો હજરત અલીને ખલીફ માનતા નથી તે મુસલમાની ધર્મનો સંપ્રદાય ખારઝી કહેવાય છે.

ખારટ ૧. સ્ત્રી. ખારાશ; માટીના છ માંહેનો એક સ્વાદ. માટીના છ સ્વાદઃ (૧) કડું.

(૨) તીખટ. (૩) તૂરટ. (૪) ખારટ. (૫) આંબટ અને (૬) મધુર.

૨. [સં. ક્ષાર] વિ. ખારું; જેમાં મીઠા જેવો સ્વાદ હોય એવું.

ખારડતીગાય (ખારડ઼તીગાય) સ્ત્રી. પર્વત ઉપર ઘણી ઉંચાઈએ રહેતી ચમરી ગાય. એની મચ્છર ઉડાડવાની ચમરી થાય છે.

ખારણિયો પું. ખાંડણિયો.

ખારણી ૧. સ્ત્રી. કમાડનું ચણિયારૂં; જેમાં ટેકાવાથી કમાડ ફરે તે ખાડો.

૨. સ્ત્રી. ખારમાં ડુબાવવું તે. રંગાટ કામમાં ખારણી નીચે મુજબ કરાય છે: બકરીની લીંડી, તલનું તેલ, સિંધી પાપડખાર પાણીમાં ડોવાં એટલે પાણી દૂધ જેવું બનશે. આ પાણીમાં કપડું બોળી તેમાં મસળી પછી નિચોવી કાઢવું. આ મુજબ દિવસમાં એકનું એક કપડું ચાર વખત બોળવું અને એ પ્રમાણે છ દિવસ કરી છેવટે ધોઈ સૂકવવું.

૩. સ્ત્રી. ખાંડવાની ખારણી; ખરલ.

ખારતંત [સં. ક્ષારતંત્ર) પું. (વૈદ્યક) વાજીકરણશાસ્ત્ર.

ખારદાર (ખ઼ારદાર) ૧. [ફા.] વિ. કાંટાવાળું.

૨. વિ. દાઢીવાળું.

૩. વિ. મુશ્કેલ; અઘરૂં.

ખારપાટ ૧. પું.; ન. જેના પટ કે વિસ્તારમાં ખારાટ હોય તે જમીન; અગરની જમીન; જ્યાં મીઠું પાકતું હોય તે જમીન; ખારવાળી જમીન.

૨. ન. એ નામનું ઝાડ. આ ઝાડ સાઠેક ફૂટ ઊંચું થાય છે અને તેમાં પીળાં ફૂલ આવે છે. દ્રાક્ષ જેવાં થતાં તેનાં ફળ ખવાય છે. ઘાસનાં બીડ સુધારવા આ ઝાડ વવાય છે.

ખારપાટિયું ૧. વિ. ખારને લીધે બળનારૂં; ઈર્ષ્યાથી જેનું શરીર લેવાઈ જતું હોય એવું; ઈર્ષ્યાથી બળનારૂં.

૨. વિ. ખારપાટવાળું.

ખારપુશ્ત (ખ઼ારપુશ્ત) ૧. [ફા. ખાર (કાંટો) + પુશ્ત (પીઠ)] પું. શાહુડી; શેઢાઈ. તેની પીઠમાં કાંટા હોય છે.

૨. પું. શેળો.

ખારબસ્ત (ખ઼ારબસ્ત) ૧. [ફા.] સ્ત્રી. લાકડીઓ ખોસીને કરેલો વાડો.

૨. સ્ત્રી. વાડ.

ખારબળ્યું વિ. દ્વેષીલું; ખાર રાખનાર.

ખારબંદી (ખ઼ારબંદી) જુઓ ખારબસ્ત.

ખારબોળ વિ. ખાર મળી આવે એવું; ખારવાળું.

ખારબોળાણ [સં. ક્ષાર (ખાર) + બોલ્ (ડૂબવું)] ન. ક્ષારભૂમિ; ઊસર ભૂમિ; ખારાશવાળી જમીન.

ખારભંજણા પું. બ. વ. દાળિયા.

ખારભંજણું ૧. ન. અફીણના બંધાણીને અફીણ લીધા પછી લેવાનો નાસ્તો; ઢુંગણ; અફીણ ખાધા ઉપર કાચુંકોરું ખાવાનું; ઢુંગો.

૨. ન. મોં સ્વાદિષ્ટ કરવાને જે કંઈ ખાવું તે; મોંસ્વાદ કરવાને ખાવાનું તે.

ખારમ સ્ત્રી. ખારવાળી જમીન.

ખારમુખું વિ. ઈર્ષ્યાખોર.

ખારમું ન. ખારાશ વધારે પ્રમાણમાં હોય તેવી જમીન.

ખારમૂતરું વિ. અદેખું; ઈર્ષ્યાખોર.

ખારવક પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

ખારવણ ૧. સ્ત્રી. ખારવા જાતની સ્ત્રી.

૨. સ્ત્રી. ખારવાની સ્ત્રી.

૩. સ્ત્રી. છાપરાં ચાળવાનું કામ કરનારી સ્ત્રી.

ખારવા ૧. [હિં.] પું. જાડું રાતું કપડું.

૨. પું. વહાણખેડ કરનાર એક જાતિ. તે ભરૂચ, સુરત, થાણા અને કાઠિયાવાડમાં રહે છે અને માછી, ખલાસી અને દોરડાં બનાવનાર તરીકેનો ધંધો કરે છે.

૩. સ્ત્રી. મેમણની એ નામની અટક.

૪. ન. એ નામની અટકનું માણસ.

૫. વિ. એ નામની અટકનું.

ખારવાઈ ૧. વિ. ખારવા સંબંધી.

૨. વિ. વહાણ હાંકવા સંબંધી.

ખારવાગોર ૧. સ્ત્રી. બ્રાહ્મણની ચોરાશી માંહેની એક જાતિ.

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

ખારવાન ન. ખારવું.

ખારવાર ન. એકસો સિત્તેર રતલનું વજન.

ખારવાં ન. બ. વ. વરસાદને અભાવે સુકાઈ જતી જારબાજરીના ખેંચી લીધેલા સાંઠા.

ખારવી ૧. સ્ત્રી. એ નામની એક જાતિ. તે કાનડા, રત્નાગિરિ તરફ રહે છે અને માછીનો ધંધો કરે છે.

૨. વિ. ખારવાનું.

ખારવું ૧. ન. તળાઈ, ગોદડાં વગેરેનું ખોળિયું.

૨. ન. તેલ, ખારો વગેરેના મિશ્રણમાં બોળી રાખેલ કપડું.

૩. અ. ક્રિ. ક્રોધે ભરાવું; ખીજવું.

ખારવેલ પું. કલિંગ દેશનો એ નામનો એક જૈન રાજા.

ખારવો ૧. પું. એક જાતનું રાતું સુતરાઉ કાપડ.

૨. પું. ખારાટવાળો ગોળ.

૩. પું. છાપરું સંચારનાર; સંચારો.

૪. પું. ભોઈ; પાલખી ઊચકનાર.

૫. પું. વહાણ ખેડનારો; ખલાસી; વહાણવટી; નાવિક.

૬. પું. વહાણ હંકારવાનો ધંધો કરતી એક જાતિ.

ખારશતુર [યૂ.] સ્ત્રી. એક વનસ્પતિ; ધમાસો.

ખારશુક પું. એક જાતનો છોડ; કંજીર. તે ઈરાન અને અફઘાનિસ્તાનમાં સારી રીતે થાય છે.

ખારસલ્લી સ્ત્રી. રૂપું રેલવા માટેનો ખાર ભરી રાખવાનું સોનીનું વાસણ.

ખારસ્તી વિ. કઠણ દિલનું; ક્રૂર.

ખારા ૧. [હિં.] પું. એક જાતનું કિનારવાળું કપડું.

૨. પું. ખારવાળી જમીન.

૩. પું. ઘાસ કે સૂકાં પાંદડાં બાંધવાનું જાળીદાર કપડું.

૪. [ફા.] પું. ચકમક; એક જાતનો કઠણ પથ્થર.

૫. પું. પંજાબ તરફ વસતા ક્ષત્રીઓમાં વિવાહ પ્રસંગે વરકન્યાને બેસવા માટે વપરાતું ચોખૂણું આસન.

૬. પું. વાંસ, પરાળ વગેરેની બનાવેલી ચોખૂણ ઊંડી ટોપલી.

૭. સ્ત્રી. એ નામની વાણિયાની અટક.

૮. ન. એ નામની અટકનું માણસ.

૯. વિ. અરુચિકર; કડવું.

૧૦. વિ. એ નામની અટકનું.

૧૧. [સં. ક્ષાર] વિ. ખારૂં.

પૈસાને ખારા કરવા = પૈસા ખર્ચવા.

ખારાઈ સ્ત્રી. ખારાપણું.

ખારાઈ જવું = બકરીનું વસૂકી જઈ તેનું દૂધ ખારૂં થવું.

ખારાઓલી સ્ત્રી. એ નામની એક વનસ્પતિ.

ખારાઘોડા (ખારાઘોડ઼ા) સ્ત્રી. એ નામની એક રમત; આટાપાટા; ખારોપાટ. તે ભાવનગર તરફ રમાય છે.

ખારાજ ૧. [સં. ક્ષાર] સ્ત્રી. ખારાશ; સહેજસાજ ખારાપણું.

૨. સ્ત્રી. નુકસાન; તોટો.

૩. વિ. ખારાશવાળું. દરિયાનું પાણી ફરી વળવાથી ખેડાણ ન થાય એવા બનેલ ખેતર માટે આ શબ્દ વપરાય છે.

ખારાજ કરવું = રદ કરવું; ઉપયોગમાં ન લેવું.

ખારાજિત ન. એ નામનો એક કર કે લાગો; ખરાજાત.

ખારાટ [સં. ક્ષાર] પું. સહેજસાજ ખારાઈ.

ખારાપાટ ૧. પું. ખારવાળી જમીન.

૨. પું. જમીનનો નીચાણવાળો ભાગ.

૩. પું. જેમાં મીઠું પાકતું હોય એવી ખારવાળી જમીન.

૪. પું. ભાવનગર રાજ્યના લીલિયા ગામની આસપાસનો પ્રદેશ.

૫. [સં. ક્ષર્ (નીતરવું)] પું. રેચક જમીન.

૬. સ્ત્રી. આટાપાટા જેવી એક રમત.

ખારાશ ૧. સ્ત્રી. અણબનાવ.

૨. [ક્ષાર (ખારૂં) + આશ (નામ બનાવનાર પ્રત્યય)] સ્ત્રી. ખારાપણું; ખારાટ.

ખારાસંગ [ફા.] પું. એક જાતનો આરસ; 'ગ્રેનાઇટ'.

ખારિગઢ ૧. વિ. આખલાની એક જાતનું.

૨. વિ. ઢોરની એક જાતનું.

ખારિજ (ખ઼ારિજ) ૧. વિ. જુદું કાઢી મૂકેલું; બાતલ રાખેલ; વિખૂટું કરેલ.

૨. વિ. બહારનું.

૩. વિ. સિવાયનું.

ખારિજ કરવું = (૧) નિર્ધન કરવું. (૨) ફેંકી દેવું. (૩) બાતલ કરવું. (૪) માંડી વાળવું; લખી વાળવું; ભૂંસી વાળવું. (૫) લીટી લંબાવવી.

ખારિજકિસ્મત [અ.] પું. (ગણિત) લબ્ધિ; ભાગાકાર.

ખારિજજમ ન. જમીનદારે વેચેલી જમીન.

ખારિજન ૧. વિ. બહારનું.

૨. અ. અક્વા મુજબ.

ખારિજા ૧. [અ] પું. પાનાનો છેલ્લો શબ્દ. તે બીજા પાનાની શરૂઆતમાં ફરીથી લખાય છે.

૨. પું. ફૂદડી જેવી નિશાની; 'ઍસ્ટેરિક'.

૩. [અ.] વિ. બાતલ કરેલું.

ઝાવિઆ ખારિજા = બહારનો ખૂણો.

ખારિજી ૧. પું. નાસ્તિક.

૨. પું. મુસલમાનોનો એક પંથ. આ પંથના લોકો અલીને પેગમ્બરનો ખરો વારસદાર કે ચોથા ખલીફા તરીકે માનતા નથી.

૩. વિ. બળવાખોર; વિરોધ ઉઠાવનાર.

ખારિયા પું. એક જાતનો પથ્થર. કપડવંજથી પંદર માઇલ ઉપર માજમના ભાઠામાં આ જાતના પથ્થર નીકળે છે.

ખારિયાણ ૧. સ્ત્રી. મતવાની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ખારિયાણનો પથ્થર પું. એક જાતનો ભૂખરો પાણો; દરિયાઈ પાણો. તે શંખલીઓનો બનેલો હોય છે.

ખારિયું ૧. ન. એક જાતનું સ્વાદમાં ખારૂં ઘાસ. તે કમોદ સાથે જૂજ જૂજ થાય છે. ખારવાળી જમીનમાં તેનાં થૂમડાં કપાસના છોડ સાથે ઊગે છે. ભેંસને તે ખવરાવવાથી દૂધ વધે.

૨. ન. ખાતર તરીકે વપરાતું ઝાડનાં પાંદડાં અને માટીનું મિશ્રણ.

૩. ન. ચણાના છોડનાં સૂકાં પાન અને ડાંખળાંનો ભૂકો.

૪. ન. ભૂખે મરવું તે; ભૂખ્યા રહેવું તે; લાંઘણ.

૫. ન. મીઠું ચડાવેલ કાચું શાક.

૬. ન. મીઠું ચડાવેલો ચીભડાનો કટકો.

૭. વિ. ખારવાળું.

૮. વિ. ખારીલું; કિન્નાખોર; ડંસીલું.

૯. વિ. બળકણું; ઈર્ષ્યાથી બળનારૂં.

ખારિયો પું. એક જાતનો છોડ. તેનાં પાન ટૂંકાં અને પાસે પાસે હોય છે. શાખાઓને છેડે ધોળાં ફૂલના ગુચ્છા આવે છે.

ખારિશ (ખ઼ારિશ) ૧. [ફા.] સ્ત્રી. ખસ.

૨. સ્ત્રી. ખૂજલી; ખરજ; ચળ.

ખારિશ્ત (ખ઼ારિશ્ત) જુઓ ખારિશ.

ખારિશ્તી (ખ઼ારિશ્તી) [ફા.] વિ. ચળવાળું; ખૂજલીવાળું.

ખારી ૧. સ્ત્રી. અદેખાઈ.

૨. સ્ત્રી. અપમાન.

૩. સ્ત્રી. ઉઝરડો.

૪. સ્ત્રી. એ નામની નદી.

૫. સ્ત્રી. એ નામની બાળકોની એક રમત; ખારોપાટ; આટાપાટા.

૬. સ્ત્રી. કજિયો.

૭. [હિં.] સ્ત્રી. કુંભારની ટોપલી.

૮. સ્ત્રી. કોઈના મત પ્રમાણે ચાર દ્રોણનું અને કોઈના મત મુજબ સોળ દ્રોણનું તોલું.

૯. સ્ત્રી. ખારવાળી માટી કે જમીન.

૧૦. સ્ત્રી. ખારાશવાળી એક ભાજી.

૧૧. સ્ત્રી. ખાંડ઼ી; વીશ મણનું વજન.

૧૨. સ્ત્રી. ગોદી; વહાણ બાંધવાનું કે ઊભાં રાખવાનું બંદર.

૧૩. સ્ત્રી. ચણાના પોપટાની ફોતરી.

૧૪. સ્ત્રી. દરિયા કિનારે ઊગતી એક વનસ્પતિ. તે સ્વાદે ખારી હોય અને તેની ભાજી થાય.

૧૫. સ્ત્રી. દોઢ મણિયું; સાઠ શેરનું માપ; દોઢ મણનું વજન.

૧૬. સ્ત્રી. નદી કે દરિયાના ભાઠાની ખારી માટીમાંથી કાઢેલું લોટ જેવું હલકું મીઠું.

૧૭. સ્ત્રી. નાની ખાડી.

૧૮. સ્ત્રી. નારી.

૧૯. સ્ત્રી. બાર મણ અને બત્રીશ શેરનું વજન; પાંચસો બાર શેરનું વજન.

૨૦. સ્ત્રી. મુશ્કેલી.

૨૧. સ્ત્રી. રેતી.

૨૨. સ્ત્રી. હલકાઈ; કલંક.

ખારી કરવી = (૧) કજિયો કરવો. (૨) કોઈનું પોગળ બહાર પાડવું.

૨૩. સ્ત્રી. હાથ એક લાંબું, પહોળું અને ઊંચું ધાન્ય વગેરેનું એક માપ.

૨૪. વિ. સ્ત્રી. ખારયુક્ત; ખારવાળી.

૨૫. વિ. સ્ત્રી. ડંસીલી; ઝેરીલી.

૨૬. વિ. સ્ત્રી. બળકણી.

ખારીક ૧. વિ. એક ખારી એટલે ૫૧૨ શેર અનાજ વવાય એવું.

૨. વિ. એક ખારી ધાન્યથી ખરીદેલું; પાંચસો બાર શેર અનાજ આપી લીધેલું.

ખારીકાંજી સ્ત્રી. મકાઈ કે બીજા અનાજના લોટને પાણી કે દૂધમાં ઉકાળી બનાવેલ પ્રવાહી.

ખારીકાંટોલ પું. એક પ્રકારનો વેલો. એનાં ફળને વાડકારેલાં કહે છે. તેનું શાક થાય છે. તે પૌષ્ટિક અને કફ મટાડનાર મનાય છે.

ખારીકીન ન. ખનિજ તેલ; 'પેટ્રોલિન.'

ખારીકુઆં પું. ખારા પાણીનો કૂવો.

ખારીખારચ સ્ત્રી. એક જાતની ખારચ જમીન.

ખારીઘાસ ન. એક પ્રકારનું ઘાસ.

ખારીઘિસોડી (ખારીઘિસોડ઼ી) સ્ત્રી. એક પ્રકારનો છોડવો. તે ઢોરના ચારા તરીકે કામ આવે છે.

ખારીજ (ખ઼ારીજ) [અ.] વિ. બહાર કાઢેલું; રદ કરેલ. જુઓ ખારિજ.

ખારીજમીન સ્ત્રી. જેમાં મોલને નુકસાનકારક પદાર્થ વધારે પ્રમાણમાં હોય એવી જમીન; ખારોપાટ. ચીકણી જમીનમાં ખારનો ભાગ આવી જવાથી તે છોડને નુકસાન કરે. દરિયા કિનારે આવી જમીન મોટા પ્રમાણમાં હોય છે.

જમીનમાં ૭ જાતના ખાર હોય છે: (૧) તેલિયો, (૨) પાપડિયો, (૩) ધૂળિયો, (૪) મીઠોખાર, (૫) ફોડાખાર અને (૬) ખારોખાર. ઉનાળામાં જે જમીન ભીનાશવાળી રહે, ઓગળ્યા કરે અને સુકાઈ ન જાય તેવી ખારી જમીનને તેલિયા ખારવાળી જમીન કહે છે. જે જમીન ઉપર ઉનાળામાં ખારની ધોળી પોપડી બાઝી રહે કે ધોળી ફૂગ વળેલી જણાય તે પાપડિયા ખારવાળી કહેવાય છે. જે જમીન ઉપર ઝીણાં ચળકતાં રજકણવાળી ધૂળ જણાય, જમીનનું ઢેફું બાઝે નહિ, ધૂળની ગાંગડી સ્વાદે ખારી લાગે તેને ધૂળિયા ખારવાળી જમીન કહે છે. જે જમીનમાં ખારનું પ્રમાણ વધારે હોય છતાં ઘઉં, કમોદ અને કંદમૂળનો પાક પુષ્કળ થતો હોય તેવી જાતની ખારી જમીનને મીઠા ખારવાળી કહે છે. જે જમીન ચોમાસામાં પાણીથી ઊપસી આવે, ઉપરથી સૂકી જેવી જણાય પણ જમીનની અંદરનાં રજકણો એટલાં છૂટાં થઈ ગયેલાં હોય કે તે ઉપર પગ મૂકતાં જમીનની અંદર પગ ઊતરી જાય તેવી જમીન ફોડાખારવાળી કહેવાય છે. ખારનું પ્રમાણ વધારે હોવાથી જમીનમાં હલકી જાતનું ખડ ઘાસ ઊગીને બળી જતું હોય, જમીનને કોદાળી વડે ખોદતાં ઢેફું નહિ ઊખડતાં નાની નાની ગાંગડીઓ ઊખડે એવી જમીનને ખારી ખારવાળી જમીન કહે છે.

ખારીજાય ન. એક પ્રકારનું વેલા જેવું ઝાડ. તેને દરિયાઈ અરણી પણ કહે છે. સર્પને અને આ ઝાડને બારમો ચંદ્રમા છે એટલે કે તેની પાસે સર્પ જતો નથી.

ખારીજાર સ્ત્રી. એ નામની એક વનસ્પતિ. જુઓ ખારીજાળ.

ખારીજાળ સ્ત્રી. લઘુપીલુ; છોટાપીલુ. મુસલમાનો તેનો ઉપયોગ દાતણ તરીકે કરે છે. તેનાં પાન સૂકવી ચલમમાં ભરી પીવાથી દમ, ઉધરસ મટવાનું મનાય છે. તેના તેલને ખાખણનું તેલ કહે છે અને તે સંધિવા ઉપર વપરાય છે. એના લાકડાને ઊધઈ લાગતી નથી. તે ઊંટનો મુખ્ય ચારો છે. મૂળિયાંનો ઉકાળો અનાર્તવ ઉપર કામ આવે છે. તેનાં ફૂલમાંથી નીકળતું તેલ ખાંસી, કૃમિ અને કોઢ ઉપર અકસીર મનાય છે. ફળને ટંકણખાર સાથે સર્પદંશ ઉપર અપાય છે. તેનાં મૂળની છાલ છૂંદીને ચામડી ઉપર લગાડવાથી ફોલ્લો ઊઠે.

ખારીઝ જુઓ ખારીજ.

ખારીઝાળ સ્ત્રી. એક જાતનું ફળ; પીલુ.

ખારીનમક સ્ત્રી. ખારો.

ખારીનોન જુઓ ખારીનમક.

ખારીપન સ્ત્રી. ખારાશ.

ખારીપાણી વિ. ખારૂં.

ખારીપાની [હિં.] ન. દરિયાનું પાણી.

ખારીબલા [ખારી + બલા (દુઃખ)] સ્ત્રી. એક જાતનું વનનું પક્ષી; ખારીવલા. તે જ્યારે માણસ સામું થાય ત્યારે છેટેથી પોતાના મૂત્રના છાંટા ઉડાડે છે. તે છાંટા પડવાથી માણસ સડીસડીને મરે. તેના વિષે એમ મનાય છે કે જે માણસના માથા ઉપર થઈને તે જાય તેની પાઘડી બળે.

ખારી બેસવું અ. ક્રિ. લગ્નવિધિ પ્રમાણે નાહવું.

ખારીમિટ્ટી સ્ત્રી. ખારી જમીન.

ખારીલાપણું ન. દ્વેષીલાપણું; વેર ન મૂકે એવું હોવાપણું.

ખારીલું ૧. વિ. અદેખું.

૨. વિ. કિન્નાખોર; ખુનસવાળું; ડંસીલું.

૩. વિ. ખારવાળું; દ્વેષીલું; ઝેરીલું; વેરઝેર રાખનારૂં.

ખારીલો ૧. ન. મોળું લોઢું.

૨. વિ. પું. અદેખો.

૩. વિ. પું. ડંસીલો.

૪. વિ. પું. દ્વેષીલો.

ખારીવલા ન. જુઓ ખારીબલા.

ખારીવાપ ૧. [સં.] વિ. એક ખારી ધાન્ય વાવનાર.

૨. વિ. જેમાં એક ખારી ધાન્ય વવાય તેવું.

ખારીવાયુ પું. અગ્નિકોણથી વાતો વાયુ; વ્યાપારવાયુ.

ખારીશિંગ સ્ત્રી. મીઠાના પાણીમાં પલાળી સેકેલ માંડવીના દાણા.

ખારીશિંગી ૧. સ્ત્રી. એક જાતનું વૃક્ષ. એનાં પાન લીંબડાનાં પાન જેવાં કડવાં હોય છે. તેમાં સવા હાથ લાંબી અને અંગૂઠા જેવી જાડી ચપટી શિંગ થાય છે.

૨. સ્ત્રી. ખડશિંગી.

૩. સ્ત્રી. મેંઢાશિંગી.

ખારીશોર વિ. બહુ ખારૂં.

ખારીહાંડલી સ્ત્રી. મરણ પછી ત્રીજે દિવસે કરાતું ખીચડી અને તેલનું ભોજન.

ખારું ૧. [સં. ક્ષાર] વિ. અકારું; અપ્રિય; અળખામણું; નાપસંદ; અણગમતું.

૨. વિ. ઈર્ષ્યાળું; ઝેરીલું; અદેખું.

૩. વિ. જેમાં ખારાશ હોય એવું; ક્ષારમય; મીઠાવાળું; ખારા સ્વાદવાળું; મીઠા જેવા સ્વાદનું.

૪. વિ. તેજ; સ્વભાવે તીખું કે ચંચળ.

૧. ખારી દાઢ થવી = (૧) કોઈ પણ ખાવાના પદાર્થની ઇચ્છા થવી. (૨) નફો મેળવવો. (૩) રિશ્વત લેવી.

૨. ખારી માટી થવી = (૧) નાશ થવો. (૨) બગડવું; ખરાબ સ્થિતિમાં હોવું. (૩) મોતની અણી ઉપર હોવું.

૩. ખારી સૂંઠ = મીઠામાં આથેલી સૂંઠ.

ખારુંઅગ્ગર વિ. એકદમ ખારું.

ખારુંઊસ જુઓ ખારું અગ્ગર.

ખારુંખાટું વિ. ખારું તેમ જ ખાટું.

ખારુંખારુંઊસ વિ. બેહદ ખારું; બહુ જ ખારું.

ખારુંઝેર ૧. વિ. આકરું; તીખું; ક્રોધી.

૨. વિ. ખૂબ ખારું; ચાખી ન શકાય એવું ખારું.

૩. વિ. સ્વાદ વગરનું.

ખારુંદવ જુઓ ખારુંઅગ્ગર.

ખારુંધૂંધવું વિ. અતિશય ખારું.

ખારૂઆ [હિં.] ન. એક જાતનું રાતું સુતરાઉ કાપડ.

ખારૂઈ ૧. સ્ત્રી. ચોળિયું; લાલ રંગનું જાડું કપડું.

૨. સ્ત્રી. વિધવાને પહેરવાનું એક જાતનું વસ્ત્ર.

ખારૂકી જવું અ. ક્રિ. ગુસ્સે થવું.

ખારૂચીચકલી સ્ત્રી. (ભીલી) કાળી ચકલી.

ખારૂં જુઓ ખારું.

ખારેક ૧. [સં. ખર્જૂર] સ્ત્રી. ખજૂરનું સૂકું ફળ; સૂકો ખજૂર. તે સ્વાદે મીઠી અને પૌષ્ટિક છે. તેની ઘણી જાત છે. જેમકે, સાકરિયા, બસરાઈ, મેનાવી, જરખ, હલાવી, ચૂપચાપ, ઉમાણી, સરકી, સોરી.

૧. ખારેક કોપરાં = હોળીના તહેવાર પ્રસંગે વરના પિતા તરફથી કન્યાને મોકલાતી ભેટ.

૨. કોઈની ખારેક આંખ કાઢે = (૧) કોઈ, બેન કે દીકરીના ઘરનું કંઈ ખાવું કે લેવું તે ભારે થઈ પડે એટલે કે તેનો પાછો બદલો દેવો મોંઘો પડે. (૨) મફત કંઈ લેવા જતાં ભવિષ્યમાં ભારે ભોગ આપવો પડે.

૨. સ્ત્રી. વાણિયાની એ નામની એક અટક.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

ખારેકડી (ખારેકડ઼ી) ૧. સ્ત્રી. નાની ખારેક; નાની સૂકા ખજૂરની પેશી.

૨. ન. એક જાતનું ઝાડ. એ કચ્છમાં બહુ ઊગે છે.

૩. વિ. ખારેક જેવડું.

૪. વિ. ખારેક જેવું મીઠું.

ખારેકડીબોર (ખારેકડ઼ીબોર) ન. ખારેક જેવું મીઠું અને મોટું બોર; કલમી બોર.

ખારેકનો ઠળિયો પું. સ્ત્રીની યોનિની આસપાસનો ભાગ.

ખારેકપાક [સં. ખર્જૂર + પચ્ (રાંધવું)] પું. ખારેકને ખાંડી તેમાં બીજાં વસાણાં નાખીને બનાવેલ ખાવાની ચીજ.

ખારેકબોર જુઓ ખારેકડીબોર.

ખારેકબોરડી (ખારેકબોરડ઼ી) સ્ત્રી. એક જાતની બોરડી.

ખારેકસુલેમાની સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેનાં ફળ ભ્રમ, દાહ અને રક્તદોષ ઉપર વપરાય છે.

ખારેકિયા સ્ત્રી. (ભીલી) ખારેક.

ખારેકી ૧. વિ. ખારેક જેવડું.

૨. વિ. ખારેક જેવું.

૩. વિ. ખારેકના જેવા સ્વાદનું.

૪. વિ. ખારેકનું; ખારેકને લગતું.

ખારેકીઆલ સ્ત્રી. ખારેકનું ઝાડ.

ખારેકીબોર ન. અમદાવાદી અથવા બનારસી બોર; બદરીફળ. જુઓ ખારેકડીબોર.

ખારેજ (ખ઼ારેજ) [અ.] વિ. રદ; બાદ.

ખારેજ કરીને = ખાસ કરીને.

ખારેજી પું. મુસલમાનનો એક વર્ગ.

ખારેલી સ્ત્રી. સોનીનું ટંકણખાર રાખવાનું સાધન.

ખારેવાટ અ. ખારી જમીનમાં.

ખારેશ જુઓ ખારિશ.

ખારો ૧. પું. આંબા ઉપરની આંકડીથી તોડેલી કેરી ભેગી કરી નીચે ઉતારવા ગૂંથેલી દોરીની જાળ.

૨. પું. ખારા પાણીનો વોંકળો.

૩. પું. ખારાશવાળી રેચક જમીન.

૪. પું. પાપડખાર; સંચારો; સાજીનાં ફૂલ.

૫. પું. મીઠું; લવણ.

ખારોઆમલો સ્ત્રી. આઠ કે તેથી વધારે બાળકોની દોડાદોડીની મેદાની રમત.

ખારોઈ જવું અ. ક્રિ. ગાય, ભેંસ વગેરે વિયાણા પછી રોગને લીધે દૂધ ઘણું ઓછું કાઢવું અથવા સાવ વસૂકી જવું.

ખારોઉખરાર પું. એક જાતનો છોડ. તે જમીન ઉપર પથરાતો ઊગે છે. તેનાં ફૂલ ધોળાં અને ફળ નાનું બીવાળું હોય છે.

ખારોખસ પું. કચરો.

ખારોખાર ૧. વિ. નઠારું; હલકું.

૨. વિ. સ્વાદમાં વધારે પડતું ખારૂં.

ખારોઘા ન. એક જાતનું ઘાસ.

ખારોઝેર ૧. વિ. પું. તીખો; આકરો; ખીજાળ.

૨. વિ. પું. સ્વાદમાં ઘણો ખારો.

ખારોટાંકો પું. એક જાતનો છોડવો. તે ઊભો કે પથરાયેલો હોય છે.

ખારોડ (ખારોડ઼) ૧. પું. ખારોપાટ; ખારી જમીન.

૨. સ્ત્રી. એ નામની નાગરની એક અટક.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

૫. વિ. ક્ષારના ગુણવાળું; ક્ષારવાળું.

ખારોતેલ ન. સરસિયું તેલ.

ખારોપાટ ૧. પું. એ નામની એક દેશી રમત; અગરપાટો. જુઓ આટાપાટા.

૨. સ્ત્રી. ખારાટવાળી જમીન.

ખારોલ [હિં.] પું. મીઠું બનાવનાર માણસ.

ખારોલા સ્ત્રી. બ્રાહ્મણની એક જ્ઞાતિ.

ખારોલો ન. મોળું લોઢું.

ખારોષ્ટ્ર પું. કાસગરનું બીજું નામ. હિંદુસ્તાનમાં જૂની ખરોષ્ટ્રી લિપિ આ પ્રદેશમાંથી દાખલ થઈ હતી. તુર્કસ્તાનનો આ પ્રદેશ તૈમુર લંગે જીત્યો હતો. ઈ. સ. ૧૭૧૮માં ચીનાઓએ એ મુલક જીતી લીધો હતો.

ખારોસમુદ્ર પું. પેલેસ્ટાઇનમાંનું એ નામનું એક સરોવર.

ખારોસ્તી સ્ત્રી. અશોકના વખતની એક લિપિ. ઈરાની લિપિ તેમાંથી ઉત્પન્ન થયેલી છે.

ખાર્કાર ૧. [સં.] પું. એક જાતનો ગધેડો.

૨. પું. ગધેડાનું ભૂંકવું તે.

ખાર્પટ પું. ખારી જમીનવાળો પ્રદેશ.

ખાર્ગુજેય ૧. [સં.] પું. એક જાતનો આંબો.

૨. વિ. ખર્ગુજ નામના ઝાડને લગતું.

ખાર્વા પું. ત્રેતાયુગ.

ખાર્વટિક ન. બસો ગામડાંના જિલ્લાનું મુખ્ય શહેર.

ખાલ (ખ઼ાલ) [અ.] ૧. પું. મામો; માનો ભાઈ.

૨. પું. મોઢા ઉપરનો તલ.

૩. સ્ત્રી. કમખા માટેનો સીવ્યા વગરનો રેશમી રેજો કે અતલસ.

૪. સ્ત્રી. ખાડો; ખાડ.

૫. સ્ત્રી. ખાલી જગ્યા; અવકાશ.

૬. સ્ત્રી. ખોળ; પડ.

૭. સ્ત્રી. ચામડી; ત્વચા; હાડપિંજરનું ઢાંકણ.

ખાલ પાડવી-બગાડવી = ખૂબ માર મારવો; ચામડીને નુકસાન થાય એવી ઈજા કરવી.

૮. સ્ત્રી. ઝાડની છાલ.

૯. સ્ત્રી. દરિયાની કે મોટી નદીની ખાડી.

૧૦. સ્ત્રી. દસ્તોપીંજણની રમતમાં બોલાતો શબ્દ.

૧૧. સ્ત્રી. ધમણ; ફૂંકણી.

૧૨. સ્ત્રી. પાંચ આંગળીમાંથી ત્રીજી આંગળી ઉપર અંગૂઠાને ભીંસીને છટકાવવાથી થતો અવાજ; ચપટી વગાડવી તે.

૧૩. સ્ત્રી. પૂઠ; કેડો.

૧૪. સ્ત્રી. બકરાનું ચામડું.

૧૫. સ્ત્રી. મરેલું શરીર.

૧૬. [અ.] વિ. સુંદર.

ખાલઉપાડ (ખાલઉપાડ઼) વિ. લોભી; કૃપણ; કંજૂસ.

ખાલખાલ (ખ઼ાલખ઼ાલ) ૧. [અ.] વિ. ઓછું; બહુ થોડું.

૨. વિ. ઘાટું; જાડું.

૩. અ. જયાંત્યાં.

૪. અ. વખતે વખતે; પ્રસંગોપાત્ત.

ખાલખોટ વિ. હલકું; અધમ; નીચ.

ખાલખોસ વિ. ચામડી જ ફક્ત ચિરાય એવું; ખાલ સુધી ખોસેલું.

ખાલડી (ખાલડ઼ી) ૧. [સં. ખલ્લ] સ્ત્રી. ખાડો; ખાડ.

૨. સ્ત્રી. ચામડી; ત્વચા; ખાલ.

૩. સ્ત્રી. ઝાડની છાલ; છોલ.

ખાલડું (ખાલડ઼ું) ન. શરીર ઉપરની ચામડી; ત્વચા.

ખાલડો (ખાલડ઼ો) પું. સ્ત્રીનું સ્તન.

ખાલત્ય [સં.] ન. માથા ઉપર થતો ટાલનો રોગ.

ખાલપરા ૧. સ્ત્રી. એ નામની લુહારની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ખાલપા સ્ત્રી. મરેલાં ઢોરનાં ચામડાં ઊતરડી સુધારનાર એક હલકી જાત. ગ઼રુડા, ઢેડા, ખાલપા, ભૂરી, સિંધવા અને ભંગિયા એ છ અનુક્રમે હલકી જાત મનાય છે.

ખાલપી સ્ત્રી. ખાલપાની સ્ત્રી; ચામડિયણ.

ખાલપો ૧. [સં. ખલ્લ (ચામડું) + પૂ (સાફ કરવું)] પું. જનાવરોના ચામડાને કમાવી સાફ કરી ઉપયોગમાં આવે એમ તૈયાર કરનારો માણસ; ચામડિયો. જુઓ ખાલપા.

૨. પું. જૂના જોડાને સીવનાર કે થીગડાં મારનાર મોચી.

ખાલપોલ વિ. લુચ્ચું; લબાડ; અધમ.

ખાલવવું સ. ક્રિ. ખાલી કરવું; ઠાલવવું.

ખાલવું અ. ક્રિ. બંધ કરવું; અટકાવવું.

ખાલસ (ખ઼ાલસ) વિ. ચોખ્ખું; સ્પષ્ટ.

ખાલસા (ખ઼ાલસા) ૧. [અ. ખલસ (તે ચોખ્ખું હતું)] પું. પોતાની કુલ માલિકી, તાબા કે સત્તાનું રાજ્ય; જેના ઉપર કેવળ એક વ્યક્તિનો કાબૂ હોય એવો દેશ.

૨. પું. સરકારના પોતાના વહીવટ તળેનો મુલક.

૩. પું. સીખ માટે માનાર્થે વપરાતો શબ્દ.

૪. સ્ત્રી. મહેસૂલ ભરતી જમીન.

૫. સ્ત્રી. વડારણ.

૬. સ્ત્રી. સરકાર અથવા દરબાર હસ્તકની ખાસ જમીન. તે ભાયાતી કે ઇનામી ન હોય.

૭. ન. સીખ પ્રજાનું રાજ્ય.

૮. વિ. ગુરુ નાનકે શરૂ કરેલી નીતિરીતિમાં ફેરફાર કરી ગુરુ ગોવિંદસિંહે જે નવું વિધાન પ્રવર્તાવ્યું તેને અનુસરનારૂં.

૯. વિ. પોતાની કુલ માલિકીનું; આગવું.

૧૦. વિ. રાજ્યના નોકરોની સીધી દેખરેખ નીચેનું; સરકારના હક્ક અને વહીવટનું; સરકારી.

ખાલસા કરવું = (૧) નાશ કરવો. (૨) સરકારી મિલ્કત તરીકે કબજામાં લેવું; જપ્ત કરવું.

ખાલસાજીઓ પું. સીખ માટે માનાર્થે વપરાતો શબ્દ.

ખાલસાપસંદ સ્ત્રી. એ નામની એક પુરાતની તોપ. આ તોપમાં નીચે પ્રમાણે કોતરવામાં આવ્યું છે: શ્રી અકાલ પુરકાજીની કૃપાથી બાદશાહ રણજિતસિંહ બહાદુર બુલંદ ઇકબાલના હુકમથી તોપ ખાલસાપસંદ પાટનગર લાહોરના કારખાનામાં જવાહરમલની વ્યવસ્થા તળે સન ૧૮૯૪ વિક્રમીમાં સિદ્ધાસિંગના પુત્રોએ તૈયાર કરી.

ખાલા (ખ઼ાલા) ૧. પું. ખાડો.

૨. સ્ત્રી. ચામડી.

૩. સ્ત્રી. ધમણ; ફૂંકણી.

૪. સ્ત્રી. નાની નદી.

૫. સ્ત્રી. નીચી જમીન.

૬. સ્ત્રી. મામી.

ખાલાનું ઘર–ખાલા મામાનું ઘર = (૧) આરામનું સ્થળ. (૨) સહજ કામ.

૭. [અ.] સ્ત્રી. માસી; માની બહેન.

૮. વિ. નીચું.

ખાલાતી વિ. માસીથી ઊતરી આવેલું; માસી સંબંધી.

ખાલિક (ખ઼ાલિક઼) [અ. ખલક (તેણે પેદા કર્યું)] પું. પરમાત્મા; ઈશ્વર; સરજનહાર.

ખાલિત્ય ન. ટાલ; માથાના વાળ ખરી પડવાનો રોગ.

ખાલિશ ન. અસંબંધતા; વિસંગતતા; વિષમતા.

ખાલિસ (ખ઼ાલિસ) ૧. પું. મિત્ર; દોસ્ત.

૨. વિ. અસલ; શુદ્ધ; ભેળ વિનાનું; ચોખ્ખું.

૩. વિ. કૂડકપટ વિનાનું; નિખાલસ.

૪. વિ. વિશ્વાસુ; વિશ્વાસ રાખી શકાય એવું.

ખાલિસા (ખ઼ાલિસા) ૧. સ્ત્રી. મહેસૂલ ઉઘરાવવા અને ભેગી કરવા માટે અને તે સંબંધી કિસ્સાઓના નિર્ણયો કરવા માટે સ્થપાયેલ કચેરી.

૨. સ્ત્રી. સરકારી વહીવટ નીચેની મહેસૂલ ભરતી હોય એવી જમીન.

ખાલી ૧. સ્ત્રી. કાઢી મૂકવું તે.

૨. સ્ત્રી. ટાંકણી.

૩. સ્ત્રી. તાલમાં તાળી ન આપતાં હાથ છૂટા પાડવા તે કે તેનું સ્થાન; ખાલી તાલ.

૪. સ્ત્રી. લાકડાનો સપાટીથી નીચે રહેલો કેટલોક ભાગ.

૫. સ્ત્રી. શરીરનો અમુક ભાગ એક જ સ્થિતિમાં રહેતાં કે દબાતાં લોહી વહેતું અટકી જતાં ઉત્પન્ન થતી ઝણઝણાટી; ઝણઝણી.

ખાલી આવવી–ખાલી ચડવી = અકડાઈ જવું; ઝણઝણી ચડવી; બહેર મારી જવું.

૬. સ્ત્રી. સોય.

૭. ન. (વહાણવટું) માલ વગર ગોશ કરતું હોય એવું વહાણ.

૮. વિ. અસર વગરનું.

૯. વિ. કામ કે ધંધા વિનાનું; બેકાર.

ખાલી બેસવું = (૧) કોઈ કામ પૂરૂં ન કરવું. (૨) ધંધા રોજગાર વિના રહેવું.

૧૦. વિ. કોરું; સાદું; 'બ્લૅંક'.

૧૧. વિ. જ્યાં કંઈ ન હોય એવું; ભરેલું ન હોય એવું; વસ્તુ રહિત; શૂન્ય.

૧. ખાલી થવું = (૧) અવાવરું રહેવું; વપરાશ વગરનું થવું. (૨) નબળા પડવું. (૩) પૈસે ટકે ઘસાઈ જવું; પૈસાની તંગીમાં આવી પડવું. (૪) પ્રસવ થવો. (૫) બંધ રહેવું; બંધ થવું.

૨. ખાલી દેવું = તજી દેવું; છોડવું.

૩. ખાલી પડવું = (૧) કોઈ દરજ્જા ઉપરથી તેના અધિકારીનું બીજે ઠેકાણે જવાનું થવાથી તે દરજ્જો બીજાના આવતાં સુધી અધિકાર વગરનો રહેવો. (૨) કોઈ ન વાપરે તેવું થવું. (૩) પુરાયા કે ભરાયા વગર રહેવું. (૪) ભાડૂત વગરનું હોવું. (૫) લેવાઈ જવું; નબળા પડી જવું; શરીરે નબળું થવું.

૪. ખાલી પેટે = નરણાં; કાંઈ પણ ખાધાં પહેલાં.

૫. ખાલી હાથે = કંઈ પણ લીધા વિના; એમ ને એમ.

૬. ખાલી હાથે આવવું = જન્મવું.

૭. ખાલી હાથે જન્મી ખાલી હાથે જવું = (૧) જન્મતાં કાંઈ લઈને અવાતું નથી, તેમ જ મરતાં આ જગતમાંથી કાંઈ સાથે લઈ જવાતું નથી. (૨) જન્મવું એવું મરવું; સુકૃત કર્યાં વગર મરવું. (૩) માટીનાં હોઈ તે માટીમાં મળી જવું.

૮. ખાલી હાથે જવું = (૧) જીવતાં સુધીમાં કંઈ પણ સત્કાર્ય કર્યાં વિના અથવા ભાથું બાંધ્યા વિના જ મરી જવું. (૨) મરી જવું; પુણ્યનો સંચય કીધા વિના જેવા જન્મ્યા હતા તેવા જ મરી જવું; જેમ આવ્યા તેમ કંઈ પણ સાથે લીધા વિના જવું.

૧૨. વિ. ઠાલું; પોલું; પોલાણવાળું.

ખાલી ચણો વાગે ઘણો અથવા ખાલી વાસણ ખખડે ઘણું = ઢમઢોલ ને માંહે પોલ; ઉપરથી મોટી અને સુંદર દેખાતી વસ્તુ વાસ્તવિક રીતે હલકી અને નિર્મૂલ્ય હોય.

૧૩. વિ. દોરી અથવા પટ્ટીમાં ન હોય એવું. જેમકે, ખાલી ચણતર.

૧૪. વિ. નકામું; વ્યર્થ; અમસ્તું; મિથ્યા; ફળ વિનાનું; વગર મતલબનું.

ખાલી તસ્દી આપવી = મિથ્યા શ્રમ દેવો; નકામી મહેનત આપવી.

૧૫. વિ. પૈસા વગરનું; નિર્ધન.

૧૬. વિ. બાતલ; કાઢી મૂકેલું.

૧૭. વિ. રહિત; વિહીન; વગરનું.

૧૮. વિ. વસતી વગરનું; ઉજ્જડ; વેરાન.

ખાલી કરવું = (૧) ઠાલું કરવું. (૨) માંથી નીકળી જવું; ઘરમાંથી વાસ ઉઠાવવો; ઘર ખાલી કરવું.

૧૯. અ. આળસાઈથી; સુસ્તપણે.

૨૦. અ. મરજી મુજબ.

૨૧. અ. માત્ર; ફક્ત.

ખાલીખમ ૧. વિ. એકદમ ખાલી; તદ્દન ખાલી; ઠાલુંકમ.

૨. વિ. માણસ વગરનું.

ખાલીખંખ જુઓ ખાલીખમ.

ખાલીખાના ન. ખાલી બાજુ.

ખાલીખૂલી ૧. વિ. અસર વગરનું.

૨. વિ. ખલાસ થયેલું.

૩. વિ. ખાલી.

૪. વિ. બાતલ.

૫. વિ. ભરેલું નહિ એવું.

૬. અ. ફક્ત.

૭. અ. મરજી મુજબ.

ખાલીચિઠ્ઠી સ્ત્રી. કંઈ લખ્યા વગરનો કાગળ.

ખાલીટપલો પું. માટીનાં વાસણ મોટાં કરવા માટે ટીપવાનું નાનું ચપટું હાથાવાળું કુંભારનું ઓજાર. તેનાથી માટીનું વાસણ ખરબચડું ન થતાં લીસું બને છે.

ખાલીનો ચાંદ પું. ઝીકાદનો મહિનો; ખાલીનો મહિનો; શવાલ મહિનો. તેમાં કોઈ ઉત્સવ થતો નથી.

ખાલીનો મહિનો જુઓ ખાલીનો ચાંદ.

ખાલીપણું ન. શૂન્યતા.

ખાલીપથ્થર પું. વચમાં ખાડાવાળો પથ્થર.

ખાલીપીલી અ. નકામું; વ્યર્થ; વગર કારણે; ફોકટ; મિથ્યા; બેસબબ; અમથું.

ખાલી મહિના જુઓ ખાલીનો ચાંદ.

ખાલીહાથ ૧. વિ. ગરીબ.

૨. વિ. નિરુદ્યમી.

૩. વિ. શસ્ત્ર રહિત.

ખાલું ૧. ન. કસ આવવા દેવા માટે એક ચોમાસું પડતર રહેવા દીધેલું ખેતર.

૨. ન. ક્યારો.

૩. ન. ખળાના અનાજ ઉપર ઢાંકવાનું ઘાસ.

૪. ન. ચામડું.

૫. ન. ચાસમાં વાવેલ મોલ ન ઊગ્યો હોય એવી જગ્યા.

૬. [સં. ખલ્લ (ચામડું)] ન. જોડાના તળિયા ઉપરની ચામડાની ખોલ; જોડાનું ઉપલું ચામડું.

૭. ન. ઝાડના થડની આસપાસ પાણી માટે કરેલું ખામણું.

૮. ન. તળિયા અને ઘૂંટણ વચ્ચેનો પગનો ભાગ; એડી.

૯. ન. વાણાની કોકડી ભરવાનો નેતર કે બરુનો પોલો કકડો.

૧૦. ન. સાળના તંતુઓ વચ્ચે રાખવામાં આવતો બરુ.

૧૧. વિ. ઠાલું; ભર્યા વગરનું.

ખાલુંખમ વિ. જરા પણ અંદર ન હોય એવું; ઠાલવી નાખેલું.

ખાલૂ (ખ઼ાલૂ) [અ.] પું. માસો; માની બહેનનો વર.

ખાલેક (ખ઼ાલેક઼) ૧. [અ. ખલક (તેણે પેદા કર્યું)] પું. ખલ્ક બનાવનાર; ખુદા; પરમેશ્વર; પ્રભુ.

૨. વિ. પેદા કરનાર; સર્જનહાર; સ્રષ્ટા.

૩. વિ. સારા સ્વભાવનું; મળતાવડું.

ખાલેશ (ખ઼ાલેશ) [અ. ખાલિસ (શુદ્ધ)] વિ. સાફ; ખુલ્લું; કપટ વિનાનું; નિર્દોષ.

ખાલેસ જુઓ ખાલેશ.

ખાલ્ડિયા પું. એ નામનો એક દેશ.

ખાલ્યા સ્ત્રી. ચામડાં કેળવનાર લોકોની એક જાત. તે ભરૂચ, સુરત અને રેવાકાંઠાના પ્રદેશમાં વસે છે.

ખાલ્યો પું. સુતારનું એ નામનું એક ઓજાર.

ખાવ [હિં.] સ્ત્રી. ખાતર.

ખાવકણ ૧. વિ. ખા ખા કરનારૂં; ખાનાર; ખાઉધરૂં.

૨. વિ. રૂશ્વતખોર; લાંચિયું.

ખાવટી ૧. સ્ત્રી. ખાવા માટે ઉછીનું લીધેલું અનાજ; સાહુકારને ત્યાંથી ઉછીનું લેવાતું અનાજ. સાધારણ રીતે ચોમાસાના દિવસોમાં અનાજ ખૂટી જાય ત્યારે સાહુકારો તેમને પાછું લેવાની શરતે ખાવા માટે ખેડૂતોને અનાજ આપે છે તેને ખાવટી આપવી કહેવામાં આવે છે. બી બમણું અને ખાવટી દોઢી એવો ખેડૂત લોકોમાં રિવાજ હોય છે. આ પ્રમાણે સાહુકાર પાસેથી ખેડૂતો ઉધાર અનાજ લઈ જાય છે અને શરત પ્રમાણે દોઢું પાછું આપે છે.

૨. સ્ત્રી. જિવાઈ.

ખાવડ (ખાવ઼ડ) ૧. સ્ત્રી. કાઠીની એક જાત.

૨. ન. એ જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

ખાવડા (ખાવ઼ડા) ૧. પું. બ. વ. અબોલા; અણબનાવ.

૨. પું. બ. વ. દુશ્મનાવટ; ખાર; દ્વેષ.

ખાવડી (ખાવ઼ડી) ૧. સ્ત્રી. એક જાતની ભેંસ.

૨. સ્ત્રી. બાળકોની એક જાતની રમત; નિસરણી. એમાં બાળકો જમીન ઉપર નિસરણી જેવો આકાર કરે છે ને એક પગ અધર રાખી એક પગે કૂદે છે. કડી પ્રાંત અને ચરોતર તરફ આ રમત રમાય છે.

ખાવડો (ખાવ઼ડો) જુઓ ખાવડા.

ખાવણ જુઓ ખાવન.

ખાવન ૧. [ફા. ખાવંદ] પું. ઈશ્વર.

૨. પું. ધણી; પતિ.

૩. પું. રાજા.

૪. પું. શેઠ; માલિક.

૫. પું. સરદાર.

ખાવર (ખ઼ાવર) [ફા.] પું. પશ્ચિમ દિશા. પણ આ શબ્દને કવિઓ ઘણી વાર પૂર્વ દિશા અને સૂર્યને માટે વાપરે છે.

ખાવરાન (ખ઼ાવરાન) ૧. [ફા.] ન. ખુરાસાનના એક પ્રાંતનું નામ. તે અનવારી કવિની જન્મભૂમિ હતું.

૨. ન. બ. વ. પૂર્વ અને પશ્ચિમ દિશા.

ખાવરી (ખ઼ાવરી) ૧. [ફા.] વિ. પશ્ચિમનું.

૨. વિ. પૂર્વનું.

૩. વિ. સૂર્યનું.

ખાવરું ૧. [સં. ખાદ્ (ખાવું)] વિ. અતિ લોભી; અતિ ઉત્કંઠિત.

૨. વિ. ખાઉધરું; જે તે ખા ખા કરતું હોય એવું; બહુભક્ષી; અત્યાહારી; અતિભોજી; બહુ ખાનારું.

ખાવલું ન. માછલું.

ખાવલોકન [સં. ખ (આકાશ) + અવલોકન (તપાસ)] ન. ખગોળદર્શન; ખદર્શન.

ખાવંદ (ખ઼ાવંદ) ૧. [ફા.] પું. ઈશ્વર; પ્રભુ.

૨. પું. પતિ; સ્વામી; ધણી; વર.

૩. પું. રાજા.

૪. પું. શેઠ; માલિક.

૫. પું. સરદાર; અધિકારી.

ખાવંદી (ખ઼ાવંદી) સ્ત્રી. સ્વામિત્વ; ધણીપણું.

ખાવાટાળ વિ. ખરાબ; ખાઈ બગાડે એવું.

ખાવાનું ૧. ન. ઉજાણી; મીજબાની.

૨. ન. ખાવાની ચીજ કે વસ્તુ.

૩. ન. ખોરાક; ખાનપાન; ભોજન.

૪. ન. મીઠાઈ; પકવાન.

૫. વિ. ખાદ્ય; ખાઈ શકાય તેવું.

ખાવિંદ (ખ઼ાવિંદ) જુઓ ખાવંદ.

ખાવિંદગીરી (ખાવિંદગીરી) જુઓ ખાવંદી.

ખાવિંદાના (ખ઼ાવિંદાના) અ. ધણીની જેમ.

ખાવિંદી (ખ઼ાવિંદી) જુઓ ખાવંદી.

ખાવીદ ન. લીલું ઘાસ.

ખાવું ૧. ન. કાચુંકોરું ખાવાનું; ભાથું; ટીમણ; ખાવા જેવી વસ્તુ.

૨. ન. પકવાન; મીઠાઈ.

૩. સ. ક્રિ. ઉડાડી દેવું; રહેવા ન દેવું.

૪. સ. ક્રિ. ક્રિયા કરવી.

૫. સ. ક્રિ. ખમવું; સહેવું; વેઠવું.

૬. સ. ક્રિ. ખરચ પડવું; લાગવું.

૭. સ. ક્રિ. ચીડિયાં કરવાં; બિવરાવવું.

૮. સ. ક્રિ. ચોરી છૂપીથી લેવું; ગેરઉપયોગ કરવો; વગર હક્કે લેવું; લાંચ લેવી.

૯. સ. ક્રિ. જીવડાથી ખવાઈ જવું.

૧૦. સ. ક્રિ. બાદ કરવું; ઓછું કરવું.

૧૧. સ. ક્રિ. ભોગવવું; વાપરવું; અનુભવવું; ઉપયોગમાં લેવું.

૧૨. સ. ક્રિ. મોંએ ચાવી ચગળીને ગળે ઉતારવું; જમવું; રાંધેલો ખોરાક લેવો. ખાવું એ શબ્દ જમવુંને બદલે વપરાય, પણ જમવું શબ્દ ખાવું શબ્દને બદલે વપરાતો નથી. રાંધેલી વસ્તુને માટે જમવું શબ્દ વપરાય છે. ખાવું શબ્દ રાંધેલી તેમ જ વગર રાંધેલી બંને વસ્તુ માટે વાપરી શકાય છે. સાધારણ ખોરાકને માટે ખાવું અને જમવું શબ્દ વપરાય, પણ નાતજાતના જમણવાર માટે અથવા વિશેષ ભોજન માટે જમવું વપરાય છે. ભાવવાચક નામની સાથે ખાવું શબ્દ વપરાય છે, પણ જમવું વપરાતો નથી. જેમકે, માર ખાધો, ખોટ ખાધી.

૧. કાળ શોકને ખાઈ જાય છે = દુઃખનું ઓસડ દહાડા.

૨. ખવાય તેટલું ખાવું નહિ અને બોલાય તેટલું બોલવું નહિ = (૧) અતિશયનો હમેશા ત્યાગ કરવો. (૨) માપસર ખાવું અને માપસર બોલવું.

૩. ખાઈ જવું = (૧) અપમાન ખમી લેવું. (૨) ઓહિયાં કરવું; ઉચાપત કરી જવું. (૩) ખમી ખાવું; ખામોશ પકડવી. (૪) ગળવું; ગળી જવું. (૫) ન ગણકારવું; મન ઉપર ન લેવું. (૬) પૂરેપૂરૂં મહાત કરવું. (૭) બંદૂક ને ગડદિયો વગેરે ન ફૂટવાં.

૪. ખાઈ જાણે તે પચાવી જાણે = (૧) જોડાનો ડંખ પહેરનારો જ જાણે. (૨) લાંચખાઉ માણસ પોતાનું પાપ કેમ છુપાવવું તે જાણે.

૫. ખાઈ જાય દિવાળી અને કુટાઈ મરે સૂપડું = કરે કોઈ અને લાભ ઉઠાવે કોઈ; પારકી મહેનતનો લાભ ઉઠાવવો.

૬. ખાઈ જોવું = સ્વાદે કેવું છે તે જાણવા થોડું ચાખી જોવું.

૭. ખાઈ પી ઊતરવું = દુનિયાદારીના આનંદથી ધરાઈ રહેવું.

૮. ખાઈ પી લેવું = (૧) ઘરડા થવું; ઉમરે પહોંચવું. (૨) પરવારવું; તૈયાર થવું; સમેટવું. (૩) ભોગવવું; ઉપભોગ કરવો.

૯. ખાઈ પીને = ખંતથી; કાળજીપૂર્વક.

૧૦. ખાઈ પીને મંડવું–પાછળ મંડવું = (૧) અમુક કાર્ય સાધવા ખંતપૂર્વક મચ્યા રહેવું; ખંતથી કામ કરવું. (૨) કાયમ હેરાન કર્યા કરવું; કનડગત જારી રાખવી. (૩) ચાનક અને કાળજી રાખવી. (૪) ભૂલ ખોળ્યા કરવી; દોષ જોયા કરવા.

૧૧. ખાઈ બગાડવું = (૧) ખાધેલું નહિ પચાવી શકવું અને માંદા રહ્યા કરવું; ખાધાથી જે શક્તિ આવવી જોઈએ તે ન આવવી. (૨) બરોબર બદલો નહિ આપવો; બેવફા થવું; નિમકહરામ નીવડવું.

૧૨. ખાઈ લેવું = ઉતાવળે જમી લેવું.

૧૩. ખાઈને ખાટું કરવું–ખોદવું–ખોરૂં કરવું = નિમકહરામ થવું; બેવફાઈ કરવી.

૧૪. ખાઈને ખોસ કરવું = નિમકહરામ થવું.

૧૫. ખાઈને જખ મારવી = (૧) ખાધા પછી વાસણકૂસણ માંજવા જેવું હલકું કામ કરવું; ખાધા પછી તુરત કંટાળા ભરેલું કામ કરવું. (૨) સારૂં કામ કર્યા પછી કંઈ દુઃખ થવું; ઉપભોગ કરી પસ્તાવું.

૧૬. ખાઉં ખાઉં કરવું = (૧) બહુ જ ભુખાળવા હોવું કે થવું. (૨) ભૂત વળગેલા માણસની ખાઉં ખાઉં એવી બૂમ પાડવી.

૧૭. ખાઓ એનું ખોદો નહિ = ઉપકાર ઉપર અપકાર ન કરવો; નિમકહરામ ન થવું.

૧૮. ખાતાં ખાંડ અને આવતાં રેત = મોજમજા ઘણી વખત દુઃખમાં પરિણમે છે.

૧૯. ખાતાં ખૂટે અને વાપરતાં ફૂટે = વપરાતી વસ્તુને ઘસારો લાગે છે.

૨૦. ખાતાં પીતાં = દુનિયાદારીનો આનંદ ભોગવતાં ભોગવતાં.

૨૧. ખાતું ખાય અને પીતું પીએ–ભરતું ભરે = (૧) અંધેરખાતું; પોપાબાઈનું રાજ; આગળ કોઈ શું કરે છે તે પૂછનારૂં ન હોય એવું ખાતું. (૨) બીજાના ખર્ચે કોઈએ ખાવું નહિ. (૩) રામનું રાજ્ય.

૨૨. ખાતું ધન = જેની હમેશા મરામત કરવી પડે તેવી અથવા જેની પાછળ હમેશા ધ્યાન રાખવું પડે એવી માલમત્તા; અસ્કામત.

૨૩. ખાતું પીતું = (૧) ગરીબ નહિ તેમ તવંગર પણ નહિ એવું. (૨) વગર મુશ્કેલીએ કુટુંબનું ગુજરાન ચલાવતું.

૨૪. ખાધું તે ખરૂં ને ખાઈશું તે ખોટું = ભવિષ્યનો વિચાર ખોટો.

૨૫. ખાધું તેણે ખોયું અને વાપર્યું તેણે વાવ્યું = મોજમજામાં ઉડાવેલું ધન એળે ગયું, પણ સન્માર્ગે વાવેલું ધન ઊગ્યું.

૨૬. ખાધું ધાન ઊતર્યું માન = ગરજ વખતે ગંગારામ, ને ગરજ વીતી એટલે ગગલો.

૨૭. ખાધે પીધે દિવાળી ને ઊગરે ઉચાટ = (૧) આગળ પાછળનો વિચાર કર્યા વિના ઉડાઉપણે રહેવું. (૨) મોજમજા પહેલાં તો મીઠી લાગે, પણ પરિણામે કડવી ઝેર થઈ પડે.

૨૮. ખાધે ભંડાર ખૂટે = કાંઈ પણ આવક ન હોય તો ભરપૂર ભરેલો ભંડાર પણ ખાલી થાય છે.

૨૯. ખાનાપીના બેરસલ્લા ઓર ઘિંગાણા બોતેરા = (૧) ખવરાવવા પિવરાવવાનાં ઠેકાણાં વગરની ખોટી ધામધૂમ; ખોટો ડોળ. (૨) ગરીબની ગુદામાં દાંત હોય; ખાવાનાં સાંસાં અને મિજાજ ભારી.

૩૦. ખાનાર ત્યાં ધાનાર નહિ ને ધાનાર ત્યાં ખાનાર નહિ = ધનવાળાને ત્યાં છોકરાં નહિ અને છોકરાં હોય ત્યાં ધન નહિ.

૩૧. ખાનાર પીનારને ખુદા આપનાર = (૧) ઈશ્વર સહુને હાજત પ્રમાણે આપી રહે છે. (૨) શુભ માર્ગે વાપરનારને ઈશ્વર આપે છે.

૩૨. ખાનારના ગલા અને નાહનારના વાળ છાના રહેતા નથી = સાચું બહાર પડ્યા વિના રહેતું નથી.

૩૩. ખાનારો ખાય અને પડે બીજાને માથે = વાંક કરે કોઈ અને અપરાધી મનાય કોઈ; ખાય ખોડી અને પડે હરાડી ઉપર.

૩૪. ખાને પીનેમેં મેં ને લડનેમેં મેરા ભાઈ = લાભ વખતે હું અને ખરચ વખતે તું; નફામાં મારો ભાગ અને ખરચમાં તારો ભાગ.

૩૫. ખાય તે ધાય = સારી પેઠે ખાનારો કામ પણ સારી પેઠે આપે; જેવો ખોરાક તેવું કામ.

૩૬. ખાય તેનો ખૂણો, પીએ એનું ઘર, સૂંઘે એનાં લૂગડાં, એ ત્રણે બરાબર = તમાકુ ખાનાર માણસ થૂકવાને ખૂણો ખોળે છે, પીનાર માણસ ચલમ જ્યાંત્યાં ઠાલવે છે અને સૂંઘનાર માણસ તમાકુ સૂંઘી તમાકુવાળા હાથ લૂગડે ઘસે છે, તેથી ખાનાર, પીનાર અને સૂંઘનાર એ ત્રણે ગંદાં હોય છે.

૩૭. ખાય નહિ અને ઢોળી દે = બીડના કૂતરા જેવું થવું; પોતાને નિરુપયોગી વસ્તુનો ઉપયોગ બીજાને ન કરવા દેવો.

૩૮. ખાય સહુ અને ભોગવે એક = એકની જહેમતનો લાભ સહુને મળવો.

૩૯. ખાવા આપવા = કન્યાના બાપને કન્યાના સાટામાં પૈસા આપવા.

૪૦. ખાવા ગોખરુ ને મહીં કાંટા = કમનસીબ સામે ફરિયાદ કરવી નકામી છે.

૪૧. ખાવા દોડવું-ધાવું = (૧) અળખામણું લાગવું. (૨) ચીડિયાં કરવાં; બિવરાવવું; ઘૂરકવું; ગુસ્સે થવું; ધમકાવવું. (૩) ભક્ષણ કરી જવા ધસવું.

૪૨. ખાવા પીવાનો દહાડો = (૧) આબાદીનો વખત; ચડતો દહાડો; ચડતી. (૨) જયાફતનો દિવસ; ઉજાણીનો દહાડો; રમવા જમવાનો દિવસ; ખુશીનો કે આનંદનો દહાડો.

૪૩. ખાવા લેવા = કન્યા પરણાવતી વખતે શિરસ્તા કરતાં વધારે પૈસા લેવા; કન્યાવિક્રય કરવો.

૪૪. ખાવાનાં ખોખાં અને પહેરવાનાં ચોખાં = ઘરમાં હાલ્લાં કુસ્તી કરે અને બહાર લાલજી મણિયાર.

૪૫. ખાવાનું આપવું = (૧) ખોરાક આપવો. (૨) માર મારવો.

૪૬. ખાવાનું પૂરૂં પાડવું = ખોરાકી આપવી; પાલવવું; પોષણ કરવું.

૪૭. ખાવામાં જગલો ને કૂટવામાં ભગલો = મહેનત કરતી વખતે મગન અને જમવામાં છગન.

૪૮. ખાવું તેનું હલાલ કરવું = જેનું ખાવું તેનું હક્ક કરવું; લૂણહલાલ થવું.

૪૯. ખાવું તેમ લવવું નહિ = ખાવાની વસ્તુ ક્વખોડવી નહિ.

૫૦. ખાવું થોડું અને ભભડાટ ઘણો = (૧) અધૂરો છલકાય. (૨) લાભના પ્રમાણમાં તકલીફ વધારે.

૫૧. ખાવું નહિ અને ખાવા દેવું નહિ = બીડનો કૂતરો થવું; પોતાને નિરુપયોગી વસ્તુનો ઉપયોગ બીજાને ન કરવા દેવો.

૫૨. ખાવું પીવું = આરામથી રહેવું; સુખચેનમાં રહેવું.

૫૩. ખાવું પીવું ખેરસલ્લા, ઘિંગાણાં બોતેરા = બણગાં ફૂકવાં.

૫૪. ખાવું બંધાવવું = મહેમાનોને મુસાફરી માટે ભાથું આપવું.

૫૫. ખાવે શૂરો અને લડવે પૂરો = (૧) ખાવું સારી પેઠે અને કામમાં એદીપણું રાખવું. (૨) જેવો ખોરાક તેવું જોર.

૫૬. ખાસડાં ખાવાં = (૧) ઠપકો મેળવવો. (૨) નિષ્ફળ થવું. (૩) પાછા પડવું.

૫૭. ખાંડ ખાવી = મૂરખ બનવું.

૫૮. ગમ ખાવી = (૧) ધીરજ રાખવી; ધૈર્યપૂર્વક સહન કરી જવું. (૨) પાછું પડવું. (૩) વિસ્મય પામવું.

૫૯. ગળા સુધી ખાવું = ઠાંસી ઠાંસીને પેટ ભરવું; અકરાંતિયાપણે ખાવું.

૬૦. ગાળ ખાવી = અપશબ્દો સાંભળવા; મેણું કે ઠપકો સાંભળવો.

૬૧. ગોળ ખાવો = સગપણનું સાટું નક્કી કરવું.

૬૨. ઘરનું ખાવું અને ગાંડા સાથે જવું = ગાંઠનું ગોપીચંદન ગુમાવીને નોકરી કરવી; બદલા વગરની સેવા કરવી.

૬૩. ઘા ખાવો = (૧) પાછું પડવું. (૨) વિસ્મય પામવું.

૬૪. ચાડી ખાવી = એકની વાત બીજાને જઈ કહેવી.

૬૫. છીંક ખાવી = (૧) અપશુકન કરવાં. (૨) છીંકવું; છીંક આવવી.

૬૬. ટાઢ તડકો ખાવો = જિંદગીના ફેરફાર જોવા.

૬૭. તડકો ખાવો = (૧) સુકાવું. (૨) સૂર્યના તાપમાં બેસવું; તડકે બેસવું.

૬૮. થાક ખાવો = આરામ લેવો.

૬૯. દમ ખાવો = (૧) આરામ લેવો. (૨) નિરાંતે શ્વાસ લેવો. (૩) રાહ જોવી; થોભવું; ધીરજ રાખવી.

૭૦. દવા ખાવી = ઔષધ લેવું.

૭૧. પૈસા ખાવા = (૧) અન્યાય કરવો. (૨) લાંચ લેવી.

૭૨. બાપની પૂંજી ખાવી = બાપદાદાની મિલ્કત ઉપર તાગડધિન્ના કરવા.

૭૩. ભાવ ખાવો = આનાકાની કરવી.

૭૪. ભીમ ખાય અને શકુનિ અઘે = એકનું કર્યું બીજો ભોગવે.

૭૫. માથું ખાવું = કંટાળો આપવો.

૭૬. માર ખાવો = માર પડવો; માર સહન કરવો.

૭૭. મારી ખાવું = લાંચ લેવી.

૭૮. રાખ ખાવી = બહુ જ નમ્ર થઈ જવું; પાણીથી પાતળા થવું.

૭૯. લાપશી ખાવી = ભોંઠાપણું થવું.

૮૦. લાંચ ખાવી = રિશ્વત લેવી; ગેરકાયદેસર પૈસા લેવા.

૮૧. વધાઈ-વધામણી ખાવી = (૧) સારા સમાચાર આપવા માટે બદલો મળવો. (૨) સૌથી પહેલાં આનંદની વાત કોઈને કહેવી; સારા સમાચાર આપવા.

૮૨. વાત ખાવી = વાત પેટમાં સમાવવી.

૮૩. સાકર કેળાં ખાવાં = મુશ્કેલીમાંથી સહેલાઈથી પસાર થવું.

૮૪. સાથે ખાવું = આડો વ્યવહાર રાખવો.

૮૫. સોગન ખાવા = શપથ લેવા; સમ ખાવા; પ્રતિજ્ઞા લેવી.

૮૬. હવા ખાવા જવું = (૧) તાપના દિવસોમાં ઠંડી હવાનો આનંદ લેવા કોઈ શીતળ ટેકરી ઉપર જઈને રહેવું. (૨) હવાફેરને માટે જવું.

૮૭. હવા ખાવાનું સ્થળ = આરોગ્યભવન.

૮૮. હવા ખાવી = ખુલ્લી હવામાં ફરવાનો આનંદ લેવો; ખુલ્લી હવા શ્વાસમાં લેવી.

ખાવું પીવું ન. ખોરાકી ખર્ચ.

ખાવો પું. ખેતરમાં થતું ઘણા ઉંડા મૂળવાળું ધોળું ઘાસ. જ્યાંસુધી તેને ખોદી કાઢવામાં આવે નહિ, ત્યાંસુધી જમીન કસ આપતી નથી.

ખાશ ૧. સ્ત્રી. ખાઉકી.

૨. સ્ત્રી. ખાવાની શક્તિ; ખાવાની ગુંજાસ.

૩. સ્ત્રી. ખાવાનો જથ્થો.

૪. સ્ત્રી. દરકાર; ચિંતા; ખાએશ.

ખાશાક (ખ़ाशाक) ૧. [ફા.] પું. કચરો.

૨. પું. પાંદડું.

ખાશિ પું. એ નામનો એક દેશ.

ખાશિક જુઓ ખાશિ.

ખાશિયત સ્ત્રી. ટેવ; ખાસિયત.

ખાશી ૧. પું. વૃષણ કાપી નપુંસક બનાવેલ બળદ; ઢાંઢો.

૨. સ્ત્રી. આસામ તરફ બોલાતી એ નામની ભાષા.

૩. સ્ત્રી. આસામના લોકની એક જાત. તેઓ મોંગોલ જાતિના છે. તેઓ ચીનાઓને મળતા, શરીરે ઠીંગણા પણ બહુ મજબૂત હોય છે.

૪. ન. ખેતરમાંથી કસ ન ચુસાય એવી રીતે ખેતર રાખવું તે; સાંખું.

ખાશીર [સં.] પું. મહાભારતમાં જણાવેલો એક પ્રાચીન દેશ.

ખાશો પું. હજૂરિયો.

ખાસ (ખ़ાસ) ૧. [હિં.] સ્ત્રી. કોથળી; થેલી.

૨. સ. આપ; તમે.

૩. વિ. અમીરી.

દીવાને ખાસ = ઉમરાવોની સભા.

૪. વિ. અસાધારણ.

૫. વિ. એકને જ લગતું; બધાને લાગુ ન પડે તેવું.

૬. વિ. ખરેખરૂં; અસલ; અકૃતિમ.

ખાસ ખબર = સાચી અથવા સત્તાવાર ખબર; ખરી માહિતી.

૭. વિ. ખાનગી; અંગત.

ખાસ પાયગા = રાજાની જાતિ દેખરેખ તળેના ખાસ ઘોડેસવારો.

૮. વિ. ચોક્કસ.

૯. વિ. ચોખ્ખું.

૧૦. વિ. નક્કી કરેલું.

૧૧. વિ. પસંદ કરેલું; માનીતું.

૧૨. વિ. પૂરેપૂરૂં.

૧૩. વિ. પોતાનું; પોતીકું.

૧૪. વિ. પ્રધાન; મુખ્ય

૧૫. વિ. બહુ જ અગત્યનું; જરૂરનું.

૧૬. વિ. ભેદદર્શક; જુદું.

૧૭. વિ. સરકાર સંબંધી; રાજ્યનું.

૧૮. વિ. સારૂં.

૧૯. વિ. સુપ્રસિદ્ધ; જાણીતું.

૨૦. અ. પ્રસંગ માટે.

ખાસ કરેલું = પ્રસંગને માટે તૈયાર કરેલું.

ખાસઅદાલત (ખ઼ાસઅદાલત) સ્ત્રી. કોઈ પણ મુકદ્દમા માટે નિમાયેલ ખાસ કચેરી.

ખાસઅવયવ પું. ગુપ્ત અવયવ; ગુહ્યાંગ.

ખાસકર અ. ખાસ કરીને; મુખ્યત્વે.

ખાસ કરીને જુઓ ખાસકર.

ખાસકલમ (ખ઼ાસક઼લમ) [અ.] પું. ખાનગી કારભારી.

ખાસખવાસ (ખ઼ાસખ઼વાસ) ૧. પું. અમીર ઉમરાવનો કે બાદશાહનો નોકર; હજૂરિયો.

૨. સ્ત્રી. વડારણ.

ખાસખેલ પું. લશ્કરના પાછલા ભાગનું રક્ષણ કરનાર અમલદારની પદવી.

ખાસગત ૧. વિ. ખાનગી; ગુપ્ત.

૨. વિ. પોતાનું જ; પોતીકું જ; પોતાને લગતું જ; અંગત.

૩. વિ. વિશેષ; અગત્યનું; મુદ્દાનું.

ખાસગી (ખ઼ાસગી) ૧. પું. ખાનગી કારભારી.

૨. પું. ફોજનો રિસાલદાર.

૩. [અ.] વિ. અગત્યનું; જરૂરનું; મુદ્દાનું.

૪. વિ. ખાનગી; ગુપ્ત.

૫. વિ. પોતાનું; પોતીકું; પોતાને લગતું; અંગત.

ખાસડકુટિયું (ખાસડ઼કુટિયું) વિ. ઠપકા ખાયા કરનારૂં.

ખાસડકૂટું (ખાસડ઼કૂટું) ૧. વિ ખાસડાંખાઉ; વારંવાર ઠપકો મળે એવું.

૨. વિ. નબળા મનનું.

ખાસડકૂટું (ખાસડ઼કૂટું) ૧. વિ. ખાસડાં ખાધા કરે એવું; ઠપકા ખાયા કરનારૂં.

૨. વિ. નબળા મનનું.

૩. વિ. માથાકૂટિયું; કંટાળા ભરેલું.

ખાસડખોરું (ખાસડ઼ખોરું) વિ. ઠપકો ખાનારૂં.

ખાસડાટવું (ખાસડ઼ાટવું) સ. ક્રિ. ખાસડે ખાસડે મારવું.

ખાસડાં (ખાસડ઼ાં) ૧. ન. બ. વ. જૂતાં; જોડાં.

૨. પું. બ. વ. ઠપકો.

ખાસડાંખાઉ (ખાસડ઼ાંખાઉ) ૧. વિ. જેને વખતોવખત ઠપકો મળતો હોય એવું.

૨. વિ. ઠપકો ખાવાને ટેવાઈ ગયેલું.

૩. વિ. બેશરમ; નિર્લજ્જ.

ખાસડાંખોર (ખાસડ઼ાંખોર) વિ. ખાસડકૂટું; ખાસડાં ખાધા કરે એવું; ખાસડાં ખાવાની આદતવાળું.

ખાસડાંબાજી (ખાસડ઼ાંબાજી) ૧. સ્ત્રી. એકબીજા ઉપર ખાસડાં નાખી ગમત કરવી તે; ગદ્ધામસ્તી.

૨. સ્ત્રી. ખાસડે ખાસડે લડવું તે; હોળીમાં એકબીજા ઉપર ખાસડાં ફેંકવાં તે.

૩. સ્ત્રી. ગાળાગાળી કરવી તે; હલકાં વેણથી વઢવું તે.

૪. સ્ત્રી. મૂર્ખ માણસોની ખોટી લડાઈ.

ખાસડિયાં કેળાં (ખાસડ઼િયાં કેળાં) ન. બ. વ. લાંબા અને ત્રણ ધારાં એક જાતનાં કેળાં. તેની અંદર વચમાં કાળો રેસો હોય છે.

ખાસડિયું (ખાસડ઼િયું) ૧. વિ. કેળાંની એક હલકી જાતનું.

૨. વિ. ખાસડા જેવું.

ખાસડી (ખાસડ઼ી) સ્ત્રી. સ્ત્રીનું પગરખું.

ખાસડું (ખાસડ઼ું) ૧. ન. જૂનું અને ઘસાયેલું પગરખું; જૂનો જોડો.

૧. ખાસડાં ખાવાં = (૧) ખત્તા ખાવી; પસ્તાવો પામવો. (૨) ઠોકર ખાવી. (૩) સખ્ત ઠપકો મળવો.

૨. ખાસડાં દેવાં-મારવાં = ઠોક દેવા; ઠપકો દઈ શરમિંદું કરવું; કઠણ વચન કહેવાં; ધમકાવવું; ધમધમાવવું.

૩. ખાસડાં રાત = બેદરકારી દર્શાવતો જવાબ.

૪. ખાસડાંને તળિયે = (૧) એડી નીચે. (૨) બેપરવા.

૫. ખાસડાંને તોલે = હલકું; વિસાત વિનાનું; માલ વિનાનું.

૬. ખાસડે દાળ વહેંચવી = ખાસડાં વડે લડવું.

૭. ખાસડે મારી = દીસતું રહ્યું; ઘર્યું રહ્યું.

૮. ડુંગળી ને ખાસડાં = બેવડો માર.

૯. લાકડાના દેવને ખાસડાંની પૂજા = જેવો માણસ તેવો ન્યાય.

૨. ન. ઠપકો; ધમકી.

૩. ન. બદનામી; અપજશ.

ખાસતહસીલ (ખ઼ાસતહસીલ) [હિં.] ન. ખાસ સરકારી ભરણું.

ખાસદર પું. પગરખાં સાંચવનાર માણસ.

ખાસદાન (ખ઼ાસદાન) ૧. ન. કપડાં રાખવાનો ડબો.

૨. [ફા. ખાસ્દાન] ન. પાનદાની; પાનનો ડબો.

૩. ન. વાસણ.

ખાસદાર (ખ઼ાસદાર) ૧. [ફા.] પું. અશ્વશાળાનો અધિકારી; અશ્વપાળ; ઘોડાની ચાકરી કરનાર; રાજાનો ઘોડો રાખનાર.

૨. પું. સાથે રહેનારો માણસ; પરિચારક; સેવક; અનુચર.

ખાસદોસ્ત (ખ઼ાસદોસ્ત) પું. ખરેખર પ્રીતિવાળો મિત્ર; જીવજાન દોસ્ત.

ખાસનવીસ (ખ઼ાસનવીસ) ૧. પું. ખાનગી કારભારી.

૨. [ફા.] પું. ખાનગી લહિયો.

ખાસપાડા ૧. સ્ત્રી. એ નામની લોહાણાની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ખાસપ્રયોગ પું. રૂઢિપ્રયોગ.

ખાસબરદાર (ખ઼ાસબરદાર) ૧. [અ.] પું. રાજાની સવારીની સાથે આગળ ચાલતો સિપાઈ.

૨. પું. રાજાનો હજૂરિયો.

૩. પું. લશ્કરી અમલદારનાં હથિયાર ઊંચકનાર માણસ.

ખાસમહલ (ખ઼ાસમહલ) ૧. પું. જનાનાનો ઓરડો; સ્ત્રીનિવાસ; અંતઃપુર; રંગમહેલ.

૨. પું. પરણેલી સ્ત્રીનો ખાનગી ઓરડો.

૩. સ્ત્રી. પહેલી પરણેલી સ્ત્રી.

ખાસમહાલ (ખ઼ાસમહાલ) પું. સરકારી દેખરેખ નીચેની જમીન.

ખાસમહેલ જુઓ ખાસમહલ.

ખાસમંડળી સ્ત્રી. અમીર વર્ગ.

ખાસલા ૧. સ્ત્રી. એ નામની દરજીની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ખાસલોક પું. અમીર વર્ગ.

ખાસવતની વિ. અસલથી રહેતું હોય એવું; મૂળનિવાસી.

ખાસસત્ત્વ ન. વનસ્પતિમાંથી કુદરતી રીતે મળી આવતો તીવ્ર ગુણવાળો પદાર્થ.

ખાસા (ખ઼ાસા) ૧. પું. આદત; ટેવ.

૨. પું. કશ્મીરની દક્ષિણે રહેતા એક જાતના લોક.

૩. પું. ચાકર; નોકર.

૪. પું. તબેલો; ગાડીખાનું.

૫. પું. રાજાની સવારીનો ઘોડો કે હાથી.

૬. પું. રાજાનું ઉત્તમ ભોજન; રાજભોગ.

૭. પું. સ્વભાવ.

૮. સ્ત્રી. મોણવાળી એક જાતની પૂરી.

૯. न. એક જાતનું સુંદર સફેદ સુતરાઉ કપડું; મજલીન.

૧૦. न. દેવના જ વપરાશમાં આવે એવી ચીજ.

૧૧. न. પ્રભુને માટે જળ વગેરે રાખવાનું સ્થળ.

૧૨. वि. અમીરી; બાદશાહી.

૧૩. वि. અંગત; ખાસ.

૧૪. वि. ભગવાનના ઉપયોગનું.

૧૫. वि. ભરપૂર; પૂરું.

૧૬. वि. મધ્યમ વર્ગનું.

૧૭. वि. શ્રેષ્ઠ; ઉત્તમ.

૧૮. वि. સાધારણ; સામાન્ય.

૧૯. वि. સારું; મજાનું; સુંદર.

૨૦. वि. સ્વસ્થ; તંદુરસ્ત; નીરોગી.

૨૧. अ. ખરેખર; સાચેસાચું.

ખા.સા. પું. ખાન સાહેબનું ટૂંકું રૂપ; સરકાર તરફથી મળતો એક ઇલકાબ.

ખાસા કરવું स. क्रि. જલદી ધોઈ સાફ કરવું.

ખાસાદાર (ખ઼ાસાદાર) પું. આફ્રીદી લોકની એક જાત.

ખાસાનું બીડું (ખાસાનું બીડું) न. વૈષ્ણવ મંદિરમાં ઠાકોરજી કે મહારાજ માટે બનાવેલું ખાસ પાન.

ખાસાનું સીડું (ખાસાનું સીડું) જુઓ ખાસાનું બીડું.

ખાસાપીસી ૧. સ્ત્રી. આઘાપાછી; ચાડીચૂગલી.

૨. સ્ત્રી. છાની છાની વાતો કરવી તે.

ખાસામંડળી ૧. સ્ત્રી. અમીર ઉમરાવોની સભા; શાહી મિજલસ.

૨. સ્ત્રી. રાજકુટુંબનાં માણસો.

ખાસાંજલ न. ब. व. ઠાકોરજીના ઉપયોગનું ખાસ પાણી.

ખાસાંજળ જુઓ ખાસાંજલ.

ખાસિયત (ખ઼ાસિયત) ૧. [ફા.] સ્ત્રી. આદત; ટેવ; મહાવરો.

૨. સ્ત્રી. ખાનગી મિલકત; ખાસ મિલકત.

૩. સ્ત્રી. જાત; પ્રકાર.

૪. સ્ત્રી. નિયમિતતા.

૫. સ્ત્રી. વિશેષ ગુણ; ખાસ ગુણ; વિશિષ્ટતા; વિશિષ્ટ ગુણધર્મ.

૬. સ્ત્રી. સ્વભાવ; પ્રકૃતિ.

ખાસિયા ૧. પું. એ નામનો આસામનો એક પર્વત.

૨. પું. ખાસિયા ડુંગરમાં રહેતી એક જંગલી જાતિ.

ખાસિયાણું वि. ભોંઠું; ઊતરી ગયેલા ચહેરાવાળું.

ખાસિયાં न. ब. व. કાનમાં ઝીણી ઝીણી વાતો કરવી તે; કાનમાં ખાસીપીસી કરવાપણું.

ખાસિયું ૧. न. ગધેડા ઉપર લાદવાની ગૂણની નીચે મૂકેલી ગાદલી; આછર.

૨. न. ભાર લાદવા માટે ગધેડા ઉપર મૂકવાની બે બાજુએ ખાનાંવાળી ગૂણ.

ખાસિયો ૧. સ્ત્રી. કાઠીની એ નામની અટક.

૨. न. એ નામની અટકનું માણસ.

૩. वि. એ નામની અટકનું.

ખાસી (ખ઼ાસી) ૧. પું. આસામનો એ નામનો જિલ્લો.

૨. પું. એ નામના જિલ્લામાં વસતા લોક.

૩. સ્ત્રી. એ નામની એક ભાષા.

૪. સ્ત્રી. એક જાતની શેરડી.

૫. સ્ત્રી. ચાકરડી; સ્ત્રીનોકર.

૬. સ્ત્રી. રાજાને બાંધવાની તલવાર, ઢાલ કે બંદૂક.

૭. સ્ત્રી. વાસેલ રાખેલું ખેતર.

૮. वि. જેના વીર્યોત્પાદક અવયવ કાપી નાખેલા હોય એવું; વૃષણ વિનાનું; વીર્યહીન; સત્ત્વહીન; ખસી. જે બળદ અને ઘોડાના વૃષણ કાપી નાખેલા હોય તે ખાસી કહેવાય છે.

૯. वि. મોટું.

૧૦. वि. શ્રેષ્ઠ; ઉત્તમ.

ખાસીઅત જુઓ ખાસિયત.

ખાસીર પું. (પુરાણ) ભારતવર્ષીય એક દેશ.

ખાસી રીતે ૧. अ. નિરાંતે.

૨. अ. સહેલાઈથી.

૩. अ. સારી રીતે.

ખાસીસ સ્ત્રી. આસામના ડુંગરામાં રહેતી લોકોની એક જાત.

ખાસુલખાસ [અ.] वि. ખાસ અગત્યનું; પોતાનું જ.

ખાસું ૧. [અ. ખાસ] वि. બહાદુર.

૨. वि. સારું; રૂડું; મજાનું; સુંદર.

ખાસું કાર્ય = સારું કામ.

૩. वि. સ્વચ્છ.

૪. अ. પૂરેપૂરું.

૫. अ. શાબાશ; ભલે.

૬. अ. સારું; બેશ; સરસ; બરાબર; ઠીક; વાહવાહ.

૧. ખાસું દીવા જેવું = (૧) કશું મળે નહિ એવું; કાંઈ હાથ ન લાગે એવું. (૨) તદ્દન સ્પષ્ટ; દેખીતું; સમજી શકાય તેવું; ચોખ્ખું ચટ.

૨. ખાસું મજાનું = બહુ મજાનું; ઘણું સુંદર.

ખાસો ૧. પું. ખાસ માણસ.

૨. वि. પું. ચોખ્ખો; સ્પષ્ટ.

૩. वि. પું. સારો.

ખાસોઆમ (ખ઼ાસોઆમ) ૧. પું. ब. व. ઉમરાવ વર્ગના તેમ જ આમ વર્ગના માણસો; સમસ્ત પ્રજા.

૨. [ફા.] वि. ખાસ અને આમ; અમીર અને સામન્ય; ઉચ્ચ અને નીચ.

ખાસ્ત (ખ઼ાસ્ત) ૧. [ફા.] સ્ત્રી. અરજ.

૨. સ્ત્રી. ઇચ્છા.

ખાસ્તગાર (ખ઼ાસ્તગાર) [ફા.] પું. અરજદાર; ઉમેદવાર; માગણી કરનાર.

ખાસ્તા (ખ઼ાસ્તા) ૧. [ફા.] वि. ઇચ્છિત; ઇચ્છેલું.

ખુદા ન ખાસ્તા = ન કરે નારાયણ.

૨. वि. ઊગી નીકળેલું.

ખાસ્તાગારી (ખ઼ાસ્તાગારી) [ફા.] સ્ત્રી. ફરિયાદ; અરજી; દાવો.

ખાસ્નીસ પું. રાજાની પોતાની જમીનનો અધિકારી.

ખાસ્ય સ્ત્રી. ચોસઠ માંહેની એ નામની એક લિપિ.

ખાસ્યલિપિ જુઓ ખાસ્ય.

ખાસ્સ (ખ઼ાસ્સ) ૧. [અ.] પું. જેની વિઘોટીની વસૂલાત સરકારી માણસો કરે તેવી જમીન.

૨. वि. ઉમદા.

૩. वि. ખાસ; ખાનગી; અંગત ઉપયોગ માટે રાખેલું.

૪. वि. સરસ; ઉત્તમ.

ખાસ્સગી (ખ઼ાસ્સગી) ૧. [અ.] સ્ત્રી. ખાનદાની; ઉમદાપણું.

૨. સ્ત્રી. ખાસ હોવાપણું.

૩. સ્ત્રી. સરસપણું; શ્રેષ્ઠતા.

ખાસ્સત (ખ઼ાસ્સત) ૧. वि. ખાનગી; અંગત ઉપયોગનું.

૨. वि. ખાસ; વિશિષ્ટ.

ખાસ્સતન (ખ઼ાસ્સતન) અ. ખાસ કરીને; વિશેષે.

ખાસ્સદાન (ખ઼ાસ્સદાન) પું. લૂગડાં રાખવાનું ચામડાનું પાકીટ.

ખાસ્સનવીસ (ખ઼ાસ્સનવીસ) ૧. પું. ખાનગી કારભારી.

૨. પું. સરકારનો હિસાબી.

ખાસ્સા (ખ઼ાસ્સા) ૧. પું. રાજાનું ખાણું; રાજભોગ.

૨. પું. સ્વભાવ; પ્રકૃતિ.

૩. ન. એક જાતનું બારીક સુતરાઉ કાપડ.

૪. વિ. ઉત્તમ; સરસ.

૫. વિ. ઉમદા; ખાનદાન.

૬. વિ. સુંદર; દેખાવડું.

ખાસ્સાદાર પું. પઠાણ સિપાઈ.

ખાસ્સું ૧. વિ. ઉત્તમ; શ્રેષ્ઠ.

૨. વિ. ઉમદા; ખાનદાન.

ખાસ્સો અ. ખાસ કરીને; લગભગ; મોટે ભાગે.

ખાહ (ખ઼ાહ) પું. ઇચ્છા; મરજી.

ખાહમખાહ (ખ઼ાહમખ઼ાહ) અ. પરાણે; જબરાઈથી; મને કે કમને.

ખાહર (ખ઼ાહર) [ફા.] સ્ત્રી. બહેન.

ખાહાં (ખ઼ાહાં) વિ. ઇચ્છાવાળું.

ખાહિશ (ખ઼ાહિશ) ૧. [ફા.] સ્ત્રી. ઇચ્છા; અભિલાષા; આકાંક્ષા.

૨. સ્ત્રી. ચાહ; લાગણી.

ખાહિશમંદ (ખ઼ાહિશમંદ) ૧. [ફા.] વિ. ઇચ્છનાર; ઇચ્છા રાખનાર; આકાંક્ષી.

૨. વિ. લાગણીવાળું.

ખાહૂલ ૧. પું. (સંગીત) કફદોષથી ઊપજતો કોમળ મધુર સ્વર.

૨. વિ. (સંગીત) કંઠમાં કફના દોષથી ઉત્પન્ન થનાર.

ખાહેશ જુઓ ખાહિશ.

ખાહેશમંદ જુઓ ખાહિશમંદ.

ખાહોવું ૧. સ. ક્રિ. ખમવું; સહન કરવું.

૨. સ. ક્રિ. સંતાપવું; દુઃખ દેવું.

ખાળ ૧. પું. વાંધો; તકરાર.

૨. સ્ત્રી. ખાલ; ચામડી.

૩. સ્ત્રી. ગાડાનો એક ભાગ.

૪. સ્ત્રી. પાણીની નીક; સ્નાન, પેશાબ તથા પાણી ઢોળવા માટે કરેલી છેડે પાણી જવાની નળી મૂકેલી હોય એવી નાની ચોકડી; ગટર; મોરી; મેલા પાણીના નિકાલ માટેનો નળ કે નીક.

૧. ખાળ કાઢવી = ખાળ કે મોરી સાફ કરવી.

૨. ખાળે જવું = પેશાબ કરવા જવું.

૩. ખાળે ડૂચા ને દરવાજા મોકળા = મણુના મણ જતું હોય ત્યાં પૂણીઓના ભાવ પૂછવા.

૪. ખાળે બેસવું = (૧) પેશાબ કરવો. (૨) માંદા માણસે ઝાડે બેસવું.

૫. ન. લાશ; મુડદું.

ખાળકૂવો ૧. પું. ખાળનું પાણી જવાને કરેલો ઊંડો ખાડો; ખાળકૂંડી; ગટર; ભોંખાળ.

૨. પું. સંડાસનો કૂવો; શૌચકૂપ; જાજરૂ કે સંડાસ માટે કરેલો કૂવો.

ખાળકૂંડી સ્ત્રી. મોરી; મેલું પાણી જે ખાળમાં થઈને વહી જતું હોય તે ખાળને છેડે પાણીમાંનો કચરો ઠરી રહેવા બનાવેલી કૂંડી; ખાળની પાસે પાણી ભરાઈ રહેવા કરેલો ખાડો અથવા દાટેલી કોઠી; ગટર; નીક.

પથરો ખાળકૂંડીમાં નાખીએ તો આપણે જ છંટાઈએ = ગધેડાને કૂલે બકો ભરવા જઈએ તો લાત ખાઈએ.

ખાળવું ૧. સ. ક્રિ. કાઢી નાખવું; ધોઈ સાફ કરી નાખવું.

૨. સ. ક્રિ. તકરારનું સમાધાન કરવું.

૩. સ. ક્રિ. રોકવું; અટકાવવું; આગળ ન વધે એમ કરવું; વચમાંથી બંધ પડવું.

૪. સ. ક્રિ. વેચી દેવું.

ખાળાચાળા પું. બ. વ. ખટપટ; પ્રપંચ; દાવપેચ.

ખાળિયો ૧. પું. ગાડાના ડાગળાના ભાગમાં આવેલો ઊંડી ચર જેવો ભાગ.

૨. પું. પટારાના આગલા ભાગમાં અંદર પડતો દેખાતો ભાગ.

૩. પું. પાણી જવાનો બાંધેલ રસ્તો; ધોરિયો.

૧. ખાળિયે જવું-બેસવું = (૧) જંગલ જવું; મળત્યાગ કરવા જવું. (૨) પેશાબ કરવા જવું.

૨. ખાળિયો છૂટવો = રજસ્વલા થવું; સ્ત્રીનું બહાર બેસવું.

૪. પું. લાકડાના સૂપડામાં ખૂણા તરફ જડેલી લોઢાની પટી.

૫. પું. વરસાદનું પાણી ઝીલવા માટે મુકાતી પરનાળ.

ખાળીદા વિ. નિદ્રાવશ; સૂઈ ગયેલું.

ખાળુ ૧. પું. ખાળો; વોંકળો.

૨. પું. ભંડાર; સંગ્રહ.

૩. પું. માલિક; રક્ષક.

ખાળું ૧. પું. ખોળાધર; હામીદાર; જામીન.

૨. ન. નાનો વોંકળો.

ખાળે જવું-બેસવું = પેશાબ કરવા જવું.

૩. ન. હામી; જમાની; જામીનગીરી; બાંહેધરી.

ખાળો ૧. પું. ખળાઈ રહેવું તે; રોકાણ; અટકાવ.

૨. પું. બંદર; મુકામ; વિસામો.

૩. પું. વાર; વિલંબ; ખોટી થવું તે; ઢીલ.

૪. પું. હરકત; નડતર; અડચણ.

૫. વિ. ખાળનાર; રોકનાર.

ખાં (ખ઼ાં) ૧. પું. ઉસ્તાદ; મોટો જાણકાર.

૨. પું. મુસલમાન ગૃહસ્થો અને અમીરોનો ખિતાબ; સરદાર; શાહજાદો; ખાન.

૩. વિ. ખૂબી પિછાણનાર; સમજુ; કદર બૂજનાર.

૪. વિ. નિષ્ણાત; પારંગત; હોશિયાર.

૧. અક્કલનું ખાં = મૂર્ખ; અક્કલ વિનાનું.

૨. ગાયનનું ખાં = (૧) સંગીતનું રસિયું. (૨) સંગીતમાં કુશળ.

ખાંખડિયું (ખાંખડ઼િયું) ૧. ન. ઠાંસો; ઉધરસ.

૨. વિ. ઉધરસવાળું; ઠાંસાથી પીડાતું.

ખાંખણ ૧. ન. એક જાતની ઔષધોપયોગી વનસ્પતિ.

૨. ન. શરીરે ચોળવાનું એક જાતનું લીલા રંગનું તેલ. તે ખારીજાળનાં બીમાંથી અથવા વરખડીનાં ફળમાંથી કઢાય છે. પીલુનાં ફળના તેલને પણ ખાંખણ કહે છે.

ખાંખણતેલ જુઓ ખાંખણ ૨.

ખાંખણી ૧. સ્ત્રી. કટકી; કરચ; રજ.

૨. સ્ત્રી. ગુસ્સાવાળી બોલી; ક્રોધયુક્ત ભાષણ; ક્રોધવચન.

૩. સ્ત્રી. ગુસ્સો; રીસ; ક્રોધ; રોષ.

૪. સ્ત્રી. સુકાયેલા ગરવાળી અને ખખડે એવી બદામ.

૫. વિ. થોડુંક; જરા.

ખાંખત ૧. સ્ત્રી. આળ; આરોપ.

૨. સ્ત્રી. ઈર્ષા; અદેખાઈ.

૩. સ્ત્રી. ઊંડું, ઝીણું કુતૂહલ.

૪. સ્ત્રી. ખેધો; કોઈની પાછળ પડવું તે; કેડો.

૫. સ્ત્રી. ચાનક; ધ્યાન; કાળજી; ચીવટભરી ખંત.

૬. સ્ત્રી. ચૂક ખોળ્યા કરવાની ટેવ; ખણખોદ.

૭. સ્ત્રી. છીટ; અણખત; અણગમો.

૮. સ્ત્રી. હરીફાઈ; સ્પર્ધા.

ખાંખતી ૧. વિ. ખાંખતવાળું; ખંતીલું; નાનું મોટું કામનું નકામું જે કંઈ હોય તે સાચવી રાખવાની ખંતવાળું.

૨. વિ. ચાનકવાળું; ચોક્કસ; સાવધાન; તત્પર.

ખાંખતીલું ૧. વિ. મમતીલું; દુરાગ્રહી.
૨. જુઓ ખાંખતી.

ખાંખતેલ જુઓ ખાંખણુ ૨.

ખાંખદ જુઓ ખાંખત.

ખાંખનેલ જુઓ ખાંખણુ ૨.

ખાંખર ૧. પું. ખાણુ માટે તૈયાર કરેલો ખાડો.
૨. ન. બહુ જ સૂકી વસ્તુ.

ખાંખરભાંખર વિ. જર્જરિત; ખળભળી ગયેલું; નાશ થવાની અણી ઉપરનું.

ખાંખરોટવું સ. ક્રિ. ખંખેરીને ચોપડવું; જરા જરા લગાડવું; થોડું લઈ ઘસીને બધે ચોપડવું.

ખાંખલ વિ. ભયભીત; બીધેલું; ભય પામેલું.

ખાંખારવું ૧. અ. ક્રિ. ખુંખારવું; ઠાંસવું; ખુંખારો કરવો.
૨. અ. ક્રિ. ગળું સાફ કરવું.
૩. અ. ક્રિ. ઘોડાનું હણુહણુવું.

ખાંખારો ૧. પું. ગળામાંથી ખૂં ખૂં એવો કરાતો અવાજ; ખંખારો.
૨. પું. ઘોઘરો અવાજ.
૩. પું. ઘોડાનો હણુહણાટ.

ખાંખાં ન. બ. વ. નકામી શોધ; ફાંફાં.

ખાંખાંખંખોળા જુઓ ખાંખાંખોળા.

ખાંખાંખોળા પું. બ. વ. ખૂણેખાંચરે, આમતેમ બધે છાની રીતે ખોળંખોળા કરવી તે; બધે ઠેકાણે ઊંચું નીચું કરીને ખોળવું તે; બારીક તપાસ; ઝીણુવટ ભરેલી શોધખોળ.

ખાંખાંખોળું ૧. વિ. ખાંખાંખોળા કરવાની ટેવવાળું.
૨. જુઓ ખાંખાંખોળા.

ખાંખાંવીખી ૧. સ્ત્રી. નાશ; પાયમાલી; ખરાબી; તારાજી.
૨. સ્ત્રી. બદબોઈ; ખણુખોદ; બીજાનાં છિદ્ર શોધવાં તે.
૩. વિ. નાશ પામેલું.

ખાંગ ૧. પું. અતિ ગરમીથી પીગળી ગયેલો ઈંટ કે નળિયાનો કટકો; કીટો.
૨. પું. ખાંગડો; ફૂકો.
૩. પું. (પિંગળ) વીશ અક્ષરનો એક જાતનો માત્રામેળ છંદ.
૪. પું. હાથીદાંત.

ખાંગડ (ખાંગડ઼) ૧. પું. દરિયાઈ જળજંતુએ બનાવેલું છીપનું રહેઠાણુ; શંખલું.
૨. પું. બહુ ગરમી લાગવાથી પીગળી ગયેલો ઈંટ નળિયાનો કટકો; કીટો.
૩. પું. ભાંગેલો તૂટેલો બેડોળ કાંકરો; ફૂકો.
૪. વિ. અક્કડ; મિજાજી.
૫. વિ. બળવાન; જોરાવર.
૬. વિ. શસ્ત્રધારી; હથિયારવાળું.

ખાંગડકો (ખાંગડ઼કો) જુઓ ખાંગડ.

ખાંગડિયું (ખાંગડ઼િયું) ન. છીપ, શંખલું, કોડી વગેરેમાં રહેતું દરિયાઈ જીવડું.

ખાંગડી (ખાંગડ઼ી) સ્ત્રી. એક જાતની છીપ.

ખાંગડો (ખાંગડ઼ો) ૧. પું. ખરી ગયેલો કોઈ આખી વસ્તુનો એકાદો ભાગ; કાંકરો; ફૂકો.
૨. પું. ચણાના લોટ સાથે મેથીની ભાજી વગેરે મેળવી બનાવેલો ખાવાનો પદાર્થ.
૩. પું. છોકરીઓને રમવા માટે ઘસી ગોળ બનાવેલું ઠીકરૂં.
૪. પું. દરિયાઈ જળજંતુએ બનાવેલું છીપનું રહેઠાણુ; શંખલું; સીપ.

ખાંગણુધારા ૧. સ્ત્રી. એ નામની વાઘરીની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણુસ.
૩. વિ. એ નામની અટકનું.

ખાંગરવાલા ૧. સ્ત્રી. એ નામની વાઘરીની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણુસ.
૩. વિ. એ નામની અટકનું.

ખાંગરિયો પું. સેવક; નોકર; ચાકર.

ખાંગી ૧. [ફા.] સ્ત્રી. વેશ્યા.
૨. વિ. જાણીતું.
૩. વિ. પાળેલું.

ખાંગુ ૧. [સં. ખન્ (ખોદવું)] પું. ખાડો.
૨. પું. ગૂંચવણુ.
૩. પું. જાણુભેદુ; ખરીવાતનો જાણુનાર.
૪. પું. જાસૂસ.
૫. [ફા. ખાના] પું. ટેબલ અથવા કબાટનું ખાનું.
૬. પું. મળતિયો.
૭. પું. હિસાબનો તાળો બરાબર ન મળતાં થોડીઘણી રહેતી વધઘટ.
૮. ન. પાસાનું અથવા કોડીનું રમતમાં કોરવંકું રહેવું તે.
૯. વિ. ખડું; હાજર.
૧૦. વિ. ખંડિત.
૧૧. વિ. વાંકું; કોરવંકું; એક બાજુ નમતું.

ખાંગું જુઓ ખાંગુ.

ખાંચ ૧. પું. અડચણુ.
૨. પું. આંચકો.
૩. [હિં.] પું. કાદવ.
૪. પું. ખાડો.
૫. પું. બે વસ્તુ વચ્ચેની જગ્યા; સંધિ.
૬. સ્ત્રી. અસમાનતા; વાંક.
૭. સ્ત્રી. ઊંચું નીચું વળેલું તે.
૮. સ્ત્રી. ખાણુ; કાપ.
૯. સ્ત્રી. ખાંચો.
૧૦. સ્ત્રી. ખોટ; તોટો; નુકસાન.
૧૧. સ્ત્રી. ગૂઢતા.
૧૨. સ્ત્રી. ગૂંચ.
૧૩. સ્ત્રી. જમે ઉધારનો તાળો નહિ મળવો તે; વધઘટ; હિસાબનો તાળો બરાબર ન મળતાં થોડીઘણી વધઘટ રહેવી તે.
૧૪. સ્ત્રી. ફાંટ.
૧૫. સ્ત્રી. બરાબર સફાઈ નહિ પણુ જરાતરા રહેતી ખોલ.
ખાંચ પડવી = ખોળો પડવો.
૧૬. સ્ત્રી. સાંકડ.

ખાંચકી સ્ત્રી. ગલી; નાની શેરી.

ખાંચકો ૧. પું. અટકાયત.
૨. પું. આનાકાની.
૩. પું. ખમચાઈ રહેવું તે; આંચકો.
૪. પું. ખાંચો; પોળ.
૫. પું. ઢચુપચુપણું; અનિશ્ચય.

ખાંચખૂંચ ૧. સ્ત્રી. ખાડો; ખાંચ.
૨. સ્ત્રી. નાનીમોટી ખોડખાંપણુ; વાંધોસાંધો.
૩. સ્ત્રી. બારીક બાબત; ઝીણુવટ.
૪. સ્ત્રી. ભૂલચૂક.

ખાંચખૂંચવાળું ૧. વિ. ઊંચુંનીચું.
૨. વિ. કુટિલ.
૩. વિ. ખોડખાંપણુ જાણુનારૂં; ઝીણી નજરનું; ઝીણુવટવાળું.
૪. વિ. ગૂંચવણુવાળું; ગહન; વિષમ; ગૂઢ.
૫. વિ. વાંકું.

ખાંચખૂંચિયું જુઓ ખાંચખૂંચવાળું.

ખાંચડ (ખાંચડ઼) ૧. સ્ત્રી. કઢણુની એક તરફની ઊંડી જગ્યા.
૨. સ્ત્રી. ખીણુ.
૩. સ્ત્રી. ટેકરીની પડખેનો સાંકડો માર્ગ.

ખાંચણુ સ્ત્રી. ખોભણુ.

ખાંચર [મ.] પું. પાણીના વહનથી પડી ગયેલો ખાડો.

ખાંચરી [મ.] સ્ત્રી. કમોદ વાવવાનું ખેતર.

ખાંચરો ૧. પું. અટકાવ.
૨. પું. ખાલી સમય; આંતરો.
૩. પું. ખાંચો; ખાંજરો.
૪. પું. ઠેકાણું.

૫. પું. નાનો ખૂણો.

ખાંચવું ૧. [સં. કૃષ્ (ખેંચવું)] સ. ક્રિ. અટક્વું; ખમચાવું.

૨. સ. ક્રિ. ઉપાડી લેવું; લઈ લેવું.

૩. સ. ક્રિ. ખેંચી રાખવું; પાછું હઠાવવું.

૪. સ. ક્રિ. ચણતર કે લાકડામાં ખાંચો પાડવો.

ખાંચા ૧. [હિં.] પું. અડચણ; આડખીલી.

૨. પું. કાદવવાળી જગ્યા.

૩. પું. ખાડો.

૪. પું. ટોપલી.

૫. પું. તપેલું.

૬. પું. પાંજરું.

૭. પું. રકાબી.

૮. પું. રસ્તા ઉપરનો વાંક.

૯. પું. વિરોધ; ઊલટાપણું.

૧૦. પું. બ. વ. ઝાડનાં પાંદડાંની અંદરના પિંડ. જો એક પાંદડાને સંભાળથી ચીર્યું હોય તો રંગ વગરનું પાતળું પારદર્શક પડ છૂટું પડે. એ પડને જરા ભીંજવીને કાચ ઉપર મૂકી સૂક્ષ્મદર્શક યંત્રથી તપાસ્યું હોય તો તે લાંબા ચપટા કેટલાક ખાંચાખાંચાનું બનેલું જણાશે.

ખાંચાખૂંચી ૧. સ્ત્રી. ગલીકૂંચી.

૨. સ્ત્રી. નાનામોટા ખાંચાવાળી સ્થિતિ; ખૂણોખાંચરો; નાનો ખાડોખૈયો.

ખાંચાયંત્ર ન. એક જાતનું યંત્ર. તેમાં સિક્કો નાખવાથી તેટલી કીમતની વસ્તુ નીકળી આવે.

ખાંચાળું ૧. વિ. ખાડાખબડાવાળું; ખૂણા ખોચરાવાળું.

૨. વિ. ખાંચાવાળું.

૩. વિ. ગલીકૂંચીવાળું.

૪. વિ. બોધદાયક.

૫. વિ. મુશ્કેલ; ગૂઢ.

૬. વિ. વાંધાવાળું; આંટીઘૂંટીવાળું.

ખાંચી સ્ત્રી. આતશ બહેરામમાં આતશના વાસણની ડાબી બાજુએ ધાતુના બાજોઠ ઉપર રાખવામાં આવતો ધાતુનો થાળ.

ખાંચો ૧. [સં. કર્ષ્; પ્રા. ખૂચઉ] પું. અટકાવ; બંધી.

૨. પું. આકુંચન.

૩. પું. આનાકાની.

ખાંચો ધરાવવો–રાખવો = અચકાવું; ઢચુપચુ થવું.

૪. પું. આંકો; નિશાની.

ખાંચો કરવો–પાડવો–રાખવો = (૧) અટકાવ કરવો. (૨) લાકડામાં ખોભણ પાડવી.

૫. પું. એકસરખી ધાર, સપાટી અથવા લીટીમાં પડતો ખાડો.

૬. પું. ખૂણો.

૭. પું. પોળ; સાંકડો રસ્તો; ગલી.

૮. પું. વસ્તુનો વાંકો વળેલો ભાગ.

૯. પું. વાંધો; હરકત.

૧. ખાંચો આવવો = હરકત આવી પડવી; વાંધો પડવો.

૨. ખાંચો કાઢવો = વાંધો લેવો.

ખાંજ [સં. ખંજ્] સ્ત્રી.; ન. લંગડાપણું.

ખાંજણ ૧. સ્ત્રી. છીછરી ખાડી; જ્યાં દરિયાનું પાણી આવીને ભરાઈ રહેતું હોય એવી જગ્યા; દરિયાનું ભાઠું.

૨. સ્ત્રી. ટેકરી ઉપરનો ઢોળાવ.

ખાંજરું ૧. ન. કૂટણીનું સ્થાન; કૂટણખાનું; ભડવાનું ઘર; વેશ્યાલય.

૨. ન. કોઠી; કોઠાર; ધાન્યાગાર.

૩. ન. ખુલ્લું જાહેરમાં ન ગણાય એવું સ્થાન.

૪. ન. ખૂણો.

૧. ખાંજરે નાખી મૂકવું = એક ખૂણે દરકાર વિનાનું રાખી મૂકવું; જ્યાં હાથ વારે ઘડીએ ન જાય તેવે ઠેકાણે બેદરકારીથી મૂકવું.

૨. ખાંજરે પડવું = ખૂણે પડી રહેવું; કોઈની બેદરકારીને લીધે અજવાળામાં ન આવવું.

૫. ન. છાપરાવાળી ખળી.

૬. ન. દાણા ભરવાનું ઘર.

૭. ન. પાંજરું; કેદખાનું.

૮. ન. માંસ; ગોસ.

ખાંજરો ૧. પું. ખાંચો; ખૂણો.

૨. પું. ઠેકાણું.

ખાંટ ૧. સ્ત્રી. કાઠિયાવાડમાં વસતા લોકોની એક જાતિ; રજપૂત ને કોળી એ બે કોમની વચલી જ્ઞાતિ.

૨. સ્ત્રી. મેર, મેમણ, વાળંદ અને કડવા કણબીની એ નામની અટક.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

૫. વિ. પક્કું; ધૂર્ત.

ખાંટડી (ખાંટડ઼ી) સ્ત્રી. ખાંટની સ્ત્રી.

ખાંટવું સ. ક્રિ. છેતરવું.

ખાંટસવાહિયો પું. આડફેટું; બહારવટિયાને બદલે બીજું કોઈ ગામ ભાંગી જાય કે લૂંટ કરી જાય તે માણસ.

ખાંડ ૧. [હિં.] સ્ત્રી. કૂવામાંથી ખેતરમાં લઈ જવામાં આવેલો ધોરિયો.

૨. [સં. ખણ્ડ] સ્ત્રી. ગળપણવાળા રસને ઉકાળી તથા સ્વચ્છ કરી બનાવેલી રેતી જેવી કે પહેલદાર વસ્તુ; શર્કરા. સારામાં સારી ખાંડ શેરડીમાંથી બને છે. પહેલવહેલી ખાંડ ચીન અને હિંદુસ્તાનમાં બનતી. તે વખતના યરપના અણસુધરેલા લોકો ખાંડની બનાવટ વિષે કાંઈ જાણતા નહિ અને ઈ. સ. પૂર્વે ૩૨૦ સુધીમાં એવું માનતા કે હિંદુસ્તાનમાં બરુ જેવા લાંબા સોટામાં મધ બંધાય છે અને તે નીચોવી કાઢવાથી ખાંડ થાય છે. સેરેસન્સ લોકોએ જ્યારે રોડ્સ, સીસીલી અને સાઇપ્રસ તાબે કર્યાં ત્યારે તેઓએ ત્યાં શેરડીનું વાવેતર કરી સાકર કાઢી અને ત્યારથી તેનો યરપ ખંડમાં પ્રચાર થયો. સુરખાની, કોથળીની, બૂરું, મોરસ, આરબી, બીટ, મુંબઈ બૂરું, દેશી, લાલ જાવા અને જાવાઈ એ ખાંડની જાત છે. ખાંડની મુખ્ય ત્રણ જાતઃ (૧) હલકી ખાંડની જાતઃ તેમાં હરખવા, સિંધવાલિયા, હથૂવા અને ન્યુસીવાનનો સમાવેશ થાય છે. (૨) મધ્યમ વર્ગની જાતઃ તેમાં નવાબગંજ નં. ૧, નવાબગંજ નં. ૨, સરૈયા નં. ૨૦, સરૈયા ફાઇન, મોતીપુર, રામકોલા ખેતાન, દેવરિયા, મંડિયા, પ્રતાપપુર, બેલાપુર, બેતાલપુર, તમકોઈ, હરગાંવ, બહરી કેસર, મુંડેરવા, ચનપટિયા, નરકટિયા, સગોલી, સકરી, લોહાટ, ફરેંદા ૧૦૧, કોટનગંજ, હરિનગર, નવાબગંજ નં. ૩, ખડા, છીતોના, લખનૌ, બળરામપુર, તુલસીપુર, સાસામુસા, વોલ્ટરગંજ અને પીળી ભીંતનો સમાવેશ થાય છે. (૩) ઊંચી જાતની ખાંડઃ તેમાં રામપુર રાજા, મહારાષ્ટ્ર ૨૦૦૦, મોતીપુર AAA, દેવરિયા બોલ્ડ, સરૈયા સ્ટાન્ડર્ડ, બસ્તી, મહારાષ્ટ્ર ૧૦૦૦, બુલંદ, પ્રતાપપુર સ્ટાન્ટર્ડ, ક્લમ, પંચરૂખી, ગોલા સ્પેશિયલ, ગૌરી સ્ટાન્ટર્ડ અને મહારાષ્ટ્ર ૩૦૦૦નો સમાવેશ થાય છે.

૧. ખાંડ ખવરાવવી = ભૂલ ખવરાવવી; છેતરવું.

૨. ખાંડ ખાઈને બેસવું = (૧) ઠોકર વાગતાં બેસવું. (૨) ન ચાલતાં બેસવું.

૩. ખાંડ ખાવી = (૧) જૂઠું બોલવું. (૨) જે કહે તેવું ન હોવું. (૩) ઝખ મારવી; બધું ફોગટ થવું; વ્યર્થ જવું. (૪) ધૂળ ખાવી. (૫) ભૂલ ખાવી; છેતરાવું. (૬) મૂર્ખાઈભરેલું બોલવું. (૭) સગાઈ કરવી.

૪. ખાંડ ધોવી = (૧) ખાંડમાંથી મેલ કાઢી તેને શુદ્ધ કરવી. (૨) મીઠાઈનું જમણ કરવું.

૫. ખાંડ પીરસવી = સારું લગાડવું.

૬. ખાંડ ભભરાવવી = ખુશામત કરવી.

૭. ખાંડ ભરવી = મીઠું મીઠું બોલવું.

૮. ખાંડ વાપરવી = (૧) ખાંડનું જમણ

કરવું. (૨) મીઠું બોલવું; ખુશામત કરવી.

૯. ખાંડનું નાળિયેર = જેમાંથી કોઈ પણ ભાગ કાઢી નાખવા જેવો ન હોય તેવી બાબત.

૧૦. ખાંડનું પાટિયું = દેવદારનું પાટિયું.

૧૧. ખાંડનો પુલાવ = એક જાતની મીઠાઈ. તે બનાવવા અચ્છેર ખાંડની ચાસણી કરી તેમાં બે માસા તજ, તેટલાં જ લવિંગ અને એલચી વાટીને નાખી તેમાં પાંચ રૂપિયાભાર ઘી નાખવું. પછી એક શેર સાફ ધોયેલા ચોખા અધકચરા ચોડવી, તેમાંનું પાણી નીચોવી કાઢી તેને ઉપરની ચાસણીમાં નાખી દેવા. તેના ઉપર પાંચ રૂપિયાભાર ઘી નાખી પુલાવને ચડવા દેવો. પુલાવ ચડે એટલે તેને અંગાર ઉપર મૂકી ઢાંકી દઈ, સીઝે એટલે તેને થાળીમાં કાઢી નાખવો અને તેના ઉપર છોલેલી બદામની કાતરી, તેટલી જ પસ્તાંની કાતરી અને તેટલી જ સાફ ધોયેલી દ્રાક્ષ એ મેવો દશ રૂપિભાર ઘીમાં સાંતળીને નાખવો.

૩. સ્ત્રી. દાંતો; કાંગરો.

૪. સ્ત્રી. ધારવાળી વસ્તુની ધારમાં પડેલો આછો ખાડો; ખાણ.

ખાંડ પડવી = ધારમાં ખાડો પડવો.

૫. સ્ત્રી. મીઠાશ.

ખાંડકી સ્ત્રી. (જૂ. ગુ.) એક જાતનું પ્રાચીન ઘરેણું.

ખાંડકૂટ ૧. સ્ત્રી. ખાંડવું તે; ખાંડવાનું પરચૂરણ કામ.

૨. સ્ત્રી. મનમાં થતી ગડભાંગ; અકળામણ; અમૂંઝવણ; ગભરાટ.

ખાંડકેરી સ્ત્રી. ખાંડ પાયેલી કેરી.

ખાંડખાજું ન. ખાંડ પાયેલું ખાજું.

ખાંડણા ૧. સ્ત્રી. એ નામની કણબીની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ખાંડણિયું ૧. [સં. ખંડ્ (ભાંગવું)] ન. ખાંડવાનું સાધન; સાંબેલું; મુસળ.

૨. ન. પહોળો ખાંડણિયો; કોઈ પણ વસ્તુ ખાંડવાનું પહોળું સાધન.

ખાંડણિયો [સં. ખંડ (ખાંડવું)] પું. પથ્થર અથવા લાકડાનું ખાંડવાનું સાધન.

૧. ખાંડણિયામાં ઘાલીને ખાંડવું = પોતાના સંપૂર્ણ કાબૂમાં લઈને જુલમ ગુજારવો.

૨. ખાંડણિયામાં માથું ને ધબકારે બીવું = (૧) પાણીમાં રહેવું ને મગરમચ્છથી બીવું. (૨) હિંમતથી મુશ્કેલી સહન કરવી.

૩. ખાંડણિયામાં માથું મૂકીને સૂવું = (૧) ભયભરેલા કે જોખમવાળા સ્થાનમાં રહેવું. (૨) માથા ઉપર ભય ઝઝૂમી રહ્યો હોય એ સ્થિતિમાં રહેવું.

ખાંડણી સ્ત્રી. અહીંતહીં ફેરવી શકાય એવું લાકડાનું કે ધાતુનું ખાંડવાનું પાત્ર; નાનો ખાંડણિયો; ખાંયણી.

ખાંડણીપરાઈ સ્ત્રી. ખાંડણિયો અને મુસળ; ખાંડણી અને દસ્તો.

ખાંડણું ૧. [સં. ખંડ] ન. ખાંડવાની વસ્તુ.

૨. ન. ખાંડવાનું કામ.

૩. ન. ખાંડવાનું સાધન; સાંબેલું.

ખાંડવ ૧. પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

૨. પું. કોઠારી; કોઠારનો ઉપરી.

૩. પું. ખાંડની મીઠાઈ.

૪. ન. કુરુક્ષેત્ર આગળનું એ નામનું એક વન. કૃષ્ણ અને અર્જુનની સહાયથી અગ્નિએ તે બાળ્યું હતું. ઇંદ્રપ્રસ્થ આ વનમાં વસાવાયું હતું.

૫. વિ. સાકરવાળું.

ખાંડવડી (ખાંડવડ઼ી) સ્ત્રી. પાટવડી; ચણાના લોટને છાશમાં પકવી ચોસલાં પાડેલ પદાર્થ; ઢોકળી.

ખાંડવપ્રસ્થ ૧. [સં.] ન. ઇંદ્રપ્રસ્થ. હાલના દિલ્હીથી દક્ષિણ દિશામાં આશરે બે માઈલ દૂર હુમાયુનો રોજો અને ફિરોઝશાહના કોટિલાની વચ્ચે જમનાના કિનારા ઉપર તે વસાવાયું હતું. હાલ જમના નદી પોતાનું વહેન બદલીને પૂર્વ તરફ આશરે એક માઈલ આઘી ગઈ છે. ખાંડવવનનો કેટલોક પ્રદેશ એમાં આવેલો હોવાથી તેને ખાંડવપ્રસ્થ કહે છે. આ ગામ પાંડવોને ધૃતરાષ્ટ્ર તરફથી મળેલું હતું. પાંડવોએ તેનું નામ ઇંદ્રપ્રસ્થ રાખ્યું હતું.

૨. ન. ખાંડવવન; અગ્નિએ બાળેલા ખાંડવવનનું સ્થળ.

ખાંડવવન [સં.] ન. ઈંદ્રનું વન. પ્રાચીન કુરુક્ષેત્રનો આમાં સમાવેશ થાય છે. આ વન મત્સ્ય દેશની ઉત્તરમાં હસ્તિનાપુરની નજીક આવેલું હતું. અર્જુને તેને અગ્નિને ભક્ષ કરવા આપ્યું હતું. તેમાં તક્ષક નામના નાગ લોકો રહેતા હતા. આ વન બળતું હતું ત્યારે તક્ષકનો પુત્ર અશ્વસેન તેમાંથી કોઈ રીતે બચી ગયો અને મયાસુરને શરણે જઈ ઊગર્યો. અગ્નિએ ચાતક પક્ષીનાં ચાર બચ્ચાંને ઉગાર્યાં હતાં. આ વન હાલના મુઝફ્ફરનગરથી થોડે દૂર હતું.

ખાંડવાયન સ્ત્રી. (પુરાણ) બ્રાહ્મણની એક જાતિ. પરશુરામે પૃથ્વીને નક્ષત્રી કરીને એક મોટો યજ્ઞ કર્યો હતો. તે પૂરો થયા પછી સોનાની એક મોટી વેદી કરી તે કશ્યપ ઋષિને આપી હતી. એ વેદીના ભાગ કરીને વહેંચી લેનાર બ્રાહ્મણોનું તે ઉપરથી આવું નામ પડેલું છે.

ખાંડવિક [સં.] પું. સુખડિયો; મીઠાઈ વેચનાર; હલવાઈ.

ખાંડવી ૧. સ્ત્રી. અનાજનું એક માપ; માણું.

૨. સ્ત્રી. એક જાતની વાની. ચાસણીદાર ખાંડવી બનાવવા અઢી રૂપિયાભાર દહીં, દશ રૂપિયાભાર ઘી, એક શેર ખાંડ, દશ રૂપિયાભાર મગની મોગર દાળનો લોટ, દોઢ શેર મીઠું દહીં, પાંચ રૂપિયાભાર ગુલાબજળ અગર કેવડાનું પાણી લેવાં. પાંચ રૂપિયાભાર પાણી અને અઢી રૂપિયાભાર દહીં ભેગું કરી, તેમાં મગની મોગર દાળનો દશ રૂપિયાભાર લોટ પલાળવો. પછી તેને બાફી થાળીમાં કાઢી થાપવો. તેનાં ચોસલાં કાપી દશ રૂપિયાભાર ઘીમાં તળવાં. પછી એક શેર ખાંડની ચાસણી કરી, તેમાં પાંચ રૂપિયાભાર ગુલાબજળ અગર કેવડાનું પાણી નાખી, તેમાં ઉપરનાં ચોસલાં નાખવાં. ચોસલાં ચાસણી પી રહે એટલે તેને કાઢી લઈ દોઢ શેર મીઠા દહીંમાં પલાળવાં.

ખાંડવું ૧. સ. ક્રિ. અકળાવવું; રગડવું.

૨. સ. ક્રિ. આઘાત કરવો; ઘા મારવા.

૩. સ. ક્રિ. દાટવું; ઘાલવું.

૪. [સં. ખંડ્] સ. ક્રિ. ધોકાવી ઝીણું કરવું.

૫. સ. ક્રિ. પાયમાલ કરવું; નાશ કરવો.

૬. સ. ક્રિ. ફોતરાં અથવા છોડાં કાઢવાં.

ફીફાં–ફોફાં ખાંડવાં = નકામી પીંજણ કરવી.

૭. સ. ક્રિ. ભાંગવું; કકડે કકડા કરવા; ચૂરે ચૂરા કરવા.

૮. સ. ક્રિ. રોપવું; ઊભું કરવું.

૯. સ. ક્રિ. વસ્તુના જુદા જુદા ભાગ થઈ જાય તેમ તેને કચરવું; કૂટવું; ભાંગવું.

ખાંડસારી ૧. પું. ખાંડ બનાવનાર માણસ.

૨. પું. દેશી પદ્ધતિથી થતી ખાંડ; તાવડાની ખાંડ. ખાંડસારી એ હિંદનો જૂનામાં જૂનો ઉદ્યોગ છે. મુખ્યત્વે કરીને સંયુક્ત પ્રાંતમાં અને તેમાં પણ રોહિલખંડમાં આ જાતની ખાંડ પુષ્કળ થાય છે. તે બનાવવા શેરડીને કોલુમાં પીલી રસને ઉઘાડા તાવડામાં ઉકાળે છે. રસ રાબ જેવો બને એટલો ઘટ બનાવે છે. પછી ભીંડી વગેરે વનસ્પતિથી આ રસને સાફ કરી તેને મશિનમાં નાખે છે એટલે ગોળ અને ખાંડ જુદાં પડે છે. આ ખાંડ લગભગ ભૂકી જેવી બારીક હોય છે અને તેનો રંગ ઝાંખો પીળો

હોય છે. આ જાતની ખાંડ ખાસ કરીને રજપૂતાના, આગ્રા, કાશી, મથુરા, પંજાબ વગેરે કેટલાક ભાગમાં ખાસ પસંદ કરવામાં આવે છે.

ખાંડસાલ સ્ત્રી. ખાંડનું કારખાનું.

ખાંડા ૧. [સં. ખડ્ગ] પું. (હિંદી) ખાટકીનો છરો.

૨. પું. તરવાર.

ખાંડાની ધાર પર ચાલવું = (૧) મહા મુશ્કેલ કામ કરવું. (૨) વચ્ચે પડી સમાધાન કરવું.

૩. પું. બેધારી તરવાર.

૪. [સં. ખંડ] પું. ભાગ; ટુકડો.

૫. પું. માછલીનું ભીંગડું.

ખાંડાજંગી સ્ત્રી. તરવારનું યુદ્ધ; તરવારની ઝપાઝપી.

ખાંડાધર ૧. [સં. ખડ્ગધર] પું. ખાંડાથી લડનાર; તરવાર વડે લડનાર પુરુષ કે સ્ત્રી; લડવૈયો.

૨. વિ. તરવાર વાપરવામાં કુશળ.

ખાંડાધાર ૧. સ્ત્રી. તરવારની ધાર.

૨. વિ. બહુ મુશ્કેલ; કઠિન.

ખાંડાબરડું (ખાંડાબરડું) ૧. વિ. કોઈ સ્થળે વધારે, કોઈ સ્થળે ઓછો અને કોઈ સ્થળે નહિ જેવો વરસાદ હોય એવું.

૨. વિ. ખંડિત; આખું નહિ એવું; ભાંગ્યું તૂટ્યું; તૂટેલું.

ખાંડાબૈડું (ખાંડાબૈડું) જુઓ ખાંડાબરડું.

ખાંડાયત વિ. ખાંડું ધારણ કરનાર; તરવારવાળું.

ખાંડાયન [સં.] પું. હિંદુસ્તાનનો એક પ્રાચીન દેશ.

ખાંડારાણી સ્ત્રી. ખાંડાને વરમાળા અર્પીને પરણનારી રજપૂતાણી.

ખાંડિકેય ૧. સ્ત્રી. યજુર્વેદની એક પેટા શાખા.

૨. ન. કૃષ્ણયજુર્વેદનું એ નામનું એક બ્રાહ્મણ.

ખાંડિક્ય ૧. પું. (પુરાણ) એક ઋષિનું નામ.

૨. પું. (પુરાણ) વિદેહ વંશના મીનધ્વજ જનકનો પુત્ર. તેને કર્મમાર્ગનું ઉત્તમ પ્રકારનું જ્ઞાન હતું. એના કાકાના દીકરા કેશિધ્વજની બીકથી તેને નાસી જવું પડ્યું હતું. તેના પુત્રનું નામ ભાનુમાન હતું.

ખાંડિયું ૧. ન. જે પશુનું શીંગડું ખાંડું હોય તે; ભાંગેલાં શીંગડાંવાળું ઢોર.

૨. ન. નાની ભેંસ; જોટડું; પાડું.

૩. વિ. ખંડિત થયેલું; ખોડખાંપણવાળું.

૪. વિ. ભાંગેલા શીંગડાનું.

ખાંડી ૧. સ્ત્રી. ચોવીશ વસા અથવા ત્રેપન ચોરસ ફૂટ, અડતાલીસ ચોરસ ઇંચ જેટલું સુતાર લોકોનું સુરતી માપ.

૨. સ્ત્રી. વીશ મણ કે આઠસો શેર જેટલા વજનનું માપ. ગુજરાતમાં વીશ મણની ખાંડી અને મુંબઈમાં ઓગણત્રીશ મણની ખાંડી કહેવાય છે. અનાજ વગેરેનું વજન આ તોલથી થાય છે.

૩. સ્ત્રી. હળદરનો ગાંઠિયો. તેમાંથી કંકુ બને છે.

૪. સ્ત્રી. હુતાશણીને દિવસે ઉત્તર ગુજરાતમાં છોકરાઓ હાથમાં રાખી ફરે છે તેવી લાકડાની રંગેલી તરવાર.

ખાંડીબંધ ૧. વિ. જેમાં ઘણીક ખાંડી હોય તેવા જથ્થાનું.

૨. વિ. પુષ્કળ; ખાંડીએ મપાય, જોખાય એટલું; ઘણું.

૩. અ. ખાંડીને હિસાબે.

૪. અ. જથ્થે; સામટું; જથ્થાબંધ.

ખાંડીલો પું. લાકડાનો ખાણિયો.

ખાંડુલી ૧. સ્ત્રી. ભેંસની એક જાત.

૨. વિ. સ્ત્રી. એક શીંગડું ભાંગી ગયું હોય એવી.

ખાંડું ૧. પું. તરવારવાળો લડવૈયો.

૨. ન. એક જાતની તરવાર. પૃથ્વીરાજ ચૌહાણના ખંડેરાય નામના સગાએ પૃથ્વીરાજની કારકિર્દીમાં તે તૈયાર કર્યું હતું. આ કારીગરનું મૂળ નામ ખરું જોતાં ગોવિંદરાય હતું. શાહબુદ્દીન ઘોરી સાથે થયેલા પ્રચંડ યુદ્ધમાં આ હથિયારનો ઘણો જ ઉપયોગ થયો હતો. ખાંડું જવેરદારા જાતના પોલાદનું બનાવેલું હોય છે. તેની મૂઠના મોગરો, કંગની, કટારી, પરજ, જનેઉ, પૂતળા અને નખા એવા ભાગ હોય છે. મૂઠ હાથને લાગે નહિ એટલા માટે તેને મખમલની નરમ ગાદી કરવામાં આવે છે. તેનું પાનું ઘણું તીક્ષ્ણ હોય છે. તે બે ફૂટ પાંચ ઇંચ લાંબું, મૂળમાં બે ઇંચ અને છેવટે અઢી ઇંચ પહોળું હોય છે. પાનાની એક બાજુએ નવ ઇંચ અને બીજી બાજુએ એક ફૂટ સાડા આઠ ઇંચ લાંબો એવો એક નકશીદાર ચીપિયો હોય છે અને તેના ઉપર મૂઠ બેસાડેલી હોય છે. આ હથિયારનું પાનું મસ્ત હાથીની ગરદન કાપી શકે એવું તીક્ષ્ણ હોય છે.

ખાંડાં ખખડાવવાં-ખેલવાં = લડાઈ કરવી.

૩. ન. ભેંસ.

૪. ન. વરને બદલે તેનું ખાંડું લઈને ગયેલી જાન. રજપૂત વીર હમેશા રણસંગ્રામમાં રોકાયેલા હોવાથી વરરાજા જાતે પરણવા જઈ શકે તેમ ન હોય ત્યારે પોતાને બદલે પોતાનું અત્યંત પ્રિય એવું ખાંડું જાન સાથે મોકલતા. વીરબાળા આ ખાંડાને વરમાળા અર્પણ કરી પરણે. આવી વિધિથી લગ્ન ગ્રંથમાં જોડાયેલી વધૂને ખાંડારાણી કહે છે.

ખાંડું મોકલવું-ખાંડે પરણવું = હથેવાળે નહિ પણ ખાંડું મોકલી પરણવું.

૫. વિ. ખંડિત; આખું નહિ એવું; ખાણ પડેલું; ભાંગેલું; તૂટેલું.

૬. વિ. નોંધેલું.

૭. વિ. શીંગડાં વિનાનું.

શીંગડે ઝાલો તો ખાંડો, પૂછડે ઝાલો તો બાંડો = સાચો ખોટો બચાવ કરી છટકી જાય તેવો નાગો માણસ.

ખાંડુંમાંડું વિ. ખોડવાળું; નુકસાનીવાળું. ખામીવાળું.

ખાંડૂક ન. એક જાતનું ગૂમડું. તે જલદી ફૂટવા માટે રાજગરાનું દીટું ઘસી ચોપડવું.

ખાંડેકા ૧. સ્ત્રી. એ નામની આહીરની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ખાંડેરું ૧. ન. ઊંટનું ટોળું.

૨. ન. સાંઢિયો; ઊંટ.

ખાંઢ પું. બે ધારવાળી સીધી તરવાર.

ખાંણ ૧. સ્ત્રી. ઘાથી થયેલી નિશાની.

૨. સ્ત્રી. યોનિ.

૩. જુઓ ખાણ.

ખાંણુડી (ખાંણુડી) સ્ત્રી. નાની ખાણ: બોહ; ગુફા.

ખાંણિયો પું. ખાંડણિયો; પથ્થર અથવા લાકડાના ગચિયામાં ગોળ ખાડો કરી બનાવેલું ખાંડવાનું સાધન.

ખાંણી સ્ત્રી. ખોરાક; ખાદ્ય પદાર્થ; ખાવાની વસ્તુ.

ખાંણું ૧. ન. શોક; દિલગીરી.

૨. જુઓ ખાણું.

ખાંત ૧. [સં. ક્ષાંતિ] સ્ત્રી. ખંત; ચોંપ; ઉદ્યોગ; આગ્રહ.

૨. સ્ત્રી. ભૂખ; રુચિ; ક્ષુધા.

૩. સ્ત્રી. લાલસા; સ્પૃહા; તૃષ્ણા; આકાંક્ષા; ઇચ્છા.

૪. સ્ત્રી. હોંશ; ઉમંગ; ઉત્સાહ; ઊલટ.

ખાંતી ૧. પું. કડિયારો.

૨. જુઓ ખાંત.

ખાંતીલું ૧. વિ. ઇચ્છા રાખનાર; સ્પૃહાવાળું.
૨. વિ. ખંતીલું; ખંતવાળું; આગ્રહી.
૩. વિ. હોંશીલું; ઉત્સાહી.

ખાંતે ૧. અ. જાણી જોઈને.
૨. અ. હેતુપૂર્વક; સકારણ.
૩. અ. હોંશથી; ઉમંગથી; ખુશીથી; ખંતથી.
ખાંતે ખાવું = ભૂખ લાગવાથી જમવું.

ખાંત્ય જુઓ ખાંત.

ખાંદણ ૧. સ્ત્રી. ચોમાસામાં મચેલા ગારાનો જથ્થો.
૨. સ્ત્રી. ધમાલ; ધાંધલ.

ખાંદણું ન. ગારો ભરેલો ખાડો.

ખાંદો પું. પ્રવાહીમાં કાંઈ ચોળીને નરમ ગારા જેવું કરવું તે.

ખાંધ ૧. [સં. સ્કંધ] સ્ત્રી. ખભા આગળ અથવા પશુના આગલા બે પગ આગળ કરોડને છેડે આવેલો માંસપિંડ; ખૂંધ; પશુનો શરીર અને માથાને જોડનારો ગળાની બાજુનો અવયવ.
૧. ખાંધ આવવી-પાકવી = બળદ કે બીજાં ભાર ખેંચનારાં પશુની કાંધ ઉપર ચાંદાં પડવાં.
૨. ખાંધ દેવી = (૧) ટેકો આપવો; મદદ કરવી; ઉચકાવવું. (૨) મુડદાને ઊચકવું.
૩. ખાંધ મારવી = (૧) ગરદન કાપવી; શિરચ્છેદ કરવો. (૨) ટેકો આપવો; મદદ દેવી.
૪. ખાંધે કોથળો ને દેશ મોકળો = ઘરબાર કે રાચરચીલાં વગરનું; બેફિકર. પોતાનું સર્વસ્વ અંગ ઉપર ઊચકીને ફરતો હોય એવા માણસ માટે આ પ્રયોગ વપરાય છે.
૫. તે ખાંધે ચડીને ગયો = (૧) તે પોતાની પાછળ આડીવાડી મેલીને ગયો. (૨) તેના મૃતદેહને તેનો દીકરો ખાંધ ઉપર સ્મશાને લઈ ગયો. (૩) તેના મૃત્યુને માટે શોકનું કાંઈ કારણ નથી. (૪) તેના શબને ધામધૂમથી સ્મશાને લઈ ગયા.
૨. સ્ત્રી. ભાર વહેતા પશુની ગરદન ઉપર પડતું આંટણ.
૩. સ્ત્રી. મદદ.

ખાંધલું ન. મધ ભરેલો કુદરતી પૂડો.

ખાંધિયો ૧. પું. ખુશામતિયો.
૨. પું. મુડદાને ખાંધે ચડાવીને સ્મશાને લઈ જનાર માણસ; મુડદું ઊચકનાર પુરુષ; કાંધિયો.
૩. પું. સાથી; મદદગાર.
૪. વિ. ઘણું વ્યાજ ખાનાર; આકરા વ્યાજે નાણાં ધીરનાર.

ખાંધી ૧. પું. ખાંધવાળો બળદ.
૨. વિ. જેની ગરદન સખત થઈ ગઈ હોય એવું; ખાંધવાળું.

ખાંધીલું વિ. ખભે રાખવામાં આવતું હોય એવું.

ખાંધું [સં. સ્કંધ] ન. કાંધું; હપ્તો; અમુક મુદ્દતને આંતરે અને કટકે કટકે નાણાં ભરવાની ગોઠવણ; વાયદો.

ખાંધો ૧. [સં. કર્દમ] પું. કાદવ; ગારો.
૨. પું. પારસીમાં ઠાઠડીને ખાંધ ઉપર ઊચકીને દખમા સુધી લઈ જનાર કાંધિયો.

ખાંનાણી ૧. સ્ત્રી. વાણિયાની અને મેમણની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ખાંની ૧. સ્ત્રી. ખાવાની વસ્તુ.
૨. સ્ત્રી. બાજૂ.

ખાંપ ૧. સ્ત્રી. અટક.
૨. સ્ત્રી. કટકો; ટુકડો.
૩. સ્ત્રી. ખાંપો; ભૂલ; ખોડ; ખામી; એબ.
૪. સ્ત્રી. ગ્લાનિ; દિલગીરી.
૫. સ્ત્રી. દડગું; ઠરી ગયેલું ચોસલું.
૬. સ્ત્રી. દવાના ઉપયોગ માટે કોટલાવાળાં અમુક બિયાંમાંથી કાઢેલું તેલ.
૭. સ્ત્રી. નુકસાન.
૮. સ્ત્રી. પ્રણામ; સાષ્ટાંગ; લાંબાછટ થઈને સૂવું તે.
૯. સ્ત્રી. મુડદા ઉપર ઓઢાડવાનું કપડું; કફન.
૧૦. સ્ત્રી. વંશ; જાત.
૧૧. સ્ત્રી. શરીરની શક્તિ પડી ભાંગેલી હોવાપણું.
૧૨. વિ. લાંબું છટ થઈને પડેલું કે સૂતેલું.

ખાંપણ ૧. સ્ત્રી. ઔષધ તરીકે વપરાતું કઠણ છોતરાંવાળાં અમુક બિયાંમાંથી કાઢેલું તેલ.
૨. સ્ત્રી. ખામી; ખોડ; કસર; એબ; દોષ.
૩. સ્ત્રી. ખોટ; ઓછપ.
૪. સ્ત્રી. નુકસાની.
૫. સ્ત્રી. મુડદા ઉપર ઓઢાડવાનું કપડું; કફન.
ખાંપણ સાથ લઈને ફરવું = મોતના ભય વિનાનું હોવું.

ખાંપવું ૧. અ. ક્રિ. ચૂપકીથી ચાલ્યા જવું.
૨. સ. ક્રિ. કાઢી લેવું.
૩. સ. ક્રિ. કોલવું.
૪. સ. ક્રિ. પાવડાથી આમ તેમ ફેરવવું; ઢગલો હોય તેમાંથી લઈને થોડું થોડું ખોદીને ખેંચવું.
૫. સ. ક્રિ. સોરવું; ખાપા હોય તે કાઢી નાખવા; સાફ કરવું.

ખાંપા પું. બ. વ. જુવાર કે બાજરીના છોડને વાઢી લેતાં જમીનમાં ચોંટેલ ઠૂંઠાં.

ખાંપાતળાવ ન. અયોધ્યા પાસેના છપૈયા ગામનું એ નામનું એક તળાવ. સ્વામીનારાયણને બાલ્યાવસ્થામાં નહાવા જતી વખતે ઝાડ ઉપરથી તળાવમાં ફૂદકો મારવા જતાં ઝાડનો ખાંપો લાગવાથી તેનું આ નામ પડ્યું છે.

ખાંપિયું ૧. ન. ખભાનું હાડકું.
૨. ન. વાંસડાની પટ્ટી.
૩. ન. સ્ત્રીઓને પગમાં પહેરવાનું રૂપાનું એક જાતનું પોલું ઘરેણું.

ખાંપું ૧. ન. ચવડું; હળનો અણીદાર દાંતો.
૨. ન. દડબું; ચોસલું.

ખાંપો ૧. પું. કંઈક ભરાવાથી લૂગડાને કાટખૂણે પડેલ ચીરો.
૨. પું. કાપ્યા પછી રહેલું અણખોદાયેલું જડિયું; લણી લીધા પછી ઊભા રહેલા છોડના કક્કા; ખૂંપરો.
૩. પું. ખણ્યા કે ખોદ્યા વગરનો રહેલો ભાગ.
૪. પું. ખોડ; ખામી.
૫. પું. જંગલી માણસ; ગામડિયો; રાભો.
૬. પું. ભાંગેલી ડાંખળીનું થડને વળગી રહેલું ઠૂંઠું.

ખાંબ પું. થાંભલો.

ખાંભ [સં. સ્તંભ] પું. સ્તંભ; થાંભલો.

ખાંભડાં (ખાંભડાં) ન. બ. વ. ખાંભીઓ માટે કવિતામાં વપરાતો શબ્દ.

ખાંભલી સ્ત્રી. ખાંભી.

ખાંભળા ૧. સ્ત્રી. એ નામની રબારીની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ખાંભા ૧. પું. બ. વ. ખાંભી; ફણો; યાદીનો પાળિયો.
૨. પું. બ. વ. નિશાનીના પાણા.

ખાંભી ૧. સ્ત્રી. કામડી; વાંસની ચીપ.
૨. સ્ત્રી. ખાંચો; પાટિયાં બેસાડવાને લાકડામાં પાડેલી ખાંચ.
૩. [સં. સ્કંભ] સ્ત્રી. પાળિયો: પરાક્રમ કરીને મરી ગયેલા માણસના સ્મરણાર્થે તેને બાળવા અથવા દાટવાની જગ્યાએ ઊભો કરાતો સ્તંભ; ચોતરો; સ્મરણસ્તંભ.
૪. પું. મસાણમાં ચિતા ખડકતાં ઊભો દાટેલો લોખંડનો થાંભલો.
૫. પું. સીમાડાની હદ બતાવતું ચિહ્ન.

ખાંભું ૧. ન. ખાતર પૂંજો નાખવાનો ખાડો.
૨. ન. પેશાબખાનું.

ખાંભૂર ૧. સ્ત્રી. એ નામની ઢેઢની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ખાંભો ૧. પું. ખાંભી; પાળિયો.
૨. [સં. સ્કમ્ભ] પું. સીમાડા અથવા શેઢા ઉપર નિશાની માટે રાખેલ પથ્થર; સીમાડાની હદ બતાવનાર પથ્થર.

ખાંમી ૧. સ્ત્રી. ખામી; અપૂર્ણતા; ન્યૂનતા.
૨. સ્ત્રી. ખોટ; ઘટ.
૩. સ્ત્રી. ભૂલ; દોષ.

ખાંમુખાં અ. ખરેખર.

ખાંમું ૧. ન. ખામણું.
૨. ન. ઘૂંટણ આગળથી ચણિયાના ફાટેલા ભાગને દેવાના થીગડાનો કટકો.
૩. ન. ઢળતી જગ્યા.

ખાંયણિયો ૧. પું. ખલ.
૨. પું. ખાંડણિયો; પથ્થર અથવા લાકડાનું ખાંડવાનું ગચિયું.
૧. ખાંયણિયામાં ઘાલીને ખાંડવું = કબજામાં લઈને અતિશય દુઃખ દેવું; કનડવું.
૨. ખાંયણિયામાં માથું મૂકીને સૂવું = સાવચેત ન રહીએ તો ખંડાઈ જવાય એવી જોખમ ભરેલી સ્થિતિમાં રહેવું.

ખાંયણી સ્ત્રી. ખાંડણી; અહીંતહીં ફેરવી શકાય એવું પથ્થર, લાકડા કે ધાતુનું ખાંડવાનું સાધન; નાનો ખાંડણિયો.

ખાંયણીપરાઈ સ્ત્રી. ખાંડણી અને દસ્તો.

ખાંયણું ૧. ન. ખાંડતાં ખાંડતાં ગાવાનું ગીત.
૨. ન. બાજરીને પલાળી, ખાંડી, રાંધવા માટે તૈયાર કરેલું અન્ન.

ખાંસ [સં. કાસ] સ્ત્રી. ઉધરસ; ખાંસી.

ખાંસવું અ. ક્રિ. ઉધરસ ખાવી; કાંસવું; ખુંખારવું; ખાંસી ખાવી.

ખાંસાહેબ ૧. પું. અક્કલ વગરનો માણસ.
૨. પું. સંગીતનો ઉસ્તાદ.

ખાંસી ૧. [સં. કાસ] સ્ત્રી ઉધરસ; ઠાંસી; કફ.
૧. ખાંસીનો છોડ = એ નામની એક વનસ્પતિ. ખાંસી, દમ અને ઉધરસ માટે તે અકસીર મનાય છે.
૨. ખુશ્ક ખાંસી = સૂકી ઉધરસ.
૩. તર ખાંસી = છૂટી ખાંસી.
૪. રોગનું ઘર ખાંસી અને લડાઈનું ઘર હાંસી = ખાંસી જેમ ક્ષય જેવા ભયંકર રોગનું મૂળ છે, તેમ મશ્કરીમાંથી મોટો કજિયો થઈ પડે છે.
૨. સ્ત્રી. ઉધરસનો અવાજ.
૩. સ્ત્રી. ખોખલો; વૃદ્ધ ખખળી ગયેલ આદમી.
૪. સ્ત્રી. વાછરડા તથા વછેરા વગેરેના વૃષણ કાપવા તે; ખસી.

ખિઆંદા [ફા.] પું. ઉકાળો; કાઢો.

ખિકરિયા [હિં.] સ્ત્રી. પાતળી બરડ પૂરી.

ખિકસા [હિં.] પું. નિશાની; ચિહ્ન.

ખિખર વિ. વીંખી નાખેલું.

ખિખિ ન. ખડખડ હસવું તે; દાંત કાઢી હસવું તે.

ખિખિર [સં.] પું. એક જાતનું શિયાળ.

ખિખિરી [સં.] સ્ત્રી. એક જાતની શિયાળ.

ખિખિંગ [સં. કિષ્કિંધ] પું. દક્ષિણ દેશનો એ નામનો એક પહાડ. વનવાસ દરમિયાન થોડા દિવસ રામચંદ્રજી ત્યાં રહ્યા હતા.

ખિખોડવું (ખિખોડ઼વું) ૧. સ. ક્રિ. છોલવું; ઘસવું.
૨. સ. ક્રિ. શોધવું.

ખિગન પું. સામવેદનો એક ઋષિ.

ખિચખિચ અ. ભરચક; સજડાસજડી; ગીચ; ખિચાખીચ; ચિકાર.

ખિચખિચાણ જુઓ ખિચખિચ.

ખિચગાલ્લું ૧. ન. સરસામાન લઈ જતું ગાડું; ખટારો; ધીરૂં અને હેલા ખાતું જાય એવું વાહન.
૨. વિ. ધીમું અને મહેનતનું કામ કરનારૂં.

ખિચડવાર (ખિચડ઼વાર) [હિં.] પું. મકરસંક્રાંતિ; ખીસર. આ દિવસે ખીચડીનું દાન કરવામાં આવે છે.

ખિચડિયું (ખિચડ઼િયું) ૧. વિ. ખીચડીના કામનું.
૨. વિ. પંચરાઉ; ભેળસેળ.

ખિચવ ૧. [હિં.] પું. ખેંચવું તે.
૨. પું. સંકડાશ.

ખિચાઈ [હિં.] સ્ત્રી. ખેંચાણ.

ખિચાખિચ ૧. વિ. એકબીજાની વચ્ચે અવકાશ રહે નહિ તેમ ભરેલું; અડોઅડ; લગોલગ.
૨. વિ. ગીચ; ચિકાર; ભરચક; ઠસોઠસ.

ખિચાવ [હિં.] પું. સંયોગ.

ખિચાવટ ૧. [હિં.] પું. આકર્ષણ.
૨. પું. ખેંચવું તે.
૩. પું. તાણ.
૪. પું. મજબૂતી.

ખિચોખિચ જુઓ ખિચાખિચ.

ખિચ્ચર [સં. ખેસર] પું. (હિંદી) ખચ્ચર.

ખિજગાલ્લું જુઓ ખિચગાલ્લું.

ખિજડિયા (ખિજડ઼િયા) પું. એક જાતનો પથ્થર.

ખિજમત (ખ઼િજમત) [ફા.] સ્ત્રી. ખિદમત; સેવા; ચાકરી.

ખિજમતગાર (ખ઼િજમતગાર) ૧. [ફા.] પું. ચાકર; સેવક; નોકર.
૨. પું. લોંડો; ગુલામ.

ખિજમતગારી (ખ઼િજમતગારી) સ્ત્રી. ખિજમતગારપણું; સેવા.

ખિજમતગુજાર (ખ઼િજમતગુજાર) ૧. પું. સેવક; ચાકર; નોકર.
૨. સ્ત્રી. સેવિકા; ચાકરડી; નોકરાણી; ખાદિમા.

ખિજમતદાર (ખ઼િજમતદાર) ૧. પું. ચાકર; સેવક.
૨. પું. લોંડો; ગુલામ.

ખિજલત (ખ઼િજલત) [અ.] સ્ત્રી. શરમ.

ખિજવાટ પું. ક્રોધ; ગુસ્સો; ખિજાવું તે.

ખિજવાવું સ. ક્રિ. ચિડાવું; ક્રોધે ભરાવું.

ખિજાબ (ખ઼િજાબ) [અ.] પું. કેશકલ્પ.

ખિજાવવું સ. ક્રિ. ગુસ્સે કરવું; ચિડાવવું; ખિજાય એમ કરવું; ખીજ કરવી.

ખિજાવું અ. ક્રિ. ચિડાવું; ગુસ્સે થવું.

ખિઝ (ખ઼િઝ) [ફા.] સ્ત્રી. ચીડ; અણગમો.

ખિઝર ૧. પું. જળ તથા દેવતાના દેવ.
૨. [અ.] પું. મુસલમાનના એ નામના એક પેગંબર. તેણે અમૃત પીધું હતું એમ કહેવાય છે.
૩. પું. રક્ષક.
૪. વિ. ભૂલ્યાને રસ્તો બતાવનાર.

ખિઝાન (ખ઼િઝાન) ૧. [ફા.] સ્ત્રી. ઘડપણ.
૨. સ્ત્રી. પાનખર ઋતુ.

ખિઝાની (ખ઼િઝાની) ૧. [ફા.] વિ. કરમાતું.
૨. વિ. પાનખર ઋતુનું.

ખિઝાબ (ખ઼િઝાબ) ૧. [અ.] પું. અર્ક.
૨. પું. વાળ રંગવાનો કલ્પ.

ખિટ સ્ત્રી. ગંદકી.

ખિટખિટ સ્ત્રી. હસવાનો અવાજ.

ખિટલિયાળું વિ. આંકડીવાળું; વાંકડું; વાંકડિયું.

ખિટ્ટાખંડ પું. તાલુકો.

ખિડ (ખ઼િડ) [સં. ખંડ (ખાણે)] સ્ત્રી. ખીણ; ખો.

ખિડક (ખિડ઼ક) ૧. [હિં.] પું. અવેડો.
૨. પું. કોડ.

ખિડકી (ખિડ઼કી) ૧. [હિં.] સ્ત્રી. ખડકી; નાનું બારણું; બારી.
૨. સ્ત્રી. ચોરદરવાજો.
૩. સ્ત્રી. ઝરૂખો.
૪. સ્ત્રી. બંધ કરવાની ઠેસી.
૧. ખિડકીદાર અંગરખા = ચપોચપ થાય એવું અંગરખું.
૨. ખિડકીદાર પાઘડી = આગલા ભાગમાં ઉઘાડી હોય એવી પાઘડી.

ખિણ [સં. ક્ષણ] સ્ત્રી. ક્ષણ; પળ.

ખિતપુડ (ખિતપુડ઼) ન. પૃથ્વીતલ; જમીનનું તળિયું.

ખિતમી (ખ઼િતમી) [અ.] સ્ત્રી. ખારા ભેજવાળા સ્થળે ઊગતી વનસ્પતિના મૂળમાંથી બનતી એક મીઠાઈ.

ખિતાબ (ખ઼િતાબ) ૧. પું. દરજ્જો અથવા ખાનદાની દેખાડનારૂં સરકારથી મળેલું ઉપનામ.
૨. [અ.] પું. પદવી; ઇલકાબ; માનની કે આબરૂની ઓળખ; ઉપાધિ.
૩. પું. સારી અથવા ખોટી ઓળખનું ઉપનામ.
૪. સ્ત્રી. ચોપડી; પોથી.

ખિતાબત (ખ઼િતાબત) ૧. [અ.] સ્ત્રી. ઉપદેશ.
૨. સ્ત્રી. બોલવાની છટા.

ખિતાબધારી વિ. ખિતાબ ધારણ કરેલ.

ખિતાબી (ખ઼િતાબી) [અ.] વિ. ખિતાબ મળ્યો હોય તેવું.

ખિતિ [સં. ક્ષિતિ] સ્ત્રી. પૃથ્વી.

ખિતિપતિ ૧. [સં. ક્ષિતિપતિ] પું. રાજા.
૨. પું. સૂર્ય.

ખિત્તા (ખ઼િત્તા) ૧. [અ.] પું. પ્રદેશ; પ્રાંત.
૨. પું. હદ બતાવનારી લીટી.

ખિત્રી [સં. ક્ષત્રિય] પું. (જૂ. ગુ.) ક્ષત્રિય.

ખિદ્ ૧. [સં.] અ. ક્રિ. ખેદ થવો.
૨. અ. ક્રિ. થાકી જવું; શ્રમિત થવું.
૩. અ. ક્રિ. (ધાતુ) દુઃખી થવું; દુઃખ સહન કરવું. તે ઉપરથી થયેલ શબ્દો: ખેદ; ખિન્ન.
૪. સ. ક્રિ. ત્રાસ આપવો.
૫. સ. ક્રિ. બિવરાવવું.
૬. સ. ક્રિ. મારવું.

ખિદમત (ખ઼િદમત) ૧. [અ. ખદમ (તેણે સેવા કરી)] સ્ત્રી. ખિજમત; તાબેદારી પૂર્વકની સંરભરા; સેવા; ચાકરી.
૨. સ્ત્રી. ફરજ.
૩. સ્ત્રી. હજૂર; હાજરી; તહેનાત.

ખિદમતગાર (ખ઼િદમતગાર) [અ.] પું. ચાકર; નોકર; સેવક.

ખિદમતગારી (ખ઼િદમતગારી) [અ.] સ્ત્રી. ચાકરી; સેવા.

ખિદમતગુઝાર (ખ઼િદમતગુઝાર) ૧. [ફા.] પું. નોકર; સેવક.
૨. વિ. તાબેદાર; આજ્ઞાંકિત.

ખિદમતગુઝારી (ખ઼િદમતગુઝારી) ૧. [ફા.] સ્ત્રી. ચાકરી; સેવા.
૨. સ્ત્રી. સેવા કરવા માટે તૈયાર હોવાપણું.

ખિદમતદાર (ખ઼િદમતદાર) પું. નોકર; સેવક.

ખિદમતદારી (ખ઼િદમતદારી) સ્ત્રી. સેવા; નોકરી.

ખિદમતરસીદા (ખ઼િદમતરસીદા) વિ. ઘસાયેલું; જૂનું થઈ ગયેલું.

ખિદમતિયો પું. નોકર; સેવક.

ખિદમતી (ખ઼િદમતી) ૧. પું. સેવક; ચાકર.
૨. [ફા. ખિદમત] વિ. ખિદમત કરનાર.
૩. વિ. સેવા સંબંધી.

ખિદમાત (ખ઼િદમાત) [ફા.] સ્ત્રી. બ. વ. સેવાઓ; ગુલામીઓ.

ખિદંગ (ખ઼િદંગ) ૧. [ફા.] પું. એક જાતનું ઝાડ.
૨. પું. જેમાંથી તીર બનાવવામાં આવે તે લાકડું.

ખિદિર ૧. [સં.] પું. ઈંદ્ર.
૨. પું. કપૂર.
૩. પું. ચંદ્ર.
૪. પું. દીન; ગરીબ માણસ.
૫. પું. ભિખારી; માગણ.
૬. પું. યોગી.

ખિદ્યમાન ૧. [સં.] વિ. કષ્ટ પામતું; દુઃખ ભોગવતું; વિપત્તિ સહેતું.
૨. વિ. દિલગીરીવાળું; ખેદ પામતું.

ખિદ્ર ૧. [સં.] પું. ગરીબ માણસ.
૨. પું. દરિદ્રતા.
૩. પું. રોગ; મંદવાડ; બીમારી.
૪. પું. રોગી માણસ.

ખિન [સં. ક્ષણ] સ્ત્રી. ક્ષણ; પળ.

ખિનખાબ સ્ત્રી. કિનખાબ.

ખિન્ન ૧. પું. કોઠાર; વહાણનો એક ભાગ.
૨. [સં.] વિ. આશાભંગ થયેલ; નાસીપાસ; નાઉમેદ થયેલું.
૩. વિ. ખેદ પામેલ; સંતાપ પામેલ; શોકાતુર; ગમગીન.

ખિન્નતા ૧. [સં.] સ્ત્રી. કંટાળો.
૨. સ્ત્રી. નાસીપાસી; નાઉમેદી; નિરાશા.
૩. સ્ત્રી. શોક; દિલગીરી.

ખિન્નમનસ્ક વિ. દિલગીર; ઉદાસ મનવાળું.

ખિન્નમુખું વિ. શોકાતુર; નિરાશ; ઉદાસ.

ખિન્ની [સં. ક્ષીરિણી] સ્ત્રી. રાયણ.

ખિપ ન. એક પ્રકારનું ઝાડ. તેનાં ફૂલોની ગુચ્છીઓ લીલાશ લેતી પીળા રંગની હોય છે. શીંગ લાંબી અને સાંકડી થતી ટેરવે વાંક લેતી હોય છે. ખિપ રેતીમાં ઊગે છે. એની લાંબી વળી શકે તેવી શાખાઓની ટોપલી કે સૂંડલી બની શકે છે.

ખિપ્ર [સં. ક્ષિપ્ર] અ. તરત જ; જલદી.

ખિફત (ખ઼િફ઼ત) જુઓ ખિફ્ફત.

ખિફ્ફ (ખ઼િફ઼્ફ઼) [અ.] વિ. હલકું.

ખિફ્ફત (ખ઼િફ઼્ફ઼ત) ૧. સ્ત્રી. અપમાન.
૧. ખિફ્ફત ઉઠાવવી = અપમાન સહન કરવું.
૨. ખિફ્ફતે રાઈ = બુદ્ધિની નિર્બળતા; જાડ્યતા.
૨. સ્ત્રી. નામોશી; અપ્રતિષ્ઠા.

ખિબરત (ખ઼િબરત) ૧. [અ.] સ્ત્રી. અનુભવ; પ્રયોગ.
૨. સ્ત્રી. ડહાપણ.

ખિમખાબ સ્ત્રી. કિનખાબ.

ખિમણું ૧. ન. દાગીનામાં નંગ બેસાડવાનું ખાનું.
૨. ન. વાળીના ચાંપામાં જડેલો હીરો.

ખિમયાઝા (ખ઼િમયાઝા) ૧. [ફા.] પું. આળસ.
૨. પું. બગાસું.
૩. પું. શિક્ષા.

ખિમા ૧. [સં. ક્ષમા] સ્ત્રી. માફી.
૨. સ્ત્રી. મમતા; મહેરબાની.

ખિયાનત (ખ઼િયાનત) ૧. [અ.] સ્ત્રી. કોઈની થાપણ લઈને ન આપવી તે; બેઈમાની; ઠગાઈ.
૨. સ્ત્રી. વિશ્વાસઘાત.

ખિયાર ૧. સ્ત્રી. કાકડી.
૨. સ્ત્રી. પસંદગી.
૩. સ્ત્રી. હલકી જાતની જમીન.

ખિયારા વિ. લુચ્ચું; છેતરે એવું; પ્રપંચી.

ખિયાલ (ખ઼િયાલ) ૧. પું. એક જાતનું ગીત.
૨. પું. ખોટો દેખાવ; દંભ.
૩. પું. ભય; બીક.

૪. પું. માન; આદર.

૫. પું. વિચાર.

૬. પું. સંભાળ; માવજત.

ખિયાલા ૧. પું. ખોટો દેખાવ; દંભ.

૨. વિ. ખુશ; આનંદી; હર્ષિત.

૩. વિ. મત્ત; તરંગી.

ખિયાલું ૧. વિ. આનંદ કરેલું.

૨. વિ. તરંગવાળું; મત્ત.

ખિયાવું અ. ક્રિ. ઘસાઈ જવું.

ખિરકિન સ્ત્રી. બારી.

ખિરણી ન. રાયણ; રાણુકોકડીનું ઝાડ.

ખિરદ (ખ઼િરદ) [ફા.] ન. અક્કલ; ડહાપણ; શાણપણ.

ખિરદમંદ (ખ઼િરદમંદ) [ફા.] વિ. ડાહ્યું; બુદ્ધિશાળી.

ખિરદમંદી (ખ઼િરદમંદી) જુઓ ખિરદ.

ખિરદવર (ખ઼િરદવર) જુઓ ખિરદમંદ.

ખિરદવરી (ખ઼િરદવરી) જુઓ ખિરદ.

ખિરની [હિં.] ન. રાયણ; રાણુકોકડી.

ખિરમન ૧. [ફા.] પું. અનાજનો કોઠાર.

૨. પું. પાક; નીપજ.

૩. પું. લણવું તે; કાપણી.

ખિરમનગાહ ન. ખળું; ખળાવાડમાં કરેલો પાકનો સંગ્રહ.

ખિરસા ૧. ન. ખીરામાંથી તૈયાર કરેલી બળી.

૨. ન. ગાયના ખરેટાનું દહીં.

૩. ન. તાજેતરમાં વિયાયેલ ગાય ભેંસનું દૂધ; ખીરૂં.

ખિરંટી [સં. ખરયષ્ટિકા] સ્ત્રી. બલા નામની વનસ્પતિ.

ખિરા સ્ત્રી. કાકડી.

ખિરાજ (ખ઼િરાજ) ૧. [અ.] પું. ખંડણી; વેરો; કર.

૨. સ્ત્રી. કાકડી.

ખિરાજી (ખ઼િરાજી) વિ. કર આપતું હોય એવું.

ખિરાપત સ્ત્રી. ખુશાલીમાં મીઠાઈની વહેંચણી.

ખિરામ ૧. [ફા.] પું. કવિ.

૨. સ્ત્રી. ચાલવાની ઢબ.

ખિરામાન વિ. સુંદર રીતે ચાલતું

ખિરાશ (ખ઼િરાશ) [ફા.] સ્ત્રી. ખણુસ; ખંજવાળ; ચેળ.

ખિરાં પું. એક જાતનો વેલો.

ખિર્રિંડ ન. ઉપદંશનું ગૂમડું; ચાંદી.

ખિરૈંટી સ્ત્રી. બલદાણા.

ખિરો પું. દેવતાની કણી; અંગારો.

ખિરોટ પું. અખરોટ.

ખિરોદક ન. એક જાતનું બૈરાંને પહેરવાનું ભાતીગળ રેશમી કપડું.

ખિરોયું વિ. દુધાળું; દૂધ આપતું હોય એવું. આ શબ્દ ઢોરને માટે વપરાય છે.

ખિર્કા (ખ઼િર્કા) [અ.] પું. લુગડાના કટકાનો બનેલો દરવીશનો ઝભ્ભો.

ખિર્કાપોશ (ખ઼િર્કાપોશ) [અ.] પું. દરવીશ; ફકીર.

ખિર્સ (ખ઼િર્સ) [ફા.] પું. રીંછ.

ખિર્સક (ખ઼િર્સક) [ફા.] સ્ત્રી. એક જાતની બાળકોની રમત; આંધળોપાડો.

ખિર્સબાઝી (ખ઼િર્સબાઝી) [ફા.] સ્ત્રી. જંગલીપણું.

ખિલ ૧. [સં.] પું. બ્રહ્મા.

૨. પું. વિષ્ણુ.

૩. ન. ખાલી જગ્યા.

૪. ન. દેવદત્ત ગોત્રનું એ નામનું એક પ્રવર.

૫. ન. પડતર જમીન; વણખેડાયેલ જમીન.

૬. ન. વધારો; શેષ ભાગ.

૭. ન. શુક્લ યજુર્વેદના ૨૬થી ૩૫ સુધીના પાછળથી ઉમેરેલા અધ્યાય.

૮. ન. સંગ્રહ.

૯. ન. સંગ્રહ પહેલાંનું સ્તોત્ર.

૧૦. વિ. ખાલી; નહિ ખેડેલ; પડતર.

૧૧. વિ. ઘેરી લીધેલ. રસ્તા માટે વપરાય છે.

૧૨. વિ. સાર કાઢી સંક્ષિપ્ત કરેલ.

૧૩. વિ. હળ વગેરેથી ખેડેલ.

ખિલઅત ૧. [અ.] પું. માનનો ઝભ્ભો. તે ઝભ્ભો નાના માણસને મોટા માણસ તરફથી બક્ષવામાં આવે છે. સાધારણ રીતે ખિલઅત એકલા લૂગડાના કટકાનો હોતો નથી, પણ જવાહીર અથવા બીજી કીમતી વસ્તુઓનો હોય છે. ખિલઅતમાં પાઘડી કે શાલ પણ આપવામાં આવે છે. પૂરેપૂરા ખિલઅતમાં હથિયાર, ઘોડો અથવા હાથીનો સમાવેશ થાય.

૨. પું. શિષ્યના અક્ષર મંજૂર કરવા તે.

ખિલકાંડ પું. પરિશિષ્ટ; ઉપસંહાર.

ખિલકાંડત્વ ૧. ન. (પુરાણ) કર્મકાંડ, ઉપાસનાકાંડ અને બ્રહ્મકાંડ એ ત્રણે કાંડોમાં જે કાંઈ કહેવાનું બાકી રહી ગયું હોય તે સર્વ જેમાં કહેલું હોવાથી જે પ્રકીર્ણપણું તે.

૨. ન. પરિશિષ્ટ.

ખિલકોડી (ખિલકોડ઼ી) સ્ત્રી. ખિસકોલી; ખિલોડી; ચાર પગનું, શરીરે લાંબા કોમળ વાળવાળું અને ગુચ્છાદાર પૂછડીવાળું નોળિયાના આકારનું નાનું પ્રાણી.

ખિલકોલી સ્ત્રી. ખિસકોલી.

ખિલકત (ખ઼િલક઼ત) ૧. [અ.] સ્ત્રી. ભીડ; ઘણા લોકોનો સમૂહ.

૨. સ્ત્રી. સૃષ્ટિ; સંસાર; જગત.

ખિલખિલ ૧. પું. અટ્ટહાસ્ય; ખડખડાટ હસવું તે.

૨. પું. ખિસકોલીનો અવાજ.

૩. પું. મોર પક્ષી.

ખિલખિલવું ૧. અ. ક્રિ. ખળભળાટ થવો.

૨. અ. ક્રિ. ખૂબ હસવું.

ખિલખિલા ૧. ન. એક જાતનું ઝાડ. તે શુમારે માથોડું ઊંચું વધે છે. તેનાં પાન મીઠા લીમડાનાં પાન જેવાં થાય છે. તેનો રંગ ગાઢ લીલો હોય છે. મહારોગ અથવા વળગાડવાળાં માણસ ભૂતથી બીધેલાં કે એવા રોગીને તેનો ધુમાડો આપવામાં આવે છે. આ ઝાડ વિશેષ કરી ડુંગરાળ પ્રદેશમાં ઊગે છે. કોંકણમાં તેની ઉત્પત્તિ ઘણી થાય છે.

૨. ન. ખુશમિજાજીપણું.

૩. ન. ખૂબ હસવું તે.

ખિલખિલાટ પું. આનંદના હસવાથી થતો મોટો અવાજ.

ખિલખિલી પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

ખિલજાવું ૧. અ. ક્રિ. આનંદથી ઉભરાવું.

૨. અ. ક્રિ. ઊપસવું; ફાટવું.

૩. અ. ક્રિ. ખીલવું.

૪. અ. ક્રિ. માથાને અસર થવી.

૫. સ. ક્રિ. અલગ રાખવું.

૬. સ. ક્રિ. ભાંગવું.

૭. સ. ક્રિ. માફક આવવું.

ખિલજી પું. અફઘાનિસ્તાનની સરહદ ઉપર રહેતી એક પઠાણ જાતિ. આ વંશનું રાજ્ય હિંદમાં સને ૧૨૮૮થી ૧૩૨૧ સુધી હતું. તેમાં અલાઉદ્દીન પ્રસિદ્ધ બાદશાહ થઈ ગયો.

ખિલત (ખ઼િલત) [અ.] પું. ખિલ્લત; પ્રીતિ, મહેરબાની અથવા પ્રસન્નતા બતાવવાને અપાતો પોશાક; સિરપાવ; રાજા બાદશાહ કોઈ માણસને ઓદ્ધા ઉપર નિયોજતાં તેને જે પોશાક આપે છે તે. આમાં કપડાં, ઘરેણાં અને હથિયારનો સમાવેશ થાય છે.

ખિલતત્ત્વ ન. વનસ્પતિ કે પ્રાણીના દ્રવ્યના અધૂરા વિઘટનથી ઉત્પન્ન થતું તપખીરિયું કે કાળું તત્ત્વ.

ખિલતત્ત્વામલ પું. વનસ્પતિ કે પ્રાણીના દ્રવ્યના અધૂરા વિઘટનથી ઉત્પન્ન થતા તપખીરિયા કે કાળા તત્ત્વનો બનેલો તેજાબ.

ખિલની [હિં.] વિ. ઊપસેલું; ફાટેલ.

ખિલભૂમિ સ્ત્રી. બિનકમજાઉ પડતર જમીન.

ખિલવટ સ્ત્રી. ખિલવણી; ખીલવવું તે.

ખિલવટો પું. ખીલવનારો માણસ.

ખિલવણ જુઓ ખિલવટ.

ખિલવણી જુઓ ખિલવટ.

ખિલવત (ખ઼િલવત) ૧. [અ.] સ્ત્રી. એકાંત સ્થળ; નિર્જન સ્થાન.
૨. સ્ત્રી. ખાનગી ઓરડો; ખાનગી બેઠક; મંત્રણાગૃહ.
૩. સ્ત્રી. ખાનગી સલાહ; ગુપ્ત મસલત.
૪. સ્ત્રી. જાજરૂ; સંડાસ.
૫. સ્ત્રી. વાનપ્રસ્થાશ્રમ.
૬. સ્ત્રી. સ્ત્રીઓનો ખાનગી ઓરડો.

ખિલવતખાના (ખ઼િલવતખાના) ૧. [અ.] ન. એકાંતગૃહ; એકાંતસ્થાન.
૨. ન. ખાનગી ઓરડો.
૩. ન. સ્ત્રીઓનો ઓરડો.

ખિલવતગાહ (ખ઼િલવતગાહ) જુઓ ખિલવતખાના.

ખિલવતનશીન (ખ઼િલવતનશીન) ૧. [અ.] પું. ત્યાગી; સંન્યાસી; સાધુ.
૨. વિ. એકાંતવાસ સેવનાર.
૩. વિ. વાનપ્રસ્થાશ્રમી.

ખિલવતી (ખ઼િલવતી) ૧. [અ.] પું. એકાંતમાં રહેનાર સાધુ.
૨. પું. ખાનગી ઓરડામાં આવવાની છૂટ હોય તેવો માણસ.
૩. પું. ગાઢ મિત્ર.

ખિલવાડ (ખિલવાડ઼) ૧. [હિં.] સ્ત્રી. ખેલ; તમાશો.
૨. વિ. આનંદી; રમતિયાળ.

ખિલંદડા (ખ઼િલંદડ઼ા) [હિં.] વિ. રમતિયાળ.

ખિલાઈ ૧. સ્ત્રી. ખવરાવવું તે.
૨. સ્ત્રી. ધાવણ ન આવતું હોય એવી આયા.

ખિલાઈપિલાઈ ૧. [હિં.] સ્ત્રી. ખવરાવવાનું ખર્ચ.
૨. સ્ત્રી. ભરણપોષણ.

ખિલાઈબ ૧. [હિં.] સ્ત્રી. છોકરાં સાથે આનંદ કરવો તે.
૨. સ્ત્રી. નાગને વશ કરવાપણું.

ખિલાઊ ૧. વિ. ખવરાવનાર.
૨. વિ. ખિલવણી કરનાર.

ખિલાડ (ખ઼િલાડ઼) ૧. પું. જાદૂગર; મદારી.
૨. સ્ત્રી. નખરાં; ચાળા.
૩. વિ. ખુશમિજાજી; આનંદી.
૪. વિ. જુગારી; જુગાર ખેલનારૂં.
૫. વિ. તોફાની; મસ્તીખોર.
૬. વિ. રમતિયાળ.

ખિલાડન (ખિલાડ઼ન) જુઓ ખિલાડ.

ખિલાડપણ (ખિલાડ઼પણ) ૧. પું. ખુશમિજાજીપણું.
૨. સ્ત્રી. રમતિયાળપણું.

ખિલાડિયાં (ખિલાડ઼િયાં) ૧. [હિં.] સ્ત્રી. બ. વ. યુક્તિઓ.
૨. સ્ત્રી. બ. વ. રમતો.

ખિલાડી (ખિલાડ઼ી) ૧. પું. ખેલાડી; નટ; ભવાયો; ખેલ કરનાર માણસ.
૨. વિ. કસબી; કળાકુશળ.
૩. વિ. ચતુર; હોશિયાર.
૪. વિ. જુગારી.
૫. વિ. તોફાની; મસ્તીખોર.
૬. વિ. મતલબ સાધનાર.
૭. વિ. મુત્સદ્દી.
૮. વિ. રમતિયાળ.

ખિલાપ (ખ઼િલાપ) [અ.] વિ. વિરુદ્ધ.

ખિલાપાટી સ્ત્રી. પેચ પાડવાનું એક લુહારી ઓજાર.

ખિલાફ (ખ઼િલાફ઼) ૧. ન. અસત્ય; ખોટું બોલવું તે; જૂઠાણું.
૨. [અ. ખલફ (તે જુદો પડ્યો)] ન. ઊલટાપણું; વિરુદ્ધતા; વિરોધ.
૩. વિ. ઊલટું; ઊંધું; પ્રતિકૂળ; વિરુદ્ધ.

ખિલાફત (ખ઼િલાફ઼ત) ૧. [અ.] સ્ત્રી. ખલીફપણું; ખલીફાનું કામ.
૨. સ્ત્રી. ખલીફાની ગાદી; ધાર્મિક આગેવાનની રાજગાદી.
૩. સ્ત્રી. રાજાનો મોભો.
૪. સ્ત્રી. વિરુદ્ધતા; ઊલટાપણું.

ખિલાફતી (ખ઼િલાફ઼તી) [અ.] વિ. ખિલાફત સંબંધી.

ખિલાફી (ખ઼િલાફ઼ી) જુઓ ખિલાફ ૧-૨.

ખિલાબ (ખ઼િલાબ) [ફા.] પું. કાદવ.

ખિલાર (ખ઼િલાર) ૧. [અ.] વિ. જુગારી.
૨. વિ. તોફાની; મસ્તીખોર.
૩. વિ. રમતિયાળ.

ખિલારખુ ૧. વિ. ઊપસી આવેલું.
૨. વિ. ખીલાના આકારનું.
૩. વિ. ખીલે બંધાઈ રહેવાની ટેવવાળું.
૪. વિ. ખીલે બાંધ્યા પછી શાંત રહેનારૂં.

ખિલારી સ્ત્રી. ધાણા વગેરે મુખવાસ; જમ્યા પછી મોઢું સાફ કરવા ખવાતી વસ્તુ.

ખિલાલ (ખ઼િલાલ) ૧. [અ.] પું. દાંતખોતરણી.
૨. પું. નાશ; નુકસાન.
૩. પું. પાનાંની રમતમાં હાર.
૪. પું. વચલો ભાગ.

ખિલાવ ૧. પું. ખીલી રહેવું તે; પ્રફુલ્લતા; વિકાસ.
૨. પું. ખેલ; રમત.
૩. પું. મોજશોખ.
૪. પું. શોભા; તેજ; કાંતિ.

ખિલાવટ ૧. સ્ત્રી. કેળવીને સરસ બનાવવું તે; ખીલી રહે એમ કરવું તે; ખીલે એવી રીતે કરવું તે; ખિલવટ.
૨. સ્ત્રી. ફાંટવવું તે; દોરવવાપણું.

ખિલાવવું ૧. સ. ક્રિ. આનંદ કરાવવો.
૨. સ. ક્રિ. ઉશ્કેરવું.
૩. સ. ક્રિ. ખવરાવવું.
૪. સ. ક્રિ. ખીલે એમ કરવું; ફુલાવવું; બહલાવવું.
૫. સ. ક્રિ. ચડાવવું; ઉત્તેજન આપવું.
૬. સ. ક્રિ. ફાંટવવું; દોરવવું.
૭. સ. ક્રિ. મશ્કરી કરી ગમત કરવી; રમાડવું.

ખિલાવું ૧. અ. ક્રિ. ઊંચે અટકી રહેવું; ટિંગાવું.
૨. અ. ક્રિ. ઓટાવું; સાથે સંધાવું.
૩. અ. ક્રિ. ખીલે એમ થવું.
૪. અ. ક્રિ. ભરાઈ જવું.

ખિલોડી (ખિલોડ઼ી) સ્ત્રી. ખિસકોલી; ઉંદરના જેવું ચપટું અને ગુચ્છાદાર પૂછડીવાળું પ્રાણી.

ખિલોણું ૧. ન. નજીવી વસ્તુ.
૨. [સં. ક્રીડનક] ન. રમકડું; રમવાનું સાધન.

ખિલોના ૧. [હિં.] પું. મશ્કરો.
૨. [સં. ક્રીડનક] પું. રમકડું.

ખિલોરી જુઓ ખિલોડી.

ખિલૌના જુઓ ખિલોના.

ખિલ્કત (ખ઼િલ્ક઼ત) ૧. [અ. ખલક (તેણે પેદા કર્યું)] સ્ત્રી. ઉત્પત્તિ; પેદાશ.
૨. સ્ત્રી. પ્રજા; લોક.

ખિલ્કી (ખ઼િલ્ક઼ી) [અ.] વિ. કુદરતી; સ્વાભાવિક.

ખિલ્ડા ૧. [હિં.] પું. આનંદ.
૨. પું. ઇશ્કબાજી.
૩. પું. ઉપભોગ.
૪. પું. રમત.

ખિલ્ત (ખ઼િલ્ત) [અ.] પું. શરીરમાં રહેલા વાત, પિત્ત, કફ અને શ્લેષ્મ માંહેનું દરેક.

ખિલ્તા (ખ઼િલ્તા] [અ.] પું. વાતચીત.

ખિલ્લ ૧. પું. એક તરફ અણી ને બીજી તરફ માથાવાળો લોઢાનો કે લાકડાનો કકડો; ચૂંક.
૨. પું. ફાચર; ફાંસ.
૩. (ખ઼િલ્લ) [અ.] પું. મિત્ર.

ખિલ્લત (ખ઼િલ્લત) [અ.] પું. આબરૂનો પોશાક; પહેરામણી; માનનો પોશાક; પ્રીતિ, મહેરબાની અથવા પ્રસન્નતા બતાવવાને અપાયેલ પોશાક; સિરપાવ. આમાં કપડાં, ઘરેણાં અને હથિયારનો સમાવેશ થાય છે.

ખિલ્લારી સ્ત્રી. કદાવર, એક જ રંગના, સરખી ચાલ અને સમાન દેખાવના બળદની જોડ.

ખિલ્લી ૧. સ્ત્રી. કાંડાનો સાંધો.
૨. સ્ત્રી. તરવારની મૂઠ.
૩. સ્ત્રી. ત્રિકોણાકાર પાનની પટી.
૪. સ્ત્રી. મશ્કરી.
ખિલ્લી કરવી = (૧) નખરાં કરવાં. (૨) મશ્કરી કરવી.
૫. સ્ત્રી. મોટી બીડી; ટેટો.

ખિલ્લીબાઝ [હિં.] વિ. રમતિયાળ.

ખિલ્લીબાઝી [હિં.] સ્ત્રી. મશ્કરી; રમૂજ.

ખિલ્લૂ વિ. રમતિયાળ.

ખિલ્લે ૧. [સં. કીલ] પું. એક તરફ અણી અને બીજી તરફ માથું હોય તેવો લાકડાનો કે લોઢાનો નાનો મોટો કકડો; ખીલો; ચૂંક.
૨. પું. ફાચર; ફાંસ; મેખ.

ખિલ્લો ૧. પું. ડૈયું; મશ્કરીમાં અથવા કોઈને ચીડવતાં મુઠ્ઠી વાળીને અંગૂઠો દેખાડવો તે.
૨. વિ. રમતિયાળ.

ખિલ્લોહડું (ખિલ્લોહડું) પું. (જૂ. ગુ.) ઊગતો ફણગો.

ખિશિયાણું વિ. ચોભીલું; છોભું; વીલું; ખસિયાણું.

ખિશ્ત (ખ઼િશ્ત) ૧. [ફા.] સ્ત્રી. ઈંટ.
૨. સ્ત્રી. નળિયું.

ખિશ્તક (ખ઼િશ્તક) ૧. [ફા.] સ્ત્રી. નાની ઈંટ.
૨. સ્ત્રી. પાયજામાનો ઝોળો.
૩. સ્ત્રી. પાયજામો.

ખિશ્તી (ખ઼િશ્તી) [ફા.] વિ. ઈંટનું બનેલું; ઈંટ સંબંધી.

ખિસ ૧. [હિં.] પું. એક જાતનું લૂગડું.
૨. પું. ચાદર.
૩. પું. દાંત.
૪. પું. દાંત કચરડવા તે.

ખિસકવું અ. ક્રિ. સરકી જવું.

ખિસકાવું ૧. અ. ક્રિ. અલગ કરવું.
૨. અ. ક્રિ. ધક્કો મારવો.
૩. અ. ક્રિ. હલાવવું.

ખિસકોલી સ્ત્રી. ચાર પગનું, શરીરે લાંબા વાળવાળું અને ગુચ્છાદાર પૂછડીવાળું નોળિયાના આકારનું પ્રાણી. ખોજાને ખિસકોલી કહેવાથી અપમાન લાગે છે.

ખિસમિસ [ફા. કિશમિશ] સ્ત્રી. ઠળિયા વગરની સૂકી અને નાની, લાલ કે ધોળી દ્રાક્ષ.

ખિસર સ્ત્રી. ઉત્તરાયન; સંક્રાંત.

ખિસરત (ખ઼િસરત) ૧. [અ.] સ્ત્રી. છેતરપિંડી; દગો.
૨. સ્ત્રી. નુકસાન.
૩. સ્ત્રી. લૂંટ.

ખિસલન ૧. [હિં.] સ્ત્રી. ભૂલચૂક.
૨. સ્ત્રી. લપસી જવાય એવું હોવાપણું.

ખિસલહા [હિં.] વિ. લપસણું.

ખિસલાહટ [હિં.] સ્ત્રી. લપસણું હોવાપણું.

ખિસવું અ. ક્રિ. ખસવું. સુરત તરફ ચાંપીને બોલનાર ખસવુંને બદલે ખિસવું બોલે છે.

ખિસા સ્ત્રી. બોલાચાલી; વઢવાડ.

ખિસારત (ખ઼િસારત) ૧. [અ. ખસારત] સ્ત્રી. નુકસાન.
૨. સ્ત્રી. ફસાવવું તે.

ખિસારા (ખ઼િસારા) જુઓ ખિસારત.

ખિસારી [હિં.] સ્ત્રી. વટાણા.

ખિસાલ (ખ઼િસાલ) [અ.] ન. બ. વ. સદ્ગુણો.

ખિસાંદા (ખ઼િસાંદા) [ફા.] પું. ઉકાળો.

ખિસિયાણું વિ. ખસિયાણું; ઝંખવાણું.

ખિસિયાનપણ [હિં.] ન. ચીડ.

ખિસિયાના [હિં.] વિ. ખસિયાણું; શરમાઈ ગયેલું.

ખિસ્કોલી જુઓ ખિસકોલી.

ખિસ્ક [હિં.] વિ. નજર ચૂકવીને જતું રહેનાર.

ખિસ્સત (ખ઼િસ્સત) ૧. [અ.] સ્ત્રી. નીચતા.
૨. સ્ત્રી. લોભ.

ખિસ્સા ૧. [હિં.] પું. કજિયો; ઝઘડો.
૨. પું. વર્ણન; વાર્તા.

ખિસ્સાકાતરુ વિ. ગજવાકાતરુ; ખીસું કાપીને ચોરી કરનાર.

ખિસ્સાખરચ ૧. ન. ખાસ ખરચ માટેનું નાણું; પસંદ પડતી બાબતમાં વાપરવા મળેલું નાણું.
૨. ન. સામાન્ય ખરચ માટે ખીસામાં રાખવાનું નાણું.

ખિસ્સાખર્ચ જુઓ ખિસ્સાખરચ.

ખિસ્સાફાડ (ખિસ્સાફ઼ાડ઼) ૧. વિ. ખિસ્સું તર કરે એવું; પેદાશવાળું.
૨. વિ. ખિસ્સું ફાડી નાખે એવું.

ખિસ્સી [હિં.] સ્ત્રી. મશ્કરી.

ખિસ્સું ન. ખીસું; ગજવું.

ખિંખિર ન. શિવની ગદા.

ખિંખોરલ ૧. [હિં.] સ્ત્રી. છરકો.
૨. સ્ત્રી. દુશ્મનાવટ.

ખિંગ [ફા.] પું. ધોળા રંગનો ઘોડો.

ખિંગા ૧. [ફા. ખિંગ (ઘોડો)] પું. કસરતબાજ વિદૂષક.
૨. વિ. શક્તિમાન.

ખિંચ ૧. સ્ત્રી. ખેંચવું તે.
૨. સ્ત્રી. નફરત; ખીજ; સૂગ.

ખિંચાવ ૧. [હિં.] પું. આકર્ષણ; ખેંચાણ.
૨. પું. ખેંચવું તે.
૩. પું. તાણ.
૪. પું. મજબૂતી.

ખિંચાવટ ૧. સ્ત્રી. ખેંચવું તે.
૨. સ્ત્રી. મજબૂત કરવું તે.

ખિંઝીર (ખ઼િંઝીર) [અ.] ન. જંગલી ભૂંડ.

ખિંઝીરી (ખ઼િંઝીરી) ૧. [અ.] સ્ત્રી. જંગલી ભૂંડને રહેવાનું ઠેકાણું.
૨. વિ. જંગલી ભૂંડ જેવું.

ખિંડ સ્ત્રી. કોતર; ખો; ખાડો; ખીણ; ગર્ત; જમીન અથવા બે પર્વત વચ્ચેના બે મોટા ભાગ વચ્ચેનો પ્રદેશ; ટેકરીઓની વચ્ચે આવેલો સાંકડો રસ્તો.

ખિંડડી (ખિંડ઼ડ઼ી) [હિં.] સ્ત્રી. ભિખારીની પથારી.

ખિંડભિંડ [હિં.] વિ. ટુકડે ટુકડા થઈ ગયેલું; ભાંગેલું.

ખિંદી [હિં.] સ્ત્રી. બાળક માટેની ગોદડી.

ખિંસણ [સં. ખિંસન] ન. અપમાન; તિરસ્કાર; નિંદા.

ખિસા જુઓ ખિસણ.

ખીઅસ પું. ઇજીઅન સમુદ્રમાં આવેલ એ નામનો એક ટાપુ.

ખીઆડો (ખીઆડ઼ો) પું. ઝાટકણી; સખત ઠપકો.

ખીકરી [હિં.] સ્ત્રી. પાતળી બરડ પૂરી.

ખીખરૂં ન. શિખરબંધ મંદિરમાં નાનાં નાનાં શિખરો જેવું દેખાય છે તે નકશીકામ.

ખીખલી સ્ત્રી. ધકૂલી.

ખીખવવું સ. ક્રિ. ખીજવવું.

નવકુળ માયલો નાગ, **ખીખવિયો** ય ખસે નહિ.
દુહો

ખીખા પું. જુવાર કાપી લીધા પછી બાકી રહેલ ઠૂંઠાં.

ખીખિયાટા જુઓ ખીખિયાટી.

ખીખિયાટી ૧. સ્ત્રી. ખડખડાટ હસવું તે.

૨. સ્ત્રી. બિલાડીનું ક્રોધયુક્ત ઘૂરકવું તે.

ખીખિયારી સ્ત્રી. નાનાં બાળકનું આનંદપૂર્વક હસવું તે.

ખીખી ૧. સ્ત્રી. અવાજ થાય અને દાંત દેખાય તેમ હસવું તે; ખડખડ હસવું તે.

૨. સ્ત્રી. મશ્કરીમાં ખીખી હસવું તે; દાંત કાઢવા તે; મશ્કરી કરીને હસવું તે.

૩. સ્ત્રી. વાંદરાનો અવાજ.

૪. અ. ખીખી એવો અવાજ કરીને; ખડખડ.

ખીખીખાખા પું. અરસપરસ થતી ઘણી હસાહસ; ઠઠ્ઠામશ્કરી.

ખીચ ૧. પું. આનાકાની.

૨. ન. એ નામનું એક પ્રાણી. આ પ્રાણી નેપાળ, સિકિમ આગળ માલૂમ પડે છે. તેના શરીરનો રંગ કાળો, તળિયે ધોળો પણ પીળાનો આભાસ થાય છે. કાન અને પગ ભૂરા રંગના હોય છે.

૩. ન. ખીચડીનું ટૂંકું નામ; ખીચડી.

૪. ન. ખીચડો.

૫. વિ ગીચ; ભરચક; ભરપૂર.

૬. વિ. સેળભેળ કરેલ.

ખીચખીચ ૧. અ. ખીચોખીચ ભરેલું; દાબીને ભરેલું.

૨. વિ. ભીડવાળું.

૩. અ. ખીચોખીચ; ઠાંસી ઠાંસીને.

ખીચખીચણ જુઓ ખીચખીચ.

ખીચગાલ્લું ૧. ન. ખટારો; ભારગાડી; માલગાડી; મોટું ગાડું; સરસામાન ભરવા માટેનું ગાડું.

૨. ન. ખીચોખીચ ભરેલું ગાડું; જોઈએ તે કરતાં વધારે ભાર ભરેલું ગાડું.

ખીચડપાપડ (ખીચડ઼પાપડ઼) અ. ઘરમાં બધાં માંદાં હોય એવી રીતે.

ખીચડંપાક (ખીચડ઼ંપાક) પું. ખીચડી.

ખીચડિયા (ખીચડ઼િયા) ૧. પું. ખીચડી ખાનાર કાઠિયાવાડી જાત્રાળુ. મથુરા તરફ આ શબ્દ બોલાય છે.

૨. સ્ત્રી. એ નામની લેઉઆ કણબીની અને સોનીની એક અટક.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

૫. વિ. ખીચડી માટે ઉપયોગમાં આવે એવું. ચોખા માટે વપરાય છે.

૬. વિ. મેળ વિનાનું; અવ્યવસ્થિત.

ખીચડિયું (ખીચડ઼િયું) ૧. વિ. અપભ્રષ્ટ.

૨. વિ. અવ્યવસ્થિત; પરચૂરણ વસ્તુઓના ખીચડા જેવું; પંચરાઉ; મિશ્રણ જેવું; સેળભેળ થયેલું.

૩. વિ. ખીચડી થાય તેવું. ચોખાને માટે વપરાય છે.

ખીચડી (ખીચડ઼ી) ૧. સ્ત્રી. એક જાતનો કર; એક જાતની લેતરી.

૨. [સં. કૃશર] સ્ત્રી. ખાવાની એક વાની; હલકો અને સહેલો એક જાતનો ખાવાનો પદાર્થ; એકઠા કરેલા ચોખા દાળનો રાંધેલો અગર નહિ રાંધેલો જથ્થો; દાળ અથવા ચોખાનું ભેળસેળ પકવેલ અન્ન. એ તુવેરની દાળની, મગની દાળની કે આખા મગની બને છે.

૧. ખીચડી ખદખદવી = મિજાજ કરવો.

૨. ખીચડી ખવડાવવી = ભરણપોષણ કરવું.

૩. ખીચડી ખાવી-જમવી = (૧) નકામાં ભથ્થાં ખાવાને બેસી રહેવું. (૨) વારંવાર મુલાકાત આપવી. (૩) વ્યભિચાર કરવો. મોટા પંથમાં ભક્ત ભક્તાણીને જારકર્મ કરવાની ઇચ્છા થાય ત્યારે સાંકેતિક ભાષામાં ખીચડી ખાવી છે એમ કહે છે.

૪. ખીચડી પકાવવી = (૧) ગોટાળો કરવો. (૨) સલાહ લેવી.

૫. ખીચડી લેવા જવું = સંક્રાંતિને દિવસે ખીચડીનું દાન લેવા જવું. નાગર લોકોમાં આ પ્રયોગ વપરાય છે.

૬. ખીચડી લેવી = દલાલીરૂપે રુશવત લેવી. ઓખામંડળ તરફ આ પ્રયોગ વપરાય છે.

૭. ઘી ઢોળાણું તો ખીચડીમાં = પોતાને થયેલ નુકસાનનો લાભ પોતાના કુટુંબીજનને જ થવો.

૮. વખાણી ખીચડી દાંતે વળગે = જેનાં આપણે બહુ વખાણ કરીએ તે કાંઈ ઉપયોગમાં ન આવે, ઊલટું નુકસાન કરે.

૩. [હિં.] સ્ત્રી. નાચનારીને અગાઉથી આપવામાં આવતી સૂથી.

૪. સ્ત્રી. બે ભાષાનું ગમે તેમ કરેલું મિશ્રણ; સેળભેળ.

૫. સ્ત્રી. બેર ઝાડનું ફૂલ.

૬. સ્ત્રી. મકરસંક્રાંતિ. આ દિવસે ખીચડીનું દાન થાય છે.

૭. સ્ત્રી. સીધું; રાંધી ખાવા જેટલું કાચું અનાજ વગેરે.

૮. સ્ત્રી. સોનારૂપાના સિક્કાનો જથ્થો.

૯. વિ. મિશ્રિત; સેળભેળ કરેલું.

ખીચડીખાઉ (ખીચડ઼ીખાઉ) ૧. વિ. ખીચડી ખાનારૂં.

૨. વિ. હલકી પંક્તિનું.

ખીચડીખાતું (ખીચડ઼ીખાતું) ન. ભિખારી જેવી સ્થિતિ; ઘણી જ ગરીબ સ્થિતિ.

ખીચડીટાણું (ખીચડ઼ીટાણું) ન. ખીચડી રાંધવનો વખત; સાંજ. સાંજે વાળુમાં ખીચડી ખવાય છે તે ઉપરથી આમ કહેવાય છે.

ખીચડીપાંચમ (ખીચડ઼ીપાંચમ) સ્ત્રી. નાગપંચમી; શ્રાવણ સુદિ પાંચમ. એ દિવસે લોકો ખીચડી ખાય છે.

ખીચડું (ખીચડ઼ું) ૧. ન. ખીચડીનું તુચ્છ રૂપ; સામાન્ય ને હલકો પદાર્થ; હલકો સાદો ખોરાક.

૨. ન. ખોરાક; સીધું.

ખીચડું ખાવું = મફતનું ખાવું; હરામનું ખાવું.

ખીચડુંપાક (ખીચડ઼ુંપાક) ૧. પું. ખીચડી.

૨. પું. સેળભેળ કે એકઠું કરેલું અનાજ.

ખીચડો (ખીચડ઼ો) ૧. પું. આખા ચોખા ને મગનો અથવા આખા ઘઉં ને દાળનો ખાવાનો એક પદાર્થ; ઘઉંને ખાંડી આખા બાફી કરી રાખેલો પદાર્થ; ઘણા કઠોળને એકઠા કરી રાંધેલું અન્ન; પ્રમાણમાં બહુપણું અને જાત તથા બનાવટમાં સાદાઈ દેખાડનારૂં ખીચડીનું સામાન્ય રૂપ.

ખીચડો જારવો = દેવને રાંધેલા અન્નનું નૈવેદ્ય ધરવું.

૨. પું. ખીચડી; ખીચડું.

૩. પું. ગડબડગોટો; ગડબડસડબડ; મિશ્રણ; સેળભેળ; ગોટાળો.

ખીચડો બાફવો = એક બનાવમાં બીજો બનાવ જાહેર કરી પહેલા બનાવનું પરિણામ બગાડી દેવું.

૪. પું. સંક્રાંતિ ઉપર બહેનો દીકરીઓને અપાતું અનાજ.

૫. પું. સાથે સાથે લખેલું લખાણ.

૬. પું. હિંદુ કેટલીક જ્ઞાતિમાં લેવાતો જ્ઞાતિ દંડ. ભરવાડ, ધોબી, રબારી વગેરેમાં જ્ઞાતિના ગુનેગાર પાસેથી લેવામાં આવતી દંડની રકમનું જમણ કરીને તે લોકો જમે છે.

ખીચા [અ.] સ્ત્રી. હલકી જમીન.

ખીચાખીચ જુઓ ખીચોખીચ.

ખીચારખીચ જુઓ ખીચોખીચ.

ખીચિયાં ન. બ. વ. ચોખાના લોટના પાપડ.

ખીચી ૧. સ્ત્રી. ખીચડી; ખીચડીનું બાળભાષાનું ટૂંકું રૂપ.

૨. સ્ત્રી. ઘઉં તથા જારનો ભેગો કરી બાફેલો લોટ. આવા લોટની ધારી ઘણી જ સારી થાય છે.

૩. સ્ત્રી. ચૌહાણ રજપૂતોની એક શાખા.

૪. સ્ત્રી. જૈન ઓસવાળ જ્ઞાતિની એક પેટા જ્ઞાતિ.

૫. સ્ત્રી. પાપડ માટે જાર, ચોખા કે બાજરાનો બાફી રાખેલો લોટ; જાર, બાજરા કે ચોખાના લોટને બાફીને બાંધવો તે.

૬. સ્ત્રી. વધારે ઢીલી અને બહુ ચડી ગયેલી ખીચડી.

ખીચુ સ્ત્રી. વાણિયાની ચોરાશી માંહેની એક જ્ઞાતિ.

ખીચોખીચ ૧. વિ. દાબીને ભરેલું.

૨. વિ. ભીડવાળું.

૩. અ. ગીચોગીચ; ઠાંસી ઠાંસીને; ભરચક.

ખીછી ૧. સ્ત્રી. એ નામની પીંજારાની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ખીજ ૧. સ્ત્રી. અમુક બાબતથી ખિજાઈ જવાની ખાસિયત.

૨. સ્ત્રી. કોઈને ખીજવવા તેનું પાડેલું નામ; જેનાથી ખિજાય તે.

૩. સ્ત્રી. ક્રોધ; ગુસ્સો; ચીડ.

ખીજગાલ્લું ૧. ન. જાનની છેવટે આવતું બૈરાં અને છોકરાંથી ભરપૂર ગાડું. તે આવે એટલે જાનનો છેડો આવ્યો એમ સમજાય.

૨. ન. મોટું ગાડું.

ખીજડ (ખીજડ઼) પું. ખીજડો.

ખીજડા (ખીજડ઼ા) પું. કચ્છમાં થતું એક જંગલી વૃક્ષ. એના પાનના રસમાં રૂ બોળી મોટા જખમો ઉપર મૂકવાથી જખમ મટી જાય અને સર્પના ઝેર ઉપર પણ સારી અસર કરે એમ કહેવાય છે.

ખીજડાપંથ (ખીજડ઼ાપંથ) પું. એ નામનો ધર્મનો એક પંથ; નિજાનંદ સંપ્રદાય.

ખીજડાપંથી (ખીજડ઼ાપંથી) પું. એ નામના પંથના લોકો; પ્રણામી લોકો.

ખીજડામંદિર (ખીજડ઼ામંદિર) ન. નિજાનંદ સંપ્રદાયનું જામનગરમાં આવેલ મોટું મંદિર. પહેલાં આ ઠેકાણે ખીજડાના દાતણની ચીરી રોપેલી. તેમાંથી બે શમી વૃક્ષ ઊગેલાં છે. તે ઉપરથી આ મંદિરનું નામ ખીજડામંદિર પડ્યું છે.

ખીજડી (ખીજડ઼ી) સ્ત્રી. એક જાતનો છોડ; નાનો ખીજડો. તે તૂરી, રુક્ષ, શીત તથા લઘુ છે અને રક્તપિત્ત, અતિસાર, અર્શ, કોઢ, શ્વાસ, કફ તથા શ્વેત કોઢનો નાશ કરતી મનાય છે.

ખીજડો (ખીજડ઼ો) પું. એક જાતનું ઝાડ; શમી; સમડો; સમી. એની શિંગોને બાફી શાક અને કઢી કરે છે. ઝાડ ઉપર સુકાઈ ગયેલ પાકી શિંગને ખોખાં કહે છે. વિજ્યાદશમીને દિવસે ખીજડાનું પૂજન કરાય છે. ખીજડાના પાનનો રસ સાપના ઝેરને ઉતારવાનો એક ચમત્કારિક ઉપાય મનાય છે. એનાં લાકડાં યજ્ઞમાં હોમવાના કામમાં આવે છે. તે તૂરો, રુક્ષ, શીતળ, લઘુ, કડવો, તીખો તથા રેચક છે અને રક્તપિત્ત, અતિસાર, કોઢ, અર્શ, દમ, ઉધરસ, કફ, ભ્રમ, કૃમિ, કંપ તથા શ્રમનો નાશ કરે છે.

ખીજવણી સ્ત્રી. ધખવણી.

ખીજવણું ન. ધખવણું.

ખીજવવું સ. ક્રિ. ઉશ્કેરવું; ખીજવાય તેમ કરવું; ગુસ્સે કરવું; ચીડવવું; છેડવું; પજવવું; સતાવવું.

ખીજવાવું અ. ક્રિ. ઉશ્કેરાવું; ક્રોધે ભરાવું; ગુસ્સે થવું; ચિડાવું.

ખીજવું ૧. [સં. ખિદ્; અપ. ખિજ્જ] સ. ક્રિ. કોપવું; ગુસ્સે થવું; ચરભડવું; ચિડાવું.

૨. સ. ક્રિ. ઠપકો આપવો; ધમકાવવું; વઢવું; ડાટવું.

ખીજાબ [અ.] પું. દાઢી મૂછ કાળાં કરવાનો કલપ.

ખીજાળ વિ. ખીજ્યા કરે તેવું; ચીડિયું.

ખીટ સ્ત્રી. જડ; બંને છેડેથી બેસાડેલી ખીલી.

ખીટરિયું ન. ચોસલું; દડબું.

ખીટલિયાળું ૧. વિ. આંકડાવાળું; કારસું; અણીદાર ખીલાઓવાળું; વીંધી નાખે એવું.

૨. વિ. ગૂંચળાં વળી ગયેલ; વાંકડિયું.

ખીટી સ્ત્રી. ખીલી; ભીંતમાં જડેલો લાકડાનો અથવા ધાતુ કે લોઢાનો કટકો.

૧. ખીટીએ પોતિયું = કાંઈ જોખમ કે ઉચાટ વગરની સ્થિતિ; નિરાંત; ગભરાટ, અકળામણ કે ચિંતા વગરની હાલત; જવાબદારી વગરની સ્થિતિ.

૨. ખીટીએ મૂકવું = ઊંચે મૂકવું; ઠેકાણે કરવું; દૂર રાખવું; વિસારે મૂકવું.

ખીટો ૧. પું. ખૂંટો; ભોંય કે લાકડામાં ઠોકીને ઘાલેલો લાકડા કે લોખંડનો માથાવાળો ખીલો; મેખ.

૨. પું. ઘંટીનો હાથો.

૩. પું. બંદરમાં વહાણ નાંગરવા માટે લેવાતો કર.

૪. પું. ભાંગી ગયેલી ડાળીનો ઝાડ સાથે વળગી રહેલો ભાગ.

ખીડ (ખીડ઼) ૧. સ્ત્રી. ખીણ; જમીન અથવા પર્વતના મોટા બે ભાગ વચ્ચેનો પ્રદેશ; ટેકરીઓની વચ્ચે આવેલો સાંકડો રસ્તો અથવા પ્રદેશ.

૨. સ્ત્રી. ખો; ખાડો; કોતર; ગર્ત.

ખીડકી (ખીડ઼કી) સ્ત્રી. ખડકી.

ખીણા સ્ત્રી. (જૈન) આજીવક દર્શનની આઠ માંહેની એક ભૂમિકા; દુર્ગતિમાંથી આવીને જે બાળકે જન્મ લીધેલ હોય તે વારંવાર રૂવે અને વિલાપ કરે તેમ જ સુગતિમાંથી આવી જન્મ લીધેલ બાળક સુગતિનું સ્મરણ કરી હાસ્ય કરે તે ભૂમિકા.

ખીણ ૧. સ્ત્રી. ખીડ; જમીન અથવા પર્વતના બે ઊંચા ભાગ વચ્ચેનો પ્રદેશ; બે ડુંગરા વચ્ચેની ગાળી; બે પહાડ અથવા ટેકરાની વચમાંની જગ્યા; બે ટેકરી વચ્ચે આવેલો સાંકડો રસ્તો અથવા અવકાશ; કોતર.

૨. સ્ત્રી. ખો; ખાડો.

૩. વિ. ક્ષીણ.

૪. વિ. દુ:ખી.

ખીણવચન ન. હલકા માણસનું વચન.

ખીણું [સં. ક્ષીણ] વિ. દૂબળું; દુર્બળ; લેવાયેલું; સુકાયેલું.

ખીત ૧. પું. આનંદ.

૨. [સં. ક્ષિતિ] સ્ત્રી. જગત; દુનિયા; પૃથ્વી.

ખીન વિ. ક્ષીણ; નબળું.

ખીનખાબ ન. એક જાતનું રેશમી અને સોનેરી બુટ્ટાવાળું કાપડ; કિનખાબ.

ખીપ ન. એક પ્રકારનું કચ્છમાં થતું ઝાડ; એ નામની અર્કાદિ વર્ગની ઔષધોપયોગી એક વનસ્પતિ. તેનાં પાન સાંકડાં, લાંબાં અને રેષાદાર હોય છે. તેમાં પીળા રંગનાં ફૂલના ગુચ્છા થાય છે.

ખીપો ૧. પું. લાકડાનું ઠૂંઠું.
૨. પું. લાંબા દાંતવાળો ખીલો.

ખીમખામ ૧. [હિં.] પું. કિનખાબ; જરીબુટ્ટાના વણાટનું એક જાતનું કાપડ.
૨. પું. દેખાવ; ભપકો.

ખીમડિયા (ખીમડ઼િયા) ૧. સ્ત્રી. એ નામની કણબીની અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ખીમણું ૧. ન. દાગીનામાં નંગ બેસાડવાનું ખાનું; નંગની બેસણી.
૨. ન. વાળીના ચાંપામાં જડેલ હીરો; નથની વાળીના ચાંપામાંનું નંગ.

ખીમરો પું. કાઠિયાવાડી લોકસાહિત્યમાં ગવાયેલો લોડણનો પ્રેમી.

ખીમસુરિયા ૧. સ્ત્રી. એ નામની ઢેઢની અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ખીમળ સ્ત્રી. ગંધ.

ખીમા (ખ઼ીમા) [અ.] પું. તંબૂ.

ખીમાગાહ (ખ઼ીમાગાહ) ૧. [અ. ખીમા (તંબૂ) + ગાહ (જગ્યા)] સ્ત્રી. છાવણી; પડાવ.
૨. સ્ત્રી. તંબૂખાનું.

ખીમાણી ૧. સ્ત્રી. જાડેજા રજપૂત અને વાણિયાની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ખીમાદોઝ (ખ઼ીમાદોઝ) [અ.] પું. તંબૂ બનાવનાર માણસ.

ખીમારી ૧. સ્ત્રી. એ નામની વાણિયાની અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ખીમેલ [સં. ક્ષેમાર્યા] સ્ત્રી. એ નામની દેવી. સીરોહી રાજ્યમાં પિંડવારા રેલવે સ્ટેશનથી દક્ષિણે પાંચ માઈલ દૂર ડુંગર ઉપર તેનું સ્થાન આવેલ છે.

ખીમો ૧. [અ.] પું. એક જાતની ખીર.
૨. પું. કચૂંબર; ચૂરો; છૂંદો; ઝીણા ઝીણા કટકા.
૩. પું. કાપી કાપીને ઝીણી કરચો કરેલું માંસ; માંસનો છૂંદો.
ખીમો કરવો = ઘણો માર મારવો.
૪. પું. ભાતનો રગડો.
૫. પું. મગજ.
૬. પું. મશ્કરી.

ખીર ૧. [સં. ક્ષીર] પું. ક્ષીર નામનો સમુદ્ર.
૨. પું. ક્ષીરવર નામનો પાંચમો દ્વીપ.
૩. સ્ત્રી. ક્ષીર; દૂધ.
૪. સ્ત્રી. જેની બનાવટમાં દૂધ મુખ્ય હોય એવું ભોજન.
૫. સ્ત્રી. દૂધભાતની એક વાની; ભાતને પાણીમાં ચોડવી તેમાં થોડું દૂધ અને ખાંડ નાખી ઉકાળી કરેલો ઘન પ્રવાહી પદાર્થ. ખીરમાં ચોખાને બદલે ચોખાનો લોટ, તલ, રવો, પાણીછલું નાળિયેર, રવાની સેવ, સાબુદાણા પણ વપરાય છે.
૧. ખીર ચટાડવી = અન્નપ્રાશન કરાવવું.
૨. ખીરના દલ્યા હોવા = (૧) ખીર ખાવામાંથી અનાજ ઉપર આવવું. (૨) ધારણા નિષ્ફળ જવી; ઊલટું નસીબ હોવું.
૬. ન. એક પક્ષી.
૭. વિ. નકામું; નિ:સાર; સાર વગરનું.

ખીરકાકડી (ખીરકાકડ઼ી) સ્ત્રી. એક વનસ્પતિ; કટકર; ખીરા.

ખીરખંડો પું. શ્રાદ્ધવાળાને ત્યાં શ્રાદ્ધને દિવસે સાંજે ભોજન માટે જનાર ભોઈ અને તેની સ્ત્રી. તેમને ખીર, વડાં વગેરે જમાડવામાં આવે છે.

ખીરખીરબગલા સ્ત્રી. દ્વારકા તરફ રમાતી એક દેશી રમત.

ખીરખીરમાંઘેરિયો સ્ત્રી કચ્છમાં રમાતી એક રમત; ખીલમાંકડાં.

ખીરખુરમો પું. દૂધ સાથે પકાવેલી સેવ; સેવ નાખી બનાવેલી ખીર.

ખીરગી (ખ઼ીરગી) ૧. [ફા.] સ્ત્રી. અંધારૂં.
૨. સ્ત્રી. દુષ્ટતા.

ખીરગ્રામ ન. બંગાળમાં આવેલ એ નામનું સ્થળ. ત્યાં શક્તિના જમણા પગનો અંગૂઠો કપાઈ ગયો હતો તેથી એ સ્થળ એક શક્તિપીઠ લેખાય છે. ત્યાંની દેવીનું નામ યોગાધ્યા છે.

ખીરચટાઈ સ્ત્રી. બાળકને ધાવણ મુકાવતી વખતે ખીર ચટાડવાની ક્રિયા.

ખીરચટાઈ મુહલગ્ગી [હિં.] સ્ત્રી. બાળક ૭ કે સાત મહિનાનું થતાં તેને પહેલી વખત અન્ન જમાડવાની ક્રિયા. તેમાં તેને ખીર ચટાડવામાં આવે છે.

ખીરજ સ્ત્રી. (કચ્છી) ખીર; દૂધ, ચોખા અને ખાંડની બનતી એક વાની.

ખીરડોડી સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; ખરણેર.

ખીરણ સ્ત્રી. એક જાતનો વેલો; ખણેર; ખીરવેલ. તેનાં પાન પહોળાં, લાંબાં અને હૃદયના આકારનાં હોય છે. તેમાં જાંબુડી ઝાંયવાળાં ધોળાં ફૂલ અને જાડી ટૂંકી શિંગ થાય છે. આ વેલામાંથી દૂધ ઝરે છે.

ખીરપુલી પું. બંગાળનો એ નામનો એક ઊંચી જાતનો આંબો.

ખીરપું વિ. નાજુક; કોમળ.

ખીરમ ન. (પાલી) દૂધ.

ખીરમોહન ૧. સ્ત્રી. એક જાતની મીઠાઈ.
૨. સ્ત્રી. એક જાતની મીઠી કેરી. તેની ગોઠલી નાની અને રેસા વગરની હોય છે.

ખીરરી ૧. સ્ત્રી. એ નામની મેમણની અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ખીરવડું (ખીરવડ઼ું) ન. ચોખાની એક જાતની મીઠાઈ.

ખીરવેલ જુઓ ખીરણ.

ખીરસમુદ્ર પું. ક્ષીર નામનો સમુદ્ર; ક્ષીરસમુદ્ર; ખીરસાગર.

ખીરસરિયા ૧. સ્ત્રી. એ નામની કણબીની અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ખીરસાકર ન. એક જાતનું કાપડ.

ખીરસાગર પું. ક્ષીરસમુદ્ર; ક્ષીરસાગર; દૂધ જેવા પાણીવાળો સમુદ્ર; જેના પાણીમાં દૂધ જેવો કસ હોય એવો સમુદ્ર.

ખીરસાપટી પું. બંગાળમાં થતો એક ઊંચી જાતનો આંબો.

ખીરા ૧. [હિં.] પું. કાકડીનો વેલો.
૨. સ્ત્રી. એ નામની સુમરાની એક અટક.
૩. સ્ત્રી. એક જાતની કેરી. આ ઘણી મીઠી અને સુગંધીદાર હોય છે.
૪. સ્ત્રી. (જૈન) ગોશાલકે સ્થાપેલા આજીવક નામના સંપ્રદાયની આઠ માંહેની બીજી ભૂમિકા.
૫. ન. આરિયું.
૬. ન. એ નામની અટકનું માણસ.
૭. વિ. અંધારાવાળું.
૮. વિ. એ નામની અટકનું.
૯. વિ. દુષ્ટ.

ખીરાઈયા ૧. સ્ત્રી. એ નામની મતવાની અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ખીરાની ન. એક ફળઝાડ.

ખીરાં ન. બ. વ. ખીર; દૂધ.

ખીરી ૧. [હિં.] સ્ત્રી. આઉ.
૨. સ્ત્રી. એક જાતનું ઝાડ.
૩. સ્ત્રી. કાકડી જેવું એક ફળ.

ખીરું ૧. [સં. ક્ષીર] ન. આથો; મસાલો, લોટ, પાણી ભેગાં અડવાળી કરેલો ખીર જેવો જાડો રગડો; ખમીર ચડાવેલો રગડો.
૨. ન. આરિયું; કાકડી.
૩. ન. એક જાતનું જાડું કાપડ.
૪. ન. ગાય, ભેંસ વિયાય તે વખતનું પહેલવહેલું દૂધ; કાચું દૂધ.
૫. ન. દૂધ.

ખીરો ૧. પું. એ નામનું એક શાક; કાકડી.
૨. પું. કાળી અને ધોળી ઊનથી તાણો વાણો બનાવી વણેલ ધાબળો.

ખીરોદક ૧. [સં. ક્ષીર (દૂધ) + ઉદક (પાણી)] પું. દૂધ જેવા ધોળા પાણીનો એક પૌરાણિક સાગર.
૨. પું. ધોળો સમુદ્ર; 'વ્હાઈટ સી.' તે રશિઅની ઉત્તરમાં આવેલો છે.
૩. ન. ક્ષીરોદક; દૂધના જેવું ચોખ્ખું ધોળું પાણી; પવિત્ર ચોખ્ખું જળ.
૪. ન. દૂધ ને પાણીના જેવા રંગનું સ્ત્રીઓને પહેરવાનું એક જાતનું ધોળું રેશમી વસ્ત્ર.

ખીરોયું ન. બાજરાના કાચા કણવાળું ડૂંડું.

ખીલ ૧. પું. આંખનાં પોપચામાં અંદરના લાલ ભાગમાં દુઃખ દેતો લોહી માંસનો નાનો ગઠ્ઠો; કાંકરો; મસો.
૨. પું. કાંટો; જડ.
૩. પું. ઘંટીનો ખીલડો.
૪. પુ. ચીચવાનો ઊભો ડાંડો.
૫. પું. છાયા; ઝાંય.
૬. પું. દેશી પગરખામાં રખાતી ચામડાની કટકી.
૭. પું. ધરી; ખીલી.
૮. પું. માણસ જુવાનીમાં આવતાં તેના મોં ઉપર થતી નાની નાની ફોલ્લી. ખીલ કપાળ ઉપર, ખભે, માથે અગર વાંસામાં થાય છે. ચામડીની અંદર રહેલા એક જાતના સ્નિગ્ધ પિંડનો જ્યારે સ્રાવ થતો નથી ત્યારે ખીલ થઈ આવે છે.
૯. [હિં.] સ્ત્રી. રજ.
૧૦. [અ.] સ્ત્રી. સેકેલો દાણો.

ખીલકોડી (ખીલકોડ઼ી) સ્ત્રી. ખિસકોલી.

ખીલખીલ અ. ખડખડાટ.

ખીલખીલમાંડવો ૧. પું. ખીલમાંકડાં.
૨. પું. બાળકોની એક જાતની રમત.

ખીલખીલા સ્ત્રી. એક જાતનો છોડ. એનાં પાન મીઠા લીમડાનાં પાન જેવાં હોય છે. પાનનો રંગ ઘાટો લીલો હોય છે અને તે કડવાં હોય છે.

ખીલખીલાટ અ. ખડખડ થાય તેમ.

ખીલગોટીલો ૧. પું. ઘંટીનો ખીલડો.
૨. પું. છોકરાની એક રમત.

ખીલડી (ખીલડ઼ી) ૧. સ્ત્રી. તાણાને કાંજી આપતી વખતે તાણાના એક છેડા તરફની ખૂંટી.
૨. સ્ત્રી. નાની ખીલી.

ખીલડૂ (ખીલડ઼ૂ) ૧. ન. આનંદની રમતગમત; તમાશો.
૨. ન. મૈથુન.
૩. ન. હવાડો.

ખીલડો (ખીલડ઼ો) ૧. પું. ઘંટીના હેઠલા પડમાં વચ્ચોવચ્ચ આવેલી ખીલી. તેના ઉપર ઘંટીનું ઉપલું પડ ફરે છે. તે બાવળ અથવા ખેરનો હોય છે.
૨. પું. ઘંટીનો હાથો.
૩. પું. ઢોરને બાંધવાનો ખૂડો અણીદાર લાકડાનો કટકો; ગરજો.

ખીલત (ખ઼ીલત) [અ.] પું. માન અકરામનો ઝભ્ભો.

ખીલદટ્ટો પું. એ નામની છોકરાની એક રમત; ઘંટીખીલડો.

ખીલદડો (ખીલદડ઼ો) જુઓ ખીલપાડો.

ખીલપાડો પું. એ નામની રમત; કોરડાદાવ; ખીલદડો; ઘંટીખીલડો; હનુમાનનું પૂંછડું. આ રમત પાંચ અથવા તેથી વધારે છોકરા રમી શકે છે. દાવવાળો છોકરો એક લાંબા લૂગડાનો છેડો રમવાના કૂંડાળાની બરાબર વચમાં રાખી એક ખીલા જોડે બાંધે છે. બીજો છેડો પોતાના હાથમાં રાખી ગોળ ગોળ ફરે છે. રમનાર બીજા બધા પોતાનું કંઈ કંઈ લૂગડું તે વચલા ખીલા પાસે પ્રથમથી મૂકી રાખે છે અને પછી દાવવાળાની નજર ચુકાવીને ત્યાંથી લઈ લેવાનો પ્રયત્ન કરે છે, ત્યારે દાવવાળો લાગ જોઈ તેને પકડી લે છે. જો તે પકડે તો તેનો દાવ ઊતરે અને પકડાનાર ઉપર દાવ આવે. તે બીજા આવનાર છોકરાઓને પકડવા પ્રયત્ન કરે છે. આમ ફરતી વખતે બીજા જે છોકરાઓ અંદર રહેલાં પોતાનાં લૂગડાંને બહાર લઈ જઈ શક્યા હોય તે લૂગડાંના પોચા ગોળ બનાવી તેને મારી શકે છે. એ માર પડતી વખતે પણ દાવવાળો લાગ ફાવે તો તેને અડકીને પકડી શકે છે. જો પકડે તો તેનો દાવ ઊતરે અને પેલા ઉપર આવે. જો દાવવાળો તે મારનારને ન પકડી શકે, પણ માત્ર તેના લૂગડાને પકડી શકે તો તે લૂગડું પછી પોતે રાખી લે છે અને પોતાના લૂગડાની સાથે જોડીને પોતાનું ફરવાનું કૂંડાળું મોટું કરી શકે છે. જેનું લૂગડું એવી રીતે પકડાયું હોય, તે જો ખીલા પાસે જઈને સાત ટપલી મારી આવે તો તેનું લૂગડું તેને પાછું મળે, પરંતુ તેમ કરતાં દાવવાળો તેને અડી જાય તો તેના ઉપર દાવ આવે.

ખીલમાંકડાં (ખીલમાંકડ઼ાં) ન. બ. વ. બાળકોની એક જાતની રમત; ખીલખીલમાંડવો.

ખીલમાંકડી (ખીલમાંકડ઼ી) ૧. સ્ત્રી. એક દેશી રમતનું નામ; ઈંગલીઢીગલી; અગલીડગલી; ખીરખીરઅગલા; ખીલખીલમાંડવો; ચીંવીચીંવી; ચારેઆજરિયાં; ધૂળઢગલી; લીકાછૂપા કાઢવા; લીટીઓ દા; શેર શેર બાજરી. ઠરાવેલી જગ્યામાં દરેક પક્ષવાળા સામા પક્ષવાળા જાણે નહિ એમ ધૂળની ઢગલીઓ કરી આવે. પછી બંને પક્ષવાળા એકબીજાની મુકરર કરેલ હદમાં જઈ તેમની કરેલી ઢગલીઓ શોધી કાઢે ને જેટલી જડે તે ભાંગી નાખે. ભાંગી રહ્યા પછી પાછા પોતપોતાની જગ્યામાં જઈ પોતાની ઢગલીઓમાંની કેટલી સામા પક્ષને જડી તે તપાસે ને ન જડેલી ઢગલી બતાવે. જેની વધારે ઢગલીઓ રહી હોય તે પક્ષ જીત્યો ગણાય છે.
૨. સ્ત્રી. ખીલડો અને માંકડી.
૩. સ્ત્રી. ઘંટીના ઉપલા પડની વચ્ચોવચનું ખીલડાવાળું લાકડું. તે ખીલડામાં પરોવાય છે.

ખીલવટ ૧. પું. કપડામાં અડધેથી કરેલો દોઢ સાંધો; ફાંટ.
૨. સ્ત્રી. ઊગવું તે; ખીલવું તે; ખિલવણી.
૩. સ્ત્રી. ખેડાણ.

ખીલવટો ૧. પું. એક જાતની રમત; ઘંટીખીલડો.
૨. પું. ખીલવનાર.

ખીલવવું ૧. સ. ક્રિ. ઉશ્કેરવું.
૨. સ. ક્રિ.. કેળવીને વધારે સારૂં બનાવવું.
૩. સ. ક્રિ. ખીલે તેમ કરવું; ફેલાવવું; વધારવું; વિકાસ પમાડવો.
૪. સ. ક્રિ. ગમત ઉપર લઈ જવું; ચડાવવું; ફુલાવવું.
૫. સ. ક્રિ. ફાંટવું.

ખીલવાવું અ. ક્રિ. ખીલે તેમ થવું.

ખીલવું ૧. અ. ક્રિ. ઉત્સાહમાં આવવું; ખુશીમાં આવવું.

૨. અ. ક્રિ. ઉશ્કેરાવું; ચગવું.

૩. અ. ક્રિ. ઊઘડવું; પ્રફુલ્લ થવું; ફૂલવું; વિકસવું.

૪. [સં. ખેલ્; પ્રા. ખિલ્લ] અ. ક્રિ. ગમતે ચડવું.

વાતે ખીલવું = (૧) એક પછી એક વાત ચાલુ રાખવી. (૨) રસપૂર્વક વાતો કરવી.

૫. અ. ક્રિ. દીપવું; સુંદર દેખાવું; શોભવું.

૬. અ. ક્રિ. ફાટવું; વીફરવું.

૭. સ. ક્રિ. ઓટવું; કપડાની સામસામી ધારો ભેગી કરી સીવવું; ફાંટવું; બખિયા દઈ ને સીવવું.

૮. સ. ક્રિ. જડવું; બાંધવું.

ખીલાઉપાડ (ખીલાઉપાડ઼) ૧. સ્ત્રી. ઘોડાની એક એબ. તેમાં ઘોડાના પાછલા બે ય પગનાં મૂડિયાં ઉપર ઊંધી અવળી ભમરી હોય છે.

૨. વિ. જડામૂળ; નિર્મૂળ; નિર્વંશ.

ખીલાઉપાડ કરવું = પાયમાલ કરવું; સત્યાનાશ વાળવું.

ખીલાછડ (ખીલાછડ઼) પું. લોઢાનો સળિયો.

ખીલાડી (ખીલાડ઼ી) ૧. પું. ખેલ કરનાર; ખેલાડી; રમત કરનાર.

૨. વિ. કળાકુશળ; ચતુર; હોશિયાર.

ખીલાપાટી સ્ત્રી. પેચ પાડવાનું એક ઓજાર.

ખીલામૂળ ૧. ન. દ્વિદળ વનસ્પતિમાંથી પ્રથમ નીકળતું એક જ મૂળ; વનસ્પતિનું જે મૂળિયું વિભક્ત થયા વગર ખૂબ ઊંડાઈએ સીધેસીધું ઊતરી જાય તે.

૨. ન. મુખ્ય મૂળિયું.

ખીલારખું ૧. વિ. અમુક ખીલે જ બંધાવાની આદતવાળું.

૨. વિ. ઉપસેલા ખીલા જેવા ઘાટનું; ખીલાના ઘાટનું; ખીલા સરખું.

૩. વિ. ખીલે બંધાયા પછી શાંત થનાર.

૪. વિ. ખીલે બાંધ્યું રહેનાર; બહાર ફરવા નહિ જતાં માત્ર ખીલે બંધાઈ રહેવાની જેને ટેવ પડી ગઈ હોય તેવું.

ખીલારી પું. એક જાતનો બળદ.

ખીલાવોણી કાઠી સ્ત્રી. (વહાણવટું) પઠાણુના બંને છેડે મોરા બનાવ્યા પછી ખૂણાની સાંધ પૂરી દેવા ખોસવામાં આવતી લાકડાની ફાચર.

ખીલિયાં ન. બ. વ. નાનાં બાળકને આંખમાં થતાં ખીલ મટાડવા બાળકની ડોકમાં રખાતી દોરામાં બાંધેલ અરણીના કટકાની માળા.

ખીલી ૧. સ્ત્રી. ખિસકોલી.

૨. સ્ત્રી. ગાય, ઘેટી કે બકરીના આઉનું ગોશ્ત.

૩. સ્ત્રી. ચીરુટ; ટેટો.

૪. [સં. કીલ] સ્ત્રી. ચૂંક; ઠેસ; નાનો ખીલો; મેખ.

૫. સ્ત્રી. છલાનો ભાગ; પાલીસની બંગડીનો ભાગ.

૬. [હિં.] સ્ત્રી. જુદી જુદી વસ્તુઓનું તૈયાર કરેલું પાન.

૭. સ્ત્રી. ટાંકણી.

૮. સ્ત્રી. તરવારની મૂઠ.

૯. સ્ત્રી. પેચવાળી સળી. દાગીનામાં તે નાખવામાં આવે છે.

૧૦. સ્ત્રી. બે વસ્તુને જોડવાની લાકડા અથવા ધાતુની સળી.

૧૧. સ્ત્રી. લાકડાની ખીંટી. તે ભીંતમાં ખોડી કપડાં ટાંગવાના કામમાં આવે છે.

૧. ખીલી ઠોકવી = (૧) જમીન કે ભીંતમાં ખીલી મારવી. (૨) દૃઢ કરવું; સજ્જડ બેસાડવું. (૩) નડતરરૂપ થવું; હરકત નાખવી.

૨. ખીલી મારવી = (૧) અવગણના કરવી. (૨) મેખ બેસાડવી.

૧૨. સ્ત્રી. (વહાણવટું) વહાણનાં દોરડાં બાંધવા માટે ગ્યામ જેવાં રાખવામાં આવતાં કૂવા પાસેનાં ઊભાં ઠેવાં.

૧૩. સ્ત્રી. (વહાણવટું) વહાણની પીઠ માટે જડવામાં આવતાં ઊભાં લાકડાં; રવીસર.

૧૪. સ્ત્રી. હાથની આંગળી પાકતાં કે હાથ પગ ભાંગતાં નીકળતી હાડકાંની કરચ.

ખીલીખટ સ્ત્રી. નડતર; હરકત.

ખીલીખટકો ૧. પું. આડ; ઈજા.

૨. પું. ખીલી ખૂંચવા જેટલી પીડા; અલવલ.

૩. પું. વિઘ્ન; હરકત; નડતર; અડચણ.

ખીલીપસિયારાં ન. બ. વ. અંદર ખીલી રાખવાથી ઉઘાડવાસ થાય એવાં બરડવાં; ખીલીવાળાં કલ્લાં કે સાંકળાંનાં મોઢિયાંના નકૂચા; ખીલી અને પસિયારાં.

ખીલીપસિયારું વિ. ખીલી અને પાંખિયાં જેમાં હોય એવું. કલ્લાં, ચૂડલી અને સાંકળાં માટે આ શબ્દ વપરાય છે.

ખીલીપાંખિયાં જુઓ ખીલીપસિયારાં.

ખીલીપાંચી જુઓ ખીલીપસિયારાં.

ખીલો ૧. [સં. કીલ્ (બાંધવું)] પું. એક ઢોરને બાંધવા જેટલી જગ્યા.

૨. પું. કંટક; નડતર.

૩. પું. કીલ; જેની એક તરફ અણી અને બીજી બાજુ માથું ચપટું હોય તેવો લાકડા કે લોઢાનો કટકો; ચૂંક.

૧. ખીલા ઠોકવા = (૧) મુકામ નાંખવો. (૨) વચમાં અડચણ નાંખી ચાલતું કામ અટકાવવું.

૨. ખીલાને જોરે કૂદવું = કોઈ મોટી સત્તાવાળા માણસને આધારે રહીને મહાલવું.

૩. ખીલે આવવું = ઠેકાણે પડવું.

૪. ખીલે ખાળે થવું = નાશ પામવું.

૫. ખીલે બાંધવું = ખાતરી કરવી; નક્કી કરવું; પાકું કરવું.

૬. ખીલો ઠોકવો = તળ દઈ પડવું.

૭. ખીલો થઈ જવું-થવું = (૧) આશ્ચર્ય પામવું. (૨) જીવ વગરનું થઈ જવું; થંભી જવું; દિઙ્મૂઢ થવું.

૮. ખીલો મજબૂત હોવો = આધાર સબળ હોવો; આશ્રયદાતા જબરો હોવો; વગ મોટી હોવી.

૯. ખીલો લજવવો = જે સ્થાનમાં વાસ હોય તેને કલંક લાગે તેમ વર્તવું.

૪. પું. દેશી ચરખા પાસે ખાંધળિયો બાંધવા જમીનમાં ખોડાતું કાણાવાળું લાકડું.

૫. પું. ફાચર; ફાંસ; લાકડાની મેખ; ખૂંટો.

૬. પું. મૂઠીનો અંગૂઠો; ડૈયો.

૭. પું. વધેડું; લાકડાનો જાડો કટકો.

ખીલોકિયા ૧. સ્ત્રી. કંદોઈની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ખીલોસિયા ૧. સ્ત્રી. એ નામની વાંઝા અને વાણિયાની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ખીવવું ૧. અ. ક્રિ. ચમકવું; ઝબકવું.

૨. અ. ક્રિ. વીજળી થવી.

ખીશ (ખ઼ીશ) ૧. [ફા.] પું. જમાઈ.

૨. પું. સગો; સંબંધી.

૩. વિ. અંગત; પોતાનું.

ખીશર પું. ઉત્તરાયણ; મકરસંક્રાંતિ.

ખીસ ૧. સ્ત્રી. અસરકારક હાસ્ય.

૨. સ્ત્રી. એક જાતનું લૂગડું; ચાદર.

૩. સ્ત્રી. ગાય વિયાણા પછી સાત દિવસ સુધી નીકળતું દૂધ.

૪. સ્ત્રી. દાંત કચરડવા તે.

૫. સ્ત્રી. નકામું હોવું તે.

૬. સ્ત્રી. હોઠની બહાર નીકળેલ દાંત.

ખીસખોરી સ્ત્રી. કૃપણતા; કંજૂસાઈ.

ખીસર પું. ઉત્તરાયણ; ઠંડીનો દિવસ; સંક્રાંતિ.

ખીસરિયું ૧. ન. ખીસરને દિવસે અપાતું દાન.

૨. ન. ખીસરને દિવસે દાન માગવા આવેલું માણસ.

ખીસા (ખ઼ીસા) ૧. [ફા.] ન. ખીસું.

૨. ન. નાહવામાં વપરાતું બ્રશ.

ખીસાકાતરુ ૧. પું. ખીસું કાતરી અંદરની ચીજો તફડંચી કરનાર ચોર.

૨. પું. શાહચોર; સારા દેખાવનો ચોર.

૩. વિ. ખીસું કાતરનાર; ગજવાકાતરુ; ગજવાચોર.

૪. વિ. લુચ્ચું; દગાબાજ; ધૂર્ત.

ખીસાખરચ ૧. [ફા.] પું. પોતાને પસંદ બાબતમાં ખરચવાનું ખાસ ખાનગી ખર્ચનું નાણું.

૨. પું. સાધારણ રીતે અડફાઉ ખરચ કરવાને ખીસામાં રાખવાનું નાણું; હાથખરચી.

ખીસાખર્ચ જુઓ ખીસાખરચ.

ખીસાખર્ચી જુઓ ખીસાખરચ.

ખીસાખાલી ૧. વિ. કંગાલ; જેની પાસે કાંઈ ન હોય તેવું; ભિખારી.

૨. વિ. પૈસા વગરનું.

ખીસાખુવાર વિ. ઉડાઉ; ખરચાળ.

ખીસાચોર જુઓ ખીસાકાતરુ.

ખીસાબત્તી સ્ત્રી. ખીસામાં રહી શકે તેવું નાનું દીવો કરવાનું સાધન; 'ટૉર્ચ.'

ખીસાભરુ ૧. વિ. લાંચિયું.

૨. વિ. લોભી.

ખીસિયાણું વિ. કોઈ કામ કરવા જતાં ભોંઠું પડી ગયેલું; ખસિયાણું; છોભીલું; માનભંગ થયેલું.

ખીસી ૧. [હિં.] સ્ત્રી. ગુસ્સો; ક્રોધ.

૨. સ્ત્રી. જાર, બાજરી, ચોખા વગેરેનો બાફેલો લોટ; ખીચી.

૩. સ્ત્રી. નાનું ખીસું.

૪. સ્ત્રી. પીંજારાની એ નામની એક અટક.

૫. ન. એ નામની અટકનું માણસ.

૬. વિ. એ નામની અટકનું.

ખીસું ૧. [ફા. ખસિહ] ન. ગજવું; ગૂંજો; પહેરવાના કપડામાં કાંઈ વસ્તુ, નાણું વગેરે મૂકવાને સીવણના અંતરપટથી કોથળી જેવું કર્યું હોય તે.

૧. ખીસા ખાલી ભરમ ભારી = બહારના દેખાવ ઉપર ભરોસો ન રાખવો.

૨. ખીસાનું તર = પૈસાદાર.

૩. ખીસાનો તર ને હૈયાનો ફૂટો = કમઅક્કલ ને ધનવાન.

૪. ખીસામાં ઘાલવું-મૂકવું = (૧) ન ગણકારવું; ન ગણવું; હિસાબમાં ન લેવું. (૨) લઈ લેવું.

૫. ખીસાં તર કરવાં = પૈસેટકે તાજા થવું.

૬. ખીસું ભરવું = છાના પૈસા લેવા; પોતે પોતાનું કરવું; લાંચ લેવી; કોઈને લાલચ બતાવી અપ્રમાણિકપણે નાણાં કઢાવવાં.

૨. ન. ઘર.

ખીસ્તી ૧. સ્ત્રી. એ નામની પીંજારાની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ખીં ન. ક્ષેમ; કુશળ; કલ્યાણ.

ખીંગન પું. મંદાર પર્વત.

ખીંચવું ૧. અ. ક્રિ. આગળ ખેંચવું.

૨. અ. ક્રિ. સત્ત્વ કાઢવું.

૩. અ. ક્રિ. હૂંડી લખવી.

ખીંટ ૧. સ્ત્રી. એ નામની ભરવાડની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ખીંટડિયાળું (ખીંટડ઼િયાળું) ૧. વિ. અણીદાર.

૨. વિ. આંકડીવાળું.

૩. વિ. વાંકું વળેલું; વાંકડિયું.

ખીંટળિયાળું જુઓ ખીંટડિયાળું.

ખીંટાળું જુઓ ખીંટડિયાળું.

ખીંટી ૧. સ્ત્રી. ખીલડી; ખીલી; ભીંતમાં ઠોકેલો લાકડાનો ખીલો.

૨. સ્ત્રી. હાડકાંનો બહાર નીકળી આવતો એક ભાગ.

ખીંટો પું. ખીલો; મેખ.

ખુઆન ૧. પું. આતશ બહેરામમાં આતશનું વાસણ મૂકવાનો પથ્થરનો ઓટલો; ખાન.

૨. પું. ખૂમચો.

ખુઆર (ખ઼ુઆર) ૧. [ફા. ખ્વાર] વિ. અત્યંત દુઃખી; ખુવાર; પાયમાલ; હેરાન.

૨. વિ. પ્રતિષ્ઠા વગરનું; બદનામ; બેઆબરૂ; બેઇજ્જત.

૩. વિ. શરણપ્રાય; શરણે આવવા તૈયાર થયેલું.

ખુઆરી (ખ઼ુઆરી) ૧. [ફા.] સ્ત્રી. અનાદર; અપ્રતિષ્ઠા; બેઆબરૂ.

૨. સ્ત્રી. ક્ષય; નાશ; વિનાશ.

૩. સ્ત્રી. ખરાબી; બરબાદી; પાયમાલી.

૪. સ્ત્રી. ખોટ; હાનિ.

ખુઈ ન. પરુ; પાચ.

ખુકખલ ૧. વિ. ખાલી; પોલું.

૨. વિ. ગરીબ; પૈસા વગરનું.

ખુકખસ જુઓ ખુકખલ.

ખુખ જુઓ ખુકખલ.

ખુખડી (ખુખડ઼ી) [હિં.] સ્ત્રી. એક પ્રકારની નેપાળમાં બનતી મોટી છરી.

ખુખારવું અ. ક્રિ. હણહણવું.

ખુખારી સ્ત્રી. ખરાબી; બરબાદી.

ખુખી પું. ખોંખારો.

ખુખુક પું. દશમા સૈકામાં આર્યાવર્તમાં પ્રવર્તતો એક ધર્મ.

ખુચરૂં વિ. નાની દાઢીવાળું.

ખુજલા સ્ત્રી. એક જાતની મીઠાઈ.

ખુજલાહટ સ્ત્રી. ખંજોળ; ચળ આવવી તે.

ખુજવાપણુ જુઓ ખુજલાહટ.

ખુજાસ ન. ખૂન; ઝેર; દ્વેષ.

ખુજિસ્તા (ખ઼ુજિસ્તા) [ફા.] વિ. નસીબદાર; સુખી.

ખુજુરા સ્ત્રી. એક જાતની માછલી.

ખુજો પું. ખીસું; ગજવું.

ખુટ ૧. સ્ત્રી. ખોટ; તંગી.

૨. સ્ત્રી. પૂનામાં થતી એક જાતની કેરી. તે વજનમાં આશરે વીશ રૂપિયાભાર છે. તેની છાલ ઝાંખી લાલ અને ઉપર પીળા ડાઘાવાળી છે. તેનો રસ જાડો કેસરિયો અને મીઠો હોય છે.

ખુટક પું. ડાંગ.

ખુટકબઢૈયા ન. એક જાતનું લાકડું ખાનાર પક્ષી; લક્કડખોદ.

ખુટકવું ૧. અ ક્રિ. આંખે હોવું.

૨. અ. ક્રિ. ઈંડામાંથી બહાર આવવું.

૩. અ. ક્રિ. કાપી નાખવું.

૪. અ. ક્રિ. ચાંચ મારવી.

૫. અ. ક્રિ. લાગી આવવું.

ખુટકા ૧. પું. અંગૂઠો.

૨. પું. ખોટ.

૩. પું. ધોકો.

૪. પું. પગરવ; પગલાંનો અવાજ.

૫. પું. બીક.

ખુટખુટ [હિં.] અ. એક જાતનો અવાજ.

ખુટન પું. અંબર માટે પ્રખ્યાત તુર્કસ્તાનનો એક પ્રાંત.

ખુટપચરા [હિં.] પું. અદેખો અને પ્રપંચી માણસ.

ખુટબઢઈ ન. લક્કડખોદ પક્ષી.

ખુટાઈ ૧. [હિં.] સ્ત્રી. અપ્રમાણિકપણું.

૨. સ્ત્રી. અવગુણ; દોષ.

૩. સ્ત્રી. ખરાબ કૃત્ય.

૪. સ્ત્રી. ખોટાપણું.

૫. સ્ત્રી. ખોડખાંપણ.

૬. સ્ત્રી. તર્કટ; પ્રપંચ.

૭. સ્ત્રી. દુષ્ટતા; લુચ્ચાઈ.

૮. સ્ત્રી. નકલીપણું.

૯. સ્ત્રી. બેશરમી; નિર્લજ્જતા.

ખુટાડવું (ખુટાડ઼વું) ૧. [સં. કુંડ્ (અટકવું)] સ. ક્રિ. ઓછું થાય તેમ કરવું; ખૂટે એમ કરવું; ઘટાડવું.

૨. સ. ક્રિ. પૂરું કરવું.

૩. સ. ક્રિ. ફિટાડવું; ફોડવું.

ખુટાપા પું. દગો; પ્રપંચ.

ખુટામણ ૧. ન. ખોટ; ઘટ.

૨. ન. દગો; વિશ્વાસઘાત.

ખુટ્ટ [પ્રા.] વિ. ખૂટી ગયેલું; ખૂટેલું.

ખુટ્ટી ૧. સ્ત્રી. અભિમાન; હુંપદ.

૨. [હિં.] સ્ત્રી. ખજાનો.

૩. સ્ત્રી. રેવડી. તે તલ અને ખાંડ અથવા ગોળની બને છે.

ખુટ્ટૂ વિ. શરમાયેલું.

ખુઠ્ઠી [હિં.] પું. રુઝાઈ ગયેલ ઘા ઉપરનું ભીંગડું.

ખુડ (ખુડ઼) સ્ત્રી. ઘરનું છાપરું.

ખુડક (ખુડ઼ક) ૧. પું. ઈંડાં આપી રહ્યા પછી કૂકડીનું બેસી રહેવું તે.

૨. પું. ઘૂંટીનો સાંધો.

૩. [સં.] પું. પગનો એક જાતનો વાતરોગ.

ખુડકવું (ખુડ઼કવું) ૧. અ. ક્રિ. અવાજ કરવો.

૨. અ. ક્રિ. કજિયો કરવો.

ખુડકા (ખુડ઼કા) ૧. [હિં.] પું. ખોટ.

૨. પું. પગરવ; પગલાંનો અવાજ.

ખુડખુડ (ખુડ઼ખુડ઼) પું. ઉધરસ ખાતી વખતનો અવાજ.

ખુડખુડાહટ (ખુડ઼ખુડ઼ાહટ) [હિં.] સ્ત્રી. ખડખડ થાય એવો અવાજ; ખણખણાહટ.

ખુડખુડિયા (ખુડ઼ખુડ઼િયા) ૧. સ્ત્રી. એ નામની ખત્રીની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ખુડચ (ખુડ઼ચ) વિ. ઘરડું.

ખુડદમ (ખુડ઼દમ) ૧. પું. એક છેડે સીસાના ગઠ્ઠા ઉપર ચામડું મઢેલું હોય એવો પટો.

૨. પું. દંડો.

ખુડદો (ખુડ઼દો) ૧. [ફા. ખુર્દા] પું. કટકે કટકા; ચૂરેચૂરા; ભૂકો.

૨. પું. કીમતી સિક્કાને વટાવવાથી મળતા ઊતરતી કીમતના સિક્કા; છૂટા પૈસા; પરચૂરણ.

ખુડદો કરવો-કરી નાખવો = (૧) ઉડાવી દેવું; ખાઈ જવું. (૨) કટકે કટકા કરી નાખવા. (૩) ખતમ કરવું; વાપરી નાખવું. (૪) ભાંગી નાખવું. (૫) રૂપિયાના પૈસા વટાવવા. (૬) વેચી નાખવું.

૩. પું. ધૂળ.

ખુડધમ (ખુડ઼ધમ) જુઓ ખુડદમ.

ખુડમાસી (ખુડ઼માસી) સ્ત્રી. ખુરસી.

ખુડલા (ખુડ઼લા) ૧. [હિં.] ન. કૂકડાં રાખવાનું ઘર.

૨. વિ. ખડબચડું.

ખુડી (ખુડ઼ી) અ. બાળકને ઉધરસ ચડે ત્યારે તેને વાંસે હાથ ફેરવતાં બૈરાંથી બોલાતો શબ્દ.

ખુડેંચ (ખુડ઼ેંચ) ૧. [હિં.] સ્ત્રી. છરકો.

૨. સ્ત્રી. દુશ્મનાવટ; વેર.

ખુડેંચિયા (ખુડ઼ેંચિયા) ૧. [હિં.] વિ. ઝેરી; વિષવાળું.

૨. વિ. દ્વેષીલું; અદેખું.

ખુડ્ડી ૧. [હિં.] સ્ત્રી. અર્ધા માથા સુધીની હજામત.

૨. સ્ત્રી. દાંત વચ્ચેની બખોલ.

૩. સ્ત્રી. પાયખાનામાં ઈંટના છૂટા ટુકડા.

ખુણિયાળું [સં. કોણ (ખૂણો)] વિ. ખૂણાવાળું; ખૂણેદાર; જેને ખૂણા હોય એવું.

ખુતકા (ખુ઼તકા) ૧. [ફા.] પું. ગદા.

૨. પું. પુરુષની જનનેંદ્રિય.

ખુતબા (ખુ઼તબા) ૧. [અ. ખતબ (તેણે સંબોધ્યું)] પું. ઉપદેશ; બોધ.

૨. પું. તારીફ; પ્રશંસા.

૩. પું. બ. વ. ઉપદેશકો; વાંચનારા.

ખુતબો (ખુ઼તબો) [અ.] પું. ધાર્મિક ઉપદેશ; ધાર્મિક ભાષણ.

ખુતાડવું (ખુ઼તાડ઼વું) સ. ક્રિ. ખૂતે એમ કરવું.

ખુતાવું અ. ક્રિ. ખૂતે એમ થવું.

ખુતૂત (ખુ઼તૂત) ૧. પું. બ. વ. અક્ષરો.

૨. [ફા. ખુદ] વિ. આત્મીય; પોતે.

ખુતૂર (ખુ઼તૂર) ૧. [અ.] પું. આવવું તે.

૨. પું. મોભો.

૩. પું. યાદ આવવું તે.

ખુત્કા (ખુ઼ત્કા) [ફા.] પું. પુરુષની જનનેંદ્રિય.

ખુત્તક (ખુ઼ત્તક) ૧. [ફા.] પું. ગદા; ડાંગ; મોટી લાકડી.

૨. પું. લિંગ; પુરુષની જનનેંદ્રિય.

ખુત્તામા (ખુ઼ત્તામા) [અ.] સ્ત્રી. અપવિત્ર ખરાબ સ્ત્રી; વ્યભિચારિણી.

ખુત્તી ૧. [હિં.] સ્ત્રી. થેલી.

૨. સ્ત્રી. દોલત; ખજાનો.

ખુત્બતઝ્ઝવાજ (ખુ઼ત્બતઝ્ઝવાજ) [અ.] પું. નિકાહ વખતે વર અને કન્યાના હાથ જોડી. કાઝીથી પઢેલ ખુત્બા. તેમાં ખુદા અને રસૂલનાં વખાણ અને સ્તુતિને લગતા કુરાને શરીફના લગ્ન સંબંધી ફકરા હોય છે.

ખુત્બા (ખુ઼ત્બા) [અ. ખુત્બા (ભાષણ)] પું. ઈશ્વરસ્તુતિ; જેમાં પેગંબર સાહેબનાં. વખાણ અને શિખામણો હોય એવું ભાષણ. દર શુક્રવારે અને બંને ઈદોને દિવસે મસ્જિદમાં મિંબર એટલે સિંહાસન ઉપર ઊભો રહી એક જણ તે વાંચે છે.

ખુદ (ખુ઼દ) ૧. [ફા.] સ. જાતે; પંડે; જે વ્યક્તિને ઉદ્દેશીને બોલાતું હોય તે વ્યક્તિ પોતે.

ખુદનું = (૧) પોતાનું; નિજ. (૨) યથાયોગ્ય; અસલ; શુદ્ધ; ખરૂં.

૨. વિ. અસલ; ખરૂં; મૂળ જેવું હોય તેવું; શુદ્ધ.

૩. વિ. અંગત; ખાનગી.

૪. વિ. ખાસ; વિલક્ષણ; વિશેષ.

ખુદઅખત્યારી (ખુ઼દઅખ઼્ત્યારી) ૧. સ્ત્રી. કાબૂ; નિગ્રહ.

૨. સ્ત્રી. પોતાનો કાબૂ હોય એવી સ્થિતિ.

ખુદઆરા (ખુ઼દઆરા) [ફા.] વિ. અભિમાની; મગરૂર.

ખુદ્દકનિકાય પું. (બૌદ્ધ) ક્ષુદ્રનિકાય; સુત્ત પિટકના પાંચ નિકાય વિભાગમાંનો એક નિકાય. તેમાં નાના સંવાદો આવેલા છે. તેના પંદર પેટા વિભાગ છે.

ખુદ્દકપાઠ પું. (બૌદ્ધ) ખુદ્દકનિકાયના પંદર પેટા વિભાગ માંહેનો એક વિભાગ. આ નાનું પુસ્તક નવીન શિખાઉ લોકો માટે છે. તેમાં મનુષ્યદેહની રચના, અસ્થિ, મજ્જા, સ્નાયુ વગેરે ચોત્રીશ વિભાગો સંબંધી માહિતી આપેલી છે.

ખુદકર્દા (ખુ઼દકર્દા) ૧. [ફા.] ન. પોતાનાથી થયેલું કાર્ય.

૨. વિ. પોતે કરેલું.

ખુદકામ (ખુદકામ) ૧. [ફા.] પું. પોતાની મરજી પ્રમાણે કરનાર સ્વતંત્ર માણસ.

૨. વિ. સ્વાર્થી.

ખુદકાશ્ત (ખુદકાશ્ત) ૧. [ફા.] પું. પોતાનું ખેતર ખેડનાર માણસ.

૨. સ્ત્રી. ઘરખેડ; માલિકે પોતે વાવેલી જમીન.

ખુદકાશ્તા (ખુદકાશ્તા) ૧. [ફા.] સ્ત્રી. ઘરખેડવાળી જમીન.

૨. વિ. જાતે ખેડેલું.

ખુદકાસ્તા (ખુદકાસ્તા) જુઓ ખુદકાશ્તા.

ખુદકુશી (ખુદકુશી) [ફા. ખુદ (પોતે) + કુશીદન (મારવું)] સ્ત્રી. આત્મહત્યા; આપઘાત; પોતાને હાથે પોતાનો જીવ આપવો તે.

ખુદખાસ્તા (ખુદખાસ્તા) [ફા.] સ્ત્રી. પસાયતી જમીન; બહારખલી.

ખુદખુદ સ્ત્રી. ઘોડાની એક જાતની ચાલ.

ખુદગજ વિ. આપમતલબી; આપસ્વાર્થી.

ખુદગરજ વિ. મતલબ સાધનાર; સ્વાર્થી.

ખુદગરજી ૧. [ફા. ખુદગરઝી] સ્ત્રી. આપમતલબીપણું; આપગરજીપણું; સ્વાર્થ.

૨. વિ. સ્વાર્થી; આપમતલબી.

ખુદગરઝ વિ. સ્વાર્થી.

ખુદગરઝી જુઓ ખુદગરજી.

ખુદદાર (ખુદદાર) [ફા.] વિ. સ્વાર્થી.

ખુદનયા [હિં.] પું. શીળી કાઢનાર માણસ.

ખુદની ૧. સ્ત્રી. કોદાળી.

૨. સ્ત્રી. ખોદવું તે.

૩. સ્ત્રી. તપાસ.

ખુદનુમા (ખુદનુમા) [ફા.] વિ. અભિમાની; અહંકારી; ગર્વિષ્ઠ.

ખુદનુમાઈ (ખુદનુમાઈ) ૧. [ફા.] સ્ત્રી. અહંકાર; અભિમાન.

૨. સ્ત્રી. દેખાવ; ભપકો.

ખુદપરસ્ત (ખુદપરસ્ત) ૧. [ફા.] વિ. અહંકારી; અભિમાની.

૨. વિ. દંભી; ડોળઘાલુ.

૩. વિ. સ્વાર્થી; આપમતલબી.

ખુદપરસ્તી (ખુદપરસ્તી) ૧. [ફા.] સ્ત્રી. અહંકાર; અભિમાન.

૨. સ્ત્રી. દંભ; ડોળ.

૩. સ્ત્રી. સ્વાર્થ; મતલબ.

ખુદપસંદ (ખુદપસંદ) [ફા.] વિ. અભિમાની; ગર્વિષ્ઠ.

ખુદપસંદગી (ખુદપસંદગી) [ફા.] સ્ત્રી. અભિમાન; પોતે જ સારા એવો ભાવ.

ખુદપસંદી (ખુદપસંદી) ૧. [ફા.] સ્ત્રી. અભિમાન.

૨. સ્ત્રી. દંભ.

ખુદફરોશ (ખુદફરોશ) [ફા.] વિ. અભિમાની; બડાઈ કરનાર.

ખુદબખુદ (ખુદબખુદ) ૧. વિ. ઘણું; ખૂબ.

૨. [ફા.] અ. આપોઆપ; રાજીખુશીથી; પોતાની મેળે.

ખુદબાસ્તા (ખુદબાસ્તા) [ફા.] સ્ત્રી. સરકારી ચાકરી બદલ મળેલી જમીન; દેશાઈ.

ખુદબીન (ખુદબીન) [ફા.] વિ. અભિમાની; અહંકારી.

ખુદબીની (ખુદબીની) [ફા.] સ્ત્રી. અહંકાર; ગર્વ.

ખુદબો ન. ઈશ્વરની સ્તુતિ, પેયંબર સાહેબનાં વખાણ અને શિખામણ હોય તેવું દર શુક્રવારે અને ઈદના તહેવારમાં મસ્જિદમાં વંચાતું ભાષણ.

ખુદમતલબ (ખુદમતલબ) [ફા.] વિ. સ્વાર્થી.

ખુદમસ્ત (ખુદમસ્ત) [ફા.] વિ. નિજાનંદી; આત્માનંદવાળું.

ખુદમુખતાર (ખુદમુખ્તાર) [ફા.] વિ. સ્વચ્છંદી; સ્વતંત્ર.

ખુદમુખતારી (ખુદમુખ્તારી) [ફા.] સ્ત્રી. સ્વચ્છંદ; સ્વતંત્રતા.

ખુદમુખત્યાર (ખુદમુખ્ત્યાર) જુઓ ખુદમુખતાર.

ખુદમુખત્યારી (ખુદમુખ્ત્યારી) જુઓ ખુદમુખતારી.

ખુદરાઈ (ખુદરાઈ) ૧. [ફા.] સ્ત્રી. ટાપટીપ; ટાપટીપિયાપણું; વરણાગી.

૨. સ્ત્રી. પોતાનો મત.

૩. સ્ત્રી. સ્વેચ્છાચાર; સ્વચ્છંદ.

૪. સ્ત્રી. હઠીલાઈ; મમત.

૫. વિ. આપમતીલું; સ્વચ્છંદી.

૬. વિ. હઠીલું; જક્કી.

ખુદરૂસ્તા (ખુદરૂસ્તા) [ફા.] વિ. પોતાની મેળે ઊગતું; જંગલી.

ખુદરૂં ૧. ન. એબ; ખાંપણ; ખોડ; દોષ; દૂષણ.

૨. ન. બાડું; છીંડું.

૩. વિ. ટાપટીપ કરનારૂં; ટાપટીપિયું; વરણાગિયું.

૪. વિ. પોતાની મેળે ઊગતું; જંગલી; અડબાઉ.

ખુદવાઈ ૧. સ્ત્રી. ખોદવાની ક્રિયા.

૨. સ્ત્રી. ખોદવાની મજૂરી.

ખુદસર (ખુદસર) ૧. [ફા.] વિ. ઉદ્ધત.

૨. વિ. સ્વેચ્છાચારી; મરજી મુજબ વર્તનારૂં.

૩. વિ. હઠીલું; મમતી.

ખુદસરી (ખુદસરી) ૧. [ફા.] સ્ત્રી. ઉદ્ધતાઈ.

૨. સ્ત્રી. સ્વચ્છંદ.

૩. સ્ત્રી. હઠીલાઈ; મમત.

ખુદસિતાઈ (ખુદસિતાઈ) [ફા.] સ્ત્રી. આપવખાણ; પોતાની જાતનાં વખાણ કરવાં તે.

ખુદા (ખુદા) ૧. [ફા.] પું. ઈશ્વર; પરમેશ્વર; સ્વયંભૂ ભગવાન.

૧. ખુદા કરે = ઈશ્વર જાણે; ઈશ્વરેચ્છા હશે તો.

૨. ખુદા કરે તે = ખુદાની મરજીથી.

૩. ખુદા ખુદા કરવું = ઘણું દુ:ખ થતું હોય ત્યારે ઈશ્વર ઈશ્વર એમ બોલવું.

૪. ખુદા ખુદા કરીને = મુશ્કેલીથી.

૫. ખુદા માલૂમ = મનુષ્ય નહિ પણ ઈશ્વર જ જાણે તેમ.

૬. ખુદાના ઘરથી ફરવું = સખત માંદગીમાંથી સાજા થવું.

૭. ખુદાનું કામ = ઈશ્વરની અકલિત કળા.

૮. ખુદાનું ઘર = (૧) મસ્જિદ. (૨) સ્વર્ગ.

૯. ખુદાને લગતું બોલવું = સત્ય બોલવું.

૧૦. ખુદાનો માર = દૈવી કોપ.

૧૧. ખુદાનો લાલ = ઉદાર અને પરોપકારી માણસ.

૨. સ્ત્રી. ખોભિલ્લુ નામની દેશી રમત.

૩. વિ. પવિત્ર; પાક.

ખુદાઈ (ખુદાઈ) ૧. [ફા.] સ્ત્રી. ઈશ્વરતા; ઈશ્વરપણું; ઐશ્વર્ય.

૨. સ્ત્રી. ઈશ્વરી શક્તિ; દૈવી શક્તિ.

૩. સ્ત્રી. ખોદવું તે.

૪. સ્ત્રી. જગત; સૃષ્ટિ; દુનિયા.

૫. સ્ત્રી. સ્વતંત્ર સત્તા.

૬. વિ. ઈશ્વરી; ખુદાનું; ખુદા સંબંધી.

૭. વિ. કુદરતી; દૈવી.

૮. વિ. પવિત્ર; પાક.

૯. વિ. ભોળું; સાદું; છળકપટ વિનાનું.

ખુદાઈખદક (ખુદાઈખ્દક) [ફા.] ન. દૈવી જ્ઞાન.

ખુદાઈખિદમતદાર (ખુદાઈખિદમતદાર) [ફા.] પું. ઈશ્વરનો સેવક.

ખુદાઈરાત સ્ત્રી. મુસલમાન સ્ત્રીઓનું આખી રાત જાગીને ખુદાનાં ગીત ગાવાનું એક ધાર્મિક વ્રત.

ખુદાએકરીમ (ખુદાએકરીમ) [ફા.] પું. ઉદાર ઈશ્વર.

ખુદાએતઅલા (ખુદાએતઅલા) જુઓ ખુદાએકરીમ.

ખુદાગ [હિં.] સ્ત્રી. ભૂખ.

ખુદાતર્સ (ખુદાતર્સ) [ફા.] વિ. ઈશ્વરથી ડરીને ચાલનાર.

ખુદાતર્સી (ખુદાતર્સી) [ફા.] સ્ત્રી. ઈશ્વરથી ડરીને ચાલવું તે; ઈશ્વરભીરુતા.

ખુદાતાલા (ખુદાતાલા) પું. પરમેશ્વર; પરવરદિગાર; મહાન પ્રભુ; સર્વશક્તિમાન ઈશ્વર.

ખુદાદાદ ૧. પું. એક જાતનો કલમી આંબો. આ આંબાની કેરી નામ જેવા ગુણવાળી છે. તે વજનમાં દોઢ શેર હોય છે અને દર સાલ આવે છે.

૨. પું. ટીપુ સુલતાનના વખતમાં મ્હૈસુર રાજ્યના એક ભાગને અપાયેલું નામ.

૩. વિ. ઈશ્વરદત્ત; કુદરતી.

ખુદાનકર્દા (ખુદાનકર્દા) [ફા.] અ. ન કરે નારાયણ.

ખુદાનખાસ્તા (ખુદાનખ્વાસ્તા) જુઓ ખુદાનકર્દા.

ખુદાપરસ્ત (ખુદાપરસ્ત) [ફા.] વિ. ઈશ્વરવાદી; આસ્તિક; ખુદાને માનનાર કે પૂજનાર; પ્રભુપરાયણ; હરિશરણ.

ખુદાપરસ્તી (ખુદાપરસ્તી) [ફા.] સ્ત્રી. ઈશ્વરભક્તિ; પ્રભુપૂજા.

ખુદાપાક (ખુદાપાક) [અ. ખુદા (પ્રભુ) + પાક (પવિત્ર)] પું. પવિત્ર પ્રભુ.

ખુદાબક્ષ (ખુદાબક્ષ) ૧. વિ. જેના પિતાનો પત્તો ન હોય એવું.

૨. વિ. પરમેશ્વરે આપેલું.

૩. વિ. પૈસા વગરનું; મફતિયું.

ખુદામદા (ખુદામદા) [ફા.] પું. ઈશ્વર; પ્રભુ.

ખુદાલ પું. એક જાતનો કુહાડો.

ખુદાલમ (ખુદાલમ) [ફા.] પું. જગતનો ધણી; ઈશ્વર.

ખુદાવટ સ્ત્રી. ખોદવું તે; ખોદવાની ક્રિયા.

ખુદાવંત ૧. પું. અન્નદાતા.

૨. પું. ઈશ્વર.

૩. પું. જનાબ; સાહેબ; શ્રીમાન; હજૂર.

૪. પું. ધણી; પતિ.

૫. પું. માલિક; શેઠ.

૬. વિ. ઈશ્વરતુલ્ય; ખુદાના જેવું.

૭. વિ. મોટી ઉપમાવાળું; મોટાપણું દેખાડનાર વિશેષણ. રાજા, રાણી કે માલિકને બોલાવતાં કે અરજ કરતાં વપરાય છે.

ખુદાવંદ (ખુદાવંદ) જુઓ ખુદાવંત.

ખુદાવંદી (ખુદાવંદી) ૧. [ફા.] સ્ત્રી. દિવ્યતા; સ્વર્ગીયપણું. જુઓ ખુદાઈ.

૨. સ્ત્રી. ધણીપણું; માલિકી.

ખુદાવંદેતઆલા (ખુદાવંદેતઆલા) [ફા.] પું. મહાન ઈશ્વર.

ખુદાવિંદ (ખુદાવિંદ) જુઓ ખુદાવંત.

ખુદાહાફેઝ (ખુદાહાફેઝ) [ફા. ખુદા + હાફિઝ (રક્ષણકર્તા)] અ. અલ્લાબેલી; ઈશ્વર તમારૂં રક્ષણ કરે; રામ રામ.

ખુદી (ખુદી) ૧. [ફા.] સ્ત્રી. અખત્યારી; સત્તા.

૨. સ્ત્રી. અભિમાન; અહંકાર; ગર્વ; શેખી; હુંપણું.

૩. વિ. દેહાભિમાની; મમતી; હુંપણાવાળું.

ખુદ્દામ (ખુદ્દામ) [અ. ખદમ (તેણે સેવા કરી)] પું. બ. વ. નોકર; સેવક; ચાકર.

ખુદ્દે સ્ત્રી. જ્યાંથી દાંત પડી ગયો હોય અથવા ખેંચી લીધો હોય તે જગ્યા.

ખુધા [સં. ક્ષુધા] સ્ત્રી. ભૂખ.

ખુધરાં કાઢવાં ૧. અ. ક્રિ. ભૂલો શોધી કાઢવી; દોષ જોવા.

૨. અ. ક્રિ. વારંવાર નજીવી ભૂલો માટે ચિડાવું કે ગુસ્સે થવું.

ખુધા [સં. ક્ષુધા] સ્ત્રી. ભૂખ.

ખુધાર્ત [સં. ક્ષુધાર્ત] વિ. ભૂખ્યું.

ખુધી સ્ત્રી. અદેખાઈ; ઈર્ષા.

ખુનકી ૧. [ફા. ખુનુક (ટાઢું)] સ્ત્રી. કેફની લહેર; ઘેન; તંદ્રા.

૨. સ્ત્રી. ઠંડક; શરદી.

ખુનપરિયા ૧. સ્ત્રી. એ નામની કણબીની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ખુનયા (ખુનયા) [ફા.] ન. ગાવું તે.

ખુનયાગર (ખુનયાગર) [ફા.] પું. ગવૈયો; ગાનાર માણસ.

ખુનયાગરી (ખુનયાગરી) [ફા.] સ્ત્રી. સંગીત.

ખુનસ ૧. સ્ત્રી. અણગમો; તિરસ્કાર; ધિક્કાર.

૨. સ્ત્રી. અદેખાઈ; ઈર્ષા.

૩. સ્ત્રી. અંટસ; કીનો; હાડવેર.

૪. [સં. ખિન્નમનસ્] સ્ત્રી. ક્રોધ; ગુસ્સો; ઝેર; રીસ.

ખુનસદાર ૧. વિ. ઈર્ષાળુ; અદેખું.

૨. વિ. કીનાખોર; અંટસવાળું.

૩. વિ. ક્રોધી; ઝેરીલું.

ખુનસી જુઓ ખુનસદાર.

ખુનાક (ખુનાક) ૧. [અ.] પું. કંઠમાળ.

૨. પું. ગૂંગળાવવું તે.

૩. પું. ફાંસી.

ખુનામરકી સ્ત્રી. કાપાકાપી; ખૂનરેજી.

ખુનુક (ખુનુક) ૧. [ફા.] વિ. ઠંડું.

૨. વિ. નસીબદાર; ભાગ્યશાળી.

ખુનુકી (ખુનુકી) ૧. [ફા.] સ્ત્રી. આબાદી; ઉન્નતિ.

૨. સ્ત્રી. ઠંડાપણું.

ખુન્નસ જુઓ ખુનસ.

ખુન્નસી (ખુન્નસી) [ફા.] વિ. કિન્નાવાળું; ખારીલું; ખુન્નસવાળું; ઝેરી; ડંસીલું; દ્વેષી.

ખુન્સ (ખુન્સ) ૧. [અ.] પું. પાવૈયો.

૨. [ફા.] ન. અદાવત; વેર.

ખુન્સા (ખુન્સા) ૧. [અ.] પું. (વ્યાકરણ) નાન્યતર જાતિ.

૨. પું. પાવૈયો.

ખુપખુપાટ સ્ત્રી. અદેખાઈ.

ખુપણી સ્ત્રી. ગાડાનો એક ભાગ.

ખુપરૂં ૧. ન. કોપરૂં.

૨. ન. દાઢીના વાળના ઠોંસા.

૩. ન. મોલ કપાઈ ગયા પછીનો જમીનમાં રહેલો ભાગ; ઠૂંઠું.

ખુપરો પું. આંખમાં થતો ખીલ.

ખુપવવું સ. ક્રિ. ઠરાવવું; સોદો કરવો. જુઓ ખૂંપવું.

ખુપાવવું સ. ક્રિ. ઠરાવવું; સોદો કરવો.

ખુફિયા (ખુફિયા) ૧. [ફા. અ. ખુફ્યહ] વિ. છાનું; છૂપું.

૨. અ. ખાનગી રીતે.

ખુફિયાનવીસ (ખુફિયાનવીસ) [ફા. ખુફ્યહ (છાનું) + નવીસ (લખનાર)] પું. ખાનગી રીતે ખબર આપનાર માણસ.

ખુફિયાવિભાગ (ખુફિયાવિભાગ) [હિં.] પું. છૂપી પોલીસ ખાતું.

ખુફ્તેત (ખુફ્તેત) [ફા.] સ્ત્રી. ઊંઘ; ઊંઘવાની કળા.

ખુફતગાન (ખુફ્તગાન) ૧. [ફા.] પું. વ. વ. મરી ગયેલ માણસો.
 ૨. પું. વ. વ. સૂતેલ માણસો.

ખુફતા (ખુફ્તા) [ફા.] વિ. ઊંઘતું.

ખુફ્યત (ખુફ્યત) [ફા.] વિ. છૂપું.

ખુફ્યતન (ખુફ્યતન) [અ.] અ. છાની રીતે.

ખુફ્યા (ખુફ્યા) [ફા.] વિ. છૂપું.

ખુબખુબા ૧. ન. શણના જેવું એક ઝાડ. તેની નાની ને મોટી એવી બે જાત છે. તે પાંચથી છ ફૂટ ઊંચું વધે છે. તેનું ફળ સુકાયા પછી અંદરના ઠળિયા છૂટા પડે છે.
 ૨. વિ. ઘણું; પુષ્કળ.

ખુબઝી સ્ત્રી. એ નામની એક વનસ્પતિ. તેને આછા બદામી રંગનાં ફળ આવે છે.

ખુબાજી સ્ત્રી. શાલ્મલ્યાદિ વર્ગની એ નામની વનસ્પતિ. ફૂલ માટે તે બાગમાં બહુ વવાય છે. તેનાં બી ઔષધિ તરીકે વપરાય છે.

ખુબાની [હિં.] ન. જરદાલુ.

ખુબાફોડ (ખુબાફોડ઼) ન. એક જાતનું પક્ષી. તે કાલુ અને બીજી છીપો ઉઘાડીને અંદરનાં જંતુ ઉપર પોતાનો નિર્વાહ કરે છે. તેને મોટી ફાચર જેવી ચાંચ હોય છે.

ખુબાસત (ખુબાસત) [અ.] સ્ત્રી. દુષ્ટતા.

ખુબાસી પું. એક જાતનો રંગ; ભગવતી રંગ.

ખુબ્દ (ખુબ્દ) [અ.] પું. સ્વર્ગ.

ખુબ્સ (ખુબ્સ) [અ.] સ્ત્રી. દુષ્ટતા.

ખુમ (ખુમ) ૧. [ફા.] પું. ત્રણ રમનારાઓને ગંજીફાનાં ચાર પાનાંની બાટણી.
 ૨. પું. ભઠ્ઠી.
  ખુમ ચડાવવો = ધોયા પહેલાં લૂગડાં ઉકાળવાં.
 ૩. પું. મોટો ઘડો.

ખુમકદા (ખુમકદા) [ફા.] ન. દારૂનું પીઠું.

ખુમખાના (ખુમખ઼ાના) [ફા.] ન. દારૂનું પીઠું.

ખુમબી [સં. કુંભી] સ્ત્રી. (હિંદી) બિલાડીનો ટોપ.

ખુમરા (ખુમરા) ૧. [અ. કુનબુર (અલી ઇમામનો એક ગુલામ)] પું. એક જાતનો ભીખ માગનાર મુસલમાન ફકીર.
 ૨. પું. ખીરૂં જેમાં તૈયાર કરવામાં અને રાખવામાં આવે તે માટીનું નાનું વાસણ.
 ૩. પું. નમાજ પઢવા માટેની તાડનાં પાનની નાની સાદડી.
 ૪. પું. ભિખારીનો નાનો ઢોલ.

ખુમરિયાં (ખુમરિયાં) [અ.] સ્ત્રી. મુસલમાન સ્ત્રીભક્તોની એક જાત.

ખુમલુ ન. ચાળો; લટકો.

ખુમવારી સ્ત્રી. ખેડૂત પાસેથી વેરો લેવાની પદ્ધતિ.

ખુમાણ ૧. [સં. કકુમન્] સ્ત્રી. કાઠી લોકોની એ નામની એક જાત.
 ૨. ન. એ નામની કાઠીની જાતનું માણસ.
 ૩. વિ. કાઠીની એ નામની જાતનું.

ખુમાની સ્ત્રી. એક જાતની ખારેક.

ખુમાર ૧. [અ.] પું. કેફ; નશો; માદક પદાર્થ લીધા પછીની અસર.
 ૨. પું. ગર્વ; મગરૂરી.
 ૩. પું. પ્રેમ, સુસ્તી કે નશાની અસરથી થતો આંખનો નબળો દેખાવ.
 ૪. પું. માંદગી; બીમારી.

ખુમારખાનાં [અ.] ન. પીઠું; શરાબખાનું.

ખુમારશિકની [અ.] સ્ત્રી. નશાથી થતી માંદગી ઓછી કરનાર વસ્તુ.

ખુમારી ૧. [અ. ખમર (તે ગરમ થઈ ગયો)] પું. પીધેલ માણસ.
 ૨. સ્ત્રી. અહંકાર; અહંતા; મદ; પોતાનાં ધન, વૈભવ અને હોદ્દા વગેરેનો ગર્વ.
 ૩. સ્ત્રી. આખી રાત જાગવાથી થતી શરીરની શિથિલ દશા.
 ૪. સ્ત્રી. આંખમાં દેખાતો નશો; દારૂ વગેરે માદક પદાર્થ પીધા પછીની અસર.
 ૫. સ્ત્રી. કેફથી આંખમાં હુંપદનો દેખાતો ને તરતો જુસ્સો; કેફની લહેર; ઘેન.
 ૬. સ્ત્રી. તેજ.
 ૭. સ્ત્રી. બીમારી; માંદગી.
 ૮. સ્ત્રી. મસ્તી; તોફાન.

ખુમાવતી વિ. અપમાન સહી લેનારૂં; ક્ષમાવંત; ખોટું ન લગાડનારૂં; સહનશીલ.

ખુમાશ ૧. સ્ત્રી. ખુમારી.
 ૨. સ્ત્રી. ગંજીફાનાં પાનાં જે રંગનાં હોય તેમાંના એકાદ રંગની ઝળક; પોત; રંગની ભભક.
 ૩. સ્ત્રી. ગુણ; જાત; પ્રકાર.
 ૪. સ્ત્રી. નશો; કેફ.
 ૫. સ્ત્રી. રંગ.
 ૬. સ્ત્રી. સુંવાળાપણું; કુમાશ.

ખુમાસી ૧. [અ.] પું. પાંચ અક્ષરનો શબ્દ.
 ૨. સ્ત્રી. એક જાતની પાંચ બાજુવાળી જાદૂઈ આકૃતિ.
 ૩. વિ. પાંચનું બનેલું; પાંચ સંબંધી.

ખુમ્મટ વિ. રિસાયેલું; માઠું લાગ્યું હોય એવું.

ખુર ૧. [સં. ક્ષુર] પું. અસ્ત્રો; સજાયો.
 ૨. પું. ખરી; ઢોરના પગનો નખ; ડાબલો.
 ૩. પું. ખાટલાનો પાયો.
 ૪. પું. ખોરાસાન દેશ.
 ૫. પું. (જરથોસ્તી) ચોથા મુખ્ય ફિરસ્તા શેહેરીવરના ચાર માંહેનો એ નામનો એક હમકાર.
 ૬. સ્ત્રી. એક જાતની કલાઈ. તે પોચી, સુંવાળી અને સફેદ હોય છે.
 ૭. સ્ત્રી. ખોં ખોં કરવું તે; ઉધરસ.
 ૮. ન. એક જાતનું સુગંધી દ્રવ્ય; નખ; નખલો.
 ૯. સ્ત્રી. મુંડન; વાળ ઉતરાવવાપણું.
 ૧૦. [ફા.] વિ. ખાનાર.

ખુરક ૧. પું. એક જાતનું ઝાડ.
 ૨. સ્ત્રી. એક જાતની કલાઈ.

ખુરક્ષેપ [સં.] પું. ખરીવાળા પશુના પગની લાત.

ખુરખુર પું. ખણખણાહટ; એક જાતનો અવાજ; ગળામાં કફ વગેરે રહેવાથી શ્વાસ લેતાં થતો ઘરઘર અવાજ.
  ખુરખુર કરવું = ઉધરસ ખાવી.

ખુરખુરા વિ. કરકરૂં; ખરબચડું.

ખુરખુરાટ જુઓ ખુરખુર.

ખુરચણ જુઓ ખુરચન.

ખુરચન ૧. ન. ઉખાડી કે ઉઝરડીને એકઠું કરેલું ખાવા જેવું જે કાંઈ તે; ખપોટી; દાઝ; ભૂકો.
 ૨. ન. કચૂંબર; કાચુંકોરું ખાવાનું તે; ચવાણું.
 ૩. ન. દૂધની એક જાતની મીઠાઈ.
 ૪. ન. માવાનો દાઝેલો ભૂકો.

ખુરચની ૧. સ્ત્રી. અક્ષર ભૂંસી નાખવાનું સાધન.
 ૨. [હિં.] સ્ત્રી. એક જાતની છીણી; છોલણી; તાછણી.
 ૩. સ્ત્રી. કડછી.
 ૪. સ્ત્રી. મોચીનું ચામડું ઉઝરડવાનું એક ઓજાર.

ખુરચવું સ. ક્રિ. છોલવું; ઉપર ઉપરથી ઉખેડવું.

ખુરચા ન. (જૈન) રાઠોડ રજપૂતોને પ્રતિબોધ કરીને જિનદત્તસૂરિજીએ સંવત ૧૧૧૭માં સ્થાપેલું ઓશવાળ વંશનું એ નામનું ગોત્ર.

ખુરચીન [ફા.] ન. બિસ્તરો; સાદડી.

ખુરજી [ફા.] સ્ત્રી. ઘોડેસવારને તેનો જરૂરી સામાન રાખવાની મોટી કોથળી.

ખુરણુસ [સં. ખુરણુસ્] વિ. ચપટા નાકવાળું; ચીબું.

ખુરતલ સ્ત્રી. ખરી; ડાબલો.

ખુરદમ ન. સીસાના ગાંઠાવાળું દોરડા જેવું ગંઠેલું એક જાતનું હથિયાર.

ખુરદરા ૧. [હિં.] વિ. કરચલીવાળું.

૨. વિ. ખરબચડું.

૩. વિ. રૂક્ષ; લૂખું.

ખુરદા (ખુરદા) ૧. [ફા. ખુર્દ (ઝીણું)] પું. ખુરદો; નાનું નાણું; પરચૂરણ.

ખુરદા કરવા = (૧) કાઢી નાખવું. (૨) વેચી નાખવું; વેચીને નાણાં કરવાં.

૨. પું. ઝીણી નાની વસ્તુ.

ખુરદાદ (ખુરદાદ) પું. જરથોસ્તી વર્ષનો ત્રીજો મહિનો.

ખુરદાબીન (ખુરદાબીન) ન. ઝીણી વસ્તુ જોવાનું યંત્ર; સૂક્ષ્મદર્શક યંત્ર.

ખુરદિયો (ખુરદિયો) ૧. [ફા.] પું. આખું નાણું લઈને છૂટું નાણું આપવાનો ધંધો કરનાર માણસ; પરચૂરણ વેચનાર આદમી; ખુરદાનો ધંધાદારી.

૨. પું. નાણું વટાવી આપનારો વેપારી; નાણાવટી; સરાફ.

ખુરદો ૧. [ફા. ખુર્દ (નાનું)] પું. કટકા; ભંગાર; ટુકડા.

ખુરદો કરવો = (૧) કટકે કટકા કરી નાખવા. (૨) નાણું વટાવવું. (૩) વેચવું; વેચી નાખવું.

૨. પું. કીમતી સિક્કાને વટાવવાથી મળતું ઘણું અને ઊતરતી કીમતનું છૂટું નાણું; પરચૂરણ.

૩. પું. તોડી ઉડાડી પૂરું કરવું તે.

૪. પું. દોલત; ધન.

૫. પું. નાશ.

ખુરપક્કા [હિં.] ન. પગ અને મોઢાનું એક જાતનું દર્દ.

ખુરપદવી ૧. [સં.] સ્ત્રી. ખરીની નિશાનીવાળો માર્ગ.

૨. સ્ત્રી. ઘોડાનાં પગલાંનું ચિહ્ન.

ખુરપલી સ્ત્રી. ખરપલો; ખરપો; ઘાસ ઉખેડવાનું એક સાધન.

ખુરપલ્લા [હિં.] પું. એક જાતના લોક. તેઓ ઘરડાં અને નબળાં ઢોરને મજબૂત અને જુવાન દેખાય એવાં કરીને તેનો વેપાર કરે છે.

ખુરપા ૧. [હિં.] પું. ઘાસ ઉખેડવાનું તાવેથા જેવું એક હથિયાર. તે લાકડાના હાથામાં નાખેલું હોય છે.

૨. ન. એક જાતનું વહાણ.

૩. વિ. મૂર્ખ.

ખુરપુટ સ્ત્રી. ઢોરની ખરી.

ખુરપ્ર [સં.] પું. ખરીના આકારનું અર્ધ ગોળાકાર માથાવાળું બાણ.

ખુરબડો (ખુરબડો) [સં. કુબ્જ (ખૂંધું)] પું. એક જાતની છીપ; દરિયાઈ ગોકળગાયનું શંખલું.

ખુરબંદી સ્ત્રી. ઢોરની ખરીમાં નાલ જડવી તે.

ખુરબાન (ખુરબાન) ૧. [અ.] ન. મહેરબાની.

૨. વિ. કુરબાન; બલિદાન તરીકે અર્પેલું.

ખુરમાહ (ખુરમાહ) પું. જરથોસ્તી દશમા મહિના દેહનું બીજું નામ; દેહમાસ.

ખુરમી (ખુરમી) ૧. સ્ત્રી. આનંદ.

૨. સ્ત્રી. બરફી જેવી એક જાતની મીઠાઈ.

ખુરમું ન. એક જાતની મીઠાઈ.

ખુરમો (ખુરમો) ૧. [ફા.] પું. ખજૂર.

૨. પું. દૂધની સાથે રાંધેલ સેવનું જમણ.

૩. પું. બાજરીનો આગલા પહોરનો અથવા આગલા દહાડાનો રોટલો.

ખુરલી ૧. સ્ત્રી. ઘોડા આગળ ઘાસ નાખવાની પાકી બાંધેલી જગ્યા.

૨. સ્ત્રી. ધનુર્વિદ્યા અથવા તીર ફેંકવાનો અભ્યાસ.

૩. સ્ત્રી. લશ્કરી કવાયત.

ખુરવા પું. ઢોરને પગમાં થતો એક જાતનો રોગ. તેમાં પગની ફાટમાં સડો થઈ જીવાત થાય અને મોંમાં ચાંદાં પડે.

ખુરશબ્દ પું. ખરીનો અવાજ.

ખુરશીદ (ખુરશીદ) જુઓ ખુરશેદ.

ખુરશેદ (ખુરશેદ) ૧. [ફા.] પું. આદિત્ય; દિનકર; રવિ; સૂર્ય.

૨. પું. ઇલાહી સનના મહિનાનો તેમ જ ઈરાનીઓના મહિનાનો અગિયારમો દિવસ.

૩. પું. (જરથોસ્તી) ચોથા મુખ્ય ફિરસ્તા શહેરીવરના ચાર માંહેનો એ નામનો એક હમકાર.

૪. પું. તેજ; પ્રકાશ.

ખુરસંદ (ખુરસંદ) [ફા.] વિ. રાજી થયેલું; સંતોષ પામેલું.

ખુરસંદગી (ખુરસંદગી) [ફા.] સ્ત્રી. આનંદ; સંતોષ.

ખુરસંદી (ખુરસંદી) જુઓ ખુરસંદગી.

ખુરસાના પું. ખુરાસાની અજમો.

ખુરસી ૧. [અ. કુર્સી] સ્ત્રી. આંટ; મકાનના ભોંયતળિયા નીચેનો જમીન ઉપરનો ઇમલો; બેસણી.

૨. સ્ત્રી. એક જાતનું આસન; ઢીંચણ જેટલી ઊંચી, ચાર પગવાળી, લાકડાની, નેતરથી ભરેલી, અઢેલીને બેસાય એવી બેઠક કે માંચી.

૩. સ્ત્રી. માનનું સ્થાન.

ખુરસી ગાડી સ્ત્રી. નાનાં બાળકોને બેસાડીને ફેરવવાની એક જાતની ગાડી.

ખુરસીનામું ન. વંશાવળી; આંબો.

ખુરસું ૧. [અ. કુર્સી] ન. અંગીઠીની ઓટલી; માટીનું બેસણું.

૨. ન. એક જાતનું સોની લોકોને એરણ નાખવાનું લાકડાનું બેસણું; એરણની બેઠક.

૩. ન. નાની ખુરસી.

ખુરસેદ પું. સૂર્યનારાયણ; સૂરજ; આફતાબ.

ખુરંડ ન. ગૂમડા ઉપર વળેલી કપોટી; ભીંગડું.

ખુરા ૧. સ્ત્રી. ઢોરના પગની ખરી.

૨. સ્ત્રી. પશુની ખરી પાકવાનો રોગ.

ખુરાક (ખુરાક) ૧. પું. કોળિયો.

૨. પું. ખાણું; ખોરાક.

૩. સ્ત્રી. રોજી; મજૂરી.

૪. ન. પશુ; પ્રાણી.

ખુરાકી (ખુરાકી) ૧. [ફા.] સ્ત્રી. ખાવાનું ખરીદવાનો પૈસો.

૨. સ્ત્રી. ઘણું ખાવું તે.

૩. સ્ત્રી. ભરણપોષણ માટે દેવામાં આવતી રોકડ રકમ.

૪. વિ. ભૂખ્યું.

ખુરાગીન (ખુરાગીન) ન. ઈરાન તરફનું ત્યાંના લોકોનું એક માનીતું પક્ષી.

ખુરાઘાત પું. ખરીનો પ્રહાર; પાટુ; લાત.

ખુરાફાત (ખુરાફાત) ૧. [અ. ખરફ] સ્ત્રી. અર્થ વગરની વાત કરવી તે.

૨. સ્ત્રી. દંતકથા; વાર્તા.

ખુરાલક [સં.] ન. લોઢાનું તીર.

ખુરાલિક ૧. [સં.] ન. અસ્ત્રાનું ઘર.

૨. ન. ઓશીકું; તકિયો.

૩. ન. નારાચ નામનું અસ્ત્ર.

૪. ન. લોખંડી બાણ; લોઢાનું તીર.

૫. ન. વાળંદની કોથળી.

ખુરાસાન (ખુરાસાન) [ફા.] પું. એ નામનો એક દેશ. તે ઈરાનની પૂર્વે અને અફઘાનિસ્તાનની પશ્ચિમે આવેલો છે. હેરાત અને મશહર શહેર તેમાં આવેલાં છે. આ પ્રદેશ ઊંચી જાતિના ઘોડાની પેદાશને લીધે પ્રસિદ્ધ હતો.

ખુરાસાનિ પું. એક જાતનો કીમતી દવાનો છોડ; પાર્સિક. હિમાલય ઉપર ૭૦૦૦ થી ૧૦૦૦૦ ફૂટની ઊંચાઈ સુધીમાં તે ઊગે છે. ખુરાસાનિનો ઉપક્ષાર દરદ હલકું કરનાર, આક્ષેપ નિવારક, ઉત્તેજક, ઊંઘ લાવનાર, આંખની કીકી પહોળી કરનાર અને વેદના હરનાર મનાય છે.

ખુરાસાની (ખુરાસાની) ૧. [ફા.] સ્ત્રી. એક જાતની તરવાર.

૨. વિ. ખુરાસાનથી આવેલું; ખુરાસાનમાં પાકતું.

૩. વિ. ખુરાસાનનું; ઈરાન દેશમાં આવેલા ખુરાસાન નામના પ્રદેશનું.

ખુરાસાની અજમો પું. એક જાતની ઔષધિ; કરમાણી અજમો; છુવારી અજમો. તે ઈરાન દેશ માંહેના ખુરાસાન અને યમન પ્રાંતમાં પાકે છે. તેનું ઝાડ ધતૂરો, તંબાકુ વગેરે જાતનું હોઈ તીવ્ર વિષારિ છે. તેનાં પાંદડાં કરતાં બિયાંમાં ઔષધની તીવ્રતા વધારે છે. ખુરાસાની અજમાને ગાયના મૂત્રમાં ત્રણ દિવસ પલાળી રાખવો. મૂત્ર હમેશા બદલતા રહેવું. પછી શુદ્ધ પાણીથી ધોઈ, સૂકવી દરેક પ્રયોગમાં લેવો. તેનાં બિયાં ઝીણાં, ચપટાં, ભૂરા રંગનાં, સ્વાદ વગરનાં અને કેફી છે. દમ, ખાંસી, હૃદયરોગ, ઉન્માદ, મૂત્રપિંડના વ્યાધિ, ઊનવા અને ચસકા ઉપર ઔષધ તરીકે તે વપરાય છે. વાતોન્માદ, ખંજવાયુ, કંપવાયુ અને અપસ્મારથી થયેલા વાયુ ઉપર આ અજમાનાં બિયાંનું સત્ત્વ ઘણું સારૂં કામ આવે છે. ખુરાસાની અજમાનાં પાંદડાંમાંથી કાઢેલ મદ્યાર્ક પેશાબની બળતરા કમી કરવામાં ઉપયોગી છે. ઊંઘ ન આવતી હોય તો તે લાવવાને માટે અને માનસિક ભ્રમ થયેલ હોય તો ખુરાસાની અજમાનાં પાંદડાંનો અર્ક ફાયદાકારક મનાય છે. વાતોન્માદ થયેલા મનુષ્યને રાત્રિને વખતે આ સત્ત્વનો દ્રાવ તૈયાર કરી તેની પિચકારી આપવી. આ અર્કનું ટીપું આંખનાં પોપચાંને ચોપડવાથી આંખો દુખતી બંધ થાય. આ ઉપરાંત બીજા ઘણા રોગમાં આ અર્કનો ઉપયોગ કરવામાં આવે છે.

ખુરાસાની અજમોદ સ્ત્રી. બોડી અજમોદ.

ખુરાસાની અજવાયન જુઓ ખુરાસાની અજમો.

ખુરાસાની બોર ન. ઉનાબ; એક જાતનું બોર.

ખુરાસાની વજ પું. બાળાવજ; શુકલા; હૈમવતી.

ખુરાંટ ૧. સ્ત્રી. ઢોરની ખરીઓથી કચરાયેલી જમીન.

૨. વિ. બહુ ઘરડું.

ખુરિયા સ્ત્રી. કાચલી કે બીજી વસ્તુમાંથી બનાવેલું પ્યાલા જેવું ઓજાર. તેનાથી કપડાં ઉપર પટા પાડવામાં આવે છે.

ખુરિશ (ખુરિશ) [ફા.] સ્ત્રી. ખોરાક.

ખુરી ૧. સ્ત્રી. ખરી; ખુર; ઢોરના પગનું તળિયું.

૨. સ્ત્રી. નાલ.

૩. સ્ત્રી. ભઠ્ઠી.

ખુરીત્રાંસ ન. એક જાતનું ઝાડ. તેની શાખાઓ અને પાનનો રંગ ધોળાશ પડતો ફિક્કો લીલો હોય છે.

ખુરીશબ્દ જુઓ ખુરશબ્દ.

ખુરૂજ (ખુરૂજ) ૧. [અ.] પું. ફાટવું તે.

૨. પું. બહાર નીકળવું તે.

૩. પું. મળ; વિષ્ટા.

ખુરૂસ (ખુરૂસ) [ફા.] પું. કૂકડો.

ખુરેશી ૧. સ્ત્રી. મુસલમાન, સંધી, સિપાઈ, શેખ, મતવા અને કમાનગરની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ખુરેંચ ૧. પું. ઊઝરડો.

૨. પું. દુશ્મનાવટ; વૈર.

ખુરો ૧. પું. ખરેરો; ઘોડાને સાફ કરવાનું સાધન.

૨. પું. ભઠ્ઠી.

ખુરોપમ પું. પટ્ટિશ નામે એક હથિયાર.

ખુરોપોશ (ખુરોપોશ) [ફા.] પું. ખોરાક અને પોષાક.

ખુરોસ (ખુરોસ) પું. કૂકડો.

ખુર્જી [હિં.] ન. ઘોડા ઉપર જરૂરજોગો સામાન રાખવાનો કોથળો.

ખુર્જીન જુઓ ખુર્જી.

ખુર્તી [હિં.] સ્ત્રી. ગાય મારવાનું પાપ.

ખુર્દ (ખુર્દ) ૧. [ફા.] ન. નવજોતની ક્રિયા થયા પહેલાં કોઈ પારસી બાળક ગુજરી જાય તો તેની ઉત્તરક્રિયામાં તેને અપાતું નામ.

૨. વિ. નાની ઉમરનું; નાનું.

ખુર્દખમ (ખુર્દખ્મ) [ફા.] વિ. ઝીણું દળેલું; વાટેલું.

ખુર્દન (ખુર્દન) [ફા.] સ. ક્રિ. ખાવું.

ખુર્દબીન (ખુર્દબીન) [ફા.] ન. સૂક્ષ્મદર્શક યંત્ર.

ખુર્દસાલ (ખુર્દસાલ) [ફા.] વિ. નાની વયનું.

ખુર્દસાલી (ખુર્દસાલી) [ફા.] સ્ત્રી. બચપણ.

ખુર્દા (ખુર્દા) ૧. [ફા. ખુર્દ (નાનું)] પું. ખુરદો; ટુકડા; પરચૂરણ; મોટો સિક્કો વટાવી તેના બદલામાં નાના સિક્કા લેવા તે.

ખુર્દા કરવા = (૧) નાના નાણામાં વટાવવું. (૨) વેચવું.

૨. પું. ફેરીવાળાનો પરચૂરણ સામાન; નાની મોટી ચીજ.

૩. પું. ભાગ.

૪. પું. સહેજ ભૂલ.

૫. સ્ત્રી. સાકરટેટીની એ નામની એક જાત.

ખુર્દાગીરી (ખુર્દાગીરી) [ફા.] સ્ત્રી. ટીકા; વાંધો; વિવાદ.

ખુર્દાફરોશ (ખુર્દાફરોશ) [ફા.] પું. પરચૂરણ વસ્તુઓની ફેરી કરી ગુજરાન ચલાવનાર માણસ; ફેરિયો.

ખુર્દાફરોશી (ખુર્દાફરોશી) [ફા.] સ્ત્રી. ફેરી.

ખુર્દિયા (ખુર્દિયા) [ફા.] પું. નાણાવટી; વ્યાજવટાવ કરનાર માણસ.

ખુર્દી (ખુર્દી) ૧. [ફા.] સ્ત્રી. નાની સંખ્યા.

૨. સ્ત્રી. બચપણ; નાનપણ; બાળવય.

ખુર્નિસા (ખુર્નિસા) [ફા.] સ્ત્રી. નમ્રતાપૂર્વક વંદન. જુઓ કુર્નીસ.

ખુર્નિસાત (ખુર્નિસાત) જુઓ ખુર્નિસા.

ખુર્નીસ (ખુર્નીસ) જુઓ ખુર્નિસા.

ખુર્મ (ખુર્મ) ૧. [અ.] પું. એક જાતનો કરવેરો.

૨. પું. એક પંચમાંશ ભાગ.

ખુર્મા (ખુર્મા) ૧. [ફા.] પું. ખજૂર; ખજૂરીનો રસ.

૨. સ્ત્રી. બાલૂશાહી; લોટ, ખાંડ અને ઘીની બનાવેલી ખજૂર જેવી મીઠાઈ.

ખુર્રમ (ખુર્રમ) ૧. [ફા.] પું. આનંદી શહેનશાહ.

૨. પું. મુઘલ બાદશાહ શાહજહાનનું બીજું નામ.

૩. વિ. આનંદદાયક.

૪. વિ. આનંદી; ખુશી.

ખુર્રમદિલ (ખુર્રમદિલ) [ફા.] વિ. આનંદી સ્વભાવનું.

ખુર્રમરોઝ (ખુર્રમરોઝ) પું. (જરથોસ્તી) દેહ માસનો પહેલો દિવસ.

ખુર્રમી (ખુર્રમી) [ફા.] સ્ત્રી. આનંદ; મજા.

ખુર્રી ૧. [હિં.] વિ. કરચલીવાળું.
૨. વિ. ખરબચડું.

ખુલકે ૧. અ. આરામથી; સંતોષપૂર્વક.
૨. અ. જાહેર રીતે.

ખુલતું ૧. વિ. ઊઘડતું; ખીલતું.
૨. વિ. ખુલ્લું અથવા પહોળું રહેતું હોય એવું; બહાર પડતું; શરીરને બીડાઈને ન રહે એવું.
૩. વિ. શોભતું; સારૂં લાગતું.

ખુલબંદી [હિં.] સ્ત્રી. ઘોડાને નવી નાલ નાખવાપણું.

ખુલમખુલા [હિં.] અ. જાહેર રીતે; છડેચોક.

ખુલલ ૧. [હિં.] વિ. ઉઘાડું.
૨. વિ. ખુલ્લું.
૩. વિ. ચોખ્ખું; સ્પષ્ટ.
૪. વિ. જાણીતું; જાહેર.
૫. વિ. ઢીલું.
૬. વિ. પહોળું કરેલ; વિસ્તારેલ.

ખુલવું ૧. અ. ક્રિ. આકાશ સ્વચ્છ થવું.
૨. અ. ક્રિ. ઉત્તેજન અપાવું.
૩. અ. ક્રિ. ઊઘડવું; ખસી જવું; ઉઘાડું થવું; ખીલવું; ખુલ્લું થઈ જવું.
૪. અ. ક્રિ. ઊપડવું.
૫. અ. ક્રિ. કોઈ કાર્યાલયનું હમેશનું કામ આરંભ થવું.
૬. અ. ક્રિ. ગભરાટમાંથી મુક્ત થવું.
૭. અ. ક્રિ. ગાઢ મિત્રાચારી હોવી.
૮. અ. ક્રિ. ગાંઠ છૂટવી.
૯. અ. ક્રિ. છૂટાછેડા કરવા.
૧૦. અ. ક્રિ. જુગારમાં ખોવાવું.
૧૧. અ. ક્રિ. ટેભા ઉખેડવા.
૧૨. અ. ક્રિ. દીપવું; શોભવું; સારૂં દેખાવું.
૧૩. અ. ક્રિ. નિકાલ થવો.
૧૪. અ. ક્રિ. પાછું તાજું કરવું.
૧૫. અ. ક્રિ. બહાર આપવો; સુગંધ ફેલાવી.
૧૬. અ. ક્રિ. મુશ્કેલી દૂર થવી.
૧૭. અ. ક્રિ. મોકળું થવું; છૂટા પડવું.
૧૮. અ. ક્રિ. રસ્તો કાઢવો.
૧૯. અ. ક્રિ. શેતરંજની રમતમાં હાલવું.
૨૦. અ. ક્રિ. સ્થાપવું.
૨૧. અ. ક્રિ. સ્પષ્ટ થવું.

ખુલંગ (ખુલંગ) [ફા.] પું. બગલો.

ખુલા જુઓ ખુલલ.

ખુલાણ ન. હવા અજવાળાની છૂટવાળી ખુલ્લી જગ્યા.

ખુલાવવું અ. ક્રિ. આનંદ કરાવવો; ખૂલે એમ કરવું.

ખુલાસ (ખુલાસ) ૧. પું. ગૂંચવણમાંથી મુક્ત થવું તે.
૨. પું. નિશ્ચિંતપણું; ફિકર ન હોવી તે.
૩. પું. મતલબ; સમજણ; સ્પષ્ટીકરણ.
૪. પું. શુદ્ધભાવ; સ્નેહ.
૫. પું. સ્વતંત્રતા.

ખુલાસત (ખુલાસત) ૧. [અ.] પું. અર્ક; કોઈ પણ વસ્તુનું સત્ત્વ.
૨. પું. ખુલાસ.
૩. પું. તત્ત્વ; સાર.
૪. પું. વિશાળ જગ્યા.
૫. વિ. ખુલ્લું; ઉઘાડું.
૬. વિ. ઢીલું; પોચું.
૭. વિ. દેખીતું; સ્પષ્ટ.
૮. વિ. મુક્ત; સ્વતંત્ર.
૯. અ. ખુલ્લી રીતે.
૧૦. અ. જુદી જુદી રીતે.
૧૧. અ. સંપૂર્ણતાથી.

ખુલાસા (ખુલાસા) જુઓ ખુલાસત.

ખુલાસાબંધ (ખુલાસાબંધ) [અ.] અ. સમજ સાથે; સ્પષ્ટપણે; સવિસ્તર.

ખુલાસાવાર (ખુલાસાવાર) જુઓ ખુલાસાબંધ.

ખુલાસો ૧. પું. અનુમાન; અટકળ.
૨. પું. ઇંતેખાબ; આધાર.
૩. પું. કંઈ પણ બાબત અંધારામાં એટલે અજ્ઞાનમાં નહિ રહેતાં બધું સ્પષ્ટ ઉઘાડું પડી જવું અને સમજાઈ જવું તે; ખુલ્લું કે સ્પષ્ટ થઈ જવાપણું; ભેદ જણાવો તે; સ્પષ્ટ સમજણ; ગડગચ્ચો, શંકા કે વહેમ કાઢી નાખવો તે.
૧. ખુલાસેથી = ચોખ્ખી રીતે; બયાન પૂર્વક; વિગતવાર; સમજ પડે તેમ.
૨. ખુલાસો આપવો-કરવો = (૧) કારણ બતાવવું; સમજણ પાડવી. (૨) જવાબ દેવો. (૩) રેચક દવા આપવી. (૪) હિસાબ આપવો.
૩. ખુલાસો માગવો = સમજણ માટે પૂછવું.
૪. પું. ચોખવટ; સ્પષ્ટીકરણ.
૫. પું. ટીકા; સમજૂતી.
૬. પું. નિકાલ; નિર્ણય.
૭. પું. નીતિ; ભાવાર્થ; શિખામણ.
૮. પું. ફારગતપણું; મોકળાશ; છૂટું હોવું તે.
૯. પું. બંધી કે ગૂંચવણમાંથી બહાર નીકળવું તે; છૂટું થવું તે.
૧૦. પું. રસ્તો.
૧૧. પું. સાફ ઝાડો આવવો તે.
૧૨. પું. સાર; સત્ત્વ.

ખુલૂ (ખુલૂ) ૧. [અ.] પું. ખાલી જગ્યા.
૨. વિ. છૂટું; બંધનમુક્ત.

ખુલૂસ (ખુલૂસ) ૧. [અ.] પું. પવિત્રતા; સચ્ચાઈ.
૨. પું. પ્રેમ; મિત્રતા; સહૃદયતા.
૩. પું. વિશ્વાસ; ભરોંસો.

ખુલે મેદાન ૧. [હિં.] અ. જાહેર રીતે; છડેચોક.
૨. અ. સ્પષ્ટતાથી.

ખુલ્ક (ખુલ્ક઼) ૧. [અ.] પું. ગુણ; સ્વભાવ.
૨. પું. રીત; રિવાજ.
૩. પું. સભ્યતા; સારી રીતભાત.

ખુલ્કાન (ખુલ્ક઼ાન) [અ.] ન. બ. વ. ફાટેલાં લૂગડાં.

ખુલ્કાવું અ. ક્રિ. ખડખડાવું; ખણખણવું; અવાજ થવો.

ખુલ્ગા સ્ત્રી. ભેંસ.

ખુલ્તા (ખલ્તા) [અ.] સ્ત્રી. ભાગીદારી.

ખુલ્તીન (ખુલ્તીન) [અ.] ન. ખજૂર બોળી રાખ્યો હોય તે પાણી.

ખુલ્દ (ખુલ્દ) [અ.] પું. સ્વર્ગ.

ખુલ્ફ (ખુલ્ફ઼) [અ.] પું. વચનનો ભંગ.

ખુલ્લ ૧. [સં.] ન. એક જાતનું સુગંધી દ્રવ્ય; નખલો.
૨. વિ. થોડું; જરા.
૩. વિ. નાનું.
૪. વિ. હલકું; કનિષ્ઠ; ક્ષુદ્ર.

ખુલ્લત સ્ત્રી. મિત્રાચારી.

ખુલ્લતાત [સં.] પું. કાકો; બાપનો નાનો ભાઈ.

ખુલ્લમ [સં.] પું. રસ્તો.

ખુલ્લંખુલ્લાં અ. છડેચોક; જાહેર રીતે; પ્રકટપણે; ખુલ્લે ખુલ્લી રીતે.

ખુલ્લાણ સ્ત્રી. ખુલ્લી જગ્યા.

ખુલ્લાસ (ખુલ્લાસ) [ફા.] પું. છૂટ; મોકળાશ.

ખુલ્લી હવા સ્ત્રી. બહારની હવા; મેદાનની હવા; બંધેચ નહિ તેવી હવા.

ખુલ્લુ ૧. [ફા.] વિ. અસભ્ય; અવિનયી.
૨. વિ. આછું; ઊડતું; ઘેરૂં નહિ એવું.
૩. વિ. ઉઘાડું; ખુલ્લી આંખે દેખાતું; બંધ એટલે ઢાંકેલું નહિ એવું; મોકળું.
ખુલ્લું-કરવું-મૂકવું = (૧) ઉઘાડું પાડવું; છૂપું બહાર લાવવું. (૨) કોઈ વાત કહી દેવી.
૪. વિ. ઉદાર; ગડગચ્ચ વગરનું; નિખાલસ; નિષ્કપટી; ભોળું.
ખુલ્લા દિલથી = નિષ્કપટપણે; મળ કે મેલ સિવાય.

૫. વિ. ખાતરીપૂર્વકનું; નિ:સંશય; નિશ્ચયાત્મક.

૬. વિ. ચોખ્ખું; નિર્મળ.

ખુલ્લી આંખે = નરી આંખે; ચશ્માં કે એવાં કંઈ સાધન વિના.

૭. વિ. છૂપું નહિ એવું; જાહેર; પ્રકટ.

૧. ખુલ્લી રીતે = છચોક; સ્પષ્ટ રીતે.

૨. ખુલ્લે ચોક = ઉઘાડે છોગે; છડેચોક.

૮. વિ. જેમાં સર્વને આવવા જવાની છૂટ હોય એવું; પડદો ન હોય એવું; પ્રતિબંધ રહિત.

૯. વિ. નહિ ઘેરાયેલું.

૧૦. વિ. નાગું; ભૂંડું.

૧૧. વિ. મોકળું; છૂટું; સ્વતંત્ર.

૧૨. વિ. વાદળ વરસાદ ન હોય એવું; સાફ.

૧૩. વિ. વિસ્તૃત.

૧૪. વિ. સાફ સમજાય અને સંભળાય તેવું; સ્પષ્ટ.

ખુલ્લેખુલ્લું ૧. વિ. ચોખ્ખેચોખ્ખું; સ્પષ્ટ.

૨. વિ. સાવ ખુલ્લું; ઉઘાડુંફટાક; પહોળુંફક.

ખુલ્લો કાગળ પું. છાનો નહિ તેવો બીડ્યા વગરનો કાગળ.

ખુલ્લો પીળો પું. ખૂલતો પીળો રંગ.

ખુલ્લો હિસાબ પું. ચોખ્ખો હિસાબ.

ખુવાટી સ્ત્રી. એક જાતની માવાની મીઠાઈ.

ખુવાબ ૧. [ફા. ખ્વાબ (સ્વપ્નું)] પું. ઊંઘ.

૨. પું. સમણું; સોણું; સ્વપ્નું.

ખુવાર ૧. ન. ઢેઢે પિટાવું તે; હડહડ થવું તે.

૨. [ફા. ખ્વાર (કનિષ્ઠ)] વિ. અત્યંત દુ:ખી.

૩. વિ. પાયમાલ; ખેજાર; હેરાન હેરાન.

ખુવારના ખાટલા = ખુવારી; ખૂબ નુકસાનીમાં ઊતરી પડવું તે; પુષ્કળ હેરાનગતિ થવી તે.

ખુવારી ૧. [ફા. ખ્વારી (પાયમાલી)] સ્ત્રી. અતિ દુ:ખી થવું તે.

૨. સ્ત્રી. ક્ષય; નાશ; વિનાશ; હાણ.

૩. સ્ત્રી. પાયમાલી; ખેજારી; હાનિ.

ખુવાસી પું. આનીલીન નામના પદાર્થમાંથી બનતો એક રંગ.

ખુવો ૧. પું. બળેલા દૂધના પોપડા; માવો.

૨. પું. (વહાણવટું) વહાણનું ઊભું મોટું લાકડું.

ખુશ (ખુશ) ૧. [ફા.] વિ. આનંદિત; ઉલ્લાસિત; ખુશી; પ્રસન્ન; હર્ષિત.

૧. ખુશ કરવું = આનંદ પમાડવો; રાજી કરવું.

૨. ખુશ રહેવું = (૧) આનંદમાં રહેવું. (૨) તંદુરસ્ત રહેવું; આરોગ્ય રહેવું.

૨. વિ. આબાદ; ઉમદા; સારું.

૩. વિ. આરોગ્ય; તંદુરસ્ત.

૪. વિ. ખુશનુમા; રમણીય.

૫. અ. ઉત્તમ એવો અર્થ બતાવનાર ફારસી પૂર્વગ.

ખુશઅકીદા (ખુશઅકીદા) [અ.] વિ. વફાદાર.

ખુશઅતવાર (ખુશઅતવાર) [ફા.] વિ. સારી રીતભાતવાળું.

ખુશઅદા (ખુશઅદા) [અ.] વિ. સારા સંસ્કારવાળું; સુધરેલું.

ખુશઅસ્લૂબ (ખુશઅસ્લૂબ) વિ. ઠીક; સારું.

ખુશઆબ (ખુશઆબ) [ફા.] ન. શુદ્ધ સફેદ રંગનું મોતી.

ખુશઆમદીદ (ખુશઆમદીદ) [ફા. ખુશ + આમદન (આપવું)] અ. ભલે પધાર્યા.

ખુશઆવાઝ (ખુશઆવાઝ) વિ. મધુર કંઠવાળું.

ખુશઇલ્હાન (ખુશઇલ્હાન) જુઓ ખુશઆવાઝ.

ખુશઇંતિઝામી (ખુશઇંતિઝામી) સ્ત્રી. સારી વ્યવસ્થા.

ખુશકબાલા (ખુશકબાલા) પું. કરાર વગરનું વેચાણ.

ખુશકાર (ખુશકાર) [ફા.] વિ. આનંદદાયક.

ખુશકારપણું (ખુશકારપણું) ન. માધુર્ય; મીઠાશ.

ખુશકિસ્મત (ખુશકિસ્મત) [ફા.] વિ. નસીબદાર; ભાગ્યવાન; સારા નસીબવાળું.

ખુશકિસ્મતી (ખુશકિસ્મતી) [ફા.] સ્ત્રી. સારું નસીબ; સૌભાગ્ય.

ખુશકી (ખુશકી) ૧. [ફા. ખુશ્ક (સૂકું)] સ્ત્રી. જમીન ઉપરનો રસ્તો; પગવાટ; જમીન માર્ગ.

૨. વિ. જમીન રસ્તાનું; પગ રસ્તાનું.

ખુશકીનાકું (ખુશકીનાકું) ન. જમીનરસ્તે જતા આવતા માલ ઉપરની જકાત લેવાનું થાણું.

ખુશકુલું વિ. કંગલું; ગજાહીણું; દુર્બળ શરીરનું; સુકલકડી.

ખુશકું જુઓ ખુશકુલું.

ખુશખત (ખુશખત) ૧. [ફા.] પું. સારા અક્ષર.

૨. વિ. જેની લખાવટ સારી હોય તેવું.

૩. વિ. સુંદર અક્ષર લખનાર.

ખુશખતી (ખુશખતી) [ફા.] સ્ત્રી. સુંદર લખાણ.

ખુશખબર (ખુશખબર) ૧. [ફા. ખુશ (સારું) + અ. ખબર (સમાચાર)] પું. સારા સમાચાર લાવનાર માણસ.

૨. સ્ત્રી. આનંદ ઉપજાવે તેવી ખબર; મંગળ સમાચાર; શુભ વર્તમાન.

ખુશખબરી (ખુશખબરી) ૧. [ફા.] સ્ત્રી. પ્રસન્ન કરે તેવા સમાચાર; સારા ખબર.

૨. સ્ત્રી. શુભ સમાચાર લાવનાર સ્ત્રી.

ખુશખરીદ (ખુશખરીદ) ૧. [ફા.] ન. ખાનગી વેચાણ.

૨. ન. બદલો; સોદો.

ખુશખરેદી (ખુશખરેદી) અ. યોગ્ય કીમત આપીને; વેપારીને પ્રસન્ન રાખીને.

ખુશખાન (ખુશખાન) ૧. [ફા.] પું. લવાજમ ભરીને ભણનાર વિદ્યાર્થી.

૨. પું. સારી રીતે વાંચી શકનાર માણસ.

ખુશખિરામ (ખુશખિરામ) [ફા.] સ્ત્રી. છટાવાળી ચાલ.

ખુશખુરમી (ખુશખુરમી) ૧. [ફા.] સ્ત્રી. આનંદ.

૨. સ્ત્રી. સમાધાન.

ખુશખુલ્ક (ખુશખુલ્ક) [ફા.] વિ. વિવેકશીલ; સભ્ય.

ખુશખુલ્કી (ખુશખુલ્કી) [ફા.] સ્ત્રી. સારી રીતભાત; સુધારો.

ખુશખુશ (ખુશખુશ) ૧. [ફા.] અ. રાજીખુશીથી.

૨. અ. સગવડતા મુજબ.

ખુશખુશાલ (ખુશખુશાલ) ૧. [ફા.] વિ. તંદુરસ્ત તેમ જ ખુશ; તનમનની સારી સ્થિતિમાં હોય એવું.

૨. અ. ઘણી ખુશીથી.

ખુશખુશાલી (ખુશખુશાલી) [ફા.] સ્ત્રી. તનમનની સારી સ્થિતિ; તંદુરસ્તી તેમ જ ખુશી; સુખ અને તંદુરસ્તી.

ખુશખૂરાક (ખુશખૂરાક) [ફા.] પું. સારી રીતે જીવન ગુજારનાર માણસ.

ખુશગપ (ખુશગપ) પું. આનંદ આપે એવી ગપ મારનાર માણસ.

ખુશગબાર (ખુશગબાર) [ફા.] વિ. પ્રિય; મનોહર.

ખુશગવાર (ખુશગવાર) ૧. [ફા.] વિ. આનંદ પમાડે એવું; મુગ્ધ બનાવનાર; મોહ પમાડે એવું; સુંદર.

૨. વિ. પચી શકે એવું; માફક આવે એવું.

ખુશગુજરાન (ખુશગુઝરાન) [ફા.] પું. હરીફાઈમાં ઊતરી શકે એવું.

ખુશઝાએકા (ખુશઝાએકા) વિ. સ્વાદિષ્ટ.

ખુશટૂશ પું. બંગાળી એક ઊંચી જાતનો આંબો.

ખુશતકરીર (ખુશતક઼રીર) પું. સારી રીતે દલીલ કરનાર માણસ.

ખુશતદબીરી (ખુશતદબીરી) સ્ત્રી. સારી યુક્તિ.

ખુશતબાઈ (ખુશતબાઈ) સ્ત્રી. આનંદ; મજા.

ખુશતબે (ખુશતબે) ૧. [ફા. ખુશ (સારૂં) + તબે (સ્વભાવ] વિ. આનંદી; આનંદી સ્વભાવનું.

૨. વિ. રમૂજી.

ખુશતરીક (ખુશતરીક઼) જુઓ ખુશઅતવાર.

ખુશતહરીર (ખુશતહરીર) પું. સારો લખનાર.

ખુશતાલે (ખુશતાલે) વિ. નસીબદાર.

ખુશદામન (ખુશદામન) [ફા.] સ્ત્રી. સાસુ.

ખુશદિલ (ખુશદિલ) ૧. [ફા.] વિ. આનંદી; હસમુખું; હમેશા પ્રસન્ન રહેનાર.

૨. વિ. મશ્કરૂં.

ખુશદિલી (ખુશદિલી) [ફા.] સ્ત્રી. આનંદીપણું.

ખુશનવીસ (ખુશનવીસ) ૧. [ફા. ખુશ (સારૂં) + નવીસ (લખવું તે)] પું. સારા અક્ષર લખનાર માણસ; સારો લહિયો.

૨. પું. સારૂં લખાણ કરનાર માણસ.

૩. વિ. સુંદર દસ્કત લખનારૂં.

ખુશનવીસી (ખુશનવીસી) ૧. [ફા.] સ્ત્રી. સુંદર અક્ષર લખવાની કળા.

૨. સ્ત્રી. સુંદર લખાણ.

ખુશનસીબ (ખુશનસીબ) ૧. [ફા.] ન. સદ્‌ભાગ્ય; સારૂં નસીબ.

૨. વિ. નસીબદાર; ભાગ્યવાન; ભાગ્યશાળી.

ખુશનસીબી (ખુશનસીબી) [ફા.] સ્ત્રી. સદ્‌ભાગ્ય; સારૂં નસીબ; સૌભાગ્ય.

ખુશનિયત (ખુશનિયત) ૧. [ફા.] વિ. પ્રામાણિક.

૨. વિ. સારા હેતુવાળું.

ખુશનિયતી (ખુશનિયતી) ૧. [ફા.] સ્ત્રી. સારી ઇચ્છા.

૨. સ્ત્રી. સારૂં વલણ.

ખુશનિયતીસે = વિશ્વાસમાં.

ખુશનુમન (ખુશનુમન) ન. (જરથોસ્તી) માન.

ખુશનુમા (ખુશનુમા) ૧. [ફા. ખુશ (સારૂં) + નુમા (દેખાડો)] વિ. આનંદકારક; મનને રાજી કરે એવું; મનોરંજક; મનોહર; રમણીય; જોતાં મનને ખુશ કરે એવું.

૨. વિ. સુંદર; દેખવામાં સારૂં લાગે તેવું; હસમુખું.

ખુશનૂદ (ખુશનૂદ) [ફા.] વિ. ખુશી; પ્રસન્ન; સંતુષ્ટ.

ખુશનૂદી (ખુશનૂદી) [ફા.] સ્ત્રી. આનંદ; મોજ; રાજીપો.

ખુશનૂદીનો પરવાનો = સારૂં પ્રમાણપત્ર.

ખુશપુશ (ખુશપુશ) [ફા.] અ. કોઈ ન સાંભળે એવી રીતે; છાની રીતે.

ખુશપોશાક (ખુશપોશાક) ૧. વિ. સારા લૂગડાનું શોખીન.

૨. વિ. સારાં લૂગડાં પહેરવાવાળું; સુસજ્જ.

ખુશબખતી (ખુશબખ્તી) જુઓ ખુશબખ્તી.

ખુશબખ્તી (ખુશબખ્તી) ૧. [ફા. ખુશ (સારૂં) + બખ્ત (નસીબ) + ઈ (પણું)] સ્ત્રી. આનંદ; ખુશમિજાજ; ખુશાલી; ઉલ્લાસ; ખુશીની સામે ખુશી બતાવવી તે; હાસ્યવિનોદ; હર્ષ.

૨. સ્ત્રી. ઉત્સવ; ખેલ; ઠઠ્ઠામશ્કરી; વિનોદ.

૩. સ્ત્રી. ખુશીખબરનું ઇનામ; ખુશીની ભેટ; વધાઈ ભેટ; ખુશાલીની બક્ષિશ.

૪. સ્ત્રી. સદ્‌ભાગ્ય.

ખુશબયાન (ખુશબયાન) [ફા.] વિ. છટાથી બોલી શકે તેવું; સારી રીતે બોલવાવાળું.

ખુશબયાની (ખુશબયાની) [ફા.] સ્ત્રી. છટાવાળી ભાષા.

ખુશબાશ (ખુશબાશ) ૧. [ફા. ખુશ (સારૂં) + બાશ (હોવું તે)] વિ. આરામથી રહેનાર.

૨. વિ. થોડા વખત માટે રહેનાર.

ખુશબાશીજમે (ખુશબાશીજમે) [ફા.] ન. હલકું ભાડું.

ખુશબૂ (ખુશબૂ) ૧. [ફા. ખુશ (સારૂં) + બૂ (ગંધ)] સ્ત્રી. અત્તરની વાસ; સુગંધ; સોરમ.

૨. જુઓ ખુશમિજાજ.

ખુશબૂદાર (ખુશબૂદાર) [ફા. ખુશ (સારૂં) + બૂ (ગંધ) + દાર (વાળું)] વિ. ઉત્તમ ગંધવાળું; સુગંધીવાળું.

ખુશબો (ખુશબો) [ફા. ખુશ + બૂઈદન (સૂંઘવું)] સ્ત્રી. ગંધ; પરિમલ; સુગંધ; સુવાસ.

ખુશબોઈ (ખુશબોઈ) ૧. [ફા.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેનાં પાંદડાં સફેદ કાબરચીતરા રંગનાં અને દેખાવમાં ઊનનાં જેવાં હોય છે. સુગંધી તેલ બનાવવામાં તે વપરાય છે.

૨. સ્ત્રી. ખુશબો આપતી ચીજ.

૩. સ્ત્રી. સરૈયાને ત્યાં મળતી એક સુગંધીદાર ભૂકી.

૪. સ્ત્રી. સુગંધી; સુવાસ.

ખુશબોદાર (ખુશબોદાર) [ફા.] વિ. ખુશબોવાળું; સુગંધવાળું; સુગંધીદાર; સુવાસિત.

ખુશમઆશ (ખુશમઆશ) અ. સારી રીતે.

ખુશમનેબહાર (ખુશમનેબહાર) [ફા.] પું.; સ્ત્રી. વસંત ઋતુનો બહાર.

ખુશમરજી (ખુશમરજી) [ફા.] સ્ત્રી. સંતોષ.

ખુશમશ્કરિયો (ખુશમશ્કરિયો) ૧. [ફા.] પું. આનંદ; મજાક; મશ્કરી.

૨. પું. વિદૂષક; મશ્કરો.

ખુશમશ્કરી (ખુશમશ્કરી) [અ. મસ્ખર (હાંસી)] સ્ત્રી. ગમ્મત; હાસ્યવિનોદ.

ખુશમશ્કરૂં (ખુશમશ્કરૂં) ૧. [ફા.] પું. રાજાઓની હજૂરમાં રહેનારો એક જાતનો નોકર.

૨. વિ. મશ્કરી કરીને ખુશ રાખનાર.

ખુશમશ્કરો (ખુશમશ્કરો) ૧. [ફા.] પું. આનંદ; મશ્કરી.

૨. પું. વિદૂષક; રંગલો.

ખુશમિજાજ (ખુશમિજાજ) ૧. [ફા.] પું. આનંદી સ્વભાવ.

૨. પું. સ્વભાવે આનંદી માણસ; હમેશા આનંદમાં રહેતો માણસ.

૩. વિ. આનંદી સ્વભાવનું; હસમુખું; ખુશમિજાજી.

૪. વિ. રમૂજી; મશ્કરું.

ખુશમિજાજી (ખુશમિજાજી) ૧. [ફા. ખુશ + મિજાજ (સ્વભાવ)] સ્ત્રી. આનંદી હોવું તે.

૨. વિ. આનંદી સ્વભાવનું; ખુશમિજાજવાળું; રંગીલું; હસમુખું.

૩. વિ. ગમ્મતી; રમૂજી.

ખુશર ન. નાનું ધ્રુવડ.

ખુશરંગ (ખુશરંગ) ૧. [ફા.] પું. ચટકીલો રંગ; સુંદર રંગ.

૨. વિ. ચટકીલાં રંગનું; સારા રંગવાળું.

ખુશરી (ખુશરી) વિ. સ્ત્રી. ટૂંકી.

ખુશરૂ (ખુશરૂ) [ફા. ખુશ (સારૂં) + રૂ (ચહેરો)] ન. સારૂં મોં.

ખુશરોઝ (ખુશરોઝ) [ફા.] પું. અકબરના વખતમાં ભરાતો એ નામનો મેળો; નવરોઝ; મીનાબજાર.

ખુશવક્ત (ખુશવક્ત) [ફા.] વિ. સંતુષ્ટ; સુખી.

ખુશવક્તી (ખુશવક્તી) ૧. [ફા.] આનંદ; ખુશાલી.

૨. સ્ત્રી. આબાદી; સમૃદ્ધિ; સુખનો વખત.

ખુશ વ ખુર્રમ (ખુશ વ ખુર્રમ) [ફા.] વિ. આનંદમગ્ન.

ખુશસલીકા (ખુશસલીકા) [ફા.] વિ. સારા વર્તનવાળું.

ખુશહાલ (ખુશહાલ) ૧. [ફા.] પું. આનંદ વિહાર; લહેર.

૨. પું. આરોગ્ય.

૩. વિ. આનંદી; ખુશી; આનંદમાં હોય તેવું.

૪. વિ. કુશળ; તંદુરસ્ત.

૫. વિ. સુખી; ખુશ હાલતમાં હોય તેવું.

ખુશહાલી (ખુશહાલી) ૧. [ફા.] સ્ત્રી. આબાદી; સુખી હાલત; ઉત્તમ દશા.

૨. સ્ત્રી. ખુશી.

૩. સ્ત્રી. ખુશીખબર.

૪. સ્ત્રી. તંદુરસ્તી.

૫. વિ. આનંદી; સુખી; ખુશ હાલતમાં હોય એવું.

૬. વિ. કુશળ; તંદુરસ્ત.

ખુશાદ (ખુશાદ) [ફા.] વિ. મોકળું. જુઓ કુશાદ.

ખુશામત (ખુશામત) ૧. [ફા. ખુશ + આમદન (આવવું)] સ્ત્રી. કાલાવાલા.

૨. સ્ત્રી. ખોટાં વખાણ કરવાં તે; મુખસ્તુતિ; સામાને પ્રિય લાગે તેમ બોલવું તે.

૩. સ્ત્રી. સ્વાર્થ માટે કરેલાં હદ બહારનાં વખાણ; હાજીહા; કેવળ બીજાને પ્રસન્ન કરવા માટે કરવામાં આવતી જૂઠી પ્રશંસા; કોઈને વહાલા થવા અથવા મતલબ સાધવાને માટે વધારે પડતું વખાણવું તે; પળશી.

ખુશામતખોર (ખુશામતખોર) [ફા.] વિં. ખુશામત કરનાર; ખુશામતિયું; ખુશામતની ટેવવાળું; પ્રિયવાદી; હાજીહા કરનાર.

ખુશામતખોરી (ખુશામતખોરી) ૧. સ્ત્રી. ખુશામતની ટેવ.

૨. વિ. ખુશામત કરનાર.

ખુશામતતલબ (ખુશામતતલબ) [ફા. ખુશામત (સ્તુતિ) + તલબ (શોધ)] વિ. ખુશામતનું શોખીન.

ખુશામતતલબી (ખુશામતતલબી) [ફા.] સ્ત્રી. સ્તુતિપ્રિયતા; વખાણની સ્પૃહા.

ખુશામતિયું વિ. ખુશામત કરનારૂં; ખુશામતખોર; તારીફ કરીને કામ કાઢી લેનાર; ખુશામતવાળું; હાજીહા કરનાર.

ખુશામતિયો પું. ખુશામત કરનાર આદમી.

ખુશામતી (ખુશામતી) જુઓ ખુશામદી.

ખુશામદ (ખુશામદ) [ફા.] સ્ત્રી. પળશી; ખુશામત. ખુશામદ શબ્દ શુદ્ધ છે. ખુશામત અશુદ્ધ રૂપ છે.

ખુશામદ કરવી = (૧) ખુશામત કરવી; માખણ લેવું; હાજીહા કરવી. (૨) સાકર પીરસવી.

ખુશામદખોર (ખુશામદખોર) જુઓ ખુશામતખોર.

ખુશામદખોરી (ખુશામદખોરી) જુઓ ખુશામતખોરી.

ખુશામદતલબ (ખુશામદતલબ) જુઓ ખુશામતતલબ.

ખુશામદતલબી (ખુશામદતલબી) જુઓ ખુશામતતલબી.

ખુશામદદોસ્ત (ખુશામદદોસ્ત) [ફા.] વિ. સ્તુતિપ્રિય; વખાણ વહાલાં હોય એવું.

ખુશામદિયું જુઓ ખુશામતિયું.

ખુશામદી (ખુશામદી) ૧. [ફા. ખુશામદ + ઈ (પણું)] સ્ત્રી. ખુશામદ કરવાપણું.

૨. વિ. ખુશામદ કરનાર; ચાપલૂસ; માખણિયું.

૩. વિ. બધા પ્રકારનું કામ કરનાર; ઊંચી નીચી બધી જાતની સેવા કરનાર.

ખુશામદીટટ્ટુ (ખુશામદીટટ્ટુ). [ફા.] પું. ખુશામત કરનાર; જેની જીવિકા કેવળ ખુશામદથી ચાલતી હોય તેવો માણસ.

ખુશામસ્કરિયો (ખુશામસ્કરિયો) [ફા. ખુશ + મસ્કરી (મજાક)] પું. આનંદ કરાવનારો; વિદૂષક.

ખુશાલ (ખુશાલ) ૧. [ફા. ખુશ + હાલ (સ્થિતિ)] ન. આરોગ્ય; તંદુરસ્તી.

૨. વિ. આનંદવાળી હાલતમાં હોય તેવું; સુખી.

૩. વિ. કુશળ; તંદુરસ્ત.

ખુશાલચંદ ૧. પું. એ નામનો એક કવિ; કવિ વલ્લભનો બાપ. તેની ગરબીઓ બહુ રસમય મનાય છે. તેણે શૃંગાર રસને મુખ્ય ગણ્યો છે.

૨. પું. વિલાસી પણ કામધંધા વગરનું માણસ.

ખુશાલી (ખુશાલી) ૧. સ્ત્રી. આનંદ; ખુશી.

૨. સ્ત્રી. આનંદથી મગ્ન હાલત; ખુશી; ખુશી ભરેલી સ્થિતિ.

૩. સ્ત્રી. આરોગ્ય; કુશળતા; તંદુરસ્તી.

ખુશાલી બ ખુશાલી (ખુશાલી બ ખુશાલી) [ફા.] સ્ત્રી. ખુશાલી ઉપર ખુશાલી; વિશેષ આનંદ.

ખુશિયાલી ૧. સ્ત્રી. આનંદ; ખુશી; પ્રસન્નતા.

૨. સ્ત્રી. કુશળક્ષેમ.

ખુશિયાં [હિં.] સ્ત્રી. ખુશી.

ખુશિયું વિ. ઠીંગણું; નાના કદનું.

ખુશિયો (ખુશિયો) પું. અંડ; વૃષણ.

ખુશી (ખુશી) ૧. [ફા.] સ્ત્રી. આનંદમગ્નતા; હર્ષ; પ્રસન્નતા; આનંદભરી હાલત. ખુશી એ ભાવવાચક નામ છે તેથી ખુશી થવું તેને ઠેકાણે ખુશ થવું ને ખુશી થઈ તેને ઠેકાણે ખુશી ઉત્પન્ન થઈ એમ બોલવું શુદ્ધ છે.

૧. ખુશી કરવું = (૧) આનંદ પામે તેમ કરવું. (૨) મનાવવું. (૩) રાજી કરવું; હર્ષ પામે તેવી રીતે રીઝવવું.

૨. ખુશીકી લોગ = નાચનારીઓ.

૩. ખુશી ખુશી = (૧) કોઈની સગવડતા મુજબ. (૨) રાજીખુશીથી.

૪. ખુશીનો જીવડો = આનંદી માણસ.

૫. ખુશીમાં આવવું = રાજી થવું.

૨. સ્ત્રી. આરોગ્ય; તંદુરસ્તી.

૩. સ્ત્રી. ઇચ્છા; ભાવ; મરજી; રુચિ.

આપની ખુશીસેં = પોતાની ઇચ્છાથી; મરજિયાત.

૪. સ્ત્રી. ભોગ.

૫. સ્ત્રી. સંતોષ.

૬. સ્ત્રી. સુખ.

૭. સ્ત્રી. સ્વીકાર.

૮. વિ. તંદુરસ્ત; સુખરૂપ; આનંદમાં હોય તેવી હાલતવાળું.

ખુશીખબર (ખુશીખબર) ૧. [ફા.] પું. બ. વ. ખુશાલીના સમાચાર.

૨. ન. મિજાજપુરસી; તબિયતના સમાચાર.

ખુશીખાન (ખુશીખાન) ૧. [ફા.] પું. ફી ભરીને ભણનાર વિદ્યાર્થી.

૨. પું. સારી રીતે વાંચી શકનાર માણસ.

ખુશીખુરમી (ખુશીખુરમી) [ફા.] સ્ત્રી. આનંદ; ઉત્સવ.

ખુશીરજાવંતી (ખુશીરજાવંતી) [ફા. ખુશીરિઝામંદી] સ્ત્રી. સાનંદ સંમતિ; હર્ષ સાથે આપેલ અનુમતિ.

ખુશૂ (ખુશૂ) [અ.] સ્રી. શરમ.

ખુશૂનત (ખુશૂનત) [અ.] સ્રી. ગુસ્સો; ક્રોધ.

ખુશોખુર્રમ (ખુશોખુર્રમ) [ફા.] વિ. આનંદી.
૨. વિ. સુખી.

ખુશ્ક (ખુશ્ક) ૧. [ફા.] વિ. કોરૂં; સૂકું.
૨. વિ. ખાલી; ફિક્કું.
૩. વિ. નીરસ; રસિકતા વગરનું.
૪. અ. ફક્ત.

ખુશ્કમઘઝ (ખુશ્કમઘઝ) [ફા.] વિ. ભોળું; મૂર્ખ.

ખુશ્કસાલી (ખુશ્કસાલી) સ્રી. અનાવૃષ્ટિ; દુકાળ.

ખુશ્કા (ખુશ્કા) [ફા.] પું. ચોખા અને મીઠું નાખીને બનાવેલ એક વાની.

ખુશ્કી (ખુશ્કી) ૧. [ફા.] સ્રી. અનાવૃષ્ટિ; દુકાળ.
૨. સ્રી. ઊંચાણમાં આવેલી જમીન; રેલનું પાણી જેના ઉપર ફરી વળતું નથી અને જેના ઉપર બાજરી અને એવાં બીજાં હલકાં ધાન્ય ઉગાડવામાં આવે તેવી જમીન.
૩. સ્રી. જમીન માર્ગ; જમીન રસ્તો; સ્થળ માર્ગ.
૪. સ્રી. જમીન રસ્તાની જકાત.
૫. સ્રી. નીરસતા; શુષ્કતા.
૬. સ્રી. મેલ.
૭. સ્રી. સૂકાપણું.
૮. વિ. જમીન રસ્તાનું; પગરસ્તાનું.
૯. અ. જમીન રસ્તે.

ખુશ્નમત (ખુશ્નમત) [ફા.] વિ. આનંદદાયક.

ખુસપુસ ૧. પું. ખાસિયાં કરવાની રીત બતાવનારો શબ્દ.
૨. સ્રી. કાનમાં થતી છાની છાની વાતો.

ખુસફુસ જુઓ ખુસપુસ.

ખુસયા (ખુસયા) [અ.] પું. વૃષણ.

ખુસર (ખુસર) [ફા.] પું. સાસરો.

ખુસરપુસર સ્રી. કાનમાં વાત કરવી તે; ઘુસપુસ.

ખુસરફુસર જુઓ ખુસરપુસર.

ખુસરવી (ખુસરવી) [ફા.] વિ. બાદશાહી; રાજાનું.

ખુસરૂ (ખુસરૂ) ૧. [ફા.] પું. દિલ્હીમાં થઈ ગયેલ એ નામનો ફારસી કવિ.
૨. પું. રાજા; સુલતાન.

ખુસરો (ખુસરો) ૧. પું. ઈરાનનો એ નામનો એક બાદશાહ.
૨. પું. મૂછ વગરનો પુરુષ; બકમૂછો; નાજર.

ખુસરૌ (ખુસરૌ) ૧. [ફા.] પું. એક પ્રખ્યાત રાજાનું નામ.
૨. પું. દિલ્હીમાં થઈ ગયેલ એ નામનો એક ફારસી કવિ.
૩. પું. રાજા; સુલતાન.

ખુસાલ [ફા. ખુશહાલ] વિ. આનંદિત; ખુશ; મુદિત.

ખુસિયો (ખુસિયો) ૧. [અ. ખુસ્યહ (વૃષણ)] પું. ખાયો; પેળિયો; વૃષણ; અંડ.
૨. વિ. પું. ખસ્સી કરેલો; વૃષણ વગરનો.

ખુસીટાં ન. બ. વ. પશુના પગ અને મોઢાનો એક રોગ; મુહખર.

ખુસૂફ (ખુસૂફ઼) [અ.] પું. ચંદ્રગ્રહણ.

ખુસૂમત (ખુસૂમત) [અ.] સ્રી. દુશ્મનાવટ.

ખુસૂમાત (ખુસૂમાત) [અ.] સ્રી. લડાઈ.

ખુસૂર (ખુસૂર) [અ.] અ. ચોક્કસ; નક્કી.

ખુસૂસ (ખુસૂસ) ૧. [અ.] પું. કામ; ધંધો.
૨. અ. ખાસ કરીને; ઘણું કરીને; વિશેષતઃ.

ખુસૂસન (ખુસૂસન) [અ.] અ. ખાસ કરીને.

ખુસૂસિયત (ખુસૂસિયત) [અ.] સ્રી. ખાસ સંબંધ; મિત્રતા.

ખુસ્ક જુઓ ખુશ્ક.

ખુસ્કી (ખુસ્કી) જુઓ ખુશ્કી.

ખુસ્યા પું. બ. વ. પેળ; વૃષણ.

ખુસ્યાલ [ફા. ખુશહાલ] વિ. આનંદિત; ખુશ; મુદિત.

ખુહા [સં. ક્ષુધા] સ્રી. (પ્રાકૃત) ક્ષુધા; ભૂખ.

ખુહાર (ખુહાર) [ફા.] વિ. ખુવાર; પાયમાલ; હેરાન.

ખુહારી (ખુહારી) [ફા.] સ્રી. ખુવારી; પાયમાલી.

ખુળખુળા ન. એક જાતની વનસ્પતિ. તેનાં પાનનો રસ નાકમાં નાખવાથી હિસ્ટીરિઅ મટે એમ મનાય છે.

ખુંગાહ [સં.] પું. કાળો, ધોળો, પીળો એમ મિશ્ર રંગનો ઘોડો.

ખુંચા (ખુંચા) [ફા.] પું. નાની અડાળી.

ખુંચી સ્રી. ખિસ્સી.

ખુંજડાં (ખુંજડ઼ાં) ન. બ. વ. નાનાં છોકરાંનાં પગરખાં.

ખુંટ ૧. સ્રી. એ નામની કણબીની અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ખુંટર [હિં.] ન. ભીંગડું.

ખુંડલા ૧. [હિં.] પું. ખંઢેર; પડી ગયેલું મકાન.
૨. પું. ઘર.
૩. પું. ઝાડનો પોલો ભાગ.

ખુંડા [હિં.] વિ. બુઠ્ઠું.

ખુંદલવું [હિં.] સ. ક્રિ. પગથી કામ કરવું; કચરવું.

ખુંદલું ૧. ન. ગૂંછળું.
૨. વિ. બરડાની કરોડમાં ટેકરાના રોગવાળું.

ખુંબાફોડ (ખુંબાફ઼ોડ઼) ન. એક જાતનું પક્ષી. તે દરિયા કિનારે કાલુ વગેરે માછલીના કોટલામાં પોતાની તીણી ચાંચથી ખોરાક શોધતું ફરે છે અને તે માંહેનાં ઝીણાં જંતુ ખાઈ તે ઉપર નિર્વાહ કરે છે.

ખુંભાલા ૧. સ્રી. એ નામની કણબીની અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ખુંભીક્યારો પું. ગાય કે ભેંસના પૂછડાના મૂળ પાસેની જગ્યા. ઢોર વિયાવાનું થાય ત્યારે ત્યાં ખાડા પડે. તે સ્થિતિને ખુંભીક્યારા ગળ્યા કે નમ્યા એમ કહેવામાં આવે છે.

ખુંરેજી સ્રી. કાપાકાપી; ખૂનરેજી.

ખુંસ [પ્રા.] સ્રી. મોજડી.

ખૂ (ખૂ) ૧. [ફા.] સ્રી. ટેવ; સ્વભાવ.
૨. સ્રી. રીતભાત.

ખૂક (ખૂક) [ફા.] ન. ડુક્કર; ભૂંડ; સૂવર.

ખૂખવો પું. ધ્રુસકો; પોક; મરનારની પાછળ હિંદુ રિવાજ મુજબ ધાંટો પાડી રોવું તે; ઠૂઠવો.

ખૂખી ૧. [હિં.] સ્રી. નાની છોડી.
૨. [હિં.] સ્રી. સખત વરસાદ થયા પછી ઘઉં તથા બાજરામાં થતી જીવાત.

ખૂગ (ખૂગ) [ફા.] ન. ડુક્કર; ભૂંડ; સૂવર.

ખૂજલી ૧. સ્રી. એક જાતનો ચામડીનો રોગ; ખણજ; ખંજવાળ; ખંજોળ; ચળ; વલૂર. આ રોગ લોહીનો બગાડ અથવા ઝાડાની કબજિયતથી થાય છે. તેમાં શરીર ઉપર ખરજ આવે અને પછી ફોલ્લા થાય. પશુને પણ આ રોગ થાય છે. તેના વાળના મૂળમાં કીડ થાય, ચામડી સુકાઈ જાય, ઝીણી ફોલ્લીઓ ઊપડે અને ચામડી આળી થાય. આ રોગવાળા પશુને બીજાં પશુથી દૂર રાખવું.

૨. સ્ત્રી. જેથી ખણવું પડે અથવા જેનાથી ખંજવાળ થઈ આવે એવી રજોટી કે ખજૂરી.

૩. સ્ત્રી. સંભોગ કરવાની ઇચ્છા.

ખૂજળી જુઓ ખૂજલી.

ખૂઝા [હિં.] પું. નીચે બેઠેલ કચરો.

ખૂઝાદા (ખૂઝાદા) ૧. [ફા.] પું.; સ્ત્રી. ખોરાક; અન્ન.

૨. વિ. સુંદર; રૂપાળું.

ખૂઝાદી (ખૂઝાદી) ૧. [ફા.] સ્ત્રી. ખોરાક; અન્ન.

૨. વિ. સુંદર; રૂપાળું.

ખૂટ ૧. સ્ત્રી. અપૂર્ણતા; ઓછ; ઓછપ; કમી; કસર; ખોટ; ઘટ.

૨. સ્ત્રી. દિશા; બાજુ.

૩. વિ. પૂરેપૂરું; સંપૂર્ણ.

ખૂટકો ૧. પું. અપૂર્ણતા; ઓછપ; કમી; કસર; ખોટ; ઘટ.

૨. પું. ક્ષય; નાશ; વ્યય.

ખૂટડું (ખૂટડું) ૧. ન. ખોયણું; બળતા લાકડાનો કટકો.

૨. ન. ધગધગતો અંગારો; લાળો.

ખૂટડો (ખૂટડો) જુઓ ખૂટડું.

ખૂટણ ન. ખોટ આવવાપણું; ઘટી પડવું તે.

ખૂટબહેરૂં વિ. તદ્દન બહેરૂં; જરા પણ સાંભળી શકે નહિ એવું.

ખૂટભંડોળ વિ. ઓછી સિલકવાળું.

ખૂટલ ૧. વિ. અપ્રમાણિક; ફૂટીને સામા પક્ષમાં જનારૂં; વિશ્વાસઘાતી.

૨. વિ. ખોટાબોલું; જૂઠું બોલનારૂં.

૩. વિ. બોલેલું ન પાળે તેવું; વચનભ્રષ્ટ.

ખૂટલાઈ જુઓ ખૂટાઈ.

ખૂટવું ૧. અ. ક્રિ. આવી રહેવું; ખપી જવું; પૂરૂં થઈ જવું.

૨. અ. ક્રિ. ઓછું થવું; કમી થવું; ઘટવું; ઘટી પડવું; ટાંચ કે તંગી આવવી.

૩. અ. ક્રિ. કંટાળવું; થાકી જવું.

૪. અ. ક્રિ. કાદવ વગેરેમાં ખૂંચવું.

૫. અ. ક્રિ. તકરારમાં બોલવાનું ન સૂઝવું; હારવું.

૬. અ. ક્રિ. દગો કરી બીજાને મળી જવું; ફૂટવું.

૭. અ. ક્રિ. બંધ થવું.

૮. અ. ક્રિ. બોલીને ફરી જવું; વચન આપી ફરી જવું; ખૂટલ થવું.

૯. અ. ક્રિ. વિશ્વાસઘાતી બનવું.

ખૂટાઈ ૧. સ્ત્રી. અપ્રમાણિકપણું; વિશ્વાસઘાત.

૨. સ્ત્રી. અવગુણ; દોષ; ખોડખાંપણ.

૩. સ્ત્રી. ખરાબી; નાશ; પાયમાલી.

૪. સ્ત્રી. છેતરપિંડી; દગો; પ્રપંચ.

૫. સ્ત્રી. જૂઠું બોલવું તે.

૬. સ્ત્રી. દુષ્ટતા; અધમતા.

૭. સ્ત્રી. બેશરમપણું.

૮. સ્ત્રી. બોલ્યું નહિ પાળવાપણું.

ખૂટાખૂટ અ. ખૂટી જાય કે તરત; ખૂટયેખૂટયું.

ખૂટાડવું (ખૂટાડવું) ૧. સ. ક્રિ. ઓછું થાય તેમ કરવું; ખૂટે તેમ કરવું; ઘટાડવું; ઘટે એમ કરવું.

૨. સ. ક્રિ. પૂરૂં કરવું.

૩. સ. ક્રિ. ફીટાડવું; ફોડવું; વિશ્વાસઘાત કરાવવો.

ખૂટામણ ૧. ન. કસર; ખૂટ; ખૂટી જવું તે; ખોટ; ન્યૂનતા.

૨. ન. છળ; છેતરપિંડી; છેહ; દગો; બેઇમાની; વિશ્વાસઘાત.

૩. ન. વાત બહાર પાડવી તે.

ખૂટી ૧. સ્ત્રી. અંતકાળ; મરણ.

૨. સ્ત્રી. ખીલી; મેખ; સળી.

ખૂટેલ ૧. વિ. કંગાલ; ખાલી થયેલ; જેની પાસેથી ધન ખૂટી ગયું હોય એવું.

૨. વિ. દગલબાજી કરનાર; દગાખોર; ફૂટેલ; બેવફા; વિશ્વાસઘાતી.

૩. વિ. દિવાળિયું; નાદાર.

ખૂટેલું જુઓ ખૂટેલ.

ખૂઠી સ્ત્રી. ભીંગડું.

ખૂડ (ખૂડ) ૧. ન. અગાસી; ધાબું.

૨. ન. ગધેડાને હાંકી કાઢવામાં વપરાતો શબ્દ.

૩. ન. ચાસ; ક્યારો.

૪. ન. મૃતકની પાછળ દાઢીમૂછ મૂંડાવવાં તે.

ખૂણ ૧. સ્ત્રી. કોણ; ખૂણો.

૨. સ્ત્રી. ચિહ્ન; નિશાની.

૩. સ્ત્રી. દબાવીને ઉઠાડેલી છાપ.

૪. સ્ત્રી. દિશા.

ખૂણખૂણિયોદા પું. એ નામની એક રમત; બાઈબાઈ ચાળણી.

ખૂણાદાવ પું. એક રમત. તેમાં ચાર ખૂણે ચાર રમનાર અને પાંચમો વચમાં ઊભો રહે. પછી ખૂણાવાળા છોકરા પરસ્પર ખૂણા બદલે ત્યારે તેમાંનો ખાલી પડેલ ખૂણો ચાર માંહેનો રમનારો આવતા પહેલાં વચમાંનો પાંચમો પૂરી દે તો એ પાંચમાનો દાવ ઊતર્યો કહેવાય.

ખૂણાળું વિ. જેને ખૂણા હોય એવું; ખૂણાવાળું.

ખૂણિયાળું વિ. ખૂણાવાળું; ખૂણેદાર; જેને ખૂણા હોય એવું.

ખૂણિયું ૧. ન. કાટખૂણાના આકારનો નળનો નાનો કટકો.

૨. ન. ખૂણે જડવામાં આવતું ધાતુનું જડોયું.

૩. વિ. ખૂણાવાળું.

ખૂણિયો કૌંસ પું. ખૂણાવાળો કૌંસ; [ ].

ખૂણી પું. સાંકડો ખૂણો.

ખૂણેખચકે ૧. અ. છાની જગ્યાએ; એકાંતમાં; અપરિચિત સ્થળે.

૨. અ. દરેક સ્થળે; ચારેગમ; સર્વત્ર.

ખૂણેખંચકે જુઓ ખૂણેખચકે.

ખૂણેખંટોળે જુઓ ખૂણેખચકે.

ખૂણેખાંચરે જુઓ ખૂણેખચકે.

ખૂણેખાંચે જુઓ ખૂણેખચકે.

ખૂણેખૂણે જુઓ ખૂણેખચકે.

ખૂણેખોચરે જુઓ ખૂણેખચકે.

ખૂણેખોચલે જુઓ ખૂણેખચકે.

ખૂણેખોતરે જુઓ ખૂણેખચકે.

ખૂણેખોરે જુઓ ખૂણેખચકે.

ખૂણેખોંચરે જુઓ ખૂણેખચકે.

ખૂણો ૧. [સં. કોણ] પું. અણી; કોણ; ખાંચો; બે બાજુ કે દિશાની લીટીઓ જ્યાં મળતી હોય તે જગ્યા; 'ઍંગલ'.

૧. કાટખૂણો = ૯૦°નો ખૂણો.

૨. ખૂણા કઢાવવા = ચહેરો કઢાવવો; હજામત કરાવવી.

૩. પહોળો ખૂણો = ૯૦°થી મોટો ખૂણો.

૪. સાંકડો ખૂણો = ૯૦°થી નાનો ખૂણો.

૨. પું. ખાંચરો; એકાંત; ગુપ્ત ભાગ; છૂપી જગ્યા.

૧. ખૂણામાં નાખવું = ગુણ પ્રકાશ ન થાય એવી જગ્યાએ મૂકવું; બેદરકારીથી નાખી મૂકવું.

૨. ખૂણામાં રહેવું = રાંડ્યા પછી વિધવાએ એકાંતમાં રહેવું.

૩. ખૂણે પડી રહેવું = અંધારામાં રહેવું; ગુણ પ્રકાશ ન થાય એવી સ્થિતિમાં રહેવું.

૪. ખૂણે બેસવું = (૧) ઘરમાં ભરાઈ રહેવું. (૨) વિધવાએ એકાંતમાં રહેવું; ખૂણો પાળવો.

૫. ખૂણે હોવું = ધણીના મરણથી સ્ત્રીએ ઘરમાં રહી શોક પાળવો.

૬. ખૂણો કહેવરાવવો-કોહવડાવવો = છૂપી જગ્યાએ વ્યભિચાર કરવો.

૭. ખૂણો પાડવો = (૧) કાગળ ઉપર ખૂણો થાય તેમ ચીતરવું. (૨) બે ઘરની વચમાં વાંકી જગા પાડવી.

૮. ખૂણો પાળવો = (૧) ગુપ્ત રહેવું. (૨) ઘરની બહાર ન નીકળવું; ઘરમાં ઘલાઈ રહેવું. (૩) હિંદુ સ્ત્રીએ પતિનો દેહાંત થતાં ઘરમાં જ રહી અમુક સમય શોક પાળવો.

૯. ખૂણો ભાંગવો = ખૂણો ભાંગી ફાંસ અથવા ગોળાઈ કરવી.

૧૦. ખૂણો મૂકવો = પતિ મરણના શોકની મુદ્દત પૂરી થયે સ્ત્રીએ ઘર બહાર નીકળવું.

૧૧. ખૂણો સોડવરો = વિધવાએ ગર્ભપાત કરાવવો.

૩. પું. ખાડો; ખાણ.

ખૂણોખચકો પું. એકાંત જગ્યા; અપરિચિત સ્થળ; છાની જગ્યા.

ખૂણોખંચાળો જુઓ ખૂણોખાંચરો.

ખૂણોખાંચરો પું. ખૂણોખંચાળો; છેક ખૂણે સંતાવાની છાની જગ્યા.

ખૂત ૧. પું. જમીનદાર.

૨. [સં. કુંટ્ (અટકાવવું)] સ્ત્રી. અડચણ; વાંધો; હરકત.

૩. વિ. ખૂંચી જાય એવું.

૪. વિ. પૂરેપૂરું.

ખૂત ઘા પું. બેસી જાય તેવો ઘા; ભમરડાને બીજા ભમરડાથી બેસી જાય તેવો મારવામાં આવતો ઘા.

ખૂતવું ૧. અ. ક્રિ. કળવું; ખૂંપવું.

૨. અ. ક્રિ. કાદવમાં ઊતરી જવું; ખૂંચવું; અંદર જઈ ચોંટી જવું.

ખૂથી [હિં.] સ્ત્રી. ભીંગડું.

ખૂદ (ખૂદ) ૧. [હિં.] પું. કચરો.

૨. સ્ત્રી. ઢોરના ચારા માટે વપરાતા કાચા ઘઉં તથા મકાઈ.

૩. [ફા.] સ. પોતે.

ખૂદરું ૧. ન. ખોતરણું; વાંધોવચકો.

૨. ન. દ્વેષ ખાતર કરેલી ભૂલ.

ખૂદ્ર [સં. ક્ષુદ્ર] વિ. નાનું; હલકું.

ખૂધરું જુઓ ખૂદરું.

ખૂન (ખૂન) ૧. [ફા.] ન. કતલ; ઘાત; જાનથી મારી નાખવું તે; પ્રાણ લેવો તે; વધ; હત્યા; હિંસા.

૨. ન. કોઈનો જાન લેવા જેવો ગુનો.

૩. ન. રક્ત; લોહી.

૧. ખૂન આંખમાં ઉતારવું = ક્રોધથી આંખમાં લોહી તરી આવવું.

૨. ખૂન કરવું = કતલ કરવી; મારી નાખવું; હત્યા કરવી.

૩. ખૂન ચાટવું = હથિયાર ઉપર લોહીના ડાઘા પડવા.

૪. ખૂન ચાલવું–નીકળવું = લોહી વહેવું.

૫. ખૂન પીવું = કોઈનું લોહી ચૂસવું.

૬. ખૂન બગાડવું = (૧) કોઢવાળું હોવું. (૨) લોહી અશુદ્ધ કરવું.

૭. ખૂન શિર ચઢવું = કોઈની જિંદગી લેવાના કામ ઉપર હોવું.

૮. ખૂને જિગર ખાવું–પીવું = (૧) લાગણીઓ ઉપર કાબૂ મેળવવો. (૨) સખત મજૂરી કરવી.

૪. ન. વેરની તરસ; ખૂનસ; જુસ્સો; ઝેર; વેર લેવાની તરસ.

ખૂનઅફ્શાની (ખૂનઅફ્શાની) [ફા. ખૂન (લોહી) + અફ્શાની (પાથરવું તે)] સ્ત્રી. ખૂન; ખુનામરકી.

ખૂનઆબ (ખૂનઆબ) [ફા. ખૂન (લોહી) + આબ (પાણી)] ન. લોહીનાં આંસુ.

ખૂનઆલૂદા (ખૂનઆલૂદા) [ફા. ખૂન (લોહી) + આલૂદા (બગડેલું)] વિ. લોહીથી ખરડાયેલ; લોહીના ડાઘવાળું.

ખૂનઆશામ (ખૂનઆશામ) [ફા.] વિ. ઘાતકી; નિર્દય.

ખૂનકાર (ખૂનકાર) [ફા.] વિ. જેનાથી બધા ત્રાસે એવું; લોહીતરસ્યું.

ખૂનકી (ખૂનકી) [ફા.] સ્ત્રી. ઊંઘ.

ખૂનખચ્ચર વિ. લોહીલોહાણ.

ખૂનખરાબા (ખૂનખ઼રાબા) ૧. પું. એક જાતનો રોગાન.

૨. [ફા.] પું. ખુનામરકી.

૩. વિ. લોહીલોહાણ.

ખૂનખરાબી (ખૂનખ઼રાબી) જુઓ ખૂનખરાબો.

ખૂનખરાબો (ખૂનખ઼રાબો) ૧. [ફા.] પું. ખૂન અને એવાં બીજાં તોફાન; ખુનામરકી.

૨. પું. મારફાડ; મારામારી.

ખૂનખાર (ખૂનખ઼ાર) ૧. [ફા] પું. શિકાર કરનારું પ્રાણી.

૨. વિ. ઘાતકી; ક્રૂર; ખૂની.

૩. વિ. જીવલેણ; પ્રાણઘાતક.

૪. વિ. રક્તસ્રાવી; રુધિરપાતક; લોહીની છોળો ઊડે એવું.

ખૂનખાહ (ખૂનખ઼ાહ) જુઓ ખૂનખાર.

ખૂનખુવારી (ખૂનખુવારી) [ફા.] સ્ત્રી. જાનમાલનો નાશ.

ખૂનખ્વાર (ખૂનખ઼્વાર) જુઓ ખૂનખાર.

ખૂનખ્વારગી (ખૂનખ઼્વારગી) [ફા.] સ્ત્રી. ક્રૂરતા; ઘાતકીપણું.

ખૂનખ્વારી (ખૂનખ઼્વારી) [ફા.] સ્ત્રી. ક્રૂરતા; ઘાતકીપણું.

ખૂનખ્વાહ (ખૂનખ઼્વાહ) [ફા.] વિ. લોહીનું તરસ્યું.

ખૂનચકાન (ખૂનચકાન) [ફા. ખૂન (લોહી) + ચકાન (તરસતું)] વિ. લોહી ટપકતું.

ખૂનતરસ્યું વિ. ખૂન કરવાની તીવ્ર ઇચ્છાવાળું; લોહીતરસ્યું.

ખૂનન (ખૂનન) [ફા.] પું. ખૂન કરનાર માણસ.

ખૂનાફ્શાન (ખૂનફિશાન) [ફા.] પું. ખૂની.

ખૂનબહા (ખૂનબહા) [ફા.] પું. ખૂન માટે આપવો પડતો દંડ.

ખૂનબાર (ખૂનબાર) [ફા.] વિ. લોહી વરસાવતું.

ખૂનભર્યું વિ. લોહિયાળું.

ખૂનરેજ (ખૂનરેજ) ૧. [ફા. ખૂન (લોહી) + રેઝ (રેડનાર)] વિ. ખૂની; જીવ લેનાર.

૨. વિ. ભયંકર.

૩. વિ. રક્ત વહેવડાવનાર.

ખૂનરેજી (ખૂનરેજી) ૧. [ફા. ખૂન + રીખ્તન (રેડવું)] સ્ત્રી. કતલ; કાપાકાપી; ખુનામરકી.

૨. વિ. લોહી વહેવરાવેલું હોય તેવું.

ખૂનરેઝ (ખૂનરેઝ) જુઓ ખૂનરેજ.

ખૂનરેઝી (ખૂનરેઝી) જુઓ ખૂનરેજી.

ખૂનસ સ્ત્રી. ખુન્નસ; વેરની તરસ.

ખૂનસી વિ. કિન્નાવાળું; ખારીલું; ખુનસવાળું; વેર લે એવી લાગણીવાળું.

ખૂનામરકી સ્ત્રી. કાપાકાપી; ખૂનરેજી.

ખૂનારેજી સ્ત્રી. કાપાકાપી; ખુનામરકી; મારફાડ.

ખૂની (ખૂની) ૧. [ફા.] પું. ખૂન કરનાર માણસ.

૨. વિ. અત્યાચારી; જાલિમ.

૩. વિ. ખૂન કરે એવું; ઘાતકી; ક્રૂર.

ખૂનીદસ્ત (ખૂનીદસ્ત) [ફા.] પું. મરડો.

ખૂનીન (ખૂનીન) [ફા.] વિ. લોહીના રંગનું; લોહીવાળું.

ખૂન્નસ જુઓ ખૂનસ.

ખૂન્સી જુઓ ખૂનસી.

ખૂપ ન. મુગટ.

ખૂપવવું સ. ક્રિ. ઠરાવવું; ઠેરવવું; નક્કી કરવું.

ખૂપવું ૧. અ. ક્રિ. અંદર ઊતરી ચોટી જવું; કળી જવું; ખૂંતવું.
૨. અ. ક્રિ. અંદર જવું; ઊંડું ઊતરવું; પેસવું.
૩. અ. ક્રિ. જમાવવું; ઠેરવવું; નક્કી કરવું.

ખૂફીઆ (ખૂફીઆ) [ફા.] વિ. છૂપું; ખાનગી; ગુપ્ત.

ખૂબ (ખૂબ) ૧. સ્ત્રી. (જરથોસ્તી) એ નામની એક ક્રિયા. તેમાં યશ્ન બોલવામાં આવે છે અને કેટલીક ક્રિયા પાળવામાં આવે છે.
૨. [ફા.] વિ. અતિશય; ઘણું; જોઈએ તેથી વધારે; પુષ્કળ.
૩. વિ. ઉત્તમ; ઉમદા; મજાનું.
૪. વિ. ભલું.
૫. અ. બહુ સારું; ભલે.
૬. અ. શાબાશ.

ખૂબકલાન (ખૂબકલાન) [ફા.] સ્ત્રી. એ નામની એક ઔષધિ; ખાકસી; ખાકસીર.

ખૂબખૂબા અ. ઘણું; પુષ્કળ.

ખૂબતરાંસે અ. અચ્છી રીતે; સારી રીત.

ખૂબતરીન (ખૂબતરીન) [ફા.] વિ. સૌથી સુંદર.

ખૂબનિરંગ પું. (જરથોસ્તી) ધાર્મિક સત્રો સારી રીતે જાણનાર માણસ.

ખૂબમિલ્તી (ખૂબમિલ્તી) [ફા.] વિ. બરાબર લાગુ થાય તેવું.

ખૂબરૂ (ખૂબરૂ) ૧. [ફા.] પું. આકર્ષક પદાર્થ; દેખાવડી વસ્તુ.
૨. પું. સુંદર ચહેરો.
૩. વિ. નાજુક.
૪. વિ. ઘણું સુંદર; દેખાવડું; રળિયામણું.

ખૂબરૂઈ (ખૂબરૂઈ) [ફા.] સ્ત્રી. સૌંદર્ય.

ખૂબવજા (ખૂબવજા) [ફા.] અ. ઉત્તમ રીતથી.

ખૂબસા (ખૂબસા) [ફા.] અ. ઘણું જ.

ખૂબસૂરત (ખૂબસૂરત) ૧. [ફા.] પું. સુંદર ચહેરો; મનોહર આકૃતિ; સુંદર સિક્કો.
૨. વિ. કાવલું; નાજુક.
૩. વિ. ઘણું સુંદર; દેખાવડું; ફૂટડું; રળિયામણું; રૂપાળું.

ખૂબસૂરતી (ખૂબસૂરતી) [ફા.] સ્ત્રી. કાંતિ; રૂપસંપત્તિ; લાવણ્યતા; શોભા; ફૂટડાપણું; સૌંદર્ય; રૂપ; સુંદરતા.

ખૂબાખૂબ અ. પુષ્કળ; ઘણું.

ખૂબાન (ખૂબાન) [ફા.] સ્ત્રી. માશૂક; પ્રિયા.

ખૂબાની (ખૂબાની) [ફા.] સ્ત્રી. જરદાલુ.

ખૂબી (ખૂબી) ૧. [ફા.] સ્ત્રી. અદ્ભુતતા; નવાઈ.
૨. સ્ત્રી. ખાસ ગુણ; ગુણ વિશેષતા.
૩. સ્ત્રી. ચતુરાઈ.
૪. સ્ત્રી. ચાલાકી; ડહાપણ.
૫. સ્ત્રી. ચુંબન; બકી.
૬. સ્ત્રી. નેકી; ભલાઈ; સારાપણું.
૭. સ્ત્રી. મજા; રસ; લહેજત.
૮. સ્ત્રી. મૃદુતા.
૯. સ્ત્રી. યુક્તિ.
૧૦. સ્ત્રી. રહસ્ય; ભેદ.
૧૧. સ્ત્રી. વિલક્ષણતા; વિચિત્રતા.
૧૨. સ્ત્રી. શ્રેષ્ઠતા.
૧૩. સ્ત્રી. સદ્ગુણ.
૧૪. સ્ત્રી. સુંદરતા; સૌંદર્ય; ફૂટડાપણું.
૧૫. સ્ત્રી. સ્વચ્છતા.

ખૂબીદાર (ખૂબીદાર) ૧. [ફા.] વિ. આશ્ચર્યવાળું; ખૂબીવાળું; ચમત્કારિક.
૨. વિ. ઉત્કૃષ્ટ; ઉમદા; શ્રેષ્ઠ.
૩. વિ. લાવણ્યવાળું; શોભીતું.

ખૂબ્સ (ખૂબ્સ) ૧. [અ.] પું. અદેખાઈ.
૨. પું. દુષ્ટતા.

ખૂમચાવાળો પું. ખૂમચામાં ભરેલી વસ્તુઓ વેચનારો.

ખૂમચો ૧. [ફા. ખુમચેહ] પું. એક જાતનો મોટો થાળ; ટાટ; ઢળતા કાંઠાની છાછર થાળી; તાસક.
૨. પું. એક જાતનો સાડલો.
૩. પું. ખૂમચામાં ભરીને અપાતી ભેટ.
૪. પું. વેચવાની વસ્તુઓથી ભરેલો થાળ.

ખૂમાર (ખૂમાર) [અ.] પું. ખુમારી; ઘેન.

ખૂર (ખૂર) ૧. પું. ખોરાક.
૨. પું. સૂરજ; સૂર્ય.
૩. સ્ત્રી. ઢોરના પગની ખરી.
૪. વિ. લાયક; યોગ્ય.
૫. અ. ખાતું. આ અર્થમાં તે સમાસમાં વપરાય છે.

ખૂરચીન (ખૂરચીન) [ફા.] પું. ઘોડા ઉપર સામાન રાખવાનો કોથળો.

ખૂરજીન જુઓ ખૂરચીન.

ખૂરપી ૧. સ્ત્રી. ખરપડી; નાનો ખરપો; ઘાસ ઉખેડવાનું તાવેથા જેવું એક હથિયાર.
૨. સ્ત્રી. ઢીંચણની કાચલી.
૩. સ્ત્રી. પક્ષીનું પાંજરૂં સાફ કરવાનું સાધન.

ખૂરપો ૧. [સં. ક્ષુરપ્ર] પું. ઘાસ ઉખેડવાનું તાવેથા જેવું લાકડાના હાથાવાળું એક ઓજાર.
૨. વિ. પું. ઘરડો.

ખૂરશેદ (ખૂરશેદ) પું. પારસી મહિનાનો અગિયારમો દિવસ.

ખૂરસંદ ૧. વિ. સંતોષી; સુખી.
૨. અ. ઉતાવળે; ઝડપથી.

ખૂરસંદી (ખૂરસંદી) ૧. [ફા.] સ્ત્રી. ઉતાવળ; ઝડપ.
૨. સ્ત્રી. સંતોષ.

ખૂરંદા (ખૂરંદા) ૧. [ફા.] પું. બ. વ. બાળકો.
૨. વિ. ખાનાર.

ખૂરા (ખૂરા) ૧. [ફા.] પું. કોઢ.
૨. વિ. ખાનાર.
૩. વિ. લાયક; યોગ્ય.
૪. વિ. સહન કરનાર.

ખૂરાક (ખૂરાક) ૧. [ફા.] પું. ખોરાક; ખાવાની વસ્તુ.
૨. પું. પીવાની દવાનો એક ભાગ.

ખૂરાકી (ખૂરાકી) [ફા.] સ્ત્રી. રોજી; આવક; ગુજરાનનું સાધન.

ખૂરાબ (ખૂરાબ) [ફા.] ન. ગંદું પાણી.

ખૂરિશ (ખૂરિશ) [ફા.] સ્ત્રી. ખાવું પીવું તે.

ખૂર્ચાલી [હિં.] સ્ત્રી. નિયમ વિરુદ્ધ હોવું તે.

ખૂર્દ (ખૂર્દ) [ફા.] વિ. નાનું.

ખૂર્દગી (ખૂર્દગી) [ફા.] સ્ત્રી. પૈસા વટાવવા તે.

ખૂર્દગીર (ખૂર્દગીર) ૧. [ફા.] વિ. ટીકા કરનાર.
૨. વિ. ઠપકો દેનાર.
૩. વિ. ધ્યાન આપનાર.

ખૂર્દની (ખૂર્દની) [ફા.] સ્ત્રી. ખાવાની ચીજ.

ખૂર્દબુર્દ (ખૂર્દબુર્દ) ૧. [ફા.] ન. છેતરપિંડી; પ્રપંચ; દગો.
૨. ન. લાંચ; રિશ્વત.

ખૂર્દા (ખૂર્દા) ૧. [ફા.] પું. કરચ; ટુકડો; કટકો.
૨. પું. ખામી; દોષ.
૩. પું. પરચૂરણ પૈસા.
૪. વિ. અનુભવવાળું.
૫. વિ. ખાધેલું.
૬. વિ. દુઃખી થયેલું.
૭. વિ. નાનું.

ખૂર્દફરોશ (ખૂર્દફરોશ) [ફા.] વિ. પરચૂરણ વેચનાર.

ખૂર્દિયા (ખૂર્દિયા) [ફા.] વિ. પૈસા વટાવી આપનાર.

ખૂર્દી (ખૂર્દી) [ફા.] સ્ત્રી. બાળપણ; બચપણ.

ખૂર્રમ (ખૂર્રમ) ૧. [ફા.] વિ. આનંદદાયક.
૨. વિ. આનંદી.

ખૂર્રમી (ખૂર્રમી [ફા.] સ્ત્રી. આનંદ.

ખૂલતું ૧. વિ. આછું; ઝાંખું.
૨. વિ. ખુલ્લું રહેતું હોય એવું; ઢીલું; પહોળું પડતું હોય એવું; બહાર પડતું.
૩. વિ. દીપતું; શોભતું; સારૂં લાગતું.

ખૂલવું ૧. અ. ક્રિ. ઊઘડવું; ખીલવું; ખુલ્લું થઈ જવું.
૨. અ. ક્રિ. દીપવું; શોભવું; સારૂં દેખાવું.

ખૂલા ૧. સ્ત્રી. રજપૂતની એક પેટા જાતિ.
૨. ન. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું.

ખૂવો [સં. કૂપક] પું. (વહાણવટું) વહાણના વચલા ભાગમાં બંદુલથી જરા આગળ પારી ઉપર ઊભો કરવામાં આવતો મોટો સીધો મજબૂત થાંભલો; 'માસ્ટ.'
૧. ખૂવા ઊભા કરવા = મોસમ આવતાં ખૂવા ઊભા કરી વહાણને તૈયાર કરવું.
૨. ખૂવા ઢોળવા = મોસમ આખરમાં ખૂવા હેઠા ઉતારી બંદરમાં વહાણને રાખી મૂકવું.

ખૂશ (ખૂશ) ૧. [ફા.] વિ. આનંદ કે હરખમાં હોય એવું; પ્રસન્ન.
૨. વિ. આબાદ; તંદુરસ્ત; નીરોગી.
૩. વિ. ઉત્તમ; ઉમદા; સારૂં; સ્વાદિષ્ટ.
૪. વિ. સંતુષ્ટ; સુખી.

ખૂશઈલહાન (ખૂશઈલહાન) [ફા.] વિ. સારા રાગવાળું.

ખૂશઈલહાની (ખૂશઈલહાની) [ફા.] સ્ત્રી. અવાજની મધુરતા; સારો રાગ.

ખૂશખત્ત (ખૂશખત્ત) [ફા.] પું. સારા અક્ષર.

ખૂશખબરી (ખૂશખબરી) [ફા.] સ્ત્રી. શુભ સમાચાર.

ખૂશખરીદ (ખૂશખરીદ) [ફા.] વિ. રોકડા પૈસા આપતું.

ખૂશખસલત (ખૂશખસલત) [ફા.] વિ. સારા સ્વભાવનું.

ખૂશખાન (ખૂશખાન) [ફા.] વિ. મધુરૂં વાંચનાર કે ગાનાર.

ખૂશખાલ (ખૂશખાલ) [ફા.] સ્ત્રી. માશૂક.

ખૂશખિરામ (ખૂશખિરામ) [ફા.] વિ. સુંદર ચાલવાળું.

ખૂશખિસાલ (ખૂશખિસાલ) [ફા.] વિ. સારા સ્વભાવનું.

ખૂશખુલ્ક (ખૂશખુલ્ક) જુઓ ખૂશખિસાલ.

ખૂશખૂરાક [ફા.] (ખૂશખૂરાક) વિ. સારી રીતે રહેનાર.

ખૂશખ્વાર (ખૂશખ્વાર) [ફા.] વિ. સારી રીતે જીવનાર.

ખૂશગપ (ખૂશગપ) ૧. [ફા.] વિ. આનંદી.
૨. વિ. વાતોડિયું.

ખૂશગવાર (ખૂશગવાર) [ફા.] વિ. પચવામાં સહેલું; જલદી પાચન થાય એવું.

ખૂશગુઝરાન (ખૂશગુઝરાન) [ફા.] વિ. જિંદગીમાં આનંદ કરનાર.

ખૂશગો (ખૂશગો) [ફા.] વિ. છટાદાર.

ખૂશચશ્મ (ખૂશચશ્મ) [ફા.] વિ. મીઠી નજરવાળું.

ખૂશઝાહિર (ખૂશઝાહિર) [ફા.] વિ. સુંદર.

ખૂશતબ (ખૂશતબ) [ફા.] વિ. આનંદી; સુખી; સંતોષી.

ખૂશતબી (ખૂશતબી) [ફા.] સ્ત્રી. આનંદીપણું.

ખૂશતર (ખૂશતર) [ફા.] વિ. વધારે આનંદી.

ખૂશતરકીબ (ખૂશતરકીબ) [ફા.] વિ. દેખાવમાં સુંદર.

ખૂશતરાશ (ખૂશતરાશ) [ફા.] વિ. સારી રીતે બનાવેલું.

ખૂશતરીન (ખૂશતરીન) [ફા.] વિ. સૌથી વધારે આનંદી.

ખૂશતાલી (ખૂશતાલી) [ફા.] વિ. નસીબદાર.

ખૂશદહન (ખૂશદહન) [ફા.] વિ. સુંદર મોઢાવાળું.

ખૂશદહાન (ખૂશદહાન) જુઓ ખૂશદહન.

ખૂશદામન (ખૂશદામન) [ફા.] સ્ત્રી. સાસુ.

ખૂશદિમાઘ (ખૂશદિમાઘ) [ફા.] વિ. આનંદી; સુખી.

ખૂશદિલ (ખૂશદિલ) જુઓ ખૂશદિલ.

ખૂશનવા (ખૂશનવા) [ફા.] વિ. સારા અવાજવાળું.

ખૂશનવીસ (ખૂશનવીસ) [ફા.] વિ. સારા અક્ષરવાળું.

ખૂશનસીબ (ખૂશનસીબ) [ફા.] વિ. નસીબદાર; ભાગ્યશાળી.

ખૂશનિગાહ (ખૂશનિગાહ) [ફા.] વિ. સુંદર દેખાવવાળું.

ખૂશનિયત (ખૂશનિયત) [ફા.] વિ. સારા સ્વભાવનું.

ખૂશનિશીન (ખૂશનિશીન) [ફા.] વિ. આનંદથી બેઠેલું.

ખૂશનુમા (ખૂશનુમા) ૧. [ફા.] વિ. આનંદદાયક; ખૂશ કરે એવું.
૨. વિ. સુંદર; મધુર.

ખૂશનૂદ (ખૂશનૂદ) [ફા.] વિ. આનંદી; સંતુષ્ટ; સુખી.

ખૂશનૂદી (ખૂશનૂદી) [ફા.] સ્ત્રી. આનંદ; સંતોષ.

ખૂશબયાન (ખૂશબયાન) [ફા.] વિ. છટાદાર.

ખૂશબાશ (ખૂશબાશ) ૧. પું. પોતે બીજો ધંધો કરે અને પોતાની જમીન બીજાને પૈસા આપી તેની પાસે ખેડાવે એવો મધ્યમ વર્ગનો માણસ.
૨. [ફા.] પું. મફત જમીનનો ભોગવટો કરનાર માણસ. તે સરકારને જરૂર પડયે લશ્કરી મદદ આપે છે.
૩. વિ. રહેવા કે જવાને સ્વતંત્ર.

ખૂશબૂ (ખૂશબૂ) ૧. [ફા.] સ્ત્રી. ખૂશમિજાજ.
૨. સ્ત્રી. સુગંધ.

ખૂશબેખૂશ (ખૂશબેખૂશ) [ફા.] વિ. સૌથી વધારે આનંદમાં હોય એવું.

ખૂશબો (ખૂશબો) ૧. [ફા.] સ્ત્રી. સુગંધ; સુવાસ.
૨. વિ. સુગંધી; મીઠી વાસવાળું.

ખૂશબોઈ (ખૂશબોઈ) જુઓ ખૂશબો ૧.

ખૂશબોદાર (ખૂશબોદાર) [ફા.] વિ. સુગંધી; સુગંધવાળું.

ખૂશમઝા (ખૂશમઝા) [ફા.] વિ. સ્વાદિષ્ટ; મીઠું.

ખૂશર (ખૂશર) સ્ત્રી. એક જાતનું નાનું ઘુવડ; રાતે દેખતું ઘુવડના ઘાટનું નાનું પક્ષી.

ખૂશરંગ (ખૂશરંગ) [ફા.] વિ. સરસ રંગવાળું.

ખૂશરૂ (ખૂશરૂ) [ફા.] વિ. સુંદર.

ખૂશરોઝ (ખૂશરોઝ) ૧. [ફા.] પું. આનંદનો દિવસ.
૨. પું. તહેવાર.

ખૂશવક્ત (ખૂશવક્ત) [ફા.] વિ. આનંદી; સુખી.

ખૂશશખ્સ (ખ઼ૂશશખ્સ) [ફા.] પું. આનંદી માણસ.

ખૂશસલિકગી (ખ઼ૂશસલિકગી) [ફા.] સ્ત્રી. સારી રીતવાળું હોવાપણું.

ખૂશસલિકા (ખ઼ૂશસલિકા) [ફા.] વિ. સારી રીતવાળું.

ખૂશસવાદ (ખ઼ૂશસવાદ) [ફા.] વિ. સુંદર પરાંવાળું; જેની પાસે સારાં પરાં હોય એવું.

ખૂશહઝમ (ખ઼ૂશહઝમ) [ફા.] વિ. સહેલાઈથી પચે એવું.

ખૂશહાલ (ખ઼ૂશહાલ) [ફા.] વિ. નસીબદાર; સુખી.

ખૂશા (ખ઼ૂશા) [ફા.] અ. કેવું સારું !; વાહ ! વાહ !

ખૂશી (ખ઼ૂશી) [ફા.] સ્ત્રી. આનંદ.

ખૂશીખૂશી (ખ઼ૂશીખ઼ૂશી) [ફા.] અ. આનંદથી.

ખૂશીસે (ખ઼ૂશીસે) [ફા.] અ. આનંદથી.

ખૂશોખુર્રમ (ખ઼ૂશોખુર્રમ) [ફા.] વિ. આનંદી.

ખૂસટ [હિં.] પું. વૃદ્ધ માણસ.

ખૂંખા પું. બ. વ. કુશકા; ડાંગર વગેરેના છોડા.

ખૂખાર ૧. પું. ખૂંખારવાનો અવાજ; ખૂંખારો.
૨. પું. ઘોડાનો હણહણવાનો અવાજ; હણહણાટ.
૩. વિ. ક્રૂર; નિર્દય.
૪. વિ. ભયંકર.
૫. વિ. રક્તપાન કરનાર; લોહી પીનાર.

ખૂખારવું ૧. અ. ક્રિ. અમુક અવાજ કરી ગળું સાફ કરવું.
૨. અ. ક્રિ. ઉધરસ આવતી હોય ત્યારે અથવા બીજા કોઈ કારણે ગળું સાફ કરવાને ગળાની ઘાંટીમાંથી ખૂં ખૂં એવો અવાજ કાઢવો; ખૂં ખૂં એમ કરવું.
૩. અ. ક્રિ. ઉધરસ ખાવી.
૪. અ. ક્રિ. ખોંખારવું; ખોં ખોં કરીને મશ્કરી કરવી.
૫. અ. ક્રિ. પોતાની હાજરી, મરદાઈ કે બડાશ બતાવવા માટે અવાજ કરવો.
૬. અ. ક્રિ. હણહણવું.

ખૂખારો ૧. પું. ખૂંખારવાનો અવાજ.
૨. પું. ખૂંખારવું તે.
૩. પું. ઘોડાનું આરડવું તે; હણહણવાનો અવાજ; હણહણાટ.

ખૂખૂ ન. ખૂંખારવાનો કે ખાંસીનો અવાજ.

ખૂચ ૧. સ્ત્રી. અદાવત; ખાર; ઝેર; વેર; અંટસ.
૨. સ્ત્રી. ઊંચો નીચો સૂર ખેંચવો તે.
૩. સ્ત્રી. કટાક્ષ; કરેલી સૂચના.
૪. સ્ત્રી. કમીપણું; હિસાબમાં કસર.
૫. સ્ત્રી. ખટકો; ગૂંચવણ.
૬. સ્ત્રી. ખૂણો; સપાટીમાં પડેલો નાનો વાંકો ખાડો; ખાંચ; ખચકો.
૭. સ્ત્રી. ખૂંચવું તે; ખૂંચવાની અસર; ભોંક.
૮. સ્ત્રી. ખોટ; ચૂક; ભૂલ.
૯. સ્ત્રી. ખોડખાંપણ; વાંધોવચકો.
૧૦. સ્ત્રી. ગાણાંનો ઢાળ; સૂરમાં પલટો.
૧૧. સ્ત્રી. ચીરો; કાંઈ ભરાવાથી ફાટવું તે.
૧૨. સ્ત્રી. જાંઘની રગ.
૧૩. સ્ત્રી. ડંખ.
૧૪. સ્ત્રી. તક.
૧૫. સ્ત્રી. નડતર.
૧૬. સ્ત્રી. નાખુશી; નારાજી.
૧૭. સ્ત્રી. બહાર નીકળતો ભાગ.
૧૮. સ્ત્રી. બારી; કાયદાની બારીકી.
ખૂંચની વાત = મર્મની વાત.
૧૯. સ્ત્રી. મુદ્દો; સાર.

ખૂંચખાંચ જુઓ ખૂંચ.

ખૂંચણું ૧. ન. ખૂંચી જાય એવી ચીજ.
૨. વિ. ખૂંચી જાય એવું.

ખૂંચવવું સ. ક્રિ. ખેંચીને લઈ લેવું. તે મોટે ભાગે 'લેવું' ક્રિયાપાદ સાથે વપરાય છે.

ખૂંચવી જવું ૧. સ. ક્રિ. કોઈ ચીજ કોઈ પાસેથી ખેંચીને લઈ લેવી; ઝૂંટવી લેવું.
૨. સ. ક્રિ. હરણ કરી લેવું.

ખૂંચવું ૧. [સં. ક્ષુદ્] અ. ક્રિ. અણગમો થવો; નાપસંદ પડવું.
૨. અ. ક્રિ. અણીદાર ચીજ લાગ્યાથી દુઃખવું; કળતર થવું.
૩. અ. ક્રિ. અસર થયા કરવી; નિરાંત ન વળવી; મનમાં ખટકવું; મનમાં લાગ્યા કરવું.
૪. અ. ક્રિ. અસંતોષ રહેવો; ખટકવું; ચરચરવું.
૫. અ. ક્રિ. કળી રહેવું; વળગી રહેવું.
૬. અ. ક્રિ. ઘોંચાવું; ચામડીમાં ભોંકાવું.
૭. અ. ક્રિ. ચોંટવું; મશગૂલ થવું; લત લાગવી.
૮. અ. ક્રિ. ડૂબવું.
૯. અ. ક્રિ. નડવું.
૧૦. અ. ક્રિ. બંધનમાં પડવું; લપટાવું.
૧૧. અ. ક્રિ. લાંચ આપવાની જરૂર પડવી.

ખૂંચાણ ૧. ન. ખૂંચી જવાય એવી પાણીવાળી જમીન.
૨. ન. ખૂંચી જવાય એવું હોવું તે.

ખૂંચાવવું ૧. સ. ક્રિ. ખટકાવવું; મનમાં દુઃખ થાય એમ કરાવવું.
૨. સ. ક્રિ. ખૂંચવી લેવું; ઝૂંટવી લેવું; હરી લેવું.
૩. સ. ક્રિ. ભોંકાવવું.
૪. સ. ક્રિ. લપટાવવું.

ખૂંટ ૧. [સં. કુંટ્ (અટકાવવું)] પું. આખલો; સાંઢ.
૧. ખૂંટ આવવું = (૧) ગાયનું ગરમીમાં આવવું. (૨) સ્ત્રીને પુરુષની ઇચ્છા થવી.
૨. ખૂંટ દેખાડવો = ગરમીમાં આવેલ ગાયને ખૂંટ ભેગી કરવી.
૩. ખૂંટ ફેરવવો = સંતાન માટે પરપુરુષ સાથે સંભોગ કરાવવો.
૪. ખૂંટે આવવું = ગાયનું ઋતુમાં આવવું.
૨. પું. કાનનો મેલ.
૩. પું. ખાંભો; સીમા બતાવનાર નિશાન; હદનું નિશાન; જમીનની હદ બતાવતો પથ્થર; બાણ; સરહદી ખાંભ; સીમાસ્તંભ.
૪. પું. ખૂણો.
૧. ચારે ખૂંટ = દુનિયાના ચારે ખૂણા.
૨. ઠીક પંચખૂંટ = પાંચ સરખા ખૂણાવાળી આકૃતિ.
૩. બહુખૂંટ = ઘણા ખૂણાવાળી આકૃતિ.
૫. પું. ખૂંટો; ખીલડો.
૬. પું. ખોદેલ કૂવાનો ખાડો.
૭. પું. મથક.
૮. સ્ત્રી. એક જાતની કેરી. તેનું વજન વીશ રૂપિયાભાર, છાલ ઝાંખી લાલ અને તેનો રસ જાડો, કેસરિયો ને મીઠો હોય છે.
૯. [હિં.] સ્ત્રી. દેવીને ધરવામાં આવતી પૂરી.
૧૦. સ્ત્રી. બાજુ.
૧૧. સ્ત્રી. મર્યાદા; હદ.
૧૨. સ્ત્રી. લેઉઆ કણબીની એક અટક.
૧૩. ન. એ નામની અટકનું માણસ.
૧૪. [હિં.] ન. ભીંગડું.
૧૫. વિ. એ નામની અટકનું.
૧૬. વિ. પૂરેપૂરું; બરોબર.
૧૭. અ. પૂરેપૂરું; બરોબર; માપસર.

ખૂંટડી (ખૂંટ઼ડી) ૧. સ્ત્રી. એક જંગલી ઝાડ.
૨. સ્ત્રી. ખૂણો.
૩. સ્ત્રી. ઠેસણિયું; પગની આંગળીઓ ઉપર વીંટીઓ પહેર્યા પછી તે નીકળી ન જાય તે માટે આગળ પહેરાતી હલકી કીમતની કરડી.

ખૂંટડું (ખૂંટ઼ડું) ૧. ન. અર્ધ બળેલ લાકડાનો કકડો; અર્ધુંપર્ધું બળેલ લાકડું.
૨. ન. આખલો; બળદ; બેલ.
૩. ન. ખૂટડું; ખોરિયું.
૪. ન. ખૂંટણ; ખૂંટવાનું કામ.
૫. ન. ખૂંટવાનું ઓજાર; ચીપિયો; ખૂંટણ.
૬. ન. ઝાડનું ઠૂંઠું; ખૂંઠું.

ખૂંટડો (ખૂંટ઼ડો) ૧. પું. આખલો; સાંઢ.

૨. પું. ખીલો; ખૂંટો; મેખ.

ખૂંટણ ૧. ન. ખૂંટવાની ક્રિયા; ખૂંટવાનું કાર્ય; ખૂંટવું તે.

૨. ન. ખૂંટવાનું ઓજાર; ચીપિયો; ચીમટો.

૩. ન. માથાના વાળ ખૂંટવા તે; માથાના વાળ ખૂંટવાની ક્રિયા.

ખૂંટપાડો પું. ભેંસને સમાગમ કરાવવા માટે રાખેલ પાડો.

ખૂંટરા ૧. [સં. કૂણિકા] પું. ખાંડના કારખાનામાં સીધો થાંભલો.

૨. પું. તંબૂનો ખૂંટો.

ખૂંટવું ૧. [સં. કૃષ્] સ. ક્રિ. ખેંચવું; ખેંચી કાઢવું.

૨. સ. ક્રિ. ખોસવું; ગોચવું; ભોંકવું; વીંધવું.

૩. સ. ક્રિ. ગાયે ગર્ભ ધારણ કરવો; ધિણોવું.

૪. સ. ક્રિ. ચૂંટવું; ટૂંપવું; નિમાળાને ચીપિયાથી એક એક તાણી ઉખેડવો.

૫. સ. ક્રિ. જડમૂળથી ઉખાડી નાખવું; દ્વેષ કે અભાવપૂર્વક નિકંદન કાઢવું; મૂળ સાથે ખેંચી નાખવું.

૬. સ. ક્રિ. ભોંય સાથે વળગેલા ઘાસને ચૂંટવું.

ખૂંટા ૧. [હિં.] પું. ખીલો.

૨. પું. ખીંતી; તંબૂનો ખૂંટો; લાકડાની મેખ.

૩. પું. ધાણીનો દાંડો.

૪. [સં. કૂણિકા] પું. થાંભલો.

૧. કસાઈની ખૂંટેથી બાંધવું = (૧) કોઈને મુશ્કેલીમાં મૂકવું. (૨) છોકરીને ઘાતકી માણસ સાથે પરણાવવી.

૨. ખૂંટા પર મારવું = ધિક્કારવું.

૩. ખૂંટાથી બાંધવું = (૧) થાંભલા સાથે બાંધવું. (૨) પરણાવવું.

ખૂંટાઉ ન. ખોયણું; બળતા લાકડાનો કટકો.

ખૂંટાઉપાડ (ખૂંટાઉપાડ઼) વિ. છાતીએ ભમરીવાળું. આ શબ્દ ઘોડા માટે વપરાય છે.

ખૂંટિયું ૧. ન. ખોયણું; બળતા લાકડાનો કટકો.

૨. ન. ગાડાના ચોકઠા માંહેનો એક સીધો આધારરૂપ કટકો કે ખૂંટો; ગાડાનું આડું.

ખૂંટિયો ૧. પું. આખલો; ગોધો; સાંઢ; ખસી નહિ કરેલો બળદ; આખો બળદ.

ખૂંટિયે આવવું = ગાયનું ઋતુમાં આવવું.

૨. પું. ખેલાડી; જાદૂગર; બાજીગર; માયાવી.

૩. પું. ત્રિશૂળવાળો ખૂંટ.

૪. પું. બળતો લાકડાનો કટકો.

૫. પું. વાછરડો.

૬. પું. શરીરમાં જામેલો માણસ; તોફાની માણસ.

ખૂંટી ૧. સ્ત્રી. અંગરખાની કળી.

૨. સ્ત્રી. કપાળની બે બાજુએથી વાળ ટૂંપાવીને કરાવેલો ખૂણો.

૩. સ્ત્રી. કરચો; કાપી નાખેલા ઝાડનો જમીનમાં રહેલો થડનો ભાગ; ઝાડ કાપતાં રહેલું ઠૂંઠું.

૧. ખૂંટી મારવાનો ચપ્પુ = બગીચામાં વપરાતું એક હથિયાર. ખૂંટી મારવાના ચપ્પુનો આગળનો વળેલો ભાગ ખોભણ પાડવાના કામમાં આવે અને ધારવાળો ભાગ કાપવાના કામમાં આવે.

૨. ખૂંટીની કલમ = ઝાડની કલમ કરવાની એક રીત. ઓગસ્ટ અથવા સેપ્ટેમ્બર માસમાં જ્યારે વનસ્પતિનો રસ વહેતો હોય ત્યારે ખૂંટી મારવાની મોસમ ગણાય છે.

૪. સ્ત્રી. ખીલી; ખીલો.

૫. [સં. કુંડ્ (અટકવું)] સ્ત્રી. ખીંટી; ખીંતી; કપડાં ભરાવવાને ભીંતે જડેલો વાંકો કે સીધો ખીલો.

૬. સ્ત્રી. ખૂણો.

૭. સ્ત્રી. ધાણીનો દાંડો.

૮. સ્ત્રી. તબલાનો મેળ કરવા નીચે રાખેલી લાકડાની પટી.

૯. સ્ત્રી. તંબૂની મેખ; લાકડાની મેખ; મેખના આકારનો લાકડા વગેરેનો નાનો કટકો.

૧૦. સ્ત્રી. તંબૂરાના આમળિયા; તંતુવાદ્યમાં તાર લપેટવાની ખીંટી.

૧૧. સ્ત્રી. વાળનું મૂળ.

૧૨. સ્ત્રી. હદ બતાવવા માટે જમીનમાં દાટેલી મેખ.

૧૩. સ્ત્રી. (વહાણવટું) હલેસાંને ટેકવવા આંતરી ઉપર રાખેલ લાકડાની કટકી.

ખૂંટું [સં. કૃષ્ (ખેંચવું)] ન. કરચો; કાપી નાખેલા ઝાડનું જમીનમાં રહેલું થોડું થડ; ઝાડ કાપતાં રહેલું ઠૂંઠું; ખરચો.

ખૂંટો ૧. [સં. કુંડ્ (અટકાવવું)] પું. કમાડની માદાને ફરવા માટે બારસાખમાં જડેલો ગોળ ખીલો.

૨. પું. ખીલો; માથાવાળો લોખંડ કે લાકડાનો અણીદાર કકડો; મેખ; મોટી ચૂંક.

૩. પું. ખૂંટું; ગરજો; ઠૂંઠું; ભોંય અથવા લાકડામાં રહેલું ગરજા જેવું ઠુંઠું.

૧. ખૂંટો ઘાલવો = (૧) જતું આવતું થવું; દાખલ થવું; પગ પેસાડવો. (૨) પાયો નાખવો.

૨. ખૂંટો ઠોકવો = (૧) એકની એક જગ્યાએ લાંબો વખત ટકી રહેવું કે વળગી રહેવું; એકને એક ઠેકાણે લાંબા વખત સુધી ઠરી રહેવું અથવા થોભવું. (૨) તોડ આપવો; નિકાલ ઉપર આવવું; નિશ્ચય કરવો. (૩) પાયો નાખવો; શરૂઆત કરવી.

૩. ખૂંટો ઢીલો થવો-પડવો = અશક્ત થવું; આધાર નબળો થવો; વગ, આધાર કે ટેકો જતો રહેવો.

૪. પું. ઘંટીનો ખીલડો.

૫. પું. ઘોડાને નીચલા જડબામાં આવતા બીજા બે અણીદાર દાંત માંહેનો દરેક. ઘોડીને એ ખૂંટા આવતા નથી.

૬. પું. ચૂનો પીસવાની ચક્કીનો લાકડાનો એક ભાગ. ચક્કીના મધ્યભાગમાં લાકડું જમીનની અંદર બેસાડવામાં આવે છે અને તેના ઉપર લોઢાનું મોરું રાખી પેચવાળો ખીલો ઊભો કરવામાં આવે છે તેને ખૂંટો કહે છે.

૭. પું. ઝાડની ભાંગેલી ડાળીનો વળગી રહેલો ભાગ.

૮. પું. તાળું ઉઘાડવાની કૂંચી. ચોર, કોળીના સાંકેતિક શબ્દ તરીકે વપરાય છે.

૯. પું. બંદરમાં લંગરાતા વહાણો ઉપર લેવાતો કર.

૧૦. પું. (વહાણવટું) વહાણનું દોરડું બાંધવા માટેનો ફૂડદા ઉપરનો મજબૂત ખાંભો.

ખૂંતવું ૧. [સં. ક્ષુદ્ (ચીરવું)] અ. ક્રિ. કળવું; કાદવમાં ઊંડે ઊતરી ઝલાઈ જવું; ખૂંચી જવું; પેચમાં પડવું; પોચાણમાં પેસી જવું.

૨. અ. ક્રિ. ખૂંચવું; પેસવું.

૩. અ. ક્રિ. ચોંટવું; બાઝી જવું; સજ્જડ ચોંટવું; અંદર જઈ ચોંટી જવું.

૪. અ. ક્રિ. ઠરવું; સંતોષ પામવો.

૫. અ. ક્રિ. ફસાઈ જવું; સપડાવું.

૬. અ. ક્રિ. સ્થિર થવું.

૭. સ. ક્રિ. તોડવું.

ખૂંતા ૧. [સં. ક્ષમતા] સ્ત્રી. ખંત; દઢતા.

૨. સ્ત્રી. ચેન; શાંતિ.

૩. સ્ત્રી. સમાધાન.

૪. સ્ત્રી. સહનશીલતા.

ખૂંતાડવું (ખૂંતાડ઼વું) સ. ક્રિ. ખૂંતે એમ કરવું.

ખૂંદણ ૧. પું. કચરનાર; ખૂંદનાર માણસ.

૨. પું. કચરવું તે.

૩. ન. ખોદણી.

ખૂંદણું ૧. ન. આમતેમ જોરથી ફરવું; ખૂંદાખૂંદ કરી મૂકવી તે; ધમ્માચકડી.

૨. ન. મસ્તી; ધીંગાણું.

ખૂંદવું ૧. [સં. ક્ષુદ્ (છૂંદવું)] સ. ક્રિ. ઊભાં ઊભાં પગ નીચાઊંચા કરીને ગદડવું; કચરવું; ગૂંદવું.

૨. સ. ક્રિ. કૂદતાં કૂદતાં ગરબે રમવું; પગ આડાઅવળા ઊંચાનીચા મૂકતાં ને તાળી પાડતાં તથા કૂદતાં કૂદતાં ગાવું.

૩. સ. ક્રિ. ઠેકડા મારવા.

૪. સ. ક્રિ પગથી ખૂંદીને ઢીલું કે નરમ કરવું; પગે ગૂંદીને નરમ કરવું; પગથી દાબવું.

૫. સ. ક્રિ. પજવવું; હેરાન કરવું.

ખૂંદાખૂંદ ૧. [સં. ક્ષુદ્ (કચરવું)] સ્ત્રી. કચરાકચરી; ગૂંદાગૂંદ; ચગદાચગદી.

૨. સ્ત્રી. કૂદાકૂદ; ધમ્માચકડી.

ખૂંદાવવું ૧. અ. ક્રિ. ખાઈ પીને મોજ કરવી.

૨. [સં. ક્ષુદ્ (કચરવું)] સ. ક્રિ. ખૂંદે એમ કરવું.

૩. સ. ક્રિ. ગુંદાવવું; પગથી કચરીને ઢીલું કરાવવું.

૪. સ. ક્રિ. હમચી લેવરાવવી; કૂદતાં ને ઘૂમતાં ગવરાવવું.

ખૂંદાળવું અ. ક્રિ. ખાઈ પીને મોજ કરવી.

ખૂંધ ૧. [સં. સ્કંધ] સ્ત્રી. ખભા આગળ પીઠ ઉપર નીકળેલો ઢેકો; વાંસાનો બહાર ઉપસી આવેલો ભાગ.

૨. સ્ત્રી. બળદની પીઠ ઉપર રહેલો માંસપિંડ.

ખૂંધાળો વિ. પું. ખૂંધવાળો.

ખૂંધિયું વિ. ખૂંધવાળું; ખૂંધું; વાંસે ખૂંધ નીકળેલી હોય એવું.

ખૂંધું [સં. કુબ્જ] વિ. ખૂંધવાળું; ખૂંધિયું; જેના વાંસામાં ઢેકો નીકળેલો હોય એવું.

ખૂંપ ૧. [સં. ગુંફ્ (ગૂંથવું)] પું. અકડાઈ જવું તે.

૨. પું. અર્ધચંદ્રાકાર હીરા, મોતી અને જરકોસથી ભરેલો વરની પાઘડીએ બાંધવામાં આવતો એક ઘાટ.

૩. પું. પરણવા જતા વરનું માથું અને ચહેરો ઢંકાય તેમ જરી કસબના તારનો કે ફૂલના હારનો જથ્થો ચારે તરફ ઝૂલી રહે તેમ તેના માથા ઉપર નાખવામાં આવતો શણગાર.

૪. પું. ભોંકાય તેવા વધેલા વાળ.

ખૂંપડા (ખૂંપડ઼ા) પું. બ. વ. ગાડાની ઊંધ પાસે ખેડૂતને બેસવાની જગ્યા પાસેનો ભાગ.

ખૂંપડી (ખૂંપડ઼ી) સ્ત્રી. નાની છત્રી; પેણી કે ઢાલના જેવા આકારની પાંદડાં અને વાંસની સળીઓની બનાવેલી છત્રી; નાનો ખૂંપડો.

ખૂંપડો (ખૂંપડ઼ો) ૧. પું. ગાંસડી બાંધ્યા પછી અંદર વસ્તુ દાખલ કરી શકાય એવો ખૂણો.

૨. પું. છત્ર; ટોપ; મોટી છત્રી.

૩. પું. પહેરેલી સાડીનો છેડો ભરાવવામાં આવે છે તે બાજુનો ખૂણો; બાજુઓને ઢાંકતો સ્ત્રીના વસ્ત્રનો ઉપરનો ભાગ.

૪. પું. (શિલ્પ) શિખરબંધ મંદિરનો છજાવાળો ખૂણો.

ખૂંપરૂં ૧. ન. આંખ માંહેનો ખીલ.

૨. ન. કોંટો; ફણગો.

૩. ન. ખૂંપરો; ખાંપો.

૪. ન. જુવાર કે તલને વાઢી લીધા પછી ભોંય સાથે વળગી રહેલું ઠોંઠું.

ખૂંપરો ૧. પું. કાંટો.

૨. પું. ખરચો; ખાંપો; છોડ; જડિયું; ઝાડ કે છોડ કાપી લીધા પછી કે ભાંગી પડ્યા પછી જમીનમાં ઊભો રહેલો તેનો જે થોડોક ભાગ તે; જુવાર બાજરીનાં સૂકાં થડિયાં; દાંતો.

૩. પું. ખૂંચ; ખીલો કે ખાંપો ભરાવાથી કપડામાં પડેલી ફાટ કે ચીરો.

૪. પું. ખૂંપ.

૫. પું. ભાંગી ગયેલી ડાળીનો ઝાડને વળગી રહેલો ભાગ.

૬. પું. હજામત કરાવ્યા પછી રહી ગયેલા ખાંપા જેવા વાળ.

૭. પું. હાથા વગરની જૂના વખતની છત્રી.

ખૂંપવવું જુઓ ખૂંપાવવું.

ખૂંપવું ૧. [પ્રા. ખુપ્પ (ડૂબવું)] અ. ક્રિ. અંદર ઊતરી ચોંટી જવું; કળી જવું; ભરાઈ રહેવું.

૨. અ. ક્રિ. અંદર ઊંડું પેસવું; ઊંડું ઊતરવું; દાખલ થવું.

 ૧. ખૂંપતા જવું = અંદર ઊતરતા જવું.
 ૨. ખૂંપી જવું = ચોંટી જવું.

૩. અ. ક્રિ. ખૂંતવું; ભોંકાવું.

ખૂંપાવવું ૧. સ. ક્રિ. આંગળાં કે સળી ઘાલી સજ્જડ કરી દેવું.

૨. સ. ક્રિ. ખૂંપે એમ કરવું.

૩. સ. ક્રિ. ઘાલી દેવું; દાખલ કરવું; ઘોંચવું.

૪. સ. ક્રિ. જમાવવું.

ખૂંપો ૧. પું. ખરચો; છોડ કે ઝાડ કાપી લીધા પછી કે ભાંગી ગયા પછી જમીનમાં ઊભો રહેલો તેનો થોડોક ભાગ; દાંતો.

૨. પું. ખરચો કે દાંતો ભરાયાથી કપડામાં પડતી ફાટ કે ચીરો.

ખૂંબહા પું. લોહીનો પૈસો.

ખૂંરેજિયાં સ્ત્રી. ખૂનખરાબી; ખૂનામરકી.

ખૂંરેઝી (ખૂંરેઝી) [ફા.] પું. ખૂનામરકી; લોહીલોહાણ.

ખૃષ્ટાન પું. ખ્રિસ્તી.

ખે ૧. [સં. ક્ષય; પ્રા. ખઈ; અપ. ખય] પું. ક્ષય; ક્ષીણ થઈ જવું તે.

૨. પું. નાશ; પાયમાલી.

૩. [અ. કય (ઊલટી થવી)] સ્ત્રી. ઓકણ; ઓકારી; ખાધેલું પાછું નીકળવું તે.

 ખે ખાવી = ગપ્પાં મારવાં.

૪. સ્ત્રી. ધૂળ; રજ.

૫. [હિં.] સ્ત્રી. વિષ્ટા.

ખેઆમ પું. ખયાલ.

ખેઆલ પું. ખયાલ.

ખેઈ ૧. [હિં.] સ્ત્રી. વાડ.

૨. સ્ત્રી. સૂકાં ઝાંખરાં.

ખેકટા [મ.] સ્ત્રી. દુઃખ; મુશ્કેલી.

ખેકડો (ખેકડ઼ો) [સં. કચ્છપ] પું. કાચબો; ખેંકડો; જિંગાને ઘણું મળતું આવતું, પણ કદમાં ઘણું નાનું મીઠા પાણીમાં રહેતું એક કવચી પ્રાણી. એને દશ પગ હોય છે. વૈદો એને દશમૂળી કહે છે.

ખેકરી [હિં.] સ્ત્રી. પાતળી અને ખરડ પૂરી.

ખેકસાં ૧. [હિં.] પું. કંકોડાં; કંટોલાં.

૨. પું. ચિહ્ન; નિશાની; ભાર કે દબાણથી શરીરમાં ઉત્પન્ન થયેલ નિશાની.

ખેખડો (ખેખડ઼ો) પું. કરચલો.

ખેખલી ૧. સ્ત્રી. અપૂર્ણતા; કમીના; ખોટ; ન્યૂનતા.

૨. સ્ત્રી. કફ આવ્યા સિવાયની ખાલી ઉધરસ; સૂકી ઉધરસ.

૩. સ્ત્રી. કોલું; લોંકડી; શિયાળ.

ખેખસા [હિં.] પું. કંકોડાં; કંટોલાં.

ખેખાણ વિ. નુકસાનકારક; ભયંકર.

ખેખે સ્ત્રી. શારડીનું બીજું નામ.

ખેગમન [સં.] પું. કાલકંઠ નામે એક પક્ષી.

ખેગમની [સં.] સ્ત્રી. કાલકંઠ પક્ષિણી.

ખેગાણું ન. બદલો.

ખેચર ૧. [સં. ખે (આકાશમાં) + ચર્ (ફરવું)] પું. આકાશમાં ગતિ કરનારૂં પ્રાણી; આકાશમાં ચાલનાર પક્ષી; હવામાં ઊડનાર પક્ષી.

૨. પું. ખચ્ચર; ગધેડાના વર્ગનું પ્રાણી.

૩. પું. ગાંધર્વ.

૪. પું. ઘોડો.

૫. પું. (જ્યોતિષ) ચંદ્ર, સૂર્ય, તારા, ગ્રહ વગેરે આકાશીય પદાર્થ.

૬. પું. દેવ.

૭. પું. પારો.

૮. પું. પિશાચ, ભૂતપ્રેતાદિ.

૯. પું. બોંતેર આકાશતત્ત્વ દેવતા માંહેનો એક. જુઓ આકાશતત્ત્વ દેવતા.

૧૦. પું. (જ્યોતિષ) મેષ વગેરે રાશિ.

૧૧. પું. રાક્ષસ.

૧૨. પું. વાદળ.

૧૩. પું. વાયુ.

૧૪. પું. વિદ્યાધર; ઊતરતા વર્ગનો એક દેવ.

૧૫. પું. વિમાન.

૧૬. પું. શિવ; શિવનાં હજાર માંહેનું એક નામ.

૧૭. પું. હીરાકસી નામે એક ધાતુ.

૧૮. સ્ત્રી. (બૌદ્ધ) એ નામની એક સિદ્ધિ. આ સિદ્ધિથી માણસ આકાશમાં ગમે ત્યાં હરીફરી શકે એમ મનાય છે.

૧૯. સ્ત્રી. પરિમલ; સુગંધ.

૨૦. ન. ધાસ.

૨૧. વિ. આકાશમાં ઊડનાર; આકાશમાં ગમન કરનાર.

ખેચરદૃષ્ટિ સ્ત્રી. ઊડતી નજર; આકાશમાંથી નાંખેલી નજર; ઊંચેથી કરેલું અવલોકન.

ખેચરબદ્ધ ન. કાયાકલ્પના પ્રયોગ માટે વપરાતું એ નામનું ઔષધ.

ખેચરાઈ સ્ત્રી. કામ કરવામાં કરાતી હરામી; બેસી રહેવું તે; કાળજીપૂર્વક કામ ન કરવાપણું.

ખેચરાન્ન [સં.] ન. ખીચડી.

ખેચરી ૧. [સં.] સ્ત્રી. (યોગ) એક જાતની મુદ્રા; હઠયોગની પાંચ માંહેની એક મુદ્રા. તેમાં ચિત્ત હૃદયાકાશમાં ફરે છે, જીભ પણ આકાશભાગમાં રહીને ફર્યા કરે છે અને દૃષ્ટિ ભ્રમરોની મધ્યમાં રહે છે. આથી આ મુદ્રાને ખેચરી કહેવાય છે. જુઓ ખેચરીમુદ્રા.

૨. સ્ત્રી. દુર્ગાદેવી.

૩. સ્ત્રી. દેવી; ભૂતડી; જોગણી.

૪. સ્ત્રી. નિશાચરી; રાક્ષસી.

૫. સ્ત્રી. પક્ષિણી; પંખિણી

૬. સ્ત્રી. પાર્વતી.

૭. સ્ત્રી. સમડી.

૮. સ્ત્રી. હવામાં અદ્ધર ઊડવાની કળા; આકાશમાં ફરવાની વિદ્યા.

૯. વિ. સ્ત્રી. આકાશમાં ઊડનારી.

ખેચરીગુટિકા [સં.] સ્ત્રી. (તાંત્રિક) એક પ્રકારની સિદ્ધ ગોળી. તેને મોઢામાં રાખવાથી આકાશમાં ઊડવાની શક્તિ આવવાનું કહેવાય છે.

ખેચરીમુદ્રા ૧. સ્ત્રી. (યોગ) એ નામની એક મુદ્રા; ચાચરી મુદ્રા; બ્રહ્મરંધ્રની ધારણા; યોગ સાધનની એક મુદ્રા. તેમાં જીભ ઉલટાવીને કપાળને અડાડાય છે અને દૃષ્ટિ બે ભવાંની વચ્ચે લગાડાય છે. આ સ્થિતિમાં ચિત્ત અને જીભ બંને આકાશમાં સ્થિત રહે છે, તેથી તેને ખેચરીમુદ્રા કહે છે. ખેચરીની ત્રણ ક્રિયા અનુક્રમે કરવી પડે છે: છેદન, ચાલન અને દોહન. અતિ તીક્ષ્ણ, સ્નિગ્ધ અને નિર્મલ એવું લોહનું શસ્ત્ર લઈ તે વડે સાવધાનતાથી યુક્તિપૂર્વક જીભના નીચલા મૂળ આંગળની શિરાનું રોમ માત્ર છેદન કરવું. પછી લવણ અથવા સૈંધવ તથા હરડેનું ઝીણું ચૂર્ણ સાત દિવસ સુધી સાંજે તથા પ્રાતઃકાલે છેદન કરેલા ભાગ ઉપર લગાડી જીભને ઊર્ધ્વ રાખી જમણા હાથના અંગૂઠાથી, અંગૂઠો નીચેથી ઉપર જાય એવી રીતે, તે ભાગ ઉપર સારી રીતે ઘર્ષણ કરવું. તે પછી ચાલન અને દોહન કરવાં. આઠમે દિવસે વળી રોમ માત્ર અધિક છેદન કરવું. વળી ફરી સાત દિવસ સુધી લવણ તથા હરડેનું ચૂર્ણ ઘસવું. સાધકે અભ્યાસકાલમાં સાકર સહિત દૂધ ચોખાનું જ ભોજન કરવું. આ રીતે છેદન, ઘર્ષણ, ચાલન તથા દોહનનો છ માસ સુધી અભ્યાસ કરવાથી ખેચરીમુદ્રાની સિદ્ધિ થાય છે. નાસિકાના અગ્રભાગ ઉપર પહોંચે એટલી જીભની લંબાઈ વધ્યા પછી સાધકે સ્વસ્તિકાસને બેસી શ્વાસોચ્છ્વાસની ગતિ ધીમી પાડી ઉડ્ડીયનબંધ રાખી કપાલ કુહરમાં જમણા હાથની તર્જની દ્વારા કિંવા અંગૂઠા દ્વારા જિહ્વાનો પ્રવેશ કરાવવો. ખેચરીમુદ્રાના લાંબા અભ્યાસકને સર્પ, વીંછી આદિ વિષવાળાં જંતુઓનું વિષ ચડતું નથી અને વૃદ્ધાવસ્થાનાં ચિહ્નો જણાતાં નથી એમ કહેવાય છે.

૨. સ્ત્રી. (તાંત્રિક) એક પ્રકારની મુદ્રા. તેમાં બંને હાથ એક બીજા ઉપર લપેટી લેવામાં આવે છે.

ખેચરીવિદ્યા સ્ત્રી. આકાશમાં ઊડવાની વિદ્યા.

ખેચાલ પું. ખયાલ; વિચાર.

ખેજરઘર સ્ત્રી. ગોળના જેવા સ્વાદવાળી એક જાતની મીઠી કેરી.

ખેજલી સ્ત્રી. બંગાળા આંબાની એક ઊંચી જાત.

ખેજાલત (ખે઼જાલત) ૧. [ફા.] સ્ત્રી. બેઅદબી; અવિવેક.

૨. સ્ત્રી. શરમ; લજ્જા.

ખેઝ (ખે઼ઝ) ૧. [ફા.] વિ. ઊગી નીકળતું.

૨. [ફા.] વિ. કૂદકા મારતું; ઠેકડા મારતું.

ખેઝાન (ખે઼ઝાન) ૧. વિ. ઊગી નીકળતું.

૨. વિ. કૂદકા મારતું.

ખેઝી જુઓ ખેઝાન.

ખેટ ૧. [સં.] પું. અઠ્ઠાણું માંહેનો એ નામનો એક દેશ.

૨. પું. કફ; બલગમ.

૩. પું. ખેડૂત.

૪. પું. ખેડૂતોનું રહેઠાણ; ખેડૂતોનું ગામડું.

૫. પું. ગ્રહ.

૬. પું. ઘોડો.

૭. પું. ફરતો ધૂળનો કોટ હોય તે પ્રદેશ.

૮. પું. બળરામના મૂસળનું નામ.

૯. પું. વિદ્યાધર.

૧૦. પું. શિકાર; મૃગયા.

૧૧. પું. શિકારી.

૧૨. ન. એ નામનું એક અસ્ત્ર.

૧૩. ન. ખેડ; ખેતી.

૧૪. ન. ધાસ.

૧૫. ન. ચામડું.

૧૬. ન. ઢાલ.

૧૭. ન. ફળાના આકારનું એક જાતનું કાષ્ઠ.

૧૮. ન. લાઠી.

૧૯. વિ. નીચ; અતિનિંદક; અધમ.

૨૦. વિ. બ્યાજ ઉપર જીવનાર.

ખેટક ૧. પું. ખેતી કરનાર; ખેડૂત.

૨. પું. (પિંગળ) દશ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે પંક્તિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ભગણ, જગણ, તગણ અને ગુરુ એમ દશ વર્ણ હોય છે.

ભા જ ત ગ ધારજે ખેટકે.

રણપિંગળ

૩. પું. બળદેવની ગદા.

૪. પું. શિકાર; મૃગયા.

૫. પું. શિકારી.

૬. ન. એક જાતનું આયુધ.

૭. ન. ખેડા શહેરનું જૂનું નામ. તે એક વખતે મોટા જિલ્લાનું મુખ્ય શહેર હતું. વલ્લભીવંશના નાશ પછી તે રાષ્ટ્રકૂટવંશના હાથમાં ગયું અને ઈ.સ. ૭૯૫માં તે સોલંકીઓના હાથમાં ગયું.

૮. ન. ચોહ; ચડસ; વ્યસન.

૯. ન. ઢાલ.

૧૦. ન. નાનું ગામડું.

૧૧. ન. લાકડાની નાની પટી.

૧૨. ન. લાડી.

૧૩. ન. વહેમ; વળગાડ.

૧૪. વિ. ઠગાઈ ભરેલું; પ્રપંચી; દગલબાજ; ધૂર્ત.

ખેટકા [સં.] સ્ત્રી. ઢાલ.

ખેટકી ૧. [સં. આખેટ] પું. ખેતી કરનાર; ખેતીકાર; ખેડૂત.

૨. વિ. શિકારના ચડસવાળું; શિકારનું શોખીન.

ખેટકું ૧. વિ. ચકોર; ચાલાક; સતેજ વૃત્તિ રાખનાર.

૨. વિ. ચિંતાવાળું; ચીવટવાળું; કાળજીદાર.

ખેટલી સ્ત્રી. ગૂંથેલા ચોટલા વચ્ચેની ખાલી લીટી; સેંથી.

ખેટવું ૧. સ. ક્રિ. અડ બાંધવી; બાધા લેવી; આખડી રાખવી.

૨. સ. ક્રિ. ખેડવું; માથે લેવું; વહોરવું; વેંઢારવું.

૩. સ. ક્રિ. ચલાવવું; હાંકવું.

ખેટવો સ્ત્રી. પગની એડી.

ખેટસર્વસ્વમ્ ન. મહર્ષિ જૈમિનીએ રચેલું એ નામનું એક શાસ્ત્ર. તેમાં ગ્રહો, નક્ષત્રો, ધૂમકેતુ, ખરતા તારા, ભ્રમણ પરિધિ વગેરે બાબતો વિષે વિવેચન કરવામાં આવેલું છે.

ખેટા સ્ત્રી. ટીખળ; મજાક; મશ્કરી.

ખેટિત [સં.] વિ. બીધેલું; ભય પામેલું.

ખેટિતાન [સં.] પું. પોતાના શેઠને સવારમાં સંગીતથી જગાડનાર ગવૈયો; વૈતાલિક; સ્તુતિપાઠક; ભાટચારણ.

ખેટિતાલ જુઓ ખેટિતાન.

ખેટી ૧. પું. શહેરીજન; નાગરિક.

૨. પું. શિકારનો શોખીન પુરુષ.

ખેટુડી (ખેટુડ઼ી) વિ. સ્ત્રી. જેનાં શિંગ માથા પછવાડે પણ વળાક વગરનાં હોય એવી. આ શબ્દ ભેંસ માટે વપરાય છે.

ખેટું ૧. ન. અંતર; છેટું.

૨. ન. બીજા દેશથી વેચાવા આવેલ ભેંસોનું ટોળું.

ખેટે અ. આઘે; છેટે; દૂર; વેગળે.

ખેટ્ટ વિ. હોશિયાર; ચાલાક; ચંચળ.

ખેડ (ખેડ઼) ૧. [સં. ક્ષેત્ર] સ્ત્રી. ખેડવું તે; ખેડવાની ક્રિયા; ખેતરને ખોદી, હળી, ચાસી, કળપી સાફ કરવાની ક્રિયા; જમીનને વાવણી યોગ્ય કરવાની ક્રિયા.

૨. સ્ત્રી. ખેતીનો ધંધો; ખેતી.

૩. ન. આસપાસ નદી કે પર્વત આવેલ હોય તેવું સ્થળ.

૪. ન. એક જાતની કાંટાળી વનસ્પતિ.

૫. ન. ખેટ; ગામ; ગામડું; વાસસ્થાન.

૬. ન. પડતર જમીન.

૭. ન. ફરતો ધૂળનો કોટ હોય તેવો પ્રદેશ.

ખેડકંબોઈ (ખેડ઼કંઓઈ) સ્ત્રી. એક જાતની ઔષધોપયોગી વનસ્પતિ.

ખેડકો (ખેડ઼કો) ૧. પું. કલહ; ધિંગાણું; બખેડો; રમખાણ.

૨. પું. નાશ; પાયમાલી.

ખેડણ (ખેડ઼ણ) ૧. [સં. કર્ષણ] પું. ખેડૂત.

૨. ન. ખેડવાની ક્રિયા; ખેડવું તે.

૩. વિ. ખેતી કરનારું; ખેડનારું.

૪. વિ. હાકનાર; હાંકેડુ.

ખેડણહાર (ખેડ઼ણહાર) ૧. પું. ખારવો; નાયક; નાવક; સુકાની.

૨. પું. ખેડનાર માણસ; ખેડૂત; ખેતી કરનાર પુરુષ.

૩. વિ. કાર્ય કરનાર; ચલાવનાર; મહેનત લેનાર.

૪. વિ. હાંકેડુ; હાંકનાર.

ખેડતર (ખેડ઼તર) વિ. ખેડાતું હોય એવું; ખેડાય કે ખેતી થાય એવું.

ખેડધારી (ખેડ઼ધારી) વિ. ખેતર રાખી ખેડ કરતું હોય એવું.

ખેડનહાર (ખેડ઼નહાર) જુઓ ખેડણહાર.

ખેડપાણી (ખેડ઼પાણી) ન. ખેતીવાડી; ખેતી.

ખેડયાલૂ (ખેડ઼યાલૂ) ૧. પું. ખેડૂત.

૨. પું. ગામડિયો.

ખેડલો (ખેડ઼લો) પું. સરસ ધોળી કોડી.

ખેડવવું (ખેડ઼વવું) સ. ક્રિ. ખસેડવું; બારણું ચાંણવારામાથી આઘું કરવું કે છટકાવવું.

ખેડવા (ખેડ઼વા) સ્ત્રી. બ્રાહ્મણની ચોરાશી માંહેની એક જ્ઞાતિ.

ખેડવાડ (ખેડ઼વાડ઼) વિ. ખેડી તથા વાવી શકાય એવું.

ખેડવાણ (.ખેડ઼વાણ) ૧. સ્ત્રી. ખેડમાં ઉપયોગી જમીન; ખેતીના કામમાં આવી શકે એવી જમીન.

૨. વિ. ચાલુ કરેલ; પલોટેલ.

ખેડવાયો (ખેડ઼વાયો) પું. ખેડૂત; ખેતી કરી ગુજરાન ચલાવનાર માણસ.

ખેડવી (ખેડ઼વી) સ્ત્રી. મુસાફરી; પ્રવાસ.

ખેડવું (ખેડ઼વું) ૧. અ. ક્રિ. અનાજ વાવવા માટે જમીનને હળ વડે સાફ કરી, ઉખાડી, પોચી અને સરખી કરવી; ખેતરમાં વાવવા માટે જમીન સરખી અને સારી કરવી.

૨. અ. ક્રિ. જવું.

૩. સ. ક્રિ. આરોહણ કરવું; ચડવું; ઉપર બેસવું.

૪. સ. ક્રિ. કાઢી મૂકવું.

૫. સ. ક્રિ. કેળવવું; ખીલવવું; સુધારવું.

૬. સ. ક્રિ. ખંતથી ધંધો કરવો; વેપાર કરવો.

૭ સ. ક્રિ. ખેતી કરવી.

૮ સ. ક્રિ. ચલાવવું; મહેનત લેવી; હાંકવું; વીંઢારવું.

૯. સ. ક્રિ. દરિયામાં વહાણ ચલાવવાનો ધંધો કરવો; દરિયો ખેડવો.

૧૦. સ. ક્રિ. મહેનત મલાવરાથી એકાદ મોટું કામ કરવું.

૧૧. સ. ક્રિ. મુસાફરી કે સફર કરવી.

૧૨. સ. ક્રિ. શિકાર કરવો.

ખેડવૈયો (ખેડ઼વૈયો) જુઓ ખેડવાયો.

ખેડવો (ખેડ઼વો) ૧. પું. દરિયો; સમુદ્ર.

૨. પું. મુલક; પ્રદેશ.

ખેડસુખડી (ખેડ઼સુખડ઼ી) સ્ત્રી. દરબારી, સુવાંગ કે મજમૂતી જમીન ખેડનાર ખેડૂત પાસેથી જમીનની વિઘોટી ઉપરાંત દરબાર તરફથી લેવાતી પ્રથમ રકમ.

ખેડહક્ક (ખેડ઼હક્ક) પું. ખેડવાનો અધિકાર; ખેડૂત તરીકે કામ કરવાનો હક્ક.

ખેડા ૧. [સં. ખેટ] પું. જુદી જુદી જાતનું અનાજ ભેળું કરવું તે; પંચકણકી.

૨. પું. મેમણ લોકો ધર્મગુરુને ઘરદીઠ આપે તે ભેટ.

૩. પું. હાથી પકડવાનો વાડો.

૪. સ્ત્રી. ગેંડાના ચામડાની ઢાલ.

૫. સ્ત્રી. વાછરડી.

૬. (ખેડ઼ા) ન. નાનું ગામ.

૭. ન. નાશ થયેલ ગામડાનું ઠેકાણું.

ખેડાકંબોઈ (ખેડ઼ાકંઓઈ) ન. એક વનસ્પતિ. તેનાં પાન બળતરાવાળા સોજા કે ગડગૂમડાં ઉપર ચોપડાય છે.

ખેડાણ (ખેડ઼ાણ) ૧. ન. ખેડાતી હોય એવી જમીન.

૨. ન. ખેતી, વાવેતર કરવા અને ખેતી કરવાનો ઉદ્યોગ.

૩. વિ. ખેડેલું; ખેડાતું હોય એવું.

ખેડાપટી (ખેડ઼ાપટી) ૧. પું. અમુક ધાર્મિક ક્રિયા કરવાને બ્રાહ્મણને હક્ક આપી તેને લગતી ફી લેવી તે.

૨. પું. ગામડાનો મુખી; પટેલ.

ખેડામણ (ખેડ઼ામણ) ન. ખેડવા બદલ અપાતું નાણું.

ખેડાયતા (ખેડ઼ાયતા) સ્ત્રી. બ્રાહ્મણની એક જ્ઞાતિ. તેઓ પ્રાંતિજ પાસે ખેડાબ ગામના અને ખેડાયતા વાણિયાના ગોર છે.

ખેડાવવું (ખેડ઼ાવવું) ૧. સ. ક્રિ. ખેતી કરાવવી.

૨. સ. ક્રિ. ચલાવવું.

૩. સ. ક્રિ. દોડાવવું.

ખેડાવળી (ખેડ઼ાવળી) સ્ત્રી. એ નામની એક દેવી.

ખેડાવાળ (ખેડ઼ાવાળ) સ્ત્રી. બ્રાહ્મણની એક જ્ઞાતિ. ખેડા જિલ્લાના મુખ્ય મથક ખેડા ઉપરથી ખેડાવાળ નામ પડ્યું છે. આ બ્રાહ્મણો શ્રીરંગપટ્ટણથી આવેલા મનાય છે.

ખેડી (ખેડ઼ી) ૧. સ્ત્રી. એક જાતનું દેશી પોલાદ.

૨. સ્ત્રી. ક્રીડા કરવા માટેની હોડી.

૩. સ્ત્રી. જેમાં ગર્ભ રહેતો હોય તે ત્વચા; ઓર.

૪. સ્ત્રી. દૂંટીની નાળ.

ખેડીવર (ખેડ઼ીવર) ન. હલકી જાતનું પોલાદ.

ખેડુ (ખેડ઼ુ) ૧. પું. ખેડ કરનાર માણસ; ખેડૂત; કૃષિકાર; ખેતીકાર; કણબી.

૨. પું. (વહાણવટું) વહાણ બંધાઈ રહ્યા પછી મુખ્ય નામ ઉપરાંત તેને અપાતું બીજું નામ.

૩. પું. (સંગીત) ષડ્જ સૂર.

૪. ન. ગામ; ગામનો ટીંબો.

૫. વિ. ખેડનાર; ખેતી કરનાર.

ખેડુતણ (ખેડ઼ુતણ) સ્ત્રી. ખેડૂતની સ્ત્રી; કણબણ.

ખેડુભાગ (ખેડ઼ુભાગ) પું. ખળાંમાંથી ખેડૂતને માટે બાકી રહેલું અનાજ.

ખેડુવાસ (ખેડ઼ુવાસ) પું. ખેડૂતોને રહેવાનો લત્તો.

ખેડુવેરો (ખેડ઼ુવેરો) પું. ખેડુઓ પાસેથી લેવામાં આવતો કર; સાંતીવેરો.

ખેડું (ખેડ઼ું) ૧. પું. (સંગીત) ખરજ સૂર.

૨. પું. ગામડિયો.

૩. ન. ખેટક; ગામડું.

૪. ન. ગેંડાની ઢાલ.

૫. ન. ભાલું.

ખેડૂત (ખેડ઼ૂત) ૧. [સં. ક્ષુર્ (ચાસ કરવા)] પું. કણબી; કર્ષક; કૃષિકાર; ક્ષેત્રિક; ખેડવાનો ધંધો કરનાર; ખેતીકાર.

૨. પું. ખેડુ વર્ગનો આદમી.

ખેડેલું (ખેડ઼ેલું) ૧. વિ. ઉપયોગમાં લીધેલું; વાપરેલ.

૨. વિ. કેળવેલું.

ખેડો (ખેડ઼ો) ૧. પું. અંત; છેડો.

૨. પું. ખેડૂ; ખેતીમાં સાંતી હાંકનાર, ગાડી હાંકનાર અથવા રોપણી કરનાર માણસ.

૩. [સં. ખેલ; પ્રા. ખેડ઼] પું. નટ; વેશ લેનાર.

૪. પું. હાથી પકડવાનો ખાડો.

ખેઢો પું. વાછરડો.

ખેઢી (ખેઢ઼ી) ૧. [હિં.] સ્ત્રી. એક જાતનું દેશી પોલાદ.

૨. સ્ત્રી. દૂંટીની નાળ.

ખેણઝેણ ૧. સ્ત્રી. ભોગવવું તે; ભોગવટો.

૨. સ્ત્રી. સ્ત્રીને વાપરવાના પૈસા.

ખેણી સ્ત્રી. એક જાતનો છોડ. એનું લાકડું સખત અને મૂળિયાં ગાંઠ સરખાં થાય છે. બાળકો તેના ખિત્તા બનાવી લખે છે.

ખેત ૧. પું. અવકાશ; મોકળાશ.

૨. પું. ખેતીની જમીનનો કબજો.

૩. પું. જાત; વંશ.

૪. પું. જાત્રાનું ધામ.

૫. પું. ધંધો.

૬. પું. મોલ.

૭. પું. યુદ્ધક્ષેત્ર; લડાઈનું મેદાન.

ખેત છોડવું = લડાઈમાંથી નાસી જવું.

૮. પું. સીધી સપાટી.

૯. [સં. ક્ષેત્ર; અપ. ખેત્ત] ન. ખેતર; ખેતી થતી હોય એવો જમીનનો ભાગ.

૧૦. ન. જમીન; ભૂમિ.

૧૧. વિ. ખેલાડી; લડવામાં કુશળ.

ખેત આવવું = લાચાર થવું.

ખેતકર્મ પું. ખેતીવાડી; ખેડૂતનો કામધંધો.

ખેતખત્ત [હિં.] પું. ખેતર ગીરો મૂકવું તે.

ખેતદાર [હિં.] પું. ખેડૂત; ખેતરનો માલિક; ખેડનાર.

ખેતપત્ર જુઓ ખેતખત્ત.

ખેતમ [હિં.] પું. ક્ષેત્ર.

ખેતર ૧. પું. ક્ષેત્રપાળ; ખેતરપાળ.

૨. [સં. ક્ષેત્ર; પ્રા. છેત્ત; અપ. ખેત્ત] ન. અનાજ વાવવા ખેડીને સાફ કરેલો જમીનનો કકડો; ક્ષેત્ર.

૩. ન. અવકાશ; પુષ્કળ જગા; મોકળાશ.

૪. ન. કાર્ય; વિસ્તાર.

૫. ન. ઉદ્યોગથી રળાતું હોય તે; ધંધો.

૬. ન. શરીર.

ખેતર ભેળવવું = (૧) ખેતરનો ઊભો મોલ ચારી દેવો. (૨) પાક લઈ લીધા પછી ખેતરમાં ચરવાં દેવાં.

ખેતરધણી પું. ખેતરનો માલિક.

ખેતરપંડી સ્ત્રી. છળકપટ; છેતરપિંડી; ઠગાઈ.

ખેતરપાદર ન. ખેતરો; ગરાસ; સ્થાવર મિલ્કત.

ખેતરપાપડો (ખેતરપાપડ઼ો) પું. (કચ્છી) ખેતરાઉ પિત્તપાપડો; રસહતરો; વિટીપાપડો.

ખેતરપાળ ૧. [સં. ક્ષેત્ર + પાલ] પું. કાળો સાપ.

૨. પું. ક્ષેત્રપાળ; ખેતરનું રક્ષણ કરનારો દેવ.

૩. પું. ગામને પાદર રહેતો દેવ; ગ્રામદેવતા.

૪. પું. રાફડો; સાપનું રહેઠાણ.

ખેતરફૂલી પું. (કચ્છી) એક પ્રકારનો છોડ. તે ચારથી છ ઇંચ ઊંચો થાય છે.

ખેતરવા ૧. વિ. એક ખેતર જેટલે છેટું હોય એવું; એક ખેતરના જેટલી લંબાઈનું.

૨. અ. એક ખેતર જેટલે અંતરે; લગભગ સો હાથ છેટે.

ખેતરવું ૧. સ. ક્રિ. છેતરવું; ઠગવું; ફોસલાવવું.

૨. સ. ક્રિ. ફસાવવું.

ખેતરાઈ ૧. સ્ત્રી. એક શેઢે આવેલાં ખેતરોનો સમૂહ; ઘણાં ખેતર એકબીજાંને લગતાં હોય તે બધી જમીન.

૨. સ્ત્રી. છેતરામણ; ભૂલથાપ.

ખેતરાઉ ૧. વિ. ખેડવા લાયક.

૨. વિ. ખેતર વચ્ચે થઈને જતું. માર્ગ માટે આ શબ્દ વપરાય છે.

૩. વિ. ખેતરનું; ખેતર સંબંધી.

ખેતરાઉકૂબો પું. એક પ્રકારનો છોડ. તેને ડોશીકૂબો પણ કહે છે.

ખેતરાઉ પિત્તપાપડો (ખેતરાઉ પિત્તપાપડ઼ો) પું. એક પ્રકારનો છોડ. તેનાં ફળ નાના ગરિયા જેવા આકારનાં થાય છે. આખો છોડ કડવો હોય છે. તેનો સામાન્ય ઉપયોગ તાવ ઉપર છે.

ખેતરાઉ ફૂદરડી (ખેતરાઉ ફૂદરડ઼ી) સ્ત્રી. એક પ્રકારની વેલ. તેનાં પાન વાટીને ગૂમડાં ઉપર બંધાય છે.

ખેતરાઉબલ પું. એક પ્રકારનો છોડ. આ છોડ ચાર ફૂટ જેટલો ઊંચે વધે છે. એના ઉપલા ભાગમાં કેટલીક લાંબી શાખાઓ હોય છે. પાન આંતરે આવેલા કાંગરીદાર અને છેડેથી સાંકડાં થાય છે. ફૂલ પીળાં કે ધોળાં થાય છે. તેનો ઉપયોગ સંધિવા ઉપર છે.

ખેતરાડુ (ખેતરાડ઼ુ) ૧. વિ. ખેતરની વચ્ચેથી નીકળતું; ખેતરમાં થઈને જતું.

૨. વિ. ખેતરને લગતું; ખેતર સંબંધી.

ખેતરામણ સ્ત્રી. કપટ; છળ; છેતરામણ; ભૂલથાપ; ભુલાવો.

ખેતરાં ન. બ. વ. ઘણાં ખેતરો; નાનાં નાનાં ખેતરોનો સમૂહ.

ખેતલો [સં. ક્ષેત્રપાલ] પું. એ નામના એક નાગદેવ.

ખેતવાર અ. ખેતરદીઠ.

ખેતવાલ સ્ત્રી. બ્રાહ્મણની ચોરાશી માંહેની એક જ્ઞાતિ.

ખેતાવી સ્ત્રી. ઉતાવળી ચાલ.

ખેતિથિ સ્ત્રી. ક્ષય થયો હોય એવી તિથિ.

ખેતિહર [સં. ક્ષેત્રધર] પું. ખેડૂત; ખેતી કરનાર માણસ.

ખેતી ૧. સ્ત્રી. ખંતથી મહેનત લેવાપણું.
૨. [સં. કૃષિ] સ્ત્રી. ખેડ; ખેડવાનું કામ; જમીનમાં અનાજ વગેરે પકવવા માટે કરવાનું કામ; ખેડનું કામ અને ધંધો.
૩. સ્ત્રી. પાક; ઊપજ.
૪. સ્ત્રી. વેપાર; વણજ.

ખેતીકાર [સં. કૃષિકાર] પું. ખેડ કરનાર માણસ; ખેડુ; ખેડૂત; ખેતી કરનાર માણસ.

ખેતીક્યારી સ્ત્રી. ખેડ; ખેતીવાડી.

ખેતીદાર પું. ખેડૂત.

ખેતીપતારી સ્ત્રી. ખેડ સંબંધી મહેનત.

ખેતીપરજ પું. ખેડૂત.

ખેતીપ્રધાન વિ. મુખ્ય ધંધો ખેતીનો હોય એવું.

ખેતીબારી સ્ત્રી. ખેડવું તે; ખેતી.

ખેતીવાડી (ખેતીવાડ઼ી) ૧. [સં. ક્ષેત્રવાટિકા] સ્ત્રી. અનાજનાં ખેતર અને ફળોની વાડી; ખેતર અને વાડી; ખેતી અને શાકભાજીની કે ફળફળાદિની વાડી.
૨. સ્ત્રી. ખેડૂતનો ધંધો; ખેતી; જમીન ખેડવાનો ધંધો; કણસલાનો અને ફળઝાડનો પાક કરવાનો ઉદ્યોગ.

ખેતીવાડીખાતું (ખેતીવાડ઼ીખાતું) ન. ખેતીવાડી ઉપર દેખરેખ રાખનારી સંસ્થા.

ખેતીવાડીવિદ્યાલય (ખેતીવાડ઼ીવિદ્યાલય) ન. ખેતીવાડીનું જ્ઞાન મેળવવાની શાળા.

ખેતીવાડીશાળા (ખેતીવાડ઼ીશાળા) જુઓ ખેતીવાડીવિદ્યાલય.

ખેતીશાસ્ત્ર ન. ખેતીવાડી સંબંધી પુસ્તક.

ખેતુ ન. ખેત; ખેતર.

ખેત્ર ૧. [સં. ક્ષેત્ર] ન. ખેતર.
૨. ન. દેશ.
૩. ન. પત્ની; ભાર્યા.
૪. ન. શરીર.

ખેત્રી સ્ત્રી. બેલગામ અને વિજાપુર તરફ રહેતી લોકોની એક જાત.

ખેદ ૧. [સં. ખિદ્ (દુઃખી થવું)] પું. અણગમતી વસ્તુ મળવાથી અથવા વહાલી વસ્તુના વિયોગથી મનમાં થતું દુઃખ; અનુતાપ; અફસોસ; સંતાપ.
૨. પું. અપ્રસન્નતા.
૩. પું. કંટાળો; થાક; પરિશ્રમ.
૪. પું. ગરીબાઇ.
૫. પું. દિલગીરી; પશ્ચાત્તાપ; પસ્તાવો.
૬. પું. બીમારી; રોગ.
૭. પું. વિચાર.
૮. [હિં.] પું. શિકાર.

ખેદક વિ. ખેદ કરાવે એવું.

ખેદકારક વિ. ખેદ ઉપજાવે એવું.

ખેદકારી વિ. ખેદ કરે એવું.

ખેદકુદ સ્ત્રી. એક જાતની રમત.

ખેદજનક જુઓ ખેદકારક.

ખેદન ૧. [સં.] ન. ખેદ કરવો તે; શોક; દિલગીરી; અફસોસ.
૨. ન. ગરીબાઈ.
૩. ન. છેદન.
૪. ન. થાક; પરિશ્રમ.
૫. ન. દુઃખ.
૬. ન. રોગ.

ખેદના ૧. સ્ત્રી. ખેદ.
૨. સ્ત્રી. ખેદસૂચક વાણી.
૩. સ્ત્રી. થાક.
૪. સ્ત્રી. દુઃખ; પીડા.

ખેદનીય વિ. ખેદ કરવા જેવું.

ખેદમ (ખ઼ેદમ) [અ. ખાદિમ] પું. ચાકર.

ખેદયુક્ત વિ. ખેદવાળું; દુઃખથી ભરેલું.

ખેદલો પું. મોટો દાણ; મોટી કોડી.

ખેદવું ૧. અ. ક્રિ. નુકસાનકારક હોવું.
૨. અ. ક્રિ. માફક ન આવે એવું હોવું.
૩. સ. ક્રિ. હાંકી કાઢવું.

ખેદસૂચક વિ. શોકાતુર.

ખેદસૂચકપત્ર પું.; ન. અફસોસ કે ખેદ બતાવતો કાગળ; ખરખરાનો પત્ર.

ખેદા ૧. [હિં.] પું. આખેટ; શિકાર.
૨. પું. જંગલી હાથીને પકડવાનો વાડો કે જાળ.
૩. સ્ત્રી. હથોડી.

ખેદાઈ [હિં.] વિ. જંગલી પશુઓને પકડવાની જાળ સંબંધી.

ખેદાન ૧. વિ. ખરાબખસ્ત; પાયમાલ.
૨. વિ. ખોદાયેલું; ઊખડી ગયેલ.

ખેદાનમેદાન ૧. વિ. ઊખડી ગયેલ; ખોદાયેલ.
૨. વિ. ખણાઈને મેદાન જેવું થઈ ગયેલું; ખરાબખસ્ત; નાશ થઈ ગયેલું; પાયમાલ થયેલું.
૩. વિ. વેરણછેરણ.

ખેદાન્વિત ૧. [સં.] વિ. ખેદવાળું; શોકવાળું.
૨. વિ. થાકવાળું.
૩. વિ. રોગી.

ખેદિ [સં.] પું. કિરણ.

ખેદિત ૧. [સં.] વિ. ખિન્ન થયેલ; ખેદ પામેલ; પીડિત; શોક પામેલ.
૨. વિ. ગરીબ; દરિદ્ર.
૩. વિ. થાકેલ.
૪. વિ. રોગી.

ખેદીવ (ખ઼ેદીવ) ૧. [ફા. ખુદીવ] પું. મિસરના મુસલમાન રાજકર્તાનું ઉપનામ; મિસરનો રાજા.
૨. પું. સ્વતંત્ર પાદશાહ.

ખેદો પું. કેડો; ખેધો; પાછળ પડવું તે; પીછો.

ખેધ ન. દુશ્મનાવટ; વૈર.

ખેધક વિ. પાછળ પડનાર; પીછો પકડનાર.

ખેધીલું વિ. ઈર્ષાળુ; ખારીલું; દ્વેષીલું.

ખેધુ ૧. પું. પાછળ પડનાર માણસ; શત્રુ.
૨. વિ. ખારીલું; ઈર્ષાળુ.
૩. વિ. પોતાના બોલ્યા પ્રમાણે કરવામાં આગ્રહી; તંતીલું.

ખેધુકડું (ખેધુક઼ડું) ૧. વિ. અદેખું; ઈર્ષાળુ.
૨. વિ. તંતીલું.

ખેધો ૧. પું. કનડગત; પજવણી.
૨. પું. કેડો; પીછો; કોઈના ઉપર ખાર રાખી તેની પછવાડે પડવું તે.

૧. ખેધે પડવું = કોઈનું બગાડવા માટે યત્ન કર્યા કરવો; દ્વેષવૃત્તિથી કેડો ન છોડવો; પાછળ પડવું.

૨. ખેધો છોડવો-મૂકવો = પજવણી છોડવી; સગડ મૂકવો.

૩. ખેધો લેવો = કેડે પડવું; પછવાડે પડવું; પીછો પકડવો.

૩. પું. દ્વેષ; ઈર્ષા.

ખેન ૧. [સં. ક્ષય] પું. ખઈ; ખે; ક્ષય; છાતી અને ફેફસાંનો એક રોગ.
૨. ન. કંટાળો.
૩. ન. કંટાળો આપે તેવું માણસ.
૪. ન. દુઃખ; પીડા.
૫. ન. નડતર; આડ.
૬. ન. મુશ્કેલી; વિપત્તિ.

ખેન પડવું = (૧) અડચણ અને મુશ્કેલીઓ પડવી. (૨) ઘણી જ મહેનત પડવી.

૭. વિ. કંટાળો ઉપજાવનાર; માથું પકવનાર.

ખેનખાટલો ૧. પું. કંટાળો.

૨. પું. ક્ષયરોગ.

૩. પું. બહુ ત્રાસ આપનારો માણસ.

૪. પું. મોટું નડતર.

ખેનરોગ પું. ક્ષયરોગ.

ખેપ ૧. [સં. ક્ષિપ્ (ફેંકવું)] સ્ત્રી. આક્ષેપ; આરોપ.

૨. સ્ત્રી. આંટા માટે અપાતું નાણું; ફેરાનું મહેનતાણું.

૩. સ્ત્રી. આંટો; ફેરો.

૪. સ્ત્રી. એક જિંદગીનો વખત; જન્મારો.

૫. સ્ત્રી. કાસદનું લવાજમ.

૬. સ્ત્રી. કાળજી; સંભાળ.

૭. સ્ત્રી. ખોટો અથવા ભાંગી ગયેલો સિક્કો.

૮. સ્ત્રી. ઢીલ.

૯. સ્ત્રી. દૂરની જગ્યાએ જઈ પાછું આવવું તે; આવજાવ; ભાર લઈને કોઈ દૂરની જગ્યાએ જઈ આવવું તે.

ખેપ કરવી = (૧) જવું અને પાછા આવવું; જઈ આવવું. (૨) પીછો લેવો; કેડો પકડવો; પૂઠ લેવી.

૧૦. સ્ત્રી. દોષ; એબ.

૧૧. સ્ત્રી. ધૂળ; રજ.

૧૨. સ્ત્રી. ધોબીને ધોવા આપેલાં કપડાંની ગાંસડી.

૧૩. સ્ત્રી. પાછળ લાગવું તે; ખંત; ચાનક.

૧૪. સ્ત્રી. પ્રસંગ; વખત.

૧૫. સ્ત્રી. બીજગણિતની પદ્દિ.

૧૬. સ્ત્રી. મહેનત.

૧૭. સ્ત્રી. મુસાફરી; સફર.

૧૮. સ્ત્રી. મોસમે મોસમે વેપારની વસ્તુનું એક દેશથી બીજે દેશ જવું તે.

ખેપ ભરવી = માલ ભરવો.

૧૯. સ્ત્રી. વહાણમાં ભરેલો માલ.

૨૦. સ્ત્રી. વારો; હફતો.

૨૧. સ્ત્રી. સિક્કામાં ભેળવવામાં આવતી હલકી ધાતુ.

૨૨. સ્ત્રી. હૂંડી ન સિકરાવાથી ટપાલખર્ચ, રજિસ્ટર, વ્યાજ વગેરે બાબતનો થયેલો ખર્ચ.

ખેપ હારવી = ખોટ ખમવી.

ખેપટ ૧. સ્ત્રી. કચરો; છિયાડી; ધૂળ; રજ; રજકણ; રજોટી.

૨. સ્ત્રી. સંદેશો પહોંચાડવા અર્થે કરેલી મુસાફરી.

૩. અ. એકદમ; ઉતાવળે; જલદી; ઝટ; ઝપાટાબંધ.

ખેપટિયું ન. જાન વળતાં વચમાં કરાતું જમણ.

ખેપણ ન. ક્ષેપ કરવાપણું; વિતાવવું તે.

ખેપન ૧. [સં. ક્ષેપન] ન. નાખવું તે; બહાર કાઢવાપણું.

૨. ન. પીડા; દુઃખ.

ખેપના [સં. ક્ષેપણા] સ્ત્રી. એળે ગુમાવવું તે.

ખેપવું સ. ક્રિ. ગુજારવું; વિતાવવું.

ખેપા પું. અક્કલ વગરનો માણસ; મૂર્ખ.

ખેપાણી ૧. વિ. કાબેલ; ચાલાક; હોશિયાર.

૨. વિ. તોફાની.

૩. વિ. બદમાશ; લુચ્ચું.

૪. વિ. યુક્તિબાજ.

ખેપાત પું. કડાકો; વીજળીનો અવાજ.

ખેપાન ૧. પું. કાબેલ માણસ.

૨. પું. પાજી; લુચ્ચો માણસ.

૩. પું. યુક્તિબાજ પુરુષ.

ખેપાની જુઓ ખેપાણી.

ખેપિયો પું. એક ઠેકાણેથી બીજે ઠેકાણે સંદેશો લઈ જનાર; કાસદ; ખેપ કરનારો; દૂત.

ખેપી ૧. [સં. આક્ષેપિન્] વિ. આક્ષેપી; આક્ષેપ કરનારું.

૨. વિ. ગાંડું.

૩. વિ. ચાનકવાળું.

ખેભડ (ખેભડ઼) ૧. સ્ત્રી. એ નામની સંધીની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ખેભર્યું ૧. વિ. ઉતાવળું.

૨. વિ. ઉશ્કેરાયેલું.

૩. વિ. ધૂળવાળું; રજવાળું.

ખેમ ૧ [સં. ક્ષેમ] ન. કલ્યાણ; શ્રેય.

૨. વિ. આરોગ્યવાળું.

૩. વિ. કુશળ; કુશળતાવાળું; ક્ષેમ.

૪. વિ. હિતકર.

૫. અ. ભગવાન ભલું કરો.

ખેમકા ૧. સ્ત્રી. એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ખેમકુશળ ૧. સ્ત્રી. આરોગ્ય; ક્ષેમકુશળતા; તંદુરસ્તી.

૨. સ્ત્રી. ભલું; હિત.

૩. ન. આરોગ્ય અને સુખશાંતિના સમાચાર.

૪. વિ. આરોગ્ય અને સુખશાંતિવાળું; સાજુંતાજું.

ખેમકુશળતા સ્ત્રી. ક્ષેમકુશળતા; સાજાનરવા હોવાપણું; હેમખેમ હોવું તે.

ખેમખુશાલી સ્ત્રી. આરોગ્ય; તંદુરસ્તી; સુખી હાલત.

ખેમટા ૧. પું. (સંગીત) એક જાતનો તાલ. તેમાં બાર માત્રા, ત્રણ આઘાત અને એક ખાલી હોય છે. કોઈ કોઈ તેને આઠ માત્રાનો તાલ માને છે.

૨. પું. ખેમટા તાલમાં ગવાતું ગાયન.

ખેમટો જુઓ ખેમટા.

ખેમણું ન. મરણ પાછળનું એક જાતનું જમણ.

ખેમવતી સ્ત્રી. ક્રકુચ્છંદ અથવા ક્રકુચંદ્ર બુદ્ધની જન્મભૂમિ. એને ખેમા પણ કહેતા. નેપાલી તિરાઈમાં તિલૌરાથી દક્ષિણે ચાર માઈલ ઉપર આવેલું ગુતિવા તે જ આ ગામ હોવાનું મનાય છે.

ખેમા ૧. પું. (પિંગળ) ચોવીશ ગુરુ અને અડસઠ લઘુ મળી અઠ્ઠાશી વર્ણનો એક સમજાતિ માત્રામેળ છંદ. તે દ્રૌપદી છંદનો ભેદ છે.

૨. (ખે઼મા) [અ.] પું. ડેરો; તંબૂ.

૩. સ્ત્રી. ક્રકુચ્છંદ અથવા ક્રકુચંદ્ર બુદ્ધની જન્મભૂમિ. જુઓ ખેમવતી.

ખેમાગાહ (ખે઼માગાહ) ૧. [અ.] ન. છાવણી.

૨. ન. તંબૂખાનું.

ખેમાદેરાણી પું. વાણિયાઓનું 'શાહ' બિરુદ કાયમ રાખનાર હડાળાનો એ નામનો શેઠ. તે હડાળા ગામ ધોળકા અને ધંધુકા વચ્ચે આવેલું છે. મહમ્મદ બેગડાના સમયમાં ગુજરાતમાં ભયંકર દુષ્કાળ પડ્યો, ત્યારે એક વર્ષ સુધી આખા દેશને અન્નપાણી તેણે મફત પૂરાં પાડ્યાં હતાં.

ખેમાનિયો ૧. પું. ખાટલે પડેલો માંદો માણસ.

૨. પું. માંદાનો ખાટલો.

ખેય ૧. પું. એક જાતનો પુલ.

૨. ન. ખાઈ.

૩. ન. દુઃખ; ખેદ.

૪. વિ. ખોદવા જેવું.

ખેયજ્ઞ [સં. ખેદજ્ઞ] વિ. (પ્રાકૃત) સંસારના દુઃખને જાણનાર.

ખેર ૧. પું. આર; કાંજી; ખેળ; 'સ્ટાર્ચ'.

૨. સ્ત્રો. આરોગ્ય; તંદુરસ્તી.

૩. સ્ત્રી. ઊધઈ; એક જાતનું જીવડું.

૪. સ્ત્રી. એ નામની રાજપૂતની એક અટક.

૫. (ખે઼ર) [ફા.] સ્ત્રી. કલ્યાણ; શ્રેય; હિત.

૬. સ્ત્રી. ખેરાત; ધર્માદો; ખેરિયાત.

૭. સ્ત્રી. ધૂળ; રજ.

૮. સ્ત્રી. પસંદ કરવું તે.

૯. સ્ત્રી. પીડા; બલા.

૧૦. સ્ત્રી. ભલાઈ.

૧૧. ન. એ નામની અટકનું માણસ.

૧૨. [સં. ખદિર] ન. એક જાતનું મોટું ઝાડ. સહ્યાદ્રિ નીચેના પ્રદેશમાં એનાં વન ઘણાં છે. એને બારીક અને કઠિન કાંટા હોય છે. એનાં પાંદડાં ખીજડાનાં પાંદડાં જેવાં, ફૂલ સફેદ પીળા રંગનાં અને ફળની શિંગ થાય છે. એનું લાકડું બહુ જ કઠણ અને કાળું હોય છે. માટીમાં ઘણાં વર્ષો રહે તોપણ તે કોહવાતું ન હોવાથી ઇમારતના કામમાં બહુ ઉપયોગી છે. આ ઝાડના લાકડાનાં થાંભલી થાંભલા, ગાડાં, મલખંભ, વળી, સોટી, તંબૂની મેખ, ખાટલા, ફર્નિચર, પેટી, હાથે વણવાની સાળ, મોગરી, તીર, કામઠાં, મૂસળ, તેલીબિયાં પીલવાની ઘાણી, તરવારની મૂઠ, રૂ પીંજવાને મગદળના ઘાટનો કોટીલો વગેરે વસ્તુ બને છે. ખેરના લાકડાનો ગાભો ઘણો કઠણ હોવાથી સુતાર તથા લુહાર હથિયારના હાથા કરવામાં તેનો ઉપયોગ કરે છે. શેરડીનો રસ કાઢવાનો મજબૂત કોલ પણ તેનો જ બનાવાય છે. કંસારા તથા લુહાર ખેરનું બળતણ વધુ પસંદ કરે છે, કેમકે તેનો તાપ બહુ સખત લાગે છે. તેની છાલ અને લાકડામાંથી રંગ પણ બને છે. યજ્ઞની સાધનસામગ્રીમાં પણ તેનો ઉપયોગ થાય છે. ખેર ધોળો, રાતો અને દુર્ગંધ એમ ત્રણ જાતનો છે. ધોળો ખેર શ્વેતસાર, કદર, સોમવલ્કલના નામે, રાતો ખેર ખદિર, રક્તસ્રાવ, ગાયત્રી, દંતધાવન, કંટકી, બાલપત્ર, બહુશલ્ય, યજ્ઞિયના નામે અને દુર્ગંધ ખેર ઇરિમેદ, વિટ્ખદિર, કાલસ્કંધ, અરિમેદકના નામે ઓળખાય છે. ખેરના જાડા થડમાં તેના કઠણ ગરના રેસાઓની ઊભી સળીઓ બહુ જ નક્કર અને કઠણ હોય છે. તે કફઘ્ન હોઈ દવાના કામમાં આવે છે. તે ખેરસાલ કહેવાય છે. એને ઉકાળીને કાઢવામાં આવતું ઘનસત્ત્વ કાથો કહેવાય છે. ધોળા ખેરમાંથી બનાવેલ કાથાને કેવડિયો કાથો કહે છે. ખેરને બાવળની માફક ગુંદર પણ થાય છે. ખેર પાચક, શોધક, શીતળ, રોપણ, કફનાશક, કૃમિઘ્ન, રસકાળે કડવો, તૂરો, રક્તશુદ્ધિકારક, દાંતને હિતાવહ અને કફ, પિત્ત, કૃમિ, વ્રણ, કોઢ, કંડૂ, તાવ, સોજો, ઉધરસ, મેદ, પ્રમેહ, આમ, અરુચિ, પાંડુ અને રક્તદોષનો નાશ કરે છે. ખેરનો ગુંદર મધુર, બલકર તથા ધાતુવર્ધક છે. ખેરનો સાર વ્રણ્ય તથા વિશદ અને રક્તદોષ, કફ તથા મુખરોગનો નાશ કરે છે. શોધક તરીકે ખેરની છાલ જ વપરાય છે. મોઢું આવી ગયું હોય, ચાંદાં પડ્યાં હોય, અગર બળતરા થતી હોય ત્યારે ખેરસારની ગોળી ઉપયોગી છે. તે બનાવવા લવિંગ તોલો એક, મરી તોલો એક, બહેડાંની છાલ તોલો એક, ખેરસાર તોલા ત્રણ એ દરેકના ચૂર્ણને મેળવી બાવળની છાલના ક્વાથની ભાવના દેવી અને તેની વાલ વાલ માત્રાની ગોળી કરવી. ખેરનું ઘી બુદ્ધિવર્ધક મનાય છે. જે સ્ત્રીને છોકરાં ઊછરતાં ન હોય તે આ ઘી ખાય છે.

૧૩. વિ. એ નામની અટકનું.

૧૪. વિ. કુશળ; ભલું.

૧૫. વિ. સલામત; સાબૂત.

૧૬. વિ. સારૂં.

૧૭. અ. એકદમ; તરત જ.

૧૮. અ. કંઈ ચિંતા નહિ; હશે; હોય.

૧૯. અ. બહુ સારૂં; ભલે; વારૂ.

ખેરઆફીઅત (ખ़ेरआफ़ीअत) સ્ત્રી. આરોગ્ય; ક્ષેમકુશળતા; તંદુરસ્તી.

ખેરખટ ૧. અ. એકદમ; એકાએક; જોતજોતામાં.

૨. અ. ખરેખર; જરૂર.

ખેરખાઈ વિ. ધર્માદો ખાનારૂં; માગી ખાનાર.

ખેરખાણું જુઓ ખેરખાઈ.

ખેરખાસ્ત (ખ़ेरख़ास्त) ન. ઘરસંસારના તમામ પદાર્થો એટલે સ્ત્રી, દ્રવ્ય, છોકરાં વગેરે સંબંધી ભારે નુકસાન.

ખેરખાહ (ખ़ेरख़ाह) ૧. [અ. ખેર (ભલું) + ખાહ (ચાહનાર)] પું. આગેવાન; આશ્રયદાતા; મુરબ્બી.

૨. વિ. દોષ સામું ન જોતાં ભલું ઇચ્છનાર; શુભેચ્છક; સંભાળ રાખનાર; હિત કરવાની વૃત્તિ રાખનાર; હિતચિંતક.

ખેરખાહી (ખ़ेरख़ाही) સ્ત્રી. ભલું કરવાની ઇચ્છા; સદિચ્છા; સુજનતા.

ખેરખાં જુઓ ખેરખાહ.

ખેરખેર વિ. જ્યાં ત્યાં પડેલું; વેરણખેરણ.

ખેરખેરાં અ. એકદમ; ઝપાટાબંધ; ત્વરાથી.

ખેરચંપો ૧. પું. એ નામનું એક ઝાડ; ગુલચીન. તેનાં પાનમાંથી દૂધ જેવો રસ નીકળે છે. તેને મધ્ય ભાગમાં સોનેરી રંગવાળાં મોટાં મીઠાં ફૂલ આવે છે. આ ફૂલઝાડ મધ્ય અમેરિકમાંથી હિંદમાં આવ્યું છે. તેના ધોળા, ગુલાબી અને લાલ રંગના ફૂલવાળા ચંપા થાય છે. તેનાં પાન ગૂમડાનો સોજો ઓછો કરવા લોપરી તરીકે વપરાય છે અને રસ વાનાં દરદ ઉપર લગાડવામાં આવે છે.

૨. પું. એ નામનું એક ઝાડ; ચમેલી.

ખેરજેર વિ. છેવટનું; બાકીનું; વધ્યુંસધ્યું.

ખેરટું ન. ગાય વિયાણા પછી તરત કાઢેલું દૂધ.

ખેરડિયા (ખेरड़िया) ૧. સ્ત્રી. એ નામની સુતારની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ખેરડી (ખेरड़ी) ૧. સ્ત્રી. એક જાતની ગાય.

૨. સ્ત્રી. એક જાતનો છોડ.

ખેરણ વિ. ખરી છૂટું પડેલું; ખરી પડેલું; વેરણસેરણ; વેરાયેલું. આ શબ્દ એકલો વપરાતો નથી, પણ વેરણખેરણ કે આમતેમ અવ્યવસ્થિત રીતે પડેલું હોય એવું દેખાડનારા સંયુક્ત શબ્દના ઉત્તરપદ તરીકે વપરાય છે.

ખેરણેખેરણે અ. ટટકે ટટકે; થોડે થોડે અંતરે; ધીમે ધીમે.

ખેરદ્રવ્ય ન. ખાંડ, કાંજી તથા ગુંદરના તત્ત્વોવાળો પદાર્થ; 'કાર્બોહાઈડ્રેટ'.

ખેરમકદમ (ખ़ेरमक़दम) ન. મિત્રો અથવા સદ્ગૃહસ્થોને સામે લેવા જવું તે.

ખેરમાગ ન. સલામતી; કુશળતા.

ખેરમુરદમ સ્ત્રી. કુશળતા પૂછવાપણું.

ખેરવર અ. એકદમ; જોતજોતામાં; ઝડપથી; ત્વરાથી.

ખેરવવું ૧. સ. ક્રિ. કંટાળો આપવો; પજવવું; માથું ફોડાવવું.

૨. સ. ક્રિ. કાઢી મૂકવું; ખસેડવું; દૂર કરવું.

૩. સ. ક્રિ. કાઢી લેવું; પ્રાપ્ત થાય એમ કરવું.

૪. સ. ક્રિ. ખરી પડે તેમ કરવું; ખંખેરવું; તૂટીને નીચે પડે તેમ કરવું.

૫. સ. ક્રિ. વિખેરવું.

ખેરવારી સ્ત્રી. આસામ, બંગાળ, બિહાર અને ઓરિસા તરફ બોલાતી એક ભાષા.

ખેરવિખેર અ. આડુંઅવળું; જુદું જુદું; જેમતેમ.

ખેરવું ૧. સ. ક્રિ. આબરૂ પાડવી; હલકું કરવું.

૨. સ. ક્રિ. ઝંઝેડવું; પાડવું.

ખેરી નાખવું = (૧) આબરૂ પાડવી; પટકી પાડવી. (૨) વસ્તુ ઉપર ચોંટેલી રજ, કચરો વગેરે ધીમે ધીમે કાઢી નાખવું.

ખેરવેલ સ્ત્રી. એક જાતની કાંટાવાળી વાડ બનાવવા માટેની વનસ્પતિ. તેમાં પીળાં રંગનાં નાનાં ફૂલ અને ચપટી પીળા રંગની શિંગ થાય છે. તે કડવી, તૂરી, તીખી, ઉષ્ણ, રસકાળે અને પાકકાળે ખાટી, રસકોપન અને વાયુ, ઉધરસ અને પિત્તરોગનો નાશ કરનાર મનાય છે.

ખેરસલ્લા ૧. પું. ખુદા; ઈશ્વર.

૨. સ્ત્રી. કંઈ કજિયો ફિતૂર ન હોય પણ બધું સ્વસ્થ સુલેહ ભરેલું હોય એવી હાલત; સુખરૂપતા; સુલેહશાંતિ.

૩. ન. જતું કરી દેવું તે; થઈ ગયું તે થઈ ગયું એમ કરીને મન વાળવાનો ઉદ્ગાર; ટળ્યું, બળ્યું, હશે, હોય એવો મન વાળવાનો ઉદ્ગાર.

૪. ન. જેમાં કાંઈ ખર્ચ ન હોય એવું કામ.

૫. ન. મહેનત અથવા પ્રયાસ ન કરવાપણું.

ખેરસલ્લા કરવા = (૧) ઉડાડી દેવું. (૨) ખોઈ નાખવું. (૩) વાપરી નાખવું.

૬. વિ. ક્ષેમકુશળ; ખેમખુશાલ.

ખેરસાર ૧. પું. કાથો; ખેરનાં લાકડાંને પલાળી ઉકાળી પાણી બાળીને કાઢેલું ઘન સૂકું સત્ત્વ.

૨. પું. ખેરના લાકડામાંથી નીકળતો એક જાતનો સળીદાર ગર. તે ગુણમાં કાથાને મળતો છે. ગ્રાહી અને શીતળ હોવાથી તે ખાંસી, કફ, ઝાડો અને મોઢાનાં ચાંદાં ઉપર અપાય છે.

૩. [સં. ખદિર] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; ખેર. તેનું લાકડું કઠણ છે.

ખેરસાલ ૧. પું. એ નામનો એક જાતનો ગુંદર.

૨. પું. કાથો.

૩. પું. ખેરના લાકડામાંથી નીકળતો ભૂકો; ફિક્કા રંગના ખેરના લાકડામાંથી મળી આવતી નાની સળી. ખાંસી, કફ, ઝાડો અને મોઢાનાં ચાંદાં ઉપર તે અકસીર મનાય છે.

ખેરસાળ જુઓ ખેરસાલ.

ખેરંચો ૧. પું. ખેરીચો; પરચૂરણ વસ્તુ.

૨. પું. ઘસારો; ધાતુનો ઝેર.

૩. પું. ઘાસ.

૪. પું. ધૂળ; રજ.

ખેરંટો પું. ધૂળ; રજ.

ખેરા ૧. પું. એક જાતનું ઝાડ.

૨. પું. જુદી જુદી જાતનું અનાજ ભેળું કરવું તે.

૩. પું. ધાતુનો પ્યાલો.

૪. પું. પૂરેપૂરૂં ખીલેલું ફૂલ.

૫. પું. સારી રીતે વસેલું શહેર.

૬. પું. હસવા જેવી વાત.

ખેરાચોલ વિ. ઘણું જ રાતું; લાલચોળ.

ખેરાજી પું. અકબરના વખતમાં પાડેલ જમીનના ત્રણ માંહેનો એક પ્રકાર.

ખેરાઢુ (ખેરાઢુ) પું. ખેરના લાકડાનો ઈંગારો.

ખેરાત (ખ़ેરાત) ૧.' [અ. ખયરાત (ભલાઈ)] સ્ત્રી. ગરીબને આપી કરાતો ધર્મ; દાન; ધર્માદો; સખાવત.

૨. સ્ત્રી. ધર્માદા જમીન.

૩. સ્ત્રી. ભીખ.

ખેરાતખાના (ખ़ેરાતખ़ાના) [અ.] ન. ધર્માદો કરવાનું સ્થળ.

ખેરાતી (ખ़ેરાતી) ૧. [અ. ખયરાતી] વિ. ખેરાત કરનાર; ધર્માદો કરે એવું.

૨. વિ. ખેરાત કરવાને કાઢેલું; ધર્માદાનું; ભીખ આપવાને જુદું કાઢેલું.

૩. વિ. ધર્માદામાં આપેલ.

ખેરિયત (ખ़ેરિયત) ૧. સ્ત્રી. આનંદ; ક્ષેમકુશળતા; ચેન; નચિંતતા; નિરુપદ્રવતા.

૨. સ્ત્રી. કુશળ સમાચાર; તબિયતના સારા ખબર.

ખેરિયત ખેરસલ્લા = ક્ષેમકુશળ; સુખરૂપ.

૩. સ્ત્રી. સમાધાની; સુખરૂપતા; સુલેહશાંતિ; સ્વાસ્થ્ય.

ખેરિયા પું. એક જાતનું પહાડી ઝાડ; કિર્ણી. તેનાં પાન ઢોરોના ચારા તરીકે વપરાય છે અને લાકડું ઇમારતી કામમાં ઉપયોગી છે.

ખેરિયું ૧. ન. ખેરનો થાંભલો કે સોટો; ખેરનું ચીકણું લાકડું.

૨. ન. બાકામાંથી પડતું પ્રકાશનું ચાંદરણું.

૩. વિ. અસ્તવ્યસ્ત; છિન્નભિન્ન થયેલું; વિખરાયેલું.

૪. વિ. તરત ખુઝાઈ જાય એવું.

૫. વિ. માલ વગરનું; નકામું; તુચ્છ.

ખેરિયો પું. પોંક પાડવા માટે વપરાતો લૂગડાનો કટકો.

ખેરિયો ગુંદ પું. ખેરિયા બાવળમાંથી નીકળતો ગુંદર.

ખેરિયો બાવળ પું. ખેરસારનું ઝાડ.

ખેરી ૧. પું. એક જાતનો ગુંદર.

૨. પું. ઘેટો; મેંઢો.

૩. પું. બકરો; અજ.

૪. પું. સંયુક્ત પ્રાંતમાં આવેલો એ નામનો પ્રદેશ.

૫. સ્ત્રી. ઊધઈ; ગરમ લૂગડાં અને કાગળમાં પડતી જીવાત.

૬. સ્ત્રી. એક જાતનું જળપક્ષી. તે મોટે ભાગે કીચકવાળી જમીનમાં રહે છે અને ઋતુ બદલતાં પોતાનું સ્થાન પણ બદલતું રહે છે. તે ઊડે છે થોડું અને દોડે છે વધારે.

૭. સ્ત્રી. ઓસ્ટ્રેલિઅમાં થતું એક જાતનું ઘાસ. પશુઓ માટે તે બહુ સારો ચારો ગણાય છે.

૮. સ્ત્રી. કંસારી; એક જાતનું જીવડું.

૯. સ્ત્રી. ખેરો; છારી; ધૂળ; રજ.

૧૦. સ્ત્રી. દાંત ઉપર બાઝતી મેલની પોપડી.

૧૧. સ્ત્રી. પ્રસવ પછીની વેદના.

૧૨. સ્ત્રી. બકરી.

૧૩. સ્ત્રી. બંગાળમાં થતા એક જાતના લાલ ઘઉં.

૧૪. વિ. કાબરા રંગનું.

૧૫. વિ. ખેરના લાકડાનું બનાવેલું.

૧૬. વિ. ખેરના લાકડામાંથી કાઢેલું.

ખેરીચો ૧. પું. ઘરની નકામી ચીજો.

૨. પું. ચલણી નાણાનું છૂટું પરચૂરણ.

૩. પું. ઝીણો સામાન; પરચૂરણ માલ.

૪. પું. ધાતુના ઝીણા કટકા; ભૂકો વગેરેનું મિશ્રણ; ભંગાર.

ખેરીજ (ખ़ેરીજ) ૧. [અ.] વિ. અંદર આવી ગયેલું ન હોય તેવું વધારાનું.

૨. અ. અંદર આવી જતું ન હોય એમ; વધારામાં; વગર; વિના; સિવાય.

ખેરીજજમા (ખ़ેરીજજમા) સ્ત્રી. પરચૂરણ ઊપજ; વધારાની પેદાશ.

ખેરું ૧. વિ. ખરી જાય અથવા તરત ખુઝાઈ જાય એવું.

૨. વિ. ઝબકિયું; માલ વગરનું.

૩. વિ. પાડેલું; ખેરેલું.

ખેરુંખેરું જુઓ ખેરિયું.

ખેરૂ ૧. પું. સુંદર ફૂલવાળો એક છોડ.

૨. ન. વઘારેલી છાશ.

ખેરૂખેરૂ વિ. છૂટુંછવાયું; વીખરાઈ ગયેલું.

ખેરૂજેરૂ વિ. અવશેષ રહેલું; બાકી; શેષ.

ખેરૂજેરૂ કરવું = મરણતોલ સ્થિતિમાં આણવું.

ખેરૂવેરૂ જુઓ ખેરૂખેરૂ.

ખેરૈજા ૧. સ્ત્રી. એ નામની બ્રાહ્મણની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ખેરો ૧. પું. અડાયાં છાણાંનો ભૂકો; ગોર.

૨. પું. ખરણ; જેર; ઘાટ ઘડતાં વધેલો ભૂકો; ગેરો.

૩. પું. ચાળણી; ચાળણો.

૪. પું. ચોખા કે ચણાના લોટની વડી; ચોખાના લોટને પાણીમાં રાંધી મીઠું, જીરૂં નાંખી વડી જેવો કરેલો પદાર્થ.

૫. પું. ડાંગરના છોડમાં આવતો એક જાતનો રોગ; ડાંગરના ડૂંડાંનો એક રોગ.

૬. પું. દોરીઓને ગૂંથીને બનાવેલો જાળીદાર કોથળો; ઝોળી.

૭. પું. પરચૂરણ સામાન.

૮. પું. પોંક પાડવાનો દાંડિયો.

૯. પું. બાજ; શકરો.

૧૦. વિ. ખવાઈ ગયેલું; જીર્ણ.

ખેરોગ પું. ક્ષયરોગ; ઘાસણી.

ખેરોજ [અ. ખારિજ] વિ. અંદર આવી જતું ન હોય એવું; વધારાનું.

ખેરોઝરો પું. ખરણ; ઝેર; ઘાટ ઘડતાં વધેલો ભૂકો.

ખેલ ૧. પું. અદ્દભુત કાર્ય; વિચિત્ર લીલા.
ખેલાડીના ખેલ =ઈશ્વરનાં અદ્દભુત કામ.
૨. પું. ઉદ્યમ; વ્યાપાર.
ખેલ ખેલવો = (૧) પરાક્રમ કરવાં. (૨) રમત રમવી.
૩. પું. એક અફઘાન જાતિ.
૪. પું. એક જાતનું હથિયાર.
૫. પું. કામક્રીડા; વિષયવિકાર.
ખેલ બનાવવો = સંભોગ કરવો.
૬. પું. ક્રીડા; રમતગમત.
૧. ખેલ કરવો = રમત કરવી.
૨. ખેલ સમજવો = સહેલું ગણી કાઢવું.
૩. બાળકના-બચ્ચાંના ખેલ = (૧) છોકરાંની રમત. (૨) સહેલી વાત.
૭. પું. તમાશો; નાટક; ભવાઈ.
૧. ખેલ ખેલાવવો = (૧) નચાવવું. (૨) રમાડવું. (૩) હેરાન કરવું.
૨. ખેલ જોવો = (૧) જિંદગી ગુજારવી. (૨) નાટક જોવું. (૩) મરવું.
૩. ખેલ મચાવવો = રમત રમવી.
૮. પું. નાક તથા મોંમાંથી નીકળતો ચીકણો કફ; સળેખમ.
૯. પું. બનાવટ; રચના.
૧૦. પું. મામલો; વાત.
૧. ખેલ બગડવો = કામ બગડી જવું; મામલો ખરાબ થવો; રંગમાં ભંગ થવો.
૨. ખેલ બગાડવો = કોઈના કામ અથવા રમતમાં ભંગ કરવો.
૧૧. પું. માયાનો ક્ષણિક દેખાવ.
૧૨. પું. મોટો પ્રયત્ન.
૧૩. પું. વાંસડા ઉપર ખેલ કરનાર નટ.
૧૪. પું. હવાડો.
૧૫. વિ. રમતિયાળ.

ખેલક [હિં.] પું. ખેલનાર વ્યક્તિ; ખેલાડી.

ખેલકૂદ ન. રમવું અને કૂદવું તે.

ખેલખાઈ વિ. સ્ત્રી. અનુભવી; જાણીતી. ખાસ કરીને આ શબ્દ વેશ્યા માટે વપરાય છે.

ખેલખાના ૧. [ફા.] પું. અવ્યવસ્થા; ગડબડસડબડ.
૨. પું. ખાનેખરાબી; ખેદાનમેદાન; પાયમાલી.
૩. પું. લશ્કરી અસબાબ; લશ્કરી સામાન.
૪. વિ. અસ્તવ્યસ્ત; અવ્યવસ્થિત.

ખેલખાયા જુઓ ખેલખાઈ.

ખેલખિલાડી (ખેલ્ખિલાડ઼ી) ૧. સ્ત્રી. વ્યભિચારિણી સ્ત્રી.
૨. વિ. ઇશ્કી; નખરાંબાજ.

ખેલગતિ સ્ત્રી. રમતિયાળ ચાલ.

ખેલગમન જુઓ ખેલગતિ.

ખેલણ ન. ખેલવું તે; રમવું તે.

ખેલણી ૧. [સં. ખેલન] સ્ત્રી. છોકરાંને રમવાની પૂતળી; ઢીંગલી.
૨. સ્ત્રી. ધાવણી; ચૂસણી.

ખેલણું ન. રમકડું; ખિલોણું.

ખેલત વિ. રમતું.

ખેલતલ વિ. ખેલાડી; રમતિયાળ.

ખેલદિલી ૧. સ્ત્રી. નિખાલસતા; હૃદયની સરળતા.
૨. સ્ત્રી. મનની મજબૂતી.
૩. સ્ત્રી. રમતિયાળ સ્વભાવ.

ખેલદૃષ્ટિ સ્ત્રી. ખેલાડી જેવો ઉદાર સ્વભાવ; ખેલનભાવ.

ખેલન ૧. [સં.] ન. ક્રીડા; ગમત; રમત.
૨. ન. ખેલ થવો તે; તમાશો.
૩. ન. રમવાનું સાધન; રમકડું.

ખેલનભાવ જુઓ ખેલનદૃષ્ટિ.

ખેલના ૧. સ્ત્રી. ખેલવું તે.
૨. સ્ત્રી. વિલાસ.

ખેલની ૧. [હિં.] સ્ત્રી. ખુશમિજાજી.
૨. સ્ત્રી. પત્ની.
૩. સ્ત્રી. સોગઠી; શેતરંજનું મહોરું અથવા રમવાનું સાધન.
૪. સ્ત્રી. સ્ત્રી.
૫. વિ. રમતિયાળ.

ખેલમાદળિયું ન. ડોકમાં પહેરવાનું સોનાનું ઘરેણું.

ખેલરિયા ૧. સ્ત્રી. એ નામની કણબીની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ખેલવણું ૧. ન. ખિલોણું; રમકડું; રમવાનું સાધન.
૨. ન. હાથમાં પહેરવાનું રૂપાનું ઘરેણું.

ખેલવવું સ. ક્રિ. ઘોડાને સવારી કરી ફેરવવું.

ખેલવિનોદ પું. વિવિધ રમતગમતોથી મળતો આનંદ.

ખેલવીર પું. ખેલાડી; રમતગમતમાં હોશિયાર.

ખેલવું ૧. અ. ક્રિ. આનંદ કરવો.
૨. અ. ક્રિ. આમતેમ ચાલવું.
૩. [સં. ક્લે] અ. ક્રિ. કામક્રીડા કરવી.
૪. અ. ક્રિ. કાંપવું; ધ્રૂજવું.
૫. અ. ક્રિ. કૂદવું; ઠેકડા મારવા.
૬. અ. ક્રિ. ખેલ કરવો; તમાશો કરવો.
૭. અ. ક્રિ. જુગાર રમવો.
૮. અ. ક્રિ. તજવીજ કરવી.
૯. અ. ક્રિ. પાઠ ભજવવો.
૧૦. અ. ક્રિ. ભૂતની અસરથી કોઈનું માથું ડોલવું.
૧૧. અ. ક્રિ. મૃગયા રમવા જવું; શિકારે જવું.
૧૨. અ. ક્રિ. યુક્તિથી કાર્ય કરવું; પ્રપંચ કરવો.
૧૩. અ. ક્રિ. રમવું; ગેલ ગમત કરવી.

ખેલસકુરિયા ૧. સ્ત્રી. એ નામની દેઢની અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ખેલંદા વિ. રમનાર; ખેલનાર.

ખેલા ૧. [સં.] સ્ત્રી. ક્રીડા; રમત.
૨. સ્ત્રી. મૂર્ખ સ્ત્રી; રમતિયાળ સ્ત્રી.
૩. સ્ત્રી. વેશ્યા.

ખેલાજાન ૧. સ્ત્રી. મૂર્ખ સ્ત્રી.
૨. સ્ત્રી. વેશ્યા.

ખેલાડી (ખેલાડ઼ી) ૧. પું. ઉદાર સ્વભાવવાળો માણસ.
૨. પું. કસબી; કળાકુશળ.
૩. [સં. ખેલ્] પું. ખેલ કરનાર; નટ; ભવાયો.
૪. પું. મદારી.
૫. પું. મુત્સદ્દી.
૬. વિ. ખિલાવીને કામ કાઢી લે એવું; બીજાને રમાડી ખુશ કરી પોતાની મતલબ સાધી લેનાર.
૭. વિ. ચતુર; હોશિયાર.
૮. વિ. રમત કરનાર; રમતબાજ; વિનોદી.

ખેલાડીપણું (ખેલાડ઼ીપણું) ૧. ન. આર્યવૃત્તિ; ઔદાર્ય.
૨. ન. ખેલાડી હોવાપણું.
૩. ન. ચતુરાઈ.
૪. ન. મુત્સદ્દીપણું.
૫. ન. વિનોદી સ્વભાવ.

ખેલાડુ (ખેલાડ઼ુ) ૧. વિ. ખેલાડીના સ્વભાવનું.
૨. વિ. રખડુ.

ખેલાઢ્ય પું. (પિંગળ) બૃહતિ છંદની જાતનો નવ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેમાં મગણ, સગણ, અને મગણ એમ નવ અક્ષર હોય છે.

મા સા મા રચજો ખેલાઢ્યે. રણપિંગળ

ખેલામણું ન. રમત અથવા ક્રીડા કરવાનું સાધન.

ખેલારી વિ. સ્ત્રી. ખેલનારી; રમનારી.

ખેલાવણધાઈ [સં. ક્રીડાધાત્રી] સ્ત્રી. બાળકને રમાડવાનું કામ કરનાર ધાવમાતા.

ખેલાવલ ૧. ન. છોકરા સાથે આનંદ કરવો તે.

૨. ન. નાગને વશ કરવો તે.

ખેલિ ૧. [સં.] પું. આકડાનો છોડ.

૨. સ્ત્રી. તીર; બાણ.

૩. સ્ત્રી. પક્ષી.

૪. સ્ત્રી. પશુ.

૫. સ્ત્રી. રમત.

૬. સ્ત્રી. સૂર્ય.

૭. સ્ત્રી. સ્તોત્ર; ગાયન; ગીત.

૮. વિ. આકાશમાં જનાર.

ખેલો પું. વેપારીબળને લીધે કોઈ પણ માલ એકહથ્થુ ભેગો કરવાપણું. ત્યારપછી પોતાની મરજી મુજબ ભાવ લઈ શકાય છે.

ખેલૌષધિ સ્ત્રી. (જૈન) એક જાતની લબ્ધિ.

ખેલ્ય સ્ત્રી. (ગ્રામ્ય) દાવ; વારો.

ખેલ્લ [સં. ક્રીડા] ન. (પ્રાકૃત) ક્રીડા; રમત.

ખેલ્લગા [સં. ક્રીડા] સ્ત્રી. (પ્રાકૃત) રમતગમત.

ખેવ ૧. પું. નિશ્ચય.

૨. સ્ત્રી. એક જાતનું ખડ. તેને ઢોર બહુ પસંદ કરે છે.

૩. સ્ત્રી. ક્ષણ; પળ; વેળા. આ શબ્દ એકલો વપરાતો નથી પણ શબ્દના બીજા ભાગ તરીકે તત્ક્ષણના અર્થમાં વપરાય છે.

૪. અ. ચોક્કસ.

૫. [સં. ક્ષિપ્ર; પ્રા. ખિપ્પ] અ. જલદી; તત્કાળ.

ખેવક પું. નાવિક; હલેસાં મારનાર.

ખેવટ ૧. [હિં.] પું. ખારવો; ખલાસી.

૨. પું. દોરનાર; નેતા; માર્ગદર્શક.

૩. પું. સુકાની.

૪. સ્ત્રી. મહેસૂલનો નક્કી કરેલો ભાગ.

૫. અ. એકદમ.

૬. અ. છેવટ.

ખેવટિયાં અ. એકદમ; ઝપાટાબંધ; ત્વરાથી; વેગથી.

ખેવટિયો ૧. પું. ખલાસી; ખારવો.

૨. પું. દોરનાર નેતા; માર્ગદર્શક.

૩. પું. સુકાની.

ખેવટું ન. વહાણવટું; હોડી હંકારવાનું કામ; સુકાનીનું કામ.

ખેવડી (ખેવડ઼ી) સ્ત્રી. એક જાતનું ખડ. તે ખેવડાથી ઝીણું હોય છે.

ખેવડો (ખેવડ઼ો) પું. એક જાતનું ઘાસ. આ ઘાસ બીડ તથા વીડીઓમાં થાય છે. વાઢી સૂકવ્યા પછી તે ખવરાવાય છે. ઘાસ ઊંચા પ્રકારનું હોવાથી ઢોર બહુ ખુશીથી ને ઝાઝું ખાય છે. આ ઘાસનું જમીન ઉપર થૂંબડું થાય છે. ત્યાંથી જ પાન દાબડા જેવાં લગભગ એક ફૂટ લાંબાં અને સહેજ પહોળાં હોય છે. તેમાં સળી નીકળી ચાર પાંખડીવાળું ચમરૂં થાય છે.

ખેવણ પું. ઘાસનો એક જાતનો છોડ; ગાંઠેલો; ચામણચોટો. તે રેતાળ જમીનમાં ઊગે છે. એની શાખાઓ જમીન ઉપર આડીઅવળી ફેલાય છે. એની શાખાઓને સાંધે સાંધે ગાંઠ હોય છે. તે તળિયે મૂળિયાં મૂકે છે, અને તેની ઉપરની બાજુ પાન અને શાખા નીકળે છે. પાન ટૂંકાં અને અક્કડ હોય છે.

ખેવનહાર [હિં.] પું. ખલાસી; નાવિક.

ખેવના ૧. સ્ત્રી. આદત; ટેવ.

૨. સ્ત્રી. આવશ્યકતા; જરૂરિયાત.

૩. સ્ત્રી. કાળજી; ખંત; ચાનક; સંભાળ.

ખેવવું ૧. અ. ક્રિ. જરૂરિયાતને વખતે કોઈની સેવા કરવી.

૨. અ. ક્રિ. દુઃખ ભોગવવું.

૩. અ. ક્રિ. હલેસાંથી ચાલવું.

ખેવા ૧. પું. નદી ઓળંગવી તે.

૨. પું. હોડીનું નદી ઓળંગવાનું ભાડું.

ખેવાન પું. ખેપાની; લુચ્ચો માણસ.

ખેવૈયો પું. પાણીવાળો; પખાલી.

ખેવો પું. ભવ; સંસારનો ફેરો.

ખેશ બિરાદર (ખ઼ેશ બિરાદર) પું. સગુંવહાલું.

ખેશી (ખ઼ેશી) ૧. [ફા.] પું. સગું; સાથી.

૨. સ્ત્રી. લગ્ન; વિવાહ.

૩. સ્ત્રી. સલાહ.

ખેશેગારી અ. થોડુંઘણું.

ખેસ ૧. પું. અંગવસ્ત્ર; ઉત્તરીય; ઉપરણો; પુરુષને ખભે નાખવાની પછેડી; દુપટ્ટો.

૧. ખેસ ખંખેરવો = કોઈ જોખમ કે જવાબદારીમાંથી મુક્ત થવું.

૨. ખેસે વળગવું = (૧) આશ્રયે કરવું; પાલવે પડવું. (૨) ન છૂટે તેમ લફરૂં વળગવું.

૨. પું. ખાર; દ્વેષ; રીસ.

૩. પું. નજીકનું સગુંવહાલું; સંબંધી.

૪. પું. પુરુષની ઇંદ્રિય ઉપરના વાળ.

ખેસ કાપી લેવા = કેશ કાપી લેવા.

ખેસડા (ખેસડ઼ા) [હિં.] પું. એક જાતનું કાપડ.

ખેસડી (ખેસડ઼ી) સ્ત્રી. નાનો ખેસ; પછેડી.

ખેસર ૧. [સં.] પું. ખચ્ચર; ખચ્ચર ઘોડો.

૨. સ્ત્રી. ખીસર; મકરસંક્રાંતિ.

ખેસરી [સં.] સ્ત્રી. ખચ્ચર; ખચ્ચર ઘોડી.

ખેસલા ન. એક જાતનું કાપડ.

ખેસલો પું. ડગલો બનાવાના બરનું જાડું કપડું.

ખેસવવું સ. ક્રિ. ખસેડવું; દૂર કરવું; ફેરવવું.

ખેસિયું ૧. ન. ખેસ તરીકે ચાલે એવું વસ્ત્ર; ખેસ.

૨. ન. નજીકનું સગું.

ખેસી વિ. અંતરનું; નજીકનું; પાસેનું.

ખેહ ૧. [સં. ક્ષય] પું. ક્ષય; ખઈ; ખે; નાશ.

૨. પું. ખેદ.

૩. પું. ખેસ; દુપટ્ટો.

૪. [સં. ક્ષાર] સ્ત્રી. ખેપટ; ધૂળ; રજ.

ખેહ ખાવી = (૧) ખરાબ સ્થિતિમાં હોવું. (૨) ધૂળ ફાકવી.

૫. [હિં.] સ્ત્રી. વિષ્ટા.

૬. ન. આકાશ.

૭. અ. પૂર્વે.

ખેહણ વિ. મહાન; મોટું.

ખેહન ૧. પું. ધૂળકોટ.

૨. ન. ધૂળધૂળ થઈ રહેવું તે.

ખેળ ૧. સ્ત્રી. આર; કાંજી; લાહી; લોટમાંથી કાઢેલું ચીકણું સત્ત્વ.

૨. સ્ત્રી. કંદ તથા મૂળમાંથી મળી આવતો એક પદાર્થ.

૩. સ્ત્રી. શરીરે ચોંટી રહેલી ઝીણી રજ.

ખેળદ્રવ્ય ન. મંડદ્રવ્ય.

ખેળો ૧. પું. કેરી વગેરે ભરવાને માટે દોરીનો ગૂંથેલો કોથળો; ખેરો.

૨. પું. ખાડો.

૩. પું. નાટક કે ભવાઈમાં સ્ત્રીનો વેશ લેનાર પુરુષ; ભવૈયો.

૪. પું. નાટકીય હાવભાવવાળી સ્ત્રી.

૫. વિ. ખવાઈ ગયેલું; જૂનું; જીર્ણ.

ખેં સ. ક્રિ. (કચ્છી) ખા.

ખેંકડો (ખેંકડ઼ો) પું. કાચબો; ખેકડો.

ખેંકલી જુઓ ખેંખલી.

ખેંખલી વિ. બહુ અશક્ત; અંદરથી ખવાઈ ગયેલું; ખળખળી ગયેલું; દમલેલ.

ખેંખાટ ૧. પું. ઉપરાઉપરી કજીઆ કરવું તે.
૨. પું. કજિયો; ગોકીરો.
૩. પું. કલકલાટ.
૪. પું. મમત; હઠ.

ખેંખાર પું. ખોંખારો.

ખેંખારિયો પું. એક જાતનો કાઠિયાવાડી ઘોડો.

ખેંખિયું ન. દાંતિયું.

ખેંખેં ૧. સ્ત્રી. ઉધરસ ખાતાં થતો અવાજ; ઉધરસને લીધે ખૂં ખૂં એવો વારંવાર થતો અવાજ.
ખેં ખેં કરવું = ઉધરસ ખાવી; ખાંસવું; ધાંસવું.
૨. અ. ખેં ખેં એવો અવાજ થાય તેમ.

ખેંગવું સ. ક્રિ. ખેંચવું.

ખેંગાણું ન. (જૂ. ગુ.) ખંગ; બદલો; વટક.
ખેંગાણું વાળી દેવું = વટક વાળી દેવી.

ખેંગાર ૧. પું. જૂનાગઢની ગાદીએ થઈ ગયેલ એ નામનો એક રાજા. જુઓ રા'ખેંગાર.
૨. પું. (પિંગળ) સંકીર્ણ વર્ગનો એક વિષમવૃત્ત વર્ણમેળ છંદ. તેના પહેલા ચરણમાં સગણ, ભગણ, ત્રણ સગણ, નગણ અને યગણ એમ એકવીશ અક્ષર, બીજા ચરણમાં સગણ, મગણ, ત્રણ ભગણ, સગણ અને ગુરુ એમ ઓગણીશ અક્ષર, ત્રીજા ચરણમાં ત્રણ નગણ, જગણ, યગણ, ભગણ, સગણ અને ગુરુ એમ બાવીશ અક્ષર અને ચોથા ચરણમાં ભગણ, તગણ, યગણ, ભગણ, બે સગણ અને ગુરુ એમ ઓગણીશ અક્ષર હોય છે.

ખેંગાળ વિ. નાશ કરવાવાળું.

ખેંચ ૧. સ્ત્રી. અછત; તાણ; ભીડ.
૨. સ્ત્રી. આકર્ષણ.
૩. સ્ત્રી. આગ્રહ.
૪. સ્ત્રી. ખેંચાણ; તાણ.
૫. સ્ત્રી. ગજગ્રાહ; રસાકસી; રસીખેંચ.
૬. સ્ત્રી. પક્ષપાતની વૃત્તિ.
૭. સ્ત્રી. પ્રવાહ.
૮. સ્ત્રી. બાળકને થઈ આવતી આંચકી; બાળકનો તણાઈ કે ખેંચાઈ જવાનો રોગ; મગજ અને કરોડની નસો ખેંચાવાનો રોગ.

ખેંચણગાડી સ્ત્રી. ખેંચવાથી ચાલે એવી ગાડી.

ખેંચણિયું વિ. ખેંચી જાય તેવું.

ખેંચતાણ ૧. સ્ત્રી. આગ્રહ; રકઝક.
૨. સ્ત્રી. ખેંચવું તે; ખેંચાખેંચ; તાણાતાણી; રસાકસી; સામા બે બળથી આમતેમ તણાવું તે.
૩. સ્ત્રી. તાણ; ભીડ.
૪. સ્ત્રી. વાદવિવાદ; સામસામી તકરાર.

ખેંચપકડ (ખેંચપકડ) સ્ત્રી. જીદ; મમત; હઠ.

ખેંચરી પું. પવન.

ખેંચવું ૧. [સં. કૃષ્] સ. ક્રિ. અર્ક કાઢવો; તત્ત્વ કાઢવું; સત્ત્વ કાઢવું.
૨. સ. ક્રિ. આકર્ષવું; જોર કરીને પોતાની તરફ આણવું; તાણવું.
૩. સ. ક્રિ. આડાઈ કરવી; સ્વમતને વળગી રહેવું.
ખેંચી પકડવું = (૧) જીદ કરવી. (૨) પોતાના મતને વળગી રહેવું.
૪. સ. ક્રિ. આગ્રહ કરવો; આગ્રહથી વળગી રહેવું.
૫. સ. ક્રિ. આંકવું; દોરવું; લીટી દોરવી.
૬. સ. ક્રિ. ઉખેડી નાખવું; તોડવું; નિર્મૂળ કરવું.
૭. સ. ક્રિ. કસવું; તંગ કરવું.
૮. સ. ક્રિ. કાઢવું.
૯. સ. ક્રિ. ખૂંચવી લેવું.
૧૦. સ. ક્રિ. ધસડવું.
૧૧. સ. ક્રિ. ચૂસવું; શોષી લેવું.
૧૨. સ. ક્રિ. નિભાવવું; સહન કરવું.
૧૩. સ. ક્રિ. પોતાના ઉપર લઈ લેવું.
૧૪. સ. ક્રિ. ફાંસી દેવી.
૧૫. સ. ક્રિ. માથે લેવું; વહોરવું.
૧૬. સ. ક્રિ. રાખી મૂકવું.
૧૭. સ. ક્રિ. લખવું.
૧૮. સ. ક્રિ. લંબાવવું; મોટેથી બોલવું.
૧૯. સ. ક્રિ. શ્વાસમાં લેવું.
૨૦. સ. ક્રિ. સજ્જ કરવું.
૨૧. સ. ક્રિ. હૂંડી લખવી.

ખેંચંખેંચા ૧. સ્ત્રી. અતિ આગ્રહ કરવો તે.
૨. સ્ત્રી. ખેંચાખેંચ; તાણંતાણા; તાણાતાણ; રસાકસી.
૩. સ્ત્રી. તંગી; તાણ; ભીડ.

ખેંચાખેંચ ૧. સ્ત્રી. આગ્રહ.
૨. સ્ત્રી. તાણાતાણ.
૩. સ્ત્રી. પક્ષપાત.

ખેંચાખેંચી ૧. સ્ત્રી. એ નામની એક રમત. આ રમત રમવા માટે ત્રીશ ફૂટ પહોળું અને વીશ ફૂટ લાંબું સ્વચ્છ પટાંગણ જોઈએ. રમવાની જગ્યા પાણી વગેરે નાખી સુંવાળી બનાવવી. પછી બે પક્ષ તૈયાર કરવા. પટાંગણમાં બરાબર મધ્ય ભાગે એક સ્પષ્ટ રેખા દોરવી. એક પક્ષ એ રેખાની એક બાજુ અને બીજો પક્ષ બીજી બાજુએ ઊભો રહે. શિક્ષક સિસોટી વગાડે કે બંને પક્ષવાળાએ મધ્યરેખાની નજીક આવવું અને એક પક્ષના છોકરાઓએ સામા પક્ષના છોકરાઓના હાથ કે પગ પકડી તેને ખૂબ ખેંચીને પોતાની હદમાં લાવવા. એમ કરતાં જો કોઈના બંને પગ મધ્યરેખાની બીજી તરફ જાય તો તે સામા પક્ષમાં ગયેલો ગણાય. બીજા પક્ષનો છોકરો મધ્યરેખાની હદ વટાવી આ તરફ આવે તો તે આ પક્ષનો ગણાય અને પછી તે આ પક્ષવાળા તરીકે સામા પક્ષના છોકરાના હાથ પગ પકડીને ખેંચે. તેમ જ આ તરફનો સામાની હદમાં જતાં તે પણ તે પક્ષનો બની ખેંચી શકે. આવી રીતે છોકરાઓ થાકી જાય ત્યાંસુધી રમત ચાલે. કોઈ છોકરાને સામા પક્ષવાળો ખેંચે ત્યારે બીજા છોકરાઓ પણ ત્યાં ન જવા દેવા તેને પોતાના તરફ ખેંચે. આ વખતે તે છોકરો ગજગ્રાહની રમતના દોરડાની પેઠે ખેંચાયા કરે છે. જો છોકરાને હદ કરતાં વધારે ખેંચ પડતી હોય તો તેને તાબડતોબ છોડાવવા સિસોટી વગાડવામાં આવે કે તરત બધા તેને છોડી દે. જે પક્ષે વધારે છોકરાને ખેંચી લીધા હોય તે પક્ષ જીત્યો કહેવાય.
૨. જુઓ ખેંચાખેંચ.

ખેંચાણ ૧. ન. આકર્ષણ.
૨. ન. આગ્રહ.
૩. ન. ખેંચ; તાણ.
૪. ન. પ્રવાહ.

ખેંચાણકારક વિ. આકર્ષક; લક્ષ કે ધ્યાન ખેંચે એવું.

ખેંચાણબળ ન. આકર્ષણબળ.

ખેંચાતાણ જુઓ ખેંચતાણ.

ખેંચામણ ન. તણામણ; તાણવાની મજૂરી.

ખેંચારો પું. ખેંચાવું તે.

ખેંચાવું અ. ક્રિ. આકર્ષાવું; તણાવું.

ખેંચાવો પું. ખેંચતાણ; ખેંચાવું તે; ખેંચાણ.

ખેંચેર ૧. સ્ત્રી. અણીવાળો પથ્થર અથવા ઈંટ.
૨. સ્ત્રી. ઠાપલી; ચિઠ્ઠી.

ખેંચોટો પું. એકદમ ખેંચવાથી લાગતો આંચકો.

ખેંટવું સ. ક્રિ. અનાજ ઝાટકવું.

ખેંતાળવું અ. ક્રિ. નાસી જવું; ભાગી જવું; સાતપાંચ ગણવા.
ખેંતાળી મેલવું = નાસી જવું; પલાયન કરી જવું.

ખેંદી સ્ત્રી. બાળક માટેની ગોદડી.

ખેંન ન. આપદા; તોમા; દુઃખ; પીડા.

ખૅંવ સ્ત્રી. ક્ષણ; વખત; સમય.

ખૅંસરા ૧. પું. ઓરીનો રોગ.

૨. પું. બ. વ. અછબડા.

ખૈ ૧. [સં. ક્ષય] પું. ક્ષયનો રોગ; ખેન; ઘાસણી.

૨. પું. ખાડો; ખો; કુંડ; ગર્ત.

૩. ન. રજકણ.

ખૈટી સ્ત્રી. કાથો બનાવનારી બંગાળના લોકોની એક જાત.

ખૈટેલ ન. કવડનાં ફળનાં બિયાંનું કડવું અને ઠંડું તેલ. તે બાળવાના કામમાં તથા રક્તશુદ્ધિમાં ઉપયોગી મનાય છે.

ખૈડ (ખૈડ઼) ૧. પું. ખરડ; ઘાટા પ્રવાહીનો લેપ; થથરડો.

૨. પું. માટી કે રાખમાં પાણી નાખી ચૂલા ઉપર મૂકવાના વાસણના બહારના ભાગમાં કરવામાં આવતો કંટેવાળો.

૩. સ્ત્રી. ખેતરમાં અનાજને પાણી ન પાવું અને સુકાવા દેવું તે.

ખૈડ નાખવી-વાળવી = પાણી પાવું.

૪. સ્ત્રી. દોરડીને વળ ચડાવવાનું ઓજાર.

૫. સ્ત્રી. પાણીનું શોષણ થઈ જવું તે; પાણી વિના જે સૂકાપણું થવું તે; સૂકવણું.

ખૈડિયું (ખૈડ઼િયું) ૧. ન. અછત; ઊણપ; ખામી.

૨. ન. વરસાદની તાણ હોય એવું વર્ષ; વરસાદની મોસમમાં લાંબા વખત સુધી વરસાદનું બંધ રહેવું તે; સૂકવણું.

૩. વિ. નીક કે નહેરથી જેને પાણી ન પવાતું હોય એવું; પાણી વિનાનું.

ખૈડિયો ગુવાર = (૧) જલદી ચડે નહિ એવો ગુવાર. (૨) સમજાવ્યા છતાં ન સમજે એવો મૂર્ખ.

૪. વિ. વરસાદની તંગી હોય એવું.

ખૈફ (ખ઼ૈફ઼) વિ. ડરી ગયેલું; બીક પામેલું; બીધેલું.

ખૈબર (ખ઼ૈબર) ૧. પું. હિંદુસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે જવા આવવાનો એક પહાડી માર્ગ.

૨. ન. અરબસ્તાનમાં હિજાઝના એક શહેરનું નામ. તેની પાસે બે પર્વતો વચ્ચે જવાનો રસ્તો છે. તે ઉપરથી પેશાવર પાસે આવેલા ઘાટને ખૈબર કહે છે.

ખૈબરચપ્પુ ન. હાથીદાંતની સોનેરી મૂઠવાળું દમાસ્કસી પાનાનું સીધું અને પહોળું એક જાતનું હથિયાર.

ખૈમખ [સં.] પું. આકાશમાં કરવાનો એક યજ્ઞ.

ખૈયાત (ખ઼ૈયાત) [અ.] પું. દરજી; કપડાં સીવવાનો ધંધો કરતી જાતિનો પુરુષ.

ખૈયો પું. ખાડો; ગર્ત.

ખૈર (ખ઼ૈર) ૧. પું. ખેરનું ઝાડ.

૨. પું. પાનમાં ખાવાનો કાથો.

૩. સ્ત્રી. કુશળતા; ક્ષેમ.

૪. ન. દક્ષિણ હિંદમાં થતું ભૂરા રંગનું એક પક્ષી.

૫. વિ. ઉત્તમ; સારું.

૬. અ. ખરેખર; જરૂર.

૭. અ. જવા દો ને; બહુ સારું; હા.

૮. અ. સારું છે; વાંધો નહિ !

ખૈર આફિયત (ખ઼ૈર આફ઼િયત) ૧. સ્ત્રી. કુશળમંગળ; ક્ષેમકુશળ.

૨. સ્ત્રી. માલોજાન; હિત; કલ્યાણ.

ખૈરખાહ (ખ઼ૈરખ઼ાહ) ૧. [ફા.] સ્ત્રી. મિત્ર; હિત ઇચ્છનાર માણસ.

૨. વિ. શુભચિંતક; શુભેચ્છક.

ખૈરખાહી (ખ઼ૈરખ઼ાહી) ૧. [ફા.] સ્ત્રી. મિત્રતા.

૨. સ્ત્રી. શુભચિંતન; શુભેચ્છા.

ખૈરત (ખ઼ૈરત) [અ.] સ્ત્રી. ભલાઈ; સુજનતા.

ખૈરયત (ખ઼ૈરયત) સ્ત્રી. તંદુરસ્તી; શરીરની સારી સ્થિતિ.

ખૈરલી પું. (પિંગળ) દરેક ચરણમાં નગણ, યગણ, તગણ અને લઘુ મળી દશ અક્ષરનો એક અક્ષરમેળ છંદ.

ખૈરવાલ ન. એક જાતનું ઝાડ; વનરાજ.

ખૈરસાર પું. ખેરમાંથી બનતો કાથો.

ખૈરા ૧. પું. એક જાતનું કબૂતર.

૨. પું. એક જાતનો છોડ.

૩. પું. કથાઈ રંગનો એક જાતનો બગલો.

૪. પું. ડાબો હાથ.

૫. સ્ત્રી. એક જાતની માછલી.

૬. વિ. આસમાની ભૂરું; કથાઈ રંગનું.

૭. વિ. બદામી.

ખૈરાત (ખ઼ૈરાત) [અ.] સ્ત્રી. દાન; પુણ્ય; ધર્માદો.

ખૈરાતખાનું (ખ઼ૈરાતખાનું) [અ.] ન. ધર્માદાખાનું; સદાવ્રત આપવાનું સ્થળ.

ખૈરાતી (ખ઼ૈરાતી) ૧. [ફા.] પું. સંઘાડો ફેરવનાર પુરુષ.

૨. વિ. દાન દેવા માટે નક્કી થયેલું; સખાવત કે દક્ષિણામાં આપેલ.

૩. વિ. નાખી દેવા લાયક; બિનઉપયોગી; રદ્દી.

ખૈરાદેહ ન. ઘાઝીપુર જિલ્લામાં ભાગલપુરની સામે આવેલ એક સ્થળ. અહીં જમદગ્નિ ઋષિનો આશ્રમ હતો.

ખૈરિયત (ખ઼ૈરિયત) ૧. [ફા.] સ્ત્રી. કલ્યાણ; શ્રેય; હિત.

૨. સ્ત્રી. કુશળક્ષેમ; તંદુરસ્તી.

૩. સ્ત્રી. રાજીખુશી.

ખૈરુન્નિસા સ્ત્રી. ઉત્તમ સ્ત્રી; ફાતિમા.

ખૈરો ૧. પું. ડાબો હાથ.

૨. પું. તબલાં, ઢોલકી, પખવાજ વગેરેનો અવાજ. તે ડાબે હાથે વગાડવામાં આવે છે.

ખૈલ (ખ઼ૈલ) ૧. [અ.] પું. ઘોડેસવાર.

૨. પું. લશ્કર.

ખૈલા ૧. પું. વાછડો.

૨. સ્ત્રી. ઘણા તલવાળી સ્ત્રી. અરબો તેને બહુ સૌંદર્ય માને છે.

૩. સ્ત્રી. મૂર્ખ સ્ત્રી.

ખૈશૂમ (ખ઼ૈશૂમ) ૧. [અ.] પું. આનુનાસિક અક્ષર.

૨. પું. નાક.

૩. પું. પર્વતનું શિખર.

ખૈસ (ખ઼ૈસ) ૧. [અ.] વિ. કમજાત; તીચ કુળનું.

૨. વિ. કૃપણ; કંજૂસ.

ખૈંગ [ફા. ખિંગ] પું. (ડિંગળ) ઘોડો.

ખૈંચખમેટ પું. કજિયો; તકરાર.

ખો (ખ઼ો) ૧. પું. અદાવત; વેર.

૨. પું. ક્ષય; નાશ.

ખો કાઢી નાખવો = નાશ કરવો.

૩. પું. ઘર; રહેઠાણ.

૪. પું. નુકસાન.

૫. પું. પર્વત.

૬. પું. મૂળ; વંશ.

૭. પું. સળેખમ.

૮. [ફા.] સ્ત્રી. આદત; ટેવ; વ્યસન.

૧. ખો ભુલાવી દેવી = ઠેકાણે લાવી દેવું; સુધારવું.

૨. ખો ભૂલી જવી = ટેવ છોડી દેવી.

૯. સ્ત્રી. ઉધરસ; ખાંસી.

૧૦. સ્ત્રી. એ નામની નવસારી તરફ રમાતી એક રમત; ખોભિલ્લુ.

૧૧. સ્ત્રી. ખાઈ; કોતર; ખીણ.

૧૨. સ્ત્રી. રીતભાત.

ખોઆ ૧. [હિં.] પું. જાડો ઈંટનો ભૂકો.

૨. પું. દહીં.

૩. પું. દૂધને ઉકાળતાં ઉકાળતાં થતો પિંડો; માવો.

૪. પું. પ્લાસ્ટર.

ખોઆન પું. (જરથોસ્તી) તખ્તો.

ખોઆસ્પીસ સ્ત્રી. કુનાર; ગાંધાર પ્રદેશના સીમાડાની એ નામની એક નદી.

ખોઈ ૧. સ્ત્રી. એક જાતનું ઘાસ; ખૂર.

૨. સ્ત્રી. કચરો.

૩. સ્ત્રી. ખોઈયું; ખોયું; ઝોળી; બાળકને સુવાડવા માટે કરેલી અથવા બાંધેલી ઝોળી; બાળકને સુવાડવા માટે ઘોડિયા સાથે બાંધવામાં આવતો કપડાનો કટકો.

૪. સ્ત્રી. ખોબો.

૫. સ્ત્રી. ખોળો.

૬. સ્ત્રી. ગબી.

૭. સ્ત્રી. ગળી ગયેલા ચોખા.

૮. સ્ત્રી. છોતાં; શેરડીના કૂચા; શેરડીના સાંઠામાંથી રસ નીચોવી લીધા પછી બાકી રહેલા કૂચા.

૯. સ્ત્રી. પહેરણની ચાળના બે છેડા બાંધી કરેલ ઝોળી; ફાળિયાના એક તરફના બે છેડાની ગાંઠ વાળીને કરેલું ખોભાયું.

૧૦. સ્ત્રી. વરસાદથી રક્ષણ કરવા માટે ઘડી વાળેલાં અને માથા ઉપર મૂકેલાં લૂગડાં અથવા છતર.

ખોઈચા [હિં.] પું. ખોળ; છાલ.

ખોઈયા ૧. [હિં.] સ્ત્રી. કચરો.

૨. સ્ત્રી. ગળેલા ચોખા; ચડી ગયેલા ચોખા.

૩. સ્ત્રી. છોતાં; શેરડીના કૂચા.

૪. સ્ત્રી. વરસાદથી ન ભીંજાવા માટે રાખવામાં આવતું છતર.

ખોઈયું ૧. ન. ખોયું; ઘોડિયે કપડું બાંધીને બાળકને ઊંઘાડવા માટે કરેલી ઝોળી; ચાર બાજુએ નાકાં કરેલ કપડું; ઘોડિયાની ખોઈ; ઝોળી; નાનાં બાળકને સુવાડવા ઘોડિયે બાંધવાનું ભરેલું કે રંગેલું કપડું.

૨. ન. ગાદલાં, ઓશીકાં વગેરેનો ગલેફ.

૩. ન. ઘોડિયું.

ખોક [યૂ.] સ્ત્રી. ભૂંડ; સૂવર.

ખોકલા ૧. [મ.] સ્ત્રી. ઉધરસ.

૨. વિ. પોલું.

ખોકલી ૧. સ્ત્રી. ઉધરસ.

૨. સ્ત્રી. એક જાતનો છોડ. તે ત્રણ ફૂટ ઊંચો થાય છે. તેનાં મૂળ, પાંદડાં, ફૂલ વગેરે દવામાં વપરાય છે. તે કૃમિઘ્ન, કફઘ્ન અને વાતહર છે. તે દરેક જાતની ઉધરસ મટાડતી હોય એમ કહેવાય છે.

ખોકા ૧. [મ.] ન. હૂંડીનાં નાણાં ચૂકવી આપીને ઉપર ભરપાઈ કરાવી પહોંચ તરીકે રાખી મૂકવામાં આવે છે તે; હૂંડીનું ખોખું.

૨. [હિં.] વિ. ખોદેલ; પોલું કરેલ.

ખોખ ૧. [યૂ.] ન. એક પ્રકારનું ખટમીઠું ફળ.

૨. ન. ખખ; ખળખળી ગયેલું પણ કદમાં મોટું ખોખું; મોટા કદનું પણ ખાલી ખોખું.

ખોખડ (ખોખડ઼) ૧. સ્ત્રી. કુંભારની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ખોખડદંતું (ખોખડ઼દંતું) ૧. વિ. આગલા દાંત બહાર નીકળેલ હોય એવું; લાંબા દાંતવાળું.

૨. વિ. ઘરડું.

૩. વિ. મોટું.

ખોખડધજ (ખોખડ઼ધજ) ૧. વિ. ઊંચું.

૨. વિ. જબરદસ્ત શરીરવાળું; પ્રચંડ; મોટું.

૩. વિ. જૂનું; પ્રાચીન.

૪. વિ. પહોળું.

૫. વિ. પ્રમાણમાં બહુ લાંબું.

૬. વિ. શરીર ખખળી ગયેલ હોય એવું; વૃદ્ધ.

ખોખડધંધ (ખોખડ઼ધંધ) જુઓ ખોખડધજ.

ખોખડલું (ખોખડ઼લું) ન. કોઈ પણ ભાંગેલી વસ્તુ.

ખોખર ૧. પું. એક જાતના મુસલમાન.

૨. પું. (સંગીત) માલકોશ રાગના આઠ માંહેનો એક પુત્ર. તે ગાવાનો સમય દિવસનો પહેલો પહોર છે.

૩. સ્ત્રી. એ નામની સિપાઈ, લેઉઆ કણબી અને ભંગીની એક અટક.

૪. સ્ત્રી. કાળી જમીન.

૫. સ્ત્રી. પરમાર ક્ષત્રિયોની એક શાખા.

૬. ન. એ નામની અટકનું માણસ.

૭. વિ. એ નામની અટકનું.

ખોખરધજ જુઓ ખોખડધજ.

ખોખરા ૧. [હિં.] પું. તૂટેલું વહાણ.

૨. સ્ત્રી. મેમણની એ નામની એક અટક.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. ન. કોપરું; ખોપરું.

૫. વિ. એ નામની અટકનું.

ખોખરાટ ૧. પું. ખોખરાપણું; ખોખરો અવાજ; બેસૂરતા.

૨. વિ. ખડતલ; મજબૂત.

ખોખરાપણું ન. ખોખરું હોવું તે; બસૂરાપણું; બોદાપણું;

ખોખરિયા ૧. સ્ત્રી. એ નામની લેઉઆ કણબીની એક અટક.

૨. સ્ત્રી. ભીલની એ નામની એક જાત.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

ખોખરી સ્ત્રી. ચોખા; ડાંગર; ભાત. વેપારીઓ સંકેતમાં આ શબ્દ વાપરે છે.

ખોખરું ૧. વિ. અરધુંપરધું ભાંગેલું કે ફૂટેલું; તૂટેલું.

૧. ખોખરું કરવું = માર મારવો.

૨. ખોખરું હાંડલું = વૃદ્ધ અને ખખળી ગયેલું માણસ.

૩. બરડો ખોખરો કરી નાખવો = હાડકાં ભાંગી નાખવાં; ખૂબ માર મારવો.

૨. વિ. અવ્યક્ત.

૩. વિ. જાડો અને પોલો અવાજ નીકળે એવું; બસૂરું; બેઠેલો અવાજ નીકળે એવું; બોદું.

૪. વિ. ધીમું; હળવું.

૫. વિ. બહેરું.

ખોખલ ૧. પું. પવન; વા; વાયરો.

૨. સ્ત્રી. કણબીની એ નામની અટક.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

ખોખલિયું વિ. ઝટ તૂટી જાય એવું; સાલાતૂલું.

ખોખલી ૧. સ્ત્રી. ઉટાંટિયું; એક જાતની મોટી ઉધરસ; ખાંસી.

૨. સ્ત્રી. એ નામનો એક જાતનો છોડ. તે ત્રણેક ફૂટ ઊંચો વધે છે. તેનાં પાન પહોળાં અને લાંબી ડીંટડીવાળાં હોય છે. તેમાં પીળાશ પડતા લીલા રંગનાં ફૂલ થાય છે. તે દવામાં વપરાય છે.

૩. સ્ત્રી. ઘરડી શિયાળ.

૪. સ્ત્રી. પડી ગયેલા દાંતવાળી વૃદ્ધ સ્ત્રી.

ખોખલું ૧. વિ. ઉધરસ ખાતું.

૨. વિ. કમતાકાત; નબળું; નિર્બળ; શક્તિ વગરનું.

૩. વિ. ખખળી ગયેલું; વૃદ્ધ.

૪. વિ. જીર્ણ; જૂનું.

૫. વિ. પોલું.

ખોખલો ૧. પું. ઉધરસ; ઉટાંટિયું; કફ; ખાંસી; ઠાંસો; મોટી ઉધરસ.

૨. પું. ખખળી ગયેલો આદમી; વૃદ્ધ.

ખોખલો પંજો = (૧) ઘરડો માણસ. (૨) વૃદ્ધ બ્રાહ્મણ.

૩. પું. ઝાડમાં પોલાણ.

૪. વિ. પું. ખૂં ખૂં કર્યાં કરતો હોય એવો.

ખોખા ૧. પું. છોકરો.

૨. [હિ.] પું. હૂંડીનાં નાણાં ચૂકવી આપી તે ઉપર ભરપાઈ કરાવી પહોંચ તરીકે રાખી મૂકવામાં આવતું હૂંડીનું ખોખું.

ખોખાણી ૧. સ્ત્રી. કણબી અને વાણિયાની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ખોખાધારા પું. શેવડાના ચોરાશી ગચ્છનો એક પેટા ગચ્છ.

ખોખારવું ૧. સ. ક્રિ. ખંખારવું; ઘોડાનું બોલવું; હણહણવું.

૨. સ. ક્રિ. ગળું સાફ કરવું.

૩. સ. ક્રિ. ઘોઘરો અવાજ કાઢવો.

ખોખારો પું. ગળામાંથી નીકળતો અવાજ.

ખોખાવું અ. ક્રિ. અદાવત રાખવી; વેર રાખવું.

ખોખાં ૧. ન. બ. વ. ખાલી ડબા.

૨. ન. બ. વ. ખીજડાની શિંગો. તે પાકીને સુકાય ત્યારે છોકરાં તેને ખાય છે.

ખોખાં કાઢવાં = (૧) ખૂબ ઊંઘવું. (૨) પાયમાલ કરવું. (૩) હેરાન કરવું.

ખોખી [હિં.] સ્ત્રી. નાની છોકરી.

ખોખીડો પું. અણબનાવ; કકળાટ; કુસંપ; તકરાર.

ખોખું ૧. ન. અંદરથી પોલું અને સત્ત્વ રહિત જે કંઈ હોય તે; કૂચો; ગર કાઢી લીધા પછીનું ફળનું ખોખું; રસકસ ગયા પછીનો બાકીનો ભાગ.

૨. ન. આખી નહિ પણ કટકાઓથી બનાવેલી હલકી પાઘડી; ઓઠાં ઉપર બાંધેલી પાઘડી; કાગળ અને લૂગડું લાહીથી ચોપડી બનાવેલો પાઘડીનો આકાર.

૩. ન. કલેવર; જીવ વગરનું તડકે સુકાઈ ગયેલું માંસ વગરનું શરીર; માળખું; હાડપિંજર.

૪. ન. કાચું લખાણ; મુસદ્દો.

૫. ન. કારીગરી વગરની સાધારણ પેટી;

૬. ન. કોડિયું.

૭. ન. ખાલી પેટી; માલ કાઢી લીધો હોય તેવી ખાલી તકલાદી પેટી.

૧. દીવાસળીનું ખોખું = દીવાસળી વગરની દીવાસળીની ડાબલી.

૨. દેવદારનું ખોખું = માલ કાઢી લીધા પછીનું દેવદારનું ખાલી ખોખું.

૮. ન. ખોટો બડબડાટ.

૯. ન. ખોભિલ્લુ નામની એક દેશી રમત. જુઓ ખોભિલ્લુ.

૧૦. ન. દેહ; શરીર.

૧૧. ન. નકામી વસ્તુ; નિર્માલ્ય વસ્તુ.

૧૨. ન. નમૂનો; બીણું.

૧૩. ન. પીધેલ બીડી; બીડીને માટે તિરસ્કારમાં વપરાતો શબ્દ.

૧૪. ન. (વહાણવટું) બધાં લાકડાં જડાઈને તૈયાર થયેલ ખોખાના આકારની વહાણની આકૃતિ.

૧૫. ન. બાળક.

૧૬. ન. મગફળી.

૧૭. ન. શિકારેલી હૂંડી; હૂંડીનાં નાણાં ચુકાવી આપી તે ઉપર ભરપાઈ કરાવી પહોંચ તરીકે રાખી મૂકવામાં આવતું હૂંડીનું ખોખું.

૧૮. વિ. અતિશય દૂબળું; ખખ; ખળભળી ગયેલું; જીર્ણ થઈ ગયેલું; વૃદ્ધ.

૧૯. વિ. જેમાં કાંઈ ભરેલ ન હોય તેવું; ખાલી; પોલું.

ખોખો સ્ત્રી. એ નામની એક દેશી રમત; ખો; ખોભિલ્લુ; ચકભિલ્લુ; મગમાટલી. આ રમતમાં નીચે પ્રમાણે નિયમો છે: રમવાના મેદાન માટે ૮૧ ફૂટ લાંબો અને ૫૧ ફૂટ પહોળો લંબચોરસ દોરવો. લંબચોરસની બંને પહોળી બાજુની રેખાઓની મધ્યમાંથી ૨૫$\frac{૧}{૨}$ ફૂટ ત્રિજ્યાથી પહોળાઈની બંને બહારની બાજુએ અર્ધગોળ દોરવો. જે મધ્યબિંદુએથી અર્ધકૂંડાળું દોરવામાં આવેલ હોય તે મધ્યબિંદુ ખૂંટ જગ્યા કહેવાય. તે જગ્યાએથી ૧૩થી ૧૬ ઇંચ પરિઘવાળા અને ૫$\frac{૧}{૨}$ ફૂટ લાંબા થાંભલા જમીનની બહાર ૪ ફૂટ રહે તે રીતે બંને ખૂંટને દાટવા. ખૂંટથી ૫૧ ફૂટ લાંબી ખૂંટરેખા દોરવી. ખૂંટના બિંદુએથી ૬ ઇંચે બંને બાજુ દૂર, ૧૨ ઇંચ પહોળી પાટી થાય તેવી રીતે, સીધી બે રેખાઓ લંબચોરસની અંદર એક બાજુની પહોળી રેખા આગળથી શરૂ કરી લંબ રેખાઓને સમાંતર જાય એ રીતે સામી બાજુની પહોળી રેખાને અડકાડવી. આ રીતે પડેલી પહોળી પાટી મધ્યપાટી કહેવાય. ખૂંટરેખાને સમાંતર તેનાથી ૮$\frac{૧}{૨}$ ફૂટ દૂર એક રેખા દોરવી. તે રીતે દોરાયેલી રેખાને સમાંતર એક ફૂટ દૂર બીજી રેખા દોરવી એટલે એક આડી પાટી થશે. એમ આગળ ૮ ફૂટ અને ૧ ફૂટને અંતરે રેખાઓ દોરવાથી આડી પાટીઓ પડશે. મધ્ય પાટીને આડી પાટીઓ છેદે ત્યાં ૧૨ ઇંચનાં સમચોરસ ખાનાં કરવાં. તે ખાનાંની અંદર એક પક્ષના ૮ ભિલ્લુઓ એકબીજાથી ઊલટી દિશામાં મોં રાખી બેસે. ખૂંટની જગ્યાથી પહેલી પાટીનું મધ્યબિંદુ બરાબર ૯ ફૂટને અંતરે રાખવું, અને એવી રીતે દરેક પાટીનું મધ્યબિંદુ એકબીજાથી નવ ફૂટને અંતરે રહે. પક્ષો: આ રમતમાં બે પક્ષ હોય. જે પક્ષ ખાનામાં ઊલટાંસૂલટાં મોં રાખીને ખો લઈને મેદાનમાં રમતા ભિલ્લુઓને પકડવા પ્રયત્ન કરે તે મારનાર પક્ષ કહેવાય. જે પક્ષ મેદાનની હદમાં રહીને મારનાર પક્ષથી બચવા પ્રયત્ન કરે તે રમનાર પક્ષ કહેવાય. દરેક પક્ષમાં નવ ભિલ્લુઓ રહે. તેમાંથી એક નાયક અને એક ઉપનાયક ગણાય. દાવ અને સમય: દરેક પક્ષને બે દાવ અપાય અને દરેક દાવ માટે ૭ મિનિટ અપાય. સાત મિનિટના દાવ પછી પાંચ મિનિટ આરામ અપાય. જો બંને પક્ષ સરખા ઊતરે તો પાંચ મિનિટનો એક દાવ બંને પક્ષને આપવામાં આવે અને તે આખરી પરિણામ ગણાય. તેમ છતાં સરખા ઊતરે તો આખી રમત ફરી રમાડાય. સિક્કો ઉછાળ: પંચ બંને પક્ષના નાયકોની રૂબરૂ સિક્કો ઉછાળે અને સિક્કા ઉછાળમાં જીતનાર પક્ષ રમવાનું કે મારવાનું પસંદ કરે. રમતની શરૂઆત: પંચની સૂચના મળતાં મારનાર પક્ષના ૮ ભિલ્લુઓ ખાનાંમાં ઊલટાંસૂલટાં મોં રાખીને બેસી જાય અને એક ભિલ્લુ ગમે તે બાજુના ખૂંટ આગળ ઊભો રહે. રમનાર પક્ષના ભિલ્લુઓ મેદાનની હદમાં પોતાને ફાવે ત્યાં ગોઠવાય અને રમત શરૂ થતાં મારનાર પક્ષ નિયમમાં રહીને રમનાર પક્ષને અડકવા પ્રયત્ન કરે. 'ખો' આપી મારવા જનાર ભિલ્લુઓને લાગુ પડતા નિયમો: 'ખો' મોઢેથી બોલીને અને બેઠેલા ભિલ્લુને માથે કે બરડે અડકીને પાછળથી ખો આપવી પડે. બોલવાનું અને અડકવાનું એક સાથે કરવું પડે. 'ખો' આપતી વખતે તેમ જ આપ્યા પછી પણ 'ખો' આપનારના બેમાંથી ગમે તે પગ પાટી ઉપર જોઈએ. જેને 'ખો' મળી હોય તેણે ઊઠ્યા પછી જે દિશામાં પાટી બહાર પગ મૂક્યો હોય અથવા મધ્ય પાટીને સમાંતર મોઢું ફેરવ્યું હોય તે જ દિશામાં અથવા તે દિશાના કાટખૂણા સુધી વધારેમાં વધારે જઈ શકે. ખૂંટને હાથ અગર પગ અડકેલો હશે, ત્યાંસુધી ખૂંટ છોડેલો ગણાય નહિ. ખૂંટ છોડ્યા પછી જે દિશામાં જવા માંડ્યું હોય તે જ દિશામાં જવું પડે. ખૂંટની બે બાજુનાં અર્ધાં કૂંડાળામાં ગમે તેમ ફરી શકાય. મારવા જનાર ભિલ્લુ જે દિશામાં જતો હોય તે જ દિશામાં તેનું મોઢું અને પગ

હોવાં જોઈએ. મારનાર ભિલ્લુ વચ્ચેની મધ્યપાટી ઉપર કે મધ્યપાટી ઓળંગીને પગ મૂકી રમનાર ભિલ્લુને અડકી શકે નહિ, હાથ લંબાવી અડકી શકાય. મારનાર ભિલ્લુ રમનાર ભિલ્લુને પકડવાના જુસ્સામાં હદ બહાર જઈ શકે. મારનાર પક્ષનો કોઈ પણ ભિલ્લુ ઉપરના નિયમો માંહેના ગમે તે નિયમનો ભંગ કરે તો, તે દરેક ભંગ દીઠ એક ભૂલ ગણાય. ભૂલ કરીને રમનાર પક્ષના ભિલ્લુને અડક્યા હશે તે નાબાદ ગણાય. ભૂલ કર્યા પછી ભૂલ કરનારે તરત જ પોતાના ભિલ્લુને ખો આપવી જોઈએ. રમનાર પક્ષને લાગુ પડતા નિયમો: રમનાર પક્ષના ભિલ્લુઓ જાતે ખાનાંમાં બેઠેલા મારનાર પક્ષના ભિલ્લુઓને પોતે હાથથી અડકે અથવા હાથ સિવાય બીજા કોઈ અવયવથી કે કપડાથી મારનાર પક્ષના ભિલ્લુઓને હરકત કરે તો રમનાર ભિલ્લુ બાદ ગણાય. રમનાર ખૂંટને અડકી શકે. રમનારાઓ હદ બહાર જાય તો બાદ ગણાય. રમનાર પક્ષના ભિલ્લુઓને મારનાર પક્ષના ભિલ્લુઓ નિયમમાં રહીને હાથથી અડકે તો રમનાર ભિલ્લુઓ બાદ ગણાય. બે બાજુ પંચ અને એક ભૂલ નોંધનાર રહે. પંચ મારનાર પક્ષના ભિલ્લુઓની ભૂલ થતાં મોટેથી જાહેર કરે, જેથી નોંધનારને સરળ થાય. મારનાર પક્ષ રમનાર પક્ષના જેટલા ભિલ્લુઓને મારે તેનાથી ચારગણા ગુણ મારનાર પક્ષને મળે અને બચત મિનિટ હશે તે દરેક બચત મિનિટ દીઠ ચાર ગુણ અપાય. ઉપર પ્રમાણે મળેલ ગુણમાંથી મારનાર પક્ષની દરેક ભૂલ દીઠ એક ગુણ કપાય. રમત અંતે બે પક્ષમાંથી જે પક્ષના ગુણનો સરવાળો વધુ થાય તે જીત્યો ગણાય.

ખોખ્લું વિ. વચ્ચે ખાડાવાળું.

ખોખ્લો [હિં.] પું. ઝાડનું પોલાણ.

ખોગર [ફા.] વિ. અભ્યાસી; આદતવાળું; ટેવવાળું.

ખોગાણું ન. બદલો; સાટું.

ખોગી પું. ઘોડા ઉપર નાખવાની ગાદલી; ખોગીર.

ખોગીર (ખ઼ોગીર) ૧. પું. તકિયો.
 ૨. પું. પાઘડી માટે વપરાતો શબ્દ.
 ૩. [ફા.] સ્ત્રી.; ન. કઠોડું; ઘોડા ઉપર નાખવાની ગાદલી; જીન; દળી.

ખોગીર ભરતી ૧. સ્ત્રી. કચરો.
 ૨. સ્ત્રી. ખરાબ કવિતા.

ખોઘરો પું. ઝાડનું પોલાણ.

ખોચડ (ખોચડ઼) ૧. [હિં.] વિ. અદેખું.
 ૨. વિ. બીજાના કામમાં માથું મારનાર.

ખોચડે (ખોચડ઼ે) અ. ખૂણે; ખોચરે.

ખોચરનાથ પું. મહાદેવ; શંકર.

ખોચરુ ૧. ન. કોતર; ખો; ગુફા.
 ૨. ન. જૂનો જમાનો; પ્રાચીન કાળ.
 ૩. વિ. ખાડાવાળું; ખાંચાવાળું; ખોચરેલ.
 ૪. વિ. પોલું.

ખોચરે અ. ખૂણે; ખાંચરે.

ખોચરેલ ૧. વિ. કોતરાયેલું; ખવાયેલું.
 ૨. વિ. ખાડાખૈયાવાળું; ખાંચા અને ખાડાવાળું.
  ખોચરેલ રૂપિયો = રૂપિયા ઉપરની પતરી ઊખડી ગઈ હોય ને આંકા પડેલા હોય તેવો રૂપિયો.

ખોચંડો પું. કઠેકાણું; અયોગ્ય સ્થળ; ખૂણોખાંચરો.

ખોચંદે અ. કઠેકાણે; ખૂણેખાંચરે.

ખોજ ૧. સ્ત્રી. કૂટેવ; ખરાબ આદત.
 ૨. સ્ત્રી. ખોળ; ગોત; તપાસ; શોધ.
 ૩. સ્ત્રી. ચિહ્ન; નિશાન.

ખોજક વિ. તપાસ કરનાર.

ખોજખાજ ૧. સ્ત્રી. ચીડ; ગુસ્સો.
 ૨. સ્ત્રી. તપાસ; શોધ.

ખોજવું સ. ક્રિ. ખોળવું; ગોતવું; ઢૂંઢવું; શોધવું.

ખોજા ૧. પું. બ. વ. હિંદુમાંથી મુસલમાન બનેલી એક જાત. આ જાત ઉત્તરમાં પંજાબમાંથી આવી. ત્યાંથી કચ્છ થઈ કાઠિયાવાડમાં આવી. અને પછી ગુજરાતમાં અને ત્યાંથી દક્ષિણ હિંદુસ્તાનમાં ગઈ. ખોજાઓ મૂળ હિંદુઓ હતા. તેમાંના કેટલાક આગાખાનને માને છે અને કેટલાક હિંદુ ધર્મ પણ પાળે છે.
  સૌ સૂતા જાગે ત્યારે ખોજા ખીચડ માગે = સામાન્ય કરતાં જુદી રીતે કરવું.
 ૨. સ્ત્રી. મેમણની એ નામની અટક.
 ૩. ન. એ નામની અટકનું માણસ.
 ૪. વિ. એ નામની અટકનું.

ખોજાખાનું ન. ખોજા લોકોનું ધાર્મિક સ્થળ.

ખોજાધર્મ પું. ખોજા લોકો પાળે છે તે એક જાતનો ધર્મ. ખોજામાં મુખ્ય બે ધર્મ ચાલે છે: (૧) આગાખાની અને (૨) ઈસના અશરી. એ સિવાય કેટલાક ખોજાઓ સુન્ની, સ્વામીનારાયણિયા, ભગત, મસ્જિદિયા, ખાનાઈ, તનાસરી વગેરે છે. આ સંપ્રદાયમાં પહેલાં હિંદુ આચાર ચાલતા અને નામ પણ હિંદુઓ જેવાં જ પડતાં. માનભરી રીતે સ્વધર્મમાંથી તેઓએ પરધર્મ સ્વીકારેલ હોઈને તેઓ હિંદુ તરીકે ઠક્કર કહેવાતા, પણ પરધર્મમાં ગયા ત્યારે ખ્વાજા એટલે ઉમરાવ કહેવાવા લાગ્યા. તેઓ શિયા ઇસ્લામી પંથના ગણાય છે. પંજાઈ ખોજા આગાખાનને ઈશ્વર તરીકે માને છે. પીરાઈ ખોજા આગાખાનને માત્ર ધર્મગુરુ તરીકે માને છે.

ખોજી વિ. શોધ કરનાર; તપાસ રાખનાર.

ખોજો ૧. પું. ખોજા જ્ઞાતિનો પુરુષ.
 ૨. પું. નપુંસક; નાજર; બંડળ; પંઢ; હીજડો.
  ખોજા કરવું = ખસી કરવું.
 ૩. પું. નોકર; સેવક; ચાકર.
 ૪. પું. માનનીય નોકર; સરદાર.
 ૫. પું. સત્યાસત્યની શોધ કરનાર પુરુષ.
 ૬. વિ. હિંદુ મટી મુસલમાન બનેલી એક જાતનું.

ખોટ ૧. પું. ઢેફું; માટીનું રોડું.
 ૨. [સં. ક્ષય] સ્ત્રી. અછત; તંગી; તાણ.
 ૩. સ્ત્રી. અપકીર્તિ; બેઆબરૂ; કલંક.
 ૪. સ્ત્રી. અપૂર્ણતા; ઓછાપણું; ઘટ.
  ૧. ખોટ ભાંગવી = તંગી ન જણાય તેમ કરવું.
  ૨. ખોટનું છોકરું = (૧) ઘણાં બાળક મરી ગયા પછી જીવતું રહેલું બાળક. (૨) મોટી ઉમરે થયેલ બાળક.
 ૫. સ્ત્રી. અવગુણ; દોષ.
 ૬. સ્ત્રી. કમનસીબી; દુર્ભાગ્ય.
 ૭. સ્ત્રી. ગેરલાભ; નુકસાની; તોટો.
 ૮. સ્ત્રી. ચારિત્ર્યની હલકાઈ; પાપ.
 ૯. સ્ત્રી. ચૂક; ભૂલ.
 ૧૦. સ્ત્રી. નાની ભરતી.
 ૧૧. સ્ત્રી. મિશ્રણ; ભેળવણી.
 ૧૨. સ્ત્રી. શરમ; લાજ; લજ્જા.

ખોટકવું અ. ક્રિ. અચકાવું; અટકવું; બંધ પડવું.

ખોટકાવવું સ ક્રિ. અટકાવવું; ખોટું પાડવું; નિરુપયોગી કરવું; બંધ કરી દેવું.

ખોટકાવું જુઓ ખોટકવું.

ખોટકો ૧. પું. આડખીલી; નડતર; અડચણ.
 ૨. પું. ઓછાપણું; કમીપણું; ઘટ; ન્યૂનતા.
 ૩. પું. ખરાબ ટેવ.
 ૪. પું. ખામી; નુકસાન; ખોટ; તોટો.
 ૫. પું. ખૂટકો; ખોટકાઈ જવું તે; સંચાકામમાં વાંધો પડવો તે.
 ૬. પું. ખોડ; દૂષણ; એબ.
 ૭. પું. લાકડાનો મોટો કટકો.

ખોટખબાડ (ખોટખબાડ઼) ૧. સ્ત્રી. ખોટ; તંગી; ઘટ; નુકસાન.
 ૨. સ્ત્રી. ખોડખાંપણ; દૂષણ; ખામી.

ખોટખાંપણ જુઓ ખોટખબાડ.

ખોટનું ૧. વિ. અછતનું; તંગીના વખતનું.
૨. વિ. એક જ; એકનું એક.
૩. વિ. ઘણાં છોકરાં મરી ગયા પછી જીવેલું.

ખોટરી સ્ત્રી. (કચ્છી) ચોસલું; દડબું.

ખોટવટાવ પું. લાભ ગેરલાભ; નફોતોટો.

ખોટવધ જુઓ ખોટવટાવ.

ખોટવવું જુઓ ખોટકાવવું.

ખોટવાવું જુઓ ખોટકવું.

ખોટવું ૧. અ. ક્રિ. ઊભા રહેવું; રાહ જોવી.
૨. અ. ક્રિ. પાસે આવવું.
૩. સ. ક્રિ. મદદ કરવી.

ખોટવેરો પું. મહેસૂલ ઓછી ઉપજવાથી નાખવામાં આવતો વધારાનો કર.

ખોટહાંસલ જુઓ ખોટવટાવ.

ખોટંખોટા અ. અસત્યની પરંપરા હોય એવી રીતે; તદ્દન જૂઠી રીતે.

ખોટાઈ ૧. [હિં.] સ્ત્રી. અસત્યતા; જૂઠાપણું.
૨. સ્ત્રી. આળસાઈ; આળસુપણું; કામ નહિ કરવાની ટેવ.
૩. સ્ત્રી. એબ; દોષ.
૪. સ્ત્રી. ક્ષુદ્રતા.
૫. સ્ત્રી. ખોટી સહી.
૬. સ્ત્રી. છલ; કપટ.
૭. સ્ત્રી. દુષ્ટતા; બૂરાપણું.

ખોટાઉપાડ (ખોટાઉપાડ઼) પું. ભમરા જાતના ઘોડાનું બીજું નામ.

ખોટાચલન ન. ખરાબ ચાલચલગત.

ખોટાડું (ખોટાડ઼ું) વિ. ખોટાબોલું; જૂઠાબોલું; જૂઠું; બોલીને ફરી જાય તેવું.

ખોટાપન ૧. [હિં.] સ્ત્રી. અપ્રમાણિકપણું.
૨. સ્ત્રી. અવગુણ.
૩. સ્ત્રી. ક્ષુદ્રતા.
૪. સ્ત્રી. ખરાબી.
૫. સ્ત્રી. ખોડખાંપણ.
૬. સ્ત્રી. છેતરપિંડી; દગો.
૭. સ્ત્રી. દુષ્ટતા.
૮. સ્ત્રી. બેશરમપણું.
૯. સ્ત્રી. મિશ્રણ.

ખોટાબોલું જુઓ ખોટાડું.

ખોટારવો ૧. પું. અંગારો; છાણું બળી ગયા પછીનો રાખનો ગોટો; જ્વાળા અને ધૂણી વગરનો લાકડા કે છાણાનો ધગધગતો કટકો; ધગધગતો બળતો કોલસો; લાળો.
૨. પું. ઈંટનો કટકો.
૩. પું. રાખ.

ખોટારું ૧. પું. છેતરપિંડી.
૨. ન. જૂઠાણું.
૩. ન. તરકટ; બનાવટ.
૪. વિ. અસત્ય; ખોટું; ખોટું કરેલું હોય તેવું; જૂઠું.
૫. વિ. ભૂંડું.

ખોટારો ૧. પું. અંગારો; છાણું બળી ગયા પછી રહેલી રાખનો ગોટો; દેવતાનો તણખો; ધગધગતો કોલસો; લાળો.
૨. પું. ઈંટનો કટકો; ઈંટાળો.
૩. પું. નખરું.
૪. પું. પોપૈયો.
૫. વિ. પું. ખોટવાળો.
૬. વિ. પું. ખોટો; ખોટાબોલો.

ખોટાવરો જુઓ ખોટારવો.

ખોટા હાડકાનું વિ. આળસુ; કામમાં મદદ ન કરે તેવું; મહેનત કર્યે કંટાળો ખાય એવું. આને આખા હાડકાનું પણ કહે છે.

ખોટાળું ૧. વિ. ખામીવાળું; ખોટવાળું.
૨. વિ. ખોટનું; એકનું એક.

ખોટિ ૧. [સં.] સ્ત્રી. એક જાતનું ઝાડ; પાલંકી વૃક્ષ.
૨. સ્ત્રી. કપટી કે લુચ્ચી સ્ત્રી.

ખોટી ૧. [સં.] સ્ત્રી. એક જાતનું ઝાડ.
૨. સ્ત્રી. ખોટ.
૩. સ્ત્રી. ઢીલ; થોભવું તે; વાટ જોતા રહેવું તે; વાર; વિલંબ.
૧. ખોટી કરવું = રાહ જોતાં રાખવું; રોકી રાખવું; વાર લગાડવી.
૨. ખોટી થવું = (૧) નકામું બેસી રહેવું; રાહ જોવી. (૨) વિલંબ થવો.
૩. ખોટીના ખો થવા = રોકત થવી; નકામું બેસી રહેવું.
૪. સ્ત્રી. દુષ્ટ સ્ત્રી.
૫. સ્ત્રી. ધુતારી અને યુક્તિવાળી સ્ત્રી.
૬. [હિં.] વિ. અશુદ્ધ; ભેગવાળું; મિશ્રણવાળું.
ખોટી કરવી = (૧) છેતરવું; (૨) બગાડવું; (૩) મિશ્રણ કરવું.
૭. વિ. ઉડાઉ; બિનપાયાદાર.
૮. વિ. સ્ત્રી. ખરાબ.
૧. ખોટી ચાલ = ગેરવર્તણૂક; વ્યભિચાર.
૨. ખોટી નજર = કુદૃષ્ટિ; બદદાનત; વિષયી ઇચ્છા.
૯. વિ. સ્ત્રી. નકામી; નિરર્થક.
૧૦. વિ. સ્ત્રી. બનાવટી.
ખોટી હૂંડી = બનાવટી હૂંડી.
૧૧. અ. નકામું થોભી રહેવું પડે અને વખત બગડે એમ; વિલંબ કે ઢીલ થાય એમ.

ખોટીખરી [હિં.] સ્ત્રી. અપશબ્દ; ગાળ.
ખોટીખરી સુનાવવી = કોઈને ગાળ આપવી.

ખોટીઘડી (ખોટીઘડ઼ી) [હિં.] સ્ત્રી. ખરાબ સમય.

ખોટીડો (ખોટીડ઼ો) પું. થોભવું તે.
ખોટીડાના ખોળ થવા = થોભવું; રાહ જોવી.

ખોટીપત્રી પું. (કચ્છી) એક જાતનો છોડ. તેને સિસોટિયાનો છોડ અથવા પીળી પત્રી પણ કહે છે.

ખોટીપાડર પું. એ નામનો એક જાતનો છોડ. તેને રાતાં ફૂલ થાય છે.

ખોટીપાડળ જુઓ ખોટીપાડર.

ખોટીપો પું. ખોટી થવું તે; ઢીલ; રોકાણ; વાર; વિલંબ.

ખોટીરાસ્ના પું. એ નામનો એક જાતનો છોડ.

ખોટીલું ૧. ન. ઓછું હોવું તે; કમીના; ખોટ.
૨. ન. નિ:સંતાન માતાપિતાને ઘણા વખત બાદ થયેલું બાળક.
૩. વિ. અધૂરું; અપૂર્ણ; ખામીવાળું; ખોડવાળું.
૪. વિ. આખા હાડકાનું; આળસુ; ખોટા હાડકાનું; હરામ હાડકાનું; હરામી.

ખોટીવાલોર પું. (કચ્છી) એક જાતનો વેલો. તેની કાચી શીંગનું શાક થાય છે. તેનાં પાન ગડગૂમડ ઉપર વપરાય છે. તેને અડબાઉ તરવારડી કહે છે.

ખોટીસાઅત જુઓ ખોટીઘડી.

ખોટુકલું ૧. વિ. અસત્ય; ખરૂં નહિ તેવું; ખોટું.
૨. અ. ખોટી રીતે; ખોટું ખોટું હોય તેમ.

ખોટું ૧. [સં. કૂટ] ન. એબ; કલંક.
૨. વિ. અન્યાયવાળું.
ખોટું કરવું = (૧) અન્યાય કરવો. (૨) બૂરૂં કરવું.
૩. વિ. અપ્રસન્ન; નાખુશ થવા જેવું; માઠું.
ખોટું લાગવું = દુભાવું; નાખુશ થવું; મનમાં ખરાબ લાગણી થવી; માઠું લાગવું.
૪. વિ. અસત્ય; ખરૂં નહિ તેવું; જૂઠું.
૧. ખોટાં ખત ઉપર ભૂએલાંની સાખ = એક ભૂલની બે કરવી.
૨. ખોટું કહેવું = (૧) ગપ મારવી; ધાપ મારવી. (૨) ચાડી કરવી; વિરુદ્ધ કહેવું.

૩. ખોટું ખવાય નહિ ને ભૂંડું ઝરે નહિ = ખરાબ વસ્તુ એકદમ ખોવાતી નથી.

૪. ખોટું ખાવું = બેઇમાનીથી ખોટી રીતે કમાઈને ખાવું.

૫. ખોટો તો યે ગાંઠનો ને ઘેલો તો યે પેટનો = પોતાનું તેટલું ભૂલ વગરનું.

૫. વિ. આખા કે હરામ હાડકાનું; આળસુ; ખોટા હાડકાનું; જેને મહેનત લેવી ન ગમે એવું.

૬. વિ. આભાસી; કૃત્રિમ; નામધારી.

૭. વિ. એબવાળું; દૂષિત.

૮. વિ. કમનસીબ; દુર્ભાગી.

૯. વિ. કૃતઘ્ની; ફરી જાય એવું; ફેરવાળું; બેવચની; બેવફા; દગાખોર.

૧. ખોટું કરવું = માગતા પૈસા ન આપવા.

૨. ખોટું નીકળવું = કૃતઘ્ની થવું; બેઇમાન થવું; બેવફા થવું.

૧૦. વિ. ક્ષણભંગુર; નાશ પામે તેવું; નાશવંત.

ખોટું કાટલું = (૧) સાજું ન થાય એવું એટલે મંદવાડમાંથી ન ઊઠે એવું માણસ. (૨) ખોટો રૂપિયો.

૧૧. વિ. ખરાબ; જેવું હોવું જોઈએ તેવું નહિ; નઠારું; બૂરું; ભૂંડું; હીણું.

૧. ખોટી નજર = ખરાબ દૃષ્ટિ; કુદૃષ્ટિ.

૨. ખોટી વાસના = અનીતિનું કામ.

૩. ખોટું કામ = અનીતિવાળું કામ; ખરાબ કામ.

૧૨. વિ. ચેતન વગરનું; ચેષ્ટા વિનાનું; જડ જેવું.

ખોટું પડવું-પડી જવું = ચેષ્ટા વિનાનું થઈ જવું; હાથ પગ વગેરે જડ જેવા થઈ જવા.

૧૩. વિ. જેમાં ભૂલ હોય એવું; ભૂલચૂકવાળું.

૧૪. વિ. નકામું; નિરર્થક; ઉપયોગ વિનાનું.

૧૫. વિ. બનાવટી; ભેગવાળું; મિશ્રણવાળું; શુદ્ધ નહિ તેવું.

૧. ખોટું ખત = બનાવટી લખાણ.

૨. ખોટો રૂપિયો = (૧) ખોટું કાટલું; બનાવટી રૂપિયો. (૨) નકામો માણસ. (૩) મંદવાડમાંથી ન ઊઠે એવો માણસ.

૧૬. વિ. રેશમી નહિ તેવું.

ખોટું લૂગડું = સુતરાઉ કપડું; રેશમી નહિ તેવું કપડું.

૧૭. વિ. હલકું; અધમ; દુષ્ટ.

ખોટખોટે અ. ખોટી રીતે.

ખોટો ૧. પું. કોળીને માટે તિરસ્કારવાચક શબ્દ.

૨. પું. ખોટ; તોટો; નુકસાની.

૩. વિ. પું. ચાલતાં ચાલતાં બેસી જાય તેવો. આ શબ્દ બળદને માટે વપરાય છે.

ખોટોતર્ક પું. પક્ષાભાસ; હેત્વાભાસ; ખોટો હેતુ.

ખોટોફાંકો પું. બડાઈ.

ખોટોરુદ્રાક્ષ પું. મુચુકુંદાદિ વર્ગની એ નામની એક વનસ્પતિ. તેની છાલ કટુ અને પૌષ્ટિક છે.

ખોટ્ટાઈ સ્ત્રી. ખોટીપો; વિલંબ.

ખોઠી [હિં.] પું. રૂઝ આવતાં ઘા ઉપરનું ભીંગડું.

ખોડ (ખોડ઼) ૧. પું. અભિમાન; ગર્વ.

ખોડ ભુલાવવી = હુંપદ છોડાવવું; ગર્વ ઉતરાવવો.

૨. પું. ચંદનનો મોટો કટકો.

૩. પું. પ્રદેશ; વિભાગ; સ્થળ.

૪. પું. (જૈન) પ્રમાર્જન; સાફ કરવું તે.

૫. સ્ત્રી. અંગવિકાર; શરીરના કોઈ અવયવમાં નુકસાન કે કમતાકાત; શારીરિક ખામી.

૬. સ્ત્રી. એબ; કલંક; છિદ્ર; લાંછન.

૭. સ્ત્રી. ઓછાપણું; કસર; ખોટ; જોઈએ તે કરતાં ઓછું હોવું તે.

ખોડ કાઢવી = (૧) ખામી કાઢવી; ખામી બતાવવી. (૨) નિંદા કે બદઓઈ કરવી.

૮. સ્ત્રી. કમનસીબ ક્ષણ.

૯. સ્ત્રી. કસૂર; દોષ; ભૂલ.

૧૦. [સં. ખાદ્ (ખાવું)] સ્ત્રી. (હિંદી) કોડ; માટીની પરાત.

૧૧. સ્ત્રી. ખરાબ આદત; ખરાબ ટેવ; ખો.

૧. ખોડ ભાગવી = ખરાબ ટેવથી મુક્ત થવું.

૨. ખોડ ભુલાવવી = આદત કે ટેવ મુકાવવી.

૧૨. સ્ત્રી. દુ:ખ; પીડા.

૧૩. સ્ત્રી. દૈવી કોપ.

૧૪. સ્ત્રી. રોગ.

૧૫. સ્ત્રી. વાંકાપણું.

૧૬. સ્ત્રી. સંધીની એ નામની એક અટક.

૧૭. ન. એ નામની અટકનું માણસ.

૧૮. ન. ખોખું.

૧૯. ન. ઘાણી માંહેની લાક; ઘાણીનું ગોળ લાકડું જે જમીનમાં રહે છે તે. આ લાકડું આમલી કે લીમડાનું હોય છે.

૨૦. ન. જાડું લાકડું; ઝાડના થડની મોટી ગાંઠ; મોટું લાકડું; લાકડાનો મોટો અને બહુ જ ભારે થડનો ભાગ; ખોડસું.

૨૧. ન. ઠૂંઠું.

૨૨. ન. સોનું.

૨૩. વિ. એ નામની અટકનું.

૨૪. વિ. ખોડું; લંગડું.

ખોડ આવવી = લૂલું થવું.

૨૫. વિ. ઘાંચીની ઘાણી જેવું.

૨૬. વિ. ચેતન વગરનું; જડ જેવું.

૨૭. વિ. જાડું.

૨૮. વિ. ઠૂંઠા જેવું.

૨૯. વિ. પહોળું.

૩૦. વિ. બહુ જ બહેરૂં.

૩૧. વિ. મોં માથા વગરનું.

ખોડકર (ખોડ઼કર) વિ. મસ્તીખોર; તોફાની.

ખોડખપટ (ખોડ઼ખપટ) ૧. [હિં.] સ્ત્રી. કમનસીબ ક્ષણ.

૨. સ્ત્રી. ખોડ.

૩. સ્ત્રી. દૈવી કોપ.

૪. સ્ત્રી. રોગ.

ખોડખબાડ (ખોડ઼ખબાડ઼) ન. ખામી; ખોડખાંપણ; ભૂલચૂક; વાંક.

ખોડખમચી (ખોડ઼ખમચી) સ્ત્રી. એ નામની એક દેશી રમત. તેમાં નિસરણી જમીન ઉપર ચીતરી એક પગે પગથિયું ચડાય છે.

ખોડખાંપણ (ખોડ઼ખાંપણ) ૧. સ્ત્રી. અયોગ્ય કે ખોટું હોવું તે; ખામી; ન્યૂનાધિકત્વ; ભૂલચૂક.

૨. સ્ત્રી. એબ; દોષ.

૩. સ્ત્રી. કદરૂપપણું; કદરૂપતા.

૪. સ્ત્રી. ખોટ હોવી તે; ખોડ; શરીર સંબંધી ખામી.

ખોડચું (ખોડ઼ચું) ૧. ન. એરણ બેસાડવાનું લાકડું.

૨. ન. કંસારાના ખરબર નામના ઓજાર નીચે રાખવાનું સાધન.

૩. ન. ખોડ; ઝાડના થડની મોટી ગાંઠ; ઠૂંઠું.

૪. ન. ઘાણી.

૫. ન. થોરનું નકામું ઠીંડલું.

૬. ન. વધરકું; સોની કે કંસારા જે લાકડા ઉપર રૂપાની કડલી ખોસવે છે તે લાકડું.

૭. વિ. અક્કલ વગરનું; અજ્ઞાની; મૂર્ખ; સમજે નહિ એવું.

૮. વિ. ધરકું.

૯. વિ. નમાલું.

૧૦. વિ. લાંબું.

૧૧. વિ. સાંભળે નહિ તેવું; સાવ બહેરૂં.

ખોડચો (ખોડ઼ચો) પું. મૂર્ખ માણસ; સમજે નહિ એવો માણસ.

ખોડભાયા (ખોડ઼ભાયા) ૧. સ્ત્રી. આહીરની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ખોડરજપૂત (ખોડ઼રજપૂત) સ્ત્રી. રજપૂતની એક પેટા જ્ઞાતિ.

ખોડલ (ખોડ઼લ) સ્ત્રી. એ નામની એક જોગણી.

ખોડલખોડા (ખોડ઼લખોડ઼ા) સ્ત્રી. ખોળંખોળ; શોધખોળ.

આરે નગ્રમાં **ખોડલખોડા,**
શામળશા તો નથી નગરમાં. રઘુનાથ

ખોડવ સ્ત્રી. (સંગીત) ૭ સ્વર આવતા હોય તેવો રાગ કે રાગણી; આરોહ અવરોહમાં ૭ સ્વર આવે તેવા રાગ રાગણી.

ખોડવતાન સ્ત્રી. (સંગીત) પૃથક્ ૭ સ્વરની તાન.

ખોડવાઈ ચોખા (ખોડ઼વાઈ ચોખા) પું. ચોખાની એક જાત.

ખોડવું (ખોડ઼વું) ૧. [સં. તુડ્; પ્રા. ખુડ] સ. ક્રિ. ઊભું કરવું; રોપવું; ખોસવું; ઘાલવું; વસ્તુનો થોડો ભાગ જમીનમાં ઘાલવો.

૨. સ. ક્રિ. ખોડું કરવું.

૩. સ. ક્રિ. ખોદવું.

૪. સ. ક્રિ. તોડવું; ભાંગવું.

૫. સ. ક્રિ. દાટવું.

૬. સ. ક્રિ. વખોડવું; નિંદા કરવી.

ખોડસ (ખોડ઼સ) ૧. ન. ચોરનું ઉપરનું નકામું ડીંડલું.

૨. ન. મોટું તોતિંગ લાકડું; ઝાડના થડની મોટી ગાંઠ.

ખોડસિયા (ખોડ઼સિયા) ૧. સ્ત્રી. આહીરની એ નામની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ખોડસું (ખોડ઼સું) જુઓ ખોડચું.

ખોડંગવું (ખોડ઼ંગવું) અ. ક્રિ. એક પગે લૂલું ચાલવું; લંગડાતું ચાલવું; લંગડાવું.

ખોડંગાવું (ખોડ઼ંગાવું) જુઓ ખોડંગવું.

ખોડા (ખોડ઼ા) ૧. સ્ત્રી. ઊભી હાથકડી.

૨. સ્ત્રી. વાણિયાની એ નામની અટક.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

ખોડાણમલ (ખોડ઼ાણમલ) વિ. ખૂતી ગયેલું.

કે'દિ વછૂટશે વાણ, ખારે દડ **ખોડાણમલ.**
દુહો

ખોડાબારાસન (ખોડ઼ાબારાસન) ન. અઠયાશી ભોગાસન માંહેનું એક આસન.

ખોડાવું (ખોડ઼ાવું) ૧. અ. ક્રિ. ખોટ આવવી.

૨. અ. ક્રિ. ખોડું ચાલવું; લંગડાવું.

ખોડિ (ખોડ઼િ) સ્ત્રી. ખોટ.

પાછા રહિ આવસિ **ખોડિ,**
આવ્યા સુર ત્રેત્રીસઈ કોડિ. કાન્હડદેપ્રબંધ

ખોડિયા (ખોડ઼િયા) [સં. ક્રીડા (રમત)] પું. એક લગ્નવિધિ. કન્યાને ઘેર જવા વરરાજા વિદાય થયા પછી વરરાજા પક્ષની સ્ત્રીઓ આખી રાત એક નાટક ભજવે છે, જેમાં વરરાજાની નાની પરણેલી બહેન વરરાજાનો પાઠ લે છે, વરરાજાના નાના ભાઈની વહુ કન્યાનો પાઠ ભજવે છે અને બીજી બધી સ્ત્રીઓ કન્યાને ત્યાં જે ક્રિયા થવાની છે તેની પુરુષનાં કપડાં પહેરીને નકલ કરી ગાય છે અને નાચે છે. એમ આખી રાત્રી પસાર કરે છે.

ખોડિયાખટૂક (ખોડ઼િયાખટૂક) સ્ત્રી. એ નામની એક રમત. આ રમત દ્વારકા તરફ રમાય છે.

ખોડિયાધર (ખોડ઼િયાધર) ૧. સ્ત્રી. રબારીની એ નામની એક અટક.

૨. ન. એ અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ખોડિયાર (ખોડ઼િયાર) ૧. સ્ત્રી. એ નામની એક માતા; દેવીનું નામ. એનું સ્થાન ભાવનગર પાસે છે.

૨. સ્ત્રી. લાપસી.

ખોડિયું (ખોડ઼િયું) વિ. અપંગ; ખોડવાળું.

ખોડિયો (ખોડ઼િયો) પું. જ્યાં ત્યાંથી ખોળી કાઢનાર; બારીક તપાસ કરનાર માણસ.

ખોડિયોખચૂક (ખોડ઼િયોખચૂક) સ્ત્રી. એ નામની એક રમત. આ રમત હાલારમાં રમાય છે.

ખોડિયોપાડો (ખોડ઼િયોપાડો) સ્ત્રી. એ નામની બાળકોની એક દેશી રમત; એકટંગિયો; ખોડિયાખટૂક; ખોડિયોખચૂક; ખોડોપાડો; ચાંદરપાડો; ઢૂંઢણી; લૂલી બિલાડી. આ રમતમાં દાવવાળા છોકરાનો એક હાથ કાંડા આગળથી તેના તે જ તરફના પગના ઢીંચણ સાથે લૂગડાના કકડાથી બાંધે છે. એ છોકરો ખોડિયોપાડો કહેવાય છે. તે ખોડંગતો ખોડંગતો બીજા છોકરાઓને પકડવા દોડે છે. રમનાર છોકરાઓ મુકરર કરેલી હદમાં આમથી તેમ દોડમદોડ કરી મૂકે છે અને પકડાતા નથી. એમ કરતાં કોઈ છોકરો પકડાય તો તેને માથે દાવ આવે છે અને તે ખોડિયોપાડો થઈ બીજાને પકડવા જાય છે.

ખોડિલ [મ.] ૧. વિ. કલંકિત.

૨. વિ. ઠપકાને પાત્ર.

ખોડી (ખોડ઼ી) સ્ત્રી. કેરીની એક જાત.

ખોડીખમચી (ખોડ઼ીખમચી) ૧. સ્ત્રી. ખોડંગતા ખોડંગતા અને ધીમે ધીમે ચાલવું તે.

૨. સ્ત્રી. ખોડંગતાં ચાલીને રમવાની એક રમત; આંકડાવેલ; એક્કાગાડી; ખોડીખમચી ભાદરવો; ઘઉંનાં ગાડાં પોસ પોસ; ઘોડો કુદામણી. રમનારની ત્રણ ત્રણની ટોળી પાડી દરેક ટોળીમાંથી બે જણ પાસે પાસે ઊભા રહી, એકબીજાના એકેક હાથનું કાંડું પકડે અને પછી જે દિશા તરફ જવાનું હોય તે તરફ મોં કરી ઊભા રહે. પછી ત્રીજો રમનાર પણ તે જ દિશા તરફ મોં કરી પેલા બે રમનારે પકડેલા કાંડા ઉપરથી પોતાનો જમણો પગ લટકતો રાખી ડાબો પગ ભોંય ઉપર રહેવા દે ને પોતાના બંને હાથ પેલા બે રમનારાને ગળે ભેરવે. પછી બધી ટોળી હારમાં સીધી લીટીમાં ઊભી રહી, એકી વખતે દોડવા માંડે. વચ્ચે છોકરાં "ઘઉંનાં ગાડાં પોસ પોસ" એમ બોલતાં જાય. આમાંથી જે ટોળી આગળ દોડી જાય તે જીતી ગણાય.

ખોડીખમચી ભાદરવો (ખોડ઼ીખમચી ભાદરવો) જુઓ ખોડીખમચી ૨.

ખોડીબારું (ખોડ઼ીબારું) ન. ખેતરમાં જવા આવવા માટે બે પાંખિયાંવાળું લાકડું ઘાલી કરવામાં આવતો રસ્તો; છીંડું; ઢોરોથી પેસાય નહિ એવું તેમ જ ઓળંગીને જવું પડે એવું ખેતર અથવા વાડાઓમાં પેસવાનું છીંડું.

તું તો કયા ખેતરનું-ઝાડનું ખોડીબારું છે? = તારો શો હિસાબ છે?

ખોડીલું (ખોડ઼ીલું) વિ. અપંગ; ખામીવાળું; ખોડવાળું.

ખોડું (ખોડું) ૧. ન. ઘાણી બંધ રાખતી વખતે ચૂડા નીચે ગોઠવવાનું લાકડું.

૨. ન. તાણામાં નાખેલા જોટાની લાકડીઓના બે જોટા વચ્ચેની જગ્યા. તે આશરે સાડાચાર હાથ હોય છે.

૩. વિ. અપંગ; ખંજ; ખોડવાળું; ખોડિયું; પાંગળું; લંગડું.

૪. વિ. અશક્ત.

૫. વિ. સ્વર વિનાનું.

ખોડે (ખોડ઼ે) ૧. પું. ભાંગેલ ચોખા.

૨. પું. ભાંગેલ પાટિયું.

ખોડેટ (ખોડ઼ેટ) સ્ત્રી. મરઘીનું સેવનની વેળાનું બોલવું તે.

ખોડેસા (ખોડ઼ેસા) ૧. સ્ત્રી. કોળીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ખોડો (ખોડ઼ો) ૧. પું. કાંટો.

૨. [સં. ક્ષય] પું. ધાણ; જડમૂળ; નાશ; સંહાર.

૧. ખોડો કાઢી નાખવો = ક્ષય થાય તેમ કરવું; જડમૂળથી ઉખાડી નાખવું; નાશ કરી નાખવો.

૨. ખોડો નીકળી જવો = (૧) નાશ થવો; પાયમાલ થવું; સંહાર થવો. (૨) સખત ધમકી આપવી.

૩. પું. માથાની ચામડી ઉપર બાઝતો મેલ.

૪. પું. માથાની ચામડીનો એક રોગ; માથામાં જે ત્વચાવિકાર થાય છે તે. વાળના મૂળમાં કચરો ભરાવાથી આ રોગ થાય છે. તેથી ચામડી સુકાઈ તેની ધોળી કપોટી બાઝે, માથામાં ખંજવાળ અને ફોલ્લીઓ થાય, ધોળી ફોતરી ઊતરે અને વાળ ખરી પડે. ખોડો એ એક જાતનો જંતુવિકાર છે. તેની દવા તરીકે પહેલાં માથાના વાળ સાફ કરાવી અરીઠાથી અઠવાડિયામાં ચાર વખત વાળ ધોઈ બદામનું તેલ નાખવું અથવા ટંકણખારવાળા પાણીથી માથું ધોવું અથવા લીંબોળી તોલા ૨૦, મીઠું તેલ તોલા ૪૦, અને પાણી તોલા ૮૦ ભેળું કરી, ઉકાળી, પાણી બળી જાય અને તેલ બાકી રહે ત્યારે ઉતારી ઠંડું થયે માથામાં નાખવાથી ખોડો મટે છે. લીંબુનો રસ પણ માથામાં લગાડવાથી ખોડો મટી જાય.

૫. પું. માથામાં થતી સફેદ ઈંડાળ.

૬. પું. લુહારની ભઠ્ઠીની રાખ.

૭. स्त्री. ખોટ.

૮. वि. પું. ખોડવાળો; લંગડો.

૯. वि. પું. સ્વર વિનાનો.

ખોડોપાડો (ખોડ઼ોપાડો) જુઓ ખોડિયોપાડો.

ખોઢરા ૧. [હિં.] પું. ઝાડનું પોલાણ.

૨. वि. ખોદી કાઢેલું; પોલું.

ખોઢરી [હિં.] પું. ઝાડનું પોલાણ.

ખોણિયું ૧. न. કાટખૂણો; ખૂણા પાડવાનું ખૂણાવાળું એક ઓજાર.

૨. न. ખોયણું; બળતા લાકડાનો કકડો.

ખોણો પું. મરનારની પાછળ વિધવાએ શોક પાળવો તે.

ખોતયડાં (ખોતયડ઼ાં) જુઓ ખોતરણાં.

ખોતરણાં न. ब. व. આગળની ભૂલો; ઉખેળા; ખોડો; પાછલી ભૂલો સંભારીને તાજી કરવી તે.

૧. ખોતરણાં કાઢવાં–ખોદવાં = જૂના દોષ સંભારવા.

૨. ખોતરણાં ખોળવાં = બીજાની ભૂલો શોધી કાઢવાને તત્પર રહેવું.

ખોતરણી ૧. स्त्री. કોતરણી; તક્ષણ; નકશીકામ.

૨. स्त्री. કોતરવાનું ઓજાર; ટાંકણું.

૩. स्त्री. ખરપડી; ઘાસ, ઘ્રો વગેરે ખોતરવાનું ઓજાર.

૪. स्त्री. ખોતરવાની મજૂરી.

૫. स्त्री. દાંત ખોતરવાની ધાતુની સળી.

ખોતરણું ૧. न. ખરપડી; ઘાસ, ઘ્રો વગેરે ખોતરવાનું ઓજાર.

૨. न. ખોટી ચૂક; ખોટો દોષ; છિદ્ર.

૩. न. ખોતરવાના કામમાં આવે એવું જે કાંઈ હોય તે; ખોતરવાનું સાધન.

૪. न. ટાંકણું.

ખોતરવું ૧. स. क्रि. આછું આછું ખોદવું; કોતરવું; ટાંકવું.

૨. स. क्रि. ઉખાડવું; ખણવું; છિદ્ર મારફતે અંદર કોઈ સળી કે એવું કંઈ નાખી અંદરથી ઉખાડવું.

૩. स. क्रि. ઊંડા ઊતરવું; મૂળ ખોદી કાઢવું.

૪. स. क्रि. કરડવું; થોડે થોડે કરડી ખાવું.

૫. स. क्रि. ચૂસવું.

૬. स. क्रि. પાયમાલ કરવું.

ખોતરાઈ स्त्री. ખણવા કે ખોતરવાનું મહેનતાણું.

ખોતરામણ જુઓ ખોતરાઈ.

ખોતરાવવું ૧. स. क्रि. ઉખડાવવું.

૨. स. क्रि. ખણાવવું; ખોદાવવું.

૩. स. क्रि. ટંકાવવું.

ખોતરાવું ૧. अ. क्रि. ઉખાડાવું.

૨. अ. क्रि. ખણાવું; ખોદાવું.

૩. अ. क्रि. ટંકાવું.

ખોતરું न. બહાનું; મસ; મિષ.

ખોતા ૧. [હિં.] પું. નાનું ઘર.

૨. પું. પક્ષીનો માળો.

ખોતાઈ [હિં.] स्त्री. કપટ; છળ.

ખોદ ૧. [હિં.] પું. ધક્કો.

૨. પું. બખ્તર.

૩. પું. શેરડીનો રસ.

ખોદકામ ૧. न. ઉત્ખનન; ખોદાણ; ખોદાણ કામ.

૨. न. કૂવા, તળાવ વગેરે ખોદવાનું કામ.

૩. न. કોતરકામ.

૪. न. સલાટનું કામ.

ખોદખાદ स्त्री. કોઈનાં છિદ્ર શોધવાં તે; ખણખોદ.

ખોદણાં न. ब. व. ખણખોદ; ગીબત; નિંદા.

ખોદણિયો પું. ખોદણી કરનાર માણસ.

ખોદણી ૧. स्त्री. અનાજ નીંદવાનું હથિયાર.

૨. स्त्री. આક્ષેપ; દૂષણ.

૩. स्त्री. ઈર્ષ્યાથી કોઈ માણસની પાછળ તેનું ખરાબ બોલ્યા કરવું તે; ખણખોદ; નિંદા; બદગોઈ.

ખોદણી કરવી = નિંદા કરવી; વાંકું બોલવું.

૪. स्त्री. કોતરકામ.

૫. स्त्री. ખજવાળવું તે.

૬. स्त्री. ખોદકામ; ખોદવાની ક્રિયા.

ખોદણું स्त्री. ખણખોદ; નિંદા.

ખોદની ૧. [હિં.] स्त्री. કોદાળી.

૨. स्त्री. તપાસ.

ખોદર પું. ઘોડાની એ નામની એક ચાલ.

ખોદરા वि. શિતળાના ડાઘાવાળું.

ખોદવર [સં. ક્ષોદવર] પું. એ નામનો એક દ્વીપ.

ખોદવું ૧. स. क्रि. કોઈનું બૂરું થાય એમ કરવું; ખોદણી કરવી; નિંદા કરવી; ભૂંડું બોલવું.

૨. स. क्रि. કોતરવું; ખોતરવું; નકશી પાડવી.

૩. स. क्रि. ખટપટ કરી કોઈ માણસને ઉખેડી નાખવો.

૪. स. क्रि. ખણવું; ખાડો કરવો; ભોંય ઉખેડવી.

૧. ખોદે ઉંદર અને ભોગવે ભોરિંગ = કરે કોઈ અને ભોગવે બીજો.

૨. ખોદે તે પડે = કરે તે ભોગવે.

૫. स. क्रि. તપાસમાં ઊતરવું.

ખોદા પું. ઈશ; ઈશ્વર; પરમેશ્વર; પ્રભુ.

ખોદાઈ ૧. स्त्री. ઈશ્વરપણું; ઐશ્વર્ય; દૈવત્વ; સર્વશક્તિમાન ઈશ્વિરત્વ.

૨. स्त्री. કોતરકામ; કોતરણી; નકશીકામ.

૩. स्त्री. ખોદવાની મજૂરી; ખોદવાનું મહેનતાણું; ખોદામણ.

૪. स्त्री. ખોદવાનું કામ.

૫. स्त्री. પ્રભુતા; મોટાઈ; શ્રેષ્ઠતા.

૬. वि. અદ્‌ભુત; ચમત્કારિક.

૭. वि. ઈશ્વરને લગતું; ઈશ્વરી; દેવતાઈ; દૈવી.

૮. वि. પવિત્ર; ધાર્મિક.

ખોદાખોદ ૧. स्त्री. ખોદણી; નિંદા; બદગોઈ.

૨. स्त्री. વારંવાર ખૂબ ખોદવું તે.

ખોદાણ ૧. [સં. ખન્ (ખોદવું)] न. ઉત્ખનન; ખોદકામ; ખોદવું તે.

૨. न. ખોદવા લાયક જમીન.

૩. न. ખોદેલું જે કાંઈ તે.

૪. न. પાણીના જોરથી ખોદાયેલી જમીન.

ખોદાણુકામ જુઓ ખોદકામ.

ખોદાતાલા પું. પ્રભુ; ઈશ્વર.

ખોદામણુ ન. ખોદવાની મજૂરી; ખોદવાનુ મહેનતાણું; ખોદાઈ.

ખોદામણી જુઓ ખોદામણુ.

ખોદાવવું ૧. સ. ક્રિ. કોતરાવવું; કોતરે એમ કરવું.

૨. સ. ક્રિ. ખોદે એમ કરવું.

ખોદાવંત વિ. ઈશ્વરી; ખુદાના જેવું; પરમેશ્વર જેવું.

ખોદાવંદ પું. ખુદાવંદ; માલિક; શેઠ.

ખોદાવું ૧. અ. ક્રિ. ઊંડું ને ઊંડું થતા રહેવું; પાણીના મારાથી અથવા બીજી રીતે ખોદાઈ જવું.

૨. અ. ક્રિ. પેટમાં ગુડ ગુડ એવો અવાજ થવો.

ખોદાશનાસ [ફા. ખુદા (ઈશ્વર) + શનાસ (ઓળખનાર)] વિ. ઈશ્વરને ઓળખનાર.

ખોદિયું વિ. ખોદણી કરનાર; નિંદક; વાંકાબોલું.

ખોદી સ્ત્રી. ખોદવું તે; ખોદવાની ક્રિયા.

ખોદુ જુઓ ખોદું.

ખોદું ૧. ન. જાડો અને બહુ ભારે લાકડાનો કટકો.

૨. વિ. કમઅક્કલ; બેવકૂફ; મૂઢ; મૂર્ખ.

ખોધુ જુઓ ખોદું.

ખોધું જુઓ ખોદું.

ખોધો પું. આખલો; ગોધો; સાંઢ.

ખોનસ ૧. સ્ત્રી. અણગમો; તિરસ્કાર.

૨. સ્ત્રી. અદેખાઈ; ઈર્ષા.

ખોપ ૧. પું. અવળું કામ; ખપ વગરનું કાર્ય.

૨. પું. ઇતરાજી; કોપ; ક્રોધ; ગુસ્સો.

૩. પું. ઊંધું ખર્ચ; નકામું નાણું વાપરવું તે.

૪. પું. કજિયો; કંકાસ; તકરાર.

૫. પું. ખાડો; ખૂણો; ગુફા; બખોલ.

૬. પું. જોખમ ભરેલું અથવા જવાબદારીવાળું કામ.

૭. પું. ડર; બીક; ભય.

૮. પું. દ્વેષ; ઈર્ષા; અદેખાઈ.

૯. પું. નુકસાન; ખોટ.

૧૦. સ્ત્રી. ધાર; અણી.

૧૧. સ્ત્રી. ફાટ; તડ; ચીરો.

૧૨. સ્ત્રી. ભાડું.

૧૩. સ્ત્રી. લાંબો બખિયો.

૧૪. ન. કરજ; દેવું.

૧૫. ન. નેતર; બરૂ.

૧૬. ન. વાદળું.

ખોપકરાળ સ્ત્રી. કરાળ જમીનનો એક ભેદ.

ખોપગીર વિ. અભ્યાસી; ટેવવાળું.

ખોપટું ૧. [સં. ક્ષુપ (બરૂ)] ન. ખોરડું; ઝૂંપડું; નાનું ઘર.

૨. ન. છાપરી.

ખોપડદંતું (ખોપડ઼દંતું) વિ. મોટા દાંતવાળું.

ખોપડો (ખોપડ઼ો) ૧. પું. કપાળ.

૨. પું. નાળિયેર.

૩. પું. ભિક્ષા માગવાનું ખપ્પર.

ખોપતું ન. માંસનો પિંડ; માંસનો લોચો.

ખોપરા ૧. [હિં.] પું. ટોપરું; નાળિયેરનો ગર.

૨. પું. માથાની ખોપરી.

ખોપરાપાક ૧. એક જાતની મીઠાઈ; ટોપરાપાક. તે ટોપરાંના ખમણને ખાંડની ચાસણીમાં નાખી બનાવવામાં આવે છે.

૨. પું. માર; શિક્ષા.

ખોપરી ૧. સ્ત્રી. એ નામની મલખંભની એક કસરત.

૨. સ્ત્રી. કપાળ.

૩. સ્ત્રી. ભિક્ષા માગવાનું પાત્ર; ખપ્પર.

૪. સ્ત્રી. માથાનું તાલકું; તૂંબલી; બંને કાન અને બોચી ઉપરનું માથાનું પેટી જેવું હાડકું. તેનું મુખ્ય કામ મગજનું રક્ષણ કરવાનું છે. ખોપરીના પાંચ પ્રદેશો કલ્પવામાં આવ્યા છે: ઉપલો પ્રદેશ અથવા કરોટિપટલ, નીચલો પ્રદેશ અથવા કરોટિભૂમિ, પાસાના બે પ્રદેશો અથવા કરોટિ પક્ષો તથા આગલો પ્રદેશ અથવા મુખ મંડલ. બાળક જન્મે છે ત્યારે શરીરના બીજા અવયવોના પ્રમાણમાં ખોપરી મોટી હોય છે. તેમાં પણ મોંનો ભાગ ખોપરી કરતાં ઘણો નાનો હોય છે. તે મોટપણે મોટો થઈને ખોપરીના અર્ધભાગ જેટલો બની જાય છે. બાળકનો ચહેરો નાનો દેખાવાનું મુખ્ય કારણ બંને જડબાં અત્યંત નાનાં અને દાંતોની ગેરહાજરી એ હોય છે. જન્મકાળથી સાતમા વરસ સુધી ખોપરીનાં હાડકાં ઝડપથી વધે છે. સાતથી અઢાર વર્ષ સુધી વિકાસ મંદ પડે છે, જે પાછો યૌવનની સાથે વધે છે. આ વખતે ખાસ કરીને કપાળ તથા મોં સારી રીતે ખીલે છે. વૃદ્ધાવસ્થામાં માથાનાં હાડકાં પાતળાં અને હલકાં બને છે. બંને જડબાં દાંત જવાની સાથે નાનાં બની જાય છે અને મોંનો ચહેરો બદલાઈ જાય છે. યુવાવસ્થાની શરૂઆત સુધી સ્ત્રી પુરુષની ખોપરીમાં ખાસ તફાવત જોવામાં આવતો નથી. પરંતુ પ્રૌઢાવસ્થામાં બંને ખોપરીઓમાં તફાવત જણાય છે. એ સમયે સ્ત્રીની ખોપરી હલકી તથા નાની હોય છે તેમ જ તેનો વિસ્તાર પુરુષની ખોપરી કરતાં દશ ટકા જેટલો ઓછો હોય છે. તેનાં હાડકાં પાતળાં અને માંસપેશીઓની રેખાઓ વિનાનાં હોય છે. ટૂંકામાં કહીએ તો પુરુષ કરતાં સ્ત્રીના માથા તથા ચહેરા ઉપર બાલ્યાવસ્થાનાં લક્ષણો વધારે પ્રમાણમાં ટકી રહે છે. જ્યાં જ્યાં મગજને બહારના આઘાતનો સંભવ વધારે છે ત્યાં ત્યાં ખોપરીનાં હાડકાં મજબૂત અને પરસ્પર મજબૂત રીતે જોડાયેલાં છે. રોગોને પરિણામે ખોપરીના આકારમાં ફરક પડે છે. બાલશોથમાં માથું મોટું થઈ ચોખંડું દેખાય છે.

૧. ઊંધી ખોપરીનું = (૧) અવળચંડું. (૨) ઝનૂની; ફાટલ મગજનું. (૩) મૂર્ખ.

૨. ખોપરી ખાઈ જવી = (૧) કોઈનું માથું ખાવું; કંટાળો ઉપજાવવો; ભેજું પકાવવું. (૨) બીજાની મિલ્કત ઉડાવી દેવી.

૩. ખોપરી ગંજી કરવી = માથામાં જૂતિયાં મારવાં.

૪. ખોપરીમાં પવન ભરાવો = (૧) ગર્વિષ્ઠ થવું; છકી જવું; ફાટી જવું. (૨) તબિયત આકરી થવી; મિજાજ ખોવો. (૩) શિરજોરી કરવી.

ખોપરું ૧. ન. કોપરું; ટોપરું; નાળિયેરની અંદરનો ગર.

૨. ન. ખોપરી; માથાનો ઉપલો ભાગ.

૩. ન. તાલકુંડ.

૪. ન. નાળિયેર.

૫. ન. મગજ; ભેજું.

ખોપરેલ [હિં.] ન. ટોપરાનું તેલ; કોપરેલ.

ખોપા ૧. [હિં.] પું. છાપરાનો ખૂણો.

૨. પું. ટોપરું.

૩. પું. મકાનનો ખૂણો.

૪. પું. મથાળાની ગાંઠ.

૫. પું. માથાને મથાળે બાંધેલો ચોટલો.

૬. પું. લાંબો બખિયો.

ખોપાણુ ૧. પું. ઊંડી ખો; કોતર.

૨. વિ. બહુ મોટું.

ખોપિઝીર (ખ઼ોપિઝીર) [ફા.] વિ. આદતવાળું.

ખોપિયો પું. ખટપટી માણસ.

ખોપી વિ. ખટપટિયું.

ખોપીલુ જુઓ ખોપી.

ખોફ (ખ઼ોફ઼) ૧. [અ. ખવ્ફ] પું. અવકૃપા; ઇતરાજી.

૨. પું. કોપ; ક્રોધ; ગુસ્સો.

૩. પું. જોખમ.

૪. પું. ડર; બીક; ભય; ભીતિ.

૧. ખોફ દેખાડવો = ધમકાવવું; બિવડાવવું.

૨. ખોફ રાખવો = ડરીને ચાલવું.

૫. પું. દ્વેષ.

૬. પું. ધોકો.

૭. પું. મિજાજ.

૮. પું. રૂસણું; અસંતુષ્ટતા.

ખોફનાક (ખ઼ોફ઼નાક) ૧. વિ. બીક લાગે એવું; ભયાનક.

૨. વિ. વિનાશક.

ખોબડા (ખોબડ઼ા) [હિં.] પું. સંચય.

ખોબરેલ [મ.] ન. ટોપરાનું તેલ.

ખોબરેં [મ.] ન. ટોપરૂં; નાળિયેરનો ગર્ભ.

ખોબલિયો પું. ખોબો.

ખોબલી ૧. સ્ત્રી. નાની ખૂણી.

૨. સ્ત્રી. નાનો ખોબો.

ખોબલો ૧. પું. ખોબામાં માય તેટલું માપ.

૨. પું. ખોબો; પહોળી પોશ; બે હાથ ચતા જોડવાથી બનતો પાત્રનો આકાર; બે હાથના પંજા ચતા રાખી એકઠા કરવાથી બનતો પડિયા જેવો આકાર.

૩. પું. સોના રૂપાની અથવા બીજી કોઈ ધાતુની જડતર જેના ઉપર કરી હોય તે.

૪. પું. હાથના રક્ષણ માટે તરવારની મૂઠ આગળનો ટોપલી જેવો ભાગ.

ખોબાપૂર વિ. ખોબા જેટલું.

ખોબાયો પું. (કચ્છી) ખીસું.

ખોબાર પું. જંગલી ડુક્કરને રહેવાનું ઠેકાણું.

ખોબો ૧. [સં. ખ (પોલાણ) + ઉભય (બંને)] પું. અંજલિ; ખોબલો; પોશ; બે હાથ ચતા જોડવાથી બનતો પાત્રનો આકાર; બે હાથની હથેળીઓ પાસે પાસે રાખી ઉપરથી ખુલ્લી રાખી બનાવાતો પડિયા જેવો આકાર.

૧. અર્ધો ખોબો = ઊંડી રાખેલ એક હાથની હથેળી.

૨. ખોબા જેટલું = (૧) થોડી સંખ્યાનું; થોડું. (૨) નાનું.

૩. ખોબો ભરવો = મરી ગયેલ સગાંની શાંતિ અર્થે ખોબો ભરીને પાણી નાંખવું.

૪. ખોબો વાળવો = બે હાથનો પ્યાલો બનાવવો.

૨. પું. ખોબામાં માય તેટલું માપ.

૩. પું. ભાગબટાઈ ખેડમાં પટેલને અપાતી એક જાતની લેતરી.

૪. [ફા.] સ્ત્રી. બ. વ. ટેવો.

ખોભ [સં. ક્ષોભ] પું. ક્ષોભ; ખળભળાટ.

ખોભણ ૧. સ્ત્રી. આંકો; ખસરકો; રેખા.

૨. સ્ત્રી. કોતરની બે બાજુનો ખાંચો.

૩. સ્ત્રી. ખાડો; ઠેસ, ચાંપ કે ઉલાળો અટકે એવો ખાડો.

૪. સ્ત્રી. ખો; ગુફા; પોલ; ભેખડ.

૫. સ્ત્રી. ચીલો.

૬. સ્ત્રી. છિદ્ર; ફાંકું.

૭. [સં. ક્ષોભણ] ન. આકુળતા; ક્ષોભણ; વિહ્વળતા.

ખોભણવાળું વિ. ખાડાટેકરાવાળું.

ખોભણવાળા અક્ષર = જેનો આકાર ખાડામાં હોય અને આસપાસની તથા વચ્ચેની સપાટી ઊંચી હોય એવા અક્ષર.

ખોભણી જુઓ ખોભણ.

ખોભણો પું. બ. વ. માણસના ચાલવાથી ધૂળમાં પડેલા પગના આકાર.

ખોભના સ્ત્રી. ખોડખાંપણ.

ખોભરણ સ્ત્રી. ખોટી થવું તે; ઢીલ; વિલંબ.

ખોભરવું [સં. ક્ષોભન] અ. ક્રિ. અટકવું; ખમવું; ખોટી થઈ રહેવું; થોભવું.

ખોભરી ૧. સ્ત્રી. બકરીનાં શરૂઆતનાં કૂણાં શીંગડાં.

૨. સ્ત્રી. વણાટની અંદર વપરાતી એક વસ્તુ.

ખોભરો પું. રોકાણ; વાર; વિલંબ.

ખોભલ સ્ત્રી. કુંડલી; ભૂંગળી.

ખોભલો ૧. પું. ખોબો.

૨. જુઓ ખોભળો.

ખોભવું અ. ક્રિ. ખોટી થવું; થોભવું; રાહ જોતા રહેવું.

ખોભળ જુઓ ખોભલ.

ખોભળવું અ. ક્રિ. ખોભરવું; ખોટી થઈ રહેવું.

ખોભળા ૧. સ્ત્રી. કાળા છેડાની ચૂંદડી.

૨. સ્ત્રી. રાતી જમીન.

ખોભળી ૧. સ્ત્રી. ઉપલું પડ.

૨. સ્ત્રી. ચામડી; ખાલ; ત્વચા.

ખોભળું ૧. ન. ચામડું.

૨. ન. બળદનાં શીંગડાં ઉપર ચડાવવાનું સોના રૂપાનું કે ભરતથી ભરેલ ઢાંકણ.

ખોભળો ૧. પું. અસ્તર; પડ.

૨. પું. ઉપલો ભાગ; ઉપસેલો ભાગ.

૩. પું. કુંડલી; લાકડીના છેડાની ધાતુની ખોળી.

૪. પું. ખભો.

૫. પું. ગાભલા ઉપરનું ખોખું.

૬. પું. ચામડીનો ઉપલો ભાગ; ત્વચા; ખાલ.

ખોભળો કાઢવો-સેરવવો = (૧) મૂળ કાઢી નાખવું. (૨) હતું નહતું કરવું.

૭. પું. બળદને શણગારતી વખતે તેનાં શીંગડાં ઉપર ચડાવવાનું ઢાંકણ.

ખોભા ૧. પું. બ. વ. જમીનમાં ખોડેલ લાકડાં.

૨. પું. બ. વ. માણસના ચાલવાથી ધૂળમાં પડેલાં પગલાં.

ખોભાઈ સ્ત્રી. ખોળો; પહેરણની કે અંગરખાંની ચાળની ગાંઠવાળીને બનાવેલ ઝોળી.

ખોભાણ ૧. સ્ત્રી. આંકો; ખસરકો; ખોભણ.

૨. સ્ત્રી. ખો; ગુફા; પોલ; પોલાણ.

૩. સ્ત્રી. ચીલો.

૪. સ્ત્રી. છિદ્ર; કાણું.

ખોભાયતા ૧. સ્ત્રી. કણબીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ખોભાયો ૧. પું. એક લાંબા કપડા ઉપર પાસે પાસે ચોડીને તૈયાર કરવામાં આવતું કાગળો વગેરે નાખવાનું ગજવા જેવાં ખાનાંવાળું સાધન.

૨. પું. પહેરણ કે અંગરખાની ચાળની બનાવેલી ઝોળી.

ખોભાવવું અ. ક્રિ. (જૂ. ગુ.) ચલિત કરવું; ચળાવવું.

દેવલોકે એક વારતા થઇ, એણે **ખોભાવે** કો નહિ. આનંદકાવ્યમહોદધિ

ખોભાવું અ. ક્રિ. અટકવું; રાહ જોવી; થંભવું.

ખોભાળ જુઓ ખોભાઈ.

ખોભિલ્લુ સ્ત્રી. એ નામની એક દેશી રમત; આખલું; ઉલવડિયો; ખરીખો; ખલવો; ખલી; ખલીચક; ખલુલો; ખલો; ખસ; ખુદા; ખો; ખોખું; ખોખો; ખોભીરૂ; ખોરવું; ચક; ચકભીલોડિયા; ચકભિલ્લુ; ચરક; છલૂરિયું; છલુલો; છાકટછરૂર; ઢુણકાં; ધમખલી; ફરૂડિયાં; ફરૂરિયું; ફલંગિયું; ભાલિયોસંચો; ભીરૂખલો; ભૂરિયું; મગમાટલી; મગિયું; માટલી; સઈ; સંચા; સફીત; સબડક પાટલી; સીત; સીધ; હુડદો પંખી; હુલ; હોલો. આ રમતમાં આઠ કે વધારે છોકરા રમી શકે છે. પ્રથમ રમનાર છોકરાઓના બે જથ્થા પડે. પછી દાવ આપનારા છોકરામાંથી મુખ્ય છોકરો એક બાજુએ ઊભો રહે અને બીજા ચાર ચાર હાથને છેટે સીધી લીટીમાં ઊભે પગે

બેસે. દાવ લેનારા સામી બાજુએ છેડે અથવા બેઠેલા બે છોકરાની વચ્ચે ઊભા રહે. દાવ આપનારી ટોળીમાંના છોકરાએ દાવ લેનારી ટોળીવાળા બે છોકરાની આસપાસ ફરીને પકડવા જોઈએ; પરંતુ જો ભૂલથી તેમની વચ્ચે પેસી જાય તો તેણે ચક ચીર્યો ગણાય છે. દાવ લેનારી ટોળીમાંથી કોઈ પણ એક છોકરાને સામાવાળો પકડે ત્યારે વચમાં બેઠેલો બીજો છોકરો ઊભો થાય અને દાવ લેનારાને પકડવાને દોડતાં દોડતાં થાકે ત્યારે અગર કોઈને અડકવાનો લાગ આવેલો જણાય ત્યારે 'ખો' કે 'ચક' કે 'સીત' કહી એકદમ હડસેલો મારી ખસેડે અને પોતે તેની જગ્યાએ ઊભો રહે. એક ટોળીવાળા સામી ટોળીના જે છોકરાને પકડે તે રમતમાંથી દૂર થઈ વેગળો બેસે. બધા પકડાઈ રહે ત્યારે રમત પૂરી થાય.

ખોભી સ્ત્રી. ચૂંદડી.

ખોભીરૂ સ્ત્રી. એ નામની એક દેશી રમત. જુઓ ખોભિલ્લુ.

ખોભો ૧. પું. ખોબો; પોશ.

૨. પું. થાંભલો.

ખોમાંદા પું. સળેખમ.

ખોય ૧. [ફા.] સ્ત્રી. આદત; સ્વભાવ; ટેવ.

૨. સ્ત્રી. ઊંડો ખાડો; કોતર; ખો; ગુફા.

૩. સ્ત્રી. કલંક; એબ; ડાઘ.

માણેરા ! મ રોય, મ કર આંખો રાતીઓ;
કુળમાં લાગે **ખોય**, મરતાં મા ન સંભારીએ.
રાણક રાખેંગારનો દુહો

૪. સ્ત્રી. ખાડી.

ખોયણુ જુઓ ખોયણું.

ખોયણી ૧. સ્ત્રી. રાઈ મેથીનો વઘાર.

૨. સ્ત્રી. વાડમાં થતી મકના જેવી એક જાતની જાડી શીંગ. એનું અથાણું કરવામાં આવે છે.

ખોયણું ૧. ન. અગ્નિકાષ્ટ; ઉંબાડિયું; એક છેડેથી સળગેલું લાકડું; સળેખડું.

૨. ન. ખોરડું; ખોરણું.

૩. ન. ચાંદવું; અટકચાળું.

૪. ન. જામગરી.

ખોયલ ન. મોચીનું એક જાતનું લાકડાનું હથિયાર.

ખોયા ૧. [હિં.] પું. કચરો.

૨. પું. જાડી ધૂળ.

૩. પું. દહીં.

૪. પું. નાખી દીધેલી વસ્તુ.

૫. પું. માવો.

ખોયાણ ૧. ન. ઊંડો ખાડો; ઊંડી ખો; મોટું પોલાણ.

૨. વિ. ગુફા જેવું; પોલું.

૩. વિ. બાંધકામમાં ઘણી જગ્યા રોકાઈ હોય તેવું.

૪. વિ. ભયંકર.

૫. વિ. વસતી વગરનું; ખાલી.

ખોયાણી ૧. સ્ત્રી. એ નામની લેઉઆ કણબીની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. ઉડાઉ; વેડફી નાખનાર.

૪. વિ. એ નામની લેઉઆ કણબીની અટકનું.

૫. વિ. નમાલું.

૬. વિ. બેદરકાર; ભૂલકણું.

ખોયું જુઓ ખોઈયું.

ખોર (ખ઼ોર) ૧. [ફા.] પું. નામ ઉપરથી વિશેષણ બનાવનાર એક ફારસી પ્રત્યય; ટેવવાળું, ભોગવતું, મજા લેતું, મય વગેરે ભાવ દર્શાવનારો પ્રત્યય. જેમકે, શરાબખોર, મસ્તીખોર બળવાખોર.

૨. પું. બાવળની જાતનું એક ઊંચું સુંદર ઝાડ.

૩. [હિં.] સ્ત્રી. કોડ; માટીની પરાત.

૪. સ્ત્રી. ખોટ.

૫. સ્ત્રી. ચંદનની આડ; લેપ; લેપન.

૬. સ્ત્રી. ઢાંકણુ.

૭. સ્ત્રી. ઢેઢની એ નામની એક અટક.

૮. સ્ત્રી. દૈવી કોપ.

૯. સ્ત્રી. નહાવાની ક્રિયા.

૧૦. સ્ત્રી. રજાઈ.

૧૧. સ્ત્રી. રોગ.

૧૨. સ્ત્રી. સાંકડી ગલી.

૧૩. સ્ત્રી. સુવાવડી સ્ત્રીઓને ધાવણ લાવવાને માટે ખવડાવવામાં આવતી ગાય કે ઘેટાંની તાંત.

૧૪. ન. એ નામની અટકનું માણસ.

૧૫. વિ. એ નામની અટકનું.

૧૬. વિ. ભક્ષ કરનાર; ખાનાર.

૧૭. વિ. રમત રમવાવાળું.

૧૮. [સં.] વિ. લંગડું; લૂલું.

ખોર કાઢવો = ચરિયાણ ઘાસ વગેરે મૂળ સહિત જમીનમાંથી ખૂરપી કાઢવું.

ખોરક [સં.] પું. ઘોડાનો તાવ.

ખોરજા ૧. સ્ત્રી. વાળંદની એ નામની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ખોરડ (ખોરડ઼) ન. ખોરડું; નાનું ઘર.

ખોરડાંખાબડાં (ખોરડ઼ાંખાબડ઼ાં) ન. સ્થાવર મિલ્કત.

ખોરડું (ખોરડ઼ું) ૧. ન. એ નામનો એક જાતનો છોડ. તેનાં પાન લંબગોળ અને સાંકડાં હોય છે. તેમાં ઝાંખા ધોળા રંગનાં ફૂલ થાય છે. તેની કાળી શિંગોમાં ગર હોય છે. આ ગર પાકયા પછી રાતા રંગનો થાય છે. તેમાં રાઈ જેવડાં કાળાં બિયાં હોય છે. છોડના મૂળમાં તેલનો અંશ હોય છે. છોડને કાળો કટકિયો પણ કહે છે અને મૂળને તેલિયો કંદ કહે છે. તેનાં પાન બાળકને લોહીના ઝાડા ઉપર વાટીને અપાય છે.

૨. ન. ઝૂંપડું; નાનું ઘર.

ખોરણ ૧. ન. ખોરવાનું સાધન.

૨. ન. ખોરાઈ ગયેલું હોય તે; હોલવાઈ ગયેલું એવું જે હોય તે.

ખોરણી ૧. સ્ત્રી. ઉશ્કેરણી.

૨. સ્ત્રી. ખોયણી.

૩. સ્ત્રી. ખોરવું તે.

ખોરણું જુઓ ખોયણું.

ખોરદાદ (ખ઼ોરદાદ) ૧. [ફા. ખોર (ખોરાક) + દાદ (આપનાર)] પું. જરથોસ્તી બાર માંહેનો ત્રીજો માસ. એ મહિનામાં માણસને નવો ખોરાક મળે છે, તેથી આ માસનું નામ ખોરાદ પડ્યું છે.

૨. પું. જરથોસ્તી માસનો છઠ્ઠો દિવસ.

૩. પું. (જરથોસ્તી) વનસ્પતિના અધિષ્ઠાતા દેવ; સાત અમશાસ્પંદો માંહેનો છઠ્ઠો મુખ્ય ફિરસ્તો.

ખોરદાદસાલ (ખ઼ોરદાદસાલ) પું. જરથોસ્તી પહેલા ફરવરદીન માસના છઠ્ઠા ખોરદાદ રોજને દિવસે આવતો એ નામનો એક જરથોસ્તી તહેવાર. તે ધર્મનાં કેટલાંક જૂનાં પુસ્તકોમાં આ તહેવારને નઓરોઝ-ખાસ એ નામે ઓળખાવે છે, કારણ કે તે તહેવાર રાજા અને તેના ઉમરાવ ખાસ ઊજવતા. પ્રાચીન ઈરાનના ઘણા ઐતિહાસિક બનાવો આ દિવસે બનેલા મનાય છે.

ખોરવણી સ્ત્રી. ઈર્ષા; ખોદણી; નિંદા.

ખોરવાવું ૧. અ. ક્રિ. અદેખાઈ કરવી; ઈર્ષા કરવી; કોઈનું સારૂં દેખીને મનમાં બળવું.

૨. અ. ક્રિ. ખેરાઈ જવું; વિખેરાઈ જવું; વેરણખેરણ થવું.

૩. અ. ક્રિ. ગુસ્સાથી કરડી નજરે જોવું.

ખોરવું ૧. સ્ત્રી. એ નામની એક દેશી રમત. જુઓ ખોભિલ્લુ.

૨. સ. ક્રિ. દેવતાને સતેજ કરવા ખંખેરવું; બળીને કજળવા જેવાં થયેલાં બે લાકડાંને એકબીજા સાથે અફાળી તેની રાખ ઉડાડી મૂકવી; વસ્તુ જલદી બળી જાય તે માટે તેના ભાગોને એકબીજાથી જુદા પાડવા.

ખોરી બાળવું = (૧) બહુ સારી રીતે બાળી મૂકવું. (૨) સમાધાન કરી નાખવું; રોળી વાળવું.

૩. સ. ક્રિ. પહોળું કરવું.

ખોરસું ૧. ન. ખુરશી.

૨. ન. ત્રણ પાયાવાળી ઘોડી; ત્રિપાઈ.

૩. ન. નાનું ટેબલ.

ખોરંચે ૧. અ. અભેરાઈએ; ખૂણેખોચરે; નિકાલ ન થાય એવી રીતે કે એવે ઠેકાણે.

૨. અ. ઢીલમાં; વિલંબથી.

ખોરંચો પું. અંતરાય; ખલલ; નડતર; વિઘ્ન.

ખોરંભે જુઓ ખોરંચે.

ખોરંભો જુઓ ખોળંભો.

ખોરા (ખ઼ોરા) ૧. [ફા. ખુર્દન (ખાવું)] પું. કટોરો; પાણી પીવાનું વાસણ; પ્યાલો.

૨. સ્ત્રી. ઢેઢ અને ભરવાડની એ નામની અટક.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

૫. વિ. લંગડું; લૂલું.

ખોરાક (ખ઼ોરાક) ૧. [ફા. ખુર્દન (ખાવું)] પું. આહાર; ખાવાનો પદાર્થ; જેના ઉપર પ્રાણીઓનું જીવન ટકે એવી તેમની ખાવાની વસ્તુ; ભોજનસામગ્રી. હવા અને પાણીની પેઠે ખોરાક પણ જિંદગીનો આધારભૂત પદાર્થ છે. ખોરાકના મુખ્ય બે ઉપયોગ છે: એક તો શરીરને હમેશ ગરમ રાખવું અને બીજું શરીર ઘસાતું અટકાવવું. ખોરાક નહિ મળવાથી શરીર જલદીથી નબળું પડી જઈ રોગ અને મૃત્યુને આધીન બને. ઘણા વૈજ્ઞાનિકોના મત પ્રમાણે ખોરાકમાં ૧૦ ટકા કોષદ, ૩૦ ટકા ચીકટ ચરબીવાળા પદાર્થો અને ૬૦ ટકા મેદાવાળા પદાર્થો હોવા જોઈએ. પરંતુ કેટલાકનો મત વધારે પ્રમાણમાં કોષદ પદાર્થો લેવાની તરફેણમાં હોય છે, કારણ કે કોષદ પદાર્થો શરીર બાંધવામાં અને શરીરને ગરમી આપવામાં એમ બંને કામમાં ઉપયોગી થાય છે. આની વિરુદ્ધમાં એમ કહેવામાં આવે છે કે ગરમી મેળવવા માટે મેદા અને સ્ટાર્ચવાળા પદાર્થો વાપરવા, કારણ કે શરીરમાં પચ્યા વગરના કોષદ પદાર્થો રહી જાય તો વિક્રિયા થાય છે અને તેને શરીરમાંથી બહાર કાઢવાને માટે ખાસ મહેનત કરવી પડે છે. આપણા દેશની વસ્તુસ્થિતિ અને સાધારણ વર્ગના રીતરિવાજો જોતાં સામાન્ય મનુષ્યને ૨૭૦૦ કલોરિ જેટલા ખોરાકની જરૂર છે. તેટલો ખોરાક શેમાંથી મળી શકે તે નીચેના કોષ્ટક ઉપરથી જાણી શકાય:

વસ્તુ	વજન તોલા	ચરબીવાળા ભાગની કલોરી	મેદાવાળા ભાગની કલોરિ	કોષદ ભાગની કલોરિ	કુલ કલોરિ
ઘી	૫	૫૪૦	...	...	૫૪૦
દૂધ (ભેંસનું)	૨૦	૧૬૩	૩૯	૫૮	૨૬૦
ખાંડ	૩	...	૧૪૨	...	૧૪૨
ઘઉં–લોટ	૨૦	૪૩	૬૭૫	૧૦૪	૮૨૨
ચોખા–સૂકા	૧૫	૧૩	૫૭૦	૪૭	૬૩૦
દાળ–સૂકી	૭	૧૪	૧૮૬	૮૦	૨૮૦
મસાલો આશરે	...	...	...	૨૬	૨૬
કુલ	૭૦	૭૭૩	૧૬૧૨	૩૧૫	૨૭૦૦
ટકા	...	૩૦	૬૦	૧૦	...

ખોરાક રાંધવાથી પદાર્થોની ઘટ્ટ અને કઠિન બાહ્ય રચના સુંવાળી અને નરમ પડે છે. રાંધવાની ક્રિયાથી એક બીજો ફાયદો એ થાય છે કે કોઈ પણ રીતે ખોરાકને દશ પંદર મિનિટ સુધી ગરમ રાખવામાં આવે તો તેમાં રહેલાં નુકસાનકારક જંતુઓનો નાશ થાય છે. સ્વાદ તો સુધરે છે, પરંતુ આ જંતુઓનો નાશ થવાથી ખોરાકમાંથી રોગ થવાનો સંભવ ઓછો થાય છે. તેલ અને ઘીવાળા પદાર્થોમાં રાંધવાથી ઘણો ફેરફાર થતો નથી. ખોરાકને પાણીમાં, તેલમાં કે ઘીમાં ગરમ કરવાથી, બાફવા કે તળવાથી એક દૃષ્ટિએ તો સરખી જ ક્રિયા થાય છે. બંને ક્રિયામાં ખોરાકના કણો ગરમ થવાથી ફૂલી જાય છે. આ ફૂલેલા કણો નરમ અને દ્રાવ્ય થાય છે તેથી પાચનક્રિયામાં સહેલ પડે છે. બાફેલા અને તળેલા ખોરાકમાં મોટો ફેર એ રહે છે કે બાફેલો ખોરાક વધારે દ્રાવ્ય છે. તે જલદીથી પાણીમાં ઓગળી જાય છે, પણ તળેલા ખોરાકના કણોની આગળ પાછળ તેલ કે ચરબીનું એક પડ બંધાઈ જવાથી તેની ઉપર જઠરના પાણીવાળા રસો જલદીથી અસર કરી શકતા નથી અને લોહીમાં રૂપાંતર થવા માટે જોઈતા દ્રવણ રૂપમાં આવતાં ઘણી વાર લાગે છે. તેથી મંદ પાચનશક્તિવાળાને આવા ખોરાકથી નુકસાન થાય છે. રાંધવામાં ખોરાકનાં અગત્યનાં તત્ત્વોનો નાશ ન થાય તે સંભાળવાની જરૂર છે. તાજા દૂધમાં, તાજા શાકમાં, કઠોળમાં, ઘઉંમાં અને ઈંડાં માછલી વગેરે પદાર્થોમાં આ તત્ત્વો સારા પ્રમાણમાં મળી આવે છે. આ બધા પદાર્થોને ધીરે તાપે થોડા જ સમય સુધી ગરમ કરવાથી આ તત્ત્વોનો નાશ થતો નથી. આપણા શરીરથી આ તત્ત્વોનો નાશ થતો નથી. આપણા શરીરથી એકદમ ગરમી અને ઠંડીનો અનુભવ ખમી શકાતો નથી; તેવી રીતે આપણા ખોરાકને રાંધવામાં એકદમ જલદ તાપના કરતાં ધીરા તાપે રસોઈ કરવામાં આ તત્ત્વો સારી રીતે જાળવી શકાય છે. આ દૃષ્ટિથી તળવા કરતાં બાફવાની અને ખાસ કરીને વરાળથી બાફવાની પદ્ધતિ વધારે ઉત્તમ ગણાય છે. ખોરાક પ્રકૃતિને માફક આવે તેવો, યોગ્ય પોષણ આપે તેવો અને યોગ્ય પોષણ આપે તેટલો હોવો જોઈએ. મનુષ્યદેહમાં ત્રણ જુદી જુદી પ્રકૃતિ રહી છે: વાત, પિત્ત અને કફ. આ ત્રણે પ્રકૃતિને માફક આવે એવો ખોરાક હોવો જોઈએ. દરેક મનુષ્યના ખોરાકમાં પોષક પરમાણુ, અગ્નિપ્રદીપ્ત કરનાર પરમાણુ તથા ક્ષાર અને પાણી રહેલાં છે. પોષક પરમાણુ કઠોળમાં બહુ છે અને અગ્નિપ્રદીપ્ત કરનારા પરમાણુ ઘી, તેલ, સાકર, ગોળ વગેરેમાં મળી આવે છે. થોડો ઝાઝો ખોરાક ખાવો એ મનુષ્યની જઠરાગ્નિ ઉપર આધાર રાખે છે. દરેક મનુષ્યને ચોવીસ કલાકની અંદર સવા રતલ ખોરાકની જરૂર છે. ખોરાકના ચાર પ્રકાર છે: ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય અને ચોષ્ય. જે દાંત વડે ચૂરેચૂરો કરીને ખવાય છે તે પૂરી આદિ ભક્ષ્ય કહેવાય છે. જે કેવળ જીભ વડે હલાવી ચગળીને ઉતારાય છે તે દૂધપાક આદિ ભોજ્ય કહેવાય છે. જે જીભ વડે ચાટીને રસાસ્વાદથી કેવળ દ્રવીભૂત કરી ઉતારાય છે તે ગોળ વગેરે લેહ્ય કહેવાય છે અને જે દાઢ વડે ચૂસીને રસનો અંશ ઉતારી બાકીનાં છોતાં વગેરે કાઢી નખાય છે તે ચોષ્ય કહેવાય છે.

૨. પું. ખાવાનું પ્રમાણ.

૩. પું. જેનાથી કોઈ વાતનો નિર્વાહ થાય તે.

૪. પું. દવાનો એક ભાગ; ડોઝ.

ખોરાકમાર્ગ પું. અન્નનળી; ગળામાંથી જઠર સુધી જવાનો ખોરાકનો રસ્તો.

ખોરાકી ૧. સ્ત્રી. અન્ન; ખોરાક; ગુજરાનની વસ્તુ.

૨. સ્ત્રી. ખોરાકનું ખર્ચ; ભરણપોષણ માટે આપવાની રકમ; ભરણવૃત્તિ.

૩. સ્ત્રી. ગુજરાન કરવાનું સાધન.

૪. વિ. ખૂબ ખાવાવાળું.

ખોરાકીખર્ચ ન. નિર્વાહવ્યય; ભરણપોષણનું ખર્ચ.

ખોરાકીપોશાકી (ખ઼ોરાકીપોશાકી) ૧. સ્ત્રી. અન્નવસ્ત્ર; ખાવાનું અને પહેરવાનું.

૨. સ્ત્રી. આજીવિકા; ભરણપોષણ અથવા ગુજરાનનું સાધન.

૩. સ્ત્રી. ખાવાખર્ચ અને કપડાંખર્ચ.

ખોરાણી ૧. સ્ત્રી. ખાટકીની એ નામની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ખોરાભઠ્ઠી સ્ત્રી. ચૂનો પકવવાની ભઠ્ઠી.

ખોરામ ૧. પું. વહાણ લંગારવાની સાંકળ.

૨. પું. વહાણનું લંગર.

ખોરાવું ૧. અ. ક્રિ. કથળી જવું; બગડવું.

ખોરાઈ જવું = (૧) બગડી જવું. (૨) વેરણછેરણ થઈ જવું.

૨. અ. ક્રિ. નિંદા કરવી.

૩. અ. ક્રિ. મનમાં બળવું.

ખોરાશ સ્ત્રી. અન્ન જેવી વસ્તુ ઘણા દિવસ રહેવાથી તેમાં થયેલો સ્વાદવિકાર; ખોરાપણું.

ખોરાસાન પું. એ નામનો મધ્ય એશિઅનો એક મુલક; ખુરાસાન.

ખોરાસાની ૧. પું. કાળા તલનો છોડ.

૨. ન. એ નામનું બંગાળ તથા દક્ષિણ હિંદમાં ઊગતું એક ઝાડ. તેનું તેલ ખાવાના ઉપયોગમાં વપરાય છે. ઈંગ્લંડમાં આ તેલમાંથી રોગાન બનાવાય છે.

૩. ન. ખોરાસાનનું વતની માણસ.

૪. વિ. ખોરાસાનનું; ખોરાસાન પ્રાંતમાં તૈયાર થયેલ.

ખોરાસાની અજમો પું. ખોરાસાન પ્રાંતમાં થતાં એક જાતના છોડનાં બિયાં. તે બારીક અને ચપટાં હોય છે. તેની અસર તથા ગુણ અફીણ જેવાં છે. તે દર્દશામક અને માદક છે તથા સ્નાયુ ઢીલા કરે છે. દમ, ખાંસી, હૃદયરોગ, ઉન્માદ, મૂત્રપિંડના વ્યાધિ, ઊનવા અને ચસકા ઉપર ઔષધિ તરીકે તે વપરાય છે.

ખોરાસાની અજોવન જુઓ ખોરાસાની અજમો.

ખોરાસાની તલવાર સ્ત્રી. ખોરાસાન પ્રાંતમાં બનાવવામાં આવતી એક જાતની તલવાર. તેનું પોલાદ ચંદ્રવર ખાતેદાર જાતનું હોઈ તેના ઉપર થોડા થોડા અંતર ઉપર આડી લીટીઓ હોય છે. તેનું પાણી ઘણું જ સરસ છે. આ તલવારને ચમનબંદી તલવાર પણ કહેવામાં આવે છે. તેનું પાનું મોટું અને વાંકદાર હોય છે, તેથી તેના ઉપર જોધપુરી મૂઠ સારી દેખાય છે.

ખોરિયું ન. ઉબાડિયું; ખોયણું; બળતું લાકડું.

ખોરી ૧. સ્ત્રી. એ નામની ચૂનાની એક જાત.

૨. સ્ત્રી. કુંડલી; લાકડી ઉપર ધાતુની ચડાવેલ ખોળ.

૩. [હિં.] સ્ત્રી. ગુનો; દોષ.

૪. સ્ત્રી. પડ.

૫. સ્ત્રી. બાગ માંહેનો રસ્તો.

ખોરીક ૧. વિ. ખાવાનું શોખીન.

૨. વિ. ખાવામાં જબરું.

ખોરું વિ. જૂનું થવાથી બેસ્વાદ થયેલ; જૂનાપણાના વિકાર એટલે સ્વાદ કે ગંધવાળું; બગડેલું; બટાઈ ગયેલું.

૧. ખોરા ટોપરા જેવી દાનત = ખોટી દાનત.

૨. ખોરા ટોપરા જેવી પકડાવવી = ગાળ દેવી.

૩. ખોરું તે કાંઈ દીવેલમાંથી જાય? = દરેક વસ્તુનો કંઈ નહિ અને કંઈ ઉપયોગ હોય છે જ.

ખોરૂડી (ખોરૂડ઼ી) વિ. સ્ત્રી. ખોરી; બટાઈ ગયેલી; વાસ મારતી.

ખોરેતી સ્ત્રી. એ નામનું એક જાતનું ઝાડ. તેનાં પાનમાં ઉપરના ભાગમાં કરવત જેવા ખરખરા કાંટા હોય છે. સુતાર તે પાનનો લાકડું સાફ કરવાના કામમાં ઉપયોગ કરે છે. તેમાં કાળા ઉમરડાનાં જેવાં ફળ થાય છે તે દવામાં વપરાય છે. દંતશૂળ અને દાંત હાલતા હોય તો તે ઉપર ખોરેતીના દાંતણ વડે દાંત ઘસવા એટલે ત્રણ દિવસમાં દાંત મજબૂત થાય છે અને દુખતા બંધ થાય છે. શોફોદર, બરોળ, બાળકોના પેટ માંહેના ભાર ઉપર, કલેજામાં જામેલા ભાર ઉપર અને ગરદન ઉપરના ભાગમાં વ્રણ થયું હોય તે ઉપર, કલેજામાં ભારનો ઉપદ્રવ ન થવા માટે અને ગુલ્મરોગ ઉપર ખોરેતીનો ઉપયોગ કરવામાં આવે છે.

ખોરેભ જુઓ ખોરેતી.

ખોરેશી ૧. સ્ત્રી. એ નામની મુસલમાનની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ખોરેહ (ખ઼ોરેહ) [ફા.] સ્ત્રી. ઓજસ; તેજઃપુંજ; પદાર્થમાંથી નીકળતી મનાતી તેજ જેવી વસ્તુ.

ખોરો ૧. પું. અંગારો; ટાંડો; લાકડાનો પાકેલો અગ્નિ.

૨. પું. કપચી ગોઠવી નીચેથી તાપ આપી ચૂના માટે કાંકરી પકવવામાં આવે છે તેવી એક જાતની ભઠ્ઠી.

૩. પું. ખોળો.

૪. પું. ચૂલમાંથી કાઢી નાખેલી રાખ.

૫. પું. સોનું રૂપું ગાળવાની ભઠ્ઠી.

ખોલ ૧. પું. (પિંગળ) એ નામનો એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે આનંદવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૧૯ ગુરુ અને બાવન લઘુ મળી ૭૧ વર્ણ અને ૯૦ માત્રા હોય છે.

૨. પું. ખોળ; તલ વગેરેનો કૂચો.

૩. પું. ગુપ્તચર; જાસૂસ.

૪. સ્ત્રી. એ નામનું એક વાજિંત્ર.

૫. સ્ત્રી. ઉપરની ચામડી; જીર્ણ કે ઊતરી ગયેલી ત્વચા.

૬. સ્ત્રી. ઉપરનો ગલેફ; ઓછાડ; કવર; ગાદિ તકિયા વગેરેનું ખોળિયું; પડ.

૧. ખોલ ચડાવવી = આચ્છાદન ચડાવવું; ચાદર પાથરવી; પડ ચડાવવું; પૂંઠું ચડાવવું.

૨. ખોલ મઢવી = પડ ચડાવી સીવી લેવું.

૭. સ્ત્રી. કપડાના સીવણમાં જે નહિ બેસતાપણું રહે છે તે; કરચલી; બરાબર બેસતું ન આવવાથી ઉઘાડું રહે તે.

ખોલ ભરવી = જેટલો ભાગ ઢીલો પડતો હોય તે સીવી લેવો કે વાળી લેવો.

૮. સ્ત્રી. કપડાનું અથવા ધાતુનું ઢાંકણ; ખોખું; ઘરૂં; 'કેસ'.

૯. સ્ત્રી. કુંડલી; ખોલી; ટોટી.

૧૦. સ્ત્રી. ખામી; ખોડ.

૧૧. સ્ત્રી. ખાલ; ચામડી.

૧૨. સ્ત્રી. ગૂમડા ઉપર વળેલી કપોટી; ભીંગડું.

૧૩. સ્ત્રી. છીણી.

૧૪. સ્ત્રી. તલવારનું મયાન.

૧૫. સ્ત્રી. પેટી.

૧૬. સ્ત્રી. પોલાણ.

૧૭. સ્ત્રી. રજાઈ; મોટી ચાદર.

૧૮. સ્ત્રી. સાપની કાંચળી.

૧૯. સ્ત્રી. સુવાવડી સ્ત્રીને ધાવણ લાવવા માટે ખવરાવવામાં આવતી ગાય કે ઘેટાના આંતરડાની તાંત.

૨૦. ન. કાલબૂત સાથે જોડામાં ઘાલવાની ચીપ; ખોયલ; જોડાના તળિયા ઉપરની પટી સીધી કરવાનું મોચીનું શીંગડાનું ઓજાર.

૨૧. ન. ખોલકું; ગધેડું.
૨૨. ન. ઠૂંઠું.
૨૩. ન. મસ્તકનો ટોપ.
૨૪. ન. વહાણનું ખોખું.
૨૫. વિ. ખાલી; પોલું.
૨૬. વિ. ખોડું; લંગડું.
૨૭. વિ. ગરીબ; પૈસા વગરનું.

ખોલક ૧. [સં.] પું. ટોપ; મસ્તકનો અમુક ભાગ.
૨. પું. રસોઈ કરવાનું પાત્ર.
૩. પું. રાફડો.
૪. પું. સોપારીનું વલ્કલ વસ્ત્ર.

ખોલકી સ્ત્રી. એકથી દશ દહાડા કે દોઢ માસ સુધીની નાની ગધેડી; ખોલકુંનું સ્ત્રીલિંગ.

ખોલકું ૧. ન. ગધેડાનું નાનું બચ્ચું.
૨. ન. ધાટ વગરનું મકાન.

ખોલકો ૧. પું. અણસમજુ ને શરીરે કે વયે મોટો માણસ; મૂર્ખ માણસ.
૨. પું. ખોલો; ગધેડો.

ખોલડ (ખોલડ઼) પું. ઝાડ વગેરેનું પોલાણ.

ખોલડા (ખોલડ઼ા) જુઓ ખોલડ.

ખોલડું (ખોલડ઼ું) ન. કોટડી; ખોલી; નાનું ઘર.

ખોલણહાર ૧. વિ. ઉઘાડનાર; ખોલનાર.
૨. વિ. ખોળનાર; શોધનાર.

ખોલણહારૂં જુઓ ખોલણહાર.

ખોલબંદી [હિં.] સ્ત્રી. ઘોડાની નાલ બદલવી તે.

ખોલબંધી જુઓ ખોલબંદી.

ખોલલ ૧. [હિં.] વિ. ઉઘાડું; ખુલ્લું.
૨. વિ. ચોખ્ખું.
૩. વિ. જાહેર.
૪. વિ. ઢીલું.
૫. વિ. પહોળું કરેલ; વિસ્તારેલ.
૬. વિ. બાંધ્યા વગરનું.

ખોલવડાં (ખોલવડ઼ાં) ન. બ. વ. એ નામનું એક જાતનું કણબીનું ઘરેણું.

ખોલવણ સ્ત્રી. નહેરનું કામ.

ખોલવણું ૧. ન. કંસારાનું એ નામનું એક ઓજાર.
૨. ન. પેચિયું; સ્ક્રૂ ફેરવવાનું ઓજાર.
૩. ન. સ્ત્રીઓને હાથમાં પહેરવાનું એ નામનું અર્ધગોળાકાર ઘરેણું.

ખોલવવું જુઓ ખોલવું.

ખોલવિયો પું. નહેરમાં કામ કરનાર પુરુષ.

ખોલવું ૧. સ. ક્રિ. અલગ કરવું; બંધન તોડવું.
૨. સ. ક્રિ. આરંભ કરવો; શરૂ કરવું.
૩. સ. ક્રિ. આવરણ દૂર કરવું; દેખાય તેમ કરવું; પડદો ખસેડવો.
૪. સ. ક્રિ. ઉઘાડવું.
૫. સ. ક્રિ. કાઢવું.
૬. સ. ક્રિ. ખસેડવું; હટાવવું.
૭. સ. ક્રિ. ગુપ્ત વાત બહાર પાડવી.
૮. સ. ક્રિ. ગોળ ઘાટ કરવા માટે અંદરથી કોરવું; પોલું કરવું.
૯. સ. ક્રિ. ચીરવું; છેદ કરવો.
૧૦. સ. ક્રિ. છોડવું; મૂકવું.

જસકા **ખોલ્યા** તી ભી ચાવી ગાઉ પંચ.
વિમલપ્રબંધ

૧૧. સ. ક્રિ. પહોળું કરવું.
૧૨. સ. ક્રિ. પ્રવર્તાવવું; ફેલાઈ જવું.
૧૩. સ. ક્રિ. મન મોકળું કરવું; પેટની વાત કરવી.
૧૪. સ. ક્રિ. સમજાવવું.

ખોલંજાન ૧. પું. એ નામનો એક છોડ.
૨. પું. કાજળ.

ખોલંબો પું. અટકાવ; અવરોધ; અંતરાય.

ખોલંભો જુઓ ખોલંબો.

ખોલા ૧. [હિં.] પું. શેરડીનું આગળું.
૨. સ્ત્રી. આહીરની એ નામની અટક.
૩. સ્ત્રી. ઘરડી ભેંસ.
૪. ન. એ નામની અટકનું માણસ.
૫. વિ. એ નામની અટકનું.

ખોલાવવું સ. ક્રિ. ઉઘડાવવું; ખોલે એમ કરવું.

ખોલાસ પું. એક જાતનો ખજૂર.

ખોલાસો જુઓ ખુલાસો.

ખોલિ [સં.] સ્ત્રી. ભાથું.

ખોલિયા ૧. સ્ત્રી. કડિયાની એ નામની અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ખોલિયો પું. કમાડ ઉપરની કાનસ બનાવવાનું લોઢાનું એક સાધન; ગલતો કરવાનું સુતારનું એક જાતનું પાનાવાળું ઓજાર.

ખોલિંજાન જુઓ ખોલંજન.

ખોલી ૧. સ્ત્રી. ઓરડી; નાની કોટડી.
૨. સ્ત્રી. કાગળની કે પતરાની ભૂંગળી.
૩. સ્ત્રી. ગધેડી.
૪. સ્ત્રી. ગલતો કરવાનું એક ઓજાર.
૫. સ્ત્રી. દરવાજો.
૬. સ્ત્રી. ધાતુનું પોલું અને ચૂડી જેવું લાકડી કે છત્રીના છેડાનું ઢાંકણ.
૭. સ્ત્રી. પોંક પાડવા દોરાની બનાવેલી ઝોળી.
૮. સ્ત્રી. લાકડાની ઘોડી.

ખોલ્લુ ૧. ન. ખીચડી વગેરેનો દાઝેલો પોપડો.
૨. વિ. ઉઘાડું; ખુલ્લું રહેતું હોય એવું.
૩. વિ. ઢીલું; બંધબેસતું ન હોય એવું.

ખોલો ૧. પું. કપડું સિલાઈમાં બરાબર બંધબેસતું ન આવતાં તેનો ઉપસેલ રહેતો ભાગ.
૨. [સં. ખર] પું. ખર; ગધેડો.
૩. પું. ગમાર; મૂર્ખ.
૪. પું. બે જુદાં જુદાં કપડાં સાથે જોડતાં તેમાંનું એકાદું માપમાં ઓછું વધતું થતાં કપડામાં પડતો સળ.

ખોલ્ક ૧. પું. ખરતો તારો.
૨. પું. ગ્રહ.

ખોલ્મુક ૧. પું. (પિંગળ) એ નામનો એક વિષમજાતિ માત્રામેળ છંદ. આ છંદ મંગલવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૩૮ ગુરુ અને ૧૨ લઘુ મળી ૫૦ વર્ણની ૮૮ માત્રા હોય છે.
૨. પું. મંગળ નામનો ગ્રહ.

ખોવડાવવું (ખોવડ઼ાવવું) સ. ક્રિ. ખુએ એમ કરવું; ગુમાવરાવવું.

રોટલો ખોવડાવવો = (૧) આજીવિકા બંધ થાય એમ કરવું. (૨) નોકરીમાંથી રજા આપવી.

ખોવણ સ્ત્રી. અક્ષૌહિણી.

ખોવર સ્ત્રી. કશ્મીર અને વાયવ્ય પ્રાંત તરફ બોલાતી એ નામની એક ભાષા.

ખોવરાવવું જુઓ ખોવડાવવું.

ખોવરાવું સ. ક્રિ. ખોવાય તેમ કરવું; જતું રહે તેમ કરવું.

ખોવસી ન. પશ્ચિમઘાટમાં થતું એ નામનું ઝાડ. તેને ૬થી ૯ ઇંચ લાંબાં અને ૫થી ૧૨ ઇંચ પહોળાં પાન થાય છે. ડાળીને છેડે પાંદડાંનો લૂમખો હોય છે.

ખોવાવારો ૧. પું. ખોટ; તોટો; નુકસાન.
૨. પું. ખોવાનો પ્રસંગ; નુકસાન ખમવાનો સમય.

ખોવાવું અ. ક્રિ. ખબર ન રહે એવી રીતે વસ્તુનું પોતાની પાસેથી જતું રહેવું; ગુમ થવું; ગુમાવું.

ખોવું ૧. અ. ક્રિ. મુક્ત થવું.
૨. [સં. ક્ષય્] સ. ક્રિ. એળે જવું; ફોગટ કે મિથ્યા જાય તેમ કરવું.
૩. સ. ક્રિ. કુમાર્ગે ખરચવું; ગુમાવવું.
૪. સ. ક્રિ. ખબર ન રહે એવી રીતે વસ્તુનું પોતાની પાસેથી જતું રહેવું; ગુમ થવું.

૫. સ. ક્રિ. ગેરલાભ થવો.

૬. સ. ક્રિ. ચૂકવું; ભૂલવું; ભૂલી જવું.

૭. સ. ક્રિ. વેપારમાં ખોટ, નુકસાન કે તોટો આવવો.

૮. સ. ક્રિ. હારવું; હારી જવું.

ખોશા (ખ઼ોશા) ૧. [ફા.] પું. અનાજનું ડૂંડું.

૨. પું. અંગૂરનું ઝૂમખું.

૩. પું. એરિંગ.

૪. પું. ગુચ્છો; ઝૂડો.

ખોશાચીન (ખ઼ોશાચીન) ૧. [ફા.] પું. ડૂંડાં એકઠાં કરનાર માણસ.

૨. પું. પડેલા દાણા વીણી લેનાર પુરુષ.

ખોશાચીની (ખ઼ોશાચીની) સ્ત્રી. વીણીવીણીને એકઠું કરવું તે.

ખોશિયો પું. દંતાળની અંદર કાણા વિનાનો જમીનમાં લીટી પાડવા રખાતો નકામો દાંતો.

ખોસ સ્ત્રી. (જૂ. ગુ.) લૂંટ.

તેહને શીશ ચડાવે દોષ,
પોતે લે સઘળો ધન **ખોસ.**

આનંદકાવ્યમહોદધિ

ખોસવું ૧. સ. ક્રિ. ઘાલવું; ઘોંચવું; જોરથી અંદર ધકેલવું.

ખોસી ઘાલવું = (૧) જોરથી અંદર ઘાલવું. (૨) પકડવું.

૨. સ. ક્રિ. ચૂંટી લેવું.

ખોસા (ખ઼ોસા) ૧. [હિં.] પું. છાલ.

૨. [ફા.] પું. દાઢી વગરનો માણસ.

૩. સ્ત્રી. સિંધની સરહદ ઉપરની એ નામની એક બળવાખોર જાત.

ખોસાવું અ. ક્રિ. અંદર ભરાવું; એની મેળે દાખલ થવું; ઘલાવું.

ખોસો વિ. પું. અસંસ્કારી; જંગલી; જડસો.

ખોહ ૧. [સં. ક્ષોભ] પું. બીક; ભય.

૨. [સં. ગુહા] સ્ત્રી. કોતર; ખો; ગુફા.

૩. ન. એ નામનું એક નરક.

૪. ન. ઝૂંપડું.

ખોહણ સ્ત્રી. અક્ષૌહિણી.

બાવન હજાર બાંધિયા, ઘોડા ગઢ ગિરનાર;
સહી શકે સોરઠ ધણી, **ખોહણ** દળ ખેંગાર.

દુહો

ખોહાણ પું. નદીના કિનારાનો ઢોળાવ; નદીની ઊંચી ઢળતી કિનાર; નદીની ભેખડ.

ખોહારી સ્ત્રી. નાશ; પાયમાલી; બરબાદી; ખુવારી.

ખોહો ૧. પું. ખોસનારો.

૨. પું. દ્વાર ઊભો રહેનારો.

૩. પું. મોટો મૂરખો.

૪. પું. લઠીંગો; શરીરે લઠ્ઠ પણ આળસુ માણસ.

૫. સ્ત્રી. બખોલ; ગુફા.

૬. વિ. પું. અસંસ્કારી; જંગલી.

ખોળ ૧. પું. ગુપ્તચર; જાસૂસ.

૨. પું. ઢોરનો ખોરાક; તેલીબિયાંને ઘાણીમાં પીલી તેલ કાઢી લેતાં બાકી રહેતો કૂચો.

૧. ખોળનું ઘરાક ઘાંચી = રંગીને રંગી, ભંગીને ભંગી; સરખા સ્વભાવના માણસો એકઠા થાય તે.

૨. ગોળ અને ખોળ એક ભાવે = ટકે શેર ભાજી ટકે શેર ખાજા; સારા નરસાની એક જ કીમત.

૩. સ્ત્રી. અસ્તર; ખોળિયું; ગલેફ.

૪. સ્ત્રી. એક જાતનું મદ્રાસી હસ્તવાજિંત્ર.

૫. સ્ત્રી. ખોજ; ગોત; તપાસ; તલાશ.

૬. સ્ત્રી. ચામડીનું ઉપલું લાલ પડ.

ખોળ ઊતરવી = (૧) ઉપલી ચામડી ઊતરી જવી. (૨) ચિરાઈ જવું. (૩) બહુ વધારે કીમત આપવી.

૭. સ્ત્રી. છવણી; છાણાના મોઢવા ઉપર કે ગરીબ લોકોના કૂબા ઉપર પતરી કે પાનનું ઢાંકણ.

૮. સ્ત્રી. પગરખાં ખોલવાનું મોચી લોકોથી વપરાતું એક ઓજાર.

૯. સ્ત્રી. પોલાણ; કરચલી.

૧૦. સ્ત્રી. ભેંસનાં શીંગડાંનો અણીવાળો નાનો ભાગ.

ખોળણહાર વિ. શોધક; શોધી કાઢનાર.

ખોળબંધી સ્ત્રી. જૂતી નાળ ખોલીને પાછી જડવાની ક્રિયા.

ખોળલો પું. ખોળો; ખોળા માટે કવિતામાં વપરાતું રૂપ.

ખોળવું ૧. સ. ક્રિ. અગ્નિસંસ્કાર કર્યા પછી કોઈ અસ્થિ બળ્યા વગર રહી જતું નથી તે જોવા બળેલ શબના ભાગ છૂટા પાડવા.

ખોળી ખોળીને બાળશે,
જેમ લોઢું ગાળે લુહાર રે. ભોજો ભગત

૨. સ. ક્રિ. તપાસ કરવી; તપાસવું; શોધવું; જે વસ્તુ હયાતીમાં હોય છતાં જડતી ન હોય તે મેળવવા માટે પ્રયાસ કરવો. ખોળવામાં ચતુરાઈ, ડહાપણ અને યુક્તિની જરૂર પડે છે.

ખોળંખોળા સ્ત્રી. ખોળાખોળ; શોધાશોધ.

ખોળંબવું અ. ક્રિ. ઢીલ કરવી; વિલંબ કરવો.

ખોળંબે ૧. અ. ઊંચે.

૨. અ. ખાંજરે; ખૂણેખાંચરે.

૩. અ. ઢીલમાં.

૧. ખોળંબે ચડાવવું = મુલતવી રાખવું.

૨. ખોળંબે પડવું = અટકી પડવું; ઢીલ થવી.

૪. અ. મુશ્કેલીમાં.

૫. અ. લંબાણે.

૬. અ. વાંધામાં.

ખોળંબો ૧. પું. અટકાવ; આંતરો; કાળક્ષેપ; ઢીલ; વિલંબ.

૨. પું. વાંધો.

ખોળંભે જુઓ ખોળંબે.

ખોળંભો જુઓ ખોળંબો.

ખોળાકાંકરી સ્ત્રી. એ નામની એક દેશી રમત; બેડી કૂકરી.

ખોળાખંખોળા જુઓ ખોળાંખંખોળાં.

ખોળાખૂંદણ જુઓ ખોળાખુંદતલ.

ખોળાખૂંદતલ ૧. ન. બાળક.

૨. વિ. ખોળામાં બેસી રમનાર.

ખોળાખોસી જુઓ ખોળાખોળી.

ખોળાખોળ સ્ત્રી. ગોતાગોત; તપાસ; તલાશ; શોધાશોધ.

ખોળાખોળી જુઓ ખોળાખોળ.

ખોળાડિયા (ખોળાડ઼િયા) ૧. સ્ત્રી. વાઘરીની એ નામની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ખોળાઠીકરી સ્ત્રી. ખોળામાં ઠીકરી સંતાડી તે ગોતી આપવાની એક રમત.

ખોળાઢંઢોળા પું. બ. વ. ખૂણેખાંચરે શોધાશોધ; બારીક તપાસ.

ખોળાદાન ૧. ન. વામમાર્ગીઓની એક નિર્લજ્જ ક્રિયા.

૨. ન. વિષયસુખ; સંભોગ.

ખોળાધર પું. જામીન; હામી; ખોળાધરી આપનાર ઓળખીતું માણસ.

ખોળાધરી સ્ત્રી. જમાનગતું; જામીનગીરી; બાંહેધરી; હામી.

ખોળાભરણું ન. અધરણી; અધરણીનો ખોળો ભરવાની ક્રિયા; સીમંત.

ખોળામૂળા પું. બ. વ. મેમણ કોમમાં સગપણ વગેરે શુભ પ્રસંગે સગાં સ્નેહીને સાકર વગેરેની અપાતી લાણ.

ખોળાવરાવવું સ. ક્રિ. શોધવામાં મદદ કરવી; તપાસ કરાવવી; શોધાવવું.

ખોળાવવું સ. ક્રિ. ખોળવાનું કહેવું; ખોળે એમ કરવું.

ખોળાવું ૧. અ. ક્રિ. તપાસાવું; ફેંદાવું; શોધાવું.

૨. અ. ક્રિ. બગડી જવું.

ખોળાસુખડી (ખોળાસુખડ઼ી) સ્ત્રી. ગામના પટેલ કે બીજા હક્કદારને ખોળામાં અપાતો લાગા તરીકેનો દાણો.

ખોળાંખંખોળાં ન. બ. વ. ખૂણેખાંચરે છાની રીત જોવું તે; ખૂબ બારીક તપાસ; ફાંફાં.

ખોળાંખાંખાં જુઓ ખોળાંખંખોળાં.

ખોળિયું ૧. ન. ઉપરનું ઢાંકણ; ખોળ; ગલેફ; તળાઈ, ગોદડાં વગેરે ભરવાનું બેવડું કપડું.

૨. ન. કલેવર; કાયા; દેહ; શરીર.

૧. ખોળિયામાં જીવ આવવો = (૧) ચેન વળવું; જીવ હેઠે બેસવો; જીવને શાંતિ થવી; નિરાંત થવી. (૨) ફાળ કે ગભરાટથી ઊડી ગયેલ જીવ પાછો આવવો; ભાનમાં આવવું.

૨. ખોળિયામાંથી જીવ ઊડી જવો = (૧) ઉચાટ થવો; ગભરાટ થવો; ગભરામણ થવી. (૨) બેસુધ થવું.

૩. હરામખોરનું ખોળિયું = લુચ્ચું.

૩. ન. મોઈદાંડિયાની રમતમાં વપરાતો એક શબ્દ. ખોળિયાવાળો બે દાવ લે છે.

ખોળી ૧. સ્ત્રી. ઓરડી; ખોલી.

૨. સ્ત્રી. કાગળની કે પતરાંની ભૂંગળી.

૩. સ્ત્રી. ગધેડી.

૪. સ્ત્રી. ગલતો કરવાનું એક ઓજાર.

૫. સ્ત્રી. દરવાજો.

૬. સ્ત્રી. ધાતુની કૂંડલી; ધાતુનું પોલું અને ચૂડી જેવું વસ્તુના છેડા ઉપર રક્ષણ માટે ગોઠવેલું ઢાંકણ.

૭. સ્ત્રી. પોંક પાડવા દોરાની બનાવેલી ઝોળી.

૮. સ્ત્રી. લાકડાની ઘોડી.

ખોળું ન. શીંગડાં ઉપર લપેટાતી ખોળ.

ખોળો ૧. પું. અધરણી; પહેલી વારનો ગર્ભાધાન સંસ્કાર; સીમંત.

૧. ખોળે બેસવું = અપુત્ર પિતાના વારસ થવું; દત્તક લેવાવું.

૨. ખોળે બેસાડવું = દત્તક કરી લેવું; પુત્રીકૃત કરવું; સંતાન તરીકે સ્વીકારવું.

૩. ખોળો ઠારવો-ભરાવો = આશા રહેવી; ગર્ભ રહેવો; સીમંત આવવું.

૪. ખોળો ભરવો = (૧) અધરણી કરવી; પહેલી વારનો ગર્ભાધાન સંસ્કાર કરવો. પ્રથમ ગર્ભાવસ્થામાં ચોથે, છઠ્ઠે કે આઠમે મહિને સ્ત્રીને આ સીમંતોન્નયન સંસ્કાર કરાય છે. (૨) નાગરી નાતમાં સ્ત્રી પ્રથમ ઋતુમતી થાય ત્યારે ચોથે દિવસે તેના ખોળામાં સાત પ્રકારનાં ફળ નાખવામાં આવે છે તે વિધિ કરવી.

૫. ખોળો વીસમવો = બાળક મરી ગયા પછી સ્ત્રીનાં પિયર તરફનાં માણસોએ થોડો વખત તેને પિયર તેડી જવું.

૬. છેલ્લા ખોળાનું = સૌથી નાનું.

૭. પહેલા ખોળાનું = (૧) જ્યેષ્ઠ; સૌથી મોટું. (૨) લાડકું; મહેરબાનીવાળું.

૨. પું. અંક; ઉછંગ; પલાંઠીએ બેસતાં અથવા ઊભે પગે બેસતાં પેટથી બંને જાંઘ ઉપરનો ઘૂંટણ લગીનો બનતો ભાગ.

૩. પું. અંગરખાની, પછેડીની કે પાલવની બે હાથ અથવા પગની વચ્ચે કંઈ લેવાને બનાવવામાં આવતી ઝોળી; ખોળાના ભાગ ઉપર રાખેલું કપડું કે ઝોળી.

૧. ખોળામાં ખાવું પણ ભૂખ વિના ભાવે નહિ અને ગળામાં ગાવું પણ ઊલટ વિના આવે નહિ = મન વગરનું બધું નકામું.

૨. ખોળે ધાલ્યું ખોટું = અચોક્સ; અનિશ્ચિત.

૩. ખોળે બેસાડવું = (૧) કન્યાને સાસુ કે સસરાના ખોળામાં બેસાડવાની એક વૈવાહિક રીત. (૨) સંતાન કરી લેવું; દત્તક કરવું.

૪. ખોળો ખૂંદવો = ખોળામાં રમવું.

૫. ખોળો પાથરવો = આજીજી કરવી; કાલાવાલા કરવા; કરગરવું; દીનતાથી પ્રાર્થના કરવી; માફી માગવી.

૬. ખોળો વાળવો = (૧) કપડાંની ઘડી વાળવી. (૨) ખોળામાં લેવું.

૪. પું. આશરો; આશ્રય.

૧. ખોળે બેસવું = આશરે જવું; આશ્રય લેવો.

૨. ખોળે માથું મૂકવું = તાબે થવું; શરણે જવું; સંકટમાંથી મુક્ત થવા કોઈ સમર્થની સહાય કે ઓથમાં જઈ રહેવું.

૩. ખોળે લેવું = (૧) રાખવું; સ્વીકારવું. (૨) સંતાન કરી લેવું; દત્તક લેવું.

૪. ખોળે સોંપવું = આધાર કે આશ્રય સમજી હવાલે કરવું; કોઈની સંભાળ નીચે આપવું.

૫. ખોળે હોવું = કોઈના આશ્રય કે આધાર નીચે હોવું.

૫. પું. જન્મ.

૬. પું. ભાગબટાઈ ખેડમાં ખેડુ પાસેથી લેવાતી એક જાતની લેતરી.

૭. પું. યોનિ; સ્ત્રીની જનનેંદ્રિય.

ખોંખલી સ્ત્રી. લોંકડી.

ખોંખલો પું. ઉધરસ; કફ; ખાંસી; ઠાંસો.

ખોંખાર પું. ખોંખારો; મોઢું બંધ રાખી ગળામાંથી અવાજ કરવો તે.

ખોંખારવું ૧. અ. ક્રિ. ઉધરસ ખાવી; ખૂંખારવું; ખોંખારો થાય એમ ઠાંસવું; ગળામાંથી ઘસાતો સાદ કાઢવો.

ખોંખારીને કહેવું-બોલવું = ખુલાસાથી સ્પષ્ટ રીતે જે તે કહી દેવું; ખુલાસો કરવો; ચોખ્ખું જણાવી દેવું.

૨. અ. ક્રિ. તોરમાં કે અહંકારમાં ઘાંટો પાડીને બોલવું.

૩. અ. ક્રિ. પોતે છે એમ અસ્તિત્વ બતાવવાને ગળામાંથી અવાજ કરવો.

૪. જુઓ ખૂંખારવું.

ખોંખારિયું વિ. મગરૂર; ગર્વિષ્ઠ; અભિમાની.

ખોંખારો ૧. પું. ખૂંખારો; ઘાંટો; ગળામાંથી કઢાતો અવાજ.

ખોંખારો કરવો-ખાવો-મારવો = (૧) ઉધરસ ખાવી. (૨) કોઈ પણ કાર્ય પરત્વે હિંમતપૂર્વક નિશ્ચય કરવો. (૩) કોઈનું ધ્યાન ખેંચાય તેમ અવાજ કરવો. (૪) પડકાર કરવો. (૫) મગરૂર થવું. (૬) મરદાઈ બતાવવી. (૭) સંજ્ઞા કરવી.

૨. પું. પુરુષાતનની નિશાની; મરદાનગી.

ખોંખી સ્ત્રી. ઉધરસ.

ખોંખોં પું. ઉધરસનો અવાજ.

ખોંખોં કરવું = ઉધરસ ખાવી.

ખોંગાહ પું. ધોળો અને બદામી ઘોડો.

ખોંચ ૧. પું. એક જાતનો બગલો.

૨. સ્ત્રી. અડચણ; વાંધો; હરકત.

૩. સ્ત્રી. કમીનો; કસર; ખોટ.

૪. સ્ત્રી. કાણું; છિદ્ર.

ખોંચ મારવી = ઊંધા કુહાડેથી ઘડવું; પાછો કુહાડો ઠોકવો.

૫. સ્ત્રી. કાપડનો કાપ કે ચીરો; ફાડ.

ખોંચ લાગવી = નખથી ફાડી નાખવું.

૬. સ્ત્રી. ખાડો; ખાણ; ખાંચો; ખોભણ.

૭. સ્ત્રી. ગૂંચવણ; મુશ્કેલી.

૮. સ્ત્રી. ભૂલ; ચૂક.

૯. સ્ત્રી. મૂઠી.

૧૦. સ્ત્રી. મૂઠીમાં સમાય તેટલું અન્ન.

૧૧. સ્ત્રી. રસ્તો.

ખોંચદાર વિ. ખાંચાવાળું; ખોંચવાળું.

ખોંચરી સ્ત્રી. ઈંઢોણી.

ખોંચાખાંચી સ્ત્રી. અરસપરસ કજિયો.

ખોંચાખોંચ સ્ત્રી. ભૂલચૂક; દોષ.

ખોંચી ૧. [હિં.] સ્ત્રી. કૂવા પાસે બાલદી લઈને ધ્યાન રાખનાર ભિસ્તીને પાણી ભરનારે આપવું પડતું મહેનતાણું.
 ૨. સ્ત્રી. ખોબો.
 ૩. સ્ત્રી. નજીવી ખરીદી.
 ૪. સ્ત્રી. શેકવાના દાણાનો અમુક ભાગ જે શેકવાની મજૂરી માટે શેકનાર લે છે તે.

ખોંટ ૧. પું. ખામી; તંગી.
 ૨. પું. છેતરપિંડી; પ્રપંચ.

ખોંટો ૧. પું. ખીલો.
 ખોંટાના બળ પર કૂદવું = રક્ષણને લઈને ઉદ્ધત થવું.
 ૨. પું. પક્ષીનો માળો.
 ૩. પું. રક્ષણ; બચાવ.

ખોંડ પું. ઓરિસામાં વસતા એક જાતના લોક. તેઓ પૂજામાં પૃથ્વી દેવીની પૂજાને અગ્રસ્થાન આપે છે.

ખોંડફલ પું. પોલાણ; ગુહા.

ખોંડર ૧. પું. અનાજ ખસેડ્યા પછી ખળાવાડમાં પડી રહેલા દાણા.
 ૨. પું. ઝાડનો પોલો ભાગ.

ખોંડલું વિ. દાંત વગરનું; બોખું.

ખોંઢો પું. પક્ષીનો માળો.

ખોંધાખોંધ સ્ત્રી. કુસંપ; ખટપટ; તકરાર.

ખોંપ ૧. સ્ત્રી. તડ; ફાટ.
 ૨. સ્ત્રી. લાંબો બખિયો.

ખોંપો ૧. પું. ખડ રાખવાનો મેડો.
 ૨. પું. છાજનો ખૂણો.
 ૩. પું. મથાળાની ગાંઠ.
 ૪. પું. માથાનો ચોટલો.
 ૫. પું. લાંબો બખિયો.
 ૬. પું. હજામની લાકડી. તેમાં ફાલ રાખવામાં આવે છે.

ખોંબાલી સ્ત્રી. સિંધમાં વણકર તરીકે કામ કરતી એ નામની એક જાત.

ખોંબી સ્ત્રી. મેમણ લોકોમાં સગપણની ચૂંદડી ઓઢાડવાની ક્રિયા.

ખોંભલો પું. કસૂંબા રંગનો પછેડો.

ખોંભાત્રી પું. કસૂંબગર; રંગરેજ.

ખોંભાનાડું (ખોંભાનાડું) ન. નાડાછડી; સૂતરના જુદા જુદા રંગના દોરા.

ખોંભો જુઓ ખોંભલો.

ખોંસવું ૧. [હિં.] સ. ક્રિ. કોઈ વસ્તુ સ્થિર રાખવા માટે તેનો અમુક ભાગ કોઈ બીજી વસ્તુમાં ઘાલવો; જોરથી દાખલ કરવું.
 ૨. સ. ક્રિ. ઘુસાડવું.
 ૩. સ. ક્રિ. ઘોંચવું.
 ૪. સ. ક્રિ. ચૂંટી લેવું.
 ૫. સ. ક્રિ. ભરવું.
 ૬. સ. ક્રિ. સાથે બાંધવું.

ખોંસા ૧. સ્ત્રી. કણબીની એ નામની અટક.
 ૨. ન. એ નામની અટકનું માણસ.
 ૩. વિ. એ નામની અટકનું.

ખૌ [મ.] ન. અનાજ રાખવાનું ભોંયરું.

ખૌ ખૌ અ. ક્ષુધાનો અતિ આતુરતાદર્શક ઉદ્ગાર.
 ખૌ ખૌ કરવું = ક્ષુધાનું બેબાકળાપણું બતાવવું.

ખૌઝ (ખ઼ૌઝ) ૧. [અ.] પું. ગાઢ વિચાર; મનન.
 ખૌઝ કરવું = ગાઢ વિચારમાં પડવું.
 ૨. પું. નિશ્ચય કરવો તે.
 ૩. પું. શોધ.
 ૪. પું. સલાહ લેવી તે.

ખૌડ (ખૌડ઼) [હિં.] સ્ત્રી.; ન. ત્રિપુંડ; મસ્તક ઉપર ચંદનનું આડું અથવા ધનુષાકાર તિલક; શિવના ભક્તો કપાળ ઉપર ચંદન કેસરથી કરે છે તેવું તિલક.

ખૌદ્દો [મ.] સ્ત્રી. તપાસણી.

ખૌપ (ખ઼ૌપ) [અ.] પું. બીક.

ખૌફ (ખ઼ૌફ઼) ૧. [અ.] પું. ક્રોધ; ગુસ્સો.
 ૨. પું. બીક; ભય.

ખૌફનાક (ખ઼ૌફ઼નાક) વિ. બીકવાળું; ભયાનક.

ખૌફરજા (ખ઼ૌફ઼રજા) [અ.] પું. શંકા.

ખૌર ૧. પું. લેપ.
 ૨. સ્ત્રી. ત્રિપુંડ.
 ૩. સ્ત્રી. માછલી પકડવાની એક જાતની જાળ.
 ૪. સ્ત્રી. સ્ત્રીઓનું માથાનું એક ઘરેણું.
 ૫. [હિં.] ન. સુકાઈ ગયેલું ઝાડ.

ખૌરરેખા સ્ત્રી. કાજળની લીટી.

ખૌરલિ પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ પંક્તિ છંદનો એક ભેદ છે. તેમાં નગણ, યગણ, તગણ અને લઘુ મળી દશ વર્ણ હોય છે.

ખૌરા ૧. પું. એક જાતની ખરાબ ખુજલી.
 ૨. [ફા. ખોરા] પું. ઘેટાના વાળ ઉતારવા તે.
 ૩. પું. સડો.
 ૪. વિ. ખોરું.

ખૌરી ૧. સ્ત્રી. ખોપરી; કપાલ.
 ૨. સ્ત્રી. રાખ. સોનીઓની બોલીમાં રાખ માટે આ શબ્દ વપરાય છે.

ખૌરૂ ૧. પું. ખરીથી જમીન ખોદવી તે.
 ૨. પું. ટંટો; ફિસાદ.
 ૩. [હિં.] પું. બળદનું ભાંભરવું તે.

ખૌલ [હિં.] ન. માપ.

ખૌલતા વિ. ઊકળતું; બાળી નાખે એવું.

ખૌલન સ્ત્રી. ઊકળવું તે.

ખૌલવું ૧. અ. ક્રિ. ઊકળવું.
 ૨. અ. ક્રિ. મનમાં બળવું.

ખૌલા જુઓ ખૌલ.

ખૌલાખસા વિ. ગંદું.

ખૌલાવવું ૧. સ. ક્રિ. બાળવું; ઉકાળવું.
 ૨. સ. ક્રિ. મનમાં બાળવું.

ખૌળા ન. એ નામનું એક જાનવર.

ખૌંખી [હિં.] પું. ઉધરસનો અવાજ.

ખૌંખૌં [હિં.] પું. ઉધરસનો અવાજ.
 ખૌંખૌં કરવું = ઉધરસ ખાવી.

ખૌંચ [હિં.] સ્ત્રી. બંને હાથની હથેળી ભેગી કરીને અનાજ કે પાણી રાખવા માટે બનાવેલ ખોબો.

ખૌંચા ૧. પું. એક જાતની પેટી.
 ૨. પું. સાડાછનો પાડો.

ખૌંટા [હિં.] સ્ત્રી. લૂગડામાં ચીરો.

ખૌંસડા (ખૌંસડ઼ા) [હિં.] પું. જૂનો જોડો.

ખ્યૂંગ સ્ત્રી. બંગાળમાં વપરાતી એક ભાષા.

ખ્યા ૧. સ્ત્રી. બુદ્ધિ.
 ૨. [સં.] સ. ક્રિ. કહેવું; જાહેર કરવું.
 ૩. સ. ક્રિ. (ધાતુ) વખાણ કરવાં; વખાણવું. તે ઉપરથી ખ્યાત, પ્રખ્યાત, વિખ્યાત, ખ્યાતિ, પ્રખ્યાતિ વગેરે શબ્દ થયેલા છે.

ખ્યાત ૧. [સં. ખ્યા (કહેવું)] સ્ત્રી. કીર્તિ; ખ્યાતિ; પ્રશંસા; વખાણ.
 ૨. સ્ત્રી. વાણી.
 ૩. ન. કથન; કથા; કહેવું તે.
 ૪. ન. ઘોષણા; જાહેરાત.
 ૫. વિ. કહેલું.
 ૬. વિ. જાણીતું; પ્રખ્યાત; પંકાયેલ.

ખ્યાતગર્હણ [સં.] વિ. નિંદેલ; નિંદા કરાયેલ.

ખ્યાતગર્હિત જુઓ ખ્યાતગર્હણ.

ખ્યાતવ્ય ૧. [સં.] વિ. જાણવા જેવું.
 ૨. વિ. વખાણવા જેવું.

ખ્યાતિ ૧. [સં.] પું. (પુરાણ) ઉલ્મુકના ૭ માંહેનો એ નામનો એક પુત્ર.

૨. પું. (પુરાણ) તામસ મનુના પુત્રો માંહેનો એ નામનો એક.

૩. સ્ત્રી. આબરૂ; નામાંકિતપણું; પ્રશંસા; શાખ.

૪. સ્ત્રી. ઓળખ; ઓળખાણ; જાણીતાપણું; પ્રસિદ્ધિ.

૫. સ્ત્રી. કથન; વાદ.

૬. સ્ત્રી. (પુરાણ) કર્દમ પ્રજાપતિની નવ કન્યામાંની એક અને ભૃગુ ઋષિની સ્ત્રી.

૭. સ્ત્રી. ઘરાકી.

૮. સ્ત્રી. જ્ઞાન; સમજ.

૯. સ્ત્રી. પ્રકાશ; તેજ.

૧૦. સ્ત્રી. મહત્તત્ત્વ.

ખ્યાતિકર [સં.] વિ. વખાણ કરાવે એવું.

ખ્યાતિજનક જુઓ ખ્યાતિકર.

ખ્યાતિપંચક ન. (વેદાંત) મિથ્યા જ્ઞાન; ભ્રમ. તેનું પ્રતિપાદન જુદા જુદા શાસ્ત્રકારો જુદી જુદી રીતે કરે છે. તેને ખ્યાતિ પંચક કહે છે. એ પાંચ ખ્યાતિ આ પ્રમાણે છેઃ (૧) (શૂન્યવાદી) અસતખ્યાતિ, (૨) (ક્ષણિક વાદી) આત્મખ્યાતિ, (૩) (ન્યાય) અન્યથાખ્યાતિ, (૪) (મીમાંસક) અખ્યાતિ, (૫) (વેદાંત) અનિર્વચનીય ખ્યાતિ અથવા વિવર્તવાદ. ૧. અસતખ્યાતિ–દોરડીમાં અત્યંત મિથ્યા સર્પનું જણાવું તે બીજાને કહેવું તે. આ ખ્યાતિવાળા સર્વ જગત્ શૂન્યમાંથી ઉત્પન્ન થયું એમ કહે છે. આ કહેવું શૂન્યવાદી માધ્યમિકનું છે. આ મત બૌદ્ધધર્મનો એક પેટા વિભાગ છે. ૨. આત્મખ્યાતિ–બુદ્ધિની બહાર ક્યાંય પણ સાચો સર્પ નથી. દોરડીમાં પ્રતીત થનાર સર્પ ક્ષણે ક્ષણે પરિણામ પામનારી બુદ્ધિરૂપ છે. આમ બુદ્ધિરૂપ આત્મા સર્વરૂપે પ્રતીત થાય છે. આ ખ્યાતિ ક્ષણિક વિજ્ઞાનવાદીની છે. આ ક્ષણિક વિજ્ઞાનવાદ પણ બૌદ્ધ ધર્મનોજ એક પેટા વિભાગ છે. આ મતે પ્રતીત થતું સર્વ જગત્ બુદ્ધિરૂપ છે. ૩. અન્યથાખ્યાતિ–રાફડા આદિ અન્ય સ્થળમાં જોયેલો સાચો સર્પ નેત્રના દોષથી દોરડી દેશમાં જણાય છે એમ કહેવું તે. આ નૈયાયિકો અને વૈશેષિકોનું કહેવું છે. તેમને મતે એક દેશમાં રહેલ સર્પનું અન્ય સ્થાનમાં એટલે દોરડી દેશમાં જણાવું થાય છે. આ ખ્યાતિનું અન્ય સ્વરૂપ આ પ્રમાણે છેઃ દોરડીનું મંદ અહંકારને લઈ દોરડીરૂપે જ્ઞાન નહિ થતાં બીજે રૂપે જ્ઞાન થાય છે તેમ એક પ્રકારના પદાર્થનું અન્ય પ્રકારે જણાવું તે અન્યથાખ્યાતિ. ૪. અખ્યાતિ–જ્યાં દોરડીમાં સર્પનું જ્ઞાન થાય છે ત્યાં બે અંશ હોય છે. એક દોરડીનું સામાન્ય પ્રત્યક્ષ જ્ઞાન અને બીજું સર્પની સ્મૃતિ. જોનારને ભય દોષને લીધે મને બે પ્રકારનું જ્ઞાન થયું છે એવું ભાન રહેતું નથી, પણ આ સર્પ છે એવું જ્ઞાન થયાનું જણાય છે. આ અખ્યાતિ છે અને તેને સાંખ્ય અને પ્રભાકર મતવાળા માને છે. ૫. અનિર્વચનીય ખ્યાતિ–આ ખ્યાતિ વેદાંતીઓ માને છે. નેત્રાદિક દ્વારા બહાર નીકળેલી અંતઃકરણની વૃત્તિ પદાર્થ સમીપ જાય છે અને પદાર્થને આકારે થાય છે. તેમાં પ્રકાશાદિ સહાય થાય છે, તેથી પદાર્થના આવરણનો ભંગ થાય છે. જ્યાં મંદ અંધકારમાં પડેલી દોરડીમાં સર્પની ભ્રાંતિ થાય છે, ત્યાં અંતઃકરણની વૃત્તિ નેત્ર દ્વારા નીકળી અને પદાર્થ પર્યંત ગઈ પણ ખરી, પરંતુ પ્રકાશની સહાય વિના દોરડીનું આવરણ દૂર થયું નહિ, તેથી રજ્જુ ઉપહિત ચેતનને આશરે રહેલી અવિદ્યામાં ક્ષોભ થઈને તેના તમોગુણનું સર્પરૂપ પરિણામ થયું અને વૃત્તિ ઉપહિત ચેતનને આશરે રહેલી અવિદ્યામાં ક્ષોભ થઈને તેના સત્ત્વગુણનું સર્પના જ્ઞાનરૂપ પરિણામ થયું. એ સર્પનું જ્ઞાન અને સર્પ વસ્તુ સત્ નથી, કેમકે ઉત્તર કાળે તેનો બોધ થાય છે, તેમ અસત્ પણ નથી, કેમકે વર્તમાનકાળમાં તે દેખાય છે. એવી રીતે સત્ અસત્થી વિલક્ષણ સર્પનું અને તેના જ્ઞાનનું જણાવું અને કહેવું એ અનિર્વચનીય ખ્યાતિ છે.

ખ્યાતેય પું. (પુરાણ) નીલ પરાશર કુળમાં ઉત્પન્ન થયેલો એ નામનો એક ઋષિ.

ખ્યાપક ૧. [સં. ખ્યા (કહેવું)] વિ. કબૂલ કરનાર.

૨. વિ. કહેનાર; જણાવનાર; પ્રકાશ કરનાર; પ્રસિદ્ધ કરનાર.

૩. વિ. પ્રાપ્ત કરનાર; મેળવનાર.

૪. વિ. સમજાવતું; સૂચક; સૂચના કરનાર.

૫. વિ. સ્થાપક; સ્થાપના કરનાર.

ખ્યાપન ૧. [સં.] ન. ઉદ્ગાર; શબ્દ; બોલ.

૨. ન. એકરાર; કબૂલાત.

૩. ન. ખબર; સમાચાર.

૪. ન. ખ્યાતિ વધારવી તે; પ્રખ્યાત કરવું તે; વખાણ.

૫. ન. જાહેરાત; નિર્દેશ; પ્રસિદ્ધ કરવું તે; પ્રસિદ્ધિ.

૬. ન. ઠરાવ.

૭. ન. બયાન; વર્ણન.

૮. ન. સમ ખાવાપણું; સોગન લેવા તે.

૯. ન. સમજાવવું તે.

૧૦. ન. સૂચના; સૂચવવું તે.

૧૧. ન. સ્થાપન; સ્થાપના.

ખ્યાપના જુઓ ખ્યાપન.

ખ્યાપિત ૧. [સં.] વિ. જાહેર; પ્રસિદ્ધ.

૨. વિ. પ્રશંસા કરેલું; વખાણેલું.

ખ્યાર ન. એ નામનું એક ઝાડ; ગરમાળો.

ખ્યાલ (ખ્યાલ) ૧. [ફા.] પું. અટકળ; અડસટ્ટો.

૨. પું. અભિપ્રાય; મત.

૩. પું. એક જાતનું ગાયન; ગાયનની એક ગત; સંગીતની એક પદ્ધતિ; લાવણી. ખ્યાલના ગાયનોમાં તાનબાજી વધારે હોવાથી લોકોને તે વધારે પ્રિય હોય છે. મુઘલ બાદશાહ મહમદશાહના આશ્રય નીચે સદારંગ અને અદારંગ નામના બે ગુણી ગાયકોએ હજારો ખ્યાલો રચી આ પદ્ધતિને સારા પાયા ઉપર મૂકી પોતાના ઘણા શિષ્યોને શીખવી.

૪. પું. એક જાતનો તાલ. તેની માત્રા, તેનું અંગ અને સ્વરૂપ ત્રિતાલ પ્રમાણે છે. તે ત્રિતાલનું જ જુદું સ્વરૂપ છે. તેની માત્રા સોળ છે.

૫. પું. કલ્પના; તર્ક.

૬. પું. કેડો; પૂંઠ.

૭. પું. ક્રીડા; ખેલ; રમત.

૮. પું. ધ્યાન; વિચાર.

૧. ખ્યાલ કરવો = (૧) કલ્પના કરવી. (૨) યાદ કરવું. (૩) વિચાર કરવો.

૨. ખ્યાલ છોડવો = (૧) ખરાબ ટેવ છોડી દેવી. (૨) પાછળ જવું.

૩. ખ્યાલ બહાર = ગળે ન ઊતરે એવું; ધ્યાનમાં ન આવે એવું.

૪. ખ્યાલ બાંધવો = વિચાર કરવો.

૫. ખ્યાલ રહેવો = યાદ રહેવું.

૬. ખ્યાલ રાખવો = (૧) આદર રાખવો. (૨) કૃપાદૃષ્ટિ રાખવી. (૩) ધ્યાનમાં રાખવું.

૭. ખ્યાલથી ઊતરી જવું = ભૂલી જવું.

૮. ખ્યાલમાં આવવું = સમજમાં આવવું.

૯. પું. સલૂકાઈથી વાતચીત કરવી તે; આદર.

૧૦. પું. સ્વપ્ન.

ખ્યાલટપ્પો પું. ખ્યાલ અને ટપ્પો; ગાયનનો એક પ્રકાર. કવિતામાં સામસામા આનંદને ખાતર વાદવિવાદરૂપે હાથમાં ડફ લઈ લાવણી છપ્પા વગેરે બોલવા તેને ખ્યાલટપ્પો કહે છે.

ખ્યાલત જુઓ ખ્યાલ.

ખ્યાલતમાશા પું. ગાવું, નાચવું વગેરે પ્રકારના સુખોપભોગ.

ખ્યાલિયો પું. (સંગીત) ખ્યાલટપ્પા ગાનારો; ખ્યાલ પદ્ધતિથી ગાનારો.

ખ્યાલી (ખ્યાલી) ૧. [ફા. ખિયાલી (તાર્કિક)] વિ. કલ્પિત; અનુમિત.

૨. વિ. ખયાલ કે લાવણી જોડનારું.

૩. વિ. ખયાલ બનાવનાર.

૪. વિ. ખયાલ રાગ ગાનાર.

૫. વિ. ખેલ કરનાર.

૬. વિ. તરંગી; તર્કબાજ; તાર્કિક; હવાઈ.

૧. ખ્યાલી ખુશી = માની લીધેલ ખુશી.

૨. ખ્યાલી પુલાવ પકવવો = શેખચલ્લી બનવું; હવાઈ કિલ્લા બાંધવા.

૭. વિ. મનસ્વી.

૮. વિ. વહેમી.

ખ્યાલીખુશાલો (ખ઼્યાલીખ઼ુશાલી) ૧. [ફા.] સ્ત્રી. આનંદ; મોજમજા; વિનોદ; વિલાસ.

૨. સ્ત્રી. ગાનતાનમાં ખુશી રહેવું તે; નાચરંગ; રાગરંગ.

૩. સ્ત્રી. ઠઠ્ઠામશ્કરી; રમૂજ.

ખ્યાલે અ. પાછળ; પૂંઠે.

ખ્યાલેશરીફ (ખ઼્યાલેશરીફ઼) [અ.] પું. ઉત્તમ વિચાર.

ખ્રિજર વિ. ભૂલ્યાને રસ્તો બતાવનાર.

ખ્રિષ્ટ [અં. ક્રાઈસ્ટ] પું. ઈસા મસીહ; ઈસુ.

ખ્રિષ્ટાન [હિં.] પું. ખ્રિસ્તી.

ખ્રિષ્ટીય ૧. [હિં.] વિ. ઈસા સંબંધી; ખ્રિસ્ત સંબંધી.

૨. વિ. ખ્રિસ્તી ધર્મ સંબંધી.

ખ્રિસ્ત [અં. ક્રાઈસ્ટ] પું. ખ્રિસ્તી ધર્મના પ્રવર્તક ઈસુ. ખ્રિસ્તનો અર્થ અભિષિક્ત એટલે દેવથી અભિષિક્ત થયેલો થાય છે. મૂળ હીબ્રૂ શબ્દનો આ ગ્રીક તરજુમો છે. તેનો અર્થ માણસોના તારનાર તરીકે મનુષ્યદેહમાં મોકલેલો પરમેશ્વરનો પુત્ર થાય છે. ખ્રિસ્ત એ ઈસુનું પદવીસૂચક નામ છે. તેનો મૂળ અર્થ તૈલલિપ્ત અથવા તેલવાઈ કરેલો એવો થાય છે. આગળ યહૂદી લોક રાજાઓને તથા ગુરુપદ ધરાવનારાઓને તેલવાઈ કરતા, માટે એ બોલ ઈસુને લગાડવામાં આવે છે.

ખ્રિસ્તજયંતી સ્ત્રી. ઈસુ ખ્રિસ્તનો જન્મદિવસ.

ખ્રિસ્તધર્મી વિ. ખ્રિસ્તી ધર્મનો અનુયાયી; ખ્રિસ્તી ધર્મને માનનાર.

ખ્રિસ્તપૂર્વે અ. ઈસવી સન પૂર્વે.

ખ્રિસ્તાપૂર્વી અ. ઈસવી સન પૂર્વે.

ખ્રિસ્તાબ્ધ ન. ઈસવી સન; ખ્રિસ્તી સન.

ખ્રિસ્તી ૧. પું. ઈસુ ખ્રિસ્તના ધર્મને માનનારો માણસ; 'ક્રિશ્ચિયન'. આ નામ પ્રથમ અંત્યોખ શહેરમાં ઈસુના અનુયાયીઓને આપવામાં આવ્યું હતું.

૨. વિ. ઈસુ ખ્રિસ્ત સંબંધી.

૩. વિ. ઈસુના ધર્મનું.

ખ્રિસ્તીકરણ ન. ખ્રિસ્તી નામ આપવાનો સંસ્કાર.

ખ્રિસ્તી સન પું. એ નામનો એક સન. ખ્રિસ્તી ધર્મસંસ્થાપક ઈસુ ખ્રિસ્તના જન્મકાલનો આ શક છે. આ સનનું વર્ષ સૌર છે. આ સનનો પ્રારંભ જાન્યુઅરિની પહેલી તારીખે થાય છે.

ખ્રિસ્તી સંવત જુઓ ખ્રિસ્તી સન.

ખ્રિસ્તીસ્થાન ન. ખ્રિસ્તી ધર્મના અનુયાયીના વસવાટવાળું સ્થળ.

ખ્રિસ્તેતર વિ. ખ્રિસ્તી સિવાય બીજા ધર્મવાળું; પરધર્મી.

ખ્વાઈશ [ફા. ખ્વાહિશ] સ્ત્રી. ઇચ્છા; મરજી.

ખ્વાએશ જુઓ ખ્વાઈશ.

ખ્વાજા (ખ઼્વાજા) ૧. [ફા.] પું. ઊંચા દરજ્જાનો મુસલમાન ફકીર.

૨. પું. ખોજો; રાણીવાસનો નપુંસક નોકર.

૩. પું. પ્રસિદ્ધ પુરુષ.

૪. પું. માલિક.

૫. પું. મોટો વેપારી.

૬. પું. સદ્ગૃહસ્થ.

૭. પું. સરદાર.

૮. પું. હાકેમ; 'ગવર્નર'.

૯. સ્ત્રી. ખોજાની એ નામની અટક.

૧૦. ન. એ નામની અટકનું માણસ.

૧૧. વિ. એ નામની અટકનું.

ખ્વાજાખિજિર (ખ઼્વાજાખ઼િજ઼િર) પું. એ નામનો મુસલમાની મહંત. સિંધમાં હિંદુઓના જિંદા પીર એ જ મુસલમાનોના ખ્વાજાખિજિર છે.

ખ્વાજાખિઝર (ખ઼્વાજાખ઼િઝ઼ર) [ફા.] પું. એ નામના એક પેગંબર. તે દૈવી જ્ઞાનમાં પ્રવીણ હતા. તેણે અમૃત શોધી કાઢયું હોય એમ મનાય છે અને તેથી તે પાણીના દેવ મનાય છે. મુસલમાનો ભાદરવા મહિનાના ગુરુવારની સાંજે તેના માનમાં નાના તરાપા ઉપર ફાનસ ફૂલ વગેરે મૂકી તેને નદીમાં વહેતાં મૂકે છે.

ખ્વાજાખિઝ્ર (ખ઼્વાજાખ઼િઝ઼્ર) જુઓ ખ્વાજાખિઝર.

ખ્વાજાઝાદા (ખ઼્વાજાઝ઼ાદા) [ફા.] પું. નાના શેઠ.

ખ્વાજાતાશ (ખ઼્વાજાતાશ) [ફા.] પું. સાથી.

ખ્વાજાનૂરમહંમદ (ખ઼્વાજાનૂરમહંમદ) પું. ચિશ્તી ધર્મનો પ્રચાર કરનાર એ નામનો મુસલમાની સંત. તેણે પોતાના પંથનો ફેલાવો સિંધ અને પંજાબમાં કર્યો. તેનું મરણ ઈ. સ. ૧૭૯૧માં થયું હતું.

ખ્વાજામુઈનઅલદીન (ખ઼્વાજામુઈનઅલદીન) પું. એ નામનો એક પીર. ઈ. સ. ૧૧૪૨માં સિસ્તાનમાં તેનો જન્મ થયો હતો. તે વખતના લગભગ બધા સૂફી ગુરુઓની મુલાકાત લેવાના હેતુથી તે ખુરાસાનથી બગદાદ ગયો હતો અને ઈ. સ. ૧૧૯૩માં દિલ્હી આવ્યો હતો. પરંતુ ત્યાં રહેવું તેને ન ગમ્યું. છેવટે અજમેરમાં હિંદુઓના પવિત્ર તીર્થ પુષ્કરજી આવી ત્યાં તેણે અડ્ડો જમાવ્યો. ઈ. સ. ૧૨૩૬માં તેનું મરણ થયું હતું. તે પવિત્ર હોઈને ખ્વાજા એટલે પવિત્ર કહેવાયો. હિંદી સૂફીઓ તેને હિંદના પીરોના શહેનશાહ અગર સમ્રાટ માને છે.

ખ્વાજાસરા (ખ઼્વાજાસરા) [ફા.] પું. પાવૈયો; ષંઢ.

ખ્વાઝગાં (ખ઼્વાઝ઼ગાં) પું. બ. વ. ખોજાઓ.

ખ્વાન (ખ઼્વાન) ૧. [ફા. ખ્વાન (મેજ)] પું. (જરથોસ્તી) પથ્થરનો ચોરસ તકતો; યઝશ્નગાહમાં વપરાતો પથ્થરનો તકતો. આ પથ્થરને ખ્વાન કહેવામાં આવે છે, કેમકે તેને મેજની માફક ચાર પાયા હોય છે.

૨. પું. મોટી રકાબી.

૩. પું. વાંચનાર.

ખ્વાનપોશ (ખ઼્વાનપોશ) [ફા. ખ્વાન (મેજ) + પોશીદન (ઢાંકવું)] પું. મોટી રકાબી ઢાંકવાનું લૂગડું.

ખ્વાનસામાન (ખ઼્વાનસામાન) [ફા.] પું. ખાનસામા; ઘરનો નોકર.

ખ્વાનસાલાર (ખ઼્વાનસાલાર) જુઓ ખ્વાનસામાન.

ખ્વાની (ખ઼્વાની) [ફા.] સ્ત્રી. મોઢે બોલવું તે.

ખ્વાન્ચા (ખ઼્વાન્ચા) [ફા.] પું. નાની રકાબી.

ખ્વાબ (ખ઼્વાબ) ૧. [ફા.] પું. નિદ્રા; ઊંઘ.

૨. પું. મખમલ.

૩. પું. સોણું; સ્વપ્નું.

ખ્વાબગાહ (ખ઼્વાબગાહ) [ફા. ખ્વાબ (નિદ્રા) + ગાહ (સ્થળ બતાવનાર શબ્દ)] પું. સૂવાનો ઓરડો.

ખ્વાબી (ખ઼્વાબી) ૧. વિ. સ્વપ્ન અવસ્થાવાળું; સ્વપ્નનું; સ્વપ્ન સંબંધી.

૨. વિ. સ્વપ્ન રચ્યા કરનારું.

ખ્વાબીદા (ખ઼્વાબીદા) [ફા.] વિ. ઊંઘણશી; સુસ્ત.

ખ્વાર (ખ઼્વાર) ૧. વિ. અનાદર પામેલ; તિરસ્કૃત.
૨. વિ. કલંકિત; દોષિત.
૩. વિ. ખરાબ.
૪. વિ. ખાઈ જનાર.
૫. વિ. ઘણું દુ:ખી.
૬. વિ. ત્યજાયેલું; મિત્ર વગરનું.
૭. વિ. પાયમાલ થયેલ; સત્યાનાશ પામેલ.

ખ્વારખાર (ખ઼્વારખ઼ાર) ૧. [ફા.] વિ. કંગાલ; ગરીબ.
૨. વિ. ખાનાર.
૩. વિ. દારૂડિયું.
૪. વિ. દુ:ખી.
૫. વિ. બેહાલ; પાયમાલ.
૬. વિ. માણસને ખાઈ જનાર.

ખ્વારી (ખ઼્વારી) ૧. [ફા.] સ્ત્રી. અનાદર; અપમાન; તિરસ્કાર.
૨. સ્ત્રી. ખરાબી; પાયમાલી; બરબાદી.
૩. સ્ત્રી. ભ્રષ્ટતા; હલકાઈ.

ખ્વાસ્ત (ખ઼્વાસ્ત) [ફા.] સ્ત્રી. ઇચ્છા.

ખ્વાસ્તગાર (ખ઼્વાસ્તગાર) ૧. પું. ઉમેદવાર.
૨. વિ. ચાહનાર.

ખ્વાસ્તગારી (ખ઼્વાસ્તગારી) ૧. [ફા.] સ્ત્રી. અરજી.
૨. સ્ત્રી. ઉમેદવારી.

ખ્વાસ્તાર (ખ઼્વાસ્તાર) જુઓ ખ્વાસ્તગાર.

ખ્વાહ (ખ઼્વાહ) ૧. [ફા.] પું. ઇચ્છનાર માણસ.
૨. સ્ત્રી. ઇચ્છા; મરજી.
૩. અ. અથવા; કે.

ખ્વાહર (ખ઼્વાહર) [ફા.] સ્ત્રી. બહેન.

ખ્વાહાં (ખ઼્વાહાં) ૧. [ફા.] વિ. અનુરાગી; પ્રેમ ભરેલું.
૨. વિ. ઇચ્છાવાળું.

ખ્વાહિર જુઓ ખ્વાહર.

ખ્વાહિશ (ખ઼્વાહિશ) ૧. [ફા.] સ્ત્રી. અભિલાષા; આકાંક્ષા; ઇચ્છા; મરજી.
૨. સ્ત્રી. અરજ; વિનતિ.
૩. સ્ત્રી. દરખાસ્ત; સલાહ.

ખ્વાહિશમંદ (ખ઼્વાહિશમંદ) [ફા.] વિ. આકાંક્ષી; ઇચ્છા રાખનાર; ઇચ્છાવાળું.

ખ્વાંદ (ખ઼્વાંદ) [ફા.] વિ. વાંચતું.

ખ્વાંદકાર (ખ઼્વાંદકાર) પું. મહેતાજી; વાચન શિખવાડનાર.

ખ્વાંદા (ખ઼્વાંદા) ૧. [ફા.] વિ. વાંચવા લખવાનું જાણનાર.
૨. વિ. વાંચેલું.

ખ્વેશ (ખ઼્વેશ) ૧. [ફા.] પું. કુટુંબ.
૨. પું. જમાઈ.
૩. પું. સગો.
૪. સ. પોતે.
૫. સ. પોતાનું; અંગત; પોતીકું.

ખ્વેશી (ખ઼્વેશી) [ફા.] સ્ત્રી. સગાઈ; સગપણ.

ગ

ગ

ગ ૧. [સં.] પું. એક અલ્પપ્રાણ ઘોષ વ્યંજન; ગુજરાતી લિપિના મૂળાક્ષરમાંનો ચૌદમો અને વ્યંજનોમાંનો કંઠસ્થાની ત્રીજો વર્ણ; એક સિદ્ધ વ્યંજન. દેવનાગરી અને કાયથી લિપિના 'ગ'માં બહુ ફેર નથી. તેથી ગુજરાતી ગ તે બંનેમાંથી કઈ લિપિમાંથી આવ્યો હશે, તે વિષે કંઈ નક્કી કહી શકાય તેમ નથી. દેવનાગરી ગ, આવો ग છે, ત્યારે કાયથી ગ આવો ગ઼ છે. આ બંનેનાં રૂપ જોતાં ગુજરાતી ગ કાયથી ઉપરથી થયાનો વધારે સંભવ જણાય છે. 'ગ'ને કોઈ વ્યંજન જોડવો હોય તો 'ગ્' લખાય છે, એટલે કે 'ગ'નો કાનો અલોપ થાય છે. ગકારનો મહાપ્રાણ ઘ છે. લહિયાઓને પુસ્તક લખતાં સહેજ ઊડતું હોય અથવા લખવાનું તે દિવસ માટે કે અમુક વખત બંધ કરવું હોય તો આ અક્ષર ઉપર તેઓ અટકતા નથી, કારણકે તેઓ માને છે કે 'ગ ગરમ હોવે'.

૨. પું. ગણેશ.

૩. પું. ગંધર્વ.

૪. પું. ગાનાર.

૫. પું. (પિંગળ) ગુરુ વર્ણ; ગુરુ માત્રા. જુઓ ગુરુ.

૬. પું. (સંગીત) તાલનાં મુખ્ય છ માંહેનું ચોથું અંગ; ગુરુઅંગ; વક્ર; દીર્ઘ; દ્વિમાત્રિક; પૂન્ય; ગમુ; યુગલ; કલા; વક્રી; ત્રિરાવૃત્યાવક્રી; આઠ માત્રાનું અંગ; આઠ માત્રાને અંતરે તાલ આવે તે ભાગ.

૭. પું. ત્રણ સૂચક સાંકેતિક અક્ષર.

૮. પું. (પિંગળ) શુભ વર્ણ માંહેનો એક વર્ણ.

૯. પું. (સંગીત) સા, રી, ગ, મ, પ, ધ, ની એ સાત સૂરમાંનો ત્રીજો ગાંધાર સૂર; ગાંધાર રાગની સંજ્ઞા. તે દિલગીરી ઉત્પન્ન કરનાર તથા રડવાનો રાગ છે.

૧. ગ અંતર = કર્ણાટક તરફ વપરાતા સોળ શ્રુતિસ્વરો માંહેનો સાતમો સ્વર.

૨. ગ તીવ્ર = ચઢી ગાંધાર; તીવ્ર ગાંધાર; શુદ્ધ ગાંધાર; બાર સ્વર માંહેનો પાંચમો સ્વર.

૩. ગ શુદ્ધ = (૧) ઊતરી ગાંધાર; કોમળ ગાંધાર; બાર માંહેનો ચોથો સ્વર. (૨) કર્ણાટક તરફ વપરાતા સોળ શ્રુતિસ્વર માંહેનો પાંચમો સ્વર.

૪. ગ સાધારણ = કર્ણાટક તરફ વપરાતા સોળ શ્રુતિસ્વર માંહેનો છઠ્ઠો સ્વર.

૧૦. પું. સિંહ.

૧૧. ન. ગીત; ગાયન.

૧૨. [સં. ગમ્ (જવું)] વિ. ગતિ કરનાર; જનાર; હિલચાલ કરનાર. જેમકે, ખગ; ઉરગ.

૧૩. વિ. પ્રાપ્ત થનાર.

૧૪. અ. સમાસને છેડે 'ની સાથે રતિક્રીડા કરતું' એવો અર્થ બતાવનાર પ્રત્યય.

૧૫. [મ.] અ. સંબોધનમાં એલી, પેલી, એઈ એવા અર્થમાં વપરાતો અવ્યય. ખાસ કરીને સ્ત્રીઓ વાતચીત કરવામાં, સાધારણ બોલવા ચાલવામાં પણ 'ગ' શબ્દ યોજે છે. તેનો ખાસ કાંઈ હેતુ હોતો નથી. જેમકે, ગ ઘરમાઝં = મારૂં ઘર. એમાં 'ગ'નો અર્થ થતો નથી.

ગઅનમ પું. આકાશ; આસમાન.

ગઈ ૧. સ્ત્રી. આશ્રયસ્થાન.

૨. સ્ત્રી. એક ભવમાંથી બીજા ભવમાં જવું તે.

૩. [પ્રા.] સ્ત્રી. (જૈન) ગતિ; મૂઆ પછીની હાલત. ચાર ગતિનાં નામ: (૧) નરક, (૨) તિર્યંચ, (૩) મનુષ્ય અને (૪) દેવતા.

૪. સ્ત્રી. ચાલ; ગમન.

૫. વિ.સ્ત્રી. ગયેલી; અતીત; વીતેલી; ભૂતકાળની.

૧. ગઈ આબરૂ પાછી આવે પણ ગઈ કાલ પાછી ન આવે = ગયો વખત પાછો આવતો નથી.

૨. ગઈ ઘડી–વાત જોશી યે વાંચતો નથી– ગઈ તિથિ બ્રાહ્મણ પણ વાંચતો નથી = ભૂતકાળને ભૂલી જવો જોઈએ; થયું અણથયું થવાનું નથી; ગઈ ગુજરી વિસારી મૂકવી; ગઈ વાતનો શોક ન કરવો.

૩. ગઈ જુવાની અને આવ્યો બુઢાપો તે પાંતીનો કેવો કુડાપો = ગઈ પળ પાછી ન આવે; ગઈ ગુજરી વિસારી મૂકો.

૪. ગઈ પરમ દિને = ગઈ કાલને આગલે દિવસે.

૫. ગઈ રાતરે–રાતે–રાત્રે = આજના દિવસની પહેલી રાતે.

૬. ગઈ વાતનો શોક ન કરવો = કોઈ વસ્તુ થઈ ગયા પછી તેને માટે બળાપો કરવાથી થઈ ગયું તેમાં સુધરવાનું નથી.

૬. અ. ક્રિ. 'જવું'નું ભૂતકાળનું નારીજાતિનું રૂપ.

ગઈકાલ ૧. સ્ત્રી. તરતનો ગયેલો દિવસ; આજના દિવસનો આગલો દહાડો.

૨. અ. હમણાં જ; ઘણો વખત થયો નથી એમ.

ગઈકાલે ૧. અ. આજનાથી આગલા દિવસે.

૨. અ. હમણાં જ; ઘણો વખત થયો નથી એમ.

ગઈગુજરી સ્ત્રી. બની ગયેલી હકીકત; ભૂતકાળની બાબત. બનવાનું બની ગયું એમ દિલાસો લેતાં કે આપતાં આ શબ્દ વપરાય છે.

ગઈણ સ્ત્રી. જંગલી ડાંગર; અડબાઉ ડાંગર.

ગઈદોમ [ફા.] વિ. મૂર્ખ.

ગઈનાહી [હિં.] સ્ત્રી. જ્ઞાન; જાણકારી.

ગઉ ૧. [સં. ગવ્યૂત] પું. ગાઉ; કોસ; દોઢ કે પોણાબે માઈલનું અંતર.

૨. [સં. ગો] સ્ત્રી. (પ્રાકૃત) ગાય; ગૌ; ધેનુ; ગાવડી.

ગઉચર [સં. ગો (ગાય) + ચર્ (ચરવું)] ન. ઢોરને ચરવાની જગ્યા; ચરો; ગોચર.

ગઉત પું. એક જાતનો ઘોડો.

ગઉદંતો પું. એક જાતનું ઝવેરાત. તે અકીક જેવો ગૂગળો પણ સહેજ લીલી ઝાંયનો હોય અને અકીક કરતાં અંદર સહેજ ચોખ્ખો હોય.

ગઉદાન [સં. ગો (ગાય) + દાન (આપવું તે)] ન. ગાયનું દાન; ગોદાન.

ગઉમાખ સ્ત્રી. બગા; ઢોર કે કૂતરાં ઉપર બેસતી એક જાતની માખ.

ગઉમૂત્ર [સં. ગોમૂત્ર] ન. ગાયનું મૂતર.

ગઉરી [સં. ગૌરી] સ્ત્રી. (પ્રાકૃત) ગૌરી.

ગએટે પું. એ નામનો એક સાહિત્યકાર; અમર સાહિત્યસ્વામીઓ માંહેનો એક.

ગએણી પું. (કચ્છી) આસમાની ફૂલવાળો એક જાતનો વેલો; ગોકોણી; ગરણી. તેનાં બી કબજિયત ઉપર અપાય છે.

ગઓઝૂદાઈઅર પું. (જરથોસ્તી) શુદ્ધિ કરાવનાર પુરુષ.

ગઓમેઝ ન. (જરથોસ્તી) ગોમૂત્ર.

ગઓશાવરી સ્ત્રી. (જરથોસ્તી) કાનની વાળી; પારસીઓનાં લગ્નમાં કન્યાના બાપ તરફથી કન્યાને અપાતી વાળી.

ગકાર ૧. [સં.] પું. ગ અક્ષર; વ્યંજનો માંહેનો ત્રીજો વ્યંજન.

૨. પું. ગ ઉચ્ચાર.

ગકારાંત વિ. જેને છેડે ગકાર હોય એવું.

ગક્કર ૧. [સં. કૈકય] સ્ત્રી. પંજાબની વાયવ્યે રહેતી એ નામની એક જાતિ.

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

ગગટિ સ્ત્રી. એક જાતની માછલી; 'હડોક'. તે લાંબી મુસાફરી કરી શકતી નથી.

ગગડ (ગગડ઼) પું. ગડગડ એવો અવાજ.

ગગડવું (ગગડ઼વું) ૧. અ. ક્રિ. ઊતરી જવું; ઓછું થવું; બેસી જવું. જેમકે, હાલ અમુક ચીજના ભાવ ગગડી ગયા છે.

૨. [સં. ગર્જ્ (ગર્જના કરવી)] અ. ક્રિ. ગડગડ અવાજ કરવો; હોંકારો કરવો; નાદ કરવો.

૩. અ. ક્રિ. ગડબડવું; ગોઠીમલાં ખાવાં; તળે ઉપર થતાં ઢાળને લીધે નીચાણ તરફ પડવું.

૪. અ. ક્રિ. ગાજવું; ગડગડ એવો મોટો અવાજ થવો.

૫. અ. ક્રિ. નરમ પડવું; શક્તિહીન થવું.

હાંજા ગગડવા–ગગડી જવા = (૧) ગભરાઈ જવું. (૨) શરીરના સાંધા નરમ પડવા. (૩) હિંમત હારવી.

૬. અ. ક્રિ. હિંમત ખોવી.

ગગડાટ (ગગડ઼ાટ) ૧. પું. ગડગડાટ; ગડગડ એવો અવાજ.

૨. પું. ભડાકો; ધડાકો; ગર્જના.

૩. પું. મેઘનાદ; મેઘધ્વનિ; કડાકો.

૪. પું. હબકી જાય એવો હોંકારો; હાક.

૫. અ. સપાટાબંધ; વગર હરકતે.

ગગડાવવું (ગગડ઼ાવવું) ૧. અ. ક્રિ. અવાજ કરવો.

૨. સ. ક્રિ. ગડગડે તેમ કરવું; ગડગડાવવું.

૩. સ. ક્રિ. ગબડાવવું; કંઈ પણ અડચણ સિવાય કંઈ પણ કામ કે ધંધો ચલાવ્યા કરવો; ઝપાટાબંધ અને અટકયા વગર કામ ચલાવવું.

ગોળો ગગડાવવો = વચમાં અડચણ કરવી.

૪. સ. ક્રિ. ગુડ ગુડ એવો અવાજ થાય એવી રીતે મોંથી ચૂસવું; હુક્કો પીવો.

હુક્કો ગગડાવવો = હુક્કો પીવો.

૫. સ. ક્રિ. ગોળ આંટા ફેરવવા.

ગગડી (ગગડ઼ી) સ્ત્રી. ગગી; છોકરી.

ગગડો (ગગડ઼ો) પું. ગગો; છોકરો.

ગગણ ૧. [સં. ગગન] ન. આકાશ; આસમાન; આભ; અંબર.

પતંગનું ગગણ થવું = પતંગનું આકાશ જેટલું ઊંચું જવું.

૨. ન. વાદળ.

૩. ન. સ્વર્ગ; પરલોક.

ગગણવું ૧. અ. ક્રિ. ગણગણવું; ગણગણ થવું; માખ, ભ્રમર વગેરેની પાંખનો અવાજ થવો.

૨. અ. ક્રિ. ચણચણવું; અસંતોષ બતાવવો; આનાકાની કરવી.

૩. અ. ક્રિ. નાકમાં બોલવું.

૪. અ. ક્રિ. મનમાં બબડવું.

ગગણાટ પું. ગગણવું તે.

ગગન ૧. પું. (પિંગળ) એક પ્રચૂર્ણગીતિ માત્રામેળ છંદ. તે સ્કંધક ગીતિનો એક ભેદ છે. તેમાં ૧૪ ગુરુ અને ૩૬ લઘુ મળી ૫૦ અક્ષર અને ૬૪ માત્રા હોય છે.

૨. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે ષટ્પદી છપ્પયનો એક ભેદ છે. તેમાં ૧૩૨ લઘુ અને ૧૦ ગુરુ મળી ૧૫૨ માત્રા હોય છે.

૩. પું. (પિંગળ) છપ્પયની જાતનો એક છંદ. તેમાં ૧૨ ગુરુ અને ૧૨૮ લઘુ મળી ૧૪૦ વર્ણની ૧૫૨ માત્રા અથવા તો ૧૨ ગુરુ અને ૧૨૪ લઘુ મળી ૧૩૬ વર્ણની ૧૪૮ માત્રા હોય છે.

૪. પું. પરસુદીનું ચાસણીમાં કરેલું પકવાન્ન; દળ; ચંદ્રકળા; શશિકળા; મેંદાનો એક જાતનો તળેલો પદાર્થ.

૫. પું. (પિંગળ) સવૈયાની જાતનો એક સમજાતિ માત્રામેળ છંદ. તેમાં ૪૭ ગુરુ અને ૩૦ લઘુ મળી ૭૭ અક્ષરની ૧૨૪ માત્રા હોય છે.

૬. ન. અબરખ; અભ્રક.

૭. ન. આકાશ; અનંત; અંતરિક્ષ; અંબર; આભ; આભલું; આસમાન; ખ; નભ.

૧. ગગન ખેલવો = મોજાનું ઊંચે ઊડવું.

૨. ગગન ગાજવું = વાદળાં અથડાવાથી અવાજ થવો.

૩. ગગન સાથે વાત કરવી = (૧) અસંભવિત વાતો કરવી; ફુલાવું; બડાઈ મારવી; મોટી મોટી વાતો કરવી; હવાઈ કિલ્લા બાંધવા. (૨) બહુ ઊંચું હોવું. મકાન અથવા વૃક્ષ ઘણું ઊંચું હોય ત્યારે તે ગગન સાથે વાતો કરે છે તેમ અતિશયોક્તિ તરીકે વપરાય છે.

૪. ગગનનાં પક્ષી ઝાલવાં = અસંભવિત કામ કરી અજાયબી ઉપજાવવી; આકાશનાં પક્ષી ઝાલવાં; મહાભારત કામ પાર પાડવું; હાથમાં આવે નહિ એવી વસ્તુને હાથમાં લઈ લેવાની હોશિયારી બતાવવી.

૫. ગગનનાં બચ્ચાંવાળી મુરઘી = તોરસ નામના સાત તારાનું ઝૂમખું.

૬. ગગનમાં ઊડવું = (૧) અદૃશ્ય થવું; અલોપ થઈ જવું; ગુમ થઈ જવું; જતું રહેવું. (૨) આકાશમાં ઊડવું; ફુલાવું; ફૂલીને ફાળકો થવું. (૩) નિરર્થક જવું; વ્યર્થ જવું.

૭. ગગનમાં ગાજવું = (૧) કંઈ પણ ખબર ન હોવી. (૨) કંઈ પણ ગણતરીમાં ન હોવું. (૩) ઘણે ઊંચે ગર્જના થવી. (૪) બહુ ઊંચું હોવું. (૫) મોટાઈમાં રહેવું.

૮. ગગનમાં ચડાવવું = ફુલાવવું; વખાણ કરી ઊંચે ચડાવવું.

૮. ન. પરલોક; સ્વર્ગ.

૯. ન. (પિંગળ) મીંડું; શૂન્યની સંજ્ઞા બતાવતો સાંકેતિક શબ્દ; શૂન્યાંક.

૧૦. ન. વાદળ.

૧૧. ન. શૂન્ય સ્થાન.

ગગનકમલિની સ્ત્રી. ગગનરૂપી કમલથી ભરેલું સરોવર.

ગગનકુસુમ [સં.] ન. આકાશકુસુમ; ખપુષ્પ; અસંભવિત બાબત; અલભ્ય વસ્તુ.

ગગનકુસુમવત્ અ. આકાશફૂલ પ્રમાણે; અશક્ય હોય તેમ. આકાશમાં ફૂલ થાય નહિ તેમ કોઈ વાત નિષ્ફળ નીવડવાની હોય ત્યારે આ પ્રમાણે કહેવાય છે.

ગગનકુંદાભ પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

ગગનગઢ પું. ગગનસ્પર્શી પ્રાસાદ.

ગગનગતિ ૧. પું. આકડાનો છોડ.

૨. [સં.] સ્ત્રી. આકાશમાં થતી ગતિ.

૩. સ્ત્રી. દેવ; દેવતા.

૪. સ્ત્રી. સૂર્ય વગેરે ગ્રહ.

૫. વિ. આકાશચારી; આકાશમાં ગતિ કરનાર.

ગગનગતિકા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે શર્કરી છંદનો એક ભેદ છે. તેમાં રગણ, સગણ, જગણ, નગણ, લઘુ અને ગુરુ મળી ચૌદ અક્ષર હોય છે.

ગગનગામી [સં. ગગનગામિન્] વિ. આકાશગામી; આકાશમાં ચાલનાર; ખેચર; ગગનમાં જનારું.

ગગનગાંઠિયા પું. બ. વ. એક મીઠાઈ; ગગન; ગળ્યા ગાંઠિયા; ઘઉંના લોટના તળીને કરેલા ચાસણી પાયેલા ગાંઠિયા.

ગગનગોલ પું. આકાશનો ગોળો; ખગોળ.

ગગનચર ૧. પું. આકડાનો છોડ.

૨. [સં.] ન. આકાશમાં ફરનાર પંખી, દેવ, ભૂત, પિશાચ, નક્ષત્ર, સૂર્ય, ગ્રહ, તારા અથવા રાશિચક્ર.

૩. વિ. આકાશગામી; આકાશમાં ગતિ કરનાર; ખેચર; ગગનમાં ફરનારું.

ગગનચુંબિત વિ. આકાશને અડતું; આકાશને ચુંબતું; બહુ ઊંચું.

ગગનચુંબી જુઓ ગગનચુંબિત.

ગગનધૂળ ૧. [હિં.] સ્ત્રી. કુકુરમુત્તા વનસ્પતિની એક જાત. તેનાં તાજાં ફૂલનું શાક બને છે.

૨. સ્ત્રી. કેતકીની ધૂળ.

ગગનધ્વજ ૧. પું. આકડાનો છોડ.

૨. [સં.] પું. મેઘ.

૩. પું. સૂર્ય.

ગગનનદી [સં.] સ્ત્રી. ગંગા નદી.

ગગનપટ પું. આકાશનો વિસ્તાર.

ગગનપતિ ૧. [સં.] પું. ઈંદ્ર.

૨. પું. દેવ.

ગગનપંથ પું. આકાશપંથ.

ગગનપુષ્પ જુઓ ગગનકુસુમ.

ગગનફૂલ જુઓ ગગનકુસુમ.

ગગનભેડ (ગગનભેડ઼) પું. એ નામનું એક જળચર પક્ષી.

ગગનભેદી [સં. ગગનભેદિન્] વિ. આકાશને ભેદી નાંખે તેવું; બહુ જ મોટું.

ગગનભેર જુઓ ગગનભેડ.

ગગનમંડળ ન. આકાશમંડળ.

ગગનમૂર્દ્ધા પું. (પુરાણ) એ નામનો એક દાનવ.

ગગનયંત્ર ન. એક પ્રકારનું યંત્ર; સોમાનલયંત્ર; ઉપરના ભાગમાં અગ્નિ, નીચે પાણી અને વચમાં પકાવવાની વસ્તુ હોય કે પારદ રાખ્યો હોય એવું યંત્ર.

ગગનરેખા [સં.] સ્ત્રી. એ નામની શક્તિ.

ગગનવાણી [સં.] સ્ત્રી. આકાશવાણી.

ગગનવિહાર ૧. [સં.] પું. આકાશમાં વિહાર; આકાશમાં ફરવું તે; વ્યોમવિહાર.

૨. પું. ઊંચા આદર્શવાદમાં મગ્ન રહેવું તે; બહુ ઊંચા ઊંચા ખયાલો કરવા તે.

ગગનવિહારી ૧. [સં. ગગનવિહારિન્] પું. આકડાનો છોડ.

૨. પું. આકાશપ્રદીપ; આકાશી દીવડો.

૩. પું. દેવતા.

૪. પું. પ્રકાશ આપતો આકાશીય પદાર્થ.

૫. પું. સૂર્ય.

૬. વિ. આકાશમાં વિહાર કરનાર; ગગનવિહાર કરનારૂં.

૭. વિ. ઉચ્ચ કોટિનું; ઘણું ઊંચું.

ગગનવેગા ૧. [સં.] સ્ત્રી. એ નામની એક શક્તિ.

૨. સ્ત્રી. મણિદ્વીપની અંદર આવેલી ચોસઠ માંહેની એક કલા. જુઓ કલા.

ગગનશ્રી [સં.] સ્ત્રી. આકાશની શોભા; ગગનની શોભા.

ગગનસદૃશ ૧. [સં.] પું. વિષ્ણુ.

૨. વિ. આકાશ જેવું.

ગગનસિંધુ [સં.] સ્ત્રી. ગંગા.

ગગનસુંદરી [સં.] સ્ત્રી. સંધ્યા.

ગગનસ્થ [સં.] વિ. આકાશમાં રહેનાર.

ગગનસ્થિત જુઓ ગગનસ્થ.

ગગનસ્પર્શન [સં.] પું. પવન; વાયુ; હવા.

ગગનસ્પર્શી વિ. આકાશને અડે એવું; ગગનચુંબિત; બહુ ઊંચું.

ગગના ૧. સ્ત્રી. એ નામની શક્તિ.

૨. સ્ત્રી. ચોસઠ માંહેની એ નામની એક યોગિની.

૩. સ્ત્રી. છપ્પન પાર્થિવતત્ત્વદેવતા માંહેની એક. જુઓ પાર્થિવતત્ત્વદેવતા.

ગગનાકાર વિ. અંતરગોળ; ગગનના આકાર જેવું.

ગગનાગન પું. (પિંગળ) એક માત્રામેળ છંદ; ખાંગ; ગગનાંગ. તેમાં ૨૫ માત્રા હોય છે.

ગગનાગ્ર [સં.] પું. સૌથી ઊંચું સ્વર્ગ.

ગગનાધ્વગ ૧. [સં.] પું. આકડાનો છોડ.

૨. પું. ગ્રહ.

૩. પું. દેવ.

૪. પું. સૂર્ય.

ગગનાપગા સ્ત્રી. આકાશગંગા.

ગગનારવિંદ [સં.] ન. આકાશનું કમળ.

ગગનાંગ જુઓ ગગનાગન.

ગગનાંગણ ન. આકાશનું આંગણું.

ગગનાંગના [સં.] સ્ત્રી. અપ્સરા.

ગગનાંબુ ૧. [સં.] ન. આકાશમાંથી વરસાદ વખતે ઝીલેલું પાણી; વરસાદનું પાણી.

૨. ન. દિવ્ય જળ.

ગગનેચર જુઓ ગગનચર.

ગગનેશ્વર ૧. [સં.] ન. કાયાકલ્પના પ્રયોગ માટે વપરાતું એ નામનું એક ઔષધ.

૨. પું. ગરુડ.

ગગનોદ્ગતા પું. (પિંગળ) ચૌદ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ શર્કરી છંદનો એક ભેદ છે. તેમાં રગણ, નગણ, રગણ, સગણ, લઘુ અને ગુરુ મળી ચૌદ અક્ષર હોય છે.

ગગનોલ્સુક ૧. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. આ છંદ મંગલવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૩૬ ગુરુ અને ૧૬ લઘુ મળી બાવન વર્ણ અને ૮૮ માત્રા હોય છે.

૨. [સં.] પું. મંગળગ્રહ.

ગગર [સં. ગર્ગરી] સ્ત્રી. ગાગર; પાણીનો ઘડો.

ગગરા જુઓ ગગર.

ગગરિયાં સ્ત્રી. ગાગર.

ગગરી સ્ત્રી. ગગરિયાં; ગાગર; ઘડો.

ગગરું [સં. કર્કર] વિ. કકરું; ભભરૂં; ગરગર થઈને ગરી પડે એવું; દાણાદાર.

ગગરો પું. ધાતુનો ઘડો; પહોળા પેટાળનું પણ સાંકડા મોંનું તાંબા પિત્તળનું વાસણ.

ગગરો ફેરવવો = (૧) ઉપરધારે ઘી પીરસાય એવો વરો કરવો. (૨) ભીખ માગવી.

ગગલાણી ૧. સ્ત્રી. વાણિયાની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગગલી ૧. સ્ત્રી. અગરની એક જાતિ.

૨. સ્ત્રી. ગગી; નાની છોકરી.

ગગલો પું. નાનો છોકરો; ગગો.

ગગવાણી ૧. સ્ત્રી. ભાટિયાની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગગળવું ૧. [સં. ગદ્‌ગદ] અ. ક્રિ. ગદ્‌ગદ થઈ જવું; ગળગળું થવું; નરમ થઈ જવું. પ્યારથી, ધમકીથી કે કોઈ લાગણીથી ઢીલા થઈ જવા માટે આ શબ્દ વપરાય છે.

૨. અ. ક્રિ. નબળું પડવું.

૩. અ. ક્રિ. ફિક્કા પડી જવું.

ગગળું ૧. વિ. ગદ્‌ગદ; ઢીલું; ગળગળું.

ગગળા થઈ જવું = (૧) દિલગીર થવું. (૨) રોવાઈ જવું.

૨. વિ. ગળી ગયેલું; પાકવા ઉપર આવેલું.

૩. વિ. દીન.

૪. વિ. નરમ.

ગગા ઓઝા પું. ભાવનગરમાં થઈ ગયેલ એક મુત્સદ્દી દીવાન; ગૌરીશંકર ઓઝા.

ગગી ૧. સ્ત્રી. છોડી; ગગડી; નાની છોકરી.

૨. સ્ત્રી. દીકરી; દુહિતા; પુત્રી.

ગગેટી સ્ત્રી. એક જાતનું ઝાડ.

ગગો ૧. પું. છોકરો; પોરિયો.

૨. પું. દીકરો; પુત્ર.

ગગોરી પું. જમીનની અંદર રહેનાર એક નાનો કીડો.

ગગ્ગુ ૧. પું. ગ અક્ષર; ગ મૂળાક્ષર.

૨. પું. ગનો અવાજ.

ગગ્ગો જુઓ ગગ્ગુ.

ગગ્નુ [સં.] સ્ત્રી. વાણી.

ગગ્રાલેમૂ [હિં.] પું. લીંબુની જાતનું એક ફળ.

ગગ્રુ પું. ઉંદર.

ગચ ૧. [હિં.] પું. ચૂનો લગાડેલી ભોં; છો; ધાબો.

૨. સ્ત્રી. ચૂનો.

૩. સ્ત્રી. રેતી અને ચૂનાની મેળવણીનું કરેલ મિશ્રણ; કોલ.

૪. ન. એક જાતની ધોળી ભૂકી; 'પ્લાસ્ટર ઑવ પેરિસ'.

૫. વિ. ગચ્ચ એવો અવાજ કરતું.

૬. વિ. ગીચ; ઘાટું.

૭. વિ. ઝાઝું; બહુ; વધારે.

૮. વિ. ભારે; મુશ્કેલ.

૯. અ. પસંદ; માફક.

ગચ આવવું = માફક આવવું.

૧૦. અ. સજ્જડ; તૂટે છૂટે નહિ એવું.

ગચકડિયું (ગચકડ઼િયું) ૧. ન. ઓડકાર.

૨. ન. ઘચરકો.

૩. ન. ડૂબતાં માણસને થતી ગભરામણ; ડૂબતાં તરફડિયાં મારવાં તે.

૪. ન. પુષ્કળ મહેનત.

૫. ન. બેકારી.

ગચકડી (ગચકડ઼ી) વિ. સ્ત્રી. ઝઝેરી; ઘણી.

ગચકડું (ગચકડું) ૧. ન. ઊલટીનો ઉછાળો; ઉદ્‌વમન; મોળ.

૨. ન. ઓડકાર.

૩. ન. ઘચરકો.

૪. ન. ડૂબતાં માણસને થતી ગભરામણ.

ગચકરણી સ્ત્રી. એ નામનો એક જાતનો છોડ. તેને પરસ્પર સામસામાં, લીસાં, નીચે નમતાં અણીવાળાં પાન હોય છે. તે પાન ચાવવાથી તજના જેવો સ્વાદ આવે છે. તેના પાનની લૂગદી, ચૂનાની આછ તથા ગંધક વગેરે મેળવી દરાજ તથા ખસ ઉપર લગાડવામાં આવે છે.

ગચકારી સ્ત્રી. ચૂનો અને સિમેંટ મેળવી બનાવેલો કેલ.

ગચકિયું જુઓ ગચકડું.

ગચકું ન. લથડિયું.

ગચગચ અ. કાદવમાં ચાલતાં અથવા કોઈને ભાલું કે તરવાર ઘોંચતાં થતો અવાજ.

ગચગર પું. ધાબો નાખનાર માણસ.

ગચગીરી સ્ત્રી. ભોં; છો; ધાબો.

ગચઢારી સ્ત્રી. મણિ જડેલું નકશીકામ.

ગચન ૧. વિ. ઠંસાઈ રહેલું; ભરાઈ ગયેલું.

૨. વિ. મગ્ન; મસ્ત.

ગચપચ વિ. ગોટાળાવાળું; ગૂંચવણ ભરેલું.

ગગપંચ અ. ગીચોગીચ; પાસે પાસે.

ગચરકાવિકાર પું. ખરાબ ગચરકો આવવાને લીધે શરીરમાં થયેલો બગાડ; ગચરકું ગળાઈ જવાથી થતો ચામડીનો એક રોગ.

ગચરકું ૧. ન. ખાટો કે તીખો ઓડકાર.

૨. ન. ચામડી ઉપર ફૂટી નીકળતો એક જાતનો રોગ.

ગચરકો જુઓ ગચરકું.

ગચરગંડ વિ. અક્કલ વિનાનું; મૂર્ખ.

ગચરાવવું સ. ક્રિ. ગભરાવવું; મૂંઝવવું.

ગચરાસચરૂ વિ. સાજુંમાંદું.

ગચાકા ૧. સ્ત્રી. ઉમરે પહોંચેલી જુવાન છોકરી.

૨. વિ. ભરપૂર; ગીચોગીચ.

ગચાગચ ૧. વિ. ખીચોખીચ; ગીચ; પાસે પાસે આવી રહેલું; સંકડાઈ રહેલું.

૨. વિ. ભરચક; ભરપૂર.

ગચિયું ૧. ન. આડ; નડતર; હરકત; અડચણ.

વચમાં ગચિયું નાખવું = આડખીલી કરવી; નડતર કરવી.

૨. ન. ઘંટીનો પડવાયો.

૩. ન. પથ્થરની છાટ; શિલા.

૪. ન. માટી, ચૂનો, ઈંટ અને પથ્થરનો બાઝી ગયેલો ગઠ્ઠો; ઢેફું; ચોસલું.

ગચી ૧. સ્ત્રી. પેશી; લોંદો.

૨. વિ. ચૂનાના કેલનું બનેલું.

૩. વિ. મજબૂત થયેલું.

ગચુંબ વિ. ગુંચવાયેલું; ભેગું થઈ ગયેલું.

ગચુંબડું (ગચુંમડું) ન. ગોળાકારમાં એકઠું મળેલું ટોળું.

ગચેટો પું. કોઈ પણ વસ્તુનું બીજી કોઈ વસ્તુ સાથે અથવા પોતાના વિભાગો સાથે બાઝી જવું તે; ગઠ્ઠો; બાઝી ગયેલો લોચો.

ગચેડો જુઓ ગચેટો.

ગચ્ચ અ. સજ્જડ; સખ્ત; તૂટે છૂટે નહિ એવું.

ગચ્ચિયું જુઓ ગચિયું.

ગચ્ચી ૧. સ્ત્રી. અગાસી; ધાબું.

૨. સ્ત્રી. ગચ્છ; જથ્થો; સમુદાય.

૩. સ્ત્રી. ચૂનાની ગાર; છો.

૪. સ્ત્રી. પ્રકાર; વર્ગ; શ્રેણી.

૫. સ્ત્રી. માટી, ઈંટ, કાંકરા અને ચૂનો વગેરેનું એક સાથે સજ્જડ બાઝી જવું તે.

ચૂના ગચ્ચી = કાંકરેટ; ચૂનામાં ગચિયાવાળું જે કંઈ હોય તે.

ગચ્ચું જુઓ ગચિયું.

ગચ્ચો પું. ખાડો.

ગચ્છ ૧. પું. (જૈન) એક આચાર્યનો શિષ્યાદિક પરિવાર.

૨. પું. જથ્થો; સમુદાય; સમૂહ; સંઘ.

૩. પું. ઝાડ; વૃક્ષ.

૪. પું. તડ; તડું; નાનો ફાંટો; ભાગ.

૫. પું. પદસંજ્ઞાવાળું સ્થાન.

૬. પું. પ્રકાર; વર્ગ.

૭. પું. (ગણિત) પ્રમાણ અને શ્રેઢીમાં કહેલા અંકોની સમુદાય સંખ્યા; શ્રેઢીનાં પદની સંખ્યા.

૮. પું. શ્રેણીનું કોઈ પણ પદ.

૯. પું. સાધુઓનો મઠ.

ગચ્છત્પતિકા સ્ત્રી. પતિને વિદેશ જતો જોઈ દુઃખી થનારી નાયિકા.

ગચ્છનાયક જુઓ ગચ્છપતિ.

ગચ્છપતિ પું. એક જ સંપ્રદાયનાં માણસોનો ઉપરી.

ગચ્છવાસ પું. સાધુ સમુદાયમાં રહેવું તે.

ગચ્છવું અ. ક્રિ. જવું.

ગચ્છંતી [સં.] સ્ત્રી. આઘાપાછા થઈ જવું તે; જતા રહેવું તે; નાસી જવાપણું.

ગચ્છંતી કરવી-કરી જવી-ગણવી-માપવી = અગિયારા ગણવા; ખસી જવું; નાસી જવું.

ગચ્છી જુઓ ગચ્ચી.

ગછી ૧. સ્ત્રી. ઈંટ.

૨. સ્ત્રી. એક જાતનું ઝાડ.

ગજ્ [સં.] ૧. અ. ક્રિ. ગર્જના કરવી; અવાજ કરવો.

૨. અ. ક્રિ. ગૂંચવાવું; મુંઝાવું.

૩. અ. ક્રિ. દારૂ પીને છાકટા થવું.

૪. અ. ક્રિ. બેસુધ થવું.

ગજ ૧. પું. આઠની સંખ્યા.

૨. પું. (પુરાણ) એ નામે મહિષાસુરનો પુત્ર; ગજાસુર નામનો રાક્ષસ.

૩. પું. એક જાતના આય એટલે ઘરનું રક્ષણ કરનાર દેવ.

૪. પું. એક જાતનું તીર.

૫. પું. (પિંગળ) એક સમજાતિ માત્રામેળ છંદ. તે સવૈયા છંદનો એક ભેદ છે. તેમાં ૪૮ ગુરુ અને ૨૮ લઘુ મળી ૭૬ વર્ણ અને ૧૨૪ માત્રા હોય છે.

૬. પું. ઔષધ પકવવા માટે જમીનમાં રાખવાનો ખાડો.

૭. પું. કઠેરો; રવેશ.

૮. પું. ઘાણીમાંથી તેલ કાઢવા માટે અથવા ખોળ કે કૂચો વગેરે ભરાઈ ગયું હોય તે કાઢવા માટે વપરાતું લોઢાનું સાધન.

૯. પું. ઘોડાગાડી કે મોટરના ઉપલા ઢાંકણને ટેકો આપનાર લોઢા કે લાકડાનો સળિયો. તેને વચમાં મજાગરૂં હોવાથી ઢાંકણ ચડાવી કે ઉતારી શકાય છે.

૧૦. પું. ચોવીસ તસુનું લંબાઈ ભરવાનું માપ; ફૂટ, ઇંચ અથવા મીટરના વિભાગ પાડેલ એક સાધન; કોઈ પણ અંતરનાં બે બિંદુ વચ્ચેનું છેટું ભરવાનું એક માપ. ગજ ઉપરનાં ચોવીસ આંગળનાં જુદાં જુદાં નામ છેઃ માત્રા=એક આંગળ, કળા=બે આંગળ, પર્વ=ત્રણ આંગળ, મુષ્ટિ=ચાર આંગળ, તળ=પાંચ આંગળ, કરપદ=છ આંગળ, દષ્ટિ=સાત આંગળ, તૂણી=આઠ આંગળ, પ્રદેશ=નવ આંગળ, ગોકર્ણી=અગિયાર આંગળ, વિતસ્તી=બાર આંગળ, અનાહપદ=ચૌદ આંગળ, રતની=એકવીસ આંગળ, અરતની=ચોવીસ આંગળ. ચોવીસ ઇંચ લાંબી ધાતુ અથવા લાકડાની પટ્ટીનો ગજ બનાવવામાં આવે છે. દર આઠ ઇંચને અંતરે ફૂલ જેવો આકાર કરવામાં આવે છે. તેમાં પહેલા ફૂલ સુધી બ્રહ્મા, બીજા ફૂલ સુધી વિષ્ણુ અને ત્રીજા ફૂલ સુધી રુદ્રની હદ છે. એક ગજના ચોવીસ તસુની ત્રેવીસ રેખા થાય છે. તે દરેક રેખા અથવા આંકા ઉપર એક એક દેવતા ગણતાં ત્રેવીસ દેવતાઓ થાય છે. માટે એ ત્રેવીસ રેખાઓ ઉપર ત્રેવીસ દેવોનું સ્થાપન થાય છે. પહેલી રેખા ઉપર મહાદેવનું, બીજી રેખા ઉપર વાયુનું, ત્રીજી ઉપર વિશ્વદેવનું, ચોથી ઉપર અગ્નિનું, પાંચમી ઉપર બ્રહ્માનું, છઠ્ઠી ઉપર સૂર્યનું, સાતમી ઉપર રુદ્રનું, આઠમી ઉપર યમનું, નવમી ઉપર વિશ્વકર્માનું, દશમી ઉપર આઠે વસુનું, અગિયારમી ઉપર ગણપતિનું, બારમી ઉપર વરુણનું, તેરમી ઉપર કાર્તિક સ્વામીનું, ચૌદમી ઉપર ઇચ્છા દેવીનું, પંદરમી ઉપર ક્રિયા દેવીનું, સોળમી ઉપર જ્ઞાનનું, સત્તરમી ઉપર કુબેરનું, અઢારમી ઉપર ચંદ્રમાનું, ઓગણીસમી ઉપર જયનું, વીસમી ઉપર વાસુદેવનું, એકવીસમી ઉપર બલભદ્રનું, બાવીસમી ઉપર કામદેવનું અને ત્રેવીસમી ઉપર વિષ્ણુનું સ્થાપન કરી એ સર્વેનું પૂજન કરાય છે.

૧. ગજ ગજ કૂદવું = (૧) ખૂબ રાજી રાજી થઈ જવું; અતિ આનંદથી ઊભરાઈ જવું; મલકાઈ જવું. (૨) ગુસ્સાથી ઊંચા નીચા થઈ કંઈ પણ બોલવું. (૩) પતરાજી બતાવવી. (૪) મસ્તીમાં આવવું; તોરમાં રહેવું.

૨. ગજ ગજ છાતી ફૂલવી = અતિ હર્ષ થવો.

૩. ગજ ઘાલવા = (૧) કાબૂ વગર વાત કરવી. (૨) જીતી શકાય નહિ એવું હોવું. (૩) મજબૂત હોવું.

૪. ગજ જેવું = સંગીન; મજબૂત.

૫. ગજ માપે પણ તસુ ન ફાડે-વેતરે નહિ = મોટી મોટી વાતો કરે પણ કરવાનું આવે ત્યારે કંઈ કરે નહિ; વચન આપે પણ પાળે નહિ.

૬. ગજ વાગવો = (૧) અજમાવેલું જોર ફાયદાકારક નીવડવું; યોગ્ય ઠેકાણે યોગ્ય શક્તિ કામે લાગવી. (૨) પગ જામવો; સ્થિર થવું.

૭. ગજની ઘોડી અને સવા ગજનું ભાઠું = કંગાળ સ્વરૂપ; ટકાની ડોશીને ઢબુ મુંડામણ; સોના કરતાં ઘડામણ મોંઘું.

૮. ગજનો આંકો ન સૂઝવો = કાંઈ ન આવડવું.

૯. ગજે તસુ માફ-ગજનો તસુ = ઘણા સદ્ગુણ આગળ એક દુર્ગુણનો હિસાબ ન હોય.

૧૦. નવસો ગજના નમસ્કાર = દૂરથી જ નમન.

૧૧. પોતાને ગજે માપવું = પોતાના સ્વતંત્ર મત પ્રમાણે અભિપ્રાય બાંધવો.

૧૨. રજનું ગજ કરવું = પીંછાનું પારેવું કરવું; વધારી દેવું; વધારીને વાત કરવી.

૧૧. પું. દિલરૂબા, સારંગી વગેરે ઉપર ફેરવી બજાવવાની વાળ બાંધેલી લાકડી; તંતુવાદ્ય વગાડવાની કામઠી.

૧૨. પું. (પુરાણ) દુર્યોધનના મામા માંહેનો એક; શકુનીના છ નાના ભાઈઓ માંહેનો છેલ્લો. ભારતના યુદ્ધમાં એ અર્જુનના પુત્ર ઇરાવતના હાથે મરાયો હતો.

૧૩. પું. ધાતુનો નક્કર સળિયો.

૧૪. પું. (જ્યોતિષ) નક્ષત્રમાંનો એક રસ્તો.

૧૫. પું. નાગકેસરનું ઝાડ.

૧૬. પું. બંદૂકની નાળમાં દારૂ ઠાંસવા માટે વપરાતો સળિયો.

૧૭. પું. બારણાની ભૂંગળ; બારીબારણામાં આડો મૂકવાનો લોઢાનો સળિયો.

૧૮. પું. (યોગ) યોગની અઠ્ઠાવીશ ઉપક્રિયા માંહેની કફાદિ દૂર કરવાની બ્રહ્મદાતણ જેવી એક ક્રિયા; દંડધૌતિ. કેળના પાતળા દંડથી, નેતરની લીલી લાંબી કાતળીથી, તથા તાંબા કે લોઢાની પાતળી શલાકા ઉપર મલમલ વીંટાળી તેને ઝીણા દોરાથી સારી રીતે સીવી આ ક્રિયા થઈ શકે છે. તેનાથી હૃદયના રોગ દૂર થવાનું મનાય છે.

૧૯. પું. રામની સેનાનો એ નામનો એક વાનર.

૨૦. [સં.] પું. શિવથી હણાયેલ એક રાક્ષસ.

૨૧. પું. શેકવા માટે કાપી કાઢેલો ગોસ્ત કે માંસનો ટુકડો; બોટી.

૨૨. પું. હાથી; હસ્તી; કુંજર; વારણ.

૨૩. પું. હાથીને અંકુશમાં રાખવાનો સળિયો; અંકુશ.

૨૪. ન. (શિલ્પ) એક જાતનું ત્રિશાળ ઘર.

> જે ત્રિશાળ ઘરના મુખ આગળ બે અલિંદો હોય અને તે અલિંદો આગળ એક ભદ્ર હોય તથા મધ્યે એક પાટડો હોય તેવું ઘર દક્ષિણ મુખવાળું હોય તો તે ગજ નામે ઘર કહેવાય છે.
>
> રાજવલ્લભ

૨૫. ન. (પુરાણ) ગજપુર; હસ્તિનાપુર.

૨૬. ન. ઘરની પાસે બે તરફ ચૂના વગેરેથી બાંધેલો ઢોળાવ. તેના ઉપર ઘર બંધાય છે.

૨૭. ન. ચોપાટ વગેરે રમતમાં હાર થવી તે; પડ.

ગજ લાગવું = ચોપાટ ખેલવામાં હારી જવું.

ગજઅશન ૧. પું. કોઠાનું ઝાડ.

૨. [સં. ગજ (હાથી) + અશન (ખોરાક)] પું. પીપળાનું ઝાડ.

ગજઇલાહી પું. એકતાલીસ આંગળાનો અકબરી ગજ.

ગજઉડા ૧. સ્ત્રી. ચોરાશી માંહેની એ નામની એક ઞાતિ.

૨. ન. ચોરાશી ઞાતિમાંનું એ નામની ઞાતિનું માણસ.

૩. વિ. ચોરાશી માંહેની એ નામની ઞાતિનું.

ગજક ૧. સ્ત્રી. એકદમ ખાવાની ચીજ.

૨. [ફા. કજક] સ્ત્રી. ગોળના પાણીની ચાસણી કરીને તેની તિલરોટી જેવી વણેલી રોટી.

૩. સ્ત્રી. તલ અને ખાંડની બનાવેલી એક મીઠાઈ; તલશકરી; તલસાંકળી.

૪. ન. જલપાન.

૫. ન. નશો કર્યા પછી ખવાતી તીખી કે મીઠી ચીજ; ઠુંગો.

૬. ન. નાસ્તો.

ગજકણ ૧. સ્ત્રી. કણબીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. ન. એક જાતનું રેશમી કાપડ.

૪. વિ. એ નામની અટકનું.

ગજકપિત્થગતિ [સં. ગજ (હાથી) + કપિત્થ (કોઠું) + ગતિ (પરિણામ)] સ્ત્રી. હાથી કોઠું આખું અને આખું ગળી જાય અને ઝાડા વાટે બહાર નીકળે ત્યારે આખું ને આખું હોય પણ તે માંહેનો ગર્ભ નાશ પામેલો જોવામાં આવે તેવી રીત.

ગજકપોળ [સં. ગજ (હાથી) + કપોલ (લમણું)] ન. હાથીના લમણાવાળો ભાગ; ગંડસ્થળ.

ગજકરણ ૧. પું. (પુરાણ) એ નામનું એક તીર્થ.

૨. પું. એ નામનો એક યક્ષ.

૩. પું. એક જાતનો ત્વચારોગ; દરાજ; દાદર.

૪. [સં. ગજ (હાથી) + કર્ણ (કાન)] પું. ગણપતિ; ગણેશ. તેના કાન હાથી જેવા હોય છે.

૫. પું. જબરદસ્તીથી કામ કરાવનાર બળિયો કે સત્તાધીશ.

૬. પું. હાથીનો કાન; ગજકર્ણ.

૭. ન. એ નામની વાસાદિ વર્ગની ઔષધોપયોગી એક વનસ્પતિ; દાદરનું ઝાડ.

૮. ન. એક જાતનું ચોળીના ઉપયોગમાં આવતું કાળું કાપડું; ગજકણ.

૯. ન. એક જાતનું જીવડું.

૧૦. જુઓ ગજકરણી.

ગજકરણી ૧. સ્ત્રી. જાડા અને કઠણ મૂળવાળી એ નામની એક વનસ્પતિ. પહોળાં અને લાંબાં પાનવાળો આ છોડ પાંચથી સાત ફૂટ ઊંચો થાય છે. તેનાં પાન અને મૂળ ઔષધમાં વપરાય છે. તેનાં ફૂલ ધોળાં અને છાલ રાખોડી રંગની હોય છે. છાલનો સ્વાદ તલના જેવો લાગે છે. હઠીલા ત્વકદોષ ઉપર તે અકસીર મનાય છે.

૨. સ્ત્રી. (યોગ) યોગીઓની એક ક્રિયા; મળનિવારક ક્રિયા; નોળીકર્મ માંહેની એક ક્રિયા. જમ્યા પછી થોડી વારે અપાનવાયુને કંઠમાળમાં ચડાવી પોચાં મળરૂપ રહેલ અન્ન જળાદિને મુખ વાટે વમન કરી કાઢી નાખવાં તેને ગજકરણી કહે છે. આ ક્રિયા સિદ્ધ કરવાને માટે પ્રથમ ઊભડક બેસી પાંચ કે છ શેર નવશેકું પાણી પીવું. ત્યારપછી પલાંઠી વાળી સ્વસ્થ બેસીને નૌલિ કરવી. પછી ઊભડક બેસી દૃષ્ટિ ઊર્ધ્વ કરી મધ્યમા આંગળી ગળા માંહેની ઉપજિહ્વાને અડાડવી એટલે પાણી આદિ તુરત બહાર નીકળશે. પૂરેપૂરૂં પાણી બહાર ન નીકળે તો બ્રહ્મદાતણ અથવા વસ્ત્રધૌતિ કરીને તે બહાર કાઢવું.

ગજકરણીમુદ્રા જુઓ ગજકરણી.

ગજકરની ન. એક જાતની વનસ્પતિ. તેનું મૂળ દાદર ઉપર વપરાય છે.

ગજકર્ણ જુઓ ગજકરણ.

ગજકર્ણક [સં. ગજ (હાથી) + કર્ણ (કાન) + ક (વાળું)] પું. ગણપતિ; ગણેશ. તેના કાન હાથી જેવા હોય છે.

ગજકર્ણાલુ [સં.] ન. અળવી.

ગજકર્ણિકા [સં.] સ્ત્રી. કાકડીનો વેલો.

ગજકર્ણી [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; નાગમલ્લી. તેનાં પાન ભાંગરાનાં પાન જેવાં લાંબાં હોય છે. તેના ઉપર નાનાં નાનાં લાલ રંગનાં ફૂલ આવે છે. તેનાં મૂળ ને છાલનો રસ દરાજ ઉપર અકસીર કહેવાય છે. ગજકર્ણી પાક કાળે સ્વાદુ, કડવી તથા ઉષ્ણ છે અને કફ, શીતજ્વર, અને વાયુનો નાશ કરનાર મનાય છે. એનો કંદ પાંડુરોગ, સોજો, અર્શ, કૃમિ, ગુલ્મ, ઉદર, આનાહવાયુ, પ્લીહા અને સંગ્રહણી ઉપર વપરાય છે.

ગજકંઠ [સં. ગજ (હાથી) + કંઠ (ડોક)] પું. હાથીની ડોક.

ગજકંદ [સં.] પું. હસ્તિકંદ નામે વનસ્પતિ.

ગજકુસુમ [સં.] ન. નાગકેસર.

ગજકુંભ [સં.] પું. હાથીના માથા ઉપર રહેલા બે માંસપિંડ માંહેનો દરેક; હાથીના માથા ઉપર બંને તરફ ઊપસેલો ભાગ.

ગજકૂર્માશી [સં. ગજકૂર્માશિન્] પું. ગરૂડ.

ગજકૃષ્ણા [સં. ગજ (હાથી) + કૃષ્ણ (કાળું) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. ગજપીપર. તે હાથીના કાન જેવાં પાંદડાંવાળી અને કૃષ્ણા એટલે કાળી હોવાથી તેને ગજકૃષ્ણા કહે છે.

ગજકેસરીરસ પું. (વૈદક) એ નામનો રસ. શુદ્ધ પારો એક ભાગ અને ગંધક બે ભાગ લઈ બંનેને એકઠાં કરી એક પ્રહર ખલ કરવાં. તેની કજલી જેટલાં તાંબાનાં પતરાં લઈ તેની સંપુટ જેવી આકૃતિ કરી તેની અંદર તે કજલી ભરવી. ત્યારપછી એક માટીનું ઠામ લાવી અર્ધું મીઠાથી ભરી વચમાં તાંબાનો સંપુટ મૂકી બાકીનું વાસણ મીઠાથી ભરી દેવું. તે માથે બીજું ઠામ મૂકી કપડકોટ કરી ગજપુટ દેવો. પછી પોતાની મેળે ઠંડું થાય ત્યારે તાંબાના સંપુટનું બારીક ચૂર્ણ કરવું. આનું નામ ગજકેસરી રસ છે. એક રતી ભાર આ રસ નાગરવેલનાં પાન સાથે આપવાથી શૂળ બેસી જાય.

ગજકોઠું ન. હાથીના પેટમાં ગયેલ કોઠું; હાથીએ ગળેલ કોઠું.

ગજક્રાંતા ન. (સંગીત) પાડવનું એક તાન; ષડ્જગ્રામમાં પંચમ છોડવાથી ઉત્પન્ન થતું એક તાન.

ગજક્રીડા (ગજક્રીડ઼ા) [સં. ગજ (હાથી) + ક્રીડા (રમત)] સ્ત્રી. હાથી ખેલવવા તે; હાથીની સાઠમારી.

ગજક્રીડિત પું. નાચમાં એક પ્રકારનો ભાવ.

ગજગજનું વિ. લાંબું.

ગજગત પું. (પિંગળ) એ નામનો એક છંદ.

ગજગતિ ૧. પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; હાથીની ચાલે પગલાં માંડતો છંદ. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં નગણ, ભગણ, લઘુ અને ગુરુ મળી આઠ અક્ષર હોય છે. ચોથા અક્ષરે યતિ કે વિસામો આવે છે.

ન ભ લ ગે ગજગતિ. રણપિંગળ

૨. સ્ત્રી. (જ્યોતિષ) રોહિણી, મૃગશિર અને આર્દ્રામાં શુક્રની સ્થિતિ અથવા ગતિ.

૩. [સં. ગજ (હાથી) + ગતિ (ચાલ)] સ્ત્રી. હાથણીના જેવી ચાલવાળી સ્ત્રી.

૪. સ્ત્રી. હાથીના જેવી ડોલતી અને મગરૂર ચાલ; ભભકાદાર ચાલ; ધીમી ચાલ.

૫. સ્ત્રી. હાથીની ચાલ.

ગજગમન [સં. ગજ (હાથી) + ગમન (ચાલવું તે)] ન. હાથીની માફક મદભર ડોલતાં ડોલતાં ચાલવું તે; ડોલતી અને મગરૂરી ભરેલી ચાલ; ગજગતિ.

ગજગમના [સં. ગજ (હાથી) + ગમન (જવું તે) + આ (નારીજાતિનો પ્રત્યય)] સ્ત્રી. હાથણીના જેવી ચાલવાળી સ્ત્રી.

ગજગમની [સં. ગજ (હાથી) + ગમન (જવું તે)] વિ. સ્ત્રી. હાથીના જેવી ચાલવાળી; હાથીના જેવી ગતિવાળી.

ગજગરો સ્ત્રી. કજિયાખોર સ્ત્રી; કર્કશા.

ગજગા ૧. [હિં.] પું. ભૂરૂં સાગરગોટાનું ફળ.

૨. ન. એ નામનું એક ઝાડ. સ્ત્રીને ગર્ભપાત થાય નહિ તે માટે તેનાં બીની માળા લાલ રેશમમાં સીવી ગળામાં પહેરવામાં આવે છે.

ગજગામ ૧. પું. મહાવત; હાથી હાંકનાર.

૨. વિ. હાથી ઉપર સવાર થયેલું; હાથી ઉપર સવારી કરનારૂં.

ગજગામની જુઓ ગજગામા.

ગજગામા ૧. [સં. ગજ (હાથી) + ગમ્ (જવું)] સ્ત્રી. ગંભીર, ઝૂલતી, મદભરી, જોનારને ભવ્ય અને અસરકારક છાપ પાડે એવી ચાલ.

૨. સ્ત્રી. હાથીના જેવી હળવી હળવી કે લટકાળી સુંદર ચાલવાળી સ્ત્રી; ગજગતિથી ચાલનારી સ્ત્રી; ગજગામિની.

૩. વિ. સ્ત્રી. ગજગતિથી ચાલનારી; હાથીના જેવી હળવી હળવી કે લટકાળી સુંદર ચાલવાળી.

ગજગામિની જુઓ ગજગામા.

ગજગામી ૧. સ્ત્રી. હાથીના જેવી સુંદર ચાલવાળી સ્ત્રી.

૨. [સં. ગજ (હાથી) + ગામિન્ (જનાર)] વિ. ગજગતિથી ચાલનારૂં; હાથીના જેવી સુંદર ચાલવાળું; હાથી જેવી મંદ ગતિથી ચાલનાર.

ગજગાહ ૧. પું. હાથીની ડોકમાં ઘરેણા તરીકે વપરાતો એક જાતના બળદના વાળનો બનેલો ચમરીનો ગુચ્છો.

૨. ન. ઘોડાનું ઘરેણું.

૩. ન. ઝૂલ; પાખર.

૪. ન. હાથીની પીઠ ઉપરનો ઓછાડ; હાથીની ઝૂલ.

ગજગોટો પું. એક જાતની વનસ્પતિ. તેનું લાકડું બદ અને વ્રણ ઉપર કામ લાગે છે.

ગજગૌની જુઓ ગજગામિની.

ગજગૌરી [સં. ગજ (હાથી) + ગૌરી (પાર્વતી)] સ્ત્રી. હાથીના ઉપર બેસાડેલી પાર્વતીની મૂર્તિ.

ગજગૌરીવ્રત [સં.] ન. ભાદરવા માસમાં સ્ત્રીઓએ કરવાનું એ નામનું એક વ્રત.

ગજગૌહર [ગજ (હાથી) + ગૌહર (મોતી)] ન. ગજમોતી; ગજમુક્તા; હાથીના લમણામાં થતું મોતી.

ગજગ્રાહ ૧. પું. ઝૂડ; મોટો મગર.

૨. પું. પક્ષ પાડીને દોરડું ખેંચવાની એ નામની રસાકસીની એક રમત; 'ટગ ઑવ વૉર.' હાથી અને મગરની પુરાણપ્રસિદ્ધ ખેંચાખેંચ જેમ બે પક્ષો સામસામે છેડાથી દોરડાની ખેંચાખેંચી કરીને આ રમત રમે છે.

૩. ન. યુદ્ધ.

ગજઘટા [સં. ગજ (હાથી) + ઘટા (સમૂહ)] સ્ત્રી. હાથીનો સમૂહ.

ગજઘંટ [સં.] પું. હાથીને બાંધેલો લટકતો ઘંટ. હાથીના ચાલવાનો અવાજ થતો નથી તેથી તે આવતો જણાવવા માટે તેની બંને બાજુએ ઘંટ લટકાવવામાં આવે છે.

ગજઘંટા જુઓ ગજઘંટ.

ગજઘ્ન [સં. ગજ (એક અસુર) + હન્ (હણવું)] પું. શિવનાં હજાર માંહેનું એક નામ. તેમણે ગજ નામના અસુરને માર્યો હતો.

ગજચર્મ ૧. [સં. ગજ (હાથી) + ચર્મન્ (ચામડું)] પું. ત્વક્કાઠિન્ય એટલે ચામડી કડણ થઈ જવાનો રોગ. તેમાં શરીરની ચામડી હાથીની ચામડીના જેવી કડણ થાય છે. આ રોગ જન્મની સાથોસાથ અથવા થોડા દિવસ પછી થાય છે. પહેલાં ચામડી આછી પીળી પડી કડણ બની સજ્જડ બની જાય, બાળક હાલી ચાલી શકે નહિ, ઝાડા થાય, કાંડામાં નાડી ન દેખાય, શ્વાસ લેવામાં દુઃખ થાય, અંગમાં સંધિવાના જેવી પીડા થાય, શરીર ઉપર કીડીઓ ચટકા ભરતી હોય એમ લાગે અને ચામડી ઉપર સોજો ચડે.

૨. ન. હાથીનું ચામડું.

ગજચર્મધારી [સં. ગજ (એ નામનો અસુર) + ચર્મન્ (ચામડું) + ધારિન્ (ધારણ કરનાર)] પું. શિવ; શંકર; મહાદેવ; ગજાસુરનું ચામડું ધારણ કરનાર.

ગજચિર્ભટા [સં.] સ્ત્રી. ઇંદ્રવારુણી; ગોરક્ષકર્કટી.

ગજચિર્ભિટ [સં.] પું. એ નામની એક વનસ્પતિ; ગૌડુંબા.

ગજચિર્ભિટી [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; માહેંદ્રવારુણી.

ગજચીરમ પું. ચામડી જાડી અને તેજ વિનાની થઈ જાય એવો ઘોડાનો એક રોગ.

ગજચ્છાયા જુઓ ગજછાયા.

ગજછંદ પું. (પિંગળ) દ્રુત વિલંબિતને મળતો એ નામનો એક છંદ.

ગજછાય ન. ઓડવનું એક તાન; મધ્યમ ગ્રામમાં રિષભ અને ધૈવત વર્જવાથી ઉત્પન્ન થતું એક તાન.

ગજછાયા ૧. [સં. ગજચ્છાયા] સ્ત્રી. (જ્યોતિષ) એ નામે એક તિથિયોગ; અમાસના દિવસનો પાછળનો ભાગ. જ્યારે અંધારી તેરશને દિવસ ચંદ્ર મઘા નક્ષત્રમાં અને સૂર્ય હસ્ત નક્ષત્રમાં હોય ત્યારે પણ આ યોગ થાય છે. જુઓ કુંજર છાયા.

૨. સ્ત્રી. હાથીનો પડછાયો.

ગજછાયાપર્વ ૧. ન. આસો વદિ અમાસ.

૨. ન. હસ્ત નક્ષત્રના સૂર્યમાં અમાવાસ્યાને દિવસ હસ્ત નક્ષત્ર હોય તે યોગ. આ પર્વમાં સ્નાન, શ્રાદ્ધ, દાન વગેરે કરવાનું માહાત્મ્ય મનાય છે.

ગજઝંપ સ્ત્રી. ત્રણ પડદાવાળી હાથીની ઝૂલ.

ગજણ ૧. સ્ત્રી. ગર્જના.

૨. ન. ગરજણ; મોટી ચાંચવાળું એક પક્ષી.

ગજતા ૧. [સં.] સ્ત્રી. હાથીઓનો સમૂહ.

૨. સ્ત્રી. હાથીનું કામ.

૩. સ્ત્રી. હાથીપણું.

ગજતાલ પું. (પિંગળ) એક ચતસ્રજાતિ ૧૪ માત્રાનો તાલ. તેનાં તાલસ્થાન ૧, ૫ અને ૯ માત્રા ઉપર છે.

ગજતાસા સ્ત્રી. હાથીની સૂંઢ.

ગજતુરગવિલસિત પું. (પિંગળ) સોળ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ઋષભગજ. તે અષ્ટિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ભગણ, રગણ, નગણ, નગણ, નગણ અને ગુરુ એમ સોળ અક્ષર હોય છે. તેમાં સાતમા અક્ષર ઉપર વિસામો હોય છે.

ગજતુંડ [સં.] ન. હાથીનું માથું.

ગજત્વ જુઓ ગજતા ૨, ૩.

ગજથર ૧. પું. ચાલતા કે ઊભા હાથીઓની હાર.

૨. [સં. ગજસ્તર] પું. હાથીની આકૃતિઓ કોતરેલી હોય એવું સિંહાસન.

ગજદળ ૧. ન. હાથી ઉપર બેસી લડનારાઓનું સૈન્ય.

૨. ન. હાથીનું લશ્કર; હાથીનું સૈન્ય.

ગજદંડ [સં.] પું. એ નામનું એક ઝાડ; પારસપીપળો.

ગજદંત ૧. [સં.] પું. એક જાતનો ઘોડો. તેના દાંત હાથીના દાંતની માફક મોઢા બહાર ઉપરની તરફ નીકળેલ રહેતા હોય છે.

૨. પું. ખીંટી; કપડાં વગેરે લટકાવવા માટે ભીંતમાં નાખેલી ખૂંટી.

૩. પું. ગણપતિ; ગણેશ; ગજાનન.

૪. પું. દાંત ઉપર નીકળેલ દાંત.

૫. પું. નાચમાં એક પ્રકારનો ભાવ.

૬. પું. હાથીનો દાંત; દંતૂશળ; હાથીદાંત.

૭. વિ. હાથીના જેવા દાંતવાળું.

ગજદંતી વિ. હાથીના દાંતનું; હાથીદાંતનું બનેલું.

ગજદંશ [સં.] પું. એ નામનો ચોસઠમો નરકકુંડ. તે સો ધનુષ્યના પ્રમાણમાં છે. જે માણસ ગાયોનો, બળદોનો, ઘોડાઓનો અને વૃક્ષોનો નાશ કરે છે તે મહાપાપી માણસ ત્રણ યુગ સુધી આ કુંડમાં વસવાનું કહેવાય છે.

ગજદાન ૧. [સં.] ન. શણગારેલા હાથીનું દાન.

૨. ન. હાથીનો મદ; હાથીના ગંડસ્થળમાંથી ઝરતું પાણી.

ગજદાંત પું. હાથીદાંત; દંતૂશળ.

ગજદેહ [સં.] પું. હાથીનું શરીર.

ગજધર ૧. પું. ગજ પાસે રાખનાર દરજી.

૨. પું. ઘર બાંધતાં પહેલાં તેનો નકશો વગેરે બનાવનાર શિલ્પી.

૩. પું. મકાન બનાવનાર મિસ્ત્રી.

૪. પું. સુતાર.

૫. પું. (સંગીત) હનુમંત મત પ્રમાણે મેઘ રાગના આઠ માંહેનો એક અપ્રસિદ્ધ પુત્રરાગ.

ગજધ્વજ પું. દશમા સૈકામાં હિંદુસ્તાનમાં પ્રવર્તતો એક ધર્મ કે મત.

ગજન [સં.] ન. એક જાતનું ત્રિશાળ ઘર.

ગજનાદ ન. એક જાતનું ષટ્દારુયુક્ત ત્રિશાળ ઘર; પૂર્વમાં મુખવાળું હંયનાદ ઘર. જે ત્રિશાળ ઘરના મુખ આગળ ત્રણ અલિંદ હોય, તેની આગળ એક મંડપ હોય, જમણી અને ડાબી તરફ એક એક અલિંદ હોય અને તે ઘરનું મુખ પૂર્વમાં હોય તો તે ગજનાદ ઘર કહેવાય છે.

ગજનાલ સ્ત્રી. હાથીથી ખેંચી શકાય એવી ભારે તોપ.

ગજનાસા સ્ત્રી. હાથીની સૂંઢ.

ગજનિંબૂ ન. એક જાતનું લીંબુ; મધુકર્કટી.

ગજની ૧. [હિં.] સ્ત્રી. ધૂળ; માટી.

૨. ન. અફઘાનિસ્તાનના એક શહેરનું નામ. ત્યાં મહમ્મદની રાજધાની હતી.

ગજપત પું. શ્રીકૃષ્ણથી ૮૨મી પેઢીએ વિક્રમ સંવતના સાતમા સૈકામાં થયેલ દેવેંદ્ર નામના સુવિખ્યાત રાજાના ચાર માંહેનો એ નામનો એક દીકરો.

ગજપતિ ૧. પું. (પિંગળ) આઠ અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં નગણ, ભગણ, લઘુ અને ગુરુ એમ આઠ અક્ષર હોય છે.

૨. પું. કલિંગ દેશના રાજાઓનો એક ઇલ્કાબ.

૩. પું. ગંજીફાની જૂની રમત માંહેના ૧૨ રાજા માંહેનો એક.

૪. પું. ઘણા હાથી હોય તેવો રાજા.

૫. પું. દેવેન્દ્ર રાજાના ચાર માંહેનો એ નામે એક પુત્ર; ગજપત.

૬. પું. મોટો હાથી; શ્રેષ્ઠ હાથી.

૭. પું. વિજયનગરમના મહારાજાનો એ નામે એક ઇલ્કાબ.

૮. પું. હાથી પાળનાર માણસ; રખેવાળ; મહાવત.

૯. પું. હાથીના સૈન્યનો નાયક.

૧૦. પું. હાથીનો ધણી.

ગજપદપાઠ પું. એ નામે એક કાવ્યાલંકાર.

ગજપાટલ [સં.] ન. આંજણ.

ગજપાદપ ન. પીપળો; એક જાતનું ઝાડ.

ગજપાલ [સં.] પું. હાથીને પાળનારો માણસ; હાથીની માવજત કરનારો આદમી; મહાવત.

ગજપાળ જુઓ ગજપાલ.

ગજપાંઉ ન. કાળુ માછલીનો શિકાર કરનાર એક જાતનું પક્ષી.

ગજપિપ્પલી જુઓ ગજપીપર.

ગજપિંપર જુઓ ગજપીપર.

ગજપીપર ૧. [સં. ગજપિપ્પલી] સ્ત્રી. એ નામનો એક મોટો વેલ જેવો છોડ. આ છોડ મિદનાપુર જિલ્લામાં, દહેરાદુન અને હિંદુસ્તાનના ઉષ્ણ કટિબંધ પ્રદેશમાં ઊગે છે.

૨. સ્ત્રી. પીપરની એક જાત; એક જાતની ગરમ ઔષધિ; ચવકનાં ફળ; ગજકૃષ્ણા; ગજપિપ્પલી; કપિવલ્લી; કોલવલ્લી; શ્રેયસી; વશિર. તેનાં પાન હાથીના કાન જેવાં થાય છે, માટે તેને ગજપીપર કહે છે. તે ઉષ્ણ છે અને તાવ, ઊલટી, ઉધરસ વગેરે બચ્ચાંનાં દરદમાં ક્વાથના રૂપમાં અપાય છે.

ગજપીપળી જુઓ ગજપીપર.

ગજપીંપળી જુઓ ગજપીપર.

ગજપુટ ૧. [સં.] પું. (વૈદક) ઔષધને ભાવના આપવાની એક રીત; ખાડો ગાળી તેમાં ઔષધિની બનાવટ કરવી તે; ધાતુઓની ભસ્મ બનાવવા તેમને આંચ આપવા કરવામાં આવતી એક પ્રકારની ભઠ્ઠી. એક ગજ પહોળો અને એક ગજ લાંબો ખાડો કરી તેમાં છાણાં ભરી તે છાણાંની વચમાં શરાવ સંપુટ અથવા તપાવવાની ધાતુ માટીના વાસણમાં મૂકવી અને મોં સુધી તે ખાડો છાણાંથી ભરી દેવો અને તે સળગાવી તાપ કરવો.

૨. ન. અગ્નિને માટે જમીનમાં રાખવામાં આવતું કાણું.

ગજપુર [સં.] ન. હસ્તિનાપુર; દિલ્હીનું પ્રાચીન નામ.

ગજપુષ્પ [સં.] ન. નાગપુષ્પી.

ગજપુષ્પી [સં.] સ્ત્રી. એક વેલ; એક જાતની વનસ્પતિ; હાથીના કાન જેવાં પહોળાં ફૂલ થતાં હોય તે વેલી.

ગજપુંગવ [સં.] પું. શ્રેષ્ઠ હાથી.

ગજપ્રિયા સ્ત્રી. એક જાતનું ઝાડ; શલ્લકી.

ગજબ ૧. [અ. ઘઝબ (જુલમ)] પું. અંધેર; અન્યાય.

૨. પું. આશ્ચર્ય; તાજુબી; વિલક્ષણ વાત.

૩. પું. કેર; કોપ; જુલમ.

૪. પું. ગુસ્સો; અતિશય ક્રોધ.

૫. પું. મહા ભયંકર અને વિસ્મયકારક બનાવ; જેનાથી વિસ્મય અને ત્રાસ છૂટે એવું જે કંઈ તે.

૬. પું. મોટું દુઃખ; મોટી આપત્તિ; વિપત્તિ; અનર્થ.

૭. વિ. આશ્ચર્યકારક; નવાઈ પમાડે એવું.

૮. વિ. પુષ્કળ; ઘણું; અત્યંત.

૯. વિ. મોટું.

ગજબદન [સં.] પું. ગણેશ.

ગજબન સ્ત્રી. જુલમ કરનાર સ્ત્રી.

ગજબનાક ૧. વિ. ગજબ કરનારું; કેર વર્તાવનારું.

૨. [અ. ધઝબ (કોપ) + નાક (વાળું)] વિ. ગુસ્સે થયેલું; ક્રોધે ભરાયેલું.

૩. વિ. ભયંકર; બીક લાગે એવું.

૪. વિ. રાક્ષસી; અદ્ભુત.

ગજબંધ [સં.] પું. એક પ્રકારનું ચિત્રકાવ્ય. તેમાં હાથીનું ચિત્ર કાઢી તેનાં અંગોપાંગમાં કોઈ કવિતાના અક્ષર ભરી દેવામાં આવે છે.

ગજબંધની [સં.] સ્ત્રી. હાથીખાનું; હાથી બાંધવાનું સ્થળ; હાથીશાળા.

ગજબંધિની જુઓ ગજબંધની.

ગજબાગ પું. હાથીને અંકુશમાં રાખવાનું કડીવાળું સાધન.

ગજબાણ ૧. વિ. અતિ શક્તિવાળું; બળવાન.

૨. વિ. બેપાન; લુચ્ચું.

ગજબી ૧. સ્ત્રી. જુલમ; ત્રાસ.

૨. વિ. ગજબવાળું; જુલમી; ત્રાસદાયક.

ગજભક્ષક [સં.] પું. પીપળાનું ઝાડ.

ગજભક્ષ્યા સ્ત્રી. એક જાતનું ઝાડ; શરુ; ગજપ્રિયા.

ગજભુક્તકપિત્થન્યાય [સં.] પું. હાથીએ ખાધેલ કોઠાની જેમ ઉપરથી દેખાવમાં સારી પણ અંદર સત્ત્વ વગરની વસ્તુ.

ગજમણિ [સં.] પું. ગજમુક્તા; હાથીના ગંડસ્થળમાંથી નીકળતું મનાતું મોટું મોતી.

ગજમત્થ ન. હાથીનું માથું.

ગજમંડન [સં.] ન. હાથીના માથા ઉપર દોરેલી રંગીન લીટી.

ગજમંડલિકા [સં.] સ્ત્રી. હાથીઓનું મંડળ; હાથીનો સમૂહ.

ગજમંડલી જુઓ ગજમંડલિકા.

ગજમાચલ [સં.] પું. સિંહ.

ગજમાચલી [સં.] સ્ત્રી. સિંહણ.

ગજમાત્ર [સં.] વિ. હાથી જેવડું; બહુ મોટું.

ગજમાર ૧. પું. ઢેઢ વણકર.

૨. પું. હાથીને મારનાર શૂરવીર માણસ.

ગજમાળ [સં. ગજ (હાથી) + માલા (હાર)] સ્ત્રી. હાથીની હાર; હારબંધ ઊભેલ અનેક હાથી.

ગજમાળા જુઓ ગજમાળ.

ગજમુક્તા [સં. ગજમૌક્તિક] ન. સારૂં અને મોટું મોતી. સંસ્કૃત સાહિત્ય પ્રમાણે હાથીના ગંડસ્થળમાંથી એક જાતનું મોતી નીકળતું મનાય છે અને તે મોતી ગજમુક્તા કહેવાય છે.

ગજમુક્તાફળ ન. હાથીના કુંભસ્થળમાંથી નીકળતું અણમૂલું મોતી.

ગજમુખ ૧. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તેમાં ૩૦ ગુરુ અને ૪૮ લઘુ મળી ૭૮ વર્ણ અને ૧૦૮ માત્રા હોય છે.

૨. [સં. ગજ (હાથી) + મુખ (મોં)] પું. ગણેશ; ગણપતિ.

૩. ન. હાથીનું મોઢું.

૪. વિ. હાથીને મોખરે રાખનાર.

ગજમુખું વિ. હાથીના મોઢા જેવું.

ગજમેધ પું. એ નામે એક યજ્ઞ.

ગજમોક્ષણ ન. ગજમોક્ષ; ભગવાને કરેલો ગજેંદ્ર હાથીનો મોક્ષ.

ગજમોચન [સં.] પું. વિષ્ણુનું એક રૂપ. આ રૂપ ધારણ કરી તેમણે ગ્રાહથી હાથીની રક્ષા કરી હતી.

ગજમોટન પું. સિંહ.

ગજમોટની સ્ત્રી. સિંહણ.

ગજમોતી જુઓ ગજમુક્તા.

ગજમૌક્તિક જુઓ ગજમુક્તા.

ગજયુદ્ધકળા સ્ત્રી. હાથીઓની સાઠમારી કરાવવાની કળા.

ગજયુવતી સ્ત્રી. હાથણી.

જેમ **ગજયુવતી** માતંગ મદ ગલિતા. નરસિંહ

ગજયૂથ [સં.] ન. હાથીઓનું ટોળું; હસ્તિસમૂહ.

ગજયોધી [સં. ગજયોધિન્] પું. હાથી ઉપર સવારી કરી લડનાર લડવૈયો.

ગજર ૧. પું. એક, ચાર, આઠ અને બાર વાગ્યે અથવા ખાસ કરીને સવારના ચાર વાગ્યે થતો ટોકરાનો અવાજ.

૨. પું. એલાર્મ; ઊંઘમાંથી જગાડવા માટેનો ઘડિયાળનો અવાજ.

૩. પું. ગજ્જર; પહોર પહોરને અંતરે ઘડિયાળાં વગાડવામાં આવે છે તે; રાજદ્વાર ઉપર પહોર પહોરને અંતરે ચોકી બદલાતાં જે ઘડિયાળાં વગાડવામાં આવે છે તે; ઘંટનાદ.

૪. પું. ચોઘડિયાં.

૫. પું. ઝાલરનો અવાજ.

૬. પું. પહોર; પ્રહર.

૭. પું. બાજ પંખીની એક જાત.

૮. પું. સમય; વખત.

ગજ ભાંગવો = વખત થવો.

૯. પું. સંધ્યાકાળ; સમી સાંજનો વખત; રાત્રિનો પ્રારંભ.

૧૦. સ્ત્રી. રાતા અને ધોળા ઘઉંનું મિશ્રણ.

૧૧. ન. ગાજર.

૧૨. ન. સારંગીનો ગજ.

૧૩. અ. સવારમાં વહેલું.

ગજરત્ન પું. ઉત્તમ હાથી; ઐરાવત; સાત અંગ વડે પ્રતિષ્ઠિત, ઐરાવત જેવો પવિત્ર, સુલક્ષણ, મહા પરાક્રમી, અજેય, કિલ્લા વગેરેને તોડી નાખનાર હાથી.

ગજરથ [સં.] પું. હાથીથી ખેંચાતો મોટો રથ.

ગજરદમ ન. પરોઢિયું; મળસકું.

ગજરપ્રબંધ પું. ગાયન કે નૃત્ય વગેરેની શરૂઆતમાં શ્રોતાઓ સમક્ષ ગાનાર અને બજાવનારાનાં સ્વર અને સાજ મેળવવાં તે.

ગજરબજર ૧. પું. ઘાલમેલ; ગોટાળો.

૨. પું. ભક્ષ્યાભક્ષ્ય; ખાવાની અને નહિ ખાવાની વસ્તુ.

ગજરભટ્ટ પું. બાફેલા ગાજરનું ખાણું.

ગજરભાત પું. ગાજરના કટકા મેળવી રાંધેલા ચોખા.

ગજરવું અ. ક્રિ. રહેવું; ટકવું; ના ઉપર જીવવું.

ગજરા ૧. પું. કેટલાંક સુગંધી તત્ત્વોની બનેલ પીળા રંગની એક સુગંધી.

૨. પું. ગાજરનું પાંદડું અથવા કંદ.

૩. પું. ફૂલો વગેરેને ગૂંથીને બનાવેલ તોરો.

૪. પું. મશરૂ ઉપર મોજાં જેવી લીટી.

૫. પું. મશરૂ નામનું રેશમી લૂગડું.

૬. પું. સારંગીનો ગજ.

૭. પું. સોનાનું ડોકનું અથવા હાથનું એક જાતનું ઘરેણું. તે ગાજરના આકારનું હોય છે.

ગજરાકાંપ પું. કાનનું એક ઘરેણું.

ગજરાજ [સં.] પું. મોટો હાથી.

ગજરામારૂ ૧. પું. એ નામની વાર્તાનો નાયક.

૨. પું. મારવાડ દેશનો વતની.

૩. પું. રસિક સ્વામી; સ્નેહાળ ધણી.

ગજરાવાળી સ્ત્રી. કાનનું એક ઘરેણું.

ગજરાહાર ૧. પું. ફૂલની માળા.

૨. પું. સોનાનું એક જાતનું ગળામાં પહેરવાનું ઘરેણું.

ગજરિયો પું. ગુજરાત પ્રાંતનો એક જાતનો ઘોડો.

ગજરી ૧. સ્ત્રી. કાંડામાં પહેરવાનું સ્ત્રીઓનું એક ઘરેણું.

૨. સ્ત્રી. નાનું ગાજર.

ગજરૂં ૧. ન. કાંડે કે અંબોડે ઘાલવાનો ફૂલનો હાર; ફૂલનો ગેરખો.

૨. ન. સોના મોતીનું કાંડે પહેરવાનું સ્ત્રીનું એક જાતનું ઘરેણું; ગુજરી.

ગજરો ૧. પું. એક જાતનું ઘરેણું.

૨. પું. ગજરૂં; ફૂલનો હાર કે તોરો; ખૂબ ફૂલ ભરેલો હારડો.

૩. પું. ઘોડાના બે કાનની વચ્ચેનો વાળનો જથ્થો.

ગજરૌટ ન. ગાજરની પત્તી.

ગજલ જુઓ ગઝલ.

ગજલીલ જુઓ ગજલીલા.

ગજલીલા પું. (સંગીત) એક ચતસ્રજાતિ ૧૮ માત્રાનો તાલ. તેનાં તાલસ્થાન ૧, ૫, ૯, ૧૩, અને ૧૭ માત્રા ઉપર છે.

ગજવક્ત્ર જુઓ ગજવદન.

ગજવડી (ગ઼જવડ઼ી) સ્ત્રી. જૂના વખતનું એક જાતનું ઘરેણું.

ગજવદન ૧. [સં. ગજ (હાથી) + વદન (મોઢું)] પું. ગણેશ; ગણપતિ; ગજાનન; ગજવક્ત્ર.

> દ્વૈમાતુર હેરંબ અને લંબોદર એકદંત,
> મૂષકવાહન **ગજવદન** ગણપતિ ગિરિજાતંન.
> પિંગળલઘુકોષ

૨. ન. હાથીનું મોઢું; હાથીના જેવું મોં.

૩. વિ. હાથીના જેવા મુખવાળું.

ગજવલ્લભા સ્ત્રી. જંગલી કેળ.

ગજવવું ૧. [સં. ગર્જ્] સ. ક્રિ. ગાજે એમ કરવું; શોરબકોર કે ઘોંઘાટ કરવો; ડંકો વગાડવો.

૨. સ. ક્રિ. બૂમ પાડીને કહેવું; જાહેર કરવું; ઢંઢેરો પીટવો.

ગજવાકાતરૂ પું. ગજવાં કાતરી લેનાર માણસ; ખિસાકાતરૂ; ખિસાચોર.

ગજવાડ (ગજવાડ઼) સ્ત્રી. હાથીવાડો; હાથીખાનું.

ગજવાન પું. મહાવત; હાથીવાન.

ગજવિદ્યા સ્ત્રી. હાથી સંબંધી શાસ્ત્ર.

ગજવિમોચક પું. પુરુષોત્તમ ભગવાન. તેણે ગજેંદ્ર હાથીનો મોક્ષ કર્યો હતો.

ગજવિલસિત પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ઋષભગજ. તે અષ્ટિ છંદનો એક ભેદ છે.

ગજવીથી ૧. સ્ત્રી. આર્દ્રા નક્ષત્ર.

૨. [સં.] સ્ત્રી. ગ્રહ વગેરેને ચાલવાનો રસ્તો.

૩. સ્ત્રી. (જ્યોતિષ) મૃગશીર્ષ નક્ષત્ર.

૪. સ્ત્રી. રોહિણી નક્ષત્ર.

૫. સ્ત્રી. રોહિણી વગેરે નક્ષત્રમાં શુક્રની ગતિ.

૬. સ્ત્રી. હાથીઓની હાર.

ગજવું ન. ખીસું; ગૂંજું.

૧. ગજવાનો વર = પહેરામણી આપવી પડે અથવા પૈસા ખીસે ઘાલવા પડે એવો વર.

૨. ગજવામાં-ગજવે ઘાલવું = (૧) નહિ ગણકારવું; લેખામાં નહિ લેવું; તુચ્છકારી કાઢવું. (૨) પહેરામણી કે ભેટ આપવી. (૩) લાંચ આપવી.

૩. ગજવામાં નહિ કોડી ને ઊભે બજાર દોડી–ગજવાં હોય ભારી તો રોજ જઈએ વાડી = જેવા પાસે પૈસા તેવી મોજ.

૪. ગજવું કાતરવું = ખીસું કાપી લેવું.

૫. ગજવું જોઈ ને વાત કરવી = (૧) ગજા પ્રમાણે કામ કરવું; શક્તિને અનુસરીને વર્તવું. (૨) પૈસા પાસે હોય તેમ ગજા પ્રમાણે ખર્ચ કરવું.

૬. ગજવું ભરવું = (૧) લાંચ આપવી; મોં ભરવું. (૨) લાંચ લેવી; લાંચ લઈ ગજવાં તર કરવાં.

ગજવૃંદ [સં.] ન. હાથીઓનું ટોળું.

ગજવેલ ૧. પું. એક જાતનો કાંટાવાળો વેલો. તેનાં પાન સુવાનાં પાન જેવાં હોય છે. તેમાં સુવાસિત ધોળાં ફૂલ થાય છે અને રાતા રંગનાં નાનાં ફળ થાય છે.

૨. સ્ત્રી. એક જાતના ઊંચા ચોખા.

૩. સ્ત્રી. ખરૂં લોઢું.

૪. સ્ત્રી. ભાંગે તૂટે કે વળે નહિ એવી વસ્તુ.

૫. સ્ત્રી. શતાવરી નામની વનસ્પતિ.

ગજવેલિયો પું. પુરુષની જનનેંદ્રિય.

ગજવ્રજ ૧. [સં.] ન. હાથીઓની ગતિ.

૨. ન. હાથીઓનું ટોળું.

૩. વિ. હાથીની પેઠે ગતિવાળું.

ગજશાલા સ્ત્રી. હાથીખાનું; હાથીઓનો તબેલો.

ગજશાળા જુઓ ગજશાલા.

ગજશાસ્ત્ર ન. શ્રીપુરુષ નામે બીજા ગાંગ રાજાએ હાથી સંબંધી લખેલું પુસ્તક.

ગજશિક્ષા ૧. [સં.] સ્ત્રી. ગજવિદ્યા; હાથી સંબંધી શાસ્ત્ર; હસ્તિવિજ્ઞાન.

૨. સ્ત્રી. હાથીઓને ચલાવવાનો અભ્યાસ.

ગજશિર ન. હાથીનું માથું.

ગજશુંડી ન. એ નામનું એક ઝાડ; પારસપીપળો.

ગજસાહ્વય ન. પુરાતન હસ્તિનાપુર; હાલનું દિલ્હી શહેર; કુરુવંશની રાજધાની.

ગજસુકુમાર [સં.] પું. દેવકીજીનો નાનો પુત્ર; શ્રીકૃષ્ણનો એ નામનો નાનો ભાઈ.

ગજસ્કંધ ૧. [સં.] પું. એ નામનો એક દૈત્ય.

૨. વિ. હાથીની ખાંધ જેવી ખાંધવાળું.

ગજસ્નાન ૧. [સં.] ન. દેખાવ પૂરતું નાહવું તે.

૨. ન. વ્યર્થ પ્રયત્ન; નિષ્ફળ કાર્ય.

ગજહસ્ત ૧. [સં.] પું. હથેળી અને પાંચેય આંગળી એકઠી કરવાથી બનતો હાથીની સૂંઢ જેવો આકાર.

૨. સ્ત્રી. એક જાતની મુદ્રા. શંકરની નૃત્ય કરતી મૂર્તિઓનું ખાસ આ લક્ષણ છે. આ મુદ્રા ડાબો હાથ શરીરની આસપાસ જમણી તરફ વીંટાળીને કાંડામાંથી ઝૂલતો નીચે રાખીને કરવામાં આવે છે.

ગજહૃદયમ્ [સં.] ન. કુમારસ્વામીએ લખેલું એ નામનું એક શાસ્ત્ર. તેમાં હાથીઓને કેમ પાળવા, કેમ કેળવવા વગેરે સંબંધી હકીકત આપેલી છે.

ગજળ પું. (પિંગળ) એ નામે એક માત્રામેળ છંદ.

ગજંદર પું. હાથી.

ગજાગ્રણી ૧. [સં.] પું. ઇંદ્રનો ઐરાવત હાથી.

૨. પું. શ્રેષ્ઠ હાથી.

ગજાજિન [સં.] ન. હાથીનું ચામડું.

ગજાજીવ [સં.] પું. હાથીનો મહાવત; હાથી ઉપર ગુજરાન ચલાવનાર પુરુષ.

ગજાદાર વિ. કદાવર; મજબૂત બાંધાનું; ગજાવાળું; તાકાતદાર; પડછંદ.

ગજાધિપતિ પું. શ્રેષ્ઠ હાથી.

ગજાધીશ્વર પું. બોધિસત્ત્વનું એક સ્વરૂપ.

ગજાધ્યક્ષ [સં.] પું. હાથીના સૈન્યનો ઉપરી.

ગજાનન ૧. [સં. ગજ (હાથી) + આનન (મોઢું)] પું. ગણપતિ; ગણેશ; હેરંબ; લંબોદર; વિનાયક; એકદંત. એક વખત પાર્વતીએ શરીરે તેલ અને સુગંધી દ્રવ્ય ચોળીને મેલ કાઢયો. તેનું એક પૂતળું બનાવ્યું અને તેને હાથીના જેવી સૂંઢ કરી હતી. પછી રમત કરીને એ પૂતળાને પાણીમાં નાખ્યું. તેજ ક્ષણે પાણીમાંથી એક પુરુષ નીકળ્યો. તેને પાર્વતીએ "પુત્ર અહીં આવ" કહીને હાક મારી. એ પાર્વતી પાસે ગયો એટલે એમણે એને વિનાયક નામના રુદ્રનું આધિપત્ય આપ્યું. એ ઉપરથી એનું નામ ગણપતિ પડયું. વળી એને હાથીના

જેવી સૂંઢ હોવાથી એનું નામ ગજાનન પડ્યું. એને શિવપુત્ર કહેવાનું કારણ પણ આ જ છે. વ્યાસ મુનિ મહાભારત બોલતા ગયા અને ગણપતિએ તે બધું લખી લીધું હોય એમ મનાય છે. તે ટૂંકા, જાડા, પીળી ચામડીવાળા, ફાંદાળા, ચાર હાથવાળા અને હાથીના માથાવાળા દેખાય છે. તેને એક જ દંતૂશળ છે. એક હાથમાં તેણે શંખ, બીજામાં ચક્ર, ત્રીજામાં ગદા અને ચોથામાં કમળ ધારણ કરેલ છે. કોઈ કોઈ વાર તે ઉંદર ઉપર સવારી કરતા માલૂમ પડે છે, તેટલા માટે તેને આખુરથ કહેવાય છે. દક્ષિણમાં તેનાં ઘણાં મંદિરો માલૂમ પડે છે. તેના હાથીના માથા વિષે અનેક વાર્તાઓ જુદા જુદા રૂપમાં છે. મૂળ રુદ્રદેવતા જંગલમાં રહેનાર, તેમાં હાથીનો સંબંધ બહુ તેથી તેના હાથમાં ગજચર્મ લોકો આપવા લાગ્યા. પછી તેના ગણપતિને પણ ગજનું મોઢું લોકોએ આપ્યું; અથવા હાથીની ફોજોનો પ્રાચીન કાળમાં યુદ્ધમાં બહુ મોટો ઉપયોગ થતો તેથી અધ્યક્ષને ગજમુખ એટલે ગજ એ જ જેનું મુખ છે એમ કહેતાં રૂપક ઊડી જઈને સાચી રીતે જ લોકો તેને ગજાનન કહેવા લાગ્યા.

૨. ન. હાથીનું મોઢું.

ગજાનંદ જુઓ ગજાનન.

ગજાનીક ન. હાથીનું સૈન્ય.

ગજાપસદ [સં.] પું. હલકા પ્રકારનો સાધારણ હાથી.

ગજાયુર્વેદ [સં.] પું. હાથીની માવજત તથા સારવાર સંબંધીનું શાસ્ત્ર.

ગજાર ૧. સ્ત્રી. અંધારી ગલી.

૨. [સં. ગુહ્યાગાર] સ્ત્રી. ઓરડાના જોઈતા માપમાંથી વધેલા ભાગનો પાડેલો જુદો ખંડ; અસમ બાજુનો ઓરડો. આ ખંડ ઘણે ઠેકાણે રસોડા તરીકે અથવા જમવા બેસવા માટે વપરાય છે.

૩. સ્ત્રી. પરસાળ; ઓસરી.

૪. સ્ત્રી. ભોંયરૂં.

ગજારકોટ પું. લાકડાનો બનાવેલો કોટ.

ગજારય [સં. ગુહ્યાગાર] સ્ત્રી. ગજાર.

ગજારિ ૧. પું. એક જાતનું ઝાડ; શાલવૃક્ષ.

૨. [સં.] પું. મહાદેવ; શંકર. ગજરાક્ષસનો શંકરે સંહાર કર્યો હતો માટે તે ગજારિ કહેવાય છે.

૩. પું. મહાનટ.

૪. પું. હાથીનો શત્રુ; સિંહ.

ગજારૂઢ ૧. પું. સૈન્યનો એક પ્રકાર.

૨. પું. હાથી ઉપર બેસીને લડનાર પુરુષ.

૩. વિ. હાથી ઉપર બેસેલ.

ગજારો ૧. પું. ખોટો ઉહાપોહ.

૨. પું. પરસેવો.

ગજારોહ ૧. [સં.] પું. મહાવત.

૨. વિ. હાથી ઉપર સવાર થયેલ.

ગજારોહક જુઓ ગજારોહ.

ગજારોહણ ૧. [સં.] સ્ત્રી. બોંતેર માંહેની એક કળા. જુઓ કળા.

૨. ન. હાથી ઉપર બેસવું તે.

ગજાલ ૧. [હિં.] સ્ત્રી. એક જાતની માછલી.

૨. સ્ત્રી. ખૂંટી.

ગજાવણહાર વિ. ગજાવનાર; ગજાવવાવાળું.

ગજાવવું ૧. સ. ક્રિ. ગાજે એમ કરવું; બૂમ પાડીને કહેવું; ગાજી રહે એમ કરવું; ગજવવું.

૨. સ. ક્રિ. ઘોંઘાટ કરવો.

ગજાશન ૧. [સં.] પું. પીપળો; અશ્વત્થ વૃક્ષ.

૨. ન. કમળનું મૂળ.

ગજાશના ૧. સ્ત્રી. કમળનું મૂળ.

૨. સ્ત્રી. ભાંગનો છોડ.

૩. સ્ત્રી. લોબાનનું ઝાડ.

ગજાશ્વનિરીક્ષણ [સં.] ન. ચોસઠ પ્રકાર માંહેનું એ નામનું એક વિજ્ઞાન.

ગજાષ્ટક [સં.] ન. હાથી સંબંધી ગ્રંથ.

ગજાસંપત જુઓ ગજાસંપન્ન.

ગજાસંપન્ન અ. ગજા પ્રમાણે; માફકસર; તાકાત પ્રમાણે.

ગજાસુર ૧. પું. (પુરાણ) તારકાસુરના સૈન્યના એ નામના એક અસુરનું નામ. એ તારકામય સંગ્રામમાં કપાસી નામના રુદ્રને હાથે મરણ પામ્યો હતો.

૨. પું. સિંહ.

ગજાસુરસંહાર પું. શિવનું એક નામ.

ગજાસ્ય ૧. પું. ગજાસુર દૈત્ય.

૨. [સં.] પું. ગણેશ.

૩. ન. હાથીનું મુખ.

ગજાહીણ વિ. ગજા વગરનું; કમતાકાત.

ગજાહીણું જુઓ ગજાહીણ.

ગજાહ્વ ન. (પુરાણ) ગજપુર; હસ્તિનાપુર; હાલનું દિલ્હી.

ગજાહ્વય જુઓ ગજાહ્વ.

ગજાહ્વા ૧. [સં.] સ્ત્રી. ગજપીપર. તેનાં પાંદડાંનો આકાર હાથીના કાન જેવો હોય છે.

૨. સ્ત્રી. હસ્તિનાપુર.

ગજાંબર [સં.] ન. હાથીના ચામડાનું વસ્ત્ર.

ગજિયા ૧. સ્ત્રી. તાર વીંટવાનું એક ઓજાર.

૨. વિ. જેનો પનો એક ગજ હોય એવું.

ગજિયાણી સ્ત્રી. ગજ પનાનું એક જાતનું રેશમી કાપડ.

ગજિયું ૧. ન. ગજ પનાનું જાડા સૂતરનું કપડું.

૨. ન. ગજ માપનું બેલું; બે ફૂટ લંબાઈનો પથ્થર.

૩. વિ. ગજ પનાનું; માપમાં બે ફૂટ હોય એવું.

ગજિયો ૧. પું. આશરે ગજ જેટલો લાંબો ધાતુનો અથવા લોઢાનો સળિયો.

૨. પું. કોર; કાંગરો.

૩. પું. ગજિયું; ગજી; ચોળિયું.

૪. પું. પુરુષનું લિંગ; શિશ્ન.

ગજિરા ન. એ નામનું એક ઔષધ; તાવ, પિત્તજ્વર, પેટનો દુખાવો, ખાંસી અને હૃદયના દુખાવામાં તાકાત આપનાર અને તરસ છિપાવનાર તરીકે આપવામાં આવતી એક દવા. ખાસ કરીને તાવમાં પાણીને બદલે ગજિરાનો અર્ક અપાય છે. તેની માત્રા ચાર ડ્રામથી એક ઔંસ સુધીની હોય છે.

ગજી ૧. [ફા. ગજ] સ્ત્રી. એક જાતનું ગજ પનાનું જાડા સૂતરનું કાપડ.

૨. સ્ત્રી. ગજ જેટલા પનાનું ઝીણા વણાટનું એક જાતનું રેશમી કાપડ; અતલસ; ગજિયાણી.

૩. [સં. ગજા] સ્ત્રી. હાથણી; કરિણી; હસ્તિની.

૪. વિ. ગજના માપનું; ગજિયું.

ગજીપનો પું. બે ફૂટની પહોળાઈ.

ગજું ૧. ન. કાઠું; ઉમર લાયક શરીરનો બાંધો.

ગજું કરવું = ઉમર લાયક થઈ જવું; જલદીથી મોટું થઈ જવું.

૨. ન. પરિમાણ; માપ.

૩. ન. પાત્રતા; યોગ્યતા.

૪. ન. શક્તિ; પહોંચ; ત્રેવડ; સામર્થ્ય.

૧. ગજા પ્રમાણે ખરચવું = પોતાની શક્તિ પ્રમાણે ખર્ચ કરવો.

૨. ગજા વિનાની ગધેડી ને અમદાવાદ સુધી ખેદેડી = લાંબા સાથે ટૂંકો જાય, મરે નહિ, ને માંદો થાય; શક્તિ વિનાના માણસ પાસેથી વધારે પડતું કામ લેવું.

૩. ગજા વિનાનું ગોતર = જોઈએ તે કરતાં વધારે હોવાપણું.

૪. ગજું તપાસવું = શક્તિ જોવી.

૫. ન. હિસાબ; લેખું.

ગજેરા ૧. સ્ત્રી. એ નામની લેઉઆ કણબીની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ગજેષ્ટા [સં.] પું. ભોંયકોળાનો વેલો; ઘોડવેલ. આ વેલો હાથીના દાંતની માફક વધે છે.

ગજેંટી સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; ગાંગી. તેનું મૂળ પૌષ્ટિક તથા રક્તસ્રાવ બંધ કરનાર મનાય છે.

ગજેંદ્ર ૧. [સં.] પું. ઇંદ્રનો હાથી; ઐરાવત.
૨. પું. (પિંગળ) એ નામનો ૪૫ માત્રાનો એક સમજાતિ માત્રામેળ છંદ. તેમાં ૧૦, ૮, ૮, ૮, ૧૧ માત્રાએ યતિ આવે છે અને ૩, ૭, ૧૧, ૧૫, ૧૯, ૨૩, ૨૭, ૩૧, ૩૫, ૩૯, ૪૩ માત્રા ઉપર તાલ આવે છે.
૩. પું. મોટો હાથી; શ્રેષ્ઠ હાથી.

ગજેંદ્રગુરુ [સં.] પું. (સંગીત) રુદ્ર તાલનો એક ભેદ.

ગજેંદ્રમોક્ષ ૧. [સં.] પું. એ નામનું એક સ્તોત્ર.
૨. પું. (પુરાણ) ગજેંદ્રનો મગરના મોંમાંથી વિષ્ણુએ કરેલો છુટકારો.
૩. ન. ગંગા અને ગંડકના સંગમ આગળ આવેલ એ નામનું એક સ્થળ. આ સ્થળે હસ્તિ અને ગ્રાહ એટલે મગર વચ્ચે લડાઈ થઈ હતી અને વિષ્ણુએ આવી હાથીને છોડાવ્યો હતો. તે સ્થળને સોનપુર પણ કહેતા.

ગજેંદ્રલત્તા પું. (પિંગળ) અઢાર અક્ષરનો એ નામનો એક વર્ણમેળ છંદ; લતા. આ છંદ ધૃતિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, નગણ, રગણ, ભગણ, રગણ અને રગણ મળી અઢાર અક્ષર હોય છે. તેમાં દશમા અક્ષર ઉપર વિસામો આવે છે.

ગજેંદ્રવદન [સં.] પું. ગણપતિ; ગણેશ.

ગજેંદ્રસ્મૃતિકારણ [સં.] ન. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

ગજોષણા [સં.] સ્ત્રી. ગજપીપર. તે ગરમ ગુણવાળી હોવાથી તેને ગજોષણા કહે છે.

ગજ્જર ૧. પું. અમુક વખત થયો એવું દર્શાવનારો ઝંકાર નાદ.
૨. પું. (પિંગળ) એ નામનો એક અર્ધ સમજાતિ માત્રામેળ છંદ. આ જગણવાળા સ્કંધક છંદનો ભેદ છે. તેમાં ૧૯ ગુરુ અને ૨૬ લઘુ મળી ૪૫ વર્ણ હોય છે.
૩. પું. એ નામનો એક રસાયનશાસ્ત્રી અને શોધક.
૪. પું. બાંધનાર; ચણનાર.
૫. પું. વડો મુકાદમ.
૬. પું. વડો સુતાર; સુતારોનો ઉપરી; મિસ્ત્રી. સુતારની પાંચ જાત કહેવાય છેઃ ગુજ્જર, મેવાડા, પંચોળી, વાએડા ને વૈશ્ય. માત્ર ગુજ્જર સુતાર જનોઈ રાખે છે. શહેરના સુતારમાં જે બહુ જાણીતો હોય તે ગુજ્જર કહેવાય છે.
૭. પું. સમય; કાળ; વખત.
૮. સ્ત્રી. સુતારની એ નામની એક અટક.
૯. સ્ત્રી. પરોઢિયું; પ્રભાત; મળસકું.
૧૦. [હિં.] સ્ત્રી. ભેજવાળી જમીન; કીચડવાળી જમીન.
૧૧. ન. ગાજર; લોદર.
૧૨. ન. સુતારની એ નામની અટકનું માણસ.
૧૩. વિ. સુતારની એ નામની અટકનું.

ગજ્જલ જુઓ ગઝલ.

ગજ્જિય ન. ગર્જના.

ગઝ ૧. [ફા.] પું. એક વારનું માપ; ગજ.
૧. દેશી ગઝ = દેશનો વાર. તે ૩૩ ઇંચ લાંબો હોય છે.
૨. લંબરી ગઝ = ૩૬ ઇંચનો સરકારી વાર.
૨. પું. ફૂટપટી.
૩. પું. સળિયો.
૪. પું. સારંગીની કમાન.

ગઝક જુઓ ગજક.

ગઝદ [ફા.] સ્ત્રી. આફત.

ગઝદર ૧. સ્ત્રી. પારસીની એ નામની એક અટક.
૨. ન. પારસીની એ નામની અટકનું માણસ.
૩. વિ. પારસીની એ નામની અટકનું.

ગઝનવી ૧. [ફા. ગજનવી (ગિજનીનો રહેનાર)] વિ. એ નામના મુસલમાની વંશનું.
૨. વિ. ગિજની નામના શહેરનું; ગિજની નામના શહેરને લગતું.

ગઝનીબીન ન. વાંસના ઝાડ ઉપર બાઝતો મધ કે સાકર જેવો પદાર્થ.

ગઝબ (ગઝ઼બ) જુઓ ગજબ.

ગઝબનાક (ગઝ઼બનાક) ૧. [અ.] વિ. ઈજા કરનારૂં.
૨. વિ. ગુસ્સા ભરેલું.
૩. વિ. ઘણું સારૂં; અનોખું.
૪. વિ. ઘણું સુંદર.
૫. વિ. નાખુશ.
૬. વિ. નાશ કરનારૂં.
૭. વિ. ભવ્ય; મનોહર.
૮. વિ. હદ કરતાં વધારે; અતિ.

ગઝબી (ગઝ઼બી) ૧. પું. તોફાની માણસ.
૨. પું. દુષ્ટ માણસ.

ગઝભર વિ. વાર જેટલું.

ગઝર ૧. [ફા.] પું. એક જાતનો કંદ.
૨. પું. સારંગીનો ગજ.

ગઝલ ૧. પું. (પિંગળ) એક માત્રામેળ છંદ. તેના દરેક ચરણમાં ૧૪ માત્રા હોય છે. તેમાં ૭, ૭ માત્રાએ યતિ અને ૧, ૫, ૮ અને ૧૨ માત્રા ઉપર તાલ આવે છે.

શશિ શર આઠ બારે તાલ,
કુલ કલ ચૌદ ચરણે થાય,
ગઝલ જ જાતિ સરસ ગણાય. રણપિંગળ

૨. પું. (સંગીત) તિસ્રજાતિ સાત માત્રાનો એક તાલ; પસ્તો. પહેલી, ચોથી, છઠ્ઠી અને સાતમી માત્રા ઉપર તાલ આવે છે. આ તાલમાં ગાતી વખતે કેટલાક ચલતી લઈ પાછા મજકૂર તાલમાં આવી મળે છે. ચલતી લેતી વખત પ્રથમ નીચે લખેલા બોલ લેવા પડે છેઃ $\overset{૦}{\text{ધાંગ}}$ $\overset{૧}{\text{ધાતી}}$ નાક $\overset{૨}{\text{ધાં}}$ ધિન. આ તાલમાં ખાલી ઉપર સમ રહે છે. જો સમ ઉપર તાલનો ઠેકો દઈએ તો તિસ્રજાતિ તીવરાનું રૂપ થઈ જાય, માટે ખાલી ઉપર સમ રાખેલો છે. સાધારણ વ્યવહારમાં ગઝલનો ઠેકો નીચે પ્રમાણે વગાડવામાં આવે છેઃ ત્રક ધી ન્ધા ધા તીં. આમાં ખરૂં જોતાં તીં ઉપર સમ છે, પણ ગાનાર અને વગાડનાર તીં અક્ષર ઉપર ખાલી આપીને ગાયનની સમ ત્યાં જ લાવે છે. કોટડીના બોલઃ સમ $\overset{૦}{\text{તિં}}$ તક $\overset{૧}{\text{ધિન્}}$ $\overset{૨}{\text{ધાધા}}$. ગઝલના તાલમાં ગવાતાં ગાયનને પણ ગઝલ કહેવાય છે.
૩. સ્ત્રી. એ નામના રાગનું કાવ્ય; સ્ત્રીઓનાં પ્રેમ, મૈત્રી અને જવાનીની હકીકતની કવિતા; પ્રેમના કિસ્સાની ફારસી કવિતા. આ રાગ ફારસી સાહિત્યમાંથી આવેલ છે. ગઝલનો મૂળ અર્થ પ્રિય સાથે રમવું કે સ્ત્રીઓ સાથે વાતચીત કરવી અથવા તેમની સાથે વિલાસ કરવો એવો થાય છે. તેથી આ રાગમાં શૃંગાર રસ મુખ્ય હોય છે અને તેમાં પ્રેમીઓનું સ્પષ્ટ કથન અથવા પ્રેમીના હૃદયના ઉદ્‌ગાર કે રમ્ય દશ્યોનાં, પંખી, ફૂલ, કુંજ નિકુંજ આદિનાં વર્ણન હોય છે. તેને કવાલી પણ કહે છે. એનો કોઈ નક્કી કરાયેલ છંદ હોતો નથી અને તે ગમે ત્યારે ગવાય છે. ગ્રીક અને રોમનોના ઓડ અને ઇટલિઅનોના સોનેટ કાવ્યને મળતું આ કાવ્ય હોય છે. ગુજરાતીમાં ગઝલની શરૂઆત કરનાર દયારામ છે. નર્મદ તે પછી આવે છે.
ગઝલ કહેવી = કવિતા રચવી.
૪. સ્ત્રી. એ નામની એક પદ્ધતિ.

૫. [ફા.] સ્ત્રી. એક ફારસી રાગ. તેમાં પાંચથી વધારે બેતો હોય છે. એક અસ્તાઈ અને બીજી આંતરા તરીકે આવે છે. ઉર્દૂમાં એને રેખતો પણ કહે છે. અસ્તાઈની બેતના બે મિસરા-લિટિના કાફિયા-અનુપ્રાસ મળવા જોઈએ અને પછી અંતરાની દરેક બેતોની બીજી ત્રીજી લીટીના કાફિયાઓ અસ્તાઈના બેતના કાફિયાને મળતા આવવા જોઈએ.

ગઝલખાન (ગઝલખ્ાન) પું. કવિતા બોલનાર માણસ.

ગઝલંખાની (ગઝલખ્ાની) ન. કવિતા મોઢે બોલવી તે.

ગઝલગોષ્ઠ સ્ત્રી. વાતચીત, ગપ્પાં; ટાઢા પહોરના ગપાટા.

ગઝલપઢવાઈ સ્ત્રી. અશ્લોકકહાઈ; છન કહેવાતી કવિતાની કડીઓ બોલવા બદલ વરરાજાને કન્યા પક્ષની બાઈઓ તરફથી અપાતી ભેટ.

ગઝલિસ્તાન ૧. [ફા. ગઝલ (એક જાતનું કાવ્ય) + સ્તાન (જગ્યા)] ન. ગઝલોનો સંગ્રહ.

૨. ન. જેમાં ગઝલો હોય એવું પુસ્તક.

ગઝળા ન. ધાર્મિક યુદ્ધ.

ગઝા (ગઝા) ૧. [ફા.] પું. ખોરાક; ખાવાનું.

૨. [હિં.] પું. મેળવવું તે.

૩. સ્ત્રી. નુકસાની.

૪. ન. ધાર્મિક યુદ્ધ.

૫. વિ. કરડતું.

ગઝાક (ગઝાક) ૧. [ફા.] પું. રાક્ષસ.

૨. સ્ત્રી. દારૂ સાથે ખાવાની વસ્તુનો સ્વાદ.

ગઝાન [ફા.] વિ. કરડતું.

ગઝિન [હિં.] વિ. ધાટું; બહુ પાંદડાં, ડાળી વગેરેવાળું.

ગઝી [ફા.] સ્ત્રી. સુતરાઉ જાડું કપડું; ખાદી; પાણકોરૂં.

ગઝીગાઢા સ્ત્રી. હલકી જાતનું કપડું.

ગઝીગાઢા પહેરવું = ગરીબ માણસ તરીકે રહેવું.

ગઝીના જુઓ ગઝી.

ગઝેટ (ગઝેટ) [અં.] ન. વર્તમાનપત્ર; આદેશ; દરબારી પત્ર; રાજસ્થાન પત્રિકા; દરબારી વર્તમાન; પ્રસિદ્ધિપત્ર.

ગઝેલ ન. હરણની જાતનું એક પ્રાણી. તે ડુંગરાઉ પ્રાણી હોવા છતાં હળી શકે છે. અરબસ્તાન અને સિરિઅમાં તે ખાસ કરીને દેખાય છે. એશિઅમાં તે ખૂબસૂરતી માટે પ્રખ્યાત છે.

ગટ ૧. [હિં. ધટ્ટ] પું. કાયા; શરીર.

૨. પું. ગળામાં વસ્તુ ઊતરતાં થતો અવાજ.

ગટ કરી જવું = (૧) અપ્રમાણિકપણે ખાઈ જવું; ઉચાપત કરી જવું; ઓહિયાં કરી જવું. (૨) ખાઈ જવું; પચાવી જવું; ઉડાવી જવું. (૩) ગળી જવું; પી જવું.

૩. પું. ઘેટાં અને બીજાં પ્રાણીનાં આંતરડાંમાંથી થતી અર્ધપારદર્શક અને મજબૂત વસ્તુ. તેમાંથી વીણાના તાર, ટેનિસના રેકેટની દોરી વગેરે બને છે.

૪. પું. જથ્થો; સમુદાય; ટોળું.

૫. અ. ગટગટ અવાજ થાય એમ.

૬. અ. ઝટ; જલદી; તરત; એકદમ; ઝડપથી.

ગટક ૧. પું. કોઈ ચીજ ગળતાં થતો અવાજ.

૨. પું. (કચ્છી) ખારેકનો ઠળિયો.

૩. ન. ગટક ગટક અવાજ થાય એમ પીવું તે.

૪. અ. ગટ લઈને; ઝટ; તરત; એકદમ; ગટક ગટક અવાજ થાય એમ.

ગટકગટક ૧. અ. એક પછી એક; ઉપરાઉપરી.

૨. અ. સપાટાબંધ; તરત; ગટક ગટક અવાજ થાય એમ; ગટગટ.

ગટકમટક જુઓ ગટકગટક.

ગટકલ ૧. [મ.] સ્ત્રી. એ નામની એક મરાઠી અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની મરાઠી અટકનું.

ગટકલું ૧. ન. ઉખાણું.

૨. ન. રમૂજી ટૂંકી વાર્તા.

ગટકવું ૧. સ. ક્રિ. ખાવું.

૨. સ. ક્રિ. દબાવી લેવું.

ગટકા ૧. [સં. ગદા] પું. બુઠ્ઠી લાકડાની તરવાર.

૨. પું. લાકડી.

ગટકાવવું ૧. સ. ક્રિ. ગળી જવું; ઓહિયાં કરી જવું; ગટગટ પી અથવા ખાઈ જવું.

૨. સ. ક્રિ. નિરાંતે ખાવું પીવું.

ગટકિયા ૧. સ્ત્રી. કણબીની એ નામની એક અટક.

૨. ન. એ અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગટકુંડું (ગટકુંડું) ન. પાણી ભરવાનું માટીનું નાનું વાસણ; નાનું માટલું; નાની માટલી; ગોળાને માથે ઢાંકવાનું નાનું માટીનું વાસણ.

ગટકેહ પું. ઘૂંટડો.

ગટગટ ૧. પું. કોગળા કરવાનો અવાજ; પાણી પીવાનો અવાજ.

૨. અ. અટક્યા વગર.

૩. અ. ગટગટ અવાજ થાય એમ.

૪. અ. ત્વરાથી; સપાટાબંધ; ઝટ; એકદમ ગળી જવાય તેમ.

ગટગટક જુઓ ગટગટ.

ગટગટાવવું સ. ક્રિ. ગટગટ પી જવું; ગળી જવું.

ગટગટાવી જવું = ગટગટ અવાજ થાય તેમ તમામ સપાટાબંધ પી જવું; એકદમ ઝડપથી પી જવું; ગળી જવું.

ગટગટો પું. એક જાતનું શાક.

ગટપટ ૧. સ્ત્રી. ગડબડસડબડ; ધાલમેલ.

૨. સ્ત્રી. છાની છાની વાત; ગુંજ; ગોઠ.

૩. સ્ત્રી. મિલાવટ; મેળ.

૪. સ્ત્રી. સહવાસ; સંયોગ.

૫. વિ. અસ્તવ્યસ્ત; અવ્યવસ્થિત.

ગટપટવું ૧. અ. ક્રિ. છાની છાની વાત કરવી; ગુપ્ત મંત્રણા કરવી.

૨. અ. ક્રિ. સંપી જવું; સુલેહ કરવી.

ગટબોર ન. જંગલનું એક જાતનું ઝાડ. તેનાં ફળનો રંગ ચામડાને કાળો રંગ ચડાવવા માટે વપરાય છે.

ગટર ૧. [અં.] સ્ત્રી. ગંદુ પાણી જવાની નીક; મોરી; ખાળ.

૨. સ્ત્રી. ઢાંકણિયું નાળું.

૩. ન. પગનાં મોજાં બાંધવાની રબર કે સૂતરની દોરી અથવા પટો

ગટરપટર ૧. સ્ત્રી. પરિચિત વ્યવહાર.

૨. ન. ઊંધીચતી સમજાવટ.

૩. અ. આમતેમ; ઊંધુંચતું; ગમેતેમ.

ગટરમલ [હિં.] પું. વાંદરો.

ગટરમાપુ પું. દારૂડિયો; છાકટો.

ગટરિયાં ન. બ. વ. નાની ગટરો.

ગટવાર ૧. સ્ત્રી. એ નામની જાટ લોકોની એક જાત.

૨. ન. એ નામની જાટ લોકોની એક જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

ગટવારા જુઓ ગટવાર.

ગટસેંટ સ્ત્રી. હલકા ચોખાની એક જાત.

ગટંપટં ૧. ન. ગરબડગોટો.

૨. ન. દાવ; યુક્તિ.

ગટાકારબૂથ પું. મોચીનું લાકડાનું એક ઓજાર.

ગટાટોપ ૧. પું. ઘોર અંધારૂં.

૨. વિ. ઘટાટોપ; ખીચોખીચ.

ગટાપરી સ્ત્રી. ગરબડગોટો.

ગટાપરચા ૧. પું. એ નામના ઝાડમાંથી નીકળતો ગુંદર જેવો રસ. તે દેખાવમાં દૂધ જેવો હોય છે. મોટે ભાગે તે વીજળીના તારો ઉપર રક્ષા અર્થે લગાડવામાં આવે છે. તેના વૉટર પ્રૂફ એટલે પાણીની અસર સામે ટકી શકે એવા કોટ બને છે.

૨. [મલાયમ ગટા (ગુંદ) + પરચા (વૃક્ષ)] ન. મલાયામાં થતું એક જાતનું ઝાડ. આ વૃક્ષ વિશાળ હોય છે. લાકડું કમજોર હોવાથી ઉપયોગી નથી. તેના ફળમાંથી તેલ નીકળે છે. આ ઝાડમાંથી નીકળતો દૂધ જેવો સફેદ પદાર્થ રબરની માફક કામ આવે છે પણ તેના જેટલો તે નરમ હોતો નથી.

ગટાલામે સ્ત્રી. એ નામની ગંજ એટલે ઢગલાની એક અધિષ્ઠાત્રી દેવી. બસ્તારથી જતા રસ્તાની એક બાજુ ઉપર આ દેવીના માનમાં પથ્થરના મોટા મોટા ઢગલા કરવામાં આવેલા છે. ત્યાંથી પસાર થતો દરેક માણસ તેના ઉપર એક પથ્થર મૂકવાને અને તે ઢગલાને સલામ કરવાને બંધાયેલો છે.

ગટાવવું સ. ક્રિ. પીવું.

ગટિ પું. નાનો કોળિયો.

ગટિયા [હિં.] સ્ત્રી. નાની ગાંસડી.

ગટિયું ૧. વિ. ગટ્ટું; ઠીંગણું.

૨. વિ. બટકું અને જાડું.

ગટિયો પું. નીચા બાંધાનો ઠીંગણો માણસ.

ગટી ૧. સ્ત્રી. ગાંઠ; ગૂંચ; આંટી.

૨. સ્ત્રી. લખોટી.

ગટુકડું (ગટુકડું) ન. મજાક; ગમ્મત.

ગટુકો પું. ઘૂંટડો.

ગટૂચી ૧. [સં. કટુકી] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; કડુ. એના વેલા અને પાંદડાં ગળોનાં જેવાં હોય છે. વેલા જરા રતાશ પડતા હોય છે.

૨. સ્ત્રી. ગળો.

ગટો ૧. પું. લાકડાનો લખોટો; ધન.

૨. પું. સીવતી વેળાએ પગરખામાં રખાતો લાકડાનો કટકો.

ગટ્ટ ૧. પું. ગળામાં વસ્તુ ઊતરતાં થતો અવાજ; ગટક.

૨. વિ. ઠીંગણું; નીચું.

૩. અ. ગટ લઈને; ઝટ; તરત; એકદમ.

ગટ્ટા ૧. પું. એ નામની એક મીઠાઈ.

૨. [હિં.] પું. કાંડાનો સાંધો.

૩. પું. ઘૂંટી.

૪. પું. બ. વ. (કચ્છી) કોળિયા.

૫. પું. બ. વ. ગાલના ઊપસેલ ભાગ.

૬. પું. બ. વ. જાડા થર.

૭. પું. બ. વ. ઝાંઝ પકડવાના લૂગડાના ગોટા.

૮. પું. બ. વ. તબલામાં નખાતા લાકડાના કટકા.

૯. પું. બ. વ. પગના આંગળાનાં આંટણ.

૧૦. પું. બ. વ. પૈડાં નીકળી ન જાય તે માટે આડાં ઠેસીને માટે વપરાતાં સાધન.

૧૧. પું. બ. વ. બી; બીજ.

૧૨. પું. બ. વ. બૂચ; ડટ્ટા.

૧૩. પું. બ. વ. સ્ત્રીઓનાં સ્તન.

૧૪. પું. બ. વ. હીરાઓની હાર.

૧૫. પું. બ. વ. હુક્કાની નળીનો એક ભાગ.

ગટ્ટી ૧. સ્ત્રી. જહાજ અથવા નાવમાં ખંભાની નીચેની ચૂલ.

૨. સ્ત્રી. દોરા અથવા તાર લપેટવાનું સાધન; 'બોબિન'.

૩. સ્ત્રી. નદીનો કિનારો.

૪. વિ. ઠીંગણું; નીચું.

૫. વિ. બટકું અને જાડું.

ગટ્ટુ વિ. ઠીંગણું; નીચું.

ગટ્ટુલાલજી પું. વૈષ્ણવ સંપ્રદાયનો એ નામનો એક સમર્થ આચાર્ય. તેને ભારતમાર્તંડ નામની પદવી મળેલ હતી. તેનો જન્મ સૌરાષ્ટ્રમાં થયાનું કહેવાય છે. તેણે શ્રીમદ્ ભગવદ્ગીતાની ટીકા લખેલ છે.

ગટ્ટું જુઓ ગટ્ટી ૪, ૫.

ગટ્ટો ૧. પું. કબાટના બારણામાં નાખવામાં આવતો કાચનો ડટ્ટો.

૨. પું. (કચ્છી) કોળિયો.

૩. પું. મોગરો.

ગઠ ૧. પું. કાંઠો; કિનારો.

૨. [હિં.] પું. ગાંઠ.

૩. સ્ત્રી. ધાતુની લગડી.

ગઠકટા ૧. પું. ખીસા કાતરનાર; ખીસાકાતરૂ.

૨. વિ. બેઇમાની અગર છેતરપીંડીથી નાણાં કઢાવનાર.

ગઠકટાઈ સ્ત્રી. ખીસાં કાતરવાં તે.

ગઠકટી જુઓ ગઠકટાઈ.

ગઠજોડા (ગઠજોડ઼ા) ૧. પું. સાથે બાંધવું તે.

૨. પું. હિંદુ લગ્નની એક ક્રિયા; છેડાછેડી બાંધવી તે.

૩. વિ. જોડેલું; સાંધેલું.

ગઠડ (ગઠડ઼) [હિં.] પું. મોટું પોટકું.

ગઠડયા (ગઠડ઼યા) [હિં.] સ્ત્રી. કોથળી; પોટલું.

ગઠડી (ગઠડ઼ી) [સં. ગ્રંથિ] સ્ત્રી. (હિંદી) કોથળી; પોટલી; ગાંસડી; બચકી.

૧. ગઠડી કરવી = (૧) એકઠું કરવું. (૨) કુસ્તીમાં સામાવાળાને હરાવવું.

૨. ગઠડી બાંધવી = (૧) પોટલું બાંધવું. (૨) વસ્તુ એકઠી કરવી.

૩. ગઠડી મારવી = લૂંટવું.

ગઠડીકર (ગઠડ઼ીકર) [હિં.] પું. ગાંસડી ઉપરનો કર.

ગઠત ૧. સ્ત્રી. કાવતરૂં.

૨. સ્ત્રી. જોડાણ.

૩. સ્ત્રી. બનાવટ; રચના.

ગઠન ૧. [સં. ગ્રથન] ન. એકત્રિત કરવું તે.

૨. ન. બનાવટ.

૩. ન. બાંધવું તે.

ગઠબંધ વિ. ગાંઠ વાળેલ.

ગઠબંધન ૧. પું. ગાંઠ બાંધવી તે.

૨. પું. છેડાછેડી બાંધવી તે; લગ્નક્રિયામાં વરકન્યાના છેડાબંધન.

ગઠમાંદાણઘા ન. (કચ્છી) એક પ્રકારનું શ્વાસ; ગાંઠેલો.

ગઠર [સં.] પું. મોટી ગાંસડી.

ગઠરી ૧. સ્ત્રી. કોથળી.

૨. સ્ત્રી. ગાંસડી; પોટલી.

૩. સ્ત્રી. ટોળું.

૪. સ્ત્રી. તરવાનો એક પ્રકાર.

૫. સ્ત્રી. સંચિત ધન.

ગઠવાંસી સ્ત્રી. ગઠ્ઠાનો વીસમો ભાગ.

ગઠાની સ્ત્રી. ખેડૂતો ઉપરનો એક જાતનો કર.

ગઠાવ ૧. પું. જોડાણ.

૨. પું. બનાવટ.

ગઠિયણ વિ. સ્ત્રી. લુચ્ચી; પાકી.

ગઠિયા ૧. [હિં.] પું. એક જાતનો વાનો રોગ; સંધિવા. તેમાં ગોઠણમાં દુઃખ થાય છે.

૨. પું. વૃક્ષોને ગાંઠ નીકળવાનો રોગ.

૩. પું. બ. વ. હાથ કે પગમાં ચડતાં ગોઠલાં.

૪. સ્ત્રી. કોથળો.

૫. [સં. ગ્રંથીય] સ્ત્રી. ગાંસડી; પોટલી.

૬. સ્ત્રી. ટોપલી.

૭. સ્ત્રી. રોઢો.

ગઠિયારોગ પું. સંધિવા.

ગઠિયાવેડા (ગઠિયાવેડ઼ા) પું. હરામીપણું; લુચ્ચાઈ.

ગઠિયું વિ. લુચ્ચું; પાકું.

ગઠિયો ૧. પું. ખીસાકાતરૂ.

૨. પું. ઠીંગણો અને લઠ્ઠ માણસ; મજબૂત બાંધાનો માણસ.

૩. વિ. પું. ગાંઠ છોડનાર.

૪. વિ. પું. ઠીંગણો; નીચા કદનો.

૫. વિ. પું. લુચ્ચો; પહોંચેલો.

ગઠિવન ૧. ન. એક જાતનું ઝાડ; ગ્રંથિક.

૨. ન. તગરની ગાંઠ.

ગઠી ૧. [હિં.] સ્ત્રી. દડો.

૨. સ્ત્રી. ભારવાહી જાનવરના વાંસા ઉપર મૂકવામાં આવતું ઓશીકું.

ગઠીલું ૧. વિ. ગાંઠવાળું.

૨. વિ. મજબૂત.

૩. વિ. સારા બાંધાનું.

ગઠેલી સ્ત્રી. જલેબી જેવી એક જાતની મીઠાઈ.

ગઠેવાળિયા પું. બ. વ. ઘરગથ્થુ દવાઓની ગાંઠો વાળી બાંધેલી પોટલીઓ.

ગઠો ૧. પું. કટકો.

૨. જુઓ ગઠ્ઠો.

ગઠોરગચ્છ પું. કદાવર અને મજબૂત માણસ.

ગઠૌંદ ૧. [હિં.] સ્ત્રી. કોથળીમાં બાંધેલી અનામત.

૨. સ્ત્રી. ગાંઠની બંધાઈ.

ગઠ્ઠડ (ગઠ્ઠડ઼) પું. મોટું પોટકું.

ગઠ્ઠા ૧. [હિં.] પું. જમીન માપવાની સાંકળનો ૨૦મો ભાગ. દરેક ગઠ્ઠો ત્રણ ઇલાહી ગજનો હોય છે.

૨. પું. પાંચ શેર દાણાનું માપિયું.

૩. પું. બંગાળના વીઘાનો વીસમો ભાગ; ૭૨૦ ચોરસ ફૂટ.

૪. પું. ભાર.

૫. પું. લસણ, ડુંગળી અથવા હળદરનો ગાંઠિયો.

ગઠ્ઠી ૧. [હિં.] પું. કળી.

૨. પું. ગાંઠ.

૩. સ્ત્રી. પોટલી.

ગઠ્ઠી કરવું = ચોરી જવું.

ગઠ્ઠીછોડ (ગઠ્ઠીછોડ઼) પું. ચોર; લુચ્ચો; ખીસાકાતરૂ.

ગઠ્ઠો ૧. પું. ગાંઠ; વેઢો.

૨. પું. ગાંસડી; પોટલી; બચકું.

૩. પું. ઘૂંટણની ઉપરનું ગોળ હાડકું.

૪. [સં. ગ્રંથિ] પું. છૂટાં કણો એકઠાં થઈને જામી ગયેલ ગાંઠ; રસનો ગોળ ગાંગડો; લઠ્ઠો; ગચિયું; બાઝી ગયેલો જથ્થો.

૫. પું. જમીન માપવાની સાંકળનો ૨૦ મો ભાગ.

૬. પું. ઢેકું.

૭. પું. દબાવીને બાંધેલી ગાંસડી.

૮. પું. શરીરમાં ઠેકઠેકાણે લોહી બંધાઈ જવાથી થતી કઠણ ગાંઠ.

ગઠ્ઠી ૧. સ્ત્રી. રકમ; સરવાળો.

૨. સ્ત્રી. સંચય; સંગ્રહ.

૩. વિ. એકંદર; મજમુ.

ગડ્ ૧. [સં.] અ. ક્રિ. રેલો ચાલવો; પ્રવાહી પદાર્થની પેઠે વહેવું.

૨. સ. ક્રિ. સીંચવું; છાંટવું.

ગડ (ગડ઼) ૧. પું. આચ્છાદન.

૨. પું. એ નામનો એક દેશ.

૩. પું. એક જાતનું માછલું.

૪. પુ. એક જાતનું લવણ.

૫. પું. ઓટ.

૬. [સં.] પું. ખાઈ; ગર્ત; ખાડો.

૭. પું. ગિરિદુર્ગ; પર્વત ઉપર બાંધેલો કિલ્લો.

૮. પું. ધીંધ; ટોળું; જૂથ.

૯. પું. ઘેરો.

૧૦. પું. પડદો.

૧૧. પું. પ્રતિરોધ.

૧૨. પું. ફરક; તફાવત.

૧૩. પું. ફોડલો.

૧૪. પું. બજાર; પીઠ.

૧૫. પું. માળવા પ્રાંતનો એક ભાગ.

૧૬. પું. મોટો પથ્થર.

૧૭. પું. વાડ.

૧૮. પું. વિઘ્ન.

૧૯. પું. સુવર્ણમત્સ્ય; એક જાતનું માછલું.

૨૦. પું. હદની નિશાની; સીમાની નિશાની.

૨૧. સ્ત્રી. આવડત; હથોટી.

૨૨. સ્ત્રી. ગડી; ઘડી.

૨૩. સ્ત્રી. ગાંઠ.

૨૪. ન. ગૂમડું.

૨૫. ન. પાકતાં અને મોં થતાં ઘણી વાર લાગે એવો વિકારી લોહીનો સોજો.

ગડક [સં.] પું. એક જાતનું માછલું.

ગડકબારણી (ગડ઼કબારણી) સ્ત્રી. વાઘપટોળી નામની એક દેશી રમત.

ગડકબારી (ગડ઼કબારી) ૧. સ્ત્રી. એક જાતની દડાની રમત.

૨. સ્ત્રી. નાની બારી.

ગડકરી (ગડ઼કરી) [મ.] પું. કિલ્લામાં નોકરી કરનાર સિપાઈ.

ગડકવું (ગડ઼કવું) અ. ક્રિ. નીચેથી નીકળવું; ગળકી જવું; નીચે થઈને ચાલ્યા જવું.

ગડકું (ગડ઼કું) ન. ડોકું; ગળું.

ગડખિયું (ગડ઼ખિયું) ન. ગોખલો.

ગડખી (ગડ઼ખી) સ્ત્રી. (કચ્છી) ગોખલો.

ગડગચ્ચો (ગડ઼ગચ્ચો) ૧. પું. ઘણી વસ્તુ આમતેમ ખડકેલી અથવા પડેલી હોય એવી સ્થિતિ; ખીચડો; ગડબડગોટો.

૨. પું. ઘણું ખાવાથી શરીરનું અકળાઈ જવું તે.

૩. પું. ભીડ; સંકડાશ.

ગડગજ (ગડ઼ગજ) પું. કિલ્લાની મોખરે ઢળી આવેલો માટીનો ટેકરો.

ગડગડ (ગડ઼ગડ઼) ૧. પું. ગગડાટ; કડકડાટ; ગડગડાટ.

૨. સ્ત્રી. આકાશમાં વીજળીથી થતો અવાજ.

૩. સ્ત્રી. ગડબડતી વસ્તુને લીધે થતો અવાજ.

૪. સ્ત્રી. ગોળ નાનું ટોકું.

૫. સ્ત્રી. તોપ ફૂટવાથી થતો અવાજ.

૬. સ્ત્રી. પગથિયાં ઉપરથી પડી જતાં થતો અવાજ.

૭. સ્ત્રી. પાણાના નાના કટકાઓનો જથ્થો.

૮. સ્ત્રી. પેટમાં થતો ગડગડ અવાજ.

૯. સ્ત્રી. પૈડાંનો અવાજ.

૧૦. [હિં.] સ્ત્રી. હુક્કાના પાણીથી થતો અવાજ.

૧૧. અ. ઉતાવળથી; ઝડપથી.

ગડગડતી (ગડ઼ગડ઼તી) ૧. સ્ત્રી. દોટ; હડી.

ગડગડતી મૂકવી = દોટ કાઢવી; હડી મૂકવી.

૨. વિ. સ્ત્રી. ગડગડ એવો અવાજ કરતી.

ગડગડદાસ (ગડ઼ગડ઼દાસ) પું. દારૂડિયો; છાકટો.

ગડગડઘાટ (ગડ઼ગડ઼ઘાટ) પું. સાધારણ સ્થિતિ.

અતિ ડાહ્યો અળખામણો, અતિ ઘેલે ઉચાટ,
આનંદ કહે પરમાનંદા, ભલો ગડગડઘાટ.
કહેવતસંગ્રહ

ગડગડવું (ગડ઼ગડ઼વું) ૧. અ. ક્રિ. કોઈ વસ્તુ ગડબડતી હોય એવો અવાજ થવો; પૈડાંની જેમ ગબડતો ગબડતો અવાજ થવો.

૨. અ. ક્રિ. ગડબડવું; ગોઠીગલાં ખાતાં તળેઉપર થતાં ઢાળને લીધે નીચાણ તરફ પડવું.

૩. અ. ક્રિ. ગાજવું; વાગવું.

૪. અ. ક્રિ. ગોળ આંટા ફરવા.

૫. અ. ક્રિ. હક્ક ન હોય ત્યાં દાખલ થઈ જવું.

ગડગડા (ગડ઼ગડ઼ા) [હિં.] પું. મોટો હુક્કો.

ગડગડાટ (ગડ઼ગડ઼ાટ) ૧. પું. ગડગડ એવો અવાજ; ગગડાટ; ગર્જના.

૨. પું. ઝડપ અને જોશ બતાવતો અવાજ.

૩. અ. સડસડાટ; ઝપાટાબંધ.

ગડગડાવવું (ગડ઼ગડ઼ાવવું) ૧. સ. ક્રિ. ખડખડાવવું; ખખડાવવું.

૨. સ. ક્રિ. ગડગડે એમ કરવું; ગડગડ થાય એમ કરવું; ગડબડાવવું.

૩. સ. ક્રિ. ગુડગુડ થાય એવી રીતે ખેંચવું.

૪. સ. ક્રિ. સપાટાબંધ કામ કરવું.

૫. સ. ક્રિ. હુક્કો પીવો.

ગડગડાહટ (ગડ઼ગડ઼ાહટ) ૧. [હિં.] સ્ત્રી. ગડગડ એવો અવાજ.

૨. સ્ત્રી. હુક્કો પીવાથી નીકળતો શબ્દ.

ગડગડિયા (ગડ઼ગડ઼િયા) પું. બ. વ. થોડા ઘીવાળા લાડુ.

ગડગડિયાળું (ગડ઼ગડ઼િયાળું) વિ. ગડગડિયા પથ્થરથી ચણેલ.

કાંકરીઆળા કોટ, પીઠા ? તેં કેક પાલટ્યા,
ગડગડિયાળા ગઢ, વસમા છે વેજી તણા.
દુહો

ગડગડિયું (ગડ઼ગડ઼િયું) ૧. ન. ગોટો કાચલીથી જુદો પડી ગડગડ અવાજ થતો હોય તેવું નાળિયેર; સૂકું નાળિયેર.

૨. ન. બરતરફી.

ગડગડિયું આપવું = કાઢી મૂકવું; બરતરફ કરવું.

૩. ન. રજા; વિદાય.

૪. ન. રવાઈના ઉપલા ભાગમાં રાખવાનું ગોળ કાણાવાળું ખાખરાના લાકડાનું સાધન.

ગડગડી (ગડ઼ગડ઼ી) ૧. સ્ત્રી. એક જાતનું વાદ્ય.

૨. સ્ત્રી. નાનું ફરે એવું પૈડું; ગરેડી; ગરગડી.

ગડગૂદડ (ગડ઼ગૂદડ઼) [હિં.] પું. બ. વ. ચીથરાં.

ગડગૂમડ (ગડ઼ગૂમડ઼) ૧. ન. ગૂમડાં થઈને થતો ચામડીનો રોગ.

૨. ન. બ. વ. નાનાં મોટાં ગૂમડાં.

ગડગૂંદી (ગડ઼ગૂંદી) સ્ત્રી. ગૂંદીનું ઝાડ.

ગડગૂંદું (ગડ઼ગૂંદું) ન. મોટું ગૂંદું.

ગડગૂંદો (ગડ઼ગૂંદો) પું. ગડગૂંદાંનું ઝાડ; મોટાં ગૂંદાંનું ઝાડ.

ગડગોટીઓ (ગડ઼ગોટીઓ) ૧. પું. ગોળ દાણાવાળો બાજરો.

૨. પું. ગોળ પથ્થર.

ગડડગપ (ગડ઼ડ઼ગપ) જુઓ ગડડગફ.

ગડડગફ (ગડ઼ડ઼ગફ) અ. ટપ; ઝટ; જોતજોતામાં; સપાટાબંધ.

ગડડગફ થવું = એકદમ સંતાઈ જવું; અલોપ થઈ જવું.

ગડડડ (ગડ઼ડ઼ડ઼) પું. હુક્કો પીતાં નીકળતો અવાજ.

ગડડી (ગડ઼ડ઼ી) [હિં.] સ્ત્રી. કંથા; ગોદડી.

ગડઢા (ગડ઼ઢા) [સં. ગર્ત] સ્ત્રી. ખાડો.

ગડણિયું (ગડ઼ણિયું) ન. ગરમ ખીચડીમાં ઘી નાખ્યા પછી હલાવવા માટે લીધેલું સાંઠીકું.

ગડત (ગડ઼ત) પું. અવિરત વરસાદ; ધોધમાર વરસાદ.

ગડથલ (ગડ઼થલ) ૧. સ્ત્રી. ગપ; અફવા.

૨. સ્ત્રી. ગોથું.

ગડથલાવવું (ગડ઼થલાવવું) ૧. સ. ક્રિ. આંચકા મારવા; ધક્કા મારવા.

૨. સ. ક્રિ. ગગડાવવું; ગબડાવવું.

ગડથોલિયું (ગડ઼થોલિયું) ન. ગોથું; ચાલતાં ચાલતાં પડી જવું તે; લડથડિયું.

ગડથોલું (ગડ઼થોલું) જુઓ ગડથોલિયું.

ગડદલ્લો (ગડ઼દલ્લો) ૧. સ્ત્રી. ગંદી સ્ત્રી.

૨. સ્ત્રી. મૂર્ખ સ્ત્રી.

ગડદાગડદી (ગડ઼દાગડ઼દી) ૧. સ્ત્રી. ગડદાથી મારામારી; મુક્કામુક્કી; બાહુયુદ્ધ; કુસ્તી; બથંબથા.

૨. સ્ત્રી. ભીડાભીડ; બહુ ભીડ હોય એવી સ્થિતિ.

ગડદાટવું (ગડ઼દાટવું) સ. ક્રિ. ગડદેગડદે મારવું.

ગડદાપાટુ (ગડ઼દાપાટુ) ન. બ. વ. હાથપગથી મારામાર; લાત, મુક્કા અને પાટુઓની મારામારી.

ગડદાપેચ (ગડ઼દાપેચ) ૧. પું. ઠોંસો; મુક્કી; પ્રહાર.

૨. પું. થાકી જવાપણું.

૩. પું. પેચાઈ જવું તે; ભીંસાઈ જવાપણું.

૪. વિ. ગડદાના મારથી છેક અધમૂઉં થઈ ગયેલું.

ગડદામુક્કી (ગડ઼દામુક્કી) સ્ત્રી. ગડદા અને મુક્કીથી કરેલી મારામારી; ઠોંસો; ફટકો.

ગડદાર (ગડ઼દાર) પું. મસ્ત હાથી સાથે ભાલું લઈને ચાલનાર નોકર.

ગડદાવવું (ગડ઼દાવવું) સ. ક્રિ. ગડદે ગડદે મારવું.

ગડદિયો (ગડ઼દિયો) પું. લાકડાની બેડક ઉપર તોપના આકારની ધાતુની નળી જડવાથી થતું રમતનું સાધન. તેની નળીમાં દારૂ ભરી તે ફોડવામાં આવે છે.

ગડદી (ગડ઼દી) ૧. સ્ત્રી. કમાનનો ભાગ.

૨. સ્ત્રી. કાળા પથ્થરનો કટકો.

૩. સ્ત્રી. ભીડ; ઠઠ; દટ્ટી; ઘણાં માણસોનો જમાવ થયેલો હોય એવી સ્થિતિ.

ગડદુર્વા (ગડ઼દુર્વા) સ્ત્રી. ગાંઠાવાળી ધ્રો; એક જાતનું ઘાસ.

ગડદું (ગડ઼દું) ન. આગળ કરતાં પાછળનો ભાગ જાડો હોય તેવો કમાનનો પથ્થર.

ગડદેગ (ગડ઼દેગ) પું. એ નામની દક્ષિણી લોકની એક લગ્નવિધિ. દક્ષિણી લોકમાં લગ્ન પછી વરકન્યા ઘેર આવે ત્યારે વહૂના સાસરિયા પક્ષના વડીલો દીવાનખાનામાં બેઠેલા હોય ત્યાં વહૂને લાવવામાં આવે છે. ત્યાં તેઓ પલાંઠી વાળીને બેઠેલા હોય છે. તેમના ઘૂંટણ ઉપર વહૂ ઊભડક પગે બેસે અને વડીલ વહૂને સાકર ખવરાવે. આ પ્રમાણે સ્ત્રીઓમાં પણ વિધિ થાય છે. મરાઠાઓમાં આ વિધિ પ્રસંગે ગોળ ખવરાવવામાં આવતો હશે. તેને ગડદેગ કહે છે.

ગડદેશજ (ગડ઼દેશજ) ન. એક જાતનું મીઠું.

ગડદો (ગડ઼દો) ૧. પું. એ નામની એક દેશી રમત.

૨. પું. મુક્કો; ધૂંબો; ઢીકો; ઘુસ્તો; ઠોંસો; ધીબકો.

૧. ગડદો ખાવો = સાટાસાટી કરવી; આપવું એમ લેવું; ખાવું અને ખવડાવવું; સમવ્યવહારતા રાખવી.

૨. ગડદો દેવો–મારવો = વાંસામાં ધૂંબો મારવો.

ગડન (ગડ઼ન) સ્ત્રી. ભેજવાળી જગ્યા.

ગડનીસ (ગડ઼નીસ) પું. કિલ્લાના ખર્ચનો હિસાબ રાખનાર અધિકારી.

ગડપ (ગડ઼પ) ૧. પું. મોટો કોળિયો ભરવો તે.

૨. સ્ત્રી. પાણીમાં કંઈ પડવાનો અવાજ.

૩. ન. ઓહિયાં કરી જવાપણું; પચાવી પાડવું તે.

૪. ન. ગળે ઉતારી જવાપણું.

૫. વિ. ગરકાવ; મગ્ન; લીન.

૬. વિ. ડૂબેલું; પાણીમાં અંદર ઊતરી ગયેલું.

૭. અ. એકદમ; જલદી; ઉતાવળથી.

૮. અ. પાણી કીચડ વગેરેમાં એકદમ સમાઈ જવાનો શબ્દ.

૯. અ. મોઢામાં કોળિયો ગળતાં ઉતાવળ કરવાથી થતો અવાજ.

ગડપંખ (ગડ઼પંખ) ૧. પું. ઢીલાં અને પહોળાં કપડાં પહેરનાર માણસ.

૨. પું. બાળકોની એ નામની એક રમત.

૩. પું. મોટી પાંખવાળું પક્ષી.

ગડફો (ગડ઼ફો) ૧. પું. મોંમાં આવતાં થૂંકેલો કફ; ગળફો; બળખો.

૨. પું. નાનો ઢગલો.

૩. પું. લચકો; લોંદો.

૪. પું. સૂતરમાં રહી જતો રૂનો ઝીણો ફોદો.

ગડબ (ગડ઼બ) ૧. સ્ત્રી. ઓરિસામાં વપરાતી એક ભાષા.

૨. સ્ત્રી. ગાંઠ; ગડ; સોજો ચડી આવીને થયેલો લોહીનો જમાવ.

૩. સ્ત્રી. ચાંપીને સજ્જડ કરેલું હોવાપણું.

૪. ન. ધૂળ સાથે મૂળિયું ઉખેડી નાખવું તે.

ગડબડ (ગડ઼બડ઼) ૧. સ્ત્રી. અવ્યવસ્થા; અંધાધૂંધી; ગોટાળો; અંધેર.

૨. સ્ત્રી. ઉપદ્રવ; પીડા.

૩. સ્ત્રી. ગભરાટથી થયેલો બગાડ.

૪. સ્ત્રી. ઘોંઘાટ; કલબલ; ધમાલ.

૫. સ્ત્રી. દંગો; ફિસાદ; તોફાન; ફિતૂર.

૬. સ્ત્રી. માથાફોડ; માથાઝીક; નકામી મહેનત.

૭. સ્ત્રી. મૂંઝવણ; ગૂંચવણ; ગભરાટ.

૮. સ્ત્રી. મેળવણી; સેળભેળ.

૯. વિ. અવ્યવસ્થિત; ગોટાળો ભરેલું.

૧૦. વિ. કામ વગરનું.

૧૧. વિ. મુંઝાયેલું; ગભરાયેલું.

૧૨. વિ. મેળવણી કરેલ; સેળભેળ કરેલ.

ગડબડગોટાળો જુઓ ગડબડગોટો.

ગડબડગોટો (ગડ઼બડ઼ગોટો) પું. ગોટાળો; અંધેર; અવ્યવસ્થા. જુઓ ગડબડ ૧-૮.

ગડબડગોટો વાળવો = ઊલટુંસૂલટું કરવું; ગોટો વાળવો; ઊંધુંચત્તું કરવું.

ગડબડચોથ (ગડ઼બડ઼ચોથ) સ્ત્રી. ગોટાળો; અંધેર; અવ્યવસ્થા. જુઓ ગડબડ ૧-૮.

ગડબડવું (ગડ઼બડ઼વું) ૧. અ. ક્રિ. આળોટવું; લોટવું.

૨. અ. ક્રિ. ગડગડ અવાજ કરવો; ગાજવું.

૩. અ. ક્રિ. ઢાળને લીધે નીચે સરવું; ગડબડી પડવું.

૪. અ. ક્રિ. તળે ઉપર થવું.

૫. અ. ક્રિ. પાચન ન થવું.

ગડબડસડબડ (ગડ઼બડ઼સડ઼બડ઼) સ્ત્રી. ગડબડગોટો; ઘાલમેલ; ગોટાળો. જુઓ ગડબડ ૧-૮.

ગડબડાટ જુઓ ગડબડ ૧-૮.

ગડબડાહટ (ગડ઼બડ઼ાહટ) [હિં.] સ્ત્રી. ધાંધલ; ધમાલ.

ગડબડિયું (ગડ઼બડ઼િયું) ૧. ન. ગબડી પડવું તે; અડબડિયું; ગોથું; લથડિયું; આમળાઈ પડવું તે; ઝોકું.

૨. વિ. ઉપદ્રવ કરનારૂં.

૩. વિ. ગડબડ કરનારૂં; ગડબડ કરે એવું; ધાંધલિયું.

૪. વિ. ધાલમેલિયું; ખટપટી.

૫. વિ. જલદી ઉકેલી કે વાંચી ન શકાય એવું.

૬. વિ. ઠરીને નહિ પણ ઉતાવળથી કામ કરનારૂં.

ગડબડિયો (ગડ઼બડ઼િયો) ૧. પું. વગર કારણે હાહો અને દોડાદોડી કરનાર માણસ.

૨. વિ. ખટપટી; ગડબડ કરનાર; માથું મારનાર.

ગડબડી (ગડ઼બડ઼ી) સ્ત્રી. ગોટાળો.

ગડબવું (ગડ઼બવું) ૧. સ. ક્રિ. ઉપરથી દાબીને કે ચગદીને અંદરની વસ્તુને સખત બેસાડવી; ઠાંસી ઠાંસીને ભરવું; ધરબવું.

બંદૂક ગડબવી = બંદૂકની અંદર દારૂ ઠાંસી ઠાંસીને ભરવો.

૨. સ. ક્રિ. મારીને અધમૂઉં કરવું.

ગડબુકડિયું (ગડ઼બુકડ઼િયું) ૧. વિ. ગોટાળિયું; ગોટાવાળું; ઉતાવળથી અરધું બોલનાર.

૨. વિ. સાધારણ સ્થિતિનું.

૩. વિ. સાવ સાદું; ખબર વિનાનું.

ગડબો (ગડ઼બો) ૧. પું. ગાંઠ.

૨. પું. પાણો; ઢેફું.

ગડભાંગ (ગડ઼ભાંગ) સ્ત્રી. ઘડભાંગ; વિચાર થવો અને વળી પડી ભાંગવો તે; કરવા ન કરવા સંબંધીની અસ્વસ્થ વિચારણા; ડામાડોળપણું. ઘડવું અને વળી ભાંગી નાખવું તે ઉપરથી આ શબ્દ થયો છે.

ગડભાંજ (ગડ઼ભાંજ) જુઓ ગડભાંગ.

ગડમથલ (ગડ઼મથલ) ૧. સ્ત્રી. ઊંધુંચત્તું; ભાંગફોડ; ભાંજગડ; ઊથલપાથલ; ઘાલમેલ; ફેરફાર.

૨. સ્ત્રી. એક વાતનો નિર્ણય ન થવો તે; અનિશ્ચિતતા; વિચારોની પરંપરા.

૩. સ્ત્રી. ખટપટ.

૪. સ્ત્રી. છૂટવાને માટે જે મહેનત કરવી તે; ફાંફાં મારવાં તે; મુશ્કેલી, દુઃખ કે બંધનમાંથી મુક્ત થવાને જુદી જુદી અનેક રીતે ઉદ્યોગ કરવો તે; યત્ન; મહેનત.

૫. સ્ત્રી. નવરા ન બેસી રહેતાં કંઈ ને કંઈ કર્યા કરવું તે.

૬. સ્ત્રી. ફિતૂર; ટંટો; ઉહાપોહ.

૭. સ્ત્રી. માથાકૂટ; માથાઝીક; માથાફોડ.

ગડર ૧. [અં. ગર્ડર] પું. લોઢાનું પીઢિયું; લોઢાનો જાડો પાટા જેવો કટકો.

૨. સ્ત્રી. (કચ્છી) ઈયળ; કીડો.

ગડરગરી સ્ત્રી. (કચ્છી) એક જાતની વનસ્પતિ. તેને ભાખો પણ કહે છે. આ છોડ ગાડરાં વિશેષ ખાય છે.

ગડરઝીપટો પું. (કચ્છી) એક જાતનો છોડવો. તે ત્રણથી છ ફૂટ ઊંચો થાય છે. તેને ચિત્તો પણ કહે છે.

ગડરભૂરટ પું. (કચ્છી) એક પ્રકારનો છોડવો. તે કફનો નાશ કરનાર મનાય છે.

ગડરિયો પું. ગાડર ચારનાર ભરવાડ; જાત અથવા ધંધાથી ભરવાડ.

ગડરિયા પુરાણ = (૧) ગ્રામ્ય કથા. (૨) ભરવાડની વાર્તા.

ગડલ સ્ત્રી. (કચ્છી) છોકરાંને રમવાની નાની ગાડી.

ગડલવણ (ગડ઼લવણ) [સં. ગર્તલવણ] ન. એક જાતનું મીઠું; અજમેરી મીઠું; સાંભર સરોવરનું મીઠું; સાંભરલવણ.

ગડલા [સં. ગર્ત] સ્ત્રી. (હિંદી) ખાડો.

ગડવા (ગડ઼વા) ૧. પું. ગાડવો.

૨. પું. વસંતપંચમીના ઉત્સવ વખતે ગાનારાઓ અને નાચનારી સ્ત્રીઓ મોટા માણસોને ભેટ આપે છે તે ફૂલદાન. મોટા માણસો તેના બદલામાં તેને બક્ષિશ આપે છે.

ગડવું (ગડ઼વું) ૧. અ. ક્રિ. અંદર પેસવું કે જવું; અંદર ગડી પડવું; તલ્લીન થવું.

૨. અ. ક્રિ. ગડગડ થવું; ગડગડવું; વગડવું; ખડખડવું.

૩. અ. ક્રિ. ગબડવું; ધીરેથી ગબડીને પેસવું; લોટવું; ગડબડવું.

ગડવેલ (ગડ઼વેલ) સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

ગડવો (ગડ઼વો) ૧. [સં. ગડ્ડુક (પાણીનો લોટો)] પું. ગાડવો.

૨. પું. ઘડાના જેવો ગોળ પણ પડઘીદાર લોટો; ઘડો.

ગડશિયું (ગડ઼શિયું) ન. મરણ પાછળ જમાડાતી કેરીના રસની નાત.

ગડસો (ગડ઼સો) ૧. પું. મરણક્રિયામાં ભરાતો પાણીનો ઘડો.

૨. પું. સ્મશાનમાં ટાઢી ઠારવાનો ઘડો.

ગડહડ (ગડ઼હડ઼) વિ. ગંભીર.

ગડંક (ગડ઼ંક) [હિં.] પું. જ્યાં દારૂ, હથિયાર વગેરે રાખવામાં આવે છે તે જગ્યા.

ગડંગ (ગડ઼ંગ) ૧. [હિં.] સ્ત્રી. બડાઈ; આત્મશ્લાઘા.

૨. ન. ચોપાનિયું.

૩. ન. દારૂખાનું.

ગડંગિયું (ગડ઼ંગિયું) વિ. બડાઈ કરનાર.

ગડંગી જુઓ ગડંગિયું.

ગડંત (ગડ઼ંત) [હિં.] સ્ત્રી. કોઈ માણસનું પૂતળું કે નામ જમીનમાં અમુક મંત્રોચ્ચાર પછી દાટવામાં આવે છે તે ક્રિયા. આ ક્રિયા મારણ,

મોહન, વશીકરણ, સ્તંભન, ઉચ્ચાટન, આકર્ષણ વગેરે માટે કરાય છે.

ગડા (ગડ઼ા) ૧. પું. ઢગલો.

૨. પું. મોટો પૂળો.

૩. પું. બ. વ. ચણવામાં વપરાતા અણઘડ નાના નાના પથ્થરા; મોટા કાંકરા; ટોડા.

ગડાકુ (ગડ઼ાકુ) ૧. પું. પૈસા; ધન.

ગાંઠે ગડાકુ હોય તો બજારે જવાય = પૈસા હોય તો વસ્તુઓ ખરીદી શકાય.

૨. પું. લાડુ. બ્રાહ્મણ આ શબ્દ વાપરે છે.

૩. [સં. ગુડ (ગોળ)] સ્ત્રી. એક જાતની તમાકુ; હુક્કામાં પીવાની કેળવેલી તમાકુ; તમાકુનાં પાન સાથે ગોળ અથવા મહુડાનો રસ ભેળવીને બનાવેલી બજર; ગોળ કે કાકબ ભેળવી કચરેલી તમાકુ. તેનું હુક્કા કે ચલમમાં નાખી ધૂમ્રપાન થાય છે.

૪. ન. થાકીને લોથ થઈ જવું તે; નરમ ઘેંસ જેવા થઈ જવું તે.

૧. ગડાકુ થવું-બનવું = ઘેનથી ઘેરાઈ જવું; કેફના નશામાં બેભાન થવું.

૨. થાકીને ગડાકુ થઈ જવું = થાકીને લોથપોથ થઈ જવું.

૫. વિ. શોખીન; રસિયું.

ગડાકૂ સ્ત્રી. એક જાતની માછલી.

ગડાખુ (ગડ઼ાખુ) ૧. પું. કડણ અથવા થોડા ઘીવાળો લાડુ.

૨. સ્ત્રી. તમાકુની એક જાત; થોડો ગોળ ભેળવીને બનાવેલી તમાકુ.

ગડાડ (ગડ઼ાડ઼) સ્ત્રી. ધમકી.

ગડાબટાઈ (ગડ઼ાબટાઈ) [હિં.] સ્ત્રી. પાકના ઢગલા કરીને ભાગ પાડવા તે.

ગડારીદાર [હિં.] વિ. ઘેરદાર.

ગડારો ૧. [સં. ગુડ (ગોળ) + આકાર (ખાણ)] પું. ગળચવો; ટૂંપિયો.

૨. પું. ચીલા વચ્ચેની ઊંચી જગ્યા; માર્ગનો વચલો ઊંચો ભાગ.

૩. પું. ઢોરના શરીરનો આગલા પાછલા પગ વચ્ચેનો ભાગ; પેટ અને છાતીનો વિસ્તાર.

૪. પું. મકાનનો પાયો.

૫. પું. મોટરનાં પૈડાં વચ્ચેની જગ્યા.

૬. પું. શેરડીનાં બીજ રાખવાનો ખાડો.

ગડાવ (ગડ઼ાવ) [હિં.] સ્ત્રી. જુવારનાં ડૂંડાં કાપવાનું હથિયાર.

ગડાસંધ (ગડ઼ાસંધ) સ્ત્રી. સીમા; સંધિ; મર્યાદા.

ગડાસી જુઓ ગડાવ.

ગડિ ૧. પું. આળસુ બળદ.

૨. [સં.] પું. વર્ષ.

૩. પું. વાછડો.

૪. ન. હરણનું બચ્ચું.

ગડિયાચોથ (ગડ઼િયાચોથ) સ્ત્રી. ભાદરવા સુદ ચોથ. આ દિવસે કોઈના ખોરડા ઉપર પાણા નાખી તેની ગાળ ખાવી એ કેટલાક અણસમજુ માણસો શુકન ગણે છે.

ગડિયાર [હિં.] વિ. હઠીલું.

ગડિયારી [હિં.] સ્ત્રી. હઠ.

ગડિયાં (ગડ઼િયાં) ન. બ. વ. હસતી વખતે ગાલમાં પડતા ખાડા.

ગડિયું (ગડ઼િયું) ૧. ન. અર્ધા પવાલા જેવડું માપિયું; નાનું પવાલું; ટોયું.

૨. ન. તમાકુનો ગોળો કે નાનો ગડો.

૩. ન. તમાકુનો પડો કે પડિયું; તમાકુનાં પાંદડાંની ઝૂડી. આમળીને વાળેલી ઝૂડીને ગડિયું અને વગર આમળેલી ઝૂડીને પડો કહે છે.

૪. ન. પાલી કે માણાના સોળમા ભાગના માપનું વાસણ.

૫. ન. પાલી કે માણાના સોળમા ભાગનું અનાજ.

ગડિયો (ગડ઼િયો) ૧. પું. આંકનો પાડો; ઘડિયો; આંકનો કોઠો; અમુક સંખ્યાના અનુક્રમે એકથી દશ સુધીના ગુણાકારનો સમૂહ. જેમકે, એકાં, દૂ, અગિયારાં.

૨. પું. ખાડો.

૩. પું. નાનો પથ્થર.

ગડી (ગડ઼ી) ૧. પું. ઘરધંધો કરનાર દક્ષિણી ચાકર; ઘાટી; વૈતરો.

૨. પું. મિત્ર.

૩. પું. વાંદરો.

૪. સ્ત્રી. આગગાડી; રેલગાડી.

૫. સ્ત્રી. આંટી; સળ; કોઈ વસ્તુના વળી રહેવાથી આંકો પડે તે.

૧. ગડી પડવી = (૧) અંટસ કે વાંધો પડવો. (૨) ગાંઠ પડવી. (૩) ઘડીની નિશાની હોવી.

૨. ગડી વાળવી = (૧) ગાંઠ વાળવી. (૨) કપડાંની ઘડી પાડવી.

૬. સ્ત્રી. એક જાતની માછલી. તે લગભગ ચાર પાંચ શેર સુધીની હોય છે અને તેમાં એક જ કાંટો હોય છે.

૭. સ્ત્રી. કપડાંની ઘડી; કપડાનાં પડને એક બીજાની ઉપર વાળવું તે; ઘડ; પાટલી; ચૂણ.

૮. [સં. ગ્રંથિ] સ્ત્રી. કોઈ ચીજનું બંધાઈને ગાંગડા જેવું થઈ જવું તે.

૯. સ્ત્રી. ગરેડીનો ખચકો.

૧૦. સ્ત્રી. ગાંઠ; કલ્લી; ગેડ.

૧૧. સ્ત્રી. ગોળની અંદરનો ગઠ્ઠો.

૧૨. સ્ત્રી. ધરડમાં પડતો ખાડો.

૧૩. સ્ત્રી. નાનો કિલ્લો.

૧૪. સ્ત્રી. પવાલું.

૧૫. સ્ત્રી. પૈડાંવાળું વાહન; ઘોડાગાડી.

૧૬. સ્ત્રી. ભજિયાંની ઝીણી કણી.

ગડી પડવી = ઝીણી કણી પડવી; ગાંઠાઈ જવું.

૧૭. સ્ત્રી. રૂઢિ; જૂના વખતથી ચાલતો રિવાજ.

ગડીબંધ (ગડ઼ીબંધ) વિ. ગડી જેમની તેમ વાળેલી હોય એવું અકબંધ; ગડી સહિત.

ગડુ (ગડુ) ૧. પું. એ નામનો એક રોગ; ગલગંડ.

૨. [સં.] પું. એક જાતનું અસ્ત્ર; ભાલું.

૩. પું. ખૂંધવાળો પુરુષ.

૪. પું. પાણીની ઝારી.

૫. પું. પિત્તળ અથવા તાંબાનો ગોળ લોટો; પાણીનું પાત્ર.

૬. પું. પૃથ્વીનો એક જાતનો કીડો.

૭. સ્ત્રી. ખૂંધ.

૮. વિ. કૂબડું; ખૂંધિયલ.

ગડુઆ (ગડુઆ) [હિં.] પું. ઘડો; ઘડૂલો.

ગડુઈ (ગડુઈ) [હિં.] સ્ત્રી. ઝારી.

ગડુક (ગડુક) ૧. [સં.] પું. આંગળીની વીંટી.

૨. પું. એ નામનો એક ઋષિ.

૩. પું. પાણીની ઝારી.

૪. પું. સોનાનું વાસણ.

ગડુકંઠ (ગડુકંઠ) [સં.] વિ. કંઠમાં ગડુ રોગ થયો હોય એવું.

ગડુડાટ (ગડુડ઼ાટ) ૧. પું. તોપનો અવાજ.

૨. પું. પેટમાં અથવા આકાશમાં થતો એવો અવાજ.

ગડુડુડુ (ગડુડુડુ) ૧. પું. ગડગડવાના જેવો અવાજ.

૨. અ. હવામાં મોટા અને ભારે અવાજ થતા હોય એમ.

ગડુમાન (ગડુમાન) વિ. શરીર ઉપર ગાંઠાવાળું.

ગડુર [સં.] વિ. ખૂંધું; કૂબડું.

ગડુરિકા ૧. [સં.] સ્ત્રી. ઘેટાની હાર.

૨. સ્ત્રી. પ્રવાહ.

ગડુરી ૧. સ્ત્રી. ગાડર.

૨. સ્ત્રી. બકરી.

ગડુવા ૧. [હિં.] પું. ગાડવો.

૨. પું. સરસવના ફૂલનો જથ્થો.

ગડું (ગડું) ન. ગૂમડું; વિદ્રધિ.

ગડૂચી (ગડૂચી) ૧. સ્ત્રી. એક જાતની વનસ્પતિ; ગળો.

૨. સ્ત્રી. ત્રણ પાયાની ઘોડી.

ગડૂચો (ગડૂચો) ૧. પું. એક જાતનું ઔષધ.

૨. [મ. ધડવંચી (નગારું મૂકવાની ઊંચી ઘોડી)] પું. ત્રણ પાયાની ઘોડી.

ગડૂચ્યાદિક્વાથ પું. ગળો અને બીજી દવાઓનો ઉકાળો.

ગડૂડવું (ગડૂડવું) અ. ક્રિ. ગડૂડ એવો અવાજ કરવો; ગર્જના થવી; હડૂડવું.

ગડેચી (ગડેચી) પું. ઢોરને થતો એક જાતનો રોગ.

ગડેડવું જુઓ ગડૂડવું.

ગડેડાટ (ગડેડાટ) ૧. પું. આકાશમાં અથવા પેટમાં થતો ગડગડાટ.

૨. પું. તોપનો અવાજ.

૩. અ. ગડગડ અવાજ સાથે.

૪. અ. સપાટાબંધ.

ગડેડે ઘલાવું (ગડેડે ઘલાવું) અ. ક્રિ. મરણની અણી ઉપર આવવું; અંત વખતની વેદના થવી.

ગડેર ૧. પું. ઘેટો.

૨. [સં.] પું. બકરો

૩. પું. વાદળું.

ગડેરિયો ૧. પું. ભરવાડ.

૨. સ્ત્રી. ભરવાડની એ નામની એક અટક.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

ગડેરી ૧. સ્ત્રી. ઘેટી.

૨. સ્ત્રી. બકરી.

૩. [હિં.] સ્ત્રી. શેરડીની કાતળી.

ગડેરું ૧. ન. ઘેટું; ગાડરું.

૨. ન. ઝાડના થડનું જાડું લાકડું.

૩. ન. નાનું ગાડું.

૪. ન. બકરું.

ગડેરો ૧. પું. ખાડો.

૨. પું. ડેલીની અંદરની બાજુમાં રાખવામાં આવતો બેઠક જેવો ભાગ.

ગડેલ (ગડેલ) સ્ત્રી. એક જાતની માછલી.

ગડો (ગડો) ૧. પું. (કચ્છી) ઈંઢડ; એક જાતની વનસ્પતિ.

૨. પું. એ નામની એક વેલ; અમૃતવલ્લિ.

૩. પું. એક પ્રકારની વનસ્પતિ. તેના છોડ ચોમાસામાં ઘણા ઊગે છે. તે ૨ થી ૪ ફૂટ ઊંચા થાય છે. તેનાં પાન મથાળે વધારે પહોળાં, બૂઠાં અને અંદર બેસતી ખાંચવાળાં હોય છે. શીંગ ઘણી ટૂંકી અને ભાગ્યે જ બે બીજવાળી થાય છે. તે પૌષ્ટિક, ગ્રાહી, વિષહર અને રેચક છે.

૪. પું. કંસારાને ત્યાં બનતો ધાતુના ક્ષારવાળો પદાર્થ. તે ગૂમડાંની દવા તરીકે વપરાય છે.

૫. [સં. ગડ (મોટો પથ્થર)] પું. કાંકરો; મોટો ગાંગડો; નાના પથ્થરનો અણઘડ ટુકડો; મરડિયો; ઢેકું.

૬. [સં. ગઠ] પું. ખૂંધ.

૭. પું. જકાત; હાંસલ; દાણ.

૮. પું. પતાસું.

૯. [હિં.] પું. વરસાદનો કરો.

૧૦. પું. વીંટો; વીંટલો.

૧૧. પું. શરીરમાં નીકળતો કઠણ ગાંઠો; બંધાઈ ગયેલી ગાંઠ; ભરાઈને મોટું થયેલું ગૂમડું.

ગડોત્થ [સં.] ન. એક જાતનું મીઠું.

ગડોરો ૧. પું. જરીબ એટલે માપવાની સાંકળનો વીશમો ભાગ.

૨. પું. ડૂંગળીનો દડો.

૩. પું. ભાર.

ગડોલ ૧. [સં.] પું. કાચી ખાંડ; ગોળ.

૨. પું. ગ્રાસ; કોળિયો.

૩. પું. બંદૂક કે તોપની ગોળી.

ગડોવાલાંબુરદા સ્ત્રી. પૂનામાં થતી એ નામની સહેજ રેસાવાળી એક જાતની કેરી. તેનું વજન ૪૫ રૂપિયાભાર હોય છે. તેની છાલનો રંગ લીલાશ પડતો પીળો, રસ લહેજતદાર અને પીળો હોય છે.

ગડ્ડ ૧. પું. કંદવાળું મૂળ.

૨. સ્ત્રી. મસ્તીમાં આવેલ હાથીને અંકુશમાં લાવવા માટેની બે કાંટાવાળી આંકડી.

ગડ્ડર ૧. [સં.] પું. ઘેટો; ગાડર.

૨. પું. બકરો.

ગડ્ડરિક ૧. પું. ગાડર; ઘેટો.

૨. વિ. ઘેટાં સંબંધી.

ગડ્ડરિકા ૧. [સં.] સ્ત્રી. અકસ્માત આવેલો પાણીનો પ્રવાહ.

૨. સ્ત્રી. ઘેટાં બકરાંની હાર.

ગડ્ડા ૧. [હિં.] પું. કાંદો; ડીંડવું.

૨. પું. ગાંઠનો સોજો.

૩. પું. માટીનો નાનો ઢગલો.

૪. પું. રેશમ કે સૂતરનો ગંડો.

૫. પું. લાકડાની મોટી ગાંઠ.

૬. સ્ત્રી. મોટી ખાઈ.

૭. ન. ગાડું.

ગડ્ડામ (ગડ્ડામ) જુઓ ગડ્ડામી.

ગડ્ડામી (ગડ્ડામી) ૧. વિ. નાસ્તિક; પ્રભુમાં શ્રદ્ધા વિનાનું.

૨. વિ. નીચ; પાજી; અધમ.

ગડ્ડી ૧. સ્ત્રી. ગાડી; પૈડાંવાળું વાહન.

૨. સ્ત્રી. ઢગલો; સમૂહ.

૩. સ્ત્રી. દશ ઘા કાગળનું બંડલ; અર્ધું રીમ.

૪. સ્ત્રી. પોટકું.

ગડ્ડો પું. કિલ્લો.

ગઢ ૧. પું. કપડાં સીવવાના સંચાના પાટિયા ઉપરનો લોઢાનો ભાગ; સીવવાના સંચામાં કપડું સીવાય છે તે ઠેકાણેનો લોઢાનો ભાગ.

૨. પું. કિલ્લો; દુર્ગ; કોટ.

૧. ગઢ ઉકેલવો-ઉથલાવવો = (૧) બહાદુરી ભરેલું કામ કરવું; પરાક્રમ કરવું. (૨) મોટો ફેરફાર કરવો; ઊથલપાથલ કરવી; ઊંધુંચત્તું કરવું.

૨. ગઢ ઘેરાવો = (૧) બીમારી વધી જવી; મોત નજીક જણાવું. (૨) લેતાણ થવી; વાત વધી જવી.

૩. ગઢ જીતવો = (૧) કિલ્લો જીતી લેવો. (૨) ધણીધણિયાણી તરીકે સંગ કરવો. (૩) મુશ્કેલી ઓળંગવી.

૪. ઈડરિયો ગઢ જીતવો = મુશ્કેલીનું કામ પાર પાડવું.

૩. પું. ટેકરી; ડુંગર.

૪. પું. યુદ્ધની સામગ્રીમાંની લાકડાની એક મોટી પેટી.

ગઢઈ [હિં.] સ્ત્રી. નાનું તળાવ.

ગઢકપ્તાન પું. કિલ્લાની ફોજનો ઉપરી.

ગઢ જીત્યો સ્ત્રી. એ નામની ઘણું કરીને છોકરીઓથી રમાતી એક દેશી રમત. તેમાં રમનાર છોકરીઓના બે પક્ષ પાડવા. બંને પક્ષે સામસામું બેસવું. પછી એક પક્ષની એક છોકરીએ ઊભી થઈને પોતાના હાથમાં એક કાંકરો લેવો અને તે પોતાના પક્ષની કોઈ પણ છોકરીના હાથમાં ગૂપચૂપ છુપાવી દેવો. પછી સામા પક્ષને કોના હાથમાં એ કાંકરો છે તે પૂછવું. જો ખરૂં પડે તો આ પક્ષનો વારો જાય અને સામા પક્ષનો વારો આવે. ખરૂં ન પડે તો જે છોકરીના હાથમાં કાંકરો હોય તે એક ઠેકડો મારીને આગળ બેસે. એ રીતે જે પક્ષની છોકરી સામેના પક્ષ સુધી પ્રથમ પહોંચે તે પક્ષે ગઢ જીત્યો ગણાય.

ગઢડા (ગઢડ઼ા) **ન.** એ નામનું ભાવનગર રાજ્યમાં આવેલ સ્વામીનારાયણ સંપ્રદાયનું જાત્રાનું ધામ. ગામના મોટા ભાગના લોકો આ સંપ્રદાયને માને છે. હિંદુ ઉપરાંત ગઢડાના ઘણાખરા ખોજા લોકો પણ મૂળ સહજાનંદ સ્વામીના વખતથી જ આ સંપ્રદાયના અનુયાયી છે. ગામને પાદર ઘેલો નામની મોટી નદી આવેલી છે. તેના આડે બાંધેલ ઘાટને રમાઘાટ કહે છે. દર ભાદરવા સુદિ અગિયારસ એટલે જલઝીલણી એકાદશીએ ત્યાં મોટો મેળો ભરાય છે. અહીં સહજાનંદ સ્વામી લગભગ ત્રીશ વર્ષ સુધી દાદા ખાચર નામના દરબારને ત્યાં રહ્યા હતા અને સ્વામીનારાયણ સંપ્રદાયની સ્થાપના કરી હતી. દાદા ખાચર તથા તેના વારસોએ આપેલી જમીન ઉપર ગઢડાનું મંદિર બાંધવામાં આવેલ છે. દાદા ખાચરનો દરબાર, નિંબવૃક્ષ, ગંગાજળિયો કૂવો, અક્ષર ઓરડી, ખળખળિયો, લક્ષ્મીવાડી, ભક્તિબાગ, રાધાવાવ, સહસ્રધારા વગેરે પવિત્ર જગ્યાઓ અહીં આવેલ છે. લક્ષ્મીવાડીમાં સહજાનંદ સ્વામીનું સમાધિસ્થાન છે, ત્યાં મંદિર બંધાવેલ છે.

ગઢત [હિં.] સ્ત્રી. બનાવટ; આકૃતિ; આકાર.

ગઢથાહર ન. કિલ્લાનું સ્થાન.

ગઢપણ ન. વૃદ્ધાવસ્થા; ઘડપણ.

ગઢપણ લજવવું = વૃદ્ધાવસ્થામાં ન કરવા જેવું કામ કરવું; ધોળામાં ધૂળ નાખવી.

ગઢપત જુઓ ગઢપતિ.

ગઢપતિ ૧. પું. કિલ્લાનો માલિક; કિલ્લેદાર; કિલ્લાનું રક્ષણ કરનાર સરદાર.

૨. પું. ગંજીફાની પ્રાચીન રમતમાંના બાર રાજા માંહેનો એક.

૩. પું. રાજા.

ગઢપુર જુઓ ગઢડા.

ગઢબેડી (ગઢબેડ઼ી) સ્ત્રી. હાથીને નાખવાનું એક જાતનું બંધન. તે નાખવાથી હાથી ચાલી શકે પણ દોડી શકે નહિ.

ગઢરાંગ સ્ત્રી. કિલ્લાની ભીંત.

ગઢરોહ પું. કિલ્લા ઉપર ચડાઈ; કિલ્લાને ઘેરો ઘાલવો તે.

ગઢવાડો (ગઢવાડ઼ો) પું. ચારણ લોકોને રહેવાનો લત્તો.

ગઢવાર ૧. [હિં.] પું. કિલ્લાનો ઉપરી અધિકારી; કિલ્લેદાર.

૨. પું. હરદ્વારની ઉત્તરનો પ્રદેશ. બદરીનાથ અને કેદારનાથ આ પ્રદેશમાં આવેલાં છે.

૩. વિ. જાડું.

ગઢવાલ જુઓ ગઢવાર.

ગઢવાલી સ્ત્રી. ગઢવાલ પ્રાંતમાં રહેતા લોકોની એ નામની જાત.

ગઢવાસી વિ. કિલ્લામાં રહેનાર.

ગઢવી ૧. પું. કિલ્લાનો રખેવાળ; ગઢરક્ષક; દુર્ગપાલ.

૨. પું. ચારણ; બારોટ; સ્તુતિપાઠક; ભાટ.

ગઢવી ઘેરના ઘેર = અગમનિગમની વાતો કરવી અને કરવું ત્યારે કંઈ નહિ.

૩. સ્ત્રી. દેઢની એ નામની અટક.

૪. ન. એ નામની અટકનું માણસ.

૫. વિ. એ નામની અટકનું.

૬. વિ. ભાટ ચારણની જાતનું.

ગઢવું ૧. ન. દાણા ભરવાની પાકી કોઠી.

૨. ન. નાનો ઘડો; માટલું; ઘડતું.

૩. સ. ક્રિ. કલ્પના કરવી.

૪. સ. ક્રિ. ઘડવું; રચવું; આકાર કરવો.

૫. સ. ક્રિ. તોડીને દુરસ્ત કરવું.

૬. સ. ક્રિ. મારવું; પીટવું.

ગઢવેલા ન. ભારતવર્ષનું એ નામનું એક તીર્થસ્થાન. ત્યાં સર્વમંગલા દેવીનું સ્થાન છે.

ગઢવો પું. ભાટ; ચારણ; બંદીજન.

ગઢંત ૧. સ્ત્રી. કલ્પિત વાત.

૨. [હિં.] સ્ત્રી. કુસ્તીની લડતની એક રીત. હાથી, ઘેટાં, સાંઢ વગેરે ચોપગાં જનાવરો સામસામી માથાંની ટક્કર મારીને જે લડત કરે છે તેને અનુસરી પ્રચલિત કુસ્તીના કેટલાક દાવ કરાય છે તેને ગઢંત કહે છે.

૩. વિ. કલ્પિત; બનાવટી.

ગઢા ૧. [હિં.] પું. ઊંડો ખાડો; ખાઈ.

ગઢા આંટવો-ભરવો = (૧) ખાડો પૂરી દેવો. (૨) ઘટ પૂરી પાડવી. (૩) પોતાની ઇચ્છા પૂરી કરવી.

૨. સ્ત્રી. પોલાણ; ખાલી જગ્યા.

ગઢાઈ ૧. સ્ત્રી. જવાહીર આંકવાની કીમત.

૨. સ્ત્રી. દાટવાની ક્રિયા; દફન.

૩. સ્ત્રી. મજૂરી; મહેનતાણું.

ગઢાકા જુઓ ગઢાઘરા.

ગઢાઘરા ૧. સ્ત્રી. વાળંદની એ નામની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગઢાણ ૧. સ્ત્રી. માલિકીનું ઢોરનું ચરાણ.

૨. સ્ત્રી. વગર ખેડાયેલી પડતર જમીન.

૩. ન. બીડ; જ્યાં એકલું ઘાસ થતું હોય એવી જગ્યા.

ગઢાયા ૧. સ્ત્રી. કુંભારની એ નામની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગઢાર ૧. પું ઊંડો ઘા.

૨. પું. ખાડો.

૩. પું. ગુફા; ખો.

૪. પું. વોંકળો; નાનો વહેળો.

ગઢિયા ૧. સ્ત્રી. નાનું તળાવ.

૨. સ્ત્રી. ઔદિચ્ય બ્રાહ્મણનો એક સમવાય.

૩. સ્ત્રી. ભાલું.

૪. સ્ત્રી. સુતાર, લોહાણા, લેઉઆ કણબી અને વોરાની એ નામની અટક.

૫. ન. એ નામની અટકનું માણસ.

૬. વિ. એ નામની અટકનું.

ગઢિયો પું. કાંકરાનો ગઢ બનાવી તેની અંદર રહેતો એક જાતનો નાગ.

આશીવિષ વિષધર ફણી મણિ વિલેશય વ્યાલ;
ચક્રી દર્વી ગઢિયા લેલીહ કેવળ કાલ.
પિંગળલઘુકોષ

ગઢી ૧. પું. ગઢનું રક્ષણ કરનાર માણસ; કિલ્લેદાર.

૨. પું. ગઢમાં રહેનાર પુરુષ.

૩. સ્ત્રી. કિલ્લાના જેવું મજબૂત મકાન.

૪. સ્ત્રી. નાની કોઠી; નાનું ગઢવું.

૫. સ્ત્રી. નાનો કિલ્લો.

ગઢી ફતેહ કરવી = (૧) કિલ્લો જીતી લેવો. (૨) ધણીધણિયાણી તરીકે સંગ કરવો. (૩) મુશ્કેલી ઓળંગવી.

૬. સ્ત્રી. પાણી કે દાણા ભરવાનો ઘડો.

૭. વિ. ગઢમાં રહેનારૂં.

ગઢીબંદ સ્ત્રી. એ નામની એક જાતની મહેસૂલ પદ્ધતિ.

ગઢુલિયું ન. એક જાતનું ફૂલઝાડ.

કુંદ કેસર કેશકુંલી ગુલદાવદી ને ગઢુલિયાં.
નિષ્કુળાનંદ

ગઢું વિ. મોટું.

ગઢેચા ૧. પું. ગઢપતિ; ગઢનું રક્ષણ કરનાર સરદાર.

૨. પું. રાજા.

ગઢેચી સ્ત્રી. ગઢ કે કિલ્લાનું રક્ષણ કરનારી દેવી.

ગઢેરો ૧. પું. કાઠી; કાઠિયાવાડનો ગરાસિયો.

૨. પું. ઘરડો માણસ; વૃદ્ધ.

૩. પું. મુખ્ય માણસ.

૪. વિ. વૃદ્ધ; ઉમરમાં મોટું.

ગઢેલા [હિં.] પું. ખાડો.

ગઢૈયા ૧. [હિં.] પું. દાટનાર માણસ.

૨. સ્રી. નાનું તળાવ.

૩. વિ. રચનાર.

ગઢૂરી [હિં.] ન. કાચી શિંગ.

ગઢ્ઢા [હિં.] પું. ખાડો.

ગઢ્ઢો ૧. [સં. ગર્દભ] પું. એક ગધેડો ઉપાડી શકે એટલો ભાર.

૨. પું. ગધેડો.

૩. પું. મૂર્ખ માણસ.

ગણ્ ૧. [સં.] સ. ક્રિ. અવગણુના કરવી; પરવા ન કરવી.

૨. સ. ક્રિ. અંદાજ કરવો; અડસટ્ટો કાઢવો.

૩. સ. ક્રિ. કીમત કાઢવી.

૪. સ. ક્રિ. (ધાતુ) ગણુવું; ગણુતરી કરવી; સંખ્યા ગણુવી. તે ઉપરથી નીકળેલા શબ્દઃ ગણિત, ગણુના, અવગણુના, ગણુ, ગણુક, ગણુન, ગણુનીય.

૫. સ. ક્રિ. દાખલો કરવો.

૬. સ. ક્રિ. ધારવું; કલ્પવું.

૭. સ. ક્રિ. નજરમાં લેવું; લક્ષમાં રાખવું.

૮. સ. ક્રિ. વર્ગ પાડવા.

૯. સ. ક્રિ. વિચાર કરવો.

ગણુ ૧. [સં.] પું. અનુચર; સેવક; દૂત.

૨. પું. અનુયાયી; અમુક પંથ કે મતનો માણસ.

૩. પું. (પુરાણુ) ઉત્તાનપાદ વંશના ઉલ્મુક રાજાનો એ નામનો પુત્ર.

૪. પું. એ નામનું સુગંધી દ્રવ્ય; ચોર.

૫. પું. એ નામનો એક દૈત્ય.

૬. પું. એ નામનો રાજા; અમૃતરાજ.

૭. પું. એક જાતની સંખ્યા.

૮. પું. એકદેશી ધર્મ.

૯. પું. (જૈન) એક સ્થવિર કે આચાર્યના શિષ્ય.

૧૦. પું. કવિતાની કડી.

૧૧. પું. કાવ્યનો એક અલંકાર.

૧૨. પું. ખેડ.

૧૩. પું. (જૈન) ગચ્છ; સમાન ક્રિયાવાળા મનુષ્યનો સમુદાય.

૧૪. પું. ગણુપાઠ ગ્રંથ. તે પાણિનિએ રચેલો છે.

૧૫. પું. ગણુવું તે; ગણુના.

૧૬. પું. ગણેશ; ગણુપતિ.

૧૭. પું. ગુણુ.

૧૮. પું. ચોથ.

૧૯. પું. (પિંગળ) છંદશાસ્ત્રમાં અમુક માત્રાનો ત્રણુ ત્રણુ અક્ષરનો ખંડ; કવિતામાં ત્રણુ ત્રણુ અક્ષરનો સમૂહ. વૃત્તનું બંધારણુ ગણુ ઉપર છે. ત્રણુ ત્રણુ અક્ષરના સમૂહને અથવા જથ્થાને ગણુ કહે છે. લઘુ એટલે હ્રસ્વ અક્ષર ને હ્રસ્વ જોડાક્ષર અને ગુરુ એટલે દીર્ઘ અક્ષર ને દીર્ઘ જોડાક્ષર. અક્ષરોના જોડાણુથી ગણુ પેદા થાય છે. ય, ર, ત, ભ, જ, સ, મ, ન એ નામના આઠ ગણુ છે. તેને અનુક્રમે યગણુ, રગણુ, તગણુ, ભગણુ, જગણુ, સગણુ, મગણુ અને નગણુ કહે છે.

આદિ મધ્ય ને અંત લઘુ ય ર ત નામ ગણુ એહ;
ભ જ સ એમ ગુરુ ભાળીએ ત્રણુ ગુરુ લઘુ મ ન તેહ.

(૧) આદિ લઘુ અને છેડાના બે ગુરુ તે યગણુ, (૨) મધ્ય લઘુ અને આસપાસના બે ગુરુ તે રગણુ, (૩) અંતે લઘુ અને આગલા બે ગુરુ તે તગણુ, (૪) આદિ ગુરુ અને છેડાના બે લઘુ તે ભગણુ, (૫) મધ્ય ગુરુ અને આસપાસના બે લઘુ તે જગણુ, (૬) અંતે ગુરુ અને આગલા બે લઘુ તે સગણુ, (૭) ગુરુ ત્રણુ અથવા સર્વ ગુરુ તે મગણુ અને (૮) લઘુ ત્રણુ અથવા સર્વ લઘુ તે નગણુ. જેમકે,

યગણુ યશોદા શબ્દ છે, રગણુ રાગણી થાય,
તગણુ થાય તંબોળ ને, ભાષણુ ભગણુ ગણાય.
જયંત થાયે છે જગણુ, સમતા સગણુ ગણાય,
માતાજી છે મગણુ ને, નવલ નગણુ કે'વાય.

લ ગુ ગુ, ⏑ – – એ યગણુ, ય, યશોદા.
ગુ લ ગુ, – ⏑ – એ રગણુ, ર, રાગણી.
ગુ ગુ લ, – – ⏑ એ તગણુ, ત, તંબોળ.
ગુ લ લ, – ⏑ ⏑ એ ભગણુ, ભ, ભાષણુ.
લ ગુ લ, ⏑ – ⏑ અ જગણુ, જ, જયંત.
લ લ ગુ, ⏑ ⏑ – એ સગણુ, સ, સમતા.
ગુ ગુ ગુ, – – – એ મગણુ, મ, માતાજી.
લ લ લ, ⏑ ⏑ ⏑ એ નગણુ, ન, નવલ.

૨૦ પું. જાત; વર્ગ; શ્રેણી.

૨૧. પું. જૂથ; ટોળું; મંડળ; સંઘ.

૨૨. પું. તારાના ઝૂમખા માંહેનો એકેકો તારો.

૨૩. પું. (જ્યોતિષ) નક્ષત્રના ત્રણુ પ્રકાર માંહેનો એક. ફલિત જ્યોતિષ અનુસાર નક્ષત્રોના ત્રણુ ગણુ છેઃ દેવ, મનુષ્ય અને રાક્ષસ. અશ્વિની, રેવતી, પુષ્ય, સ્વાતી, હસ્ત, પુનર્વસુ, અનુરાધા, મૃગશિર અને શ્રવણુ એ દેવ ગણુ છે. પૂર્વાફાલ્ગુની, પૂર્વાષાઢા, પૂર્વાભાદ્રપદ, ઉત્તરાફાલ્ગુની, ઉત્તરાષાઢા, ઉત્તરાભાદ્રપદ, ભરણી, આર્દ્રા અને રોહિણી એ મનુષ્ય ગણુ છે અને ચિત્રા, મઘા, વિશાખા, જ્યેષ્ઠા, શતભિષા, મૂલ, ધનિષ્ઠા, અશ્લેષા અને કૃત્તિકા એ રાક્ષસ ગણુ છે.

૨૪. પું. પણુછ.

ગણુ ચડાવીને બાણુ મહેલ્યું રે,
ભાંગ્યું છે અભિમાન. નરસિંહ

૨૫. પું. પાડ; આભાર; ઉપકાર; ગુણુ.

ગોપી ગાયું ચાર્યાના ગણુ ગયા રે.
લોકગીત

૨૬. [સં.] પું. પ્રજાસત્તાક અમલ; પ્રજાસત્તાક રાજ્ય; પ્રજાતંત્ર; ગણુ રાજ્ય; પોતાની મેળે પોતાનો કારભાર ચલાવીને તથા પ્રામાણિક ધંધાઓ કરીને પોતાની આજીવિકા ચલાવનાર લોકોનો સમૂહ. ઐતિહાસિક દૃષ્ટિએ ગણુનો અર્થ પ્રજાસત્તાક રાજ્ય થાય છે. પાણિનિના અભિપ્રાય મુજબ રાજદ્વારી સંઘ એટલે ગણુ અથવા પ્રજાતંત્ર.

૨૭. પું. બદલો.

૨૮. પું. મહાજન.

૨૯. પું. રાજતંત્ર.

૩૦. પું. રાજસભા.

૩૧. પું. રાજ્યનાં નવ માંહેનું એક મંડળ. તે દરેક મંડળને ગણુ કહેવાય છે. નવ ગણુનો મુખ્ય ગણુપતિ કહેવાય. આ પ્રત્યેક ગણુના સભ્યોની સંખ્યા તથા ગણુનો અધિકાર નીચે પ્રમાણે છેઃ

૧. આદિત્યગણુ = ખગોળ સમિતિ.
૨. વિશ્વદેવ = બાંધકામ સમિતિ.
૩. વસુ = ખાણિયા મંડળ.
૪. તુષિત = સહકારી કૃષિ મંડળ.
૫. ભાસ્વર = રંગરેજ મંડળ.
૬. અનિલ = રવાનગી મંડળ.
૭. મહારાજિક = કોઠારી મંડળ.
૮. સાધ્ય = કામદાર મંડળ.
૯. રુદ્ર = પત્રકાર મંડળ.

૩૨. [સં. ગુણુ] પું. લાભ; નફો; ફાયદો.

ગણુના ભાઈ દોષ = ઉપકારને બદલે અપકાર; ગુણુ ઉપર અવગુણુ.

૩૩. પું. વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ.

૩૪. પું. વેપારી વર્ગ.

૩૫. પું. વ્યાકરણુમાં ધાતુઓનો સમુદાય; સંસ્કૃતમાં ધાતુઓના ૧૦ વર્ગ પાડવામાં આવ્યા છે તે માંહેનો કોઈ પણુ. સંસ્કૃત વૈયાકરણો આશરે ૧૭૦૦ ધાતુઓ આપે છે. એ મૂળ સ્વરૂપ છે અને એનાથી ટૂંકાં રૂપ થઈ શકતાં નથી. આવા ધાતુઓને જુદા જુદા પ્રત્યયો લગાડી ક્રિયાપદો બનાવવામાં આવે છે. સંસ્કૃત ભાષા નિયમિત અને સંયમિત હોઈને જુદા જુદા ધાતુઓ ઉપરથી ક્રિયાપદ કરવાના એકધારા નહિ, પરંતુ વિવિધ પ્રકારના નિયમો અને પ્રત્યયો હોય છે. ધાતુઓના આવા વિવિધ જથ્થા કે વર્ગને ગણુ કહેવામાં આવે છે.

૩૬. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૩૭. પું. શિવનો સેવક સમુદાય.

૩૮. પું. (પુરાણુ) સુદ્યુમ્ન રાજાના પુત્રનું નામ.

૩૯. પું. સેનાનો એક ભાગ. તેમાં ૨૭ રથ, ૨૭ હાથી, ૮૧ ઘોડા અને ૧૩૫ પાયદળ હોય છે.

૪૦. પું. (જૈન) સ્થવિર પોતાના શિષ્યોને અભ્યાસ કરાવતા રહે તે સ્થાન.

૪૧. પું. સ્વપક્ષ; વાક્ય.

૪૨. સ્ત્રી. હળ જેટલી વાર હાંકે તેમાંનો દરેક ફેરો; ઓળ. સાધારણ રીતે ઓછામાં ઓછી બે ગણ તો ખેડૂત દે છે. ચાર ગણ દે ત્યારે ખેતર તદ્દન ચોખ્ખું થાય.

૪૩. સ્ત્રી. ગણના; ગણતરી.

ગણક ૧. [સં.] પું. અપૂર્ણાંકમાં ઉપરનો આકડો; અંશ.

૨. પું. આઠ તારાઓનું એક ઝૂમખું.

૩. પું. કારકુન.

૪. પું. ગણતરી કરનાર પુરુષ; ગણનારો માણસ; ગણતરીબાજ.

૫. પું. ગણિતવેત્તા; ગણિતશાસ્ત્રમાં પ્રવીણ પુરુષ; ગણિતશાસ્ત્રી.

૬. પું. જોશી; જ્યોતિષી; ગણતરી કરી ભવિષ્ય ભાખનાર માણસ.

૭. પું. નામાવાળો; નામું લખનાર માણસ; હિસાબનવીસ.

૮. વિ. ગણતરી કરનાર.

૯. વિ. મોટી કીમતે ખરીદાયેલ.

ગણકકેતુ [સં.] પું. એક જાતનો ધૂમકેતુ. બૃહત્સંહિતા પ્રમાણે તે બ્રહ્માના પુત્ર છે અને તેવા આઠ ધૂમકેતુ છે.

ગણકન પું. જોશી; જ્યોતિષી.

ગણકર્તા [સં. ગણકર્તૃ] પું. શિવ; શંકર; મહાદેવ.

ગણકવૃત્તિ [સં.] સ્ત્રી. ગણતરી કરવાની વૃત્તિ; કંજૂસાઈ.

ગણકાય [સં.] પું. શિવ; શંકર; મહાદેવ.

ગણકાર ૧. [સં.] પું. ગણતરી કરનાર પુરુષ; વિભાગ પાડનાર માણસ.

૨. પું. ભીમસેન.

૩. પું. વ્યાકરણ પ્રસિદ્ધ ધાતુગણ વિષયક ગ્રંથકાર.

૪. પું. શિવ; શંકર.

૫. વિ. ગુણ કરનારું; ફાયદો કરે એવું.

ગણકારવું સ. ક્રિ. માન આપવું; લેખવવું; ગાંઠવું; દરકાર કરવી; ધ્યાનમાં લેવું; લક્ષ ઉપર લેવું; ગનારવું.

ગણકારો પું. ગણતરીમાં લેવાપણું.

ગણકી ૧. [સં.] સ્ત્રી. જોશીની સ્ત્રી.

૨. સ્ત્રી. સ્ત્રી ગણિતશાસ્ત્રી.

ગણકો પું. જોશી; ગણક; ભવિષ્ય જોનાર માણસ.

ગણગણ ૧. સ્ત્રી. લીલા છોડનાં પાનમાં પડતી ઝીણી જીવાત.

૨. ન. બડબડાટ; જલ્પવું તે.

૩. ન. ભમરો, માખી વગેરેની પાંખનો અવાજ; અમુક અવાજનું અનુકરણાત્મક ઉચ્ચારણ; બણબણાટ.

ગણગણગાંઠિયા જુઓ ગગનગાંઠિયા.

ગણગણતું ૧. વિ. અસ્પષ્ટ; જેમાં આનાકાની કે હા ના હોય એવું.

૨. વિ. ગણગણતા અવાજવાળું.

૩. વિ. બબડતું; બડબડાટ કરતું.

ગણગણતું પક્ષી ન. એ નામનું અમેરિકમાં વસતું એક જાતનું રૂપાળું પક્ષી. તેનો રંગ પોખરાજના જેવો હોય છે. બિલાડીના ટોપ જેવા લટકતા છોડવાઓ ઉપર તે પોતાનો માળો બાધે છે.

ગણગણતો સાપ પું. એ નામનો એક જાતનો અમરિકમાં થતો સાપ. તે ચાલે છે ત્યારે ભીંગડાંનો ગણગણ અવાજ થાય છે તેથી તેનું તે નામ પડ્યું છે. તેને ભૂંડ ખાઈ જાય છે અને તેના કરડવાથી તે મરી જતું નથી, તેથી તે સાપના ઝેરના ઉતાર તરીકે ભૂંડની ચરબી વપરાય છે. તેઓ ચળકતી આંખે ટગર ટગર જોયા કરી પોતાનો શિકાર પકડે છે.

ગણગણ બોશલો જુઓ ગણગણ મોચલો.

ગણગણ મોચલો સ્ત્રી. એ નામની પાંચ અથવા વધારે બાળકની આંખની ચંચળતા કેળવનાર પાડાના દેખાવની હાસ્ય ભરપૂર વડોદરા તરફ રમાતી મદાની દેશી રમત. તેને આટિયાંપાટિયાં, કાંકરી નખામણી, ગણગણ બોશલો, ગણગણ મોશલો, ચણચણબગલા, છાનછુપાયો, લૂલિયો પાડો પણ કહે છે. દાવ ઠરાવ્યા પછી એક છોકરાને પાડો બનાવાય છે. પછી આગેવાન છોકરો પાડાને વેચવા નીકળે છે. બીજા રમનાર છોકરાઓ તેને રાખવાની ના કહે છે. પછી વેચનાર છોકરો પાડાને છૂટો હાંકી મૂકે છે એટલે ઠરાવેલી હદમાં છોકરાઓ નાસે છે અને પાડો અડકવા દોડે છે. જ્યારે તે કોઈને અડે ત્યારે તેને માથેથી દાવ ઊતરી રમત પૂરી થાય છે.

ગણગણ મોશલો જુઓ ગણગણ મોચલો.

ગણગણવું ૧. અ. ક્રિ. આનાકાની કરવી; ચણભણવું; અસંતોષ બતાવવો.

૨. અ. ક્રિ. કલકલવું; બબડવું.

૩. અ. ક્રિ. ગણગણ થવું; મધમાખી કે ભમરાના જેવો અવાજ કરવો; માખી, ભમરો વગેરેની પાંખોનો અવાજ થવો.

૪. અ. ક્રિ. ન સમજાય તેમ નાકમાંથી બોલવું.

ગણગણાટ ૧. પું. ગણગણ એવો અવાજ; માખી અથવા ભમરાની પાંખનો ઝીણો અવાજ.

૨. પું. ગુપ્ત બાતમી; છાની ખબર.

૩. પું. નારાજ થઈ બડબડવું તે; બડબડાટ; લવારો.

ગણગરો પું. ગુણચોર; પોતા ઉપર કરેલો ઉપકાર ભૂલી જનાર માણસ.

ગણગાયક ૧. પું. ગવૈયો; સમૂહમાં ગાનાર માણસ.

૨. પું. ગાનારાઓનો સમૂહ; ગવૈયાઓનું મંડળ.

ગણગારવું સ. ક્રિ. ગણકારવું; લેખવવું; દરકાર કરવી; ધ્યાનમાં લેવું; લક્ષ ઉપર લેવું.

ગણગારૂં ૧. વિ. ફાયદાકારક.

૨. વિ. રૂપાળું; સુંદર.

ગણગીત ૧. ન. ચારણે ગાયેલ છંદ.

૨. ન. સમૂહમાં ગવાયેલું ગીત; સંઘગીત; 'કોરસ'.

ગણગેટી સ્ત્રી. એ નામનું એક જાતનું ઝાડ. તેને ચણોઠી જેવાં લીલાં અને રતાશ પડતાં ફળ થાય છે.

ગણગેટું ન. ગણગેટીના ઝાડનું ફળ.

ગણગૌરી [સં.] ન. બ. વ. પાર્વતી અને શંકર.

ગણગૌરીવ્રત [સં.] ન. ચૈત્ર સુદિ ત્રીજને દિવસે સ્ત્રીઓને કરવાનું એક વ્રત. તે દિવસે સ્ત્રીઓ મહાદેવ પાર્વતીનું પૂજન કરે અને રાત્રે જાગરણ કરે. બીજે દિવસે બ્રાહ્મણને દક્ષિણા આપે. તેથી સૌભાગ્ય વધી પુત્રનો લાભ થવાનું મનાય છે.

ગણચક્રક [સં.] ન. ધાર્મિક મનુષ્યોનું એકત્ર મળી કરાતું ભોજન.

ગણજીભી સ્ત્રી. એ નામની દવામાં વપરાતી એક જાતની વનસ્પતિ.

ગણણણ પું. માખી અથવા ભમરાનો અવાજ.

ગણતર ૧. ન. ગણતરી; ગણવું તે; ગણવાનું કામ.

૨. ન. ગણવાની રીત.

૩. ન. ગણીને કાઢેલી સંખ્યા.

૪. ન. માન; પ્રતિષ્ઠા; આબરૂ.

૫. વિ. ગણતરીવાળું; ગણતરીમાં આવે તેવું; ગણી શકાય એવું.

૬. વિ. ગણ્યુંગાંઠ્યું; થોડું; જૂજ.

૭. વિ. ભણેલગણેલ; કેળવણી પામેલું.

ગણતરી ૧. સ્ત્રી. અપેક્ષા; જરૂર.

૨. સ્ત્રી. ગણતર; ગણવું તે.

૩. સ્ત્રી. ગણવાની રીત.

૪. સ્ત્રી. ગણીને કાઢેલી સંખ્યા.

૫. સ્ત્રી. માન; પ્રતિષ્ઠા; આબરૂ.

૬. સ્ત્રી. લેખું; દરકાર; તમા; હિસાબ; ધ્યાનમાં લેવાપણું.

૭. સ્ત્રી. શુમાર; અડસટ્ટો; અટકળ; આશરો.

ગણતરીખાતું ન. હિસાબનું કામ કરનાર ખાતું.

ગણતરીનું વિ. સંખ્યામાં ઘણું થોડું.

ગણતરીબાજ ૧. પું. ગણિતવેત્તા; ગણિતશાસ્ત્રી.

૨. વિ. ગણતરી કરવામાં હોશિયાર; ગણતરીમાં પ્રવીણ.

૩. વિ. જોઈને પગ ભરનાર; સાવચેત.

૪. વિ. હિસાબ કરનાર.

ગણતંત્ર ૧. ન. પ્રાચીન હિંદનું એક પ્રકારનું પ્રજાસત્તાક રાજ્ય.

૨. ન. સમાજનિષ્ઠ સ્વામીત્વ; સાધારણ સ્વત્વવાદ; સમષ્ટિસત્તા; ‘ કોમ્યુનિઝમ ’.

ગણતા ૧. [સં.] સ્ત્રી. અથડામણ; ભટકાવું તે.

૨. સ્ત્રી. ગણ અથવા અનુચરોનો સમૂહ.

૩. સ્ત્રી. ગણિત.

૪. સ્ત્રી. દોરડું.

૫. સ્ત્રી. વર્ગીકરણ; ભાગ પાડવાપણું.

૬. સ્ત્રી. સમૂહ; ટોળું; જૂથ.

૭. વિ. સમૂહ બતાવનાર; જથ્થો સૂચવતું.

ગણતી જુઓ ગણતરી.

ગણતીર્થ ન. (પુરાણ) ભારતવર્ષનું એ નામનું એક તીર્થ.

ગણત્વ જુઓ ગણતા.

ગણદર્શકવૃક્ષ ન. જીવવિદ્યામાં જાતિનો ઇતિહાસ બતાવનારૂં વૃક્ષ.

ગણદીક્ષા ૧. [સં.] સ્ત્રી. ગણપતિના પૂજનની દીક્ષા.

૨. સ્ત્રી. હરકોઈ કાર્યનો અધિકાર.

ગણદીક્ષિત [સં.] વિ. ગણપતિના પૂજનની દીક્ષા લીધી હોય તેવું.

ગણદીક્ષી ૧. [સં.] પું. યાજ્ઞિક.

૨. વિ. શિવ અથવા ગણેશની દીક્ષા ગ્રહણ કરનાર.

ગણદેવ પું. જથ્થામાં રહેતા દેવ.

ગણદેવતા [સં.] પું. (પુરાણ) દેવતાનો સમૂહ. આવા નવ સમૂહ છે. (૧) ૧૨ આદિત્ય. (૨) ૧૦ વિશ્વા અગર વિશ્વદેવા. (૩) ૮ વસુ. (૪) ૩૬ તુષિત. (૫) ૬૪ આભાસ્વર. (૬) ૪૯ અનિલ કે વાયુ. (૭) ૨૨૦ મહારાજિકા. (૮) ૧૨ સાધ્યા. (૯) ૧૧ રુદ્રો વગેરે દેવતાનો સમૂહ. આ ઊતરતી પંક્તિના દેવો શિવના ગણ છે અને કૈલાસ ઉપર રહે છે. એમના અધિકારી ગણપતિ છે.

ગણદેવા સ્ત્રી. ગણદેવી.

ગણદેવિયા ૧. સ્ત્રી. એ નામની પારસીની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની પારસીની એક અટકનું.

૪. વિ. ગણદેવીનું વતની.

ગણદેહા પું. (પિંગળ) પંક્તિ છંદની જાતનો એ નામનો દશ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં સગણ, મગણ, સગણ અને ગુરુ એમ દશ અક્ષર હોય છે.

ગણદો પું. પાલણપુર તરફ થતું જાંબુની જાતનું એક ઝાડ.

ગણદ્રવ્ય ૧. [સં.] ન. ગણની માલિકીનું દ્રવ્ય.

૨. ન. જાહેર મિલ્કત.

ગણધર ૧. [સં.] પું. અમુક સમુદાયનો અધિકારી નેતા; વર્ગ અથવા સમૂહના મુખ્ય નાયક; મુખી.

૨. પું. (જૈન) આચાર્યની આજ્ઞા અનુસાર સાધુ સમુદાયને લઈ મહીમંડળમાં વિચરનાર સાધુ.

૩. પું. (જૈન) એક પ્રકારના આચાર્ય.

૪. [સં. ગન્ધર્વ] પું. ગાયક; ગંધર્વ.

ચિત્રશાલા રમિ બાલા, કરિ **ગણધર** ગાન.
ભાલણ

૫. પું. તત્વજ્ઞ.

૬. પું. પુષ્પદંત નામના એક દેવનું નામ.

૭. પું. (જૈન) તીર્થંકરના મુખ્ય શિષ્ય.

૮. પું. શાળાનો અધ્યક્ષ.

ગણધરવાદ પું. (જૈન) ગણધરને લગતી ચર્ચા.

ગણધર્મ પું. સામુદાયિક ધર્મ.

ગણન ૧. [સં.] ન. ગણવું તે; ગણતરી.

૨. ન. ગણિત.

ગણના ૧. સ્ત્રી. અડસટ્ટો; ખયાલ.

૨. સ્ત્રી. આંકડામાં લખેલી સંખ્યાને શબ્દોમાં કહી બતાવવાની રીત; સંખ્યાવાચન.

૩. સ્ત્રી. આંકડો.

૪. સ્ત્રી. એ નામનો એક અલંકાર. તેમાં એકની એક સંખ્યા વારંવાર આવે છે.

૫. સ્ત્રી. ગણવું તે; ગણતરી.

૬. સ્ત્રી. તુલના.

૭. સ્ત્રી. માન; પ્રશંસા.

૮. સ્ત્રી. લેખું; હિસાબ.

૯. સ્ત્રી. સંખ્યા.

૧૦. સ્ત્રી. સ્પૃહા; દરકાર.

ગણનાકળ સ્ત્રી. જંત્રી.

ગણનાકારી પું. નામાવાળો; હિસાબી.

ગણનાતીત [સં.] વિ. અગણિત; અસંખ્ય.

ગણનાથ ૧. [સં.] પું. ગજાનન; ગણપતિ; ગણેશ.

૨. પું. શિવ.

૩. પું. સમુદાયનો નેતા.

ગણનાનિરીક્ષક [સં.] પું. હિસાબ તપાસનાર; હિસાબપરીક્ષક.

ગણનાપરીક્ષા [સં.] સ્ત્રી. હિસાબપરીક્ષા.

ગણનાપુસ્તક [સં.] ન. હિસાબનો ચોપડો.

ગણનાયક જુઓ ગણનાથ.

ગણનાયકી ૧. [સં.] સ્ત્રી. ગણનાયકની સ્ત્રી.

૨. સ્ત્રી. દુર્ગા; પાર્વતી.

ગણનાયંત્ર ૧. [સં.] ન. (ગણિત) એક પ્રકારનું યંત્ર. તે વડે મોટામાં મોટી તેમ જ નાનામાં નાની સાધારણ તેમ જ મિશ્ર સંખ્યાઓના સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર કેવળ યંત્રની મદદથી કરવામાં આવે છે.

૨. ન. લખોટાની ઘોડી.

ગણનાયિકા ૧. [સં.] સ્ત્રી. ગણનાયકનું કામ કરનાર સ્ત્રી.

૨. સ્ત્રી. રુદ્રાણી; શંકરની સ્ત્રી; દુર્ગા દેવી; પાર્વતી.

ગણનાવર્ત સ્ત્રી. ચોસઠ માંહેની એક લિપિ.

ગણનાવિભાગ પું. હિસાબખાતું.

ગણનાવેક્ષક [સં.] પું. હિસાબ તપાસનાર; તપાસનીસ.

ગણનાવેક્ષણ [સં.] ન. હિસાબપરીક્ષા; તપાસણી.

ગણનાશાસ્ત્ર [સં.] ન. આંકડાશાસ્ત્ર.

ગણનિયમ [સં.] પું. કંપનિની નિયમાવલી; સંઘનિયમ.

ગણનીય ૧. [સં.] વિ. ગણતરી થાય એવું; સંખ્યેય.

૨. વિ. ગણવા યોગ્ય; ગણતરી કરવા જેવું.

૩. વિ. પ્રસિદ્ધ.

૪. વિ. માનનીય.

ગણપ [સં.] પું. ગણેશ; ગણપતિ.

ગણપત ૧. પું. ગણપતિ; ગણેશ.

૨. સ્ત્રી. દરકાર.

ગણપતિ ૧. (પુરાણ) એ નામનો એક શિવગણ.

૨. પું. ખેડૂત પાસેથી લેવાતી એક લેતરી.

૩. [સં.] પું. ગજાનન; ગણેશ; શંકરના પુત્ર. તેને ચાર હાથ, મોટું પેટ, હાથીનું માથું અને એક દંતૂશળ હોય છે. ઉંદર તેનું વાહન છે. દરેક યુગમાં તેનાં વાહનો જુદાં જુદાં હોય છે. જેમકે, સત્યયુગમાં સિંહ, ત્રેતાયુગમા મયૂર, દ્વાપરયુગમાં ઉંદર છે. તે વિઘ્નનો નાશ કરનાર મનાય છે માટે સર્વ કાર્યને આરંભે એમનું આરાધન થાય છે. સર્વ દેવોમાં એ પ્રથમ પૂજાય છે. એ જ્ઞાનદાતા છે. ગણપતિ, અંબા, શિવ, વિષ્ણુ અને સૂર્ય એ પંચાયતન દેવતાના નામથી ઓળખાય છે. એ હમેશા પૂજાય છે. શિવના ગણોમાં એ મુખ્ય છે, તેથી ગણપતિ, ગણનાયક, ગણનાથ કહેવાય છે.

દ્વૈમાતુર હેરંબ અને લંબોદર એકદંત,
મૂષકવાહન, ગજવદન, **ગણપતિ** ગિરજાનન.
પિગળલઘુકોષ

૪. પું. જાડો મોટી ફાંદવાળો માણસ.

ગણપતિ પધારવા = (૧) ગણપતિના જેવું મોટું પેટ થવું. (૨) ગર્ભ રહેવો. (૩) શુભ કાર્યનો આરંભ થવો.

૫. પું. તેતર; એક જાતનું પક્ષી.

૬. પું. પરમેશ્વર. તે પ્રકૃતિ વગેરે જડ અને સર્વ જીવ, પ્રખ્યાત પદાર્થોના સ્વામી કે પાલન કરવાવાળો છે.

૭. પું. પ્રજાસંસ્થાનના નવ અંગભૂત મંડળોનો ઉપરી. આ નવ ગણના સભ્યોની સંખ્યા તથા ગણનો અધિકાર નીચે પ્રમાણે છે: (૧) આદિત્યગણ એટલે ખગોળ સમિતિ. તેના સભ્ય ૧૨. (૨) વિશ્વદેવ એટલે બાંધકામ સમિતિ. તેના સભ્ય ૩૩. (૩) વસુ એટલે ખાણિયા મંડળ. તેના સભ્ય ૮. (૪) તુષિત એટલે સહકારી કૃષિમંડળ. તેના સભ્ય ૩૬. (૫) ભાસ્વર એટલે રંગરેજ મંડળ. તેના સભ્ય ૧૨. (૬) અનિલ એટલે રવાનગી મંડળ. તેના સભ્ય ૭. (૭) મહારાજિક એટલે કોઠારા મંડળ. તેના સભ્ય ૨૩૬. (૮) સાધ્ય એટલે કામદાર મંડળ. તેના સભ્ય ૧૯૫. (૯) રુદ્ર એટલે પત્રકાર મંડળ. તેના સભ્ય ૧૫. આ નવ ગણનો ઉપરી તે ગણપતિ કહેવાતો.

૮. પું. વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ; શિવ; ગણનો ઉપરી.

૯. [સં.] પું. સમૂહનો નાયક.

૧૦. ન. અથર્વવેદનું એ નામનું એક ઉપનિષદ.

ગણપતિકલ્પ [સં.] પું. ગણપતિના પૂજનની વિધિ.

ગણપતિચોથ સ્ત્રી. દરેક માસની સુદિ ચોથ. કાઠિયાવાડ અને ગુજરાતમાં વૈશાખ સુદિ ચોથનો દિવસ અને મહારાષ્ટ્ર વગેરે પ્રાંતોમાં ભાદરવા સુદિ ચોથનો દિવસ ગણપતિચોથ અથવા ગણેશચોથ તરીકે ઉજવાય છે. આ દિવસે ગણપતિનું પૂજન કરવામાં આવે છે. આ ઉત્સવ દક્ષિણમાં બહુ ધામધૂમથી ઉજવાય છે.

ગણપતિન્યાય [સં.] પું. યુક્તિથી કોઈ મોટું કામ જલદી થાય એવું દૃષ્ટાંત. એક વાર દેવોમા વિવાદ ચાલ્યો કે બધામાં પૂજ્ય કોણ? બ્રહ્માએ કહ્યું કે જે પૃથ્વીની પ્રદક્ષિણા પહેલા કરી આવે તે શ્રેષ્ઠ. આથી બધા દેવો પોતપોતાનાં વાહન ઉપર ચાલ્યા. ગણેશજીએ ઉંદર ઉપર સવારી કરી, પણ બધાની પાછળ રહ્યા. એવામાં તેમને નારદ મળ્યા. તેમણે ગણેશજીને યુક્તિ બતાવી કે રામ નામ લખી તેની પ્રદક્ષિણા કરી જલદી બ્રહ્મા પાસે પહોંચી જાઓ. ગણપતિએ આ પ્રમાણે કર્યું અને દેવોમાં પ્રથમ પૂજ્ય થયા. આ રીતે જ્યાં થોડી યુક્તિથી ઘણું મોટું કામ થાય ત્યાં આ ન્યાયનો પ્રયોગ થાય છે.

ગણપતિપૂજા સ્ત્રી. ગણપતિની પૂજા. તેની પૂજામાં બધા દેવની પૂજાનો સમાવેશ થતો મનાય છે.

ગણપતિમત પું. ગણપતિને માનતો સંપ્રદાય.

ગણપતિમૂષકયોગ [સં.] પું. સારાનો નરસા સાથે સંબંધ. મોટા શરીરવાળા ગણપતિજીનુ વાહન ઉંદર માનવામાં આવ્યુ છે. ગણપતિ માટે અલ્પ પરિમાણ ઉંદરની સવારીના કલ્પનાનો અભિપ્રાય એ છે કે: મૂષકનો સ્વભાવ કાપવાનો છે. તે કોઈ પણ વસ્તુના મહત્ત્વને જાણતો નથી. ઉંદર એટલે કુતર્ક બુદ્ધિ તથા ગણપતિ એટલે સુબુદ્ધિના દેવતા. કુબુદ્ધિને સુબુદ્ધિ દબાવી દે છે, એ પ્રમાણેની શિક્ષા આ ગણપતિમૂષકયોગથી મળે છે.

ગણપતિસ્થાપના ૧. [સં.] સ્ત્રી. ગણપતિના મહોરાવાળું લૂગડું ભીંતે ટાંગવું તે.

૨. ન. ગણેશ બેસાડવા તે.

ગણપતી પું. (પિંગળ) એ નામનો એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે પંચા છંદનો એક ભેદ છે. તેમાં આઠ ગુરુ અને ત્રીસ લઘુ મળી આડત્રીસ વર્ણની છેંતાલીસ માત્રા હોય છે.

ગણપર્વત [સં.] પું. જ્યાં પ્રમથ એટલે શિવના ગણ રહે છે તે પર્વત; કૈલાસ.

ગણપાઠ ૧. [સં.] પું. એ નામનો એક ગ્રંથ. તેમાં અષ્ટાધ્યાયીમાં આવેલ ગણોની અંદરના શબ્દો ગણવાર બતાવ્યા છે.

૨. પું. પાણિનિએ રચેલ એ નામનો એક વ્યાકરણ ગ્રંથ.

ગણપાડ (ગણપાડ઼) પું. ઉપકાર; ગુણપાડ.

ગણપાદ [સં.] પું. મહાદેવના ગણ જેવા જેના પગ હોય તે.

ગણપીઠક [સં.] ન. છાતી.

ગણપુંગવ ૧. [સં.] પું એ નામનો એક દેશ.

૨. પું. તે નામના દેશનો રાજા.

૩. વિ. સમુદાયમાં શ્રેષ્ઠ.

ગણપૂજ્ય ૧. [સં.] પું. એ નામનો એક દેશ.

૨. પું. એ નામનો એક રાજા.

૩. વિ. સમુદાયમાં પૂજવા જેવું.

ગણપૂરક પું. સભાની બેઠક માટે સભાસદો એકઠા કરનાર અમલદાર.

ગણપૂરકસંખ્યા સ્ત્રી. સભામાં કોઈ કાર્ય કરવા માટે નિયત થયેલી ઓછામાં ઓછી સંખ્યા; ‘કોરમ.’

ગણપૂર્થ્ય [સં.] પું. ગામેતી; ગામનો પટેલ; ગામનાયક.

ગણપ્રસ્તારપ્રકાશ પું. (પિંગળ) એ નામનો પિગળશાસ્ત્રને લગતો એક ગ્રંથ.

ગણબદ્ધ [સં.] વિ. ગણના નિયમ મુજબ રચાયેલ; ગણના નિયમથી બંધાયેલ.

ગણબંધન ન. એકત્ર મંડળ.

ગણભર્તૃ ૧. [સં.] પું. ગણપતિ; ગણેશ.

૨. પું. મહાદેવ; શિવ.

૩. પું. સમુદાયનો સ્વામી; સમુદાયનો પોષક.

ગણમાપ ન. (પિંગળ) અમુક ગણ પ્રમાણે છંદ વગેરે બનાવવાનું માપ.

ગણમુક્તેશ્વર ન. મિરત જિલ્લામાં ગંગા કિનારે આવેલ ગદમુક્તેશ્વરનું બીજું નામ. જૂના હસ્તિનાપુરમાં આવેલ આ સ્થળે ગણેશે મહાદેવની પૂજા કરી હોવાનું કહેવાય છે.

ગણયજ્ઞ [સં.] પું. સમુદાયે કરવાનો યજ્ઞ.

ગણયાગ [સં.] પું. સમુદાયની શાંતિ નિમિત્તે કરવાનો યજ્ઞ.

ગણયિતા [સં. ગણયિતૃ] વિ. ગણનાર; ગણતરી કરનાર.

ગણરત્ન [સં.] પું. એ નામનો શ્લોકબદ્ધ એક વ્યાકરણ ગ્રંથ.

ગણરત્નમહોદધિ પું. વર્ધમાન નામના પંડિતે બનાવેલો એ નામનો ગ્રંથ.

ગણરવ ૧. [સં.] પું. અસ્પષ્ટ ધ્વનિ; નાદ.

૨. પું. ગણગણ કરતો અવાજ; ગણગણાટ; ગુંજારવ; ગુંજન.

ગણરાઉ પું. (જૂ. ગુ.) ગણપતિ.

ગણુરાજ ૧. [સં. ગણુ + રાજ (શ્રેષ્ઠ)] પું. ગણેશ.

૨. પું. સામંત રાજા.

૩. પું. સેનાપતિ.

ગણરાજકુલ ન. વેશાલીનું એ નામનું એક તળાવ. તેને પુષ્કરિણી પણ કહે છે. લિચ્છવિ સંઘના દરેકને રાજા કહેવામાં આવતો અને જ્યારે તેનો અભિષેક કરવામાં આવતો ત્યારે વેશાલીના પુષ્કરિણી તળાવના પાણીનું તેના ઉપર સિંચન કરવામાં આવતું, તેથી તે તળાવને ગણુરાજકુલ કહેતા.

ગણરાજા ૧. પું. પ્રજાસત્તાક રાજ્યનો રાજા.

૨. પું. સંઘનો રાજા; રાજકર્તા.

ગણરાજ્ય ૧. [સં. ગણુ + રાજ્ય] ન. એક દેશ. બૃહ-સંહિતા અનુસાર તે ઉત્તરાફાલ્ગુની, હસ્ત અને ચિત્રાના અધિકારમાં છે.

૨. ન. ગણુતંત્ર; પ્રાચીન હિંદનું એક પ્રકારનું પ્રજાસત્તાક રાજ્ય.

૩. [સં. ગણુ (સંખ્યા) + રાજ્ય] ન. સંખ્યાબંધ માણસોથી ચાલતું રાજ્ય; રાજસભા અથવા રાજમંડળ મારફત ચાલતો અમલ.

ગણરાજ્યકાળ પું. ગણરાજ્યનો સમય. તે ઈ. સ. પૂર્વે ૮૦૦ સુધીનો મનાય છે.

ગણુરાત્ર [સં.] ન. રાત્રિઓનો સમુદાય.

ગણુરાય ૧. [સં.] પું. ગણુપતિ.

૨. પું. સામંત રાજા; ગણુરાજ.

૩. પું. સેનાપતિ.

ગણુરાયણિ ૧. સ્ત્રી. (પ્રાકૃત) સંખ્યાબંધ માણસો અમલ ચલાવે તે જાતનું રાજ્ય.

૨. ન. (જૈન) એ નામનું એક રાષ્ટ્ર. તે ઉપર સમસ્ત સમાજનો અમલ રહેતો.

ગણુરૂપ ન. આકડાનો છોડ; આકડો; મંદાર.

ગણુરૂપક જુઓ ગણુરૂપ.

ગણરૂપી [સં. ગુણુરૂપિન્] પું. ધોળા આકડાનો છોડ.

ગણુલો પું. ગુણ.

ગણુવટ ન. ખેતરમાં જે અનાજ થાય તે ઉપરથી ગણુતરી કરીને આપવાની કિસ્ત સંબંધી લખાણ; જમીનના ભાડાનો દસ્તાવેજ; ગણોત; સાંથ.

ગણુવત જુઓ ગણુવટ.

ગણુવતપટો [ગણુવત + પટ્ટ (લેખ)] પું. જમીનની ભાડાચિઠ્ઠી; સાંથપટો; ગણોતનામું; ગણોતપટો.

ગણુવતી [સં.] સ્ત્રી. ધન્વંતરિ દિવોદાસની માતાનું નામ.

ગણુવતીસુત [સં.] પું. દિવોદાસ રાજા.

ગણુવંત વિ. ગુણુવાન.

તે જ તાહરો સ્વામી થશે, મહાપુરુષ **ગણુવંત.**
પ્રેમાનંદ

ગણુવાદ પું. પ્રજાતંત્રવાદ; 'ડેમોક્રસિ'.

ગણુવાદી વિ. ગણુવાદને માનનાર.

ગણુવાન ૧. [સં. ગણુવત્] વિ. ગણુવાળું; સમુદાયવાળું.

૨. વિ. ગુણુવાન.

ગણુવું ૧. [સં. ગણ્] સ. ક્રિ. અનુભવી થવું.

૧. અગિયારા ગણુવા-પોબારા ગણુવા = ભાગી જવું; નાસી જવું.

૨. ભણ્યો પણ ગણ્યો નહિ = શિક્ષણ લીધું પણ અનુભવ લીધો નહિ.

૨. સ. ક્રિ. એક, બે, ત્રણ એમ સંખ્યા કહેવી કે માંડવી; સંખ્યા કાઢવી; ગણુતરી કરવી.

૧. ગણીગણીને બોલવું = થોડું બોલવું.

૨. ગણ્યુંગાંઠ્યું = જૂજ; થોડા જથ્થામાં.

૩. સ. ક્રિ. કીમત કરવી.

હિસાબમાં ગણુવું = કીમતી ગણુવું.

૪. સ. ક્રિ. દરકાર કરવી; ગણુકારવું; લેખવવું.

૫. સ. ક્રિ. માન આપવું.

ગણે તો દેવ નહિતર પથ્થર = વિશ્વાસ કે શ્રદ્ધા સાચી વસ્તુ છે.

૬. સ. ક્રિ. લેખામાં લેવું; માનવું; ધારવું; લેખવું.

૭. સ. ક્રિ. સામેલ થવું.

૮. સ. ક્રિ. હિસાબ કરવો; દાખલો કરવો.

ગણુવેશ પું. ટોળાનો વેશ; સરખો પહેરવેશ; 'યુનિફોર્મ'.

ગણુશઃ ૧. પું. બ. વ. વૈશ્યો. બૃહદારણ્યકોપનિષદમાં વૈશ્યોને ગણુશઃ કહેવામાં આવેલા છે, કેમકે વ્યક્તિગત પ્રયત્નથી નહિ પણ સંઘશક્તિથી તેઓ સંપત્તિ ઉત્પન્ન કરી શકે તેમ હતું.

૨. [સં.] અ. ટોળામાં; ટોળાબંધ; સમુદાયે કરીને.

ગણુશાસ્ત્ર ન. પ્રાણી કે વનસ્પતિની ઓલાદનો ઇતિહાસ.

ગણુસણુ સ્ત્રી. જેવી તેવી ખબર; થોડી ઘણી ખબર.

ગણુસત્તાક ૧. વિ. અલ્પજનસત્તાક; અમુક થોડાં માણસો રાજ્યની લગામ કાબૂમાં રાખે તેવું.

૨. વિ. પ્રજાસત્તાક; લોકોની સત્તાવાળું; મહાજનસત્તાક; રાજાની નહિ પણ પ્રજાના સમૂહોની સત્તાવાળું.

ગણુસત્તાકરાજ્ય ન. અલ્પજનસત્તાકરાજ્ય; અમુક થોડાં માણસો રાજ્યની લગામ કાબૂમાં રાખે તેવું રાજ્ય; 'ઓલિગાર્કિ'.

ગણુસમય [સં. ગણુ (સમુદાય) + સમય (સિદ્ધાંત)] પું. ગણે પાળવાનો આચાર.

ગણુસલિયા જોશી ૧. સ્ત્રી. એ નામની ઔદિચ્ય બ્રાહ્મણની અટકનું માણસ.

૨. ન. એ નામની ઔદિચ્ય બ્રાહ્મણની અટકનું માણસ.

૩. વિ. એ નામની ઔદિચ્ય બ્રાહ્મણની અટકનું.

ગણુસારિકા પું. (પિંગળ) એ નામનો તેર અક્ષરનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. તે અતિજગતી છંદનો એક ભેદ છે. તેને ગુણુસારિકા પણ કહે છે. તેના દરેક ચરણમાં ચાર જગણુ અને ગુરુ એમ તેર અક્ષર હોય છે.

ગણુસારો ૧. પું. અવાજથી ચેતવણી આપવી તે; ઇશારો; સાન; અણુસારો.

૨. પું. કોઈના જવા આવવાથી થતો ધીમો અવાજ.

ગણુસ્ત્રી સ્ત્રી. લડાઈના ગણુનાયકોના ઉપભોગ માટે રાખવામાં આવતી સ્ત્રી; ગણિકા; યુદ્ધી; યુદ્ધિકા.

ગણુહર [સં. ગણુધર] પું. (જૂ. ગુ.) મુખ્ય શિષ્ય.

પીપલ ગચ્છિહિ ગિરુઆ **ગણુહર** રિરિ વીસ્યઉ સૂરિ.
વિદ્યાવિલાસરાસ સં. ૧૪૮૬

ગણુહાસ [સં.] વિ. સમુદાયને હસનાર.

ગણા ૧. પું. ઘઉંની એક જાત.

૨. પું. બ. વ. ગળી પૂરી; ખાવાની એક વાની.

ગણાગોર ૧. સ્ત્રી. ચૈત્ર સુદિ ત્રીજ. આ દિવસે ગણેશ અને ગૌરીની પૂજા થાય છે.

૨. સ્ત્રી. મોળાકતના દિવસોમાં પૂજન માટે બનાવાતી ગૌરી દેવીની માટીની મૂર્તિ.

ગણાગ્રણી ૧. [સં.] પું. ગણેશ.

૨. પું. નાયક; અગ્રેસર.

ગણાચલ [સં.] પું. કૈલાસ પર્વત. તે શિવના ગણનું નિવાસસ્થાન છે.

ગણાચાર પું. વીર શૈવધર્મના પાંચ માંહેનો એ નામનો એક આચાર.

ગણાત્રા ૧. સ્ત્રી. લોહાણાની એ નામની એક અટક.

૨. ન. લોહાણાની એ નામની અટકનું માણસ.

૩. વિ. લોહાણાની એ નામની અટકનું.

ગણાધિપ ૧. [સં.] પું. ગણનો રાજા.

૨. પું. જૈન ધર્મ ગ્રહણ કર્યો હોય તેવો બ્રાહ્મણ.

૩. પું. વિનાયક; એકદંત; હેરંબ; લંબોદર; ગજાનન; ગણેશ; ગણપતિ.

૪. પું. શિવ; શંકર.

૫. પું. સમુદાયનો સ્વામી; અગ્રેસર; નાયક.

૬. પું. સાધુના સમુદાયમાં સૌથી શ્રેષ્ઠ અથવા વૃદ્ધ પુરુષ; મહંત.

૭. પું. સૈન્ય, સમૂહ વગેરેનો રક્ષક.

ગણાધિપતિ જુઓ ગણાધિપ.

ગણાધીશ જુઓ ગણાધિપ.

ગણાધ્યક્ષ જુઓ ગણાધિપ.

ગણાન્ન [સં.] ન. અનેકને માટે તૈયાર કરેલું અન્ન; ઘણાંની માલિકીનું અન્ન.

ગણાભ્યંતર ૧. [સં.] પું. ધાર્મિક મંડળનો આગેવાન.

૨. વિ. ઘણાં માણસોએ ભેગા કરેલ ધર્માદા ફંડ ઉપર જીવન ગાળનાર.

૩. વિ. ટોળા માંહેનું; સમુદાયનું.

ગણાવર્ત સ્ત્રી. લલિતવિસ્તરમાં જણાવેલી ચોસઠ માંહેની એ નામની એક લિપિ.

ગણાવવું ૧. સ. ક્રિ. ગણીને કહેવું; અનુક્રમે કરી બતાવવું.

૨. સ. ક્રિ. ગણે તેમ કરવું; ગણવાનું કહેવું.

૩. સ. ક્રિ. શીખવી હોશિયાર બનાવવું.

ગણાવું ૧. અ. ક્રિ. કીમત થવી.

૨. અ. ક્રિ. ગણતરી થવી; ગણાઈએ એમ હોવું; ઉપમાથી ઉપલક્ષિત થવું; ખપવું; મનાવું; લેખાવું.

ચાર લોકમાં ગણાવું = લોકમાં માન પામવું.

૩. અ. ક્રિ. પૂરું થવું; ભરાઈ રહેવું.

૪. અ. ક્રિ. માં સમાવેશ થવો.

ગણિ ૧. પું. (જૈન) આચાર્ય; સૂરિ; ગચ્છનો ઉપરી.

૨. પું. સિદ્ધાંત.

ગણિક ૧. [સં.] પું. ગણક; જ્યોતિષી; જોશી; ગણિતથી દશા જોનાર નજૂમી.

૨. પું. ગણિતશાસ્ત્રનો જ્ઞાતા; ગણિતશાસ્ત્ર જાણનાર પુરુષ.

ગણિકા ૧. [સં.] સ્ત્રી. ગણનારી સ્ત્રી; ગણતરી કરનાર સ્ત્રી.

૨. સ્ત્રી. ગણમાં રહેતા લોકો માટે રાખેલ સ્ત્રી; ગણોની સ્ત્રી. ગણોમાં રહેનાર પુરુષો માટે અલગ અલગ સ્ત્રીઓ રાખવામાં આવતી ન હતી. ગણોમાં રહેનાર બધા પુરુષો માટે અમુક સ્ત્રીઓ રાખવામાં આવતી અને તે ગણિકા નામથી ઓળખાતી. ગણોની સ્ત્રી એટલે ગણિકા એ નામ એનો અર્થ સ્પષ્ટ કરે છે.

૩. સ્ત્રી. ગણિયારીનું ઝાડ.

૪. સ્ત્રી. ગુણકા; વેશ્યા; કંચની; રામજણી; પાતર. નાચગાનથી માણસોનું મન રંજન કરી તે પોતાની આજીવિકા મેળવે છે.

૫. સ્ત્રી. જૂઈ; યૂથિકા; અંબષ્ઠા; માગધી; એક જાતનું ફૂલ.

> હરિણી ગણિકા જૂથિકા હેમપુષ્પિકા જોઈ,
> યૂથી ગૂંથી તવ છબી, પૂર્ણું લીયે મન પ્રોઈ.
> પિંગળલઘુકોષ

૬. સ્ત્રી. દ્રવ્યલોભથી નાયક ઉપર પ્રીતિ રાખનારી નાયિકા અથવા સ્ત્રી.

૭. સ્ત્રી. હાથીને છેતરીને લાવનાર હાથણી.

ગણિકાધ્યક્ષ પું. વેશ્યાઓની દેખરેખ રાખનાર એક પ્રાચીન અમલદાર.

ગણિકાપતિ [સં.] પું. વ્યભિચારી પુરુષ; રંડીબાજ.

ગણિકારિકા સ્ત્રી. અરણી; ગણિયારીનું ઝાડ.

ગણિકારી જુઓ ગણિકારિકા.

ગણિકાલય [સં.] પું. કુટ્ટણખાનું; કસબખાનું; વેશ્યાઘર.

ગણિકાવસ્થા [સં.] સ્ત્રી. વેશ્યાવૃત્તિ.

ગણિત ૧. [સં. ગણ્ (ગણવું)] ન. અંકગણિત, બીજગણિત અને ભૂમિતિ એ ત્રણેનો સમૂહ. પ્રાચીન ગણિતનું જ્ઞાન આપનારાં મુખ્ય પુસ્તકો નીચે પ્રમાણે છે: (૧) પ્રમાણમંજરી, (૨) માનવિજ્ઞાન, (૩) સાધ્વક, (૪) નિબંધન, (૫) આર્યભટ્ટ, (૬) લીલાવતી, (૭) ગોલાધ્યાય, (૮) માનસંગ્રહ, (૯) જયમધ્વમાન, (૧૦) વિમાનાદિમાન અને (૧૧) માનબોધ.

૨. ન. આંકડાની ગણતરી કરવાનું શાસ્ત્ર; હિસાબ ગણવાની રીત.

૩. ન. (જ્યોતિષ) ગ્રહોની ગતિ, સ્થિતિ વગેરેની ગણના; જ્યોતિઃશાસ્ત્રની એક શાખા.

ગણિત કરવું = જોષ જોવો.

૪. ન. હિસાબ.

૫. વિ. ગણેલું; ધારેલ.

ગણિતકાર ૧. પું. ગણિતશાસ્ત્રી; ગણિતવિદ્યા જાણનાર પુરુષ.

૨. પું. જોશી; જ્યોતિષશાસ્ત્રી.

૩. પું. હિસાબી; ગણતરી કરનાર પુરુષ.

ગણિતકેસરી ૧. પું. ગણિતશાસ્ત્રની ઊંચામાં ઊંચી પરીક્ષામાં વિશિષ્ટ શક્તિ દાખવનાર નિષ્ણાત પુરુષ.

૨. સ્ત્રી. ગણિતશાસ્ત્રની ઊંચામાં ઊંચી પરીક્ષામાં વિશિષ્ટ શક્તિ દાખવનાર નિષ્ણાતને મળતી એ નામની પદવી.

ગણિતજ્ઞ જુઓ ગણિતકાર.

ગણિતજ્ઞાની જુઓ ગણિતકાર.

ગણિતન્યાસ પું. કોઈ પણ હિસાબની પાયરીવાર ગોઠવણ.

ગણિતપદ્ધતિ સ્ત્રી. ગણિતની રીત.

ગણિતપાટી ૧. સ્ત્રી. આંકડાઓથી ગણતરી કરવાનું પાટિયું; પથ્થરપાટી.

૨. સ્ત્રી. ગણિતનું કોષ્ટક; અમુક બાબતની ગણતરી કરીને કાઢી રાખેલા આંકડાઓનું પત્રક; આંકડાનો કોઠો; તૈયાર ગણતરીનું પત્રક.

૩. સ્ત્રી. ગણિતવિદ્યા; ગણિતશાસ્ત્ર.

ગણિતપારંગત જુઓ ગણિતકેસરી.

ગણિતપાશ પું. વસ્તુના જુદા જુદા સમૂહ કરવાની અથવા તેમને ગોઠવવાની રીત; 'પર્મ્યુટેશન.' જેમકે, થર એ થ અને ર એવા બે અક્ષરનો સંયોગ છે. તથા થર અને રથ એ બે તે જ અક્ષરોની રચના છે. એ રીતે ૨૫ (પચીશ) અથવા ૫૨ (બાવન) એ બે અને પાંચ એ બે આંકડાનો સંયોગ છે તથા ૨૫ (પચીશ) અને ૫૨ (બાવન) એ બે તે જ આંકડાની રચના છે.

ગણિતપ્રમાણ [સં.] ન. ચાર સંખ્યાનું પ્રમાણ; 'એરિથમેટિકલ પ્રોપોર્શન'. આમાં પહેલી અને ચોથીનો ગુણાકાર બીજી અને ત્રીજીના ગુણાકારની બરોબર હોય છે.

ગણિતવિદ્યા [સં.] સ્ત્રી. ગણતરી કે હિસાબ વગેરે કરવાનું શાસ્ત્ર; ગણિતશાસ્ત્ર.

ગણિતવેત્તા જુઓ ગણિતકાર.

ગણિતવ્ય [સં.] વિ. ગણવા જેવું.

ગણિતશાસ્ત્ર [સં.] ન. ગણિતવિદ્યા; ગણવાનું શાસ્ત્ર.

ગણિતશાસ્ત્રી પું. ગણિતશાસ્ત્રનો વિદ્વાન. જુઓ ગણિતકાર.

ગણિતશ્રેઢી [સં. ગણિત + શ્રેઢી (હાર)] સ્ત્રી. બરાબર અંતરે આવતી સંખ્યાની હાર; જેનાં ક્રમવાર કોઈ પણ બે પદનો ફરક સરખો જ હોય એવી શ્રેઢી. જ્યારે એક શ્રેઢીની સંખ્યાઓ અનુક્રમે સરખે અંતરે વધતી અથવા ઘટતી જતી હોય ત્યારે તે શ્રેઢીને ગણિતશ્રેઢી કહે છે. જેમકે, (૧) ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭ વગેરે. (૨) ૧, ૪, ૭, ૧૦, ૧૩, ૧૬, ૧૯ વગેરે. (૩) ૧૫, ૧૩, ૧૧, ૯, ૭, ૫, ૩, ૧,–૧,–૩ વગેરે.

આ ત્રણે શ્રેઢીઓમાંથી પહેલી શ્રેઢીમાંની દરેક સંખ્યા તેની પહેલાની સંખ્યા કરતાં એક વધારે છે, બીજી શ્રેઢીમાંની દરેક સંખ્યા તેની પૂર્વેની સંખ્યાથી ૩ વધારે છે, એટલે કે પહેલી બંને શ્રેઢીઓમાં સંખ્યા અનુક્રમે સરખે અંતરે વધતી જાય છે. તેથી તે બંને શ્રેઢીને "ચડતી ગણિતશ્રેઢી" કહે છે. ત્રીજી શ્રેઢીમાં દરેક સંખ્યા આગલી સંખ્યાથી બે ઓછી થતી જાય છે, માટે તેને "ઊતરતી ગણિતશ્રેઢી" કહે છે.

ગણિતશ્રેણી જુઓ ગણિતશ્રેઢી.

ગણિતસાર ૧. પું. ગણિતથી કાઢેલી તારીજ.

૨. ન. એ નામનું સંવત ૧૪૪૯માં લખાયેલું એક પુસ્તક.

ગણિતસિદ્ધ વિ. ગણિતથી સાબિત થયેલું.

ગણિતસ્કંધ પું હિંદુ જ્યોતિઃશાસ્ત્રનો એક વિભાગ. તેમાં મુખ્યત્વે ગ્રહોનું ગણિત આવે છે.

ગણિતાચાર્ય જુઓ ગણિતકાર.

ગણિતાધ્યાય [સં.] પું. ખગોળનો ગણિતને લગતો એ નામનો એક સંસ્કૃત ગ્રંથ.

ગણિતાનંદ ૧. પું. પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રીકૃષ્ણનું ધામ; અક્ષરબ્રહ્મ

૨. પું. મર્યાદા પુરુષોત્તમ; નારાયણ.

૩. પું. માપ થઈ શકે તેવો આનંદ.

ગણિતિક વિ. ગણિતનું; ગણિત સંબંધી.

ગણિતિકા સ્ત્રી. (જ્યોતિષ) જ્યોતિષના ત્રણ માંહેનું એક અંગ. પહેલું અંગ ગણિતિકા, બીજું ફલભાગ અને ત્રીજું પ્રશ્ન કહેવાય છે.

ગણિતી પું. ગણિતશાસ્ત્રી; ગણિતશાસ્ત્રનો વિદ્વાન.

ગણિતોપક્રમ પું. હિસાબનાં પગથિયાંની વ્યવસ્થિત રચના.

ગણિની સ્ત્રી. જૈન સાધ્વી; આરજા.

ગણિપિટક ૧. [સં.] સ્ત્રી. (જૈન) આચાર્ય પાસે રહેતી જ્ઞાનની પેટી.

૨ સ્ત્રી. (જૈન) ધર્મગ્રંથોનો સમૂહ. ગણિપિટક દ્વાદશ અંગરૂપ છે. બાર અંગ: આચાર, સૂત્રકૃત, સ્થાન, સમવાય, વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ, જ્ઞાતાધર્મકથા, ઉપાસકદશા, અંતકૃદ્દશા, અનુત્તરોપપાતિકદશા, પ્રશ્નવ્યાકરણ, વિપાકસૂત્ર અને દૃષ્ટિવાદ.

૩. સ્ત્રી. પાનની પેટી.

ગણિપિટકા [સં.] સ્ત્રી. (જૈન) જૈન મતે આચારાંગ વગેરે બાર અંગ.

ગણિયલ વિ. ગુણી; ગુણવાળું.

ગણિયારી [હિં.] સ્ત્રી. અરણી; ખેરણ.

ગણિવર [સં. ગણિન્ (આચાર્ય) + વર (શ્રેષ્ઠ)] પું. ઉત્તમ આચાર્ય.

ગણિવિદ્યા ન. (જૈન) એ નામનું એક ઉત્કાલિક સૂત્ર. જુઓ ઉત્કાલિક.

ગણી ૧. [સં.] પું. આચાર્ય; શિક્ષક.

૨. પું. જૈન મુનિની એ નામની એક પદવી.

૩. વિ. ગણવાળું; જેની પાસે ગણસમૂહ હોય તેવું

ગણીકરણ [સં.] ન. (ગણિત) ગણસમૂહ કરવા તે; અનુક્રમમાં એકઠું કરવું તે; 'ગ્રૂપિંગ'.

ગણીગ સ્ત્રી. બેલગામ ધારવાડ તરફ રહેતી એ નામની એક જાત. તે ઘાંચીનો ધંધો કરે છે.

ગણીમત ૧. સ્ત્રી. ઈશ્વરકૃપા.

૨. સ્ત્રી. ગનીમત; સંતોષસૂચક ઉદ્‌ગાર; બસ; જોઈએ એટલું હોવું તે.

૩. સ્ત્રી. સૌભાગ્ય.

ગણીયલ પું ચારણ કવિ.

ગણી યશોવિજય પું. એ નામના જૈન સાધુ. એ ક્યારે થયા તે નક્કી નથી. એમના વિષે ખાસ ઐતિહાસિક માહિતી અત્યારે કાંઈ નથી. એમની કૃતિ તરીકે અત્યારે ફક્ત તત્ત્વાર્થસૂત્ર ઉપરનો ગુજરાતી ટબો પ્રાપ્ત છે. ટબાની ભાષા તથા શૈલી જોતાં તેઓ ૧૭, ૧૮મા સૈકામાં થયા હોય એમ લાગે છે. એમની નોંધવા જેવી વિશેષતા એ છે કે તેમણે તત્ત્વાર્થના દિગંબરીય સર્વાર્થસિદ્ધિ માન્ય સૂત્રપાઠને લઈ તેના ઉપર માત્ર સૂત્રના પાઠ પૂરતો ટબો લખ્યો છે અને ટબો લખતાં તેમણે જ્યાં જ્યાં શ્વેતાંબર અને દિગંબરનો મતભેદ કે મતવિરોધ આવે છે ત્યાં સર્વત્ર શ્વેતાંબર પરંપરાને અનુસરીને જ સૂત્રનો અર્થ કર્યો છે. આમ સૂત્રપાઠ દિગંબરીય છતાં અર્થ શ્વેતાંબરીય છે. બીજી વિશેષતા એ છે કે આજ સુધીમાં તત્ત્વાર્થસૂત્ર ઉપર ગુજરાતીમાં ટબો લખનાર ગણી યશોવિજય પહેલા આવે છે, કારણકે તેમના સિવાય તત્ત્વાર્થસૂત્ર ઉપર કોઈનું ગુજરાતીમાં કાંઈ લખેલ હજુ સુધી જાણવામાં આવ્યું નથી.

ગણું વિ. અમુક જેટલું ગુણેલું; અમુકથી ગુણતાં આવે તેટલું. જેમકે, પાંચગણું; ત્રણગણું.

ગણેણવું અ. ક્રિ. તોપના ગોળાનો અવાજ થવો.

ગણેણાટ ૧. પું. ઝીણું બોલવું તે.

૨. પું. માખી તથા મચ્છરની પાંખનો અવાજ.

ગણેય [સં.] વિ. ગણવા લાયક; ગણનીય.

ગણેરુ ૧. [સં.] પું. કરેણનું ઝાડ.

૨. પું. ગણિયારીનું ઝાડ.

૩. સ્ત્રી. વેશ્યા સ્ત્રી.

૪. સ્ત્રી. હાથણી.

ગણેરુક [સં.] પું. ગણિયારીનું ઝાડ.

ગણેરુકા ૧. [સં.] સ્ત્રી. કુટણી સ્ત્રી; વેશ્યા; કસબણ.

૨. સ્ત્રી. ગણિયારીનું ઝાડ.

૩. સ્ત્રી. સ્ત્રી નોકર; ચાકરડી.

ગણેલ વિ. અનુભવી.

ગણેશ ૧. પું. (સંગીત) અઠ્ઠાવન માંહેનો એક વર્ણાલંકાર.

૨. પું. (સંગીત) એ નામનો એક તાલ. તે ચતસ્રજાતિ ૨૦ માત્રાનો હોય છે.

૩. [સં.] પું. ગણપતિ; ઉમાપુત્ર; પાર્વતીપુત્ર; ગજાનન; ગજવદન; કરિમુખ; લંબોદર; દ્વિદેહ; વિઘ્નેશ; દ્વૈમાતુર; વિનાયક; આખુરથ; એકદંત; એકદૃષ્ટા; મૂષકવાહન; ગિરિજાસુત; શિવ અને પાર્વતીના પુત્ર. બધા શુભકાર્યના આરંભમાં એ પ્રથમ પૂજાય છે, કારણકે કારણરૂપે એ ઈશ્વર મનાય છે. ભૂત ભૌતિક સર્વ ગણોના અધિપતિ હોઈ તે ગણેશ કહેવાય છે. કાવ્યશાસ્ત્રમાં ત્રણ ત્રણ અક્ષરના આઠ ગણ છે, તેના ઈશ પણ ગણેશ કહેવાય છે. રિદ્ધિ સિદ્ધિ એ બે શક્તિ એની પડખે સદા ખડી છે, એટલે એ દેવની ઉપાસનાથી એ બંને સુલભ થાય છે. અધિદૈવરૂપે એ જગતનું બીજ મનાય છે, અધિભૂતરૂપે અવતાર છે, ને અધ્યાત્મરૂપે એ બંને અવસ્થાના નિયંતા એટલે બ્રહ્મરૂપ સ્વીકારાયા છે. અધ્યાત્મની ઉપાસનાથી જગતબીજ ઉપાસક પોતે જ છે એમ અનુભવાય છે. એનું મુખ હાથીનું છે. તે મંગળરૂપ ગણાય છે. પેટ મોટું છે તે આનંદસૂચક છે. એક વાર શિવપાર્વતી અંતઃપુરમાં હોવાથી ગણેશને દ્વારની ચોકી કરવા રાખ્યા હતા. એટલામાં પરશુરામ ત્યાં આવી ચડયા. અંદર જતાં ગણેશે તેમને અટકાવ્યા તેથી બે વચ્ચે લડાઈ થઈ, તેમાં ગણેશના બે દાંતમાંથી એક તૂટી ગયો તેથી, એ એકદંત કહેવાય છે. પુરાણોમાં લખ્યું છે કે પહેલાં ગણેશને મનુષ્યનું માથું હતું, પણ શનૈશ્ચરની દૃષ્ટિ પડવાથી તેમનું માથું કપાઈ ગયું. આ ઉપરથી વિષ્ણુએ એક હાથીનું શિર કાપી તેમના ધડ ઉપર જોડી દીધું. વળી એમ પણ કહેવાય છે કે એક વખતે વિષ્ણુ અને ગણપતિ લડતા હતા એટલામાં શિવે વચમાં પડી ગણપતિનું ડોકું કાપી નાખ્યું. એ વાત પાર્વતીએ જાણી એટલે શિવને શાપ દેવા માંડ્યો. પછી શિવે એક દાંતના હાથીનું ડોકું કાપી લાવી ગણપતિના ધડને ચોટાડી જીવતા કર્યા. મારા પુત્રને વરવો કર્યો, તેથી હવે કોઈ તેને બોલાવશે નહિ, એમ કહી પાર્વતીએ શોક કર્યો ત્યારે શિવે કહ્યું કે સર્વ દેવમાં એ પહેલો પૂજાશે ને સર્વ શુભ કામમાં તેનું આરાધન થશે. એથી હરકોઈ શુભ પ્રસંગે પ્રથમ એમની સ્થાપના કરવામાં

આવે છે. અમુક પુરાણમાં લખ્યું છે કે તેનો દાંત રાવણે ઉખેડી નાખ્યો હતો. કેટલાકના મત પ્રમાણે વીરભદ્ર અથવા કાર્તિકેયે દાંત તોડી નાખ્યો હતો. આ પ્રમાણે માથું કાપવાના સંબંધમાં પણ મતભેદ છે. વળી કોઈ પુરાણમાં તેનું આખું શરીર મનુષ્યનું અને માથું હાથીના જેવું તથા ચાર હાથ અને એક દાંત, માથામાં ત્રણ આંખ અને લલાટ ઉપર અર્ધચંદ્ર એમ વર્ણન કરવામાં આવેલ છે. યુગ પ્રમાણે એમને દશ હાથ, છ હાથ, ચાર હાથ અને બે હાથ હતા એવો ઉલ્લેખ છે. દશભુજ ગણેશનું વાહન સિંહ, ષડ્ભુજ ગણેશનું મયૂર, ચાર ભુજ ગણેશનું ઉંદર અને બે ભુજ ગણેશનું અશ્વ કહેવાય છે. એમના ચાર હાથમાં અનુક્રમે શંખ, ચક્ર, ગદા અને પદ્મ તે ધારણ કરે છે. એમને અંગે ગણેશપુરાણ અને મુદ્ગલપુરાણ એવા સ્વતંત્ર ગ્રંથો છે. ત્રણે ગુણના સ્વામી હોવાથી એમને ગુણેશ પણ કહે છે. એને લાડુ બહુ પ્રિય છે. અષ્ટસિદ્ધિ એમની આઠ પટરાણી મનાય છે. તે પાર્વતીજીના શરીરના મલમાંથી ઉત્પન્ન થયાનું પણ મનાય છે. શ્રીમદ્ ભાગવતમાં ગણેશ કે ગણપતિનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. વ્યાસજીએ મહાભારત રચ્યું તે વેળા ગણેશને બ્રહ્મા પાસેથી લહિયા તરીકે માગી લીધા હતા. વ્યાસ શ્લોક બોલતા જાય અને ગણેશ લખતા જાય એવી હકીકત પુરાણમાં છે. એ વિઘ્નહર કહેવાય છે. એક વખત ઉંદર ઉપર સવારી કરીને તેઓ જતા હતા, ત્યારે પડી ગયા. એ જોઈને ચંદ્રે મશ્કરીમાં હાસ્ય કર્યું. આથી ગુસ્સે થઈ એમણે ચંદ્રને શાપવાથી ચોથને દિવસે ચંદ્ર દર્શન કરાતું નથી. ગણેશના બે વિમાની દૂતોનાં નામ પ્રમોદ અને આમોદ છે. સિંદૂર દૈત્યને મારવાથી તેને સિંદૂરવદન કહે છે. ગણેશ આરંભના દેવતા છે. તેની ઉત્પત્તિ ૐથી થઈ છે. આમાં 'અ'કાર શિર અને શરીર છે. 'ઓં' (ૉ) નો 'ા' ભાગ સૂંઢ છે, ઓં નો '`' ભાગ એક દંત છે અને ઓં નો '.' ભાગ મોદક છે. પ્લુતનું '૩' ચિહ્ન મૂષક વાહન છે. આ પ્રમાણે મોદકભોજી, મૂષકારોહી અને એકદંતધારી ગજાનનની ઉત્પત્તિ થયાનું મનાય છે. દરેક હિંદુ મકાનના બારણાની સાખ ઉપર આ દેવની મૂર્તિ કોતરવામાં આવે છે.

૧. ગણેશ બેસવા = સારા માઠા કોઈ કામનો આરંભ થવો.

૨. ગણેશ બેસાડવા = સારા કામનો આરંભ કરવો.

૩. ગણેશ માંડવા = (૧) કોઈ પણ શુભ કામનો આરંભ કરવો; શરૂઆત કરવી; આરંભ કરવો; પહેલ કરવી. (૨) દેવળમાં બેસાડવાની ગણપતિની મૂર્તિ પધરાવવી.

૪. ગોબર ગણેશ = અભિમાની; મૂર્ખ માણસ.

૫. શ્રીગણેશાય નમઃ = (૧) ગણેશને નમસ્કાર. (૨) શ્રીગણેશને પ્રથમ નમસ્કાર કરી દરેક કામ હિંદુ કરે છે તે શુભ નિશાની. (૩) હરકોઈ કામનો પ્રારંભ; આરંભ; શરૂઆત.

૬. સેવનો ગણેશ = સેવ વણતાં બૈરાંઓ થોડાક લૂઆનો લોંદો ગણેશ તરીકે સેવ સૂકવવાના લૂગડા ઉપર મૂકે તે. વિઘ્ન ન આવે એવા હેતુથી તેઓ આમ કરે છે પણ તેનો અર્થ કાંઈ નથી.

૪. પું. ગાયત્રીના ચોવીશ માંહેનો એ નામનો એક દેવતા.

૫. પું. તેતર પંખી. તેતર પક્ષીને ગ્રામ્ય શકુનોની પરિભાષામાં ગણેશ કહે છે.

> વીન્તણંદ હાલી નીકળ્યો, પોઠીડા પલાણે;
> ડાબો થાને ગણેશ! (તો) વીન્તણંદ પાછો વળે.
> દુહો

૬. પું. મહાદેવ.

૭. ન. એ નામનું એક ઉપપુરાણ.

ગણેશઉત્સવ પું. ગણેશના માનમાં ઊજવાતો ઉત્સવ.

ગણેશકુસુમ ૧. [સં.] ન. રાતું ફૂલ.

૨. ન. લાલ કરેણનું ઝાડ.

ગણેશક્રિયા [સં.] સ્ત્રી. એક પ્રકારની ધૌતિ. તેમાં આંગળી આદિની સહાયતાથી ગુદાનો મળ સાફ કરવામાં આવે છે. મલમલનું ઝીણું વસ્ત્ર મોંવાટે ગળી જઈ ગુદા વાટે બહાર કાઢવામાં આવે છે, તેથી પણ મળ સારી રીતે દૂર થાય છે. આ ક્રિયાને ગણેશક્રિયા કહેવાય છે.

ગણેશગજ પું. હાથીનું નામ.

ગણેશગીતા સ્ત્રી. એ નામનું ગીતાનું એક પુસ્તક. તે ભગવદ્ગીતા છે, પરંતુ તેમાં કૃષ્ણને બદલે ગણેશનું નામ મૂકેલું છે. ગણેશગીતા એ ગણેશપુરાણના અંતમાં ક્રીડાખંડમાં ૧૩૮ થી ૧૪૮ સુધીના અધ્યાયમાં છે.

ગણેશગોળી સ્ત્રી. લાડુ.

ગણેશચતુર્થી જુઓ ગણેશચોથ.

ગણેશચોથ સ્ત્રી. ભાદરવા સુદિ ૪. તેમના મહિમા સંબંધી એવી હકીકત છે કે એક વાર પ્રદોષ સમયે શિવદર્શન કરવા સર્વ દેવતા ચાલ્યા. ઘણી ભીડમાં ગણપતિ ઉંદર ઉપરથી પડી ગયા. તે જોઈ ચંદ્ર હસ્યો, તેથી ગણપતિએ શાપ આપ્યો પણ પછી ચંદ્ર આવીને પગે લાગ્યો, ત્યારે ગણપતિએ ચંદ્રને શાપથી વિમોચન કર્યો. પણ એટલું રાખ્યું કે એ દિવસે કોઈ ચંદ્રદર્શન ન કરે. કેટલાકની માન્યતા પ્રમાણે એ દિવસે પાર્વતી ગણપતિ દેવનું પાર્થિવ પૂજન કરતાં મૃન્મય ગણપતિ સચેતન થયા અને એણે સિંધુ નામના દૈત્યને માર્યો. એ ઉપરથી એ ચતુર્થીનો મહિમા ચાલ્યો છે. ગુજરાત કાઠિયાવાડમાં વૈશાખ સુદિ ૪ને ગણેશચોથ કહેવામાં આવે છે. આ દિવસે ગણપતિનું પૂજન કરવામાં આવે છે.

ગણેશચૌથ જુઓ ગણેશચોથ.

ગણેશજનની [સં.] સ્ત્રી. દુર્ગાદેવી; પાર્વતી.

ગણેશતાલ પું. (સંગીત) એ નામનો એક ચતસ્રજાતિ ૨૦ માત્રાનો તાલ. તેનાં તાલસ્થાન ૧-૫-૭-૯-૧૩-૧૭-૧૮-૧૯-૨૦ માત્રા ઉપર છે.

ગણેશદંતો પું. એક દાંતવાળો હાથી.

ગણેશદૈવજ્ઞ પું. નસીબને જાણનાર જોશી.

ગણેશપંચાયતન ન. ગણપતિ આદિ પાંચ દેવતાઓનો સમૂહ. તેમાં વચ્ચે ગણપતિ, ઈશાન કોણમાં વિષ્ણુ, અગ્નિકોણમાં મહાદેવ, નૈઋત્ય કોણમાં સૂર્ય અને વાયવ્યમાં પાર્વતી હોય છે.

ગણેશપુરાણ [સં.] ન. અઢાર માંહેનું એક ઉપપુરાણ. જુઓ ઉપપુરાણ.

ગણેશપૂજા સ્ત્રી. શંકરના પુત્ર ગણેશનું પૂજન. ગણેશ અથવા વિનાયક રુદ્રના ગણોના નેતા હતા. યાજ્ઞવલ્ક્ય સ્મૃતિમાં ગણેશ અને તેમની માતા અંબિકાની પૂજાનું વર્ણન મળે છે. ચોથી શતાબ્દિની પૂર્વની કોઈ ગણપતિની મૂર્તિ નથી મળી અને તે સમયના શિલાલેખોમાં તેમનો ઉલ્લેખ પણ મળતો નથી. ઈલોરાની ગુફાઓમાં કેટલીક દેવીઓની મૂર્તિની સાથે ગણપતિની મૂર્તિ પણ છે. ઈ. સ. ૮૬૨ના ઘટિયાલાના સ્તંભમાં શ્રી ગણેશની ચાર મૂર્તિઓ બની છે ગણેશના મુખની સૂંઢની કલ્પના ક્યારે થઈ તે માલૂમ નથી.

ગણેશપૂજા કરવી = વિશેષ મહત્ત્વ આપવું.

ગણેશપ્રસાદ પું. એ નામનો એક કવિ. તે ગદ્યનો કવિ હતો. તે ૧૮૮૯થી ૧૯૨૫ સુધીમાં થયો.

ગણેશભૂષણ [સં.] ન. સિંદૂર.

ગણેશસ્થાપના [સં.] સ્ત્રી. ગણપતિનું આવાહન.

ગણેશાન ૧. [સં.] પું. ગણેશ.

૨. પું. વિષ્ણુ.

૩. પું. શિવ.

ગણેશિયાં ન. બ. વ. ગણપતિનાં ગીત.

ગણેશિયું ન. ખાતર પાડવાનું ચોરનું લોઢાનું એક હથિયાર; ખાતરિયું; ઘર તોડવાનું એક હથિયાર.

ગણેશિયો ૧. પું. ઘર તોડવાનું એક હથિયાર. જુઓ ગણેશિયું.
૨. પું. ઢેઢને અપાતું ઉપનામ.

ગણેશ્વર જુઓ ગણેશાન.

ગણેસણે ૧. અ. કાનોકાન.
૨. અ. ગનેસને; સણસણાટીપૂર્વક.

ગણો ૧. પું. ઘઉંના લોટમાં ગોળનું પાણી નાખી બનાવાતી મીઠી તળેલી પૂરી.
૨. પું. સંજાબ; ઘાઘરાને તથા કપડામાં શોભા માટે મૂકવામાં આવતો લીલા અથવા પીળા રંગનો પટો; ગોઠ.
ગણો મૂકવો = કપડાને ગોઠ મૂકવી; સંજાબ ચોડવી.
૩. સ્ત્રી. હળની આડી, ઊભી અને ત્રાંસી ગણ.
ગણો વાળવો = પાળીઆનો છેવટનો ક્યારો સરખો કરવો.

ગણોત ૧. [સં. ગણપત્ર] ન. જમીનદાર અને ખેડૂત વચ્ચેનું સાંથનું લખત; સાંથપટ્ટો; જમીન સંબંધી લેખ; ગણવતપટ્ટો; ગણોતનામું.
૨. ન. ભાડું; વિઘોટી; મહેસૂલ.
૩. ન. ભાડે આપેલી જમીન.

ગણોતખાતું ન. બીજાને ખેડવા આપેલ ખેતરનાં ઊપજ અને ખર્ચનું ખાતું.

ગણોતનામું ન. જમીનદાર અને ખેડૂત વચ્ચેનો સાંથનો દસ્તાવેજ; ગણવતપટ્ટો; સાંથનો કરાર; જમીનની ભાડાચિઠ્ઠી.

ગણોતપટ્ટો જુઓ ગણોતનામું.

ગણોતિયું વિ. ગણોતે આપેલું.

ગણોતિયો પું. જમીન ગણોતે રાખનાર ખેડૂત; ગણોત ભરવું પડતું હોય તેવો ખેડુ; સાંથીડો; ખાતાદાર.

ગણોતી વિ. બીજાની જમીન ખેડનાર.

ગણોત્સાહ [સં.] પું. ગેંડો.

ગણોત્સાહી [સં.] સ્ત્રી. ગેંડી.

ગણોદવાલા ૧. સ્ત્રી. મેમણની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ગણોદિયા ૧. સ્ત્રી. કણબીની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ગણણી ૧. સ્ત્રી. એ નામની એક જાતની ઔષધિ.
૨. સ્ત્રી. પાણી, દૂધ વગેરે પ્રવાહી ગળવાનું ઝીણાં કાણાંવાળું પાત્ર; ગળણી.

ગણણું ન. પાણી વગેરે પ્રવાહી ગાળવાનું સાધન; ગયણું; ગળણું.

ગણ્ય ૧. [સં.] વિ. ગણવા યોગ્ય; ગણનામાં લેવા જેવું; ગણનીય.
૨. વિ. પ્રતિષ્ઠિત.

ગણ્યું ૧. વિ. અનુભવી; કાબેલ.
૨. વિ. થોડું; જૂજ.

ગણ્યુંગાંઠ્યું વિ. થોડું; જૂજ; અલ્પ.

ગત ૧. પું. બુદ્ધનું એક નામ.
૨. પું. બૌદ્ધ ધર્મનો યતિ; ભિક્ષુક.
૩. સ્ત્રી. અંતિમ ક્રિયા.
૧. ગત કરવું = (૧) અંતિમ ક્રિયા કરવી. (૨) મારવું; મેથીપાક જમાડવો. (૩) વાપરવું. (૪) વ્યવસ્થા કરી નાખવી; ઠેકાણે પાડવું.
૨. ગત ખાવી = હારવું.
૩. ગતે પાડવું = ઠેકાણે પાડવું.
૪. સ્ત્રી. કર્મનો પરિપાક.
૫. સ્ત્રી. કળા; ખૂબી; ચતુરાઈ; યુક્તિ.
૬. સ્ત્રી. ખાસિયત; આદત; ટેવ.
વાણિયાની ગત = વાણિયાનો વિશેષ બહાર પડતો સ્વભાવ; વાણિયાગત.
૭. સ્ત્રી. ગતિ; ગમન.
૮. સ્ત્રી. ઝડપ; વેગ.
૯. સ્ત્રી. દુર્ગતિ; દુર્દશા.
૧૦. [હિં.] સ્ત્રી. ધ્વનિ.
૧૧. સ્ત્રી. (સંગીત) નરઘાં મૃદંગ સતાર વગેરે વગાડવા સંબંધી નિયત કરેલી રીત; વાદ્ય ઉપર વગાડવાની ચીજ; અમુક બાજને અમુક તાલમાં ગોઠવીને જે ગતિ ઉત્પન્ન થાય તે. તે બાજના બોલને અમુક રાગના નિયમથી આવતા સ્વરોમાં સંબંધ કરાવવાથી અમુક રાગની ગત થાય છે. તે ગતને તીડા તથા ફકરા લગાડવામાં આવે છે.
૧. ગત બજવી = (૧) જોરથી માર લાગવો. (૨) સૂર વગાડવો.
૨. ગત બનાવવી = (૧) અપમાન કરવું. (૨) દુર્દશા કરવી. (૩) મૂર્ખ બનાવવું.
૧૨. સ્ત્રી. નાચની એક રીત; નાચનો ઠાઠ.
૧. ગત નાચવી-ભરવી = અમુક તાલના નિયમથી પરમાણુઓ લઈ નૃત્ય કરવું. ગત ભરવાના પ્રકાર ઘણા છે. પ્રથમ ધીમી ગતિમાં વાદ્યો તથા તબલાનો ઠેકો શરૂ કરાવવો. જે તાલમાં ઠેકો શરૂ થાય તેમાં ગત ભરવી. જરા આગળ જઈ ઊભા રહેવું. પછી ત્યાંથી તીરછા થઈ પાછલા પગથી હઠતાં હઠતાં પોતાની અસલ જગ્યાએ આવી થોભવું. એમ કરતાં મુખ પાછું ફેરવવું નહિ.
૨. ગત ભૂલવી = ચાલવાની રીત ભૂલવી.
૧૩. સ્ત્રી. નાશ; પાયમાલી.
૧૪. સ્ત્રી. પ્રવેશ; પ્રવેશ કરવાની બુદ્ધિ.
૧૫. સ્ત્રી. બાજી; રમત; ચાલ.
ગત રમવી = કાવાદાવા કરવા; પ્રપંચ ખેલવો.
૧૬. સ્ત્રી. બુદ્ધિ; મતિ.
૧૭. સ્ત્રી. ભેદ; રહસ્ય.
૧૮. સ્ત્રી. મંડળ; મંડળી.
૧૯. સ્ત્રી. મુઆ પછીની જીવની સારી યા નઠારી સ્થિતિ.
૧. ગત થવું = મુક્તિ મળવી; સ્વર્ગમાં જવું.
૨. ગતે ઘાલવું = (૧) કામે લગાડવું. (૨) ઠેકાણે પાડવું. (૩) મરી ગયેલની પાછળ શ્રાદ્ધ વગેરે કરી તેને સદ્ગતિએ પહોંચાડવું.
૩. ગતે જવું = (૧) મુક્ત થવું; મોક્ષ મેળવવો. (૨) સદ્ગતિ પામવી.
૨૦. સ્ત્રી. મૂડી; સિલક.
૨૧. સ્ત્રી. મોક્ષ; મુક્તિ; સદ્ગતિ.
૨૨. સ્ત્રી. રંગ; વેષ.
૨૩. સ્ત્રી. રાગ; ઢાળ; ચાલ.
૨૪. સ્ત્રી. રીત; પદ્ધતિ.
૨૫. સ્ત્રી. વાદ્યની ચાલ.
૨૬. સ્ત્રી. વારો. છોકરાં કોડીએ રમે ત્યારે કહે છે કે હવે મારી ગત છે.
૨૭. સ્ત્રી. શક્તિ; તાકાત.
૨૮. સ્ત્રી. સ્થિતિ; હાલત; અવસ્થા; દશા.
૨૯. ન. ગીંડું; પડ; હાર.
ગત લાગવું = હારવું; પડ ખાવું.
૩૦. વિ. અદશ્ય થયેલ.
૩૧. વિ. આશ્રય કરેલ.
૩૨. વિ. ખાલી; રહિત; વગરનું.
૩૩. વિ. ખોવાઈ ગયેલું.
૩૪. [સં.] વિ. ગયેલું; ગતિ કરેલ.
૩૫. વિ. જાણેલ.
૩૬. વિ. છેલ્લું.
૩૭. વિ. જુદું પડેલ.
૩૮. વિ. ને લગતું; સંબંધી. સમાસને અંતે આ અર્થમાં તે વપરાય છે. જેમકે, વ્યક્તિગત.
૩૯. વિ. પાર ગયેલું.
૪૦. વિ. પ્રવિષ્ટ; દાખલ થયેલ.
૪૧. વિ. પ્રાપ્ત થયેલ; મેળવેલું.
૪૨. વિ. મરી ગયેલું.
ગત થવું = (૧) પસાર થવું. (૨) મરી જવું; મરણ પામવું; જતું રહેવું.

૪૩. વિ. માં આવેલું. સમાસને અંતે આ અર્થમાં તે વપરાય છે. જેમકે, ગ્રંથગત.

૪૪. વિ. સમાપ્ત થયેલ.

૪૫. વિ. વ્યવસ્થિત.

૪૬. અ. સુધી; લગી; લગણુ.

ગતકડું (ગતકડ઼ું) ૧. ન. નવાઈની વાત; નવાઈનો બનાવ.

૨. ન. હસવું આવે અથવા ગમ્મત પડે એવી બોલી અથવા ટોળ; મજાક; મશ્કરી.

ગતકર્ણુલોષ્ઠ સ્ત્રી. ઈંટની અગિયાર માંહેની એક જાત. જુઓ ઈંટ.

ગતકલ્મષ [સં.] વિ. પાપ અથવા ગુનાથી મુક્ત.

ગતકા સ્ત્રી. લાકડી; ડંડો; મુગદળ.

ગતકાલ [સં.] પું. ગયેલો સમય; વીતેલો વખત.

ગતકાલીન વિ. ભૂતકાળનું; વીતેલા જમાનાનું; કાલાતીત.

ગતકાળ જુઓ ગતકાલ.

ગતકુલ પું. કોઈના તરફથી હક્ક ન ધરાવાતો હોય એવો વારસો.

ગતક્લમ [સં.] વિ. તાજું થયેલ; જેનો થાક ઊતરી ગયો હોય એવું.

ગતચેતન [સં.] વિ. જેનું ચેતન જતું રહ્યું છે એવું; બેભાન.

ગતજન્મ [સં.] પું. આગલો ભવ; ગયેલો જન્મારો.

ગતજીવિત વિ. ગુજરી ગયેલ; મરી ગયેલું.

ગતજ્વર [સં.] વિ. તાવ ઊતરી ગયો હોય એવું.

ગતદિન [સં.] ન. વીતી ગયેલો દિવસ.

ગતદિવસ જુઓ ગતદિન.

ગતદેહ [સં.] વિ. સ્વર્ગવાસી; મરી ગયેલું.

ગતધન [સં.] ન. નષ્ટઋણ; ડૂબતું લેણું.

ગતધૃતિ સ્ત્રી. ગયેલી ધીરજ.

ગતપતિ [સં.] સ્ત્રી. વિધવા સ્ત્રી.

ગતપત્નીક [સં.] પું. વિધુર; જેની સ્ત્રી મરી ગઈ હોય એવો પુરુષ.

ગતપાટ પું. ખોજાના જમાતખાનામાંની એક ધાર્મિક વિધિ. તેમાં લાકડાના ચોરસ બાજોઠ ઉપર સફેદ વસ્ત્ર પાથરીને તે ઉપર માટીનાં વાસણો શુદ્ધ પાણી ભરીને રાખવામાં આવે છે. તે ઉપર ચોક્કસ મંત્રો પઢીને તેને પવિત્ર કરવામાં આવે છે.

ગતપ્રત્યાગત ૧. [સં.] પું. (સંગીત) તાલના સાઠ માંહેનો એ નામનો એક ભેદ.

૨. વિ. ગયા પછી પાછું આવેલું.

ગતપ્રત્યાગતા [સં.] સ્ત્રી. પોતાના પતિના ઘરથી તેની આજ્ઞા વિના નીકળીને ચાલી ગઈ હોય અને પછી કેટલાક દિવસ મરજી પ્રમાણે બહાર રહીને પોતાના પતિને ઘેર પાછી આવી હોય તે સ્ત્રી. આવી સ્ત્રી સાથે પૂર્વ પતિનો શાસ્ત્રાનુસાર પુનર્વિવાહ સંસ્કાર થઈ શકે.

ગતપ્રભ [સં.] વિ. ઝાંખું; તેજ વગરનું.

ગતપ્રાણ [સં.] વિ. પ્રાણરહિત; મરી ગયેલું; ગુજરી ગયેલ.

ગતબળ ૧. વિ. નબળું; શક્તિ વગરનું.

૨. વિ. નિરાશ; નાહિમત.

ગતબુદ્ધિ ૧. [સં.] સ્ત્રી. ગયેલી સમજ; મૂર્ખતા.

૨. વિ. જ્ઞાન રહિત; બુદ્ધિ વગરનું.

ગતભર્તૃકા ૧. [સં.] સ્ત્રી. ધણી પરદેશ ગયો હોય એવી સ્ત્રી.

૨. સ્ત્રી. ધણી મરી ગયો હોય એવી સ્ત્રી; વિધવા; રાંડીરાંડ.

ગતભાર્ય [સં.] પું. વિધુર; પત્ની મરી ગઈ હોય એવો પુરુષ.

ગતમત ૧. સ્ત્રી. સમજ ન હોવાપણું; બુદ્ધિહીનતા.

૨. વિ. મૂર્ખ; સમજ વિનાનું.

ગતર ૧. [સં. ગાત્ર] સ્ત્રી. ગુપ્ત ઈંદ્રિય.

૨. સ્ત્રી. શરીર.

૩. સ્ત્રી. સ્ત્રીનો કેડથી ઉપરનો શરીરનો અર્ધો ભાગ.

૪. સ્ત્રી. હમલ; સગર્ભા સ્થિતિ.

ગતરસ વિ. સ્વાદ ઊડી ગયો હોય એવું; નાશ પામેલા રસવાળું.

ગતલક્ષ્મીક ૧. [સં.] વિ. ધનહીન; ગરીબ.

૨. વિ. શોભાશૂન્ય; દેખાવ સારો ન હોય એવું.

ગતવય [સં. ગતવયસ્] વિ. પ્રૌઢ; આધેડ ઉમરનું; પાકટ વયનું.

ગતવયસ્ક જુઓ ગતવય.

ગતવિભવ ૧. [સં.] વિ. જેની શોભા ચાલી ગઈ હોય એવું.

૨. વિ. દિવાળિયું; નાદાર.

૩. વિ. નિર્ધન; ગરીબ.

ગતવિહોણું વિ. અજ્ઞાન; ભાન વગરનું.

ગતવ્રીડ (ગતવ્રીડ઼) વિ. શરમ વિનાનું; લાજ છોડી દીધી હોય એવું.

ગતવ્રીડા જુઓ ગતવ્રીડ.

ગતવૈભવ જુઓ ગતવિભવ.

ગતવ્યથ જુઓ ગતવ્યથા.

ગતવ્યથા [સં.] વિ. દુઃખમાંથી છૂટું થયેલું.

ગતશૈશવ ૧. [સં.] ન. ગયેલું બચપણ.

૨. વિ. બચપણ જેનું પૂરું થયું હોય એવું.

ગતશોક વિ. શોક રહિત; જેનો શોક ચાલ્યો ગયો હોય એવું.

ગતસજાક પું. મદ ઊતરી ગયેલો હાથી.

ગતસત્ત્વ ૧. વિ. બળ વિનાનું; શક્તિ વગરનું.

૨. [સં.] વિ. મૃત; મરેલ.

ગતસંગ ૧. [સં.] વિ. રાગથી મુક્ત; ફળકામના રહિત.

૨. વિ. વિરુદ્ધ; ઊલટું.

ગતસંગીત ન. પદ્ધતિ મુજબનું ગાયન.

ગતસંદેહ [સં.] વિ. સંશય વગરનું; નિશ્ચિત; નક્કી; શંકા વિનાનું.

ગતસ્પૃહ [સં.] વિ. ઇચ્છા વગરનું; તૃષ્ણા દૂર થઈ હોય એવું.

ગતસ્મય ૧. [સં.] વિ. અહંકાર રહિત; ગર્વ વગરનું.

૨. વિ. આશ્ચર્ય નહિ પામનાર.

ગતાક્ષ [સં.] વિ. આંખ વગરનું; આંધળું.

ગતાખોળ વિ. પત્તો ન લાગે એવું.

ગતાગત ૧. [સં.] સ્ત્રી. એક જાતની કવિતા.

૨. સ્ત્રી. ગતિ ચિત્રના ચાર ભેદ માંહેનો એક. તેમાં પાદાનુપાદ ગતાગત, અર્ધ ગતાગત, તદક્ષર તદર્થગતાગત, ભિન્નપદાર્થ ગતાગત, પ્રતિલોમ ગતાગત, અનુલોમ ગતાગત, ભાષાંતર ગતાગત, વ્યસ્ત ગતાગત, સમસ્ત ગતાગત, સ્વસ્તિક ગતિ, ડમરૂ ગતિ, સર્વતોભદ્રગતિ, રથગતિ અને અશ્વગતિ વગેરે ભેદ છે.

૩. ન. અવરજવર; આવવું અને જવું તે.

૪. ન. આગળપાછળનો વૃત્તાંત.

૫. ન. એક જાતનું પક્ષી.

૬. ન. જન્મમરણ.

૭. વિ. આવ્યું ગયું; ગયેલું આવેલું; પહેલાં ગયેલ અને ફરીથી પાછું આવેલ.

ગતાગતદ્વિરૂપ [સં.] ન. કોઈ પણ શબ્દના અક્ષર ઉલટાવીને આડાઅવળા ગમે તેમ લખ્યાથી થયેલો શબ્દ. જેમકે, તવારીખ-ખરીવાત, લવાર-રવાલ, રમત-તમર, નમન-મનન.

ગતાગતભેદ પું. ઊલટસૂલટ બંને રીતે વાંચવાથી એક જ શબ્દ વંચાય એવો રચનાભેદ. જેમકે, નવીન-નવીન, નમન-નમન, નવજીવન-નવજીવન.

ગતાગતસ્થિતિ સ્ત્રી. આંદોલન; કંપન; આસ્પંદ; ડોલન; ઝૂલણું; 'ઑસ્સિલેશન'.

ગતાગતસ્વસ્તિકપ્રબંધ પું. એક જાતનું ચિત્રકાવ્ય.

ગતાગતિ પું. શિવ; શંકર; મહાદેવ.

ગતાગમ ૧. સ્ત્રી. કર્મનું ફળ.
૨. સ્ત્રી. કળતકળ; સૂઝ; પિછાન; જાણપણું.
૩. સ્ત્રી. ગયેલું પાછું મેળવવું તે.
૪. સ્ત્રી. ભૂતકાળ ઉપરથી ભવિષ્યનો વિચાર.
૫. સ્ત્રી. સમજ; સમજણ; જ્ઞાન.

ગતાગોળ ૧. વિ. ચકરડી લેતું; ગોળ કૂંડાળામાં ફરતું.
૨. અ. જોતજોતામાં; ઘડીવારમાં; એકદમ.

ગતાત સ્ત્રી. ખાવાપીવાનો વ્યવહાર.

ગતાધિ [સં.] વિ. ઉપાધિમુક્ત; સુખી.

ગતાધ્વન ૧. [સં. ગતાધ્વન્] સ્ત્રી. ચૌદશ અને અમાસ સાથે હોય એવો દિવસ.
૨. વિ. જાણીતું; માહિતગાર.
૩. વિ. મુસાફરી પૂરી કરી હોય એવું; માર્ગને ઓળંગેલું.

ગતાનુગત [સં.] ન. અનુકરણ; ગાડરિયો પ્રવાહ; ગયેલાંને અનુસરવું તે; ગયેલાંની પાછળ જવું તે.

ગતાનુગતિ જુઓ ગતાનુગત.

ગતાનુગતિક ૧. [સં.] ન. આંખો મીંચીને પાછળ જવું તે; ગાડરિયો પ્રવાહ.
૨. વિ. એકની પાછળ ગાડરિયા પ્રવાહની માફક ચાલનાર; ચીલે ચાલનાર; પરંપરાથી ચાલનારૂં; ગાડરિયું; કોઈની નકલ કરનાર.
૩. અ. ગાડરિયા પ્રવાહની માફક; રૂઢિ જેમ.

ગતાયુ ૧. [સં. ગતાયુસ્] ન. ગયેલ આયુષ્ય; ગયો વખત.
૨. વિ. ઘણું નબળું.
૩. વિ. ઘણું વૃદ્ધ.

ગતાર્તવા ૧. [સં.] સ્ત્રી. પચાસ વર્ષ ઉપરની સ્ત્રી.
૨. વિ. સ્ત્રી. જેને ઋતુ અથવા રજોદર્શન ન થતું હોય એવી.
૩. વિ. સ્ત્રી. વાંઝણી.
૪. વિ. સ્ત્રી. વૃદ્ધા; ઘરડી.

ગતાર્થ ૧. [સં.] વિ. અર્થહીન.
૨. વિ. ગરીબ; દીન; નિર્ધન.
૩. વિ. ભૂતકાળ ઉપરથી ઊતરેલું.

ગતાવલોકન [સં.] ન. સિંહાવલોકન; ગુજરી વાતનો વિચાર.

ગતાસુ [સં.] વિ. મૃત; પ્રાણ રહિત; ગુજરી ગયેલ; મરી ગયેલ.

ગતાંક [સં.] પું. છેલ્લો, પાછલો અથવા આગલા માસનો અંક; ગયો અંક. માસિક, પખવાડિક વગેરે માટે આ શબ્દ વપરાય છે.

ગતાંત [સં.] વિ. જેનો અંત પાસે આવ્યો હોય એવું; છેડાને પામેલ.

ગતિ ૧. [સં.] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.
૨. સ્ત્રી. અનાચરણ; પાપાચરણ.
૩. સ્ત્રી. અવસ્થા; દશા.
૪. સ્ત્રી. અંત; છેડો.
૫. સ્ત્રી. અંતિમ ઉપાય.
૬. સ્ત્રી. આચાર.
૭. સ્ત્રી. આયુષ્યની મર્યાદા.
૮. સ્ત્રી. આશ્રયસ્થાન; શરણ; આશ્રય.
૯. સ્ત્રી. (પુરાણ) કર્દમ પ્રજાપતિની નવ માંહેની એ નામની એક કન્યા. તે સ્વાયંભૂ મન્વંતરમાંના પુલહ ઋષિની સ્ત્રી હતી.
૧૦. સ્ત્રી. કર્મફળ.
૧૧. સ્ત્રી. કુસ્તીની એક ચાલ; પૈતરો.
૧૨. સ્ત્રી. ક્ષેમ.
૧૩. સ્ત્રી. ગ્રહની માર્ગ ઉપર જવાની ક્રિયા; ગ્રહોની ચાલ.
૧૪. સ્ત્રી. ચાલ; ચેષ્ટા.
૧૫. સ્ત્રી. જખમમાંથી નીકળતું લોહી.
૧૬. સ્ત્રી. જવું તે; ગમન; ચાલ; એક સ્થાનેથી બીજા સ્થાન ઉપર જવાની ક્રિયા.
૧૭. સ્ત્રી. જાણ; જ્ઞાન; માહિતી.
૧૮. સ્ત્રી. જીવાત્માનું એક શરીરમાંથી બીજા શરીરમા ગમન.
૧૯. સ્ત્રી. ઝડપ; વેગ.
૨૦. સ્ત્રી. (સંગીત) તાલના દશ પ્રાણમાંનો એ નામનો એક. જુઓ તાલ.
૨૧. સ્ત્રી. દાખલ થવા દેવાની ક્રિયા; પ્રવેશ.
૨૨. સ્ત્રી. દેહ.
૨૩. સ્ત્રી. નસીબ; પ્રારબ્ધ.
૨૪. સ્ત્રી. નાચની એક રીત.
૨૫. સ્ત્રી. નાડીવ્રણ.
૨૬. સ્ત્રી. (વ્યાકરણ) નિપાત; અવ્યય.
૨૭. સ્ત્રી. પરિણામ.
૨૮. સ્ત્રી. પહોંચ.
૨૯. સ્ત્રી. પ્રમાણ.
૩૦. સ્ત્રી. પ્રયત્નની સીમા.
૩૧. સ્ત્રી. પ્રવૃત્તિ.
૩૨. સ્ત્રી. બળ; શક્તિ.
૩૩. સ્ત્રી. ભેદ; રહસ્ય.
૩૪. સ્ત્રી. મતિ; બુદ્ધિ.
૩૫. સ્ત્રી. મરવા પછીની અવસ્થા; જીવની મૂઆ પછીની હાલત.
૩૬. સ્ત્રી. માર્ગ; રીત.
૩૭. સ્ત્રી. મુક્તિ; મોક્ષ.
ગતિ થવી = મુક્તિ મેળવવી.
૩૮. સ્ત્રી. મૂળ.
૩૯. સ્ત્રી. યાત્રા; સફર.
૪૦. સ્ત્રી. યુદ્ધકુશળતા.
૪૧. સ્ત્રી. યોનિ.
૪૨. સ્ત્રી. રીતિ; ઢંગ.
૪૩. સ્ત્રી. રૂપ; રંગ; વેષ.
૪૪. સ્ત્રી. લીલા; માયા.
૪૫. સ્ત્રી. વિકાર; ફેરફાર.
૪૬. સ્ત્રી. વિષય.
૪૭. સ્ત્રી. શરણ; અવલંબન.
૪૮. સ્ત્રી. સંસ્કાર.
૪૯. સ્ત્રી. સાધન.
૫૦. સ્ત્રી. સિતાર આદિ વગાડવામાં ક્રમબદ્ધ મિલાન.
૫૧. સ્ત્રી. સ્થાનક; સ્થાન.
૫૨. સ્ત્રી. સ્થિતિ; હાલત.
૫૩. સ્ત્રી. સ્વરૂપ.
ગહન છે કર્મની ગતિ. ગીતા

ગતિઆગતિ સ્ત્રી. ભવભ્રમણ.

ગતિઆત્મક વિ. જેમાં ગતિ છે એવું; ગતિવાળું.

ગતિક ૧. સ્ત્રી. મોટર.
૨. ન. આશ્રય; આધાર.
૩. ન. ગતિ; ચાલવાપણું; ગમન.
૪. [સં.] ન. માર્ગ.
૫. ન. શરત.
૬. ન. સ્થિતિ; દશા.

ગતિકેંદ્ર [સં.] ન. ગતિદશામાંનું અચલ મધ્યબિંદુ.

ગતિક્રમ [સં.] ન. ચાલ; ચાલવાનો ક્રમ.

ગતિક્ષમ [સં.] વિ. ગતિશીલ; ચંચળ; ચપલ.

ગતિક્ષમતા [સં.] સ્ત્રી. ચંચલતા; અસ્થિરતા.

ગતિચક્ર ૧. ન. અટપટું કામ; અટપટી વાત.
૨. [સં.] ન. વેગ આપનારૂં અથવા વેગનું નિયમન કરનારૂં યંત્રનું પૈડું; સંચાની ગતિ સમતોલ રાખનારૂં ચક્કર; શક્તિચક્ર; 'ફ્લાઇવ્હીલ'.

ગતિચિત્ર ન. (કાવ્ય) ચિત્રકાવ્યના છ માંહેનો એક ભેદ. તેમાં વ્યસ્ત, સમસ્ત, ગતાગત અને અશ્વગતિ એ ચાર ભેદ મુખ્ય છે.

ગતિચિત્રક ન. ગતિમાન દૃશ્યની છબી પાડી તેને ફરી પ્રકાશની મદદ વડે પડદા ઉપર દૃશ્યમાન કરનારૂં યંત્ર; ચલચિત્ર; 'સિનેમા.'

ગતિજનક ૧. પું. મોટર; ગતિદ.

૨. [સં.] વિ. સંચાલક; ચલાવનાર.

ગતિજવિદ્યુતયંત્ર [સં.] ન. ગતિમાંથી વીજળી ઉત્પન્ન કરનાર યંત્ર. આ યંત્રને ગતિ આપતાં જ એ ગતિનું શક્તિમાં રૂપાંતર થઈ વિદ્યુત બને છે.

ગતિતતિ સ્ત્રી. ચાલવાનું જોર; વેગ.

ગતિતંતુ પું. બહિર્ગામી નાડીતંતુ; જ્ઞાનતંતુ; શરીરની અંદર મગજને બહારની વસ્તુઓનું જ્ઞાન પહોંચાડનાર ઝીણો તાંતણો.

ગતિદ ૧. સ્ત્રી. મોટર; ગતિ આપનાર યંત્ર.

૨. [સં.] વિ. ગતિ આપનાર; ચલાવનાર; પ્રેરક.

ગતિદા [સં.] સ્ત્રી. માલકાંકણી. વાથી પગ ઝલાણો હોય અને માણસ ચાલી શકતો ન હોય તો તેને માલકાંકણી ખવરાવવાથી તે ચાલી શકે છે, માટે તેને ગતિદા કહે છે.

ગતિનાડી (ગતિનાડ઼ી) સ્ત્રી. ચાલક સ્નાયુ.

ગતિનિયંત્રણ [સં.] ન. ગતિ બરાબર રાખવાપણું.

ગતિનિયામક [સં.] વિ. ગતિને નિયમમાં રાખનારૂં.

ગતિપરિમાણ [સં.] ન. વેગ. તે શોધવા કોઈ પણ પદાર્થનું દ્રવ્ય અને તેની ગતિ એ બેનો ગુણાકાર કરવો.

ગતિપંડિત [સં.] પું. ચલનશાસ્ત્રમાં પારંગત માણસ.

ગતિપ્રદ [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

ગતિપ્રેરક [સં.] વિ. ચલનશક્તિનું ઉત્પાદક; વેગ આપનાર.

ગતિફલ [સં.] ન. (જ્યોતિષ) ગ્રહોની સ્પષ્ટ ગતિ કાઢવા તેમની સરાસરી ગતિને કરવા જોઈતા સંસ્કાર.

ગતિબલ જુઓ ગતિપરિમાણ.

ગતિભંગ ૧. [સં.] પું. ગતિનું બંધ પડવું તે; અટકાવ; રોકાણ; ગતિનો ભંગ.

૨. વિ. નિશ્ચેષ્ટ; સ્થિર.

૩. વિ. લંગડું; લૂલું; પાંગળું.

૪. વિ. શક્તિહીણ; અશક્ત.

ગતિભ્રંશ [સં.] પું. ગતિનું રોકાણ; ગતિ અટકી જવી તે.

ગતિમત [સં. ગતિમત્] વિ. ગતિવાળું; ચાલતું.

ગતિમય જુઓ ગતિમત.

ગતિમંડલ ન. નૃત્યમાં એક જાતનો અંગહાર.

ગતિમંત વિ. ગતિવાળું; ગતિમાં હોય એવું; ચાલતું; ગતિમાન.

ગતિમંદ વિ. ધીમી ગતિવાળું; જેની ચાલ ઓછી હોય એવું.

ગતિમાન ૧. [સં. ગતિમત્] ન. ગતિનું માપ; વેગનું પ્રમાણ.

૨. વિ. ગતિવાળું; ગતિમાં હોય એવું; ગતિમંત; ચાલતું.

ગતિમાનસમતા સ્ત્રી. એક તરફ લગાડેલું બળ અને બીજી બાજુ પ્રતિરોધક બળ સામસામાં અને સરખાં થવાથી વેગવૃદ્ધિ થવાને બદલે સમાન ગતિ રહેવી તે.

ગતિમાયા [સં.] સ્ત્રી. હાલતું ચાલતું ન હોય છતાં ભ્રમને લીધે હાલતું ચાલતું લાગવું તે.

ગતિમાર્ગ ૧. [સં.] પું. ગ્રહાદિને ફરવાની કક્ષા.

૨. પું. જવાનો રસ્તો; ગમન કરવાનો રસ્તો.

ગતિમૂલક [સં.] વિ. ગતિમાન; ચલનયુક્ત; ચાલતું.

ગતિયું ૧. વિ. ગતે ગયેલું; સદ્ગત.

૨. વિ. પહોંચવાળું; ગત રમી જાય એવું; યુક્તિથી કામ કાઢી લેનારૂં.

ગતિયોગ્યતા [સં.] સ્ત્રી. ચાલવાની શક્તિ; ચાલે એવો ગુણ.

ગતિરાશિ [સં.] પું. વેગનો જથ્થો.

ગતિરોધ [સં.] પું. વેગનો અટકાવ; વેગક્ષતિ; વેગક્ષીણતા; નિરોધ.

ગતિરોધક ૧. [સં.] ન. ઘર્ષણ વગેરેની મદદથી યંત્રોની ગતિ રોકવાનું સાધન; 'બ્રેક.'

૨. ન. વરાળયંત્રની ગતિ માપવાનું સાધન.

૩. વિ. ગતિને અટકાવનાર; આગળ ચાલતાને રોકનાર.

ગતિલા ૧. સ્ત્રી. એક જાતનો વેલો; નેતર.

૨. સ્ત્રી. નદી.

૩. સ્ત્રી શ્રેણી; પરંપરા.

ગતિલેખક ન. ગતિની નોંધ રાખનારૂં યંત્ર.

ગતિવર્ધક [સં.] વિ. વેગ વધારનાર.

ગતિવર્ધન [સં.] ન. વેગવૃદ્ધિ; વેગનો વધારો.

ગતિવંત ૧. પું. ચરણ; પગ.

> ચરણ ચલન **ગતિવંત** ને, અંઘ્રિ પાદ પદ પાય;
> પદવંદન કરી કુંવરીના, ઊભી સન્મુખ થઈ.
> પિંગળલઘુકોષ

૨. વિ. ચાલતું; ગતિમાં હોય એવું.

ગતિવાહક [સં.] વિ. સ્થિર પદાર્થને ચલનશક્તિ આપનારૂં.

ગતિવિજ્ઞાન જુઓ ગતિવિદ્યા.

ગતિવિદ્યા [સં.] સ્ત્રી. ગતિના ગુણધર્મોનું શાસ્ત્ર; ચલનશાસ્ત્ર; ગતિશાસ્ત્ર. તેની અંદર ગતિયુક્ત પદાર્થના તથા તેની ગતિનાં કારણ વિષે વર્ણન આપવામાં આવેલું હોય છે.

ગતિવિશિષ્ટ ૧. [સં.] વિ. ચક્રવર્તી; ગોળ ફરતું.

૨. વિ. ચાલતું; જંગમ; સંચારી.

ગતિવિષયક વિ. ગતિ સંબંધી.

ગતિવૃદ્ધિ [સં.] સ્ત્રી. વેગમાં વધારો થવો તે.

ગતિવેગ [સં.] પું. ચાલવાનું જોર; ચાલવાનો વેગ.

ગતિવ્રણ પું. ઘારૂં; ચાંદું.

ગતિશક્તિ [સં.] સ્ત્રી. હાલવા ચાલવાની શક્તિ; ચાલવાનું જોર.

ગતિશાસ્ત્ર ૧. [સં.] ન. ગતિવિદ્યા; ચલનયુક્ત બળોની સમીક્ષા કરનારૂં શાસ્ત્ર; ગતિવિજ્ઞાન; વેગવિજ્ઞાન; બલશાસ્ત્ર; ચલનશાસ્ત્ર.

૨. ન. સમાજ સ્થિર નહિ પણ હમેશ ગતિમાન હોય છે એમ ગણીને રચાયેલું શાસ્ત્ર.

ગતિશીલ [સં.] વિ. ગતિ કરવાના સ્વભાવવાળું; જંગમ; અસ્થિર; હાલે ચાલે તેવું; ચર.

ગતિશીલતા [સં.] સ્ત્રી. ગતિ કરવાનો સ્વભાવ.

ગતિશૂન્ય વિ. ચાલી શકે નહિ એવું; હલનચલન વિનાનું.

ગતિસત્તમ ૧. [સં.] પું. પરમેશ્વર. તે ગતિમાન અને સર્વશ્રેષ્ઠ હોવાથી ગતિસત્તમ કહેવાય છે.

૨. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.

૩. સ્ત્રી. શ્રેષ્ઠગતિ; મોક્ષ; નિર્વાણ.

ગતિસમુચ્ચય [સં.] પું. વેગનો જથ્થો.

ગતિસહકારી વિ. ચાલવામાં મદદ કરનાર.

ગતિહીન ૧. [સં.] વિ. જેનું કાંઈ ચાલી શકે નહિ એવું; અસહાય; અશક્ત; લાચાર.

૨. વિ. મૂર્ખ; અણસમજુ.

૩. વિ. સ્થિર; હાલતું ચાલતું ન હોય એવું.

ગતિહીનતા ૧. [સં.] સ્ત્રી. ચાલી શકે નહિ એવી સ્થિતિ.

૨. સ્ત્રી. મૂર્ખતા; અણસમજ.

૩. સ્ત્રી. લાચારી; અશક્તિ; અસહાયતા.

ગતીય વિ. ગતિવાળું; ચાલતું; ગતિમાન.

ગતીલું વિ. મતલબ સમજી જનાર; ચાલાક; પહોંચેલ; ચતુર.

ગતેગતું ૧. ન. વાપર્યું હોય તે પાછું પ્રાપ્ત કરવું તે; ખરચ થયું હોય તેટલું પાછું મેળવવું તે.
ગતેગતું થવું = જેટલું વાપર્યું હોય કે ગયું હોય તેટલું પાછું આવવું; ખોટ પૂરી પડવી.
૨. વિ. ઘરઘરનું; સુવાંગ.

ગતે ઘાલવું સ. ક્રિ. ઠેકાણે પાડવું; દાટી કે બાળી દેવું; વ્યવસ્થા કરી નાખવી.

ગતેંગતેં અ. ધીમેથી; આસ્તે; હળવે.

ગતોજસ [સં. ગત (ગયેલું) + ઓજસ્ (તેજ)] વિ. શક્તિ અને સામર્થ્ય વિનાનું.

ગતોત્સાહ [સં.] વિ. ખિન્ન; ઉત્સાહ વગરનું; ઉદાસ મનનું.

ગત્ત [સં. ગાત્ર] ન. શરીર; દેહ.

ગત્ય ૧. [સં. ગતિ] સ્ત્રી. ગતિ; જવાની શક્તિ.
૨. સ્ત્રી. બળ; શક્તિ.
૩. સ્ત્રી. મંડળ; મંડળી; સમૂહ.
૪. સ્ત્રી. રીત; યુક્તિ; તદબીર.
૫. સ્ત્રી. સદ્ગતિ; મોક્ષ; મુક્તિ.
૬. સ્ત્રી. હકીકત; વાત.

ગત્યર્થક ૧. [સં.] વિ. ગતિ બતાવનાર.
૨. વિ. ગતિના અર્થવાળું.

ગત્યંતર ૧. [સં.] ન. ગતિમાં થતો ફેરફાર.
૨. ન. વેગનો વધારો.
૩. ન. હવે પછીનો ભવ; જન્માંતર.

ગત્યાગતિ [સં.] સ્ત્રી. આવવા જવાપણું; જવું અને આવવું તે.

ગત્યાત્મક જુઓ ગતિમાન.

ગત્યાત્મકશક્તિ [સં.] સ્ત્રી. ચલનશક્તિ; ગતિનું સામર્થ્ય.

ગત્યૂન ૧. [સં.] વિ. જઈ ન શકાય એવું; ઉજ્જડ.
૨. વિ. નિરાશ્રિત.

ગત્રી ૧. સ્ત્રી. શેરડીની કાતળી.
૨. સ્ત્રી. વહાણમાં માલ ચડાવવા ઉતારવા માટેનો સંચો; 'ક્રેન'.

ગત્વર ૧. [સં.] વિ. ગમન કરવાના સ્વભાવવાળું; ચલનશીલ.
૨. વિ. જતું; ચાલતું.
૩. વિ. નાશવંત; ક્ષણભંગુર.

ગત્વરી સ્ત્રી. ચાલી જતી સ્ત્રી.

ગથલમથલ સ્ત્રી. ગડમથલ; ધમાલ; ધાંધલ.

ગથોલિયું ૧. ન. ઊલગુલાંટ; આળોટિયું.
૨. ન. ધૂબકો; ભૂસકો; ઊંચેથી પડવું તે.

ગદ્ ૧. [સં.] અ. ક્રિ. ગણવું.
૨. અ. ક્રિ. ગાજવું.
૩. અ. ક્રિ. બકરાંનો શબ્દ થવો; બેં બેં કરવું.
૪. અ. ક્રિ. બીમાર થવું.
૫. સ. ક્રિ. બોલવું; સ્પષ્ટ બોલવું.

ગદ ૧. પું. એ નામનો એક અસુર.
૨. પું. એ નામનો એક યાદવ; રોહિણીને પેટ જન્મેલ વસુદેવનો એક પુત્ર; શ્રીકૃષ્ણનો નાનો ભાઈ.
૩. પું. છડીદાર; ચોબદાર.
૪. પું. ટોળું; સમૂહ.
૫. પું. પાદ; ચરણ.
૬. પું. પીડા; દુઃખ.
૭. પું. ભાષણ.
૮. પું. મુક્કો; ઠોંસો.
૯. પું. મેઘનો શબ્દ; વરસાદનો અવાજ.
૧૦. પું. રામચંદ્રની સેનાનો એક વાનર સેનાપતિ.
૧૧. પું. રોગ; બીમારી; માંદગી; દરદ.
૧૨. પું. સંખ્યા.
૧૩. સ્ત્રી. રમતમાં હાર થવાપણું.
૧૪. ન. એક જાતનું ઝેર; વિષ.
૧૫. ન. એક જાતનો કોઢ.
૧૬. ન. ફેરવી શકાય એવું એક હથિયાર.
૧૭. ન. મર્મ; ભેદ; છાની વાત.
૧૮. વિ. ગદાધારી; ગદા ધારણ કરનાર.
૧૯. વિ. ગળગળું; ભય અથવા હર્ષને લીધે પૂરતા અવાજથી બોલી ન શકાય એવું.
૨૦. વિ. ગુપ્ત; ખાનગી; છાનું.

ગદઈ પું. ભાટ; ચારણ.

ગદકા ૧. પું. છડી; લાઠી; લાકડી.
૨. પું. લાકડાની બુઠ્ઠી તલવાર.

ગદકું ન. નિમિત્ત; કારણ; મિષ; બહાનું.

ગદકો પું. લકડી, પટ્ટા કે એવાથી થતી મારામારીની રમતમાં વપરાતી લાકડી. આ લાકડીના મથાળે એક વેંતને છેડે બે ટોપકાં હોય છે અને તેના ઉપર એક બાજુ ચામડાની પટી જેવી પોંચાના આકારની અથવા નાગની ફણીના આકારની ચામડાની એક ગાદી હોય છે. આ ગાદી ગદકા પકડનારના હાથના પોંચાનું રક્ષણ કરે છે. ઘણી વખત આ લાકડાની આસપાસ ચામડું મઢી લીધેલું હોય છે.

ગદગડા (ગદ઼ગડ઼ા) ૧. વિ. અંધારામાં હોય એવું; અપ્રસિદ્ધ.
૨. વિ. ગંદું; મેલું.

ગદગદ જુઓ ગદ્ગદ.

ગદગદવું ૧. અ. ક્રિ. ખદબદવું; કીચાકીચા થઈ જવું.
૨. અ. ક્રિ. પરૂ પાચ ભરાવાથી વણનું નરમ થવું.
૩. અ. ક્રિ. ફળફળાદિનું સડીને નરમ થઈ જવું.
૪. સ. ક્રિ. મસળવું; ચોળી નાખવું; છૂંદવું.

ગદગદા ૧. પું. ચણોઠીનો છોડ.
૨. પું. દાણો.

ગદગદિત વિ. પોચું; નરમ; ગળી ગયેલ.

ગદગદિયાં ૧. ન. બ. વ. ગલીપચી થવી તે; બગલમાં, કંઠમાં, પગને તળિયે, પડખામાં અને એવી બીજી કોમળ જગ્યાએ આંગળીઓ ફેરવતાં હસવું આવે એવો સળવળાટ.
૨. ન. બ. વ. નાણાં, મોજમજા અને ખાનપાનની રેલછેલ; ખદઅદિયાં; ગદઅદિયાં; ઘીકેળાં.

ગદગદી સ્ત્રી. એણગેણ દીવાગેણ નામની એક દેશી રમત. જુઓ એણગેણ દીવાગેણ.

ગદગદું ૧. વિ. અંદરથી અર્ધું કાચું પોચું; પાણીપોચું; ઢીલું; નરમ થયેલું.
૨. વિ. સડેલું; કોહી ગયેલું.

ગદગદે ૧. [હિં.] પું. અનાજ.
૨. પું. અનાજ વગેરેના શેકેલા દાણા.

ગદગરા ૧. [હિં.] પું. ખરબચડી જમીન.
૨. વિ. ભેજવાળું.

ગદગોલ પું. ઘાટું અને ડોળું પાણી.

ગદચામ ન. હાથીનો એક રોગ. તેમાં તેની પીઠ ઉપર ઘારૂં પડે છે.

ગદડમદડ (ગદડ઼મદડ઼) વિ. હૃષ્ટપુષ્ટ; જાડું અને મજબૂત.

ગદડવું (ગદડ઼વું) ૧. સ. ક્રિ. પગ વતી દબાવવું; મસળવું; કચરવું; ચોળી નાખવું; દાબવું અને મૂકી દેવું એમ વારાફરતી કર્યા કરવું.
૨. સ. ક્રિ. રગડવું; હેરાન કરવું; દુઃખ દેવું.
૩. સ. ક્રિ. હથિયારથી રજરજ જેટલા કટકા કરવા.

ગદત્રાંગદત્રાં ન. બ. વ. ઢોંગ; બહાનાં.

ગદધોઈ [હિં.] સ્ત્રી. હદ બતાવનારી નિશાની.

ગદપ જુઓ ગદબ.

ગદપદ ન. હાથોહાથ આવી જવું તે; બથાબથી.

ગદબ ૧. પું. એક પ્રકારનો શિંગોવાળો કઠોળની જાતનો છોડ.
૨. સ્ત્રી. એક જાતની ચરાઉ વનસ્પતિ; રજકો; ઢોરને ખાવાનું એક જાતનું ખડ. તેનાં પાન મેથીનાં પાનના ઘાટનાં હોય છે.
૩. [સં. સ્વર્ણપુષ્પી] સ્ત્રી. જંગલી મેથી. તે ઘોડાની દવામાં વપરાય છે. તેનાં બી વાતહર અને કફહર ગણાય છે.

ગદબડા (ગદબફ઼ા) [હિં.] વિ. કાદવવાળું.

ગદબદ ૧. વિ. ખદબદ; જેમાં ઉપરાઉપરી કીડા હાલ્યા કરતા હોય એવું.

૨. અ. અનિયમિત રીતે; આમતેમ.

૩. અ. એક ઉપર બીજું; અનુક્રમે.

૪. અ. નીડરપણે.

૫. અ. બેદરકારપણે.

ગદબદા [હિં.] વિ. જાડું.

ગદબદિયાં ૧. ન. બ. વ. અંતઃકરણનો આનંદ; અંતરનો હર્ષ.

૨. ન. બ. વ. નાણાંની કે આનંદની અને ખાનપાનની રેલછેલ હોવી તે; પૈસા ટકાની પૂરતી; આર્થિક લાભવાળી સ્થિતિ; ઘીકેળાં.

૧. આવે ત્યારે ગદબદિયાં ને જાય ત્યારે સાંસાં = લાભમાં આનંદ અને ખોટમાં ખેદ થવો.

૨. ગદબદિયાં થવાં = પુષ્કળ નાણાંનું ઊભરાવું; ઘણા પૈસા એકઠા થવા.

૩. ન. બ. વ. પગને તળે, ગળે, કાખમાં ધીમે હાથ ફેરવવાથી થતી લાગણી; ગલીપચી થવી તે.

ગદબંધુ [સં.] પું. કૃષ્ણ.

ગદભ જુઓ ગદબ.

ગદમ ૧. પું. પુસ્તો; આડ.

૨. [સં. કર્દમ] પું. (હિંદી) ભેજવાળી જમીન.

ગદમદવું અ. ક્રિ. ગેગ્યા કરવું; ન રૂઝાવું.

ગદમુક્તેશ્વર જુઓ ગણમુક્તેશ્વર.

ગદયિત્નુ ૧. [સં.] પું. કામદેવ; મદન.

૨. પું. શબ્દ.

૩. વિ. કામુક; વિષયી.

૪. વિ. બહુ બોલનાર; વાચાળ.

ગદર ૧. પું. અવ્યવસ્થા.

૨. પું. ઉપદ્રવ; પીડા.

૩. પું. ગાડી હાંકનારને બેસવાની જગ્યા.

૪. પું. ઠંડીના વખતમાં ઠાકોરજીને પહેરાવવામાં આવતી રૂ ભરેલી બગલબંડી.

૫. [બં.] પું. ઢગલો; જથ્થો.

૬. પું. વિદ્રોહ; બેવફાઈ.

૭. સ્ત્રી. બંડ; બળવો.

૮. [અ. ધદ્ર] સ્ત્રી. વેર; ઈર્ષા; દ્વેષ.

૯. ન. અર્ધું પાકું ફળ કે અનાજ.

ગદરવું ૧. અ. ક્રિ. દૂબળી સ્થિતિમાં પેટ પૂરતી ખોરાકીથી અગર થોડી મજૂરીથી દિવસો કાઢવા.

૨. સ. ક્રિ. ગદડવું.

૩. સ. ક્રિ. નિભાવવું; પોષવું; પેટ ભરવું.

ગદરી ખાવું = (૧) કામવું; પોતાનું ભરણ પોષણ કરવું. (૨) રમવું.

ગદરા ૧. વિ. જાડું.

૨. વિ. લગભગ પાકું.

ગદરાભો ૧. [સં. ગર્દભ] પું. એક ગધેડો ઉપાડે એટલો ભાર.

૨. પું. ગધેડો.

૩. પું. મૂર્ખ માણસ.

ગદરાવું અ. ક્રિ. નિભાવ થવો.

ગદરાહટ [હિં.] સ્ત્રી. લગભગ પાકું હોવાની સ્થિતિ.

ગદલ ૧. પું. મોટી જાતની વડવાગળ.

૨. પું. લાલ રંગ.

૩. સ્ત્રી. ખોટી વાત.

૪. સ્ત્રી. રુયેલ બંડી.

ગદલા ૧. [હિં.] પું. ગાદલું.

૨. પું. ગાદી.

૩. પું. ગોદડીવાળું લૂગડું.

૪. વિ. કાદવવાળું; ડોળું; મેલું; ઝાંખું.

ગદલા કરવું = (૧) કાદવ હલાવવો અને ચોખા વાવતા પહેલાં ખેતરમાં પાણીની સાથે ભેળવવો. (૨) કાદવવાળું કરવું.

ગદલાઈ [હિં.] સ્ત્રી. ગંદું હોવું તે; ડોળું હોવાપણું.

ગદલાપન સ્ત્રી. કાદવવાળું હોવું તે.

ગદલું વિ. ગોલાયેલું; ગંદું; મેલું; અસ્વચ્છ.

ગદવાર્તા [સં. ગદ્ (બોલવું)] સ્ત્રી. દાંડી પીટનારે કહેલી અથવા લોકોના મુખથી બોલાતી વાત.

ગદવું ૧. અ. ક્રિ. ગબીમાં લખોટો કે મોઈ નાખવી.

૨. અ. ક્રિ. જવું; ચાલવું.

૩. અ. ક્રિ. દઢ ઊભા રહેવું; ટટ્ટાર ઊભવું.

૪. અ. ક્રિ. દોડવું.

૫. અ. ક્રિ. નિર્વાહ ચાલવો; પૂરું થવું; રડવું; ચાલવું.

૬. અ. ક્રિ. પડી રહેવું.

૭. અ. ક્રિ. પસંદ પડવું; ફાવવું; પરવડવું.

૮. અ. ક્રિ. રડી જવું; ગોથું ખાઈ જવું.

૯. સ. ક્રિ. ખૂંદવું.

૧૦. સ. ક્રિ. ધૂળવાળું કરવું.

ગદવૃત્ત ન. તાજા સમાચાર; તાજા સમાચારની જાહેરખબર; 'બુલેટિન.'

ગદવ્યાલી વિ. સ્ત્રી. રોગને હણવાવાળી; રોગ દૂર કરે એવી.

ગદહપૂરેણા [હિં.] સ્ત્રી. એક જાતની ઔષધિ; સાટોડી; પુનર્નવા.

ગદહપૂર્ણા જુઓ ગદહપૂરેણા.

ગદહા [હિં.] પું. વૈદ.

ગદળ ૧. સ્ત્રી. ખોટી વાત; ગપ.

૨. સ્ત્રી. છાંટવાનો રાતો રંગ.

ગદળાઈ સ્ત્રી. મૂર્ખાઈ.

ગદળું વિ. ગંદું; ડહોળું.

ગદંગ સ્ત્રી. માલ ભરવાની વખાર.

ગદા ૧. [સં.] પું. (પિંગળ) એ નામનો એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે આનંદવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં દશ ગુરુ અને સિત્તેર લઘુ મળી એંશી વર્ણની નેવુ માત્રા હોય છે.

૨. [ફા.] પું. ભિક્ષુક; ભિખારી.

૩. સ્ત્રી. (જૈન) ઈંદ્રક નામનું વિમાન.

૪. સ્ત્રી. એક જાતનું હથિયાર; મુદ્‌ગર; એક જાતનું આયુધ કે જેને ઉપરથી નાળિયેરના જેવો ગોળો અને એ ગોળાની આસપાસ કમરખના જેવા કાંગરા હોય છે; લોખંડના ગોખરૂદાર ગઠ્ઠાવાળી ટૂંકી લાકડી.

૫. [સં.] સ્ત્રી. એક વનસ્પતિ; કુષ્ઠ.

૬. સ્ત્રી. જ્વાળામુખી પર્વતમાંથી ઊડતા પથ્થર.

૭. સ્ત્રી. પાડલ વૃક્ષ; પાટલ.

૮. સ્ત્રી. બુદ્ધિતત્ત્વ.

૯. સ્ત્રી. મોટું ચોસલું.

૧૦. સ્ત્રી. વિષ્ણુનું એક હથિયાર. વિષ્ણુએ ગદાસુર નામના રાક્ષસનાં હાડકાંમાંથી એક ગદા બનાવી ધારણ કરી હતી.

૧૧. સ્ત્રી. શિલા.

ગદાઈ ૧. [ફા. ગદા (ભિખારી)] પું. કંગાલ માણસ; ભિખારી.

૨. સ્ત્રી. ગરીબાઈ; ગરીબી; ફકીરી.

૩. સ્ત્રી. જૂના વખતનો ઉપરી સત્તાનો એક જાતનો હક્ક. આ હક્ક રોકડ રકમ રૂપે લેવામાં આવતો.

૪. સ્ત્રી. ભિક્ષા; ભીખ માગવી તે.

૫. વિ. ગોલા, ઘાંચી વગેરે વર્ણનું.

૬. વિ. તુચ્છ; નીચ; ક્ષુદ્ર.

૭. વિ. રદ્દી; નકામું.

ગદાક્ષેત્ર ન. બીરજાક્ષેત્રનું પ્રાચીન નામ.

ગદાખ્ય ૧. [સં.] ન. એક જાતનું ઝેર.

૨. ન. કુષ્ઠ નામની વનસ્પતિ.

ગદાગદ ૧. [સં.] પું. અશ્વિની કુમાર; સ્વર્ગના વૈદ્ય.

૨. અ. અનિયમિત રીતે; આમતેમ.

૩. અ. એક ઉપર બીજું; અનુક્રમે.

૪. અ. નીડરપણે.

૫. અ. બેદરકારપણે.

ગદાગદો જુઓ ગદાગદ.

ગદાગરી [ફા.] સ્રી. ભીખ માગવી તે.

ગદાગ્રજ ૧. [સં.] પું. બળરામ.

૨. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.

૩. [સં. ગદ (કૃષ્ણનો નાનો ભાઈ) + અગ્ર (પહેલાં) + જ (જન્મેલ)] પું. શ્રીકૃષ્ણ; વાસુદેવ. ગદના મોટાભાઈ હોવાથી કૃષ્ણ ગદાગ્રજ કહેવાય છે. તેમ જ ગદ એટલે રોગ, અગ્ર એટલે પહેલાં અને જ એટલે જન્મેલ એ રીતે પણ પુનઃ સંસાર રૂપી રોગના પહેલાં પ્રગટ થયેલા ઈશ્વર પણ કૃષ્ણ જ છે. નિગદ એટલે મંત્રથી પહેલાં પ્રગટ થાય છે એ રીતે નિ શબ્દનો લોપ કરીને ગદાગ્રજ કહેવાય છે.

ગદાગ્રણી [સં.] પું. ક્ષયરોગ.

ગદાઘાત [સં. ગદા + આઘાત (માર)] પું. ગદા મારવી તે; ગદાનો ઘા કરવો તે.

ગદાણી ૧. સ્રી. વાણિયાની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગદાતીર્થ ન. મ્હૈસુરના બાબા બદન પર્વત ઉપર આવેલ એ નામનો એક ઝરો. એવું મનાય છે કે ભીમે પોતાની માતા કુંતાની તૃષા મટાડવાં પોતાની ગદાથી આ ઝરો ઉત્પન્ન કર્યો હતો.

ગદાધર ૧. પું. કૃષ્ણ; વાસુદેવ.

૨. પું. ગદા નામના આયુધને ધારણ કરનાર માણસ.

૩. પું. ભીમ.

૪. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. અધર્મી, પાપી, અન્યાયી, અને દૈત્યોનો સંહાર કરવાને ગદા નામનું આયુધ ધારણ કરનાર વિષ્ણુ ભગવાન ગદાધર કહેવાય છે. અથવા બુદ્ધિતત્ત્વાત્મિકા કૌમોદકી નામની ગદા ધારણ કરે છે તેથી ભગવાન ગદાધર કહેવાય છે. વળી વિષ્ણુએ ગદાસુર નામના રાક્ષસનાં હાડકાંમાંથી એક ગદા બનાવી ધારણ કરી હતી તેથી તેનું નામ ગદાધર પડ્યું કહેવાય છે.

૫. ન. એ નામનું ગંડકી નદીમાં થતું ચક્ર.

ગદાધરજી પું. વિષ્ણુ.

ગદાધરી પું. ન્યાયનો એ નામનો એક ગ્રંથ.

ગદાધારી [સં.] વિ. ગદા ધારણ કરનાર.

ગદાનિગ્રહ પું. એ નામનું આયુર્વેદ ઉપરનું એક પુસ્તક.

ગદાપદી સ્રી. પગથી પાટુ મારવી તે.

ગદાબદ જુઓ ગદાગદ.

ગદામણી સ્રી. એક જાતની રમત. એમાં લાકડાના દંડાથી એકબીજાને નિશાન તાકવાનું હોય છે.

ગદામુદ્રા [સં.] સ્રી. તંત્રશાસ્ત્રમાં જણાવેલ એક મુદ્રા.

ગદાયન પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

ગદાયુદ્ધ [સં.] ન. એકલી ગદા વડે થતું યુદ્ધ. મહાભારતમાં છેલ્લે દિવસે દુર્યોધન અને ભીમ વચ્ચે આવું યુદ્ધ થયું હતું.

ગદારવું ૧. સ. ક્રિ. ટેકો આપવો; ઊભું રાખવું.

૨. સ. ક્રિ. થકવવું.

૩. સ. ક્રિ. દોડાવવું.

૪. સ. ક્રિ. મદદ કરવી.

ગદારા ન. એક જાતનું હથિયાર. તે આશરે અઢી ફૂટ લાંબું હોય છે. મૂઠ પાસે તેની પહોળાઈ પોણાબે ઈંચ, વચમાં દોઢ ઈંચ અને છેવટે તે બારીક થતી જઈને અણી જેટલી રહે છે. પાનાની ધાર બહુ જ તીક્ષ્ણ હોય છે. પાનાના પછવાડેના ભાગમાં પણ છેવટે થોડી ધાર હોય છે. પાના ઉપર ત્રણ લીટી હોય છે.

ગદાલા ૧. [હિં.] પું. કોશ.

૨. પું. મુગદળ.

૩. પું. હાથી ઉપર નાખવાની ગાદી.

ગદાવવું ૧. સ. ક્રિ. છેડા કુદાવી લાકડીનો દંડો નાખવાની એક જાતની રમત રમવી.

૨. સ. ક્રિ. થકવવું; દડ કે રેતીમાં દોડાવવું.

ગદાવારણ ન. જૂના સમયનું એક પ્રકારનું વાજું.

ગદાવીર પું. ગદાથી યુદ્ધ કરનાર બહાદુર પુરુષ.

ગદાસન [સં.] ન. તંત્રશાસ્ત્રમાં જણાવેલ એક આસન.

ગદાહનદાહ જુઓ ગદાહમદાહ.

ગદાહમદાહ વિ. અલમસ્ત; હૃષ્ટપુષ્ટ; ખાઈ પીને મસ્ત થયેલ; શરીરે મજબૂત.

ગદાંમદાં જુઓ ગદાહમદાહ.

ગદિ ૧. સ્રી. ગાદી.

૨. સ્રી. તખ્ત; સિંહાસન.

ગદિત [સં.] વિ. કહેલ.

ગદિની સ્રી. દુર્ગા દેવી.

ગદિયાણી સ્રી. એક વનસ્પતિ; પીળાં ફૂલનો એક છોડ; કાંસકી.

ગદિયાણો ૧. પું. અડધા રૂપિયાભારનું એક વજન; સોળ વાલભારનું એક વજન.

૨. [સં. ગદ્યાન] પું. જૂના વખતનું અર્ધા તોલાભાર સોનાનું એક નાણું.

ગદિયું ન. બકરીનું બચ્ચું.

ગદિયો પું. ખાડો.

ગદિલા [હિં.] વિ. કાદવવાળું.

ગદી ૧. સ્રી. ગદિયાણો.

૨. [હિં.] સ્રી. ગાદી.

૩. સ્રી. છોડની એક જાત.

૪. સ્રી. નાનો ખાડો; બદી; અગલ; કુઈ; બોદલો.

૫. ન. બકરીનું બચ્ચું.

૬. વિ. જેની પાસે ગદા હોય તેવું.

૭. વિ. રોગી.

ગદીગદી ૧. સ્રી. એ નામની સોરઠ તરફ રમાતી એક રમત.

૨. સ્રી. ગદગદિયાં.

૩. અ. બકરીને બોલાવવામાં વપરાતો એક શબ્દ.

ગદીગદીગફ ન. ભરવાડ રબારી વગેરેનો એક અપશબ્દ.

ગદીચત [હિં.] ન. એક જાતનું ઘાસ.

ગદીડું (ગદીડું) ન. ઘેટાનું નાનું બચ્ચું.

ગદુર પું. ખરજ; ખજવાળ.

ગદું ન. રાતું કમળ.

ગદૂક ન. હાડકા માંહેનો નરમ માવો; મજ્જા.

ગદૂહ જુઓ ગદૂક.

ગદ્દેગદ્દે અ. બકરાંનાં બચ્ચાંને હાંકતી વખતે ભરવાડથી થતો ઉચ્ચાર.

ગદેડું (ગદેડું) ન. માટીનું મોટું ઢેફું.

ગદેલ [હિં.] પું. બાળક.

ગદેલવા જુઓ ગદેલ.

ગદેલા [હિં.] પું. ગાદી; ગાદલું.

ગદેલું ૧. ન. ગાદલું; તળાઈ.

૨. ન. જાડી ગાદી.

૩. ન. પથ્થરનું ખેલું.

ગદૈલ જુઓ ગદેલ.

ગદ્ગદ ૧. પું. એક જાતનો રોગ. તેમાં રોગી સ્પષ્ટ શબ્દ બોલી શકતો નથી.

૨. પું. (પુરાણ) એક રીંછનું નામ. જાંબુવાન અને કેસરીનો તે બાપ હતો.

૩. [સં.] પું. ગળગળો શબ્દ; કંઠ રૂંધાતાં થતો અવાજ; શ્વાસ રૂંધાતાં બોલવું તે.

૪. [હિં.] પું. મુક્કો; ઠોંસો.

૫. વિ. દુઃખથી કે આનંદથી હૈયું અથવા કંઠ ભરાઈ જવાની લાગણીવાળું; ગળગળું.

૬. વિ. પાણી જેવું; ઢીલું; પોચું.

ગદ્દગદી જવું = પચકી જવું; નરમ થઈ જવું.

૭. વિ. પ્રસન્ન; આનંદિત.

૮. અ. ગળગળા કંઠે; કંઠ ભરાઈ ગયેલો હોય તેમ.

ગદ્ગદિત ૧. [સં.] વિ. ગદ્ગદ થયેલું; ગળગળું; કંઠ ભરાઈ ગયો હોય એવું; ગળગળો સ્વર નીકળતો હોય એવું.

૨. વિ. ગભરાયેલ.

૩. વિ. પોચું; નરમ.

ગદ્દગા પું. ગદ્દા.

ગદ્દર ૧. [હિં.] વિ. જાડું.

૨. વિ. પાકું; પક્વ.

ગદ્દા ૧. [હિં.] પું. ઘાસની ભારી.

૨. પું. નરમ પથારી.

૩. પું. હાથીની અંબાડી નીચેની ગાદી.

ગદ્દાઢ [હિં.] સ્ત્રી. ખાડાખબડાવાળી જમીન.

ગદ્દી ૧. [હિં.] પું. દૂધવાળો.

૨. પું. રજસ્વલા સ્ત્રીથી વપરાતું લૂગડું.

૩. સ્ત્રી. આચાર્યની શિષ્યપરંપરા.

૪. સ્ત્રી. ગર્ભાવરોધ થેલી.

૫. સ્ત્રી. ગાદી.

૬. સ્ત્રી. તકિયો.

૭. સ્ત્રી. તખ્ત; સિંહાસન.

૮. સ્ત્રી. પાટો.

૯. સ્ત્રી. માટીની એક જાત. તે છાપવાના કામમાં આવે છે.

૧૦. સ્ત્રી. રાજવંશની પેઢી.

૧૧. સ્ત્રી. હથેલી.

ગદ્દીનશીન ૧. [હિં.] પું. ગાદી ઉપર બેસનાર માણસ.

૨. પું. ગાદીએ બેસાડવાની ક્રિયા; રાજ્યારોહણ.

૩. પું. ગાદીનો વારસ; ઉત્તરાધિકારી.

૪. પું. પ્રમુખ.

૫. વિ. રાજગાદીએ બેઠેલ; તખ્તનશીન.

ગદ્દીશ્વર પું. રાજા.

ગદ્ય ૧. [સં.] ન. ગવાય નહિ એવું, પદ્યથી ઊલટું સાદું લખાણ; ગદ્યબંધ લેખ; શ્લોક વગરનું વાક્યાત્મક લખાણ. અગ્નિપુરાણમાં ગદ્ય ત્રણ પ્રકારનું માન્યું છેઃ ચૂર્ણક, ઉત્કલિકા અને વૃત્તગંધિ. જેમાં નાના નાના સમાસ હોય તે ચૂર્ણક, મોટા મોટા સમાસવાળા શબ્દ હોય તે ઉત્કલિકા અને જેમાં ક્યાંક ક્યાંક પદ્યના જેવો આભાસ હોય તે વૃત્તગંધિ. સાહિત્યદર્પણ અનુસાર ગદ્ય બે પ્રકારનું છેઃ કથા અને આખ્યાયિકા. જેમાં સરસ પ્રસંગ હોય, સજ્જનો તથા દુષ્ટોના વ્યવહાર વગેરેનું વર્ણન હોય, આરંભમાં પદ્યબદ્ધ નમસ્કાર હોય તે કથા. આખ્યાયિકામાં એટલું વિશેષ હોય છે કે તેમાં કવિના વંશ વગેરેનું પણ વર્ણન હોય છે. જે શબ્દરચના રાગ કે છંદ વડે ગાઈ શકાય તે પદ્ય, ગાઈ ન શકાય તે ગદ્ય અને જેમાં ગદ્ય ને પદ્ય બંને હોય તે મિશ્ર અથવા અપદ્યાગદ્ય. સંવત ૧૪૫૫માં મુનિસુંદર સૂરિએ શાંતરાસ નામનો રાસો ગદ્યપદ્યાત્મક લખ્યો છે. સામાન્ય રીતે સર્વ ભાષામાં કાવ્યસાહિત્ય જ પહેલવહેલું ખેડાય છે, તે પ્રમાણે ગુજરાતી ભાષામાં પ્રથમ કવિતા લખાયેલી મળી આવે છે. સં. ૧૫૯૭માં જૈનનાં કેટલાંક સૂત્રોના ગુજરાતીમાં અનુવાદ થઈ ચૂક્યા હતા. જૈનો ગુજરાતી સાહિત્ય ખેડવામાં આગળ વધી જાય છે. ૧૪૫૦માં તેઓના હાથે લખાયેલું ગદ્ય મળે છે. ચૌદમા શતકમાં જૈનો એકલાએ જ સાહિત્યધારા ટકાવી રાખી હતી. દશમા શતકમાં ગુજરાતમાં તેજસિંહના એક ગ્રંથ સિવાય સર્વ ગ્રંથો જૈન સાધુઓના રચેલા છે. અગાઉ જે આડંબરી સંસ્કૃત ગુજરાતી ચાલતી હતી તે કાઢી નાખી રૂઢ, રમતી, મર્માળી વાણી ગુજરાતી ગદ્યમાં દાખલ કરવાનું માન નર્મદાશંકરને છે. સ્વામીનારાયણ સંપ્રદાયના સંસ્થાપક સહજાનંદ સ્વામીએ શુદ્ધ ગુજરાતીના નમૂનારૂપ વચનામૃત તથા નિત્યનિયમ ગદ્યમાં જ લખેલ છે. તે પહેલાં ગદ્ય સંવત ૧૪૯૧થી સંવત ૧૬૪૩ સુધીમાં છૂટક છૂટક છે, પરંતુ આ સર્વ નમૂના ગદ્યસાહિત્યનું નામ આપવા યોગ્ય નથી. નરસિંહ મહેતાના સમયનું ગદ્ય રામાયણ તે પણ કથાગ્રંથ તરીકે અપવાદમાં મુકાશે. બાણભટ્ટની કાદંબરી ગદ્યમાં જ છે.

૨. પું. સંગીતમાં શુદ્ધ રાગનો એક ભેદ.

૩. વિ. કહેવા યોગ્ય; બોલવા જેવું.

ગદ્યકવિતા સ્ત્રી. ગદ્યરૂપે લખાયેલ કવિતા; ગદ્યકાવ્ય.

ગદ્યકાર [સં.] પું. ગદ્યનો લેખક; ગદ્ય લખનાર પુરુષ.

ગદ્યકાવ્ય [સં.] ન. કવિતાના ગુણવાળી ગદ્ય રચના; કાવ્યની શૈલીમાં લખેલું ગદ્ય. અલંકાર, શબ્દવૈચિત્ર્ય તથા અનુપ્રાસાદિનું આમાં વિશેષપણું હોય છે. સમાસ અને શ્લેષાદિ હોવાથી તેની ભાષા ઘણી વાર ક્લિષ્ટ થયાનું માલૂમ પડે છે. તેનાથી તત્કાલીન સભ્યતા તથા રહેણીકરણી ઉપર સારો પ્રકાશ પડે છે. દંડી કવિનું રચેલ દશકુમાર ચરિત ગદ્યકાવ્યમાં જ લખાયેલું છે.

ગદ્યકૃતિ [સં.] સ્ત્રી. ગદ્યમાં લખેલું સાહિત્ય.

ગદ્યખંડ [સં.] પું. ટૂંકું ગદ્ય લખાણ.

ગદ્યગ્રંથ જુઓ ગદ્યકૃતિ.

ગદ્યતા ૧. સ્ત્રી. અરસિક્તા.

૨. સ્ત્રી. ગદ્યનો ગુણ.

ગદ્યપદ્ય [સં.] ન. ગદ્ય અને પદ્ય; સાદું તેમ જ કવિતાબંધ લખાણ; ગદ્ય તેમ જ પદ્યવાળું લખાણ.

ગદ્યપદ્યાત્મક [સં.] વિ. જેમાં ગદ્ય અને પદ્ય બંને હોય એવું; ગદ્ય અને પદ્યના મિશ્રણવાળું.

ગદ્યબંધ ૧. [સં.] પું. ગદ્યમાં લખેલ સાહિત્ય.

૨. વિ. ગદ્ય રૂપે લખાયું હોય એવું; ગદ્યમાં રચેલું.

ગદ્યમય [સં.] વિ. ગદ્યરૂપે લખાયું હોય એવું.

ગદ્યયુગ [સં.] પું. કવિતા સિવાયનું ગદ્ય સાહિત્ય લખવાનો જમાનો.

ગદ્યશૈલી [સં.] સ્ત્રી. ગદ્ય લખવાની રીત.

ગદ્યસાહિત્ય [સં.] ન. ગદ્યરૂપે લખાયેલું લખાણ.

ગદ્યહીયા ન. (જૈન) સંવત ૧૧૧૭માં રાઠોડ રજપૂતોને પ્રતિબોધ કરીને જિનદત્ત સૂરિએ સ્થાપેલું ઓસવાળ વંશનું એક ગોત્ર.

ગદ્યાણ [સં.] પું. ગદિયાણું; ૪૮ ચણોઠીભારનું એક વજન; ૪૮ ગુંજાનું એક વજન; ૬ માસાનું એક વજન.

ગદ્યાણક જુઓ ગદ્યાણ.

ગદ્યાણું જુઓ ગદ્યાણ.

ગદ્યાત્મક [સં.] વિ. ગદ્યમાં રચાયેલું; ગદ્યવાળું; ગદ્યમાં લખેલું; કવિતા વિનાના લખાણવાળું.

ગદ્યાનક જુઓ ગદ્યાણ.

ગદ્યાલક જુઓ ગદ્યાણ.

ગદ્યાંતર ન. નાટકમાં ઘડી ઘડીમાં પદ્ય અને વચ્ચે વચ્ચે આવતું ગદ્ય લખાણ.

ગદ્ર ન. અર્ધું પાકું ફળ.

ગદ્રી સ્ત્રી. કીડું; મેલ.

ગધડ (ગધડ઼) સ્ત્રી. લીંબોઈની જાતનું એક ઝાડ. તેમાં નારંગીથી મોટાં ફળ થાય છે. તેની છાલ ખરબચડી હોય છે. પાક્યા પછી ફળ પીળા રંગનું થાય છે અને તેનું અથાણું બને છે.

ગધડલીંબુ (ગધડ઼લીંબુ) ન. એક જાતનું લીંબુ. તેની છાલ ખરબચડી હોય છે.

પાક્યા પછી છાલનો રંગ સ્વચ્છ પીળો થાય છે. તેની વાસ પણ ઉત્તમ આવે છે. એની નાની અને મોટી એવી બે જાત છે. નાની જાતના ફળની છાલ કાંઈક પાતળી અને મોટી જાતના ફળની છાલ જાડી હોય છે. એનું ઉત્તમ તરેહનું અથાણું અને શરબત થાય છે. આ લીંબુ ખાટું, તૂરૂં, કડવું, સારક અને ઉષ્ણ છે. તે કફ અને પિત્તનો નાશ કરે છે.

ગધરાઈ સ્ત્રી. ગળામાં થતી બળતરા.

ગધવે ૧. પું. ગધેડો.

૨. સ્ત્રી. એ નામની એક મરાઠી અટક.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

ગધા ૧. પું. એક ગધેડો ઉપાડે તેટલો ભાર.

૨. [સં. ગર્દભ] પું. ગધેડો.

ગધા ઉપર ચડાવવું-સવારી કરાવવી = ગધેડા ઉપર બેસાડવું. અગાઉ આ એક શિક્ષાની રીત મનાતી. ગુનેગારનું મોઢું કાળું કરી તે પૂંછડી તરફ રહે એવી રીતે ગળામાં જૂના જોડા અને ચીંથરાં વગેરે બાંધીને તેને ગધેડા ઉપર બેસાડવામાં આવતો. આ રીતે તેને ગામમાં ફેરવી કલંકિત કરવામાં આવતો.

૩. પું. મૂર્ખ માણસ.

૪. વિ. મૂર્ખ; અક્કલ વિનાનું.

ગધાઈભાઈ પું. મૂર્ખ માણસ; બેવકૂફ.

ગધાક ન. ગધેડાંનું ટોળું.

ગધાગધી ૧. સ્ત્રી. એ નામની એક રમત.

૨. ન. ગધેડો ગધેડી.

ગધાગધીના વિવાહ = (૧) ગધેડાનાં લગ્ન. (૨) તડકો હોય ત્યારે પડતો વરસાદ.

ગધાચંદ પું. મૂર્ખ માણસ.

ગધાડાસાર (ગધાડ઼ાસાર) સ્ત્રી. (વહાણવટું) પરમણને ખૂવા સાથે સાંકળી રાખવાનું લપસી શકે તેવું ગાળિયું.

ગધાડિયું (ગધાડ઼િયું) ૧. ન. ગાડીના પૈડાના લઠ્ઠા અથવા ધરી ઘાલવાનું ચપટું અને મોટું લાકડું.

૨. ન. રેલવેમાં માલગાડીનો નાનો ડબો.

૩. વિ. ગધેડા જેવું; મૂર્ખ; અક્કલ વગરનું.

ગધાડી (ગધાડ઼ી) જુઓ ગધેડી.

ગધાડું (ગધાડ઼ું) જુઓ ગધેડું.

ગધાડો (ગધાડ઼ો) જુઓ ગધેડો.

ગધાપચીશી જુઓ ગધ્ધાપચીશી.

ગધાપણ ન. મૂર્ખાઈ; બેવકૂફી.

ગધાભમરી સ્ત્રી. ઘોડાના કપાળમાં બંને આંખોથી નીચેના ભાગમાં આવેલી ભમરી; આંસુઢાળ.

ગધામજૂરી જુઓ ગધ્ધામજૂરી.

ગધામસ્તી જુઓ ગધ્ધામસ્તી.

ગધાલોટન ન. ગધેડાં આળોટે તે જગ્યા. ત્યાં બીક હોય એવો વહેમ મનાય છે.

ગધાવલ પું. એક જાતનો વેલો. તેનાં ફૂલ ગુલાબી રંગનાં અને ફળ અણિયાળાં હોય છે. તેનાં પાન ગડગૂમડ ઉપર ઉપયોગી છે.

ગધાવહીતરું જુઓ ગધ્ધાવૈતરું.

ગધાવૈતરું જુઓ ગધ્ધાવૈતરું.

ગધાહીંચૂ સ્ત્રી. છોકરાંની એ નામની એક રમત.

ગધી ૧. સ્ત્રી. ગધેડી.

૨. સ્ત્રી. ઘાંચી તથા સુમરાની એ નામની અટક.

૩. સ્ત્રી. મૂર્ખ સ્ત્રી.

૪. ન. એ નામની અટકનું માણસ.

૫. વિ. એ નામની અટકનું.

ગધીગધી વિ. હેરાન; દુ:ખી થયેલું; ત્રાસ પામેલું.

ગધીલા સ્ત્રી. એ નામની એક જંગલી જાત.

ગધીસમેરવો પું. એક જાતની ઔષધિ; પૃથકપર્ણી; ચિત્રપર્ણી; અહિપર્ણી; ક્રોષ્ટુવિભા; સિંહપુચ્છી; કલશી; ધાવનિ; ગુહા.

ગધૂલ ન. એક જાતનું ફૂલ.

ગધેઈયું ન. સમુદ્ર કાંઠાનું એક જાતનું કાળું જીવડું. એને પાંચ ઇંદ્રિયોમાંની કાયા, મોં ને નાક એ ત્રણ હોય છે.

ગધેડા (ગધેડ઼ા) ૧. સ્ત્રી. એ નામની દશા શ્રીમાળી વાણિયાની તથા લેઉઆ કણબીની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગધેડાગાંઠ (ગધેડ઼ાગાંઠ) સ્ત્રી. (વહાણવટું) બહુ જ જાડી મજબૂત ગાંઠ.

ગધેડાવૈતરું જુઓ ગધ્ધાવૈતરું.

ગધેડિયા (ગધેડ઼િયા) ૧. સ્ત્રી. કણબીની એ નામની અટક.

૨. સ્ત્રી. ભોઈની એક પેટા જાતિ.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

ગધેડિયું (ગધેડ઼િયું) ૧. ન. ગાડાનાં પૈડાંની ધરી જેમાં ભેરવવામાં આવે છે તે લાકડું.

૨. ન. રેલવેમાં માલગાડીનો નાનો ડબો.

૩. વિ. અક્કલ વગરનું; ગધેડા જેવું; મૂર્ખ.

ગધેડી (ગધેડ઼ી) ૧. [સં. ગર્દભી] સ્ત્રી. ગધેડાની માદા; ગધ્ધી; ગર્દભી. તેનું દૂધ ઘણું ગુણકારી અને હલકું કહેવાય છે.

૧. ગધેડી ગંગામાં નહાય તો ય ગાય ન થાય = ગધેડો ગાય ન થાય; સો મણ સાબુએથી સીદીભાઈ નહાય તોપણ ગોરા ન થાય; સ્વભાવ બદલી શકાતો નથી.

૨. ગધેડી ઝાલવી-પકડવી = (૧) ગધેડીને પકડવી. (૨) દોષમાં આવવું; ગુનો કરવો.

૩. ગધેડી મારવી = બગાડવું; નુકસાન કરવું.

૪. ગધેડીનાં પૂછડાં આમળે એવું = મૂર્ખ; બિનઆવડતવાળું.

૫. ગધેડીનો = ગધેડીનો જણેલો. આ શબ્દ અપમાનસૂચક છે.

૬. શું ગધેડી ગૂડવી છે? = કયું ભારે કામ કરવું છે? શું પરાક્રમ કરવું છે? કઈ મોથ મારવી છે?

૨. સ્ત્રી. ફૂવડ, મલિન કાર્યવાળી તથા નિર્લજ્જ અને દુષ્ટ સ્વભાવની સ્ત્રી.

૩. સ્ત્રી. સસણી; વરાધ; બાળક ભરાઈ જવાનો રોગ.

ગધેડું (ગધેડ઼ું) ન. ખર; રાસભ; એક જાતનું લાંબા કાનનું, ટૂંકો પૂછડીનું અને રાખોડિયા રંગનું ચોપગું પ્રાણી. તે પોતાની પીઠ ઉપર ઘણો ભાર લઈ ધીમે ધીમે ચાલે છે. એનું પગલું સરતું નથી અને ઘણો માર ખાય તોપણ પોતાની હઠ ને સુસ્તી મૂકતું નથી. તેનો આકાર ઘોડાના જેવો છે. તેનાં કાન તથા પેટ પ્રમાણમાં મોટાં હોય છે અને પગ નાના પણ મજબૂત હોય છે. તે ૨૦થી ૨૫ વર્ષ જીવે છે.

૧. ગધેડા ઉપર અંબાડી = કોઈ નજીવી અથવા હલકી ચીજને વધારે શોભાવવી; સારી વસ્તુનો નઠારી જગ્યાએ ઉપયોગ કરવો.

૨. ગધેડા બનવું = બેવકૂફ ઠરવું; મૂર્ખ ગણાવું.

૩. ગધેડાવૈતરું કરવું = લાભ સિવાય મહેનત કરવી.

૪. ગધેડાના પાછલા પગના જેવું-ગધેડાનો પાછલો પગ = (૧) દોઢડાહ્યું; મૂર્ખ; બેવકૂફ; સારાનરસાની કીમત સમજે નહિ એવું. (૨) બુદ્ધિનો ઉપયોગ કર્યા વગર બીજાને નુકસાન કરે એવું.

૫. ગધેડાનાં લીંડાંએ પાપડ થાય તો અડદનો ભાવ કોણ પૂછે?-ગધેડાથી મુલક લેવાય તો ઘોડાને કોણ રાખે?-ગધેડાને લીંડે પાપડ ન થાય = જેવી જેની વપરાશ તેવી તેની કીમત.

૬. ગધેડાની જોડે ઘોડું–ગાય બાંધે તો આખરે છ મહિને ભૂંકવા શીખે = સોબત તેવી અસર.

૭. ગધેડાનું પૂછડું આમળે એવું = મૂર્ખ; બેવકૂફ; કમઅક્કલ.

૮. ગધેડાનું પૂછડું પકડવું–પકડી રાખવું–ગધેડાનું પૂછડું સાહ્યું તે સાહ્યું = (૧) ગધેડાનું પૂછડું પકડયું હોય તો લાત વાગે, લોહી નીકળે પણ છોડવું નહિ. (૨) ગમે તેવું નુકસાન થાય પણ લીધેલી હઠ છોડવી નહિ; એક જ વાતને વળગી રહેવું.

૯. ગધેડાનું મોં કૂતરે ચાટવું = (૧) નઠારાપણામાં એક કરતાં બીજું ચડી જવું. (૨) સમાન ગુણના માણસોએ ભેગા રહેવું.

૧૦. ગધેડાને ફૂલે બકો = ગધેડાને ફૂલે બકો લેતાં તે વહાલની કદર કરવાને બદલે લાત જ મારે, તેવા રીતે દુર્જનની સાથે સારી રીતે રહેવા જતાં તે ઊલટો અવગુણ કરે.

૧૧. ગધેડાને ડફણાં ને તેજીને ઇશારત–ગધેડાને ડીફાં ને તેજીને ટકોરો = સમજુ માણસ ટકોરામાં સમજી જાય પણ મૂર્ખને વારંવાર કહેવું પડે અથવા શીખવવું પડે.

૧૨. ગધેડાને પણ તાવ આવે એવું = (૧) કંટાળા ભરેલું. (૨) ઘણું જ ખરાબ.

૧૩. ગધેડાને પેટ ઘાલવો = ઝાટકણી કાઢવી; ખૂબ ધમકાવવું.

૧૪. ગધેડાને માથે શીંગડાં–ગધેડાને માથે શું શીંગડાં હોય ? = નાદાનનાં કાંઈ ગામ જુદાં વસતાં હશે ?

૧૫. ગધેડાનો વિવાહ ને પાટુએ રળિયાત = મૂર્ખની દોસ્તી, જીવનો જાન.

૧૬. ગધેડાં ચારવાં–દેવાં = આવડત ન હોવી; મૂર્ખ હોવું.

૧૭. ગધેડી ફૂલેકે ચડવી = અભિમાની થવું; ગર્વ આવવો.

૧૮. ગધેડે ગવાવું = (૧) ગધેડાં પણ લાભ લઈ શકે એટલી ઓછી કીમતે વેચાવું; છત ઘણી હોવાથી સસ્તો ભાવ થવો. (૨) ફજેત થવું; બેઆબરૂ થવી; રેવડી ઊડવી.

૧૯. ગધેડે ચડવું = ફજેત થવું; રેવડી થવી; બેઆબરૂ થવી; વગોવાવું. અસલના વખતમાં કોઈ ગુનેગારની ફજેતી કરવી હોય તો તેને મોઢે કોયલા અને દિવેલ ચોપડી ગધેડા ઉપર બેસાડી ગામમાં ફેરવવામાં આવતો.

૨૦. ગધેડે ચડી ઘેર ઊતરવું = હાથે કરીને પોતાની ફજેતી કરવી ને કરાવવી; મૂર્ખ બનવું.

૨૧. ગધેડે બેસાડવું = ફજેતી કરવી.

૨૨. ગધેડો ઉકરડો દેખીને ભૂંકે = જાત એવી ભાત.

૨૩. માથે ગધેડાનાં હળ હાંકવાં = ખરાબ દશા કરવી; બેદાનમેદાન કરવું.

ગધેડો ૧. [સં. ગર્દભ] પું. ગધ્ધો; રાસભ; ખર.

ગધેડો થવો = હોહા થવી; આબરૂ જવી.

૨. પું. મૂર્ખ; અણુસમજુ માણસ; વૈતરું કરી જાણે એવો માણસ; સુસ્ત, હઠીલો અને અક્કલ વિનાનો માણસ.

૩. વિ. ઠોઠ; બેવકૂફ.

ગધેથળિયા ૧. સ્ત્રી. એ નામની કણબીની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગધેમાર સ્ત્રી. એક જાતની કેરી.

ગધેલું ૧. ન. ઘાણીની ખાટલીમાંથી ખોડના લાકડા સુધી ગયેલું ત્રણ ચાર હાથ લંબાઈનું લાકડું.

૨. ન. બેલગાડીના પાડા ઉપરનું કઠોડો રાખવાનું લાકડું.

ગધેવાન ૧. પું. કુંભાર.

૨. પું. ગામડિયો.

૩. પું. મૂર્ખ માણસ.

૪. વિ. ગધેડાં હાંકનાર.

૫. વિ. ગમાર; મૂર્ખ.

ગધૈયું ૧. ન. એક જાતનું દાણામાં પડતું કાળું જીવડું. તેને શરીર, મોં અને નાક હોય છે.

૨. ન. જાડી અને બેડોળ વસ્તુ.

૩. ન. જૂના વખતનો એક જાડો સિક્કો. સાસાનિયન વંશના એક રાજાને શિકારનો અને ખાસ કરીને ગધેડાના શિકારનો બહુ શોખ હતો તેથી અથવા બે વખત તેણે હૂણ પ્રજાને સખત હાર આપી તેથી ઈર્ષામાં અથવા મશ્કરીમાં આ સાસાનિયન સિક્કાને ગધૈયું કહેવાનું મનાય છે.

ગધૈયો ૧. પું. ગધેડાની છાપવાળો જૂના વખતનો એક સિક્કો.

૨. પું. ગધેડો.

ગધો ૧. પું. ગધેડો.

૨. વિ. મૂર્ખ.

૧. ગધા શું જાણે જાફરાનની વાત = મૂર્ખ સદ્‌ગુણની કીમત આંકી શકતો નથી.

૨. ગધાને ખાયા ખેત, નહિ પાપ કે પુણ્ય = અવગુણિયાને ગુણ કરે તે આટાલૂણમાં જાય.

ગદ્ધરી સ્ત્રી. ચણાના છોડનો કાચો પોપટો.

ગદ્ધાઈ સ્ત્રી. મૂર્ખાઈ; ગધ્ધાપણું; નાદાની; બેવકૂફી.

ગદ્ધાડિયું (ગધ્ધાડિયું) જુઓ ગધાડિયું.

ગદ્ધાપચીશી સ્ત્રી. માણસના જીવનનાં પહેલાં પચીશ વર્ષનો કાળ; શરૂઆતનાં પચીશ વર્ષનો સમય. તેમાં પુખ્ત વિચાર થયેલા હોતા નથી અને મૂર્ખાઈ તથા ઉદ્ધતાઈ ભરેલાં કાર્ય બહુ થાય છે.

ગદ્ધાપણું ન. મૂર્ખતા; બેવકૂફી.

ગદ્ધાપાટુ ન. ગધ્ધામસ્તી; લાતો મારવી ને તોફાન કરવું તે; લાતંલાતા.

ગદ્ધાપૂછ ૧. ન. ગધેડાનું પૂછડું.

૨. વિ. બીકણ; બાયલું.

ગદ્ધામજૂરી ૧. સ્ત્રી. નકામી મહેનત; ફોગટ વૈતરું; અક્કલનો ઉપયોગ કર્યા વિનાની મહેનત; ગધ્ધાવૈતરું.

૨. સ્ત્રી. સખત કામ.

ગદ્ધામસ્તી સ્ત્રી. ઘણી ધાંધલ થાય એવી મસ્તી; મૂર્ખાઈભર્યું અતિશય તોફાન; ગધ્ધાપાટુ; લાતંલાતા.

ગદ્ધાવહીતરું જુઓ ગધ્ધાવૈતરું.

ગદ્ધાવૈતરું ૧. ન. વેઠ; થોડા લાભવાળી કે લાભ વગરની નકામી મહેનત; ગધ્ધામજૂરી.

૨. ન. સખત કામ.

ગદ્દિયું ન. એક જાતનો અસલના વખતનો જાડો સિક્કો. જુઓ ગધૈયું.

ગદ્ધી ૧. સ્ત્રી. ગધેડી; ગધેડાની માદા.

૨. સ્ત્રી. મૂર્ખ સ્ત્રી.

ગદ્ધીફાલી સ્ત્રી. સોરઠ તરફ રમાતી એ નામની એક દેશી રમત. જુઓ વેંતકૂદામણી.

ગદ્ધુ વિ. ગધેડા જેવું; મૂર્ખ; હેવાન; ગમાર; અક્કલશૂન્ય.

ગદ્ધેમાર સ્ત્રી. એક જાતની કેરી.

ગદ્ધેવાન ૧. પું. ગધેડાંવાળો માણસ; કુંભાર.

૨. પું. ગમાર આદમી; મૂર્ખ.

ગદ્ધૈયું ૧. ન. જાડી અને બેડોળ વસ્તુ.

૨. ન. જૂના વખતનો એક જાડો સિક્કો; ગધૈયું.

૩. ન. દાણામાં પડતું એક જીવડું.

ગદ્ધો ૧. [સં. ગર્દભ] પું. ગધેડો; ખર.

૨. પું. મૂર્ખ માણસ.

૩. વિ. મૂર્ખ; બેવકૂફ.

ગનકાવવું સ. ક્રિ. બીજાનું કહ્યું માનવું; બીજો કોઈ કહે તેમ કરવું.

ગનકોટન [અં.] ન. એક જાતનો બંદૂકના દારૂની જેમ જલદી સળગી ઊઠે એવો પદાર્થ. તે આઠ ટકા પાણીવાળા સલ્ફ્યુરિક અને નાઇટ્રિક એસિડના મિશ્રણમાં રૂને ભીંજવીને બનાવાય છે. પાછળથી તે રૂને ધોઈને સૂકવી નાખવામાં આવે છે.

ગનપત સ્ત્રી. ગરજ; જરૂરિયાત; પરવા.

ગનપાઉડર [અં.] પું. બંદૂકનો દારૂ.

ગનબોટ [અં.] સ્ત્રી. મોટી તોપવાળી નાની હોડી. છીછરા દરિયાકિનારાવાળી જગ્યામાં અથવા નદીમાં લડાઈ કરવામાં તે ઉપયોગી છે.

ગનમ [હિં.] સ્ત્રી. મોઢામાંથી નીકળતી ખરાબ ગંધ.

ગનમેટલ [અં.] સ્ત્રી. લોઢું તથા પિત્તળ વગેરેનું મિશ્રણ કરી તોપને માટે બનાવવામાં આવતી ધાતુ.

ગનશૂર પું. એક જાતનો ગુંદર.

ગનસન ૧. સ્ત્રી. અફવા; ખોટી વાત.

૨. સ્ત્રી. ખૂબ ધીમે અવાજે થતી વાત.

૩. સ્ત્રી. ભાન; સુધ.

ગનસને ૧. અ. ગણુસારાથી; કાનોકાન.

૨. અ. બારોબારથી; પરબારૂં.

ગનસુર ન. એક જાતનું ઔષધ તરીકે વપરાતું મૂળિયું. તેની છાલ જાડી, રંગબેરંગી લીટાવાળી તેમ જ થોડી લીસી હોય છે. તેની રાખ બહારથી રંગીન દેખાય છે પણ અંદરથી તે પીળાશ પડતી તેમ જ બદામી હોય છે. આ ઔષધ રેચક છે અને મુદ્દતિયો તાવ તથા પિત્તાશયની વૃદ્ધિ અટકાવવા ઉપયોગમાં લેવાય છે. ભાઠું અને વાના સોજા ઉપર પણ તે ચોપડાય છે.

ગનાત ન. આકાશ.

ગનારવું સ. ક્રિ. માનવું; સારવું; કહ્યું કરવું.

ગનિકા સ્ત્રી. ગુણકા; ગાનારી; નાચગાન કરનારી સ્ત્રી.

ગનિમત જુઓ ગનીમત.

ગનિયાર ન. એ નામની એક વનસ્પતિ; અરણી; જયંત; જયંતિક. ગનિયારનાં મૂળિયાંને પાણીમાં વાટી વીંછીના ડંખ ઉપર લેપ કરવાથી સોજો ઊતરી જાય.

ગનિયારી [હિં.] સ્ત્રી. નાની અરણી.

ગની [અ. ધની] વિ. માલદાર; શ્રીમંત; ધનાઢ્ય.

ગનીમ ૧. [અ. ગનમ (લૂંટમાં લઈ જવાયેલું)] પું. ડાકુ; લૂંટારો.

૨. પું. દુશ્મન; શત્રુ; વેરી.

૩. પું. મુસલમાન.

ગનીમચ જુઓ ગનીમત.

ગનીમત ૧. [ફા.] સ્ત્રી. ઈશ્વરકૃપા; સુભાગ્ય.

૨. સ્ત્રી. મફત મળતી વસ્તુ.

૩. સ્ત્રી. લૂંટનો માલ.

૪. સ્ત્રી. સંતોષની વાત.

૫. વિ. ઉપકારક; ફાયદાકારક.

૬. અ. બસ; ઘણું.

ગનીમી વિ. ગનીમને લગતું.

ગનુ પું. (કચ્છી) સાંઠો.

ગનેગારી સ્ત્રી. અપરાધ; વાંક.

ગનેલ [હિં.] ન. છાપરાના કામમાં વપરાતું એક જાતનું લાંબું ઘાસ.

ગનેસને ૧. અ. કદાચ.

૨. અ. ગણસારાથી; ગણસારે.

૩. અ. તર્કથી.

૪. અ. દૈવયોગે; કમનસીબે; અકસ્માતથી.

૫. અ. બારોબારથી.

ગનેહને જુઓ ગનેસને.

ગનો ૧. પું. વાંક; અપરાધ.

૨. પું. (કચ્છી) સાંઠો.

ગનોરીઆ [અં.] પું. પ્રમેહ; પરમિયો.

ગનૌરી [હિં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; નાગરમોથ.

ગન્ના [હિં.] સ્ત્રી. શેરડી.

ગન્ની ૧. [હિં.] સ્ત્રી. શણુ.

૨. ન. ગુણુપાટ.

ગપ ૧. [સં. જલ્પ્ (બબડવું)] સ્ત્રી. અફવા; પાયા વિનાની લોકમાં ચાલતી વાત; લોકવાયકા; ઊડતી વાત.

ગપ ઝીંકવી-ઠોકવી-મારવી-હાંકવી = અફવા ચલાવવી; વાત વહેતી મૂકવી.

૨. પું. કોઈ નરમ વસ્તુમાં કંઈ પડવાથી થતો અવાજ.

૩. પું. ભક્ષણ.

ગપગપ ૧. અ. એક પછી એક; ડબડબ; અટક્યા વગર.

૨. અ. ધીમે ધીમે કાણામાં કંઈ ઘાલતાં ને કાઢતાં થતો અવાજ.

ગપગેઝેટ ન. ખોટી વાતો; ખોટી અફવાઓ; ગપ્પાંસપ્પાં.

ગપગોળો પું. અફવા; ગપાટો; ગપરૂપી ગોળો; પાયા વિનાની વાત.

ગપચવ્વલ વિ. જાડું.

ગપચી ૧. સ્ત્રી. ગચ્છંતી કરી જવું તે; નાસી જવું તે.

૨. સ્ત્રી. ચોરી.

ગપટ વિ. ગાઢ; ઘોર.

ગપટવું ૧. અ. ક્રિ. તલ્લીન થવું.

૨. અ. ક્રિ. લોટવું.

૩. સ. ક્રિ. સંતાડવું.

ગપડચૌથ (ગપડ઼ચૌથ) ૧. પું. નકામી વાત.

૨. [હિં.] સ્ત્રી. ગોટાળો; ભેળસેળ.

ગપડશપડ (ગપડ઼શપડ઼) સ્ત્રી. અર્થ વગરની નકામી વાત.

ગપત વિ. ગુપ્ત; છાનું.

ગપતાલિયું ૧. [સં. ગુપ્ત (છૂપું)] ન. ચોરી.

૨. ન. ટુકડો; કકડો.

ગપતાળિયું ૧. ન. ચોરી.

૨. ન. ડગળું; ઘા અથવા ઝટકો મારીને આખામાંથી કાપીને કરેલો કકડો.

ગપતાળીસ વિ. અચોક્કસ સંખ્યાવાળું; અદ્ધર કે અનિશ્ચિત સંખ્યા હોય એવું.

ગપતાળું ન. કાપીને કરેલો કકડો.

ગપશપ સ્ત્રી. અફવા; ખોટી ખબર.

ગપસપ સ્ત્રી. ગપ; ખોટી વાત; અફવા; ગપ્પું.

ગપાગપ ૧. [હિં.] પું. ઉતાવળે ખાવાથી થતો અવાજ.

૨. સ્ત્રી. ગપાગપી.

૩. અ. એક પછી એક; વગર અટક્યે; ઉપરાઉપરી; સપાટાબંધ.

ગપાગપી ૧. સ્ત્રી. ગપની પરંપરા.

૨. સ્ત્રી. મુક્કામુક્કી; ઉપરાઉપરી મુક્કીનો માર.

ગપાટી વિ. ખોટી વાત કરનાર; ગપાટા હાંકનારૂં; ગપ્પી.

ગપાટો પું. મોટી ગપ; ડિંગ.

ગપાવવું સ. ક્રિ. ચુપચાપ કે છાનામાના ઘુસાડવું.

ગપાવું અ. ક્રિ. ચુપચાપ કે છાનામાના ઘૂસવું.

ગપાષ્ટ વિ. ગપવાળું.

ગપાષ્ટક ન. ગપની પરંપરા; જૂઠા અને ખોટા તડાકા; ગપ.

૧. ગપાષ્ટક ગોળો = ગપનો ગોળો; જૂઠો તડાકો; ગપનું અષ્ટક.

૨. ગપે ગપ ચુંમાલસો = ખરાખોટાનો નિશ્ચય થયા સિવાય ફેલાયેલી ગપ; અલેલ ટપ્પે કહેવું તે.

ગપાષ્ટકી વિ. જૂઠાબોલું.

ગપાસ જુઓ ગપાંશ.

ગપાળ ન. નખોદ; વારસદાર ન હોય તેવી સ્થિતિ.

ગપાંશ ૧. પું. કહાણી કહેવી તે.
૨. પું. જેમાં ગપનો અંશ હોય તે; જેમાં કંઈક ગપ જેવું હોય તેવી વાત.

ગપાંષ્ટી વિ. ખોટું બોલનાર.

ગપિયો વિ. ગપ્પી; ખોટાબોલું; ગપ મારનાર.

ગપેસ ૧. સ્ત્રી. કાળજી; દરકાર.
૨. સ્ત્રી. ધ્યાન.
૩. સ્ત્રી. યાદ.
૪. સ્ત્રી. શરત.

ગપો પું. ખોટી વાત.

ગપોટો પું. જૂઠાણું.

ગપોડબાજી (ગપોડ઼બાજી) ૧. સ્ત્રી. ખોટો બકવાદ.
૨. સ્ત્રી. ગપ.

ગપોડા (ગપોડ઼ા) પું. મિથ્યાવાદ.

ગપોડી (ગપોડ઼ી) વિ. ખોટું બોલનાર.

ગપોડીદાસ (ગપોડ઼ીદાસ) વિ. ખોટું બોલનાર.

ગપોડું (ગપોડ઼ું) [ફા.] ન. અફવા; ગપ; ગપાટો; બનાવટી વાત; ગપ્પું; ડિંગ.

ગપોડો (ગપોડ઼ો) પું. મિથ્યાવાત; બનાવટી વાત; ગપ્પું.

ગપોલિયું ૧. ન. ગપ; ગપોડું.
૨. ન. છાનુંમાનું કોઈ ઠેકાણે ભરાઈ બેસવું તે; કશામાંથી છટકી જઈને ભરાઈ બેસવું તે.
ગપોલિયું કરવું = ધીમે ધીમે દાખલ થઈ જવું.
૩. ન. ધીમે ધીમે કાણામાં ઘાલવું તે.
૪. ન. વ્યભિચાર.

ગપ્પા ૧. [હિં.] પું. ધોખો.
૨. પું. પુરુષની ઇંદ્રિય.
૩. વિ. જાડું.

ગપ્પાં ન. બ. વ. અફવા; પાયા વિનાના તડાકા; ગપ.

ગપ્પાંગોષ્ટી સ્ત્રી. વાતચીત; સાચી ને બનાવટી કહાણી.

ગપ્પાંશ જુઓ ગપાંશ.

ગપ્પી ૧. સ્ત્રી. વોરાની એ નામની અટક.
૨. ન. વોરાની એ નામની અટકનું માણસ.
૩. વિ. અફવાઓ ઉડાડનાર; ખોટા તડાકા મારનાર; વાતોડિયું.
૪. વિ. જૂઠું; મિથ્યાભાષી.
૫. વિ. વોરાની એ નામની અટકનું.

ગપ્પીદાસ ૧. પું. જૂઠા તડાકા મારનાર માણસ; ગપ્પાં મારવાની આદતવાળો માણસ.
૨. પું. નકામી વાતો કરી વખત ગાળનાર માણસ.

ગપ્પું ૧. ન. ઊડતી ખબર; અફવા.
૨. ન. નકામી વાતચીત.
ગપ્પાં મારવાં = અર્થ વગરની વાતો કરીને વખત કાઢવો.

ગપ્પુંસપ્પું ૧. ન. ખોટા ખબર; ગામગપાટો; અફવા.
૨. ન. નકામી વાતચીત.

ગપ્સા [હિં.] સ્ત્રી. ધોળા દેખાવની કઠણ જમીન.

ગપ્સુંદી સ્ત્રી. વાડ બનાવવા માટે ઉગાડાતો એક જાતનો છોડ.

ગફ ૧. વિ. ધાડું વણેલું.
૨. અ. એકદમ; જલદી.

ગફલત ૧. સ્ત્રી. પ્રમાદ; બેદરકારી; ભૂલચૂક; સ્ખલન.
ગફલત કરવી-ખાવી = (૧) ધ્યાનમાં ન હોવું. (૨) ભૂલ કરવી.
૨. સ્ત્રી. બેપરવાઈ; આળસ વગેરે કારણથી કામમાં બરાબર ધ્યાન નહિ આપવાપણું; અસાવધાની.

ગફલતિયું ૧. વિ. ગફલત કરવાની આદત પડી હોય એવું; ભૂલચૂક કરવાના સ્વભાવવાળું; સ્ખલનશીલ.
૨. વિ. પ્રમાદી; બેદરકાર.

ગફલતી ૧. સ્ત્રી. કમકાળજી; બેદરકારી; પ્રમાદ.
૨. સ્ત્રી. ગફલત; સ્ખલન; ભૂલચૂક.
૩. વિ. ગાફેલ; બેદરકાર; ગફલત કરનારૂં.
૪. વિ. ભૂલચૂક બહુ કરે એવું; સ્ખલનશીલ.

ગફલિયો પું. વહાણનો એક ભાગ.

ગફલું ૧. વિ. કોમળ; નાજુક; નરમ અંગોવાળું; સુકુમાર; સુંવાળું.
૨. વિ. સુંદર અને હષ્ટપુષ્ટ; ગભરુ; રૂપાળું અને ભરાવદાર.

ગફા સ્ત્રી. ગુફા; ગુહા; ખો.

ગફુલ જુઓ ગફલું.

ગફૂર ૧. વિ. દયાળુ; નરમ હૃદયનું.
૨. વિ. માફ કરનાર.

ગફેફો પું. ઉતાવળમાં ભરેલો મોટો કોળિયો; બૂકડો.

ગબ ૧. પું. ગર્ભાવસ્થા.
૨. અ. ચટ; ઝટ; એકદમ; જલદી.
૩. અ. વચ્ચે પડવું તેમ.
૪. અ. ધબ દઈને અવાજ સાથે.

ગબક ન. વચ્ચે બોલવાપણું.

ગબકાવવું ૧. અ. ક્રિ. જોરથી નાખવું; ફેંકવું.
૨. અ. ક્રિ. વચમાં બોલવું.

ગબકી ૧. સ્ત્રી. દોટ મૂકવી તે; જલદી દોડવાપણું.
૨. સ્ત્રી. બથ ગબડી; એક જાતની રમત.

ગબકું ૧. ન. ખોટી વાત.
૨. ન. વચમાં બોલવું તે.
ગબકાં દેવાં = વચ્ચે ખોટી વાતો કરવી; ડફાં ડોળવાં.

ગબકો જુઓ ગબકું.

ગબગબ ૧. સ્ત્રી. કાઢશ્વાસથી થતો એક જાતનો અવાજ.
૨. સ્ત્રી. કોઈ વાત કરતું હોય ત્યાં વચમાં બોલવું તે; બોલબોલ કરવું તે.
૩. અ. ઉપરાઉપરી; ટપોટપ; એકદમ.

ગબગમાર ૧. પું. બહુ ડહાપણ ડોળી સામાના દોષ બતાવવા કરાતું ભાષણ.
૨. પું. મોટેરાં સામે કરાતી વિવેક વગરની લવારી.

ગબગબિયું વિ. વચ્ચે ખોટી વાતો કરનારૂં.

ગબડ (ગબડ઼) સ્ત્રી. કાળીપરજ લોકોની એક જાતિ.

ગબડગંડ (ગબડ઼ગંડ) ૧. વિ. દાધારંગું; મૂર્ખ.
૨. વિ. સાન નહિ પણ કાન હોય એવું; ભોળિયું; કાચા કાનવાળું; સાંભળેલું તરત ખરૂં માને એવું.

ગબડગંડું (ગબડ઼ગંડું) જુઓ ગબડગંડ.

ગબડગંદું (ગબડ઼ગંદું) વિ. સાબડબોથું; મલિન; અપવિત્ર; ગંદું અને અવ્યવસ્થિત.

ગબડસબડ (ગબડ઼સબડ઼) સ્ત્રી. ગરબડસરબડ; ગોટાળો; અવ્યવસ્થા.

ગબડવું (ગબડ઼વું) ૧. અ. ક્રિ. આળોટવું; લોટવું.
૨. અ. ક્રિ. એકદમ ઝાડાની હાજત થવી.
૩. અ. ક્રિ. ગોથું ખાવું; લથડવું.
૪. અ. ક્રિ. તળે ઉપર થતાં સરવું; ઊંચેથી નીચાણ તરફ ગતિ થતાં તળે ઉપર થતા જવું.
૫. અ. ક્રિ. પસાર થવું; ચાલ્યા જવું.
૬. અ. ક્રિ. પેટમાં અમળાવું; ચૂંથાવું.
૭. અ. ક્રિ. ભોંય ઉપર ગોળાકારમાં શરીરનું પાસું ફેરવવું.
૮. અ. ક્રિ. મરી જવું; ગુજરવું.

ગબડાવવું (ગબડ઼ાવવું) સ. ક્રિ. રોડવવું; દોડવવું; તળે ઉપર થાય તેમ સરાવવું; ઊંચેથી નીચાણ તરફ ગતિ કરાવવી; ફેરવવું; ગોથું ખવરાવવું.

ગોળી ગબડાવવી = અફવા ફેલાવવી.

ગબડી (ગબડ઼ી) ૧. સ્ત્રી. એક જાતનું ઝાડ.

૨. સ્ત્રી. દોટ; હડી; એકદમ દોડી જવું તે.

ગબડો (ગબડ઼ો) પું. જાડા અને રતાશ પડતા દાણાવાળા ચોખાની એક જાત.

ગબફી (ગબફ઼ી) ૧. સ્ત્રી. ગબરડી; એકદમ દોડી જવું તે; દોટ.

ગબફી મારવી = નાસી જવું; સટકી જવું.

૨. સ્ત્રી. જેનો પાયો જ ન હોય એવી ખોટી વાત લંબાવીને કહેવાપણું.

ગબદા વિ. જાડું; માંસલ; ભરાવદાર.

ગબન સ્ત્રી. કોઈનો સોંપેલો માલ રાખી લેવો તે; ઉચાપત; છીનવી લેવાપણું.

ગબર ૧. પું. અભિમાન; ગર્વ.

૨. પું. નાસ્તિક; ઈશ્વરમાં શ્રદ્ધા વિનાનો માણસ.

૩. સ્ત્રી. ખાઈ; ખીણ.

૪. [સં. ગહ્વર] સ્ત્રી. ગુફા; ગહ્વર.

૫. વિ. અગ્નિપૂજક.

૬. વિ. તવંગર; પૈસાદાર; સાહુકાર.

ગબરગઢ પું. આબુમાં અંબાજીની પશ્ચિમે બે માઈલ છેટે આવેલો એક ડુંગર.

ગબરગબર પું. ઉતાવળે ખાવાથી થતો અવાજ.

ગબરગંડ જુઓ ગબડગંડ.

ગબરડી (ગબરડ઼ી) સ્ત્રી. એકદમ દોડી જવું તે; દોટ; હડી.

ગબરુ જુઓ ગભરુ.

ગબરૂં ન. એરંડિયા તેલનો કદડો.

ગબવા પું. શેરડીનો ચૂસવા લાયક કટકો; ગંડેરી.

ગબસબ પું. ધાલમેલ; ગોટાળો.

ગબા સ્ત્રી. બુટ્ટાદાર પડદો; પિછવાઈ.

ગબાગબ ૧. સ્ત્રી. ધોળાધોળ; ગપાગપ; મનની અનિશ્ચિત સ્થિતિ.

૨. સ્ત્રી. બોલાચાલી; તકરાર.

૩. સ્ત્રી. મુક્કામુક્કી; મારામારી.

૪. અ. ઉપરાઉપરી; ટપોટપ.

૫. અ. ગબગબ અવાજ સાથે.

ગબાગબી જુઓ ગબાગબ.

ગબાડું (ગબાડ઼ું) વિ. ગોટાવાળું; અવ્યવસ્થિત.

ગબાર ૧. સ્ત્રી. ખાડો.

૨. ન. ગાબડું.

૩. સ્ત્રી. બાકું; પોલાણ; બખોલ.

ગબારાં ન. બ. વ. ભરવાડ અને રબારી લોકોને ચીડવવા વપરાતો એક શબ્દ.

ગબારો ૧. પું. ઊના પવનથી ફૂલીને ઊડે એવી કાગળની કોથળી; નાનું વિમાન.

૨. પું. ફજેતો; હાંસી.

૩. પું. હવાઈ; ઊંચે ઊડે એવું એક જાતનું દારૂખાનું.

ગબાળ વિ. ગંદું; ગંદકીવાળું; મલિન.

ગબાળગ્રંથ પું. ચોપડીઓ તથા વર્તમાનપત્રોમાંથી કાઢેલા ઇંતેખાબ ચોડવાની કોરી ચોપડી.

ગબાં ન. બ. વ. વચ્ચે વચ્ચે ખોટી વાત કરવી તે.

ગબિધુમત ન. ઈટાવાથી ઈશાનમાં ૨૪ માઈલ ઉપર આવેલ એક પ્રાચીન ગામનું નામ; કુડરકોટ. કનોજના શ્રી હર્ષ અથવા શિલાદિત્ય બીજાના સમયમાં અહીં હરિદત્ત રાજા રાજ્ય કરતો હતો.

ગબી ૧. સ્ત્રી. ખાડો; મોઈદાંડિયાની, લખોટાની કે બીજી રમતમાં ભોંયમાં ગાળવામાં આવતો નાનો ખાડો.

૨. સ્ત્રી. બદી; ખરાબી.

૩. સ્ત્રી. વેશ્યાવાડો.

૪. સ્ત્રી. સ્ત્રીની જનનેંદ્રિય; યોનિ.

ગબી જેવું = (૧) દયામણું; ગરીબ. (૨) હોંશ વિનાનું.

ગબુર સ્ત્રી. એક ઝાડ; બાવળ.

ગબુવા પું. શેરડીનો ચૂસવા લાયક કડકો; ગંડેરી.

ગબો જુઓ ગબ્બો.

ગબોગબ અ. ગબગબ; ઉપરાઉપરી; એકદમ; એક પછી એક.

ગબોલ ૧. સ્ત્રી. મલેકની એ નામની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગબોળો ૧. પું. ગપગોળો; ડિંગ.

૨. પું. ફજેતો; ભવાડો.

ગબ્બ ૧. પું. ભોંકાતાં નીકળતો અવાજ.

૨. અ. જોરથી; ધબ દઈને.

ગબ્બર ૧. [સં. ગહ્વર] સ્ત્રી. ખીણ; ખો; ગુફા.

૨. ન. અરવલ્લી પર્વતના એક શિખરનું નામ; આબુ પાસેનો એક ડુંગર.

૩. [સં. ગર્વ] વિ. અભિમાની; ગર્વિષ્ઠ.

૪. વિ. જબરું; મહાન; મોટું.

૫. વિ. તર; ભરપૂર.

૬. [ફા. ગબ્ર] વિ. પૈસાથી ભરેલું; તાલેવંત; આબાદ.

૭. વિ. સંગીન.

ગબ્બી જુઓ ગબી.

ગબ્બો ૧. પું. અભિમાન.

૨. પું. ખાડો; ખાંચો.

૩. પું. ગર્ભાશય.

૪. પું. ગોદો; મુક્કો; ઢીંકો; ધપ્પો.

૫. પું. મૂર્ખ માણસ; રાભો.

૬. પું. મોટી ગબી.

૭. પું. વેશ્યાવાડો; વ્યભિચારનું કે જુગારનું સ્થાન.

૮. પું. શેરડીની બે પેર વચ્ચેની ગાંઠ.

૯. [સં. ગ્રહ્ (ગર્ભધારણ કરવો)] પું. સગર્ભાવસ્થા.

ગબ્ભ પું. ઢોરના બચ્ચાનું પેટમાં હોવું તે.

ગબ્ભર ૧. [હિં.] વિ. અભિમાની; ગર્વિષ્ઠ.

૨. વિ. આબાદ.

ગબ્ભા ૧. [હિં.] પું. ઘાસનો ગંઠો.

૨. પું. પથારી.

ગબ્ભો જુઓ ગબ્ભ.

ગબ્ર ૧. [ફા.] પું. અગ્નિપૂજક; પારસી.

૨. પું. નાસ્તિક; મુસલમાન ધર્મમાં નહિ માનનાર.

ગબ્રનરા [હિં.] પું. સોપારી.

ગબ્રૂ ૧. [હિં.] પું. જુવાન માણસ.

૨. પું. ભોળો માણસ.

૩. પું. વર.

ગબ્રૌનદા [હિં.] પું. સોપારી.

ગભ ૧. [સં.] ન. તડ; ફાટ.

૨. ન. ભગ; યોનિ.

ગભઢી સ્ત્રી. એ નામની રમત; ચીંગલપટા.

ગભઢીબમચી સ્ત્રી. એ નામની એક દેશી રમત; બમચીકૂંડું.

ગભરાટ ૧. પું. અકળામણ; ગભરામણ.

૨. પું. દુઃખ; પીડા; વેદના.

૩. પું. ધ્રાસકો; દેહશતઃ ભય; ત્રાસ.

ગભરાટવું ૧. અ. ક્રિ. અકળાવું; ગભરાવું.

૨. અ. ક્રિ. દુઃખી થવું.

૩. અ. ક્રિ. ધાસ્તી પામવું; બીવું.

ગભરાટિયું વિ. ગભરાઈ જાય તેવું; બેબાકળું; બાવરું; ગભરાટવાળું.

ગભરામણ ૧. સ્ત્રી. અકળામણ; ગભરાટ; મૂંઝવણ.

૨. સ્ત્રી. ભય; બીક.

ગભરાવવું સ. ક્રિ. ગભરાય એમ કરવું.

ગભરાવું ૧. અ. ક્રિ. અકળાવું; મુંઝાવું; ગુંચવાવું; બહાવરા થવું.
૨. અ. ક્રિ. દુઃખી થવું; પીડાવું.
૩. અ. ક્રિ. ધાસ્તી પામવું; બીવું.

ગભરુ ૧. [સં. કુમાર] પું. દાઢી ન ઊગી હોય એવો છોકરો; અણસમજુ બાળક.
૨. પું. માંસથી ભરેલો રૂપાળો જુવાન.
૩. પું. વિદૂષક.
૪. વિ. કોમળ; નરમ કે પોચા સ્વભાવવાળું; નાજુક.
૫. વિ. ગરીબ; નમ્ર; પહોંચ વિનાનું.
૬. વિ. નાદાન.
૭. વિ. ભરેલું; વજનદાર; રસકસવાળું.
૮. વિ. ભવ્ય; ઉમદા.
૯. વિ. માંસથી ભરેલું અને દેખાવડું; ગાભલા જેવું; ગોરું અને માંસલ.
૧૦. વિ. સરળ; ભોળું; નિર્દોષ; નિષ્પાપી.

ગભરુડું (ગભરુડું) ૧. ન. અણસમજુ બાળક.
૨. વિ. ગરીબ; નમ્ર.

ગભસ્તલ પું. એ નામનો એક ટાપુ; ગભસ્તિમાન દ્વીપ.

ગભસ્તિ ૧. પું. આંગળી.
૨. પું. કશ્યપને અદિતિથી થયેલ બાર માંહેનો એ નામનો એક પુત્ર.
૩. પું. કિરણ; રશ્મિ; અંશુ.
૪. પું. ગાડીનો ધરો.
૫. પું. નવખંડ માંહેનો એક ખંડ. જુઓ નવખંડ.
૬. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.
૭. પું. શ્રાવણ માસનો તપતો સૂર્ય.
૮. પું. હાથ.
૯. સ્ત્રી. અગ્નિની સ્ત્રી સ્વાહાની એક ઉપધિ.

ગભસ્તિકર ૧. પું. આકડાનો છોડ.
૨. પું. સૂર્ય.

ગભસ્તિનેમિ ૧. [સં.] પું. આકડાનો છોડ.
૨. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. તે કિરણની વચમાં સૂર્ય રૂપે રહેલા હોઈ ગભસ્તિનેમિ કહેવાય છે.
૩. પું. સૂર્ય.

ગભસ્તિપાણિ ૧. [સં.] પું. આકડાનો છોડ.
૨. પું. સૂર્ય.

ગભસ્તિમાન ૧. [સં.] પું. આકડાનો છોડ.
૨. પું. એ નામનો એક ટાપુ.
૩. પું. કિરણ.
૪. પું. સૂર્ય.

ગભસ્તિમાલિન્ ૧. [સં.] પું. આકડાનો છોડ.
૨. પું. સૂર્ય.

ગભસ્તિહસ્ત ૧. [સં.] પું. આકડાનો છોડ.
૨. પું. પાતાલનો એક વિભાગ.
૩. પું. સૂર્ય.

ગભસ્તી ૧. સ્ત્રી. અગ્નિની પત્ની સ્વાહા.
૨. સ્ત્રી. મદ્રાસ પ્રદેશમાં આવેલ એક નદી.

ગભા [સં. ગર્ભ; અપ. ગબ્ભ] પું. બ. વ. બળખા; ગગફા.

ગભાણ ૧. [સં. ગો (ગાય) + અન્ન (ખોરાક)] સ્ત્રી. ગમાણ; ઢોરના ખીલા આગળ આડું લાકડું રાખી કે ચણતર કરી ચારો નાખવાને કરેલી જગ્યા.
૨. સ્ત્રી. ગામના પાદર ઉપરની ગોચર જમીન; ચરો.
૩. સ્ત્રી. ઘર બાંધવાની પડતર જમીન; ખંડેર.

ગભાણગાડું ન. એક જાતનો વેરો; ગામના પાદરે ગાડાં ઊભાં રહે તે જગ્યાનું ભાડું.

ગભાન [હિં.] સ્ત્રી. ગામડાની નજીકની જમીન.

ગભાર [સં. ગર્ભગૃહ; પ્રા. ગબ્ભહર] પું. દેવાલયની અંદરનો જેમાં મૂર્તિ હોય તે ભાગ.

ગભારો ૧. પું. જૂનાં કપડાંનો ચૂંથો.
૨. [સં. ગર્ભગૃહ; પ્રા. ગબ્ભહર] પું. દેવાલયની અંદરનો ભાગ; ગર્ભાગાર; ગભાર. તેમાં મૂર્તિ હોય છે.
૩. પું. મનનો વહેમ.

ગભાળો [સં. ગર્ભગૃહ; પ્રા. ગબ્ભહર] પું. ખરાબ અને ભાંગલ તૂટેલ સામાન; લબાચો.

ગભિ [સં.] વિ. ગંભીર; ઊંડું.

ગભીર ૧. [સં.] પું. ઊંડો અવાજ; ગંભીર શબ્દ.
૨. પું. વાંસા ઉપર થતું એક ગૂમડું.
૩. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. જ્ઞાન, ઐશ્વર્ય, બળ અને પરાક્રમ વગેરે ગુણો વડે તે ગંભીર કહેવાય છે.
૪. વિ. અગમ્ય; અઘરું; ક્લિષ્ટ.
૫. વિ. ઉજ્જડ.
૬. વિ. ઊંડું; ગંભીર.
૭. વિ. ગહન; ઘાડું; દુષ્પ્રવેશ.
૮. વિ. ઘેરો અવાજ કરતું.
૯. વિ. ચતુર; દુર્બોધ; ગૂઢ.
૧૦. વિ. જેનું તળિયું હાથ ન લાગે તેવું; જેનો તાગ ન આવે તેવું.
૧૧. વિ. મોટું; ભવ્ય.

ગભીરતા [સં.] સ્ત્રી. ગભીર હોવાપણું; ઊંડાઈ.

ગભીરધ્વનિ [સં.] પું. ગંભીર શબ્દ; ઊંડો અવાજ.

ગભીરાત્મા પું. વિષ્ણુનાં હજાર માહેનું એક નામ. ભગવાનનો આત્મા અથવા મન ગંભીર છે, એનું પરિમાણ કરી શકાતું નથી તેથી તે ગભીરાત્મા કહેવાય છે.

ગભીરિકા [સં.] સ્ત્રી. મોટું નગારું.

ગભીરિકાન ૧. [સં.] સ્ત્રી. ઊંડા અવાજવાળું મોટું ઢોલક.
૨. સ્ત્રી. ઝાલર; વગાડવા માટેનું વળેલ કાંઠાવાળું થાળી જેવું એક સાધન.

ગભીરી વિ. ગંભીર.

ગભુ વિ. ગભરુ; છેક નાનું.

ગભુડું (ગભુડું) ન. નિર્દોષ બાળક.

ગભુર ન. અણસમજુ બાળક.

ગભેલન ન. પ્રસવ પછીનું દુઃખ.

ગભો પું. કફ; ગળફો; બળખો.

ગભોલિક [સં.] પું. નાનું ગોળ ઓશીકું; ગાલમશુરિયું.

ગમ્ ૧. અ. ક્રિ. આવી પહોંચવું.
૨. [સં.] અ. ક્રિ. (ધાતુ) ચાલવું; જવું; હાલવું. તે ઉપરથી થયેલ શબ્દઃ ગમન, ગમ્ય, ગતિ, અભ્યાગત.
૩. અ. ક્રિ. જુદું પડવું.
૪. અ. ક્રિ. નિવેડો લાવવો.
૫. અ. ક્રિ. પામવું; હાંસલ કરવું.
૬. અ. ક્રિ. વીતી જવું; પસાર થવું.
૭. અ. ક્રિ. સહન કરવું.
૮. અ. ક્રિ. સંભોગ કરવો; મૈથુન કરવું.
૯. સ. ક્રિ. કમી કરવું.
૧૦. સ. ક્રિ. જવા દેવું.
૧૧. સ. ક્રિ. દર્શાવવું.
૧૨. સ. ક્રિ. દોરવું.
૧૩. સ. ક્રિ. સ્પષ્ટ કરવું; સમજાવવું.

ગમ ૧. પું. એક જાતનો જૂવો.
૨. પું. કથન; વર્ણન.
૩. [સં. ગમ્ (જવું)] પું. જવું તે; ચાલવું તે; કૂચ; પ્રયાણ.
૪. પું. પાસાની એક રમત.
૫. પું. પ્રકાર; ભેદ.
૬. પું. મલમ.

૭. પું. માર્ગ; રાહ; રસ્તો.

૮. પું. મૈથુન.

૯. પું. સમભાવ.

૧૦. પું. સમાન પાઠ.

૧૧. સ્ત્રી. અફસોસ; દિલગીરી.

૧૨. સ્ત્રી. ખામોશ; ગમખારી.

ગમ ખાવી = સાંખી રહેવું; જવા દેવું; ખામોશ ખાવી; ગળી જવું.

૧૩. સ્ત્રી. ગતિ; પ્રવેશ.

ગમ કરવું = ચટ કરી જવું.

૧૪. [અ. ધમ] સ્ત્રી. ચિંતા; ફિકર.

૧૫. સ્ત્રી. ડર; ભય.

૧૬. સ્ત્રી. તરફ; પાસુ; બાજુ.

૧૭. સ્ત્રી. નજર; ધ્યાન.

૧૮. સ્ત્રી. પસંદ પડવું તે; મનનું વલણ.

૧૯. સ્ત્રી. બળ; શક્તિ.

ગમ ભાંગી જવી = શક્તિ ખોવી.

૨૦. સ્ત્રી. સમજ; સૂઝ; ભાન; જ્ઞાન.

૨૧. ન. એક જાતનું ઝાડ. તેની બ્લુ ગમ, બ્લેક ગમ, કોટન ગમ, સ્વીટ ગમ એવી ચાર જાત છે. ઓસ્ટ્રેલિઅ તેમ જ ઉત્તર અમેરિકમાં થાય છે. તે ૫૦૦ ફૂટ સુધી ઊંચું થાય છે. ઘેરાવામાં ૮૦ ફૂટ સુધી હોય છે. તેનું લાકડું અને છાલ કીમતી છે. તેમાંથી રાળના જેવા ગુણવાળો રસ થાય છે. ચરપમાં થતાં બ્લુ ગમ ઝાડમાંથી શક્તિ આપનારૂં અને સડો અટકાવે એવું તેલ ઉત્પન્ન થાય છે.

૨૨. વિ. જતું.

૨૩. અ. દ્વારા; મારફત.

૨૪. અ. ભણી; તરફ; બાજુ.

ગમક ૧. પું. (જૈન) આલાવો; સરખા પાઠનો વાક્યસમૂહ.

૨. પું. (પિંગળ) એક માત્રામેળ છંદ. તેમાં અંતે લઘુ અને ત્રીજી માત્રાએ તાલ આવે. તેમાં ૫ માત્રાની ૮ વૃત્તિ થાય છે.

કળ બાણુ પદ જાણ તે **ગમક** પદ સમક.
દલપતરામ

૩. પું. તબલાનો ગંભીર અવાજ.

૪. પું. (સંગીત) સંગીતના સાત માંહેનો એક સૂર.

૫. પું. (સંગીત) સ્વરને કંપાવીને ગાવું તે. સ્વરોના કંપ કે ધ્રુજારાને ગમક કહે છે અને તે સાંભળનારના ચિત્તને આનંદ આપે છે. જેમ ડમરૂ ડાક્લું વાગે ત્યારે તેમાંથી દરેક આઘાતના જુદા જુદા તીવ્રાતિતીવ્ર વેગવાળા સ્વરો નીકળે છે તેમ સ્વરોના ધ્રુજારા ગળામાંથી કાઢવા તે ગમક કહેવાય છે. રત્નાકર વગેરે ગ્રંથોમાં પંદર પ્રકારના ગમક કહેલા છે: (૧) આહત, (૨) આંદોલિત, (૩) ઉલ્લાસિત, (૪) કંપિત, (૫) કુરુલ, (૬) ગુંફિત, (૭) ત્રિભિન્ન, (૮) નામિત, (૯) મિશ્રિત, (૧૦) મુદ્રિત, (૧૧) પ્લાવિત, (૧૨) તિરિપ, (૧૩) લીન, (૧૪) સ્ફુરિત, (૧૫) વલિત. ગમકનું બીજું નામ કૂર્મક છે. સ્વરને કાચબાની પેઠે વાંકો કરવો તેને ગમક અથવા કૂર્મક અથવા કુમક પણ કહે છે. તેના દશ ભેદ થાય છે: (૧) ગમક, (૨) ડાલુ, (૩) જમજમા, (૪) સ્ફુરિત, (૫) ગિટકડી, (૬) કંપિત, (૭) પ્રત્યાહત, (૮) ત્રિપુશ્યા, (૯) આંદોલ, (૧૦) મૂર્છન.

૬. [હિં.] સ્ત્રી. કૂચ.

૭. સ્ત્રી. ગંધ; મહેક.

૮. ન. કસોટી.

૯. વિ. ખાતરીબંધ.

૧૦. વિ. ગમનશીલ; જનાર; પહોંચાડનાર.

૧૧. વિ. જણાવનાર; બોધક; સૂચક.

ગમકછંદ પું. (પિંગળ) દરેક લીટીમાં પાંચ લઘુ માત્રાવાળો એક છંદ.

ગમકારિત્વ [સં.] ન. અવિચારીપણું.

ગમકીલા [હિં.] વિ. સુગંધિત.

ગમખાર (ગમખ઼ાર) ૧. [અ.] પું. દિલાસો આપનાર; દુ:ખમાં ભાગીદાર થનાર.

૨. વિ. ખેદજનક; દુ:ખદાયક; શોચનીય.

૩. વિ. ધીરજ રાખનાર; સહનશીલ.

૪. વિ. લાગણીવાળું.

ગમખારી ૧. [અ.] સ્ત્રી. અફસોસ; ખેદ.

૨. સ્ત્રી. ખામોશી; ગમ ખાઈ જવી તે.

૩. સ્ત્રી. લાગણી; સહાનુભૂતિ.

૪. સ્ત્રી. સહનશીલતા.

ગમખોર (ગમખ઼ોર) જુઓ ગમખ્વાર.

ગમખોરી (ગમખ઼ોરી) જુઓ ગમખ્વારી.

ગમખ્વાર (ગમખ઼્વાર) ૧. [ફા.] વિ. દિલગીરી ભરેલ.

૨. વિ. ધીરજ રાખનાર; સહનશીલ.

ગમખ્વારી (ગમખ઼્વારી) [ફા.] સ્ત્રી. સહનશીલતા; ગમ ખાઈ જવી તે.

ગમગત સ્ત્રી. ગતાગમ; સમજણ; જ્ઞાન.

ગમગમી સ્ત્રી. દિલગીરી.

ગમગલત ૧. પું. આનંદ; વિનોદ.

૨. પું. દારૂ.

ગમગીન ૧. પું. અફસોસ.

૨. [અ.] વિ. દિલગીર; શોકાતુર; ઉદાસ; ખિન્ન.

ગમગીનતા સ્ત્રી. ઉદાસીનતા.

ગમગીની [અ.] સ્ત્રી. અફસોસ; દિલગીરી; શોક.

ગમગુસાર ૧. [અ. ધમ (દિલગીરી) + ફા. ગુસાર (દૂર કરનાર)] પું. મિત્ર.

૨. વિ. માંદાની માવજત કરનાર; દુ:ખ દૂર કરનાર; દિલાસો આપનાર.

ગમગોયાક પું. એક જાતના ઝાડમાંથી નીકળતો રસ.

ગમચાં ૧. ન. બ. વ. અરુચિ; કમન; ગેરમરજી.

૨. ન. બ. વ. કંટાળો; ત્રાસ.

૩. ન. બ. વ. બોલતાં બોલતાં ગળી જવું તે; અચકાવું તે; વિચારી વિચારીને નામરજીથી બોલવું તે; ગાળાચાળા.

શાં **ગમચાં** કરો છો મનમાં, સાચું નહિ કાચું.
હર

ગમચાં ખાવાં = રહી રહીને બોલવું.

૪. ન. બ. વ. લાડ; પ્યાર.

ગમછા [હિં.] પું. ટુવાલ.

ગમજીભી સ્ત્રી. એક જાતની દેશી ઔષધિ.

ગમઝદા [ફા.] વિ. દુ:ખી.

ગમઠા ૧. સ્ત્રી. એ નામની લેઉઆ કણબીની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગમણાગમણી ૧. [સં. ગમનાગમન] સ્ત્રી. આવવું જવું તે.

૨. સ્ત્રી. ઉઠાંતરી; કૂચ.

ગમણુ ન. (જૂ. ગુ.) ગમન; જવું તે.

ગમત ૧. [હિં.] પું. રસ્તો; માર્ગ.

૨. સ્ત્રી. આનંદ; મજા; વિનોદ.

૩. સ્ત્રી. ખેલ; તમાશો; રમત.

૪. સ્ત્રી. ગમે તેમ કરવું તે.

૫. સ્ત્રી. ધંધો; વ્યવસાય.

ગમતર વિ. ગમે એવું; પ્રિય; વ્હાલું.

ગમતરૂં ન. બહાર ગામ જવું તે.

ગમતિયાળ વિ. ગમતી; ખુશ કરે એવું.

ગમતી ૧. વિ. આનંદી.

૨. વિ. ખુશ કરે એવું; ખુશકારક; મનોરંજક; આનંદ પમાડે એવું.

ગમતું વિ. અનુકૂળ; પસંદ પડે એવું; પ્રિય.

૧. ગમતું ગોવિંદનું થવું = ઈશ્વરની ઇચ્છા પ્રમાણે થવું.

૨. ગમતું ગોવિંદનું થાય મારૂં તારૂં મિથ્યા જાય = માણસ ધારે છે કંઈ અને ઈશ્વર કરે છે કંઈ.

૩. ગમતું ધડાવવું = ગમે તે રીતે ગમવું જોઈએ એમ કરવું.

ગમથ ૧. પું. માર્ગ.

૨. [સં.] પું. મુસાફર; પથિક.

૩. પું. વ્યાપાર; ધંધો.

૪. સ્ત્રી. તીક્ષ્ણ નજરવાળી એક જાતની ગોધા. ઈગ્લંડના મીઠા પાણીમાં વસતી **ગમથ** નામની તીક્ષ્ણ દૃષ્ટિવાળી ક્ષુદ્ર ગોધા હોય છે.

પ્રાણીસૃષ્ટિ

ગમદીદા [ફા.] વિ. દુઃખી.

ગમન ૧. ન. ખર્ચ; વપરાશ.

૨. [સં.] ન. ગમન કરવું તે; જવું કે ચાલવું તે; પ્રયાણ.

૩. ન. ચલન; ચાલ; ગતિ.

૪. ન. જન્મ; ઉત્પત્તિ.

૫. ન. જ્ઞાન; બોધ.

૬. ન. (ન્યાય) પાંચ માંહેનું પાંચમું કર્મ. જુઓ કર્મ. તેના પ્રકારઃ (૧) ઉત્ક્ષેપણ, (૨) અવક્ષેપણ, (૩) આકુંચન, (૪) સંપ્રસરણ, (૫) ગમન.

૭. ન. ભોગવટ; ભોગવવું તે.

૮. ન. રાહ; રસ્તો; માર્ગ.

૯. ન. સ્ત્રીસંગ; સંભોગ; મૈથુન.

ગમનછટા સ્ત્રી. લટકોમટકો; ચાલવાની છટા.

ગમનપતન ન. ચડઊતર; ચડતીપડતી.

ગમનપત્ર પું. એક જગ્યાથી બીજે જગ્યાએ જવાનો અધિકારપત્ર.

ગમનમાર્ગ પું. જવાનો રસ્તો.

ગમનવિદ્યા [સં.] સ્ત્રી. ગતિ સંબંધી શાસ્ત્ર; 'કાઇનેટિક્સ'.

ગમનશક્તિ [સં.] સ્ત્રી. જવાની શક્તિ; ગતિ ઉત્પન્ન કરનારી શક્તિ.

ગમનશીલ [સં.] વિ. ગતિ ઉત્પન્ન કરનાર.

ગમનશ્રમ [સં.] પું. (સંગીત) રાગમાંના બત્રીશ માંહેનો એક થાટ; મારવા; પુરીઆ. જુઓ થાટ.

ગમનાક ૧. [ફા.] વિ. ખેદકારક; શોકપૂર્ણ; દુઃખભર્યું.

૨. વિ. ગતિવિષયક; ગત્યાત્મક; ક્રિયાત્મક; 'કાઇનેટિક'.

ગમનાગમન ૧. [સં.] ન. આવજા; અવરજવર; રાહદારી; 'ટ્રૅફિક'.

૨. ન. આવવું અને જવું તે.

ગમનાધિકાર [સં.] પું. માર્ગાધિકાર; પથાધિકાર; જવા આવવાનો હક્ક.

ગમની સ્ત્રી. એક જાતની આકાશમાં ઊડવાની વિદ્યાધરોની વિદ્યા.

ગમનીય ૧. [સં.] વિ. ગમતું; રુચતું.

૨. વિ. ચાલાક; બુદ્ધિવાળું.

૩. વિ. જેની પાસે જઈ શકાય એવું; પહોંચી શકાય એવું.

૪. વિ. મેળવવા યોગ્ય; પ્રાપ્ત કરવા જેવું.

૫. વિ. શોધવા યોગ્ય.

૬. વિ. સમજી શકાય એવું.

ગમનોદ્યત [સં.] વિ. જવાને તૈયાર થયેલ.

ગમનોન્મુખ જુઓ ગમનોદ્યત.

ગમવું ૧. અ. ક્રિ. ગોઠવું; માફક આવવું; ભાવવું; મનને સારૂં લાગવું.

૨. અ. ક્રિ. પસંદ પડવું.

૩. અ. ક્રિ. વીતવું; જવું; પૂરૂં થવું.

ગમસડિયા (ગમસડ઼િયા) ૧. સ્ત્રી. કોળીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગમા ૧. પું. બ. વ. શક્તિ; તાકાત; બળ.

૨. પું. બ. વ. શરીરના સાંધા; હાંજા; ગુડા.

૩. અ. તરફ.

ગમાગમ [સં.] પું. જવું આવવું તે.

ગમાટ્ટો ૧. પું. અણસમજુ માણસ; મૂર્ખ માણસ.

૨. પું. ગામડિયો.

ગમાડવું (ગમાડ઼વું) ૧. સ. ક્રિ. ખોવું; ગુમાવવું.

૨. સ. ક્રિ. ગમે એમ કરવું.

ગમાણ ૧. સ્ત્રી. ઢોરને ખાવાનું ઘાસ નાખવાની જગ્યા; ગભાણ.

૨ સ્ત્રી. પાણીના મોટા હવાડાની આસપાસ ઢોરને પાણી પીવાને માટે પથ્થરની ચણેલી નાની હવાડી કે મોટો ધોરિયો.

ગમાણા ૧. સ્ત્રી. ભરવાડની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગમાણિયું ૧. ન. ગભાણ; ઢોરને ખાવાનું ઘાસ નાખવાની જગ્યા.

૨. ન. ગમાણની આડી; ઘાસ તણાઈ વેરાઈને ઢોરના પગ તળે આવે નહિ તે માટે ખીલા આગળ રખાતું લાકડું.

૩. ન. ખીડ ન છોડનારૂં પ્રાણી.

૪. વિ. ગમાણના જેવું.

ગમાણિયો દાંત = આઘોપાછો દાંત; એક દાંત ઉપર ઊગેલો વધારાનો દાંત; અધિદંત.

૫. વિ. બાંધ્યું રહેતું; ફરતું અને ચરતું નહિ એવું.

ગમાનક ન. ગાયને આપવાનું અન્ન; ગોગ્રાસ; ગવાનિક.

ગમાનણ જુઓ ગમાનક.

ગમાભીર પું. વાંસા ઉપર થતું એક જાતનું મોટું ગૂમડું.

ગમાયત સ્ત્રી. મજમુ જમીન; સહિયારી જમીન.

ગમાર ૧. પું. અણસમજુ માણસ; મૂર્ખ માણસ.

૨. પું. એક જાતનું ઝાડ; શેવન; ગંભાર.

૩. પું. શહેરી રીતભાત વિનાનો માણસ; ગામડિયો.

૪. સ્ત્રી. ભીલની એક જાત.

૫. વિ. અણસમજુ; અક્કલ વગરનું; મૂર્ખ; બુદ્ધિહીન.

૬. વિ. અસભ્ય; અવિવેકી; ગામડિયું; રોંચું; જંગલી.

૭. વિ. આળસુ; સુસ્ત; મંદ.

ગમારા ૧. સ્ત્રી. ભરવાડ અને રબારીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગમાવવું ૧. સ. ક્રિ. ઉડાવી દેવું; ફના ફાતિયા કરી નાખવું.

૨. સ. ક્રિ. ખોવું; ખોઈ બેસવું; ગુમાવવું.

૩. સ. ક્રિ. નકામું ગાળવું; વ્યર્થ ખોવું.

૪. સ. ક્રિ. પડતું મૂકવું.

ગમાવું અ. ક્રિ. જવું; પસાર થવું; વીતવું.

ગમાંતરૂ ૧. વિ. ગામડાં લૂંટનાર.

૨. વિ. પરદેશ નાસી ગયેલ.

ગમિષ્યત્પતિકા [સં.] સ્ત્રી. પતિના પરદેશ જવાના નિશ્ચયથી વ્યાકુળ બનેલી નાયિકા.

ગમી ૧. પું. મુસાફરી કરનાર માણસ; ઉતારુ; 'પેસેંજર.'

૨. સ્ત્રી. દિલગીરી; શોક.

૩. સ્ત્રી. ભાગબટાઈ ખેડમાં રાજ્યને અપાતી એક જાતની લેતરી.

૪. સ્ત્રી. મરણના શોક બદલ રૈયત તરફથી રાજ્યને અપાતી રકમ.

૫. સ્ત્રી. મોત; મરણ; મૃત્યુ.

૬. વિ. ગમવાળું; દિલગીર રહેતું; શોકાતુર.

૭. વિ. જવાની ઇચ્છાવાળું; જનાર.

૮. અ. તરફ; ભણી; ગમ.

ગમ્રુ ન. તાલનાં મુખ્ય ૭ માંહેનું ચોથું અંગ.

ગમેઠી પું. ગામનો પટેલ. ભીલ લોકોના ગામ માટે આ શબ્દ વપરાય છે.

ગમે તે ૧. વિ. કોઈ; કોઈ પણ; ફાવે તે.
 ૨. વિ. મરજી મુજબનું; પસંદ પડે તેવું.

ગમે તેમ ૧. અ. કોઈ પણ રીતે.
 ૨. અ. ફાવે તેમ; મરજી મુજબ; ઇચ્છા પ્રમાણે.

ગમેદલ [હિં.] પું. ઉદ્દામ પક્ષ; જહાલ પક્ષ.

ગમો ૧. પું. ગમવું તે; રુચિ.
 ૨. પું. તંતુવાદ્યના તાર તંગ કે ઢીલા કરવાની ખૂંટી.

ગમોઅણગમો પું. રુચિ કે અરુચિ; ગમવું અથવા ન ગમવું તે.

ગમોતરું ૧. [સં. ગ્રામાન્તર] ન. ગામ તજી જવું તે; ગામનો ત્યાગ કરીને જતા રહેવું તે; દેશત્યાગ.
 ૨. ન. દેહવિલય; અવસાન; મૃત્યુ.
 ૩. ન. ધંધા માટે એક ગામથી બીજે ગામ જવું તે.

ગમોસીસ ન. એક જાતનું ફળઝાડ.

ગમ્મત ૧. સ્ત્રી. આનંદ; મોજ; વિનોદ.
 ૨. [હિં.] સ્ત્રી. કાવતરું.
 ૩. સ્ત્રી. જલસો; મેળાવડો.
 ૪. સ્ત્રી. ધંધો.
 ૫. સ્ત્રી. નફો.
 ૬. સ્ત્રી. સમાજ; સમુદાય.
 ૭. સ્ત્રી. સહકાર; સાથે મળીને કામ કરવું તે.
 ૮. સ્ત્રી. સાટું.

ગમ્મતી વિ. વિનોદી; મોજીલું; આનંદી.

ગમ્ય ૧. પું. વિલાસી પુરુષ; વિષયી માણસ.
 ૨. વિ. ઔષધિ વગેરેથી મટાડી શકાય તેવું; સાધ્ય.
 ૩. વિ. જવા ધારેલું તેવું.
 ૪. વિ. જવાય કે પહોંચાય એવું.
 ૫. વિ. જાણી શકાય એવું; સમજાય એવું. જેમકે, ઇંદ્રિયગમ્ય એટલે ઇંદ્રિયોથી સમજાય એવું.
 ૬. વિ. મેળવવા યોગ્ય; પ્રાપ્ત કરવા જેવું; પ્રાપ્ય; લભ્ય.

ગમ્યતા ૧. [સં.] સ્ત્રી. ગમન કરવા યોગ્યપણું.
 ૨. સ્ત્રી. મળી શકાય એવું હોવાપણું.
 ૩. સ્ત્રી. સમજાય એવું હોવાપણું.

ગમ્યત્વ જુઓ ગમ્યતા.

ગમ્યમાન ૧. [સં.] વિ. ગમ્ય થતું કે રહેતું.
 ૨. વિ. સમજાતું; જણાતું.

ગમ્યા [સં.] સ્ત્રી. પોતાની સ્ત્રી; ગમન કરવા યોગ્ય એટલે જેની સાથે મૈથુન કરવાથી દોષ ન લાગે તેવી પરિણીત સ્ત્રી.

ગમ્યાગમ્ય વિ. ગમન કરવા જેવું ને ગમન ન કરવા જેવું.

ગમ્યાદિ [સં.] પું. પાણિનીય વ્યાકરણપ્રસિદ્ધ એક શબ્દસમૂહ.

ગમ્યોત્પ્રેક્ષા સ્ત્રી. (કાવ્ય) જાણે, રખે એવા શબ્દ ન હોય એવો ઉત્પ્રેક્ષા અલંકારના પાંચ માંહેનો એક ભેદ.

ગય ૧. પું. (પુરાણ) અમૂર્તરજા નામના રાજાનું બીજું નામ.
 ૨. પું. (પુરાણ) ઉત્તાનપાદ વંશના હવિર્ધાન રાજાના છ માંહેનો બીજો પુત્ર. એનું બીજું નામ સાંગ હતું.
 ૩. પું. એક દૈત્ય; એ નામનો એક અસુર.
 ૪. પું. ગયા નામનું તીર્થ.
 ૫. પું. ગુચ્છો.
 ૬. પું. જંગલી બળદ.
 ૭. પું. પુત્ર; દીકરો.
 ૮. પું. પ્રાણ.
 ૯. પું. (પુરાણ) પ્રિયવ્રત વંશના ઋષભદેવ કુળના પૃથુષેણના પુત્ર નક્ત રાજાને તેની દ્રુતી અથવા દ્યુતિ નામની ભાર્યાને પેટે થયેલ પુત્ર. એની સ્ત્રીનું નામ ગયંતી હતું. એને ચિત્રરથ, સુગતિ અને અવરોધન નામે ત્રણ પુત્ર હતા.
 ૧૦. પું. (પુરાણ) મહાભારત અનુસાર એક રાજર્ષિ.
 ૧૧. પું. મહાભારતમાં જણાવેલ એક પ્રસિદ્ધ પર્વત. તે કામ્યક વનની પૂર્વે આવેલ હતો.
 ૧૨. પું. (પુરાણ) રામચંદ્રની સેનાનો એક વાનર. તે સેનાપતિ હતો.
 ૧૩. પું. (પુરાણ) સૂર્યવંશી ઇલ અથવા સુદ્યુમ્ન રાજાના ત્રણમાંથી વચલો પુત્ર.
 ૧૪. પું. (પુરાણ) સોમવંશી વિજયકુળના મૂર્તય અથવા અતૂર્તરથનો પુત્ર. એણે બ્રહ્મસર અને વાનિરમાલિની નદી સમીપ અનેક યજ્ઞ કર્યા હતા. તે વખતે એણે બ્રાહ્મણને ઘણી જ દક્ષિણા આપી હતી. ઘી અને મિષ્ટ પદાર્થોનો ઘણો જથ્થો વાપર્યો હતો. ધાન તો એટલું વાપર્યું હતું કે બધાના જમ્યા પછી મોટા પર્વત જેવડા પચીશ ઢગલા તો વધ્યા હતા.
 ૧૫. [સં. ગજ] પું. હાથી; ગજ.
 ૧૬. ન. અંતરિક્ષ; આકાશ.
 ૧૭. ન. એ નામનું એક શહેર; હસ્તિનાપુર.
 ૧૮. ન. ઘર; મકાન; પોતાનું સ્થાન.
 ૧૯. ન. ઘરમાં રહેલ પ્રાણી.
 ૨૦. ન. ધન.
 ૨૧. ન. સંતાન.
 ૨૨. વિ. ગમન કરવા યોગ્ય.
 ૨૩. વિ. શરણ લેવા જેવું.

ગયઆત્રેય પું. એક ઋગ્વૈદિક ઋષિ. તેણે પાંચમા મંડલનાં ૯ અને ૧૦ સૂક્ત રચ્યાં છે.

ગયકી વિ. સ્ત્રી. ગાનારી.

ગયડો (ગયડ઼ો) પું. લેખન શિક્ષકની ચોપડી; 'કૉપિ બુક.'

ગયઢેરો ૧. પું. કાઠી કે ગરાસિયો.
 ૨. પું. ગામડાનો વૃદ્ધ અને માનનીય પુરુષ; મુખી; આગેવાન.

ગયણ ૧. [સં. ગગન; અપ. ગયણ] ન. અભ્ર; આકાશ; ગગન.
 ૨. ન. ધૂળ; રજ.

ગયણંગ પું. (પિંગળ) વીશ અક્ષર અને પચીશ માત્રાનો એક માત્રામેળ છંદ; ખાંગ.

ગયણી [સં. ગલ્ (ટપકવું)] સ્ત્રી. ગળણી; પાણી દૂધ વગેરે પ્રવાહી ચીજ ગાળવાનું સાધન.

ગયણીજી સ્ત્રી. ગરણીજી; આર્યા; સાધ્વી.

ગયણું [સં. ગલ્ (ટપકવું)] ન. ગળણું; પાણી વગેરે પ્રવાહી ચીજ ગાળવાનું સાધન.

ગયત્રિ પું. સામવેદનો એક ઋષિ.

ગયપુર [સં. ગજપુર] ન. હસ્તિનાપુર.

ગયપ્લાત ૧. પું. એક ઋગ્વૈદિક ઋષિ. તેણે દશમા મંડલનાં ૬૩ અને ૬૪ સૂક્ત રચ્યાં છે.
 ૨. પું. શુક્લ યજુર્વેદનો એક ઋષિ.

ગયબ [અ. ઘૈબ] વિ. ન દેખાય એવું; અદૃશ્ય.

ગયબંધછપ્પય પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તેમાં પહેલાં બે ચરણમાં ૨૩ માત્રા અને બીજાં બે ચરણમાં ૨૨ માત્રા અને તે ઉપર ૫૬ માત્રાનો ઉલ્લાલો આમ ૧૪૬ માત્રા હોય છે.

ગયબી વિ. ગેબી; ગુપ્ત.

ગયમ [ફા.] પું. (વહાણવટું) પાવડો.

ગયવર [સં. ગજ (હાથી) + વર (ઉત્તમ)] પું. ગજવર; મોટો હાથી.

ગયશિર ૧. પું. ગયા તીર્થ.
 ૨. પું. ગયાની પાસેનો એક પર્વત. તેના વિષે પુરાણમાં કથન છે કે તે ગય નામના અસુરના શિર ઉપર છે. તેની પાસે જ વાનરમાલિની નદી આવી હશે, કેમકે ગય રાજાના યજ્ઞ તે નદીની નજીક થયા હતા.

૩. [સં.] ન. અંતરિક્ષ; આકાશ.

ગયસ્ફાન [સં.] વિ. ધનની વૃદ્ધિ કરનાર.

ગયસ્વામી પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

ગયંતિ ૧. પું. (પુરાણ) એક ઋષિ.

૨. સ્ત્રી. (પુરાણ) પ્રિયવ્રત વંશના તગડાની સંજ્ઞાવાળી ગય રાજાની સ્ત્રી; ચિત્રરથાદિ ત્રણ પુત્રની માતા.

ગયંદ ૧. [સં. ગજેન્દ્ર] પું. ઉત્તમોત્તમ હાથી; ગજેંદ્ર.

> સિંધુર અને પન્નગ હરી ગજ સામજ માતંગ;
> જ્યાં ગયંદ ઘુમે ઘણા રંજીત નાના રંગ.
> પિંગળલઘુકોષ

૨. પું. (પિંગળ) એક અર્ધસમ માત્રામેળ છંદ; મદકલ. આ છંદ દોહરા છંદનો એક ભેદ છે. તેમાં ૧૩ ગુરુ અને ૨૨ લઘુ મળી ૩૫ અક્ષર અને ૪૮ માત્રા હોય છે.

ગયા ૧. પું. ગયાના બ્રાહ્મણનો એક વર્ગ.

૨. સ્ત્રી. (પ્રાકૃત) ગદા; વિષ્ણુનું એક આયુધ.

૩. સ્ત્રી. ગયામાં થતી પિંડોદક ક્રિયા.

૪. ન. અલ્લાહાબાદ.

૫. [સં.] ન. બિહાર પ્રાંતમાં ફલ્ગુ નદીને કાંઠે આવેલું એક જૂનું યાત્રાનું ધામ; પિતૃગયા. ત્યાં પિતૃશ્રાદ્ધ કરાય છે. તે જૂના વખતમાં યજ્ઞસ્થળ તરીકે જાણીતું હતું. પુરાણોમાં તેને ગય રાજર્ષિની રાજધાની જણાવી છે. ત્યાં ગયશિર પર્વત ઉપર તેણે એક બૃહત્ યજ્ઞ કર્યો હતો અને બ્રહ્મસર નામનું તળાવ બંધાવ્યું હતું. મહાત્મા બુદ્ધના વખતમાં પણ ગયશિર મુખ્ય યજ્ઞસ્થળ હતું. રાજગૃહથી આવીને તે પહેલાં અહીં રહ્યા હતા. આ તીર્થ શ્રાદ્ધ અને પિંડદાન આદિ માટે બહુ પ્રસિદ્ધ છે.

૬. વિ. ગયેલું.

ગયાજી ન. ગયા નામનું તીર્થસ્થળ. જુઓ ગયા ૫.

ગયાનાભો ન. ઓરિસામાં આવેલ એ નામનું ગામ; જાજપુર. વિષ્ણુ ભગવાને મારેલો દૈત્ય ગયાસુર શરીરે બહુ મોટો હતો. જમીન ઉપર સૂવે તો એનું માથું ગયા આગળ, એની નાભિ જાજપુર પાસે અને એના પગ રાજમહેંદ્રીથી પચાસ માઈલ ઉપર આવેલા પીડાપુર નામના સ્થળ આગળ આવતાં. જાજપુરમાં એક સજીવન ઝરાવાળો કૂવો છે. તે ગયાસુરની નાભિનો ખાડો હોવાનું કહી યાત્રાળુઓને બતાવાય છે.

ગયાપાદ ન. રાજમહેંદ્રી પાસે આવેલ એ નામનું એક શહેર; પીઠાપુર; ગયાનાભો.

ગયાપુર જુઓ ગયા ૫.

ગયારી [હિં.] સ્ત્રી. મરી ગયેલ ખેડૂતની નધણિયાતી જમીન.

ગયાલ સ્ત્રી. ખાલસા થયેલી જમીન.

ગયાલી ૧. સ્ત્રી. ગયામાં રહેતા બ્રાહ્મણોની એક અટક.

૨. સ્ત્રી. મરી ગયેલા ખેડૂતની નધણિયાતી જમીન.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

ગયાવળ પું. ગયાનો પંડો; ગયા તીર્થનો બ્રાહ્મણ.

ગયાવંતી જુઓ ગયા.

ગયાવાલ ૧. પું. ગયાનો પંડો.

૨. સ્ત્રી. એ નામની બ્રાહ્મણ વાણિયાની એક નાત.

૩. સ્ત્રી. બ્રાહ્મણની ચોરાશી જ્ઞાતિ માંહેની એક પેટા જ્ઞાતિ.

ગયાવાળ જુઓ ગયાવાલ.

ગયાશીર્ષ જુઓ ગયાશીર્ષ.

ગયાશીર્ષ ૧. ન. એ નામનો ડુંગર; ગયાશીશ. એનો વિસ્તાર એક માઈલનો છે.

૨. ન. ગયાનું એક જૂનું નામ.

ગયાશીશ જુઓ ગયાશીર્ષ.

ગયાસુર પું. એ નામનો એક મહાન રાક્ષસ. તેને વિષ્ણુએ માર્યો હતો. જુઓ ગયાનાભો.

ગયું ૧. વિ. ગયેલું; ભૂતકાળનું; વ્યતીત.

૧. ગયું ઊંટના શીંગડાની પેઠે = અચખૂચ ગયું; સદાનું ગયું; પાછું મળે જ નહિ એમ ગયું.

૨. ગયું ખોખું ને થયું ચોખ્ખું = પીડા પતી; કાશ ટળી; નડતર ગયું; ઘરમાંથી ઘરડાં ગયાં એટલે પીડા પતી.

૩. ગયું જોબન પાછું ન આવે = જે વખત ખોયો તે પાછો મળવાનો જ નહિ.

૪. ગયું તે ગયું જ—ગયો અવસર પાછો ન આવે = (૧) થૂંકેલું પાછું ગળી શકાય નહિ. (૨) વીતી ગયેલો સમય પાછો મળતો નથી.

૨. અ. ક્રિ. જવુંનો ભૂતકાળ; સિધાવ્યું; પધાર્યું; ગમન કર્યું.

ગયેલું વિ. જવુંનું ભૂતકૃદંત.

ગર ૧. [ફા.] પું. કરનાર એવો અર્થ સૂચવતો ફારસી પ્રત્યય. જેમકે, સોદાગર; કારીગર.

૨. પું. એક રોગ; મૂર્ચ્છા રોગ.

૩. પું. કહેતી; શબ્દ.

૪. પું. કોળિયો.

૫. પું. ખરેરો; ઘોડાને સાફ કરવાની ક્રિયા.

૫. પું. ખાતી વેળાએ વેરાયેલો ભૂકો.

૭. પું. ગલ; વિષ; ઝેર.

૮. પું. ગળવું તે; ગળી જવાનો રોગ.

૯. [સં. ગર્ભ] પું. ઝાડના થડ કે ડાળી વચ્ચેનો પોચો ભાગ; ફળ વગેરેની અંદરનો પોચો અને પાણીભર્યો મેંદા જેવો ભાગ; મગજ.

૧૦. [હિં.] પું. ડોક.

૧૧. પું. ફાંસી.

૧૨. પું. (જ્યોતિષ) બાર માંહેનું પાંચમું કરણ.

૧૩. પું. મતલબ; સાર.

૧૪. પું. મર્મ; મનનો ભેદ; રહસ્ય.

૧૫. પું. માછલાં પકડવાની આંકડી.

૧૬. પું. રાજગર; કાઠીનો ગોર.

૧૭. પું. વછનાગ.

૧૮. પું. વિષભંજક દવા.

૧૯. સ્ત્રી. ગિરનારની દક્ષિણ તરફનો જંગલી પ્રદેશ.

૨૦. સ્ત્રી. જંગલ.

૨૧. સ્ત્રી. બાવાની એક જાત.

૨૨. સ્ત્રી. માછલી વગેરે નાનાં પ્રાણીઓનાં ઈંડાંનો જથ્થો.

૨૩. સ્ત્રી. મૃગલી; હરણી.

૨૪. સ્ત્રી. રામમચ્છ અને ઘાંગર જેવું પીળાશ પડતું અને એક જ કાંટાવાળું પ્રાણી.

૨૫. સ્ત્રી. લોહાણાની એ નામની અટક.

૨૬. ન. એ નામની અટકનું માણસ.

૨૭. ન. એ નામની જાતનું માણસ.

૨૮. ન. ઘર; ગૃહ.

૨૯. વિ. એ નામની અટકનું.

૩૦. વિ. એ નામની જાતનું.

૩૧. વિ. ગળી જવાતું; ગળાતું.

૩૨. વિ. તરબોળ; તલ્લીન; રસબસ.

૩૩. વિ. ભક્ષણ કરવા જેવું; ખાવા લાયક.

૩૪. વિ. રોગી; બીમાર.

૩૫. અ. અગર; અથવા; કે.

૩૬. અ. કદાચ; જો કે.

ગરક ૧. પું. નાશ.

૧. ગરક કરી જવું = ખાઈ જવું.

૨. ગરક થવું = (૧) કીચડની અંદર પેસી જવું. (૨) ડૂબી જવું; ડૂબવું. (૩) લીન થઈ જવું.

૨. ન. ગરી જવાય એવું સ્થળ; કળણ.

૩. વિ. અંદર ગયેલું; જતું રહેલું; ડૂબી ગયેલું.

૪. [અ. ધર્ક] વિ. અંદર રચીપચી ગયેલું હોય એવું; ગરકાવ; તલ્લીન; મગ્ન.

૫. વિ. નષ્ટ; બરબાદ; વિલુપ્ત.

ગરકબારી ૧. સ્ત્રી. એ નામનો એક દાગીનો.

૨. સ્ત્રી. છટકવાની બારી.

૩. સ્ત્રી. છીંડું; નાની સરખી નીચી બારી.

ગરકવું ૧. [અ. ઘર્ક] અ. ક્રિ. કળી જવું; ખૂંચી જવું.

૨. અ. ક્રિ. ડૂબી જવું.

૩. અ. ક્રિ. લીન થઈ જવું; મગ્ન થવું.

૪. અ. ક્રિ. સંકોચાઈ ને જવું અથવા નીકળવું; અંદર થઈ નીસરી જવું.

ગરકા પું. બ. વ. બાકાં.

પાષાણુ પ્રહારે બાણુ ભાંગ્યા નીસર્યાં માંય ગરકા.
પ્રેમાનંદ

ગરકાટ સ્ત્રી. બકરી.

ગરકાબ (ગરક઼ાબ) ૧. [અ.] વિ. ડૂબેલું; ભરપૂર.

૨. વિ. બહુ જ લીન; નિમગ્ન.

ગરકાવ ૧. [અ. ગર્ક + આબ] વિ. ગરક; લીન; તલ્લીન; મશગૂલ.

૨. વિ. ભરપૂર; ભરેલું; ડૂબેલું.

ગરકાવવું ૧. અ. ક્રિ. કાદવ કે પ્રવાહી વગેરેમાં ડૂબી જવું; અંદર પેસી જવું.

૨. સ. ક્રિ. દાટવું; ઊંડે ઉતારવું.

ગરકી ૧. પું. પાણીમાં ડૂબી જાય એવું એક જાતનું અગરનું કાળું લાકડું.

૨. સ્ત્રી. અતિવૃષ્ટિ.

૩. સ્ત્રી. ખલ્લાર; પાણી રોકાતું હોય એવી નીચી જમીન.

૪. સ્ત્રી. ચરખી.

૫. સ્ત્રી. ડૂબવાની ક્રિયા.

૬. સ્ત્રી. પાણીથી નીચે હોય એવી જમીન.

૭. સ્ત્રી. લંગોટી.

ગરકુલી સ્ત્રી. કાપડની એક જાત.

ગરકુંડ પું. એ નામનો એક નરકકુંડ. આઠમો ગરકુંડ અર્ધા ગાઉના પ્રમાણુમાં છે અને સર્પ જેવા આકારવાળા તથા વજ્ર જેવી દાઢોવાળા ઝેરના કીડાઓથી વ્યાપ્ત છે, એમ કહેવાય છે.

ગરખા [હિં.] પું. અંગરખો.

ગરખોડ (ગરખોડ઼) સ્ત્રી. ગળોઢ; લાકડાનો ખાંચાવાળો કટકો; ઢોસમાં ઢીંગલા અને વરત વચ્ચે રહેનારું લાકડું.

ગરગટ ૧. [સં. ગર્જર] પું. ઠીંગણો માણસ; વામનજી.

૨. પું. વૃદ્ધ માણસ.

ગરગટિયું ૧. વિ. ગટ્ટું; ઠીંગણું.

૨. વિ. ઘરડું; વૃદ્ધ.

૩. વિ. જીર્ણ; જર્જરિત.

ગરગડવું (ગરગડ઼વું) ૧. અ. ક્રિ. ગરગડ એવો અવાજ થવો; વાગવું.

૨. અ. ક્રિ. ગડગડવું; તળે ઉપર થતાં ઢાળને લીધે નીચાણુ તરફ પડવું; ગડગડ થવું.

ચૈત્ર સુદિ દ્વાદશી, મેઘ ઘટા ચઢી,
ગરગડીને કુંડી માંહે રૂઠો. નરસિંહ

૩. અ. ક્રિ. ગર્જવું; ગાજવું.

૪. અ. ક્રિ. પેટમાં અવાજ થવો; ગબડવું.

ગરગડિયું (ગરગડ઼િયું) ૧. ન. પાણીચું; રુખસદ.

ગરગડિયું આપવું = રજા દેવી.

૨. ન. સૂકું નાળિયેર; ગોટો ખખડતું નાળિયેર.

ગરગડી (ગરગડ઼ી) ૧. સ્ત્રી. ગરેડી; ફરકડી; ફરે એવું નાનું પૈડું.

૨. સ્ત્રી. દોરાની ગરેડી; રીલ.

ગરગડો (ગરગડ઼ો) પું. કૂવાના કાંઠા ઉપરની જેના ઉપર કોસ આવે તે મોટી ગરગડી.

ગરગણુ ૧. સ્ત્રી. સંધીની એ નામની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગરગર ૧ સ્ત્રી. ઝીણી રજ.

૨. અ. ઝપાટાબંધ; એક પછી એક ગરે એવી રીતે; ડળક ડળક.

૩. અ. પુષ્કળ હોય એમ.

ગરગરાટ ૧. પું. ગરગડી જેવો ગડગડગડ થતો અવાજ.

૨. અ. ઝપાટાબંધ.

ગરગરાવવું સ. ક્રિ. ગટગટાવવું; પી જવું.

ગરગસ સ્ત્રી. કરવત.

ગરગૈયા ૧. [સં. ગૃહકુલાય] સ્ત્રી. કૂકડી.

૨. સ્ત્રી. ચકલી.

ગરગોટો પું. દડા જેવો ગોળક.

ગરગોલી સ્ત્રી. નાની ગોળી.

ગરગોળા પું. એક જાતની મીઠાઈ.

ગરઘરણું ન. નાતરું; ઘરઘરણું.

ગરઘ્ન ૧. પું. એક જાતનો ક્ષાર; ટંકણુ.

૨. [સં.] વિ. ઝેરનો નાશ કરનાર.

૩. વિ. તંદુરસ્ત.

ગરઘ્ની [સં.] સ્ત્રી. એક જાતની માછલી; માછલાંનો એ નામનો એક પ્રકાર.

ગરચરી વિ. સ્ત્રી. ગીરમાં ચરનારી. ભેંસને માટે આ શબ્દ વપરાય છે.

ગરચવું સ. ક્રિ. ગળચવું; અકરાંતિયા માફક ખાવું.

ગરચું ન. કટકો.

ગરજ ૧. [અ.] સ્ત્રી. અડી વેળા; જરૂરનો વખત.

૨. સ્ત્રી. તંગી; ભીડ.

૩. સ્ત્રી. આશય; પ્રયોજન; મતલબ; સ્વાર્થ; હેતુ.

૪. સ્ત્રી. ઇચ્છા; મરજી; ઇરાદો.

૫. સ્ત્રી. કાર્યસિદ્ધિ માટે જેની અગત્ય હોય તે મેળવવાની ઘણી ઇચ્છા; જરૂર; આવશ્યકતા; ખપ.

૧. ગરજ પડવી = (૧) જરૂર હોવી. (૨) તંગી પડવી.

૨. ગરજ બીચારી બાપડી ને ઊભે બજારે ત્રાપડી = ગરજવાનને અક્કલ નહિ; સ્વાર્થ આગળ સઘળું અંધ.

૩. ગરજ સરી કે વૈદ્ય વેરી = કામ પત્યું એટલે તું કોણુ ને હું કોણુ ?

૪. ગરજ સાકરથી ગળી–ગરજે ગધેડાને બાપ કહેવો પડે = ખપ પડ્યે ગમે તેવા માણસની યે ખુશામત કરવી પડે.

૫. ગરજ સારવી = (૧) તંગી મટાડવી. (૨) નું કામ સારવું.

૬. [સં. ગર્જન] સ્ત્રી. ગર્જના; ઘણો મોટો ગંભીર અવાજ.

૭. સ્ત્રી. ગીધના જેવું માંસભક્ષી એક પક્ષી.

૮. સ્ત્રી. દરકાર; ધ્યાન.

૯. સ્ત્રી. નક્કીપણું.

૧૦. સ્ત્રી. મોરનો ટહૂકાર.

૧૧. સ્ત્રી. સાચા મોતીના દાણામાં દેખાતો તડ જેવો પાતળો સફેદ ડાઘ.

ગરજડુ (ગરજડ઼ુ) વિ. મતલબવાળું; સ્વાર્થી.

ગરજણુ સ્ત્રી. ગરજ પંખીની માદા.

જો પારેવા કોયલ કોટિ, કરે **ગરજણુ** વાતો મોટી.
અષ્ટાવક્રઆખ્યાન

ગરજદાર વિ. ઓશિયાળું; ગરજવાળું.

ગરજન ૧. [સં. ગર્જન] ન. ગરજવાની ક્રિયા.

૨. ન. ગંભીર શબ્દ.

ગરજનતેલ ન. ગર્જન નામના ઝાડમાંથી નીકળતું તેલ.

ગરજના ૧. [સં. ગર્જના] સ્ત્રી. ગડગડાટ.

૨. સ્ત્રી. હોકારો; બરાડો; ત્રાડ.

ગરજપૂત ૧. પું. ગરજવાળો માણસ.

૨. વિ. ગરજુ; ઓશિયાળું.

ગરજમતલબી વિ. સ્વાર્થી; મતલબવાળું.

ગરજમંદ વિ. ગરજવાન; ગરજાઉ.

ગરજવંત ૧. વિ. ગરજાઉ; મતલબી; સ્વાર્થી; ગરજવાળું.

ગરજવંત ને દરદવંત = તંગીવાળો માણસ દુ:ખી હોય છે.

૨. વિ. દરકારવાળું.

ગરજવા પું. વરસાદની ગર્જનાની અસરથી ઊગતી મનાતી એક વનસ્પતિ.

ગરજવાન ૧. વિ. ગરજાઉ; મતલબી.

ગરજવાન ને ગદ્ધેવાન એ બે બરાબર = ગરજને અક્કલ ન હોય.

૨. વિ. દરકારવાળું; ખેવનાવાળું.

ગરજવું ૧. [સં. ગર્જ્] અ. ક્રિ. આકાશમાં ગડગડાટ થવો; ગાજવું; ગર્જના કરવી.

૨. અ. ક્રિ. (જૂ. ગુ.) લડવું.

૩. અ. ક્રિ. સિંહ વગેરે જનાવરોએ મોટે અવાજે બરાડવું; તડૂકવું; ત્રાડવું.

ગરજસવાદી વિ. આપમતલબી; સ્વાર્થી; ગરજુ.

ગરજસવાદી ના થઈએ રે મારા વહાલા.
દયારામ

ગરજંતું વિ. ગાજતું.

ગરજાઉ ૧. વિ. ગરજવાન; આપમતલબી; સ્વાર્થી.

૨. વિ. પૈસાની જરૂર હોય ત્યારે વેચવા માટે બહાર કાઢેલું.

ગરજાકોટ પું. કઠેરો.

ગરજાણ ન. ગીધ.

ગરજાલી ૧. સ્ત્રી. કડિયાની એ નામની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગરજાળ ૧. વિ. ગરજવાળું; ગરજાઉ.

૨. વિ. ગીધ અથવા ગરજા જેવું.

ગરજાળું જુઓ ગરજાળ.

ગરજિયું વિ. આપમતલબી; ગરજવાળું.

ગરજી ૧. પું. શ્રાવકનો ગોર.

૨. વિ. આપમતલબી; સ્વાર્થી.

૩. વિ. ગરજવાળું; ગરજમંદ.

૪. [હિં.] વિ. ચાહનાર; ઇચ્છા કરનાર.

ગરજીભ પું. એક જાતનો છોડ. તેનાં મૂળિયાં, ફૂલ અને બિયાં દવામાં ઉપયોગી છે.

ગરજીલું ૧. વિ. ઉપયોગી; જરૂરનું.

૨. વિ. ગરજવાળું; ગરજવાન.

૩. વિ. સ્વાર્થી; આપમતલબી.

ગરજુ ૧. પું. ગરજવાળો માણસ.

૨. વિ. ગરજવાન; ગરજવાળું.

૩. વિ. સ્વાર્થી; આપમતલબી.

ગરજુડું (ગરજુડું) જુઓ ગરજીલું.

ગરજું [સં. ગૃધ્ર] ન. ગીધ; એક જાતનું પક્ષી.

ગરજો ૧. પું. અંકુર; ફણગો; છોડની નીકળેલી અણી; પરોહ.

૨. પું. અણિયાળું હથિયાર; ધારવાળો લાંબો છરો.

૩. પું. ઊભો અને સીધો મોટી અણીવાળો કાંટો; અણીદાર ખૂંટો; સળિયો; ઊભો ખીલો.

૪. પું. ખૂંપરો.

ગરઝ જુઓ ગરજ.

ગરઝાપટિયો પું. એ નામની સોનગઢ તરફ રમાતી એક રમત. જુઓ ધંટીખીલડો.

ગરઝોળવું સ. ક્રિ. ઠેલવું; ધકેલવું.

ગરટ્ટ પું. સમૂહ; જૂથ.

ગરડગપ (ગરડ઼ગપ) અ. ગરડ એવા અવાજ સાથે અંદર જતું રહેતું હોય તેમ; ગરડગરડ એમ થતાં થતાંમાં ઓચિંતું ગરડ દઈને અંદર જતું રહેતું હોય એમ; ગરડગફ; એકાએક અલોપ થાય એમ; ડૂબી ખોવાઈ ગયેલું હોય એમ ઝટ દઈને; અચાનક.

ગરડગફ (ગરડ઼ગફ) જુઓ ગરડગપ.

ગરડવું (ગરડ઼વું) ૧. અ. ક્રિ. અવાજ ખેંચવો.

૨. અ. ક્રિ. ગળામાંથી બોલવું; ઘૂરકવું.

૩. સ. ક્રિ. ખેંચવું; ઘૂંટવું; તાણવું.

૪. સ. ક્રિ. મચડવું; લંબાવવું.

ગરડા (ગરડ઼ા) ૧. સ્ત્રી. પારસીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગરડો (ગરડ઼ો) ૧. પું. અક્ષરના મરોડ સુધારવા વપરાતી ચોપડી; ખરડો; ઘૂંટવાના અક્ષરોનો કાગળ; 'કૉપિ બુક'.

૨. પું. પાટી કે સ્લેટ ઉપર અક્ષર ઘૂંટવા તે.

ગરઢ વિ. ઘરડું; વૃદ્ધ; ઘરઢ.

ગરઢપણ ન. વૃદ્ધાવસ્થા; ઘડપણ.

ગરઢી ૧. સ્ત્રી. ઘરડી સ્ત્રી; ડોશી.

૨. સ્ત્રી. બાપની મા; દાદી.

ગરઢું વિ. વૃદ્ધ; ઘરડું.

ગરઢેરી ગોઠ સ્ત્રી. ઘરડી બહેનપણી.

ગરઢેરો ૧. પું. ગામડાનો વૃદ્ધ અને માનનીય પુરુષ; મુખી; આગેવાન.

૨. પું. ગરાસિયો.

ગરણ ૧. ન. એક જાતનું ઝાડ. તે કાદવવાળા કિનારા ઉપર અને નદી કાંઠે ઊગે છે.

૨. [સં.] ન. ખાવું તે; ગળી જવું તે.

૩. ન. છાંટવું તે; સિંચન; પ્રોક્ષણ.

૪. ન. ઝેર; વિષ.

ગરણા પું. એક જાતના પરજિયા સોની. તેનો મૂળ પુરુષ ગંગો ગિરનાર પાસે જમાવટ કરીને રહ્યો હતો એમ કહેવાય છે.

ગરણિયા ૧. સ્ત્રી. એ નામની આહીરની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગરણી ૧. [સં. ગિરિકર્ણી] સ્ત્રી. એ નામની શિંબી વર્ગની એક વનસ્પતિ; વિષ્ણુક્રાંતા; અપરાજિતા; ગોકર્ણી. તેના દરેક ડીંટ ઉપર નાનાં પાંચ પાન હોય છે. તેના ખૂણામાંથી ચાર પાંખડીવાળાં ફૂલ નીકળે છે. તેનો આકાર ગાયના કાન જેવો હોય છે. ફળની વાલોળ જેવી શિંગ થાય છે. તેમાંથી કળથી જેવાં કાળાં બી નીકળે છે. બી તેમ જ મૂળ સારક અને મૂત્રલ તરીકે ૫ થી ૩૦ ગ્રેનની માત્રામાં અપાય છે. તેનો બીજો ઉપયોગ બચ્ચાંને જુલાબ આપવામાં અને મૂળનો ઉપયોગ જલંદર વગેરેમાં જુલાબ તરીકે થાય છે. ગરણી બે જાતની છે: ધોળી અને કાળી. કાળીને આસમાની અને ધોળીને ધોળાં ફૂલ આવે છે. તેની શિંગો લાંબી થાય છે. ધોળી ગરણી તીખી, ઠંડી, કડવી, બુદ્ધિપ્રદ, સારક તથા વિષનાશક છે. તે ત્રિદોષ, મસ્તકશૂળ, દાહ, કોઢ, શૂળ, આમ, પિત્તોપદ્રવ, સોજો, કૃમિ, વ્રણ, કફ, ગ્રહપીડા, શીર્ષરોગ તથા સર્પવિષનો નાશ કરે છે. ધોળી ગરણીનાં મૂળનો રસ સૂંઘવાથી આધાશીશી અને મસ્તકશૂળ મટે છે. તેનાં મૂળ ઘસીને પીવાથી તણખિયો પ્રમેહ મટે છે. તેમ જ ગાયના ગરમાગરમ દૂધમાં ગરણીના મૂળનો રસ પીવાથી કફવિકાર મટે છે. ગરણીના નસ્યથી એકાંતરિયો તાવ મટવાનું કહેવાય છે. તેનાં બિયાંનું ચૂર્ણ ગરમ પાણીમાં લેવાથી યકૃત, પ્લીહા અને જળોદર મટે છે. ધોળી ગરણીનાં પાન દૂધમાં ઉકાળી સવારમાં સાકર નાખીને પીવાથી અનેક સ્ત્રી ભોગવવાનું બળ આવે છે. કાળી ગરણી કડવી, સ્નિગ્ધ, ત્રિદોષનાશક તથા શીતવીર્ય છે અને વાયુ, પિત્ત, કફ, જ્વર, દાહ, શ્રમ, પિશાચબાધા, રક્તાતિસાર, ઉન્માદ, મદ, અતિકાસ, દમ, કોઢ, કૃમિ તથા ક્ષયનો નાશ કરે છે. તેના બીજા ગુણ ધોળી ગરણીના જેવા છે.

૨. સ્ત્રી. ગિરણી; 'મિલ'.

૩. સ્ત્રી. ઝીણાં કાણાંવાળી વાટકી; ગયણી; પ્રવાહી વસ્તુ ગળવાનું સાધન.

૪. સ્ત્રી. શેરડીનો રસ ગાળવાનું માદરપાટનું ચાર હાથ લંબાઈનું લૂગડું.

૫. ન. ઝેર; વિષ.

ગરણીચૂર્ણ ન. (વૈદક) ગરણીનું મૂળ, શંખાવળીનું પંચાંગ, દાંતીમૂળ ને ગળી એ ચારે ચીજનું સરખે ભાગે તૈયાર કરેલું ઉદરવ્યાધિમાં અપાતું એક ચૂર્ણ.

ગરણીજી સ્ત્રી. જૈન આર્યા; સાધ્વી; આરજા.

ગરણું ૧. ન. એક જાતની ધર્મક્રિયા.

૨. ન. પાણી વગેરે ગાળવાનું લૂગડાનું સાધન; ગળણું.

ગરત ૧. ન. ઘી; ઘૃત.

૨. ન. દુઃખ; પીડા.

ગરતિયું ૧. ન. એક જાતનું લાકડું; દેશી સાગ.

૨. ન. એક જાતનું વસાણું; ખાવાની એક વાની.

ગરથ ૧. [સં. ગ્રંથ] પું. (ગ્રામ્ય) અર્થ; મતલબ; સાર; માયનો.

૨. પું. ઘી; ઘૃત.

૩. પું. નાણું; પૂંજી; માયા; પૈસો; સંપત્તિ; ધન; વિત્ત. ગ્રંથ્ એટલે ગાંઠ વાળવી. ધન હમેશા ગાંઠ વાળીને સાચવી શકાય છે. કપડાના છેડા વગેરેની ગાંઠ વાળીને ધનને ગુપ્ત રાખવાની પદ્ધતિ સર્વપ્રસિદ્ધ છે. તો એ ભાવને લક્ષમાં લઈએ તો ગરથ શબ્દ ગ્રંથ ઉપરથી આવી શકે અને તેનો અર્થ ધન પણ થઈ શકે.

૧. ગરથ ખર્ચીને ગાંડું બનવું–ગરથ વેચીને ઘેલા થવું = પૈસા ખરચી મૂર્ખ બનવું.

૨. ગરથ ગાંઠે ને વિદ્યા પાઠે, સ્ત્રી સાથે ને દાન હાથે = મુશ્કેલીના પ્રસંગ માટે ઉપયોગી વસ્તુ તૈયાર રાખવી.

૩. ગરથ વિનાનું ઘેલું, ને છૈયાં વિનાનું નાનું = પૈસા વિનાનો માણસ મૂર્ખ મનાય છે અને બાળક વિનાનો માણસ બાળક મનાય છે.

૪. ગરથ વિનાનો ગાંગલો, ગરથે ગાંગજી ભાઈ–ગરથ વિનાનો ગાંગલો, ગરથે ગાંગા શાહ = પૈસાવાળાનો છોકરો મૂર્ખ હોય તોપણ ઘણો હોશિયાર ગણવામાં આવે છે.

ગરદ ૧. પું. એક જાતનું રેશમી કપડું.

૨. પું. તાબામાં રહેવું તે.

૩. સ્ત્રી. ધૂળ; રજ.

૪. સ્ત્રી. માટી.

૫. ન. દાટી દેવું તે.

૬. ન. ઝેર; વિષ.

૭. વિ. અપથ્યકારક; તંદુરસ્તીને હાનિ કરનારૂં; રોગજનક.

૮. વિ. ખીચોખીચ ભરેલું; ભીડવાળું; ગાઢું; દટાયેલું; સાંકડે આવી ગયેલું; ખૂબ મચેલું; સંકીર્ણ; ભિડાયેલું.

૯. વિ. મસ્ત બનેલું.

૧૦. વિ. વિષ આપનાર.

ગરદન ૧. [ફા.] સ્ત્રી. ગળાનો પાછલો ભાગ; બોચી; ડોક; ગળચી; ગ્રીવા.

૧. ગરદન કાંટા પર નથી = ઘણો જ મગરૂર અને ધિક્કારને પાત્ર છે.

૨. ગરદન નમવી = (૧) આબરૂ જવી. (૨) ખોટ આવવી; નુકસાન થવું. (૩) દિવાળું કાઢવું. (૪) પડતી દશા આવવી; નબળું પડવું. (૫) મરી જવું.

૩. ગરદન નાખી દેવી = મૃત્યુની અણી ઉપર હોવું.

૪. ગરદન પકડી બહાર કાઢવું = અપમાન કરવું.

૫. ગરદન પર સવાર થવું = (૧) નમાવવું. (૨) ફરજ પાડવી.

૬. ગરદન મરોડવી = ગળાચીપ દેવી; ગૂંગળાવવું.

૭. ગરદન મારવું = (૧) ઘણું જ નુકસાન કરવું. (૨) જીવ લેવો; મારી નાખવું.

૨. સ્ત્રી. મકાનનું એક ઉપાંગ.

ગરદનકશ [ફા.] વિ. અભિમાની; ઉદ્ધત.

ગરદનકશી ૧. [ફા.] પું. ડોક મજબૂત કરવાનો દંડનો એક પ્રકાર. શરીરને હાથ અને પગના ફણા ઉપર કમાન પેઠે વાળી ગરદન અંદરના ભાગમાં પગ તરફ ખેંચી એમ ને એમ બે હાથે વચ્ચેથી ગરદન જેટલી બને તેટલી સીધી બહાર કાઢી શરીરને ખભા ઉપર લઈ જવું અને પાછું મૂળ સ્થિતિમાં આવવું તે આ જાતનો દંડ કહેવાય છે.

૨. સ્ત્રી. મગરૂરી; નાફરમાની; ઉદ્ધતાઈ.

ગરદનબંદ [ફા.] પું. ગળે બાંધવાનો પટો; 'કૉલર'.

ગરદનબાજી સ્ત્રી. જીવને જોખમે લડાઈ કરવી તે.

ગરદર્પ [સં.] પું. સર્પ; નાગ.

પન્નગ નાગ ભુજંગ ને જિહ્મગ ભોગી સર્પ,
ચક્ષુશ્રવા સરીસૃપ હરિ કાકોદર ગરદર્પ.
પિંગળલઘુકોષ

ગરદવું સ. ક્રિ. ગરદી નાખવું; દાટી દેવું.

ગરદા સ્ત્રી. ધૂળ; રજ.

ગરદિશ [ફા.] સ્ત્રી. ક્રાંતિ; ચડતીપડતી; પરિવર્તન.

ગરદી ૧. [ફા. ગિર્દ] સ્ત્રી. ગિરદી; ભીડ; ઠઠ; સંકીર્ણતા; ખીચોખીચ હોવું તે.

૨. સ્ત્રી. નાશ; પાયમાલી.

ગરદો ૧. પું. તમાકુનાં પાંદડાંનો સૂકો ભૂકો; જરદો.

૨. પું. ભાંગ, મરી અને ગાંજાને પાણીમાં ઘૂંટી બનાવેલું પેય.

ગરદોગરદી અ. ચારે બાજુએથી; ચોગિર્દ.

ગરદ્રુમ પું. એક જાતનું ઝેરી ઝાડ.

ગરધણ સ્ત્રી. ગીધની માદા.

ગરધણી સ્ત્રી. સસણી; બાળકને પેટમાં ભાર રહેવાથી થતો એક જાતનો રોગ.

ગરધરન [હિં.] પું. શિવ; મહાદેવ.

ગરધેણ સ્ત્રી. ગીધ; મરેલાં જાનવરોને ફાડી ખાનારૂં લાંબી ડોકનું એક પક્ષી.

ગરનાથી ૧. સ્ત્રી. એ નામની બાવાની એક અટક.

૨. ન. એ નામની બાવાની અટકનું માણસ.

૩. વિ. એ નામની બાવાની અટકનું.

ગરનાર [સં. ગિરિનાર] પું. એ નામનો કાઠિયાવાડનો એક પર્વત; ગિરનાર.

ગરનાર્ડ [અં.] ન. એક જાતનું માછલું. તેની છાતીમાં હાડકાં પાંખ જેવાં હોવાથી તે પાણી ઉપરથી અદ્ધર ઊડે છે. ભૂમધ્ય સમુદ્રમાં તેનાં ટોળેટોળાં માલૂમ પડે છે.

ગરનાળ સ્ત્રી. છરાના ગોળા ભરવાની ખાંડણી જેવી તોપ.

ગરનાળું ૧. ન. ખોદી કાઢેલો રસ્તો; સુરંગ.

૨. ન. ગાબડું; મોટું કાણું.

૩. ન. નાળું; પાણીને જવા આવવાનો રસ્તો.

૪. ન. (વહાણવટું) પરનાળનું પાણી જવાનું કાણું; ખાળ.

૫. ન. વરસાદનું પાણી જવા આવવાને માટે ઉઘાડવાસ થાય એવો બાંધેલો સાંકડો અને નાનો માર્ગ.

ગરપછાંટ સ્ત્રી. ગપગોળો; અફવા.

ગરપ્રિય [સં.] પું. શિવ; મહાદેવ.

ગરબ ૧. પું. અભિમાન; ગર્વ.

૨. પું. ગર્ભાશય.

૩. પું. સગર્ભાવસ્થા.

ગરબડ (ગરબડ઼) ૧. સ્ત્રી. અવ્યવસ્થા; ગડબડ; ગોટાળો.

૨. સ્ત્રી. અંધેર; ઊથલપાથલ; ફિતૂર; ઘાલમેલ.

૩. સ્ત્રી. ઘોંઘાટ; કલબલ.

ગરબડ મચાવવી = (૧) ગૂંચવણ કરવી; ગોટાળો કરવો. (૨) ઘોંઘાટ કરવો; શોરબકોર કરવો.

૪. સ્ત્રી. દંગો; ફિસાદ.

૫. સ્ત્રી. નકામી ખટપટ; માથાફોડ.

૬. સ્ત્રી. મરણને લીધે થતી આભડછેટ.

ગરબડગોટાળો (ગરબડ઼ગોટાળો) જુઓ ગરબડ.

ગરબડગોટો (ગરબડ઼ગોટો) જુઓ ગરબડ.

ગરબડવું (ગરબડ઼વું) ૧. અ. ક્રિ. તળેઉપર થવું; ઢાળને લીધે નીચે સરવું; રડી જવું.

૨. અ. ક્રિ. પાચન ન થવું.

૩. અ. ક્રિ. લોટવું; આળોટવું.

ગરબડસડબડ (ગરબડ઼સડ઼બડ઼) ૧. સ્ત્રી. અવ્યવસ્થિતપણું; ગરબડગોટો; સેળભેળ; ફેરફાર.

૨. સ્ત્રી. ઊંધુંચત્તું સમજાવવું તે.

૩. સ્ત્રી. ધોંધાટ; ધમાલ.

ગરબડસરબડ (ગરબડ઼સરબડ઼) જુઓ ગડબડસડબડ.

ગરબડાટ (ગરબડ઼ાટ) જુઓ ગરબડ.

ગરબડિયું (ગરબડ઼િયું) ૧. ન. અડબડિયું; ગોથું.

૨. વિ. અશુદ્ધ; ઉકેલી શકાય નહિ એવું; ગોટાળાવાળું.

૩. વિ. ગરબડ કરે એવું; ધાંધલિયું.

ગરબડિયો (ગરબડ઼િયો) પું. ગરબો; રાસડો.

ગરબડી (ગરબડ઼ી) જુઓ ગરબી.

ગરબડો (ગરબડ઼ો) પું. ગરબો.

ગરબવું સ. ક્રિ. ધરબવું; પોલાણમાં નરમ પદાર્થને કોશ જેવા સાધનથી કચરીને ભરવો.

ગરબા ૧. સ્ત્રી. એ નામની જત લોકોની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગરબાગરબ અ. ન સમાય તેમ હોય છતાં ગરબવાનું ચાલુ રહે તેમ; ઠાંસાઠાંસ; ભર્યાભર.

ગરબાપાર્ટિ સ્ત્રી. ગરબી ગાનારાં સ્ત્રીઓનો સમૂહ.

ગરબી ૧. સ્ત્રી. એ નામની વનસ્પતિ. તેનાં બિયાંનો હાથપગને ચડેલા સોજા ઉતારવામાં દવા તરીકે ઉપયોગ કરવામાં આવે છે.

૨. સ્ત્રી. દેવીને માટે નવરાત્રિમાં મૂકવા બનાવેલું લાકડા કે ધાતુનું ચોકઠું.

૩. સ્ત્રી. નવરાત્રિના તહેવારોમાં લહેકાવીને ગાવાનું દેવીનું પદ્ય; દેશી.

૪. સ્ત્રી. સ્ત્રીઓમાં ગવાતી એક જાતની રાગણી.

ગરબીભટ્ટ ૧. પું. ગરબી ગાનારો, બૈરાંનો રાગ તાણનાર બ્રાહ્મણ.

૨. પું. ગુજરાન માટે અસંબદ્ધ કવિતા કરનાર બ્રાહ્મણ.

૩. વિ. રાંડવું; બાયલું; નામર્દ.

ગરબું ન. ગરીબ અને કંગાલ માણસ.

ગરબો ૧. [સં. ગર્ભદીપ] પું. અંદર દીવો હોય એવો કાણાં કાણાંવાળો માટીનો કે ધાતુનો નાનો મોરિયો. દીવો ઠરી ન જાય અને તેનાં કિરણ ચારે બાજુ નીકળી શોભે તે માટે તેને ઘણાં કાણાં રાખવામાં આવ્યાં હોય છે. દેવીપ્રસાદન માટે નવરાત્રિમાં ઘરમાં પૂજાર્થે તે રાખવામાં આવે છે.

૨. પું. તાળીઓ પાડતાં દીવા કે માંડવીની આસપાસ ફરતાં ગાવું તે.

૩. પું. મોટી ગરબી; લહેકાવીને ગાવાનો એક રાગ; રાસડો.

ગરભ ૧. પું. અભિમાન; ગર્વ.

૨. પું. અંદરનો પોચો માવો; ગર; તત્ત્વ; સાર; મગજ; ગર્ભ.

૩. પું. ઉત્પત્તિસ્થાન; ગર્ભાશય.

૪. પું. ખેતર કે જમીનનો વિસ્તાર; ક્ષેત્રફળ.

૫. પું. ગાળો; વચ્ચેની જગ્યા.

૬. પું. દહાડા; મહિના.

૭. પું. બે જીવવાળું હોવું તે; ગર્ભવાળી હાલત; સગર્ભાવસ્થા.

૮. પું. મોટી માછલીનાં ઝીણાં ઈંડાંઓનો સમૂહ. સુરત જિલ્લામાં આ શબ્દ આ અર્થમાં વપરાય છે.

૯. પું. રેશમનો કોશેટો.

૧૦. પું. સ્ત્રીપુરુષ કે નરમાદાના સંભોગથી પુરુષ કે નરનું વીર્ય સ્ત્રી કે માદાના ઉદરમાં જઈ વધી સર્વ અવયવો સાથે બંધાતો સચેતન પિંડ; ગાભ; હમેલ.

૧. ગરભ ગળવો-છૂટી જવો-પડવો = રોગને લીધે અથવા ઓસડથી ગર્ભ ગળી જવો; અધૂરે જવું; કસુવાવડ થવી.

૨. ગરભ પાડવો = ગરમ ઔષધિ વગેરેથી બળાત્કારે ગર્ભનું લોહી કરી નાખવું; ગર્ભપાત કરવો.

૩. ગરભ રહેવો-હોવો = દહાડા રહેવા; હમેલ હોવો.

૪. ગરભ રાખવો = સ્ત્રીને ગર્ભવતી બનાવવી.

ગરભછાંટ ૧. સ્ત્રી. ગપ; અફવા.

૨. સ્ત્રી. ગરનાળ; તોપ.

૩. સ્ત્રી. છરા ભરેલો દારૂનો ગોળો. આ ગોળામાં પથ્થર, ખીલા, છરા વગેરે ભરી દારૂ ધરબેલો હોય છે. એ ગોળો ઊડીને જ્યાં પડે ત્યાં પાછો જોરથી ફાટે અને તેમાંના છરા ખીલા વગેરે ઊડી આસપાસ ઘણું નુકસાન કરે. આગલા વખતમાં ખાંડણીના આકારની તોપ મારફતે આવા ગરભછાંટના ગોળા દુશ્મનની સામે ફેંકવામાં આવતા અને તે જ્યાં ફાટતા ત્યાં ઘણું નુકસાન કરતા.

ગરભદાન [સં. ગર્ભાધાન] ન. ઋતુપ્રદાન; રજસ્વલા સ્ત્રી નાહી શુદ્ધ થયા પછી તેની સાથે કરાતો સંભોગ.

ગરભલો પું. ગર; અંદરનો પોચો ભાગ; માવો.

ગરભસતરાઉ વિ. તાણામાં રેશમ અને વાણામાં સૂતર હોય એવા વણાટવાળું.

ગરભસૂતર જુઓ ગરભસુતરાઉ.

ગરભાર વિ. સ્ત્રી. ગર્ભવતી; ગર્ભિણી; સગર્ભા.

ગરભાવું ૧. અ. ક્રિ. ગરભ રહેવો; સગર્ભા હોવું.

૨. અ ક્રિ. ફળનું ગળી જઈ સડવાના રૂપમાં જવું.

૩. અ. ક્રિ. બગડવું; બફાવું; બેસ્વાદ થવું.

ગરભેલો પું. જુવારની એક જાત.

ગરભોળું ૧. ન. કેળની અંદરનો કૂમળો ભાગ.

૨. ન. દાણા ન ચડ્યા હોય એવું તુરતનું નીકળેલું કૂમળું ડૂંડું.

૩. ન. મકાઈનો દાણા વગરનો દૂધિયો ડોડો.

ગરમ ૧. વિ. આકરું; ભાવમાં તેજ.

૨. વિ. ઉદ્દામ; જહાલ.

૩. વિ. ઉશ્કેરાયેલું; ઊછળતું; જોશમાં કે ક્રોધમાં આવેલું.

૪. [સં. ઘર્મ] વિ. ઊનું; ઊકળતું; ઉષ્ણ; તપેલું.

૫. વિ. જલદ; તીખું.

૬. વિ. જેના સેવનથી શરીરમાં ગરમી પેદા થાય કે વધે તેવું; ઉષ્ણતાના ગુણવાળું.

૧. ગરમ આગ = (૧) ઘણું જ ગરમ. (૨) બહુ તીખું.

૨. ગરમ કપડાં = ઉષ્ણતા આપે એવાં ઊનનાં કપડાં.

૩. ગરમ કરવું = (૧) ઊનું કરવું; તપાવવું. (૨) ગુસ્સો ચડે તેમ કરવું.

૪. ગરમ થવું = મિજાજ ખોવો; તપી જવું; ગુસ્સે થવું.

૫. ગરમ પડવું = ગરમી ચડે કે વધે તેવું લાગવું; સખત લાગવું; શરીરમાં ઉષ્ણતા વધારે લાગવી.

૬. ગરમ પાણી = વીર્ય; શુક્ર.

૭. ગરમ મસાલો = દાળમાં નાખવાનો મરી, આદુ, જાયફળ, તજ, લવિંગ, તમાલપત્ર વગેરે ભેગાં કરી ખાંડી તૈયાર કરેલો મસાલો; તેજાનાનો ભૂકો. એ રસોઈની કેટલીક વાનીઓમાં નાખવામાં આવે છે.

૮. ગરમ મિજાજ = તીખો સહન ન થાય એવો સ્વભાવ.

૭. વિ. તીક્ષ્ણ; ઉગ્ર.

૮. વિ. તેજ; પ્રચંડ; પ્રબળ.

ગરમઠર સ્ત્રી. બરદાસ; સેવાચાકરી.

ગરમનરમ ૧. વિ. ઉતાવળું.

૨. વિ. ક્રોધી.

૩. વિ. તબિયત બરાબર ન રહેતી હોય એવું; સાજુંમાંદું.

૪. વિ. વધારેઓછું.

ગરમબજાર ૧. સ્ત્રી. ભાવમાં તેજી કે ઉછાળો.

૨. સ્ત્રી. વ્યાપારની તેજી.

ગરમબંધન ન. સારી પેઠે ગરમ પાણીમાં ધાબળી બોળી, નિચોવી તરત દરદીનાં અંગને લપેટી દેવી અને ઉપર બે ચાર કોરી ધાબળી નાખી દરદીને સુવાડી દેવો તે.

ગરમર સ્ત્રી. એક જાતની વનસ્પતિ; એક જાતનાં મૂળિયાં. તે અથાણાના કામમાં આવે છે. તેની જમીનમાં લાંબી ગાંઠો થાય છે. તેનાં ડાંખળાંને ડાળાં કહે છે. તેનાં મૂળ ભગવા રંગનાં લાંબાં થાય છે. તેની છાલ ઘસીને કાઢી નાખી તેનું અથાણું થાય છે. ગરમર ગુજરાત કાઠિયાવાડમાં બહુ વવાય છે. વાડીપડામાં ખાતર નાખી ઉનાળામાં ડાળખી યા કટકા રેતીવાળા ક્યારામાં વાવી, રોપા કરવા. પછી અરધું ચોમાસું ગયે ફેરવી વાવવા અને પાણી પાવું. તેને ખૂબ પાણી જોઈએ છે. છાણ તથા પાતરાંનું ગળતિયું ખાતર તેને બહુ માફક આવે છે. જમીન પણ ઊંડી રેતીવાળી ખેડીને તૈયાર કરી, ક્યારા બંધાવીને તેમાં ગરમરના તૈયાર કરેલા રોપા વાવવા. તે છ માસે તૈયાર થાય છે ત્યારે ખોદી કાઢવા, ને ઉપરનાં ડાંખળાં બીજી વારનાં વાવેતર માટે ક્યારામાં વાવી દેવાં.

ગરમરવું અ. ક્રિ. બહુ જ આતુર હોવું.

ગરમલી સ્ત્રી. કાંસાની નાની વાટકી.

ગરમા [ફા.] પું. ઉનાળો.

ગરમાઈ સ્ત્રી. ઉષ્ણતા; ગરમી.

ગરમાઉ [ફા. ગર્મ] વિ. ગરમ; ગરમી ઉત્પન્ન કરવાના ગુણવાળું.

ગરમાગરમ ૧. વિ. ઊનુંઊનું.

૨. વિ. ગુસ્સાવાળું; ક્રોધે ભરાયેલું.

૩. વિ. મસાલો ભેળવેલું.

ગરમાગરમી ૧. સ્ત્રી. ઉત્સાહ; જોશ.

૨. સ્ત્રી. ગરમાગરમ હોવું તે.

૩. વિ. ઊનુંઊનું; ઘણું જ ઊનું.

૪. વિ. ક્રોધવાળું; ગુસ્સા ભરેલું.

૫. વિ. મસાલો ભેળવેલું.

ગરમાટ ૧. પું. ગરમી; ઉષ્ણતા.

૨. પું. ગુસ્સો; રોષ.

૩. પું. જુસ્સો; ઉત્સાહ.

ગરમાટો ૧. પું. ઉષ્ણતા; ગરમી; હૂંફ; ધામ; બફારો; તપારો; ગરમાવો.

૨. પું. ગરમ હવાવાળી જગ્યા.

ગરમાવો જુઓ ગરમાટો.

ગરમાળાનો ગોળ પું. ગરમાળાની શિંગમાંથી નીકળતો ગોળ જેવો રેચક પદાર્થ; જુલાબની એક કાષ્ઠ ઔષધિ. જુઓ ગરમાળો ૨.

ગરમાળો ૧. પું. એક જાતનું ઝાડ. તે સીધું ઊગે છે અને ઊંચાઈમાં ૨૦થી ૩૦ ફૂટ હોય છે. થડ ટૂંકું હોય છે. તેની ડાળીઓ પાતળી, સીધી, ઊભી અને ફેલાતી હોય છે. તેનાં પાન ઘેરા લીલા રંગનાં હોય છે. નાના ઝાડની છાલ લીસી અને રાખોડી રંગની હોય છે. મોટાની ખરબચડી અને કાળાશ પડતી ભૂરી હોય છે. પાંદડાં ગુચ્છાકાર હોય છે. તેને ફૂલ આવે ત્યારે તે ઝાડ બહુ સુંદર રૂપ ધારણ કરે છે. પીળાં ચકચકિત ફૂલનાં ઝૂમખાં થાય છે. દરેક ઝૂમખું ૧૨થી ૧૮ ઈંચ લાંબું હોય છે. ઝૂમખાનું વૃંત પાતળું અને નીચે નમતું હોય છે. ફૂલનું ડીંટ પાંચ પાંખડીનું બનેલું છે. પાંચ પાંખડીઓમાં દોરા જેવાં પુંકેસર હોય છે. દરેક મથાળે પરાગકોષ હોય છે. શિંગ પુષ્કળ થાય છે. પાંદડાં ખરી ગયા પછી શિંગો તરી આવે તેમ દેખાય છે. એકથી ત્રણ ફૂટ લાંબી તેની શિંગો હોય છે. જાડાઈમાં એક ઈંચ હોય છે. તે મોટી થાય ત્યારે લીસી અને રતાશ પડતી કાળી હોય છે. જૂની થયા પછી તે તદ્દન કાળી થઈ જાય છે. દરેક શિંગમાં ચકચકિત, અંડાકાર અને પીળાશ પડતાં ૪૦થી ૧૦૦ જેટલાં બિયાં હોય છે. આ બિયાં કાળા અને મીઠા પદાર્થ સાથે ચોંટેલાં હોય છે. તેનાં કૂમળાં પાનનો રસ ખરજવું મટાડે છે. તેનાં મૂળ આરોગ્યવર્ધક અને તાવ ઉતારનાર મનાય છે. તેનાથી રેચ પણ સખત લાગે છે. તેનાં પાંદડાંની પોટીસ ઠંડીનો સોજો મટાડે છે. મોંના પક્ષઘાત તથા સંધિવામાં તે ઘસવાથી અસરકારક નીવડે છે. તેની શિંગનો માવો રેચક છે. સર્પદંશ અને વીંછીના ડંખ ઉપર તેનો કોઈ પણ ભાગ અસરકારક નથી. ફળને ઝીણાં વાટીને અને તેને ઉકાળીને તેના વાયુને ઠંડો કરવાથી એક જાતનું પીળું તેલ નીકળે છે. તેની ગંધ મધ જેવી છે.

૨. પું. ગરમાળાના ઝાડમાં થતી શિંગ. તેની અંદરનો ગર સ્વાદે ગળ્યો અને રેચક હોય છે. તે અતિ મધુર, શીતળ, મૃદુ, રેચક, તીખો, ભેદક અને ગુરુ તથા શૂળ, જ્વર, કોઢ, કંડૂ, મેહ, કફ, વાયુ, ઉદાવર્ત, હૃદ્રોગ, બંધકોશ, કૃમિ, વ્રણ, કફોદર, મૂત્રકૃચ્છ્ર તથા ગુલ્મનો નાશ કરે છે.

ગરમી ૧. સ્ત્રી. અગ્નિ, સૂર્ય વગેરેથી જે ગરમ હવા થાય છે તે; ઉષ્ણતા; તાપ. ગરમીમાં ચાર ગુણ છે: જે ચીજમાં ગરમી દાખલ થાય છે તે ચીજનું કદ ફૂલીને વધે છે, કેટલાક નક્કર પદાર્થને તાવીને પ્રવાહી કરે છે, પાણી જેવા પદાર્થને તે વરાળ રૂપમાં લાવે છે અને જે જે ચીજો ગરમીથી કદમાં વધે નહિ, અથવા હવારૂપે ઊડી જઈ શકે નહિ તેવી ચીજોને તે બાળીને ભસ્મ કરી શકે છે.

૧. ગરમી કાઢવી = સંભોગ કરી વીર્યસ્રાવ કરવો.

૨. ગરમી ગરમીને મારે = લોઢું લોઢાને કાપે.

૩. ગરમીમાં હોવું = ઋતુમાં આવવું.

૨. સ્ત્રી. આવેશ; કડાકડી; ધડાધડી.

૩. સ્ત્રી. ઇચ્છા; ઉમંગ.

૪. સ્ત્રી. ઉકળાટ; ઊભરો.

૫. સ્ત્રી. ઉગ્રતા; તેજી; પ્રચંડતા.

૬. સ્ત્રી. ઉનાળો; ગ્રીષ્મ ઋતુ.

૭. સ્ત્રી. ઊના પદાર્થને અડવાથી થતી અસર; આંચ; દાહ.

૮. સ્ત્રી. ક્રોધ; ગુસ્સો.

૯. સ્ત્રી. ખસરિયો; સુતારનું એક જાતનું સમાંતર લીટી કરવાનું ઓજાર; માપસર આંક પાડવા માટેનું સુતારનું એક ઓજાર.

૧૦. સ્ત્રી. ગરજ; જરૂર.

૧૧. સ્ત્રી. ધામ; બફારો.

૧૨. સ્ત્રી. ચાંદી; ઉપદંશ; દુષ્ટ મૈથુનથી ઉત્પન્ન થતો ટાંકી કે પરમિયાનો રોગ.

ગરમી થવી = (૧) ગરમ લાગવું. (૨) ચાંદીનો રોગ થવો.

૧૩. સ્ત્રી. જોર; જુસ્સો; તોર; મદ.

૧૪. સ્ત્રી. તીખાશ.

૧૫. સ્ત્રી. પ્રેમ; સ્નેહ.

૧૬. સ્ત્રી. હાથી, ઘોડાનો એક રોગ. તેમાં તેને પેશાબ સાથે લોહી પડે છે.

ગરમીટ ૧. ન. એક જાતની બાંધણી; લખત; કરારદાદ.

૨. ન. બારણામાં કાણું પાડવાનું ઓજાર. ચોર લોક આ ઓજાર વાપરે છે.

ગરમીદાણા પું. બ. વ. ગરમીના દિવસોમાં પરસેવાના કારણથી શરીરે નીકળતી અળાઈ.

ગરમીમાપકયંત્ર ન. તાવની કે વાતાવરણની ગરમી માપવાનું યંત્ર; 'થર્મોમીટર'.

ગરમીવાહક વિ. ગરમી લઈ જનારૂં.

ગરમું ન. છીછરી તપેલી જેવું વાસણ; પડઘી વિનાનો કાંસાનો મોટો વાટકો; કાંસિયું.

ગરમેલ સ્ત્રી. એક જાતનો રૂંવાટીવાળો છોડ; ગરમર. એનાં મૂળનું તથા એની ઉપરના ભાગનું અથાણું થાય છે.

ગરમો પું. ઉષ્ણતા; ગરમાવો; હૂંફ.

ગરમોટી સ્ત્રી. ગોરમટી; લીંપવાની માટી.

ગરર અ. એકદમ; જલદી.

ગરરરગટ્ટ ૧. ન. એકદમ ઓહિયાં કરવું તે; જલદી ગળી જવાપણું.

૨. ન. નાસી છૂટવું તે.

ગરલ ૧. સ્ત્રી. ધરોળી.

૨. ન. એક જાતનું માપ.

૩. ન. ઘાસનો પૂળો; ખડની થોકડી.

૪. [સં.] ન. ઝેર; વિષ.

૫. ન. રહસ્ય; ભેદ.

ગરલકૂંડ પું. એ નામનો ૮૬ માંહેનો એક નરકકૂંડ. જે મૂઢ માણસ મધમાખીઓને મારીને મધ ખાય છે તે માણસ તે માખીઓ જેટલાં વર્ષ સુધી આ કૂંડમાં વસે એમ મનાય છે.

ગરલગર્વ પું. અહંકારરૂપી ઝેર.

ગરલધર ૧. [સં.] પું. મહાદેવ; શંકર.

૨. પું. સર્પ; સાપ.

ગરલધારી [સં. ગરલધારિન્] વિ. ઝેરવાળું.

ગરલારિ [સં.] પું. મસ્તકમણિ; એક જાતનું રત્ન.

ગરલી વિ. ઝેરી; ઝેરવાળું.

ગરલ્લિ પું. ગળામાંથી નીકળતો ઘોઘરો અવાજ.

ગરવ પું. અભિમાન; અહંકાર.

ગરવડુ (ગરવડુ) પું. ગરબો; રાસ.

ગરવર ૧. પું. ગિરનાર પર્વત.

૨. પું. પહાડ.

ગરવરવું અ. ક્રિ. ઊંચું નીચું થઈ રહેવું; અધીરા થવું; ઉત્સુક બનવું.

ગરવાઈ સ્ત્રી. મોટપ; મોટાઈ.

ગરવાવું અ. ક્રિ. કામ કાઢી લેવા કરુણ સ્વરે બોલવું; ગળગળું થવું.

ગરવાળ પું. એ નામનો હિમાલયની તળેટીનો એક પ્રાચીન પ્રદેશ.

ગરવી સ્ત્રી. નાઘેર તરફ ખેતી કરનારા લોકોની એક જાત.

ગરવું ૧. ન. રોટલા કે ખાવાની વસ્તુ રાખવાનો પિત્તળનો દાબડો.

૨. વિ. ગંભીર; ગૌરવવાળું; મોટું; મહાન.

૩. વિ. ભારે ભપકાવાળું.

૪. વિ. મગરૂર; અભિમાની; ગર્વિષ્ઠ.

૫. અ. ક્રિ. અંદર પેસવું; ધીરે રહીને અંદર દાખલ થવું.

૬. અ. ક્રિ. ખરવું; ખરી પડવું.

૭. સ. ક્રિ. ખેંચવું; આકર્ષણ કરવું.

ગરવેલ ૧. સ્ત્રી. એક જાતનો છોડ. તેનાં પાન ડમરાનાં પાન જેવાં અને મૂળ કડવાં હોય છે અને દવામાં વપરાય છે.

૨. સ્ત્રી. ચોખાની એક સારી જાત.

ગરવૈયા સ્ત્રી. ચકલી.

ગરવો પું. ગિરનાર પર્વત.

ગરવ્રત પું. મોર.

ગરવ્રતી સ્ત્રી. ઢેલ; મયૂરી.

ગરશાસ્પ પું. પહેલવાન; મલ્લ.

ગરશ્રી સ્ત્રી. એક જાતની માછલી.

ગરસરા ૧. સ્ત્રી. રબારીની એ નામની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગરહણ સ્ત્રી. ગૃહિણી; ઘરની સ્ત્રી.

ગરંડ પું. ઘંટીનું ગારાનું થાળું.

ગરા ૧. પું. એક જાતનું ઝાડ; દેવતાલી વૃક્ષ.

૨. પું. ગળું; ડોક.

૩. સ્ત્રી. કૂકડવેલ.

૪. સ્ત્રી. ઘાસ કાપવાની કાતર.

૫. સ્ત્રી. ઘાસના પૂળાની ભારી.

ગરાઠ પું. ઘેરો; ચારે બાજૂથી ઘેરી લેવાપણું.

ગરાડ (ગરાડ઼) ૧. પું.; સ્ત્રી. ખાડો; ચીલો; ઢાળ; ખીણ.

૨. વિ. મોટું.

ગરાડી (ગરાડ઼ી) ૧. પું. વ્યસની; બંધાણી.

૨. સ્ત્રી. ગરેડી; લાકડા અથવા લોઢાનું ગોળ ચક્કર.

૩. સ્ત્રી. ગાડામાર્ગ; ચીલો.

૪. ન. એક જાતનું ફળ.

૫. વિ. ચકચૂર; મસ્ત; વ્યસનમાં ને વ્યસનમાં જ પડ્યું રહેનાર.

ગરાડુ (ગરાડ઼ુ) સ્ત્રી. એક જાતની શાકભાજી.

ગરાડો (ગરાડ઼ો) ૧. પું. ઇમારતની દીવાલનો પાયો નાખવા ખોદેલો લાંબો ઊંડો ખાડો.

૨. પું. વાછડાં પાડાંને છાશ પાવાની વાંસની નાળ.

ગરાણા ૧. સ્ત્રી. મુલ્લાંની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગરાણું ન. રાવ; ફરિયાદ.

ગરાણો પું. રંગારો; રંગરેજ.

ગરાદ ૧. સ્ત્રી. કઠેરો.

૨. સ્ત્રી. ગજ; માપવાનું એક સાધન.

૩. સ્ત્રી. ઘરના રવેશના કઠેરામાં અથવા કપાટમાં નાખવામાં આવતી ભમરી.

૪. સ્ત્રી. સળિયો.

૫. સ્ત્રી. સંઘાડે ઉતારેલી અથવા સિમેંટની થાંભલી.

ગરાદી ન. (જ્યોતિષ) જૈનસૂત્ર પ્રમાણે ૧૧ માંહેનું એ નામનું એક કરણ.

ગરાધિકા ૧. સ્ત્રી. રાતો રંગ.

૨. સ્ત્રી. લાખ.

ગરાન [ફા.] વિ. વજનદાર; ભારે.

ગરાનખાતિર (ગરાનખ઼ાતિર) વિ. ઘમંડી; ખોટો ડોળ કરનારૂં.

ગરાની ૧. સ્ત્રી. અછત; ઊણપ; ખોટ.

૨. સ્ત્રી. અપચો; બદહજમી.

૩. સ્ત્રી. ઉદાસીનતા.

૪. સ્ત્રી. મોંઘાઈ; વધારે ભાવ હોવાપણું.

૫. સ્ત્રી. સુવાવડમાં સ્ત્રીને થતો એક રોગ.

ગરાબ ન. વહાણ; નાની હોડી.

ગરાયું ન. એક જાતનું ઘરેણું.

ગરાયો ૧. પું. બોરડીનાં સૂકાં જાળાંનો જથ્થો.

૨. પું. સોનીનું એક જાતનું ઓજાર.

ગરારિ પું. નીલમ; એક જાતનું રત્ન.

ગરારી ૧. સ્ત્રી. કૂવાના મંડાણ ઉપર પાણી ખેંચવા માટે નાખેલ ગરેડી.

૨. સ્ત્રી. દોરો વીંટવાની ફાળકી.

ગરાવ ૧. [હિં.] પું. ઘાસ કાપવાની કાતર.

૨. પું. ઘાસના પૂળાની ભારી.

ગરાવા ૧. [હિં.] પું. પ્રકાશ; તેજ.

૨. પું. હલકી જમીન.

ગરાશિયણ જુઓ ગરાસણી.

ગરાશિયો ૧. પું. કોઈ પણ રજપૂત; એ જાતનો માણસ.

૨. [સં. ગ્રાસ] પું. ગરાસ ખાનારો રજપૂત; જમીનદાર; રાજવંશી ભાયાત; રજપૂતોને હિસ્સે આવેલી જમીનની ઊપજ ખાનાર.

૩. પું. ભીલ.

ગરાસ ૧. [સં. ગ્રાસ] પું. કોળિયો.

૨. પું. ખોરાક.

૩. પું. ગુજરાનને માટે મળેલો જમીનનો ઇનામી કકડો. અગાઉ ગામમાં થતી લૂંટફાટ અટકાવવા માટે ભીલ, રજપૂત કે એવા મારફાડિયા માણસોને શાંત રાખવા ગામમાંથી જમીનનો અમુક ભાગ કાઢી આપવામાં આવતો. એ જમીન તે રખેવાળીના બદલામાં ભોગવતો હોવાથી ગરાસ કહેવાય છે. ગરાસ શબ્દ કોળિયાના અર્થમાં વપરાય છે અને તે શબ્દ ગુજરાન એવું બતાવે છે. તે રાજકુટુંબના મૂળ પુરુષના વંશજોને ગુજરાનને માટે જે જમીન મળેલી હોય તેવી જમીનને માટે વપરાય છે.

ગરાસ જવો = ગરાસ જવા જેવું થવું; નુકસાન થવું.

૪. પું. ભાટ લોકના ચોપડા પ્રમાણે રાજ્યકર્તાના કુટુંબીઓને ગુજરાન માટે અપાતી રોકડ રકમ.

૫. સ્ત્રી. એ નામની ખત્રીની અટક.

૬. ન. એ નામની અટકનું માણસ.

૭. વિ. એ નામની ખત્રીની અટકનું.

ગરાસખાતું ન. ગરાસનો વહીવટ ચલાવનાર ખાતું.

ગરાસણ ૧. સ્ત્રી. ગરાસિયા જાતની સ્ત્રી.

૨. સ્ત્રી. ગરાસિયાની સ્ત્રી.

ગરાસણી ૧. સ્ત્રી. ગરાસિયા જાતની સ્ત્રી.

૨. સ્ત્રી. ગરાસિયાની સ્ત્રી.

ગરાસદાર વિ. ગરાસવાળું; જાગીરદાર; ગરાસ ધરાવનારૂં.

ગરાસદારી ૧. સ્ત્રી. ગરાસદારપણું.

૨. સ્ત્રી. રાજાને જરૂર પડે ત્યારે ગરાસદાર મદદ કરે અને તેના બદલામાં જમીનની ઊપજનો ઉપભોગ કરે એવી પદ્ધતિ; ઉમરાવશાહી પદ્ધતિ.

૩. વિ. ગરાસદારને લગતું; જાગીરદાર સંબંધી.

ગરાસિયણ જુઓ ગરાસણ.

ગરાસિયો ૧. પું. ગરાસ ભોગવનાર માણસ.

૨. પું. બાજરો. વેપારીમાં આ શબ્દ સંજ્ઞા તરીકે વપરાય છે.

ગરાસી [હિં.] સ્ત્રી. ડૂંડા કાપવાનું હથિયાર.

ગરાળા ૧. સ્ત્રી. એ નામની કણબીની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની કણબીની અટકનું.

ગરાળો પું. ગોળ રાંધનાર માણસ.

ગરાં ૧. વિ. કંટાળો આપે એવું.

૨. [ફા.] વિ. કીમતી; મોંઘું.

ગરાં કરવું = કીમત વધારવી.

૩. વિ. ભારરૂપ; સખ્ત.

૧. ગરાં ગુઝરવું = કોઈના ઉપર ભારરૂપે પડવું.

૨. ગરાં થવું = (૧) ભારરૂપ થવું. (૨) ભાવ વધવો.

૪. વિ. વજનદાર; ભારે.

૫. વિ. સહન ન થઈ શકે એવું.

ગરાંખાતિર (ગરાંખ઼ાતિર) [ફા.] વિ. ભારરૂપ; નાખુશ.

ગરાંણ ૧. ન. (જૂ. ગુ.) ગર્વ.

માય તાપના ઢલ્યાં **ગરાંણ**,
ટલીયું પુત્ર તણઉં ઉમાંણ. લાવણ્યસમય

૨. ન. માન; આદર.

ગરાંબહા ૧. વિ. આકરૂં.

૨. વિ. કીમતી; મોંઘું.

ગરાંસ [સં. ગ્રાસ] પું. કોળિયો.

ગરિ પું. દશ જાતના ગોસાંઈમાંની એકની ઓળખ; ગિરિનો અપભ્રંશ. જેમકે, ચંદનગરિ.

ગરિડું (ગરિડું) ન. છાણનો ગોળો.

ગરિત વિ. ઝેરી.

ગરિબાન [ફા.] પું. કોલર.

ગરિમતા [સં. ગરિમન્] સ્ત્રી. ગરિમા; આઠ માંહેની એક સિદ્ધિ; અત્યંત ભારે થવાની શક્તિ. અણિમા, મહિમા, ગરિમતા, લઘિમા, પ્રાપ્તિ, પ્રકામ, વશીકરણ અને ઈશિતા એ અષ્ટ સિદ્ધિનાં નામ છે.

ગરિમા ૧. [સં. ગરિમન્] સ્ત્રી. આઠ માંહેની એક પ્રકારની સિદ્ધિ; ભારે સ્વરૂપ ધારણ કરવાની શક્તિ; ઇચ્છાનુસાર વજનમાં અથવા દેખાવમાં ભારે થવાની શક્તિ.

૨. સ્ત્રી. આત્મશ્લાઘા; શેખી.

૩. સ્ત્રી. આબરૂ; ગૌરવ.

૪. સ્ત્રી. મહત્તા; મહત્ત્વ; મોટાઈ; પ્રૌઢતા; ગુરુત્વ.

ગરિયલ પું. એક જાતનું પક્ષી.

ગરિયા ૧. સ્ત્રી. એ નામની કણબીની એક અટક.

૨. સ્ત્રી. એક જાતની માછલી; 'ટરબોટ'. આ જાતની માછલી એક ઋતુમાં નેવું લાખ ઈંડાં મૂકવાનું કહેવાય છે.

૩. સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેના વેલા થાય છે અને તેનાં ફળ ગરિયા જેવાં થાય છે.

૪. ન. એ નામની અટકનું માણસ.

૫. વિ. એ નામની અટકનું.

ગરિયાવેલ સ્ત્રી. એક જાતની જંગલી વેલ. તેનાં ફળ નાનાં અને ગરિયાના આકારનાં હોય છે. ચોમાસામાં તેને ગુલાબી રંગનાં ફૂલ આવે છે.

ગરિયાળા ૧. સ્ત્રી. એ નામની કણબીની અટક.

૨. સ્ત્રી. મુસલમાનની એ નામની એક જાત.

૩. ન. એ નામની કણબીની અટકનું માણસ.

૪. ન. એ નામની જાતનું માણસ.

૫. વિ. એ નામની કણબીની અટકનું.

૬. વિ. એ નામની જાતનું.

ગરિયો ૧. પું. અરજોળાનો એક ભાગ. તેમાં છેડે લોઢાની અણી હોય છે.

૨. પું. કંપાસ જેવું એક સાધન. તેમાં પેન્સિલ પકડવાની પટીને બંધવવા એક બીજી નાની પટી ગરિયામાં નાખેલી હોય છે. આથી નાનો મોટો કંપાસ થઈ શકે.

૩. પું. ખુલ્લી કે બંધ જગ્યામાં ભમરડા વડે રમવાની એક દેશી રમત. પ્રથમ દાવ દેનાર તરીકે એક છોકરાને નક્કી કરવામાં આવે છે. તે છોકરો જમીન ઉપર નાનું કૂંડાળું કાઢી પોતાનો ગરિયો તેમાં મૂકે. બીજા છોકરાઓ પોતપોતાના ગરિયાને જાળી એટલે કે સુતરની દોરી વીંટી કૂંડાળાથી ખુશી પડે તેટલે છેટે ઊભી પોતાનો ગરિયો કૂંડાળામાંના ગરિયા ઉપર જોરથી ફેંકી એક પછી એક ફેરવે. જો કૂંડાળામાંનો ગરિયો બહાર નીકળી જાય તો દાવ દેનારને માથે દાવ કાયમ રહે અને ગરિયો કાઢી નાખનારો પોતાનો ગરિયો લઈ પાછો રમે. પણ જો ગરિયો કૂંડાળામાંથી બહાર ન નીકળે તો તેને બહાર કાઢવામાં નિષ્ફળ ગયેલા ખેલાડીનો ગરિયો ફરતો હોય તેને દાવ દેનારો પોતાની જાળીનો આંટો નાખી તે વડે હવામાં ઉડાડી પોતે ઝીલી લે તો પોતાનો ગરિયો કૂંડાળામાંથી લઈ તેની જગ્યાએ તે ઝીલેલો ગરિયો મૂકે અને પોતે દાવ લે. પણ જો તે ગરિયો ઝીલી ન શકે તો તેને માથે દાવ કાયમ રહે.

૪. પું. ગરિયાના જેવો ઘાટ કે આકાર.

૫. પું. ઘૂંટી.

૬. પું. ત્રણ દોરડાં ભેળાં કરીને જાડું દોરડું બનાવવા વચ્ચે ત્રણ હાંસવાળું વપરાતું લાકડું.

૭. પું. ધમણને ખેંચવાની સાંકળને છેડે જોડેલું લાકડું.

૭. પું. પાયાનો વચલો ભાગ. તેનો આકાર હરિકેઈન ફાનસના ઊંધા પોટા જેવો હોય છે.

૮. પું. ભમરડો.

૯. પું. રંગરેજ.

૧૦. પું. શિખર.

ગરિષ્ઠ ૧. પું. (પુરાણ) એ નામનો એક ઋષિ.

૨. પું. એક તીર્થનું નામ.

૩. પું. એક દાનવનું નામ.

૪. પું. એક રાજાનું નામ.

૫. [સં.] વિ. ઝટ ન પચી શકે એવું; ભારે.

૬. વિ. સૌથી ભારે.

૭. વિ. સૌથી મોટું.

૮. વિ. સૌથી વધુ અગત્યનું.

૯. વિ. સૌથી શ્રેષ્ઠ; સંગીન.

ગરિષ્ઠા ૧. સ્ત્રી. દુર્ગાનું એક નામ.

૨. વિ. સ્ત્રી. અત્યંત ભારે.

૩. વિ. સ્ત્રી. અત્યંત શ્રેષ્ઠ.

૪. વિ. સ્ત્રી. સૌથી મોટી.

ગરિષ્ઠાઉર:પ્રચ્છદા સ્ત્રી. પ્રગંડાસ્થિના મહાપિંડક તથા લઘુપિંડક નામના બે ઉત્સેધ વચ્ચેની ખાઈના બહારના કિનારા ઉપર લાગેલી એ નામની પેશી; 'પેક્ટૉરેલિસ મેજર.'

ગરિષ્ઠાઉરૂસંવ્યૂહની સ્ત્રી. એ નામની એક પેશી; 'ઍડક્ટર મૅગ્નસ.'

ગરી ૧. [સં. ગુલિકા] સ્ત્રી. કૂકડવેલ.

૨. સ્ત્રી. દેવતાડ.

૩. સ્ત્રી. નાળિયેરનો મગજ; ટોપરું.

૪. અ. ધંધો બતાવનાર પ્રત્યય. જેમકે, જળગરી.

ગરીઉલસમક [યૂ.] સ્ત્રી. સરેશ માછલી.

ગરીકેરહમત અ. મરનારના આત્માને ઈશ્વર શાંતિ બક્ષે.

ગરીડું (ગરીડુ઼) ન. છાણનો નાનો લોંદો કે ગોળો.

ગરીઢ પું. ઉપર સાંકડો અને નીચે પહોળો હોય એવો થાંભલો.

ગરીનામી ૧. સ્ત્રી. એ નામની બાવાની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગરીબ ૧. પું. (સંગીત) એક આધુનિક રાગ. તે મુકામ રાગનો પુત્ર માનવામાં આવે છે.

૨. પું. મુસાફર; પરદેશી.

૩. વિ. અકંચન; અકિંચન; નિર્ધન; દીન; કંગાલ. ગરીબનો મૂળ અર્થ અજાણ્યો થાય છે. અજાણ્યા માણસને કાંઈ રસ્તો સૂઝે નહિ તેથી તે ગૂંચવાય અને હાંફળોફાંફળો થઈ જાય, તેમ પૈસા વિનાનો પણ થાય, તેથી એ અર્થમાં વપરાય છે.

૧. અજબો ગરીબ = વિચિત્ર; આશ્ચર્યકારક.

૨. ગરીબની વહુને સૌ ભાભી કહે = નિર્ધન ઉપર સૌ હુકમ ચલાવે; શાંત પ્રાણી ઉપર સૌ ભાર ભરનાર મળે, પણ ના કહેનાર ન મળે.

૩. ગરીબને ગાંડમાં દાંત હોય છે = ગરીબ વધારે લુચ્ચા હોય એમ મનાય છે.

૪. ગરીબનો બેલી રામ = પ્રભુ હમેશા ગરીબોનું રક્ષણ કરે છે; ગરીબનો બેલી ઈશ્વર.

૫. ગરીબનો માળવો = ગરીબને માટે સુખનું સ્થળ.

૪. વિ. દુ:ખી; બાપડું.

૫. વિ. નમ્ર; રાંક; ઠંડા સ્વભાવનું; ભલું; સાલસ; સહનશીલ.

ગરીબઅશરાપ ૧. વિ. અતિ નમ્ર; ઘણા જ ઠંડા સ્વભાવનું.

૨. વિ. બહુ જ ગરીબ; છેક જ ગરીબ.

ગરીબખાનું ૧. ન. દરિદ્રાલય.

૨. ન. પોતાનું ઘર.

ગરીબગરબું ૧. [અ. ઘરીબ + ઘુરબા (ગરીબો)] ન. ગરીબ અને કંગાલ માણસ.

૨. ન. ભિખારું.

૩. વિ. કંગાલ; નિર્ધન.

ગરીબગુરબું જુઓ ગરીબગરબું.

ગરીબગોજારું વિ. દેખીતું શાંત પણ પાતકી હોય એવું.

ગરીબગોલું વિ. દેખાય રાંક પણ હોય લુચ્ચું એવું.

ગરીબડું (ગરીબડુ઼) ૧. વિ. ગરીબ; રાંક; નમ્ર.

૨. વિ. નિર્ધન; કંગાલ.

૩. વિ. બાપડું; દુ:ખી.

ગરીબનવાજ [અ. ગરીબ + ફા. નવાખ્તન (કૃપા કરવી)] વિ. ગરીબો ઉપર દયા કરનાર; ગરીબનું પોષણ કરે એવું; ગરીબોને મદદ કરનાર; ગરીબના બેલી જેવું.

ગરીબનાથ પું. એ નામનો યોગી પુરુષ. પટ્ટણ સબ દટ્ટણ કરનાર ગુરુ ધુંધલીમલનો તે ચેલો હતો.

ગરીબનિવાજ જુઓ ગરીબનવાજ.

ગરીબપરવર ૧. [અ. ગરીબ + ફા. પરવર (પાળનાર)] પું. ગરીબનો બેલી ઈશ્વર; ગરીબનું ધ્યાન રાખનાર પ્રભુ.

૨. વિ. ગરીબની પરવરી કરનાર કે સંભાળ લેનાર; ગરીબને પાળનારું; દીનપ્રતિપાલક. મોટા માણસને સંબોધવા વાસ્તે ગરીબપરવર શબ્દ વપરાય છે.

ગરીબમીરઝા પું. ઇમામી ધર્મના ચોત્રીશમા ઇમામ. તેમની ઇમામત ઈ. સ. ૧૪૯૪થી ૧૪૯૭ સુધી ત્રણ વરસ ચાલી.

ગરીબશાળા સ્ત્રી. ગરીબાઈવાળી શાળા.

ગરીબહરામી વિ. સ્વભાવે ગરીબ પણ બીજા સાથેના વર્તનમાં લુચ્ચાઈ કરનારું.

ગરીબાઈ ૧. સ્ત્રી. ગરીબી; નિર્ધનતા; કંગાલિયત; દળદર; ગરીબપણું.

૨. સ્ત્રી. ભલાઈ; નમ્રતા; સાલસાઈ.

ગરીબામૌજ વિ. હલકું. પોશાક તથા ખોરાકના સંબંધમાં આ શબ્દ વપરાય છે.

ગરીબી ૧. [અ. ઘરીબી] સ્ત્રી. કંગાલિયત; દળદર; નિર્ધનતા; ગરીબપણું.

૨. સ્ત્રી. નમ્રતા; અધીનતા; ભલાઈ; સાલસાઈ.

ગરીબુનનવાઝ ૧. પું. પરમેશ્વર.

૨. વિ. ગરીબોનો પાલક; ગરીબોનો બેલી.

ગરીયસ [સં.] વિ. વધારે વજનદાર; વધારે મહત્ત્વ ધરાવનાર.

ગરીયસી ૧. સ્ત્રી. લોહી અને વિકારની નાડી.

૨. [સં.] વિ. સ્ત્રી. ગૌરવશાળી; મહાન.

૩. વિ. સ્ત્રી. વધારે વજનદાર; વધારે મહત્ત્વ ધરાવનાર.

ગરીશ વિ. હલકા કુળનું.

ગરુ ૧. [સં. ગુરુ] પું. અધ્યાપક; શિક્ષક.

૨. પું. મુરબ્બી; વડીલ.

૩. વિ. ભારે વજનદાર.

૪. વિ. મોટું.

ગરુડ (ગરુડ઼) ૧. પું. (પુરાણ) અર્ધો પક્ષી અને અર્ધો માણસ એવો એક કાલ્પનિક દેવતા. તે જ્યારે જન્મ્યો ત્યારે એટલો બધો તેજસ્વી હતો કે દેવોએ તેને અગ્નિ માની પૂજવા માંડ્યું. તેનું માથું, પાંખ અને ચાંચ પક્ષી જેવાં અને શરીરના બીજા ભાગ માણસ જેવા હોય છે. તેનું મુખ ધોળું, પાંખો રાતી અને શરીર સોનેરી હોય છે. તેના પુત્રનું નામ સંપાતિ અને સ્ત્રીનું નામ ઉન્નતિ અથવા વિનાયકા છે. પોતાની માતાનું દાસીત્વ દૂર કરવા તેણે અમૃતની ચોરી કરી, પરંતુ ઇંદ્ર તે જાણી ગયો. તેથી બંને વચ્ચે ઘોર યુદ્ધ થયું. ઇંદ્રે અમૃત પાછું મેળવ્યું પણ લડાઈમાં તે બહુ ઘાયલ થયો. અને તેનું વજ્ર તોડી નખાયું. એ શાલ્મલિદ્વીપમાં રહેતો. વિષ્ણુની સાથે એણે બોલી કરી હતી કે હું તમારા ઉપર હોઉં, વિષ્ણુએ માગ્યું કે હું તારા ઉપર હોઉં. આથી એ વિષ્ણુનું વાહન થયો અને વિષ્ણુએ તેને પોતાની ધ્વજા ઉપર રાખ્યો. તેની માતાનું

નામ વિનતા, પિતાનું નામ કશ્યપ અને તેના મોટા ભાઈનું નામ અરુણ હતું. તેની પાંખો લાલ છે. તે પક્ષીનો રાજા મનાય છે. તેની માની શોક કદ્રુ સર્પની માતા હતી. તેણીએ ગરુડની માતાને દુઃખ દીધું હતું તેનું વેર લેવા માટે ગરુડે સર્પનો નાશ કરવા વરદાન મેળવ્યું હતું. તેનાં કાશ્યપી, વૈનતેય, સુપર્ણ, ગરુત્મા, દક્ષાય, શાલ્મલી, તાર્ક્ષ્ય, વિનાય, સિતાનન, રક્તપક્ષ, શ્વેતરોહિત, સુવર્ણકાય, ગગનેશ્વર, ખગેશ્વર, નાગાંતક, પન્નાગનાશન, સર્પારાતિ, તરસ્વી, રાસાયન, કામચારી, કામાયુ, ચિરાદ, વિષ્ણુરથ, અમૃતાહરણ, સુધાહર, સુરેંદ્રાજિત, વજ્રજિત વગેરે ઘણાં નામ છે.

૨. [સં.] પું. એક જાતનો ગોખ; પ્રંદર માંહેનો એક જાતનો ગવાક્ષ. તેને બે તરફ દ્વાર અને તે દ્વારને જાળી હોય છે.

૩. પું. એક જાતનો મહેલ.

૪. પું. એક પક્ષી. તેની અનેક જાતો થાય છે. યરપમાં સોનેરી ગરુડ થાય છે તેને 'ગોલ્ડન ઇગલ' કહે છે. તેનાથી ઊતરતું એક શાહી ગરુડ છે. ગુજરાતના વતની અને વ્યાપક ગરુડને ધોળવો કહે છે. શરીરે બરાબર ગજ લાંબો, પાંખો પહોળી કરે તો પથી ૬ ફૂટ થાય એવડો તે હોય છે. માદા તો એથી પણ મોટી હોય છે. બંનેના દેહનો રંગ ઘેરાશ પડતો બદામી કપિલા ગાય જેવો હોય છે. માથું અને ગળું કાળાશ પડતાં, છાતી ઉપર સહેજ આછાં છાંટણાં, પાંખોમાં બે આડા પટા, ચાંચ કઠોર અને છેડે અણીદાર આંકડા જેવી વળેલી, રંગે ભૂરી, અણી કાળાશ પડતી તથા પગનાં આંગળાં પીળાં અને છેડે કાળા નખ હોય છે. દેખાવે તે મોટી શમળી જેવો લાગે, પણ શમળીથી જુદો પડે. શમળીનું માથું ગોળાશ પડતું પણ ગરુડનું ચપટું અને બેડા ઘાટનું હોય છે. શમળીના પગ ઢીંચણ સુધી પીંછાંવાળા અને નીચે ઉઘાડા હોય છે. ગરુડના આખા પગ સાથળથી ઠેઠ પગનાં આંગળાં સુધી પીછાંથી ઢંકાયેલા હોય છે. શમળીની પૂંછડી છેડે શંકુ આકારની અને વચ્ચેથી કપાયેલી હોય છે, ગરુડની ગોળાશ પડતી હોય છે. તે ક્વચિત ટોળામાં ફરતો દેખાય છે. ઘણી વખત ઝાડની ટોચે નિરાંતે બેસી આસપાસના પ્રદેશનું નિરીક્ષણ કરતો દેખાય છે. તેનો દેખાવ બીક લાગે એવો પણ સ્વભાવે બહુ ખુશમિજાજી હોય છે. બેસે ત્યારે ઢગલો થઈ પડે પણ ઊડે ત્યારે અત્યંત ગૌરવભર્યો ઊડે. નાનાં પંખી, દેડકાં, સાપ, સસલાં, કાચંડા, તીડ એ તેનો ખોરાક છે. શિયાળો એની પ્રજોત્પત્તિનો સમય છે. એમના માળા કાંટાળાં ઝાડ અને ખાસ કરીને બાવળની ઊંચી ટોચે જ એ બાંધે છે. મોટી પાંખોને કાંટા ન નડે એ હેતુથી તે ટોચ પસંદ કરે છે. એના માળા ઝાડની વચ્ચે કદી જોવામાં આવતા નથી.

૫. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. આ છંદ ષટ્પદી છપ્પય છંદનો એક ભેદ છે. તેમાં ૧૨૦ લઘુ અને ૧૬ ગુરુ મળી ૧૫૨ માત્રા હોય છે.

૬. પું. (પિંગળ) એક સમજાતિ માત્રામેળ છંદ. આ સવૈયા છંદનો એક ભેદ છે. તેમાં ૨૪ ગુરુ અને ૭૬ લઘુ હોય છે.

૭. પું. ચૌદમા કલ્પનું નામ.

૮. પું. જોડેલા હાથના ચોવીસ પ્રકારના અભિનયમાંનો વીસમો અભિનય.

૯. પું. શ્રીકૃષ્ણના એક પુત્રનું નામ.

૧૦. પું. સૈન્યમાં રચાતો એક લશ્કરી વ્યૂહ.

૧૧. પું. (જૈન) સોળમા તીર્થંકરના એક ગણધર.

૧૨. ન. અથર્વવેદની એક ઉપનિષદ; એકસો આઠ માંહેની એક ઉપનિષદ. જુઓ ઉપનિષદ.

૧૩. ન. ઇન્દ્રક વિમાનનું એક નામ.

૧૪. ન. તારાનો એક સમુદાય. તે ઉત્તર ગોળાર્ધમાં આવેલ છે. તેને અંગ્રેજીમાં 'અકવીલા' કહે છે. તે વિષુવાંશ ૨૭૦થી ૩૧૦ અને દક્ષિણ ક્રાંત્યંશ ૧૫થી ઉત્તર ક્રાંત્યંશ ૧૫ વચ્ચે આવેલો છે. તેનો આકાર ગરુડ પક્ષી જેવો છે.

૧૫. ન. મુખ્ય અઢાર માંહેનું એક પુરાણ.

૧૬. ન. વિષ્ણુનું વાહન.

ગરુડકલ્પ (ગરુડ઼કલ્પ) [સં.] પું. (પુરાણ) ચાલુ બ્રાહ્મમાસનો ચૌદમો કલ્પ એટલે દિવસ; બ્રહ્માના ત્રીશ માંહેનો એક દિવસ. જુઓ કલ્પ. આ કલ્પમાં પ્રથમ ગરુડાવતાર થયો હોવાથી આ નામ પડ્યું કહેવાય છે.

ગરુડકૃત (ગરુડ઼કૃત) પું. (પિંગળ) એક જાતનો ચાર ચરણવાળો છંદ. તેના દરેક ચરણમાં સોળ અક્ષર હોય છે.

ગરુડકેતુ (ગરુડ઼કેતુ) જુઓ ગરુડધ્વજ.

ગરુડગણ (ગરુડ઼ગણ) ૧. [સં.] પું. ગરુડનું ટોળું.

૨. પું. પક્ષીઓ.

ગરુડગામી (ગરુડ઼ગામી) ૧. [સં. ગરુડગામિન્] પું. ગરુડ ઉપર સવારી કરનાર વિષ્ણુ.

૨. પું. શ્રીકૃષ્ણ.

૩. વિ. ગરુડ ઉપર બેસી જનાર.

ગરુડઘંટા (ગરુડ઼ઘંટા) [સં.] સ્ત્રી. ઠાકોરજીની પૂજામાં વગાડવામાં આવતી ટોકરી. તે ઉપર ગરુડની મૂર્તિ હોય છે.

ગરુડચિહ્નાંકિત (ગરુડ઼ચિહ્નાંકિત) [સં.] પું. એક જાતનું રત્ન.

ગરુડધૃત (ગરુડ઼ધૃત) પું. (પિંગળ) સોળ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; ગરુડરૂત. આ છંદ અષ્ટિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં નગણ, જગણ, ભગણ, જગણ, તગણ અને ગુરુ મળી સોળ અક્ષર હોય છે.

ગરુડધ્વજ (ગરુડ઼ધ્વજ) ૧. [સં.] પું. એક પ્રકારનો થાંભલો. તેના ઉપર ગરુડની આકૃતિ હોય છે.

૨. પું. કૃષ્ણ; વાસુદેવ.

૩. પું. ગરુડ પક્ષીના ચિત્રવાળી ધ્વજા.

૪. પું. વિષ્ણુ. તેમની ધ્વજામાં ગરુડનું ચિહ્ન હોય છે.

૫. પું. સુવર્ણકુમાર જાતિના દેવ.

ગરુડધ્વનિ (ગરુડ઼ધ્વનિ) [સં.] પું. એક જાતનો રાગ.

ગરુડપંખણી (ગરુડ઼પંખણી) સ્ત્રી. ગરુડ પંખીની માદા.

ગરુડપાચુ (ગરુડ઼પાચુ) [સં. ગરુડ + પાચ (લીલમ)] ન. એક જાતનું લીલમ; પાનું; લીલો મણિ; મરકત.

ગરુડપાચુનાં પાટિયાં જડ્યાં. ગિરધર

ગરુડપાશ (ગરુડ઼પાશ) [સં.] પું. એક પ્રકારનો ફાંસો. તે પ્રાચીન કાળમાં શત્રુને પકડવા અથવા બાંધવા માટે તેના ઉપર ફેંકાતો.

ગરુડપુરાણ (ગરુડ઼પુરાણ) [સં.] ન. અઢાર માંહેનું વિષ્ણુ સંબંધી એક પુરાણ. આ પુરાણ મૂએલા માણસની પાછળ વાંચવામાં આવે છે. તેમાં તાંત્રિક કર્મો, જ્યોતિષ, સામુદ્રિક, રત્નપરીક્ષા, આયુર્વેદ, પ્રેતકલ્પ વગેરે કથા છે. આ પુરાણની સંખ્યા ૭૦૦ની છે. તેમાં વિશેષે કરીને યમપુર તથા અનેક પ્રકારનાં નરકોનું વર્ણન છે. પ્રેતકર્મનું વિધાન પણ છે.

સત્તરમા પુરાણમાં પોતે ગરુડ વક્તા છે તેથી ગરુડપુરાણ કહેવાય છે. ભગવતી ભાગવત

ગરુડબાદશાહી (ગરુડ઼બાદશાહી) પું. એક જાતનો મોટો ગરુડ. એ અમેરિકાનું વસનાર અને સર્વે ગરુડમાં મોટામાં મોટો છે. એ એકાંતમાં રહે છે.

ગરુડભક્ત (ગરુડ઼ભક્ત) [સં.] પું. ગરુડની ઉપાસના કરનાર એક સંપ્રદાય. તે ભારતવર્ષમાં ઈસુ ખ્રિસ્તના જન્મ પહેલાં પ્રચલિત હતો.

ગરુડમંડલ (ગરુડ઼મંડલ) [સં.] ન. (જ્યોતિષ) વિષુવાંશ ૨૭૦ થી ૩૧૦ અને દક્ષિણ ક્રાંત્યંશ

૧૫ થી ઉત્તર ક્રાંત્યંશ ૧૫ વચ્ચે આવેલો એ નામનો તારાપુંજ.

ગરુડમંત્ર (ગરુડ઼મંત્ર) [સં.] પું. તંત્રશાસ્ત્ર પ્રસિદ્ધ એક મંત્ર. તેનાથી સર્પનું ઝેર ઊતરે છે એમ મનાય છે.

ગરુડમુદ્રા (ગરુડ઼મુદ્રા) [સં.] સ્ત્રી. એ નામની એક મુદ્રા.

ગરુડયાન (ગરુડ઼યાન) ૧. [સં.] પું. વિષ્ણુ.

૨. પું. શ્રીકૃષ્ણ.

ગરુડરાજ (ગરુડ઼રાજ) [સં. ગરુડરાજન્] પું. ગરુડનો રાજા.

ગરુડરૂત (ગરુડ઼રૂત) જુઓ ગરુડધ્રૃત.

ગરુડલિપિ (ગરુડ઼લિપિ) પું. ચોસઠ માંહેની એક પ્રકારની લિપિ. જુઓ લિપિ.

ગરુડવર્ગ (ગરુડ઼વર્ગ) પું. અ, ઈ, ઉ, એ થી શરૂ થતા નામનો વર્ગ.

ગરુડવાદ (ગરુડ઼વાદ) પું. અનેક જાતના પક્ષીની બોલી બોલવાની વિદ્યા.

ગરુડવાહન (ગરુડ઼વાહન) [સં.] પું. વિષ્ણુ.

ગરુડવેગા (ગરુડ઼વેગા) [સં.] સ્ત્રી. એકદમ વધી જતી એક જાતની વેલ.

ગરુડવ્યૂહ (ગરુડ઼વ્યૂહ) [સં.] પું. વચલો ભાગ વધારે વિસ્તૃત અને આગળ તથા પાછળનો ભાગ પાતળો એવા આકારે રણક્ષેત્રમાં લશ્કરની એક રચના; ગરુડને આકારે લશ્કરની રચના કરવાની કળા.

ગરુડસોનેરી (ગરુડ઼સોનેરી) પું. સોનેરી ગરુડ. આ માંસાહારી પક્ષી યરપીય પક્ષીઓમાં સૌથી મોટું છે.

ગરુડાકૃત (ગરુડ઼ાકૃત) પું. સોમની ચોવીસ માંહેની એક જાત.

ગરુડાગ્રજ (ગરુડ઼ાગ્રજ) [સં.] પું. સૂર્યનો સારથિ અરુણ; ગરુડનો મોટો ભાઈ.

ગરુડારૂઢ (ગરુડ઼ારૂઢ) ૧. [સં.] પું. ગરુડ ઉપર સવારી કરનાર વિષ્ણુ.

૨. વિ. ગરુડ ઉપર બેઠેલું.

ગરુડાશ્મન (ગરુડ઼ાશ્મન) [સં. ગરુડાશ્મન્] પું. એક જાતનો હીરો; મરકતમણિ.

ગરુડાસન (ગરુડ઼ાસન) ૧. પું. ગરુડ ઉપર સવાર થયેલા વિષ્ણુ.

૨. પું. (યોગ) ગરુડના જેવા આકારનું એક આસન. ઊભા રહી જમણા પગના ઢીંચણ ઉપર ડાબા પગનો ઢીંચણ રાખી તે પગનો પંજો જમણા પગની ઘૂંટીના ઉપરના ભાગમાં ભરાવવો ને ડાબા હાથના મધ્ય ભાગ ઉપર જમણા હાથની કોણીની ઉપરનો ભાગ રાખી બંને કરતલ મેળવવાં. આવી રીતે સ્થિત થવાથી ગરુડાસન થાય છે. અંતરગળ અથવા વૃષણવૃદ્ધિનો વ્યાધિ આ આસન સાધવાથી દૂર થાય ને માણસ ગમનશીલ બને.

ગરુડાસ્ત્ર (ગરુડ઼ાસ્ત્ર) [સં.] ન. ગરુડનું અસ્ત્ર; એ નામનું એક દિવ્ય અસ્ત્ર.

ગરુડાંક (ગરુડ઼ાંક) ૧. [સં.] પું. વિષ્ણુ.

૨. ન. મરકતમણિ.

ગરુડાંકિત (ગરુડ઼ાંકિત) જુઓ ગરુડાંક.

ગરુડીઘૂડ (ગરુડ઼ીઘૂડ઼) ન. એક જાતનું ઘૂડ. તેના માથા ઉપર શિંગડાંની પેઠે પીંછાંની બે કલગી હોય છે. પેટે ચાલનારાં પ્રાણીઓ તેનો ખોરાક છે. તે મધ્ય યરપના પહાડી પ્રદેશમાં તથા અમેરિકમાં જોવામાં આવે છે.

ગરુડેશ્વર (ગરુડ઼ેશ્વર) પું. ગરુડના ઈશ્વર; વિષ્ણુ.

ગરુડો (ગરુડ઼ો) પું. અંત્યજ ગોર; ઢેઢનો ગુરુ; ગરોડો.

ગરુડોત્તીર્ણ (ગરુડ઼ોત્તીર્ણ) [સં.] ન. એક જાતનું રત્ન; મરકતમણિ.

ગરુડોપનિષદ [સં. ગરુડોપનિષદ્] સ્ત્રી. અથર્વવેદમાં આવતી એક ઉપનિષદ.

ગરુડોપપાત (ગરુડ઼ોપપાત) ન. (જૈન) બોતેર માંહેનું એ નામનું એક સૂત્ર; કાલિક શ્રુતજ્ઞાનનો એક પ્રકાર.

ગરુત ૧. [સં. ગરુત્] પું. પાંખ; પક્ષ.

૨. ન. ખાવું તે.

૩. ન. ગળી જવું તે.

ગરુત્મા ૧. [સં. ગરુત્મન્] પું. અગ્નિ.

૨. પું. અથર્વવેદના સર્પના વિષને દૂર કરવાના મંત્રોવાળા સૂક્તોના કર્તા એક ઋષિ.

૩. પું. ગરુડ.

૪. પું. પરમેશ્વર.

૫. પું. હરકોઈ પક્ષી.

ગરુત્યોધિ પું. લાવરી.

ગરુદ્વારિતા પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં જગણ, સગણ, બે જગણ અને ગુરુ એમ તેર અક્ષર હોય છે.

ગરુદ્યોધિની [સં.] સ્ત્રી. ભારંડ પક્ષિણી.

ગરુદ્યોધી [સં. ગરુદ્યોધિન્] પું. ભારંડ પક્ષી.

ગરુલ [સં.] પું. ગરુડ પક્ષી.

ગરુલો [સં. ગરુડ] પું. એક પક્ષી; ગરુડ.

ગરૂ ૧. પું. છેડો.

૨. વિ. ભારે; વજનદાર.

ગરૂઅ ૧. પું. કડણાઈ.

૨. પું. ભારે વજન.

ગરૂઆ ૧. [સં. ગુરુ] પું. બ. વ. મોટા બુદ્ધિવાન માણસો.

૨. વિ. ગરવું; શાંત; નમ્ર.

ગરૂણી સ્ત્રી. ગૃહિણી; ધણિયાણી.

ગરૂતરૂ ન. ગુવારના દાણા કાઢ્યા પછી વધેલાં ફોતરાં.

ગરૂતા [સં. ગુરુતા] સ્ત્રી. મોટાઈ; મહત્તા.

> ગીતા **ગરૂતા** કહું વખાણી જ. દયારામ

ગરૂર ૧. [અ.] સ્ત્રી. અભિમાન.

૨. સ્ત્રી. જરૂર.

૩. વિ. અહંકારી; મગરૂર; મિજાજી.

ગરૂરત [હિં.] સ્ત્રી. અભિમાન; ગર્વ.

ગરૂરી ૧. [અ.] સ્ત્રી. અહંકાર; ગર્વ; મગરૂરી.

> ગરૂરીનું ઘર ખાલી = અભિમાનીની પડતી થાય છે.

૨. વિ. અભિમાની.

ગરૂવર વિ. મોટું; શ્રેષ્ઠ.

ગરૂવલ્લી સ્ત્રી. એક પ્રકારની ઝેરી વેલ.

ગરૂવું વિ. મોટું; સમર્થ; ગરવું.

> **ગરૂવા** ગુરૂ મળ્યા રે એવા સત્ય નિરંજન દેવ.
> અખો

ગરૂવો [સં. ગુરુ] પું. ઉપદેશ દેનાર; ગુરુ.

ગરૂષ્ઠ વિ. શ્રેષ્ઠ; મોટું.

ગરૂં ૧. પું. નામ ઉપરથી વિશેષણ બનાવનાર પ્રત્યય. જેમકે, કલ્યાગરૂં, કામગરૂં.

૨. ન. રોટલા રાખવાનો પિત્તળનો ઝાકળિયો; ગરવું.

ગરે પું. ગ્રહ.

> અરે નાગરિકા, મારા **ગરે** કિયે ગામ ગયા હશે.
> પ્રેમાનંદ

ગરેઉ પું. ગુરુવાર; બૃહસ્પતિ વાર. વેપારી લોકો નામામાં ગુરુવારને બદલે ગરેઉ લખે છે.

ગરેકુન સ્ત્રી. એક જાતની ઔષધિ.

ગરેઠ સ્ત્રી. (વહાણવટું) આરસામાં બાંધેલી લાકડાની કટકી; ફૂતી.

ગરેડવું (ગરેડ઼વું) અ. ક્રિ. ગર્જવું; ગાજવું.

ગરેડાં (ગરેડ઼ાં) ન. બ. વ. રાક્ષસીથી કોઈ વસ્તુમાં પડતાં સામસામાં કાંકાં.

ગરેડી (ગરેડ઼ી) ૧. સ્ત્રી. કૂવામાંથી પાણી ખેંચવાનું પૈડું.

૨. સ્ત્રી. કોસ બહાર કાઢવા વરત રાખવાનું લાકડાનું સાધન; કોસની રાસડી જેના ઉપર ફરે તે પૈડું.

૩. સ્ત્રી. છોકરાને રમવા માટે ફરે એવું નાનું પૈડું.

ગરેડી આર માગે છે = છોકરો કે છોકરી પુખ્ત ઉમરનાં થયાં છે.

૪. સ્ત્રી. થાક્યા કે થોભ્યા સિવાય ઉપરાઉપરી માથું પકવી નાખે તેવી વાતચીત.

૫. સ્ત્રી. લાકડા અગર લોઢાનું બોજો ઉપાડવાનું ઘીસીવાળું પૈડું; ગરગડી.

ગરેડી જવું = ઊભા થવાની તાકાત ન રહેવી.

૬. સ્ત્રી. લૂગડાં સીવવાના દોરાની રીલનું ખાલી ખોખું.

૭. સ્ત્રી. વણવાની શાળમાં ઉપરના ભાગમાં દોરા પરોવેલા હોય તે ગોળ ભાગ.

૮. સ્ત્રી. સાણસી.

ગરેડું (ગરેડ઼ું) ૧. ન. ઊંટનું લીંડું.

૨. ન. ગાય કે બળદનું વગડામાં સૂકાઈ ગયેલું છાણ; અડાયું.

ગરેડો (ગરેડ઼ો) ૧. પું. ઇમારતનો પાયો નાંખવા માટે ખોદેલો ખાડો.

૨. પું કૂવામાંથી પાણી ખેંચવા માટે વપરાતું પૈડું.

૩. પું. ખેંચતાણ.

૪. પું. ગળામાં એકદમ રેડી દેવું તે; નાનાં છોકરાંને મોઢામાં પરાણે દવા કે દૂધ રેડવું તે.

૫. પું. ઢેઢનો ગોર.

૬. પું. બંને બાજુ હાથલા કાંટાળાની વાડ.

૭. પું. (વહાણવટું) વહાણના બહારના ભાગમાં આવેલો લાકડાનો એક ભાગ.

ગરેણાંગાંઠાં ન. બ. વ. આભૂષણ; ઘરેણાં તેમ જ બીજી કીમતી વસ્તુઓ.

ગરેણું ન. ઘરેણું.

ગરેણુંગાંઠું ન. ઘરેણું અને બીજો ગાંઠેલો અલંકાર; ઘરેણુંગાંઠું.

ગરેબંદી સ્ત્રી. અમદાવાદી કીનખાબની એક જાત.

ગરેબાન ન. ડોક અને ગરદન ઢંકાય એવો પોશાક; ગલપટ્ટો.

ગરેભિયા [હિં.] પું. ઘરેણે મૂકેલી ચીજ.

ગરેરો ૧. પું. ખોટ; તાણ.

૨. પું. ભૂખરા રંગનું કાબર જેવું એક પક્ષી.

ગરેવલ સ્ત્રી. એક જાતનો છોડ. તે કોલેરા ઉપર ફાયદો કરનાર મનાય છે.

ગરેળો પું. જરૂરિયાત.

ગરેંટો ન. એક જાતનું ઝાડ.

ગરો ૧. પું. ગરોડો; ઢેઢનો ગોર.

૨. પું. ચોમાસાના પાણીથી પડેલો ખાડો.

૩. પું. (વહાણવટું) વહાણમાં પાછલા મોરા પાસે જડવામાં આવતું ઊભું જાડું લાકડું; 'સ્ટર્ન પોસ્ટ'.

ગરોડી (ગરોડ઼ી) ૧. સ્ત્રી. ઢેઢના ગોરની સ્ત્રી.

૨. સ્ત્રી. મોઈના આકારનો દોરડાને છેડે રાખવામાં આવતો લાકડાનો કટકો.

ગરોડો (ગરોડ઼ો) ૧. પું. જુવારનાં છોડનાં પાંદડાં ઉપર જામતો મીઠો રસ.

૨. પું. ડોકમાં કંઠી ન હોય એવો માણસ.

૩. પું. ઢેઢનો ગોર.

ગરોઠ ૧. સ્ત્રી. ગાયને દોરડું બાંધવાની ધાવણી જેવી લાકડાની ખીલી; ગરખોડ.

૨. સ્ત્રી. છાશ ફેરવવાના નેતરાને બંને છેડે નાખવામાં આવતી લાકડાની ખાંચાવાળી કટકી.

ગરોદર ૧. [સં. ગર્ભ + ઉદર] સ્ત્રી. ગર્ભવતી સ્ત્રી; ભારેવગી સ્ત્રી.

૨. વિ. સ્ત્રી. ગર્ભવતી; ગર્ભિણી; ભારેવાઈ; સગર્ભા.

ગરોદરપણું ન. ગર્ભ ધારણ કરવો તે.

ગરોપૂજા [સં. ગૃહપૂજા] સ્ત્રી. ગૃહપૂજા.

ગરોબ [ફા.] સ્ત્રી. ઘરેણે મૂકેલી વસ્તુ.

ગરોરી સ્ત્રી. અભિમાન; અહંકાર; ગર્વ.

ગરોરૂં ન. વોંકળાને કાંઠે થતું એક જાતનું ઘાસ.

ગરોવ જુઓ ગરોબ.

ગરોળ ન. એક જાતના ઘાસનું નામ.

ગરોળી [સં. ગૃહગોધિકા; પ્રા. ઘરગોલી; દે. ઘરોલી] સ્ત્રી. એક ઝેરી જાનવર; મગરની જાતનું વેંત જેવડું કે તેથી સહેજ નાનું ઘરની દીવાલો ઉપર ફરતું પ્રાણી; ઘરોળી; ઘલોડી; ઘિલોડી; ચીચી; અંધીધું; પદકલી; ઢેઢગરોળી; સરટ; ચપકલી; ચીપકલી. તે પ્રાણી કોઈને ઈજા કરતું નથી. ઓસ્ટ્રેલિઅ અને પેસિફિક મહાસાગરમાંના દ્વીપો સિવાય દુનિયાના તમામ ગરમ ભાગમાં તે થાય છે.

ગરોળું ન. એક જાતનું ખડ. તે સાંઠે જાડું અને બહુ પાંદડાંવાળું થાય છે. તે મોળું હોવાથી ઢોર બહુ ખાતાં નથી. તેને થડે સળી ઉપર પાનમાં લાળ હોય છે. તેના ઉપર બોર આવે છે. તેનું બી ધોળું ઘઉં જેવડું હોય છે.

ગર્ક ૧. [અ.] વિ. અંદર ગયેલું; ડૂબેલું.

૨. વિ. અંદર રચી ગયેલું; ગરકાવ; મગ્ન; લીન.

ગર્કગ્રીવા પું. હાથીના માથાના ભારથી જેની ડોક નમી ગઈ હોય એવા ગણપતિ.

ગર્કગ્રીવા તમો શિવનંદા તમો. પ્રેમાનંદ

ગર્કવું સ. ક્રિ. સ્નેહદૃષ્ટિથી જોવું.

ગર્કાબ જુઓ ગર્કાવ.

ગર્કાવ વિ. ગર્ક; ડૂબેલું; મગ્ન.

ગર્ગ ૧. પું. અઢાર માંહેનો એક જ્યોતિષી.

૨. પું. (પુરાણ) અઢાર મુખ્ય શિલ્પી માંહેનો એ નામનો એક. તેને વિષે મત્સ્યપુરાણમાં વિશેષ માહિતી આપેલી છે.

૩. પું. આખલો; બળદ.

૪. પું. એ નામનો એક મુનિ. તેનાથી ગર્જર જાતિ ઉત્પન્ન થઈ છે.

૫. પું. એક પર્વતનું નામ.

૬. પું. (પુરાણ) એક પૌરાણિક ઋષિ. તે સૌથી પહેલા વ્યાકરણકર્તાઓ માંહેનો એક મનાય છે.

૭. પું. જમીનનો એક કીડો.

૮. પું. ધર્મશાસ્ત્ર પ્રવર્તક એક ઋષિનું નામ.

૯. પું. ધારવાડ જિલ્લાનો એક તાલુકો.

૧૦. પું. બ્રહ્માનો એ નામનો એક માનસ પુત્ર.

૧૧. પું. ભરદ્વાજાંગિરસ વંશમાલિકા માંહેનો એક પ્રખ્યાત ઋષિ.

૧૨. પું. યાદવોનો પુરોહિત.

૧૩. પું. વિતથ્ય રાજાનો એ નામનો પુત્ર.

૧૪. પું. (જ્યોતિષ) વિષુવાંશ ૬૬ અને ઉત્તર ક્રાંત્યંશ ૧૯માં આવેલો ચોથા મહત્ત્વનો તારો.

૧૫. પું. વીંછી.

૧૬. પું. વૃષ્ણિકુળના ગુરુ; ગર્ગાચાર્ય; શ્રીકૃષ્ણને ચૂડાદિકેશવપન આદિ સંસ્કાર કરાવનાર બ્રાહ્મણ. એમણે એક ગર્ગસંહિતા નામે પુસ્તક રચ્યું છે.

આવ્યા શુક જનમના યોગી,
ગર્ગ ગૌતમ બ્રહ્મરસ ભોગી. નિષ્કુળાનંદ

૧૭. પું. સંગીતપ્રસિદ્ધ એક તાલ.

૧૮. પું. (પુરાણ) સોમવંશી પુરુકુળના ઋતેયુ વંશના મન્યુ રાજાનો દીકરો.

૧૯. ન. એ નામનું એક ગોત્ર.

૨૦. ન. એ નામનું એક પ્રવર.

ગર્ગજ ૧. [હિં.] પું. ઘોડેસવાર.

૨. પું. ફાંસી.

૩. પું. મિનારો.

ગર્ગજોશી ૧. પું. દેવજોશી; દેવોનો જોશી.

ગર્ગજોશી જશ ગાય જેનો સદા. નરસિંહ

૨. પું. યદુરાજાનો ચોર.

ગર્ગત્રિરાત્ર [સં.] પું. ત્રણ દિવસમાં પૂરો થતો એક જાતનો યજ્ઞ.

ગર્ગયા [હિં.] સ્ત્રી. ચટલી.

ગર્ગર ૧. પું. ઈશ્વર.
૨. [સં.] પું. કળશ; ગાગર.
૩. પું. દહીં વલોવવાની ગોરી.
૪. પું. પાણીમાં થતી ભમરી; વમળ.
૫. ન. (સંગીત) એક જાતનું તંતુવાદ્ય; લડાઈ વખતે વગાડવાનું એક વાજિંત્ર.

આ ત્રણ પ્રકારનાં ગર્ગર, ગીધા અને પિંગા એ વાદ્યો રણવાદ્યો હશે. પુરાવત્ત્વ

૬. ન. એક જાતનું માછલું.
૭. ન. તરુણ પશુ.

ગર્ગરક [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તે ઝેરી મનાય છે.

ગર્ગરી ૧. [સં.] સ્ત્રી. એક જાતની માછલી.
૨. સ્ત્રી. ગાગર.
૩. સ્ત્રી. દહીં વલોવવાની ગોળી.
૪. સ્ત્રી. વછેરી; નાનો ઘોડો.

ગર્ગવા ન. ચોમાસામાં નીચી જમીનમાં ઊગતું એક જાતનું ઘાસ.

ગર્ગશા [ફા. ઘર્ષશા] પું. દંગો; ધાંધલ; કારણ વિનાનો કજિયો.

ગર્ગશિરા [સં. ગર્ગશિરસ્] પું. એ નામનો એક દૈત્ય.

ગર્ગસંહિતા ૧. સ્ત્રી. એ નામનો એક ગ્રંથ. તેમાં ઉગ્રસેને કરેલ અશ્વમેધનું માહાત્મ્ય આપેલ છે. તેના ૧૦ ખંડઃ (૧) ગોલોકખંડ, (૨) વૃંદાવનખંડ, (૩) ગિરિરાજખંડ, (૪) માધુર્યખંડ, (૫) મયૂરાખંડ, (૬) દ્વારકાખંડ, (૭) વિશ્વજિતખંડ, (૮) બલભદ્રખંડ, (૯) વિજ્ઞાનખંડ અને (૧૦) અશ્વમેધખંડ.
૨. સ્ત્રી. જ્યોતિષનો એક ગ્રંથ.

ગર્ગસ્રોત [સં. ગર્ગસ્રોતસ્] ન. મહાભારતમાં જણાવેલું એક પ્રાચીન તીર્થ; સરસ્વતી તીર્થમાં આવેલું એક તીર્થ.

ગર્ગા સ્ત્રી. ગર્ગ ઋષિની પત્ની.

ગર્ગાચાર પું. એક મુનિનું નામ; ગર્ગસંહિતા નામે જ્યોતિષના એક ગ્રંથના કર્તા.

પુત્ર પ્રગટ થયો સાંભળી કાને ગુરુજી ગર્ગાચાર.
રેવાશંકર

ગર્ગાચાર્ય ૧. પું. એક પ્રાચીન ઋષિનું નામ.
૨. [સં.] પું. ગર્ગઋષિ; વૃષ્ણિકુળના ગુરુ; શ્રીકૃષ્ણને ચૂડાદિ કેશવપનઆદિ સંસ્કાર કરાવનાર બ્રાહ્મણ. તેનાથી શુદ્ર અને હલાલખોર જાતિની ઉત્પત્તિ થઈ છે. ગર્ગાચાર્ય મિથિલાપુરીમાં જન્મ્યા હતા. તે ગંડકી ઉપર તપશ્ચર્ય કરતા. એ યાદવના ગોર હતા.

ગર્ગાચાર્યનું મુહૂર્ત = સૂર્યોદય પહેલાં પાંચ ઘડીથી ત્રીજી ઘડી સુધીનો વખત. આ વખત મુસાફરીમાં નીકળવાને શુભ મનાય છે.

ગર્ગાટ [સં.] પું. એક જાતનું માછલું.

ગર્ગાટી [સં.] સ્ત્રો. એક જાતની માછલી.

ગર્ગાશ્રમ પું. ગર્ગ ઋષિનો આશ્રમ. કયુમાઉનમાં લોધમુના અરણ્યમાં ગર્ગઋષિનો આશ્રમ હતો એમ કહેવાય છે. ગંગા નદી આ અરણ્યમાંથી નીકળે છે.

ગર્ગી [સં.] સ્ત્રી. ગર્ગાચાર્યની સ્ત્રી.

ગર્ગીય [સં.] પું. ગર્ગનો વંશજ.

ગર્ગુનારૂ સ્ત્રી. સુશોભિત દૂધીની જાતની એક વેલ; શિવલિંગા; કાવડોડી.

ગર્ગોક્તિ પું. એ નામનો એક હોમવિધિ.

ગર્જ્ ૧. [સં.] અ. ક્રિ. (ધાતુ) ગર્જના કરવી. તે ઉપરથી નીકળેલ શબ્દઃ ગર્જવું; ગર્જના; ગર્જિત; ગર્જન.
૨. અ. ક્રિ. મેઘનું ગાજવું.

ગર્જ ૧. પું. ગર્જતો હાથી.
૨. પું. મેઘ વગેરેની ગર્જના.
૩. [સં.] પું. હાથીની ગર્જના.
૪. સ્ત્રી. ગરજ.

ગર્જક [સં.] પું. એક જાતનું માછલું.

ગર્જન ૧. ન. ગડગડાટ.
૨. [સં. ગર્જ્] ન. ગરજવું તે; ગર્જના; ગર્જવાથી થતો અવાજ.
૩. ન. ગુસ્સો; ક્રોધ.
૪. ન. ઠપકો.
૫. ન. દોષ.
૬. ન. ધમણનો અવાજ.
૭. ન. યુદ્ધ.
૮. ન. શાલ જાતનું એક વૃક્ષ. બર્મા, સિંગાપુર ને કોચીન ચાઇનમાં તે થાય છે. ગરમીની મોસમ પૂરી થતાં આ ઝાડમાં ખાડો પાડી તેમાં અગ્નિ મૂકે છે એટલે આસપાસનું લાકડું બળી તેમાંથી તેલ ઝરે છે. આ તેલ લાકડા ઉપર ચડાવવાના કામમાં આવે છે. તે શોધક તથા મૂત્રલ તરીકે પ્રમેહ, પ્રદર, કોઢ અને પત ઉપર ૧૦થી ૩૦ ટીપાંની માત્રામાં પીવા માટે અપાય છે. ચૂનાનાં પાણી સાથે મેળવી ચોપડવાના કામમાં પણ લેવાય છે. પરમો તથા જૂની ખાંસી ઉપર પણ તે વપરાય છે.

ગર્જનતીર્થ ન. (પુરાણ) ભારતવર્ષનું એ નામનું તીર્થ. આ જગ્યાએ ઇંદ્રજીતે તપ કર્યું હતું.

ગર્જના ૧. [સં. ગર્જ્] સ્ત્રી. અવાજ; ધ્વનિ.
૨. સ્ત્રી. ગડગડાટ; નાદ.
૩. સ્ત્રી. ગર્જવું તે; ગર્જવાથી થતો અવાજ.
૪. સ્ત્રી. ગુસ્સો; ક્રોધ.
૫. સ્ત્રી. ઠપકો.
૬. સ્ત્રી. બરાડો; વાઘ સિંહનો તાડૂકો; હાક.

સિંહગર્જના = મોટેથી કરાતો તાડૂકો.

૭. સ્ત્રી. યુદ્ધ.

ગર્જનીય [સં.] વિ. ગાજવા જેવું.

ગર્જર ૧. સ્ત્રી. કડિયાની એ નામની એક અટક.
૨. ન. એ અટકનું માણસ.
૩. ન. એક જાતનું લસણ.
૪. [સં.] ન. ગાજર.
૫. વિ. એ નામની અટકનું.

ગર્જરી [સં.] સ્ત્રી. એક જાતનું લસણ.

ગર્જવું અ. ક્રિ. ગર્જના કરવી. જુઓ ગરજવું.

ગર્જંત વિ. ગાજતું.

ગર્જા [સં.] સ્ત્રી. વાદળાંનો ગડગડાટ; ગાજવું તે.

ગર્જારવ પું. આકાશમાં થતી ગર્જનાથી થતો અવાજ; મેઘનાદ.

ગગન ગર્જારવ સૂણીને, હડકવા જ્યમ ઉછળે.
ઉદયરત્ન

ગર્જિ [સં.] સ્ત્રી. વાદળાંનો ગડગડાટ.

ગર્જિત ૧. [સં.] પું. મદોન્મત્ત હાથી.
૨. ન. ગર્જન; ગર્જના; ગડગડાટ.
૩. વિ. ગર્જના કરનાર.
૪. વિ. તાડૂકેલું; મોટેથી કહેલું.

ગર્જુન એક જાતનું ઝાડ.

ગર્જ્ય ૧. ન. એક જાતનું પક્ષી.
૨. ન. એક જાતનું હથિયાર.

લઈ ગદા ગર્જ્ય ખેલ સાથ,
મુદગર મોગરિયું છે હાથ. નિષ્કુળાનંદ

૩. [સં.] વિ. ગાજવા જેવું.

ગંર્ઝ ૧. પું. સોટો; દંડૂકો; ગદા.
૨. [અ.] સ્ત્રી. અર્થ.
૩. સ્ત્રી. ઇચ્છા.
૪. સ્ત્રી. ઇરાદો.
૫. સ્ત્રી. ગરજ; હેતુ.
૬. સ્ત્રી. જરૂરિયાત; તક.
૭. સ્ત્રી. ધારણા.
૮. સ્ત્રી. નક્કીપણું.
૯. સ્ત્રી. નેમ.

ગર્ઝી ૧. વિ. જરૂરિયાતવાળું.
 ૨. વિ. સ્વાર્થી.

ગર્ડર [અં.] પું. લોઢાનો પીઢડો; લોખંડનો પાટડો.

ગર્ત ૧. [સં.] પું. એ નામનો એક દેશ; ત્રિગર્ત.
 ૨. પું. એક જાતનો રોગ.
 ૩. પું. ખાડો; ખાણ; ખાઈ.
 ૪. પું. રથ.
 ૫. પું. સભાનો સ્તંભ.
 ૬. પું. સ્ત્રીના કૂલ્લા ઉપરનો ખાડો.
 ૭. સ્ત્રી. ધૂળ; રજ.
 ૮. ન. આકાશ.
 ૯. ન. કબર; ઘોર.
 ૧૦. ન. ઘર.
 ૧૧. ન. જળાશય.
 ૧૨. ન. પાસા રમવાનું મેજ.
 ૧૩. ન. શ્મશાન.

ગર્તા જુઓ ગર્ત.

ગર્તાશ્રય ૧. [સં.] પું. દરમાં આશરો લેવાપણું.
 ૨. પું. દરમાં રહેતું પ્રાણી.

ગર્તિકા ૧. [સં.] સ્ત્રી. સાળ રાખવાનું સ્થળ.
 ૨. સ્ત્રી. સાળવીનું ઘર.

ગર્ત્ત જુઓ ગર્ત.

ગર્ત્તા જુઓ ગર્ત.

ગર્ત્તિક [સં.] વિ. ખાડાવાળું.

ગર્ત્તિકા જુઓ ગર્તિકા.

ગર્થ પું. ગરથ; નાણું; પૂંજી; પૈસો.

ગર્દ્ ૧. [સં.] અ. ક્રિ. અવાજ કરવો.
 ૨. અ. ક્રિ. ગાજવું.

ગર્દ ૧. સ્ત્રી. ગોળો.
 ૨. સ્ત્રી. ધમાલ; ધાંધલ.
 ૩. સ્ત્રી. ધૂળ; રજ.
 ૪. સ્ત્રી. નસીબ; ભાગ્ય.
 ૫. સ્ત્રી. મુસાફરી.
 ૬. વિ. નિસ્તેજ; પીળું; ફિક્કું.
 ૭. વિ. મગ્ન; તલ્લીન.
 ૮. વિ. રાજી થયેલું; ખુશ.

ગર્દઉડાઈ પું. અગાઉ મુસાફરો પાસેથી લેવાતો એક જાતનો કર.

ગર્દતોય પું. (જૈન) લોકાંતિક દેવોનો નવ માંહેનો એ નામનો એક પ્રકાર. આ જાતના દેવો તીર્થંકરને દીક્ષા લેવાની સૂચના કરવા આવે છે. સારસ્વત, આદિત્ય, વહ્નિ, વરુણ, **ગર્દતોય**, તુષિત, અવ્યાબાધ, મરુત અને અરિષ્ટ એ લોકાન્તિક છે. તત્ત્વાર્થસૂત્ર

ગર્દન જુઓ ગરદન.

ગર્દના પું. ડોક ઉપર મારેલ તમાચો.

ગર્દની ૧. સ્ત્રી. કુસ્તીનો એક દાવ.
 ૨. સ્ત્રી. કોટનો કાંઠલો.
 ૩. સ્ત્રી. ખૂણો.
 ૪. સ્ત્રી. ગળા ઉપરનો ઘા.
 ૫. સ્ત્રી. ગળામાં પહેરાતું એક ઘરેણું.
 ૬. સ્ત્રી. ઘોડાનું જીન.

ગર્દનેઝમીન સ્ત્રી. સંયોગીભૂમિ.

ગર્દબાદ પું. વંટોળિયો.

ગર્દભ ૧. પું. એક જાતના આય એટલે ઘરનું રક્ષણ કરનાર દેવ.
 ૨. [સં.] પું. એક જાતની વનસ્પતિ; વાવડિંગ.
 ૩. પું. ગધેડો.
 ૪. પું. ગંધ; વાસ.
 ૫. પું. વિષુવાંશ ૧૨૫ અને ઉત્તર ક્રાંત્યંશ ૧૯માં આવેલ છઠ્ઠા મહત્ત્વનો તારો.
 ૬. ન. સફેદ કમળ; પોયણું.

ગર્દભક ૧. પું. એક જાતનું જીવડું.
 ૨. [સં.] પું. ગધેડો.

ગર્દભગદ [સં.] પું. ગધેડાંને થતો એક રોગ.

ગર્દભયાગ [સં.] પું. એક જાતનો યજ્ઞ.

ગર્દભરાજ પું. ગધેડો.

ગર્દભંગ પું. એક જાતનો ગાંજો.

ગર્દભાસુર [સં.] પું. એ નામનો એક રાક્ષસ.

ગર્દભાહ્વય [સં.] ન. સફેદ કમળ; પોયણું.

ગર્દભાંડ [સં.] પું. પારસપીપળો; લાખી પીપળો.

ગર્દભાંડક જુઓ ગર્દભાંડ.

ગર્દભિ [સં.] પું. વિશ્વામિત્રનો એ નામનો એક પુત્ર.

ગર્દભિકા ૧. [સં.] સ્ત્રી. ગધેડી.
 ૨. સ્ત્રી. ધોળી ભોરિંગડી.
 ૩. સ્ત્રી. શરીરે નીકળતું ગુલાબી છાંટવાળું શીળસ; એક જાતનો રોગ.

ગર્દભિલ્લ પું. (જૈન) ઉજ્જયિની નગરીનો એક રાજા.

ગર્દભી ૧. [સં.] સ્ત્રી. ગધેડી; રાસભી.
 ૨. સ્ત્રી. ગાયના છાણમાં ઉત્પન્ન થતું એક જીવડું; એક જાતનો કીડો.
 ૩. સ્ત્રી. ધોળી ગોકર્ણી; અપરાજિતા નામની વનસ્પતિ.
 ૪. સ્ત્રી. ભોરિંગડી.

ગર્દભીમુખ પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

ગર્દવ [સં. ગર્દભ] પું. ગધેડો; રાસભ; ગર્દભ.

ગર્દવું સ. ક્રિ. મારવું.

ગર્દા ૧. [ફા.] સ્ત્રી. ધૂળ; રજ.
 ૨. ન. એક જાતનું ચૂર્ણ.

ગર્દાન ૧. [ફા.] સ્ત્રી. પાળેલું પક્ષી.
 ૨. સ્ત્રી. પુનરાવર્તન.
 ૩. સ્ત્રી. ફરવું તે; ફેરો.
 ૪. સ્ત્રી. રૂપ કરવાં તે; રૂપાખ્યાન.
 ૫. વિ. પાળેલું.

ગર્દાબાદ ૧. [ફા.] ન. જ્યાં પુષ્કળ ધૂળ હોય એવું સ્થળ.
 ૨. વિ. ધૂળવાળું.
 ૩. વિ. નકામું; બરબાદ.
 ૪. વિ. ભાન વગરનું; બેસુધ.

ગર્દિશ ૧. સ્ત્રી. આપત્તિ; વિપત્તિ; દુઃખ.
 ૨. સ્ત્રી. ગતિ; ફરવું તે; ભ્રમણ; 'રેવૉલ્યુશન.'

ગર્દી ૧. સ્ત્રી. અવ્યવસ્થિત સ્થિતિ; ગોટાળો.
 ૨. સ્ત્રી. આફત; દુઃખ.
 ૩. સ્ત્રી. જુદાઈ.
 ૪. સ્ત્રી. દુર્ભાગ્ય; કમનસીબ.

ગર્દૂન ૧. [ફા.] ન. આકાશ.
 ૨. ન. ઝાડને મૂળમાંથી ખેંચી કાઢવાનું યંત્ર.
 ૩. ન. ઠેલણગાડી.
 ૪. ન. નસીબ.
 ૫. ન. પૈડું.

ગર્દોડા (ગર્દોડ઼ા) પું. નાનો ખાડો.

ગર્દ્ધિત [સં.] વિ. લુબ્ધ; લોભી; લાલચુ.

ગર્દ્ધી જુઓ ગર્દ્ધિત.

ગર્ધ ૧. પું. આકાંક્ષા; ઇચ્છા; ઉત્કંઠા.
 ૨. પું. લાલસા; લોભ.

ગર્ધવ ૧. પું. ગધેડો.
 ૨. [સં. ગૃધ્ર.] પું. ગીધ.

ગર્ધવી ૧. સ્ત્રી. ગધેડી.
 ૨. સ્ત્રી. ગીધની માદા.

ગર્ધા જુઓ ગર્ધ.

ગર્બ ૧. [સં.] પું. અહંકાર; મગરૂરી; અભિમાન.
 ૨. [સં. ગર્ભ] પું. ગર્ભાશય.
 ૩. પું. સગર્ભાવસ્થા.

ગર્બી સ્ત્રી. ગરબી; સ્ત્રીઓમાં ગવાતી એક જાતની દેશી રાગણી.

ગર્ભ ૧. [સં. ગર્વ] પું. અભિમાન.

૨. [સં.] પું. ઉત્પત્તિસ્થાન; જન્મસ્થાન; ગર્ભાશય.

૩. પું. એકસો સાઠ માંહેનું એ નામનું એક યજુર્વેદનું મુખ્ય ઉપનિષદ.

૪. પું. કોઈ પણ વસ્તુની અંદરનો પોચો માવો; ગર.

૫. પું. ક્ષેત્ર.

૬. પું. ઘરની અંદરનો ઓરડો; અંતર્ગૃહ.

૭. પું. ચોમાસામાં વરસાદરૂપે વરસનારી આઠ માસ સુધી આકાશમાં એકઠી થયેલી પૃથ્વી ઉપરની વરાળ. પ્રાચીન જ્યોતિષીઓએ અવલોકન કરીને શિયાળામાં અને ઉનાળામાં ઠંડી અને તાપથી ઊંચે ચડતી વરાળને 'વર્ષાગર્ભ' ગણી તે ક્યારે ક્યારે ચાતુર્માસમાં વરસશે તે અનુમાનેલું છે. શિયાળુ માવઠાં અને ચૈત્રી વાદળાં થાય તો 'વર્ષાગર્ભ ગળી જાય' એમ કહેવાય છે.

> ચૈત્રે દશ નક્ષત્ર જો, વાદળ વીજળી હોય;
> ભડલી તો એમ જ ભણે કે **ગર્ભ** ગળ્યા સઉ કોય.
> ભડલી

ગર્ભ ગળવો = વરસાદ થવો.

૮. પું. (જૈન) જન્મનો એક પ્રકાર.

> સંમૂર્છિત, **ગર્ભ** અને ઉપપાત એવા જન્મના ત્રણ ભેદ છે.
> તત્ત્વાર્થસૂત્ર

૯. પું. દેવમંદિરની અંદરનો ઓરડો; ગાભાર.

૧૦. પું. નાટકમાંની સંધિના પાંચ માંહેનો એક પ્રકાર; નાટકનો અમુક અંક કે ભાગ.

૧૧. પું. પેટ.

૧૨. પું. ફણસનો કાંટો.

૧૩. પું. રેશમનો કોશેટો.

૧૪. પું. શિશુ; નાનું બાળક.

૧૫. પું. સત્ત્વ.

૧૬. પું. સાર; મૂળ.

૧૭. પું. સ્ત્રીપુરુષ અથવા નરમાદાના સંયોગથી સ્ત્રી કે માદાના ઉદરમાં જીવરૂપે બંધાતો જન્મનાર પિંડ; ગાભ; હમેલ. સ્ત્રીની રજ અને પુરુષના વીર્યના સંયોગથી ગર્ભની સ્થિતિ થાય છે. હારીતના મત પ્રમાણે પહેલે દિવસ શુક્ર અને શોણિતના સંયોગથી જે સૂક્ષ્મ પિંડની સૃષ્ટિ થાય તેને કલલ કહે છે. ઋતુકાલે આ પ્રમાણે નિર્દોષ શુક્ર હોય તે યોનિમાં જતાં વાયુ વડે અચાનક સ્ત્રીના રક્ત સાથે એકતાને પામે છે. એ પ્રમાણે થયેલું મિશ્રણ ગર્ભ રૂપને ધારણ કરે છે. તે મિશ્રણ ધીરે ધીરે વિકાસ પામીને વધે ત્યારે પરપોટા જેવું સ્વરૂપ બંધાય. તે પછી પિંડના લોચા જેવું બને અને તે પછી દૃઢ ગોળો બને. તેમાંથી માથું, બે પગ, આંગળીઓ, કેડ, કૂખ, વાંસાનું હાડકું, સાંધા, આંખો, નાક અને કાન નીકળી આવે. તે પછી તેમાં જીવનપ્રકાશ પ્રદીપ્ત થાય. આ પ્રકારની વૃદ્ધિમાં કાલક્રમ આ પ્રમાણે છે: એક રાત્રિએ ગર્ભનું બંધારણ થાય છે. સાત રાત્રિએ પરપોટારૂપ બને છે. એક પખવાડિયે પિંડ બને છે. એક માસ પૂર્ણ થતાં કઠિન ગોલક બને છે. બે માસ પૂર્ણ થતાં માથું રચાઈ રહે છે. ત્રીજા મહિનામાં પગનો પ્રદેશ ઘડાય છે. ચોથે માસે આંગળીઓ, જઠર પ્રદેશ તથા કેડના ભાગ બને છે. પાંચમે માસે વાંસાનો દંડ તૈયાર થાય છે. છઠ્ઠા માસમાં નાક, આંખ તથા કાન નીકળી આવે છે. સાતમા માસથી જીવનયુક્ત ગર્ભ બને છે. સર્વ પ્રકારે એ ગર્ભ આઠમા માસમાં સંપૂર્ણ થાય છે. ગર્ભ નવમે માસે સર્વ લક્ષણથી સંપૂર્ણ બને છે. તે સમયે પૂર્વજન્મો તમામ તેને સ્મરણમાં આવે છે તથા તે તે જન્મોમાં કરાયેલાં તમામ શુભ તથા અશુભ કર્મો તેને યાદ આવે છે. દશમે અને બહુ તો અગિયારમે મહિને બચ્ચાનો જન્મ થાય છે. પુત્ર પુત્રીના સંબંધમાં ભાવપ્રકાશમાં લખ્યું છે કે, જો ગર્ભમાં શુક્રની પ્રબળતા હોય તો પુત્ર અને જો રજની પ્રબળતા હોય તો કન્યા થાય છે. પાશ્ચાત્ય વૈજ્ઞાનિકોના મત મુજબ રજ અને શુક્રના સંયોગથી ગર્ભ બને છે. પણ તેઓના મત પ્રમાણે અંડકોશના જમણા ભાગમાં પુત્રની ઉત્પત્તિ કરવાની શક્તિવાળો પદાર્થ રહે છે અને ડાબા ભાગ તરફ કન્યા ઉત્પન્ન કરવાની શક્તિવાળો પદાર્થ રહે છે. ગર્ભાધાન વખતે ગર્ભાશયમાં જે પદાર્થની અધિકતા હોય તે અનુસાર પુત્ર કે પુત્રીની ઉત્પત્તિ થાય છે. આ સિદ્ધાંતના બળે તેઓ કહે છે કે મનુષ્ય પોતાની ઇચ્છા પ્રમાણે પુત્ર કે પુત્રી ઉત્પન્ન કરી શકે. રજસ્વલા થયા પછી ૬, ૮, ૧૦, ૧૨, ૧૪ અને ૧૬મી રાત્રિના સમાગમે ગર્ભ રહી જાય તો પુત્ર થાય એટલે બેકી રાત્રિમાં પુત્ર અને રજસ્વલા થયા પછી ૫, ૭, ૯, ૧૧, ૧૩ અને ૧૫મી રાત્રિએ ગર્ભ રહી જાય તો કન્યા ઉત્પન્ન થાય એવી માન્યતા છે. રજસ્વલા પછીના ૭ કે ૮ દિવસોમાં જ ગર્ભ રહેવાનો સંભવ વધારે છે એમ વિદ્વાનોનો મોટો ભાગ માને છે. સ્ત્રીબીજ ૭ કે ૮ દિવસ સુધી જ ગર્ભાશયમાં રહે છે. તે પછી પોષણના અભાવે તે મૃતપ્રાય થઈને શરીરની બહાર ધસડાઈ જાય છે.

ગર્ભે આવવું = કણે ચડવું; પાકવાની તૈયારીમાં હોવું.

ગર્ભક ૧. [સં.] પું. કેશમાં નાખેલી પુષ્પમાળા.

૨. પું. માથામાં પહેરવાનું એક ઘરેણું.

૩. ન. વચલા દિવસની આજુબાજુની બે રાત્રિનો સમય.

ગર્ભકણ ૧ [સં.] પું. મધ્ય ભાગ; મધ્યસ્થ કણ; જેની આસપાસ દ્રવ્ય બંધાય તે ભાગ.

૨. ન. જ્યોતિર્બીજ; ગર્ભશરીર.

ગર્ભકમલ [સં.] ન. આંવનાલ; ગર્ભમાં રહેલ બાળકની દૂંટી સાથે જોડાયેલ રગ; નાળ.

ગર્ભકર ૧. [સં.] પું. પુત્રજીવ નામે એક વૃક્ષ.

૨. વિ. પેદા કરતું.

ગર્ભકરી સ્ત્રી. ગર્ભ ઉત્પન્ન કરવાની વિદ્યા; ૪૦ માંહેની એક વિદ્યા.

ગર્ભકંટક [સં.] પું. ફણસનો કાંટો.

ગર્ભકાર ૧. [સં.] પું. ગર્ભાધાન કરાવનાર પતિ વગેરે; ગર્ભ ધારણ કરાવનાર પુરુષ.

૨. ન. સામવેદનો અમુક ભાગ.

૩. વિ. પેદા કરતું.

ગર્ભકાલ ૧. [સં.] પું. ગર્ભ ધારણ કરવાનો સમય.

૨. પું. ગર્ભ રહે ત્યારથી જન્મ થાય ત્યાંસુધીનો સમય.

૩. પું. નાટકની પાંચ માંહેની એ નામની વચલી સંધિ.

૪. પું. બરાબર વખત; ચોક્સ સમય.

ગર્ભકાળ જુઓ ગર્ભકાલ.

ગર્ભકેશ [સં.] પું. ફૂલમાં રહેલો ગર્ભ ઉત્પન્ન કરનાર પદાર્થ.

ગર્ભકેશર પું. ગર્ભ ધારણ કરનાર સ્ત્રીકેસર. કેટલાંક ફૂલોમાં કેવળ પરાગકેસર રહે છે અને બીજાં કેટલાંક ફૂલોમાં કેવળ ગર્ભકેસર રહે છે. એક ફૂલ માંહેના પરાગકેસરના રેણુ બીજા ફૂલના ગર્ભકેસરમાં પડીને ફળ ઉત્પન્ન થાય છે. આ ફૂલના રેણુ એવા તો બારીક હોય છે કે હવાના યોગે વગર હરકતે એક ફૂલમાંથી બીજા ફૂલમાં જાય છે. તે સિવાય પરમેશ્વરે આ વિષયમાં બીજું એક જાતનું આશ્ચર્ય કરી રાખ્યું છે. ફૂલમાં મધ હોવાથી મધમાખીઓ તે લેવા આવે છે. જ્યારે તેઓ પરાગકેસરવાળા ફૂલમાં બેસે ત્યારે તે ફૂલના રેણુ તેઓના શરીર ઉપર લાગે છે. ત્યારપછી તે જે ફૂલમાં કેવળ ગર્ભકેસર છે તેમાં મધ લેવા જાય, ત્યારે તેના શરીરમાં વળગેલા રેણુ તે ફૂલના ગર્ભકેસરમાં પડીને ફળ પેદા થાય છે.

ગર્ભકેસર જુઓ ગર્ભકેશર.

ગર્ભકોશ [સં.] પું. ગર્ભ રહેવાની જગ્યા; ગર્ભાશય.

ગર્ભકોશછેદન ન. ગર્ભાશયમાં કાપકૂપ કરવી તે.

ગર્ભકોષ જુઓ ગર્ભકોશ.

ગભકોષછેદન જુઓ ગર્ભકોશછેદન.

ગર્ભક્લેશ [સં.] પું. બાળકનો જન્મ થતાં ઉત્પન્ન થતી પીડા.

ગર્ભક્ષય પું. કસુવાવડ.

ગર્ભક્ષિતિજ ન. આપણા માથા ઉપર આકાશમાં આવેલા બિંદુથી ૯૦ અંશને અંતરે આવેલું ખરૂં ક્ષિતિજ. તે દશ્ય ક્ષિતિજથી સહેજ જુદું છે.

ગર્ભગલિત વિ. ગળી ગયેલ ગર્ભવાળું.

ગર્ભગીતા ૧. સ્ત્રી. ચૌદ જાણીતી ગીતામાંની એ નામની એક ગીતા.

૨. ન. એ નામનું એક પૌરુષેય ઉપનિષદ.

ગર્ભગૃહ ૧. [સં.] ન. ઘરનો મધ્ય ભાગ; મકાનની અંદરનો ઓરડો.

૨. ન. ભિક્ષુગૃહ.

૩. ન. ભોંયરૂં; છૂપો ઓરડો.

૪. ન. મંદિરની અંદરનો ઓરડો; ગભાર.

૫. ન. સૂવાનો ઓરડો.

ગર્ભગ્રહ જુઓ ગર્ભગ્રહણ.

ગર્ભગ્રહણ [સં.] ન. ગર્ભ ધારણ કરવો તે.

ગર્ભઘર ન. મકાનની અંદરનું ઘર.

ગર્ભઘાતિની ૧. [સં.] સ્ત્રી. નાળિયેરનું ઝાડ.

૨. સ્ત્રી. લાંગલિકા વૃક્ષ.

૩. સ્ત્રી. વછનાગ.

ગર્ભઘાતી [સં. ગર્ભઘ્નાતિન્] વિ. ગર્ભપાત કરનાર; ગાભનો નાશ કરનાર; ગર્ભપાતી.

ગર્ભઘ્ની સ્ત્રી. લાંગુલી; એ નામની વનસ્પતિ. જુઓ લાંગુલી.

ગર્ભચલન [સં.] ન. ગર્ભનું ફરકવું તે.

ગર્ભચિંતામણિબૃહત [સં. ગર્ભચિંતામણિબૃહત્] પું. એ નામનું એક ઔષધ. તે મધ, દૂધ કે પાણી સાથે બે રતીભાર અપાય છે. સગર્ભા સ્ત્રી તેનું સેવન કરે તો કસુવાવડ થવાનો ભય મટી સુખપૂર્વક બાળકનો પ્રસવ થતો હોવાનું મનાય છે.

ગર્ભચોર પું. જન્મથી જ ચોરીની કુટેવ હોય એવો માણસ.

ગર્ભચ્યુત [સં.] વિ. ગાભ પાડનાર; કસુવાવડ કરનાર; ગર્ભઘાતી.

ગર્ભચ્યુતિ ૧. [સં.] સ્ત્રી. ગર્ભસ્રાવ; ગર્ભ પડી જવો તે.

૨. સ્ત્રી. જન્મ આપવો તે.

ગર્ભછાંટ પું. એક જાતનો દારૂ સાથે ફોડવાનો ગોળો.

ગર્ભછેદ પું. ગર્ભમાં કાપકૂપ કરવી તે.

ગર્ભજ ૧. [સં.] ન. ગર્ભથી જન્મનાર પ્રાણી; ગર્ભોત્પન્ન.

૨. વિ. ગર્ભના સમયથી સાથે હોય એવું.

૩. વિ. માતાપિતાના સંયોગથી ઉત્પન્ન થનાર.

ગર્ભજન્મ પું. માતાપિતાના રજવીર્યથી જેનું શરીર બને તેવો જન્મ.

ગર્ભજલ [સં.] ન. ગર્ભ અને ઓર વચ્ચેનું પાણી; ગર્ભપટલની અંદર આવેલું પ્રવાહી.

ગર્ભજળ જુઓ ગર્ભજલ.

ગર્ભજંતુકોશ પું. બીજાંકુરની કોથળી; 'જર્મ સેલ'.

ગર્ભજંતુકોષ જુઓ ગર્ભજંતુકોશ.

ગર્ભજાલ [સં.] સ્ત્રી. ઓર. ગર્ભજાલી વર્ગનાં પ્રાણીઓનાં અંડાશયના વિકાસ વખતે અંડના અમુક ભાગની રચના હોડા જેવી થાય છે, ને તે અંડાશયમાંના દેહને ઢાંકી દે છે. એ હોડાને ગર્ભજાલ અથવા ઓર કહે છે.

ગર્ભજાલી [સં. ગર્ભજાલિન્] વિ. ગર્ભજાલમાં ઉત્પન્ન થનારૂં.

ગર્ભજાળ જુઓ ગર્ભજાલ.

ગર્ભજોગી પું. શુકદેવજી.

ગર્ભતુંભી સ્ત્રી. ગર્ભાશયનો સૌથી ઉપલો ભાગ. તેનો આકાર તુંબડી જેવો હોય છે.

ગર્ભતૃપ્ત ૧. વિ. આળસુ.

૨. વિ. ઘણું સંતોષી.

ગર્ભદ ૧. [સં.] પું. ધોળી ભોંયરીંગણી; પુત્રજીવ નામે વૃક્ષ.

૨. વિ. ગર્ભ રાખી શકે એવું; ગર્ભ દેનાર; જેનાથી ગર્ભ રહે તેવું.

ગર્ભદા [સં.] સ્ત્રી. ધોળી ભોંયરીંગણી; લક્ષ્મણા નામની ઔષધિ.

ગર્ભદાતા જુઓ ગર્ભદ.

ગર્ભદાત્રી ૧. [સં.] સ્ત્રી. એક જાતની ઔષધિ; સફેદ કંટકારિ; અપત્યદા.

૨. સ્ત્રી. ધોળી ભોંયરીંગણી.

ગર્ભદાસ ૧. [સં.] પું. જન્મથી જ દાસ થઈ ચૂકેલો મનુષ્ય.

૨. પું. દાસીપુત્ર.

ગર્ભદાસી સ્ત્રી. જન્મથી જ દાસીપણાને પામેલી સ્ત્રી.

ગર્ભદિવસ ૧. [સં.] પું. ગર્ભ રહ્યો હોય તે દિવસ.

૨. પું. બૃહત્સંહિતા અનુસાર ૧૯૫ દિવસનો કાળ.

ગર્ભદેશીય વિ. ગર્ભાશયને લગતું; ગર્ભાશય સંબંધી.

ગર્ભદોહદ પું. ગર્ભિણી સ્ત્રીને થતી જુદી જુદી ઇચ્છા.

ગર્ભદ્રુહ ૧. [સં.] વિ. ગર્ભપાત કરનાર.

૨. વિ. ગર્ભાધાન ન ચાહનાર.

ગર્ભદ્રુહા ૧. [સં.] વિ. સ્ત્રી. ગર્ભ ધારણ નહિ ચાહનારી.

૨. વિ. ગર્ભપાત કરનારી.

ગર્ભદ્વાર ૧. ન. દરવાજો.

૨. ન. મંદિરનો છેક અંદરનો ભાગ; ગભાર.

ગર્ભધ ન. ગર્ભ ધારણ કરાવનાર વીર્ય.

ગર્ભધરા વિ. સ્ત્રી. ગાભણી; ગર્ભવાળી.

ગર્ભધારણ [સં.] ન. ગર્ભ ધારણ કરવો તે; ગર્ભ રહેવાપણું; હમેલ રહેવો તે.

ગર્ભધારણા ૧. [સં.] સ્ત્રી. ગર્ભ રહેલો છે કે નહિ તે સંબંધી વિચાર.

૨. જુઓ ગર્ભધારણ.

ગર્ભધારિણીવટી સ્ત્રી. (વૈદ્યક) ગર્ભ રહે તે માટે વપરાતી ગોળી.

ગર્ભધિ ૧. સ્ત્રી. માળો.

૨. સ્ત્રી. મૈથુન.

ગર્ભધ્વંસ [સં.] પું. ગર્ભપાત; ગર્ભનો નાશ કરવાપણું.

ગર્ભનાડી (ગર્ભનાડ઼ી) સ્ત્રી. ગર્ભાશયની એક નાડી; ગર્ભની નાડી; ગર્ભનું નાળચું કે નાળ. તે દૂંટીની સાથે રહેલી હોય છે. જુઓ ગર્ભનાલિ.

ગર્ભનારાયણપર્વશીર્ષ ન. એ નામનું એક ઉપનિષદ.

ગર્ભનાલ [સં.] સ્ત્રી. ફૂલોની અંદરની પાતળી નાળ. તેના શિર ઉપર ગર્ભકેસર હોય છે. આ ગર્ભકેસર અને પરાગકેસરના સંમિશ્રણથી ફળ તથા બીજની પુષ્ટિ અને વૃદ્ધિ થાય છે.

ગર્ભનાલિ સ્ત્રી. ગર્ભ અને અપરા એ બેને જોડનારી નળી; નાભિરજ્જુ. તેમાં ગર્ભ અને અપરા વચ્ચે લોહીને ફરતું રાખનારી નાડીઓ અને શિરાઓ રહેલી છે.

ગર્ભનિગ્રહચૂર્ણ ન. (વૈદ્યક) ગર્ભ રહેતો અટકાવવા માટે અપાતી એક જાતની દવા.

ગર્ભનિગ્રહમલમ પું. (વૈદ્યક) ગર્ભ રહેતો અટકાવનાર એક દેશી ઔષધ.

ગભનિયંત્રણ જુઓ ગર્ભનિરોધ.

ગર્ભનિરોધ [સં.] પું. જન્મનિરોધ; સંતાનનિગ્રહ; પ્રજોત્પત્તિ બંધ કરવી તે; સંતતિનિયમન; 'બર્થકંટ્રોલ'.

ગર્ભનિરોધિનીવટી [સં.] સ્ત્રી. (વૈદ્યક) ગર્ભ રહેતો અટકાવનાર એક દેશી ઔષધ.

ગર્ભનુદ [સં. ગર્ભનુદ્] વિ. ગર્ભ પાડનાર.

ગર્ભપટલ [સં.] ન. ગર્ભમાં બાળકની આજુબાજુ આવેલ ચામડીનું પડ.

ગર્ભપતન [સં.] ન. ગર્ભપાત; ગર્ભસ્રાવ; ગર્ભનું પડી જવાપણું.

ગર્ભપત્ર ૧. [સં.] ન. કુમળું પાન; કૂંપળ.
૨. ન. ફૂલની અંદરનું પડ; ગર્ભનાલ. તેમાં ગર્ભકેસર રહે છે.

ગર્ભપરિચય [સં.] પું. ગર્ભાશય.

ગર્ભપરિસ્રવ ૧. [સં.] પું. ગર્ભવેષ્ટન; ઓર; ગર્ભના ઉપરની પાતળી ચામડી.
૨. પું. ગર્ભાશય; પેટની અંદર ગર્ભને રહેવાનું ઠેકાણું.

ગર્ભપાકી પું. સાઠ દિવસમાં પાકતા એક જાતના ચોખા.

ગર્ભપાત [સં.] પું. ગર્ભનું પડવું કે પાડવું તે; ગર્ભનું સ્રવી પડવું તે; ગર્ભસ્રાવ. ચાર મહિના પહેલાં કોઈ કારણે ગર્ભ નષ્ટ થઈ જાય તો તેને ગર્ભસ્રાવ કહે છે અને છ મહિના સુધીમાં નષ્ટ થઈ જાય તો તેને ગર્ભપાત કહે છે. જો પહેલા બે મહિનામાં ગર્ભસ્રાવ થાય તો એક માંસપિંડાકારની માફક ગર્ભ એક જ વખતે બહાર આવી જાય છે. પરંતુ સાધારણ રીતે માલૂમ પડયું છે કે ગર્ભસ્રાવ ત્રીજા મહિનાના અંતમાં જ થાય છે. તે વખતે કમલ પૂર્ણરૂપ બનેલું હોય છે, એટલે ગર્ભસ્રાવ થયા પછી કમલના નાના ટુકડા બહાર નીકળે છે. વળી જે દિવસોમાં ગર્ભિણીને માસિક ધર્મ આવ્યા કરતું હોય તે દિવસોમાં ગર્ભસ્રાવ ઘણું કરીને થાય છે, કેમકે તે દિવસોમાં ગર્ભાશય કોટરમાં લોહીની અધિકતાથી ગર્ભાશયની શ્લેષ્મકલા પ્રફુલ્લિત થાય છે, ને તેથી ગર્ભાશયને તે દિવસોમાં વધારે ઉત્તેજના મળે છે. ગર્ભસ્રાવ તથા ગર્ભપાત થવાનાં કારણ: (૧) ગર્ભાશયની શ્લૈષ્મિક કલાથી ગર્ભ સારી રીતે ન ચોંટવો. (૨) ચોટ લાગવાથી કે ગર્ભકલામાં રક્તસ્રાવ થવાથી ગર્ભનું મૃત્યુ થવું. (૩) તીવ્ર વિરેચન, ગર્ભનાશક ઔષધિઓ, શસ્ત્રકર્મ અથવા બહુ ક્ષોભથી વાત નાડીસંસ્થાનની ઉત્તેજનાને લીધે ગર્ભાશયને પડતું જોર અને તેથી ગર્ભનું મૃત્યુ. મૃત્યુ પછી ગર્ભને ગર્ભાશય બહાર ફેંકી દે છે.

ગર્ભપાતક ૧. [સં.] પું. રાતો સરગવો.
૨. સ્ત્રી. એક જાતની વનસ્પતિ; કલગરી.
૩. વિ. ગર્ભ પાડી નાખે એવું; ગર્ભપાત કરનાર.

ગર્ભપાતણી સ્ત્રી. ગર્ભપાત કરનાર સ્ત્રી.

ગર્ભપાતન ૧. [સં.] સ્ત્રી. અરીઠું.
૨. ન. ગર્ભપાત; કસુવાવડ; ગર્ભહત્યા.

ગર્ભપાતિની ૧. [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; કલિહારી.
૨. સ્ત્રી. વિશલ્યા નામની ઔષધિ.

ગર્ભપાતી [સં. ગર્ભપાતિન્] વિ. ગર્ભપાત કરનાર કે કરાવનાર.

ગર્ભપાપી [સં. ગર્ભપાપિન્] વિ. જન્મથી જ પાપ કરવાના સ્વભાવવાળું.

ગર્ભપાલ ૧. [સં.] પું. ગર્ભપાલરસ.
૨. વિ. ગર્ભનું રક્ષણ કરનારૂં.

ગર્ભપાલરસ [સં.] પું. ગર્ભના રક્ષણ માટે અને સુખપૂર્વક પ્રસવ થવા માટે વપરાતું એક ઔષધ.

ગર્ભપાંડુર [સં.] વિ. વચમાં ધોળું હોય એવું; મધ્ય ભાગમાં શ્વેત.

ગર્ભપુરી [સં.] સ્ત્રી. ગર્ભાશય; ઉદર.

ગર્ભપોષણ ૧. [સં.] ન. ગર્ભ પુષ્ટિ પામે તેવી કોઈ વિધિ.
૨. ન. ગર્ભનું પાલન કરવું તે.

ગર્ભપ્રદા ૧. [સં.] સ્ત્રી. ગર્ભપ્રદાવટી.
૨. વિ. સ્ત્રી. ગર્ભ રહે તેમ કરનારી.

ગર્ભપ્રદાવટી [સં.] સ્ત્રી. ગર્ભાશયનાં દરદ મટાડી ગર્ભ રહે તે માટે વપરાતું એક ઔષધ. તેની માત્રા બે ગોળી છે અને તે દૂધ કે પાણી સાથે લેવાય છે.

ગર્ભપ્રસવ [સં.] પું. ગર્ભજન્મ; ગર્ભનું ગર્ભાશયમાંથી બહાર પડતું તે.

ગર્ભપ્રસૂતિ જુઓ ગર્ભપ્રસવ.

ગર્ભબિંદુ [સં.] ન. શુક્ર તથા શોણિતના યોગથી, પુરુષના વીર્યના અણુ વડે યુક્ત થયેલું સ્ત્રીનું બીજ; 'એગસેલ'.

ગર્ભભરાલ વિ. સ્ત્રી. ગર્ભ ધારણ કરેલી.

ગર્ભભવન ૧. [સં.] ન. પ્રસૂતિગૃહ; સુવાવડનો ઓરડો.
૨. ન. મંદિરનો વચ્ચેનો મુખ્ય ખંડ; ગભાર.
૩. ન. વચલું ઘર; મધ્યભાગનો ઓરડો.

ગર્ભમંડપ [સં.] પું. દેવાલયનો મૂર્તિવાળો અંદરનો ભાગ; ગભાર.

ગર્ભમંદિર જુઓ ગર્ભમંડપ.

ગર્ભમાસ [સં.] પું. ગર્ભ રહ્યો હોય તે મહિનો.

ગર્ભમોક્ષ [સં.] પું. ગર્ભાશયમાંથી ગર્ભનો છુટકારો; જન્મ લેવાપણું.

ગર્ભમોચન જુઓ ગર્ભમોક્ષ.

ગર્ભયંત્ર [સં.] ન. પારદ અને કોઈ પણ ધાતુના યોગવાળી પિષ્ટીને અગ્નિસ્થાયી કરવાના કામમાં ઉપયોગી એક યંત્ર. ૪ ઇંચ લાંબી અને ૩ ઇંચ ઘેરાવાની મૂસ કરાવી તેનું મોઢું ગોળાકાર કરવું. તેમાં સંસ્કાર કરવાનો પારો નાખવો. લોઢાનો ભૂકો ૨૦ ભાગ અને ગૂગળ એક ભાગ બંનેને પાણીથી બારીક વાટીઘૂંટી મૂસને તેનો લેપ કરવો. પછી મીઠું અને માટીને પાણીમાં બારીક વાટી તેનો લેપ કરી એક ખાડામાં કમોદનાં ફોતરાં ભરી વચમાં એ મૂસ મૂકી ફોતરાં સળગાવવાં. ૧ થી ૩ દિવસ સુધી તેને અગ્નિ અપાય છે. પારદની ભસ્મ કરવામાં આનો ઉપયોગ થાય છે.

ગર્ભયાતના [સં.] સ્ત્રી. ગર્ભને સહન કરવું પડતું દુ:ખ; ગર્ભવાસનું દુ:ખ; જીવને ગર્ભદશામાં પડતું દુ:ખ.

ગર્ભયોગી [સં. ગર્ભયોગિન્] પું. શુકદેવજી.

ગર્ભયોષા ૧. [સં.] સ્ત્રી. ગર્ભાધાન કરેલી સ્ત્રી; સગર્ભા સ્ત્રી.
૨. સ્ત્રી. પૂરથી છલકાતી ગંગા નદી.

ગર્ભરક્ષક [સં.] વિ. ગર્ભને પોષણ આપનાર.

ગર્ભરક્ષણ જુઓ ગર્ભરક્ષા.

ગર્ભરક્ષા [સં.] સ્ત્રી. ગર્ભનું રક્ષણ કરવું તે.

ગર્ભરા [હિં.] સ્ત્રી. પ્રાચીન કાળનું એક જાતનું નદીમાં ચાલતું વહાણ. તે ૧૧૨ હાથ લાંબું, ૫૬ હાથ પહોળું અને ૫૬ હાથ ઊંચું થતું.

ગર્ભરૂપ ૧. [સં.] ન. બાળક; શિશુ; બચ્ચું.
૨. વિ. બાળકબુદ્ધિનું.

ગર્ભરૂપક જુઓ ગર્ભરૂપ.

ગર્ભરૂપી જુઓ ગર્ભરૂપ.

ગર્ભરોગ [સં.] પું. સ્ત્રીઓનો એક જાતનો રોગ; 'હિસ્ટીરિઅ'. તેનું મૂળ ગર્ભાશયમાંથી બહાર પડતી હાનિકારક બાફ હોવાથી એનું નામ ગર્ભરોગ પડયું છે.

ગર્ભરોધ [સં.] પું. ગર્ભનો અટકાવ.

ગર્ભલક્ષણ ૧. [સં.] ન. ગર્ભધારણનું ચિહ્ન; ગર્ભ રહ્યો તે સૂચવનાર નિશાની.
૨. વિ. વર્ષાઋતુનાં ચિહ્ન જોનાર.

ગર્ભલંભન [સં.] ન. યોનિમાં નાખેલું વીર્ય ગર્ભ ઉત્પન્ન કરે તે માટેની કોઈ ક્રિયા; ગર્ભની વૃદ્ધિ અને સરળતા માટે થતી વિધિ.

ગર્ભવચન ૧. [સં.] ન. ગર્ભયાતનામાંથી છૂટવા માટે જીવે ઈશ્વરને આપેલું વચન. જેમકે, 'હું તારી ભક્તિ કરીશ'.

૨. ન. મુદ્રાલેખ; મુખ્યસૂત્ર; જીવનસૂત્ર.

ગર્ભવતી [સં.] સ્ત્રી. ભારેવાઈ; ગર્ભ જેને રહ્યો હોય તે સ્ત્રી; સગર્ભા; ગર્ભિણી; પેટમાં બાળકવાળી સ્ત્રી. ગર્ભ રહ્યાનાં ચિહ્ન: ગર્ભના પહેલા મહિનામાં મોંમાં પાણી છૂટે અને પ્રાતઃકાલીન બીમારી જેમકે માથામાં ચક્કર આવે અને ઊઠીને ચાલતી થાય તો વમન વગેરે થાય. સ્વભાવમાં પરિવર્તન એટલે કે ચીડિયાપણું, અરુચિ થાય, થાક લાગે અને અપર્યાપ્ત પદાર્થ તરફ રુચિ હોવાથી વાતનાડીસંસ્થાનમાં પરિવર્તન થાય. વળી રજોદર્શન ન થાય, સ્તનોમાં પરિવર્તન થાય, ગર્ભ ફરકે, મૂત્રાશયની ઉત્તેજનાને લીધે પેશાબ વધારે વખત લાગે, ગર્ભાશયના પરિમાણમાં ફેરફાર થાય એવાં ચિહ્નો થાય. પાંચમા મહિનાના અંતમાં હૃદયની ગતિ સાંભળી શકાય છે. જેમ ઘડિયાળને તકિયા નીચે રાખીને સૂનારને તેનો અવાજ કાનમાં પડે તેમ ગર્ભવતીના ઉદર ઉપર કાન રાખવાથી ગર્ભના હૃદયની ગતિ સાંભળી શકાય. ઘણું કરીને તે ગતિ એક મિનિટમાં ૧૨૦ થી ૧૪૦ સુધી સંભળાય છે. ગર્ભની હૃદયગતિ ઘણું કરીને ગર્ભની ચંચલતાને લીધે વધે છે અને રક્તસ્રાવ વધારે થવાથી ઓછી થાય છે. જો ગતિ ૧૦૦ થી ઓછી થાય અને ૧૬૦ થી વધી જાય તો માનવું કે ગર્ભની દશા શોચનીય છે. સાધારણ રીતે ગર્ભનો પૂરો સમય ૨૮૨ દિવસનો હોય છે. પ્રસવતિથિ જાણવાને માટે અંતિમ માસિક ધર્મના પહેલા દિવસથી ૨૮૨ દિવસ ગણવા. કોઈ કોઈ સ્ત્રીને ૧૧ કે ૧૨ માસ પછી પ્રસવ થાય છે ત્યારે બાળકનો ભાર વધી જાય છે અને પ્રસવ પણ અતિ દુઃખદાયક રીતે થાય છે.

ગર્ભવસતિ ૧. [સં.] પું. ગર્ભાશય; ગર્ભને રહેવાનું સ્થળ.

૨. પું. ગર્ભાશયમાં ગર્ભનું રહેવું તે.

ગર્ભવંતી ૧. સ્ત્રી. અભિમાની સ્ત્રી.

૨. સ્ત્રી. ગર્ભવતી; ભારેવાઈ; સગર્ભા સ્ત્રી.

ગર્ભવંતું ૧. વિ. ગર્ભવાળું; હમેલવાળું.

૨. વિ. મગરૂર.

ગર્ભવાક્ય [સં.] ન. ચાલુ સંવાદની વચ્ચે આવતું વર્ણનાત્મક વાક્ય.

ગર્ભવાલોળ સ્ત્રી. એક જાતની વાલોળ.

ગર્ભવાસ ૧. [સં.] પું. ગર્ભનું ઉદરમાં રહેવું તે; ગર્ભમાં વાસ.

૨. પું. ગર્ભાશય.

ગર્ભવાસી [સં. ગર્ભવાસિન્] વિ. ગર્ભમાં વાસ કરનાર.

ગર્ભવિકાસપ્રકરણ [સં.] ન. ગર્ભબિંદુ શી રીતે વિકાસ પામી દેહાકાર બને છે તે જણાવનાર વૈદ્યકશાસ્ત્રનો ભાગ.

ગર્ભવિચ્યુતિ [સં.] સ્ત્રી. ગર્ભપાત; કસુવાવડ; ગર્ભસ્રાવ.

ગર્ભવિજ્ઞાન [સં.] ન. ગર્ભવિદ્યા.

ગર્ભવિદ્યા [સં.] સ્ત્રી. ગર્ભ સંબંધી શાસ્ત્ર; પ્રસૂતિશાસ્ત્ર.

> પ્રાણીઓ પોતાની વૃદ્ધિ દરમ્યાન અંકુરમાંથી પુખ્ત વયનાં થાય ત્યાંસુધીમાં કેટલીએ પરિસ્થિતિમાંથી પસાર થાય છે અને એ પરિસ્થિતિના અભ્યાસને **ગર્ભવિદ્યા** કહે છે.
>
> પ્રાણીવિદ્યાનું રેખાદર્શન

ગર્ભવિનોદરસ પું. (વૈદ્યક) એ નામનું સુવર્ણમાક્ષિકમાંથી બનતું ઔષધ. તે બનાવવા સુવર્ણમાક્ષિક ભસ્મ ૪ તોલા, હિંગળો ૪ તોલા, સૂંઠ ૩ તોલા, મરી ૩ તોલા, લવિંગ ૩ તોલા, જાવંત્રી ૩ તોલા એ સર્વને પાણી સાથે મેળવી બબ્બે રતીની એક ગોળી કરવી. વખતોવખત ગર્ભપાત તથા કસુવાવડ ઉપર આ ઔષધ ઉપયોગી મનાય છે. તેની માત્રા ૧ થી ૨ રતીભાર છે. આ રસ ચાલતો હોય ત્યાંસુધી તેલ, મરચું, ખટાશ ખાવાં નહિ ને ઘી, સાકર જેવો પૌષ્ટિક ખોરાક ખાવો.

ગર્ભવિપત્તિ [સં.] સ્ત્રી. ગર્ભનો નાશ.

ગર્ભવિમોચન [સં.] ન. ગર્ભનું છૂટું પડવું તે.

ગર્ભવિલાસરસ પું. (વૈદ્યક) એ નામનું એક ઔષધ. તે બનાવવા શુદ્ધ પારદ, શુદ્ધ ગંધક, શુદ્ધ મોરથૂથુ દરેક સમ ભાગે લઈ ત્રણ દિવસ સુધી લીંબુના રસમાં ખલ કરી તેમાં એકેક ભાગ જીરૂં, કાળીજીરી, લીંડીપીપર, મરી અને સૂંઠનું ચૂર્ણ નાખી તે બધાંને બરાબર મિલાવી તેની વાલ વાલની ગોળી કરવી. ગર્ભિણી સ્ત્રીના તેમ જ સુવાવડી સ્ત્રીના ઉદરવ્યાધિમાં આ રસ ઘણો ઉપયોગી મનાય છે.

ગર્ભવૃદ્ધિ [સં.] સ્ત્રી. ગર્ભનો વિકાસ.

ગર્ભવેત્તા [સં. ગર્ભવેત્તૃ] પું. ગર્ભ સંબંધી જ્ઞાન ધરાવનાર માણસ.

ગર્ભવેદના [સં.] સ્ત્રી. બાળકજન્મથી થતી પીડા.

ગર્ભવ્યાકરણ [સં.] ન. ચિકિત્સાશાસ્ત્રનું એક અંગ. તેમાં ગર્ભની ઉત્પત્તિ તથા વૃદ્ધિ વગેરેનું વર્ણન છે.

ગર્ભવ્યાધિ [સં.] સ્ત્રી. ગર્ભને લગતો રોગ.

ગર્ભવ્યાધિસંસ્થા [સં.] સ્ત્રી. ગર્ભને લગતા વ્યાધિની સારવાર કરવા માટેની સંસ્થા.

ગર્ભવ્યૂહ [સં.] પું. યુદ્ધમાં સેનાની એક પ્રકારની ગોઠવણી. તેમાં સેના કમળના પત્રોની માફક પોતાના સેનાપતિ અથવા તો રક્ષ્ય વસ્તુને ચારે તરફ ઘેરીને ઊભી રહે છે અને લડે છે.

ગર્ભશય્યા [સં.] સ્ત્રી. ગર્ભાશય; ગર્ભોત્પત્તિનું સ્થાન.

ગર્ભશરીર ન. ગર્ભકણ; જ્યોતિબીજ.

> પ્રોટોપ્લાઝમમાં એક રંગહીન યાને **ગર્ભશરીર** અને એની આસપાસ લીલાં શરીર રહેલાં હોય છે.
>
> આનંદશંકર ધ્રુવ

ગર્ભશલ્ય [સં.] ન. ગર્ભનું દુઃખ.

ગર્ભશંકુ [સં.] પું. ગર્ભને પેટમાંથી ખેંચી કાઢવાનું એક જાતનું હથિયાર; ગર્ભાહરણશંકુ.

ગર્ભશાસ્ત્ર [સં.] ન. ગર્ભ સંબંધી માહિતી આપનારૂં શાસ્ત્ર; ગર્ભવિદ્યા.

ગર્ભશ્રીમત્તા [સં.] સ્ત્રી. જન્મથી જ પૈસાદાર હોવું તે; ગર્ભશ્રીમંતાઈ.

ગર્ભશ્રીમંત [સં. ગર્ભશ્રીમત્] વિ. જન્મથી પૈસાદાર હોય એવું; શ્રીમંતને ઘેર જન્મેલું.

ગર્ભશ્રીમંતાઈ સ્ત્રી. ગર્ભશ્રીમંત હોવાપણું.

ગર્ભશ્રીમાન [સં. ગર્ભશ્રીમત્] વિ. જન્મથી જ પૈસાદાર.

ગર્ભસમય [સં.] પું. ગર્ભાધાનનો વખત.

ગર્ભસંક્રમણ [સં.] ન. એક દેહનો ત્યાગ કરી બીજા દેહમાં ઉત્પન્ન થવા માટે ગર્ભમાં પ્રવેશ કરવો તે.

ગર્ભસંગત [સં.] સ્ત્રી. ગર્ભમાં જ્ઞાન મેળવવું તે.

ગર્ભસંજ્ઞા [સં.] સ્ત્રી. ગર્ભધારણ કરવો તે.

> શુક્ર, શોણિત અને જીવનો સંયોગ થઈ કુક્ષિમાં જાય ત્યારે **ગર્ભસંજ્ઞા** થાય છે. જીવનરહસ્ય

ગર્ભસંધિ [સં.] સ્ત્રી. નાટકના વસ્તુની પાંચ માંહેની એક સંધિ.

ગર્ભસંભવ [સં.] પું. ગર્ભ ધારણ કરવો તે; ગર્ભની ઉત્પત્તિ.

ગર્ભસંભવા [સં.] સ્ત્રી. એલચી.

ગર્ભસંભૂતિ [સં.] સ્ત્રી. ગર્ભ ધારણ કરવો તે.

ગર્ભસૂતરૂં વિ. તાણો સૂતરનો અને વાણો હીરનો હોય એવું; જેના ગર્ભની અંદર અરધા સૂતરના તાર હોય એવું; અર્ધહીરાગળ.

ગર્ભસૂત્ર પું. ગોળ વસ્તુનો વ્યાસ.

ગર્ભસેવન [સં.] ન. ગર્ભનું સેવન.

ગર્ભસ્થ [સં. ગર્ભ + સ્થા (રહેવું)] વિ. ગર્ભમાં રહેલું; ગર્ભમાં રહેનાર.

ગર્ભસ્થલી [સં.] સ્ત્રી. ગર્ભાશય.

ગર્ભસ્થા [સં.] સ્ત્રી. નારી; સ્ત્રી.

ગર્ભસ્થાન [સં.] ન. ગર્ભને રહેવાનું સ્થાન; ગર્ભાશય.

ગર્ભસ્થાપન ૧. [સં.] ન. ઋતુદાન.

૨. ન. ગર્ભ રહે તેવી દવા.

ગર્ભસ્રવા [સં.] સ્ત્રી. જેને ગર્ભપાત જ થયા કરે તેવી સ્ત્રી.

ગર્ભસ્રવી જુઓ ગર્ભસ્રવા.

ગર્ભસ્રાવ [સં.] પું. અધૂરા માસે ગર્ભ પડી જવો તે; ગર્ભનું સ્રવી પડવાપણું; કસુવાવડ; ગર્ભપાત.

ગર્ભસ્રાવી [સં. ગર્ભસ્રાવિન્] પું. એક પ્રકારના જંગલી ખજૂરનું ઝાડ; હિંતાલ વૃક્ષ.

ગર્ભહત્યા [સં.] સ્ત્રી. ગર્ભનો નાશ; ગર્ભપાત.

ગર્ભંડ પું. દૂંટીની વૃદ્ધિ.

ગર્ભા સ્ત્રી. પ્રભાકરમાં આવેલી એ નામની એક નદી.

ગર્ભાગાર ૧. [સં.] પું. અંદરનો ઓરડો.

૨. પું. ગર્ભાશય; ગર્ભસ્થાન.

૩. પું. દેરાનો વચ્ચેનો ખંડ; મંદિરનો ગભારો.

૪. પું. રણવાસ; જનાનખાનું.

૫. પું. સૂતિકાગૃહ; સુવાવડનો ઓરડો.

૬. પું. સૂવાનો ઓરડો.

ગર્ભાત્મા [સં. ગર્ભાત્મન્] પું. ગર્ભમાંનો જીવ.

ગર્ભાધાન ૧. [સં.] પું. એ નામનો પચીશ માંહેનો એક સંસ્કાર; પહેલી વખત ગર્ભધારણ થયા પછી કરવામાં આવતી એક ક્રિયા.

૨. ન. ગર્ભ મૂકવો તે; ગર્ભનું સ્થાપન.

૩. ન. ગર્ભ રહેવો તે; ગર્ભ ધારણ કરવો તે.

૪. ન. સારી પ્રજા ઉત્પન્ન થાય માટે સંભોગ પહેલાં કરવામાં આવતો એક વિધિ.

ગર્ભાધાનકાલ [સં.] પું. ગર્ભધારણનો વખત; મહિના રહેવાનો વખત.

ગર્ભાધાનકાળ જુઓ ગર્ભાધાનકાલ.

ગર્ભાધાનનિરોધ [સં.] પું. સ્ત્રીને ગર્ભ રહેતો અટકે એવી યોજના; સંતતિનિયમન.

ગર્ભાધાનવિરોધ [સં.] પું. ગર્ભાધાન થતું અટકાવવું તે; સંતતિનિયમન.

ગર્ભાધાનસંસ્કાર ૧. [સં.] પું. એ નામનો પચીશ માંહેનો એક સંસ્કાર; ગર્ભાધાન.

૨. પું. સારી પ્રજા ઉત્પન્ન થાય માટે સંભોગ પહેલાં કરવામાં આવતો વિધિ.

ગર્ભાન્વય [સં.] પું. ગર્ભાધાનથી મોક્ષપ્રાપ્તિ સુધી કરવામાં આવતો ૫૩ માંહેનો કોઈ પણ સંસ્કાર.

ગર્ભામૃત [સં.] ન. ગર્ભસ્થાનમાં પાતળા પડની થેલીમાં રહેલ પ્રવાહી.

> કમળ સંપૂર્ણ થઈ રહે એટલે **ગર્ભામૃત**ની થેલી ફૂટે છે. આયુર્વેદ રહસ્યાર્ક

ગર્ભારા ૧. સ્ત્રી. ગર્ભ રહ્યો હોય તેવી કુંવારી કન્યા.

૨. સ્ત્રી. નાની એલચી.

ગર્ભાવક્રાંતિ [સં.] સ્ત્રી. જીવનું ગર્ભમાં આવવું તે; ગર્ભમાં આત્માનું આવરણ.

ગર્ભાવતરણ [સં.] ન. ગર્ભનું નીચે ઊતરવું તે.

ગર્ભાવસ્થા [સં.] સ્ત્રી. ગર્ભ રહ્યા પછીની શારીરિક સ્થિતિ.

ગર્ભાવું અ. ક્રિ. ગરભાવું.

ગર્ભાશય [સં.] ન. ગર્ભસ્થાન; સ્ત્રીશરીરના પેટમાં ગર્ભને રહેવાનું સ્થળ; ગર્ભકોશ. બસ્તિના આગલા ભાગમાં મૂત્રાશય, પાછળ સક્રો તથા ગુદા અને મધ્યમાં ગર્ભાશય આવેલું છે. ગર્ભાશયનો આકાર અમરૂદ અથવા નાસપાતી અથવા ચપટા જામફળ જેવો છે. તેની લંબાઈ ચાર ઈંચ ને પહોળાઈ અઢી ઈંચ તથા વજન ૨ થી ૪ ઔંસનું હોય છે. તેનું મુખ નીચે હોઈ તે યોનિમાર્ગની ઉપલી દીવાલ સાથે લાગેલું છે. યુવાવસ્થામાં ગર્ભ વિનાનું ગર્ભાશય મુઠ્ઠી જેટલું હોય છે. જ્યારે ગર્ભ રહે છે ત્યારે ગર્ભના પ્રમાણમાં તે મોટું થાય છે. તેની દીવાલના બંધારણમાં પણ ફેરફાર થાય છે. ગર્ભાશયના ત્રણ ભાગ કલ્પવામાં આવે છેઃ મુખ, ગ્રીવા તથા શરીર. મુખઃ આ ભાગ યોનિમાર્ગના ઉપલા છેડા સાથે લાગેલો હોઈ ત્યાં જ ઊઘડે છે. આ ભાગની ટોચ ઉપર એક લગભગ ગોળ છિદ્ર આવેલું છે, જે બાહ્ય ગર્ભછિદ્ર તરીકે ઓળખાય છે. આ છિદ્ર ગર્ભાશયના દ્વારરૂપ છે, કારણકે તેની મારફત ગર્ભાશય તથા યોનિમાર્ગ એકબીજાના સંબંધમાં આવે છે. આ છિદ્ર હમેશા સંકોચાયેલું નજરે પડે છે. જ્યારે અટકાવ આવે છે ત્યારે તે મોટું થઈ અટકાવને બહાર જવાનો રસ્તો આપે છે અને લગભગ ૧૬ દિવસ સુધી ખુલ્લું રહે છે. તેથી એ દિવસોમાં ગર્ભ રહેવાનો વધારે સંભવ રહે છે. રજઃકૃચ્છ્ર નામના રોગમાં તે અતિશય સાંકડું બની જઈ અટકાવને બહાર જતો અટકાવે છે, એટલે રજસ્વલા સ્ત્રીને ઘણી ચૂંક આવે છે. પ્રસવ વખતે તે ઘણું જ પહોળું થઈને બાળકને બહાર જવાનો રસ્તો આપે છે. ગ્રીવાઃ ગર્ભાશયના મુખ તથા શરીર વચ્ચેનો આ સાંકડો ભાગ લગભગ બે આંગળ લાંબો છે. તેની દીવાલો લગભગ એક આંગળના ચોથા ભાગ જેટલી જાડી છે. તેની અંદર રહેલો માર્ગ ગ્રીવાસરણિ તરીકે ઓળખાય છે. તે નાની પટોળની માફક વચ્ચે પહોળો અને દરેક છેડે સાંકડો છે. અટકાવના વખત સિવાય આ માર્ગમાં જાડો શ્લેષ્મ રહેલો હોય છે, જે એને મોટે ભાગે પૂરે છે. શરીરઃ ગર્ભાશયનો આ ઉપલો ભાગ તુંબડીના જેવો છે. ગર્ભાશયની અંદરનો પોલો ભાગ ત્રિકોણાકારનો છે. આ ત્રિકોણના પાયાના દરેક ખૂણા ઉપર બીજવાહિનીનું દ્વાર ઊઘડે છે, જ્યારે તેની ટોચના ખૂણામાં ગ્રીવાસરણિનું દ્વાર ઊઘડે છે. ગ્રીવાસરણિનું આ દ્વાર આભ્યંતર ગર્ભછિદ્ર તરીકે ઓળખાય છે. ગર્ભાશયના આ ભાગની દીવાલ લગભગ અર્ધો આંગળ જાડી છે, એટલે ગર્ભાશયના બહારના કદના પ્રમાણમાં તેની અંદરનું પોલાણ ઓછું છે. ગર્ભાશયનો સૌથી ઉપલો ભાગ તેના આકાર ઉપરથી ગર્ભતુંબી તરીકે ઓળખાય છે.

ગર્ભાશયઅર્બુદ પું. ગર્ભાશયની અંદર થતું ગૂમડું; એક જાતનો ગર્ભાશયનો રોગ.

ગર્ભાશયગ્રંથિ [સં.] સ્ત્રી. ગર્ભાશયમાં થતી ગાંઠ.

ગર્ભાશયચ્યુતિ [સં.] સ્ત્રી. ગર્ભાશયનું તેના સ્થાનમાંથી ખસી જવાપણું.

ગર્ભાશયછેદ [સં.] પું. ગર્ભાશયમાં કાપકૂપ અથવા શસ્ત્રક્રિયા કરવી તે.

ગર્ભાશયછેદન જુઓ ગર્ભાશયછેદ.

ગર્ભાશયપ્રદર પું. ગર્ભાશયમાં વિક્રિયા થઈ દોષવાળું લોહી વહેવાનો રોગ.

ગર્ભાશયબંધન [સં.] ન. ગર્ભાશયને પોતાની જગ્યાએ સ્થિર રાખવા માટેની માંસલ પટ્ટી.

ગર્ભાશયભ્રંશ [સં.] પું. ગર્ભાશય ખસી પડવું તે; ગર્ભાશયનું પડી જવું કે ઊંધું થઈ જવું તે.

ગર્ભાશયમુખ [સં.] ન. યોનિમાર્ગ પૂરો થઈને ગર્ભાશયને મળે તે ભાગ ઉપર આવેલું છિદ્ર; કમળમુખ. પ્રસવ પહેલાં આ કમળમુખ ગોળ હોય છે. પ્રસવ પછી તે ગોળ મટી સહેજ ચપટું અથવા આડી ફાટ જેવું થઈ જાય છે. આ છિદ્ર સાધારણ રીતે સંકુચિત જ રહે છે. પ્રસવને વખતે તેમ જ રજોદર્શન વખતે તે ખુલ્લું રહે છે.

ગર્ભાશયવક્રતા [સં.] સ્ત્રી. ગર્ભાશયનું વાંકું થઈ જવું તે; એક જાતનો ગર્ભાશયનો રોગ.

ગર્ભાશયવરમ પું. ગર્ભાશયમાં સોજો થવાનો રોગ.

ગર્ભાશયવિવર્તન ૧. [સં.] ન. ગર્ભાશયનું આડુંઅવળું ખસી જવું તે.

૨. ન. ગર્ભાશયને ફેરવી નાખવાપણું.

ગર્ભાશયશરીર [સં.] ન. ગર્ભાશયગ્રીવા પછીનો ત્રિકોણાકાર ભાગ.

ગર્ભાશયશોથ [સં.] પું. ગર્ભાશયમાં સોજો આવવાનો રોગ.

ગર્ભાશયશોધક [સં.] ન. છૂરૂં. ગર્ભને સાચવવામાં તથા પડવા ન દેવામાં તે બહુ ઉપયોગી કામ કરે છે એમ મનાય છે.

ગર્ભાષ્ટમ [સં.] પું. ગર્ભ રહ્યો તે સમયથી આઠમો મહિનો કે વર્ષ.

ગર્ભાસન [સં.] ન. (યોગ) ચોરાશી માંહેતું એ નામનું એક આસન. આ આસન પદ્માસનની જેમ પગને ગોઠવી અને બંને પીંડી નીચે હાથ ખોસી તે હાથ ગરદનની પાછળ ભરાવી થાય છે. ડાબા સાથળના મૂળમાં જમણો પગ અને જમણા સાથળના મૂળમાં ડાબો પગ રાખીને બંને હાથ કુક્કુટાસન પેઠે મધ્યમાં રાખીને બંને હાથથી ડોકને નીચી નમાવી બેસવાથી પણ આ આસન થાય છે. તે આળસ દૂર કરે છે. તેનાથી કષ્ટ સહન કરવાની શક્તિ આવે છે ને ઇંદ્રિયો શાંત થાય છે. વળી પેટના રોગો મટી મનની પ્રસન્નતા પ્રાપ્ત થાય છે અને તેનાથી આંતરડાના દોષો દૂર થઈ પેટની શુદ્ધિ થઈ ભૂખ ઊઘડે છે એમ મનાય છે.

ગર્ભાસ્તિની સ્ત્રી. એ નામની એક દેવી.

> કોકિલાક્ષી, કામકલા, કરુણા, કામપૂજિતા, કઠોરવિગ્રહા, ધન્યા, નાકિમાન્યા અને **ગર્ભાસ્તિની** એ નામોથી એ દેવીનો મનુષ્યોએ જપ કરવો જોઈએ.
> ભગવતી ભાગવત

ગર્ભાસ્પંદન ૧. [સં.] ન. ગર્ભક્ષય; ગર્ભનો નાશ.

૨. ન. ગર્ભનું ફરવું તે.

ગર્ભાસ્રાવ [સં.] પું. કસુવાવડ; ગર્ભનું પડી જવાપણું.

ગર્ભાંક [સં.] પું. નાટકના અંકમાં આવતો પેટા અંક; નાટકમાં એક અંકની વચ્ચે બીજું એક અંકવાળું આખું નાટક દાખલ કરી દેવામાં આવ્યું હોય તે.

ગર્ભાંધ [સં.] વિ. જન્મથી આંધળું; જન્મથી જ દેખતું ન હોય એવું.

ગર્ભિણી ૧. [સં.] સ્ત્રી. ગર્ભવાળી સ્ત્રી; જેના પેટમાં ગર્ભ રહ્યો હોય તેવી સ્ત્રી. ખાસ કરીને ગર્ભિણીએ પહેલા, બીજા અને ત્રીજા મહિનામાં મીઠા, શીતળ અને પાતળા આહારનું સેવન કરવું જોઈએ. ધન્વંતરીનો મત છે કે ચોથા મહિનામાં તેને દૂધ અને માખણવાળો આહાર તથા હૃદયપ્રિય અન્ન ખવરાવવું જોઈએ. પાંચમા મહિનામાં દૂધ અને ઘીવાળો ખોરાક દેવો. છઠ્ઠા મહિનામાં ગોખરુથી સિદ્ધ કરેલ ઘૃતપાનની માત્રા દેવી અથવા યવાગૂ પાવું. સાતમા મહિનામાં પૃથક્પર્ણી અથવા પીઠવન નામની ઔષધિથી સિદ્ધ કરેલું ઘી દેવું. એ રીતે કરવાથી ગર્ભ સારી રીતે પૂર્ણ થાય છે. આઠમા માસમાં પુરાણા મળની શુદ્ધિ અને વાયુનું રેચન થવાને માટે કેસરનું પાણી, બલા, અતિબલા, શતપુષ્પા, દૂધ, દહીંનું પાણી, તલનું તેલ, મીઠું, મીંઢોળ, મધ અને ઘી એ સર્વ મેળવીને એનાથી આસ્થાપન બસ્તિ પ્રયોગ કરવો. પછી મધુર અને કષાય દ્રવ્યોથી સિદ્ધ કરેલા તેલથી અનુવાસન બસ્તિ કરવી. તેનાથી વાયુ છૂટે છે અને તેમ થવાથી સુખપૂર્વક પ્રસવ થાય છે. ગર્ભવતી સ્ત્રીને ગર્ભસ્રાવની શંકા રહેતી હોય તો પહેલા મહિનામાં મૂલહડી, શાકબીજ, ક્ષીરકાકોલી અને દેવદારુ, બીજા મહિનામાં અશ્મંતક, કાળા તલ, મજીઠ અને શતાવરી, ત્રીજા મહિનામાં શ્યામા, ક્ષીરકાકોલી અને કાળીસારિવા, ચોથા મહિનામાં અનંતા, સારિવા, રાસ્ના, ભારંગી અને મૂલહડી, પાંચમા મહિનામાં નાની મોટી કટેરી, ખંભારી, દૂધવાળા ઝાડનો અંકુર અને છાલ તથા ઘી, છઠ્ઠા મહિનામાં પૃષ્ઠપર્ણી, ખરેટી, સહિજન, ગોખરુ અને મૂલહડી, સાતમામાં શિંગોડાં, કમળના તંતુ, મુનક્કા, મોથ અને મૂલહઠી સાકરવાળા દૂધની સાથે પાવાં, આઠમામાં કોઠું, બીલું, મોટી કટેરી, પરવળ શેરડી કે છોટી કટેરીનાં મૂળ દૂધમાં સિદ્ધ કરીને આપવાં; નવમા મહિનામાં મૂલહડી, યવાસા, ક્ષીરવિદારી, સારિવા તથા દશમા માસમાં સૂંઠથી સિદ્ધ કરેલ ઠંડું દૂધ દેવું. આ રીતે ગર્ભ વધે છે અને તીવ્ર પીડા શાંત થઈ જાય છે. કુશ, કાશ, એરંડ કે ગોખરુનાં મૂળ વડે સિદ્ધ કરેલું ઠંડું કરીને સાંકરવાળું દૂધ દેવાથી ગર્ભિણીનું શૂળ નાશ પામે છે.

૨. સ્ત્રી. ગાભણી ગાય.

૩. ન. પ્રાચીન કાળનું એક જાતનું વહાણ. તે ૮૦ હાથ લાંબું, ૪૦ હાથ પહોળું અને ૪૦ હાથ ઊંચું બનાવાતું.

૪. વિ. સ્ત્રી. ગર્ભવાળી; ગર્ભવંતી; સગર્ભા.

ગર્ભિણીદોહદ ૧. [સં.] પું.; ન. ગર્ભવતી સ્ત્રીની ઇચ્છા; ગર્ભિણી સ્ત્રીનો અભિલાષ.

૨. પું.; ન. ગર્ભિણીએ ઇચ્છેલ કોઈ પદાર્થ.

ગર્ભિણીવ્યાકરણ [સં.] ન. ગર્ભાવસ્થાની પ્રગતિ નામનો વૈદ્યકશાસ્ત્રનો એક ભાગ.

ગર્ભિણીવ્યાકૃતિ જુઓ ગર્ભિણીવ્યાકરણ.

ગર્ભિણ્યવેક્ષણ ૧. [સં.] ન. ગર્ભિણીની સંભાળ રાખવી તે.

૨. ન. સુવાવડી સ્ત્રી અને બાળકની માવજત કરવાની વિદ્યા.

ગર્ભિત ૧. [સં.] પું. એ નામનો કાવ્યનો એક દોષ.

૨. વિ. અનુમાનથી સમજાતું; અનુમાનસિદ્ધ.

૩. વિ. અંદરનું; મનનું.

૪. વિ. છાનું; છૂપું.

૫. વિ. જેમાં બીજી વસ્તુ ઊંડાણે કે ગર્ભમાં રહેલી હોય એવું; અર્થસૂચક; માર્મિક.

૬. વિ. ભરેલું; પૂર્ણ.

ગર્ભિતવ્યતા સ્ત્રી. ગર્ભાધાનવાળું હોવાપણું.

> વંધ્યાઓ કરતાં નષ્ટ **ગર્ભિતવ્યતા**વાળી સ્ત્રીઓની સંખ્યા ઘણી વધારે હોય છે.
> અ. કા. શાસ્ત્ર

ગર્ભિતા ૧. [સં.] સ્ત્રી. ગર્ભવતી સ્ત્રી.

૨. વિ. સ્ત્રી. ગર્ભવતી.

ગર્ભેતૃપ્ત ૧. [સં.] પું. શિશુ; બાળક; બચ્ચું.

૨. વિ. અન્નમાં તૃપ્ત.

ગર્ભેશ્વર વિ. ગર્ભશ્રીમંત.

ગર્ભેંદુશેખર પું. સગર્ભા સ્ત્રીના રોગ સંબંધનું એક દેશી ઔષધ.

ગર્ભૈશ્વર ન. ગર્ભશ્રીમંતાઈ; જન્મથી પૈસાદાર હોવાપણું.

ગર્ભૈશ્વર્ય [સં.] ન. જન્મથી જ સમૃદ્ધિમાં રહેવું તે.

ગર્ભોત્તમજ્ઞાનદાતા પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

ગર્ભોત્પત્તિ [સં.] સ્ત્રી. ગર્ભનું બંધારણ; ગર્ભનું ઉત્પન્ન થવું તે.

ગર્ભોત્પન્ન [સં.] વિ. ગર્ભજ; ગર્ભમાંથી ઉત્પન્ન થયેલું.

> મનુષ્ય અને તિર્યંચ એ બે વર્ગોમાં તો ફક્ત જેઓ **ગર્ભોત્પન્ન** હોય તેઓને જ મન હોય છે.
> તત્ત્વાર્થસૂત્ર

ગર્ભોદક ૧. [સં.] ન. ગર્ભાધાનથી ચોથા કે પાંચમા અઠવાડિયામાં ભ્રૂણ અને તેના અંતરાવરણની વચ્ચે એકઠું થતું પાણી. આઠમા મહિનાની આખરે ગર્ભોદક વધતું જઈ ૦। શેરથી ૧। શેર જેટલું થઈ જાય છે. તે

સૂકા ઘાસના રંગનું ને ખટાશ ગુણવાળું હોય છે. તે સામાન્યતઃ ગર્ભને આંચકો લાગતાં બચાવે છે અને ગર્ભને સમશીતોષ્ણ રાખે છે.

૨. ન. પાતાળની હેઠે રહેલ નરકની નીચે આવેલ પાણી.

ગર્ભોદકઆવરણ ન. જરાયુની અંદરનો ગર્ભાવરક પડદો.

ગર્ભોપઘાત ૧. પું. કસુવાવડ.

૨. [સં.] પું. જન્મેલા ગર્ભનો નાશ.

૩. પું. મેઘની જલોત્પાદન શક્તિનો નાશ.

ગર્ભોપઘાતિની ૧. [સં.] સ્ત્રી. ગર્ભનો નાશ કરનાર સ્ત્રી.

૨. વિ. સ્ત્રી. અયોગ્ય ઋતુકાળ દરમિયાન ગર્ભાધાન થયું હોય અને જેને કસુવાવડ થાય એવી.

ગર્ભોપનિષદ [સં. ગર્ભોપનિષદ્] સ્ત્રી.;ન. અથર્વવેદ સંબંધી એક ઉપનિષદ. તેમાં ગર્ભની ઉત્પત્તિ અને તેની વૃદ્ધિ વગેરેનું વર્ણન છે.

ગર્મ ૧. [ફા.] ન. ટોળું.

૨. વિ. આકરૂં; ભાવમાં તેજ.

૩. વિ. આતુર; ખંતીલું.

૪. વિ. આવેશમાં આવેલું.

૫. વિ. ઊનું; ગરમ.

૬. વિ. ક્રોધી; ગુસ્સાવાળું.

૭. વિ. તાજું; નવું.

ગર્મખબર (ગર્મખ઼બર) પું. તાજા સમાચાર; છેલ્લામાં છેલ્લા ખબર.

ગર્મગર્મ ૧. વિ. અગાઉથી તૈયાર કર્યા વગરનું.

૨. વિ. ઘણું ઊનું.

૩. વિ. તાજું; નવું.

ગર્મબાઝાર ૧. સ્ત્રી. ઉપરાઉપરી માગણી.

૨. સ્ત્રી. ઊંચી કીમત.

૩. સ્ત્રી. ગરદીવાળી બજાર.

૪. સ્ત્રી. સારૂં વેચાણ.

ગર્મબાઝારી જુઓ ગર્મબાઝાર.

ગર્મસર્દ ૧. સ્ત્રી. ચડતી અને પડતી.

૨. વિ. ઊનું અને ઠંડું.

૩. વિ. નવશેકું.

ગર્મા [ફા.] પું. ઉનાળો.

ગર્માઈ સ્ત્રી. ઉત્તેજન આપે એવી દવા.

ગર્માઈ આવવી = (૧) વસ્તુનું ગરમ થવું. (૨) વિષયેચ્છા થવી.

ગર્માગર્મ [ફા.] વિ. બહુ જ ગરમ; ગર્મગર્મ.

ગર્માગર્મથી = આતુરતાથી.

ગર્માલ પું. ગરમાળાનું ઝાડ.

ગર્મિત પું. (કાવ્ય) વાક્યદોષનો એક ભેદ. જુઓ વાક્યદોષ.

ગર્મી ૧. [ફા.] સ્ત્રી. ઉનાળો.

૨. સ્ત્રી. ગરમપણું.

ગર્મીનું ઝેર = (૧) ગરમીનો વધારો. (૨) પેશાબમાં લોહી જવું તે. હાથી ઘોડાને માટે વપરાય છે.

૩. સ્ત્રી. ગુસ્સો.

૪. સ્ત્રી. જનનેંદ્રિયનો રોગ.

૫. સ્ત્રી. ધગશ.

૬. સ્ત્રી. પ્રેમ.

૭. સ્ત્રી. સંભોગેચ્છા.

ગર્મી કાઢવી = સંભોગ કરવો.

ગર્મીદાના પું. બ. વ. શરીરે થતાં લાલ ઢીમણાં.

ગર્મીદાર [ફા.] વિ. તાવવાળું.

ગર્મુચ્છદ પું. એક જાતનું ધાન્ય.

ગર્મુટિકા જુઓ ગર્મુચ્છદ.

ગર્મુત ૧. સ્ત્રી. એક જાતની ભમરી.

૨. [સં. ગર્મુત્] સ્ત્રી. એક જાતનું ઘાસ; નડ ઘાસ.

૩. સ્ત્રી. એક જાતનું ધાન્ય.

૪. સ્ત્રી. એક જાતનું સોનું.

૫. સ્ત્રી. એક જાતનો છૈયો.

૬. સ્ત્રી. વેલ; વેલો.

ગર્મૂટી સ્ત્રી. એક જાતના ચોખા.

ગર્ર ૧. [હિં.] પું. કાબરચીતરો ઘોડો.

૨. પું. ગરેડી; લાકડા અથવા લોઢાનું ગોળ ચક્કર.

૩. પું. લાખ જેવા રાતા રંગનું કબૂતર.

૪. પું. લાખના જેવો રંગ.

૫. પું. વહેતા પાણીનો સપાટો.

૬. પું. સતલજ નદીનું એક નામ.

૭. વિ. રતાશ પડતું; લાખના રંગનું.

ગર્રી ૧. [હિં.] સ્ત્રી. ખળામાં કરેલ ડૂંડાંનો ઢગલો.

૨. સ્ત્રી. ગરેડી; ગરગડી.

૩. સ્ત્રી. ઘાસની ગંજી.

૪. સ્ત્રી. દોરો વીંટવાની ફીરકી.

૫. સ્ત્રી. પૂણી.

૬. [યૂ.] સ્ત્રી. સરેશ.

ગર્લ [અં.] સ્ત્રી. છોકરી.

૨. સ્ત્રી. યુવતી; જુવાન સ્ત્રી.

ગર્લગાઇડ [અં.] સ્ત્રી. સ્કાઉટ કન્યા.

ગર્લી વિ. ઝેરી.

ગર્લ્સ સ્કૂલ [અં.] સ્ત્રી. કન્યા વિદ્યાલય.

ગર્વ્ [સં.] અ. ક્રિ. (ધાતુ) ગર્વ કરવો; અહંકારી બનવું. તે ઉપરથી નીકળેલ શબ્દઃ ગર્વ, ગર્વિત; ગર્વિષ્ઠ.

ગર્વ ૧. [સં.] પું. અભિમાન; અહંકાર; મગરૂરી; ગુમાન; દર્પ.

૧. ગર્વ ઊતરવો = નમ્ર બનવું.

૨. ગર્વ તો રાજા રાવણનો યે રહ્યો નથી = અભિમાનીનો નાશ છે.

૨. પું. ગૌરવ.

૩. પું. નાટ્યના તેત્રીશ માંહેનો એ નામે એક અલંકાર.

૪. પું. સંચારી ભાવના તેત્રીશ માંહેનો એક ભેદ. સર્વ કરતાં પોતામાં બુદ્ધિની અધિકતા અથવા સર્વમાં ન્યૂન બુદ્ધિની કલ્પના કરનારી બુદ્ધિને ગર્વસંચારી કહે છે.

ગર્વગંજન વિ. અહંકાર ઉતારનાર; અભિમાન તોડનાર.

ગર્વગેહેલું વિ. અભિમાનથી ઉન્મત્ત; મદાંધ.

ગર્વઘેલડું (ગર્વઘેલડું) વિ. ગર્વમાં ઘેલું થયેલું; અભિમાનમાં ગાંડું.

ગર્વઘેલું વિ. અભિમાનથી ગાંડા જેવું થઈ ગયેલું; અહંકારથી આંધળું બનેલું.

ગર્વદોષ પું. (જૈન) મનના દશ માંહેનો એક દોષ; અભિમાન રાખવાનો દોષ.

> મને લોકો ધર્મી કહે છે અને હું સામાયિક પણ તેવી જ કરૂં છું એ **ગર્વદોષ**. રાજચંદ્ર

ગર્વપ્રદ [સં.] વિ. ગર્વ ઉત્પન્ન કરે એવું.

ગર્વપ્રમત્ત [સં.] વિ. અભિમાની; અહંકારી.

ગર્વપ્રહારી [સં. ગર્વપ્રહારિન્] વિ. ગર્વનો નાશ કરનાર.

ગર્વભર્યું વિ. અહંકારથી ભરેલું; અભિમાનથી ભરપૂર.

ગર્વભંજન વિ. અભિમાનીનો મદ ઉતારવો તે.

ગર્વમત્ત [સં.] વિ. અહંકારથી છકી ગયેલ; મદાંધ; અતિશય ગુમાની.

ગર્વર [સં.] વિ. ગર્વિષ્ઠ; અભિમાની.

ગર્વરાતું જુઓ ગર્વવંત.

ગર્વવંત [સં. ગર્વવત્] વિ. અભિમાની; અહંકારી.

ગર્વવિનાશક [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

ગર્વાટ ૧. પું. ગામનો ચોકીદાર.

૨. [સં.] પું. દ્વારપાળ.

ગર્વાધીન [સં.] વિ. ઉન્મત્ત; ધૃષ્ટ; પ્રમત્ત.

ગર્વાનંદ [સં.] પું. અહંકારને લીધે ઉત્પન્ન થયેલો આનંદ.

ગર્વાભિમુખ જુઓ ગર્વવંત.

ગર્વાવેશી વિ. મદમાં છકેલું; ગર્વથી આવેશમાં આવેલું.

ગર્વાળ જુઓ ગર્વવંત.

ગર્વિણી [સં.] વિ. સ્રી. ગર્વ કરનારી; અભિમાની; મગરૂર.

ગર્વિત જુઓ ગર્વવંત.

ગર્વિતા ૧. [સં.] સ્રી. પોતાનાં રૂપ, ગુણ વગેરેનો ગર્વ હોય એવી નાયિકા. તેના ત્રણ પ્રકાર છે: રૂપગર્વિતા, પ્રેમગર્વિતા અને ગુણગર્વિતા.

૨. વિ. સ્રી. ગર્વવાળી; અહંકારી; અભિમાની.

ગર્વિષ્ઠ [સં.] વિ. અભિમાની; અહંકારી; મગરૂર.

ગર્વિષ્ઠતા [સં.] સ્રી. મગરૂરી; ગર્વ; અભિમાન.

ગર્વી [સં. ગર્વિન્] વિ. અભિમાની; અહંકારી; મગરૂર.

ગર્વીલું જુઓ ગર્વી.

ગર્વેરૂ જુઓ ગર્વી.

ગર્વોક્તિ [સં.] સ્રી. ગર્વના બોલ; અહંકારનાં વચન.

ગર્વોન્મત્ત [સં.] વિ. અહંકારથી ઉન્મત્ત બનેલું.

ગર્હણ [સં.] ન. નિંદા; બદગોઈ; હલકું પાડવું તે.

ગર્હણા જુઓ ગર્હણ.

ગર્હણીય [સં.] વિ. નિંદ્ય; નિંદા કરવા જેવું; ધિક્કારવા યોગ્ય.

ગર્હપત્યધનુ [સં.] ન. સુતારથી વપરાતું લંબાઈનું ૧૦૮ આંગળનું એક માપ.

ગર્હવું સ. ક્રિ. વચનથી નિંદવું; નિંદા કરવી.

ગર્હા ૧. સ્રી. ગાળ; અપશબ્દ.

૨. [સં.] સ્રી. નિંદા; તિરસ્કાર.

ગર્હિત ૧. [સં.] ન. પાપ; દોષ.

૨. વિ. અધમ; ખરાબ; હલકું.

૩. વિ. નિંદિત; નિંદા કરાયેલું; નિંદવા લાયક.

ગર્હ્ય [સં.] વિ. નિંદવા જેવું; નિંદ્ય; તિરસ્કરણીય; ધિક્કારને પાત્ર.

ગર્હ્યવાદી [સં. ગર્હ્યવાદિન્] વિ. નિંદા બોલતું; નિંદવા લાયક વાણી બોલનાર.

ગલ્ ૧. [સં.] અ. ક્રિ. ગંધ આવવી.

૨. અ. ક્રિ. ટપકવું; પડવું; સ્રવણ થવું.

૩. અ. ક્રિ. વહેવું.

૪. સ. ક્રિ. ખાવું; ભક્ષણ કરવું.

૫. સ. ક્રિ. ગળવું; ગાળવું; કપડામાંથી કાઢવું.

૬. સ. ક્રિ. રેડવું; ઢોળવું.

ગલ ૧. પું. ઇચ્છા; ઇરાદો; ભાવ.

ગલ આપવો = મનનો સંકેત જણાવવો.

૨. પું. એક જાતનું કોતરકામ.

૩. પું. એક જાતનું દરિયાઈ પક્ષી. તેના પગનાં આંગળાં ચામડીથી જોડાયેલાં, તેનો રંગ સફેદ અથવા ભૂરો, તરવામાં બહુ જોરાવર અને ઊડવામાં બહુ ઝડપી અને શક્તિવાળું હોય છે. તેઓના માળા ટેકરીમાં હોય છે. તેનાં ઈંડાં ખાવા લાયક મનાય છે.

૪. [સં.] પું. એક જાતનું પ્રાચીન વાદિત્ર.

૫. પું. એક જાતનું બરુ.

૬. પું. એક જાતનું માછલું.

૭. પું. એક જાતનું રાતું ફૂલ; ગુલબાસ.

૮. પું. એક જાતનું લાલ કે પીળાં ફૂલવાળું ફૂલઝાડ.

૯. પું. કપડામાં છાપેલી ગોળ ભાત.

૧૦. પું. કહેતી; ઉક્તિ; બોલ.

૧૧. પું. કૂવામાંથી વસ્તુ કાઢવાની લોઢાની અંકોડીઓનો ઝૂમખો; બિલાડી; મીંદડી.

૧૨. પું. કોળિયો.

૧૩. પું. ગર; ગર્ભ; મગજ; માવો; સત્ત્વ.

૧૪. પું. ગળું; કંઠ.

ગલ નલ કંધર ગ્રીવ અને કંઠ કપાતિ સમાન,
તાંબુલ રસની રેખતિયાં શોભી રહી મહાન.
પિંગળલઘુકોષ

૧૫. પું. ચલમમાં બળીને કોયલો થઈ ગયેલી ગડાકુની ગડી; પીવાઈ ગયેલી ચલમમાંની તમાકુ.

૧૬. પું. છૂપી ખબર; બાતમી.

૧૭. પું. ઝેર; ગરલ; સાપ, ગરોળી વગેરેની ઝેરી હગાર અથવા લાળ.

૧૮. પું. તમાકુના પાંદડા ઉપર પડેલો લાલ ડાઘ.

૧૯. પું. દોર; દોરી.

૨૦. પું. ફાંસો; ગાળિયો.

ગલ દેવું = ફાંસીએ લટકાવવું.

૨૧. પું. બત્તીનો બળેલો મોગરો; દીવેટ.

૨૨. પું. માછલાં પકડવાનો કાંટો; આંકડી.

૨૩. પું. (વહાણવટું) મોયડો.

૨૪. પું. રાળ.

૨૫. પું. રેવંચીનો શીરો.

૨૬. પું. લાલચ; લાંચ; રિશવત.

ગલ આપવો = (૧) મન જણાવવું. (૨) લલચાવવું; લાલચ દેખાડવી. (૩) લાંચ આપવી. (૪) વિશ્વાસમાં છૂપી બાતમી કહેવી.

૨૭. સ્રી. અપશબ્દ; ગાળ.

૨૮. સ્રી. કુથલી; ખણખોદ; નિંદા.

૨૯. સ્રી. વાત; કથની.

૩૦. વિ. પોચું; નરમ.

ગલક ૧. [સં.] પું. એક જાતનું માછલું.

૨. પું. ઘોડાનો એક રોગ.

ગલકટ ૧. પું. જેના ગાલ ફાડી નાખ્યા હોય એવો માણસ.

૨. પું. ઢોરની કતલ કરનાર માણસ.

૩. પું. ફાંસિયો; ગળું કાપનાર પુરુષ.

ગલકટુ ૧. વિ. ક્રૂર; ઘાતકી; નિર્દય.

૨. વિ. લુચ્ચું; ધુતારું.

ગલકડું (ગલકડું) વિ. ગળી ગયેલું; શક્તિ વિનાનું.

ગલકંડ પું. એક જાતનો ગળાનો રોગ.

ગલકંબલ [સં.] પું. ગાય કે બળદના ગળા નીચે લટકતી માંસની ગોદડી જેવી ચામડી; ગળા આગળની કોથળી જેવી માંસગ્રંથિ.

ગલકા [હિં.] સ્રી. હાથની આંગળીના આગલા ભાગમાં થતું બહુ દુઃખદાયક ગૂમડું.

ગલકાતુ પું. એક જાતનો અપશુકનિયાળ ઘોડો. આ ઘોડાને ગળા ઉપર વાળનો ગુચ્છો હોય છે. તે પોતાના શેઠનું નખોદ વાળી નાખે એમ કહેવાય છે.

ગલકી ૧. સ્રી. એક જાતનો શાકનો વેલો. એનાં ફળ ગલકાં કહેવાય છે. ગલકીનો વેલો ઘણો જ વધે છે. એમાં બે જાત છે: માઠ અને સાતપુતી. માઠને ફક્ત એક જ ફૂલ અને ફળ આવે છે. સાતપુતીને વધારે ફળફૂલ અને તોરા આવે છે. માઠનાં ગલકાં પોચાં, શીતળ, મધુર, વાતલ, અગ્નિદીપક, કફકર તથા પિત્તલ છે અને દમ, ઉધરસ, તાવ તથા કૃમિનો નાશ કરે છે. સાતપુતી ગલકાં શીતળ, હૃદ્ય, પાકકાળે તીખાં તથા કડવાં અને પિત્ત, વિષ, ઉધરસ, તાવ તથા વાયુનો નાશ કરે છે.

૨. સ્રી. ગંડકી નદી. તેમાં શાલિગ્રામ થાય છે.

ગલકું ન. ગલકીનું ફળ; તુરિયાંની જાતનું એક શાક. ગલકાનો વેલો ઝાડ ઉપર ચડે છે. તેનાં પાન ત્રણ પાંખડાંવાળાં થાય છે. તેનું ફળ લાંબું ને લીસું થાય છે. તેને પીળાં ફૂલ આવે છે. ગલકું વેંત બે વેંત લાંબી કાકડી જેવું હોય છે. ઉપલી છાલ ધોળાશ પડતી લીલી હોય છે. અંદરથી સફેદ ગર્ભ નીકળે છે તેનું શાક થાય છે. ગલકાં કડવાં ને મીઠાં બે જાતનાં થાય છે.

ગલકોટ પું. ઘોડાના સામાનનો એક ભાગ; કોટિયું. તે ગળા નીચે આવે છે.

ગલકોડા (ગલ્કોડ઼ા) ૧. [હિં.] પું. એક જાતનો ચાબુક.

૨. પું. કુસ્તીનો એક દાવપેચ.

૩. પું. મલખમની એક કસરત.

ગલક્ષત [સં.] ન. ગળાનો જખમ.

ગલખત (ગલ્ખ઼ત) ૧. [ફા.] પું. ગુલામ.

૨. પું. ભટ્ટી.

ગલખાર (ગલ્ખ઼ાર) ૧. [ફા.] પું. એક જાતનો છોડ.

૨. પું. ભટકટિયાનું ફૂલ.

ગલખોડ (ગલખોડ઼) ૧. પું. અંત; ઉકેલ; છેડો.

૨. સ્ત્રી. ઢોરને બાંધવાના અછોડે કે ગાળિયે ઘાલેલો મોઈના આકારનો લાકડાનો કટકો; ગલોડી; ગલખોડી.

ગલખોડા (ગલખોડ઼ા) જુઓ ગલકોડા.

ગલખોડી (ગલખોડ઼ી) જુઓ ગલખોડ ૨.

ગલખોર ૧. પું. ઘોડાને દોરી જવાનું દોરડું.

૨. પું. લગામ.

ગલગડુ (ગલ્ગડુ) ૧. ન. ગળામાં થતો એક રોગ.

૨. ન. પશુઓને ગળે રહેલું ચામડું; ગલ.

ગલગલ ૧. પું. એ નામનું એક સુશોભિત ઝાડ; ગબડી; પીળો શેમળો. તેને પીળાં ફૂલ અને ગોળ ફળ થાય છે. તેમાંથી નીકળતા ઘણા સુંવાળા રૂને પીંજવું પડતું નથી.

૨. પું. એક જાતનું પક્ષી. તે નકલ કરવામાં બહુ જ પાવરધું કહેવાય છે.

૩. [હિં.] પું. ચરબીની વાટનો એક ટુકડો. તે વહાણમાં સમુદ્રની ઊંડાઈ માપનાર યંત્રમાં કાચની એક નળી સાથે જોડેલ હોય છે.

૪. પું. મોસંબી; સંતરૂં.

૫. પું. લીંબુ.

ગલગલઆંગળી સ્ત્રી. એક દેશી રમત; આંખમીંચામણી. તે ખુલ્લા મેદાનમાં કે શેરીમાં ખુલ્લી જગ્યાએ રમાય છે. રમનારાંઓમાંનો એક આગેવાન જેને દહી કહે છે તે ઓટલા ઉપર બેસે અને દાવ દેનાર છોકરાનું માથું પોતાના ખોળામાં રાખી તે કોઈને ન દેખે તેમ લૂગડાના કટકા વડે તેને ઢાંકે. દાવ દેનાર છોકરાને દહીનો ઘોડો કહે છે. પછી દહીના ઘોડાની પીઠ ઉપર બીજાં રમનારાંઓ વારાફરતી પોતપોતાની આંગળી મૂકે અને દરેક વખતે દહી પોતાના ઘોડાને પૂછે કે 'એણુ ગેણુ દીવાગેણુ, તારા મનમાં કોણુ?' ઘોડો અમુક રમનારનું નામ આપે. જો તેનું કહેલું નામ સાચું પડે તો આંગળી મૂકનારને માથે દાવ આવે અને તેને ઘોડો થવું પડે. પછી ઉપર પ્રમાણે ફરીથી રમનારાંઓ એક પછી એક ઘોડાની પીઠ ઉપર આંગળીઓ મૂકે અને ઘોડાને નામ પૂછવામાં આવે. ઘોડાએ આપેલું નામ ખોટું હોય તો દહી તે આંગળી મૂકનારને સંતાઈ જવાનું કહે. બધાં નામ ખોટાં પડે એટલે ઘોડો બધાં સંતાઈ ગયેલ છોકરાંઓને શોધવા નીકળી પડે. શોધતાં શોધતાં જેને તે પકડી પાડે તેને તે ઘોડો દહી પાસે લાવે અને તેને માથે દાવ આવે. આ જોઈ બીજા ખેલાડીઓ દહી પાસે આવે અથવા દહી તેમને બોલાવે. ઘોડો ખેલાડીઓને શોધવા જતો હોય ત્યારે સંતાઈ ગયેલ ખેલાડીઓ પકડાયા વગર દોડીને દહીને અડકે તો ઘોડો તેને અડકી શકે નહિ અને તેને માથે દાવ આવે નહિ. ઘોડો કોઈ ખેલાડીને પકડી ન પાડે તો ફરીથી તેને માથે દાવ આવે છે અને ફરી ઉપર પ્રમાણે રમવું હોય તો રમે છે. હાલાર તરફ આ રમત રમાય છે.

ગલગલામણી સ્ત્રી. છોકરાંઓની એક જાતની દેશી રમત. જુઓ ગલગલઆંગળી.

ગલગલિયાં ૧. [સં. ગલ્] ન. બ. વ. ગલીપચી; ગદઅદિયાં; અંદરખાનેથી ખુશી; છૂપો આનંદ.

૨. ન. બ. વ. શરીરનાં મર્મસ્થાનોમાં આંગળી ઘોંચવાથી થતી હર્ષની લાગણી; ગલી.

૩. ન. બ. વ. હર્ષની લાગણી.

ગલગલિયું જુઓ ગલગલિયાં.

ગલગલી સ્ત્રી. ગલીપચી.

ગલગંડ [સં.] ન. ગળાનો એક જાતનો રોગ; કંઠમાળ; ગલગંડુ; લાપોટિયું. આ રોગમાં બોચી, ગળું અને હડપચીના સંધિને ઠેકાણે ગ્રંથિરૂપ સોજો થવા લાગે છે અને તે સોજો નાનો અથવા મોટો હોય છે. ગળાની અંદરના ભાગમાં રસવાહિની નળીઓ પાસેની ગાંઠો વધી જવાથી આ રોગ થાય છે. કેટલીક વાર એક ગાંઠ મટ્યા પછી બીજી થાય છે.

ગલગંડિકા સ્ત્રી. પડજીભ.

ગલગંડુ જુઓ ગલગંડ.

ગલગુલામણી જુઓ ગલગલઆંગળી.

ગલગુંઠી સ્ત્રી. ત્રાગું કરનાર સ્ત્રી. ગળામાં કટાર ભોંકી ત્રાગું કરનાર ગલગુંઠી કહેવાતી.

ગલગોટ ૧. પું. ગલગોટાના ફૂલનો છોડ.

૨. ન. ગલગોટાનું ફૂલ.

ગલગોટિયો પું. દીવાળિયો.

ગલગોટો ૧. પું. એ નામના છોડનું ફૂલ; હજારી ગોટાનું ફૂલ.

૨. પું. એક જાતનું ફૂલઝાડ; દીપમાળ. તેના છોડ ટમેટાના છોડ જેવા થાય છે. તેને રાતાં કે પીળાં ફૂલ ઊઘડે છે. આ છોડ સીધો હોય છે. તે સુમારે માથોડું ઊંચો વધે છે. એનાં પાંદડાં કાતરાદાર હોય છે. એને હાથ કે વેંતને અંતરે મૂળ પાસેથી એક ઉપર એક એવાં ઝુંડ લાગે છે. ફૂલમાં કાળાં બારીક બી હોય છે. અતિસાર ઉપર ફૂલનાં બિયાં દૂધમાં વાટી પવાય છે. માથા ઉપર ભયંકર ગાંઠ થાય તો તે ઉપર ઝુંડને બાળી તેની રાખ તેલમાં ખરલ કરી ચોપડવાથી ફાયદો થતો કહેવાય છે.

૩. પું. રસ્તા બનાવવા વપરાતો પથ્થરનો ટટકો.

૪. વિ. પું. ગલગોટાના ફૂલ જેવો રૂપાળો.

ગલગોલ [બં.] ન. એક જાતનું ઝાડ; કડચોશુંદ.

ગલગ્રહ ૧. પું. એક જાતની માછલી.

૨. [સં.] પું. ગળાથી પકડવું તે.

૩. પું. ગળાનો એક રોગ. આ રોગમાં ગળું ઝલાઈ જાય છે, આજુબાજુ જોવાતું નથી, ખાતાં, પીતાં અથવા બોલતાં ગળું દુખે છે.

૪. પું. માછલાના ગળામાં રહેલો કાંટો.

૫. પું. વિપત્તિ; આફત.

૬. પું. શરૂ કરેલ પણ તરત જ વિઘ્ન પડેલ હોય તેવો અભ્યાસ.

૭. પું. સાતમ, આઠમ, નોમ, તેરશ, ચૌદશ, અમાસ, પૂનમ અને પડવો એ આઠ અનધ્યાયના દિવસમાંનો દરેક.

ગલગ્રહણ જુઓ ગલગ્રહ.

ગલગ્રંથિ [સં.] સ્ત્રી. જીભના મૂળમાં આવેલી બે માંહેની એક ગાંઠ.

ગલગ્રૈવેયકી સ્ત્રી. ગળાની એ નામની એક નસ.

ગલચરમ ન. એક જાતનું પક્ષી.

ગલચી ૧. સ્ત્રી. કોડીનાર પાસે દરિયામાં થતી એક જાતની માછલી.

૨. સ્ત્રી. ગળું; ગરદન.

ગલજંદડા ૧. [હિં.] પું. ગળાનો હાર; સદા સાથે રહેતી વસ્તુ.

૨. પું. ગોફણ તરીકે વપરાતો રૂમાલ.

ગલજીભી સ્ત્રી. કાંટાળાં પાંદડાંવાળી એક જાતની વનસ્પતિ. એનાં પાંદડાંની ભાજી થાય છે.

ગલટુઆ [હિં.] પું. ગળું.

ગલટૂંપો પું. ગળામાં પહેરવાનું હાંસડી જેવું સોનાનું એક ઘરેણું.

ગલટ્ટન ન. માંસ ખાનારૂં ચોપગું એક જાતનું પ્રાણી.

ગલઢું વિ. ઘરડું; વૃદ્ધ.

ગલઢેરાઈ ૧. સ્ત્રી. ગલઢું હોવાપણું.
૨. સ્ત્રી. મોટાઈ; વડીલપણું.

ગલઢેરું વિ. ઘરડું; વૃદ્ધ.

ગલઢેરો પું. કાઠી ગરાસિયો.

ગલણું ન. પાણી ગાળવાનું લૂગડું; ગળણું.

ગલત ૧. ન. અવગણના.
૨. [અ.] ન. ભૂલ; ગફલત.
૩. વિ. અસત્ય; ખોટું; ભૂલભરેલું.
૪. વિ. ખોવાયેલું.
૫. [સં. ગલિત] વિ. બાજુ ઉપર કાઢી નાંખેલું; નકામું જાણી ફેંકી દીધેલું; રદ કરેલું.

ગલતકિયો [હિં.] પું. ગાલ નીચે રાખવાનો નાનો તકિયો; ગાલમશૂરિયું.

ગલતકોઢ [સં. ગલતકુષ્ઠ] પું. લોહી કે રસ ટપકયા કરે એવો કોઢ.

ગલતખાતું ન. ડૂબત ખાતું; ઉઘરાણી પાકવાની ન હોય તેવું ખાતું.

ગલતનામા [અ.] પું. શુદ્ધિપત્ર.

ગલતની ૧. સ્ત્રી. બળદના ગળાની ઉપરના ધોંસરાની સાથે બાંધેલું દોરડું.
૨. [હિં.] સ્ત્રી. લગામના માથાનો એક ભાગ.

ગલતબયાન [અ.] ન. ગેરસમજૂતી; ગેરસમજ.

ગલતસલત ૧. [અ.] વિ. અસત્ય; જૂઠું.
૨. વિ. ભૂલવાળું.

ગલતંડા [સં. ગલગંડ] ન. એક જાતનો રોગ; ગળા ઉપરની રસોળી; પાઠું. જુઓ ગલગંડ.

ગલતંબળ પું. એક પ્રકારનો છોડ. તેને ચોમાસામાં રંગબેરંગી ફૂલ આવે છે.

ગલતંસ [હિં.] પું. નિર્વંશ મરી જવું તે.

ગલતા ૧. પું. મકાનનો ગલતો.
૨. પું. મિયાન.

ગલતાડ (ગલતાડ઼) [હિં.] પું. ધોંસરાની અંદરનો ખીલો.

ગલતાન [ફા.] વિ. મસ્ત; ગુલતાન; બેફિકર.

ગલતી ૧. [અ.] સ્ત્રી. અસત્ય; જૂઠાણું.
૨. સ્ત્રી. ગફલત; ચૂક; ભૂલ.
૩. સ્ત્રી. જળધારી; ગળતી.
૪. સ્ત્રી. તોટો; નુકસાન.
૫. સ્ત્રી. બાહ્ય ગોળ હોય એવો ઘાટ; ગલતા જેવો નાનો ઘાટ.
૬. સ્ત્રી. સુથારનું ગોળ પાનાવાળું એક ઓજાર.

ગલતુરી ૧. સ્ત્રી. એક જાતનો છોડ. તેને સુંદર કેસરિયા રંગનાં ફૂલ થાય છે. પીળાં ફૂલની એક બીજી જાત પણ છે.
૨. સ્ત્રી. રાયશીંગણી.

ગલતુરો પું. એ નામનું કદમાં નાનું અને કાંટાવાળું એક ઝાડ; શંખોદરી. એનાં પાંદડાં આવળનાં પાંદડાં જેવાં હોય છે. તેની પીળી અને રાતી બે જાત છે. ફૂલોનાં થતાં ઝૂમખાંમાં વાસ નથી હોતી. ફૂલ અષાઢ, શ્રાવણ અને ભાદરવા મહિનામાં આવે છે. તેની શીંગો આંગળી જેવી જાડી, ચપટી અને ત્રણ ચાર આંગળ લાંબી હોય છે. તેમાં આઠ દાણા થાય છે. એનાં ફૂલોને શંકરનાં ફૂલ પણ કહે છે. ઘણાક કાઢાઓમાં એનાં મૂળ ઉપયોગમાં આવે છે. એનું લાકડું મજબૂત હોય છે. એની ખૂંટીઓ સારી થાય છે. ગલતુરો કફ, વાયુ, શૂળ તથા આમવાયુનો નાશ કરનાર મનાય છે.

ગલતો ૧. [અ. ગલત] પું. ગલત; ભૂલ.
૨. પું. બારસાખમાં મારવાના કામમાં આવતો લાકડાનો કકડો.
૩. પું. બાહ્ય ગોળ હોય તેવો ઘાટ; માળ વગેરેને છેડે બહાર નીકળતી પડઘી. પથ્થરકામ અગર લક્કડકામમાં આવો ઘાટ બનાવાય છે.
૪. વિ. પું. નમતો; નમેલો.

ગલતોડી (ગલતોડ઼ી) સ્ત્રી. ગાલના મધ્ય ભાગમાં થતી ગાંઠ.

ગલતોરણિકા [સં.] સ્ત્રી. ગલબિલ અથવા ગળાના આગલા દ્વારની બાજુએ આવેલ તોરણ અથવા કમાનના આકારનો અવયવ. તે બે હોય છે. બંને તોરણિકાઓ મધ્યબિંદુમાં નાની જીભમાં પરસ્પર મળી જાય છે. દરેક તોરણિકા કાકલક અથવા ગલશુંડિકાની બાજુ ઉપરથી શરૂ થઈ નીચે ઊતરતાં બે વિભાગમાં વહેંચાઈ જાય છે. ગલતોરણિકાના આ વિભાગો ગલસ્તંભિકા નામે ઓળખાય છે.

ગલતોરો પું. એક જાતનું ઝાડ; સંધેસડો. તેનાં છાલ, પુષ્પ અને પાન દવાના કામમાં આવે છે. તે ગ્રાહી તથા કફઘ્ન અને મૂત્રરોગમાં ઉપયોગી છે.

ગલત્કુષ્ઠ [સં.] પું. લોહી કે રસ ટપકયા કરે એવો કોઢ.

ગલથલ [સં. ગલસ્થલ] ન. ગળાનો ભાગ; ડોક.

નેત્ર દીઠાં ચપળ શું **ગલથલ** અતિ અનુપ.
સામળ

ગલથૂથી સ્ત્રી. જન્મે કે તરત જ બાળકને ટીપે ટીપે પાવાનું ગોળ, ઘી અને પાણીનું મિશ્રણ.

ગલદાર પું. એક જાતનો રાતો રંગ.

ગલદ્રમી સ્ત્રી. આઠ માંહેની એક જાતની વંધ્યા. જુઓ અષ્ટવંધ્યા.

ગલદ્ગર્ભા [સં.] સ્ત્રી. જેનો ગર્ભ ત્રણ ચાર માસ પછી પડી જતો હોય તેવી સ્ત્રી.

ગલદ્વાર ન. મોઢું.

ગલધરિયા ૧. સ્ત્રી. એ નામની કણબીની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ગલધાણી સ્ત્રી. ગોળ અને ધાણીની સુખડી; ધાણીની ગોળપાપડી.

ગલધારપશ્ચિમ પું. એ નામનો ગળાનો એક અવયવ. તે ઉપર નાસાગુહા પશ્ચિમ ભાગ સાથે અને નીચે સ્વરયંત્ર પશ્ચિમ ભાગ સાથે સંબંધ રાખે છે. આ ભાગનો વિસ્તાર કોમલતાલુથી આરંભી નીચે કંઠિકાસ્થિ સુધી છે. આ ભાગની આગલી બાજુએ ગલતોરણિકાઓવાળું સાંકડું ગલબિલદ્વાર અને તેની પાછલી બાજુએ બીજી અને ત્રીજી ગ્રીવાકશેરૂકાઓના પ્રાવરણી વડે ઢંકાયેલા બે પિંડો રહેલા છે. તેની દરેક બાજુએ ઉત્તરા તથા મધ્યમા કંઠસંકોચની પેશીઓના કલાં વડે ઢંકાયેલા થોડા ભાગો રહેલા છે. તેઓ તેની દીવાલ બનાવવામાં મુખ્ય ભાગ લે છે.

ગલધારી વિ. ગળામાં ધારણ કરનાર.

ગલન ૧. [હિં.] સ્ત્રી. શેરી; ગલી.
૨. ન. ગળવું તે; ઘન પદાર્થનું પ્રવાહી પદાર્થમાં રૂપાંતર થવું તે; દ્રવણ; દ્રાવણ.
૩. ન. ગળું.
૪. [સં.] ન. ઝરવું તે; ટપકવું તે.
૫. ન. સડી જવું તે; સડો.
૬. વિ. ઝરનાર; ટપકનાર.

ગલનપાત્ર [સં.] ન. ઓગાળવા માટે વપરાતું સાધન.

ગલનલી સ્ત્રી. અન્નમાર્ગ; અન્નનળી.

ગલનવિધિ [સં.] સ્ત્રી. ગાળીને શુદ્ધ કરવાની ક્રિયા.

ગલનશીલ [સં.] વિ. દ્રાવ્ય; જલદી પિગળાવી શકાય એવું.

ગલનાંક ન. દ્રવબિંદુ; 'મેલ્ટિંગ પોઇન્ટ'.

ગલની [હિં.] સ્ત્રી. ક્ષયરોગ.

ગલનીય [સં.] વિ. ગળવા જેવું; ઝરવા યોગ્ય; ટપકવા જેવું.

ગલનીયતા સ્ત્રી. વિલયનશીલતા; ગળી જવાનો ગુણ.

ગલનોત્તાપ પું. વસ્તુ ઓગળવા માંડે તેટલી ગરમી.

ગલપચી સ્ત્રી. મર્મસ્થાનોમાં ઘસારાથી થતો આનંદ; ગીલીગીલી; ગલગલિયાં.

ગલપટો પું. ગળે બાંધવાનો પટો; ગળેબંધ; ગળે વીંટવાનો પટો; 'મફલર'. તે કાન, માથું, ગળું અને છાતી ઢાંકવામાં વપરાય છે.

ગલપટ્ટો જુઓ ગલપટો.

ગલપાક પું. ગળામાં પાક થવો તે; ગળાનો એક જાતનો રોગ.

ગલપાપડી (ગલપાપડ઼ી) સ્ત્રી. સુખડી; ગોળપાપડી; ગોળની બનાવેલી એક જાતની મીઠાઈ.

ગલપાર્શ્વચ્છદા સ્ત્રી. એ નામની એક પેશી. તે ચાદર જેવી પહોળી અને પાતળી હોય છે અને ગળાના અર્ધ ભાગને ઢાંકે છે. તે ખભા તથા છાતીને ઢાંકનાર પ્રાવરણીમાંથી ઉત્પન્ન થઈ ઉપર આવીને અધોહન્વસ્થિની નીચલી ધારાને, મોંના ખૂણાને તેમ જ ચામડીને લાગેલી છે. આ પેશી ગળાની ચામડી સંકોચી તેના ઉપર કરચલી પાડી શકે છે, તેમ જ મોંના ખૂણાને તથા નીચલા હોઠને ખેંચી મોં ઉઘાડવાના કામમાં ત્રાસ અથવા આશ્ચર્ય બતાવતી વખતે સહાયભૂત થાય છે.

ગલફટાકી [હિં.] સ્ત્રી. ઠમકો; ધખવું તે.

ગલફડા (ગલફ઼ડ઼ા) ૧. પું. મુખનો ખૂણો.
૨. પું. બ. વ. જડબાં.
૩. સ્ત્રી. માંસની ઝૂલ.

ગલફનુસ ૧. પું. એક જાતનો છોડ. તેને જાંબલી રંગનાં ફૂલ થાય છે.
૨. પું. ઘૂઘરાનું ઝાડ.

ગલફાં ન. બ. વ. એક જાતનું દરદ; ગાલપચોરિયાં. તેનાથી ગાલ સૂજી જાય છે.

ગલફૂટ [હિં.] સ્ત્રી. બડાઈ.

ગલફેડ (ગલફેડ઼) પું. કાન અને ગળાની વચ્ચેની કોથળીનું સૂજી જવું તે; ગલસુઆ.

ગલફોરૂં ન. ગલોફું.

ગલબકડિયું (ગલબકડ઼િયું) ન. સ્ત્રીને પહેરવાનું ઊનનું એક કપડું.

ગલબત સ્ત્રી. હોડી.

ગલબલ સ્ત્રી. કલબલ; કોલાહલ; શોરબકોર.

ગલબલો પું. કોલાહલ; ઘોંઘાટ; હોકારો.

ગલબહી સ્ત્રી. આલિંગન; બથ ભરવી તે.

ગલબંધ પું. ગલપટો.

ગલબા ૧. પું. બ. વ. ફડાકા; ફટાકિયા; પલીતા; ટેટા.
૨. [અ. ધલબા] પું. બ. વ. બળવો; બંડ; ફિતૂર.

ગલબાહ જુઓ ગલબહી.

ગલબાહી જુઓ ગલબહી.

ગલબાંધણું ન. સ્ત્રીને પહેરવાનું ઊનનું એક લૂગડું.

ગલબિલ ન. ગળાનું દ્વાર.

ગલબિલપશ્ચિમા સ્ત્રી. ગળાની પાછલી દીવાલમાં ઊંડી રહેલી એ નામની એક ગ્રંથિ.

ગલબું ૧. ન. એક ફૂલઝાડ; ગલબો.
૨. ન. ગપાટો; ગપ; અફવા.
૩. ન. શોરબકોર; ઘોંઘાટ.

એવે ગલબું સૂણ્યું ગરજતું. પ્રેમાનંદ

ગલબો ૧. [અ. ધલબા] પું. અફવા; ગપ; ગપાટો.
૨. પું. એક ફૂલઝાડ.
૩. પું. મારો; ઝપાટો; હુમલો.

ગલમંદી સ્ત્રી. એ નામનો છોડ; ગલમેંદી. એ ત્રણ ફૂટ ઊંચો વધે છે. તેની ચોતરફ શાખાઓ નીકળે છે. તેનાં પાન લાંબાં અને દાંતાવાળાં, ફૂલ ગુલાબી રંગનાં ને ફળ નાનાં કટોલાં જેવાં થાય છે.

ગલમાલા સ્ત્રી. ગળાનો હાર.

ગલમુદ્રા [સં.] સ્ત્રી. શંકરના પૂજન, શયન વગેરે વખતે તેને પ્રસન્ન કરવા માટે ગાલ બજાવવાની મુદ્રા.

ગલમૂલિકા સ્ત્રી. ઉત્તર ફુપ્ફુસાંતરાલ પ્રદેશમાં આવેલી એક શિરા; ગળાના મૂળભાગમાં અનુમન્યા અને અક્ષાધરા મળીને બનતી એક કાંડ શિરા. તેમાં માથું, ડોક, ખભો હાથ વગેરે પ્રદેશોનું અશુદ્ધ લોહી વહે છે.

ગલમેખલા [સં.] સ્ત્રી. એક જાતનું ગળાનું ઘરેણું; હાર.

ગલમેંદી [ફા. ગુલ (ફૂલ)] સ્ત્રી. એક જાતની સુગંધી મેંદી. તેમાં દર ચોમાસે રંગરંગનાં ફૂલ થાય છે. આ મેંદી ઊલટી કરાવનાર, રેચક અને મૂત્રલ છે.

ગલયા [હિં.] પું. ચાલતા કામે બેસી જનાર બળદ; ગળિયલ બળદ.

ગલરેંટો પું. એક જાતની જામનગરી સાડી. તેને લાલ પોત ને ફરતી કાળી કોર હોય છે.

ગલરોગ પું. ગળાનો રોગ.

ગલવટ ૧. વિ. ગાલ નીચેનું.
૨. વિ. ફૂલની ભાતવાળું.
૩. વિ. મુલાયમ; ગાલમાં ખૂંચે નહિ એવું.
૪. વિ. સુંદર.

ગલવાર્ત ૧. વિ. પરોપજીવી.
૨. [સં.] વિ. યથેષ્ટ ભોજન કરી શકે એવું.
૩. વિ. રોગ વગરનું; નીરોગી.
૪. વિ. સલામત.

ગલવાવું ૧. અ. ક્રિ. ગળગળા થઈ જવું.
૨. અ. ક્રિ. ગેંગેંફેંફેં થઈ જવું.
૩. અ. ક્રિ. શરમાવું.

ગલવાહ સ્ત્રી. ગળાની આસપાસ હાથ નાખવા તે; બથ.

ગલવિદ્રધિ [સં.] પું. ગળાની અંદરના ઉપલા ભાગના પડનો સોજો; ગળાનો એક જાતનો રોગ.

ગલવું ૧. અ. ક્રિ. આનંદમાં આવવું; ખુશ થવું.
૨. અ. ક્રિ. ઓગળવું.
૩. અ. ક્રિ. ટપકવું; ઝરવું.

ગલવ્રત [સં.] પું. મોર.

ગલવ્રતી [સં.] સ્ત્રી. મયૂરી; ઢેલ.

ગલશુંડિકા ૧. [સં.] સ્ત્રી. એક જાતનો તાળવાનો રોગ.
૨. સ્ત્રી. કાકડા ફૂલવાનો રોગ; કાકલક.
૩. [સં.] સ્ત્રી. ગળાનો કાકડો; પડજીભ.
૪. સ્ત્રી. જીભનો પાછલો ભાગ.

ગલશુંડી ૧. [સં.] સ્ત્રી. એક જાતનો તાળવાનો રોગ.
૨. સ્ત્રી. ગાલ સૂજી જવા તે; ગલસૂણું; લાપોટિયું.
૩. સ્ત્રી. જીભના આકારનો માંસનો એક નાનો કટકો. તે પ્રાણીઓના ગળાની અંદર જીભના મૂળ પાસે હોય છે. શબ્દનો ઉચ્ચાર કરવામાં તે ખાસ સહાયક છે અને તેનાથી શ્વાસની નળીઓનું રક્ષણ થાય છે.

ગલશોથ [સં.] પું. ગળાનો સોજો.

ગલસરી સ્ત્રી. સ્ત્રીઓને પહેરવાનું ડોકનું ઘરેણું; ગલસિરિ.

રત્ન મુક્તાવલી પાટસૂત્રે કરી,
ગલસરી શોભીતા કરે સિંગાર. ગોપાળદાસ

ગલસિરી સ્ત્રી. કંઠશ્રી નામનું ઘરેણું; ગલસરી; કંટેસરી.

ગલસુઆ પું. કાન અને ગળા વચ્ચેની કોથળીનો સોજો; ગલફેડ.

ગલસુંડા જુઓ ગલશુંડી.

ગલસુંડી જુઓ ગલશુંડી.

ગલસૂણું પું. લાપોટિયું; ગાલ ઉપરનો સોજો; ગલગંડ.

ગલસૂતી જુઓ ગલથૂથી.

ગલસ્તન ૧. પું.; ન. બકરાના ગળા નીચે લટકતો ખોટો આંચળ; બકરાને ગળે રહેલ સ્તનાકાર માંસપિંડ.

૨. પું.; ન. બકરાના ગળાના આંચળ જેવી નકામી વસ્તુ.

ગલસ્તની [સં.] સ્ત્રી. ગલસ્તનવાળી બકરી.

ગલસ્થલ ૧. ન. કુંભસ્થળ; ગંડસ્થળ.

૨. ન. ગળાનો ભાગ.

૩. ન. ગાલ.

ગલસ્વર [સં.] ન. મોઢેથી ફૂંકીને વગાડવામાં આવતું પ્રાચીન કાળનું એક વાજું.

ગલહરી [હિં.] સ્ત્રી. ઢેઢગરોળી.

ગલહસ્ત ૧. [સં.] પું. અર્ધચંદ્રાકાર બાણ.

૨. પું. ગળું હાથે પકડવું તે; ગળું ધોળવું તે.

ગલહસ્તિત [સં.] વિ. ગળેથી પકડેલું.

ગલહી [હિં.] સ્ત્રી. સુકાન; જેને મરડવાથી વહાણ દિશા બદલે તે ભાગ.

ગલહૂતી સ્ત્રી. તરત જન્મેલા બાળકને આપવાનું પાણી, ગોળ અને ઘીનું મિશ્રણ; ગળથૂથી.

ગલળિયું વિ. ગંદકીમાં રહેલું; ગંદું.

ગલંકટ્ટો ૧. પું. કસાઈ; હલાલી.

૨. પું. ખૂની; ખૂન કરનાર માણસ.

ગલંડું વિ. બહુ જ મોટા અવાજવાળું; મોટા ઘાંટા કે સાદવાળું.

ગલંતિકા [સં.] સ્ત્રી. ગળતી; પાણીની ઝારી.

ગલંથન [સં. ગલસ્તન] ન. બકરાના ગળા નીચે લટકતો માંસનો ભાગ; અજાગલસ્તન.

ગલાઈ સ્ત્રી. દ્રાવણ; પ્રવાહી રૂપ બનાવેલું હોય તે.

ગલાકંટો પું. ગળાની ગાંઠનો સોજો; ગળાનો એક જાતનો રોગ.

ગલાગલ પું. માછલાં પકડવાનો લોઢાનો આંકડો.

ગલાણી ૧. સ્ત્રી. કડવા કણબીની તથા દશા શ્રીમાળી વાણિયાની એ નામની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગલાનિલ [સં.] ન. એક જાતનું માછલું.

ગલાબંદ પું. ગળે બાંધવાનું લૂગડું.

ગલામણ ન. કચરો; કીટું.

ગલામતી સ્ત્રી. ફળદ્રુપ જમીન.

ગલાયુ સ્ત્રી. આમળાના ઠળિયા જેવડી, કઠણ, સ્થિર, થોડી પીડાવાળી, કફ અને લોહીના દોષથી થયેલી અન્ન રોકનારી ગાંઠ. તે શસ્ત્રક્રિયાથી મટાડી શકાય છે.

ગલાર ૧. પું. એક જાતનું ઝાડ.

૨. સ્ત્રી. એક જાતનું પક્ષી; મેના.

ગલારો પું. શેરડીનો રસ ઉકાળવાની મોટી કડા.

ગલાલ પું. એક જાતનું ચૂર્ણ; પતંગ અને ફટકડીના ઉકાળાનો ચોખાના લોટને પટ દઈને બનાવેલો ઘેરા ગુલાબી રંગનો ભૂકો.

ગલાલી સ્ત્રી. ગુલાબના રંગ જેવી શરીરની લાલ તંદુરસ્ત સ્થિતિ.

ગલાવ ન. દ્રાવણ; પ્રવાહી રૂપ બનાવેલું હોય તે.

ગલાવટ ૧. સ્ત્રી. દ્રાવણ.

૨. સ્ત્રી. બીજી ચીજને ગાળનાર વસ્તુ.

ગલાસ ૧. [અં. ગ્લાસ] પું. અરીસો.

૨. પું. ચશ્માં.

૩. પું. બિલોરી કાચનો પ્યાલો.

ગલાસડું (ગલાસડું) વિ. સડેલું; સડી ગયેલું.

ગલાસ્થિ [સં.] ન. ગળાનું હાડકું.

ગલાંકુર [સં.] પું. ગળાનો એક જાતનો રોગ; કંઠમાળ.

ગલાંઠું ન. ઘાસના પૂળા કે ગંજીમાંથી છૂટું પડેલું ઘાસ.

ગલાંતલાં ન. વ. વ. ખોટું બોલવાનાં ફાંફાં મારવાં તે.

ગલિ ૧. પું. મજબૂત અને આળસુ આખલો.

૨. સ્ત્રી. વેલો; લતા.

ગલિત ૧. [સં.] વિ. અંગે ગળી ગયેલું; ગળેલું; પાકેલું.

૨. વિ. ઓગળેલું; એકરૂપ થઈ ગયેલું.

૩. વિ. ખંડિત; છૂટું પડેલું; ઓછું થયેલું.

૪. વિ. ગળીના રંગવાળું.

૫. વિ. ગૂમ થયેલું; અદૃશ્ય.

૬. વિ. જીર્ણ; જૂનું; ખળભળી ગયેલું.

૭. વિ. ટપકેલું; ઝરેલું; પડેલું; ખરેલું.

૮. વિ. નમ્ર; નરમ; મૃદુ.

૯. વિ. ભરેલું; પૂર્ણ.

૧૦. વિ. મોકળું; છૂટું; મુક્ત.

૧૧. વિ. વરસી રહેલું.

૧૨. વિ. સડી ગયેલું.

ગલિતક ૧. પું. એક જાતનું નાટક.

૨. પું. એક જાતનો નાચ.

૩. પું. (પિંગળ) ચોરાશી માત્રાનો એક માત્રામેળ છંદ. તેમાં ૧, ૫, ૯, ૧૩, ૧૭ માત્રાએ તાલ આવે.

પાંચ ઉપર વળી પાંચ ડગણ બે વાર છે,
તે પર લઘુજ રખાય ઉપર વળી હાર છે;
શશિ પર પ્રથમ જ તાલ ચડે જ્યાં ચાર છે,
ગલિતક રચવા કાજ ઘણો જ વિચાર છે.

રણપિંગળ

ગલિતકુષ્ઠ [સં.] પું. એક પ્રકારનો કોઢ. તેમાં હાથપગની આંગળીઓ સડી જઈ તેમાં કીડા પડે. આ કોઢ અસાધ્ય મનાય છે.

ગલિતકુષ્ઠકુઠાર પું. (વૈદ્યક) કોઢ ઉપર અપાતું એ નામનું એક ઔષધ. તે બનાવવા પારદ ભસ્મ, ગંધક, લોહભસ્મ, તામ્રભસ્મ, ગૂગળ, ત્રિફળા, બકાન, લીમડો, ચિત્રક અને શિલાજીત એ બધી ચીજો અકેક ભાગ અને કરંજનાં બીજ અને અભ્રકભસ્મ એ બંને તે બધાંના વજનથી ચચ્ચારગણાં લેવાં. તે બધાંને બરાબર મેળવીને તેની ઘીમાં ગોળીઓ કરવી. આ ઔષધ વાતરક્ત ઉપર ઉત્તમ મનાય છે. તેની માત્રા એક વાલ છે.

ગલિતગાત્ર [સં.] ન. કૃશ થયેલું શરીર.

ગલિતદંત [સં.] વિ. દાંત વગરનું; બોખું.

ગલિતનયન [સં.] વિ. આંધળું.

ગલિતનાલા પું. (પિંગળ) જગતી છંદની જાતનો એક વર્ણમેળ છંદ. તેમાં જગણ, ભગણ, યગણ અને રગણ એમ કુલ બાર અક્ષર હોય છે.

જ ભા ય રે **ગલિતનાલા** થાય છે.

રણપિંગળ

ગલિતયૌવન [સં.] વિ. ઊતરતી જુવાનીનું.

ગલિતયૌવના ૧. [સં.] સ્ત્રી. ઊતરતી જુવાનીવાળી સ્ત્રી.

૨. વિ.; સ્ત્રી. ઊતરતી જુવાનીવાળી.

ગલિતવય સ્ત્રી. પાછલી જિંદગી.

ગલિયન [હિં.] સ્ત્રી. શેરી; ગલી.

ગલિયર ૧. [હિં.] વિ. આળસુ.

૨. વિ. સડેલું.

ગલિયલ વિ. ગળી ગયેલ; જર્જરિત.

ગલિયા ૧. [હિં.] પું. ચાલતાં બેસી જાય એવો બળદ; ગળિયો બળદ.

૨. સ્ત્રી. ચક્કીના ઉપરના પડ માંહેનું કાણું. તેમાં દાણા પીસવા માટે નખાય છે.

૩. સ્ત્રી. શેરી.

૪. વિ. સુસ્ત; મંદ; આળસુ.

ગલિયારા [હિં.] સ્ત્રી. નાની શેરી; સાંકડો માર્ગ.

ગલિયારી જુઓ ગલિયારા.

ગલિયાં ન. બ. વ. કાંટાનો ઢગલો.

ગલી ૧. [સં. કેલિ] સ્ત્રી. આનંદ.

૨. [હિં.] સ્ત્રી. ખીણ; પર્વતોની વચ્ચેનો સાંકડો રસ્તો.

૩. સ્ત્રી. પેટા માર્ગ; સાંકડી શેરી; વાટ.

૪. સ્ત્રી. બજાર; મહોલ્લો.

૫. સ્ત્રી. (સંગીત) મધ્યસ્થાનીય બાવીશ માંહેની છઠ્ઠી શ્રુતિ.

૬. [સં. ગલ્] સ્ત્રી. સ્પર્શથી ચામડીને થતી અસર; ગલીપચી; બગલ, ગળું, કેડ, પગનાં તળિયાં વગેરેને ખંજવાળવાથી થતી મીઠી ધ્રુજારી.

ગલીકૂંચી જુઓ ગલીકૂંચી.

ગલીકૂંચા ૧. સ્ત્રી. ગલીઓમાંનો આડોઅવળો સાંકડો માર્ગ; આમતેમ આડીતેડી શેરીઓના વાટ.

૨. સ્ત્રી. ભેદ.

ગલીગલી ૧. સ્ત્રી. ગલગલિયાં; ગલીપચી.

૨. અ. શેરીએ શેરીએ.

ગલીગૂંચી જુઓ ગલીકૂંચી.

ગલીચ [અ. ગલીજ] વિ. અતિ ગંદું; મેલું; કચરાવાળું; ગલીજ.

ગલીચી સ્ત્રી. ગલીચપણું; ગંદવાડ; ગંદકી.

ગલીચો [ફા. ગાલીચેહ] પું. ગાલીચો; બુટ્ટાદાર ગૂંથણીનું પથરણું; ઊનની શેતરંજી.

ગલીજ ૧. [અ.] સ્ત્રી. ગંદકી; ગંદી વસ્તુ.

૨. વિ. ગંદું; મેલું.

૩. વિ. નાપાક; અશુદ્ધ.

ગલીત વિ. ગંદું.

ગલીપચી સ્ત્રી. ગલીગલી; ગલગલિયાં; અજાણ્યા સ્પર્શથી ચામડીને થતી ધ્રુજારી. શરીરના અમુક ભાગમાં સ્પર્શથી થતી સળવળાટની મજેદાર અસર.

ગલીપોંચી સ્ત્રી. ગલગલિયાં.

ગલુ ન. ગલૂડિયું; કુરકુરિયું; કૂતરાનું બચ્ચું.

ગલુગલુ અ. કુરકુરિયાંને બોલાવવાનો શબ્દ.

ગલુડું (ગલુડું) ન. ગલૂડિયું.

ગલુહો ન. ગળામાં પહેરવાનું ઘરેણું; ગળુબંધ.

ગલૂ ૧. [સં.] પું. એક જાતનો પથ્થર. તેમાંથી પ્રાચીન કાળમાં મદ્યપાત્ર બનતાં.

૨. સ્ત્રી. એક જાતનું રત્ન.

ગલૂડિયું (ગલૂડ઼િયું) ન. કૂતરાનું બચ્ચું; કુરકુરિયું; ભટોળિયું.

પેટમાં ગલૂડિયાં બોલવાં-રમવાં = બહુ ભૂખ લાગવી.

ગલૂબંદ જુઓ ગલૂબંધ.

ગલૂબંધ ૧. પું. ગલપટ્ટો.

૨. પું. સોનાના બારીક તારને ભેગા ગૂંથીને બનાવેલું ગળામાં પહેરવાનું ઘરેણું.

ગલેગંડ ૧. [સં.] પું. એક જાતનું પક્ષી. તેના ગળા આગળ માંસની કોથળી લટકતી હોય છે.

૨. ન. ગલગંડ; ગળા ઉપર થતું ગૂમડું; લાપોટિયું.

ગલેચા ૧. સ્ત્રી. રજપૂતની એક પેટા જ્ઞાતિ.

૨. ન. એ નામની જ્ઞાતિનું માણસ.

૩. વિ. એ નામની જ્ઞાતનું.

ગલેચિયા ૧. સ્ત્રી. મેમણની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગલેચા ૧. સ્ત્રી. ઢોરને ગળે થતું મોટું ગૂમડું.

૨. સ્ત્રી. નાના બચ્ચાના માથા ઉપર રાખવામાં આવતું ઢાંકણ; બાળકનો કાન અને ગરદન ઢંકાય એવી ટોપી.

ગલેટો પું. સ્ત્રીને પહેરવાનું ઊનનું કપડું.

ગલેપ ૧. [ફા.] પું. ઓપ; ગિલ્ટ.

૨. પું. ગાદી તકિયા વગેરેની ખોળ; ગલેફ.

ગલેપાસ પું. લાકડાની જાડાઈ જોવાનું એક જાતનું સાધન.

ગલેફ ૧. [અ. ગિલાફ] પું. ગાદી તકિયા વગેરેની ખોળ; ગલેપ.

૨. પું. ઘૂંઘટ.

ગલેફવું સ. ક્રિ. ખાંડ પાવી; ખાંડનું પડ ચડાવવું.

ગલેફિયું જુઓ ગલેફી.

ગલેફી સ્ત્રી. એક જાતનું ભજિયું; ગલેફિયું.

ગલેફું ૧. ન. મોંની અંદરનો ગાલનો પોચો ભાગ.

૨. ન. મેંદો અને ખાંડની બનતી એક જાતની મીઠાઈ; મોટી બાલુસાઈ.

ગલેબંધ ૧. પું. અંગરખાનો ગળા આગળનો ભાગ.

૨. પું. ગલપટો; ગરદન ઉપર વીંટવાનો બંધ.

૩. પું. હજામત કરતાં વાળ શરીર અથવા કપડાં ઉપર ન પડે તે માટે વપરાતો લૂગડાનો કટકો.

ગલેબાજ [હિં.] વિ. સારા કંઠવાળું; સારું ગાનાર.

ગલેરિયા ૧. સ્ત્રી. વોરા અને મેમણની એ નામની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગલેરી સ્ત્રી. એક પ્રકારનું સુશોભિત ઝાડ; પીળો શેમળો.

ગલેલી સ્ત્રી. તાડફળની અંદરનો કુમળો ગર્ભ.

ગલેવાળ ન. બળદ, બકરી કે ઘોડાને ડોકે બાંધવાનું સૂતરનું ગૂંથેલું કોટિયું.

ગલેસ્તની [સં.] સ્ત્રી. બકરી.

ગલો ૧. [હિં.] પું. કોળિયો.

૨. [સં. ગલ] પું. ગળું; ડોક.

૩. પું. ગાલ.

૪. પું. ફાંસી.

૫. પું. માછલાં પકડવાની આંકડી.

૬. પું. શબ્દ; કહેતી.

૭. પું. હડફો; ઇસ્કોતરો; નાની પેટી.

ગલોઘ પું. ગળાનું ગૂમડું.

ગલોચ પું. ખરાબ શબ્દ; અપશબ્દ.

ગલોટિયું ન. ગુલાંટ; ગોટીમડું.

ગલોઠિયું જુઓ ગલોટિયું.

ગલોઠું ન. ગલોફું; ગાલ નીચેનો મોંની અંદરનો ભાગ.

ગલોડી (ગલોડ઼ી) સ્ત્રી. એક પ્રાણી; ગરોળી.

ગલોદ્દેશ [સં.] પું. ગળાની પાસેનો અવયવ.

ગલોદ્ભવ [સં.] પું. ઘોડાને ગળે થતું રૂંવાંટાંનું ગોળાકાર ચિહ્ન.

ગલોફી સ્ત્રી. ગલોફાના આકારની ચણતરની કમાન.

ગલોફું ૧. ન. ગાલની અંદરનો ભાગ; ગાલની અંદરનું પોલાણ.

૨. ન. ત્રણે બિંદુથી કરવામાં આવેલ કમાનનો પડખાનો ભાગ.

ગલોલ ૧. સ્ત્રી. ગોફણથી ફેંકાતો ગલોલો.

૨. ન. તીર મારવાના કામમાં આવતું કામઠું.

૩. [ફા. ગુલૂલહ] સ્ત્રી. નાની ગોફણ; ગલોલા ફેંકવાનું ગોફણ જેવું એક સાધન.

૪. ન. લડાઈમાં વપરાતું એક યંત્ર. તે કામઠાના આકારનું હોઈ તેની વચમાં એક લાંબો દાંડો જોડેલો હોય છે. તેની કમાન લાકડાની અથવા લોઢાની હોય છે. ગલોલમાં પથ્થરા, સુરંગના ગોળા વગેરે ભરી એવા જોરથી છોડવામાં આવે છે કે તે દુશ્મનો ઉપર અગ્ન્યાસ્ત્ર કરતાં વધારે નાશકારક કામ બજાવે છે.

ગલોલી ૧. સ્ત્રી. કાંકરી; નાનો ગલોલો.

૨. સ્ત્રી. બંદૂકની ગોળી.

ગલોલું અ. ટીંડોરું; એક શાકફળ.

ગલોલો ૧. પું. એક જાતનો ફટાકડો.

૨. પું. ગપ; ડિંગ.

૩. [ફા. ગુલૂલહ (ગોળી)] પું. ગલોલથી મારવાનો ગોળ કાંકરો કે પથરો.

૪. પું. મહુડાં અને કોલસા એકઠાં વાટી દોરી સાથે તેનો વળગાડેલો ગઠ્ઠો.

ગલૌઘ [સં.] પું. એક જાતનો રોગ. તેમાં રોગીના ગાલની અંદર સોજો થાય અને તેથી શ્વાસ લેવામાં મુશ્કેલી પડે. આ રોગ કફ અને રક્તપ્રકોપથી થતો મનાય છે. તેમાં તાવ પણ આવે છે.

ગલ્તાંપેચાં અ. ગુલતાન; મશગૂલ; તલ્લીનપણે.

ગલ્દ ૧. સ્ત્રી. ભાષા.

૨. સ્ત્રી. શ્રમ.

ગલ્દા જુઓ ગલ્દ.

ગલ્પ ૧. [સં. જલ્પ્] પું. ગપ; ઊડતી વાત; અફવા.

૨. પું. ઢોંગ; શેખી.

૩. [હિં.] પું. નવલિકા; કલ્પિત કથા.

૪. પું. નાની કહાણી.

૫. પું. મૃદંગના બાર માંહેનો એ નામનો એક પ્રબંધ.

ગલ્પો ૧. પું. કોળિયો.

૨. પું. ઘંટીમાં નખાતી દાણાની મૂઠી; ઓરણું.

૩. પું. નકામી વાત.

૪. પું. બડાઈ; શેખી.

૫. પું. મોઢા ઉપરનો બંને બાજુનો માંસલ ભાગ; ગાલ.

ગલ્ફસ્ટ્રીમ [અં.] પું. અખાતનો પ્રવાહ; એક ઉષ્ણ પ્રવાહ. તે મેક્સિકોના અખાતમાં થઈ ન્યુફાઉન્ડલંડ પાસે થઈ યરપ અને ઈંગ્લંડના પશ્ચિમ કિનારેથી વહે છે. તે પશ્ચિમ યરપની આબોહવા પ્રમાણમાં ઉષ્ણ રાખે છે.

ગલ્ભ્ ૧. [સં.] અ. ક્રિ. બહાદુર થવું; હિંમતવાન બનવું.

૨. અ. ક્રિ. વિશ્વાસુ થવું.

ગલ્ભ ૧. [સં.] વિ. ગર્વિષ્ઠ; અહંકારી.

૨. વિ. હિંમતવાળું.

ગલ્યા ૧. [સં.] સ્ત્રી. ગળાંઓનો સમૂહ.

૨. ન. એક જાતનું ઘાસ. તેનાં દોરડાં બનાવવામાં આવે છે.

ગલ્લ ૧. પું. ગળાનો નરડો.

૨. [સં.] પું. ગાલ.

૩. પું. ગિલ્લો; ઘણાં જણ મળી કરાતી પારકાની નિંદા; કુથલી.

ગલ્લક ૧. [સં.] પું. ઇંદ્રનીલ મણિ.

૨. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે નગણ, એક યગણ, ગુરુ અને લઘુ મળી અગિયાર અક્ષર હોય છે.

ન ન ય લ ગ કરજે ગલ્લકે. — રણપિંગળ

૩. પું. ગાલ.

૪. પું. દારૂ પીવાનો પ્યાલો.

ગલ્લકી સ્ત્રી. ઓઘ તરફની એ નામની એક નદી. એમાં શાલિગ્રામ થાય છે. ત્યાં ઋષભદેવના પુત્ર જડભરતે તપ કર્યું હતું એમ મનાય છે.

ગલ્લચાતુરી [સં.] સ્ત્રી. ગાલ નીચે મૂકવાનું ઓશીકું; ગાલમશૂરિયું.

ગલ્લત ૧. સ્ત્રી. અવ્યવસ્થા.

૨. વિ. ખોટું; જૂઠું.

ગલ્લર્ક [સં.] પું. દારૂનું વાસણ.

ગલ્લસ્થલ ૧. ન. ગરદન.

૨. [સં.] ન. ગાલનો ભાગ.

ગલ્લસ્થળ જુઓ ગલ્લસ્થલ.

ગલ્લા ૧. [અ. ઘલ્લા] પું. અનાજ; ધાન્ય.

૨. [હિં.] પું. ઉત્પન્ન; પેદાશ.

૩. પું. એક વખત ચક્કીમાં નખાય તેટલું અનાજ.

૪. પું. ખાતું.

૫. પું. ગજવું; ખીસું.

૬. પું. ઢોરનું ટોળું.

૭. પું. પાયખાનું; જાજરૂ.

૮. પું. પૈસા રાખવાની પેટી.

૯. પું. રૂનો ગુચ્છો.

૧૦. પું. વકરો; ખપત.

૧૧. પું. શોરબકોર; કોલાહલ.

૧૨. ન. કુમારિકાઓનું એક વ્રત.

ગલ્લાદાવ પું. ગંજીફાની એક રમત.

ગલ્લાફરોશ (ગલ્લાફ઼રોશ) [હિં.] પું. અનાજનો વેપારી.

ગલ્લાબાન ૧. પું. નળિયું.

૨. પું. ભરવાડ.

૩. [હિં.] પું. વેપારીનો વકરાનો હડફો; ધસ્કોતરો.

ગલ્લાંતલ્લાં ૧. ન. બ. વ. ગાગાંતલ્લાં; બહાનાં; આનાકાની.

૨. ન. બ. વ. ફાંફાં; ખોટા પ્રયત્ન.

ગલ્લાંતાલ્લાં જુઓ ગલ્લાંતલ્લાં.

ગલ્લિક ન. ગંડકી નદીનું બીજું નામ.

ગલ્લી ૧. સ્ત્રી. એક જાતનું ઝાડ.

૨. સ્ત્રી. પર્વતો વચ્ચેનો બહુ સાંકડો રસ્તો.

૩. સ્ત્રી. રમવા માટેનો લાકડાનો નાનો કટકો.

૪. સ્ત્રી. શેરી.

ગલ્લેબાન પું. ભરવાડ.

ગલ્લો ૧. [અ. ઘલ્લા] પું. ઉત્પન્ન; ધાન્ય; પાક.

૨. પું. એક દિવસના વેચાણની રકમ; વકરો.

૩. પું. ગપ; ઊડતી વાત; અફવા.

૪. પું. નાણાં રાખવાની પેટી; હડફો; ધસ્કોતરો.

૫. પું. પૈસો.

ગલ્વર્ક ૧. [સં.] પું. દારૂનું વાસણ.

૨. પું. માણેક.

ગલ્હ્ ૧. [સં.] સ. ક્રિ. ઠપકો આપવો.

૨. સ. ક્રિ. દૂષણ આપવું.

૩. સ. ક્રિ. નિંદા કરવી.

ગલ્હડ [સં.] પું. ગળાનો સોજો.

ગલ્હાર [હિં.] વિ. ઓગળે એવું.

ગવ ૧. પું. રામચંદ્રની સેનામાંનો એ નામનો એક વાનર.

૨. સ્ત્રી. ગાય.

ગવક્ખ [સં. ગવાક્ષ] પું. ગોખ; ઝરૂખો.

ગવડાવવું (ગવડ઼ાવવું) ૧. સ. ક્રિ. ગાય તેમ કરવું; ગાવાની પ્રેરણા કરવી; ગાવું ને ગાવા લાગવું.

૨. સ. ક્રિ. લોકોમાં નિંદા થાય એમ વર્તવું અથવા કરવું; નિંદા કે ચર્ચા કરાવવી.

ગવડીવડી (ગવડ઼ીવડ઼ી) સ્ત્રી. એક દેશી રમત. તે રમવા માટે વીશ હાથ લાંબું અને પંદર હાથ પહોળું એવું ખુલ્લું મેદાન કે શેરીમાં ખુલ્લી જગ્યા જોઈએ. રમવાની જગ્યામાં લંબાઈ તરફ વચમાં એક લાંબો લીટો કાઢે છે. તે લીટાને છેડે અકેક ટોળી ઊભી રહે. પછી ગમે તે ટોળીનો એક છોકરો સામી ટોળી ઉપર વડી વડી કે હુડતત બોલતો બોલતો કોઈ છોકરાને અડકીને નાસી આવવા માટે ચડે. તે જે છોકરાને અડકે તે છોકરો રમતમાંથી દૂર થાય. પછી સામી ટોળીમાંથી કોઈ એક છોકરો ઉપર પ્રમાણે તેની સામી ટોળીવાળામાંથી કોઈ છોકરાને અડકવા જાય. એમ વારાફરતી દરેક પક્ષમાંથી અકેક જણ સામા પક્ષવાળાને અડકવા જાય. જો કોઈ પક્ષના અડકવા જનાર છોકરાને સામા પક્ષમાં અડકવા જતાં તે પક્ષનો કોઈ છોકરો પકડી રાખે તો તેને રમતમાંથી દૂર બેસવું પડે.

જો અડકવા જનાર છોકરો સામી ટોળીના છોકરાને અડકી પોતાની હદમાં આવતો રહે તો તે જીત્યો ગણાય, એટલું જ નહિ પણ પોતાની ટોળીમાંના દૂર બેઠેલા એક છોકરાને ફરીથી રમવા ઊભો કરી શકે. પણ જો અડકવા જતાં તે પકડાઈ જાય તો જે ટોળીવાળા પકડી લે તે ટોળીવાળા પોતાના પક્ષના દૂર થયેલ રમનારમાંથી એકને ફરીથી પોતાની તરફ ઊભો કરી શકે. આમ એક ટોળીના બધા છોકરા રમતમાંથી દૂર થાય ત્યારે રમત પૂરી થાય ને તે ટોળી હારી ગણાય.

ગવતરી સ્ત્રી. ગાય.

ગવતા સ્ત્રી. ફૂગ; ઊબ.

ગવથ ન. એક જાતનું પ્રાણી.

ગવન ૧. [સં. ગમન] ન. ગતિ; ચાલ.

૨. ન. ગામ.

૩. ન. ગાયન; ગીત.

૪. ન. જવું તે.

૫. [હિં.] ન. વધૂનું પહેલી વખત પતિને ઘેર જવું તે.

૬. ન. વિશ્વાસે આપેલ પૈસા પચાવી પાડવા તે.

૭. [અં. ગાઉન] ન. સ્ત્રીઓને પહેરવાનું એક જાતનું સુતરાઉ ઝીણું છાપેલું કપડું; એક જાતનો સાડલો; હીરાકણી.

ગવનિક [સં. ગવાહ્નિક] ન. ગૌગ્રાસ; ગૃહસ્થના ઘરમાં તૈયાર થયેલ રસોઈમાંથી ગાયને માટે જુદો કાઢવામાં આવતો ભાગ.

ગવપાન પું. એ નામની એક જાતની વાની.

ગવય ૧. પું. એક છંદનું નામ.

૨. પું. એ નામનું એક બ્રાહ્મણ.

૩. પું. (પુરાણ) એ નામનો એક વાનર.

૪. પું. એક જાતનો બળદ.

૫. પું. એક જાતનો મૃગ.

૬. પું. રોઝ; ગાયના આકારનું એક જંગલી પ્રાણી; નીલગાય.

૭. પું. (જ્યોતિષ) વિષુવાંશ ૯૦ થી ૧૫૦ અને ઉત્તર ક્રાંત્યંશ ૩૦ થી ૬૫ની વચ્ચે આવેલો તારાપુંજ.

ગવચી [સં.] સ્ત્રી. ગવયની માદા.

ગવયોદ્‌ભાવ ૧. [સં.] ન. છીકણી; તમાકુ.

૨. ન. તપખીર; શિંગોડાનો લોટ.

ગવરાજ [સં.] પું. બળદ.

ગવરાવવું ૧. સ. ક્રિ. ગાય તેમ કરવું; ગાવાની પ્રેરણા કરવી; ગાવું અને ગાવા લાગવું.

૨. સ. ક્રિ. લોકોમાં નિંદા થાય એમ વર્તવું અથવા કરવું; નિંદા કે ચર્ચા કરાવવી.

ગવરી ૧. સ્ત્રી. ગાય.

૨. [સં. ગૌરી; પ્રા. ગોરી; અપ. ગઉરી] સ્ત્રી. ગૌરી; શંકરની સ્ત્રી પાર્વતી.

૩. સ્ત્રી. સફેદ ગાય.

૪. વિ. સ્ત્રી. ગોરી; ધોળી અને સહેજ લાલ ધાબાવાળી.

૫. વિ. સ્ત્રી. રૂપાળી; સારી.

ગવરીઆ પું. એક જાતનો વેલો.

ગવરીકંદ ન. એક જાતનું કંદમૂળ. તેના છોડનાં પાન નાગદમણીનાં પાન જેવાં હોય છે. તેમાં છ પાંખડીવાળાં સુગંધી લીલા કે જાંબુડા રંગનાં ફૂલ થાય છે. એ ફૂલ મહાદેવને ચડે છે. આ કંદ ચોમાસે પહેલો વરસાદ થતાં જ ફૂટી આવે છે. તે ઝેરી છે.

ગવરીગાય સ્ત્રી. એક જાતનું જંગલી પ્રાણી. તેનો મુખ્ય ખોરાક ઘાસ છે.

ગવરીનંદ [સ. ગૌરી + નંદ્ (આનંદ પમાડવું)] પું. પાર્વતીને આનંદ આપનાર ગણેશ; ગણપતિ.

ગવરીપુત્ર પું. ગણેશ; ગણપતિ.

ગવરીબાઇ સ્ત્રી. એ નામની એક ભક્તલેખિકા. તે ગિરપુર અથવા ડુંગરપુરમાં સંવત ૧૮૧૫માં નાગર જ્ઞાતિમાં જન્મી હતી. તેને પાંચ કે છ વર્ષની ઉમરે પરણાવી હતી અને લગ્ન પછી થોડા જ દિવસમાં તે વિધવા થઈ. તે પછી પરમેશ્વર મારો પતિ છે એવી ભાવના તેનામાં ઉત્પન્ન થઈ. પોતે બુદ્ધિમાન હતી તેથી વાંચતાં લખતાં શીખી અને ભાગવત, ગીતા વગેરે શ્રવણ કરવા માંડ્યાં. ઈશ્વરભક્તિમાં એનું ચિત્ત દિવસે દિવસે દૃઢ થયું. પોતાનો બધો વખત તે ઈશ્વરભજનમાં કાઢતી. ધીમે ધીમે સંત સમાગમથી એનામાં જ્ઞાન અને વૈરાગ્ય વધ્યાં. લાંબા વખત સુધી તે સમાધી ચડાવીને રહી શકતી એવું માનસિક બળ તેણે પ્રાપ્ત કર્યું હતું. તે લાલજીની પૂજા કરતી. ગિરપુર તથા કાશીના તે સમયના રાજાઓ પણ તેનાં દર્શન કરવા આવતા. ડુંગરપુરથી તે કાશી જઈને વસી હતી અને ત્યાં જ દેહત્યાગ કર્યો હતો. તેનાં જ્ઞાનનાં કાવ્યોનો અર્થ સરળતાથી સમજી શકાય તેવો નથી. શુદ્ધ બ્રહ્મજ્ઞાનનાં પદમાં કવિતાની ઊર્મિ કંઈક ઓછી છે. તેણે અદ્વૈતમતનું પ્રતિપાદન કરેલું છે અને ઉપદેશ પણ છે. બીજાં કાવ્યોમાં તેમની કવિત્વશક્તિ જણાઈ આવે છે. તેમની ભાષા સંસ્કારી છે અને કેટલાંક કવિતામય સુંદર વાક્યો એવાં છે કે બીજી સ્ત્રીકવિઓમાં નજરે નથી પડતાં.

ગવરૂં ન. રોટલી, રોટલા મૂકવાનું પિત્તળનું વાસણ; ઝાકરો.

ગવર્નમેંટ ૧. [અં. ગવર્મેંટ] ન. રાજઅમલ; રાજસત્તા; હકૂમત.

૨. ન. રાજ્યપદ્ધતિ.

૩. ન. સરકાર; શાસકમંડળ.

ગવર્નર ૧. [અં.] પું. પ્રાંતનો સૂબો; હાકેમ; ઇલાકાનો વડો.

૨. પું. વરાળને કાબૂમાં રાખવા વરાળયંત્રમાં વપરાતી એક યુક્તિ; યંત્રનો એક મુખ્ય ભાગ.

ગવર્નરજનરલ [અં.] પું. આખા દેશનો હાકેમ; વડો સૂબો.

ગવર્નેસ ૧. [અં.] સ્ત્રી. ખાનગી શિક્ષિકા.

૨. સ્ત્રી. ગવર્નરની સ્ત્રી.

ગવર્નેસ કાર [અં.] સ્ત્રી. એક જાતની ગાડી. તેની બેઠકો પડખે હોય છે અને તેમાં પાછળથી દાખલ થવાય છે.

ગવલ ૧. [સં.] પું. પાડો.

૨. ન. ભેંસ કે પાડાનું શીંગડું.

ગવલા સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

ગવલાગન પું. (પુરાણ) સંજયના પિતાનું નામ.

ગવલી ૧. [સં. ગોપાલ] પું. ગોવાળિયો.

૨. પું. ઢોર રાખનાર અને દૂધ દહીં વેંચવાનો ધંધો કરનાર માણસ.

૩. [સં.] સ્ત્રી. ભેંસ; પાડી.

ગવલ્ગણ જુઓ ગવલાગન.

ગવળી જુઓ ગવલી.

ગવંડર પું. પ્રાંતનો હાકેમ; સૂબો; 'ગવર્નર'.

ગવંડી સ્ત્રી. કડિયાનો ધંધો કરતી દક્ષિણ તરફની એક જાતિ.

ગવા પું. પોઠિયો; બળદ.

ગવાકૃતિ વિ. ગાયના આકારનું.

ગવાક્ષ ૧. પું. ગોખ; છજું; ઝરૂખો. જે ગવાક્ષને એક છાદ્ય હોય તે સુવકૃત્ર, બે છાદ્ય હોય તે પ્રિયંગ, ત્રણ છાદ્ય હોય તે પદ્મનાભ, ચાર છાદ્ય હોય તે દીપચિત્ર અને પાંચ છાદ્ય હોય તે વૈચિત્ર કહેવાય છે. જે ગવાક્ષ લંબાઈમાં વધારે હોય તેને સિંહ, પહોળાઈમાં વધારે હોય તેને હંસ અને લંબાઈ અને પહોળાઈમાં સરખો હોય તેને મતિદ કહે છે. જે ગવાક્ષને એક લુંબિ હોય તે ત્રિપતાક, બે લુંબિ હોય તે ઉભય, ચાર લુંબિ હોય તે નંદાવર્તક, આઠ લુંબિ હોય તે પ્રિયાનન અને બાર લુંબિ હોય તે સંમુખ કહેવાય છે.

૨. પું. ગોખરુ; એક જાતની વનસ્પતિ.

૩. પું. છીંડું; ખોડીબારું.

૪. પું. જાળિયું; બાકું; હવા અજવાળા માટે દીવાલમાં રાખેલ ગાયની આંખ જેવા આકારની જાળી.

૫. પું. (પુરાણ) દુર્યોધનના મામા શકુનિના ૭ માંહેનો એ નામનો એક ભાઈ. તે ભીમસેનને હાથે મરાયો હતો.

૬. પું. (પુરાણ) રામની સેનાનો એક વાનરાધિપતિ.

૭. સ્ત્રી. ગાયની આંખ.

૮. સ્ત્રી. સાક્ષી; સાખ; શાહેદી.

૯. ન. ગાયની આંખની આકૃતિનું એક જાતનું રત્ન.

૧૦. વિ. ગાયની આંખ જેવી રચનાવાળું.

ગવાક્ષક ન. જાળિયું; હવા તથા અજવાળું આવવા માટેનું બારું.

ગવાક્ષકટક પું. ઝરૂખો; ગોખ.

ગવાક્ષજાલ ૧. ન. ગાયની આંખ જેવી રચનાવાળા રત્નનો ઢગલો.

૨. [સં.] ન. જાળીવાળી બારી; ગોખમાંની જાળી; ઝરૂખાનું જાળિયું.

ગવાક્ષિત વિ. બારીવાળું.

ગવાક્ષી ૧. [સં.] સ્ત્રી. ઈંદ્રામણું; ઈંદ્રવારુણિ; ઈંદરવરણી.

૨. સ્ત્રી. મલ્લિકા; મોગરાની વેલ.

૩. સ્ત્રી. શાખોટ વૃક્ષ; અપરાજિતા વનસ્પતિ.

૪. સ્ત્રી. સાક્ષી; સાખ.

ગવાગ્ર ન. ગાયોનું ટોળું.

ગવાચી [સં.] સ્ત્રી. એક જાતનું માછલું.

ગવાડવું (ગવાડ઼વું) સ. ક્રિ. કોઈ ગાય તેમ કરવું; ગવડાવવું.

ગવાણી સ્ત્રી. ગમાણ; ગાય કે બળદ બાંધવાની અને તેમને ઘાસ નાખવાની જગ્યા.

ગવાત ન. મેજનું ખાનું; વખારો.

ગવાદન [સં.] ન. વીડીનું ઘાસ.

ગવાદની ૧. [સં.] સ્ત્રી. ઈંદરવરણી; ઈંદ્રામણું.

૨. સ્ત્રી. એક જાતનો કાકડીનો વેલો.

૩. સ્ત્રી. ગમાણ; ગવાણી.

૪. સ્ત્રી. ગૌચર; ચારાની જમીન.

૫. સ્ત્રી. ઘાસની ગંજી.

૬. સ્ત્રી. વીડી.

ગવાધિકા [સં.] સ્ત્રી. લાખ; એક જાતનો લાલ પદાર્થ.

ગવાનક જુઓ ગવાનિક.

ગવાનિક ૧. ન. એકઠાં કરી નાખેલ દાળ, ભાત, શાક વગેરે.

૨. [સં. ગવાહ્નિક] ન. ગૃહસ્થના ઘરમાં તૈયાર રાખેલી રસોઈમાંથી જમતાં પહેલાં ગાયને માટે જુદો કાઢવામાં આવતો ભાગ; ગૌગ્રાસ.

ગવાની જુઓ ગવાનિક.

ગવાનેક જુઓ ગવાનિક.

ગવામણ સ્ત્રી. ગાવા બદલનું મહેનતાણું.

ગવામયન [સં.] પું. સંતતિ, સમૃદ્ધિ અને સ્વર્ગ મેળવવા માટે પ્રાચીન કાળમાં કરવામાં આવતો એક જાતનો યજ્ઞ.

ગવામૃત [સં.] ન. ગાયનું દૂધ.

ગવાયન ન. (સંગીત) ષાડવનું એક તાન; મધ્યમ ગ્રામમાં ષડ્જ વર્જિત કરવાથી ઉત્પન્ન થતું એક તાન.

ગવાર ૧. પું. એ નામના છોડની શીંગ તથા તેનાં બી.

૨. પું. એક જાતનો દ્વિદલ ધાન્યનો છોડ; ગુવાર. તે બે કે ત્રણ હાથ ઊંચો વધે છે. તેનાં કુમળાં પાનની ભાજી થાય છે.

૩. પું. ખેતીના ઉત્સવમાં બળદનો પાઠ ભજવતા પુરુષને ખાવા સારૂ અપાતી પલાળેલી બાજરી.

૪. વિ. બદશકલ; વરવું; બેડોળ.

૫. વિ. મૂર્ખ; અજ્ઞાન.

ગવારની સ્ત્રી. વાણીની પવિત્રતા; શુભ વચન.

ગવારફળી સ્ત્રી. ગુવારની શીંગ.

ગવારશિંગ જુઓ ગવારફળી.

ગવારશીંગ જુઓ ગવારફળી.

ગવારસિંગ જુઓ ગવારફળી.

ગવારસીંગ જુઓ ગવારફળી.

ગવારા ૧. પું. બ. વ. રદ્દી લૂગડાં; લબાચા.

૨. વિ. પચે એવું; હજમ થઈ જાય એવું.

૩. વિ. ભાવતું; મનગમતું; ફાવતું.

ગવારી ૧. સ્ત્રી. ગાય બાંધવાનું એકઢાળિયું.

૨. સ્ત્રી. ગોવાલણ; ગોપી.

ગવાર્હ વિ. ગાયની કીમતનું.

ગવાલકકરી સ્ત્રી. એક જાતનો ચોમાસામાં ઊગતો વેલો. તેનાં પાન ચીભડીનાં પાન જેવાં, ફૂલ નાનાં પીળાં અને ફળ ચણા જેવડાં થાય. ફળ પાકે ત્યારે રાતા રંગનાં થઈ જાય.

ગવાલન ૧. પું. ગોવાળ; ગાયો ચારનાર માણસ.

૨. સ્ત્રી. ગોવાળણી; ભરવાડણ.

ગવાલંભ પું. ગોમેધ; ગાયનું બલિદાન; યજ્ઞ નિમિત્તે ગોવધ.

ગવાલા ૧. પું. ગોવાળ; ગાયો ચારનાર અને સંભાળનાર માણસ; ભરવાડ.

૨. સ્ત્રી. નધણિયાતી જમીન.

ગવાલી પું. ભરવાડ; ગોવાળ.

ગવાલીક [સં.] ન. ગાય વગેરે ચોપગાં જનાવર સંબંધી જૂઠું બોલવું તે.

ગવાલૂક [સં.] ન. રોઝ; એ નામનું જાનવર.

ગવાવિક [સં.] ન. બ. વ. ગાય અને ઘેટાં.

ગવાવું ૧. અ. ક્રિ. ગવાય તેમ થવું.

૨. અ. ક્રિ. ફજેત થવું; બેઆબરૂ થવી; નિંદાવું; વગોવાવું.

ગવાશન ૧. [સં.] પું. ગાયનું માંસ ખાધેલ હોવાથી જ્ઞાતિ બહાર મૂકાયેલ માણસ.

૨. પું. ચમાર.

૩. પું. મોચી.

ગવાશ્વ [સં.] પું. બ. વ. આખલા અને ઘોડા.

ગવાષિકા [સં.] સ્ત્રી. લાખ.

ગવાસા પું. કસાઈ; ખાટકી.

ગવાહ [ફા.] પું. સાક્ષી; સાખ પૂરનાર; શાહેદ.

ગવાહી [ફા.] સ્ત્રી. સાક્ષી; પુરાવો; શાહેદી.

ગવાહ્નિક ૧. [સં.] ન. ગાયને રોજ આપવાનો ખોરાક; ગાયને એક દિવસ પૂરતું ઘાસ વગેરે.

૨. જુઓ ગવાનિક ૨.

ગવાળાં ન. બ. વ. ગ્રામ્યજન; ગામડાનાં માણસ.

ગવાળો ૧. પું. કપડાં તથા પરચૂરણ સામાન રાખવાનો કોથળો; બગચો.

૨. પું. ઢાંકણ; આચ્છાદન.

૩. પું. પરચૂરણ સરસામાન વગેરેનો ઢગલો; લબાચો.

ગવાં સ્ત્રી. ગાય.

ગવાંપતિ ૧. [સં.] પું. અગ્નિ.

૨. પું. ચંદ્ર.

૩. પું. ગોવાળ; ગાયોનો સ્વામી.

૪. પું. બળદ; આખલો.

૫. પું. શિવનાં હજાર માંહેનું એક નામ; રુદ્ર દેવ.

૬. પું. સૂર્ય.

ગવાંર વિ. ગમાર; મૂર્ખ.

ગવિ ૧. સ્ત્રી. ગાય.

૨. સ્ત્રી. વાણી; બોલી.

ગવિજાત પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

ગવિની [સં.] સ્ત્રી. ગાયો કે બળદોનો સમૂહ.

ગવિષ્ટ ૧. પું. (પુરાણ) એ નામનો એક દાનવ.
૨. પું. (પુરાણ) એ નામનો એક દેવ.
૩. પું. સૂર્ય.

ગવિષ્ટિ સ્ત્રી. ગાય મેળવવાની ઇચ્છા.

ગવિષ્ટિર પું. (પુરાણ) અત્રિ કુળમાં ઉત્પન્ન થયેલ એ નામનો એક ઋષિ. તેણે ઋગ્વેદના પાંચમા મંડલનું પહેલું સૂક્ત રચ્યું છે.

ગવી ૧. સ્ત્રી. કિરણ.
૨. સ્ત્રી. ગાય.
૩. સ્ત્રી. વાણી; બોલી.
૪. સ્ત્રી. વ્યાખ્યાન; સંભાષણ.

ગવીની સ્ત્રી. મૂત્રવાહક નળી. આ નલિકાઓ મૂત્રપિંડોમાંથી બહાર નીકળી નીચે બસ્તિ તરફ જાય છે અને મૂત્રપિંડોમાં તૈયાર થયેલું મૂત્ર ત્યાં લઈ જાય છે. દરેક બાજુની ગવીની બસ્તિની પાછલી બાજુ ઉપર આવેલા ગવીનીદ્વાર નામથી ઓળખાતા છિદ્ર દ્વારા બસ્તિમાં દાખલ થાય છે. ગવીનીઓ સ્વતંત્ર પેશીતંતુઓની બનેલી છે. આ તંતુઓનાં બે પડ છે. અંદરના માંસમય પડના તંતુઓ ઊભા છે, જ્યારે બહારના માંસમય પડના તંતુઓ ગવીનીની આસપાસ ગોળાકારે વિંટળાયેલા છે. ગવીનીઓનો અંદરનો ભાગ સૂક્ષ્મ કળા વડે છવાયેલો છે. ગાડા કે મોટર નીચે ચગદાઈ જવાને પરિણામે અથવા ઊંચેથી પડતાં કે બહારથી સખત માર પડવાને લીધે ગવીનીઓને પણ ઈજા થાય છે. જો ગવીની કપાઈ જાય અથવા સાંકડી થઈ જાય તો મૂત્રપિંડોમાં પેશાબ એકઠો થઈને તે ભાગ મોટો થાય અને સૂજી આવે. કોઈ વાર તેમાં પરૂ પણ થાય. તેને અંતર્વિદ્રધિનો એક પ્રકાર કહી શકાય. બસ્તિ અથવા ગર્ભાશય ઉપરની શસ્ત્રક્રિયાઓ દરમિયાન પણ ગવીનીઓને ઈજા થવાનો સંભવ રહે છે.

ગવીશ ૧. [સં.] પું. ગાયનો ધણી; ગાયનો માલિક.
૨. પું. વિષ્ણુ.
૩. પું. સાંઢ.

ગવીશપત્ર પું. શંકર; શંભુ.

ગવીશ્વર [સં.] પું. ગાયનો માલિક; ગાયનો ધણી.

ગવીં ૧. પું. પરદેશ; બીજો દેશ.
૨. [સં. ગ્રામ] ન. ગામડું.

ગવેખવું સ. ક્રિ. જોવું.

ગવેખા સ્ત્રી. શોધખોળ; તપાસ.

ગવેડુ (ગવેડુ) સ્ત્રી. એક જાતનું ધાન્ય.

ગવેડુકા (ગવેડુકા) જુઓ ગવેડુ.

ગવેધુ ૧. સ્ત્રી. નાગબલા નામની વનસ્પતિ.
૨. ન. એક જાતનું તૃણધાન્ય; થેગી. તે ચરબી ઓછી કરનાર અને મૂત્રરોગમાં ઔષધિ તરીકે વપરાય છે.

ગવેધુક જુઓ ગવેધુ.

ગવેધુકા જુઓ ગવેધુ.

ગવેરુક [હિં.] પું. ગેરૂ.

ગવેરો પું. કપડાં રાખવાનો બગચો.

ગવેશ ૧. પું. ગાયનો માલિક.
૨. પું. રુદ્ર દેવ.

ગવેશકા સ્ત્રી. એક જાતનો વેલો.

ગવેશકી સ્ત્રી. એક જાતનો વેલો.

ગવેશ્વર જુઓ ગવેશ.

ગવેષ્ ૧. [સં.] સ. ક્રિ. કોશિશ કરવી; યત્ન કરવો.
૨. સ. ક્રિ. (ધાતુ) શોધવું; તપાસવું; ખોળવું. તે ઉપરથી થયેલ શબ્દ: ગવેષ, ગવેષણ, ગવેષિત.

ગવેષ [સં. ગવેષ્ (શોધવું)] વિ. શોધનાર; તપાસ કરનાર.

ગવેષક વિ. શોધક; ખોળ કરનાર; અન્વેષક.

ગવેષણ ૧. પું. (પુરાણ) અક્રૂર યાદવનો એ નામનો એક પુત્ર.
૨. સ્ત્રી. તપાસ; અન્વેષણ; ખોજ; શોધવું તે; તપાસવું તે; ખોળ.
૩. વિ. શોધનાર.

ગવેષણા ૧. સ્ત્રી. અન્વેષણ; શોધ; તપાસ.
૨. સ્ત્રી. (જૈન) આહાર ગ્રહણ કરવો તે.
૩. સ્ત્રી. ઇચ્છા.
૪. સ્ત્રી. શંકા; સંશય.
૫. સ્ત્રી. (જૈન) શુદ્ધ આહારની યાચના.
૬. સ્ત્રી. સત્ય.

ગવેષણામંદિર ન. શોધખોળ કરવાનું ઠેકાણું.

ગવેષિત ૧. [સં.] વિ. શોધીને આણેલું; તપાસીને આણેલું.
૨. વિ. શોધેલ; તપાસેલ.

ગવેષી [સં. ગવેષિન્] વિ. શોધક; શોધનાર.

ગવેસ વિ. નહિ જેવું યાદ.

ગવેહ ૧. સ્ત્રી. ખાર; વેર; દ્વેષ; કીનો.
૨. પું. શક; વહેમ; શંકા.

ગવેંદ્ર ૧. પું. ગોવાળ.
૨. પું. વિષ્ણુ.
૩. પું. શ્રેષ્ઠ બળદ; મોટો બળદ.

ગવૈયણ સ્ત્રી. ગાનારી સ્ત્રી; ગાયિકા.

ગવૈયો ૧. [સં. ગાયક] પું. ગાયન કરનારો; ગાવા બજાવવાનો ધંધો કરનારો; ગાયક.
૨. પું. પ્રશંસક.

ગવો પું. આંખનો સોજો.

ગવોદ્ધ [સં.] પું. શ્રેષ્ઠ આખલો.

ગવ્ય ૧. ન. એક જાતનું રંગવાનું દ્રવ્ય.
૨. ન. ગાયથી ઉત્પન્ન થતી વસ્તુ; દૂધ, દહીં, ઘી, છાણ, મૂત્ર વગેરે.
૩. ન. ગાયનું છાણ.
૪. [સં.] ન. ગાયનું ટોળું.
૫. ન. ગૌચર; ચરણની જગ્યા.
૬. ન. ધનુર્જ્યા; ધનુષ્યની પણછ; ધનુષ્યની દોરી.
૭. વિ. ગાયનું; ગાય સંબંધી.
૮. વિ. બળદનું; બળદ સંબંધી.
૯. વિ. બળદને હિતકારક.

ગવ્યક્ષીર [સં.] ન. ગાયનું દૂધ.

ગવ્યગૃહ ન. ગોરસશાળા; દુગ્ધાલય.

ગવ્યદ [સં.] વિ. ગાયની રસીવાળું.

ગવ્યપૂરક પું. શીતળા કાઢનાર માણસ.

ગવ્યચી [સં.] સ્ત્રી. ગાયનો અવયવ.

ગવ્યયુ [સં.] વિ. ગાયની ઇચ્છાવાળું.

ગવ્યવૈદ્ય પું. ગાયનો વૈદ્ય.

ગવ્યા ૧. [સં.] સ્ત્રી. ઇચ્છા.
૨. સ્ત્રી. ગાયની ઇચ્છા.
૩. સ્ત્રી. ગાયનું ટોળું.
૪. સ્ત્રી. ગાયમાંથી મળતાં દૂધ વગેરેની ઇચ્છા.
૫. સ્ત્રી. ધનુષની દોરી.
૬. સ્ત્રી. યુદ્ધની ઇચ્છા.

ગવ્યાધાન ન. શીતળા ટકાવવા તે.

ગવ્યુ ૧. [સં.] વિ. આતુર.
૨. વિ. ગાયના દૂધની ઇચ્છાવાળું.
૩. વિ. ગાયની ઇચ્છાવાળું.
૪. વિ. ગાયમાં આનંદ લેનાર.
૫. વિ. યુદ્ધની ઇચ્છાવાળું.

ગવ્યૂત જુઓ ગવ્યૂતિ.

ગવ્યૂતિ ૧. [સં.] સ્ત્રી. કોસ; ગાઉ; બે માઈલનું અંતર.
૨. સ્ત્રી. ગૌચર.
૩. સ્ત્રી. બે ગાઉનું માપ.

ગવ્વી સ્ત્રી. ગુફા.

ગવ્હરી સ્ત્રી. ગાય.

ગવ્હાર વિ. ગમાર; મૂર્ખ.

ગશા ૧. પું. ચક્કર; તમરી; ફેર.
૨. પું. મૂર્છા.

ગશી સ્ત્રી. બેહોશી; મૂર્છા.

ગશ્ત ૧. [ફા.] સ્ત્રી. ગોળ ફરવું તે.
૨. સ્ત્રી. ચોકીવાળાની રોન.
૩. સ્ત્રી. ફરવું તે; ફેરી.
૪. સ્ત્રી. ફેર; ચકરી.
૫. સ્ત્રી. ભીખ માગવી તે.
૬. સ્ત્રી. યુક્તિ.

ગશ્તમહાલ [ફા.] પું. અગાઉના વખતમાં હોડી ઉપર નખાતો કર.

ગશ્તવરગશ્ત [યૂ.] સ્ત્રી. એક જાતની ફળી; મરોર ફળી.

ગશ્તસલામી [ફા.] સ્ત્રી. જૂના વખતમાં ફરનારા ઉપર નખાતો કર.

ગશ્તા ૧. [ફા.] વિ. પાછું આવેલું.
૨. વિ. બનાવેલું.

ગશ્તિયા ૧. [ફા.] પું. કર ઉઘરાવનાર.
૨. પું. ચોકીદાર.

ગશ્તી ૧. સ્ત્રી. કુલટા; વ્યભિચારિણી સ્ત્રી.
૨. [ફા.] સ્ત્રી. ચોકી; રોન.
૩. સ્ત્રી. વસૂલાતી અમલદારને ફેરણી વખતે આપવામાં આવતી ભેટ.
૪. વિ. ઘૂમનાર; ફરનાર.

ગશ્તીચિઠ્ઠી સ્ત્રી. બધે ઠેકાણે ફરતો કાગળ.

ગશ્તીબાન [ફા.] પું. ચોકીદાર.

ગષ્ટંપષ્ટં ન. લવારો; અર્થ વિનાનું ભાષણ.

ગસગસ અ. ધસવ્રસ.

ગસડપટ્ટી (ગસડ઼પટ્ટી) સ્ત્રી. ઉતાવળે કરાતું કામ.

ગસત ૧. સ્ત્રી. મંડળ; ટોળી.
૨. અ. વ્યર્થ; ફોકટ.

ગસતાંગર ૧. [હિં.] પું. ગામડિયો; રોંચો.
૨. વિ. અનાડી; અકુશળ.

ગસરિયા ૧. સ્ત્રી. એ નામની ઘાંચીની અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ગસવું અ. ક્રિ. ઘસવું; ખજવાળવું.

ગસિયો પું. બાજરીના લોટ સાથે ઘી ગોળ મેળવીને કરેલી ફાકવાની એક વાની.

ગસી [હિં.] પું. ગુદામાંથી છૂટતો વાયુ; પાદ.

ગસેડવું (ગસેડ઼વું) સ. ક્રિ. ઘસરડવું; જમીન ઉપર કંઈ પણ વસ્તુ ઘસડવી.

ગસ્ટેટરીતંતુ પું. સ્વાદ જાણવાની શક્તિ આપનારા જીભની અંદરના બે માંહેનો એક તંતુ.

ગસ્ત જુઓ ગશ્ત.

ગસ્તાન [હિં.] સ્ત્રી. મૂર્ખ સ્ત્રી.

ગસ્તાનગર ૧. [હિં.] પું. વિદૂષક.
૨. વિ. મૂર્ખ.

ગસ્સા ૧. [સં. ગ્રાસ] પું. કોળિયો.
૨. [હિં.] પું. હાથનાં અને પગનાં આંગળાં વચ્ચેનો ખૂણો.

ગહ્ ૧. [સં.] અ. ક્રિ. ઊંડું ઊતરવું.
૨. અ. ક્રિ. (ધાતુ) જાડું થવું; ગાઢ થવું. તે ઉપરથી નીકળેલ શબ્દ: ગહન.

ગહ ૧. સ્ત્રી. ઓરડાની ઊંચાઈ.
૨. સ્ત્રી. ગ્રહ.
૩. સ્ત્રી. ઘરનો માળ.
૪. સ્ત્રી. હાથો.
૫. [સં.] ન. અરણ્ય; રાન.
૬. ન. ગુફા.
૭. [ફા.] ન. જગ્યા.

ગહક ૧. પું. આનંદદાયક મનોભાવ.
૨. પું. ખંત; ઉમંગ.
૩. પું. ટહુકાર.

ગહકવું ૧. [સં. ગદ્ગદ] અ. ક્રિ. (હિંદી) ઉમંગથી ભરવું.
૨. અ. ક્રિ. ગદગદ થવું.

ગહકી ૧. પું. ખરીદનાર માણસ.
૨. સ્ત્રી. ખરીદી.

ગહગટ્ટ પું. (જૂ. ગુ.) આનંદ; મજા.

ગહગડ (ગંહગડ઼) [હિં.] વિ. ઊંડું.

ગહગહવું ૧. અ. ક્રિ. (જૂ. ગુ.) આનંદિત થવું; ખુશ થવું.
૨. અ. ક્રિ. ગરજવું; ગગડવું.

ગહગીર ૧. [હિં.] પું. અણપલોટેલો ઘોડો.
૨. વિ. અણપલોટેલ.

ગંહણ ૧. [સં. ગ્રહણ] પું. પકડવું તે.
૨. પું. સૂર્ય અથવા ચંદ્રનું ગ્રહણ.

ગહણી સ્ત્રી. અતિસાર; સંગ્રહણી.

ગહન ૧. પું. (જૈન) અન્યને છેતરવા માટે કરાતું કપટ.
૨. પું. કાનની અંદરનો ભાગ.
૩. પું. નિર્જલ પ્રદેશ; રણ.
૪. પું. પરમેશ્વર.
૫. પું. લાંબો અને ગાતાં આંચકો ન ખાય એવો અવાજ.
૬. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. એમનાં સ્વરૂપ, સામર્થ્ય અને કૃત્ય જાણી શકાતાં નથી, તેથી તે ગહન કહેવાય છે.
૭. પું. શિવ.
૮. સ્ત્રી. હઠ; જીદ.
૯. ન. ગુફા.
૧૦. ન. ગ્રહણ.
૧૧. ન. (વ્રજ) ઘરેણું.
ગહન ચડાવવાં = કન્યાને ઘરેણાં ચડાવવાં.
૧૨. ન. દુ:ખ.
૧૩. ન. પાણી.
૧૪. ન. વન; જંગલ.
૧૫. વિ. અકળ; ગૂઢ.
ગહન ગતિ = ઊંડી પહોંચ; અથાગ બુદ્ધિ.
૧૬. વિ. અઘરૂં; સમજવું આકરૂં.
૧૭. વિ. ઉજડ; વેરાન.
૧૮. વિ. ગૂંચવણ ભરેલું.
૧૯. વિ. છૂપું.
૨૦. વિ. ઝાડીવાળું.
૨૧. વિ. દુર્ગમ; દુર્ભેદ્ય.
૨૨. વિ. (જૈન) પાર પાડી ન શકાય એવું.
૨૩. અ. અથાગ.

ગહનક વિ. મુશ્કેલ.

ગહનતા સ્ત્રી. ગંભીરતા; અગમ્યપણું.

ગહનનાથરસ પું. (વૈદ્યક) ગોટો ચડ્યો હોય તે ઉપર અપાતું એક દેશી ઔષધ.

ગહનમારૂ સ્ત્રી. ચંદ્રગ્રહણમાં જન્મેલી કદરૂપી ગાય.

ગહનવાસી વિ. એકાંતમાં રહેવાવાળું.

ગહના ૧. પું. દાંતા વગરનું ઢેફાં ભાંગવાનું એક ઓજાર.
૨. પું. (પિંગળ) પંક્તિ છંદની જાતનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં ભગણ, નગણ, ભગણ અને ગુરુ એમ દશ અક્ષર હોય છે.
ભા ન ભ ગ થકી છે **ગહના.** રણપિંગળ
૩. [સં.] સ્ત્રી. અલંકાર; ઘરેણું.
૪. સ્ત્રી. ગિરિમાળ; પર્વતની હાર.
૫. સ્ત્રી. ઘરેણે મૂકવું તે.

ગહનાખત [હિં.] પું. ગીરો દસ્તાવેજ.

ગહનાપત્ર જુઓ ગહનાખત.

ગહની સ્ત્રી. ચંદ્રગ્રહણમાં જન્મેલી કદરૂપી ગાય.

ગહનીઆ [હિં.] પું. અમુક મુદ્દત માટે ઘરેણે મૂકેલી જમીન.

ગહનોગતિ વિ. ન જાણી શકાય એવું.

ગહબડવું (ગહબડ઼વું) અ. ક્રિ. (જૂ. ગુ.) ગભરાવું.

ગહમાગહમ ૧. સ્ત્રી. ગભરાટ; વ્યગ્રતા.
૨. વિ. ગીચ; ઘાડું. ખીચોખીચ.

ગહર પું. અંગૂર અથવા કેળાંનો ઝૂમખો.

ગહરવાર પું. એ નામનો એક ક્ષત્રિય વંશ. આ વંશના લોક ગોરખપુર અને ગાઝીપુરથી માંડી કનોજ સુધી જોવામાં આવે છે. તેઓ પોતાનું પ્રાચીન સ્થાન કાશી જણાવે છે. જયચંદ્રથી ચાર પાંચ પેઢી પહેલાં થયેલ ચંદ્રદેવ અને મહીપાલ વગેરે કનોજના રાજા ગહરવાર હતા એમ શિલાલેખો ઉપરથી જણાય છે. બુંદેલખંડના ક્ષત્રિયો પણ કાશીના ગહરવર વંશથી ઉત્પન્ન થયાનું કહેવાય છે.

ગહરા ૧. પું. ડૂંડાંનું પોટકું.
૨. પું. મોસમમાં મજૂરને અપાતા દાણા.
૩. સ્ત્રી. ગહ્વર; ગુફા.
૪. ન. વાવડિંગ.
૫. વિ. ઊંડું; ગંભીર.
૬. વિ. કડક.
૭. વિ. પાકું; ગાઢ; દૃઢ; મજબૂત.

ગહરાઈ ૧. સ્ત્રી. ઊંડાઈ.
૨. સ્ત્રી. ગંભીરતા.
૩. સ્ત્રી. ગુફા; ખાડો.

ગહરાપન ૧. પું. ઊંડાઈ.
૨. પું. ગંભીરતા.

ગહરાપા જુઓ ગહરાપન.

ગહરી ૧. [હિં.] સ્ત્રી. ચોખા વાવવા માટે યોગ્ય ભેજવાળી નીચી જમીન.
૨. વિ. સ્ત્રી. ઊંડી; ગંભીર.
૩. વિ. સ્ત્રી. કડક.
૪. વિ. સ્ત્રી. ગાઢ.

ગહરીગિનતી [હિં.] સ્ત્રી. બીજગણિત.

ગહરૂં ૧. વિ. ઊંડું.
૨. વિ. ઘણું.
૩. વિ. દૃઢ; મજબૂત.
૪. વિ. પ્રચંડ; ઘોર.
૫. વિ. વધારે.

ગહલ સ્ત્રી. દ્રાક્ષનું ઝૂમખું.

ગહલોટ સ્ત્રી. રજપૂત લોકોની એક જાત; ગુહલૌત. આ નામ સંબંધે જુદી જુદી વાતો ચાલે છે. કોઈ તેને ગોહિલ અથવા ગોમિલમાંથી નીકળ્યાનું બતાવે છે. કોઈ એમ કહે છે કે જ્યારે મેવાડના મહારાણાના પૂર્વ પુરુષ ભાગ્યા ત્યારે રાજમહિષીને એક બ્રાહ્મણે શરણ આપ્યું હતું. તેને ત્યાં ગુફામાં એક પુત્ર ઉત્પન્ન થયો. તેનું નામ ગુહલૌત રાખ્યું હતું.

ગહલોત જુઓ ગહલોટ.

ગહવડવું (ગહવડ્વું) અ. ક્રિ. વ્યથિત થવું; ગળગળું થવું.

ગહવા પું. સાણસી; ચીપિયો.

ગહવાર પું. પારણું; ઘોડિયું.

ગહવું સ. ક્રિ. ગ્રહણ કરવું.

ગહાઈ ૧. [હિં.] સ્ત્રી. ડૂંડાંમાંથી દાણા જુદા કરવા માટે બળદથી ડૂંડાં ખૂંદવાની રીત; પગર.
૨. સ્ત્રી. પકડ; ઝાલવું તે.

ગહાન ૧. પું. ગીરો; થાલ.
૨. પું. ગ્રહણ; લેવું તે.

ગહિડ (ગહિડ઼) ૧. [સં. ગભીર] વિ. ઊંડું.
૨. વિ. કડક; સખત.
૩. વિ. ગંભીર.
૪. વિ. ઘણું; અથાગ.
૫. વિ. પાકું; મજબૂત; દૃઢ.

ગહિના [હિં.] ન. ખેડેલ ખેતરમાં જમીન સપાટ કરવા બળદોથી ખેંચાતું એક માણસ ઊભો રહી શકે એવું એક સપાટ ભારે પાટિયું.

ગહિનીનાથ પું. નાથ સંપ્રદાયનો એ નામનો એક મહાન યોગી.

ગહિર જુઓ ગહિડ.

ગહિરગંભીર વિ. ગહન અને ગંભીર; ઊંડાણ અને ગંભીરતાવાળું.

ગહિરદેવ પું. કાશીનો એક રાજપુત્ર. તેને ગહરવાર લોકો પોતાનો આદિ પુરુષ માને છે.

ગહિલું ૧. વિ. ઘમંડી; ગર્વયુક્ત; ડોળઘાલુ.
૨. વિ. ઘેલું; ગાંડું.

ગહિલોત જુઓ ગહલોટ.

ગહિવરવું અ. ક્રિ. ગભરાવું; મૂંઝાવું.

ગહુદ પું. હાડકાંના પોલાણ માંહેનો ગર.

ગહુલા પું. ઉત્તર હિંદમાં થતી એક જાતની વનસ્પતિ. તે સ્ત્રીઓના લોહીસ્રાવ ઉપર અપાય છે. તેનાં બિયાં ઔષધિ તરીકે ઉપયોગી છે.

ગહું પું. ઘઉં; ગોધમ; એક જાતનું ધાન્ય. બધી જાતનાં અનાજમાં ઘઉં શ્રેષ્ઠ છે. તે દુનિયામાં બધે પાકે છે. કાળી જમીનમાં તેનો પાક સારો થાય છે. રાતડા, વાજિયા, કાઠા, બંસી, પૂનમિયા, દાઉદખાની એવી તેની ઘણી જાત છે. તેમાં બંસી ઉત્તમ ગણાય છે.

ગહુંલો ૧. પું. કાંગની જાતનો એક છોડ. તેનાં મૂળ તથા છાલ તાવ, ગોટો, તરસ અને વિષ ઉપર ઉપયોગી ગણાય છે.
૨. પું. ઘઉંલો; ઘઉંના આકારનો એક સુગંધી પદાર્થ.
૩. વિ. ઘઉંના રંગ જેવું; ઘઉંવર્ણું.

ગહે ૧. અ. એકદમ; જલદી.
૨. અ. કોઈક વેળા; કોઈ વખત.

ગહેક પું. મોરનો અવાજ; ટહુકાર; કેકા.

ગહેકવું ૧. અ. ક્રિ. આનંદ થવો; હરખાવું.
૨. અ. ક્રિ. ગરજવું; ગાજવું; ગર્જના કરવી.
૩. અ. ક્રિ. મહેકવું; સુગંધ ફેલાવી.
૪. અ. ક્રિ. મોરે અવાજ કરવો; ટહુકાર કરવો.

ગહેકાટ જુઓ ગહેક.

ગહ્વર ૧. પું. (પિંગળ) ત્રણ રગણ, લઘુ અને ગુરુ મળી અગિયાર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે.
ગહ્વરે આણવા રા ર રા લ ગી.   રણપિંગળ
૨. ન. ઊંડી ખો; ગુફા; પહાડની અંદરની બખોલ.
૩. ન. ગંભીર વિષય.
૪. ન. ગુપ્ત સ્થાન.
૫. ન. જમીન માંહેનું ઝીણું કાણું.
૬. ન. જળ; પાણી.
૭. ન. દંભ; પાખંડ.
૮. ન. નિકુંજ; લતાઓનું ઝુંડ.
૯. ન. રડવું તે.
૧૦. ન. વન; જંગલ.
૧૧. ન. વિષમ સ્થળ.
૧૨. વિ. ઊંડું; વિષમ.
૧૩. વિ. અનેકાર્થી; અનેક અર્થવાળું.
૧૪. વિ. ગંભીરતાવાળું.
૧૫. વિ. ગુપ્ત; છાનું.

ગહ્વરદુર્ગ [સં.] પું. પર્વતોની વચ્ચે આવેલો કિલ્લો.

ગહ્વરવું અ. ક્રિ. ગભરાવું; મૂંઝાવું.

ગહ્વરા સ્ત્રી. વાવડિંગ.

ગહ્વરિત ૧. [સં.] વિ. ગુફાવાળું.
૨. વિ. ઝાડીવાળું.
૩. વિ. દંભવાળું; પાખંડી.
૪. વિ. દુષ્પ્રવેશ; મુશ્કેલીથી દાખલ થવાય એવું.

ગહ્વરી સ્ત્રી. ગુફા; ખો.

ગહ્વરું વિ. ઊંડું; અગાધ.

ગહ્વરેષ્ઠ પું. વિષમ પર્વતની ગુફામાં રહેનારા શિવ; વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ.

ગળ ૧. પું. ગળાનું ઊપસેલું હાડકું; નરડિયો.
૨. પું. ગોળ.
ગળ ખાવો = (૧) ગોળ ખાવો. (૨) સગાઈ કરવી.
૩. પું. બાતમી; છૂપી હકીકત.

૪. સ્ત્રી. ગલ; માછલાં પકડવાની આંકડી; આંકડ.

ગળકટ્ટો પું. ગળું કાપનાર માણસ; હલાલિયો.

ગળકડી (ગળકડ઼ી) સ્ત્રી. ડોક ધોળી અને શરીરે બીજો રંગ હોય એવી ગાય.

ગળકબોળિયું વિ. ગળા સુધીનું ઊંડું.

ગળકવું ૧. અ. ક્રિ. મોરનું ગળામાંથી બોલવું; ટહુકવું.

૨. અ. ક્રિ. સંકોચાઈને જવું અથવા આવવું.

૩. સ. ક્રિ. ગળવું; સત્ત્વ ખેંચી કાઢવું.

ગળકશું અ. ઝડપથી; જલદી.

ગળકી સ્ત્રી. ગળું; ગળચી; ડોક; ગરદન.

ગળકુડું (ગળકુડ઼ું) સ્ત્રી. મીઠું મીઠું ખાનારૂં; ચટકું.

ગળકું ૧. ન. પાણીમાં ડૂબકું ખાવું તે.

૨. ન. મોરનો અવાજ; ટહુકાર.

ગળકેરી સ્ત્રી. જેમાં ગળપણ નાખેલું હોય એવું કેરીનું અથાણું; ગોળકેરી.

ગળકો ૧. પું. એક વાર ચાખેલી વસ્તુનો રહી ગયેલો સ્વાદ.

૨. પું. કંસારાનો એક જાતનો હથોડો.

૩. પું. ઘૂંટડો.

૪. પું. ભાવ; રુચિ; ચસકો; સ્વાદની લોલુપતા; ગળ્યું ખાવાનું વ્યસન.

૫. વિ. પું. સારખાયો; મીઠું મીઠું ખાવાની ટેવવાળો.

ગળખોડ (ગળખોડ઼) ૧. પું. કોસ તરફ રહેતા વરતના છેડાના નાકામાં બાંધેલું નાનું લાકડું; વરતને તરેલા સાથે બાંધવાનો આંકાવાળો લાકડાનો કટકો.

૨. સ્ત્રી. દંડ પીલવાની પાવડી કે ઘોડી.

ગળગળતો પું. એ નામનો એક યમદૂત.

ગળગળવું ૧. અ. ક્રિ. ગળગળું થવું; ગદગદ થઈ જવું; ઢીલા થવું.

૨. અ. ક્રિ. ગળવું; દદડવું; રેલા ચાલવા.

ગળગળાટ પું. ગળગળ અવાજ થવો.

ગળગળિત ૧. વિ. દિલગીરીવાળું; ગળગળું થઈ ગયેલું.

૨. વિ. દીન; ગરીબ.

૩. વિ. નરમ; પાણી જેવું.

ગળગળિયું વિ. ગળગળતું; જેમાંથી પ્રવાહી ટપકતું હોય એવું.

ગળગળું ૧. [સં. ગદ્ગદ; અપ. ગઝાર-ગગ્ગિટ] વિ. ગરીબ; દીન.

૨. વિ. દુઃખથી કે લાગણીથી હૈયું કે કંઠ ભરાઈ જવાથી થાય એવું; દિલગીરીવાળું.

૩. વિ. નરમ; પાણી જેવું; પોચું; ઢીલું.

ગળગળું થવું = આંખમાં આંસુ આવે તેમ શોકને લીધે બોલવું.

ગળગંડ ન. ગળા ઉપર થતું ગૂમડું; કંઠમાળ.

ગળગંડહરલેપ પું. કંઠમાળ મટાડવા માટે વપરાતો એક દેશી મલમ.

ગળગોટડો (ગળગોટડ઼ો) વિ. પું. ગોળ; ગોળમટોળ.

ગળગોટિયો જુઓ ગળગોટડો.

ગળગોટો જુઓ ગળગોટડો.

ગળગ્રહ ન. ગળું ઝલાઈ જવું તે; ગળું પકડાવાનો રોગ

ગળચકું ૧. ન. ધચરકો; ગચરકું; ખાટો કે તીખો ઓડકાર.

૨. વિ. મીઠું; સ્વાદમાં ગળ્યું.

ગળચટું વિ. સહેજ ગળપણવાળું; મીઠું; સ્વાદમાં જરા ગળ્યું.

ગળચવાં ૧. ન. બ. વ. ગળચાં; ગમચાં; બોલતાં બોલતાં ગળી જવું તે; ગૂંચવાઈને ખોત જેવા ઊભા રહેવું કે બોલતાં અચકાવું તે; પૂછેલા પ્રશ્નનો ઉત્તર નહિ સૂઝવાથી જરા વિચારમાં પડવું કે દિગ્મૂઢ થઈ રહેવું તે.

ગળચવાં ગળવાં = (૧) આપેલું વચન નહિ પાળવાની વૃત્તિ થતાં ગોટા વાળવા. (૨) કરેલા કુકર્મનું ફળ ભોગવતાં નાદાર બની રસ્તા શોધવા. (૩) ખોટું બોલવું. (૪) ગુનો કરીને પકડાઈ ગયા પછી બહાનાં કાઢવાં; ખોટા રદિયા આપી બચાવ કરવા પ્રયત્ન કરવો. (૫) ગુમાવેલું માન ખોટી રીતે ટકાવી રાખવા મહેનત કરવી. (૬) પોતાનું કંઈ પણ સામાને આપવાની ઇચ્છા ન હોય છતાં ના પાડી શકાતી ન હોય ત્યારે ગોળમટોળ જવાબ આપવો. (૭) ફાંફાં મારવાં.

૨. ન. બ. વ. તોતડાતું બોલવાપણું.

ગળચવું ૧. ન. ગળામાં પહેરવાનું એક જાતનું ઘરેણું.

૨. ન. ડૂબતા માણસનું પાણી ઉપર આવી અંદર જવું તે; ડૂબકું.

૩. સ. ક્રિ. ખૂબ ખાવું; અકરાંતિયા થઈને જમવું; ગળા લગી પેટ ભરવું; ગળા સુધી ઇંચવું.

૪. સ. ક્રિ. ગળે ઉતારવું; ઓહિયાં કરી જવું.

ગળચવો પું. પુરુષને ગળે પહેરવાનો સોનાના તારનો ગૂંથેલો દોરો; એક જાતનું ઘરેણું.

ગળચાવવું સ. ક્રિ. દાબીને પરાણે ખવરાવવું.

ગળચિયું ૧. ન. ગળચી; ગળાનો ભાગ; બોચી.

ગળચિયું દેવું = (૧) ગળું દાબી મારી નાખવું. (૨) ધક્કો મારવો. (૩) ધમકાવવું; ઠપકો આપવો.

૨. ન. ગળેથી પકડી કોઈને ધક્કો મારવો તે.

૩. ન. ડૂબતા માણસના ગળાનું બહાર નીકળવું ને અંદર જવું તે; ડૂબકું.

૪. ન. ધમકી; ઠપકો.

૫. વિ. ગળા સુધી આવે એટલું.

ગળચી ૧. સ્ત્રી. ગળાનો એક જાતનો રોગ; કંઠમાળ.

૨. સ્ત્રી. ગળાનો ભાગ; ગરદન; ડોકી; ગળું; બોચી.

ગળચી દાબવી = (૧) ગળાને એવા જોરથી પકડવું કે શ્વાસ ન લઈ શકાવો. (૨) ગળું દબાવી મારી નાખવું. (૩) જબરજસ્તી કરવી.

ગળચું ૧. ન. ગળું; ડોક; બોચી.

૨. ન. ડૂબકું; ડૂબતા માણસનું ઉપર નીચે થવું તે.

ગળચેપી સ્ત્રી. ગળાચીપ; ગળું દાબવું તે.

ગળચોપડી (ગળચોપડ઼ી) સ્ત્રી. પક્વાન; ગોળપાપડી.

ગળજીભી ૧. [સં. ગોજિહ્વા] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; ભોંપાથરી; ગોજિકા; ગોભી. તેનાં લાંબાં અને ખરસટ પાનનો આકાર જીભ જેવો હોય છે. ખડક ઉપર ઊગતા આ છોડનું શાક થાય છે. ભેંસને ખવરાવવાથી તેનું દૂધ વધે છે. તે શોધક, શીતલ, મૂત્રલ અને પિત્તશામક હોવાથી વાતવિકાર, ઉપદંશ, વિસ્ફોટક, સંધિવા, ઊનવા તથા પથરી ઉપર ઔષધ તરીકે અપાય છે.

૨. સ્ત્રી. પશુને થતો એક જાતનો રોગ.

૩. સ્ત્રી. સ્વાર્થની ઇચ્છાથી સામા માણસને સ્પષ્ટ વાત ન કહેવી તે.

ગળટૂંપો ૧. પું. ગળે બાંધવાનું કપડું.

૨. પું. ફાંસો.

૩. પું. હૈડિયો.

ગળણ પું. મદ; અભિમાન; છકી જવાપણું.

ગળણી ૧. સ્ત્રી. એક જાતની ઔષધોપયોગી વનસ્પતિ.

૨. સ્ત્રી. ગાળવાનું કાણાવાળું સાધન.

૩. સ્ત્રી. છીપવાળાં પ્રાણીઓનો પાછળનો નળીનો બનેલો ધ્રૂજતો સ્નાયુમય ભાગ. તેમાંથી પાણીની જબરી ધાર પાછલી બાજુ તરફ કાઢી નાખવામાં આવે છે એટલે તેના વમળથી પ્રાણી આગળ ચાલી શકે છે.

ગળણીપડ (ગળણીપડ઼) ન. પાણી ટપકીને ભેગું થાય તે જગાનું ઈંટ, પથ્થર વગેરે ભરી તૈયાર કરેલું તળિયું; 'ફિલ્ટર બેડ.'

ગળણું ૧. ન. કોગળો.

૨. ન. છોકરાને નિશાળે બેસારવાનો વિધિ.

૩. ન. ઢાંકણુ.

૪. ન. પાણી વગેરે પ્રવાહી ગળવાનું કપડું; ગાળવાનું સાધન.

૧. ગામને મોઢે ગળણું બંધાય નહિ = દુનિયા દેખે તેવું ભાખે; લોકોને ટીકા કરતાં અટકાવી શકાય નહિ.

૨. સાત ગળણે ગળીને પાણી પીવું-સો ગળણે ગળીને વાત કરવી = બહુ સંભાળપૂર્વક બોલવું.

ગળત ૧. વિ. ખોવાયેલું.

ગળત કરવું = હજમ કરી જવું; ખાઈ જવું; ઓળવી દેવું.

૨. વિ. ગળતું; ગળ્યા કરે એવું.

૩. વિ. નાપાયાદાર; ખોટું; અસત્ય.

૪. વિ. ભૂલભરેલું.

ગળતકહોડ (ગળતકહોડ઼) જુઓ ગળતકોઢ.

ગળતકોડ જુઓ ગળતકોઢ.

ગળતકોઢ [સં. ગલિત + કુષ્ઠ] પું. હાથ પગનાં આંગળાં સડીસડીને ગરી પડતાં જાય એવો એક ભયંકર ચેપીરોગ; પત; શરીર અને અવયવોને સડાવી ગાળી નાખનારો કુષ્ઠ રોગ.

ગળતકોઢિયું વિ. ગળત કોઢવાળું; જેના કોઢનાં ચાઠાંમાંથી રસી નીકળ્યા કરતી હોય એવું; રક્તપિત્તવાળું.

ગળતર ન. તેલ વગેરેના ડબ્બામાંથી તેલ ગળી જતાં આવતી ખોટ.

ગળતરાત સ્ત્રી. મધ્યરાત્રી અને પ્રભાત વચ્ચેનો સમય.

ગળતરિયું જુઓ ગળતિયું.

ગળતળ ન. ઘસવું તે; ઘસારો.

ગળતા ન. એ નામનું ગામ. ત્યાં રામાનુજાચાર્યની ગાદી છે.

ગળતિયું ૧. ન. ઢોર કે માણસ ખોરાક પૂરતો લે છતાં નબળું પડતું જાય અને છેવટ તદ્દન અશક્ત બની જાય તેવું એક દરદ.

૨. ન. પાણી કે ભીનાશથી જમીનમાં જેનો રસ ઊતરે એવું ગળી ગયેલું સોડવેલ ખાતર.

૩. વિ. અશક્ત; નિર્માલ્ય; જોર વિનાનું.

ગળતી ૧. [સં. ગલંતિકા] પું. ખોરાક લેવા છતાં શરીર સુકાતું જાય એવો શોષ રોગ; ક્ષયરોગનો એક ભેદ.

૨. સ્ત્રી. જેમાંથી ધીરે ધીરે ઝીણી ધારે પાણી ટપકયા કરે એવા છિદ્રવાળી ઝારી; મહાદેવ ઉપર પાણી ગળતું રાખવા લટકાવાતું પાત્ર.

૩. સ્ત્રી. ભૂલચૂક; દોષ.

ગળતું ૧. વિ. નબળું થતું; શરીરમાં દૂબળું બનતું.

ગળતી ગોદડીએ = વીલે મોઢે; લાલે તોરણે; કામ કે અર્થની સિદ્ધિ થયા સિવાય; આવ્યા તેમના તેમ.

૨. વિ. પડતું.

૩. વિ. પીગળતું; ગળી જતું.

ગળતી પીડ = ભાવમાં થતી જતી સોંઘારત.

૪. વિ. લટકતું; ઝરતું.

ગળતેશ્વર ન. મહી નદીને કાંઠે આવેલું એ નામનું મહાદેવનું એક પ્રાચીન મંદિર.

ગળથૂથી સ્ત્રી. તરત જન્મેલા બાળકને ટોવા માટે ગોળ, ઘી અને પાણી વગેરે એકઠાં કરીને બનાવેલું પેય; ગળથૂલી. કોઠાનો ગર્ભ, અજમોદ, વાવડિંગ, વાપુંભા, મરડાશિંગી, સરસવ, રાઈ, વરિયાળી, જાયફળ, સૂંઠ, સંચળ, સૂવા, અજમા, કાથો, ફટકડી, લવિંગ, હીરાબોળ, એલચી, જાવંતરી, કણઝર અને તજ સમભાગે વાટી કપડે ચાળી રાખવું. તેમાંથી ચપટી જેટલું ગોળના પાણીમાં નાખી તેમાં ગાયનું ઘી જરા નાખી ગરમ કરી જન્મેલા બાળકને ચાર દિવસ પાવું. બાળક એક મહિનાનું થયા પછી આમાંથી ચપટી જેટલું ચૂર્ણ ગાયના ઘીમાં ચટાડવું. તેથી બાળક નીરોગી રહે, પુષ્ટ થાય અને કાંતિ વધે એમ મનાય છે.

ગળદાઈ સ્ત્રી. વાયુની ઊર્ધ્વ ગતિથી થતી બેચેની.

ગળધરી સ્ત્રી. અજીર્ણને લીધે અથવા પિત્તવિકારથી ગળામાં થતી બળતરા; પિત્તવિકારની તીખાશની ગળામાં થતી અસર.

ગળધાઈ જુઓ ગળધરી.

ગળધાણી સ્ત્રી. ઘી ગોળનો પાક કરી અથવા ગોળની ચાસણી કરી તેમાં શેકેલા જુવાર અથવા ઘઉં નાખી ઠામમાં પાથરીને પડાતાં ચોસલાં.

ગળધો જુઓ ગળધરી.

ગળનકોઢ પું. એક જાતનો રોગ; ગલકુષ્ઠ.

ગળપ અ. ગળી જાય એમ.

ગળપટો ૧. પું. ગળે વીંટવાનો પટો.

૨. પું. સોનાનો એક જાતનો દાગીનો.

ગળપટ્ટો જુઓ ગળપટો.

ગળપણ ૧. ન. ગોળ અથવા ખાંડ માંહેનો મીઠો સ્વાદ; ગળ્યો સ્વાદ; મીઠાશ.

૨. ન. ગોળ કે ખાંડ જેવી ગળી વસ્તુ.

ગળપાપડી (ગળપાપડ઼ી) સ્ત્રી. ગળચોપડી; ઘઉંનો પકવાન.

ગળપાસ પું. (જૂ. ગુ.) ગળાફાંસો.

ગળફો ૧. પું. એકસરખા તારમાં આવતો નાનો ટૂચો.

૨. પું. ખોંખારવાથી કે ઉધરસથી છાતી અને ગળામાંથી છૂટું પડતું શ્લેષ્મ; બલગમ; બળખો; કફનો લોંદો.

ગળબંધ પું. ગળપટો.

ગળબંધન ૧. ન. જોખમદારી; જોખમ.

૨. ન. ફિકર; પરવા.

૩. ન. લેવાદેવા.

ગળમાણું ૧. ન. ઘઉંના લોટને શેકી તેમાં ગળ્યું પાણી નાખી ઉકાળીને બનાવેલું પેય; ગળવાણું.

૨. ન. દરજીનું એક ખીજવણું.

ગળમીંડું ન. એ નામની એક રમત. તેમાં સામાવાળાને પોતાના કૂંડાળામાં રોકી રાખવાનો હોય છે.

ગળવણ ન. સગપણ કર્યા પછી વેવાઈઓના પ્રથમ મેળાપ વખતે લેવાતું ગોળનું પાણી અથવા જમણ.

ગળવાઈ સ્ત્રી. શેરડીના વાડમાં તૈયાર થયેલાં ગોળનાં માટલાં રાખવાનું ખળાવાડ જેવું સ્થાન.

ગળવાણ ૧. ન. ગળપણ; મીઠાશ.

૨. ન. ગળ્યો પદાર્થ.

૩. ન. ઘઉંનો લોટ ઘીમાં શેકી તેમાં દૂધ રેડી ખાંડ નાખી રોટલી સાથે ખાવાનો પાતળો પદાર્થ.

ગળવાણું જુઓ ગળમાણું.

ગળવાવ સ્ત્રી. ચિચોડો ચાલતો હોય ત્યારે માંડવાની અંદર ગોળનાં ભીલાં તથા માટલાં રાખવા ચોરસ ખોદેલો ખાડો; ગોળનાં ભીલાં ભરવાનો અખાડા પાસે ગાળેલો ખાડો.

ગળવાવું અ. ક્રિ. ગળ્યું મોઢું થઈ જવું.

ગળવું ૧. અ. ક્રિ. ડળવું; અંદર ઊતરી જવું.

૧. કાદવમાં ગળી જવું = માટીમાં ઊતરી જવું.

૨. ગળતી ગોદડીએ = પરવાર્યા પહેલાં અધવચ.

૨. અ. ક્રિ. કૂવામાં ડૂબવું.

૩. અ. ક્રિ. ખોવાવું.

૪. અ. ક્રિ. જામી જવું.

૫. અ. ક્રિ. ઢીલું થવું.

૬. અ. ક્રિ. નકામું થવું.

૭. અ. ક્રિ. નાશ પામવું; દૂર થવું.

૮. અ. ક્રિ. પાકવું; ફળનું પાકવાની તૈયારી પર આવવું.

૯. [સં. ગલ્] અ. ક્રિ. પ્રવાહીનું કોઈ પાત્ર કે વસ્તુમાંથી છિદ્રદ્વારા બહાર નીકળવું; ચૂવું; ટપકવું; ઝમવું; ઝરવું.

નાક ગળવું = નાકમાંથી લીટ વહેવું.

૧૦. અ. ક્રિ. બફાવું; ચડી જવું; એકરસ થવું.

૧૧. અ. ક્રિ. ભીંજાવું.

૧૨. અ. ક્રિ. મોટા જથ્થામાં વેંચાવું.

૧૩. અ. ક્રિ. મૌન રહેવું; ચૂપ રહેવું; ઉત્તર નહિ આપવો.

૧૪. અ. ક્રિ. રસકસ જતો રહેવો; તવાઈ જવું.

હાડ ગળવું = (૧) શરીર નબળું થઈ જવું. (૨) હાડકું દૂઝવું.

૧૫. અ. ક્રિ. વરસવું.

૧૬. અ. ક્રિ. વિકારનું અંદરને અંદર વિખરાઈ જવું.

ગાંઠ ગળવી = ગાંઠ ઓગળવી.

૧૭. અ. ક્રિ. સાકર, મીઠું વગેરે પદાર્થનું હવા પાણી અથવા તાપથી એકરસ થઈ જવું; ઓગળવું; પીગળવું.

૧૮. સ. ક્રિ. આખું ને આખું ગળે ઉતારવું; ચાવ્યા વિના ગળી જવું.

ગળી જવું = (૧) ગળે ઉતારવું. (૨) લીન થવું; એકતાન થઈ જવું.

૧૯. સ. ક્રિ. ચાળણીથી ચાળવું.

૨૦. સ. ક્રિ. શુદ્ધ કરવું; મળ અથવા કચરા રહિત કરવું.

ગળશુંડી સ્ત્રી. કફ અને લોહીના પ્રકોપથી ગળામાં થતો સોજો.

ગળશુંડું જુઓ ગળશુંડી.

ગળસ પું. એકતા; એક મન થવું તે.

ગળસવું સ. ક્રિ. ખાવું; ગળચવું.

ગળસુખડી (ગળસુખડ઼ી) સ્ત્રી. ગળચોપડી; ઘઉંનો પકવાન.

ગળસુડા (ગળસુડ઼ા) ન. અવાળુ; ગળું સૂજી આવવું તે.

ગળસુતી જુઓ ગળથૂથી.

ગળસુદી જુઓ ગળથૂથી.

ગળસુનાં ન. બ. વ. ગાલપચોળાં.

ગળસુનો જુઓ ગળસુળો.

ગળસુબો પું. ઢોરને થતો એક જાતનો રોગ.

ગળસુરિયા ન. બાળકનો એક રોગ.

ગળસુળો પું. (વૈદ્યક) લાળપિંડનો સોજો. ગાલપચોળિયાં.

ગળસુંઢો પું. ઢોરને લાગુ થતો એક રોગ. તેમાં મોંમાંથી લાળ પડે છે અને જીભ મોંની બહાર દેખાય છે. ગળસુંઢો ચેપી રોગ છે. ભેંસ અને નાનાં પાડાંને આ રોગ લાગુ પડે છે. પાણીના ભરણવાળી નીચાણુ જમીનમાં આ રોગ થાય છે. એકાએક કેટલાંક જનાવર માંદાં થાય છે અને મરી જાય છે. તેમાં મરણનું પ્રમાણ ૭૫ થી ૮૦ ટકા હોય છે. તેમાં સખત તાવ આવે. આંખો, નાક અને મોઢું લાલચોળ થાય. ગળા અને તેની આજુબાજુમાં દુઃખદાયક કઠણ સોજો ચડે. આ સોજો કેટલીક વખત ગળે, માથે અને આગલા પગે પ્રસરે છે. જીભ ઘણી જ સૂજેલી હોય છે. કેટલીક વખત એક અથવા બે કલાકમાં પશુનું મરણ નીપજે છે. આ રોગના બીજા પ્રકારમાં આંતરડામાં સોજો આવે છે. પછી ચૂંક, ઝાડો અને મરડો થાય છે. આ રોગના ઉપાયમાં ગળે ડામવાનો રિવાજ છે. પણ ડામવું એ બિનજરૂરનું અને ઘાતકી છે. શ્વાસ રૂંધાઈ ગયો હોય અને દાક્તરની મદદ મળી શકે તો શ્વાસનળી ખોલવાની શસ્ત્રક્રિયા કરવાથી કોઈ વાર ફાયદો થાય છે. દરદ થોડું હોય અને દવા ગળે ઊતરી શકે તેમ હોય તો પાશેર મીઠું, અરધો શેર ગોળ, અધોળ સુરોખાર એક શેર ગરમ પાણીમાં મેળવી પાઈ દેવું. રોગ ફેલાતો અટકાવવા માંદાં ઢોરને સાજાં ઢોરથી જુદાં રાખવાં. માંદા ઢોરનું છાણ, મૂતર અને લોહી દાટવું અગર બાળવું. મૂડદાં બાળવાં અગર દાટવાં. પાણી અને ખોરાક સ્વચ્છ આપવાં. જે જગ્યાએ પાણી ભરાઈ રહેતું હોય અને જ્યાંથી રોગ થતો હોય તેવી જગ્યાએ ઢોર ચરવા લઈ જવાં નહિ અને બની શકે તો તેવી જમીનને વાડ કરવી.

ગળસુંદી સ્ત્રી. ગળથૂથી.

ગળસૂણું ન. ગલશુંડી; ગળું સૂજી આવવું તે; ગંડમાળ.

ગળસૂથી જુઓ ગળસુંદી.

ગળસો પું. શ્મશાનમાં ટાઢી ઠારવાનો ઘડો.

ગળસોડા (ગળસોડ઼ા) પું. કાનની જડથી ગાલ સુધી સોજો થાય એવો ઘોડાનો એક રોગ.

ગળસ્થળ ૧. ન. ગળાનો ભાગ.

૨. ન. ગાલ સુધીનો ચહેરાની એક બાજુનો આખો ભાગ.

ગળહૂતી જુઓ ગળથૂથી.

ગળા સ્ત્રી. તીવ્ર ઇચ્છા.

ગળાઈ ૧. સ્ત્રી. ગળાવવા બદલ કે ખોદાવવા બદલ અપાતું મહેનતાણું.

૨. સ્ત્રી. ગળાવવાનું કામ.

ગળાઉ ૧. વિ. ઓગળી જનારૂં; સેળભેળ થનારૂં; મળી જનાર.

૨. વિ. ગળી ગયેલું; ગળતિયું; રસવાળું; સાવ સડી ગયેલું.

ગળાકટ જુઓ ગળાકાપુ.

ગળાકાપુ ૧. પું. કસાઈ.

૨. વિ. ખૂની; ગળું કાપનાર.

૩. વિ. દગાખોર; નિમકહરામ.

ગળાગળ અ. ગળા સુધી; ગળા સુધી પહોંચે એમ.

ગળાચીપ સ્ત્રી. ગળે આવેલી ભીંસ; ગળાનો ટૂંપો; ગળું દબાવવું તે.

ગળાછંટ વિ. ગળા સુધી ભરપૂર; છલોછલ.

ગળાઝોળી સ્ત્રી. ભાંગેલા હાથને આધાર આપવા ગળામાં બાંધેલી ઝોળી.

ગળાટૂંપો ૧. પું. ગળા ઉપર હાથ વડે ભાર દેવો તે.

૨. પું. ગળું દાબી મારી નાખવું તે.

૩. પું. ગળે દોરડું બાંધી લટકીને મરી જવું તે.

ગળાણ ૧. ન. ગાળેલી વસ્તુ.

૨. ન. ટપકેલું પ્રવાહી.

ગળાત પું. સામાને ગળે હાથ મૂકી સોગન ખાવા તે; ગળું કાપવાનું પાપ થાય તેવા સોગન.

ગળાફાંસ પું. ફાંસીએ લટકાવવાનો દોરડાનો ગાળો.

ગળાફાંસું વિ. વિશ્વાસઘાત કરનાર; દગાખોર.

ગળાફાંસો પું. ગળે ફાંસો ખાઈ મરી જવું તે.

ગળાફૂલો પું. ગળસુંઢો; ઢોરના ગળાની અંદર સોજો ચડી ફોલ્લા ઉપડવાનો એક રોગ.

ગળાબંધણ ૧. ન. ગળે વળગેલું હોય તેનો ભાર.

૨. ન. પાલનપોષણ.

ગળાબૂડ ૧. વિ. ગળું બૂડી જાય એટલું ઊંડું.

૨. અ. હદ ઉપરાંત; ઘણું જ.

ગળાબોળ જુઓ ગળાબૂડ.

ગળામણ ૧. ન. કૂવા તળાવ વગેરે ખોદી આપવાનું મહેનતાણું.

૨. ન. ખાંડ, સાકર, ગોળ વગેરે ગળી વસ્તુ; ગળ્યો પદાર્થ; ગળપણ.

૩. ન. ગળ્યાનો કચરો; ગળતાં જે કાંઈ નીકળ્યું હોય તે; નીચે ઠરેલો મેલ.

૪. ન. ગાળવાની રીત.

૫. ન. ધાતુ વગેરે ગાળી આપવાની મજૂરી.

ગળામણી સ્ત્રી. ગાળવાની મજૂરી; ગાળવાનું લવાજમ; ગળામણ.

ગળાયો પું. સુકાઈ ગયેલી બોરડીનું જાળું; બોરડીનાં જાળાંનો જથ્થો; પાલરૂં.

ગળારા ૧. સ્ત્રી. લેઉઆ તથા કડવા કણબીની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગળાવવું ૧. સ. ક્રિ. ગળે ઉતારે એમ કરવું.

૨. સ. ક્રિ. ગાળે તેમ કરવું; ગાળવાનું કહેવું.

૩. સ. ક્રિ. સાફ કરાવવું.

ગળાવું ૧. અ. ક્રિ. ગાળ્યું હોય અથવા ગાળી શકાય એવું થવું.

૨. અ. ક્રિ. ધાતુનું તાપ લાગવાથી રસરૂપ થવું.

૩. અ. ક્રિ. સુકાઈ નિર્માલ્ય થઈ જવું; ઘસાવું; ઓછું થઈ જવું.

ગળાવો પું. ગાળનાર માણસ.

ગળાહ પું. પ્રેમભાવ; સ્નેહ.

ગળાળો પું. શેરડીના રસનો ગોળ બનાવનારો માણસ.

ગળિત વિ. નીકળી ગયેલું; ગળાયેલું.

ગળિયલ ૧. સ્ત્રી. એ નામની ભંગીની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

૪. વિ. ગળાયેલું; ગળિત.

ગળિયાગોટી સ્ત્રી. છોકરાંઓની એ નામની એક રમત.

ગળિયારહાટ ન. ગળિયારાની દુકાન કે બજાર; ગળીનો રંગ ચડાવનાર કે તે રંગનું કાપડ વેચનારની દુકાન કે બજાર.

ગળિયારા ૧. સ્ત્રી. એ નામની એક હિંદુ જ્ઞાતિ. તે ભાવસારનો એક પેટા વર્ગ છે.

૨. ન. એ નામની જ્ઞાતિનું માણસ.

૩. વિ. એ નામની જ્ઞાતિનું.

ગળિયારાવાડ (ગળિયારાવાડ઼) સ્ત્રી. શહેરના ભાગમાં કપડાં રંગનાર લોકો વસતા હોય તે લત્તો. ચોરાશી માંહેનું એ નામનું એક ચૌટું.

ગળિયારી ૧. સ્ત્રી. ગળિયારાની સ્ત્રી.

૨. ન. ગળીવાળું લૂગડું.

ગળિયારૂં ૧. ન. કપડાંને ગળીથી રંગવાની જગ્યા.

૨. ન. ગળીવાળું લૂગડું.

ગળિયારો ૧. પું. ગળી પકવનાર માણસ.

૨. પું. ગળીથી કપડાં, સૂતર વગેરે રંગનારો માણસ; રંગારો. શિલ્પશાસ્ત્ર મુજબ આ જાતિને નગરના ઈશાન કોણમાં વસાવવી જોઈએ.

ગળિયું ૧. [સં. ગલિત] વિ. ગળી ગયેલું; ઢીલું; બેઠું ઊઠે નહિ એવું નિર્માલ્ય; જેના પગમાં શક્તિ ન હોય એવું.

૨. વિ. નાખુશ; બેદિલ.

૩. વિ. હઠીલું; જક્કી.

ગળિયેર જુઓ ગળિયેલ.

ગળિયેલ ૧. વિ. કામ કરતાં થાકીને બેસી જાય એવું.

૨. વિ. ગળી પડે તેવું.

૩. વિ. ગળીના રંગનું; નીલું; ભૂરૂં; ગળીવાળું.

૪. વિ. ડાઘવાળું.

ગળિયો ૧. પું. અફીણની ગોળી.

૨. પું. કચરાની ગારનો લોચો કે પિંડ; માટીનો પિંડો.

૩. પું. કાંટાનો જથ્થો; ઉપાડો; ભારો.

૪. વિ. અડિયલ; હઠીલું; જક્કી.

૫. વિ. પું. થાકી જતો; બેસી જતો; પૂંછલેલ.

ગળિયો બળદ = બરાબર કામ ન કરી શકે અથવા કામ કરતાં કરતાં અટકી જાય એવો મંદ માણસ.

ગળી ૧. સ્ત્રી. અવાજ; સૂર; કંઠ.

૨. સ્ત્રી. એ નામની વનસ્પતિના પાંદડાંમાંથી નીકળતું સત્ત્વ; નીલો રંગ.

૩. [સં. નીલી] સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેના છોડ બેથી ત્રણ ફૂટ ઊંચા થાય છે. તેને કાપી એક મોટા કુંડમાં બુડાડી મૂકવાથી સડીને તેનો રસ પાણીમાં ઊતરે. છોડનાં ડાંખળાં પાણીમાંથી કાઢી નાખી રગડા જેવા પાણીને ખૂબ વલોવી ઠરવા દેતાં નીચે ઘેરા આસમાની રંગનાં ખડઆં બાઝે છે. કુંડમાંથી નીતરેલું પાણી કાઢી નાખી રંગની ગોળીઓ વળાય છે. તે રંગાટીના કામમાં આવે છે. આ છોડનાં પાન આંબલી જેવાં ધોળાશ પડતાં હોય છે. તેનાં પાનની નજીક ગોળ બીના લોચા હોય છે. તે ગૂમડાં, ચાંદાં ઉપર લગાડાય છે. કાળા વાળ કરવામાં પણ તે મેંદીનાં પાનના અનુપાન સાથે વાળને લગાડાય છે. ગળીની જડમાં ઝેર નાશ કરવાનો અને પાંદડામાં નિર્બળતા નષ્ટ કરવાનો ગુણ છે. કાળજાના સોજા ઉપર ગળીનાં પાંદડાં મધની સાથે વાટીને અપાય. મૂળને પાણીમાં ઉકાળી પથરી ઉપર અપાય છે. પાંદડાંને વાટી પેડુ ઉપર ચોપડવાથી પેશાબનો બંધ છૂટે. કોલેરાની બીમારીમાં ગળીનું ચૂર્ણ અપાય છે. તેની કુમળી ડાળીઓનો રસ મધની સાથે મેળવી નાનાં બાળકોના મોઢામાં થતી ગરમી દૂર કરવા અપાય. આ છોડ ખાંસી, ફેફસાં અને ગુરદામાં થનાર વ્યાધિ, હૃદયનો ધબકારો તથા જળોદરના રોગમાં ઉપયોગી મનાય છે. ગળી શોધક, તીખી, કડવી, વાળને હિતાવહ, ઉષ્ણ તથા સારક છે અને શ્લેષ્મ, ઉદરરોગ, મોહ, હૃદયરોગ, ભ્રમ. વાતરક્ત, ઉદાવર્ત, આમવાત, કફ, ઉધરસ, વિષ, ગુલ્મ, તાવ, કોઢ, કૃમિ અને પ્લીહાના રોગનો નાશ કરે છે. તેમાં કાર્બનના ૧૬, હાઈડ્રોજનના ૧૦, નાઈટ્રોજનના ૨ અને ઓક્સિજનના ૨ ભાગ હોય છે. ઝાડનાં પાંદડાંઓમાંથી પણ ગળી બનાવવામાં આવે છે. સને ૧૮૭૦ની સાલથી કૃત્રિમ ગળી બનાવવા ઘણા પ્રયાસ થયા છે. ગળી મોટા પ્રમાણમાં ગ્રીસ અને રોમમાં હિંદમાંથી જતી અને તેની વપરાશ એ દેશો હિંદ પાસેથી શીખ્યા. હિંદમાં તેનું નામ નીલ છે, તે ઉપરથી ફિરંગીઓ તેને અનીલ કહેતા અને આરબો નીલ કહેતા.

ગળી ખાવી–નાખવી = અફીણ વગેરેના સટ્ટામાં તેજી મંદી ઉપર અમુક રકમ લેવાની અમુક રીતની શરત મારવી.

૪. વિ. સ્ત્રી. સ્વાદમાં મીઠી.

ગળીવળી સ્ત્રી. ગદગદિયાં; ગલીપચી.

ગળીવેડમી (ગળીવેડ઼મી) સ્ત્રી. પૂરણપોળી.

ગળું ૧. [સં. ગલ] ન. ગરદન; ધડ અને મસ્તકની વચ્ચેનો અવયવ; બે ખભાની વચમાં આવેલો અને જેની ઉપર અથવા જેને આધારે મસ્તક રહેલું છે તે શરીરનો એક ભાગ; કંઠ.

૧. ગળકટ્ટો–ગળાકાપુ = (૧) કસાઈ; જલ્લાદ. (૨) ગળાં કાપનાર; ઠગ; વિશ્વાસઘાતી.

૨. ગળાફાંસુ = ખૂની; ગળે ફાંસો ભેરવી મારી નાખે એવું.

૩. ગળા સુધી = (૧) ઘણું; પુષ્કળ; ઠાંસી ઠાંસીને. (૨) પૂરેપૂરૂં; મનમાન્યું; સંપૂર્ણ.

૪. ગળા સુધી આવી જવું = બહુ કંટાળી જવું; હદ થઈ જવી.

૫. ગળાનો હાર = અત્યંત પ્રિય; ઘણું વહાલું.

૬. ગળામાં ગળું ઘાલવું = એકબીજા ઉપર મરી પડવું.

૭. ગળામાં જીભ ઘાલવી = મૌન રહેવું; બોલબોલ ન કરવું.

૮. ગળામાં જોતરું આવવું = (૧) જંજાળના કામમાં પહેલવહેલું જોડાવું; પીડા વળગવી. (૨) પોતાના કામમાં નડે એવું કોઈ બીજાનું કામ માથે આવવું.

૯. ગળામાં-ગળે ટાંટિયા આવવા = ગળે ટાંટિયા ભરાયા હોય એવી સાંકડમાં આવી પડવું; ઘણી જ મુસીબતમાં આવી પડવું; જીવ જોખમાય એવી સ્થિતિમાં આવી પડવું; મુશ્કેલીમાં આવી પડવું.

૧૦. ગળામાં લેવું = (૧) માથે લેવું. (૨) સ્વીકારવું; કબૂલી લેવું.

૧૧. ગળું આવવું-આવી જવું = ગળામાં સોજો થવો; ગળામાં ચાંદાં પડવાં.

૧૨. ગળું કરવું = (૧) ગળે છરી ફેરવવી; મારી નાખવું; જીવ લેવો. (૨) છોકરાંના ગળામાં થયેલા દુઃખને દૂર કરવું. (૩) દગો કરવો; છેતરવું.

૧૩. ગળું કાપવું = (૧) ગરદન કાપવી. (૨) દગો દેવો. (૩) હાનિ પહોંચાડવી; નુકસાન કરવું.

૧૪. ગળું ઝાલવું = (૧) ગરમીથી ગળામાં બળતરા થવી. (૨) બોલી ન શકાવું.

૧૫. ગળું દબાવવું = (૧) ગળાને એવા જોરથી પકડવું કે શ્વાસ ન લઈ શકાય; રૂંધવી નાખવું. (૨) ગળું દબાવી મારી નાખવું. (૩) બળજબરી કરવી.

૧૬. ગળું પકડવું = (૧) ખાતાં અથવા ભોગવતાં અટકાવવું. (૨) ગળચી પકડવી. (૩) લાંચ ખાતાં પકડવું.

૧૭. ગળું પડવું = (૧) આંચકાથી, ખેંચાયાથી કે પછાટથી છોકરાંને ગળાનો કાકડો ખસી જવો. તેમાં તાળવામાં ખાડો પડવાથી બાળક ધાવી શકતું નથી. આ દરદમાં ઝાડો પાતળો હોય, પાણીનો શોષ પડે, ડોક તથા મોંમાં દરદ થાય અને ધાવણ અથવા દૂધ બાળક ઓકી કાઢે. (૨) ગોળ ચીજનું એક જ ભાગમાં ઘસાઈ જવું.

૧૮. ગળું બેસી જવું = ગાવાથી, રોવાથી અથવા શોષથી અવાજ નહિ નીકળવો; જાડા ખોખરા અવાજવાળું થવું.

૧૯. ગળું ભરાઈ આવવું-ભરાવું = (૧) દુઃખને લીધે ન બોલી શકાવું. (૨) રોવું.

૨૦. ગળું રેંસવું = (૧) ગરદન મારવું. (૨) દગો કરવો; દગો દેવો.

૨૧. ગળે આણવું = કંટાળે એમ કરવું.

૨૨. ગળે આવવું = (૧) કંટાળી જવું. (૨) ગભરાઈ જવું. (૩) મુસીબત પડવી.

૨૩. ગળે ઉતારવું = (૧) ગળા વાટે પેટમાં જાય એમ કરવું. (૨) ગળે ઊતરે એમ કરવું; ખાતરી કરાવવી.

૨૪. ગળે ઊતરવું = (૧) ગળાને રસ્તે પેટમાં જવું. (૨) પસંદ પડવું. (૩) મગજમાં ઠસવું; ખાતરી થવી.

૨૫. ગળે કાઢવું = બહુ સતાવવું; બહુ દુઃખ દેવું.

૨૬. ગળે ગળું મળી જવું = તરસને લીધે ગળું સુકાઈ જવું.

૨૭. ગળે ઘાલવું-નાખવું = (૧) ગળામાં મારવું; ઘોંચવું. (૨) બીજાને માથે નાખી દેવું; ઓઢાડી દેવું; ઢોળી પાડવું; જવાબદારી કોઈને માથે નાખવી. (૩) માથે વહોરી લેવું. (૪) સોંપવું.

૨૮. ગળે છરી મૂકવી = (૧) કોઈ માર્યું જાય તેમ કરવું. (૨) કોઈને નુકસાનમાં ઉતારવું; પાયમાલ કરવું. (૩) ધમકી બતાવવી. (૪) મુશ્કેલીમાં કે હાનિમાં ઉતારી દેવું. (૫) વિશ્વાસઘાત કરવો.

૨૯. ગળે જોતરું ઘાલવું = જોખમદારી આપવી; કોઈ નવા કામમાં કે જંજાળમાં પહેલવહેલું નાખવું.

૩૦. ગળે ઝલાવું = (૧) પરાણે કામ કરાવાવું; કામમાં ઉતાવળ કરાવાવી. (૨) બોલી ન શકવું. (૩) મુશ્કેલીમાં આવી પડવું; આફત કે સંકટમાં આવી પડવું.

૩૧. ગળે ટાંટિયા ભરવવા = (૧) જોખમદારી નાખવી. (૨) સામાને બાઝી પડવું.

૩૨. ગળે દોરી આવવી = પ્રાણ રૂંધાય અને અકળામણ થાય એવી સાંકડમાં આવી જવું; કંઠે પ્રાણ આવવા; જીવ ઉપર આવવું; જીવ જોખમાય એવી સ્થિતિમાં આવી પડવું.

૩૩. ગળે નખ આવવા = મુશ્કેલીમાં આવવું.

૩૪. ગળે નખ મારવો = ગુંગળાવીને મારી નાખવું.

૩૫. ગળે નાખવું = માથે ઢોળી પાડવું; જવાબદારી અથવા જોખમ કોઈ ને માથે નાખવું.

૩૬. ગળે પડવું = (૧) આળ ચડાવવું; તહોમત મૂકવું; દોષ દેવો. (૨) કબૂલ કરવાની ફરજ પાડવી; સામા માણસને કરવાની જરૂર પડે એવા અતિશય કાલાવાલા કરવા. (૩) બહુ વાંસે લાગીને કામ કરાવવું. (૪) વગર હક્કે જબરદસ્તીથી માગવું; પારકું છતાં પોતાનું છે એમ કરી દાવો કરવો. (૫) વળગવું.

૩૭. ગળે પાણી આવવું = બહુ દુઃખી થવું.

૩૮. ગળે પાણી ન પડવા દેવું = અતિશય સંતાપવું; ઝંપ વાળીને બેસવા ન દેવું; ઘણી ઘણી રીતે દુઃખ દેવું.

૩૯. ગળે ફાંસો આવવો = મુશ્કેલીમાં આવી પડવું; જીવના જોખમમાં આવી પડવું; સપડાવું; ફસાવું.

૪૦. ગળે બંધાવું = પોતાને માથે આવી પડવું; જોખમદારી વહોરાવી.

૪૧. ગળે બાંધવું = (૧) આરોપ મૂકવો. (૨) કબૂલત આપવી. (૩) જોખમદારી લેવી. (૪) જોરજુલમ કરવો. (૫) પાલણપોષણ કે દેખરેખ કરવા અર્થે કોઈનો હવાલો લેવો.

૪૨. ગળે બેસવું = (૧) પરાણે વળગવું. (૨) પૈસા સંબંધી ઘસારો આપવો. (૩) મનમાં ઠસવું; ખાતરી થવી.

૪૩. ગળે લાગવું = (૧) ચોંટયું રહેવું; વળગી રહેવું. (૨) સ્વાદમાં ખૂબ યાદ રહેવું.

૪૪. ગળે વળગાડવું = કોઈની ઉપર નાખી દેવું.

૪૫. ગળે વાત = દઢ નિશ્ચય; ન ભુલાય એવું કામ.

૪૬. ગળે હાથ = ગળાના સોગન.

૪૭. ગળે હાથ નાખવો = પ્રેમના આવેશમાં આલિંગન કરવા જવું.

૪૮. ગળે હાથ ફેરવવો = સોગન ખાવા.

૪૯. ગળે હાથ મૂકવો = ગળાના સોગન ખાવા; સમ ખાવા.

૫૦. ગળે હોવું = ચીવટ હોવી; ખંત હોવી.

૫૧. ગળેથી છૂટવું = આપી દેવાની ઇચ્છા થવી.

૨. ન. ઘાટનો સાંકડો ભાગ.

૩. ન. મુખ અને નાસિકા દ્વારા અન્ન, પાણી અને પવનને શરીરની અંદર જવા આવવાનો નળ; મુખની અંદરની બારીનો નળ.

૪. ન. વિદ્રધિ; ગૂમડું.

૫. ન. સાદ; અવાજ; સ્વર.

ગળૂબંધ પું. ગળે ચપોચપ થાય એવું એક ઘરેણું.

ગળેચી સ્ત્રી. ઢોરનો એક જાતનો રોગ. તેમાં ઢોરને ગળા નીચે ગાંઠ થાય અને તેમાંથી લાળ જેવો ચીકણો પદાર્થ ઝરે.

ગળેચીપ સ્ત્રી. ગળું દાબી નાખવું તે.

ગળેટૂંપો પું. ગળેફાંસો; ગળાટૂંપો.

ગળેપડુ (ગળેપડુ) ૧. વિ. આક્ષેપ મૂકનાર; આળ ચડાવનાર.

૨. વિ. ગળે પડે એવું; પૂછવા જતાં પૂછનારને જ બાધી પડે એવું.

૩. વિ. પારકી વસ્તુ બથાવી પાડનાર.

ગળેફાંસો જુઓ ગળેટૂંપો.

ગળેબંધ ૧. પું. ગલપટો; ગળે વીંટવાનો પટો.

૨. પું. ડોકનો એક જાતનો દાગીનો.

૩. પું. મકોડા તથા કડીઓ ઘડીને ગૂંથેલી વીંટીઆવાળી જાળી.

ગળેબંધણી સ્ત્રી. પળોજણ; ઉપાધિ.

ગળેલું ૧. વિ. એકરસ થયેલું; ગલિત.

૨. વિ. ગળ્યું હોય એવું; સ્વચ્છ; ચોખ્ખું; જેમાંથી કચરો કાઢી નાખ્યો હોય એવું.

૩. વિ. થાકી ગયેલું.

૪. વિ. નાસીપાસ થયેલું; નાહિંમત.

૫. વિ. પાકેલું; ઢીલું થયેલું; પોચું પડેલું.

૬. વિ. સાંકડું ચતું હોય એવું.

૭. વિ. હઠીલું; જક્કી.

ગળેવાન ૧. પું. અંગરખામાં ગળા આગળનો ભાગ.

૨. પું. બળદ કે ઘોડાને ગળે બાંધવાનું કોટિયું.

ગળેળો પું. ગોળ રાંધનાર માણસ; ગળાળો.

ગળો ૧. પું. આસક્તિ; મોહ.

૨. પું. ટેવ; લત; આદત.

૩. પું. વહેમ; શંકા.

૪. સ્ત્રી. એક જાતની કડવા સ્વાદની વેલ; કડવી લતા. દેશી વૈદ્યકમાં ગળો બહુ જ અગત્યની વનસ્પતિ છે. તેને મથી તેમાંથી કિવનિન જેવું કડવું સત્ત્વ કાઢવામાં આવે છે. લીમડાના ગળો ઉત્તમ ગણાય છે. ગળોનો રસ તીખો, કડવો અને તૂરો છે. ગળો બલકારક, મધુર, અગ્નિપ્રદીપક, હલકી, હૃદયને હિત કરનારી, આયુષ્યને આપનારી તથા જ્વર, દાહ, તૃષા, રક્તદોષ, વમન, ભ્રમ, પાંડુરોગ, પ્રમેહ, ત્રિદોષ, કમળો, આમ, ઉધરસ, કોઢ, કૃમિ, રક્તાર્શ, વાતરક્ત, કંડુ, મેદ, વિસર્પ, પિત્ત અને કફને દૂર કરે છે. ગળો ઘીની સાથે ખાવાથી વાતનો, ગોળની સાથે ખાવાથી મળબદ્ધતાનો, ખાંડની સાથે ખાવાથી પિત્તનો, મધની સાથે ખાવાથી કફનો, એરંડિયા તેલની સાથે ખાવાથી વાયુનો અને સૂંઠની સાથે ખાવાથી આમવાતનો નાશ કરે છે. ગળોનાં પાંદડાંનું શાક ગરમ, હલકું, ચરપરૂં, કડવું, પચવાને સમયે મીઠું, અગ્નિને દીપન કરનારૂં, બલકારક, મલરોધક, ત્રિદોષનાશક તથા વાતરક્ત, તૃષા, દાહ, પ્રમેહ, અને પાંડુ રોગનો નાશ કરનાર મનાય છે. ગળોનું સત્ત્વ સ્વાદિષ્ઠ, પથ્ય, હલકું, દીપન, આંખને હિતકારી, ધાતુવર્ધક, મેધાજનક તથા વાતરક્ત, ત્રિદોષ, પાંડુરોગ, તીવ્રજ્વર, વમન, જીર્ણજ્વર, પિત્ત, કમળો, પ્રમેહ, અરુચિ, શ્વાસ, ઉધરસ, હરસ, ક્ષય, દાહ, મૂત્રકૃચ્છ્ર, પ્રદર, સોમરોગ, પિત્ત, પ્રમેહ અને શર્કરાના રોગ દૂર કરનાર મનાય છે. રોગ અથવા બીજા કોઈ પણ કારણને લીધે આવેલી નબળાઈમાં જ્યારે માંસદ ચરબીવાળા ખોરાકનાં દ્રવ્યોમાંથી પૂરતું પોષણ ખેંચવાની ક્રિયા કમજોર બની હોય તેવા સંજોગોમાં પોષણ તરીકે ગળોમાંનું ગ્લુકોસાઇડ બહુ ઉપયોગી નીવડે છે, અને શરીરમાં સર્વે સ્થળે થતો ઘસારો અટકાવે છે. ગળોમાંનું સ્ટાર્ચનું સત્ત્વ સ્થાનિક અસર કરે છે અને તેના વડે હોજરી તથા આંતરડાની ત્વચાને સ્નેહન મળે છે. આ કારણે ગળોને ગ્રાહી ગણવામાં આવી છે. ગળોનાં મૂળ, ડાળી અને પાંદડાં દવા તરીકે વપરાશમાં આવે છે. ગળોનો સ્વરસ બનાવવાની જુદી જુદી ઘણી વિધિ છે. જીવજંતુઓએ ન ડંખેલી, અગ્નિજ્વાળા વડે ન દાઝેલી, ખરાબ હવાથી ન બગડેલી, ઘણા પાણીના ભેજથી વિકૃત ન થયેલી અને સ્મશાન, કબ્રસ્તાન અને ખરાબ જમીનમાં સ્પર્શ વડે ગુણથી ભ્રષ્ટ ન થયેલી ગળોને નક્કી કરેલે દિવસે નોતરી, વિધિ પ્રમાણે બીજે દિવસે લાવી, રોગનો નાશ કરવાની સબળ ભાવનાપૂર્વક તે જ વખતે કચરી કપડામાં ઘાલી તેનો રસ નીચોવી લેવો. તેને અંગરસ કે સ્વરસ કહેવામાં આવે છે. એક શેર લીલી ગળોમાંથી છ થી દશ રૂપિયાભાર સ્વરસ નીકળે છે. સોળ તોલાભાર સૂકી ગળોને ખાંડી, બમણા પાણીમાં પલાળી, આઠ પહોર પછી મસળી, કપડા વડે તેનું પાણી ગાળી લેવામાં આવે તેને પણ સ્વરસ કહે છે. કદાચ લીલી વનસ્પતિ ન મળી શકે તો સુકાયેલી વનસ્પતિને કૂટી તેને તેનાથી આઠ ગણા પાણીમાં નાખી ઉકાળવી. જ્યારે ચોથા ભાગનું પાણી બાકી રહે ત્યારે તેને વસ્ત્રથી ગાળી લેવું. તેને પણ સ્વરસ કહે છે. ગળોની ફાંટ બનાવવા તાજી લીમડાની ગળો દશ તોલા લઈ તેના નાના નાના ટુકડા કરવા અને તેને છૂંદીને એક વાસણમાં નાખવા. તેની ઉપર ખૂબ ઊકળતું પાણી અઢી શેર નાખી વાસણનું મોં બંધ કરી બે કલાક તેમ રાખવું. પછી પાણીને ખૂબ હલાવી તેને ગાળી લેવું. ગળોનું ચૂર્ણ બનાવવા શુદ્ધ સુકાયેલી ગળોને બારીક ખાંડી કપડેથી ગાળી લેવી. ગળોનું સત્ત્વ બનાવવા માટે તેના બહુ ઝીણા નહિ તેમ બહુ જાડા નહિ તેવા મધ્યમ કદના વેલા લઈ તેના બારીક ટુકડા કરી સારી પેઠે ખાંડી છૂંદો કરી પાણીમાં પલાળવા. પાણી સાથે બંને હાથે સારી પેઠે મસળવા. ખૂબ મસળ્યા પછી તે કૂચો કાઢી નાખવો. તે પાણીને ચાર પાંચ કલાક રહેવા દેવું. તે પાણી આછરી જાય એટલે ઉપરનું પાણી કાઢી નાખવું અને વાસણને તળે બેસી ગયેલો સફેદ પદાર્થ લઈ લેવો. તે પાણીવાળો હશે તો હવામાં રાખવાથી સુકાઈ જશે. આ પદાર્થને ગળોનું સત્ત્વ કહેવામાં આવે છે. એક મણ સારી જાતની ગળોમાંથી અર્ધાથી પોણો રતલ સત્ત્વ નીકળે છે. સત્ત્વ કાઢવા માટે માહ, ફાગણ અને ચૈત્ર માસ વધારે અનુકૂળ છે. ગળોનું ઘન બનાવવું હોય તો ઉપર પ્રમાણે સત્ત્વ કાઢતી વખતે ઉપરની જે આછ બીજા વાસણમાં રાખી હોય તેને ખૂબ ઉકાળવી. ઉકાળતાં તે ઘટ્ટ થઈ જાય ત્યારે તેને ઉતારી લઈ થાળીમાં દબવી સૂકવવી. તડકે સુકાતાં કાળા રંગનો જે પદાર્થ થાય તેને ઘન કહેવામાં આવે છે. હિંદની ઔષધિમાં આ એક દિવ્ય ઔષધિ ગણાય છે. આબાલવૃદ્ધ નરનારીઓ લાંબા સમય સુધી આ ઔષધિનું સેવન કરે તોપણ શરીરમાં કોઈ જાતની વિકૃતિ થતી નથી. નાની ફરિયાદો માટે વૈદ્ય પાસે જઈ દવા લાવવાનું મન ન થાય તેવે પ્રસંગે આ ઔષધિની બનાવટ ઇષ્ટ છે. ઋતુનાં અથાણાં તથા મુરબ્બાઓ જેમ પ્રતિવર્ષ દરેક કુટુંબ બનાવી સાચવી પ્રસંગે વાપરે છે, તેવી રીતે ગળો ઘરમાં રાખવી એ હિતાવહ છે. વર્ષાઋતુ, શરદઋતુ અને જ્યારે લીલી ગળો મળી શકે તેમ હોય ત્યારે લીલી મંગાવી વાપરવી, પણ જ્યારે લીલી ન મળે ત્યારે સૂકી ગળો વાપરવી. મણ ગળોમાંથી અર્ધા મણનો ઘન કરી તેની ગોળી વાળી રાખી મૂકવી. આ ગોળી સંશમની કહેવાય છે. બીજા અર્ધા મણ ગળોનું ચૂર્ણ જ્યારે જરૂરિયાત હોય ત્યારે કરી લેવું. આ ચૂર્ણ ચૂર્ણ તરીકે અથવા હિમ અને કવાથ કરીને ઉપયોગમાં લેવું. ગળોને ગુચ્છાદાર લીલા રંગનાં ચણા જેવડાં ફળ આવે છે. તે પાકે છે ત્યારે તેનો રંગ રાતો હોય છે. અંદર બીજ હોય છે, તે દ્વિદલ હોય છે. તેનું મૂળ જાડું અને કંદ જેવું હોય છે. ફૂલ ચોમાસાની મોસમમાં આવે છે. શિયાળા ઉનાળામાં પાંદડાં કે ફળ હોતાં નથી. ગળોની ઉત્પત્તિ હિંદુસ્તાનના ઘણાખરા પ્રાંતમાં સર્વત્ર થાય છે. એ બીજાં ઝાડ ઉપર ચડનારી વેલ છે. કેટલેક ઠેકાણે એ ખડકના આશ્રયે પણ થાય છે. તેને ખડકી ગળો કહે છે. એ ઘણી મોટી હોઈ એનાં લાકડાં ઘણાં જાડાં હોય છે. જૂની ગળોના વેલા બહુ જાડા હોય છે. કુમળા વેલાની છાલ કોમળ અને લીલા રંગની હોય છે. આ વેલાને પાંદડાં એક એક અંતરે આવે છે. પાંદડાંની લંબાઈ પહોળાઈ ૬ થી ૬॥ આંગળ હોય છે. ફૂલોની નર અને માદા એવી બે જાતિ હોય છે. નરજાતિનાં ફૂલનો સમૂહ હોય છે અને માદા જાતિનાં ફૂલ હમેશા એક એક જ હોય છે.

ગળોગળ ૧. અ. અંત સુધી.

૨. અ. ગળાગળ; ખૂબ.

ગળોટિયું ન. માથું જમીન ઉપર રાખીને ખવાતું ગડથોલું; ગોથું; ગલોટિયું.

ગળોટી સ્ત્રી. ગળે બાંધવાની લૂગડાની પટી; 'નેકટાઈ.'

ગળોઢ ૧. પું. કોશની રાસડીને બંને છેડે ગાંઠ વાળવાને બદલે રખાતો લાકડાનો કટકો.

૨. પું. સંઘાડિયાના સંઘાડામાંની દોરી જેના ઉપર અધર રહે તે ચક્કર.

૩. પું સીંચણિયા વગેરેમાં રહેલો ખાંચવાળો લાકડાનો કટકો.

૪. સ્ત્રી. ઢોરની મોરીમાં લાકડાની ઢાંચ.

ગળોતાં ન. બ. વ. ગેરુનું પાણી બનાવી માટીના કાચા ઘડા ઉપર કરતા ગોળાકાર લીટા.

ગળોસત જુઓ ગળોસત્ત્વ.

ગળોસત્ત્વ [સં. ગડૂચીસત્ત્વ] ન. ગળોનું સત્ત્વ.

ગળ્યાં ચીરિયાં ન. બ. વ. અથાણાની ગળી કેરી.

ગળ્યું વિ. જેમાં ગળપણ હોય એવું; મીઠું; મીઠાશદાર.

ગળ્યું મોઢું કરવું = સગાઈ કરવી કે થવી.

ગળ્યું મધ વિ. મધ, સાકર જેવું બહુ ગળ્યું.

ગળ્યું સાકર વિ. મધ, સાકર જેવું બહુ ગળ્યું.

ગંગ ૧. પું. (પિંગળ) નવ માત્રાનો એક માત્રામેળ છંદ. તેને છેડે બે ગુરુ હોય છે અને ૧ તથા ૬ માત્રાએ તાલ આવે છે.

નવ મત્ત આણો, તે ગંગ જાણો;
ગુરુ બે જ છેલા, કવિએ કહેલા. રણપિંગળ

૨. પું. હિંદી ભાષાનો એ નામનો એક કવિ. ઇટાવાનો બ્રહ્મભાટ આ પ્રખ્યાત કવિ પાદશાહનો બંદીજન હતો. કવિતાની લહેરમાં ઉરગત ભાવ સ્પષ્ટ કહેવામાં તે કોઈની દરકાર કરતો નહિ. અકબર પાદશાહની એના ઉપર અથાગ પ્રીતિ હતી.

૩. સ્ત્રી. ગંગા નદી.

ગંગ નાહવું = (૧) ગંગાજીમાં નાહવું. (૨) ન્યાલ થવું.

૪. સ્ત્રી. દેવી.

૫. સ્ત્રી. નદી.

ગંગચીલ ૧. ન. એક જાતનું પક્ષી; મોટી પાંખવાળો દરિયાઈ મરઘો.

૨. ન. ગંગા નદીના પ્રદેશની સમડી.

ગંગજટાધર પું. જટામાં ગંગાને ધારણ કરનાર શંકર.

ગંગજલ ન. ગંગાજીનું પાણી; ગંગાજળ.

ગંગઠી સ્ત્રી. એક જાતનું ઝાડ.

ગંગડી (ગંગડ઼ી) સ્ત્રી. કશ્મીરમાં ગળે લટકાવવાની નાની સગડી.

ગંગણાટ પું. ગણગણાટ.

ગંગતિરિયા સ્ત્રી. એક જાતનું ઝાડ; શીવેલિયો. તે પાણીવાળી જમીનમાં થાય છે.

ગંગતોય ન. ગંગાજળ.

ગંગબરામદ સ્ત્રી. ગંગા નદીના કાંપથી જામેલી જમીન.

ગંગબરાર જુઓ ગંગબરામદ.

ગંગબ્રહ્મ પું. ગંગાનો કિનારો.

ગંગમેના સ્ત્રી. એક જાતનું પક્ષી; જળાશયના કિનારે ફરતી એક જાતની મેના.

ગંગરી ૧. સ્ત્રી. એક જાતનો કપાસ.

૨. સ્ત્રી. કશ્મીરમાં ઠંડીમાં ગળામાં રાખવાની સગડી; ગંગડી.

ગંગલ ન. એક જાતનું ઝાડ; ગલગોલ; ગબડી.

ગંગલા પું. ત્ર્યંબકમાં આવેલ એ નામનો એક નાનો ચોરસ કુંડ. શ્રાદ્ધ સરાવવા આવેલ યાત્રાળુઓ પોતાના માથાના ઉતરાવેલ વાળ આ કુંડમાં નાખે છે.

ગંગલી ઘાંચણ ૧. સ્ત્રી. ગંદી અને કુવડ સ્ત્રી.

૨. સ્ત્રી. દંતકથા માંહેની એક જાદૂગર સ્ત્રી.

ગંગવંશ પું. અગાઉના વખતમાં તુંગભદ્રાની આસપાસના કર્ણાટક પ્રદેશમાં રાજ્ય કરતો એક વંશ.

ગંગવે ન. ગંગાજીનું જળ; ગંગાજળ.

ગંગશિકસ્ત ૧. પું. નદી તૂટવાથી થયેલ જમીન.

૨. પું. નદીનું પાણી ઉપયોગમાં લેવા માટે નદી આડો બંધાતો બંધ.

ગંગસલિક જુઓ ગંગમેના.

ગંગા ૧. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે પંચા છંદનો એક ભેદ છે. તેમાં ૧૭ ગુરુ અને ૧૨ લઘુ મળી ૨૯ વર્ણ અને ૪૬ માત્રા હોય છે.

૨. સ્ત્રી. ઈડા નાડી.

૩. સ્ત્રી. એ નામનું તીર્થસ્થાન. ત્યાં અર્જુને પોતાની વનવાસદીક્ષા દરમિયાન યાત્રા કરી હતી.

૪. સ્ત્રી. ગંગાજળ.

૫. સ્ત્રી. નદી; સરિતા.

૬. સ્ત્રી. બાવન જલરશ્મિ દેવતામાંની એક.

૭. [સં. ગમ્ (જવું)] સ્ત્રી. હિંદુસ્તાનની એ નામની મોટી પવિત્ર નદી; જાહ્નવી; ભાગીરથી. ગંગા હિમાલયમાંથી નીકળે છે. આ નદી ઘણી પવિત્ર મનાય છે. કહેવાય છે કે તેનું એક જ ટીપું પીવાથી યમદૂત દૂર જતા રહે છે. મેગેસ્થનિસ, પ્લીની વગેરે મુસાફરોએ તેનાં ખૂબ વખાણ કર્યાં છે. તેમના મત પ્રમાણે આ નદીમાંથી કીમતી ખનિજ મળી આવતી. હિમાલય પર્વતમાંથી નીકળતી હોઈ તેનું પાણી અમૃતની પેઠે મનુષ્યનાં દુઃખ મટાડનાર મનાય છે. અત્યારે પણ યાંગત્સેક્યાંગ નદી પછી બીજે નંબરે ગંગા નદી લોકોપયોગી મનાય છે. તે શાપથી ભૂમિ ઉપર આવી હતી. તેણે શાંતનુ સાથે વિવાહ કર્યા પછી શાંતનુને તજીને શિશુ ભીષ્મને લઈને સ્વર્ગલોકમાં ગમન કર્યું હતું. પછી તે નદીરૂપે ભૂમિ ઉપર અવતરી હતી. તે ભીષ્મની માતા મનાય છે. ગંગાનો પુણ્યાત્મા શરૂઆતમાં સ્વર્ગવાસી હતો. ભાગવત પ્રમાણે તે પ્રથમ આદિપુરુષ મરિચિની દીકરી છે. બીજા જન્મમાં વિષ્ણુના પાદમાંથી નીકળી. વામન અવતારી વિષ્ણુએ બલિરાજા પાસેથી ત્રણ ડગલાં ભૂમિ માગી. બલિરાજાએ વરદાન આપ્યું. પહેલે ડગલે પૃથ્વી, બીજે સ્વર્ગ અને ત્રીજે ડગલે વામને બલિરાજાનું મસ્તક કચરી નાખ્યું. સ્વર્ગમાં જ્યારે બીજું પગલું મૂકયું ત્યારે દેવો ભયભીત થઈ બ્રહ્મા પાસે ગયા. બ્રહ્માએ પવિત્ર પાણીથી વામનનું પાદપ્રક્ષાલન કર્યું તેથી વામન સંતુષ્ટ થઈ ગયા અને ત્યાંથી જતા રહ્યા. પરંતુ તે પવિત્ર પાણીમાંથી ગંગાજી ઉત્પન્ન થયાં. જેમ જેમ તે મોટાં થયાં તેમ આખા સ્વર્ગમાં તે ફરી વળ્યાં અને તેનો પુણ્યપ્રતાપ સ્વર્ગલોકમાં ચોતરફ ફેલાઈ ગયો. ચૌદ લોકના ભયંકર પ્રલયકાળ વખતે ગંગાજીને બિલકુલ અસર ન થઈ. તેથી તેને બહુ અભિમાન આવ્યું અને મદાંધ બની તેણે પાણી ઉછાળવા માંડયું. આ પાણીના કેટલાક છાંટા કૈલાસ પર્વત ઉપર પડ્યા. શિવ બહુ ગુસ્સે થયા અને ગંગાને પોતાની પાસે બોલાવી તેના અહંકાર માટે મનુષ્યની દીકરી થવાનો શાપ આપ્યો. એ શાપ સાંભળી ગંગા અશ્રુપાત કરવા લાગી. પશ્ચાત્તાપ સાથે શિવને દયાની યાચના કરી. શિવે પ્રસન્ન થઈ જણાવ્યું કે પોતે પણ મનુષ્યનો અવતાર ધારણ કરશે, તેણીને પરણશે અને બંને પાછાં સ્વર્ગમાં જશે. હકીકત શાપ પ્રમાણે બની. શંકુદેવ રાજાની દીકરી તરીકે ગંગાનો પૃથ્વી ઉપર જન્મ થયો. ખટપટી નારદે આ સુંદર રાજકન્યાનું લગ્ન એક અરણ્યવાસી સાથે કરાવ્યું. આ અરણ્યવાસી શિવ પોતે જ હતા. ત્યારપછી શિવ તેને કૈલાસ ઉપર લઈ ગયા. પાર્વતીની બીકથી શિવે ગંગાને પોતાની જટામાં સંતાડી હતી. એક દિવસ પાર્વતી તેને જોઈ ગયાં. તેથી તેણીએ શિવ અને ગંગા બંનેને શાપ આપ્યો. ગંગા સ્વભાવે ભીરૂ હોઈ પોતાના પિતા શંકુદેવ રાજાને ત્યાં સંતાઈ ગઈ. પરિણામે પૃથ્વી ઉપર પાણીની અછત થઈ. પાર્વતીને એક દિવસ ધાર્મિક ક્રિયા માટે

પાણીની જરૂર પડી પણ તે મળ્યું નહિ. તેથી તેણે ગંગાને બોલાવવા શિવને આગ્રહ કર્યો. શિવે ગંગા પાસે વિઘ્નેશ્વરને મોકલી માફી માગી. માફી મળી ગઈ અને ત્યારપછી ગંગા પાછી આવી અને બંને સહપત્નીઓ સુખેથી સાથે રહી. ઉપરનો બનાવ તેનો ઉદાર અને ક્ષમાવાન સ્વભાવ સિદ્ધ કરે છે. નીચેના બીજા પ્રસંગમાં પણ તે જ સ્વભાવ દર્શાવેલ છે. તેના એક માનવી જન્મમાં તે શ્રીકૃષ્ણને વરી. રાધાને તેની ઈર્ષા થઈ અને તેણે ગંગાને ગાળો દીધી. ગંગા બીકણ હતી તેથી તે શ્રીકૃષ્ણના પગમાં લપાઈ ગઈ. તેણીની ગેરહાજરીથી સ્વર્ગમાં પાણીની તંગી થઈ. દેવતાઓ વિષ્ણુ પાસે મદદ માગવા ગયા અને ગંગાને છોડવા પ્રાર્થના કરી. પ્રાર્થના પ્રમાણે કરવામાં આવ્યું અને બ્રહ્માએ પોતાના વાસણમાં ગંગાનું પાણી લઈ તેને સ્વર્ગમાં આણ્યું. આમ ગંગા પાછી સ્વર્ગમાં આવી અને વિષ્ણુની પત્ની તરીકે રહી. એક સમયે વિષ્ણુ ભગવાન આદિ શેષનાગની ફેણ ઉપર તેમની બે પત્ની લક્ષ્મી અને સરસ્વતી સાથે બિરાજ્યા હતા. એ સુંદર દેખાવ જોઈ ગંગા લીન થઈ ગઈ. વિષ્ણુ તરફ દૃષ્ટિ રાખી તે તન્મય થઈ ગયાં. એ જોઈને વિષ્ણુએ હાસ્યથી તેને ચુંબન કર્યું. તરત જ ઈર્ષાળુ સરસ્વતીએ કોપાયમાન થઈ ગંગાને ગાળો દીધી. બંનેએ સામસામા નદીરૂપે જન્મ લેવાના શાપ આપ્યા. લક્ષ્મી તિરસ્કારની નજરથી આ દૃશ્ય હાસ્યથી જોઈ રહેલ. તેથી તેને વિષ્ણુએ શાપ આપ્યો. વિપદગંગાના સ્વરૂપમાં તેણી સ્વર્ગમાં ચોમેર ફરી વળી અને ઘણાંની મુશ્કેલી દૂર કરી. એક સમયે તેણી અગ્નિદેવને મદદ કરવા ગઈ. પાર્વતીએ પોતાના નહિ જન્મેલા પુત્રના ગર્ભનો ભાર અગ્નિ ધારણ કરે એવો અગ્નિદેવને શાપ આપ્યો હતો. અગ્નિદેવ આ સહન ન કરી શકવાથી ગંગા પાસે ગયો અને તે ભાર ઊચકી લેવા તેણીને પ્રાર્થના કરી. પરોપકારી ગંગાએ તરત જ હા પાડી અને તેણીએ કાર્તિકેય અથવા કુમારનો જન્મ આપ્યો. આથી તેણી કુમારસૂ પણ કહેવાય છે. અયોધ્યાના સૂર્યવંશી રાજા ભગીરથ ઉપર તેણે ઘણી કૃપા કરી હતી. સગર રાજાના ૬૦,૦૦૦ પુત્રો અશ્વમેધનો ઘોડો સાચવતા હતા. આ ઘોડો પાતાળમાં લઈ જવામાં આવ્યો. પૃથ્વી ખોદી બધા દીકરાઓ ઘોડાની શોધમાં પાતાળમાં પેઠા. ત્યાં તેઓએ ધ્યાનગ્રસ્ત બેઠેલ કપિલ મુનિનું અપમાન કર્યું. કપિલ મુનિના ક્રોધથી સર્વે પુત્રો ભસ્મીભૂત થઈ ગયા. ઘણાં વર્ષો પછી સગરના પૌત્ર અંશુમાન રાજા તેના કાકાઓની શોધમાં નીકળ્યા. તેણે કપિલ મુનિને યાચના કરી કે કૃપા કરીને તે ૬૦,૦૦૦ને માફી અર્પો. ત્યારે કપિલે ખુશ થઈને કહ્યું કે અંશુમાનના દીકરાના દીકરાનો દીકરો ભગીરથ ગંગાની સહાયથી તે ભસ્મીભૂત થયેલ પુત્રોનો ઉદ્ધાર કરશે. ભગીરથે જન્મ્યા પછી ગંગાને પ્રાર્થના કરી અને તેમના તપથી પ્રસન્ન થઈ નીચે પૃથ્વી ઉપર આવવાનું ગંગાએ કબૂલ કર્યું. પરંતુ તેના નીચે આવવાથી થતા પ્રપાતનો ભાર કોણ ઝીલી શકશે તે માટે તેને શંકા થઈ, કારણકે પૃથ્વી ઉપર સીધી રીતે પડે તો પૃથ્વીને ચીરી નાખે. શિવ પાસે જઈ ભગીરથે તેમને ગંગાનો પ્રપાત ઝીલવાને વિનતિ કરી. શિવે હા પાડી, અને તે શિવગિરિ શિખર ઉપર ગંગાને ઝીલવા માટે ઊભા રહ્યા. છેવટે ગંગા આકાશમાંથી નીચે પડી. શિવે ભગીરથ જ્યાં તપ કરતા હતા તે જગ્યાએ કેટલાંક પાણીનાં ટીપાંઓ પડવા દીધાં. આ પાણીનાં ટીપાંનું બિંદુસાર નામનું પાછળથી સરોવર થઈ ગયું અને તેમાં ગંગાજી પુરાઈ ગયાં. સગરના પુત્રોનો ઉદ્ધાર થયો અને તે સ્વર્ગે પહોંચ્યા. વિષ્ણુના પગના આગલા ભાગમાંથી ગંગા વહે છે એવી માન્યતા છે. ગંગા પૃથ્વી ઉપર પડી તેથી પૃથ્વી ગુસ્સે થઈ. આ ગુસ્સામાંથી પૃથ્વીને બચાવવા શિવે ગંગાને જટામાં ઉપાડી અને તેમાંથી સાત ફાંટા (સપ્ત સિંધવ) થયા. ગંગા એ સાત ફાંટા માંહેની એક છે. ઓચિંતી પૃથ્વી ઉપર પડવાથી જહ્નુ ઋષિના તપમાં ભંગ થયો અને ગુસ્સામાં ઋષિ ગંગાજી પી ગયા, પણ પાછળથી દયા લાવી ઋષિએ પોતાના કાનમાંથી વહેવા દીધી. તેથી ગંગાને જાહ્નવી કહે છે. ૧૩૬૦૦ ફીટની ઊંચાઈએથી ગંગા નદી નીકળે છે. તિબેટ તરફના હિમાલયમાંથી પહાડો ઉપર મોટા ધોધમાં પસાર થઈ તે નીચે આવે છે. તે જગ્યાએ તેને ગોમુખી નામ આપવામાં આવ્યું છે. ગોમુખી પવિત્ર સ્થાન મનાય છે. ગંગાના મૂળ તરફના ભાગને ભાગીરથી ગંગા કહે છે. આ શાખા તિબેટ તરફથી આવતી જાહ્નવીને મળે છે. ગંગોત્રીની ખીણમાંથી ગંગાનો મુખ્ય પ્રવાહ અલકનંદાને મળે છે. આગળ ચાલતાં ખીણ અને નાના ટેકરામાંથી થઈ તે હરદ્વાર આગળ હિંદના મેદાનના પ્રદેશમાં આવે છે. હરદ્વારનો અર્થ શિવ અથવા વિષ્ણુનું દ્વાર એવો થાય છે. ઉપરના ભાગ નજીક રામગંગા નામની શાખા તેને મળે છે. અહીં આલ્મોરા, રાણીખેટ અને નૈનીતાલ આવેલાં છે. નદીના પાણીનો ૫/૬ ભાગ ખેતીવાડીની નહેરમાં વાળવામાં આવ્યો છે. આ પ્રવાહ ૭૦૦૦ ચોરસ માઈલ જમીનને પાણી પાઈ કાનપુર આગળ ગંગાને મળી જાય છે. અલ્લાહાબાદ આગળ ગંગા જમનાનો સંયોગ થાય છે. ત્યારપછી તેને ગોગ્રા નદી મળે છે. આગળ જતાં કર્નાલી, ગંડકના સાત પ્રવાહ, કોસી અને શોણ તેને મળે છે. ગૌડથી થોડે દક્ષિણે અને સાગરથી ૨૦૦ કે ૩૦૦ માઈલ દૂર ગંગાના ફાંટા પડે છે. તે ફાંટાઓમાં ૩૨૦૦૦ ચોરસ માઈલ ત્રિકોણાકાર પ્રદેશ આવેલ છે. મુખ્ય ફાંટો પદ્મા કહેવાય છે. તે બ્રહ્મપુત્રાને મળે છે. બંનેનાં એકત્ર પાણી રાજમહાલ અને ગારો પર્વત વચ્ચેથી અનેક શાખાઓમાં બંગાળના ઉપસાગરમાં પડે છે. ગંગાનું ખરું મુખ મેઘના નદી છે. મેઘના એ પદ્માનો છેડો છે. આ જગ્યાએ પાણી તોપની માફક ઘૂઘવાટ કરતું ઝડપથી વહે છે.

૧. ગંગા અસ્નાન = (૧) ગંગા નદીમાં નાહવું તે. (૨) કાર્તિક મહિનાને છેલ્લે દિવસે ગંગા નદીને કાંઠે ભરાતો મેળો.

૨. ગંગા ઉઠાવવી = ગંગા નદીના સોગંદ ખાવા.

૩. ગંગા કરવી = નાહવું.

૪. ગંગા નાહવું = મુક્ત થવું; પાપ અને દુઃખમાંથી છૂટવું.

૫. ગંગા ભાગીરથી = ગંગા અને ભાગીરથી જેવી પવિત્ર. વિધવા સ્ત્રીઓ માટે આમ લખાય બોલાય છે.

૬. ગંગા સ્વરૂપ = ગંગાના જેવી પવિત્ર. વડીલ અને ખાસ કરી વિધવા સ્ત્રીને માટે વપરાય છે.

૭. ગંગાના કસમ ખાવા = ગંગાનું પાણી લઈ સોગંદ ખાવા.

૮. ગંગાના પ્રવાહ જેવી ધારા = અસ્ખલિત બોલવાની છટા.

૯. ગંગાને કિનારે કૂવો ખોદવો = મૂર્ખનું કર્તવ્ય.

૧૦. ગંગાનો પ્રવાહ = જેને દોષ લાગે નહિ એટલું જ નહિ પરંતુ જે દોષનું પણ નિવારણ કરે એવું; પવિત્ર.

૧૧. ઘેર બેઠાં ગંગાજી આવે ત્યારે મોઢું ધોવા જવું = આવતો લાભ જતો કરવો.

૧૨. નાત તો ગંગાનો પ્રવાહ છે = નાતને દોષ લાગતો નથી; નાતમાં જે કાંઈ થાય તે પવિત્ર ગણાય. એ તો ઊલટું દોષને ટાળે છે.

ગંગાઅવતરણ ન. ગંગાજીનું નીચે આવવું તે.

ગંગાઈ ન. એક જાતનું કાબરચીતરું વાચાળ પક્ષી.

ગંગાકા [સં.] સ્ત્રી. ગંગા નદી.

ગંગાકુંડ પું. હિમવંત પર્વત ઉપર રહેલ એક કુંડ. તેમાંથી ગંગા નીકળે છે.

ગંગાકૂટ પું. હિમવંત પર્વતનું એક શિખર. તેમાંથી ગંગા નદી નીકળે છે.

ગંગાક્ષેત્ર [સં.] ન. ગંગા નદીના બંને કાંઠા ઉપર આવેલી જમીન.

ગંગાગતિ સ્ત્રી. મોક્ષ; મુક્તિ.

ગંગાગોળી ૧. સ્ત્રી. એક જ ઉલેચણે જેમાંથી સૌ કોઈ પાણી પીતું હોય એવી ગોળી; ગંગા જેવી સદા પવિત્ર ગોળી. તે ગોળીમાંથી બોટેલે વાસણે જ પાણી કાઢીને પીવાય છે. તેથી મશ્કરીમાં તે ગંગાગોળી કહેવાય છે.

૨. સ્ત્રી. સર્વના ઉપયોગમાં આવતી હોય એવી વસ્તુ.

ગંગાચાંદરડું (ગંગાચાંદરડું) ન. આકાશગંગા.

ગંગાચાંદરણું જુઓ ગંગાચાંદરડું.

ગંગાજ ૧. [સં.] પું. કાર્તિક સ્વામી.

૨. પું. ભીષ્મ પિતામહ.

ગંગાજન્મ ૧. પું. ગંગાનો જન્મ.

૨. પું. જેઠ સુદિ ૧૦નો દિવસ. તે દિવસે ગંગાનો જન્મ થયો હોવાનું મનાય છે.

ગંગાજમના ૧. સ્ત્રી. બ. વ. એ નામની બે નદી.

૨. સ્ત્રી. કોઈ ચીજનું મિશ્રણ.

૩. સ્ત્રી. પુષ્કળ આંસુ; બંને આંખમાંથી ખૂબ આંસુ સારવાં તે.

૪. સ્ત્રી. વ્યાજ ગણવાની એક રીત. તેમાં દેણદારે ભરેલા હપતાનું વ્યાજ તેના જમે લેવામાં આવે છે, અને આખી રકમનું વ્યાજ તેને ખાતે માંડવામાં આવે છે.

ગંગાજમની ૧. સ્ત્રી. એક જાતની તલવાર. તે ઊંચા પ્રકારના પોલાદની બનેલી મનાય છે. "હરહર મહાદેવ" એ અક્ષર તેના ઉપર કોતરેલ હોય છે.

૨. સ્ત્રી. એક જાતની દાળ. તેમાં અડદની દાળનું મિશ્રણ હોય છે.

૩. સ્ત્રી. એક જાતનો હીરો.

૪. [હિં.] સ્ત્રી. કાનની એક જાતની વાળી.

૫. સ્ત્રી. સોના અને રૂપાના બંને તાર હોય તેવું જરીનું કામ.

૬. વિ. ગંગા અને જમનાના પ્રવાહની માફક બેઉ બાજુ જુદા જુદા રંગનું હોય એવું; એક તરફ એક અને બીજી તરફ બીજો રંગ હોય એવું; બે રંગનું. ગંગાનું પાણી સફેદ અને જમનાનું પાણી કાળું હોય છે. બેનો સંગમ થયા પછી પણ કહે છે કે એકત્ર વહેતા પ્રવાહમાં કાળો અને ધોળો રંગ દેખાઈ આવે છે. તે ઉપરથી બે બાજુ જુદા જુદા રંગ હોય એવી કોરને અથવા કાપડને ગંગાજમની કહેવામાં આવે છે.

૭. વિ. જુદી જુદી ધાતુઓનું બનેલું.

૮. વિ. સફેદ અને કાળું.

૯. વિ. સેળભેળ કરેલ.

ગંગાજમની છાપ = વચમાં મૂળ લખાણ અને તળેઉપર ટીકા હોય એવી છાપણીની રીત.

ગંગાજળ ૧. [સં. ગંગાજલ] ન. ગંગાનું પાણી.

૨. ન. પ્રમાણમાં વધારે પાણી હોય એવી દાળ.

૩. ન. બારીક સફેદ કપડું.

૪. ન. બોટેલું સેળભેળ પાણી. મોટા પંથમાં ગોળાકારમાં બેસી બંને બાજુથી બે લોટા પાણીના ભરેલ હોય તે સૌ થોડું થોડું વર્ણાશ્રમ ભેદ રાખ્યા વિના પીએ છે. જ્યાં બે લોટા ભેગા થાય ત્યાં એકબીજા લોટાનું પાણી સેળભેળ કરી દેવાય છે. તેને ગંગાજળ કહે છે.

૫. ન. સ્વચ્છ પવિત્ર પાણી.

૬. વિ. પવિત્ર.

૭. વિ. શુદ્ધ; સ્વચ્છ; નિર્મળ.

ગંગાજળિયા ૧. સ્ત્રી. કણબી, સુતાર અને બાવાની એ નામની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગંગાજળિયું ૧. ન. પાણી ભરવાનું ઉપરથી સાંકડા મોઢાનું અને નીચેથી પહોળા ઘાટનું વાસણ.

૨. વિ. ગંગાજળ જેવું.

ગંગાજળિયો ૧. પું. કાવડમાં ગંગાજળ લઈ જનાર માણસ.

૨. પું. ઘોડાની એક જાત.

૩. વિ. પું. મંદિરમાં પાણી ભરનારો.

ગંગાજળી ૧. સ્ત્રી. કાપડની એક જાત.

૨. સ્ત્રી. ગંગાજળ ભરી રાખવાનું પાત્ર; ગંગાજળનો ચંબુ.

ગંગાજળી ઉઠાવવી = ગંગાજળ હાથમાં લઈને સોગંદ ખાવા.

૩. સ્ત્રી. ઘઉંની એક જાત.

૪. સ્ત્રી. ઘોડાની એક જાત.

૫. સ્ત્રી. તાંબાકુંડી.

ગંગાજળું ૧. વિ. ગંગાના પાણીના રંગનું.

૨. વિ. ઘોડાની એક જાતનું.

ગંગાજાત ૧. [સં.] પું. કાર્તિકસ્વામી.

૨. પું. ભીષ્મ પિતામહ.

ગંગાજાત્રા સ્ત્રી. ગંગા નદીની યાત્રા.

ગંગાજી જુઓ ગંગા.

ગંગાટી [સં.] ન. એક પ્રકારનું ઝાડ; ગંગેટી.

ગંગાઠીકરી સ્ત્રી. લાલ પથ્થર; સ્લેટ ઉપર લખવાને એક જાતનો પોચો પથ્થર.

ગંગાતટ [સં.] પું. ગંગાનો કિનારો.

ગંગાતીર જુઓ ગંગાતટ.

ગંગાત્મજ ૧. [સં.] પું. કાર્તિકેય.

૨. પું. ગંગાનો પુત્ર; ભીષ્મ.

ગંગાદત્ત જુઓ ગંગાત્મજ.

ગંગાદશહરા પું. હસ્ત નક્ષત્રમાં જેઠ સુદિ ૧૦ ને સોમવારની તિથિ. આ તિથિ સર્વ પાપોનું હરણ કરવાવાળી મનાય છે. આ દિવસે ગંગાજી પૃથ્વી ઉપર ઊતર્યાં હતાં તેથી તે દિવસે ગંગાસ્નાન કરવાથી સર્વ પાપનો નાશ થતો હોવાનું કહેવાય છે.

ગંગાદ્વીપ પું. ગંગાદેવીના ભવનવાળો એ નામનો બેટ.

ગંગાદુહાઈ [હિં.] સ્ત્રી. ગંગાજીના સોગંદ.

ગંગાદ્વાર [સં.] ન. હરદ્વાર; માયાપુરી. આ પવિત્ર તીર્થસ્થાનમાં પ્રતીપે તપ કર્યું હતું.

ગંગાધર ૧. [સં.] પું. ગંગાને ધારણ કરનાર શિવ; શંકર; મહાદેવ.

૨. પું. (પિંગળ) દરેક ચરણમાં આઠ રગણ મળી ચોવીસ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ગંગોદક; સ્વૈરિણીક્રીડન.

૩. પું. લીલાવતી નામના ગ્રંથ ઉપર અમૃતસાગર નામની ટીકા લખનાર એ નામનો વિદ્વાન.

૪. પું. સમુદ્ર; દરિયો.

૫. ન. એક ઔષધનું નામ; ગંગાધરરસ.

ગંગાધરચૂર્ણ ન. ઝાડા ઉપર અપાતું એક દેશી ઔષધ. તેમાં મુસ્ત, સ્યોનક, સૂંઠ, લોદર, ધતકિપુષ્પ, મોચરસ, પત્થ, કૂટજત્વક્, ઈંદ્રજવ, બિલ્વ વગેરે હોય છે. આ ચૂર્ણ કબજિયત કરનાર અને શક્તિવર્ધક છે. તેનાથી મરડો મટે, આંતરડાં મજબૂત બને, ભૂખ લાગે અને પાચનશક્તિ વધે. પાણી જેવા દસ્તમાં તે બહુ ઉપયોગી ગણાય છે. છાસની સાથે આપવાથી મરડો, આંતરડાનું ગૂમડું, હરસ અને બરોળનું વધવું વગેરે મટે છે. છાસમાં દિવસમાં ત્રણ વખત આ ચૂર્ણ આપતી વખતે તેની સાથે તીખાં, ચિત્રક અને સંચલ દરેક ચાર ગ્રેઇન નાખવાં.

ગંગાધરરસ પું. સંગ્રહણી માટે વૈદ્યકપ્રસિદ્ધ એ નામનું ઔષધ.

ગંગાપત્રી સ્ત્રી. એ નામે એક સુગંધી વેલો; ગંગાવતી. તેની વાસથી ચાંચડ દૂર થવાનું મનાય છે.

ગંગાપથ [સં.] પું. આકાશ.

ગંગાપાટી સ્ત્રી. ઘોડાના પેટ ઉપર તંગની જગ્યાની આસપાસ આવેલી ભમરી. તે ખોડ ગણાતી નથી.

ગંગાપાર પું. ગંગા નદીનો સામો કાંઠો.

ગંગાપુત્ર ૧. પું. એક વર્ણસંકર જાતિ. તેનું કામ મુડદાં લઈ જવાનું છે.

૨. [સં.] પું. કાર્તિકસ્વામી.

૩. પું. ગંગા નદીને કિનારે બેસી યાત્રાળુના ગોર તરીકે કામ કરતો બ્રાહ્મણ.

૪. પું. ભીષ્મ.

ગંગાપુરાણ ન. અઢાર માંહેનું એ નામનું એક પુરાણ.

ગંગાપૂજન [સં.] સ્ત્રી. ગંગાયાત્રા કરી ઘેર ગંગાજળ લાવે ત્યારે કરાતો પૂજનવિધિ અથવા વરો.

ગંગાપૂજા [સં.] સ્ત્રી. વિવાહ પછી કરવામાં આવતો એક વિધિ. તેમાં ગામ તથા કુટુંબની સ્ત્રીઓ વરને સાથે લઈને ગાતી બજાવતી ગામની બહાર નદી કે તળાવ ઉપર જાય. ત્યાં ગામના દેવતા વગેરેની પૂજા કરી ઘેર આવે. આ દિવસે વરવહુના હાથનું કંકણ તથા છેડાછેડી છોડી નાખવામાં આવે છે.

ગંગાપ્લવોદક [સં.] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

ગંગાબળ ન. કશ્મીરમાં હરમુક પર્વતની તળેટીમાં આવેલ એ નામનું એક સરોવર. તેનું જૂનું નામ ઉત્તરગંગા હતું.

ગંગાભાગીરથી [સં.] વિ. ગંગાના જેવી પવિત્ર. હિંદુ વિધવા સ્ત્રીઓને આ વિશેષણ લગાડાય છે.

ગંગાભૃત ૧. [સં.] પું. શિવ; શંકર; મહાદેવ.

૨. પું. સમુદ્ર.

ગંગામધ્ય ૧. [સં.] ન. ગંગા નદીનો મધ્ય ભાગ.

૨. ન. ગંગાનું તળિયું.

ગંગામહાત્મ્યહેતુ [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

ગંગામાતા સ્ત્રી. પવિત્ર ગંગા નદી.

ગંગામુખ [સં.] ન. ગંગા નદીનું મુખ.

ગંગામૈના સ્ત્રી. એક જાતની મેના. તે ગંગાના કાંઠા ઉપર રહે છે.

ગંગામૈયા ૧. સ્ત્રી. ગંગા નદી.

૨. સ્ત્રી. ગંગા નદીનું દેવી રૂપ.

ગંગાયાત્રા ૧. [સં.] સ્ત્રી. ગંગા નદીની યાત્રા.

૨. સ્ત્રી. માંદા માણસને મરવા માટે ગંગા કાંઠે લઈ જવું તે.

૩. સ્ત્રી. મૃત્યુ.

ગંગારજ સ્ત્રી. ગંગા નદીની રેતી.

ગંગારામ ૧. પું. ઢંઢૂકો.

૨. [હિં.] પું. પોપટને પ્યારથી બોલાવવાનું નામ.

ગંગારાય ન. એ નામનું એક સુશોભિત ઝાડ. તેને ઊજળા પીળા રંગના ફૂલ આવે છે. તેનું લાકડું પૈડાના આરા બનાવવામાં ઉપયોગી છે.

ગંગારૂપ [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

ગંગાલ પું. પાણી રાખવાનું ધાતુનું વાસણ.

ગંગાલહરી [સં.] સ્ત્રી. જગન્નાથ પંડિતનું ગંગાને સંબોધીને રચાયેલું એક કાવ્ય.

ગંગાલા પું. ગંગા નદીના કાંપથી થયેલી જમીન.

ગંગાલાભ ૧. [સં.] પું. ગંગાની પ્રાપ્તિ.

૨. પું. મૃત્યુ.

ગંગા લાભ થવો = (૧) ગંગા કિનારે મરણ થવું. (૨) ડૂબી મરવું. (૩) મરવું.

ગંગાલોટી સ્ત્રી. ગંગા નદીના પાણીથી ભરેલ પાત્ર.

ગંગાવતરણ ૧. ન. એ નામનું એક પુસ્તક.

૨. ન. ગંગાનો પૃથ્વી ઉપરનો અવતાર. દિલીપ પછી ભગીરથ રાજા થયો. એ અપુત્ર હતો. એણે મંત્રીઓને રાજ્ય સોંપીને ગંગાવતરણના વિચારમાં મગ્ન થઈ ગોકર્ણમાં તપ કરવા માંડ્યું. ઘણાં વર્ષે બ્રહ્મા પ્રસન્ન થયા અને કહ્યું, ‘વર માગ’. ભગીરથે કહ્યું, ‘સગરપુત્રોને મારે હાથે ગંગાજળ મળે ને મને સંતાન થાય.’ બ્રહ્માએ કહ્યું, ‘તથાસ્તુ ! પણ ગંગાનો પ્રવાહ પૃથ્વી નહિ ઝીલી શકે એટલે એને શંકર પાસે ઝિલાવજે.’ ભગીરથે તપ કરી શંકરને પ્રસન્ન કર્યા ને શંકરે ગંગાને ઝીલવાનું વચન આપ્યું. ગંગા શંકરની જટા ઉપર પડવા માંડી. તેણીએ ધાર્યું કે શંકરને તાણીને પાતાળમાં લઈ જાઉં. એના ગર્વથી શંકરને ક્રોધ ચઢ્યો, એટલે ગંગા એની હિમવંત સમી જટામાં જ ભૂલી પડી ગઈ. અનેક વર્ષ એ શંકરની જટામાં જ રહી. ગંગાને ન દેખવાથી ભગીરથે ફરીથી તપ વડે શંકરને પ્રસન્ન કર્યા એટલે એણે ગંગાને બિંદુસરોવર પ્રત્યે સાત ધારામાં છોડી. એમાંથી હ્લાદિની, પાવની ને નલિની પૂર્વમાં તથા સુચક્ષુ, સીતા ને સિંધુ પશ્ચિમમાં ગઈ અને સાતમી ભગીરથની પાછળ ચાલી.

૩. ન. નાટ્યકળામાં થતું એક જાતનું કરણ.

ગંગાવતાર ૧. પું. એ નામનું તીર્થ; હરિદ્વાર.

૨. [સં.] પું. ગંગાનું પૃથ્વી ઉપર અવતરણ.

ગંગાવતી [સં. ગંગાપત્રી] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; વન બાવરી. એની નાની અને મોટી બે જાત છે. તેની વાસથી ચાંચડ જાય તથા આધાશીશી મટે. એનાં છોડ હાથ બે હાથ ઊંચા થાય છે. એનાં ફૂલ પીળા રંગનાં ઝીણાં થાય છે.

ગંગાવરો ન. ગંગાનો પૃથ્વી ઉપર અવતાર.

ગંગાવળી ૧. સ્ત્રી. એક જાતનો છોડ. એનાં પાન ચાકવતનાં પાન જેવાં હોય છે. તેની બે જાત છે: રાતી ને ધોળી.

૨. સ્ત્રી. મયાળનો વેલો.

ગંગાવાસી વિ. ગંગા નજીક રહેનાર.

ગંગાષ્ટક [સં.] ન. ગંગાને સંબોધીને લખાયેલ આઠ શ્લોકનો સમૂહ.

ગંગાસપ્તમી [સં.] સ્ત્રી. વૈશાખ સુદિ ૭. તે દિવસે ગંગાજી પ્રગટ થયેલાં મનાય છે, તેથી તેનું પૂજન કરાય છે.

ગંગાસાગર ૧. પું. કળશો.

૨. [સં.] પું. ગંગા અને સમુદ્રનો જ્યાં સંગમ થાય છે તે તીર્થ. માન્યતા પ્રમાણે અહીં કપિલમુનિનો આશ્રમ હતો અને અહીં તેણે સગરના પુત્રોને ભસ્મ કર્યા હતા. આ સ્થાન કલકત્તાથી અગ્નિખૂણા તરફ સુંદરવનમાં છે અને ત્યાં મકરસંક્રાંતિને દિવસ મોટો મેળો ભરાય છે.

૩. [હિં.] પું. ગંગાજીના મુખ આગળની ખાડી.

૪. પું. મહોદધિ.

૫. પું. મોટા કાપડની છાપેલી જનાની ધોતી. તે સત્તર અઢાર હાથ લાંબી હોય છે.

ગંગાસિંધુ સ્ત્રી. આકાશગંગાની સાત માંહેની એ નામની એક ધારા.

ગંગાસુત ૧. [સં.] પું. કાર્તિકેય.

૨. પું. ભીષ્મ પિતામહ.

ગંગાસ્નાન [સં.] ન. ગંગાજીમાં નાહવું તે.

ગંગાસ્રોત પું. ગંગાનો પ્રવાહ.

ગંગાસ્વરૂપ [સં.] વિ. ગંગાના જેવું પવિત્ર. હિંદુ વિધવા સ્ત્રીઓને માટે માનાર્થે આ વિશેષણ વપરાય છે.

ગંગાહ્રદ ન. ગંગાનો ધરો; મહાભારતમાં જણાવેલ એક પ્રાચીન તીર્થ.

ગંગાંબુ ૧. [સં.] ન. ગંગા નદીનું પાણી.
૨. ન. ચોખ્ખું વરસાદનું પાણી.

ગંગિકા [સં.] સ્ત્રી. ગંગા નદી.

ગંગિત ૧. પું. કાંકરો.
૨. પું. હિંદુસ્તાનની જમીનમાંથી નીકળતો ખડબચડો પથ્થર. તે સડક અને ચૂનો બનાવવામાં વપરાય છે.

ગંગુક [સં.] ન. એક જાતનું અનાજ; કાંગ.

ગંગુરદે ૧. સ્ત્રી. મરાઠાની એ નામની અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ગંગેટાવું અ. ક્રિ. ગભરાવું; ડરવું.

ગંગેટી [સં. ગંગાટી] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; જીતેલી. તે ગૂમડાં, ગાંઠ, ત્વચારોગ વગેરે ઉપર વપરાય છે. આ છોડ ત્રણથી દસ ફૂટ ઊંચો થાય છે. તેનાં પાન પહોળાં, નાનાં અને ખરબચડાં થાય છે. એમાં બારીક ગોળ ફળો થાય છે. ફૂલો ધોળા રંગનાં જરા સુવાસિત હોય છે. શસ્ત્રનો ઘા પડ્યો હોય તો તરત રસ ચોપડવાથી જખ્મ રૂઝાય છે. તે કડવી, મધુર, બલકર, વીર્યપ્રદ, વૃષ્ય, શીતળ તથા સ્નિગ્ધ છે અને પિત્ત, કફ, અતિસાર, ક્ષત, તાવ, રક્તપિત્ત તથા ત્રિદોષ મટાડનાર મનાય છે. એનાં મૂળિયાંની છાલનું ચૂર્ણ દૂધ અને સાકર સાથે લેવાથી મૂત્રાતિસારનો નાશ થાય.

ગંગેટું ન. ગંગેટીનું ફળ.

ગંગેઠી જુઓ ગંગેટી.

ગંગેડું (ગંગેડું) [સં. ગંગાટી] ન. એક જાતની વનસ્પતિ. તેમાંથી શાખા કે પાનનો વિસ્તાર ઝાઝો હોતો નથી. તેનાં પાન લીસાં ને મીંઢોળના પાન કરતાં મોટાં હોય છે. તેમાં સફેદ રંગનાં અને મધુરી વાસવાળાં ફૂલ અને જામફળ જેવાં પીળા રંગનાં ફળ થાય છે.

ગંગેય ૧. પું. પાર્શ્વનાથનો એ નામનો એક શિષ્ય.
૨. [સં. ગાંગેય] પું. ભીષ્મ પિતામહ; શાંતનુ અને ગંગાનો પુત્ર.

ગંગેરીપાન [સં. ગંગા + પર્ણ (પાંદડું)] ન. ધોળાશ પડતું નાગરવેલનું પાન.

ગંગેત્ર ૧. પું. ભીષ્મ પિતામહ.
૨. પું. વિષ્ણુ.
૩. વિ. ભોળું; પવિત્ર.

ગંગેશ ૧. [સં. ગંગા + ઈશ] પું. મધ્યયુગમાં ભારતમાં થઈ ગયેલો એક તત્ત્વવેત્તા પંડિત. તેણે તત્ત્વચિંતામણિ નામે ગ્રંથ લખ્યો છે.
૨. પું. શંકર.

ગંગેસકી સ્ત્રી. ગુળસકરી; ગંજેઠી.

ગંગોટી સ્ત્રી. ગંગા નદીની રેતી.

ગંગોતરી [સં. ગંગાવતાર] સ્ત્રી. હિમાલયમાંથી જ્યાં મેદાનમાં ઊતરે તે ગંગાનો પ્રવાહ; પર્વતમાંથી ઊતરી આવતી ગંગા. આ જગ્યાનું યાત્રાના સ્થળ તરીકે મોટું મહાત્મ્ય છે. લોકો ત્યાંથી ગંગાજળ લઈ જાય છે.

ગંગોત્રી ૧. ન. એક જાતની વનસ્પતિ.
૨. ન. હિમાલયમાં આવેલ ગંગા નદીનું મૂળ. ગંગોત્રીમાં ગંગા દેવીનું દેવળ છે. ત્યાંથી એક કોશ ઉપર પટનગિરિ નામે પવિત્ર સ્થળ છે. ત્યાં વનવાસ દરમિયાન પાંડવોએ બાર વરસ રહીને મહાદેવની પૂજા કરી હતી. દ્રૌપદી અને પાંડવોમાંના ચારનું મૃત્યુ આ સ્થળે થયું હતું. એમનાં મૃત્યુ પછી હયાત રહેલા યુધિષ્ઠિર ત્યાંથી નીકળી હિમાલયના સ્વર્ગારોહિણી નામે શિખર ઉપર ચડ્યા હતા. હિમાલયનાં પાંચ મુખ્ય શિખર વડે એક અર્ધચંદ્રાકાર ખાડો બની રહે છે. આ ખાડો ઘણો વિશાળ હોઈ તેમાં નિરંતર બરફ રહે છે. આ બરફના ધીમે ધીમે પીગળવાથી જે એક પ્રવાહ ઉત્પન્ન થાય છે એ જ ગંગા નદીનું મુખ્ય વહેણ છે.

ગંગોત્સવ [સં.] પું. જેઠ સુદિ દશમીએ થતો ઉત્સવ; દશહરાં. જેઠ સુદિ ૧૦ને મંગળવારે હસ્ત નક્ષત્ર વખતે ગંગા ભૂલોકમાં આવી, માટે આ દિવસ ગંગોત્સવ ઠર્યો.

ગંગોદક ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; સ્વૈરિણીક્રીડન. આ છંદ સંસ્કૃતિ છંદનો એક ભેદ છે. તેમાં આઠ રગણ મળી ચોવીસ વર્ણ હોય છે.
૨. ન. એક જાતનું રત્ન.
૩. ન. ગંગાનું પાણી; ગંગાજળ.
૪. ન. પવિત્ર જળ.

ગંગોદ્‌ભેદ ૧. [સં.] ન. એ નામનું એક તીર્થ.
૨. ન. ગંગા નદીનું મૂળ.

ગંગોલ [સં.] પું. એ નામનો એક મણિ; ગોમેદક.

ગંગોલી સ્ત્રી. રંગ તૈયાર કરવામાં વપરાતી એક વસ્તુ.

ગંગૌઘ ન. ગંગા નદીનું મૂળ.

ગંગ્રી ૧. પું. એ નામનો એક પર્વત.
૨. ન. એક સરોવરનું નામ. આ ગંગ્રીના પર્વત અગર સરોવરમાંથી ચાર નદી સિંધુ, શતદ્રુ, કરનાળી અને બ્રહ્મપુત્રા નીકળતી મનાય છે.

ગંચ પું. ગાંઠ; બંધ.

ગંજ્ [સં.] અ. ક્રિ. અવાજ કરવો.

ગંજ ૧. પું. અનાજ વેચવાની બજાર; ગુજરી.
૨. પું. અપમાન; તિરસ્કાર.
૩. પું. આવલિ; માળા; એકબીજામાં બેસતી વસ્તુઓની ઉતરડ.
૪. પું. એક જ તરેહનો જથ્થો.
૫. પું. એક જાતની ખાવાની વસ્તુ.
૬. પું. કણ; દાણા.
૭. પું. ખોખું.
૮. પું. ગાયને રાખવાની જગ્યા.
૯. પું. ગાંજો.
૧૦. પું. ઢગલો; રાશિ.
૧૧. પું. દરબારી વજે ભાગ.
૧૨. પું. દારૂનું વાસણ.
૧૩. પું. દોલત; ખજાનો.
૧૪. પું. નાનું ગામડું; પરૂં.
૧૫. પું. પાણીમાં ઊગતો એક જાતનો છોડ; રૂસ્નાગંજ. તેને લાંબાં, સાંકડાં ખડ જેવાં પાન હોય છે. તેનાં ફૂલ પાણી ઉપર તરે છે.
૧૬. પું. બજાર.
૧૭. પું. બોડકું માથું; ટાલવાળું માથું.
૧૮. પું. ભંડાર; કોઠાર; ખાણ.
૧૯. પું. યુદ્ધ; લડાઈ.
૨૦. પું. વાડો; નેસ.
૨૧. પું. વાળ ખરી પડવાનો એક જાતનો રોગ; ટાલ.
૨૨. પું. શ્લેષ્મિક કલાનો પ્રદાહ.
૨૩. પું. સત્તાવીશ માંહેનો એ નામનો દશમો યોગ.
૨૪. વિ. પુષ્કળ; ઘણું.

ગંજખરાજાત (ગંજખ઼રાજાત) સ્ત્રી. ગંજમાંથી વસવાયાં, મંદિર વગેરેને આપવામાં આવતાં માપલાં.

ગંજખાનું ન. ભંડાર; ખજાનો.

ગંજગોળો પું. અંદર ઘણી નાની નાની ગોળીઓ ભરી હોય એવો તોપનો ગોળો.

ગંજડી (ગંજડ઼ી) સ્ત્રી. તાંબા કે પિત્તળની નાની તપેલી.

ગંજદંતિકા [સં.] સ્ત્રી. નેપાળો.

ગંજદાર [ફા.] પું. ખજાનચી.

ગંજન ૧. પું. સંગીતના આઠ માંહેનો એક તાલ;

૨. ન. અનાદર; તુચ્છકાર; અવજ્ઞા; તિરસ્કાર.

૩. ન. ગજાવવું તે; ગજવી મૂકવાપણું.

૪. ન. ચડિયાતાપણું.

૫. ન. છેતરપિંડી; શેહમાં થાપ મારી કામ કાઢી લેવું તે.

૬. ન. જબરદસ્તી; જબરાઈ.

૭. ન. જુલમ; ત્રાસ; પીડન.

૮. ન. દુઃખ; કષ્ટ; તકલીફ.

૯. ન. શરમ; લાજ.

૧૦. ન. હરાવવું તે.

૧૧. વિ. અપમાન કરનાર; તિરસ્કાર કરનાર.

૧૨. વિ. ઉત્તમ; શ્રેષ્ઠ; ચડિયાતું.

૧૩. વિ. જુલમી; ત્રાસદાયક.

૧૪. વિ. તુચ્છકાર ભરેલું; નાલાયક; અસભ્ય; અમર્યાદ.

૧૫. વિ. લજ્જાવહ; શરમાવા જેવું.

૧૬. વિ. હસાવનાર.

ગંજનવું સ. ક્રિ. ટાળવું; નાશ કરવો.

ગંજની સ્ત્રી. ઉગ્ર ગંધવાળું એક જાતનું ઘાસ.

ગંજબરેડો (ગંજબરેડ઼ો) પું. ઉપાય; ઇલાજ.

ગંજબરોડો (ગંજબરોડ઼ો) પું. વિશેષ સમાચાર; ખબરઅંતર.

ગંજમેંઢારો પું. જેમાંથી લાગતી વગેરે બાબત આપવાની હોય તે રાજભાગનો ઢગલો.

ગંજવધારો પું. શરૂઆતની આસામીવાર માપની ભરતરી અને છેવટની એકંદર માપની ભરતરી થતાં થયેલ વધારો.

ગંજવર પું. ખજાનચી; ભંડારી.

ગંજવું ૧. અ. ક્રિ. પરાભવ પામવો; હારવું.

૨. સ. ક્રિ. અવજ્ઞા કરવી; અનાદર કરવો.

૩. સ. ક્રિ. છેતરવું; ભોળવવું; ધૂતવું.

૪. સ. ક્રિ. નાશ કરવો.

૫. સ. ક્રિ. પીડવું; દુઃખ દેવું; જુલમ કરવો; ત્રાસ વર્તાવવો.

ગંજા ૧. [હિં.] પું. ટાલિયો માણસ.

૨. સ્ત્રી. ગાય.

૩. સ્ત્રી. ગાંજો.

૪. સ્ત્રી. ઝૂંપડી.

૫. સ્ત્રી. દારૂ પીવાનું વાસણ.

૬. સ્ત્રી. દારૂનું પીઠું.

૭. સ્ત્રી. ભાંગ.

૮. સ્ત્રી. રત્નની ખાણ.

૯. વિ. માથે વાળ વગરનું; ટાલિયું.

ગંજાકિની સ્ત્રી. ભાંગ.

ગંજામ ન. મદ્રાસ ઇલાકામાં આવેલ એ નામનું એક સ્થળ. ત્યાં અશોકે ધર્મસ્તંભ ઊભો કરેલ છે.

ગંજાંર વિ. મોટું; વિશાળ.

ગંજાવર ૧. પું. ભંડાર; ખજાનો.

૨. ન. (વહાણવટું) એક જાતનું ઝડપી, મોટા સઢવાળું, મસ્કતમાં બંધાતું અરબી વહાણ.

૩. વિ. ઊંચાઈમાં તેમ જ વિસ્તારમાં બહુ જ મોટું; અતિ વિશાળ; જબ્બર; વિસ્તીર્ણ.

ગંજાવું અ. ક્રિ. ગાંજી જવું; શરીરમાં શક્તિહીન થઈ જવું.

ગંજાસિર ન. માથા ઉપરના વાળ ખરી પડવાનો એક જાતનો રોગ.

ગંજિકા ૧. પું. (પિંગળ) દરેક ચરણમાં રગણ, જગણ, રગણ, જગણ, રગણ, જગણ, ગુરુ અને લઘુ મળી વીશ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ગંડકા. તે કૃતિ છંદનો ભેદ છે.

૨. [સં.] સ્ત્રી. દારૂનું પીઠું; દારૂની દુકાન.

ગંજિયાણી સ્ત્રી. ગજ પનાનું એક જાતનું ઊંચું હીરાગળ કાપડ.

ગંજિયું ૧. ન. ખડ વાઢનારાઓને પોતાનું દાતરડું રાખવાનો કોથળો.

૨. ન. ગંજમાંનું એકાદ પાત્ર; ગંજમાંની વાટકી; છાલિયું; શકોરા ઘાટનો પિત્તળ અગર કાંસાનો વાટકો.

૩. વિ. એકબીજાને મળતું; સમતા કે મળતાપણાવાળું.

૪. વિ. સટનું; ગંજમાંનું એક; એક એકમાં પડે એવી વસ્તુઓમાંનું.

ગંજી ૧. સ્ત્રી. ઘાસનો મોટો ઢગ; ઘાસનું મોઢવું; ઓઘલો; ઘાસના પૂળાનો મોટો ઢગલો.

૧. ગંજીનો કૂતરો = નિઃસ્વાર્થે બીજાને રોકનાર અથવા પીડનાર માણસ. કૂતરો પોતે ઘાસ ખાતો નથી, તેમ છતાં જેને તે ખાવાના કામમાં આવે છે એવાં ઢોરને ભસીને તે ખાતાં અટકાવે છે. તે ઉપરથી આ પ્રયોગ થયો છે.

૨. ગંજીનો સાપ = છૂપો દુશ્મન; ગુપ્ત શત્રુ; જોવામાં કે જાણવામાં ન આવે એવો અને ઉપરથી મીઠું બોલનાર પણ અંદરખાનેથી વેર રાખનાર દુશ્મન.

૨. સ્ત્રી. નાની બંડી.

૩. સ્ત્રી. સંચય; જથ્થો; સંગ્રહ.

ગંજીખાનું ૧. ન. ખડનો વાડો.

૨. ન. પરચૂરણ સામાન ભરવાનું સ્થળ.

ગંજીગણ ૧. પું. ગંજીઓનો સમૂહ.

૨. વિ. ખડની ગંજી જેવું.

ગંજીફરાક [અં. ગોજફ્રોક] ન. ગળેથી પહેરવાનું ઊન અથવા સૂતરનું બદન; શરીરે ચપટ આવી રહે એવું ગૂંથણીનું કૂડતું.

ગંજીફો (ગંજીફ઼ો) ૧. [ફા. ગંજફા] પું. એક તરેહનાં પાનાંની રમત; પત્તાંની રમતનું એક નામ. આમાં ચાર રંગનાં તેર તેર મળીને બાવન પાનાં હોય છે. દરેક રંગનાં તેર પાનામાં એકથી દશ સુધી તે તે રંગનાં ટપકાંવાળો એક્કો, છક્કો, દસો વગેરે નામથી ઓળખાતાં દશ અંકપત્ર, એક રાજા, એક રાણી અને એક ગુલામ મળીને તેર પાનાં હોય છે. દશાવતારના ગંજીફામાં ૧૨૦ પાનાં હોય છે. બ્રિઝિક વગેરે તેની જુદી જુદી રમતો છે. ગંજીફાના ઘણા પ્રકાર છે. એક જાતનો ગંજીફો આઠ રંગનાં ગોળાકાર ૯૬ પાનાંથી રમાય છે. તેમાં રંગોનાં નામ ચંગ, બરાત, કિમાશ, સમશેર, રૂપૈયો, તાજ, અશરફી અને ગુલામ છે. દરેક રંગનાં બાર પાનાં હોય છે. આ રમત ત્રણ જણાથી રમાય છે. કેટલાક સુખમ, કુમદે, બરાત, ચંગ, સફેદ, તાજ, સમશેર અને ગુલામ એમ આઠ રંગ હોવાનું કહે છે. આઠ રંગનાં પાનાંના બનેલા ગંજીફામાં દરેક રંગમાં એક રાજા અથવા મીર, વઝીર અને એકથી દશ દાણાનાં દશ પત્તાં મળી કુલ બાર ગોળ પાનાં હોય છે. દરેક રંગમાં મીરનું પાનું સૌથી ઊંચું ગણાય છે. બીજે નંબરે વઝીર છે. બધા રંગોના બે વિભાગ પાડવામાં આવ્યા છેઃ બેશબાર અને કંબર. પહેલા વિભાગમાં મીર અને વઝીર પછી દશથી એક સુધીનો સૌથી ચડિયાતો નંબર વધારે ઊંચો ગણાય છે. બીજા વિભાગનાં એકથી દશ સુધીમાં નાનામાં નાની સંખ્યા સૌથી ઊંચી ગણાય છે. દરેક રંગમાં મીર મંડપ નીચે સિંહાસન ઉપર અને વઝીર ઘોડા ઉપર બેઠેલો હોય છે. ગંજીફાનો ઇતિહાસ મનુષ્યજાતિના ઇતિહાસ જેટલો જૂનો છે. ગંજીફાની રમત પહેલવહેલી કયા દેશમાંથી નીકળી તેનો બરાબર પત્તો લાગ્યો નથી. કોઈ મિસર દેશને, કોઈ કાબુલને, કોઈ અરબસ્તાનને અને કોઈ ભારતવર્ષને તેના આદિસ્થાન તરીકે જણાવે છે. ઈરાન અને અરબસ્તાનમાં ગંજીફાની રમત લાંબા કાળ થયાં પ્રચલિત છે. ભારતવર્ષમાં આ રમત રાજાઓના મહેલમાં, ગામડાંના લોકોની ઝૂંપડીઓમાં અને ધર્મસ્થાનમાં પણ રમાતી હતી. અજન્ટાનાં ભીંત ઉપર ચીતરેલ ચિત્રોમાં જુદી જુદી રમતોનાં ઘણાં ચિત્રો બતાવવામાં આવેલ છે. અત્યારે પણ હિંદુસ્તાનના ઘણા ભાગમાં ગંજીફાની જુદી જુદી રમતો રમાય છે. દશાવતાર ગંજીફા પદ્ધતિ વિષ્ણુના દશ અવતાર ઉપરથી યોજાયેલી છે. દરેક પાનામાં ઈશ્વરનો એક અવતાર અને તેનું ચિહ્ન હોય

છે. લાલ, કાળી વગેરે શબ્દોને બદલે આ પદ્ધતિ પ્રમાણે મત્સ્ય, કચ્છ, વરાહ એમ અવતારનાં નામ બોલાય છે. દરેક જાતનાં બાર પાનાં હોય છે. તેમાંનાં દશ સાદાં એકથી દશ આંકવાળાં હોય છે. તે દશ પાનાં માંહેના દરેક ઉપર અવતારનું ચિહ્ન તથા એકથી દશ સુધીના દાણા હોય છે. દરેક જાતનાં બાકીનાં બે પાનાં ચિત્રવાળાં હોય છે. એક ચિત્ર પ્રધાનનું હોય છે, જેમાં એક કે બે ઘોડેસવાર સાથે અવતારનું ચિહ્ન હોય છે અને બીજું પાનું અવતારનું પોતાનું જ હોય છે. પાનાની દશ જાતનાં નામ, નિશાન અને રંગ: ૧. મત્સ્ય. તેની નિશાની માછલી અને રંગ રાતો. ૨. કચ્છ. તેની નિશાની કાચબો અને રંગ રાતો. ૩. વરાહ.. તેની નિશાની ભૂંડ અને રંગ પીળો. ૪. નૃસિંહ. તેની નિશાની સિંહ અને રંગ લીલો. ૫. વામન. તેની નિશાની લોટો અને રંગ લીલો. ૬. પરશુરામ. તેની નિશાની ફરસી અને રંગ ભૂરો. ૭. રામ. તેની નિશાની ધનુષ્યબાણ અથવા હનુમાન અને રંગ પીળો. ૮. કૃષ્ણ. તેની નિશાની ચક્ર અથવા ગાય અને રંગ ભૂરો. ૯. બુદ્ધ. તેની નિશાની શંખ અને રંગ કાળો. ૧૦ કલ્કી. તેની નિશાની તલવાર અથવા સફેદ ઘોડો અને રંગ કાળો. આ પ્રમાણે આખો ગંજીફો ૧૨૦ પાનાંનો બને છે. પહેલી પાંચ જાતમાં એકથી દશ દાણામાં ઊંચામાં ઊંચી કીમત દશાની હોય છે અને બીજાં પાનાં ઊતરતી કીમતનાં છે. બીજી પાંચ જાતમાં સૌથી ઊંચી કીમત એકાની છે અને તે પછીનાં ઊતરતી કીમતમાં આવે છે. ચિત્રમાં રામ સૌથી કીમતી ગણાય છે. જેની પાસે રામનું પત્તું હોય તે રમત શરૂ કરે. રામનું પાનું એટલું બધું શક્તિવાન છે કે બીજાં ગમે તે પાનાં સાથે રમતાં તે દરેક રમનારા પાસેથી બે પાનાં જીતે છે.

૨. પું. રમવાના પાનાનો જથ્થો અથવા ચોક.

ગંજીરોટી સ્ત્રી. જેલમાં સજા તરીકે અપાતી મીઠું નાખેલી રોટલી.

ગંજૂર ૧. પું. ખજાનચી; ભંડારી.

૨. પું. ખજાનો; ભંડાર.

ગંજેટી ૧. પું. ભાંગ ગાંજાનો વ્યસની; ચલમમાં કેફી વસ્તુ પીનાર માણસ; ગંજેરીભંગેરી.

૨. સ્ત્રી. એક જાતનો પહોળાં અને નાનાં પાનવાળો અને ધોળા રંગનાં ફૂલવાળો ત્રણથી દશ ફૂટ વધતો છોડ; ગંગેટી.

૩. સ્ત્રી. નાગબલા નામની વનસ્પતિ.

ગંજેટું ન. ગંજેટીનું ફળ.

ગંજેરી વિ. ભાંગ ગાંજાનો બંધાણી; ચલમમાં કેફી વસ્તુ પીનાર.

ગંજેલી [હિં.] સ્ત્રી. ગાડીવાળાઓ અને ઘાસ કાપનારાઓનો કોથળો.

ગંજો ૧. પું. માથામાં ખોડો થવાથી વાળ જતા રહ્યા હોય તેવો માણસ.

૨. પું. મોટું કચ્છી વહાણ. આ વહાણ ૩૫૦ ખાંડી સુધીનું હોય છે.

૩. પું. વહાણમાં પડેલું ગાબડું.

૪. પું. વૃક્ષ; ઝાડ.

૫. પું. સ્થળ.

૬. સ્ત્રી. (કચ્છી) ગાય.

ગંટમ ન. તાડપત્ર ઉપર લખવાની લોઢાની કલમ.

ગંઠ ૧. સ્ત્રી. ગાંઠ.

૨. સ્ત્રી. પોટલું.

૩. સ્ત્રી. સાંધો.

ગંઠકટો પું. ગાંઠે બાંધેલ પૈસા કાપી લઈ જનાર માણસ; લૂંટારો.

ગંઠજોડા (ગંડજોડ઼ા) પું. જોડવું તે; જોડાણ.

ગંડજોડા બાંધવા = વરકન્યાના છેડા બાંધવા; છેડાછેડી બાંધવી.

ગંઠણ ૧. ન. ગંઠવાનો દોરો; ગૂંથવાનો દોરો.

૨. ન. ગંડાઈ ગયેલ વસ્તુ; ઝાડના રેસા, માંસ અને અવયવ વગેરેનું વધવાપણું રોકાઈ જવાથી બંધાઈ જતી ગાંઠ.

૩. ન. ગંડામણ; ગંઠવાનો ખર્ચ.

૪. [સં. ગુમ્ફ] ન. ગૂંથણી; ગૂંથવાની આવડત.

૫. ન. મગમાળાનો ગૂંથેલો ભાગ.

ગંઠણી જુઓ ગંઠણ.

ગંઠન ન. ગુંથાવું તે; એકબીજા સાથે જોડાવાપણું.

ગંઠબંધન ન. છેડાછેડી બાંધવી તે.

ગંઠવું ૧. [સં. ગ્રંથ્ (બાંધવું)] સ. ક્રિ. ગૂંથવું.

૨. સ. ક્રિ. છેતરી લેવું.

૩. સ. ક્રિ. બાંધવું; ગાંઠવું; જોડવું.

ગંઠા ૧. [હિં.] પું. ગાંઠો.

૨. પું. બ. વ. બંદૂકમાં ભરવાના કારતૂસ.

ગંઠાઈ ૧. [સં. ગ્રંથિ] સ્ત્રી. ગંડવાની કળા.

૨. સ્ત્રી. ગંડામણ; ગંડામણી; ગંડવાનું મહેનતાણું.

ગંઠામણ ૧. [સં. ગ્રંથિ] ન. ગાંઠ ગૂંથવાની આવડત; ગૂંથણકળા.

૨. ન. ગાંઠવા કે ગૂંથવાનું મહેનતાણું.

૩. ન. ગાંઠેલ વસ્તુ.

ગંઠામણી જુઓ ગંડામણ.

ગંઠાળું વિ. ગાંઠોવાળું; ગાંઠાળું.

ગંઠાવવું ૧. સ. ક્રિ. ગાંઠો મારી મારીને ગુંથાવવું; કીડિયાં, મોતી, મણકા વગેરેને દોરાથી ગુંથાવવાં.

૨. સ. ક્રિ. જોડાવવું; બંધાવવું.

ગંઠાવું ૧. અ. ક્રિ. કઠણ અથવા મજબૂત થવું.

૨. અ. ક્રિ. ગંડાઈ જવું; ગંડાવા જેવું થવું.

૩. અ. ક્રિ. જોડાઈ જવું; ગુંથાવું.

૪. અ. ક્રિ. બંધાઈ જવું; સજ્જડ થઈ જવું.

૫. અ. ક્રિ. વૃદ્ધિ થતી અટકવી.

ગંઠાળ વિ. ગાંઠવાળું.

ગંઠિ ૧. [સં. ગ્રંથિ] સ્ત્રી. ગાંઠ.

૨. સ્ત્રી. (જૈન) રાગદ્વેષરૂપી ગાંઠ.

ગંઠિય વિ. ગંઠેલું; ગૂંથેલું.

ગંઠિયું ૧. ન. ગાંઠ વાળવામાં વપરાતું એક શસ્ત્ર.

૨. વિ. ખીસાકાતરુ.

૩. વિ. ગ્રંથિવાળું; ગાંઠવાળું.

૪. વિ. ઠગ; ધુતારું.

૫. વિ. બાંધી દડીનું.

ગંઠિયો ૧. પું. એક જાતનું ઓસડ.

૨. પું. ગાંઠવાળો કટકો.

૩. પું. ચોર.

૪. પું. નાની ઉમરનો પહેલવાન.

૫. પું. મોઈદંડાની રમતમાં મોઈ તરીકે વપરાતો લાકડાનો કટકો.

૬. વિ. પું. કામ કાઢી લેનારો; પાકલ.

૭. વિ. પું. ખીસાકાતરુ; ચોર.

૮. વિ. પું. ગાંઠવાળો.

૯. વિ. પું. ગાંઠો કાપનાર.

૧૦. વિ. પું. ઠગારો; ધુતારો.

૧૧. વિ. પું. ઠીંગણો.

૧૨. વિ. પું. લુચ્ચો.

ગંઠિયોપત્ત પું. (વૈદ્યક) વાતરક્તનો એક પ્રકાર.

ગંઠિયો વા પું. ગંડીવા; જેમાં ગાંઠા ગાંઠા થાય એવો એક જાતનો વાનો રોગ.

ગંઠી ૧. સ્ત્રી. કંડનું ઘરેણું. ગંઠી શબ્દ કંઠીનું રૂપાંતર છે.

૨. સ્ત્રી. ડુંગરી; ટેકરી.

૩. સ્ત્રી. દોરાની કોકડી.

૪. સ્ત્રી. નાની ગાંઠ; આંટી.

ગંઠીચોર વિ. લોભી; કંજૂસ.

ગંઠીછોડ (ગંડીછોડ઼) ૧. પું. ખીલે બાંધેલું દોરડું મુખ વડે છોડી નાખે એવો ઘોડો.

૨. વિ. ખીસાચોર; ગાંઠે બાંધેલું છોડી લેનાર; ખીસાકાતરુ.

૩. વિ. પાકલ; અનુભવી.

૪. વિ. લોભી; કંજૂસ.

ગંઠીછોડો (ગંઠીછોડો) વિ. પું. ગાંઠે બાંધેલું છોડી લેનારો; ખીસાકાતરુ.

ગંઠીવા પું. ગાંઠિયો વા.

ગંઠેર પું. એક જાતનો છોડ. એનાં પાન લંબગોળ, ખરસટ, ખૂંણાં ટેરવાવાળાં સામસામાં હોય છે. પાનના ખૂણામાં ડાંડી કે શાખા ઉપર પુષ્પ પત્રો અને તેમાં ફૂલો પાસે પાસે આવવાથી દડી કે ફૂમા જેવું દેખાય છે. ફૂલ આસમાની રંગનાં અને ફળ કાકડી જેવાં થાય છે.

ગંઠો ૧. [સં. ગ્રંથિ] પું. કોટે પહેરવાનું ગાંઠેલું એક આભૂષણ; કંઠો.
૨. પું. ગાંઠિયો; હળદર અથવા આદુનો કટકો.
૩. [મ.] પું. ગૂંઠો; જમીન ભરવાનું એક માપ; આઠ ફૂટ લંબાઈનું માપ.
૪. પું. ગોળ વાળીને કરેલો વીંટો.
૫. પું. ચાપડો.
૬. પું. દાબીને બાંધેલી ગાંસડી.
૭. પું. રથની ઊંધ.
૮. સ્ત્રી. અધરૂં કામ.
૯. સ્ત્રી. કપટ; દગો.
૧૦. સ્ત્રી. ખાનગી વાત.
૧૧. સ્ત્રી. ખીસું; થેલી.
૧૨. સ્ત્રી. ગઠ્ઠો; પિંડ.
૧૩. સ્ત્રી. ગેરસમજ.
૧૪. સ્ત્રી. ઠરાવ.
૧૫. સ્ત્રી. ધોતિયાની ગાંઠ.
૧૬. સ્ત્રી. નાભિ; દૂંટી.
૧૭. સ્ત્રી. પોટકું.
૧૮. સ્ત્રી. ફાંસો.
૧૯. સ્ત્રી. બંધ.
૨૦. સ્ત્રી. મુશ્કેલી.
૨૧. સ્ત્રી. લાંબી થયેલી કોથળી.
૨૨. સ્ત્રી. સાંધો.
૨૩. સ્ત્રી. હોજરી અંદરની અડચણ.

ગંઠોડાં (ગંઠોડાં) ન. બ. વ. પુરુષને કાને પહેરવાનું વાળી જેવું ઘરેણું. તેમાં સોનાનો ગોળ મોટો મણકો હોય છે.

ગંઠોડો (ગંઠોડો) ૧. પું. અંકોડો; આંકડો.
૨. પું. એક જાતની મીઠાઈ.
૩. પું. તોડો; સાંકળું; અંકોડા ગૂંથીને બનાવેલું સ્ત્રીના પગે પહેરવાનું ઘરેણું.
૪. પું. પેર; ગાંઠો.
૫. પું. હાથે પહેરવાનું સોનાનું સાંકળું.

ગંઠ્ય સ્ત્રી. ગાંઠ.

ગંડ ૧. પું. આગળ ચાલતા સિપાઈ.
૨. [સં.] પું. ઉકાળો.
૩. પું. (જૈન) એક ઋષિનું નામ.
૪. પું. (પિંગળ) એક માત્રામેળ છંદ. આ છંદ કાવ્ય છંદનો એક ભેદ છે. તેમાં ૯૦ લઘુ અને ૩ ગુરુ મળી ૯૬ માત્રા હોય છે.
૫. પું. ગાલ અને લમણા સહિત ચહેરાની એક બાજુ.
૬. પું. ગાંઠ; ગ્રંથિ.
૭. [સં. ગુદા] પું. ગુદા.
૮. પું. ગેંડો.
૯. પું. ઘોડા ઉપરના જીન ઉપર રખાતું બોરિયા જેવું ઘરેણું.
૧૦. પું. જગ્યા.
૧૧. પું. ટોળું.
૧૨. પું. લમણો.
૧૩. પું. વીથીનું એક અંગ.
૧૪. પું. વીંટી; ચક્કર.
૧૫. પું. હજામ.
૧૬. પું. હલકો દેવ.
૧૭. પું. સંખ્યા.
૧૮. સ્ત્રી. ડાઘ.
૧૯. સ્ત્રી. તળિયું.
૨૦. સ્ત્રી. શેરડી.
૨૧. ન. ખાંધ આગળનો ભારે માંસલ અવયવ; ખૂંધ.
૨૨. ન. ડોક કે ગળાની ઊતરતી સપાટી.
૨૩. ન. દટ્ટો; બારણાનો ઉલાળો.
૨૪. ન. (જૈન) દડો.
૨૫. ન. નાટકનું એક અંગ. તેમાં સહસા પ્રશ્નોત્તર થાય છે.
૨૬. ન. ફોલ્લો; ગૂમડું; રસોળી.
૨૭. ન. મજ્જાતંતુનું વૃદ્ધ સ્વરૂપ.
૨૮. ન. (જ્યોતિષ) સત્તાવીશ માંહેનો દશમો યોગ. આ યોગ દુઃખદાયક મનાય છે.
૨૯. ન. (જૈન) સ્તવ.
૩૦. ન. હાથીનું કુંભસ્થળ.
૩૧. વિ. ગાંડું.
૩૨. વિ. ગૂંચવણ ભરેલું.

ગંડક ૧. [સં.] પું. અંતરાય; પ્રતિરોધ.
૨. પું. એક જાતનું મત્સ્ય.
૩. પું. ગાંઠ.
૪. પું. ગુદા.
૫. પું. ગેંડો.
૬. પું. ચારની સંખ્યાથી ગણવાની એક રીત.
૭. પું. ઘોડાનું એક જાતનું ઘરેણું.
૮. પું. જુદાઈ.
૯. પું. જ્યાં ગંડકી નદી વહે છે તે પ્રદેશ.
૧૦. પું. ઢંઢેરો પીટનાર માણસ.
૧૧. પું. નિશાન.
૧૨. પું. પિંડક.
૧૩. પું. ફોલ્લા થવાનો રોગ.
૧૪. પું. ભરતખંડનો એક દેશ. પાંડવોના સમયમાં આ દેશ પૂર્વ પાંચાલની પૂર્વે આવેલો હતો.
૧૫. સ્ત્રી. ગંગાને મળનારી એ નામની નદી.
૧૬. વિ. ગાંડું; ઘેલું; દીવાનું; ચળી ગયેલું.
૧૭. વિ. જ્યોતિર્વિદ્યાના એક ભાગ સંબંધી.
૧૮. વિ. મસ્ત; અંધ.
૧૯. વિ. મૂર્ખ; અજ્ઞાન.

ગંડકા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; ગંડકી; ગંજિકા; ધ્રદ્રશ; માદ્રશ; દંડિકા; વૃત્ત; રત્યકા. આ છંદ કૃતિ છંદનો એક ભેદ છે. તેમાં રગણ, જગણ, રગણ, જગણ, રગણ, જગણ, ગુરુ અને લઘુ મળી વીશ વર્ણ હોય છે.

ગંડકારી ૧. [સં.] સ્ત્રી. ખેરનું ઝાડ.
૨. સ્ત્રી. રિસામણી નામની વનસ્પતિ.

ગંડકી ૧. પું. (પિંગળ) દરેક ચરણમાં રગણ, જગણ, રગણ, જગણ, રગણ, જગણ, ગુરુ અને લઘુ એમ વીશ અક્ષર હોય એવો એક અક્ષરમેળ છંદ; ગંડકા.
૨. [સં.] ન. એ નામની નદીની અધિષ્ઠાત્રી દેવી.
૩. સ્ત્રી. ગેંડી.
૪. સ્ત્રી. દુર્ગા; પાર્વતી.
૫. સ્ત્રી. પટણા પાસે ગંગાને મળતી એ નામની નદી. હિમાલયમાં વિષ્ણુ ભગવાન તપ કરતા હતા. તે વખતે તેમના ગાલ ઉપરના પરસેવાની આ નદી બનેલી હોવાથી એનું નામ ગંડકી પડ્યું. આ નદીનું મૂળ જ્યાં ભરત અને પુલહનો આશ્રમ હતો, તે શાલિગ્રામથી ઝાઝું દૂર નથી. શાલિગ્રામની દક્ષિણે નારાયણ મુક્તિનાથનું દેવળ આવેલું છે. આમ હોવાને લીધે આ નદીને શાલિગ્રામી અથવા નારાયણી પણ કહે છે. બિહારમાં હાનપુર પાસે આ નદી ગંગાને મળે છે. એ જગ્યાએ મેળો ભરાય છે. તેના સાત છૂટા છૂટા પ્રવાહોને સપ્તગંડકી કહે છે. એમાંના મોટા પ્રવાહનું નામ ત્રિશૂલ ગંગા છે. બધા પ્રવાહ ત્રિવેણીમાં એકઠા થાય છે. તેના કાંઠા ઉપર હરિહરક્ષેત્ર આવેલું છે. આ નદીમાંથી શાલિગ્રામ મળે છે.
૬. સ્ત્રી. (સંગીત) સત્તર માત્રાનો એક તાલ. તેમાં તેર આઘાત અને ચાર ખાલી હોય છે.
૭. ન. ભારતવર્ષનું એ નામનું એક પીઠસ્થાન. ત્યાં સતીનો જમણો ગાલ પડ્યો હતો.

ગંડકીપુત્ર [સં.] પું. શાલિગ્રામ.

ગંડકીશિલા [સં.] સ્ત્રી. ગંડકીમાં ઉત્પન્ન થયેલ શાલિગ્રામનો પથ્થર.

ગંડકુસુમ [સં.] ન. હાથીનો મદ.

ગંડકૂટ પું. ગંડાસ્થિની બહારની બહિર્ગોળ બાજુ.

ગંડકૂપ [સં.] પું. પર્વતના ઉચ્ચ પ્રદેશમાં રહેલો કૂવો.

ગંડકો પું. ગેંડો.

ગંડગાત્ર ૧. ન. કોઢિયું શરીર.

૨. [સં.] ન. ઘણાં ફળવાળું ઝાડ.

૩. ન. સીતાફળ.

ગંડછિદ્ર [સં.] ન. ગંડાસ્થિની બહારની બાજુ ઉપર આવેલું એ નામનું એક ઝીણું કાણું. તેમાં થઈને નાડી, શિરાઓ તથા ધમનીઓ પસાર થાય છે.

ગંડદૂર્વા [સં.] સ્ત્રી. ગાંઠવાળી ધ્રો; એક જાતનું અણીદાર ઘાસ; અતિતીવ્રા.

ગંડધરકૂટ પું. હનુપિંડની આસપાસનાં ચાર માંહેનું એ નામનું એક પ્રવર્દ્ધન.

ગંડધરી સ્ત્રી. મગજની અને પૃષ્ઠવંશની રક્તવાહિનીઓ તથા મજ્જાદ્રવ્યને અવલંબન આપનાર પાતળું સંયોજક પેશીતંત્ર.

ગંડફલક ૧. [સં.] ન. વિશાળ ગાલ; પહોળું લમણું.

૨. વિ. વિશાળ ગાલવાળું.

ગંડબાબોલ સ્ત્રી. એક જાતની વનસ્પતિ; ઇરિમેદ. તેનાં ચળકતાં લાલ ફૂલમાંથી અત્તર બનાવવામાં આવે છે. આ વનસ્પતિ કોઢ, ખસ, ખૂજલી અને ઝેરના વારણ માટે અપાય છે.

ગંડમક સ્ત્રી. કાબુલ નદીની ખીણનું એક પ્રાચીન નામ.

ગંડમાર પું. ધાર્મિક ક્રિયામાં વપરાતો એક જાતનો છોડ.

ગંડમાલા [સં.] સ્ત્રી. કંઠમાળ; ગંડમાળ નામનો રોગ. તેમાં બગલમાં, ખભામાં, ડોકમાં, ગળામાં અથવા સાથળના મૂળમાં મેદને અને કફને લીધે નાના બોર જેવડા કે આમળા જેવડા ઘણા ગાંઠા થાય છે.

ગંડમાલિકા [સં.] સ્ત્રી. રિસામણીનો છોડ.

ગંડમાળ સ્ત્રી. ગળાની નજીક થતો એક જાતનો ગાંઠિયો રોગ; કંઠમાળ. તેમાં લોહી દૂષિત થયેલ હોઈ શરીરને પૂરું પોષણ મળતું નથી. તે કોઈ વાર વારસામાં પણ ઊતરે છે. શરીરમાં બીજે સ્થળે પણ આ રોગનાં જંતુ પેદા થઈ તે તે સ્થાનમાં વરમ થઈ આવે છે. પછી તે પાકીને પરૂ થાય છે. આ રોગનાં સ્થાનિક અને શારીરિક એમ બે પ્રકારનાં ચિહ્ન થાય છે. પહેલા પ્રકારના ચિહ્નમાં ત્વચા, ઉદર, મગજ, ફેફસાં, રસપિંડ, સાંધા, અસ્થિ, આંખ વગેરે આ રોગના જંતુની અસરવાળાં થાય છે. બીજા પ્રકારના ચિહ્નમાં શરીર નાજુક અને નબળું, પાચનશક્તિ ઘણી જ મંદ, નાડી તીવ્ર અને હાડ થોડું ગરમ હોય છે. પગ, હાથ, છાતી, પીઠ, ડોક વગેરે ભાગની ત્વચા ઉપર મોટાં અને ગંધાતાં ચાંદાં પડે છે. તે ઘણા કાળ સુધી નહિ રુઝાતાં ફેલાતાં જાય છે. તેની કોર વાંકીચૂંકી ગાંઠોવાળી અને અનિયમિત હોય છે. ઉદરમાં આ વ્યાધિ થાય ત્યારે બાળકનું પેટ મોટું ગાગર જેવું થાય અને પેટમાં ગોળા જેવું લાગે છે. વખતે ઝાડો થાય છે, પણ ઘણે ભાગે કબજિયત રહે છે અને પેટમાં જળોદર થઈ આવે છે. નાનાં, નરમ અને પોચાં હાડકાંમાં આ રોગ વિશેષ થાય છે. આંખને આ જંતુ લાગુ પડે ત્યારે તેના શ્વેત અને કૃષ્ણ ભાગમાં ફૂલાં પડે છે. કોઈ વાર આ વ્યાધિ તીક્ષ્ણ રૂપમાં લાગુ પડે છે ત્યારે મહાજ્વર આવી શરીર જલદીથી કૃશ થાય છે અને ખાંસી, ઝાડો અરુચિ, માથાનો દુખાવો વગેરે થઈ થોડા વખતમાં દેહ પડી જાય છે.

ગંડમાળકંઠનરસ પું. કંઠમાળ ઉપર અપાતું એક દેશી ઔષધ. તેની માત્રા ત્રણ રતી છે. તે મધ કે દૂધ સાથે લેવાય છે.

ગંડમાળાહરક્વાથ પું. કંઠમાળ ઉપર અપાતો એક જાતનો ઉકાળો.

ગંડમૂર્ખ [હિં.] વિ. ઘોર મૂર્ખ; ભારે બેવકૂફ.

ગંડયંત [સં.] પું. મેઘ; વરસાદ.

ગંડરારા સ્ત્રી. પીલવા માટે એકઠી કરેલી કાપેલી શેરડી.

ગંડરી [હિં.] સ્ત્રી. શેરડીનું માદળિયું.

ગંડલ વિ. ગાંઠવાળું.

ગંડલી પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

ગંડવી વિ. સ્ત્રી. ગાંડી; અક્કલ વગરની.

ગંડવો ૧. પું. ખરચુ જતાં સાથે લઈ જવાનો કળશિયો; શૌચિયો.

૨. પું. ગાંડો માણસ.

૩. પું. બૈરાંઓમાં બેસનાર પુરુષ.

૪. પું. ભડવો.

૫. પું. સ્ત્રીનો તાબેદાર માણસ.

૬. વિ. ગાંડા જેવું; અક્કલ વગરનું; મૂર્ખ.

૭. વિ. સૃષ્ટિક્રમ વિરુદ્ધ ક્રિયા કરાવનાર.

ગંડશિલા [સં.] સ્ત્રી. મોટો પથ્થર.

ગંડશૈલ ૧. [સં.] પું. કપાળ.

૨. પું. ગાલ.

૩. પું. પર્વત ઉપરથી ગબડી પડેલો મોટો પથ્થર.

ગંડસ્થલ ૧. [સં.] ન. ગાલ; લમણું.

૨. ન. દેરૂં.

૩. ન. હાથીના કાનની ઉપરનો ને આસપાસનો ભાગ; કુંભસ્થળ.

ગંડસ્થલી [સં.] સ્ત્રી. ગાલ.

ગંડસ્થળ જુઓ ગંડસ્થલ.

ગંડા ૧. પું. આધાર; ભરોસો.

૨. પું. કબૂતરના ગળાની આસપાસની વીંટી.

૩. પું. કોડીઓની માળા.

૪. પું. ત્રણ રંગના દોરાની વણેલી દોરી. તે સ્ત્રીઓ અને બાળકો ખરાબ નજરથી બચવા માટે ડોકે પહેરે છે.

૫. પું. દમડીનો ચોથો ભાગ; ચાર પૈસા.

૬. પું. હૃદયના આકારની સોનારૂપાની પતરી. તે ઘોડા અને ઢોરની ડોકની આસપાસ ઘરેણા તરીકે પહેરાવાય છે.

૭. સ્ત્રી. (પુરાણ) એ નામની એક ચાંડાળણી; પશુસખાની સ્ત્રી.

ગંડાકાર વિ. ગૂમડાના આકારનું.

ગંડારિ ૧. પું. કાંચનાર; કચનાર નામે વનસ્પતિ.

૨. [સં.] પું. કોવિદાર વૃક્ષ.

ગંડાલી ૧. સ્ત્રી. એ નામની એક ઔષધિ; સર્વાક્ષી.

૨. [હિં.] સ્ત્રી. ગાંઠાવાળી ધ્રો.

૩. [સં.] સ્ત્રી. ધોળી ધ્રોખડ.

૪. સ્ત્રી. મજીઠ.

ગંડાસી ૧. [હિં.] સ્ત્રી. દાતરડું.

૨. સ્ત્રી. નાની કુહાડી.

ગંડાસ્થિ [સં.] ન. ગાલનું હાડકું; કપોલાસ્થિ. દરેક ગાલમાં એક એક ગંડાસ્થિ આવેલું છે. એમને લીધે એ ભાગ ઊંચો લાગે છે.

ગંડાં [સં. ગુડદણ્ડ] પું. શેરડી.

ગંડાંગ [સં.] પું ગેંડો.

ગંડાંત [સં.] ન. (જ્યોતિષ) તિથિ, નક્ષત્ર વગેરેનો એક સમય. પૂર્ણિમા, પંચમી અને દશમીની છેલ્લી એકેક ઘડી અને પડવો, છઠ ને એકાદશીની પ્રથમની આગળની એક એક ઘડી ગંડાંત કહેવાય છે. તે યાત્રા અને વિવાહમાં વર્જ્ય ગણાય છે. વળી રેવતી અને અશ્વિનીની

સંધિની બે ઘડી તેમ જ અશ્લેષા, મઘા, જ્યેષ્ઠા, મૂળ એમની સંધિની ચાર ઘડી વર્જ્ય છે. એ ત્રણ પ્રકારના ગંડાંત યાત્રા અને જન્મકાળમાં વર્જિત છે. ગંડાંતમાં જન્મેલા બાળકનું છ માસ સુધી પિતાએ દર્શન ન કરવું અને રેવતીના ગંડાંતમાં જન્મેલો બાળક પિતાને દુઃખપ્રદ થાય એમ મનાય છે.

ગંડાંતરસ્થાન [સં.] ન. જન્મકુંડલી માંહેનું આઠમું ભુવન; મૃત્યુસ્થાન.

ગંડિ ૧. પું. (જૈન) એક જાતનો જંતુ.

૨. [સં.] પું. ઝાડનું થડ; વૃક્ષના મૂળથી શાખા સુધીનો ભાગ.

૩. પું. ટાઈફોઈડ તાવમાં થતો સોજો.

૪. વિ. કંઠમાળના રોગવાળું.

ગંડિકા ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત અક્ષરમેળ છંદ; ગંડકા. ત કૃતિ છંદનો એક ભેદ છે. તેમાં રગણ, જગણ, રગણ, જગણ, રગણ, જગણ, ગુરુ અને લઘુ મળી વીશ અક્ષર હોય છે.

૨. સ્ત્રી. એરણ.

૩. [સં.] સ્ત્રી. ક્ષુદ્ર ગંડપાષાણ.

૪. સ્ત્રી. ગંડેરી; શેરડીના છોલેલ કટકા.

૫. સ્ત્રી. ગેંડાના ચામડાની બનેલી હોડી.

ગંડિની [હિં.] સ્ત્રી. દુર્ગા.

ગંડિયલ ૧. [હિં.] વિ. ડરપોક; કાયર.

૨. વિ. સૃષ્ટિક્રમ વિરુદ્ધ કામ કરાવનાર.

ગંડિયા ૧. [હિં.] પું. ગુદામૈથુન કરાવનાર; લોંડો.

૨. પું. નપુંસક; હીજડો.

૩. પું. બીકણ માણસ.

૪. સ્ત્રી. એરણ.

૫. સ્ત્રી. ગંડેરી; શેરડીના છોલેલ કટકા.

ગંડિયું ૧. ન. માથાનો મૂંડો.

૨. વિ. ગાંડું; ઘેલું; દીવાનું.

ગંડી ૧. સ્ત્રી. એક જાતનું વાદ્ય.

૨. સ્ત્રી. કમળની કર્ણિકા.

૩. [સં.] સ્ત્રી. ગેંડી; ગેંડાની માદા.

૪. સ્ત્રી. ડુંગળીનો દડો.

૫. સ્ત્રી. નપુંસક; હીજડો.

૬. સ્ત્રી. પુસ્તકના પાંચ માંહેનો એક પ્રકાર; પહોળાઈ અને જાડાઈમાં સરખું હોય એવું પુસ્તક.

૭. સ્ત્રી. બીકણ માણસ.

૮. સ્ત્રી. રામચંદ્રજીએ રાવણથી સીતાનું રક્ષણ કરવા દોરેલું વર્તુલ.

૯. સ્ત્રી. લોંડો; ગુદામૈથુન કરાવનાર.

૧૦. સ્ત્રી. સોનીની એરણ ગોઠવવાનું લાકડું.

૧૧. વિ. ગાંડું.

ગંડીપદ ૧. પું. એરણ.

૨. પું. સોનીની એરણ કે કમળની કર્ણિકા જેવા પગવાળું જનાવર. જેમકે, હાથી, ગેંડો.

૩. વિ. કમળની કર્ણિકા જેવા પગવાળું.

ગંડીપદા જુઓ ગંડીપદ.

ગંડીપય [પ્રા.] પું. ગંડીપદ.

ગંડીપુસ્તક ન. જાડાઈ અને પહોળાઈમાં સરખું હોય એવું પુસ્તક.

ગંડીર ૧. [સં.] પું. એક જાતનું ઝાડ.

૨. પું. જંગલી સૂરણ.

ગંડીરી [હિં.] સ્ત્રી. મજીઠ.

ગંડુ ૧. [સં.] પું. ઓશીકું.

૨. પું. ગાંઠ.

૩. વિ. ગાંડું; મૂર્ખ.

૪. વિ. બાયલું.

ગંડુડી (ગંડુડ઼ી) ૧. [હિં.] સ્ત્રી. ઈંઢોણી.

૨. વિ. સ્ત્રી. ગાંડા જેવી.

૩. વિ. સ્ત્રી. દાધાબળી; દાધારંગી.

૪. વિ. સ્ત્રી. વેતા વગરની.

ગંડુડું (ગંડુડ઼ું) વિ. ગાંડું; અક્કલ વગરનું.

ગંડુપાદ ન. દ્વદુકૃમિના વર્ગનું પ્રાણી; દ્વિલિંગી અને ઈંડાં મૂકનાર એક જાતનું પ્રાણી. તેનું શરીર નળાકાર અને એક છેડે અણીવાળું હોય છે. તેમાં અસંખ્ય વિભાગ પડેલા હોય અને તે વિભાગોને ઉપાંગો હોતા નથી. તેમને નાના બરછટ વાળ હોય છે. તે માટીમાં રહે છે, માટી ગળીને જીવે છે, તેમાંના પોષક પદાર્થ પચાવી નાખે છે અને બાકીના ભાગને પોતાના દરના મુખ આગળ જમીન ઉપર નાખે છે.

ગંડુર વિ. ગાંડું.

ગંડુરાજ ન. એક જાતનો બગીચાનો છોડ. સામાન્ય રીતે તે ભેજવાળા પ્રદેશમાં ઊગે છે. તેનાં ધોળાં ફૂલ સુવાસ આપે છે.

ગંડુલ ૧. [સં.] સ્ત્રી. ગાંઠ.

૨. વિ. ગાંઠવાળું.

ગંડુસ વિ. ગાંડું; આવડત વગરનું.

ગંડું વિ. ગાંડું; ઘેલું.

ગંડૂ ૧. [સં.] પું. ઓશીકું.

૨. પું. ગાંઠ.

ગંડૂપદ [સં.] પું. એક જાતનો જંતુ.

ગંડૂપદભવ [સં.] ન. સીસું.

ગંડૂપદી [સં.] સ્ત્રી. એક જાતનો ક્ષુદ્ર જીવ.

ગંડૂપાદ ૧. [સં.] પું. અળસિયું; ભૂજંતુ.

૨. પું. એક જાતનું દરિયાઈ પ્રાણી.

૩. વિ. કંજૂસ; મખ્ખીચૂસ.

ગંડૂશ સ્ત્રી. કોગળા કરવાની દવા.

ગંડૂષ ૧. [સં.] પું. એક ચાંગળું માપ.

૨. પું. કોગળો.

૩. પું. કોગળો કરવો તે.

૪. પું. પરિમાણ.

૫. પું. હાથીની સૂંઢનો અગ્રભાગ.

૬. સ્ત્રી. કોગળા કરવાની દવા.

ગંડેદાર ૧. વિ. અનિયમિત.

૨. વિ. ડાઘાવાળું.

ગંડેરિયા ન. એક જાતનું ભરત ભરેલું કાપડ.

ગંડેરી ૧. [સં. કાંડ (કાતળી)] સ્ત્રી. છોલેલી શેરડીના કટકા; માદળિયાં.

૨. સ્ત્રી. લાકડાના થડના ટૂંકા ગોળ કટકા.

૩. વિ. સ્ત્રી. ગાંડી.

ગંડેરો પું. ધોકો; બડૂકો.

ગંડો ૧. પું. અંબોડો.

૨. પું. નેપાલી તાંબાનો પૈસો. હિંદના પાંચ પૈસા જેટલી તેની કીમત છે.

૩. પું. સાગરીતની નિશાની તરીકે બંધાતો દોરો.

ગંડો બાંધવો = પોતાના મતનો બનાવવો.

ગંડોત્તરખાત [સં.] પું. કરોટિ પક્ષના આગલા ભાગમાં આવેલ એક ખાડો. આ ખાડો ગંડચક્રની નીચે રહેલો છે અને તેમાં હનુકુંત, આંતરહાનવ્યા ધમની તથા શિરા વગેરે આવેલ છે.

ગંડોત્તરતલ [સં.] ન. હનુપિંડની એક બાજુ. આ બાજુ ગંડમૂલખાતની આગલી દીવાલ બનાવે છે. તે શંખચ્છદા પેશી વડે ઢંકાયેલી છે.

ગંડોપધાન [સં.] ન. ઓશીકું.

ગંડોપધાનિકા સ્ત્રી. ગાલમશૂરિયું.

ગંડોલ ૧. [સં.] પું. ગોળ.

૨. પું. પેટમાં થતાં કૃમિ.

ગંડોલપાદ [સં.] વિ. ગોળાકાર પગવાળું.

ગંડોળા પું. બે ઇંદ્રિયવાળા એક જાતના જીવ.

ગંઢ સ્ત્રી. (જૂ. ગુ.) ગાંઠ; ગ્રંથિ.

ગંઢા ૧. પું. બ. વ. (કચ્છી) ગાંગડા; ગાંઠા.

૨. સ્ત્રી. એ નામની મુસલમાનની અટક.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

ગંઢારો પું. (કચ્છી) ચોમાસામાં ઊગતો એક છોડ. તેનાં ફૂલ આસમાની રંગનાં અને ફળ કાકડી કે ચીભડાનાં બીજ જેવાં હોય છે. એનાં મૂળનો ઉકાળો સંધિવામાં મંત્ર સાથે અપાય છે.

ગંઢારોકૂબો પું. (કચ્છી) વેંતથી હાથ જેટલો ઊંચો થતો એક જાતનો છોડ.

ગંઢારોગુજ્જુ જુઓ ગંઢારોકૂબો.

ગંઢી સ્ત્રી. (કચ્છી) ગાંઠ.

ગંઢો ૧. પું. (કચ્છી) કાંઈ વાગવાથી સોજો ચડી આવીને બંધાતી ગાંઠ.

૨. પું. (કચ્છી) ગાંગડો; ગાંઠો.

ગંતવ્ય ૧. [સં.] વિ. જવા જેવું; ગમન કરવા યોગ્ય.

૨. વિ. જાણવા યોગ્ય.

૩. વિ. પ્રાપ્ત કરવા જેવું.

ગંતાર [સં. ગન્તૃ] વિ. જનાર; ચાલનાર.

ગંતુ ૧. [સં.] પું. મુસાફર.

૨. પું. રસ્તો.

ગંત્રી ૧. [સં.] સ્ત્રી. ગમન કરનારી સ્ત્રી.

૨. સ્ત્રી. બેલગાડી; બળદ જોડવાની ગાડી.

ગંત્રીરથ [સં.] પું. બેલગાડી.

ગંથિચ્છેદક પું. ગજવાકાતરૂ.

ગંથો ૧. સ્ત્રી. ગાંઠ.

૨. સ્ત્રી. પૈસો.

ગંદ ૧. સ્ત્રી. ગંધ.

૨. વિ. દુર્ગંધ મારતું; ખરાબ વાસવાળું.

ગંદક ૧. [હિં.] સ્ત્રી. ગંધક.

૨. સ્ત્રી. દારૂ.

ગંદકી ૧. [ફા. ગંદહ (અપવિત્ર)] સ્ત્રી. અસ્વચ્છતા.

૨. સ્ત્રી. કચરોપૂંજો અને વાસ મારે એવી ખરાબ વસ્તુ પડેલી હોય એવી હાલત.

૩. સ્ત્રી. કાદવકીચડવાળી જગ્યા; ખરાબ વાસ આવે એવી જગ્યા.

૪. સ્ત્રી. ગંદવાડ; વાસ મારતો કચરોપૂંજો અથવા મળમૂત્ર.

૫. સ્ત્રી. નઠારી ગંધ; બદબો.

ગંદકીદંડ પું. ગંદકી કર્યા બદલનો દંડ.

ગંદગી જુઓ ગંદકી.

ગંદદહન પું. દુર્ગંધ મારતો શ્વાસ.

ગંદન ૧. [સં. ગાન્ધિક] પું. (હિંદી) અત્તરિયો.

૨. [હિં.] સ્ત્રી. અત્તર વેચનારી સ્ત્રી.

ગંદના ૧. પું. ડુંગળીમાં નાખેલા અને વાવેલા જવ.

૨. [હિં.] સ્ત્રી. એક જાતનો છોડ.

૩. [યૂ.] ન. ડુંગળીના આકાર જેવું એક ઘાસ.

ગંદફિરોઝ ૧. પું. એક જાતનું ઔષધ.

૨. પું. એક જાતનું નખતેલ.

ગંદબહાર [ફા.] સ્ત્રી. ઠંડી ઋતુમાં પડતો વરસાદ.

ગંદબા સ્ત્રી. ગણદેવીનું પ્રાચીન નામ.

ગંદબિરોઝ જુઓ ગંદફિરોઝ.

ગંદબિરોઝા ૧. પું. એ નામનો એક જાતનો ગુંદ.

૨. પું. એક જાતની રાળ.

૩. પું. ધૂપ તરીકે વપરાતો એક પદાર્થ.

ગંદબેલ [હિં.] ન. ઉગ્ર ગંધવાળું ઘાસ.

ગંદલ ૧. [હિં.] ન. ખોટી વાત.

૨. ન. છાપરૂં છાજવામાં વપરાતું એક જાતનું ઘાસ. તે પાણી ભરેલી જગ્યામાં ઊગે છે.

ગંદલા વિ. મેલું.

ગંદલાપન ન. મેલાપણું.

ગંદલી સ્ત્રી. લસણ.

ગંદવાડ (ગંદવાડ઼) ૧. [ફા. ગંદહ (અપવિત્ર)] પું.; સ્ત્રી. અસ્વચ્છતા.

૨. પું.; સ્ત્રી. એઠું ધાન્ય વેરાયેલું પડ્યું હોય તે જગ્યા; ગંદી જગ્યા.

૩. પું.; સ્ત્રી. વાસ મારતો કચરોપૂંજો અથવા મળમૂત્ર.

ગંદવાડો (ગંદવાડ઼ો) જુઓ ગંદવાડ.

ગંદળ ન. ગપાટો.

ગંદા ૧. [હિં.] પું. ગામડાની નજીક આવેલી જમીન.

૨. પું. મંતરેલું માદળિયું.

૩. [ફા.] વિ. અસભ્ય; બીભત્સ.

૪. વિ. ખરાબ સ્વભાવવાળું.

૫. વિ. ગંધાતું.

૬. વિ. મેલું; ગોબરૂં.

૧. ગંદા કામ = (૧) ગોબરૂં કામ. (૨) સંભોગ.

૨. ગંદા દહન = ખરાબ શ્વાસવાળું.

૩. ગંદા દહની = ગંધાતો શ્વાસ.

૪. ગંદા પાણી = (૧) અસ્વચ્છ પાણી. (૨) દારૂ. (૩) પેશાબ. (૪) વીર્ય.

ગંદાઈ સ્ત્રી. ગંદકી; અસ્વચ્છતા.

ગંદિકા ૧. [સં.] પું. વૈદિક સમયનો એક પ્રાચીન દેશ.

૨. સ્ત્રી. એ નામની એક નગરી.

ગંદી ૧. [સં. ગાન્ધિક] પું. અત્તરિયો.

૨. સ્ત્રી. એક જાતનું ઝાડ. એનાં પાન આવળનાં પાન જેવાં પણ મોટાં થાય છે. એને નારંગી રંગનાં નાનાં ચણોઠી જેવડાં ચીકણાં અને મીઠાં ફળ થાય છે. તે માણસો ખાય છે. તેનું લાકડું ચીકણું હોય છે.

૩. [ફા.] વિ. અસભ્ય; ભૂંડું.

૧. ગંદી ગંદી વાતો કરવી = ભૂંડું બોલવું.

૨. ગંદી વાત = બીભત્સ ભાષા; અપશબ્દ.

૪. વિ. ખરાબ સ્વભાવવાળું.

૫. વિ. ગંદકીવાળું.

૬. વિ. ગંદું; ગોબરૂં.

ગંદીગલીચી સ્ત્રી. ગંદકી.

ગંદીલું વિ. ગંદું; ગોબરૂં; અસ્વચ્છ.

ગંદુક પું. દડો.

ગંદુમ [યૂ.] પું. ઘઉં.

ગંદુમગૂન [ફા.] વિ. ઘઉંના રંગનું.

ગંદુમરંગ [ફા.] વિ. ઘઉંવર્ણું; ભીનેવાન.

ગંદુમવસ્તા [યૂ.] પું. જંગલી ઘઉં.

ગંદુમી વિ. બદામી; પીળચટું; પિંગલ.

ગંદું ૧. [ફા. ગંદહ (અપવિત્ર)] વિ. અસ્વચ્છ; મેલું; ગોબરૂં.

ગંદું કરવું = (૧) અસ્વચ્છ બનાવવું; અપવિત્ર કરવું. (૨) કલંકિત બનાવવું.

૨. વિ. ગંદકીવાળું.

૩. વિ. દુર્ગંધવાળું; ગંધાતું.

૪. વિ. ભૂંડું; અસભ્ય.

ઝબાન-મૂં ગંદું કરવું = ભૂંડું બોલવું.

ગંદુંગોજું વિ. ગોબરૂં; અસ્વચ્છ; ગંદું.

ગંદુંગોબરું જુઓ ગંદુંગોજું.

ગંદેર સ્ત્રી. એક જાતની લીલી ભાજી.

ગંદેરી [હિં.] સ્ત્રી. શેરડીના છોલેલ કટકા.

ગંદૈલા [હિં.] પું. ચણાને નુકસાન કરતું એક જાતનું જંતુ.

ગંદોબેરજો પું. એક જાતનું કરિયાણું.

ગંદ્રક પું. ગંધક; એક જાતનો ખનિજ પદાર્થ.

ગંદ્રાગિ પું. એક જાતનું મદ્રાસ તરફનું વાંદરૂં. તેની પીઠ રાખોડિયા રંગની, માથું લાલાશ પડતું, લમણાં, હડપચી અને પેટ પીળાશ ઉપર અને મોઢું, હથેળી અને આંગળી કાળાં હોય છે.

ગંધ્ ૧. [સં.] અ. ક્રિ. ગમન કરવું; ખસવું; જવું.

૨. સ. ક્રિ. ઈજા કરવી; પીડા કરવી.

૩. સ. ક્રિ. પૂછવું; માગવું.

૪. સ. ક્રિ. મારી નાખવું.

૫. સ. ક્રિ. શણગારવું.

ગંધ ૧. [સં.] પું. ગર્વ; મિથ્યાભિમાન.

૨. પું. ગંધક; એક ખનિજ પદાર્થ.

૩. પું. પાડોશી.

૪. પું. શિવ; શંકર.

૫. પું. શોભાંજન; સહિજન; સરગવાનું ઝાડ.

૬. પું. સંબંધ; નિસ્બત.

ગંધ લેવી = (૧) ખબર પડવી; વાત જાણવી. (૨) છેવટ સુધી વાંસે લાગવું; કેડો ન મૂકવો.

૭. પું. હર્ષ; આનંદ.

૮. સ્ત્રી. અણગમો; કંટાળો.

૯. સ્ત્રી. ઘ્રાણ ઇંદ્રિય વડે ગ્રહણ કરાતો ગુણ; સોડ; વાસ. તેના દશ પ્રકાર છે: (૧) ઇષ્ટ, કસ્તૂરીમાં, (૨) અનિષ્ટ, વિષ્ટામાં. (૩) મધુર, ફૂલમાં. (૪) ખાટો, આમલીમાં. (૫) કડવો, મરચામાં. (૬) નિર્હારી, હિંગમાં. (૭) સંહત એટલે મિશ્રિત, જુદા જુદા કલ્કમાં. (૮) રૂક્ષ, સરસવના તેલમાં, (૯) સ્નિગ્ધ, તાજા ગરમ કરેલા ઘીમાં અને (૧૦) વિશદ, ચોખામાં. ન્યાયમત પ્રમાણે ગંધ ચોવીશ ગુણ માંહેનો એક છે. ચોવીશ ગુણ: શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સંયોગ, વિયોગ, પરત્વ, અપરત્વ, બુદ્ધિ, સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, ગુરુત્વ, દ્રવત્વ, સ્નેહ, સંવાદ, ધર્મ અને અધર્મ.

૧૦. સ્ત્રી. તિલક; ટીલું; ચાંલ્લો.

૧૧. સ્ત્રી. દુર્ગંધ; ખરાબ વાસ.

૧૨. સ્ત્રી. લવલેશ; થોડું હોવાપણું; સહેજ પણ અસ્તિત્વ.

૧૩. સ્ત્રી. સુગંધી પદાર્થ; ચંદન.

૧૪. ન. અગુરુચંદન.

૧૫. વિ. વાસવાળું; જેમાં સોડ આવતી હોય એવું.

ગંધક ૧. પું. ગંધકની મેળવણીવાળું ઓસડ; એક જાતનું રસાયન.

૨. પું. નીચ યોનિનું ક્રૂર પ્રાણી.

૩. પું. પીળા રંગનો અત્યંત બરડ અને ગરમીથી ઓગળી જઈ બળે એવો એક ખનિજ પદાર્થ. તે નેપાળ, કશ્મીર, બર્મા અને હિંદના કોઈ કોઈ ભાગમાં મળે છે. તેની જ્વાળા આસમાની અને વાસ આકરી હોય છે. તેની ચાર જાત છે: લાકડિયો, આમળસારો, કચ્છી તથા દાલ. આમળસારો ગંધક સૌથી ચોખ્ખો અને ચકચકિત હોય છે. તેના પીળા રંગના કટકા આવે છે. તેનો રંગ પાકેલાં આમળાંના રંગને મળતો હોવાથી તેને આમળસારો ગંધક નામ આપવામાં આવ્યું છે. લાકડિયો ગંધક લાકડીના આકારનો હોય છે. તેના પાંચ પાંચ સાત સાત ઈંચના લાંબા કટકા આવે છે. આ બે જાતના ગંધક ઔષધમાં વપરાય છે. આમળસારો ગંધક ખાવા માટે તેમ જ બહાર લગાડવા માટે વપરાય છે. લાકડિયો ગંધક મુખ્યત્વે કરીને બહાર લગાડવાના કામમાં આવે છે. છતાં યે આમળસારા ગંધકના અભાવમાં તે ખાવાને આપવામાં આવે તો કોઈ પણ જાતની હરકત આવતી નથી. કચ્છી અને દાલગંધક બહુ વપરાતા નથી. ગંધકનું શોધન કરવા લોઢાની કડાઈની અંદરના ભાગમાં જરા ઘી ચોપડી ગંધકનો બારીક ભૂકો કરી તે કડાઈની અંદર નાખવો. નીચે બહુ થોડો અંગારાનો તાપ કરવો. કડાઈને તાપની આંચ લાગતાં જ તે ઓગળવા માંડે અને બે ત્રણ મિનિટની અંદર સાવ ઓગળી જાય. ગંધકનો રસ થાય ત્યાંસુધી ચૂલા ઉપર રાખવો. રસને દૂધની અંદર નાખવો. એક શેર ગંધકના રસને અઢી શેર દૂધની અંદર નાખવો. દૂધમાં ગંધક તળે જામી જશે. જામેલા ગંધકનું પોડું ઉખેડી લઈ તેને બારીક વાટી કપડે ચાળી લેવું. તેનો રંગ શુદ્ધ પીળો થાય છે. આ સિવાય શુદ્ધ કરવાના બીજા ઉપાય પણ છે. ઔષધમાં શુદ્ધ ગંધક વપરાય છે. ગંધક શોધક, સારક અને કૃમિઘ્ન છે. તે ખાવાથી પિત્તના પ્રકોપને શાંત કરે અને ઝાડો સાફ ઊતરે. અર્શ માટે ગંધક ઘણો જ ઉપયોગી મનાય છે. આ સિવાય અતિસાર, ખસ, ઉંદરી, રક્તપિત્ત, આંતરડાના કૃમિ અને પેટના અજીર્ણ રોગ ઉપર પણ ગંધક વપરાય છે. ગંધક, રાઈ, લસણ, અજમાનાં ફૂલ એ બધાંને કાંદાના રસમાં વાટી દરદીને પાઈ દેવાથી દરદીના શરીરમાં સારૂં ચૈતન્ય આવે અને ઠંડું પડતું શરીર ઉષ્ણ થાય. વાતવ્યાધિમાં ગંધક અપાય છે. સાંધા ઝલાઈ ગયા હોય અને શ્લેષ્મ રસનો જમાવ તે ઠેકાણે થવાથી તેમની ગતિ કેટલેક દરજ્જે બંધ પડી થઈ હોય ત્યારે ગંધક ઉપયોગી ગણાય છે. વાતવ્યાધિનું તીક્ષ્ણ રૂપ શાંત થયા પછી તેના જીર્ણ રૂપમાં ગંધક અપાય છે. ત્વક્દોષમાં ગંધક સૌથી સારો ઉપાય લેખાય છે અને તે ખાવાને અને ચોપડવાને માટે અપાય છે. કોલેરાની ઝેરી હવા દૂર કરવા માટે જે ઘરમાં કોલેરાવાળો દરદી ગુજરી ગયો હોય તે ઘરમાં ગંધક બાળવામાં આવે છે. શુદ્ધ ગંધકની માત્રા ૨ થી ૪ વાલની છે. ગંધક રાતો, પીળો, ધોળો અને કાળો એમ ચાર પ્રકારનો છે. રાતો સ્વર્ણ ક્રિયામાં, પીળો રસાયનમાં અને ધોળો લેપમાં ઉત્તમ મનાય છે. કાળો ગંધક દુર્લભ છે.

૪. પું. સરગવાનું ઝાડ.

૫. વિ. ગંધકના ગુણ ધરાવવાવાળું.

ગંધકચૂર્ણ [સં.] ન. બંદૂક વગેરેમાં ભરવાનો દારૂ.

ગંધકતેજાબ પું. ગંધકનું તેલ. એ રંગ વિનાનો, તેલ જેવો ઘટ્ટ તેમ જ અત્યંત ખાટો હોય છે અને દવામાં વપરાય છે.

ગંધકદ્વિપ્રાણિલ પું. ગંધકનો પ્રાણવાયુ સાથે સંબંધ થવાથી ઉત્પન્ન થતો એક જાતનો વાયુ.

ગંધકપલાસી સ્ત્રી. એક સુગંધીદાર મૂળિયું; કપૂરકાચલી.

ગંધક રસાયન ૧. ન. ગંધકનાં ઔષધોપયોગી દ્રવ્ય સિદ્ધ કરવાનો એ નામનો એક ગ્રંથ.

૨. ન. (વૈદક) લોહી શુદ્ધ કરવાનું એક દેશી ઔષધ. ગંધક બે ભાગ અને પારો એક ભાગ લઈ તેને કુંવારના રસમાં વાટી તેની લૂગદી કરીને શેકવી. મધ અને ઘીમાં તેના બબ્બે ભાગ આપવા. ખૂજલી વગેરે ચામડીનાં દરદને મટાડવા આ ઔષધ ઉપયોગી છે. અર્શદોષ અને કબ્જિયત ઉપર પણ તે અપાય છે. તેની માત્રા ત્રણ રતી છે.

ગંધકવટી સ્ત્રી. (વૈદક) ગંધક મિશ્રિત ગોળી. શુદ્ધ ગંધક ત્રણ ભાગ અને સિંધવ. લસણ. સૂંઠ, મરી, પીપર, શેકેલી હિંગ અને જીરૂં બધાં એકેક ભાગ સાથે મેળવી આ ગોળી બનાવાય છે. કબ્જિયત. મંદાગ્નિ. કોલેરાના ઝાડા. કળતર અને ગોટલાં ઉપર તે અપાય છે. તેની માત્રા બે ગોળી છે. તે મધ કે દૂધ સાથે અપાય છે.

ગંધકાદિ તૈલ ન. (વૈદક) ગંધક મિશ્રિત એ નામનું તેલ. તે ચામડીના દોષ ઉપર ચોપડાય છે. તે બનાવવા ધતૂરાનાં ડોડવા ચીરી તેની અંદર ગંધક, મોરથૂથુ ને મનઃશિલ ભરી તેના ઉપર કપડછાણ કરી તેને અગ્નિમાં પકવવાં. જ્યારે તે પાકી રહે ત્યારે ઉપરથી છાણ વગેરે ઉખેડી નાખી તે ડોડવાંને એમ ને એમ ધુપેલ તેલમાં વાટી નાખવાં.

ગંધકાદિ લેપ પું. (વૈદક) ગંધકની એક ઔષધોપયોગી બનાવટ. તે બનાવવા ગંધક ૧૦ તોલા, મનઃશિલ ૧૨ તોલા, પારો ૧૨ તોલા અને ચણકબાબ, મોરથૂથુ, કઠ, જીરૂં તથા મરી દરેક એકેક તોલો અને ઘી ૨૦ તોલા લેવાં. ગંધક અને મનઃશિલ એ બેને ભેગાં ખાંડી તેમાં પારો બરાબર મેળવી દેવો. પાછળથી તેમાં બીજી ચીજોનું ચૂર્ણ નાખવું. તે બધાં બરાબર મેળવી તેમાં ૨૦ તોલા ઘી પાછળથી મેળવવું. આ લેપથી ચામડીના દોષ દૂર થતા મનાય છે.

ગંધકામ્લ પું. ગંધકનો તેજાબ; બે અંશ આર્દ્રજનક વાયુ, એક અંશ ગંધક અને ચાર અંશ પ્રાણવાયુ મળીને બનતો તેજાબ.

ગંધકાયિત પું. ગંધકના અમુક જાતના તેજાબમાંથી બનેલો ક્ષાર; ધાતુ, ગંધક અને પ્રાણવાયુના રસાયન સંયોગથી બનેલો પદાર્થ; 'સલ્ફાઇટ.' આ પદાર્થમાં ગંધકિત કરતાં પ્રાણવાયુનું એક અણુ ઓછું હોય છે.

ગંધકાલિકા [સં.] સ્ત્રી. વ્યાસની માતા સત્યવતી; યોજનગંધા.

ગંધકાલી જુઓ ગંધકાલિકા.

ગંધકાષ્ઠ [સં.] ન. સુગંધવાળું લાકડું; ચંદનનું લાકડું; અગરચંદન.

ગંધકિ પું. ગંધક.

ગંધકિત પું. ગંધકના અને કોઈ મૂળ ધાતુના મિશ્રણથી બનેલો ક્ષાર; ધાતુ, ગંધક અને પ્રાણવાયુના સંયોગથી બનેલો પદાર્થ; 'સલ્ફેટ.'

ગંધાકર્યું વિ. ગંધક જેવા પીળા રંગનું.

ગંધકિલ પું. એક જાતનો ક્ષાર; ધાતુ અને ગંધકના રસાયન મિશ્રણથી બનેલ પદાર્થ; 'સલ્ફાઇડ.'

ગંધકી ૧. પું. ઊડતો માંકડ.

૨. [હિં.] પું. એક જાતનો રોગ.

૩. વિ. ગંધકના રંગનું; હલકું પીળું.

ગંધકીકરણ ન. ગંધક મેળવી રબ્બરને કઠણ કરવાની ક્રિયા.

ગંધકુટી ૧. સ્ત્રી. તળાજા પાસે આવેલ એક પ્રાચીન ગુફા; ધનકોઠી.

૨. [સં.] સ્ત્રી. તાલીસપત્ર નામની વનસ્પતિ.

૩. [હિં.] સ્ત્રી. દેવાલયના અંદરનો ઓરડો અથવા ઓસરી.

૪. સ્ત્રી. ધૂપિયું.

૫. સ્ત્રી. મુરા નામે એક સુગંધી દ્રવ્ય.

ગંધકેલિકા [સં.] સ્ત્રી. કસ્તૂરી; એક જાતનું સુગંધી દ્રવ્ય.

ગંધકોકિલ જુઓ ગંધકોકિલા.

ગંધકોકિલા [સં.] સ્ત્રી. એક જાતની ઉષ્ણ અને કફઘ્ન વનસ્પતિ; ગંધમાલતી.

ગંધગજ [સં.] પું. ગંધહસ્તી; જેના મદની ગંધ આવતાં સામા પક્ષના હાથી નાસી જાય એવો શ્રેષ્ઠ હાથી.

ગંધગાત [હિં.] ન. ચંદન; સુગંધી દ્રવ્ય.

ગંધગ્રાહક [સં.] વિ. ગંધને એકદમ પારખી શકે એવું.

ગંધઘાણ સ્ત્રી. નઠારી વાસનું ચારે બાજુ ફેલાવું તે; ચારે પાસ બદઓનો ફેલાવો.

ગંધઘ્રાણ [સં.] ન. ગંધ લેવાપણું.

ગંધચેલિકા [સં.] સ્ત્રી. કસ્તૂરી.

ગંધજટિલા [સં.] સ્ત્રી. વજ; એક જાતની ઔષધિ.

ગંધજલ [સં.] ન. સુગંધી પાણી; સુવાસિત પાણી.

ગંધજાત ૧. [સં.] ન. તજના ઝાડનું પાંદડું.

૨. ન. સુગંધી પદાર્થોનો સમૂહ.

ગંધજ્ઞા [સં.] સ્ત્રી. નાસિકા; નાક.

ગંધતન્માત્ર [સં.] ન. સાંખ્યમત પ્રસિદ્ધ પંચતન્માત્રાઓમાંની એક.

ગંધતરુ ન. હમેશા લીલું રહેતું દેવદારની જાતનું એક ઝાડ. એનું લાકડું ટકાઉ અને ખુશબોદાર હોય છે.

ગંધતંડુલ [સં.] પું. એક જાતની સુગંધી ડાંગર.

ગંધતાકુલી સ્ત્રી. એક વનસ્પતિ; નોળવેલ.

ગંધતુલસી સ્ત્રી. એક જાતની તુલસી.

ગંધતૂર્ય [સં.] ન. એક જાતનું રણવાદિત્ર.

ગંધતૃણ ન. એક જાતનું સુગંધી ઘાસ; રોહિષ ઘાસ.

ગંધતૈલ ૧. [સં.] ન. અત્તર વગેરે સુગંધી તેલ.

૨. ન. (વૈદ્યક) ગંધકમાંથી બનાવેલું એક જાતનું ઔષધ. એ ખરું જોતાં ગંધકનું ઘી છે. શુદ્ધ ગંધકને દૂધમાં ઉકાળી તે દૂધનું દહીં જમાવી તેને વલોવી તેમાંથી નીકળતા માખણને તાવવાથી જે ઘી તૈયાર થાય છે તે ગંધતૈલ કહેવાય છે. આ તેલ પણ શુદ્ધ ગંધકને ઠેકાણે ખાવાના કામમાં આવે છે. તે અરધી રતીભારની માત્રામાં પાન સાથે અપાય છે.

ગંધત્રિકોણ પું. ઘ્રાણત્રિકોણ; ગંધેંદ્રિય.

ગંધત્રિના સ્ત્રી. ખસ નામની એક વનસ્પતિ. હિંદુસ્તાનમાં આ વનસ્પતિ બગીચામાં એની મેળે ઊગે છે. તેનો ઉકાળો બે ડ્રામથી એક ઔંસની માત્રામાં ઊલટી, અતિસાર અને કોગળિયામાં આપવામાં આવે છે. તે તૃષ્ણા છિપાવે અને ઊલટી બંધ કરે. તેનાં બીનું તેલ ઉત્તેજક, પેટનો દુખાવો મટાડનાર અને જ્વરનાશક મનાય છે. કોગળિયામાં સાકરના ગાંગડા ઉપર તે તેલનાં બેથી પાંચ ટીપાં નાખી આપવામાં આવે છે.

ગંધત્વચ ૧. [સં. ગંધત્વચ્] સ્ત્રી. એલાયચી.

૨. ન. એક જાતનું સુગંધી દ્રવ્ય; એલવાલુક.

ગંધદ પું. ચંદન.

ગંધદલા [સં.] સ્ત્રી. અજમોદ.

ગંધદારુ [સં.] પું. ચંદન; સુખડ.

ગંધદાપશલાકા સ્ત્રી. ગંધકની દીવાસળી.

ગંધદેવી સ્ત્રી. સૌધર્મ દેવલોકની એ નામની એક દેવી.

ગંધદ્રવ્ય ૧. [સં.] ન. નાગકેસર.

૨. ન. સુગંધિત વસ્તુ; સુવાસિત દ્રવ્ય; સુગંધવાળી હરકોઈ ચીજ.

ગંધદ્વિપ [સં.] પું. શ્રેષ્ઠ હાથી; મદની ગંધવાળો હાથી.

ગંધધારી ૧. [સં. ગંધધારિન્] પું. શિવ; મહાદેવ.

૨. વિ. સુગંધી દ્રવ્ય ધારણ કરનાર.

ગંધધૂલિ [સં.] સ્ત્રી. કસ્તૂરી.

ગંધન ૧. પું. એક જાતનો સર્પ. મનાય છે કે તે મંત્રપ્રયોગથી પોતાનું ઝેર પાછું ચૂસી લે છે.

૨. [સં.] ન. ઉત્સાહ.

૩. ન. એક જાતનું ઘાસ.

૪. ન. ચાલુ પ્રયાસ; ખંત; જારી મહેનત.

૫. ન. દર્શન.

૬. ન. પ્રકાશ.

૭. ન. સૂચન; સૂચવવું તે.

૮. ન. સ્પષ્ટ કરવું તે; ખુલ્લું કરવું તે.

૯. ન. હિંસા; વધ.

ગંધનકુલ સ્ત્રી. એક જાતની છછુંદર.

ગંધનસગ્રંથી સ્ત્રી. ઘ્રાણપિંડ.

ગંધના ૧. સ્ત્રી. એક જાતના ચોખા.

૨. સ્ત્રી. એક જાતની વનસ્પતિ. લતાની જેમ ઝાડને તે વીંટાયેલી હોય છે. તે સુકાય ત્યારે બદામી રંગની દેખાય છે. તેની ડાંખળી ચોરસ, પાંદડાં લંબગોળ અને ગંધ આકરી હોય છે. સ્વાદે તે જલદ અને તૂરી છે. સંધિવા માટે તે રામબાણ ઇલાજ ગણાય છે.

ગંધનાકુલી [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; રાસ્ના. રાસ્નાના કંદની ઉત્પત્તિ નાગકુળમાંથી છે. તે કંદ ઉપર નાગ જેવા આકાર હોય છે. સર્પ તેની ગંધ લે છે. તે કંદમાં સર્પના જેવી ગંધ આવે છે માટે તેને ગંધનાકુલી કહે છે.

ગંધનામ ન. (જૈન) નામકર્મની ચૌદ માંહેની એક પિંડપ્રકૃતિ.

ગંધનાલિકા [સં.] સ્ત્રી. નાક; નાસિકા.

ગંધનાલી જુઓ ગંધનાલિકા.

ગંધનિલયા [સં.] સ્ત્રી. બટમોગરાનો છોડ.

ગંધનિશા ૧. [સં.] સ્ત્રી. આંબાહળદર.
૨. સ્ત્રી. શટીકચૂરો.

ગંધની ન. ઉગ્ર ગંધવાળું ઘાસ.

ગંધપ [સં.] પું. પિતૃઓનો એક વર્ગ.

ગંધપતંગ ન. એક જાતનું પક્ષી.

ગંધપત્ર ૧. [સં.] ન. નારંગી.
૨. ન. બીલીનું ઝાડ.
૩. ન. મરવો.
૪. ન. સફેદ તુલસી.

ગંધપત્રા [સં.] સ્ત્રી. સુગંધી પાનવાળું એક ઝાડ; કપૂરકાચલી; કચૂરો.

ગંધપત્રી ૧. [સં.] સ્ત્રી. અજમોદ.
૨. સ્ત્રી. આસંધ નામની વનસ્પતિ.

ગંધપથ પું. નાક; નાસિકા.

ગંધપલાશ [સં.] પું. તમાલપત્ર.

ગંધપલાશિકા [સં.] સ્ત્રી. હળદર.

ગંધપલાશી ૧. [સં.] સ્ત્રી. આંબાહળદર.
૨. સ્ત્રી. કપૂરકાચલી; શટીકચૂરો.

ગંધપવિત્ર પું. નવા સૂતરનો બાર આંટાનો અથવા બાર ગાંઠનો બનાવવામાં આવતો એક દોરો.

ગંધપસાર જુઓ ગંધપ્રસારિણી.

ગંધપસારી જુઓ ગંધપ્રસારિણી.

ગંધપાલી પું. શિવ; શંકર.

ગંધપાષાણ [સં.] પું. ગંધક.

ગંધપિશાચિકા [સં.] સ્ત્રી. સુગંધી રાળનો ધુમાડો; ધૂપ.

ગંધપુષ્પ ૧. [સં.] ન. આસોપાલવનું ઝાડ.
૨. ન. ગણિયારીનું ઝાડ.
૩. ન. ઘસેલું ચંદન અને ફૂલ.
૪. ન. નેતરનું ઝાડ; અક્ષોટ વૃક્ષ.
૫. ન. વેતસ.
૬. ન. સુગંધી ફૂલ.
૭. ન. હરકોઈ સુગંધી ફૂલઝાડ.

ગંધપુષ્પા ૧. [સં.] સ્ત્રી. કેતકીનું ઝાડ.
૨. સ્ત્રી. ગણિયારીનું ઝાડ.
૩. સ્ત્રી. ગળીનો છોડ.

ગંધપૂતના સ્ત્રી. એક જાતનું પ્રેત; પિશાચિની.

ગંધપ્રત્યય [સં.] પું. નાક; ઘ્રાણેંદ્રિય.

ગંધપ્રદ વિ. સુગંધવાળું; સુગંધિત.

ગંધપ્રસારિણી [સં.] સ્ત્રી. એક જાતની પ્રસારણ વેલ; રાજબલા; ભદ્રપર્ણી; ભદ્રા; બલા; કટંભરા.

ગંધપ્રિયંગુ જુઓ ગંધફલી.

ગંધફલ ૧. [સં.] ન. કોઠનું ઝાડ.
૨. ન. તેજફળનું ઝાડ.
૩. ન. બીલીનું ઝાડ.

ગંધફલા ૧. [સં.] સ્ત્રી. મેથી.
૨. સ્ત્રી. શલ્લકી વૃક્ષ; પ્રિયંગુ.

ગંધફલી ૧. [સં.] સ્ત્રી. ઘઉંલા નામનું ઘાસ.
૨. સ્ત્રી. ચંપાની કળી.
૩. સ્ત્રી. પ્રિયંગુ; શલ્લકી વૃક્ષ.
૪. સ્ત્રી. સોનાચંપાનું ઝાડ.

ગંધબરેડો (ગંધબરેડ઼ો) પું. પત્તો; ખરખબર; વાવડ; સમાચાર.

ગંધબંધુ [સં.] પું. આંબાનું ઝાડ.

ગંધબિરોજા પું. શ્રીવેષ્ટક; દેવદારના ઝાડમાંથી નીકળતો રસ. તેનો ગુણ ટર્પેન્ટાઇન તેલ જેવો છે. મેલા રંગનો આ સુગંધી રસ ઝાડની છાલમાં કાપ પાડી નિતારી લેવામાં આવે છે. તેમાંથી વરાળના સાધન વડે ઝાંખા પીળા રંગનું તેલ નીકળે છે. તેને દક્ષિણમાં નખતેલ કહે છે.

ગંધબિરોઝો પું. એક જાતની વનસ્પતિ.

ગંધબીજા [સં.] સ્ત્રી. મેથી.

ગંધબોલ સ્ત્રી. એક જાતનું ઔષધ. તે અજીર્ણ, પાંડુરોગ, રજરોધ અને ગર્ભાશયના રોગોમાં અપાય છે. ધૂપ તરીકે પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે.

ગંધબોળ જુઓ ગંધબોલ.

ગંધભદ્રા [સં.] સ્ત્રી. એક જાતનો વેલો.

ગંધમાતા જુઓ ગંધમાતૃ.

ગંધમાતૃ [સં.] સ્ત્રી. પૃથ્વી.

ગંધમાદ ૧. [સં.] પું. અક્રૂરનો ભાઈ.
૨. પું. એ નામનો એક યાદવ.
૩. પું. ભમરો.
૪. પું. રામના સૈન્યમાંનો એ નામનો એક વાનર.

ગંધમાદન ૧. [સં.] પું. એ નામના પર્વતનું એક શિખર.
૨. પું. (પુરાણ) એ નામનો એક વાનર.
૩. પું. એ નામનો રામાયણમાં જણાવેલો એક પર્વત.
૪. પું. એક સુગંધિત દ્રવ્ય.
૫. પું. ગંધક.
૬. પું. ગિરનાર પર્વતનું બીજું નામ.
૭. પું. પાંડુએ વૈરાગ્ય અવસ્થામાં વટાવેલો પ્રદેશ.
૮. પું. ભમરો.
૯. પું. મંદરાચલ પર્વતનું બીજું નામ.
૧૦. પું. વાંદરો.
૧૧. પું. (પુરાણ) સોમવંશી યદુકુલોત્પન્ન શ્વફલકના તેર માંહેનો એક પુત્ર.
૧૨. ન. એ નામનું એક પ્રાચીન તીર્થસ્થાન. ત્યાં શ્રીરામચંદ્રજી પધાર્યા હતા અને ત્યાં તેમણે સ્નાન કર્યું હતું. રાવણના વધથી લાગેલ બ્રહ્મહત્યા આ સ્નાન વડે નિવૃત્ત થઈ હતી. રામેશ્વર મહાદેવની ત્યાં તેમણે પ્રતિષ્ઠા કરી છે.
૧૩. ન. ગંદમાદન પર્વતમાં આવેલું એક વન.
૧૪. વિ. ગંધથી મદવાળું.

ગંધમાદનગિરિ [સં.] પું. હિંદુસ્તાનના અઢાર મુખ્ય માંહેનો એક પર્વત; હિમાલયમાં બદરિકાશ્રમ પાસેનો એક પુરાણપ્રસિદ્ધ પર્વત. હિમાલયના એક ભાગ તરીકે ગંધમાદન પર્વત જાણીતો છે. બાણભટ્ટની કાદંબરીમાં તારાપીડના રાજ્યના વિસ્તારની ચારે દિશામાં મર્યાદા બતાવી છે, ત્યાં ઉત્તરની હદ ગંધમાદનથી આંકી છે અને તેને બદરિકાશ્રમ વડે રમણીય બનેલો કહ્યો છે. આથી હિમાલયની હારનો કેદારનાથ આગળનો ભાગ તે જ ગંધમાદન પર્વત કહેવાય છે. તે મેરુ પર્વતની પશ્ચિમે આવેલો છે. આ પર્વત ઉત્તર દક્ષિણ વધેલો હોઈ ક્રમે કરીને નીલ અને નિષધ નામના બે પર્વતને સ્પર્શે છે. હિંદુ ભૌગોલિકોના મત પ્રમાણે આ પર્વત કૈલાસ પર્વતની હારનો જ છે. તે કૈલાસ પર્વતની દક્ષિણે આવેલો છે. આ પર્વતના કદલીવનમાં હનુમાન રહેતા હતા. બદરિકાશ્રમ આ પર્વત ઉપર આવેલ છે. ગંધમાદન પર્વત ઉપર મંદાકિની વહે છે એમ પણ કહ્યું છે. આ ગંધમાદન પર્વતનો થોડો ભાગ હનુમાને આણ્યો હતો, તે દક્ષિણ હિંદમાં રામેશ્વર પાસેનો પર્વત એમ કહેવાય છે. પુરાણાનુસાર આ પર્વત ઇલાવૃત્ત અને ભદ્રાશ્વ ખંડની વચમાં આવેલો છે.

ગંધમાદનવન [સં.] ન. એ નામનું એક વન.

ગંધમાદની ૧. [સં.] સ્ત્રી. મદિરા; દારૂ.
૨. સ્ત્રી. લાખ.

ગંધમાદિની ૧. [સં.] સ્ત્રી. એ નામની વનસ્પતિ; મોરમાંસી.
૨. સ્ત્રી. મદ્ય; દારૂ.
૩. સ્ત્રી. લાખ.

ગંધમાધન ન. એ નામનું એક વન.

ગંધમાર્જાર [સં.] પું. એક જાતનો બિલાડો; કસ્તૂરી બિલાડો. તેના શરીરના અમુક ભાગમાંથી કસ્તૂરી નીકળે છે. આ પ્રાણીનો શરીરનો બાંધો મજબૂત. પૂછડી નાની. શરીર ઉપર ઊન જેવા નરમ અને ધોળા નાના વાળ અને મોઢું કાળું ને ચળકતું હોય છે.

ગંધમાલતી ૧. [સં.] સ્ત્રી. એક જાતનું સુગંધી દ્રવ્ય; મુરા.

૨. સ્ત્રી. એક જાતનો સુગંધી વેલો; ગંધકોકિલા.

ગંધમાલ્ય પું. સુગંધી ફૂલની માળા.

ગંધમાસી જુઓ ગંધમાંસી.

ગંધમાંસી [સં.] સ્ત્રી. જટામાંસી; એક જાતની વનસ્પતિ.

ગંધમુખા જુઓ ગંધમુખી.

ગંધમુખી ૧. [સં.] સ્ત્રી. છછુંદરી; છછુંદર.

૨. સ્ત્રી. સુગંધી મુખવાળી સ્ત્રી.

ગંધમૂલક [સં.] પું. આંબાહળદર.

ગંધમૂલા ૧. [સં.] સ્ત્રી. આંબાહળદર.

૨. સ્ત્રી. રાસ્ના નામની વનસ્પતિ.

૩. સ્ત્રી. લોબાનનું ઝાડ.

ગંધમૂલી [સં.] સ્ત્રી. કપૂરકાચલી.

ગંધમૂષક પું. કસ્તૂરીવાળો ઉંદર.

ગંધમૂષિકા [સં.] સ્ત્રી. છછુંદર.

ગંધમૃગ [સં.] પું. કસ્તૂરી મૃગ.

ગંધમૈથુન [સં.] પું. બળદ.

ગંધમોદન [સં.] પું. ગંધક.

ગંધયુક્તિ ૧. સ્ત્રી. ફુલેલ તેલ, અત્તર વગેરે સુગંધી પદાર્થ બનાવવાની કળા.

૨. સ્ત્રી. સુગંધી બનાવટ.

ગંધરકા સ્ત્રી. કપૂરકાચલી.

ગંધરપ ૧. [સં. ગંધર્વ] પું. કિન્નર; દેવોનો ગવૈયા.

૨. પું. ગવૈયાનો ધંધો કરનાર માણસ.

૩. પું. ગંધક.

ગંધરવાડો (ગંધરવાડ઼ો) પું. બાતમી; વાતની ગંધ.

ગંધરસ ૧. [સં.] પું. એક જાતની ઉપધાતુ; સુગંધીસાર.

૨. પું. દેવદારના ઝાડનો રસ.

૩. પું. સુગંધી ધૂપ.

૪. પું. હીરાબોળ; આબોળ.

ગંધરાજ ૧. [સં.] પું. એક જાતનું ફૂલઝાડ. એનાં પાન આશરે દોઢ ઈંચ લાંબાં હોય છે. તેને ઉનાળામાં સુંદર ધોળા રંગનાં ફૂલ આવે છે.

૨. પું. જવાદિ નામનું એક ગંધદ્રવ્ય; મલયાગિરિ ચંદન. તે ખૂબ સુગંધવાળું હોઈ ગંધનો રાજા છે, માટે તેને ગંધરાજ કહે છે.

૩. પું. નખલા નામનું સુગંધી દ્રવ્ય.

૪. પું. સુખડ; ચંદન.

૫. સ્ત્રી. એક વનસ્પતિ. એનાં ફળ નારંગી રંગનાં હોય છે. પાંદડાના અંકુર ઉપર બાઝતા રસને ડીકામાલી કહેવાય છે.

ગંધરાજગૂગળ [સં. ગંધરાજગુગ્ગુલ] પું. એક પ્રકારનો ધૂપ.

ગંધરાજી [સં.] સ્ત્રી. એક સુગંધી દ્રવ્ય; નખલો.

ગંધર્વ ૧. [સં.] પું. આકડાનો છોડ.

૨. પું. એ નામનો એક બેટ.

૩. પું. એક પ્રકારનો વિવાહ.

૪. પું. કસ્તૂરી મૃગ.

૫. પું. કાળી કોયલ.

૬. પું. (પુરાણ) કિન્નર; એક જાતનો દેવ; સ્વર્ગનો ગવૈયો; ગાતુ; પુલક. તે સ્વર્ગમાં રહી ગાવાનું કામ કરે છે. વિષ્ણુપુરાણ પ્રમાણે તેઓ બ્રહ્મામાંથી ઉત્પન્ન થયા હતા. તેમાં બીજે ઠેકાણે એમ જણાવેલ છે કે તેઓ કશ્યપ અને અરિષ્ટાના પુત્ર હતા. હરિવંશ પ્રમાણે તેઓ બ્રહ્માના નાકમાંથી ઉત્પન્ન થયા હતા. અગ્નિપુરાણમાં ગંધર્વોના અગિયાર ગણ માન્યા છેઃ અશ્રાજ્ય, અંધારિ, વંભારિ, શૂર્યવર્ચ્ચો, કૃધુ, હસ્ત, સુહસ્ત, સ્વન્, મૂર્ધન્વા, વિશ્વાવસુ અને કૃશાનુ. ગંધર્વોમાં હાહા, હૂહૂ, ચિત્રરથ, હંસ, વિશ્વાવસુ, ગોમાયુ, તુંબુરુ અને નંદિ પ્રધાન મનાય છે. વેદોમાં ગંધર્વ બે પ્રકારના માન્યા છેઃ એક દ્યુસ્થાનના અને બીજા અંતરીક્ષસ્થાનના. દ્યુસ્થાનના ગંધર્વોને દિવ્ય ગંધર્વ પણ કહે છે. તેઓને સોમના રક્ષક, રોગોના ચિકિત્સક, સૂર્યના અશ્વોના વાહક તથા સ્વર્ગીય જ્ઞાનના પ્રકાશક માનવામાં આવે છે. મધ્યસ્થાનના ગંધર્વોને નક્ષત્રચક્રના પ્રવર્તક અને સોમના રક્ષક માનવામાં આવે છે. તેનો સ્વામી વરુણ છે. દ્યુસ્થાનના ગંધર્વથી સૂર્ય, સૂર્યનાં રશ્મિ, તેજ, પ્રકાશ વગેરે અને મધ્યસ્થાનના ગંધર્વથી મેઘ, ચંદ્રમા, વિદ્યુત વગેરે નિરુક્ત શાસ્ત્રના આધાર ઉપરથી માનવામાં આવેલ છે, કારણકે 'ગા' અથવા 'ગો' ને ધારણ કરનાર તે ગંધર્વ કહેવાય છે, અને 'ગા' અથવા 'ગો' થી પૃથ્વી, વાણી, કિરણ વગેરે અર્થ ગ્રહણ થાય છે. ગંધર્વોનું શરીર સુગંધિત હોય છે તેથી ગંધર્વ એવું જાતિનું નામ નીકળ્યું છે. વળી સંગીતરૂપ વાણીને ધારણ કરનાર તે ગંધર્વ કહેવાય છે. ઉપનિષદ અને બ્રાહ્મણ ગ્રંથોમાં પણ ગંધર્વના બે ભેદ મળે છેઃ દેવ ગંધર્વ અને મનુષ્ય ગંધર્વ. અથર્વવેદમાં ૬,૩૩૩ ગંધર્વો હોવાનું જણાવ્યું છે.

૭. પું. ગંધક.

૮. પું. ગાયન.

૯. પું. ઘોડો.

૧૦. પું. ચંદ્ર.

૧૧. પું. જ્ઞાની મનુષ્ય.

૧૨. પું. ધોળી કરેણનું ઝાડ.

૧૩. પું. પ્રેત.

૧૪. પું. બીજો જન્મ ન લીધો હોય એવો મૃત્યુ પછીનો આત્મા.

૧૫. પું. મંદિરમાં ગાયન કરનાર માણસ.

૧૬. પું. મૃગ; હરણ.

૧૭. પું. રક્ષણ કરવાવાળો એક દેવ.

૧૮. પું. વિધવા સ્ત્રીનો બીજો પતિ.

૧૯. પું. (સંગીત) સાઠ માંહેનો એ નામનો એક તાલ.

૨૦. પું. સારો ગવૈયો.

૨૧. પું. સૂર્ય.

૨૨. સ્ત્રી. ઉત્તર હિંદમાં વસતી લોકોની એક જાતિ. તે જાતિની કન્યા નાચે છે, ગાય છે અને વેશ્યાવૃત્તિ કરે છે. આ લોક કુમાઉં વગેરે પહાડો તથા કાશી આદિ નગરોમાં જોવામાં આવે છે.

૨૩. સ્ત્રી. (જૈન) એક જાતની લિપિ.

૨૪. ન. (જૈન) એક અહોરાત્રના ત્રીશ માંહેનું બાવીશમું મુહૂર્ત.

૨૫. ન. એક જાતનું ત્રિશાળ ઘર. જે ત્રિશાળ ઘરની મધ્યે બે ષટ્દારુ હોય, ઘરના મુખ આગળ સાત અલિંદો હોય, અલિંદો આગળ એક ભદ્ર હોય ને ઘરની જમણી તરફ પણ એક અલિંદ હોય, એવા ઘરનું ઉત્તર મુખ હોય તો તે ગંધર્વ ઘર કહેવાય છે.

૨૬. વિ. ગાનાર; ગાતું.

ગંધર્વકંઠ ન. (જૈન) એક જાતનું રત્ન.

ગંધર્વકુમાર પું. સ્વરોચિ.

ગંધર્વકુમારિકા સ્ત્રી. ગંધર્વની કુમારિકા.

ગંધર્વગીત [સં.] ન. ગંધર્વનું ગાયન.

ગંધર્વગૃહ [સં.] ન. સંગીતશાળા.

ગંધર્વગોર ૧. સ્ત્રી. બ્રાહ્મણની એક જાતિ.

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

ગંધર્વતીર્થ ન. (પુરાણ) ભારતવર્ષનું એ નામનું એક તીર્થ.

ગંધર્વદેશ પું. કુનાર તથા સિંધુ નદીની વચ્ચે કાબુલ નદીના કિનારા ઉપરનો પ્રદેશ; ગાંધાર.

ગંધર્વનગર ૧. [સં.] ન. આકાશમાં ઘડીમાં દેખાય અને ઘડીમાં અદૃશ્ય થાય, વળી પાછું બીજે ઠેકાણે દેખાય અને જતું રહે એવું એક

અનિષ્ટસૂચક નગર. જાડી પાતળી હવાની લહરીઓ ઉપર સૂર્યકિરણના આડાતેડા પ્રસરણને લીધે કોઈ કોઈ વાર પૃથ્વી ઉપરના ચિતારો ઊલટાસૂલટા આકાશમાં પ્રતિબિંબ રૂપે દેખાય છે અને તેથી મેઘધનુષ્યની માફક કોઈ કોઈ વાર આકાશફલક ઉપર નગર અને વાડીઓ વગેરે હોય એવું દેખાય છે. એ છાયા અને ખાલી દેખાવો તે ગંધર્વનગર કહેવાય છે.

૨. ન. માન સરોવરની નજીકનું એક નગર. અર્જુને આ નગરને જીતી તિત્તિર, કલ્માષ અને મંડૂક નામના ઘોડા મેળવ્યા હતા.

૩. ન. મિથ્યા ભ્રમ.

૪. ન. સંધ્યા સમયે પશ્ચિમ દિશામાં રંગબેરંગી વાદળાંમાં ફેલાયેલી દેખાતી લાલાશ.

૫. વિ. મૃગજળ જેવું.

ગંધર્વપતિ ૧. પું. (પુરાણ) ચાલુ મન્વંતરમાંનો ગંધર્વોનો અધિપતિ; ચિત્રરથ.

૨. પું. (પુરાણ) ભારતના યુદ્ધમાં દુર્યોધનના પક્ષનો એક રાજા.

ગંધર્વપુર જુઓ ગંધર્વનગર.

ગંધર્વપુરુષ પું. સત્ત્વ અને રજોગુણવાળો, શ્યામ ચંપાના રંગનો, રૂપાળો, શીલવાળો, પવિત્ર અને ગાયનવિદ્યામાં કુશળ એવો પુરુષ.

ગંધર્વરાજ પું. ગંધર્વોનો મુખી ચિત્રરથ.

ગંધર્વલગ્ન જુઓ ગંધર્વવિવાહ.

ગંધર્વલિપિ સ્ત્રી. લલિતવિસ્તરમાં જણાવેલી ચોસઠ પ્રકારની લિપિ માંહેની એક લિપિ.

ગંધર્વલોક [સં.] પું. વિદ્યાધરોના લોકની નીચે આવેલો એક લોક.

ગંધર્વવિદ્યા ૧. [સં.] સ્ત્રી. ગાન, વાદિત્ર, નૃત્ય વગેરેની વિદ્યા; સંગીતશાસ્ત્ર.

૨. સ્ત્રી. પ્રતિમા બનાવવાનું જ્ઞાન આપતું એ નામનું પુસ્તક.

ગંધર્વવિધિ [સં.] પું. સ્ત્રીપુરુષે એકબીજાના પ્રેમમાં પડવાથી પોતાની મેળે કરેલ લગ્નવિધિ.

ગંધર્વવિવાહ [સં.] પું. પ્રીતિલગ્ન; વરકન્યા અન્યોન્યમાં સમજી પરણી લે તેવું લગ્ન; શાસ્ત્રમાં કહેલા આઠ જાતના વિવાહ માંહેનો એક; વરકન્યાએ પરસ્પર સ્નેહથી છાની રીતે પરણી ઘર માંડવું તે.

ગંધર્વવેદ [સં.] પું. ગંધર્વોનો વેદ; ગાયનશાસ્ત્ર; સંગીતનો મૂળ ગ્રંથ; સંગીતશાસ્ત્ર; ગાવા અને બજાવવાની કળાનું શાસ્ત્ર. તે સામવેદનો ઉપવેદ છે. તેમાં સ્વર, તાલ, રાગ, રાગિણી વગેરેનું વર્ણન છે.

ગંધર્વસત્ત્વા [સં.] સ્ત્રી. સંગીત, વાદ્ય, વાદન, નૃત્ય તથા રમતગમતમાં રસિક અને શાંત, સુવાસિક પદાર્થો તેમ જ ફૂલો માટે પ્રેમ રાખતી, સ્વરૂપવાળી, સંભોગને વખતે વિધવિધ વિલાસ કરતી અને સ્વચ્છ તેમ જ સારા પોષાકવાળી સ્ત્રી.

ગંધર્વસેન ૧. પું. (પુરાણ) ઇંદ્રનો પુત્ર. તે અપ્સરાની કાંતિથી મોહ પામી નિર્લજ્જ રીતે વર્ત્યો તેથી તેના પિતાએ શાપ આપ્યો કે તું પૃથ્વી ઉપર ગધેડો થઈને અવતર. પછી દેવોની પ્રાર્થનાથી ઇંદ્રે કૃપા કરી કહ્યું કે તું દિવસે ગધેડાનું ને રાત્રે માણસનું રૂપ ધારણ કરીશ.

૨. પું. માલવપતિ ભર્તૃહરિ રાજાના પિતા. તેને ચાર દીકરા હતા: ભર્તૃહરિ, વિક્રમ, ભટ્ટી અને વરુથી.

ગંધર્વહસ્ત [સં.] પું. એરંડાનું ઝાડ.

ગંધર્વહસ્તક પું. એરંડાનું ઝાડ; વ્યાઘ્રપુચ્છ.

ગંધર્વહસ્તતૈલ ન. એરંડાના તેલમાં એરંડમૂળ, ત્રિફળા અને આદુ વાટીને નાખી પકવેલ તેલ. તે અંડવૃદ્ધિ મટાડતું મનાય છે.

ગંધર્વા ૧. [સં.] સ્ત્રી. કોકિલા.

૨. સ્ત્રી. દુર્ગાનું એક નામ.

ગંધર્વાસ્ત્ર [સં.] ન. એક જાતનું અસ્ત્ર.

ગંધર્વાસ્ત્રવિદ્યા [સં.] સ્ત્રી. ગંધર્વાસ્ત્ર સંબંધી વિદ્યા.

ગંધર્વી ૧. [સં.] સ્ત્રી. ગંધર્વની સ્ત્રી.

૨. સ્ત્રી. સુરભિની પુત્રી.

૩. વિ. ગંધર્વ સંબંધી.

ગંધલતા સ્ત્રી. પ્રિયંગુ વેલ.

ગંધલા [સં.] પું. એક જાતના ચોખા.

ગંધલોલુપ [સં.] વિ. ગંધમાં લુબ્ધ બનેલું.

ગંધલોલુપા ૧. સ્ત્રી. ભમરી.

૨. [સં.] સ્ત્રી. મધમાખી.

ગંધવટી સ્ત્રી. સુગંધની વાટ; અગરબત્તી.

ગંધવતી ૧. [સં.] સ્ત્રી. એ નામની એક નદી. તેના ઉપર ઉજ્જનમાં મહાકાળીનું મંદિર છે. તે ક્ષિપ્રા નદીનો એક ફાંટો છે.

૨. સ્ત્રી. નવમાલિકા; એક જાતની વેલ.

૩. સ્ત્રી. નેપાળની દક્ષિણે ઉત્તર વિદેહ નામના પ્રદેશમાં આવેલ એક મોટું શહેર.

૪. સ્ત્રી. પૃથ્વી.

૫. સ્ત્રી. (પુરાણ) મેરુ પર્વત ઉપર આવેલી વાયુ અને વરુણની એ નામની નગરી. તે અઢાર હજાર યોજન વિસ્તારવાળી કહેવાય છે.

૬. સ્ત્રી. વ્યાસની માતા સત્યવતી; મત્સ્યગંધા.

૭. સ્ત્રી. શરાબ; મદિરા; દારુ.

૮. વિ. સ્ત્રી. સુગંધવાળી.

ગંધવધૂ [સં.] સ્ત્રી. કપૂરકાચલી. તેને જેમ જેમ કૂટીએ તેમ તેમ તેની ગંધ વધુ આવે છે.

ગંધવર્ણા [સં.] સ્ત્રી. વસ્ત્રાભૂષણથી શરીરને શણગારી રૂપ યૌવન બતાવવાની ઇચ્છાવાળી, નાચ અને ગાયન ગાવામાં તથા સુગંધિત પુષ્પમાં પ્રીતિવાળી સ્ત્રી.

ગંધવર્તી [સં.] સ્ત્રી. ગંધવટી; અગરબત્તી.

ગંધવલી ૧. સ્ત્રી. પૃથ્વી.

૨. વિ. સ્ત્રી. ગંધવાળી; ગંધનો ગુણ હોય એવી.

ગંધવલ્કલ [સં.] ન. તજનું ઝાડ. તેનાં પાંદડાં સુગંધવાળાં અને વસ્ત્રની પેઠે વાપરવામાં કામ આવે છે.

ગંધવહ ૧. [સં.] પું. કસ્તૂરી મૃગ.

૨. પું. ગંધવાળો કોઈ નાયક.

૩. પું. નાસિકા; નાક.

૪. પું. પવન; વાયુ; સમીર. તે ગંધને વહી જાય છે.

૫. વિ. ગંધ ધારણ કરનાર; ગંધગ્રાહક.

૬. વિ. ગંધને વહેનાર.

ગંધવહગોલક પું. પૃષ્ઠવંશી પ્રાણીઓને માથાના આગલા ભાગમાં આવેલ, કોથળીના આકારનો ગંધવાહક અવયવ.

ગંધવહલ ૧. [સં.] પું. ધોળી તુલસી.

૨. પું. સિતાર્જક વૃક્ષ.

ગંધવહા [સં.] સ્ત્રી. નાક; ઘ્રાણેંદ્રિય.

ગંધવા ૧. પું. વ્યક્તિની વાસ આવે એટલી સમીપતા; નજીકપણું.

૨. પું. સહવાસ; સોબત; સંગ; સાથે રહેવાપણું.

ગંધવાડ (ગંધવાડ઼) સ્ત્રી. ગંદકી.

ગંધવાન વિ. જેમાં ગંધ હોય એવું.

ગંધવારિ [સં.] ન. સુગંધી દ્રવ્યથી વાસિત કરેલું પાણી.

ગંધવાહ ૧. [સં.] પું. કસ્તૂરી મૃગ.

૨. પું. નાસિકા; નાક.

૩. પું. વાયુ; પવન.

૪. વિ. ગંધ ધારણ કરનારૂં.

ગંધવાહા [સં.] સ્ત્રી. નાક.

ગંધવાહી જુઓ ગંધવાહ.

ગંધવિરોધ [સં.] પું. વિરુદ્ધ ગંધવાળું હોવાપણું.

ગંધવિહ્વલ [સં.] પું. ઘઉં.

ગંધવીજા [સં.] સ્ત્રી. મેથી.

ગંધવૃક્ષ [સં.] પું. સાગનું ઝાડ.

ગંધવૃક્ષક [સં.] પું. સાગનું ઝાડ.

ગંધવૃષભ પું. ઘેટા અને બળદના ગુણવાળું અને કસ્તૂરી જેવી વાસવાળું ઉત્તર કેનેડામાં થતું એક પ્રાણી.

ગંધવ્યાકુલ પું. ચણકબાબ; કાકોલ. તે ખાવાથી શરીરને આકુળવ્યાકુળ કરે, રોમાંચ થાય, ઊલટી આવે અને ઓડકારમાં તેની વાસ આવે અને તેથી રુવાંટાં ઊભાં થઈ જાય.

ગંધવ્વ પું. (જૂ. ગુ.) ગંધર્વ.

ગંધશટી [સં.] સ્ત્રી. સુગંધી કચૂરો; કપૂરકાચલી.

ગંધશલાકા [સં.] સ્ત્રી. અગરબત્તી.

ગંધશાલિ [સં.] પું. એક જાતના સુવાસિત ચોખા.

ગંધશુંડિની [સં.] સ્ત્રી. છછૂંદરી.

ગંધશેખર [સં.] પું. કસ્તૂરી.

ગંધસાર ૧. [સં.] પું. ગંધક.
૨. પું. મોગરો.
૩. પું. સુખડ; ચંદન.
૪. પું. સુગંધીદાર વસ્તુ; અત્તર.
૫. પું. સુગંધીવાળો લેપ.

ગંધસૂચી [સં.] સ્ત્રી. છછૂંદરી.

ગંધસોમ [સં.] ન. રાત્રિવિકાસી કમળ; ચંદ્રવિકાસી પોયણું.

ગંધહર [સં.] ન. નાક; નાસિકા.

ગંધહસ્તી ૧. પું. એ નામનો બુદ્ધ ગયા પાસેનો એક પર્વત. તેના ઉપર બુદ્ધ ભગવાન થોડો વખત રહ્યા હતા.
૨. [સં.] પું. કૃષ્ણનો વિજય નામનો હાથી.
૩. પું. મદોન્મત્ત હાથી; જેના કુંભમાંથી સુગંધી મદ વહેતો હોય તેવો હાથી.
૪. વિ. (જૈન) તીર્થંકરને લાગુ પડતું એક વિશેષણ.

ગંધહસ્તીસ્તાપ ન. બુદ્ધ ગયાની સામે ફલ્ગુ ઉપર આવેલ બકોરનું એક પ્રાચીન નામ; માતંગલિંગ ઉપરથી વિકૃત થઈને બનેલું હાલનું મત્તંગી કે માતંગી. હિંદુઓ તેને માતંગાશ્રમ કહે છે. તેમાં મહાદેવનું લિંગ અને માતંગ વાવ છે.

ગંધહારિકા [સં.] સ્ત્રી. સુગંધી પદાર્થ તૈયાર કરનાર દાસી.

ગંધવાણું ન. બંધ; રેલનું પાણી ગામમાં દાખલ ન થઈ શકે તે માટે બાંધવામાં આવતી પથ્થરની દીવાલ.

ગંધા ૧. સ્ત્રી. એ નામની લોહાણાની એક અટક.
૨. [સં.] સ્ત્રી. ચંપાની કળી.
૩. સ્ત્રી. શાલપર્ણી નામની વનસ્પતિ.
૪. સ્ત્રી. ષટ્કચૂરો.
૫. સ્ત્રી. સુગંધીવાળી સ્ત્રી.
૬. ન. એ નામની લોહાણાની અટકનું માણસ.
૭. વિ. એ નામની લોહાણાની અટકનું.

ગંધાકર્ષિણી સ્ત્રી. એ નામની એક દેવી.

ગંધાક્ષત ૧. [સં.] પું. બ. વ. ચંદન અને અખંડિત ચોખા.
૨. પું. બ. વ. તિલક કરીને અક્ષત ચોડવા તે; વરણ કરવું તે.
ગંધાક્ષત કરવા = વરણ કરવું; બ્રાહ્મણોની પૂજા કરવી.

ગંધાખુ સ્ત્રી. છછૂંદર.

ગંધાખ્યા સ્ત્રી. ગુલાબનો છોડ.

ગંધાજીવ પું. ગાંધી; સુગંધી પદાર્થ વેચનારો માણસ.

ગંધાજ્ઞત્વ [સં.] પું. વાયુરોગના એંશી માંહેનો એક પ્રકાર. તેથી સુગંધ કે દુર્ગંધનું જ્ઞાન થતું નથી.

ગંધાઢ્ય ૧. [સં.] પું. ચંદનવૃક્ષ. મલયાગિરિ ચંદનનું આખું ઝાડ ગંધથી જ ભરેલું છે. તે આજુબાજુનાં ઝાડને પોતાની સુગંધ બેસાડી ચંદન જેવાં કરી દે છે, માટે તેને ગંધાઢ્ય કહે છે.
૨. પું. નારંગીનું ઝાડ.
૩. ન. ચંદન.
૪. ન. જવાદિ નામનું ગંધદ્રવ્ય.
૫. વિ. ગંધપૂર્ણ; સુગંધથી ભરપૂર.

ગંધાણ ન. ગંધાતું હોય તે.

ગંધાણું વિ. વાસ મારતું; ગંધ મારતું.

ગંધાતલ વિ. ગંદું; ગોબરું.

ગંધાતા સ્ત્રી. આંસોધ નામની વનસ્પતિ.

ગંધાતી ન. લસણ.

ગંધાતું ૧. વિ. કોહી ગયેલું; સડી ગયેલું.
૨. વિ. ગંધ મારતું હોય એવું; મેલું; બદબોવાળું; દુર્ગંધયુક્ત; નઠારી વાસ આપતું.
૩. વિ. ચીડિયા સ્વભાવનું.

ગંધાત્મક વિ. ગંધવાળું.

ગંધાદિ મુદ્રા સ્ત્રી. દેવને ગંધ વગેરે અર્પણ કરવા માટે હાથનો એક અભિનય; એક જાતની મુદ્રા. ગંધ આપવામાં મધ્યમા, અનામિકા અને અંગૂઠાના અગ્ર ભાગનો ઉપયોગ કરાય છે.

ગંધાધિક ૧. [સં.] ન. એક જાતની સુગંધી.
૨. ન. એક જાતનું કેસર.

ગંધાધિકા સ્ત્રી. વરિયાળી.

ગંધાનક પું. (પિંગળ) એક અર્ધસમ માત્રામેળ છંદ. તેના પહેલા અને ત્રીજા પદમાં વીશ માત્રા અને સત્તર અક્ષર તથા બીજા અને ચોથા પદમાં ચોવીશ માત્રા અને અઢાર અક્ષર હોય છે. દરેક પદમાં દશમા અક્ષર ઉપર યતિ આવે છે.

ગંધાના જુઓ ગંધાનક.

ગંધાપકર્ષણ [સં.] ન. ગંધ દૂર કરવાપણું.

ગંધામ્લા ૧. [સં.] સ્ત્રી. જંગલી બિજોરું.
૨. સ્ત્રી. જંગલી લીંબુ.

ગંધાયતન [સં.] ન. બૌદ્ધ જ્ઞાનના સંચારનાં બાર માંહેનું એક સ્થાન.

ગંધાયલું જુઓ ગંધાતું.

ગંધાર ૧. [સં.] પું. એક જાતની વિદ્યા.
૨. પું. (સંગીત) ગાયનના સાત માંહેનો ચડતો ત્રીજો સૂર. એ 'ગ'ની નિશાનીથી ઓળખાય છે.
૩. પું. (પિંગળ) ચોત્રીશ ગુરુ અને ચોરાશી લઘુ મળી ૧૧૮ વર્ણનો એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે કુંડલિયા છંદનો ભેદ છે.
૪. પું. મનમાંનું મનમાં ન રહેતાં તેની કંઈક વાત બહાર નીકળવાપણું.
૫. પું. (સંગીત) મેઘ રાગના આઠ પુત્રો માંહેનો એક પુત્રરાગ. તે ગાવાનો વખત દિવસના દશ વાગ્યાનો છે. તેની જાતિ સંપૂર્ણ છે. તેમાં ખરજ શુદ્ધ, રિખવ તીવ્ર, ગંધાર અને મધ્યમ કોમળ, પંચમ શુદ્ધ, ધૈવત કોમળ, નિખાદ કોમળ એ પ્રમાણે સાતે સ્વર છે. ગ્રહ સ્વર ખરજ અથવા મધ્યમ છે, ન્યાસ સ્વર ગંધાર છે અને વાદી સ્વર પંચમ છે. તે ગૌરી, સિંધુડો, આશાવરી, દેવગિરી, ભૈરવ અને હિંડોલથી મિશ્ર છે.
૬. પું. સિંદૂર.
૭. પું. હિંદુસ્તાન અને ઈરાન વચ્ચે આવેલ એક દેશ. તેની રાજધાની તક્ષશિલા હતી.
૮. પું. હિંદુસ્તાન અને ઈરાન વચ્ચે આવેલા દેશનો રાજા.

ગંધારગ્રામ જુઓ ગંધારગ્રામમૂર્ચ્છના.

ગંધારગ્રામમૂર્છના સ્ત્રી. (સંગીત) ગંધારગ્રામની સાત મૂર્ચ્છનાઓમાંની દરેક. તેનાં નામ: (૧) નંદી, (૨) ખડિયા, (૩) પૂરિમા, (૪) સુહગંધારા, (૫) ઉત્તરગંધારા, (૬) ઉત્તરમાયામા અને (૭) ઉત્તરાપયા કોડિમા.

ગંધારના પું. એક જાતનો ઘોડો.

ગંધારિ [સં.] પું. ગંધાર દેશ. જુઓ ગંધાર ૭.

ગંધારિકા સ્ત્રી. કપૂરકાચલી.

ગંધારી ૧. સ્ત્રી. એ નામની એક વિદ્યા.
૨. સ્ત્રી. કીડામારી નામની વનસ્પતિ.
૩. સ્ત્રી. કૃષ્ણની એ નામની એક પટરાણી.
૪. સ્ત્રી. કૌરવોની માતાનું નામ.
૫. સ્ત્રી. ગંધાર દેશની સ્ત્રી.
૬. સ્ત્રી. તળાવના ધોરિયાને કાંઠે થતું એક જાતનું ખડ.
૭. સ્ત્રી. (સંગીત) માલકોષ રાગની આઠ પુત્રવધૂ માંહેની એક રાગિણી. તે ખટ, આશાવરી અને દેશીથી મિશ્ર છે. તેની જાતિ સંપૂર્ણ છે, એટલે ખરજ શુદ્ધ, રિખવ તીવ્ર, ગંધાર કોમળ, મધ્યમ કોમળ, પંચમ શુદ્ધ, ધૈવત કોમળ, નિખાદ કોમળ એ પ્રમાણે સાતે સ્વર આવે છે. તેનો મધ્યમ ગ્રહ સ્વર છે અને રિખવ ન્યાસ સ્વર છે. તે ગાવાનો વખત દિવસના પહેલા પહોરનો છે.

ગંધારીટોડી (ગંધારીટોડ઼ી) સ્ત્રી. (સંગીત) એક રાગિણી; ટોડી રાગિણીની એક જાત. તે ગાવાનો વખત સવારનો પહેલો પહોર છે. જાતિ સંપૂર્ણ છે.

ગંધારીતલવણી સ્ત્રી. આડિયા કરહણ; એક જાતનું ઘાસ.

ગંધારીતા ૧. સ્ત્રી. ગંધનો અભાવ.
૨. સ્ત્રી. સળેખમ.

ગંધારીશેદરડી (ગંધારીશેદરડ઼ી) પું. એક પ્રકારનો છોડવો; અજગંધા; માંકડમારી.

ગંધારૂં ૧. ન. એક જાતનું ઘાસ; અશખર. એના થૂમડામાં લીલી ચાની વાસ હોય છે. તેને ફૂલની ચમરીઓ આવે છે. ફૂલ જાંબલી રંગનાં હોય છે.
૨. ન. પહાડ કોરીને કરેલો રસ્તો.
૩. વિ. ખરાબ.
૪. વિ. ગોબરું; અસ્વચ્છ.
૫. વિ. દુર્ગંધવાળું; ખરાબ વાસવાળું.

ગંધારોવજ પું. એક જાતનો વજ; ઘોડાવજ.

ગંધાલીગર્ભા [સં.] સ્ત્રી. એલચી. એલચીની ઉપરના જાડા ફોતરામાં વાસ નથી, પરંતુ તેના ગર્ભમાં એટલે તેનાં બીમાં સુગંધ છે માટે તેને ગંધાલીગર્ભા કહે છે.

ગંધાલુ વિ. સુગંધવાળું.

ગંધાવું ૧. અ. ક્રિ. અપશબ્દ બોલવો.
૨. અ. ક્રિ. કોહાવું; બગડવું; સડવું.
૩. અ. ક્રિ. મનમાં ને મનમાં બળવું.
૪. અ. ક્રિ. વાસ મારવી; બદબો નીકળવી.

ગંધાશન [સં.] પું. પવન; વાયુ.

ગંધાશ્મન [સં.] પું. ગંધક.

ગંધાષ્ટક [સં.] ન. જુદા જુદા આઠ સુગંધી પદાર્થનો સમૂહ. તે દેવતાઓને ધરવામાં આવે છે. દેવતાના પ્રકાર પ્રમાણે આ સમૂહ હોય છે. ચંદન વગેરે આઠ સુગંધી પદાર્થો: (૧) ચંદન, (૨) અગર, (૩) કપૂર, કે સુગંધી વાળો. (૪) ગોરોચન, (૫) કસ્તૂરી, (૬) રતાંજળી, (૭) કેસર અને (૮) નાગરમોથ.

ગંધાહ્વા [સં.] સ્ત્રી. રાતી તુલસી.

ગંધાંબુ [સં.] ન. સુગંધી પાણી.

ગંધિ [સં.] ન. એક જાતનું કેસર.

ગંધિક ૧. [સં.] પું. ગંધક.
૨. પું. સુગંધી દ્રવ્યોનો વેપારી.

ગંધિતૃણ [સં.] પું. કેસરની સુગંધવાળું ઘાસ.

ગંધિની [સં.] સ્ત્રી. સુરા; શરાબ; મદિરા.

ગંધિપર્ણ જુઓ ગંધિતૃણ.

ગંધિય ૧. ન. ગાંધિયાણું; કરિયાણું.
૨. વિ. સુવાસિત; સુગંધી.

ગંધિયાણું ૧. ન. ગાંધિયાણું.
૨. ન. સેળભેળ; ગુંચવાડો.

ગંધી ૧. [હિં.] પું. અત્તરિયો; સુગંધી પદાર્થ વેચનાર માણસ.
૨. પું. માંકડ.
૩. ન. ઊધઈ.
૪. ન. પછેડી.
૫. [સં. ગંધિન્] વિ. ગંધવાળું.

ગંધીકાવળ સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેનાં પાંદડાં દવામાં કામ આવે છે. એની બે જાતઃ ગંધીકાવળ અને કૃષ્ણસારવા. એના વેલા થાય છે. તેનાં મૂળિયાં ગર્ભશુદ્ધિ તથા રક્તદોષ ઉપર ઉપયોગી છે. મૂળિયાં સુગંધી હોય છે.

ગંધીગેરાંડી પું. (કચ્છી) એક વનસ્પતિ. એના છોડ ધોળા રંગના હોય છે. ફૂલ જાંબુડા રંગનાં અને ફળબીજ સુંવાળા વાળની રુંવાટીવાળાં હોય છે. તેને મોટી શેદરડી પણ કહે છે.

ગંધીલું ૧. ન. એક જાતનું ઘાસ.
૨. વિ. કજિયાખોર; લડકણું.
૩. વિ. ખરાબ વાસ મારતું.
૪. વિ. ગંધવાળું; વાસવાળું.
૫. વિ. ચીકણું.
૬. વિ. ચીડિયું.
૭. વિ. ઝેરીલું; અદેખું.

ગંધીલોવજ પું. એક જાતનો વજ; ઘોડાવજ. તેની વાસ ઉગ્ર હોય છે.

ગંધેભ [સં.] પું. શ્રેષ્ઠ જાતિનો હાથી.

ગંધેરિયા ૧. સ્ત્રી. કાઠિયાવાડમાં વસતા લોકની એક જાત. તેઓનો ધંધો છાપરાં ચાળવાનો છે.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

ગંધેલ પું. સુગંધીવાળું એક જાતનું ઘાસ.

ગંધેંદ્રિય [સં.] ન. ગંધ લેનારી ઇન્દ્રિય; નાક.

ગંધોકારિકા ૧. સ્ત્રી. સુગંધી બનાવનાર દાસી.
૨. સ્ત્રી. સ્ત્રી કારીગર.

ગંધોક્ષ [સં.] પું. ગંધવૃષભ.

ગંધોત પું. બિલાડી જેવું એક જાતનું પ્રાણી; વણિયર.

ગંધોત્કટા [સં.] ન. ડમરો; દમનક વૃક્ષ.

ગંધોત્તમા [સં.] સ્ત્રી. મદિરા; દારૂ.

ગંધોદ [સં.] ન. સુગંધી પાણી.

ગંધોદક [સં.] ન. સુગંધી જળ.

ગંધોપજીવી [સં. ગંધોપજીવિન્] પું. અત્તરનો વેપારી.

ગંધોરી [સં.] સ્ત્રી. કપૂરકાચલી.

ગંધોલી ૧. [સં.] સ્ત્રી. એક જાતની મોથ.
૨. સ્ત્રી. કચૂરો.
૩. સ્ત્રી. કપૂરકાચલી.
૪. સ્ત્રી. ભમરી; ડંખ મારતી માખીની એક જાત. આ એકાંતવાસી માખીનું દર રસ્તા ઉપર કે ખેતરમાં હોય છે.
૫. સ્ત્રી. હંસલી.

ગંધ્ય [સં.] પું. સુગંધી; સારી ગંધવાળો પદાર્થ.

ગંધ્રપ ૧. પું. અમદાવાદ, ખેડા અને સુરત તરફ વસતી અને ગાવા વગાડવાનો ધંધો કરતી લોકની એક જાત.
૨. પું. ગંધક.
૩. [સં. ગંધર્વ] પું. ગંધર્વ; ગાનારો; ભોજક.

ગંબાર ન. એ નામનું એક ઝાડ; ગમાર; શેવન.

ગંભ પું. દમ; જીવ.

ગંભવું સ. ક્રિ. ગૂંદવું; મારવું; કચરવું.

ગંભાર ૧. પું. ધંભાર; મંદિરનો અંદરનો ભાગ.
૨. પું. પારસીઓના ગાહમબાર.
૩. [સં. ગંભીર] વિ. ઊંડું.

ગંભારા સ્ત્રી. માળવામાં ક્ષિપ્રા નદીને મળતી એ નામની નદી. મેઘદૂતમાં કાલિદાસે તેના વિષે ઉલ્લેખ કર્યો છે.

ગંભારિકા [સં.] સ્ત્રી. એ નામનું એક ઝાડ; ગંભારી.

ગંભારિયું ન. ઘર નીચેનો અંધારિયો ભાગ; ભંડકિયું; અંધારો ઓરડો.

ગંભારી ૧. પું. (પિંગળ) અગિયાર અક્ષરનો એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં ત્રણ રગણ, ગુરુ અને લઘુ મળી ૧૧ વર્ણ હોય છે.

૨. [સં.] સ્ત્રી. પીળાં ફૂલવાળો એક જાતનો છોડ. તેનાં પાન પહોળાં હોય છે.

૩. સ્ત્રી. શ્રીપર્ણી; શીવણનું ઝાડ. તેની છાલ સફેદ રંગની હોય છે અને તેમાંથી દૂધ નીકળે છે. તેની છાલ તથા ફળ દવામાં કામ આવે છે. હિમાલયના નીચાણના પ્રદેશમાં અને નીલગિરિ પર્વતમાં ૪૦૦૦ ફૂટની ઊંચાઈ સુધી આ ઝાડ થાય છે. ગંભારીના ફળ પેટમાં દુખાવો મટાડનાર, પાચનશક્તિ વધારનાર, પૌષ્ટિક, વાળ વધારનાર છે. તે ઝેરનું વારણ કરનાર છે. હરસ, શરીરની બળતરા વગેરેમાં અપાય છે.

ગંભારો [સં. ગર્ભાગાર] પું. ગર્ભાગાર; વચલો ઓરડો.

ગંભીર ૧. પું. ઋગ્વેદનો એક મંત્ર.

૨. પું. એક જાતનો ઘોડો. તેના પગ અને દેહ ધોળા હોય, આંખ રાતી હોય અને પૂછડી પણ રાતી હોય છે.

૩. પું. (પિંગળ) એક સમજાતિ માત્રામેળ છંદ. આ સવૈયા છંદનો એક ભેદ છે. તેમાં ૪૬ ગુરુ અને ૩૨ લઘુ મળી ૭૮ વર્ણ હોય છે.

૪. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; પ્રાકરબંધ. તે ત્રિષ્ટુપ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં ત્રણ તગણ અને બે ગુરુ એમ અગિયાર અક્ષર હોય છે.

૫. પું. કમળ.

૬. પું. કીમતી જમીન.

૭. પું. ગહન સ્થાન; ગહન પ્રદેશ.

૮. પું. ગંભીર શબ્દ.

૯. પું. બિજોરું.

૧૦. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૧૧. પું. (સંગીત) શ્રીરાગના આઠ માંહેનો એક પુત્ર. આ રાગ પ્રસિદ્ધ નથી. હનુમંત મત પ્રમાણે તે હિંડોલ રાગનો પુત્ર મનાય છે.

૧૨. પું. (પુરાણ) સોમવંશી આયુકુલમાં ઉત્પન્ન થયેલ રત્નસાનો પુત્ર. એના પુત્રનું નામ અક્રિય હતું.

૧૩. પું. હાથીની બાર માંહેની એક પેટા જાત.

૧૪. વિ. અહોભાવ ને માન ઉપજાવે તેવું.

૧૫. વિ. આશ્ચર્ય તેમ જ ભય ઉપજાવે તેવું મોટું; વિશાળ.

૧૬. વિ. ઊંડું; નીચે કે ઊંડાણમાં રહેલ.

૧૭. વિ. ગૂઢ; ગહન.

૧૮. વિ. ઘોર; ભારે.

૧૯. વિ. ઠરેલ; પુખ્ત.

૨૦. વિ. ધીર; સહનશીલ.

૨૧. વિ. પ્રકાશ વગરનું; અંધારાવાળું.

૨૨. વિ. ભારેખમ; વજનદાર.

૨૩. વિ. મહત્ત્વવાળું.

૨૪. વિ. મંદ.

૨૫. વિ. મોટા દિલવાળું; ઉદાર; સાગરપેટું.

૨૬. વિ. વિચારવંત.

૨૭. વિ. વિવેકવાળું.

૨૮. વિ. શાંત; સ્થિર સ્વભાવનું.

ગંભીરક વિ. ઊંડું.

ગંભીરગ્રીવિકા [સં.] સ્ત્રી. ડોકમાં ઊંડી રહેલી એ નામની ગ્રંથિ. આવી લગભગ વીશથી પચ્ચીશ ગ્રંથિઓ છે. ડોકની દરેક બાજુએ તેઓ અંતર્માતૃકા ધમની તથા અનુમન્યા શિરા સાથે છેક નીચે ગળાના મૂળ ભાગ સુધી પથરાયેલી છે.

ગંભીરઘોષ [સં.] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

ગંભીરજઘનિકા [સં.] સ્ત્રી. ઔદરી મહાધમનીની એ નામની એક શાખા. તે ત્રાંસી રીતે જઘનચૂડા તરફ જાય છે તથા ઉદરચ્છદા ચરમા નામની પેશીને ભેદીને તેની પાછળ ફેલાય છે. તેની નાની શાખાઓ, કટિ, નિતંબ, ઉદરનો નીચલો ભાગ વગેરે પ્રદેશોમાં ફેલાયેલી અન્ય ધમનીઓની શાખાઓ જોડે મળી જઈને ધમનીચક્રો રચે છે.

ગંભીરજ્વર [સં.] પું. ભયંકર તાવ. આ તાવમાં કોઠામાં દાહ એટલે બળતરા થાય, ખૂબ તરસ લાગે, બકબકાટ, શ્વાસ, ચકરી વગેરે થાય, સાંધા અને હાડકાં દુખે, પરસેવો ન આવે અને ઝાડો તથા પવન બંધ થાય.

ગંભીરતા ૧. [સં.] સ્ત્રી. અગત્યતા; મહિમા.

૨. સ્ત્રી. ઊંડાઈ.

૩. સ્ત્રી. ઊંડો વિચાર.

૪. સ્ત્રી. ગંભીરપણું; પ્રૌઢતા.

૫. સ્ત્રી. ધીરતા; સહનશીલતા.

ગંભીરતાઈ જુઓ ગંભીરતા.

ગંભીરત્વ જુઓ ગંભીરતા.

ગંભીરનાદ ૧. [સં.] પું. ઊંડો અવાજ.

૨. વિ. ગંભીર અવાજવાળું.

ગંભીરપણું જુઓ ગંભીરતા.

ગંભીરપ્રગંડિકા સ્ત્રી. બહ્વી ધમનીની એ નામની પહેલી લાંબી શાખા. તે બહિઃપ્રકોષ્ઠિકા નામની નાડી સાથે પ્રગંડાસ્થિની પાછલી બાજુ ઉપર થઈને ત્રાંસી રીતે નીચે ઊતરી આવે છે અને તેની આસપાસ ચકાવો ખાઈ તે અસ્થિની બહારની બાજુ ઉપર દેખાવ દે છે. ત્યાં તેની બે શાખાઓ પડી જાય છે. તેઓ આરોહિણી બહિઃકૂર્પરા નામની ધમની સાથે મળી જઈને કૂર્પરસંધિની આસપાસ ધમનીચક્રો રચે છે. તેની બે નાની શાખા ત્રિશિરસ્કા પેશી તેમ જ પ્રગંડાસ્થિના નલકને લોહી પૂરું પાડે છે.

ગંભીરપ્રજ્ઞ [સં.] વિ. અસાધારણ બુદ્ધિશાળી.

ગંભીરબલવાહન [સં.] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

ગંભીરબુદ્ધિ પું. (પુરાણ) હવે પછી થનારા ઈંદ્રસાવર્ણિ મનુના પુત્રો માંહેનો એ નામનો એક પુત્ર.

ગંભીરભાસિની વિ. સ્ત્રી. ગંભીરપણે બોલનારી.

ગંભીરવેદી [સં. ગંભીરવેદિન્] પું. મત્ત હાથી. તે અંકુશ વગેરેની શિક્ષાને પણ બેદરકારીથી ઘણે લાંબે વખતે ધ્યાનમાં લે છે.

ગંભીરવ્રણ ન. બહુ જ ઊંડો અને સાધારણ રીતે જલદીથી રૂઝ ન આવે એવો જખમ.

ગંભીરા ૧. સ્ત્રી. એ નામની નદી.

૨. સ્ત્રી. કીમતી જમીન.

૩. સ્ત્રી. (જૈન) ચાર ઈંદ્રિયવાળા જીવની એક જાત.

૪. સ્ત્રી. નાભિમાંથી ઉત્પન્ન થતી ઘોર અવાજવાળી હેડકી.

૫. વિ. સ્ત્રી. ઊંડી.

૬. વિ. ભયંકર; બિહામણી.

૭. વિ. વિચારશીલ હોય એવી.

ગંભીરાઈ ૧. સ્ત્રી. ગંભીરતા; ગંભીરપણું.

૨. સ્ત્રી. ઠરેલપણું.

૩. સ્ત્રી. પ્રૌઢપણું.

૪. સ્ત્રી. સહનશીલતા.

ગંભીરિકા ૧. સ્ત્રી. ઊંડી જમીન.

૨. સ્ત્રી. એ નામની નદી.

૩. સ્ત્રી. એક જાતની નાડી.

૪. સ્ત્રી. એક જાતનો આંખનો રોગ.

૫. સ્ત્રી. મોટો ઢોલ.

ગંભીરું જુઓ ગંભીર.

ગંભીરો પું. ખોટી વાત; ગપ.

ગંભીરોરુકા [સં.] સ્ત્રી. પગ માંહેની એ નામની એક ધમની. ઔર્વી ધમની સાથળમાં બે ત્રણ આંગળ નીચે ઊતર્યા પછી તેમાંથી આ જાડી શાખા ઉત્પન્ન થાય છે અને એ જ ધમનીની પાછળ પાછળ

સાથળની અંદરની સીમા ઉપર નીચે ઊતરી આવે છે. વળી એ જ ધમનીની માફક તે ઉરુસંવ્યૂહની ગરીષ્ઠા નામની પેશીની આરપાર જાય છે. આ ધમનીની બે નાની શાખા ઉરુવેષ્ટની નામે ઓળખાય છે. તેમાંની એક સાથળની અંદરની બાજુ ઉપર, જ્યારે બીજી તેની બહારની બાજુ તરફ ફેલાય છે. દરેક ઉરુવેષ્ટનીની વળી ત્રણ નાની શાખા પડી જાય છે. તેઓ અનુક્રમે ઊંચે, નીચે તથા આડી જાય છે. આ ઝીણી શાખાઓ બીજી શાખાઓ જોડે મળી જઈને જઘન, નિતંબ તથા વંક્ષણસંધિની આસપાસ ધમનીચક્રો રચે છે તથા સાથળની માંસપેશીઓને પણ લોહી પૂરૂં પાડે છે.

ગંભૂતા ન. હાલના પાટણ પાસેનું ગાંભૂ ગામ.

ગંભો પું. ઢીંકો; ધૂંબો.

ગંમત ૧. સ્ત્રી. ખેલ; રમત; ગમ્મત.

૨. સ્ત્રી. મજા; આનંદ.

ગંવાર ૧. પું. નીચ માણસ; દુષ્ટ પુરુષ.

૨. વિ. ઉજ્જડ; વેરાન; જંગલી.

૩. વિ. ગામડિયું; રોંચું; અસભ્ય.

૪. વિ. બેવકૂફ; અણુસમજુ; મૂર્ખ; અનાડી.

ગંવારી ૧. સ્ત્રી. અણુસમજુ મૂર્ખ સ્ત્રી.

૨. સ્ત્રી. ગામડાની સ્ત્રી.

૩. સ્ત્રી. મૂર્ખતા; બેવકૂફી; અજ્ઞાનતા.

ગંવારુ જુઓ ગંવાર.

ગંવી ૧. વિ. ગામડા સંબંધી.

૨. વિ. ગ્રામ્ય; જંગલી.

ગંસી સ્ત્રી. તીરની લોઢાની અણી.

ગં. સ્વ. વિ. ગંગાસ્વરૂપનું ટૂંકું રૂપ. આ રૂપ પત્રવ્યવહારમાં ખાસ વિધવા બાઈને ઉદ્દેશીને લખાય છે.

ગંહકી [સં. ગ્રાહક] પું. ખરીદનાર માણસ; ગ્રાહક.

ગંહુલા સ્ત્રી. એક જાતની વનસ્પતિ; વનિતાવલ્લભ.

ગા ૧. [સં. ગૌ] સ્ત્રી. ગાય.

૧. ગા ઉપર પલાણ = અઘટિત કામ; ખરાબ કૃત્ય.

૨. ગા ફાલવી = ગાયને ગર્ભ રહેવો.

૨. સ્ત્રી. ગાયન; ગીત; કવિતા; ગાથા.

ગા ગા કરવું = વારે ઘડીએ એક જ વાત કહ્યા કરવી.

ગાઈ ૧. સ્ત્રી. ગાય.

૨. સ્ત્રી. રજપૂતની એક શાખાનું નામ.

ગાઈડ ૧. [અં.] પું. ભોમિયો; માર્ગદર્શક; પથદર્શક.

૨. પું. વિદેશીઓની સાથે રહી તેને પ્રસિદ્ધ સ્થળો તથા વસ્તુઓ બતાવનાર પુરુષ.

૩. સ્ત્રી. માર્ગદર્શિકા; બધી સમજણ પડે, રીતો બતાવે તેવી ચોપડી.

ગાઈદ [ફા.] સ્ત્રી. કૌમારવ્રતનો નાશ થયો હોય એવી સ્ત્રી.

ગાઈની પું. એક જાતનો બેઠા ઘાટનો નાનો બળદ.

ગાઈબ [અ.] વિ. ગેબ; નાશ; ગૂમ.

ગાઈરોણ પું. બળદના ગુરદામાંથી મળી આવતો પથ્થર. તે દવામાં વપરાય છે.

ગાઈલો ૧. પું. ગોટા વાળવા તે; પૂરૂં નહિ બોલતાં ખાઈ જવું તે.

૨. પું. પ્રપંચ; દગો.

ગાઉ ૧. [સં. ગવ્યૂતિ] પું. અમુક અંતરનું માપ; કોસ; દોઢ કે પોણા બે માઈલનું અંતર.

૧. ગાઉ ચાલવા = (૧) અંતર કાપવું. (૨) લાહુ ખાવા.

૨. ગાઉ વેરે = ગાઉને અંતરે.

૨. સ્ત્રી. ગાય.

૩. ન. ગામ; ગામડું.

ગાઉટ [અં.] પું. એક જાતનો સંધિવા; ગાંઠિયો વા. તીક્ષ્ણ, જૂનો અને અનિયમિત એમ તેના ત્રણ પ્રકાર છે. પાછલી રાતે દરદી પગના કે હાથના અંગૂઠા કે પગના તળિયામાં કે પાનીમાં એકાએક અસહ્ય વેદના થવાથી જાગી ઊઠે છે. રોગગ્રસ્ત ભાગમાં જાણે અગ્નિ મૂક્યો હોય તેવું દરદ થાય છે અને ટાઢની કંપારી આવી તાવ ચડી આવે છે. સવારને વખતે દરદ ઓછું થાય છે, પણ રાત્રીએ વધુ થઈ આવે છે. પછી ધીમે ધીમે દરદ કમી થઈ તાવ તેમ જ દરદવાળા ભાગમાં આવેલો સોજો ઊતરી જાય છે અને દરદી સાવ મુક્ત થઈ રોગ થયા અગાઉની સ્થિતિ કરતાં પણ સારી સ્થિતિમાં આવી પાછો એશઆરામમાં પડે છે. પણ દરદનાં મૂળ તો ઊંડાં હોય છે. મહિનાઓ અથવા વરસો પછી તે ફરી ઊથલો મારે છે અને ધીમેધીમે બે હુમલાઓ વચ્ચેનું અંતર ઘટતું જઈ છેવટે તે તેનો હમેશનો ગુલામ બને છે. તીક્ષ્ણ ગાઉટ દીર્ઘ ગાઉટમાં પરિણમે છે. દીર્ઘ ગાઉટમાં તાવ અને સોજો હોતા નથી, પણ હાથ, પગ અને આંગળાં ઉપર નાનાં મોટાં ટીંબરૂં જેવા ટેકરા થાય છે અને સાંધાઓ સજ્જડ અને આંગળાંઓ વળેલાં રહે છે. કોઈ વાર ગાંઠો પાકી પરૂ થઈ મોટાં ચાંદાં પડે છે. તે ઘણો વખત સુધી રૂઝાતાં નથી. અનિયમિત ગાઉટ હોજરી, રક્તાશય અને મગજને પણ અસર કરે છે. આ દરદ વારસામાં ઊતરે છે અને સ્ત્રી કરતાં પુરુષને ૩૦ વરસની ઉંમર પછી વિશેષ લાગુ પડે છે. દારૂનું વ્યસન, એશઆરામ, કસરતનો અભાવ, શરીર કરતાં મનનો વધારે શ્રમ વગેરેને લીધે તેનો ઉદ્ભવ થાય છે અને ગરીબ કરતાં તવંગર તેનો વધુ ભોગ બને છે. તેના કારણમાં પાચનક્રિયાના વિકોપને લીધે લોહીમાં યુરિક એસિડ નામનો ક્ષાર થાય છે. તેનો જમાવ સાંધાઓમાં ચાકના જેવા ગાંગડા બંધાઈ સાંધા તરફ ધકેલાય છે. આ વ્યાધિ ગુરદાને પણ લાગુ પડે છે. તેને લીધે તે સંકુચિત થઈ $\frac{1}{2}$ અથવા $\frac{1}{3}$ જેટલો થાય છે અને જલોદરનું દરદ પણ થાય છે.

ગાઉન ૧. [અં.] પું. ઝભ્ભો. તેના આકાર તથા પ્રકાર ઉપરથી તે પહેરનાર ખ્રિસ્તી ધર્મગુરુ, ગ્રેજ્યુએટ, ન્યાયાધીશ અથવા કોઈ બીજો વિશિષ્ટ લોક હોય તે ઓળખાય છે.

૨. પું. યરપ, અમેરિકની સ્ત્રીઓને પહેરવાનો એક જાતનો લાંબો પોશાક.

ગાઉનિશાન ન. ગાઉનો આંકડો દર્શાવનારો નિશાનનો પથ્થર.

ગાઊધપ પું. હરામખોરી; દુષ્ટતા.

ગાએ [અવ.] સ્ત્રી. (જરથોસ્તી) ગાય.

ગાએ ભણાવવી = બંદગીમાં ગાયની બક્ષિશ જાહેર કરવી. પારસીઓમાં અગાઉ ઉઠમણાની ક્રિયા પછી કુળગોરને પૈસા તથા દાણા ઉપરાંત ગાય આપવામાં આવતી. હવે ગાયને બદલે અમુક રકમ આપવામાં આવે છે. તે ગાએ ભણાવવાનું લવાજમ કહેવાય છે.

ગાઓં ન. ગામ; ગ્રામ; ગામડું.

ગાઓંખર્ચ ન. ગામની સુધરાઈ બાબતમાં થયેલું ખર્ચ.

ગાઓંઝબાન ન. રક્તપિત્ત, ભ્રમણા અને ઉપદંશમાં વપરાતી એક ઔષધિ. તેની ડાંડલી અને પાંદડાંનો ભૂકો બજારમાં વેચાય છે.

ગાઓંટી વિ. ગામ સંબંધી.

ગાઓંબટ પું. ગામડાંના સમૂહનો બનેલો પ્રાંતનો પેટા ભાગ.

ગાઓંલી પું. ગોવાળ.

ગાકર સ્ત્રી. જાડી રોટલી.

ગાગની ન. એક જાતનું કોમળ પણ હલકા પ્રકારનું મોતી.

ગાગર ૧. પું. સ્ત્રીને પહેરવાનો ઘાઘરો.

૨. [સં. ગર્ગરી] સ્ત્રી. ઘડો; સાંકડા મોંનું અને પગતા પેટાળનું માટી કે તાંબા પિત્તળનું પાણી ભરવાનું વાસણ.

૧. એવી ભોળી કે મૂકી ગઈ ગાગર ને લઈ ગઈ ગોળી = બહુ જ પક્કું માણસ.

૨. ગાગર જેવડું પેટ = (૧) કોઈના શબ્દ સહન કરી જવાપણું. (૨) ગુપ્ત વાત છાની રાખવી તે. (૩) મોટું પેટ.

૩. ગાગર નવરાવવું = કન્યાને પરણાવવી હોય તે વરસમાં મકરસંક્રાંતિને રોજ સવારમાં બાર ઠંડા પાણીના ઘડાથી તેને નવરાવવાની વિધિ કરવી.

૪. ગાગર ફૂટે ને રણકો વાગે = ખરાબ કામ કરે તેનું ખરાબ પરિણામ આવે.

૫. ગાગરમાં સાગર સમાવવો = થોડામાં ઝાઝું સમાવવું.

૩. સ્ત્રી. હળ વચ્ચેનો જાડો ભાગ.

૪. ન. એક જાતનું માછલું. તેનું કદ એકથી ચાર ફૂટ જેટલું, આકાર ગાગર જેવો અને રંગ લીલો, કાળો કે કાબરચીતરો હોય છે. શરીરે ચટાપટા હોય છે.

ગાગરડી (ગાગરડ઼ી) સ્ત્રી. નાની ગાગર.

૧. ગાગરડી જેવું = ઉપસેલું; ફૂલેલું.

૨. હાથ પગ દોરડી ને પેટ ગાગરડી = પાતળા હાથ પગ અને ઊપસેલ પેટ હોય એવું રોગી માણસ.

ગાગરડીકથા (ગાગરડ઼ીકથા) સ્ત્રી. જેમાં મૃદંગને બદલે ગાગર વગાડવામાં આવતી હોય એવી કથા.

ગાગરબેડિયું (ગાગરબેડ઼િયું) ન. ઉપરાઉપરી ચડાવેલી કોઈ પણ વસ્તુની ઊતરડ; શિંકી.

ગાગરબેડિયાની માનતા = માતાને વધામણું દેવાની એક રીત.

ગાગરા [હિં.] સ્ત્રી. ભંગીની એક જાત.

ગાગરિયા સ્ત્રી. ગાગર; પાણીનો ઘડો.

ગાગરિયોભટ પું. માણભટ.

ગાગરી [સં. ગર્ગરી] સ્ત્રી. પાણીનો ઘડો; ગાગર.

ભરાય ગાગરી ત્યારે આવે નાગરી = ગાગર ભરાય એટલા રૂપિયા હોય ત્યારે નાગરની કન્યા મળે. પલ્લાની કીમત વડનગરા નાગરની જ્ઞાતિ જેટલી ગુજરાતની બીજી કોઈ જ્ઞાતિમાં નથી એમ કહેવાય છે. તેથી જ આ કહેવત પડી હોય એમ લાગે છે.

ગાગલી સ્ત્રી. અળશીની ગાંઠ.

ગાગાણી ૧. સ્ત્રી. કડિયાની એ નામની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગાગાં પું. સાંઢિયો.

ગાગેર [સં. ગર્ગરી] સ્ત્રી. ગાગર; સાંકડા મોંનું માટી કે ધાતુનું વાસણ.

ગાગેરડી (ગાગેરડ઼ી) સ્ત્રી. નાની ગાગર. જુઓ ગાગરડી.

ગાગોઝારો ૧. પું. સિંહ.

૨. વિ. પું. ગાયને મારનારો; ગાયની હત્યા કરનારો.

ગાગોલી સ્ત્રી. એક જાતની માછલી.

ગાગ્રા [હિં.] સ્ત્રી. ઝાડુ કાઢનારાઓની એક હલકી જાત.

ગાચ સ્ત્રી. તીખાંની એક જાત.

ગાચવું અ. ક્રિ. પસંદ પડવું.

ગાછ [હિં.] પું. ઝાડ.

ગાછમિર્ચ [હિં.] સ્ત્રી. લાલ તીખાં.

ગાછવું અ. ક્રિ. તપાસવું; તપાસ કરવી.

ગાછા સ્ત્રી. મધ્યહિંદમાં વસતી અસ્પૃશ્ય લોકોની એક જાત.

ગાછી ૧. [હિં.] સ્ત્રી. ઘાસિયો; ગાદી.

૨. સ્ત્રી. બગીચો; વાડી.

૩. સ્ત્રી. રોપવું તે.

ગાજ ૧. [સં. ગર્જ્; પ્રા. ગજ્જર] પું. ગગડાટ; ગાજવીજ; કડાકો.

૨. પું. બોરિયું ઘાલવાનું કિનારીએ ઓટેલું બાંકું; ગૂંથીને બનાવેલું બુટાનનું નાકું.

૩. [અં. ગૉઝ] પું.; ન. રેશમી અથવા સુતરાઉ હલકા અને ઝીણા કપડાની એક જાત.

૪. [હિં.] સ્ત્રી. કાચની બંગડી.

૫. સ્ત્રી. થૂંક.

૬. સ્ત્રી. ફીણ.

૭. ન. એક જાતની મોટી બતક.

ગાજચોકડો (ગાજચોકડ઼ો) ન. ચોકડીવાળું એક જાતનું કાપડ.

ગાજન [સં. ગર્જન] પું. ગર્જના; ગાજવીજ.

ગાજબાન સ્ત્રી. એક જાતની વનસ્પતિ; ભોંપાથરી; ગળજીભી. તેના છોડ જમીન ઉપર પથરાય છે. તેનાં પાન લાંબાં અને સફેદ પટ્ટાવાળાં થાય છે. જેની કોર ખાંચા અને દાંતાવાળી હોય છે. તેનાં ફૂલનો આકાર ધાવડીનાં ફૂલ જેવો હોય છે. ભોંપાથરી મૂત્રલ તરીકે ઊનવા તથા અશ્મરી ઉપર ઔષધ તરીકે અપાય છે.

ગાજમારા ૧. વિ. વીજળીથી ઈજા પામેલ.

૨. વિ. સખત; ભયંકર.

ગાજર ૧. [ફા. ગાઝર] પું.; ન. એક જાતનો છોડ. તેનાં પાન લાંબાં, સાંકડાં અને અણીવાળાં હોય છે. તેની નીચે મૂળાના કાંદા જેવો લાલ રંગનો કાંદો હોય છે. ગાજરનાં બી ગર્ભપાત માટે વપરાય છે. તેનો ઉકાળો પીવાથી કમળો મટે છે. ઓગસ્ટથી ડિસેમ્બર સુધીમાં તે વાવવા. મોટી જાત ૧૨ ઇંચ છેટે તથા નાની જાત ૯ ઇંચ છેટે વાવવી. જ્યારે છોડ ૩થી ૪ ઇંચ ઊંચા થાય ત્યારે તેમને દરેક છોડની વચ્ચે છ ઇંચનું અંતર રહે તેમ પારવી નાખવા. વચમાં કોઈ પણ જાતનું ઘાસ કે એવું કંઈ રહેવા દેવું નહિ તથા મૂળિયાની આસપાસ જમીન ખોરવી નાખતા રહેવું. તેમની ઊગવાની આખી મોસમમાં પાણી ખૂબ પાતા રહેવું. તેને ઊંડી, ફળદ્રુપ અને રેતીવાળી જમીન કે જેમાં આગલી મોસમમાં ખૂબ ખાતર નાખેલું હોય તેવી માફક આવે છે. આ ઉપરાંત પછી ફરીને ખાતર નાખવાની જરૂર નથી. ગાજર કિરમજી રંગ જેવાં રાતાં, ભગરા રાતાં તથા પીળાશ ઉપર રાતા રંગનાં થાય છે. ગાજરના વાવેતર માટે રેતીવાળી પોચી જમીન માફક ગણાય છે. છાણનું ગળતિઉં ખાતર તેને અનુકૂળ છે. ગાજર ત્રણ માસમાં તૈયાર થાય છે.

૨. ન. એક જાતનું કંદ. તેનું શાક ને અથાણું થાય છે. ઉત્તર હિંદુસ્તાનમાં તેનો હલવો થાય છે તથા ઢોરને ખવરાવાય છે. તેનાં બી ખસ ઉપર કામ આવે છે. ઔષધ તરીકે તેની પોટીસ ગૂમડાં, ચાંદા તથા સડેલા જખમ ઉપર ઉત્તમ ગણાય છે. તેમાં ટમેટાના જેવા ગુણ છે. વૈજ્ઞાનિક રીતે પૃથક્કરણ કર્યા પછી એમ પુરવાર થયું છે કે 'એ' વિટામિનની દૃષ્ટિએ વિચાર કરીએ તો ગાજર કોડલિવર ઓઇલ, દૂધ ને માખણની હરીફાઈ કરી શકે છે. ગાજરમાં કેરોટિન નામનો જે પદાર્થ છે તે શરીરને ઘણો ઉપયોગી છે. નાળિયેર, ઘઉં અને મગફળી માંહેના કેરોટિન કરતાં ગાજરમાં તેનો બમણો સત્વાંશ હોય છે. કોડલિવર ઓઇલ, માખણ કે દૂધ જે ગરીબ પ્રજાને મોંઘાં પડે તેમને માટે ગાજર ઉત્તમ ગણાય. તે મધુર, રુચ્ય, ગ્રાહક, કડવું, તીખું, રક્તપિત્તકારક, ઉષ્ણ, હૃદ્ય, અગ્નિદીપન, નેત્રને વિકાર કરનાર, વિદાહી, રૂક્ષ તથા પિત્તકર છે. આધ્માન, શૂળ, મૂળવ્યાધિ, કૃમિ, સંગ્રહણી, વાત, કફ, તૃષા તથા શુક્રનો નાશ કરે છે. અતિસાર કે ઝાડાના રોગમાં ગાજરનો રસ ઉપયોગી છે. ગાજરનાં બી જ્ઞાનતંતુપોષક અને કામેચ્છાકારક છે. તેનું તેલ પણ તે જ ગુણ ધરાવે છે. વધારે પ્રમાણમાં લેવાથી તે બદહજમી વધારે છે. મંદ પાચનશક્તિવાળાને

ગાજરનાં બી આપવાં નહિ. ગાજરનો મુરબ્બો હૃદયને શક્તિ આપે છે. એ અસલ મુસલમાન લોકોનો ખોરાક હોવો જોઈએ. ઉચ્ચ હિંદુ વર્ગમાં ખવાતાં નહિ હોય, કારણ ગુજરાતમાં કહેવત છે કે, ગાજર ગરિયાં, ગાજર ખાય તરકનાં છૈયાં.

૧. ઇશકનાં માર્યાં ગાજર ખાવાં = ભૂખ્યો માણસ કંઈ ખાવાનું ન મળે તો ગાજર પણ ખાઈ જાય તેમ પ્રેમમાં આંધળું માણસ ગમે તેની પાછળ વિચાર કર્યા વિના પ્રેમ કરે છે.

૨. ગાજર ખેંચવું-તાણવું = મોટું ઊભું ટીલું કરવું; ગાજરના જેવા આકારનું કપાળે ટીલું કરવું.

૩. ગાજરપારખું = દોઢચતુર; દોઢડાહ્યું.

૪. ગાજરમૂલી = માલ વગરની વસ્તુ.

૫. ગાજર મૂળા ગણવા-લેખવા = કીમત વગરનું ગણવું; તુચ્છ સમજવું.

૬. ગાજરની પપૂડી-પીપૂડી = સમય પ્રમાણેનો સૂર; અસ્થિર સ્થિતિ.

૭. ગાજરની પપૂડી-પીપૂડી વાગી તો વાગી, નહિ તો કરડી ખાધી = સફળ થયું કિંવા નિષ્ફળ ગયું તોપણ ફાયદાકારક હોય પણ નુકસાન ન હોય એવું કામ ગાજરની પીપૂડી કરી અને વાગી તો જાણે પીપૂડી થઈ અને ન વાગી તો ખાવાના ઉપયોગમાં આવી જાય એટલે કે તે એકે રીતે નકામી ન થાય.

૩. न. ગાજરની જાતનું એક કંદ; શકરકંદ; રતાળુ.

ગાજરગટ્ટા પું. છોકરાંને રમવાની નાની બંદૂક.

ગાજરગોટો પું. એક જાતની વનસ્પતિ; કૂતરાની ટોપી.

ગાજરત સ્ત્રી. એ નામની એક વનસ્પતિ.

ગાજરભટ પું. ગાજર અને ચોખાની બનતી એક વાની.

ગાજરભટ્ટા જુઓ ગાજરભટ.

ગાજરવેટ પું. ગ્રેજ્યુએટ; સ્નાતક. તે તિરસ્કારમાં વપરાય છે.

ગાજરા ૧. સ્ત્રી. એ નામની મેમણની એક અટક.

૨. न. એ નામની અટકનું માણસ.

૩. वि. એ નામની અટકનું.

ગાજરિયું ૧. न. કપાળમાં કરવામાં આવતું ગાજર જેવું લાંબું ટીલું; મોટું ઊભું ટીલું.

૨. न. ધોરખોદું; દાટેલાં મુડદાં ઉપાડી જતું એક પ્રાણી.

૩. न. નાનું માણસ; ઠીંગણું માણસ.

૪. न. શિશ્ન; પુરુષની ગુહ્યેંદ્રિય.

ગાજરિયો ૧. પું. કપાળમાં ગાજર જેવું કરવામાં આવતું ટીલું; મોટું ઊભું ટીલું.

૨. પું. ઠીંગણો માણસ.

૩. સ્ત્રી. એક જાતની કેરી.

ગાજરો પું. એક જાતનું હલકું અનાજ.

ગાજલ પું. કાચની બંગડીઓ વેચનાર માણસ.

ગાજવીજ ૧. સ્ત્રી. ખૂબ ધામધુમ.

૨. [સં. ગર્જ્ (ગાજવું) + વિદ્યુત્] સ્ત્રી. ગર્જના અને વીજળી; વરસાદનું ગાજવું અને આકાશમાં વીજળી થવી તે.

ગાજવું ૧. [સં. ગર્જ્] अ. क्रि. અવાજ થવો; વાગવું.

૧. ગાજતું વાજતું = છાનુંમાનું નહિ એવું; સશબ્દ; ગર્જના કરતું અને વાજિત્રો વગાડતું; ચાહન; જાહેર.

૨. ગાજતું વાજતું સૌ માંડવે આવશે = છૂપી વાત એની મેળે જાહેર થશે.

૨. अ. क्रि. આકાશમાં વાદળાંનો ગડગડાટ થવો. ગાજતા-ગાજ્યા મેહ વરસે નહિ અને ભસતા કુત્તા-કૂતરા કાટે-કરડે નહિ = બોલનારો કરતો નથી પણ નહિ બોલનારો કરી બતાવે છે.

૩. अ. क्रि. ખુશ થવું.

૪. अ. क्रि. ગર્જના કરવી; મોટી બૂમ પાડવી; ગરજવું.

૧. ગાજે તેનું વાજે = બોલતાનાં બોર વેચાય.

૨. લાજવું નહિ ને ગાજવું = શરમભર્યું કામ કરવા છતાં બકબક કરવું.

૫. अ. क्रि. તુમાખીમાં રહેવું.

૬. अ. क्रि. ધામધૂમ કરવી; શોભા બતાવવી; ફુલાવું; વૈભવ દેખાડવો.

૭. अ. क्रि. ભાર દઈને પડવું.

૮. अ. क्रि. મોટું નામ કરવું; જાહેર થવું; નામના મેળવવી.

૯. अ. क्रि. મોટેથી બોલવું; ઠપકો આપવો; ધમકાવવું.

૧૦. अ. क्रि. હિંમત ધરવી.

ગાજા પું. ब. व. ટેકરીની તળેટીના ભાગમાં પહેલી વાર વવાતા ચોખા.

ગાજાણી ૧. સ્ત્રી. કણબીની એ નામની અટક.

૨. न. એ નામની અટકનું માણસ.

૩. वि. એ નામની અટકનું.

ગાજિયા न. એક જાતનું કાપડ.

ગાજિર જુઓ ગાજર.

ગાજિવાહ સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

ગાજી ૧. [अ.] પું. ધર્મને માટે વિધર્મી સાથે યુદ્ધ કરનાર મુસલમાન વીર.

૨. પું. બહાદુર લડવૈયો; મરણિયો સૈનિક; વીર; શૂરો.

૩. સ્ત્રી. એ નામની મેમણ અને ખારવાની એક અટક.

૪. न. એ નામની અટકનું માણસ.

૫. न. એક જાતનું કાપડ.

૬. वि. એ નામની અટકનું.

ગાજીપરા ૧. સ્ત્રી. લેઉઆ કણબીની એ નામની અટક.

૨. न. એ નામની અટકનું માણસ.

૩. वि. એ નામની અટકનું.

ગાજીપૂરા ૧. સ્ત્રી. એ નામની પીંજારા અને પટણીની એક અટક.

૨. न. એ નામની અટકનું માણસ.

૩. वि. એ નામની અટકનું.

ગાજીમરદ ૧. પું. ઘોડો.

૨. પું. બહાદુર પુરુષ; વીર નર.

ગાજીમર્દ જુઓ ગાજીમરદ.

ગાજુસ પું. (વહાણવટું) નૈર્ઋત્ય ખૂણાનો પવન.

ગાજો ૧. પું. પથ્થરપાટી ઉપર લખવાની આખી પેન.

૨. સ્ત્રી. ગર્જના; નાદ.

ગાઝ न. રેશમ, સૂતર કે તારની જાળીદાર કે પાતળા પોતની એક બનાવટ; 'ગૉઝ.'

ગાઝર [ફા.] પું. ધોબી.

ગાઝિરમહાલ પું. બંગાળમાં ધોબી ઉપર અગાઉ લેવાતો એક વેરો.

ગાઝી જુઓ ગાજી.

ગાઝીમરદ જુઓ ગાજીમરદ.

ગાઝીમર્દ જુઓ ગાજીમરદ.

ગાઝુર જુઓ ગાઝર.

ગાટ પું. હર્ષ; આનંદ.

ગાટલી સ્ત્રી. શેરડીની કાતળી.

ગાટા ૧. [હિં.] પું. અનાજ કચરવા માટે બળદને ધોંસરીએ જોડવા તે.

૨. પું. ખેતરનો નાનો કટકો.

૩. वि. ખરાબ મગજવાળું.

ગાટાબંદી [હિં.] સ્ત્રી. ગાટાથી ગામની જમીનના ભાગ પાડવા તે.

ગાટેવાર જુઓ ગાટાબંદી.

ગાઠવું ૧. અ. ક્રિ. ઘસાવું; ઘસાઈ જવું.

૨. અ. ક્રિ. ઠગાવું; છેતરાવું.

૩. અ. ક્રિ. પકડાવું.

૪. અ. ક્રિ. પૈસો વપરાવો; ખર્ચમાં આવવું.

૫. સ. ક્રિ. ગણુકારવું.

૬. સ. ક્રિ. છેતરવું; ઠગવું.

ગાઠાણી ૧. સ્ત્રી. દશાશ્રીમાળી વાણિયાની એ નામની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગાઠી ૧. સ્ત્રી. ગાંઠ; ગ્રંથિ.

૨. સ્ત્રી. ગાંઠડી; પોટલું.

ગાઠુઓ ૧. [સં. ગ્રંથિ] પું. ગાંઠ છોડનાર માણસ.

૨. પું. લુચ્ચો માણસ; ધૂર્ત; શઠ; ગઠિયો.

ગાઠું ૧. વિ. ઓછું; આછું.

૨. વિ. ગરીબ; છેતરાયાથી દીન થયેલું.

૩. વિ. ઘસાયેલું; નબળું પડી ગયેલું.

૪. વિ. જૂઠી પંચાત કરનાર.

૫. વિ. ડાહ્યલું; નકામા ડહાપણના બોલ બોલનાર.

૬. વિ. હારેલું; પરાજિત.

ગાઠેલું વિ. ઘસાયેલું; નબળું પડી ગયેલું.

ગાઠો વિ. પું. વસાયેલો; જ્યાં કોઈ રહેતું હોય એવો.

ગાડ (ગાડ઼) ૧. પું. એક જાતનું કાપડ.

૨. પું. પાણી પીવા આવતા પશુને ખાઈ ખોદી અથવા બાણથી મારી નાખવાનો શિકાર.

૩. સ્ત્રી. જેના ઉપર પાણી ઝાઝો વખત રહે નહિ એવી નીચી જમીન.

૪. ન. દુઃખ; પીડા.

ગાડડૂ (ગાડડૂ) પું. મદારી; જાદૂગર.

ગાડથોપ (ગાડ઼થોપ) સ્ત્રી. દાટવું તે; દફનક્રિયા.

ગાડદ (ગાડ઼દ) સ્ત્રી. એક જાતની ભેંસ.

ગાડદી (ગાડ઼દી) [અં. ગાર્ડ] પું. સિપાઈ; સૈનિક; કિલ્લાની રક્ષા કરનારો પહેરેગીર.

ગાડમૃગયા જુઓ ગાડ ૨.

ગાડર ૧. [સં. ગડુર] સ્ત્રી. ઇયળ.

૨. સ્ત્રી. એક જાતની વનસ્પતિ અને તેનાં બી. તેનો છોડ તુલસીના છોડ જેવો અને બી ગોખરુ જેવાં અને લાંબાં થાય છે. બીને વહેમી લોકો મંત્રીને આધાશીશી મટવા કાનની કડીમાં ઘાલે છે.

૩. ન. ઘેટું; મેંઢું.

ગાડરકાંગસી સ્ત્રી. એક જાતનો છોડ. એનાં પાન બોળનાં પાન જેવાં પણ હથેળી જેવડાં મોટાં થાય છે. તેનાં નાનાં પાન કાંગસીના દાંતા જેવા દાંતાવાળાં હોય છે.

ગાડરઝીપટો પું. એક જાતનો છોડ. તેનાં પાન કાંટાસેળિયાનાં પાન જેવાં અને ફૂલ ફિક્કા લીલા રંગનાં હોય છે. તેમાં ધોળાં કાંટાવાળાં ફળ થાય છે.

ગાડરડું (ગાડરડું) ન. ઘેટું; મેંઢું.

ગાડરસમેરવો પું. એક જાતનો છોડવો. તે જમીન ઉપર પથરાય છે. તેનાં ફૂલ ગુલાબી રંગનાં, શીંગ ઊભા સાંધાવાળી ને કરચલીવાળી સપાટીની હોય છે.

ગાડરિયાવૃત્તિ સ્ત્રી. વિચાર્યા વિના અંધ અનુકરણ કરવાનો સ્વભાવ.

ગાડરિયું ૧. ન. એક જાતનો બે થી ચાર ફૂટ ઊંચો ઊગતો છોડ.

૨. [સં. ગડુરિકા] ન. મરી ગયેલ ગાડર ઉપરથી ઉતારેલું ચામડું.

૩. વિ. ગાડરના જેવું; ગરીબ; બીકણ.

૪. વિ. ગાડરને લગતું.

૫. વિ. ગાડરની જેમ આંધળી રીતે અનુસરતું; ગાડરની માફક એકએકને પગલે વગર વિચાર્યે ચાલી જતું.

ગાડરિયો ૧. પું. ભરવાડ; રબારી.

૨. પું. મઠિયા કપાસની ત્રણ માંહેની એક જાતનો કપાસ. તેનો પાક અને ભાવ સારો આવે છે.

ગાડરિયો પ્રવાહ ૧. પું. એક ઘેટાની પાછળ બીજાં ઘેટાંનું જવું તે.

૨. પું. વિચાર વગરનું અંધ અનુકરણ.

ગાડરી ૧. પું. ગારુડી; મદારી.

૨. સ્ત્રી. ઘેટી.

૩. વિ. ગાડરના જેવું; ગાડરને લગતું.

ગાડરુ ૧. પું. મદારી; જાદૂગર; ગારુડી.

૨. ન. ઘેટું; મેંઢું.

ગાડરું ન. ગાડર; ઘેટું; મેંઢું.

ગાડરૂ પું. ઝેરનું વારણ કરવાનો મંત્ર.

ગાડર્ય પું. પાણિનિ પહેલાં થઈ ગયેલ એ નામનો એક વૈયાકરણી.

ગાડલ ન. ગાડું.

ગાડલિયા ૧. સ્ત્રી. લેઉઆ કણબીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગાડલિયું ન. રખડાઉ માણસ.

ગાડલી ૧. સ્ત્રી. આકાશમાં ગાડીના આકારે દેખાતો છ તારાનો સમૂહ; રોહિણી નક્ષત્ર. ચૈત્ર સુદિ પાંચમની રાતે પશ્ચિમ તરફ મોં રાખીને તેને જોતાં જો ચંદ્રમા રોહિણીની પાછળ હોય તો સુકાળ થાય, આગળ હોય તો અનાજ મોંઘાં થાય, રૂ મોંઘું થાય, ડાબી કોર હોય તો કાળ પડે, જમણી કોર હોય તો સુકાળ થાય. વળી સપ્તર્ષિ ગાડલીની વાંસે હોય તો અનાજ મોંઘાં અને જમણી કોર હોય તો સોંઘાં થાય એમ માન્યતા છે.

૨. સ્ત્રી. નાની ગાડી; નાનું ગાડું.

૩. સ્ત્રી. (વહાણવટું) રોધ; ગાલ્લી.

ગાડલું ન. ગાડું; શકટ.

ગાડવ ૧. પું. એક જાતનું ધાન્ય.

૨. ન. કૂબડાપણું; કદરૂપતા.

ગાડવું ૧. સ. ક્રિ. જમીનની અંદર ખાડો કરી તેમાં મૂકવું; દાટવું.

૨. સ. ક્રિ. ઠોકવું; મારવું.

૩. સ. ક્રિ. રોપવું; ખોસવું.

ગાડવો ૧. [સં. ઘટ] પું. ગર્ભવતી સ્ત્રીને પહેલી વખત પિયેર સુવાવડે જતી વખતે અપાતો ચોખાથી ભરેલો કુંભ.

૨. પું. માટીનું નાના સાંકડા મોંનું ઘડા જેવું ઘી કે તેલ ભરવાનું ગોળ વાસણ.

ગાડવો ઢોળવો = જવાબદારી નાખવી.

ગાડા ૧. પું. છૂપું લશ્કર.

૨. સ્ત્રી. ખાઈ.

૩. સ્ત્રી. ઝાઝો વખત પાણી રહે નહિ એવી નીચી જમીન.

ગાડાખેડુ (ગાડાખેડુ) ૧. પું. ગાડાવાળો ખેડૂત.

૨. પું. ગાડું ચલાવનાર અથવા હાંકનાર માણસ.

ગાડાગર વિ. ગાડું બનાવનાર.

ગાડાગાડી સ્ત્રી. એ નામની એક દેશી રમત. તેમાં એક છોકરો ઘોડો થાય અને બીજો પાછળથી તેનો સદરો પકડીને ગાડીવાળો થાય. ગાડીવાળો સદરાના ઇશારાથી અથવા ચાબુકથી ઘોડાને ચલાવે અને વાળે તથા "એ જાનેવાલા, બાજુ, બાજુ" વગેરે બોલીને ખરા ગાડીવાળાની નકલ કરે. પછી તે બંને અરસપરસ બદલાઈને રમે. આ ખેલથી દોડવાનો સારો બ્યાયામ થાય છે.

ગાડાચિઠ્ઠી સ્ત્રી. વેઠ માટે ગાડું તૈયાર કરવાની ચિઠ્ઠી.

ગાડાચીલો જુઓ ગાડામાર્ગ.

ગાડામારગ જુઓ ગાડામાર્ગ.

ગાડામાર્ગ પું. ગાડાંઓને ચાલવાનો રસ્તો; ગાડાવટ; ગાડાંનો માર્ગ.

ગાડાલોંડો પું. ગાડે જોડતાં ચાલે નહિ એવો બળદ.

ગાડાવટ જુઓ ગાડામાર્ગ.

ગાડાવાટ ૧. પું. ગાડાનો રસ્તો; ગાડું ચાલી શકે એવા ચીલાવાળો રસ્તો.

૨. પું. ધોરી રસ્તો; સરિયામ માર્ગ; રાજમાર્ગ.

ગાડાંઓઢે અ. ઘણું જ; ખૂબ.

ગાડિ સ્ત્રી. એક પ્રકારનો શિકાર. તેમાં શિકારી ફરતો ગઢ બાંધી ગઢની અંદર રહી શિકાર કરે છે.

ગાડિયા ૧. સ્ત્રી. એ નામની ઢેઢની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગાડિયું ન. તોપ ખેંચવાની નાની ગાડી; નાનું ગાડું.

ગાડી ૧. સ્ત્રી. ગુદા.

૨. સ્ત્રી. ચારઠ; બગી; સગરામ.

૩. સ્ત્રી. ડમણી; રેંકડો; નાનું ગાડું.

૪. સ્ત્રી. બે અથવા ચાર પૈડાંનું જમીન ઉપર ચાલતું યાન; પૈડાંનાં ફરવાથી ચાલતું વાહન.

૧. ગાડી જોડવી = ગાડીમાં ઘોડાને જોડવો; ચલાવવા માટે ગાડી તૈયાર કરવી.

૨. ગાડી, લાડી ને વાડી ત્રણે હોવાં = બધી જાતનો વૈભવ હોવો.

૩. ગાડી સરાણે ચડવી = ગાડું બરાબર ગગડવું; બરાબર ચાલવું.

૫. સ્ત્રી. રેલવેગાડી; આગગાડી.

૧. ગાડી છૂટવી = (૧) આગળના સ્ટેશનેથી આગગાડી ઊપડવી. (૨) રોજ નિયમિત વખત પ્રમાણે આવજા કરતી ગાડીનું તે દિવસે કામ કરતાં બંધ પડવું.

૨. ડાકગાડી = ટપાલ લઈ જનારી ગાડી.

૩. માલગાડી = ભારખાનું.

૪. મુસાફર ગાડી = ઉતારૂ માટેની ગાડી.

ગાડીખાતું ન. સૂતર કાંતવાનું યંત્ર.

ગાડીખાનું ન. બગીખાનું; ગાડી રાખવાનું સ્થળ.

ગાડીગાડી સ્ત્રી. આગગાડીનું અનુકરણ કરી રમવાની બાળકોની એક રમત.

ગાડીઘોડો (ગાડીઘોડ઼ો) પું. ગાડી અને ઘોડો; વાહન.

ગાડીત પું. ગાડી હાંકનારો માણસ; ગાડીવાન.

ગાડીભર વિ. એક ગાડામાં ભરાય તેટલું.

ગાડીભાડું (ગાડીભાડ઼ું) ન. ગાડીનું ભાડું; વાહનખર્ચ.

ગાડીવાન ૧. પું. ગાડી ભાડે ફેરવનાર માણસ.

૨. પું. ગાડીવાળો; ગાડી હાંકનાર માણસ; 'કોચમન'.

ગાડીવાળો જુઓ ગાડીવાન.

ગાડુલ્ય ન. કૂબડાપણું; કદરૂપતા.

ગાડું ન. માણસોને બેસવા માટે, ખેતીના કામ માટે અને સરસામાન ભરવા માટે ઉપયોગમાં આવતી જુદી જુદી જાતની જાડી બાંધણીની ગાડી.

૧. ગાડાના પૈડા જેવું = ઘણું જ જરૂરી; અગત્યનું.

૨. ગાડું અટકવું-અટકી પડવું = કામમાં વિઘ્ન આવવું; કામ બંધ પડવું.

૩. ગાડું ઉલાળવું = કામ કે વાત અધવચ બંધ કરવી.

૪. ગાડું ગબડાવવું-ચલાવવું = કામ બંધ ન પડવા દેતાં ધીમે ધીમે આગળ ચલાવવું; વહેવાર ચાલુ રાખવો; મુશ્કેલીમાં પણ કામ કર્યે જવું.

૫. ગાડું ચાલવા દેવું = કામ આગળ થવા દેવું; ધીમે ધીમે આગળ વધવું પણ થોભવું કે અટકવું નહિ.

૬. ગાડું ચાલવું = કામ રડવું; અર્થ સરવો.

૭. ગાડું રોડવવું = (૧) કામકાજ આગળ ચલાવવું. (૨) પૂરું કરવું; ભરણપોષણ કરવું.

૮. ગાડું સરેડે ચડવું = કામ રસ્તે પડવું; કામ આગળ ચાલવું.

૯. ગાડું હાંકવું = (૧) કાંઈ પણ વિચાર કે કાળજી વગર ધંધો ચલાવવો. (૨) ગાડે જોડેલા બળદને ચલાવવા.

૧૦. ગાડે ચડીને મોત આવવું = ઓચિંતું આવી બનવું.

૧૧. ગાડે જોડાવું-જોતરાવું = (૧) કોઈ પણ કામમાં નવુંસવું ગુંથાવું. (૨) નઠારી બાબતમાં દેખાદેખી કરવી. (૩) બળદ ગાડે જોતરાયા હોય એવી સ્થિતિમાં આવવું; પીડામાં પડવું; મુશ્કેલીમાં મુકાવું; દુઃખ થવું.

૧૨. ગાડે બેસવું = પક્ષ ધરવો; પક્ષમાં ભળી જવું.

૧૩. ગાડે બેસીને આવવું = જાહેર કે ખુલ્લી રીતે આવવું.

૧૪. ગાડેગાડાં = પુષ્કળ; બહુ જ; ઘણું.

૧૫. જેને ગાડે બેસે તેનાં ગીત ગાવાં = જ્યાં સ્વાર્થ દેખે ત્યાં તેનાં વખાણ કરવાં.

૧૬. ભાંગ્યું ગાડે ઘલાવું = હાલ રોડવવું, પછી જોઈ લેવાવું.

ગાડુંગડેરૂં ન. ગાડું અથવા એવું કોઈ વાહન.

ગાડુંગરીડું જુઓ ગાડુંગડેરૂં.

ગાઢ ૧. સ્ત્રી. કામ કરતી વખતે વણકર પોતાના પગ રાખે છે તે ખાડો.

૨. સ્ત્રી. ધીરજ; ધૈર્ય.

૩. [હિં.] સ્ત્રી. મુશ્કેલી.

૪. સ્ત્રી. વણકરની શાળ.

૫. વિ. ઘટ; ઘાટું; જાડું; ઘન.

૬. વિ. ઘણું; અધિક.

૭. વિ. ઘોર; ભારે.

૮. વિ. ચીકણું.

૯. [સં.] વિ. નીચે પ્રવેશ કરેલ.

૧૦. વિ. મજબૂત; અતિશય દઢતાવાળું.

૧૧. વિ. વિકટ; કઠણ; દુર્ગમ.

૧૨. વિ. સેવેલું.

ગાઢતા ૧. સ્ત્રી. અત્યંતપણું; વધારે હોવું તે.

૨. સ્ત્રી. ઘટતા; ઘાટું હોવું તે.

૩. સ્ત્રી. ચીકણાપણું.

૪. સ્ત્રી. ઝનૂન.

૫. સ્ત્રી. દઢતા; મજબૂતી.

૬. સ્ત્રી. ભારેપણું.

૭. સ્ત્રી. વિકટતા; કઠણ હોવું તે.

ગાઢત્વ જુઓ ગાઢતા.

ગાઢમુષ્ટિ ૧. સ્ત્રી. છરી.

૨. [સં.] સ્ત્રી. તલવાર.

૩. વિ. લોભી; કૃપણ.

ગાઢવાડ (ગાઢવાડ઼) વિ. જાડું અને ખરબચડું.

ગાઢસુષુપ્તિ સ્ત્રી. પ્રાણવિનિમયના પ્રયોગથી તંદ્રાભાજનની અનુક્રમે થતી છ માંહેની એ નામની ત્રીજી સ્થિતિ. આ સ્થિતિમાં આવેલ તંદ્રાભાજનને બહારની કોઈ અસર થતી નથી. તેના શરીરનો કોઈ પણ ભાગ કાપવામાં આવે તોપણ તેનું તેને ભાન હોતું નથી. આંખોનાં પોપચાં ઉથલાવી જોતાં તેની આંખો ફરી ગયેલી જણાય છે ને તેમાં આંગળી ફેરવતાં છતાં, કિંવા પ્રકાશ દેખાડવા છતાં કીકી કે પોપચાં હાલતાં નથી. બહાર મોટા મોટા અવાજ કરવામાં આવે તે પણ સંભળાતા નથી.

ગાઢા ૧. [હિં.] પું. એક જાતનું જાડું ને ખરબચડું દેશી લૂગડું.

૨. વિ. કડક; વળે નહિ એવું.

૩. વિ. કાદવવાળું.

૪. વિ. ગાઢ; જાડું; દઢ.

૫. વિ. દિલોજાન; વહાલું; પ્રિય.

૬. વિ. પાકું.

૭. વિ. લુચ્ચું.

૮. વિ. વિકટ; કઠણ; મુશ્કેલ.

ગાઢાઈ સ્ત્રી. ગાઢતા; ઘટ્ટપણું.

ગાઢાગરજી વિ. ઘાંટો કાઢી રુદન કરતું.

ગાઢાનુરાગદર્શક વિ. ઘણો પ્રેમ દર્શાવનાર.

ગાઢાનુરાગી વિ. ખૂબ પ્રીતિવાળું.

ગાઢાલિંગન ન. અતિશય ભેટવું તે; સ્નેહથી ખૂબ ભેટવું તે.

ગાઢાવટી [સં.] સ્ત્રી. શેતરંજ જેવી એક રમત.

ગાઢાશ્લેષ [સં.] પું. ખૂબ ભેટવું તે.

ગાઢિ ૧. વિ. (જૂ. ગુ.) ગાંઠ.

૨. વિ. ઘણું; ગાઢ.

ગાઢીકરણ ન. ઘટ્ટ થવું તે; ગાઢ થવું તે.

ગાઢું ૧. [સં. ગાઢ] વિ. ઘટ્ટ; ઘાટું.

૨. વિ. ઘણું; વધારે.

૩. વિ. ચીકણું.

૪. વિ. ભારે; ઘોર.

૫. વિ. મજબૂત; અતિશય દઢતાવાળું.

૬. વિ. વિકટ; પ્રચંડ.

ગાઢે ૧. [હિં.] અ. જોરથી.

૨. અ. તાણીને; સાદ પાડીને; મોટા અવાજથી.

૩. અ. સારી રીતે.

ગાઢેરૂં ૧. વિ. ઘાટું; ઘટ્ટ.

૨. વિ. મજબૂત; અતિશય દઢતાવાળું.

૩. વિ. વિકટ; પ્રચંડ.

ગાણનિકવાદ [સં.] પું. હિસાબ લેવાનો દાવો.

ગાણપત ૧. [સં.] પું. ગણેશની ઉપાસના કરનારો એક સંપ્રદાય.

૨. વિ. ગણપતિ સંબંધી; ગણેશનું.

ગાણપતમત [સં.] પું. એ નામનો એક સંપ્રદાય. તે ગણેશની ઉપાસના કરે છે.

ગાણપત્ય ૧. [સં.] પું. ગણપતિનો પૂજારી.

૨. ન. ગણપતિપણું.

૩. ન. ગણેશપૂજા.

૪. ન. સરદારી.

૫. વિ. ગણપતિને માનનાર; ગણપતિનો ઉપાસક.

ગાણપત્યપંથ પું. ગણપતિની ઉપાસના કરનાર એક પંથ. તેના છ વિભાગ છે: ૧. મહાગણપતિપંથ, ૨. હરિદ્રા ગણપતિપંથ, ૩. ઉચ્છિષ્ટ ગણપતિપંથ, ૪. નવનીત ગણપતિપંથ, ૫. સ્વર્ણ ગણપતિપંથ અને ૬. સંતાન ગણપતિપંથ.

ગાણવ ૧. ન. (શિલ્પ) લિંગની એક જાત. તેના ચાર વર્ગ છે: દૈનિક, માનુષ, ગાણવ અને આર્ષ.

૨. વિ. ગણ લોકોનું.

ગાણિક [સં.] વિ. ગણસૂત્ર ભણનાર; ગણસૂત્ર જાણનાર.

ગાણિક્ય [સં.] ન. ગણિકાનું ટોળું; વેશ્યાઓનો સમૂહ.

ગાણિતિક ૧. [સં.] પું. ગણિતશાસ્ત્રી.

૨. વિ. ગણિત સંબંધી; ગણિતને લગતું.

૩. વિ. ભાવવાચક.

ગાણિન પું. ગણીનો પુત્ર એક ઋષિ.

ગાણું ૧. [સં. ગાન] ન. ગાન; સંગીત; ગીત.

ગાણાં ગાવાં = દુઃખ રડવું.

૨. ન. ગાવું તે.

૩. ન. દુહો.

ગાણુંફટાણું ન. લગ્નગીત અને મશ્કરી ગીત.

ગાત ૧. [સં. ગાત્ર] સ્ત્રી. ગાત્ર; શરીરનો અવયવ.

૨. સ્ત્રી. સગર્ભા સ્થિતિ.

૩. સ્ત્રી. સ્ત્રીનો કેડ ઉપરનો અર્ધો ભાગ.

૪. ન. અંગ; શરીર.

૫. ન. ગર્ભ.

૬. ન. સ્તન.

ગાત ઊમગવી = સ્ત્રીની છાતીનો વિકાસ થવો.

ગાતડી (ગાતડ઼ી) ૧. સ્ત્રી. ઘાટડી; ઓઢણું.

૨. સ્ત્રી. છાતી અને બરડો ઢંકાય એમ ઓડસોડીએ શરીર ઉપર કપડું બાંધવું તે.

૩. સ્ત્રી. વગર સીવેલું કપડું ઓઢીને ગળે વાળેલી ગાંઠ.

ગાતર ૧. [સં. ગાત્ર] ન. અંગ; શરીર; ગાત.

૧. ગાતર ગળવાં = ગાત્ર શોષાઈ જવાં.

૨. ગાતર નમાવીને કામ કરવું-ગાતર ભાંગવાં = શ્રમ લઈને કામ કરવું; મહેનત કરવી.

૨. ન. શરીરનો સાંધો.

૩. ન. સહેજ ગોળાકાર લાકડાનું ફેંકવાનું એક હથિયાર. આ હથિયાર ફેંક્યા પછી ફેંકનારની પાસે આવીને પડે છે.

ગાતરિયું ન. સ્વામીનારાયણ સંપ્રદાયના ત્યાગીઓથી છાતી ઉપર વીંટાતું કપડું.

ગાતા [સં. ગાતૃ] પું. ગાનાર; ગવૈયો.

ગાતાનુગતિક [સં.] વિ. ગાડરિયા પ્રવાહથી થયેલ.

ગાતી ૧. પું. ઝભો.

૨. સ્ત્રી. તાર્તર દુપટ્ટાના જેવો ખભાની આસપાસ પહેરાતો ટુકડો.

ગાતા બાંધવી-માર઼વી = તાર્તર દુપટ્ટાના જેવું પહેરવું.

ગાતુ ૧. [સં.] પું. ઉપાય.

૨. પું. કોયલ.

૩. પું. ગંધર્વ.

૪. પું. ગાન.

૫. પું. ગાનાર માણસ.

૬. પું. પથિક.

૭. પું. ભમરો.

૮. પું. માર્ગ.

૯. સ્ત્રી. પૃથ્વી.

૧૦. ન. સ્તોત્ર.

૧૧. વિ. ક્રોધી.

૧૨. વિ. ગમન કરવા જેવું.

ગાતુઆત્રેય પું. એ નામનો એક ઋગ્વેદિક ઋષિ. તેણે પાંચમા મંડલનું ૩૨ મું સૂક્ત રચ્યું છે.

ગાતુંવાતું ૧. અ. એની મેળે.

૨. અ. ગાજતુંવાજતું.

ગાત્ર ૧. [સં.] ન. અંગ; શર઼ીર; દેહ.

૨. ન. ઇંદ્રિય.

૩. ન. મુખથી ઉત્પન્ન થતું ગીત. આવા ગીતના નિબંધ અને અનિબંધ એવા બે ભેદ છે: તાલ, સ્વર, છંદ વગેરે વાળું ગીત નિબંધ અને અક્ષરના નિયમ વગરનું જે આલાપથી આનંદ આપે તે અનિબંધ.

૪. ન. શરીરનો અવયવ; શરીરનો ભાગ.

૫. ન. શરીરનો માંસલ ભાગ; સ્નાયુ.

૬. ન. સાંધો.

૭. ન. હાથીની પીઠ.

૮. વિ. ગાનારનું; ગાનાર સંબંધી.

ગાત્રગુપ્ત [સં.] પું. શ્રીકૃષ્ણને લક્ષ્મણાથી ઉત્પન્ન થયેલ એ નામનો એક પુત્ર.

ગાત્રજડતા (ગાત્રજડ઼તા) જુઓ ગાત્રજડત્વ.

ગાત્રજડત્વ (ગાત્રજડ઼ત્વ) ન. લકવો; શરીરના કોઈ અંગનું રહી જવું તે.

ગાત્રભંગ ૧. પું. પોષણને અભાવે અમુક અવયવ ખોટો પડી જવો તે; ગાત્રશોષણ.

૨. [સં.] પું. શરીરના અવયવો ભાંગવા તે; ગાત્ર ઢીલાં થઈ જવાં તે.

૩. વિ. હિંમત હારી ગયેલ; આશા વિનાનું.

ગાત્રમલકુંડ [સં.] પું. એ નામનો ચૌદમો નરક કુંડ. તે પાપી લોકોથી વ્યાપ્ત છે. જે માણસ પોતાના સ્નેહી ઉપર નિરંતર શઠતા

રાખે તે માણસ સો વર્ષ સુધી આ કુંડમાં રહે એમ મનાય છે.

ગાત્રમાર્જની [સં.] સ્ત્રી. શરીર લૂછવાનો નાનો ટુવાલ.

ગાત્રરુહ [સં.] ન. રુવાંટું.

ગાત્રવત ૧. [સં. ગાત્રવત્] પું. (પુરાણ) શ્રીકૃષ્ણને લક્ષ્મણાથી થયેલ એ નામનો એક પુત્ર.

૨. વિ. સુંદર શરીરવાળું.

ગાત્રવર્ણ ૧. પું. (સંગીત) સિતાર બજાવવામાં ઉપયોગી આરોહી અલંકાર માંહેનો એક. તેના સ્વરો:
સ સ સ | રિ રિ રિ | ગ ગ ગ | મ̅ મ̅ મ̅ | પ પ પ | ધ ધ ધ | નિ નિ નિ | સ સ સ | અથવા
સ સ સ સ | રિ રિ રિ રિ | ગ ગ ગ ગ | મ̅ મ̅ મ̅ મ̅ | પ પ પ પ | ધ ધ ધ ધ | નિ નિ નિ નિ | સં સં સં સં |
અવરોહમાં છેલ્લેથી ઉપર મુજબ સ્વરો લેવાય છે.

૨. પું. (સંગીત) સ્વરસાધનની એક પ્રણાલી. તેમાં સાત સ્વર માંહેના પ્રત્યેકનો ત્રણ ત્રણ વાર ઉચ્ચાર કરાય છે.

ગાત્રવાન જુઓ ગાત્રવત.

ગાત્રવિંદ જુઓ ગાત્રવત ૧.

ગાત્રશોષણ [સં.] ન. પોષણને અભાવે અવયવ સુકાઈ જવા તે.

ગાત્રસંકોચ [સં.] પું. શરીરનો સંકોચ.

ગાત્રસંપ્લવ [સં.] પું. એક જાતનું પક્ષી.

ગાત્રસૌષ્ઠવ [સં.] ન. શરીરની સુંદરતા; દેખાવડું શરીર હોવું તે.

ગાત્રસ્તંભ પું. લકવો; અંગનું ખોટું થઈ જવું તે.

ગાત્રાડ (ગાત્રાડ઼) સ્ત્રી. એ નામની એક દેવી.

ગાત્રાવરણ [સં.] ન. શરીર ઢંકાય તેવું બખ્તર.

ગાત્રી ૧. સ્ત્રી. છાતી આગળ લૂગડાંની વળાતી ગાંઠ.

૨. સ્ત્રી. તજની જાતનું એક ઝાડ; તીખી તજ; દાલચીની.

ગાત્રોડ (ગાત્રોડ઼) સ્ત્રી. ભરવાડની એ નામની એક કુળદેવી.

ગાથ ૧. પું. (પિંગળ) આર્યા નામનો છંદ.

૨. [સં.] પું. સ્તોત્ર.

૩. [સં. ગાથા] સ્ત્રી. કથા; વાર્તા; વાત.

૪. સ્ત્રી. યશ; પ્રશંસા.

૫. ન. કવિતાનું ચરણ.

૬. ન. ગાન; ગાયન.

ગાથક [સં.] પું. ગવૈયો; ગાયક; ગાનાર માણસ.

ગાથણું ન. ગાડીના ધોંસરા ઉપર જ્યાં નાડું બંધાય ત્યાં બંને બાજુએ બે વાળેલા ખીલા માંહેનો દરેક.

ગાથપતિ [સં.] પું. રુદ્રદેવ.

ગાથા ૧. પું. જરથોસ્તી વર્ષની અંતના પાંચ વધારાના દિવસ; વર્ષના ૩૬૦ દિવસ પૂરા થયા પછી ૩૬૫ પૂરા કરવા માટે છેલ્લા પાંચ પારસીઓના તહેવારના દિવસ.

૨. સ્ત્રી. અદ્‌ભુત કથા; કૌતુક ભરેલી વાર્તા; કલ્પનાત્મક વીર કથા.

૩. સ્ત્રી. અભંગનો સંગ્રહ.

૪. [સં.] સ્ત્રી. (પિંગળ) આર્યા, ગીતિ, ગાહા વગેરે માત્રામેળ છંદ. તેના પ્રથમ દલમાં ત્રીશ માત્રા અને અંતે ગુરુ અને બીજા દલમાં સત્તાવીશ માત્રા અને અંતે ગુરુ આવે છે. પહેલા દલમાં ૧, ૫, ૯, ૧૩, ૧૭, ૨૧, ૨૫ અને ૨૮ માત્રાએ તાલ આવે છે અને બીજા દલમાં ૧, ૫, ૯, ૧૩, ૧૭, ૨૨ અને ૨૬ માત્રાએ તાલ આવે છે.

૫. સ્ત્રી. ઇતિહાસ; પૌરાણિક કથા.

૬. સ્ત્રી. ઇશ્કની કથા; પ્રેમવાર્તા.

૭. સ્ત્રી. (જરથોસ્તી) ઈશ્વરની સ્તુતિનું ગીત.

૮. સ્ત્રી. એક જાતની જૂની કાવ્યરચના.

૯. સ્ત્રી. એક પ્રકારની પ્રાકૃત ભાષા; સંસ્કૃત સાથે સંબંધ ધરાવતી એક ભાષા.

૧૦. સ્ત્રી. કથા કે છંદબદ્ધ વાર્તા.

૧૧. સ્ત્રી. કવિતાનું ચરણ.

૧૨. સ્ત્રી. જરથુસ્તે લખેલાં પાંચ કાવ્ય.

૧૩. સ્ત્રી. બાર માંહેના ચોથા પ્રકારનું બૌદ્ધ શાસ્ત્ર.

૧૪. સ્ત્રી. (જરથોસ્તી) વર્ષની આખરે આવતા વધારાના પાંચ દિવસોમાં દરરોજ કરવાની એ નામની એક બંદગી. જેને તે ન આવડતી હોય તેને અહૂનવરની ૧૨૦૦ માળા ફેરવવાની હોય છે.

૧૫. સ્ત્રી. શ્લોક.

૧૬. સ્ત્રી. (પ્રાકૃત) શ્લોકસંગ્રહ.

૧૭. સ્ત્રી. સાદી ઇબારતની કાવ્યમાં લખેલી જૂની વાર્તા.

૧૮. સ્ત્રી. સૂક્ત.

૧૯. સ્ત્રી. સૂત્ર.

ગાથાઅહૂનવદ ૧. પું. (જરથોસ્તી) મુક્તાદની ક્રિયાના દશ માંહેનો છઠ્ઠો દિવસ.

૨. સ્ત્રી. (જરથોસ્તી) વીસ્પરદમાં જણાવેલી પંદર ઉત્તમ બંદગી માંહેની એ નામની એક.

ગાથાઉસ્તવદ સ્ત્રી. (જરથોસ્તી) વીસ્પરદમાં જણાવેલી પંદર ઉત્તમ બંદગી માંહેની એ નામની એક.

ગાથાકાર [સં.] વિ. ગાથા બનાવનાર.

ગાથાછંદ પું. (પિંગળ) એ નામનો એક છંદ.

ગાથાપતિ ૧. પું. ઉમરાવ.

૨. પું. કુટુંબને નિભાવનાર નાયક.

૩. પું. કોઠારનો ઉપરી; ચક્રવર્તીના ચૌદ માંહેનું એક પંચેન્દ્રિય રત્ન.

૪. પું. ગૃહસ્થ.

ગાથાપતિરત્ન ન. ચક્રવર્તીનાં ચૌદ માંહેનું એક પંચેન્દ્રિય રત્ન.

ગાથાબદ્ધ [સં.] વિ. ગાથામાં રચેલું.

ગાથામાન ન. ગાથાનું માપ.

ગાથાવોહુક્ષત્ર ૧. પું. (જરથોસ્તી) મુક્તાદની ક્રિયાના દશ માંહેનો નવમો દિવસ.

૨. સ્ત્રી. (જરથોસ્તી) વીસ્પરદમાં જણાવેલી પંદર ઉત્તમ બંદગી માંહેની એ નામની એક.

ગાથાશાસ્ત્ર ૧. ન. પૌરાણિક કથા.

૨. ન. પૌરાણિક કથા વિજ્ઞાન.

ગાથાસ્પેન્તોમદ સ્ત્રી. (જરથોસ્તી) વીસ્પરદમાં જણાવેલી પંદર ઉત્તમ બંદગી માંહેની એ નામની એક.

ગાથિ પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

ગાથિક ૧. પું. (સંગીત) વેદગાનનો એક પ્રકાર.

૨. [સં.] વિ. ગાનાર.

ગાથિકગાન ન. બે સ્વરને અંતરે ગાવું તે.

ગાથિકતાન ન. (સંગીત) પૃથક્ બે સ્વરનું તાન. જેમકે, સારે, રેગ, ગમ, મપ.

ગાથિકપદ્ધતિ સ્ત્રી. સંગીતની મુખ્ય ચાર માંહેની એક પદ્ધતિ. આ પદ્ધતિમાં સંગીતના બે સ્વર ગણાય છે.

ગાથિકા [સં.] સ્ત્રી. ગાથા; શ્લોક.

ગાથિન પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

ગાથિની પું. (પિંગળ) એક પ્રચૂર્ણ ગીતિ માત્રામેળ છંદ; લલિતા ગીતિ. તેમાં પ્રથમ દલમાં ત્રીશ અને બીજા દલમાં બત્રીશ માત્રા હોય છે.

ગાથિન્કૌશિક પું. એ નામનો એક ઋગ્વેદિક ઋષિ. તેણે ત્રીજા મંડલનાં ૧૯ થી ૨૨ સૂક્ત રચ્યાં છે.

ગાથી ૧. [સં. ગાથિન્] પું. સામવેદ ગાનાર માણસ.

૨. સ્ત્રી. કવિતામાં લખેલી કહાણી.

ગાથું ન. ચોરી.

ગાદ ૧. પું. કીટું.
૨. [સં. ગાધ] પું. ગાળ; નીચે બેઠેલો કચરો.
૩. [હિં.] પું. ટોળું.

ગાદડ (ગાદડ઼) ૧. [સં. ગડુરિકા] ન. ઘેટું; ગાડર.
૨. ન. પિપૂડી જેવું તાંબાનું એક સંગીતવાદ્ય.
૩. [હિં.] ન. શિયાળ.
૪. વિ. કાયર; બીકણુ.

ગાદન [હિં.] ન. ભચડી નાખવું તે.

ગાદર ૧. [હિં.] ન. પાદર; ગામની ભાગોળ.
૨. વિ. બીકણુ; કાયર.

ગાદરો [હિં.] પું. શિયાળ.

ગાદલાપાટ ન. ગાદલાના ઉપયોગનું સુતરાઉ કાપડ.

ગાદલિયો પું. એક જાતનો છોડ. તેનાં પાન લાંબાં સળી જેવાં હોય છે. તેમાં પીળી અણીવાળાં લાલ ફૂલ થાય છે.

ગાદલી ૧. સ્ત્રી. નાનું ગાદલું; નાની ગાદી.
૨. સ્ત્રી. બે ઊંવના છેડા ભેગા થાય ત્યાં રહેલી ફાચરી.

ગાદલું ન. રૂથી ભરેલું જાડું અને પોચું સૂવા કે પાથરવાનું બિછાનું; ગોદડું; તળાઈ.

ગાદળ ન. ગાદલું; બિછાનું.

ગાદિ પું. (પુરાણુ) ગદ નામના યાદવનો પુત્ર.

ગાદી ૧. [હિં.] સ્ત્રી. એક જાતનું પક્વાન.
૨. સ્ત્રી. ઇજારો.
૩. સ્ત્રી. ઊંચી બેઠક; તખ્ત; સિંહાસન.
૪. સ્ત્રી. ઘોડા ઉપર બેસવા માટે રાખવામાં આવતું નાનું રૂ ભરેલું આસન.
૫. [બં.] સ્ત્રી. દશ ધા કાગળ; અર્ધું રીમ.
૬. સ્ત્રી. રાજ્યની ગાદી; રાજ્યનો વારસો.
ગાદીએ બેસવું = (૧) અમલ ચાલુ થવો. (૨) નવા રાજાનો રાજ્યાભિષેક થવો.
૭. સ્ત્રી. હાથી ઉપરના હોદ્દા નીચે નખાતી ગાદલી.

ગાદીચ્યૂત વિ. પદભ્રષ્ટ.

ગાદીતકિયો ૧. પું. ગાદી અને તકિયાની બેઠક; બેસવાને ગાદી અને અઢેલવાને તકિયાવાળું આસન.
૨. પું. શેઠાઈ; ધનાઢ્યતા; આરામ અને સુખની સ્થિતિ; ધનધાન્યથી પૂર્ણ સુખી સ્થિતિ.
ગાદીતકિયો અથવા દોરીલોટો = કાં તો ધનવાન ને કાં તો ભિખારી.

ગાદીનજરાણું ન. નવો રાજા ગાદીએ બેસે તે વખતે લેવાતી બક્ષિશ.

ગાદીનજરાણો પું. નવો રાજા ગાદીએ બેસે ત્યારે દરેક ખેડુ પાસેથી રિવાજ પ્રમાણે લેવાતી રકમ.

ગાદીનશીન વિ. ગાદીએ આવેલ; તખ્તનશીન; રાજ્યારૂઢ; રાજ્યાભિષક્ત.

ગાદીપતિ ૧. પું. ઉપરી.
૨. પું. ગાદીનો વારસ.
૩. પું. મહંત; આચાર્ય.
૪. પું. રાજા; ગાદીનો ધણી; રાજ્યકર્તા.
૫. પું. શેઠ.

ગાદોયા ૧. સ્ત્રી. વાણિયાની એ નામની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની એક અટકનું.

ગાધ્ ૧. [સં.] અ. ક્રિ. ઊભા રહેવું; થોભવું.
૨. અ. ક્રિ. ગ્રંથ રચવો.
૩. અ. ક્રિ. તપાસવું; શોધવું.

ગાધ ૧. [સં.] પું. મેળવવાની ઇચ્છા.
૨. પું. સ્થાન; જગ્યા.
૩. સ્ત્રી. કચરાવાળો દારૂ.
૪. [હિં.] સ્ત્રી. કીટું; મળ.
૫. વિ. ઊંડું નહિ એવું; છીછરૂં.
૬. વિ. થોડું; સ્વલ્પ.

ગાધા ૧. પું. બ. વ. ફાટેલાં કપડાં.
૨. [સં.] સ્ત્રી. ગાયત્રી સ્વરૂપા મહાદેવી.

ગાધિ ૧. પું. (પુરાણુ) કાન્યકુબ્જના સોમવંશી એક રાજાનું નામ. એની સત્યવતી નામની કન્યાને ઋચીક ઋષિથી જમદગ્નિ નામે દીકરો થયો હતો.
૨. પું. (પુરાણુ) વિશ્વામિત્રના પિતાનું નામ. વિશ્વામિત્રના પિતા તે કુશિક રાજાના પુત્ર હતા. હરિવંશ પ્રમાણે કુશિકે ઇંદ્ર સમાન પુત્ર પ્રાપ્ત કરવા માટે તપસ્યા કરી હતી અને તેથી ઇંદ્રના અંશથી વિશ્વામિત્ર ઉત્પન્ન થયાનું મનાય છે.

ગાધિજ પું. બ્રહ્મર્ષિ વિશ્વામિત્ર.

ગાધિતનય જુઓ ગાધિજ.

ગાધિનગર ન. હાલના કનોજનું પ્રાચીન નામ; કાન્યકુબ્જ.

ગાધિનંદન જુઓ ગાધિજ.

ગાધિપુત્ર જુઓ ગાધિજ.

ગાધિપુર [સં.] ન. કનોજ; ગાધિનગર; કાન્યકુબ્જ.

ગાધિભૂ [સં.] પું. વિશ્વામિત્ર.

ગાધિસુત જુઓ ગાધિજ.

ગાધી [સં.] પું. વિશ્વામિત્રના પિતા; કનોજના રાજા ગાધિ.

ગાધીમાર સ્ત્રી. એક જાતની કેરી.

ગાધેય [સં.] પું. વિશ્વામિત્ર.

ગાધેયા [સં.] સ્ત્રી. ગાધિની કન્યા સત્યવતી. તે ભાર્ગવના પુત્ર ઋચીક ઋષિની સ્ત્રી હતી.

ગાન ૧. ન. અવાજ; સુર; ધ્વનિ.
૨. [સં.] ન. ગાવું તે; ગાવાની ક્રિયા.
૩. ન. સંગીત; ગીત; ગાયન.
૪. ન. સંગીતમય રચના.

ગાનકલા [સં.] સ્ત્રી. ગાયનકલા; સંગીતકલા.

ગાનકુશળતા સ્ત્રી. સંગીતમાં પ્રવીણુ હોવાપણું.

ગાનક્રિયા સ્ત્રી. ગાવું તે.

ગાનચિકિત્સક [સં.] વિ. સંગીતથી વ્યાધિ દૂર કરનાર.

ગાનચિકિત્સા [સં.] સ્ત્રી. સંગીતથી વ્યાધિની સારવાર.

ગાનતાન ૧. ન. ખુશાલી.
૨. ન. ગાવું અને બજાવવું તે.
૩. ન. ચેનબાજી.
૪. ન. મહોત્સવ.

ગાનપદ્ધતિ [સં.] સ્ત્રી. ગાવાની રીત.

ગાનપ્રિય [સં.] વિ. સંગીતના શોખવાળું.

ગાનબંધુ પું. (પુરાણુ) હાલના વારાહ કલ્પની પહેલાંના ઘોરકલ્પમાં થયેલો એ નામનો એક નામાંકિત ગાયનાચાર્ય. તે સમયના નારદે આની પાસેથી ગાયનશિક્ષા લીધી હતી.

ગાનભવન [સં.] ન. ગાયન ગાવા માટેનું સ્થળ.

ગાનમુગ્ધ [સં.] વિ. સંગીતમાં ચકચૂર; ગાયનમાં તલ્લીન.

ગાનલુબ્ધ [સં.] વિ. ગાયનમાં એકચિત્ત થયેલ.

ગાનવાદન [સં.] ન. સંગીત તથા વાજિંત્રો વગાડવાનું કામ.

ગાનવિદ્યા [સં.] સ્ત્રી. સંગીતકળા; ગાયનવિદ્યા.

ગાનશક્તિ [સં.] સ્ત્રી. ગાવાની શક્તિ.

ગાનશાસ્ત્ર [સં.] ન. સંગીતશાસ્ત્ર; ગાયનકળાનું શાસ્ત્ર.

ગાનશ્રવણ [સં.] ન. ગાયન સાંભળવું તે.

ગાનસંગમ [સં.] પું. સૂરનું ઐક્ય; બે ગાનારના સૂરનું થતું એકરૂપ.

ગાનસુરી સ્ત્રી. એક જાતનું વૃક્ષ. તેનાં પાન ઉગ્ર વાસવાળાં અને ભિલામાનાં પાન જેવાં લાંબાં હોય છે.

ગાનસ્થળ ન. ગાનારને બેસવાની જગ્યા.

ગાનાલાપ પું. કવિતાલાપ; કાવ્યાલાપ; પદ્યાલાપ.

ગાનિમિડિ [અં.] પું. ગુરુના સાત માંહેનો ચોથો ઉપગ્રહ. તેની શોધ સને ૧૬૧૦માં થઈ હતી. ગુરુથી તેનું અંતર ૬૬૧ હજાર માઈલ અને તેનો વ્યાસ ૩૪૪૨ માઈલ છે.

ગાનું ન. ગાન; ગાયન.

ગાનેટ [અં.] ન. ઉત્તર ધ્રુવ તરફનું એક પક્ષી; સોલન હંસ. હેરિંગ અને પિલશાર્ડ માછલાં ખાઈ તે જીવે છે.

ગાનોં ૧. પું. ગામ; શહેર.

૨. પું. પ્રાંત.

ગાપચી ન. યુક્તિભેર કાઢી કે નીકળી જવું તે.

ગાપચું ૧. ન. ચામડીનો છૂટો પડી વળગી રહેલો ભાગ.

૨. ન. ચીરો; ફાટ.

૩. ન. યુક્તિભેર કાઢી કે નીકળી જવું તે.

૪. ન. લફરૂં.

ગાપલો પું. ગોટાળો; ગડબડ.

ગાફણ ન. એક જાતનું કરિયાણું.

ગાફલ (ગ઼ાફ઼લ) ૧. [અ. ગફલત] વિ. ગફલત કરનાર; પ્રમાદી; બેખબર; અસાવધ; કાળજી વગરનું.

૨. વિ. સુસ્ત; આળસુ.

૩. અ. બેદરકારપણે.

ગાફલત (ગ઼ાફ઼લત) ૧. સ્ત્રી. આળસ.

૨. સ્ત્રી. ગફલત; બેકાળજી; બેદરકારી.

ગાફલતા જુઓ ગાફલત.

ગાફલપણું જુઓ ગાફલત.

ગાફલાઈ જુઓ ગાફલત.

ગાફિલ (ગ઼ાફ઼િલ) ૧. [અ.] વિ. અસાવધાન; ધ્યાન વગરનું; બેખબર.

૨. વિ. સુસ્ત; આળસુ.

ગાફિલતા જુઓ ગાફલત.

ગાફિલપણું જુઓ ગાફલત.

ગાફિલિયત જુઓ ગાફલત.

ગાફિલી (ગ઼ાફ઼િલી) ૧. સ્ત્રી. ગેરસાવધપણું; બેદરકારી.

૨. સ્ત્રી. સુસ્તી; આળસ.

ગાફીલ જુઓ ગાફિલ.

ગાફુલનો ફૂવો પું. (વહાણવટું) વહાણના બહારના ભાગમાં લાકડાનો થાંભલો.

ગાફુલનો સઢ પું. (વહાણવટું) વહાણના બહારના ભાગમાં ગાફુલના ફૂવાને જોડેલો સઢ.

ગાફેલ જુઓ ગાફિલ.

ગાફેલપણું જુઓ ગાફલત.

ગાફેલિયત જુઓ ગાફલત.

ગાફેલી (ગ઼ાફ઼ેલી) ૧. [અ. ધાફિલી] સ્ત્રી. ગફલત; ગાફેલપણું; અસાવધાની.

૨. સ્ત્રી. સુસ્તી; આળસ.

ગાફો પું. ફાટેલ લૂગડાનો વચલો ભાગ.

ગાફોલિયો [સં. ગુફ્ (ભેગું બાંધવું)] પું. (વહાણવટું) ઝલ ઉપરનો અડ્ડો; વહાણનો એક ભાગ.

ગાબ ૧. [હિં.] પું. એ નામનું એક ઝાડ. તેના ફળનો સ્વાદિષ્ઠ રસ મછવાઓને તળિયે લગાડવામાં આવે છે અને તેમાં માછલાં પકડવાની જાળ બોળવામાં આવે છે.

૨. પું. એક જાતનું ફળ. તેનો ચીકણો બંધકોષ કરે એવો રસ કોટનાં બટન વગેરેને લગાડવામાં આવે છે.

ગાબચી ૧. સ્ત્રી. પોલ; પોલાણ.

ગાબચી મારવી = (૧) કોઈ દેખે ન દેખે તેમ છાનામાના જતા રહી પાછા આવી જેમ ગયા ન હોય એવો દેખાવ કરી બેસી જવું. (૨) બહાનું કાઢી જતું રહેવું; મોઢું દેખાડી કહ્યા વગર પોબારા ગણવા.

૨. સ્ત્રી. યુક્તિભેર કાઢી કે નીકળી જવું તે.

ગાબચું જુઓ ગાબડું.

ગાબડી (ગાબડ઼ી) ૧. સ્ત્રી. એકાએક કોઈ બહાનું કાઢી નાસી જવું તે; ગેરહાજર રહેવાપણું.

૨. સ્ત્રી. નાનું ગાબડું; નાનું કાણું; નાનો ખાડો; પતરી અથવા ફોતરી ઉખડવાથી સપાટી ઉપર પડેલ છાછરો ખાડો.

૩. સ્ત્રી. બાકું પૂરવાનો ડાટો.

ગાબડું (ગાબડ઼ું) ૧. ન. ખોટ; નુકસાન.

૨. ન. ભીંત અથવા પાટિયાની સપાટી ઉપર પડેલું બાકોરૂં; મોટું કાણું; ખાડો.

૧. ગાબડું પડવું = સંબંધ તૂટવો.

૨. ગાબડું પુરાવું = સરખું થવું.

૩. ગાબડું પૂરવું = નુકસાન વાળી આપવું.

૩. ન. સટકી જવું તે; ગેરહાજરી રહી જવાપણું.

ગાબરી સ્ત્રી. શેરડીમાં નુકસાન કરનાર એક જાતની કીડી.

ગાબીલ પું. રત્નાગીરી અને કાનડા તરફ રહેતા એક જાતના લોક. તે માછીનો અને ખલાસીનો ધંધો કરે છે.

ગાબુ ૧. સ્ત્રી. એ નામની કોળીની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગાભ ૧. પું. અડનો કાંટો.

૨. પું. આકાશમાં વરસાદ થવાના ચિહ્ન.

૧. ગાભ ગળવો = કમોસમે વરસાદ થવો; માવઠું થવું.

૨. ગાભ વળી જવો = (૧) વરસાદ આવવો. (૨) વરસાદનો કસ ઊડી જવો.

૩. પું. કળીની અંદરનું પાંદડું.

૪. પું. ગોદડીમાંથી કાઢી લીધેલું જૂનું રૂ.

૫. પું. નહિ પાકેલો પાક.

૬. પું. મગજ; ગર; ગરભ.

૭. [સં. ગર્ભ] પું. માદાને રહેતો ગર્ભ.

ગાભ ડાલવી = ઢોરનો ગર્ભ પડી જવો.

૮. પું. લાકડાનો અંદરનો ભાગ.

ગાભણ ૧. સ્ત્રી. ગોદંતી હરતાલ.

૨. સ્ત્રી. ચિરોડી.

૩. [સં. ગર્ભિણી] વિ. સ્ત્રી. ગાભણી; ગર્ભ ધારણ કરનારી.

ગાભણી [સં. ગર્ભિણી] વિ. સ્ત્રી. ગર્ભવાળી; સગર્ભા; ભારેવગી; હમેલવાળી.

ગાભણું વિ. ગર્ભવાળું; પેટમાં ગાભ હોય એવું.

૧. ગાભણું થવું = પેટ વધવું; સગર્ભા થઈ પેટ ફૂલવું.

૨. શરમે ગાભણા થવું = શરમમાં ને શરમમાં નુકસાન ખમવું.

ગાભમરો પું. એક જાતનો રોગ. તેનાથી છોડની કૂંપળ સુકાઈ જાય છે.

ગાભરડું (ગાભરડ઼ું) વિ. ભોળું; સમજ વગરનું.

ગાભરવું ૧. સ. ક્રિ. કંઈ સૂઝે નહિ એવી સ્થિતિમાં પડી જવું; મૂંઝાવું.

૨. સ. ક્રિ. ગભરાવું; બીવું; ભયભીત થવું.

ગાભરું વિ. ગભરાટવાળું; કંઈ સૂઝ પડે નહિ એવી સ્થિતિમાં પડેલું; બેઆકળું; અકળાયેલું; ગૂંચવાયેલું.

ગાભરો પું. મંદિરનો અંદરનો મુખ્ય ભાગ.

ગાભલી ૧. સ્ત્રી. નાની મોટી માપની કડીઓની ઓઠી.

૨. સ્ત્રી. સોનીનું એક જાતનું ઓજાર.

ગાભલું ૧. ન. ખંડ; ભાગ; કટકો; ગાભો.

૨. [સં ગર્ભ] ન. ગર્ભના સુકોમળ ખંડ

જેવું નાજુક તે; નરમ, પોચું અને ભરેલું એવું જે હોય તે.

૩. ન. જલદી વીખરાઈ જાય એવું પોચું વાદળું.

૪. ન. પીંજેલ રૂનો ગોટો.

૫. ન. વાદળાંનો જથ્થો.

૬. વિ. નરમ; પોચું.

ગાભલો ૧. પું. અંદરનો ભાગ.

૨. પું. ગર્ભ ખવાઈ જાય એવો છોડનો એક રોગ.

૩. પું. જેના ઉપર સોનું મઢવામાં આવે તે તાંબાનો સળિયો.

ગાભાચૂંથા પું. બ. વ. કટકેકટકા થઈ ગયેલા અને ચૂંથાયેલા કપડાંના કાપલા; કપડાંના મેલા ડૂચા; કાગળ કે કપડાંનો ફાટ્યોતૂટ્યો જથ્થો.

ગાભારો [સં. ગર્ભાગાર] પું. મંદિરનો અંદરનો પોલાણવાળો ભાગ.

ગાભાલ પું. દરજી.

ગાભાસાર સ્ત્રી. (વહાણવટું) બીજીસાર; વહાણનો એક ભાગ.

ગાભિન ૧. [સં. ગર્ભિણી] સ્ત્રી. (હિંદી) ગર્ભવાળી ગાય.

૨. સ્ત્રી. સગર્ભા સ્ત્રી.

ગાભિની [હિં.] સ્ત્રી. ગર્ભ ધારણ કરેલી પશુની માદા.

ગાભિયો પું. (વહાણવટું) વહાણનો એક ભાગ; તોક ઉપર ચડાવવાનો ચોખૂણિયો સઢ.

ગાભી સ્ત્રી. વાછડી.

ગાભું ન. વાછડું.

ગાભો ૧. પું. કળીની અંદરનું પાંદડું.

૨. પું. કેળના મધ્ય ભાગમાંથી નીકળતો ડોડો.

૩. [સં. ગર્ભ] પું. ગર; ગરભ; ફળ કે વસ્તુનો વચ્ચેનો પોચો અને સત્ત્વવાળો ભાગ.

૪. પું. ગોદડીમાંથી કાઢી લીધેલું રૂ.

૫. પું. ચીથરાં જેવો સરસામાન.

૬. પું. ચીથરું; ફાટેલો, તૂટેલો અને મેલો કપડાંનો કટકો.

૧. ગાભા ઘાલવા = ખોટી ઉશ્કેરણી કરવી; કાન ભંભેરવા.

૨. ગાભા ચૂંથવા = (૧) ગરીબને હેરાન કરવું. (૨) નકામી મહેનત કરવી.

૩. ગાભેગાભા કાઢી નાખવા = (૧) કટકે કટકા થઈને ઊડી જાય એમ કરવું. (૨) મહાત કરવું; અભિમાન ઊતરી જાય એમ સંપૂર્ણ હરાવવું. (૩) માર મારીને કે અતિશય કામ કરાવીને ઘાણ ભેચા કાઢી નાખવા; હાડકાં પાંસળાં નરમ કરી નાખવાં.

૪. ગાભો બાંધવો = વગર બોલાવ્યે જવું.

૭. પું. ઝાડનો કાંટો.

૮. પું. નહિ પાકેલો પાક.

ગાભે આવવું = નાનાં કાચાં ડૂંડાં આવવાં.

૯. પું. પાઘડીમાં ઘાલવાનું બોતાનું.

૧૦. પું. મઢેલ ઘરેણાંમાં તાંબા, પિત્તળ કે ચાંદીનો નાખેલો સળિયો.

૧૧. પું. લાકડાનો અંદરનો ભાગ.

૧૨. પું. વસ્તુની અંદરનું પોલાણ પૂરવામાં વપરાતો ડૂચો.

૧૩. પું. વાછડો.

૧૪. પું. શરીરમાંનો માંસનો લોચો.

ગાભોડ (ગાભોડ઼) ન. વાછરુનું ટોળું.

ગામ ૧. પું. ઇંદ્રિયોનો સમૂહ.

૨. સ્ત્રી. કહેવત; ઉક્તિ.

૩. ન. પર્ગાથિયું.

૪. ન. પરગામ; સ્થળાંતર હોવું તે.

૫. ન. વતન; રહેઠાણ.

૬. ન. શરીરનો અવયવ.

૭. [સં. ગ્રામ] ન. શહેર અથવા નગરથી નાનું ગામડું; જ્યાં કેટલાંક ઘર અને થોડીક વસતી હોય એવું ઠેકાણું. જ્યાં ઘણાં થોડાં ઘર અને થોડાં માણસની વસતી હોય તે ગામડું કહેવાય છે. જરા વધારે વસતી હોય તે જગ્યાને ગામ કહે છે. ગામડાંમાં જોઈતી ચીજો મળે અથવા ન મળે, પણ ગામમાં તો બે ચાર વેપારી અને કારીગરનાં ઘર હોય છે, તેથી જરૂરની ચીજો મળી રહે છે. ગામ એ શબ્દનો અર્થ સાધારણ રીતે લોકોમાં રહેવાનું સ્થાન થાય છે. ગામને વખતે કસબો પણ કહે છે. ગામડાંમાં તો થોડાં ઘર અને ફળિયાં હોય છે, પણ ગામ કે કસબામાં તો ઘણાં ઘર અને ફળિયાં હોય છે.

૧. અક્કલ ગામ જવી = બુદ્ધિ ન ચાલવી.

૨. ગામ ગાંડું-ઘેલું કરવું = (૧) ઘેર ઘેર શોધી વળવું. (૨) રૂપ, ગુણ, ખૂબીથી વશ કરી મોહ પમાડવો; મોહ પમાડી સમાજને ગાંડા જેવો કરી મૂકવો.

૩. ગામ જેવી દિવાળી = જ્યાં જેવું પસંદ ત્યાં તેવું ચાલવું.

૪. ગામ ધમરોળવું-ભાંગવું = લૂંટ પાડવી; ધાડ પાડવી; ગામ લૂંટવું.

૫. ગામ માથે કરવું-લેવું = કંઈ ખોવાયું હોય તે શોધવા માટે આખા ગામમાં ફરી વળવું.

૬. ગામ હલાવી નાખવું = જાગૃત કરવું; ડોળાવવું; ઉશ્કેરવું; જગાડવું; હોકારા પાડી ચંચળ કરવું.

૭. ગામનું પાપ = ગામનાં લોકને દુઃખ દેતું માણસ; ગ્રામકંટક.

૮. ગામનો ઉતાર = ગામનો ખરાબમાં ખરાબ માણસ; ગ્રામકંટક; ગામના સઘળા લોકમાંનો દુઃખ દેતો જુલમગાર.

૯. ગામેગામનાં પાણી પીવાં = ઘણી મુસાફરી કરી હોશિયાર બનવું; ઠેરઠેર અનુભવ મેળવી પાકા થવું.

૮. ન. સો કુટુંબનો સમૂહ.

ગામઈ વિ. ગામનું.

ગામકર્મચારી પું. ગામનો અમલદાર; ગામાધિકારી.

ગામકો ૧. પું. પરદેશ; બીજો પ્રાંત.

૨. ન. ગામડું.

ગામખરચ ન. પોતાના ગામના બધા નાતીલાઓને આપેલું જમણ.

ગામગપ સ્ત્રી. ગામગપાટો; ગામમાં ઊડતી વાત; અફવા.

ગામગપાટો જુઓ ગામગપ.

ગામગમતરૂ ન. એક અથવા બીજું ગામ; ગામપરગામ.

ગામગરાશિયો જુઓ ગામગરાસિયો.

ગામગરાસ ૧. [સં. ગ્રામગ્રાસ] પું. ગામ અને ગરાસ; ગામજમીન અને તેના ભોગવટાનો હક તથા સ્વામિત્વ; રાજાએ સેવાના બદલામાં સૈનિકની નોકરી માટે આપેલી જમીન.

૨. પું. ગામની આવકરૂપી આજીવિકા.

૩. પું. માલમિલ્કત.

૪. પું. હમેશની આજીવિકા.

ગામગરાસિયો પું. ગામેતી; આખા ગામરૂપી જાગીરવાળો ગરાસિયો; જેની પાસે એક કે વધુ ગામ ગરાસ તરીકે હોય એવો પુરુષ.

ગામગીત જુઓ ગામગપ.

ગામગોર [સં. ગ્રામગુરુ] પું. ગામોટ; ગામનો પુરોહિત; ગામનું ધાર્મિક કામકાજ કરાવનાર બ્રાહ્મણ.

ગામચર્ચા સ્ત્રી. લોકચર્ચા; અફવા; ખોટી ગપ.

ગામઝાંપો પું. ગામના ખર્ચ પેટે કરવામાં આવતો પૈસાનો સંગ્રહ.

ગામટા પું. સુરત તરફ રહેતા અને ખેતીનો ધંધો કરતા એક જાતના કાળીપરજ લોકો.

ગામઠાણ ૧. ન. ગામની વસાહત માટે મુકરર કરેલી જમીન અથવા હદ; ગામતળ; ગામતળિયું.

૨. ન. વાસ્તુભૂમિ; જેની ઉપર ગામ વસ્યું હોય તે જમીન કે સ્થળ.

ગામઠી ૧. વિ. દેશી કારીગીરીનું પણ બહુ દેખાવડું ન હોય એવું.

૨. [સં. ગ્રામસ્થ] વિ. ગામડાનું; ગામને લગતું; ગામ સંબંધી.

૩. વિ. સુધરેલું નહિ તેવું; અસંસ્કૃત; ગામડિયું; ગ્રામ્ય; અણઘડ.

ગામઠી નિશાળ = જ્યાં જૂની રીત પ્રમાણે શીખવવામાં આવે તેવી ગામડાની નિશાળ.

ગામડાશાહી (ગામડ઼ાશાહી) ૧. વિ. ગામડાનું.

૨. વિ. ગામડામાં ચાલે તેવું.

ગામડિયણ (ગામડ઼િયણ) સ્ત્રી. ગામડાની સ્ત્રી; ગામડામાં ઊછરેલી સ્ત્રી; ગામડિયા સ્ત્રી.

ગામડિયું (ગામડ઼િયું) ૧. ન. ગામડું.

૨. વિ. અસભ્ય; તોછડું; અમર્યાદ; અનાર્ય.

૩. વિ. અસંસ્કૃત; નહિ સુધરેલ; જંગલી; અણઘડ; સફાઈ વગરનું; અનાડી; અણકસબી.

૪. [સં. ગ્રામટિકા] વિ. ગામડાની રીતભાતનું; રોંચા જેવું; ગામડાંનું હોય એવું.

૫. વિ. જાડું.

૬. વિ. સાદું.

ગામડિયો (ગામડ઼િયો) ૧. પું. ગમાર; સમજણ વિનાનો જંગલી માણસ; શહેરી લોકની રીતભાત ન જાણનારો ગ્રામવાસી.

૨. [સં. ગ્રામિણ] પું. ગામડાનો રહેવાસી; રોંચો; રાભો; અનાગરિકજન.

ગામડી (ગામડ઼ી) સ્ત્રી. નાનું ગામડું.

ગામડું (ગામડ઼ું) ૧. ન. અડદને ઉપાડી ખેતરમાં પહોળા પહોળા જુદે જુદે ઠેકાણે સુકવવા તે.

૨. [સં. ગ્રામક] ન. નાનું ગામ.

ગામણું ન. કીચડ; કાદવ.

ગામતરૂં ૧. [સં. ગ્રામાંતર] ન. એક ગામથી બીજે ગામ જવું તે; પ્રવાસ; મુસાફરી.

૨. ન. પરલોકવાસી થવું તે; મરણ; મૃત્યુ.

ગામતળ જુઓ ગામતળિયાટો.

ગામતળિયાટો પું. ગામનો જે ભાગ વસતીનાં ખોરડાં કરવા માટે તથા તેમના વપરાશ માટે અલગ રાખેલ હોય તે; તળગામ; જે જગ્યોએ ગામ બાંધવામાં આવ્યું હોય તે સ્થળ.

ગામતળિયું ન. જેના ઉપર ગામ વસ્યું હોય તે જમીન; ગામતળિયાટો.

ગામથાણ ન. ગામની જમીન; ગામતળિયું.

ગામદેવતા પું. ગ્રામદેવતા; ગામનો અધિષ્ઠાતા દેવ.

ગામદેવી સ્ત્રી. ગામનું રક્ષણ કરનારી દેવી, દેવતા કે શક્તિ; ગ્રામદેવતા; જેના ઉપર ગામલોકોની આસ્થા હોય અને આખું ગામ જેની પૂજા કરતું હોય તે દેવી.

ગામધણી ૧. પું. ગામડાનો મુખી કે આગેવાન; પટેલ.

૨. પું. ગામનો ધણી; રાજા.

ગામનોકર પું. ગામનું કામ કરનાર કુંભાર, વાળંદ, ઢેઢ વગેરે.

ગામપંચ ન. ગામના આગેવાનોનું મંડળ.

ગામપંચસભા સ્ત્રી. ગામપંચાયત; ગામપંચ; ગામના આગેવાનોનું મંડળ.

ગામપંચાયત જુઓ ગામપંચસભા.

ગામબગલું ન. ખેતીને ફાયદાકારક એક ઉપકારી પક્ષી. તે તૂલ ઉપર પડતાં ઉપદ્રવી કીટકોનું ભક્ષણ કરે છે.

ગામભવાની સ્ત્રી. વેશ્યા; રાંડ.

ગામભોજક પું. ગામની કોઈ પણ સંસ્થાનો ઉપરી.

ગામમંડળ ૧. ન. ગામડાંનો સમૂહ.

૨. ન. ગામપંચ; ગામના આગેવાનોનું મંડળ.

ગામમાપણી સ્ત્રી. વસૂલાતી અથવા બીજા કોઈ દરબારી કામ માટે ગામની જમીનનું કરાતું માપ.

ગામલોક પું. બ. વ. ગામની બધી વસતી કે સમાજ.

ગામવક્કલ પું. કેનેરા તરફ રહેતા અને ખેતીનો ધંધો કરતા એક જાતના લોક.

ગામવખો ૧. [સં. ગ્રામ વિપત્તિ] પું. આખા ગામ સામે લડાઈ ટંટો.

૨. પું. ગામ છોડી જતાં થતું દુઃખ.

૩. પું. ગામથી જુદા પડવું તે; ગામનો વિયોગ.

ગામવાસી વિ. ગામમાં રહેવાવાળું.

ગામશાઈ ન. કાઠિયાવાડમાં જામનગરને કિનારે નીકળતું એક જાતનું મોતી. તે તેજસ્વી, પાણીદાર અને ઘાટમાં ખરબચડું હોય છે.

ગામસઈણી જુઓ ગામસારણી.

ગામસરણી જુઓ ગામસારણી.

ગામસાઈણી જુઓ ગામસારણી.

ગામસારણી ૧. સ્ત્રી. આખા ગામને ભોજન આપી સરભરા કરવી તે; આખું ગામ જમવા નોતરવું તે.

૨. સ્ત્રી. શંભુમેળો.

ગામસીમ સ્ત્રી. ગામનો સીમાડો; ભાગોળ.

ગામંતકી ન. એક જાતનું મરચું. તે ગોળ, મોટું અને જાડી છાલનું હોય છે.

ગામા ૧. પું. ગ્રીક મૂળાક્ષરનો ત્રીજો અક્ષર.

૨. પું. હિંદુસ્તાનનો એ નામનો એક પ્રખ્યાત પહેલવાન. તેણે યુરપના પહેલવાનોને હરાવી વિશ્વવ્યાપી ખ્યાતિ મેળવી હતી.

ગામાકિરણ ન. બ. વ. રેડિયમવાળા પદાર્થોમાંથી નીકળતાં અમુક જાતનાં કિરણ. ક્ષ કિરણ કરતાં આ કિરણ વધારે ઊંડાં જઈ શકે છે. તેનાં મોજાંની લંબાઈ ટૂંકી છે. રેડિયમ, થોરિયમ અને અગ્નિનિયમનાં અમુક રૂપોમાંથી આ કિરણ નીકળે છે.

ગામાત વિ. ગામનું; ગામને લગતું; ગામ સંબંધી.

ગામાતખાતું ન. ગામડાનું બધું સામાન્ય ખર્ચ પૂરું પાડવાને માટે એકઠો કરવામાં આવેલો ફાળો; ગામઝાંપો.

ગામાધ્યક્ષ પું. મુખી; પટેલ.

ગામાયત ૧. વિ. આખા ગામની માલિકીનું.

૨. વિ. ગામ સંબંધી.

ગામાંતર ન. એક ગામથી બીજે ગામ જવું તે.

ગામિની ૧. [સં.] સ્ત્રી. પ્રાચીન કાળની એક જાતની હોડી. તે ૯૬ હાથ લાંબી, ૧૨ હાથ પહોળી અને ૯ હાથ ઊંચી થતી.

૨. વિ. સ્ત્રી. જનારી.

ગામી ૧. પું. ગામવાળો; જેને ઘેર ગામગરાસ હોય એવો માણસ; ગામધણી; ગામનો માલિક; મુખી.

૨. પું. માળી.

૩. સ્ત્રી. કડવા કણબીની અને કોળીની એક અટક.

૪. ન. કડવા કણબી અને કોળીની એ નામની અટકનું માણસ.

૫. વિ. કડવા કણબી અને કોળીની એ નામની અટકનું.

૬. વિ. જનાર; પહોંચનાર; ચાલનાર.

૭. વિ. વ્યભિચારી; કાછડીછૂટું.

૮. વિ. હાંકનાર.

ગામીત ૧. સ્ત્રી. રાણીપરજ લોકોની એક જાત.

૨. વિ. ગામનું; ગામને લગતું.

ગામીતરૂં ન. ગ્રામાંતર; ગામતરૂં; એક ગામથી બીજે ગામ જવું તે.

ગામુક ૧. ન. આગગાડી ચલાવનારૂં યંત્ર; 'એન્જિન'.

૨. વિ. જનાર; ગમન કરનાર.

ગામુકયંત્ર ન. રેલવે સડક ઉપર ચાલતું વરાળયંત્ર; 'એન્જિન'.

ગામેડું (ગામેડ઼ું) ન. ગામનાં ઢોરનું ટોળું.

ગામેતરુ ન. બ. વ. ગામનાં બધાં માણસ.

ગામેતી ૧. [સં. ગ્રામણી] પું. ગામનો મુખી; ગ્રામાધ્યક્ષ; ગામધણી.

૨. પું. બળ, હકૂમત કે સત્તાથી ગામની વસતીને પોતાના દાબમાં રાખી સરકારી દરબારી કામમાં તથા ગામ સંબંધીનાં બીજાં કામમાં આગેવાન થઈ પડેલો માણસ.

૩. પું. મુસલમાનની એક જાતના લોક; સંધી.

૪. પું. મૂળ ગરાસિયો.

૫. પું. રખેવાળ; પગી; પસાયતો; રખોલિયો; ગામનું રક્ષણ કરનાર કોટવાળ.

૬. સ્ત્રી. એ નામની સંધીની અટક.

૭. ન. એ નામની અટકનું માણસ.

૮. વિ. એ નામની અટકનું.

ગામેરી ન. ઉનાળામાં ખીલતું એક જાતનું ઝાડ. તેને પાંદડાં પહેલાં આવતાં ફૂલ સોનેરી રંગનાં અને ઝાડને છેડે ઝૂમખાંમાં હોય છે. તેનાં ફળ હંસણીનાં ઈંડાં જેવા આકારનાં હોય છે. તેમાંથી બીને વળગેલ શુદ્ધ સફેદ રંગનો રેશમ જેવો પદાર્થ નીકળે છે. તેને પીળો કપાસ પણ કહે છે.

ગામેરું ૧. ન. આખા ગામને જમાડવું તે; મોટો વરો; ગામસરણી.

૨. ન. ગામના લોક; ગ્રામ્યજન.

ગામોટ ૧. પું. ગામનો ગોર; ગામના લોકોને ધાર્મિક શુભાશુભ કર્મ કરાવનાર બ્રાહ્મણ. વિશેષમાં તે ગામ સંબંધી તથા દરબારી પરચૂરણ કામ પણ કરે છે. તેના કામ બદલ કોઈ વખત જમીન આપેલી હોય છે, પણ સામાન્ય રીતે પૈસા કે બીજી વસ્તુઓ આપવામાં આવે છે.

૨. વિ. ગામડિયું.

૩. વિ. ગામનું; ગામ સંબંધી.

ગામોટી જુઓ ગામોટ.

ગામોટું ન. ગામના ગોર તરીકે તમામ લોકોનું ધર્મ સંબંધી તેમ જ બીજું કામકાજ કરવું તે; ગામોટપણું; ગામનું ગોરપદું; ગામોટનો ધંધો.

ગામોઠી જુઓ ગામોટ.

ગામોતર પું. ગામનો બહારવટિયો; ગામમાંથી નારાજ થઈને નીકળી પડેલો માણસ.

ગામોતરું ૧. [સં. ગ્રામાન્તર] ન. ગામ તજી જવાપણું; ગામનો ત્યાગ કરીને જતા રહેવું તે; એક ગામથી બીજે ગામ જવું તે.

૨. ન. પરદેશ ફર્યા કરવું તે.

ગામોતરાં કરવાં = પરદેશ ફરીને રળવું.

૩. ન. મુસાફરી.

ગામ્ય વિ. ગામડાનું; ગામ સંબંધી.

ગાય ૧. [સં.] પું. ગાન કરનાર માણસ; ગાયક; ગવૈયો.

૨. પું. ઘણો સીધો માણસ.

૩. [સં. ગો] સ્ત્રી. એક જાતનાં વાગોળનારાં ચોપગાં પશુની માદા; જેને ગળે ગોદડી જેવી ચામડી લબડતી હોય એવી જાતના પશુની માદા; ધેનુ; ગૌ. ગાયના નરને ગોધો, આખલો, સાંઢ અને ખસી કરેલો હોય તો બળદ કહે છે. આ પ્રાણી અને તેનાં છાણ મૂતર પવિત્ર ગણાય છે. ગાયની ગર્ભવાસની મુદત ૨૮૫ દિવસની છે અને આયુમર્યાદા ૨૫ વર્ષની મનાય છે. ગાયનો રંગ ધોળો, રાતો, કાળો કે મિશ્ર હોય છે. તેનાં બચ્ચાંને નર હોય તો વાછડો અને નારી હોય તો વાછડી કહેવાય છે. તેને બે શીંગડાં અને ચાર આંચળ હોય છે. ગાયને હિંદુઓ સર્વેથી વધારે માન આપે છે, કેમકે બ્રહ્માએ બ્રાહ્મણ અને ગાયને એકી વખતે પેદા કર્યાનું, તેમાં બધા દેવનો વાસ હોવાનું અને વૈતરણી નદી ઓળંગવામાં તે સાધનરૂપ હોવાનું મનાય છે. તેનાં પંચગવ્ય પવિત્ર મનાય છે. તેનું પૂંછડું પૂજાય છે. ગાયની જાત: ૧. સૌરાષ્ટ્રની ગીર, ૨. સિંધની સિંધી, ૩. માળવાની માળવી, ૪. નર્મદા નદી તરફની નિમારી, ૫. ગુજરાતની કાંકરેજ, ૬. પંજાબની શાહિવાલ, ૭. પંજાબની હરિયાણા, ૮. સીમા પ્રાંતની ધન્ની, ૯. સતારાની કિલ્લરી, ૧૦. મહારાષ્ટ્રની કૃષ્ણાખીણ, ૧૧. રજપૂતાનાની રાથ, ૧૨. મધ્યપ્રાંતની ગૌલવ, ૧૩. નિઝામની દેઉની, ૧૪. મ્હૈસુરની અમૃતમહાલ તથા હલ્લિકર, ૧૫. મદ્રાસની નેલોર, ૧૬. મદ્રાસની કાંગાયમ, ૧૭. જોધપુરની નાગોરી, ૧૮. સિંધની થરપાર્કર અને ૧૯. અલ્વરની મેહવતી. આ સિવાય ભગ્નેરી, દજલ, રેડસીંદે, કિલ્લરી, પોનવાર, ખારિગઢ, ગાઉલાઉ વગેરે પણ ગાયની ઘણી જાત છે. અઢાર માસની ગાયને ત્ર્યવી, ચોવીશ માસની ગાયને દિત્યૌહી, ત્રીશ માસની ગાયને પંચાવી, છત્રીશ માસની ગાયને ત્રિવત્સા, બેંતાલીસ માસની ગાયને તુર્યૌહી, ચાર વર્ષની ગાયને પષ્ઠૌહી, વાંઝણી ગાયને વશા, ગર્ભઘાતક ગાયને વેહત અને પ્રસૂત ગાયને ધેનુ કહેવાય છે. ગાયનાં કામદુધા, વિશ્વાયુ, વિશ્વધાયા, વિશ્વકર્મા, ઇડા, સરસ્વતી, અદિતિ વગેરે નામ પણ છે. વેદમાં ગાયનો જ ઉલ્લેખ છે, ભેંસનું ક્યાંય પણ નામ જોવામાં આવતું નથી. લોકો ગાયનું જ દૂધ પીતા. પંજાબ, કુરુક્ષેત્ર અને રોહિલખંડનાં જંગલોમાં ગાયો પુષ્કળ થતી અને પુષ્કળ દૂધ આપતી. યજ્ઞમાં દક્ષિણા તરીકે પણ ગાય આપવામાં આવતી. અત્યારે જેમ સિક્કાનો વ્યવહાર છે તેમ પ્રાચીન સમયમાં ગાયો વપરાતી.

૧. કન્યા ને ગાય જ્યાં દોરે ત્યાં જાય = જેમનો કંઈ અવાજ નથી એવું ગરીબ; દીન. કન્યાને તેનાં માબાપ જ્યાં પરણાવે ત્યાં જવું પડે છે તેમ ગાય પણ જ્યાં આપે ત્યાં દોરાય છે તે ઉપરથી આ પ્રયોગ થયો છે.

૨. ગાય જેવું ગરીબ = ગરીબ સ્વભાવનું; સાલસ.

૩. ગાય દોહી કૂતરીને-ગધેડીને પાવું = (૧) કુપાત્રને આપવું. (૨) દુર્વ્યય કરવો.

૪. ગાય પછવાડે વાછરડું = (૧) દાન ઉપર દક્ષિણા. (૨) મા સાથે છોકરું.

૫. ગાય મળવી = ગાયે દૂધ આપવું.

૬. ગાય લેવી દૂઝતી ને વહુ લેવી ઝૂલતી = ગાય અને કન્યાની પસંદગી બહુ વિચારપૂર્વક કરવાની હોય છે.

૭. ગાય વગરનું વાછડું = મા વગરનું છોકરું.

૮. ગાય વાંસે વાછડી = ગાય પછવાડે વાછરડું.

૯. ગાય વિયાવી = બાળકે જલદી ખાઈ લેવું.

૧૦. ગાયના બકરી હેઠ અને બકરીના ગાય હેઠ કરવાં = ઊંધાંચત્તાં કરવાં; ખટપટ કરવી.

૧૧. ગાયના ભાઈ જેવું = મૂર્ખ; બુડથલ.

૧૨. ગાયનું ભેંસ તળે અને ભેંસનું ગાય તળે = સમજ્યા વગરની ઊથલપાથલ અને ફેરફાર; વ્યવસ્થા વિનાનું; અગડંબગડં.

૧૩. ગાયું વાળે તે ગોવાળ = ધંધો તેવું નામ.

૧૪. ઘેર ગાય બાંધવી = દુઝાણું રાખવું.

૧૫. દૂબળી ગાયને બગાઈ ઘણી = અછતમાં અછત ભળે છે; દુ:ખમાં દુ:ખ ઉમેરાય છે.

૧૬. ધરમની ગાયના દાંત ન જોવાય = બક્ષિશ મળેલી ચીજની ખામી વિષે ટીકા ન કરાય.

૪. સ્ત્રી. પૃથ્વી.

૫. સ્ત્રી. વરસાદની ધાર.

૬. ન. આશરે ૨ ફૂટ અને ૯$\frac{૩}{૫}$ ઇંચનું અંતર.

૭. ન. એ નામનું દક્ષિણ અમેરિકમાં થતું સો. ફૂટથી વધારે ઊંચાઈનું એક ઝાડ. તેના થડનો ઘેરાવો ૧૮થી ૨૧ ફૂટ હોય. ૫૦થી સાઠ ફૂટ વધે ત્યાંસુધી તેને ડાંખળી આવતી નથી. તેનાં પાંદડાં એક ફૂટ લાંબાં થાય છે. આ ઝાડમાંથી નીકળતો દૂધ જેવો રસ રોટલી સાથે ખવાય છે.

૮. ન. ગાયન; ગીત.

૯. ન. પગલું; ડગલું.

૧૦. ન. શરીરનો અવયવ; ઇંદ્રિય.

૧૧. વિ. નરમ; ગરીબ; સાલસ.

ગાયક [સં.] પું. ગવૈયો; ગાવાનો ધંધો કરનાર માણસ; ગાન કરી આજીવિકા ચલાવનાર માણસ. જે માથું ધુણાવનાર ન હોય, શરીરના બધા અવયવોથી પૂરો હોય, નઠારા રાગવાળો ન હોય, રાગ, માર્ગ તથા લયને જાણનારો હોય, ત્રણ પ્રકારના સ્થાયી સ્વરોને સ્થાપન કરવામાં કુશળ એટલે સ્થાયીને ફેલાવવામાં હોશિયાર હોય, ભાવ બતાવવામાં ડાહ્યો, સુસ્વરનો, તાલમાં નિપુણ, રાગના માર્ગમાં બુદ્ધિવાન, અકળામણ વિનાનો, સારા રૂપવાળા સ્વરોના અલંકારને બનાવનાર, સભાક્ષોભ વગરનો અને રૂઢ મનનો જે પુરુષ હોય તે ઉત્તમ ગાયક ગણાય છે. તેને વ્યાકરણશાસ્ત્ર, છંદના ભેદ, ઉપમા વગેરે અલંકાર, અનુપ્રાસ, નવ રસ, બધી કલા, સંગીત, નૃત્ય, વાદ્ય, દ્રુતાદિ લય અને તાલનું પણ સારૂં જ્ઞાન હોય છે. વળી તે સભાને જીતવામાં વાક્પટુ, રાગદ્વેષ નહિ કરનાર, આર્દ્ર ચિત્તવાળો, ઉચિત અનુચિતને જાણનાર, સુંદર વાણીના પ્રબંધ કરનાર, નવી નવી ચીજોને બનાવનાર, બીજાના ચિત્તને જાણનાર, પ્રબંધ રચવામાં ચતુર, દ્રુતગીતોને રચનાર, વિવિધ પ્રકારનાં ગીતોની છાયાનું અનુકરણ કરી ગીત કરનાર, ગમકોમાં ચતુર, રાગાલાપ અને રૂપકાલાપમાં પ્રવીણ, એકાગ્ર ચિત્તવાળો, અવધાની અને સુંદર ગુણોથી યુક્ત હોય છે.

ગાયકગણ [સં.] પું. ગાનાર લોકોનું મંડળ.

ગાયકદોષ [સં.] પું. ગાનારાની ખામી. સંગીત રત્નાકરમાં ગાયકના પચીશ દોષ ગણાવેલા છે: (૧) સંદષ્ટ, (૨) ઉદ્ઘૃષ્ટ, (૩) સૂત્કારી, (૪) ભીત, (૫) શંકિત, (૬) કંપિત, (૭) કરાલી, (૮) વિકલ, (૯) કાકી, (૧૦) વિતાલ, (૧૧) કરભ, (૧૨) ઉદ્ભડ, (૧૩) ઝોંબક, (૧૪) તુંબકી, (૧૫) વક્રી, (૧૬) પ્રસારી, (૧૭) નિમીલક, (૧૮) વિરસ, (૧૯) અપસ્વર, (૨૦) અવ્યક્ત, (૨૧) સ્થાનભ્રષ્ટ, (૨૨) અવ્યવસ્થિત, (૨૩) મિશ્રક, (૨૪) અનવધાન અને (૨૫) સાનુનાસિક.

ગાયકપાત્રગણ ૧. [સં.] પું. ગાનારાઓનું ટોળું; નટમંડળ; ગાયકગણ.

૨. પું. નાટકમંડળી.

ગાયકમ પું. એ નામનો ગુંદર.

ગાયકમંડળ ન. ગાનારાનો સમૂહ.

ગાયકવાડ (ગાયકવાડ઼) ૧. પું. ગાયોને દ્વારમાં દાખલ કરી બચાવનાર માણસ. વડોદરાના ગાયકવાડ વંશના આદિપુરુષ નંદાજી પૂના જિલ્લાના એક તાલુકાના દાવડી ગામના રહીશ અને ભોર સંસ્થાનના એક કિલ્લાના ઉપરી હતા. કહેવાય છે કે એક વખત કસાઈ લોકો ગાયોના ટોળાને તેમના કિલ્લા પાસેથી લઈ જતા હતા. તે વખતે કરુણા આવવાથી તેમણે કિલ્લાનાં કમાડ ખોલી ગાયોને અંદર લઈ બચાવી લીધી. આથી તે ગાયોને દ્વારમાં દાખલ કરી બચાવનાર એટલે ગાયકવાડ કહેવાયા.

૨. સ્ત્રી. મરાઠા, ક્ષત્રિય જાતિની એક અટક.

૩. સ્ત્રી. વડોદરાના રાજાઓની અવટંક.

૪. ન. એ નામની અટકનું માણસ.

૫. વિ. એ નામની અટકનું.

ગાયકવાડી (ગાયકવાડ઼ી) ૧. સ્ત્રી. અંધેર; અંધાધૂંધી.

ગાયકવાડી ચાલવી = અવ્યવસ્થા હોવી. પ્રથમ ગાયકવાડી રાજ્યમાં બહુ અંધેર હતું તે ઉપરથી આવો પ્રયોગ નીકળ્યો હોય એમ મનાય છે.

૨. વિ. અંધેરવાળું; અવ્યવસ્થિત; અંધાધૂંધીવાળું.

૩. વિ. ગાયકવાડ રાજ્યનું; ગાયકવાડને લગતું.

૪. વિ. ગાયકવાડના રાજ્યઅમલ જેવું.

૫. વિ. જુલમી; જહાંગીરી.

ગાયકવાડી યુગ (ગાયકવાડ઼ી યુગ) પું. અંગ્રેજ યુગની પહેલાં સોરઠી તવારીખનો ઈ. સ. ૧૭૨૬થી ૧૮૦૯નો યુગ. આ યુગમાં જૂનાગઢમાં અમરજી દીવાન ૧૭૬૦–૮૨, જામનગરમાં મહેરામણ ખવાસ ૧૭૫૦–૧૮૦૦, ગોંડલમાં ઠાકોર કુંભાજી ૧૭૫૩–૧૭૯૦ ને ભાવનગરમાં ગોહેલ વખતસિંહજી ૧૭૭૨ થી ૧૮૧૬માં થઈ ગયા.

ગાયકવાદક પું. ગાનાર તથા બજાવનારાઓનો સમૂહ.

ગાયકવૃંદ ન. ગાનારનો સમૂહ.

ગાયકા [સં.] સ્ત્રી. ગાનારી; ગાવા ઉપર જ પોતાની આજીવિકા ચલાવતી હોય તેવી સ્ત્રી.

ગાયકાવધૂ ૧. સ્ત્રી. ગાયક સ્ત્રી.

૨. સ્ત્રી. પરકીયા નાયિકાનો એક ભેદ.

ગાયકી ૧. સ્ત્રી. ગાનારી.

૨. સ્ત્રી. ગાવાની ઢબ.

ગાયગધેડો (ગાયગધેડ઼ો) પું. સારાંનરસાં બધાંનો સમૂહ.

ગાયગોઠ [હિં.] સ્ત્રી. ગોશાળા; ગૌશાળા.

ગાયટોંડે ૧. સ્ત્રી. એ નામની મરાઠી અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. ન. ગાયનું મોઢું.

૪. વિ. એ નામની અટકનું.

ગાયડો (ગાયડ઼ો) પું. ગાયન; ગીત.

ગાયત્ર ૧. [સં.] પું. ગાયત્રી છંદ.

૨. પું. સોમની ચોવીશ માંહેની એક જાત.

૩. ન. ગાન; ગીત; ગાયન.

૪. વિ. ગાયત્રી છંદમાં હોય એવું.

ગાયત્રી ૧. [સં. ગાયત્રિન્] પું. ઉદ્ગાતા.

૨. પું. (પિંગળ) એ નામનો એક વર્ણમેળ છંદ. આ જાતના છંદના દરેક ચરણમાં ૬ અક્ષર આવે છે. તેવી જાતના તનુમધ્યા, વિદ્યુલ્લેખા, વાણી, શશિવદના કે ચતુરંસ્ર, સોમરાજી, શેષા, વિમોહા, તિલકા, માલતી, કામલતા, મંથાન, વસુમતી અને સોમકુલ પ્રસિદ્ધ છંદ છે.

૩. પું. (પિંગળ) વૈદિક એકવીશ માંહેનો એક અક્ષરમેળ છંદ. આ છંદ ત્રણ ચરણનો હોય છે અને દરેક ચરણમાં આઠ આઠ અક્ષર હોય છે. તેના આર્ષી, દૈવી, આસુરી, પ્રાજાપત્યા, યાજુષી, સામ્ની, આર્ચી અને બ્રાહ્મી એવા આઠ ભેદ છે અને તેમાં અનુક્રમે ૨૪, ૧, ૧૫, ૮, ૬, ૧૨, ૧૮ અને ૩૬ વર્ણ હોય છે.

૪. સ્ત્રી. ઈશ્વરરૂપ બ્રહ્મની પ્રાર્થનાનો એક વૈદિક મંત્રઃ

ૐ भूर्भुवः स्वः। तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य
धीमहि। धियो यो नः प्रचोदयात् ॥

ૐ સચ્ચિદાનંદ, બ્રહ્મ સવિતૃ દેવનું વરેણ્ય ભર્ગ સ્મરીએ; બુદ્ધિ જે અમારી પ્રેરે! આ ગાયત્રી મંત્ર ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ એમ ચારેય વેદમાં છે. આ મંત્ર સિવાય બીજો એકેય મંત્ર એવો નથી કે જે ચારેય વેદમાં આવતો હોય. મૂળ આ મંત્ર ઋગ્વેદના ૩જા મંડલના ૧૨મા સૂક્તનો ૧૦મો મંત્ર છે. સામવેદમાં ૧૪૬૨મો મંત્ર છે. યજુર્વેદમાં તો તે મંત્ર ચાર વાર આવે છે અને અથર્વવેદમાં ગાયત્રીનો મહાન મહિમા ૧૬મા સૂક્તના ૭૧મા મંત્રમાં ગાયો છે. આ ઉપરાંત અન્ય ધર્મગ્રંથોમાં પણ ઘણી યે વાર આ મંત્ર આપવામાં આવ્યો છે. જેમકે, તૈત્તિરીય આરણ્યકમાં બે વાર, આંધ્ર આરણ્યકમાં એક વાર, મૈત્રેય બ્રાહ્મણમાં ચાર વાર, કૌશીતકી બ્રાહ્મણમાં બે વાર, ગોપથ બ્રાહ્મણમાં એક વાર, દૈવત બ્રાહ્મણમાં એક વાર, શતપથ બ્રાહ્મણમાં ત્રણ વાર, બૃહદારણ્યક ઉપનિષદમાં એક વાર, નારાયણી ઉપનિષદમાં એક વાર, વારાહી ઉપનિષદમાં એક વાર, જૈમિનીય ઉપનિષદમાં એક વાર, શ્વેતાશ્વતર

ઉપનિષદમાં એક વાર, આશ્વલાયન શ્રૌતસૂત્રમાં બે વાર, શાંખાયન શ્રૌતસૂત્રમાં પાંચ વાર, આપસ્તંબ સૂત્રમાં બે વાર, શાંખાયન ગૃહ્યસૂત્રમાં ત્રણ વાર, કૌશીતકી સૂત્રમાં એક વાર, સામમંત્ર બ્રાહ્મણમાં એક વાર, ખાદિર ગૃહ્યસૂત્રમાં એક વાર, બોધાયન ધર્મશાસ્ત્રમાં એક વાર, માનવ ગૃહ્યસૂત્રમાં ત્રણ વાર, માનવ શ્રૌતસૂત્રમાં એક વાર, માનવ ધર્મશાસ્ત્રમાં એક વાર અને મૈત્રેય ઉપનિષદમાં એક વાર. આથી સિદ્ધ થાય છે કે આ મંત્રનું હિંદુધર્મશાસ્ત્રમાં સર્વોપરી સ્થાન છે. ગાયત્રી વાસ્તવિક રીતે વેદની માતા કહેવાય છે. તત્ત્વદર્શી મહાત્માઓ કહે છે કે ગાયત્રી મંત્રના આધાર ઉપર વેદોનું નિર્માણ થયું છે. વેદોના મંત્રદ્રષ્ટા ઋષિઓએ જે બ્રહ્મતેજ પ્રાપ્ત કર્યું છે તે આ ગાયત્રી મંત્રથી પ્રાપ્ત થયેલ છે. આ મંત્ર દ્વારા જેટલી સાધના અને ઉપાસના આજ સુધી થઈ છે તેટલી બીજા કોઈ મંત્ર દ્વારા થયેલ નથી. આ મંત્રનો ઋષિ ગાધિનો વિશ્વામિત્ર છે, દેવતા ગાયત્રી છે અને છંદ ગાયત્રી છે. તે મંત્ર બ્રહ્મ અને જીવાત્માની એકતાનો બોધ કરનાર છે. આ મંત્ર સાક્ષાત્ બ્રહ્મની ઉપાસના હોવાને કારણે સર્વ જપોમાં શ્રેષ્ઠ છે, કેમકે સર્વ યજ્ઞોમાં જપયજ્ઞ શ્રેષ્ઠ છે અને સર્વ જપોમાં ગાયત્રીના મંત્રનો જપ શ્રેષ્ઠ મનાય છે. નિરંતર આ મંત્રનો જપ કરવાથી સાધકનું બ્રહ્મતેજ ક્રમશઃ વધતું જાય છે. કૂર્મપુરાણમાં એટલે સુધી કહ્યું છે કે, જે બ્રહ્મચારી પ્રતિદિન વેદમાતરમ્ અર્થાત્ વેદના કારણભૂત આ ગાયત્રીનો અર્થ સમજીને જપ કરે છે તે પરમગતિને પામે છે. વિવિધ ધર્મશાસ્ત્રોમાં તેનું માહાત્મ્ય એમ છે કે, (૧) ગાયત્રી બ્રહ્મ છે. (૨) બ્રહ્મ એ જ ગાયત્રી છે. (૩) ગાયત્રી પરમાત્મા છે. (૪) ગાયત્રી વા આ સર્વ. (૫) ગાયત્રી વા આ સર્વ પ્રાણીમાત્ર જડ અને ચૈતન્ય. ૐ એ પ્રણવ મંત્ર કહેવાય છે. તે અવ્ ધાતુ ઉપરથી થયેલ છે અને તે રક્ષા, પ્રકાશ, પાલન, હિંસા, વૃદ્ધિ આદિના અર્થમાં વપરાય છે. ચતુર્દશ ભુવનની રક્ષા કરવાને કારણે ૐકાર નામ પડ્યું છે. ચારે વેદોમાં ઋગ્વેદ મૂળ છે, ઋગ્વેદમાં ગાયત્રી પ્રધાનપદે છે, ગાયત્રીમાં વ્યાહૃતિ મુખ્ય છે અને વ્યાહૃતિમાં પ્રણવ મંત્ર શ્રેષ્ઠતમ છે. ભારતવર્ષનો જે આ ઉદ્બોધનમંત્ર છે તે અત્યંત સરલ છે, તેનો એકશ્વાસે જ ઉચ્ચાર થાય છે. ૐ ભૂર્ભુવઃ સ્વઃ વ્યાહૃતિ કહેવાય છે. વ્યાહૃતિ શબ્દનો અર્થ ચોતરફથી આહરણ કરી લાવવું તે છે. પ્રથમ ભૂર્લોક, ભુવર્લોક અને સ્વર્લોક અર્થાત્ સમસ્ત વિશ્વ-ચરાચરને મનમાં આહરણ કરીને લાવવાનું હોય છે. ગાયત્રી મંત્ર બહારની સાથે અંતરનો અને અંતરની સાથે અંતરતમનો અર્થાત્ પરબ્રહ્મ પરમાત્માનો સંબંધ સાધી આપે છે. તાત્પર્ય કે જગતની સાથે ચિત્તનો અને ચિત્તની સાથે પેલા સચ્ચિદાનંદનો સંબંધ સાધી આપે છે. બ્રહ્મની ધ્યાન ધરવાની આ જે પ્રાચીન વૈદિક પદ્ધતિ છે તે જેવી ઉદાર તેવી સરલ પણ છે. આ પદ્ધતિ સર્વ પ્રકારની કૃત્રિમતાથી શૂન્ય છે. આ ગાયત્રી ગાન કરનાર કે જપ કરનારની રક્ષા કરે છે. પ્રાણ કે વાક્ ઇન્દ્રિયો ગાન કરનારી છે તેથી તે પ્રાણ કે વાક્ આદિની રક્ષા કરે છે. જે કારણથી જપ કરનારની તે રક્ષા કરે છે તે કારણથી તે ગાયત્રી નામથી પ્રસિદ્ધ છે. ગાયત્રીનો વિશેષ અર્થ શાંકરભાષ્ય અને સુરેશ્વરાચાર્ય વાર્તિક અનુસાર એમ છે કેઃ

પ્રણવ

ૐ જાગૃતે બહિર્પ્રજ્ઞ અકાર વિશ્વ,
સ્વપ્ને ઉકાર થઈ તૈજસ અંતઃપ્રજ્ઞ,
સુષુપ્તિમાં રહી અકામ મકાર પ્રાજ્ઞ,
ૐકાર અદ્વિતીય શિવ અમાત્ર શાંત.

વ્યાહૃતિ

ભૂર્ પ્રાણ હેતુ પ્રિય જીવનનો સહુને,
ભુવર્ અપાન દુઃખટાળક ભક્તને જે,
સ્વર્ વ્યાન વ્યાપક સહુ ઠરવાનું ઠામે,
સચ્ચિતસુખરૂપ ઈશ્વર એક છે એ.

મંત્ર

પ્રત્યક્ષ વાણી મનથી ય અગમ્ય જે **તે**,
ઉત્પત્તિ સ્થિતિ લય સૌ **સવિતાથકી** જે,
ઉપાસ્ય જ્ઞેય ભજનીય **વરેણ્ય** હૈયે,
તેનું અભેદરૂપ ધ્યાન અમે ધરીએ.
અજ્ઞાન કાર્યહર **ભર્ગ** સ્વયંપ્રકાશી,
જે **દેવ** એકરસ પૂર્ણ સહુ **પ્રકાશી**,
સ્વાનંદથી રમણ કાં કરતા વળી જે,
તેનું અભેદરૂપ **ધ્યાન અમે ધરીએ**.
તદ્રૂપ **બુદ્ધિ** કરમે ધરમે જનારી,
જે સત્ય જ્ઞાન ચિદનંત રૂપે **અમારી**,
પ્રેરે જુએ સરવ સાક્ષીરૂપે રહીને,
તેનું અભેદરૂપ ધ્યાન અમે ધરીએ.

સં. ગયાન્ એટલે પ્રાણને અને ગાયતે એટલે રક્ષણ કરે છે. તે ઉપરથી પ્રાણનું રક્ષણ કરનાર તે ગાયત્રી કહેવાય છે. ગૈ અને ત્રા એ બે ધાતુનો ગાયત્રી શબ્દ થયો છે. ગૈ ધાતુનો અર્થ ગાન અને ત્રા ધાતુનો અર્થ રક્ષણ એમ કરીએ તો તેનો વ્યુત્પન્ન અર્થ એવો થાય કે બ્રહ્મનું કીર્તન કરનારનું રક્ષણ કરે તે. આ મંત્ર ૨૪ અક્ષરનો છે અને તેના ઉચ્ચારણની સાથે ૨૪ પાંખડીનો ક્ષોભ થાય છે. આ ક્ષોભ વર્તુલાકારે થાય છે. ગાયત્રી મંત્રના દરેક શબ્દમાંથી એક જ્યોતિ નીકળે છે. ગાયત્રી આપણા મૂળાધારમાંથી નીકળી દંડની જેમ કંઠસ્થાન સુધી પહોંચે છે. ત્યાંથી વાણી દ્વારા પ્રગટ થાય છે અને પછી ભૂતમાત્રમાં જાય છે. ત્યાંથી અગ્નિની વેદી ઉપર આવી અગ્નિમંડળમાં પ્રવેશ કરે છે. ત્યાંથી પૃથ્વીની કૂખમાં પ્રવેશે છે અને આસનસ્થ મંત્રોચ્ચાર તથા અનુષ્ઠાન કરનાર મંત્રવિદના ચરણમાંથી તેના શરીરમંડળમાં પેસી હૃદયમાં જાય છે, ત્યાંથી પ્રાણશક્તિરૂપે પ્રાણમંડળમાં ફરે છે. આવી રીતે છ કૂખોમાં ફરીને પ્રાણમંડળમાં આવેલી ગાયત્રીને મંત્રશાસ્ત્રમાં ભૂભેદી કહી છે. ઉપરથી તો આ મંત્ર આપણને સામાન્ય સરખો લાગે છે, પણ તેમાં ત્રણ પ્રકારનાં અસ્ત્રો રહેલાં છે. ૧. બ્રહ્મદંડ, જેનું પાલાસ દંડ એ પ્રતીક છે, ૨. બ્રહ્મશિરસ, જેનું બોડિયાકલારનો કટકો એ પ્રતીક છે અને ૩. બ્રહ્માસ્ત્ર, જેનું ચોવીશ દળ કમળ એ પ્રતીક છે. ગાયત્રીનું ચોવીશ અક્ષરાત્મિકા ચક્ર જે રીતે ભૂભેદ અને ભુવર્ભેદ કરે છે તે રીતે સ્વરભેદ પણ કરે છે. ગાયત્રીના ૨૪ અક્ષરની ૨૪ શક્તિ નીચે પ્રમાણે છેઃ વામદેવી, પ્રિયા, સત્યા, વિશ્વા, ભદ્રવિલાસિની, પ્રભાવતી, જયા, શાન્તા, કાન્તા, દુર્ગા, સરસ્વતી, વિદ્રુમા, વિશાલેશા, વ્યાપિની, વિમલા, તમોપહારિણી, સૂક્ષ્મા, વિશ્વયોનિ, જાયા, વશા, પદ્માલયા, પરાશોભા, ભદ્રા અને ત્રિપદા. ગાયત્રીના ચોવીશ દેવતાઓનાં નામ નીચે પ્રમાણે છેઃ અગ્નિ, પ્રજાપતિ, સોમ, ઈશાન, સવિતા, આદિત્ય, બૃહસ્પતિ, મિત્રાવરુણ, ભગ, અર્યમા, ગણેશ, ત્વષ્ટા, પૂષા, ઇંદ્ર, વાયુ, વામદેવ, વિશ્વદેવા, માતૃગણ, વિષ્ણુ, વસુ, રુદ્ર, કુબેર અને અશ્વિનીકુમાર. શ્રીકૃષ્ણ પરમાત્મા કહે છે કે ગાયત્રી સર્વ વેદોનો પ્રાણ છે. ગાયત્રી વિના વેદો નિર્જીવ છે માટે ગાયત્રી જપ કરવો. જે મનુષ્યો ભક્તિ વડે વિષ્ણુ કે ત્ર્યંબકની નિત્ય પૂજા કરે છે તે ધર્મલોક કે રુદ્રલોકમાં જાય છે. ગાયત્રીનાં મંદિરો હિંદુસ્તાનમાં ક્વચિત્ જ જોવામાં આવે છે. કાઠિયાવાડમાં દક્ષિણ ભાગમાં સમુદ્ર કિનારે પરનાવડા નામના ગામમાં એક ગાયત્રીનું મંદિર છે. યદ્યપિ ત્યાં શિલાલેખ નથી તોપણ તે મંદિર ચૌલુક્ય કાળનું હોવાનું સંભવનીય છે. ગાયત્રી એ વેદમંત્ર છે. તેના ૨૪ અક્ષર છે અને અક્ષરે અક્ષરના ઋષિ, છંદ, દેવતા વગેરે નીચે પ્રમાણે પૃથક્ પૃથક્ મનાય છેઃ

ક્રમ	અક્ષર	ઋષિ	છંદ	દેવતા	વર્ણ	તત્ત્વ	શક્તિ	મુદ્રા	કળા	ફલ	અવાંતર ફલ
૧	તત્	વસિષ્ઠ	ગાયત્રી	અગ્નિ	પિત્ત	પૃથ્વી	બ્રાહ્મી	સંમુખ	પત્ની	આયુષ્યપ્રદ	અજ્ઞાનદોષહર
૨	સ	ભરદ્વાજ	ઉષ્ણિક	વાયુ	શ્યામ	આપ	ગૌરી	સંપુટ	સંકલી	આરોગ્યદ	ઉપપાતકહર
૩	વિ	ગૌતમ	અનુષ્ટુપ	સૂર્ય	શ્વેત	તેજ	પ્રભા	વિતત	વિમલા	ઐશ્વર્યદ	મહાપાપાદિહર
૪	તુ	વિશ્વામિત્ર	બૃહતી	વિદ્યુત	નીલ	વાયુ	નિત્યા	વિસ્તીર્ણ	તુષ્ટિ	ધર્મદ	દુષ્ટાગ્રહદોષહર
૫	ર્વ	ભૃગુ	પંક્તિ	યમ	વહ્નિ	આકાશ	વિશ્વા	એકમુખ	વરદા	કામદ	બ્રહ્મહત્યાહર
૬	રે	શાંડિલ્ય	ત્રિષ્ટુપ	વરુણ	શુભ્ર	ગંધ	ભદ્રા	દ્વિમુખ	રેવતી	વિદ્યાપ્રદ	અગમ્યાદોષહર
૭	ણ્	લોહિત	અત્યક્તિ	બૃહસ્પતિ	હરિત	રસ	વિલાસિની	ત્રિમુખ	સૂક્ષ્મા	ધામદ	અભક્ષ્યાદોષહર
૮	યં	ગર્ગ	ક્રાંતિ	પરજન્ય	પિત્ત	રૂપ	વિભાંડ	ચતુર્મુખ	જ્ઞાની	ધનદ	પુરુષદોષહર
૯	ભ	સનાતન	બૃહતી	ઈંદ્ર	અભ્ર	સ્પર્શ	કાલી	પંચમુખ	ભાર્ગી	શાલિદ	માનસિકદોષહર
૧૦	ર્ગો	સનત્કુમાર	સત્યા	ગંધર્વ	રક્ત	શબ્દ	જયા	ષણ્મુખ	ગૌતમી	અભિદ	ગૌહત્યાદોષહર
૧૧	દે	સત્યાશન	જગતી	ત્વષ્ટા	શ્યામ	વાક્	કાંતિ	અધોમુખ	દેવી	પુત્રદ	સ્ત્રીહત્યાદોષહર
૧૨	વ	ભાર્ગવ	વિરાટ	મિત્રાવરુણ	સિત	પાણિ	દુર્ગા	શકટ	વરા	કાંતિદ	વાચાકૃતદોષહર
૧૩	સ્ય	પરાશર	વિભ્રાડ	પુશ્ન	વિદ્રુમ	વરુણ	શાંતિ	યમપાશ	સિદ્ધિ	સુખદ	માનસિકદોષહર
૧૪	ધી	પુંડરિક	સ્વરાટ	સુર	શુભ્ર	સ્વાયુ	સરસ્વતી	ગ્રથિત	ધામની	કીર્તિદ	પિતૃદોષહર
૧૫	મ	કુત્સ્ય	કાત્યાયનિ	મારુત	રક્ત	શ્રોત	ઉદિતા	સંમુખોન્મુખ	પર્યાદિ	સૌભાગ્યદ	ગુરુહત્યાદોષહર
૧૬	હિ	દક્ષ	વ્યક્તિ	સૌમ્ય	નીલ	ત્વક્	હુતાસિ	પલ્લવ	સુજટિ	અભિષ્ટદ	માત્રંદોષહર
૧૭	ધિ	કશ્યપ	ત્રિષ્ટુપ	અંગિરા	પિત્ત	ચક્ષુ	વિભૂતિ	મુષ્ટિ	બુદ્ધિ	ત્ર્યૈલોક્યસુખકર	પશુહત્યાહર
૧૮	યો	જમદગ્નિ	જગતી	વિશ્વદેવતા	રક્ત	જિહ્વા	કમલા	મત્સ્ય	યોગમાતર	મોક્ષદ	સ્વભાવદોષહર
૧૯	યો	અત્રિ	મહાજગતી	અશ્વિન	રુક્ય	ઘ્રાણ	કલા	કૂર્મ	યોગિનિ	કામદ	પ્રાણદોષહર
૨૦	નઃ	વિષ્ણુ	મહાસ્મૃતિ	પ્રજાપતિ	સૂર્યસનિભ	મન	પદ્મા	વરાહ	પૃથ્વી	તુષ્ટિદ	ઈંદ્રપ્રાપ્તિ
૨૧	પ્ર	અંગિરા	ભૂમિ	કુબેર	સત્ત્વ	બુદ્ધિ	લવા	સિંહાક્રાંત	પુભવિ	શ્રીપ્રદ	રુદ્રપદપ્રાપ્તિ
૨૨	ચો	કુમાર	ભુવઃ	શુક્ર	રોચનાભ્ર	ચિત્ત	પારા	મહાક્રાંત	તુષ્ટિ	સ્વર્ગદ	વિષ્ણુપદપ્રાપ્તિ
૨૩	દ	ચ્યવન	સ્વઃ	બ્રહ્મા	મહત્ત્વ	અહંકાર	રામા	મુદ્ગર	પુષ્ટિ	સત્ત્વપ્રદ	સાયુજ્યપ્રદ
૨૪	યાત્	અગસ્ત્ય	ગાયત્રી	વિષ્ણુ	પ્રકૃતિ	ગુણ	કાંતિ	પલ્લવ	નિરંજનિ	આનંદદ	બ્રહ્મપદપ્રાપ્તિ

૫. સ્ત્રી. (પુરાણ) એ નામની એક દેવી; સાવિત્રી સરસ્વતી એ નામો વડે ઓળખાતી બ્રહ્મદેવની જ્ઞાનશક્તિ. એનું સ્થાન પુષ્કરજીમાં છે. બ્રહ્માની સ્ત્રી સાવિત્રી એક ગોવાળની પુત્રી હતી માટે ગાયત્રી કહેવાઈ.

૬. સ્ત્રી. ખેર નામની વનસ્પતિ.

૭. સ્ત્રી. ગંગા.

૮. સ્ત્રી. છની સંખ્યા; ૭ બતાવનારી સંજ્ઞા.

૯. સ્ત્રી. દુર્ગા.

૧૦. સ્ત્રી. પૃથ્વીથી પ્રતિફલિત થઈ સૂર્યની તરફ જનારી શક્તિ.

૧૧. સ્ત્રી. મણિદ્વીપની અંદર આવેલી ૬૪ માંહેની એક કલા. જુઓ કલા.

૧૨. સ્ત્રી. શિવશક્તિનું એક નામ. શિવ પોતે નિરાકાર છે. તેની ઇચ્છા કે જે માયારૂપ કિંવા શક્તિરૂપ છે, તે જપ કરનારા વિવેકી પુરુષોને પરમ પુરુષાર્થ આપનારી હોવાથી ગાયત્રી કહેવાય છે.

૧૩. સ્ત્રી. શ્વાસોચ્છ્વાસ. હમેશ દિવસે અને રાત્રે મળીને જીવ એકવીશ હજાર અને છસો વાર અજપા નામે ગાયત્રીનો જપ કરે છે.

ગાયત્રી ઉપનિષદ સ્ત્રી.; ન. ગાયત્રીનું નિરૂપણ કરનાર ઉપનિષદ.

ગાયત્રીજપ પું. ગાયત્રી મંત્રનો જપ.

ગાયત્રીતત્ત્વ [સં.] ન. ગાયત્રીનાં ૨૪ તત્ત્વો માંહેનું દરેક. તે નીચે પ્રમાણે: પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ, ગંધ, રસ, રૂપ, શબ્દ, સ્પર્શ, ઉપસ્થ, ગુદા, પગ, હાથ, વાણી, જિહ્વા, ચક્ષુ, ત્વચા, શ્રોત્ર, પ્રાણ, અપાન, ઉદાન, સમાન અને વ્યાન.

ગાયત્રીપાઠ [સં.] પું. ગાયત્રી મંત્રનો જપ.

ગાયત્રીપુરશ્ચરણ [સં.] ન. સવાલાખ ગાયત્રીનો જુમલો કરવા તેટલા જપના વિધિપૂર્વક પ્રયોગ.

ગાયત્રી મંત્ર [સં.] પું. ગાયત્રીનો મંત્ર; ગાયત્રી.

ગાયત્રી મુદ્રા સ્ત્રી. ગાયત્રીની ચોવીશ માંહેની દરેક મુદ્રા. તેનાં નામ: સંમુખ, સંપુટ, વિતત, વિસ્તૃત, દ્વિમુખ, ત્રિમુખ, ચતુર્મુખ, પંચમુખ, ષણ્મુખ, અધોમુખ, વ્યાપકાંજલિક, શકટ, યમપાશ, ગ્રંથિત, સંમુખોન્મુખ, પલંબ, મુષ્ટિ, મત્સ્ય, કૂર્મ, વરાહ, સિંહાક્રાંત, મહાક્રાંત, મુદ્‌ગર અને પલ્લવ.

ગાયત્રીવલ્લભ પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

ગાયલ્લુ પું. ગાયના આંચળ કરડી ખાનાર સાપ.

ગાયન ૧. પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

૨. પું. કાર્તિકેય.

૩. [સં.] પું. ગવૈયો; ગાયક; ગાનાર.

૪. ન. ગાવાની ચીજ.

૫. ન. ગાવાની વિદ્યા; સંગીતકલા. સંગીત કલાને પાંચમો વેદ ગણવામાં આવ્યો છે.

૬. ન. ગાવું તે; ગાન; ગીત.

ગાયનકલા સ્ત્રી. ગાવાની વિદ્યા; ગાયન સંબંધી વિજ્ઞાન.

ગાયનકવિતા સ્ત્રી. ગીતકવિતા; સંગીતકાવ્ય; રાગધ્વનિકાવ્ય.

ગાયનકળા જુઓ ગાયનકલા.

ગાયનબદ્ધ [સં.] વિ. ગાયનમાં બનાવેલ; ગાયનથી રચેલ.

ગાયનલેખન ન. સંગીતલેખન; સ્વરકાલલિપિ.

ગાયનવાદન ન. ગાવું બજાવવું તે.

ગાયનવિદ્યા [સં.] સ્ત્રી. ગાવાની વિદ્યા; સંગીતશાસ્ત્ર.

ગાયનશાલા [સં.] સ્ત્રી. સંગીતશાળા.

ગાયનશાસ્ત્ર જુઓ ગાયનવિદ્યા.

ગાયનશાસ્ત્રી [સં.] પું. સંગીતશાસ્ત્રનો જાણકાર માણસ.

ગાયનશાળા જુઓ ગાયનશાલા.

ગાયનાચાર્ય [સં.] પું. ગવૈયો; ગાયક.

ગાયની [સં.] સ્ત્રી. ગાનારી.

ગાયપાવડો (ગાયપાવડ઼ો) પું. પાટા ઉપર પડેલી ચીજ ખસેડી નાખવા રેલવે ઇંજિનની આગળ રાખવામાં આવતી ત્રિકોણાકાર જાળી.

ગાયપુત્ર ૧. પું. બેલ; બળદ.

૨. પું. ભોળો અને મૂર્ખ માણસ.

ગાયપૂજન ૧. ન. ગાયની પૂજા.

૨. ન. શ્રાવણ વદિ ૪નો ગાયપૂજાનો તહેવાર.

ગાયબ [અ. ગાઈબ] વિ. ગેબ; અલોપ; ગુમ થયેલ.

ગાયબગલું ન. ગાયોનાં ધણ સાથે રહેતું એક જાતનું ધોળું બગલું.

ગાયમ પું. (વહાણવટું) વહાણને છેડે પાછલા ભાગમાં બાંધવાનો થાંભલો.

ગાયરોન ન. બળદના પિત્તાશયમાંથી નીકળતી અને દવામાં વપરાતી પથરી.

ગાયલ ન. (વહાણવટું) વહાણના પાછલા ભાગમાં છેડો બાંધવાનું સાધન.

ગાયલવાડ (ગાયલવાડ઼) સ્ત્રી. ચોહાણ રજપૂતોની એ નામની એક શાખા.

ગાયલો ૧. પું. ગડબડ.

૨. પું. ગાળો.

૩. પું. નફો; હાંસલ; પેદાશ; વટાવ.

૪. વિ. ગોટો વાળે તેવું; ગડબડાટ કરનારૂં.

ગાયવસૂકડું (ગાયવસૂકડું) ન. એક જાતનું ઝેરી ચીભડું. તે ખાવાથી ગાય વસૂકી જાય.

ગાયવસૂકણો પું. એક જાતનો વેલો. તેનાં ગોળાઈ લેતાં નાનાં ચીભડાં જેવાં ફળ કડવાં હોય છે. આ ફળ ગાય ખાય તો તે વસૂકી જાય.

ગાયવ્રત ન. ગાય પૂજવાનું કુમારિકાઓનું એક વ્રત.

ગાયંતિકા [સં.] સ્ત્રી. હિમાલય ઉપરનું એ નામનું એક સ્થાન.

ગાયંદ પું. હાથી.

ગાયંદગત સ્ત્રી. હાથીની ચાલ.

ગાયિકા [સં.] સ્ત્રી. ગાનારી સ્ત્રી; ગવૈયણ.

ગાયિની [સં.] સ્ત્રી. ગાનારી સ્ત્રી.

ગાર ૧. પું. એક જાતનું કાપડ.

૨. પું. એક જાતનો પથ્થર; ચકમક.

૩. પું. ચાંદો; ચંદ્ર.

૪. પું. વરસાદના કરા.

૫. પું. સાર; મતલબ.

૬. સ્ત્રી. એક જાતની માછલી.

૭. સ્ત્રી. જેના ઉપર પાણી ઝાઝો વખત ન રહે એવી નીચી જમીન.

૮. સ્ત્રી. કબર.

૯. સ્ત્રી. ખાડો; ઊંડાણ.

૧૦. સ્ત્રી. ખો; ગુફા.

૧૧. [હિં.] સ્ત્રી. ગાળ; અપશબ્દ.

૧૨. સ્ત્રી. છાણ માટીને સાથે મસળીને લીંપવા માટે બનાવેલો ગારો; માટીનો કેલ; પલાળીને લોંદો થાય એવી કરેલી માટી.

૧૩. ન કસ; સત્ત્વ.

૧૪. ન. ગૃહ; મકાન; ઘર; આગાર.

૧૫. વિ. ઠંડુગાર; ઘણું જ ઠંડું.

૧૬. વિ. ભીંજવેલું.

૧૭. અ. કરનારના અર્થમાં લાગતો પ્રત્યય. તે ભાવવાચક નામ ઉપરથી વિશેષણ બનાવે છે. જેમકે, મદદગાર, ખિદમતગાર.

ગારગાર વિ. બહુ જ ઠંડું.

ગારગોટી પું એક જાતનો પથ્થર.

ગારગોરમટી ૧. સ્ત્રી. ગાર તથા માટીનું મિશ્રણ.

૨. સ્ત્રી. લીંપણ; માટી અથવા ગારથી જમીન લીંપવી તે.

ગારડી (ગારડ઼ી) પું. મદારી; જાદુગર.

ગારડુનિયા ન. એક જાતનું ફૂલઝાડ.

ગારત ૧. ન. પચાવી પાડવું તે; પરાઈ વસ્તુ હજમ કરી જવાપણું.

૨. વિ. ઉજ્જડ; વેરાન.

૩. વિ. નષ્ટ; બરબાદ; નાશ પામેલું; જેર.

ગારસ્થ [સં. આગારસ્થ] પું. ગૃહસ્થાશ્રમી; ઘરબારી.

ગારસ્થિણી [સં. આગારસ્થા] સ્ત્રી. ગૃહસ્થની સ્ત્રી.

ગારદ ૧. પું. ચોકીદાર.

૨. પું. ચોકીદારનો ઓરડો.

૩. સ્ત્રી. લશ્કર; સૈનિકનું ટોળું.

૪. ન. અલોપ થવું તે; સમાઈ જવાપણું.

૫. ન. નવજીવન.

૬. વિ. પાયમાલ; જેર; મૃત્યુવશ; નાશ પામેલું.

ગારદી ૧. પું. તોપખાનાનો ઉપરી.

૨. [અં. ગાર્ડ] પું. પહેરેગીર; ચોકીદાર; રખેવાળ; રક્ષક.

ગારનેટ પું. એક જાતનો કીમતી પથ્થર; સ્ફટિક.

ગારબી ન. એક જાતનું કરિયાણું.

ગારમાટી જુઓ ગારગોરમટી.

ગારમૂસા સ્ત્રી. ધાતુને ઓગાળવાની એક જાતની ગાર તથા બીજાં દ્રવ્યો નાખીને બનાવેલી કુલડી.

ગારલ ન. એક જાતનું સુંદર ફૂલવાળું નાનું ઝાડ.

ગારવ ૧. ન. અહંભાવથી વંદન કરવું તે.

૨. ન. આસક્તિ; પ્રેમ; મોહ.

૩. ન. ગર્વ; અભિમાન.

૪. ન. મહત્તા; મોટાઈ.

ગારવી સ્ત્રી. ઘાસનું એક જાતનું બી; નાગલી.

ગારવું ૧. સ. ક્રિ. દાટવું; મૃતદેહને ભૂમિશય્યા. કરાવવી; દફનાવવું.

૨. સ. ક્રિ. રસ કાઢવો.

ગારવો [સં. ગૌરવ] પું. અભિમાન; ગર્વ; અહંકાર.

ગારહા ૧. વિ. અઘરૂં; મુશ્કેલ.

૨. વિ. જાડું.

૩. વિ. દઢ; પાકું.

ગારા ૧. પું. (સંગીત) એક જાતનો રાગ. તે ગાવાનો કોઈ પણ સમય છે. તેની જાતિ સંપૂર્ણ છે. એટલે કે ખરજ, રિખવ તીવ્ર, ગંધાર તીવ્ર, મધ્યમ કોમળ, પંચમ, ધૈવત તીવ્ર, નિષાદ તીવ્ર કોમળ બંને, એ પ્રમાણે સાતે સ્વર આવે છે. આ રાગ ઝંઝોટીને મળતો છે. પલાસીથાટના સંકીર્ણ પ્રકારના રાગમાં તેનો સમાવેશ થાય છે. તેનો વાદી સ્વર ષડ્જ અને સંવાદી સ્વર પંચમ છે. તેમાં કેટલેક સ્થળે જેજેવંતી અને જિલ્લા રાગનો ભાસ થાય છે.

૨. સ્ત્રી. જેના ઉપર પાણી ઝાઝો વખત રહે નહિ એવી જમીન.

ગારાળું વિ. ગારાવાળું; કાદવથી ખરડાયેલું.

ગારિ પું. સંસારી; ગૃહસ્થ.

ગારિકો ન. ઘેટું.

ગારિત્ર પું. ભાત; રાંધેલ ચોખા.

ગારિયું ૧. ન. ગારો લાવનારૂં માણસ કે મજૂર.

૨. ન. ઢૂબો; રાંધેલા ધાન ઉપર ઢાંકવાનું ટોપલા જેવું માટીનું ઠામ.

૩. ન. ધૂળ, છાણ, લાદ ને પાણી ભેગાં કરી લીંપણ કરવા માટે કરેલો ઢગલો; ગાર.

૪. વિ. ગારનું; માટીનું.

ગારિયો પું. ગાર ઊંચકનારો મજૂર.

ગારિવાલ પું. હિમાલયની તળેટીમાં આવેલો એ નામનો એક પ્રાંત.

ગારી ૧. સ્ત્રી. આસામ અને બંગાળ તરફ બોલાતી એક ભાષા.

૨. સ્ત્રી. કલંક લગાડે તેવો આરોપ.

૩. સ્ત્રી. ગાળ; ખરાબ વચન; અપશબ્દ.

૪. અ. કરવું તે, એવો અર્થ બતાવનાર એક પ્રત્યય. જેમકે, ખિદમતગારી.

ગારુગ ન. આંબાની જાતનું એક ઝાડ; જૂમ.

ગારુડ (ગારુડ઼) ૧. પું. (પુરાણ) બ્રહ્માના ત્રીશ માંહેનો ચૌદમો દિવસ.

૨. ન. અથર્વણ વેદનું એક ઉપનિષદ.

૩. ન. એ નામનું એક શાસ્ત્ર. તે વલ્લે લખેલું છે. તેમાં જાદૂગરોના બત્રીશ ખેલ અને ઝેરી પ્રાણીઓના ડંખના ઉપાયોનું વિવેચન આપેલું છે.

૪. ન. ગરુડ જેનો દેવ છે એવું એક અસ્ત્ર.

૫. ન. ગરુડપુરાણ; અઢાર માંહેનું એક પુરાણ.

૬. ન. ગરુડવ્યૂહ; એક જાતની લશ્કરી રચના.

૭. ન. જેનો દેવતા ગરુડ હોય તે વિષમંત્ર.

૮. ન. બોંતેર માંહેની એ નામની એક કળા; સાપનું ઝેર ઉતારવાની કળા.

૯. ન. મરકતમણિ.

૧૦. ન. સોનું.

૧૧. વિ. ગરુડ સંબંધી; ગરુડનું.

ગારુડક (ગારુડ઼ક) [સં.] ન. ગરુડપુરાણ.

ગારુડણ (ગારુડ઼ણ) સ્ત્રી. વાદીની સ્ત્રી; વાદણ.

ગારુડતંત્ર (ગારુડ઼તંત્ર) [સં.] ન. મદારીની તંત્રવિદ્યા.

ગારુડિ (ગારુડ઼િ) ૧. [સં.] પું. (સંગીત) આઠ માંહેનો એક જાતનો તાલ.

૨. ન. એક જાતનું ઉપરત્ન.

ગારુડિક (ગારુડ઼િક) ૧. પું. વિષવૈદ્ય.

૨. પું. સાપ પકડનાર વાદી લોક; ગારુડી.

૩. વિ. સર્પ પકડવાની અને ઉતારવાની વિદ્યા જાણનાર; મંત્રથી સાપને પકડનાર.

ગારુડી (ગારુડ઼ી) ૧. [સં. ગારુડિક] પું. ગરુડનો મંત્ર જપનાર માણસ.

૨. પું. ચિકિત્સક; ભિષક.

૩. પું. મંત્રથી સર્પનું ઝેર ઉતારનાર પુરુષ; વાદી.

૪. પું. મેલી વિદ્યા જાણનાર મંત્રશાસ્ત્રી.

૫. પું. સાપ, માકડાં તેમ જ બીજાં જનાવરને કેળવી જાહેરમાં તમાશો બતાવી, નજરબંધીના ખેલ કરી કે દોરડાં ઉપર નાચી તેમ જ બીજા અંગકસરતના પ્રયોગો કરી ગુજરાન ચલાવનાર પુરુષ; મદારી; વાદી; ખેલાડી.

૬. ન. એક જાતનું નૃત્ય.

ગારુડીવિદ્યા (ગારુડ઼ીવિદ્યા) ૧. સ્ત્રી. જાદૂવિદ્યા; વાદીવિદ્યા; ઇંદ્રજાળની વિદ્યા; મંત્રજંત્રના પ્રયોગ.

૨. સ્ત્રી. નજરબંધી; દૃષ્ટિબંધન; હાથચાલાકી; છૂમંતર; ધંતરમંતર.

ગારુડો (ગારુડ઼ો) ૧. પું. ગુરુ.

૨. પું. મોહ લગાડનાર માણસ.

ગારુત્મત ૧. [સં.] ન. ગરુડ જેનો દેવ છે તેવું એક અસ્ત્ર.

૨. ન. મરકતમણિ.

ગારેકુન ન. એક જાતની ઔષધિ.

ગારો ૧. પું. આસામની નૈર્ઋત્યે આવેલો એ નામનો એક પર્વત.

૨. પું. ગાર; પંક; કાદવ; ચણતરમાં વાપરવા માટે તૈયાર કરેલી માટી; ગાર, છાણ વગેરે ભેળવી પલાળીને મસળેલું મટોડું.

૧. ગારા જેવું = પોચું.

૨. ગારો કાઢવો = સંભોગ કરવો.

૩. ગારો ચાવવો = (૧) નકામી વાત કર્યા કરવી. (૨) હલકું વેણ બોલવું.

૪. જે મોઢે પાન ચાવ્યાં તે મોઢે ગારો ચાવવો = વચન આપીને વચનભંગ થવું.

૩. પું. ચકમક.

૪. પું. ચૂનાને કેળવીને બનાવેલી ગાર; કોલ; કોહવાવેલો ચૂનો.

૫. પું. રૂનો પોલ.

૬. સ્ત્રી. આસામમાં બોલાતી એ નામની એક દેશી ભાષા.

૭. સ્ત્રી. ગારો પર્વતના પ્રદેશમાં રહેતી આસામની એક પહાડી કોમ.

ગાર્ગ ૧. પું. ગર્ગનો વંશજ.

૨. પું. ગાર્ગીનો ખરાબ પુત્ર.

૩. પું. મત્સ્ય પુરાણમાં વર્ણવેલા અઢાર મુખ્ય શિલ્પજ્ઞ માંહેનો એક.

૪. પું. (પુરાણ) વિશ્વામિત્રનો દીકરો.

ગાર્ગક [સં.] વિ. ગાર્ગ્યથી આવેલ; ગાર્ગ્યના વંશથી ઊતરી આવેલ.

ગાર્ગી ૧. સ્ત્રી. ગર્ગની વંશજ સ્ત્રી.

૨. સ્ત્રી. દુર્ગા દેવી.

૩. સ્ત્રી. વૈદિક કાળની એક મહા વિદુષી અને વેદાંતી બ્રહ્મવાદિની સ્ત્રી; યાજ્ઞવલ્ક્ય ઋષિની એક સ્ત્રીનું નામ. તે સમર્થ તત્ત્વજ્ઞાની હતી. બ્રહ્મવિદોની સભાઓમાં એ વારંવાર જતી અને ઋષિઓ સાથે વાદવિવાદ કરતી. એક વાર જનક રાજાએ દરેક શીંગડે દશ સોનામહોર બાંધેલી એવી હજાર ગાય પોતાની યજ્ઞસભામાં હાજર કરી. ત્યાં બેઠેલા સવોત્તમ બ્રહ્મજ્ઞને તે લઈ જવા ફરમાવ્યું, પણ કોઈની હિંમત ચાલી નહિ. એટલે યાજ્ઞવલ્કયે તે ગાયો પોતાના આશ્રમમાં પહોંચાડી દીધી. બીજા બ્રાહ્મણોએ એમાં વાંધો લીધો. ગાર્ગીએ તેને બ્રહ્મજ્ઞાનના ઘણા અઘરા પ્રશ્નો પૂછ્યા અને તે સઘળાના યાજ્ઞવલ્કયે ઉત્તર આપ્યા. એથી સંતુષ્ટ થઈ ગાર્ગીએ તેને સર્વોત્તમ બ્રહ્મજ્ઞ તરીકે જાહેર કર્યા અને બધા બ્રાહ્મણોએ તેનો મત કબૂલ રાખ્યો.

૪. વિ. ગાર્ગ ગોત્રનું.

ગાર્ગીપંચક પું. (સંગીત) એક મિશ્રજાતિ પંદર માત્રાનો તાલ. તેનાં તાલસ્થાન અનુક્રમે ૧, ૮, ૧૦, ૧૨ અને ૧૪ માત્રા ઉપર છે.

ગાર્ગીય [સં.] વિ. ગાર્ગ્ય સંબંધી.

ગાર્ગેય ૧. ન. એ નામના ગોત્રનું એક પ્રવર.

૨. ન. એ નામનું એક ગોત્ર.

ગાર્ગ્ય ૧. પું. (પુરાણ) અંગિરા કુળમાં થયેલો એક ઋષિ. કેકય દેશના રાજા યુધાજિતનો તે પુરોહિત હતો.

૨. પું. એ નામનો પાણિનિ પહેલાં થઈ ગયેલો એક વૈયાકરણી.

૩. પું. ગર્ગ ઋષિનો પુત્ર.

૪. પું. ગાર્ગ; ગર્ગનો વંશજ.

૫. પું. ગાર્ગ્ય ગોત્રમાં ઉત્પન્ન થયેલ ગર્ગ નામનો આચાર્ય.

૬. પું. ગૌતમ ગોત્રમાં ઉત્પન્ન થયેલ પુરુષ.

૭. ન. ગૌતમ ગોત્રની એક શાખા.

ગાર્ગ્યબાલાકી પું. બાલાક ઋષિનો એ નામનો પુત્ર. તે બ્રાહ્મણ હતો અને વ્યાકરણ તથા વ્યુત્પત્તિ શાસ્ત્રમાં નિષ્ણાત હતો.

ગાર્ગ્યાયન પું. ઋગ્વેદની શાંખાયન અથવા કૌશીતકી શાખાના વિચારક. તેણે સગુણ બ્રહ્મવાદનું અને પ્રાણ બ્રહ્મવાદનું ઉદ્દાલક અને તેના પુત્ર શ્વેતકેતુને ભાન કરાવ્યું હતું.

ગાર્ટર ન. મોજાં બાંધવાની દોરી.

ગાર્ડ ૧. [અં.] પું. આગગાડીના પાછલા ડબ્બામાં આખી ગાડીની સંભાળ રાખનાર રહેતો અમલદાર.

૨. પું. રખેવાળ; સંભાળ રાખનાર; રક્ષક; પહેરેગીર.

૩. પું. સૈનિક; સિપાઈ.

ગાર્ડ ઓવ ઓનર = મોટા અમલદારને લશ્કરી માન આપનારી ટુકડી.

૪. ન. ક્રિકેટમાં દાવ લેનાર પોતાની વિકેટ આગળ ત્રણે ય લાકડીની સીધી લીટીમાં ચાકથી નિશાન કરે તે; 'સેન્ટર.'

ગાર્ડન [અં.] સ્ત્રી. બાગ; બગીચો.

ગાર્ડનપાર્ટિ [અં.] સ્ત્રી. બગીચાની અંદર ઉપાહારને માટે કરવામાં આવેલો મેળાવડો.

ગાર્ડરેઈલ [અં.] પું. રેલના રસ્તાને સાચવનાર લોઢાનો પાટો.

ગાર્ડસ્ટોન [અં.] પું. રક્ષણ માટે ખોડવામાં આવેલ ખાંભો.

ગાર્ડા ૧. [પોર્ટુ.] પું. ગારદી; પહેરેગીર; ચોકીદાર.

૨. સ્ત્રી. એ નામની પારસીની અટક.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

ગાર્ડિયન ૧. [અં.] પું. ઇંગ્લંડ અને વેલ્સમાં ગરીબ લોકોની સંભાળ રાખવાને માટે ચૂંટી કાઢેલ પુરુષ.

૨. પું. વાલી; રક્ષક. બાળકનો કુદરતી રક્ષક મા અથવા બાપ છે. પણ તે જ્યારે મરી જાય ત્યારે વસિયતનામામાં એક કે બે માણસને વાલી તરીકે સામાન્ય રીતે નીમવામાં આવે છે. તેમની સત્તા માબાપ જેટલી જ હોય છે.

ગાર્દભિ ૧. [સં.] પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

૨. પું. (પુરાણ) વિશ્વામિત્રનો એ નામનો દીકરો.

ગાર્દભ [સં.] વિ. ગધેડાં સંબંધી; ગધેડાંનું.

ગાર્ધ્ર [સં.] વિ. ગીધ પક્ષીનું; ગીધ પક્ષી સંબંધી.

ગાર્ફિ [અં.] ન. ખારા પાણીમાં રહેતું એક જાતનું માછલું. તે યરપ અને અમેરિકાના દરિયામાં જોવામાં આવે છે.

ગાર્ભ ૧. [સં.] ન. ગર્ભવૃદ્ધિ માટે કરવાનું ગર્ભાધાનકર્મ.

૨. વિ. ગર્ભ સંબંધી; ગર્ભનું.

ગાર્ભિક [સં.] વિ. ગર્ભ સંબંધી; ગર્ભનું.

ગાર્ભિણ [સં.] ન. ગર્ભિણી સ્ત્રીઓનો સમૂહ.

ગાર્ય સ્ત્રી. ઈંટો બનાવવા સારૂ માટીમાં પાણી રેડી કરેલ ગારો.

ગાર્યબો પું. ગર્વ; અભિમાન; અહંકાર.

ગાર્લિક [અં.] ન. લસણ.

ગાર્ષ્ટેય [સં.] પું. એક વખત પ્રસવ પામેલી ગાયનો વાછરડો.

ગાર્ષ્ટેયી [સં.] સ્ત્રી. એક વખત પ્રસવ પામેલી ગાયની વાછરડી.

ગાર્હપત ૧. [સં.] ન. ગૃહપતિપણું; ગૃહપતિનું કર્મ.

૨. વિ. ગૃહપતિ સંબંધી; ગૃહપતિનું.

ગાર્હપત્ય ૧. પું. એ નામનો એક યજ્ઞ.

૨. [સં. ગૃહ (ઘર) + પતિ (સ્વામી)] પું. ગૃહસ્થના ઘરનો અગ્નિ; અગ્નિહોત્ર લેનાર પોતાના ઘરમાં હમેશ બળતો રાખે છે તે અગ્નિ; યજમાનરૂપ ગૃહપતિ સાથે સંયુક્ત એવો એક અગ્નિ; જે અગ્નિથી યજ્ઞયાગાદિક ક્રિયા કરવામાં આવે છે તે; ગૃહમેધને પાલન કરવા પડતા ત્રણ માંહેનો એક અગ્નિ; હિંદુ ધર્મશાસ્ત્ર પ્રમાણે ગૃહસ્થે રાખવાના ત્રણમાંનો એક અગ્નિ; સ્વાહા અને અગ્નિનો પુત્ર. દેવતાઓનાં બાર વર્ષ સુધી ગર્ભ ધારણ કરીને સ્વાહાને અનુક્રમથી દક્ષિણાગ્નિ, ગાર્હપત્ય અને આહ્વનીય નામના ત્રણ પુત્ર થયા.

૩. પું. પવમાન નામના અગ્નિનું બીજું નામ.

૪. ન. ગૃહસ્થાઈ.

૫. ન. ઘરનું કારભારૂં; ઘરનું સ્વામીપણું.

ગાર્હપત્યધનુ ન. લંબાઈનું એક માપ. રસ્તા અને કિલ્લાની દીવાલો માપવામાં તે વપરાય છે અને તેનું માપ ૧૦૮ અંગુલ છે.

ગાર્હપત્યાગ્નિ [સં.] પું. ૭ માંહેના એક પ્રકારનો અગ્નિ. શ્રૌત્રસૂત્ર અનુસાર અગ્નિહોત્ર ગ્રહણ કરનારને માટે આ અગ્નિ રાખવો અત્યંત આવશ્યક છે. સાધારણ ભોજન પકાવવાથી માંડીને સંસ્કાર સુધી સર્વ કૃત્ય આ અગ્નિમાં કરવામાં આવે છે. તેનો કુંડ દક્ષિણ પશ્ચિમ તરફ હોય છે.

ગાર્હમેધ [સં.] પું. ગૃહસ્થે રોજ કરવાના પાંચ યજ્ઞરૂપ નિત્યકર્મ; ગૃહ સંબંધી યજ્ઞ.

ગાર્હસ્થ વિ. ઘર સંબંધી.

ગાર્હસ્થધર્મ પું. ગૃહસ્થધર્મ.

ગાર્હસ્થશાસ્ત્ર ન. ઘરગથ્થુ અર્થશાસ્ત્ર.

ગાર્હસ્થ્ય ૧. [સં.] ન. ગૃહસ્થપણું; ગૃહસ્થનું કર્તવ્ય; ગૃહસ્થાશ્રમ.

૨. ન. ગૃહસ્થે દરરોજ કરવાના પાંચ યજ્ઞ; ગાર્હમેધ.

ગાર્હસ્થ્યધર્મ પું. ગૃહસ્થે પાળવાનો ધર્મ.

ગાર્હાયન પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

ગાર્હિક વિ. ગૃહને લગતું.

ગાલ ૧. પું. ઓરણું; એક વખતે ઘંટીમાં નખાતી દાણાની મૂઠી.

૨. પું. કાખૂ.

૩. પું. કોળિયો; મોઢામાં સમાય તેટલો ખોરાક; ગ્રાસ.

૪. પું. નકામી વાત.

૫. પું. બડાઈ.

૬. [સં.] પું. મોંની ફાડની બેઉ બાજુનો નાની ગાદી જેવો માંસલ ભાગ; આંખની નીચેની બાજુનો અવયવ. દરેક ગાલ મોટે ભાગે કપોલિકા નામની પેશી વડે બનેલો છે. તેમની બહારની બાજુ ચામડી વડે અને અંદરની બાજુ એક પાતળી શ્લેષ્મસ્રાવી કલા વડે ઢંકાયેલી છે. તેઓ મોંની બાજુ ઉપર રહેલા હોઈ, આગળ બેઉ હોઠ સાથે મળી જાય છે, જ્યારે ઉપર તથા નીચે તેઓ દાંતનાં પેઢાં સાથે જોડાયેલા છે. હોઠની માફક ગાલની અંદર પણ રુધિરવાહિનીઓનાં ઝુમખાં, જ્ઞાનતંતુઓ, રસાયનીઓ, ચરબીનું પડ તથા નાની નાની લાલાગ્રંથિઓ રહેલી છે.

૧. ગાલ ઉપર ગાલ ચડવા = ગાલ પુષ્ટ થવા; ગાલ બેવડા થયા હોય એમ જણાવું.

૨. ગાલ કરવા = ગાળ આપવી.

૩. ગાલ તેવો તમાચો = જેવો માણસ તેવી વાત.

૪. ગાલ તોડવા = પ્રેમથી ગાલે બટકું ભરવું.

૫. ગાલ બજાવવા = (૧) ગલોફાં ફુલાવી તે ઉપર ઢીંકડીઓ મારીને ન સમજાય એવો એક પ્રકારનો અવાજ કરવો. (૨) નકામી વાત કરવી. (૩) બડાઈ કરવી.

૬. ગાલ શેકવા = સસરાને ઘેર વરના પ્રથમ આગમન વખતે તેનો સત્કાર કરવો. આ ક્રિયામાં વરનાં સાસરિયા પક્ષનાં સગાંઓ સત્કારની નિશાની તરીકે તેના ગાલ શેકે છે.

૭. ગાલમાં હસવું = મંદમંદ હસવું; મોં મલકાવવું; બહારથી ગંભીર ચહેરો રાખી મનમાં હસવું; મૂછમાં હસવું.

૭. પું. (કચ્છી) વાત; ગોઠો.

૮. સ્ત્રી. એક જાતની તમાકુ.

૯. સ્ત્રી. સેલ્ટ નામની પ્રજાની એક જાત.

૧૦. સ્ત્રી. હાર; પંક્તિ; પંગત; ધાલ.

૧૧. [હિં.] ન. ચાવ્યા પછી જે થૂંકી નાખ્યું હોય તે.

ગાલખાતા સ્ત્રી. વસૂલ થઈ ન શકે તેવી રકમ.

ગાલખોડાની ટાંગ (ગાલખોડ઼ાની ટાંગ) સ્ત્રી. કુસ્તીનો એક દાવ. જ્યારે હરીફ આપણો પગ પકડવા નીચે નમે ત્યારે તરત જ તેની ગરદનને ભીડો લઈ બહારથી પગની આંટી ભરાવી જોર કરવું એટલે તે ચીત થાય. આ દાવને ગાલખોડાની ટાંગ કહે છે.

ગાલગલોચ સ્ત્રી. ગાળાગાળી; બોલાચાલી.

ગાલચાં અ. (કચ્છી) વાત કહું.

ગાલડાં (ગાલડ઼ાં) ન. બ. વ. મોંની બે બાજુના ભાગ; ગાલ માટે કવિતામાં વપરાતું રૂપ.

ગાલણ જુઓ ગાલન.

ગાલતકિયો પું. ગાલમશુરિયું.

ગાલન ૧. ન. ગાળવું તે; છણવું તે.

૨. ન. તાપ વડે ગાળવું તે; પિગળાવવું તે.

૩. ન. દ્રાવણ.

૪. ન. પોટલાં બાંધતી વખતે દાબ આપવાનું સાધન.

ગાલનક્રિયા સ્ત્રી. ગાળવાની ક્રિયા.

ગાલનપત્ર પું. પ્રવાહી ગળવા માટેનો કાગળ; 'ફિલ્ટર પેપર'.

ગાલપચોરાં જુઓ ગાલપચોરિયાં.

ગાલપચોરિયાં ન. બ. વ. ગાલનું લાલ થઈ સોજી જવું તે; ગલશુંડી; ગળસૂણાંનો રોગ; કાકડા કે ચોળિયા ફૂલવા તે. તેમાં થૂંક પેદા કરનારી પિંડ સૂજી આવે છે અને ચાવીને ખાવું મુશ્કેલ થઈ પડે છે. પહેલાં કાનની હેઠલો ને ગાલ ઉપરનો ભાગ સૂજી આવે અને તે સોજો જડબાની નીચે પહોંચે. ત્રણ ચાર દિવસ પછી તે કમી થઈ આઠ દશ દિવસમાં સાવ મટી જાય. સોજો કોઈ વાર એક જ બાજુએ પણ બહુધા બંને બાજુ ઉપર થાય છે. કોઈ વાર આ સોજો મટી જઈ એકાએક વૃષણ સૂજી આવે. બચ્ચાંને ગાલપચોળાં અથવા લાપોટિયાં થાય ત્યારે મીઠાની ખીરનો પાટો બાંધવો અથવા દૂધમાં ખૂબ મીઠું નાખી જાડું રાબ જેવું ઘટ્ટ બનાવવું અને તે સોજાના ભાગ ઉપર ચોપડવું.

ગાલપચોલાં જુઓ ગાલપચોરિયાં.

ગાલપચોળાં જુઓ ગાલપચોરિયાં.

ગાલપચોળિયાં જુઓ ગાલપચોરિયાં.

ગાલપુરાણ ન. મોઢાની વાતો.

ગાલફાડિયું (ગાલફાડ઼િયું) ન. એક જાતની દળદાર પૂરી; ધારીપૂરી.

ગાલફૂગી પું. એક જાતનો રોગ.

ગાલબ જુઓ ગાલિબ.

ગાલબેનમ પું. એક જાતનો ગુંદર.

ગાલમશુરિયું [સં. ગલ્લમસૂરિકા] ન. મશરૂનું ગાલ તળે ઘાલવાનું નાનું અને ગોળ ઓશીકું.

ગાલમસૂરિયું જુઓ ગાલમશુરિયું.

ગાલમસૂરી [હિં.] સ્ત્રી. એક જાતનું પકવાન.

ગાલમાર વિ. બડાઈ હાંકનારૂં; મોટી મોટી વાતો કરનારૂં; ગપાટા મારનાર.

ગાલમારુ જુઓ ગાલમાર.

ગાલવ ૧. પું. ઋગ્વેદના ક્રમપાદનો કર્તા બાભ્રવ્ય ગોત્રનો એક ઋષિ.

૨. પું. એ નામનો એક સ્મૃતિકાર.

૩. પું. (પુરાણ) કુંતલ રાજાના પુરોહિત એક ઋષિનું નામ.

૪. પું. પાણિનિના સમય પહેલાંનો એ નામનો એક વૈયાકરણી.

૫. પું. બોંતેર આકાશતત્ત્વ દેવતા માંહેનો એક. જુઓ આકાશતત્ત્વદેવતા.

૬. પું. મહાભારતમાં જણાવેલો એ નામનો એક પ્રાચીન દેશ.

૭. પું. લોધ્રવૃક્ષ; કેન્દુકવૃક્ષ; સફેદ લોધ્ર.

૮. પું. (પુરાણ) વિશ્વામિત્ર ઋષિનો એ નામનો શિષ્ય. એણે વિશ્વામિત્ર ઋષિની સો વરસ સુધી ઘણી જ સેવા કરી હતી. તે ઉપરથી ઋષિએ તેને સંપૂર્ણ વિદ્યા પ્રાપ્ત થશે એવો આશીર્વાદ આપીને પોતાને ઘેર જવાની આજ્ઞા કરી. વિશ્વામિત્રે કહ્યું કે મારે હાલ ગુરુદક્ષિણા જોઈતી નથી. છતાં તે બહુ આગ્રહ કરવા લાગ્યો ત્યારે વિશ્વામિત્ર જરા રોષ કરીને બોલ્યા કે ત્યારે મને આઠસેં શ્યામકર્ણ ઘોડા આણી આપીને પછી ઘેર જજે. વિશ્વામિત્રનું આ વચન સાંભળતાં ગાલવ ભયભીત થયો. છેવટે ઘોડા મળે તો જ જીવવું, નહિતર દેહ પાડવાનો નિશ્ચય કરી એણે વિષ્ણુની આરાધના કરી. વિષ્ણુએ એને ગરુડની પાસે મોકલ્યો અને એને આજ્ઞા કરી કે ગાલવનું કામ કરવું. પછી ગરુડ એને ખાંધ ઉપર બેસાડીને યયાતિ પાસે લઈ ગયો અને તે રાજાને કહ્યું કે આ બ્રાહ્મણને આઠસેં શ્યામકર્ણ ઘોડા આપો. યયાતિ રાજાએ

સો યજ્ઞ કર્યા હતા. યજ્ઞની સમાપ્તિ થયા છતાં પોતે અરણ્યમાં જ રહેતો. આથી તેની પાસે ઘોડા તેમ જ દ્રવ્ય કાંઈ ન હતું. તેથી તેણે કહ્યું કે તું આ મારી માધવી કન્યાને લઈ જા. એને ગમે તે રાજાને ત્યાં વેચી તેની પાસેથી આઠસેં શ્યામકર્ણ ઘોડા લેજે. એ સાંભળી ગાલવ માધવીને લઈ નીકળ્યો. પણ કોઈની પાસે આઠસો અશ્વ ન હતા. તેથી પ્રથમ હર્યશ્વ રાજાને પરણાવી તેની પાસેથી બસો ઘોડા લીધા. હર્યશ્વથી માધવીને વસુમના નામે પુત્ર થયો. ત્યારે ગાલવે તેને સોમવંશી આર્યકુળના દેવોદાસ રાજાને પરણાવી તેની પાસેથી બસો અશ્વ લીધા. અહીં માધવીને પ્રતર્દન નામે પુત્ર થયો. ત્યાંથી ભોજનગરીના ઉશીનર રાજા પાસે ગયો. અહીંથી બસો અશ્વ મળ્યા. અહીં માધવીને શિબિ નામે પુત્ર થતાં ત્યાંથી ચાલ્યો. બીજા કોઈ પાસેથી બાકીના બસો ઘોડા નહિ મળવાથી માધવીને અને છસેં ઘોડાને લઈને વિશ્વામિત્રની પાસે ગયો. બધી હકીકત કહીને વિનતિ કરી કે માધવી દ્વારા બાકીના બસેં ઘોડા મેળવી લેવાની કૃપા કરો. માધવીને વિશ્વામિત્રથી અષ્ટક નામે પુત્ર થતાં જ વિશ્વામિત્રે ગાલવને કહ્યું કે તારી ગુરુદક્ષિણા મને મળી ચૂકી. હવે આ કન્યાને પાછી લે અને તારે આશ્રમે જા. ગાલવ કન્યાને લઈને યયાતિ રાજાને ત્યાં ગયો. રાજાને આશીર્વાદ આપી તેની કન્યા પાછી સોંપી પોતે પોતાને આશ્રમે ગયો.

૯. પું. (પુરાણ) વિશ્વામિત્રનો એ નામનો પુત્ર. એક સમય બિલકુલ વૃષ્ટિ ન થવાને લીધે જબરો દુકાળ પડ્યો હતો. તે વખતે વિશ્વામિત્ર ઋષિ પોતાની સ્રી અને પુત્રને એમનું જે થવાનું હોય તે થાઓ એમ કહીને પોતે તપશ્ચર્યા કરવા ગયા. તે વખતે તેમની સ્રીએ ગમેતેમ કરીને છોકરાંને જીવાડ્યાં. પણ એક વખત એવું બન્યું કે કંઈ ખાવાનું ન મળવાથી તેણે પોતાના છોકરાના ગળામાં દર્ભની દોરડી બાંધી તેને વેચવા ગઈ. એટલામાં સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળના સત્યવ્રત રાજાએ તેને જોઈ અને કહ્યું કે જ્યાંસુધી તારા પતિ આવે ત્યાંસુધી હું રોજ થોડું માંસ મોકલતો રહીશ. આમ ગળામાં દોરડું બાંધવા ઉપરથી તે છોકરાનું નામ ગાલવ પાડ્યું.

૧૦. પું. (જ્યોતિષ) વિષુવાંશ ૮૯ અને ઉત્તર ક્રાંત્યંશ ૪૫માં આવેલો બીજા વર્ગનો તારો.

૧૧. પું. શુક્લ યજુર્વેદનો એક ઋષિ.

૧૨. ન. એ નામના ગોત્રનું એક પ્રવર.

૧૩. ન. એ નામનું એક ગોત્ર.

૧૪. ન. એક જાતનું ઝેર.

ગાલવાશ્રમ ૧. પું. ગાલવ ઋષિનો આશ્રમ. તે જયપુરથી ત્રણ માઈલ દૂર આવેલ છે.

૨. પું. ચિત્રકૂટ પર્વત ઉપર આવેલ એ નામનો આશ્રમ.

ગાલવિ [સં.] પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ. તેમણે કુણિગર્ગની એક વૃદ્ધ કન્યા સાથે વિવાહ કર્યો હતો.

ગાલવિત [સં. ગાલવિત્] પું. (પુરાણ) ગાલવિ ઋષિ.

ગાલસુંડા પું. લપોટિયું; ગાલ ઉપરનો સોજો.

ગાલા ૧. [હિં.] પું. ફરક; તફાવત.

૨. પું. રૂનો ગુચ્છો.

૩. સ્ત્રી. કપાસનું કાલું.

૪. સ્ત્રી. છાતી.

૫. સ્ત્રી. પૂણી.

૬. સ્ત્રી. સૂતરનો દડો.

૭. ન. ટોળું.

ગાલાબાન પું. ટોળું સાચવનાર; ગોવાળ.

ગાલાવેલું વિ. દાધારંગું; મૂર્ખ; અડધું ગાંડા જેવું; ભોળું અને કંઈક ઓછી સમજવાળું; ગાંડાઘેલું.

ગાલિ [સં.] સ્ત્રી. ગાળ; શાપ; અપશબ્દ.

ગાલિગ્રહણ ન. ગાળ ખાવી તે.

ગાલિત ૧. [સં.] વિ. ઓગાળેલ; પિગળાવેલ.

૨. વિ. ગાળેલ; ટપકાવેલું.

ગાલિની [સં.] સ્ત્રી. તંત્રશાસ્ત્રમાં જણાવેલ એ નામની એક મુદ્રા.

ગાલિપ્રદાન ન. ગાળ દેવી તે; બીભત્સ શબ્દો વાપરવાપણું.

ગાલિબ ૧. પું. એક પ્રખ્યાત ફારસી કવિનું નામ.

૨. [અ. ઘાલિબ] વિ. વિજયી; વિજય મેળવનાર.

૩. વિ. શ્રેષ્ઠ.

ગાલિયાં ૧. [હિં.] સ્ત્રી. બ. વ. ગાલિ; ગાળ.

૨. સ્ત્રી. બ. વ. વિવાહ વખતે ગવાતાં અસભ્ય ગીતો; ફટાણાં.

ગાલિયું ૧. સ્ત્રી. બ. વ. વાતો; વાતચીતો.

૨. ન. ગળે બાંધવાનો ગાળિયો.

ગાલિસાહિત્ય ન. બીભત્સ લખાણ.

ગાલી ૧. સ્ત્રી. ખીણ; બે ડુંગર વચ્ચેની જગા.

૨. [હિં.] સ્ત્રી. ગાળ; અપશબ્દ.

૩. સ્ત્રી. (કચ્છી) વાત.

ગાલીગલૂજ [અ.] સ્ત્રી. ગાળાગાળી; બીભત્સ શબ્દોની બોલાચાલી.

ગાલીગલોજ જુઓ ગાલીગલૂજ.

ગાલીચો ૧. [ફા. ગાલીચા] પું. જેમાં વેલ, બુટ્ટા, ફૂલ વગેરે હોય એવું ઊનનું સુંદર પાથરણું; ઊંચી જાતની શેતરંજી.

૨. પું. નાની શેતરંજી.

૩. પું. રંગબેરંગી કામળો; ચિત્રકંબલ.

ગાલીય [અં. ગેલિયમ] સ્ત્રી. એક જાતની ધાતુ. તે જસતની સાથે મળી આવે છે.

ગાલેચો જુઓ ગાલીચો.

ગાલૂ ૧. વિ. નકામી વાત કરનાર; વાતોડિયું.

૨. વિ. બડાઈ કરનાર.

ગાલોઠું ન. ગલોફું; ગાલની અંદરનો ભાગ.

ગાલોડન ૧. [સં.] ન. ઉન્માદ રોગ.

૨. ન. મૂર્ખતા.

ગાલોડું (ગાલોડું) ન. ગાલોઠું; ગલોફું.

ગાલોડ્ય ન. કમળકાકડી; કમળનું બીજ.

ગાલોરા પું. બ. વ. રાગોડા; મોટેથી ગાવું તે.

ગાલોરિયા ૧. સ્ત્રી. એ નામની વાળંદની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગાલ્લી ૧. સ્ત્રી. ત્રીશ મણનું એક માપ.

૨. સ્ત્રી. નાનું ગાડું; ગાડી; ડમણી.

૩. સ્ત્રી. સપ્તર્ષિ મંડળ.

ગાલ્લું ન. ગાડું; મોટી ગાડી.

ગાલ્લો પું. મોટા પાટલા જેવી નીચે પૈડાંવાળી છોકરાંને રમવાની ગાડી.

ગાવ ૧. પું. (જરથોસ્તી) બળદ.

૨. [સં. ગૌ] સ્ત્રી. ગાય.

ગાવકશ સ્ત્રી. બળદથી ખેંચાતી તોપ.

ગાવકુશી સ્ત્રી. ગાયને મારી નાખવી તે; ગૌહત્યા.

ગાવખાના (ગાવખાના) ૧. ન. ગાયની કોઢ.

૨. ન. ગૌશાળા.

૩. ન. મૂએલાં ઢોરની ચામડી ઉતારવાની જગ્યા.

ગાવચરાઈ ૧. સ્ત્રી. ગાય ચારવી તે.

૨. સ્ત્રી. ચરવાનો કર.

૩. સ્ત્રી. ચરિયાણ જમીન.

ગાવઝબાન ૧. સ્ત્રી. એક જાતની ઔષધિ; કુવબળ; ગજિરા. તે પિત્તજ્વરમાં ખાસ ઉપયોગી છે. ખાંસીમાં તરસ ઓછી લાગે તેટલા માટે આપવામાં આવે છે. પેટના દુખાવામાં પૌષ્ટિક તરીકે આપવામાં આવે છે. ખાસ કરીને તેનો અર્ક પાણીને બદલે તાવમાં

આપવામાં આવે છે. તેની માત્રા ૪ ડ્રામથી એક ઔંસ સુધીની છે.

૨. સ્ત્રી. ગાયની આંખના આકારની બનાવેલી રોટલી.

ગાવઝોરી [હિં.] સ્ત્રી. જુલમ; જોરજુલમ; બળાત્કાર.

ગાવડકુ (ગાવડ઼કું) ન. થૂવરનું પાંદડું.

ગાવડલી (ગાવડ઼લી) સ્ત્રી. ગાય.

ગાવડા (ગાવડ઼ા) પું. રત્નાગિરી તરફ રહેતા એક જાતના લોક. તેનો મુખ્ય ધંધો મીઠું પકવવાનો છે.

ગાવડિયું (ગાવડ઼િયું) ૧. ન. ગાયની ખરીની પાછળનો > આવા આકારનો એક ભાગ.

૨. ન. મરી ગયેલી ગાયનું ચામડું.

૩. વિ. નિર્માલ્ય; માલ વગરનું.

ગાવડી (ગાવડ઼ી) ૧. સ્ત્રી. આકડાનું ફળ.

૨. [સં. ગૌ] સ્ત્રી. ગાય; ધેનુ; ગૌ.

ગાવડીમુખું (ગાવડ઼ીમુખું) વિ. ગરીબડું; રાંક.

ગાવડું (ગાવડ઼ું) જુઓ ગાવડિયું.

ગાવડોલ ૧. પું. વહાણના કૂવાનો ઉપલો ભાગ; મુખ્ય કૂવાસ્થંભ.

૨. પું. વહાણનો કૂવો; વહાણના તળિયાના ડોલ ઉપરનો કૂવો.

ગાવણું [સં. ગાન] ન. ગાયન; ગાણું.

બેરા આગળ **ગાવણું**, મુંગા આગળ વાત;
અંધા આગળ નાચણું, એ ત્રણે સાતડે સાત.
લોકોક્તિ

ગાવતકિયો પું. એક જાતનો તકિયો; વાંસે રાખવામાં આવતું ઓશીકું.

ગાવદ પું. પાણિનિ પહેલાં થઈ ગયેલ એ નામનો એક વૈયાકરણીય.

ગાવદી ૧. સ્ત્રી. (સંગીત) એક રાગિણીનું નામ; મેઘ રાગની આઠ પુત્રવધૂ માંહેની એ નામની એક.

૨. [હિં.] વિ. ગંદું; ફૂવડ.

૩. વિ. જંગલી; મૂર્ખ; જડ; અણસમજુ.

ગાવદુમ ૧. સ્ત્રી. [ફા.] સ્ત્રી. શંકુઆકૃતિ; લંબોતરા.

૨. ન. ઢાળ.

૩. ન. રણશીંગું; ભૂંગળું.

૪. વિ. એક છેડે જાડું અને બીજે છેડે પાતળું; શંકુ આકારનું.

૫. વિ. પતાસાના પડ જેવું.

ગાવદોશ સ્ત્રી. ગાય દોહવાની તાંબડી.

ગાવધપ ૧. પું. હરામખોરી કરનાર પુરુષ.

૨. [હિં.] સ્ત્રી. છેતરપિંડી; દગલબાજી.

ગાવધપુ [હિં.] પું. છેતરપિંડી કરનાર માણુસ.

ગાવમેશ સ્ત્રી. ભેંશ.

ગાવલડી (ગાવલડ઼ી) સ્ત્રી. ગાય.

ગાવલાણિ [સં.] પું. સંજયનું એક નામ. તે ધૃતરાષ્ટ્રનો મંત્રી અને સારથિ હતો.

ગાવલી ૧. પું. ગાયનું ટોળું.

૨. [હિં.] પું. ગાયો ચરાવનાર ભરવાડ.

૩. સ્ત્રી. દલાલી; કમિશન; આડત.

૧. ગાવલી કાઢવી = આડતનું કંઈ કાઢવું.

૨. ગાવલી કાઢી જવી = માથેથી જોખમ કાઢી નાખવું; કંઈ બહાનું કાઢી કામમાંથી છટકી જવું.

ગાવલું ન. માથે આવેલા કામમાંથી છટકવું તે.

ગાવલ્ગણ પું. ધૃતરાષ્ટ્રના સારથિ સંજયનો પિતા.

ગાવલ્ગણિ પું. ગાવલ્ગણનો પુત્ર; ધૃતરાષ્ટ્રનો સારથિ; સંજય.

ગાવલ્ગાણિ જુઓ ગાવલ્ગણિ.

ગાવવું સ. ક્રિ. ગાવું.

ગાવશીર [ફા.] સ્ત્રી. દવામાં વપરાતા એક ગુંદનું નામ.

ગાવશુમારી ૧. સ્ત્રી ઢોર ઉપરનો એક કર.

૨. [હિં.] સ્ત્રી. ઢોરની ગણતરી.

ગાવસાર વિ. બળદ જેવું.

ગાવસૂકણું ન. એક જાતનો વેલો; નાગપુષ્પી; શ્વેતપુષ્પા; નાગિની; રામદૂતિકા. તેનું ચીભડા જેવું દેખાતું ફળ સ્વાદે કડવું હોય છે. તેને ધોળું ઇંદ્રામણું પણ કહે છે. તેનાં મૂળ તથા ફળ કમળો, બરલ, તથા શ્વાસ ઉપર ઔષધિ તરીકે કામ આવે છે.

ગાવંગોટ ૧. [સં. ગ્રામ] ન. ગામડું.

૨. ન. પરદેશ.

૩. ન. બીજો પ્રાંત.

ગાવાઈ સ્ત્રી. અફવા; ઊડતી ખબર.

ગાવાગોશ્ત ન. ગાયનું માંસ.

ગાવારા [ફા.] ન. પારણું; ઘોડિયું.

ગાવી ૧. પું. વહાણની ઉપરનો નાનો સઢ; ગાવડોલ ઉપર ચડાવેલો સઢ.

૨. સ્ત્રી. એક જાતની શાળા. તેનુ મુખ દક્ષિણ દિશામાં હોય છે.

૩. [સં. ગૌ] સ્ત્રી. ગાય.

૪. ન. ગાયનું ચામડું.

ગાવું ૧. સ. ક્રિ. કહેવું; કથન કરવું; એકની એક વાત વારંવાર કહેવી.

૨. [સં. ગૈ] સ. ક્રિ. કાનને પ્રિય લાગે એવી રીત રાગ કાઢવો; રાગોટવું; આલાપવું; લહેકાવીને કવિતા બોલવી.

૩. સ. ક્રિ. બણગાં ફૂંકવાં; બડાઈ મારવી.

૪. સ. ક્રિ. વખાણ કરવાં; પ્રશંસા કરવી; સ્તુતિ કરવી; ઉપકાર વગેરે સારૂં કામ કહી દેખાડવું.

ગાવું બજાવવું ૧. સ. ક્રિ. આમોદપ્રમોદ કરવો; ઉત્સવ કરવો.

૨. સ. ક્રિ. ગાયન ગાવું અને વાજિંત્ર વગાડવું.

ગાવેઅંબર સ્ત્રી. દરિયાઈ ગાય. તેમાંથી અંબર મળ્યાનું ઇરાનના લોક માને છે.

ગાવેઝમીન પું. બળદ. તેનાં શીંગડાં ઉપર પૃથ્વી રહેલી છે એમ કહેવાય છે.

ગાશા ૧. પું. ગાદી; ખોગીર.

૨. પું. ઘાસિયો; ઘોડાની પીઠ ઉપર નાખવાની દળી.

ગાશિયો જુઓ ગાશા.

ગાશો ૧. પું. ઘોડા ઉપર નાખવાની દળી.

૨. પું. બળદ. તેનાં શીંગડાં ઉપર પૃથ્વી રહેલી છે એમ કહેવાય છે.

૩. સ્ત્રી. દરિયાઈ ગાય. તેમાંથી અંબર મળ્યું છે એમ ઇરાનના લોક માને છે.

ગાસ ૧. [સં. ગ્રાસ] પું. કોળિયો; ગ્રાસ; કવલ.

૨. [અં. ગૅસ] પું. ગ્યાસ; વનસ્પતિ અને બીજાં કેટલાંક દ્રવ્યને ગરમી આપતાં તેમાંથી નીકળતી ધૂણી જેવી એક હવા; ખનિજ કોલસામાંથી નીકળતો વાયુ. તે બાળવાના કામમાં વપરાય છે.

૩. પું. ઘાણીની આસપાસ બળદ નીચે વટાયેલો કચરો.

૪. પું. તુવેર, મગ વગેરે અનાજનાં ઝીણાં છોડાં.

૫. પું. સંકટ; દુઃખ; આપત્તિ.

ગાસઘરેણું ન. કબજા સહિતનું ગીરવી ખત.

ગાસતેલ ન. ભૂમિતેલ; ભોંયમાંથી નીકળતું તેલ.

ગાસલાઇટ ન. ગેસ બાળવાથી થતો પ્રકાશ.

ગાસલેટ [અં. ગૅસલાઇટ] ન. પાણી જેવું એક ખનિજ તેલ. આ તેલ બળતણ તરીકે તેમ જ દીવા માટે વપરાય છે.

ગાસાનિક પું. (જરથોસ્તી) અવસ્તાના સાહિત્યપુસ્તકના ત્રણ માંહેનો એ નામનો એક સમૂહ.

ગાહ્ ૧. [સં.] અ. ક્રિ. નાહવું.

૨. અ. ક્રિ. પાણીમાં કૂદકો મારવો.

૩. અ. ક્રિ. ફરવું.

૪. અ. ક્રિ. લીન થવું; તદાકાર થવું.

૫. અ. ક્રિ. સંતાવું.

૬. અ. ક્રિ. હાલવું; ચાલવું.

૭. સ. ક્રિ. ઉશ્કેરવું.

૮. સ. ક્રિ. નાશ કરવો.

ગાહ ૧. પું. અનાજ કચરવું તે.

૨. પું. આગ્રહ; હઠ.

૩. પું. ધાણીની આસપાસનો બળદની નીચે વટાયેલો કચરો.

૪. પું. તુવેર, મગ વગેરે અનાજનાં ઝીણાં છોડાં.

૫. પું. (જરથોસ્તી) દિવસના પાંચ જુદા જુદા ભાગમાંનો દરેક.

૬. પું. પકડવું તે.

૭. [સં. ગ્રાહ] પું. મગરમચ્છ.

૮. પું. સર્પને પકડનાર ગારુડી; મદારી.

૯. સ્ત્રી. (જરથોસ્તી) દિવસના પાંચ માંહેના દરેક ભાગમાં કરવાની બંદગી. જેને આ બંદગી ન આવડતી હોય તેને અહૂનવરની ૬૫ માળા ફેરવવાની હોય છે.

૧૦. ન. જગ્યા; સ્થળ.

૧૧. ન. થાગ; તળિયું.

૧૨. ન. વખત; સમય.

૧૩. વિ. ગહન; દુષ્પ્રવેશ.

૧૪. વિ. પ્રવેશ કરનાર; પેસનાર.

૧૫. અ. સમય અને સ્થળ બતાવનાર એક પ્રત્યય.

ગાહક ૧. વિ. ઇચ્છુક; અભિલાષી; પ્રેમી.

૨. વિ. કદર કરનાર; ચાહનાર.

૩. [સં. ગ્રાહક] વિ. ખરીદ કરનાર; ખરીદદાર; ગ્રાહક; માલ લેનાર.

ગાહકી સ્ત્રી. વેચાણ.

ગાહગાહ [ફા.] અ. જ્યારેત્યારે; અવારનવાર; વખતોવખત.

ગાહણ ન. છાણાં ચાપતી વખતે ભેળવવામાં આવતો ઢોરને ખાતાં વધેલો ખડનો ભૂકો.

ગાહન ૧. ન. ખેડેલી જમીનમાંથી ઘાસ કાઢી નાખવા માટે વપરાતું દાંતાવાળું એક સાધન.

૨. ન. દાખલ થવું તે; પ્રવેશ.

૩. ન. સ્નાન; નાહવું તે.

ગાહબગાહ જુઓ ગાહગાહ.

ગાહમબાર ૧. [ગાથા (પ્રાર્થના) + બાર (બક્ષિશ)] પું. ઈશ્વરની પ્રાર્થના કે બક્ષીશ.

૨. પું. ઋતુ.

૩. પું. (જરથોસ્તી) ઋતુનો એક તહેવાર. તે પાંચ દિવસનો હોય છે. તેમાં છેલ્લો એટલે પાંચમો દિવસ મોટો ગણાય છે. ગાહમબાર ઈશ્વરની નીચલી ૭ મુખ્ય સૃષ્ટિ સાથે સંબંધ ધરાવે છેઃ (૧) આકાશ, (૨) પાણી, (૩) પૃથ્વી, (૪) વનસ્પતિ સૃષ્ટિ, (૫) પ્રાણી સૃષ્ટિ અને (૬) માણસ. ગાહમબાર ઊજવવાનો એક હેતુ જુદી જુદી ૭ ઋતુ કે જેનાં નિયમિતપણા ઉપર દુનિયાની આબાદીનો આધાર છે, તે ૭ ઋતુની વ્યવસ્થા માટે ઈશ્વરનો આભાર માનવાનો છે. આ મુખ્ય હેતુમાં પાછળથી કુદરતની ૭ ઉમદા અને ઉત્તમ વસ્તુ બનાવવા માટે આભારવૃત્તિ જાહેર કરવાનો હેતુ ઉમેરવામાં આવ્યો.

૧. ગાહમબારની પાળી = જરથોસ્તી ધર્મની એ નામની એક ક્રિયા. તે ૭ ગાહમબારોના તહેવાર ઊજવવા વખતે કરાય છે. તેમાં ફળફૂલની જરૂર પડતી નથી, પણ માત્ર દૂધની જરૂર પડે છે. તેને 'પાળી' કહેવામાં આવે છે, કારણકે તે પાળા એટલે ઘેરી લીધેલી જગ્યામાં કરવામાં આવે છે.

૨. ગાહમબારની વિસ્પરદ = ઋતુના તહેવાર વખતે કરવાની એક જાતની ક્રિયા.

૪. પું. ગાથા ગાવાનો વખત.

૫. પું. શ્રેષ્ઠ વખત.

ગાહલોપીહલો ૧. પું. પરાણે ગુજારો કરવાપણું.

૨. પું. મુસીબત; અડચણ.

ગાહવું ૧. અ. ક્રિ. ઝંપલાવવું.

૨. અ. ક્રિ. નાહવું; સ્નાન કરવું.

ગાહા ૧. પું. (પિંગળ) નાગપિંગળ માંહેનો એક માત્રામેળ છંદ; આર્યાગીતિ.

૨. સ્ત્રી. કથા; વર્ણન; ચરિત્ર; વૃત્તાંત.

૩. સ્ત્રી. નિશ્ચય; નિર્ધાર.

૪. સ્ત્રી. પ્રતિષ્ઠા; આબરૂ.

૫. [સં. ગાથા] સ્ત્રી. પ્રાકૃત ભાષાનું ગદ્ય; શ્લોક.

૬. સ્ત્રી. સામાન્ય પ્રાકૃત ગાથા બનાવવાની તથા જાણવાની કળા.

ગાહિકી સ્ત્રી. વેચાણ.

ગાહિણી પું. (પિંગળ) એક પ્રચૂર્ણગીતિ માત્રામેળ છંદ; લલિતાગીતિ.

ગાહિત ૧. વિ. નાશ કરેલું.

૨. વિ. નાહેલું; સ્નાન કરેલું.

૩. વિ. પ્રવેશ કરેલ; પેસેલ.

ગાહિતગેહ પું. (પિંગળ) ચોવીશ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; વિગાહિતગેહ. તેના દરેક ચરણમાં ત્રણ નગણ, યગણ, મગણ, નગણ, જગણ અને યગણ એમ ચોવીશ અક્ષર હોય છે.

ગાહિતદેહ જુઓ ગાહિતગેહ.

ગાહિની ૧. પું. (પિંગળ) એક આર્યા માત્રામેળ છંદ. તેમાં ૩૭ લઘુ અને ૧૦ ગુરુ મળી ૪૭ વર્ણ અને ૫૭ માત્રા હોય છે.

૨. પું. (પિંગળ) એક પ્રચૂર્ણગીતિ માત્રામેળ છંદ; લલિતાગીતિ.

ગાહિનીકુંડલિની પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તેની કુલ માત્રા ૧૫૮ છે. આ છંદના ગુરુ ઘટાડી લઘુ વધારતાં ૬૯ ભેદ થાય છે. તે લલિતાગીતિ એટલે ગાહિની અને રોલાવસ્તુના મિશ્રણથી બને છે.

ગાહી ૧. સ્ત્રી. પાંચનો સમૂહ; પંચક.

૨. અ. કદી પણ; કયારે ય.

ગાહૂ પું. (પિંગળ) એક પ્રચૂર્ણગીતિ માત્રામેળ છંદ. તે આર્યા છંદનો એક ભેદ છે.

ગાહે જુઓ ગાહેગાહે.

ગાહેગાહ અ. એક વખત; કોઈ વખત; કોઈક વાર.

ગાહેગાહે [ફા.] અ. જ્યારે જ્યારે.

ગાહો પું. (પિંગળ) એક ઉપગીતિ માત્રામેળ છંદ. તે આર્યાનો એક ભેદ છે.

ગાળ ૧. પું. કૂવો વગેરે ગાળતાં નીકળતો કચરો.

૨. પું. ખમીર માટે ડોયેલો લોટ.

૩. પું. પરવાળાં વગેરે પ્રાણીઓના અવશેષોથી ભર સમુદ્રમાં અને જળાશયમાં બંધાતો ખડક.

૪. પું. પ્રવાહીમાં તળિયે ઠરેલો મેલ.

૫. પું. ફેરો.

૬. પું. શેષ; અવશેષ; બાકી વધેલું તે.

૭. સ્ત્રી. અપશબ્દ; કોઈને રીસ ચડે તેવું કહેવું તે; ભૂંડું વેણ; બીભત્સ શબ્દ.

ગાળગલીચ જુઓ ગાળગલોચ.

ગાળગલોચ સ્ત્રી. ગાળ અને તેના જેવા બીજા અપશબ્દ.

ગાળણ ન. સ્રાવ; સ્રાવણ; પ્રવાહી પદાર્થ ગાળ્યા પછી કપડામાં રહી ગયેલો ભાગ.

ગાળણી સ્ત્રી. ગાળવું તે; ગરણી જેવું કામ કરવું તે.

ગાળણું ન. જુવાર બાજરીના છોડ પાસે પાસે ઊગ્યા હોય તે આશરે ત્રણેક ફૂટના થાય ત્યારે ઘાટા ભાગમાંથી અમુક નબળા છોડ ઉપાડવા તે.

ગાળભેળ સ્ત્રી. ગાળ; અપશબ્દ; હલકાં વેણ; ભૂંડાં વચન.

ગાળવું ૧. સ. ક્રિ. કચરો કાઢીને તળાવ, કૂવા વગેરેને ઊંડાં કરવાં; પૂરણી કાઢવી; કૂવા વગેરેમાં

બંધ થઈ ગયેલાં ઝરણાં પાછાં ચાલતાં કરવા સારૂ તેમાંથી કચરો કાઢવો.

૨. [સં. ગલ્ (ટપકવું)] સ. ક્રિ. કાણાવાળા વાટકા, ગળણી વગેરે મારફત ઘી વગેરે શુદ્ધ કરવું.

ગાળી ગાળીને કામ કરવું = વિચારપૂર્વક સમજી સમજીને કામ કરવું.

૩. સ. ક્રિ. દાટવું.

૪. સ. ક્રિ. ધીમે ધીમે અંદર ઉતારવું.

૫. સ. ક્રિ. બનાવવું; તૈયાર કરવું.

૬. સ. ક્રિ. પાણી વગેરેમાંથી કચરો કાઢવા માટે કપડું મૂકી એક વાસણમાંથી બીજાં વાસણમાં રેડવું.

૭. સ. ક્રિ. મૂકી દેવું; અધ્યાહાર રાખવો.

૮. સ. ક્રિ. રૂનાં પોળિયામાં અફીણ ભીંજવી તેનો રસ કાઢી તેને બનાતના કકડામાં રેડવો.

૯. સ. ક્રિ. વખત કાઢવો; વખત ગુજારવો; સમય વ્યતીત કરવો.

૧૦. સ. ક્રિ. શોષવી નાખવું; ઘટાડવું; ઓછું કરવું; સૂકવવું; પાતળું કરી નાખવું.

૧૧. સ. ક્રિ. સોનું રૂપું વગેરે ધાતુને અગ્નિની આંચ દઈ ઓગાળવી.

ગાળંગાળા સ્ત્રી. પરસ્પર ગાળો દેવી તે.

ગાળંગાળી જુઓ ગાળંગાળા.

ગાળાગાળ જુઓ ગાળાગાળી.

ગાળાગાળી સ્ત્રી. પરસ્પર અપશબ્દ વાપરવા તે; સામસામે ગાળો દઈ લડવું તે.

ગાળિયાતાળિયા પું. બ. વ. પરસ્પર ગાળો દેવી અને તાળિયો પાડવી એવા સંબંધથી ભેગા મળનારા લોકો.

ગાળિયું ૧. ન. કામ કરતાં વચમાંથી જતું રહેવું તે.

૨. ન. કામનો બોજો; જવાબદારી.

૩. ન. ખાલી વખત.

૪. ન. ગળણી.

૫. ન. ગળતાં રહેલું તે; ગાળતાં રહેલો કચરો; કૂચો.

૬. ન. છાશને ગાળ્યા પછી રહેલો દહીંના ફોદા જેવો પદાર્થ; છાશના કૂચા.

૭. ન. ઢોરની ડોકમાં નાખવાનું ગાળાવાળું દોરડું; ગાળિયો.

ગાળિયું કાઢવું = યુક્તિ કરી દાવપેચ કે બંધનમાંથી નીકળી જવું; વચમાંથી ખસી જવું; માથે નહિ રાખવું.

૮. ન. બંધનો દોર.

ગાળિયો પું. દોરડાનો ફાંસો; ગળે બાંધવાના દોરડાની ગાંઠ; દોરડાનો આંટી પાડેલો ગોળ ભાગ.

ગાળી ૧. સ્ત્રી. અપશબ્દ; ગાળ.

૨. સ્ત્રી. ખીણ; નેળ; પર્વત વચ્ચેનો લાંબો સાંકડો માર્ગ.

૩. સ્ત્રી. મીઠાઈ માટે ચાસણી કરવાના કરાતા જુદા જુદા ભાગ માંહેનો દરેક ભાગ.

૪. સ્ત્રી. સાંકડી નહેર.

ગાળીગલોચ સ્ત્રી. ગાળાગાળી; અપશબ્દ.

ગાળીતું ન. (વહાણવટું) આરસાની કુતી ભરાવી રાખવા જખૂત્રા ઉપર બાંધેલ કડછો.

ગાળું ન. વચમાંનો વખત; અંતર.

ગાળેલું [સં. ગલ્ (ટપકવું)] વિ. શુદ્ધ કરેલ; શોધિત; શુદ્ધ.

ગાળે વચાળે અ. ખૂણેખાંચરે.

ગાળો ૧. પું. આંતરો; વચ્ચેનો સમય; અંતર.

૨. પું. ગાડું; ગાડી.

૩. પું. ઘર; મકાન.

૪. પું. ઘરનો વિભાગ; ખંડ.

૫. પું. ઘંટીનાં બે પડ વચ્ચેની જગ્યા.

૬. પું. ઘંટીમાં દરણું ઓરવાનું મોં.

૭. પું. ઘંટીમાં પડ્યા રહેતા વગર દળાયેલા દાણા.

ગાળો કાઢવો = (૧) થોડું દળી ઘંટીનું મોં સાફ કરવું. (૨) સંભોગ કરવો.

૮. પું. ઘોડાના પગનાં મૂઠિયાં અને ડાબલા વચ્ચેનો ભાગ.

૯. પું. ચરણ; પાદ.

૧૦. પું. છાયલ; બૈરાંને પહેરવાનું રેશમી કપડું.

૧૧. પું. છેટું; અમુક જગ્યાથી અમુક જગ્યા સુધીનું અંતર.

૧૨. પું. છેડો.

૧૩. પું. દીવેટ કરવા જેવું પીંજેલું રૂ.

૧૪. પું. પનો; ઓસાર; પહોળાઈ.

૧૫. પું. પ્રદેશ; અમુક જગ્યા.

૧૬. પું. પ્રસંગ; ટાણું; અવસર.

૧૭. પું. બંગડીની અંદરની પહોળાઈ.

૧૮. પું. બે ટેકરી અથવા ઊંચી જગ્યાની વચ્ચેનું અંતર; મોટી ગાળી; ખીણ.

૧૯. પું. બેલગાડીની ઊધ અને કડોડાને એક કરવા માટે જડેલો લોઢાનો ઘડાઉ કટકો.

૨૦. પું. મોરી; ઢોર બાંધવાની દોરી.

૨૧. પું. મોસમ; સમય; ઋતુ; વેળા. તે શબ્દને છેડે પ્રત્યય તરીકે વપરાય છે. જેમકે, કેરીગાળો, લગ્નગાળો.

૨૨. પું. લખવાનો કિત્તો.

૨૩. પું. વચગાળાનો નફો; વટાવ; ભાવફેર.

૨૪. પું. વેધ; કાણું; સાર.

૨૫. પું. શક્તિ; સામર્થ્ય; તાકાત.

૨૬. પું. શરીરના સાંધા; શરીરબંધ; હાડકાં.

ગાળા તોડવા = હાડકાં ભાંગવાં.

૨૭. પું. સમૂહ; જથ્થો.

૨૮. પું. સરકાવી અથવા સજડ કરી શકાય એવી દોરડાંની ગાંઠવાળી આંટી; પાશ; ફાંસો.

૨૯. પું. સાફ કરેલ રેશમની આંટી.

૩૦. પું. બ. વ. અપશબ્દો.

ગાંકર સ્ત્રી. એક જાતની હલકી રોટલી.

ગાંગ ૧. પું. કાર્તિક સ્વામી.

૨. પું. ગંગા નદીનો કિનારો.

૩. પું. ગંગાપુત્ર ભીષ્મ.

૪. પું. ધતૂરો નામની વનસ્પતિ.

૫. ન. લાંબું અને પહોળું તળાવ.

૬. ન. વરસાદનું પાણી.

૭. ન. સોનું.

૮. વિ. ગંગાનું; ગંગા સંબંધી.

ગાંગજળ ન. આસો માસમાં વરસતા વરસાદનું પાણી.

ગાંગટ [સં.] ન. એક જાતનું માછલું.

ગાંગડ (ગાંગડ઼) ૧. સ્ત્રી. એ નામની કદંબાદિ વર્ગની ઔષધોપયોગી એક વનસ્પતિ. તેનાં પાન સામસામાં, લીસાં અને મોટાં હોય છે. તેમાં સુગંધી સફેદ ફૂલ આવે છે.

૨. સ્ત્રી. કાંકરી જેવી જાડી વસ્તુ.

૩. સ્ત્રી. નદીમાં રેતી સાથે ભળેલી ગોળાશ પડતી કાંકરી.

ગાંગડવું (ગાંગડ઼વું) અ. ક્રિ. પલાણ કરતી વખતે કે બેસતી વખતે ઊંટે અવાજ કરવો.

ગાંગડિયા (ગાંગડ઼િયા) ૧. સ્ત્રી. કોળી અને ભંગીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગાંગડિયું (ગાંગડ઼િયું) વિ. જેમાં નાની નાની કટકીઓ હોય એવું.

ગાંગડી (ગાંગડ઼ી) ૧. સ્ત્રી. એક જાતનું ઝાડ.

૨. સ્ત્રી. નાનો ગાંગડો; કણ; નક્કર ગોળ કટકો.

૩. સ્ત્રી. બટાકાં; બટેટાં.

ગાંગડુ (ગાંગડ઼ુ) ૧. પું. પલાળવા કે બાફવા છતાં નરમ ન થાય એવો દાણો.

૨. વિ. કઠણ; નરમ ન થાય એવું; પલળે, ચડે કે બફાય નહિ એવું.

૩. વિ. જેવું ને તેવું જ રહી ગયેલું; અણઘડ; નહિ સુધરેલું; મૂર્ખ; જંગલી.

ગાંગડુ રહેવું = (૧) કોરડું રહેવું. (૨) નહિ સુધરવું; ઢોળમોળ રહેવું. (૩) બંને પક્ષનો વિશ્વાસ ગુમાવવો.

ગાંગડો (ગાંગડ઼ો) ૧. પું. નહિ ફાટેલું કપાસનું જીંડવું.

૨. પું. મૂળ; મૂળિયું.

૩. પું. સુકાયેલી વસ્તુનો કે નક્કર ચીજનો બાઝી ગયેલો ગોળ કટકો; મોટો કણ; પાસલો.

ગાંગણ ૧. સ્ત્રી. એક જાતનું ઝાડ; ગંગેટી.

૨. સ્ત્રી. મૂઢ ગૂમડું.

ગાંગણી ૧. સ્ત્રી. વાણિયાની એ નામની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગાંગરણ ન. ઘુમરાણ; ઘુમાટો.

ગાંગરવું ૧. અ. ક્રિ. ઠપકો દેવો.

૨. અ. ક્રિ. બરાડવું; ઊંચે સાદે રાડ પાડવી; મોટે અવાજે રાડ પાડવી.

૩. અ. ક્રિ. ભાંભરવું; ગાય બળદનું બોલવું.

૪. અ. ક્રિ. રોવું; મોટે અવાજે રડવું.

ગાંગરી સ્ત્રી. ગાગર; સાંકડા મોંનું માટી કે તાંબાપિત્તળનું પાણીનું વાસણ.

ગાંગરૂ પું. કઠોળનો ન ચડે કે પલળે એવો દાણો.

ગાંગરોળ પું. એક જાતનો પોપટ.

ગાંગલ ૧. સ્ત્રી. એ નામની-કણબીની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગાંગલી ઘાંચણ ૧. સ્ત્રી. દંતકથા માંહેની એક જાદૂગર સ્ત્રી; જાદૂવિદ્યાથી પાવરધી થયેલ એક પ્રસિદ્ધ ઘાંચણ.

૨. સ્ત્રી. હલકી સ્ત્રી.

ગાંગલું ૧. ન. આનાકાની; અચકાવાપણું.

૨. ન. ગણગણાટ.

૩. ન. બડબડવું તે; ફરિયાદ કરવાપણું.

૪. ન. વ્યભિચાર; છિનાળું; જારકર્મ.

૫. વિ. નબળું; કાંગલું.

૬. વિ. નામર્દ; બાયલું; હીજડું.

૭. વિ. રાંક; બહુ જ નરમ સ્વભાવનું.

ગાંગા ૧. પું. કાપવા માટે તૈયાર થઈ ગયેલ શેરડી.

૨. પું. રાધા નામે દેશનું તેમ જ તેના બંગાળમાં આવેલ સપ્તગ્રામ શહેરનું પ્રાચીન નામ. ટોલેમિના મત પ્રમાણે આ દેશ ગંગાની પશ્ચિમે આવેલો છે. ત્રીજા કૃષ્ણના સમયના કહાડના શિવાલયમાં ગાંગા દેશનો ઉલ્લેખ છે. હરિહર અને બેલૂરના શિલાલેખોમાં પણ એવો જ ઉલ્લેખ છે. પ્રથમ કહેલા શિલાલેખમાં આ દેશ કલિંગ અને મગધની વચ્ચે આવેલો કહ્યો છે. પાછલા વૈદિક સમયમાં જેને ગાંગાયની કહેલ છે તે પણ ગાંગા હોય.

ગાંગાગમચા કરવા અ. ક્રિ. ધીરે ધીરે કામ કરવું; કામ કરતાં વાર લગાડવી.

ગાંગાણી ૧. સ્ત્રી. ખોજાની એ નામની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગાંગાયનિ ૧. [સં.] પું. કાર્તિક સ્વામી.

૨. પું. પ્રવર પ્રવર્તક એ નામનો એક ઋષિ.

૩. પું. ભીષ્મપિતામહ.

ગાંગાયની જુઓ ગાંગા ૨.

ગાંગાશાહ પું. વિક્રમ રાજાના વખતનો એ નામનો એક ધનાઢ્ય શેઠ.

ગાંગાંતલ્લાં ન. બ. વ. ગેંગેંફેંફેં; ગલ્લાંતલ્લાં; આનાકાની; બહાનાં બતાવ્યા કરવાં તે; કરવું કે ન કરવું એમ વિચાર કર્યા કરવો તે.

ગાંગાંતલ્લાં કરવાં = (૧) આડું બોલવું. (૨) ફાંફાં મારવાં; બહાનું કાઢવું.

ગાંગિની સ્ત્રી. ગંગા નદીની એક ધારા. તે બંગાળમાં ગૌડ નગરની પાસે ગંગાને મળે છે.

ગાંગી ૧. સ્ત્રી. એક જાતની ઔષધોપયોગી વનસ્પતિ; ગંગેટી. તેનું મૂળ પૌષ્ટિક તથા રક્તસ્રાવ બંધ કરનાર મનાય છે. આ ઝાડ ૩ થી ૧૦ ફૂટ ઊંચું થાય છે. તેનાં ફૂલ ધોળા રંગનાં અને ફળ ખટમધુરાં હોય છે.

૨. સ્ત્રી. દીકરી; ગગી; પુત્રી.

ગાંગું ૧. વિ. ગાંગલું; નમાલું; કાંગું.

૨. વિ. રાંક; ગરીબ; નરમ સ્વભાવનું.

૩. વિ. વેવલું; વાતે વાતે ડોળનારું; માલ વગરનું; આત્મવિશ્વાસ વગરનું.

ગાંગેટી સ્ત્રી. એક જાતની ઔષધોપયોગી વનસ્પતિ; ગંગેટી.

ગાંગેય ૧. [સં.] પું. કાર્તિક સ્વામી.

૨. પું. ગંગાનો પુત્ર દેવવ્રત; ભીષ્મ.

૩. પું. દક્ષિણ હિંદનો એક રાજવંશ. તે પહેલાં કોલ્હાપુર પાસે ગંગવાડી નામના સ્થાનમાં રાજ્ય કરતો હતો. પ્રગલ્ભના પુત્ર કોલાહલે કોલાહલપુર અથવા કોલ્હાપુર વસાવ્યું હતું. પછી ઘણી પેઢી બાદ કામાર્ણવ નામના રાજાએ ચાલુક્ય રાજા બાલાદિત્ય પાસેથી કલિંગ રાજ્ય જીત્યું. આ વંશનું રાજ્ય ૧૧મી સદી સુધી હતું. આ વંશના રાજા અનંગ ભીમદેવે જગન્નાથજીનું પ્રસિદ્ધ મંદિર બંધાવ્યું હતું.

૪. પું. ધતૂરાનું જીંડવું.

૫. પું. ધતૂરો.

૬. સ્ત્રી. મોથ; નાગરમોથ. તે દવામાં તથા સુગંધી પદાર્થ તરીકે વપરાય છે.

૭. ન. એ નામના ગોત્રનું પ્રવર.

૮. ન. એ નામનું એક ગોત્ર.

૯. ન. એક જાતનું નહિ ખાવા જેવું માછલું.

૧૦. ન. સોનું.

ગાંગેય સંવત પું. ભારતીય ચોત્રીશ માંહેનો એ નામનો એક સંવત. તે ઈ. સ. ૫૭૦થી શરૂ થાય છે. કલિંગ નગરના ગંગાવંશી રાજાઓનાં કેટલાંક દાનપત્રોમાં ગાંગેય સંવત લખેલ મળી આવે છે. આ સંવત ગંગાવંશના રાજાએ ચલાવ્યો હતો. તે ૩૫૦થી વધારે વર્ષ ચાલ્યો જણાતો નથી.

ગાંગેચી [સં.] સ્ત્રી. મોથ; નાગરમોથ.

ગાંગેરિયું ન. ખંજન પક્ષી; દીવાળી ઘોડો; દેવચકલી જેવું પણ તેનાથી જરા મોટું ને ઘોળું પક્ષી. તેની પૂછડી તેના જેટલી લાંબી ને ઊભી હોય છે. તે વારંવાર હાલ્યા જ કરે છે. એમ કહેવાય છે કે ભાદરવા માસમાં તેની માથે શિખા આવે એટલે તે અદૃશ્ય થાય છે.

ગાંગેરુક ૧. [સં.] ન. ગોરખ આંબલીનું બી.

૨. ન. નાગબલાનું ફળ.

ગાંગેરુકી ૧. [સં.] સ્ત્રી. નાગબલા.

૨ સ્ત્રી. નાગરવેલ; ગોરખમુંડી.

ગાંગો ૧. પું. એ નામનો ભોજરાજાના વખતનો એક વિખ્યાત માણસ.

ક્યાં રાજા ભોજ ને ક્યાં ગાંગો તેલી ! = (૧) અણસરખી વસ્તુઓની સરખામણી ન હોય. (૨) પૈસો અને મહેનત એકબીજાથી બહુ જ દૂર રહે છે.

૨. પું. ગગો; દીકરો; પુત્ર.

૩. પું. તન, મન અને ધનથી ગરીબ; રાંક માણસ.

૪. પું. તેલ, દિવેલ વગેરે ઘેરઘેર ફરીને વેચનારો માણસ; તેલી.

ગાંગોઘ [સં.] પું. ગંગાનો પ્રવાહ.

ગાંગોદ્ધિ પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

ગાંગોર પું. હિંદુઓનો એક તહેવાર. પાર્વતી દેવી પોતાના પિતા પાસે પાછાં ગયાં તે માટે આ તહેવાર ખાસ કરી અજમેર તરફના લોક પાળે છે.

ગાંગૌઘ [સં.] પું. ગંગાનો પ્રવાહ.

ગાંગ્ય ૧. [સં.] વિ. ગંગા સંબંધી.

૨. વિ. ગંગાને કિનારે થનાર.

ગાંઘરડવું (ગાંઘરડ઼વું) અ. ક્રિ. સાદ બેસી જાય એમ તાણીને ગળામાંથી રોવું; ધાંટો તાણી તાણીને રોવું; બરાડવું.

ગાંછા સ્ત્રી. વાંસફોડાનો ધંધો કરનારી એક જાત; ઘાંચા.

ગાંછાવાડ (ગાંછાવાડ઼) સ્ત્રી. શહેરના જે ભાગમાં ગાંછા લોકો વસતા હોય તે ભાગ; વાંસફોડાવાડ.

ગાંછી સ્ત્રી. ભાર ઉપાડનાર પ્રાણી ઉપર મુકાતી ગાદી.

ગાંછો પું. વાંસફોડો; વાંસના ટોપલા ટોપલી બનાવનારો માણસ.

ગાંજ ૧. પું. ઘઉં, જવ વગેરે કોઈ પણ ધાન્યનો ઢગલો.

૨. ન. ઘર.

ગાંજક ૧. વિ. ઉત્કૃષ્ટ; શ્રેષ્ઠ.

૨. વિ. ભોંઠું પાડે તેવું; શરમમાં નાખે તેવું.

ગાંજણી સ્ત્રી. એક જાતનો છોડ. તેનાં પાન મોગલી એરંડાના જેવાં હોય છે. એમાં મરી જેવાં બારીક અને લાલ ફળ આવે છે. તે દવામાં વપરાય છે.

ગાંજર [હિં.] સ્ત્રી. એક જાતનું ઘાસ. સુગંધી વાળો એ તેનાં મૂળિયાં કહેવાય છે.

ગાંજરો પું. હાથીને હાંકવાની લોઢાની અણિયાળી આંકડી; અંકુશ.

ગાંજવું ૧. [સં. ગંજ્; પ્રા. ગંજિઅ] અ. ક્રિ. પરાજય પામવું; હારી જવું.

૨. અ. ક્રિ. બળહીન થવું.

ગાંજી જવું = કામ કરીને અશક્ત થવું.

૩. અ. ક્રિ. હિંમત હારવી.

૪. સ. ક્રિ. છેતરવું; ઠગવું; ભોળવવું; ફોસલાવવું.

ગાંજ્યા જવું = (૧) છેતરાવું. (૨) સરખામણીમાં ઓછા ઊતરવું. (૩) હાર઼વું.

૫. સ. ક્રિ. ઢગલો કરવો.

૬. સ. ક્રિ. હરાવવું; પરાજય કરવો; ખંડિત કરવું; તોડવું.

ગાંજા ૧. [સં. ગંજાયિકા] પું. ગાંજાનો છોડ.

૨. [હિં.] પું. ભાંગ; ગાંજો.

૩. ન. સૈફ તરવારની મૂઠના મોગરાનો માર; ફરીને તરવારનો કરાતો ઘા.

ગાંજાકસુ વિ. ગાંજો પીનાર; ગંજેરી.

ગાંજાખોર [હિં.] વિ. ગંજેરી; ગાંજાનું વ્યસની.

ગાંજાખોરિયું વિ. ગાંજો ફૂંકવાની ટેવ પડેલી હોય એવું; ગાંજાનું વ્યસની; ગાંજાકસુ; ગંજેરી.

ગાંજિયો પું. વાળંદ.

ગાંજિવધન્વા પું. ગાંડિવધન્વા; અર્જુન.

ગાંજિવધર પું. ગાંડિવ ધારણ કરનાર; અર્જુન.

ગાંજિવપાણિ પું. ગાંડિવપાણિ; અર્જુન.

ગાંજીવ ૧. સ્ત્રી. ગાંડિવ ધનુષ્યના જેવી શક્તિવાળી એ નામની અપ્સરા.

૨. [સં. ગાંડિવ] ન. અર્જુનનું પ્રખ્યાત ધનુષ્ય.

ગાંજીવધન્વા જુઓ ગાંજિવધન્વા.

ગાંજીવધર જુઓ ગાંજિવધર.

ગાંજીવપાણિ જુઓ ગાંજિવપાણિ.

ગાંજુ ૧. ન. આંગણું.

૨. ન. ગજાર.

૩. ન. બારણું.

ગાંજેવ પું. ગાંડિવ નામનું ધનુષ્ય ધારણ કરનાર અર્જુન. અગ્નિદેવને અર્જુને ખાંડવ વન બાળવામાં સહાયતા આપી હતી તેના બદલામાં અગ્નિદેવે તેને પોતાનું ગાંડિવ નામનું ધનુષ્ય ભેટ આપ્યું કહેવાય છે.

ગાંજો ૧. [સં. ગંજા] પું. એક જાતનો કેફી છોડ. આનાં પાન ભાંગ તરીકે અને કળીઓ ગાંજા તરીકે વપરાય છે. બંનેમાં કેફ હોય છે. ભાંગ ઘૂંટીને મસાલો નાખીને પીવાય છે. અને કળીઓ એટલે ગાંજો ચલમમાં પીવાય છે. તે પીવાથી નશો ચડે છે. તેનાં ફૂલ પીળાં થાય છે અને તેમાં પાનના ગુચ્છા જેવી કળીઓ જામે છે. તેને ગાંજો કહે છે. ગાંજાનો છોડ આશરે ત્રણ હાથ ઊંચો વધે છે. પાન ભીંડીનાં પાન જેવાં હોય છે. ગાંજાની ભૂકીને ભાંગ કહે છે. કેટલાક લોકો ગાંજો અને ભાંગને અલગ માને છે. ભાંગનાં પાન લીલાશ પડતાં અને ગાંજાનાં પાન કાળાશ પડતાં તથા થોડાં લાંબાં હોય છે. ભાંગનાં બીજ નાનાં અને નરમ છે. ગાંજાનાં બીજ કઠણ અને થોડાં મોટાં હોય છે. ગાંજાના તંતુમાંથી વસ્ત્રો બનાવવામાં આવતાં હતાં. ગાંજાના છોડમાંથી ચરસ નામની રાળ કાઢવામાં આવે છે. વૈદ્યકમાં ગાંજાને ઉષ્ણ કહ્યો છે. તે કફનાશક, ગ્રાહી, પાચક અને અગ્નિવર્ધક મનાયો છે. તે નશો આણનાર તથા પિત્તોત્પાદક છે. જે હવામાં શણ પાકે છે તે જ હવામાં ગાંજો ઉત્પન્ન થઈ શકે છે.

૨. પું. પથ્થરપાટી ઉપર લખવાની આખી પેન.

૩. પું. વચલો ગાભો.

૪. પું. શેરડી પીલવાના ચિચોડાના સળનો નળાકાર લાંબો ઉપલો ભાગ.

ગાંઝો જુઓ ગાંજો.

ગાંટિ ૧. [સં. ગ્રંથિ] સ્ત્રી. ગાંઠ.

૨. સ્ત્રી. માલતી ગાંસડી.

ગાંટિકાંટા પું. ગાંઠ છોડી અથવા કાપીને પૈસા ચોરી જનાર; ખીસાકાતરુ.

ગાંઠ ૧. સ્ત્રી. અઘરૂં કામ; મુશ્કેલી.

૨. સ્ત્રી. અર્બુદ; શરીરમાં રોગ વગેરેથી લોહીનું એક ઠેકાણે જમા થઈ રહેતો ગઠ્ઠો.

ગાંઠ ઘાલવી = લોહી બંધાઈ જવું; સોજો અથવા વેળ થઈ આવવી.

૩. સ્ત્રી. અંટસ; કીનો.

૧. ગાંઠ પકડવી = ભેદ માનવો.

૨. ગાંઠ પડવી–બંધાવી = (૧) અંટસ પડવો; વેર બંધાવું. (૨) એકબીજાને મળવું. (૩) ગેરસમજ ઉત્પન્ન થવી. (૪) મૈત્રી બાંધવી; એકત્ર થવું. (૫) સ્થપાવું; મંડાવું.

૩. ગાંઠ બાંધવી = (૧) અંટસ રાખવો. (૨) ખાતરી કરવી. (૩) ગાંઠાવાળું હોવું. (૪) તિરસ્કાર હોવો. (૫) નિશ્ચય કરી નાખવો. (૬) સ્મરણમાં રાખવું.

૪. ગાંઠને તેલનું ટીપું = આંટી સજ્જડ થવી; વિરોધ વધી જવો.

૪. [સં. ગ્રંથિ; અપ. ગંઠિ] સ્ત્રી. આંટીવાળો બંધ; ગ્રંથિ; આંટી મારીને બાંધવું તે; દોરી, કસ રૂમાલ વગેરેનું એક છેડેથી ચકરડું વાળી તેમાં તે છેડો મૂકી ખેંચવાથી થતું જાડું બંધન.

૧. ગાંઠ દેવી = (૧) કરાર કરવો; સાટું કરવું. (૨) યાદ રાખવું; રૂમાલમાં ગાંઠ વાળવી. (૩) સાથે જોડી દેવું.

૨. ગાંઠ મારવી–લગાવવી = (૧) ઉપર કે નીચેનાં કન્ના આગળ કનકવો વધારે લોટે અગર લોટતો હોય, તો તે કમી લોટે તે માટે ગાંઠ બાંધવી. (૨) કરાર કરવો; સાટું કરવું. (૩) યાદ રાખવું; રૂમાલમાં ગાંઠ વાળવી. (૪) સાથે જોડી દેવું.

૩. ગાંઠો લેવી = ગાંઠો બાંધી લગ્નની તિથિ નક્કી કરવી. આ રિવાજ કેટલાક વસવાયા લોકોમાં છે. સગપણ પછી વરપક્ષનાં થોડાં માણસ કન્યાને ત્યાં જઈ લગ્નતિથિ નક્કી કરી તે દિવસે કંકોતરી ફેરવે છે. આ કંકોતરી કાગળ ઉપર તેઓ લખતા નથી, પણ તિથિ નક્કી કરી તેટલા દિવસની ગાંઠ એક દોરી ઉપર પાડે છે. લગ્નના દિવસની એક વધુ ગાંઠ વાળવામાં આવે છે. આ પછી દરરોજ એક એક ગાંઠ ખોલી નાખવામાં આવે છે અને છેલ્લી વધારાની ગાંઠ બાકી રહે તે લગ્નના દિવસની મનાય છે.

૪. ગુરગાંઠ = સખત ગાંઠ.

૫. ઘોડાગાંઠ = પલ્લોગાંઠ; સરકણી ગાંઠ.

૬. ડેઢગાંઠ = સરકગાંઠ.

૭. મડાગાંઠ = મજબૂત ગાંઠ.

૫. સ્ત્રી. એક જાતની મીઠાઈ.

૬. સ્ત્રી. ઓઝરીની અંદરની અડચણ.

૭. સ્ત્રી. કપટ; દગો.

૮. સ્ત્રી. ખાનગી વાત.

૯. સ્ત્રી. ખીસું; ગજવું.

૧. ગાંઠે કરવું = સંગ્રહ કરવો; ભેગું કરવું; એકઠું કરવું.

૨. ગાંઠે નહિ કોડી ને ઊભી બજાર દોડી = ગાંઠમાં પૈસો નહિ ને માલ લેવા ઊપડી.

૧૦. સ્ત્રી. ગઠ્ઠો; દડબ.

૧૧. સ્ત્રી. ગાંસડી.

૧૨. સ્ત્રી. ગૂંચ.

૧૩. સ્ત્રી. ગેરસમજ; સમજફેર.

ગાંઠ ખોલવી = (૧) અડચણ દૂર કરવી. (૨) ગેરસમજ કે ખરાબ લાગણી દૂર કરવી. (૩) છોડવું. (૪) ભારી સમસ્યાનું સમાધાન થવું.

૧૪. સ્ત્રી. ઘૂંટીનું કે કાંડાનું હાડકું.

૧૫. સ્ત્રી. છેડો.

૧૬. સ્ત્રી. જૂના ખરબચડા ચૂના અને રેતીનો કરેલો ગારો.

૧૭. સ્ત્રી. ઝાડને જ્યાંથી ડાળાં ફૂટે તે ભાગ.

૧૮. સ્ત્રી. ઠરાવ.

૧. ગાંઠ વાળવી = (૧) કાન પકડવો. (૨) છાનુંમાનું સંઘરવું. (૩) નિશ્ચય કરવો. (૪) બાંધવું. (૫) બોધ લેવો. (૬) યાદ રાખવું.

૨. ગાંઠે બાંધવું = (૧) દઢતાથી નક્કી કરવું. (૨) નફો મેળવવો. (૩) ભૂલી જવું. (૪) લઈ લેવું; કબજામાં રાખવું.

૧૯. સ્ત્રી. ત્રેવડ; સ્થિતિ.

૨૦. સ્ત્રી. નાભિ; દૂંટી.

૨૧. સ્ત્રી. પિંડ; ગોળો.

૨૨. સ્ત્રી. પૈસો; ધન.

૧. ગાંઠ ખાવી = પોતાનું ખાવું.

૨. ગાંઠ ખોવી = લાભ ન મળતાં પોતાનું હોય તે પણ ગુમાવવું.

૩. ગાંઠનો પૂરો = માલદાર.

૪. ગાંઠમાં ગડાકુ ન હોવી = પાસે મૂડી ન હોવી.

૫. ગાંઠે પૂરો તો બોલવામાં શૂરો = પૈસો હોય તો ગમે તેમ બોલી શકાય છે.

૬. ગાંઠે હોવું = પાસે પૈસો હોવો.

૨૩. સ્ત્રી. પોટકું; પોટલું.

૨૪. સ્ત્રી. ફાંસો.

૨૫. સ્ત્રી. બરલ કે મરકીની ગાંઠ.

૨૬. સ્ત્રી. બાંધેલી ગડી.

૨૭. સ્ત્રી. બુચ; દટ્ટો.

૨૮. સ્ત્રી. ભાઈબંધી; દોસ્તી; મેળ.

૨૯. સ્ત્રી. માલિકી; કબજો.

૧. આઠે ગાંઠ કુમેદ = તમામ; પૂરેપૂરું.

૨. ગાંઠ કરવી = (૧) દુશ્મનાવટ ઉત્પન્ન કરવી. (૨) પચાવી પાડવું; કોઈ જાણે નહિ તેમ પોતાની પાસે પૈસા જમા કરવા; પોતાના ખીસામાં મૂકવું; એકઠું કરવું. (૩) યાદ રાખવું.

૩. ગાંઠની ખીચડી ને શેઠની ચાકરી = ગાંઠનું દિવેલ લઈ નાચવા જવું; ઘરનું ખાઈ ને નોકરી કરવી.

૪. ગાંઠનું ઉમેરવું = વાત વધારવી; મરી મરચું ભભરાવવું; રજનું ગજ કરવું.

૫. ગાંઠનું ખાવું ને ગાંડા સાથે જવું = પોતાના ખર્ચે મૂર્ખને મદદ કરવી.

૬. ગાંઠનું ખોવું = પોતાને નુકસાન થાય તેમ વર્તવું.

૭. ગાંઠનું ગોપીચંદન = પોતાનું ખર્ચ.

૮. ગાંઠનું ગોપીચંદન કરવું-ઘસવું-જવું = કોઈ પણ સોદામાં પોતાનો પૈસો વાપરવો ને મૂર્ખ કહેવાવું; પોતાને જ બધો ખર્ચ ભોગવવો; પોતાનું નાણું ખરચી બીજાનું કામ કરવું.

૯. ગાંઠનું જોડવું = ઉમેરવું; ઓછુંવત્તું થયેલું પૂરું કરી આપવું.

૧૦. ગાંઠનું દિવેલ લઈ નાચવા જવું = પોતાને ખર્ચે બીજાને લાભ આપવો.

૧૧. ગાંઠને ગોદડે જવું = પોતાનું જ પાથરવાનું લઈ સંભોગ કરાવવો.

૧૨. ગાંઠે = પોતાના કબજામાં.

૩૦. સ્ત્રી. મૂળનો ગઠ્ઠા જેવો ભાગ.

૩૧. સ્ત્રી. લાકડાનો ભમરાવાળો ગંઠાઈ ગયેલો ભાગ; વેઢો.

૩૨. સ્ત્રી. શેરડીની કાતળી.

૩૩. સ્ત્રી. સંપ; એકતા.

૧. ગાંઠ જોડવી = વિવાહ કરવા.

૨. ગાંઠ બેસવી-હોવી = એકસંપ થવું; મેળ મળવો.

૩૪. સ્ત્રી. સાંધો.

૩૫. સ્ત્રી. સ્તન; છાતી.

૩૬. સ્ત્રી. હુક્કાની નળીમાં નાખવામાં આવતું રૂ.

ગાંઠકોબી સ્ત્રી. નોલકોલ; એક જાતનું શાક.

ગાંઠકોબીચ સ્ત્રી. એક જાતની કોબીચ.

ગાંઠગળફો ૧. પું. આંટીઘૂંટી; ગૂંચવણ.

૨. પું. ગાંઠ કે રૂનો ફોદો.

૩. પું. વાંધોવચકો; આડખીલી.

૪. પું. સંશય; વહેમ.

ગાંઠડિયું (ગાંઠડ઼િયું) વિ. ગાંઠવાળું.

ગાંઠડી (ગાંઠડ઼ી) ૧. સ્ત્રી. કછોટો.

૨. સ્ત્રી. ગાંસડી; બાંધેલી પોટકી; બચકી.

૩. સ્ત્રી. માલમિલ્કત; પૈસો; ધન.

ગાંઠડો (ગાંઠડ઼ો) પું. પોટલો; ગાંસડો; ભારો; મોટી ગાંસડી.

ગાંઠણ ૧. ન. ગંઠાવું તે.

૨. ન. ગાંઠવાની ઢબ.

૩. ન. ગાંઠવામાં વાપરેલી દોરી.

૪. ન. ગુણ.

૫. ન. ગૂંચ.

૬. ન. જ્ઞાતિજમણ કરવાની એક પદ્ધતિ. રાનીપરજની ઢોડિયા કોમમાં મરણ પાછળ જ્ઞાતિ સમસ્તનું જમણ કરવાનો દિવસ નક્કી કરવામાં આવે ત્યારે તે કામ માટે જેટલા દિવસ બાકી હોય તેટલી ગાંઠ વાળેલી દોરી અગર લૂગડું સંઘરી રાખવામાં આવે છે. પછી દરરોજની એકેક ગાંઠ છોડી બધી ગાંઠ પૂરી થાય તે દિવસે દરેક ગામે જમણ થાય છે. આ રીત જ્ઞાતિજમણ કરવાની પદ્ધતિને ગાંઠણું પણ કહેવામાં આવે છે.

૭. ન. બે તારને જોડતો સાંધો.

ગાંઠણું જુઓ ગાંઠણ ૬.

ગાંઠદાર વિ. ગાંઠવાળું; ગાંઠાળું.

ગાંઠનું વિ. પોતાનું; પદરનું; પોતીકું; જાતનું.

ગાંઠનું પૂરું વિ. પૈસાદાર; સાહૂકાર.

ગાંઠભર્યું ૧. વિ. પૈસાદાર; સાહૂકાર.

૨. વિ. મુશ્કેલીવાળું; અઘરું.

ગાંઠવું ૧. સ. ક્રિ. ગાંઠ બાંધવી; ગંઠવું; વળ દેવો; દોરી, તાર વગેરેને એકબીજા સાથે ગાંઠ વાળીને બાંધવું.

૨. સ. ક્રિ. ચાપડો મારવો.

૩. સ. ક્રિ. જીતી લેવું; પોતાના પક્ષમાં લેવું.

૪. સ. ક્રિ. જોડા સીવવા.

૫. સ. ક્રિ. દોરી બાંધવી.

૬. સ. ક્રિ. મણકા કે એવી જ વેહવાળી વસ્તુને દોરામાં પરોવી ગાંઠ વાળીવાળીને એકબીજા સાથે ગૂંથવી; જોડવું; ઝકડવું; બાંધવું.

૭. સ. ક્રિ. માનવું; ગણકારવું; સારવું; બદલું લેખવવું; તાબે રહી હુકમ માનવો.

૮. સ. ક્રિ. મેળવવું; પ્રાપ્ત કરવું.

ગાંઠામૂળી સ્ત્રી. ગાંઠાળાં મૂળિયાંવાળો છોડ.

ગાંઠાળ ૧. વિ. જેમાં ગાંઠા હોય એવું; ગાંઠાવાળું.

૨. વિ. સ્ત્રી. ગાંઠા જેવા સ્તનવાળી.

ગાંઠાળું વિ. ગાંઠાવાળું; ઘણી ગાંઠો હોય એવું.

ગાંઠિયા પું. બ. વ. ચણાના લોટની બનેલી, તળેલી એક પ્રકારની વાની.

ગાંઠિયાર ન. વેલાની માફક ઊગતું એક જાતનું ઘાસ.

ગાંઠિયું ૧. ન. એક જાતનું ઘાસ.

૨. વિ. ગાંઠાદાર; ગાંઠાળું; જેમાં ગાંઠ હોય એવું.

ગાંઠિયો ૧. પું. ગાંઠ; અંડ; વૃષણ.

૨. પું. ગાંઠિયો તાવ; મરકી. આ જાતના રોગમાં સખત તાવ અને બગલ કે જાંઘના સાંધામાં કે કોઈ ઠેકાણે ગાંઠ થઈ આવે અને ત્રણ ચાર દિવસમાં મરણ થાય. આ રોગ ઉંદર ને ચાંચડ ફેલાવે છે.

૩. પું. ગાંઠિયો વા; સંધિવા.

૪. પું. ચણાના લોટની બનેલી તળેલી એક વાની.

૫. પું. ડુંગળી.

૬. પું. ધૂર્ત; ગાંઠ્યો જાય નહિ તેવો માણસ; લુચ્ચો માણસ.

૭. પું. મોટી ગાંઠ; ગાંઠના આકારનું જે કંઈ હોય તે.

૮. પું. લઠ્ઠ માણસ; મજબૂત માણસ.

૯. પું. સૂકવેલી હળદરનો લાંબો કટકો.

ગાંઠિયો તાવ ૧. પું. અગ્નિરોહિણી; ગ્રંથિજ્વર; મહામારી; મરકી; ગાંઠ નીકળીને આવતો તાવ; 'પ્લેગ'. આ તાવનું મુખ્ય ચિહ્ન એ છે કે દરદીને ગળામાં, કાખમાં કે સાથળના મૂળમાં બદના જેવી ગાંઠ નીકળે છે અને સન્નિપાતનાં ઘણાંખરાં ચિહ્નોવાળો તાવ આવે છે.

૨. પું. ઢોર અને ઘેટાંને લાગુ પડતો એક ચેપી રોગ. ત્રણ ચાર માસથી બે વરસ સુધીની ઉમરનાં જનાવરોને ચોમાસાની શરૂઆતમાં જમીન ઉપર પાણી ભરાઈ ગયું હોય ત્યારે તે થાય છે. અણખેડ અને પાણીના ભરણવાળી નીચી જમીનમાં આ રોગનાં જંતુઓ હોય છે. એ જંતુઓ કેટલાંક વરસ સુધી મરતાં નથી. આ રોગથી ઘણાં જનાવર મરી જાય છે. જે બચે છે તેને ફરીને રોગ થતો નથી. શરીરમાં આ રોગ છૂપો રહેવાનો વખત આશરે ૨ થી ૪ દિવસ છે. ઘણુંખરૂં જનાવર આ રોગથી મરેલું જ જોવામાં આવે છે. પરંતુ જીવતું જોવામાં આવે તો તે સુસ્ત જણાય તથા બીજાં જનાવરોથી જુદું ઊભું રહે અને અકડાઈ ગયેલું તથા લંગડું જણાય. તપાસ કરતાં પૂંઠે સોજો જણાય છે. કોણીએથી સોજો શરૂ થાય છે અને પછીથી ખભે અને ગળાની આજુબાજુ ચડે છે. સોજો થોડા કલાકમાં વધી જાય છે. જાંઘ અને તેનો ઉપલો ભાગ, કમર, છાતી અને ખભા ઉપર સોજો ખાસ જણાય છે. મોઢે અને કંઠે જવલ્લે જ જણાય છે. સોજો ગરમ અને દુ:ખદાયક હોય છે. સોજો વધી ગયા પછી ઠંડો પડે છે અને દુ:ખ ઓછું થાય છે. આ વખતે જનાવરથી ખમી શકાતું નથી. સોજાની અંદર હવા ભરાવાથી દબાવીએ તો તડતડ અવાજ થાય છે. ચામડી કોઈ ઠેકાણે ભીની અને કોઈ ઠેકાણે સૂકી હોય છે. ભીના ભાગમાંથી ખરાબ ઘીના જેવી વાસ આવે છે અને વાળ ખરી પડે છે. જનાવર ઘણા જ દુ:ખમાં સૂઈ જાય છે, શ્વાસોચ્છ્વાસ મુશ્કેલીથી ચાલે છે, તેનાથી ઊઠી શકાતું નથી, બેભાન થાય છે અને મરી જાય છે. આ રોગ અટકાવવા જનાવરનાં મુડદાં બરાબર બાળવાં. જે ચરા ઉપર આ રોગ થતો હોય તે ચરા ખેડી નાખવા. રોગ થવાના વખત પહેલાં થોડા અઠવાડિયાં અગાઉ જનાવરને એગ્રેસીન નામની રસી મુકાવવી. તે પછી રોગની સામે રક્ષણ થતાં એક અથવા બે અઠવાડિયાં લાગે છે. રસી મૂક્યા પછી ચાર પાંચ મહિના અથવા વધારે વખત રોગની સામે રક્ષણ મળે છે. એટલા વખતમાં રોગની મોસમ પૂરી થાય છે અને પછીનાં વરસોમાં જનાવરની ઉમર વધવાથી કુદરતી રીતે રોગની સામે રક્ષણ મળે છે.

૩. પું. તમાકુ વગેરે પાકમાં થતો એક જાતનો રોગ.

ગાંઠિયો વા પું. શરીરમાં ગાંઠા બાઝી જાય એવો વાનો એક રોગ.

ગાંઠી ૧. [સં. ગ્રંથિ] સ્ત્રી. નાની ગાંઠ.

૨. સ્ત્રી. પોટલું.

૩. સ્ત્રી. સાંધો.

૪. સ્ત્રી. સ્ત્રીઓને કોણી ઉપર પહેરવાનું એક ઘરેણું.

ગાંઠીદાર પું. વારસાથી જમીનનો માલિક.

ગાંઠુઓ પું. ચોર; ધુતારો.

ગાંઠે અ. પાસે; કબજે; સ્વાધીનમાં.

ગાંઠેલો પું. એક જાતનું ઘાસ; ચામણચોટો; ખેવણ. ઘણું કરી તે રેતાળ અને પોચી જમીનમાં ઊગે છે. તેની શાખા જમીન ઉપર આડીઅવળી હોય છે. તેને સાંધે સાંધે ગાંઠ થાય છે. તે ગાંઠ નીચે મૂળ અને ઉપર પાન મૂકે છે.

ગાંઠેલોચામણચોટો જુઓ ગાંઠેલો.

ગાંઠો ૧. પું. આંટી.

ગાંઠો ઘાલવો = ચાલતા કામમાં અડચણ કરવી.

૨. પું. ઘાસના પૂળાનો મોટો સાથે બાંધેલો જથ્થો.

૩. [સં. ગ્રન્થિ] પું. મજબૂત બંધારણવાળું જે કંઈ તે; મોટી ગાંઠ; બંધ.

૪. પું. લાકડાંનો ન ચિરાય એવો સખત ભાગ; વેઢો.

૫. પું. વાંસનો કે શેરડીનો પેરાઈ આગળનો ભાગ.

૬. પું. શિશ્ન; ઘણો વખત સુધી સંભોગ કરી શકે એવા પુરુષની ઇંદ્રિય.

૭. પું. સંપ.

૮. પું. સાંધો.

૯. પું. સ્તન.

ગાંઠોગળફો ૧. પું. ખટકો; સંશય.

૨. પું. ગાંઠ અથવા રૂનો ફોદો.

૩. પું. વાંધોસાંધો.

ગાંડ ૧. સ્ત્રી. ચપટું તળિયું; બેસણી; બૂધું.

૨. [સં. ગુદા] સ્ત્રી. શરીરનું મળ બહાર કાઢવાનું દ્વાર; અપદ્વાર; ગુદા.

૧. ગાંડ આંગળી કરવી = છેડ છેડ કરવું; ચાંદવાં કરવાં; ચીડવવું; અટકચાળા કરવા.

૨. ગાંડ ગરદન એક થઈ જવી = (૧) થાકીને લોથપોથ થઈ જવું. (૨) બહુ જાડા થવું.

૩. ગાંડ ગલત હોવી = કાંઈ ખબર ન હોવી.

૪. ગાંડ ગળામાં આવવી = પોતાની જાળમાં ફસાવું.

૫. ગાંડ ગુલામી કરવી = (૧) ખુશામદ કરવી. (૨) હલકી નોકરી કરવી.

૬. ગાંડ ચાટવી = ખુશામદ કરવી.

૭. ગાંડ ચાલવી = ઝાડો થવો; વારંવાર ખરચુ જવું.

૮. ગાંડ જોડ બખિયા = ગાઢ મિત્રાચારી.

૯. ગાંડ ઢાંકવા ગરણું નહિ ને કાંકરીએ ડેરા દેવડાવવા = ગજા ઉપરાંતનું કામ કે ખર્ચ કરવું.

૧૦. ગાંડ તળે બળે ને પારકાંનું હોલવવા જાય = પોતાના દોષ જોવા નહિ અને બીજાની ખામીઓ જોવી.

૧૧. ગાંડ તળે રેલો તો પારકી વાત મેલો = પોતાનામાં જે દોષ હોય તેવો પારકાનો દોષ કાઢવો ન જોઈએ.

૧૨. ગાંડ ધોતાં ન આવડવી = ઢંગ વગરનું હોવું.

૧૩. ગાંડ ધોવી = (૧) ખરચુ ગયા પછી પાણી લેવું. (૨) ખુશામદ કરવી. (૩) હલકું કામ કરવું.

૧૪. ગાંડ પછવાડે વાત કરવી = પાછળથી વાંકું બોલવું.

૧૫. ગાંડ પર હાથ ને જગન્નાથ = બેપરવાઈવાળાને પરમાનંદ હોય.

૧૬. ગાંડ પર હાથ મૂકવો = સાવ નચિંત એટલે બેફિકર રહેવું.

૧૭. ગાંડ ફાટવી = ડર લાગવો; ખૂબ બીવું.

૧૮. ગાંડ ફાટીને હોજ કે બંદૂક થવી = ખૂબ બીવું.

૧૯. ગાંડ ફાડવી = ડરાવવું; ધમકાવવું; બિવડાવવું.

૨૦. ગાંડ બતાવીએ પણ દાંત ન બતાવીએ = કોઈનું હસીને ઉપહાસ્ય કરવું નહિ.

૨૧. ગાંડ બળવી = સહન ન થવું; ઈર્ષા આવવી.

૨૨. ગાંડ મારવી = (૧) કંટાળો આપવો. (૨) ગુદામૈથુન કરવું. (૩) સતાવવું; પાછળ પડવું.

૨૩. ગાંડ રગડવી = સખત મહેનત કરાવવી.

૨૪. ગાંડ વગરનો ગોળવો જેમ ગબડાવે તેમ ગબડે = અસ્થિર; દૃઢ નહિ એવું.

૨૫. ગાંડથી ઘોડા ખોલવા = પોતાથી બનતી નકામી મહેનત કરવી.

૨૬. ગાંડના વેહ સુધી ડાહ્યું = દોઢડહાપણિયું; હોશિયારીમાંથી હાથ ન કાઢનાર; વધારે પડતું ડાહ્યું.

૨૭. ગાંડની ખબર-હોશ ન હોવી = કાંઈ ખબર ન હોવી.

૨૮. ગાંડમાં આંગળી કરવી = (૧) ગાંડમાં આંગળી નાખવી. (૨) હેરાન કરવું.

૨૯. ગાંડમાં ગૂ-છાણ ન હોવું = બહુ જ ગરીબ હોવું.

૩૦. ગાંડમાં ગૂ-છાણ હોવું = પાસે પૈસો હોવો.

૩૧. ગાંડમાં પેસવું-ભરાવું = ખુશામદ કરી વહાલા થવું.

૩૨. ગાંડે લંગોટી ને ફતેહખાન = ખીસા ખાલી ને ભપકો ભારી.

૩૩. પરાઈ ગાંડનો પલીતો = (૧) ખોટાં લાડ કરનાર માણસ. (૨) બીજાના ખર્ચે પૈસા વાપરનાર માણસ.

ગાંડગમચાં ૧. ન. બ. વ. ચામોદિયાં; મરડાટ; આનાકાની.

૨. ન. બ. વ. બડાઈ; શેખી.

ગાંડગરુડ (ગાંડગરુડ઼) પું. ગેંડો.

ગાંડગુલામી સ્ત્રી. અત્યંત ગુલામગીરી; હલકા પ્રકારની ખુશામદ; કેવળ ખિજમત.

ગાંડગુવાળું વિ. અક્કલહીન; મૂર્ખ.

ગાંડઘલત ૧. વિ. મરી ગયેલું.

૨. વિ. મૂર્ખ.

ગાંડઘસણી ૧. સ્ત્રી. આજીજી; કાલાવાલા.

૨. સ્ત્રી. બહુ જ ખુશામદ તથા નકામી મહેનત.

ગાંડછા સ્ત્રી. ગાંડાઈ; ગાંડપણ; ઘેલછા; દીવાનાપણું.

ગાંડડ (ગાંડડ઼) વિ. ગાંડા જેવું; દીવાનું.

ગાંડપણ ન. ઘેલછા; ગાંડછા; ગાંડાઈ; દીવાનાપણું. તેની ઘણી જાત છે: ૧. વિષાદરોગ. આ વ્યાધિમાં માનસિક સત્ત્વની ઊણપને અંગે તેમ જ મન ઉપર કાબૂ ન હોવાથી દરદી અમુક વસ્તુ કે બાબત ઉપર વિચાર કર્યા કરે છે. આવા દરદીને તેના દરદ કે મુશ્કેલી વિષે કંઈ ભાન રહેતું નથી. તેમ જ તેની વર્તણૂક ઘણી વખત સમજ ભરેલી હોતી નથી. આવા દરદમાં ઘણી વખત આત્મહત્યા કરવાનું લક્ષણ લાક્ષણિક હોય છે, માટે દરદીની પૂરતી સંભાળ રાખવી જોઈએ. કમનસીબે દરદની ચિકિત્સા થયા પહેલાં જ દરદી આત્મહત્યા કરી નાખે છે. ઘણા કિસ્સાઓમાં આવો દરદી ઉદાસ, ખિન્ન અને ભ્રાંતિમય માલૂમ પડે છે. જુદા જુદા માણસોમાં જુદી જુદી પ્રકૃતિને અંગે તેમ જ જુદાં જુદાં કારણોને અંગે ભ્રાંતિના પ્રકાર જુદા જુદા છે. આવા દરદથી શારીરિક સ્થિતિમાં પણ અસર થાય છે. આવા દરદીનું શરીર તદ્દન લેવાઈ જાય છે. શરીર લેવાઈ જવાનું ખાસ કારણ તો દરદી સ્વેચ્છાથી ભૂખમરાનો આશરો લે છે તેને અંગે છે. શરીરમાં કાંઈ પણ નોંધવા લાયક ફેરફાર થાય તે પહેલાં જો દરદીને યોગ્ય સારવાર નીચે મૂકવામાં આવ્યો હોય તો તે ઓછામાં ઓછો ત્રણ માસમાં અને વધુમાં વધુ બે વરસમાં સાજો કે નીરોગી થઈ જાય છે. આવા દરદીને જબરદસ્તીથી પણ ખવરાવવું જોઈએ. આવા દરદનું લક્ષણ એ છે કે દરદી લગભગ છ માસ સુધી સ્વેચ્છાથી ખોરાકને અડતો નથી. ૨. ઉન્માદ: આ દરદથી દરદી બહુ જ વાતોડિયો થઈ જાય છે અને ઘણી વખત બીજાને પણ ત્રાસરૂપ થઈ પડે છે. આ દરદથી શારીરિક સ્થિતિમાં કંઈ ફેરફાર થતો નથી. સાચા ઉન્માદનું દરદ તો ભાગ્યે જ જોવામાં આવે છે. આ દરદમાંથી વારંવાર સાજા થઈ જવાય છે. ૩. રૂપાંતરકારક કે વિપર્યય ગાંડપણ: આ રોગ ઉન્માદ અને વિષાદ રોગ બંનેના એકઠા થવાથી થાય છે. આ દરદની મુદ્દત થોડા દહાડાથી માંડીને ઘણા માસ સુધી ટકે છે. આવા દરદીનો શારીરિક દેખાવ બેડોળ અને નિસ્તેજ થઈ જાય છે. ૪. મનોભ્રંશ: વિચારશૂન્ય થવાથી પ્રાપ્ત થયેલું ગાંડપણ મનોભ્રંશ કહેવાય છે. યુવાનોને જ આ રોગ લાગુ પડે છે. આ રોગ ઘણી ધૂર્તતા ભરેલી રીતથી લાગુ પડે છે. આ રોગનું ખાસ લક્ષણ એ છે કે દરદીને બુદ્ધિનું જડપણું કે મૂઢપણું અને ધીમે ધીમે બહારની દુનિયા પ્રત્યે અણરાગ ઉત્પન્ન થતો જાય છે. દરદી તેની બોલી અને આચારમાં એકરીતિ સેવનને જારી રાખે છે. તેની બુદ્ધિ તેના આજુબાજુના વાતાવરણથી પર રહે છે અને આખો દહાડો તેનું મન ભ્રમ અને ભ્રાન્તિમય હોય છે. આવો દરદી બહુ ભાગે લાંબો વખત જીવે છે. આવો રોગ ઘણી વખત વારસામાં પણ ઊતરી આવે છે. ૫. બુદ્ધ્યુન્માદ કે અપબુદ્ધિતા: આ પણ એક પ્રકારની ઘેલછા છે. આવા દરદીને પોતે શ્રેષ્ઠ વ્યક્તિ છે એવું ગુમાન હોય છે. ગાંડાઓની દરેક મોટી સંસ્થામાં આવા પ્રકારના ગાંડાઓ ઠીક પ્રમાણમાં જડી આવે છે. આવું ગાંડપણ બુદ્ધિના વિભ્રમને અંગે થાય છે. આવું દરદ લગભગ પાંત્રીશ વરસની ઉમર વીત્યા પછી માલૂમ પડે છે. આવો અપબુદ્ધિવાળો માણસ જે શેઠ કે અમલદાર નીચે નોકરી કરતો હોય તેને ત્રાસરૂપ થઈ પડે છે. વળી જાહેરજનતાને પણ વ્યાધિ કે પીડારૂપ થઈ પડે છે. પાછળથી આવા દરદીની મૂર્ખતા વધે છે અને જેમ તેમ બકવા માંડે છે. છેવટે તેને પૂરી રાખવો પડે છે. ત્યાં પણ તે જેમ આવે તેમ બકે છે. આવા દરદીને કાબૂમાં રાખવાનું અઘરું નથી. આ રોગ મન ઉપર બહુ ધીમે ધીમે અસર કરે છે. આ રોગ આયુષ્યમાં કંઈ અસર કરતો નથી. દરરોજ સમાજમાં પણ નરમ પ્રકારના બુદ્ધ્યુન્માદ કે અપબુદ્ધિવાળા માણસો જોવામાં આવે છે. ૬. બુદ્ધિવિભ્રમ: યુદ્ધમાં ઘણા સૈનિકોને ગાંડપણનું દરદ થાય છે. તે ગાંડપણ લડવાના થાકને અંગે માલૂમ પડ્યું છે. આવા ગાંડપણને ઉન્મત્તવાયુ કે બુદ્ધિવિભ્રમ કહેવાય છે. આવા દરદીઓ ઠીક પ્રમાણમાં સાજા થઈ જાય છે.

ગાંડભરૂ ૧. વિ. એકલપેટું.

૨. વિ. તાલેવર.

ગાંડમરા ૧. [હિં.] પું. નપુંસક; હીજડો.

૨. પું. બીકણ માણસ.

૩. પું. લોંડો; ગુદામૈથુન કરાવનાર માણસ.

ગાંડ મરામણું વિ. સૃષ્ટિવિરુદ્ધ કામ કરાવનાર.

ગાંડર [હિં.] સ્ત્રી. એક જાતનું ઘાસ. તેનાં મૂળિયાંની ટટ્ટી બને છે.

ગાંડલ જુઓ ગાંડર.

ગાંડસળી ૧. સ્ત્રી. અડપલું; તોફાન.

૨. સ્ત્રી. હેરાનગત; કનડગત.

ગાંડા [સં. ગુડદણ્ડ] પું. શેરડી.

ગાંડાઈ સ્ત્રી. ઘેલાઈ; ગાંડપણુ; ઘેલછા.

ગાંડાતુર ૧. વિ. બહુ જ ગાંડું.

૨. વિ. મોહાતુર; પ્રેમઘેલું.

ગાંડાભેરંડા પું. વિષ્ણુનું એક સ્વરૂપ. જ્યારે નરસિંહ ઉપર શરનો હુમલો થયો ત્યારે નરસિંહે ગાંડાભેરંડા સિંહનું રૂપ ધારણુ કર્યું. તેને સિંહ, વાઘ, ડુક્કર, રીંછ, વાંદરો, ઘોડો, ગરુડ અને બીજું એક એવાં આઠ જાતનાં મોઢાં, બત્રીશ હાથ અને દરેક હાથમાં જાતજાતનાં હથિયાર હતાં.

ગાંડિની ૧. સ્ત્રી. કાશીરાજની એ નામની એક પુત્રી. તે બાર વર્ષ સુધી તેની માતાના ગર્ભમાં રહી. જ્યારે તેના બાપે તેને બહાર આવવા કહ્યું, ત્યારે તેણે જવાબ આપ્યો કે તું ત્રણ વર્ષ સુધી દરરોજ એક ગાય બ્રાહ્મણોને દાનમાં આપ. આ પ્રમાણે કરવામાં આવ્યું અને પછી દીકરી ઉત્પન્ન થઈ. તેણી શ્વફલ્કની પત્ની અને અક્રૂરની માતા હતી.

૨. સ્ત્રી. ગંગા નદી.

ગાંડિયું ૧. ન. કોસ હાંકનારને કેડે બાંધવાનો ચામડાનો કટકો.

૨. વિ. ગાંડું; ઘેલું; ગાંડા જેવું.

૩. વિ. બીકણ; બાયલું.

૪. વિ. મૂર્ખ; નાદાન.

ગાંડિયો ૧. વિ. પું. ગાંડા જેવો; ઘેલો.

૨. વિ. પું. બીકણ; બાયલો.

૩. વિ. પું. મૂર્ખ; નાદાન.

ગાંડિવ ૧. પું. એક જાતનો રેંટિયો. તેથી કલાકમાં ૪૦૦ વાર સૂતર કાંતી શકાય છે.

૨. ન. અર્જુનનું એ નામનું ધનુષ્ય. મહાભારતમાં લખ્યું છે કે ગાંડિવ ધનુષ્ય બનાવીને બ્રહ્માએ પહેલાં સોમને આપ્યું, સોમે વરુણને આપ્યું અને અગ્નિએ પ્રાર્થના કરવાથી વરુણે અર્જુનને આપ્યું હતું.

૩. ન. હરકોઈ ધનુષ્ય.

ગાંડિવધનુ [સં.] પું. અર્જુન, કેમકે તેના ધનુષ્યનું નામ ગાંડિવ હતું.

ગાંડિવધન્વા ૧. [સં. ગાંડિવધન્વન્] પું. ગાંડિવ ધનુષ્ય ધારણ કરનાર અર્જુન.

૨. પું. સાદડનું ઝાડ.

ગાંડિવધર [સં.] પું. ગાંડિવ ધનુષ્ય ધારણ કરનાર અર્જુન.

ગાંડિવધારી [સં. ગાંડિવધારિન્] પું. ગાંડિવધર; અર્જુન.

ગાંડિવપાણિ જુઓ ગાંડિવધન્વા ૧.

ગાંડિવી ૧. [સં. ગાંડિવિન્] પું. અર્જુન.

૨. પું. સાદડનું ઝાડ.

૩. વિ. પું. ધનુષ્યવાળો.

ગાંડી ૧. સ્ત્રી. એક જાતની ભેંસ.

૨. સ્ત્રી. ગુદા; ગાંડ; મળદ્વાર.

૩. સ્ત્રી. માયા.

૪. વિ. સ્ત્રી. મૂર્ખ; ઘેલી.

૧. ગાંડી કરવી = ચોપાટની રમતમાં સોગઠી પાકેલી હોય તેને બીજી વખત પડમાં લેવી.

૨. ગાંડી પર-માથે બેડું = મક્કમ ન રહેતાં વારે વારે ફરતા રહે તેવું.

ગાંડીપાંચી ૧. સ્ત્રી. ગાંડી સ્ત્રી.

૨. વિ. સ્ત્રી. અસ્થિર મનવાળી.

ગાંડીલત સ્ત્રી. ગાંડાપણું; ઘેલછા.

ગાંડીવધનુ જુઓ ગાંડિવધનુ.

ગાંડીવધન્વા જુઓ ગાંડિવધન્વા.

ગાંડીવધર જુઓ ગાંડિવધર.

ગાંડીવધારી જુઓ ગાંડિવધારી.

ગાંડીવપાણિ જુઓ ગાંડિવધન્વા ૧.

ગાંડીવી જુઓ ગાંડિવી.

ગાંડી વેલ સ્ત્રી. ઘણી ઊંચી વધતી એક જાતની વેલ. તેનાં પાન પાંચ પાંખડાંવાળાં અને ફૂલ પીળાં થાય છે.

ગાંડી સોગઠી સ્ત્રી. ચોપાટની રમતમાં પાકવા આવેલ સોગઠીને મારી બીજી વખત રમતમાં આવનાર સોગઠી.

ગાંડુ જુઓ ગાંડું.

ગાંડુડિયું (ગાંડુડિયું) વિ. ગાંડું.

ગાંડુળ ન. અણુસિયું.

ગાંડું ૧. ન. નપુંસક; હીજડો.

૨. ન. મૂર્ખ માણસ.

૩. વિ. ગેરફાયદો થાય તેવું.

૪. વિ. બાયલું; નાહિંમત.

૫. વિ. મન ઠેકાણે ન હોય એવું; ડાગળી ચસકેલ; ઘેલું; દીવાનું. જેનું મન સહેજ નબળું હોય ને તેની અસર તેનાં કામકાજમાં જણાતી હોય, જેનું ભેજું ખસેલું હોય અથવા અમુક વિષયમાં ખસી જતું હોય તે ઘેલું કહેવાય. જેની ડાગળી તદ્દન ખસી ગઈ હોય અને કેવળ દીવાનું હોય તે ગાંડું કહેવાય. ઘેલું માણસ સંસારનાં સાધારણ કામકાજ કરી શકે, પણ તે કામમાં અમુક પ્રસંગે તેના મનની અસ્થિરતા જણાઈ આવે. ગાંડું માણસ બિલકુલ કામ કરી શકતું નથી. ઘેલું શબ્દ મનની સાધારણ નબળાઈ અને ગાંડું શબ્દ ઘણી જ નબળાઈ બતાવે છે. પ્યારમાં અને નજીવાં કારણોમાં ઘેલું અને ગાંડું શબ્દ એકબીજાને બદલે ઘણી વાર વપરાય છે.

૧. ગાંડા આગળ ગાંડ ધરી તો કુહાડાનો ઘા = ગેરફાયદો થાય એવું કામ કરવું.

૨. ગાંડા જોડે ગમ્મત ને બહેરા જોડે વાત = ગાંડા માણસ સાથે ગમ્મત પણ ન કરાય તેમ બહેરા માણસ સાથે વાત પણ ન થઈ શકે; અશક્ય કામ કરવું.

૩. ગાંડાં કાઢવાં = (૧) ગાંડાંનાં જેવાં કૃત્રિમ આચરણ કરવાં. (૨) મૂર્ખાઈનાં વચન બોલવાં.

૪. ગાંડાં લોક ગામડે વસે ને ખાસડું મારે તો ખડખડ હસે = ગાંડાં માણસને રહેવાની સગવડ કે માન અપમાનની દરકાર હોતી નથી.

૫. ગાંડાંનાં કંઈ જુદાં ગામ ન હોય ? = દરેક ગામમાં ગાંડાં માણસો હોય; ગાંડાંના વસવાટ માટે નોખું ગામ હોતું નથી.

૬. ગાંડી પર-માથે બેડું = ધડા વગરનું હોવાપણું.

૭. ગાંડી સાસરે ન જાય ને ડાહીને શિખામણ દે = પોતાનામાં અમુક દુર્ગુણ હોવા છતાં બીજાને એ જ દુર્ગુણ સંબંધી બોધ આપવો.

૮. ગાંડો ને વળી ભાંગ પીધી = મૂળ મિયાંભાઈ ને વળી ભાંગ પાઈ; મૂળ દોષ હોય તેમાં વેગ મળવાનું થવું.

૯. સોગઠું ગાંડું કરવું = ચોપાટની રમતમાં હરીફની પાકવા આવેલી સોગઠીને મારવા પોતાની ઊઠી ગયેલ સોગઠીને ફરીથી દાવમાં લાવવી. ચોપાટની રમતમાં કોઈ ખેલાડી પોતાની ઊઠી ગયેલી કાંકરી લઈ દાવ નાખી બીજા કોઈ ખેલાડીની ઊઠવા આવેલી કાંકરી મારી તેને ઊંધી ચલાવે ત્યારે તેણે સોગઠી ગાંડી કરી કહેવાય.

૬. વિ. હડકાયું.

ગાંડુંઘેલું ૧. વિ. અતિ હરખવાળું.

ગાંડુંઘેલું થવું = (૧) આનંદમાં ઘેલા થવું. (૨) ચકિત થવું; વિસ્મય પામવું.

૨. વિ. ગાંડું અને ઘેલું; મૂર્ખ; ભાન વગરનું.

૩. વિ. જેવું આવડે તેવું.

૪. વિ. પદ્ધતિ વગરનું.

૫. વિ. સાદું.

ગાંડું ઝાડ (ગાંડું ઝાડ઼) ન. એક જાતનું ઝાડ. તેનાં પાન વડનાં પાન જેવાં અને થડ ઘણું જાડું હોય છે. છોકરાંને મોટી ઉધરસ થાય ત્યારે આ ઝાડની માનતા કરાય છે.

ગાંડુંટોળ વિ. તદ્દન ગાંડું.

ગાંડુંતૂર ૧. વિ. છેક ઘેલું; અતિશય ગાંડું.

૨. વિ. પ્રેમઘેલું; મોહાતુર.

ગાંડુપાંચું વિ. અર્ધઘેલા જેવું; ઓછી સમજવાળું; મૂર્ખ.

ગાંડૂ ૧. [હિં.] પું. ગાંડ મરાવનાર માણસ.

૨. પું. ગાંડ મારનાર પુરુષ.

૩. પું. નપુંસક; હીજડો.

૪. પું. બીકણ માણસ.

૫. વિ. ગાંડું.

ગાંડો ઉંબર પું. એક જાતનું ઝાડ; કૃષ્ણ ઉદુંબરિકા; કાળો ઉમરડો. કોંક્ણ તરફ આ ઝાડ ઘણાં જ મોટાં થાય છે. તેનાં પાદડાં પણ મોટાં અને ખરબચડાં હોય છે. તે શીત, કડવો, ખાટો, મલસ્તંભક, તીખો, તૂરો, ગ્રાહક તથા ઇંદ્રિયપ્રસાદક છે અને ત્વગ્દોષ, કમળો, પિત્ત, રક્તપિત્ત, કફ, ધોળો કોઢ, વ્રણ, પાંડુરોગ, રક્તદોષ, સોજો, અર્શ અને ઊર્ધ્વગત દોષ મટાડે એમ મનાય છે. તેનાં ફળ મીઠાં, તૂરાં, શીતળ, વૃદ્ધિકારક, ગુરુ, ધાતુવૃદ્ધિકર, પાકકાળે મધુર, સ્નિગ્ધ, મલસ્તંભક, પૌષ્ટિક, ગ્રાહક તથા વાતકારક છે અને કફ, રક્તવિકાર. દાહ તથા વિષદોષ મટાડે છે.

ગાંડોતૂર ૧. વિ. પું પ્રેમઘેલો; અતિ ઉત્સાહવાન.

૨. વિ. પું. બહુ ગાંડો; તદ્દન ગાંડો.

ગાંડો વેલો પું. એક પ્રકારનો વેલો. આ વેલા ઘણા લાંબા અને જાડા થાય છે. ડુંગર ઉપર ઘણે ઊંચે ચઢે છે. પાન ઉપર વાળની ઘણી રુવાંટી હોય છે. પાન આંતરે આવે છે અને તે પહોળાં, તળિયે હૃદયાકૃતિ ને ટોચે ટેરવાવાળાં હોય છે. ફળ પાકે ત્યારે કાળાં થાય છે. જે ઝાડ ઉપર તે ચઢે તેને તે ઢાંકી દે છે. આ વેલાના થડમાં વીંધ પાડવાથી સ્વચ્છ પાણીની શેડ ફૂટે છે. તરસ્યા મુસાફર પાણી તરીકે તેને પીએ છે. ફળ પાકે ત્યારે સુંદર દેખાય છે, પણ ઝેરી છે. પક્ષીઓ તે ખાય છે.

ગાંત્રી [સં.] સ્ત્રી. બેલગાડી.

ગાંથી ૧. સ્ત્રી. અઘરૂં કામ.

૨. સ્ત્રી. કપટ; દગો.

૩. સ્ત્રી. ખાનગી વાત.

૪. સ્ત્રી. ખીસું; થેલી.

૫. સ્ત્રી. ગઠ્ઠો; પિંડ.

૬. [સં. ગ્રન્થિ] સ્ત્રી. ગાંઠ.

૭. સ્ત્રી. ગેરસમજ.

૮. સ્ત્રી. ઠરાવ.

૯. સ્ત્રી. દૂંટી; નાભિ.

૧૦. સ્ત્રી. પોટકું.

૧૧. સ્ત્રી. ફાંસો.

૧૨. સ્ત્રી. બંધ.

૧૩. સ્ત્રી. મુશ્કેલી.

૧૪. સ્ત્રી. લાંબી થયેલી કોથળી.

૧૫. સ્ત્રી. સાંધો.

૧૬. સ્ત્રી. હળદર કે આદુનો કટકો.

ગાંદરું ૧. [સં. ગોરુધ્] ન. ગામનું પાદર; ભાગોળ.

૨. ન. ગામનો ઝાંપો.

૩. ન. ગૌઠાણ; ગૌચર.

૪. ન. ઢોરને ચરાવવા લઈ જવા પહેલાં ભેગાં કરવાની જગ્યા.

ગાંદરો ૧. પું. મંડળ; સમૂહ.

૨. જુઓ ગાંદરું.

ગાંદળી ૧. સ્ત્રી. ખડક કે ભેખડનું છૂટું પડેલ ડગળું.

૨. સ્ત્રી. રોટલાનું બટકું.

૩. સ્ત્રી. લાકડાં વહેરીને કરેલ લાંબો ગોળ ટુકડો; ગાંદળું.

ગાંદળું જુઓ ગાંદળી.

ગાંદિની ૧. સ્ત્રી. અક્રૂરની માતા. તે કાશીરાજની કન્યા તથા શ્વફલ્ક યાદવની સ્ત્રી હતી.

૨. સ્ત્રી. ગંગા નદી.

ગાંદિયું ન. ઘેટાંના શરીર ઉપર થતો એક રોગ.

ગાંદી [સં.] સ્ત્રી. ગાંદિની; અક્રૂરની માતા.

ગાંધક પું. ગાંધી.

ગાંધણી ન. કોંકણમાં ઊગતું એક જાતનું ઊંચું વૃક્ષ. એના ઉપર મીઠાં લાલ ફળ આવે છે.

ગાંધરી સ્ત્રી. એક પ્રકારનું તંતુવાદ્ય.

ગાંધર્વ ૧. [સં.] પું. એ નામનો ભરતખંડનો એક ઉપદ્વીપ; ભારતવર્ષનો એક ભાગ અથવા ઉપદ્વીપ, જેને ગંધર્વદ્વીપ પણ કહે છે. ત્યાંનાં લોકો ગાવાબજાવવામાં બહુ ચતુર હતા. ત્યાં સ્ત્રીપુરુષ પરસ્પર મળીને વિવાહ કરતાં હતાં. સ્ત્રીઓ રૂપાળી હતી. ત્યાંનાં ઘોડાં સારાં થતાં હતાં. આ દેશને હિમાલયની પડોશમાં માનવામાં આવતો હતો.

૨. પું. એક પ્રકારનાં લગ્ન. તેમાં સર્વ સામાજિક નિયમો કોરે મૂકી વિષયવાસનાથી વરકન્યાનો ઇચ્છાપૂર્વક પરસ્પર સંયોગ થાય.

૩. પું. ગંધર્વ દેવ.

૪. પું. ગાનવિદ્યા; સંગીતશાસ્ત્ર; ગાયનકળા.

૫. પું. ગાયન કરનારો; ગવૈયો.

૬. પું. ગાંધર્વોનું ગાયન.

૭. પું. ઘોડો.

૮. પું. જેના દેવતા ગંધર્વ હોય એવો મંત્ર.

૯. પું. દેવતાઓનો ગવૈયો; સ્વર્ગનો ગવૈયો.

૧૦. પું. નવ માંહેનો એ નામનો એક ખંડ.

૧૧. પું. સામવેદનો એક ઉપવેદ; ગંધર્વવેદ.

૧૨. ન. ગાણું; ગાન; સંગીત.

૧૩. ન. (જ્યોતિષ) જૈન સૂત્ર પ્રમાણે રાત્રિ દિવસનાં ત્રીશ માંહેનું એક મુહૂર્ત.

૧૪. વિ. ગંધર્વ જાતિનું.

૧૫. વિ. ગંધર્વ દેશમાં ઉત્પન્ન થયેલું.

૧૬. વિ. ગંધર્વને લગતું.

ગાંધર્વનગર [સં.] ૧. ન. આકાશનું શહેર. જુઓ ગંધર્વનગર.

૨. ન. આકાશમાં થતો એક ચમત્કારી દેખાવ; વક્રીભવનથી આકાશમાં થતાં મૃગજળ.

ગાંધર્વપુર [સં.] ૧. ન યમપુરીના રસ્તામાંનું એ નામનું ચોથું શહેર.

૨. જુઓ ગાંધર્વનગર.

ગાંધર્વલગ્ન [સં.] ન. એક પ્રકારનો વિવાહ; અરસપરસ પસંદગીનું લગ્ન. તેમાં વરકન્યા પોતાની મેળે છાની રીતે પરણે છે. -

ગાંધર્વલિપિ [સં.] સ્ત્રી. અઢાર માંહેની એ નામની એક લિપિ.

ગાંધર્વવિધિ સ્ત્રી. વરકન્યાએ પોતાની મેળે ખાનગી રીતે લગ્ન કરી લેવાની રીત.

ગાંધર્વવિવાહ [સં.] પું. આઠ માંહેનું એક પ્રકારનું લગ્ન. તેમાં સ્ત્રીપુરુષ પરસ્પર પ્રેમ ખાતર સ્વેચ્છાથી સંબંધ બાંધે છે. સ્મૃતિ ગાંધર્વવિવાહની છૂટ આપે છે, પણ તેનું સ્થાન બ્રાહ્મ કે આર્ય વિવાહથી ઊતરતું છે.

ગાંધર્વવેદ [સં.] પું. સંગીતશાસ્ત્ર. બ્રહ્માએ પોતાનાં પૂર્વ વગેરે મુખથી અનુક્રમે ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ ઉત્પન્ન કર્યાં અને તેજ પ્રમાણે પૂર્વાદિ મુખથી અનુક્રમે આયુર્વેદ, ગાંધર્વવેદ, સ્થાપત્યકલા, અર્થશાસ્ત્ર એ સર્વને ઉત્પન્ન કર્યાનું મનાય છે. એ સામવેદનો ઉપવેદ ગણાય છે.

ગાંધર્વશહેર જુઓ ગાંધર્વનગર.

ગાંધર્વશિલ્પ [સં.] ન. એક પ્રકારનું શિલ્પશાસ્ત્ર.

ગાંધર્વસ્વર [સં.] પું. સંગીતનો એક સ્વર.

ગાંધર્વિક [સં.] વિ. સંગીતશાસ્ત્રમાં કુશળ.

ગાંધર્વી ૧. સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; વિકળો.

૨. સ્ત્રી. ગાંધર્વ સ્ત્રી.

૩. [સં.] સ્ત્રી. દુર્ગા દેવી.

૪. સ્ત્રી. વાણી.

૫. વિ. ગંધર્વને લગતું; ગંધર્વ સંબંધી.

૬. વિ. માયાવી; ચમત્કારવાળું.

ગાંધાર ૧. [સં.] પું. એક દેશનું નામ; કંધાર; કંદહાર; કુનાર અને સિંધુ નદી વચ્ચે કાબુલ નદી સુધીનો પ્રાચીન દેશ. તેનું પ્રથમ પાટનગર તક્ષશિલા અને પછી પુરુષપુર એટલે હાલનું પેશાવર હતું. કેટલાક કહે છે કે ગાંધારમાં માત્ર હાલના પેશાવર અને રાવલપિંડી જિલ્લાઓ જ નહિ પણ સ્વાટ, હોટીમર્દાન અગર જેને યુસફઝાઈ પ્રદેશ કહે છે તે બધાંનો સમાવેશ થાય છે. આ પ્રદેશમાં બૌદ્ધ સમયનાં ઉત્કૃષ્ટ બાંધકામ અને કોતરણીના અવશેષ મળી આવ્યા છે. અશોકે ગાંધારમાં મજ્જહંતિક નામના ઉપદેશકને ઈ. સ. પૂર્વે ૨૪૫માં બોધ કરવા મોકલ્યો હતો.

૨. પું. ગંધરસ નામનું સુગંધી દ્રવ્ય.

૩. પું. (પુરાણ) ગાંધાર દેશના રાજાઓનું સામાન્ય નામ. આ નામ મહાભારતમાં મુખ્યત્વે ગાંધારીના ભાઈ શકુનિને લગાડવામાં આવ્યું છે.

૪. પું. ગાંધાર દેશનો વતની.

૫. પું. સંગીતના ત્રણ માંહેનો એક સ્વરગ્રામ. તેમાં નંદા, વિવિશાખા, સુમુખી, વિચિત્રા, રોહિણી, સુખા અને આલાપિની એવી સાત મૂર્ચ્છના છે અને તેનો વ્યવહાર સ્વર્ગલોકમાં નારદ દ્વારા થાય છે. તેનો અધિષ્ઠાતા દેવ શિવ કહેવાય છે. કુટુંબીઓ જેમ સંપીને એક ઘરમાં રહે છે તેમ સ્વરો અને શ્રુતિઓને પણ સમૂહોમાં ગોઠવવામાં આવે છે. આ સમૂહને ગ્રામ કહે છે. આવા ગ્રામ ત્રણ છેઃ ષડ્જ, મધ્યમ અને ગાંધાર. ગાંધારને સુભદ્ર પણ કહેવાય છે.

૬. પું. (સંગીત) સંપૂર્ણ જાતિનો એક રાગ. તે પ્રાતઃકાળમાં ૧ દંડથી ૫ દંડ સુધી ગવાય છે. હનુમંત મત પ્રમાણે તે ભૈરવ રાગનો અને કોઈના મત પ્રમાણે તે દીપક રાગનો પુત્ર છે.

૭. પું. (સંગીત) સાત માંહેનો ત્રીજો સ્વર. તેનું સ્વરસ્થાન વક્ષઃસ્થળ એટલે છાતી છે. શુક્ર તેનો અધિષ્ઠાતા દેવ છે અને હાસ્યરસ પ્રધાન છે. આ સ્વર શીત અને રસયુક્ત ગણાય છે. તેની બે શ્રુતિ છેઃ રૌદ્રી અને ક્રોધા. તેની જાતિ વૈશ્ય, વર્ણ સોના સરખો, દેવતા સરસ્વતી, ઋષિ ચંદ્રમા, છંદ ત્રિષ્ટુભ, વાર મંગળ, ઋતુ વસંત અને સ્થાન બંને હાથ છે. તેની આકૃતિ અગ્નિની અને સંતાન હિંડોલ રાગ છે. તેનો અધિકાર શાલ્મલી દ્વીપમાં છે. તેનો પ્રયોગ કરુણરસમાં થાય છે. નાભિમાંથી ઉત્પન્ન થઈ કંઠ અને શીર્ષમાં થઈ ગંધોને લઈ જનાર વાયુથી તેની ઉત્પત્તિ થાય છે. આ સ્વર બકરાની બોલીથી લીધો છે. તેના શુદ્ધ અને કોમળ એવા બે ભેદ છે. આ સ્વર સાઠ વરસની ઉમરે ઘણું કરીને પૂર્ણ રીતે નીકળે છે. હંસ ગાંધાર સ્વરમાં બોલે છે. શંખમાંથી પણ ગાંધાર સ્વર નીકળે છે.

૮. પું. સિંદૂર.

૯. પું. (પુરાણ) સોમવંશી દ્રુહ્યુકુળના આરબ્ધ રાજાનો એ નામનો પુત્ર. એને ધર્મ નામે પુત્ર હતો.

૧૦. સ્ત્રી. એ નામના એક જાતના વૈશ્ય.

૧૧. સ્ત્રી. (સંગીત) એ નામની એક રાગણી. ગમે ત્યારે ગાઈ શકાય છે અને તે કરુણરસમાં ગવાય છે, કેમકે તેનો રંગ શોકાતુર છે.

૧૨. સ્ત્રી. એક જાતના વિદ્યાધર.

૧૩. સ્ત્રી. ગાંધાર દેશની પ્રજા; વાયવ્ય પ્રાંતના લોકો.

ગાંધારકાયણ પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

ગાંધારગ્રામ [સં.] ન. ગાંધાર સ્વરથી થતી સ્વરરચના.

ગાંધાર પંચમ પું. (સંગીત) એક ષાડવ રાગ. આ માંગલિક રાગનો અદ્‌ભુત, હાસ્ય તથા કરુણ રસમાં પ્રયોગ થાય છે. તેમાં ઋષભ લાગતો નથી.

ગાંધાર ભૈરવ પું. (સંગીત) એ નામનો એક રાગ. તે દેવગાંધારના મેળથી બને છે. તેમાં સાતે સ્વર લાગે છે અને તે પ્રાતઃકાળમાં ગવાય છે.

ગાંધારરાજ ૧. [સં.] પું ગાંધાર દેશનો રાજા.

૨. પું. દુર્યોધનની માતાનો બાપ સુબલ.

૩. પું. દુર્યોધનનો મામો શકુનિ.

ગાંધારિકા સ્ત્રી. એક જાતનું શાક; રીંગણાં.

ગાંધારી ૧. પું. કંદહારનો રાજા.

૨. પું. દુર્યોધનનો મામો શકુનિ.

૩. પું. (જ્યોતિષ) વિષુવાંશ ૩૨૨ અને દક્ષિણ ક્રાંત્યંશ ૭ માં આવેલો ત્રીજા વર્ગનો તારો.

૪. સ્ત્રી. અજમીઢની ત્રીજી સ્ત્રી.

૫. સ્ત્રી. અશોકના વખતની એક લિપિ.

૬. સ્ત્રી. એ નામની એક દેવી.

૭. સ્ત્રી. કંદહાર દેશની પ્રજા.

૮. સ્ત્રી. ગાંધાર દેશના સુબલ રાજાની દીકરી; ધૃતરાષ્ટ્રની સ્ત્રી; કૌરવોની માતા. ધૃતરાષ્ટ્રને પરણ્યા પછી પોતાના પતિને અંધ જોઈ પોતે પણ પોતાની આંખો ઉપર પાટો બાંધ્યો હતો. વ્યાસે તેની પરોણાચાકરીથી સંતુષ્ટ થઈ તેણીને વરદાન માગવાનું કહ્યું. તેણીએ સો પુત્ર માગ્યા. ત્યારપછી તેણી ગર્ભવતી થઈ. બે વર્ષ સુધી તેમ રહી. પછી તેણે ગર્ભમાંથી પરાણે ગર્ભ બહાર કાઢવાનો પ્રયત્ન કર્યો. આખરે એક માંસનો લોચો ગર્ભમાંથી નીકળ્યો. વ્યાસે તેના ઉપર ઠંડું પાણી રેડ્યું એટલે તેના ૧૦૧ ભાગ પડ્યા. તે બધાને નોખા નોખા ઘી ભરેલ વાસણમાં મૂક્યા. સૌથી પહેલો દુર્યોધન અને એક માસ પછી બીજા દુઃશાસન, દુર્ધર્ષ, સુબાહુ, નંદ, ચિત્રાયુધ, સત્યસંધ, અપરાજિત, સુષેણ, સુહસ્ત, કનકધ્વજ વગેરે પુત્ર થયા અને દુઃશલા નામે કન્યા ઉત્પન્ન થઈ. દુર્યોધન મોટો થતાં પાંડવોનો ઘણો જ દ્વેષ કરવા લાગ્યો. આ જોઈને ગાંધારીએ એને ઘણી વાર એમ ન કરવા સમજાવ્યો, છતાં દુર્યોધનને એની કંઈ અસર થઈ નહિ. પરિણામે યુદ્ધમાં કૌરવોનો નાશ થયો. ગાંધારીએ ક્રોધે ભરાઈને કૃષ્ણને તેડાવીને તેને શાપ આપ્યો હતો કે તેં પાંડવોને સહાય કરીને મારા પુત્રોને મરાવ્યા, માટે આજથી છત્રીશમે વર્ષે તારો કુલક્ષય પણ એ રીતે થશે. કૌરવોનો નાશ થયા પછી તે પાંડવો પાસે રહેતી હતી. જ્યારે ધૃતરાષ્ટ્ર વનમાં ગયો ત્યારે તે તેની સાથે ગઈ હતી અને ધૃતરાષ્ટ્ર મરણ પામતાં એની સાથે બળી જઈ સતી થઈ હતી.

૯. સ્ત્રી. જવાસો.

૧૦. સ્ત્રી. તેર માંહેની એ નામની એક નાડી. તેનું સ્થાન ડાબા નેત્રમાં છે. શરીરમાં ઇડા, પિંગલા અને સુષુમ્ણા મુખ્ય નાડી છે અને કૂહુ, સરસ્વતી, ગાંધારી, હસ્તિજિહ્વા, વારણા, યશસ્વિની, વિશ્વોદરા, શંખિની, પૂષા, પયસ્વની તથા અલંબુષા ગૌણ છે.

૧૧. સ્ત્રી. ધમાસો નામની એક વનસ્પતિ.

૧૨. સ્ત્રી. પાર્વતીની એ નામની એક સખી.

૧૩. સ્ત્રી. (સંગીત) મેઘ રાગની ૭ માંહેની પાંચમી રાગણી. તે સંપૂર્ણ જાતિની છે અને દિવસના પહેલા પહોરે ગવાય છે. કોઈ તેને હિંડોલ રાગની રાગણી માને છે. કેટલાક લોકોનો મત છે કે તે ધનાશ્રી અને સ્વરાષ્ટક મેળવવાથી બનેલ છે. કોઈ તેને સારસ્વત અને ધનાશ્રી મેળવવાથી બન્યાનું બતાવે છે.

ગાંધિ પું. જહ્નુ રાજાના વંશજ અને વિશ્વામિત્રના પિતા; ગાધિ.

ગાંધિક ૧. [સં.] પું. એક જાતનો કીડો.

૨. પું. એક જાતનો વર્ણસંકર.

૩. પું. સુગંધી પદાર્થ વેચનાર ગાંધી.

૪. પું. હરકોઈ ગંધદ્રવ્ય.

ગાંધિયા સ્ત્રી. એક જાતની નાની માછલી; બોઈ.

ગાંધિયાડું ૧. ન. ગાંધીવડું; ગાંધિયાણું.

૨. ન. ઘાલમેલ; ગૂંચવાડો.

૩. ન. થોડા થોડા પ્રમાણમાં સઘળી જરૂરિયાતની વસ્તુઓ રાખી વેચવાનો ધંધો; કરિયાણાનો વેપાર.

૪. ન. ધિંગાણું; લડાઈ.

૫. ન. ભેળસેળ; મેળવણી.

ગાંધિયાણું જુઓ ગાંધિયાટું.

ગાંધી ૧. પું. અત્તરિયો; અત્તર વેચનાર માણસ.

૨. પું. કરિયાણું, વસાણું, મસાલો અને દવા વગેરે પરચૂરણ સરસામાન વેચનારો વેપારી.

૧. ગાંધી સાથે વેર તેથી સાકરને કંઈ કડવી કહેવાય ? = વસ્તુ જેવી હોય તેવી કહેવાય.

૨. ગાંધીના ગાંધી ને પોઠીના પોઠી = શેઠનો શેઠ ને નોકરનો નોકર.

૩. પું. ખેવની જાતનું ખેતરને શેઢે કાળી જમીનમાં થતું એક ઘાસ.

૪. પું. ગંધિયાણાનો વેપાર.

ગાંધીના ગણપતિને ગોળનું નૈવેદ્ય = જેવો યજમાન એવી ભક્તિ.

૫. સ્ત્રી. એ નામની દશાશ્રીમાળી વાણિયા અને મેમણની એક અટક.

૬. સ્ત્રી. એક જાતનો કીડો.

૭. સ્ત્રી. હિંગ; વઘારણી.

૮. ન. એ નામની અટકનું માણસ.

૯. વિ. એ નામની અટકનું.

ગાંધીગ્રામ ન. મદ્રાસ ઇલાકામાં આવેલું વિઝાગાપટ્ટમ નામનું ગામ.

ગાંધીજી પું. ગુજરાતી ભાષામાં નવચેતન રેડી તેનો જીર્ણોદ્ધાર કરનાર સાક્ષર સંત; મોહનદાસ કરમચંદ ગાંધી. તે મહાત્મા નામે જાણીતા છે. તેમણે સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય આદિના સિદ્ધાંત જીવી બતાવી અહિંસાવાદનો આદર્શ રજૂ કર્યો છે.

ગાંધીટોપી સ્ત્રી. ખાદીની લાંબી ધોળી ટોપી.

ગાંધીવગો પું. ચોરાશી માંહેનું એક ચૌટું; શહેરના જે લત્તામાં ગાંધીની દુકાનો હોય તે લત્તો.

ગાંધીવટું ૧. ન. ગાંધીનો ધંધો.

૨. ન. બધા વિષયનું થોડુંઘણું જ્ઞાન હોવાપણું.

ગાંધીવટો ૧. પું. ગાંધીનો ધંધો.

૨. પું. બધા વિષયનું થોડુંઘણું જ્ઞાન.

ગાંનું ન. રોગથી ગંઠાઈ ગયેલો તુવેરનો દાણો.

ગાંફેળ વિ. ગાફિલ; બેદરકાર.

ગાંભારી સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

ગાંભીરા ૧. સ્ત્રી. એ નામની કોળીની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગાંભીર્ય ૧. [સં.] ન. ગંભીરપણું; અચપલતા; ઊંડાઈ; અવિકારપણું; અગાધતા.

૨. ન. સ્થિરતા; શાંતિનો ભાવ; ધીરતા; હર્ષ, ક્રોધ, ભય વગેરે મનોવેગથી ચંચળ ન હોવાપણું.

ગાંભુ ૧. સ્ત્રી. વાણિયાની ચોરાશી માંહેની એક નાત.

૨. જુઓ ગાંભો.

ગાંભો પું. દરજી; મેરાઈ; કપડાં સીવવાનો ધંધો કરનાર માણસ. આ શબ્દ તિરસ્કારમાં વપરાય છે.

ગાંયજણ જુઓ ગાંયજી.

ગાંયજી ૧. સ્ત્રી. ગાંયજણ; ગાંયજાની સ્ત્રી; વાળંદણ.

૨. સ્ત્રી. ગાંયજા જાતિની સ્ત્રી.

ગાંયજો પું. વાળંદ; નાપિત; હજામ.

ગાંયજા જેવો = ઉદ્ધત; બેશરમ; અવિનિત. ગાંયજો બહુ વાચાળ, બેશરમો અને દોઢડાહ્યો કહેવાય છે તે ઉપરથી આ પ્રયોગ થયો છે.

ગાંરંડ સ્ત્રી. એક જાતનું ઘાસ. તેનાં મૂળિયાંની ટટ્ટી બનાવાય છે.

ગાંવ [હિં.] ન. ગામડું; ગામ.

ગાંવ કરવું = મોટું જમણ આપવું.

ગાંવઅસ્થાન ન. ગામતળિયાટાની જમીન.

ગાંવખર્ચ ન. શહેરસુધરાઈનું ખર્ચ.

ગાંવજન ન. બ. વ. ગામનાં લોકો.

ગાંવદેવતા પું. ગામડાનો દેવ; ગ્રામ્યદેવતા.

ગાંવમલબા ન. શહેરસુધરાઈનું ખર્ચ.

ગાંશિયો પું. એક જાતનો અમદાવાદી કિનખાબ.

ગાંસડાંપોટલાં (ગાંસડ઼ાંપોટલાં) જુઓ ગાંસડીપોટલી

ગાંસડાંપોટલાં બાંધવાં = (૧) ઉચાળો ભરવો. (૨) ઉડાંતરી કરવી. (૩) સ્થાન બદલવું.

ગાંસડી (ગાંસડ઼ી) ૧. [સં. ગ્રન્થિ; પ્રા. ગંઠિઆ] સ્ત્રી. એક સાથે બાંધેલો વસ્તુનો જથ્થો; પોટલી; બચકી; બસ્તો.

૨. સ્ત્રી. દલ્લો; પૂંજી.

ગાંસડી મૂકી જવી = મોટી પૂંજી આપી જવી.

૩. સ્ત્રી. ભારી.

૪. સ્ત્રી. રૂની ગાંસડી; તાપડાં કે કંતાન વગેરેથી મજબૂત બાંધેલ રૂનો જથ્થો.

૫. સ્ત્રી. વૃષણ.

ગાંસડીપોટલી (ગાંસડ઼ીપોટલી) ૧. સ્ત્રી. બાંધેલ લૂગડાંલત્તાં.

૨. સ્ત્રી. સરસામાન.

ગાંસડો (ગાંસડ઼ો) ૧. પું. કોથળો.

૨. પું. પૂંજી; દલ્લો.

૩. પું. ભાર; બોજો.

૪. પું. મોટી ગાંસડી; પોટલો; બચકો.

૫. પું. સમુદાય.

ગાંસણ ન. ઘાસનો કૂચો. તે છાણાં થાપવામાં વપરાય છે.

ગાંસા [હિં.] પું. હાથ અને પગનાં આંગળાં વચ્ચેનો ખૂણો.

ગાંસી [સં. અંકુશ (હાથીને કાબૂમાં રાખવાનું અણીદાર હથિયાર)] સ્ત્રી. તીરની લોઢાની અણી.

ગિગ [અં.] સ્ત્રી. બે પૈડાંવાળી એક ઘોડાની ગાડી; બગી.

ગિગડદૂં (ગિગડ઼દૂં) ન. એક જાતનું વાજિંત્ર.

ગિગલાવું અ. ક્રિ. ગભરાવું; અકળાવું.

ગિગલું ૧. ન. નાનું જીવડું.

૨. વિ. નાનું; અલ્પ ઉમરવાળું.

ગિગોડો (ગિગોડ઼ો) પું. ઢોર અને કૂતરાંના શરીર ઉપર પેદા થતો એક જીવ; જંગોડો.

ગિચપિચ [હિં.] વિ. અસ્પષ્ટ.

ગિચપિચિયા ૧. [હિં.] પું. (જ્યોતિષ) સાત તારાનું એક ઝૂમખું; સપ્તર્ષિ.

૨. પું. સાતનો સમૂહ.

ગિચ્ચ ૧. વિ. પાસે પાસે આવી રહેલું; સંકડાઈ રહેલું.

૨. વિ. ભરપૂર; સંપૂર્ણ.

૩. અ. સજ્જડ; ઘટ.

ગિજઈ [હિં.] સ્ત્રી. વર્ષાઋતુમાં ઉત્પન્ન થતું એક જીવડું.

ગિજગિજા [હિં.] વિ. ચીકણી માટીવાળું; ચીકટ.

ગિજ્ઝો [સં. ગૃધ્ર] પું. એક પક્ષી; ગીધ.

ગિઝાફ (ગિઝાફ઼) ૧. [ફા.] ન. અભિમાન.

૨. વિ. આળસુ.

૩. વિ. મૂર્ખ.

ગિઝીર (ગિઝીર) [ફા.] પું. સંચાલક; 'મેનેજર'.

ગિટકડી (ગિટકડ઼ી) ૧. સ્ત્રી. (સંગીત) ગમકના દશ માંહેનો એક ભેદ; ત્રણ ત્રણ સ્વરની ત્વરાથી તાનનું ચડવું અથવા ઊતરવું તે.

૨. સ્ત્રી. (સંગીત) ગાયનમાં સૂરને ગળામાંથી કે વાજિંત્રમાંથી જુદી જુદી ગતિએ કાઢવાની એક પ્રકારની ક્રિયા.

ગિટકરી [હિં.] સ્ત્રી. ધ્રૂજતો સૂર.

ગિટકારી જુઓ ગિટકરી.

ગિટકિરી જુઓ ગિટકરી.

ગિટકીડી (ગિટકીડ઼ી) સ્ત્રી. સ્વરોને જલદી જલદી ઉચ્ચારતાં ઊપજતો એક અલંકાર.

ગિટકો પું. વામન.

ગિટપિટ ૧. [હિં.] સ્ત્રી. નિરર્થક બોલ; નકામો શબ્દ.

૨. સ્ત્રી. પરભાષામાં ન સમજાય તેવી વાત.

ગિટાર ન. એક તંતુવાદ્ય. તેની આકૃતિ અને રચના સારંગીના જેવી હોય છે.

ગિટ્ટક ૧. [હિં.] પું. ધ્રૂજતો સૂર.

૨. સ્ત્રી. ચલમનું કાણું બૂરવાનો કાંકરો.

૩. સ્ત્રી. બુચ; દટ્ટો.

ગિટ્ટા [હિ.] સ્ત્રી. ચલમમાં નખાતી કાંકરી.

ગિટ્ટી ૧. [હિં.] પું. વામન.

૨. સ્ત્રી. ચરખો.

૩. સ્ત્રી. ચલમની કાંકરી.

૪. વિ. હોશિયાર; પહોંચેલ.

ગિડગમ (ગિડ઼ગમ) [હિં.] પું. ઘડા માટેનું ટેકણ.

ગિડુરી (ગિડ઼ુરી) [હિં.] સ્ત્રી. નાની ઈંઢોણી.

ગિણ સ્ત્રી. સમજ.

ગિતાર જુઓ ગિટાર.

ગિતિલ ૧. [હિં.] પું. રેતી.

૨. પું. લોઢાની રજ.

ગિદ [સં.] પું. રથપાલક એક દેવ.

ગિદડા (ગિદડ઼ા) [હિં.] પું. શિયાળ.

ગિદરડું (ગિદરડ઼ું) ન. ઘેટાંનું બચ્ચું; ગીદડું.

ગિદ્દડ (ગિદ્દડ઼) ૧. ન. શિયાળ.

૨. વિ. ઘણું ખાવાથી સુસ્ત થયેલ.

૩. વિ. ભારે.

ગિદ્દા [હિં.] પું. એક જાતનું ચલણી ગીત.

ગિદ્દો ૧. પું. એકના ફરતા ભમરડા ઉપર બીજાએ પોતાનો ભમરડો મારવો તે.

૨. પું. ઘા; ચોટ; પ્રહાર.

૩. પું. ધક્કો; હડસેલો.

ગિધ ૧. [સં. ગૃધ્ર] પું. ગીધ પક્ષી.

૨. પું. ઘા; ચોટ; પ્રહાર.

૩. પું. ધક્કો; હડસેલો.

૪. પું. ફરતા ભમરડા ઉપર બીજાએ પોતાનો ભમરડો મારવો તે.

ગિધર સ્ત્રી. નસની આંટી.

ગિધાડ (ગિધાડ઼) ન. ગીધ; ગૃધ્ર.

ગિધ્રિ સ્ત્રી. (કચ્છી) બકરી.

ગિદ્ધ ૧. [હિં.] પું. એક જાતનો મોટો પતંગ.

૨. પું. (પિંગળ) છપ્પય છંદનો એક ભેદ.

૩. [સં. ગૃધ્ર] ન. (હિંદી) એક જાતનું પક્ષી; ગીધ.

૪. વિ. લાલચુ.

ગિદ્ધરાજ [હિં.] પું. જટાયુ; ગીધરાજ.

ગિધ્ર [સં.] વિ. પર્વતને ધારણ કરનાર.

ગિધ્રકૂટ પું. પટણા જિલ્લામાં આવેલ એ નામનો એક ડુંગર. તેમાંથી પાંચાણ નદી નીકળે છે.

ગિનતી ૧. [સં. ગણ્ (ગણવું)] સ્ત્રી. ગણતરી; ગણવું તે.

૨. સ્ત્રી. સંખ્યા.

૩. સ્ત્રી. હાજરી લેવી તે.

ગિની ૧. [હિં.] સ્ત્રી. એક પ્રકારનું બારમાસી પરદેશી ઘાસ.

૨. [અં.] સ્ત્રી. સોનાનો એ નામનો એક સિક્કો. જુઓ ગીની. આ સિક્કો પ્રથમ આફ્રિકના ગિની નામના દેશમાંથી આવતા સોનામાંથી બનાવ્યો હતો તેથી તેનું નામ ગિની રાખ્યું હોય એમ મનાય છે.

ગિનીપત્ર ન. એક જાતનું પ્રાણી.

ગિનીપિગ [અં.] ન. એક જાતનું સસલા જેવું ટૂંકા કાનવાળું પ્રાણી. બીજા કોઈ પણ ચાર પગવાળાં પ્રાણી કરતાં તે ઝડપથી પ્રૌઢ થઈ જાય છે.

ગિન્ડલી [હિં.] સ્ત્રી. ઘૂંચળું.

ગિન્તી ૧. [સં. ગણ્ (ગણવું)] સ્ત્રી. ગણતરી; ગણવું તે.

૨. સ્ત્રી. નમૂનો.

૩. સ્ત્રી. મહિનાનો પહેલો દિવસ.

૪. સ્ત્રી. હાજરીપત્રક.

ગિન્નાતું ૧. વિ. એક બાજુ નમતું.

૨. વિ. ગણતું.

૩. વિ. રિસાયેલ.

ગિન્નાવું ૧. અ. ક્રિ. પતંગનું એક બાજુ નમી જવું; પતંગનું કતરાવું.

૨. અ. ક્રિ. રિસાવું.

ગિન્ની ૧. [હિં.] સ્ત્રી. એક જાતનો સોનાનો સિક્કો; ગીની.

૨. સ્ત્રી. ચક્કર ખાવું કે ખવરાવવું તે.

ગિબન જુઓ ગિબ્બન.

ગિબ્બન [અં.] ન. એક જાતનું નાનું વાંદરું. એને લાંબા હાથવાળું માંકડું પણ કહે છે. તે કોચીન ચીન, સિયામ, સુમાત્રા, જાવા તથા બોર્નિયો ટાપુમાં મોટાં જંગલોમાં રહે છે.

ગિબ્બો પું. ગડદો; ધક્કો; મુક્કો.

ગિમતી [અં.] સ્ત્રી. એક જાતનું મજબૂત ધોળું સુતરાઉ કપડું.

ગિયા જુઓ ગિયામાલતી.

ગિયામાલતી પું. (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ; ગિયા; ગીતા; ગીતક; વેતાલ. તેમાં છેડે ગુરુ હોય છે અને ૩, ૬, ૧૦, ૧૩, ૧૭, ૨૦, ૨૪ અને ૨૭ માત્રાએ તાલ આવે છે.

ગણ ચાર ચોકલ, બાર તે પર રગણ કે ગુરુ રાખજો,
નવ સાત દ્વાદશ, વિરતિ જેમાં, તાલ હરિગીતની સજો;
વેતાલ, ગિયા, હરિગીતા વળી, **ગિયામાલતી** ભાખજો,
ગીતક કહે મરુ દેશમાં એ, વાત ગોખી રાખજો.

રણપિંગળ

ગિયાહ [ફા.] સ્ત્રી. ઘાસ.

ગિર ૧. પું. (પિંગળ) એક સમજાતિ માત્રામેળ છંદ. તે સવૈયા છંદનો એક ભેદ છે. તેમાં ૯ ગુરુ અને ૧૦૬ લઘુ મળી ૧૧૫ વર્ણની ૧૨૪ માત્રા હોય છે.

૨. [સં. ગિરિ] પું. પર્વત; પહાડ.

૩. પું. સંન્યાસીઓના દશ માંહેનો એક ભેદ.

૪. સ્ત્રી. કાઠિયાવાડી ભેંસ.

૫. સ્ત્રી. ઝાડી; જંગલ.

૬. સ્ત્રી. વાણી.

૭. ન. વાસ્તુના કામમાં શુભ ગણાતું એક કરણ.

૮. વિ. પૂજ્ય.

ગિરગિટ [હિં.] પું. કાકીડો; કાચંડો.

ગિરગિટાનો [હિં.] પું. કાકીડો; કાચંડો.

ગિરગીરી [હિં.] સ્ત્રી. ધ્રૂજતો સૂર; ગિટકરી.

ગિરજા ૧. [સં. ગિરિજા] સ્ત્રી. પાર્વતી; હિમાલયની પુત્રી.

૨. [પોર્ટુ.] ન. ઈસાઈ લોકોનું પ્રાર્થના મંદિર; ખ્રિસ્તીનું દેવળ.

૩. ન. કીડા મકોડા ખાનારું એક પ્રકારનું પક્ષી. પંજાબ અને રજપૂતસ્થાન સિવાય આખા હિંદમાં તે જોવામાં આવે છે. તેના સ્વાદિષ્ટ માંસ માટે લોકો તેનો શિકાર કરે છે.

ગિરજાઘર ન. પ્રાર્થનામંદિર; ખ્રિસ્તીનું દેવળ.

ગિરજાપતિ પું. શંકર; શિવ; મહાદેવ.

ગિરજાબાલ પું. ગણેશ.

ગિરજાવું ૧. અ. ક્રિ. અટકવું.

૨. [હિ. ગિરના] અ. ક્રિ. ઊતરવું.

૩. અ. ક્રિ. ઓછું થવું; પડી જવું.

૪. અ. ક્રિ. કસુવાવડ થવી.

૫. અ. ક્રિ. કીમતમાં ઘટવું.

૬. અ. ક્રિ. ગબડવું.

૭. અ. ક્રિ. દુઃખ પડવું.

૮. અ. ક્રિ. નાહિંમત થવું.

૯. અ. ક્રિ. નીચે જવું.

૧૦. અ. ક્રિ. પથરાવું.

૧૧. અ. ક્રિ. લડાઈમાં ખપી જવું.

૧૨. અ. ક્રિ. વચ્ચે પડવું.

૧૩. અ. ક્રિ. વળગવું.

૧૪. અ. ક્રિ. હલકું પડવું.

ગિરજેશ પું. પાર્વતીના સ્વામી; મહાદેવ.

ગિરત ૧. સ્ત્રી. દરિયાઈ હુમલો.

૨. સ્ત્રી. પળ; ઘડી.

ગિરદા ૧. [ફા.] પું. કૂંડાળું; ચક્ર.

૨. પું. ઢાલ.

૩. પું. રાજાઓના હુક્કા નીચે રખાતું ગોળ કપડું.

૪. પું. લાકડાની થાળી.

ગિરદી ૧. [ફા. ગિર્દી] સ્ત્રી. માણસ વગેરેનો ખૂબ જમાવ થયો હોય એવી હાલત; ભીડ; ગરદી.

૨. સ્ત્રી. સમુદાય; ટોળું; સમૂહ.

ગિરદેશી ૧. [ફા. ગર્દીદન (ફરવું)] સ્ત્રી. કાળચક્રની ગતિ.

૨. સ્ત્રી. બલિહારી; ખૂબી.

૩. સ્ત્રી. ભય; ડર.

૪. સ્ત્રી. મુશ્કેલી; મુસીબત.

ગિરદો ૧. [ફા. ગર્દ] પું. ધૂળ.

૨. પું. નીચે ઠરેલો કે રહેલો કચરો; ગાળ.

ગિરધર ૧. [સં. ગિરિધર] પું. પહાડ ઉપાડનાર શ્રીકૃષ્ણ.

૨. પું. વૈષ્ણવ સંપ્રદાયનો પ્રદીપ નામનો ગ્રંથ લખનાર એ નામનો એક કવિ. તે ઈ. સ. ૧૭૫૦ થી ૧૮૫૦ સુધીમાં થયો હતો.

ગિરધારી [સં. ગિરિધારિન્] પું. ગિરધર; શ્રીકૃષ્ણ; ગોવર્ધન પર્વત ધારણ કરનાર શ્રીકૃષ્ણ.

ગિરનાર પું. કાઠિયાવાડમાં જૂનાગઢ સંસ્થાનમાં આવેલ એ નામનો એક પર્વત. અશોક અને તે પહેલાંના સમયમાં ગિરનાર પર્વત પ્રખ્યાત હતો. મહારાજા અશોકે ત્યાં સુદર્શન તળાવ સમરાવ્યું અને લેખ કોતરાવ્યો ત્યારે જેની તળેટીમાં ગિરિનગર વસ્યું હતું તે પર્વત ઉપર બૌદ્ધ ભિક્ષુઓ રહેતા. કાઠિયાવાડમાં કેટલેક સ્થળે આ બૌદ્ધ સમયની ગુફાઓ મળે છે, પણ આ તરફ બૌદ્ધ ધર્મ ઝાઝું ટક્યો નહિ અને જૈન ધર્મનું જોર વધતું ગયું. જૈનો ત્યાં ગયા તે પહેલાં ગુપ્ત સમયમાં ઈ. સ. પાંચમા શતકમાં સુદર્શનને કાંઠે વિષ્ણુનું મંદિર બંધાયું હતું, એટલે ગિરનાર એ વખત પછી વૈષ્ણવનું તીર્થ બન્યો હશે. પુરાણોમાં તેને રૈવતક પર્વત કહે છે. મુચુકુંદ અને કાળયવનની તે નિવાસભૂમિ છે. ગુરુ દત્તાત્રય, મત્સ્યેંદ્ર, અને ગોરખનાથ જેવા હઠયોગીઓ ત્યાં રહેતા.

ગિરનારા ૧. સ્ત્રી. બ્રાહ્મણ અને રજપૂતોની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગિરનારી ૧. પું. ગિરનારની દિશા તરફથી વાતો પવન.

૨. વિ. ગિરનારનું; ગિરનારમાં થતું.

ગિરનારી કાગડો (ગિરનારી કાગડ઼ો) પું. એક જાતનો તદ્દન કાળો કાગડો.

ગિરનારો પું. ગિરનારની આસપાસ રહેનારો બ્રાહ્મણ.

ગિરનુલ ન. પશ્ચિમ ઘાટમાં પાંચથી ૭ ફૂટ ઊંચો થતો એક છોડ. દ્રાક્ષનાં વાવેતરમાં તે નડતરરૂપ મનાય છે.

ગિરપુત્રી [સં. ગિરિપુત્રી] સ્ત્રી. પાર્વતી.

ગિરફ્ત (ગિરફ઼્ત) ૧. [ફા. ગિરિફ્તન] સ્ત્રી. પકડવાની ક્રિયા.

૨. સ્ત્રી. વ઼ાંધો.

ગિરફ્તાર (ગિરફ઼્તાર) ૧. પું. કેદી.

૨. [ફા. ગિરિફ઼્તન] વિ. કેદ થયેલું; પકડાયેલું.

૩. વિ. ગુંથાયેલ; મશગૂલ; તલ્લીન; ગર્ક થયેલું.

૪. વિ. ચોંટી રહે તેવું; વળગી રહે તેવું.

૫. વિ. મોહ પામેલું.

૬. વિ. સપડાયેલું; મુશ્કેલીમાં આવેલું.

ગિરફ્તારી (ગિરફ઼્તારી) ૧. [ફા. ગિરિફ઼્તારી] સ્ત્રી. કેદ પકડાવું તે; બંધન.

૨. સ્ત્રી. ગિરફ્તાર જેવી હાલત.

૩. સ્ત્રી. તલ્લીનતા; એકતાનપણું.

૪. સ્ત્રી. મુસીબત; કષ્ટ.

૫. સ્ત્રી. મોહવશતા.

૬. સ્ત્રી. સપડાવવું તે.

ગિરફદાર જુઓ ગિરફ્તાર.

ગિરફદારી જુઓ ગિરફ્તારી.

ગિરમાલા [હિં.] પું. ગરમાળો.

ગિરમીટ ૧. સ્ત્રી. કોઈ કામ કરવાની પ્રતિજ્ઞા; કરાર; કબૂલત.

૨. સ્ત્રી. બેડી.

૩. સ્ત્રી. વેઠ; મફતની મજૂરી.

૪. સ્ત્રી. હિંદ બહાર સંસ્થાનોમાં મજૂરી માટે લઈ જવાતા મજૂરો પાસે કરાવી લેવાતું કરારપત્ર; ' એગ્રીમેન્ટ '.

૫. ન. છેદ પાડવાનું એક ઓજાર; સારડી.

ગિરમીટિયું વિ. ગિરમીટને લગતું; ગિરમીટનું.

ગિરમીટિયો પું. મજૂરીના કરારનામામાં સહી કરીને હિંદુસ્તાનની બહાર મજૂરી કરવા ગયેલો મજૂર; ગિરમીટથી બંધાયેલો મજૂર.

ગિરયાન ૧. પું. રોનાર માણસ.

૨. સ્ત્રી. રોવું તે.

ગિરયાની જુઓ ગિરયાન.

ગિરર ન. એક જાતનું જંગલી પ્રાણી; તરસ; જરખ.

ગિરવ ૧. [ફા.] પું. કરાર; શરત.

૨. પું. થાલમાં મૂકવું તે.

ગિરવર ૧. પું. ગોવર્ધન પર્વત.

૨. પું. શ્રેષ્ઠ પર્વત; મોટો પર્વત.

ગિરવાવવું સ. ક્રિ. ગીરો મૂકે એમ કરાવવું.

ગિરવી ૧. સ્ત્રી. ઊભા અનાજને નુકસાન કરનાર એક જંતુ.

૨. વિ. ગીરોનું; ગીરોને લગતું.

૩. વિ. ઘરેણે આપેલું કે લીધેલું હોય એવું.

૪. વિ. થાલ; અડાણ; ગીરો; ગીરવેલું.

૫. અ. ઘરેણે; ગીરવેલું હોય એમ.

ગિરવીખત [ફા.] ન. ગીરોખત; બંધકલેખ; ગીરો દસ્તાવેજ.

ગિરવીદગી ૧. [ફા.] સ્ત્રી. આકર્ષણ.

૨. સ્ત્રી. વખાણ કરવાં તે.

ગિરવીદા ૧. [ફા.] પું. અનુયાયી.

૨. વિ. આકર્ષેલું.

૩. વિ. મોહ પામેલું.

ગિરવીં [ફા.] સ્ત્રી. ઘરેણે મૂકેલી વસ્તુ.

ગિરવીંગાંઠા [ફા.] સ્ત્રી. ઘરેણે મૂકેલી વસ્તુ.

ગિરવું અ. ક્રિ. પડવું; પડી જવું.

ગિરતે પડતે = (૧) પડતાં આખડતાં. (૨) મોટી મુશ્કેલીથી.

ગિરસ્ત ૧. પું. સાંસારિક કામો.

૨. ન. ખેડ; ખેતી.

૩. ન. ઘર સંભાળવું તે.

૪. ન. દુનિયાદારીપણું.

૫. ન. વિષયસુખની ઇચ્છા.

૬. ન. સ્ત્રી અને બાળકો.

ગિરસ્તન સ્ત્રી. પરણેલી સ્ત્રી.

ગિરસ્તી ૧. [સં. ગૃહસ્થ] પું. ખેડૂત.
૨. પું. પરણીને રહેનાર માણસ; ગૃહસ્થ.

ગિરહ ૧. સ્ત્રી. ભેલટી.
૨. સ્ત્રી. કુસ્તીનો એ નામનો એક દાવ.
૩. સ્ત્રી. ખરીતો.
૪. સ્ત્રી. ગાંઠ.
૫. [અ.] સ્ત્રી. નસીબ.
૬. સ્ત્રી. સવાએ ઇંચ; વારનો સોળમો ભાગ.

ગિરહણ ૧. [સં. ગ્રહણ] પું. પકડવું તે; ગ્રહણ.
૨. પું. સૂર્ય અથવા ચંદ્રનું ગ્રહણ.

ગિરહસ્તી ૧. [સં. ગૃહસ્થ] પું. ખેડૂત.
૨. પું. પરણીને રહેનાર માણસ; ગૃહસ્થ.

ગિરહિસ્તી વિ. વ્યાવહારિક.

ગિરહોલી સ્ત્રી. ગરોળી.

ગિરા ૧. પું. (પિંગળ) નગણ અને રગણ મળી છ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ગાયત્રી છંદનો એક ભેદ છે. તેને નિરસિકા પણ કહે છે.
૨. સ્ત્રી. કપટ; કાવાદાવા.
૩. સ્ત્રી. કવિતા; શાયરી.
૪. સ્ત્રી. કંઠ; ગળું.
૫. સ્ત્રી. ગાંઠ.
૧. ગિરા બાંધવી = (૧) કોઈના રૂમાલમાં ગાંઠ વાળવી. (૨) યાદ રાખવું.
૨. ગિરામાં રાખવું = ખીસામાં મૂકવું.
૬. સ્ત્રી. ગેરસમજ.
ગિરા ખોલવી = (૧) ગેરસમજ કે ખરાબ લાગણી દૂર કરવી. (૨) છોડવું. (૩) વાપરવું.
૭. સ્ત્રી. ચાર આંગળનું માપ.
૮. સ્ત્રી. જીભ.
૯. સ્ત્રી. બોલવાની તાકાત; જેની મદદથી માણસ બોલી શકે છે તે શક્તિ.
૧૦. સ્ત્રી. બોલી; વાણી; ભાષા.
૧૧. સ્ત્રી. વચન; બોલ.
૧૨. સ્ત્રી. વધેલી ગ્રંથિ.
૧૩. સ્ત્રી. સરસ્વતી દેવી.
૧૪. સ્ત્રી. સાંધો.
૧૫. સ્ત્રી. હળદરનો ગાંઠિયો.
૧૬. ન. અટકાવવું તે.
૧૭. સ. ક્રિ. પડ્યા; ગિરનાનું ભૂતકાળનું રૂપ.

ગિરાઈ સ્ત્રી. ઠગખાતું.

ગિરાઊ વિ. પડવાને તૈયાર થયેલું.

ગિરાણી ૧. સ્ત્રી. દુષ્કાળ.
૨. [ફા. ગિરાની] સ્ત્રી. દુઃખ.
૩. સ્ત્રી. મોંઘવારી.
૪. સ્ત્રી. રુષ્ટતા.
૫. વિ. ઝેરી.

ગિરાત ન. મૃત્યુ.

ગિરાદ સ્ત્રી. ગરાદ; સંધાડે ઉતારેલી અગર સિમેંટની જમાવેલી થાંભલી.

ગિરાદાર વિ. ગાંઠવાળું; ગિરાવાળું.

ગિરાન ૧. [ફા.] વિ. અગત્યનું; વજનદાર.
૨. વિ. કીમતી.
૩. વિ. વહાલું.

ગિરાનખાતિર વિ. મનમાં દુઃખ પામેલું.

ગિરાનજાન જુઓ ગિરાનખાતિર.

ગિરાનપાય વિ. ગતિમાં ધીમું.

ગિરાનપુશ્ત ૧. પું. મજૂર.
૨. વિ. મજબૂત.

ગિરાનબાર ૧. વિ. પૈસાદાર.
૨. વિ. ભારે બોજો લાદેલું.

ગિરાનમાયા વિ. ઉમદા.

ગિરાની ૧. [ફા.] પું. સુસ્ત માણસ.
૨. સ્ત્રી. અપચો; પેટનું ભારે થઈ જવું તે.
૩. સ્ત્રી. ઉદાસીનતા.
૪. સ્ત્રી. કમીપણું; અભાવ; તોટો.
૫. સ્ત્રી. દિલગીરી.
૬. સ્ત્રી. દુષ્કાળ.
૭. સ્ત્રી. મોંઘવારી.
૮. સ્ત્રી. વજનદાર હોવાપણું.
૯. સ્ત્રી. સુવાવડમાં સ્ત્રીને થતો એક રોગ; એક જાતનો સુવારોગ.

ગિરાપતિ [સં. ગિરા (સરસ્વતી) + પતિ (ધણી)] પું. બ્રહ્મા.

ગિરાપિતુ [સં. ગિરા (સરસ્વતી) + પિતૃ (બાપ)] પું. સરસ્વતીના પિતા બ્રહ્મા.

ગિરામી ૧. [ફા.] વિ. પ્રિય; વહાલું.
૨. વિ. માન્યવર.
૩. વિ. મૂલ્યવાન; કીમતી.

ગિરાવર ૧. સ્ત્રી. પતન.
૨. સ્ત્રી. મંદી.

ગિરાવવું સ. ક્રિ. પાડી નાખવું.

ગિરાસ ૧. [હિં.] પું. કોળિયો; બટકું; ટુકડો.
૨. [સં. ગ્રાસ] પું. ગરાસ; ગુજરાનને માટે મળેલો જમીનનો ઈનામી કટકો; રાજવંશી કુળના કોઈ માણસની જાગીર. કોઈ રાજવંશી જે જમીન પોતાના સગાંવહાલાંને આપે તે કપાળગિરાસ કહેવાય. પોતાના રક્ષણાર્થે જે ગિરાસિયાઓએ પોતાની ઘણીખરી જમીન બીજા રાજાને આપી દીધી તેઓ મૂળ ગિરાસિયા કહેવાયા અને તેઓની પાસે જે જમીન રહી તે તેમનો વાંટો કહેવાયો.
૩. પું. ઢોરનું ચરિયાણ.

ગિરાસદાર પું. ગરાસવાળો માણસ; જાગીરદાર.

ગિરાસિયણ સ્ત્રી. ગિરાસિયાની સ્ત્રી.

ગિરાસિયો [સં. ગ્રાસ] પું. ગ્રાસધારી માણસ; જાગીરદાર; સામંત.

ગિરાસી સ્ત્રી. ગુજરાતમાં વસતી એ નામની એક પ્રાચીન જાતિ.

ગિરાહ [હિં.] પું. મગર.

ગિરાં ૧. [ફા.] વિ. કંટાળો આપે એવું.
૨. વિ. કીમતી; મોંઘું.
૩. વિ. ભારરૂપ.
૪. વિ. વજનમાં ભારે.
૫. વિ. સખ્ત.
૬. વિ. સહન ન થઈ શકે તેવું.

ગિરિ ૧. [હિં.] પું. આંખનો એક રોગ. તેમાં ડોળો નીકળી જાય ને આંખ કાણી થઈ જાય.
૨. પું. એ નામનો સાધુઓનો એક પંથ.
૩. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે કુંડલિયા છંદનો એક ભેદ છે. તેમાં ૬૮ ગુરુ અને ૧૬ લઘુ મળી ૮૪ વર્ણની ૧૫૨ માત્રા હોય છે.
૪. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે રાયવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૩૬ ગુરુ અને ૧૨ લઘુ મળી ૪૮ વર્ણ અને ૮૪ માત્રા હોય છે.
૫. પું. (પિંગળ) એક સમજાતિ માત્રામેળ છંદ. તે તોમર છંદનો ભેદ છે. તેમાં ૧૦ ગુરુ અને ૨૮ લઘુ મળી ૩૮ વર્ણની ૪૮ માત્રા હોય છે.
૬. પું. ગેંદુક વૃક્ષ.
૭. પું. દશ જાતના ગોંસાઈઓ માંહેના એકની ઓળખ; પરિવ્રાજકની એક ઉપાધિ.
૮. [સં.] પું. પર્વત; પહાડ. ગિરિ મુખ્ય આઠ મનાય છેઃ ઉદય, અસ્ત, કનક, શંખ, નારાયણ, હિમ, ઈશાન અને મેરુ.
૯. પું. પારાનો એક દોષ.
૧૦. પું. મેઘ.
૧૧. પું. (પુરાણ) શ્વફલ્ક યાદવના તેર માંહેનો એ નામનો એક પુત્ર.
૧૨. પું. સાતની સંજ્ઞા; વાસ્તવિક રીતે પર્વત સાત હોવાથી સાતસૂચક શબ્દ.
૧૩. પું. હીરાની એ નામની એક જાત.
૧૪. સ્ત્રી. ગળી જવું તે.
૧૫. સ્ત્રી. નાની ઉંદરડી.

૧૬. સ્ત્રી. લાકેઈ નદી. એના કિનારા ઉપર પુષ્કલાવતી નગરી હતી.

૧૭. સ્ત્રી. હિમાલયમાંથી નીકળતી એક નદી. તે રાજઘાટ આગળ યમુનાને મળે છે.

૧૮. વિ. પૂજ્ય.

ગિરિઅવતરણિકા સ્ત્રી. ગિરિમાંથી ઊતરવાની સીડી કે પગથી.

ગિરિઅંક પું. પર્વતની તળેટી.

ગિરિઉતરણ ન. પર્વત ઉપરથી ઊતરવું તે.

ગિરિઉતાર ૧. પું. પર્વત ઉપરથી ઊતરવાનો માર્ગ.

૨. પું. પર્વતનો ઉતાર; લાકડાં વગેરે કચરો.

ગિરિક ૧. [સં.] પું. શિવ.

૨. વિ. પર્વતમાં હોનાર કે થનાર.

ગિરિકચ્છ [સં.] પું. પર્વતની ગુફામાં રહેનાર કાચબો.

ગિરિકજ ન. રાજગૃહ; કેકય દેશની રાજધાની. તેને ગિરિવ્રજ પણ કહે છે.

ગિરિકદલી [સં.] સ્ત્રી. જંગલી કેળ; પહાડી કેળ.

ગિરિકદંબ [સં.] ન. પહાડી કદંબનું ઝાડ.

ગિરિકન્ની સ્ત્રી. (જૂ. ગુ.) એ નામની વનસ્પતિ; ગરમર.

ગિરિકન્યા ૧. પું. (પિંગળ) સંકીર્ણ વર્ગનો એક વિષમજાતિ વર્ણમેળ છંદ. તેના પહેલા પાદમાં બે સગણ, જગણ અને બે ગુરુ મળી ૧૧ વર્ણ, બીજામાં સગણ, ભગણ, રગણ અને યગણ મળી ૧૨ વર્ણ, ત્રીજામાં બે સગણ, જગણ, યગણ, બે સગણ, જગણ, સગણ અને ગુરુ મળી ૨૫ વર્ણ અને ચોથામાં સગણ, જગણ, બે સગણ અને ગુરુ મળી ૧૩ વર્ણ હોય છે.

૨. સ્ત્રી. પાર્વતી.

ગિરિકરાડ (ગિરિકરાડ઼) સ્ત્રી. પર્વતની ભેખડ.

ગિરિકર્ણિકા ૧. [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; અપરાજિતા.

૨. સ્ત્રી. ગરણીનો વેલો.

૩. સ્ત્રી જવાસાનો છોડ.

૪. સ્ત્રી. પૃથ્વી.

૫. સ્ત્રી. (પુરાણ) સાબરમતી નદીનું પ્રાચીન નામ.

ગિરિકર્ણી ૧. [સં.] સ્ત્રી. અપરાજિતા વનસ્પતિ.

૨. સ્ત્રી. જવાસાનો છોડ.

૩ સ્ત્રી. ધોળી ગોકર્ણી.

૪. સ્ત્રી. વિષ્ણુક્રાંતા નામની વનસ્પતિ.

ગિરિકલ્પ [સં.] વિ. પર્વત જેવું.

ગિરિકંટક [સં.] પું. ઇંદ્રનું વજ્ર.

ગિરિકંદર જુઓ ગિરિકંદરા.

ગિરિકંદરા [સં. ગિરિ (પર્વત) + કંદરા (ગુફા)] સ્ત્રી. પર્વતની ગુફા.

ગિરિકા ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) ઉપરિચર વસુ રાજાની એ નામની સ્ત્રી. એને બૃહદ્રથ વગેરે ૭ પુત્ર થયા હતા અને કાલી અથવા મત્સ્યગંધિની નામની કન્યા થઈ હતી. આ ગિરિકા શુક્તિમતી નદીને કોલાહલ પર્વતથી થયેલા જોડકામાંની કન્યા હતી.

૨. સ્ત્રી. નાની ઉંદરડી.

ગિરિકાણ ૧. [સં.] વિ. આંખના રોગથી એક આંખે કાણું થયેલ.

૨. વિ. એક ચક્ષુવાળું.

૩. વિ. રોગથી આંધળું થયેલ.

ગિરિકાસાર [સં. ગિરિ (પર્વત) + કાસાર (સરોવર)] ન. પર્વત ઉપર આવેલું તળાવ.

ગિરિકુજ [સં.] ન. મહાભારતમાં જણાવેલું એ નામનું એક પ્રાચીન તીર્થ.

ગિરિકુંડ પું. પર્વત ઉપર આવેલો કુંડ.

ગિરિકૂપ [સં. ગિરિ (પર્વત) + કૂપ (કૂવો)] પું. પર્વત ઉપર આવેલો કૂવો.

ગિરિકોફી સ્ત્રી. પર્વતના ઢાળ ઉપર ઉગાડેલ બુંદ.

ગિરિક્ષિપ્ર ૧. [સં.] પું. (પુરાણ) અક્રૂરના એક ભાઈનું નામ.

૨. વિ. પર્વતને પણ ઊંચો કરી શકે એવા સામર્થ્યવાળું.

ગિરિખોહ [પ્રા.] સ્ત્રી. પહાડની કઢણ.

ગિરિખ્યાતિ [સં. ગિરિ (પર્વત) + ખ્યાતિ (કીર્તિ)] સ્ત્રી. પર્વતનો મહિમા.

ગિરિગહ્વર ૧. પું. મહાભારતમાં જણાવેલ એ નામનો એક પ્રાચીન દેશ.

૨. [સં. ગિરિ (પર્વત) + ગહ્વર (ગુફા)] સ્ત્રી. ગિરિ અને ગહ્વર; પર્વત અને ગુફા.

૩. સ્ત્રી. પર્વતની ગુફા.

ગિરિગુડ [સં.] પું. રમવાનો દડો.

ગિરિગ્રામ ૧. [સં. ગિરિ (પર્વત) + ગ્રામ (ગામડું)] પું. પર્વત ઉપરનું ગામડું.

૨. પું. પર્વત ઉપરનું વિસામાનું સ્થાન.

ગિરિચઢણ જુઓ ગિરિચઢાવ.

ગિરિચઢાવ પું. ગિરિ ઉપર ચડવાનો ઢાળ; પર્વત ઉપર જવાનું ચઢાણ.

ગિરિચર ૧. [સં.] પું. ચોર.

૨. પું. પહાડી લોક.

૩. પું. રુદ્ર દેવ.

૪. વિ. પર્વતમાં વિચરનાર.

ગિરિજ ૧. [સં.] પું. ગેરુ.

૨. પું. ગૌર શાક.

૩. પું. મધુક વૃક્ષ; મહુડાનું ઝાડ.

૪. ન. અભ્રક.

૫. ન. લોઢું; લોખંડ.

૬. ન. લોધ્ર વૃક્ષ.

૭. ન. લોબાન.

૮. ન. શિલાજિત.

૯. વિ. પર્વતમાં પેદા થનાર.

ગિરિજક ન. જલાલપુરનું જૂનું નામ.

ગિરિજળસ્નાન [સં. ગિરિ (પર્વત) + જલ (પાણી) + સ્નાન (નાહવું તે)] ન. પર્વત ઉપરના જળમાં નાહવું તે.

ગિરિજા ૧. સ્ત્રી. એક વનસ્પતિ; રાસ્ના.

૨. સ્ત્રી. ગંગા નદી.

૩. સ્ત્રી. ચકોતરા; મોટું લીંબુ.

૪. સ્ત્રી. ચમેલી; માલતી.

૫. સ્ત્રી. જંગલી કેળ; ગિરિકદલી.

૬. સ્ત્રી. હરડે.

૭. [સં. ગિરિ (પહાડ) + જા (જન્મેલી)] સ્ત્રી. હિમાલયની પુત્રી પાર્વતી; ગૌરી.

> ઉમા અપર્ણા ઈશ્વરી ગૌરી **ગિરિજા** હોઈ,
> મૃડા ચંડિકા અંબિકા, ભવા ભવાની સોઈ.
>
> પિંગળલઘુકોષ

૮. ન. દેવળ.

ગિરિજાકુમાર જુઓ ગિરિજાતનય.

ગિરિજાતનય ૧. [સં. ગિરિજા (પાર્વતી) + તનય (દીકરો)] પું. કાર્તિકસ્વામી.

૨. પું. ગણપતિ.

ગિરિજાતંત પું. ગણેશ.

> દ્વૈમાતુર હેરંબ અને લંબોદર એકદંત,
> મૂષકવાહન ગજવદન ગણપતિ **ગિરિજાતંત**.
>
> પિંગળલઘુકોષ

ગિરિજાધર પું. શંકર; શિવ.

ગિરિજાનંદ જુઓ ગિરિજાનંદન.

ગિરિજાનંદન ૧. [સં.] પું. કાર્તિકસ્વામી.

૨. પું. ગણપતિ.

ગિરિજાનાથ જુઓ ગિરિજાપતિ.

ગિરિજાપતિ [સં. ગિરિજા (પાર્વતી) + પતિ (ધણી)] પું. શંકર; શિવ; મહાદેવ.

ગિરિજાપુત્ર ૧. [સં.] પું. કાર્તિકસ્વામી.

૨. પું. ગણપતિ.

ગિરિજામલ [સં.] ન. અભ્રક.

ગિરિજાવર પું. ગિરિજાપતિ; પાર્વતીના પતિ શંકર; મહાદેવ.

ગિરિજાવીજ [હિં.] પું. ગંધક.

ગિરિજાસુત ૧. [સં. ગિરિજા (પાર્વતી) + સુત (દીકરો)] પું. કાર્તિકસ્વામી.

૨. પું. ગણપતિ.

ગિરિજેશ [સં.] પું. શંકર.

ગિરિજ્વર [સં.] પું. વજ્ર; ઇંદ્રનું વજ્ર.

ગિરિજ્વાળા [સં. ગિરિ (પર્વત) + જ્વાલા (અગ્નિની ઝાળ)] સ્ત્રી. બળતા ડુંગરમાંથી નીકળતી ઝાળ.

ગિરિટોચ સ્ત્રી. પર્વતનું શિખર.

ગિરિઢાળ પું. ડુંગરનો ઢાળ.

ગિરિત ૧. [સં. ગૄ (ખાવું) + ત (ભૂત કૃદંતનો પ્રત્યય)] વિ. ખાધેલું; ભક્ષણ કરેલું.

૨. [સં. ગૄ (ગળવું) + ત (એલું)] વિ. ગળેલું; ગળી ગયેલું.

ગિરિતનયા [સં. ગિરિ (પર્વત) + તનયા (દીકરી)] સ્ત્રી. પાર્વતી; ગિરિજા.

ગિરિત્ર ૧. [સં.] પું. મહાદેવ; શિવ; રુદ્ર; વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ.

૨. પું. સમુદ્ર. જ્યારે ઇંદ્ર પર્વતની પાંખો કાપતો હતો ત્યારે મૈનાક પર્વત સમુદ્રમાં જઈને સંતાયો હતો. તે ઉપરથી સમુદ્રનું આ નામ પડ્યું કહેવાય છે.

ગિરિદર્શન [સં.] ન. પર્વતનું છેટેથી દેખાવું તે.

ગિરિદવ પું. પર્વત ઉપર વાંસડા ઘસાઈને લાગેલી આગ.

ગિરિદુર્ગ [સં.] પું. પર્વતને મથાળે આવેલો કિલ્લો. દુર્ગ ચાર પ્રકારના છેઃ ભૂમિદુર્ગ, જલદુર્ગ, ગિરિદુર્ગ અને ગહ્વરદુર્ગ.

ગિરિદેવધામ ન. પર્વત ઉપરનું દેવસ્થાન.

ગિરિદેશ ૧. [સં.] પું. પહાડી પ્રદેશ.

૨. પું. હિમાલયની આસપાસનો પ્રદેશ.

ગિરિદ્રુમ [સં.] ન. પર્વત ઉપર ઊગેલું ઝાડ.

ગિરિદ્રુમદળ [સં. ગિરિદ્રુમદલ] ન. પર્વત ઉપરનો ઝાડનો જથ્થો.

ગિરિધર ૧. પું. એ નામનો અઢારમી સદીની આખરમાં થઈ ગયેલો એક કવિ.

૨. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે રોલાવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૩૭ ગુરુ અને ૨૨ લઘુ મળી ૫૯ વર્ણની ૯૬ માત્રા હોય છે.

૩. પું. શ્રીકૃષ્ણ.

૪. વિ. પર્વતને ધારણ કરનાર; પર્વતને ઊંચકનાર.

ગિરિધરણ ૧. [સં.] પું. શ્રીકૃષ્ણ.

૨. વિ. ગિરિધારી; પર્વતને ધારણ કરનાર.

ગિરિધાતુ ૧. [સં.] સ્ત્રી. ગેરુ.

૨. સ્ત્રી. પર્વતમાંથી નીકળતી ધાતુ.

ગિરિધાર ૧. પું. પર્વત ધારણ કરનાર શ્રીકૃષ્ણ.

૨. સ્ત્રી. પર્વતની ટેકરી.

ગિરિધારક જુઓ ગિરિધરણ.

ગિરિધારી ૧. [સં. ગિરિધારિન્] પું. શ્રીકૃષ્ણ ભગવાન. તેણે ગોવર્ધન પર્વતને ધારણ કર્યો હતો.

૨. વિ. પર્વતને ધારણ કરનાર.

ગિરિધ્વજ [સં.] પું. ઇંદ્રનું વજ્ર.

ગિરિનગર ૧. [સં.] પું. દક્ષિણ દિશામાં આવેલો એક પ્રાચીન દેશ.

૨. ન. ગિરનાર પર્વતની તળેટીમાં આવેલું એક શહેર; હાલના જૂનાગઢનું પ્રાચીન નામ. ઘણા વખતથી તે તીર્થસ્થાન, મુખ્ય શહેર, કોટ અને મેળાને માટે પ્રખ્યાત હતું, તેથી અશોકે ત્યાં શિલાલેખ કોતરાવ્યો. આ શહેરની પવિત્રતા માટે કહેવાય છે કે શંકરે ત્યાં સખ્ત તપ કર્યું હતું. જ્યારે તપ પૂરું થયા પછી તે કૈલાસ ગયા ત્યારે ગિરનાર ઉપર પોતાનું વસ્ત્ર મૂકતા ગયા હતા. તેથી તે જગ્યાને વસ્ત્રાપથ પણ કહેવાય છે. અશોકના સમયમાં કાઠિયાવાડના ઉપરાજ્યનું તે મુખ્ય નગર હતું. જ્યારે ગુપ્ત રાજ્ય સાથે સૌરાષ્ટ્રને જોડી દેવામાં આવ્યું ત્યારે પણ જૂનાગઢ સૌરાષ્ટ્રની રાજધાનીનું શહેર હતું. વલ્લભી વંશના રાજા ભટ્ટાર્કે ગિરિનગરથી વલ્લભી શહેર પોતાની રાજધાની ફેરવી અને ગિરિનગરમાં એક સૂબો નીમ્યો. વલ્લભી વંશની પડતી પછી તે સૂબો સ્વતંત્ર થયો અને તેણે ચૂડાસમા વંશ સ્થાપ્યો. નવમી સદીમાં ચૂડાસમા રાજાઓએ પોતાની રાજધાની વામનસ્થળીએ ફેરવી. અશોકના અને તે પહેલાંના સમયમાં ઉર્જ્જયંત કે ગિરનાર પર્વત પ્રખ્યાત હતો. મહારાજા અશોકે ત્યાં સુદર્શન તળાવ સમરાવ્યું અને લેખ કોતરાવ્યો ત્યારે તેની તળેટીમાં ગિરિનગર કે હાલનું જૂનાગઢ વસેલું હતું. હાલનું જૂનાગઢ ૨૪૦૦ વર્ષ ઉપરના ગિરિનગરનું રૂપાંતર છે. આ શહેરને આદિકાળમાં મણિપુર, સ્મૃતિકાળમાં ચંદ્રકેતુપુર, પછી રૈવતનગર અને કળિકાળમાં પુરાતનપુર પણ કહેતા હતા. આ ગિરિનગર બૌદ્ધો, જૈનો અને હિંદુઓ એમ બધા માટે તીર્થસ્થાન ગણાતું.

ગિરિનદી [સં.] સ્ત્રી. પર્વત ઉપરથી વહેતી નદી.

ગિરિનંદિની ૧. [સં.] સ્ત્રી. ગંગા નદી.

૨. સ્ત્રી. પર્વત ઉપરથી વહેતી કોઈ નદી.

૩. સ્ત્રી. પાર્વતી.

ગિરિનંદી [સં.] પું. શિવના ગણના ત્રણ માંહેનો એક પ્રકાર.

ગિરિનાથ [સં.] પું. મહાદેવ; શિવ.

ગિરિનાર પું. ગિરનાર પર્વત. જૈનોએ આ પર્વતને પવિત્ર ગણી તેને નેમિનાથને અર્પણ કર્યો છે. શેત્રુંજા કરતાં ગિરિનાર તેના ઉપરના લેખો મળી આવવાથી જૂનો ઇતિહાસ બતાવી આપે છે. ગિરિનાર અગાઉ એક મોટું ઐતિહાસિક સ્થળ હશે એમ અનુમાન થઈ શકે છે. વળી આં પર્વતની તળેટીમાં ઈ. સ. ૧૮૮૯માં એક સ્તૂપ જડી આવ્યો છે. જ્યારે યુઆંગચંગે ઈ. સ. ૬૪૦માં આ જગ્યાની મુલાકાત લીધી ત્યારે તેના કહેવા પ્રમાણે ત્યાં લગભગ પચાસ તો મઠો હતા.

ગિરિનિવાસ [સં.] પું. પર્વત ઉપરનું રહેઠાણ; 'સેનેટોરિયમ'.

ગિરિર્નિબ [સં.] પું. પહાડી લીમડો.

ગિરિપગથાર પું. પર્વત ઉપર આવવા જવાનો રસ્તો; પગથિયાં; કેડી.

ગિરિપતન ૧. [સં.] ન. એક જાતનું બાળમરણ.

૨. ન. પર્વત ઉપરથી પડીને મરણ નિપજાવવું તે.

ગિરિપતિ ૧. [સં.] પું. શ્રેષ્ઠ મોટો પર્વત.

૨. પું. હિમાલય.

ગિરિપથ જુઓ ગિરિપગથાર.

ગિરિપાત [સં.] પું. પર્વત ઉપરથી પડીને મરી જવું તે.

ગિરિપુષ્પક ૧. [સં.] ન. પર્વત ઉપર પથ્થર માથે થતું એક જાતનું ઝાડ.

૨. ન. શિલાજિત.

ગિરિપ્રવચન ન. ડુંગર ઉપરનું વ્યાખ્યાન; ઇસુ ખ્રિસ્તે પર્વત ઉપરથી આપેલું પ્રવચન.

ગિરિપ્રિયા ૧. [સં.] સ્ત્રી. ચમરી મૃગ.

૨. સ્ત્રી. સુરા ગાય.

ગિરિફ્રૂત (ગિરિફ્તૂ) ૧. [ફા. ગિરિફ્તન] સ્ત્રી. કાથો.

૨. સ્ત્રી. પકડ; પકડવું તે.

૩. સ્ત્રી. વાંધો.
  ગિરિફ્ત કરવું = અપવાદ કરવો.

ગિરિફ્તગી (ગિરિફ્તગી) [ફા.] સ્ત્રી. પકડ; પકડવું તે.

ગિરિફ્તા (ગિરિફ્તા) [ફા.] વિ. પકડેલું.

ગિરિફ્તાર (ગિરિફ્તાર) ૧. [ફા. ગિરિફ્તન (પકડવું)] પું. કેદી.
૨. પું. કેરી.
૩. વિ. દુઃખમાં સપડાયેલું.
૪. વિ. પકડેલું.
  ૧. ગિરિફ્તાર કરવું = પકડવું; કેદ કરવું.
  ૨. ગિરિફ્તાર થવું = કેદ પકડાવું; ફસાવું.

ગિરિફ્તારી (ગિરિફ્તારી) ૧. [ફા.] સ્ત્રી. કેદ; અટકાયત; બંધન.
૨. સ્ત્રી. ગુલામી.
૩. સ્ત્રી. જાળ.
૪. સ્ત્રી. મુશ્કેલી; મુસીબત.

ગિરિભવન [સં.] ન. પર્વત ઉપરનું રહેઠાણું.

ગિરિભિદ ૧. [સં. ગિરિભિદ્] પું. ઇંદ્ર.
૨. પું. એ નામની એક વનસ્પતિ; પાષાણભેદ.
૩. ન. પથ્થરને તોડી નાખે તેવું ઝાડ.

ગિરિભૂ ૧. [સં.] સ્ત્રી. ગંગા.
૨. સ્ત્રી. પર્વતની ભૂમિ.
૩. સ્ત્રી. પાર્વતી.
૪. વિ. પર્વતમાં ઉત્પન્ન થનાર કે હોનાર.

ગિરિભોગ્યસ્થલ [સં.] ન. હવા ખાવાની ટેકરી.

ગિરિમલ્લિકા [સં. ગિરિ (પર્વત) + મલ્લિકા (મોગરો)] સ્ત્રી. કડાછાલ; કુટજ.

ગિરિમંદિર [સં. ગિરિ (પર્વત) + મંદિર (દેરું)] ન. પર્વત ઉપરનું મંદિર.

ગિરિમાન [સં.] પું. હાથી.

ગિરિમાલ [સં.] પું. જેમાંથી યજ્ઞનો સ્તંભ કરાય છે તે એક પહાડી ઝાડ.

ગિરિમાળ જુઓ ગિરિમાળા.

ગિરિમાળા [સં. ગિરિ (પર્વત) + માલા (હાર)] સ્ત્રી. પર્વતની હાર.

ગિરિમૃત્તિકા [સં. ગિરિ (પહાડ) + મૃત્તિકા (માટી)] સ્ત્રી. ગેરુ; પહાડી માટી.

ગિરિમૃદ [સં. ગિરિમૃદ્] સ્ત્રી. ગેરુ; પહાડી માટી.

ગિરિમેદ [સં.] પું. એક જાતનો દુર્ગંધી ખેર.

ગિરિયક ૧. [સં.] પું. ગેંદુક વૃક્ષ.
૨. પું. બાળકને રમવાનું એક સાધન; ગેડી.

ગિરિયજ્ઞ પું. કોંકણ દેશમાં ચોમાસામાં થતો એક જાતનો ઉત્સવ.

ગિરિયા [ફા.] વિ. રડતું; રુદન કરતું.

ગિરિયાન ૧. [સં. ગિરિ (પર્વત) + યાન (જવું તે)] ન. પર્વત ઉપર જવું તે; ગિરિયાત્રા.
૨. [ફા.] વિ. રડતું; રુદન કરતું.

ગિરિયાવલ પું. (કચ્છી) એક જાતનો વેલો. તેના ઉપર પીળાશ લેતા વાળની લાંબી રૂંછાળ હોય છે. તેનાં ફૂલ ધોળાં અને ફળ ગોળાઈ લેતાં અણીદાર હોય છે. તેનાં મૂળ પાણીમાં વાટીને ઝેરી જનાવરોના ડંખ ઉપર ચોપડાય છે.

ગિરિયેક ૧. પું. પાંચાણ નદીને કિનારે આવેલ એ નામનો ડુંગર; ગિધ્રકૂટ.
૨. ન. પટણા જિલ્લાની દક્ષિણ સીમા ઉપર આવેલું એક બૌદ્ધ ગામડું.

ગિરિયો પું. રશિઅ નામનો દેશ.

ગિરિર [હિં.] પું. જરખ; તરસ; કૂતરાની જાતનું ચટાપટાવાળું જંગલી પ્રાણી.

ગિરિરત પું. શિવ; મહાદેવ.

ગિરિરવ [સં. ગિરિ (પર્વત) + રવ (અવાજ)] પું. પર્વતમાંથી આવતો અવાજ; પર્વતમાં ઝાડોના અથડાવાથી અથવા પશુપંખીના બોલવાથી આવતો અવાજ.

ગિરિરાજ ૧. [સં. ગિરિ (પર્વત) + રાજન્ (રાજા)] પું. ગોવર્ધન પર્વત. આ પર્વતને શ્રીકૃષ્ણચંદ્રે સાત દિવસ કરાંગુલી ઉપર ધારણ કર્યાનું કહેવાય છે. તેનો પથ્થર રાતો કાળો છે. પર્વત ઉપર જે સિંદૂરી શિલા છે તેની પાસેના પથ્થરોમાંથી શિલાજિત જેવો રસ નીકળે છે. આ પર્વતની ધાર સાંકડી છે. એ પર્વતનો સામાન્ય આકાર ઊંટના કાઠા જેવો લાંબો છે.
૨. પું. પર્વતનો રાજા; હિમાલય.
૩. પું. મેરુ પર્વત.
૪. પું. મોટો પર્વત; શ્રેષ્ઠ પર્વત.
૫. ન. તાડના વર્ગનું એક સુંદર ઝાડ.

ગિરિરાજકન્યકા [સં. ગિરિરાજ (હિમાલય પર્વત) + કન્યકા (દીકરી)] સ્ત્રી. પાર્વતી; શંકરની સ્ત્રી.

ગિરિરાજશોભા પું. એક જાતનું વૃક્ષ. તેનાં પાન દોઢ ફૂટ લાંબાં, એક ઈંચ પહોળાં અને છેડે અણીદાર હોય છે. એ પાન એકબીજાં સામસામાં અને થડ લીસું હોય છે.

ગિરિરાય જુઓ ગિરિરાજ.

ગિરિરુહ પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

ગિરિલેખ [સં. ગિરિ (પર્વત) + લેખ (લખેલું તે)] પું. લખેલ લેખ; ગિરિમાં લખેલ રાજઆજ્ઞા.

ગિરિવર જુઓ ગિરિરાજ.

ગિરિવરધર ૧. [સં.] પું. ગિરધારી; શ્રીકૃષ્ણ. તેમણે ગોવર્ધન પર્વત ટચલી આંગળી ઉપર સાત દિવસ ધરી રાખ્યાનું કહેવાય છે.
૨. વિ. પર્વતને ધારણ કરનાર.

ગિરિવરધરરાય પું. શ્રીકૃષ્ણ.

ગિરિવરધારી જુઓ ગિરિવરધર.

ગિરિવરસુતા [સં. ગિરિવર (હિમાલય પર્વત) + સુતા (દીકરી)] સ્ત્રી. પાર્વતી.

ગિરિવાક્ય ન. હિમાદ્રિનું વચન; હિમાલયની વાત.

ગિરિવાટ સ્ત્રી. પર્વતની ઉપરની કેડી.

ગિરિવાસી ૧. પું. એક જાતનું સુગંધી કંદમૂળ.
૨. [સં. ગિરિ (પર્વત) + વાસિન્ (રહેનાર)] વિ. પર્વતમાં વસનાર.

ગિરિવાહ [સં. ગિરિ (પર્વત) + વહ્ (વહેવું)] પું. પર્વતમાંથી નીકળતો જળનો પ્રવાહ; ગિરિઝરણ.

ગિરિવ્રજ ૧. પું. પર્વતનો સમુદાય.
૨. પું. બે પર્વતની વચ્ચેનો પ્રદેશ.
૩. પું. રાજગૃહ પાસેના પાંચ પહાડ.
૪. ન. (પુરાણ) કેકય દેશની રાજધાનીનું શહેર; ઝેલમ નદીથી વાયવ્યે ત્રીશ માઈલ ઉપર આવેલું ગિરિઝક અથવા જલાલપુર. આ નગરી રામચંદ્રજીના સ્વર્ગારોહણ પછી ઊજડ પડી હતી. તે ઉપરિચર વસુ રાજાએ ફરી વસાવી હતી, તેથી એને વસુમતી પણ કહેતા. પાંડવોના સમયમાં અહીં જરાસંધ રાજા અને એની પછી એનો પુત્ર સહદેવ રાજ કરતો હતો.
૫. [સં. ગિરિ (પર્વત) + વ્રજ (ગોવાળોનું ગામ)] ન. મગધ દેશનું રાજનગર; રાજગૃહ. પહાડોની વચમાં આવેલું ગોવાળોનું ગામ એવો તેનો શબ્દાર્થ થાય છે. મગધની રાજધાની રાજગૃહને તેની આસપાસના વિભારગિરિ, વિપુલગિરિ, ઉદયગિરિ, સુવર્ણગિરિ અને રત્નગિરિ એમ પાંચ પહાડોના કારણે ગિરિવ્રજ પણ કહે છે. મહાભારતમાં પાંચ પહાડોનો ઉલ્લેખ આવે છે, પણ તેમાં તેનાં નામ આ પ્રમાણે આપેલ છે: વેહાર કે વૈભાર, વરાહ, વૃષભ, ઋષિગિરિ અને ચૈત્યક. વળી વૈભાર, વિપુલ, રત્નકૂટ, ગિરિવ્રજ અને રત્નાચલ એ રીતે પાંચ પર્વતનો ઉલ્લેખ વાયુપુરાણના રાજગૃહ માહાત્મ્યમાં છે.

ગિરિવ્રજપુર ૧. ન. પંજાબમાં બિયાસ નદીની ઉત્તરે આવેલ રાજગિરિ. તે કેકય દેશની રાજધાની હતું.

૨. ન. બિહારમાં આવેલું રાજગિર નામનું નગર; બૌદ્ધ સમયનું કુસુમપુર; રાજગૃહ. મહાભારતના સમયમાં તે મગધની રાજધાની હતું. વળી વસુ નામના રાજાએ વસાવેલું હોવાથી તેને વસુમતી પણ કહેતા. આ શહેરની આજુબાજુ પર્વતોની ખીણમાં જરાસંધનો મહેલ હતો. મહાવીર સ્વામીની નિર્વાણનગરી પાવાપુરી આ શહેરથી નૈર્ઋત્યમાં દશ માઈલ ઉપર આવેલ છે.

ગિરિશય [સં.] પું. શિવ; શંકર.

ગિરિશંત [સં.] પું. મહાદેવ; શંકર. કૈલાસ પર્વત ઉપર રહીને સુખ દેતા હોવાથી તે ગિરિશંત કહેવાય છે.

ગિરિશાલ [સં.] પું. એક જાતનું બાજ પક્ષી.

ગિરિશાલિની [સં.] સ્ત્રી. અપરાજિતા વેલ.

ગિરિશિખર [સં.] ન. પર્વતની ટોચ.

ગિરિશીશ જુઓ ગિરિશિખર.

ગિરિશૃંગ ૧. [સં.] પું. ગણપતિ; ગજાનન.

૨. ન. પર્વતનું શિખર; પર્વતની ટોચ.

ગિરિષ્ઠા ૧. [સં.] પું. મહાદેવ; શંકર.

૨. વિ. પર્વતમાં સ્થિતિ કરનાર; પર્વતમાં રહેનાર.

ગિરિસર્પ [સં.] પું. એક જાતનો પહાડી સાપ.

ગિરિસાધન [સં.] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

ગિરિસાર ૧. [સં.] પું. કલઈ.

૨. પું. દક્ષિણ હિંદુસ્તાનનો મલયાચલ પર્વત.

૩. પું. લોઢું.

૪. પું. શિલાજિત.

ગિરિસિંદૂર [સં.] પું. પર્વત ઉપર નાના પથ્થરમાં સુકાઈ લાલ થતો પારો.

ગિરિસુત [સં. ગિરિ (પર્વત) + સુત (દીકરો)] પું. મૈનાક પર્વત.

ગિરિસુતા [સં. ગિરિ (પર્વત) + સુતા (દીકરી)] સ્ત્રી. પાર્વતી.

ગિરિસ્રવા [સં. ગિરિ (પર્વત) + સ્રવ્ (ઝરવું)] સ્ત્રી. પર્વતમાંથી નીકળતી નદી.

ગિરિસ્રોત ન. પર્વતમાંથી ઉત્પન્ન થતું ઝરણું; નગઝરણું.

ગિરિસ્વેદ [સં.] પું. શિલાજિત.

ગિરિહ ૧. સ્ત્રી. ગજનો એક ભાગ.

૨. સ્ત્રી. ગાંઠ; ગ્રંથિ.

૩. સ્ત્રી. ગેરસમજ.

૪. સ્ત્રી. વહેમ.

૫. સ્ત્રી. સાંધો.

ગિરી ૧. [હિં.] પું. દશ માંહેના એક પ્રકારનો સંન્યાસી

૨. પું. શંકરાચાર્યનો એ નામનો એક મૂઢ શિષ્ય. ગુરુકૃપાથી તેને સહજમાં જ ચૌદ વિદ્યા મળી. તોટક વૃત્તથી તેણે ગુરુની સ્તુતિ કરી, તથી તેનું નામ તોટકાચાર્ય પડ્યું હતું.

૩. [સં.] સ્ત્રી. નાની ઉંદરડી.

૪. સ્ત્રી. મગજ; ગર્ભ; ગર.

૫. સ્ત્રી. મૂર્છા; બેભાન થવું તે.

ગિરીત્ર પું. શંકર; શિવ.

ગિરીરોહી પું. દશમી શતાબ્દિમાં આર્યાવર્તમાં પ્રવર્તતો એક ધર્મ.

ગિરીશ ૧. [સં.] પું. અગિયારની સંખ્યા.

૨. પું. એ નામનો એક રુદ્ર. વીરભદ્ર, શંભુ, ગિરીશ, અજ, એકપાદ, અહિર્બુધ્ન, પિનાકી, કપાલી, વિશાંપતિ, સ્થાણુ અને ભવ એ અગિયાર રુદ્ર છે.

૩. પું. કૈલાસ પર્વત.

૪. પું. ગેરુ.

૫. પું. ગોવર્ધન પર્વત.

૬. પું. પર્વતનો રાજા; હિમાલય.

૭. પું. બૃહસ્પતિ.

૮. પું. મહાદેવ; શિવ; શંભુ.

૯ પું. મોટો પર્વત.

૧૦. પું. વાણીના દેવ; બ્રહ્મા.

૧૧. પું. સુમેરુ પર્વત.

ગિરીશજા [સં. ગિરિશ (હિમાલય પર્વત) + જા (જન્મેલી)] સ્ત્રી. હિમાલય પર્વતની પુત્રી; પાર્વતી.

ગિરીશ્વર [સં.] પું. શિવ; શંકર.

ગિરીંદ્ર ૧. [સં. ગિરિ (પર્વત) + ઇંદ્ર (રાજા)] પું. મોટો પર્વત.

૨. પું. શિવ.

૩. પું. હિમાલય.

ગિરેખમ પું. ગરમીની ઋતુ; ઉનાળો.

ગિરેબંધ ૧. પું. ગલપટો; કોલર.

૨. પું. ગળેબંધ; સળિયાના મકોડા તથા કડી ઘડીને પરોવેલી જાળીનો ઘાટ; છવીટિયાવાળી જાળી.

૩. પું. ડોકનો એક દાગીનો.

ગિરેબાજ ન. ઊડતાં ઊડતાં ગુલાંટ ખાનારૂં એક જાતનું કબૂતર.

ગિરેબાન ૧. પું. ખીસું.

૨. પું. ટોપી.

૩. પું. ડોક અને ગરદન ઢંકાય એવો પોષાક; ગળેબંધ; ગળપટ્ટો.

ગિરેવા ૧. પું. ચઢાણવાળો રસ્તો.

૨. સ્ત્રી. નીચી ટેકરી.

ગિરેશ ૧. [સં.] પું. પર્વતનો રાજા.

૨. પું. વાણીનો ઈશ; બ્રહ્મા; વાચસ્પતિ.

૩. પું. વિષ્ણુ.

ગિરોટ ન. પંજાબમાંના શાહપુર જિલ્લાનું એ નામનું એક તીર્થ. આ ગામ હિંદુ મુસલમાન બંનેને માટે પવિત્ર તીર્થ ગણાય છે. મુસલમાનો જમાલી સુલતાનના નામથી અને હિંદુઓ દયાળ ભાવનના નામથી ત્યાં એકત્ર થાય છે.

ગિરોલી સ્ત્રી. ગરોળી; ઢેઢગરોળી.

ગિરોહ ૧. પું. નાત; જ્ઞાતિ. તેમાં વંશપરંપરાથી ઊતરી આવેલો આગેવાન હોય છે. તે પંચની સાથે રહી નાતના કજિયા વગેરે પતાવે છે.

૨. પું. માણસોનું ટોળું.

૩. પું. વર્ગ; સમૂહ.

૪. પું. સભા; મંડળ.

ગિર્ગિટ ૧. પું. કાકીડો.

૨. સ્ત્રી. ઢેઢગરોળી.

ગિર્ગુટ જુઓ ગિર્ગિટ.

ગિર્જા [પોર્તુ.] પું. ખ્રિસ્તી દેવળ.

ગિર્થાપન ન. કરકસર.

ગિર્દ ૧. પું. ખાતું; વિભાગ.

૨. પું. ચક્ર; ગોળ.

૩. પું. દીવાલ.

૪. પું. વાડો.

૫. અ. આસપાસ; ચોતરફ.

૬. અ. નજીક.

ગિર્દગાન [ફા.] ન. એક જાતનું ફળ; અખરોટ.

ગિર્દગાર [ફા.] પું. સર્જનહાર; ઈશ્વર.

ગિર્દઘૂમા ૧. પું. નવો શીખનાર માણસ.

૨. પું. પૈસા વિનાનો રંડીબાજ.

૩. વિ. રખડું; રઝળુ.

ગિર્દનવાઈ ૧. સ્ત્રી. કિલ્લો તથા તેની આસપાસના પ્રદેશનું રક્ષણ કરવાનું કામ.

૨. [ફા.] સ્ત્રી. શહેરને ફરતો કોટ તથા તેની આસપાસનો પ્રદેશ.

ગિર્દનવાહ ૧. પું. પાડોશ.

૨. ન. શહેરનું પરું.

ગિર્દનવાહી જુઓ ગિર્દનવાઈ.

ગિર્દ બ ગિર્દ [ફા.] અ. ચોતરફ; બધી બાજુએ.

ગિર્દબાદ [ફા.] પું. વંટોળિયો; વાવાઝોડું.

ગિર્દબાલિશ [ફા.] પું. ગાલમશૂરિયું; ગાલ નીચે રાખવાનું નાનું ઓશીકું.

ગિર્દવાર ૧. [ફા.] પું. ચોકી; પહેરો.
૨. પું. પોલીસનો ઉપરી.

ગિર્દા ૧. પું. ગોળ; ચક્કર.
૨. પું. ગોળ આકારમાં કપાવેલા વાળ.
૩. પું. ગોળ તકિયો; ગોળ ઓશીકું.
૪. પું. ગોળ પણ પાતળી નહિ એવી એક જાતની પૂરી.
૫. પું. ગોળ રકાબી.
૬. પું. ઢોલનો પોલો ભાગ.
૭. પું. બે પેન્સની કીમતનો રૂપાનો એક સિક્કો.
૮. પું. બોડેલું માથું.
૯. પું. સૂર્યનું બિંબ.
૧૦. પું. હુક્કા નીચે પથરાતી ગોળ સાદડી.
૧૧. સ્ત્રી. ઢાલ.
૧૨. વિ. ગોળ.
૧૩. અ. આસપાસ; ચોતરફ.

ગિર્દાગિર્દ [ફા.] અ. ચોતરફ; આસપાસ.

ગિર્દાબ ૧. [ફા.] પું. ચકરાવો.
૨. પું. પાણીનું વમળ; ઘૂમરી.
૩. પું. પાણીનો ધૂનો; ધરો.

ગિર્દાવર ૧. [ફા.] પું. ચોકીદાર.
૨. પું. દાણ માટે નિમાયેલ અધિકારી.
૩. પું. રોન; ચોકી.
૪. અ. ચોતરફ; આસપાસ.

ગિર્દાવરી ૧. [ફા. ગસ્તન (ફરવું) + વારી (નામ બનાવનાર પ્રત્યય)] પું. ચોકી; રોન; પહેરો.
૨. સ્ત્રી. એકઠું કરવું તે.
૩. સ્ત્રી. જકાતની વસૂલાત.
૪. સ્ત્રી. બિનજકાતી માલ ઉપર દેખરેખ રાખવી તે.

ગિર્દાવા [ફા.] સ્ત્રી. ચોકી; પહેરો.

ગિર્દિગાર [ફા.] પું. સરજનહાર; ઈશ્વર.

ગિર્દી સ્ત્રી. ગોળાકાર નાનું ઓશીકું.

ગિર્યાહ્વા [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; ગરણી.

ગિર્વીદગી ૧. સ્ત્રી. નવાજિશ; બક્ષિશ.
૨. સ્ત્રી. નિષ્ઠા; શ્રદ્ધા.

ગિર્હસ્ત પું. ગૃહસ્થ.

ગિર્હસ્તી વિ. ગૃહસ્થને લગતું.

ગિલ્ [સં.] સ. ક્રિ. ગળવું; ગળી જવું.

ગિલ ૧. [હિં.] સ્ત્રી. માટી; જમીન.
૨. સ્ત્રી. રસ્તો.
૩. [સં.] ન. ગળી જનાર એક જાતનું જળચર પ્રાણી.
૪. ન. બીજોરું.
૫. વિ. ગળી જનાર; ખાનાર.

ગિલકાર [ફા.] પું. ગારો અથવા પ્લાસ્ટર કરનાર માણસ.

ગિલગિલ [સં.] પું. મગર; ગિલ જાતિના જળચરને પણ ગળી જનાર એક જળચર પ્રાણી.

ગિલગિલા વિ. ચીકણી માટીવાળું; ચીકટ.

ગિલગિલિયાં જુઓ ગલગલિયાં.

ગિલગિલિયું ૧. ન. કોગળા કરવાનો અવાજ.
૨. ન. લેલાડું નામનું પક્ષી.

ગિલગ્રાહ [સં.] પું. એક જાતનું જળચર પ્રાણી; મગર.

ગિલજઈ ૧. [હિં.] સ્ત્રી. અફઘાનિસ્તાનમાં રહેતી એક જાતિ. આ જાતિના લોક બહુ શૂરવીર ગણાય છે.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

ગિલટ ૧. પું. કઠણ ગાંઠનો સોજો.
૨. પું. સોનું, રૂપું કે બીજી ધાતુનો વીજળીના પ્રયોગથી ધાતુ ઉપર ઓપ ચડાવવો તે.
૩. ન. ગૂમડું.

ગિલટી ૧. [અં. ગિલ્ડ] સ્ત્રી. ગિલટ; સોનું, રૂપું કે બીજી ધાતુનો વીજળીના પ્રયોગથી ધાતુ ઉપર ઓપ ચડાવવો તે.
૨. [હિં.] સ્ત્રી. ગૂમડું.

ગિલડ (ગિલડ઼) પું. ગળાની ગ્રંથિનો સોજો.

ગિલતાન ૧. પું. ફડેતાલ જડતાં માંડવીમાં પાટડી ઉપર જે બીજી બે ચીતરેલી પાટડી મૂકવામાં આવે છે તેમાંની પહેલી; ચીકલવટ.
૨. પું.; સ્ત્રી. મોભ વગેરેનો ત્રિશૂળના આકારનો ટેકો; ઘોડિયાટ.

ગિલતો ૧. પું. ગોળ ખૂણિયા જ્યાં આવે ત્યાં જરૂરિયાત મુજબના માપની નાખવામાં આવતી તક્તી.
૨. પું. સુતારનું એક ઓજાર.

ગિલમાન પું. નાની ઉમરનો સુંદર છોકરો.

ગિલવો પું. ચૂનો તથા કાંકરાનું બનાવેલું પ્લાસ્ટર; છોલાણું; છો.

ગિલસફેદ સ્ત્રી. ખડી; ચાક.

ગિલહરી સ્ત્રી. ખિસકોલી.

ગિલહરીમાર ન. નાનું ગરુડ.

ગિલંદાઝી સ્ત્રી. માટીની પાળ.

ગિલા ૧. સ્ત્રી. થાક; ખેદ.
૨. સ્ત્રી. નિંદા.
૩. સ્ત્રી. ફરિયાદ.
૪. સ્ત્રી. બીમારી; માંદગી.
૫. સ્ત્રી. મશ્કરી; ઠેકડી; હાંસી.

ગિલાખોર વિ. ચાડીચૂગલી કરનાર; નિંદક.

ગિલાગુઝાર વિ. ફરિયાદ કરનાર.

ગિલાગુઝારી [ફા.] સ્ત્રી. ફરિયાદ કરવાપણું.

ગિલાણ ૧. વિ. ઉદાસ; ખિન્ન.
૨. વિ. દુર્બળ; નબળું.
૩. વિ. રોગી; બીમાર.

ગિલાણી ૧. સ્ત્રી. ખેદ; શોક.
૨. સ્ત્રી. થાક.
૩. સ્ત્રી. બીમારી.

ગિલાન ૧. સ્ત્રી. ધિક્કાર; તિરસ્કાર.
૨. સ્ત્રી. નદીના કાંઠા ઉપરની નીચી ભેજવાળી જમીન.
૩. સ્ત્રી. ભેજ; ભીનાશ.

ગિલાફ (ગિલાફ઼) ૧. [અ.] પું. કપડાનું બનાવેલું તકિયા વગેરેને ચડાવવાનું ખોળિયું; ગલેફ; ખોળ.
૨. પું. ઢાંકણ; ઉપરનું પડ.
૩. પું. મયાન; તલવાર રાખવાનું સાધન.
૪. પું. મોટી રજાઈ.

ગિલાયુ [સં.] પું. ગળાનો મસ; ગળાના સત્તર માંહેનો એક રોગ.

ગિલાવા [ગિલ (માટી) + આબ (પાણી)] પું. ગારો.

ગિલાવો પું. લીંપણ; ગાર.

ગિલાસ [અં. ગ્લાસ] ૧. પું. કાચ.
૨. પું. પ્યાલો.

ગિલિ ૧. સ્ત્રી. ગડગૂમડ કે બીજા દરદને લીધે આવતો સોજો; વેળ.
૨. સ્ત્રી. વેંત અથવા વેંતથી ઓછો એવો લાકડીનો કટકો; મોઈ.
૩. સ્ત્રી. શરીરના નાજુક અને કોમળ ભાગને બીજાનો સ્નેહાળ હાથ કે અવયવ અડતાં ઉત્પન્ન થતી આનંદની લાગણી અથવા ચળવળ; શરીરની કુમળી ચામડી ઉપર થોડે જોરે પણ ઉતાવળી આંગળીઓ ફેરવ્યા કરવાથી થતો ચળવળાટ; મલકાટ.
૪. સ્ત્રી. સાંકડી શેરી.

ગિલિગિલી સ્ત્રી. શરીરની કુમળી ચામડી ઉપર થોડે જોરે પણ ઉતાવળી આંગળીઓ ફેરવવાથી થતો ચળવળાટ; ગલીપચી; ગલીગલી.

ગિલિત [સં.] વિ. ગળી ગયેલ; ગળે ઊતરી ગયેલ; ખાઈ ગયેલ.

ગિલિપચી સ્ત્રી. ગલીપચી; શરીરના અમુક ભાગમાં સ્પર્શથી થતી સળવળાટની મજેદાર અસર; ગિલિગિલી.

ગિલિમ ૧. પું. ગાલીચો.
૨. [ફા.] પું. ધાબળી; કામળી; કામળો.
૩. પું. શેતરંજી.

ગિલિયર [હિં.] વિ. આળસુ.

ગિલી ૧. [સં. કેલી] સ્ત્રી. આનંદ.
૨. સ્ત્રી. ગાંઠ; સોજો; વેળ.
૩. સ્ત્રી. જેમાંથી દાણા લઈ લેવામાં આવેલ હોય તેવું ડૂંડું.
૪. સ્ત્રી. મોઈ; મોઈદંડાની રમતમાં વપરાતો નાનો લાકડાનો કટકો.
૫. [હિં.] સ્ત્રી. વેંત.
૬. સ્ત્રી. શરીરના નાજુક અને કોમળ ભાગને બીજાનો સ્નેહાળ હાથ કે અવયવ અડતાં થતી આનંદની લાગણી; ગલીપચી.
૭. વિ. માટીનું.

ગિલીદંડો જુઓ ગિલ્લીદંડો.

ગિલીમ ૧. [ફા.] સ્ત્રી. ગાલીચો; શેતરંજી.
૨. સ્ત્રી. ધાબળો.
૩. સ્ત્રી. બકરાના વાળનું કપડું. ગિલીમ પ્રથમ ઈરાન અને તુરાન દેશમાંથી આયાત થતી, પણ અકબરે પરદેશી કારીગરો રાખી એ ઉદ્યોગ આગ્રા, ફતેહપુર અને લાહોરમાં ચાલુ કર્યો હતો.

ગિલેગુજાર ૧. [ફા. ગિલાગુઝાર] વિ. તકરારી.
૨. વિ. રુષ્ટ; ગુસ્સે થયેલું.

ગિલેગુજારી ૧. [ફા. ગિલાગુઝારી] સ્ત્રી. તકરાર.
૨. સ્ત્રી. રુષ્ટતા; ગુસ્સે હોવાપણું.

ગિલેફ પું. ગલેફ.

ગિલેસુખમિશ્રી [યૂ.] સ્ત્રી. ગેરુ.

ગિલેહિકમત સ્ત્રી. ચણતરમાં વપરાતો એક પદાર્થ; સિમેંટ.

ગિલો [સં. ગુડૂચી] પું. (હિંદી) એક ઔષધિ; ગળો નામની વનસ્પતિ. જુઓ ગળો.

ગિલોટિન ૧. ન. કાગળ એકસરખા કાપવામાં તથા પુસ્તકોની કોર એકસરખી કરવા માટે વપરાતું યંત્ર.
૨. ન. ફ્રાન્સમાં ગુનેગારોની કતલ માટે વપરાતુ એક યંત્ર. તેમાં તીક્ષ્ણ ધારવાળું એક વજનદાર પાનું હોય છે. તે ખાંચાવાળા બે ઊભા થાંભલાની વચ્ચે નીચે બાંધેલા ગુનેગારની ગરદન ઉપર તેના વજનથી જ પાડી શકાય છે. ઈ. સ. ૧૭૯૨માં ડોક્ટર ગિલોટિને આ યંત્રની શોધ કરી તે ઉપરથી તેને ગિલોટિન નામ આપવામાં આવ્યું છે.

ગિલોડી (ગિલોડ઼ી) ૧. સ્ત્રી. ગરોળી; એક ઝેરી જંતુ.
૨. સ્ત્રી. ઘોલી; ઘિલોડીનો વેલો. આ બારમાસી વેલો આઠ કે દશ વર્ષ સુધી રહે છે. તેનાં ફળ બે અઢી આંગળ લાંબાં અને અંગૂઠા જેટલાં જાડાં હોય છે. કડવી અને મીઠી એવા ગિલોડીના બે પ્રકાર છે. કડવી ગિલોડી કોઈ ખાતું નથી. મીઠી ગિલોડી મધુર તથા શીતળ છે અને ક્ષય. શ્વાસ, કમળો, પિત્તશોથ, રક્તવિકાર, વિષદોષ, ઉધરસ, રક્તપિત્ત તથા તાવનો નાશ કરે. તેનું ફળ ગુરુ, સ્વાદ, શીતળ, મલસ્તંભક, સ્તન્યકારક. પેટમાં વાત સંચય કરનાર તથા રુચિકર છે અને પિત્ત, રક્તદોષ, વાયુ, દમ, સોજો, દાહ તથા ઉધરસનો નાશ કરે છે. તેનાં ફૂલ ખરજ, પિત્ત તથા કમળાનો નાશ કરનાર મનાય છે. તેનાં મૂળ ધાતુવર્ધક છે અને હાથ પગનો દાહ, ભ્રાંતિ તથા ઊલટીનો નાશ કરે છે. તેની ભાજી શીતળ, મધુર, ગ્રાહક, તૂરી, પાક કાળે તીખી તથા વાતુલ છે અને કફ તથા પિત્તનો નાશ કરે છે. કડવી ગિલોડી વાંતિકારક છે અને રક્તવિકાર, કફ તથા પાંડુનો નાશ કરે છે. કડવી ગિલોડીનાં ફળ ગુરુ, કડવાં, વાંતિકર તથા વાયુને કોપાવનાર છે અને સોજો, વિષ, પિત્ત, રક્તવિકાર તથા કફનો નાશ કરનાર મનાય છે.

ગિલોય [હિં.] સ્ત્રી. એ નામની વનસ્પતિ; ગડુચી; ગળો.

ગિલોરી સ્ત્રી. એક જાતનું ઝાડ.

ગિલૌરી ૧. સ્ત્રી. તરવારની મૂઠ.
૨. [હિં.] સ્ત્રી. ત્રિકોણાકાર પાનનું બીડું.
૩. સ્ત્રી. બીડી.

ગિલૌંદા [હિં.] ન. મહુડાનું ફૂલ.

ગિલ્ટી [હિં.] સ્ત્રી. વિવાહ વખતે સગામાં વહેંચાતી એક જાતની ગળી પૂરી.

ગિલ્ડર પું. હોલંડ કે નેધરલંડમાં ચાલતો એક સિક્કો.

ગિલ્ડિંગ [અં.] ન. સોનેથી રસવું તે; સોનાનો ઓપ ચડાવવાપણું.

ગિલ્લા જુઓ ગિલા.

ગિલ્લાખોર વિ. બદબોઈ કરનાર; નિંદક; નિંદાખોર; ચાડીચૂગલી કરનાર.

ગિલ્લાખોરું જુઓ ગિલ્લાખોર.

ગિલ્લિ ૧. સ્ત્રી. ઊંટનું પલાણ.
૨. સ્ત્રી. બે માણસે ઉપાડેલી ડોળી; પાલખી.
૩. સ્ત્રી. હાથીની અંબાડી.

ગિલ્લિયાન સ્ત્રી. બદામ.

ગિલ્લી ૧. સ્ત્રી. ખિસકોલી.
૨. સ્ત્રી. ગલી; પોળ; સાંકડી શેરી.
૩. સ્ત્રી. મોઈ; મોઈદંડાની રમતમાં વપરાતો લાકડાનો નાનો કટકો.
૪. સ્ત્રી. વેળ; ગડગૂમડ કે બીજા દરદને લીધે આવતો સોજો.
૫. સ્ત્રી. શરીરની કુમળી ચામડી ઉપર ઉતાવળી આંગળીઓ ફેરવવાથી થતો ચળવળાટ; ગલીપચી; ગદગદિયાં.

ગિલ્લીદંડો ૧. પું. મોઈ અને દંડો.
૨. પું. મોઈદંડાની રમત. તેના ઘણા પ્રકાર છે. તેમાં જગુ, વકટ, લેન, મૂઠ, નાર, આંખ અને વેંદ એવા શબ્દો ગણતરી માટે વપરાય છે. તે તેલુગુ ભાષાના ઓકટી એટલે એક, રેંડુ એટલે બે, મુંડ એટલે ત્રણ, નાલગુ એટલે ચાર, આસં એટલે પાંચ અને સૈંદુ એટલે છ એ શબ્દોની જોડે મળતા આવે છે. ખુલ્લા મેદાનમાં તે રમાય છે. રમવાનાં સાધનમાં એક ગિલ્લી અને એક દંડો જોઈએ. ગિલ્લી બેથી અઢી ઈંચ લાંબી લાકડાની હોય. કેટલેક ઠેકાણે તેને બદલે હિંગણબેટ નામના ફળનો ઉપયોગ કરાય છે. દંડો લાકડાનો આશરે એકથી દોઢ ઈંચ જાડો અને એક હાથ લાંબો હોવો જોઈએ. બદી અગર ગબી જમીનમાં ખોદવી. પૈસો વગેરે ઉડાડીને કોણે દાવ આપવો અને કોણે લેવો તે પહેલાં નક્કી કરવું. દાવ લેનારે પહેલાં ગિલ્લીને એવી ઉડાડવી કે સામા પક્ષનો કોઈ તેને અદ્ધરથી ઝીલી ન લે, તેમ છેક નજીકની હદમાં પણ ન પડે. આ રીતે ઉડાડેલી ગિલ્લી જો ઝિલાઈ જાય તો રમનારનો વારો પૂરો થાય અને બીજો રમનાર આવે. ન ઝિલાય તો દાવ આપનારે તે ગિલ્લીને બદી તરફ એવી રીતે ફેંકવી કે તે બદીમાં પડે અથવા દંડાને અડે. જો એમ થાય તો રમનારનો દાવ જાય. તેમ ન થાય તો રમનાર તે લઈને ભાજી મારે. જો તેનો ટોલ્લો ખાલી જાય તો તેનો વારો પૂરો થાય. જો કોઈ ગિલ્લી અદ્ધરથી

ઝીલે તોપણ વારો જાય. જો ઝિલાય નહિ અગર ટોલ્લો વાગતાં નીચે પડે તો બદીથી જેટલે દૂર પડી હોય તેટલી જગાની માપણી એ દંડા વતી કરે અને વકટ, લેન, મૂઠ, નાર, આંખ, વૈદ અને જગુ એમ મોઢેથી બોલે. એ રીતે સાત દંડા થયા કે એક જગુ થયો ગણાય. જેટલા જગુ થાય તેટલા સામા પક્ષ ઉપર લેણા થાય. વકટ અને લેન થઈ ગયા પછી ગિલ્લી ઉપર જો ટોલ્લો લાગે તો જગુ દંડા માગવાનો હક પ્રાપ્ત થાય છે અને જેટલા અંક થાય તેટલા આખા જગુ પ્રતિપક્ષ ઉપર ચડે. તે પછી જો ટોલ્લા વાગે તો બેવડા જગુ ચડી શકે છે. વળી તે પછી ટોલ્લા વાગે તો તેવડા કે ચોવડા જગુ પણ ચડાવી શકાય અને એ પછી મરજી પ્રમાણે રમી શકાય. દાવ આપનાર ગિલ્લી ઝીલી લે, બદી ઉપર ગિલ્લી પડે, બદીથી એક દંડાની અંદર ગિલ્લી પડે, બદી ઉપર રાખેલા દંડાને ગિલ્લી આંટે અથવા શરૂઆતમાં ભાજી મારતાં અગર પછી કોઈ પણ ટોલ્લો ન વાગે તો દાવ લેનારનો દાવ પૂરો થાય અને બીજો છોકરો દાવ લે. આમ એક પક્ષનો વારો પૂરો થતાં બીજા પક્ષનો વારો આવે. જે પક્ષના જગુ વધારે થાય તે પક્ષ જીત્યો ગણાય. હારનાર પક્ષનો દરેક રમનાર દશવીશ ઊઠબેસ કરે અથવા તે દરેકના હાથ ઉપર દંડો મરાય એવો પણ કેટલેક ઠેકાણે રિવાજ છે. દાવ લેનારનો દાવ બીજી પણ કેટલીક રીતે પૂરો થાય છેઃ (૧) ગિલ્લી બદીની નજદીક પડે અને સામા પક્ષનો છોકરો જો 'ફલંગ મારી' એમ બોલે તથા તે ગિલ્લી ને બદી વચ્ચેનું અંતર એક જ ફલંગ મારી ઠેકી જાય તો તે રમનાર બાદ થાય. (૨) ટોલ્લો મારતાં દંડો છૂટી જાય અને જો સામા પક્ષનો કોઈ તેને લઈ ચુંબન કરી લે તો તે રમનાર બાદ થાય. (૩) રમતાં રમતાં ગિલ્લી ખોવાઈ જાય અને રમનારો 'હજારિયા, દુસરી ગિલ્લી મેરા દાવ' એમ બોલે તો બીજી ગિલ્લી લઈને તે રમી શકે, પણ તેવું બોલતાં પહેલાં જો સામા પક્ષનો કોઈ 'દાવ નહિ આપું' એવું બોલી દે તો રમનાર બાદ થાય. લાલ ગિલ્લીદંડોઃ આ પ્રકારમાં પણ રમનારના બે પક્ષ પડે છે. પ્રથમ દાવ લેનાર છોકરો ગિલ્લીને બદીમાં ઊભી મૂકે. તેના ઉપરના છેડા ઉપર જરા દંડો મારીને તેને જરા ઉછાળે અને પછી ટોલ્લો મારી ઉડાડે. પછી ગિલ્લી જ્યાં પડી હોય ત્યાંથી બદી સુધીનું અંતર કેટલા દંડા થશે તે તેણે મોઢેથી અંદાજે કહેવું. તે અંતર સામો પક્ષ કબૂલ રાખે તો માપી લેવાની જરૂર નહિ, પણ કબૂલ ન રાખે તો માપી લેવું જોઈએ. જો કહેવા જેટલા અથવા વધારે દંડા થાય તો વારો ચાલુ રહે, પણ જો ઓછા દંડા થાય તો રમનાર બાદ થાય. તેના કહેવા જેટલા અથવા વધારે દંડા થયા હોય તો કહેલા દંડા તેણે કર્યા એમ ગણાય અને બીજો તેમાં વધારો કરે. એમ બધાનો વારો આવે અને દંડા ગણાતા જાય. પછી સામો પક્ષ દાવ લે અને તેના પણ દંડા ગણાય. જે પક્ષના વધારે દંડા થાય તે પક્ષ જીત્યો ગણાય. આબકદૂબકઃ એક તરફ રમનાર એકલો અને બીજી તરફ દાવ આપનાર બધાં એ રીતે આ રમત રમાય છે. પ્રથમ રમનાર છોકરો બદી પાસે ઊભો રહે. બાકીના ગિલ્લી ઝીલવા માટે થોડા છેટા ઊભા રહે. રમનારો પ્રથમ ગિલ્લી કોલે છે. જો ઝિલાય તો તેનો વારો પૂરો થાય અને બીજાનો વારો આવે. જો ઝિલાય નહિ તો રમનાર દંડો ગિલ્લીમાં ઊભો રાખે અને દાવ આપનાર ત્યાં ઊભા રહીને દંડાને આંટે. જો આંટે તો રમનારનો વારો જાય. જો ન આંટે તો જ્યાં ગિલ્લી હોય ત્યાં રમનાર જઈ તેના છેડા ઉપર ટપ્પો મારી ઊંચે ઉછાળી તેના ઉપર ટોલ્લો મારે અને બદીથી એક દંડા જેટલે અંતરે દંડો આડો મૂકે. દાવ આપનાર તે ગિલ્લીને લઈ દંડાને બરાબર આંટે. જો આંટે તો રમનારનો વારો જાય. જો ન આંટે તો ફરીને ટોલ્લો મારે અને એ રીત રમત ચાલુ રહે. રમનારા વધારે હોય તો બે પક્ષ પાડીને પણ આ રમત રમાય. આ રમતમાં ગિલ્લી ઝીલનારને કોટિયું આપવામાં આવે છે. કોટિયું લેવાની રીત એવી છે કે છોકરો જમણો પગ ઊંચો કરી જમણો હાથ તેની નીચે ઘૂંટણ આગળ ઘાલે અને એ હાથમાં દંડો પકડી ગિલ્લીને ઉછાળે. બાકીનું બધું પહેલાંની પેઠે જ રમાય.

ગિલ્લેમાર ન. એક જાતનું પક્ષી; નાનું બાજ શકરો.

ગિલ્લો ૧. પું. કલંક; અપમાન; નામોશી.
૨. પું. કોઈની આબરૂ જાય એવી વાત ફેલાવવી તે; નિંદા.
૩. પું. તહોમત; આળ; આક્ષેપ.
૪. પું. ઝુમાટો; રાડ.
૫. સ્ત્રી. ખિસકોલી.

ગિષ્ણુ ૧. [સં.] પું. સામવેદનું ગાન કરનાર બ્રાહ્મણ.
૨. વિ. ગાનાર; ગાન કરનાર.

ગિસલું ન. ધૂંસરું; જેસલું.

ગિસોડાં (ગિસોડ઼ાં) ન. બ. વ. તૂરિયાં.

ગિસ્ત ૧. સ્ત્રી. ચોકી; પહેરો.
૨. સ્ત્રી. લૂંટારાઓને પકડવા જનાર ફોજ.
૩. [ફા.] વિ. નકામું; ફોગટ; નિષ્ફળ.

ગિહિલું વિ. ઘેલું; ગાંડું; ઘેલછાવાળું.

ગિંજાઈ [હિં.] સ્ત્રી. એક જાતનું જંતુ.

ગિંડુરી [હિં.] સ્ત્રી. ઈંઢોણી.

ગિંદર પું. ઊગતા અનાજને નાશકારક એક જંતુ.

ગિંદુ પું. ગોંદ; ફૂલનો દડો.

ગિંદોડા (ગિંદોડ઼ા) [હિં.] પું. વિવાહ વખતે સગાંમાં વહેંચાતી સાકરની પૂરી.

ગી [હિં.] ૧. સ્ત્રી. વાણી; ગિરા; બોલવાની શક્તિ.
૨. સ્ત્રી. સરસ્વતી; વાણીની અધિષ્ઠાતા દેવી.
૩. અ. ફારસી ભાવવાચક નામ બનાવનાર પ્રત્યય. જેમકે, બંદગી, માંદગી, તાજગી, ખાનગી.

ગીઅર [અં.] ન. દાંતાવાળું પૈડું; દાંતાચક્ર. આ એક યાંત્રિક યુક્તિ છે. તેની ગોળ ચક્કર ગતિમાંથી બળ મેળવી શકાય છે અથવા તો બળમાંથી ગોળ ચક્કર ગતિ મેળવી શકાય છે.

ગીગલાવવું ૧. સ. ક્રિ. ખુશ કરવું.
૨. સ. ક્રિ. ગલગલિયાં કરવાં.
૩. સ. ક્રિ. બાળકને લાડ લડાવવું.
૪. સ. ક્રિ. મૂંઝવવું; અકળાવવું.

ગીગલાવું ૧. અ. ક્રિ. કિલકારી કરવી; કિંગલાવું; ખુશ થવું.
૨. અ. ક્રિ. ગભરાવું; અકળાવું.

ગીગલી ૧. સ્ત્રી. દીકરી.
૨. સ્ત્રી. નાની છોકરી.

ગીગલું ૧. ન. છોકરૂં.
૨. વિ. નાનું; અણસમજુ.

ગીગલો ૧. પું. દીકરો.
૨. પું. નાનો છોકરો.

ગીગળા ૧. સ્ત્રી. એ નામની રબારીની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ગીગિયા ૧. સ્ત્રી. એ નામની ઢેઢની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ગીગી ૧ સ્ત્રી. અણસમજુ સ્ત્રી.
૨. સ્ત્રી. દીકરી.
૩. સ્ત્રી. નાની બાળકી; છોકરી; ગગી; દીકી.

ગીગો ૧. પું. દીકરો.

૨. પું. નાનો છોકરો; કીકો; ગગો.

ગીચ વિ. પાસે પાસે આવી રહેલું; સંકડાઈ રહેલું; ભીડવાળું; ગર્દીવાળું; ભરચક; ભરપૂર.

ગીચી ૧. સ્ત્રી. અણુચી; રમતમાં કરાતી ખોટી યુક્તિ અથવા જૂઠાણું.

૨. સ્ત્રી. બોચી; હડપચી.

ગીચોગીચ વિ. ખીચોખીચ; ભરચક; સજડાસજડ; ખૂબ ભરાયેલું; છેક પાસે આવી રહેલું.

ગીજરો પું. મકાનમાં મોતિયા કે પાનપટી નીચે રાખવાનું લાકડાનું ચોકઠું.

ગીટમ સ્ત્રી. રંગ્યા વગરની એક જાતની જાડી શેતરંજી.

ગીટર ન. એક જાતનું વાયોલિનને મળતું છ તારવાળું તંતુવાદ્ય; સરોદો. તે કચ્છપી વીણા ઉપરથી તૈયાર કરવામાં આવ્યું છે.

ગીઠી [હિં.] સ્ત્રી. સગડી.

ગીડ (ગીડ઼) ૧. સ્ત્રી. એ નામની રબારીની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગીડગીડતાન (ગીડ઼ગીડ઼તાન) ન. નગારાંની ધૂંસ પડી રહી હોય તેવી સ્થિતિ; આનંદમંગળ.

ગીડદ (ગીડ઼દ) વિ. ધાટું; ગાઢ.

ગીડદી (ગીડ઼દી) ૧. સ્ત્રી. પાસા વડે રમાતી જુગારની એક જાતની રમત.

૨. સ્ત્રી. સાંકડ; ગિરદી; ભીડ; વધારે પડતો માણસોનો જમાવ.

ગીડદો (ગીડ઼દો) પું. ખમીસમાં વાંસાના ભાગમાં આવતી પટ્ટી.

ગીડીકટ્ટી (ગીડ઼ીકટ્ટી) ન. એક જાતનું વાજિંત્ર.

ગીણબી સ્ત્રી. એક જાતની ભેંસ.

ગીણોયા ૧. સ્ત્રી. લેઉઆ કણબીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગીત ૧. [સં. ગૈ (ગાવું)] ન. ગાયન; કવિતા; ધોળ; ગરબી; ગાણું. સંસ્કૃત કે પ્રાકૃત જે કાંઈ સ્વર, તાલ, ગ્રામભેદ, રાગ અને રાગનાં અંગોવાળું હોય તેને ગીત કહે છે. ગીત એટલે સાહિત્યની પૂર્ણ અર્થભાવનાવાળી શબ્દમય રચનાને સુમધુર નાદ દ્વારા વ્યક્ત કરી વિસ્તાર કરી બતાવવું તે. લગ્ન અથવા કોઈ ખુશાલીના પ્રસંગે બૈરાં જે ગાય છે તે ગીત કહેવાય છે. નવરાત્રિમાં અથવા માતા તેડે તે પ્રસંગે અથવા બીજે પ્રસંગે તાળી પાડીને ગોળ ફરતાં જે ગાય છે તે ગરબો કહેવાય છે. ગરબામાં તાળી પાડીને ફરવાનું હોય છે, પણ ગીતમાં હોતું નથી. ગરબાને ગીત કહી શકાય, પણ ગીતને ગરબો ન કહેવાય. ગીતના બે ભેદ છે: યંત્ર અને ગાત્ર. વેણુ અને વીણાથી ઉત્પન્ન થતું ગીત યંત્ર અને મુખથી ઉત્પન્ન થતું ગીત તે ગાત્ર. દેશનું સાહિત્ય, તેમાં પ્રચલિત ગીત, તેની લોકોક્તિઓ તથા વાતો એ દેશમાં વસતા લોકોની તે સમયની સામાજિક, માનસિક અને આચારવિષયક સ્થિતિનું દિગ્દર્શન કરાવે છે. ગીતના અનેક પ્રકાર છે. જેમકે, ધ્રુપદ, ખ્યાલ, ટપ્પો, લાવણી, ઠૂમરી, તીલાના, પ્રબંધ, છંદ.

૨. ન. સ્તુતિ; વખાણ; પ્રશંસા.

૩. વિ. ગાયેલું; સ્તુતિ કરેલું.

ગીતક ૧. પું. (પિંગળ) દશ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; સંયુતા. તેના દરેક ચરણમાં સગણ, બે જગણ અને ગુરુ મળી દશ અક્ષર હોય છે. તેમાં પાંચમે અક્ષરે વિસામો આવે છે.

૨. પું. (પિંગળ) વીશ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; મુનિશેખર. તેના દરેક ચરણમાં સગણ, બે જગણ ભગણ, રગણ, સગણ, લઘુ અને ગુરુ એમ વીશ અક્ષર હોય છે. તેમાં પાંચમા અને બારમા અક્ષર પછી યતિ કે વિસામો આવે છે.

૩. ન. ગીત; નાનું ગીત; ગાયન.

ગીતકથા સ્ત્રી. ગીતમાં વર્ણવેલી લોકવાર્તા; 'બેલડ'

ગીતકવિ [સં.] પું. ગાયનનો શોખીન કે ગાનાર કવિ.

ગીતકવિતા [સં.] સ્ત્રી. સંગીત કાવ્ય; ગાયન કવિતા; કવિતાની ત્રણ જાત માંહેની એક; 'લિરિક.' આવી કવિતાઓ હાફિઝ, સાદિક ને જામીએ ફારસીમાં, જયદેવે સંસ્કૃતમાં, કબીર ને સુરદાસે વ્રજ ભાષામાં, નરસિંહ, મીરાંબાઈ, શામળ, દયારામ અને નર્મદાશંકરે ગુજરાતીમાં લખી છે.

ગીતકસ્વરૂપકાવ્ય જુઓ ગીતકવિતા.

ગીતકા પું. (પિંગળ) ઓગણીશ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; ભૈરો. તેના દરેક ચરણમાં નગણ, યગણ, ત્રણ રગણ, યગણ અને ગુરુ મળી ઓગણીશ અક્ષર હોય છે. દશમે અક્ષરે વિસામો આવે છે.

ગીતકાર [સં.] પું. ગાનારો માણસ.

ગીતકાવ્ય [સં.] ન. કાવ્યના ગુણવાળું ગીત; ગીતકવિતા.

ગીતગાન [સં.] ન. ગાવાની કળા; ચોસઠ માંહેનું એક વિજ્ઞાન.

ગીતગોવિંદ [સં.] ન. જયદેવ કવિનું બનાવેલું રાધાકૃષ્ણના વિહાર વગેરેના વર્ણનનું એક સંસ્કૃત સંગીતકાવ્ય. તે બારમી અથવા તેરમી સદીમાં લખાયેલું મનાય છે. કવિએ આમાં કઠણ છંદમાં ઉત્તમ શબ્દવિન્યાસની પૂર્ણતા બતાવી છે. પોતાની અનુપમ ચતુરતાથી અનુપ્રાસ અને તુકોના ઉપયોગથી તેમણે કવિતાને ઘણી જ મધુર અને ભાવોત્તેજક બનાવી છે. આને ભિન્ન ભિન્ન રાગમાં ગાઈ શકાય છે.

ગીતગોવિંદકાર પું. ગૌડ દેશનો કવિરાજ જયદેવ. તેણે ગીતગોવિંદ નામનું ગેય કાવ્ય બનાવ્યું છે.

ગીતજ્ઞા સ્ત્રી. એ નામની એક અપ્સરા.

ગીતટહુકો પું. ગાવાનો ધાટો મધુર અવાજ.

ગીતડું (ગીતડ઼ું) ન. ગીત; ગાયન; ગાણું; ગવાય એવી કવિતા.

ગીતધ્વનિ [સં.] પું. ગાયનનો અવાજ.

ગીતનૃત્ય [સં.] ન. ગાવું અને નાચવું તે.

ગીતપ્રિય ૧. [સં.] પું. મહાદેવ; શંકર.

૨. વિ. ગીત જેને વહાલું હોય એવું.

ગીતપ્રિયા [સં.] સ્ત્રી. એ નામે કાર્તિકેયની એક માતૃકા દેવી.

ગીતભર્યું વિ. કાવ્યરસથી ભરપૂર.

ગીતમાળા સ્ત્રી. ગીતનો સમૂહ.

ગીતયશ [સં. ગીતયશસ્] પું. ગાંધર્વ નામના વ્યંતર દેવના બાર માંહેનો એક પ્રકાર. ગાંધર્વના બાર પ્રકાર: હાહા, હૂહૂ, તુંબુરવ, નારદ, ઋષિવાદિક. ભૂતવાદિક, કાદંબ, મહાકાદંબ, રૈવત, વિશ્વાવસુ, ગીતરતિ અને ગીતયશ.

ગીતયશેંદ્ર પું. ગાંધર્વ નિકાયની ઉત્તર દિશાના ઈંદ્રનું નામ.

ગીતરતિ ૧. પું. ગંધર્વસેનાનો અધિપતિ દેવ.

૨. પું. ગાંધર્વ નામના વ્યંતર દેવના બાર માંહેનો એક પ્રકાર.

૩. પું. દક્ષિણ તરફના ગંધર્વ દેવતાનો ઈંદ્ર.

૪. સ્ત્રી. સંગીત અને ક્રીડા.

ગીતરતીંદ્ર પું. ગાંધર્વ નિકાયની દક્ષિણ દિશાના ઈંદ્રનું નામ.

ગીતલહરી સ્ત્રી. કાવ્ય; કવિતા.

ગીતવાદ્ય ન. ગાયન સાથે વાજિંત્ર વગાડવાપણું.

ગીતવિદ્યા સ્ત્રી. ગાયન સંબંધી શાસ્ત્ર. ગીતનું બંધારણ નાદ ઉપર છે. તે નાદના આહત અને

અનાહત એવા બે ભેદ છે. મૂળ સ્વર, તેના પેટા સ્વર, શ્રુતિની ઉત્પત્તિ, સ્વરોનો પરસ્પર સંબંધ, ગ્રામ, મૂર્છના, ક્રમ, જાતિ, તાન, મેળ, રાગ, વર્ણાલંકાર, ગમકાલંકાર, સ્થાયાલંકાર, રાગ, આલાપ અને ગાયન તેમનાં સ્વરૂપ અને સંબંધનો વિચાર ગીતવિદ્યામાં કરવામાં આવે છે.

ગીતશ્રુતિ સ્ત્રી. ગાયનવિદ્યાના બાવીશ ખંડ સ્વર.

ગીતસંગ્રહ ૧. પું. ગાયનનો સંગ્રહ.

૨. પું. જેમાં ગાયનનો સંગ્રહ હોય એવું પુસ્તક.

ગીતા ૧. પું. (પિંગળ) અઠ્ઠાવીશ માત્રાનો એક માત્રામેળ છંદ; ગિયા.

૨. પું. (પિંગળ) વીશ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; ગીતિકા. તેના દરેક ચરણમાં સગણ, બે જગણ, ભગણ, રગણ, સગણ, લઘુ અને ગુરુ મળી વીશ અક્ષર હોય છે.

૩. સ્ત્રી. ગુરુશિષ્યની કલ્પનાથી રચેલ, જેમાં જ્ઞાનબોધ હોય એવું સંવાદરૂપ કવિતાનું પુસ્તક.

૪. સ્ત્રી. જ્ઞાનમય ઉપદેશ.

૫. સ્ત્રી. તત્ત્વજ્ઞાન સંબંધી હરકોઈ ગ્રંથ. ગીતા એ શબ્દ સાતસો શ્લોકવાળી ભગવદ્ગીતાને લાગુ પાડવા ઉપરાંત રૂઢ અર્થમાં તત્ત્વજ્ઞાન ઉપરના અનેક ગ્રંથોને લાગુ પાડવામાં આવેલો જોવામાં આવે છે. દાખલા તરીકે, મહાભારતમાં શાંતિપર્વમાં આવેલા મોક્ષપર્વમાં કેટલાક પરચૂરણ પ્રકરણ પિંગલગીતા, શંપાકગીતા, મંકિગીતા, બોધ્યગીતા, વિચખ્યુગીતા, હારિતગીતા, વૃત્રગીતા, પરાશરગીતા અને હંસગીતા એવાં નામથી ઓળખાય છે. અશ્વમેધ પર્વમાં અનુગીતાના એક ભાગને બ્રાહ્મણગીતા એવી નિરાળી સંજ્ઞા આપવામાં આવી છે. આ સિવાય અવધૂતગીતા, અષ્ટાવક્રગીતા, ઈશ્વરગીતા, ઉત્તરગીતા, કપિલગીતા, ગણેશગીતા, દેવીગીતા, પાંડવગીતા, બ્રહ્મગીતા, ભિક્ષુગીતા, યમગીતા, રામગીતા, વ્યાસગીતા, શિવગીતા, સૂતગીતા, સૂર્યગીતા વગેરે એવી બીજી પણ અનેક ગીતા પ્રસિદ્ધ છે. આમાંની કેટલીક સ્વતંત્ર નિરૂપણરૂપ છે અને બાકીની નિરનિરાળાં પુરાણોમાં આવેલી છે. આમ અનેક ગીતા હોવા છતાં નીચેની ચૌદ ગીતા પ્રસિદ્ધ મનાય છે: ગણેશગીતા, શિવગીતા, રામગીતા, અવધૂતગીતા, ભગવદ્ગીતા, પાંડવગીતા, ગુરુગીતા, ગર્ભગીતા, ઉત્તરગીતા, બ્રહ્મગીતા, હંસગીતા, યમગીતા, નિરંજનગીતા અને કપિલગીતા.

૬. સ્ત્રી. નાનું ગીત.

૭. સ્ત્રી. વૃત્તાંત; કથા; હેવાલ.

૮. સ્ત્રી. શ્રીમદ્ ભગવદ્ગીતા. ભગવદ્ગીતા ઉપનિષદનું ગીતા સંક્ષિપ્ત નામ છે. ઉપનિષદ શબ્દ સંસ્કૃતમાં સ્ત્રીલિંગી છે, જોકે ગુજરાતી અને મરાઠી ભાષામાં એ શબ્દ નપુંસકલિંગમાં વપરાય છે. એ શબ્દ સ્ત્રીલિંગનો હોવાથી શ્રી ભગવાને ગાયેલી એટલે ઉપદેશેલી, કહેલી ઉપનિષદ એ અર્થમાં સંસ્કૃત ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતા ઉપનિષત્ એવો વિશેષણ વિશેષ્યરૂપ સ્ત્રીલિંગમાં પ્રયોગ થાય છે. આ ગ્રંથ જોકે એક જ છે તોપણ સન્માનના અર્થમાં બહુવચનમાં તે ગ્રંથનો નિર્દેશ કરવાની પદ્ધતિ હોવાથી દરેક અધ્યાયના અંતમાં શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ એવો સપ્તમી વિભક્તિમાં બહુવચનમાં પ્રયોગ થયેલો છે. આચાર્યોના ભાષ્યોમાં પણ તે જ પ્રમાણે ઇતિ ગીતાસુ એવો આ ગ્રંથને ઉદ્દેશીને બહુવચનમાં જ પ્રયોગ જોવામાં આવે છે. પછી આ ગ્રંથનું ટૂંકું નામ આપવાને વખતે કેન, કઠ, છાંદોગ્ય વગેરે નામમાં જેમ ઉપનિષદ શબ્દ કાઢી નાખીને એકલાં નામ રહેલાં જોવામાં આવે છે, તેમ 'શ્રીમદ્ ભગવદ્ગીતા ઉપનિષત્' એ એકવચનમાં તે પદના પ્રથમાન્તનો લોપ કરી પહેલે 'ભગવદ્ગીતા' અને છેવટે માત્ર 'ગીતા' એવો સ્ત્રીલિંગી વાત્સલ્યસૂચક અતિ ટૂંકો પ્રયોગ થયેલો છે. ગીતા શબ્દ ગૈ એટલે ગાવું ધાતુ ઉપરથી કર્મણિ ભૂતકૃદંતનું સ્ત્રીલિંગ રૂપ છે. તેનો અર્થ ગવાયેલી એવો થાય છે. વિશેષણ અને વિશેષ્ય વચ્ચે સમાન લિંગ, વિભક્તિ અને વચન હોવાં જોઈએ તેથી ગીતા ઉપનિષદ એ પ્રયોગ શુદ્ધ છે. ઉપનિષત્ શબ્દ મૂળથી જ ન હોત તો ભાગવતમ્, ભારતમ્, ગોપીગીતમ્, આ શબ્દો પ્રમાણે આ ગ્રંથનું નામ પણ ભગવદ્ગીતમ્ અથવા માત્ર ગીતમ્ એવું નપુંસકલિંગી જ હોત; તેમ ન થતાં ભગવદ્ગીતા અથવા ગીતા એવું સ્ત્રીલિંગ નામ જે કાયમ થયું છે તે ઉપરથી ગીતા એ શબ્દ પછી ઉપનિષત્ શબ્દ હમેશા અધ્યાહાર રહે છે. લાખ શ્લોક પૂરતો મહાભારત ગ્રંથ છે, જેમાં ૧૮ મુખ્ય પર્વ છે; તેમાંના છઠ્ઠા ભીષ્મ પર્વના ૨૫ થી ૪૨ સુધીના ૧૮ અધ્યાય એટલે ૭૪૫ શ્લોકનું આ નાનકડું પ્રકરણ છે. તેમાં શ્રીકૃષ્ણ અથવા કેશવના કહેલા ૬૨૦, અર્જુનના ૫૭, સંજયના ૬૭ અને ધૃતરાષ્ટ્રનો ૧ શ્લોક મળી કુલ ૭૪૫ ગીતાનું માન કે માપ કહ્યું છે. તેમાંથી હાલ માત્ર ૭૦૦ શ્લોક જ મળે છે. પાંડવકૌરવ વચ્ચેના યુદ્ધની શરૂઆત પહેલાં અર્જુનને મોહ થયો, ત્યારે પરમાત્મા શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને નિમિત્ત બનાવી, સર્વે ઉપનિષદ્યુક્ત વેદશાસ્ત્રના સારરૂપ આ ગીતાશાસ્ત્ર કહી સંભળાવ્યું હતું. અર્જુન અને શ્રીકૃષ્ણ ભગવાન વચ્ચેની આ સંવાદાત્મક આખ્યાયિકા છે. એના ૭ ૭ અધ્યાયના ઝૂમખાને ષટ્ક કહે છે. ગીતામાં એવાં ત્રણ ષટ્ક છે. પ્રથમ ૭ અધ્યાયના ષટ્કમાં કર્મકાંડનું, બીજામાં ભગવદ્ભક્તિનું અને ત્રીજામાં જ્ઞાનનું વર્ણન કરવામાં આવ્યું છે. આપણા આર્યધર્મનું મૂળ વેદ છે અને તે વેદના કર્મ, ઉપાસના અને જ્ઞાન એ ત્રણ વિભાગમાંનો જે જ્ઞાનકાંડ તે અંતિમ ફલરૂપ હોઈ બીજા બે કાંડનો નિયામક છે. એ જ્ઞાનનો જેમાં સંગ્રહ છે તેવા ઉપનિષદ્ગત જ્ઞાનને શ્રીવ્યાસજીએ ગીતામાં સર્વાંશે સંગ્રહી સ્પષ્ટ કરેલ છે. ૐ એ શબ્દબ્રહ્મમાંથી બધી અપરા વિદ્યા વિસ્તરી છે. જેમકે, ૐ માંથી વ્યાહૃતિ, તેમાંથી ગાયત્રી, તેમાંથી વેદ, તેમાંથી ઉપનિષદ અને તેમાંથી ગીતા બ્રહ્મસૂત્ર આદિ. ઉપનિષદ, બ્રહ્મસૂત્ર અને ગીતા એ પ્રસ્થાનત્રયનો સમન્વય સાધીને તેમાંથી જ શંકર, રામાનુજ, વલ્લભ, મધ્વ આદિ આચાર્યોએ પોતપોતાના મત પ્રવર્તાવેલા છે. ગીતા એ આપણા ધર્મગ્રંથોમાં એક અત્યંત તેજસ્વી અને નિર્મલ રત્ન છે. પિંડબ્રહ્માંડના બોધપૂર્વક આત્મવિદ્યાનાં ગૂઢ અને પવિત્ર તત્ત્વોને, થોડામાં પણ સંદેહ ન રહે તેવી રીતે કહી, તેના આધારથી મનુષ્યમાત્રને પોતાની આધ્યાત્મિક પૂર્ણ અવસ્થા એટલે પરમ પુરુષાર્થનું જ્ઞાન કરાવી આપનાર અને તેની સાથે જ ભક્તિનો જ્ઞાન જોડે અને આખરે તે બંનેનો શાસ્ત્રથી પ્રાપ્ત થતા વ્યવહાર જોડે સુંદર અને સારી રીતે સાંકળેલો યોગ કરાવી સંસારથી ભમી ગયેલ મનને શાંત અને વિશેષે કરીને નિષ્કામ કર્તવ્યના આચરણમાં પ્રવૃત્ત કરનાર છતાં બાલકોથી પણ સમજી શકાય તેવો, એના જેવો બીજો ગ્રંથ માત્ર સંસ્કૃતમાં જ શું, પણ જગતના કોઈ પણ વાઙ્મયમાં મળવો મુશ્કેલ છે. વેદ પણ બ્રહ્માને પ્રેરણા થઈ તે મુજબ તેના મુખમાંથી નીકળ્યા, જ્યારે સ્મૃતિઓ તો તેના અર્થ સ્મરણ કરી ઋષિઓએ કહી એવાં શાસ્ત્ર છે, પણ ગીતાજી તો જેની નાભિમાંથી બ્રહ્મા પ્રગટ્યા તે પદ્મનાભના સાક્ષાત્ શ્રીમુખથી નીકળેલ છે એટલે તેની શ્રેષ્ઠતા તે રીતે પણ અતિ વિશેષ છે. શ્રીભગવાન પોતે પણ ગીતાનું માહાત્મ્ય દર્શાવતાં કહે છે કે, ગીતા તો મારું હૃદય છે, હું ગીતાને આધારે રહ્યો છું, ગીતા એ મારું ઉત્તમ મંદિર છે અને ગીતાના જ્ઞાનનો આશ્રય કરીને ત્રણે લોકનું હું પાલન કરું છું. ગીતા એ મારી પરમ વિદ્યા છે, બ્રહ્મસ્વરૂપા છે, ૐકારના ॅ એટલે મકારરૂપ અર્ધમાત્રાવાળી છે, અવિનાશી છે અને ગૂઢ અર્થથી ભરેલાં પદોવાળી છે એમાં સંશય નથી. તત્ત્વજ્ઞાનમાં મસ્ત બની સંન્યાસી થવું સારું કે ધડમથલવાળી અવઢવટી રાજકીય ધમાલમાં

પડીને રાજનીતિજ્ઞ તરીકે પંકાવું તે સારું, તેનો એરિસ્ટોટલે કરેલો નિર્ણય પણ ગીતામાં છે. મનુષ્ય જે કાંઈ પાપ કરે છે તે અજ્ઞાનને જ આભારી છે એવો જે સોક્રેટીસનો મત છે, તેનો પણ ગીતામાં સમાવેશ થયેલ છે. પરમ જ્ઞાનીની દશાએ પહોંચેલા પુરુષનું વર્તન સર્વને માટે પ્રમાણભૂત હોય છે એવો એપીક્યુરિયન અને સ્ટોઇક પંથોના ગ્રીક પંડિતોનો મત પણ ગીતાને માન્ય છે. દરેક મનુષ્યે માનવજાતિના શ્રેય માટે શ્રમ લેવો જ જોઇએ, એવી મિલ, સ્પેન્સર વગેરે આધિભૌતિકવાદીઓની જે નીતિ છે, તેનો યે ગીતામાં યોગ્ય રીતે સંગ્રહ થયો છે. કેન્ટ ને ગ્રીન જેવા નીતિજ્ઞોના ઇચ્છાસ્વાતંત્ર્યના સિદ્ધાંતો પણ ગીતામાં આવેલા છે. વાસનાનો ક્ષય કરવો એ જ મનુષ્યમાત્રનું કર્તવ્ય છે એવો શોપનહોઅરનો સિદ્ધાંત પણ ગીતાને ગ્રાહ્ય છે અને વાસનાની નિષ્કામતા તેમ જ સદાચાર કે નીતિનું મૂળ છે એવી ડાયસનની માન્યતાનું યે ગીતામાં પ્રતિપાદન થયેલું છે. ગીતામાં કર્મયોગીને કર્મ, જ્ઞાનમાર્ગીને જ્ઞાન, ભક્તને ભક્તિ, અદ્વૈતવાદીને અદ્વૈતભાવ, દ્વૈતવાદીને દ્વૈતભાવ, પ્રવૃત્તિપરાયણને પ્રવૃત્તિ, નિવૃત્તિપરાયણને નિવૃત્તિ, સંસારીને વ્યવહાર, રાજનીતિજ્ઞને રાજનીતિ અને દેશભક્તને દેશભક્તિ દૃષ્ટિગોચર થાય છે; પણ વાસ્તવિક રીતે તો ગીતાની રગેરગમાં સમત્વ સિવાય બીજું એવું પ્રધાન તત્ત્વ ભાગ્યે જ લાધે છે. જેમકે, (૧) સુખદુઃખે સમ મોક્ષને પાત્ર છે. (૨) લાભાલાભે, જયાજયે સમને પાપ નથી. (૩) સિદ્ધિઅસિદ્ધિમાં સમ એ જ યોગ. (૪) શુભાશુભમાં સમને સ્થિતિપ્રજ્ઞ કહે છે. (૫) સિદ્ધિઅસિદ્ધિમાં સમને બંધન નથી. (૬) સાંખ્ય ને યોગ જેને સમ છે એ જ દ્રષ્ટા છે. (૭) સર્વને સમ જાણનાર લેપાતો નથી. (૮) પંડિતો બ્રાહ્મણ ગાય હસ્ત આદિમાં સમદર્શી છે. (૯) પ્રિયઅપ્રિયમાં સમ બ્રહ્મમય થાય છે. (૧૦) સમલોષ્ટાશ્મકાંચન યોગી કહેવાય છે. (૧૧) સુહૃદ, અરિ, સજ્જન ને પાપીમાં સમબુદ્ધિ રાખનાર શ્રેષ્ઠ છે. (૧૨) સમદર્શી પરમ યોગી છે. (૧૩) સમબુદ્ધિ પ્રભુને પામે છે. (૧૪) સુખદુઃખે, હર્ષશોકે, શુભાશુભે અને માનાપમાને સમ એ જ પ્રિય ભક્ત છે. (૧૫) ઇષ્ટ અનિષ્ટમાં સમચિત્ત એ જ્ઞાન છે. (૧૬) ઈશ્વરને સમજનાર પરમ બુદ્ધિને પામે છે. (૧૭) પૃથક્ભાવે જે સમભાવી તે બ્રહ્મ પામે છે. (૧૮) સમલોષ્ટાશ્મકાંચન ગુણાતીત છે. (૧૯) પ્રિયઅપ્રિયે, માનાપમાને અને મિત્રઅરિમાં સમ તે ગુણાતીત છે. (૨૦) સર્વભૂતે સમભાવ એ જ સાત્ત્વિક જ્ઞાન છે. (૨૧) સિદ્ધિઅસિદ્ધિમાં સમને સાત્ત્વિક કર્તા કહે છે. (૨૨) પ્રવૃત્તિનિવૃત્તિમાં સમ એ જ સાત્ત્વિક બુદ્ધિ છે. (૨૩) સર્વભૂતે સમ પરમ ભક્તિ પામે છે. તાત્પર્ય કે ગીતામાં મોક્ષ, યોગ, સ્થિતપ્રજ્ઞ, મુક્તિ, દ્રષ્ટા, નિર્લેપ, સમદર્શી, બ્રહ્મમય, યોગી, શ્રેષ્ઠ, પરમ યોગી, પ્રિય ભક્ત, જ્ઞાન, પરમબુદ્ધિ, બ્રહ્મપ્રાપ્તિ, ગુણાતીત, સાત્ત્વિક જ્ઞાન, સાત્ત્વિક કર્તા, સાત્ત્વિક બુદ્ધિ અને પરમ ભક્તિ આદિની વિવિધ વ્યાખ્યાઓ આપતાં જુદેજુદે પ્રસંગે તેનાં લક્ષણ તરીકે માત્ર એક સમત્વને જ પ્રધાનપદ આપવામાં આવ્યું છે, તે ગીતાકારના જ શબ્દોનું પ્રત્યક્ષ પ્રમાણ છે. વિભિન્ન મતોનું સંગતિકરણ કરીને તેમની અંદર જે અભેદ છે, તે પ્રતિ અભ્યાસકોનું આકર્ષણ કરાવવા માટે ગીતાશાસ્ત્ર ઉત્પન્ન થયેલું છે. બાકી તો ગીતાના ઉપદેશ અનુસાર આચરણ કરીને જ 'ગીતા સુગીતા' પરિણમે. ગીતા એ એક શાશ્વત માર્ગદર્શિકા છે. તેનો ઉદ્દેશ તો આપણા હૃદયના અંદર દીવો કરીને તે હૃદય આપણી પાસે તપાસાવવાનો છે.

> સૌ ઉપનિષદો ગાયો દૂહોનારા નંદનંદન,
> પાર્થ વચ્છ, સુધી ભોક્તા, દૂધ **ગીતા** અમી વડું.
> ગીતા માહાત્મ્ય

હિંદુસ્તાનની સર્વ પ્રાકૃત ભાષા ઉપરાંત અરબી ફારસીમાં આ ગ્રંથનાં અનેક ભાષાંતર, તેના ઉપર અનેક ટીકા અને તેનાં અનેક નિરૂપણ થયાં છે. પાશ્ચાત્ય સંસ્કૃતિનો ઉદય થયો તે પછી ગ્રીક, લેટિન, જર્મન, ફ્રેંચ, અંગ્રેજી વગેરે ભાષાઓમાં પણ ગીતાનાં અનેક ભાષાંતર થયાં છે. ભારતીય યુદ્ધને આરંભે શ્રીકૃષ્ણે અર્જુનને જે ગીતા ઉપદેશેલી છે તેનો પછી લોકમાં કેવી રીતે ફેલાવો થયો તેની પરંપરા હાલના મહાભારતમાં એવી રીતે વર્ણવેલી છે કે, યુદ્ધને આરંભે વ્યાસ ધૃતરાષ્ટ્ર પાસે ગયા અને તેને કહ્યું કે યુદ્ધ જોવાની તારી ઇચ્છા હોય તો હું તને દિવ્યચક્ષુ આપું. પરંતુ મારા કુલનો ક્ષય થતો જોવાની મારી ઇચ્છા નથી એવો ધૃતરાષ્ટ્રે જવાબ આપ્યો ત્યારે વ્યાસે સંજય નામના સૂત જે ત્યાં હતા તેને ત્યાં ને ત્યાં જ બેઠાં બેઠાં જ બધું પ્રત્યક્ષ જ્ઞાન થાય એવી દિવ્યદૃષ્ટિ આપી અને તેણે ધૃતરાષ્ટ્રને બધી યુદ્ધની હકીકત કહેવી એવી વ્યવસ્થા કરી વ્યાસજી ત્યાંથી ચાલ્યા ગયા. પછી આ વ્યવસ્થા પ્રમાણે યુદ્ધમાં ભીષ્મ પડ્યા ત્યારે તેની ખબર આપવા પહેલાં સંજય તેમની પાસે ગયા. ત્યારે ભીષ્મ માટે શોક કરી યુદ્ધની સર્વ હકીકત કહેવાને ધૃતરાષ્ટ્રે સંજયને આજ્ઞા કરી. સંજયે પહેલાં બંને પક્ષના સૈન્યનું વર્ણન કર્યું અને પછી ધૃતરાષ્ટ્રના પ્રશ્ન ઉપરથી ગીતા કહેવાની શરૂઆત કરી. તે જ હકીકત પછીથી વ્યાસે પોતાના શિષ્યોને, તે શિષ્યો માંહેના વૈશંપાયને જનમેજયને અને છેવટ સૂતે શૌનકને કહેલી છે. ગીતા અભ્યુદય અને આત્યંતિક કલ્યાણનું સાધન છે. મનુષ્યમાત્ર એનો અધિકારી છે. કર્મયોગ એનો પ્રતિપાદ્ય વિષય છે. ગીતા એટલે આત્મજ્ઞાનપૂર્વક ભક્તિભાવે નિષ્કામ કરવા પ્રેરનારું દૈવી ગીત. પરમાત્માના મધુરતમ વાક્યોની એ સંહિતા છે. મંગલ વાણીનો એ સંગ્રહ છે. એ પરમ કવિનું પરમ જીવનકાવ્ય છે. આ ગ્રંથ ભગવાનના મુખકમળમાંથી સરેલાં વાક્યોનો સમૂહ છે. ગીતાની અંદર સાંખ્ય અને વેદાંતનો સંન્યાસ, પાંચ રાત્રનો કર્મયોગ, હિંદી સંતોનો ભક્તિયોગ અને પતંજલિનો ધ્યાનયોગ એ બધાંનો સમાવેશ થયેલો જોવામાં આવે છે. શંકર આખી ગીતાને સંન્યાસ પ્રતિપાદન કરતી બતાવે છે, જ્યારે તિલક કર્મયોગ પ્રતિપાદન કરતી બતાવે છે, શંકર આગ્રહપૂર્વક કહે છે કે કર્મ ચિત્તશુદ્ધિ માટે જ ઉપયોગનું છે. માત્ર સંન્યાસથી મેળવી શકાતા મોક્ષ મળ્યા પછી જ તે છોડી દેવા યોગ્ય છે. વિશિષ્ટાદ્વૈત અને ભક્તિમાર્ગના સિદ્ધાંત પ્રમાણે રામાનુજ ગીતાનો જુદી જ રીતે અર્થ કરે છે. પોતાના દ્વૈત સિદ્ધાંત પ્રમાણે માધવ વળી ત્રીજી જ રીતે સમજાવે છે. વલ્લભ એથી યે આગળ જઈને શ્રીકૃષ્ણની ભક્તિરૂપે દુનિયાના સુખનો ઉપદેશ કરે છે. પણ ગીતા એ બધાનો મધ્યમ માર્ગ સૂચવે છે. નૈતિક તત્ત્વવિદ્યા એવું પ્રતિપાદન કરે છે કે નૈતિક કર્તવ્યનો પાયો એવો હોવો જોઈએ કે જેથી મોટામાં મોટી સંખ્યાનું વધારેમાં વધારે ભલું થાય. તિલક એમ દલીલ કરે છે કે ગીતાના કહેવા પ્રમાણે આખી દુનિયામાં પ્રસરી રહેલા બ્રહ્મના સિદ્ધાંત ઉપર જ નીતિનો આધાર રહેલો છે. આત્મૌપમ્ય અથવા બીજા તરફથી જેવી વર્તણૂક તમે ઇચ્છો તેવી જ રીતે તમારે બીજાઓ તરફ વર્તવું જોઈએ.

૯. સ્ત્રી. (સંગીત) સંકીર્ણ રાગનો એક ભેદ.

૧૦. સ્ત્રી. સ્તુતિ; વખાણ; પ્રશંસા.

ગીતાકર પું. ગીતાના રચનાર શ્રીકૃષ્ણ.

ગીતાકાર જુઓ ગીતાકર.

ગીતાકાળ પું. ગીતાનો યુગ.

ગીતાગુંજન ન. ગીતાનો ગુંજાર; ગીતાનું વાચન.

ગીતાઘેલું વિ. ગીતા માટે ઘણો મોહ ધરાવનાર.

ગીતાજયંતી [સં.] સ્ત્રી. ગીતાની ઉત્પત્તિનો દિવસ; માગશર સુદિ અગિયારશ.

ગીતાજી સ્ત્રી. ગીતા; શ્રીમદ્ ભગવદ્ગીતા.

ગીતાજીવન ન. ગીતામાં ઉપદેશેલું આદર્શ જીવન.

ગીતાધર્મ પું. ગીતામાં જણાવેલ ધર્મ.

ગીતાપંચામૃત ન. એ નામનું ગીતાનું વિહારીકૃત એક પુસ્તક. તેમાં (૧) શ્રીમદ્ ભગવદ્ગીતા મૂળ, (૨) પદાન્વય, (૩) ગુજરાતી ભાષાંતર, (૪) હિંદી ભાષાંતર અને (૫) ગવાઈ શકે એવા વૃત્તોમાં ભાષાંતર એમ પાંચ બાબતો આપેલ હોઈને તે ગીતાપંચામૃત કહેવાય છે.

ગીતાપાઠ પું. ગીતાનું અધ્યયન; ગીતાના શ્લોકનું ઉચ્ચારણ.

ગીતાભાષ્ય ન. રામાનુજાચાર્યે રચેલ એ નામનો એક ગ્રંથ.

ગીતાભ્યાસી પું. ગીતાનો અભ્યાસ કરનાર.

ગીતામર્મ ૧. પું. ગીતાનો મર્મ; ગીતાનું રહસ્ય.

૨. ન. એ નામનું એક પુસ્તક.

ગીતામંદિર ન. વિદ્યાનંદજી સ્વામીએ બંધાવેલ ગીતા માતાનું મંદિર. અમદાવાદ, કરનાળી વગેરે સ્થળે ગીતામંદિર આવેલાં છે.

ગીતાયન [સં.] ન. ગાવાનું સાધન.

ગીતાયુગ પું. ગીતાનો જમાનો; ગીતાકાળ.

ગીતારી વિ. સ્ત્રી. ગીત ગાનારી.

ગીતાર્થ ૧. [સં.] પું. ગીતાનો અર્થ.

૨. પું. ગીતામાંનું તત્ત્વજ્ઞાન.

૩. વિ. (જૈન) બહુસૂત્રી; ઘણાં શાસ્ત્રોને જાણનાર.

ગીતાર્થભાવ [સં.] પું. ગાવા અને નાચવાથી બતાવાતો નૃત્યનો એ નામે એક ભાવ.

ગીતાવલી ૧. સ્ત્રી. તુલસીદાસજીએ રચેલ એ નામનો એક ગ્રંથ.

૨. [સં.] સ્ત્રી. પદ્યપાઠની ટૂંકી કડી.

ગીતાવળી જુઓ ગીતાવલી.

ગીતાશાસ્ત્ર ૧. ન. તત્ત્વજ્ઞાન.

૨. ન. શ્રીમદ્ ભગવદ્ગીતારૂપી શાસ્ત્ર.

ગીતાહૃદય ૧. [સં.] પું. ગીતા જેનું હૃદય છે એવા શ્રીકૃષ્ણ.

૨. વિ. જેના હૃદયમાં ગીતા હોય એવું.

ગીતાંજલિ સ્ત્રી. રવીંદ્રનાથ ટાગોરનું એ નામનું પ્રખ્યાત કાવ્ય.

ગીતિ ૧. સ્ત્રી. (પિંગળ) એક માત્રામેળ છંદ; ગીતિ; ઉદ્ગાથા; ઉદ્ગાહા. તે આર્યા છંદનો એક ભેદ છે. એમાં પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ આર્યાના પૂર્વાર્ધ પ્રમાણે હોય છે.

આર્યાના પે'લા દલ સમાન નિયમો, રચો દલે બે તો;
તો પછી જરૂર જાણો, ઉદ્ગાથા **ગીતિ** છ ખરે એ તો.
રણપિંગળ

ગીતિકા ૧. પું. (પિંગળ) એક માત્રામેળ છંદ. તેના દરેક ચરણમાં ૨૬ માત્રા હોય છે અને ૧૪ તથા ૧૨ માત્રાએ યતિ કે વિસામો અને ૧, ૪, ૮, ૧૧, ૧૫, ૧૮, ૨૨ અને ૨૫ માત્રાએ તાલ આવે છે.

રત્ન રવિ કલ ધારિને યતિ, અંત લગ રચના કરો,
સકળ કલ છવ્વીશ ચરણે, ચરણ મધ્યે તો ધરો;
પ્રથમ પર પછી ત્રણ ચચારે, તાલ આઠ જ આણજો,
જાતિ માત્રિક **ગીતિકા**ની, જુક્તિ કવિજન જાણજો.
રણપિંગળ

૨. પું. (પિંગળ) વીશ અક્ષરનો એ નામનો એક અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં સગણ, બે જગણ, ભગણ, રગણ, સગણ, લઘુ અને ગુરુ મળી વીશ અક્ષર હોય છે.

મુનિશેખરે રચ **ગીતિકા** સ જ જે ભ રે સ લ ગે કરી.
રણપિંગળ

૩. સ્ત્રી. ગીત; નાનું ગાણું.

૪. સ્ત્રી. ચૌદ લીટીનું કાવ્ય; ભાવગીત; 'સોનેટ.'

ગીતિકુંડલિની પું. (પિંગળ) ગીતિ અને રોલાવસ્તુના મિશ્રણથી બનેલ એક વિષમજાતિ માત્રામેળ છંદ. તેમાં ૧૫૬ માત્રા હોય છે.

ગીતિરૂપક [સં.] પું. જેમાં ગદ્ય ઓછું અને પદ્ય વધારે હોય એવું એક રૂપક.

ગીતી ૧. પું. ગાતાં ગાતાં વેદનો પાઠ કરનાર.

૨. [ફા.] સ્ત્રી. દુનિયા; વિશ્વ.

ગીતીનવર્દ પું. સિકંદર.

ગીતીફરોઝ પું. સૂર્ય.

ગીતીસિતાન પું. શહેનશાહ.

ગીતોપનિષદ સ્ત્રી. ગીતા; શ્રીમદ્ ભગવદ્ગીતા. તે ઉપનિષદના નીચોડરૂપ હોઈને ગીતોપનિષદ પણ કહેવાય છે. તેમાં શ્રીકૃષ્ણે કર્તવ્ય કર્મ સંબંધી અમૂલ્ય ઉપદેશ કરી અર્જુનનો મોહ દૂર કર્યો એ ઉપદેશ આવેલ છે.

ગીતોલ્લુ ન. પોયણીનું ફળ.

ગીત્યાર્ય્યા ૧. પું. (પિંગળ) સોળ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; અચલધૃતિ. તેના દરેક ચરણમાં પાંચ નગણ અને એક લઘુ મળી સોળ અક્ષર હોય છે.

૨. પું. (પિંગળ) સોળ માત્રાનો એક માત્રામેળ છંદ. તેના દરેક ચરણમાં આઠ અને આઠ એમ સોળ માત્રા હોય છે.

ગીધ [સં. ગૃધ્ર] ન. મૂએલાં પ્રાણીનું માંસ ખાનાર સમળીથી મોટું એક પંખી; ગીધ.

ગીદડ (ગીદડ઼) ૧. સ્ત્રી. એક જાતની દ્રાક્ષ.

૨. [હિં.] ન. શિયાળ.

૩. વિ. આળસુ; એદી.

૪. વિ. બીકણ; કાયર; અસાહસી.

ગીદડભક્તિ (ગીદડ઼ભક્તિ) [હિં.] સ્ત્રી. ડરામણી; સતાવણી.

ગીદડી (ગીદડ઼ી) ૧. સ્ત્રી. દૂધ અને મેંદાની બનતી ખાવાની એક ચીજ.

૨. સ્ત્રી. શિયાળ.

ગીદડું (ગીદડ઼ું) ન. ઘેટાનું બચ્ચું.

ગીદડો (ગીદડ઼ો) પું. નાનો બકરો.

ગીદર ૧. [હિં.] ન. ડુક્કર; સુવર.

૨. જુઓ ગીદડ.

ગીદી ૧. [હિં.] પું. મૂર્ખ માણસ.

૨. સ્ત્રી. બકરીનું બચ્ચું.

૩. વિ. બીકણ; ડરકણ; કાયર.

૪. વિ. મૂર્ખ.

ગીદીડું (ગીદોડ઼ું) ન. બકરીનું બચ્ચું.

ગીદુર ન. શિયાળ.

ગીધ ૧. ન. દીર્ઘદૃષ્ટિ.

૨. [સં. ગૃધ્ર; પ્રા. ગિધ્ધુ] ન. મૂએલાં પ્રાણીનું માંસ ખાનારૂં સમળીથી મોટું એક પંખી; ગડધન. તે એશિઅ, આફ્રિક અને અમેરિકમાં થાય છે. તેને મોટી જબરી ચાંચ, ચપટાં નસકોરાં, પીછાં વગરનું માથું અને ગરદનની નીચે લાંબાં પીછાંનો કાંઠલો હોય છે.

ગીધડો (ગીધડ઼ો) ૧. [સં. ગૃધ્ર] પું. ગીધ પક્ષી; ગડધન.

૨. પું. લાલચુ અને ખાઉધરાવૃત્તિનો માણસ.

ગીધરાજ ૧. પું. એક જાતનું મોટું ગીધ. તેની લંબાઈ આશરે ૩૨ ઈંચ અને રંગ ચળકતો કાળો અને ખભા અને નીચલી પીઠનો આછો ભૂરો હોય છે. માથું અને ડોક ઉપર પીછાં હોતાં નથી. આ સુંદર ગીધ સિલોન સિવાય હિંદુસ્તાન, બ્રહ્મદેશ, સિયામ અને કોચીન ચીન સુધીમાં જોવામાં આવે છે. હિમાલય ઉપર તે ૫૮૦૦ ફૂટ સુધી ઈંડાં મૂકે છે અને ખોરાક માટે લગભગ ૮૦૦૦ ફૂટ સુધી ઊડે છે. આ જાતનાં ગીધ મોટી સંખ્યામાં જોવામાં આવતાં નથી. કોઈ મડદાં પાસે બીજાં પક્ષી જ્યારે સંખ્યાબંધ હોય ત્યારે આ એક બે જ હોય છે. આનું નામ ગીધરાજ હોવાનું કારણ એ છે કે તે દેખાવમાં ભવ્ય છે અને બીજાં પક્ષી તેને જોઈ ખસી જાય છે.

૨. [સં. ગૃધ્રરાજ] પું. ગીધનો રાજા; જટાયુ.

ગીધરો પું. મોતિયા કે પાનપટ્ટી નીચે રાખવાનું લાકડાનું ચોકઠું.

ગીધશિખર ન. ગૃધ્રકૂટ પર્વત.

ગીન [ફા.] અ. વાળું એવો અર્થ દેખાડનાર પ્રત્યય. જેમકે, ગમગીન.

ગીનકા સ્ત્રી. ગુણકા; વેશ્યા.

ગીનણુ ન. (કચ્છી) લેવું તે; ગ્રહણ.

ગીનવું [સં. ગણ્] સ. ક્રિ. ગણવું.

ગીનસ સ્ત્રી. ચાડી.

ગીનાન ૧. [સં. જ્ઞાન] ન. (ગ્રામ્ય) જ્ઞાન; સમજ.

૨. ન. બ. વ. ખોજા ધર્મના નિયમો અને નીતિરીતિ બતાવતાં ગુજરાતી ભાષામાં લખેલ પદકાવ્ય.

ગીની ૧. [અં.] સ્ત્રી. સોનાનો એક સિક્કો. પ્રથમ આફ્રિકના સુવર્ણઆરાના સોનામાંથી સને ૧૬૬૩માં આ સિક્કો બનાવવામાં આવ્યો અને તે વખતે તેની કીમત ૨૦ શિલિંગ હતી. ૧૭૧૭માં તેની કીમત ૨૧ શિલિંગ નક્કી કરવામાં આવી. ૧૮૧૭માં ગીનીના સિક્કા પાડવાનું બંધ થયું, પણ ધંધાદારી મહેનતાણું હજુ સામાન્ય રીતે ગીનીના સિક્કામાં ભરવામાં આવે છે.

૨. ન. એક જાતનું ઘાસ.

ગીનીકૂકડો (ગીનીકૂકડ઼ો) પું. આફ્રિકમાં થતો એક જાતનો કૂકડો.

ગીનીઘાસ [અં. ગીનીગ્રાસ] ન. એક પ્રકારનું ઘાસ. દૂઝણાં જાનવરો માટે તે ઉપયોગી મનાય છે. આફ્રિકનું આ ઘાસ હિંદમાં બાગ કે વાડીમાં વવાય છે. એ ગદબ કે રજકાની પેઠે મહિનામાં એક બે વાર વઢાય છે. આ ઘાસ ઢોર બહુ ખાય છે. ઠંડીમાં તે બહુ જોર કરતું નથી. તેના એક થડિયામાંથી અનેક થડિયાં થાય છે.

ગીનીપિગ [અં.] ન. સસલા જેવું ટૂંકા કાનવાળું એક પ્રાણી. છ અઠવાડિયાંમાં તો તે સંપૂર્ણ મોટું થઈ જાય છે. કોઈ પણ ચાર પગવાળાં પ્રાણી કરતાં તે ઝડપથી પ્રૌઢ થઈ જાય છે.

ગીનીસ સ્ત્રી. નિંદા; બદગોઈ.

ગીન્નાવું અ. ક્રિ. પતંગનું વાંકુ થવું.

ગીપિયો પું. એક જાતનું કાપડ.

ગીબત ૧. [ફા.] સ્ત્રી. ચાડી; નિંદા; ગીલી.

૨. સ્ત્રી. તહોમત; આળ.

ગીબતખોર ૧. [ફા.] વિ. ગીબત કરનાર; નિંદક; ચાડીખોર.

૨. વિ. તહોમત મૂકનાર; આળ મૂકનાર.

ગીબવું અ. ક્રિ. ગડદા મારવા; મુક્કીથી માર મારવો; ધીબવું; પીટવું.

ગીબાગીબ અ. ઉપરાઉપરી; ધબોધબ.

ગીબોગીબ અ. ઉપરાઉપરી; ધબોધબ.

ગીબ્બો પું. ગડદો; ગબ્બો; મુક્કો.

ગીમ ન. ગંજીફાની એક રમતમાં પૂરી હાર.

ગીમલેટ [અં.] સ્ત્રી. સારડી; ગરમીટ.

ગીમી ૧. સ્ત્રી. પારસીની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગીય ન. ગીત; ગાયન.

ગીયઉ પું. (પિંગળ) એક માત્રામેળ છંદ; ગિયો. તેમાં ૨૮ માત્રા હોય છે અને ૯, ૭ અને ૧૨ માત્રાએ યતિ કે વિસામો આવે છે.

ગીયમાન [સં.] વિ. ગવાતું.

ગીર ૧. પું. ગોસાંઈની એક જાતના નામને અંતે આવતો પ્રત્યય.

૨. સ્ત્રી. ખાળ; ધોરિયો.

૩. [સં. ગિર્] સ્ત્રી. વાણી.

૪. ન. ગિરનારને લગતો ઝાડીવાળો ભૂભાગ; ગીરનું જંગલ; જૂનાગઢ પાસેનું ગિરનારને લગતું જંગલ.

૫. ન. ટેકરીવાળો પ્રદેશ.

૬. વિ. ગુજરાતનાં ઢોરની એક જાતનું. ગુજરાતનાં ઢોર એકંદર રીતે ચાર વર્ગમાં વહેંચી શકાય: (૧) કાંકરેજ, (૨) વઢિયાળ, (૩) ગીર અને (૪) માળવી.

૭. [ફા. ગિરિફ્તન (પકડવું)] અ. જોનાર, લેનાર, રાખનાર, જીતનાર, પકડનાર, વાળું વગેરે અર્થ બતાવનારો ફારસી પ્રત્યય. જેમકે, તમાસગીર, આલમગીર, ગુલગીર, દિલગીર, જહાંગીર, દસ્તગીર.

ગીર જવું = પડી જવું.

૮. અ. સાધુઓનો અમુક વર્ગ દેખાડનાર પ્રત્યય. ગિરિનું ગીર અને ગર અપભ્રષ્ટ થયેલ છે.

ગીરગીટ ન. એક જાતનું પક્ષી. તે બહુ રૂપ બદલી શકે છે. થોડી વાર પીળા રંગનું દેખાય તો થોડી વાર પછી તે લાલ રંગનું દેખાય છે.

ગીરચોંડિયા ન. ધોળી કલગીવાળું એક જાતનું વાચાળ પક્ષી.

ગીરજા ૧. ન. ખ્રિસ્તી દેવળ.

૨. ન. જંગલની ઝાડીમાં દેખાતું લાવરી જાતનું એક પક્ષી.

ગીરણી સ્ત્રી. યંત્રથી ચાલતું કારખાનું; 'મિલ'.

ગીરથ ૧. [સં.] પું. જીવાત્મા.

૨. પું. બૃહસ્પતિ; દેવગુરુ.

ગીરદ ૧. સ્ત્રી. જથ્થો.

૨. [ફા. ગિરદ] સ્ત્રી. ઝીણી ધૂળ; રજ; રજોટી; રજકણ.

ગીરદશ સ્ત્રી. આફત.

ગીરદાર ૧. [ફા.] પું. યોદ્ધાઓનો ઘોંઘાટ.

૨. પું. લડાઈ.

૩. પું. સર્વોપરી સત્તા.

ગીરનામી ૧. સ્ત્રી. એ નામની અતીત બાવાની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગીરની સ્ત્રી. યંત્રથી ચાલતું કારખાનું; ગીરણી; 'મિલ'.

ગીરબાદ પું. ઘોડાનો એક જાતનો રોગ.

ગીરમઠ ન. અમદાવાદ પાસે આવેલું એ નામનું ગામ. ત્યાં પીરાણા પંથની ગાદી છે.

ગીરમર સ્ત્રી. એક પ્રકારની વનસ્પતિ. તેનું અથાણું થાય છે.

ગીરવવું સ. ક્રિ. ગીરો મૂકવું; ધરેણે મૂકવું.

ગીરવાવું અ. ક્રિ. ગીરો મુકાવું.

ગીરવી ૧. વિ. ગીરોનું; ગીરોને લગતું.

૨. વિ. ગીરો મૂકેલું.

૩. વિ. ધરેણે આપેલું કે લીધેલું હોય એવું; ગીરવેલું.

૪. અ. ધરેણે.

ગીરવી મૂકવું = ધરેણે મૂકવું.

ગીરવીખત ન. ગીરોખત; ગીરો દસ્તાવેજ.

ગીરવીખાતું ન. ગીરોને લગતો હિસાબ.

ગીરવીદાર વિ. ગીરો રાખનાર.

ગીરવીનામા [ફા.] પું. ધરેણાંખત; ગીરવી દસ્તાવેજ; ગીરોખત.

ગીરવીનામું ન. ગીરો દસ્તાવેજ.

ગીરવીપત્ર પું.; ન. ગીરવી દસ્તાવેજ.

ગીરંદા [ફા.] વિ. લેનાર.

ગીરાચ ૧. સ્ત્રી. એ નામની ખતરીની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગીરામ ન. ગામડું.

ગીરિયા સ્ત્રી. મીઠા પાણીની એક જાતની માછલી.

ગીરી ૧. પું. બાવો.

૨. પું. શૈવ મતનો એ નામનો એક વિભાગ.

૩. [ફા.] સ્ત્રી. પકડવું તે.

૪. ન. (જ્યોતિષ) અગિયાર માંહેનું પાંચમું કરણ.

૫. વિ. ઊતરતી પંક્તિના હીરાની ચાર માંહેની એક જાતનું.

૬. [ફા.] અ. પણું એવા અર્થનો એક ફારસી પ્રત્યય. જેમકે, દીવાનગીરી.

ગીરીગટ [અ.] પું. અજગર.

ગીરીફ્તાર [ફા. ગિરિસ્તન (પકડવું)] વિ. પકડાયેલું; કેદી.

ગીરીયાઝારી [અ.] સ્ત્રી. રોકકળ; રડારોળ.

ગીરીસાનુજા સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; ત્રાયમાણ.

ગીરીંદ્રમોહિની સ્ત્રી. એ નામની એક બંગાળી કવયિત્રી. અશ્રુકણ એ એની જાણીતી કૃતિ છે.

ગીરેચા વિ. બળદની એક ઓલાદનું.

ગીરેસો પું. ગીરના જંગલનો બળદ.

ગીરો ૧. [ફા.] પું. ગીરવવું તે; દેવા પેટે આડમાં મૂકવું તે; થાલમાં મૂકવું તે.

૨. વિ. ધરેણે આપેલું અથવા લીધેલું; ગીરવેલું.

૩. અ. પાસે રાખેલું હોય એમ; ધરેણે; હવાલામાં.

ગીરો મૂકવું = ધરેણે મૂકવું.

ગીરોખત [ફા.] ન. ધરેણિયાત લખત; સાનખત; ધરેણે મૂક્યાનો દસ્તાવેજ; ગીરવીખત.

ગીરોગીર પું. ગીરોનું કામ કરનાર માણસ; દલાલ.

ગીરોદાર [ફા.] પું. ગીરો રાખનાર; ધરેણે લેનાર માણસ.

ગીરોનું ૧. વિ. ધરેણિયાત.

૨. વિ. પોતાનું; ગાંઠનું; પોતીકું; પોતાની જાતનું.

ગીરોમંડાણ ન. સ્થાવર મિલ્કત કબજે લેવા સંબંધી લખાણ.

ગીરોહક્ક પું. મિલ્કત ઉપર પૈસા આપેલ હોય તે સંબંધીનો હક્ક.

ગીર્ણ ૧. [સં.] વિ. ગળેલું; ગળી ગયેલ.

૨. વિ. વર્ણવેલું; કહેલું.

૩. વિ. સ્તુતિ કરાયેલ; વખાણેલું.

ગીર્દ પું. અકબર બાદશાહના સમયનો સોનાનો એક સિક્કો. તેનું બે સોનામહોર જેટલું વજન હતું. તેની એક બાજુ ઉપર અલ્લાહુઅકબર અને બીજી બાજુ ઉપર યામુઅર્ઈન શબ્દ કોતરેલા હતા.

ગીર્દપેચ [હિં.] સ્ત્રી. મુક્કાબાજી.

ગીર્દેવી [સં.] સ્ત્રી. સરસ્વતી; શારદા; વાગ્દેવી.

ગીર્પતિ ૧. પું. ગુરુ; બૃહસ્પતિ; સુરાચાર્ય.

૨. પું. જીવ.

૩. [સં.] પું. પંડિત; વિદ્વાન.

ગીર્બાણ [સં.] પું. દેવ.

ગીર્બાણકુસુમ જુઓ ગીર્વાણકુસુમ.

ગીર્લતા [સં.] સ્ત્રી. એ નામનો એક વેલો; મહાજ્યોતિષમતી.

ગીર્વતા [સં.] સ્ત્રી. માલકાંકણી.

ગીર્વાણ ૧. [સં.] પું. દેવ; સુર.

૨. સ્ત્રી. છપ્પન માંહેની એ નામની એક જાતની ભાષા.

૩. વિ. દેવ સંબંધી; દેવતાઈ.

૪. વિ. સંસ્કૃત; સંસ્કારી.

ગીર્વાણકુસુમ ૧. [સં.] ન. લવિંગ.

૨. ન. લવિંગનું ફૂલ.

ગીર્વાણગિરા જુઓ ગીર્વાણભાષા.

ગીર્વાણભાષા સ્ત્રી. દેવતાઓની ભાષા; સંસ્કૃત.

ગીર્વાણવાઙ્મય [સં.] ન. સંસ્કૃત સાહિત્ય.

ગીલ ૧. પું. લોહકંટક; માછલાં પકડવાની કડી.

૨. [હિં.] સ્ત્રી. ભેજ; ભીનાશ.

૩. વિ. ભીનું; ભેજવાળું.

ગીલગીચ ૧. સ્ત્રી. ગંદવાડ.

૨. સ્ત્રી. ગોટાળો.

૩. સ્ત્રી. પંચાત; ખટપટ.

ગીલગીલ્યાં ન. બ. વ. ગદગદિયાં; ગલીપચી.

ગીલઝાઈ ૧. સ્ત્રી. અફ્ઘાન લોકોની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

ગીલતાન ૧. [ફા.] પું. ધોડિયાટ; ગિલતાન; મોભ વગેરેનો ત્રિશૂળના આકારનો ટેકો.

૨. પું. ફડેતાલ જડતાં માંડવીમાં પાટડી ઉપર જે બીજી બે ચીતરેલી પાટડી મૂકવામાં આવે છે તેમાંની પહેલી; ચીકલવટ.

ગીલતા સાપણ સ્ત્રી. વહાણમાં લાલ ધ્રાબા ઉપરનું પડતું પાટિયું.

ગીલતી ઝીણી સ્ત્રી. છબીનું ચોકઠું કરવાનું લોઢાનું સાધન.

ગીલતો પું. કમાટમાં જડવાની લાકડાની કાનસ.

ગીલસીલ [હિં.] સ્ત્રી. ભેજ; ભીનાશ.

ગીલા ૧. સ્ત્રી. એક પ્રકારની જંગલી લતા.

૨. સ્ત્રી. બદગોઈ; નિંદા.

૩. સ્ત્રી. મશ્કરી; ઠેકડી.

૪. [હિં.] વિ. ભીનાશવાળું; ભીનું.

ગીલાણી ૧. સ્ત્રી. એ નામની સંધીની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગીલાન પું. કાસ્પિયન સમુદ્રની દક્ષિણે આવેલ એ નામનો એક દેશ.

ગીલાની પું. ગીલાનનો વતની.

ગીલાવો પું. ચૂનો, રેતી અને પાણીનું મિશ્રણ.

ગીલાસ પું. છૂટ.

ગીલી ૧. સ્ત્રી. ગડગૂમડ કે બીજા દરદને લીધે આવતો સોજો; વેળ; ગાંઠ.

૨. સ્ત્રી. બાળકોની એક રમત. તેમાં બાળકની બગલમાં ગલગલિયાં કરતાં નીચે મુજબ બોલાય છે: ગીલીનું ઘર ક્યાં છે? રાજાને દરબાર છે.

૩. સ્ત્રી. મોઈ; ગિલ્લી.

૪. સ્ત્રી. શરીરના નાજુક અને કોમળ ભાગને બીજાનો સ્નેહાળ હાથ કે અવયવ અડતાં ઉત્પન્ન થતી આનંદની લાગણી અથવા ચળવળ.

૫. [હિં.] વિ. ભીનું; ભેજવાળું.

ગીલીગીલી જુઓ ગલી.

ગીલીટ [અં. ગિલ્ટ] પું. ઢોળ; ઓપ.

ગીલીદંડો પું. મોઈદંડાની રમત; ગિલ્લીદંડો.

ગીલીપચી સ્ત્રી. ગીલી; શરીરના નાજુક અને કોમળ ભાગને બીજાનો સ્નેહાળ હાથ કે અવયવ અડતાં થતી આનંદની લાગણી અથવા ચળવળ.

ગીલેરી ૧. [અં. ગૅલેરિ] સ્ત્રી. એક પછી એક હાર ઊંચીઊંચી ગોઠવી હોય એવી બેઠક; ચડતીઊતરતી બેઠક. આવી રચના સભાગૃહ તથા નાટકશાળામાં હોય છે.

૨. સ્ત્રી. છજું.

ગીલેંડર [ફા. કલંદર] વિ. લુચ્ચું.

ગીલોડું (ગીલોડું) ન. એક જાતનું શાક; ટીંડોરું.

ગીલોલ સ્ત્રી. કાંકરી ફેંકવા માટે વપરાતી બે પાંખિયાવાળી લાકડાની દાંડી. બે પાંખિયાં વચ્ચે રબરની પટી બાંધવામાં આવે છે.

ગીલ્લોટિન જુઓ ગિલોટિન.

ગીશા સ્ત્રી. જાપાનની એક નર્તિકા. આ શબ્દ નબળાં નૈતિક બંધનવાળી સ્ત્રી માટે પણ વપરાય છે. તેને લાંબા વખત સુધી ઉમેદવારી કરવી પડે છે. સાત વર્ષની ઉમરથી તેની ઉમેદવારી શરૂ થાય છે. જે લોક ગીશાને નોકરીમાં રાખે તેઓએ દર મહિને અમુક કર આપવો પડે છે.

ગીષ્પતિ ૧. પું. અગ્નિ.
૨. [સં.] પું. બૃહસ્પતિ.
૩. પું. વિદ્વાન; પંડિત.

ગીસ સ્ત્રી. ચોરી.

ગીસત ન. ટોળું.

ગીસરૂ ન. એક સાંતી જમીન; વીશથી ત્રીશ એકર જમીન.

ગીસલું ૧. ન. એક સાંતી વડે ખેડી શકાય તેટલી જમીન; વીશથી ત્રીશ એકર જમીન.
૨. ન. ધૂંસરૂં.
૩. ન. પૈડાં વગરનું બળદ પલોટવાનું વાહન; જેંસલો.

ગીસોડું (ગીસોડું) ન. તૂરિયું; ધિસોડું; એક જાતની શાક વનસ્પતિ.

ગીસ્ત ૧. સ્ત્રી. ફોજ.
૨. ન. લોપ થવો તે.
૩. વિ. નિષ્ફળ; નકામું; ફોગટ.

ગીહસારણા સ્ત્રી. (જરથોસ્તી) ગાથા બોલવાની ક્રિયા.

ગીંગ [અં. ગેંગ] સ્ત્રી. ટોળું; સંઘ; ગણ.

ગીંગણી સ્ત્રી. એક જાતની જાર.

ગીંગમ ન. એક જાતનું કપડું.

ગીંગલો પું. (કચ્છી) નાનો રોટલો; ચાનકો; ગીંગો.

ગીંગો જુઓ ગીંગલો.

ગીંગોડો (ગીંગોડ઼ો) [સં. ગોકીટ] પું. ગાય, કૂતરા કે ઢોરને ચોંટી રહેતો એક જાતનો જીવડો; જિંગોડો.

ગીંજ [હિં.] સ્ત્રી. ખાવાની એક વાની.

ગીંડવું ન. વણનું ફળ; જીંડવું.

ગીંડું ન. રમતની અંદર થતી હાર; પડ.

ગીંધેલ સ્ત્રી. એક જાતની માખ, જે મધ વગરનો મધપૂડો બનાવે છે. એનો ડંખ ઘણો તીક્ષ્ણ હોવાથી પીડા આપે છે.

ગીંભ પું. પરણેલ વરઘોડિયાંને તથા નવા જન્મેલ છોકરાને પ્રથમ હોળીના તહેવારે આંબાનો મોર તથા શીરો ખવરાવવાનો વિધિ.

ગુ ૧. પું. (પિંગળ) ગુરુ અક્ષરની સંજ્ઞા.
૨. ન. વિષ્ટા; મળ; નરક; ગૂ.

ગુઆ ૧. [હિં.] સ્ત્રી. એક પ્રકારની સોપારી.
૨. [ફા. ગોયા] અ. જાણેકે.

ગુઆબ ન. મધ્ય આફ્રિકમાં થતું એ નામનું એક ઘટાદાર વૃક્ષ.

ગુઆર ૧. પું. એ નામની વનસ્પતિની શીંગ.
૨. પું. ગુવાર; એક વનસ્પતિ.

ગુઆલ જુઓ ગોપાલ.

ગુઆહ વિ. ગામડિયું.

ગુઆહી વિ. સાક્ષી.

ગુઈ ૧. સ્ત્રી. અણુચી; ગૂઈ.
૨. સ્ત્રી. કૃતઘ્નતા.
૩. સ્ત્રી. ગબી; બદી; રમતમાં પથરીઓ ઈચિવાનો ખાડો.
૪. સ્ત્રી. (કચ્છી) ગુદા; મળદ્વાર.

ગુઈતલ જુઓ ગુઈપટ.

ગુઈન્ડી સ્ત્રી. મદ્રાસ તરફ થતાં એક જાતનાં કેળાં. એની વિશિષ્ટતા એ છે કે જેમ સક્કરજનને કાપીને સૂકવી શકાય છે તેમ આ કેળાંને સૂકવીને કે શેકીને બગડ્યા વિના ચીવટપણે રાખી શકાય છે.

ગુઈપટ ન. એ નામની એક વનસ્પતિ. વાડ કરવા માટે તે ઉપયોગી છે. તેનાં લાંબાં પાંદડાં એકબીજા સાથે બાંધી લેવાથી વાડ સારી થાય છે, પરંતુ તેનાં મૂળિયાં આસપાસની ઘણી જગામાંથી સત્ત્વ ખેંચી લઈ જમીન બગાડે છે.

ગુઈયાં ૧. [હિં.] સ્ત્રી. રમતનો સાથી.
૨. સ્ત્રી. સખી.

ગુખ [સં. ગવાક્ષ] પું. ગોખ.

ગુખાડી સ્ત્રી. નરક પડ્યું રહેતું હોય તેવું અથવા ગંદું પાણી જવાનું ઠેકાણું; ગૂખાડી.

ગુગદવું અ. ક્રિ. દોડવું.

ગુગર જુઓ ગૂગળ.

ગુગુથુથુ ૧. ન. ખરાબ થયેલું કામ.
૨. વિ. નમાલું.

ગુગુલિયા [હિં.] પું. મદારી.

ગુગ્ગુલ ૧. પું. એક જાતનો ગુંદર; ગૂગળ. ધૂપ કરવામાં અને ઔષધિ તરીકે તેનો ઉપયોગ થાય છે.
૨. [સં.] પું. ગૂગળનું ઝાડ. આ ઝાડ સિંધ, રજપૂતાના, પૂર્વ બંગાળ અને આસામમાં થાય છે. ગુગ્ગુલનાં ઝાડમાં શિયાળામાં કાપ મૂકીને ગૂગળ ભેગો કરવામાં આવે છે. તે શામક, મૃદુ વિરેચક અને પેટનો આફરો મટાડનાર હોવાથી સંધિવા, જ્ઞાનતંતુનાં દરદ, મૂત્રાશય રોગ, ચામડીનાં દરદ અને કંઠમાળમાં ઉપયોગી છે. હીરાબોળને બદલે ઘણી વખત તેનો ઉપયોગ થાય છે. ચૂનાનું પાણી અથવા ટોપરાંના તેલ સાથે ગૂગળ મેળવીને ગૂમડાં અને ધારાં ઉપર લેપ કરવામાં આવે છે.
૩. પું. રાતો સરગવો.

ગુગ્ગુલુ જુઓ ગુગ્ગુલ.

ગુગ્ગુલુક [સં.] પું. ગૂગળ વેચનાર માણસ.

ગુઘલાવણ વિ. (ચારણી) મેલું; અસ્વચ્છ.

ગુચકી ૧. [હિ.] સ્ત્રી. પાણીની અંદર બૂડવું તે; ડૂબકી.
૨. સ્ત્રી. પાણીમાં બૂડવાથી થતો અવાજ.

ગુચપુચ ૧. [સં. ગુપ્ (છાનું રાખવું)] સ્ત્રી. કાનમાં થતી છાની વાત.
૨. સ્ત્રી. ખાનગી વાત.
૩. વિ. ગુપ્ત; છાનુંમાનું.
૪. વિ. સંભળાય નહિ એવું; ધીરૂં ધીરૂં.
૫. અ. ચૂપચાપ; છાનામાના; છૂપી રીતે.

ગુચપુછ જુઓ ગુચપુચ.

ગુચવણ જુઓ ગૂંચવણ.

ગુચવાડો (ગુચવાડ઼ો) પું. ગૂંચવણ.

ગુચવાવું જુઓ ગૂંચવાવું.

ગુચી ૧. [સં. ગુચ્છ] સ્ત્રી. (હિંદી) એકસો નાગરવેલનાં પાનનું પડીકું.
૨. [હિં.] સ્ત્રી. બિલાડીનો ટોપ.

ગુચ્ચો ૧. [હિં.] સ્ત્રી. ખાડો.
૨. વિ. સુસ્ત; આળસુ.

ગુચ્છ ૧. [સં.] પું. ગુચ્છો; જથો; જુલકું.
૨. પું. ગોટો; પુષ્પમંજરી.
૩. પું. પાંદડાંનો સમૂહ.
૪. પું. પુસ્તકનો ભાગ.
૫. પું. બત્રીશ સેરનો એક હાર.
૬. પું. ભારી; ભારો.
૭. પું. મોરનું પીછું.
૮. પું. (જૈન) રજ કે જંતુને પૂંજીને દૂર કરવાનું સાધન.

ગુચ્છક ૧. [સં.] પું. ઊનનો ગુચ્છો.
૨. પું. તગરની ગાંઠ.

ગુચ્છદંતિકા [સં.] સ્ત્રી. કેળ.

ગુચ્છપત્ર [સં.] પું. તાડનું ઝાડ.

ગુચ્છપુષ્પ ૧. [સં.] પું. અરીઠાનું ઝાડ.
૨. પું. અશોકનું વૃક્ષ.
૩. પું. ધાવડીનું ઝાડ.
૪. પું. સાતપૂડાનું ઝાડ.
૫. ન. ફૂલોનું ઝૂમખું.

ગુચ્છપ્રવાલ ન. એક જાતનું પરવાળું.

ગુચ્છફલ ૧. [સં.] પું. અરીઠાનું ઝાડ.
૨. પું. અંગૂર; લીલી દ્રાક્ષ.
૩. પું. કદળી; કેળ.

૪. પું. કાકમાચીનું ઝાડ.

૫. પું. રાયણનું ઝાડ.

૬. ન. દૂધી.

ગુચ્છફૂલા જુઓ ગુચ્છફૂલ.

ગુચ્છફૂળ જુઓ ગુચ્છફૂલ.

ગુચ્છા ૧. [સં. ગુચ્છ] પું. (હિંદી) અંબોડો.

૨. પું. ચમરી.

૩. પું. ઝૂડો; ગુચ્છો; જથ્થો.

૪. પું. ફૂમતું; ટોપી ઉપરનું ફૂમતું.

૫. પું. બ. વ. થોભિયા.

૬. પું. બ. વ. વાળની બાબરી.

ગુચ્છાદાર ૧. વિ. ગુચ્છાવાળું; ભરાઉ; ગુચ્છા હોય તેવું.

૨. વિ. ગૂંચળા વળેલું; ઝુલફાવાળું.

ગુચ્છાર્દ્ધ [સં.] પું. ચોવીશ સરનો હાર.

ગુચ્છાળો સમેરવો પું. એક જાતનો છોડ. આ છોડ ઘણું કરીને અરધાથી એક ફૂટ ઊંચો વધે છે. એની શાખા ઉપર વાળની રુવાંટી હોય છે. પુષ્પ બાહ્ય કોષનાં પણ વિશેષ અણીવાળાં અને તેની કોર ઉપર લાંબા ધોળા ઝીણા વાળની પાપણ જેવી હાર હોય છે.

ગુચ્છિત [સં.] વિ. ગુચ્છાવાળું.

ગુચ્છેદાર ૧. [હિં.] વિ. ગુચ્છો હોય એવું; ગુચ્છાવાળું.

૨. વિ. ચમરીવાળું.

ગુચ્છો ૧. પું. ઊન કે સૂતરના રંગબેરંગી તાંતણાનો ઝૂમખો.

૨. [સં. ગુચ્છ] પું. ગોટો; ગુચ્છ.

૩. પું. છેક જ પાસે પાસે ઊગીને ખીલેલી ફૂલની કળી.

૪. પું. ઝાડના મોર અથવા માંજરનો જથ્થો.

૫. પું. વાળનો જથ્થો.

૬. પું. સાવરણી; રજ વાળવાનું સાધન.

૭. ન. બ. વ. તંતુનો સમૂહ.

ગુછળું જુઓ ગૂંછળું.

ગુજ્ [સં.] અ. ક્રિ. (ધાતુ) અવાજ કરવો; ગુંજારવ કરવો. તે ઉપરથી નીકળેલ શબ્દો: ગુંજન, ગુંજારવ, ગુંજિત.

ગુજ ૧. [સં. ગુહ્ય] સ્ત્રી. ખાનગી વાતચીત.

૨. સ્ત્રી. બે તરફ અણીવાળો પાટિયાં સાંધવાનો ખીલો.

ગુજગોષ્ઠી સ્ત્રી. ગુફતેગો; છાની વાત.

ગુજઝી [સં. ગુહ્ય] વિ. (હિંદી) ગુપ્ત; ખાનગી.

ગુજરડાં ગોરમટી (ગુજરડાં ગોરમટી) ૧. સ્ત્રી. ગુજરડું અને ગોરમટી.

૨. સ્ત્રી. ગુજરડું અને ગોરમટી લાવવાનો લગ્નનો એક વિધિ.

૩. સ્ત્રી. વેદીની આસપાસ મૂકવામાં આવતી માટી; ગ્રહશાંતિ કરતી વખતે લાવવામાં આવતી માટી.

ગુજરડું (ગુજરડું) ૧. ન. ઉલેચણો; ગોળામાંથી પાણી ભરવાની આંકડિયાવાળી લોટી.

૨. ન. ગણપતિ આગળ મૂકવાનું માટીનું વાસણ.

૩. ન. ગુજરું; ગ્રહશાંતિ માટે વેદી કરવાને લીલી માટીનો બનાવેલો આકાર.

૪. ન. લીલી માટી એટલે ગારાની ગાજર જેવી આકૃતિ. તે માંગલિક પ્રસંગે વેદીની આગળ મૂકવામાં આવે છે.

ગુજરવું ૧. અ. ક્રિ. ક્ષય થવો.

૨. અ. ક્રિ. જવું; વહી જવું; વીતી જવું; વટી જવું; વટવું.

૩. અ. ક્રિ. મરી જવું; નાશ પામવું; જીવ જવો.

૪. અ. ક્રિ. માથે આવી પડવું; વીતવું; કંઈક વાનાં વીતવાં.

૫. સ. ક્રિ. જતું કરવું; દરગુજર કરવું.

ગુજરાણ જુઓ ગુજરાન.

ગુજરાત ૧. [સં. ગુર્જરત્રા—ગુજ્જરત્તા—ગુજરાત] પું.; સ્ત્રી.; ન. હિંદની પશ્ચિમ દિશાએ આવેલો ગુર્જરોનો દેશ; ઉત્તરમાં આબુ, દક્ષિણમાં દમણ, પશ્ચિમે દ્વારકા અને પૂર્વમાં દાહોદ એની વચમાંનો પ્રદેશ; ગુર્જર લોકોએ આબાદ કરેલી ભૂમિ. ગુજરાત એટલે ગુજ્જર લોકોનો પ્રદેશ. શક, આહીર અને બીજા લોકોની પેઠે ગુજ્જર લોકો પણ વાયવ્ય કોણમાંના ડુંગરી પ્રદેશમાંથી હિંદુસ્તાનમાં દાખલ થયા. પ્રથમ તેઓ પંજાબ અને સંયુક્ત પ્રાંતોમાં વસ્યા. ગુજરાત અને ગુજરાનવાલા એ બે જિલ્લા પંજાબમાં છે તેનાં નામ એ લોકો ઉપરથી પડ્યાં છે. મથુરાથી તેઓ રજપૂતાના અને માળવામાં પ્રસર્યા. માળવામાંથી દક્ષિણ તરફ ખાનદેશમાં અને પશ્ચિમ તરફ ગુજરાતમાં ફેલાયા. ડિડવાળા અને ધટિયાળમાં વિક્રમ સંવત ૯૦માં લખેલ એક તામ્રપત્ર અને એક શિલાપત્ર મળી આવ્યાં છે તેમાં ગુજરાત પ્રાંતને ગુર્જરત્રા એટલે ગુર્જરોને આશ્રય દેનારી ભૂમિ કહ્યો છે. ગુર્જરત્રાનું પ્રાકૃત રૂપ ગુજરત્તા થઈ ગુજરાત નામ પડ્યું છે. પ્રાચીન ગુજરાતમાં મહી નદીના ઉત્તર ભાગનો જ એટલે પાલણપુર, કડી, અમદાવાદ, મહીકાંઠા અને ખેડાનો જ સમાવેશ થતો હતો. અણહિલવાડમાં ચાવડા લોકોનું રાજ્ય હતું તે દરમિયાન એટલે ઈ. સ. ૭૨૦થી ૯૫૬ સુધીમાં એ પ્રદેશનું ગુજરાત નામ પડ્યું. મહીના દક્ષિણ પ્રદેશને લાટ કહેતા હતા. લાટ શબ્દ ઘણો પ્રાચીન છે. સંસ્કૃત અલંકારગ્રંથોમાં અમુક પ્રકારના અનુપ્રાસને લાટાનુપ્રાસ કહે છે, કેમકે તે લાટ લોકોને પ્રિય છે. ઈ. સ. ૮૮૮ના રાષ્ટ્રકૂટના શિલાલેખમાં તાપી નદી ઉપર સુરત પાસેના વરિયાવ ગામ સુધીના પ્રદેશને કોંકણ નામ આપ્યું છે. મુસલમાન રાજ્ય દરમિયાન સુરત જિલ્લાની દક્ષિણ હદ સુધીના મહીના દક્ષિણ પ્રદેશને ગુજરાત નામ આપવામાં આવ્યું. ગુજ્જર લોકોએ રજપૂતાનામાં મોટું રાજ્ય સ્થાપ્યું હતું અને તેની રાજધાની ભીનમાલ કે શ્રીમાલ હતી. એ રાજવંશમાં છ રાજા થઈ ગયા. તેમાંના ભોજરાજાના વખતમાં તેમની સત્તા કનોજમાં સ્થપાઈ. ભોજરાજાની પછી મહેંદ્રપાલે અને મહિપાલે કનોજમાં રાજ્ય કર્યું. મારવાડ અને કનોજના ગુજ્જર રાજાઓને મહારાષ્ટ્રના રાષ્ટ્રકૂટ રાજાઓ સાથે વારંવાર લડાઈ થતી. એક શિલાલેખ ઉપરથી જણાય છે કે કનોજના રાજા પ્રતિહારી વંશના હતા. પડિહાર, પરમાર, ચોહાણ અને સોલંકી એ ચાર રજપૂત રાજવંશોમાંના પડિહાર વંશને જ પ્રતિહારી વંશ તરીકે શિલાલેખમાં કહ્યો છે. ઈ. સ. ૯૬૧માં અણહિલપત્તનમાં સોલંકી વંશની સ્થાપના થઈ એ પ્રદેશનું નામ ગુજરાત તરીકે સ્થાપિત થયું. શ્રીમાળ, ચંદ્રાવતી, પંચાસર, પાટણ અને અમદાવાદ ગુજરાતની રાજધાનીઓ થઈ છે. વઢિયાર, ચુંવાળ, ભાલ, ચરોતર, મેવાસ, કાનમ એવા ગુજરાતના જૂના વિભાગો હતા. સંવત ૧૩૦૦ પછી અને ખાસ કરીને ગુજરાતમાં મુસલમાની રાજ્યઅમલ શરૂ થયા પછી ગુજરાત શબ્દની વ્યાપ્તિ વધીને લાટ, સોરઠ તથા વાગડ દેશ પણ ગુજરાતમાં ગણાવા લાગ્યા.

૧. કોના બાપની ગુજરાત ?—કોના બાપની દીવાળી ?—ગુજરાતની ગાંડ અને માળવાનું મોઢું = કંઈ લેવાદેવા નહિ.

૨. ગુજરાત તેની શી વાત ! = ગુજરાત દેશ સર્વ રીતે ચડિયાતો અને સમૃદ્ધ છે.

૨. ન. એ નામનું હિંદુસ્તાનનું એક શહેર. તે લાહોરથી ૭૫ માઈલ ઉપર પંજાબમાં આવેલું છે અને ગુજરાત પ્રાંતનું મુખ્ય શહેર છે. વળી તે કારીગીરીનું સ્થળ છે.

ગુજરાતણ ૧. સ્ત્રી. ગુજરાતમાં જન્મેલી સ્ત્રી; ગુજરાતી સ્ત્રી.

૨. સ્ત્રી. ગુજરાતમાં રહેનારી સ્ત્રી.

ગુજરાતનો નાથ પું. કનૈયાલાલ માણેકલાલ મુનશી વિરચિત એ નામની લોકપ્રિય ઐતિહાસિક નવલકથા.

ગુજરાત વર્નાક્યુલર સોસાયટિ સ્ત્રી. ગુજરાતી સાહિત્યની વૃદ્ધિ કરવા માટે સ્થાપવામાં આવેલું એક મંડળ. અમદાવાદના આસિસ્ટન્ટ જજ ફાર્બસ સાહેબે તેની ઈ. સ. ૧૮૪૮માં સ્થાપના કરી. આ મંડળે બુદ્ધિપ્રકાશ નામનું પખવાડિક, પાછળથી માસિક, પછી ત્રિમાસિક શરૂ કર્યું. કવિ દલપતરામ અને પાછળથી રમણભાઈ નીલકંઠ વગેરે તેના સંચાલક હતા. હાલ ગુજરાતની તે એક મહાન સાહિત્ય સંસ્થા છે.

ગુજરાતી ૧. પું. ગુજરાતનો રહેવાસી; ગુજરાતમાં વસનારો પુરુષ. ગુજરાતી લોકો ઘણા સાહસિક છે અને વેપાર કરવામાં કુશળ છે. હિંદુસ્તાનના દરેક પ્રાંત અને રાજ્યમાં તેઓ વેપારને અર્થે વસેલા છે ને ત્યાં ગુજરાતી ભાષા બોલે છે. હિંદુસ્તાનની બહાર આફ્રિકમાં, બ્રહ્મદેશ વગેરે દેશોમાં પણ ગુજરાતીઓની મોટી સંખ્યા માલૂમ પડે છે. મદ્રાસમાં પણ રેશમ વણનારા ઘણા ગુજરાતીઓ લાંબો વખત થયાં વસ્યા છે. પંજાબ, સંયુક્ત પ્રાંત, બંગાળ, અજમેર-મેરવાડા, મધ્યદેશ, રજપૂત સંસ્થાન, હૈદરાબાદ, મ્હૈસુર ને કશ્મીરનાં રાજ્યો, કવેટા, બ્રહ્મદેશ, કુર્ગ, અંદામાન વગેરે પ્રદેશોમાં ગુજરાતીઓ વસેલા છે. સ્વદેશમાં ગુજરાતી ભાષા બોલનારાઓની સંખ્યા લગભગ એક કરોડ અને ગુજરાત બહાર હિંદુસ્તાનના જુદા જુદા ભાગમાં ગુજરાતી ભાષા બોલનારાઓના સખ્યા લગભગ પંદર લાખ છે.

૨. સ્ત્રી. અઠ્ઠાવન અર્વાચીન લિપિમાંની એક.

૩. સ્ત્રી. એ નામની દરજી અને ખાંટની એક અટક.

૪. સ્ત્રી. એક પ્રકારની તરવારની મૂઠ.

૫. સ્ત્રી. ગુજરાતમાં બોલાતી લખાતી ભાષા. સ્વરૂપમાં હિંદી કરતાં ગુજરાતી જૂની છે અને તે ભાષાનું જૂનું પ્રાંતિક સ્વરૂપ છે. ચાલુક્ય રજપૂતો એને કાઠિયાવાડના દ્વીપકલ્પમાં લઈ ગયા અને ત્યાં બીજી હિંદી બોલીઓથી છૂટી પડવાથી એ ધીમે ધીમે સ્વતંત્ર ભાષા બની. આ રીતે હિંદીમાંથી જે રૂપો જૂનાં થઈ જતાં રહ્યાં છે તે એમાં કાયમ રહ્યાં છે. ગુજરાત અને કાઠિયાવાડ ઉપરાંત ગુજરાતી ભાષા કચ્છમાં બોલાય છે. ઉત્તર તરફ ગુજરાતી ભાષા છેક પાલણપુરની ઉત્તર સીમા સુધી ફેલાયેલી છે. તેની બહાર સિરોહી અને મારવાડમાં મારવાડી ભાષા બોલાય છે. સિંધમાં થર અને પારકર જિલ્લાના દક્ષિણ કિનારા પાસે ગુજરાતી ભાષા બોલાય છે. દક્ષિણમાં સુરત જિલ્લાની દક્ષિણ હદ સુધી એ ભાષા પ્રસરેલી છે. એ દક્ષિણ સીમાની બંને બાજુના પ્રદેશોમાં ગુજરાતી અને મરાઠી બંને બોલાય છે. પૂર્વ તરફ ધરમપુરના રાજ્યમાં એ ભાષા ચાલે છે. વળી એ દિશાએ પર્વતની હાર આવેલી છે તે ગુજરાતની પૂર્વ સીમા બની છે. એ ડુંગરોની તળેટીની હારમાં ઉત્તર તરફ છેક પાલણપુરની પૂર્વ સીમા જ્યાં એ ડુંગરો આરાવલિની પર્વતમાળા તરીકે પ્રસિદ્ધ છે, ત્યાંસુધી ગુજરાતી ભાષા પ્રચલિત છે. આ ડુંગરોમાં ભીલ લોકોની વસતી છે. એ ડુંગરોની પેલી તરફ પૂર્વ અને દક્ષિણમાં રજપૂતાનાનો મુલક આવેલો છે ત્યાંની પ્રાંતિક બોલીઓ જયપુરી અને માળવી છે. એ બંને ભાષાઓને ગુજરાતી ભાષા સાથે ઘણો ગાઢો સંબંધ છે. મારવાડી ભાષાને ગુજરાતી સાથે ઘણો સંબંધ છે. અર્વાચીન ગુજરાતી ભાષા જ્યાં બોલાય છે તે બધા પ્રદેશોમાં અને અર્વાચીન મારવાડી જ્યાં બોલાય છે તેના ઘણાખરા ભાગમાં કંઈ નહિ તો પંદરમા સૈકા સુધી તો એક જ ભાષા બોલાતી હતી, જેને આપણે જૂની ગુજરાતી ભાષા કહીએ છીએ તે હતી. આ પ્રમાણે તે સમયે મારવાડી ગુજરાતીથી જુદી ન હતી. ગુજરાતી ભાષા મૂળ સંસ્કૃતમાંથી ઊતરી આવેલ છે. જૂની ગુજરાતી: (૧) કાળક્રમે સંસ્કૃત શબ્દના અપભ્રંશ થવાથી ને દેશ્ય શબ્દના મિશ્રણથી સંસ્કૃત ભાષા પલટાઈને પ્રાકૃત ભાષા થઈ. (૨) પ્રાકૃત ભાષાના ઘણા શબ્દો અધિક અપભ્રંશ પામીને જૂની ગુજરાતી થઈ. (૩) અલ્લાઉદ્દીન ખીલજીએ ઈ. સ. ૧૨૯૭ માં ગુજરાત જીત્યું, ત્યારપછી જૂની ગુજરાતીમાં ઘણા ફારસી શબ્દોનો સમાવેશ થયો. તે પહેલાં પણ પશ્ચિમનાં બંદરોના અરબસ્તાન સાથેના વ્યાપાર સંબંધને લીધે અને ઈ. સ. આઠમા સૈકામાં પારસીઓના ગુજરાતમાં આવાગમન અને વસવાટને લીધે અરબી અને ફારસી શબ્દો અપભ્રંશ ભાષામાં દાખલ થયેલ. ચલિત અને પ્રારંભિક રૂપ: આદ્ય ગુજરાતી: (૧) તઘલખ વંશના અંતથી ઈ. સ. ૧૪૧૪ કે જે નરસિંહ મહેતાના જન્મનું વર્ષ છે, ત્યારથી ગુજરાતી ભાષા કંઈક નિશ્ચિત અને સામાન્ય સ્વરૂપ ધારણ કરે છે. (૨) નરસિંહ મહેતા પછી થોડે સમયે હિંદુસ્તાનમાં યુરપી પ્રજાઓ વ્યાપાર અર્થે આવી. ગુજરાતમાં પણ તેમનો વસવાટ થયો. ફ્રેંચ, ડચ, પોર્ટુગીઝ પ્રજાઓ પણ થોડેઘણે અંશે આપણો શબ્દભંડોળ વધારતી ગઈ. અંગ્રેજી ભાષાના શબ્દો દાખલ થવા માંડ્યા. (૩) ત્યારપછી ગુજરાત મરાઠાઓના હાથમાં પડ્યું અને થોડા મરાઠી શબ્દો પણ પ્રવેશ કરી શક્યા. સ્થાયી ને નિશ્ચિત રૂપ: નવી ગુજરાતી: (૧) અંગ્રેજી પછી ગુજરાતી ભાષા અને સાહિત્યનો નવો યુગ બેઠો. અંગ્રેજી શબ્દ અને અંગ્રેજી વાક્યરચના પણ ઘણાં સામાન્ય થઈ પડ્યાં છે. (૨) શિક્ષણના પ્રચારને અંગે સંસ્કૃત ભાષાનો અભ્યાસ વધવા માંડ્યો અને તે સાથે શુદ્ધ સંસ્કૃત શબ્દોનો પ્રચાર પણ ઘણો વધી ગયો. (૩) આમ ગુજરાતી ભાષાના નવા યુગની શરૂઆત નર્મદાશંકરથી થાય છે. તે સમયે પ્રજાને પોતાના નવા વિચારો, નવી ભાવનાઓ પ્રગટ કરવી હતી. કવિતા તે માટે યોગ્ય વાહન ન હતું. સમયની આ જરૂરિયાતે ગુજરાતી ભાષાને સ્થાયી અને નિશ્ચિત રૂપ આપ્યું, જેમાંથી નવી ગુજરાતીનો જન્મ થયો. આદિકાળ ઈ. સ. ૧૪૧૧થી ૧૫૨૬: (૧) ઈ. સ. ૧૪૧૧માં અહમદશાહે પાટણને બદલે અમદાવાદને ગુજરાતનું પાટનગર બનાવ્યું. (૨) ઈ. સ. ૧૪૫૯માં મહમદ બેગડાએ જૂનાગઢ રાજ્ય જીતી લીધું. (૩) આવા અશાંતિના સમયમાં પ્રજાનું મન ધર્મ અને પરલોક તરફ વળ્યું. (૪) પંદરમા સૈકાની શરૂઆતમાં ભક્તિના નવા માર્ગની કવિતાથી નરસિંહ મહેતાએ ગુજરાતને ગજાવ્યું. સામાન્ય રીતે નરસિંહ મહેતાએ ગુજરાતી કવિતાની શરૂઆત કરી. નરસિંહ પૂર્વે જૈન દેવાલયોમાં કવિતા લખાતી, પણ તે ત્યાં જ દટાઈ પડી રહેતી. પ્રત્યેક દેશના સાહિત્યનો ઇતિહાસ તપાસતાં માલૂમ પડશે કે કવિતાથી જ સાહિત્યની શરૂઆત થાય છે. (૫) ભારતવર્ષમાં પંદરમી સદીમાં ભક્તિનું એક પ્રચંડ મોજું આવ્યું: ગુજરાતમાં નરસિંહ અને મીરાં, બંગાળમાં ચૈતન્ય, ઉત્તર હિંદમાં સુરદાસ અને તુલસીદાસ અને દક્ષિણમાં એકનાથ અને તુકારામ. (૬) આ જ સદીમાં ભાલણ નામે ગુજરાતી કવિતા લખનાર એક બીજો ભક્ત કવિ પણ થયો છે. શુષ્કકાળ ઈ. સ. ૧૫૨૬થી ૧૬૦૫: (૧) દિલ્હીના પઠાણ સુલતાનોની સત્તા ધીમે ધીમે પડી ભાંગવાથી ગુજરાતના સૂબા સ્વતંત્ર થઈ ગયા. સોળમા સૈકામાં ગુજરાતમાં અંધેર ચાલ્યું. (૨) આ કાળમાં ત્રણ ઉપકવિઓ થયા છે: વસ્તો, વચ્છરાજ અને તુલસી. એ ત્રણેની કવિતાઓ એના પછીના યુગના મહાકવિઓને માર્ગદર્શક છે. સુવર્ણયુગ ઈ. સ. ૧૬૦૫થી ૧૭૪૮: (૧) અકબર બાદશાહના મૃત્યુવર્ષ ૧૬૦૫થી મોઘલ સામ્રાજ્યના અંતના વર્ષ ૧૭૪૮ સુધી ગુજરાતમાં શાંતિ ફેલાઈ હતી. (૨) ગુજરાતના આર્થિક જીવનનો પણ

આ સુવર્ણકાળ હતો. (૩) આ સુવર્ણયુગમાં ગુજરાતે ત્રણ મહાકવિઓ આપ્યા: અખો, પ્રેમાનંદ અને શામળ. (૪) સામાજિક જીવનને અખાએ પહેલી વાર કવિતાનો વિષય બનાવ્યો. (૫) પ્રેમાનંદ પૌરાણિક શૈલીનો મહાકવિ છે. શેક્સપિયર માફક તેણે બીજાના કાર્યને સુધારી આપ્યું છે. (૬) પ્રેમાનંદના અનુગામી શામળના સમયમાં ઉર્દૂ રાજભાષા હતી. આથી શામળનાં કાવ્યની ભાષામાં ફારસી અને અરબીમાંથી ઉદ્ભવેલા શબ્દોનું પ્રમાણ વધુ છે. તેનામાં વાર્તાકાર તરીકેની શક્તિ દેખાઈ આવે છે. તેની કવિતા વિશેષ મૌલિક છે. ગુજરાતી ભાષાના ઘડતરમાં શામળનો ફાળો ઘણો કીમતી છે. આજે યે શામળનાં કેટલાંક વાક્યો આપણી ભાષામાં કહેવતરૂપે વપરાય છે. (૭) આ સમયમાં નાકર, મુકુંદ, વિષ્ણુદાસ, વીરજી, રત્નેશ્વર અને દેવીદાસ ગૌણ કવિ થઈ ગયા. (૮) જોકે ગદ્યના વિકાસ વિના ભાષા સ્થાયી સ્વરૂપ ધરી શકતી નથી, તોપણ પદ્ય દ્વારા વિચારોનું વહન કરી શકે એટલું સામર્થ્ય ગુજરાતી ભાષાને તો આ સમયમાં જ પ્રથમ પ્રાપ્ત થયું, એટલે જ આ સુવર્ણયુગ કહેવાયો. સ્વામીનારાયણ યુગ ઈ. સ. ૧૭૪૮થી ૧૮૫૨: (૧) ઈ. સ. ૧૭૪૮ પછી ગુજરાતમાં મરાઠી રાજ્ય સ્થપાયું. અઢારમી સદીમાં ગુજરાતમાં સર્વત્ર અશાંતિનો સમય હતો. મુસલમાન રાજાઓ અંદરોઅંદર લડવા લાગ્યા અને પરિણામે ગુજરાત અંગ્રેજોના હાથમાં આવ્યું. (૨) અશાંતિના દુઃખના દિવસોમાં વળી પાછો આધ્યાત્મિક કવિતાનો પુનર્જન્મ થયો. (૩) આ સમયમાં વૈષ્ણવોનું જોર ઓછું થયું ને સ્વામીનારાયણ સંપ્રદાય થયો. આ યુગમાં ઘણા ગૌણ કવિઓ થયા છે, પણ તેમાં દયારામ, ધીરો, પ્રીતમ, દેવાનંદ, બ્રહ્માનંદ અને નિષ્કુળાનંદ હજુ પણ વંચાય છે. આ સમયમાં થોડાં સ્ત્રીકવિઓ પણ થયાં હતાં: દિવાળીબાઈ, કૃષ્ણાબાઈ. ઉદયકાળ ઈ. સ. ૧૮૫૨થી ૧૮૮૭: (૧) ઈ. સ. ૧૮૫૨માં દયારામનું મૃત્યુ થયું અને તેની સાથે ગુજરાતમાં સમયની જરૂરિયાતે ગદ્ય જમાવ્યું. જ્યાંસુધી પ્રજામાં વિચારશીલતા ન આવે ત્યાંસુધી સાહિત્યરૂપે ગદ્ય ઉત્પન્ન થઈ શકતું નથી. સમસ્ત જગતનું ગદ્ય સાહિત્ય આ વિધાનની સાક્ષી પૂરે છે. (૨) નર્મદ અને તેની સમકાલીન ભાવનાશાળી વ્યક્તિઓએ ગદ્યને પોષ્યું. અમદાવાદમાં દલપતરામ ને મહીપતરામ, મુંબઈમાં નર્મદાશંકર ને કરસનદાસ મૂળજી ગુજરાતી ગદ્ય સાહિત્યને ધપાવી રહ્યા હતા. તે અરસામાં રણછોડભાઈ ઉદયરામ, મનઃસુખરામ સૂર્યરામ અને ઝવેરીલાલ યાજ્ઞિકનું ત્રીજું મંડળ ઉદ્ભવ પામ્યું. અંગ્રેજી સંસ્કાર અને નવા વિચારો ને ભાવનાનો સારો પ્રચાર થવા માંડ્યો. (૩) નર્મદ પહેલાં ગદ્યનું અસ્તિત્વ ન હતું એમ તો ન જ કહી શકાય: પત્ર, લેખ આદિ. (૪) ગુજરાતી ગદ્ય સાહિત્યની ખરી શરૂઆત દયારામના મૃત્યુ પછી થઈ. એમાં સમયની જરૂરિયાત જ કારણભૂત હતી. જેમકે, ૧૯મી સદીની શરૂઆતમાં ગુજરાતમાં અંગ્રેજી શિક્ષણની શરૂઆત; મોટા છાપખાનાં; ઈ. સ. ૧૮૪૮માં ગુજરાત વર્નાક્યુલર સોસાયટિ; ઈ. સ. ૧૮૫૯માં મુંબઈ યુનિવર્સિટિની સ્થાપના અને નર્મદ જેવા પ્રતિભાશાળી યુગપુરુષનો જન્મ. નવીન યુગ ઈ. સ. ૧૮૮૭થી ચાલુ: ઈ. સ. ૧૮૮૭થી ગુજરાતી સાહિત્યનો નવો યુગ શરૂ થયો છે. એનાં મૂળ નર્મદ–દલપતના સમયમાં જ નખાયેલ છે. ગુજરાતી ભાષા વણખેડાયેલી નથી. એ ગુજરાતી ભાષામાં પ્રેમાનંદ જેવા કવિના સર્વે રસના સઘન વિચારો સમાઈ શકયા, શામળ ભટ્ટની પોતાના સમયને ચીતરતી તથા સંસારને અવલોકતી પ્રબોધતી કલમને ગુજરાતી ભાષાથી કંઈ આંચકો પડ્યો નહિ, દયારામની અતિ સૂક્ષ્મ લાગણીઓ સ્વચ્છંદપણે પોતાનો પ્રકાશ કરી શકી, મુક્તાનંદ બ્રહ્માનંદ વગેરે નવા ધર્મનો ગંભીર તથા ઊછળતો જુસ્સો તડાકાની સાથે બીજાને દર્શાવી શકયા, નિષ્કુળાનંદનો તીવ્ર વૈરાગ્ય તેની દરેક લીટીમાં સંપૂર્ણ સમાઈ રહ્યો છે તથા ધીરો, દેવાનંદ, ભોજો ભગત વગેરે કેટલેક દરજ્જે અભણ હતા તોપણ તેમણે તપીને ભૂલમાં અથડાતા જગતને જે વેણુ સંભળાવ્યાં તે તેના સફળ સ્પષ્ટ વક્તાપણાને માટે અદ્યાપિ મશહૂર છે.

૬. સ્ત્રી. નાની એલચી.

૭. ન. એ નામની અટકનું માણસ.

૮. વિ. એ નામની અટકનું.

૯. વિ. ગુજરાત સંબંધી; ગુજરાતનું; ગુજરાતને લગતું.

૧૦. વિ. ગુજરાતમાં બનેલું.



ગુજરાતીકાર પું. ગુજરાતી સાક્ષર.

ગુજરાતી કાવ્ય પું. ગુજરાતી ભાષાની કવિતા. ગુજરાતી કાવ્યના વિકાસક્રમનાં પાંચ પગથિયાં છે: (૧) પ્રાચીન યુગ, (૨) બીજો યુગ, (૩) ત્રીજો યુગ, (૪) ચોથો યુગ અને (૫) અર્વાચીન યુગ. (૧) પ્રાચીન યુગ: તેમાં ઈ. સ.ના આઠમા–નવમા શતકથી આરંભી ચૌદમા શતક સુધીના કાળનો સમાવેશ થાય છે. આને અપભ્રંશ અને જૂની ગુજરાતીનો કાળ કહી શકાય. આ કાળમાં કવિતાના ક્ષેત્રમાં મુખ્ય ફાળ લેનાર જૈન કવિઓ છે. (૨) બીજો યુગ: આ યુગમાં પંદરમા તથા સોળમા સૈકાનો સમાવેશ થાય છે. આ યુગનો મુખ્ય કવિ નરસિંહ મહેતો છે. તે અર્વાચીન ગુજરાતીનો પિતા ગણાય છે, તેને આદિકવિ પણ કહેવાય છે. નરસિંહ મહેતા

ઉપરાંત ભક્તકવિ વિષ્ણુદાસ, ભાલણ, પદ્મનાભ, વસ્તો વગેરે કેટલાક કવિઓ આ યુગમાં થઈ ગયા છે. પ્રસિદ્ધ ભક્તકવયિત્રી મીરાંબાઈ પણ આ યુગમાં થઈ ગયાં છે. (૩) ત્રીજો યુગ: આ યુગમાં સત્તરમા તથા અઢારમા સૈકાનો સમાવેશ થાય છે. આ યુગમાં ભાષાપ્રેમી કવિ પ્રેમાનંદ પ્રથમ પંક્તિના કવિઓમાં અગ્રગણ્ય છે તેથી તેને પ્રેમાનંદ યુગ કહી શકાય. આ યુગમાં પ્રથમ પંક્તિના બીજા કવિઓમાં તત્ત્વજ્ઞ વેદાંતી અને કથાનિપુણ શામળ છે. એ સિવાય વલ્લભ, નાકર, વીરજી, રત્નેશ્વર આદિ ઊતરતી પંક્તિના બીજા ઘણા કવિઓ આ યુગને શોભાવે છે. (૪) ચોથો યુગ: આમાં ઓગણીસમા શતકના પૂર્વાર્ધનો સમાવેશ થાય છે. આ યુગના પ્રથથ પંક્તિના કવિઓમાં શૃંગારરસિક દયારામ પૂર્ણકળાથી પ્રકાશે છે તેથી તેને દયારામનો યુગ કહી શકાય. તે સિવાય ભોજો, ધીરો, પ્રીતમ, મનહર, ગિરધર, નિષ્કુળાનંદ વગેરે વત્તાઓછા પ્રસિદ્ધ કવિઓ આ યુગમાં થઈ ગયા છે. (૫) અર્વાચીન યુગ: આ યુગનો આરંભ કવિ દલપતરામથી થાય છે. આ છેલ્લા યુગમાં પાશ્ચાત્ય સંસ્કૃતિની છાયા ગુજરાતી સાહિત્ય ઉપર પડેલી જોવામાં આવે છે. તેની સાથે આપણી ભાષાના સંસ્કૃત સાહિત્યના અભ્યાસના પરિણામરૂપે વાણી વિશુદ્ધ બની છે. આ સમયમાં નર્મદાશંકર પણ ગણી શકાય.

ગુજરાતી કોશ પું. ગુજરાતી ભાષાનો શબ્દકોષ; ગુજરાતી શબ્દભંડોળ.

ગુજરાતી કોષ જુઓ ગુજરાતી કોશ.

ગુજરાતી ગદ્ય ન. ગુજરાતી સાહિત્યનું ગદ્ય લખાણ. અઢારમી સદીની આખર અને ઓગણીસમી સદીની શરૂઆતમાં ગુજરાતી ગદ્યનો ઉદ્દય થયો એમ ગણી શકાય. ગુજરાતી ગદ્યના ત્રણ મુખ્ય લેખકો નર્મદાશંકર, મણિલાલ અને નાનાલાલ મનાય છે.

ગુજરાતી છાપખાનું ન. ગુજરાતી લખાણ છાપવાનું ઠેકાણું. હિંદુસ્તાનમાં સૌથી પહેલું ગુજરાતી છાપખાનું પ્રખ્યાત મોબેદ ફરદુનજી મર્ઝબાનજીએ કેટલીક મહેનત તથા કોશિશથી પોતે પોતાને હાથે જ ટાઇપ, મોલ્ડ વગેરે અસબાબ બનાવી ઈ. સ. ૧૮૧૨માં ઉઘાડયું હતું.

ગુજરાતી નિશાળ સ્ત્રી. ગુજરાતી ભાષાનું શિક્ષણ આપતી શાળા. કાઠિયાવાડમાં ઈ. સ. ૧૮૩૬ને શુમારે રાજકોટમાં એક ગુજરાતી નિશાળ અને ઈ. સ. ૧૮૫૩માં અંગ્રેજી-ગુજરાતી નિશાળ સ્થપાઈ.

ગુજરાતી ભાષા સ્ત્રી. ગુજરાતમાં બોલાતી લખાતી ભાષા. જુઓ ગુજરાતી ૪. ગુજરાતી ભાષા ક્યારથી શરૂ થઈ તે નિશ્ચિતપણે કહેવાતું નથી. તે આશરે નવસેં વર્ષથી ચાલે છે એમ ગ્રિઅરસન કહે છે. બીમ્સનો મત એવો છે કે કદાચ હિંદની આર્યભાષાઓમાં ગુજરાતીનું અસ્તિત્વ સૌથી જૂનું અને પહેલું છે. સ્વર્ગસ્થ હરિલાલ ધ્રુવ કહે છે કે ગુજરાતી ભાષાની હયાતી સિદ્ધરાજના વખતમાં તો શું પણ વનરાજના વખતમાં પણ હતી. પંડિત બહેચરદાસ કહે છે કે ગુજરાતી શબ્દ શ્રી હેમચંદ્રના સમયમાં જાણીતો હતો. ઈ. સ. પૂર્વે પાંચમા સૈકાથી ઈ. સ.ના ચોથા સૈકા સુધીમાં ગ્રીક. શક, બેક્ટ્રિયન, પાર્થિયન, સિથિયન, આભીર, હૂણ, મૌર્ય અને ક્ષત્રપ લોકો હિંદુસ્તાનમાં આવ્યા, તે વખતે હિંદુસ્તાનમાં પ્રાકૃત બોલાતી હતી. તેઓ આર્ય લોકો સાથે ભળી ગયા અને તેમની બોલી બોલવા માંડ્યા. તેઓએ આર્યોની ભાષા ઉપર અસર કરી હશે. જે શબ્દો સંસ્કૃત કે પ્રાકૃત ઉપરથી નથી બન્યા તે દેશના મૂળ વતની પાસેથી કે આ લોકો પાસેથી મળ્યા છે. જેવા કે, ટીપું, ઝાડ, બોકડો, કડછી, ખડકી, ચણોઠી, ખોળિયું, ગંડેરી, બાબરી. ઈ. સ.ના છઠ્ઠા સૈકામાં ગુર્જરો પંજાબ રસ્તે થઈને ગુજરાતમાં આવ્યા. પંજાબમાં ગુજરાત અને ગુજરાનવાલા એ જિલ્લાઓનાં નામ આ લોકોના નામ ઉપરથી પડ્યાં છે. તેઓએ સાતમાથી દશમા સૈકા સુધી ગુજરાત અને રજપૂતાનામાં રાજ્ય કર્યું. તે વખતે તેઓની ગાંદી ભીનમાલ કે શ્રીમાલ હતી. તેઓએ પ્રાકૃત ભાષા ઉપર અસર કરી હશે. તેઓના નામ ઉપરથી ગુજરાત પ્રાંતને ગુર્જરત્રા કહેલ છે. ગુર્જરત્રામાંથી પ્રાકૃત ગુર્જરત્તા થઈ ગુજરાત શબ્દ બન્યો છે. ગુર્જરોની પછી તરત જ પારસીઓ આવ્યા. તેઓએ પોતાની પહેલવી અને પાઝંદ છોડી દઈને ગુજરાતી બોલવી શરૂ કરી. તે વખતે કોઈ કોઈ ફારસી શબ્દો ગુજરાતીમાં દાખલ થયા હોય. ઈ. સ.ના ચૌદમા સૈકામાં આરબ, અફઘાન, તુર્ક અને મોઘલ લોકોની વધારે અસર થવા માંડી. આરબોનો સંબંધ હિંદ સાથે ઘણા વખત પહેલાંથી હતો, પણ મુસલમાની રાજ્ય સ્થપાયા પછી તેમની અસર વધારે થઈ. મુસલમાનો આવ્યા પછી ગુજરાતમાંથી સંસ્કૃત ભણવાનો ચાલ ઓછો થયો, તેથી સંસ્કૃતને બદલે ફારસી શબ્દ ગુજરાતીમાં દાખલ થવા માંડ્યા, પણ તે લોકો મૂળ વતની સાથે ભળી ગયા નહિ તેથી ગુજરાતીનાં અંદરનાં સ્વરૂપ, રૂઢિ કે વાક્યરચના ઉપર કંઈ અસર થઈ નથી. માત્ર થોડા અરબી, ફારસી અને તુર્કી ભાષાના શબ્દ તેમાં મળી ગયા છે. જેમકે, **અરબી**-અક્કલ, ઈજન, આબેહૂબ, ઉમદા, હુકમ, દુનિયા, ખર્ચ, તકરાર, દલીલ, કુદરત, અફવા, કિસ્મત. **ફારસી**-વખત, જમીન, દરિયો, હોશિયાર, હવા, હજાર, શેતરંજી, રૂમાલ, કારકુન. **તુર્કી**-તોપ, બંદૂક, રકાબી, ચાદર, કૂચ, ચાકૂ. મુસલમાની રાજ્યના અમલ દરમિયાન ગુજરાત પ્રાંતિક નામને બદલે, મહીના દક્ષિણ સુધીના ભાગને એટલે કે સુરત જિલ્લાની દક્ષિણ હદ સુધીના દેશને એ નામ આપવામાં આવ્યું. ઈ. સ.ના ૧૭મા સૈકામાં મરાઠીની અસર થવા લાગી. તે અસર પણ ખાસ કરીને બહારની હતી. મરાઠી અને ગુજરાતી શાસ્ત્રીઓની હરીફાઈને લીધે નાઈ એટલે હજામ, સં. નાપિત ઉપરથી, આઈ એટલે મા, સં. આર્યા-અજ્જન-મરાઠી આજી ઉપરથી, આપો એટલે બાપ. સં. આત્મન્ ઉપરથી, ચિચોડા એટલે આંબલિયા, સં. ચિંચા-મરાઠી ચિંચ ઉપરથી વગેરે ગુજરાતીમાં દાખલ થયા. હાલમાં પણ દક્ષિણી બ્રાહ્મણ અને મરાઠા નોકરીને લીધે ગુજરાતમાં વસવાથી મરાઠી શબ્દો દાખલ થતા જાય છે. જેમકે, માહિતી, દેણગી, વર્ગણી, ચિટનીસ, દગડ એટલે પથ્થર, મોજણી, ચંચુ, પેઠી, પાન એટલે પાનું. નિદાન એટલે ઓછામાં ઓછું, વાટાઘાટ, ચળવળ. કાનડી અસર પણ ક્યાંક ક્યાંક જોવામાં આવે છે. જેમકે, ગિલ્લીદંડાથી રમતાં વકટ, લેન, મૂડ, નાર એ શબ્દો વપરાય છે તે કાનડી ભાષાના છે અને તેનો અર્થ એક, બે, ત્રણ, ચાર થાય છે. ડાકોર, આબુ, દ્વારકા, સોમનાથ વગેરે ગુજરાતમાં જાત્રાનાં ઠેકાણાં હોવાથી હિંદી યાત્રાળુઓના ગુજરાત સાથેના સહવાસને લીધે અને કેટલાક હિંદી સાધુઓના અહીં વસવાટને લીધે હિંદી શબ્દો પણ ગુજરાતીમાં દાખલ થયા છે. જેમકે, આટો, કચેરી, ચાવલ, અચ્છું, દામ, બિછાનું, રસી, પત્તો, પટ્ટુ, મિટ્ટી, ફાટક, પસીનો. પોર્ટુગીઝ લોકો વેપાર અર્થે ગુજરાત અને કાઠિયાવાડમાં ઈ. સ. ના ૧૫મા સૈકાની આખરમાં આવ્યા. એના સહવાસને લીધે પોર્ટુગીઝ શબ્દો પણ દાખલ થયા. તેને આપણે ઘરગથ્થુ શબ્દની જેમ વાપરીએ છીએ. જેમકે, પાયરી, હાફુસ, પગાર, પાદરી, પિસ્તોલ, મેજ, કાફી, પલટણ, ચાવી, તમાકુ, બટાટા, તમેતો. બંબો. અંગ્રેજી ભાષાના પુષ્કળ શબ્દો ગુજરાતીમાં દાખલ થયા છે. જેમકે, કલેક્ટર, રેલ્વે, ગવર્નર, ઓફિસ, બોર્ડિંગ, કંપનિ, ઈંચ, કોટ, નંબર, ટિકિટ, પેન્સિલ, ફૂટ, બૂટ, ગેલેરિ, કલાસ, કપ, ફિલ્મ.

ગુજરાતી ભાષાના યુગ: પ્રાચીન ગુજરાતીનું સ્વરૂપ હાલની ગુજરાતી કરતાં જુદું હતું એમ તો બધા વિદ્વાનો માને છે, પરંતુ ભાષાના નામ સંબંધે અને વિભાગ પાડવામાં મતભેદ છે. ગુજરાતી ભાષાના એક પશ્ચિમવાસી અભ્યાસક ડૉ. ટેસિટોરિના માનવા મુજબ નરસિંહ મહેતાના સમયની ભાષાને જૂની પશ્ચિમ રાજસ્થાની, નવ્યયુગના ભાષાશાસ્ત્રી શ્રી નરસિંહરાવના મત મુજબ અંતિમ અપભ્રંશ, જૂની ધરેડના ભાષાશાસ્ત્રી શ્રી કેશવલાલભાઈના મંતવ્ય પ્રમાણે મધ્યકાલીન ગુજરાતી અને પ્રાચીન ગુજરાતીના અભ્યાસક શ્રી મણિલાલ બકોરભાઈ વ્યાસના મતે જૂની ગુજરાતી ભાષા છે. નવયુગના ભાષાશાસ્ત્રી શ્રી નરસિંહરાવભાઈ નીચે પ્રમાણે વિભાગ કરે છે: (૧) અપભ્રંશ-વિ. સંવત ૯૫૦ સુધી, (૨) મધ્યકાલીન અપભ્રંશ-વિ. સંવતના ૧૩મા સૈકા સુધી, (૩) અંતિમ અપભ્રંશ-વિ. સંવતના ૧૩મા સૈકાથી સંવત ૧૫૫૦ સુધી, (૪) આરંભકાળની ગુજરાતી-સંવત ૧૫૫૦થી સંવત ૧૬૫૦ સુધી, (૫) મધ્ય ગુજરાતી-સંવત ૧૬૫૦થી સંવત ૧૭૫૦ સુધી અને (૬) આધુનિક ગુજરાતી-સંવત ૧૭૫૦થી પછી. જૂની ધરેડના ભાષાશાસ્ત્રી શ્રી કેશવલાલભાઈ નીચે પ્રમાણે ત્રણ યુગ પાડે છે: (૧) અપભ્રંશ કે પ્રાચીન ગુજરાતી-ઈ.સ.ના દશમા અગિયારમા શતકથી ચૌદમા શતક સુધીનો પહેલો યુગ. (૨) મધ્યકાલીન ગુજરાતી-પંદરમા શતકથી સત્તરમા શતક સુધી અને (૩) અર્વાચીન ગુજરાતી-સત્તરમા શતક પછીનો ભાગ. પ્રાચીન અભ્યાસક શ્રી મણિલાલ બકોરભાઈ સંવત ૧૩૦૦થી ૧૬૦૦ સુધીના અર્થાત્ નરસિંહયુગની શરૂઆતની પહેલાંના એક શતકથી તે નરસિંહયુગ સુધીના સમયને જૂની ગુજરાતીનો કાળ ગણે છે. ગુજરાતી ભાષાના વિશાળ યુગો પાડીએ તો મુખ્ય ત્રણ યુગો આ પ્રમાણે પાડી શકાય: (૧) પ્રાચીન-ઈ. સ. ૧૪મા સૈકા સુધીની ભાષા. (૨) મધ્યકાલીન-૧૪મા સૈકાથી ૧૭મા સુધીની અને (૩) અર્વાચીન-૧૭મા શતક પછીની. ગુજરાતી ભાષાનો ઇતિહાસ ઓગણીસમી સદીની શરૂઆત સુધી તો કવિતા અને ભાષા બંનેનો ઘણે અંશે સરખો છે; કારણકે ભાષામાં તે વખતે કવિતા સિવાય બીજું કશું લખાતું જ નહિ. પ્રારંભથી તે આજ સુધીના વખતના ચાર ભાગ પાડીને તેને તે તે સમયના મુખ્ય કવિનો યુગ એવું નામ આપવામાં આવ્યું છે: (૧) નરસિંહ મહેતાનો યુગ, (૨) પ્રેમાનંદનો યુગ, (૩) નર્મદાશંકર તથા દલપતરામનો યુગ અને (૪) નવીન યુગ. ગુજરાત દેશનો ભાષા સાહિત્યનો ઇતિહાસ જોઈએ તો પાટણમાં રજપૂત રાજ્યની સ્થાપના થતાં દેશમાં નવું પરિવર્તન થયું. એ પરિવર્તનની સાથે જૂની પ્રાકૃત ભાષા પરિવર્તન પામી અને વિશેષ અપભ્રષ્ટ થયેલી અપભ્રંશ ભાષાનો યુગ ચાલતો થયો. એ પછી જ્યારે પાટણના રજપૂત રાજ્યનો અંત આવ્યો અને નવું મુસલમાની રાજ્ય સ્થપાયું ત્યારે જૂની અપભ્રંશ ભાષા દબાઈ ગઈ અને નવી પ્રાંતિક ભાષા પ્રવર્તિત થઈ. ફરી પાછો અમદાવાદના સુલતાનનો અમલ નષ્ટ થયો અને દિલ્હીના મોગલાઈ અમલની સ્થાપના થઈ ત્યારે ભાષા વધારે પ્રાંતિક સ્વરૂપ ધારણ કરતી થઈ અને હાલના સમયની ગુજરાતી ભાષા ચાલતી થઈ. પાટણના રજપૂત રાજ્યકાળની પૂર્વેના સમયની ભાષા તે પ્રાકૃત ભાષા, પાટણના રજપૂત રાજ્યકાળની ભાષા તે અપભ્રંશ ભાષા, અમદાવાદના સુલતાનોના સમયની ભાષા તે જૂની ગુજરાતી ભાષા અને મોગલાઈ રાજ્યકાળ પછીની ભાષા તે હાલની ગુજરાતી ભાષા છે. ગોવર્ધનભાઈ કહે છે તેમ ગુજરાતી ભાષા ઈ. સ. ૧૫૦૦ની સાલ પછી જૈનેતર વિદ્વાનોથી લખાવા માંડી. તેમાં અને જૈનોની ભાષામાં ફેર પડવા લાગ્યો જણાય છે. તેનું કારણ એ લાગે છે કે પંદરમા શતક પછી જૈનોનું બળ બીજા સમુદાયો ઉપરથી ઘટવા લાગેલું હોવા સંભવ છે. ઇતિહાસ જોતાં પણ વસ્તુપાળ તેજપાળના સમય પછી દિનપ્રતિદિન જૈનોનું જોર રાજસત્તામાંથી ઓછું થયેલું જણાય છે. આમ છતાં જૈન લેખકોએ ગુજરાતી સાહિત્યની સેવા આ શતક પછી પણ ઘણી મોટી બજાવી છે. પંદરમા શતકથી માંડી અઢારમા શતક સુધીના લગભગ ૩૫૦-૪૦૦ રાસો મળે છે. તેની સાથે તેઓના હાથે લખાયેલું ગદ્ય સાહિત્ય પણ ઘણું મળી શકે છે. ડૉક્ટર મેકડોનલ પ્રાકૃતની શૌરસેની નામની શાખા ઉપરથી ગુજરાતી થયેલી કહે છે. કેશવલાલભાઈ સાહિત્ય પરિષદના મુંબઈના અધિવેશનના પ્રમુખપદેથી હેમાચાર્યજીના અષ્ટાધ્યાયીના અપભ્રંશને ગુજરાતી કહે છે. ગુજરાતી ભાષાના ઉદ્‌ભવનો સમય શ્રી કેશવલાલભાઈ આઠમા અને દશમા શતકની વચ્ચે ગણે છે. ગુજરાતી ભાષાની શબ્દસમૃદ્ધિ પણ અનહદ છે. નરસિંહ મહેતા જેવા ભક્તજનોના અંતરના ઉદ્‌ગાર તે દર્શાવી શકેલ છે. પ્રેમાનંદ કવિ જેવાના સર્વરસના વિચારો પણ તેમાં સમાઈ શક્યા છે. શામળ ભટ્ટની સંસારી હકીકતો ચીતરતી કલમને પણ તે પૂરી પડેલ છે. દયારામ કવિની સૂક્ષ્મ લાગણીઓ પણ તે દર્શાવી શકેલ છે. અખા જેવા તત્ત્વજ્ઞાનીના વિચાર પણ તેણે યથાર્થ રીતે દર્શાવ્યા છે. દેશાભિમાની વીર નર્મદને તેમ જ ભાષાભિમાની સાક્ષર નવલરામને પણ તે ભાષા અધૂરી લાગી નથી. મુક્તાનંદ, બ્રહ્માનંદ વગેરેનો નવા ધર્મનો ગંભીર તથા ઊછળતો જુસ્સો તેમાં બરાબર બતાવી શકાયો છે. નિષ્કુળાનંદનો તીવ્ર વૈરાગ્ય તેની દરેક લીટીમાં સમાઈ રહ્યો છે. ધીરો, દેવાનંદ, ભોજો ભગત વગેરેને પણ તે ભાષા પૂરતી લાગી છે. છેવટે આ વીસમી સદીની નવજીવન રેડતી રાષ્ટ્રીય કલમોને પણ તેણે સંતોષ આપ્યો છે. આ રીતે ગુજરાતી દરેક પ્રકારે સબળ અને સમૃદ્ધ ભાષા છે. નરસિંહ મહેતો, ભાલણ, ભીમ, પ્રેમાનંદ, શામળ અને દયારામ વગેરે અનેક કવિ જે ભાષામાં કવિતા કરી ગયા છે તે સર્વને માન્ય છે. નરસિંહ મહેતો જૂનાગઢી, ભાલણ ભીમ પટણી, પ્રેમાનંદ વડોદરી, શામળ ચરોતરી કે દયારામ રેવાકાંઠી ભાષા લખી ગયો છે એમ કહી ગુજરાતના કોઈ પણ ભાગના લોકો પોતાનું અંધમમત્વ દર્શાવતા નથી અને તે દર્શાવવાનું તેમને કારણ પણ નથી, કેમકે એ કવિઓ પ્રાંતભેદને દૂર રાખી સામાન્ય ભાષામાં જ લખી ગયા છે. આશરે ૭૦૦, ૮૦૦ વર્ષ ઉપર આપણું ભાષાઐક્ય હાલ છે તેથી પણ બહુ જ વધારે હતું. તે વખતે ગુજરાતમાં જ નહિ પણ પંજાબ, સિંધ, કચ્છ, મેવાડ, મારવાડ, વ્રજ, ખાનદેશ, ઉડિયા અને ઠેઠ બંગાળ સુધી એકસરખી જ ભાષા બોલાતી હતી. હાલ પણ એમ કહેવાય છે કે ઉડિયાની ભાષા ગુજરાતીને બહુ જ મળતી છે. રાજપુત્રો, કવિઓ, ધર્મગુરુઓ અને વેપારીઓ એક મુલકમાંથી બીજા મુલકમાં સહેજ કામે આવતા જતા તે પણ ભાષાઐક્ય બતાવે છે, પણ મુસલમાનો આવ્યા અને બીજા ઐક્યની સાથે આપણું ભાષાઐક્ય તૂટ્યું. લોકોનો પરસ્પરનો સહવાસ એટલો બધો બંધ પડી ગયો કે એક પરગણાના લોકો બીજા પરગણામાં જવાની ભાગ્યે જ હિંમત ચલાવતા: આવી સ્થિતિમાં પ્રાંતભેદે જોર પકડી પોતાનાં ખાસ લક્ષણ ખીલવી ભિન્ન ભિન્ન ભાષારૂપે વિખૂટા થવા માંડ્યું એટલે ગુજરાતી, કચ્છી, મેવાડી, મારવાડી, પંજાબી, વ્રજ વગેરે હાલની ભાષાઓ ઉત્પન્ન થઈ.

ગુજરાતી લિપિ સ્ત્રી. દેવનાગરી કે બાળબોધ લિપિમાંથી ઉત્પન્ન થયેલી એક પ્રકારની લિપિ; નાગરીમાંથી નીકળેલી અને ઠાર ઠાર પ્રસરેલી એક અતિ સરલ લિપિ. ગુજરાતી લિપિનો પ્રચાર માત્ર એકલા કચ્છ, કાઠિયાવાડ અને ગુજરાતમાં જ નથી પણ મહાગુજરાત અને

હિંદના દૂર દૂરના ભાગ જેવા કે કરાચી, મલબાર, ઉત્તર હિંદ, કલકત્તા, રંગુન, લંકા જેવામાં પણ છે. હિંદની બહાર પણ તેનો પ્રચાર છે. જ્યાં જ્યાં ગુજરાતી લોકો વસ્યા છે ત્યાં ત્યાં તે લિપિનો પ્રચાર થયો છે. ઉપરાંત હિંદુ, મુસલમાન, પારસી, જૈન, ખ્રિસ્તી વગેરે તમામ તેનો ઉપયોગ કરે છે. એક દક્ષિણી સર્વસામાન્ય સાક્ષરે તો ત્યાંસુધી કહ્યું છે કે હિંદ આખામાં જો કોઈ લિપિ સર્વમાન્ય સમાન એટલે એક કરવા પાત્ર હોય તો તે ગુજરાતી લિપિ તેની સરળતાને લીધે છે. નાગરી લિપિનો મરોડ મરડાતાં ગુજરાતી લિપિ થઈ. ગુજરાતી લિપિમાં લખાયેલો જૂનામાં જૂનો લેખ સંવત ૧૬૮૩નો મળ્યો છે. એ પહેલાં લખાયેલા બધા ગુજરાતી ગ્રંથ નાગરી લિપિમાં લખાયેલા છે. ગુજરાતી એ સ્વતંત્ર લિપિ નથી પણ નાગરી લિપિ જ છે. ફક્ત લખવાની સુલભતા અને જોવાની સુંદરતા એમાં વિશેષ રીતે સાધી છે એટલું જ. મહારાષ્ટ્રી કે હિંદી માણસને ગુજરાતી લિપિ વાંચતાં અગવડ પડતી નથી. જૂનામાં જૂના ગુજરાતી લિપિના નમૂના સંવત ૧૬૫૧ના એટલે ઈ. સ. ૧૫૯૪-૯૫ના વર્ષના અમદાવાદના એક ખતમાં જોવા મળેલા છે. આનાથી પણ જૂના નમૂના મળી આવવાનો સંભવ છે. આથી એવું અનુમાન કરી શકાય કે આશરે ઈ. સ.ની તેરમી કે ચૌદમી સદીમાં આપણી ગુજરાતી લિપિના વલણની શરૂઆત થઈ હશે. અલબત્ત, શરૂઆતમાં તો દેવનાગરી લિપિની સાથે સાથે જ ગુજરાતી લિપિ વિકસતી હશે. મુખ્યત્વે કરીને આપણા વણિક લોકોએ ઝપાટાબંધ લખવાની પદ્ધતિ શરૂ કરી. તેના પરિણામમાં ગુજરાતી લિપિનો જુદો મરોડ ઊભો થવા પામ્યો હશે. સંવત ૧૭૦૦ પહેલાં આપણી ગુજરાતી લિપિ બહુધા વાપરવામાં આવેલી જણાતી નથી. તે પહેલાંનાં કેટલાંક કાવ્ય તથા લેખ દેવનાગરી લિપિમાં લખાયેલાં વધારે જોવામાં આવે છે. આ દેવનાગરી લિપિ જેમ જેમ ધીમે ધીમે ખસતી ગઈ તેમ તેમ તેની જગો ગુજરાતી લિપિ લેતી ગઈ હશે. લિપિ શબ્દ સં. લિપ્ એટલે લીપવું એ ધાતુ ઉપરથી આવ્યો છે; કેમકે કાગળ, ચામડા કે પતરા ઉપર સાહી કે કોતરકામથી તે લીપવામાં કે લખવામાં આવે છે. લિપિની ઉત્પત્તિ ઘણી જૂની છે. પ્રાચીન આર્યો તો એમ માનતા કે બ્રહ્મદેવે લખવાની કળા શરૂ કરી. અથર્વવેદમાં લિખ્ ધાતુ જોવામાં આવે છે. પાણિનિના અષ્ટાધ્યાયીમાં લિપિ, લિબિ, લિપિકાર જેવા શબ્દો જોવામાં આવે છે. ઈ. સ. દશમી, અગિયારમી સદી સુધી તો ગુજરાતમાં પણ દેવનાગરીનો જ ઉપયોગ થતો. તામ્રપત્રો ને શિલાલેખોમાં પણ તે જ વપરાતી. વખત જતાં દેવનાગરીમાંથી ગુજરાતી, મરાઠી, બંગાળી, બિહારની કૈથી લિપિ બની. ઝપાટાબંધ લખવાની પદ્ધતિને પરિણામે ગુજરાતીનો જુદો મરોડ ઈ. સ. ની ૧૩ મી ૧૪ મી સદીમાં શરૂ થયો હશે. ધીમે ધીમે બધા સ્વરો અને ક, ખ, ચ, જ, ઝ, ણ, ફ, બ, ભ, લ, શ, ળ વ્યંજનોનાં રૂપો બદલાઈ ગયાં. સંવત ૧૬૮૪ના ખતમાં ए અને એ એ બંને રૂપ જોવામાં આવે છે. ગુજરાતી લિપિ ક્રમે કરીને છેવટે કયું રૂપ પામી છે તેનું વર્ણન રસિક લાગ્યા વિના રહે તેવું નથી. ચિત્રપલ્લવીમાંથી લિપિની ઉત્પત્તિ થાય છે એ તો દેખીતું છે. — આડા આંગળાથી એક પ્રથમ સૂચવાતું હશે અને એ આડા આંગળાના — ચિત્રમાંથી ૧ એકડો થયો. એ જ રીતે = બે આડાં આંગળાંની ચિત્રપલ્લવીમાંથી ધીરે ધીરે ૨ બગડો થયો. એ જ રીતે ≡માંથી ૩ ત્રગડાની ઉત્પત્તિ થઈ. બીજી ભાષાની લિપિ પણ આ જ રીતે પેદા થઈ છે. ઉત્તમ લિપિમાં હોવાં જોઈએ તેવાં કેટલાંક લક્ષણો ગુજરાતી લિપિમાં છે: એક જ મૂળાક્ષરનો એક જ ચોક્સ ઉચ્ચાર થવો જોઈએ અને જોડાક્ષર બોલવા માટે નવા નવા અક્ષરો દાખલ કરવા જોઈએ નહિ. ગુજરાતી લિપિમાં સ્વર અને વ્યંજનની સંખ્યા પૂરી છે. હ્રસ્વ દીર્ઘનાં અને અનુસ્વાર વિસર્ગનાં જુદાં જુદાં ચિહ્નો પણ તેમાં છે. ફારસી અંગ્રેજી વગેરે પરભાષાના ઘણાખરા ધ્વનિને દર્શાવવાની શક્તિ પણ ગુજરાતીમાં છે. મિશ્ર ઉચ્ચાર દર્શાવવાને પણ જુદા જુદા અક્ષરો ઉમેરવા પડતા નથી. ફક્ત ક્ષ અને જ્ઞ એવા છે. પરંતુ તે મૂળાક્ષર નથી, જોડાક્ષર છે. ક્ષ=ક્+ષ અને જ્ઞ= જ્+ઞ. ગુજરાતી લિપિમાં લખેલા અક્ષર પ્રમાણે દરેક અક્ષરનો એક જ ચોક્સ ને સ્પષ્ટ ઉચ્ચાર થાય છે જ્યારે અંગ્રેજી વગેરે યુરપીય લિપિ આટલી સ્પષ્ટ નથી. સંસ્કૃત અને ગુજરાતી મૂળાક્ષરોનું વર્ગીકરણ પણ ઉચ્ચારશાસ્ત્રના નિયમ પ્રમાણે સંપૂર્ણ, શાસ્ત્રીય અને ખૂબીવાળું છે. જુદા જુદા સ્થાનમાંથી બોલાતા શબ્દોને જુદા જુદા સમૂહમાં ગોઠવવામાં આવ્યા છે. અંગ્રેજી વગેરે લિપિમાં આવા સમૂહ નથી, પણ ગમે તેમ અક્ષરોને મૂકવામાં આવ્યા છે. થોડા અક્ષરે એટલે થોડી મહેનતે જે લિપિથી વિચારો દર્શાવી શકાય તે લિપિ પણ સારી ગણાય. દેવનાગરી અને ગુજરાતીમાં વ્યંજનોને સ્વરચિહ્નો જોડવાની જે સગવડ છે તે અંગ્રેજી વગેરે બીજી લિપિમાં નથી. આથી ગુજરાતી કરતાં અંગ્રેજીમાં વધારે અક્ષર લખવા પડે છે. નાગરી, મરાઠી કે બંગાળી કરતાં ગુજરાતીમાં લખવાની સરળતા વિશેષ છે. આ લિપિ એટલી રૂપાળી અને લખવામાં સહેલી છે કે તે રાષ્ટ્રીય લિપિ થઈ શકે; પરંતુ લખવાની સરળતામાં અંગ્રેજીના જેટલી તે ઉત્તમ નથી. કેમકે (૧) ગુજરાતી લિપિમાં દરેક અક્ષરે હાથ ઉપાડવો પડે છે, ત્યારે અંગ્રેજી લિપિમાં હાથ ઉપાડ્યા વગર શબ્દમાંના અક્ષર સાથે જોડાઈને લખાય છે. (૨) ચિત્રવિદ્યાની દૃષ્ટિએ ઊભી લીટી કરતાં ત્રાંસી લીટી દોરવી સહેલી પડે છે. અંગ્રેજી લિપિમાં આ લાભ પણ જોવામાં આવે છે. (૩) ગુજરાતી લિપિ લખવામાં, છાપવામાં અને ટાઇપરાઇટરમાં સરળ નથી તેથી આ ત્રણે દૃષ્ટિએ તેમાં સુધારા કરવા જોઈએ: (અ) જ્યાં જ્યાં વળાક સરખા ન હોય ત્યાં સરખા કરવા. જેમકે, ર ખ. (આ) માત્રા, અજ્જુ, વરડુ વગેરે સ્વરચિહ્નો ઉપર ને નીચે ને આગળ પાછળ, િ આમ આવવાથી ટાઇપ કરવામાં ઠીક નથી પડતું, તો પાછળ જોડવાની કંઈ નિશાની થાય તો સારૂં. જૂની ગુજરાતીમાં અનઈ, કરઈ વગેરે શબ્દોમાં જેમ પાછળ સ્વર જોડવામાં આવે છે, તેવી કંઈક યોજના હોવી જોઈએ. (ઇ) જોડાક્ષર અને છૂટા અક્ષરો વચ્ચેનો તફાવત પણ સ્પષ્ટ હોવો જોઈએ. જેમકે, ક્ત, ત્ય વગેરે. (ઈ) કેટલાક અક્ષરોના વળાકમાં બહુ ફેર નથી તેથી ભૂલ થવા સંભવ છે. જેમકે, ટ ને ઢ, ઘ ને ધ. (ઉ) કેટલાક અક્ષર ને આંકડા સમાન હોવાને લીધે તેમાં ભૂલ થાય છે. તેથી જુદા વળાક અપાય તો ઠીક. જેમકે, ૫ પ ૨ ર પરદેશ. અમુક ઉચ્ચાર દર્શાવવાને માટે ગુજરાતીમાં સાધન નથી, માટે તે નવાં યોજાવાં જોઈએ. જેમકે, (૧) ફારસી કે અરબી ખ ને ઝ ઉચ્ચાર. (૨) ડનો મૂર્ધન્ય ઉચ્ચાર દર્શાવવા માટે ડ઼નો ઉપયોગ કરવો જોઈએ. જેવી રીતે ળ સંસ્કૃતમાં ન હતો પણ ગુજરાતીમાં દાખલ થયો તેવી રીતે ડનો ડ઼ પણ ગુજરાતીમાં ઉમેરવો જોઈએ. (૩) સોપારી, સાકર જેવા શબ્દોમાં સનો ઉચ્ચાર હ જેવો થાય છે, તે બતાવવા નવો અક્ષર યોજવો જોઈએ. (૪) અમુક અમુક અક્ષરો ઉપર સ્વરભાર આવે છે તે બતાવવો જોઈએ.

ગુજરાતી સાહિત્ય ન. ગુજરાતી ગદ્યપદ્યાત્મક લખાણ. તે નરસિંહ મહેતાની કવિતાથી શરૂ થાય છે. શ્રી કેશવલાલભાઈ ગુજરાતી સાહિત્યની મર્યાદા હજારેક વર્ષની કલ્પે છે. ગુજરાતી સાહિત્યની શરૂઆતનો કાળ કયો ગણવો તે વિષે કંઈ મતભેદ છે, પરંતુ સ્વ. ગોવર્ધનરામભાઈ અને સ્વ. નર્મદાશંકર કવિનાં લખાણો વાંચવાથી એમ જણાય છે કે ગુજરાતમાં મુસલમાની રાજ્યની

શરૂઆત થઈ ત્યારથી ગુજરાતી સાહિત્યની શરૂઆત થયાનું ગણી શકાય. ગુજરાતી સાહિત્યના આરંભનો અવધિ અગિયારમા શતકની પણ અગાઉ જાય છે. ગુજરાતી સાહિત્યનો પ્રથમ યુગ તે ગુજરાતના ભવ્ય ઉદયનો હતો. તેથી તે યુગના સાહિત્યમાં પુરુષ પરાક્રમનું ગંભીર ગાન છે. સને ૧૮૫૭–૫૯ સુધીમાં સર થીયોડોર હોપના અધ્યક્ષપણા નીચે શાળાના અભ્યાસક્રમને માટે પુસ્તકો રચનાર કમિટિના સભ્યોએ ગદ્યનો રસ્તો ખોદી કાઢી પાછળ આવનારાઓ માટે સીધી સડક બનાવી દીધી. બુદ્ધિવર્ધક ગ્રંથો તથા બીજી ઈતિહાસ તથા સાયન્સની ચોપડીઓ, જન્મચરિત્રો, વાર્તાઓ વગેરે પણ એમનામાંના ઘણાઓની કલમથી લખાઈ બહાર પડ્યાં. નર્મદાશંકરે નર્મગદ્ય લખી ગુજરાતી ભાષાની મોટી ખોટ પૂરી પાડી. કોલેજમાંથી બહાર પડતા યુવકોએ પોતાની કલમ ઉપયોગમાં લેવા માંડી. મણિલાલ, હરિલાલ, છગનલાલ વગેરેનાં ગદ્યપદ્યનો આરંભ લગભગ એ જ મુદ્દતમાં થવા માંડ્યો અને ગુજરાતી સાહિત્ય જે આજે ઉત્તરોત્તર નીકળતું જાય છે તે વિકાસનાં બીજ એ જ સમયમાં રોપાયાં.

ગુજરાતી સાહિત્ય પરિષદ સ્ત્રી. ગુજરાતી સાહિત્યની સેવા અર્થેનું એક મંડળ. ઈ. સ. ૧૯૦૫માં અમદાવાદની સાહિત્ય સભાના યુવક વર્ગમાં પ્રથમ કલ્પના થઈ કે ગુજરાતી સાહિત્ય પરિષદ ભરવી. આ નવીન જ કલ્પના હતી. મહારાષ્ટ્રમાં એ સમયમાં શરૂ થયેલી મરાઠી પરિષદની સંસ્થામાંથી પ્રેરણા ઉત્પન્ન થઈ નહોતી. ગુજરાત સાહિત્ય સભા એમ નામરૂપાંતર એ મંડળનું થયું, તે વખતે યોજેલા ઉદ્દેશોમાં સાહિત્ય પરિષદ ભરવી એ એક ઉદ્દેશ હતો. પ્રથમ પારષદના રિપોર્ટ ઉપરથી જણાશે કે નર્મદ અને મણિલાલ દ્વિવેદીની અભિલાષા પરિષદ ભરવાની હતી. ગુજરાતી સાહિત્ય પરિષદને ઉત્પન્ન કરવાનું માન એ સાહિત્ય સભાના યુવક વર્ગને જ છે, એટલું જ નહિ પણ એ નવીન કાર્યને અંગે અનેક અડચણો સમભાવ વિનાના પુરુષો તરફના ઉપહાસ ઈત્યાદિને જીતી એ સમારંભને વિજયી બનાવવાનો યશ પણ એમનો જ છે. આ યશ સ્થાનિક જ છે. ગુજરાતમાં ઈ. સ. ૧૯૦૪માં ઉનાળામાં સ્વર્ગસ્થ ગોવર્ધનરામની સાથે ગુજરાતી સાહિત્ય સભા–અમદાવાદના પ્રમુખ શ્રી રમણભાઈ તથા તંત્રીઓ શ્રી ઠાકોરલાલ હરિલાલ દેશાઈ તથા શ્રી રણજીતરામ વાવાભાઈ એમણે પરિષદ ભરવાની ચર્ચા કરી હતી.

ગુજરાન ન. ભરણપોષણ; આજીવિકા; નિભાવ; નિર્વાહ; ગુજારો; ખોરાકીપોશાકીની તજવીજ.

ગુજરાનવાલા ૧. પું. એક જાતના ચોખા.

૨. પું. પંજાબનો એ નામનો એક જિલ્લો.

૩. ન. પંજાબના એ નામના જિલ્લાનું ગામ.

ગુજરાષ્ટ્ર [સં. ગુર્જરરાષ્ટ્ર] પું. ગુજરાત દેશ.

ગુજરિયા ૧. સ્ત્રી. ગોપી; વ્રજની સ્ત્રી.

૨. સ્ત્રી. જુવાન સ્ત્રી.

ગુજરી ૧. સ્ત્રી. એક જાતની ભેંસ.

૨. સ્ત્રી. કંકણી; સ્ત્રીઓને હાથે પહેરવાનું એક જાતનું કાંગરીવાળું, સોનાની બંગડીને મળતું, નીચેથી ચપટા ઘાટનું અને ઉપરથી ગોળ હોય તેવું ઘરેણું; દાણાદાર ભાતવાળી, સોના અથવા રૂપાની, પાંખિયું છૂટું થઈ શકે એવી એક જાતની ચૂડી.

૩. સ્ત્રી. ગુજરાત દેશની સ્ત્રી; ગુજરાતણ.

૪. સ્ત્રી. પગમાં ઘૂંટી ઉપર પહેરવાનું એક ઘરેણું. તેમાં ગોળ દાણાવાળી કિનારની નીચે ઘૂઘરીઓ બાંધેલી હોય છે.

૫. સ્ત્રી. (સંગીત) મેઘરાગની પાંચ માંહેની એક રાગિણી. તે ગાવાનો વખત વર્ષાઋતુ અને સવારનો છે. કોઈ તે બપોરનો અથવા ત્રીજા પહોરનો પણ ગણે છે. તેની જાતિ સંપૂર્ણ એટલે ખરજ શુદ્ધ, રિખવ કોમળ, ગાંધાર કોમળ, મધ્યમ કોમળ, કોઈ તીવ્ર પણ લે છે, પંચમ શુદ્ધ, ધૈવત કોમળ, નિખાદ તીવ્ર એ પ્રમાણે સાતે સ્વર આવે છે. ગ્રહ સ્વર તથા વાદી સ્વર પંચમ છે. રિખવ સંવાદી સ્વર છે. ગાંધાર અને ધૈવત અનુવાદી સ્વર છે. આ રાગિણી લલિત અને રામકલીથી મિશ્ર છે. આ રાગિણીની છ જાત છે: ૧. શુદ્ધ ગુજરી, ૨. ખટ ગુજરી, ૩. શ્યામ ગુજરી, ૪. મંગળ ગુજરી, ૫. માલ ગુજરી અને ૬. ભલ ગુજરી. આ રાગિણીએ લાલ સાડી અને પીળી કંચુકી પહેરી છે. સોળે શૃંગાર સજેલા છે. કમર કેસરી જેવી પાતળી છે. પતિવિયોગથી શય્યામાં સુખ નહિ પડવાથી એકાએક ઊભી થઈ હાથમાં કરતાલ લઈ રસિક ગાયન ગાય છે. કોઈ એમ પણ કહે છે કે એની સામે કેટલીક ગાયો બેઠેલી છે.

૬. સ્ત્રી. શહેર કે કસબામાં સાંજ સવાર ખુલ્લા મેદાનમાં ભરાતું બજાર.

ગુજરી જવું ૧. અ. ક્રિ. આવી પડવું; ઓચિંતું બનવું.

૨. અ. ક્રિ. મરી જવું; મૃત્યુ થવું; નાશ થવો.

૩. અ. ક્રિ. વીતી જવું; વહી જવું; બની જવું; વીતવું.

ગુજરું ૧. ન. ઉલેચણો; ગોળ વાસણમાંથી પાણી લેવાની આંકડી.

૨ ન. ગણપતિ આગળ મૂકવાનું માટીનું વાસણ.

૩. ન. લીલી માટી એટલે ગારાની ગાજર જેવી આકૃતિ. માંગલિક અવસરે ગુજરડાં વેદીની આગળ મૂકવામાં આવે છે.

ગુજરેટી ૧. સ્ત્રી. ગુર્જર જાતિની કન્યા; ગુજ્જરની બેટી.

૨. સ્ત્રી. ગોવાળણ.

ગુજરો ૧. પું. કરડાની અડી.

૨. પું. બંટી કે બાવટા જેવું એક જાતનું હલકું અનાજ.

ગુજલડી (ગુજલડ઼ી) સ્ત્રી. ગુજરાતણ; ગુજરાત દેશની સ્ત્રી.

ગુજલિયું ન. ખીસું.

ગુજશ્તા [ફા.] વિ. વ્યતીત; ગત; થઈ ગયેલું.

ગુજા [હિં.] સ્ત્રી. ચાપડો; કડી; બંધ.

ગુજાર પું. ગુજારો; નિભાવ; નિર્વાહ.

ગુજારટોલ્લો ૧. પું. અકરીબકરી નામની એક દેશી રમત.

૨. પું. મોઈદંડાની એક રમત.

ગુજારણી ૧. સ્ત્રી. અર્પણ.

૨. સ્ત્રી. પ્રતિપાદન; નિવેદન.

ગુજારત ૧. સ્ત્રી. દરખાસ્ત કરવી તે; રૂબરૂ રજૂઆત કરવાપણું.

૨. સ્ત્રી. સાક્ષી.

ગુજારવું ૧. સ. ક્રિ. ઉપરી આગળ દેખાડવું; બતાવવું; રજૂ કરવું.

૨. સ. ક્રિ. ખાવું.

૩. સ. ક્રિ. ગાળવું; કાઢવું; પસારવું; વિતાવવું.

૪. સ. ક્રિ. બરબાદ કરવું.

૫. સ. ક્રિ. માથે નાખવું.

૬. સ. ક્રિ. વિનવવું; દાદ માગવી.

૭. સ. ક્રિ. સતાવવું; પીડવું.

ગુજારિશ ૧. પું. ગુજારો; નિર્વાહ.

૨. [હિં.] પું. નિવેદન.

ગુજારો ૧. પું. ભરણપોષણ; નિભાવ; નિર્વાહ; ગુજરાન; આજીવિકા.

૨. [હિં.] પું. મહેસૂલ લેવાનું સ્થાન અથવા ઠેકાણું.

૩. પું. હોડીની ઊતરાઈ.

ગુજાશ ૧. સ્ત્રી. આજીવિકા; ગુજરાન; નિર્વાહ.

૨. સ્ત્રી. શક્તિ; તાકાત; સામર્થ્ય; ગજું.

ગુજ્જ વિ. ગુહ્ય; છાનું.

ગુર્જર ૧. [સં. ગુર્જર] પું. એક જાતના લોક;

ઈ. સ. પછી ગુજરાતમાં આવેલી એ નામની પ્રજા. ગુર્જર લોકોએ રજપૂતસ્થાનમાં મોટું રાજ્ય સ્થાપ્યું હતું. તેની રાજધાની ભીનમાલ હતી.

૨. પું. એક જાતનો ગુંદર.

૩. પું. એક જાતનો બાવળ.

૪. પું. ગુજરાત; ગુર્જર લોકોનો પ્રદેશ.

૫. સ્ત્રી. એ નામની આંજણા ક્ષત્રિય જ્ઞાતિની એક અટક.

૬. સ્ત્રી. ભરુચ તરફના હરિજનોની એ નામની એક અટક.

૭. સ્ત્રી. વાણિયા, સુતાર, સોની, દરજી, આહીર, લુહાર, ચારણ અને રજપૂતોની એક પેટા જ્ઞાતિ.

૮. ન. એ નામની અટકનું માણસ.

૯. વિ. એ નામની અટકનું.

ગુર્જરટ્ટ પું. ગુજરાત.

ગુર્જરત્તા [પ્રા.] પું. ગુજરાત. ગુર્જરત્રાનું પ્રાકૃતરૂપ ગુર્જરત્તા થઈ ગુજરાત નામ પડ્યું છે.

ગુર્જરરાષ્ટ્ર પું. ગુજરાત.

ગુર્જરી [સં.] સ્ત્રી. (સંગીત) એ નામની એક રાગિણી; ભૈરવ રાગની સ્ત્રી.

ગુર્જાઇશ સ્ત્રી. લાભ; ફાયદો; નફો.

ગુઝ ૧. વિ. ગુપ્ત; છાનું.

૨. વિ. ગૂંચવણ ભરેલું; મુશ્કેલ.

ગુઝબેરી ન. એક જાતનું ફળ. તે ખટમીઠા સ્વાદનું અને કેસરિયા પીળા રંગનું થાય છે.

ગુઝર ૧. પું. ઓળંગવાની જગ્યા.

૨. પું. નાસી જવું તે.

૩. પું. પોકાર.

૪. પું. રસ્તો; માર્ગ.

૫. પું. હકૂમત; સત્તા.

૬. સ્ત્રી. આજીવિકા; ગુજરાન.

૭. સ્ત્રી. રહેણીકરણી; રીતભાત.

૮. સ્ત્રી. હોડી; નૌકા.

૯. ન. દાણ લેવાનું નાકું.

૧૦. ન. હોડી રાખવાનું મથક.

ગુઝરઆબ સ્ત્રી. પાણીની નહેર.

ગુઝરઆમ પું. જાહેર રસ્તો.

ગુઝરગાહ પું. જાહેર રસ્તો.

ગુઝરનામા [ફા.] ન. પરવાનો; અનુજ્ઞાપત્ર.

ગુઝરબાન ૧. પું. કર ઉઘરાવનાર માણસ.

૨. પું. ચોકીદાર.

૩. પું. હોડીવાળો.

ગુઝરવું ૧. અ. ક્રિ. પસાર થવું.

૨. અ. ક્રિ. મરી જવું.

ગુઝરાન જુઓ ગુજરાન.

ગુઝરાન કરવું = દહાડા વ્યતીત કરવા; દિવસો જેમતેમ પસાર કરવા.

ગુઝરાવવું ૧. સ. ક્રિ. આગળ લાવવું; આગળ મૂકવું.

૨. સ. ક્રિ. જીવવું; જીવનનો વખત ગાળવો.

૩. સ. ક્રિ. દરખાસ્ત મૂકવી.

૪. સ. ક્રિ. દલીલ કરવી.

૫. સ. ક્રિ. ધરવું; રજૂ કરવું.

૬. સ. ક્રિ. પસાર થાય એમ કરવું; વિતાવવું.

૭. સ. ક્રિ. બતાવવું.

ગુઝશ્ત અ. પછી; ત્યાર બાદ.

ગુઝશ્તા ૧. [ફા.] પું. ભૂતકાળ.

૨. વિ. છેલ્લું.

૩. વિ. વ્યતીત; ગત; થઈ ગયેલું.

ગુઝાર ૧. પું. ગુજરાન; નિભાવ; નિર્વાહ.

૨. [ફા.] ન. ચૂકવવું તે; આપવું તે.

૩. ન. દાણ લેવાનું નાકું.

૪. ન. હોડી.

૫. ન. હોડી રાખવાનું મથક.

ગુઝારવું જુઓ ગુઝરાવવું.

ગુઝારા ૧. [ફા. ગુઝસ્તન (પસાર થવું)] પું. આજીવિકા; ભરણપોષણ.

૨. પું. કર લેવાને ઠેકાણે જતા વાહનને અટકાવવા માટે આડે નાખવાનો મોભ.

૩. પું. નાવ; હોડી.

૪. પું. માર્ગ.

૫. પું. રહેઠાણ.

૬. પું. રહેણીકરણી; વર્તણૂક.

ગુઝારિશ ૧. [ફા.] સ્ત્રી. અરજી; અરજ; નિવેદન; વિનતિ.

૨. સ્ત્રી. ચુકાવો.

૩. સ્ત્રી. માલની સોંપણી.

ગુઝાશ્ત ૧. સ્ત્રી. ઘટાડો; ઓછપ.

૨. સ્ત્રી. જમીનની બક્ષિશ.

ગુઝીર ૧. [ફા.] સ્ત્રી. નાસી જવું તે.

૨. સ્ત્રી. મદદ.

ગુટ પું. સંયોજન; એકીકરણ; ભેળું કરવું તે.

ગુટક સ્ત્રી. નસીબનો ખેલ; સુરતી.

ગુટકાપવાડો (ગુટકાપવાડ઼ો) પું. ધાલમેલ; આઘાપાછી.

ગુટકી ૧. સ્ત્રી. એક જાતનું વાજિંત્ર.

૨. સ્ત્રી. ઠીંગણી સ્ત્રી.

ગુટકો ૧. પું. કાથાચૂનાવાળું મસાલાદાર પાનનું બીડું.

૨. પું. ચાવ્યા વગર ગળે ઉતારવાની ગોળી.

૩. પું. જેની લંબાઈ પહોળાઈ ઓછી અને જાડાઈ વધારે હોય એવી બાંધણીની ચોપડી; નાનું પુસ્તક.

૪. પું. તાવીજ; માદળિયું.

૫. પું. પિત્તળની દાબડીમાં બેસાડેલી દેવની છબી.

૬. પું. ભક્તોએ તૈયાર કરેલો જાદૂઈ દડો. તે મોઢામાં મૂકવાથી અદૃશ્ય થવાનું મનાય છે.

૭. પું. રમતમાં વપરાતો ઠીકરાનો કટકો.

ગુટપુટ અ. સૂવા માટે બરાબર ઓઢી કરીને.

ગુટબેર ન. એક જાતનું ઝાડ. તેની છાલ કપડાં અને ચામડાં રંગવાના કામમાં આવે છે.

ગુટબોરડી જુઓ ગુટવેલ.

ગુટમુટ જુઓ ગુટપુટ.

ગુટરગૂં અ. કબૂતરના બોલવાનો અવાજ.

ગુટરી પું. કાંટો.

ગુટવેલ સ્ત્રી. એક જાતનો ૫ થી ૧૫ ફૂટ ઊંચો છોડ. તેની શાખા વેલાની પેઠે બીજા ઝાડ ઉપર ચડે છે. પાન ગોળાશ પડતાં લાંબાં પહોળાં હોય છે. ફૂલની ગુચ્છીઓ લીલાશ પડતા ધોળા પીળા રંગની હોય છે. છાલ, લાકડું, પાન ને ફળ ઉપયોગમાં આવે છે.

ગુટાચીન ન. ચમેલી; એક ફૂલવેલ.

ગુટિ ૧. [સં.] સ્ત્રી. એલચી.

૨. સ્ત્રી. ગોળી.

ગુટિકા ૧. સ્ત્રી. એક જાતની સિદ્ધિ. તેને લીધે એક ગોળી અથવા ગુટિકા મોઢામાં રાખવાથી જ્યાં ચાહે ત્યાં ચાલ્યું જવાય પણ કોઈ દેખે નહિ એમ કહેવાય છે.

૨. સ્ત્રી. ગોળી.

ગુટિકાકાર [સં.] વિ. ગોળ આકારનું.

ગુટિકાધ્યાય [સં.] પું. દવાની ગોળીઓ સંબંધી પ્રકરણ.

ગુટિકાપાત [સં.] પું. નસીબનો ખેલ; ભાગ્યની ક્રીડા; સુરતી.

ગુટિકાંજન [સં.] ન. આંખનાં દરદ ઉપર આંજવાનું એક જાતનું અંજન.

ગુટિયા સ્ત્રી. દેશી ખાંડની એક જાત.

ગુટી ૧. સ્ત્રી. કોચલાથી ઢંકાયેલું ગરભવાળું ફળ.

૨. સ્ત્રી. ગોળી; ગુટિકા.

૩. સ્ત્રી. મૂર્તિ.

૪. ન. એક ઝાડની તાજી ડાળીમાં ગાંઠ નીચે દોઢ ઈંચને છેટે ગોળ છાલ કાઢી તે ભાગને થોડા પ્રમાણમાં મિશ્ર કરેલી ખાતરવાળી માટીમાં

રોપી મૂળિયાં વાવવાં તે; 'બૉલગ્રેફ્ટિંગ'. વાવ્યા પછી નાળિયેરના કૂચાની અથવા ઘાસની પોચી ગાદી બનાવી તેને સારી રીતે લપેટી કાથાની દોરીથી મજબૂત બાંધવામાં આવે છે. વર્ષાઋતુમાં તેને મૂળિયાં આવે છે.

ગુટીમાતા ૧. સ્ત્રી. શીતળાના રોગની દેવી.
૨. સ્ત્રી. શીતળાનો રોગ.

ગુટીમાર ન. એક જાતનું પક્ષી.

ગુટ્ટ ૧. પું. ઝૂંડ; દલ; જૂથ; સમૂહ.
૨. પું. વામન; વિષ્ણુનો એક અવતાર.

ગુટ્ટા ૧. [હિં.] પું. લાખની બનાવેલી ગોટી. તે બાળકોને રમવાના કામમાં આવે છે.
૨. પું. વામન.

ગુઠ ન. ગરુડ પક્ષી.

ગુઠલી જુઓ ગુઠ્ઠી.

ગુઠ્ઠલ ૧. પું. ગ્રંથિ; ગાંઠ.
૨. પું. જામવું તે; ઘટ્ટ થવું તે.
૩. વિ. જડ; મૂર્ખ.
૪. વિ. મોટા ઠળિયાવાળું.

ગુઠ્ઠી ૧. સ્ત્રી. કુંવારી કન્યાની નહિ વિકસેલી છાતી.
૨. સ્ત્રી. ગોટલી; ઠળિયો; બી.
૩. સ્ત્રી. જામી જવાપણું; ઘટ્ટ થવું તે.
૪. સ્ત્રી. મોટી ગોળ કે લાંબી ગાંઠ.

ગુડ ૧. પું. કોમલાસ્થિ; તરુણાસ્થિ; કૂણું હાડકું.
૨. પું. કોળિયો; ગ્રાસ.
૩. પું. (ગુડ઼) ખાવાનો ગોળ.
૪. પું. (ગુડ઼) ગોળો; ગોળાકાર પદાર્થ.
૫. પું. પગનો સાંધો; ગોઠણ.
૬. પું. રૂ તથા તેલથી સાંધો પૂરવો તે.
૭. પું. વાવટો; નિશાન.
૮. પું. વિધવાનો જારકર્મનો પુત્ર.
૯. પું. (ગુડ઼) હાડકાનો ગર; હાડકામાં રહેલો માવા જેવો પદાર્થ.
૧૦. પું. હાથીની પીઠ ઉપર નાખવાનું આસ્તરણ.
૧૧. સ્ત્રી. (ગુડ઼) કણબીની એ નામની અટક.
૧૨. ન. એ નામની અટકનું માણસ.
૧૩. વિ. એ નામની અટકનું.

ગુડઅંબા (ગુડ઼અંબા) સ્ત્રી. લોટ અને ખાંડ સાથે ઉકાળેલી કેરી.

ગુડ ઈવનિંગ [અં.] અ. કુશળ હો! એક નમસ્કારાત્મક શબ્દ. તે સંધ્યા સમયે બોલાય છે.

ગુડક (ગુડ઼ક) ૧. [સં.] પું. ગોળમાં પકવેલ ઔષધ.
૨. પું. ગોળાકાર પદાર્થ.
૩. વિ. ગોળમાં પકવેલું.

ગુડકરી (ગુડ઼કરી) સ્ત્રી. (સંગીત) એ નામની એક રાગિણી.

ગુડકંદ (ગુડ઼કંદ) પું. તળાવની આસપાસ કાદવમાં ઊગતો એક છોડ.

ગુડકાષ્ઠ (ગુડ઼કાષ્ઠ) [સં.] ન. શેરડી.

ગુડખીર (ગુડ઼ખીર) ન. ગોળ અને દૂધ.

ગુડગી (ગુડ઼ગી) સ્ત્રી. ચોરણી; સુરવાળ.

ગુડગુડ (ગુડ઼ગુડ઼) ૧. પું. ભૂખને લઈને પેટમાં થતો અવાજ.
૨. પું. હોકો પીતાં થતો અવાજ.
૩. અ. એવો અવાજ કરીને.
૪. અ. ધીરે ધીરે ગબડતું હોય એમ.

ગુડગુડાવવું (ગુડ઼ગુડ઼ાવવું) અ. ક્રિ. ગુડગુડ એવો અવાજ કરવો.

ગુડગુડાહટ (ગુડ઼ગુડ઼ાહટ) સ્ત્રી. ગુડગુડ શબ્દનો ભાવ.

ગુડગુડી (ગુડ઼ગુડ઼ી) સ્ત્રી. નાનો હોકો; હોકલી.

ગુડચ (ગુડ઼ચ) સ્ત્રી. એક જાતની વેલ.

ગુડચી (ગુડ઼ચી) સ્ત્રી. ગળો નામની વનસ્પતિ.

ગુડ ડે [અં.] અ. કુશળ હો ! એક નમસ્કારાત્મક શબ્દ.

ગુડતૃણ (ગુડ઼તૃણ) [સં.] ન. શેરડી.

ગુડત્વચ (ગુડ઼ત્વચ) ૧. [સં.] સ્ત્રી. જાવંત્રી.
૨. સ્ત્રી. તજ; દાલચિની.

ગુડત્વચા જુઓ ગુડત્વચ.

ગુડદા (ગુડ઼દા) પું. રાસડામાં બે સ્ત્રીઓ વચ્ચે થતી નૃત્યની હરીફાઈ. તેમાં બે સ્ત્રી સામસામી ઊભી રહે અને અંગને મરોડતી, કેડથી ને ડોકથી ઝૂકતી હાથને માથા ઉપર આજુબાજુ ફેરવતી નાચે અને ફરે. જે પહેલો થાકે તે હારે. એમાં પણ તાળીના પ્રકાર હોય છે.

ગુડદાસ (ગુડ઼દાસ) વિ. મૂર્ખ; બેવકૂફ.

ગુડદી (ગુડ઼દી) ૧. સ્ત્રી. અર્ધા માથામાં કરાવેલી ગોળ હજામત.
૨. સ્ત્રી. જામગરીવાળી દેશી બંદૂક. તેની નાળમાં કાન હોય છે.

ગુડદો (ગુડ઼દો) ૧. પું. અર્ધા માથામાં કરાવેલી ગોળ હજામત.
૨. પું. ધૂંબો; ઢોંસો.

ગુડધી (ગુડ઼ધી) પું. એક જાતનો રોગ. તે મટાડવા રોગની જગ્યાએ કાકડીની જાડી છાલ બંધાય છે.

ગુડધેનુ (ગુડ઼ધેનુ) [સં.] સ્ત્રી. દાન આપવા માટે ગોળના ઢગલાની કલ્પેલી ગાય.

ગુડ નાઇટ [અં.] અ. કુશળ હો! આ નમસ્કારાત્મક શબ્દ રાત્રે બોલાય છે.

ગુડ નૂન [અં.] અ. કુશળ હો ! આ નમસ્કારાત્મક શબ્દ મધ્યાહ્ને બોલાય છે.

ગુડપાક ૧. [સં.] પું. ગોળપાક.
૨. ન. એક જાતનું ઔષધ.

ગુડપુષ્પ (ગુડ઼પુષ્પ) ૧. [સં.] ન. મહુડાનું ઝાડ.
૨. ન. મહુડું.

ગુડફલ (ગુડ઼ફલ) [સં.] ન. પીલુનું ઝાડ.

ગુડફૂલ જુઓ ગુડપુષ્પ.

ગુડ ફ્રાઇડે [અં.] પું. ઉત્તમ શુક્રવાર; ઈશુ ખ્રિસ્તનો વધસ્તંભ ઉપર મરણ પામ્યાનો દિવસ. ખ્રિસ્તી લોકો તે દિવસે અપવાસ કરી શોક પાળે છે.

ગુડ બાઈ [અં.] અ. છેલ્લી સલામ.

ગુડબુડ (ગુડ઼બુડ઼) અ. આંતરડાંમાં ગુડગુડ એવો થતો અવાજ.

ગુડબુડાહટ જુઓ ગુડબુડ.

ગુડમક (ગુડ઼મક) ન. વહાણ કાંઠે આવ્યા પછી તેની સાંધોમાં રૂ, વાર્નિશ વગેરે પૂરવાની ક્રિયા.

ગુડમંડૂર (ગુડ઼મંડૂર) [સં.] ન. (વૈદ્યક) એ નામની એક દવા. તે બનાવવા ગોળ, આમળાં અને હીમજ એ દરેક અકેક ભાગ અને શુદ્ધ મંડૂર ત્રણ ભાગ લઈ એ બધાંને ઘી અને મધની સાથે મેળવાય છે. તેની માત્રા પાવલી ભાર છે.

ગુડમાર (ગુડ઼માર) સ્ત્રી. મધુનાશિની વેલ. તે મધુપ્રમેહમાં ફાયદાકારક મનાય છે.

ગુડમૂલ (ગુડ઼મૂલ) ૧. [સં.] ન. એક જાતની ભાજી; તાંદળજો.
૨. ન. શેરડી.

ગુડ મૉર્નિંગ [અં. ગુડ મૉર્નિંગ] અ. કુશળ હો! આ નમસ્કારાત્મક શબ્દ સવારે બોલાય છે.

ગુડલાવણિકા (ગુડ઼લાવણિકા) સ્ત્રી. ગોળપાપડી.

ગુડવલ સ્ત્રી. એક જાતનો છોડ; ભોંપાથરી. તે ૧થી ૨॥ હાથ ઊંચો થાય છે. તેનાં પાનનો આકાર મૂળાનાં પાન જેવો હોય છે. ફૂલ પીળા રંગના થાય છે. પાનનો ઉપયોગ ગડગૂમડ ઉપર થાય છે.

ગુડવું ૧. સ. ક્રિ. કાપી નાખવું; નાશ કરવો; વાઢી નાખવું.
ગુડી નાખવું = નાશ કરવો; મારી નાખવું.

૨. સ. ક્રિ. દાટી ઘાલવું; ચાંપીને ભોંયમાં દાટવું.

ગુડશર્કરા (ગુડ઼શર્કરા) [સં.] સ્ત્રી. ગોળમાંથી બનેલી સાકર.

ગુડહર (ગુડ઼હર) ન. જાસૂદ; એક જાતની ફૂલવેલ. એવું મનાય છે કે જો ગુડહરનું ફૂલ ઘરમાં રાખવામાં આવે તો લડાઈ થાય.

ગુડહલ જુઓ ગુડહર.

ગુડા (ગુડ઼ા) સ્ત્રી. ઘોડા અથવા હાથીનું કવચ.

ગુડાકા ૧. સ્ત્રી. આળસ.

૨. સ્ત્રી. નિદ્રા; ઊંઘ.

ગુડાકૂ (ગુડ઼ાકૂ) સ્ત્રી. તમાકુ અને ગોળનું મિશ્રણ. તે ચલમ વગેરેમાં વપરાય છે.

ગુડાકેશ ૧. [સં.] પું. અર્જુન; પાંચ પાંડવ માંહેનો એ નામનો એક.

૨. પું. લક્ષ્મણ.

૩. પું. શિવ; શંકર.

૪. પું. શ્રીકૃષ્ણ.

૫. વિ. આળસને જીતનાર.

૬. વિ. જાડા વાળવાળું.

૭. વિ. જ્ઞાની; સમજુ.

૮. વિ. નિદ્રાને જીતનાર.

ગુડાખ્ય (ગુડ઼ાખ્ય) ન. વડાગરૂં મીઠું.

ગુડાચલ (ગુડ઼ાચલ) [સં.] પું. દાન માટે કલ્પેલો ગોળના ઢગલારૂપ મેરુ પર્વત.

ગુડાનંદી (ગુડ઼ાનંદી) [સં.] પું. તીક્ષ્ણ કાંટાવાળો થોર.

ગુડારોચની સ્ત્રી. એ નામે એક છોડ. તેનો લાલ ભૂકો થાય છે.

ગુડાવળ સ્ત્રી. કાણ; લોકિક; કોઈ મરી ગયું હોય ત્યારે રોવા જવું તે.

ગુડાવાળ ૧. પું. ખરખરો; કાણ; લોકિક.

૨. વિ. એક વખત બેસી ગયા પછી આગલા પગ વાળીને ઊભું થતું.

ગુડાવું ૧. અ. ક્રિ. આવવું.

૨. અ. ક્રિ. કપાવું; વીંધાઈ જવું.

૩. અ. ક્રિ. જવું; ટળવું. તિરસ્કાર બતાવે છે.

૪. અ. ક્રિ. મરાવું; મરણ પામવું.

ગુડાવેલ સ્ત્રી. પગે ચાલીને જવાપણું.

ગુડાશય (ગુડ઼ાશય) ૧. [સં.] ન. અખોટવૃક્ષ; અખરોટનું ઝાડ.

૨. ન. પીલુનું ઝાડ.

૩. વિ. ગોળ ચાહનાર.

ગુડાષ્ટક (ગુડ઼ાષ્ટક) [સં.] ન. સોજો, કમળો અને મળાવરોધ ઉપર ઉપયોગી એક જાતની દવા. તે બનાવવા દંતીમૂળ, નસોતર, ચિત્રકમૂળ, મરી, પીપર, સૂંઠ અને પીપરીમૂળ એ બધી ચીજો સમભાગે લઈ તે બધાની બરાબર ગોળ નાખી ગોળી કરવી. તેની માત્રા ૦ા થી ૦ાા તોલો છે.

ગુડિકા [સં.] સ્ત્રી. ગોળી.

ગુડિગર પું. કેનેરા તરફના એક જાતના લોક. તેમનો ધંધો સુખડ ઉપર નકસી કરવાનો છે.

ગુડિયા ૧. પું. કંદોઈ.

૨. પું. બ. વ. ગાડાની ઊંધ અને હાથલા વચ્ચેના લાકડાના બે કટકા.

૩. સ્ત્રી. ઢીંગલી.

૪. સ્ત્રી. નમ્ર અથવા ગરીબ કન્યા.

૫. ન. બાળક; બચ્ચું.

૬. વિ. ગોળ રાંધનાર.

ગુડિયાગાડી સ્ત્રી. પગે ચાલવાની મુસાફરી.

ગુડિયાવેલ જુઓ ગુડિયાગાડી.

ગુડિયું ન. જૂના વખતનું એક મારવાડી ઘરેણું.

ગુડિયું વાળવું = પગ ખોડવા; પગ વાળીને બેસી જવું.

ગુડી ૧. સ્ત્રી. એક જાતનો છોડ. તેનાં પાન સળી કે દીંટ ઉપર ૭ થી ૧૩ આવે છે. તેમાં ભૂરા, રાતા, ગુલાબી અને પીળા મિશ્ર રંગનાં પતંગિયાંના આકારનાં ફૂલ થાય છે. તેને એક ઈંચ લાંબી અણીવાળી શિંગ થાય છે. તેમાં પાતળી લાંબી પ્રસરાતી ઘણી શાખા નીકળે છે. તેથી તેનો છોડ ઘણુંકરી મથાળે છત્રાકાર લાગે છે. પાન લાંબાં ઘેરા લીલા રંગનાં હોય છે. આખા છોડમાંથી અણગમતી દાહક વાસ નીકળે છે.

૨. સ્ત્રી. ગળી.

૩. સ્ત્રી. ગાંઠ.

૪. સ્ત્રી. ગોળી.

૫. સ્ત્રી. ચૈત્ર સુદિ એકમને દિવસે દક્ષિણી લોકો લૂગડું તથા લોટો બાંધીને ઊભી કરે છે તે લાકડી.

૬. સ્ત્રી. દ્વેષ; ઈર્ષા.

૭. સ્ત્રી. ધજા.

૮. સ્ત્રી. પતંગ; કનકવો.

૯. સ્ત્રી. ભેંશના આગલા પગના ઢીંચણ નીચેનો ભાગ.

૧૦. વિ. ઉત્તમ; શ્રેષ્ઠ.

ગુડી પડવો (ગુડ઼ી પડવો) પું. ચૈત્ર સુદિ એકમ. આ દિવસે શાલિવાહન શકનું નવું વર્ષ બેસે છે, તેથી નવાં પંચાંગ પણ તે દિવસથી જ નીકળે છે. તે દિવસે દક્ષિણી લોકો વાંસને એક છેડે લાલ રંગનું અથવા લીલા, કેસરી વગેરે શુભસૂચક રંગનું રેશમી વસ્ત્ર બાંધી તેના ઉપર એક પિત્તળનો, ચાંદીનો કે તાંબાનો લોટો બાંધે છે. તે લોટા ઉપર કંકુના લીટા કરી સાકરનો હારડો પહેરાવે છે. તેને આગલા આંગણાંમાં ઊભો કરે છે. તેને ગુડી કહે છે.

ગુડી પાડવું (ગુડ઼ી પાડવું) અ. ક્રિ. બેસતા વર્ષને દિવસે પગે લાગવું.

ગુડૂચી (ગુડ઼ૂચી) [સં.] સ્ત્રી. ગળો નામની વનસ્પતિ.

ગુડૂચીમોદક (ગુડ઼ૂચીમોદક) [સં.] પું. ગળોના લાડુ. તે પ્રમેહ, મૂત્રકૃચ્છ્ર અને સોમરોગ મટાડે એમ મનાય છે.

ગુડૂચીસત્ત્વ (ગુડ઼ૂચીસત્ત્વ) [સં.] ન. ગળોનો અર્ક.

ગુડૂચીસ્વરસ (ગુડ઼ૂચીસ્વરસ) [સં.] પું. પિત્તશામક તરીકે વપરાતો ગળોનો રસ. તે બનાવવા ગળોને છૂંદી તેમાં જરૂર પડે તો થોડું પાણી નાખી તેનો રસ નીચોવી લેવો. લૂખસ, ખંજોળ વગેરે રોગ ઉપર આ રસ વપરાય છે. જુદા જુદા રોગમાં જુદા જુદા મિશ્રણમાં અપાય છે. તેની માત્રા બે તોલા છે.

ગુડૂચ્યાદિ ક્વાથ (ગુડ઼ૂચ્યાદિ ક્વાથ) [સં.] પું. ગળો અને બીજી ઔષધિઓનો ઉકાળો. તે કડવો, તાકાત આપનાર, પાચક અને જ્વર નિવારક છે. અજીર્ણ, મરડો અને ટાઢિયા તાવમાં અપાય છે. તેની માત્રા ૦ાા થી ૨ તોલા છે અને દિવસમાં બે વખત અપાય છે.

ગુડૂચ્યાદિ ઘૃત (ગુડ઼ૂચ્યાદિ ઘૃત) [સં.] ન. ગળો વગેરેનું ઔષધોમાં પકવેલું ઘી.

ગુડૂચ્યાદિલોહ (ગુડ઼ૂચ્યાદિલોહ) [સં.] ન. એક જાતની ઔષધિની બનાવટ. તે બનાવવા ગળોનું સત્ત્વ, ત્રિફળા, ત્રિકટુ એ બધાનું ચૂર્ણ સમાન ભાગે અને તે સર્વની બરાબર લોહભસ્મ નાખવી. આ રસનું સેવન કરવાથી બધી જાતના વાતરક્ત રોગ દૂર થાય.

ગુડૂમ (ગુડ઼ૂમ) પું. તોપનો અવાજ.

ગુડેર ૧. પું. કોળિયો; ગ્રાસ.

૨. પું. ગોળો.

ગુડો પું. એક જાતનો છોડ. તે ચારેક ફૂટ ઊંચો વધે છે. તેનાં પાન મથાળે વધારે પહોળાં, બુઠ્ઠાં ને અંદર બેસતી ખાંચવાળાં હોય છે. તેનાં ફૂલ ટૂંકી કલગીનાં, રાતી છાયા લેતા પીળા રંગનાં અને શિંગ ઘણી ટૂંકી એક કે બે બીજવાળી હોય છે. તેનું મૂળ સોમલ વગેરે ઝેરનું મારણ ગણાય છે.

ગુડ્ડી સ્ત્રી. નાની સુરવાળ; લેંઘી.

ગુડ્ઝ [અં.] પું. સામાન; માલમતા; માલ.

ગુડ્ઝ ઓફિસ [અં.] સ્ત્રી. માલનું કામ કરવાનો ઓરડો.

ગુડ્ઝ કલાર્ક [અં.] પું. માલની આવક જાવકનો હિસાબ રાખનાર કારકુન.

ગુડ્ઝ ટેરિફ [અં.] પું. માલ ચડાવવા ઉતરાવવાના ધારાનું પુસ્તક.

ગુડ્ઝ ટ્રેન [અં.] સ્ત્રી. માલગાડી; ભારખાનું.

ગુડ્ઝ સાઇડિંગ [અં.] સ્ત્રી. માલના ડબા રાખવાનો આગગાડીનો ફાંટો.

ગુડ્ડક પું. ગૂડો; પગનો નળો.

ગુડ્ડા ૧. સ્ત્રી. પગનો નળો; ગૂડો.
૨. સ્ત્રી. પૂતળી.
૩. સ્ત્રી. મોટી પતંગ.

ગુડ્ડી જુઓ ગુડ્ડા.

ગુણ્ ૧. [સં.] સ. ક્રિ. આમંત્રણ કરવું.
૨. સ. ક્રિ. ગણવું.
૩. સ. ક્રિ. શિખામણ આપવી.

ગુણ ૧. પું. (ગણિત) અવયવ; 'ફૅક્ટર'.
૨. પું. અંશ; વિભાગ.
૩. પું. આવૃત્તિ.
૪. પું. ઇંદ્રિય; શરીરનો ભાગ.
૫. પું. ઉત્કર્ષ; ચડતી.
૬. પું. ઉપકાર.
૭. પું. કાબેલિયત; ડહાપણ; પ્રવીણતા; નિપુણતા.
૮. પું. કાર્ય; પ્રયોજન.
૯. પું. કૃતિનું રસપ્રદ લક્ષણ.
૧૦. પું. ગુણાકાર; ગુણાકાર કરવો તે.
૧૧. પું. ચાર મણનું એક માપ; ગુણી.
૧૨. પું. તબિયત ઉપર થતી સારી અસર; પ્રભાવ.
૧૩. પું. ત્યાગ; દાન; છોડી દેવાપણું.
૧૪. પું. ત્રણની સંજ્ઞા; તગડો.
૧૫. પું. દોકડો; માર્ક.
૧૬. પું. નિરાકાર ઈશ્વરમાં ઉત્પત્તિ, સંરક્ષણ અને નાશ કરનારી જે શક્તિ છે તેમાંની દરેક. એ ઉપરથી ત્રિગુણાત્મક શબ્દ છે. એ ગુણોની જ્યારે ઈશ્વરને વિષે કલ્પના નથી હોતી ત્યારે તેને ગુણાતીત કહે છે.
૧૭. પું. પ્રકૃતિના ત્રણ ધર્મ: સત્ત્વ, રજસ્ અને તમસ્.
૧૮. પું. પ્રમાનું અસાધારણ કારણ.
૧૯. પું. પ્રશંસા; વખાણ.
ગુણ ગાવા = વખાણ કરવાં.
૨૦. પું. ફાયદો; લાભ.
અવગુણિયાને ગુણ કરે તે આટાલૂણમાં જાય = કદર વગરનો માણસ પોતાના ઉપર બીજાએ કરેલ ઉપકાર ધ્યાનમાં લેતો નથી.
૨૧. પું. ભૂમિતિશ્રેણીનાં પાસપાસેનાં પદોનું ગુણોત્તર. જેમકે, ૨, ૬, ૧૮, ૫૪...એમાં ગુણ ૩ છે.
૨૨. પું. માન; માપવાનું સાધન.
૨૩. પું. રસોયો.
૨૪. પું. રાજકાજમાં વપરાતી યુક્તિ પ્રયુક્તિ કે તદ્બીર. તે ૭ છે: સંધિ, વિગ્રહ, યાન, આસન, સંગ્રહ અને દ્વૈધીભાવ.
૨૫. પું. વસ્તુની સ્વાભાવિક ખાસિયત; ભાવ; ધર્મ; જાતિ; સ્વભાવ; મૂળ લક્ષણ; પ્રકૃતિ.
૨૬. પું. વિદ્યાકળા; હુન્નર.
૨૭. પું. વિશેષણ.
૨૮. પું. વિશ્વના ચરાચર પદાર્થના મૂળ ધર્મમાંનો એક. તેનાં નામ: રૂપ, રસ, ગંધ, સ્પર્શ, સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સંયોગ, વિભાગ, પરત્વ, અપરત્વ, ગુરુત્વ, દ્રવત્વ, સ્નેહ, શબ્દ, સુખ, દુ:ખ, ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, બુદ્ધિ, ધર્મ, અધર્મ અને સંસ્કાર.
૨૯. પું. વ્યવસ્થાપક; દેખરેખ રાખનાર માણસ.
૩૦. પું. સારાં લક્ષણ; સદ્ગુણ; સદ્વૃત્તિ; શીલ.
૧. ગુણદોષ જોવા = પરીક્ષા કરવી.
૨. ન બોલ્યામાં નવ ગુણ = મૌન શ્રેષ્ઠ છે.
૩૧. પું. સ્વરોના ગુણ અને વૃદ્ધિ એ બે ફેરફાર માંહેનો એક.
૩૨. સ્ત્રી. છાલકું; લગડું.
૩૩. સ્ત્રી. થેલો; કોથળો.
૩૪. સ્ત્રી. દોરડું; રજ્જુ.
૩૫. સ્ત્રી. ધનુષ્યની દોરી; પણછ.
૩૬. સ્ત્રી. બળદની નાથ.
૩૭. સ્ત્રી. વર્તુલના કૌંસને જોડનારી લીટી; જયા.
૩૮. ન. ઝવેરીઓનું દોરી ગાંઠવાનું કામ; સોનાના દાગીના માટે સાંકળી કરવાનું કામ; તારગૂંથણ.
૩૯. વિ. અપ્રધાન; અમુખ્ય.
૪૦. વિ. ગુણેલું; ગણીને વધારેલું; ગણુંસૂચક.

ગુણઓશિંગણ વિ. ઉપકાર તળે આવેલું; ગુણથી દબાયેલું; આભારી; કૃતજ્ઞ; ઉપકારી.

ગુણક ૧. [સં.] પું. ગણિતનો મોટો પંડિત.
૨. પું. ગુણનાર આંકડો, સંખ્યા કે રકમ.
૩. પું. ગુણવાળો માણસ.
૪. પું. જોશી; ગણતરી કરનાર માણસ.
૫. પું. ભાજ્ય; અંશ; બીજાવયવ; 'ન્યૂમરેટર'.
૬. પું. વર્ણ; અક્ષર.
૭. વિ. ગુણનાર; આવર્તક; આવૃત્તિ કરનાર.

ગુણકથન ૧. [સં.] ન. કામવાસનાથી થયેલી નાયકની એક સ્થિતિ.
૨. ન. ગુણ ગાવા તે; સ્તુતિ; વખાણ; ગુણાનુવાદ.

ગુણકથનદશા જુઓ ગુણકથન ૧.

ગુણકપ્રમાણ [સં.] ન. (ગણિત) ભૂમિતિ સંબંધી આવર્તક પરિમાણ; 'જ્યોમેટ્રિકલ રેશિયો'.

ગુણકર [સં.] વિ. ફાયદો કરે એવું; લાભકારી; લાભદાયક.

ગુણકરી સ્ત્રી. (સંગીત) ભૈરવ રાગની એક રાગિણી. કોઈક તેને હિંડોલ રાગની સ્ત્રી માને છે. હનુમત મત પ્રમાણે તેના સ્વરગ્રામ પ નિ સા રા મ પ નિ અથવા સા ગ મ પ નિ સા છે. તે ગાવાનો સમય સવારના ૧ થી ૫ દંડ સુધીનો છે.

ગુણકર્મ ૧. [સં.] ન. કર્મનો ગૌણ અથવા તરતનો નહિ એવો હેતુ.
૨. ન. બિનજરૂરી કામ.
૩. ન. બ. વ. ગુણ અને કર્મ એ બંનેનો સમૂહ.

ગુણકર્માનુરૂપ [સં.] વિ. ગુણ અને કર્મ પ્રમાણેનું.

ગુણકર્માનુસાર જુઓ ગુણકર્માનુરૂપ.

ગુણકલી જુઓ ગુણકરી.

ગુણકળી જુઓ ગુણકરી.

ગુણકા ૧. [સં. ગણિકા] સ્ત્રી. ફક્ત ગાવાનો ધંધો કરનારી સદ્ગુણી સ્ત્રી.
૨. સ્ત્રી. વેશ્યા; ગુણિકા.

ગુણકાર ૧. પું. ગુણાકાર; એક રકમને બીજી રકમથી ગુણવું તે.
૨. પું. ગુણાકાર કરનાર માણસ.
૩. પું. પાકશાસ્ત્ર જાણનાર માણસ.
૪. પું. ભીમસેન; પાંચ પાંડવ માંહેનો એ નામનો એક.
૫. પું. રસોયો.
૬. પું. સંગીત વિદ્યા પૂર્ણ જાણનાર માણસ.
૭. [સં. ગુણકર] વિ. ઉપકાર કરનાર; ગુણ કરનાર; ઉપકારી.

ગુણકારક જુઓ ગુણકારી.

ગુણકારી ૧. સ્ત્રી. (સંગીત) એક જાતની રાગિણી; ગુણકરી.
૨. વિ. ઉપકાર કરનાર; હિતાવહ.
૩. વિ. ફાયદો કરે એવું.
૪. વિ. બુદ્ધિશાળી; ચતુર.
૫. વિ. સદ્ગુણી.
૬. વિ. સારી અસર કરે એવું; અકસીર.

ગુણકાંક [સં.] પું. જેનાથી ગુણવાનું હોય તે આંકડો.

ગુણકીર્તન [સં.] ન. સ્તુતિ; વખાણ; પ્રશંસા.

ગુણકેશી સ્ત્રી. (પુરાણ) ઇંદ્રના સારથિ માતલિની એ નામની કન્યા. તે જ્યારે પરણવા જેવડી થઈ ત્યારે માતલિએ એને માટે દેવ, મનુષ્ય અને રાક્ષસમાં વરની શોધ કરી પણ ગુણકેશીને કોઈ પસંદ પડ્યું નહિ. છેવટે નાગલોકમાં ચિકુર નામના નાગનો સુમુખ નામનો પુત્ર તેની નજરમાં બેઠો. પણ એને અને ગરુડને વેર હોવાથી પ્રથમ એને ઇંદ્ર પાસેથી અમૃત અપાવીને અમર કરાવ્યો અને વિષ્ણુ પાસે ગરુડને કહેવરાવીને સુમુખ ઉપરનો વૈરભાવ દૂર કરાવ્યો. પછી તે તેને પરણી.

ગુણક્રી પું. (સંગીત) ભૈરવ થાટમાંથી ઉત્પન્ન થતો એ નામનો એક રાગ.

ગુણક્ષોભિણી [સં.] સ્ત્રી. સત્ત્વ, રજસ અને તમસ એ ત્રણે ગુણોની સામ્યાવસ્થાને પોતાની મેળે જ તોડનારી પ્રકૃતિ.

ગુણગણ [સં.] પું. ગુણનો જથ્થો; ગુણનો સમૂહ.

ગુણગણના [સં.] સ્ત્રી. સ્તુતિ; વખાણ; પ્રશંસા.

ગુણગણાર્ણવ [સં.] પું. સદ્‌ગુણનો ભંડાર.

ગુણગણાલંકૃત [સં.] વિ. અનેક ગુણોથી શોભતું; ગુણો એ જ જેના અલંકાર છે એવું.

ગુણગરવું વિ. સારા ગુણવાળું; ગુણને લીધે શોભતું.

ગુણગરિષ્ઠ જુઓ ગુણગરવું.

ગુણગર્વિલું વિ. ગુણને લીધે મોટાઈ પામેલું; ગુણગરવું.

ગુણગંભીર [સં.] વિ. ગુણથી ભરેલું; ગુણના ભંડારરૂપ.

ગુણગાતા [સં. ગુણગાતૃ] પું. ગુણ ગાનાર માણસ; પ્રશંસક.

ગુણગાથા [સં.] સ્ત્રી. ગુણના વર્ણનવાળું ગીત; સ્તુતિ; પ્રશંસા.

ગુણગાન ૧. [સં.] ન. કથા; આખ્યાન.

૨. ન. સ્તુતિ; વખાણ; પ્રશંસા.

ગુણગારું વિં. ફાયદાકારક; લાભદાયક.

ગુણગારો પું. સારા ગુણવાળો માણસ.

ગુણગીત જુઓ ગુણગાન.

ગુણગુણ ૧. પું. ભમરાની પાંખોનો કે મચ્છરનો 'ગણગણ' એવો અવાજ; ગણગણાટ.

૨. વિ. ગણગણતું; બણબણતું.

૩. અ. ગણગણ; બડબડ.

ગુણગુણિભાવ પું. ગુણ અને તે જે દ્રવ્યમાં રહેલો હોય તે વચ્ચેનો સંબંધ.

ગુણગુંજ ૧. સ્ત્રી. ગુણનો પ્રસાર; ખ્યાતિ.

૨. વિ. કદરદાન; ગુણ જાણનાર; ગુણ સમજનાર; ગુણજ્ઞ.

ગુણગૂજ જુઓ ગુણગુંજ.

ગુણગેહ ૧. [સં.] ન. ગુણીજન; ગુણના ઘર રૂપ માણસ.

૨. વિ. ઘણા ગુણવાળું.

ગુણગૌર સ્ત્રી. ચૈત્ર સુદિ ત્રીજ; ગણગોર.

ગુણગૌરવું વિ. સારા ગુણવાળું; ગુણગરવું.

ગુણગૌરી ૧. [સં.] સ્ત્રી. ગુણોને લીધે પાર્વતી જેવી પવિત્ર સ્ત્રી.

૨. સ્ત્રી. પતિવ્રતા સ્ત્રી; સોહાગણ સ્ત્રી.

૩. ન. સ્ત્રીઓનું એક વ્રત. ચૈત્ર માસની ચોથને દિવસે સૌભાગ્યવતી સ્ત્રીઓ આ વ્રત કરે છે.

ગુણગ્રહણ [સં.] ન. ગુણની કદર કરવી તે; બૂજ.

ગુણગ્રામ ૧. [સં.] પું. ગુણનું વર્ણન; સ્તુતિ; પ્રશંસા.

૨. પું. ગુણનો સમૂહ; ગુણનો ભંડાર.

ગુણગ્રાહક [સં.] વિ. સદ્‌ગુણની કદર કરનાર; ગુણને જ ગ્રહણ કરવાવાળું; ગુણ જાણનાર; ગુણજ્ઞ; કદરદાન.

ગુણગ્રાહકતા ૧. [સં.] સ્ત્રી. ગુણ ગ્રહણ કરવાની શક્તિ; કૃતજ્ઞતા; ગુણજ્ઞતા.

૨. સ્ત્રી. ગુણ તરફ જ જોવાની ટેવ.

ગુણગ્રાહિતા જુઓ ગુણગ્રાહકતા.

ગુણગ્રાહી જુઓ ગુણગ્રાહક.

ગુણગ્રાહીપણું જુઓ ગુણગ્રાહકતા.

ગુણચિહ્ન [સં.] ન. ગુણાકારની નિશાની; ×.

ગુણચોર ૧. પું. ખળ; ગુણ જાણવા છતાં તેની પિછાન નહિ કરનાર માણસ; ધૂર્ત.

૨. વિ. બીજાએ કરેલા ઉપકારને નહિ જાણનાર; કૃતઘ્ન.

ગુણચ્છેદ [સં.] પું. સદ્‌ગુણોનો અભાવ; સારા ગુણ ન હોવાપણું.

ગુણજીવી [સં. ગુણજીવિન્] વિ. ગુણ ઉપર જીવનાર.

ગુણજ્ઞ ૧. [સં.] વિ. ગુણ જાણનાર; કદરદાન; ગુણને પારખનાર.

૨. વિ. ગુણી; ગુણવાળું.

ગુણજ્ઞતા સ્ત્રી. કદરદાની; ગુણની કદર; ગુણની પિછાણ; ગુણ જાણવાપણું.

ગુણજ્ઞપણું જુઓ ગુણજ્ઞતા.

ગુણઠાણ જુઓ ગુણઠાણું.

ગુણઠાણું ૧. [સં. ગુણસ્થાન] ન. (જૈન) આત્મવિકાસની ચડતી ઊતરતી શ્રેણી.

૨. ન. ગુણનું સ્થાન; ગુણનું ઠેકાણું.

૩. ન. મોક્ષનું પગથિયું.

ગુણઠ્ઠાણ જુઓ ગુણઠાણું.

ગુણણું ન. (જૂ. ગુ.) ગણતરી.

ગુણતસ્કર [સં.] ન. સરખા ગુણવાળું માણસ.

ગુણતા [સં.] સ્ત્રી. યોગ્યતા; ગુણપણું; ઉત્તમપણું; અપ્રધાનપણું.

ગુણત્રય [સં. ગુણ + ત્રય (ત્રણનો સમૂહ)] ન. સત્ત્વ, રજસ, તમસ એ ત્રણ ગુણનો સમૂહ.

ગુણત્રયવિભાગજ્ઞ પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

ગુણત્રયવિભાગયોગ [સં.] પું. ગીતાના અઢાર માંહેનો એ નામનો ચૌદમો અધ્યાય. પુરુષનો પ્રકૃતિના ગુણો સાથે સંબંધ થવાથી બધા સૃષ્ટ પદાર્થોની ઉત્પત્તિ થાય છે. પરંતુ પ્રકૃતિમાં રહેલા સત્ત્વ, રજસ અને તમસ ગુણ, તેનાં કાર્ય અને તેનું જ્ઞાન સમજવું અવશ્યનું હોવાથી એ ત્રણ ગુણો વિષે સંપૂર્ણ વિવેચન આ અધ્યાયમાં કર્યું છે. ત્રિગુણના બંધનને લીધે પુરુષ તરફથી સૃષ્ટિવ્યાપાર ઉત્પન્ન થયો છે, માટે આ અધ્યાયને ગુણત્રયવિભાગયોગ નામ આપ્યું છે.

ગુણત્વ જુઓ ગુણતા.

ગુણદ વિ. ગુણ જાણવાવાળું.

ગુણદર્શક ૧. વિ. ગુણ જણાવનારૂં.

૨. વિ. ગુણાત્મક; ગુણવિષયક; ગુણનિર્ણાયક.

ગુણદર્શન ન. ગુણની કદરદાની; ગુણની કદર બૂઝવાપણું.

ગુણદર્શી [સં. ગુણદર્શિન્] વિ. પોતાના ગુણ બહાર પાડનાર; ગુણ દર્શાવનાર.

ગુણદાયક ૧. વિ. નફો આપનારૂં.

૨. વિ. ફાયદાકારક.

ગુણદિત્ય પું. ગોહિલ વંશના મૂળ પુરુષનું નામ.

ગુણદેયણ વિ. ગુણ દેનારૂં; ગુણ આપનારૂં.

ગુણદેશ પું. (જૈન) ગુણની જગ્યા; પદાર્થના ધર્મ એટલે ગુણનું ક્ષેત્ર.

ગુણદોષ ૧. પું. ગુણ અને દોષ; સારાસાર; લાભહાનિ; લાભદાયક તથા હાનિકારક તત્ત્વ.

ગુણદોષ જોવા = ટીકા કરવી.

૨. પું. લાયકાત; કાબેલિયત.

૩. પું. હકીકત.

ગુણદોષનિરૂપણ જુઓ ગુણદોષપ્રકાશન.

ગુણદોષપરીક્ષણ જુઓ ગુણદોષનિરૂપણ.

ગુણદોષપરીક્ષા જુઓ ગુણદોષનિરૂપણ.

ગુણદોષપૃથક્કરણ [સં.] ન. ગુણદોષની પરીક્ષા કરવી તે.

ગુણદોષપ્રકાશન ૧. [સં.] ન. કોઈના ગુણ તથા ખામી જણાવવાં તે.

૨. ન. પ્રસિદ્ધ થયેલ ગ્રંથના ગુણદોષની સટીક નોંધ; 'રિવ્યૂ'.

ગુણદોષવિવેચન જુઓ ગુણદોષપ્રકાશન.

ગુણધર પું. ગંધર્વ.

ગુણધર્મ ૧. પું. ઉપાધિ.

૨. પું. ગુણ તથા ધર્મ.

૩. [સં.] પું. જેના ઉપર અભિષેક થયો હોય તેવા રાજાનો પ્રજાપાલન વગેરે ધર્મ.

૪. પું. પદાર્થમાં રહેલાં પાંચ પ્રકારનાં લક્ષણ. પ્રાણીજ, ઉદ્‌ભિજ્જ અથવા ખનિજ એમને લગતા પદાર્થમાં રસ, ગુણ, વીર્ય, વિપાક અને પ્રભાવ એ નામના પાંચ ગુણધર્મ રહેલા છે.

૫. પું. લક્ષણ; અમુક ગુણ ધરાવવાની સાથે પ્રાપ્ત થતો સ્વભાવ કે ધર્મ.

ગુણન ૧. [સં.] ન. (ગણિત) આવૃત્તિ કરવી તે; ગુણવું તે; જરબ; ગુણાકાર. એકની એક સંખ્યા કેટલીક વખત લઈ તેઓનો સરવાળો કરવાની સહેલી રીતને તથા તે રીત પ્રમાણે આવેલ પરિણામને ગુણાકાર અથવા ગુણન કહેવાય છે.

૨. ન. ગણવું તે; માપવું તે.

૩. ન. વખાણવું તે.

૪. ન. વર્ણન કરવું તે.

ગુણનચિહ્ન ન. (ગણિત) ગુણાકારનું ચિહ્ન; × આવી નિશાની.

ગુણનફલ [સં. ગુણન (ગુણવું તે) + ફલ (પરિણામ)] ન. ગુણાકારનું પરિણામ; ગુણાકાર કરતાં આવે તે રકમ; ગુણાકાર કરવાથી આવેલ જવાબ.

ગુણનફળ જુઓ ગુણનફલ.

ગુણનાયક પું. ગણપતિ; ગણનાયક.

ગુણનિકા ૧. [સં.] સ્ત્રી. નાટકમાં નટ લોક અભિનયનો આરંભ કરતાં પહેલાં વિઘ્નોની શાંતિને માટે કરે છે તે ક્રિયા; પૂર્વરંગ.

૨. સ્ત્રી. નૃત્ય; નાચ.

૩. સ્ત્રી. પુસ્તક વગેરેનો વારંવાર અભ્યાસ.

૪. સ્ત્રી. માળા.

૫. સ્ત્રી. શૂન્ય.

ગુણનિધાન [સં] વિ. ગુણનો ભંડાર.

ગુણનિધિ [સં.] પું. ગુણનો ભંડાર; ગુણસાગર.

ગુણનિચેતા સ્ત્રી. ગુણપરિમાણ.

ગુણનિરૂપણ [સં.] ન. ગુણ કહેવા કે વર્ણવવા તે.

ગુણનિર્ણાયક વિ. ગુણદર્શક; ગુણાત્મક; ગુણવિષયક.

ગુણનિર્ણાયકવિશ્લેષણ ન. ગુણપૃથક્કરણ.

ગુણનિષ્પન્ન [સં.] વિ. ગુણ ઉપરથી પડેલ; ગુણ પ્રમાણે ઉત્પન્ન થયેલું.

ગુણનિંદક વિ. ગુણીને દોષ દેનારું.

ગુણની ૧. [સં.] સ્ત્રી. પુસ્તક વગેરેનો વારંવાર સતત અને ઊંડો અભ્યાસ.

૨. સ્ત્રી. વારંવાર ગુણવું તે; આવૃત્તિ કરવી તે.

ગુણનીય ૧. [સં.] પું. જુદી જુદી વિદ્યાનો અભ્યાસ કરવો તે.

૨. ન. ગુણવા યોગ્ય અંક; ગુણ્ય અંક.

૩. વિ. અભ્યાસ કરવા યોગ્ય.

૪. વિ. ઉપદેશ્ય કરવા જેવું.

૫. વિ. ગુણવા યોગ્ય; આવૃત્તિ કરવા જેવું.

ગુણનીલ વિ. (જૂ. ગુ.) ગુણવાન; ગુણી.

ગુણપક્ષ પું. સદ્‌ગુણની બાજુ; સારાં લક્ષણનું પાસું.

ગુણપત પું. ગણપતિ.

ગુણપતિ પું. ગણપતિ; ગણેશ.

ગુણપતિપિતા પું. શંકર; મહાદેવ; શિવ.

ગુણપત્ર [સં.] ન. આબરૂપત્ર; ઉપાધિપત્ર; ગુણમાનપત્ર; પ્રમાણપત્ર; 'સર્ટિફિકેટ'.

ગુણપદી ૧. [સં.] સ્ત્રી. દોરડા જેવા પાતળા પગવાળી સ્ત્રી.

૨. સ્ત્રી. વર્ણન કરેલા પગવાળી કોઈ સ્ત્રી.

ગુણપરિણામ ન. ગુણનું રૂપાંતર; ગુણોત્કર્ષ. કાથાની દોરી થવી અથવા દૂધનું દહીં થવું એ ગુણપરિણામ કહેવાય.

ગુણપરિણામવાદ પું. ગુણોત્કર્ષવાદ. ગુણપરિણામવાદમાં પ્રથમથી જ બે સત્ય દશ્યો માનીને તે માંહેના એકના ગુણનો વિકાસ થઈ જગતની નાનાગુણયુક્ત બીજી વસ્તુઓ ઉત્પન્ન થાય છે એમ મનાય છે.

ગુણપાઠ (ગુણપાડ઼) ૧. પું. ઉપકાર; આભાર; સપાડું.

૨. પું. ઉપકાર પાછો વાળવો તે.

ગુણપુરુષ પું. ગુણવાન પુરુષ.

ગુણપુંજ પું. ગુણનો સમુદાય.

ગુણપૂગ ૧. [સં.] પું. ઉત્તમ ગુણ.

૨. પું. ગુણનો સમૂહ.

ગુણપૃથક્કરણ ૧. ન. (ગણિત) અવયવો પાડવા તે. જેમકે, ૧૫નું ગુણપૃથક્કરણ ૩ અને ૫.

૨. ન. ગુણનિર્ણાયકવિશ્લેષણ.

ગુણપ્રત્યય વિ. (જૈન) ગુણના અનુષ્ઠાનના બળથી પ્રગટ થતું; ક્ષયોપશમથી થતું.

ગુણપ્રવૃદ્ધ [સં.] વિ. ગુણથી વધેલું.

ગુણપ્રસૂ [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

ગુણફલ ન. (ગણિત) ગુણાકારથી આવતી રકમ; બે અથવા વધારે સંખ્યાઓનો ગુણાકાર કરવાથી આવતું પરિણામ; 'પ્રૉડક્ટ'.

ગુણફળ જુઓ ગુણફલ.

ગુણબંધ પું. (કાવ્ય) એક પ્રકારનું કાવ્ય; એક છંદ બનાવીને તેમાંથી જે છંદ માગીએ તે નીકળે એવું કાવ્ય.

ગુણબુદ્ધિ પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

ગુણભાગલાગ પું. (ગણિત) ગુણોત્તર ભાગોત્તર શ્રેઢી; 'જ્યોમેટ્રિકલ પ્રોગ્રેશન'.

ગુણભૃત ૧. [સં. ગુણભૃત્] પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. તે રજસ, તમસ, અને સત્ત્વગુણને ધારણ કરનાર તેમ જ સગુણ સાકાર પણ હોઈ તેને ગુણભૃત્ કહે છે.

૨. પું. સર્વ ગુણોનો અધિષ્ઠાતા પરમેશ્વર.

૩. વિ. ગુણવાન.

ગુણભ્રંશ [સં.] પું. ગુણોનો નાશ.

ગુણમતિ ૧. પું. ગયા જિલ્લામાં આવેલ કણ્વ ટેકરી ઉપરનો બૌદ્ધનો વિહાર. હ્યુએનસંગ મુસાફર અહીં આવ્યો હતો.

૨. પું. નાલંદા વિદ્યાપીઠનો એ નામનો એક વિદ્વાન.

ગુણમય [સં.] વિ. ગુણોવાળું.

ગુણમયી [સં.] સ્ત્રી. સત્ત્વાદિ ગુણોવાળી ઈશ્વરી માયા.

ગુણમહોદધિ પું. (વૈદ્યક) ઉધરસ મટાડનાર એક દેશી ઔષધ.

ગુણમહોદધિરસ પું. (વૈદ્યક) ક્ષય, ખાંસી, હૃદયરોગ તથા છાતીનાં દરદ ઉપર ફાયદો કરનાર મનાતું એક ઔષધ.

ગુણમાન ન. ગુણ માપવાનું એકમ.

ગુણમાનપત્ર [સં.] ન. આબરૂપત્ર; પ્રમાણપત્ર; ગુણપત્ર; 'સર્ટિફિકેટ'.

ગુણમાલાધરા પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અતિકૃતિ છંદનો એક ભેદ છે. તેમાં સાત ભગણ, તગણ અને ગુરુ મળી કુલ પચીશ વર્ણ હોય છે.

ગુણમાળાધરા જુઓ ગુણમાલાધરા.

ગુણમુખ્યા સ્ત્રી. (પુરાણ) એ નામની એક અપ્સરા.

ગુણયુક્ત ૧. વિ. ગુણવાળું; ગુણ સહિત.

૨. વિ. લાયક; યોગ્ય.

ગુણયુગ્મ ન. દશ સ્વરો માંહેના ત્રણ ગુણસ્વરોનો સમૂહ.

ગુણરત્ન [સં.] ન. (જૈન) સોળ મહિનાનું એક તપ.

ગુણરયણ જુઓ ગુણરત્ન.

ગુણરાશિ [સં.] પું. સદ્‌ગુણનો સમૂહ.

ગુણરાશિગુણાકાર [સં.] પું. શિવનાં હજાર માંહેનુ એક નામ.

ગુણલુબ્ધ વિ. ગુણોથી લોભાયેલ; ગુણ જોઈને મોહિત થયેલ.

ગુણવચન [સં.] પું. ગુણવાચક શબ્દ.

ગુણવતી ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; શશિભૃતા. તેના દરેક ચરણમાં નગણ અને ભગણ એમ છ અક્ષર હોય છે. આ છંદ ગાયત્રી છંદનો એક ભેદ છે.

૨. [સં.] સ્ત્રી. ગુણવાળી સ્ત્રી.

૩. સ્ત્રી. ત્રણ શ્લોકનું કાવ્ય.

૪. [સં. ગુણ (દોરી)] સ્ત્રી. માળા.

માલા સ્રક સ્રજ **ગુણવતી**, માવ નામની દામ;
જો નર કંઠ કરે સુણે, થાય સુખનું ધામ.
પિંગળલઘુકોષ

૫. સ્ત્રી. (પુરાણ) યદુવંશી સુનાભ રાજાની કન્યા.

૬. સ્ત્રી. (પુરાણ) સિંહલદ્વીપના ચંદ્રસેન રાજાની સ્ત્રી.

૭. વિ. સ્ત્રી. ગુણવાળી; જેનામાં ગુણ હોય એવી.

ગુણવત્તા ૧. સ્ત્રી. ઉત્તમતા; શ્રેષ્ઠતા.

૨. સ્ત્રી. કીમત; મૂલ્ય.

૩. [સં. ગુણવત્ (ગુણવાળું) + તા (પણું)] સ્ત્રી. ગુણવાનપણું; ગુણવાળા હોવું તે.

ગુણવત્ત્વ [સં.] ન. (જૈન) જીવના પારિમાણિક ભાવ માંહેનો એક; ગુણવાનપણું.

અસ્તિત્વ, અન્યત્વ, કર્તૃત્વ, ભોક્તૃત્વ, **ગુણવત્ત્વ**, પ્રદેશવત્ત્વ, અસંખ્યાતપ્રદેશત્વ, અસર્વગતત્વ, અરૂપત્વ આદિ અનેક પારિણામિક ભાવો છે.
તત્ત્વાર્થસૂત્ર

ગુણવંત [સં. ગુણવત્] વિ. સદ્‌ગુણી; ગુણવાળું; સારા લક્ષણવાળું.

ગુણવંતી વિ. સ્ત્રી. ગુણવાળી; સદ્‌ગુણી; ગુણસંપન્ન; સારા લક્ષણવાળી.

ગુણવંતું વિ. ગુણવાળું; સદ્‌ગુણી.

ગુણવાચક ૧. [સં.] પું. (વ્યાકરણ) કોઈ વસ્તુ કે નામનો સારો ખોટો ધર્મ બતાવનાર વિશેષણનો એક ભેદ. જેમકે, સુંદર, ખાટું, મીઠું.

૨. વિ. ગુણ દેખાડનાર; ગુણ બતાવનારૂં.

ગુણવાદ ૧. [સં.] પું. (મીમાંસા) એક પ્રકારનો અર્થવાદ; બીજાં પ્રમાણથી વિરુદ્ધ અર્થને જણાવનાર વાક્ય અર્થવાદના ત્રણ પ્રકાર મનાય છે: ગુણવાદ, અનુવાદ અને ભૂતાર્થવાદ. જ્યાં વિશેષણ અને વિશેષ્યનો એકમાં અન્વય કરવાથી ઠીક અર્થ ન સિદ્ધ થાય ત્યાં વિશેષણ પદનો કાંઈ બીજો અર્થ કરી લે તેને અંગકથન અથવા ગુણવાદ કહે છે. જેમકે, 'આ યૂપ એટલે યજ્ઞમાં પશુને બાંધવાનો થાંભલો એ સૂર્ય છે અને આ યજમાન એ દર્ભનો કલ્લો છે.' એટલે કે યૂપ સૂર્યના જેવો ચળકતો અને યજમાન દર્ભના કલ્લા જેવો પવિત્ર છે. આ વાક્ય યૂપ અને આદિત્યના અભેદનું પ્રતિપાદન કરે છે તથા યજમાન અને દર્ભના કલ્લાના અભેદનું પ્રતિપાદન કરે છે. એ બંનેનો અભેદ પ્રત્યક્ષ પ્રમાણથી બાધિત છે. માટે એવા પ્રત્યક્ષ પ્રમાણથી વિરુદ્ધ અભેદ અર્થનું બોધક હોવાથી એ વાક્ય ગુણવાદ નામે અર્થવાદ કહેવાય છે.

૨. પું. ગુણ ગાવા તે.

ગુણવાન [સં. ગુણવત્] વિ. ગુણવંત; ગુણવાળું; ગુણી.

ગુણવાહક પું. જીવકેંદ્ર તંતુના અનેક માંહેનો કોઈ એક ટુકડો; 'ક્રોમોસોમ'.

ગુણવિકાસ [સં.] પું. ગુણની વૃદ્ધિ; ગુણોત્કર્ષ.

ગુણવિગ્રહ [સં.] પું. (ગણિત) ગુણાકારના અવયવ પાડવા તે; 'ફૅક્ટરાઇઝેશન'. જેમકે, ૨૧નો ગુણવિગ્રહ ૩ × ૭.

ગુણવિધિ [સં.] પું. મીમાંસા પ્રસિદ્ધ દ્રવ્યાદિ ગુણ અંગની વિધિ; અપૂર્વવિધિના ચાર માંહેનો એક પ્રકાર, જેમાં યજ્ઞ અથવા કર્મ કરવાની સામગ્રી અને દેવતા વગેરે સંબંધી હકીકત આપેલી છે.

ગુણવિમલ પું. નાકર યુગનો એ નામનો એક કવિ. તે સં. ૧૬૭૩ના અરસામાં થઈ ગયો. તે વિચારમંજરીનો લેખક હતો.

ગુણવિરમણ [સં.] ન. (જૈન) શ્રાવકનું છઠ્ઠું, સાતમું અને આઠમું એ ત્રણ વ્રતનો સમૂહ.

ગુણવિશિષ્ટ [સં.] વિ. ગુણસંબંધી; ગુણદર્શક; ગુણાત્મક.

ગુણવિશેષણ [સં.] ન. (વ્યાકરણ) ખાસ ગુણ બતાવનાર શબ્દ; ગુણવાચક વિશેષણ.

ગુણવિશ્લેષ [સં.] પું. (ગણિત) ગુણાકારના અવયવ પાડવા તે; ગુણવિગ્રહ; 'ફૅક્ટરાઇઝેશન'. જેમકે, ૨૧નો ગુણવિશ્લેષ ૩ × ૭.

ગુણવિષયક [સં.] વિ. ગુણસંબંધી; ગુણવાચક.

ગુણવું ૧. સ. ક્રિ. (ગણિત) એક સંખ્યાને બીજી સંખ્યા જેટલી વાર વધારવી; ગુણાકાર કરવો.

૨. સ. ક્રિ. પુષ્કળ કરવું; વધારવું.

૩. સ. ક્રિ. વાપરવું.

ગુણવૃક્ષ [સં.] પું. હોડી અથવા વહાણ ખેંચવાની દોરી બાંધવાનુ નૌકામાંનું લાકડું.

ગુણવૃક્ષક [સં.] પું. વહાણ ખેંચવાની દોરીને બાંધવાનું સ્થાન; નૌકાનો ખૂંટો.

ગુણવૃત્તિ ૧. [સં.] સ્ત્રી. લક્ષણા નામે શબ્દની શક્તિ.

૨. વિ. ગુણોના સામર્થ્યવાળું.

ગુણવૃદ્ધિ [સં.] સ્ત્રી. સ્વરોમાં થતો ગુણ અને વૃદ્ધિ નામનો ફેર.

ગુણવ્રત [સં.] ન. (જૈન) મૂળ વ્રતની રક્ષા કરનાર ત્રણ વ્રત; શ્રાવકનું છઠ્ઠું, સાતમું અને આઠમું વ્રત.

ગુણશીલ ૧. પું. નાકર યુગનો એક જૈન કવિ. તે સં. ૧૬૬૨માં થઈ ગયો. અંજનાસુંદરીનો તે કર્તા હતો.

૨. વિ. ગુણવાળું.

ગુણશ્લાઘી [સં. ગુણશ્લાઘિન્] વિ. પ્રશંસાકારી; પ્રશંસા કરનારૂં.

ગુણસણા ૧. સ્ત્રી. લેઉઆ કણબીની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગુણસમુદાય [સં.] પું. ગુણનો જથ્થો.

ગુણસમૃદ્ધિ સ્ત્રી. ઈ. સ. ૧૪૦૬માં થયેલ એ નામની એક જૈન સાધ્વી.

ગુણસંગ પું. ગુણનો સંગ; ગુણોનું જોડાણ.

ગુણસંગીતસંતુષ્ટિ પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

ગુણસંપન્ન [સં.] વિ. ગુણવાળું; ગુણોપેત.

ગુણસંમૂઢ [સં.] વિ. સત્ત્વાદિ ગુણો વડે મોહ પામેલ.

ગુણસાગર ૧. પું. એ નામના એક બુદ્ધ.

૨. [સં.] પું. ગુણનો સમુદ્ર; ગુણનિધિ; ગુણનો ભંડાર.

૩. પું. નાકર યુગનો એ નામનો એક કવિ. તે સં. ૧૬૭૩ના અરસામાં થઈ ગયો. શાંતિરાયના છંદ અને હરિવંશનો તે લેખક મનાય છે.

૪. પું. બ્રહ્મા.

૫. પું. (સંગીત) હનુમંત મત પ્રમાણે શ્રી રાગના આઠ માંહેનો એક પુત્ર.

૬. પું. (સંગીત) હિંડોલ રાગનો એક પુત્ર.

ગુણસાધર્મ્ય [સં.] ન. ગુણોની સમાનતા.

ગુણસામ્ય [સં.] ન. ગુણની સમાનતા; ગુણોનું સરખાપણું.

ગુણસારિકા પું. (પિંગળ) એક વર્ણમેળ છંદ. તેમાં ચાર જગણ અને ગુરુ મળી તેર વર્ણ હોય છે. આ છંદ અતિજગતી છંદનો એક ભેદ છે.

રચાય જ જા જ જ ગે **ગુણસારિકા**. રણપિંગળ

ગુણસુ વિ. જાડું અને ટૂંકું.

ગુણસુંદરી સ્ત્રી. ગુણવાન સ્ત્રી.

ગુણસૂચક [સં.] વિ. ગુણ બતાવનાર.

ગુણસૃષ્ટિપ્રવર્તક [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

ગુણસ્તુતિ [સં.] સ્ત્રી. ગુણનાં વખાણ.

ગુણસ્થાન [સં.] ન. (જૈન) જ્ઞાનના અથવા આત્માના વિકાસની ચૌદ માંહેની કોઈ એક ભૂમિકા; આધ્યાત્મિક વિકાસની ઊતરતી ચડતી ભૂમિકા. મોહ અને યોગના નિમિત્તથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ આત્માના ગુણોની તારતમ્યરૂપ અવસ્થા વિશેષને ગુણસ્થાન કહે છે. ગુણસ્થાન ૧૪ છે: (૧) મિથ્યાત્વ, (૨) સાસ્વાદન, (૩) મિશ્ર, (૪) અવિરતિ સમ્યગ્દષ્ટિ, (૫) દેશવિરતિ, (૬) પ્રમત્તસંજતિ, (૭) અપ્રમત્તસંજતિ, (૮) નિયટ્ટીબાદર, (૯) અનિયટ્ટીબાદર, (૧૦) સૂક્ષ્મસંપરાય, (૧૧) ઉપશાંતમોહ, (૧૨) ક્ષીણમોહ, (૧૩) સયોગીકેવલી અને (૧૪) અયોગીકેવલી. ગુણાસ્થાનોનાં આ નામ પડવાનું કારણ મોહનીયકર્મ અને યોગ છે. પહેલાં ચાર ગુણસ્થાન દર્શનમોહનીય કર્મના નિમિત્તથી, ૫ થી ૧૨ સુધીનાં આઠ ગુણસ્થાન ચારિત્રમોહનીય કર્મના નિમિત્તથી અને છેલ્લાં બે ગુણસ્થાન યોગના નિમિત્તથી છે.

ગુણહાનિ સ્ત્રી. (જૈન) ગુણાકારરૂપ હીન હીન એટલે ઓછું ઓછું દ્રવ્ય જણાવું તે. જેમકે, કોઈ જીવે એક સમયમાં ૬,૩૦૦ પરમાણુઓના સમૂહરૂપ સમયપ્રબદ્ધનો બંધ કર્યો અને તેમાં ૪૮ સમયની સ્થિતિ પડી. તેમાં ગુણહાનિઓના સમૂહરૂપ નાના ગુણહાનિ ૬ છે. તેમાંથી પ્રથમ ગુણહાનિના પરમાણુ ૩,૨૦૦, બીજી ગુણહાનિના પરમાણુ ૧,૬૦૦, ત્રીજી ગુણહાનિના પરમાણુ ૮૦૦, ચોથી ગુણહાનિના પરમાણુ ૪૦૦, પાંચમી ગુણહાનિના પરમાણુ ૨૦૦, છઠ્ઠી ગુણહાનિના પરમાણુ ૧૦૦ છે. અહીં ઉત્તરોત્તર ગુણહાનિમાં ગુણાકારરૂપ હીન હીન પરમાણુ એટલે દ્રવ્ય પ્રાપ્ત થાય છે, તેથી તેને ગુણહાનિ કહે છે.

ગુણહાનિઆયામ પું. (જૈન) એક ગુણહાનિના સમયનો સમૂહ. જેમકે, કોઈ જીવે એક સમયમાં ૬,૩૦૦ પરમાણુના સમૂહરૂપ સમયપ્રબદ્ધનો બંધ કર્યો અને તેમાં ૪૮ સમયની સ્થિતિ પડી. તેમાં ગુણહાનિઓના સમૂહરૂપ નાના ગુણહાનિ ૬ છે. ૪૮ સમયની સ્થિતિમાં ૬ ગુણહાનિ હોવાથી પ્રત્યેક ગુણહાનિનું પરિમાણ ૮ આવ્યું. તે જ ગુણહાનિનું આયામ કહેવાય છે.

ગુણહીણ જુઓ ગુણહીન.

ગુણહીન [સં.] વિ. ગુણ રહિત; ગુણ વગરનું.

ગુણા ૧. પું. બ. વ. થેલા; કોથળા.

૨. [સં.] સ્ત્રી. ઘી.

૩. ન. ગણા; ગુણવાથી જે માપ અથવા સંખ્યા આવે તે.

ગુણાઈ સ્ત્રી. ગુણાકાર.

ગુણાકર ૧. [સં.] પું. એ નામે એક બુદ્ધ.

૨. પું. ગુણોની ખાણ.

૩. વિ. ગુણકારી.

સકળ કળા પરિપૂર્ણ **ગુણાકર**,
સુખકર બંધુ અનાથ. દયારામ

૪. વિ. ગુણોના સ્થાનરૂપ.

ગુણાકાર ૧. [સં.] પું. (ગણિત) એક સંખ્યાને બીજી સંખ્યાએ ગુણવાથી આવતી રકમ.

૨. પું. (ગણિત) એકની એક સંખ્યા કેટલીક વખત લઈ તેઓનો સરવાળો લેવાની સહેલી રીત.

૩. પું. ગુણવું તે.

૪. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

ગુણાગુણવિચાર [સં.] પું. ગુણદોષની સટીક નોંધ; 'રિવ્યૂ'.

ગુણાજ્ઞતા સ્ત્રી. જડતા; સુસ્તી; મૂઢતા.

ગુણાઢ્ય ૧. પું. એ નામનો એક પ્રસિદ્ધ કવિ. તેણે પૈશાચી ભાષામાં લખેલ મોટા ગ્રંથ ઉપરથી ક્ષેમેંદ્રે બૃહત્કથા અને સોમદેવે કથાસરિત્સાગર રચ્યાં.

૨. [સં.] વિ. ગુણપૂર્ણ; ગુણસંપન્ન; ગુણવાળું.

ગુણાતિપાત પું. નાટકનાં છત્રીશ માંહેનું એક લક્ષણ.

ગુણાતિશય પું. નાટકનાં છત્રીશ માંહેનું એક લક્ષણ.

ગુણાતિશયતા સ્ત્રી. અસાધારણ નૈપુણ્ય.

ગુણાતીત ૧. [સં.] પું. ત્રણ ગુણોની કલ્પના રહિત એટલે નિરાકાર ઈશ્વર.

૨. પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

૩. વિ. ગુણને ઓળંગી ગયેલું; ગુણોથી પર; નિર્ગુણ.

પ્રકાશ કે, પ્રવૃત્તિ કે, કે વળી મોહ, પાંડવ !
જામે ત્હોયે ન જે દ્વેષે, ન વાંછે જે શમી જતાં;
ઉદાસીન સમો ર્‌હેતો, ના ચળે જે ગુણો વડે,
'ગુણો વર્તે' લહી એવું જે રહે સ્થિર, ના ડગે;
સમ સોને ઢેફે પ્હાણે, સ્વસ્થ, દુઃખે સુખે સમ,
સ્વનિંદાસ્તુતિમાં તુલ્ય, ધીર, તુલ્ય પ્રિયાપ્રિયે;
મિત્ર કે શત્રુપક્ષે ને તુલ્ય માનાપમાનમાં,
સૌ કર્મારંભનો ત્યાગી: તે ક્‌હેવાયે **ગુણાતીત**:
કવિગીતા

૪. વિ. સ્થિતપ્રજ્ઞ; આત્મજ્ઞાની.

ગુણાતીતાનંદ પું. સ્વામીનારાયણ સંપ્રદાયના એક પ્રસિદ્ધ સ્વામી. તે સહજાનંદ સ્વામીના પરમ ભક્ત અને શિષ્ય હતા.

ગુણાત્મ [સં.] વિ. ગુણ જેનો આત્મા હોય એવું; ગુણી; ગુણવાન.

ગુણાત્મક [સં.] વિ. ગુણ જેનો આત્મા હોય એવું; ગુણી; ગુણવાન; પ્રકૃતિના ગુણવાળું.

પ્રેમ દ્વેષની લાગણી **ગુણાત્મક** છે અને સુખ દુઃખની લાગણી અવસ્થાત્મક છે.
જીવનશોધન

ગુણાધિકવૃદ્ધ [સં.] પું, શિવનાં હજાર માંહેનું એક નામ.

ગુણાધિષ્ઠાનક [સં.] ન. બે સ્તનની વચ્ચેનો ભાગ.

ગુણાનુક્રમ [સં.] અ. ગુણના અનુક્રમ પ્રમાણે; ગુણાનુસાર.

ગુણાનુરાગ [સં.] પું. ગુણની કદર; બીજાના ગુણો પ્રત્યે આસક્તિ કે આદર.

ગુણાનુરાગી [સં. ગુણાનુરાગિન્] વિ. ગુણની કદર કરનાર; ગુણાનુરાગવાળું.

ગુણાનુવાદ ૧. [સં.] પું. (મીમાંસા) અનુવાદના ત્રણ માંહેનો એક પ્રકાર. જેમકે, દહીંથી હવન કરે છે. 'હવન કરે છે' એમાં દહીંથી એ વિશેષ ઉમેરી ગુણ બતાવ્યો છે.

૨. પું. ઈશ્વરના ગુણોનું કીર્તન.

૩. પું. સ્તુતિ; ગુણકથન; તારીફ; પ્રશંસા.

ગુણાનુસાર [સં.] અ. ગુણ પ્રમાણે.

ગુણાન્વિત [સં.] વિ. ગુણવાળું; ગુણવાન; ગુણી.

ગુણાપકર્ષ [સં.] પું. તિરસ્કાર; અવજ્ઞા; અપ્રતિષ્ઠા.

ગુણાબ્ધિ ૧. [સં.] પું. ગુણોનો ભંડાર.
૨. પું. બુદ્ધદેવ.
૩. વિ. ગુણના સાગર જેવું.

ગુણાર્ણવ ૧. [સં.] પું. ગુણોનો ભંડાર.
૨. વિ. ગુણના સાગર જેવું.

ગુણાલંકારી વિ. ગુણરૂપી અલકારવાળું.

ગુણાલંકૃત [સં.] વિ. ગુણોથી શોભતું.

ગુણાવગુણ [સં.] પું. ગુણ તથા અવગુણ; ગુણદોષ.

ગુણાવમાન [સં.] પું. ગુણમાં ઘટી જવું તે.

ગુણાવયવ [સં.] પું. (ગણિત) ગુણાકારના અવયવ; 'ફેક્ટર'. જેમકે, ૭૭ ના ગુણાવયવ ૭ અને ૧૧ છે.

ગુણાવરા સ્ત્રી. (પુરાણ) એ નામની એક અપ્સરા.

ગુણાવલંબી [સં. ગુણાવલંબિન્] વિ. ગુણ ઉપર આધાર રાખનાર.

ગુણાવું અ. ક્રિ. અનેકગણું થવું; વૃદ્ધિ પામવું.

ગુણાશ્રય વિ. ગુણરૂપા આશ્રયવાળું.

ગુણાસક્તિ [સં.] સ્ત્રી. ગુણમાં મોહ રાખવો તે.

ગુણાળું વિ. ગુણવાન; ગુણવાળું; સદાચારી.

ગુણાંક ૧. પું. (ગણિત) ગુણા કરવા હોય તે સંખ્યા.
૨. પું. ગુણાકાર કરવાથી આવેલી રકમ.
૩. ન. પાંચમા સૈકાના નેપાળના સિક્કા ઉપરનું એક ચિહ્ન.

ગુણાંશ પું. (જૈન) એક સમયમાં એક ગુણની અવસ્થા.

ગુણિઅન પું. (જૂ. ગુ.) ભાટ; ચારણ.

> કીતિ જેહની ચૌદ લોકિ કરિ **ગુણિઅન** ગાન.
> ભાલણ

ગુણિકા ૧. [સં. ગણિકા] સ્ત્રી. ગુણકા; વેશ્યા.

> વારમુખી જગવલ્લભા કહત સંભલી જેહ;
> વિશ્વવધૂ જે નાયકા **ગુણિકા** કહીયે તેહ.
> પિંગળલઘુકોષ

૨. સ્ત્રી. સોજી આવેલું શરીર.

ગુણિત ૧. પું. (પિંગળ) એક માત્રામેળ છંદ; અતિશિખા. તેના દરેક દલમાં ૩૦ લઘુ અને ગુરુ મળી ૩૨ માત્રા હોય છે. તેમાં ૧, ૫, ૯, ૧૩, ૧૭, ૨૧, ૨૫ અને ૨૯મી માત્રાએ તાલ આવે છે.
૨. વિ. ગુણવાળું.
૩. [સં.] વિ. ગુણેલું.
૪. વિ. ઢગલો કરેલ.
૫. વિ. પઠન અથવા અધ્યયન કરેલ.
૬. વિ. પૂર્ણ કરેલ.

ગુણિયલ વિ. ગુણવાળું; ગુણવંતું; સદ્ગુણી.

ગુણિયેલ જુઓ ગુણિયલ.

ગુણિયો ૧. પું. અમુક વજનનું માપ.
૨. પું. તાંબાનો ઘડો.
૩. પું. થેલો.

ગુણી ૧. પું. કલાકુશળ પુરુષ; નિપુણ મનુષ્ય; કલાકોવિદ.
૨. [સં. ગુણિન્] પું. ગુણવાન પુરુષ.
૩. પું. ધનુષ; ચાપ.
૪. પું. ભૂવો; ભૂતપ્રેત કાઢનાર પુરુષ; જંત્રમંત્ર કરનાર માણસ.
૫. પું. સંગીતનું પદ્ધતિસર જ્ઞાન ધરાવનાર માણસ.
૬. પું. સાપ પકડનાર.
૭. સ્ત્રી. ગુણ; કોથળી; થેલો.
૮. સ્ત્રી. શણનું ખડબચડું કાપડ; કંતાન. રૂ, અનાજ વગેરે ભરવા માટે તે ઉપયોગમાં આવે છે.
૯. વિ. ઉપકારી.
૧૦. વિ. કાબેલ; શક્તિ ધરાવનાર.
૧૧. વિ. સારા ગુણવાળું; સદ્ગુણી; સદાચારી; સારા લક્ષણવાળું.

ગુણીજન ૧. પું. કળાવાન માણસ; કલાનિપુણ પુરુષ.
૨. પું. ગુણવાન પુરુષ; ચતુર માણસ.
૩. પું. ભાટ; ચારણ; બંદીજન.

> **ગુણીજન** ગાન કરે ઘણું, કરે અપ્સરા વળી નૃત્ય.
> દયારામ

૪. પું. સંગીતમાં પ્રવીણ માણસ.
૫. વિ. ગુણવાળું; સુજન; સર્જન.

ગુણીભૂત ૧. [સં.] વિ. ગુણરૂપ થયેલ.
૨. વિ. ગુણવાન બનેલું; ગુણવાળું થયેલું.
૩. વિ. ગૌણ થયેલું; અમુખ્ય થયેલ.

ગુણીભૂતવ્યંગ [સં.] ન. ખાસ ગુણ જેમાં દીપે એવું વ્યંગ.

ગુણીભૂતવ્યંગ્ય [સં.] ન. (કાવ્ય) અલંકારશાસ્ત્રપ્રસિદ્ધ મધ્યમ કાવ્ય; કાવ્યના ત્રણ માંહેનો એક પ્રકાર; કાવ્યમાં પ્રધાન નહિ પણ વાચ્યાર્થની સાથે ગૌણરૂપે આવેલ વ્યંગ્ય; જેમાં વ્યંગ્ય ગુણરૂપે હોય એવું કાવ્ય. સામાન્ય રીતે કાવ્યના ત્રણ પ્રકાર છે: (૧) ઉત્તમ કે ધ્વનિ, (૨) મધ્યમ કે ગુણીભૂતવ્યંગ્ય અને (૩) અધમ કે ચિત્ર.

> જો વ્યંગ્ય અર્થ વાચ્યના કરતાં ઉત્કૃષ્ટ ન હોય
> તો કાવ્યને મધ્યમ કે ગુણીભૂતવ્યંગ્ય કહે છે.
> કાવ્યશાસ્ત્ર

ગુણેગુણકોબી સ્ત્રી. એક જાતની શાકભાજી. તે કોબીની એક જાત છે.

ગુણેશ ૧. [સં.] પું. ઈશ્વર; પરમેશ્વર.
૨. પું. ગણપતિ; ગણેશ.

ગુણેશ્વર ૧. પું. ચિત્રકૂટ પર્વત.
૨. [સં.] પું. પરમેશ્વર. તે ત્રણે ગુણો ઉપર પ્રભુત્વ રાખે છે.

ગુણો પું. થેલો; કોથળો; ગુણી.

> ગુણા ભરી જવા = સરસામાન લઈ જતું રહેવું; પોબારા ગણવા.

ગુણોજ્જવલ વિ. ગુણ વડે ઊજળું.

ગુણોત્કર્ષ [સં.] પું. ગુણોનું અતિશયપણું.

ગુણોત્કીર્તન [સં.] ન. ગુણગાન; ગુણવર્ણન.

ગુણોત્કૃષ્ટ [સં.] વિ. ગુણમાં ચડિયાતું.

ગુણોત્તમ ૧. [સં.] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.
૨. વિ. ગુણમાં શ્રેષ્ઠ; શ્રેષ્ઠ ગુણવાળું.

ગુણોત્તર ૧. પું.; ન. ભાજ્ય; અવયવ.
૨. [સં.] (ગણિત) પું.; ન. સરેરાશ; એક જાતની બે સંખ્યાને પરસ્પર ભાગ્યાથી ભાગાકારની જે સંખ્યા આવે તે; 'રેશિયો'. એક જ જાતની બે સંખ્યાઓની સરખામણી કરતાં એક સંખ્યા બીજી સંખ્યાથી કેટલા ગણી છે અથવા બીજીનો કેટલામો ભાગ છે તે સંબંધ બતાવનારી ત્રીજી સંખ્યાને તે બે સંખ્યાનું ગુણોત્તર કહે છે. આ સંબંધ પહેલી સંખ્યાને બીજીએ ભાગવાથી નીકળે છે. જેમકે, ૮ એ ૨ થી ૪ ગણા છે અને ૨ એ ૮નું ગુણોત્તર $\frac{૧}{૪}$ છે. માટે ગુણોત્તર શોધી કાઢવાને પહેલી સંખ્યાને બીજી સંખ્યાએ ભાગવી. એ પ્રમાણે ૮ અને ૨ નું ગુણોત્તર ૮ ÷ ૨ = $\frac{૮}{૨}$ = $\frac{૪}{૧}$ = ૪ : ૧ થાય. એટલે કે ગુણોત્તરનાં બે પદો વચ્ચે ÷ ની નિશાની કરવી જોઈએ, પણ એ ÷ ની નિશાની કરવાને બદલે વચ્ચેની આડી લીટી કાઢીને માત્ર ':' આવી નિશાની કરવામાં આવે છે.
૩. વિ. ગુણમાં ચડિયાતું; ઉચ્ચ.

ગુણોત્તરવધ પું. (ગણિત) બે અથવા તેથી વધારે ગુણોત્તરોનાં પ્રથમ પદના ગુણાકાર અને ઉત્તર પદના ગુણાકારનું ગુણોત્તર; આપેલાં ગુણોત્તરોને અપૂર્ણાંકના રૂપમાં લખી તે બધાં અપૂર્ણાંકનો

ગુણાકાર કરવાથી જે અપૂર્ણાંક આવે તેને ગુણોત્તરના રૂપમાં લખવું તે.

ગુણોત્તરશ્રેઢી સ્ત્રી. (ગણિત) પાસેપાસેનાં બે પદો હમેશા અમુક નિશ્ચિત ગુણોત્તરમાં હોય એવી શ્રેઢી.

ગુણોત્તરશ્રેણી જુઓ ગુણોત્તરશ્રેઢી.

ગુણોપેત ૧. વિ. કળામાં હોશિયાર.

૨. [સં.] વિ. ગુણી; ગુણવાળું; ગુણસંપન્ન.

ગુણૌઘ [સં. ગુણ + ઓઘ (જથ્થો)] પું. ગુણનો જથ્થો; ગુણનો સમૂહ.

ગુણૌષધ પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

ગુણ્ણું ૧. ન. ઘણું તેલ પીધેલ એવા લૂઆના છેક પાતળા પાપડ વણતાં તૂટી ગયેલા તેલ ભર્યા કટકા માંહેનો દરેક. તે કાચાને કાચા બૈરાં છોકરાં ખાય છે.

૨. ન. પાપડની કણકનો લૂઓ; કણક કે લૂઆનું વણવા માટે તૈયાર કરેલ ચક્રાકાર પિંડલું; ગૂંડળું; ગુલ્લું.

ગુણ્ય ૧. [સં.] પું. (ગણિત) ગુણ્ય સંખ્યા; ગુણ્યાંક; જેને ગુણવામાં આવે તે રકમ. જેમકે, ૫ ને ૭ થી ગુણો, તેમાં ૫ ગુણ્ય છે.

૨. સ્ત્રી. ગુણ; થેલો; કોથળી.

૩. વિ. ગુણવાને યોગ્ય; ગુણાય એવું.

૪. વિ. પૂર્ણ કરવા યોગ્ય.

૫. વિ. વખાણવા લાયક.

૬. વિ. સદ્ગુણી; શ્રેષ્ઠ ગુણવાળું.

ગુણ્યગુણાવયવ પું. (ગણિત) અંકપદ; અવયવ; 'ફૅક્ટર'. જેમકે, ૭૭ ના ગુણ્યગુણાવયવ ૭ અને ૧૧ છે.

ગુણ્યસંખ્યા જુઓ ગુણ્યાંક.

ગુણ્યાંક [સં.] પું. ગુણ્ય સંખ્યા; જેને ગુણવાની હોય તે રકમ.

ગુત્કા પું. વખાણ.

ગુત્તો પું. એકહથ્થુ વેપાર; ઇજારો.

ગુત્રું ન. નાનું હરણ. એની બે જાત છે: એક ચાર શિંગડાંવાળી અને બીજી બે શિંગડાંવાળી. તે ગિરનાર પર્વત તરફ માલૂમ પડે છે.

ગુત્સ ૧. પું. ખીલવા આવેલી કળી.

૨. [સં.] પું. મોટો ગુચ્છો; ગઠ્ઠો.

ગુદ્ [સં.] સ. ક્રિ. (ધાતુ) રમવું; ખેલવું. તે ઉપરથી થયેલ શબ્દો: ગુદ, ગુદદ્વાર, ગુદા.

ગુદ ૧. પું. હાડકાની અંદરનો ગર.

૨. [સં.] સ્ત્રી., ન. ગુદા; મળત્યાગ કરવાનું દ્વાર.

૩. ન. એ નામનું એક તત્ત્વ.

૪. ન. નિતંબ; ઢગરો; ફૂલો.

ગુદકાંડ [સં.] પું. ગુદામાર્ગ; મળાશય.

ગુદકીલ [સં.] પું. અર્શ; હરસ.

ગુદકૌકુંદર ન. ગુદદ્વારની આસપાસ રહેલો ચરબીથી ભરેલો ખાડો. આ ત્રિકોણાકાર ખાડો ગુદાની દરેક બાજુ ઉપર આવેલો છે. તેની દીવાલોની અંદરની બાજુ પ્રાવરણી વડે છવાયલી છે.

ગુદગુદા [હિં.] વિ. નરમ; પોચું.

ગુદગુદા બિસ્તર = નરમ પથારી.

ગુદગુદાવવું ૧. [હિં.] સ. ક્રિ. ગદગદિયાં કરવાં.

૨. સ. ક્રિ. હસાવવું.

ગુદગુદાહટ ૧. [હિં.] સ્ત્રી. ઉત્કંઠા; તીવ્ર ઇચ્છા.

૨. સ્ત્રી. ખૂજલી; ચળ.

ગુદગુદી ૧. [હિં.] સ્ત્રી. ગદગદિયાં; ગલગલિયાં.

૨. સ્ત્રી. સંભોગની ઇચ્છા.

ગુદગ્રહ [સં.] પું. ઉદાવર્ત રોગ; આમવાયુ; મળમૂત્ર અને વાયુ રોકાઈ જાય એવો પેટનો એક રોગ.

ગુદડ (ગુદડ઼) ૧. સ્ત્રી. જોર; શક્તિ.

૨. [હિં.] સ્ત્રી. ફાટેલ ગોદડું.

૩. [ફા. ગુઝરી] સ્ત્રી. બજાર.

ગુદડિયા (ગુદડ઼િયા) ૧. [હિં.] ન. ગોદડી, તંબૂ વગેરે વેચનાર અને ભાડે આપનાર માણસ.

૨. ન. ગોબરૂં માણસ; ગંદું માણસ.

૩. ન. ફાટેલ વસ્ત્ર પહેરેલું માણસ.

ગુદડી (ગુદડ઼ી) જુઓ ગુદડ.

ગુદદર્શકયંત્ર ન. ગુદાની અંદરના ભાગની ચિકિત્સા કરી શકાય એવું એક જાતનું યંત્ર.

ગુદદ્વાર [સં.] ન. ગુદા. આ દ્વારની આસપાસ રહેલી પાતળી ચામડી ગુદાની અંદર રહેલી શ્લેષ્મકલા સાથે મળી જાય. બહારની ચામડી તથા અંદર રહેલી શ્લેષ્મકલાનું સંગ્રહસ્થાન ગુદદ્વારની આસપાસ રહેલી એક સહેજ વાદળી તથા ધોળા રંગની રેખા વડે જણાઈ આવે છે. ગુદદ્વારની આસપાસની ચામડીમાં કેટલીએક કરચલીઓ પડેલી માલૂમ પડે છે. તે બધી ગુદદ્વારની અંદર દાખલ થઈ ઊંચે શ્લેષ્મકલામાં પણ દાખલ થયેલી માલૂમ પડે છે. આ શ્લેષ્મકલામાંની કરચલી વચ્ચેના ખાડા વધારે ઊંડા છે.

ગુદનલિકા સ્ત્રી. ગુદાની નળી. આ નલિકા આશરે ૬ થી ૮ ઈંચ લાંબી છે. તે શરૂઆતમાં સાંકડી પણ તેના નીચલા છેડા આગળ તે વધારે પહોળી થાય છે. તેની દીવાલમાં મોટા આંતરડાની માફક ઊભા પટ્ટા ન હોવાથી તે વળિયાંવાળી ન દેખાતાં સરળ જણાય છે. પુરુષના શરીરમાં ગુદનલિકાની આગલી બાજુ ઉપર બસ્તિ જ્યારે સ્ત્રીના શરીરમાં ગર્ભાશય રહેલું છે.

ગુદપાક પું. મળદ્વારમાં થતો પાક; પિત્તના પ્રકોપથી અથવા ઝાડા વગેરેના રોગથી ગુદાનું પાકી જવું તે.

ગુદભ્રંશ [સં.] પું. ગુદાનો ભ્રંશ; આમણનો રોગ; ગુદાનો ભાગ બહાર નીકળી આવે એવો રોગ.

ગુદમ ૧. [સં. ગુદા] સ્ત્રી. ગુદા; મળદ્વાર.

૨. ન. તળિયું.

ગુદમર્મ [સં.] ન. અધોવાયુ અને મળને બહાર કાઢનાર મોટા આંતરડા સાથે જોડાયેલું ચાર આંગળનું માંસમર્મ. ત્યાં ઈજા થતાં એકદમ મરણ થાય છે, કારણકે ગુદભાગમાં ઈજા થતાં તેની દીવાલ તૂટી લોહી, વિષ્ટા વગેરે પદાર્થો શ્રોણીગુહા તથા પેટની અંદર ફરી વળે એટલે આંતરડા ઉપરની કળાનો સોજો થઈને દર્દીની સ્થિતિ ગંભીર બને છે.

ગુદમા [હિં.] પું. નરમ જાડો ધાબળો.

ગુદમાર્ગ પું. ગુદા; મળનો માર્ગ.

ગુદમૈથુન [સં.] ન. સૃષ્ટિક્રમ વિરુદ્ધ મૈથુન.

ગુદર ૧. પું. ઘૂંટણ.

૨. પું. હાડકાં માંહેનો ગર; મજ્જા.

ગુદરક્તસ્રાવ [સં.] પું. રક્તાર્શ; ગુદામાંથી લોહી નીકળવું તે.

ગુદરવું ૧. અ. ક્રિ. ત્યાગ કરવો; અલગ રહેવું.

૨. અ. ક્રિ. દરગુજર કરવું; છોડી દેવું.

૩. અ. ક્રિ. નિવેદન કરવું.

૪. સ. ક્રિ. ગાંઠવું; ગણકારવું.

૫. સ. ક્રિ. તાબે થવું.

ગુદરી [હિં.] સ્ત્રી. ગુજરી.

ગુદરોગ [સં.] પું. ગુદાનો રોગ.

ગુદવલિ [સં.] સ્ત્રી. ગુદાની અંદરની અર્ધચંદ્રાકાર કરચલી.

ગુદસંકોચનીબાહ્યા સ્ત્રી. મલદ્વારસંકોચની બહિસ્થાપેશી.

ગુદસંકોચનીબાહ્યાપેશી જુઓ ગુદસંકોચનીબાહ્યા.

ગુદસ્ત ૧. ન. ગઈ સાલ.

૨. [ફા. ગુઝશ્ત (ગયેલું)] વિ. પાછલું; ગયેલું; ગત.

ગુદસ્ત બાકી = હિસાબ કરતાં બાકી રહેતી રકમ.

ગુદસ્તંભ [સં.] પું. ગુદા મળત્યાગનું કામ ન કરી શકે તેવો એક જાતનો રોગ.

ગુદા ૧. સ્ત્રી. એ નામની મેમણની એક અટક.

૨. [સં.] સ્ત્રી. ગાંડ; મળદ્વાર; મોટા આંતરડાનો છેડો; શરીરમાંથી વિષ્ટા નીકળવાનું દ્વાર.

૩. સ્ત્રી. લૂગદી.

૪. ન. એ નામની મેમણની અટકનું માણસ.

૫. વિ. એ નામની અટકનું.

ગુદાખ્તગી [હિ.] સ્ત્રી. ગાળવાની ક્રિયા; પીગાળવું તે.

ગુદાગમન [સં.] ન. સૃષ્ટિ વિરુદ્ધનું કર્મ; ગુદામૈથુન.

ગુદાજકર [હિ.] પું. ટંકશાળમાં ધાતુ ગાળનારો માણસ.

ગુદાઝ ૧. [ફા.] વિ. જાડું.

૨. વિ. નરમ; કોમળ.

ગુદાદર્શકયંત્ર જુઓ ગુદદર્શકયંત્ર.

ગુદાદ્વાર જુઓ ગુદદ્વાર.

ગુદાભ્રંશ જુઓ ગુદભ્રંશ.

ગુદામ ૧. પું. ઢગલો.

૨. [હિ.] પું. વખાર; ગોદી; ગોદામ; કોઠાર.

ગુદામાર્ગ જુઓ ગુદમાર્ગ.

ગુદામૈથુન ન. ગુદાગમન; સૃષ્ટિ વિરુદ્ધ મૈથુન; ગુદાના ભાગમાં ભોગ ભોગવવાની ક્રિયા.

ગુદાર પું. શિવધર્મી સાધુઓનો એક પંથ. તેઓ ધાતુનું એક વાસણ રાખે છે ને તેમાં સુગંધી લાકડું વગેરે સળગાવે છે.

ગુદાર્તિ [સં.] પું. મળદ્વારમાં થતું દર્દ.

ગુદાવર્ત [સં.] પું. ગુદાનો એક પ્રકારનો રોગ; ગુદાનો ભ્રંશ.

ગુદાસંયોગ પું. ગુદાગમન; ગુદામૈથુન.

ગુદાસ્થિ [સં.] ન. પૂંઠનું હાડકું; પુચ્છાસ્થિ; માણસના શરીરમાં કરોડને છેડે આવેલું ત્રિકોણાકાર હાડકું. ત્રિકાસ્થિની નીચે આવેલ આ હાડકું ત્રિકોણાકાર હોઈ કાગડાની ચાંચ જેવું લાગે છે. તે અત્યંત ઝીણાં હાડકાંઓનું બનેલું છે. આં હાડકું ગુદાની પાછળ આવેલું હોવાથી પ્રાચીન શારીરવિદોએ તેને ગુદાસ્થિ તરીકે ઓળખાવ્યું છે. પ્રાણીઓમાં આ હાડકું મોટું તથા ઝાઝાં ગોળાકાર અસ્થિઓનું બનેલું હોય છે અને તે અસ્થિસમુદાય વડે જ પૂછડું બને છે. આ હાડકાંને પેશીઓની ચાર જોડી તથા એક એકલી પેશી લાગેલી છે.

ગુદાંકુર [સં.] પું. હરસનો રોગ.

ગુદો પું. હાડકામાંનો માવો; મજ્જા.

ગુદોપસ્થિકા [સં.] સ્ત્રી. એ નામની એક ધમની. તે કુકુંદરદ્વાર મારફત મૂલાધારપીઠમાં જાય છે અને ગુદા, ઉપસ્થ વગેરેને પોષણ આપે છે.

ગુદૌષ્ઠ [સં.] પું. ગુદાનો એક અવયવ.

ગુદ્દી [હિં.] સ્ત્રી. બોચી; ગળચી.

ગુધ્ ૧. [સં.] અ. ક્રિ. ગુસ્સે થવું.

૨. અ. ક્રિ. રમવું; રમત કરવી.

૩. સ. ક્રિ. વીંટાળવું; કપડાં પહેરાવવાં.

ગુધ પું. ગૂમડું કે ઘા રુઝાયા પછી રહી ગયેલો ઊપસેલો ભાગ.

ગુધલી સ્ત્રી. કડબ માટે ખેતરમાં પાસે પાસે વવાતી જાર.

ગુધાઈ [સં. ગ્રંથ્ (ગૂંથવું)] સ્ત્રી. (હિંદી) કોર વાળવી તે.

ગુધિત ૧. [સં.] વિ. કોપાયમાન થયેલ.

૨. વિ. ઘેરેલું.

૩. વિ. રમેલ.

૪. વિ. વીંટી લીધેલું.

ગુન ૧. [હિ.] પું. કૃપા.

૨. પું. ગુણાકાર.

૩. પું. ગૂણિયું; કંતાન; શણ.

૪. પું. પરિણામ.

૫. પું. ફળ; લાભ.

૬. પું. બુદ્ધિ.

૭. [સં. ગુણ] પું. સદ્ગુણ; સારું લક્ષણ.

૮. ન. વહાણની પાછળ લટકતું દોરડું.

ગુનઇ પું. ગુનેગાર; ગુનો કરનાર.

ખરી વાતનો પડદો ખોલ,
અલ્યા ગુનઇ તું સાચું બોલ. શામળ

ગુનકલી સ્ત્રી. (સંગીત) એ નામની એક રાગિણી; માલકોષ રાગની સ્ત્રી. તે ગાવાનો વખત દિવસના પહેલા પહોર સુધીનો છે. તેની જાતિ સંપૂર્ણ અને ખરજ શુદ્ધ, રિખવ કોમળ, ગાંધાર તીવ્ર, મધ્યમ કોમળ, પંચમ ધૈવત કોમળ, નિખાદ તીવ્ર એમ સાતે સ્વર આવે છે. કોઈ ઓડવ જાતિ પણ લેખે છે. તેમાં રિખવ અને ધૈવત વર્જ્ય છે. ગ્રહ સ્વર ખરજ અથવા નિખાદ છે. આ રાગિણીનો ખરું જોતાં હાલમાં લોપ થઈ ગયેલો છે. તેનું વર્ણન નીચે મુજબ છેઃ વિરહાગ્નિથી જેનું શરીર કૃશ થયેલું છે, મેલાં વસ્ત્ર પહેર્યાં છે, કંચુકી ભીંજાઈ ગયેલી છે અને પોતાના કેશ છૂટા રાખીને કદમના અથવા આંબાના વૃક્ષની તળે તે ઝાડના થડથી માથું ટેકાવી બેઠી છે. આ રાગિણીની પારિજાતમાં ગાંધાર નિષાદ વર્જ્ય કરી ઓડવ જાતિ કહી છે પણ ફરી ગાંધાર લગાડી ષાડવ જાતિ ગણી છે. સંગીતાદિત્યમાં ઓડવ જાતિ ગણી ગાંધાર લઈ પંચમ છોડી દીધો છે. રિખવ ધૈવત કોમળ, ગાંધાર મધ્યમ શુદ્ધ છે. શરદ ઋતુમાં દિવસના પહેલા પહોરમાં તે ગવાય છે. કોઈ ત્રીજો પહોર માને છે. આ રાગનો વાદી સ્વર ધૈવત અને સંવાદી સ્વર રિખવ છે. આ રાગમાં કેટલેક સ્થળે રામકલી અને ભૈરવ રાગનો ભાસ થાય છે.

ગુનકા સ્ત્રી. નાયકા; વેશ્યા.

ગુનકોથળો વિ. પું. લોથપોથ.

ગુનક્રિ જુઓ ગુનકલી.

ગુનગુન અ. ગણગણ; નાકમાંથી બોલાતો ઉચ્ચાર.

ગુનગુના ૧. [હિં.] વિ. નવશેકું; અલ્પોષ્ણ.

૨. વિ. નાકમાંથી બોલનાર.

ગુનગુનાટ [હિં.] પું. ગણગણાટ; ઘોંઘાટ.

ગુનણિયા ૧. સ્ત્રી. એ નામની કણબીની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગુનફલ [હિં.] ન. બે કે વધારે અવયવોનો ગુણાકાર.

ગુનરખ [હિં.] પું. વહાણની પહોળાઈ.

ગુનસાર સ્ત્રી. (સંગીત) દેશાખ રાગિણીની ચાર માંહેની એક જાત.

ગુનહગાર ૧. [ફા.] વિ. અપરાધી; દોષી.

૨. વિ. પાપી.

ગુનહગારી ૧. [ફા.] સ્ત્રી. ગુનો; વાંક; દોષ; અપરાધ.

નથી તકસીર તારી એ, ગુનહગારી હમારી છે.
કલાપી

૨. સ્ત્રી. પાપ.

ગુનાહ ૧. [ફા.] પું. દોષ; કસૂર; અપરાધ.

૨. પું. પાપ.

ગુનાહગાર જુઓ ગુનેગાર.

ગુનાહગારી ૧. સ્ત્રી. ખાલસા થવું તે.

૨. [હિં.] સ્ત્રી. ખોટ; નુકસાન.

૩. સ્ત્રી. ગુનો કરેલો હોય એવી હાલત; ગુનેગારપણું.

૪. સ્ત્રી. તકસીર; ગુનો; કસૂર.

૫. સ્ત્રી. ન્યાય ખાતેથી થયેલ દંડની ઊપજ.

૬. સ્ત્રી. પાપ.

૭. સ્ત્રી. બદલો.

૮. સ્ત્રી. સજા; દંડ; શિક્ષા.

ગુનાહત સ્ત્રી. ગુનેગારી; દોષિતપણું.

ગુનાહબખ્શ (ગુનાહબખ્શ) [ફા.] પું. પાપ માફ કરનાર; ઈશ્વર.

ગુનાહિત ૧. વિ. ગુના સંબંધી.

૨. વિ. ગુનો કરનારૂં; અપરાધી.

ગુનાહી ૧. [ફા.] પું. અપરાધ કરનાર માણસ; દોષી; કસૂરદાર.

૨. પું. પાપ કરનાર માણસ.

ગુનિયા ૧. [હિં.] પું. ગુણવાન માણસ.

૨. પું. જાદૂ કરી જાણનાર માણસ.

૩. પું. સુતારનો કાટખૂણો.

૪. ન. ધરતીની સપાટી જોવાનું એક સાધન.

ગુની ૧. [હિં.] વિ. ગુણવાળું; ગુણી.

૨. વિ. જંતરમંતર જાણનાર.

ગુનીજન ૧. પું. ગુણવાન પુરુષ; ગુણીજન.

૨. પું. ભાટ; ચારણ.

ગુનેગાર ૧. [ફા.] પું. અપરાધી; ગુનો કરનાર માણસ.

૨. પું. પાપી.

૩. વિ. ગુનો કરનાર.

ગુનેગારી ૧. [ફા.] સ્ત્રી. અપરાધ; દોષ.

૨. સ્ત્રી. ગુનો કરેલો હોય એવી હાલત; ગુનેહગારપણું.

૩. સ્ત્રી. ન્યાય ખાતાના દંડની ઊપજ.

૪. સ્ત્રી. પાપ.

૫. સ્ત્રી. સજા; દંડ; શિક્ષા.

ગુનેહગાર જુઓ ગુનેગાર.

ગુનેહગારી જુઓ ગુનેગારી.

ગુનો ૧. [ફા. ગુનહ] પું. અપરાધ; દોષ; વાંક; તકસીર.

૨. પું અમલમાં હોય તેવા કોઈ પણ કાયદાથી શિક્ષા કરવા લાયક કરેલું કૃત્ય.

૩. પું. નાનું તળાવ.

૪. પું. પાપ.

ગુનોહ પું. ગુનો; અપરાધ.

ગુન્ચાલીસ [હિં.] વિ. ઓગણચાલીસ; ૩૯.

ગુન્તાલીસ [હિં.] વિ. ઓગણચાલીસ; ૩૯.

ગુન્ની [હિં.] સ્ત્રી વાળેલ કપડાનો પટો. તે હિંદુ સ્ત્રીઓ હોળીના તહેવારમાં એકબીજાને મારે છે.

ગુન્યાસી [હિં.] વિ. ઓગણ્યાએંશી; ૭૯.

ગુન્હાપ્રત ૧. વિ. અપરાધી; ગુનો કરનારૂં.

૨. વિ. ગુના સંબંધી.

ગુન્હાખોરી સ્ત્રી. ગુનેગારપણું.

ગુન્હામત ૧. પું. ગુનેગાર.

૨. સ્ત્રી. દંડ.

ઘણા દિવસની **ગુન્હામત** લેઈશું રે,
છો મારા ચિતડાના ચોર. રણછોડ

ગુન્હાશોધક વિ. ગુના શોધનાર; ગુપ્તચર.

ગુન્હાહિત વિ. તકસીરવાર; ગુનેગાર.

ગુન્હેગાર ૧. વિ. અપરાધી; ગુનો કરનાર.

૨. વિ. પાપી.

ગુન્હેગારી જુઓ ગુનાહગારી.

ગુન્હો જુઓ ગુનો.

ગુપ્ ૧. [સં.] અ. ક્રિ. ગૂંચવાવું.

૨. અ. ક્રિ. દીપવું; પ્રકાશવું.

૩. અ. ક્રિ. વ્યાકુળ થવું; ગભરાવું.

૪. સ. ક્રિ. ઠપકો આપવો.

૫. સ. ક્રિ. ધિક્કારવું.

૬. [સં.] સ. ક્રિ. (ધાતુ) બચાવવું; રક્ષવું; રક્ષણ કરવું. તે ઉપર નીકળેલ શબ્દો: ગોપન, ગોપાલ, ગોપિત, ગુપ્ત, ગુપ્તિ.

૭. સ. ક્રિ. બોલવું.

૮. સ. ક્રિ. સંતાડવું; છાનું રાખવું.

ગુપ ૧. [હિં.] પું. મૂર્ચ્છાવસ્થામાં કાનમાં થતો અવાજ.

૨. વિ. ગુપ્ત; છૂપું.

૩. વિ. રક્ષણ કરનાર.

ગુપચવ્વલ સ્ત્રી. છોકરાંઓની એક રમત.

ગુપચુપ ૧. સ્ત્રી. એ નામની એક મરાઠી અટક.

૨. સ્ત્રી. એક જાતની મીઠાઈ.

૩. સ્ત્રી. એક જાતની રમત.

૪. સ્ત્રી. ચૂપકી.

૫. ન. એ નામની અટકનું માણસ.

૬. વિ. એ નામની અટકનું.

૭. અ. ચુપચાપ; વગર બોલવે ચાલવે; કોઈ જાણે નહિ તેમ; છાનુંમાનું; બહુ ગુપ્ત રીતે.

ગુપચુપકોરડો (ગુપચુપકોરડો) પું. બાળકોની એક રમત. દશ પંદર બાળકો આ રમત રમી શકે છે. પહેલાં બધાં ગોળાકાર બેસી જાય. જેના ઉપર દાવ હોય તે રમનાર લૂગડાનો નાનો કોરડો રાખી બધાની આસપાસ ફરે અને કોઈ એક રમનારની પછવાડે મૂકી દે. તેને ખબર ન પડે તો દાવવાળો છોકરો તેની પીઠ ઉપર કોરડો મારે. તે છોકરો વર્તુલની આસપાસ ફરી પાછો પોતાની જગ્યાએ આવે ત્યાંસુધી દાવવાળો તેને માર્યા જ કરે. જો કોઈ છોકરો સમજી જાય કે મારે પછવાડે કોરડો મુકાયો છે તો તે ઊચકી દાવવાળાની પાછળ દોડે અને તે જગ્યાએ બેસી જાય ત્યાંસુધી માર્યા કરે અને પોતે દાવવાળો બની બધાંની આસપાસ ફરે. કોઈ વખત કોઈ રમનાર કોરડો જોવા માટે પાછું વાળીને જુએ છે. જો તે ખોટો હોય તો દાવવાળો તેને મારી શકે. કોઈ વખત કોરડાને બદલે ટોપી મૂકે ત્યારે આ રમતને ટોપીદાવ કહે છે.

ગુપત ૧. વિ. (વ્યાકરણ) અધ્યાહાર.

૨. [સં. ગુપ્ત] વિ. છાનું; છૂપું; કોઈ જુએ જાણે નહિ એવું.

૩. વિ. રક્ષણ કરેલ.

૪. વિ. વ્યાકુળ; ક્ષુબ્ધ; ગભરાયેલ.

૫. વિ. સંતાડેલું; ઢાંકેલ.

૬. અ. ખાનગી રીતે; અદશ્ય.

ગુપતી ૧. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. આ છંદ આનંદવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૭ ગુરુ અને ૭૬ લઘુ મળી ૮૩ વર્ણ અને ૯૦ માત્રા હોય છે.

૨. [સં. ગુપ્ત] સ્ત્રી. લાકડીની અંદર છૂપું રહેતું લોઢાનું ધારદાર એક હથિયાર. તે બહારથી લાકડી જેવું દેખાય પણ અંદર નાની બેધારી તરવાર જેવું હોય છે.

ગુપિલ ૧. [સં.] પું. રાજા.

૨. વિ. કુટિલ; ગહન.

૩. વિ. રક્ષણ કરનાર.

૪. વિ. વ્યાપ્ત.

ગુપી પું. ભરવાડ.

ગુપ્ત ૧. પું. (પિંગળ) ચોવીશ માત્રાનો એક માત્રામેળ છંદ. તેમાં ૧, ૫, ૯, ૧૩, ૧૫, ૧૯, ૨૩ માત્રાએ તાલ આવે છે.

પ્રથમ નગણ ધર પ્રતિ પદમાં, ચરમે ધરી નગણ,
યતિ ધર ચૌદ અને દશમાં, કુલ કલ ચોવીશ ગણ;
શશિ શર નવ જખ તિથિ ઓગણીશ,તાલ જ ત્રેવીશ પર,
સરસજ **ગુપ્ત** બને જાતિ, કોઇ રચે કવિવર.
રણપિંગળ

૨. પું. નંદોનો નાશ કરી ચાણક્યની મદદથી રાજ્ય પ્રાપ્ત કરનાર મૌર્ય વંશનો પહેલો રાજા; ચંદ્રગુપ્ત.

૩. [સં.] પું. પરમેશ્વર.

૪. પું. મગધ ઉપર રાજ્ય કરનાર એ નામનો એક વંશ. તે ઈ. સ. ના પાંચમા તથા છઠ્ઠા સૈકામાં થયો હતો. તેનું રાજ્ય પ્રથમ મગધ દેશમાં હતું. પછી આખા ઉત્તર હિંદમાં તે ફેલાયું હતું. તેમાં સમુદ્રગુપ્ત નામે મહાપ્રતાપી રાજા થયો. ચંદ્રગુપ્ત, સમુદ્રગુપ્ત અને સ્કંદગુપ્ત આ વંશમાં થયા. ગુપ્ત વંશના ચંદ્રગુપ્તનું બીજું નામ વિક્રમાદિત્ય પણ હતું. કેટલાકની માન્યતા પ્રમાણે પ્રસિદ્ધ વિક્રમાદિત્ય તે ચંદ્રગુપ્ત જ હતો.

૫. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. તે વાણી અને મનનો અવિષય હોવાથી ગુપ્ત કહેવાય છે.

૬. પું. વૈશ્યનું એક ઉપનામ.

૭. ન. છાની વાત; છાનું કામ.

૮. વિ. અદૃશ્ય; દેખાય નહિ એવું.

૯. વિ. (વ્યાકરણ) અધ્યાહાર.

૧૦. વિ. અલૌકિક.

૧૧. વિ. છાનું; છૂપું.

૧૨. વિ. (જૈન) મન, વચન અને કાયાને પાપમાં ન જવા દેનાર.

૧૩. [સં.] વિ. રક્ષણ કરાયેલું; સંભાળ લેવાયેલું; રક્ષિત; બચાવેલ.

૧૪. વિ. વ્યાકુળ; ક્ષુબ્ધ.

૧૫. વિ. સંતાડેલું; ઢાંકેલ.

૧૬. વિ. સ્તબ્ધ; દિઙ્મૂઢ બનેલ.

૧૭. અ. ખાનગી રીતે.

ગુપ્ત અવયવ પું. (ગણિત) સગવડ ખાતર એક બાજુ રાખી મૂકેલો અવયવ.

ગુપ્ત અંગ ન. ગુહ્ય અંગ; ગુહ્ય ભાગ; જનનેંદ્રિય.

ગુપ્ત આકર્ષણ ન. છાનું આકર્ષણ; અદૃશ્ય ખેંચાણ. કાચની લાકડી ઉપર રેશમનું કપડું ઘસતાં તેમાં જેમ કાગળની કાપલીઓને પોતા તરફ ખેંચવાની શક્તિ આવે છે તેવી જ આકર્ષણ શક્તિ દરેક પ્રાણીમાં તેમ જ ચીજમાં ગુપ્તપણે રહેલી છે.

ગુપ્ત આમદની સ્ત્રી. અદૃશ્ય જગ્યાએથી આવતી આવક; ખાનગી આવક.

ગુપ્ત ઉષ્મા સ્ત્રી. પદાર્થમાં છુપાયેલ ગરમી; અંતર્હિત ગરમી.

ગુપ્તક ૧. પું. (પુરાણ) એ નામનો એક રાજા.

૨. પું. જયદ્રથ રાજાના એક સેનાપતિનું નામ.

ગુપ્તકામ ન. અપ્રસિદ્ધ કામ; કોઈ ન જાણે તેવી રીતે કરેલું કામ.

ગુપ્તકાલીન વિ. ગુપ્ત વંશના સમયનું; ગુપ્ત રાજાના વખતનું.

ગુપ્તકાશી ૧. ન. ઓરિસામાં આવેલ ભુવનેશ્વરનું પ્રાચીન નામ.

૨. ન. હરિદ્વાર અને બદરીનાથ વચ્ચે આવેલું એ નામનું એક તીર્થ.

ગુપ્તકાળ ૧. પું. ગુપ્ત રાજાઓનો વખત.

૨. પું. (વૈદ્યક) રોગના જંતુ શરીરમાં દાખલ થયા બાદ તેની પરિપૂર્ણ વૃદ્ધિ થતાં તેમ જ તેનો પૂર્ણ અમલ બેસતાં સુધીમાં ગત થતો વખત. હડકાયેલું કૂતરું કરડ્યા પછી અને હડકવા હાલે એ વચ્ચેનો કાળ ગુપ્તકાળ કહેવાય છે.

ગુપ્તખાતું ન. છૂપી પોલીસ; ગુપ્તચરખાતું.

ગુપ્તગતિ ૧. [સં.] પું. ગુપ્તચર; ગૂઢચાર; છૂપી પોલીસ; જાસૂસ.

૨. સ્ત્રી. છૂપી ગતિ.

ગુપ્તગંગા ૧. સ્ત્રી. એ નામની નદી.

૨. સ્ત્રી. મનનો મર્મ ન જણાય એવી સ્ત્રી.

ગુપ્તગૃહ [સં.] ન. છૂપું ઘર; ભોંયરું.

ગુપ્તઘાત [સં.] પું. દગાથી મારી નાખવું તે; છૂપું ખૂન.

ગુપ્તઘાતક [સં.] પું. ખાનગી મારો; છૂપી રીતે ખૂન કરનાર માણસ.

ગુપ્તઘાતી જુઓ ગુપ્તઘાતક.

ગુપ્તચર ૧. [સં.] પું. છૂપી પોલીસ; જાસૂસ; છૂપો દૂત.

૨. પું. બળભદ્ર; બલરામ.

૩. પું. બાતમીદાર; બાતમી આપનાર માણસ.

ગુપ્તચર્યા [સં.] સ્ત્રી. કોઈ જાણે નહિ એવી રીતે ફરવું તે; અજ્ઞાતચર્યા.

ગુપ્તચાર જુઓ ગુપ્તચર.

ગુપ્તછંદ પું. (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ. જુઓ ગુપ્ત ૧.

ગુપ્તજ્ઞાન ૧. [સં.] ન. જાદૂ.

૨. ન. યોગ વગેરેનું જ્ઞાન.

ગુપ્તતા [સં.] સ્ત્રી. ગુપ્તપણું; ભેદ; મર્મ.

ગુપ્તતાપ [સં.] પું. અંતર્હિત તાપ; ગુપ્ત ઉષ્મા.

ગુપ્તદરદ ન. છાની વ્યાધિ; છૂપું દરદ; કોઈને દર્શાવી ન શકાય એવો રોગ.

ગુપ્તદળ ન. એકાએક હુમલો કરવા સારૂ ભરાઈ બેઠેલી લશ્કરની ટુકડી; સંતાઈ રહેલું સૈન્ય; છૂપું સૈન્ય.

ગુપ્તદાન [સં.] ન. છાનું દાન; છૂપું દાન; પ્રસિદ્ધિમાં લાવ્યા વગર છાની રીતે આપેલ બક્ષિશ.

ગુપ્તદૂત [સં.] પું. જાસૂસ.

ગુપ્તદ્વાર [સં.] ન. છૂપું દ્વાર.

ગુપ્તધન [સં.] ન. છાનું ધન; દટાયેલું ધન.

ગુપ્તપોલીસ સ્ત્રી. છૂપી પોલીસ.

ગુપ્તભાગ પું. જનનેંદ્રિય; ગુહ્ય અવયવ.

ગુપ્તભાવ ૧. પું. અંતરનો ભાવ.

૨. પું. ભેદ; રહસ્ય; મર્મ.

ગુપ્તભેદ પું. મર્મ; રહસ્ય.

ગુપ્તમંત્રી [સં.] પું. ખાનગી મંત્રણા ચલાવનાર માણસ; રહસ્યમંત્રી.

ગુપ્તમાર ૧. પું. મેણું; કટુ વચન.

૨. પું. શરીર ઉપર કંઈ ચિહ્ન ન રહે તેવો માર; છાનો માર; મૂઢ માર.

ગુપ્તમુખ [સં.] ન. મોઢાનું ઢાંકણું; 'મારક'.

ગુપ્તલિપિ ૧. સ્ત્રી. વિંધ્ય પર્વતની ઉત્તરમાં ચાલતી પાંચ માંહેની એક પ્રકારની લિપિ. તેનો પ્રચાર ઈ. સ. ની ચોથી સદીમાં થયો છે. ગુપ્તવંશી રાજાઓના સમયમાં લેખોમાં આખા ઉત્તર હિંદુસ્તાનમાં આ લિપિનો પ્રચાર હોવાથી તેનું નામ ગુપ્તલિપિ પડ્યું છે.

૨. સ્ત્રી. સંતલસી કક્કો.

ગુપ્તવચન ન. સંકેત; કોલ.

ગુપ્તવસ્તુ સ્ત્રી. રહસ્ય; મર્મ.

ગુપ્તવંશ પું. ઈ. સ. ના પાંચમા તથા છઠ્ઠા સૈકામાં મગધમાં રાજ્ય કરતો એક રાજવંશ. આ વંશનો મુખ્ય રાજા ચંદ્રગુપ્ત હતો. તેનું રાજ્ય પ્રથમ મગધ દેશમાં હતું. પછી આખા ઉત્તર હિંદમાં તે ફેલાયું હતું. ગુપ્તવંશના ચંદ્રગુપ્તનું બીજું નામ વિક્રમાદિત્ય પણ હતું. કેટલાકના મત પ્રમાણે પ્રસિદ્ધ વિક્રમાદિત્ય તે ચંદ્રગુપ્ત જ હતો.

ગુપ્તવાર્તા [સં.] સ્ત્રી. રહસ્ય; ભેદ; મર્મ.

ગુપ્તવાસ [સં.] પું. છાનું રહેઠાણ; છૂપી રીતનો વસવાટ.

ગુપ્તવિદ્યા [સં.] સ્ત્રી. ધંતરમંતર જેવી છૂપી વિદ્યા.

ગુપ્તશક્તિ [સં.] સ્ત્રી. પદાર્થમાં રહેલ અદૃશ્ય શક્તિ; સુપ્ત શક્તિ.

ગુપ્તશોધક [સં.] પું. છૂપી હકીકત શોધી કાઢનાર માણસ; ગુપ્તચર.

ગુપ્તસંધિ [સં.] સ્ત્રી. છાની સુલેહ.

ગુપ્તસંવત પું. ગુપ્તવંશના પ્રતાપી રાજા ચંદ્રગુપ્તે ચલાવેલ સંવત; વલ્લભી સંવત. તે ઈ. સ. ૩૨૦થી શરૂ થયાનું મનાય છે. ગુપ્તવંશને બદલે કાઠિયાવાડમાં જ્યારે વલ્લભી રાજ્યનો ઉદય થયો ત્યારે ગુપ્ત સંવત મટીને વલ્લભી સંવત કહેવાયો. પહેલાં આ સંવત નેપાલથી કાઠિયાવાડ સુધી ચાલતો હતો. ઈ. સ. ૧૨૬૪ પછી તેનો પ્રચાર બંધ થયો. આ સંવતની શરૂઆત ચૈત્ર સુદિ ૧ થી થાય છે.

ગુપ્તસાઝી પું. અક્રિય ભાગીદાર; વેપારમાં મૂડી આપે પણ તેમાં કાંઈ સક્રિય ભાગ ન લે એવો હિસ્સેદાર.

ગુપ્તસાહી સ્ત્રી. જેની લખાવટ સાધારણ રીતે દેખાય નહિ પણ કાગળ ગરમ કરવાથી અથવા

રસાયનિક પદાર્થમાં ડુબાડવાથી અક્ષર માલૂમ પડે એવી એક જાતની સાહી.

ગુપ્તસિક્કો પું. ગુપ્તવંશના રાજાઓનો સિક્કો.

ગુપ્તસ્થાન ૧. [સં.] ન. છૂપું રહેઠાણ.

૨. ન. નિવૃત્તિસ્થાન; વિશ્રામસ્થાન.

ગુપ્તા ૧. [સં.] સ્ત્રી. (કાવ્ય) ૭ પ્રકારની પરકીયા નાયિકા માંહેની એક. પરપુરુષ સાથે રતિક્રિયાને છુપાવવાવાળી સ્ત્રીને ગુપ્તા કહે છે. એના ત્રણ ભેદ છેઃ (૧) ભૂત સુરત ગોપના, (૨) ભવિષ્ય સુરત ગોપના અને (૩) વર્તમાન સુરત ગોપના.

૨. સ્ત્રી. રાખેલી સ્ત્રી; રખાત.

ગુપ્તાઈ ૧. સ્ત્રી. ગુપ્તપણું.

૨. સ્ત્રી. ભેદ; મર્મ.

ગુપ્તાફલ ન. કૌચું.

ગુપ્તાર ન. અયોધ્યામાં સરયૂને કાંઠે આવેલ એ નામનું એક યાત્રાનું સ્થળ.

ગુપ્તાર્થવક્તા પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

ગુપ્તાવસ્થા [સં.] સ્ત્રી. શરીરમાં દરદ છૂપી રીતે વૃદ્ધિ પામી અમુક મુદ્દત પછી બહાર દેખાય ત્યાંસુધીનો સમય.

ગુપ્તાસન [સં.] ન. (યોગ) ચોરાશી માંહેનું એ નામનું એક યોગાસન. જે સાધકનું વૃષણસ્થાન દોષયુક્ત હોય, જેને કટિવાત કે ભગંદર રોગ હોય અને તેથી જે સિદ્ધાસન ન કરી શકતો હોય તેઓને માટે ગુપ્તાસન ઘણું જ ઉપયોગી છે. તેના ગુણ સિદ્ધાસન જેવા જ છે. આ આસનમાં લિંગની ઉપર ડાબા પગની ઘૂંટી રાખવી અને તેની ઉપર જમણા પગની ઘૂંટી રાખીને સ્થિર બેસવું. બંને પગના અગ્રભાગ જાંઘ અને પિંડીની વચ્ચે રાખવા, દાઢી કંઠના નીચેના ભાગમાં દબાવવી, દષ્ટિ ભ્રૂસ્થાનમાં રાખવી, હાથ સીધા કરી ગોઠણ ઉપર રાખી તર્જનીને અંગૂઠાના મૂળ સાથે મેળવવી અને બાકીની ત્રણે આંગળીઓને પણ સહેજ વળેલી રાખવી.

ગુપ્તાંગાસન [સં.] ન. (યોગ) એ નામનું એક આસન. તેથી ગુપ્ત રોગ મટે છે.

ગુપ્તિ ૧. [સં.] સ્ત્રી. અહિંસા વગેરે યોગનાં અંગ.

૨. સ્ત્રી. એક પ્રકારનું ગુપ્ત શસ્ત્ર; લાકડીમાં રહે તેવું બેધારી તરવાર જેવું એક છૂપું શસ્ત્ર.

૩. સ્ત્રી. કેદખાનું; જેલ.

૪. સ્ત્રી. ખાડો કરવા માટે જમીનનું ખોદાણ.

૫. સ્ત્રી. ગુફા.

૬. સ્ત્રી. ચુપકીદી; મૌન; શાંતિ.

૭. સ્ત્રી. છાનું રાખવું તે; ઢાંકવું તે.

૮. સ્ત્રી. તંત્ર અનુસાર મંત્રનો એક સંસ્કાર.

૯. સ્ત્રી. નૌકામાંનું છિદ્ર.

૧૦. સ્ત્રી. પૂંજો, ગંદકી વગેરે નાખવાનું સ્થાન; ઉકરડો; કચરાપટ્ટી.

૧૧. સ્ત્રી. (જૈન) મન, વચન અને કાયાને અશુભ પ્રવૃત્તિથી રોકી રાખવાં તે.

> ગુપ્તિ, સમિતિ, ધર્મ, અનુપ્રેક્ષા, પરિષહજય અને ચારિત્ર વડે સંવર થાય છે. તત્ત્વાર્થસૂત્ર

૧૨. સ્ત્રી. રક્ષા કરવાની ક્રિયા; રક્ષણ.

૧૩. સ્ત્રી. હોડીનું નીચલું તૂતક.

ગુપ્તી જુઓ ગુપ્તિ.

ગુપ્તીકરણ [સં.] ન. છૂપું કરવાપણું; ગુપ્તીભવન.

ગુપ્તીભવન જુઓ ગુપ્તીકરણ.

ગુપ્તેશ્વર ન. સુરત પાસે તાપી નદીને કિનારે આવેલું ગામ; કામરેજ.

ગુપ્તેંદ્રિય [સં.] વિ. ઇંદ્રિયનિગ્રહ કરનાર; સંયમી.

ગુપ્તોત્તર [સં.] પું. છાનો જવાબ; સાંકેતિક જવાબ.

ગુપ્તોષ્મા [સં.] સ્ત્રી. પદાર્થની અંદર રહેલી છૂપી ગરમી; અપ્રકટ ઉષ્મા; પદાર્થ ઘન અવસ્થામાંથી પ્રવાહી અથવા તો દ્રવ અવસ્થામાંથી વાયુ અવસ્થામાં પરિણમે ત્યારે પદાર્થથી શોષાતો ગરમીનો જથ્થો.

ગુપ્પૂ ૧. [સં. ગો (ગાય) + પા (રક્ષણ કરવું)] પું. ભરવાડ.

૨. પું. સાંકળનો સાંધો.

૩. ન. ડોકનું એક ઘરેણું.

ગુફ્ [સં.] સ. ક્રિ. (ધાતુ) ગંઠવું; વણવું; ગૂંથવું. તે ઉપરથી નીકળેલા શબ્દઃ ગોફ; ગોફણ.

ગુફા સ્ત્રી. એક જાતની રમત. તેમાં રમવાની જગ્યા માટે ૬૦ ફૂટ લાંબો અને તેટલો જ પહોળો એક સમભુજ ચોખૂણ કાઢવો. તેના દરેક ખૂણા ઉપર ત્રણ ફૂટ ત્રિજ્યાનાં વર્તુલ કાઢવાં. એ વર્તુલ તે ગુફા. તેને ક, ખ, ગ, ઘ એવાં નામ આપવાં. એ ગુફામાંથી ૧૦ ફૂટ છેટે એ ચોખૂણની લાઇન ઉપર જ બીજાં જરા નાનાં વર્તુલ અ, આ, ઇ, ઈ કાઢવાં. તે રમવા એક રબરનો દડો વપરાય છે. આ રમત બે પક્ષથી રમાય છે. પ્રથમ કયા પક્ષે રમવું એટલે દાવ લેવો તે નક્કી કરવું. પછી દાવ લેનાર પક્ષના એક છોકરાએ પહેલી ક ગુફા ઉપર ઊભા રહેવું અને તે પક્ષના બીજા ભેરૂઓએ જરા દૂર બેસવું. દાવ આપનાર એક છોકરાએ અ જગ્યાએ ઊભા રહેવું અને તે પક્ષના બીજા છોકરાઓએ આજુબાજુ થોડે થોડે છેટે ઊભા રહેવું. અ વાળા છોકરાએ કની ઉપર થઈને ન જાય એટલો ઊંચો અને તેની સાથે ત્રણ ફૂટની અંદર પડે એવી રીતે દડો ધીમેથી તેના તરફ ફેંકવો. કએ દડાને જોરથી પોતાની હથેળી મારવી. જો હથેળી દડાને ન વાગે તો અ ફરી દડો આપે. એ રીતે ત્રણ વખત આપે. ત્રણ વખત જો ક ચૂકે તો તે મરે અને બીજો આવીને ઊભો રહે. કની હથેળી વાગતાં તે દડો જો સામા પક્ષવાળો કોઈ છોકરો અદ્ધરથી જ ઝીલી લે તો ક મરે. ન ઝિલાય તો ક દોડીને ખ સુધી અથવા તો ગ કે ઘ સુધી દોડી જાય. જેટલી ગુફા સુધી તે દોડી જાય તેટલા તેના ફેરા થયા ગણાય. તે દોડતો હોય અને કોઈ પણ ગુફાએ પહોંચ્યો ન હોય તે પહેલાં જો અ તેને દડો મારે તો તે મરે. અ એ એટલા જોરથી દડો ન આપવો કે તે જો કના હાથમાં ન આવે તો લાંબે સુધી જાય અને કને ફેરા ફરવાનો વધારે વખત મળે. કએ પણ હથેળી મારીને લાગલું દોડવું નહિ. દડો ન ઝિલાતાં નીચે વધારે દૂર પડે તો જ તેણે ખ સુધી કે આગળ જવું. કવાળો જેમ ખ, ગ, ઘમાં ઊભો રહી શકે તેમ અવાળો આ, ઇ, ઈમાં ઊભો રહી શકે. એવા બે પક્ષના બે બે વારા પૂરા થતાં જેના ફેરા વધારે થયા હોય તે પક્ષ જીત્યો ગણાય.

૨. સ્ત્રી. ઝાડી.

૩. સ્ત્રી. પર્વત કે ખડકમાંનો ઊંડો અંધારો ખાડો; ખાડ; પહાડનું પોલાણ; મનુષ્ય કે પશુ વગેરે પડી રહે એવી બખોલ; ભોંયરું.

ગુફામાં બેસવું = દુનિયાનો ત્યાગ કરવો; સાધુ જીવન ગાળવું.

૪. [હિં.] સ્ત્રી. બથ.

ગુફામંદિર ન. ગુફામાં કોતરી કાઢેલ મંદિર.

ગુફતગૂ જુઓ ગુફતગો.

ગુફતગો [ફા.] સ્ત્રી. મસલત; ખાનગી વાતચીત; ગૂજ; છાનીછપની વાત.

ગુફતાર ૧. [ફા. ગુફતન (બોલવું)] સ્ત્રી. વાણી; બોલી; ભાષા.

૨. સ્ત્રી. વાતચીત; ભાષણ.

ગુફતેગૂ જુઓ ગુફતગો.

ગુફતેગો જુઓ ગુફતગો.

ગુફતોશનીદ [ફા.] સ્ત્રી. વાતચીત; સંવાદ.

ગુફ્ફા ૧. [હિં.] પું. ચમરી; ફૂમતું.

૨. પું. ફૂલનો ગજરો.

ગુબદા [હિં.] વિ. જાડું; માંસલ.

ગુબરહારી સ્ત્રી. (સંગીત) સંગીતની એક બાનીનો પ્રકાર. ગાવામાં ચાર પ્રકારના ઢંગ છે તેને બાની કહે છે. તેમાંના એક પ્રકારની બાનીને ગુબરહારી કહે છે. આ બાની પંડિત મકરંદના પુત્ર તાનસેનના ઘરથી નીકળેલ મનાય છે.

ગુબરૌઢા [સં. ગોમયોત્થ] પું. (હિંદી) ઉકરડામાં કે જૂના છાણમાં થતો એક જાતનો વંદો.

ગુબરૌતા જુઓ ગુબરૌઢા.

ગુબારા [હિં.] પું. બલૂન.

ગુબારો ૧. પું. ગપ; ડિંગ.

૨. [અ. ગુબારહ્] પું. ગોબારો; હવામાં ઊડે એવું એક જાતનું દારૂખાનું. તે ફૂટતાં તેમાંથી રંગબેરંગી ચિત્રવિચિત્ર તારા ખરે છે.

૩. પું. બલૂન; ગબારો; હવાયાન. ગુબારો હવાથી હલકો હોવાથી આકાશમાં ઊડે છે. તેને નીચે લાવવા માટે તેમાંની ગરમ હવા કાઢી નાખવામાં આવે છે.

ગુબ્બારો જુઓ ગુબારો.

ગુબ્રૈલા પું. ગાયના છાણનો કીડો.

ગુભાજુ પું. બૌદ્ધમાર્ગી બ્રાહ્મણ.

ગુભીલા [હિં.] પું. કઠણ ઝાડો.

ગુમ ૧. [ફા.] વિ. ખોવાયેલ.

૧. ગુમ કરવું = (૧) ઓળંગવું. (૨) ખોવું; ગુમાવવું. (૩) મારી નાખવું. (૪) સંતાડી દેવું.

૨. ગુમ થવું = ખોવાઈ જવું; ખોવાવું; એકદમ દૃષ્ટિની બહાર જવું; પત્તો ન લાગે એમ અદૃશ્ય થવું.

૨. વિ. ગાંડું; ઘેલું.

૩. વિ. ગુપ્ત; છૂપું.

૪. વિ. ચકચૂર; મગ્ન; એક્તાર.

૫. વિ. મદભર્યું; અહંકારી.

૬. અ. ખોવાયેલું હોય તેમ; ગયેલું હોય એમ.

૭. અ. દૂર.

૮. અ. મૂક; સ્તબ્ધ; ચૂપ.

ગુમક ૧. [હિં.] સ્ત્રી. કૂચ.

૨. સ્ત્રી. ગંધ.

૩. સ્ત્રી. ડમરૂનું મઢયા વગરનું ખોખું.

ગુમજ [ફા. ગુંબદ] પું. કળશના આકારની કમાનદાર બાંધણી; ઘુંમટ.

ગુમટા ૧. [હિં.] પું. ગૂમડું.

૨. પું. સોજો.

ગુમટી [હિં.] સ્ત્રી. પોલીસ ચોકી; ઘૂમટી.

ગુમડી (ગુમડ઼ી) સ્ત્રી. નાનું ગૂમડું.

ગુમડું (ગુમડું) જુઓ ગૂમડું.

ગુમતી પું. વહાણમાંથી પાણી કાઢનાર માણસ.

ગુમદિલ વિ. હૈયાસૂનું.

ગુમનામ ૧. [ફા.] વિ. અપ્રસિદ્ધ; નનામું; નામ વગરનું.

૨. વિ. કીર્તિ વિનાનું.

ગુમનામા ન. ખોવાયેલી વસ્તુનું નોંધપત્રક.

ગુમફોડા (ગુમફોડ઼ા) પું. અર્બુદ; ધારૂં. આ ગૂમડું એકદમ પાકે અને તેમાંથી ઘણું પરૂ અને લોહી નીકળે. શરીરમાં ગમે તે જગ્યાએ તે થાય છે.

ગુમબદ [ફા. ગુંબદ] પું. ઘુંમટ.

ગુમર [હિં.] પું. અભિમાન.

ગુમરાહ ૧. [ફા.] વિ. કુપથગામી; માર્ગ ભૂલેલ; અવળે માર્ગે ચડી ગયેલ.

૨. વિ. નાસ્તિક.

૩. વિ. રખડતું.

ગુમરાહી ૧. [ફા.] સ્ત્રી. કુમાર્ગ; આડો માર્ગ; કુપંથ; ખરાબ રસ્તો.

૨. સ્ત્રી. નાસ્તિકતા.

૩. સ્ત્રી. ભૂલ; ભ્રમ.

૪. સ્ત્રી. મૂઢતા; મૂર્ખાઈ.

૫. સ્ત્રી. સ્વચ્છંદીપણું.

ગુમશૂદ વિ. ખોવાયેલ.

ગુમસૂમ વિ. ગુપચુપ; શાંત; સૂમસામ.

ગુમા સ્ત્રી. એક જાતની વનસ્પતિ; ગોમા; કૂબો; દ્રોણપુષ્પી.

ગુમાણ સ્ત્રી. ગમાણ; ગભાણ.

ગુમાન ૧. [ફા.] ન. અભિમાન; અહંકાર; ગર્વ.

ગુમાન કરવું-રાખવું = (૧) અભિમાન બતાવવું. (૨) કલ્પના કરવી. (૩) શંકા રાખવી; વહેમ આણવો.

૨. ન. તોર; પતરાજ; ફાંકો.

૩. ન. મોટાઈ; ગૌરવ.

૪. ન. વિચાર; ખયાલ; કલ્પના.

૫. ન. શક; વહેમ.

ગુમાનપંથ પું. શિવભૂતિએ દિગંબર મતનો સ્થાપેલ એ નામનો એક ફાંટો.

ગુમાની ૧. પું. મગરૂર માણસ; અભિમાની પુરુષ.

૨. [ફા.] સ્ત્રી. અહંતા; અભિમાન; ગર્વ.

૩. વિ. અભિમાની; અહંકારી; ગર્વિષ્ઠ.

૪. વિ. તોરી; ફાંકો રાખનાર; બડાઈખોર; પતરાજિયું.

ગુમાર ૧. વિ. અણુકસબી; અણઘડ; આવડત વગરનું.

૨. વિ. અણસમજુ; મૂર્ખ.

૩. વિ. અસભ્ય; જંગલી; ઉદ્ધત.

૪. વિ. ફૂવડ; મલીન; ગંદું.

૫. વિ. સુસ્ત.

ગુમાવડાવવું (ગુમાવડ઼ાવવું) સ. ક્રિ. ખોવડાવવું.

ગુમાવરાવવું જુઓ ગુમાવડાવવું.

ગુમાવવું ૧. સ. ક્રિ. ઉડાડી દેવું; ખરચી નાખવું; ધૂળધાણી કરવું.

૨. [ફા. ગુમકર્દન્ (ખોવું)] સ. ક્રિ. ખોવું; પાસેથી જતું રહે તેમ કરવું.

૩. સ. ક્રિ. નકામું કાઢવું; વ્યર્થ જવા દેવું.

ગુમાશ્તગરી ૧. સ્ત્રી. આડતિયાનું કામ.

૨. સ્ત્રી. ફરમાશ; હુકમ.

૩. સ્ત્રી. વકીલાત.

ગુમાશ્તગી જુઓ ગુમાસ્તગરી.

ગુમાશ્તો ૧. [ફા. ગુમાસ્તન (મોકલવું)] પું. કામ કરનાર માણસ; પ્રતિનિધિ.

ગુમાસ્તા જોડણી અશુદ્ધ છે, **ગુમાશ્તા** શુદ્ધ શબ્દ છે. કાવ્યસાહિત્યસમીક્ષા

૨. પું. કારકુન; મહેતો.

ગુમાસણા ૧. સ્ત્રી. કડવા કણબીની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગુમાસ્તગી [ફા.] સ્ત્રી. દલાલી; મારફત; દસ્તૂરી; કમિશન.

ગુમાસ્તાગીરી સ્ત્રી. ગુમાસ્તી; મહેતાગીરી; કારકુની; મુનીમ તરીકેનું કામ.

ગુમાસ્તી ૧. સ્ત્રી. ગુમાસ્તા તરીકેનું મહેનતાણું.

૨. સ્ત્રી. ગુમાસ્તાનો ધંધો; ગુમાસ્તાનું કામ.

ગુમાસ્તો ૧. પું. કામદાર; મુનીમ.

૨. પું. મારફતિયો; પ્રતિનિધિ; આડતિયો.

૩. [ફા. ગુમાસ્તહ્] પું. સાહુકારને ત્યાં લખનાર નોકર; મહેતો; કારકુન.

ગુમાસ્તાને ખીંટીએ પોતિયું = ખોટ હાંસલ સાથે ગુમાસ્તાને કાંઈ લાગેવળગે નહિ.

ગુમુ પું. (કચ્છી) આશરે બે હાથ ઊંચો થતો એક જાતનો છોડ. તેને અરણીનાં પાન જેવાં પહોળાં, કાંગરીવાળાં, ખરસટ પાન આવે છે. ધોળાં ફૂલ ફૂમા કે દડા જેવી ગાંઠોમાં આવે છે. ફળ ચાર બીજડાંવાળાં થાય છે.

ગુમેશ સ્ત્રી. એ નામની એક સુંદર વેલ; પુષ્પા; કામલતા. આ વેલ ૭ ફૂટ ઊંચી ચડી શકે છે. તેને રાતાં, ધોળાં અથવા પીળાં ફૂલ આવે છે.

ગુમ્મો પું. ગડદો; મુક્કી; ધબ્બો.

ગુયાવેડા (ગુયાવેડ઼ા) ૧. પું. બ.વ. નિર્માલ્ય રીતભાત.

૨. પું. બ. વ. રમતમાં કરાતી અણચી; ગૂઈ.

૩. પું. બ. વ. સૃષ્ટિવિરુદ્ધ કર્મ કરાવવું તે.

૪. પું. બ. વ. સ્વભાવની ચીકણાઈ; દીર્ઘસૂત્રીપણું.

ગુયો ૧. પું. સૃષ્ટિવિરુદ્ધ કામ કરાવનાર પુરુષ.

૨. વિ. પું. ખોટી રમત રમનાર.

૩. વિ. પું. ચીકણા સ્વભાવનો; દીર્ઘસૂત્રી.

૪. વિ. પું. માલ વગરનો; નિર્માલ્ય.

ગુર્ ૧. અ. ક્રિ. કોશિશ કરવી.

૨. અ. ક્રિ. ગમન કરવું; જવું.

૩. સ. ક્રિ. ઉડાવવું.

૪. સ. ક્રિ. મારી નાખવું.

ગુર ૧. પું. ગર; હાડકાંની અંદરનો માવો; ગૂર.

૨. [હિં.] પું. ત્રણની સંખ્યા.

૩. [સં. ગુરુ] પું. ધર્મોપદેશક.
ગુર મુખ થવું = ચેલા થવું.

૪. પું. પૂજ્ય અને માન આપવા લાયક માણસ.

૫. પું. શિક્ષક.

૬. પું. સામાન્ય ધારો.

૭. વિ. ભારે; વજનદાર.

૮. વિ. લાંબું.

ગુરખર પું. જંગલી ગધેડો.

ગુરખી ૧. પું. ગાયનો રક્ષક; ગોવાળ.

૨. સ્ત્રી. ગુરખા લોકોની ભાષા.

ગુરખો ૧. પું. એ જાતનો સૈનિક.

૨. પું. નેપાળ અને ભૂતાન તરફનો વતની. તેઓની બે મુખ્ય પેટા જાત છે: ગુરુંગ અને માગાર.

ગુરગંજો સ્ત્રી. એક જાતની લીલા રંગની, ભિંગડાંવાળી માછલી. તે એક ફૂટ લાંબી થાય છે અને દરિયાને કાંઠે રહે છે.

ગુરગા ૧. પું. ગોઠણનો સાંધો.

૨. [હિં.] પું. હલકો નોકર.

ગુરગાબી ૧. [હિં.] પું. એક જાતના વાધરીવાળા બૂટ.

૨. ન. જોડા ઉપરનું બકલ.

ગુરગાંવ ન. એક જાતનું લોખંડી હળ.

ગુરગુનરૂ સ્ત્રી. ચોમાસામાં વાડ ઉપર થતી એક વેલ; શિવલિંગી; કરડલી.

ગુરગુરવું અ. ક્રિ. ગુરગુર એવો અવાજ કરવો; ઘૂરકવું.

ગુરચ ૧. [હિં.] સ્ત્રી. એ નામની એક ઔષધિ.

૨. [સં. ગુડચી] સ્ત્રી. ગળો.

ગુરચરણ [મ.] ન. ગૌચર; સીમમાં ઢોરને ચરવા માટે રાખેલી જમીન.

ગુરજ ૧. [ફા. ગુર્જ] પું. એક જાતનું હથિયાર; ગદા; મુદ્ગર.

સાંગ ફરસી ખડગ ખેડા, ગદા **ગુરજ**ની હાર.
રતનજી

ગુરજ મારવી = છરી ભોકવી; હૂલ ખાવી.

૨. પું. એક જાતનો વેલો.

૩. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે આનંદવરતુ છંદનો એક ભેદ છે. તેમાં ૯ ગુરુ અને ૭૨ લઘુ મળી ૮૧ વર્ણ અને ૯૦ માત્રા હોય છે.

ગુરજન ૧. [સં. ગુરુજન] પું. માન આપવા લાયક પુરુષ; મોટો માણસ; ગુરુજન.

૨. ન. પૂજ્ય વર્ગ; વડીલ વર્ગ.

ગુરજી ૧. પું. એક જાતનો ઠીંગણો કૂતરો; ગૂરજી. તેને પુષ્કળ વાળ હોય છે.

૨. પું. નાનો નોકર.

૩. ન. ઝૂંપડું.

ગુરડવ્યૂહ (ગુરડ઼વ્યૂહ) પું. (જૂ. ગુ.) યુદ્ધનો એક જાતનો વ્યૂહ; એક જાતની લશ્કરી રચના; ગરુડવ્યૂહ.

ચક્ર શકટનિ **ગુરડવ્યૂહ**,
જાંણઇ રમી રમાડી. વિમલપ્રબંધ

ગુરણી સ્ત્રી. (જૂ. ગુ.) આર્યા; આરજા; જૈન સાધ્વી.

જિનવર ગુરુ **ગુરણી** પ્રિય તણી,
ભગતિ કરઇ સુંદરિ ઘણી. વિમલપ્રબંધ

ગુરથમાની વિ. મૃત; સ્વર્ગવાસી; કૈલાસવાસી; મરહૂમ.

ગુરદા જુઓ ગુરદો.

ગુરદાસ પું. જેની મશ્કરી થાય તેવો માણસ.

ગુરદો ૧. પું. ગદા; મુદ્ગર.

૨. [ફા. ગુરદા] પું. મૂત્રપિંડ; બહાર શ્વેત તંતુમય પડવાળો, કરોડની બાજુએ કમરના ભાગમાં પેટની પાછળની દીવાલ ઉપર આવેલ પિંડ. તે બે છે. તેમની લંબાઈ ચારથી પાંચ ઇંચ અને પહોળાઈ બે ઇંચ હોય છે. જમણો ગુરદો ડાબા ગુરદા કરતાં કલેજાના દબાણથી જરા નીચો રહે છે. મૂત્રપિંડ સૂક્ષ્મ સૂત્ર નળીઓનો બનેલ હોય છે. તેઓનો એકત્ર ગૂડો થઈ ગુરદાની બસ્તિમાં આંચળની માફક હોય છે. લોહીમાંથી મૂત્રનું ઝેર તે છૂટું પાડે છે.

ગુરદ્વારા પું. શીખ મંદિર.

ગુરબ ૧. સ્ત્રી. ઊંડું નીંદવું તે.

૨. સ્ત્રી. જમીન બદલવી તે.

૩. સ્ત્રી. રજપૂતની એક જાત.

ગુરબત [અ. ઘુર્બત્] સ્ત્રી. નમ્રતા; આજીજી.

ગુરબા ૧. સ્ત્રી. બિલાડી.

૨. વિ. ગરીબ; કંગાલ.

ગુરમલ પું. એક જાતનો છોડ; ગરમર. તે ભેજવાળા ટેકરાળ પ્રદેશમાં ઊગે છે. તેનાં માવાદાર મૂળિયાં અથાણા માટે વપરાય છે.

ગુરમાર સ્ત્રી. એક જાતની વનસ્પતિ; મધુનાશી. તે હિંદુસ્તાનમાં ઠેકઠેકાણે ઊગે છે. આ વેલનાં પાતરાં ચાવવાથી જીભની અંદર મીઠાશ પારખનાર જ્ઞાનતંતુ થોડો વખત લાગણીહીન થઈ જાય છે.

ગુરમૂળા જુઓ ગુરમૂળી.

ગુરમૂળી પું. સો હાથ લાંબો થતો એક જાતનો વેલો. આ વેલો ૨૦ થી ૨૫ વર્ષ સુધી ટકે છે. એમાં થતાં જાંબુનાં જેવાં મીઠાં ફળ માણસો ખાય છે.

ગુરલ ન. હિમાલયમાં થતું એક જાતનું હરણ.

ગુરવ સ્ત્રી. દક્ષિણ તરફ વસતા લોકોની એક જાત. તેનો ધંધો સામાન્ય રીતે દેવળના પૂજારી તથા વગાડનારા તરીકેનો હોય છે.

ગુરવી ૧. [હિં.] વિ. અહંકારી.

૨. વિ. સ્ત્રી. સખત; કઠણ.

ભીડી જે મનં મધ્ય ગાંઠ **ગુરવી**,
ખોલો હવે આ રસી. પ્રેમાનંદ

ગુરવું ૧. અ. ક્રિ. ગબડવું.

૨. અ. ક્રિ. ઘૂરકવું; ઘૂઘૂ કરવું.

ગુરસલ સ્ત્રી. પીળી ચાંચવાળું એક નાનું પક્ષી.

ગુરસી ૧. સ્ત્રી. ચૂલો.

૨. સ્ત્રી. દેવતા રાખવાનું પાત્ર; ગોરસી.

ગુરુંગ સ્ત્રી. ગુરખાની એ નામની જાત.

ગુરૂજ ન. એક જાતનું હથિયાર; ગદા; ગુરજ.

ગુરા પું. પગ; ચરણ.

ગુરાઈ [સં. ગૌર (ઉજ્જ્વળ)] (હિંદી) સ્ત્રી. સુંદરતા.

ગુરાબ ૧. સ્ત્રી. તોપ લાદવાની ગાડી.

૨. [ફા. ઘુરાબ્] ન. એક પ્રકારનું વહાણ.

ગુરાહ સ્ત્રી. ઇસ્લામી મહિનાની પહેલી તારીખ.

ગુરિ ન. ગાયનું છાણ.

ગુરિયા ૧. સ્ત્રી. કરોડરજ્જુનો સાંધો.

૨. [સં. ગુટિકા (ગોળી)] સ્ત્રી. (હિંદી) મણકો.

૩. ન. પૂર્વ હિંદમાં થતું એક ઝાડ. તેની છાલમાંથી રાતો રંગ બનાવવામાં આવે છે.

ગુરી ૧. સ્ત્રી. ગામડું.

૨. સ્ત્રી. શેકેલા જવ.

૩. સ્ત્રી. સ્થાન; ઠેકાણું.

ગુરીલા સ્ત્રી. છાપામાર લડાઈ.

ગુરુ ૧. પું. અડવાડિયાના સાત માંહેનો એ નામનો એક વાર; ગુરુવાર.

૨. [સં. ગૄ (ઉપદેશવું)]. પું. આચાર્ય; શિક્ષક; વિદ્યા ભણાવનાર માણસ; બોધ આપનાર વ્યક્તિ.

૧. ગુરુ આદેશ = (૧) કોઈએ બીજાને ભંભેરવો તે. (૨) નાથપંથના બાવા એકબીજાને મળતાં કરાતો ઉદ્‍ગાર.

૨. ગુરુ મળવો = (૧) ઠગને પણ ઠગી જનારો મળવો; હોશિયારને પણ ફસાવનારો મળવો. (૨) પોતાને જ બોધ આપનારો બીજો કોઈ અધિક શક્તિવાળો મળવો.

૩. પું. ઇંદ્રાદિ દેવતાનો માનીતો પંડિત.

૪. [સં.] પું. (જ્યોતિષ) એ નામનો એક ગ્રહ. તેનું તેજ માત્ર શુક્ર કરતાં ઊતરતું છે. સૂર્યના વાતાવરણ સાથે તેનો સંબંધ વિશેષ મનાય છે. તેના ઉપર વસતી હોય એવું દેખાતું નથી છતાં ત્યાં પ્રાણી હોય તો તેઓ અગ્નિમાં રહી શકે એવાં હોવાં જોઈએ. તેના ઉપર જો હમણાં વસતી નહિ હોય તો કાળાંતરે તેની ઉષ્ણતા ઘટી જશે ત્યારે તે વસતીયોગ્ય થશે એમ અનુમાન કરાય છે. તેનો મધ્ય વ્યાસ ૮૬,૦૦૦ માઈલ, અક્ષપ્રદક્ષિણા કાળ ૯ ક. ૫૫ મિ. ૨૦ સે. અને સૂર્યપ્રદક્ષિણા કાળ ૧૧ વર્ષ ૩૧૫ દિવસ છે. પૃથ્વીથી તેનું લઘુતમ અંતર ૩,૬૩૨ લાખ માઈલ, સૂર્યથી તેનું મધ્યમ અંતર ૪,૮૦૨ લાખ માઈલ અને પૃથ્વીથી તેનું મહત્તમ અંતર ૫,૯૭૨ લાખ માઈલ છે. ગુરુ અને સૂર્ય એ બેના નિત્યોદયાસ્તમાં ૧૧૦ પળનું અંતર પડે એટલે ગુરુનો ઉદયાસ્ત થાય છે. રવિ ગુરુ વચ્ચે ૧૧ કાલાંશ અંતર થયું એટલે ગુરુનો અસ્તોદય થાય. શુમારે ૩૯૯ દિવસમાં ગુરુનો એક ઉદય અને એક અસ્ત થાય છે. તેનો ૨૫ થી ૩૦ દિવસ સુધી અસ્ત અને બાકીના શુમારે ૩૭૦ દિવસ ઉદય રહે છે. ગુરુની કોરનો ભાગ જેટલો ચકચકિત દેખાય છે તે કરતાં તેનો મધ્ય ભાગ શુમારે ત્રણગણો ચકચકિત દેખાય છે. વળી તેના પોતાનામાં થોડોક પ્રકાશ છે. તેના પૃષ્ઠ ભાગ ઉપર અનેક ઊથલપાથલ ઝપાટાબંધ ચાલતી જણાય છે. ત્યાં પવન દર કલાકે શુમારે ૨૦૦ માઈલના વેગથી વહેતા રહે છે. એમ દેખાય છે કે ગુરુનો ગોળો જે આપણને દેખાય છે તે વાસ્તવિક નથી. દૃશ્ય ગોળામાં ઉપલા ભાગની અતિ ઉષ્ણતાને લીધે વાયુરૂપ થયેલાં દ્રવ્યો તદ્દન છૂટાં છૂટાં ત્યાં પથરાયેલાં છે અને તેની નીચે બહુ જ વિસ્તૃત જાડું વાતાવરણ છે. તેમાં જાડી વરાળ અથવા વાદળાં છે. ગુરુનો અંતર્ભાગ અતિ ઉષ્ણ છે. મોટા મહાસાગરમાંના સઘળા પાણીની વરાળ થઈ રહે એટલી ઉષ્ણતા ગુરુના અંગમાં છે. આપણી પૃથ્વી જેવું ઘન કવચ તેના ઉપર હજી સુધી થયું નથી. તેમાંની ગરમીથી ઉત્પન્ન થનારી વરાળ પૃષ્ઠભાગ ઉપર સઘળે પથરાયેલી છે. તેમાંની વરાળ જ્યારે તેના પેટા ભાગમાંથી એકલી જ બહાર નીકળે છે ત્યારે તે સ્વયંપ્રકાશ થાય છે. આને લીધે ગુરુ સહેજ સ્વયંપ્રકાશ દેખાય છે. ગુરુને પાંચ ચંદ્ર છે. આપણા ચંદ્રને સૂર્ય પાસેથી જેટલો પ્રકાશ મળે છે તેના પચીશમા હિસ્સા જેટલો પ્રકાશ ગુરુના ચંદ્રને મળે છે. ગુરુના ચંદ્રોનું વારંવાર ગ્રહણ થાય છે. ગુરુની ૧૭ રાતમાં પહેલા ચંદ્રને ચાર વાર, બીજાને બે વાર અને ત્રીજાને એક વાર ગ્રહણ લાગે છે અને ગુરુની બહુ વિસ્તરેલી છાયાને લીધે આ ગ્રહણો કોઈ કોઈ વાર ગુરુની અર્ધી અથવા પોણી રાત સુધી પહોંચે છે. ગુરુના ચંદ્ર ઉપર વસતી હોવી જોઈએ એવું અનુમાન થાય છે. આ ગ્રહનો રંગ ચકચકિત પીળો છે. તે ડહાપણનો ગ્રહ મનાય છે. તે ઈશાન ખૂણો બતાવે છે. જ્યારે તે ધન અને મીન રાશિમાં હોય ત્યારે તેનો પ્રભાવ સામાન્ય હોય છે. આપણી પૃથ્વી જેવડા ૧,૨૪૦ ગોળા એકઠા કરીએ ત્યારે ગુરુના જેવડો એક ગોળો થાય. તેનું દ્રવ્ય શુમારે પૃથ્વીના દ્રવ્યનું ૩૦૦ પટ જેટલું છે. તેની ઘનતા સરાસરી પૃથ્વીની ઘનતાનો ચતુર્થાંશ છે. એનો દક્ષિણોત્તર વ્યાસ પૂર્વપશ્ચિમ વ્યાસ કરતાં શુમારે ૫,૦૦૦ માઈલ ઓછો છે. આને લીધે તેનો આકાર ધ્રુવ આગળ સહેજ ચપટો છે. તેનો વિષુવવૃત્ત ઉપરનો ભાગ જેટલો ઝપાટાબંધ ફરે છે તે કરતાં ધ્રુવ તરફનો ભાગ ઓછા વેગથી ફરે છે. તેના ઉપર વિષુવવૃત્તથી સમાંતરે કંઈ પટ્ટા દેખાય છે. વિષુવવૃત્ત ઉપર જ એક ચકચકિત પટ્ટો દેખાય છે. તેનો રંગ બહુ કરીને મોતી જેવો દેખાય છે. આના ઉત્તર દક્ષિણ ભાગે બે તેજોહીન પટ્ટા દેખાય છે. તેમના રંગ લાલ દેખાય છે. તેમાં કોઈ કોઈ જગ્યાએ જાંબુડા રંગનો ઝળકાટ જણાય છે. આ પ્રમાણે ધ્રુવ સુધી ક્રમે કરી ચકચકિત તેજોહીન પટ્ટા દેખાય છે. ચકચકિત પટ્ટા વિષુવવૃત્ત ઉપર પીળાશ પડતા સફેદ જણાય છે અને ઉત્તરોત્તર કાળાશ પડતા થતા જાય છે. તેજોહીન પટ્ટા લાલ દેખાય છે. આ પટ્ટાઓમાં વાદળાં જેવી અને બહુ જ ચિત્રવિચિત્ર એવી અસંખ્ય આકૃતિ દેખાય છે અને તેના થર થયેલા હોય છે. પટ્ટાઓની કોરોના અને ગુરુ ઉપરના કેટલાક ભાગના રંગ વારંવાર બદલાયા કરે છે. આ ગ્રહ સૂર્ય, મંગળ ને ચંદ્રનો મિત્ર, શનિ સાથે સમ અને બુધ ને શુક્રનો શત્રુ મનાય છે.

૫. પું. (પિંગળ) એક અર્ધસમજાતિ માત્રામેળ છંદ. તે નંદ છંદનો એક ભેદ છે. તેમાં ૧૨ ગુરુ અને ૧૪ લઘુ મળી ૨૬ વર્ણ અને ૩૮ માત્રા હોય છે.

૬. પું. (પિંગળ) એક અર્ધસમજાતિ માત્રામેળ છંદ. તે સોરઠા છંદનો ભેદ છે. તેમાં ૫ ગુરુ અને ૩૮ લઘુ મળી ૪૩ વર્ણ અને ૪૮ માત્રા હોય છે.

૭. પું. (પુરાણ) એક બ્રહ્મર્ષિ.

૮. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. આ છંદ રોલાવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૩ ગુરુ અને ૯૦ લઘુ મળી ૯૩ વર્ણ અને ૯૬ માત્રા હોય છે.

૯. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ પંક્તિછંદનો એક ભેદ છે. તેમાં તગણ, મગણ, રગણ અને ગુરુ મળી ૧૦ વર્ણ હોય છે.

૧૦. પું. (વૈદક) ઔષધિનો એક ગુણ. જે દ્રવ્ય ગ્લાનિ કરે, મળની વૃદ્ધિ કરે, બળ વધારે, તૃપ્તિ કરે અને શરીરને પુષ્ટ કરે તે ગુરુ દ્રવ્ય કહેવાય છે.

૧૧. પું. (સંગીત) કળાનું એક પરિમાણ; વખતનો એક ભાગ.

૧૦ ગુરુ = ૧ પ્રાણ
૬ પ્રાણ = ૧ વિનાડી

૧૨. પું. ગાયત્રી મંત્રનો ઉપદેશ આપનાર માણસ.

૧૩. પું. (સંગીત) તાલના અંગનો એક પ્રકાર; મીનીમ; તાલનું એક માપ; બે માત્રા.

૧૪. પું. દેવના ગુરુ; આંગિરસ; બૃહસ્પતિ; અંગિરા; દેવગુરુ; વાચાંપતિ; ઇજ્ય; ત્રિદિવેશ; સુરગુરુ; સૂરિ; સુરાચાર્ય.

૧૫. પું. દ્રોણાચાર્ય.

૧૬. પું. ધર્મ નીતિનો ઉપદેશ કરનાર માણસ.

૧૭. પું. પરમેશ્વર, કેમકે તે વેદોના ઉપદેશકર્તા અને બ્રહ્મા વગેરેના ગુરુના પણ ગુરુ છે.

૧૮. પું. પ્રભાકર નામનો એક મીમાંસક.

૧૯. પું. બાણ.

૨૦. પું. બૃહસ્પતિ નામનું નક્ષત્ર.

૨૧. પું. (જૈન) મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ સાથે અહિંસા, સત્યભાષણ, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ જેવાં પાંચ મહાવ્રત તથા ક્ષમા, નિરભિમાનતા, તૃષ્ણાત્યાગ, તપ, સંયમ, સત્ય, શૌચ, અકિંચન, બ્રહ્મચર્ય વગેરે શ્રમણ ધર્મોનો પાલન કરનાર માણસ.

૨૨. પું. મોક્ષનો માર્ગ દર્શાવનાર માણસ.

૨૩. પું. યજમાનને ત્યાં ગોરપણું કરતો બ્રાહ્મણ; પુરોહિત; ગોર.

૨૪. પું. યજ્ઞોપવીત જેવા સંસ્કાર કરાવનાર માણસ.

૨૫. પું. વિદ્યા આપનાર માણસ; મંત્ર આપનાર પુરુષ.

૨૬. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. સર્વ વિદ્યાઓના ઉપદેશક હોવાથી તથા સર્વના જન્મદાતા હોવાથી તે ગુરુ કહેવાય છે.

૨૭. પું. શઠ; ધૂર્ત માણસ.

૨૮. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૨૯. પું. શુક્રાચાર્ય.

૩૦. પું. સંપ્રદાય પ્રવર્તક; નવો પંથ ચલાવનારો માણસ.

૩૧. પું. સૂર્ય.

૩૨. પું. (પુરાણ) સોમવંશી પુરુકુલોત્પન્ન મન્યુના પુત્ર નરનો પૌત્ર; ગુરુધિ.

૩૩. પું. સ્પર્શના આઠ માંહેનો એક પ્રકાર.

સ્પર્શ આઠ પ્રકારનો માનવામાં આવે છે. જેમકે, કઠિન, મૃદુ, ગુરુ, લઘુ, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રૂક્ષ. તત્ત્વાર્થસૂત્ર

૩૪. ન. કવચનું ઝાડ.

૩૫. ન. ક્ષમાદૃષ્ટિ.

૩૬. ન. (જ્યોતિષ) પુષ્ય નક્ષત્ર.

૩૭. ન. વીરશૈવ ધર્મમાં જણાવેલ આઠ માંહેનું એક આવરણ. જુઓ અષ્ટાવરણ.

૩૮. વિ. અઘરું; મહેનતથી પ્રાપ્ત થાય તેવું.

૩૯. વિ. ગંભીર અર્થવાળું.

૪૦. વિ. જડ.

૪૧. વિ. દીર્ઘ; લાંબું.

૪૨. વિ. પૂજ્ય; વડીલ.

૪૩. વિ. બળવાન.

૪૪. વિ. ભારે; મોટું; વજનદાર.

૪૫. વિ. માન આપવા લાયક.

૪૬. વિ. મુખ્ય; પ્રધાન.

ગુરુઅસ્ત પું. એક અશુભ યોગ. ગુરુ આથમી ગયો હોય ત્યારે તે થાય છે.

ગુરુઆશ્રમ પું. ગુરુજીનો આશ્રમ; ગુરુજીનું નિવાસસ્થાન.

ગુરુઉપદેશ પું. ગુરુનો સદ્બોધ.

ગુરુઋક્ષ પું. (જ્યોતિષ) સપ્તર્ષિનો તારાપુંજ.

ગુરુકલત્ર [સં.] ન. ગુરુની સ્ત્રી; ગુરુપત્ની.

ગુરુકંકણ ન. મનુષ્યના હાથમાં હોતું એ નામનું એક ચિહ્ન. આ ચિહ્ન યોગસિદ્ધિનું સૂચક છે.

ગુરુકંસ પું. મોટો કૌંસ; [ ].

ગુરુકિલ્લી જુઓ ગુરુકૂંચી.

ગુરુકુલ ૧. ન. આર્યસમાજીઓએ સ્થાપેલી કેળવણીની સંસ્થા.

૨. ન. કલાભવન.

૩. [સં.] ન. ગુરુનું રહેઠાણ; શિક્ષકને રહેવાનું સ્થાન.

૪. ન. ગુરુને ઘેર કુટુંબી તરીકે રહીને વિદ્યાભ્યાસ કરવાની પ્રાચીન પદ્ધતિ પ્રમાણે જ્યાં શિક્ષણ અપાતું હોય એવી શિક્ષણસંસ્થા.

૫. ન. બ્રહ્મચારી તથા બ્રહ્મચારિણીઓને શિક્ષણ આપવા માટેની સંસ્થા.

૬. ન. વિદ્યાધામ.

૭. ન. વિદ્યાર્થીગૃહવાળું વિશ્વવિદ્યાલય.

ગુરુકુલીય વિ. ગુરુકુળનું; ગુરુકુળને લગતું.

ગુરુકુળ જુઓ ગુરુકુલ.

ગુરુકુંડલી [સં.] સ્ત્રી. ફલિત જ્યોતિષમાં એક ચક્ર. તે દ્વારા જન્મનક્ષત્ર અનુસાર એક એક વર્ષના અધિપતિ ગ્રહનો નિશ્ચય થાય છે. આ ચક્રના મધ્યમાં ગુરુ એટલે કે બૃહસ્પતિને રાખવામાં આવે છે. તેની આઠ બાજુએ આઠ ગ્રહો રાખવામાં આવે છે. આથી તે ચક્રને ગુરુકુંડલી કહે છે.

ગુરુકૂંચી ૧. સ્ત્રી. અનેક તાળાંને લાગુ પડે એવી કૂંચી; 'માસ્ટર કી'.

૨. સ્ત્રી. ગમે તેવા સંજોગોમાં કામ દે એવી યુક્તિ કે ઉપાય.

૩. સ્ત્રી. વેપારની યુક્તિ અથવા કળ.

ગુરુકેંદ્રક [સં.] વિ. ગુરુ નામના ગ્રહને મધ્યમાં રાખીને ફરતું.

ગુરુકોણ [સં.] પું. (ગણિત) કાટખૂણાથી પહોળો ખૂણો; અધિકકોણ; ૯૦ અંશથી મોટો અને ૧૮૦ અંશ કરતાં નાનો ખૂણો.

ગુરુકોણત્રિકોણ પું. (ગણિત) જેનો એક ખૂણો કાટખૂણાથી મોટો હોય તેવો ત્રિકોણ; પહોળકોણત્રિકોણ.

ગુરુક્રમ [સં.] પું. ગુરુથી ચાલતો આવતો પરંપરાનો ઉપદેશ.

ગુરુગમ ૧. [સં.] પું. ગુરુનો સહવાસ.

પાસે તે પ્રાણી પ્રીછશે, જેને ગુરુગમ હોય.
પ્રીતમ

૨. સ્ત્રી. ગુરુ પાસેથી મેળવેલું જ્ઞાન.

૩. વિ. ગુરુ દ્વારા પ્રાપ્ત થાય એવું.

૪. અ. ગુરુ તરફ.

ગુરુગમ્ય [સં.] વિ. ગુરુ પાસેથી સમજી શકાય એવું.

ગુરુગંધર્વ પું. (સંગીત) ઈંદ્ર તાલના ૭ માંહેનો એ નામનો એક ભેદ.

ગુરુગાત્રતા સ્ત્રી. શરીર ભારે થવાપણું.

ગુરુગીતા [સં.] સ્ત્રી. ગુરુની સ્તુતિરૂપ એ નામનો એક ગીતાગ્રંથ.

ગુરુગોદડિયા (ગુરુગોદડ઼િયા) પું. ગોદડી ધારણ કરવાવાળા ગુરુ.

ગુરુ ગોવિંદ પું. ગુરુનાનકની ગાદીએ આવનાર દશમો મહાપુરુષ. આ મહાપુરુષે શીખ ધર્મમાં સુધારો કર્યો. ગ્રંથમાં સુધારો કર્યો તેને આદિગ્રંથ સાહેબ કહે છે. શીખ પ્રજાને બળવાન કરવા માટે હથિયાર ધારણ કરવાં, વાદળી રંગનાં કપડાં પહેરવાં, દાઢી મૂછ રાખવાં વગેરે બોધ આપી તે પ્રમાણે શીખ લોકોને વર્તાવ્યા. એની સમાધિ નાદેડમાં છે.

ગુરુ ગોવિંદસિંહ જુઓ ગુરુગોવિંદ.

ગુરુગ્રાવીય સ્ત્રી. એક જાતની ધાતુ. આ ધાતુ રાખોડી રંગની હોય છે અને તેનો ઉપયોગ બીજી ધાતુ સાથે મેળવવા માટે થાય છે.

ગુરુ ઘંટાલ ૧. પું. ગળાની આસપાસ ઘંટડીઓ લટકાવેલ ગુરુ.

૨. પું. નાલાયક ગુરુ.

૩. પું. પાકો શઠ.

ગુરુઘ્ન ૧. [સં.] પું. જેણે પોતાના કોઈ ગુરુજનને મારી નાખેલ હોય એવો પાપી; ગુરુને મારી નાખનાર વ્યક્તિ.

૨. પું. ધોળા સરસવ.

ગુરુચક્ર [સં.] ન. બ્રહ્મરંધ્રમાં આવેલું એ નામનું એક ચક્ર.

ગુરુચર્યા [સં.] સ્ત્રી. ગુરુની સેવા.

ગુરુચાંદ્રી [સં.] પું. (જ્યોતિષ) એક યોગ. ગુરુ અને ચંદ્ર કર્ક રાશિમાં ભેગા થતાં આ યોગ થાય છે. જેની જન્મકુંડલીમાં આ યોગ લગ્ન અથવા દશમા સ્થાનમાં પડતો હોય તે દીર્ઘજીવી અને ભાગ્યવાન મનાય છે.

ગુરુજ ૧. [સં.] પું. ગુરુપુત્ર; ગુરુનો દીકરો.

૨. વિ. ભારે; વજનદાર.

ગુરુજન ૧. [સં.] પું. મોટો માણસ; માન આપવા યોગ્ય માણસ.

૨. પું. વડીલ વર્ગ; પૂજ્ય વર્ગ.

૩. વિ. પૂજ્ય; મુરબ્બી.

ગુરુજનભીતા [સં.] સ્ત્રી. અસાધ્યા પરકીયા નાયકાનો પાંચ માંહેનો એક ભેદ. કોઈ પ્રકારના ભયથી કે મદદગાર નહિ મળવાથી જારકર્મ કરતાં અટકનારી સ્ત્રીને અસાધ્યા કહેવાય છે. તેના પાંચ ભેદ છે: (૧) ગુરુજનભીતા, (૨) ધર્મસભીતા, (૩) દૂતીવર્જિતા, (૪) અતિક્રાંતા, (૫) ખલધિષ્ઠિતા.

ગુરુજી પું. ગુરુ માટે માનપૂર્વક વપરાતો શબ્દ.

ગુરુજ્ઞાન [સં.] ન. ગુરુ પાસેથી મેળવેલ વિદ્યા.

ગુરુડદાસ (ગુરુડ્દાસ) વિ. બેવકૂફ; મૂર્ખ.

ગુરુડમ પું. ગુરુનો આડંબર.

ગુરુણી સ્ત્રી. જૈન સાધ્વી.

ગુરુણીજી સ્ત્રી. (જૈન) સાધ્વી; ગરણીજી; આરજા.

ગુરુતમ ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. આ છંદ પંક્તિછંદનો ભેદ છે. તેમાં સગણ, જગણ, સગણ અને ગુરુ મળી દશ વર્ણ હોય છે.

૨. [સં.] પું. પરમેશ્વર.

૩. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.

૪. ન. (ગણિત) આપેલા પરિમાણની બની શકે તેટલી મોટામાં મોટી કીમત.

૫. વિ. સર્વમાં વધારે મોટું; મહત્તમ.

ગુરુતમ ભરતી = મોટો જુવાળ.

ગુરુતમસાધારણઅવયવ પું. (ગણિત) બે અથવા વધારે રકમને શેષ વધ્યા વગર ભાગી શકે એવી મોટામાં મોટી રકમ; દઢભાજક.

ગુરુતર ૧. [સં.] વિ. બેમાં મોટું.

૨. વિ. વધારે પડતું ભારે.

ગુરુતલ્પ ૧. પું. ઓરમાન માતા સાથે ગમન કરનાર પુરુષ. જુઓ ગુરુતલ્પગ.

૨. [સં.] સ્ત્રી. ઓરમાન માતા.

૩. સ્ત્રી. ગુરુપત્ની.

ગુરુતલ્પગ ૧. વિ. ઓરમાન માતા સાથે વ્યભિચાર કરનાર. મનુએ આવા પુરુષને મહાપાતકી લખેલ છે અને તેને માટે પ્રાયશ્ચિત્ત અથવા દંડની બાબતમાં લખેલ છે કે, આવા માણસે ધગધગતા લોઢાના વાસણમાં સૂઈને અથવા બળતી સ્ત્રીને આલિંગન કરી મરી જવું.

૨. વિ. ગુરુપત્ની સાથે વ્યભિચાર કરનાર.

ગુરુતલ્પગમન [સં.] ન. ગુરુપત્ની અથવા ઓરમાન માતા સાથે વ્યભિચાર.

સુરાપાન અને **ગુરુતલ્પગમન** એ પ્રત્યેક રહસ્ય મહાપાપને વાસ્તે પણ નોખું નોખું એ પ્રમાણે પ્રાયશ્ચિત્ત કરવાથી શુદ્ધિ મળે છે.

ભગવતી ભાગવત

ગુરુતલ્પગામી જુઓ ગુરુતલ્પગ.

ગુરુતલ્પવ્રત [સં.] ન. ગુરુપત્ની સાથે અથવા ઓરમાન માતા સાથે વ્યભિચાર કરનારે કરવાનું પ્રાયશ્ચિત્ત.

ગુરુતલ્પી જુઓ ગુરુતલ્પગ.

ગુરુતા ૧. સ્ત્રી. અતિશયપણું; પુષ્કળતા.

૨. [સં.] સ્ત્રી. ગુરુપણું; વડીલપણું.

૩. સ્ત્રી. તત્ત્વ; અંતઃસાર.

૪. સ્ત્રી. તોલ.

૫. સ્ત્રી. પદાર્થના જે ગુણને લીધે વિશ્વના બધા પદાર્થો એકબીજાને ખેંચે તે ધર્મ; ગુરુત્વાકર્ષણ.

૬. સ્ત્રી. પ્રભાવ.

૭. સ્ત્રી. બળવાનપણું.

૮. સ્ત્રી. ભારેપણું.

૯. સ્ત્રી. મોટાપણું; મહત્તા; ગૌરવ.

૧૦. સ્ત્રી. વિશિષ્ટતા.

૧૧. સ્ત્રી. વિસ્તાર; પરિમાણ.

૧૨. સ્ત્રી. વૈભવ.

૧૩. સ્ત્રી. શિખામણ.

૧૪. સ્ત્રી. શોભા.

૧૫. સ્ત્રી. શ્રેષ્ઠપણું.

ગુરુતાઈ જુઓ ગુરુતા.

ગુરુતાકર્ષણ ન. પદાર્થના જે ગુણને લીધે વિશ્વના બધા પદાર્થો એકબીજાને ખેંચે છે તે બળ.

ગુરુતામય [સં.] વિ. ભારે; ગુરુતાવાળું.

ગુરુતાલ [સં.] પું. (સંગીત) એ નામનો એક તાલ.

ગુરુત્વ ૧. [સં.] ન. અતિશયપણું; પુષ્કળતા; દીર્ઘપણું.

૨. ન. ઈ. સ. ૧૬૫૭માં ન્યૂટને સ્થાપેલા સિદ્ધાંતાનુસાર ઘનદ્રવ્યોનું પૃથ્વીના મધ્યબિંદુ તરફ ખેંચાવું તે; જે બળને લીધે વિશ્વના બધા પદાર્થ એકબીજાને ખેંચે છે તે ધર્મ.

૩. ન. મોટાઈ; ગૌરવ; પ્રતિષ્ઠા.

૪. ન. મોટાપણું; લઠ્ઠપણું; ભારેપણું; વજન; ભાર.

૫. ન. વડીલપણું; ગુરુપણું.

૬. ન. શ્રેષ્ઠતા; સૌથી ચડિયાતા હોવાપણું.

ગુરુત્વકેંદ્ર ૧. [સં.] ન. જ્યાં સઘળો ભાર ઝિલાઈ રહેતો હોય તેવું હરકોઈ ભારનું વચલું બિંદુ; જેનાથી વજનનું સમતોલપણું થતું હોય તે બિંદુ; વચલી રેખા અથવા લઘુતર ભાગ; 'સેન્ટર ઓવ ગ્રેવિટેશન.'

૨. ન. ત્રિકોણની મધ્યગાઓનું છેદનબિંદુ.

ગુરુત્વબલ [સં.] ન. જેનાથી મોટી વસ્તુ નાની વસ્તુને પોતાની તરફ ખેંચે છે તે બળ.

ગુરુત્વબિંદુ જુઓ ગુરુત્વકેંદ્ર.

ગુરુત્વમધ્યબિંદુ જુઓ ગુરુત્વકેંદ્ર.

ગુરુત્વમાપક [સં.] ન. પૃથ્વીના મધ્યબિંદુ તરફનું ખેંચાણ માપવાનું યંત્ર.

ગુરુત્વમિતિ [સં.] સ્ત્રી. પૃથ્વીના મધ્યબિંદુ તરફ થતું ખેંચાણ માપવું તે.

ગુરુત્વરેખા જુઓ ગુરુત્વરેષા.

ગુરુત્વરેષા [સં.] સ્ત્રી. ગુરુત્વકેંદ્રના આકર્ષણની લીટી કે દિશા.

ગુરુત્વલંબ [સં.] પું. ગુરુત્વકેંદ્રથી સીધી નીચે દોરવામાં આવતી રેખા.

ગુરુત્વવાદ [સં.] પું. મોટી વસ્તુ નાની વસ્તુને પોતાની તરફ ખેંચે છે એવો સિદ્ધાંત.

ગુરુત્વશક્તિ [સં.] સ્ત્રી. સમતોલપણું જાળવવાનું બળ.

ગુરુત્વસામાન્યગુણક [સં.] પું. દઢભાજક.

ગુરુત્વાકર્ષણ ૧. [સં.] ન. જેને લીધે વિશ્વના બધા પદાર્થ એકબીજાને ખેંચે છે તે બળ. ન્યૂટને શોધી કાઢેલો ગુરુત્વાકર્ષણનો નિયમ એ છે કે વસ્તુઓને જે આકર્ષણ એકબીજા પ્રત્યે થાય છે તે વસ્તુઓના જથ્થાના પ્રમાણમાં થાય છે. તેઓ એકબીજાના અંતરના વર્ગ ઉપર વિષમપણે આધાર રાખે છે. જો કોઈ પણ વસ્તુને હવામાં ઉડાવવામાં આવે તો જે બળ તેને હવામાં ઊડવામાં મદદ કરે છે તે બળ જ્યારે ખલાસ થાય છે ત્યારે તે વસ્તુ પાછી પૃથ્વી ઉપર પડે છે. ગુરુત્વાકર્ષણ એક સેકંડમાં ૩૨·૨ ફૂટ જેટલું છે. તેમાં પદાર્થના ગુણ ઉપર આધાર રહેતો નથી. વિષુવવૃત્ત પાસે ખેંચાણ ધ્રુવ પ્રદેશ કરતાં ઓછું હોય છે, પણ સાધારણ ગણતરી માટે ખાસ ફેર પડતો નથી. ચોક્કસ પ્રયોગોથી ગુરુત્વાકર્ષણ શોધી શકાય છે. ગુરુત્વાકર્ષણના બળથી સૂર્ય અને વિવિધ ગ્રહો પૃથ્વીને અસર કરે છે. પૃથ્વી ચંદ્ર ઉપર અસર કરે છે. પૃથ્વી અને કોઈ બીજી વસ્તુ પ્રત્યેનું આકર્ષણ તે વસ્તુના વજન ઉપરથી નક્કી થાય છે. પહાડ જેવી મહાન વસ્તુઓ વજનમાં કાંઈ પણ ફેરફાર કરતી નથી. વજન હમેશા ગુરુત્વાકર્ષણના મધ્યબિંદુને અનુસરીને રહે છે. એ મધ્યબિંદુમાંથી તે વસ્તુને આકર્ષતું દરેક બળ પસાર થાય છે. જ્યારે કોઈ પણ વસ્તુને ઊંચકવામાં આવે ત્યારે અમુક ખેંચાણ થાય છે. જે ખેંચાણ થાય છે એ જ ખેંચાણ પૃથ્વીનું હોય છે ને તેટલા જ પ્રમાણમાં પૃથ્વી તે વસ્તુને આકર્ષે છે. સીધા સમાંતર પાણીના નળમાં

જ્યારે પાણીને ઉપરથી મળતું બળ બંધ થાય ત્યારે તે પાણી નીચે ઢળવાનો પ્રયત્ન કરે છે એટલે તેમાં ગુરુત્વાકર્ષણ દેખાઈ આવે છે. પાણીનું ટીપું જ્યારે જમીન ઉપર પડે ત્યારે તેનું ગોળ રૂપ બદલી જાય અને અણી આકાર ધારણ કરે. આ પ્રમાણે પૃથ્વીના આકર્ષણથી થાય છે. પ્રસિદ્ધ ખગોળવેત્તા કેપ્લર અને ન્યૂટને ગુરુત્વાકર્ષણના નિયમો ઘડ્યા અને તેથી ભરતીઓટ થાય છે તેનું સમાજને જ્ઞાન આપ્યું. ન્યૂટન પહેલાં યુરપ આદિ દેશમાં ઘણા ખગોળવેત્તા થઈ ગયા હતા, પરંતુ તેમાંથી કોઈને એ વાત સૂઝી ન હતી. તેથી ગુરુત્વાકર્ષણની શોધનું માન તેને જ આપવું ઘટે છે. આર્યાવર્તના ખગોળશાસ્ત્રકારોનું એ બાબત ઉપર ધ્યાન ખેંચાયેલું હતું અને તેમણે પરસ્પર આકર્ષણશક્તિના સિદ્ધાંત આપેલા જ હતા. જેમકે, आकृष्टिशक्तिश्च महीतयात, स्वस्थ गुरु स्वाभिमुखं सशाक्तया પૃથ્વી આકર્ષણ શક્તિવાળી છે ને તે આકાશમાં રહેલા ભારે પદાર્થને પોતાની તરફ ખેંચે છે. આ સૂચવે છે કે આપણા પ્રાચીન ઋષિઓના ધ્યાનમાંથી આકર્ષણશક્તિ નીકળી ગઈ નહોતી. એ સિવાય ભરતીઓટ વિષે પણ એક ઉલ્લેખ છે. ટૂંકાણમાં ગ્રહો, ઉપગ્રહોને પોતાનું તેજ નથી, પરંતુ તે સૂર્યના તેજથી પ્રકાશે છે. તેનાં તથા ચંદ્ર, બુધ, શુક્રની કળા વગેરેનાં પ્રમાણ સંસ્કૃત ગ્રંથોમાંથી મળી આવે છે. આ શક્તિનો થોડોઘણો પત્તો ભાસ્કરાચાર્યને સંવત ૧૨૦૦માં લાગ્યો હતો. તેમણે પોતાના સિદ્ધાંતશિરોમણિમાં સ્પષ્ટ લખ્યું છે કે, પૃથ્વીમાં આકર્ષણશક્તિ છે, તેથી તે આકાશસ્થ નિરાધાર ભારે પદાર્થને પોતાની તરફ ખેંચે છે. જે પદાર્થ પડે છે તે પૃથ્વીના આકર્ષણથી પડે છે. ગુરુત્વાકર્ષણ સમજવા માટે એક સાદો દાખલો લઈએ. જો પૃથ્વીની એક બાજુ ઉપરથી બીજી બાજુ સુધી પૃથ્વીના કેંદ્રમાંથી પસાર થતું એક કાણું પાડવામાં આવે અને જો એક પથ્થરનો કટકો આપણે તે કાણામાં નાખીએ તો પ્રથમ પથ્થર વધારે અને વધારે ગતિ પામતો પૃથ્વીના કેંદ્ર સુધી આવી પહોંચશે. દરમિયાન પથ્થરે એટલોબધો વેગ મેળવ્યો હશે કે તે કેંદ્ર ત્યજી દઈ બીજી બાજુ તરફ અમુક અંતર સુધી નીચે જશે પણ પછી તેની ગતિ ધીમી પડી જશે અને પાછો કેંદ્ર તરફ ખેંચાશે. પૃથ્વીમાં એક બાજુથી બીજી બાજુ સુધી કદી પણ કાણું પડે નહિ અને ધારો કે કદાચ પાડ્યું હોય તો નીચે નાખેલ પથ્થર પૃથ્વીની અંદરની ગરમીથી પ્રવાહી થઈ જઈ એકરસ થઈ જશે.

૨. ન. પૃથ્વીના મધ્યબિંદુ તરફનું આકર્ષણ; નાના વજનનું મોટા તરફ ખેંચાવું તે; આકર્ષણ શક્તિ; 'ગ્રૅવિટેશન'.

૩. ન. સઘળા ભાર અને પદાર્થનું તેના મધ્યબિંદુ તરફ ખેંચાવું તે.

ગુરુત્વાકર્ષણકેંદ્ર જુઓ ગુરુત્વકેંદ્ર.

ગુરુત્વાકર્ષિણી [સં.] વિ. સ્ત્રી. ગુરુત્વાકર્ષણના ગુણવાળી.

ગુરુત્વાવલંબીઅંક પું. ગુરુત્વાકર્ષણ ઉપર આધાર રાખનાર એકમ; 'ગ્રૅવિટેશનલ યુનિટ.'

ગુરુદ પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

ગુરુદક્ષિણા [સં.] સ્ત્રી. અભ્યાસ પૂરો થતાં શિષ્ય તરફથી ગુરુને આપવામાં આવતી બક્ષિશ; આચાર્યદક્ષિણા; આચાર્યને આપેલું દાન.

ગુરુ દત્તાત્રેય પું. અત્રિ ઋષિ અને અનસૂયાના પુત્ર. અત્રિ ઋષિને સતી અનસૂયાને પેટે દત્તાત્રેય, દુર્વાસા અને ચંદ્ર ત્રણ પુત્ર થયા. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એમ ત્રણ દેવોએ મળી દત્તાત્રેયનો અવતાર લીધો હતો. વિષ્ણુના ચોવીશ અવતારમાં એ એક ગણાય છે. વેદનું જ્ઞાન આપવાને આ અવતાર ત્રેતાયુગમાં થયો હતો. છ શાસ્ત્રનું અધ્યયન કરી તેમના સિદ્ધાંતોનું તેમણે સત્ય તપાસ્યું. તેમાં વેદાંતશાસ્ત્રને તેમણે પ્રાધાન્ય આપેલ છે. આ અવધૂત યોગી ત્રિકાળદર્શી અને સમર્થ જ્ઞાની હતા. વિદ્વાન છતાં બાલોન્મત્ત, જડ અને પિશાચ પ્રમાણે બ્રહ્મધ્યાનમાં મસ્ત રહી ભૂમિ ઉપર ફરતા હતા. વિષયભોગ તથા સ્ત્રીપુત્રાદિકથી રહિત હતા. યોગક્રિયામાં તેમણે અનેક શોધો કરી છે. વળી તેમણે પોતાની યોગક્રિયાથી અનેક ચમત્કારિક કૃતિ કરી આંધળાંને આંખ, પાંગળાંને પગ અને મરણ પામેલને સજીવન કર્યા કહેવાય છે. તેણે પોતાની બુદ્ધિથી સ્વીકારેલા ચોવીશ ગુરુ પાસેથી જુદા જુદા ગુણ ગ્રહણ કર્યા હતા. પશુપંખી અને જડ પદાર્થ પણ તેમના ગુરુ હતા. પૃથ્વી, વાયુ, આકાશ, જળ, અગ્નિ, ચંદ્ર, સૂર્ય, હોલો, અજગર, સમુદ્ર, પતંગિયું, મધમાખી, હાથી, પારધી, હરણ, માછલું, પિંગળા નામની વેશ્યા, સમડી, બાળક, કુમારી કન્યા, બાણ ઘડનારો, સર્પ, કરોળિયો અને ભમરી એમ ચોવીશ ગુરુ પાસેથી તેમણે શિક્ષણ લીધું. તે સિવાય તેણે પોતાના દેહને પણ ગુરુ કર્યો હતો. દત્તાત્રેય અવતારી હોવાથી તમામ હિંદુ વર્ણ તેને પ્રેમથી માને છે. વળી દત્તાત્રેય નામનો ધર્મ પણ ચાલે છે. તે ચારે વર્ગના લોકો પાળે છે. તેઓ પોતાના આત્માને ઈશ્વરરૂપ સર્વજ્ઞ માને છે. તેને મૂર્તિમાન સમજી અખંડ સમાધિમાં રહેવા અષ્ટાંગયોગની સર્વ ક્રિયા કરે છે. અહિંસક, જીવદયા પાળવી એ તેમનું મુખ્ય વલણ છે. તે લોકો ગુરુઆજ્ઞા માને છે અને મોક્ષસાધનમાં કાળક્ષેપ કરે છે. દત્તાત્રેય ધર્મની આજ્ઞા છે કે ઈશ્વર નિરાકાર છે, સૃષ્ટિ આત્માની ભ્રાંતિથી કલ્પિત ભાવે થઈ છે. નિવૃત્ત રહેવું, સત્ય, તપ, અપરિગ્રહ, દયા, ક્ષમા, ધર્મ, અર્થ, મોક્ષ અને વૈરાગ્ય એ સર્વે સંપાદન કરવાં અને માદક પદાર્થોથી દૂર રહેવું તે પણ આ ધર્મનો ઉપદેશ છે. આ ધર્મની ઉત્પત્તિ પાંચમા સૈકામાં થઈ એવું જાણવામાં આવે છે, એટલે તેને આજે ૧૪૦૦ વર્ષ થવા આવ્યાં છે.

ગુરુદાસ બનવું સ. ક્રિ. ગાંડા થાય ત્યાંસુધી દારૂ પીવો.

ગુરુદેવ [સં.] પું. દેવરૂપી શ્રેષ્ઠ ગુરુ.

ગુરુદેવતા જુઓ ગુરુદેવ.

ગુરુદૈવત ૧. [સં.] ન. (જ્યોતિષ) પુષ્ય નક્ષત્ર.

૨. વિ. ગુરુને દેવ તરીકે માનનાર.

ગુરુદ્રુતવિરામ ન. (સંગીત) તાલનાં મુખ્ય છ માંહેના આઠ માત્રાવાળા ગુરુ, બે માત્રાવાળા દ્રુત અને એક માત્રાવાળા વિરામ એ ત્રણ અંગના મિશ્રણથી બનાવેલું ૧૧ માત્રાવાળું એક મિશ્ર અંગ.

ગુરુદ્રુતાંગ ન. (સંગીત) તાલનાં મુખ્ય છ માંહેના આઠ માત્રાવાળા ગુરુ અને બે માત્રાવાળા દ્રુત અંગના મિશ્રણથી બનાવેલું દશ માત્રાવાળું એક મિશ્ર અંગ.

ગુરુદ્રોહ [સં.] પું. ગુરુભક્તિનો ભંગ; ગુરુની અવજ્ઞા કે અનાદર; શિક્ષક કે અધ્યાપકનો અસત્કાર.

ગુરુદ્રોહી [સં. ગુરુદ્રોહિન્] વિ. ગુરુનો દ્રોહ કરનાર.

ગુરુદ્વાદશી [સં.] સ્ત્રી. આસો વદિ બારશ.

ગુરુદ્વાર ૧. [સં.] ન. ગુરુનું ઘર; ગુરુનો આશ્રમ.

૨. ન. ધર્મશાળા.

૩. ન. શીખ લોકોનું પ્રાર્થનામંદિર; ધર્મસ્થાન.

૪. ન. શીખનું એ નામે એક ગામ.

ગુરુદ્વારા જુઓ ગુરુદ્વાર.

ગુરુધિ પું. (પુરાણ) સોમવંશી પુરુકુલમાં થયેલ મન્યુના પુત્ર નરનો પૌત્ર અને સંકૃતિ રાજાનો પુત્ર. તેનું બીજું નામ ગુરુ હતું.

ગુરુનિષ્ઠા [સં.] સ્ત્રી. ગુરુ પ્રત્યેનો અનન્ય ભાવ; ગુરુભક્તિ.

ગુરુનિંદા ૧. [સં.] સ્ત્રી. (જૈન) ગુરુની નિંદા કરવાથી લાગતો દર્શનનો એ નામે એક અતિચાર.

૨. સ્ત્રી. ગુરુનું વાંકું બોલવું તે.

ગુરુપક્ષ [સં.] પું. પૂર્વપક્ષ; વ્યાપ્તિવાક્ય; સાધ્યાવયવ; પરાર્થ અનુમાનના પાંચ અવયવમાંનું કોઈ અંગ; 'મેજર પ્રેમિસ'.

ગુરુપત્ની ૧. સ્ત્રી. ઓરમાન માતા.

૨. [સં.] સ્ત્રી. ગુરુની સ્ત્રી.

ગુરુપત્ર [સં.] ન. કથીર નામની ધાતુ.

ગુરુપત્રા [સં.] સ્ત્રી. આંબલીનું ઝાડ.

ગુરુપદ ૧. [સં.] ન. વડા શિક્ષકની પદવી; ગુરુનું સ્થાન.

૨. ન. વડીલપણું.

૩. ન. શિક્ષક તરીકે કામ કરવું તે.

ગુરુપદવી જુઓ ગુરુપદ.

ગુરુપરા સ્ત્રી. બાસઠ તેજસ્તત્ત્વ દેવતામાંની એક.

ગુરુપંથી પું. ગુરુને માર્ગે ચાલનાર અનુયાયી; ચેલો.

ગુરુપાક પું. જલદી હજમ ન થઈ શકે એવો પદાર્થ.

ગુરુપાકી વિ. પચવામાં ભારે હોય એવું.

ગુરુપાદગિરિ પું. બૌદ્ધ ગયાથી સો માઈલ દૂર ગયા જિલ્લામાં આવેલ ગુર્પા ડુંગરીનું પ્રાચીન નામ. અહીં મહાકાશ્યપને નિર્વાણ પ્રાપ્ત થયું હતું. એને કુક્કુટપાદગિરિ પણ કહે છે. હવે પછી થનાર બુદ્ધમૈત્રેય અહીંયાં પોતે પ્રવચન આપશે એમ મનાય છે.

ગુરુપાદોદક [સં.] ન. ગુરુના પગ ધોયેલ પાણી.

ગુરુપીઠ સ્ત્રી. સૌથી મોટી પીઠ.

ગુરુપુત્ર ૧. [સં.] પું. ગુરુનો પુત્ર.

૨. પું. બૃહસ્પતિનો પુત્ર.

૩. પું. મોટો દીકરો.

ગુરુપુષ્ય [સં.] ન. પુષ્ય નક્ષત્રના યોગવાળો ગુરુવારનો દિવસ. આ દિવસ વિદ્યારંભ માટે ઉત્તમ કહેલો છે.

ગુરુપૂજા ૧. સ્ત્રી. કાર્યના આરંભમાં બૃહસ્પતિની થતી પૂજા.

૨. [સં.] સ્ત્રી. ગુરુની પૂજા. તે અષાડ સુદિ ૧૫ને દિવસે કરવામાં આવે છે.

૩. સ્ત્રી. મોટેરાની અથવા વડીલની પૂજા.

ગુરુપૂર્ણિમા [સં.] સ્ત્રી. વ્યાસપૂર્ણિમા; ગુરુની પૂજા કરવાનો દિવસ; અષાડ સુદિ ૧૫.

ગુરુબ વિ. અસ્ત થયેલું; આથમેલું; ડૂબી ગયેલું.

ગુરુબલા [સં.] સ્ત્રી. (સંગીત) સંકીર્ણ રાગનો એક ભેદ.

ગુરુબંધુ [સં.] પું. શાળાનો ગોઠિયો; સહાધ્યાયી; ગુરુભાઈ.

ગુરુબંધુત્વ [સં.] ન. એક જ ગુરુના શિષ્ય હોવાપણું.

ગુરુભ ૧. [સં.] (જ્યોતિષ) પું. ધન રાશિ.

૨. પું. (જ્યોતિષ) પુષ્ય નક્ષત્ર.

૩. પું. (જ્યોતિષ) મીન રાશિ.

ગુરુભક્તિ [સં.] સ્ત્રી. ગુરુ ઉપર પ્રેમભાવ રાખવો તે; ગુરુસેવા.

ગુરુભવન ન. ગુરુનું સ્થાન; ગુરુનું મંદિર.

ગુરુભાઈ જુઓ ગુરુબંધુ.

ગુરુભાગ ૧. પું. ગુરુએ રાખવાનો હિસ્સો.

૨. [સં.] પું. મોટો ભાગ.

ગુરુભાર ૧. પું. (પુરાણ) એ નામનો ગરુડનો એક પુત્ર.

૨. પું. ગુરુ તરીકેની જવાબદારી.

ગુરુભાવ ૧. પું. ગુરુ તરીકેની ભાવના.

૨. પું. ગુરુપણું.

ગુરુભાવી વિ. ગુરુ તરફ સદ્‌ભાવ રાખનાર; ગુરુને ચાહનાર.

ગુરુભ્રાતા જુઓ ગુરુબંધુ.

ગુરુમચ્છેંદ્રનાથ જુઓ ગુરુમત્સ્યેંદ્રનાથ.

ગુરુમણિ [સં.] પું. પોખરાજ.

ગુરુમત [સં.] પું. શબ્દપ્રમાણ; પ્રમાણ; વજન પડે એવો અભિપ્રાય.

ગુરુમત્સ્યેંદ્રનાથ પું. એ નામનો એક સમર્થ યોગી. મત્સ્યના પેટમાથી નીકળ્યા માટે તેનું નામ મત્સ્યેંદ્ર પાડ્યું. તેણે સપ્તશૃંગ ઉપર ચોરંગીનાથ પાસે બ્રહ્મવિદ્યા અને યોગનો ઉપદેશ લીધો હતો. તેણે પોતાના શિષ્યોને હઠમાં પ્રવીણ કર્યા હતા. નાથધર્મનો પ્રચાર કરી યોગશાસ્ત્ર ઉપર તેણે હઠદીપિકા લખી છે. ગોરખનાથ તેના શિષ્ય હતા. ભર્તૃહરિએ એની પાસેથા દીક્ષા લીધી હતી. તે નિરંજન નિરાકાર અખંડજ્યોતિને માનતા.

ગુરુમર્દલ [સં.] પું. એક જાતનો ઢોલ.

ગુરુમંત્ર ૧. [સં.] પું. ગુરુએ પાડવેલો મંત્ર.

૨. પું. છૂપી સલાહ; શિખવણી.

ગુરુમંત્ર મૂકવો = (૧) ઉશ્કેરવું. (૨) ચેતવવું; ભણાવવું; ઇશારો કરવો.

ગુરુમાન ૧. [સં.] ન. અહંકાર; માન.

૨. ન. પ્રિયનું પ્રિયા ઉપર અને પ્રિયાનું પ્રિય ઉપર રૂસણું થવાથી નીકળતું વાંકું વચન; રૂસણાનું કટાક્ષ.

૩. ન. વડીલ પ્રત્યેની અદબ.

૪. વિ. મોટું.

ગુરુમાહાત્મ્ય [સં.] ન. ગુરુનો મહિમા.

ગુરુમુખ ૧. [સં.] ન. ગુરુનું મોઢું; શિક્ષકનું મોઢું.

૨. વિ. મનસ્વી નહિ પણ ગુરુના બોધને અનુસરનારું.

૩. વિ. શિક્ષકને મોઢેથી શીખેલું; ગુરુદીક્ષિત; ગુરુને મોઢે સાંભળીને મેળવેલું.

ગુરુમુખી ૧. સ્ત્રી. ગુરુ નાનકે ચલાવેલી એક પ્રકારની લિપિ. પંજાબમાં પ્રચલિત આ લિપિ દેવનાગરીનું માત્ર પરિવર્તન છે. કેટલાકના મત પ્રમાણે આ લિપિ નાનક પછી થઈ ગયેલા શીખ ધર્મના નવ ગુરુ માંહેના બીજા ગુરુ અંગદે શોધી કાઢી છે.

૨. સ્ત્રી. શીખ લોકોની ભાષા.

૩. વિ. ગુરુના મુખનું.

ગુરુમુખું વિ. ગુરુ તરફ સદ્‌ભાવવાળું.

ગુરુર વિ. અભિમાની; અહંકારી.

ગુરુરત્ન [સં.] ન. પોખરાજ મણિ; ગોમેદ.

ગુરુરાજ ૧. [સં.] પું. ગુરુઓનો ગુરુ.

૨. પું. મહાન ગુરુ; શ્રેષ્ઠ ગુરુ.

ગુરુરાત્રેય [સં.] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

ગુરુરાહુ [સં.] પું. (જ્યોતિષ) ગુરુ સાથે રાહુ ગ્રહ હોય એવો એક યોગ.

ગુરુરી સ્ત્રી. મગરૂરી; અભિમાન.

ગુરુરૂપ [સં.] વિ. ગુરુપણું ધારણ કરેલ.

ગુરુરેખા [સં.] સ્ત્રી. (વ્યાકરણ) અર્થભંગ દર્શાવવા માટે કે કંઈ વધારાની અથવા આડી વાત કહેવા માટે નિશાનીરૂપે કાઢવામાં આવતી નાની લીટી; મહારેખા; — આવું વિરામચિહ્ન.

ગુરુલિંગ ન. મહાદેવની મૂર્તિના ૭ માંહેનું એક પ્રકારનું લિંગ. મહાલિંગ, પ્રસાદલિંદ, ચરલિંગ, શિવલિંગ, ગુરુલિંગ અને આચારલિંગ એમ ૭ લિંગ છે.

ગુરુવચન [સં.] ન. ગુરુનો ઉપદેશ; ગુરુની આજ્ઞા; ગુરુનું વચન.

ગુરુવર [સં.] પું. શ્રેષ્ઠ ગુરુ; ઉત્તમ ગુરુ.

ગુરુવર્ય [સં.] પું. ઉત્તમ ગુરુ; સૌથી મોટો ગુરુ.

ગુરુવર્ષ ન. જેમાં બૃહસ્પતિનો સૂર્યની આસપાસ ફરવાનો ફેરો પૂરો થાય તે વર્ષ.

ગુરુવંદન [સં.] ન. ગુરુને નમસ્કાર કરવો તે.

ગુરુવાઈ સ્ત્રી. વજન.

ગુરુવાર પું. અઠવાડિયાનો પાંચમો દિવસ; બૃહસ્પતિવાર.

ગુરુવારૂ વિ. ગુરુવારે આવતું અથવા શરૂ થતું.

ગુરુવિત [સં ગુરુવિત્] પું. (પુરાણ) અંગિરાના કુળમાં થયેલ એ નામના બ્રહ્મર્ષિ.

ગુરુવિરામ ૧. ન. (સંગીત) ગુરુની આઠ અને વિરામની એક માત્રા એકઠી કરી બનાવેલું નવ માત્રાનું એક મિશ્ર અંગ.

૨. ન. (વ્યાકરણ) મહાવિરામ; : આવું ચિહ્ન. વાક્યમાં અર્ધવિરામ કરતાં વધારે અટકવાની જરૂર જણાય ત્યાં આ વિરામચિહ્ન વપરાય છે.

ગુરુવિશાળ પું. સિદ્ધનું એક નામ.

ગુરુશસ્ત્રસાધ્ય [સં.] વિ. મોટી વાઢકાપથી મટી શકે તેવું. દરદને માટે આ વિશેષણ વપરાય છે.

ગુરુશાહી સ્ત્રી. જેમાં ગુરુનું પ્રભુત્વ વિશેષ હોય તેવો એક વાદ.

ગુરુશિષ્ય [સં.] પું. બ. વ. ગુરુ અને શિષ્ય.

ગુરુશિષ્યભાવ [સં.] પું. ગુરુ અને શિષ્યને અન્યોન્ય હોવી જોઈતી લાગણી.

ગુરુશિષ્યસંવાદ ૧. પું. અખાનો રચેલો એ નામનો એક ગ્રંથ. અખાનો સૌથી પ્રથમ ગ્રંથ વિ. સં. ૧૭૦૫માં લખાયેલ શ્રી અક્ષયગીતા હોવાની માન્યતા છે, પરંતુ ખરૂં જોતાં તેની પહેલાંનો વિ. સં. ૧૭૦૧માં લખાયેલો શ્રી ગુરુશિષ્યસંવાદનો ગ્રંથ પહેલો છે.

૨. પું. ગુરુ અને શિષ્યનો સંવાદ.

ગુરુશુશ્રૂષણપર પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું.

ગુરુશુશ્રૂષા [સં.] સ્ત્રી. ગુરુની સેવા.

ગુરુસિંહ [સં.] પું. બૃહસ્પતિ સિંહ રાશિમાં આવે તે પર્વ. આ પર્વમાં નાસિકની જાત્રા ને ગોદાવરીસ્નાન પુણ્ય ભરેલું મનાય છે.

ગુરુસૂચકચિહ્ન ન. ગુરુત્વ દર્શાવનારૂં ચિહ્ન; – આવું ચિહ્ન. પિંગળમાં ગુરુની બે માત્રા દર્શાવવા માટે તેનો ઉપયોગ થાય છે.

ગુરુસૂત્ર ન. ગુરુકૂંચી; મુખ્ય નિયમ.

ગુરુસ્થાન ૧. [સં.] ન. ગુરુને રહેવાનું સ્થળ.

૨. ન. શંકરાચાર્યને રહેવાનું ઠેકાણું.

ગુરુહત્યા [સં.] સ્ત્રી. ગુરુનો ઘાત.

ગુરુંગ ૧. સ્ત્રી. એ નામની ગુરખા લોકોની એક જાત.

૨. સ્ત્રી. નેપાળમાં બોલાતી એ નામની ભાષા.

૩. ન. એ નામની જાતનું માણસ.

૪. વિ. ગુરખા લોકોની એ નામની એક જાતનું.

ગુરૂજ પું. ગદા; લોખંડી સોટો.

ગુરૂપસદન ૧. [સં.] ન. ગુરુ પાસે જવું તે.

૨. ન. ગુરુનાં ચરણમાં પડી શિષ્ય બનવું તે.

ગુરેઝ ૧. સ્ત્રી. અણગમો; તિરસ્કાર; કંટાળો.

૨. સ્ત્રી. નાસવું તે; ભાગી જવાપણું.

૩. સ્ત્રી. પરિવર્તન; ફેરફાર.

ગુરો પું. પગનો નળો.

ગુર્ગ [ફા.] પું. વરૂ.

ગુર્ગુજા સ્ત્રી. ગદા.

ગુર્ચ સ્ત્રી. ગળો નામની વનસ્પતિ.

ગુર્જ ૧. સ્ત્રી. ગદા; લોઢાનો સોટો.

૨. સ્ત્રી. છડી.

ગુર્જમાર પું. એક જાતનો મુસલમાન ફકીર. તે લોઢાનો સોટો રાખી દુકાને દુકાને ભીખ માગે છે. કોઈ દુકાનદાર કાંઈ ન આપે તો પોતાના શરીર ઉપર તે સોટો લગાવે છે.

ગુર્જર ૧. પું. એ નામના એક જાતના લોક. તેમના ઉપરથી ગુજરાતનું નામ પડ્યું છે. ઘણું કરીને ગુર્જર લોકો હિંદુસ્તાનમાં પાંચમી સદીમાં આવ્યા અને પંજાબ અને મથુરા આસપાસ સ્થાપિત થયા. પંજાબમાં ગુજરાત શહેરની આસપાસનો પ્રદેશ ગુર્જર દેશ કહેવાય છે. ત્યારપછી તેઓ દક્ષિણમાં રજપૂતાનામાં આવ્યા. આઠમી સદીમાં જેને આપણે અત્યારે રજપૂતાના કહીએ છીએ તે ગુર્જરોનો દેશ કહેવાતો. દશમી સદી સુધી ગુર્જરમંડલ અથવા ગુર્જરભૂમિ જેને આપણે અત્યારે ગુજરાત કહીએ છીએ તે ન હતી. અગિયાર અને બારમી સદીમાં મુસલમાન લોકોના ચાલુ હુમલાથી ગુર્જર લોકો રજપૂતાના છોડી દક્ષિણ તરફ પ્રસરવા લાગ્યા. બારમી સદીની શરૂઆતમાં ગુર્જર લોકો દક્ષિણ તરફ એટલા બધા પ્રસરી ગયા કે એ પ્રાંત ગુર્જર દેશ કહેવાવા લાગ્યો. જ્યારે એક વખતને માટે સ્થાપિત થયા ત્યારપછી તેઓનો દેશ ગુર્જરમંડલ અથવા ગુર્જરરટ્ટ અથવા ગુજરાત કહેવાયો. પરંતુ આ વખતે જેને અત્યારે આપણે દક્ષિણ ગુજરાત કહીએ છીએ તે દેશ ગુજરાત કહેવાતો ન હતો. તે લાટ દેશ ગુજરાતથી તદ્દન જુદો દેશ હતો. ચૌદમી સદીમાં લાટ ગુર્જરમંડલમાં દાખલ થયું. સૌરાષ્ટ્ર પણ બારમી સદીમાં ગુર્જરમંડલમાં ગણાતું ન હતું. તેરમી સદીના અંતમાં અને ચૌદમી સદીની શરૂઆતમાં લાટ અને સૌરાષ્ટ્ર ગુર્જરમંડલમાં દાખલ થયાં. સૌરાષ્ટ્ર અને લાટનું ગુર્જરમંડલમાં દાખલ થવું તે રાજકીય કારણોને અંગે હતું. ગુર્જર લોકો તે દેશમાં વસ્યા તેથી તે ગુજરાત કહેવાયો એમ કહેવું ખોટું છે. મુસલમાન લોકોએ અણહિલ પાટણ અથવા નરવાલા જીતી સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત સર કર્યાં અને તે દેશોને પણ તેઓ ગુજરાતના નામથી ઓળખવા લાગ્યા, એટલે નરવાલાથી જે દેશનો કારભાર થતો તે બધા દેશ ગુજરાત તરીકે કહેવાયા. નરવાલામાં ગુજરાતનો સૂબો રહેતો અને તેની નિમણૂક દિલ્હીથી કરવામાં આવતી. અત્યારે પણ સૌરાષ્ટ્રના વતનીઓ તેઓની જાતને ગુજરાતી નથી કહેતા પણ સોરઠી કહે છે. અમદાવાદના નાગર બ્રાહ્મણ થોડાં જ વર્ષો અગાઉ સુરતનાં તેમનાં સગાંને કોંકણી કહેતા.

૨. પું. (સંગીત) એ નામનો એક રાગ.

૩. પું. ગુજરાત પ્રાંત.

૪. સ્ત્રી. વાણિયા, સુતાર અને સિપાઈની એક અટક.

૫. ન. એ નામની અટકનું માણસ.

૬. વિ. એ નામની અટકનું.

૭. વિ. ગુજરાતનું.

૮. વિ. ગુજરાતમાં રહેનાર.

ગુર્જરઅપભ્રંશ [સં.] સ્ત્રી. ગુજરાતમાં બોલાતી જૂના વખતની અપભ્રંશ ભાષા; અંતિમ અપભ્રંશ.

ગુર્જરકાવ્ય ન. ગુજરાતી ભાષાનું કાવ્ય; ગુજરાતી કવિતા.

ગુર્જરખંડ પું. ગુજરાત દેશ.

ગુર્જરગિરા સ્ત્રી. ગુજરાતી ભાષા; ગુર્જરી ભાષા.

ગુર્જરત્રા ૧. [સં.] સ્ત્રી. ગુજરાત દેશ.

૨. સ્ત્રી. ગુર્જર લોકોએ રક્ષણ કરેલી ભૂમિ.

૩. સ્ત્રી. ગુર્જરોને આશ્રય દેનારી ભૂમિ.

ગુર્જરદેશ ૧. પું. ગુજરાત દેશ.

૨. પું. પંજાબમાં ગુજરાત શહેરની આસપાસનો પ્રદેશ.

ગુર્જરદેશીય વિ. ગુજરાત દેશને લગતું; ગુજરાત દેશનું.

ગુર્જરભગિની સ્ત્રી. ગુજરાતમાં રહેનારી બહેન.

ગુર્જરભાષા સ્ત્રી. ગુજરાતી ભાષા.

ગુર્જરભૂમિ જુઓ ગુર્જરદેશ.

ગુર્જરભોમ જુઓ ગુર્જરદેશ.

ગુર્જરમંડળ પું. દશમી સદીનો મહી નદીનો ઉત્તરનો પ્રદેશ.

ગુર્જરરાષ્ટ્ર જુઓ ગુર્જરદેશ.

ગુર્જરલોક પું. ગુજરાતના રહેવાસી લોક. જુઓ ગુર્જર ૧.

ગુર્જરવાઙ્મય સ્ત્રી. ગુજરાતી સાહિત્ય.

ગુર્જરસ્તાન ન. ગુર્જર લોકોનું મૂળ સ્થાન; ગુર્જરિસ્તાન; જ્યોર્જિઅ પ્રાંત.

ગુર્જરાષ્ટ્ર સ્ત્રી. ગુજરાત દેશ.

ગુર્જરિસ્તાન ન. ગુર્જરસ્તાન; એશિઅ માઇનોરની ઉત્તરે કોકેસસ પર્વતની આજુબાજુ આવેલો એ નામનો એક પ્રાંત; જ્યોર્જિઅ પ્રાંત.

ગુર્જરી ૧. પું. એક જૂનો ગુજરાતી રાસ.

૨. પું. ગુજરાત પ્રાંત.

૩. સ્ત્રી. ગુજરાતણ; ગુજરાત દેશની સ્ત્રી.

૪. સ્ત્રી. ગુજરાતી ભાષા.

૫. સ્ત્રી. ગોવાળણી; રબારણ.

૬. સ્ત્રી. (જૈન) નંદી સૂત્રમાં જણાવેલ લિપિનો એક પ્રકાર.

૭. સ્ત્રી. (સંગીત) ભૈરવ રાગની છ માંહેની એક રાગણી. તે સંપૂર્ણ જાતિની છે. તે ગાવાનો સમય દિવસના દશથી સોળ દંડ સુધીનો છે. તે ગાવાથી શરીર અને મન દીપ્તિમાન થાય છે. રિખવ, ધૈવત કોમળ છે, નિષાદ કમતી લાગે છે. અવરોહમાં ટોડીની માફક ગાંધાર કોમળ અને રિષભ શુદ્ધ કોઈ વખત લેવાય છે. ઘણું કરીને મધ્યમથી રિખવનો લાગ આવે છે. અવરોહમાં ગાંધાર શુદ્ધ છે. મધ્યમથી શરૂ કરીને ધૈવત ઉપર રોકાવું. અવરોહમાં મ, નિ બાદ છે. વર્ષા ઋતુમાં પહેલા પહોર પછી તે શૃંગાર રસથી ગવાય છે.

૮. સ્ત્રી. રાગની એક ઢબ.

૯. વિ. ગુજરાતી; ગુજરાત દેશને લગતું.

ગુર્જરી તોડી પું. (સંગીત) તોડી થાટનો તાંડવ પ્રકારનો એક રાગ. તેમાં રિખવ, ગાંધાર, મધ્યમ તથા ધૈવત વિકૃત છે, પંચમ વર્જ્ય છે, બાકીના શુદ્ધ સ્વર છે. આ રાગનો વાદી સ્વર ધૈવત અને સંવાદી સ્વર રિખવ છે. દિવસે બીજે પહોરે તે ગવાય છે. તેમાં તોડીનો ભાસ થાય છે.

ગુર્જરીય વિ. ગુજરાતી; ગુજરાતનું.

ગુર્જરેશ્વર પું. ગુર્જર પ્રજાનો રાજા; ગુજરાતનો ધણી.

ગુર્જીસ્તાન જુઓ ગુર્જરસ્તાન.

ગુજર્જર જુઓ ગુર્જર.

ગુર્ઝ ૧. સ્ત્રી. ગદા; લોઢાનો સોટો.

૨. સ્ત્રી. છડી.

ગુર્ઝબરદાર ૧. [ફા.] પું. છડીદાર; ચોબદાર.

૨. પું. મુદ્ગર ઉપાડનાર માણસ.

ગુર્ઝમાર જુઓ ગુર્જમાર.

ગુર્દ ૧. [ફા.] પું. ગુર્દિસ્તાનનો રહેવાસી.

૨. પું. મૂત્રપિંડ; ગુરદો.

ગુર્દક પું. નાનો મૂત્રપિંડ.

ગુર્દકૃમિ ન. મૂત્રપિંડમાં થતું જીવડું.

ગુર્દછેદન ન. મૂત્રપિંડમાં કાપકૂપ કરવી તે.

ગુર્દદાહ પું. મૂત્રપિંડમાં થતી બળતરા.

ગુર્દવિદ્યા સ્ત્રી. ગુરદા સંબંધી જ્ઞાન.

ગુર્દવૃદ્ધિ સ્ત્રી. મૂત્રપિંડનું વધી જવું તે.

ગુર્દશૂલ ન. મૂત્રપિંડનું એક જાતનું દરદ.

ગુર્દા ૧. પું. હિંમત; બહાદુરી.

૨. સ્ત્રી. ખાંડના કારખાનાની છીણી. તે ખાંડને તળિયે બેસી જતી અટકાવે છે.

૩. સ્ત્રી. ગદા; લોખંડી દંડ; વજ્ર.

૪. સ્ત્રી. મૂત્રપિંડ.

ગુર્દાકાર વિ. મૂત્રપિંડના આકાર જેવું; વૃક્કાકાર.

ગુર્દિસ્તાન [ફા.] ન. ઈરાનની ઉત્તરનો પ્રદેશ; કુર્દિસ્તાન.

ગુર્દો પું. મૂત્રપિંડ.

ગુર્ન [યૂ.] ન. એક જંગલી માંસાહારી પ્રાણી.

ગુર્મની ન. એક જાતનું લાકડું.

ગુર્મી [ફા. ગર્મી] સ્ત્રી. જોર; બળ.

ગુર્યા સ્ત્રી. બુદ્ધ ગયાથી સો માઇલ દૂર આવેલ એક ડુંગરી; ગુરુપાદગિરિ.

ગુર્રા ૧. સ્ત્રી. બીજ; દ્વિતીયા તિથિ.

૨. [અ.] સ્ત્રી. મોહરમ મહિનાની બીજનો ચંદ્ર.

ગુર્રાલ ન. (વહાણવટું) ત્રણ ખૂણાવાળું વહાણ.

ગુર્રી [હિ.] સ્ત્રી. શેકેલ જવ.

ગુર્વક્ષ પું. (પુરાણ) બલિ દૈત્યના સો માંહેનો એક પુત્ર.

ગુર્વાતુ સ્ત્રી. એક ધાતુ. તેનો રંગ ધોળાશ પડતો આસમાની છે. સ્ફટિક રૂપમાં તેનું તેજ જાંબલી લાગે છે. કાચના કરતાં તે સખત છે. વીજળીના ગોળાની અંદરના તાર બનાવવામાં તથા વજનનાં તોલાં બનાવવામાં પણ વપરાય છે. હવામાં બાળવાથી ઝેરી વાયુ નીકળે છે. તેજાબમાં અદ્રાવ્ય છે.

ગુર્વાદિત્ય [સં.] પું. ગુરુ અને સૂર્યનું એક રાશિ ઉપર આવવું તે. વિવાહ આદિ શુભ કાર્યમાં આ યોગ વર્જિત છે.

ગુર્વાન્ન [સં.] ન. પચવામાં ભારે અન્ન; ભારે ખોરાક.

ગુર્વાસ્વલ પું. (જ્યોતિષ) સપ્તર્ષિનો તારાપુંજ.

ગુર્વિણી [સં.] સ્ત્રી. સગર્ભા સ્ત્રી; ગર્ભવતી સ્ત્રી.

ગુર્વિંદુ પું. (પિંગળ) શક્કરી છંદની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; અનિંદગુર્વિંદુ; પૂર્વેંદુ. તેના દરેક ચરણમાં નગણ, યગણ, તગણ, રગણ અને બે ગુરુ મળી ચૌદ અક્ષર હોય છે.

ગુર્વી ૧. [સં.] સ્ત્રી. ગર્ભવતી; ગર્ભિણી.

૨. સ્ત્રી. મોટી અથવા શ્રેષ્ઠ સ્ત્રી.

૩. વિ. સ્ત્રી. મોટી; ભારે.

ગુલ ૧. પું. આંખનો મોતિયો.

૨. [ફા.] પું. ગુલાબનું ફૂલ.

૩. [સં. ગુડ] પું. (જૂ. ગુ.) ગોળ; ગુડ.

૪. પું. ફૂલ; પુષ્પ.

૫. પું. વાટનો મોગરો; શિખાંત.

૧. ગુલ કરવું = (૧) સંતાડી દેવું. (૨) હોલવી નાખવું; બૂઝવવું; ઠારી નાખવું.

૨. ગુલ-ઘુલ કરવો = શોરબકોર કરવો; અવાજ કરવો.

૩. ગુલ ખાવું-દેવું = ડામ દઈને નિશાની કરવી.

૪. ગુલ ખિલાવવું = (૧) કુસંપનાં બીજ વાવવાં. (૨) ખીલવું; વિકાસ પામવો. (૩) બીજાના જોખમે મશ્કરી કરવી.

૫. ગુલ ખીલવું-ફૂલવું = (૧) ફૂલ ઊઘડવું. (૨) બહાર પડી જવું. (૩) વિચિત્ર બનાવ બનવો.

૬. ગુલ થવું-થઈ જવું = (૧) અસ્ત થવું; આથમી જવું; અદૃશ્ય થવું. (૨) જતા રહેવું. (૩) હોલાવું; બુઝાવું.

૭. ગુલ બાંધવું = બંદૂકના કાનનો છેડો થોડોક બાળવો.

૬. પું. હસવાથી ગાલમાં પડતો ખાડો.

૭. પુ. હુક્કાની બળી ગયેલ તમાકુ.

૮. ન. હલકા પ્રકારનું એક રેશમ.

ગુલઅચિન ન. એ નામનું એક ઝાડ; સોનચંપો.

ગુલઅશ્રફ પું. અળસીની જાતનો એક છોડ. તેને પીળાં ફૂલ આવે છે. ઠંડી મોસમમાં તે સુંદર દેખાય છે.

ગુલઅંદામ ૧. [ફા.] વિ. ગુલાબના ફૂલ જેવું સુંદર.

૨. વિ. નાજુક; કોમળ.

ગુલઆબાસ પું. એક ઔષધોપયોગી બારમાસી છોડ. તેનાં પાન જાડાં, લંબગોળ, લીસાં અને ઘેરા લીલા રંગનાં હોય છે. ફૂલ લાલ, સફેદ કે પીળાં થાય છે. તેનો રસ ઘા રૂઝવવા માટે લગાડવામાં આવે છે અને પાનની પોટીસ કરીને ગૂમડા ઉપર મુકાય છે.

ગુલકંદ (ગુલકંદ) [ફા.] ન. ગુલાબના ફૂલનો આથો; ગુલાબનો મુરબ્બો; ગુલાબનાં ફૂલની પાંખડીઓ અને ખાંડની મેળવણીથી બનાવવામાં આવતો મુરબ્બો. તે બનાવવા ગુલાબની પાંખડીઓનો એક થર કરવો. માથે બીજો થર સાકરનો દેવો, પાછો ગુલાબની પાંખડીઓનો તે પાછો સાકરનો એમ ઉપરાઉપર થર દીધે જવા. પછી બરણીનું મોઢું બંધ કરવું. ગુલાબની પાંખડીઓ અંદર ગળી જાય ત્યારે ગુલકંદ થયો કહેવાય.

ગુલકાફ઼ૂસા [યૂ.] ન. એક જાતનું ફૂલ.

ગુલકાર [ફા.] પું. વેલબુટ્ટા બનાવનાર કારીગર.

ગુલકારી [ફા.] પું. વેલ, બુટ્ટા, ફૂલ, પાન વગેરેનું ભરતકામ.

ગુલકેશ ૧. [હિં.] પું. એક જાતનું ફૂલ.

૨. પું. એક જાતનો છોડ. તેને અંડાકાર પાંદડાં હોય છે.

ગુલખાર ૧. પું. એક જાતનો રંગ; કીરમજી; ઘેરો લાલ રંગ.

૨. ન. એક જાતનું કપડું.

ગુલખારી [હિં.] વિ. ઘેરા લાલ રંગનું; કીરમજી; ગુલખેરી.

ગુલખીરૂ પું. એ નામનો એક છોડ.

ગુલખેરી (ગુલખેરી) [ફા.] વિ. રતાશ પડતા આસમાની રંગનું; આસમાની લાલ રંગનું; ગુલખાર રંગનું.

ગુલખેરૂ (ગુલખેરૂ) ૧. [ફા.] પું. એક જાતનો છોડ. તેમાં ગુલાબી ફૂલ થાય છે.

૨. ન. એક જાતનું ફૂલ.

ગુલગપાડા (ગુલગપાડા) પું. શોરબકોર; અવાજ; ગોકીરો.

ગુલગાવડી (ગુલગાવડી) સ્ત્રી. એક જાતનો છોડ. તેમાં પીળાં ફળ થાય છે.

ગુલગીર [હિં.] સ્ત્રી. દીવાનો મોગરો કાપવાની કાતર.

ગુલગુલ ૧. [સં.] ન. હાથીનો ગુલગુલ એવો ધ્વનિ.

૨. વિ. નરમ; મુલાયમ; કોમળ.

ગુલગુલાટ પું. રવાનુકારી એક શબ્દ; ગુલગુલ અવાજ.

ગુલગુલાટિયું ન. એક દેશી રમત. જુઓ ગુલાંટ.

ગુલગુલામણી સ્ત્રી. એ નામની એક રમત.

ગુલગુલારિયું સ્ત્રી. એ નામની એક રમત.

ગુલગુલાં ૧. ન. એક પ્રકારનું ઘાસ.

૨. [હિં.] ન. તેલ કે ઘીમાં તળેલી મીઠી પૂરી. જુઓ ગુલગુલે.

૩. વિ. નરમ; કોમળ.

ગુલગુલાંટિયો પું. ઉપરાઉપરી ગુલાંટો મારવાની એક રમત.

ગુલગુલિયા ૧. પું. મદારી.

૨. [હિં.] સ્ત્રી. જંગલી કાગડો; દ્રોણ.

ગુલગુલી ૧. સ્ત્રી. એક જાતની માછલી.

૨. [હિં.] સ્ત્રી. થોડો આનંદ.

૩. સ્ત્રી. સંભોગ કરવાની ઇચ્છા.

ગુલગુલું વિ. કોમળ.

ગુલગુલે ન. એક પ્રકારની મીઠાઈ; ગુલગુલાં. એક શેર મેંદામાં પાંચ રૂપિયાભાર ઘીનું મોવણ નાખી તેમાં પોણો શેર ધોયેલ ખાંડ અને જોઈતું પાણી રેડી લોટ કાલવવો. તેને પરપોટા આવે ત્યાંસુધી રહેવા દેવો. ચૂલા ઉપર પેણી ચડાવી તેમાં વીશ રૂપિયાભાર ઘી નાખી, તે તપે એટલે તેમાં ઉપરના લોટના ડબકા મૂકી તળાય એટલે કાઢી લેવા. આ જ પ્રમાણે દહીંના અને દૂધના માવાના પણ ગુલગુલે થાય.

ગુલગૂન વિ. ગુલાબના જેવું.

ગુલગૂના [હિં.] પું. શરીરનું સૌંદર્ય અને સુગંધી વધારનાર એક જાતનો લેપ.

ગુલગોથના [હિં.] વિ. જાડું.

ગુલચબુ સ્ત્રી. એ નામની એક વનસ્પતિ.

ગુલચમન પું. આનંદ; મોજમજા.

ગુલચશ્મ ૧. ન. પીળી આંખોવાળું એક જાતનું વાચાળ પક્ષી.

૨. [ફા.] વિ. પુષ્પ જેવી આંખોવાળું.

ગુલચહેર પું. કમલવદન.

ગુલચંડી સ્ત્રી. ઘઉં અને ચણા ભેગા વાવેલું ખેતર.

ગુલચાંદની સ્ત્રી. એક પ્રકારનો ફૂલછોડ. તેનું ફૂલ રંગે સફેદ હોય છે અને તે સામાન્ય રીતે રાતનું ખીલે છે.

ગુલચા ૧. [હિં.] પું. ગાલ ઉપર પ્રેમપૂર્વક ધીમેથી મરાતી લપાટ.

૨. પું. તમાચો; થપાટ.

ગુલચીન ૧. પું. ફૂલ વીણનાર માણસ.

૨. ન. એ નામનો એક છોડ; ખેરચંપો.

ગુલછડી (ગુલછડી) ૧. સ્ત્રી. એ નામના ફૂલઝાડનું ફૂલ.

૨. સ્ત્રી. એ નામની એક વનસ્પતિ. તેને કંદ થાય છે અને તેમાંથી એની ઉત્પત્તિ થાય છે. આ ઝાડને ડૂંગળી જેવાં પાંદડાં આવે છે. તેમાંથી એક દાંડો બે અઢી હાથ લંબાઈનો ઉત્પન્ન થઈ તેને તોરા આવે છે. તે તોરામાંથી ફૂલ આવે છે. એ ફૂલ જાડી કળીનાં અને લાંબાં હોય છે. એની વાસ મધુર અને સુવાસિક હોય છે. છોડ છડી જેવો હોય છે. એનાં ફૂલ લાંબાં ધોળાં રંગનાં હોય છે. તેનું સુગંધી તેલ બને છે. તે કોઢ અને ગલગંડ ઉપર વપરાય છે.

ગુલછડીની વેલ = એ નામની એક ફૂલવેલ. તેનાં ફૂલ ગુલછડીના આકારનાં અને મીઠી વાસવાળાં હોય છે.

૩. સ્ત્રી. ગુલાબનો ગોટો.

૪. સ્ત્રી. મોગરો.

૫. સ્ત્રી. સોનાની સાંકળી ઉપર સોનાનાં ફૂલ જડેલ અને નીચે ચગદાવાળું ડોકનું ઘરેણું.

ગુલછબું ૧. ન. એક ફૂલઝાડ. જુઓ ગુલછડી ૨.

૨. ન. રાત્રે ખીલનાર એક જાતનું ધોળું ફૂલ.

ગુલછબ્બૂ જુઓ ગુલછડી.

ગુલછરા [હિં.] પું. મોજશોખ; આનંદ.

ગુલછાય ન. એક જાતની વનસ્પતિ.

ગુલછી ન. એ નામની એક વનસ્પતિ.

ગુલછો પું. વાળનો ગુચ્છો.

ગુલજાન [ફા.] વિ. સુંદર; દેખાવડું; મોહક.

ગુલજાફરી [હિં.] પું. ગલગોટો.

ગુલજાર ૧. [ફા.] પું. બાગ; બગીચો; ઉપવન; ગુલાબની વાડી; ફૂલવાડી; ગુલિસ્તાન.

૨. ન. વિશાળ મેદાન.

૩. વિ. સુંદર; મજેનું; મનોહર; શોભીતું; રઢિયાળું.

ગુલઝટી ૧. [હિં.] સ્ત્રી. ગાંઠ.

ગુલઝટી પડવી = ગુંચવાઈ જવું.

૨. સ્ત્રી. ભમર ચડાવવી તે.

૩. સ્ત્રી. લક્ષ્ય; નિશાન.

ગુલઝડી (ગુલઝડી) જુઓ ગુલઝટી.

ગુલઝાર જુઓ ગુલજાર.

ગુલડિયાં (ગુલડિયાં) [હિં.] ન. બ. વ. નાનાં છાણાં.

ગુલતરાશ ૧. [હિં.] પું. ઝાડનાં પાન વગેરે કાતરનાર માળી.

૨. [ફા.] સ્ત્રી. દીવાનો મોગરો કાતરવાની કાતર.

૩. સ્ત્રી. માળીની કાતર.

૪. વિ. દીવાનો મોગરો કાપનાર.

ગુલતાન [ફા. ગુલ્તાન] વિ. લીન; મસ્ત; મશગૂલ; એકતાન; મગ્ન.

ગુલતાની સ્ત્રી. આનંદ.

ગુલતુમડી (ગુલતુમડ઼ી) સ્ત્રી. ગુલાબના જેવા ફૂલનો છોડ.

ગુલતુર્રા [હિં.] પું. કલગા નામના છોડનાં ફૂલ; મુર્ગકેશ. તે ઘેરા લાલ રંગનાં હોય છે.

ગુલતોર પું. એક ફૂલછોડ.

ગુલતોરો ૧. પું. એક જાતનો ફૂલછોડ; ગુલતરઈ.

૨. પું. ગજરો.

૩. પું. ગુલાબનો ગોટો.

૪. પું. ગુલાબનો હાર.

ગુલત્થી જુઓ ગુલથી.

ગુલથી [હિં.] સ્ત્રી. એક પ્રકારની ચોખાની વાની. તે બનાવવા એક શેર ઉત્તમ ચોખાને પાણીથી સાફ ધોઈ નાખી, તેમાં થોડું પાણી રેડી ચૂલા ઉપર ચડવા મૂકવા. ચોખા અરધા ચડી પાણી બળી જઈને જરા કઠણ હોય તે વખતે ત્રણ શેર દૂધમાં દશ રૂપિયાભાર છોલેલી બદામ વાટીને નાખવી. તે દૂધ કપડાથી ગાળી ઉપરના ચોખામાં નાખી ઢાંકી ચડવા દેવા. ભાત ઢીલા થાય એટલે તેમાં દશ રૂપિયાભાર ઘી રેડી વાસણ નીચે ઉતારવું. પછી ત્રીશ રૂપિયાભાર સાકર અગર ખાંડનો પાક કરી તેમાં મેળવવો.

ગુલદલ ન. ગુલાબની પાંખડી.

ગુલદસ્ત ૧. [ફા. ગુલદસ્તા] પું. ફૂલોનો ગોટો.

૨. સ્ત્રી. પાનાની એક રમત.

ગુલદસ્તા જુઓ ગુલદસ્ત.

ગુલદાઉદી ૧. [હિં.] પું. એ નામનો એક ફૂલછોડ; સેવતી; ચામુંતી. તેને પીળાં સુગંધી સુંદર ફૂલ આવે છે.

૨. સ્ત્રી. એક જાતની ઔષધિ. તે પ્રમેહના રોગમાં શામક તરીકે આપવામાં આવે છે.

૩. ન. ગુલદાવદીના છોડનું ફૂલ.

ગુલદાન [ફા.] ન. ઘરમાં ફૂલ મૂકી રાખવાનું પાત્ર; દીવાનખાનામાં તાજાં ફૂલ મૂકવાનું કાચનું અથવા ધાતુનું વાસણ; ફૂલદાની.

ગુલદાના [ફા.] પું. ગળી બુંદી.

ગુલદાની જુઓ ગુલદાન.

ગુલદાબરી જુઓ ગુલદાવરી.

ગુલદાર [ફા.] પું. એક પ્રકારનું સફેદ રંગનું કબૂતર. તેના શરીર ઉપર કાળા અથવા લાલ રંગના નાના નાના દાણા હોય છે.

ગુલદાવદી જુઓ ગુલદાવરી.

ગુલદાવરી ૧. સ્ત્રી. એ નામના છોડનું ફૂલ.

૨. [ફા.] સ્ત્રી. એક ફૂલછોડ; સેવતી. તેનું પાન પાંચ અણીવાળું નકશીદાર થાય છે. ધોળા ફૂલની વચમાં છેડ નીકળી ઉપર ઝૂમખાં થાય છે. આ છોડ વેંત દોઢ વેંત ઊંચો વધે છે. એની ધોળી અને પીળી એવી બે જાત છે. બંને જાતિનાં ફૂલ રાખોડી જેવાં હોય છે અને કમોસમે ખીલે છે.

ગુલદુમ [ફા.] સ્ત્રી. બુલબુલ.

ગુલધાવ સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; ધાતકિ. હિંદુસ્તાનના ઘણાખરા ભાગમાં આ છોડ થાય છે. તેને સુંદર ફૂલ આવે છે. તેનાં સૂકાં ફૂલ દહીં સાથે મરડામાં અને મધ સાથે વધારે પડતા રક્તસ્રાવમાં આપવામાં આવે છે.

ગુલનરગિસ [ફા.] સ્ત્રી. એક જાતની વેલ.

ગુલનાર ૧. [હિં.] પું. એક પ્રકારનું અનારનું ઝાડ.

૨. પું. દાડમના ફૂલના રંગ જેવો રંગ; કિરમજી રંગ; ઘેરો લાલ રંગ.

૩. ન. દાડમ.

૪. [ફા.] ન. દાડમનું ફૂલ; દાડમડીનું છ કાંગરાવાળું કઠણ ગોટા જેવું ફૂલ. તેમાં લાલ હિંગળા સરખી અને સુંવાળી મખમલ જેવી પાંખડી થાય છે. તેમાં અસંખ્ય પુંકેસર અને એક સ્ત્રીકેસર હોય છે.

ગુલનારી [ફા.] વિ. દાડમના ફૂલના રંગનું.

ગુલનુર્ગસ પું. એક જાતનો કમળ જેવો છોડ.

ગુલપિયાદા [હિં.] ન. ગંધ વગરનું એક જાતનું ગુલાબનું ફૂલ.

ગુલફનૂસ જુઓ ગુલફાનૂસ.

ગુલફાનૂસ [હિં.] ન. ઘૂઘરાનું ઝાડ. તેમાં ફીકાં જાંબુડી ફૂલ થાય છે.

ગુલફામ (ગુલફ઼ામ) ૧. વિ. ગુલાબ જેવું; કોમળ.

૨. વિ. ગુલાબી.

૩. [ફા.] વિ. ફૂલ જેવા રંગનું.

ગુલફિરકી [હિં.] સ્ત્રી. એક પ્રકારનું મોટું ઝાડ. તેને ગુલાબી રંગનાં ફૂલ આવે છે.

ગુલફું ન. ગુચ્છો.

ગુલબકાવલી જુઓ ગુલબંકાવલી.

ગુલબગલી સ્ત્રી. એક જાતનો છોડ; ગજકરણ. તેનાં પાતરાંનો રસ દરાજ ઉપર ચોપડવાથી ફાયદો થતો મનાય છે.

ગુલબદન ૧. [ફા.] ન. એક પ્રકારનું પટાવાળું કીમતી રેશમી કપડું. પહેલાં તે માત્ર લાલ યા ગુલાબી રંગનું થતું અને કાશીમાં બનતું. પણ હવે બધા રંગનું થાય છે અને પંજાબના કેટલાંક શહેરોમાં પણ બને છે.

૨. વિ. ગુલાબના ફૂલ જેવું સુંદર.

૩. વિ. નાજુક; કોમળ.

ગુલબંકાવલી ૧. સ્ત્રી. એ નામની એક વાર્તા.

૨. સ્ત્રી. એક જાતની ઔષધોપયોગી વનસ્પતિ. તેને સુગંધી ફૂલ થાય છે.

૩. [હિં.] સ્ત્રી. એક પ્રકારનું ઝાડ. તે અમરકંટકના વનમાં થાય છે.

૪. ન. એ નામની વનસ્પતિનું ફૂલ. તે રંગમાં સફેદ અને બહુ સુગંધી હોય છે. આંખ ઊઠી હોય ત્યારે આ ફૂલનો રસ લગાડાય છે. કહેવાય છે કે આ ફૂલ આંખના કેટલા યે રોગ ઉપર બહુ જ ઉત્તમ દવા છે. ગુલબંકાવલીના ફૂલના સંબંધમાં લોકોમાં અનેક પ્રકારની દંતકથા ચાલે છે.

ગુલબંકી ૧. પું. (પિંગળ) ગુરુ લઘુ અગર લઘુ ગુરુ એમ બે અક્ષરના ગણનો એક છંદ.

૨. વિ. ગુલાબના ફૂલ જેવું સુંદર.

ગુલબંદ પું. ગલપટો.

ગુલબાન ૧. [ફા. ગુલબાંગ] સ્ત્રી. આનંદની કે ઠઠ્ઠા મશ્કરીની વાત.

૨. ન. ગામગપાટો; તડાકો.

૩. ન. શોરબકોર; ઘોંઘાટ; બુમરાણ.

ગુલબાશી સ્ત્રી. એક જાતની ઔષધોપયોગી વનસ્પતિ. આ ફૂલછોડની અનેક જાતોમાં સફેદ, ગુલાબી, પીળી અને રાતી એ મુખ્ય છે. ઔષધમાં ધોળી વધારે ગુણકારી મનાય છે. તેનાં પાંદડાં લાંબાં હોય છે. ધાતુના અટકાવ માટે સફેદ ગુલબાશીના કાંદા ગાયના દૂધમાં ઘસી પીવાથી ફાયદો થતો મનાય છે. તે વાતલ, શીત અને ગલગંડની નાશક તથા અપક્વ અર્શને શમાવનારી છે.

ગુલબાસ ૧. પું. અમેરિકનો એક છોડ. તેનાં ફૂલ ધોળાં, રાતાં અને પીળાં હોય છે.

૨. પું. એ નામનો એક સુશોભિત ફૂલછોડ.

૩. સ્ત્રી. એ નામની ઔષધોપયોગી એક વનસ્પતિ.

૪. ન. એ નામના છોડનું ફૂલ.

ગુલબાસી જુઓ ગુલબાશી.

ગુલબાંગ જુઓ ગુલબાન.

ગુલબું જુઓ ગુલબાન.

ગુલબૂટા [હિં.] પું. વેલબૂટા.

ગુલબેલ પું. એક જાતની વેલ.

ગુલમકમલ પું. એક જાતનો છોડ. તેને રાતા રંગનાં ફૂલ આવે છે. સફેદ રંગના ફૂલની એક બીજી જાત પણ છે.

ગુલમખમલ જુઓ ગુલમકમલ.

ગુલમશ ન. એક જાતનું અનાજ.

ગુલમહેરી સ્ત્રી. એક જળચર પક્ષી.

ગુલમહોર ૧. ન. એ નામનું એક ઝાડ. ૪૦ થી ૫૦ ફૂટ ઊંચા થતા આ ઝાડની ડાળીઓ ચારે દિશામાં વિસ્તાર પામે છે. તેને સુંવાળાં સુંદર ફૂલ આવે છે. ઝાડ નાનું હોય ત્યારે પાનનો દેખાવ ઘણો સુંદર લાગે છે. પાન ૨ ફૂટ લાંબું હોય છે. દરેક પાન ૧૧ થી ૧૮ પક્ષ એટલે ઝીણાં પાનનું બનેલ હોય છે. આવા પક્ષ મોટા પાનની બંને બાજુએ હોય છે. દરેક પક્ષમાં નાનાં અંડાકાર પાનની ૨૦ થી ૩૦ જોડી સામસામી આવેલી હોય છે. ફેબ્રુઅરિથી માર્ચ મહિના દરમિયાન તેનાં પાન ખરી પડે છે. દરમિયાન તેને ફૂલની કળીઓ આવી જાય છે. મેની આખર અને જૂનની શરૂઆતમાં નવાં પાન આવે છે. ગરમ ઋતુની શરૂઆત પછી તરત જ ફૂલ આવવા માંડે છે. મે માસની અધવચમાં આખું ઝાડ ચકચકિત રાતા રંગનું દૂરથી દેખાય છે. દરેક ફૂલને ચાર રાતી પાંખડી હોય છે. જ્યારે પાંચમી અને મુખ્ય પાંખડી બીજી કરતાં મોટી અને વિવિધરંગી હોય છે. સામાન્ય રીતે તે પીળી અથવા ધોળી હોય છે અને તેમાં રાતા રંગની લીટી હોય છે. જુદી જુદી જાતમાં જુદા જુદા રંગ માલૂમ પડે છે. ઘેરા રાતા રંગની જાત સૌથી સુંદર મનાય છે. દરેક પાંખડી ગોળ, ચમચાના આકારના પાના જેવી અને છેડે સહેજ કરચલીવાળી હોય છે. ફૂલનું પુંકેસર ૧૦ રાતા તાંતણાનું હોય છે કે જે બહાર પડતા દેખાય છે. ફૂલ લગભગ ચાર ઇંચ લાંબું હોય છે. તેની શીંગ નાની હોય ત્યારે કુમળી અને લીલી હોય છે, સમય જતાં તે કઠણ થઈ ઘેરી બદામી રંગ ધારણ કરે છે. શીંગ પાકયા પછી ઘણા વખત સુધી ઝાડ ઉપર રહી શકે છે. શીંગ ૧ થી ૨ ફૂટ લાંબી અને બિયાં લંબગોળ હોય છે. આ ઝાડનું અસલ વતન માડાગાસ્કર છે. છેલ્લા સો વર્ષમાં તે ઘણા દેશમાં ફેલાવો પામેલ છે. ઉષ્ણકટિબંધમાં સામાન્ય રીતે આ ઝાડ ઊગી શકે છે. દરિયા નજીક સારી માટીમાં તે સુંદર રીતે ઊગી શકે છે. આ ઝાડ જલદી ઊગે છે, પણ તેનાં મૂળ બહુ ઊંડાં જતાં નથી તેથી તોફાનમાં તે પડી જાય છે. તેના થડમાંથી એક જાતનો ગુંદર નીકળે છે.

૨. ન. ગુલમહોરનું ફૂલ.

ગુલમા [હિં.] પું. એક જાતનો મુસલમાની ખોરાક.

ગુલમાર સ્ત્રી. ગરબડ; ગોટાળો; ઘાલમેલ.

ગુલમિશ્કીન [યૂ.] ન. સેવતીનું ફૂલ.

ગુલમિંદી સ્ત્રી. એક જાતની વનસ્પતિ; તેરડા; દુપટી.

ગુલમેખ [હિં.] સ્ત્રી. મોટા ટોપકાવાળો ખીલો.

ગુલમેહરી સ્ત્રી. એક જાતનું જળચર પક્ષી.

ગુલમેંદી ૧. પું. એક પ્રકારનો છોડ. તેમાં ચોમાસામાં રંગબેરંગી ફૂલ આવે છે.

૨. ન. એ નામના છોડનું ફૂલ.

ગુલમેંહદી જુઓ ગુલમેંદી.

ગુલમોર જુઓ ગુલમહોર.

ગુલમોહોર જુઓ ગુલમહોર.

ગુલર ૧. ન. ઉમરડો; ઊમરો.

૨. ન. એક જાતનું ફળઝાડ; ગુલ્લર. તેના ઉપર અંજીર જેવાં ફળ આવે છે.

૩. ન. એક જાતનું કાનનું ઘરેણું.

ગુલરંગ વિ. ગુલાબના રંગનું; ગુલાબી.

ગુલરુખ વિ. ગુલાબી ગાલવાળું.

ગુલરું ૧. ન. ઉમરડું; ઉમરડાનું ફળ.

૨. ન. પાપડનો લૂઓ.

૩. ન. બાળકને પારણે લટકાવેલું લાકડાનું ખખડે એવું રમકડું.

૪. વિ. ગુચ્છા ગુચ્છાદાર હોય એવું.

ગુલરૂ ૧. [ફા.] વિ. ગુલાબી ગાલવાળું.

૨. વિ. ગુલાબી ચહેરાવાળું.

ગુલરેખ વિ. ગુલાબી રેખાવાળું; સુંદર.

ગુલરેજ જુઓ ગુલરેઝ.

ગુલરેઝ [હિં.] સ્ત્રી. આતશબાજી.

ગુલરો પું. ઉમરડો; ઉબરો; ઉમૈડો.

ગુલરોગન ન. એક જાતનું તેલ.

ગુલલાલા ૧. પું. એ નામના ઝાડનું ફૂલ.

૨. પું. એ નામનું એક ઝાડ.

૩. [હિં.] ન. ખસખસ; રાતાં ખસખસ.

ગુલલાવણિયા [સં. ગુડલાવણિકા] સ્ત્રી. ગોળપાપડી.

ગુલવાડી (ગુલવાડ઼ી) સ્ત્રી. એ નામની એક દેશી રમત; તલકછાંયડો.

ગુલવાડી કે ફૂલવાડી (ગુલવાડ઼ી કે ફૂલવાડ઼ી) સ્ત્રી. એ નામની એક દેશી રમત; તલકછાંયડો.

ગુલવેલ સ્ત્રી. એક જાતની ઔષધિ; ગળો.

ગુલશકર સ્ત્રી. ગુલાબનાં ફૂલનો મુરબ્બો.

ગુલશકરી ૧. [હિં.] સ્ત્રી. ખાંડ અને ગુલાબનાં ફૂલની બનેલી એક જાતની મીઠાઈ.

૨. સ્ત્રી. ગુલાબનાં ફૂલનો મુરબ્બો.

ગુલશન ૧. સ્ત્રી. ફૂલવાળી જાળી.

૨. [ફા.] સ્ત્રી. બગીચો; ઉપવન; બાગ; ઉદ્યાન; ફૂલવાડી; ગુલિસ્તાન.

૩. સ્ત્રી. સ્વર્ગનો બગીચો.

૪. ન. સારી રીતે વસેલું શહેર.

ગુલશબ્બો [ફા.] સ્ત્રી. એક જાતનું ફૂલ.

ગુલશબુ પું. એક જાતનો છોડ; ગુલછડી. તેમાં સુગંધી લાંબી નળીવાળાં ફૂલ આવે છે.

ગુલશાત્ર ન. એક જાતની વનસ્પતિ.

ગુલસદબર્ગ [યૂ.] ન. ગેંદનું ફૂલ.

ગુલસુનેરી વિ. ગુલાબના જેવા સોનેરી રંગનું.

ગુલસુમ [હિં.] પું. સોનીનું નકશી કરવાનું એક ઓજાર.

ગુલસુર્ખ [ફા.] ન. ગુલાબનું ફૂલ.

ગુલસૌંદર્ય ન. ફૂલનું સૌંદર્ય; ફૂલનું સુંદરપણું.

ગુલસ્તા ન. મુસલમાનોનું પવિત્ર સ્થળ.

ગુલસ્તાન ૧. સ્ત્રી. એ નામની એક કિતાબ; ગદ્યપદ્યમાં શિરાઝના પ્રખ્યાત કવિ શેખ સહદીએ ફારસીમાં લખેલું એ નામનું પુસ્તક.

૨. સ્ત્રી. ગુલાબનાં ફૂલની વાડી.

૩. [ફા. ગુલ (ફૂલ) + સ્તાન (સ્થળ)] સ્ત્રી. ફૂલવાડી; બાગ; ચમન.

ગુલહજારો [ફા. ગુલહજારા] ન. એક જાતનો ફૂલછોડ. એમાં થતાં પીળાં સુગંધિત ફૂલને હજારીનાં ફૂલ કહે છે.

ગુલહઝારા જુઓ ગુલહજારો.

ગુલહાર ૧. પું. ગુલાબનો હાર; ગુલાબનાં ફૂલનો હાર.

૨. પું. ડોકમાં પહેરવાનો એ નામનો એક જાતનો દાગીનો.

ગુલહિના ન. એ નામનું એક જાતનું અત્તર.

ગુલહૈકાન [યૂ.] ન. મહુડાનું ફૂલ.

ગુલંચ સ્ત્રી. એ નામની એક વેલ; અમૃતવલ્લિ.

ગુલંચકંદ [સં.] પું. એક જાતનું કંદ.

ગુલંદ ૧. વિ. અનિશ્ચિત.

૨. [હિં.] વિ. ગોળ; ચક્રાકાર; પૈડાના આકારનું.

ગુલંદાઝ પું. ગોલંદાજ; તોપચી.

ગુલંબી સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

ગુલા ૧. [હિં.] પું. એક આનો. ખાટકીની પરિભાષામાં આ શબ્દ વપરાય છે.

૨. [સં.] સ્ત્રી. થોરનું ઝાડ.

ગુલાઈ સ્ત્રી. ગોળાઈ; ગોળ હોવાપણું.

ગુલાચોક સ્ત્રી. ગંજીફાની એક જાતની રમત.

ગુલાદાવરી સ્ત્રી. એક પ્રકારનો છોડ. આ છોડ વેંત દોઢ વેંત ઉંચો વધે છે. એનાં નકશીદાર પાન બહુ સુગંધી હોય છે.

ગુલાબ ૧. પું. એક જાતનો કાંટાવાળો ફૂલછોડ. તેનાં ફૂલના જુદા જુદા રંગ ઉપરથી તેની જુદી જુદી જાત ગણાય છે. ગુલાબી રંગનો સુગંધી ગુલાબ ઔષધિમાં વપરાય છે અને તેનાં ગુલકંદ, ગુલાબજળ અને શરબત બનાવાય છે. ઔષધિમાં બારમાસી કરતાં ઋતુમાં થતો ગુલાબ શ્રેષ્ઠ ગણાય છે. ગુલાબ રેચક અને પિત્તઘ્ન છે. ગુલાબનાં ફૂલ જુલાબ આપવામાં વપરાય છે. એક બે તોલા ફૂલનો ચા બનાવી તેમાં સાકર અને સૂંઠ ભેળવી પીવાથી દસ્ત આવે છે. આંખ તથા માથાના વ્યાધિમાં ગુલાબજળનાં પોતાં મુકાય છે. ગુલાબના સેંકડો ભેદો છે, પણ મુખ્ય ત્રીશ મનાય છે. પૃથ્વીના ઉત્તરાર્ધમાં ૧૯થી ૭૦ અક્ષાંશ સુધીના બધા ભાગમાં ગુલાબ થાય છે. ભારતવર્ષમાં આ છોડ ઘણા વખતથી ઉગાડવામાં આવે છે અને કેટલેક સ્થળે જંગલી ગુલાબ પણ થાય છે. કશ્મીર અને ભૂતાનમાં પીળા રંગનો જંગલી ગુલાબ બહુ થાય છે. કલમ વગેરે દ્વારા સેંકડો પ્રકારનાં ફૂલવાળા ગુલાબ ભિન્ન ભિન્ન જાતિને મેળવીને ઉત્પન્ન કરાય છે. સફેદ રંગના ગુલાબને સેવતી કહે છે. ઋતુ અનુસાર હિંદમાં ગુલાબના બે ભેદ માન્યા છે: એક જાતનો ગુલાબ દરેક ઋતુમાં ખીલે છે અને બીજો વસંત ઋતુમાં જ ખીલે છે. વસંત ઋતુમાં ખીલતા ગુલાબમાં સુગંધ વધારે હોય છે. તે બસરા કે દમાસ્કસની જાતિનો છે. ગાઝીપુરમાં અત્તર તથા ગુલાબજળ માટે આ જાતના ગુલાબની બહુ ખેતી થાય છે. એવું કહેવાય છે કે ગુલાબનું અત્તર નૂરજહાંએ ઈ. સ. ૧૬૧૨માં પોતાના લગ્ન પ્રસંગે શોધી કાઢ્યું હતું. ભારતવર્ષમાં ગુલાબ જંગલી રૂપમાં ઊગે છે, પણ બગીચામાં તે ક્યારથી ઉગાડવામાં આવ્યા તે જાણી શકાયું નથી. કેટલાક લોકો શતપત્રી, પાટલિ વગેરે શબ્દોને ગુલાબના પર્યાય માને છે. રશીઉદ્દીન નામનો એક મુસલમાન લેખક લખે છે કે ચૌદમા સૈકામાં ગુજરાતમાં સત્તર પ્રકારના ગુલાબ ઉગાડવામાં આવતા હતા. બાબરે પણ ગુલાબ ઉગાડવાની વાત લખી છે. જહાંગીરે તો લખ્યું છે કે હિંદુસ્તાનમાં સર્વ પ્રકારના ગુલાબ થાય છે. ગુલાબ તેની કોમળતા તથા સુંદરતા માટે પ્રસિદ્ધ છે, તેથી લોકો નાનાં બચ્ચાંઓને ગુલાબના ફૂલની ઉપમા આપે છે. ગુલાબના છોડની ડાળી ઉપર કાંટા હોય છે. પાંદડાં કાંગરાવાળાં અને ફૂલ લાલ, ગુલાબી કે પીળા રંગનાં થાય છે. ગુલાબની લાલ ગુલાબ, શતપત્ર અથવા બહુ પાંખડીનો ગુલાબ, કસ્તૂરિયો ગુલાબ, કાંટા વગરનો ગુલાબ, ધોળો ગુલાબ, પીળો ગુલાબ વગેરે જાત છે. સંકરથી આ ઉપરાંત અનેક જાત થઈ છે. ધોળો ગુલાબ: તેને કર્ણિકા કહે છે. તે બાગમાં થાય છે. તેનાં ફૂલ ઉપયોગી છે. તેમાં સુગંધ નથી. તે શીતળ, ગ્રાહી અને વૃષ્ય છે. રક્તદોષ અને ત્રિદોષ રોગમાં તે વપરાય છે. રાતો ગુલાબ: તેનાં ફૂલ ઉપયોગી છે. તેમાં સુગંધ નથી. તે મોસમે થાય છે. ગુણદોષ ધોળા ગુલાબ પ્રમાણે છે. પીળો ગુલાબ દેશી: તેને અતિમંજુલા કહે છે. તેનાં ફૂલ ઉપયોગી છે. તેમાં સુગંધ નથી. ગુણદોષ ધોળા ગુલાબ પ્રમાણે છે. પીળો ગુલાબ: સંસ્કૃતમાં તેને કૃષ્ણા કહે છે. તેને જંગલી ગુલાબ પણ કહે છે. તેનાં ફૂલ ઉપયોગી છે. બાગમાં તે થાય છે. તેમાં સુગંધ નથી. ગુણદોષ ધોળા ગુલાબ પ્રમાણે છે. શીતળ ગુણને માટે ફૂલની પાંખડીઓ ને રેચક ગુણને માટે વગર ખીલેલી કળીઓ વપરાય છે. ગુલાબને ફૂલોની રાણી કહે છે. પાનની નીચલી રગમાં ઝીણા કાંટા હોય છે. ગુલાબ પેટનો દુખાવો મટાડનાર, ઉત્તેજક અને મૃદુ વિરેચક છે. એનું સત્ત્વ અને તેલ સુગંધીદાર પદાર્થ તરીકે વપરાય છે.

ગુલાબની પત્તી = (૧) ગુલાબના છોડનું પાન. (૨) ગુલાબની પાંખડી. (૩) પાતળા હોઠ.

૨. ન. એક જાતની મીઠાઈ.

૩. ન. એક જાતનું સુગંધીદાર ફૂલ; ગુલાબના છોડનું ફૂલ. તે ચારે કોરથી કાંટાથી વીંટાયેલ છે અને સૌથી ઉત્તમ ફૂલ ગણાય છે.

૪. ન. ગુલાબના ફૂલનું અત્તર. તે બનાવવાની રીત: એક કાચની બરણીમાં ગુલાબનાં સારાં અને મોટાં એકસો ફૂલ નાખી તેમાં તે ફૂલ ઢંકાઈ રહે તેટલું પાણી નાખી તે બરણીને એક અઠવાડિયા સુધી તડકામાં મૂકવી. ત્યારબાદ પાણીની ઉપર તેલ તરી આવે તે રૂના પૂમડાથી એક શીશીમાં નિચોવી લેવું. આ રીતે ગુલાબનું સરસ અત્તર બનાવાય છે.

૫. [ફા. ગુલ (ફૂલ) + આબ (પાણી)] ન. ગુલાબની સુગંધવાળું પાણી; ગુલાબજળ.

૬. વિ. ગુલાબની સુગંધવાળું.

ગુલાબઈખાસ પું. એ નામનો એક જાતનો બિહારી કલમી આંબો.

ગુલાબકંદ પું. ગુલકંદ.

ગુલાબકેંચી સ્ત્રી. કાતર.

ગુલાબગંડેરી સ્ત્રી. ગુલાબનાં ફૂલની પાંખડીઓ છાંટેલાં છોલેલી શેરડીનાં પતીકાં.

ગુલાબગોટોસાડલો પું. એક જાતનો સાડલો.

ગુલાબચકરી સ્ત્રી. ખાંડની ગોળી; ખટમીઠી; 'પીપરમંટ.'

ગુલાબચશ્મ ન. બાજની જાતનું એક પક્ષી.

ગુલાબજળ [ફા. ગુલ (ફૂલ) + આબ (પાણી)] ન. ગુલાબની ખુશબોવાળું પાણી. આ શબ્દમાં જળ દ્વિરુક્તિ છે, તેમજ તે સંસ્કૃત ઉપરથી હોઈને વર્ણસંકર પ્રયોગ થયો છે.

ગુલાબજામ ૧. ન. એ નામનું એક જાતનું ઝાડ. આ ઝાડ ધીમું વધનારૂં છે. નવાં ઝાડ તાજાં બીથી થાય છે. શિયાળામાં ફાલ આવે છે અને ચૈત્ર વૈશાખમાં પાકી જાય છે. તે વખતે તેનાં બીને ક્યારામાં રોપવાં અને પછી પાણી પાવું. એક વરસના રોપા થાય ત્યારબાદ ફેરવી કાયમની જમીનમાં વાવવાં. તેને પોચી જમીન બહુ માફક છે. માટીવાળી જમીનમાં થતાં નથી. ચોમાસામાં તથા શિયાળામાં એમ બે વખત દીવેલીનો ખોળ મેળવી છાણનું ખાતર બે ટોપલા નાખવું.

૨. ન. એક જાતનું ફળ. તેનો રંગ લીલાશ પડતો પીળો અને સ્વાદ મીઠો હોય છે. તે ખાવાથી ગુલાબના જેવી વાસ આવે છે. કિરમજી રંગનાં ગુલાબજામ ખાવામાં સ્વાદિષ્ટ નથી.

ગુલાબજામન ૧. સ્ત્રી. એક જાતની માવો અને તપખીર મેળવીને બનાવાતી મીઠાઈ; ગુલાબજાંબુ.

૨. જુઓ ગુલાબજામ.

ગુલાબજાસુસ સ્ત્રી. એક જાતનો છોડ; ગુલે અજાયબ. તેમાં પ્રથમ સફેદ ફૂલ થાય અને પછી તેનો રંગ ફરી જઈ ગુલાબી થઈ જાય છે.

ગુલાબજાંબ જુઓ ગુલાબજામ.

ગુલાબજાંબુ ૧. ન. એ નામનું એક જાતનું ઝાડ. તેને લાંબાં પાન આવે છે. તેનાં ફૂલ લીલાં અને ફળ સારાં હોય છે.

૨. ન. એ નામનું એક જાતનું ફળ; ગુલાબજામ. તેમાં ગુલાબની વાસ આવે છે.

૩. ન. ગૂંદીનું ફળ.

૪. ન. માવો તથા તપખીરની બનાવેલી જાંબુના આકારની એક મીઠાઈ.

૫. ન. મેંદા અથવા શિંગોડાના લોટને ઘીમાં તળી ચાસણી પાઈ બનાવાતી મીઠાઈ.

ગુલાબતાલૂ [હિં.] પું. ગુલાબી રંગના તાલકાવાળો હાથી. આ જાતનો હાથી બહુ સરસ મનાય છે.

ગુલાબદાન ૧. [ફા.] ન. ગુલાબ રાખવાનું પાત્ર.

૨. ન. ગુલાબનું પાણી ભરવાની એક જાતની શીશી જેવી લાંબી ઝારી; ગુલાબદાની.

ગુલાબદાની [ફા.] સ્ત્રી. ગુલાબજળ ભરી તે છાંટવાની શિરોઈ જેવી ઝીણાં કાણાંવાળી નકશીદાર ઝારી; ગુલાબદાન.

ગુલાબપાક પું. ખાંડની ચાસણીમાં ગુલાબનાં ફૂલ નાખી બનાવેલો પાક.

ગુલાબપાશ [હિં.] સ્ત્રી. ગુલાબજળ છાંટવાનું ઝારીના આકારનું એક પ્રકારનું વાસણ; ગુલાબદાની.

ગુલાબપાશી [હિં.] સ્ત્રી. ગુલાબજળ છાંટવું તે.

ગુલાબપાશી કરવી = ગુલાબજળ છાંટવું.

ગુલાબમંડપ પું. ગુલાબનો માંડવો.

ગુલાબમાળા ૧. સ્ત્રી. (ખ્રિસ્તી) કુમારી મરિયમ પ્રત્યે એક જાતની ભક્તિ.

૨. સ્ત્રી. કુમારી મરિયમ પ્રત્યે ભક્તિ કરવાની માળા.

ગુલાબવાડિયું (ગુલાબવાડ઼િયું) ન. ગુલાબના ક્યારા; ગુલાબના છોડ ઉગાડવાની જગ્યા.

ગુલાબહાર પું. સ્ત્રીઓની ડોકમાં પહેરવાનું એક જાતનું સોનાનું ઘરેણું.

ગુલાબાસી સ્ત્રી. એક જાતનું ફૂલ.

ગુલાબી ૧. પું. રાતો દારૂ.

૨. સ્ત્રી. એક જાતની મીઠાઈ.

૩. સ્ત્રી. ગુલાબના જેવો રાતો રંગ.

૪. સ્ત્રી. દારૂની શીશી.

૫. ન. એક જાતનું ફળ.

૬. વિ. આનંદી.

૭. વિ. ગુલાબના જેવા રંગનું; લાલાશના ઓછા અંશવાળું; ધોળાશ ઉપર હોય એવું.

ગુલાબી આંખ = દારૂ પીવાથી રાતી થયેલી આંખ.

૮. વિ. ગુલાબની સુગંધવાળું.

૯. વિ. મીઠું; ખુશનુમા; મજેદાર; આહ્લાદક.

૧. ગુલાબી ઊંઘ = ઘણી મીઠી ઊંઘ; ગાઢ નિદ્રા; પરોઢિયાની ઊંઘ. ગુલાબના ફૂલમાં માદકત્વ અને આહ્લાદકત્વના ગુણ છે તે ઉપરથી આ પ્રયોગ થયો છે.

૨. ગુલાબી જાડા = સવારની ટાઢ; ગુલાબી ઠંડી; ખુશનુમા ઠંડી.

૩. ગુલાબી ઠંડી = સવારની ટાઢ; માફકસરની ઠંડી.

ગુલાબી ગરિયો પું. એક જાતની ઝીણી કાંટાવાળી વેલ. તેમાં ચોમાસે આવતાં ગુલાબી ફૂલને ગરિયા કે ફૂદડી કહે છે. તેમાં દૂધ જેવો રસ હોય છે. તેનાં પાન વાળાના દરદ ઉપર બંધાય છે.

ગુલાબી ચા સ્ત્રી. એક પ્રકારની ચાની બનાવટ. વીશ રૂપિયાભાર દૂધ ખૂબ ઊનું થાય ત્યારે તેમાં રક્તરોઈડાની છાલનો ભૂકો અરધો તોલો, તથા સાકર, મસાલો વગેરે નાખી ઉતારી લેવું. આવી રીત કરેલો ઉકાળો ચાને ઠેકાણે વપરાય છે.

ગુલાબી તૂશી સ્ત્રી. ગુલાબી રંગનું, વાંસે ચટાપટાવાળું એક પક્ષી; 'રોઝ ફિંચ'.

ગુલાબી મેના સ્ત્રી. એક જાતનું પક્ષી. તેને ગુલાબી મેના, તિલયર, લાલ મેના, હૈયા, વૈયા વગેરે કહે છે. તે ઠંડી ઋતુમાં પંજાબથી સિલોન તરફ દક્ષિણ દિશામાં જાય છે. અનાજના પાકને મહાન ઉપદ્રવ કરનારૂં આ પંખી દેખાવે કાબર જેવું અને જેવડું પણ માથા ઉપરના ફુલાવેલા વાળના જથ્થાને લીધે ઝટ ઓળખાય એવું છે. એનું માથું, ગરદન, છાતી, પાંખો અને પૂછડી વાદળી ઝાંયવાળા શ્યામ રંગનાં, ચાંચ ગુલાબી કે લાલ, પગ મેલા બદામી અને શરીરનો બાકીનો ભાગ ગુલાબી રંગનો હોય છે. અનાજ અને જંતુ એમનો આહાર હોવાથી એમને ખેતીનાં અપકારક અને ઉપકારક પણ ગણાય, પણ જ્યારે તીડ પડે છે ત્યારે એનો વિનાશ કરવામાં આ પક્ષી મોખરે હોય છે. એ ઋતુ પ્રમાણે રંગ બદલે છે. ગરમીના દિવસોમાં તે પહાડમાં ચાલી જાય છે. તે મધ્ય એશિઅ અને યરપમાં પણ થાય છે અને મોટા જથ્થામાં સાથે રહે છે. તે માળો બાંધતી નથી, પણ થોડું ઘાસ બિછાવીને તે ઉપર રહે છે અને એકીવખત ૪ થી ૫ ઈંડાં મૂકે છે.

ગુલામ ૧. પું. કામ કરનારો માણસ.

૨. [અ.] પું. ખરીદ કરેલો ચાકર; લૂંડો; હલકો વેચાતો લીધેલો નોકર; દાસ; લખતથી બંધાયેલો વગર પગારનો નોકર. જૂના સમયમાં જ્યારે માણસોને વેચવાનો ધંધો ચાલતો ત્યારે મોટા અને પૈસાદાર લોકો બજારમાંથી ઢોરની માફક માણસને ખરીદ કરતા. આવા ગુલામો મરતાં સુધી તેનું વૈતરું કરતા તથા જુલમ સહેતા. આફ્રિકના લોકોને ગુલામ બનાવવાનું આશરે સત્તરમી સદીની અધવચથી મોટા પાયા ઉપર શરૂ થયું. ફિરંગી લોકો બ્રાઝિલમાં દર વરસે ૧૦,૦૦૦ ગુલામ લઈ જતા, જ્યાં મજબૂતમાં મજબૂત ગુલામ માત્ર સાત વર્ષ જ જીવી શકતો.

૧. ગુલામ કરવું-બનાવવું = (૧) ગુલામી અવસ્થામાં લાવવું; ગુલામી કરાવવી. (૨) વશ કરવું.

૨. ગુલામ માલ = (૧) ઘણા ઉપયોગમાં આવતી સસ્તી વસ્તુ. (૨) ધાબળો.

૩. ગુલામનો તિલામ = નોકરનો નોકર.

૪. ગુલામે ઝર ખરીદ = વેચાતો લીધેલ નોકર.

૫. ગુલામોની ખરીદ ફરોખ્ત = નોકરનો વેપાર કરવો તે.

૬. ગુલામોનો કારોબાર = નોકરનો વેપાર કરવો તે.

૩. પું. ગંજીફાના આઠ માંહેનો એક રંગ.

૪. પું. ગંજીફાનું અગિયારમું પાનું. તે દસાથી ચડિયાતું અને રાણીથી ઊતરતું ગણાય છે.

૫. પું. નીચ માણસ; અધમ માણસ.

૬. પું. પરવશ કે પરતંત્ર માણસ.

૭. પું. પેટવડિયાં રહેનારો નોકર; કંઈ પણ પગાર પેટે ન મળતું હોય તેવો ચાકર; ગર્ભદાસ.

૮. પું. વેશ્યાપુત્ર.

૯. પું. સાધારણ સેવક અથવા નોકર.

ગુલામખત ૧. ન. ગુલામ તરીકેના વેચાણનું લખત; જીવનપર્યંત ગુલામી કરવાની કબૂલતનો દસ્તાવેજ.

૨. ન. પરતંત્ર બનાવે એવું લખાણ કે કરાર.

ગુલામખાનું ન. ગુલામને રાખવા માટેની વાડ કરેલી કે ઘેરી લીધેલી જગ્યા.

ગુલામગર્દિશ ૧. સ્ત્રી. ઘેરી લીધેલી તંબૂતી ઓસરી.

૨. સ્ત્રી. જનાનખાનાની અંદર અને મુખ્ય દરવાજાની સામે બનાવેલ દીવાલ કે પડદો. આ પડદાથી જનાનખાનાની સ્ત્રીઓ આંગણામાં હરીફરી શકે પણ બહારનાં લોકોની તેઓના ઉપર નજર ન પડે. જનાનખાના કે દીવાનખાનાની વચમાં પણ નાની પડદી બનાવી હોય તેને પણ ગુલામગર્દિશ કહે છે.

૩. સ્ત્રી. મહેલ વગેરેની ઓસરી. ત્યાં ચપરાશી, નોકર વગેરે રહે છે.

ગુલામગીરી ૧. સ્ત્રી. ખુશામદ.

૨. સ્ત્રી. ગુલામી; દાસપણું; ગુલામપણું; લૂંડાપણું; ગુલામની હાલત.

૩. સ્ત્રી. ઘણી હલકી તાબેદારી.

૪. સ્ત્રી. પરવશતા; પરાધીનપણું.

ગુલામજાદું વિ. ગુલામથી જન્મેલું.

ગુલામડી (ગુલામડ઼ી) ૧. સ્રી. ખરીદ કરેલી દાસી.

૨. સ્રી. દાસી; ચાકરડી; સ્રીનોકર; બાનડી; લૂંડી.

૩. સ્રી. નીચ સ્ત્રી; હલકી સ્ત્રી.

૪. સ્રી. પરતંત્ર સ્ત્રી.

૫. સ્રી. વેશ્યાની પુત્રી.

ગુલામડું (ગુલામડ઼ું) ૧. ન. ખરીદ કરેલ ચાકર; હલકો વેચાતો લીધેલો નોકર.

૨. ન. દાસ.

૩. ન. નીચ માણસ.

૪. ન. પરતંત્ર માણસ.

૫. ન. વેશ્યાનું બાળક.

ગુલામડો (ગુલામડ઼ો) ૧. પું. ખરીદ કરેલો ચાકર.

૨. પું. દાસ.

૩. પું. નીચ માણસ; હલકો માણસ.

૪. પું. પરતંત્ર માણસ.

૫. પું. વેશ્યાપુત્ર.

ગુલામતંત્ર ન. ગુલામીની વ્યવસ્થા; ગુલામ બનાવવાની પદ્ધતિ.

ગુલામદાર પું. ગુલામનો ધણિયામો.

ગુલામદાંડિયો પું. એ નામની એક દેશી રમત.

ગુલામબચ્ચો ૧. પું. ગુલામડો; ગુલામ; અધમ પુરુષ.

૨. [અ. ગુલામ + ફા. બચ્ચહ (દીકરો)] પું. ગુલામથી જન્મેલો છોકરો; ગુલામનો છોકરો.

૩. પું. નાનપણથી જ ગુલામ તરીકે રહેલો માણસ.

ગુલામબાજી સ્રી. ગંજીફાની રમતનો એક પ્રકાર. તે બે, ત્રણ કે ચાર જણ રમી શકે છે. આ રમતમાં રમનારાઓમાં સરખે હિસ્સે પાનાં વહેંચવામાં આવ્યા પછી મળેલાં પાનાંમાં સરખા દાણાવાળાં કે સરખા મહોરાંવાળાં પાનાં દરેક જણ પોતાનાં પાનામાંથી કાઢી બાકીનાં પાનાં હાથમાં રાખે. તે પછી દરેક જણ વારાફરતી પોતાની પડોશના રમનારા પાસેથી એક પાનું ખેંચે અને ખેંચેલ પાનાને મળતું બીજું પાનું પોતાની પાસે હોય તો તે બંને પાનાં કાઢી નાખે. આમ કરતાં જેની પાસે છેલ્લું ગુલામનું પાનું રહે તે હાર્યો કહેવાય.

ગુલામબારગી સ્રી. સૃષ્ટિક્રમવિરુદ્ધ મૈથુન.

ગુલામમાલ [અ.] પું. થોડી કીમતવાળી પણ ઘણો વખત ચાલે એવી ચીજ. જેમકે, કામળો, લુંઘી.

ગુલામરજા સ્રી. (સંગીત) સિતારના ત્રણ બોલોને લઘુ, ગુરુ, પ્લુત, દ્રુત, અનદ્રુત ઇત્યાદિ પ્રમાણમાં આડાઅવળી ત્વરાથી અમુક તાલના નિયમમાં લાવવાથી થતી બાજ. આ બાજમાં લયદ્રુત રાખવી પડે છે, તેથી હાથની તૈયારી હોય તો જ આ બાજ વાગી શકે છે. તેના બોલ: દા દડદડ દાદા દડ દાદા ડાદા દડદડદડ દાડ દાડદા. આને પૂરબી બાજ કે ફિરોજખાની બાજ પણ કહે છે.

ગુલામસંસ્થા સ્રી. ગુલામ રાખવાની પદ્ધતિ.

ગુલામિયત સ્રી. ગુલામગીરી.

ગુલામી ૧. સ્રી. ખુશામદ.

૨. [અ.] સ્રી. ગુલામગીરી; દાસપણું; ગુલામપણું. ગુલામી ઘણા જૂના કાળમાં હતી. જોકે સુધરેલા દેશોએ ગુલામી કાઢી નાખી છે તોપણ તે હજુ કેટલાક દેશમાં છે. ઈ. સ. ૧૮૩૩માં બ્રિટિશ સામ્રાજ્યમાંથી અને ૧૮૬૫માં યુનાઇટેડ સ્ટેટ્સમાંથી ગુલામી નાબૂદ કરવામાં આવી. ગુલામો ઘણું કરીને લડાઈના કેદી હતા. દેણદાર, ગુનેગાર અને માબાપો પોતાનાં છોકરાંને વેચતા. આ બધા ગુલામો કહેવાતા. યુનાઇટેડ સ્ટેટ્સના સીદી ગુલામોને તેઓના દેશમાંથી પકડીને વેચવામાં આવતા. ગ્રીસ અને રોમમાં ગુલામોનો મોટો વર્ગ હતો અને તેઓ પ્રત્યે સારી વર્તણૂક રાખવામાં આવતી. ગુલામો અમુક વખત સુધી કામ કરીને અથવા પૈસા આપીને પોતાની મુક્તિ મેળવતા.

૧. ગુલામી ઇખ્તયાર કરવી = ગુલામ તરીકે રહેવાનું પસંદ કરવું.

૨. ગુલામીમાં દેવી = લગ્નમાં દેવી.

૩. સ્રી. છેક હલકી તાબેદારી.

૪. સ્રી. પરવશતા; પરાધીનપણું; પરતંત્રતા.

૫. સ્રી. સેવા; નોકરી.

૬. વિ. ગુલામના જેવું.

ગુલામીખત ન. ગુલામગીરીનો દસ્તાવેજ.

ગુલામીખત લખવા = ગુલામીનો કરાર કરી આપવો.

ગુલાર [હિં.] પું. આસપાસ ફરતાં ગુલાબ હોય એવો પુષ્પગુચ્છ; ગજરો.

ગુલાલ ૧. પું.; ન. પતંગ અને ફટકડીના ઉકાળાને ચોખાના લોટનો પટ દઈ બનાવેલો ઘેરા ગુલાબી રંગનો ભૂકો; ગલાલ.

૨. પું.; ન. શિંગોડાના લોટને કસુંબાના રંગથી રંગી કરેલો પદાર્થ.

૩. પું.; ન. એક રાતા રંગનો સહેજ સુગંધીદાર ભૂકો; હળદર અને ચૂનાના મિશ્રણનો બનાવેલ લાલ ભૂકો. આનંદોત્સવ અને ખાસ કરીને હોળીના દિવસોમાં એ ખૂબ ઉડાડાય છે.

ગુલાલછડી (ગુલાલછ઼ડી) સ્રી. સ્રીઓને ડોકમાં પહેરવાનું પાંદડીવાળું એક ઘરેણું.

ગુલાલતુલસી સ્રી. એ નામની એક વનસ્પતિ.

ગુલાલબાર પું. લાકડાનાં પાટિયાંની કનાત. એ ખરગાહ જેવી જ લાકડાની કનાત હોય છે. તેને ચામડાના પટા જડી મજબૂત બનાવે છે અને તેની ઘડી વાળે છે.

ગુલાલબારા પું. એ નામનો ગંજાવર કનાતનો આવારો. તેની રચના અકબર બાદશાહે શોધી હતી. તેને સાંકળ, તાળાં લગાડવા લાયકનાં બારણાં, પૂર્વે તરફ ૨૪ ગજ લાંબી અને ૧૪ ગજ પહોળી એવી ૫૪ ઓરડીનું એક દીવાનખાનું રહે અને મધ્ય ભાગમાં એક લાકડાનો બંગલો હોય. તેની નજદીક બીજું દાલાન અને તે દાલાનની નજદીક એક બેમજલી બંગલો રહે. બાદશાહ નિમાજ પઢે અને તેના બીજા મજલા ઉપરથી સવારમાં લોકોના મુજરા લે. પણ તે જગ્યાએ ઓરતો રજા વગર જઈ શકે નહિ. તેની પાછળ દશ ગજ લાંબા અને ૭ ગજ પહોળા એવા ચોવીશ એક સ્થંભવાળા ડેરા રહે. તેમની વચમાં પરદા રહે. તેમાં કેટલાક પટરાણીઓ માટે તીલી કસબ અને મખમલ જડેલા જુદા તંબૂ અને દાલાન હોય. તેની પડોશમાં એક સાઠ ગજ સમચોરસ દરીનો મંડપ હોય છે, તેની અંદર ઘણાક નાના નાના ડેરા હોય છે. આ મંડપ નજદીક દૌલતખાના ખાસ સુધી ૧૫૦ ગજ લાંબું અને ૧૦૦ ગજ પહોળું એવું મેદાન હોય છે, તેને માહાતાબી કહે છે. તેની બંને બાજુએ ઉપર લખ્યા પ્રમાણે સુંદર અને ભવ્ય તંબૂ મારેલા હોય છે. તેમાં બબ્બે ગજ ઉપર એક ૭ ગજ ઊંચો અને એક એક ગજ જમીનમાં દાટેલો એવા થાંભલા હોય છે. તેની ઉપર એક પિત્તળનો કળશ અને ઝુંડો હોય છે અને તેની બે બાજુએ બે રસી ખેંચી બાંધેલી હોય છે. તેની નજદીક પહેરેગીર ઊભા રહે છે. આ મેદાનના મધ્ય ભાગમાં એક ઊંચો લાકડાનો ચબૂતરો બનાવેલો હોય છે. તેની ઉપર એક ચાર થાંભલાનો મંડપ રચેલો હોય છે, જેને નનગિરા કહે છે. તે ઠેકાણે સાંજને વખતે બાદશાહ બેસે. ત્યાં બેહદ અતલગ અને મહેરબાની માંહેલા લોકો સિવાય બીજાને જવાની રજા મળતી નથી.

ગુલાલવાડી (ગુલાલવાડ઼ી) સ્રી. મહેલની નજીકનો બગીચો.

ગુલાલા [ફા.] ન. એક જાતનું ફૂલ; ગલગોટો; ગુલ્લાલા.

ગુલાલાઢુ પું. કુસ્તીનો એક દાવ. તેમાં હરીફની પાછળ જઈ તેને આપણો પગ લેવા લલચાવવો. જ્યારે તે લેવા મહેનત કરે ત્યારે એકદમ ગરદન દબાવી તેના પગ વચ્ચે તેનો હાથ પકડી જોર કરવું એટલે ગરદન નીચી નમી જશે અને એકદમ ચીત પડશે.

ગુલાલી વિ. ગુલાલથી રંગેલું.

ગુલાંટ ૧. સ્ત્રી. ઊલટું ફરી જવું તે.

૨. સ્ત્રી. એ નામની એક રમત; છોકરાંઓ એકબીજાના વાંસા અડાડી એકબીજાનાં બાવડાં ભરાવી ગોટીલાં ખાય છે તે રમત. તેને ઊંટપગલી, ઉલાંટગુલાંટ, ગુલગુલાંટિયું, ગોટમડાં, ગોડીમડાં, લોટામણી પણ કહે છે. આ રમત બેઠાં બેઠાં તેમ જ ઊભાં ઊભાં રમાય છે. આ રમત નીચે પ્રમાણે પણ રમાય છે: બે છોકરાં પોતાના બંને હાથના પંજા જમીન ઉપર મૂકી સામસામે મોઢાં કરીને ઊભે પગે બેસે. તેમાંથી એક જરા માથું નમાવી રાખે એટલે બીજો તેના ઉપર થઈને ગુલાંટ ખાય. પછી તે છોકરો પહેલાની જેમ બેસે અને બેઠેલો હતો તે તેના ઉપર થઈને ગુલાંટ ખાય.

૩. સ્ત્રી. ઘેટાં બકરાંની આંતરડીનો એક ભાગ. તેના ઉપર ચરબી ઘણી હોય છે.

૪. સ્ત્રી. જમીન ઉપર માથું ટેકવી પગ ઊંચા કરી બરડા તરફ ઊલટાઈ જવું તે; ગોટીમડું; ગોટીલું.

ગુલાંટ મારવી = (૧) ગડથોલિયું ખાવું; ઊલટું ફરી જવું. (૨) ફરેબ દેવો.

૫. સ્ત્રી. ફરંગટી; ગોથું.

૧. ગુલાંટ ખવરાવવી = ગોથું ખવરાવવું.

૨. ગુલાંટ ખાવી = (૧) ફરંગટી ખાવી; ફરી જવું. (૨) વિચાર ફેરવવા; ફરી બેસવું.

૬. સ્ત્રી. ભૂલ; છક્કડ.

ગુલાંટબાજ વિ. ગુલાંટ ખાવામાં કુશળ.

ગુલાંટિયું ૧. ન. ગડથોલું; ગુલાંટ.

૨. ન. ગોથું; ફરંગટી.

ગુલાંયચી સ્ત્રી. એક જાતનું ઝાડ; ડોલોચંપો.

ગુલિક ન. મોતી.

શશી ગોતી મોતી, ગુલિક જલજ છીપીસુત નામ,
મુક્તા તોરણમાળથી, શોભે સુંદર ધામ.
પિંગળલઘુકોષ

ગુલિકા ૧. સ્ત્રી. એક જાતનું સુગંધી દ્રવ્ય.

૨. સ્ત્રી. એક જાતનો રોગ.

૩. સ્ત્રી. ગોળાકારમાં ઊડતી દેવચકલી.

૪. સ્ત્રી. ગોળી; ગુટિકા.

૫. સ્ત્રી. 'ચક્રાકારે ઊડવું તે; ગોળ ઊડે તેવી ગતિ.

૬. સ્ત્રી. જતૂકાશરીરની એટલે જતૂકાસ્થિના વચલા ઘનાકાર ભાગની ઉપરની બાજુએ મેથીના દાણા જેવો ઝીણો ઊપસેલો ભાગ.

૭. સ્ત્રી. પાકું કોળું.

ગુલિપિસ્તેહ ન. પિસ્તાનું ઝાડ. તે બે હજાર ફૂટની ઊંચાઈએ થાય છે.

ગુલિયા ૧. સ્ત્રી. એક જાતનું સુગંધી દ્રવ્ય.

૨. [સં. ગુલિકા] સ્ત્રી. (પ્રાકૃત) ગોળી; ગુટિકા.

ગુલિયું ૧. ન. કાણું.

૨. ન. દંતાળના દાંતામાં ઓરણીનું ડાંડવું રહેવાનું કાણું.

૩. ન. દૂધ.

ગુલિસ્તાન ૧. [ફા.] પું. બગીચો; બાગ; ફૂલવાડી.

૨. ન. શેખ સાદીનું બનાવેલું એ નામનું એક ફારસી પુસ્તક.

ગુલિસ્તાં પું. બગીચો; ગુલિસ્તાન.

ગુલિંક ન. મોતી; છીપસુત; જલજ.

ગુલિંચ પું. એક ઔષધિ.

ગુલી ૧. પું. પ્રવાલ; પરવાળું.

૨. સ્ત્રી. આરસ.

૩. [સં.] સ્ત્રી. એક જાતનો રોગ.

૪. સ્ત્રી. ગળી.

૫. સ્ત્રી. ગોઠલી.

૬. સ્ત્રી. ગોળ નાનું છાણું.

૭. સ્ત્રી. ગોળી.

૮. સ્ત્રી. જીવડાનું કોટલું.

૯. સ્ત્રી. દડો.

૧૦. સ્ત્રી. નાની ગોળી.

૧૧. સ્ત્રી. પાણીનું વાસણ; કૂજો.

૧૨. સ્ત્રી. બંદૂકની ગોળી.

૧૩. વિ. (ભીલી) ગળ્યું.

ગુલીક પું. (જ્યોતિષ) એ નામનો એક ઉપગ્રહ.

ગુલીકા ન. એ નામનું એક શસ્ત્ર.

ગુલી ગાય સ્ત્રી. ગુલીમાં રહેતું જીવડું.

ગુલુ ૧. ન. એક જાતનું પક્ષી.

૨. [ફા.] ન. ગળું; ડોક; ગરદન.

૩. ન. (ભીલી) તરતનું દોહેલું દૂધ.

ગુલુગિર વિ. તહોમત મૂકનાર.

ગુલુબંદ પું. ગલપટ્ટો; ગળે બાંધવાનું લૂગડું; 'નેકટાઈ'.

ગુલૂ ૧. [હિં.] પું. ગળું.

ખુશગુલૂ = સારા અથવા મીઠા અવાજવાળું.

૨. ન. એક જાતનું ઝાડ.

ગુલૂગા [હિં.] પું. વાંદરાની બચ્ચાં રાખવાની કોથળી.

ગુલૂબંદ જુઓ ગુલુબંદ.

ગુલે અનાર ૧. પું. એ નામનો એક ફૂલછોડ. તે દાડમના ઝાડ જેવો હોય છે. તેનાં ફૂલ લાલ રંગનાં થાય છે.

૨. પું. દાડમડીનાં ફૂલ.

૩. પું. લાલ રંગ.

ગુલે અરમાની પું. મટોડી જેવો એક પદાર્થ. તે ઔષધિ તરીકે કામ આવે છે. સગર્ભા સ્ત્રીઓ આ માટી ખાય છે.

ગુલે અશરફી પું. ગલગોટાનું ફૂલ.

ગુલે આફતાબ પું. સૂરજમુખી ફૂલ.

ગુલે કેશ પું. એક જાતનો છોડ. એનાં ફૂલનો એવો તો બહાર આવે છે કે ગાલીચા પાથરેલા હોય તેવો દૂરથી જંગલનો દેખાવ થાય છે.

ગુલે ખત્મી પું. બારમાસીનું ફૂલ.

ગુલે ગાફસ પું. એક જાતનું કરિયાણું.

ગુલે ગાવજબાં ન. એક જાતનું કરિયાણું.

ગુલે ગોજબાં જુઓ ગુલે ગાવજબાં.

ગુલે ચાંદની પું. એક જાતનું ફૂલ; કુમુદિની.

ગુલે ચીની પું. એ નામનો એક છોડ; ચમેલી. વર્ષા ઋતુમાં અને ઉનાળામાં તેને સુગંધવાળાં સફેદ ફૂલ આવે છે.

ગુલે જવાની પું. ગુહ્યેંદ્રિયમાં થતો ચામડીનો રોગ.

ગુલે નાર ૧. પું. એક જાતનો રંગ.

૨. પું. એક જાતનો ફૂલછોડ; ગુલનાર.

ગુલે નિશાત ૧. પું. આનંદનું ફૂલ.

૨. પું. દ્રાક્ષનો દારૂ.

ગુલે બાબુના પું. એક જાતનું કરિયાણું.

ગુલેર ૧. ન. એ નામનું એક ઝાડ; ગૂલર.

૨. ન. એક જાતનું ઝાડ; ઉમરડો; ઉંબરો.

૩. ન. સ્ત્રીઓને કાનની બૂટમાં પહેરવાનું એક ઘરેણું.

ગુલેલ સ્ત્રી. ગલોલ; ગોફણ જેવું ગલોલો ફેંકવાનું સાધન.

ગુલેલ ચલાવવી-છોડવી-મારવી-લગાવવી = ગલોલથી નિશાન તાકવું.

ગુલેલચી [ફા.] પું. ગુલેલથી નિશાન મારનાર માણસ.

ગુલેલબાઝ જુઓ ગુલેલચી.

ગુલે સદબર્ગ ૧. પું. સૂર્ય.

૨. પું. સો પાંખડીવાળું ગુલાબનું ફૂલ.

ગુલેસદવર્ગ ન. સો પાંખડીનું ગુલાબનું ફૂલ.

ગુલે હમાઝ સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેનાં ફળ રતુમડાં બદામી રંગનાં હોય છે. તે શંકુ આકરનાં હોય છે. દરેક ફળ ત્રિકોણાકાર, તીણી અણીવાળાં, લીસાં, ઘેરા કાળા રંગનાં બી ધારણ કરે છે. તે જલદ અને શામક છે. તે ઊલટી અટકાવનાર તથા ક્ષુધા વધારવા ખરાબ પદાર્થની ઇચ્છાને દબાવનાર છે.

ગુલે હરમાણી સ્ત્રી. એક જાતનું કરિયાણું.

ગુલેંદા [હિં.] પું. એક જાતનું ફળ; કોયંદા.

ગુલો પું. ગંજીફાની રમતમાં ગુલામના ચિત્રવાળું પાનું.

ગુલૌરા ૧. [હિં.] પું. તેલ કે ઘીમાં તળેલી મીઠી પૂરી.

૨. પું. વાંદરાની બચ્ચાં રાખવાની કોથળી.

ગુલ્કેસ ન. ગુલમખમલ.

ગુલ્ખૈરૂ ન. ગુલમખમલ.

ગુલ્ગુલુ ન. ગૂગળ.

ગુલ્ઝરી ન. સમૂહ; ટોળું.

ગુલ્તાન [તુ. ગલ્તાન (ધરાયેલું)] વિ. મશગૂલ; નિમગ્ન; ડૂબેલું.

ગુલ્તૂમડી (ગુલ્તૂમડ઼ી) ૧. સ્ત્રી. એક જાતનું સુશોભિત અને રંગબેરંગી ફૂલ.

૨. સ્ત્રી. તૂમડી જેવા આકારના એક છોડ.

ગુલ્દાન ન. કાજળ લેવાનું વાસણ.

ગુલ્પરી સ્ત્રી. પુષ્પાંગના.

ગુલ્ફ ૧. [યૂ.] પું. ખરી; ખૂર.

૨. પું. પાદ તથા જંઘા વચ્ચે આવેલું બે આંગળ વિસ્તારનું વૈકલ્યકર સંધિમર્મ. ત્યાં ઈજા થતાં પીડા થાય, પગનાં તળિયાંને ઊંચું નીચું કરી ન શકાય અથવા તો માણસ લંગડો થાય, કારણ કે આ જગ્યાએ ઈજા થતાં એકાદ હાડકું ભાંગે અગર ખસી જાય અથવા તો બંને બાજુના સ્નાયુ વધારે પડતા ખેંચાઈ પગ મચકોડાઈ જાય. એથી વધારે ઈજાથી માણસ લંગડો થાય અને એથી પણ વધારે ઈજા થઈ હાડકું ભાંગે કે સોજો આવે તો હાડકાં ફરીથી પરસ્પર એવી અનિયમિત રીતે જોડાઈ જાય કે માણસ પગનું તળિયું હલાવીજ ન શકે.

૩. પું. મહા અર્બુદ.

૪. [સં.] પું.; સ્ત્રી. ઘૂંટણ; પગની ઘૂંટી.

૫. પું.; સ્ત્રી. ઢીંચણ.

૬. ન. ગાલ.

ગુલ્ફગ્રંથિ [સં.] સ્ત્રી. ઘૂંટણ ઉપર સોજો આવી બંધાતી ગાંઠ.

ગુલ્ફજાહ [સં.] ન. ઘૂંટીનું મૂળ.

ગુલ્ફત્રિકોણિક પું. એ નામનો ઘૂંટી પાસેનો એક સ્નાયુ; અંતઃપાર્શ્વિક. તે સ્નાયુ ઉપર અંદરની ઘૂંટીને અને નીચેનો ભાગ કૂર્ચશિર તથા પાર્ષ્ણિ નામનાં ત્રણ કૂર્ચાસ્થિઓની અંદરની બાજુને લાગેલો છે.

ગુલ્ફત્રિકોણિકસ્નાયુ જુઓ ગુલ્ફત્રિકોણિક.

ગુલ્ફસંધિ [સં.] પું. પાદસંધિ; ઘૂંટીનો સાંધો; પાદ તથા જંઘા વચ્ચેનો સાંધો.

ગુલ્ફસ્વસ્તિક ૧. પું. એ નામનો એક સ્નાયુ; જંઘાપુરોગા નામની પેશીમાંનો સ્નાયુ. આ સ્નાયુ ગુલ્ફસંધિની આગલી તેમ જ બહારની બાજુ ઉપર રહેલો છે. તેનો આકાર કેટલેક અંશે સાથિયા કે સાંડસી જેવો હોય છે.

૨. પું. લિંગ.

ગુલ્ફસ્વસ્તિકસ્નાયુ જુઓ ગુલ્ફસ્વસ્તિક.

ગુલ્ફા (ગુલ્ફ઼ા) [અ. ખુર્ફા] પું. એક જાતનો છોડ. તેનું થડ જાડું અને રતાશ પડતું લીલું અને પાંદડાં પણ રતાશ પડતાં લીલાં હોય છે. તેનાં ફૂલ નાનાં અને પીળાં હોય છે.

ગુલ્ફી ૧. સ્ત્રી. આઇસ્ક્રીમ જેવી દૂધની બનતી એક ચીજ.

૨. સ્ત્રી. પાટલૂનમાં બટન નાખવાનો ભાગ.

ગુલ્બદન [ફા.] ન. એક પ્રકારનું રેશમી કાપડ.

ગુલ્બર્ગ ન. એ નામનું દક્ષિણ હિંદનું એક શહેર. ત્યાં એક વખત મોટું મુસલમાની રાજ્ય હતું.

ગુલ્બાન ન. નિંદા ભરેલી ખોટી હકીકત.

ગુલ્બાંગ ન. ડંફાસ; બડાઈ; ખોટાં વખાણ.

ગુલ્બો સ્ત્રી. ફૂલની સુગંધ.

ગુલ્મ ૧. [સં.] પું. અજીર્ણનો એક પ્રકાર. તેમાં અજીર્ણનાં ચિહ્ન સાથે પેટમાં દુખાવો થઈ વાયુનો ગોળો ચડે છે.

૨. પું. આંટી; ગાંઠ.

૩. પું. એક મૂળમાં એકીસાથે ઉત્પન્ન થયેલાં કાસડો વગેરે ઘાસ.

૪. પું. કિલ્લો.

૫. પું. ખાઈ.

૬. પું. જીરૂં.

૭. પું. ઝુંડ; ઝાડી; વેલા વગેરેનો સમૂહ.

૮. પું. ડાળ વિનાનું ઝાડ.

૯. પું. ઢીમણું; ગૂમડું.

૧૦. પું. તલ્લી ઉપર સોજો આવવો તે; બરોળનો એક રોગ.

૧૧. પું. ધૂમડું; ભોથું.

૧૨. પું. નવ હાથી, નવ રથ, સત્તાવીશ ઘોડા અને પિસ્તાળીસ પાળાવાળી સેના.

૧૩. પું. બચાવની સ્થિતિમાં રહે એવી રીતે લશ્કરને કવાયત કરાવવી તે.

૧૪. પું. મુખ્ય પુરુષની આગેવાનીવાળો રક્ષક; પુરુષ સમૂહ.

૧૫. પું. લશ્કરની એક રીતની ગોઠવણ; લડાઈની રચના.

૧૬. પું. સ્થાન; જગ્યા.

ગુલ્મકાલાનલરસ [સં.] પું. (વૈદ્યક) એ નામનો રસ. તે હીમજ સાથે બે વાલ માત્રામાં આપવાથી પેટના શૂળને બેસાડે. જ્યારે પેટના જીર્ણ રોગને લીધે પેટ સાધારણ રીતે દુખ્યા કરે, વખતોવખત આફરો ચડી આવે, સાધારણ રીતે પેટ મોટું અને કઠણ લાગે અથવા વાયુનો ભરાવો થઈ જવાને લીધે જરા ઠોકવાથી નગારા જેવું લાગે ત્યારે પણ આ રસ અપાય છે. તે બનાવવા શુદ્ધ પારો, શુદ્ધ ગંધક, તામ્રભસ્મ, હરતાલભસ્મ, ટંકણ, યવક્ષાર એ દરેક બબ્બે તોલા અને મરી, સૂંઠ, પીપર, ગજપીપર, હરડે, વજ અને કુષ્ટ એ દરેક તોલો તોલો લેવાં. પછી તે બધાંને બારીક ખાંડી સાથે મેળવવાં અને તેને અપામાર્ગ, પટોળ અને પીતપાપડાની ભાવના દેવી અને સૂકવવું. આ રસની માત્રા ૧થી ૨ વાલ છે.

ગુલ્મકાળાનળ જુઓ ગુલ્મકાલાનલરસ.

ગુલ્મકુઠારરસ [સં.] પું. (વૈદ્યક) પેટમાં ચડતો વાયુનો ગોળો મટાડવાની એક દવા. તે બનાવવા પારો, ગંધક, ટંકણખાર, ત્રિફળા, ત્રિકટુ, હરતાલ, વચ્છનાગ, તામ્રભસ્મ, નેપાળો એ બધાં ભાંગરાના રસમાં ખરલ કરી ગોળી કરવી. તે આદુના રસમાં અપાય છે. આ ગોળી મધ, જવખાર અથવા સાજીખારમાં આપવાથી અજીર્ણ અને અમ્લપિત્ત પણ મટવાનું મનાય છે.

ગુલ્મદેય ૧. પું. લશ્કરી મથક ઉપર લેવાતો કર.

૨. ન. લશ્કરી થાણું.

ગુલ્મની સ્ત્રી. વાયુની ગાંઠ.

ગુલ્મમૂલ [સં.] ન. આદુ.

ગુલ્મમૂળ જુઓ ગુલ્મમૂલ.

ગુલ્મવલ્લી [સં.] સ્ત્રી. સોમલતા.

ગુલ્મવાયુ પું. એક જાતનો વાયુરોગ.

ગુલ્મશૂલ [સં.] ન. એક જાતનો શૂળનો રોગ.

ગુલ્મા ૧. પું. ગૂમડું.

૨. પું. સોજો.

ગુલ્માસ સ્ત્રી. રેતીના પાંચ માંહેનો એક પ્રકાર. રેતીના પાંચ પ્રકારઃ કરાલ, મુદ્ગી, ગુલ્માસ, કલ્ક અને ચિક્કણુ.

ગુલ્મી ૧. [સં.] સ્ત્રી. આંબલી.
૨. સ્ત્રી. એક જાતનું ઝાડ.
૩. સ્ત્રી. એલચી.
૪. સ્ત્રી. ચણીબોરનો છોડ.
૫. સ્ત્રી. તંબૂ.
૬. સ્ત્રી. લવલી લતા.
૭. ન. ત્રણ ઇંદ્રિયવાળો એક પ્રકારનો જીવ; કાનખજૂરો.

ગુલ્મોદર ન. બરોળનો એક રોગ.

ગુલ્લક [ફા.] સ્ત્રી. પૈસા રાખવા માટે ભીંતમાંનું નાનું કાણું.

ગુલ્લર ૧. સ્ત્રી. એ નામની એક વનસ્પતિ.
૨. ન. ઉમરડાનું ફળ. એનું અનંત બ્રહ્માંડરૂપે દૃષ્ટાંત આપવામાં આવે છે.
૩. ન. ઉમરડો; ગૂલર; ધૂલરું; એક જાતનું અંજીરના જેવું વૃક્ષ.
૪. ન. કાનનું એક ઘરેણું.

ગુલ્લા ૧. [ફા.] પું. નાનો દડો.
૨. પું. મહુડાનું ફૂલ.
૩. સ્ત્રી. ચિનાઈ માટી.

ગુલ્લાલા ૧. ન. ખસખસ.
૨. ન. મહા અને ફાગણ માસમાં થતું એક જાતનું નાજુક શોભીતું ફૂલ; ગલગોટો; ગુલાલા.

ગુલ્લિ સ્ત્રી. કોલાહલ; શોરબકોર.

ગુલ્લી ૧. સ્ત્રી. અનાજનો ડોડો.
૨. [હિં.] સ્ત્રી. કેવડાનું ફૂલ.
૩. સ્ત્રી. છોકરાંઓની એક જાતની રમત. તેમાં એક લાકડીને બીજી લાકડીથી મારીને લીટીની બહાર કાઢવાની હોય છે.
૪. સ્ત્રી. મધપૂડો.
૫. સ્ત્રી. મોઈ.

ગુલ્લીટાંડ સ્ત્રી. મોઈદાંડિયાની રમત.

ગુલ્લીડંડા જુઓ ગુલ્લીટાંડ.

ગુલ્લું ૧. ન. એક જાતનું પક્ષી.
૨. ન. પાપડને માટે બાંધેલા અડદ કે મગની કણકના વાટાનો નાનો ગોળ કટકો; પાપડ વણવા બાંધેલા લોટનો લૂઓ; પાપડની કણકનો લૂઓ; ગૂલરું.
૩. ન. મોઈદાંડિયાની રમતમાં ટોલ્લો મારવો તે.

ગુલ્લો પું. પતંગના પૂછડાના ભાગમાં ચોટાડાતો લટકતો કાગળ.

ગુલ્શન પું. ફૂલવાડી; બગીચો.

ગુવરહારી સ્ત્રી. (સંગીત) ગાવાની ચાર માંહેની એક વાણી. તાનસેનની બાની ગુવરહારી, ગૌરહારી કે ગોબરહારી એ નામથી ઓળખાય છે. હાલ બધે આ વાણીનાંજ ધ્રુપદ ગવાય છે.

ગુવાક ૧. [સં.] સ્ત્રી. સોપારી.
૨. સ્ત્રી. સોપારીનું ઝાડ.

ગુવાત્રી સ્ત્રી. ગુવારની શિંગનું સૂકું છોતલું.

ગુવાદ પું. પારસી મહિનાનો એ નામનો બાવીસમો દિવસ.

ગુવાનો સ્ત્રી. દરિયાઈ પંખીની હગાર કે ચરક. તેનું ખાતર ફળઝાડને બહુ માફક આવે છે.

ગુવાર પું. એક જાતનું દ્વિદળ કઠોળ. તેની શિંગ શાકમાં તથા ઢોરને ખવરાવવામાં વપરાય છે. તેલિયો અને ખરસટ એમ ગુવારની બે જાત છે. ગુવાર રૂક્ષ, વાતકર, મધુર, ગુરુ, સારક, કફકર, અગ્નિદીપક અને પિત્તનાશક છે.

ગુવારફળી સ્ત્રી. ગુવારની શિંગ.

ગુવારશિંગ જુઓ ગુવારફળી.

ગુવારશીંગ જુઓ ગુવારફળી.

ગુવારસિંગ જુઓ ગુવારફળી.

ગુવારસીંગ જુઓ ગુવારફળી.

ગુવારી ૧. સ્ત્રી. એ નામનું એક શાક.
૨. સ્ત્રી. ઓરી; બાળકનો એક જાતનો રોગ.

ગુવાલરી પું. ગ્વાલિયર રાજ્યનો એક ખાસ રાગ.

ગુવાવા સ્ત્રી. એક જાતની ઔષધિ. તેના વેલા વેસ્ટ ઈંડીઝના ટાપુમાં ઊગે છે. તેનાં પાદડાં અતિસારના રોગ ઉપર અકસીર મનાય છે.

ગુવેભાદર ન. એક જાતનું કરિયાણું.

ગુવેલ સ્ત્રી. એક જાતની વનસ્પતિ; અમૃતવલ્લિ.

ગુશતાસ્પ પું. અષો જરથોસ્તનો આશ્રયદાતા; ઈરાનનો એ નામે એક રાજા.

ગુષ ૧. પું. ગોખ; છજું.
૨. ન. માળિયું.

ગુસપુસ ૧. સ્ત્રી. છાની વાતચીત; મસલત.
૨. અ. છાનું; કોઈ ન સાંભળે તેમ.

ગુસબરી સ્ત્રી. એ નામની એક વનસ્પતિ. તેનો છોડ બેથી અઢી ફૂટ ઊંચો થાય છે. તેનાં પાન ગોળ અણીવાળાં અને ફૂલ કાળાશ પડતાં પીળાં થાય છે. તેની ડાળમાં પોપટા લાગે છે. તેમાં ટમેટા જેવું નાનું ગોળ ફળ થાય છે.

ગુસબી પું. એક જાતનો જમૈયો.

ગુસમાય સ્ત્રી. ઢોડિયા કોમની એ નામની એક દેવી. જ્ઞાતિબહાર થયેલાને જ્ઞાતિમાં લેવા માટે અથવા તો કોઈને જ્ઞાતિબહાર મૂકવા માટે આ દેવીનો હુકમ મેળવવામાં આવે છે. ભૂવો દાણાની ઢગલી કરી તે જોતો જોતો દેવીનો હુકમ શો છે તે જાહેર કરે છે.

ગુસરણું ન. ગૂ વાળી લીધા પછી લઈ જવાનું સાધન; ગૂ ઉસરણું.

ગુસલ ન. સ્નાન; નાહવું તે.

ગુસલખાનું ન. નાહવાની ઓરડી; સ્નાનાગાર; નાવણિયું.

ગુસાળી સ્ત્રી. એક જાતની કેળ. તેનું કદ સાધારણ, કેળાં મોટાં, છાલ પીળી ને પાતળી અને સ્વાદ ઉત્તમ હોય છે.

ગુસાંઈ ૧. પું. ધર્મગુરુ; સાંઈ; ગોસ્વામી.
૨. પું. પવિત્ર માણસ.
૩. સ્ત્રી. બ્રાહ્મણ અને બાવાની એક જાત.
૪. ન. એ નામની બ્રાહ્મણ અને બાવાની એક જાતનું માણસ.
૫. વિ. એ નામની બ્રાહ્મણ અને બાવાની એક જાતનું.

ગુસી ૧. પું. (વહાણવટું) ગુસીખૂવા ઉપર ચડાવવાનો સઢ.
૨. પું. (વહાણવટું) ફતી ઉપર રખાતો ત્રીજો ખૂવો.

ગુસીખૂવો જુઓ ગુસી ૨.

ગુસુલ ન. સ્નાન; નાહવું તે.

ગુસુલખાનું ન. નાહવાની ઓરડી.

ગુસ્તાખ ૧. [હિં.] વિ. ઉદ્ધત; બેઅદબ; અસભ્ય.
૨. વિ. મગરૂબ; ગર્વવાળું.

ગુસ્તાખાના વિ. બેઅદબીભર્યું; અસભ્ય.

ગુસ્તાખી ૧. સ્ત્રી. અદાલતનો તિરસ્કાર.
૨. [ફા.] સ્ત્રી. બેઅદબી; અસભ્યતા; બેશરમી.
૩. સ્ત્રી. મગરૂબી; ગર્વ.

ગુસ્તાર વિ. વહેંચણી કરનાર; વહેંચનાર.

ગુસ્તાસ્પ જુઓ ગુશતાસ્પ.

ગુસ્લ [અ.] ન. સ્નાન; નાહવું તે.

ગુસ્લખાનું ન. સ્નાનાગાર; નાહવાની ઓરડી.

ગુસ્સૈલ વિ. વાતવાતમાં ગુસ્સે થાય એવું; ગુસ્સાળું.

ગુસ્સો [અ. ગુસ્સા] પું. ક્રોધ; રીસ.
૧. ગુસ્સો ઉતારવો = (૧) એકના ઉપર ક્રોધ હોય તે બીજા ઉપર પ્રકટ કરવો. (૨) કોપ પ્રગટ કરવો; ક્રોધનું ફળ ચખાડવું.
૨. ગુસ્સો ઊતરવો = ક્રોધ શાંત થવો.

૩. ગુસ્સો કરવો = ક્રોધે ભરાવું.
૪. ગુસ્સો પીવો = ક્રોધને દાબી દેવો.
૫. ગુસ્સો મારવો = ક્રોધને રોકવો.

ગુહ્ [સં.] સ. ક્રિ. ઢાંકવું; સંતાડવું; છાનું રાખવું.

ગુહ ૧. [સં.] પું. ઈશ્વર; ભગવાન.
૨. પું. કલિંગ દેશની નજીકના ભીલ લોકો.
૩. પું. કાર્તિક સ્વામી; કાર્તિકેય.
૪. પું. ઘોડો.
૫. પું. જમીનમાંનો સ્વાભાવિક ખાડો.
૬. પું. બુદ્ધ.
૭. પું. વિષ્ણુ.
૮. પું. શિવ; શંકર.
૯. પું. (પુરાણ) શૃંગવેર નામની નગરીનો કિરાત રાજા. તે દશરથ રાજાનો પરમ મિત્ર હતો. વનવાસ વખતે રામ અયોધ્યાથી નીકળી દંડકારણ્યમાં જતાં એક રાત એને ત્યાં રહ્યા હતા. તે વખતે એણે રામનું ફળ, મૂળ વગેરેથી આતિથ્ય કરીને બહુ સેવા ઉઠાવી હતી અને રામને રાત રોક્યા હતા. બીજે દિવસે સવારે તેણે રામને ગંગાને દક્ષિણ તીરે ગંગાપાર ઉતાર્યા હતા. રામ ચિત્રકૂટ પર્વત ઉપર જઈને રહ્યા પછી થોડે દિવસે ભરત મોટું સૈન્ય લઈ રામને પાછા અયોધ્યા લઈ જવા ત્યાં આવ્યો. ગુહરાજને શંકા ઉત્પન્ન થઈ કે ભરત રામનો નાશ કરવા સારૂ આવ્યો છે. તેથી તેણે પોતાની સેના તૈયાર કરી, પરંતુ એને ખબર પડી કે ભરત એવા હેતુથી નહિ પણ રામને ફરી અયોધ્યા પાછા લાવવા જાય છે, તેથી અને ભરતે પ્રાર્થના કર્યાં ઉપરથી તેણે એને પણ ગંગાને દક્ષિણ પારે ઉતાર્યા અને ગુહરાજા ભરતની સાથે ચિત્રકૂટ ગયો.
૧૦. સ્ત્રી. ગુફા.
૧૧. સ્ત્રી. બંગાળી કાયસ્થની એક જાતિ.
૧૨. સ્ત્રી. વિષ્ટા; મળ.
૧૩. સ્ત્રી. શાલપર્ણી નામની વનસ્પતિ.
૧૪. ન. બંગાળી કાયસ્થની એ નામની જાતિનું માણસ.
૧૫. ન. હૃદય.
૧૬. વિ. છૂપું; છાનું; ગૂઢ.
૧૭. વિ. ઢાંકનાર; છુપાવનાર.
૧૮. વિ. બંગાળી કાયસ્થની એ નામની જાતિનું.

ગુહક ૧. [સં.] પું. નિષાદનો રાજા; શૃંગવેરપુરનો અનાર્ય રાજા. દશરથ રાજાને તેની સાથે મિત્રતા હતી. તે રામનો ભક્ત હતો. વનવાસમાં રામની તેણે બહુ સેવા કરી હતી. જુઓ ગુહ ૯.
૨. સ્ત્રી. એક હલકી જાતિ. બ્રાહ્મણ સ્ત્રી ચંડાલ સાથે સંગ કરતાં શ્વપચને ઉત્પન્ન કરે અને શ્વપચથી ગુહક પેદા થાય છે.

ગુહકાલય ન. ભારતવર્ષનું એ નામનું એક તીર્થસ્થાન.

ગુહજ વિ. ગુપ્ત રીતે જન્મેલ.

ગુહડ (ગુહડ઼) ન. (જા. ગુ.) ઘુવડ; ઘૂડ.

દુરજન સજ્જન દેખી દુઃખ લહે,
જિમ ગુહડ ને સૂર. કેશરાજમુનિ

ગુહનિગાર વિ. (જૂ. ગુ.) ગુનેગાર.

ગુહનિગાર હું બંધ છોડાવ્યા,
વણસાયા બહુ દામો. ઋષભદાસ

ગુહમુખ ન. છની સંખ્યા બતાવનારી સંજ્ઞા; છ. કારણકે ગુહ એટલે કાર્તિક સ્વામીને છ મોઢાં હોવાનું મનાય છે.

ગુહર [સં.] વિ. ઢાંકણવાળું.

ગુહરાજ ૧. [સં.] પું. એક જાતનો મહેલ. તેનો વિસ્તાર સોળ હાથનો હોય છે.
૨. પું. રામનો એ નામનો એક મિત્ર. જુઓ ગુહ ૯.

ગુહષષ્ઠી [સં.] સ્ત્રી. માગશર સુદિ ૬. તે કાર્તિક સ્વામીની જન્મતિથિ માનવામાં આવે છે.

ગુહસેન પું. એ નામનો પ્રખ્યાત વલ્લભી રાજ્યકર્તા.

ગુહસ્વામી ૧. પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.
૨. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

ગુહા ૧. [સં.] સ્ત્રી. એક જાતનો વેલો.
૨. સ્ત્રી. એક પ્રકારનું મકાન. તે જમીન નીચે બાંધવામાં આવે છે.
૩. સ્ત્રી. ખાડો.
૪. સ્ત્રી. ગધી સમેરવો.
૫. સ્ત્રી. ગુફા; વિવર.
૬. સ્ત્રી. ગુફાની અધિષ્ઠાત્રી દેવી.
૭. સ્ત્રી. ઝાડ અથવા પહાડ માંહેની બખોલ; મોટું દર.
૮. સ્ત્રી. ઢાંકવું તે.
૯ સ્ત્રી. બુદ્ધિ.
૧૦. સ્ત્રી. બ્રહ્મમાં રહેલી એક શક્તિ.
૧૧. સ્ત્રી. માયા.
૧૨. સ્ત્રી. શાલપર્ણી વૃક્ષ.
૧૩. સ્ત્રી. હૃદય.

શ્રદ્ધાપૂત હૃદયરૂપ ગુહામાં રહેલી બુદ્ધિ યજ્ઞવિદ્યા સમજવામાં સાધનભૂત ગણાય છે.
કઠોપનિષદ્ભાષ્ય

ગુહાઈ પું. સાક્ષી.

રામ કહે સાંભળ રે ભાઈ,
એ વાતનો કો લાવ ગુહાઈ. શામળ

ગુહાકાર પું. ગુહાના જેવો આકાર.

ગુહાકુલ ન. ગોહિલ રજપૂતનું કુળ.

ગુહાગૃહ [સં.] ન. ગુફા.

ગુહાચર ૧. [સં.] ન. બ્રહ્મ; પરમ ચૈતન્ય.
૨. વિ. હૃદયમાં ફરતું.

ગુહાચાર [સં.] ન. બ્રહ્મ.

ગુહાનિષ્ઠ [સં.] વિ. ગુહામાં રહેલ.

આત્મા, દુર્દર્શ, ગૂઢ, અનુપ્રવિષ્ટ, **ગુહાનિષ્ઠ** અર્થાત્ હૃદયરૂપી ગુફામાં રહેલ અને ગાપરનિષ્ઠ તથા પુરાણ છે. કઠોપનિષદ્ભાષ્ય

ગુહાહિત [સં.] વિ. ગુફામાં રહેલ.

આત્મા **ગુહાહિત** અર્થાત્ દરેક પ્રાણીની હૃદયરૂપી ગુફામાં વર્તમાન છે. તાત્પર્ય કે આત્માને વસવાનું મુખ્ય સ્થાન હૃદય છે. કઠોપનિષદ્ભાષ્ય

ગુહામંદિર ૧. ન. ગુફામાં આવેલું મંદિર.
૨. ન. ગુફારૂપી મંદિર.

ગુહામુખ ૧. [સં.] ન. ગુફાનું મુખ.
૨. વિ. ગુફાના જેવા પહોળા મુખવાળું.

ગુહાર ૧. પું. અવાજ.
૨. [હિં.] પું. મદદ માટે પાડવામાં આવતી બૂમ.
૩. પું. લાકીથી થતી લડાઈ.
૪. સ્ત્રી. ગાળ.
૫. સ્ત્રી. બળવાખોર લોકો.

ગુહાલેખ પું. ગુફામાં કોતરેલો લેખ.

ગુહાવાસી ૧. [સં. ગુહાવાસિન્] પું. ગુફામાં રહેનાર માણસ.
૨. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

ગુહાશય ૧. [સં.] પું. ગુફામાં રહેનાર પ્રાણી. જેમકે, સિંહ, ઉંદર.
૨. પું. પરમાત્મા.
૩. પું. વિષ્ણુ.
૪. પું. હૃદય.
૫. વિ. ગુફામાં રહેનાર.

ગુહાહિત [સં.] પું. પરમાત્મા.

ગુહિર પું. (પિંગળ) નાગપિંગળનો માત્રામેળવાળો એક છંદ.

ગુહિરું વિ. ઘેરૂં.

ગુહિલ ૧. સ્ત્રી. રજપૂતની એક અટક. ગુહસેન ઉપરથી તેના વંશનું નામ ગુહિલ પડ્યું મનાય છે.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. ન. ધન.

૪. વિ. એ નામની અટકનું.

૫. [સં.] વિ. ગુફાની પાસેનું.

ગુહિલોત ૧. [સં. ગોહિલપુત્ર] સ્ત્રી. રજપૂતોની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

ગુહીર [હિં.] પું. આહીર; હિંદુ ભરવાડની એક જ્ઞાતિ. તેઓ પોતાને કૃષ્ણના વંશજો માને છે.

ગુહીલ જુઓ ગુહિલ.

ગુહુમ [સં. ગોધૂમ] પું. ઘઉં.

ગુહેર ૧. પું. અવાજ.

૨. પું. ગાળ.

૩. [હિં.] પું. મદદ માટે પાડવામાં આવતી બૂમ.

૪. પું. મુદ્ગર અથવા લાકડીથી લડવું તે.

૫. પું. રક્ષક; બચાવનાર માણસ.

૬. પું. લુહાર.

ગુહેરા [હિં.] પું. ઝેરી ઢેઢગરોળી.

ગુહ્ય ૧. [સં.] પું. કાચબો.

૨. પું. છળ; કપટ.

૩. પું. દંભ; પાખંડ; ઢોંગ.

૪. પું. પરમાત્મા.

૫. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ.

૬. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૭. પું. સંભોગ; મૈથુન.

૮. ન. ગુદા.

૯. ન. છાની રાખવા જેવી વાત; ગુપ્ત વાત; છૂપી વાત.

૧૦. ન. મતલબ.

૧૧. ન. સ્ત્રી અથવા પુરુષનું ચિહ્ન; યોનિ અથવા લિંગ.

૧૨. વિ. છુપાવવા જેવું; ગુપ્ત રાખવા યોગ્ય.

૧૩. વિ. છૂપું; છાનું; ગૂઢ.

૧૪. વિ. મંત્રયુક્ત.

૧૫. [સં. ગુહ્ (છુપાવવું)] વિ. રહસ્ય; મર્મ; ભેદ.

ગુહ્યક ૧. [સં.] પું. અર્ધદેવની એક જાત; ગંધર્વ.

૨. પું. એ નામનો એક પિતૃગણ.

૩. પું. કુબેરનો અનુચર; યક્ષ.

૪. વિ. ગુપ્ત; અદૃશ્ય.

ગુહ્યકપતિ [સં.] પું. કુબેર.

ગુહ્યકાલી [સં.] સ્ત્રી. (તાંત્રિક) એ નામની એક દેવી; કાલી દેવી.

ગુહ્યકાળી જુઓ ગુહ્યકાલી.

ગુહ્યકેશ [સં.] પું. કુબેર.

ગુહ્યકેશ્વર [સં.] પું. કુબેર; ગુહ્યકનો સ્વામી.

ગુહ્યગુરુ [સં.] પું. શિવ.

ગુહ્યતંત્ર ન. ચોસઠ માંહેનું એ નામનું એક તંત્ર.

ગુહ્યતા સ્ત્રી. ભેદ; મર્મ.

ગુહ્યતીર્થ ન. એ નામનું એક પ્રાચીન તીર્થ.

ગુહ્યદીપક ૧. [સં.] પું. આગિયો કીડો.

૨. પું. કીડો.

૩. [સં.] પું. પતંગિયું.

ગુહ્યપતિ [સં.] પું. કુબેર.

ગુહ્યભાષણ ન. આઠ માંહેનું એક જાતનું મૈથુન. સ્મરણ, કીર્તન, કેલિ, પ્રેક્ષણ, ગુહ્યભાષણ, સંકલ્પ, અધ્યવસાય અને ક્રિયાનિષ્પત્તિ એ આઠ જાતના સંભોગ છે.

ગુહ્યમય [સં.] પું. કાર્તિક સ્વામી.

ગુહ્યલોક [સં.] પું. એ નામનો એક લોક; પાતાળ.

ગુહ્યવાળ પું. ગુહ્ય ભાગમાં ઊગતા વાળ.

ગુહ્યવિદ્યા [સં.] સ્ત્રી. ધંતરમંતર; છૂપી વિદ્યા.

ગુહ્યશાલા [સં.] સ્ત્રી. ગુપ્ત ઘર.

ગુહ્યશિલ્પ [સં.] ન. કશ્યપ બ્રહ્મે શિલ્પશાસ્ત્રના પાડેલા ચૌદ માંહેનો એક વિભાગ. તેના સ્થાપક સુંદ ઋષિ હતા. તે શાસ્ત્ર મહાતલ લોકમાં પ્રચલિત થયું.

ગુહ્યસમાજ [સં.] પું. બૌદ્ધ લોકોનો એક સમાજ. તેમાં મા, બહેન, પત્ની વગેરેને એક જ નિર્દોષ દૃષ્ટિથી જોવામાં આવે છે.

ગુહ્યા ૧. [સં.] સ્ત્રી. કાચબી.

૨. સ્ત્રી. વાણિયાની એ નામની એક અટક.

૩. ન. એ નામની અટકનું એક માણસ.

૪. વિ. એ નામની અટકનું.

ગુહ્યાગાર [સં.] ન. ખાનગી ઓરડો.

ગુહ્યાર્થ [સં.] પું. સહેલાઈથી સમજાય નહિ એવો અર્થ; ગૂઢ અર્થ.

ગુહ્યાંગ [સં.] ન. શરીરનો ગુપ્ત ભાગ; ગુહ્ય અવયવ.

ગુહ્યેશ્વરી સ્ત્રી. એ નામની એક દેવી. તેને હિંદુ તેમ જ બૌદ્ધ પોતપોતાની દેવી તરીકે માને છે. ખટમંડુથી ઈશાનમાં ત્રણ માઈલ વાઘમતીને ડાબે કિનારે આ દેવીનું દેવળ આવેલું છે.

ગુહ્યેંદ્રિય સ્ત્રી. સ્ત્રી અથવા પુરુષની ગુપ્ત ઇંદ્રિય.

ગુળવેલ સ્ત્રી. ગળો; એક જાતની વેલ.

ગુળી સ્ત્રી. એક જાતની કેળ. તેનાં કેળાં ભૂંગળાં જેવાં ગોળ ને પીળાં થાય છે.

ગુંગ ૧. પું. ગણગણ થાય એવો અવાજ.

૨. પું. મૂંગાપણું.

૩. વિ. અવાજ વગરનું.

૪. વિ. ગૂંગણું; નાકમાંથી બોલતું.

૫. [ફા.] વિ. બોલી ન શકે એવું; મૂંગું.

ગુંગફુર પું. એ નામનો એક છોડ; અંબરી.

ગુંગડી (ગુંગડ઼ી) સ્ત્રી. છત્રી. તે વાંસની પાતળી ચીપટોની વચમાં ખાખરાનાં પાન મૂકી અગર તો તાડનાં પાનને કાપીને ગૂંથી લઈ બનાવવામાં આવે છે.

ગુંગણા સ્ત્રી. કાળા રંગની આશરે એક વેંતની જાડા મોઢાવાળી ભીંગડાં વગરની માછલી.

ગુંગણાટ ૧. પું. એક જાતનો નાકનો થતો અવાજ; ગણગણાટ.

૨. પું. શ્વાસના રોકાણથી થતી ગભરામણ; શ્વાસાવરોધ; ગૂંગળામણ.

ગુંગણું વિ. નાકમાંથી ગુંગું એવા ગણગણતા નીકળતા અવાજવાળું; જેનું બોલવું સ્પષ્ટ નહિ પણ નાકમાંથી ગણગણતું હોય તેવું; ગૂંગણું.

ગુંગલે ન. એક જાતનો છોડ; પીળો કપાસ; કુંભી.

ગુંગલો સ્ત્રી. ચાર આંગળ લંબાઈની લીલા રંગની ભીંગડાવાળી માછલી. તે દરિયાને કાંઠે રહે છે.

ગુંગળાટ પું. શ્વાસાવરોધ; ગુંગળાવાથી થતી અસર; શ્વાસના રોકાણથી થતી ગભરામણ.

ગુંગળાવું અ. ક્રિ. શ્વાસ ન લેવાવાથી અકળાવું; હવા વિના ગભરાવું.

ગુંગા ૧. સ્ત્રી. એ નામની સુમરા અને કુંભારની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગુંગું ૧. ન. નાકના મળનો બંધાઈ ગયેલો પોપડો; ગૂંગું.

૨. વિ. નાકમાંથી બોલતું; ગૂંગણું.

૩. વિ. મૂંગું.

ગુંચા [ફા.] સ્ત્રી. કળી; નહિ ખીલેલ ફૂલ.

ગુંજ્ ૧. [સં.] અ. ક્રિ. અવાજ કરવો; ગુંજારવ કરવો.

૨. અ. ક્રિ. (ધાતુ) અસ્પષ્ટ ઉચ્ચાર કરવો. તે ઉપરથી નીકળેલ શબ્દો: ગુંજન, ગુંજારવ, ગુંજિત.

ગુંજ ૧. [હિં.] પું. એક જાતનું ડોકનું ઘરેણું. તે સોનાના તાર ગૂંથીને બનાવાય છે.

૨. પું. કલરવ; આનંદધ્વનિ.

૩. [સં.] પું. ગુંજન; ગણગણાટ.

૪. પું. ગુંજાર; ભમરાની પાંખનો ઝીણો અવાજ.

૫. પું. પ્રતિધ્વનિ; પ્રત્યાઘાત; પડછંદો; ગર્જના.

૬. પું. ભમરડાના ફરવાનો અવાજ.

૭. સ્ત્રી. ઘાસમાં પડેલી ગાંઠ; આંટી.

૮. સ્ત્રી. ચણોઠી; રતી.

૯. સ્ત્રી. ચણોઠીનો વેલો. તેનાં બિયાં ઝેરી હોય છે. કહેવાય છે કે તોફાન થવાનું હોય તે પહેલાં તેનાં પાંદડાં પાસપાસે આવી જાય છે.

૧૦. સ્ત્રી. ચામડી ઉપર ઘસારાથી પડતું કડણ લાખું; ભાઠું.

૧૧. સ્ત્રી. છાની વાત; કાનમાં થતી છૂપી વાત.

૧૨. સ્ત્રી. ઝાડના થડમાં થતો ગાંઠો.

૧૩. સ્ત્રી. પાટિયાં જોડવા માટે સાંધામાં ઊભી ઘલાતી બે બાજુ અણીવાળી ચૂંક.

૧૪. સ્ત્રી. રહસ્ય; મર્મ; છૂપો ભેદ.

૧૫. ન. જોખનું એક જાતનું માપ; એક જાતનું વજન.

૫ ગુંજ = ૧૦ માષ = ૧ સુવર્ણમાષ
૧૬ સુવર્ણમાષ = ૧ કર્ષ

૧૬. વિ. છાનું; ગુહ્ય; ખાનગી; ગુપ્ત.

ગુંજકર પું. ભમરો; ભ્રમર.

ગુંજકેળ સ્ત્રી. એક જાતની કેળ.

ગુંજગોળી સ્ત્રી. આંખ ઉપર થતી ચણોઠી જેવી નાની ગાંઠ.

ગુંજન ૧. [સં.] ન. કોમળ મધુર ધ્વનિ.

૨. ન. ગણગણાટ; ગુંજારવ.

૩. ન. ગાજર.

૪. ન. ગાંજો.

૫. ન. ઝેર આપી મારી નાખેલ પ્રાણીનું માંસ.

૬. ન. રાતું લસણ.

૭. ન. લાલ મૂળો.

ગુંજના ૧. સ્ત્રી. પ્રાર્થના; વિનતિ.

૨. સ્ત્રી. મધુર અવાજ.

ગુંજનિકેતન [સં.] પું. ભમરો; મધુકર.

ગુંજમાલ સ્ત્રી. ચણોઠીનો હાર.

ગુંજલડું (ગુંજલડું) ન. ખિસ્સું; ગજવું.

ગુંજવટ ૧. સ્ત્રી. ચોવટ; પંચાત.

૨. સ્ત્રી. છાની વાત; મસલત.

ગુંજવડું (ગુંજવડું) ન. ખિસ્સું; ગજવું.

ગુંજવું ૧. અ. ક્રિ. અવ્યક્ત, મધુર, અસ્પષ્ટ અવાજ કરવો; આનંદનો કલકલ અવાજ કરવો.

૨. અ. ક્રિ. ગર્જના કરવી; પડઘો કરવો.

૩. અ. ક્રિ. ગું ગું એવો અવાજ કરવો; ગણગણવું; ગુંજાર કરવો.

૪. અ. ક્રિ. ગોટાવું; અંદર ને અંદર આવર્તન થવું. પાઠ, જપ, ધુમાડો વગેરેને માટે વપરાય છે.

૫. સ. ક્રિ. રડવું; વારેવારે બોલવું.

ગુંજા ૧. પું. ગુંજારવ કરતો વાયુ.

૨. પું. (પિંગળ) તગણ, યગણ અને લઘુ મળી સાત અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે ઉષ્ણિક છંદનો ભેદ છે.

૩. [સં.] સ્ત્રી. એક જાતનું નગારું; ઢોલ.

૪. સ્ત્રી. એક જાતનો છોડ; ચણોઠી. તેનાં પાન નાનાં અને ઝીણાં હોય છે. તેની શિંગમાંના લાલ બીને ચણોઠી કહે છે. કેટલેક ઠેકાણે તેના વેલા હોય છે. તેની સફેદ અને લાલ એમ બે જાત થાય છે. તેનાં ફળ તિક્ત, ઉષ્ણ, છીંક લાવનાર અને માથાનો કઢાપો મટાડનાર મનાય છે. સફેદ ગુંજાનાં મૂળ વૃષ્ય ગણાય છે. સ્વરભંગમાં ગુંજાના પાંદડાં ચાવી રસ ગળે ઉતારવામાં આવે છે. ખાંસીમાં ગુંજાનો અર્ક અપાય છે. ગુંજાનાં બીને દૂધમાં ઉકાળી તેમાંનું ઝેર કાઢી નાખીને તેની બે ગ્રેન ભૂકી કફનાશક અને જ્ઞાનતંતુ ઉત્તેજક તરીકે અપાય છે. જો બી શુદ્ધ કર્યા વગર અપાય તો તે સખત રેચ અને ખૂબ ઊલટી કરાવે છે. ગુંજાનાં બીને પાણીમાં વાટી તેનો લેપ ખસ, પક્ષઘાત અને જ્ઞાનતંતુઓના દરદમાં કરવામાં આવે છે. શુદ્ધ કરેલાં બીનો ઉપયોગ પૌષ્ટિક દવા તરીકે થાય છે.

૫. સ્ત્રી. ખાવાની એક ચીજ; ઘૂઘરો.

૬. સ્ત્રી. ગુંજારવ; મધુર અવાજ; કલરવ.

૭. સ્ત્રી. ધન પદાર્થ જોખવાનું ચણોઠી જેટલું નાનું એક વજન; રતી. તે એક ગ્રેનના ૨$\frac{૩}{૧૬}$ ભાગ જેટલું, છ ચોખાભાર, ત્રણ કે ચાર યવભાર અથવા બે ઘઉંભાર વજનમાં હોય છે.

૮. સ્ત્રી. ચર્ચા.

૯. સ્ત્રી. ઠાકોરજીને પહેરાવવાની માલા.

૧૦. સ્ત્રી. દારૂનું પીઠું.

૧૧. સ્ત્રી. માછલી.

ગુંજાઈશ ૧. સ્ત્રી. નફો; લાભ.

૨. સ્ત્રી. શક્તિ; મગદૂર; તાકાત; સામર્થ્ય; બળ.

૩. [હિં.] સ્ત્રી. સમાસ.

૪. સ્ત્રી. સ્થાન; જગ્યા; અવકાશ.

ગુંજાઈશી ૧. વિ. લાભદાયક; ફાયદાવાળું.

૨. વિ. શક્તિમાન.

ગુંજાકિની સ્ત્રી. ચણોઠી.

ગુંજાગુંજ સ્ત્રી. ગુંજારવનો ખૂબ મોટો અવાજ; ભારે ગુંજારવ.

ગુંજાતાપ [સં.] પું. ચણોઠીને દેવતા માની તાપ કરવો તે; ખોટો ભ્રમ.

કહે અખો એવું શું ભણ્યું,
ગુંજાતાપ વાનરતાપણું. અખો

ગુંજાદિતૈલ [સં.] ન. (વૈદ્યક) એક જાતની તેલની બનાવટ. તે માથાના વાળ ખરી પડતા અટકાવવા, ખોડાની અંદર તેમ જ માથાની ચામડીમાંથી ધોળી ફોતરી ઊખડતી હોય તે બંધ કરવા વપરાય છે. તે બનાવવા ભાંગરાનો રસ ૧૬ શેર, ચણોઠીનો ભૂકો ૧ શેર અને મીઠું તેલ ૪ શેર એ બધાંને મેળવી તેનું રીતસર તેલ સિદ્ધ કરવું. કંઠમાળ, નાસૂર, ભગંદર, હરસ, ગૂમડાં વગેરેમાં પણ આ તેલ સારો ઉપાય કહેવાય છે.

ગુંજાધર [સં.] પું. ચણોઠીની માળા ધારણ કરનાર શ્રીકૃષ્ણ.

ગુંજાન [હિં.] વિ. જાડું.

ગુંજાપુરી સ્ત્રી. એક જાતની ખાવાની વાની.

ગુંજાફલ [સં.] ન. ચણોઠી.

ગુંજાફળ જુઓ ગુંજાફલ.

ગુંજાભદ્રરસ [સં.] પું. (વૈદ્યક) વાતવ્યાધિ ઉપર ઉપયોગી એ નામની એક દવા. તે બનાવવા ચણોઠી ૬ ભાગ, શુદ્ધ પારો ૩ ભાગ, શુદ્ધ ગંધક ૧૨ ભાગ અને લીમડાનાં બીજ, ભાંગ અને નેપાળાનાં બીજ એ ત્રણે એક એક ભાગ એ બધાંને મેળવીને એક એક દિવસ ભાંગના રસની, ધતુરાના રસની તથા કાકમારીના રસની ભાવના દેવી અને તેની વાલ વાલની ગોળી કરવી. તેની માત્રા એકથી બે વાલ છે.

ગુંજામાળા સ્ત્રી. ડોકમાં પહેરવાનું એક જાતનું ઘરેણું.

ગુંજાર ૧. પું. અવ્યક્ત મધુર અવાજ.

૨. પું. ભમરા કે મધમાખની પાંખનો ગુણગુણ અવાજ; ગણગણાટ; ગુંજન.

ગુંજારવ જુઓ ગુંજાર.

ગુંજારિયા ૧. સ્ત્રી. કણબીની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગુંજાલિકા [સં.] સ્ત્રી. વાંકી નદી.

ગુંજાવવું સ. ક્રિ. ગજાવવું; મધુર અવાજથી ભરી દેવું.

ગુંજાવહ્નિ [સં.] પું. ચણોઠીનો માની લીધેલો અગ્નિ; ખોટો ભ્રમ.

ગુંજાવાય પું. સુસવાટ મારતો પવન.

ગુંજાવાયુ જુઓ ગુંજાવાય.

ગુંજાશ જુઓ ગુંજાઈશ.

ગુંજાસ જુઓ ગુંજાઈશ.

ગુંજાહાર પું. ચણોઠીનો હાર.

ગુંજિત ૧. [સં.] ન. ગુંજારવ; અસ્પષ્ટ મધુર અવાજ.

૨. વિ. ગુંજારવ કરેલું.

ગુંજિયા [હિં.] સ્ત્રી. કાનની વાળી.

ગુંજું ન. ગજવું; ખીસું.

ગુંજ્યતા સ્ત્રી. ગુંજન થઈ શકે એવું હોવાપણું; ગાઈ નહિ પણ ગુંજી શકાય એવી યોગ્યતા.

ગુંજ્યત્વ જુઓ ગુંજ્યતા.

ગુંઝ ૧. સ્ત્રી. છાની વાત; ગુંજ.

૨. સ્ત્રી. ભમરાની પાંખનો ઝીણો અવાજ.

ગુંઠ્ ૧. [સં.] સ. ક્રિ. ઘેરી લેવું; ફરી વળવું.

૨. સ. ક્રિ. ઢાંકવું; સંતાડવું.

ગુંઠણ પું. ગોઠણ; પગનો ભાગ.

ગુંઠણિયો પું. રાનીપરજ લોકોમાં લગ્ન પ્રસંગે થતો એક પ્રકારનો નાચ.

ગુંઠન ૧. ન. ગૂંથણ; ગુંથાવું તે; ગાંઠણ; એકબીજા સાથે ગંઠાયેલું હોવું તે; સંકળામણ.

૨. ન. ચોપડવું અથવા લગાવવું તે.

૩. ન. ઢાંકવું તે; છુપાવવાની ક્રિયા.

ગુંઠાણું [સં. ગુણસ્થાન] ન. (જૈન) ગુણની શ્રેણિ; આત્મજ્યોતિની વિશુદ્ધતાની ચડતી ઊતરતી પંક્તિ.

ગુંઠિત ૧. [સં.] વિ. ધૂળથી ખરડાયેલ.

૨. વિ. વીંટાયેલ; ઘેરાયેલ.

૩. વિ. સંતાડાયેલ; ઢંકાયેલ.

ગુંઠો ૧. પું. અંગૂઠો.

૨. પું. જમીનનું ૨૦ વસાનું એક માપ; એકરનો ૪૦મો ભાગ.

૩. પું. તોફાની માણસ.

૪. ન. એક જાતનું ઝાડ. તેના સાંઠાથી ઝૂંપડી વગેરે છવાય છે. ઢોર તે ખાતાં નથી.

ગુંડ્ ૧. [સં.] સ. ક્રિ. ઢાંકવું; સંતાડવું.

૨. સ. ક્રિ. પીસવું; ચૂર્ણ કરવું.

ગુંડ ૧. પું. જબરદસ્તીનાં કામ કરનાર બદમાશ; ગુંડો; લફંગો; રખડતો લુચ્ચો માણસ.

૨. [હિં.] પું. મલાર રાગનો એક ભેદ.

૩. વિ. તોફાની; હરામખોર.

૪. વિ. હલકું; નીચ; પાપી; કુમાર્ગી.

ગુંડકૃતિ સ્ત્રી. (સંગીત) ગૌડકૃતિને મળતી એક જાતની રાગિણી.

ગુંડરિયા પું. ચોરાશી માંહેનો એ નામનો એક સિદ્ધ.

ગુંડલ ન. ગમે તેમ આડાઅવળા આંટા લઈ ગોળ વીંટવું તે.

ગુંડલિયું વિ. વીંટેલું; ગૂંચળું વાળેલું.

ગુંડળ સ્ત્રી. ગોદ; હૈયું.

ગુંડાઈ જુઓ ગુંડાગીરી.

ગુંડાગીરી સ્ત્રી. ગુંડાપણું; બદમાશી.

ગુંડાપણું જુઓ ગુંડાગીરી.

ગુંડાભેરૂંડા ન. એક જાતનું પૌરાણિક પક્ષી; બે માથાવાળું ગરુડ પક્ષી.

ગુંડાલા [સં.] ન. જળમાં ઉત્પન્ન થનાર એક ક્ષુપ; ગોંડાળનું ઝાડ.

ગુંડાશાહી સ્ત્રી. ગુંડાઓનો અમલ; દાદાગીરી; હરામખોર બદમાશોની સર્વોપરી સત્તા.

ગુંડિયા ૧. સ્ત્રી. ગાયો હાંકી જતા લૂટારાની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

ગુંડી ૧. પું. એ નામનો એક ઋષિ.

૨. [હિં.] સ્ત્રી. કાથાની સીંદરીની નાની ઈંઢોણી.

ગુંડીગઢ ન. ઘોઘાનું પ્રાચીન નામ. સોલંકી રાજાના નૌકાસૈન્યનું મથક ઘોઘા હતું.

ગુંડુકિ સ્ત્રી. એક જાતની લીલા રંગની માખી; ટાંકી. તે ખાસ કરીને ગુલાબના છોડના કુમળા ફણગા આગળ વધારે માલૂમ પડે છે. તેના પેટના છેડે બે પોલી નળી હોય છે, જેમાંથી એક જાતનો પારદર્શક રસ તે બહાર કાઢે છે.

ગુંડુપાદ ન. એક જાતનું કૃમિ.

ગુંડું ન. ક્રોનું થૂમડું.

ગુંડો ૧. [સં. ગુંડક (મલિન)] પું. જબરદસ્તીનાં કામ કરનાર માણસ; બદમાશ; લફંગો; રખડતો લુચ્ચો માણસ.

૨. વિ. પું. તોફાની; હરામખોર.

૩. વિ. પું. પાપી; કુમાર્ગી; અધમ; નીચ.

ગુંડોપુંડો પું. ગાંસડીપોટલી; ઓળોગોળો; સર્વસ્વ.

ગુંઢી સ્ત્રી. ચામડાની પાતળી ગોળ પટ્ટી.

ગુંણસું વિ. માંસલ; ગદાલું; બહુ જ પુષ્ટ; ગુણ જેવું જાડું ને ઠીંગણું.

ગુંતાવું અ. ક્રિ. કામકાજમાં રોકાવું; કામમાં હોવું.

ગુંત્રા ૧. પું. જંગલી બકરો.

૨. પું. સાબર.

ગુંદ પું. ગુંદર; કેટલાંક ઝાડમાંથી ઝરતો ચીકણો રસ. તેની ઘણી જાત છે. પૌષ્ટિક હોવાને લીધે તેનો પાક કરી લોકો ખાય છે. ગુંદર સ્ત્રીઓને ઘણો ઉપયોગી છે. નષ્ટાર્તવ, સુવાવડ, અસ્રાર્તવ તથા પીડિતાર્તવમાં ગુંદ બહુ વપરાય છે. માથાનું દુખવું, ધાતુક્ષય, નબળાઈ, કમકૌવત અને શુક્રદોષની અંદર તેનો પાક ખાવાથી ફાયદો થતો મનાય છે.

ગુંદ લઈને બેસવું–ગુંદ લેવો = એક કામની પાછળ ચોટ્યા જ રહેવું.

ગુંદપાક પું. ધાતુક્ષય, નબળાઈ, કમકૌવત અને શુક્રદોષની અંદર વપરાતો એક જાતનો ગુંદરનો પાક. તેમાં ગુંદને ઘીમાં તળી, ચાસણીમાં મેળવી તેનો પાક કરવામાં આવે છે. તેની માત્રા ચારથી પાંચ તોલા છે.

ગુંદર જુઓ ગુંદ.

ગુંદરકલેઠી સ્ત્રી. એક જાતની દવામાં વપરાતી વનસ્પતિ.

ગુંદરખડ (ગુંદરખ઼ડ઼) ન. એક જાતનું ઘાસ. તે મૂત્રકૃચ્છ્ર ઉપર ઉપયોગી અને ધાવણવર્ધક મનાય છે.

ગુંદરડો (ગુંદરડ઼ો) પું. એક જાતનો છોડ. તેનાં મૂળનો લોટ રાની લોકો દુકાળમાં ખાય છે.

ગુંદરણિયા ૧. સ્ત્રી. લેઉઆ કણબીની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગુંદરપાક ૧. પું. ગુંદર ભેળવીને બનાવેલું એક વસાણું.

૨. પું. ગુંદર સાથે મસાલો મેળવીને બનાવેલું પકવાન્ન; એક જાતની મીઠાઈ. ધાતુક્ષય, નબળાઈ, કમકૌવત અગર શુક્રદોષની અંદર તેમ જ ઋતુ વખતે પીડા થતી હોય તો આ પાક સ્ત્રીઓ ખાય છે. ગુંદને ઘીમાં તળી તેને ચાસણીમાં મેળવી આ પાક કરવામાં આવે છે. તેની માત્રા ૪થી ૫ તોલા છે.

૩. પું. ટાઢો માર; મેથીપાક; માર.

ગુંદરવું સ. ક્રિ. છોડવું; મૂકવું; જવા દેવું.

ગુંદરાટવું અ. ક્રિ. ગુંદર લગાવવો; ગુંદરવાળું કરવું.

ગુંદરિયાળ વિ. ગુંદ લગાડેલું.

ગુંદરિયું ૧. ન. પલાળેલો ગુંદર રાખવાનું પાત્ર; ગુંદર પલાળી રાખવાનું પાત્ર; ગુંદિયું; ગુંદરવું પાત્ર.

૨. ન. લપ; વ્યવહારમાં ચીકણું માણસ.
ગુંદરિયું ચોંટવું = (૧) છૂટકો ન થાય એવી પીડા વળગવી. (૨) લપ વળગવી; લફરૂં લાગવું.

૩. વિ. ઝટ ઊઠે નહિ એવું; ચીકણું.

ગુંદરિયો ૧. પું. ખસે નહિ એવો લપી માણસ; ચોટડૂક.

૨. વિ. પું. લપી; ચીકણો.

ગુંદરૂક્ખ પું. (પ્રાકૃત) ગૂંદાનું ઝાડ; ગૂંદી.

ગુંદરૂં ન. (ગ્રામ્ય) ગામમાંથી રોગ કાઢવા માટે ગામની ભાગોળે દેવી આગળ બકરાં, કૂકડાં, દારૂ વગેરેનો ધરાવાતો ભોગ.

ગુંદલ ૧. [સં.] પું. નરઘાં, મૃદંગ વગેરેનો અસ્પષ્ટ શબ્દ.

૨. ન. ક્રીડા; ખેલ.

ગુંદલું ન. રોટલી વણવા માટે લૂઆનો બનાવેલ ગોળો; ગૂંડલું.

ગુંદવૃક્ષ ન. એક જાતનું ઝાડ; ગૂંદી.

ગુંદહા સ્ત્રી. એક જાતનું ઘાસ. એના કંદને મોથ કહે છે.

ગુંદાઈ પું. પાકા ગૂંદા જેવો રંગ.

ગુંદાપાક પું. મેથીપાક; માર; શિક્ષા.

ગુંદાલિયા ૧. સ્ત્રી. એ નામની ઘાંચીની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગુંદાવિયા ૧. સ્ત્રી. એ નામની સિપાઈની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગુંદાસોર સ્ત્રી. એક જાતની રમત.

ગુંદિયાભટ ૧. સ્ત્રી. ઔદીચ્ય બ્રાહ્મણની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગુંદિયાં ન. બ. વ. મોજમજા; આનંદ.

ગુંદિયું ૧. ન. એક જાતનું કંકુ.

૨. ન. ગુંદરિયું; પલાળેલો ગુંદર રાખવાનું પાત્ર.

૩. વિ. ગુંદરવાળું; ચીકણું.

ગુંદિયો પું. એક જાતનો કલમી આંબો.

ગુંદીગઢ પું. ઘોઘા શહેરનું જૂનું નામ.

ગુંદીગરા ૧. સ્ત્રી. એ નામની ભાવસાર અને ધોબીની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગુંદ્ર [સં.] પું. કાસડો; એક જાતનું ઘાસ.

ગુંદ્રફલા સ્ત્રી. કાંગ.

ગુંદ્રમૂલા [સં.] સ્ત્રી. એરકા નામનું ઘાસ.

ગુંદ્રલા [સં.] સ્ત્રી. ચકોર પક્ષી.

ગુંદ્રા ૧. [સં.] સ્ત્રી. એક જાતની મોથ.

૨. સ્ત્રી. એરકા નામનું ઘાસ.

૩. ન. ધાબાજરિયું.

ગુંધળી સ્ત્રી. જુવારની એક જાતની પાતળી ઝીણી કડબ. તેથી ખેતરનો કસ નાશ પામે છે.

ગુંધળું વિ. મેલું.

ગુંદ્ય [સં. ગ્રંથિ] સ્ત્રી. ગૂમડાં વગેરેનો પાક થાય તે જગ્યાએ રુઝાતી વખતે ચામડી કે સ્નાયુની ગાંઠ જેવું બંધાઈ જવું તે.

ગુંપવું સ. ક્રિ. લીંપવું; ગાર કરવી.

ગુંફ્ ૧. [સં.] સ. ક્રિ. ગંઠવું; વણવું; ગૂંથવું.

૨. સ. ક્રિ. લખવું.

ગુંફ ૧. [સં.] પું. ગૂંછળું; ગુચ્છ; ઝૂમખું.

૨. પું. મૂછ.

૩. સ્ત્રી. દાઢી.

૪. ન. ગૂંથવું તે; ગૂંથણ.

૫. ન. હાથનું એક જાતનું ઘરેણું.

ગુંફન [સં.] ન. ગૂંથવું તે; ગૂંથણ.

ગુંફના ૧. [સં.] સ્ત્રી. ગૂંથવું તે; ગૂંથણી.

૨. સ્ત્રી. વાક્યમાં શબ્દ તથા અર્થની સુંદર રચના.

ગુંફવું સ. ક્રિ. ગૂંથવું; વણવું.

ગુંફાડો (ગુંફાડ઼ો) પું. આંટી; ગૂંચ.

ગુંફાવું ૧. અ. ક્રિ. ગૂંચવાવું; આંટી પડવી.

૨. અ. ક્રિ. લપટાવું; ફસાવું.

ગુંફિત ૧. પું. (સંગીત) પંદર માંહેનો એ નામનો એક ગમક.

૨. વિ. ગંઠેલું.

૩. વિ. ગૂંચવણ ભરેલું.

૪. વિ. ગૂંથેલું; સંકળાયેલું; સાંકળેલું.

૫. વિ. રહસ્યવાળું; ગુપ્ત; છાનું.

૬. વિ. સારી રીતે ગોઠવેલું.

ગુંફેડાવું (ગુંફેડ઼ાવું) અ. ક્રિ. ગૂંચાવું; વીંટાવું.

ગુંફો પું. ઝુંડ; જથ્થો.

ગુંબજ ૧. પું. ગર્ભવતી સ્ત્રીનું પેટ.

૨. પું. ઘુંમટ; ગભારો; ગર્ભાગાર.

૩. પું. બુરજ; મિનારો.

ગુંબજદાર ૧. વિ. જેના ઉપર ઘુંમટ હોય એવું; ઘુંમટવાળું.

૨. વિ. બાહ્યગોળ.

ગુંબઝ જુઓ ગુંબજ.

ગુંબઝદાર જુઓ ગુંબજદાર.

ગુંબડ (ગુંબડ઼) ન. ગૂમડું; ફોલ્લો.

ગુંબડવેલ (ગુંબડ઼વેલ) સ્ત્રી. એક જાતનો વેલો; વજવેલ. તે ચોમાસે ઘણી ઊગી નીકળે છે. તેનાં પાન પહોળાં અને હૃદયાકૃતિનાં હોય છે. તેમાં પીળાશ પડતાં અને ગોળાઈ લેતાં અણીવાળાં ધોળા રંગનાં થતાં ફૂલ સવારે ઊઘડે છે. આ વેલામાંથી વજ જેવી વાસ નીકળે છે. તેનાં પાન વાટીને ગૂમડાં ઉપર લગાડાય છે.

ગુંબડું ન. ગૂમડું; ફોલ્લો.

ગુંબદ જુઓ ગુંબજ.

ગુંબો પું. ધૂંબો; ગડદો; ધુસ્તો.

ગુંમ ૧. સ્ત્રી. મૂંઝારો; મૂંઝવણ.

૨. ન. એક જાતનું ઘાસ.

ગુંસાઈ ૧. પું. અતીત સાધુ.

૨. પું. ગોસ્વામી; વૈષ્ણવ સંપ્રદાયના મહારાજનો એક ખિતાબ.

૩. પું. શ્રીમદ્ વલ્લભાચાર્ય.

૪. પું. શ્રીમદ્ વલ્લભાચાર્યના પુત્ર વિઠ્ઠલનાથજી. શુદ્ધાદ્વૈત સંપ્રદાયના આચાર્ય શ્રી વલ્લભાચાર્યને વૈષ્ણવ લોકો મહાપ્રભુજી નામથી વ્યવહરે છે. તેમના બીજા પુત્ર શ્રી વિઠ્ઠલનાથજી (ઈ. સ. ૧૫૧૭-૧૫૮૬)ને અકબર બાદશાહે ગોકુલ તથા જતીપુરા ગામ સનંદથી આપ્યાં હતાં. તેમને ગાયો ચરાવવાની ગૌચરની છૂટ મોગલાઈથી મળ્યા પછી શ્રી વિઠ્ઠલનાથજીને ગોસ્વામી અથવા શ્રી ગુંસાઈ સંજ્ઞા મળી હતી. આ શ્રી વિઠ્ઠલનાથજી વૈષ્ણવ સંપ્રદાયના બીજા મહાપુરુષ ગણાય છે.

૫. સ્ત્રી. સાધુ બાવાની એક અટક.

૬. ન. એ નામની અટકનું માણસ.

૭. વિ. એ નામની અટકનું.

ગુંસાઈજી જુઓ ગુંસાઈ ૨-૪.

ગુંહ્ ન. વૈદિક સંસ્કૃતમાં અનુસ્વારને બદલે મૂકાતું ॅ આવું ચિહ્ન. જેમકે. છંદાંસિ.

ગૂ ન. વિષ્ટા; મળ; નર્ક. સાંઢિયા, ઘોડા, ગધેડાની હગાર લાદ કહેવાય છે. સસલાં, બકરાં, ઘેટાંની હગાર લીંડી કહેવાય છે. કાગડા, મોર વગેરેની હગાર ચરક કહેવાય છે.

૧. ગૂ ઉછાળવું = પોતાના ઉપર કલંક લાવવું.

૨. ગૂ કરવું = બગાડવું.

૩. ગૂ ખાવું = (૧) જૂઠું બોલવું. (૨) વિષ્ટા ખાવી. (૩) શરમભરેલું કામ કરવું.

૪. ગૂ થવું = બગડવું.

ગૂઈ ૧. સ્ત્રી. અણચી; રમતમાં અસત્ય બોલવું તે.

૨. સ્ત્રી. ગાંડ; ગુદા.

૩. સ્ત્રી. લખોટાની રમતમાં લખોટી પડે એવો નાનો ખાડો; બદી; ગબી.

ગૂઈમરામણું વિ. સૃષ્ટિવિરુદ્ધ કામ કરાવનાર.

ગૂખ [સં. ગવાક્ષ] પું. ગોખ; છજું.

ગૂખાડ જુઓ ગૂખાડી.

ગૂખાડી ૧. સ્ત્રી. ગૂ નાખવાનો ખાડો; અઘણખાડ; ગૂખાડ.

૨. સ્ત્રી. જ્યાં નર્ક હોય કે ગંદું પાણી જતું હોય તે ઠેકાણું.

ગૂખાણ જુઓ ગૂખાડી.

ગૂગલ જુઓ ગૂગળ.

ગૂગલી જુઓ ગૂગળી.

ગૂગળ [સં. ગુગ્ગુલ] પું. બાળતાં સુગંધ આપનારો એક જાતનો ગુંદર; ડુંગરી ઝાડનો ગુંદર. તે દવાના તેમ જ ધૂપ કરવાના કામમાં વપરાય છે. યોગરાજ ગૂગળ-તેનું ઝાડ ડુંગરી જમીનમાં થાય છે. તેનાં પાન લીમડાનાં પાન જેવાં ને પાંચ પાંખડાંવાળાં હોય છે. ચૂનામાં ચીકાશ લાવવા માટે તે નખાય છે. તે કડવો, તીખો, ઉષ્ણ, પિત્તલ, સારક, તૂરો, લઘુ, પાચક, વૃષ્ય, ભાંગેલાં હાડકાંનું સંધાન કરનાર, સૂક્ષ્મ, સ્વર્ય, અગ્નિદીપક, ભીનો, મધુર, બલ્ય, તીક્ષ્ણ, સ્નિગ્ધ, સુગંધી, પૌષ્ટિક, કાંતિકર તથા ભેદક છે અને કફ, વાયુ, કાસ, કૃમિ, વાતોદર, શ્લેષ્મ, સોજો, અર્શ, પ્રમેહ, મેદારોગ, વાતરક્ત, રક્તદોષ, ગ્રંથિરોગ, ગંડમાલા, વ્રણ, આમ, કંડૂ, કોઢ, ઊલટી, આમવાયુ તથા અશ્મરી મટાડે છે. કણ ગૂગળ— તે તીખો, ઉષ્ણ, સુરભિ તથા રસાયન છે અને વાયુ, શૂળ, ગુલ્મ, ઉદરરોગ, આધ્માનવાયુ તથા કફ મટાડનાર છે. ભૂમિજ ગૂગળ—તે તીખો, કડવો તથા ઉષ્ણ છે અને કફ તથા વાત મટાડે છે. ગૂગળની શુદ્ધિ કરવા એક કલાઈવાળું તપેલું લઈ તેમાં ત્રિફળા અને પાણી સમ ભાગે નાખવું અને તે ઉપર એક કપડું બાંધી પછી તે ઉપર ગૂગળનું ચૂર્ણ નાખી, ઉપર ઢાંકણું વાસી તે ગૂગળ સીઝવવો એટલે તે શુદ્ધ થાય છે. ગૂગળનાં ફળ બોર જેવડાં ને રાતાં થાય છે. તેને સૂકવીને ચૂર્ણ કરી કબાડી લોકો શીળસની અંદર ફાકડો મારે છે. ગૂગળ ચાર જાતનો થાય છે: (૧) સાધારણ ગૂગળ, (૨) ભેંસા ગૂગળ, (૩) મીણોહરમો અને (૪) જૂનો ગૂગળ. સાધારણ ગૂગળ જે બજારમાં મળે છે તે. ભેંસા ગૂગળ વધારે ચોખ્ખો ને સ્વચ્છ હોય છે. મીણોહરમો કઠણ અને ચવડો હોય છે. તેને ઘસતાં ઘણી મહેનત પડે છે. કેટલાકના મત પ્રમાણે ગૂગળના પાંચ પ્રકાર છે: મહિષાક્ષ, મહાનીલ, કુમુદ, પદ્મ અને હિરણ્ય. મહિષાક્ષ અને મહાનીલ એ બે હાથીને ઉપયોગી, કુમુદ અને પદ્મ એ ઘોડાને ઉપયોગી અને હિરણ્ય એ માણસને ઉપયોગી છે. ગૂગળનું ઝાડ કાળા રંગનું થાય છે. જુદી જુદી ઔષધિની તેની સાથે મેળવણી કરી જુદા જુદા રોગ ઉપર જુદી જુદી માત્રામાં તે અપાય છે. ગૂગળની બનાવટોમાં મોટો તથા નાનો યોગરાજ ગૂગળ, કૈશોર ગૂગળ, ત્રિફળા ગૂગળ અને કાંચનાર ગૂગળ મુખ્ય છે. એનાં ઝાડ મારવાડ, સિંગાપુર અને સિંધ દેશમાં થાય છે. ગ્રીષ્મ ઋતુમાં તાપને લીધે તેમાંથી જે રસ ઝરે છે તેને ગૂગળ કહે છે. તેનો ધૂપ કરવાથી હવા શુદ્ધ થાય છે. ફળ નાની બદામડી કે ઘઉંલા જેવા આકારનાં હોય છે. તેમાંથી ગુંદર જેવો રસ નીકળે છે તે પણ ગૂગળ કહેવાય છે.

ગૂગળ ને ગુંદ લઈ ચોટવું = કોઈ પણ સ્થાનમાં ચોટ્યા રહેવું; પાછળ લાગવું.

ગૂગળલફો પું. ઘઉંને ખાંડી તેના ઉપરનું ભૂસું કાઢી નાખી ગોળી નાખીને બનાવાતી ખીચડી.

ગૂગળિયું ૧. ન. ગૂગળ ભરવા માટેનું વાસણ.

૨. વિ. ગૂગળનું; ગૂગળ સંબંધી; ગૂગળને લગતું; ગૂગળવાળું.

ગૂગળી ૧. સ્ત્રી. એ નામની બ્રાહ્મણની એક જાત.

૨. સ્ત્રી. ગૂગળનું નાનું ઝાડ.

૩. સ્ત્રી. સહેજ પીળાશ પડતા રંગની એક જાતની જુવાર.

૪. ન. ઓખામંડળના બ્રાહ્મણોની એક જાતનું માણસ. કહેવાય છે કે દ્વારકા તથા બેટના મંદિરના પૂજારીઓ જ્યારે દ્વારકા ગયા ત્યારે કુશ નામે રાક્ષસ તેની સામે થયો. તેનો શમી અને ગૂગળનો ધૂપ કરી નાશ કર્યો માટે તેઓ ગૂગળી કહેવાયા. બીજી માન્યતા પ્રમાણે ગૂગળનો ધૂપ કરનારા ઋષિઓનાં સંતાન તે ગૂગળી બ્રાહ્મણ. શ્રીકૃષ્ણ મથુરાથી આવ્યા ત્યારે તેમની સાથે જે જનમંડળ આવ્યું હોય તેમાં બ્રાહ્મણોનો જે વર્ગ હતો તે ગોકુલથી આવેલા બ્રાહ્મણ તરીકે ગોકલિયા બ્રાહ્મણ કહેવાયા હશે અને તેના ઉપરથી ગોગલીઆ-ગોગલી કે ગૂગલી શબ્દ બન્યો હોય. વળી એમ પણ મનાય છે કે ગુહાકુલના પુરોહિતનું કાર્ય કરનાર બ્રાહ્મણોને ગુહાકુલી કહી શકાય અને ગુહાકુલી શબ્દમાંથી ગૂગલી શબ્દ થયો હોય. કેટલાકના મત પ્રમાણે ગૂગલી શબ્દ ગુગા કે ગોગા નામના કોઈ મહા પુરુષના નામ ઉપરથી બનેલો છે. જેમ નાગનું નાગુલ તેમ ગોગા ઉપરથી ગોગુલ થાય અને ગોગુલ ઉપરથી ગૂગલી થયું હોય.

૫. વિ. એ નામના બ્રાહ્મણની જાતનું.

૬. વિ. કંજૂસ; બખીલ.

૭. વિ. ગૂગળ સંબંધી.

૮. વિ. મેલું; ગંદું.

ગૂગળું ૧. વિ. ગૂગળના જેવા રંગવાળું.

૨. વિ. સ્વાદમાં મોળું નહિ તેમ ગળ્યું પણ નહિ એવું.

ગૂગા ન. કાંટાવાળું એક નાનું ઝાડ. આ ઝાડમાંથી એક જાતનો રસ નીકળે છે. સિંધ અને દક્ષિણમાં તે ઊગે છે.

ગૂજ ૧. [હિં.] સ્ત્રી. કાનની વાળી.

૨. સ્ત્રી. ગુપ્ત વાત; રહસ્ય.

૩. ન. કલંક; દૂષણ; એબ.

૪. ન. ગોળ નકશીકામ કરવાનું ટાંકણા જેવું સુતારનું એક ઓજાર.

૫. ન. બે બાજુ અણીવાળો ખીલો.

૬. વિ. ગુહ્ય; ગુપ્ત; છાનું; ખાનગી.

ગૂજર ૧. પું. ખેડ કરતી અને ગાય ચોરવા માટે પ્રખ્યાત થયેલી એક હિંદુ જાતિ.

૨. [સં. ગુર્જર] પું. ગુર્જર લોકો.

૩. [સં. ગોચારક] પું. ભરવાડ.

૪. સ્ત્રી. આહીરોની એક જાતિ.

૫. સ્ત્રી. એ નામની રાજપૂતોની એક જાત.

૬. સ્ત્રી. (જૈન) ચોરાશી માંહેની એ નામની એક જ્ઞાતિ.

૭. ન. એ નામની જાતિનું માણસ.

૮. વિ. એ નામની જાતિનું.

ગૂજરાત જુઓ ગુજરાત.

ગૂજરાતણ ૧. સ્ત્રી. ગુજરાતમાં જન્મેલી સ્ત્રી; ગુજરાતી સ્ત્રી.

૨. સ્ત્રી. ગુજરાતમાં રહેનારી સ્ત્રી.

ગૂજરાતી જુઓ ગુજરાતી.

ગૂજરી ૧. સ્ત્રી. ગૂજરની સ્ત્રી.

૨. સ્ત્રી. ભરવાડણ.

૩. જુઓ ગુજરી.

ગૂજું ન. ગજવું.

ગૂઝ ૧. [સં. ગુહ્ય] સ્ત્રી. અંતરમાં રહેલ છૂપી વાત; ગુપ્ત વાત; રહસ્ય.

૨. સ્ત્રી. ગોષ્ઠી; ગોઠ; વાત.

૩. ન. એક પ્રકારનું સુતારનું ઓજાર.

૪. ન. બે બાજુ અણીવાળો ખીલો.

૫. વિ. ગુહ્ય; ગુપ્ત; છૂપું; છાનું.

ગૂટ પું. ઘૂંટડો.

ગૂટિ [બં.] સ્ત્રી. રેશમના કીડાએ બાંધેલું કોકડું; ગોટી.

ગૂટિપોહા [બં.] પું. રેશમનો કીડો.

ગૂટી [બં.] સ્ત્રી. રેશમના કીડાએ બાંધેલું કોકડું; ગોટી.

ગૂઠવું ૧. સ. ક્રિ. કાપવું.
૨. સ. ક્રિ. ખોદવું.
૩. સ. ક્રિ. પ્રસન્ન થવું.

ગૂડ ૧. પું. ગૂડો; પગનો નળો.
૨. ન. કોમલાસ્થિ; કૂણું હાડકું; કૂર્ચાસ્થિ; 'કાર્ટિલેજ'.

ગૂડકી સ્ત્રી. સૂંથણી; લેંઘી; નાની ઇજાર.

ગૂડકું ન. નાની સૂંથણી.

ગૂડલું ન. ગુલ્લું.

ગૂડવું ૧. સ. ક્રિ. ખોદવું.
૨. સ. ક્રિ. મારી નાખવું; વાઢવું; કાપવું; નાશ કરવો.

ગૂડી નાખવું = (૧) ઊછરતા લીલા મોલને વાઢી નાખવો. (૨) ખોદી નાખવું. (૩) ચાંપીને ભોંયમાં દાટવું. (૪) મારી નાખવું; હણી નાખવું.

૩. સ. ક્રિ. સજ્જ કરવું.

પડતાં પાટણ વાજઈ અલુખાની આયસીં પૂંતારીં
તતખિણ ગવયર ગૂડ્યા. કાન્હડદેપ્રબંધ

ગૂડા ૧. પું. ઘૂંટણ.
૨. પું. પગ; પગનો નળો.
૩. પું. બારસાખ.
૪. પું. હાંજા; બળ; શક્તિ.

ગૂડાબૂડ ૧. વિ. ગૂડા બૂડી જાય એટલું.
૨. અ. ગૂડા બૂડી જાય એટલેસુધી.

ગૂડાભર અ. ઘૂંટણ સુધી.

ગૂડાલાકડી (ગૂડાલાકડ઼ી) ૧. સ્ત્રી. એક પ્રકારની સજા; રિબામણી.
૨. સ્ત્રી. ગોળ લાકડી.

ગૂડિયા ૧. પું. ગાડાના પૈડાનો આરાવાળો વચલો ભાગ.
૨. પું. ચરખામાં લાઠિયું અને કણો પકડવા માટે રાખેલું લાકડું.
૩. સ્ત્રી. ભોઈની એક પેટા જ્ઞાતિ.

ગૂડી ૧. પું. (જૂ. ગુ.) અબીલ ગુલાલ જેવો એક પદાર્થ.
૨. સ્ત્રી. ઉત્સવને દિવસે ઊભો કરેલો ઝુંડો; માણેકથંભ.
૩. સ્ત્રી. (જૂ. ગુ.) એક જાતની નાની ધજા.
૪. [પ્રા.] સ્ત્રી. પૂતળી; ઢીંગલી.

ગૂડીપડવો (ગૂડીપડ઼વો) પું. ચૈત્ર સુદિ પડવો.

ગૂડું વિ. લુચ્ચું; શઠ.

ગૂડૂ સ્ત્રી. નીલગિરિ ઉપર વસતા ટોડા લોકો તરફથી પોતાના ગુરુને અપાતો કર. ટોડાઓને તેઓ પોતાના ગુરુ માને છે અને પોતાની કમાણીનો છઠ્ઠો ભાગ એમને કર તરીકે કાઢી આપે છે. આ કરને ગૂડૂ કહેવામાં આવે છે.

ગૂડો ૧. પું. ઘૂંટણ.
૨. પું. ઘોડાના પગનો નળો.
૩. પું. દડો.
૪. પું. પગ; પગનો નળો.

૧. ગૂડા ગગડી જવા-ગળવા-ભાંગવા = થાકી જવું.

૨. ગૂડા ઢાળવા = નાહિંમત થવું; પગ ભાંગી જવા.

૫. પું. બળ; શક્તિ; હાંજા.
૬. પું. મરનારને રોવા જવું તે; કાણ.

ગૂડો વળાવવો-વાળવો = ખરખરે જવું; રોતાં રોતાં મરનારને ઘેર જવું.

૭. વિ. પું. લુચ્ચો; શઠ.

ગૂઢ ૧. [સં.] પું. ઉપપતિનો એક ભેદ; બીજાની પત્ની સાથે થયેલ પ્રેમ છાનો રાખે તેવો માણસ.
૨. પું. (કાવ્ય) એક અલંકાર. તેને સૂક્ષ્મ પણ કહે છે. ગૂઢતાથી આકાંક્ષાની થયેલી વસ્તુનું નિબંધન અર્થાત્ વર્ણન ગૂઢ અલંકાર છે.
૩. પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.
૪. ન. એકાંત સ્થળ.
૫. ન. ગુપ્ત ભેદ; રહસ્ય.
૬. વિ. અઘરૂં; કઠણ.
૭. વિ. અભિપ્રાયગર્ભિત; જેમાં બહુ અભિપ્રાય ગર્ભિત હોય તેવું; ગંભીર.
૮. વિ. ગહન; અકળિત; ન સમજાય એવું; ઊંડું; જેનો આશય જલદી સમજવામાં ન આવે એવું.

જાણવું કર્મને યે, ને જાણવું યે વિકર્મને;
અકર્મે જાણવા યોગ્ય, ગૂઢ છે કર્મની ગતિ.
કવિગીતા

૯. વિ. ગુહ્ય; સંતાડેલું; છૂપું; છાનું; પ્રચ્છન્ન; ઢંકાયેલ.
૧૦. વિ. નિષ્ક્રિય; અવ્યક્ત.
૧૧. વિ. વિકટ; વિકરાળ.
૧૨. વિ. વિષમ; સંકીર્ણ.

ગૂઢઅનુપ્રવિષ્ટ વિ. અંદર દાખલ થયેલ હોઈને ન જાણી શકાય એવી રીતે રહેલ. આત્મા વસ્તુમાત્રમાં ગૂઢઅનુપ્રવિષ્ટ અર્થાત્ તે તે વસ્તુના રૂપ, રંગ, ગુણ, ધર્મની સાથે એવો તો ઓતપ્રોત થઈ રહેલો છે કે એને ભિન્નરૂપે શોધી કાઢવો મુશ્કેલ છે. માણુસમાં માણુસરૂપે, પશુપક્ષીમાં પશુપક્ષીરૂપે, ઘાસમાં ઘાસરૂપે રહેલ છે; પણ એવી રીતે છે કે તેની ગૂઢતા સામાન્ય શોધથી પકડાતી નથી.

ગૂઢ ઉપપતિ પું. એક જાતનો ઉપપતિ. પરદારાથી થયેલ પ્રીતિ ગૂઢ રાખે તે ગૂઢ ઉપપતિ કહેવાય છે.

ગૂઢકાવ્ય ન. (કાવ્ય) અર્થચિત્રનો એક ભેદ. જ્યાંસુધી વાતનું ફેરફારથી વર્ણન કરવામાં આવે એવું ગૂઢકાવ્ય અર્થચિત્ર કહેવાય.

ગૂઢકાવ્યચિત્ર ન. (કાવ્ય) ચિત્રકાવ્યનો એક ભેદ. સૂક્ષ્માલંકાર અર્થચિત્ર, બહિર્લાપિકા અર્થચિત્ર, અંતર્લાપિકા અર્થચિત્ર, ગૂઢોત્તર અર્થચિત્ર, એકનેક ઉત્તર આદ્યંત ચરણ અર્થચિત્ર, અપહ્નુતિ અર્થચિત્ર અને શ્લેષ અર્થચિત્ર એવા તેના ભેદ છે.

ગૂઢગર્ભ પું. એક જાતનો ગર્ભરોગ.

ગૂઢગૃહ ૧. ન. ભુલભુલામણી; ન સમજી શકાય તેવું ગહન ઘર.
૨. ન. વિશ્રાંતિ માટે બગીચામાં બનાવેલ કે જમીનમાં કોરી કાઢેલ સ્થળ.

ગૂઢઘેરૂં વિ. ઘણું ઘેરૂં.

ગૂઢચતુર્થપાદ પું. (સંગીત) એ નામનો એક છંદ.

ગૂઢચાર ૧. [સં.] પું. ગુપ્ત દૂત; જાસૂસ.
૨. વિ. છાનું ફરનાર.

ગૂઢજ ૧. [સં. ગૂઢ (છાનું) + જ (જન્મેલ)] પું. ઘરમાં ગુપ્ત રીતે ઉત્પન્ન થયેલો પુત્ર; ગૂઢજાત.
૨. વિ. છૂપી રીતે જન્મેલ; ગુપ્ત રીતે પેદા થયેલ.

ગૂઢજાત ૧. [સં. ગૂઢ (ગુપ્ત) + જાત (જન્મેલું)] પું. પોતાના પતિને ઘેર રહેવા છતાં કોઈ સ્ત્રીએ પોતાના પતિની જ્ઞાતિના કોઈ જાર પુરુષથી ઉત્પન્ન કરેલો પુત્ર; ગૂઢજ.
૨. પું. હિંદુશાસ્ત્રમાં કહેલ તેર માંહેનો એક પુત્ર.

ગૂઢજ્ઞાનવાદ પું. અગમ્યવાદ; અગમ્યતા જેમાં માનવામાં આવતી હોય તેવો મત.

ગૂઢતત્ત્વ [સં. ગૂઢ (સંતાડેલું) + તત્ત્વ] ન. અત્યંત ગુહ્ય સનાતન પરમતત્ત્વ.

ગૂઢતત્ત્વવાદ પું. સામ્યવાદ; રહસ્યવાદ; અતીંદ્રિયવાદ; સાક્ષાત્કારવાદ.

ગૂઢતમ [સં.] વિ. વધારેમાં વધારે ગૂઢ; છૂપામાં છૂપું.

ગૂઢતર [સં.] વિ. વધારે ગૂઢ; રહસ્ય ભરેલું.

ગૂઢતા ૧. [સં.] સ્ત્રી. ગહનતા; અગમ્યતા; દુર્બોધતા; ગંભીરતા; કઠિનતા.

૨. સ્ત્રી. ગુપ્તતા; છૂપાપણું.

૩. સ્ત્રી. સંતાડેલી કાંકરી ખોળવાને મળતી એક પ્રાચીન રમત.

ગૂઢત્વ જુઓ ગૂઢતા ૧, ૨.

ગૂઢ દૈવી વાણી સ્ત્રી. દેવાજ્ઞા; દેવવાણી.

ગૂઢપણું જુઓ ગૂઢતા ૧, ૨.

ગૂઢપત્ર [સં.] ન. અંકોટનું ઝાડ; કેરડાનું ઝાડ. એનાં ફળનું શાક અને અથાણું થાય છે.

ગૂઢપથ ૧. [સં.] પું. અંતઃકરણ.

૨. પું. ગુપ્ત માર્ગ.

ગૂઢપદ ૧. [સં.] પું. સર્પ;-સાપ.

૨. ન. ગુપ્ત પદ; સાંકેતિક શબ્દ.

ગૂઢપાદ ૧. [સં.] પું. કાચબો.

૨. પું. સર્પ; સાપ.

૩. વિ. ગુપ્ત પગવાળું.

૪. વિ. રક્ષણ કરેલા પગવાળું.

ગૂઢપુરુષ ૧. [સં.] પું. ગુપ્તચર; જાસૂસ; છૂપી પોલીસનું માણસ.

૨. પું. દૂત.

ગૂઢપુરુષોત્પત્તિ સ્ત્રી. બાતમીદારની સંસ્થા; જાસૂસોનું ખાતું.

ગૂઢપુષ્પ ૧. [સં.] ન. પીપળ, વડ, ગૂલર વગેરે વૃક્ષ.

૨. ન. બકુલવૃક્ષ; બોરસલીનું ઝાડ.

ગૂઢપ્રભુ પું. અદશ્ય રહેલ ઈશ્વર.

ગૂઢફલ [સં.] ન. બોરડીનું ઝાડ.

ગૂઢભોજન પું. ધોડો.

ગૂઢમણિ સ્ત્રી. સંતાડેલી કાંકરી શોધી કાઢવાની એક પ્રાચીન રમત.

ગૂઢમંડપ [સં.] પું. ગર્ભમંડપથી બહાર રહી જે ઓરડામાંથી મૂર્તિનાં દર્શન કરી શકાય તેવો ઓરડો.

ગૂઢમાર્ગ [સં.] પું. છાનો રસ્તો; ભોંયરું; સુરંગ.

ગૂઢમૈથુન ૧. [સં.] પું. કાગડો.

૨. ન. છાનો સંભોગ.

ગૂઢલ ૧. ન. એક જાતનું ફૂલ.

૨. વિ. બહુ માર મારેલ.

ગૂઢવાક્યાર્થજ્ઞાપનક્ષમ પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

ગૂઢવાદ પું. પરમાત્મા ન કળી શકાય એવો છે એમ માનતો વાદ; અતિવાદ; અગમ્યવાદ; 'મિસ્ટિસિઝમ'.

ગૂઢવાદી પું. રહસ્યવાદી; અગમનિગમવાદી; અતિવાદી; ગૂઢવાદમાં માનનાર માણસ; અગમ્યવાદી.

ગૂઢવિદ્યા [સં.] સ્ત્રી. મંત્રતંત્રની વિદ્યા.

ગૂઢવું સ. ક્રિ. ગૂંથવું; વણવું.

ગૂઢવ્યંગ્ય [સં.] પું. કાવ્યમાં એક જાતની લક્ષણા; લક્ષણામૂલાના બે માંહેનો એક ભેદ.

ગૂઢવ્યંગ્યપ્રધાન ન. એક જાતનું ધ્વનિકાવ્ય. તેના બે વિભાગ છેઃ અવિવક્ષિતવાચ્ય અને વિવક્ષિતાન્યપરવાચ્ય.

ગૂઢસાક્ષી પું. પોતાનો અર્થ સાધવાને પ્રતિપક્ષીની છાની વાત જેના દ્વારા જાહેર કરાય તેવો સાક્ષી; ગુપ્તસાક્ષી.

ગૂઢસીમંતિકા ૧. સ્ત્રી. બાળકની ખોપરીના આગલા ભાગમાં નજરે પડતી એ નામની સંધાન રેખા. કેટલીક વાર પ્રૌઢ માણસની ખોપરીમાં પણ આ રેખા નજરે પડે છે.

૨. સ્ત્રી. ભ્રૂમધ્યમાંથી ઊંચે જતી એ નામની એક ઝાંખી લીટી; લલાટસીમંત.

ગૂઢા સ્ત્રી. (સંગીત) મધ્યસ્થાનીય બાવીશ માંહેની ત્રીજી શ્રુતિ.

ગૂઢાક્ષર ૧. [સં.] પું. ગુપ્તલિપિ; ન સમજાય એવી લિપિ; સાંકેતિક અક્ષર.

૨. પું. શૂન્ય સંજ્ઞા.

ગૂઢાગ્નિ ૧. પું. અંતરની બળતરા.

૨. પું. છાનો અગ્નિ.

ગૂઢાભિનિવેશ વિ. અર્થ ન સમજાય તેવું.

ગૂઢારથ જુઓ ગૂઢાર્થ.

ગૂઢાર્થ ૧. [સં.] પું. સહેલાઈથી સમજાય નહિ તેવો અર્થ.

૨. વિ. છૂપા અર્થવાળું; રહસ્યભર્યું.

૩. વિ. સમજવું મુશ્કેલ; અઘરૂં.

ગૂઢાર્થક જુઓ ગૂઢાર્થ.

ગૂઢાર્થજ્ઞાપન પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

ગૂઢાર્થપ્રકાશિકા સ્ત્રી. ભાસ્કરાચાર્યે રચેલા સૂર્ય સિદ્ધાંત નામના ગણિતના મોટા ગ્રંથ ઉપર રંગનાથે લખેલી એ નામની એક ટીકા.

ગૂઢાલંકાર પું. (કાવ્ય) શબ્દથી સાક્ષાત્ સમજાતો ન હોય એવો અલંકાર.

ગૂઢાશય પું. ગુપ્ત રહસ્ય; મર્મ; ભેદ.

ગૂઢાંગ ૧. [સં.] પું. કાચબો.

૨. વિ. ગુપ્ત શરીરવાળું; છાનાં અંગવાળું.

ગૂઢી સ્ત્રી. ધ્વજા; વાવટો.

ગૂઢીપડવો (ગૂઢીપડ઼વો) પું. ચૈત્ર સુદિ ૧નો દિવસ. તેને ધજાપડવો પણ કહે છે. એ દિવસે રાવણને મારીને રામે અયોધ્યામાં પ્રવેશ કર્યો હતો.

ગૂઢું વિ. ઘેરૂં; ઘટ્ટ; ઘાટું.

ગૂઢોક્તિ [સં.] સ્ત્રી. (કાવ્ય) એક અર્થાલંકાર; અન્યનો ઉદ્દેશ કરીને અન્યને કહેવું તે. જેમકે, અલ્યા બળદ ! પરાયા ખેતરમાંથી ભાગી જા, કારણકે ખેતરનો રખેવાળ આવે છે. અહીં પરકીયા નાયકા ઉપપતિને ઉદ્દેશીને બાળકને કહે છે.

ગૂઢોત્તર [સં.] પું. જેમાં ઉત્તર છૂપો હોય તેવો કાવ્યાલંકાર.

ગૂઢોત્પન્ન ૧. [સં.] પું. ઘરમાં છાની રીતે ઉત્પન્ન થયેલ પુત્ર; જારથી ઉત્પન્ન થયેલો દીકરો; ગૂઢજાત.

૨. વિ. છાની રીતે ઉત્પન્ન થયેલું.

ગૂઢૌષધ [સં.] ન. જડીબુટ્ટી.

ગૂણ ૧. સ્ત્રી. ઊંટ, ઘોડાં, પોઠી ને ગધેડાં ઉપર નાખવાનો બે બાજુ પડી રહે એવો કોથળો; છાલકું.

૨. સ્ત્રી. ચાર મણનું માપ.

૩. [સં. ગોણી] સ્ત્રી. થેલો; કોથળો.

ગૂણપાટ પું. કંતાન; શણ કે સૂતળીના વણાટનું તાપડું; તાટ; તાટિયું.

ગૂણસું વિ. જાડું અને ઠીંગણું.

ગૂણિયું ન. ગૂણપાટનો બનાવેલો થેલો.

ગૂણિયો ૧. પું. અમુક વજનનું માપ.

૨. પું. કારીગરનો કાટખૂણો.

૩. પું. તાંબાનો ઘડો.

૪. પું. થેલો; ગૂણ.

ગૂથલ પું. નાનાં આંતરડામાં બનતો મનુષ્યના મળમાંનો એક ઘટક.

ગૂદડ (ગૂદ઼ડ઼) ૧. ન. જૂની ગોદડીમાંથી કાઢેલું જૂનું રૂ.

૨. [હિં.] ન. બ. વ. જૂનાં ફાટેલાં લૂગડાં.

ગૂદડગાદડ (ગૂદ઼ડ઼ગાદડ઼) ન. બ. વ. જૂનાં ફાટેલાં લૂગડાં.

ગૂદડશાહ (ગૂદ઼ડ઼શાહ) જુઓ ગુદડસાંઈ.

ગૂદડસાંઈ (ગૂદ઼ડ઼સાંઈ) ૧. પું. ગોદડી પહેરનાર સાધુ.

૨. પું. ફકીર.

ગૂદરઈ પું. કસરત કરનાર માણસ; કસરતબાજ.

ગૂદરવું અ. ક્રિ. જવું.

ગૂઢા ૧. [હિં.] પું. ફળનો છાલ નીચેનો રસવાળો ભાગ.

૨. પું. બીનો અંદરનો ભાગ.

૩. પું. ભેજું; મગજ; ખોપરીનો સારભાગ.

૪. પું. રોટલાનો ગાભો.

ગૂઢામ સ્ત્રી. વખાર.

ગૂઢી સ્ત્રી. નદી અથવા દરિયાકાંઠે વહાણ દુરસ્ત કરવાની જગ્યા; ગોદી.

ગૂઢેદાર વિ. ગર્ભવાળું.

ગૂધ ૧. સ્ત્રી. ગૂમડું મટ્યા પછી રહેતું ચિહ્ન; ચાઠું.

૨. વિ. કામી; વિષયી.

૩. વિ. રમતિયાળ.

ગૂન ૧. પું. ગુલ નામના ઝાડનો ગુંદર; કતીરા.

૨. પું. રંગ.

૩. પું. વર્ણ; જાત.

ગૂનાગૂન વિ. રંગબેરંગી.

ગૂપ સ્ત્રી. ગોફણ.

ગૂપચૂપ અ. છાનુંમાનું; કોઈને ખબર ન પડે તેમ; ગુપચુપ.

ગૂમચક વિ. ગુમસૂમ; મૂંજી; કોઈ પણ સાથે બોલે કે હળેભળે નહિ એવું.

ગૂમડ (ગૂમડ઼) ન. શરીરે ઊઠતો ફોલ્લો; ટેટા જેવો ગઠ્ઠો.

ગૂમડી (ગૂમડ઼ી) ૧. સ્ત્રી. નાની ફોલ્લી.

૨. ન. એ નામનું એક ઝાડ; ગંભાર; ગમાર; શેવન.

ગૂમડું (ગૂમડ઼ું) ન. શરીરે ઊઠતો ફોલ્લો; ટેટા જેવો ગઠ્ઠો.

ગૂમા [સં. કુંભા] પું. કૂબો; એક જાતનો નાનો છોડ. તેની ગાંઠ ઉપર ગુચ્છા જેવું થાય છે. તે ગુચ્છા ઉપર બે પાન નીકળે છે અને તેને સફેદ ફૂલ આવે છે. તે ઔષધમાં વપરાય છે.

ગૂમૂતર ૧. ન. ગંદવાડ.

૨. ન. મળમૂત્ર; ગૂ અને મૂતર.

ગૂમૂતર કરવું = (૧) ઉછેરવું. (૨) બાળક કે માંદા માણસની સારવાર કરવી.

ગૂયાવેડા (ગૂયાવેડ઼ા) ૧. પું. બ. વ. નિર્માલ્ય રીતભાત.

૨. પું. બ. વ. રમતમાં કરાતી અણચી; વાતવાતમાં ફરી જવાના ચાળા; બોલ્યું ફરવું તે; ગૂઈ.

૩. પું. બ. વ. સૃષ્ટિવિરુદ્ધ કર્મ કરાવવું તે.

૪. પું. બ. વ. સ્વભાવની ચીકણાઈ; દીર્ઘસૂત્રીપણું.

ગૂયું ૧. વિ. બોલ્યું ફરી જાય એવું; અસ્થિર; વેવલું.

૨. વિ. સૃષ્ટિવિરુદ્ધ કર્મ કરાવનારું.

૩. વિ. સ્વભાવનું ચીકણું.

ગૂયો ૧. પું. સૃષ્ટિવિરુદ્ધ કામ કરાવનાર પુરુષ.

૨. વિ. પું. ખોટી રમત રમનાર.

૩. વિ. પું. ચીકણા સ્વભાવનો; દીર્ઘસૂત્રી.

૪. વિ. પું. માલ વગરનો; નિર્માલ્ય.

ગૂર સ્ત્રી. હાડકાંની અંદરનો ગર; 'મેરો'.

ગૂરજી ન. એક જાતનું ઘણા વાળવાળું ઠીંગણું કૂતરું.

ગૂરદાલ સ્ત્રી. એક જાતની પાપડી જેવી વનસ્પતિ.

ગૂરબ પું. ખેતરમાં ઊંડું નીંદવું તે.

ગૂરા પું. બ. વ. પગ; ચરણ.

ગૂરુંગ ૧. સ્ત્રી. આસામ, બંગાળ અને સિકિમ તરફની એક ભાષા.

૨. સ્ત્રી. ભૂટિયા લોકોની એક જાત.

૩. ન. એ નામની એક જાતનું માણસ.

૪. વિ. એ નામની એક જાતનું.

ગૂર્જ ન. લોઢાના ગાંઠાવાળું એક જાતનું હથિયાર.

ગૂર્જર જુઓ ગુર્જર.

ગૂર્જરી જુઓ ગુર્જરી.

ગૂર્ણિકા પું. (પિંગળ) દરેક ચરણમાં રગણ, તગણ અને લઘુ મળી સાત અક્ષરનો એક અક્ષરમેળ છંદ.

ગૂર્રૂક સ્ત્રી. વાંદરાની કિકિયારી.

ગૂલ ૧. પું. ગોળ.

૨. સ્ત્રી. ખેતરમાં પાણી લઈ જવાની નહેર.

ગૂલર ૧. પું. ઉમરડો; ઉદુંબર; ઊમરાનું ઝાડ.

૨. પું. જંગલી અંજીર.

૩. ન. ઉમરડું; ઊમરાનું ફળ.

૪. ન. કપાસનું જીંડવું.

૫. ન. કાનનું એક જાતનું ઘરેણું.

ગૂલરી સ્ત્રી. ઉમરડાનું ઝાડ.

ગૂલરું ૧. ન. ઉમરડું; ઊમરાનું ફળ.

૨. ન. ઘોડિયે લટકાવવાનું લાકડાનું એક જાતનું રમકડું.

૩. ન. પાપડનો લૂઓ.

ગૂલરો પું. ઉમરડો; ઊમરાનું ઝાડ.

ગૂલી ૧. સ્ત્રી. ગળી; નીલી.

૨. સ્ત્રી. જીવડાંએ બનાવેલું ધોળું કે કાબરું ઘર; કોટલું.

ગૂલીગાય સ્ત્રી. કોટલામાં રહેતું જીવડું.

ગૂલું ન. એક જાતનું પક્ષી.

ગૂલ્હક ન. છૂપી રીતે મત આપવાની રીત.

ગૂવાક [સં.] ન. સોપારીનું ઝાડ.

ઘોંટા ક્રમુક ગૂવાક અને પૂગ સુપારી જાણ;
જરૂર ફીકું લાગશે, બીના સોપારી પાન.
પિંગળલઘુકોષ

ગૂવાળણું ન. ગૂ ઉસરડવાનું ઠીકરું કે પતરું.

ગૂસૈણું જુઓ ગૂવાળણું.

ગૂં [ફ઼ા.] પું. રંગ; વર્ણ.

ગૂંકાર પું. કબૂતરનાં બચ્ચાંનો અવાજ.

ગૂંગણા સ્ત્રી. કાળા રંગની એક વેંતની જાડા મોઢાવાળી ભિંગડાં વગરની માછલી.

ગૂંગણું ૧. વિ. અસ્પષ્ટ; ન સમજાય તેવું.

૨. વિ. જે સ્પષ્ટ નહિ પણ નાકમાંથી ગણગણતું હોય તેવું; નાકમાંથી બોલતું.

ગૂંગલામણ સ્ત્રી. ગૂંગળાટ; ગભરામણ; મુંઝારો.

ગૂંગવાન ન. નાકમાંથી બોલવું તે; ગૂંગણાપણું.

ગૂંગવાવું અ. ક્રિ. ગૂંગળાવું; શ્વાસ ન લેવાવાથી મુંઝાવું.

ગૂંગળાટ પું. ગભરામણ; મૂંઝવણ; શ્વાસાવરોધથી થતી અકળામણ.

ગૂંગળામણ જુઓ ગૂંગળાટ.

ગૂંગળામણિયું વિ. ગૂંગળાવી મૂકે તેવું.

ગૂંગળાવવું સ. ક્રિ. હવા ન લેવાય એમ અટકાવવું; ગભરાવવું; શ્વાસના અવરોધથી અમૂંઝણ કરવી.

ગૂંગળાવું અ. ક્રિ. હવાની ખોટ કે અટકાયતને લીધે અમૂંઝાવું; શ્વાસ રૂંધાવો; હવા ન લેવાથી અકળાવું.

ગૂંગા ૧. સ્ત્રી. સુમરાની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગૂંગાપણ ન. ગૂંગાપણું.

ગૂંગાપણું ન. ગૂંગું હોવું તે; નાકમાંથી બોલતું હોય એવી સ્થિતિ.

ગૂંગાવેડા (ગૂંગાવેડ઼ા) ૧. પું. કામનો ઉકેલ કરવાને બદલે ગણગણ કર્યા કરવાની ટેવ.

૨. પું. કોઈ કામમાં ચીકાશ કર્યા કરવી તે.

૩. પું. કોઈપણ બાબતનો દૃઢ નિશ્ચય ન કરી શકાય એવો સ્વભાવ.

૪. પું ગૂંગાના જેવા ચાળા; ગૂંગાપણું.

૫. પું. વગર આવડયે કામમાં ચૂંથણાં કરવાં તે.

ગૂંગાળું વિ. નાકમાં બહુ ગૂંગાં હોય એવું.

ગૂંગાં ૧. ન. બ. વ. ઘાલમેલ; ગોટાળો.

૨. ન. બ. વ. નાક માંહેના મળના પોપડા.

ગૂંગી ૧. સ્ત્રી. બે મોઢાવાળો સાપ.

૨. સ્ત્રી. સ્ત્રીઓનું આંગળીમાં પહેરવાનું એક ઘરેણું.

૩. વિ. સ્ત્રી. અવાજ વગરની.

૪. વિ. સ્ત્રી. મૂંગી.

ગૂંગું ૧. ન. ગણગણાટ.

૨. ન. નાકના મળનો બંધાઈ ગયેલો પોપડો; કઠણ થઈ ગયેલો નાકનો મળ; ગૂંગો.

૩. વિ. ગૂંગણું; નાકમાંથી બોલતું; નાકમાંથી નીકળતા અવાજવાળું.

૪. વિ. બોલવામાં નાદાર; કહેવાની વાતનો ગોટાળો વાળનાર.

૫. [ફા. ગુંગ] વિ. મૂંગું; મૂક.

ગૂંગો ૧. પું. એક જાતનો જીવડો.

૨. પું. નાકના મળનો બંધાઈ ગયેલો પોપડો; છોડ.

૩. વિ. પું. ગૂંગણો; નાકમાંથી બોલનારો.

૪. [ફા. ગુંગ] વિ. પું. મૂંગો.

ગૂંચી ૧. [હિં.] સ્ત્રી. દોરાની કોકડી.

૨. સ્ત્રી. મકાઈનું બી.

ગૂંચ ૧. સ્ત્રી. અક્કલ વાપરવી પડે તેવું કામ.

૨. સ્ત્રી. કોયડો; આંટીઘૂંટી.

૩. [હિં.] સ્ત્રી. ચણોઠી; ગુંજા.

૪. [સં. ગુચ્છ] સ્ત્રી. ઝટ ઊકલે નહિ એવી તંતુની આંટી; ઘૂંચવણ; દોરા વગેરેનું ગંઠાઈ જવું તે.

ગૂંચ કાઢવી = (૧) આંટી આવવાથી પડેલી ગાંઠ કાઢી નાખવી. (૨) મુશ્કેલી દૂર કરવી.

૫. સ્ત્રી. ઝટ સમજાય નહિ એવી વાત.

૬. સ્ત્રી. ફાંસો; જાળ; ફંદો.

૭. સ્ત્રી. માછલી.

૮. સ્ત્રી. મુશ્કેલી; અડચણ.

૯. સ્ત્રી. વાગવાથી કે દાઝવાથી ચામડી ઉપર પડેલી કરચલી.

૧૦. વિ. ઉકેલ ન થાય એવું.

ગૂંચવણ ૧. સ્ત્રી. આંટીઘૂંટી; અસરળતા.

૨. સ્ત્રી. એક વસ્તુનું બીજી ઘણી વસ્તુ સાથે સેળભેળ થઈ જવું તે; ઘણી ચીજ એકબીજા સાથે સેળભેળ થવાથી પડતી આંટી.

૩. સ્ત્રી. ગૂંચાઈ જવું તે.

૪. સ્ત્રી. ગોટાળો.

૫. સ્ત્રી. જાળ; ફંદો; ફાંસો.

૬. સ્ત્રી. જેમાંથી ઉકેલ કાઢવો મુશ્કેલ થઈ પડે એવી પરિસ્થિતિ.

૭. સ્ત્રી. મૂંઝવણ; મુસીબત; ગભરાટ; વ્યાકુળતા.

૮. સ્ત્રી. સંદેહ; સંશય.

ગૂંચવણિયું વિ. ગૂંચવણવાળું; ગૂંચવણ ભરેલું; ઝટ સમજાય નહિ એવું.

ગૂંચવણી જુઓ ગૂંચવણ.

ગૂંચવવું ૧. સ. ક્રિ. ગૂંચવણમાં નાખવું.

૨. સ. ક્રિ. ઘેરી લેવું; ચારે પાસ વીંટાળવું.

૩. સ. ક્રિ. પેચમાં લેવું; ફસાવવું.

૪. સ. ક્રિ. સંકડામણમાં લાવવું; ગભરાવવું.

ગૂંચવાડિયું (ગૂંચવાડ઼િયું) વિ. ગૂંચવાડાવાળું; મૂંઝવણવાળું.

ગૂંચવાડો (ગૂંચવાડ઼ો) ૧. પું. ગભરાટ; વ્યાકુળતા. જુઓ ગૂંચવણ.

૨. પું. ગૂંચ.

૩. પું. ગોટાળો.

૪. પું. પેચ; આંટી.

૫. પું. ફંદો; જાળ.

૬. પું. સંદેહ; સંશય.

ગૂંચવાવું ૧. અ. ક્રિ દોરા વગેરેનું ગંઠાવું; સેળભેળ થઈ જવું; ગૂંથાઈ જવું.

ગૂંચવાતા તાર = વધતી જતી મુશ્કેલી.

૨. અ. ક્રિ. મૂંઝાવું; અકળાવું; ગભરાવું.

૩. અ. ક્રિ. સપડાવું; ઉકેલ ન સૂઝવો.

ગૂંચવું સ. ક્રિ. ગૂંચવણમાં લેવું; ગૂંચવવું.

ગૂંચળિયાળું વિ. ગૂંચળાવાળું; ગૂંછળીવાળું; ગૂંછળિયાળું.

ગૂંચળિયું વિ. ગૂંચળાવાળું.

ગૂંચળી સ્ત્રી. ગૂંછળી; દોરીની આંટી.

ગૂંચળું ન. ગોળ આકારમાં વળેલું કે વીંટેલું ફીંડલું.

ગૂંચાવું જુઓ ગૂંચવાવું.

ગૂંચિયું ન. તરેલાની નીચલી લાકડાની પટી.

ગૂંછ જુઓ ગૂંચ.

ગૂંછળિયાળું ૧. વિ. ગૂંચવાયેલું.

૨. વિ. ગૂંછળીવાળું; આંટી હોય તેવું.

ગૂંછળી ૧. [સં. ગુચ્છ] સ્ત્રી. દોરાની અટેરીને કરેલી આંટી કે ગોળો.

૨. સ્ત્રી. માંજો; કાચ પાયેલા પતંગના દોરની દડી.

ગૂંછળું [સં. ગુચ્છ; પ્રા. ગુંછ] ન. ગોળ આકારમાં વળેલ કે વીંટેલ વસ્તુ.

ગૂંજ જુઓ ગુંજ.

ગૂંજવણ જુઓ ગૂંચવણ.

ગૂંજા સ્ત્રી. (જૂ. ગુ.) ચણોઠી; ગુંજા.

કિહાં ગૂંજા કિહાં રતન અમૂલ. ભીમ

ગૂંજાકાતર વિ. ખીસાકાતરુ.

ગૂંજિયું ૧. ન. ઊંબાડિયું; ઉલ્કા; ધુમાતો દેવતા.

૨. ન. ગૂંજું; ખીસું; ગજવું.

ગૂંજી સ્ત્રી. નાની ખીસી; નાનું ગજવું.

ગૂંજું ૧. ન. એક જાતની મીઠાઈ; ઘૂઘરો.

૨. [સં. ગુહ્યક-ગુજ્ઝઉં-ગુંઝું] ન. ખીસું; ગજવું.

૧. ગૂંજું ખંખેરવું = પૈસા પડાવવા.

૨. ગૂંજે ઘાલવું = પૈસા રાખી લેવા.

ગૂંઝૂ જુઓ ગૂંજું.

ગૂંઝિયા સ્ત્રી. એક જાતની મીઠાઈ.

ગૂંટવું સ. ક્રિ. (જરથોસ્તી) ઘૂંટવું.

ગૂંઠા [હિં.] પું. અંગૂઠો.

ગૂંઠી [હિં.] સ્ત્રી. અંગૂઠી.

ગૂંડલ ૧. ન. ગમે તેમ આડાઅવળા આંટા લઈ ગોળ વીંટાળેલ વસ્તુ.

૨. વિ. ગોળ વીંટાળેલું.

ગૂંડલું ૧. ન. કણક કે લૂઆનું વણવા માટે તૈયાર કરેલું નાનું ચક્રાકાર પિંડલું; ગુણણું.

૨. ન. ગોળ આંટી; ગૂંચળું.

ગૂંડળું જુઓ ગૂંડલું.

ગૂંડી [હિં.] સ્ત્રી. જેના ઉપર ચાલીને બળદ કૂવામાંથી પાણી કાઢે તે ચડાવ; પૈયું.

ગૂંઢી સ્ત્રી. ચામડાના પટામાં એક તરફનો છેડો સામી બાજુના આંકડામાં ભરાવ્યા પછી લબડતો ન રહે તે માટે રાખવામાં આવતો ચામડાનો ગાળો.

ગૂંતો ૧. પું. કલંક.

૨. પું. ગાંઠ; અંટસ.

૩. પું. ગૂંચ; આંટી.

ગૂંતો પાડવો = (૧) આંટી પડવી. (૨) શક આવવો.

૪. પું. મમરો; ઉશ્કેરણી.

૫. પું. વિરોધ; વાંધો.

૬. પું. શંકા; સંદેહ.

ગૂંથ ૧. સ્ત્રી. ગૂમડું વગેરે રુઝાતાં તે જગ્યાએ બંધાતી ગાંઠ.

૨. સ્ત્રી. ભ્રાંતિ; ગૂંચવણ.

ગૂંથણ ૧. ન. ગૂંચવણ; ગોટાળો.

૨. ન. ગૂંથવાની કળા.

૩. [સં. ગ્રંથન] ન. ગૂંથવાનું કામ.

ગૂંથણકળા સ્ત્રી. ગૂંથવાની કળા; ગૂંથણકામનો હુન્નર.

ગૂંથણકામ ન. ગૂંથવાનું કામ.

ગૂંથણિયાળું વિ. ગૂંથણવાળું; ગૂંથેલું.

ગૂંથણી ૧. સ્ત્રી. ગૂંથવાની કળા કે આવડત.

૨. [સં. ગ્રંથન] સ્ત્રી. ગૂંથણની મજૂરી; ગૂંથામણી.

૩. સ્ત્રી. ગૂંથણનું કામ.

ગૂંથણીકામ જુઓ ગૂંથણકામ.

ગૂંથવું ૧. સ. ક્રિ. ઓળવું; માથાના વાળ વ્યવસ્થિત કરવા.

૨. [સં. ગ્રંથ્] સ. ક્રિ. દોરા અથવા તારને આંટી મારી મારીને એકબીજાની સાથે સાંકળી લેવા; દોરા કે તાંતણાઓની આંટી અથવા વળથી જાળી કરવી.

૩. સ. ક્રિ. દોરી બાંધવી.

૪. સ. ક્રિ. રચવું.

ગૂંથાગૂંથ સ્ત્રી. ગૂંચવણ; ગોટાળો.

ગૂંથામણ જુઓ ગૂંથામણી.

ગૂંથામણી ૧. સ્ત્રી. ગૂંથવાની આવડત.

૨. સ્ત્રી. ગૂંથવાની મજૂરી; ગૂંથવાનું લવાજમ.

ગૂંથાવવું સ. ક્રિ. ગૂંથે તેમ કરવું; ગૂંથવા દેવું.

જો કૃષ્ણ **ગૂંથાવે** ચોટલી, તો ઘણું માખણ આપું રોટલી.
પ્રેમાનંદ

ગૂંથાવું ૧. અ. ક્રિ. ગૂંચવાવું; ગૂંચવણમાં આવી પડવું.

૨. અ. ક્રિ. ગૂંથેલા જેવું થવું; સંકળાવું; ગંઠાવું; એકબીજાની સાથે જોડાવું.

૩. અ. ક્રિ. રોકાવું; કામે લાગવું; સંધાવું.

ગૂંદડો (ગૂંદ્ડો) પું. એક જાતનું ઘાસ.

ગૂંદણું ૧. ન. ગૂંદવું તે; ગૂંદવાની ક્રિયા.

૨. ન. ચોવટ; પંચાત.

ગૂંદ્ણાં ગૂંદ્વાં = મસલત કરવી.

ગૂંદરવું જુઓ ગુજરવું.

ગૂંદવડી (ગૂંદ્વડી) સ્ત્રી. એક જાતની મીઠાઈ. જુઓ ગૂંદ્વડું.

ગૂંદવડું (ગૂંદ્વડું) ન. એક જાતની મીઠાઈ; ગુલાબજાંબુ.

ગૂંદવું ૧. સ. ક્રિ. પગ નીચે કચરવું; ખૂંદવું.

૨. સ. ક્રિ. પગની એડીએ અથવા હાથની મુક્કીએ દાબીને નરમ કરવું; મસળવું; કેળવવું.

૩. સ. ક્રિ. મારવું; ઠોકવું.

ગૂંદાપાક ૧. પું. એક જાતની મીઠાઈ.

૨. પું. માર; શિક્ષા.

ગૂંદાવવું સ. ક્રિ. ગૂંદાય એમ કરવું; ગદડાવવું; ખૂંદાવવું; કચરાવવું.

ગૂંદાવું ૧. અ. ક્રિ. કચરાવું; ખૂંદાવું; ગદડાવું.

૨. અ. ક્રિ. રગડાવું; હેરાન થવું.

ગૂંદી ૧. સ્ત્રી. આંબાની એક જાત. તેમાં કેરી ગૂંદાં માફક ઝૂમખામાં આવે છે.

૨. સ્ત્રી. એક જાતનું ઝાડ; બહુવાર; ઉદ્દાલ; બહુવારક; શેલુ; શ્લેષ્માતક; પિચ્છિલ; ભૂતવૃક્ષક. તેને નારંગી રંગનાં ઝીણાં મીઠાં ફળ આવે છે. તે ખાવાના તથા દવાના કામમાં આવે છે. આ ઝાડની છાલનાં દોરડાં બનાવવામાં આવે છે. તેનું લાકડું મજબૂત હોય છે.

ગૂંદીપાક ૧. પું. એક જાતની મીઠાઈ.

૨. પું. માર; શિક્ષા.

ગૂંદીપાક આપવો-દેવો = મારી મારીને નરમ કરવું; નરમ ઘેંસ કરવું.

ગૂંદું ન. ગૂંદાના ઝાડનું ફળ. એ નાનાં અને મોટાં એમ બે જાતનાં થાય છે. મોટાં પારસ ગૂંદાંનું અથાણું થાય છે. કેટલાક તેની ત્રણ જાત કહે છે: રાહ ગૂંદાં, નાનાં ગૂંદાં અને ખાવાનાં ઝીણાં રાતાં ગૂંદાં. રાહ ગૂંદાં લીંબુ જેવડાં અને નાનાં ગૂંદાં સોપારી જેવડાં થાય છે. જ્યારે લાલ ગૂંદાં માત્ર ખવાય છે. અંદરનો રસ ચીકણો હોય છે.

ગૂંદો ૧. પું ગૂંદાંનું ઝાડ. તેનાં ફળનું અથાણું થાય છે.

ગૂંદો કાઢવો = ખૂબ માર મારવો.

૨. પું. ધાતુનાં ઘાટનાં પતરાં બેવડાં ચોથડાં કરી નાખવાં તે.

ગૂંદોખપાટિયો પું. ગૂંદાની જાતનું એક ઝાડ. તેનાં ફળ નાનાં હોય છે.

ગૂંધ ન.; પું. એક જાતનું પક્ષી. તે ધીમે ધીમે ચાલે છે. તેની ચાંચ લાંબી અને પાતળી તથા પૂછડી ટૂંકી હોય છે.

ગૂંધવું ૧. અ. ક્રિ. કણેક બાંધવી.

૨. અ. ક્રિ. ચોટલો ગૂંથવો.

ગૃ ૧. [સં.] સ. ક્રિ. આપવું.

૨. સ. ક્રિ. છાંટવું; ભીનું કરવું.

ગૃજ્ ૧. [સં.] અ. ક્રિ. (ધાતુ) અવાજ કરવો. તે ઉપરથી નીકળેલ શબ્દો ગર્જન, ગૂંજન, ગર્જના.

૨. અ. ક્રિ. ગર્જવું.

૩. અ. ક્રિ. બબડવું.

ગૃણવું સ. ક્રિ. વખાણવું.

ગૃત્સ ૧. [સં.] પું. કામદેવ.

૨. પું. રુદ્રદેવ.

૩. પું. શુક્લ યજુર્વેદનો એ નામનો એક ઋષિ.

૪. વિ. બુદ્ધિશાળી.

ગૃત્સપતિ [સં.] પું. રુદ્રદેવ.

ગૃત્સમદ ૧. [સં.] પું. (પુરાણ) એ નામનો એક ઋષિ. વિષ્ણુ પુરાણ પ્રમાણે તે શુનહોત્ર નામના ક્ષત્રિયનો પુત્ર હતો. તેનાથી શૌનક ઉત્પન્ન થયો. શૌનકે જાતિ ઉત્પન્ન કરી હોય એમ મનાય છે. વાયુ પુરાણ પ્રમાણે શુનક ગૃત્સમદનો પુત્ર હતો. અને શૌનક શુનકનો પુત્ર હતો. મહાભારત પ્રમાણે તે હૈહયકુળના રાજા વીતહવ્યનો પુત્ર હતો. અસુરો જ્યારે ઇંદ્રને મારી નાખવા તત્પર થયા ત્યારે ગૃત્સમદે ઇંદ્રનું સ્વરૂપ ધારણ કર્યું એટલે ઇંદ્ર છટકી ગયો.

૨. પું. એક વૈદિક ઋષિનું નામ.

૩. પું. (પુરાણ) ભીષ્મ શરપંજરમાં પડ્યા હતા તે વખતે તેની પાસે આવેલો એ નામનો એક ઋષિ.

૪. પું. શુક્લ યજુર્વેદનો એક ઋષિ.

૫. પું. (પુરાણ) સોમવંશી આયુકુલોત્પન્ન સુહોત્ર રાજાનો ત્રણ માંહેનો નાનો દીકરો.

ગૃદ ૧. પું. ગારો.

૨. પું. ધૂળ; રજ.

ગૃદ્ધ [સં.] વિ. આસક્ત; લોલુપ.

ગૃદ્ધિ ૧. સ્ત્રી. આકાંક્ષા; આતુરતા.

૨. સ્ત્રી. આસક્તિ; લોલુપતા.

૩. સ્ત્રી. (જૈન) એક જાતનું વિમાન; ઇંદ્રક વિમાન.

ગૃધ્ ૧. [સં.] અ. ક્રિ. આશા રાખવી; તૃષ્ણા રાખવી.

૨. અ. ક્રિ. (ધાતુ) લોભ કરવો. તેના ઉપરથી નીકળેલ શબ્દો: ગૃધી, ગૃધ્ર, ગૃધ્નુ.

ગૃધરાજ [સં. ગૃધ્રરાજ] ન. મોટું ગીધ.

ગૃધસી પું. એક જાતનો વાતરોગ. જુઓ ગૃધ્રસી.

ગૃધી વિ. લાલચુ.

ગૃધ્નુ ૧. [સં.] પું. કામદેવ.

૨. સ્ત્રી. દુષ્ટ અપાન વાયુ.

૩. સ્ત્રી. બુદ્ધિ.

૪. વિ. લાલચુ; લોભી.

ગૃધેંદ્ર [સં. ગૃધ્રેંદ્ર] ન. મોટું ગીધ પક્ષી.

ગૃધ્ય ૧. [સં.] ન. લાલચ; લોભ.

૨. વિ. ઇચ્છવા યોગ્ય.

૩. વિ. લાલચ કરવા યોગ્ય.

ગૃધ્ર ૧. પું. (પુરાણ) કૃષ્ણનો મિત્રવિંદાની કૂખે થયેલો એ નામનો પુત્ર.

૨. [સં.] પું. ગીધ પક્ષી.

૩. પું. જટાયુ.

૪. વિ. લોભી; લાલચુ.

ગૃધ્રકૂટ ૧. પું. ચીનનો એ નામનો એક પર્વત; જે પર્વત ઉપર રાજગૃહના . સાધુએ ચીનમાં નિવાસ કરેલો તે પર્વત.

૨. પું. મગધ દેશમાં આવેલો એ નામનો પર્વત.

૩. પું. શૈલગિરિ પર્વતનો એ નામનો ફાંટો; ગીધશિખર; ઇંદ્રશિલા ગુહા. બુધ્ધે આ સ્થળે કેટલોક કાળ તપ કર્યું હતું અને કેટલાંક પ્રવચનો કર્યાં હતાં એમ મનાય છે. બુદ્ધ તળેટીમાં ફરતા હતા તે સમયે બુદ્ધને મારી નાખવાને માટે દેવદત્તે આ પર્વત ઉપરથી એક મોટી શિલા નીચે ગબડાવી હતી એમ કહેવાય છે.

ગૃધ્રનખી ૧. [સં.] સ્ત્રી. કંથાર; એ નામની વનસ્પતિ. એનો વેલો ઘણો મોટો હોય છે તેથી તે ઝાડના ઝુંડ જેવો દેખાય છે. એનાં પાન લંબગોળ અને સાંકડાં હોય છે તેમાં ફૂલોની છાત્રાકાર ગુચ્છીઓ ધોળા રંગની આવે છે. એને કરમદાં જેવડાં કાળાં ફળ થાય છે.

> કંથારના તીક્ષ્ણ કાંટાને લીધે એને **ગૃધ્રનખી** કહે છે. વનસ્પતિશાસ્ત્ર

૨. સ્ત્રી. બોરડીનું ઝાડ.

ગૃધ્રનખો જુઓ ગૃધ્રનખી.

ગૃધ્રપતિ [સં.] પું. જટાયુ.

ગૃધ્રપત્ર ૧. [સં.] પું. કાર્તિકસ્વામીનું સૈન્ય.

૨. પું. ગીધનાં પીછાંવાળું બાણ.

ગૃધ્રયંત્ર ન. ભારે વસ્તુને એક જગ્યાથી બીજે ઠેકાણે મૂકી દે એવું યંત્ર; આપવાહક; 'ક્રેન'.

ગૃધ્રરાજ ૧. [સં.] પું. ગરૂડનો પુત્ર જટાયુ.

૨. પું. ગીધોનો રાજા; મોટું ગીધ.

ગૃધ્રવટ ન. (પુરાણ) મહાભારતમાં જણાવેલું એ નામનું એક ક્ષેત્ર.

ગૃધ્રવાહન પું. અગ્નિ. વિષ્ણુનું નામ ગરુડવાહન કહેવાય છે અને અગ્નિ ગૃધ્રવાહન ગણાય છે. કદાચ પોતપોતાનાં વિમાન આ પક્ષીઓની મદદથી ચલાવવાનું તેમણે સુગમ કર્યું હોય એમ મનાય છે.

ગૃધ્રવ્યૂહ [સં.] પું. ગીધના આકારમાં સેનાની રચના.

ગૃધ્રસી ૧. સ્ત્રી. એ નામની એક નાડી.

૨. [સં.] સ્ત્રી. (વૈદ્યક) એક જાતનો વાયુનો રોગ; સંધિવા. તે કમરના નીચલા ભાગથી શરૂ થાય અને કમર, ઘૂંટણ, જાંઘ અને પગની પિંડીઓ વગેરે ખેંચાઈ જાય છે તેથી અવયવોમાં ધ્રૂજારી છૂટે છે તથા સોય ખોસ્યા જેવી પીડા થવા માંડે અને શરીર જડ થઈ જાય છે તેથી દરદી ઉતાવળે ચાલી શકતો નથી. ને અનાજ ઉપર પ્રીતિ રહેતી નથી. ગૃધ્રસીમાં બહુ કરીને સાથળના મૂળની બહારનો ભાગ ઝલાઈ જાય છે ને ત્યાં દુખાવો થયા કરે છે. અજીર્ણ થવાથી તથા દસ્ત કબજ થવાને લીધે ગૃધ્રસીની પીડામાં વધારો થાય છે.

ગૃધ્રિકા સ્ત્રી. (પુરાણ) તામ્રાની કૂખે થયેલી કશ્યપની એ નામની કન્યા.

ગૃધ્રી ૧. [સં.] સ્ત્રી. (પુરાણ) કશ્યપની પત્નીની એ નામની એક પુત્રી.

૨. સ્ત્રી. ગીધ પક્ષિણી; ગીધની માદા.

ગૃપ્તક સ્ત્રી. એક પ્રકારની ધાતુ. આ ધાતુ સીસાને મળતી છે અને ઓછા પ્રમાણમાં મળે છે. તે સીરિયમ ધાતુને મળતી આવે છે.

ગૃભણ [સં.] ન. ગ્રહણ કરવું તે; પકડવું તે.

ગૃષ્ટિ ૧. પું. એ નામનો દશરથ રાજાનો એક કંચુકી.

૨. [સં.] સ્ત્રી. એક વાર વિયાયેલી ગાય.

૩. સ્ત્રી. ડૂંગળીના કંદ જેવી એ નામની એક વનસ્પતિ; કાશ્મરી.

૪. સ્ત્રી. બોરડી.

ગૃષ્ટિકા [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; કાશ્મરી.

ગૃહ્ [સં.] સ. ક્રિ. (ધાતુ) લેવું; પકડવું. તે ઉપરથી બનેલ શબ્દઃ ગ્રહણ, ગૃહિત, અનુગ્રહ.

ગૃહ ૧. [સં.] ન. કલત્ર; સ્ત્રી; ભાર્યા.

૨. ન. કુટુંબ; વંશ.

૩. ન. ઘર; સદન; નિકેતન; ભવન; મંદિર; મકાન.

> સદન સદ્મ આગાર ગૃહ ગેહ વેશ્મ સંકેત,
> લયન ધિસ્ન પદ આસપદ આલય નિલય નિકેત.
> પિંગળલઘુકોષ

૪. ન. છાત્રાલય.

૫. ન. જેમાં વસ્તુ કે પ્રાણી રહી શકે એવું સ્થાન. જેમકે, દર, ગુફા, માળો, મિયાન વગેરે.

૬. ન. (સંગીત) તાલના ટકોરા વગાડવાનું ઠેકાણું; જે ઠેકાણે તાલ રહે તે સ્થાન. તાલ વગાડવાનાં ઠેકાણાં જુદાં જુદાં છે, માટે તેનાં ચાર ગૃહ ગણેલાં છેઃ (૧) સમગૃહ, (૨) વિષમગૃહ, (૩) અતીત અને (૪) અનાઘાત.

૭. ન. બાજી રમવામાં સોગઠાનું ઘર.

૮. ન. બારની સાંકેતિક સંજ્ઞા.

૯. ન. (જ્યોતિષ) મેષ વગેરે રાશિભવન.

ગૃહઉદ્યોગ પું. ફાલતુ સમયમાં ઘેર બેઠાં થઈ શકે તેવો હુન્નર.

ગૃહક ૧. પું. એ નામનો એક શૂદ્ર રાજા. તે તત્ત્વજ્ઞાનનો અધિકારી અને રામનો પરમ ભક્ત હતો.

૨. [સં.] ન. અનાજ રાખવાનો કોઠાર.

ગૃહકન્યા [સં.] સ્ત્રી. કુંવાર; કુંવારનો છોડ; ઘૃતકુમારિકા.

ગૃહકપોત [સં.] પું.; ન. પાળેલું કબૂતર.

ગૃહકર [સં.] પું. ઘરવેરો.

ગૃહકર્મ [સં.] ન. ઘરનું કામકાજ; ઘરકામ.

ગૃહકલહ [સં.] પું. ઘરની અંદરની તકરાર.

ગૃહકલા [સં.] સ્ત્રી. ઘરના ઉપયોગમાં આવતો હુન્નર.

ગૃહકામ ન. ઘરકામ.

ગૃહકારક [સં.] ૧. પું. ઘર બનાવનાર કડિયો.

૨. વિ. ઘર બનાવનાર.

ગૃહકારભાર પું. ઘરનો વહીવટ.

ગૃહકાર્ય [સં.] ન. ઘરકામ; ઘરનું કામકાજ.

ગૃહકુમારી [સં.] સ્ત્રી. એક વનસ્પતિ; ગૃહકન્યા; કુંવાર; ઘૃતકુમારિકા.

ગૃહકુર્કુર [સં.] પું. પાળેલો કૂતરો.

ગૃહકુશળતા સ્ત્રી. ઘરનો વ્યવહાર ચલાવવાની હોશિયારી.

ગૃહકૃત્ય [સં.] ન. ઘરનું કામકાજ; ગૃહકાર્ય.

ગૃહકેળવણી સ્ત્રી. ઘરસંસ્કાર; ઘરની તાલીમ.

ગૃહકોકિલા [સં.] સ્ત્રી. ગરોળી; ગૃહગોધિકા.

ગૃહક્લેશ [સં.] પું. ઘરની અંદરની તકરાર.

ગૃહક્ષત પું. વાસ્તુપુરુષની દક્ષિણ દિશામાં મધ્યના સાત કોઠામાં સ્થપાતા દેવો માંહેનો એક.

> દક્ષિણ દિશાના મધ્યના સાત કોઠાઓમાં પૂષા, વિતથ, **ગૃહક્ષત**, યમ, ગંધર્વ, ભ્રંગ અને મૃગ એ સાત દેવોની સ્થાપના કરવી. રાજવલ્લભ

ગૃહખંડ [સં.] પું. ઓરડો.

ગૃહગણિત [સં.] ન. ઘરકામકાજમાં ઉપયોગી ગણિત.

ગૃહગિરિ પું. અંબાડીવાળો હાથી.

ગૃહગોધા [સં.] સ્ત્રી. ગરોળી; ધિલોડી.

ગૃહગોધિકા [સં.] સ્ત્રી. ગરોળી; ઘરમાં હરતુંફરતું એક ઝેરી પ્રાણી; ધિલોડી.

ગૃહછિદ્ર [સં.] ન. કુટુંબની છાની વાત.

ગૃહજ ૧. [સં.] પું. ઘરમાં જન્મેલ નોકર.

૨. વિ. ઘરમાં ઉત્પન્ન થનાર.

ગૃહજન ૧. [સં.] ન. ઘરનું માણસ.

૨. ન. પત્ની; સ્ત્રી; વહુ.

ગૃહજાત [સં.] પું. ઘરની દાસીથી ઉત્પન્ન થયેલ ગુલામ.

ગૃહજીવન [સં.] ન. સાંસારિક જિંદગી; ઘરની રહેણીકરણી.

ગૃહણી [સં.] સ્ત્રી. કાંજી.

ગૃહણીકપાટરસ પું. (વૈદ્યક) અતિસાર ઉપર અપાતી એ નામની એક દવા. તે બનાવવા શુદ્ધ મોરથૂથુ, શુદ્ધ હરતાળ, શુદ્ધ પારદ, લોહભસ્મ, સુવર્ણમાક્ષિકભસ્મ, શુદ્ધ ટંકણ અને શુદ્ધ ગંધક એ દરેક એકેક ભાગ અને શંખભસ્મ ત્રણ ભાગ લઈ એ બધાંને લીંબુના રસમાં ખલ કરી તે દવાના લોંદાને જરા શેકવો.

ગૃહતંત્ર [સં.] ન. ઘરનો કારભાર.

ગૃહત્યાગ [સં.] પું. ઘર છોડીને ચાલી નીકળવું તે.

ગૃહદાન [સં.] ન. ઘરનું દાન દેવું તે.

ગૃહદાસ [સં.] પું. નોકર.

ગૃહદાહ [સં.] પું. ઘર વગેરે મિલ્કત બાળી નાખવી તે.

ગૃહદીપિકા ૧. [સં.] સ્ત્રી. ઘરને અજવાળનારી બત્તી; દીવી.
૨. સ્ત્રી. સુલક્ષણા સ્ત્રી.

ગૃહદીપ્તિ ૧. [સં.] સ્ત્રી. ઘરની શોભા.
૨. સ્ત્રી. સુલક્ષણા સ્ત્રી.

ગૃહદેવ જુઓ ગૃહદેવતા ૧-૩.

ગૃહદેવતા ૧. પું. ઘરધણી; ઘરનો માલિક.
૨. [સં.] પું. ઘરનું રક્ષણ કરનાર દેવ.
૩. પું. ઘરમાં રાખેલા દેવ.
૪. સ્ત્રી. ઘરની દેવી.

ગૃહદેવી ૧. [સં.] સ્ત્રી. ઘરધણિયાણી; ગૃહિણી.
૨. સ્ત્રી. સુલક્ષણા સ્ત્રી.

ગૃહદ્વાર [સં.] ન. ઘરનું બારણું.

ગૃહધર્મ [સં.] પું. ઘરમાં પાળવાના નિયમ.

ગૃહધૂપ [સં.] પું. ઘરમાં કરવાનો એક જાતનો ધૂપ.

ગૃહધૂમ ૧. પું. ધુમાડો.
૨. [સં.] પું. વૈદ્યકપ્રસિદ્ધ એક પદાર્થ.

ગૃહનાશન [સં.] પું. હોલો.

ગૃહનિયંત્રક [સં.] પું. ઘરનો વહીવટ કરનાર માણસ.

ગૃહપ ૧. પું. અગ્નિ; આગ.
૨. પું. કૂતરો.
૩. [સં.] પું. ઘરનો ધણી.
૪. પું. ઘરનો રક્ષક; ચોકીદાર.

ગૃહપતિ ૧. [સં.] પું. એ નામનો એક અગ્નિ.
૨. પું. કૂતરો.
૩. પું. ગોત્રપતિ; કુટુંબછત્ર; કુટુંબનો મુખી.
૪. પું. ઘરનો માલિક; ગૃહસ્થ; ઘરધણી.
૫. પું. છાત્રાલયના વિદ્યાર્થીઓની દેખરેખ રાખનાર માણસ; છાત્રાલયનો વ્યવસ્થાપક.
૬. પું. ધર્મ.
૭. પું. મંત્રી; પ્રધાન.
૮. પું. યજ્ઞ કરનાર યજમાન.
૯. પું. શિવનું એક નામ.
૧૦. પું. સહસનો પુત્ર; સામવેદનો એક ઋષિ.
૧૧. પું. હરકોઈ યજમાન.

ગૃહપતિક [સં.] પું. જમીન ખેડનાર માણસ; ખેડૂત.

ગૃહપતિત્વ [સં.] ન. ઘરધણીપણું; ગૃહપતિપણું; ગૃહસ્થાશ્રમધર્મ.

ગૃહપતિરત્ન [સં.] ન. (જૈન) ચક્રવર્તી રાજાનાં સાત માંહેનું એક રત્ન. ચક્રરત્ન, હસ્તિરત્ન, અશ્વરત્ન, મણિરત્ન, સ્ત્રીરત્ન, ગૃહપતિરત્ન અને પરિણાયકરત્ન એ ચક્રવર્તી રાજાનાં સાત રત્ન કહેવાય છે.

ગૃહપત્ની [સં.] સ્ત્રી. ગૃહિણી; ઘરની માલિક સ્ત્રી; ઘરધણિયાણી; ગૃહસ્વામિની.

ગૃહપરિચર્યા [સં.] સ્ત્રી. ઘરનાં માણસોની ચાકરી.

ગૃહપશુ [સં.] પું. કૂતરો.

ગૃહપાઠ [સં.] પું. ઘેર કરવાનો પાઠ.

ગૃહપાત્ર [સં.] ન. યજ્ઞમાં વપરાતું એક જાતનું વાસણ.

ગૃહપાલ ૧. [સં.] પું. કૂકડો.
૨. પું. કૂતરો.
૩. પું. ચોકીદાર.
૪. વિ. ઘરની રક્ષા કરનાર.

ગૃહપિશાચ [સં.] પું. ઘરમાં રહેતો રાક્ષસ.

ગૃહપ્રવેશ ૧. [સં.] પું. (જ્યોતિષ) ઘરમાં વિધિપૂર્વક દાખલ થવું તે. શુક્ર અને બુધ એ બે જમણા હોય અથવા સન્મુખ હોય તો તેવા વખતમાં નવા મકાનમાં ગૃહપ્રવેશ કરવો નહિ એમ કહેવાય છે.
૨. પું. બીજાના ઘરમાં કે હદમાં રજા વિના પેસવું તે; 'ટ્રેસપાસ'. આ એક ગુનો ગણાય છે.
ગૃહપ્રવેશ કરવો = પારકી હદમાં દાખલ થવું.

ગૃહપ્રાણી [સં.] ન. પાળેલું જનાવર.

ગૃહપ્રાસાદ [સં.] પું. ઘરની અંદરનુ દેવમંદિર.

ગૃહબલિ [સં.] પું. વૈશ્વદેવ; ગૃહદેવતાને અપાતો ભોગ.

ગૃહબળી જુઓ ગૃહબલિ.

ગૃહભંજન [સં.] ન. ઘર ભાંગવું તે; ઘરનો કે કુટુંબનો નાશ કરવો તે.

ગૃહભાવ [સં.] પું. ઘરના જેવી લાગણી.

ગૃહમણિ [સં.] પું. દીવો.

ગૃહમયૂર [સં.] પું. પાળેલો મોર.

ગૃહમંડલ [સં.] ન. કુટુંબનાં માણસ.

ગૃહમંડળ જુઓ ગૃહમંડલ.

ગૃહમંત્રી [સં. ગૃહમંત્રિન્] પું. સ્વરાષ્ટ્ર સચિવ; ઘર ખાતાનો પ્રધાન.

ગૃહમંદિર [સં.] ન. ઘરરૂપી મંદિર.

ગૃહમુક્ત [સં.] વિ. ઘરની જંજાળથી છૂટું થયેલું.

ગૃહમૃગ [સં.] પું. કૂતરો.

ગૃહમેધ ૧. [સં.] પું. એ નામે એક મરુત.
૨. પું. ગૃહસ્થીએ નિત્ય કરવાના પાંચ યજ્ઞ કરનાર ગૃહસ્થ.
૩. પું. જેણે સ્ત્રી સાથે લગ્ન કર્યાં હોય તેઓ ગૃહસ્થ.

ગૃહમેધિની [સં.] સ્ત્રી. ગૃહસ્થની સ્ત્રી.

ગૃહમેધી [સં. ગૃહમેધિન્] જુઓ ગૃહમેધ ૧, ૨.

ગૃહમેધીય ૧. [સં.] ન. ગૃહસ્થે નિત્ય કરવાનું કર્મ.
૨. વિ. ગૃહમેધ નામનો મરુત જેનો દેવ છે તેવું.

ગૃહમૈત્રી [સં.] સ્ત્રી. ઘરનાં માણસો સાથે મિત્રભાવ રાખવાપણું.

ગૃહયજ્ઞ [સં.] પું. ગૃહસ્થીએ નિત્ય કરવાના પાંચ યજ્ઞ માંહેનો દરેક. મનુ વગેરે સ્મૃતિકારોએ વેદાધ્યયન તે બ્રહ્મયજ્ઞ, તર્પણ તે પિતૃયજ્ઞ, હોમ તે દેવયજ્ઞ, બલિ તે ભૂતયજ્ઞ અને અતિથિ સંતર્પણ તે પિતૃયજ્ઞ એવા પાંચ અહિંસાત્મક અને નિત્ય ગૃહયજ્ઞ કહેલા છે.

ગૃહયંત્ર ૧. ન. ઘરની વ્યવસ્થા; ઘરનો કારભાર.
૨. [સં.] ન. ઘરમાં કપડાં વગેરે રાખવા માટે બાંધેલી વળગણી.

ગૃહયુદ્ધ [સં.] ન. અંતર્કલહ; અંદર અંદરની લડાઈ; 'સિવિલ વૉર'.

ગૃહરક્ષિકા [સં.] વિ. સ્ત્રી. ઘરનું રક્ષણ કરનારી.

ગૃહરત્ન [સં.] ન. ઘરનો અમૂલ્ય શણગાર.

ગૃહરાજ [સં. ગૃહરાજન્] પું. ઘરધણી.

ગૃહરાજ્ઞી [સં.] સ્ત્રી. ઘરની ધણિયાણી; ઘરની રાણી.

ગૃહરાજ્ય ન. ઘર અને ઘરની બાબતોની હકૂમત; ઘરનો કારભાર.

ગૃહરાણી જુઓ ગૃહરાજ્ઞી.

ગૃહલક્ષ્મી ૧. [સં.] સ્ત્રી. ગૃહપત્ની; ઘરધણિયાણી.
૨. સ્ત્રી. સુશીલ સ્ત્રી; સચ્ચરિત સ્ત્રી.

ગૃહવાટિકા [સં.] સ્ત્રી. ઘરની પાસેનો બગીચો.

ગૃહવારિ [સં.] ન. ઘરનું પાણી; ઘરમાંનાં ટાંકાં વગેરેનું પાણી.

ગૃહવાસ ૧. [સં.] પું. ગૃહસ્થાશ્રમ; ગૃહાશ્રમ.
૨. પું. ઘરમાં રહેવું તે.

ગૃહવાસ્તુ [સં.] ન. ઘરમાં વસવાટ કરતાં પહેલાં કરાતો એક પવિત્ર ધાર્મિક વિધિ.

ગૃહવિચ્છેદ ૧. [સં.] પું. ઘરનો નાશ; ઘરની પાયમાલી.
૨. પું. પોતાના કુટુંબનો જ નાશ.

ગૃહવિજ્ઞાન [સં.] ન. ઘર સંબંધી વિશેષ જ્ઞાન.

ગૃહવિદ્યા ૧. [સં.] સ્ત્રી. ઘર સંબંધી બાબતોનું શાસ્ત્ર. તેમાં નીચેની બાબતોનો સમાસ થઈ શકે: (૧) મકાનની રચના: હવા ઉજાસની વ્યવસ્થા, ધુમાડિયાં, મોરીઓ, જુદા જુદા ધંધાદારીઓનાં મકાનોના નમૂનારૂપ નકશા, સગવડવાળાં મકાનોની વિગત. (૨) ફર્નિચર, રાચરચીલું, વાસણકૂસણ એ બધાંની રચના, તેમાં રહેલી સગવડો કે અગવડો, એના ઘાટ, તેમાં રહેલી કળા, ઉપયોગિતા અને કળાનો સુમેળ, એની ગોઠવણમાં સગવડ, સુઘડપણું તથા શોભાનો મેળ સાધવો. (૩) સૂવાની જગ્યા કેવી હોવી જોઈએ, ગોદડાં ગાદલાંની સાચવણી તથા સફાઈ, વખતોવખત તડકે નાખવાની જરૂર, પિછોડી અથવા ચાદરની આવશ્યકતા, ઓઢવાની વસ્તુમાં સોડ ઘાલવાથી મળતી વધારે હૂંફ તથા સચવાતી સફાઈ, જીર્ણ થઈ ગયેલાં ધોતિયાં તથા સાડીઓમાંથી ગોદડાં ગાદલાંની ખોળો બનાવવી. (૪) રસોડાની વ્યવસ્થા: રસોઈ કરવામાં બળતણ તથા સમયનો બચાવ શી રીતે થાય? બોળવાનાં વાસણો જેવાં કે ચમચા, ડોઈ, સાણસી વગેરેને જમીન ઉપર મૂકવામાં સમાયેલી અસ્વચ્છતા, વાસણ પાણીથી વીછળ્યા પછી લૂછવાં હોય તો સ્વચ્છ કપડાંથી લૂછવાં જોઈએ, વાસણ માંજવા માટેની માટી ગંદી જગ્યાએથી ન લેવાય તેની કાળજી, આહારશાસ્ત્ર, કેવી રીતે યુક્તાહાર ગોઠવવો, તાપનું જ્ઞાન, વસ્તુઓને રાંધવાની અત્યારની રીતોમાં પોષકતત્ત્વોની સાચવણીની દૃષ્ટિએ કઈ રીત સારી છે અને કઈ ભૂલભરેલી છે તેનો વિવેક. (૫) કોઠારની વ્યવસ્થા: કઈ ઋતુમાં કયું અનાજ સંઘરવું, કઈ ઋતુમાં એ સડવાની ધાસ્તી હોવાથી એની સંભાળ રાખવી, અનાજ સડે નહિ તથા ધનેડાં, ઇયળ વગેરે પડે નહિ માટે લેવામાં આવતા ઇલાજ, અનાજ ભરવાનાં સાધનોના ગુણદોષ, તેલ ઘી ગોળ મીઠું એ ભરવાનાં વાસણ કેવાં હોવાં જોઈએ? (૬) કપડાં વિષે: તંગ કપડાંમાં રહેલ અગવડ તથા બગાડ, ખૂલતાં કપડામાં રહેલ સગવડ તથા કરકસર, બાળકોને કેવાં કપડાં પહેરાવવાં જોઈએ? કપડાંની ધોલાઈ, ઓછા સાબુથી ઝટ કેમ ધોવાય? ઊનનાં કપડાંની સંભાળ, વપરાશમાં ન હોય તે ઋતુમાં વખતોવખત હવા ખવડાવવાની તથા તડકે નાખવાની જરૂર, ઊનનાં તથા રેશમી કપડાં ધોવામાં રાખવી જોઈતી સંભાળ. (૭) ઘરખર્ચનું અંદાજપત્ર બનાવવું તથા તે મુજબ નામું લખવું: જુદાં જુદાં ખાતે કેટલું ખર્ચ કરવાથી વધુમાં વધુ સગવડ, આનંદ તથા શરીરની સુખાકારી મળે તેમ જ કુટુંબનો સર્વાંગીણ વિકાસ થઈ શકે તેનો વિવેક કરી તેનું પ્રમાણ સાચવીને અંદાજપત્ર બનાવવું. અંદાજપત્રની વિગતો: ખોરાકી, કપડાં, મકાનની સાફસૂફી, રાચરચીલું, કેળવણી, પ્રવાસ, દવા, સારવાર, આનંદવિનોદ, આતિથ્ય, ધર્માદા, સાર્વજનિક કાર્યોમાં મદદ, વ્રત, ઉત્સવ, ધાર્મિક વિધિ, સામાજિક વ્યવહાર એટલે ચાંલ્લા ભેટ ઘરેણાં. (૮) મકાનની અંદરની તથા આંગણાની સફાઈ, ઘરમાં તેમ જ આંગણામાં કચરાપેટીનો ઉપયોગ, ઘરમાં વપરાયેલા એટલે રસોડાના, પાણિયારાના તથા નાહવાધોવાના પાણીનો ઉપયોગ, સગવડવાળાં અને સહેલાઈથી સ્વચ્છ રહી શકે એવાં પાયખાનાંની રચના, પેશાબ માટે મોરીને બદલે મળપાત્ર વગેરેનો ઉપયોગ. ફૂલ અથવા શાકભાજીની વાડી. સૂરજનો તડકો, હવાપાણી, માટી વગેરેનું સફાઈકાર્ય, ગંદકી તથા રોગ ફેલાવવામાં કારણરૂપ તત્ત્વો, માખી, મચ્છર, ધૂળ, થૂંક, ગળફા વગેરે ખુલ્લી ગંદકી. (૯) પ્રાઇમસ સ્ટવનો ઉપયોગ, તેને લીધે થતા અકસ્માત, પ્રાઇમસ સ્ટવની તથા હરિકેન ફાનસની રચના, ઘાસલેટના ખુલ્લા ખડિયાથી થતું નુકસાન, હવાની અવરજવર બિલકુલ ન હોય એવી ઓરડીમાં બળતા દીવા તથા સગડીને લીધે થતા અકસ્માત. (૧૦) માંદાની સારવાર, ઘરગથ્થુ ઉપચાર, માંદા માટે ખોરાક, તે રાંધવાની રીત, બાળઉછેર. (૧૧) વ્રત તથા ઉત્સવોની ઉજવણીમાં થવા જોઈતા સુધારા, મનોરંજક કાર્યક્રમોની યોજના. (૧૨) આતિથ્ય સત્કાર: અતિથિની સગવડો કેવી રીતે સાચવવી, વધારેપડતા આગ્રહને કારણે અથવા તો સંકોચને કારણે અતિથિને થતી મૂંઝવણ તથા અગવડ. (૧૩) શિષ્ટાચાર તથા વિનયવિવેક, પાડોશીઓ સાથેનો સહકારયુક્ત સંબંધ. (૧૪) સીવણ, ભરતગૂંથણ, રદ્દી વસ્તુઓમાંથી ઉપયોગી ચીજોની બનાવટ. (૧૫) ગોપાલન અને ગોરસવિદ્યા.
૨. સ્ત્રી. ઘરની વિદ્યા; ઘરકેળવણી.

ગૃહવ્યવસ્થા ૧. [સં.] સ્ત્રી. ઘરની વ્યવસ્થા; ઘરનું કામકાજ.
૨. સ્ત્રી. ઘરનો નાણાં સંબંધી વહેવાર.

ગૃહવ્યાધિ [સં.] પું. એક જાતનો માનસિક રોગ; 'નૉસ્ટેલ્જિઅ'.

ગૃહવ્યાપાર [સં.] પું. ઘરનું કામકાજ.

ગૃહશાલા [સં.] સ્ત્રી. છાત્રાલય; વિદ્યાર્થી માટે રહેવા જમવા ભણવા માટેની સગવડવાળી સંસ્થા.

ગૃહશાળા જુઓ ગૃહશાલા.

ગૃહશાંતિ [સં.] સ્ત્રી. પોતાના ઘરમાં મળતું શાંતિનું સુખ.

ગૃહશિક્ષણ ૧. [સં.] ન. ઘરના કામકાજનું જ્ઞાન.
૨. ન. ઘરની કેળવણી.

ગૃહશિલ્પ [સં.] ન. સ્થાપત્ય; ઘરની બાંધણી.

ગૃહશૃંગાર [સં.] પું. ઘરની શોભા.

ગૃહસચિવ [સં.] પું. દેશની આંતરવ્યવસ્થા સંભાળનાર પ્રધાન; 'હોમ મેમ્બર'.

ગૃહસંભાળ સ્ત્રી. ઘરનું ધ્યાન રાખવું તે.

ગૃહસંસાર [સં.] પું. ઘરસંસાર; ઘરખટલો; ઘરનો વહેવાર.

ગૃહસંસ્કાર [સં.] પું. ઘરમાંથી મળતી કે પડતી છાપ.

ગૃહસુશોભન [સં.] ન. ઘરને સારી રીતે શોભાવવાની કળા.

ગૃહસુંદરી [સં.] સ્ત્રી. ઘરની શોભારૂપ સુશીલ સ્ત્રી.

ગૃહસૂત્ર ૧. [સં.] ન. ઘર સંબંધી ક્રિયાઓનું વર્ણન કરતું એક ધાર્મિક પુસ્તક.
૨. ન. ઘરનો વહેવાર.

ગૃહસૌખ્ય [સં.] ન. ઘરનું સુખ.

ગૃહસ્થ ૧. [સં.] પું. ગૃહસ્થાશ્રમી; સંસારી; બાળબચ્ચાંવાળો માણસ; ઘરસંસાર માંડીને રહેલો પુરુષ; ઘરબારી.
૨. પું. પૈસાવાળો, આબરૂદાર, દક્ષિણા ન લેનારો બ્રાહ્મણ.
૩. પું. બ્રહ્મચર્ય આશ્રમ પછી વિવાહ કરીને બીજા આશ્રમમાં રહેનાર વ્યક્તિ; જ્યેષ્ઠાશ્રમી.

૪. પું. બ્રાહ્મણ જ્ઞાતિમાં કોઈનું આપેલું દાન લેતો નથી તેવો વર્ગ. બ્રાહ્મણમાં ભિક્ષુક અને ગૃહસ્થ એવા બે વર્ગ મનાય છે.

૫. પું. સારા કુળનો પ્રતિષ્ઠિત પુરુષ; વિવેકી પુરુષ; સજ્જન.

૬. વિ. ઘરમાં રહેલ; ઘરમાં રહેતું.

૭. વિ. પૈસાદાર; ધનવાન.

ગૃહસ્થતા ૧. [સં.] સ્ત્રી. ગૃહસ્થપણું; કુટુંબની સુસ્થિતિ; પૈસાદારપણું; સધનતા.

૨. સ્ત્રી. ઘરબારી તરીકે રહેવું તે; ગૃહસ્થાઈ.

૩. સ્ત્રી. સજ્જનતા; કુલીનતા; ખાનદાની; સૌજન્ય.

૪. સ્ત્રી. સુઘડ રીતભાત; સભ્યતા; વિવેક.

ગૃહસ્થધર્મ [સં.] પું. ગૃહસ્થાશ્રમી માટેનાં કામ તથા નિયમ. પોતાના ધંધાથી આજીવિકા ચલાવવી, પોતાના સરખા અને જુદા ગોત્રવાળા સાથે લગ્નસંબંધ બાંધવો, ઋતુગામી રહેવું; દેવ, પિતૃ, અતિથિ અને ચાકરની બાબતમાં દ્રવ્યત્યાગ કરવો અને બાકી રહે તેનો ઉપભોગ કરવો એ ગૃહસ્થના મુખ્ય ધર્મ કહેવાય છે.

ગૃહસ્થલિંગ [સં.] ન. ગૃહસ્થ તરીકેની નિશાની; ગૃહસ્થનો વેશ.

ગૃહસ્થસંઘ [સં.] પું. યાત્રા માટે નીકળેલ યાત્રાળુઓનો સમૂહ.

ગૃહસ્થાઈ જુઓ ગૃહસ્થતા.

ગૃહસ્થાણી સ્ત્રી. ગૃહસ્થની સ્ત્રી; ગૃહિણી.

ગૃહસ્થાવટ જુઓ ગૃહસ્થતા.

ગૃહસ્થાવાસ [સં.] પું. ગૃહસ્થ તરીકે રહેવું તે; ગૃહસ્થ તરીકેનું જીવન.

ગૃહસ્થાશ્રમ ૧. [સં.] પું. ગૃહસ્થે આચરવાનો ધર્મ.

૨. પું. ચાર માંહેનો બીજો આશ્રમ. તેમાં માણસ વિવાહવિધિ કરી સ્ત્રી પુત્ર સાથે રહે છે અને તેઓનું પાલન કરે છે.

આનંદી ગૃહ સૂત સુધીય વળી કાંતા મૃદુભાષિણી,
સન્મિત્રો સુધનો સ્વયોષિતરતિ આજ્ઞાનુસારી જનો;
આતિથ્ય પ્રભુકીર્તન પ્રતિદિને મિષ્ટાન્નપાનો ગૃહે,
સાધુસંગ ઉપાસના સતત જ્યાં ધન્ય **ગૃહસ્થાશ્રમ.**
સુભાષિત

ગૃહસ્થાશ્રમી ૧. [સં. ગૃહસ્થાશ્રમિન્] વિ. ગૃહસ્થાશ્રમમાં રહેલું; સંસારી.

૨. વિ. ગૃહસ્થે આચરવાના ધર્મ પાળનારૂં; ગૃહસ્થના ધર્મ પાળનારૂં.

ગૃહસ્થી ૧. [હિં] સ્ત્રી. ગૃહસ્થાઈ; ગૃહસ્થાશ્રમનું કામકાજ.

૨. વિ. ગૃહસ્થને લગતું; ગૃહસ્થનું.

૩. જુઓ ગૃહસ્થ.

ગૃહસ્વામી [સં. ગૃહસ્વામિન્] પું. યજમાન; ઘરનો માલિક; ગૃહનાથ.

ગૃહાગત ૧. [સં.] પું. ઘેર આવેલ અતિથિ; પરોણો; મહેમાન.

૨. વિ. ઘેર આવેલ.

ગૃહાગમન [સં.] ન. ઘેર પાછું ફરવું તે.

ગૃહાચાર [સં.] પું. ઘરમાં પાળવાના નિયમ.

ગૃહાધિપ ૧. [સં.] પું. ઘરનો માલિક.

૨. પું. (જ્યોતિષ) રાશિનો સ્વામી.

ગૃહાધિપતિ [સં.] પું. મકાન માલિક; મકાનદાર; ઘરધણી.

ગૃહારામ [સં.] પું. ઘરની પાસે કરેલી વાડી; ઘરનો બગીચો.

ગૃહાવાસ [સં.] પું. સંસારીપણું; ગૃહસ્થીપણું.

ગૃહાવિષ્ટ [સં.] વિ. ઘરસંસાર માંડ્યો હોય એવું; ગૃહસ્થાશ્રમી.

ગૃહાશ્રમ ૧. [સં.] પું.; ન. ગૃહસ્થનો ધર્મ.

૨. પું.; ન. ઘરરૂપ આશ્રમ; ગૃહસ્થાશ્રમ.

ગૃહાશ્રમી ૧. [સં. ગૃહાશ્રમિન્] વિ. ગૃહસ્થાશ્રમી; ગૃહસ્થ; સંસારી; ઘરબારી.

૨. વિ. ગૃહસ્થે આચરવાના ધર્મ પાળનારૂં.

ગૃહાસક્ત ૧. [સં.] વિ. ઘરના કામકાજમાં ગૂંથાયેલું.

૨. વિ. ઘરમાં પ્રીતિ રાખનારૂં.

ગૃહાંગણ ન. ઘરનું આંગણું.

ગૃહિણી ૧. પું. (પિંગળ) દરેક ચરણમાં સગણ, મગણ અને લઘુ મળી સાત અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તે ઉષ્ણિક છંદનો એક ભેદ છે.

૨. [સં.] સ્ત્રી. ગૃહસ્થની સ્ત્રી; ગેહિની; ઘર ચલાવનારી સ્ત્રી.

૩. સ્ત્રી. પત્ની; ઘરધણિયાણી; ભાર્યા.

૪. સ્ત્રી. વધારણી; હિંગ.

ગૃહિણીકર્મ [સં.] ન. સ્ત્રીઓએ કરવાનું કામ.

ગૃહિણીત્યાગ [સં.] પું. સ્ત્રીને તજી દેવી તે.

ગૃહી ૧. [સં. ગૃહિન્] પું. ગૃહસ્થ; ઘરધણી; ગૃહસ્થાશ્રમી; સંસારી.

૨. પું. ગૃહસ્થાશ્રમ.

૩. વિ. ગૃહસ્થાશ્રમ માંડીને રહેલું.

ગૃહીત ૧. ન. ગૃહીતવિધાન; કોઈ પણ શાસ્ત્રની તદ્દન પ્રાથમિક બાબત. તે અત્યંત સાદી હોવાથી સાબિતી વગર સત્ય તરીકે સ્વીકારી લેવામાં આવે છે.

૨. [સં.] ન. પકડી લેવું તે; ગ્રહણ; સ્વીકાર.

૩. વિ. અવગત; સમજેલું; જાણેલું.

૪. વિ. પકડેલું; ગ્રહણ કરેલું.

૫. વિ. મેળવેલું; પ્રાપ્ત.

૬. વિ. સ્વીકારેલું; માની લીધેલું; અપનાવેલું.

ગૃહીતગર્ભા [સં.] સ્ત્રી. સગર્ભા સ્ત્રી.

ગૃહીતવાદ [સં.] પું. વગરવિચાર્યે હઠપૂર્વક પકડી રાખેલ મત.

ગૃહીતવિદ્ય [સં.] વિ. વિદ્યા ભણેલું.

ગૃહીતવિધાન [સં.] ન. કોઈ પણ શાસ્ત્રની તદ્દન પ્રાથમિક બાબત. તે અત્યંત સાદી હોવાથી સાબિતી વગર સત્ય તરીકે સ્વીકારી લેવામાં આવે છે.

ગૃહીતવ્રત [સં.] વિ. વ્રતધારી; વ્રત લીધું હોય એવું.

ગૃહીતા [સં. ગૃહીતૃ] વિ. ગ્રહણ કરનાર; લેનાર.

ગૃહીતાગમા ૧. પું. સ્નાતક; 'બી. એ'.

૨. સ્ત્રી. બી. એ. ની ઉપાધિ પ્રાપ્ત કરેલ સ્ત્રી.

ગૃહીતાયુર્વેદશાસ્ત્ર પું. આયુર્વેદની પરીક્ષા પસાર કરનાર વિદ્યાર્થીને અપાતી એક જાતની ઉપાધિ.

ગૃહેશ ૧. [સં.] પું. ઘરધણી.

૨. પું. (જ્યોતિષ) રાશિનો સ્વામી.

ગૃહેશ્વરી [સં.] સ્ત્રી. ગૃહિણી; સ્ત્રી; પત્ની.

ગૃહોચિત [સં.] વિ. ઘરને લાયક; ગૃહઉપયોગી.

ગૃહોદ્યોગ [સં.] પું. ઘેર બેઠાં થઈ શકે તેવો હુન્નર.

ગૃહોપકરણ [સં.] ન. ઘરનો સરસામાન; ઘરવખરી; રાચરચીલું.

ગૃહોપયોગી [સં. ગૃહોપયોગિન્] વિ. ઘર સંબંધી ખપમાં આવતું.

ગૃહ્ય ૧. [સં.] ન. વેદવિહિત કર્મના જાણનાર ગોભિલ ઋષિ વગેરેના સૂત્રગ્રંથ.

૨. વિ. આધાર રાખતું; પરાધીન; આશ્રય રાખતું.

૩. વિ. ગૃહસ્થ સંબંધી.

૪. વિ. ગૃહાસક્ત; ઘરમાં પ્રીતિ રાખનારૂં.

૫. વિ. ગૃહ્યસૂત્રમાં બતાવેલું.

૬. વિ. ગ્રહણ કરવા લાયક; લેવા જેવું.

૭. વિ. ઘરનું; ઘર સંબંધી.

૮. વિ. ઘરમાં રહેનાર.

૯. વિ. થોભવા લાયક.

૧૦. વિ. પકડવા યોગ્ય.

૧૧. વિ. પક્ષપાતી.

૧૨. વિ. પાળેલું; ઘરનું.

ગૃહ્યક [સં.] ન. ઘરમાં પાળેલ પશુ પક્ષી વગેરે; પાળેલ જનાવર.

ગૃહ્યકલા સ્ત્રી. ઘરગથ્થુ કલા; ઘરઉપયોગી કલા.

ગૃહ્યગુરુ [સં.] પું. શિવ; શંકર.

ગૃહ્યસંસ્કાર [સં.] પું. શાસ્ત્રોમાં બતાવેલ અમુક જાતની ગૃહસ્થાશ્રમી માટેની ધાર્મિક ક્રિયા.

ગૃહ્યસુખ [સં.] ન. ઘરમાં મળતું સુખ.

ગૃહ્યસૂત્ર ૧. [સં.] ન. એ નામનું એક સૂત્ર; સ્માર્ત કર્મસૂચક વેદાંગ સૂત્રગ્રંથ. તેમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરુષાર્થ સાધ્ય કરવા માટે ગૃહસ્થે કેવી રીતે વર્તવું તે કહેલું છે. ગૃહ્યસૂત્ર મુખ્ય અઢાર છે તેનાં નામ નીચે પ્રમાણે છેઃ (૧) બૌધાયન, (૨) આપસ્તંબ, (૩) સત્યાષાઢ, (૪) દ્રાહ્યાયણ, (૫) આગરૂપ, (૬) શાંડિલ્ય, (૭) આશ્વલાયન, (૮) શાંભવ, (૯) કાત્યાયન, (૧૦) વૈખાનસ, (૧૧) શૌનકીય, (૧૨) ભરદ્વાજ, (૧૩) અગ્નિવેશ્ય, (૧૪) જૈમિનીય, (૧૫) વાધૂલ, (૧૬) મધ્યંદિન, (૧૭) કૌંડિન્ય અને (૧૮) કૌષીતક.

૨. ન. ઘરનો વહેવાર.

ગૃહ્યા [સં.] સ્ત્રી. નગર બહારનું નાનું ગામ; પરૂં.

ગૄજ્ ૧. [સં.] અ. ક્રિ. અવાજ કરવો.

૨. અ. ક્રિ. ગર્જવું.

૩. અ. ક્રિ. બબડવું.

ગૃંજન [સં.] ન. ગાજર.

ગૃંજનક ૧. ન. ગાજર.

૨. [સં.] ન. ઝેર ચોપડેલું પશુનું માંસ.

ગૃંજની ૧. સ્ત્રી. ગાજર.

૨. સ્ત્રી. ગાંજો.

ગૃંજવું ૧. અ. ક્રિ. ગર્જના કરવી; ગાજવું.

૨. અ. ક્રિ. ગુંજવું; ઝીણો મધુર અવાજ કરવો.

૩. અ. ક્રિ. બબડવું.

ગૃંડીવ [સં.] પું. મોટું અને જાડું શિયાળ.

ગૄ [સં.] અ. ક્રિ. (ધાતુ) બોલવું. ગિરા શબ્દ તેમાંથી થયેલ છે.

ગે સ્ત્રી. ઘરના છાપરામાં વપરાતું એક લાકડું; છતનો પાટડો; લગ. તેની સાથે વળીઓ અગર પક્વાસા જડવામાં આવે છે.

ગેઅ ન. (જૂ. ગુ.) ગીત.

ગેઇટ ૧. [અં.] સ્ત્રી. દરવાજો.

૨. સ્ત્રી. પોલીસચોકી.

ગેઇટકીપર [અં.] પું. દરવાન.

ગેઇમ [અં.] સ્ત્રી. રમત.

ગેકવું અ. ક્રિ. મોરનું ઊંચે સાદે બોલવું.

ગેકો સ્ત્રી. ગરોળી.

ગેગટા [હિં.] પું. કરચલો.

ગેગડી (ગેગડ઼ી) સ્ત્રી. એ નામની એક જાતની વનસ્પતિ.

ગેગડું (ગેગડ઼ું) ન. કાચકું; લખોટીને બદલે રમવામાં વપરાતું એક જાતનું ફળ.

ગેગલા ૧. [હિં.] પું. ભોળો માણસ.

૨. સ્ત્રી. ફૂવડ સ્ત્રી.

૩. વિ. ભોળું.

ગેગલાપન ન. ભોળાપણું.

ગેગવું અ. ક્રિ. ગૂમડાનું કચકચવું; વણ, જખમ કે ચાંદાનું લોહી પરૂથી ભરાવું.

ગેગાણી ૧. સ્ત્રી. એ નામની કડિયાની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગેગ્લી ૧. સ્ત્રી. ફૂવડ સ્ત્રી.

૨. વિ. કઢંગું; ગંદું.

ગેજ ૧. [અં.] પું. માપ.

૨. પું. માપક; માપવાનું સાધન.

૩. સ્ત્રી. માદા સ્ક્રૂ.

ગેજરેલ [અં.] ન. બે પાટા વચ્ચેનું અંતર માપવાનું લોઢાનું હથિયાર.

ગેજુનિયા [હિં.] પું. બપોરિયો.

ગેજોડ (ગેજોડ઼) સ્ત્રી. હાથીના પૂછડાની ઉપરની બાજુએ રાખવાનો દાગીનો.

ગેઝીટેડ [અં.] વિ. સરકારે આદેશમાં પ્રસિદ્ધ કરેલ.

ગેઝેટ [અં.] ન. સરકારી આદેશ.

ગેઝેટીઅર ૧. ન. આજ્ઞાપત્રિકા; આદેશ.

૨. [અં.] ન. ભૂગોળનો શબ્દકોષ. તેમાં કુદરતી વિભાગો, રાજકીય વિભાગો, ઐતિહાસિક વર્ણનો, દુનિયાનાં શહેર, ગામ, પર્વતો, નદીઓ વગેરેનું વર્ણન આપવામાં આવે છે. દરેક નામ કક્કાવારી પ્રમાણે ગોઠવવામાં આવે છે.

ગેટ ૧. [અં.] પું. મુખ્ય દ્વાર; દરવાજો; ઝાંપો.

૨. સ્ત્રી. પોલીસચોકી.

ગેટઅપ [અં.] પું. ઉઠાવ; વસ્તુનો બહારનો એકંદર દેખાવ.

ગેટકી ૧. [સં. કુબ્જ; દે. ગિઠ્ઠકી] પું. ઠીંગણો માણસ; કુબ્જ.

૨. વિ. ઠીંગણું; નીચા ઘાટનું.

ગેટવે [અં.] પું. દરવાજાનો માર્ગ.

ગેટેલા ન. પિસ્તાનું ઝાડ.

ગેઠકટ્ટા [હિં.] પું. ખિસ્સાં કાતરનાર માણસ.

ગેઠડી (ગેઠડ઼ી) [હિં.] સ્ત્રી. કોથળી; પોટલું; ગઠડી.

ગેઠિયો પું. એક જાતનું ઝાડ.

ગેડ ૧. પું. દરિયાકાંઠાનો ભાગ.

૨. સ્ત્રી. આંટી.

૩. સ્ત્રી. ગડી; કપડાને એક પડ ઉપર બીજું પડ અને બીજા ઉપર ત્રીજું એમ વાળવું તે.

૪. સ્ત્રી. બંધન.

ગોવિંદા ગજરાજ ગુણવંત ગેડ છોડાવી.

ભોજો

૫. સ્ત્રી. મેળ બેસવો તે; સયુક્તિકતા.

ગેડ બેસવી = વાતની સમજણ પડવી; વાતનું સમજાવું.

૬. સ્ત્રી. સળ; આંકો.

ગેડગેડામણી સ્ત્રી. એક જાતની રમત.

ગેડલી સ્ત્રી. નાની ગેડી; નાની લાકડી.

ગેડા ૧. સ્ત્રી. એ નામની ઢેઢની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગેડાં ન. બ. વ. તાડછાં; ખજૂરીનાં પાંદડાં.

ગેડિયા ૧. પું. એક જાતના કોળી. તેઓ ગેડ એટલે પોરબંદર અને માધવપુરની વચ્ચેના પ્રદેશના મૂળ વતની છે અને બીજા કોળી કરતાં પોતાને વધુ માનપાત્ર ગણે છે.

૨. સ્ત્રી. એ નામની કુંભાર, કોળી, કણબી અને ઢેઢની અટક.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

ગેડિયો પું. ગેડો; જાડી લાકડી.

ગેડી ૧. પું. નપુંસક; હીજડો.

૨. [હિં.] સ્ત્રી. એ નામની એક રમત.

૩. સ્ત્રી. ગાડી.

૪. [સં. કન્દુક; પ્રા. ગેંદુઓ] સ્ત્રી. દડે રમવાની એક છેડે વાંકી હોય એવી લાકડી; ગાંઠવાળી વાંકી અથવા ચપટી લાકડી.

૫. સ્ત્રી. લાકડીનો વાંકો વાળેલો છેડો.

૬. વિ. ગાંડું.

ગેડીકા સ્ત્રી. નાની ગેડી; નાની લાકડી.

ગેડીદડા (ગેડીદડ઼ા) જુઓ ગેડીદડો.

ગેડીદડો (ગેડીદડ઼ો) સ્ત્રી. લાકડી અને દડાની એક દેશી રમત; ફૂંડાળીદાવ; ફૂંડીદાવ; ટપંટપ્યા; ટીસો; દડાનો ફૂંડીદા; સાલદાવ. ગામની અંદર કે બહાર ખુલ્લા મેદાનમાં કે મોટા રસ્તા ઉપર તે રમી શકાય છે. રમવાની લાકડીઓ આશરે ૩ા ફૂટ લાંબી, મૂળ આગળથી જરા વાંકી થયેલી અને જાડી હોય છે તેથી

દડો મારવાને બહુ અનુકૂળ પડે છે. આ રમત પરદેશી હોકીના જેવી જ આપણી જૂના વખતની દેશી રમત છે. તેને માટે ચીંથરાંનો દોરો વીંટીને બનાવેલો દડો વપરાય છે. દડો મોટો હોય તેમ મારવાને અનુકૂળ પડે છે. રમનારના બે ભાગ પાડી તેને મેદાનની વચમાં એક રેખા કાઢી તેની બંને બાજુએ એક એક ભાગને ઊભા રાખવા. બંને તરફ છેવટની હદ પણ મુકરર કરવી. પછી બંને પક્ષનો એક એક નાયક દડાને તે મધ્યરેખા ઉપર બરાબર વચમાં રાખીને તે મધ્યરેખાની બાજુએ ઊભો રહે. પોતાને રમત શરૂ કરવાની સૂચના મળતાં જ તે આગેવાનો તે દડાને પોતપોતાની હદમાં ખેંચી જવાનો પ્રયત્ન કરે અને બીજાઓ તેને મદદ કરે. જે પક્ષ તે દડાને પોતાની છેવટની હદ બહાર પ્રથમ લઈ જાય તે પક્ષ જીત્યો ગણાય અને પહેલો દાવ પૂરો થાય. તે પછી દડાને મધ્યભાગે લાવી બીજો દાવ શરૂ થાય. જે પક્ષ એ રીતે વધારે દાવ જીતે તે પક્ષ વિજયી થયો ગણાય. તેના નિયમો: રમનારની સંખ્યા: રમનારની સંખ્યા ૧૧ હરીફોની હોય છે. તેમાંથી પાંચ આગલી હારમાં, ત્રણ વચલી હારમાં, બે છેલ્લી હારમાં અને એક પોઈ સાચવવા માટે ગોઠવવામાં આવે છે. નાયક: દરેક ટુકડીનો એક એક નાયક હોય. બંને નાયક એકઠા મળીને રમતના મેદાનની પસંદગી કરે, તથા જરૂર જણાયે પોતાનામાંથી પંચ પણ નક્કી કરે. રમતનું મેદાન: રમતનું મેદાન લંબચોરસ હોય છે. તેની લંબાઈ ૨૫૦થી ૩૦૦ ફૂટ સુધીની અને પહોળાઈ ૧૬૫થી ૧૮૦ ફૂટ સુધીની હોય. પોઈ: રમતના મેદાનની બંને બાજુએ પહોળાઈની લીટીઓની વચ્ચોવચ ૧૨થી ૧૫ ફૂટ સુધીની પોઈ નક્કી કરવામાં આવે છે. લંબાઈની રેખાઓને બાજુરેખા તથા પહોળાઈની રેખાઓને પોઈરેખા તરીકે ઓળખવામાં આવે છે. પોઈસીમા ઉપર આઠ ફૂટ ઊંચા બે વાંસ રોપી તેની ઉપર એક આડો વાંસ રાખવામાં આવે છે. આ બંને ઊભા વાંસ વચ્ચેથી અને આડા વાંસની નીચેથી જ દડો પસાર થાય તો પોઈ થઈ ગણાય. પોઈવર્તુલ: બંને બાજુના પોઈવાંસથી સમાંતર ૧૨ ફૂટ દૂર, ૪૫ ફૂટની ત્રિજ્યા લઈ એક અર્ધકૂંડાળું દોરવામાં આવે છે. આ અર્ધકૂંડાળું પોઈકૂંડું કહેવાય. પોઈ કરવા માટે આ પોઈકૂંડામાં જઈને જ દડાને ફટકો મારવો જોઈએ. દડો: દડો ગોળ તથા વધુમાં વધુ નવ ઇંચ વ્યાસનો રાખી શકાય. તે લૂગડાનો અને દોરાથી ગૂંથેલો અથવા ચામડાથી સીવેલો હોય તોપણ ચાલે. દડાનું વજન બશેરથી વધારે હોવું ન જોઈએ. ગેડી: ગેડી રમનારની કમર સુધીની ઊંચાઈની અને રમનારના કાંડાની જાડાઈની જોઈએ. તે છેડેથી જરાક વળેલી રાખવી. જોડા: રમનાર બીજાને ઈજા કરે તેવા, નીચે અણીવાળા, ઠેસ ચોડેલા જોડા પહેરી રમી શકાય નહિ. ખંટ: બંને પક્ષના રમનારમાંથી એકેક જણ મેદાનની વચમાં બીજી રેખા તરફ મોં રહે તેમ ઊભો રહી, પહેલાં જમીન ઉપર ગેડી પછાડી પછી ઊંચે દડા ઉપર ગેડી લાવી ત્રણ વખત વારાફરતી ગેડી પછાડી દડાને ફટકો મારે. ખંટ વખતે બીજા હરીફોએ ખંટ લેનાર હરીફથી નવ ફૂટ દૂર પોતાની હદમાં રહેવું. પોઈવર્તુલમાં ખંટ લેતી વખતે પોઈરેખાથી ૧૫ ફૂટ દૂર દડો રાખવો. આ નિયમનું ઉલ્લંઘન કોઈ પણ પક્ષનો હરીફ કરે તો ફરીથી ખંટ લેવી જોઈએ. રમતની શરૂઆતમાં દડો મેદાનના મધ્ય ભાગમાં આવેલ વર્તુલમાં મૂકી રમતની શરૂઆત થાય છે. પોઈ ક્યારે થઈ ગણાય: (૧) દડો પોઈરેખા ઉપરથી અને તેના ઉપર રોપેલા તથા આડા મૂકેલા વાંસની વચ્ચે તથા નીચેથી પૂરેપૂરો પસાર થવો જોઈએ. (૨) પોઈવર્તુલમાંથી સામા પક્ષની રમનારની ગેડીને વાગીને અથવા અથડાઈને દડો જવો જોઈએ. (૩) પોઈવર્તુલમાં સામા પક્ષની રમનારની ગેડીને અડીને અથવા શરીરને અડકીને પણ જો દડો પોઈ માટે મુકરર કરેલી હદમાંથી પસાર થાય તોપણ પોઈ થઈ ગણાય. સામાન્ય નિયમો: (૧) દડાની ગતિ ગેડી અથવા પગથી જ રોકી શકાય. દડાને કોઈ લાત મારી શકે નહિ. (૨) હાથમાં ગેડી હોય તો જ હરીફ રમે છે એમ ગણાય. (૩) ગેડી પહોંચે તેટલા અંતરે દડો હોય તો જ સામસામા રમનાર પોતાની ગેડી એકબીજાની ગેડીમાં ભેરવી શકે. (૪) રમનાર દડાને અડતાં પંહેલાં સામા હરીફની આડે આવી શકે નહિ, તેના શરીરને અડી શકે નહિ, પોતાની ગેડી વચમાં મૂકી શકે નહિ, તેમ જ સામા હરીફની ગેડીને પોતાની ગેડી વડે ખાલી ફટકો મારી શકે નહિ. પોઈવર્તુલમાં: ઉપરના કોઈ પણ નિયમનું ઉલ્લંઘન પોઈવર્તુલમાં સામા પક્ષથી થાય તો તે બદલ બચાવપક્ષને ગુનાની જગાએથી છૂટો ફટકો અપાય છે. બચાવપક્ષથી ઉપરના કોઈ પણ નિયમનું ઉલ્લંઘન પોઈવર્તુલમાં જાણીબૂજીને થાય તો સામાપક્ષને ગુનાની જગાએથી ગુનાખંટ અપાય છે. અને અજાણમાં થાય તો સામાપક્ષને ગુનાખૂણેથી છૂટો ફટકો અપાય છે. પોઈવર્તુલ બહાર: કોઈ પણ પક્ષ ઉપરના નિયમોનું ઉલ્લંઘન પોઈવર્તુલ બહાર કરે તો ગુનો કરનારના સામાપક્ષને ગુનાવાળી જગાએથી છૂટો ફટકો અપાય. પોઈવર્તુલ બહાર તેમ જ અંદર: બંને પક્ષના હરીફ એક સાથે જ ઉપરના નિયમોનું ઉલ્લંઘન કરે તો ગુનાની જગાએથી બંને જણને ખંટ અપાય છે. ગેડી: દડાને ફટકો મારતાં પહેલાં અથવા મારી રહ્યા બાદ ગેડી માથાથી ઊંચે જવી ન જોઈએ. બંને પક્ષના હરીફો એક સાથે જ આ ગુનો કરે તો ગુનાની જગાએથી બંને જણને ખંટ અપાય. પોઈવર્તુલમાં સામો પક્ષ આ ગુનો કરે તો બચાવપક્ષને ગુનાની જગાએથી છૂટો ફટકો અપાય અને બચાવપક્ષ પોઈ ન થવા દેવા માટે જાણીજોઈને આ ગુનો કરે તો સામાપક્ષને ગુનાખંટ અપાય છે. બચાવપક્ષથી અજાણમાં પોઈવર્તુલમાં આ ગુનો થાય તો સામાપક્ષને પોઈખૂણેથી ફટકો અપાય. છૂટો ફટકો: આ ફટકા વખતે ફટકો મારનાર સિવાય બધા રમનારા પંદર ફૂટ દૂર ઊભા રહે. ફટકો મારનાર દડાને ફટકો મારી તેના તેમ જ સામાપક્ષના રમનાર દડાને અડે નહિ ત્યાંસુધી દડાને અડી તેમ જ ફટકો મારી શકે નહિ. ફટકો મારતાં ફટકો ચૂકી જાય અને ગેડીનો ગુનો ન કરે તો ફરીથી ફટકો મારી શકાય. આ ફટકો મારતી વખતે ફટકો મારનારથી પંદર ફૂટની અંદર કોઈ રમનાર હોય તો ફટકો ફરીથી મારવા દેવામાં આવે. પોઈવર્તુલમાં આ ફટકો મારી ફટકો મારનાર તરત જ દડાને અડે તો સામાપક્ષને પોઈખૂણેથી ગુનાખૂણા ફટકો અપાય છે. પોઈવર્તુલ બહારથી ગુનો કરે તો ગુનો કરનારના સામાપક્ષને છૂટો ફટકો અપાય છે. જો ફટકો ખોટી રીતે પોઈવર્તુલ બહારથી માર્યો હોય તો ગુનો કરનારના સામાપક્ષને છૂટો ફટકો અપાય અને પોઈવર્તુલની અંદરથી માર્યો હોય તો ગુનાખૂણા ફટકો અપાય. ગુનાખંટ: આ ખંટ લેવાનું પૂરૂં થતાં સુધી ખંટ લેનાર સિવાયના બીજા રમનાર પાસેમાંપાસેની પચીશ વાર રેખાની બહાર ઊભા રહે. જો આ ખંટ બાદ પોઈવર્તુલની અંદરની પોઈહદ સિવાયની પોઈરેખા ઉપરથી દડો સામાના શરીરને અથવા ગેડીને વાગીને બહાર જાય તો ફરીથી ખંટ અપાય છે. જો દડો રોપેલા બે વાંસ વચ્ચેથી સામા પક્ષની ગેડીને અથવા બચાવપક્ષના કોઈ હરીફના શરીર અથવા ગેડીને અડીને પસાર થાય તો પોઈ થઈ ગણાય. પોઈવર્તુલ બહારની પોઈરેખા ઉપરથી દડો જાય કે તરત પાસેમાંપાસેથી પચીશ વારની રેખાની ઉપરથી ખંટ અપાય છે. પોઈરેખા પાછળ: જો દડો સામા પક્ષના કોઈ રમનારથી તેની ગેડી અથવા શરીરને અડીને અથવા બચાવપક્ષનો હરીફ જે પોતાની પોઈસીમા પાસેથી પચીશ વાર દૂર હોય અને તેના ફટકાથી

અજાણતાં પોઈરેખા પાછળ જાય તો જે જગાએથી દડો ગયો હોય તેને ખૂણે પચીશ વારની રેખાએ દડો મૂકી ખંટ અપાય છે. પચીશ વારની રેખાની અંદરથી બચાવપક્ષના રમનારથી અજાણતાં દડો બહાર જાય તો સામા પક્ષને ખૂણાફટકો આપવો; સિવાય કે પોઈ થઈ ક્યારે કહેવાય તેના નિયમોમાં સમાવેશ ન થાય તો મેદાનના કોઈ ભાગમાંથી બચાવપક્ષના હરીફે જાણી જોઈને દડાને પોઈરેખા પાછળ કાઢ્યો હોય તો, સામા પક્ષને ગુનાખૂણા ફટકો અપાય. આખી રમત ૭૦ મિનિટ ચાલે. અડધો કલાક રમ્યા બાદ દશ મિનિટ વિશ્રાંતિ બાદ બંને પક્ષ મેદાનની ફેરબદલી કરે. વળી કેટલેક ઠેકાણે આ રમત નીચે પ્રમાણે પણ રમાય છે: રમનાર બધા છોકરાઓ હાથમાં ગેડી લઈને પગ વતી કૂંડાળાં કરીને એક પગ તે કૂંડાળામાં અને બીજો પગ બહાર રાખાને ઊભા રહે અને દાવવાળો છોકરો પોતાની ગેડી તથા દડો લઈને વચમાં ઊભો રહે. તે પોતાનો દડો ગેડીથી બીજાઓના કૂંડાળામાં ધકેલે; જ્યારે બીજા બધા તેને પોતાના કૂંડાળામાં આવવા ન દેતાં બહાર ને બહાર જ રાખવા ગેડી માર્યા કરે. એમ કરતાં કોઈ પણ છોકરાના કૂંડાળામાં દડો જાય તો તેના ઉપર દાવ આવે. રમનાર છોકરા કૂંડાળાની બહાર પણ એક પગે ચાલીને આવેલા દડાને આગળ ધકેલવા ગેડી મારે. દરમિયાન જો તેના બંને પગ જમીનને અડકી જાય અગર દડો કૂંડાળામાં દાવવાળા તરફથી નખાય તો તેના ઉપર દાવ આવે.

ગેડીબાજ વિ. ગેડીદડાની રમતમાં કુશળ.

ગેડુઈ [હિં.] સ્ત્રી. માટલી.

ગેડેલ ન. એક જાતનું કાપડ.

ગેડો ૧. પું. એક છેડેથી વાંકી રમવાની લાકડી; ગેડી જેવી વળેલી મોટી લાકડી.
૨. પું. એક જાતનું પ્રાણી; ગેંડો.
૩. પું. લાકડી અથવા ડાંગનો ગોળ માથાવાળો છેડો.

ગેણ [સં. ગગન] ન. ગગન; આકાશ.

ગેણિયું ન. ઠીંગણો પણ વેગથી ચાલનાર એક જાતનો બળદ; નાનો ઠીંગણો બળદ.

ગેણિયો પું. ઠીંગણો પણ વેગથી ચાલનાર એક જાતનો બળદ.

ગેણી સ્ત્રી. ગીની; સોનામહોર.

ગેણું જુઓ ગેણિયું.

ગેતી [ફા.] સ્ત્રી. સૃષ્ટિ; જગત.

ગેદ પું. એ નામનો ખાવાનો એક હલકો પદાર્થ; ઘેંશ.

ગેદડા (ગેદડ઼ા) [હિં.] પું. મૂર્ખ.

ગેદરી સ્ત્રી. કાળા રંગની બહુ જાડી એક જાતની માછલી.

ગેદરેત [હિં.] પું. મરવો.

ગેદલી સ્ત્રી. તાડફળમાંથી નીકળતી બરફ જેવા ગરવાળી ગોટલી; ગલેલી.

ગેદળ [સં. ગજદલ; પ્રા. ગયદલ] ન. હાથીઓનું સૈન્ય.

ગેદા ૧. [ફા.] પું. ટાઢક વળે એવો ખોરાક.
૨. પું. પાંખ ન આવી હોય એવું પક્ષી.
૩. પું. બાળક.
૪. પું. રમવાનો દડો.

ગેદો પું. દડો.

ગેન ૧. પું. દડો.
૨. સ્ત્રી. સ્ત્રીઓને પગની આંગળીએ પહેરવાનું એક જાતનું રૂપાનું ઘરેણું.

ગેનાઈડ સ્ત્રી. એક જાતની માછલી.

ગેનાર પું. (કચ્છી) ગણકાર.

ગેની સ્ત્રી. ગીની; સોનાનો એક સિક્કો; સોવરીન.

ગેનેટ ન. બતકના જેવું એક દરિયાઈ પક્ષી.

ગેપ ૧. [અં. ગેપ] પું. ગાળો.
૨. જુઓ ગેબ.

ગેબ ૧. પું. આકાશ.
૨. પું. આકાશી અવાજ.
૩. સ્ત્રી. છાની વાત.
૪. સ્ત્રી. ડાંગ.
૫. ન. એકદમ અદસ્ય થઈ જવું તે; ગેબ થવું તે.
૬. [સં. ગમ્ (જવું)] વિ. અણછતું; એકાએક ગૂમ થયેલું; ન દેખાય એવું; અદસ્ય.
૭. વિ. કુદરતી.
૮. વિ. ગયેલું.
૯. વિ. લીન; તલ્લીન; ગરકાવ.
૧૦. [અ. ગયબ] અ. ગુપ્ત; અલોપ; અદસ્ય.
ગેબ થઈ જવું-થવું = (૧) અલોપ થઈ જવું; નજર આગળથી એકાએક જતું રહેવું. (૨) ચોરાઈ જવું.

ગેબર ૧. પું. એ નામનું એક પક્ષી.
૨. [સં. ઘૃતવર] ન. પરસૂદીના લોટને રગડી તળીને ચાસણી પાઈ તૈયાર કરેલું પકવાન્ન; એક જાતની મીઠાઈ; ઘેવર.

ગેબરફીન ન. એક જાતનું કાપડ.

ગેબરિયા ૧. સ્ત્રી. એ નામની કણબીની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ગેબર્ડીન [અં.] ન. એક જાતનું કોટનું કાપડ.

ગેબલ [અં.] પું. છાપરાનો ત્રિકોણાકાર ભાગ.

ગેબલો પું. ધોકો; ડાંગ.

ગેબા ૧. [હિં.] પું. નાનું પક્ષી.
૨. પું. બાળક.

ગેબી ૧. પું. એ નામનો એક મારવાડી. તે સ્વામીનારાયણ પાસે આવ્યો હતો. તેણે ઘણું તોફાન કર્યાં પણ કાંઈ ફાવ્યો નહિ.
૨. વિ. અણધારેલ.
૩. વિ. ઈશ્વરી; અલૌકિક.
૪. વિ. કુદરતી.
૫. [અ.] વિ. ન દેખાય તેવું; છૂપું; ઇંદ્રિયાતીત; જેનું કંઈ જાણવામાં ન હોય એવું; અદસ્ય; ગુપ્ત.
૬. વિ. ન સમજાય તેવું; અગમ્ય; ગૂઢ.
૭. વિ. બિહામણું; ભયંકર.

ગેબી અવાજ ૧. પું. આકાશવાણી.
૨. પું. છૂપે સ્થળેથી થતો અવાજ.

ગેબી ગજબ પું. આસમાનીસુલતાની; દૈવી કોપ; અણધારી આફત.

ગેબી ગોળો પું. અફવા; ગપ.
ગેબી ગોળો ગગડાવવો = ગપ મારવી; અફવા ફેલાવવી.

ગેબી માર ૧. પું. અજાણ્યા સ્થળેથી કે માણસથી થતું અણધાર્યું નુકસાન; આસમાનીસુલતાની; અણધારી આફત.
૨. પું. છૂપી રીતે માર મારવો તે; છાનો માર; મૂઢ માર.

ગેબુક વિ. નમાલું.

ગેબો ૧. પું. લાકડીનો જાડો ધોકો; ડાંગ.
૨. વિ. પું. અક્કલ વિનાનો; ભાન વગરનો.

ગેભર જુઓ ગેબર ૨.

ગેમ ૧. સ્ત્રી. મૃગયા; શિકાર.
૨. [અં.] સ્ત્રી. રમત; ગમત; દાવ; ખેલ.

ગેમનામૂંઢા પું. વહાણની બહારની બાજુનો લાકડાનો એક ભાગ.

ગેમાર વિ. ગમાર; અક્કલ વિનાનું; મૂર્ખ.

ગેમે અ. સમૃદ્ધિથી ભરપૂર હોય એમ; સર્વ પ્રકારની અનુકૂળતા હોય તેમ.

ગેય ૧. પું. મધ્યમ પંક્તિનો ગાયક.
૨. ન. એક પ્રકારનું કાવ્ય.
૩. [સં.] ન. ગાયન; ગાન; ગીત; ગાણું.
૪. ન. તાન અને આલાપ સાથે ગવાતું ગાયન.

૫. ન. પ્રેક્ષ્યના બે માંહેનો એક ભેદ. કાવ્યના પ્રેક્ષ્ય અને શ્રાવ્ય એવા બે ભેદ છે અને પ્રેક્ષ્યના પાઠ્ય અને ગેય એવા બે ભેદ છે.

૬. ન. (શિલ્પ) વીશ જાતનાં મકાન માંહેનું એક.

૭. [સં.] વિ. ગાઈ શકાય એવું; ગાવા યોગ્ય; ગવાય એવું.

ગેયતા ૧. પું. (પિંગળ) એક જાતનો છંદ.

૨. [સં. ગૈ (ગાવું)] પું. ગાનાર માણસ.

૩. સ્ત્રી. ગાઈ શકાય એવું હોવું તે.

૪. સ્ત્રી. ગાવાની ઢબ.

૫. સ્ત્રી. ગાવાની યોગ્યતા.

૬. સ્ત્રી. ગાવાનું કામ.

ગેયતાબદ્ધ વિ. ગવાય એવી રીતે રચાયેલ. કાવ્યને માટે આ વિશેષણ વપરાય છે.

ગેયત્વ ન. ગાઈ શકાય એવું હોવું તે; ગાઈ શકાય એવો ગુણ.

ગેયપદ [સં.] ન. (સંગીત) નાટ્યશાસ્ત્ર અનુસાર લાસ્યનાં દશ માંહેનું એક અંગ; વીણા કે તાનપૂરા વગેરે લઈને આસન ઉપર બેઠાં બેઠાં માત્ર ગાવું તે.

ગેયર ૧. સ્ત્રી. એ નામની કોળીની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગેયોક પું. આશ્રિત ગરીબ માતપિતાથી લામાને સમર્પિત થયેલ ચેલો.

ગેય્ય [પ્રા.] ૧. ન. ગદ્યપદ્ય મિશ્રિત ધર્મોપદેશ.

૨. ન. ગાથાયુક્ત સૂત્ર.

ગેર ૧. પું. ગરેલો ભૂકો.

૨. વિ. ખરાબ; ખોટું; અવળું. જેમકે, ગેરવર્તણૂક.

૩. વિ. બીજું; અન્ય.

૪. [ફા.] અ. નહિ; નિષેધ, અભાવ અથવા ખોટાપણું બતાવનારો પૂર્વગ. જેમકે, ગેરવાજબી, ગેરહાજર.

ગેરઆબરૂ [ફા.] પું. બદનામી; આબરૂનો અભાવ; અપમાન; ફજેતી; નામોશી; અપકીર્તિ.

ગેરઇન્સાફ (ગેરઇન્સાફ઼) [ફા.] પું. ઇન્સાફથી ઊલટું; અન્યાય.

ગેરઉપયોગ પું. દુરુપયોગ; દુર્વ્યય.

ગેરકાનૂની (ગેરક઼ાનૂની) વિ. કાયદા વિરુદ્ધનું.

ગેરકાયદે (ગેરક઼ાયદે) [અ. ઘૈર્ + કાયદા] અ. કાયદા વિરુદ્ધ; અન્યાયે; ગેરવાજબી રીતે; કાયદા વિના.

ગેરકાયદેપણું ન. કાયદા વગર અથવા વિરુદ્ધ હોવાપણું.

ગેરકાયદે રમત સ્ત્રી. જુગારનો ખેલ; પણક્રીડા.

ગેરકાયદેસર ૧. વિ. કાયદા વિરુદ્ધનું.

૨. અ. ગેરકાયદે; કાનૂન પ્રમાણે નહિ એમ.

ગેરખરચ (ગેરખ઼રચ) પું. ખોટો ખરચ.

ગેરખુશી (ગેરખ઼ુશી) સ્ત્રી. નાખુશી; અરાજીપો; અસંતોષ; નારાજી.

ગેરગંભીર વિ. ઘટાદાર; ઘેઘૂટ; પાંદડાં, ફળ, ફૂલ વગેરેથી ભરપૂર.

ગેરચલણી વિ. અપ્રચલિત; નહિ ચાલતું.

ગેરડિયા (ગેરડ઼િયા) ૧. સ્ત્રી. એ નામની કણબીની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગેરત [અ. ઘૈરત] સ્ત્રી. આબરૂ રાખવાની સમજ; લાજ; શરમ; માન કે આબરૂનું ભાન.

ગેરદોરવણી સ્ત્રી. ઊંધે માર્ગે દોરવું તે.

ગેરફાયદો (ગેરફ઼ાયદો) પું ફાયદાનો અભાવ; તોટો; ખોટ; નુકસાન; ગેરલાભ.

ગેરબંદી વિ. બંધ વિનાનું; બંદોબસ્ત વગરનું.

ગેરબંદોબસ્ત [ફા.] પું. બંદોબસ્ત ન હોવો તે; અંધેર; અવ્યવસ્થા; ગોટાળો; ગડબડસડબડ; ધાલમેલ.

ગેરબંધ ન. મલ્લોને અખાડામાં સ્નાયુ થેલીઓને ઘડવા, ટીપવા તથા મઠારવા માટેનું એક સાધન.

ગેરબુનિયાદ વિ. અકુલીન; હલકા કુળનું.

ગેરમરજી [ફા.] ૧. સ્ત્રી. અપ્રસન્નતા; કમરજી; નારાજી; નાખુશી.

૨. સ્ત્રી. ગેરમહેરબાની; કતરાજી.

ગેરમહેરબાની [ફા.] સ્ત્રી. અવકૃપા; અકૃપા; કતરાજી.

ગેરમાસુલી [અ. ઘૈરમામૂલી] વિ. અસાધારણ; નિત્ય નિયમની વિરુદ્ધ.

ગેરમાહિત વિ. અજાણ; બિનવાકેફ; અજ્ઞાત.

ગેરમાહિતગાર જુઓ ગેરમાહિત.

ગેરમાહિતગારી જુઓ ગેરમાહિતી.

ગેરમાહિતી સ્ત્રી. અજાણપણું; બેખબર; અજ્ઞાનતા; અણસમજ.

ગેરમુકલ્લિદ પું. એ નામનો મુસલમાની મઝહબ.

ગેરમુનાસબ [ફા.] વિ. અયોગ્ય; બંધ બેસે નહિ એવું; અનુચિત; ગેરવાજબી.

ગેરમુનાસિબ જુઓ ગેરમુનાસબ.

ગેરરસ્તે [ફા.] અ. આડે માર્ગે; ખોટી રીતે.

ગેરરાજી વિ. નાખુશ; અપ્રસન્ન.

ગેરરીત સ્ત્રી. ખોટી અથવા અયોગ્ય રીત.

ગેરરીતિ જુઓ ગેરરીત.

ગેરરીતે અ. નિયમ વિરુદ્ધ; અયોગ્ય રીતે; ગેરવાજબી રીતે; ગેરકાયદેસર.

ગેરલાભ ૧. પું. ખોટો લાભ.

૨. પું. ગેરફાયદો; નુકસાન; ખોટ.

ગેરવર્તણૂક સ્ત્રી. અયોગ્ય વર્તણૂક; ખરાબ રીતભાત; અસદ્વર્તન.

ગેરવર્તન ન. અયોગ્ય વર્તણૂક; અનુચિત આચરણ.

ગેરવલે અ. આડુંઅવળું; ખોવાયેલું હોય તેમ; જ્યાંથી ન જડે એવી જગ્યાએ; ખોટી જગ્યાએ.

ગેરવલ્લે જુઓ ગેરવલે.

ગેરવવું સ. ક્રિ. ખંખેરવું; ગરે એમ કરવું; નીચે ગરાવવું; પડે તેમ કરવું; પાડવું.

ગેરવસૂલખાતું ન. વસૂલ ન થઈ શકે તેવું ખાતું; ‘ ડેડ અકાઉન્ટ ’.

ગેરવહીવટ [અ.] પું. અવ્યવસ્થા; અંધેર; અરાજકતા; ગેરબંદોબસ્ત.

ગેરવાજબી [અ. ઘૈરવાજિબ] વિ. વાજબી નહિ એવું; અયોગ્ય; અઘટિત; અણઘટતું.

ગેરવાજિબ જુઓ ગેરવાજબી.

ગેરવાટે અ. ખોટે રસ્તે; ખરાબ રસ્તે; અનીતિને માર્ગે.

ગેરવાલી સ્ત્રી. ગેરુ રાખવાનું વાસણ.

ગેરવું ૧. વિ. ગેરુ જેવા રંગનું.

૨. અ. ક્રિ. ઊલટી કરવી.

૩. સ. ક્રિ. તજી દેવું; છોડવું.

ગેરવો પું છોડ ઉપર ગેરુ છાંટયો હોય એવો એક વનસ્પતિનો રોગ; ઘઉં વગેરે શિયાળુ કરશણને થતો એક રોગ.

ગેરવ્યય પું. દુરુપયોગ; નકામું ખરચ.

ગેરવ્યવસ્થા સ્ત્રી. અવ્યવસ્થા; અંધેર.

ગેરવ્યાજબી જુઓ ગેરવાજબી.

ગેરશિરસ્તે અ. કાયદા વિરુદ્ધ; રસમ અથવા ચાલતી રીતથી ઊલટી રીતે.

ગેરશિરસ્તો ૧. પું. ખોટી રીત; આડો માર્ગ.

૨. પું. ધારાસર નહિ તે; યોગ્ય રૂઢિ નહિ તે.

૩. અ. શિરસ્તાસર નહિ તેમ; ગેરકાયદેસર.

ગેરશિસ્ત ૧. વિ. અયોગ્ય; અનુચિત.

૨. વિ. નિયમ બહાર; અવિધિસર.

ગેરસખુન (ગેરસખુન) પું. અઘટિત શબ્દ; અયોગ્ય વાણી.

ગેરસમજ ૧. સ્ત્રી. ખોટી સમજ.

૨. સ્ત્રી. ભ્રાંતિ.

ગેરસમજણ જુઓ ગેરસમજ.

ગેરસમજૂત જુઓ ગેરસમજ.

ગેરસમજૂતી જુઓ ગેરસમજ.

ગેરસલામતી [ફા.] સ્ત્રી. જોખમ.

ગેરસાવધ વિ. ગાફેલ; અસાવધ; અસાવધાન; ભાન ઠેકાણે ન હોય એવું.

ગેરસોઈ સ્ત્રી. અસગવડ; સોઈ નહિ તે; સુખચેનનો અભાવ; અગવડ.

ગેરહાજર ૧. વિ. અસાવધ; ગાફેલ.

ગેરહાજર ઝમીનદારી-ધણીઆપો = ખેતરનો ધણી ગેરહાજર રહી બીજા પાસે ખેતી કરાવે એવી પદ્ધતિ.

૨. [અ. ઘૈરહાજર] વિ. હાજર ન હોય એવું; નહિ હાજરીમાં આવેલું; અવિદ્યમાન; અપ્રત્યક્ષ.

ગેરહાજરી [અ. ઘૈરહાજરી] સ્ત્રી. હાજરીનો અભાવ; અપ્રત્યક્ષતા.

ગેરહિંદી વિ. હિંદનું ન હોય એવું.

ગેરંટી [અં. ગૅરંટિ] સ્ત્રી. બાંયધરી; કબૂલત; બંધણી; જામીનગીરી.

ગેરંટીડ [અં. ગૅરંટીડ] વિ. જામીનગીરીવાળું; હામીવાળું.

ગેરાં ૧. વિ. કંટાળો આપે એવું.

૨. [ફા.] વિ. કીમતી; મોંઘું.

૩. વિ. ભારરૂપ; આકરૂં.

૪. વિ. વજનમાં ભારે.

૫. વિ. સહન ન થઈ શકે તેવું.

ગેરાંટી ન. મેંદી જેવી એક વનસ્પતિ. એનાં પાન ગૂમડાં ઉપર લગાડાય છે. ફળ પીળાં, રાતાં કે કાળા રંગનાં મરીના દાણા જેવડાં હોય છે.

ગેરિકમ [સં. ગવેરુક] પું. ગેરુ; એક જાતની લાલ મટોડી.

ગેરિબાલ્ડી પું. ઇટલિનો મહાન ક્રાંતિકાર એ નામનો એક દેશભક્ત. તે ઈ.સ. ૧૮૦૭થી ૧૮૮૨ સુધી જીવ્યો હતો. જીનોઆના વતની માબાપને ત્યાં નીસ મુકામે તે જન્મ્યો હતો. નૌકાસૈન્યમાં તેણે થોડો વખત નોકરી કરી, પણ મેઝીનીના સહવાસમાં આવ્યા પછી જીનોઆના એક બળવામાં તેણે ભાગ લીધો હતો. રીઓ ગ્રાન્ડે નામના બ્રાઝિલમાં આવેલ રાજ્યમાં તેણે નોકરી કરી. યુરૂગ્વેની સ્વતંત્રતા તેણે પ્રાપ્ત કરી. ફ્રાન્સ અને આસ્ટ્રિઅની સામે તેણે રોમના સામ્રાજ્યનો બહાદુરીપૂર્વક બચાવ કર્યો. રોમના પતન પછી મધ્ય ઇટલિમાંથી તેણે સફળતાપૂર્વક પીછેહઠ કરી. જોકે તે ચાર દેશોનાં સૈન્યથી ઘેરાયેલો હતો, તોપણ તે અમેરિક નાસી ગયો. પાછો સાર્ડીનિઅમાં આવ્યો. કેવરની રાજકીય હીલચાલ ઉપર બારીક ધ્યાન આપ્યું. તે સાર્ડીનિઅ, નીસ અને સેવોય માટે લડ્યો. ઈ. સ. ૧૮૬૦માં પોતાના શૂરા ૧૦૦૦ માણસો લઈ સીસીલીની મદદ માટે ઊપડ્યો. તે ટાપુ લઈ લીધો અને નેપલ્સ સર કર્યું, પણ સાર્ડીનિઅના લશ્કરના આગમન બાદ તેણે સરમુખત્યાર તરીકે રાજીનામું આપ્યું અને વિક્ટર એમેન્યુએલની સાથે મળી ગયો. તેની ઇચ્છા રોમને રાજધાની બનાવવાની હતી. રોમ ઉપર તેણે ત્રણ નિષ્ફળ હુમલાઓ કર્યા. ઈ. સ. ૧૮૬૬ની લડાઈમાં તેણે ભાગ લીધો. ઓસ્ટ્રિઅના સૈન્યને હરાવ્યું. ફ્રાન્કો જર્મન યુદ્ધમાં તેણે સ્વયંસેવક દળ ઊભું કર્યું અને ફ્રાન્સને પ્રશીઅ વિરુદ્ધ મદદ કરી. રોમની પાર્લમેન્ટમાં ૧૮૭૪માં રોમના પ્રતિનિધિ તરીકે ચૂંટાઈ આવ્યો. પાછળથી તેણે આનાકાની કરતાં સારી રકમનો બેઠો પગાર સ્વીકાર્યો. તેના સાત પૌત્રોએ ૧૯૧૪ની લડાઈમાં ભાગ લીધો હતો. તેમાંના બે ફ્રાન્સમાં માર્યા ગયા.

ગેરિયત સ્ત્રી. ગેરત; લાજ; આબરૂ રાખવાની કાળજી; શરમ.

ગેરિયા ૧. સ્ત્રી. વાણિયાની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગેરુ ૧. પું. એક જાતની લાલ મટોડી; ગોરમટી; ગૈરિક. તેનો રંગ ભગવો હોય છે. ગેરુ ત્રણ જાતનો થાય છે: સોનાગેરુ, પાષાણગેરુ અને મૃદુગેરુ. આ દેશમાં ખતરી લોકો રંગવા માટે જે ગેરુ વાપરે છે તે માટીનાં ઢેફાં જેવો હોય છે. બીજો ગેરુ કઠણ પાણા જેવો હોય છે તેને પાષાણગેરુ કહે છે. સોનાગેરુ સોની લોકો સોનાના દાગીનાને તેજ આપવા સારૂ વાપરે છે. ગેરુમાં ફટકડી અને લોઢાનો ભાગ ઘણો રહેલો છે, તેમ જ સિલિકોન નામની ધાતુ પણ તેમાંથી મળી આવે છે. કેટલાક વૈદો તેનું શોધન કરે છે. ગેરુને જાંબુના રસમાં ખરલ કરી એક દિવસ તડકામાં સૂકવવો એટલે તે શુદ્ધ થાય છે. ગેરુ, સાજન, મજીઠ, જેઠીમધ, વાળો, રતાંજળી અને પદ્મકાષ્ટ એ બધાંને ભેગાં ખાંડવાં અને તે ચૂર્ણ લેપ તરીકે વાપરવું. ત્વગ્દોષની અંદર જ્યારે તેમાંથી બહુ જ પાણી ઝરતું હોય તથા બહુ બળતરા થતી હોય ત્યાં ગેરુ ચોપડવાથી ઠંડક થાય છે. ગેરુનો ભીનો સૂકો લેપ રતવા ઉપર કરાય છે. ગેરુના લેપને ઘીમાં કાલવી ક્ષત ઉપર લગાડાય છે. ચાંદીના ધારામાં ગેરુનો ઉબેરો દાબવા માટે વપરાય છે. સાદી ટાંકીનું ધારૂં તેથી જલદી રૂઝ ઉપર આવી જાય છે. ભમરી, મધમાખ તથા બીજા જંતુના ઝેરી ડંખ ઉપર ગેરુ ચોપડવાથી બળતરા શાંત થાય છે. અળાઈ ઉપર ગેરુનો લેપ પાણીમાં વાટી ચોપડાય છે. આ લેપથી લૂ પણ લાગતી નથી. જે ચાંદીના ધારામાં સખત બળતરા થાય છે તેવા ધારાની ઉપર ગેરુના ઉબેરા કરતાં ગેરુનો લેપ વધારે માફક આવે છે. ગેરુનો ઉબેરો કરવા ફુલાવેલ મોરથૂથુ ત્રણ ભાગ અને ગેરુ પાંચ ભાગ બરાબર મેળવવાં.

૨. પું. એક જાતનો ઘઉંના પાકને લાગુ પડતો રોગ. સૂક્ષ્મદર્શકયંત્ર વડે આમાંની જીવાત જોઈ શકાય છે. ઘઉંની ખેતીમાં ગેરુનો ઉપદ્રવ જ્યારે મોટા પ્રમાણમાં આવે છે ત્યારે હજારો રૂપિયાની નુકસાની થાય છે. આ રોગને અટકાવવા અથવા નાબૂદ કરવા ઘણા અખતરા થયા છે, પરંતુ ગેરુ ન લાગે તેવી જાતનું બિયારણ શોધ્યા સિવાય તેનો ખાસ ઇલાજ નથી. ગેરુ એ ફૂગના વર્ગનો રોગ છે. એક વખત લાગુ પડ્યો એટલે તે ઘઉંને નુકસાન જ કરે છે. વાદળ અથવા ઝાકળવાળા દિવસો ગેરુની આગાહીરૂપ છે. પવન સારો હોય અને ઝાકળ ન બેસે તો ગેરુ આવી શકતો નથી. ગેરુની રજ એ તેનાં બી છે. જમીન, પાણી અને હવામાં હમેશ તે હોય જ છે. અનુકૂળ સંજોગો મળતાં તે એકાએક રોગરૂપે ઘઉંની ઘણીએક જાતોમાં દેખાય છે. ઘઉંની કોઈ પણ સ્થિતિમાં તે લાગુ પડે છે. ગેરુનો ઉપદ્રવ ભયંકર હોય તો ઘઉંના પાકની વાઢણી કરવાપણું જ રહેતું નથી. થોડા પ્રમાણમાં લાગ્યો હોય તો ઘઉં ચીમળાઈ ગયેલા ઝીણા પાકે છે અને તેનો સારો ભાવ આવતો નથી. ધોળા કાઠા, રાતા કાઠા અને વાજિયા ઘઉંમાં ગેરુ તરત આવે છે. ઘઉંની તે જાતોમાં ગેરુ સામે ટક્કર ઝીલવાની શક્તિ ઓછી છે. બંસી ઘઉં કંઈક અંશે ગેરુથી મુક્ત છે, પણ હુમલો વધારે પ્રમાણમાં હોય તો તેમાં પણ ગેરુ આવે છે. પોપટિયામાં ગેરુ આવતો નથી, કારણકે તેના ઉપર મજબૂત પૂતળીઓ થાય છે. ગેરુના ઉપદ્રવ સામે ટક્કર ઝીલવાની તેમાં શક્તિ છે. ગેરુ ન લાગે તેવી ઘઉંની જાતોના વાવેતર માટે પ્રચાર કરવા સિવાય હાલની સ્થિતિએ ગેરુના રોગનો ઉપાય હસ્તગત થયેલ લાગતો નથી.

૩. પું. ભગવો રંગ.

ગેરુઓ પું. ગેરુનો રંગ; ભગવો રંગ.

ગેરુય પું. ભગવાં વસ્ત્ર પહેરનાર; સંન્યાસી.

ગેરુવાળું ૧. ન. લાકડું સીધું વહેરવા માટે દોરા છાંટવાનું લાકડાનું એક સાધન.

૨. વિ. ગેરુથી ખરડાયેલું.

ગેરુવો જુઓ ગેરુઓ.

ગેરૈયો પું. હોળીના દિવસોમાં છાણાં ઉઘરાવનારો તથા હુતાશનીની રમતગમતમાં ઊતરેલો છોકરો.

ગેરો પું. પાંદડાંનો ઝીણો ગરેલો ભૂકો; રજ.

ગેલ ૧. સ્ત્રી. ગલી; રસ્તો; શેરી.

૨. સ્ત્રી. ધર.

૩. સ્ત્રી. તોફાન; અડપલું.

૪. સ્ત્રી. માર્ગ; વાટ; રસ્તો.

૫. સ્ત્રી. મોજમજા; આનંદ; લાડ ભર્યો ખેલ.

૬. સ્ત્રી. લટકો; ચાળો.

૭. સ્ત્રી. સમાજ; મંડળ.

૮. અ. પાછળ; કેડે.

ગેલડું (ગેલડું) વિ. ઘેલું; ગાંડું; મૂર્ખ.

ગેલન ૧. [અં.] પું. પાણી, દૂધ વગેરે પ્રવાહી પદાર્થ માપવાનું આશરે દશ શેરનું એક અંગ્રેજી માપ. ચાર કવાર્ટનો એક ગેલન બને છે.

૨. ન. રમત; ક્રીડા.

ગેલપ [અં.] સ્ત્રી. ઘોડાની એક જાતની ચાલ.

ગેલફળ ન. મીંઢળ.

ગેલબાજી સ્ત્રી. રમત; ક્રીડા.

ગેલમરદાઈ સ્ત્રી. ચિત્ત દીધા વગર બેપરવાઈથી કામ કરવાની વૃત્તિ; બેદરકારી.

ગેલમિત વિ. અગિયાર.

ગેલરી ૧. [અં.] સ્ત્રી. એક પછી એક હાર ઊંચી ઊંચી ગોઠવી હોય તેવી પગથિયાંવાળી બેઠક.

૨. સ્ત્રી. ગોળ છજું.

૩. સ્ત્રી. લાંબી અને સાંકડી પરસાળ; અટારી.

ગેલવું અ. ક્રિ. રમવું; ખેલવું.

ગેલા ૧. સ્ત્રી. માર્ગ; રસ્તો.

૨. સ્ત્રી. મુસલમાન ખતરીની એ નામની એક અટક.

૩. સ્ત્રી. વાડ બનાવવા માટે ઉપયોગી એક વનસ્પતિ. તે ભીની આબોહવામાં ઊંચાઈ ઉપર ઊગે છે.

૪. ન. એ નામની અટકનું માણસ.

૫. વિ. એ નામની અટકનું.

૬. વિ. ભોળું; નિખાલસ.

ગેલાણી ૧. સ્ત્રી. લેઉઆ કણબીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગેલાર્ડીઆ ન. બારે માસ થતું એક ફૂલઝાડ. તેને થડ ઉપરથી ડાળ થાય છે. તેમાં ગોળ ફૂલ આવે છે. પાન ફાટેલ પંજા જેવાં હોય છે. ફૂલ ખરે ત્યારે ગોળ દડી જેવાં દેખાય છે. તેનાં ફૂલ લાલ અને પીળાં એમ મિશ્ર રંગનાં હોય છે.

ગેલાં પું. બંગાળમાં થતો ઊંચી જાતનો આંબો.

ગેલિક સ્ત્રી. સ્કોટલંડના ડુંગરી પ્રદેશમાં બોલાતી એક જાતની ભાષા.

ગેલિયમ ન. કઠણ, સફેદ, કાપી શકાય અને પીગળે તેવી એક ધાતુ. પીરીનીઝમાં ઈ. સ. ૧૮૭૫માં લેકોક દ બોઇસ્બોડ્રને તે શોધી કાઢી હતી. તેનું અણુવજન ૬૯.૯ છે અને તે ૮૬° ફે. જેટલી ગરમીથી પીગળે છે. આંગળીના દબાણથી તે પોચી પડે છે અને ઓગળ્યા પછી થોડી ગરમીમાં તે પ્રવાહીરૂપે રહે છે.

ગેલી ૧. સ્ત્રી. એક જાતની ભેંસ.

૨. [અં.] સ્ત્રી. ગોઠવેલા ટાઈપ મૂકવાનો તકતો; સ્ટિકમાંથી કંપોઝ ઉતારવાનું ચોકઠું; છાપખાનામાં ગોઠવેલાં બીબાંના ચોકઠાને મૂકવાનું લંબચોરસ પતરું કે પાટિયું.

ગેલીના [અં.] સ્ત્રી. સુરમો બનાવવામાં વપરાતી એ નામની એક ખનીજ.

ગેલીપ્રૂફ ન. ગેલીનાં બીબાં ઉપરથી કઢાતું પ્રૂફ.

ગેલીલીઓ પું. એ નામનો એક મહાન ઇટાલિયન ખગોળશાસ્ત્રી. ખગોળશાસ્ત્રની શોધમાં દૂરબીનનો ઉપયોગ પહેલો કરવાનું માન ગેલીલીઓને છે. તેણે જાતે દૂરબીન બનાવ્યું અને તેની મદદથી તેણે પ્રથમ ઈ. સ. ૧૬૧૦માં ગુરુના ઉપગ્રહો જોયા. તેનો જન્મ પીસામાં થયો હતો. તેણે લોલકના નિયમો શોધી કાઢ્યા હતા. હાઇડ્રોસ્ટેટ બેલેન્સ પણ તેણે શોધી કાઢ્યું હતું. તેણે ચંદ્રની ઊંચી નીચી સપાટી દોરી બતાવી અને સૂર્યના ડાઘાઓ બતાવ્યા. તેના નવા તત્ત્વજ્ઞાન, વૈજ્ઞાનિક સિદ્ધાંત અને સૂર્યમાળાના શોધી કાઢેલા નિયમો માટે તેને બહિષ્કૃત કરવામાં આવ્યો અને જેલમાં પૂરવામાં આવ્યો હતો. તેનાં પુસ્તકોની પણ મનાઈ ફરમાવી હતી, કારણકે તેણે શોધી કાઢેલા ભૌતિક સિદ્ધાંતોએ ચરપના સમકાલીન ધર્મજીવનમાં ફફડાટ પેદા કર્યો હતો. ધર્માધિકારીઓએ તેને નાસ્તિક ગણ્યો હતો. વિવાદગ્રસ્ત બાબતોના નિર્ણય માટે પ્રયોગ કરી જોવા બદલ અથવા તો પ્રત્યક્ષ પ્રમાણોની મદદ માટે તેને ઘણો હેરાન કરવામાં આવ્યો હતો. તેના સમયના વિદ્વાનો એમ ધારતા કે એક ભારે વસ્તુની ગતિ ઓછા વજનની વસ્તુના કરતાં પ્રમાણમાં વધારે હોય છે. તે ખોટું પાડવાને પીસાના પ્રખ્યાત મિનારા ઉપરથી તેણે એક સો રતલનો અને બીજો એક રતલનો એમ બે ગોળા સાથે નાખીને પ્રત્યક્ષ બતાવ્યું કે બંને ગોળા એક જ વખતે જમીન ઉપર પહોંચે છે. પરંતુ તેનાથી સંતોષ ન પામતાં ઊલટું તે સમયના ધાર્મિક પંડિતોએ ગેલીલીઓની આ ધૃષ્ટતા માટે શિક્ષા કરવાનો નિશ્ચય કર્યો અને પ્રચલિત માન્યતાને તોડી પાડવાને પ્રત્યક્ષ પ્રયોગોના ઉપયોગને માટે ગેલીલીઓને પોતાની વૃદ્ધાવસ્થામાં કેદખાનું ભોગવવું પડ્યું હતું. ઈ. સ. ૧૫૯૨માં પીસાની વિશ્વવિદ્યાલયમાંથી ફારક થઈ પેડુઆમાં ગણિતશાસ્ત્રી તરીકે તે રહ્યો હતો. ઈ. સ. ૧૬૧૦માં તે ફ્લોરેન્સ ગયો અને ઈ. સ. ૧૬૪૨માં ગુજરી ગયો.

ગેલોટ પું. એક જાતના રજપૂત. તેઓ પોતાની ઉત્પત્તિ શાલિવાહનથી માને છે અને પોતાને સૂર્યવંશી કહેવરાવે છે.

ગેલ્વેનાઇઝ્ડ [અં. ગૅલ્વૅનાઇઝ્ડ] વિ. ઢોળ ચડાવેલું.

ગેલ્વેનોમિટર [અં. ગૅલ્વૅનોમિટર] ન. વિદ્યુતશક્તિમાપક એક યંત્ર. વિદ્યુતપ્રવાહનું બળ માપવા તથા તેનું અસ્તિત્વ જાણવા માટે આ યંત્ર વપરાય છે.

ગેવર સ્ત્રી. ગુફા.

ગેવરા પું. (જરથોસ્તી) ધર્મગુરુ થનારને નાવરની દીક્ષા આપવાની ક્રિયા જારી રાખવાની લાયકાત.

ગેવરિયા ૧. સ્ત્રી. લેઉઆ કણબીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગેશરબ્રુમ ન. કારાકોરમ પર્વતનું એ નામનું એક શિખર. તે ૨૬,૩૬૦ ફૂટ ઊંચું છે.

ગેષ્ [સં.] સ. ક્રિ. શોધવું; ગોતવું; તપાસ કરવી.

ગેષ્ણુ [સં.] પું. ગવૈયો; ગાયક.

ગેસ ૧. [અં. ગૅસ] પું. કોલસામાંથી કઢાતો બળે એવો વાયુ.

૨. પું. વાયુરૂપી પદાર્થ; પ્રકૃતિમાંનું વાયુ સમાન એક અત્યંત અગોચર અને સૂક્ષ્મ દ્રવ્ય. તેનાં ભિન્ન ભિન્ન રૂપોના સંયોગથી પાણી, વાયુ વગેરે પદાર્થ બને છે.

ગેસતેલ ન. ધાસલેટ; ઘ્યાસલેટ.

ગેસફેક્ટરિ [અં. ગૅસફૅક્ટરિ] સ્ત્રી. ગેસનું કારખાનું; ગેસ બનાવવાનું કારખાનું.

ગેસબુરખો જુઓ ગેસમાસ્ક.

ગેસબૅગ [અં. ગૅસબૅગ] પું. વાયુ ભરવાની કોથળી.

ગેસમાસ્ક [અં. ગેસમાસ્ક] પું. ગેસમાંથી બચવા માટેનું એક સાધન. તે મોઢા ઉપર ઢાંકી દેવાથી ઝેરી વાયુની અસર થતી નથી.

ગેસલાઇટ [અં.] ન. ગેસની રોશની કે દીવો.

ગેસલાઇટપેપર્સ [અં.] ન. ફોટોગ્રાફીમાં વપરાતો એક જાતનો કાગળ. આ કાગળ બ્રોમાઇડને મળતો આવે છે.

ગેસાળી જુઓ ગેસુ.

ગેસુ ૧. [ફા.] સ્ત્રી. ધૂળ; રજ.

૨. સ્ત્રી. માથાના વાળની લટ; જુલફાં.

ગેસુડી (ગેસુડ઼ી) જુઓ ગેસુ.

ગેસોલીન ન. વાતલીન. તે સારી જાતનો પાતળો અને વજનમાં હલકો પેટ્રોલિયમ સ્પિરિટ છે, પણ તેમાં બેન્ઝાઇન નેફ્થા તથા પાતળું કેરોસીન ભેળવીને પેટ્રોલને નામે વેચવામાં આવે છે.

ગેસ્ટહાઉસ [અં.] ન. ઉતારો.

ગેહ ૧. સ્ત્રી. (જરથોસ્તી) ચોવીસ કલાકનો ઠરાવેલો વખત.

ગેહ સારવી = જરથોસ્તીમાં મરણ વખતે મુડદાને લઈ જતા પહેલાં મોટેથી ગાથા બોલવી.

૨. ન. ગુફા.

૩. [સં. ગૃહ] ન. ઘર; મકાન; નિવાસસ્થાન.

૪. ન. સંસાર.

ગેહકવું ૧. અ. ક્રિ. કેકા કરવી.

૨. અ. ક્રિ. ગંધાવું; વાસ મારવી.

ગેહકાટ પું. મોરનો ટહુકાર; કેકારવ.

ગેહકારો પું. કેકા; મોરનો અવાજ.

ગેહગોધા [સં. ગૃહગોધિકા] સ્ત્રી. ગરોળી; ધિલોડી.

ગેહણી સ્ત્રી. ઘરવાળી; ભાર્યા; ગૃહિણી; પત્ની.

ગેહની જુઓ ગેહણી.

ગેહપતિ [સં. ગૃહપતિ] પું. ઘરધણી; ઘરનો માલિક; ગૃહસ્વામી; ગૃહપતિ.

ગેહપ્રવ્રજ્યા સ્ત્રી. ઘરબારનો ત્યાગ. ત્યાગ બે પ્રકારના છેઃ ગેહપ્રવ્રજ્યા અને દેહપ્રવ્રજ્યા.

ગેહરૂં વિ. ઘેરાયેલ; ઘેરૂં.

ગેહલક્ષ્મી [સં. ગૃહલક્ષ્મી] સ્ત્રી. ગૃહપત્ની; ઘરધણિયાણી; ગૃહલક્ષ્મી.

ગેહવાલ ન. એક જાતનું વાચાળ પક્ષી. તે જળાશયને કાંઠે સામાન્ય રીતે જોવામાં આવે છે.

ગેહવાસ [સં. ગૃહવાસ] પું. ઘરવાસ; ગૃહસ્થાશ્રમ.

ગેહાકાર ન. ઘરના આકારનું એક જાતનું કલ્પવૃક્ષ.

ગેહાં સ્ત્રી. (જરથોસ્તી) લોખંડની ઠાઠડી.

ગેહિક ૧. [સં.] પું. ગૃહસ્થાશ્રમી.

૨. પું. પતિ.

ગેહિણી જુઓ ગેહિની.

ગેહિની [સં.] સ્ત્રી. પત્ની; સ્ત્રી; ગૃહિણી; ઘરધણિયાણી.

ગેહી ૧. [હિં.] પું. ગૃહસ્થ; ઘરબારવાળો માણસ.

૨. પું. ભર્તા; ધણી; પતિ.

ગેહુ જુઓ ગેહૂં.

ગેહુઆં જુઓ ગેહૂઆં.

ગેહૂઆં ૧. પું. એ નામનું એક ઘાસ.

૨. પું. ઘઉંનો રંગ.

૩. [હિં.] વિ. ઘઉંના રંગનું; બદામી.

ગેહૂક પું. મોરનો અવાજ; કેકા.

ગેહૂમ ૧. [હિં.] ન. ઊંચાઈ; અંશ.

૨. [સં. ગૃહ] ન. ઘર; મકાન.

૩. ન. જગ્યા; સ્થળ.

૪. ન. ઝરો.

૫. ન. માતૃભૂમિ.

૬. ન. માળો.

૭. ન. વંશ.

ગેહૂં [સં. ગોધૂમ] ન. (હિંદી) ઘઉં.

ગેહેગાટ પું. ઘોંઘાટ; અવાજ; ઘુમરાણ.

ગેહેધૃષ્ટ [સં.] વિ. કાયર; બીકણ; ઘરમાં બડાઈ હાંકનાર.

ગેહેનર્દી [સં. ગેહેનર્દિન્] વિ. ઘરમાં ગાજનાર; ઘરમાં શૂરૂં હોય તેવું.

ગેહેલિયું વિ. ઘેલું; ગાંડું.

ગેહેલું વિ. (જૂ. ગુ.) ઘેલું; મૂર્ખ.

ગેહેશૂર [સં.] વિ. ઘરમાં બડાઈ હાંકનાર; કાયર; બીકણ.

ગેહો જુઓ ગેહૂમ.

ગેહ્ય ૧. [સં.] વિ. ઘરમાં હોનાર કે થનાર.

૨. વિ. વેદમાં વપરાયેલું રુદ્રનું એક વિશેષણ.

ગેળ સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેના ફળમાંથી નીકળતા ગરની ભૂકી ૧ થી ૨ માસા ઊલટી મટાડવા પાણીમાં પવાય છે.

ગેંકવું અ. ક્રિ. મોરનું બોલવું.

ગેંગ [અં. ગૅન્ગ] સ્ત્રી. ટોળું; ધાડું; સંઘ.

ગેંગટ ૧. ન. મજા; મોજ; આનંદ.

૨ ન. સુસ્તી; બેચેની.

૩. વિ. ચકચૂર હોય એવું.

ગેંગટિયાં ન. બ. વ. પૂરેપૂરૂં મનગમતું મળ્યું હોય એવી સ્થિતિ.

ગેંગડું (ગેંગડું) ન. કાંકચું; કાંકચિયો; ગાંગડું.

ગેંગર પું. મુકાદમ; નાયક.

ગેંગાટ ૧. પું. ગભરાટ; ઉચાટ.

૨. પું. ઘોંઘાટ; ગરબડ.

૩. પું. તલ્લીનતા; રસબસપણું.

૪. પું. ભારે શોક.

૫. વિ. ખુશ; હરખમાં આવી ગયેલું.

૬. વિ. શોરબકોરવાળું; કોલાહલવાળું.

ગેંગાવેડા (ગેંગાવેડ઼ા) પું. નમાલાપણું; નિર્માલ્યતા; રોતલપણું.

ગેંગું વિ. નમાલું; રોતલ; સહજમાં રડી પડે એવું.

ગેંગેંફેંફેં ન. મેળ વગરની બોલી; ગાળાં; જવાબ દેવામાં બીકથી કે બીજા કારણથી થતી ગભરામણ.

ગેંગેંફેંફેં કરવું = ધાસ્તીથી અસ્પષ્ટ રીતે ગોટા વાળવા.

ગેંગો પું. વિષ્ટાની ગોળી બનાવી તેને લઈ જતો જીવડો.

ગેંઘટ વિ. ચકચૂર; તલ્લીન; મસ્ત.

ગેંજેટિકા સ્ત્રી. એક જાતનું કપડું; મલમલ.

ગેંઠ સ્ત્રી. એક જાતની માછલી.

ગેંડ પું. એક જાતનો ફૂલછોડ.

ગેંડક ૧. પું. ગલગોટો.

૨. પું. દડો.

ગેંડમેંડલી જુઓ ગેંડલી.

ગેંડલી સ્ત્રી. ગૂંચળું.

ગેંડવડ (ગેંડવડ઼) પું. ઢોર અને પક્ષીને હાંકી કાઢવાની ગોફણ.

ગેંડિયા ન. કારવાર જિલ્લાના ઉત્તર કાનડામાં આવેલ એક પ્રાચીન નગર. તે યાત્રાનું સ્થળ છે. તેને ગોકર્ણ પણ કહેતા.

ગેંડિયારી [હિં.] સ્ત્રી. પીલવા માટે એકઠી કરેલી કાપેલી શેરડી.

ગેંડી સ્ત્રી. ગેંડાની માદા.

ગેંડીમેંડી જુઓ ગેંડલી.

ગેંડુ ૧. પું. એ નામનો એક છોડ. તે સહેલાઈથી વાળી શકાય છે. ઓગસ્ટથી સેપ્ટેમ્બર સુધીના સમયે ગરમીવાળી સાંજે તેમાંથી પ્રકાશ ઝબૂક્યા કરે છે.

૨. પું. દડો.

ગેંડુઆ ૧. સ્ત્રી. ઈંઢોણી.

૨. સ્ત્રી. પાઘડી.

ગેંડુક પું. રમવાનો દડો.

ગેંડો [સં. ગંડક] પું. નાસશૃંગી; ખરીવાળું છતાં નહિ વાગોળનારૂં જાડી ચામડીનું એક જંગલી ચોપગું જનાવર. હિંદુસ્તાનના ગેંડાને નાકે એક અને આફ્રિકના ગેંડાને નાકે બે શિંગડાં હોય છે. ગેંડાનું ચામડું ખૂબ કઠણ અને મજબૂત હોવાથી તેમાંથી બનતી ઢાલ એવી તો કઠણ હોય છે કે તે તલવારના ઘાથી પણ કપાતી નથી. ગેંડાના ચામડાની ચમકતી, રૂપાળી અને મારવાથી બહુ લાગે એવી સોટી પણ બને છે. તે નદી કિનારે અથવા કીચડવાળી જગ્યામાં કે ભીની જમીનમાં જ્યાં જંગલ હોય ત્યાં રહે છે. તે જંગલી ઝાડનાં મૂળ તથા કૂંપળ ખાય છે અને કીચડમાં પડ્યો રહે છે. ગેંડો શરીરમાં મોટો અને બળવાન હોય છે, પણ છંછેડ્યા વગર તે હુમલો કરતો નથી. તેને દાંત નહિ પણ માત્ર દાઢો હોય અને પગે ત્રણ ત્રણ આંગળી હોય છે. તેનું ચામડું વાળ વગરનું અને ઘણું જ કઠણ હોય છે. તેના નાકનું હાડકું બહુ મજબૂત હોય છે અને તેની માથે ધારવાળું શિંગડું હોય છે જે ચામડા અને વાળ વડે કેટલેક સુધી ઢંકાયેલું હોય છે. ગુસ્સે થાય ત્યારે તે આ શિંગડા વડે ચોટ મારે છે. તે ઉત્તર હિંદુસ્તાનમાં છેક હિમાલય પર્વત આગળ વસે છે. તેનો રંગ કાળો તથા લંબાઈ લગભગ દશ ફૂટની હોય છે. તેની ઊંચાઈ પાંચ ફૂટની તથા શિંગડું બે ફૂટ લાંબું હોય છે.

ગેંણું ૧. ન. ગળણું; પાણી ગળવાનું લૂગડું.

૨. ન. નાનો કે ઠીંગણો બળદ.

ગેંતી પું. કુહાડો.

ગેંદ ૧. પું. દડો.

૨. પું. હાથી.

૩. સ્ત્રી. સ્તન; ધાઈ.

ગેંદઘર ન. બેડમિન્ટન, ટેનિસ વગેરે રમત રમવાનું સ્થળ; 'ક્લબ હાઉસ'.

ગેંદણી સ્ત્રી. તાડના ફળ માંહેનો માવો.

ગેંદતડી (ગેંદતડ઼ી) સ્ત્રી. સામસામા દડા મારવાની રમત.

ગેંદલ વિ. મોટું અને સમૃદ્ધ.

ગેંદવા ન. ઓશીકું.

ગેંદળ ન. ઘોડેસવાર લશ્કર.

ગેંદાઈ વિ. ગલગોટાના ફૂલ જેવું પીળું.

ગેંદી સ્ત્રી. દડો.

ગેંદુ [સં.] પું. રમવાનો દડો.

ગેંમાર પું. એક જાતનો પીળાં ફૂલવાળો છોડ. તેમાંથી પીળાશ પડતા રંગનું દૂધ નીકળે છે.

ગેંવાર જુઓ ગેંમાર.

ગૈ ૧. [સં.] સ. ક્રિ. (ધાતુ) ગાવું. તે ઉપરથી થયેલ શબ્દ: ગાયન, ગાથા, ગાન, ગીત.

૨. સ. ક્રિ. વર્ણન કરવું.

૩. સ. ક્રિ. સચોટ શબ્દોમાં કહેવું.

ગૈઉં ન. સાગનું જાડું ગોળ લાંબું લાકડું. તેનો ઉપયોગ ખાસ ઘર બાંધવા માટે થાય છે.

ગૈઘર પું. ઘર બાંધનાર મિસ્ત્રી.

ગૈનીનાથ પું. સંત જ્ઞાનેશ્વરના મોટા ભાઈ નિવૃત્તિનાથને યોગનો બોધ આપનાર એ નામના એક મહાપુરુષ; નાથધર્મનો એ નામનો એક સિદ્ધ પુરુષ.

ગૈબ [હિં.] વિ. અદૃશ્ય; પરોક્ષ; અવ્યક્ત.

ગૈબર ન. એક જાતનું પક્ષી. તેની છાતી સફેદ, પૂછડી કાળી અને ચાંચ લાલ હોય છે.

ગૈબી જુઓ ગૈબ.

ગૈયા [સં. ગો] સ્ત્રી. (હિંદી) ગાય.

ગૈર ૧. [હિં.] સ્ત્રી. અત્યાચાર; અંધેર.

૨. સ્ત્રી. કેળાંની લૂમ.

૩. [સં.] ન. ગેરુ.

૪. વિ. જંગલમાં રહેનાર; પહાડી.

૫. વિ. પરાયું; બીજું.

ગૈરઅદબી સ્ત્રી. અસભ્યતા; અવિવેક.

ગૈરઆબાદ વિ. ઉજ્જડ; વસવાટ વગરનું.

ગૈરઆરામી સ્ત્રી. અસ્વસ્થતા; અશાંતિ.

ગૈરઇલાકા (ગૈરઇલાક઼ા) પું. પરદેશી રાજ્ય; પોતાની હકૂમતની બહારનો પ્રદેશ.

ગૈરકંબૂલ [સં.] ન. જ્યોતિષપ્રસિદ્ધ વર્ષલગ્નકાળનો એક ગ્રહ.

ગૈરકાનૂની (ગૈરક઼ાનૂની) વિ. ગેરકાયદેસર; ધારા વિરુદ્ધનું.

ગૈરત સ્ત્રી. લજ્જા; શરમ.

ગૈરમનકૂલા (ગૈરમનક઼ૂલા) વિ. સ્થિર; અચલ.

ગૈરમાલિક વિ. હક્ક વગરનું; દાવા વિનાનું.

ગૈરમામૂલી [હિં.] વિ. અસાધારણ; ધારાધોરણથી વિરુદ્ધ.

ગૈરમુનાસિબ વિ. ગેરવાજબી; ધારા વિરુદ્ધનું.

ગૈરમુમકીન વિ. અશક્ય; બને નહિ એવું.

ગૈરવસૂલ વિ. પત્તા વગરનું; બાકી રહેલ.

ગૈરવસૂલખાતું ન. વસૂલ ન થઈ શકે એવું ખાતું; ડૂબત ખાતું.

ગૈરવાજબી વિ. વાજબી નહિ એવું; ખોટું; અન્યાયી.

ગૈરવાજિબી જુઓ ગેરવાજબી.

ગૈરશખ્સ (ગૈરશખ્સ઼) ૧. પું. અજાણ્યો માણસ.

૨. પું. ત્રીજો પુરુષ.

ગૈરહાજિર [હિં.] વિ. મોજૂદ ન હોય તેવું; ગેરહાજર.

ગૈરહાજિરી જુઓ ગેરહાજરી.

ગૈરા ૧. પું. ઘાસ કાપવાની કાતર.

૨. પું. ઘાસના પૂળાની ભારી.

૩. સ્ત્રી. બથ.

૪. વિ. બથમાં સમાય તેટલું.

ગૈરિક ૧. [સં.] ન. એક જાતની ધાતુ; સોનું.

૨. ન. એક જાતનું રત્ન; મણિ.

૩. ન. ગેરુ.

૪. ન. રાતી માટી; ગોરમટી.

૫. વિ. પર્વતમાં થતું.

૬. વિ. ભગવું; ગેરુના રંગનું.

ગૈરી ૧. સ્ત્રી. અન્યાય.

૨. [હિં.] સ્ત્રી. ખાતર નાખવાનો ખાડો.

૩. [સં.] સ્ત્રી. લાંગલી વૃક્ષ.

ગૈરુક ૧. [સં.] પું. એક જાતનો મણિ.

૨. પું. ભગવાં વસ્ત્ર પહેરનાર પરિવ્રાજક; સંન્યાસી.

ગૈરેય [હિં.] પું. શિલાજિત.

ગૈલ ૧. સ્ત્રી. કેળાંની લૂમ.

૨. સ્ત્રી. ગલી; માર્ગ; રસ્તો.

૩. સ્ત્રી. ગેલ; લાડ.

૪. અ. સાથે.

ગૈલડ (ગૈલડ઼) [હિં.] ન. ઓરમાન દીકરો કે દીકરી.

ગૈસ જુઓ ગેસ.

ગૈહરાવ ૧. પું. ખાડો.

૨. પું. નરક.

ગૈહાન ૧. [ફા.] પું. દુનિયા.

૨. પું. નસીબ.

ગૈંત [હિં.] સ્ત્રી. નાની કુહાડી.

ગૈંદ ૧. પું. ગોળી.

૨. પું. દડો.

૩. પું. રામચંદ્રના સેવક માંહેનો એ નામનો એક મોટો વાનર.

૪. પું. હાથી.

ગો ૧. પું. અગળખા; અપેક્ષા.

૨. પું. અભિમાન; બડાઈ.

૩. [સં.] પું. ઋષભ નામની ઔષધિ.

૪. પું. ગવૈયો.

૫. પું ગોમેધ યજ્ઞ.

૬. પું. ઘોડો.

૭. પું. ચંદ્ર.

૮. પું. નવનો આંકડો.

૯. પું. નંદી નામનો શિવગણ.

૧૦. પું. પ્રશંસક.

૧૧. પું. બળદ.

૧૨. પું. મરીચિ.

૧૩. પું. રોફ; રૂઆબ; મરડકો.

૧૪. પું. વજ્ર.

૧૫. પું. વાયુ.

૧૬. પું. વીજળી.

૧૭. પું. વૃષભ રાશિ.

૧૮. પું. શબ્દ.

૧૯. પું. સૂર્ય.

૨૦. પું. સ્વર્ગ; પરલોક.

૨૧. પું. હીરો.

૨૨. સ્ત્રી. આકાશ.

૨૩. સ્ત્રી. ઇંદ્રિય.

૨૪. સ્ત્રી. ગાય; ગૌ માતા; ધેનુ.

૨૫. સ્ત્રી. જીભ.

૨૬. સ્ત્રી. દિશા.

૨૭. સ્ત્રી. દૃષ્ટિ; દેખવાની શક્તિ.

૨૮. સ્ત્રી. નેત્ર.

૨૯. સ્ત્રી. પાંચની સંજ્ઞા; પાંચડો.

૩૦. સ્ત્રી. (પુરાણ) પુલસ્ત્ય ઋષિની સ્ત્રી; વિશ્રવાની માતા; તૃણબિંદુ રાજાની એ નામની કન્યા.

૩૧. સ્ત્રી. પૃથ્વી; જમીન.

૩૨. સ્ત્રી. બાણ.

૩૩. સ્ત્રી. માતા.

૩૪. સ્ત્રી. રુવાંટું.

૩૫. સ્ત્રી. વાણી; શારદા; સરસ્વતી.

૩૬. સ્ત્રી. વેદ.

૩૭. સ્ત્રી. શય્યા.

૩૮. સ્ત્રી. સંખ્યા.

૩૯. ન. કિરણ.

૪૦. ન. કેશ; વાળ.

૪૧. ન. પાણી; જળ.

૪૨. ન. બકરી, ભેંસ વગેરે પશુ.

૪૩. ન. મુખ.

૪૪. ન. સત્ય.

૪૫. વિ. બોલનાર.

૪૬. અ. કહેનાર એવા અર્થનો પ્રત્યય. જેમકે, બદગો એટલે ખરાબ બોલનાર, રાસ્તગો એટલે સાચું બોલનાર.

૪૭. અ. તેમ છતાં પણ; જોકે.

૪૮. અ. હિંદીમાં ભવિષ્યકાળનો પ્રત્યય.

ગોઆદ ૧. પું. એ નામનો એક યઝદ.

૨. પું. (જરથોસ્તી) છઠ્ઠા મુખ્ય ફિરસ્તા ખોરદાદના ત્રણ માંહેનો એ નામે એક હમકાર.

૩. પું. જરથોસ્તી માસનો એ નામનો બાવીસમો દિવસ.

ગૌઆંલ ૧. [સં. ગો (ગાય) + પા (રક્ષણ કરવું)] પું. ગોવાળ; ભરવાડ.

૨. પું. ડોકનું એક ઘરેણું.

૩. પું. સાંકળનો સાંધો.

ગોઈ ૧. સ્ત્રી. એક વખતે આંગળીથી પીંજી શકાય એટલું રૂ.

૨. સ્ત્રી. ખેડવામાં વપરાતી બળદની જોડ.

૩. વિ. છાનું; છૂપું.

ગોઈઠા પું. બ. વ. છાણાં.

ગોઈતર ન. ગૌમૂત્ર; ગાયનું મૂતર.

ગોઈંઠા [સં. ગોવિષ્ઠા] પું. અડાયું છાણું.

ગોઈંદ [હિં.] સ્ત્રી. ગામની આસપાસની ચરિયાણ જમીન.

ગોઈંદા ૧. [ફા.] પું. ગુપ્તચર.

૨. પું. વક્તા; છટાથી ભાષણ કરનાર.

ગોકન્યા [સં.] સ્ત્રી. કામધેનુ.

ગોકર ૧. [સં.] પું. સૂર્ય; ભાનુ; રવિ.

૨. સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; ગરણી.

ગોકરો પું. એક જાતનો ફૂલનો છોડ. એનાં પાન મોટાં અને કાળાશ ઉપર લીલાં હોય છે. તેને આસમાની રંગનાં ફૂલ થાય છે.

ગોકર્ણ ૧. [સં.] પું. અંગૂઠાથી અનામિકા સુધી વિસ્તારનું પ્રમાણ.

૨. પું. અંતરદ્વીપમાં રહેનાર માણસ.

૩. પું. એ નામનો એક અંતરદ્વીપ.

૪. પું. એ નામનો એક દાનવ.

૫. પું. (પુરાણ) એ નામનો એક પર્વત.

૬. પું. એ નામનો એક મુનિ.

૭. પું. એક જાતનો મૃગ; કૃષ્ણસાર.

૮. પું. કશ્મીર દેશનો એ નામનો એક પ્રાચીન રાજા.

૯. પું. કાશીમાં આવેલું એક શિવલિંગ.

૧૦. પું. ખચ્ચર.

૧૧. પું. ગાયના કાનના આકારમાં વાળેલો હાથ.

૧૨. પું. ગાયના જેવા કાનવાળું એક પશુ.

૧૩. પું. ગાયનો કાન.

૧૪. પું. ગોકળી; ગોવાળ.

૧૫. પું. ભાગવત માહાત્મ્યમાં જણાવેલ એ નામનો એક બ્રાહ્મણ પુત્ર.

૧૬. પું. રુદ્રદેવ.

૧૭. પું. શિવનો એક ગણ.

૧૮. પું. સર્પ; સાપ.

૧૯. સ્ત્રી. એ નામની એક વેલ.

૨૦. ન. અગિયાર આંગળનું એક માપ.

૨૧. ન. (પુરાણ) ઉત્તર કાનડા જિલ્લામાં મેંગલોર પાસે અને ગોવાથી ૩૦ માઈલ દૂર આવેલું એ નામે એક ક્ષેત્ર. અહીં મહાબળેશ્વરનું મંદિર છે. મહાબળેશ્વર જ્યોતિર્લિંગ કહેવાય છે.

૨૨. ન. એક જાતનું ધોળું ફૂલ.

૨૩. ન. નિષધ પર્વત ઉપરનું એક તપોવન.

૨૪. ન. મલબારમાં આવેલું શિવનું એક પ્રસિદ્ધ તીર્થ. ત્યાં રાવણ, કુંભકર્ણ વગેરેએ તપ કર્યું હતું.

૨૫. ન. વરાહ પુરાણમાં જણાવેલ સરસ્વતી અને સમુદ્રના સંગમ ઉપર આવેલું એ નામનું એક શહેર.

૨૬. ન. સાગ.

૨૭. ન. હિમાલયમાં ગંગોત્રીથી બે માઈલ દૂર આવેલ હાલનું ગૌમુખી. અયોધ્યાના રાજા ભગીરથે ગંગાને પૃથ્વી ઉપર લાવવાના હેતુથી ગોકર્ણમાં તપ કર્યું હતું.

ગોકર્ણદ્વીપ પું. (જૈન) લવણ સમુદ્રમાં આવેલો એ નામનો અંતરદ્વીપ.

ગોકર્ણપરિમાણ [સં.] ન. અનામિકા આંગળી સાથે પહોળા કરેલા અંગૂઠા જેટલું માપ; અર્વ.

ગોકર્ણપર્વત [સં.] પું. ગોકર્ણ ક્ષેત્રની નજીક પશ્ચિમઘાટ ઉપર આવેલો એ નામનો પર્વત.

ગોકર્ણ મહાબલેશ્વર [સં.] ન. એ નામનું એક પવિત્ર તીર્થસ્થાન. કારવાર અને અંકોલા એ બે બંદર વચ્ચે આવેલા તદડી બંદરથી છએક માઈલ દક્ષિણે બરાબર સમુદ્રને કાંઠે તે આવેલું છે.

ગોકર્ણાકૃતિ [સં.] સ્ત્રી. હાથની પાંચેય આંગળીઓ એક બીજીને અડતી સીધી રાખવાથી થતો ગાયના કાન જેવો આકાર. તેમાં પાણી લઈ પૂજા વખતે બ્રાહ્મણો આચમન લે છે.

ગોકર્ણાસન [સં.] ન. અઠ્ઠ્યાશી માંહેનું એક ભોગાસન.

ગોકર્ણાસ્થિ [સં.] ન. ગાયના કાનના આકારનું હાડકું; 'સ્કેફોઇડ બોન.' આવું એક હાડકું પોંચીમાં અને બીજું પગમાં આવેલું છે.

ગોકર્ણી ૧. [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; દુર્વા; આસંધ; ગરણીનો વેલો; મોરવેલ. તેને ગાયના કાનના આકારનાં મોટાં સુંદર ફૂલ આવે છે.

૨. સ્ત્રી. ગજ ઉપરના અગિયાર આંગળનું માપ.

ગોકલા પું. ઘેરો રંગ.

ગોકળઆઠમ ૧. સ્ત્રી. ઉપવાસ કરવો પડે એવી સ્થિતિ.

૨. સ્ત્રી. શ્રાવણ વદિ આઠમ; કૃષ્ણ જન્માષ્ટમી; ગોકુળાષ્ટમી. એ દિવસે શ્રીકૃષ્ણનો જન્મ થયો હતો.

ગોકળગા જુઓ ગોકળગાય.

ગોકળગાય સ્ત્રી. એ નામનું એક જીવડું; ઇંદ્રગોપ. ચોમાસામાં મૃગ નક્ષત્રમાં નીલા નાના ઘાસવાળા અને રેતાળ જમીનના ભાગમાં ઝીણા ગોળ મખમલના કટકા જેવા લાલ રંગનું પેટે ઘસાતું આ સુંવાળું જીવડું નજરે પડે છે. તેને બે શિંગડાં અને શિંગડાને છેડે એકેક આંખ હોય છે. પોતાની મરજી મુજબ તેને તે ટૂંકી કરી અંદર લઈ લે છે. આ જીવડું ભેજવાળા વાતાવરણમાં રહે છે, પણ જો ભેજ જતો રહે અને હવા સૂકી થઈ જાય તો તે પણ સુકાઈ જાય છે અને ધીમે ધીમે તેની હિલચાલ બંધ થાય છે. શરીર સુકાઈ જાય ત્યારે તે રેતીની કણી જેવું થઈ જાય છે અને વરસો સુધી એવી અર્ધમૃત સ્થિતિમાં પડ્યું રહે છે. જો તેને પાણીમાં મૂકવામાં આવે તો થોડી મિનિટમાં તે ફૂલી જઈ કરચલીઓ દૂર થઈ પગ બહાર નીકળે છે અને તે ચાલવા માંડે છે. એકાદ કલાકમાં જ તે ઘણું ચપળ થઈ જાય છે. ખોરાક વગર ઘણાં વરસ સુધી તે જીવી શકે છે, જોકે બહારની દૃષ્ટિએ તે મરેલ દેખાય છે. આ જીવડા માટે એક જાણવા જેવું દૃષ્ટાંત છે: ઇજિપ્તના રણમાં આવું એક જીવડું મરી ગયેલ હશે એમ ધારી એક અંગ્રેજે તેને બ્રિટિશ મ્યુઝિયમમાં ટિકિટ ચોટાડી ઈ. સ. ૧૮૪૬ના માર્ચની ૨૫મી તારીખે મૂક્યું. ઈ. સ. ૧૮૫૦ની ૭મી માર્ચે માલૂમ પડ્યું કે આ જીવડું તેની ઊંઘ પૂરી કરી ઊઠ્યું અને તેના ખોખામાંથી બહાર નીકળ્યું. ત્યારપછી તેને છોડી દેવામાં આવ્યું અને ઘણા સમય સુધી તે જીવ્યું. ઔષધની અંદર પણ ગોકળગાય વપરાય છે. ગોકળગાયને ચોમાસામાં વીણી, સૂકવી તેનું વસ્ત્રગાળ ચૂર્ણ કરવું. તે સિવાય ઔષધમાં તેને બાળી તેની ભસ્મ પણ વપરાય છે. ગોકળગાય વાતવ્યાધિમાં ઘણી ઉપયોગી છે. અર્ધાંગ, પક્ષઘાત ને આર્દિતમાં તેમ જ વાઈની અંદર પણ તે વપરાય છે. પેટપીડમાં જાયફળ અને ગોકળગાયનું ચૂર્ણ ફાયદો કરતું મનાય છે. મીણની સાથે મેળવી લગાડવાથી સોજો ઊતરે. મુસલમાન હકીમોમાં તે બીરબોટીના નામથી પ્રસિદ્ધ છે. આ જીવડાં ટાઢમાંથી બચવાને પોતાનું શરીર સંકોચી દરમાં પેસી જાય છે. ભર ઉનાળામાં તેઓને બરફ પાસે રાખવામાં આવે તો તે ઊંઘી જાય છે, પરંતુ જો ગરમ પાણીમાં નાખવામાં આવે તો તે જાગૃત થાય છે. યરપમાં ગોકળગાયનો આહાર તરીકે ઉપયોગ કરવામાં આવે છે. તે ખોરાકની એક સુંદર વાની તરીકે મનાતી હોવાથી તેને ઉછેરવામાં આવે છે.

ગોકળગાંડું વિ. ગોકુળની ગોપી જેવું ગાંડું; સાવ ભાન વગરનું.

ગોકળિયું ૧. ન. ગોકુળ; એ નામનું એક ગામ.

૨. વિ. ગોકુળનું; ગોકુળ સંબંધી.

ગોકળી ૧. પું. ભરવાડ; ગાયનો ગોવાળ; રબારી.

૨. સ્ત્રી. ગોકળઆઠમ; શ્રાવણ વદિ આઠમ.

ગોકંટક ૧. [સં.] ન. ગાયની ખરીનું ચિહ્ન.

૨. ન. ગાયની ખરીનું ચિહ્ન પડ્યું હોય તે સ્થળ.

૩. ન. ગોખરુ.

ગોકંટકાદ્યવલેહ [સં.] પું. ગોખરુની બનાવટવાળી ચાટણની એક દવા.

ગોકાન સ્ત્રી. એક જાતની સુંદર વેલ.

ગોકામુખ ૧. પું. એ નામનો એક નરકકુંડ. લોકોનાં ઘર ફાડીને ચોરી કરે અને ગાય, બકરાં અને ઘેટાં લઈ જાય તે જીવ ત્રણ યુગ સુધી ગોકામુખ કુંડમાં વસે એમ મનાય છે.

૨. પું. (પુરાણ) એ નામનો એક પર્વત.

ગોકિ અ. યદ્યપિ; અગર જો.

ગોકિલ જુઓ ગોકીલ.

ગોકીરો પું. શોરબકોર; ઘોંઘાટ; હોકારો.

ગોકીલ [સં.] ન. ખેતરમાં ઢેફાં ભાંગવાનું મુસળ; હળ.

ગોકુલ ૧. [સં.] ન. ગાયનું ટોળું; ગૌ સમૂહ. દશ હજાર ગાયનું ટોળું ગોકુળ કહેવાય છે.

૨. ન. ગાયનો વાડો; ગૌશાળા.

૩. ન. મથુરા પાસેનું એ નામનું એક ગામડું; વ્રજનું એક ગામ. મહાવન અથવા જૂનું ગોકુળ મથુરાથી ૭ માઈલ દૂર આવેલ છે. વલ્લભ સંપ્રદાય સ્થાપનાર વલ્લભાચાર્યે વસાવેલું નવું ગોકુળ મહાવનથી દક્ષિણે જમનાને પૂર્વ કિનારે આવેલું હતું. શ્રીકૃષ્ણની બાળક્રીડાનું સ્થાન હોવાથી આ સ્થળ ઘણું પવિત્ર ગણાય છે.

૪. વિ. ગોકુલમાં રહેનાર.

ગોકુલચંદ [સં.] પું. શ્રીકૃષ્ણ.

ગોકુલચંદ્ર [સં.] પું. શ્રીકૃષ્ણ.

ગોકુલચંદ્રમા પું. શ્રીકૃષ્ણ.

ગોકુલનાથ ૧. [સં.] પું. એ નામના એક વૈષ્ણવ લેખક. તેણે ચોરાશી વૈષ્ણવની વાર્તા નામનો ગ્રંથ લખ્યો હતો.

૨. પું. ગોકુળના ધણી શ્રીકૃષ્ણ.

ગોકુલપુરી ૧. સ્ત્રી. ગોકુળ નામનું વ્રજનું એક ગામ.

૨. સ્ત્રી. ઘણો આનંદ.

૩. સ્ત્રી. પૂરેપૂરું સુખી કુટુંબ કે ગામ.

ગોકુલપ્રીતિદાયક પું. પુરુષોત્તમનાં હજાર માંહેનુ એક નામ.

ગોકુલલીલા [સં.] સ્ત્રી. ગોકુળમાં શ્રીકૃષ્ણની બાળક તરીકેની ક્રીડા.

ગોકુલસ્થ ૧. [સં.] પું. ગોસ્વામી; ગોસાંઈ. વલ્લભાચાર્યે પોતાના પુષ્ટિમાર્ગની મુખ્ય ગાદી ગોકુળમાં સ્થાપી ત્યારથી તે ગોકુલસ્થ પણ કહેવાય છે.

૨. વિ. ગોકુળમાં રહેનાર.

ગોકુલાધીશ ૧. [સં.] પું. ઇંદ્રિયોનો ઈશ્વર.

૨. પું. ગાયનો રક્ષક.

૩. પું. શ્રીકૃષ્ણ.

ગોકુલાષ્ટમી [સં.] સ્ત્રી. ગોકળઆઠમ; શ્રાવણ વદિ આઠમ; શ્રીકૃષ્ણનો જન્મ ગોકુળમાં જાહેર થયો તે દિવસ; જન્માષ્ટમી.

ગોકુલિયો પું. કામ અથવા વિરહને લીધે થતું દરદ.

ગોકુલેશ [સં.] પું. શ્રીકૃષ્ણ.

ગોકુલોદ્ભવા [સં.] સ્ત્રી. દુર્ગા દેવી.

ગોકુળ જુઓ ગોકુલ.

ગોકુળચંદ જુઓ ગોકુલચંદ.

ગોકુળચંદ્ર જુઓ ગોકુલચંદ્ર

ગોકુળચંદ્રમા જુઓ ગોકુલચંદ્રમા.

ગોકુળનાથ જુઓ ગોકુલનાથ.

ગોકુળપુરી જુઓ ગોકુલપુરી.

ગોકુળપ્રીતિદાયક જુઓ ગોકુલપ્રીતિદાયક.

ગોકુળલીલા જુઓ ગોકુલલીલા.

ગોકુળસ્થ જુઓ ગોકુલસ્થ.

ગોકુળાધીશ જુઓ ગોકુલાધીશ.

ગોકુળાષ્ટમી જુઓ ગોકુલાષ્ટમી.

ગોકુળિયો જુઓ ગોકુલિયો.

ગોકુળેશ જુઓ ગોકુલેશ.

ગોકુળોદ્ભવા જુઓ ગોકુલોદ્ભવા.

ગોકુંજર ૧. પું. શિવનો નંદી; પોઠિયો.

૨. પું. સાંઢ.

ગોકૃત ૧. [સં.] ન. ગાય અથવા બળદનું છાણ.

૨. વિ. ગાય કે બળદે કરેલું.

ગોક્ષીર [સં.] ન. ગાયનું દૂધ.

ગોક્ષુર ૧. [સં.] ન. ગાયની ખરી.

૨. ન. ગોખરુ.

ગોક્ષુરક [સં.] ન. ગોખરુ.

ગોક્ષુરાદિ અવલેહ પું. (વૈદ્યક) મૂત્રરોગ તેમ જ પથરીમાં અપાતી એ નામની એક દવા. તે બનાવવા ગોખરુનું પંચાંગ અઢી તોલા લઈ તેને પંદર તોલા પાણીમાં ઉકાળવું અને જ્યારે દશ તોલા બાકી રહે ત્યારે ઉતારી ગાળી લેવું. તેમાં સવા રતલ સાકર નાખી તેની બરાબર ચાસણી કરવી. પછી તેમાં સૂંઠ, લીંડીપીપર, મરી, તજ, એલચી, નાગકેસર, તમાલપત્ર, જાયફળ, અર્જુન વૃક્ષની છાલ, કાકડીનાં બીજ એ દરેક બબ્બે તોલા અને વંશલોચન ચાર તોલા એ બધાંનું બારીક ચૂર્ણ નાખવું. તેની માત્રા બે તોલા છે. પ્રમેહ તેમ જ વીર્યદોષ ઉપર પણ તે અપાય છે.

ગોક્ષુરાદિ કાઢો પું. (વૈદ્યક) મૂત્ર વ્યાધિની સખત બળતરા ઉપર અપાતી એક દવા. તે બનાવવા બાવળ, હરડે, ધમાસો, ગોખરુનું પંચાંગ, ગરમાળાનો ગોળ અને લાકડિયો પાષાણભેદ એ દરેક વસ્તુ બબ્બે તોલા લઈ તેને ૩૨ તોલા પાણીમાં ઉકાળવું. ચોથો ભાગ બાકી રહે ત્યારે ઉતારી લેવું.

ગોક્ષુરાદિ ગુગ્ગુલુ પું. (વૈદ્યક) મૂત્રાશય અને પથરીનાં દરદ, પ્રમેહ, સંધિવા, અતિવાત અને નબળાઈમાં ઉપયોગી એક દવા. તેમાં મુખ્ય ઔષધિ ગોખરુ, ગૂગળ, ત્રિકટુ અને ત્રિફળા છે. તે શામક, મૂત્રલ, ધાતુપરિવર્તક અને શક્તિવર્ધક છે. ૮ થી ૨૪ ગ્રેનની માત્રામાં તે મધ, દૂધ કે પાણી સાથે લેવાય છે.

ગોક્ષુરાદિ ગૂગળ જુઓ ગોક્ષુરાદિ ગુગ્ગુલ.

ગોક્ષુરાદિ ચૂર્ણ [સં.] ન. (વૈદ્યક) એક જાતની વાજીકરણ દવા. તે બનાવવા ગોખરુ, તાલીમખાના, કવચબીજ, નાગબલા, બળબીજ એ બધાં સરખે ભાગે લઈ ચૂર્ણ કરવું.

ગોક્ષુરાદિ પંચમૂળ ન. (વૈદ્યક) ગોખરુ, બોરડી, ઇંદ્રવારુણી, કાસદરો અને શિરીષ એ પાંચના મૂળનો સમૂહ.

ગોક્ષુરુ [સં. ગોક્ષુર] ન. ગોખરુ.

ગોખ ૧. પું. ગોખલો. ગવાક્ષ એટલે ગાયની આંખ અને જેની રચના ગાયની આંખ જેવી હોય તે પણ ગવાક્ષ. આ વ્યુત્પત્તિ ઉપરથી એમ જણાય છે કે ગોખલાઓની પ્રાચીન રચના ગાયની આંખ જેવી થતી હોવી જોઈએ અને હમણાં જે એ રચનામાં ચોરસતા આવી છે તે સંભવ છે કે પાછળથી આવેલી હોય.

૨. [સં. ગવાક્ષ–ગઉક્ખ–ગોખ] પું. ઝરૂખો; છજ્જું; કઠેરો.

૩. પું. મેડીવાળું મકાન.

ગોખણ ન. ગોખવું તે.

ગોખણપટ્ટી સ્ત્રી. ગોખી ગોખીને મોઢે કરવું તે; ગોખાગોખ.

ગોખણિયું ૧. વિ. ગોખનારૂં.

૨. વિ. ગોખી ગોખી યાદ રાખેલું.

ગોખર ૧. [સં.] પું. ગાયોમાં ઉછરેલો ગધેડો.

૨. પું. ગાયોમાં ઉછરેલો ગોધો.

ગોખરુ ૧. પું. એક જાતની ચળકતી સોના અથવા રૂપાની ફીત.

૨. [સં.] પું. ગોખરુ વનસ્પતિનું ત્રણ કાંટાવાળું બી; ગોક્ષુર; ક્ષુરક; ત્રિકંટ; સ્વાદુકંટક; ગોકંટક; ગોક્ષુરક. ગોખરુના ફળ ઉપર ત્રણ કાંટા થાય છે. મોટાનાં ફળ ઉપર પાંચ કાંટા હોય છે. ઔષધમાં તેનું પંચાંગ તથા બી વપરાય છે. તેના ગુણ: તે ધાતુપૌષ્ટિક, મૂત્રલ, શીતળ અને પૌષ્ટિક છે. સાકરની સાથે લુવાળ કરીને પીવાથી પ્રમેહ મટે છે. ગોખરુ, તલ, બકરીનું દૂધ અને મધ પીવાથી વીર્યબંધન રહે છે અને શક્તિ વધે છે. ગોખરુ અને સાલમ દૂધમાં પીવાય છે. તે વાયુ તથા વ્રણનાશક મનાય છે. કેટલેક ઠેકાણે ગરીબ લોકો તેનાં બીનો લોટ કરીને ખાય છે.

૩. પું. ચપડેલા તારને ત્રણખૂણિયો કરી થતું બંધન.

૪. પું.; ન. ગાયની ખરી જેવો કાંટાવાળો એક જાતનો છોડ. ગોખરુ બે જાતનાં થાય છે: એક મોટાં અને બીજાં નાનાં. એકબીજાથી બંને છોડ જુદી જાતના થાય છે. મોટાં ગોખરુનો છોડ હાથ દોઢ હાથ ઊંચો થાય છે. તેનાં પાન લંબગોળ, અણીવાળાં તથા બાજુ ઉપર ધારવાળાં હોય છે. બંનેનાં ફૂલ પીળા રંગનાં અને ફળ એક સરખી આકૃતિનાં ને કાંટાવાળાં થાય છે. મોટાંનાં ફૂલ લાંબાં અને નાનાનાં ફૂલ પહોળાં થાય છે.

૫. ન. કાંટો.

ગોખરુ વેરવાં = કામમાં અનેક અડચણો ઊભી કરવી.

૬. ન. ચૂરમું બનાવતાં રહેલા ગાંગડા.

૭. ન. ઢાલ ઉપરનો ધાતુનો ખીલો.

૮. ન. હાથીના પગે બાંધવાનું લોઢાના કાંટાવાળું સાધન; પોંચી.

ગોખરુપાક પું. એક જાતનો પાક. તેમાં ગોખરુનું ચૂર્ણ તથા બીજી ઔષધિ નખાય છે.

ગોખરુબોડા (ગોખરુબોડ઼ા) પું. બ. વ. ગોખરુની એક જાત. એનાં પાંદડાં તલનાં પાંદડાં જેવાં હોય છે. તેના છોડ ઉપર ચણીબોર જેવડાં ફળ આવે છે, તેને બોડા ગોખરુ કહે છે. એ ફળ ઉપર ચારે બાજુએ ચાર કાંટા હોય છે. તે શીતળ, બલકારક, મધુર, બસ્તિશુદ્ધકારક, વૃષ્ય, પૌષ્ટિક, રસાયન, અગ્નિદીપક તથા સ્વાદુ છે અને મૂત્રકૃચ્છ્ર, અશ્મરી, દાહ, મેહ, દમ, ઉધરસ, હૃદ્રોગ, અર્શ, બસ્તિવાત, ત્રિદોષ, કોઢ, શૂળ અને વાયુ મટાડે છે.

ગોખરૂશય્યા સ્ત્રી. કાંટાની પથારી.

ગોખલિયું ૧. ન. ગોખલીઓનું સાંકળિયું.

૨. ન. મધપૂડાનું ખાનું.

ગોખલી સ્ત્રી. નાનો ગોખલો.

ગોખલે ૧. પું. એ નામનો એક હિંદી દેશભક્ત; ગોપાળ કૃષ્ણ.

૨. સ્ત્રી. દક્ષિણી બ્રાહ્મણની એ નામની એક અટક.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

ગોખલો ૧. [સં. ગવાક્ષ] પું. કોઈ ચીજ વગેરે મૂકવાને, બેસવાને અથવા દેવ વગેરેને બેસાડવાને ભીંતમાં રાખેલ પોલાણ અથવા બારણા વગરનું નાનું તાકું.

મિયાંભાઈનો ગોખલો = બહારથી નજીવી જણાય એવી તુચ્છ ચીજ અથવા બાબતનો કબજો કે જેના અધિકારથી સામો માણસ મોટી કનડગત ઊભી કરી સમગ્ર માલિકી જેટલો હક ધરાવી શકે છે. એક મુસલમાને પોતાની હવેલી એક વાણિયાને વેચાતી દીધી. હવેલીમાં એક ગોખલો હતો, તે વેચાણના સાટામાં ગણવામાં આવ્યો ન હતો. એ

ગોખલો પોતાના પીરનો છે તેથી તેમાં ધૂપ, દીવો કોઈ વખત કરવો પડે એવું બહાનું બતાવી ગોખલા ઉપર મિયાંએ પોતાનો હક રાખ્યો. વાણિયાએ ગોખલાની વાતને દમ વગરની ગણી કંઈ લક્ષ આપ્યું નહિ ને મિયાંનો હક કબૂલ રાખ્યો. મિયાંભાઈ શરૂઆતમાં કોઈ કોઈ વખત તેનો તહેવાર હોય ત્યારે ગોખલાની સંભાળ લેવા આવી ધૂપ ધુમાડો કરે, થોડી વાર બેસે, કલમો પઢે અને ચાલ્યો જાય. કેટલીક મુદ્દત તો વાણિયાને તેથી કાંઈ હરકત જણાઈ નહિ, પણ વખત જતાં ઘરનાં માણસોને તેણે કનડગત શરૂ કરી. તે કવેળાએ આવી મકાન ઉઘડાવે, ધાંધલ કરે. અને પછી તો તે પાંચ દશ ભાઈબંધોને સાથે તેડી લાવવા માંડ્યો. આ વર્તણૂક વાણિયાને ભારે પડતી. એક વખત વાણિયાથી તે સહન થઈ શક્યું નહિ તેથી મિયાંભાઈ સાથે વઢવાડ મચાવી. પણ તેથા મિયાંભાઈ તો વધારે જોર ઉપર આવી ગયો અને વાણિયાના પુત્રના લગ્ન પ્રસંગે જ્યારે બરોબર જ્ઞાતિભોજનના શરૂઆત થઈ ત્યારે મિયાં બકરૂં કાપવા ગોખલે આવ્યો. છેવટે વાણિયો કંટાળ્યો અને મકાન જેટલી ગોખલાની કીમત ચૂકવી મિયાંનો ગોખલા ઉપરનો હક ખરીદી લાધો.

૨. પું. પોલાણ; ખાડો. જુઓ ગોખ ૧.

૩. પું. મોં; મુખ.

ગોખલ્ય પું. (પુરાણ) શાકલ્ય ઋષિનો એ નામનો એક શિષ્ય.

ગોખવું ૧. સ. ક્રિ. મારવું; ધાબવું.

ગોખી નાખવું = અધમૂઉં કરી નાખવું.

૨. સ. ક્રિ. યાદ રહે એટલા માટે મોઢેથી વારંવાર બોલ્યા કરવું; પાઠે કરવું; એક શબ્દ, વાક્ય કે પદને વારંવાર યાદ કરવું; મોઢે કરવું.

ગોખા [સં.] સ્ત્રી. નખ.

ગોખાટવું સ. ક્રિ. વારંવાર ગોખ ગોખ કરવું.

ગોખાવવું ૧. સ. ક્રિ. ગોખે એમ કરવું.

૨. સ. ક્રિ. માર મરાવવો.

ગોખુરા પું. એક જાતનો સાપ. તેની ફેણ ગાયની ખરીના જેવી હોય છે.

ગોખો પું. પક્ષીનું રહેઠાણ; માળો; ગોઠો.

ગોગડ (ગોગડ઼) સ્ત્રી. માંડવીનો ઝીણો કચરો.

ગોગડિયું (ગોગડ઼િયું) જુઓ ગોગડું.

ગોગડી (ગોગડ઼ી) સ્ત્રી. મગફળીની નાની શિંગ.

ગોગડું (ગોગડ઼ું) વિ. સમજાય નહિ એવો અસ્પષ્ટ ઉચ્ચાર કરતું; તોતડું.

ગોગડો (ગોગડ઼ો) ૧. પું. કપાસનું પાકચા પહેલાં સુકાઈ ગયેલું જીંડવું.

૨. પું. દાળનો નહિ ચડેલો આખો દાણો.

૩. પું. ધાણી શેકતાં ફૂલ્યા વગરનો રહી જતો દાણો.

ગોગબાવજી પું. ભૂવો; ધંતરમંતર જાણનાર માણસ.

ગોગય પું. એક જાતનો ઘોડો.

ગોગર્દ [ફા.] પું. ગંધક.

ગોગલ્સ ૧. [અં.] ન. ઘોડાની અંધારી.

૨. [અં.] ન. બ. વ. એક જાતનાં ડાબલિયાં ચશ્માં.

ગોગવું સ. ક્રિ. બોલવું.

ગોગળો ૧. પું. ઊંટ મસ્તીમાં આવે ત્યારે મોઢામાંથી બહાર કાઢતો જીભની પાછળ તાળવાનો ભાગ.

૨. પું. ઘેરો અવાજ.

૩. પું. હડપચી નીચેનો ગળા તરફ લચી પડતો ભાગ.

ગોગંધન [સં.] પું. (વહાણવટું) પૂર્વનો વાયુ.

ગોગાપીર પું. એ નામનો એક ઓલિયો પુરુષ. તેની પૂજા રજપૂતસ્થાન, પંજાબ વગેરે દેશમાં હિંદુ તથા મુસલમાન કરે છે. ગોગાપીરના સંબંધમાં જુદી જુદી કથા પ્રસિદ્ધ છે. કોઈ કોઈ કહે છે કે તે ચોહાણ રજપૂત હતા અને બિકાનેરના રાજગઢ તહસીલના ઓડેરા ગામમાં થયા હતા. માબાપથી રિસાઈને તે જોગી થયા અને પછી મુસલમાન થયા. કહેવાય છે કે મુસલમાન થયા છતાં પણ તે ઘોડા અને હથિયારો સહિત તૌહર નામના સ્થાને પૃથ્વીમાં સમાઈ ગયા, જ્યાં તેનું સમાધિસ્થાન હજુ પણ છે. ત્યાં ભાદરવા સુદિ ૮ અને ૯ નો મોટો મેળો ભરાય છે અને દૂરદૂરના લોકો આવી માનતા ચડાવે છે. કોઈ વળી એમ કહે છે કે મુસલમાન થયા બાદ જ્યારે તેમણે પોતાની સ્ત્રીને મુસલમાન બનાવવા ઇચ્છયું ત્યારે પ્રતાપસિંહ નામના કોઈ રાજાએ તેને પૃથ્વીમાં દાટી દીધા. સર્પથી બચવા માટે ગોગાપીરની બહુ માનતા થાય છે.

ગોગિયો પું. અંદર નાના નાના ખાડા હોય એવો પથ્થર.

ગોગી પું. પથ્થરની અંદરનો નાનો ખાડો.

ગોગુ સ્ત્રી. એક જાતની ભાજી.

ગોગું વિ. આવડત વગરનું; માલ વગરનું; બોઘા જેવું; મૂર્ખ; વેતા વિનાનું.

ગોગો પું. નાગ; સર્પ.

ગોગોચર [સં.] વિ. ઇંદ્રિયોથી જાણી શકાય એવું.

ગોગ્રહ [સં.] પું. ગાયની ચોરી.

ગોગ્રહણ [સં.] ન. ગાયને વાળી લઈ જવી તે.

ગોગ્રંથિ ૧. [સં.] પું. ગાયનો વાડો.

૨. સ્ત્રી. એક જાતની ઔષધિ.

૩. ન. અડાયું છાણું.

ગોગ્રા સ્ત્રી. ગંગાને મળનારી એ નામની એક નદી.

ગોગ્રાસ [સં.] પું. જમતા પહેલાં ગાયને માટે જુદું કાઢેલું અન્ન; ગવાનિક; ગાયને આપવાનો અન્નભાગ.

ગોઘર પું. મોટો અને વકરેલો બિલાડો.

ગોઘર જેવું = જાડું; માતેલું.

ગોઘરી પું. ભરુચ અને વડોદરા તરફ થતો એક જાતનો કપાસ.

ગોઘલો પું. લાકડાના ત્રિકોણાકાર કટકામાં એક છેડે વીંધ પાડી તેમાં દોરી પરોવી બનાવેલું લાકડું.

ગોઘાત [સં.] સ્ત્રી. ગોહત્યા; ગૌવધ.

ગોઘાતક [સં.] પું. ગોહિંસક; કસાઈ; ગાયની હિંસા કરનાર માણસ.

ગોઘાતી જુઓ ગોઘાતક.

ગોઘૃત ૧. [સં.] ન. ગાયનું ઘી.

૨. ન. વરસાદનું પાણી.

ગોઘ્ન ૧. [સં.] પું. અતિથિ; પરોણો; મહેમાન.

૨. પું. કસાઈ; ગાયને કે બળદને મારી નાખનાર માણસ.

૩. પું. રુદ્ર.

ગોચની ૧. સ્ત્રી. ઘઉં અને ચણા ભેગા વાવેલું ખેતર.

૨. સ્ત્રી. ઘઉં અને ચણાનું મિશ્રણ.

ગોચર ૧. [સં.] પું. ઇંદ્રિયોથી જ્ઞાન થઈ શકે એવો વિષય; ઇંદ્રિયોની સહાયતાથી જાણી શકાય તેવી વાત.

૨. પું. ચારો; ઘાસ.

૩. પું. દેશ; પ્રાંત.

૪. પું. દૃષ્ટિમર્યાદા.

૫. પું. શિવ; શંકર.

૬. પું. સાધુનું ભિક્ષા માગવા જવું તે; ગોચરી; માધુકરી.

૭. ન. જન્મરાશિમાં પોતપોતાને સ્થાને સૂર્ય વગેરે ગ્રહોનું જવું તે.

૮. ન. ઢોરને ચરવાની જગ્યા; ચરિયાણ.

૯. ન. દેહ.

૧૦. ન. ફળ; પરિણામ.

૧૧. વિ. ઇંદ્રિયોથી જાણી શકાય એવું.

૧૨. વિ. પૃથ્વી ઉપર ફરનાર.

ગોચરણ ન. ગાયને ચરવાની જગ્યા; ગૌચર.

ગોચરતા [સં.] સ્ત્રી. ઇંદ્રિયોથી જાણી શકાય એવું હોવાપણું.

ગોચરત્વ જુઓ ગોચરતા.

ગોચરપરા સ્ત્રી. ચોસઠ માનસતત્ત્વ દેવતામાંની એ નામની એક.

ગોચરભૂમિ સ્ત્રી. ગાયને ચરવાની જગ્યા; ચરિયાણ.

ગોચરવિજ્ઞાનવાદ [સં.] પું. અધ્યાસવાદ; જે દેખાય છે તે બધું ભ્રમ છે એવો મત.

ગોચરા ૧. સ્ત્રી. ગાય ચારવાનું મહેનતાણું.

૨. સ્ત્રી. સીમમાં ઢોર ચારવા માટે રખાતી જમીન; ગૌચર.

ગોચરાઈ જુઓ ગોચરા.

ગોચરી ૧. સ્ત્રી. (જ્યોતિષ) ગ્રહની એક જાતની ગતિ.

૨. સ્ત્રી. (જૈન) માધુકરી; ભિક્ષા. ગાય જુદી જુદી જગ્યાએ ચરી ફરી ઘાસ મેળવે છે, તેમ જૈન સાધુ જુદે જુદે ઘેરથી થોડી થોડી ભિક્ષા લે છે.

૩. સ્ત્રી. હઠયોગની પાંચ માંહેની એક મુદ્રા.

ગોચર્મ ૧. [સં.] ન. ગાયનું ચામડું.

૨. ન. જમીન, ખેતર વગેરેનું પ્રાચીન કાળનું ૨૧૦૦ હાથ લાંબું અને તેટલું પહોળું એક માપ; ચરસ; ચરસા.

૩. ન. ત્રણસો ફૂટ લાંબું અને દશ ફૂટ પહોળું ખેતર.

૪. ન. સોળ ચોરસ હાથનું એક માપ. તેનું કોષ્ટકઃ ૧ ચોરસહાથ = આસન, ૧૬ આસન = ગોચર્મ, ૧૬૪ ગોચર્મ = કાકણી.

ગોચર્મવસન [સં.] પું. શિવ; શંકર.

ગોચલું ૧. ન. ટોળું; ધંધોલિયું; માણસ અથવા જાનવરોનું વર્તુલાકારમાં એકઠા થવું તે.

૨. ન. વમળ.

૩. ન. વામાટામા; આનાકાની.

ગોચલાં ગણવાં = વામાંટામા કરવા; મનમાં ને મનમાં અમુક બાબતને માટે તર્ક વિતર્ક શંકા ઉઠાવ્યા કરવી; નિશ્ચય ઉપર આવી કોઈ પણ બાબતનો ખુલાસો ન કરવો.

ગોચવું સ. ક્રિ. ભોંકવું; વીંધવું; ખોસવું; ઘોંચવું.

ગોચંદન ૧. ન. એક જાતનું સુગંધી લાકડું.

૨. ન. ગાયના મસ્તકમાંથી નીકળતું ચંદન.

ગોચંદના [સં.] સ્ત્રી. એક જાતની ઝેરી જળો.

ગોચારક ૧. [સં.] પું. ગોવાળ; ભરવાડ.

૨. વિ. ગાય ચારનાર.

૩. વિ. ગાયની રક્ષા કરનાર.

ગોચી ૧. સ્ત્રી. એક જાતની માછલી.

૨. સ્ત્રી. હિમાલયની સ્ત્રી.

ગોચીડ (ગોચીડ઼) સ્ત્રી. ગૌશાળામાં થતી એક જાતની જીવાત.

ગોચું સ્ત્રી. ચૂનાના પથ્થરવાળી જમીન.

ગોચ્છગ [સં. ગોચ્છક] પું.; ન. ગુચ્છો; પૂંજવાનું એક સાધન.

ગોજ ૧. પું. એક જાતનો વર્ણસંકર.

૨. પું. ગાય બકરાંના દૂધનો વિકાર.

૩. પુ. સોજો; શરીરનો ભાગ ઊપસી આવવો તે.

ગોજઈ પું. ઘઉં અને જવનો સાથે ઉગાડેલો પાક.

ગોજકર પું. કાનખજૂરો.

ગોજન ન. હરણની જાતનું એક પશુ.

ગોજર પું. કાનખજૂરો.

ગોજલ [સં.] ન. ગોમૂત્ર.

ગોજવું સ. ક્રિ. શોધવું; ખોળવું; ગોતવું.

ગોજા ૧. પું. આત્મા.

૨. પું. પૃથ્વીમાં અનેક રૂપે પ્રકટ થનાર પરમેશ્વર.

ગોજા રૂપે છે ઈશ સર્વકાળે. કઠોપનિષદ

ગોજાત ૧. [સં.] વિ. ગાયમાં ઉત્પન્ન થયેલ.

૨. વિ. પૃથ્વીમાં ઉત્પન્ન થયેલ.

૩. વિ. સ્વર્ગમાં ઉત્પન્ન થયેલ.

ગોજાતિ [સં.] સ્ત્રી. ગાયનો વર્ગ.

ગોજાતિસુધાર પું. ગાયની જાતિમાં સુધારો કરવો તે.

ગોજાતિસુધારણા જુઓ ગોજાતિસુધાર.

ગોજાદરો પું. ધર્માદાનું ગૌચરણ.

ગોજાર પું. ઓરડો.

ગોજારિયા ૧. સ્ત્રી. એ નામની લેઉઆ કણબીની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગોજારિયો પું. મોઈદાંડિયાની રમતમાં મોઈને સીધી લાંબી રાખી અણી ઉપર દાંડિયો મારી દાવ લેવો તે.

ગોજિકા સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; ગોજિહ્વા; ભોંપાથરી.

ગોજિયા [સં. ગોજિહ્વા] સ્ત્રી. (હિંદી) ભોંપાથરી; અધોમુખી. તેનો છોડ જમીન ઉપર પથરાય છે. તેનાં પાન લાંબાં અને સફેદ પટ્ટાવાળાં થાય છે. તેની કોર ખાંચ અને દાંતાવાળી હોય છે. તેનાં ફૂલનો આકાર ધાવડીનાં ફૂલ જેવો હોય છે. ભોંપાથરી મૂત્રલ તરીકે ઊનવા તથા અશ્મરી ઉપર ઔષધ તરીકે વપરાય છે.

ગોજિહ્વક સ્ત્રી. ગળજીભી.

ગોજિહ્વા [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; ભોંપાથરી.

ગોજિહ્વિકા [સં.] સ્ત્રી. શ્વાસનળીનું ઢાંકણ.

ગોજી ન. એક જાતનું રૂ.

ગોજીત [સં.] વિ. ઇંદ્રિયોને કાબૂમાં રાખનાર; જીતેંદ્રિય.

ગોજીહ પું. એક જાતનો કોઢ. તેમાં શરીરની ચામડી હરણની જીભની જેમ ખરબચડી થાય છે.

ગોજું ૧. વિ. ગંદું; મેલું.

૨. વિ. ચૂંથાયેલું.

ગોજો ૧. પું. ગંદું કરી મેલનારો માણસ; ફૂવડ પુરુષ.

૨. પું. હજામ; વાળંદ.

ગોઝ [હિં.] પું. ગુદામાંથી છૂટતો વાયુ; પાદ.

ગોઝદુગુ ન. એ નામની એક વનસ્પતિ. ૩૦૦૦થી ૬૦૦૦ ફૂટની ઊંચાઈએ ઊગે છે. તે વાડ બનાવવામાં ઉપયોગી છે. તેનાં ફૂલ સુગંધી હોય છે.

ગોઝબાન ન. ગરજીભ નામના વેલાનાં બિયાં.

ગોઝા ૧. પું. એક જાતનું કાંટાવાળું ઘાસ.

૨. પું. ગજવું; ખીસું.

૩. પું. લોટ કે અડદના પીઠામાંથી બનાવેલી એક જાતની મીઠાઈ.

ગોઝાર [સં. ગુહ્યાગાર] સ્ત્રી. ઓરડાની બાજુની ઓરડી; ગજાર.

ગોઝારણ ૧. સ્ત્રી. ગોઝારી સ્ત્રી; અપવિત્ર બાઈ.

૨. સ્ત્રી. હત્યા કરનારી સ્ત્રી.

ગોઝારી ૧. સ્ત્રી. (જૂ. ગુ.) ગજાર.

૨. વિ. સ્ત્રી. અશુભ; અપવિત્ર હોય એવી.

૩. વિ. સ્ત્રી. ખરાબ કામ કરનારી; દોષિતા.

૪. વિ. સ્ત્રી. જેણે ગાયની હત્યા કરી હોય એવી; પાપી.

૫. વિ. સ્ત્રી. ભયંકર; ત્રાસદાયક.

૬. વિ. સ્ત્રી. હત્યા કરનારી; ઘાતકી; ખૂની.

ગોઝારું ૧. ન. કોઈના મરણ પાછળ ઉડાવેલું નાણું.

૨. ન. સ્મશાનમાંથી જડેલું સોનું અથવા રૂપું.

૩. [સં. ગો + હત્યા] વિ. અપવિત્ર; જ્યાં હત્યા થયેલી હોય એવું; અશુભ; અમંગળ.

૪. વિ. ખરાબ કામ કરનાર; દોષિત.

૫. વિ. ઘાતકી; ખૂની; હત્યારું.

૬. વિ. જેણે ગાયની હત્યા કરી હોય એવું; પાપી.

૭. વિ. ભયંકર; ત્રાસદાયક.

ગોટ ૧. પું. એકી વખતે એક જ દમે જેટલું મોઢામાં માય તેટલી વસ્તુ; ઘૂંટડો.

૨. પું. ગોળાકાર જથ્થો.

૩. પું. ધુમાડાનો ગોટો.

૪. પું. બૈરાં તથા છોકરાંને હાથે પહેરવાનું એક ઘરેણું.

૫. પું. (કચ્છી) વર.

૬. સ્ત્રી. ગામડું.

૭. [સં. ગુટિકા] સ્ત્રી. ચોપાટનું સોગઠું.

૮. સ્ત્રી. બીજા રંગના કપડાને ઓટીને મૂકેલી કિનાર.

૯. સ્ત્રી. મીજબાની.

૧૦. સ્ત્રી. સોબત; સાથ.

૧૧. [અં.] ન. બકરૂં.

ગોટકડો પાંદડિયો (ગોટકડ઼ો પાંદડ઼િયો) પું. એક જાતનો છોડ. તે એકાદ ફૂટ ઊંચો વધે છે. તેનાં પાન અરધાથી પોણા ઇંચ લાંબાં અને તેટલા જ પહોળાં હોય છે. પુષ્પ ધારણ કરનારી સળી પાતળી અને ૩થી ૪ ઇંચ લાંબી હોય છે. તેમાં લાંબી પાંખડીનાં ફૂલ થાય છે અને શિંગો ચપટી આવે છે.

ગોટકી સ્ત્રી. ફૂંઢી ભેંસ.

ગોટકો ૧. પું. કાથાચૂનાવાળું મસાલાદાર પાનનું બીડું.

૨. પું. ચાવ્યા વગર ગળે ઉતારવાની ગોળી.

૩. પું. જેની લંબાઈ પહોળાઈ ઓછી અને જાડાઈ વધારે હોય એવી બાંધણીની ચોપડી; નાનું જાડું પુસ્તક.

૪. પું. ઝોળી; બટવો.

૫. પું. પિત્તળની દાબડીમાં બેસાડેલી દેવની છબી.

૬. પું. ભક્તોએ તૈયાર કરેલો જાદૂઈ દડો. તે મોઢામાં મૂકવાથી અદૃશ્ય થવાનું મનાય છે.

૭. પું. રમતમાં વપરાતો ઠીકરાનો કટકો.

ગોટપીટ ન. અંગ્રેજી કે એવી ભાષા બોલવી તે. કટાક્ષમાં આ શબ્દ બોલાય છે.

ગોટપીટ કરવું = અંગ્રેજી ભાંગ્યુંતૂટ્યું બોલવું.

ગોટપોટ ૧. વિ. અવ્યવસ્થિત.

૨. અ. મોઢે માથે ઓઢી ટૂંટિયાં વાળીને સૂતેલું હોય તેમ.

ગોટમડાં (ગોટમડ઼ાં) સ્ત્રી. એ નામની એક રમત; ગુલાંટ.

ગોટમોટ જુઓ ગોટપોટ.

ગોટલ ન. ઝીક જરીવાળા કમખા ઉપર મૂકવાની પટીનું કાપડ.

ગોટલા સ્ત્રી. એક દેશી રમત; દમગોટીલો.

ગોટલી ૧. સ્ત્રી. નાનો ગોટલો.

૨. સ્ત્રી. ફળના ગોટલાની અંદરની મીજ.

ગોટલીબાજી = ગોટલી જેમ ગોટલામાં ગુપ્ત રહે છે તેમ ગુપ્ત ખેલ ખેલવો તે; પ્રપંચ.

૩. સ્ત્રી. માથાનો મેલ દૂર કરવાનું સાધન.

૪. સ્ત્રી. માંસનો સખત થયેલો લોચો.

ગોટલી ચડવી = હાથ, પગ ને પેટના સ્નાયુનું ખેંચાઈ દડા જેવું રૂપ ધારણ કરવું. સ્નાયુ ખેંચાવાથી ને તેમાં સંકોચન થવાથી તે દડા જેવું રૂપ ધારણ કરે છે. કેટલીક વખતે અતિસારની અંદર પણ ગોટલી ચડે છે.

૫. વિ. સ્ત્રી. ગટ્ટી; ઠીંગણી; વામનજી.

ગોટલું ન. ફળની અંદરનું કોટલાવાળું બીજ.

ગોટલો ૧. પું. ફળની અંદરનું કોટલાવાળું બી; કેરી વગેરેનું બી.

૨. પું. માંસનો સખત થયેલો લોચો; કઠણ માંસપિંડ.

ગોટલા બાઝવા = (૧) કળતર થવી. (૨) લોચા બાઝવા.

ગોટવવું સ. ક્રિ. ગોટે ચડે એમ કરવું; ગૂંચવણમાં નાખવું; ગૂંચવવું.

ગોટવાવું ૧. અ. ક્રિ. ગૂંચાવું; ગોટા વળવા.

૨. અ. ક્રિ. ધુમાવું.

ગોટા ૧. પું. એક જાતની મીઠાઈ; ગુલગુલે.

૨. પું. ગોટાળો; ગૂંચવણ.

૩. પું. સોનેરી અથવા રૂપેરી લેસ.

ગોટાકરણ ન. એક જાતની વનસ્પતિ. તેનું ફૂલ ફૂલગુલાબી રંગનું હોય છે.

ગોટાકોર સ્ત્રી. ગોટાની છાપવાળી કિનાર; ગોટા જેમાં ગૂંથ્યા હોય એવી કોર.

ગોટાગોર જુઓ ગોટાકોર.

ગોટાવું ૧. અ. ક્રિ. ગૂંચાવું.

૨. અ. ક્રિ. ગોટા વળવા.

૩. અ. ક્રિ. ધુમાવું; ધૂંધવાવું.

ગોટાળો ૧. પું. અવ્યવસ્થા; ગરબડ.

૨. પું. ગૂંચવણ.

૩. પું. ધાલમેલ.

૪. પું. તળે ઉપર, ઊંધી ચતી કે અસરલ હાલત; ઊથલપાથલ.

ગોટાળો કરવો-વાળવો = અવ્યવસ્થિત કરવું; ઊથલપાથલ કરવી.

ગોટાળોપિંડાળો ૧. પું. કપડાને ગમે તેમ ડૂચો કરી ફેંકી દેવું તે.

૨. પું. ગોટોપોટો; હિસાબમાં ધાલમેલ કરી નાણું ખાઈ જવાં તે.

ગોટાળોપોટાળો જુઓ ગોટાળોપિંડાળો.

ગોટિડો (ગોટિડ઼ો) ૧. પું. કપડાંનો બનાવેલો દડો; ગોટો.

૨. પું. ગોઠિયો; મિત્ર; દોસ્ત.

ગોટિયું ૧. ન. જેમાંથી ધુમાડો નીકળતો હોય એવું ઉમાડિયું; ખોયણું.

૨. ન. પાવડીની અંદર ઘાલવાનો કટકો; બોતાનું.

ગોટી ૧. સ્ત્રી. કણી.

૨. સ્ત્રી. કસબ બાળ્યા પછી રહેલી ધાતુની ગોળી.

૩. સ્ત્રી. કોચલાથી ઢંકાયેલું ગરભવાળું ફળ.

૪. સ્ત્રી. ગોટા જેવી કિનારી.

૫. સ્ત્રી. ગોળો; પિંડ.

૬. [સં. ગુટિકા] સ્ત્રી. ચોપાટ રમવાનું સોગઠું.

૭. સ્ત્રી. તમાકુનો પડો; તમાકુની આંટી.

૮. સ્ત્રી. એક જાતનું તળિયું.

૯. સ્ત્રી. નાની લોહીની ગાંઠ.

ગોટી ઘાલ્યો = બાળકને ધમકાવતાં બોલાતો પ્રયોગ. ગળે નાની સરખી ગાંઠ નીકળે ત્યારે બરાબર ખવાતું નથી તે ઉપરથી એમ બોલાય છે.

૧૦. સ્ત્રી. પાસો.

૧૧. સ્ત્રી. પીઠ ઉપર થતું એક જાતનું ગૂમડું.

૧૨. સ્ત્રી. મગ અથવા મઠના છોડને વાઢીને કરેલો ઢગલો.

૧૩. સ્ત્રી. રમવાની ગોળી.

૧૪. સ્ત્રી. રૂપાનો નાનો ગઠ્ઠો.

૧૫. સ્ત્રી. લેઉઆ કણબીની એ નામની એક અટક.

૧૬. સ્ત્રી. સાબુનું ચોસલું.

૧૭. ન. એ નામની અટકનું માણસ.

૧૮. વિ. એ નામની અટકનું.

ગોટીકડું (ગોટીકડ઼ું) ૧. વિ. ગોળ.

૨. વિ. ઠીંગણું.

ગોટીકલું જુઓ ગોટીકડું.

ગોટીકા [સં. ગુટિકા] સ્ત્રી. દવાની ગોળી.

ગોટીમડું (ગોટીમડ઼ું) ૧. ન. ગુલાંટ; માથું જમીન ઉપર ટેકવી પગ ઊંચા કરી ખવાતો ઊથલો.

૨. ન. નાનું ફળ.

૩ ન. ભૂલ.

ગોટીમલું જુઓ ગોટીમડું.

ગોટીલા સ્ત્રી. એ નામની એક રમત; દમગોટીલો.

ગોટીલું ૧. ન. કુરકુરિયું.

૨. ન. ગુલાંટ.

ગોટીલો ૧. પું. કપડાંને આમળી તથા ગૂંથીને બનાવેલો કૂચડો; સાટકો; કોરડો.

૨. પું. કપડાને એક છેડે ગાંઠ વાળીને બનાવેલું ઝાપટણું.

૩. પું. કાંઠલો.

૪. પું. નક્કર ગોળો; દડો.

૫. [સં. કૌટ્ટિક; પ્રા. કોટ્ટિલ] પું. રૂ પીંજવાનું લાકડાનું બે છેડે ગોળ ગઠ્ઠાવાળું સાધન; પીંજણની તાંત ઉપર ઠોકવાની મોગરી.

ગોટું ૧. ન. એક જાતનું ધાન્ય. તેના છોડ ૩ થી ૪ ફૂટ ઊંચા હિમાલયના પ્રદેશમાં થાય છે. તેના ઉપર ગુવારના જેવી શિંગ આવે છે. તેનાં બીને સૂકવીને તેનો લોટ બનાવીને ગરીબ લોકો પોતાના ઉપયોગમાં લે છે.

૨. ન. ભૂલ; ગોથું.

ગોટેગોટ અ. ઉપરાઉપરી ધુમાડાના ગોટા નીકળતા હોય તેમ.

ગોટેગોટા ૧. પું. બ. વ. ગૂંછળાં.

૨. સ્ત્રી. એ નામની એક રમત; દમગોટીલો.

ગોટો ૧. પું. ઊંધુંચત્તું કરી નાખવું તે; ઊથલપાથલ.

૨. પું. ગૂંચવાડો; ગોટાળો.

૧. ગોટા વાળવા = (૧) અમુક બાબત છુપાવવા એકને બદલે બીજો પ્રસંગ કાઢવો. (૨) ગેંગેંફેંફેં કરવું; ગભરાવું.

૨. ગોટો કાઢવો = મેળ સરખો કરવો; વ્યવસ્થિત કરવું.

૩. ગોટો ઘાલવો = (૧) ઉકેલ ન માલૂમ પડે તેમ અસ્તવ્યસ્ત કરી નાખવું; ગૂંચવણ કરવી. (૨) ઉચાપત કરવું. (૩) વચ્ચે ફાંસ મારવી; કુસંપ કરાવવો.

૪. ગોટો વાળવો = (૧) ઉચાપત કરી જવું. (૨) ઊંધુંચત્તું કરી નાખવું; ઊથલપાથલ કરી ગોટો ગરબડ કરી મૂકવી. (૩) ગૂંચવણ કરવી. (૪) ગેંગેંફેંફેં કરવું. (૫) ચોખ્ખું ન બોલવું.

૩. પું. ગોળો; પિંડો.

૪. પું. ઝીણી ઝીણી પાંખડીવાળું એક જાતનું પીળું અથવા રાતું ફૂલ; ગલગોટો.

૫. પું. દડો.

૬. પું. ધુમાડાનું અથવા ધૂળનું ગૂંછળું.

૭. પું. નાળિયેરમાં સુકાઈને દડા જેવું થઈ ગયેલું ટોપરું.

૮. પું. પેટમાં દુખવાનો એક રોગ; ગુલ્મ; ગોળો.
ગોટો ચડવો = પેટમાં વાયુનો ગોળો થવો. તેથી પેટમાં સખત દુખાવો થાય છે ને દરદી રાડોરાડ પાડ્યાં કરે છે. કૃમિને લઈને, મળાવરોધથી તથા પેટમાં પવન ભરાવાથી પણ ગોટો ચડી આવે છે.

૯. પું. ફળની અંદર રહેલ કોટલાવાળું ગોળ બીજ.

૧૦. પું. શેક કરવામાં વપરાતો લૂગડાનો ગોટો; પોટલી.

૧૧. પું. સળી સાથે દોરાથી બાંધી કરેલો ફૂલનો ગુચ્છ; ગજરો; કલગી; તોરો.

૧૨. સ્ત્રી. એક જાતની કેરી.

ગોટોપોટો ૧. પું. ગમે તેમ ડૂચો કરી નાખેલ કપડું.

૨. પું. ગરબડ; અવ્યવસ્થા; ગોટપોટ કરવું તે.

૩. પું. ગોળો; પિંડ.

૪. પું. મોઢે માથે ઓઢીને બેસવું કે સૂવું તે.

૫. પું. હિસાબમાં ઘાલમેલ કરી નાણાં ખાઈ જવાનું અપ્રમાણિકપણું.

ગોટ્ઠિઅ [સં. ગોષ્ઠિક] પું. (પ્રાકૃત) ગોઠિયો; મિત્ર.

ગોટ્ઠી ૧. [સં. ગોષ્ટી] સ્ત્રી. (પ્રાકૃત) રમતની મંડળી.

૨. સ્ત્રી. વ્યભિચારી પુરુષોની મંડળી.

ગોઠ ૧. [સં. ગોષ્ઠી; અપ. ગોઠિ] સ્ત્રી. અંતરની વાતચીત; છાની વાત; ગુફતેગો; ગોષ્ઠી; ગોઠડી.

૨. સ્ત્રી. ગામ; ગામડું.

૩. સ્ત્રી. ગાયને રહેવાનું સ્થાન; કોઢ; ગોષ્ઠ; વાડો.

૪. સ્ત્રી. જંપ; નિરાંત.

૫. સ્ત્રી. પક્ષીનો માળો.

૬. સ્ત્રી. મશ્કરી; ટોળ.

૭. સ્ત્રી. મિજબાની; ખાણું; ઉજાણી; જયાફત.

૮. સ્ત્રી. યારી; મિત્રતા.

૯. સ્ત્રી. રણ માંહેની કેટલીક ન્યાતોમાં લગ્નને ચોથે દહાડે કન્યાને માંડવે જાનૈયાને આમંત્રી ભોજન આપવાને પ્રસંગે અપાતી ભેટ.

૧૦. સ્ત્રી. સખી; સ્ત્રી મિત્ર.

૧૧. સ્ત્રી. સલામી; ઇનામ.

૧૨. સ્ત્રી. સાડલાને મૂકવામાં આવતી કપડાની બેવડ પટી; મગજી; કપડાની કિનારીએ ખૂબસૂરતી માટે મૂકવામાં આવતી લૂગડાની પટી.

૧૩. સ્ત્રી. સાડીને છેડે મુકાતી ઝીણી રૂપેરી અથવા સોનેરી તુઈ.

૧૪. સ્ત્રી. હોળીના દિવસોમાં ગુલાલ વગેરે છાંટનારને અપાતી ભેટ; હોળી ઉપર ઘેરૈયાને અપાતી બક્ષિશ.

ગોઠઈ ન. ગામતરું.

ગોઠડલી (ગોઠડ઼લી) જુઓ ગોઠડી.

ગોઠડી (ગોઠડ઼ી) ૧. સ્ત્રી. અંતરની વાત; મસલત; ગોઠ; ગોષ્ઠી; છાની વાત.

૨. સ્ત્રી. મશ્કરી.

ગોઠડિયા (ગોઠડ઼િયા) ૧. સ્ત્રી. લેઉઆ કણબીની એ નામની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગોઠડું (ગોઠડ઼ું) ૧. ન. ગામડું.

૨. ન. ભેટ; ગોઠ.

ગોઠણ ૧. પું. નળાની ઉપરનો ભાગ; ઘૂંટણ; ઢીંચણ.

ગોઠણ વાળવા = ઊંધી પલાંઠી વાળીને બેસવું.

૨. સ્ત્રી. બહેનપણી; સહચરી; સખી; સ્ત્રી મિત્ર.

ગોઠણપૂર વિ. ગોઠણ સુધી પહોંચે તેટલું; ગોઠણબૂડ.

ગોઠણબૂડ જુઓ ગોઠણપૂર.

ગોઠણભર અ. ગોઠણની મદદથી; ભાંખોડિયાભર.

ગોઠણવા વિ. ગોઠણ સુધી પહોંચે તેટલું; ગોઠણસમું.

ગોઠણસમું જુઓ ગોઠણવા.

ગોઠણિયું ન. ગોઠણ નીચે રાખવાનો તકિયો.

ગોઠણિયો પું. ગોઠણ નીચે રખાતું ઢીંચણિયું.

ગોઠણી ૧. સ્ત્રી. ગોઠવણ; ભાંજગડ.

૨. સ્ત્રી. હાંલ્લાની ઉતરડ ઊભી કરવાની બેસણી; ઈંઢોણી.

ગોઠતું ૧. વિ. ગમતું; પસંદ પડતું.

૨. વિ. માફક; અનુકૂળ આવતું.

૩. વિ. યોગ્ય; લાયક.

ગોઠનદંડ પું. વ્યાયામના દંડનો એક પ્રકાર; શરીરને બે હાથની હથેળીને ગોઠણ ઉપર ટેકવી દંડ કાઢવા તે. આ દંડ કાઢતાં ગોઠણ જમીન ઉપરથી ઊંચા ન જવા જોઈએ. મોટા પેટવાળા લોકોએ શરૂઆતમાં આ દંડ કરવાના છે.

ગોઠમડી (ગોઠમડ઼ી) સ્ત્રી. એક જાતનો વેલો. તેના નાળિયેર જેવડા ફળ ઉપર લીલા પીળા પટા હોય છે. તેનું શાક તથા અથાણું સ્વાદિષ્ઠ બને છે.

ગોઠમડું (ગોઠમડું) ન. ગુલાંટ.

ગોઠલી સ્ત્રી. કેરીની ગોટલી.

ગોઠલું જુઓ ગોઠલું.

ગોઠવણ ૧. સ્ત્રી. ગોઠવવાની રીત; રચના.
૨. સ્ત્રી. તજવીજ; યુક્તિ.
૩. સ્ત્રી. મંડાણ.
૪. સ્ત્રી. વ્યવસ્થા; બંદોબસ્ત.
૫. સ્ત્રી. સગવડ; સોઈ.

ગોઠવણી જુઓ ગોઠવણ.

ગોઠવવું ૧. સ. ક્રિ. યુક્તિ શોધી કાઢવી; તજવીજ કરવી.
૨. સ. ક્રિ. વ્યવસ્થાપૂર્વક મૂકવું; બરાબર રહે તેમ મૂકવું; વ્યવસ્થિતપણે બંધબેસતું કરવું.

ગોઠવું ૧. અ. ક્રિ. સ્થિર થવું.
ગોઠવાઈ જવું = પરણી જવું.
૨. સ. ક્રિ. પાલવવું; ઠીક પડવું.
૩. સ. ક્રિ. યોગ્ય લાગવું; ગમવું; અનુકૂળ આવવું; મનપસંદ પડવું; માફક આવવું.

ગોઠવાવું ૧. અ. ક્રિ. બેસી જવું; ઘૂસી જવું.
૨. અ. ક્રિ. વ્યવસ્થિત થવું; બંધબેસતું થવું.

ગોઠાઈ ૧. પું. દોસ્ત; સાથી; મિત્ર; સોબતી.
૨. સ્ત્રી. અપમાન; અસન્માન; અનાદર.
૩. સ્ત્રી. ઉજાણી.
૪. સ્ત્રી. ઠગાઈ; લુચ્ચાઈ.
૫. સ્ત્રી. લોંઠાઈ; વગુરાઈ.

ગોઠાણ ન. ગોસ્થાન; ગોંદરો; ઢોરને ઊભા રહેવાની જગ્યા.

ગોઠિ સ્ત્રી. (જૂ. ગુ.) ગોષ્ઠી; વાતચીત.

ગોઠિયણ સ્ત્રી. સહિયર; સાહેલી; સખી; બહેનપણી; સ્ત્રી મિત્ર.

ગોઠિયો [સં. ગોષ્ઠિક; પ્રા. ગોઠ્ઠિલ્લ] પું. જેની સાથે ગોઠતી હોય એવો માણસ; દોસ્ત; સાથી; મિત્ર; સોબતી; ભાઈબંધ.

ગોઠી ૧. પું. એકજ કુળનો પુરુષ.
૨. પું. (જૈન) દેરાસરનો પૂજારી.
૩. પું. સાથી; સોબતી.
૪. સ્ત્રી. કડવા કણબીની એ નામની એક અટક.
૫. ન. એ નામની અટકનું માણસ.
૬. વિ. એ નામની અટકનું.

ગોઠીમડી (ગોઠીમડ઼ી) સ્ત્રી. એક જાતની વેલી; કોઠીમડી. તેનાં ફળ ઔષધમાં વપરાય છે.

ગોઠીમડું (ગોઠીમડ઼ું) ૧. ન. એક જાતનું નાનું ફળ; ગોઠીમડીનું ફળ; કોઠીમડું.
૨. ન. માથું નીચું રાખી પગ ઊંચા કરી ફરી જવું તે; ગુલાંટ.

ગોઠીમલું જુઓ ગોઠીમડું.

ગોઠીલ પું. ગોઠિયો; ભાઈબંધ; મિત્ર.

ગોઠું ન. મસલત; ગોષ્ઠી.

ગોઠો ૧. [સં. ગોષ્ઠ; પ્રા. ગોટ્ઠ] પું. ગાય; ઢોર વગેરે બાંધવાની જગ્યા; વાડો; કોઢ.
૨. પું. જંપ; નિરાંત.
૩. પું. પક્ષીનો માળો.
૪. પું. રૂનો જથો.

ગોડ ૧. પું. ગોઠણ.
૨. (ગોડ઼) [સં. ગૌડ] પું. ગૌડ દેશ.
૩. [સં.] પું. ઠૂંટો; વધેલી ઠૂંટી.
૪. [હિં.] પું. પગ.
૫. [અં.] પું. પરમેશ્વર; પ્રભુ.
૬. સ્ત્રી. ગોડવું તે.
૭. સ્ત્રી. રજપૂતની એ નામની એક અટક.
૮. ન. એ નામની અટકનું માણસ.
૯. ન. શરીર ઉપર ચામડીમાં રસવિકારથી થતી ગાંઠ; ઢીમણું. તે કઠણ હોય ત્યાંસુધી ગોડ અથવા ગડ અને પાકવા માંડે ત્યારે ગૂમડું કહેવાય છે.
૧૦. વિ. એ નામની અટકનું.
૧૧. વિ. મીઠું; સ્વાદિષ્ટ.
૧૨. વિ. રૂપાળું.
૧૩. વિ. સારૂં.

ગોડકડી (ગોડ઼કડી) ૧. [હિં.] સ્ત્રી. બેડી.
૨. સ્ત્રી. હાથીને પગે બંધાતી સાંકળ.

ગોડકદરું (ગોડ઼કદરું) ન. ઝેરકોચલાનું ઝાડ.

ગોડકલ્યાણ (ગોડ઼કલ્યાણ) પું. (સંગીત) એ નામનો એક રાગ.

ગોડગૂમડ (ગોડ઼ગૂમડ઼) ન. ગડગૂમડ; ગોડ અને ગૂમડાં.

ગોડના (ગોડ઼ના) ન. સરયૂને કિનારે આવેલ એ નામનું એક ગામ. ત્યાં ગૌતમ આશ્રમ છે. અમુક મત પ્રમાણે ગૌતમબુદ્ધ પાટલિપુત્રથી નીકળી આ જગ્યાએ ગંગા નદી ઊતર્યા હતા. તેમના નામ ઉપરથી આ નામ પડ્યું છે.

ગોડબજાણિયો (ગોડ઼બજાણિયો) પું. મદારી; ખેલાડી.

ગોડબંગાલ (ગોડ઼બંગાલ) પું. ભેદ; ગોટાળો.

ગોડબોલે (ગોડ઼બોલે) ૧. સ્ત્રી. એ નામની મરાઠી અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.
૪. વિ. મધુભાષી; મીઠાબોલું.

ગોડમલ્હાર (ગોડ઼મલ્હાર) સ્ત્રી. (સંગીત) મલ્હારની અગિયાર માંહેની એક રાગિણી. તે ગાવાનો સમય દિવસનો ત્રીજો પહોર છે. જાતિ સંપૂર્ણ એટલે ખરજ, રિખભ તીવ્ર, ગંધાર તીવ્ર, મધ્યમ તીવ્ર કોમળ બંને, પંચમ, ધૈવત તીવ્ર અને નિખાદ તીવ્ર કોમળ બંને એ પ્રમાણે સાતે સ્વર આવે છે.

ગોડરી [હિં.] સ્ત્રી. ઈંઢોણી.

ગોડવવું સ. ક્રિ. રેડવવું; દડે એમ કરવું.

ગોડવું ૧. સ. ક્રિ. ખોદવું; મૂળમાંથી ઉખેડી નાખવું.
૨. સ. ક્રિ. દાતરડી કે કોદાળી વડે ક્યારા પોચા કરવા.
૩. સ. ક્રિ. નીંદવું; ખરપવું.
૪. સ. ક્રિ. સંભોગ કરવો.

ગોડસારંગ (ગોડ઼સારંગ) પું. સારંગ રાગનો એક ભેદ.

ગોડા (ગોડ઼ા) ૧. પું. ગોઠણ; ઘૂંટણ.
૨. [હિં.] પું. પગ.
ગોડા તૂટવા = (૧) નિરાશ થવું. (૨) પગ ભાંગવો. (૩) બહુ ચાલવાથી થાકી જવું.
૩. પું. પગનો અંગૂઠો.
૪. સ્ત્રી. ગોદાવરી નદીનું અસલ નામ.
૫. સ્ત્રી. વાણિયાની એ નામની એક અટક.
૬. ન. એ નામની અટકનું માણસ.
૭. વિ. એ નામની અટકનું.

ગોડાઉન [પો.] સ્ત્રી.; ન. માલ ભરી રાખવાની જગ્યા; વખાર; ગોદામ; કોઠી; 'વેરહાઉસ'.

ગોડાકી સ્ત્રી. ચાલાકી; લુચ્ચાઈ.

ગોડાયો પું. ધાવરો કે ધોતિયાને પાછળ ખોસી ગોઠણ સુધી ઊંચું રાખવાપણું.

ગોડાવવું સ. ક્રિ. ખોદવું; ખણવું; જમીન ખોદીને પોચી કરવી.

ગોડાવું અ. ક્રિ. ખોદાવું; ખણાવું.

ગોડિબું ન. એક જાતનું લીંબુ.

ગોડિયાં ન. બ. વ. આપધાઈ એટલે પોતે જ પોતાને ધાવનારી ગાયને ગળે બે બાજુ ખપાટનાં બટકાં બાંધવામાં આવે છે તે. તેથી તે પાછું જોઈ શકતી નથી, એટલે આઉ સુધી તેનું મોઢું પહોંચી શકતું નથી.

ગોડિયો (ગોડ઼િયો) ૧. પું. જાદૂગર; મદારી.
૨. વિ. યુક્તિ લગાવનાર.

ગોડી ૧. સ્ત્રી. ઘેટાં બકરાંના આગલા પગના ઘૂંટી ઉપરના છાતી તરફના ભાગનું માંસ.
૨. સ્ત્રી. નફો; ફાયદો.

૩. સ્ત્રી. પત્ની; સ્ત્રી.

૪. સ્ત્રી. (સંગીત) માલકોષ રાગની એક રાગણી. તે પાછલે પહોરે સાડાચાર પાંચને અમલે ગવાય છે. તેમાં વીર અને શૃંગારરસ હોય છે. તેમાં રિખભ ધૈવત કોમળ અને મધ્યમ તીવ્ર હોય છે.

૫. સ્ત્રી. મીઠાશ; મધુરતા.

ગોડીઊ (ગોડ઼ીઊ) ન. સૂતર.

ગોડીઊં (ગોડ઼ીઊં) ૧. ન. ધોડિયું.

૨. ન. તાર; તાંતણો; દોરો.

૩. ન. વળ; પેચ.

ગોડીપડવો (ગોડ઼ીપડ઼વો) પું. ચૈત્ર માસનો પહેલો દિવસ; ગૂડી પડવો; શાલિવાહન શકનો પહેલો દિવસ.

ગોડીમડાં (ગોડ઼ીમડ઼ાં) સ્ત્રી. એ નામની સુરત તરફની એક રમત.

ગોડીલ ૧. સ્ત્રી. મેમણની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગોડ (ગોડ઼) ૧. અ. ની સાથે; સોબતમાં.

૨. અ. પેઠે; જેમ; માફક; તેમ; મિસાલે.

ગોડેત જુઓ ગોડૈત.

ગોડૈત [હિં.] પું. ગામડાનો ચોકીદાર.

ગોઢ સ્ત્રી. ગામડાને પાદર આવેલી નકામી ઉજ્જડ જમીન.

ગોઢર ન. ખેડેલા ખેતરમાંથી એકઠું કરેલું નકામું ઘાસ.

ગોઢલો પું. ખસી કરેલ બળદ.

ગોણિકપુત્ર પું. કામશાસ્ત્ર વિષે લખનાર એ નામનો એક ગ્રંથકાર.

ગોણિકાપુત્ર પું. એ નામનો એક પંડિત. તેણે પારદાદિક અધિકરણ નામનું પુસ્તક લખ્યું છે.

ગોણિયું ન. ગાય દોહવાનું વાસણ.

ગોણિયો પું. માટીનો ઘડો.

ગોણી ૧. સ્ત્રી. ગાય.

૨. સ્ત્રી. બે સૂપડાંનું એક માપ.

૩. સ્ત્રી. શણનો કોથળો.

ગોણીપતિ પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

ગોણીલો સ્ત્રી. કાળા રંગની ચપટી ભીંગડાંવાળી એક જાતની માછલી. તે દરિયામાં કાંઠા નજીક રહે છે.

ગોણીલોટ પું. કુસ્તીનો એક દાવ.

ગોણો પું. કુંભારનું માટી લઈ આવવાનું દોરી ગૂંથી બનાવેલું છાલકું.

ગોણણી સ્ત્રી. સુવાસણ; અખંડ સૌભાગ્યવતી સ્ત્રી.

ગોત ૧. પું. સમૂહ; જથ્થો.

૨. સ્ત્રી. શોધ; ખોળ; તપાસ.

૩. ન. ગોત્ર; કુળ; વંશ.

ગોતડી (ગોતડ઼ી) સ્ત્રી. કંઠ; ઘાટી; ગળું.

ગોતમ ૧. પું. એ નામનો એક દ્વીપ.

૨. પું. નાનો બળદ.

૩. [સં.] પું. (પુરાણ) ન્યાયશાસ્ત્રના પ્રણેતા એક ઋષિ; અહલ્યાનો પતિ.

૪. પું. બળદ દ્વારા ભિક્ષા માગી નિર્વાહ કરનાર એક વર્ગ.

૫. પું. બુદ્ધ ભગવાન.

ગોતમસ્તોમ ૧. [સં.] પું. એક જાતનો યજ્ઞ.

૨. ન. ગોતમ મુનિએ રચેલું એક સૂક્ત.

ગોતમાન્વય પું. માયાદેવીનો પુત્ર; શાક્ય મુનિ; બૌદ્ધ.

ગોતમી [સં.] સ્ત્રી. અહલ્યા; ગૌતમ ઋષિની પત્ની; શતકર્ણીની માતા.

ગોતમીપુત્ર [સં.] પું. અહલ્યાનો પુત્ર; શતાનંદ મુનિ.

ગોતર ૧. ન. કઠોળની શિંગમાંથી દાણા લઈ લીધા પછી બાકી રહેલો ફોતરાં અને પાંદડાંનો ભૂકો; મઠ, મગ વગેરે અનાજની પાંદડી.

૨. ન. ગોત્ર; વંશ; કુળ.

૩. ન. ઢોરને ખવરાવવાની ઘાસ, પરાળ વગેરે વસ્તુ.

ગોતરગરદન ન. કુળને હણવું તે; ભાઈઓનો નાશ કરવો તે.

ગોતરજ ૧. [સં. ગોત્રદેવતા] પું. કુળદેવ; ગોત્રદેવતા.

૨. સ્ત્રી. કુળદેવી.

૩. સ્ત્રી. રન્નાદે.

૪. વિ. કુળમાં જન્મેલું.

ગોતરડું (ગોતરડ઼ું) ૧. ન. ગોતરજની પૂજા માટે આણેલી માટી અથવા વસ્તુ.

૨. ન. ઢોરનો નળગોટો.

ગોતરણું ન. ગાયને નાખવાનું ખડ.

ગોતરાણી ૧. સ્ત્રી. ખોજાની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગોતરિયો પું. ગોત્રનો પુરુષ.

ગોતરી વિ. એક ગોત્રનું; ગોત્રી; કુટુંબી.

ગોતરેજ જુઓ ગોતરજ.

ગોતલર્જ ૧. પું. ઉત્તમ બળદ.

૨. સ્ત્રી. ઉત્તમ ગાય.

ગોતવણ સ્ત્રી. શોધ; ખોળ; તપાસ.

ગોતવું સ. ક્રિ. શોધવું; ખોળવું; ઢૂંઢવું; તપાસ કરવી.

ગોતા સ્ત્રી. ડૂબકી; ડૂબવાની ક્રિયા.

ગોતાગોત સ્ત્રી. શોધાશોધ; ખોળાખોળ; ફરી ફરીને તપાસ કર્યા કરવી તે.

ગોતામણ ન. ગોતવા બદલ અપાતું મહેનતાણું.

ગોતારા સ્ત્રી. ગામની નજીક આવેલી ફળદ્રુપ જમીન.

ગોતી ૧. ન. એકજ કુટુંબ કે વંશનું માણસ.

૨. ન. મોતી.

ગોતીડો (ગોતીડ઼ો) પું. લગ્નની એક ક્રિયા. તેમાં કુળદેવની પૂજા માટે પવિત્ર માટીનો ઘડો કુંભારને ત્યાંથી લાવવાનો હોય છે.

ગોતીત [સં.] વિ. સમજ બહાર; ઇંદ્રિયો દ્વારા ન જાણી શકાય તેવું; ઇંદ્રિયાતીત; અગોચર.

ગોતીર્થ ૧. [સં.] ન. ગાયનો વાડો.

૨. ન. તળાવમાં ઊતરવાનો આરો.

૩. ન. સરસ્વતી નદીના કાંઠા ઉપર આવેલું એ નામનું એક તીર્થ.

ગોતીર્થક [હિં.] ન. વૈદ્યકપ્રસિદ્ધ એક જાતની વાઢકાપ.

ગોતુ ન. ઘાસ; પરાળ.

ગોતું ૧. ન. કાદવવાળી જગ્યામાં ઊગેલું ઘાસ.

૨. ન. ખાતર.

૩. ન. ખીચડો; સેળભેળ; મિશ્રણ.

૪. ન. ગમે તેમ રાંધેલું, ટાઢું અને સ્વાદ વગરનું અન્ન.

૫. ન. ગોત્ર; વંશ; કુટુંબ.

૬. ન. ગોથું; ફાંકું.

૭. ન. છેતરાવું તે.

૮. ન. ઢોરને ખવરાવવા માટે અનાજ, કપાસ, શિંગ કે કણસલાંના ભૂકાને બાફીને બનાવેલું ખાણ.

૯. ન. મૃગી રોગ; ફેફરું; વાઈ.

૧૦. વિ. છાંડેલું; ખાતાં વધેલું; એઠું.

૧૧. વિ. ટાઢું; શીતળ.

૧૨. વિ. સ્વાદ રહિત; બેસ્વાદ.

ગોતેખો ૧. પું. પાણીમાં ડૂબકી મારનાર માણસ.

૨. સ્ત્રી. આતશબાજી.

ગોતેખોરી સ્ત્રી. પાણીમાં ડૂબકી મારવી તે.

ગોત્ત ન. (જૈન) આઠ માંહેનું એક પ્રકારનું કર્મ; જેના ફળ રૂપે જીવ ઉચ્ચ અથવા નીચ ગોત્ર પામે તે કર્મ.

ગોત્ર ૧. [સં.] ન. અટક; કૌટુંબિક નામ.

૨. ન. આબાદી.

૩. ન. (જૈન) આઠ માંહેનું એક પ્રકારનું કર્મ; ગોત્ત.

૪. ન. કુટુંબ; કુળ; વંશ. ઋગ્વેદમાં ગોત્ર શબ્દ લગભગ ૭ વાર વપરાયો છે, પણ ત્યાં તેનો અર્થ કુટુંબ થતો નથી. ત્યાં તો તેનો અર્થ ગોપ થાય છે. ધીમે ધીમે તેમાં સમૂહનો અર્થ આવતો ગયો અને ઉપનિષદના સમયમાં તે કુટુંબના અથવા કુટુંબની અટકના અર્થમાં વપરાવા લાગ્યો. કેટલાંક ગોત્ર ગંધાર અને પંચાલ વગેરે સ્થળનાં નામ ઉપરથી પણ પડ્યાં છે, પણ સૂત્રકાલની અંદર સપ્તર્ષિ અને અગસ્ત્યે મળીને ‘આઠ ઋષિમાંના ગમે તે કોઈનો વંશજ’ એવા અર્થમાં ગોત્ર શબ્દ વાપર્યો. આ સાતની સંખ્યા ધીમે ધીમે ૪૯ સુધી પહોંચી અને દ્વિજને આ ૪૯ ઋષિમાંથી ગમે તે એક ગોત્ર હોય છે. શાસ્ત્ર પ્રમાણે જેનાં ગોત્ર એકજ હોય તેનાં લગ્ન થઈ શકે નહિ. એક જ ગોત્રમાં પરણેલાંની સંતતિ અશાસ્ત્રીય હોવાથી ચાંડાલ ગણાય છે. ગોત્રમાં થઈ ગયેલા પ્રખ્યાત ઉત્તમ પુરુષો પ્રવર કહેવાય છે. વેદના સમયમાં લગ્ન વિષયમાં આવી બંધી ન હતી અને ગોત્ર અને પ્રવર પણ ન હતાં, કારણકે જેમ વધારે પ્રજા થાય તેમ તેઓ ઇચ્છતા હતા. જેમ જેમ આર્ય લોકો ગંગા નદીની ખીણમાં આગળ વધ્યા તેમ તેમ સૂત્રકાલમાં આવાં ગોત્ર અને પ્રવર ઉત્પન્ન થયાં. સૂત્રલેખકોએ ગોત્ર અને પ્રવરના કૃત્રિમ વાડા બનાવીને લગ્નનું ક્ષેત્ર સંકુચિત કરી નાખ્યું અને આથી સ્વયંવર બંધ પડ્યા.

૫. ન. ખેતર; ક્ષેત્ર.

૬. ન. જંગલ; વન.

૭. ન. ઢોર પૂરવાનો વાડો.

૮. ન. દ્રવ્ય; સંપત્તિ; ધન.

૯. ન. પૃથ્વી.

૧૦. ન. બંધુ; ભાઈ.

૧૧. ન. રસ્તો; માર્ગ.

૧૨. ન. રાજાનું છત્ર.

૧૩. ન. વંશનો મૂળપુરુષ.

૧૪. ન. વૃદ્ધિ; વધારો.

૧૫. ન. શરીર; દેહ.

૧૬. ન. સજાતીય ગુણ.

૧૭. ન. સત્ય વચન.

૧૮. ન. સમૂહ; જથ્થો.

૧૯. ન. સંતતિ; સંતાન.

ગોત્રક [સં.] ન. કુટુંબ; પરિવાર; વંશ.

ગોત્રકર્મ જુઓ ગોત્ત.

ગોત્રકીલા [સં.] સ્ત્રી. પૃથ્વી.

ગોત્રગમન [સં.] ન. એક જ ગોત્રનાં સ્ત્રીપુરુષનો સંબંધ; સગોત્ર સાથે લગ્ન કે શરીરસંબંધ.

ગોત્રઘા ૧. પું. પોતાના કુળની કન્યા પરણવી તે.

૨. પું. પોતાના ગોત્રનાં માણસને મારવાં તે.

ગોત્રજ ૧. સ્ત્રી. કુળદેવી; ગોત્રદેવી; ગોત્રદેવતા.

૨. સ્ત્રી. રન્નાદે; રાંદલ. આ દેવી વિઘ્નવિદારક ગણાય છે અને દરેક શુભ પ્રસંગે તેને તેડવામાં આવે છે.

૩. [સં.] વિ. ગોત્રમાં જન્મેલું; વંશમાં ઉત્પન્ન થયેલ; કુટુંબી; સગોત્ર; એક ગોત્રનું.

ગોત્રપતિ [સં.] પું કુળનો મૂળપુરુષ; કુટુંબછત્ર; કુટુંબનો અગ્રેસર; ગોત્રનો મુખ્ય માણસ.

ગોત્રપતિશાસન [સં.] ન. અલ્પજનસત્તાક રાજ્ય; થોડા મોટા માણસોથી ચાલતું રાજતંત્ર; ‘ઓલિગાર્કિ’.

ગોત્રબંધુ [સં.] પું. એક જ ગામમાં ઉત્પન્ન થયેલો માણસ; પિત્રાઈ ભાઈ.

ગોત્રભાગ [સં.] પું. એક ગોત્રવાળાનો ભાગ.

ગોત્રભિદ ૧. [સં. ગોત્રભિદ્] પું. ઈંદ્ર. તેની આગેવાની નીચે સુરોએ અનેક ગુફાઓ અને ટેકરીઓમાંથી રસ્તો તૈયાર કરેલો હોવાથી, દિતિના ગર્ભના કટકા કર્યા હોવાથી અથવા મેઘને કે પર્વતને તે ભાંગનાર હોવાથી ઈંદ્ર ગોત્રભિદ કહેવાય છે.

૨. [સં.] વિ. કુટુંબીજનોનો નાશ કરનાર.

ગોત્રવાન પું. (પુરાણ) કૃષ્ણને લક્ષ્મણાને પેટે થયેલ એ નામનો એક પુત્ર.

ગોત્રવૃક્ષ [સં.] ન. ધ્રામણ; ધન્વનવૃક્ષ.

ગોત્રસમાસ [સં.] પું. જુદાં જુદાં ગોત્રનું ભળવું તે.

ગોત્રસંતાન [સં.] પું. ગોત્રાપત્ય; વંશજ; ગોત્રી; ગોત્રનું માણસ.

ગોત્રસુતા [સં.] સ્ત્રી. પર્વતની પુત્રી; પાર્વતી.

ગોત્રસ્ખલન ૧. [સં.] ન. ભૂલથી કોઈના નામને બદલે કોઈનું નામ બોલી દેવું તે.

૨. ન. ભૂલમાં સ્ત્રીઓથી સ્વામીનું નામ બોલાઈ જવું તે.

ગોત્રહત્યા [સં.] સ્ત્રી. સગોત્રીને મારવાનું પાપ.

ગોત્રહત્યારું વિ. પોતાના જ ગોત્રના માણસની હત્યા કરનાર.

ગોત્રહા [સં. ગોત્રહન્] પું. ઈંદ્ર.

ગોત્રા ૧. [સં. ગોત્ર] સ્ત્રી. કુળ; વંશ.

૨. સ્ત્રી. ગાયનો સમૂહ.

૩. સ્ત્રી. જમીન; ભૂમિ.

ગોત્રાચાર પું. પોતાના બાપદાદાના વખતથી ચાલતી આવેલી રૂઢિ; પ્રથા.

ગોત્રાદિ [સં.] પું. પાણિનીય વ્યાકરણપ્રસિદ્ધ એક શબ્દગણ.

ગોત્રાપત્ય [સં.] ન. ગોત્રસંતાન; ગોત્રનું માણસ; વંશજ.

ગોત્રાંક [સં.] પું. ગીતિ.

ગોત્રાંગજ પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. આ છંદ મંગલવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૩૧ ગુરુ અને ૨૬ લઘુ મળી ૫૭ વર્ણ અને ૮૮ માત્રા હોય છે.

ગોત્રાંતર [સં.] ન. બીજા ગોત્રમાં જવું તે.

ગોત્રિરાત્રવ્રત ન. ગાય પૂજવાનું ભાદરવા સુદિ ૧૩થી ૧૫ સુધીનું સ્ત્રીઓનું એક વ્રત; ગૌત્રાટ. તે વ્રતમાં ત્રણ દિવસ ઉપવાસ કરી ગાયની પૂજા કરવામાં આવે છે અને ચોથે દિવસે પારણું કરવામાં આવે છે. આ વ્રત સૌભાગ્ય અને સંતતિ આપનારૂં મનાય છે.

ગોત્રી ૧. સ્ત્રી. પછેડાની ગાંઠ.

૨. [સં. ગોત્રિન્] વિ. એક જ ગોત્રનું; કુટુંબી.

ગોત્રીજ ૧. પું. કુળદેવ; ગોત્રના દેવ.

૨. પું. વંશજ; પૂર્વજ.

૩. પું. સોનાના ડોકના ઘરેણા વચ્ચે આવતા એક ભાગનું નામ.

૪. વિ. એક ગોત્રમાં જન્મેલ.

ગોત્રીજારણાં ન. બ. વ. કુળદેવનાં નૈવેદ્ય.

ગોત્રીય વિ. ગોત્રનું.

ગોત્રોચ્ચાર [સં.] પું. ગોત્ર બોલવું તે.

ગોત્વ [સં.] ન. ગાયપણું.

ગોથ ૧. પું. ચારની સંખ્યા માટે વેપારીઓથી વપરાતો સંકેત શબ્દ.

૨. પું. ધોંસરૂં.

૩. સ્ત્રી. એક જંગલી પ્રજા.

૪. [અ.] સ્ત્રી. પતંગનું ઊંધે માથે નીચે પડી જવું તે; ગોથું; ગુલાંટ.

૧. ગોથ ખવડાવવી–મારવી = પતંગ ઊંધે માથે નીચો વળી જાય તેમ કરવું.

૨. ગોથ ખાવી = પતંગ ઊંધે માથે નીચો વળી જવો.

૫. સ્ત્રી. ભૂલથાપ; ચૂક.

ગોથણો પું. ધોંસરાની વચ્ચોવચ્ચ નાડું બાંધવા નાખેલો લોઢાનો ખીલો; ગોફણો; ધૂંસરી નાડવાનો ખીલો.

ગોથપડી (ગોથપડ઼ી) વિ. ચૌદ; ચૌદની સંખ્યાનો વેપારીનો સંકેત.

ગોથલાવવું સ. ક્રિ. ગોથું મારવું.

ગોથાટવું અ. ક્રિ. ગોથે ગોથે મારવું.

ગોથાન [સં. ગોસ્થાન] ન. ગામનાં ઢોર એકઠાં થતાં હોય તે જગ્યા.

ગોથાવવું ૧. સ. ક્રિ. ગોથું મરાવીને ઉપાડવું.

૨. સ. ક્રિ. ફેરવવું.

ગોથાવું અ. ક્રિ. ગોથાં ખાવાં.

ગોથિક ૧. સ્ત્રી. પ્રાચીન ગોથ લોકોની ભાષા.

૨. [અં.] વિ. શિલ્પકળાની એક રચનાનું.

ગોથી સ્ત્રી. ગોથ લોકોની ભાષા.

ગોથું ૧. ન. અથડાવું તે.

૨. ન. ઊંધે માથે પડી રહેવું તે; માથું નીચે હોય તેવી શરીરની સ્થિતિ.

૩. ન. ગડથલિયું; ગુલાંટ.

૪. ન. ઠોકર; ઠેશ.

ગોથું ખવરાવવું = (૧) ઠોકરે ચડાવવું. (૨) ભૂલવવું; ચૂકવવું; ગૂંચવવું.

૫. ન. ઢોર માથું મારે તે; ઢીંક.

૬. ન. નકામા ફાંફાં મારવાં તે.

ગોથું મારવું = ફાંફાં મારવાં.

૭. ન. ભૂલ; ચૂક; ભૂલથાપ.

ગોથું ખાવું = (૧) છેતરાવું. (૨) ભૂલ કરવી; ભૂલ ખાવી.

૮. ન. મૃગી રોગ; વાઈ; ફેફરું.

ગોથેચમર સ્ત્રી. એ નામની એક જાતની કેરી. આ જાત ઘણી મોટી છે. તે સ્વાદે મીઠી અને રેસા વગરની હોય છે. તેનું વજન ત્રણથી ચાર શેર હોય છે. તે ઓગસ્ટ માસમાં પાકે છે.

ગોદ ૧. [સં.] પું. એ નામનો એક દેશ. તે ગોદાવરીના કાંઠા પર હોવાનું મનાય છે.

૨. પું. મસ્તકમાં રહેલ મગજ; ભેજું.

૩. સ્ત્રી. કન્યાને જુદી જુદી ક્રિયા વખતે અપાતી નાળિયેર, મીઠાઈ અને રાતા નાડાની ભેટ.

ગોદ ભરવી = કન્યાને નાળિયેર વગેરે આપવું.

૪. સ્ત્રી. ખોળો; અંક; ઉત્સંગ.

૧. ગોદ લેવી = (૧) ખોળામાં લેવું. (૨) દત્તક લેવું; ખોળે બેસાડવું.

૨. ગોદમાં ઘાલવું-લેવું = સંભાળમાં લેવું; આશ્રય આપવો.

૫. સ્ત્રી. ડખલ; અંતરાય.

૬. સ્ત્રી. પાસું; સોડ.

૭. સ્ત્રી. વારંવાર ટોકચા કરવું તે.

૮. ન. બાળકને ખોળે બેસાડવું તે; દત્તક લેવું તે.

ગોદ દેવી = પોતાના બાળકને દત્તક તરીકે આપવું.

૯. વિ. ગાયનું દાન કરનાર.

ગોદ પસારવી-ફેલાવવી = ભીખ માગવી.

ગોદક્ષિણા [સં.] સ્ત્રી. ગાયની દક્ષિણા.

ગોદડ (ગોદડ઼) ૧. સ્ત્રી. ગોસાંઈની અઢાર માંહેની એક જાત.

૨. સ્ત્રી. વાણિયાની એ નામની એક અટક.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. ન. એ નામની ગોસાંઈની જાતનું માણસ.

૫. વિ. એ નામની અટકનું.

૬. વિ. એ નામની ગોસાંઈની જાતનું.

૭. વિ. ખડબચડું.

૮. વિ. ગોદડિયું; ગોદડાવાળું; જેની પાસે કંથા હોય એવું.

ગોદડબાવા (ગોદડ઼બાવા) પું. એ નામના એક ત્રિકાળદર્શી મહાત્મા.

ગોદડશાહ (ગોદડ઼શાહ) પું. ચીંથરિયો માણસ.

ગોદડિયા (ગોદડ઼િયા) ૧. પું. પ્રસિદ્ધ પુસ્તક વાર્તાલાપના લેખક સ્વામી શ્રી પ્રકાશાનંદજી.

૨. પું. બ. વ. એક જાતનાં લીંબુ.

૩. વિ. પું. બ. વ. ગોદડાવાળા.

ગોદડિયું (ગોદડ઼િયું) ૧. ન. એક જાતનું તળિયું.

૨. ન. ગોદડીમાં હોઈએ તે સમયે થતું રાતનું ગ્રહણ.

૩. ન. શીતળા જેવો એક રોગ.

૪. વિ. ખડબચડું ને જાડું.

૫. વિ. ગોદડીવાળું.

ગોદડિયું લીંબુ = એક જાતનું જાડી ખડબચડી છાલનું લીંબુ.

ગોદડિયો (ગોદડ઼િયો) ૧. સ્ત્રી. ગાયને ગળે લટકતી નરમ ગોદડી જેવી ચામડીની સુંવાળી ઝૂલ.

૨. વિ. પું. ફાટેલ લૂગડાં અથવા ચીથરાં શરીર ઉપર નાખીને ફરનારો.

ગોદડી (ગોદડ઼ી) સ્ત્રી. પાથરણું; નાનું અને પાતળું રૂ અથવા ચીથરાં ભરીને બનાવેલું ગોદડું; ધડકલી; નાનું ગોદડું.

ગોદડીફાડ (ગોદડ઼ીફાડ઼) પું. નેપાળનો એ નામનો એક ઉત્સવ. તે દિવસે મત્સ્યેંદ્રનાથની મૂર્તિને ભોગ માટે પાછી લઈ જવામાં આવેલ.

ગોદડું (ગોદડ઼ું) ન. કપડાના ખોળિયામાં રૂ વગેરે ભરીને બનાવેલું પાથરવા અને ઓઢવાનું સાધન; પાથરણું.

ગોદડું ભારે થઈ પડવું = આકરું થઈ પડવું; સહન ન થઈ શકાવું.

ગોદડો (ગોદડ઼ો) પું. (ભીલી) ગોદડું.

ગોદનહારો પું. શીળી ટાંકનાર.

ગોદના ૧. [હિં.] પું. ધાવતું બાળક.

૨. પું. શરીર ઉપર ત્રાજવાંના ડાઘ.

૩. પું. શેરડી વગેરે ખોદવાનો એક જાતનો પાવડો.

ગોદભરી [હિં.] વિ. સ્ત્રી. બાળકવાળી; સંતાનવાળી.

ગોદરું ન. ગોબરું.

ગોદરેજ ૧. સ્ત્રી. એ નામની અટક.

૨. સ્ત્રી. એક જાતની પ્રખ્યાત તિજોરી.

૩. સ્ત્રી. એક જાતનો દેશી સાબુ.

૪. ન. એ નામની અટકનું માણસ.

૫. વિ. એ નામની અટકનું.

ગોદરો પું. ગોંદરો; પાદર.

ગોદલ [સં.] ન. ઇંદ્રિયોનો સમૂહ.

ગોદલો પું. શેરડીનો કટકો વાવવાનું લાકડાનું એક સાધન.

ગોદવવું ૧. સ. ક્રિ. આમથી તેમ મોકલવું; ધક્કા ખવરાવવા.

૨. સ. ક્રિ. ઉશ્કેરવું.

૩. સ. ક્રિ. ચલાવવું.

૪. સ. ક્રિ. ધોકાવવું.

ગોદવું ૧. સ. ક્રિ. ખોદવું; ખણવું.

૨. સ. ક્રિ. ઘોંચવું.

૩. સ. ભિ. ત્રાજવાં પાડવાં.

૪. સ. ક્રિ. નાશ કરાવવો.

૫. સ. ક્રિ. પ્રેરવું.

૬. સ. ક્રિ. ભૂંડું બોલવું.

૭. સ. ક્રિ. રૂના જીનના રોલની કોરની ધાર કાઢવી.

૮. સ. ક્રિ. લાગણી દુભાવવી.

૯. સ. ક્રિ. સંગ કરવો.

ગોદંત ૧. [સં.] ન. ગાય કે બળદનો દાંત.

૨. ન. હરતાલ.

ગોદંતી સ્ત્રી. સફેદ હરતાલ. તે દમ, શોથ વગેરેમાં અત્યંત લાભકારક મનાય છે.

ગોદાન ૧. [સં.] ન. ગૌદાન; ગાયનું દાન; નિષ્પાપ થવાનો એક વિધિ.

૨. ન. સોળ માંહેનો એ નામનો એક સંસ્કાર. તેમાં બાળકને સોળમે વરસે દાઢી તથા ગુચ્છા એટલે કાનની પાસે ગાલ ઉપર ઊગતા વાળ કાપવાનું હોય છે. સંસ્કારવિધિ મુજબ વિવાહ પહેલાં બ્રાહ્મણે સોળમે વર્ષે, ક્ષત્રિયે બાવીશમે વર્ષે અને વૈશ્યે ચોવીશમે વર્ષે આ સંસ્કાર કરવો આવશ્યક છે. તેને કેશાંત અથવા ગોદાનમંગળ પણ કહે છે.

ગોદાનવ્રત [સં.] ન. ધાર્મિક સોળ માંહેનો ચૌદમો સંસ્કાર. જુઓ ગોદાન ૨.

ગોદામ [અં. ગોડાઉન] ન. વખાર; જ્યાં ઘણો માલ રાખવામાં આવે એવું સુરક્ષિત સ્થાન; કોઠાર; માલખાનું; ગોદી.

ગોદામઘર જુઓ ગોદામ.

ગોદાયૈયા સ્ત્રી. ગોદાવરી નદી.

ગોદાર ૧. પું. વડ અથવા પીપળાનું પાકું ફળ; ટેટો.

૨. સ્ત્રી. ગોદાવરી નદી.

૩. સ્ત્રી. ઝાડની કુમળી ડાળી.

૪. ન. મહુડાનું ફૂલ.

ગોદારણ ૧. [સં.] ન. કોદાળી.

૨. ન. પાવડો.

૩. ન. હળ.

ગોદારવું ૧. સ. ક્રિ. ધક્કા ખવરાવવા.

૨. સ. ક્રિ. પ્રેરવું; ઉશ્કેરવું; ઉત્તેજવું.

૩. સ. ક્રિ. વારંવાર ઉપરાઉપરી ગોદા મારવા.

૪. સ. ક્રિ. વારંવાર કહ્યા કરવું; ટોકવું.

ગોદાવરી ૧. [સં.] સ્ત્રી. દક્ષિણ દેશની એક પ્રખ્યાત નદી. તે નાસિક પાસેથી નીકળી બંગાળાના અખાતમાં વહે છે. આ નદી વિષે પુરાણમાં કથા છે કે મનુષ્યદેહે ભગવાન શંકર ગંગાજીને પરણ્યા હતા, પણ જ્યારે શિવ કૈલાસમાં ગયા ત્યારે પોતાની પત્ની પાર્વતીથી આ વાત ખાનગી રાખવા ગંગાજીને તેણે પોતાની જટામાં સંતાડ્યાં. પાર્વતીજીને આ વાતની ખબર પડી ત્યારે પોતાના પુત્ર ગણેશને પોતાનાં હરીફ ગંગાજીથી મુક્ત કરવા કહ્યું. પૃથ્વી ઉપર દુષ્કાળ મોકલવામાં આવ્યો. ફક્ત ગૌતમ ઋષિનાં ખેતરોમાં જ અનાજ મળે એવી સ્થિતિ આવી. ગૌતમ ઋષિએ બ્રહ્મા પાસેથી એવું વરદાન મેળવ્યું હતું કે જેવું તે બી વાવે તેવો જ તેનો ફાલ આવે. ગૌતમ ઋષિએ દરેક સ્થળે ખૂબ મદદ કરી, છતાં કેટલાક અદેખા ઋષિઓએ તેનો વિનાશ કરવાનાં કાવતરાં કર્યાં. તેનાં ખેતર ચરી જાય તે માટે તેઓએ એક અદ્‌ભુત ગાય ઉત્પન્ન કરી. દયાળુ ગૌતમ ઋષિ ગાયને હાંકી કાઢવા અશક્ત હતા. તેથી તેને હાંકી કાઢવા તેના ઉપર ઋષિએ પાણી છાંટ્યું. કમનસીબે ગાય તરત જ મરી જઈ ઢળી પડી. તેથી ઋષિને ગોવધ કરનાર તરીકે નિંદ્ય સંબોધન થવા માંડ્યું. આ પાપમાંથી મુક્તિ મેળવવાનો એક જ ઉપાય ગંગાજલ હતો. તેથી તે માટે શંકર ભગવાનનું તપ આદર્યું. આખરે શંકરે પ્રસન્ન થઈ તેને દર્શન દીધાં. પોતાની જટાની એક લટ શંકરે તેને આપી. આ લટને મરી ગયેલ ગાય ઉપર નિચોવતાં ગંગાજલનો પ્રવાહ વહેવા લાગ્યો. ગાય સ્ત્રી સ્વરૂપે સજીવન થઈ, જે ગૌતમ ઋષિને ક્ષમા આપી મરણ પામી. પેલા નિચોવેલા પાણીનો ઝરો મટી એની નદી બની. ગાયને જીવ આપ્યો તેથી આં નદીનું નામ ગોદાવરી પડ્યું. ગૌતમ ઋષિ ઉપરથી આ નદીનું બીજું નામ ગૌતમી પણ છે. ગોદાવરી હિંદુસ્તાનની એક મહાન નદી છે. તે ફક્ત ગંગા અને સિંધુથી નાની ગણાય છે. તે ઊંચી સપાટ જમીનમાં થઈને વહે છે. તે લગભગ ૯૦૦ માઈલ લાંબી છે અને ૧,૨૦,૦૦૦ ચોરસ માઈલમાંથી ધોવાણ તે નદીમાં જાય છે. દક્ષિણના ઉચ્ચ પ્રદેશમાં પશ્ચિમ ભાગમાં આવેલા બ્રહ્મપુરી પાસે આવેલ ત્ર્યંબક નામના ગામ પાસેથી તે શરૂ થાય છે. આ ગામડું મુંબઈથી ઈશાન કોણમાં ૭૦ માઈલ દૂર છે. જૂની માન્યતા એવી હતી કે, તે બ્રહ્મપુરી નજીકના જટાફટકા પર્વતમાંથી નીકળી કુશાવર્ત તળાવમાં જમીનની નીચે વહી આવતી. ગંગા નદીની જમીનમાં વહેતી શાખા તરીકે ગોદાવરી ગણાતી હોવાથી તેનું ધાર્મિક માહાત્મ્ય ઘણું જ છે. ખાસ કરીને જેને પ્રજા ન હોય તેઓને માટે તેનું સ્નાન સંતાનસુખ આપનારૂં ગણાય છે. સિંહસંક્રાંતિમાં સૂર્ય કે બૃહસ્પતિ હોય ત્યારે ગોદાવરીસ્નાન ખાસ કરાય છે. આ નદી શરૂઆતમાં પૂર્વમાં અને પછી નૈર્ઋત્યમાં વહે છે. ૬૫૦ માઈલ વહ્યા પછી તેને મોટી ઉત્તર પ્રાણહિતા નદી મળે છે. આ નદી વર્ધા, પેનગંગા અને વાઈનગંગાના સંગમથી બનેલ છે. આગળ જતાં ગોદાવરીમાં ઉત્તર તરફથી ઇંદ્રાવતી અને સાવરી નદી આવી મળે છે. પછી એથી અઢી માઈલના પહોળાઈના પટમાંથી સંકોચાતી બસો વાર પહોળાઈનો પટ બનાવે છે અને બહુ જ જોસથી પોતાનો રસ્તો પૂર્વઘાટમાંથી કરી અવાજ કરતી વહે છે. રાજમુંદ્રિ આગળ નદીનો પટ બે માઈલનો છે અને તેની ઉપર રેલવેનો સુંદર પુલ છે. આગળ જતાં ગોદાવરી ચાર માઈલ પહોળી થઈ જાય છે. તેમાં ઘણા ટાપુઓ છે. તેના મુખ્ય બે ફાંટા છે: (૧) ગૌતમી ગોદાવરી. તે ગોદાવરી ભૂશિર નજીક બંગાળાના ઉપસાગરને મળે છે. (૨) વસિષ્ઠ ગોદાવરી. તે નરસાપુર આગળ સમુદ્રને મળે છે. ગોદાવરીના નાના મોટા કુલ સાત ફાંટામાં પહેલા ફાંટાનું નામ તુલ્ય છે. આ ફાંટો બીજા ૭ ફાંટા જેવડો હોવાથી તેનું નામ તુલ્ય પડ્યું છે. ચંદ્રદેવને ૨૭ પત્ની હતી, તેમાં એક તરફ પોતાનો અતુલ સ્નેહ હોવાથી તેના સસરાએ ચંદ્રને ક્ષય થશે એવો શાપ આપ્યો હતો. તુલ્યમાં સ્નાન કરી ચંદ્રે શાપનું નિવારણ કર્યું હતું. ક્ષયના દરદથી મુક્ત થવાને લીધે પોતાના સોમ નામની યાદગીરી જળવાઈ રહે તે ખાતર સોમેશ્વર નામનું શિવમંદિર ચંદ્રે બંધાવ્યું તેમ મનાય છે. બીજા ફાંટાનું નામ આત્રેયી છે. આત્રેય મુનિએ ત્યાં રહી ઇંદ્રપદ મેળવવા તપ કર્યું હતું તેથી તેનું નામ આત્રેયી પડ્યું છે. ઈ. સ. ના પહેલા સૈકામાં પ્લિનીએ વર્ણન કરેલ કોરિંગા નામનું ગામડું આત્રેયી નજીક છે. ત્રીજા ફાંટાનું નામ ભરદ્વાજ છે. ભરદ્વાજ ઋષિએ પોતાની બહેન રેવતી માટે યોગ્ય પતિ મેળવવા ત્યાં પ્રાર્થના કરેલી. તેથી તેનું નામ ભરદ્વાજ રાખવામાં આવ્યું છે. કત નામનો બ્રાહ્મણપુત્ર ત્યાં આવી ચડ્યો. ઋષિએ તેને શાસ્ત્ર શીખવ્યાં. તેના બદલામાં તેની બહેન રેવતીનું પાણિગ્રહણ કરવાનું કતને ઋષિએ કહ્યું. કતની અનિચ્છા છતાં કબૂલ કરવું પડ્યું. કતે રેવતીને આ નદીમાં સ્નાન કરવાનું કહ્યું. સ્નાન કરતાં રેવતીએ બેડોળપણું ગુમાવી ખૂબસૂરતી પ્રાપ્ત કરી. આથી કત ખુશી થયો. આ ફાંટાને તેથી રેવતી પણ કહે છે. ચોથા ફાંટાને ગૌતમી કહે છે. ગૌતમ ઋષિએ તેની પત્નીને ઇંદ્ર સાથે તેનું શિયળ ભ્રષ્ટ થવાને લીધે શુષ્ક નદી બની જવાનો શાપ આપ્યો હતો. ગૌતમ ઋષિ ઉપરથી આ નદીનું નામ ગૌતમી પડ્યું. ગૌતમ ઋષિની પત્નીએ દયા માટે પ્રાર્થના કરતાં શાપના નિવારણ તરીકે ઋષિએ તેણીને કહ્યું કે, જો તે ગોદાવરી નદીને મળશે તો પુનઃ મૂળ સ્વરૂપ પ્રાપ્ત થશે. પાંચમા ફાંટાને વૃદ્ધગૌતમી કહે છે. ગૌતમ ઋષિને પુત્ર હતો. તેનું નામ પણ ગૌતમ હતું. જન્મથી તે નાક વગરનો જન્મ્યો હતો. પોતાની આ ખામીને લીધે ગૌતમ નિરાશામાં નાસી ગયો અને જ્યાં ત્યાં રખડવા લાગ્યો. રખડતાં રખડતાં તે શ્વેતગિરિ પર્વતની ગુફામાં પેઠો. ત્યાં તેને એક પવિત્ર વૃદ્ધ બાઈ મળી. જે કોઈ આ ગુફામાં દાખલ થાય તેની સાથે લગ્નગ્રંથિથી જોડાવાની તેને આજ્ઞા હતી. ગૌતમનો વિરોધ છતાં બંનેનાં લગ્ન થયાં, પણ તેઓ લોકોનાં નિંદાપાત્ર બન્યાં. અગસ્ત્ય ઋષિની આજ્ઞા મુજબ તેઓએ ગોદાવરીસ્નાન કર્યું અને તેના પ્રભાવથી તે

ખૂબસૂરત યુવાન યુગલ બની ગયું. છઠ્ઠા ફાંટાનું નામ કૌશિકી છે. કૌશિક ઋષિ ઉપરથી એનું નામ કૌશિકી પડ્યું છે. કૌશિક ઋષિ આ પ્રવાહને દરિયામાં લઈ ગયા હતા. એક દિવસ શ્રીરામ ગોદાવરી નદીના પાંચમુખે નાહ્યા પછી આ મુખે આવ્યા અને ત્યાં શિવની સ્થાપના કરી. તેનું નામ રામેશ્વર રાખ્યું. કન્યાકુમારી પાસેનું રામેશ્વર તે આ નહિ. સાતમા પ્રવાહે વસિષ્ઠ નામના ઋષિ વિષ્ણુના નૃસિંહ અવતારના મંદિર આગળ આંતરવેદીમાં તપ કરતા હતા. વસિષ્ઠના જૂના દુશ્મન વિશ્વામિત્ર ઋષિએ હિરણ્યાક્ષનો દીકરો કે જેણે તપથી દૈવી શક્તિ મેળવી હતી તેને વસિષ્ઠ ઋષિને ઈજા કરવા માટે મોકલ્યો. રાક્ષસ આવ્યો અને વસિષ્ઠના સો દીકરાને ખાવા માંડ્યો, પણ ઋષિએ નૃસિંહની પ્રાર્થના કરી અને તેથી નૃસિંહે રાક્ષસનો વધ કર્યો. આ જાત્રાનું મુખ્ય સ્થળ છે.

૨. સ્ત્રી. બારની સંખ્યાસૂચક એક સંજ્ઞા.

ગોદાવવું ૧. સ. ક્રિ. ઉશ્કેરવું; ટોકીને જાગ્રત કે સતેજ કરવું.

૨. સ. ક્રિ. ખોદાવવું; ખણાવવું; ખાડો પડાવવો; ગળાવવું.

૩. સ. ક્રિ. ધક્કા ખવરાવવા; અથડાવવું.

૪. સ. ક્રિ. ધક્કો મારવો; ગોદો મારવો; હડસેલવું.

૫. સ. ક્રિ. નાશ થાય તેમ કરાવવું.

૬. સ. ક્રિ. પોચું થાય એમ કરાવવું.

૭. સ. ક્રિ. ભૂંડું બોલાવવું.

૮. સ. ક્રિ. સંગ કરાવવો.

ગોદાવું ૧. અ. ક્રિ. ખોદાવું; અંદર ને અંદર ઊંડું જવું; ખોદાયા કરે તેવી સ્થિતિમાં હોવું.

૨. અ. ક્રિ. ગોદા વાગ્યા કરે તેમ હોવું; ધક્કા ખાવા; અથડાવું.

ગોદી ૧. સ્ત્રી. કામ પડે ત્યારે ખાડીનું પાણી અંદર આવે જાય એવી ગોઠવણવાળું અને વહાણો તથા આગબોટોને બાંધવા, સમારવા અને ઊભાં રાખવાનું દરિયાકાંઠા ઉપરનું સ્થળ; ફુરજો; 'ડૉક'.

૨. સ્ત્રી. ખોળો; ઉછંગ; ઉત્સંગ.

૩. સ્ત્રી. ગોદાવરી નદી.

૪. સ્ત્રી. વખાર; માલખાનું; 'ગોડાઉન'.

ગોદુગ્ધ [સં.] ન. ગાયનું દૂધ.

ગોદુહ ૧. [સં. ગોદુહ્] પું. ગાય દોહનાર માણસ; ગોવાળિયો.

૨. ન. એક જાતનું તપ કરવાનું આસન.

ગોદૂધ ન. ગાયનું દૂધ.

ગોદેહ પું. દશમા સૈકામાં આર્યાવર્તમાં પ્રવર્તતો એ નામનો ધર્મ.

ગોદો ૧. પું. ખોટ; તોટો; નુકસાન.

૨. પું. છેડતી; અડપલું.

૩. પું. ધક્કો; આંચકો; હડસેલો; મુક્કો.

ગોદો ઘાલવો-મારવો = (૧) છેડ કરવી. (૨) પ્રેરવું. (૨) મારી મારીને ઉશ્કેરવું.

૪. પું. બળદને જોરથી પરોણો મારવો તે.

૫. પું. શૂળ; ચસકો.

ગોદોહન ૧. [સં.] ન. ગાય દોહવાનો વખત.

૨. ન. ગાયને દોહવી તે.

૩. ન. (સંગીત) ષાડવનું એક તાન; મધ્યમ ગ્રામમાં ગાંધાર છોડવાથી ઉત્પન્ન થતું તાન.

ગોદોહની [સં.] સ્ત્રી. ગાય દોહવાનું વાસણ.

ગોદોહિકા ૧. સ્ત્રી. (જૈન) એક જાતનું આસન; ગાય દોહવાને જેવી રીત બેસાય તેમ બેસી ધ્યાન ધરવું કે આતાપના લેવી તે.

૨. સ્ત્રી. ગાયને દોહવી તે.

ગોદ્રવ [સં.] ન. ગાયનું મૂતર.

ગોદ્રહક ૧. [સં.] ન. ગાયો માટે તળાવ; ગાયોનું તળાવ.

૨. ન. ગોધરા શહેરનું જૂનું નામ. ગોધરા શહેરમાં મોટું તળાવ છે અને તે ગાયો માટે બંધાવેલ હશે તેમ કહેવાય છે.

ગોદ્રા સ્ત્રી. નવસારી પ્રાંતની નદીઓમાંથી મળતી એક જાતની માછલી.

ગોદ્વિજપાલક [સં.] પું. ગાય અને બ્રાહ્મણનું રક્ષણ કરનાર પુરુષ.

ગોધ ૧. પું. મહાભારતમાં જણાવેલો એક પ્રાચીન દેશ.

૨. [સં. ગોધા] સ્ત્રી. ઘો; એક જાતનું જંગલી પ્રાણી.

૩. સ્ત્રી. મગર.

ગોધણ ૧. પું. ગોવર્ધન પર્વત.

૨. [સં. ગોધન] ન. ગાયનું ચરવા જતું ટોળું; ગાયનું ગોવારું.

૩ ન. ગાયરૂપી ધન; ગોધન.

૪. ન. મોટા માથાવાળું બાણ.

ગોધણી સ્ત્રી. એક જાતનું ઝાડ; કટગુંદી. તેને કેસરી રંગનાં, મીઠાં, ઝીણાં ગુંદાં થાય છે.

ગોધન ૧. પું. ગોવર્ધન પર્વત.

૨. ન. અડંગર; કાર્તિક સુદિ બીજને દિવસે કરવામાં આવતી એક ક્રિયા.

૩. [સં.] ન. ગાયરૂપી ધન.

૪. ન. ગાયોનું ટોળું; ધણ.

૫. ન. મોટા માથાવાળું બાણ.

ગોધનકર્મ ન. આચાર્ય ગાદીએ બેસે ત્યારે કરવામાં આવતી એક ધાર્મિક ક્રિયા.

ગોધનગિરિ પું. ગોરક નામના ડુંગરાનું પ્રાચીન નામ.

ગોધમ [સં. ગોધૂમ] ન. ઘઉં.

ગોધર ૧. [સં.] પું. પર્વત; પહાડ.

૨. પું. વિષ્ણુ.

૩. પું. શેષનાગ.

ગોધરા ૧. સ્ત્રી. એ નામની એક નદી.

૨. ન. એ નામનું ગુજરાતનું એક શહેર.

ગોધરાની ડાકણ = બીજાનું અનિષ્ટ કરવા ઇચ્છતી મલિન સ્ત્રી.

ગોધરિયું વિ. ગોધરા તરફનું; ગોધરાથી આવેલું.

૧. ગોધરિયું તેલ = એક જાતનું તેલ.

૨. ગોધરિયું લાકડું = ગોધરાના જંગલમાં થતું લાકડું.

૩. ગોધરિયું વાજું = મૂર્ખનું ટોળું.

ગોધર્મ [સં.] પું. મૈથુનમાં અવિચારરૂપ પશુ જેવો ધર્મ; સમાગમમાં આપણું કે પારકું એવો કોઈ વિચાર ન રાખવો તે.

ગોધલિયું ન. નાનો બળદ; વાછડો.

ગોધલિયો પું. ખસી કરેલો બળદ.

ગોધલો ૧. પું. ખસી કરેલો બળદ; ગોધો.

૨. પું. છાજલી; છત.

૩. પું. વિના નોતરે નાતમાં જમવા જનાર પુરુષ.

ગોધા ૧. પું. સામવેદનો એ નામનો એક ઋષિ.

૨. સ્ત્રી. એક જાતનું વૈદિક ચર્મવાદ્ય. તેનો પ્રચાર જૈન વાઙ્મયના કાળમાં ચાલુ હતો.

૩. [સં.] સ્ત્રી. એક જાતનો સાપ.

૪. સ્ત્રી. કાકીડાની જાતનું એક પ્રાણી; ઘો.

૫. સ્ત્રી. ગરોળી.

૬. સ્ત્રી. ધનુષ્યની દોરીનો આઘાત અટકાવવા માટે કાંડા ઉપર બાંધવામાં આવતું ચામડું.

ગોધાઈ સ્ત્રી. એક જાતની ભૂતડી.

ગોધાગોધી સ્ત્રી. એક જાતની દેશી રમત; બળદ બળદ. બે સરખી ઉમરના છોકરા બળદ થાય અને એક જરા મોટો છોકરો હાંકનાર થાય. પછી જમણી તરફ બળદ થયેલા છોકરાને ડાબા હાથને કાંડે અને ડાબી તરફનાને જમણા હાથને કાંડે દોરી બાંધે અને દોરી બાંધેલ હાથે દરેકને એક લાકડીનો છેડો પકડાવે. આમ ત્રણ છોકરાનું એક તેખડું બને. પછી રમનાર બધા છોકરા તેખડામાં ગોઠવાઈ સાથે ઊભા રહી હાંકનાર બળદની જોડીને દોડાવે. જે તેખડું આગળ

જાય તે જીત્યું કહેવાય. થાકી જવાય એટલે રમત બંધ કરવામાં આવે.

ગોધાજાગરણ ૧. ન. અષાડ વદિ અમાસનો દિવસ; દિવાસો.

૨. ન. દિવાસાની રાત્રે સ્ત્રીઓએ આખી રાત જાગવું તે.

ગોધાણી ૧. સ્ત્રી. એ નામની કણબીની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગોધામ ૧. પું. (વહાણવટું) ગત્રી; ઊંટડો.

૨. [સં. ગોધૂમ] પું. ઘઉં.

ગોધામંડલ ન. ઉત્તર ક્રાંત્યંશ ૪૦થી ૫૫ અને વિષુવાંશ ૩૩૦થી ૩૪૫ વચ્ચે આવેલો એ નામનો તારાપુંજ.

ગોધાસુખ પું. એ નામનો એક દાનવ.

ગોધારી પું. એક જાતનો કપાસ. શુદ્ધ ગોધારી જાતનો કપાસ ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકામાં જોવામાં આવે છે. પાકીને જીંડવાં ફાટ્યા પછી જીંડવાં ઉપરથી, કપાસ ઉપરથી તેમ જ કપાસિયા ઉપરથી તે સહેલાઇથી ઓળખી શકાય છે. ગોધારી કપાસના રૂના તાર દેશી કપાસનાં રૂના તાર કરતાં જાડા અને ટૂંકા હોય છે. વળી દેશી કપાસના રૂ કરતાં ગોધારી કપાસનું રૂ કપાસિયાને વધારે સખત રીતે વળગી રહે છે.

ગોધારૂ ન. ચાર પાયાવાળું એક જાતનું ચર્મવાદ્ય.

ગોધાલગન જુઓ ગોધુલગન.

ગોધાસરા ૧. સ્ત્રી. એ નામની કણબીની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગોધાળી ૧. સ્ત્રી. ગરબડ.

૨. સ્ત્રી. ધીંગાણું.

ગોધિ ૧. પું. (પિંગળ) એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. તેના દરેક ચરણમાં બે સગણ અને લઘુ મળી સાત અક્ષર આવે છે. તે ઉષ્ણિક છંદનો ભેદ છે.

૨. [સં.] પું. કપાળ; લલાટ.

૩. પું. મોટું માછલું.

ગોધિકા ૧. [સં.] સ્ત્રી. એક જાતનું માછલું.

૨. સ્ત્રી. ઘો; કાકીડાની જાતનું એક પ્રાણી.

૩. સ્ત્રી. ભાંડ લોકોનું એ નામનું એક વાજિંત્ર.

ગોધિકાત્મજ [સં.] પું. ગોધિકાપુત્ર; ઘોસાપ; નર સર્પ અને માદા ઘોના સંયોગથી ઉત્પન્ન થતું એક જાતનું જનાવર.

ગોધિકાપુત્ર જુઓ ગોધિકાત્મજ.

ગોધિયારું ૧. ન. ગૂંચવણ ભરેલી વાત.

ગોધિયારૂં ઘાલવું = જંગ મચાવવો.

૨. ન. ધીંધાટ; ગરબડ.

ગોધિયાળી સ્ત્રી. ગોદાગોદી; માંહોમાંહેનો કલહ.

ગોધી [સં. ગોધૂમ] સ્ત્રી. એક પ્રકારના ઘઉં. તે દક્ષિણ હિંદમાં અધિકપણે થાય છે. તેનું ભૂસું જલદી છૂટું થતું નથી.

ગોધુ પું. નાનો બળદ; વાછરડો.

ગોધુમ ૧. [સં.] પું. ઘઉં.

૨. ન. નારંગીનું ઝાડ.

ગોધુમવર્ણું વિ. ઘઉંવર્ણું; ગોરું.

ગોધુલગન ન. ગાયો ચરીને ઘેર આવે તે વખતનું એટલે સમીસાંજનું લગ્ન; સૂર્ય અસ્ત થવાની પહેલાંની અડધી ઘડી અને સૂર્ય અસ્ત થયા પછીની અડધી ઘડી મળીને એક ઘડીના કાળમાં થતું લગ્ન; ગોરજલગ્ન.

ગોધું ન. નાનો બળદ; વાછરડો.

ગોધૂમ જુઓ ગોધુમ.

ગોધૂમક [સં.] પું. ઘઉંવર્ણો એક જાતનો સાપ.

ગોધૂમચૂર્ણ [સં.] ન. ઘઉંનો લોટ; મેંદો.

ગોધૂમજ [સં.] સ્ત્રી. તપખીર.

ગોધૂલિ ૧. [સં.] સ્ત્રી. ચરીને આવતી ગાયોના ટોળાની ખરીથી ઊડતી ધૂળ; ઘર તરફ આવતી વેળા ગાયની ખરી વડે ઊડેલી રજ.

૨. સ્ત્રી. સંધ્યા; સમીસાંજ. ઋતુ અનુસાર ગોધૂલિના સમયમાં કાંઈક તફાવત માનવામાં આવે છે. હેમંત અને શિશિર ઋતુમાં સૂર્યનું તેજ બહુ મંદ પડી જાય અને ક્ષિતિજમાં લાલાશ ફેલાઈ જાય ત્યારે, વસંત અને ગ્રીષ્મ ઋતુમાં જ્યારે સૂર્ય અર્ધો અસ્ત થાય ત્યારે અને વર્ષા તથા શરદ ઋતુમાં સૂર્ય બિલકુલ અસ્ત થઈ જાય ત્યારે ગોધૂલિ થાય છે. ફલિત જ્યોતિષ અનુસાર ગોધૂલિનો સમય સર્વ કાર્યો માટે બહુ શુભ છે અને તેના ઉપર નક્ષત્ર, તિથિ, કરણ, લગ્ન, વાર અને યોગ આદિના દોષનો બિલકુલ પ્રભાવ પડતો નથી.

ગોધૂલિક [સં.] વિ. ગોરજ; સમીસાંજનું.

ગોધૂલિકલગ્ન [સં.] ન. વગડામાંથી આવતી ગાયોના પગથી સંધ્યાકાળે રજ ઊડે તે વખતે થતું લગ્ન. શુક્ર અથવા બૃહસ્પતિ અસ્ત હોય, વિષ્ણુએ શયન કર્યું હોય, સૂર્ય ધનનો અથવા મીનનો હોય, ભદ્ર હોય, યમઘંટ હોય, મૃત્યુયોગ હોય, વેધ હોય એટલાંમાંથી કોઈ પણ કારણ હોય તેવા વખતમાં ગોધૂલિક લગ્ન કરવું નહિ એમ કહેલું છે.

ગોધૂલી જુઓ ગોધૂલિ.

ગોધૂળિક જુઓ ગોધૂલિક.

ગોધૂળિયું જુઓ ગોધૂલિકલગ્ન.

ગોધેનુ [સં.] સ્ત્રી. વાછરડાવાળી દૂઝણી ગાય.

ગોધો ૧. પું. ગાયનો નર; આખલો; સાંઢ; ખસી નહિ કરેલો બળદ.

ગોધે આવવું = ગાયનું આધાને આવવું; ગાયે સુવાણે આવવું.

૨. વિ. પું. નફકરો; હરામખાઉ; ભણવા કે રળવાની કાળજી વગરનું.

ગોધ્યક્ષ પું. ગાય વગેરે ઢોરઢાંખર અને ગૌચર ઉપર દેખરેખ રાખનાર અમલદાર.

ગોધ્યારું ૧. ન. અણગમતો દેખાવ.

૨. ન. ધાંધલ.

ગોધ્ર [સં.] પું. પર્વત; પહાડ.

ગોન ૧. પું. (ભીલી) ટીંડોરું.

૨. [હિં.] સ્ત્રી. કોથળો; ગુણ.

ગોનર્દ ૧. [સં.] પું. એ નામનો એક દેશ. ત્યાં પતંજલિનો જન્મ થયો મનાય છે.

૨. પું. મહાદેવ.

૩. પું. સારસ પક્ષી.

૪. ન. એક જાતની મોથ; નાગરમોથ.

૫. ન. પ્રાચીન હિંદનું એ નામનું એક શહેર.

ગોનર્દીય ૧. [સં.] પું. પતંજલિ મુનિ. તે મહાભાષ્યના કર્તા હતા.

૨. વિ. ગોનર્દ દેશમાં થતું.

ગોનસ ૧. [સં.] પું. એક જાતનો સર્પ.

૨. પું. વૈક્રાંત મણિ.

ગોનસપત્ર ન. એ નામની એક વનસ્પતિ. તે વિષનાશક મનાય છે.

ગોનસી સ્ત્રી. એક જાતની વનસ્પતિ. એના વેલાની જાડાઈ પગના અંગૂઠા જેટલી હોય છે. તેનો રંગ લીલો, પાંદડાં પીપળનાં પાંદડાં જેવાં પણ મોટાં અને એકેક ઈંચ પહોળાઈના ખાંચાવાળાં હોય છે.

ગોનંદ ૧. પું. એ નામનો એક દેશ.

૨. [સં.] પું. કાર્તિક સ્વામીનો એ નામનો ગણ.

ગોનંદી [સં.] સ્ત્રી. સારસ પક્ષીની માદા.

ગોનાથ ૧. [સં.] પું. આખલો; બળદ.

૨. પું. રાજા.

ગોનાય ૧. [સં.] પું ગોવાળ; ગોપાલ.

૨. વિ. ગાયોને લઈ જનાર.

ગોનાસ ૧. [સં.] પું. એક જાતનો મણિ.

૨. પું. એક જાતનો સાપ.

ગોનિષદ્યા સ્ત્રી. ગાયની જેમ બેસવાથી થતું એક આસન.

ગોની [હિં.] સ્ત્રી. કોથળી.

ગોનુ ન. દાળનો ભાગ ખવાઈ ગયો હોય તેવો તુવેરનો દાણો.

ગોનો પું. ખભાની આસપાસ પહેરાતો દુપટ્ટા જેવો લૂગડાનો કટકો.

ગોનૌર ૧. પું. કન્યાને ગામ જાન આવે ત્યારે અપાતું દાન.

૨. પું. ગાડારસ્તો.

૩. પું. ગામ.

ગોપ ૧. [સં.] પું. ઈંદ્ર.

૨. [સં. ગો (ઇંદ્રિય) + પ (પાનાર)] પું. ઇંદ્રિયોને રસ પાનાર બહારનો વિષય.

૩. પું. (જ્યોતિષ) એ નામનો એક તારો.

૪. પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ; કુરંગ. તે શર્કરી છંદનો એક ભેદ છે. તેમાં રગણ, જગણ, રગણ, જગણ, ગુરુ અને લઘુ મળી ચૌદ વર્ણ હોય છે.

૫. પું. ગંધર્વ.

૬. પું. ગામડાનો હિસાબી.

૭. પું. ગોવાળિયો; ગાયની રક્ષા કરનાર માણસ.

૮. પું. ગૌશાળાનો અધ્યક્ષ.

૯. પું. ઘડો.

૧૦. પું. જન્મમરણ તથા વસતીગણતરીનું કામ કરનાર અસલના વખતનો એક અમલદાર.

૧૧. પું. જમીનમાપણીને લગતું કામકાજ કરનાર એક પ્રાચીન અમલદાર.

૧૨. પું. દરવાજો; બારણું.

૧૩. પું. દૂધ વેચનાર માણસ.

૧૪. પું. પૃથ્વીનું રક્ષણ કરનાર રાજા.

૧૫. પું. વૈદ્ય.

૧૬. પું. સાંકળનો સાંધો.

૧૭. પું. સિપાઈ; સૈનિક.

૧૮. પું. સોનાનું ડોકનું એક ઘરેણું; દોરો; સોનાની કંઠી; ગળચવો.

૧૯. વિ. અલોપ.

૨૦. વિ. ઉપકાર કરનાર.

૨૧. વિ. છાનું; ગુપ્ત.

૨૨. વિ. રક્ષણ કરનાર.

ગોપઆઠમ સ્ત્રી. કાર્તિક સુદિ આઠમ; ગોપીએ કરેલા ગાયોના ઉત્સવનો તહેવાર; ગોપાષ્ટમી.

ગોપક ૧. પું. ગોવાળિયો.

૨. પું. ઘણાં ગામનો અધ્યક્ષ.

૩. વિ. ઉપકાર કરનાર.

૪. વિ. રક્ષણ કરનાર.

ગોપકન્યા ૧. સ્ત્રી. ઉપલસરી વનસ્પતિ; સારિવા.

૨. [સં.] સ્ત્રી. ગોવાળિયાની છોકરી; ગોપી; ગોપિકા; ગોપપુત્રી.

ગોપકપટ્ટન ન. ગોવાનું પ્રાચીન નામ; ગોપકવન. ત્યાં કદંબ વંશના રાજાઓનું રાજ્ય હતું.

ગોપકવન જુઓ ગોપકપટ્ટન.

ગોપકાવ્ય ન. ગ્રામજીવન વર્ણવતું કાવ્ય; વનકવિતા.

ગોપકુલ [સં.] ન. ગોવાળનો સમૂહ.

ગોપકુળ જુઓ ગોપકુલ.

ગોપગીત ન. ગ્રામજીવન વર્ણવતું કાવ્ય; વનકવિતા.

ગોપગોપી ૧. ન. બ. વ. કૃષ્ણ અને ગોપી.

૨ ન. બ. વ. ગોપ અને ગોપી; ગોકુળનો ગોવાળિયો અને ગોવાલણ.

ગોપચંદન ન. ગોપીચંદન; દ્વારકા નજીક નીકળતી પવિત્ર મનાતી એક જાતની ધોળી માટી.

ગોપજન [સં.] પું. ગાયોને પાળનાર માણસ; ભરવાડ.

ગોપજા [સં.] સ્ત્રી. ગોપકન્યા; ગોપી.

ગોપજાતિ સ્ત્રી. ગાયનું રક્ષણ તથા પાલન કરનાર અને તે ઉપર ગુજરાન ચલાવનાર લોકોની જાતિ; આહીર.

ગોપજેષ્ઠી પું. ચાર માંહેનો એક પ્રકારનો મલ્લ.

ગોપટો ૧. પું. એક જાતનો કલમી આંબો.

૨. પું. ત્રણ ચાર હાથનો ઊછરતો છોડ.

ગોપણો પું. ગાયને પાળનાર ગોવાળિયો.

ગોપત પું. આશ્રય; આધાર.

ગોપતિ ૧. [સં.] પું. ઈંદ્ર.

૨. પું. ઇંદ્રિયોના સ્વામી કૃષ્ણ.

૩. પું. ઋષભ નામે વનસ્પતિ.

૪. પું. એ નામનો એક અસુર.

૫. પું. (પુરાણ) એ નામનો એક પાંચાળ; સિંહસેન રાજાનો પિતા. તે પાંડવના પક્ષમાં હતો.

૬. પું. (પુરાણ) કશ્યપની સ્ત્રી મુનીથી જન્મેલા ગંધર્વ માંહેનો એક.

૭. પું. (પુરાણ) ગાયોએ અરણ્યમાં રક્ષેલો શિબિપુત્ર.

૮. પું. ગાયોનો રક્ષક અને પાલક ગોવાળ; ગોપાલ.

૯. પું. નવ માંહેનો એક ઉપનંદ.

૧૦. પું. પૃથ્વીપતિ; રાજા.

૧૧. પું. પ્રાણ; જીવ.

૧૨. પું. બળદ; આખલો; સાંઢ.

૧૩. પું. મહાદેવ; શિવ.

૧૪. પું. યજમાન.

૧૫. પું. વિષ્ણુ.

૧૬. પું. સૂર્ય.

૧૭. પું. સેનાનો નાયક.

ગોપતિઋષભ ૧. પું. (પુરાણ) એ નામનો એક રાક્ષસ. તે કૃષ્ણને હાથે મરાયો હતો.

૨. પું. શિવ; શંકર.

ગોપથ ૧. [સં.] પું. અથર્વવેદનો એક ઋષિ. તે ઘણે ભાગે કશ્મીરનો વતની હતો.

૨. પું. ઢોરને ચરવાની જગ્યા; ગૌચર.

૩. ન. અથર્વવેદનું એક બ્રાહ્મણ.

ગોપથબ્રાહ્મણ ન. અથર્વવેદનું એક બ્રાહ્મણ. તેના બે ભાગ છે: પૂર્વગોપથ અને ઉત્તરગોપથ. પહેલા ભાગમાં પાંચ અને ઉત્તર ભાગમાં છ પ્રપાઠક છે. અથર્વવેદ જ્યારે લોકપ્રિય થયો હતો અને જ્યારે તેની કીર્તિ વધી હતી ત્યારે આ બ્રાહ્મણ રચાયું હતું. તે ગોપથ નામના ઋષિએ બનાવ્યું હતું. બધાં બ્રાહ્મણોમાં તે છેલ્લું છે અને તેનો સમય ઈ. સ. પૂર્વે ૧૫૦૦ થી ૧૦૦૦ સુધીનો મનાય છે.

ગોપદ ૧. [સં.] ન. ગાયનું પગલું; કાદવમાં ગાયની ખરીથી પડેલો ખાડો; ગોષ્પદ.

૨. ન. ગાયને રહેવાનું સ્થાન.

૩. ન. વિભીષણ નામનો તારો.

૪. વિ. ગાયના પગલા જેવું.

૫. વિ. સહજમાં તરી શકાય એવું.

ગોપદરજ [સં.] સ્ત્રી. ગાયના પગથી ઊડેલી ધૂળ.

ગોપદલ [સં.] ન. સોપારીનું ઝાડ.

ગોપદારક [સં.] પું. ગોવાળિયાનો પુત્ર.

ગોપદ્મવ્રત [સં.] ન. અષાડ સુદિ એકાદશીને દિવસે ઉદ્યાપન કરવાનું એક વ્રત. તેમાં વિષ્ણુ પરમાત્માનું પૂજન કરાય છે.

ગોપન ૧. [સં.] પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

૨. પું. ગોવાળિયો; ભરવાડ.

૩. પું. રાધાપતિ શ્રીકૃષ્ણ.

૪. ન. ઈર્ષા; અદેખાઈ.

૫. ન. ગુપ્ત રાખવું તે; છુપાવવાપણું.

૬. ન. દીપ્તિ; કાંતિ.

૭. ન. વ્યાકુલપણું; વ્યગ્રતા.

૮. ન. સંરક્ષણ; આશ્રય; બચાવ.

૯. વિ. ગુપ્ત; છાનું.

ગોપનવૃત્તિ ૧. [સં.] સ્ત્રી. ગુપ્ત રાખવાની વૃત્તિ; છૂપું રાખવાનું વલણ.

૨. સ્ત્રી. દંભ.

૩. સ્ત્રી. લુચ્ચાઈ; ધૂર્તતા.

૪. સ્ત્રી. સંયમ.

૫. સ્ત્રી. હોશિયારી; ચાતુર્ય.

ગોપના ૧. [સં.] સ્ત્રી. ગુપ્ત રાખવું તે; છાનું રાખવાપણું.

૨. સ્ત્રી. ગોપન; સંરક્ષણ; બચાવ.

૩. સ્ત્રી. દીપ્તિ; કાંતિ.

ગોપનાથ ન. ભાવનગર રાજ્યની હદમાં આવેલું એ નામનું એક તીર્થસ્થાન. અહીં દરિયા કાંઠે શિવનું મંદિર આવેલું છે. એમ કહેવાય છે કે, નરસિંહ મહેતાએ અહીં ભક્તિ કરતાં શંકરે તેને રાસલીલા બતાવી હતી.

ગોપનીય ૧. [સં.] વિ. છાનું રાખવા જેવું; નહિ જાહેર કરવા યોગ્ય.

૨. વિ. રક્ષણીય; રક્ષણ કરવા યોગ્ય.

ગોપબંધુ [સં.] પું. અધમ ગોવાળિયો. વર્ણ અથવા જાતિવાચક શબ્દને બંધુ શબ્દ લાગે ત્યારે તેમાં અધમતાનો અર્થ આવે છે.

ગોપબાલકભાવજ્ઞ પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

ગોપમલ્લ પું. અંતરજ્યેષ્ઠી મલ્લથી ઊતરતી પંક્તિનો મલ્લ.

ગોપમહાલ ૧. ન. ચરિયાણ જમીન; ગૌચર.

૨. ન. ભરવાડનું રહેઠાણ.

ગોપમાટી જુઓ ગોપચંદન.

ગોપમાસ [સં.] પું. કાર્તિક મહિનો.

ગોપયુવતિ [સં.] સ્ત્રી. ગોવાલણ; ભરવાડણ.

ગોપયુવતી જુઓ ગોપયુવતિ.

ગોપરસ પું. હીરાબોળ; એક જાતના ગુંદ.

ગોપરાજ ૧. [સં. ગોપરાજન્] પું. ગોવાળોનો રાજા.

૨. પું. નંદરાજા.

ગોપરાષ્ટ્ર ૧. પું. ગ્વાલિયરનું પ્રાચીન નામ.

૨. [સં.] પું. જ્યાં ગોવાળ કે ભરવાડોની વસતી પુષ્કળ હોય તેવો દેશ.

૩. પું. મહાભારતમાં જણાવેલો એક પ્રાચીન દેશ.

ગોપરિચર્યા [સં.] સ્ત્રી. ગાયની સેવા.

ગોપલી સ્ત્રી. એક જાતનો જંગલી છોડ. તેનાં ફળ દુકાળના વખતમાં જંગલી લોકો ખાય છે.

ગોપવધૂ ૧. [સં.] સ્ત્રી. ઉપલસરી નામની વનસ્પતિ.

૨. સ્ત્રી. ગોવાલણ; ભરવાડણ.

ગોપવન ૧. [સં.] પું. સામવેદનો એ નામનો એક ઋષિ.

૨. ન. જ્યાં પુષ્કળ ગોવાળિયા હોય તેવું જંગલ.

ગોપવનઆત્રેય ૧. પું. એ નામનો ઋગ્વેદનો એક ઋષિ. તેણે આઠમા મંડલનું ૭૩ અને ૭૪મું સૂક્ત રચ્યું છે.

૨. પું. એ નામનો સામવેદનો એક ઋષિ.

ગોપવલ્લી [સં.] સ્ત્રી. સારિવા; ધોળી ઉપલસરી.

ગોપવવું ૧. સ. ક્રિ. ગોઠવવું.

૨. સ. ક્રિ. વસ્ત્રનો જીર્ણ ભાગ બહાર ન દેખાય એવી રીતે સંકેલવું.

૩. સ. ક્રિ. સંતાડવું; છુપાવવું.

ગોપવું ૧. સ. ક્રિ. ગૂંથણી માફક ગોઠવવું.

૨. સ. ક્રિ. છુપાવવું; સંતાડવું; ગોપવવું.

૩. સ. ક્રિ. રક્ષણ કરવું; રક્ષવું.

ગોપવૃંદ [સં.] ન. ગોવાળિયાનું ટોળું.

ગોપસખા ૧. [સં.] પું. કૃષ્ણ.

૨. પું. ગોકુળનો ગોવાળ.

૩. પું. ગોવાળિયો મિત્ર.

ગોપસાંકળી સ્ત્રી. ડોકમાં પહેરવાનું સોનાનું એક ઘરેણું.

ગોપસુતા ૧. [સં.] સ્ત્રી. ગોવાળની છોકરી; ગોપી.

૨. સ્ત્રી. સારિવા; ઉપલસરી નામની વનસ્પતિ.

ગોપહાર પું. સ્ત્રીને કોટે પહેરવાનું એક જાતનું ઘરેણું.

ગોપા ૧. [સં.] સ્ત્રી. ગાય પાળનારી; આહીરણ; ગોવાલણ.

૨. સ્ત્રી. ધનુષ્યનો છેડો.

૩. સ્ત્રી. મહાત્મા બુદ્ધની સ્ત્રી યશોધરા; દંડપાણિ રાજાની એ નામની દીકરી.

૪. સ્ત્રી. શ્યામા નામની લતા; સારિવા; ઉપલસરી વનસ્પતિ.

૫. વિ. છુપાવનાર.

૬. વિ. નાશક; નાશ કરનાર.

ગોપાચલ ૧. [સં.] પું. ગ્વાલિયર નજીકનો એક પહાડ.

૨. પું. ગ્વાલિયરનું પ્રાચીન નામ.

ગોપાચળ જુઓ ગોપાચલ.

ગોપાદ ૧. [સં.] ન. ગાયનું પગલું.

૨. ન. શ્રીહરિના ડાબા ચરણારવિંદમાં વ્યોમ નામના ચિહ્નથી નીચેના ભાગમાં ગાયના પગલાને આકારે રહેલું ચિહ્ન.

ગોપાદ્રિ પું. તખ્ત ઈ સુલેમાન પર્વત. તે કશ્મીરમાં શ્રીનગરની પાસે આવેલો છે.

ગોપાધ્યક્ષ [સં.] પું. ગોવાળિયાનો ઉપરી; મુખ્ય ગોવાળિયો.

ગોપાયક [સં.] વિ. રક્ષણ કરનાર.

ગોપાયન [સં.] ૧. ન. રક્ષણ; રક્ષા.

૨. વિ. રક્ષણ કરનાર.

ગોપાર વિ. ઇંદ્રિયોથી પર; અગોચર.

ગોપાલ ૧. પું. ઇંદ્રિયોને કાબૂમાં રાખનાર મન.

૨. પું. (પિંગળ) એ નામનો એક અક્ષરમેળ છંદ; મુગ્ધ. તે પ્રતિષ્ઠા છંદનો ભેદ છે. તેના દરેક ચરણમાં મગણ અને લઘુ મળી ચાર અક્ષર હોય છે.

૩. પું. એક જાતનો આંબો.

૪. [સં.] પું. ગાયોના પાળનાર કૃષ્ણ.

૫. પું. ગોવાળિયો; ગોપ; ભરવાડ.

૬. પું. રાજા; નૃપ.

૭. પું. શિવ; શંકર.

૮. વિ. ગાયોનું રક્ષણ કરનાર.

ગોપાલક જુઓ ગોપાલ ૧, ૪–૮.

ગોપાલકક્ષા [સં.] પું. મહાભારત અનુસાર પશ્ચિમ ભારતનો એક દેશ. તેને ભીમસેને જીત્યો હતો.

ગોપાલકસ પું. (પુરાણ) આગ્નેયકોશલ અને ઈશાનકોશલની વચ્ચે આવેલો ભરતખંડસ્થ એક દેશ.

ગોપાલકા ૧. સ્ત્રી. સગરની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગોપાલ કૃષ્ણ ગોખલે પું. એ નામના મહારાષ્ટ્રના એક દેશભક્ત પુરુષ. તેમનો જન્મ ઈ. સ. ૧૮૬૬માં રત્નાગિરિ જિલ્લાના કોતળુક ગામમાં થયો હતો. તેમના પિતાનું નામ કૃષ્ણરાવ અને માતાનું નામ સત્યભામા હતું. તેઓ ઘણા ગરીબ હોવાથી સુધરાઈને દીવે વાંચી ભણેલા અને અસાધારણ મહેનતને બળે અઢારમે વર્ષે બી. એ. થયા. પછી દખ્ખણ કેળવણી મંડળમાં સ્વયંસેવક બની લગભગ સોળ વર્ષ પર્યંત તેમાં કામ કરેલું. ભારત સેવાસમાજની સ્થાપના એ હિંદમાં એમણે કરેલી ચિરંજીવી સેવા છે. તેઓ પ્રખર લોકસેવક, વિદ્વાન અર્થશાસ્ત્રી, મહાન સત્યવક્તા, નીડર રાજનીતિજ્ઞ અને કરકસરિયા હતા. પૂનામાં દખ્ખણ કેળવણી મંડળ તરફથી ચાલતી ફર્ગસન કોલેજ નામની સંસ્થાના તેઓ વડા અધ્યાપક હતા. સરકારી ઊંચા પગારની

નોકરીની દરકાર ન કરતાં તેમણે ટૂંકા પગારથી તે શાળાની સેવા સ્વીકારી. ત્યાંથી રાજીનામું આપી માતૃભૂમિની સેવાર્થે જીવન વ્યતીત કર્યું. તેમનું અવસાન સને ૧૯૧૫માં થયું હતું.

ગોપાલતાપ [સં.] સ્ત્રી.; ન. એ નામે એક ઉપનિષદ. શંકરાચાર્યે તેના ઉપર ટીકા લખેલી છે.

ગોપાલતાપન જુઓ ગોપાલતાપ.

ગોપાલતાપની જુઓ ગોપાલતાપ.

ગોપાલતાપનીય જુઓ ગોપાલતાપ.

ગોપાલદારક [સં.] પું. જૈનના એ નામના એક આચાર્ય.

ગોપાલદાસ પું. સુરતનો એ નામનો એક ભક્તકવિ. તે અખાનો ગુરુભાઈ હતો. તેની રચેલી ગરબીઓ પણ મળી આવે છે. તે ઈ. સ.ની સત્તરમી સદીમાં થઈ ગયેલ છે. તેણે ગોપાળગીતા સંવત ૧૭૦૬માં રચી હતી.

ગોપાલધોપા સ્ત્રી. ઘણી મોટી અને પાતળા ગોટલાવાળી એક જાતની કેરી.

ગોપાલધોવા જુઓ ગોપાલધોપા.

ગોપાલધૃત [સં.] વિ. ગાયોનું પાલન કરનાર શ્રીકૃષ્ણે ધારણ કરી રાખેલું.

ગોપાલન [સં.] ન. ગાયની સેવા; ગાયનું પોષણ અને રક્ષણ.

ગોપાલનંદન [સં.] પું. શ્રીકૃષ્ણ.

ગોપાલપૂર્વતાપિની જુઓ ગોપાલતાપ.

ગોપાલ ભટ્ટ પું. ચૈતન્ય મહાપ્રભુના એક અનુયાયી ભક્ત.

ગોપાલભોગ પું. બંગાળનો એક ઊંચી જાતનો આંબો.

ગોપાલત્ર ન. પ્રાચીન કાળમાં સતલજ અને બિયાસ નદીની ખીણના પ્રદેશમાં આવેલું એ નામનું એક રાજ્ય.

ગોપાલશૈલ [સં.] પું. ગ્વાલિયરનું પ્રાચીન નામ.

ગોપાલસેવિતપદ [સં.] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

ગોપાલાનંદ પું. સ્વામીનારાયણ સંપ્રદાયનો એ નામનો એક કવિ. તેનો સંસ્કૃત સાહિત્યમાં ઘણો ફાળો છે.

ગોપાલિ ૧. પું. (પુરાણ) ગૌડ પારાશર કુળમાં થયેલ એ નામનો એક ઋષિ.

૨. પું. શંકર; શિવ.

ગોપાલિકા ૧. [સં.] સ્ત્રી. ઉપલસરી નામની વનસ્પતિ.

૨. સ્ત્રી. ગોપી; ગોવાલણ; ભરવાડણ; ગાયનું પાલન કરનાર સ્ત્રી.

ગોપાલી ૧. સ્ત્રી. (પુરાણ) એ નામની એક અપ્સરા.

૨. સ્ત્રી. એક જાતની વેલ.

૩. [સં.] સ્ત્રી. કાર્તિકેયની એ નામની એક માતૃકા.

૪. સ્ત્રી. ગોવાલણ; ગોપી.

ગોપાલોત્તરતાપિની [સં.] સ્ત્રી.; ન. એકસો આઠ માંહેનું એ નામનું એક ઉપનિષદ.

ગોપાવવું સ. ક્રિ. છુપાવવું.

ગોપાવું અ. ક્રિ. વાગેલ કાંટાનો થોડોક ભાગ અંદર રહી જવો.

ગોપાવેદી પું. (પિંગળ) એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તે અનુષ્ટુપ છંદનો એક ભેદ છે. તેમાં નગણ, મગણ અને બે ગુરુ મળી આઠ વર્ણ હોય છે.

ન મ ગ ગે ગોપાવેદી. રણપિંગળ

ગોપાષ્ટમી [સં.] સ્ત્રી. વૈષ્ણવ લોકોનો કાર્તિક સુદિ આઠમનો મોટો તહેવાર. તે દિવસે વૈષ્ણવો સવારમાં વહેલા ઊઠીને દૂધની ધારાવાડીથી ગામની પ્રદક્ષિણા કરે છે. શ્રીકૃષ્ણે ગોવાળનો વેષ લઈ ગાયો ચરાવવાની શરૂઆત આ દિવસે કરી હતી. આ દિવસે ગોપૂજન, ગોગ્રાસ, ગોપ્રદક્ષિણા, ગાયો પાછળ ચાલવું વગેરે કર્મ કરવાનું ઘણું માહાત્મ્ય છે. તે દિવસે ગાયના ગળામાં હાર પહેરાવી તેનાં શિંગડાં, ખરી વગેરે શણગારવામાં આવે છે.

ગોપાહાર પું. સ્ત્રીનું ડોકનું એક ઘરેણું.

ગોપાળ જુઓ ગોપાલ.

ગોપાંગના ૧. [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; અનંતમૂલ.

૨. સ્ત્રી. ગોપી; ગોવાળણ; ગોપ જાતની સ્ત્રી.

૩. સ્ત્રી. સારિવા; ઉપલસરી વનસ્પતિ.

ગોપિકા [સં.] સ્ત્રી. ગોપી; ગોવાળણી; ગાયનું રક્ષણ કરનારી સ્ત્રી.

ગોપિકાગીત ૧. [સં.] ન. ગોપીએ ગાવાનું ગીત.

૨. ન. ભાગવતના દશમસ્કંધમાં આવેલ એ નામનું એક ગીત. તેમાં ગોપીઓએ શ્રીકૃષ્ણની સ્તુતિ કરેલ છે.

ગોપિકામોહનાશક પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

ગોપિકાવિરહવ્યાજમનોગતિરતિપ્રદ પું. પુરુષોત્તમનાં' હજાર માંહેનું એક નામ.

ગોપિકાવ્યાપ્તસર્વાંગ પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

ગોપિત ૧. [સં.] વિ. ગુપ્ત; છુપાવેલ.

૨. વિ. રક્ષિત; રક્ષણ કરાયેલ.

ગોપિત્ત [સં.] ન. ગોરોચન. તે ગાયના માથામાંથી નીકળે છે.

ગોપિત્તજ [સં.] પું. ગોપિત્તમાંથી બનતો એક પદાર્થ. ગોપિત્તનું વિઘટ્ટન થવાથી તે ઉત્પન્ન થાય છે. તે અવિકાર્ય, સ્વાદે ઠંડો અને પાણીમાં દ્રાવ્ય છે.

ગોપિત્તસંભવા સ્ત્રી. ગોરુચંદન. ગાયના માથામાંથી તે નીકળે છે.

ગોપિત્તામ્લ પું. બળદના ચામડામાંથી બનાવાતા એક ચીકણા પદાર્થનો તેજાબ; 'ટૉરોકૉલિક ઍસિડ'.

ગોપિત્તામ્લજસર્વક્ષાર પું. ગોપિત્ત અને સર્વક્ષાર એ બંનેના રાસાયનિક મિશ્રણથી થતો ક્ષાર.

ગોપિત્તામ્લિત પું. ગોપિત્તામ્લનો ક્ષાર.

ગોપિની ૧. સ્ત્રી. (તાંત્રિક) એક જાતની નાયિકા.

૨. [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; ઉપલસરી.

૩. સ્ત્રી. રક્ષણ કરનારી સ્ત્રી.

ગોપિયા [સં. ગોફણા] પું. (હિંદી) ગોફણ.

ગોપી ૧. [સં.] સ્ત્રી. કાળી ઉપલસરી.

૨. સ્ત્રી. ગડબડાટ; ગોકીરો; કકળાટ; ઘુમરાણ.

૩. સ્ત્રી. ગોપી સ્ત્રી; ગોવાલણી; ગોપપત્ની; ભરવાડણ.

૪. સ્ત્રી. પ્રભુમાં તન્મય થયેલ માણસ.

૫. સ્ત્રી. રક્ષણ કરનાર સ્ત્રી.

ગોપી રાખવું = સંતાડી રાખવું.

૬. સ્ત્રી. રસ પીનાર વૃત્તિ.

૭. સ્ત્રી. લપ; ધો.

ગોપી કરવી = ફજેતી કરવી.

૮. સ્ત્રી. વ્રજની સ્ત્રી; વૃંદાવનની કૃષ્ણભક્ત ગોપિકા.

૯. સ્ત્રી. સારિવા; ધોળી ઉપલસરી.

૧૦. સ્ત્રી. સુખડ.

૧૧. વિ. ગુપ્ત; છાનું.

ગોપીકાંત [સં.] પું. ગોપીઓને પ્રિય તે; શ્રીકૃષ્ણ.

ગોપીગર્વપ્રણાશાર્થતિરોધાનસુખપ્રદ પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

ગોપીઘેલૂડો (ગોપીઘેલૂડો) વિ. પું. ગોપીને ઘેલી બનાવનારો.

ગોપીચંદ પું. બંગાળમાં આવેલ રંગપુરનો એક પ્રાચીન રાજા. તે ભર્તૃહરિની બહેન મેનાવતીનો અને રાજા ત્રિલોકચંદ્રનો પુત્ર થાય. તેણે પોતાની માતાના ઉપદેશથી રાજ્ય છોડી વૈરાગ્ય લીધો હતો. કહેવાય છે કે તે જલંધરનાથનો શિષ્ય થયો હતો અને ત્યાગી થઈ તેણે પોતાની પત્ની પાઠમદેવી પાસે મહેલમાં જઈ ભિક્ષા માગી હતી.

ગોપીચંદન ૧. ન. ગોકુળ મથુરા તરફની માટીની બનાવાતી ટીકડી કે શળી.

૨. ન. દ્વારકાના સરોવરમાંથી નીકળતી એક જાતની પીળી માટી; ટીલું કરવાની પીળાશ પડતી સફેદ અને ચીકણી માટી; સોરઠી માટી; સૌરાષ્ટ્રી; તુવરી; કાંક્ષી; મૃતાલક; સુરાષ્ટ્રજા; આઢકી. કહેવાય છે કે શ્રીકૃષ્ણ પરલોક પામતાં તેમના વિરહથી અનેક ગોપીઓએ આ સરોવરને કિનારે પોતાના પ્રાણ તજ્યા હતા. આથી તેની માટીનું બહુ માહાત્મ્ય મનાય છે. આ માટી દવા તરીકે વપરાય છે અને ઘારાં, ગૂમડાં વગેરે ઉપર ચોપડાય છે.

૧. ગાંઠનું ગોપીચંદન જવું = લાભ લેવા જતાં નુકસાન થવું. એક ઉજ્જડ રણવગડામાં એક ઝાડના પોલાણ પાસે માટલી હતી. તે માટલી દ્રવ્ય અને ઘરેણાંથી ભરેલી હતી. તે જોઈ સૌ કોઈને દ્રવ્યલાલસા થતી ને જ્યાં લેવા હાથ લંબાવે ને માટલીમાં હાથ નાખે ત્યાં માટલી સાથે હાથ ચોંટી જતો. ઘણી મહેનત કરે પણ માટલી વછૂટે જ નહિ, ઝળોની માફક ચોંટી જ રહે. ઝળો તો મુડદાલ લોહી ચૂસી લે એટલે પણ નીચે ખરી પડે પણ માટલી તો વછૂટે જ નહિ. અંદરના ભૂગર્ભમાંથી અવાજ આવે કે કાંઈક નાખ, કાંઈક નાખ. મુસાફર જ્યારે ખિસ્સામાંથી કાંઈ પણ રૂપાનાણું કે હરકોઈ ધાતુની વસ્તુ નાખે ત્યારે જ હાથ છૂટે. હાથ છૂટતાં તો ઉંદર બિલાડીને દેખીને નાસે તેમ મુસાફર ભાગે અને પાછું વાળીને જોવાની પણ ઇચ્છા કરે નહિ. એક દિવસ તે જ રસ્તે એક ફક્કડ સાધુ નીકળ્યો. તેણે પણ માટલી જોઈ દ્રવ્ય લેવાની લાલચે હાથ લાંબો કર્યો. જ્યાં માટલીમાં હાથ નાખ્યો ત્યાં તો તેનો હાથ પણ ચોંટ્યો. અવાજ થયો કે કાંઈક નાખ. સાધુએ જવાબ આપ્યો, મારી પાસે રાતી પાઈ પણ નથી. શું નાખું ? માત્ર ગોપીચંદન છે. અવાજ થયો કે, ઈ તો ઈ. સાધુએ જ્યારે પોતાની ઝોળીમાં હતું તેટલું ગોપીચંદન નાખ્યું ત્યારે હાથ છૂટો થયો. પછી સાધુ તો પાછું જોયા વગર એકદમ નાસી છૂટ્યો, કારણ પૈસા મેળવવાના લોભમાં ગાંઠનું ગોપીચંદન પણ ગયું.

૨. ગોપીચંદન કરવું = (૧) નુકસાન કરવું; બગાડ કરવો. (૨) વસ્તુને ભાંગી તોડી તેનું નામ ન રહે એમ કરવું; સંહાર કરવો.

૩. ન. પૈસો; વિત્ત.

૪. જુઓ ગોપીચંદ.

ગોપીચંદ્રનાથ પું. નાથ સંપ્રદાયનો એ નામનો એક મહાન યોગી. જુઓ ગોપીચંદ.

ગોપીજન સ્ત્રી. બ. વ. ગોપીલોક.

ગોપીજનપ્રિય [સં.] પું. શ્રીકૃષ્ણ.

ગોપીજનવલ્લભ [સં.] પું. ગોપીઓને વહાલા એવા શ્રીકૃષ્ણ.

ગોપીત ૧. [હિં.] પું. ખંજન પક્ષી.

૨. સ્ત્રી. ગોળ કે ખાંડના ચાસણને ટીપી ટીપીને બનાવાતી સાકરલાકડી.

ગોપીતળાવ ન. એ નામનું સુરતનું એક પ્રસિદ્ધ તળાવ. ઈ. સ. ૧૫૧૬માં ગોપી નામના નાગર બ્રાહ્મણે એ તળાવ બંધાવ્યું હતું. સુરત શહેરને સુધારવા ગોપીએ જે મહેનત કરી તેના બદલામાં ગુજરાતના સુલતાને એને માલિકનો ઇલકાબ આપ્યો હતો. એની પત્નીને રાણી તરીકે સઘળાં ઓળખતાં હતાં. ગોપીપરા અને રાણીચકલા એ સુરતનાં બે પરાંનાં નામ તેઓનાં નામ ઉપરથી પડેલાં છે. ગોપીની સ્ત્રીએ રાણીતળાવ બંધાવ્યું હતું.

ગોપીથ ૧. પું. રાજા.

૨. [સં.] ન. એક પ્રાચીન તીર્થ.

૩. ન. રક્ષા; રક્ષણ.

૪. ન. સોમવલ્લી રસનું પાન.

ગોપીન ન. (શિલ્પ) એક જાતનું કોતરકામ.

ગોપીનાથ ૧. [સં.] પું. ગોપીઓનો સ્વામી; શ્રીકૃષ્ણ.

૨. પું. વલ્લભાચાર્યને લક્ષ્મી નામની સ્ત્રીથી થયેલ બે માંહેનો એ નામનો એક દીકરો.

ગોપીનાથજી પું. ગઢડાના સ્વામીનારાયણના મંદિરમાં બિરાજતા એ નામના મુખ્ય દેવ.

ગોપીનાથદાસજી પું. સ્વામીનારાયણ સંપ્રદાયમાં થઈ ગયેલ એ નામનો એક પ્રખર પંડિત.

ગોપીપ્યાસ [હિં.] સ્ત્રી. ગોપીઓની તૃષા; ગોપીલાલસા.

ગોપીપ્રાણસ્થિતિપ્રદ પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

ગોપીમંત્રાભિમંત્રિત પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

ગોપીમાનસંહારક પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

ગોપીમોહસંસારનાશક પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

ગોપીયંત્ર ન. કિન્નરીની જાતનું એક તંતુવાદ્ય.

ગોપીરત્નસ્તુતાશેષવેણુવાદ્યવિશારદ પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

ગોપીવલ્લભ [સં.] પું. ગોપીઓને વહાલા એવા શ્રીકૃષ્ણ.

ગોપીસંસારવિસ્મૃતિ પું. પુરુષોત્તમનાં હજાર માહેનું એક નામ.

ગોપીસ્નેહૈકનિલય પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

ગોપુચ્છ ૧. [સં.] પું. એક જાતનો હાર.

૨. પું. ગાયના પૂછડા જેવા પૂછડાવાળો એક જાતનો વાનર.

૩. પું. પાણિનિના સમયમાં વપરાતો એક સિક્કો.

૪. પું. (સંગીત) યતિ એટલે વિસામાનો એક પ્રકાર. જુઓ ગોચ્પુચ્છયતિ.

૫. ન. ગાયનું પૂછડું.

૬. ન. ધોળા અથવા મિશ્ર રંગવાળા પચીશ રુદ્રાક્ષમાં છિદ્રો કરી પરોવીને કંકણાકાર કરાતી માળા.

ગોપુચ્છક ન. એક જાતનું ઘરેણું.

ગોપુચ્છયતિ સ્ત્રી. (સંગીત) યતિ કે વિશ્રામના પાંચ માંહેનો એક પ્રકાર. જે તાલના ઠેકા દેવામાં પ્રથમ મધ્યલય, વચમાં દ્રુતલય અને છેવટે પ્લુતલય હોય તે ગોપુચ્છના આકાર પ્રમાણે ગોપુચ્છયતિ જાણવી.

ગોપુચ્છા સ્ત્રી. (સંગીત) એક પ્રકારની યતિ. સંગીત પારિજાતમાં કહ્યું છે કે, મધ્યથી આરંભ અને અંતે વિલંબિત લય હોય તો ગોપુચ્છા થાય.

ગોપુચ્છાકાર [સં.] વિ. શંકુ આકારનું.

ગોપુચ્છાકૃતિ [સં.] સ્ત્રી. શંકુ.

ગોપુચ્છાસન [સં.] ન. (યોગ) એ નામનું એક આસન. તેથી પાપ મટે એમ મનાય છે.

ગોપુટા [સં.] સ્ત્રી. મોટી એલચી.

ગોપુટિક [સં.] ન. શંકરના પોઠિયાનું મસ્તક.

ગોપુત્ર ૧. [સં.] પું. બળદ.

૨. પું. સૂર્યનો પુત્ર; કર્ણ.

ગોપુર [સં.] ૧. પું. સુશ્રુત અનુસાર વૈદ્યકશાસ્ત્રનો પ્રણેતા એક પ્રાચીન ઋષિ.

૨. ન. એક જાતની મોથ; કેવડી મોથ.

૩. ન. ગાયનું ટોળું. વેદકાળના લોકો ખેતી

અને વણાટ તો જાણતા જ, પણ ઘણા લોકો ગાયનાં ટોળાં લઈને ફરતા હતા એમ જણાય છે. ગોત્ર, ગોપુર વગેરે શબ્દો એ જ વખતના લાગે છે.

૪. ન. છજું; જાળિયું; રવેશ.

૫. ન. દરવાજા ઉપરનો ખુલ્લો ભાગ.

૬. ન. નગરનો કે મંદિરનો દરવાજો; પુરદ્વાર.

૭. ન. મુખ્ય દ્વાર; મોટું દ્વાર.

૮. ન. એ નામની એક વનસ્પતિ; જળમુસ્તા.

૯. ન. સ્વર્ગલોક; દેવલોક.

૧૦. ન. હાથનું એક ઘરેણું.

ગોપુરક ૧. [સં.] પું. એક જાતનું ઝાડ.

૨. પું. શહેરનો દરવાજો.

ગોપુરવિધાન [સં.] ન. શહેરના દરવાજા મૂકવાની રીત; નગરસ્થાપનની વિધિનું એક પગથિયું; નવું શહેર બાંધવા માટે દરવાજા અને બારી નક્કી કરવાપણું.

ગોપુરીષ [સં.] ન. ગાય કે બળદનું છાણ.

ગોપૂજક [સં.] વિ. ગાયની પૂજા કરનાર.

ગોપૂજા [સં.] સ્ત્રી. ગાયની પૂજા.

ગોપેશ જુઓ ગોપેંદ્ર.

ગોપેશ્વર જુઓ ગોપેંદ્ર.

ગોપેંદ્ર ૧. [સં.] પું. ગોવાળિયાનો રાજા નંદ.

૨. પું. શ્રીકૃષ્ણ.

ગોપ્તવ્ય ૧. [સં.] વિ. ગુપ્ત રાખવા જેવું.

૨. વિ. રક્ષણ કરવા યોગ્ય.

ગોપ્તા ૧. [સં. ગોપ્તૃ] પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ. સર્વ ભૂતોનું પાલન કરનાર ભગવાન જગતના રક્ષક છે તેથી, અથવા પોતાની માયાથી પોતાને ઢાંકી દે છે તેથી પણ તે ગોપ્તા કહેવાય છે.

૨. પું. વિષ્ણુ.

૩. પું. શિવ.

૪. સ્ત્રી. ગંગા.

૫. વિ. ઢાંકનાર.

૬. વિ. રક્ષણ કરનાર; રક્ષક; વાલી.

ગોપ્પોત્તર પું. (કાવ્ય) એક શબ્દાલંકાર.

ગોપ્ય ૧. પું. ગોપીનો સમૂહ.

૨. પું. ગોવાળિયો; ગાય ચારનાર.

૩. [સં] પું. દાસ; નોકર.

૪. પું. દાસીનો પુત્ર.

૫. ન. એકાંત.

૬. વિ. ગુપ્ત રાખવા જેવું; ખાનગી રાખવા લાયક; ગોપનીય.

૭. વિ. રક્ષણ કરવા જેવું.

ગોપ્યાદિત્ય [સં.] પું. પ્રભાસ તીર્થમાં આવેલી સૂર્યની એક મૂર્તિ.

ગોપ્યાધિ ૧ [સં.] પું. એક જાતનો છાનો રોગ; ગુપ્ત મનોવ્યથા.

૨. પું. થાપણમાં મૂકેલી વસ્તુ.

ગોપ્રચાર ૧. [સં.] પું. એ નામનું એક તીર્થ.

૨. પું. ગાયને ચરવાનું સ્થળ.

ગોપ્રતાર ન. અયોધ્યામાં ફૈઝાબાદ આગળ સરયૂને કિનારે આવેલ ગુપ્તાર નામનું યાત્રાનું સ્થળ. રામ વૈકુંઠ જતા હતા ત્યારે તેમના ભક્તોની પાછળ અહીં ગિરદી જામી હતી.

ગોપ્રતારઘાટ જુઓ ગોપ્રતાર.

ગોપ્રતિપ્રાળ વિ. ગાયોનું રક્ષણ કરનાર; ગાયોને પાળનાર.

ગોપ્રદેશ પું. વિષ્ણુપુરીનો એક દેશ, જ્યાં શ્રીકૃષ્ણ રહે છે.

ગોપ્રવેશ ૧. [સં.] પું. જંગલ વગેરેથી આવીને ગાયનો ઘરમાં પ્રવેશ.

૨. પું. સંધ્યાકાળ; ગોધૂલિ; સાંજ; ગાયોને ચરીને આવવાનો સમય.

ગોપ્રિય [સં.] પું. આખલો; સાંઢ; ખૂંટ.

ગોપ્રેમી [સં. ગોપ્રેમિન્] વિ. ગાય તરફ લાગણીવાળું.

ગોફ ૧. [સં. ગુંફ્ (ગૂંથવું)] પું. એક જાતની રાસક્રીડા; અડંગો. દાંડીઓના ખેલની પેઠે ગોફ ગૂંથીને દાંડીઓથી રમવાનો પ્રકાર દ્વાપર યુગથી ચાલુ છે. ભગવાન શ્રીકૃષ્ણ મોરલી બજાવતા અને ગોપ તથા ગોપીઓ ગોફ ગૂથતાં હતાં. રાસક્રીડા એ શબ્દ રાસ અને ક્રીડા એવા બે શબ્દનો બનેલો છે. રાસ એટલે દોરી અને ક્રીડા એટલે ખેલ એટલે દોરીથી રમવાનો ખેલ એવો તેનો અર્થ થાય છે. દોરીને બદલે જુદા જુદા રંગના કાપડના લાંબા ચીરા લઈને પણ દાંડી રમતાં રમતાં તેનો ગોફ ગૂંથાય છે. ગોફ ઘણા પ્રકારે ગૂંથાય છે. ગૂંથતી વખતે જેવી ક્રિયા કરેલ હોય તેનાથી ઊલટી ક્રિયા કરતાં ગૂંથેલો ગોફ ઉખેળી શકાય છે. ગોફ તૈયાર કરવાની રીત: ૭ ઈંચ પહોળા અને દશ ફૂટ લાંબા એવા કપડાના કટકા અથવા ચીરા રમનારની સંખ્યા જેટલા તૈયાર કરાવવા. સંખ્યાના પ્રમાણમાં બે ત્રણ કે ચાર રંગનું કાપડ તે માટે લેવું. જુદા જુદા રંગના કટકા લેવાથી ગોફ રંગબેરંગી થાય છે અને રમનારને પોતાની જોડી સમજવામાં તથા જુદી જુદી હિલચાલ કરવામાં અનુકૂળતા થાય છે. ૭ રમનાર હોય તો બે રંગનું કાપડ લેવું. ત્રણ કટકા લાલ રંગના અને ત્રણ ધોળા રંગના બનાવવા. આઠ હોય તો ચાર રંગનું કાપડ લેવું. ૭ ઈંચ પરિઘનું અને એક ઈંચ જાડાઈનું એક લાકડાનું ગોળ પાટિયું લેવું. તે પાટિયાને એક ઈંચ વ્યાસનાં રમનારની સંખ્યા જેટલાં કાણાં પાડવાં. તે કાણામાંથી પરોવીને કપડાનો એક એક કટકો તે પાટિયાની ઉપરના ભાગમાં લઈ તેની ગાંઠ બાંધી લેવી, જેથી રમતી વખતે તે નીચે સરી આવે નહિ. પાટિયાના ઉપરના ભાગમાં એક લોખંડી આંકડિયો લગાડવો અને અંગ્રેજી S એસના આકારનો એક બીજો આંકડિયો લઈ તે આંકડિયાંમાંથી મકાનની એક પાટડીને જોડેલા કડાની સાથે તે પાટિયાને લટકાવી દેવું. એક જ રંગના કટકા એ પાટિયામાં એકમેકની સાથે રખાશે તો ગૂંથેલો ગોફ રંગબેરંગી દેખાશે નહિ. પછી ગોફ ગૂંથનારના ડાબા હાથમાં એક એક કટકો આપવો અને તેની સાથે એક એક દોરી રખાવવી. એ રીતે એક એક કટકો હાથમાં રાખીને ઊભા રહ્યા પછી તેમણે દાંડીઓ ઠોકતાં ઠોકતાં ગોફ ગૂંથવાનો હોય છે. રમનારે એક વર્તુલમાં ઊભા રહેવું. દરેક પોતાના ડાબા હાથમાં દોરી અને જમણા હાથમાં એકલી દાંડી પકડીને ઊભા રહેવું. પછી જમણો પગ જરા ઊંચો લઈને આગળ મૂકવો અને ડાબો પગ ઊંચો લઈને તે જ સ્થિતિમાં જમણા પગ ઉપર તોળી રાખીને ડાબા હાથની દાંડી ઉપર જમણી દાંડીથી ઠેકો મારવો. પછી ડાબો પગ જમીન ઉપર ટેકવીને જમણો પગ ઊંચો કરવો. પછી વળી જમણો પગ ટેકવીને ડાબો પગ ઊંચો લેવો અને જમણા પગ ઉપર ઊભા રહીને પ્રથમ જણાવ્યા પ્રમાણે ડાબી દાંડી ઉપર જમણી દાંડી મારવી. પછી ડાબો પગ જમણી તરફ આગળ લાંબો મૂકીને જમણી દાંડીથી જમણા હાથ તરફના ભેરુના જમણા હાથની દાંડી ઉપર ઠેકો મારવો. પછી ઊંચો લીધેલો જમણો પગ જમીન ઉપર મૂકીને ડાબો પગ જરા ઊંચો લેવો અને પોતાની ડાબી દાંડી ઉપર જમણી દાંડી મારવી. પછી ફરીને ડાબો પગ જમીન ઉપર ટેકવીને અને જમણો પગ ઊંચો લઈને બીજા નંબરના ભેરુની જમણી દાંડી ઉપર ફરી દાંડી મારવી. પછી ઉપર જણાવ્યા પ્રમાણે જમણા પગ ઉપર ઊભા રહીને પોતાની દાંડી ઉપર ફરીને દાંડી મારવી. પછી ઉપર જણાવ્યા પ્રમાણે જમણા પગ ઉપર ઊભા રહીને પોતાની દાંડી ઉપર ફરીને દાંડી મારવી. પછી ઉપર જણાવ્યા પ્રમાણે ડાબો પગ ઊંચો લઈને જરા લાંબો મૂકવો અને ત્રીજા ભેરુની સામે જઈને તેની જમણી દાંડી ઉપર

દાંડી મારવી. પછી વળી પોતાની દાંડી ઉપર દાંડી મારવી. તે પછી ત્રીજા ભેરુની જમણી દાંડી ઉપર દાંડી મારીને ફરી પોતાની દાંડી ઉપર દાંડી મારવી. આ દાંડીઓ મારતાં ઉપર જણાવ્યા પ્રમાણે ડાબો જમણો પગ વારાફરતી ઊંચો લેવો પડે છે. તે પછી ચોથા ભેરુની સામે જઈ તેની દાંડી ઉપર, ઉપર જણાવ્યા પ્રમાણે એ વખત દાંડી મારવી અને તે વખતે પોતાની દાંડી ઉપર એ દાંડી મારી પાંચમા ભેરુની સામે જવું. પછી પ્રથમ જણાવ્યા પ્રમાણે એ દાંડીઓ છઠ્ઠા ભેરુને મારવી અને તે પછી છઠ્ઠા ભેરુએ વર્તુલની અંદર જવું. તેણે એ દાંડીઓ પોતાના ડાબા હાથની દાંડી ઉપર મારવી. પછી છઠ્ઠો ભેરુ જે અંદર ગયેલો હોય તેણે પહેલાની જમણી દાંડી ઉપર, ઉપર બતાવેલી રીતે એ વખત દાંડીઓ મારવી. ઉપર બતાવેલ રીત પ્રમાણે બધાએ રમવું. આ રીતે રમવાથી ગોફ ગૂંથાઈ જાય છે. પછી એથી ઊલટી રીતે રમવાથી તે ગૂંથાયેલો ગોફ છોડાઈ જાય. બીજા ભેરુએ ગોફ છોડવાની શરૂઆત કરવી જોઈએ. ગોફ ગૂંથવામાં જેમ રમવામાં આવ્યું હોય તેથી ઊલટી દિશાએ વર્તુલમાં ફરીને ગોફ છોડવા માટે રમવું જોઈએ.

૨. પું. ગળાનું એક ઘરેણું.

૩. [હિં.] પું. ગીરવીનો એક પ્રકાર; દૃષ્ટબંધક.

૪. પું. ગૂંથેલું દોરડું.

૫. [સં. ગુલ્ફ] પું. ઘૂંટી; પગની એડી.

૬. પું. હાથનું એક ઘરેણું.

ગોફગૂંથણી સ્ત્રી. ગોફ ગૂંથવો તે.

ગોફગૂંથન ન. અઠંગો. જુઓ ગોફ ૧.

ગોફણ [સં. ક્ષેપણી; દે. ગુંફણ] સ્ત્રી. પથ્થરા અથવા ઢેફાં ફેંકવાનું જોતર જેવું સાધન. ગોફણનો ઉપયોગ પ્રાચીન કાળથી લડાઈ વખતે કરવામાં આવતો. ઈ. સ. પૂ. ૨૦૦૦ વર્ષ ઉપર એનો ઉપયોગ પ્રથમ થયો હતો. સિકંદર લડાઈ પ્રસંગે ગોફણ વડે લશ્કરને લડાવતો હતો એમ મનાય છે.

ગોફણગોળો પું. એક જાતની રમત. રમનાર છોકરા મેદાનમાં ગોફણ ફેરવી શકાય એટલે છેટે હારબંધ ઊભા રહી પોતાના હાથમાં ગોફણના બંને છેડા ઝાલી તેની વચ્ચેના ગળામાં એક નાનો કાંકરો કે કાદવનો સૂકો ગોળો મૂકી તેના માથા ઉપર ફેરવી તેનો એક છેડો છોડી દે છે એટલે અંદરનો કાંકરો અથવા ગોળો દૂર જઈ પડે છે. જેનો કાંકરો ઘણે દૂર જાય તે હોશિયાર ગણાય.

ગોફણડો (ગોફણડ઼ો) પું. ગોફણી; અંબોડે લટકાવવાનું સ્ત્રીઓનું એક ઘરેણું.

ગોફણવીર પું. ગોફણ ફેંકવામાં હોશિયાર માણસ.

ગોફણા ૧. સ્ત્રી. ગોફણ.

૨. [સં.] સ્ત્રી. વૈદ્યકપ્રસિદ્ધ એક જાતનું વ્રણબંધન.

ગોફણાદેવ પું. ચોધરા નામના રાનીપરજ લોકોના એ નામના એક દેવ.

ગોફણિયાલાડુ પું. બ. વ. નાના અને ઓછા ઘીના લાડુ.

ગોફણિયું ૧. ન. ગોદણ નીચે ટેકા માટે રાખવામાં આવતું લાકડાનું ઢીંચણિયું.

૨. વિ. ગોફણના કામનું.

ગોફણિયો ૧. પું. ગોફણમાં ફેંકવાનો ગોળો; ગોફણમાં ઘાલીને મારવાનો માટીનો ગોળો.

૨. પું. લાડુ; મોદક.

ગોફણી ૧. સ્ત્રી. વિવાહ કરતી વખતે કન્યાને પૈસા ઘરેણાં આપવાની રીત.

૨. સ્ત્રી. સ્ત્રીને અંબોડે લટકતું રહે એવું સોનારૂપાનું એક ઘરેણું.

ગોફણું જુઓ ગોફણી.

ગોફણો ૧. પું. ચોટલાને છેડે ગૂંથવાનું એક જાતનું ઘૂઘરિયાળું ઘરેણું.

૨. પું. તુંગાની ઉપર જડેલો લાકડાનો એક ભાગ; ગોથણો.

૩. પું. પુરુષની જનનેંદ્રિય; શિશ્ન.

૪. પું. વાળનો ગૂંથેલ ચોટલો.

ગોફતેગો [ફા. ગુફતેગો] પું. ખાનગી વાતચીત; એકાંતની વાતચીત; મસલત.

ગોફન ૧. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે આનંદવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૮ ગુરુ અને ૭૪ લઘુ મળી ૮૨ વર્ણ અને ૯૦ માત્રા હોય છે.

૨. [હિં.] સ્ત્રી. ગોફણ.

ગોફલાં ન. બ. વ. ધાતુનાં ઝૂમકાં.

ગોફળગોળો પું. ગપ; ખોટી વાત; ડિંગ.

ગોફિયા [હિં.] સ્ત્રી. ગોફણ.

ગોફેણ જુઓ ગોફણ.

ગોબ ૧. ન. (કચ્છી) અપલક્ષણ.

૨. ન. ખોટ.

૩. ન. ઘોબો; વાસણના પછાડવાથી થતો ખાડો.

૪. ન. ઢોરના બચ્ચાનું પેટમાં હોવું તે.

ગોબચી સ્ત્રી. (કચ્છી) ખલેચી; કોથળી.

ગોબડા (ગોબડ઼ા) સ્ત્રી. એક જાતની માછલી.

ગોબર ૧. સ્ત્રી. લેઉઆ કણબીની એ નામની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. ન. ગંદવાડ; કચરો; પૂંજો.

૪. [સં. ગોમય; દે. ગોવરં-ગોહૂરં] ન. ગાયનું છાણ.

૫. ન. છાણાનો ભૂકો.

૬. ન. છાણું.

૭. વિ. એ નામની અટકનું.

૮. વિ. જડ; મૂર્ખ.

૯. વિ. બેડોળ; બદસૂરત.

ગોબરગણેશ ૧. [હિં.] વિ. બેડોળ; બદસૂરત.

૨. વિ. મૂર્ખ; જડ; અક્કલ વિનાનું.

ગોબરગંદું વિ. ગંદું; અપવિત્ર.

ગોબરગંદા જુઓ ગોબરગંદું.

ગોબરચંપો પું. એ નામનું એક ઝાડ; ચમેલી; ડોલોચંપો. તે કાયમ ફૂલ આપે છે.

ગોબરદારા [હિં.] પું. છાણ ઉપાડનાર નોકર.

ગોબરવાડો (ગોબરવાડ઼ો) પું. ગંદવાડ; ગંદકી.

ગોબરવેડો (ગોબરવેડ઼ો) પું. ગંદવાડ; અચો; ગંદકી.

ગોબરસ્નાન ન. છાણથી થતું સ્નાન.

ગોબરહારી સ્ત્રી. (સંગીત) ગાવાની ચાર માંહેની એક વાણી; ગુવરહારી; ગૌરહારી.

ગોબરાઈ સ્ત્રી. અસ્વચ્છતા; ગંદકી.

ગોબરી [હિં.] સ્ત્રી. ગાયનું છાણ અને માટીની બનાવેલ ગાર.

ગોબરુ ન. એક જાતની શીતળા; ગોદડિયું; ખીચોખીચ સૈયડ.

ગોબરું ૧. ન. છાણું; ગોબર.

૨. વિ. અસ્વચ્છ; મેલું; ગંદું.

ગોબરો ૧. પું. હવામાં ઊડે એવું એક જાતનું દારૂખાનું; ગબારો.

૨. પું. હળની ખીલી; ધૂંસરી બાંધવાની હળની દાંડી.

૩. વિ. પું. ગંધારો; ગંદો.

ગોબાચારી સ્ત્રી. દખલગીરી; વચમાં પડવું તે.

ગોબારું ૧. ન. ગાળું.

૨. ન. પાણી જવાથી પડેલી બખોલ.

ગોબારો ૧. પું. ઊના પવનથી ફૂલીને ઊડે એવી કાગળની કોથળી; નાનું બલૂન; ગબારો.

૨. પું. ફજેતી; હાંસી.

૩. પું. હવાઈ; ઊંચે ઊડે એવું એક જાતનું દારૂખાનું.

ગોબાલ [સં.] ન. ગાયનો કેશ; ગાયનું રૂંવાડું.

ગોબાલી [સં.] સ્ત્રી. તે નામે એક ઔષધિ.

ગોબાવવું સ. ક્રિ. ગાય, ભેંસ, બળદ વગેરેને લાકડીથી ઘોંકાવી હાંકવું; ઢોરને લાકડી મારતા જવું ને હાંકતા જવું.

ગોબાવું ૧. અ. ક્રિ. ધાતુના વાસણમાં ખાડો પડવો; ગોબો પડવો.

૨. અ. ક્રિ. મનમાં દુઃખ થવું.

૩. અ. ક્રિ. શીળીના ડાઘ પડવા.

ગોબિંદ [હિં.] પું. ગોવિંદ.

ગોબી ૧. સ્ત્રી. કોબી.

૨. ન. ચીનની ઉત્તરે આવેલ એ નામનું રણ.

૩. વિ. સ્ત્રી. અક્કલ વગરની; અણુસમજુ; જડ; જંગલી.

ગોબું ૧. ન. એક છેડે મોટા ગઠ્ઠાવાળી લાકડી; ડાંગ.

૨. વિ. ભાન વગરનું; મૂર્ખ; અક્કલહીણું.

ગોબો ૧. પું. ખાડો; ખાંચો.

૨. પું. પ્રણાલી.

૩. પું. બળિયા અથવા શીતળાનું ચાઠું.

૪. પું. મથાળે ગઠ્ઠાવાળી લાકડી; ડાંગ.

૫. પું. વાસણ વગેરેને જોરમાં અફળાવાથી પડતો ખાડો.

ગોબ્રા [અં.] સ્ત્રી. મુંબઈના દરિયા કિનારે થતી એક જાતની માછલી. તે ખડકની પોલમાં ભરાઈ જાય છે તેથી તેનો પત્તો લાગવો મુશ્કેલ છે.

ગોબ્રાહ્મણપ્રતિપાલ ૧. [સં.] પું. ગાય અને બ્રાહ્મણનો રક્ષક રાજા.

૨. વિ. ગાય અને બ્રાહ્મણની રક્ષા કરનાર.

ગોભક્ત ૧. [સં] પું. ગાયની સેવા કરનાર માણસ.

૨. વિ. ગાયની ભક્તિ કરનાર.

ગોભક્તિક વિ. ગાયની પેઠે આહાર કરનાર.

ગોભાનુ પું. (પુરાણ) યયાતિના પુત્ર તુર્વસુનો પૌત્ર; ભાનુમાન.

ગોભાવું ૧. અ. ક્રિ. ગોભો પડ્યો હોય તેવું થવું; ખાડો પડવો.

૨. અ. ક્રિ. શીળીના ડાઘ પડવા.

ગોભિલ ૧. [સં.] પું. (પુરાણ) સામવેદીય ગૃહ્યસૂત્રનો રચનાર એ નામનો એક ઋષિ.

૨. ન. એ નામના ગોત્રનું એક પ્રવર.

૩. ન. એ નામનું એક ગોત્ર.

ગોભિલસૂત્ર ન. સામવેદનું એ નામનું એક સૂત્ર.

ગોભી ૧. સ્ત્રી. એ નામનું એક શાક; કોબીચ.

૨. સ્ત્રી. એક જાતનું ઘાસ.

૩. સ્ત્રી. છોડનો એક રોગ.

૪. [સં. ગોજિહ્વા] સ્ત્રી. ભોંપાથરીની ભાજી.

ગોભુજ ૧. [હિં.] પું. રાજા.

૨. સ્ત્રી. વાણિયાની એક જાત.

૩. ન. એ નામની જાતનું માણસ.

૪. વિ. એ નામની જાતનું.

ગોભો ૧. પું. નુકસાન.

૨. પું. વાસણ અફળાવાથી પડતો ખાડો; ઘોબો.

ગોભૃત [સં. ગોભૃત્] પું. પર્વત; પહાડ.

ગોમ ૧. સ્ત્રી. અપલક્ષણ; ખરાબ ટેવ; દૂષણ.

૨. સ્ત્રી. આનાકાની.

૩. સ્ત્રી. ગૂંચ; ગૂંચવણ.

૪. સ્ત્રી. ઘોડાની ખોડ.

૫. સ્ત્રી. ઠપકો.

૬. સ્ત્રી. તંગ નીચે તંગમાં દબાતી ભમરી; ઘોડાનો પટો બાંધવાના પેટવાળા ભાગ ઉપરની એક નિશાની.

૭. [હિં.] સ્ત્રી. પૃથ્વી.

ગોમક્ષિકા [સં.] સ્ત્રી. ડાંસ; મચ્છર.

ગોમગી ૧. [ફા.] વિ. અચોક્કસ.

૨. વિ. સેળભેળ કરેલું.

ગોમઘ ૧. ન. ઝવેરાતનું એક જાતનું બનાવટી નંગ.

૨. [સં.] વિ. ગાયનું દાન કરનાર.

ગોમટ ૧. સ્ત્રી. ઉત્તર હિંદના લોકોની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

ગોમટા ૧. સ્ત્રી. સુરત જિલ્લાની એક અનાર્ય જાતિ.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

ગોમટી ૧. સ્ત્રી. (જૂ. ગુ.) ઘૂમટવાળી દેરડી.

૨. વિ. સ્ત્રી. સારી; રૂપાળી.

ગોમટીપામ ન. એક જાતનું તાડનું ઝાડ; સીધો વધનારો મોટા થડનો તાડ. તેનાં પાતરાં સખત અને થડ કઠણ અને મજબૂત લાકડાનું હોય છે. જાવામાં ખાંડ બનાવવા માટે આ તાડ વાવવામાં આવે છે. આ તાડમાં ફૂલ થાય છે ત્યારે તેનો મોટો ડાંડો હોય છે. તેના ઉપર છેકા કરી મટકાં બાંધી તેમાં રસ ઝરવા દે છે. તેને ઉકાળી ગોળ બનાવાય છે.

ગોમટો પું. શાળના તારેતાર જુદા જુદા રહે તે માટે દોરાને ગૂંથીને બનાવેલી જાળી; રાચ; વણાટમાં જોગ પાડવા કરાતી રચના.

ગોમત ૧. પું. એ નામનો પર્વત; ગોમંત.

૨. [સં. ગોમત્] પું. કિરણવાળો સૂર્ય.

૩. પું. ગાયનો માલિક.

૪. વિ. પું. ગાયવાળો.

ગોમતરિયા ૧. સ્ત્રી. સથવારાની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગોમતી ૧. પું. (પિંગળ) અગિયાર માત્રાનો એક છંદ.

૨. [સં.] સ્ત્રી. એ નામની એક દેવી. તેનું મુખ્ય સ્થાન ગોમંત પર્વત ઉપર છે.

૩. સ્ત્રી. ત્ર્યંબકેશ્વર આગળ ગોદાવરી નદીનું નામ. ગૌતમ ઋષિનો આશ્રમ અહીં હતો, તેથી તેને ગૌતમી પણ કહે છે.

૪. સ્ત્રી. દ્વારકા પાસેની એ નામની નદી.

૫. સ્ત્રી. મહાભારતમાં જણાવેલી ગંગાને મળનારી એક પ્રાચીન નદી. તેના ઉપર લખનૌ શહેર છે.

૬. સ્ત્રી. માળવામાં આવેલી ચંબલ નદીની એક શાખા. તેના કિનારા ઉપર રણથંભોર વસ્યું છે.

ગોમતીગંગા [સં.] સ્ત્રી. મહાભારતમાં જણાવેલું એક પ્રાચીન તીર્થ.

ગોમતીચક્ર ન. દ્વારકા પાસેના ગોમતી તળાવમાંથી નીકળતો ખાડાવાળો નાનો લંબગોળ પથ્થર.

ગોમતીવાળ ૧. સ્ત્રી. બ્રાહ્મણની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

ગોમતીશિલા [સં.] સ્ત્રી. હિમાલય ઉપરનું એક તીર્થસ્થાન. ત્યાં અર્જુનનું શરીર ગળી ગયું હતું એમ મનાય છે.

ગોમતૃણ ન. પાણીમાં કે નદી કિનારે ઊગતો એક જાતનો વેલો.

ગોમતેશ્વર પું. શિવ; શંકર.

ગોમત્સ્ય [સં.] પું. મોટું માછલું; મગર.

ગોમથ [સં.] વિ. ગાય દોહનાર.

ગોમય ૧. [સં.] ન. ગાયનું છાણ.

૨. વિ. ગાયમાંથી બનેલું.

૩. વિ. ગાયોથી ભરેલું.

ગોમયચ્છત્ર [સં.] ન. ચોમાસામાં થતી છત્રાકાર કાગડાટોપી.

ગોમયચ્છત્રિકા જુઓ ગોમયચ્છત્ર.

ગોમયપાયસીયન્યાય પું. એ નામનો એક ન્યાય. જેમકે, કોઈએ સાંભળ્યું હોય કે ગાયમાંથી ખીર થાય છે અને તેણે દૂધની બનેલી ખીર ખાધી પણ હોય. તેમ છતાં તે ગાયનું છાણ લઈને તેની ખીર બનાવવા તેમાં ચોખા નાખી

અગ્નિ ઉપર મૂકીને પછી ખાવા માંડે. આને ગોમયપાયસીયન્યાય કહે છે.

ગોમયપ્રિય જુઓ ગોમયચ્છત્ર.

ગોમયરસ [સં.] પું. ગોમૂત્ર.

ગોમયસ્નાન [સં.] ન. ગાયનું છાણ ચોળી નાહવું તે.

ગોમયાન પું. (પુરાણ) એ નામનો એક ઋષિ.

ગોમયોદ્ભવ ૧. [સં.] પું. ગરમાળાનું ઝાડ.
૨. વિ. છાણમાંથી ઉત્પન્ન થનાર.

ગોમર [હિં.] પું. કસાઈ; ખાટકી.

ગોમલ [સં.] ન. છાણ; ગોબર.

ગોમવોમ વિ. કંઈ સૂઝે નહિ એવું.

ગોમહિષદા [સં.] સ્ત્રી. કાર્તિક સ્વામીની સેવક એક માતૃકા.

ગોમળ જુઓ ગોમલ.

ગોમંડલ ૧. [સં.] ન. ઇંદ્રિયોનો સમૂહ.
૨. ન. કિરણોનો સમૂહ.
૩. ન. ગાયોનો સમૂહ; ગાયોનું ધણ.
૪. ન. ગોંડલ ગામનું સંસ્કૃત નામ.
૫. ન. પૃથ્વીનો ગોળાકાર; પૃથ્વીચક્ર.
૬. ન. ભૂમંડલ; પૃથ્વીમંડલ.
૭. ન. શબ્દસંગ્રહ.

ગોમંડલપરિક્રમણ [સં. ગોમંડલ (પૃથ્વીમંડળ) + પરિક્રમણ (પ્રદક્ષિણા)] ન. ગોંડલનાં સદ્ગત મહારાણી શ્રીનંદકુંવરબા સાહેબ વિરચિત પૃથ્વીના પ્રવાસનું બયાન કરનારૂં એ નામનું એક પુસ્તક.

ગોમંત ૧. [સં.] પું. ક્રૌંચ દ્વીપમાંનો એક પ્રાચીન પર્વત.
૨. પું. જૂનાગઢ પાસે આવેલો ગિરનાર પર્વત.
૩. પું. દ્વારકા પાસે પ્રાચીન કાળમાં આવેલો એક પર્વત. તેના ઉપર રહેલા શ્રીકૃષ્ણ અને બળરામને બાળી નાખવા માટે જરાસંઘે તેને આગ લગાડી હતી.
૪. પું. સહ્યાદ્રિ પર્વત ઉપરનું એક પહાડી સ્થળ. ત્યાં ગોમતીદેવીનું સ્થાન છે. તેને સિદ્ધપીઠ માનવામાં આવે છે.

ગોમંતક જુઓ ગોમંત.

ગોમંતગિરિ જુઓ ગોમંત.

ગોમા ૧. સ્ત્રી. એક જાતની વનસ્પતિ; દ્રોણપુષ્પી.
૨. [હિં.] સ્ત્રી. ગોમતી નદી.

ગોમાતા [સં. ગોમાતૃ] સ્ત્રી. ગાયોની માતા; કામધેનુ ગાય.

ગોમાન પું. શિવ; શંકર.

ગોમાનસિકા ૧. સ્ત્રી. લાંબો ઓટલો.
૨. સ્ત્રી. શય્યા; પથારી.

ગોમાનસી જુઓ ગોમાનસિકા.

ગોમાયુ ૧. [સં.] પું. એક જાતનો ગંધર્વ.
૨. પું.; ન. શિયાળ; કોલુ.
૩. સ્ત્રી. શિયાળવી; શિયાળની માદા.

ગોમારી સ્ત્રી. એક જાતની પારદબંધન માટે ઉપયોગી વેલ. તેનાં પાંદડાં તલવાર જેવાં અને રસવાળાં હોય છે.

ગોમાસ પું. ડાંસ; મોટો મચ્છર.

ગોમાસી જુઓ ગોમાસ.

ગોમાંતક ન. ગોવા શહેર.

ગોમાંસ [સં.] ન. ગાયનું અથવા બળદનું માંસ.

ગોમિગ [સં.] પું. એ નામનો એક ઋષિ.

ગોમિત્રા ૧. સ્ત્રી. બ્રાહ્મણની એક જાતિ.
૨. ન. એ નામની જાતિનું માણસ.
૩. વિ. એ નામની જાતિનું.

ગોમિથુન ૧. [સં.] ન. ગાયનું જોડલું.
૨. ન. બળદ અને ગાય.

ગોમિની ૧. [સં.] સ્ત્રી. ગાયવાળી સ્ત્રી.
૨. સ્ત્રી. શિયાળવી; શિયાળની માદા.

ગોમી ૧. પું. ઇંદ્રિયોનો સમૂહ.
૨. [સં. ગોમિન્] પું. ગાયોનો સ્વામી.
૩. પું. પૃથ્વી.
૪. પું. પૃથ્વીનો ગોળાકાર.
૫. પું. શિયાળ.

ગોમીન [સં.] ન. એક જાતનું માછલું.

ગોમુખ ૧. [સં.] પું. ઇંદ્રના પુત્ર જયંતના સારથિનું નામ; માતલિનો પુત્ર.
૨. પું. એ નામનો એક યક્ષ.
૩. પું. એક જાતનો યજ્ઞ.
૪. પું. (પુરાણ) ભારતના યુદ્ધમાં દુર્યોધન પક્ષનો એક રાજા.
૫. પું. મગર.
૬. સ્ત્રી. એક જાતની સ્વાદિષ્ઠ કાકડી.
૭. ન. (યોગ) એ નામનું એક આસન.
૮. ન. એક જાતનું નગારૂં.
૯. ન. એક જાતનું શંખવાદ્ય. તે શંખમાંથી બને છે. તેનો આકાર ગાયના મુખ જેવો હોવાથી તેને ધર્મવાદ્ય તરીકે હિંદુઓ ગણે છે.
૧૦. ન. ગાયના મુખના આકારની જમીનમાં ખોદેલી સુરંગ.
૧૧. ન. ગાયનું મોઢું.
૧૨. ન. માળા વગેરે રાખવાની ગૌમુખી.
૧૩. ન. લેપ; લેપન.

ગોમુખાસન [સં.] ન. (યોગ) એક જાતનું આસન. તેમાં બંને પગની એડીથી ગુદાને રોકી બંને પગના ફણાને કાચબાના પાછલા પગની પેઠે રાખી સાવધાન થઈને સ્થિર બેસવું. ડાબી બાજુની કેડના નીચલા ભાગમાં જમણા પગની એડી રાખવી અને જમણી બાજુની કેડના નીચલા ભાગમાં ડાબા પગની એડી રાખવી. આ રીતે ગોમુખના જેવો આકાર કરી બેસવું. આ આસનમાં બંને ઢીંચણના ઢેકા એકબીજા ઉપર એવી રીતે ગોઠવાય છે કે, ગાયના મુખના ઉપર તથા નીચેના હોઠ હોય એવો તેનો દેખાવ થાય છે. આ આસનથી શરીરબળની વૃદ્ધિ થઈ આળસ દૂર થાય અને મોઢાના રોગ પણ મટે એમ મનાય છે.

ગોમુખિત ન. ગાયના મોઢાના આકારવાળી ઢાલ.

ગોમુખી ૧. [સં.] સ્ત્રી. એ નામનું એક વાજિંત્ર. તેમાંથી રિખભ સ્વર નીકળે છે.
૨. સ્ત્રી. ગાયના મુખ જેવી કાટખૂણ કોથળી. તેમાં માળા રાખીને જપ કરવામાં આવે છે.
૩. સ્ત્રી. ઘોડાના ઉપલા હોઠ ઉપરની શુભસૂચક ભમરી.
૪. સ્ત્રી. છાયાયંત્રમાં જેની છાયા ઉપરથી વખત નક્કી કરવામાં આવે છે તે સળી.
૫. સ્ત્રી. હિમાલય ઉપરની એક ગુફા. ત્યાંથી ગંગા જમીન ઉપર પડે છે.

ગોમુખું ૧. વિ. ગાયના મુખના આકારનું.
૨. વિ. ઘણું જ ગરીબ; નમ્ર; સાલસ.

ગોમુદ્રી [સં.] સ્ત્રી. પ્રાચીન કાળનું એક જાતનું વાજું.

ગોમૂઢ [સં.] વિ. બળદ જેવું મૂર્ખ; જડ; ગમાર.

ગોમૂત્ર ૧. ન. એક જાતનું રત્ન.
૨. [સં.] ન. ગાયનો પેશાબ. તે સારક અને મૂત્રલ છે. બીજાં ઓસડની સાથે કમળો, જલોદર, યકૃતોદર, પ્લીહોદર ને મળાવરોધ ઉપર તે પિવાય છે. ત્વચારોગમાં અને કેટલીક ધાતુના શોધનમાં પણ તેનો ઉપયોગ થાય છે.

ગોમૂત્રક પું. એક જાતનો હીરો.

ગોમૂત્રિકા ૧. [સં.] સ્ત્રી. એક જાતનું સુગંધી ઘાસ. વૈદ્યકમાં તે વીર્યવર્ધક અને ગાયનું દૂધ વધારનાર મનાય છે.
૨. સ્ત્રી. ગાયના મૂતરવાથી જમીન ઉપર થતા આકારમાં રચેલી કવિતા; એક પ્રકારનું ચિત્રકાવ્ય; ગોમૂત્રિકાબંધ.
૩. સ્ત્રી. ગોમૂત્રમાં થયેલ વેલ.
૪. સ્ત્રી. વક્રગતિનો એક પ્રકાર; ગાયના મૂત્રની ધાર માફક સાંકડી અને પહોળી લહેરિયા આકૃતિ; ગાયના મૂતરવાથી જમીન ઉપર થતો આકાર.

ગોમૃગ [સં.] પું. એક જાતનું હરણ; રોઝ.

ગોમૃગી [સં.] સ્ત્રી. રોઝની માદા.

ગોમૃત ન. ગાયનું કલેવર.

ગોમેટ ન. ગાયનું માંસ.

ગોમેટી સ્ત્રી. એક જાતની વનસ્પતિ. કૂવા અને વાડ ઉપર તેના વેલા આપોઆપ થાય છે. તેનાં પાંદડાં થોડાં લાંબાં અને સહેજ જાડાં હોય છે. તેનાં કેળાં જેવાં ગળચટાં જાડાં ફળ કોંકણમાં શાક તરીકે વપરાય છે.

ગોમેદ ૧. [સં.] પું. એ નામનો એક દ્વીપ.
૨. પું. પીળા રંગનો હીરો; પોખરાજ; એક જાતનો મણિ.

ગોમેદક ૧. [સં.] પું. એ નામે એક બેટ.
૨. પું. એક જાતનો મણિ; પોખરાજ. તેનો રંગ સુરખીવાળો પીળો હોય છે અને તે હિમાલય પર્વત તથા સિંધુ નદીમાંથી મળે છે. સુશ્રુતના મત પ્રમાણે આ મણિથી ગંદું પાણી બહુ સાફ થઈ જાય છે. તેને રાહુ ગ્રહનો મણિ માનવામાં આવે છે. તેથી તેને રાહુગ્રહ અથવા રાહુરત્ન પણ કહે છે.
૩. પું. કાકોલ નામનું કાળા રંગનું ઝેર.
૪. પું. સુગંધી દ્રવ્યનું શરીર ઉપર લેપન.

ગોમેદગંધિક પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

ગોમેધ [સં.] પું. જેમાં ગાયનો ભોગ આવતો હોય એવો યજ્ઞ. કલિયુગમાં આ યજ્ઞનું અનુષ્ઠાન વર્જિત છે. મનુના જણાવ્યા મુજબ બ્રહ્મહત્યાના પ્રાયશ્ચિત્ત તરીકે અને ગોભિલ ગૃહ્યસૂત્ર અનુસાર પુષ્ટિ કામનાને માટે આ યજ્ઞનું અનુષ્ઠાન છે.

ગોયજ્ઞ જુઓ ગોમેધ.

ગોયણી ૧. સ્ત્રી. ગુરુની સ્ત્રી.
૨. સ્ત્રી. ગોરાણી; બ્રાહ્મણી.
૩. સ્ત્રી. વ્રત નિમિત્તે જમવા બોલાવેલી સુવાસણ સ્ત્રી.
૪. સ્ત્રી. સૌભાગ્યવતી સ્ત્રી.

ગોયણું ન. વણવા માટે લોટનું પાસાદાર બટકું.

ગોયમ ૧. પું. ગૌતમ ઋષિ.
૨. ન. ઇંદ્રિયોનું નિયમન કરનાર મન.

ગોયર ૧. ન. ગાયો અથવા ઢોરને ચરવા માટે અલગ રાખેલો જમીનનો ભાગ; ગૌચર.
૨. ન. ગ્રહનું એક રાશિથી બીજી રાશિમાં જવું તે.
૩. [સં. ગોચર] વિ. ઇંદ્રિયગમ્ય; ઇંદ્રિયોથી જણાય કે સમજાય એવું.

ગોયરો પું. ગોરમાનું વ્રત

ગોયંડ સ્ત્રી. ગામની આસપાસની ચરિયાણ જમીન; ગૌચર.

ગોયંદા ૧. પું. છૂપી બાતમી આપનાર માણસ; જાસૂસ.
૨. પું. મોરાપી.
૩. વિ. બોલનાર; કહેનાર.

ગોયા ૧. સ્ત્રી. ઝાંખી અસર.
૨. [હિં.] અ. એટલે કે; જેમકે.
૩. અ. ખરેખર; જરૂર.

ગોયાણી ૧. સ્ત્રી. એ નામની લેઉઆ કણબીની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ગોયાન [સં.] ન. ગાડું; શકટ.

ગોયુગ ૧. [સં.] ન. ગાયનું જોડું.
૨. ન. બે બળદ.

ગોર ૧. પું. ઈરાન દેશનો એ નામનો એક પ્રાંત.
૨. પું. ગુરુ; પુરોહિત; ગોરપદું કરનાર બ્રાહ્મણ.
૩. પું. તીર્થસ્થળનો બ્રાહ્મણ; તીર્થનો ગોર; પંડો.
૪. પું. ભૂકો; ચૂર્ણ.
૫. પું. મદદપક્ષ.
૬. પું. મનન; વિચાર; મીમાંસા; ચિંતન.
૭. સ્ત્રી. કબર.
૮. [સં. ગૌરી] સ્ત્રી. ગૌરી; પાર્વતી.
૯. ન. કુમારિકાનું ગૌરીપૂજનનું એક વ્રત.
૧૦. ન. ઢોરનો સમૂહ; ધણ.
૧૧. વિ. સફેદ; ગોરું; ઊજળું.

ગોરક પું. એ નામનો એક પર્વત. તેનું પ્રાચીન નામ ગોધનગિરિ હતું.

ગોરકઈમલી સ્ત્રી. ગોરખ આંબલી.

ગોરકધંદા ૧. [હિં.] પું. અઘરું કામ.
૨. પું. ગૂંચવણવાળો કોયડો.
૩. પું. ચોરાશીનો ફેરો.

ગોરકન પું. કબર ખોદનાર માણસ.

ગોરકફન [ફા. ગોર્-કફન] ન. ઉત્તરક્રિયા; અંતિમક્રિયા.

ગોરક્ષ ૧. [સં.] પું. ઋષભ નામે ઝાડ.
૨. પું. એ નામે એક વેલ.
૩. પું. ગાયનું રક્ષણ; ગાયનું રખવાળું.
૪. પું. ગોરખ મુનિ.
૫. પું. નારંગીનું ઝાડ.
૬. પું. ભરવાડ; ગાયનું રક્ષણ કરનાર; ગોવાળ.
૭. પું. મહાદેવ; શિવ.
૮. વિ. ઇંદ્રિયોને કબજે રાખનાર.
૯. વિ. ગાયની રક્ષા કરનાર.
૧૦. વિ. ગાયથી રક્ષાયેલું.
૧૧. વિ. બળદનું રક્ષણ કરનાર.

ગોરક્ષક જુઓ ગોરક્ષ.

ગોરક્ષકર્કટી સ્ત્રી. ચીભડું; એક જાતની કાકડી.

ગોરક્ષકલ્પ [સં.] પું. ગોરક્ષનાથે રચેલો એ નામનો સંસ્કૃત ગ્રંથ.

ગોરક્ષગીતા સ્ત્રી. ગોરખનાથનો રચેલો એ નામનો ગ્રંથ.

ગોરક્ષણ [સં.] ન. ગાયોનું રક્ષણ; ગૌરક્ષા.

ગોરક્ષણી ૧. વિ. ગૌરક્ષણને લગતું.
૨. વિ. સ્ત્રી. ગાયનું રક્ષણ કરનારી.

ગોરક્ષતુંબી [સં.] સ્ત્રી. ઘડા જેવા આકારનું તુંબડું.

ગોરક્ષદુગ્ધા [સં.] સ્ત્રી. હિમાલયના પ્રદેશમાં થતી એ નામની એક વનસ્પતિ.

ગોરક્ષનાથ પું. નાથ ધર્મનો એ નામનો એક સિદ્ધ પુરુષ; ગોરખનાથ.

ગોરક્ષપર્વતપાલ પું. ગુરખા લોક.

ગોરક્ષપા પું. (બૌદ્ધ) એ નામનો એક સિદ્ધ.

ગોરક્ષમંડલ [સં.] ન. ગાયની રક્ષા માટે ઊભી કરેલી સંસ્થા.

ગોરક્ષમંડળ જુઓ ગોરક્ષમંડલ.

ગોરક્ષશતક [સં.] પું. યોગવિદ્યાનો ગોરખનાથે રચેલ એ નામનો એક સંસ્કૃત ગ્રંથ.

ગોરક્ષસહસ્રનામ પું. ગોરખનાથે રચેલો તે નામે એક સંસ્કૃત ગ્રંથ.

ગોરક્ષા [સં.] સ્ત્રી. ગોરક્ષણ; ગાયનું રખવાળું; ગાયનું પાલનપોષણ; ગૌરક્ષા. ગોવંશવૃદ્ધિ ગોજાતિસુધાર, બેલની પાસેથી મર્યાદાસર કામ લેવું તથા ગૌશાળાને આદર્શ દુગ્ધાલય બનાવવું એ બધાં ગોરક્ષાને લગતાં કાર્ય છે.

ગોરક્ષાસન [સં.] ન. (યોગ) એક જાતનું આસન. વૃષણની નીચે સીવનીના ડાબા ભાગમાં ડાબા પગની એડી પગને ઉલટાવીને રાખવી, બંને હાથનાં આંગળાં તથા અંગૂઠા વડે બંને પગનાં તળાં તથા આંગળાં મજબૂત અડાડી રાખવાં તથા જાલંધરબંધ કરી નાસાગ્ર ઉપર દૃષ્ટિ રાખવી. તેને ભદ્રાદસન પણ કહેવાય છે. બંને પાદતલ વૃષણ નજીક જોડી રાખી તેના ઉપર ડાબો હાથ ઊંધો રાખી તે ઉપર જમણો હાથ ઊંધો રાખવો તે પણ ગોરક્ષાસન કે ભદ્રાસન કહેવાય છે. આ આસનનો સારી રીતે અભ્યાસ કરી શયન કરવાથી વીર્ય સ્ખલિત થતું નથી, ઘણા રોગ નાશ પામે છે, ને કઠિન આસનો સાધતાં જે શ્રમ થયો હોય તે દૂર થાય છે. પ્રસિદ્ધ હઠયોગી ગોરખનાથે આ આસનનો ઘણો

અભ્યાસ કર્યો હતો, તેથી સિદ્ધ લોકોમાં તેનું ગોરક્ષાસન એવું નામ પડ્યું છે.

ગોરક્ષિણી [સં.] વિ. સ્ત્રી. ગાયનું રક્ષણ કરનારી.

ગોરક્ષિત [સં.] વિ. ગાય માટે રક્ષાયેલું.

ગોરક્ષી [સં.] સ્ત્રી. ગોરખ આંબલીનું ઝાડ.

ગોરક્ષ્ય [સં.] ન. ગાય કે બળદનું રક્ષણ.

ગોરખ ૧. પું. કાનફટા જોગીનો અગ્રણી.

ગોરખનો આંક = પરદેશ જવા માટે ગોરક્ષનાથે નિર્માણ કરેલાં શુભાશુભ મુહૂર્તનો કોઠો.

૨. પું. ગાયનું રક્ષણ કરનાર ગોવાળ.

૩. સ્ત્રી. શિવમાર્ગી સાધુની એક જાત.

૪. ન. એ નામની જાતનું માણસ.

૫. વિ. ઇંદ્રિયોને સ્વાધીન રાખનાર; સંયમી.

૬. વિ. એ નામની જાતનું.

ગોરખઆમલી ૧. સ્ત્રી. એ નામના ઝાડનું ફળ.

૨. [સં. ગોરક્ષી] સ્ત્રી. એ નામનું ઝાડ; રૂખડો. તેનાં પાનનું ચૂર્ણ વધુ પડતો પરસેવો વળતો હોય ત્યાં લગાડાય છે.

૩. સ્ત્રી. એક જાતનું ઝાડ.

૪. સ્ત્રી. ગાંડું ઝાડ. તેનું થડ શંકુ આકારનું તથા થડની જાડાઈ ઊંચાઈના પ્રમાણમાં વધારે હોય છે. આ ઝાડ સૌથી વધારે જાડા થડવાળું અને વધારે વર્ષ જીવનારૂં ગણાય છે. તેને પાંચ પાંચ પાન ભેગાં આવે છે. વસંતમાં ધોળા રંગનાં મોટાં ફૂલ આવે છે. મૂળ, છાલ અને ફળ ઉપયોગી છે. તે ઉપલેપક, ગ્રાહી અને પિત્તહર મનાય છે. આ ઝાડ મધ્ય તથા દક્ષિણ હિંદમાં વિશેષ થાય છે. તેની ડાળી બહુ લાંબી હોય છે. શ્રાવણ ભાદરવામાં તેને કમળના આકારનાં આવતાં ફૂલમાં પાકાં સંતરાં જેવી સુગંધ આવે છે. આફ્રિકાના નિવાસી તેના પાનનું ચૂર્ણ કરી ભોજન સાથે તે ખાય છે. તે ખાવાથી પરસેવો વળતો નથી અને ગરમી ઓછી જણાય છે. તેને વેંત જેટલાં લાંબાં દૂધીના જેવાં ફળ આવે છે. ફળની બહારની છાલ કઠણ હોય છે. ફળમાં લોટના ગોળા હોય છે. તેનો લોટ ઘણો ખાટો હોવાથી તેનો આમલીને બદલે ઉપયોગ કરાય છે. તેનાં બીજ તાવ ઉપર દવા તરીકે કામ આવે છે. આ ઝાડ વિષે એવી દંતકથા છે કે પ્રાચીન કાળમાં ગોરખ નામના મહામુનિએ આ ઝાડ નીચે પોતાના શિષ્યોને શિક્ષણ આપ્યું હતું, તેથી તે ઝાડને ગોરખઆમલી કહેવામાં આવે છે.

ગોરખઆમલો પું. એ નામની એક વનસ્પતિ. તેની છાલ જ્વરઘ્ન અને તેના ફળનો ગર્ભ મરડા ઉપર ઉપયોગી મનાય છે.

ગોરખઆંબલી જુઓ ગોરખઆમલી.

ગોરખઆંબલો જુઓ ગોરખઆમલો.

ગોરખઇમલી [હિં.] સ્ત્રી. ગોરખઆમલી; ચોર આમલી.

ગોરખકકડી (ગોરખકકડ઼ી) [હિં.] સ્ત્રી. ચીભડું.

ગોરખગાંજો પું. એક વનસ્પતિ; ગોરખબુટી. તેના છોડ એક ફૂટના થઈ પાછા ઢળી પડે છે. પાન પાઈ જેવડાં ગોળ થાય છે. છેડે ધોળી ડૂંડી નીકળે છે. એમાં ધોળા રંગની ઝીણી બે નાની ફૂલની કલગી નીકળે છે.

ગોરખચિંચ ન. ગોરખઆમલી. આ ઝાડનું લાકડું ઇમારતી કામમાં વપરાતું નથી.

ગોરખડી (ગોરખડ઼ી) પું. (કચ્છી) એક જાતનો છોડવો. તે વેંત બે વેંત ઊંચો અને તેના ઉપર ધોળી રૂંછાળ હોય છે. મૂળનો ઉપયોગ સંધિવા ને પ્રમેહ ઉપર થાય છે.

ગોરખતંબોળ પું. એક જાતનો છોડ.

ગોરખધંધો ૧. પું. એકના એક કામનું નિરર્થક પુનરાવર્તન; નવરાનો ઉદ્યમ; ખૂટે નહિ તેવો ગૂંચવણ ભરેલો વ્યવસાય; સતત લાગી રહેલી પ્રવૃત્તિની ધમાલ; જેમાંથી નિવૃત્તિ કે આનંદનો પણ અવકાશ ન મળે તેવું કાર્ય.

૨. પું. ગોરખપંથી રાખે છે એવું એક યંત્ર; લોઢાની કડીઓવાળો ગૂંચવાડા ભરેલો કોયડો.

ગોરખનાથ પું. એ નામનો વિખ્યાત યોગેંદ્ર; કાનફટા જોગીનો અગ્રણી; એક સમર્થ સિદ્ધ પુરુષ. એક વાર ગુરુ મત્સ્યેંદ્રનાથ ફરતા ફરતા અયોધ્યાની પાસેના જયશ્રી નામના નગરમાં ગયા. ત્યાં ભિક્ષા માગતાં માગતાં એક બ્રાહ્મણને ઘેર પહોંચ્યા. બ્રાહ્મણીએ આદરપૂર્વક ભિક્ષા આપી. તેના મુખ ઉપર પાતિવ્રતનું અપૂર્વ તેજ હતું. તે જોઈ મત્સ્યેંદ્રનાથ પ્રસન્ન થયા. પરંતુ તે બાઈના ચહેરા ઉપર ઉદાસીનતાની એક ક્ષીણ રેખા જોઈ મત્સ્યેંદ્રનાથે કારણ પૂછ્યું. સંતાન ન હોવાનો ઉત્તર મળતાં મત્સ્યેંદ્રનાથે જોળીમાંથી ભસ્મ આપીને તે ખાઈ જવાનું કહી જતા રહ્યા. પેલી બ્રાહ્મણીની પડોશણે આ વાત સાંભળી ત્યારે કેટલોક ડર બતાવી તે ખાવાની મના કરી ને ભસ્મ એક ખાડામાં ફેંકી દીધી. બાર વર્ષ પછી ગુરુ મત્સ્યેંદ્રનાથે ફરતાં ફરતાં એ જ સ્થળે આવીને બ્રાહ્મણીને પૂછ્યું કે હવે તો તારો દીકરો બાર વર્ષનો થયો હશે. બતાવ તો ખરી કે તે ક્યાં છે? આ સાંભળી પેલી બાઈ ગભરાઈ ગઈ અને સર્વ હકીકત જણાવી દીધી. મત્સ્યેંદ્રનાથે પેલા રાખ નાખેલા ખાડા પાસે જઈ અલખ શબ્દનો પોકાર કર્યો તો તેમાંથી બાર વર્ષનો એક તેજઃપુંજ બાળક પ્રગટ થયો. આ બાળક આગળ જતાં ગોરખનાથના નામથી પ્રસિદ્ધ થયો. મત્સ્યેંદ્રનાથે તે સમયથી બાળકને સાથે રાખીને યોગની પૂરી શિક્ષા દીધી. ગોરખનાથે ગુરુએ ઉપદેશેલા માર્ગની પૂરી સાધના કરી તથા સ્વાનુભવથી યોગમાર્ગમાં પણ સારી ઉન્નતિ કરી. યોગસાધન તથા વૈરાગ્યમાં તે ગુરુથી પણ આગળ વધી ગયા તથા યોગબળથી તેણે ચિરંજીવ સ્થિતિ પ્રાપ્ત કરી. ગોરખનાથ મહાન યોગી હોવા ઉપરાંત પ્રસિદ્ધ વિદ્વાન અને કવિ પણ હતા. તેમના બનાવેલા ગોરક્ષકલ્પ, ગોરક્ષગીતા, ગોરક્ષસંહિતા, ગોરક્ષસહસ્રનામ, ગોરક્ષશતક, ગોરક્ષપિષ્ટિકા, વિવેકમાર્તંડ વગેરે અનેક ગ્રંથ સંસ્કૃત ભાષામાં મળે છે. હિંદીમાં પણ એમની ઘણી કવિતા મળે છે. મત્સ્યેંદ્રનાથની માફક ગોરક્ષનાથને પણ નેપાળના લોકો આદરથી જુએ છે અને એને પશુપતિનાથનો અવતાર માને છે. ભોગમતી, ભાતગામ, મૃગસ્થળી, ચૌધરા, સ્વારીકોટ, પિઠકાન વગેરે સ્થળે તેમના યોગાશ્રમો છે. આજ પણ નેપાળ રાજ્યની મુદ્રા ઉપર એક બાજુ શ્રીશ્રીશ્રીગોરખનાથ લખેલ છે. ગોરખનાથના શિષ્યો હોવાથી નેપાળીઓ ગોરખા કહેવાય છે. ગોરખપુરમાં તેમણે તપસ્યા કરી હતી તેથી ત્યાં તેનું બહુ મોટું મંદિર બંધાયું છે. ત્યાં દૂર દૂરથી ઘણા નેપાળીઓ યાત્રા કરવા આવે છે. ગોંડા જિલ્લાના પાટેશ્વરી નામના સ્થાનમાં પણ તેમનો યોગાશ્રમ છે અને મહારાષ્ટ્રમાં ઓઢ્યા નાગનાથની પાસે એમની તપસ્થળી છે. તે ઈ. સ. ૧૨૦૦માં થઈ ગયા. તેણે ગોરખપુરમાં મઠ સ્થાપ્યો હતો અને ત્યાં જ તેનું અવસાન થયું હતું. કોઈ તેમને પંદરમા સૈકામાં થઈ ગયા હોવાનું પણ માને છે.

૨. પું. શિવમાર્ગી બાવાના પંથનો સ્થાપક ઋષિ.

ગોરખનાથી પું. શિવધર્મનો એક પંથ. તેનો સ્થાપક ગોરખનાથ હતો. આ પંથમાં હઠયોગને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. આ પંથના મત પ્રમાણે શરીરને સ્વચ્છ કરવાની કેટલીક વિધિ તેમ જ સમાધિની જરૂર છે. આ પંથના અનુયાયીઓને કાનફટા યોગી કહેવાય છે, કેમકે તેના બંને કાનમાં ખૂટિયાં પહેરવાથી મોટાં કાણાં પડી ગયાં હોય છે. તેઓ ગળામાં ઘણી માળા પહેરે છે અને શિવ તેમ જ ગોરખનાથ બંનેને પૂજે છે. આ વર્ગમાં આકાશમુખી,

ઊર્ધ્વમુખી, નખી, બ્રહ્મચારી, ગુદાર વગેરેનો સમાવેશ થઈ જાય છે.

ગોરખપંથ પું. શિવમાર્ગી બાવાનો એક સંપ્રદાય; ગોરખ સાધુનો પંથ.

ગોરખપંથી વિ. ગોરખનાથે સ્થાપેલા સંપ્રદાયને અનુસરનાર; ગોરખપંથનો અનુયાયી; ગોરખનાથનો અનુયાયી.

ગોરખપુર ન. ગોરખે વસાવેલું શહેર.

ગોરખપુરીશામો પું. એક જાતનું પક્ષી. તે ઉત્તર હિંદુસ્તાનમાં મશહૂર છે, પણ શામા પક્ષીથી જુદું છે.

ગોરખબુટ્ટી જુઓ ગોરખગાંજો.

ગોરખમઢી સ્ત્રી. સૌરાષ્ટ્રમાં પ્રભાસપાટણથી આઠ માઈલ દૂર આવેલું એ નામનું ગામ. ત્યાં ગોરખનાથ અને મત્સ્યેંદ્રનાથનો આશ્રમ હતો. ભર્તૃહરિ ત્યાં ગોરખનાથ પાસે યોગ શીખેલ એમ મનાય છે.

ગોરખમૂંડી પું. એક જાતનો છોડ. તેનાં પાંદડાંની આસપાસ કરવતી જેવા દાંતા હોય છે. ફૂલ નાનાં અને આસમાની રંગનાં થાય છે. આ છોડ ખાસ કરીને દક્ષિણ હિંદમાં ખેતરો અને નકામી જમીનમાં ઊગે છે. દહેરાદુન અને કાંગ્ર ખીણમાં પણ તે થાય છે. એનાં મૂળિયાં કડવાં ને રેચક છે. ગંડમાળ તથા કમળી ઉપર તેનો રસ અપાય છે. તેની મોટી અને નાની એ જાત થાય છે. મોટીને મહાશ્રાવણિકા, ભૂકદંબિકા, કદંબપુષ્પિકા, અવ્યથા અથવા અતિતપસ્વિની કહેવામાં આવે છે અને નાનીને હળદરવો, મૂંડી, ભિક્ષુ, શ્રાવણ, તપોધના, શ્રવણાહ્વા, મુંડતિકા અથવા શ્રવણાશીર્ષકા કહેવાય છે. તેનાં મૂળિયાંની છાલની ભૂકી પેટના દુખાવામાં દરરોજ દશ ગ્રેન અપાય છે. તેનાં ફૂલ ચામડીનાં દરદ, ગ્રંથિક્ષય, કમળો અને યોનિરોગમાં વપરાય છે.

ગોરખર (ગોરખ઼ર) [ફા.] પું. ગધેડાની જાતિનું એક જંગલી પશુ; ઘોરખર. તે ગધેડાથી મોટું અને ઘોડાથી નાનું હોય છે. તેનું પેટ ધોળું અને બાકીનો ભાગ હરણના રંગનો હોય છે. તેના કાન મોટા હોય છે અને પૂછડે રૂવાં હોય છે. તેના ટોળામાં એક સરદાર હોય છે. તે મોટે ભાગે લીલું ઘાસ અને પાંદડાં ખાય છે.

ગોરખવાણી સ્ત્રી. અવળવાણી; મનમાં હોય તેથી ઊલટું બોલવું તે.

ગોરખવેલ સ્ત્રી. એક જાતની વેલ. તે જમીન ઉપર પથરાયેલી હોય છે. એનાં ફૂલની ગોળ દડી હોય છે. તેનાં પાન પાતળાં અને લીલા રંગનાં થાય છે.

ગોરખા [હિં.] પું. બ. વ. ગુરખા. નેપાળના હિંદુ રાજ્યમાં પ્રાચીન પરંપરા અનુસાર ક્ષત્રિય રાજા દ્વારા શાસન થાય છે. તેઓનો ગોરક્ષા કરવાનો ધર્મ છે તેથી તેઓ ગોરખા કહેવાયા હોય એમ મનાય છે.

ગોરખાસન ન. (યોગ) પ્રાણાયામ માટેનાં ચોરાશી માંહેનું એ નામનું એક આસન.

ગોરખુલ ૧. [સં. ગોક્ષુર] પું. એક જાતની વનસ્પતિ; ગોખરુ.

૨. પું. જમીન ઉપર ખોડાતા લોઢાના ખીલા. તેથી ઘોડેસવાર લશ્કર આગળ આવતું અટકે છે.

૩. પું. ફળના આકારની કાનની વાળી.

૪. પું. સાંકડી પટીની કોર.

ગોરખોદ ૧. સ્ત્રી. કચ્છી લોકોની એ નામની પેટા જ્ઞાતિ.

૨. ન. એ નામની જ્ઞાતિનું માણસ.

૩. વિ. એ નામની જ્ઞાતિનું.

ગોરખોદું ૧. ન. નાની આંખવાળું માણસ.

૨. ન. મુડદાં ખાનાર પ્રાણી; ઘોરખોદિયું.

ગોરચના સ્ત્રી. ગાયના માથામાંથી મળતી કે તેના પિત્ત યા મૂત્રમાંથી બનાવાતી એક ઔષધિ; ગોરોચન.

ગોરજ ૧. [સં.] સ્ત્રી. ગાયના પગની રજ; ગાયના દોડવાથી ઊડતી ધૂળ; ચરીને પાછા આવતાં ગોધનને લીધે ઊડેલી ધૂળ.

૨. સ્ત્રી. સમીસાંજ; ગાયો ધણમાંથી ચરીને ઘર તરફ પાછી ફરે તે સમય.

૩. ન. સમીસાંજનું મુહૂર્ત.

૪. વિ. ધૂસરવાળું; રજયુક્ત; ભૂરું.

૫. વિ. સમીસાંજના મુહૂર્તનું.

ગોરજમુહૂર્ત [સં.] ન. સમીસાંજનું મુહૂર્ત. લગ્ન સમયે તથા શારદાપૂજનમાં આ મુહૂર્ત પસંદ કરવામાં આવે છે.

ગોરજલગ્ન ૧. [સં.] ન. ગોધૂલિક લગ્ન; સમીસાંજનું લગ્ન.

૨. ન. રાત્રિના બાર વાગ્યા પહેલાં સઘળી લગ્નવિધિ પૂરી થવી જોઈએ તેવું લગ્ન.

ગોરજસમય [સં.] પું. સમીસાંજનો સમય; સંધ્યાકાળ.

ગોરજી પું. (જૈન) એક જાતનો સાધુ; શ્રાવકને ધર્મબોધ કરનાર વિરક્ત જૈન. કેટલાક ગોરજી વાળ અને મૂછ રાખનાર તથા જંતરમંતર, જાદુ અને વૈદકનું કામ કરનાર હોય છે.

ગોરટ ૧. [સં.] પું. દુર્ગંધી ખેરનું ઝાડ.

૨. પું. રેતીવાળી જમીન.

૩. વિ. ગોરું અને રેતાળ.

૪. વિ. ભૂખરું; કિંચિત્ ગોરું.

ગોરટિયું ૧. વિ. ગોરું; ગોરાટ.

૨. વિ. ઘઉંવર્ણું.

ગોરટી વિ. સ્ત્રી. ગોરી; ઘઉંવર્ણી.

ગોરટું વિ. ગોરું; ગૌરવર્ણું.

ગોરટો વિ. પું. ગોરા રંગવાળો. આ શબ્દ ઘોડા માટે વપરાય છે.

ગોરડ (ગોરડ઼) ૧. પું.; ન. એક જાતનું વૃક્ષ. આ વૃક્ષ વીશ ફૂટ ઊંચું વધે છે. તેની છાલ ફિક્કા ધોળા રંગની હોય છે. તે ઉપરથી પાતળા ફોતરી ઊતરે છે. તે ખેરના ઝાડ જેવું વાંકું હોય છે. તેમાં ત્રણ ત્રણ કાંટા હોય છે અને તેનાં પાન વગેરેનો સાધારણ દેખાવ ખેર જેવો જ હોય છે. તેનું કચ્છી નામ અચ્છોખેર છે. કચ્છમાં ચિત્રાઝરમાં તથા જંઘરિયા ડુંગરમાં આ ઝાડ ઘણાં થાય છે.

૨. ન. ગુંદરનું ઝાડ.

૩. ન. લાખ બનાવવામાં વપરાતી એક જાતની વનસ્પતિ.

૪. ન. સેળભેળ કરવું તે.

૫. વિ. ગોરું; સફેદ; ધોળું.

ગોરડિયા (ગોરડ઼િયા) ૧. પું. બ. વ. એક જાતના ઘઉં.

૨. સ્ત્રી. એ નામની એક અટક.

૩. સ્ત્રી. એક જાતની નારંગી. ખાગઝી કરતાં તેની છાલ વધારે જાડી હોય છે.

ગોરડિયું (ગોરડ઼િયું) વિ. ગોરું; ઘઉંવર્ણું; સફેદ.

ગોરડિયો (ગોરડ઼િયો) ૧. પું. એક જાતનો બાવળ.

૨. જુઓ ગોરડ.

ગોરડિયો બાવળ (ગોરડ઼િયો બાવળ) પું. એક વનસ્પતિ.

ગોરડી (ગોરડ઼ી) ૧. સ્ત્રી. ગોરી સ્ત્રી; સુંદર સ્ત્રી.

૨. સ્ત્રી. ગૌરવ.

૩. વિ. સ્ત્રી. ગૌરવર્ણી; ઊજળા રંગની.

૪. વિ. સ્ત્રી. વહાલી. આ શબ્દ વહાલસૂચક છે.

ગોરડું (ગોરડ઼ું) ૧. પું. એક જાતનો કંદ.

૨. ન. રૂપાળું અને નિર્દોષ બાળક.

૩. વિ. ગોરું; સફેદ રંગનું.

ગોરણ ૧. સ્ત્રી. રજપૂતની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગોરણી ૧. સ્ત્રી. ગુરુની સ્ત્રી; ગોરાણી.

૨. સ્ત્રી. ગોયણી; માતાના નૈવેદ્ય જમવા નોતરેલી સ્ત્રી.

૩. સ્ત્રી. ગોવાળણી.

૪. સ્ત્રી. મરનાર પરણેલી દીકરી પાછળ માવતર તરફથી જમાડવામાં આવતી કુમારિકા.

ગોરણું ન. અડદ, મગ, ઘઉં, ચણા વગેરેના લોટને વણવાને માટે કરવામાં આવતો નાનો ગોળ પિંડો; લોટનો લૂઓ.

ગોરતન ન. ગળામાં પહેરવાનું એક ઘરેણું.

ગોરતો ૧. પું. લગ્ન પછી કેટલીક જ્ઞાતિઓમાં થતી એક જાતની ક્રિયા.

૨. પું. સૌભાગ્યવતી સ્ત્રીઓને જમાડવાનું એક વ્રત.

ગોરથ ૧. [સં.] પું. બળદ જોડેલો રથ.

૨. પું મગધ દેશમાં આવેલો એ નામનો એક પ્રાચીન પર્વત; ગિરિવ્રજની પાસે અને જૂના રાજગૃહની ખીણથી પશ્ચિમે આવેલ એક ડુંગરી; બાથાનીકા પહાડ. દૂરથી જોતાં આ ડુંગરને ત્રણ શિખર જણાય છે. જરાસંધને મારવા ગયા ત્યારે ભીમે, અર્જુને અને શ્રીકૃષ્ણે અહીંથી મગધની સુંદર રાજધાનીનો તપાસ કર્યો હતો.

ગોરથક પું. ત્રણ વરસનો નાનો વાછરડો.

ગોરદાપું ન. લગ્ન વખતે ગોરને અપાતો કર.

ગોરદિયા સ્ત્રી. પૂનામાં થતી એક જાતની કેરી. તેનું વજન ૩૦ રૂપિયાભાર જેટલું અને છાલ ખડબચડી ને જાડી હોય છે.

ગોરધન ૧. [સં. ગોવર્ધન] પું. ગોવર્ધન પર્વત.

ગોરધન પર્વત = અન્નનો મોટો જથ્થો. જમતી વખતે થાળીમાં કોઈ વસ્તુ ખૂબ પીરસાઈ હોય ત્યારે અતિશયતા દર્શાવવા આ રૂઢિ વપરાય છે.

૨. પું. ગોવર્ધનધારી શ્રીકૃષ્ણ પ્રભુ; ગોવર્ધન.

ગોરપણું ન. પુરોહિતપણું; યજમાનવૃત્તિ.

ગોરપદ [સં. ગુરુપદ] ન. ગોરનો અધિકાર; ગુરુનો દરજ્જો.

ગોરપદું ૧. ન. ગોર તરીકેનો ધંધો; યજમાનવૃત્તિ; યજમાનને ક્રિયા કર્મ કરાવવાનો ધંધો કરવો તે.

૨. ન. યજમાનના કામ બદલ ગોરને મળતું મહેનતાણું, ચીજ કે રોકડ રકમ.

ગોરફાડ (ગોરફાડ઼) ૧. સ્ત્રી. એ નામની સગરની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગોરબસરા ન. કલગીવાળું નાની પાંખનું બાજ પક્ષી. એક સમયે જંગલી હંસ વગેરેના શિકાર માટે તેનો ઉપયોગ થતો.

ગોરબાઈ સ્ત્રી. જીભ; જિહ્વા.

ગોરમટી [સં. ગૌરમૃત્તિકા] સ્ત્રી. ધોળી, લાલ કે પીળી માટી; મટોડી. તે લીંપવાના કામમાં વપરાય છે.

ગોરમટી જમીન = રંગે ધોળી અને પાકમાં સાધારણ હોય તે જમીન.

ગોરમટું ન. ચીકણી રેતીવાળી ધોળી માટી.

ગોરમા ૧. સ્ત્રી. ગૌરી; પાર્વતી.

૨. સ્ત્રી. છોકરીઓ જવારા વાવી ગૌરીપૂજન કરે છે તે વ્રત; કુમારિકાનું ગૌરીપૂજનનું વ્રત.

ગોરલ ૧. પું. એક પ્રકારનો જંગલી બકરો. તેનો રંગ કળંઢો અને પેટ ખુલ્લો છે.

૨. સ્ત્રી. પ્રેમી સ્ત્રી.

૩. વિ. વહાલું; સ્નેહી; પ્રિય.

ગોરલિયા ૧. સ્ત્રી. એ નામની ખતરીની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩ વિ. એ નામની અટકનું.

ગોરલી વિ. સ્ત્રી. ધોળા રંગની.

ગોરવ ૧. [સં. ગૌરવ] પું. વર અને એનાં સગાંનું ગૌરવ એટલે માન વધારવા કન્યાપક્ષ તરફથી અપાતું જમણ.

૨. પું. સંક્રાંતિ પછીની અમાસનો દિવસ. તે દિવસે સુરતમાં લોકો શહેર બહાર જઈ પતંગ ઉડાડે છે.

૩. ન. કેસર.

ગોરવાન્વિત [સં. ગૌરવાન્વિત] વિ. ગૌરવવાળું.

ગોરવું ૧. વિ. ગુણવાળું; ગૌરવવાળું.

૨. અ. ક્રિ. વારી જવું; મરી જવું.

ગોરશિયા ૧. સ્ત્રી. એ નામની વાણિયાની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગોરસ ૧. [સં.] પું. ઇંદ્રિયોનો રસ કે સ્વાદ.

૨. પું. પાણીનો રસ.

૩. પું. પૃથ્વીનો રસ.

૪. પું. વાક્યનો રસ.

૫. પું. વાણીનો રસ.

૬. પું. સ્વર્ગીય રસ.

૭. ન. ગાયના દૂધમાંથી થતો પદાર્થ. જેમકે, દૂધ, દહીં, છાશ.

૮. ન. દૂધ, દહીં રાખવાનું વાસણ; ગોરસી; દોણી.

ગોરસઆમલી ૧. સ્ત્રી. એ નામના ઝાડનું ફળ.

૨. સ્ત્રી. મીઠી આમલીનું ઝાડ.

ગોરસજ [સં.] ન. દૂધમાંથી બનતો પદાર્થ. જેમકે, દહીં, છાશ, માખણ.

ગોરસડું (ગોરસડ઼ું) ૧. ન. જમાવેલું દહીં; મહી.

૨. ન. દૂધ દહીં રાખવાનું માટીનું વાસણ; દોણી.

૩. વિ. દિલખુશ; સરસ; સુંદર; સારું.

ગોરસપાત્ર [સં.] ન. દૂધ દહીં રાખવાનું માટીનું વાસણ.

ગોરસવિદ્યા [સં.] સ્ત્રી. ગોરસ સંબંધી શાસ્ત્ર; દૂધ, દહીં વગેરે સંબંધી વિદ્યા.

ગોસવિદ્યાલય [સં.] ન. દુગ્ધાલય.

ગોરસશાસ્ત્ર [સં.] ન. દૂધની પનીર, મલાઈ, માખણ વગેરે બનાવવાનું જેમાં હોય તે શાસ્ત્ર; 'ડેરીઇંગ'.

ગોરસશાસ્ત્રી ૧. પું. ગોરસશાસ્ત્રનો વિદ્વાન.

૨. પું. દૂધની પરીક્ષા કરવામાં કાબેલ માણસ.

ગોરસશાળા [સં. ગોરસશાલા] સ્ત્રી. દૂધની પનીર, મલાઈ, માખણ વગેરે બનાવવાની જગ્યા; દુગ્ધશાળા; દધિમંથનગૃહ; 'ડેરી'.

ગોરસા [હિં.] ન. ગાયના દૂધ ઉપર જીવતું બાળક.

ગોરસારંગ પું. (સંગીત) એક જાતનો રાગ.

ગોરસાલય [સં.] ન. દુગ્ધાલય; 'ડેરી'.

ગોરસાં ૧. ન. બ. વ. ગોરસ; દહીં.

૨. ન. બ. વ. દૂધદહીંનાં દોણાં.

ગોરસિયા ૧. સ્ત્રી. ગોહિલવાડી લેઉઆ કણબીની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગોરસિયું ૧. ન. ગોરસું; દહીંનું માટલું.

૨. વિ. ઇંદ્રિયોના રસનું ભોગી.

૩ વિ. ગોરસવાળું; દહીંદૂધનું સવાદિયું.

૪. વિ. પૃથ્વીના રસનું ભોગી.

૫. વિ. સ્વર્ગીય રસનું ભોગી.

ગોરસી ૧. સ્ત્રી. દૂધ ગરમ કરવાની અંગીઠી.

૨. સ્ત્રી. દૂધદહીંની માટલી; દોણી.

ગોરસું ન. દૂધ દહીં રાખવાનું માટીનું પાત્ર; દોણી; મહિયારીનું દૂધ દહીં ભરેલું વાસણ.

ગોરસ્તાન પું. કબ્રસ્તાન.

ગોરહ (ગોરહ઼) ન. (ગ્રામ્ય) દહીં; ગોરસ.

ગોરળું પું. એ નામનો એક કંદ. મહારાષ્ટ્ર અને ખાનદેશમાં તેને ગોરડું કહે છે.

ગોરંભ પું. વંટોળ.

ગોરંભવું ૧. અ. ક્રિ. આકાશનું વાદળાંથી ઘનઘોર થવું; વાવંટોળ સાથે વાદળાં ચડી આવવાં.

૨. અ. ક્રિ. ગૂંચવણમાં પડવું; સૂઝ ન પડવાથી ગૂંચવાવું; રસ્તો ન નીકળે એવી સંકડામણમાં આવી પડવું.

૩. અ. ક્રિ. ઘેરાવું; છાવું; ગાઢ આચ્છાદાન થવું.

૪. અ. ક્રિ. ધુમાવું.

ગોરંભાવું જુઓ ગોરંભવું.

ગોરંભો ૧. પું. અવાજ; તોફાન; ગડબડાટ.

૨. પું. આકાશનું ઘેરાવું તે; વાદળાં ચઢી આવવાં તે.

૩. પું. ગાયના ભાંભરવાનો અવાજ.

૪. પું. ગૂંચવણ; ગોરંભાવું તે; રસ્તો ન નીકળે અને કામમાં સૂઝ ન પડે તેવી હાલત.

ગોરંભો ઘાલવો = (૧) ગુસ્સાવાળો કે ગમગીન ચહેરો થવો. (૨) ગૂંચવણમાં નાખવું; મુશ્કેલીમાં લાવી મૂકવું. (૩) ઘેરાવું; વાંદળાં ચડી આવવાં; સૂર્યનો પ્રકાશ ઓછો રહે તેમ વાદળાંનું ચડી આવવું. (૪) ચૂંથારો કરી મૂકવો; નિકાલ ન થાય તે ખોટી થઈ રહેવું. (૫) મોઢું ધૂંધવાતું રાખવું. (૬) રસ્તો ન નીકળે અને કામમાં સૂઝ ન પડે એવી સંકડામણમાં લાવી મૂકવું.

૫. પું. ચડાઈ; ઘેરો; છાપો.

૬. પું. ચહેરો ગમગીન રહેવો તે.

૭. પું. જમાવટ.

૮. પું. દુઃખી થવું તે.

૯. પું. ધુમાવું તે.

૧૦. પું. ધૂંધવાવાપણું.

ગોરા ૧. [હિં.] પું. ગોરા રંગનું માણસ; ફિરંગી. ખાસ કરીને યરપ, અમેરિક વગેરે દેશના નિવાસીને માટે આ શબ્દ વપરાય છે.

૨. સ્ત્રી. એ નામની સલાટની એક અટક.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

૫. વિ. ખૂબસૂરત; સુંદર.

૬. વિ. સફેદ; સફેદ અને સ્વચ્છ વર્ણનું.

ગોરાઈ ૧. સ્ત્રી. આગ્રા પ્રાંતમાં રજપૂતોની એ નામની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. ન. ગોરાપણું.

૪. ન. સૌંદર્ય; સુંદરપણું.

૫. વિ. એ નામની જાતનું.

ગોરાઈત પું. ગામડાનો પોલીસપટેલ.

ગોરાચંદ પું. ભેજવાળા પ્રદેશમાં ઊગતો એક જાતનો છોડ. આ છોડમાંથી રસ પસાર થતો હોય ત્યારે રસના ફરવાને લીધે પાંદડાં આમથી તેમ ચાલે છે. તેથી તેને 'ટેલીગ્રાફ પ્લૅંટ' કહેવાય છે.

ગોરાચિટ્ટા ૧. વિ. ખૂબસૂરત; સુંદર.

૨. વિ. સફેદ; ગોરા વર્ણનું.

ગોરાજ [સં.] પું. ઊંચી ઓલાદનો બળદ; આખલો.

ગોરાટ ૧. સ્ત્રી. પોચી, રેતાળ અને લાલાશ કે પીળાશ પડતી જમીન. આવી જમીનમાં પથ્થર બિલકુલ હોતો નથી. તે પાણી ચૂસી લે છે. એમાં બાજરી, કોદરો, બાવટો, જુવાર, કપાસ, મઠ, તુવેર, તલ વગેરે સારાં થાય છે.

૨. ન. રતાળુ; સકરકંદ.

૩. વિ. ગોરું.

૪. વિ. ભૂરું.

ગોરાટિકા [સં.] સ્ત્રી. એક જાતનું પક્ષી.

ગોરાટી ૧. [સં.] સ્ત્રી. એક જાતનું પક્ષી.

૨. વિ. ગોરું.

ગોરાડ (ગોરાડ઼) ૧. પું. એક જાતનો ગુંદર.

૨. વિ. સ્ત્રી. ધોળાશ અથવા પીળાશ પડતી. પોચી અને રેતાળ જમીન માટે આ શબ્દ વપરાય છે.

ગોરાડી (ગોરાડ઼ી) સ્ત્રી. એક જાતનું રતાળુ.

ગોરાડુ (ગોરાડ઼ુ) ૧. પું. એક જાતનો કંદ; રતાળુ; સકરકંદ.

૨. પું. સકરકંદનો વેલો. તેનાં પાન નાગરવેલનાં પાન જેવાં અણીદાર હોય છે. તેના કંદનું શાક થાય છે.

૩. સ્ત્રી. ધોળાશ કે પીળાશ પડતી પોચી જમીન.

૪. વિ. સ્ત્રી. ધોળાશ અથવા પીળાશ પડતી. પોચી અને રેતાળ જમીન માટે આ શબ્દ વપરાય છે.

ગોરાડું (ગોરાડ઼ું) ૧. સ્ત્રી. ધોળાશ કે પીળાશ પોચી પડતી જમીન.

૨. વિ. સ્ત્રી. ધોળાશ અથવા પીળાશ પડતી. પોચી રેતાળ જમીન માટે આ વિશેષણ વપરાય છે.

ગોરાણી ૧. સ્ત્રી. ગુરુપત્ની; ગોરની સ્ત્રી; પુરોહિતપત્ની.

૨. સ્ત્રી. સ્ત્રી ગુરુ.

ગોરાદે ૧. [સં. ગૌર + દેહા] સ્ત્રી. ગૌર દેહવાળી સ્ત્રી; સુંદર સ્ત્રી.

૨. વિ. સ્ત્રી. ગોરી; સ્વરૂપવાન.

ગોરાપન ન. સુંદર ચહેરો.

ગોરાબાચ ન. ગંધવાળું એક જાતનું મૂળ. તે જંતુથી કપડાનું રક્ષણ કરવામાં ઉપયોગી મનાય છે.

ગોરાયો પું. બોરડીનાં ઝરડાંનો જથ્થો.

ગોરાર પું. સિંધમાં થતો એક જાતનો સર્પ.

ગોરાલ ન. એક જાતનું પક્ષી.

ગોરાલોક પું. બ. વ. યરપના રહેવાસી; ગોરી ચામડીવાળા માણસો.

ગોરાવડો (ગોરાવડ઼ો) સ્ત્રી. વણવાના સાધન તરીકે વપરાતી વાંસની સોટી.

ગોરાશ સ્ત્રી. સફેદાઈ; ગોરાપણું; ધોળાશ; ગૌરતા.

ગોરાળુ જુઓ ગોરાડુ ૧, ૨.

ગોરાંદે જુઓ ગોરાદે.

ગોરાંભો પું. વાદળાંવાળો દિવસ.

ગોરિકા [સં.] સ્ત્રી. એક જાતનું પક્ષી; કાબર. તે મનુષ્યનું સહવાસી છે. તે સ્વભાવે જમીન ઉપર રહેનારૂં હોઈ એનો આહાર મુખ્યત્વે જંતુ છે. એનો સ્વર કઠોર અને તીણો હોય છે. મે થી ઓગસ્ટ સુધીનો કાળ એમને સંતાનોત્પત્તિને અનુકૂળ હોય છે. એ ચાર પાંચ ઈંડાં મૂકે છે.

ગોરિયા ૧. પું. અકોટાનો એ નામનો એક ભાગ.

૨. સ્ત્રી. એ નામની ભરવાડની અટક.

૩. સ્ત્રી. નદીના ઊંડા પાણીમાં થતી એક જાતની માછલી.

૪. ન. એ નામની અટકનું માણસ.

૫. વિ. એ નામની અટકનું.

ગોરિયાં સ્ત્રી. બ. વ. ગૌરાંગના સ્ત્રીઓ; ગૌર વર્ણની સ્ત્રીઓ.

ગોરિયો ૧. પું. ગોરો બળદ.

૨. પું. બે ઊંધની વચમાં રાખવાનું લાકડું.

૩. પું. વાછડો.

૪. પું. સોનીનું એક ઓજાર.

ગોરિસર્સન પું. સરસવ. તેનાં બીનો ભૂકો પાણી સાથે મેળવીને સખત ઊલટી, કોગળિયું અને મોટી ઉધરસમાં છાતી ઉપર, તેમ જ ઉન્માદ અને મૂર્ચ્છામાં પિંડી ઉપર લેપ કે પોટીસ કરીને લગાડવામાં આવે છે. તે પોટીસ કે લેપ ૧૫ કે ૨૦ મિનિટથી વધારે વખત રખાય નહિ. પોટીસ ઠંડા પાણીમાં બનાવવી. તે ખસ, કોઢ અને કૃમિમાં પણ ઉપયોગી છે. તે જંતુઘ્ન હોવાથી તેનો ધૂપ પણ કરવામાં આવે છે.

ગોરિસ્તાન [ફા. ગોરસ્તાન] પું. કબ્રસ્તાન; દફનગાહ.

ગોરી ૧. પું. (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ; ગૌરી. આ છંદ આર્યા છંદનો એક ભેદ છે. તેમાં ૧૭ લઘુ અને ૨૦ ગુરુ મળી ૩૭ વર્ણ અને ૫૭ માત્રા હોય છે.

૨. સ્ત્રી. એક જાતની જમીન.

૩. સ્ત્રી. એક પ્રકારની ગાય.

૪. સ્ત્રી. ગંગાને મળનારી એ નામની એક નદી.

૫. સ્ત્રી. ગૌર વર્ણવાળી સ્ત્રી; સુંદરી; રૂપાળી સ્ત્રી.

૬. સ્ત્રી. ચંદની.

૭. સ્ત્રી. પાર્વતી.

૮. સ્ત્રી. મુસલમાન લોકોની એક જાત.

૯. સ્ત્રી. રજપૂતની એક પેટા જાતિ.

૧૦. ન. એ નામની જાતનું માણસ.

૧૧. વિ. એ નામની જાતનું.

૧૨. વિ. સ્ત્રી. ખૂબસૂરત; સુંદર.

૧૩. વિ. સ્ત્રી. ગૌરવર્ણવાળી; ધોળી; શ્વેત; સફેદ.

ગોરી કે કાળી સ્ત્રી. એક જાતની રમત.

ગોરીનોફણો પું. એક જાતનો વેલો. ભેજવાળી જગ્યામાં તે ઊગે છે. તેનાં પાંદડાં હાથના પંજા જેવી આકૃતિનાં ને ડાંખળી કાળા રંગની હોય છે. આ વેલાને સૂકવી રાખ બનાવી તેલમાં ભેળવી ચોપડવાથી ઉંદરી મટે એમ મનાય છે.

ગોરીફળ ન. કઠણ જાતનું એક કાંટાદાર ઝાડ. તેનાં ફળ રાસબેરી જેવાં હોય છે.

ગોરીલા ૧. [હિં.] પું. એક પ્રકારનો વાંદરો; ગોરીલો.

૨. પું. ધાતુનો પોલો ગોળ ઘાટ કરવા માટેની અડી.

૩. [અં. ગેરિલ] સ્ત્રી. અજાણતાં છાપો મારી દુશ્મનને હેરાન કરવાની એક જાતની લડાયક પદ્ધતિ.

ગોરીલો ૧. પું એક છેડે બોરવાળો ખીલો. જુદી જુદી જાતનાં પતરાં ખોલવાના કામમાં તે આવે છે.

૨. પું. એક જાતનો વાંદરો. તે આફ્રિકમાં થાય છે. તેના શરીરની ચામડી કાળી, કાન નાના અને હાથ લાંબા હોય છે. તેની ઊંચાઈ લગભગ સાડાપાંચ ફૂટ હોય છે. તે શરીરે બળવાન હોય છે. તે ફળ વગેરે ખાય છે. તેના શરીરની બનાવટ મનુષ્યને ઘણી મળતી આવે છે. તે સીધો ચાલી શકતો નથી.

ગોરીંડાં ન. બ. વ. ખોયાનાં તૂટી ગયેલાં નાકાં.

ગોરીંડો પું. એક જાતનું ઝાડ. તેનાં પાન અને ફળ અરીઠીનાં જેવાં હોય છે.

ગોરુ ૧. સ્ત્રી. ઓરી.

૨. સ્ત્રી. (જૂ. ગુ.) ગાય.

૩. [હિં.] ન. શીંગડાવાળું પશુ. જેમકે, ગાય, બળદ, ભેંસ.

ગોરુચ [સં.] ન. હરતાલ.

ગોરુચંદન ન. ઝેર ઉતારવાનું એક ઔષધ; ગોરોચન; ગાયના પેટમાંથી મળી આવતો પીળાશ પડતો એક પદાર્થ. તે ગાયના મસ્તકમાંથી, મૂત્રમાંથી કે વમનમાંથી પણ મળી આવે તેમ મનાય છે.

ગોરુચંપો પું. એ નામનો એક છોડ; ડોલોચંચો.

ગોરુત ૧. [સં.] પું. ગાયનો અવાજ.

૨. ન. બે કોસની લંબાઈનું એક માપ.

ગોરું ૧. [સં. ગૌર] વિ. ગૌરવર્ણું; શ્વેત; સફેદ; ધોળું; ઊજળા રંગનું.

૨. વિ. સાફ; સ્વચ્છ.

૩. વિ. સુંદર; ખૂબસૂરત.

ગોરુંગફ વિ. એકદમ ગોરું; બહુ જ ઊજળું.

ગોરુંગફલ જુઓ ગોરુંગફ.

ગોરુંગફાક જુઓ ગોરુંગફ.

ગોરૂપ ૧. [સં.] પું. મહાદેવ.

૨. ન. ગાયનું સ્વરૂપ.

૩. વિ. ગાયનું રૂપ ધારણ કરેલ.

ગોરૂપધારી પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

ગોરેણુ [સં.] સ્ત્રી. ગાયના ચાલવાથી ઊડતી ધૂળ; ગોરજ.

ગોરેણુરંજિત [સં.] વિ. ગાયની રજથી રંગાયેલ.

ગોરેવાન વિ. ઊજળા વર્ણવાળું.

ગોરો ૧. પું. યરપ, અમેરિક વગેરે દેશનો વતની; ગોરી ચામડીનો માણસ.

૨. વિ. પું. ધોળો; સફેદ; શ્વેત; ગૌર.

૩. વિ. પું. રૂપાળો; ખૂબસૂરત.

૪. વિ. પું. સાફ; સ્વચ્છ.

ગોરોકંદ પું. ગોરડુ; સકરકંદ.

ગોરોગબરુ વિ. પું. ઊજળો; કાંતિમાન.

ગોરોચ [સં.] પું. હરતાલ.

ગોરોચન જુઓ ગોરોચના.

ગોરોચના [સં.] ન. ગાયના હૃદય કે માથાની પાસેના ભાગમાંથી નીકળતો પિત્ત કે મૂત્રમાંથી બનેલો એક પદાર્થ. રાતા, પીળા કે નારંગી જેવા રંગની સોપારી કે લીંબુ જેવડી તેની કોકડી એક ઉપર એક એમ બે પડની બનેલી હોય છે. બાળકોને ઉધરસ કે આંચકી ઉપર તે ઘસીને આપવામાં આવે છે. તે શીતળ તથા વિષ, ઉન્માદ, ગર્ભસ્રાવ, નેત્રરોગ, કૃમિ, કોઢ અને રક્તવિકાર દૂર કરનાર તથા વીર્યવર્ધક અને પથ્ય મનાય છે.

ગોરોદાર વિ. ખૂણાવાળું.

ગોર્દા ૧. [ફા.] પું. ખાંડના કારખાનાની છીણી. તે ખાંડને વાસણને તળિયે બેસતાં અટકાવે છે.

૨. પું. બહાદુરી.

૩. પું. મૂત્રાશય.

ગોર્વરપુટ પું. જમીન ઉપર, ખાડામાં કે પાતળા કૂંડામાં છાણાનો ગોર નાખીને આપવામાં આવતો પુટ.

ગોર્વા ન. એક જાતનું ફળ; પપનસ.

ગોલ ૧. પું. આનંદ.

૨. પું. આંખનો ડોળો.

૩. પું. ખેતરમાં પાણી લઈ જવાની નહેર.

૪. [સં.] પું. ગોળ આકાર; ગોળ.

૫. [હિં.] પું. જેનાં બધાં બિંદુ એક સ્થિર બિંદુથી સરખે અંતરે હોય તેવી ઘન આકૃતિ.

૬. પું. નિષ્ઠુરતા; કઠોરતા.

૭. પું. પૃથ્વીનો ગોળો; ભૂમંડળ.

૮. [અં.] પું. ફૂટબોલ, હોકી વગેરે રમતમાં રાખેલું પોયું; મુકરર કરેલી હદ.

૯. પું. બોલ નામે એક સુગંધી દ્રવ્ય.

૧૦. પું. માટીનો મોટો કૂંજો.

૧૧. પું. મીંઢળનું ઝાડ; મદન વૃક્ષ.

૧૨. પું. લક્ષ્ય; આખરની ધારણા; ધ્યેય.

૧૩. પું. વર્ણસંકર; વ્યભિચારથી ઉત્પન્ન થયેલ વિધવાનો પુત્ર.

૧૪. સ્ત્રી. એ નામની આંજણા ક્ષત્રિય જ્ઞાતિની એક અટક.

૧૫. સ્ત્રી. એક જાતની માછલી.

૧૬. ન. એ નામની અટકનું માણસ.

૧૭. ન. ગોળાકાર મંડળ.

૧૮. ન. જ્યોતિષપ્રસિદ્ધ ક્ષેત્રભેદ; એક રાશિમાં છ ગ્રહનો યોગ.

૧૯. વિ. અનિશ્ચિત; નક્કી નહિ એવું.

૨૦. વિ. એ નામની અટકનું.

૨૧. વિ. ગોળ આકારનું; પૈડાના આકારનું; વર્તુલાકાર.

ગોલઅંદાઝ પું. તોપ ફોડનાર માણસ.

ગોલઆલૂ ન. બટાટો.

ગોલક ૧. [સં.] પું. આંખનો ડોળો.

૨. પું. ઇંદ્રિયોને રહેવાનું સ્થાન; ઇંદ્રિયોનું અધિષ્ઠાન.

૩. પું. એક જાતની વર્ણસંકર પ્રજા; કન્યા કે વિધવાને જારકર્મથી ઉત્પન્ન થયેલ છોકરું;

ગેરકાયદેસર સંબંધથી ઉત્પન્ન થયેલ સંતાન; ગોલો.

૪. પું. ખજાનો; ગલ્લો; પૈસા નાખવાની પેટી; હડફો.

ગોલકમાં નાખવું = (૧) કબજામાં રાખવું. (૨) ગલ્લામાં નાખવું; ખજાને નાખવું. (૩) ઠેકાણે કરવું.

૫. પું. ગંધરસ.

૬. પું. ગોખલો.

૭. પું. ગોળાકૃતિવાળો પદાર્થ; ગોળ.

૮. પું. (જ્યોતિષ) ૭ અથવા વધારે ગ્રહનું એક રાશિમાં ભેગા થવાપણું.

૯. પું. પાણીનો કુંભ.

૧૦. પું. (વહાણવટું) ભંડાર.

૧૧. પું. લોઢા કે લાકડાનો ગોળો.

૧૨. પું. લોલક; 'બૉબ'.

૧૩. પું. વટાણો.

૧૪. પું. વૈકુંઠ લોકની ઉપર આવેલ એક સ્થાન.

૧૫. સ્ત્રી. ગોળાઈ.

૧૬. ન. અત્તર.

૧૭. ન. ઠામ; ઠેકાણું.

૧૮. ન. યંત્ર.

૧૯. વિ. અચોક્કસ; નક્કી નહિ એવું.

ગોલકડ (ગોલકડ઼) પું. લોહીમાંનો નાનો ચપટો ગોળાકાર કણ.

ગોલકદુ ન. ભૂરું કોળું.

ગોલકલી [હિં.] સ્ત્રી. મહારાષ્ટ્રમાં થતી એક જાતની અંગૂર.

ગોલકિક [અં.] સ્ત્રી. ફૂટબોલની રમતમાં ગોલમાં ઊભા રહીને દડાને લાત મારવી તે.

ગોલકી સ્ત્રી. દાસી; હલકી સ્ત્રી.

ગોલકીનું વિ. ગુલામડીનું. ગાળ તરીકે વપરાય છે.

ગોલકીપર [અં.] પું. હૉકી અને ફૂટબોલની રમતમાં ગોલનું રક્ષણ કરનાર માણસ.

ગોલકું ૧. વિ. અધમ; હલકું.

૨. વિ. કપટી; લુચ્ચું; પાજી.

ગોલકુંડ પું. એ નામનો ૮૬ માંહેનો એક નરકકુંડ. તે અંધારાવાળો, ગારાવાળા ઊના પાણીથી ભરેલો અને અતિ દુર્ગંધમય મનાય છે. જે મદોન્મત્ત માણસ અંધારાવાળા બંદીખાનામાં પ્રજાને ગોંધી રાખે છે તે માણસ પોતાનાં પાપથી પ્રજાનાં રૂંવાડાં જેટલાં વર્ષ સુધી આ કુંડમાં વસે એમ કહેવાય છે.

ગોલકૃતિસૂત્રકૃમિ પું. એક જાતનો ગોળ જીવડો. તેની ઘણી જાત છે. નર ૧૨ થી ૧૬ ઇંચ લાંબો અને દોરા જેવો ગોળ હોય છે. માદા ૬ થી ૧૦ ઇંચ લાંબી થાય છે. તે આંતરડામાં રહે છે, ગંદા પાણીની સાથે તેનાં ઈંડાં પેટમાં જઈ આંતરડામાં રહી વધે છે.

ગોલક્ષણ [સં.] ન. ગાયનું લક્ષણ; ગાયનું શુભાશુભસૂચક ચિહ્ન.

ગોલખ ૧. પું. ઉંબર ઉપર ધરવામાં આવતું દ્રવ્ય.

૨. પું. કોઠાર; વખાર.

૩. પું. ખજાનો; ભંડાર.

૪. પું. ધર્માદાની પેટી.

૫. પું. પૈસા સંતાડવા ભોંયમાં કરેલો નાનો ખાડો.

ગોલખીરા સ્ત્રી. કાકડીની જાતની એક શાકભાજી. ગરમીની ઋતુમાં તે પાકે છે અને સામાન્ય રીતે માર્ચ એપ્રિલ મહિનામાં વાવવામાં આવે છે. સારૂં પાણી, સારી જમીન અને પુષ્કળ ખાતર હોય તો તે ઘણી ઊગી નીકળે છે.

ગોલગપ્પા સ્ત્રી. પૂરી જેવી ખાવાની એક વાની.

ગોલગોલ ૧. અ. અસ્પષ્ટ રીતે.

૨. અ. ગોળાકારમાં.

ગોલડી (ગોલડ઼ી) સ્ત્રી. દાસી; ચાકરડી; ગુલામડી.

ગોલણ ૧. સ્ત્રી. ગોલાની સ્ત્રી; ગોલી.

૨. સ્ત્રી. રાજદરબારમાં કામ કરનાર સ્ત્રી; વડારણ.

૩. ન. એક જાતનો છોડ. તેનાં ૬ થી ૭ આંગળ લાંબાં પાંદડાં ઔષધિ તરીકે ઉપયોગી છે.

ગોલણી સ્ત્રી. (જૂ. ગુ.) ગોવાલણ.

ગોલતર ૧. સ્ત્રી. એ નામની ભરવાડની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગોલત્રયપ્રશ્ન [સં.] પું. ગુરુત્વાકર્ષણ અનુસાર એકબીજાને ખેંચતા ત્રણ પદાર્થોની સ્થિતિ અથવા ગતિનું સ્વરૂપ.

ગોલદ્વયપ્રશ્ન [સં.] પું. ગુરુત્વાકર્ષણ અનુસાર એકબીજાને ખેંચતા બે પદાર્થોની સ્થિતિ અથવા ગતિનું સ્વરૂપ.

ગોલપખાસ સ્ત્રી. મધ્યમ કદવાળી અને સુંદર સુગંધવાળી બંગાળમાં થતા આંબાની ઊંચા પ્રકારની એક જાતની કેરી.

ગોલપગંજ જુઓ ગોલપખાસ.

ગોલપગંધા જુઓ ગોલપખાસ.

ગોલપૃષ્ઠફલ ન. ગોળની ઉપરની વક્ર સપાટીનું પરિમાણ.

ગોલપોસ્ટ [અં.] પું. ફૂટબોલ અને હૉકીની રમતમાં હારજીત નક્કી કરવાને સાત ફૂટની લંબાઈના એકબીજાથી ચાર વારને અંતરે ઊભા કરેલા થાંભલા માંહેનો દરેક.

ગોલફલ [સં.] ન. અંડ; વૃષણ.

ગોલબદન ન. ગોળ અને જાડું શરીર.

ગોલબંધની સ્ત્રી. ગર્ભાશયમાં આવેલી તંતુમય એક ગ્રંથિ. તે ગર્ભના ભારને ધારણ કરી સંભાળી રાખે છે. તે ઢીલી પડવાથી કે તૂટી જવાથી ગર્ભપાત થાય છે.

ગોલબાત સ્ત્રી. અચોક્કસ વાત; અનિશ્ચિત હકીકત.

ગોલબ્લેડર [અં. ગૉલ બ્લેડર] સ્ત્રી. પિત્તાશય.

ગોલભ પું. (પુરાણ) એ નામનો એક ગંધર્વ. તેની અને વાલીની વચ્ચે પંદર વર્ષ સુધી સતત યુદ્ધ ચાલ્યું હતું. છેવટે તે વાલીને હાથે મરણ પામ્યો હતો.

ગોલભોગમાલ્દા સ્ત્રી. પૂનામાં થતી એક જાતની કેરી.

ગોલમઠોલ વિ. જાડું અને મૂર્ખ.

ગોલમાપક [સં.] ન. ગોળ વસ્તુ માપવાનું યંત્ર.

ગોલમાલ ૧. [હિં.] પું. ગોટાળો; ગરબડગોટો; ધાલમેલ.

ગોલમાલ કરવો = (૧) છાનામાના ચોરવું. (૨) ભેળવવું; ગોટાળો કરવો.

૨. વિ. જાડું અને મૂર્ખ.

ગોલમિરચ જુઓ ગોલમિર્ચ.

ગોલમિર્ચ [હિં.] ન. કાળું તીખું.

ગોલમૂલી ન. ગાજર.

ગોલયંત્ર [સં.] ન. વાંસનું બનતું એક જાતનું યંત્ર. પ્રાચીન કાળમાં તે વડે સૂર્ય, ચંદ્ર, પૃથ્વી વગેરેની સ્થિતિ, નક્ષત્રોની ગતિ અને અયન, પરિવર્તન વગેરે જણાતું હતું.

ગોલયોગ [સં.] પું. જ્યોતિષપ્રસિદ્ધ એક યોગ. કેટલાકના મત પ્રમાણે સાત ગ્રહ એક રાશિમાં ભેગા થવાથી આ યોગ થાય છે. તે વખતે દુકાળ, ધરતીકંપ જેવી કુદરતી આફત આવે અને રાષ્ટ્ર તથા રાજાઓનો નાશ થાય એમ મનાય છે.

ગોલરંધ્રી ન. એક જાતનું પ્રાણી.

ગોલલાઇન્સ [અં.] સ્ત્રી. બ. વ. ફૂટબોલની રમતમાં ગોલને બંને છેડે દોરેલ લીટીઓ.

ગોલવચ્છ ન. સંવત ૧૧૧૧માં રાઠોડ રજપૂતોને પ્રતિબોધ કરીને શ્રી જિદત્તસૂરિજીએ સ્થાપેલું ઓશવાળ વંશનું એક ગોત્ર.

ગોલવણ [સં.] ન. જેટલા પ્રમાણુમાં ગાયને મીઠું આપવામાં આવે તેટલું મીઠું.

ગોલવાડ (ગોલવાડ઼) ૧. સ્ત્રી. ગોલાઓનો મહોલ્લો; જ્યાં ગોલા લોકો રહેતા હોય તે લત્તો.

૨. સ્ત્રી. પોળ; વાડો; શેરી.

ગોલવાયન ન. અનુરાધા નક્ષત્રનું એક ગોત્ર.

ગોલવાલ ૧. સ્ત્રી. વાણિયાની ચોરાશી માંહેની એક જ્ઞાતિ.

૨. ન. એ નામની જ્ઞાતિનું માણસ.

૩. વિ. એ નામની જ્ઞાતિનું.

ગોલવિદ્યા [સં.] સ્ત્રી. જ્યોતિષ વિદ્યાનો એક ભાગ. તે વડે પૃથ્વીની ગોળાઈ, આકાર, વિસ્તાર, ગતિ, ઋતુપરિવર્તન વગેરે જણાય છે.

ગોલવું સ. ક્રિ. પગથી છૂંદવું; પગથી દબાવવું; પગ વડે ખૂંદી નાખવું.

ગોલવૃત્ત [સં.] ન. ગોળાકાર વર્તુલ.

ગોલવ્યાયન જુઓ ગોલવાયન.

ગોલશાસ્ત્ર જુઓ ગોલવિદ્યા.

ગોલશાસ્ત્રી પું. ગોલવિદ્યા જાણનાર માણસ.

ગોલશિખર ન. શંકુ.

ગોલસંધિ ૧. [સં.] પું. બે ગોલાર્ધ જ્યાં જોડાયેલા હોય તે વર્તુલ.

૨. પું. વિષુવવૃત્ત.

ગોલસંશોધન [સં.] ન. કોઈ પણ ગોળાનું કેંદ્ર અથવા સપાટી બરાબર ન હોય તો તે બરાબર કરવાપણું.

ગોલહાથ ૧. પું. બ. વ. વધારેલા ખારા ચોખા. તે ખાસ કરીને મરડાના રોગમાં ખવાય છે.

૨. વિ. પલાળેલા પોચા ખોરાક જેવું નરમ.

ગોલંગા ન. એક જાતનું ઝાડ.

ગોલંગોલ પું. ગોટાળો.

ગોલંદાજ ૧. પું. દડો ફેંકનાર; 'બૉલર'.

૨. [ફા.] વિ. તોપ ભરીને ફોડનાર; તોપચી; તોપ ફોડનાર; ગોલા ભરનાર; ગોળો ફેંકનાર.

ગોલંદાજી ૧. સ્ત્રી. તોપ ફોડવી તે.

૨. સ્ત્રી. દડો ફેંકવાની ક્રિયા; 'બૉલિંગ'.

ગોલંદાઝ જુઓ ગોલંદાજ.

ગોલંદાઝી જુઓ ગોલંદાજી.

ગોલંબાજ ૧. વિ. તીર મારનાર; તીરંબાજ.

૨. વિ. બંદૂક ફોડનાર.

ગોલા ૧. પું. એક જાતનો આંબો.

૨. [ફા.] પું. કમાન કે મહેરાબને ટેકા સારૂ મૂકેલો પથ્થરનો થાંભલો.

૩. પું. કૂવાની આસપાસનો કઠેરો.

૪. પું. ખવાસ.

૫. [હિં.] પું. ગોળ ભારોટિયું.

૬. પું. ઢોરનું ટોળું.

૭. પું. તોપનો ગોળો.

૮. પું. દાણાપીઠ.

૯. પું. નાળિયેર.

૧૦. પું. નીચે ઝડપથી ઊડતું કબૂતર.

૧૧. પું. મોટો દડો.

૧૨. પું. રાતોચોળ તોપનો ગોળો ઉપાડીને થતી કસોટી.

૧૩. પું. વાયુનો ગોળો.

૧૪. પું. સોજો.

૧૫. [સં.] સ્ત્રી. એક જાતની ઔષધિ.

૧૬. સ્ત્રી. કુંભારની એ નામની એક અટક.

૧૭. સ્ત્રી. ખરાબ નદી.

૧૮. સ્ત્રી. ગોદાવરી નદી.

૧૯. સ્ત્રી. ગોળો; વર્તુલ.

૨૦. સ્ત્રી. (જૈન) ચોરાશી માંહેની એક જ્ઞાતિ.

૨૧. સ્ત્રી. દુર્ગા.

૨૨. સ્ત્રી. પાણીનો કલશ.

૨૩. સ્ત્રી. બહેનપણી; સખી.

૨૪. સ્ત્રી. મનઃશિલ ધાતુ.

૨૫. સ્ત્રી. સાંઢી.

૨૬. સ્ત્રી. હિંદના મૂળ વતનીઓની એક જાત.

૨૭. ન. એ નામની અટકનું માણસ.

૨૮. ન. એ નામની જ્ઞાતિનું માણસ.

૨૯. ન. ગુલામગીરી.

૩૦. ન. શેરડીનું આગળું.

૩૧. વિ. એ નામની અટકનું.

૩૨. વિ. એ નામની જ્ઞાતિનું.

ગોલાઅંદાઝ પું. એ નામનો તોપખાનાનો હોદ્દેદાર.

ગોલાઈ સ્ત્રી. ગોળ હોવાપણું.

ગોલાકાર પું. બરાબર ગોળ નહિ પણ ગોળને મળતી ઘન આકૃતિ; પરિમંડલ; મંડલાકાર.

ગોલાકારદર્પણ ન. નતોદર તેમ જ ઉન્નતોદર અરીસો.

ગોલાકારપ્રત્યાલેખ પું. ગોળા ઉપરના કોઈ પણ બિંદુ કે રેખાનો તે ગોલની સપાટી ઉપર જ પ્રક્ષેપ.

ગોલાકાંકર સ્ત્રી. બંગાળમાં થતી એક વેલ. તેનાં કંટોલા જેવાં અને નરમ કાંટાવાળાં રાતાં ફળનું શાક થાય છે.

ગોલાક્ષ [સં.] પું. એ નામનો એક ઋષિ.

ગોલાક્ષી સ્ત્રી. એક જાતની માછલી.

ગોલાગત ૧. વિ. જૂદું.

૨. વિ. દેખાડવાનું.

ગોલાગોર ૧. સ્ત્રી. બ્રાહ્મણની એ નામની એક જ્ઞાતિ.

૨. ન. એ નામની જ્ઞાતિનું માણસ.

૩. વિ. એ નામની જ્ઞાતિનું.

ગોલાટૂક પું. વર્તુલનો એક વિભાગ.

ગોલાણ પું. દુશ્મન.

ગોલાદન ૧. ન. ગોળ અને જાડું માણસ.

૨. વિ. ગોળ અને જાડું.

ગોલાધરિયા ૧. સ્ત્રી. એ નામની વાળંદની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગોલાધાર વિ. મુશળધાર.

ગોલાધ્યાય [સં.] પું. ખગોળ સંબંધી એક પ્રાચીન સંસ્કૃત પુસ્તક. તે ભાસ્કરાચાર્યે ગણિત સંબંધી બનાવેલ સિદ્ધાંતશિરોમણિ નામના ગ્રંથનો એક વિભાગ છે.

ગોલાના ૧. સ્ત્રી. એ નામની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

ગોલાપાયન ન. એક જ સ્થળેથી નીકળતા પ્રકાશનાં કિરણોનું થતું સ્થળાંતર; તાલ એટલે કાચગોલમાંથી પ્રકાશનાં કિરણોનું પ્રસાર થતાં ગોળાકાર આકૃતિમાં દેખાતું તે.

ગોલાપો ૧. પું. સેવાચાકરી કરવી તે; ગુલામગીરી; ગોલાપણું; દાસત્વ.

૨. પું. હલકા દરજ્જાનું કામ.

ગોલાબજામ ન. એક જાતનું ફળ; જાંબુ.

ગોલાબારૂદ પું. દારૂગોળો.

ગોલામ ૧. પું. આડતિયો.

૨. પું. તાબેદાર.

૩. સ્ત્રી. એ નામની એક અટક.

૪. ન. એ નામની અટકનું માણસ.

૫. ન. ગંજીફાનું એક ચિત્રવાળું પાનું; ગુલામના ચિત્રવાળું ગંજીફાનું પાનું.

૬. વિ. એ નામની અટકનું.

ગોલાયનક પું. તાલ; કાચગોલ; 'લેન્સ'.

ગોલારી વિ. સ્ત્રી. ગોલા જેવી હલકી.

ગોલાર્ધ ૧. [સં.] પું. ગોળાનો અર્ધો ભાગ; અર્ધગોળ.

૨. પું. પૃથ્વીનો અર્ધો ગોળો.

ગોલાલડાઈ (ગોલાલડ઼ાઈ) સ્ત્રી. દમ વિનાની લડાઈ; રાત્રે છોકરાંની માફક લડે અને દિવસે પાછાં એક થઈ જાય એવી બહારનાંને બતાવવા પૂરતી લડાઈ.

ગોલાલૂ ન. બ. વ. બટાટા.

ગોલાષ્મ પું. પ્રકાશતો કાચમય પથરો.

ગોલાસ્પેશ્યલ સ્ત્રી. ઉત્તમ ગણાતી એક જાતની ખાંડ.

ગોલાં ૧. ન. બ. વ. ધોલાં; ધિલોડાં.

૨. ન. બ. વ. જનાનખાનામાં નોકરી કરનારાં માણુસ; ખવાસ; ગુલામ.

૩. ન. બ. વ. વૈશ્ય બાપ અને બ્રાહ્મણી માતાથી પેદા થયેલાં માણુસ.

ગોલાંગૂલ ૧. [સં.] પું. એક જાતનો વાનર; કાળો વાનર.

૨. ન. ગાયનું પૂછડું.

ગોલાંગૂલી [સં.] સ્ત્રી. એક જાતની વાનરી; કાળી વાનરી.

ગોલાંટ ન. જુઓ ગુલાંટ.

ગોલાંરાણો પું. રૂપ ગુણ વગરનો મૂર્ખ માણુસ.

ગોલિકશાલા ૧. સ્ત્રી. ગાયને દોહવાનું સ્થાન.

૨. સ્ત્રી. ગોળ વેચવાની દુકાન.

ગોલિકા ૧. સ્ત્રી. એક જાતની ગરોળી.

૨. સ્ત્રી. દેવચકલીની ઊડવાની ગતિ.

૩. ન. ક્ષય કરનાર શુકન.

ગોલિયા ૧. સ્ત્રી. એક જાતનું હથિયાર.

૨. સ્ત્રી. ગોળી; ગુટિકા.

૩. સ્ત્રી. બંગાળના ઊંચી જાતના આંબાની કેરી.

૪. સ્ત્રી. મોટી થાળી.

૫. સ્ત્રી. મોટું કૂંડું.

ગોલિયાવલી ન. ગોલેલ નામના શહેરનું પ્રાચીન નામ.

ગોલિહ પું. એક જાતની વનસ્પતિ; મરખો.

ગોલિંગ ૧. પું. આખલો.

૨. [હિં.] ન. બળદથી ખેંચાતું મધ્યમ કદનું ગાડું.

ગોલી ૧. સ્ત્રી. આરસ.

૨. સ્ત્રી. કજિયાખોર સ્ત્રી.

૩. સ્ત્રી. ગોલાની જાતની સ્ત્રી.

૪. સ્ત્રી. ઘાસ ભરેલ ગાડાને દોરડાંથી મજબૂત બાંધવા વચમાં રાખવાની ગરેડી.

૫. સ્ત્રી. જનાનખાનાની દાસી; ચાકરડી; ખવાસણુ; વડારણુ.

૬. સ્ત્રી. દડો.

૭. સ્ત્રી. દવાની ગોળી.

૮. સ્ત્રી. પાણી ભરવાની નાની ગોળી.

૯. સ્ત્રી. બંદૂકની ગોળી.

૧. ગોલી પિલાવવી = (૧) તોપ ફોડવી. (૨) બંદૂક ભરવી.

૨. ગોલી મારવી = કોઈના તરફ બંદૂક ફોડવી.

૩. ગોલી લાગવી = બંદૂકની ગોળી લાગવી.

૧૦. સ્ત્રી. ભારવટિયા સાથે લાકડાના બે લાફા જડીને તેની વચ્ચે વાંસ ખોસીને બનાવેલી કપડાં સૂકવવાની વળગણી.

ગોલીજાયો વિ. પું. ગોલીના પેટથી ઉત્પન્ન થયેલો.

ગોલીટ પું. એક જાતની વનસ્પતિ; મરખો.

ગોલીટો ૧. પું. પીંજણનો એક ભાગ.

૨. પું. ભીંડી કે શણના રેસાનો ગંઠો.

ગોલીઢ [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

ગોલીતર ૧. સ્ત્રી. રબારી તથા ભરવાડની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણુસ.

૩. વિ. એ નામની અટકનું.

ગોલીનો પું. દાસીનો અથવા ચાકરનો છોકરો એવા અર્થનો તિરસ્કારવાચક શબ્દ.

ગોલીના થવું = હલકા અથવા નીચ થવું.

ગોલીપેટ જુઓ ગોલીજાયો.

ગોલીય ૧. વિ. ગોલ આકૃતિનું.

૨. વિ. ગોલને લગતું.

ગોલીયચાતુરસ્રિક પું. (ગણિત) જેનું સમીકરણ ચોથા ઘાતનું હોય એવો વક્ર.

ગોલીયજ્યોતિષ ન. (જ્યોતિષ) ગ્રહગણિતથી ગ્રહો વગેરેનું અવકાશમાં સ્થાન નક્કી થયા પછી આકાશના કલ્પિત ગોળા ઉપર તેઓ બરાબર કયે સ્થાને દેખાય તે નક્કી કરવાનું ગણિત.

ગોલીયત્રિકોણમિતિ સ્ત્રી. (ગણિત) આંકાશી ગોળાને લગતું એક જાતનું ગણિત.

ગોલીયદર્પણ ન. ગોળ અરીસો.

ગોલીયવૃદ્ધિ સ્ત્રી. (ગણિત) ગોલીય ત્રિકોણના ત્રણ ખૂણાના સરવાળામાંથી બે કાટખૂણા બાદ કરતાં રહેતો વધારો.

ગોલીયશંકુચ્છિન્ન સ્ત્રી. (ગણિત) ગોળાની સપાટીથી શંકુને કાપતાં થતી આકૃતિ.

ગોલીયહરાત્મક ન. (ગણિત) લાપ્લાસના સમીકરણ $\nabla^{૨}$ વ = ૦ ને સંતોષતું ત્રણ અજ્ઞાતનું ન ઘાતનું સમઘાતિક કોઈ પણ ફલ; 'સ્ફેરિકલ હાર્મોનિક'.

ગોલીંડો પું. એક જાતનો ફૂલછોડ.

ગોલું ૧. વિ. કપટી; લુચ્ચું.

૨. વિ. ગોલકું; પાજી.

૩. વિ. સેવક.

હાથ પોલો તો જગ ગોલો = હાથે નાણાં છૂટથી વાપરે તો જગત તાબેદાર થઈ રહે.

૪. વિ. હલકું.

ગોલે ૧. સ્ત્રી. એ નામની એક મરાઠી અટક.

૨. ન. એ નામની અટકનું માણુસ.

૩. વિ. એ નામની અટકનું.

ગોલેખનિકા સ્ત્રી. ગાયને ચરવાની જગ્યા; બીડ.

ગોલેણ સ્ત્રી. ગોલાની વહુ.

ગોલેયું વિ. હરાયું.

ગોલૈયો પું. વગર નોતરે જમવા ફરતો આદમી.

ગોલેંચી ન. એ નામનો ડોલરચંપા જેવો છોડ.

ગોલો ૧. પું. એ નામની જ્ઞાતિનો માણુસ.

૨. પું. એક જાતનું પક્ષી.

૩. પું. કંચુકી; રાજાના જનાનખાનાનો નોકર.

૪. પું. ખાંડવા ભરડવાનો ધંધો કરનાર માણુસ; ચોખા ખાંડનાર માણુસ.

૫. પું. ગંજીફામાં ગુલામનું પાનું.

૬. પું. ગોલક; વિધવાને વ્યભિચારથી થયેલ પુત્ર.

૭. પું ચાકર; ખવાસ; ગુલામ; ખવાસી કરનાર ચાકર.

૧. ગોલા રાજ બેસારીએ તો ય ગોલો ને ગોલો = જાતિસ્વભાવ બદલે નહિ.

૨. ગોલાને ગાય નહિ અને દૂધે વાળુ કરે નહિ = ગરીબનાં નસીબ ગરીબ જ હોય.

૩. ગોલાને ઘેર ગાય હોવી = અસંભવિત વાત હોવી.

૪. ગોલો ગોલી લડે ને ગધેડાના કાન ચીંબોળ = મોટાની લડાઈમાં નાનાને દુઃખ ખમવું પડે; પાડા પાડા લડે તેમાં ઝાડનો ખો; એકને વાંકે બીજાએ સહન કરવું.

૫. ગોલો બેસવો = ગોલાએ ઘેર આવી કામ કરવું.

૬. જેનો હાથ પોલો તેનો મુલક ગોલો = પૈસા ખૂબ વાપરે તેના બધા સેવક થઈને રહે.

૮. પું. તોપનો ગોળો.

૯. પું. નાળિયેર.

૧૦. પું. પેટનો દુખાવો.

૧૧. પું. મૂર્ખ માણુસ.

૧૨. પું. મોટો દડો.

૧૩. પું. હલકો માણસ.

૧૪. સ્ત્રી. ડાંગરને ખાંડી ચોખા કરવાનો અને અનાજને સમારવાનો ધંધો કરનારી એક જાત.

ગોલોક ૧. પું. ગોસાંઈઓનું મોક્ષસ્થાન.

૨. પું. જ્યાં ગાયોનું પાલનપોષણ થાય છે એવો સ્વર્ગનો એક વિભાગ.

૩. પું. વિષ્ણુનું નિવાસસ્થાન; વૈકુંઠની ઉપર આવેલો લોક; ગાયોના વાસથી પવિત્ર ગણાતો વિષ્ણુલોક; વૈકુંઠથી ઉપર પચાસ કરોડ યોજન ઉપર આવેલું એક સ્થાન.

ગોલોકધામ પું. વિષ્ણુ અથવા કૃષ્ણનું નિવાસસ્થાન. પુરાણાનુસાર તે બ્રહ્માંડમાં સર્વ લોકની ઉપર માનવામાં આવે છે. અનેક પુરાણોમાં આ લોક બહુ રમ્ય અને મનોહર જણાવવામાં આવ્યો છે. તંત્ર અનુસાર વૈકુંઠની દક્ષિણ તરફ ગોલોક આવેલ છે.

ગોલોકવાસ ૧. [સં.] પું. વિષ્ણુના ધામમાં રહેવું તે.

૨. પું. સ્વર્ગવાસ; મરણ પામવું તે.

ગોલોકવાસી ૧. [સં. ગોલોકવાસિન્] પું. વિષ્ણુ.

૨. વિ. વિષ્ણુના ધામમાં રહેનાર.

૩. વિ. સ્વર્ગવાસી; મરણ પામેલું.

ગોલોકવિહારી [સં. ગોલોકવિહારિન્] પું. વિષ્ણુ.

ગોલોકેશ [સં.] પું. શ્રીકૃષ્ણચંદ્ર; વિષ્ણુ.

ગોલોચન [હિં.] ન. ગોરોચન.

ગોલોમિકા [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; જટામાંસી.

ગોલોમી ૧. [સં.] સ્ત્રી. દૂર્વા; ધોળી ધ્રો; એક જાતની વનસ્પતિ.

૨. સ્ત્રી. બાળાવજ; ઘોડાવજ; ઊંધાફૂલી.

૩. સ્ત્રી. વેશ્યા; કસબણ.

ગોલોસ સ્ત્રી. એક જાતની વનસ્પતિ; જટામાંસી.

ગોલ્ટર ૧. સ્ત્રી. રજપૂતની એક પેટા જ્ઞાતિ.

૨. ન. એ નામની પેટા જ્ઞાતિનું માણસ.

૩. વિ. એ નામની પેટા જ્ઞાતિનું.

ગોલ્ડ [અં.] ન. સોનું.

ગોલ્ડન ૧. [અં.] વિ. સોનાનું બનાવેલું; સુવર્ણમય.

૨. વિ. સોનેરી; સોનાના રંગનું.

ગોલ્ડનએઇજ [અં.] સ્ત્રી. સુવર્ણસમય; સુવર્ણયુગ.

ગોલ્ડનફર્ન [અં.] પું. એક જાતનો સુશોભિત છોડ. તે રંગબેરંગી સુંદર પાંદડાંવાળો, શોભા લાયક અને મનને આનંદ આપનાર હોવાથી બાગમાં કે બંગલા આગળ કૂંડામાં રોપવામાં આવે છે.

ગોલ્ડફિંચ [અં.] ન. એક જાતનું પક્ષી. તે છૂપી જગાએ ઝાડ ઉપર માળો બાંધે છે. તેનો સૂર ખાસ મીઠો હોતો નથી. આ પક્ષી લગભગ યુરપ અને આફ્રિકમાં વસે છે.

ગોલ્ડફીલ્ડ [અં.] ન. સોનાની ખાણ; સોનાનું ક્ષેત્ર.

ગોલ્ડર [અં.] ન. એક જાતનું ઝાડ. તેનાં ફળ સુંદર અને મીઠાં હોય છે.

ગોલ્ડસ્ટીલ [અં.] ન. એક જાતનું સોનેરી લોઢું. આ ધાતુ એલ્યુમિનિયમ અને કાંસાની મિલાવટથી બને છે. તેમાંથી છરી કાંટા ઉત્તમ બને છે.

ગોલ્ફ [અં.] સ્ત્રી. બેટ અથવા નીચેને છેડે વાળેલા દંડા અને દડા વડે રમવાની એક વિદેશી રમત. તેમાં જમીનમાં હારબંધ નાનાં કાણાં પાડવામાં આવે છે અને દડાને એક પછી એક આ કાણામાં હાંકવાનો હોય છે. જે ખેલાડી સૌથી ઓછા ફટકા મારી દડાને છેલ્લા કાણામાં લાવે તે જીત્યો કહેવાય છે.

ગોલ્લ ૧. પું. ગૌડ દેશ.

૨. સ્ત્રી. બેલગામ, ધારવાડ તરફ રહેનારી ગોવાળનો ધંધો કરનારી એક જાત.

૩. ન. એ નામની જાતનું માણસ.

૪. વિ. એ નામની જાતનું.

ગોલ્લૈયો પું. વગર નોતરે જમતો ફરતો આદમી.

ગોલ્લો ૧. પું. ખસી કર્યા વગરનો બળદ.

૨. પું. ગંજીફામાં ગુલામનું પાનું; ગુલો.

૩. પું. ગાયનો લાડકો વાછડો; બાળ સાંઢ.

૪. પું. ગોલ્લૈયો; વગર નોતરે જમતો ફરતો માણસ.

૫. પું. બારસાખ પાસેનો કમાડનો ભાગ.

૬. પું. માતાનો ચુસ્ત ભક્ત; દેવીઉપાસક.

ગોવડાવું (ગોવડ઼ાવું) અ. ક્રિ. ગબડવું; ગડબડવું; પાચન ન થવું.

ગોવડાં (ગોવડ઼ાં) ન. બ. વ. બળદને મોઢે બાંધવામાં આવતી સૂતરની ગૂંથેલી જાળી.

ગોવત્સ [સં.] પું. વાછડો.

ગોવત્સદ્વાદશી [સં.] સ્ત્રી. આસો વદિ બારશ.

ગોવત્સબારશ જુઓ ગોવત્સદ્વાદશી.

ગોવધ [સં.] પું. ગાયને મારી નાખવી તે; ગાયનો ઘાત કે વધ કરવો તે; ગાયની કતલ કરવી તે; ગૌહત્યા.

ગોવધબંધી સ્ત્રી. ગાયની કતલ કરવાની મના.

ગોવર [સં.] ન. ગાયની ખરીથી છૂંદાયેલું છાણ.

ગોવરાષ્ટ્ર ન. મહાભારતમાં કહેલા ગોપરાષ્ટ્રનું વિકૃતરૂપ થઈને પડેલું એક નામ. જુઓ ગોપરાષ્ટ્ર.

ગોવરુ ૧. ન. ઓરી; શીતળાની જાતનો એક રોગ; ગોબરુ; એક પ્રકારનો ઊડતો રોગ.

૨. વિ. ગોબરું; ગંદું; મેલું.

ગોવરું ન. શીતળાની જાતનો એક રોગ.

ગોવરે પું. (ભીલી) અડાયું છાણું.

ગોવરો પું. (ભીલી) ઓરી. તે ઉપર આંબાહળદર, કાળીજીરી, બાવચી, કુવાડિયાનાં બી અને આમળાં વાટી ચોળીને સ્નાન કરવાથી ફાયદો થતો મનાય છે.

ગોવર્ગ પું. દશ હજાર ગાયોનું ટોળું.

ગોવર્ણું વિ. ગોરું; ધોળું; સફેદ.

ગોવર્ધન ૧. પું. એ નામના એક સાક્ષર; જુઓ ગોવર્ધનરામ.

૨. પું. બંગાળના મહારાજા લક્ષ્મણસેનના એ નામના એક રાજકવિ.

૩. પું. મુંબઈ ઇલાકાના નાસિક જિલ્લાનું પ્રાચીન નામ.

૪. પું. વાલ્હીક દેશમાં આવેલો એક પ્રાચીન વડ.

૫. પું. વૃંદાવનમાં આવેલો એક પર્વત; ગાયને પુષ્કળ ચારો પૂરો પાડી વધારનારો પર્વત. તે મથુરાથી પશ્ચિમ બાજુએ સાત માઈલ ઉપર આવેલ છે. ઇંદ્રને બદલે આ પર્વતને પૂજવા માટે કૃષ્ણે ગોવાળ અને ગોવાળણોને કહ્યું. ઇંદ્ર આથી ગુસ્સે થયો અને પર્વતને ધસી નાખવા અને પ્રલય કરવા સખત વરસાદ વરસાવ્યો. કૃષ્ણે લોકો અને પર્વતને બચાવવા માટે આ પર્વતને પોતાની ટચલી આંગળી ઉપર સાત દિવસ સુધી ધરી રાખ્યો. આખરે હારી જઈ ઇંદ્ર શરણે થયો એમ કહેવાય છે.

૬. ન. એક જાતનું ત્રિશાળ ઘર; રાજાને લાયક ઘર. જે ઘરના મુખ આગળ છ અલિંદ હોય તથા જમણી તરફ બે અલિંદ હોય, પછીતે ત્રણ અલિંદ અને ડાબી તરફ બે અલિંદ હોય તે ગોવર્ધન ઘર કહેવાય.

૭. ન. મથુરા જિલ્લાની અંદરનું એક પ્રાચીન નગર અને તીર્થ.

ગોવર્ધનધર પું. ગોવર્ધન પર્વતને ઊંચકનાર શ્રીકૃષ્ણ.

ગોવર્ધનધારી જુઓ ગોવર્ધનધર.

ગોવર્ધનનાથજી પું. ગોવર્ધન પર્વત ધારણ કરનાર શ્રીકૃષ્ણ.

ગોવર્ધનપુર ન. નાસિક પાસે આવેલ એક પ્રાચીન ગામ.

ગોવર્ધનપૂજા સ્ત્રી. ગોવર્ધન પર્વતનું પૂજન. તે કારતક સુદિ પ્રતિપદાને દિવસે થાય છે.

ગોવર્ધનમઠ પું. શંકરાચાર્યે સ્થાપન કરેલા ચાર માંહેનો ઓરિસામાં જગન્નાથની પાસે આવેલો એક મઠ.

ગોવર્ધનયુગ પું. સાક્ષર ગોવર્ધનરામભાઈનો સમય. સાહિત્યમાં આ સમય સને ૧૮૮૬ થી ૧૯૧૪ સુધીનો મનાય છે. આ યુગને સાક્ષરયુગ કહે છે. ગુજરાતી સાહિત્યમાં આ યુગ અંગ્રેજી અને સંસ્કૃતનાં ઊંડાં પરિશીલન, નવા વિચારોનો ઉષઃકાળ, તલસ્પર્શી અને અગાધ વિદ્વત્તા, સંસ્કૃતપ્રચુર તેમ જ વિદ્વદ્ભોગ્ય ભાષાશૈલી અને વિચારવિપ્લવ માટે પ્રસિદ્ધ છે. અર્વાચીન ગુજરાતી સાહિત્યપ્રવાહનું આ યુગ મૂળ કહેવાય છે.

ગોવર્ધનરામ પું. ગુજરાતી સાહિત્યના એક પ્રખર વિદ્વાન સાક્ષર. તેમનો સમય સને ૧૮૫૫ થી ૧૯૦૬ છે. સરસ્વતીચંદ્રની સમર્થ નવલકથા લખનાર ગોવર્ધનરામનો જન્મ ૧૮૫૫માં નડિયાદમાં વડનગરા નાગર બ્રાહ્મણ જ્ઞાતિમાં થયો હતો. ૧૮૭૦માં એ મેટ્રિક થયા; ૧૮૭૫માં બી.એ. અને ૧૮૮૩માં એલ્.એલ્. બી. થઈ મુંબઈમાં વકીલાત શરૂ કરી. સ્નેહમુદ્રાની કવિતાઓ કોલેજમાં લખવા માંડેલી તે ધીમે ધીમે પૂરી થતાં ૧૮૮૯માં પ્રસિદ્ધ થઈ. કાઠિયાવાડનાં સંસ્થાનોનો અનુભવ મેળવી સરસ્વતીચંદ્રની એમણે લખવા માંડેલી, તેનો પહેલો ભાગ સને ૧૮૮૭માં પ્રસિદ્ધ કર્યો. સને ૧૮૯૨માં સરસ્વતીચંદ્રનો બીજો ભાગ છપાયો. ૧૮૯૮માં ત્રીજો અને ૧૯૦૧માં ચોથો ભાગ બહાર પાડ્યો. સરસ્વતીચંદ્રમાં આર્યસંસ્કૃતિનો મહિમા મુક્તકંઠે ગાવામાં આવ્યો છે; છતાં તેનું સ્વરૂપ, તેની ભાવના અને તેનાં પાત્રોમાં રહેલી નવીનતા એ જ નૂતન અસરની સાક્ષી પૂરે છે. એ ગ્રંથને ગુજરાતના નવીન જીવનની જન્મોતરી કહીએ તો ચાલી શકે. ગુજરાતને ઘડતાં વિવિધ સામર્થ્યોની યથાર્થ ચિકિત્સા કરી, ગોવર્ધનરામે પાત્રો રચ્યાં અને એ પાત્રોના ગુણદોષ એ આપણી વર્તમાન ગુર્જર પ્રજાના આદર્શ ગુણદોષ તરીકે સ્પષ્ટ નજરે પડે છે. સરસ્વતીચંદ્રમાંથી હજી પણ આપણા આદર્શો ખોળાય છે. સરસ્વતીચંદ્રના ચારે ભાગ માટે એકસામટું બોલીએ તો કહી શકાય કે, કુશળતાભર્યું નવલકથારૂપ પ્રથમ ભાગમાં છે, બીજા ભાગમાં હિંદુ ગૃહસંસારનું યથાસ્થિત અને રસભર્યું ચિત્ર છે. ત્રીજા ભાગમાં દેશી રાજ્ય, રાષ્ટ્રીય ઉદય સાથે તેનો સંબંધ, તેમાં રચાતાં અને ભજવાતાં કાવતરાં વગેરેનો ભાગ ઘણો અને મૂળ કથાભાગ થોડો છે. ચોથા ભાગમાં તો અનેક વિષય ઉપરનાં ગ્રંથકર્તાનાં ગંભીર ચિંતનોનો તથા ચર્ચાઓનો સંગ્રહ છે. ૧૯૦૨માં પોતાની પુત્રીના મૃત્યુનિમિત્તે 'લીલાવતી જીવન કલા' તથા 'દયારામનો અક્ષરદેહ' એ પુસ્તકો લખ્યાં. ૧૯૦૫માં ભરાયેલી પહેલી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખપદેથી એમણે સાહિત્યના ઇતિહાસની સમાલોચનારૂપ કીમતી ભાષણ આપ્યું હતું. ગોવર્ધનરામે જીવનનાં કેટલાંક ધ્યેય નક્કી કરી મૂકેલાં; તે પ્રમાણે તેમણે ૧૮૯૮માં પોતાનો પુષ્કળ કમાણીવાળો વકીલાતનો ધંધો છોડી દીધો અને નિવૃત્તિનિવાસ સ્વીકાર્યો હતો. ગોવર્ધનરામે સરસ્વતીચંદ્રમાં અહીંતહીં લખેલી કવિતાઓ તથા સ્નેહમુદ્રા સિવાય ગુજરાતી કાવ્યભંડારમાં બીજો ઉમેરો કર્યો નથી. તેમની કવિતામાં ઊંડાં રહસ્યો સમાયેલાં છે અને ભાષા તથા કલ્પનાનું બળ સામાન્ય જનની બુદ્ધિમાં ઊતરી શકે એમ નથી.

ગોવર્ધનાચાર્ય પું. મધ્યકાલીન ભારતમાં થઈ ગયેલ એ નામના એક પંડિત. તેણે અલંકારશાસ્ત્ર ઉપર ધ્વન્યાલોક નામનું પુસ્તક લખ્યું છે.

ગોવર્ધનોત્સવ પું. શ્રીકૃષ્ણે ગોવર્ધન પર્વત તોળ્યાના ઉત્સવનો દિવસ; કારતક સુદિ પડવો; નવા વર્ષનો દિવસ.

ગોવવું ૧. [સં. ગુપ્] સ. ક્રિ. છુપાવવું.
૨. સ. ક્રિ. છેતરવું; ભમાવવું.
૩. સ. ક્રિ. ફસાવવું.

ગોવસંત પું. ગૌશીતળા.

ગોવંદની ૧. [સં.] સ્ત્રી. પ્રિયંગુ વૃક્ષ; પીળા દાંડાવાળી કમળવેલ.
૨. [સં. ગો (પૃથ્વી) + વંદન (નમન)] સ્ત્રી. મેંદી. તેના રંગનાં આખું જગત વખાણ કરે છે તેથી તે ગોવંદની કહેવાય છે.

ગોવંશ [સં.] પું. ગાયની ઓલાદ; બળદ.

ગોવંશવૃદ્ધિ [સં.] સ્ત્રી. ગાયોના વંશની વૃદ્ધિ.

ગોવા ૧. સ્ત્રી. કોબીજનો છોડ.
૨. સ્ત્રી. બંગાળના એ નામના ઊંચી જાતના આંબાની કેરી.
૩. સ્ત્રી. એ નામની મેમણની એક અટક.
૪. ન. એ નામની અટકનું માણસ.
૫. ન. પોર્ટુગીઝ લોકોની હકૂમતવાળું એ નામનું દક્ષિણ હિંદનું એક શહેર. તેનું પ્રાચીન નામ ગોપકવન હતું. તેને ગોપકપટ્ટન પણ કહેતા.
ગોવાનું ગડગડિયું = રજા; પાણીચું; બરતરફી. ગડગડ થતા અવાજવાળું શ્રીફળ કોઈને વિદાય થતી વેળા આપવાની રૂઢિ છે. ગોવામાં શ્રીફળની છત હોવાથી ગોવાનું ગડગડિયું એ પ્રમાણે લાક્ષણિક અર્થમાં વપરાય છે.
૬. વિ. એ નામની અટકનું.

ગોવાઈ ૧. પું. (કચ્છી) સાક્ષી; શાહેદી.
૨. વિ. ગોવામાં થતું.

ગોવાગણ ૧. સ્ત્રી. આયા તરીકે રહેનારી ગોવા તરફની સ્ત્રી.
૨. સ્ત્રી. ગોવા તરફની નાયકણ.
૩. સ્ત્રી. ગોવા તરફની સ્ત્રી.

ગોવાગરણ જુઓ ગોવાગણ.

ગોવાગરી ૧. સ્ત્રી. ગોવા તરફની સ્ત્રી.
૨. વિ. ગોવામાં થતું; ગોવાનું.
ગોવાગરી લાકડી = એક જાતનું કરિયાણું.

ગોવાગરું વિ. ગોવામાં થતું; ગોવાનું; ગોવા તરફનું.

ગોવાણ ૧. ન. અટકાવ.
૨. ન. ગૂંચવાડો.

ગોવાણી ૧. સ્ત્રી. એ નામની કડવા કણબીની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ગોવાતી પું. ગોવાળ; ગોવાળિયો; ગોકળી; ભરવાડ; રબારી.

ગોવાદ પું. ઇલાહી સનના મહિનાનો ૨૨મો દિવસ.

ગોવાનીઝ વિ. ગોવાનું; ગાવામાં થતું.

ગોવાનીસ જુઓ ગોવાનીઝ.

ગોવારણ સ્ત્રી. ગોવાગણ; ગોળા તરફની સ્ત્રી.

ગોવારફળી સ્ત્રી. ગુવારની શિંગની સુકવણીને તળી તેને મીઠું મરચું ચડાવી તૈયાર કરેલ વાની.

ગોવારિયા ૧. સ્ત્રી. વણજારાની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

ગોવારિયો પું. ઊંટડાથી ઊંઘ સુધીનો નીચેનો ભાગ.

ગોવારું ૧. ન. ગાયોનું ટોળું.
૨. ન. ઢાઢ.
૩. ન. શીતળાની જાતનો એક રોગ.

ગોવાલ [સં. ગોપાલ] પું. ગાયો વગેરે ઢોર ચારનાર માણુસ; ગોવાળિયો.

ગોવાલણુ ૧. સ્રી. ગાય વગેરે ઢોર ચરાવનાર સ્રી.

૨. સ્રી. ગોવાળિયાની સ્રી; રબારણુ.

ગોવાલણી જુઓ ગોવાલણુ.

ગોવાલી ૧. [સં. ગોપાલી] સ્રી. એ નામના એક વેલ.

૨. સ્રી. રાતા રંગની લીસી ચામડીવાળી એક જાતની ચપટી માછલી. તેની પૂછડીમાં ઝેરી કાંટા હોય છે.

ગોવાવું ૧. અ. ક્રિ. કામ કરવાનો ઢોંગ કરીને કંઈ પણ કર્યા વગર વખત ગુમાવવો.

૨. અ. ક્રિ. નિંદાવું; વગોવાવું.

૩. અ. ક્રિ સોંઘું વેચાવું.

કેરીઓ ગધેડે ગોવાવી = કેરીઓ ઘણી સસ્તી મળવી.

ગોવાસ ૧. [સં.] પું. ગાયનો વાડો.

૨. ન. વાછરડું.

ગોવાસન ૧. [સં.] પું. ગાયોને હાંકી કાઢનાર બ્રાહ્મણ.

૨. પું. (પુરાણ) મહાભારતના યુદ્ધમાં દુર્યોધન પક્ષનો એ નામનો એક રાજા.

ગોવાળ [સં. ગોપાલ] પું. ગાય વગેરે ઢોર ચરાવનાર માણુસ; ભરવાડ.

ગોવાળણુ ૧. સ્રી. એ નામની એક રમત; બકરાંની ઝાંઝર.

૨. સ્રી. ગાય વગેરે ઢોર ચરાવનારી સ્રી.

૩. સ્રી. ગોવાળની સ્રી; ભરવાડણુ; રબારણુ.

ગોવાળણી જુઓ ગોવાળણુ ૨, ૩.

ગોવાળબકરી સ્રી. નાનાં છોકરાંની એક રમત; બકરાંની ઝાંઝર.

ગોવાળિયણુ સ્રી. ગોવાલણુ; ગોવાળની સ્રી.

ગોવાળિયા ૧. સ્રી. કાઠીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણુસ.

૩. ન. તારાઓનું એ નામનું ઝૂમખું.

૪. વિ. એ નામની અટકનું.

ગોવાળિયો ૧. [સં. ગોપાલિક; પ્રા. ગોપાલિય] પું. ગાય વગેરે ઢોર ચરાવનાર માણુસ.

૨. વિ. પું. અભણુ.

૩. વિ. પું. મૂર્ખ; સમજ વગરનો.

ગોવાળી ૧. [સં. ગોપાલ] પું. ગાય વગેરે ઢોર ચરાવનાર માણુસ; ભરવાડ; રબારી.

૨. સ્રી. ગોવાળનો ધંધો.

૩. સ્રી. દલાલી.

૪. સ્રી. દેખરેખ; રક્ષા.

ગોવાળીડો (ગોવાળાડો) પું. ગોવાળ.

ગોવાળીલાલ પું. ગાયોને ચરાવનાર કૃષ્ણુ.

ગોવાળું ૧. ન. ગાયોનું ટોળું; ગોવારું.

૨. ન. ગોવાળનો વાસ; ગોવાળોનું રહેઠાણુ.

ગોવાળો પું. ગોવાળિયો.

ગોવાંદરું [સં. ગોવૃન્દ] ન. ગોંદરો; પાદર; ભાગોળ.

ગોવિકરાત્રિ [સં.] પું. જંગલનો ઉપરી અમલદાર. પ્રાચીન સમયમાં તેનું કામ પાકને નુકસાન કરે એવાં જંગલી પ્રાણી તથા પશુનો નાશ કરવાનું તથા શિકારીઓ ઉપર દેખરેખ રાખવાનું હતું.

ગોવિક્રય [સં.] પું. ગાયોનું વેચાણુ. શાસ્ત્રમાં ગોવિક્રય નિષિદ્ધ છે.

ગોવિત ૧. [સં. ગોવિત] પું. ઇંદ્ર.

૨. પું. પંડિત; વિદ્વાન.

૩. વિ. સ્તુતિરૂપ વાણીને સંપાદન કરનાર.

ગોવિદાંપતિ ૧. [સં.] પું. પરમેશ્વર.

૨. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. ગો એટલે વાણી કે દેવતા તે જે જાણે છે તે ગોવિંદ. તેના વિશેષતઃ પતિ હોવાથી ભગવાન ગોવિદાંપતિ કહેવાય છે.

ગોવિષ [સં.] ન. ગાયનો ચેપ; ગાય કે બળદમાંથી લીધેલી રસી.

ગોવિષક [સં.] વિ. ગોશીતળાને લગતું.

ગોવિષદ [સં.] સ્રી. ગોશીતળામાંથી કાઢવામાં આવતી રસી. તે બીજાના શરીરમાં દાખલ કરીને બળિયા કાઢવામાં આવે છે.

ગોવિષાણુ [સં.] ન. ગાયનું શિંગડું.

ગોવિષાણુક [સં.] વિ. ગાયના શિંગડાનું બનાવેલું.

ગોવિષાધાન [સં.] ન. શીળી કાઢવાની ક્રિયા.

ગોવિષ્ટા [સં.] સ્રી. ગાય કે બળદનું છાણુ.

ગોવિંદ ૧. પું. આત્મા. ગુરુ નાનક કહેતા કે આત્મા જ ઈશ્વર છે. એનું નામ ગોવિંદ છે. ગોવિંદનું બીજું નામ સોઽહં છે. આપણી કાયા એ ગોવિંદનું મકાન છે.

૨. પું. એ નામનો એક પર્વત.

૩. પું. (પિંગળ) એક અર્ધસમજાતિ માત્રામેળ છંદ. એ જગણુવાળા સ્કંધક છંદનો એક ભેદ છે. તેમાં ૨૫ ગુરુ, ૧૪ લઘુ મળી ૩૯ વર્ણુ હોય છે.

૪. [સં.] પું. ગોવાળ; ભરવાડ.

૫. પું. ગોશાલાનો અધ્યક્ષ.

૬. પું. બૃહસ્પતિ.

૭. પું. (પિંગળ) બે નગણુ અને એકત્રીશ રગણુ મળી નવાણું વર્ણુનો એક સમવૃત્ત વર્ણુમેળ છંદ; વર્ણુદંડક.

૮. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. ભગવાને પૂર્વકાળમાં નષ્ટ થયેલી પાતાળગત પૃથ્વીને મેળવી હતી તેથી તે ગોવિંદ કહેવાય છે. વળી તે વેદ દ્વારા જાણી શકાય છે, પૃથ્વી અને પૃથ્વીના કાર્યરૂપ ભૌતિક શરીરને જાણુનારા ક્ષેત્રજ્ઞ છે, ગો એટલે બ્રહ્મવિદ્યાને યથાવત્ જાણુનારા અથવા બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિથી જાણી શકાય એવા છે માટે ગોવિંદ કહેવાય છે.

૯. પું. વેદવાણી રહસ્યને જાણુનાર શ્રીકૃષ્ણુ; ઇંદ્રિયોના સ્વામી તથા ગોપાલક શ્રીકૃષ્ણુભગવાન.

૧૦. પું. વેદાંતવેત્તા; તત્ત્વજ્ઞ.

૧૧. પું. શંકરાચાર્યના એ નામના ગુરુ.

૧૨. પું. શિવ; શંકર.

૧૩. પું. શીખ લોકોના દશ માંહેના એ નામના એક ગુરુ. તેણે શીખોનો લડાયક જુસ્સો કેળવ્યો હતો.

ગોવિંદકુંડ ન. એ નામનું એક તીર્થસ્થળ. ત્યાં વલ્લભાચાર્યની બેઠક છે.

ગોવિંદગમન [સં.] ન. શ્રીકૃષ્ણુ ગોકુળ છોડી મથુરા ગયા તે પ્રસંગનું વર્ણુન કરતું નરસિંહ મહેતાએ લખેલું એ નામનું કાવ્ય.

ગોવિંદચરણુ [સં.] ન. રામચરણુ; અવસાન; મૃત્યુ.

ગોવિંદદ્વાદશી [સં.] સ્રી. ફાગણુ મહિનાની અજવાળી બારશ.

ગોવિંદપદ [સં.] સ્રી. મોક્ષ; નિર્વાણુ.

ગોવિંદભેંડા સ્રી. માયાની જાળ; માયાનો કોયડો.

ગોવિંદરાજ પું. રાષ્ટ્રકૂટ વંશમાં થયેલ એ નામનો એક રાજા.

ગોવિંદરામ પું. પ્રાકૃત સાહિત્યમાં મહત્ત્વનો ફાળો આપનાર સ્વામીનારાયણુ સંપ્રદાયનો એ નામનો એક કવિ.

ગોવિંદસિંહ પું. શીખ લોકોના એ નામના એક ગુરુ.

ગોવિંદસ્વામી પું. શ્રીનાથજીના આઠ માંહેનો એ નામનો એક કીર્તનિયો.

ગોવિંદાચાર્ય ૧. પું. આદ્ય શંકરાચાર્યના ગુરુ. તેમણે વૈદક સંબંધી રસહૃદયતંત્ર નામનો ગ્રંથ રચ્યો છે.

૨. પું. એ નામના એક રસસિદ્ધ. ઈ. સ. ના ૧૩મા શતકમાં ગોવિંદાચાર્ય અને યશોધર ગુજરાતમાં રસવિદ્યાનો પ્રચાર કરતા હતા.

ગોવિંદાર્ચનચંદ્રિકા [સં.] ન. એ નામનું એક પુસ્તક. તેમાં સર્વ દેવોની પ્રતિષ્ઠા, યજ્ઞ યાગ સંસ્કાર વગેરે કર્મ, વિષ્ણુ આદિ દેવની સુવિસ્તૃત પૂજા, ગોવિંદ ભગવાનનું પૂજન, અર્ચન તેમ જ કર્મ, ઉપાસના અને જ્ઞાન વગેરેનું વિવેચન કરવામાં આવ્યું છે.

ગોવિંદી સ્ત્રી. એ નામની એક ઔષધિ; શરઘ્ની.

ગોવિંદું ન. એ નામનો એક છોડ. એના ફળની છાલ ખવાય છે.

ગોવિંદો પું. શ્રીકૃષ્ણ.

ગોવી ૧. સ્ત્રી. સિંહલદ્વિપના લોકોની એક જાત.
૨. ન. એ નામની જાતનું માણસ.
૩. વિ. એ નામની જાતનું.

ગોવીથિ ૧. [સં.] પું. આકાશમાં રહેલો નક્ષત્ર ભેદસૂચક માર્ગ.

૨. પું. ચંદ્રમાના માર્ગનો એક ભાગ. તેમાં ભાદ્રપદ, રેવતી અને અશ્વિની તથા કોઈ કોઈના મત પ્રમાણે હસ્ત, ચિત્રા અને સ્વાતી નક્ષત્રનો સમૂહ રહેલો છે.

૩. પું. શુક્રની એ નામની ગતિ.

ગોવૃષધ્વજ [સં.] પું. (પુરાણ) કૃપાચાર્ય.

ગોવૃષભ [સં.] પું. શ્રેષ્ઠ બળદ.

ગોવૃંદ [સં.] ન. ગાયોનું ટોળું; ગોવારું.

ગોવૃંદારક ૧. [સં.] પું.; ન. શ્રેષ્ઠ બળદ.
૨. સ્ત્રી. ગાય.

ગોવ્યંદ પું. (જૂ. ગુ.) ગોવિંદ.

ગોવ્યંદો પું. (જૂ. ગુ.) ગોવિંદો; શ્રીકૃષ્ણ.

ગોવ્યાધિન [સં.] પું. ગોત્રપ્રવર્તક એ નામનો એક ઋષિ.

ગોવ્રજ ૧. [સં.] પું. ગાયો બાંધવાની જગ્યા; ગાયોની કોડ.
૨. પું. ગાયોનું ટોળું; ગાયો કે બળદોનો સમૂહ.
૩. પું. ગાયોને ચારવાની જગા; ગૌચર.

ગોવ્રત [સં.] ન. ગૌહત્યાના પ્રાયશ્ચિત નિમિત્તે કરાતું એક વ્રત. તેમાં બરાબર એક માસ સુધી કોઈ ગાયની પાછળ પાછળ ફરવું પડે છે અને માત્ર ગાયનું દૂધ પીને રહેવું પડે છે.

ગોવ્રતિક [સં.] વિ. ગાયનું વ્રત રાખનાર.

ગોશ ૧. [ફા. ગોશ્ત] પું. અભોજ્ય પદાર્થ; માંસ.

૨. પું. (જરથોસ્તી) એ નામનો એક ફિરસ્તો; બીજા મુખ્ય ફિરસ્તા બહેમનના ત્રણ માંહેનો એ નામનો એક હમકાર; દ્રવાસ્ય.

૩. [ફા.] પું. કાન.

૪. પું. ખૂણો; 'એંગલ'.
૫. પું. જરથોસ્તી મહિનાનો ચૌદમો દિવસ.

ગોશગુઝાર ૧. [ફા.] પું. સાંભળનાર માણસ.
૨. વિ. સાંભળેલું; બીજાએ કહેલું.

ગોશગુઝારી ૧. સ્ત્રી. કબૂલત; સ્વીકાર.
૨. સ્ત્રી. ખબર.

ગોશચી [ફા.] પું. જાસૂસ; બાતમી આપનાર.

ગોશપેચ ૧. [ફા.] સ્ત્રી. કાન ઢાંકી દે તેવી રીતે બાંધેલી વાંકી પાઘડી.
૨. ન. કાનનું એક જાતનું ઘરેણું.

ગોશબ [સં.] ન. ગાયનું મુડદું.

ગોશબંદ [ફા.] પું. કાન ઉપર વીંટાળાતો પટો.

ગોશમાણ સ્ત્રી. છીપ; સીપ.

ગોશમાલ ૧. [ફા.] પું. કાન ખેંચવો તે.
૨. પું. ઠપકો; ધમકી.
૩. પું. શિક્ષા; સજા.

ગોશમાલી જુઓ ગોશમાલ.

ગોશમેંદી સ્ત્રી. એક જાતનો પરદેશી મેંદીનો છોડ. તેનાં પાન પાતળાં અને લાંબાં હોય છે. તેમાં ગુલાબી, ધોળાં અને જાંબુડા રંગનાં ફૂલ આવે છે.

ગોશયૂસ સ્ત્રી. ઉંદરકની નામની વનસ્પતિ.

ગોશવારા ૧. [ફા.] પું. કાનનું એક ઘરેણું; કર્ણકુંડલ; એરિંગ.
૨. પું. છોકરીના કાન વીંધવા તે.
૩. પું. પાઘડીમાં પહેરવાનો તોરો.
૪. પું. સારાંશ; ટૂંક હકીકત.
૫. પું. હિસાબની તપસીલ.

ગોશા ૧. [ફા.] પું. એકાંત સ્થળ; એકલી જગ્યા.
૨. પું. ખૂણો.
૩. પું. ધનુષનું શૃંગ.
૪. પું. સાધુનો એકાંતવાસ.
૫. સ્ત્રી. અંતઃપુરની અંદર રહેવું તે.
૬. સ્ત્રી. બીજા પુરુષની આગળ મોઢા ઉપર બુરખો લીધા વગર સ્ત્રીએ અવાય નહિ એવો રિવાજ.

ગોશાનશીન ૧. [ફા.] પું. એકાંત સેવનાર માણસ.
૨. પું. જંગલમાં વસનાર સંસારત્યાગી સાધુ કે સંન્યાસી.
૩. પું. નોકરી વગરનો માણસ.
૪. પું. બેઠો પગાર ખાનાર માણસ.
૫. વિ. એકાંતવાસી; એકાંતમાં રહેનાર.

ગોશાનશીની ૧. [ફા.] સ્ત્રી. એકાંતમાં રહી પ્રભુનું ધ્યાન કરવું તે; દુનિયાની મોહ માયા તજી પરમાત્મા સાથે એકચિત્ત થવું તે.
૨. સ્ત્રી. એકાંતવાસ; અલગ રહેવાપણું.

ગોશાલ ૧. [સં.] પું. પ્રાતઃકાલ; પ્રભાત.
૨. સ્ત્રી. ગૌશાળા; ગાયો બાંધવાની જગ્યા.

ગોશાલક પું. મહાવીર સ્વામીનો એક સમકાલીન પ્રતિસ્પર્ધી અને શિષ્ય. તેનું બીજું નામ આજીવક હતું.

ગોશાલા [સં.] સ્ત્રી. ગૌશાળા; ગાયો બાંધવાની જગ્યા.

ગોશાલીય [સં.] વિ. ગૌશાળામાં હોનાર કે થનાર.

ગોશાસ્ત્ર [સં.] ન. ગાયોના રક્ષણપાલનની વિદ્યા.

ગોશાહ પું. પાષાણભેદ નામની વનસ્પતિ.

ગોશાળ જુઓ ગોશાલ.

ગોશાળા જુઓ ગોશાલા.

ગોશિયા ૧. સ્ત્રી. બ્રાહ્મણની અને પીંજારાની એ નામની અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ગોશિરશ ન. ગોરુચંદન; ગોરોચન.

ગોશીતલા સ્ત્રી. શીતળા; શીળીનો રોગ; બળિયા.

ગોશીર્ષ ૧. [સં.] પું. વૃષભકૂટ પર્વત.
૨. ન. એક પ્રકારનું અસ્ત્ર.
૩. ન. ગાય કે બળદનું માથું.
૪. ન. ગાયના મસ્તકમાંથી નીકળતું ગોરોચન.
૫. ન. મલયાચલ પર્વતમાં થતું એક જાતનું ચંદન.

ગોશીર્ષક ૧. [સં.] ન. એક જાતનું ઝાડ.
૨. ન. ગોરુચંદન; ગોરોચન.

ગોશુદો ૧. ન. ગાયનું ઘી.
૨. ન. (જરથોસ્તી) ગાયનું તાજું દૂધ.

ગોશૃંગ ૧. પું. એ નામનો એક ઋષિ.
૨. પું. (પુરાણ) એ નામનો મધ્ય હિંદુસ્તાનમાં નિષાદભૂમિ પાસે આવેલો મહાભારત કાળનો પ્રાચીન પર્વત. સહદેવે તેને યુધિષ્ઠિરના દિગ્વિજય વખતે જીતી લીધો હતો.
૩. પું. ખટમંડુ પાસે નેપાળમાં આવેલો ગોપુચ્છ પર્વત. તેના ઉપર સ્વયંભૂનાથનું દેવળ હતું.
૪. ન. ગાયનું શિંગડું.
૫. ન. બાવળનું ઝાડ.

ગોશગીરી જુઓ ગોશાનશીની.

ગોશેદાર વિ. ખૂણાવાળું.

ગોશ્ત [ફા.] ન. માંસ.

૧. ગોસ્તનો લોચડો = (૧) જાડો માણસ. (૨) પુરુષની જનનેંદ્રિય. (૩) માંસનો લોચો.

૨. બેહડ્ડીકા ગોશ્ત = (૧) પુરુષની જનનેંદ્રિય. (૨) સ્ત્રીનાં સ્તન. (૩) હાડકાં વિનાનું માંસ.

ગોશ્તઆબ [ફા. ગોશ્ત (માંસ) + આબ (પાણી)] ન. માંસ ઉકાળીને બનાવેલો રસ.

ગોશ્તખાર (ગોસ્તખ઼ાર) [ફા.] વિ. માંસાહારી; માંસભક્ષી.

ગોશ્તખુઆર જુઓ ગોશ્તખાર.

ગોશ્તખોરા (ગોશ્તખ઼ોરા) [ફા.] ન. દાંતનું દરદ; 'પાયોરિય'.

ગોશ્તની [હિં.] સ્ત્રી. મોટી દ્રાક્ષ.

ગોશ્તાના જુઓ ગોશ્તની.

ગોશ્તાબા [ફા.] પું. કચરેલા માંસનું બનાવેલું સૂપ.

ગોશ્તાવા [ફા.] પું. કચરેલું માંસ.

ગોશ્પંદ ૧. [ફા.] સ્ત્રી. ઘેટી; મેંઢી.

૨. સ્ત્રી. બકરી.

ગોશમીશાલા સ્ત્રી. દૂધશાલા; દુગ્ધાલય.

ગોષરૂઆ ૧. સ્ત્રી. (જૈન) ચોરાશી માંહેની એક જ્ઞાતિ.

૨. ન. એ નામની જ્ઞાતિનું માણસ.

૩. વિ. એ નામની જ્ઞાતિનું.

ગોષષ્ઠી [સં.] સ્ત્રી. ફાગણ સુદિ છઠ.

ગોષિલ [સં.] પું. એ નામનો એક ઋષિ. તેણે શિલ્પશાસ્ત્રજ્ઞ અને શિલ્પબિંદુ નામના ગ્રંથો રચ્યા છે. ત્વષ્ટુબ્રહ્મે કશ્યપબ્રહ્મ પાસેથી મળેલા ત્વષ્ટુશિલ્પશાસ્ત્રના બાર વિભાગ કર્યા અને બાર જુદા જુદા ઋષિઓને તેનું અધ્યયન કરાવ્યું. આ બાર ઋષિઓએ ભૂલોકના કલ્યાણ માટે શિલ્પશાસ્ત્રો લખેલાં. તે બાર ઋષિઓ માંહેના ગોષિલ ઋષિ એક છે.

ગોષક્તિ [સં.] પું. સામવેદનો એક ઋષિ.

ગોષૂક્તિકાણ્વ [સં.] પું. એક ઋગ્વેદિક ઋષિ.

ગોષ્ઠ્ [સં.] સ. ક્રિ. (ધાતુ) એકત્ર કરવું; ભેળું કરવું. તે ઉપરથી બનેલા શબ્દ; ગોષ્ઠ; ગોષ્ઠિ.

ગોષ્ઠ ૧. [સં.] પું. ગાયોનો વાડો; વ્રજ; ગૌશાળા; ગાયોને રહેવા, બેસવા અને ચરવાની જગ્યા; કોડ.

૨. પું. છૂપી વાતચીત; મસલત; સલાહ.

૩. પું. બનાવ.

૪. પું. ભરવાડવાડો.

૫. પું. મંડળી.

૬. પું. સભા; પરિષદ.

૭. ન. એક પ્રકારનું શ્રાદ્ધ. તે કેટલાક માણસ ભેગા મળીને કરે છે.

ગોષ્ઠક્ષેત્ર ન. દૂધશાળા.

ગોષ્ઠગાથા સ્ત્રી. ટૂંકું ચરણ; ગોષ્ઠગીત.

ગોષ્ઠગીત જુઓ ગોષ્ઠગાથા.

ગોષ્ઠપતિ ૧. [સં.] પું. ગાયો કે બળદોના સ્થાનનો અધ્યક્ષ.

૨. પું. સભાપતિ; સભાધ્યક્ષ; પ્રમુખ.

ગોષ્ઠવેદિકા [સં.] સ્ત્રી. ગૌશાળામાં કરેલ યજ્ઞકુંડ.

ગોષ્ઠશાલા [સં.] સ્ત્રી. સભાગૃહ; સભાભવન.

ગોષ્ઠશ્વ ૧. [સં.] પું. ગાયો કે બળદોના વાડામાં રહેતો કૂતરો.

૨. વિ. પોતાને ઘેર રહી પારકાનો દ્વેષ કરનાર.

ગોષ્ઠાગાર [સં.] ન. ઘણાં માણસોએ સ્થિતિ કરવાનું સ્થળ.

ગોષ્ઠાધ્યક્ષ જુઓ ગોષ્ઠપતિ.

ગોષ્ઠાન [સં.] ન. ગાયો કે બળદોનો વાડો.

ગોષ્ઠાપન પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

ગોષ્ઠાષ્ટમી [સં.] સ્ત્રી. ગોપાષ્ટમી; કાર્તિક સુદિ આઠમ.

ગોષ્ઠાંગણગતિપ્રિય પું. પુરુષોત્તમનાં હજાર માંહેનું એક નામ.

ગોષ્ઠાંગી સ્ત્રી. એક પ્રકારની વેલ. આ વેલ ઘણે ભાગે પર્વત ઉપર ઊગે છે. તેનો કંદ હાથીદાંત જેવો અને ફૂલ જાસૂદી જેવાં હોય છે. તેના કાંદામાંથી દૂધ નીકળે છે. તેનાં પાન ગાયના કાન જેવાં હોય છે. પારબંધન માટે તે ઘણી ઉપયોગી છે.

ગોષ્ઠિ ૧. [સં.] સ્ત્રી. આત્મગોષ્ઠી; ચર્ચા.

૨. સ્ત્રી. ઉપરૂપકના અઢાર માંહેનો એક ભેદ; એક પ્રકારનું નાટક; એક જ અંકનું રૂપક અથવા નાટક. તેમાં ૫ અથવા ૭ સ્ત્રી અને ૯ અથવા ૧૦ પુરુષ હોય.

૩. સ્ત્રી. દશ્ય કાવ્યના સત્તાવીશ માંહેનો એ નામનો એક ભેદ.

૪. સ્ત્રી. દોસ્તદારી; મૈત્રી; ભાઈબંધી.

૫. સ્ત્રી. પરિષદ; સભા; સમિતિ.

૬. સ્ત્રી. પોષ્ય કુટુંબવર્ગ.

૭. સ્ત્રી. બે જણ વચ્ચેની પરસ્પર વાતચીત; ખાનગી વાત; ગોઠડી; છૂપી મસલત; છાની વાત; પરામર્શ.

૮. સ્ત્રી. મિત્રમંડળ.

૯. સ્ત્રી. વ્યભિચારી પુરુષોની મંડળી.

૧૦. સ્ત્રી. સમૂહ.

ગોષ્ઠિક ૧. પું. ગોષ્ઠીમંડળમાં રહેનાર મિત્ર; ગોઠિયો.

૨. પું. સલાહકાર મંત્રી.

૩. [સં.] વિ. કુટુંબ સંબંધી.

ગોષ્ઠિપતિ ૧. [સં.] પું. પોષ્ય વર્ગનું પાલન કરનાર માણસ.

૨. પું. સભાધ્યક્ષ; સભાપતિ; પ્રમુખ.

ગોષ્ઠિપ્રેરણા [સં.] સ્ત્રી. વાતચીતમાંથી મળતી પ્રેરણા.

ગોષ્ઠિમુખ [સં.] ન. વચન.

ગોષ્ઠિયોગ [સં.] પું. વાતચીત થઈ શકે તેવો મેળાપ.

ગોષ્ઠિવિનોદ ૧. [સં.] પું. ખાનગી વાતચીતની મજા; ગમ્મત.

૨. પું. ગોષ્ઠિ અને વિનોદ.

ગોષ્ઠી જુઓ ગોષ્ઠિ.

ગોષ્ઠીક જુઓ ગોષ્ઠિક.

ગોષ્ઠીપતિ જુઓ ગોષ્ઠિપતિ.

ગોષ્ઠીપ્રેરણા જુઓ ગોષ્ઠિપ્રેરણા.

ગોષ્ઠીમુખ જુઓ ગોષ્ઠિમુખ.

ગોષ્ઠીયોગ જુઓ ગોષ્ઠિયોગ.

ગોષ્ઠીવિનોદ જુઓ ગોષ્ઠિવિનોદ.

ગોષ્ઠેશય [સં.] વિ. ગાયનું વ્રત કરી ગાયના વાડામાં શયન કરનાર.

ગોષ્ઠ્ય ૧. [સં.] પું. રુદ્રદેવ; શિવ; શંકર; વેદમાં વપરાયેલ રુદ્રનું એક નામ.

૨. વિ. ગાય કે બળદના વાડામાં થનાર કે હોનાર.

૩. વિ. ગાયોના સ્થાનમાં રહેનાર.

ગોષ્પણ ન. ગોફણ; પથ્થર ફેંકવાનું એક જાતનું સાધન.

ગોષ્પણપાષાણ પું. ગોફણથી ફેંકી શકાય તેવો પથ્થર. અગાઉના વખતમાં યુદ્ધમાં આવા પથ્થર પણ વપરાતા.

ગોષ્પદ ૧. [સં.] ન. ગાય કે બળદના પગલાથી પડેલો ખાડો; ગાયનો પગ બૂડે તેવડું ખાબોચિયું.

૨. ન. ગાય કે બળદનું પગલું.

૩. ન. ગાયની જ્યાં સેવા થતી હોય તેવો દેશ.

૪. ન. ગાયો કે બળદોએ સેવેલ પ્રદેશ કે વન; જ્યાં ઘણી ગાયો રહેતી હોય તેવો પ્રદેશ.

૫. ન. ગાયોને રહેવાનું સ્થાન; ગોષ્ઠ.

૬. ન. ગોપદ પરિમિત ભૂમિ; ગાય કે બળદના પગલા જેવડું માપ.

૭. ન. પ્રભાસ ક્ષેત્રની અંદરનું એક તીર્થ.

ગોષ્પાદ જુઓ ગોષ્પદ.

ગોષ્ય વિ. સમૂહનું.

ગોસ ૧. [સં.] પું. ઉષ્ણુ કાળ.

૨. પું. (વહાણવટું) પરમણના નીચેના છેડા પાસેથી મોરા સુધીની, સરોરાની સામેની સઢની કોર; સઢની નાથનું દોરડું.

૩. પું. પ્રભાત; સવાર; પ્રાતઃકાળથી બે ઘડી પહેલાંનો વખત.

૪. પું. (વહાણવટું) ફનીમાં બંધાતો ડોણુાંની સામેનો સઢનો છેડો.

૫. પું. બોલ નામે એક સુગંધી દ્રવ્ય.

૬. પું. (વહાણવટું) મુસાફરી; સફર.

૭. [અ.] પું. શ્રેષ્ઠ પદવીનો પીર.

૮. ન. એક પ્રકારનું ઝાડ. તેમાંથી ગુંદ નીકળે છે.

૯. [ફા.] ન. માંસ.

૧૦. વિ. (વહાણવટું) જમણી બાજુનું.

ગોસગૃહ [સં.] ન. ઘરનો અંદરનો ભાગ; શયનગૃહ.

ગોસત્ર [સં.] પું. એ નામનો એક યજ્ઞ.

ગોસદક્ષ જુઓ ગોસદશ.

ગોસદક્ષા જુઓ ગોસદશી.

ગોસદશ ૧. [સં.] પું. રોઝ; એક જંગલી પશુ.

૨. વિ. ગાય કે બળદ જેવું.

ગોસદશી ૧. [સં.] સ્ત્રી. રોઝ નામના પશુની માદા.

૨. વિ. સ્ત્રી. ગાય કે બળદ જેવી.

ગોસનિ [સં.] વિ. ગાયનું દાન કરનાર.

ગોસરાખ ન. (વહાણવટું) ચાલતા વહાણુની ગતિ ધીમી પાડવી તે.

ગોસરાબ જુઓ ગોસરાખ.

ગોસરામ જુઓ ગોસરાખ.

ગોસર્ગ ૧. [સં.] ન. ગાયોને છોડવાનો સમય; પ્રભાત; પ્રાતઃકાળ.

૨. ન. ગાયોને છોડી જવાની ક્રિયા.

ગોસર્પ ૧. [સં.] પું. ઘો; ગરોળીના આકારનું એક ઝેરી પ્રાણી.

૨. પું. પ્રાતઃકાળ.

ગોસર્પા [સં.] સ્ત્રી. ઘોની માદા.

ગોસલાવવું અ. ક્રિ. વાત ઉડાવી દેવી; મન ઉપરથી વાત કાઢી નાખવી.

ગોસવ ૧. [સં.] પું. પ્રાચીન સમયમાં કરવામાં આવતો એક પ્રકારનો યજ્ઞ; ગોમેધ યજ્ઞ. તે બ્રહ્મદેવના ઉત્તર મુખમાંથી ઉત્પન્ન થયેલો મનાય છે.

૨. ન. (સંગીત) ષાડવનું એક તાન; ષડ્જ ગ્રામમાં રિખવ વર્જિત કરવાથી થતું એક તાન.

ગોસવાળો પું. હીરા, માણેક કે પાનાનો સુજનીઘાટ; ઉપરથી જાડો અને નીચે પાતળો અણી જેવો ઘાટ.

ગોસહસ્ર [સં.] ન. એક હજાર ગાયોનું મહાદાન.

ગોસહસ્રી [સં. ગો (ગાય) + સહસ્ર (હજાર)] સ્ત્રી. બંગાળમાં અષાઢ વદિ ૧૩ ને દિવસે ભરાતી એ નામની યાત્રા. તે વખતે ગંગામાં સ્નાન કરવાથી એક હજાર ગાયો આપ્યાનું પુણ્ય થાય અને ગાયોના શરીર ઉપર જેટલા વાળ હોય તેટલાં વર્ષ સુધી સ્વર્ગમાં રહેવાનું મળે એવી માન્યતા છે.

ગોસળ પું. નાહવાનો ઓરડો; ગુસલખાનું.

ગોસંખ્ય [સં.] પું. ગોવાળ.

ગોસંગ [સં.] પું. પરોઢિયું; સવાર; પ્રભાત.

ગોસંપિગ ન. એક જાતનું ઝાડ.

ગોસંભવ [સં.] વિ. ગાય કે બળદથી ઉત્પન્ન થનાર.

ગોસંભવા [સં.] સ્ત્રી. ધોળી ફોખડ.

ગોસંવર્ધન ન. ઢોરઉછેર.

ગોસા [હિં.] પું. બ. વ. છાણાં.

ગોસાપ પું. ભિંગડાં વિનાનું અને ગરોળીને મળતું આવતું એક જાતનું પ્રાણી; ઘો.

ગોસારથિ [સં.] પું. ગાય કે બળદનો સારથિ.

ગોસાલ પું. (જૈન) ગોશાળો; મંખલિનો પુત્ર; મહાવીરનો એ નામનો શિષ્ય.

ગોસાલવેલ પું. એક જાતના ચોખા.

ગોસાલા [ગો (ગાય) + સાલ (એક વર્ષ)] પું. વાછરડું.

ગોસાવની [મ.] સ્ત્રી. સાધ્વી; વેરાગણ.

ગોસાવી ૧. પું. ગોસાંઈ; એક જાતનો સાધુ; ધાર્મિક ભિક્ષુક. ગોસાવી એ સંયુક્ત પ્રાંતમાં ગોસાંઈ શબ્દનું જુદું રૂપ છે અને તેનો અર્થ ધાર્મિક ભિક્ષુક થાય છે.

૨. પું. ધણી; માલિક; સ્વામી.

૩. સ્ત્રી. એ નામની સાધુની એક જાત. સતારા જિલ્લામાં બધે આ જાતના સાધુ જોવામાં આવે છે. તેઓ કપિલ ઋષિમાંથી ઊતરી આવ્યાનું જણાવે છે. મધ્યમ અને ઊંચા બધા વર્ગનાં માણસ તેમાં દાખલ થઈ શકે છે. તેઓની ઘણી જાત છે અને આ વર્ગના સાધુઓ માથાના કેશ તથા દાઢી લાંબાં વધારે છે અથવા તો માથા અને મોઢા ઉપરના વાળ સાવ સાફ કરાવી નાખે છે. તેઓ ભગવાં કપડાં પહેરે છે. તેઓ વનસ્પત્યાહારી હોવાથી દારૂ કે માંસ લેતા નથી, પણ અફીણ લે છે અને ગાંજો પીએ છે. શરીરે તેઓ ભભૂતી લગાવે છે અને ઘેર ઘેર ભિક્ષા માગે છે. કેટલાક ભીખ માગતી વખતે સારંગી વગાડે છે. જોકે તેઓએ કુંવારા રહેવું જોઈએ તોપણ તેમાંના કેટલાક પરણે છે. ગોસાવી તરીકે કોઈને દીક્ષા લેવી હોય તો દીક્ષાને આગલે દિવસે તેને ઉપવાસ કરવો પડે છે. વળતે દિવસે આખું માથું મુંડાવી, સ્નાન કરી, આખે શરીરે ભભૂતી લગાવે અને પછી તેનો દીક્ષાગુરુ તેના કાનમાં મંત્ર ભણે, મીઠું મોઢું કરવા ગોળ આપે તથા તે આ પંથને નિમકહલાલ રહે તે માટે નિમક આપે. પછી તેને ભગવાં કપડાં પહેરાવવામાં આવે અને દીક્ષા જોવા આવેલાં મહેમાનો, પાડોશીઓ ઓળખીતાંઓમાં આનંદના ચિહ્ન તરીકે ગોળ વહેંચવામાં આવે. ત્યારપછી જમણ કરવામાં આવે અને તેમાં નવદીક્ષિત સાધુ કેટલીક ચીજ રાંધે અને પીરસે. જમણ થઈ રહ્યા પછી બીજ હોમ એટલે યજ્ઞનો અગ્નિ સળગાવવામાં આવે ત્યારે નવદીક્ષિત પૂરો ગોસાવી થાય.

ગોસાળા સ્ત્રી. જમીનદારોની એક જાત.

ગોસાંઇયણ સ્ત્રી. ગોસાંઈની સ્ત્રી.

ગોસાંઈ ૧. પું. એક જાતનો માનવાચક શબ્દ.

૨. પું. ગાયોનો સ્વામી કે અધિકારી.

૩. પું. ગોસ્વામી વલ્લભાચાર્ય.

૪. પું. જિતેંદ્રિય સાધુ.

૫. [સં. ગોસ્વામિન્] પું. જેમણે ઇંદ્રિયોને વશ કરેલી હોય તેવો સાધુ; વેરાગી; ત્યાગી; ધાર્મિક ભિક્ષુ. ગોસાંઈની મઠવાર દશ જાત છે: જેવી કે, ૧. બદરીનારાયણનો જોશી મઠ: (૧) ગિરિ. જેમકે, ચંદનગિરિ. (૨) પર્વત. (૩) સાગર. જેમકે, વિદ્યાસાગર. ૨. દક્ષિણમાં આવેલ શૃંગેરી મઠ: (૧) પુરી. જેમકે, અમરપુરી. (૨) ભારતી. જેમકે, કૃષ્ણભારતી. (૩) સરસ્વતી. જેમકે, કૃષ્ણાનંદસરસ્વતી. ૩. જગન્નાથપુરીનો ગોવર્ધન મઠ: (૧) બન કે વન. જેમકે, લક્ષ્મણવન. (૨) અરણ્ય. જેમકે, વિદ્યારણ્ય. ૪. દ્વારકાપુરીનો

શારદા મઠઃ (૧) તીર્થ. જેમકે, સચ્ચિદાનંદતીર્થ. (૨) આશ્રમ. જેમકે, રાજરાજેશ્વરાશ્રમ.

૬. પું. દશનામી નામથી ઓળખાતો સંન્યાસીનો એક સંપ્રદાય.

૭. પું. ધર્મગુરુ.

૮. પું. પવિત્ર માણસ; ભક્ત.

૯. પું. બ્રાહ્મણની એક જાત.

૧૦. પું. માલિક; પ્રભુ; સ્વામી.

૧૧. પું. મૂળ ગોસ્વામી પણ હાલ ગૃહસ્થીમાં રહેતી એક નાત.

૧૨. પું. વિરક્ત સાધુ; અતીત.

૧૩. પું. વૈષ્ણવ ધર્મના આચાર્ય; વલ્લભાચાર્યના વંશનો પુરુષ.

૧૪. પું. સ્વર્ગનો માલિક; ઈશ્વર.

૧૫. ન. એ નામની જાતનું માણસ.

૧૬. વિ. એ નામની જાતનું.

ગોસાંઈજી પું. ગોસ્વામી.

ગોસાંઈસ્થાન ન. હિમાલયનું એ નામનું એક શિખર.

ગોસી સ્ત્રી. પરસ્પર સંબંધ; સાંકળ.

ગોસુત [સં.] પું. વાછડો.

ગોસૂક્ત [સં.] ન. અથર્વવેદનો એક ભાગ. તેમાં બ્રહ્માંડની રચનાનું ગાયના રૂપમાં વર્ણન કર્યું છે. ગોદાનને વખતે તેનો પાઠ કરવામાં આવે છે.

ગોસૂર પું. એક જાતની વનસ્પતિ; ઊભો ગોખરુ.

ગોસેવક [સં.] પું. ગાય માતાની સેવા કરનાર માણસ; ગાય માતાનો ભક્ત; ગૌસેવક.

ગોસેવા [સં.] સ્ત્રી. ગાયની અને તેના વંશની સેવા.

ગોસેવાસંઘ [સં.] પું. ગાયની સેવા કરનાર મંડળ.

ગોસોઘોસો પું. ધૂંધળો દિવસ; વાદળાંથી છવાયેલ દિવસ.

ગોસ્ત વિ. (વહાણવટું) જમણી બાજુનું.

ગોસ્તન ૧. [સં.] પું. ગાયનો આંચળ.

૨. પું. ચોત્રીશ સરનો એક હાર.

૩. પું. ફૂલનો ગુચ્છો.

૪. ન. એ નામનું એક પ્રવર્દ્ધન. જુઓ ગોસ્તનપ્રવર્દ્ધન.

ગોસ્તનછિદ્ર ન. કર્ણમૂલપિંડમાં આવેલું એ નામનું એક સૂક્ષ્મ છિદ્ર; પુરુષબિલ.

ગોસ્તનપ્રવર્દ્ધન ન. કરોટિતલની મધ્યરેખાની દરેક બાજુ ઉપર આવેલો એક ભાગ; કર્ણમૂલપ્રવર્દ્ધન; પુરુષપ્રસર.

ગોસ્તના [સં.] સ્ત્રી. દ્રાક્ષનો વેલો.

ગોસ્તની ૧. [સં.] સ્ત્રી. કાર્તિકસ્વામીની અનુચર એ નામની એક માતૃકા.

૨. સ્ત્રી. દ્રાક્ષ.

ગોસ્નીમૂષા સ્ત્રી. ગાયના આંચળના આકારની શિખાના આકારના ઢાંકણવાળી અભ્રક વગેરેના સત્ત્વને પિગાળવા તથા શુદ્ધ કરવામાં વપરાતી મૂષા.

ગોસ્થાન [સં.] ન. ગાયોનો વાડો; ગૌશાળા.

ગોસ્થાનક [સં.] ન. ગૌશાળા; ગોષ્ઠ.

ગોસ્પંદ ૧. [ફા.] ન. ઘેટું.

૨. ન. બકરું.

ગોસ્પુ પું. ખોરાક. વાંદરાની ભાષાના અભ્યાસી પ્રોફેસર ગાર્નરે વાંદરાના મનોભાવદર્શક બસો શબ્દનો સંગ્રહ કર્યો હતો તેમાંનો આ એક શબ્દ છે.

ગોસ્ફંદ ૧. [ફા.] સ્ત્રી. ઘેટી.

૨. સ્ત્રી. બકરી.

ગોસ્વામિની [સં.] સ્ત્રી. ગોસ્વામીની સ્ત્રી.

ગોસ્વામી ૧. [સં. ગોસ્વામિન્] પું. ઇંદ્રિયોને જીતનાર પુરુષ; જિતેંદ્રિય.

૨. પું. એક જાતનો ભિક્ષુક; ત્યાગી; વેરાગી; ગોસાંઈ.

૩. પું. ગાયોનો માલિક.

૪. પું. પૃથ્વીપતિ; રાજા.

૫. પું. વૈષ્ણવ સંપ્રદાયમાં આચાર્યનો વંશધર અથવા તેની ગાદીનો અધિકારી.

૬. સ્ત્રી. એ નામની બાવાની એક અટક.

૭. ન. એ નામની અટકનું માણસ.

૮. વિ. એ નામની અટકનું.

ગોસ્સામર [અં.] પું. ચરપમાં થતો એક જાતનો કરોળિયો. તેનાં રૂપેરી જાળાં હવામાં ઊંચે લટકે છે.

ગોહ ૧. પું. ઉદેપુરના રાજવંશનો એક પૂર્વ પુરુષ. તે બાપા રાવળની પહેલાં થયેલ છે.

૨. [સં. ગુહા] પું. ખાડો; ગર્ત; બખોલ; ગુફા.

૩. પું. ઘર.

૪. પું. ભરવાડવાડો.

૫. સ્ત્રી. ઘો; ગરોળીના આકારનું એક ઝેરી પ્રાણી. એમ કહેવાય છે કે, અગાઉ ચોર લોકો ઘોની કેડે દોરડું બાંધી તેને મકાન ઉપર ફેંકતા. જ્યારે તે ત્યાં પહોંચી વળગી રહેતી ત્યારે ચોર તે દોરડાની મદદથી ઉપર ચડી જતો. ઘો બે પ્રકારની હોય છેઃ ચંદનઘો અને પાટલાઘો. ચંદનઘો નાની અને પાટલાઘો મોટી તેમ જ ચપટી હોય છે. તેની ફૂંકમાં ઝેર બહુ હોય છે. તે કરડે છે ત્યારે પહેલાં માંસ ગળવા લાગે છે અને પછી આખા શરીરમાં વિષ ફેલાવાથી માણસ મરી જાય છે.

૬. સ્ત્રી. (વહાણવટું) હોડી કે વહાણને જમણી બાજુએ લઈ જવા સુકાનને ડાબું ફેરવવામાં આવે તે ક્રિયા.

ગોહત્યા [સં.] સ્ત્રી. ગાય કે બળદને મારી નાખવાં તે; ગાય કે બળદનો વધ; ધર્મશાસ્ત્રમાં જણાવેલાં પાંચ માંહેનું એક મહાપાપ.

ગોહત્યારું ૧. વિ. ગોઝારું.

૨. વિ. જેને ગોહત્યા લાગેલી હોય તેવું; ગોહત્યા કરનારું.

ગોહત્યારો વિ. પું. ગાયની હત્યા કરનાર મહાપાપી.

ગોહન ૧. ન. જેના ઉપર ચાલીને બળદ કૂવામાંથી પાણી કાઢે તે ચડાવ; પચું.

૨. [સં. ગુહ્ (ઢાંકવું)] વિ. ઢાંકનાર; ગુપ્ત રાખનાર.

૩. અ. પાછળ પાછળ.

ગોહર ૧. પું. ધર્મગુરુ; ગોર.

૨. [સં. ગહ્વર] સ્ત્રી. ગુફા; ગહ્વર.

૩. સ્ત્રી. પારસીની એ નામની એક અટક.

૪. ન. એ નામની અટકનું માણસ.

૫. ન. ગાળ.

૬. ન. ઢોરનો રસ્તો.

૭. ન. યૌવન.

૮. ન. હથિયાર ઉપાડવાં તે.

૯. વિ. એ નામની અટકનું

ગોહરિ સ્ત્રી. (જૂ. ગુ.) ઘોર; કબર.

ગોહરી ન. એક જાતનું ઝવેરાત.

ગોહલુ ન. (જૂ. ગુ.) ઘિલોડું.

ગોહલોત ૧. સ્ત્રી. ક્ષત્રિયની એક જાતિ.

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

ગોહા ૧. [હિં.; સં. ગોવિષ્] પું. છાણું.

૨. સ્ત્રી. ગુફા.

૩. સ્ત્રી. ઘો; ચંદનઘો.

ગોહાઈ [હિં.] સ્ત્રી. બળદથી અનાજ કચરવાની ક્રિયા.

ગોહાન ૧. પું. ગામનાં ઢોર એકઠાં થતાં હોય તે જગ્યા; ગોંદરો.

૨. [હિં.] સ્ત્રી. ગામડાની નજીકની જમીન.

ગોહાર ૧. [હિં.] પું. અવાજ.

૨. પું. ગાળ.

૩. પું. મદદ માટે પાડવામાં આવતી બૂમ.

ગોહારિયો પું. મિત્ર.

ગોહારી જુઓ ગોહાર.

ગોહાવું ૧. અ. ક્રિ. અંધારે અથડાવું; અંધારે અટવાવું.

૨. અ. ક્રિ. ખાડામાં પડવું.

૩. અ. ક્રિ. ગૂંગળાવું.

૪. અ. ક્રિ. ગૂંચાવું; મૂંઝાવું.

ગોહિત ૧. [સં.] પું. ખીલીનું ઝાડ.

૨. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. ગાયોના હિત કે વૃદ્ધિ માટે ગોવર્ધનપર્વત ધારણ કરેલ હોવાથી તે ગોહિત કહેવાય છે.

૩. વિ. ગાય કે બળદનું હિત કરનાર.

ગોહિયા ન. એ નામનું એક વાજિંત્ર.

ગોહિર ૧. [સં.] ન. પગનું મૂળ; પગની એડી.

૨. વિ. ગંભીર.

ગોહિલ ૧. સ્ત્રી. ક્ષત્રિય, ભાવસાર, લુહાર, કડિયા, દરજી, કંસારા, મોચી, રબારી, વાળંદ, ખાંટ, કોળી, ગરોડા, ભંગી અને ઘાંચીની એ નામની અટક. મારવાડમાં લૂણી નદી ઉપર ખેરગઢ છે ત્યાં પહેલાં ગોહિલ રજપૂતો હતા, પણ ત્યાંથી જ્યારે રાઠોડે તેમને કાઢ્યા ત્યારે તેઓ ગુજરાતમાં આવ્યા અને ભાવનગર, પાલીતાણા, લાઠી અને વળામાં વસ્યા.

૨. સ્ત્રી. વણવાના સાધન તરીકે વપરાતી વાંસની એક સોટી.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

ગોહિલવાડ (ગોહિલવાડ઼) પું.; ન. કાઠિયાવાડનો એક ભાગ; ગોહિલ રજપૂતોનો પ્રદેશ.

ગોહિલવાડી (ગોહિલવાડ઼ી) ૧. પું. ગોહિલવાડ પ્રાંતમાં રહેનાર માણસ.

૨. વિ. ગોહિલવાડમાં વસનાર.

ગોહી સ્ત્રી. સાખ; શાહેદી; સાક્ષી.

ગોહીદાર ૧. પું. સાક્ષીદાર; શાહેદ; સાખ પૂરનાર માણસ.

૨. વિ. સાક્ષી આપનાર.

ગોહુઆ પું. ચીપિયો.

ગોહુવન [હિં.] પું. એક જાતનો ઝેરી સર્પ.

ગોહૂમ [સં. ગોધૂમ] પું. (હિંદી) ઘઉં.

ગોહૂં જુઓ ગોહૂમ.

ગોહેલ જુઓ ગોહિલ.

ગોહેલવાડ (ગોહેલવાડ઼) જુઓ ગોહિલવાડ.

ગોહેલવાડી (ગોહેલવાડ઼ી) જુઓ ગોહિલવાડી.

ગોહો ૧. પું. જથ્થો.

૨. પું. ધણી; પતિ.

૩. પું. ધાબડ; વાદળાંનો જમાવ.

૪. વિ. પું. ભાન વિનાનો.

ગોહોર ૧. [અ. ગેવ્ર] પું. ઊંડો વિચાર; મનન.

૨. પું. કબર; મડદું દાટવાનો ખાડો.

૩. પું. હલકી જાતનો ઘોડો; શૂદ્ર જાતિનો અશ્વ.

૪. ન. રત્ન.

ગોહોલું ન. ધિલોડું.

ગોહોવાઈ પું. સાક્ષી.

ગોળ ૧. પું. એક જાતનું મોટું વૃક્ષ. તેની છાયા ઘાટી હોય છે. વડના જેવી તેને વડવાઈ ફૂટે છે. તેનાં પાંદડાં જાંબુડીનાં પાંદડાં જેવાં હોય છે અને તે દવામાં ઉપયોગી છે.

૨. પું. કાચી ખાંડ.

૩. પું. ગોળ આકાર.

૪. પું. નક્કર ચક્રાકાર પદાર્થ.

૫. પું. ફાયદો; લાભ.

૬. પું. મંડળ; સમૂહ; ટોળું.

૭. પું. વર્તુળ; સપાટી ઉપર જે આકૃતિનું મધ્યબિંદુ તેની હદ, લીટી કે પરિઘથી સરખા અંતરે હોય તેવું કૂંડાળું.

૮. [સં. ગુડ] પું. શેરડીના રસને ઉકાળીને બનાવેલો કઠણ કે લોચા જેવો ખાદ્ય પદાર્થ.

૧. કોણીનો ગોળ = મુશ્કેલ કામ.

૨. ગોળ અંધારે પણ ગળ્યો લાગે = વસ્તુનું મૂળ સ્વરૂપ ગમે તે સ્થળ કે સમયે બદલતું નથી.

૩. ગોળ ખાધા સાથે કામ = બીજી પંચાતમાં ન પડતાં ફાયદો મેળવવા સાથે કે અર્થસિદ્ધિ સાથેનું કામ; આડી અવળી વાતને બાજુએ મૂકી પોતાનું કામ કાઢી લેવું તે.

૪. ગોળ ખાય એ ચોકડાં ખમે = બહુ લાભ લે તેને કદાચ સહન પણ કરવું પડે; સુખ ભોગવે તેને કદી દુઃખ પણ ભોગવવું પડે.

૫. ગોળ ખાવો = (૧) માંગલિક પ્રસંગના સમાચાર વખતે મીઠાં મોઢાં કરવાં. (૨) સગાઈ કરવી.

૬. ગોળ નાખો તેવું ગળ્યું થાય = દામ તેવું કામ.

૭. ગોળથી મરે તેને વિષથી ન મારવું = મીઠાશથી પતે ત્યાં કડવાશ ન વહોરવી.

૮. ગોળના ગણા = એક જાતની ગોળની મીઠાઈ.

૯. ગોળના પાણીએ નવરાવવું = (૧) ખોટ કે નુકસાની આપવી. (૨) ઠગી લેવું; ફોસલાવવું; છેતરવું.

૧૦. ગોળની કાંકરી ખાવી = વેવિશાળ કરવું.

૧૧. ગોળનું ગાડું મળવું = (૧) ખુશાલી ઊપજે અને ગળ્યાં મોઢાં થાય તેવો લાભ થવો. (૨) મનભાવતી ઇચ્છેલી વસ્તુ મળવી. (૩) મોટો લાભ મળવો; જેનાથી કંઈ અર્થ સરે એવો ધણો વહાલો કે સગો મળવો.

૧૨. ગોળવાળી જીભ = મીઠા મધુર શબ્દો બોલનારી જીભ.

૧૩. માટલી ગોળ ખાઈ રહેવી = તદ્દન નિર્ધનતા આવવી.

૧૪. હથેળીનો ગોળ = સહેલું કામ.

૯. પું. હદ; મર્યાદા.

૧૦. સ્ત્રી. એક જાતની માછલી. તે ઓખા પાસે થાય છે.

૧૧. સ્ત્રી. લેઉઆ કણબીની એ નામની એક અટક.

૧૨. ન. એ નામની અટકનું માણસ.

૧૩. ન. ગાયોનું સ્થાન; ગોંદરો.

૧૪. ન. પરસ્પર કન્યાની લેવડદેવડ માટે નક્કી કરેલું જ્ઞાતિનું જૂથ.

૧૫. વિ. એ નામની અટકનું.

૧૬. વિ. વર્તુલાકાર; ગોળાકાર; દડા જેવું.

ગોળક ૧. ન. ત્રણસો સાઠ અંશ.

૨. ન. મઢી; છાપરી.

ગોળકદૂ ન. પતકાળું; સકરટેટી.

ગોળકરમ ન. મનુષ્યના આંતરડામાં થતા ગોળ કૃમિ.

ગોળકૃમિ જુઓ ગોળકરમ.

ગોળકેરી સ્ત્રી. કેરીમાં ગોળનો કરેલો મુરબ્બો; ગોળવાળું કેરીનું અથાણું.

ગોળખંડ પું. વર્તુળનો વિભાગ.

ગોળખાંભ પું. ગોળ થાંભલો.

ગોળખોળ ન. સારૂંનરસું બધું એકસરખું ગણવું તે.

ગોળગાભણું ન. અધકચરું કામ; પાકું નહિ એવું કામ.

ગોળગોળ ૧. ન. ધ્યાનમાં ઊતરે એવાં વચનોથી પોતાને અનુકૂળ કરી નાખવું તે.

૨. ન. લલચાવવાને મીઠું મીઠું લાગે તેવું બોલવું તે.

૩. વિ. અસ્પષ્ટ; મતલબ ન સમજાય તેવું અરધુંપરધું; ગરબડિયું; મોઘમ; મોંમાથું ન સમજાય એવું.

ગોળગોળ કહેવું = સ્પષ્ટ ન કહેવું.

૪. વિ. ઉડાઉ.

૫. વિ. ગુહ્ય; ભરમભર્યું; ભેદમય.

૬. વિ. જેનું મન પીગળી ગયું હોય એટલે પૂર્ણ રીતે અનુકૂળ થઈ ગયું હોય એવું.

ગોળગોળ કરી નાખવું = મીઠું બોલી સામાનું મન પીગળાવી દેવું; ગોળ જેવું નરમ કરી દેવું; મન પલાળવું; પોતાના મતમાં લાવવું; અસર કરીને ખૂબ રીઝવવું.

૭. વિ. નરમ; પોચું; ઢીલું.

૮. વિ. પૂર્ણ રીતે ચડી ગયેલું.

૯. વિ. વર્તુલાકાર; દડા જેવું.

ગોળઘન વિ. સંપૂર્ણ રીતે ગોળ આકારનું.

ગોળચકરડી (ગોળચકરડ઼ી) સ્ત્રી. બાળકોની એક રમત. નાનાં બાળકો ગોળગોળ ફરતાં આ રમત રમે છે. ફરતાં સમતોલ રહેવાય માટે હાથ બાજુએ લાંબા કરી રાખે છે. ચકરડી ફરતાં ફરતાં ‘ગોળગોળ ભમરડો, ફરતો જાય ભમરડો’ એવું તેઓ બોલે છે.

ગોળચાં ન. વ. વ. ગોળ નાખેલ અથાણું.

ગોળચી સ્ત્રી. બાંધકામ તથા કોતરકામમાં દડા જેવી ગોળ કોતરેલી નકશી.

ગોળચી કરવી = મણિ સરખા કાંગરા પાડવા.

ગોળચું ન. જેમાં ગોળનું પ્રમાણ વધારે હોય તેવું અથાણું; ગોળ નાખેલ અથાણું; ગોળના અધિકાંશવાળા અથાણામાંનું દરેક. આ શબ્દ બહુવચને વપરાય છે.

ગોળણું ન. રોટલી, પાપડ વગેરે વણવા બાંધેલ લોટનો એક રોટલી કે પાપડ વણાય એટલો લૂઓ.

ગોળતંતુ પું. રજકણોમાંથી ઘણા નાજુક, ચોતરફ પ્રસરતા તંતુ.

ગોળદંડ પું. કસરતનો એક પ્રકારનો દંડ. તેમાં એક પગ ફણા ઉપર અને બીજો પગ પાછળ ટટ્ટાર લાંબો રાખવો. પછી બે હાથ ઉપર શરીર ટેકવેલ હોય તે બે હાથ અને લાંબો પગ ગોળ ફેરવવા અને ડાબો પગ કે જેના ઉપર બેઠક લીધી હોય તે પગ પણ લાંબો કરી જમણો પગ મૂળ સ્થિતિમાં આવતાં દંડ કાઢવો. આવી જ રીતે બીજા પગ ઉપર બેઠક લઈ સામા અથવા ઊલટા પગથી કરવું. આ દંડથી પગ અને છાતી મજબૂત બને છે.

ગોળદાળ સ્ત્રી. તુવેર અગર ચણાની દાળ ચડી ગયા પછી તેમાં ગોળ અગર ખાંડ નાખી ઉકાળી ઘાટો કરેલો પદાર્થ. ઘઉંની વણેલ પૂરીમાં તે મૂકી તેની ધારી અથવા ગળી રોટલી કે પૂરણપોળી બનાવાય છે.

ગોળધાણા પું. બ. વ. ભેગા કરેલા ગોળ અને ધાણા; ગોળ સાથે ભેળવેલા ધાણા. માંગલિક પ્રસંગમાં અને ખાસ કરીને પુત્રવિવાહના પ્રસંગે ગોળધાણા વહેંચવાનો રિવાજ છે.

ગોળધાણા વહેંચવા = (૧) આનંદ દર્શાવવો. (૨) ખુશબખ્તી થવી. (૩) ગળ્યાં મોઢાં થવાં. (૪) જય થવો; ફતેહ થવી. (૫) સગાઈ કરવી.

ગોળધાણી સ્ત્રી. ગોળ અને ધાણીનો કરેલો પાક; જારને શેકી બનાવેલી ધાણીને ગોળની ચાસણીમાં નાખી બનાવેલ વાની.

ગોળધાણી કરવી = સારો માલ ન કરતાં ઓછું ઘી વાપરીને હલકો માલ બનાવવો.

ગોળનળાકાર પું. નળના આકાર જેવી ગોળ આકૃતિ.

ગોળપત્રનાળિયેરી સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેનાં ફળ ઉપયોગી છે.

ગોળપાકચો સ્ત્રી. ઘંટીખીલડો નામની દેશી રમત.

ગોળપાપડી (ગોળપાપડ઼ી) સ્ત્રી. ગોળ, ઘી અને ઘઉંના લોટને સાથે શેકીને બનાવેલો એક ખાદ્ય પદાર્થ; સુખડી.

ગોળપાપડીનો દહાડો = સુખનો દિવસ.

ગોળપાસ પું. એક પ્રકારની માર્જન ક્રિયા; વિધેયને ખુરશી ઉપર બેસાડી તેના મસ્તક ઉપરથી ઊંચાં આંગળાં રાખી બંને હાથનાં આંગળાં ગોળગોળ ફેરવવામાં આવે તે ક્રિયા.

ગોળપોલાણ ન. ઉપનળી.

ગોળફૂલ ન. સ્ત્રીના માથાનું એક જાતનું ઘરેણું.

ગોળબંધન ન. હાડકા ઉપરનું ગોળાકાર બંધન.

ગોળબાણ [ગોલ (ગોળ) + બાણ (સીમાની નિશાની)] ન. વર્તુલસીમાસેતુ.

ગોળભમરડો (ગોળભમરડ઼ો) ૧. પું. અણસમજુ માણસ; ફેરવીએ તેમ ફેરવાય એવો માણસ.

૨. વિ. ન સમજાય તેવું.

૩. વિ. બાતલ.

૪. વિ. મોટું મીંડું; મૂર્ખ.

ગોળમટોળ ૧. વિ. અસ્પષ્ટ; આંટીઘૂંટીવાળું.

૨. વિ. કંઈ નહિ; શૂન્ય.

૩. વિ. ગોળ અને સુંદર; યથાપ્રમાણ; ઘાટવાળું.

૪. વિ. ન સમજી શકાય તેવું; ભ્રમવાળું; ભેદવાળું.

૫. વિ. ભરેલું; હૃષ્ટપુષ્ટ; જાડું.

૬. વિ. સંપૂર્ણ ગોળ; બરોબર ગોળ હોય એવું.

૭. વિ. સંપૂર્ણ ગોળ નહિ એવું.

ગોળમાછલું ન. એક પ્રકારનું માછલું. પોતાના શરીરમાં વા ભરીને વિમાનની પેઠે ફૂલવાની આ માછલામાં શક્તિ હોય છે. તે ઉષ્ણકટિબંધમાં થાય છે. તેને ફૂલનારાં માછલાં, શાહુડી માછલાં કે બલૂન માછલાં પણ કહે છે.

ગોળમાણું ૧. ન. ગોળ અને ઘઉંના લોટની બનાવેલી આછી રાબ; એક જાતનું ગળ્યું પેય.

૨. ન. દરજીનું ધખવણું.

ગોળમાપણી સ્ત્રી. કૂંડાળામાં માપવું તે.

ગોળમાળ સ્ત્રી. ગોટાળો; ગરબડ.

ગોળમેજી ૧. સ્ત્રી. સાંસ્થાનિક સ્વરાજ્ય એ હિંદનું ભાવિ છે અને તે તરફ કૂચ કરવા શા શા ઉપાયો લેવા તે માટે સર્વ પક્ષોની ઈંગ્લંડમાં ભરાયેલી એક પરિષદ.

૨. વિ. સ્ત્રી. ગોળ મેજને ફરતા બેસીને ભરાતી.

ગોળમોળ જુઓ ગોળમટોળ.

ગોળયોગ પું. (જ્યોતિષ) સૂર્ય, ચંદ્ર અને બીજા ચાર ગ્રહ અમુક સ્થાનમાં આવવાથી થતો યોગ.

ગોળરંધો પું. સુતારનું એક ઓજાર; વાંક રોંકવાના કામમાં આવતો રંધો.

ગોળલાકડી (ગોળલાકડ઼ી) સ્ત્રી. ગૂડાલાકડી; એક પ્રકારની જૂની સજા.

ગોળલો પું. નાનો ગોળો.

ગોળવસન ન. ગુજરાતમાં લગ્ન પ્રસંગે કેટલીક જ્ઞાતિમાં ઘંટીમાં અનાજ દળવાની કરવામાં આવતી ક્રિયા; મોગવેસણ. નાની સરખી ઘંટીને ખડીથી ધોળી, કંકુના ચાંલ્લા કરી, ચોકમાં કે માંડવામાં મૂકી તેમાં મગ અને હળદરના ગાંઠિયા નાખી સગાંવહાલાંની સ્ત્રીઓ થોડીવાર ઘંટી ફેરવે છે. દરેક સ્ત્રીએ ઘંટીને હાથ લગાડવો જ જોઈએ. થોડીવાર એ પ્રમાણે ગીત ગાતાં ગાતાં ઘંટી ફેરવે છે. પછી એમાં નાખેલી વસ્તુઓ બહાર કાઢી, જેમાં કંકુના વાંકસાથિયા કાઢેલા હોય એવાં ચાર નાનાં સૂપડાંમાં મૂકી કુટુંબની ચાર મુખ્ય સ્ત્રીઓ તે ઝાટકે છે. લગ્નનાં જમણ માટે અનાજ દળવા માટે સ્ત્રીઓ મૂળ એકઠી થતી હશે અને તેની છાયારૂપ આ રીત રહી હશે.

ગોળવાં ન. બ. વ. સ્ત્રીઓના હાથનાં સોનાનાં કડાં.

ગોળવિભાગ પું. વર્તુળનો ગોળ ભાગ.

ગોળવી સ્ત્રી. કાળી ફૂલડીની એક જાત. તેને વસંત ઋતુમાં ફૂલ આવે છે.

ગોળવું ન. ગોળો.

ગોળવો ૧. પું. ગોફણમાં ફેંકવાનો ગોળો.

૨. પું. ગોળો; ગોળાકૃતિ.

૩. પું. નાની, સીધી અને ગોળ વળીનો ટુકડો.

૪. પું. મોતીનો ગોળ દાણો.

૫. પું. મોભિયાનો ટૂંકો અને ગોળ કટકો.

૬. પું. લાડુ, માખણ વગેરેનો ગોળ આકૃતિનો લોંદો.

૭. પું. સોડાના પાણીનો ગોળ બાટલો.

૮. વિ. પું. ચંચળ વૃત્તિનો; ઘડીમાં ફરી જાય એવો.

ગોળસટાંબર સ્ત્રી. ગોળ લોઢું સીધું કરવાનું એક સાધન.

ગોળસદૃશ વિ. ગોળ આકૃતિ જેવું; ગોળા જેવું.

ગોળસંભારી સ્ત્રી. ગોળ અને મસાલાથી આથેલી કેરી; રાઈ મેથીના કુરિયાને તેલમાં શેકી, તેમાં ધાણા, વરિયાળી, તીખાં, ગોળ અને મરચાંનો ભૂકો ભેળવી આથેલી કેરી.

ગોળસાકર સ્ત્રી. એ નામની એક દેશી રમત.

ગોળહદ સ્ત્રી. ગોળખાણ; વર્તુલસીમાસેતુ.

ગોળહિસાબ પું. અડસટ્ટો; અંદાજ; શુમાર.

ગોળા ૧. પું. ફૂબો.

૨. પું. બ. વ. ગોફણમાં ફેંકવાના નાના ગોળ પથર.

ગોળાઈ ૧. સ્ત્રી. ગોળપણું; ગોળાકૃતિ.

૨. સ્ત્રી. મધ્યબિંદુથી નિયમિત થયેલો વાંક.

નજર ગોળાઈ = સાધન વિના નજરથી સારી લાગે તેવી ગોળાઈ.

ગોળાકાર ૧. પું. ગોળ આકાર; વર્તુલના જેવી આકૃતિ.

૨. વિ. ગોળ; વર્તુલના જેવું; ગોળ આકારવાળું; જેનો આકાર ગોળ હોય તેવું.

ગોળાકારકૌંસ પું. ગોળ હોય તેવો કૌંસ.

ગોળાકૃતિ ૧. [સં. ગોલાકૃતિ] સ્ત્રી. વર્તુળના જેવી આકૃતિ; ગોળ આકાર.

૨. વિ. ગોળાકાર; વર્તુળના જેવું; જેનો આકાર ગોળ હોય તેવું.

ગોળાઢાંકણું ૧. ન. તરત સાંપડે તેવી ચીજ; ઓછી કીમતની વસ્તુ.

૨. ન. મોર કે ટોપકાવાળું પિત્તળનું ગોળા ઉપર ઢાંકવાનું વાસણ.

ગોળાધરીલાકડું ન. એ નામનું એક કરિયાણું. આ ચીજ ઝેરકોચલાના વર્ગની છે, પણ તે બિલકુલ ઝેરી નથી. તે કડુ અને પૌષ્ટિક છે. આ લાકડાનો કટકો ઘસીને આપવાથી પેટમાં થતી ચૂંક બંધ થાય અને કૃમિનો નાશ થાય. વિષમજ્વર ઉપર પણ તે બહુ કામનું ગણાય છે.

ગોળાધ્યાય પું. ભાસ્કરાચાર્યે રચેલ સિદ્ધાંત શિરોમણિ નામના ગ્રંથનો એ નામનો એક વિભાગ. તેમાં ભૂગોળ અને ખગોળનું વર્ણન તથા ગ્રહણ વગેરે હકીકત આપવામાં આવેલી છે.

ગોળાફરી વિ. જેમાં ગોળગોળ ફરવામાં આવે તેવું.

ગોળાબારી સ્ત્રી. કમાન; ગોળાકારની બારી; ગોળ દરવાજો.

ગોળાયંત્ર ન. ખગોળવિદ્યા જાણવાનું એક યંત્ર.

ગોળાર્ધ ૧. [સં. ગોલાર્ધ] પું. અર્ધો ગોળ; ગોળનો અર્ધો ભાગ; અર્ધગોળ.

૨. પું. પૃથ્વીનો અર્ધો ગોળો; પૃથ્વીને એક ધ્રુવથી બીજા ધ્રુવ સુધી વચ્ચોવચ્ચ કાપવાથી થતી આકૃતિ.

ગોળાવડા (ગોળાવડ઼ા) પું. વેજું વણવાનું સરાકીની આંટી ઉપાડવાના કામમાં આવતું લાકડાનું એક સાધન.

ગોળિયાકેરી સ્ત્રી. એક જાતનું કેરીનું અથાણું; ગોળમાં આથેલી કેરી; ગોળમિશ્રિત સંભાર ભરેલી કેરી.

ગોળિયું ૧. ન. કેરીનું ગોળ નાખેલું અથાણું.

૨. ન. ધોળી માટીનું ગોળ બનાવેલ ગોળીંડું.

૩. વિ. ગોળવાળું; ગોળચું.

૪. વિ. વર્તુલાકારનું; ફરતા ચક્કર જેવું.

ગોળિયો ૧. પું. એક જાતનું ઘાસ. તેને ચણા જેવડા દાણા થાય છે. તેનો છોડ પણ ચણાના છોડ જેવડો હોય છે.

૨. પું. ગોળ વપરાયા પછી ખાલી પડેલો ઘડો.

૩. પું. ચાકી.

૪. પું. ધૂળ પલાળીને તેનો વાળેલો ગોળ પિંડો. તે ગાર કરવાના કામમાં આવે છે.

ગોળી ૧. સ્ત્રી. અંડકોષ; વૃષણ; આંડ.

૨. સ્ત્રી. (વૈદ્યક) ઔષધના ચૂર્ણને ગોળ, મધ કે પાણીની અંદર મેળવી વાળવામાં આવતી ગુટિકા. કેટલીક વખત ચૂર્ણની અંદર કોઈ ઔષધનો ક્વાથ કરી તેમાંથી ઘન બનાવી તે તૈયાર થયેલા ઘનની ગોળી વાળવામાં આવે છે. તે સિવાય જે ચીજ પોતાના ગુણને માટે ગોળીમાં આવતી હોય તે ચીજ તેની માત્રાના વજનથી લેવાય છે, પણ જે ચીજ ફક્ત ગોળી વળે એટલા જ માટે લેવાય તેની માત્રાની કંઈ જરૂર નથી. કદાપિ તે ચીજ વધારે હોય તો પણ હરકત નથી, કારણકે સાધારણ રીતે ગોળી બનાવવા માટે એવા પદાર્થો લેવામાં આવે છે કે તેમાં કોઈ પણ જાતની ઝેરી અસર હોતી નથી. ગોળી સાધારણ રીતે એક વાલની અંદર હોવી જોઈએ. તેની જુદી જુદી આકૃતિ તથા કદને લઈને તેને મોદક એટલે લાડુ, વટી એટલે વડી, વર્તિ એટલે વાટ, પિંડી એટલે મૂઠિયાં અને ગુટિકા એટલે ગોળી એવાં જુદાં જુદાં નામ આપવામાં આવે છે.

૩. સ્ત્રી. કોઈ ચીજનો ગોળાકાર પિંડ; નાનો ગોળો; નાની ગોળાકાર વસ્તુ; દડી.

૪. સ્ત્રી. દહીં વલોવવાનું મોટા મોઢાનું ગોળ વાસણ.

૫. સ્ત્રી. ધક્કો; નુકસાન.

૬. સ્ત્રી. નાનો લાડુ; લાડુડી.

૭. સ્ત્રી. પાણી ભરવાનું માટીનું કે તાંબા પિત્તળનું મોટું ગોળ પાત્ર.

ગોળીનું પાણી સુકાવું = (૧) કુટુંબનાં સાધનો ઓછાં થઈ જવાં. (૨) માણસ કે પૈસાનું મોટું નુકસાન થવું.

૮. સ્ત્રી. બંદૂક કે પિસ્તોલમાં ભરીને મારવાની સીસાની ઠેરી.

૧. ગોળી ખાવી = બંદૂકથી આપઘાત કરવો.

૨. ગોળી ચડાવવી = શિકારની પાછળ જવા માટે ચિત્તાની ગુદામાં મરચાંની ગોળી ભરાવવી.

૩. ગોળી ચાલવી = ગોળીબાર થવો.

૪. ગોળી બેસવી = ધક્કો પહોંચવો; માણસ કે પૈસા સંબંધી મોટું નુકસાન થવું; માણસ અથવા પૈસેટકે ભાંગી જવું.

૫. ગોળી મારવી = બંદૂકથી સીસાની ગરગોલી છોડી ઘાયલ કરવું.

૬. ગોળી વાગવી = (૧) એકાએક અડચણ આવી પડવાથી કામ ન થઈ શકવું. (૨) કામ કરતાં મહેનત પડવી. (૩) ખૂબ જમવાથી જડ જેવું થઈ જવું. (૪) ગોળીનો ઘા થવો. (૫) ધક્કો લાગવો; માર્યું જવું.

૭. ગોળીએ પડવું = ધક્કા કે નુકસાનને લીધે માર્યું જવું.

૯. સ્ત્રી. લખોટી.

૧૦. સ્ત્રી. સ્વામીનારાયણ સંપ્રદાયમાં તિલક કરવાને માટે ચંદન ઉતારીને બનાવેલ પાસો.

ગોળીટો ૧. પું. છાણાં થાપતાં પહેલાં બનાવાતો છાણનો ગોળો.

૨. પું. તાંત ધ્રુજાવવાનો પીંજારાનો ઘોકો.

ગોળીડું (ગોળીડ઼ું) ૧. ન. ગવલી; ગોવાળ.

૨. ન. ગોળી; દહીં વલોવવાનું વાસણ.

ગોળીબાર પું. બંદૂકમાંથી કે પિસ્તોલમાંથી ગોળી છોડવી તે.

ગોળીલો પું. ગોળ માથાવાળો લોઢાનો ખીલો.

ગોળીવાંસ સ્ત્રી. છાશ થઈ રહ્યા પછી ગોળી, ફૂલ વગેરેને ગરમ પાણીએ સાફ કરવાની ક્રિયા.

ગોળીંઢાં ૧. ન. બ. વ. ગોળા.

૨. ન. બ. વ. ફીંડલાં; સૂતર કે સીંદરીના મોટા દડા.

ગોળો ૧. પું. ખવાસનું ખીજવણું; ગોલો.

૨. પું. ગપ; ગપાટો; તડાકો.

ગોળો ગબડાવવો = (૧) અડચણ નાખવી; વચમાં હરકત કરવી. (૨) ગપ હાંકવી.

૩. પું. ગુલ્મ; પેટમાં થતો વાયુનો એક રોગ. તે વાત, પિત્ત, કફ, સન્નિપાત તેમ જ રક્ત એમ પાંચ પ્રકારનો થાય છે. વધારે પડતું અજીર્ણ ચવાથી ગોળો ચડે છે.

૪. પું. ગેબી અવાજ.

૫. પું. ગોફણથી મારવાનો પિંડો; ગલોલી.

ગોળો અને ગોફણ સાથે ગયાં = અલાબલા બધી સામટી ટળી ગઈ; તમામ નડતર દૂર થઈ.

૬. પું. ગોલ.

૭. [સં. ગોલક] પું. ગોળ વસ્તુ; પિંડો; બધી બાજુએથી ગોળ હોય એવી ચીજ.

ગોળો ઉપાડવો = પ્રાચીન સમયની એક પ્રથા. જેમાં માણસ પોતાની સત્યતા સાબીત કરવા લોઢાનો ધગધગતો ગોળો ઉપાડતો.

૮. પું. ચક્ર; કૂંડાળું.

૯. પું. તોપથી મારવાનો સીસાનો પિંડો.

૧૦. પું. પાણી ભરવાનું અથવા અનાજ ભરવાનું કે દહીં વલોવવાનું મોટું અને ગોળ પાત્ર; મોટી ગોળી.

૧. ગોળાને તળિયે તાવ આવવો = તાવ આવ્યો ન હોય અને શરીર ગોળાના તળિયા જેવું ઠંડું હોય તેમ છતાં કોઈ કહે કે મને તાવ આવ્યો છે તો તેને આમ મશ્કરીમાં કહેવામાં આવે છે.

૨. ગોળો ઊતરે કે ગાગર = ભાવિના ગર્ભમાં શું સમાયેલ છે તે કળી શકાતું નથી; ભવિષ્યમાં શું થશે તે જાણી શકાય નહિ.

૧૧. પું. પારો.

૧૨. પું. પૃથ્વીનો કૃત્રિમ ગોળો.

૧૩. પું. પોટો; વીજળીના દીવાનો ગોળો.

૧૪. પું. બિંબ; મંડળ.

૧૫. પું. બોલીને અથવા કરીને ઊંધુંચતું કરી મૂકવાપણું.

ગોળો વાળવો = ઊંધુંચતું કરી મેલવું; ન, સમજાય એવું સથરપથર કરી નાખવું.

૧૬. પું. લાડુ જેવી ગોળ આકૃતિ.

૧૭ પું. સુતારનું એ નામનું એક ઓજાર.

ગોળોઘોળો પું. ધાતુના વાસણમાં પડેલ ખાડો; ગોબો.

ગોળોપિંડાળો ૧. પું. ઊંધુંચતું કરી નાખવું તે; સથરપથર કરી નાખવું તે.

૨. પું. ગોટાળો; સેળભેળ.

ગોં સ્ત્રી. (કચ્છી) ગાય.

ગોંગડીકર (ગોંગડ઼ીકર) ૧. સ્ત્રી. ખેડૂતનો ધંધો કરતી ધારવાર તરફ રહેતા લોકોની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

ગોંગડો (ગોંગડ઼ો) પું. ગોગડો; ચૂરમાનો ખંડાયેલો પણ ચાળણીમાંથી નહિ પસાર થયેલો કણ.

ગોંગણો ૧. પું. ધાણીમાં ફૂટ્યા વિનાનો જારનો દાણો.

૨. પું. નહિ ફાટેલું કાલું.

ગોંગવાલ ૧. [હિં.] સ્ત્રી. વૈશ્યોની એક જાતિ.

૨. ન. એ નામની જાતિનું માણસ.

૩. વિ. એ નામની જાતિનું.

ગોંગહા ૧. [હિં.] પું. અણીવાળું શંખલું.

૨. પું. એક જાતની બે છીપવાળી માછલી.

ગોંછા [હિં.] પું. ટુવાલ જેવો લૂગડાનો કટકો.

ગોંજાઘાટી ન. રેવાકાંઠામાં આવેલ એ નામનું એક સ્થળ. હજામો અસ્તરા ઘસવામાં વાપરે છે તે જાતના, ભીલ લોકોએ શોધેલા કાળા અને સફેદ રંગના પથ્થર આ જગ્યાએ મળે છે.

ગોંજું વિ. ગંદું; ફૂવડાઈવાળું; મેલું; મલિન.

ગોંજો ૧. પું. ગંદું કરનાર માણસ; ફૂવડ.

૨. પું. હજામ.

૩. વિ. પું. ગંદું કરનાર.

ગોંટિયા પું. ગામડાનો મુખી.

ગોંડ ૧. પું. ઉત્તર કોશલનો એક પેટા વિભાગ; બંગાળ અને ભુવનેશ્વરની વચ્ચેનો દેશ. બુદ્ધના પ્રસિદ્ધ દંતધાવન એટલે દાતણમાંથી થયેલા વૃક્ષની આખ્યાયિકા હજુ પણ આ વિભાગમાં પ્રચલિત છે.

૨. [હિં.] પું. એ નામની એક રાનીપરજ કોમ. તે હિંદમાં મધ્યપ્રાંત, મધ્યહિંદ, બિહાર અને ઓરિસામાં વસે છે. આ કોમ અસભ્ય અને જંગલી મનાય છે.

૩. પું. એક જાતનો રાગ. તે વર્ષાકાળમાં ગવાય છે. તેને કોઈ મેઘ રાગનો પુત્ર અને કોઈ ધનાશ્રી, મલ્હાર અને બિલાવલના મેળથી થયેલ સંકર રાગ માને છે.

૪. [સં. ગોષ્ઠ] પું. ગાયોને રહેવાનું સ્થાન.

૫. [સં.] પું. નાભિ નીકળેલી હોય તેવો માણસ.

ગોંડમલ્હાર પું. એક જાતનો રાગ.

ગોંડલ ૧. ન. એ નામના રાજ્યનું રાજધાનીનું શહેર.

૨. ન. એ નામનું કાઠિયાવાડમાં બરાબર મધ્યમાં આવેલ એક દેશી રાજ્ય. તેનું ક્ષેત્રફળ ૧૦૨૪ ચોરસ માઈલ છે. તેમાં ૪ મોટાં શહેર અને ૧૭૧ ગામડાં છે. ત્યાંના રાજ્યકર્તા જાડેજા રજપૂત છે. ગોંડલ નામ ગોમંડલ એટલે ગાયોનું ટોળું એ ઉપરથી પડેલ લાગે છે. ગોંડલમાં એક પુરાણું ગોંડલા નાગનું સ્થાનક છે, તે ઉપરથી પણ ગોંડલ નામ પડયું હોય એવી માન્યતા છે. તે ઉત્તર અક્ષાંશ ૨૧°–૫૭′–૩૦″ અને પૂર્વ રેખાંશ ૭૦°–૫૦′ ઉપર આવેલ છે. સને ૧૮૮૪માં રાજ્યની વસતી ૧,૩૫,૦૦૪ હતી તે વધીને સને ૧૯૪૧માં ૨,૪૪,૫૧૪ થઈ છે. તેમાં ૪૩,૦૨૧ પુરુષો અને ૨૫,૦૧૬ સ્ત્રીઓ એમ ૬૮,૦૩૭ અક્ષરજ્ઞાન ધરાવનારાં છે, એટલે શિક્ષિતવર્ગ ૨૮ ટકા છે. આખા રાજ્યમાં ગામડે ગામડે ભવ્ય શારદામંદિરો છે અને કન્યાકેળવણી મફત અને ફરજિયાત છે. કુમારો માટે પણ પ્રાથમિક અને માધ્યમિક કેળવણી મફત અપાય છે. ગૌરક્ષા ને ફાંસીબંધી, દાણમાફી ને ભણતરમાફી, અઘાટ હક ને કરમુક્તિ, સુંદર સડકો ને મોટા પુલો, ગ્રામ્યસુધારણા ને નગરપુનર્રચના, ન્યાયરક્ષણ ને શાળાઓ એ સમગ્ર ગોંડલ રાજ્યના અચલિત કીર્તિસ્તંભો છે. એમનું રાજગીત એમ છે કે:

ગોંડળિયું ગોકુળ અમારૂં ગોંડળિયું ગોકુળ,
નંદનવન અણમૂલ અમારૂં ગોંડળિયું ગોકુળ.
વૃંદાવન શાં ગામડાં ગૂંજે, સંસ્કારે સોહાય,
ગોંદરે ગોંદરે શારદામંદિર બાલવૃંદ વિલસાય.–અ.
સારા યે સૌરાષ્ટ્રનું અંતર ઈશ્વરે આ નિર્મેલ,
નીર નિરંતર વહે અખંડિત ગોરસ રસની રેલ.–અ.
કૃષ્ણકૃપા છે કણ કણસલે મધુવન મીઠાં વૃક્ષ,
કુંજ નિકુંજ શાં ખેતર વાડી સુંવાળાં સુરક્ષ.–અ.
રિદ્ધિસિદ્ધિ શ્રી ભગવતની સુખશાંતિનાં રાજ્ય,
પશુ પંખી જન ઝાડને પણ જ્યાં અભયનાં સામ્રાજ્ય.–અ.

ગોંડલા જુઓ ગોંડલો.

ગોંડલિયા ૧. સ્ત્રી. લેઉઆ કણબી, કુંભાર, બાવા, વાળંદ, ઢેઢ અને મેમણની એ નામની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગોંડલિયું ૧. ન. એક જાતનું મરચું. આ મરચાંની વિશેષતા એ છે કે, તેનામાં દરેકે દરેક જાતનાં મરચાંનાં તત્ત્વો હોવા છતાં તે ખાવામાં તીખું લાગતું નથી. આ મરચું

સામાન્યત: ઘોલરિયું હોય છે. લવિંગિયાં મરચાં તીખાં હોય છે, તે રીતે ગોંડલિયાં મરચાં મોળાં હોય છે. તે દેશાવરમાં પણ વપરાય છે.

૨. વિ. ગોંડલનું.

ગોંડલો ૧. પું. ગોંડલમાં આવેલું એ નામના નાગનું પુરાણું સ્થાન. તે ગોંડલી નદીના કાંઠા નજીક આવેલું છે. અહીં જૂના કાળમાં ચારણો પોતાના ગોધન સાથે નેસ નાખીને રહેતા. કાળે કરીને અહીં એક ગામ વસ્યું તેનું નામ ગોંડલા ઉપરથી ગોંડલ પડ્યું. આજે તે સારા યે ભારતવર્ષમાં તદ્દન કરવેરાથી મુક્ત ગોંડલ સંસ્થાનની રાજધાનીનું શહેર છે.

૨. પું. જેના ઉપરથી ગોંડલ નામ પડ્યું મનાય છે તે એક નાગ.

ગોંડવાન જુઓ ગોંડવાના.

ગોંડવાના પું. અમરકંટક પાસે આવેલો એક પ્રદેશ; દક્ષિણ કોશલનું પ્રાચીન નામ.

ગોંડળ ૧. સ્ત્રી. એક જાતની વેલ. તે પાણીવાળા સ્થળ ઉપર થાય છે અને પાણી સાફ કરે છે.

૨. જુઓ ગોંડલ.

ગોંડળિયું જુઓ ગોંડલિયું.

ગોંડા સ્ત્રી. એક જાતની મોટી વેલ. તેની ડાળીમાંથી રેસા નીકળે છે.

ગોંડાળ સ્ત્રી. પાણીમાં થતી એક જાતની વનસ્પતિ. તેને ચાર પાંચ પાંખડી હોય છે. આ છોડ ઘણો જલદી વધે છે. વાવ કે કૂવામાં તે પાણી સ્વચ્છ રાખે છે. મૂત્રઘાત ઉપર તે વાટી ડૂંટી ઉપર લેપ કરવામાં આવે છે. બાળકને ઉધરસ ઉપર તેનાં પાન ચાવી રસ કાઢી આપવામાં આવે છે.

ગોંડી સ્ત્રી. મધ્ય પ્રાંત, વરાડ અને મધ્ય હિંદમાં વપરાતી એક ભાષા.

ગોંડો પું. ગૂંથણીથી બનાવેલ ટોપી ઉપરનું ફૂમતું.

ગોંડોલા સ્ત્રી. ઇટલિના વેનિસ શહેરની એક જાતની નાની હોડી.

ગોંદ ૧. [હિં.] પું. ગુંદર.

૨. ન. એક જાતનું ઘાસ. તેની સાદડી બને છે.

ગોંદદાની સ્ત્રી. ગુંદરનું પાણી રાખવાનું ઠામ; ગુંદિયું.

ગોંદન ન. એક જાતનું ફૂલઝાડ.

ગોંદની સ્ત્રી. એક જાતનું ફૂલઝાડ.

ગોંદપંજીરી સ્ત્રી. સુવાવડી સ્ત્રીને અપાતી, તાકાત આપનારી ગુંદ, મસાલો વગેરે મેળવેલી મીઠાઈ.

ગોંદરિયું વિ. ઉદ્ધત; અસભ્ય; અવિનયી.

ગોંદરી ૧. સ્ત્રી. નદીના ભેખડામાં થતી એક જાતની ટૂંકી અને જાડાં પાનવાળી ઘ્રોખડ.

૨. સ્ત્રી. મકાનનો આગળનો ભાગ; ફળિયું.

ગોંદરું જુઓ ગોંદરો.

ગોંદરો પું. ગાયોને ગામ બહાર ભેગા થવાનું ઠેકાણું; પાદર; ભાગોળ; ગામઝાંપા નજીકની જમીન.

ગોંદલી સ્ત્રી. ગોળ જાડું લાકડું.

ગોંદવું સ. ક્રિ. કચરવું; દાબવું.

ગોંદળી જુઓ ગોંદલી.

ગોંદા ૧. [હિં.] પું. બુલબુલને ખવડાવવામાં આવતી ચણાના લોટની નરમ કણેક.

૨. પું. મીઠાઈ.

ગોંદો ૧. પું. જમવાના પદાર્થની સેળભેળ; રસોઈની બધી વાનીઓનો ખીચડો.

ગોંદો કરવો-ઘાલવો = દાળભાત ચોળી એકઠું કરવું.

૨. પું. સૂતરનો પટ્ટો.

ગોંધલ ૧. પું. ભવાની માતાના માનમાં થતો એક જાતનો નાચ. રાત્રિના ભાગમાં કરવામાં આવતા, આ નાચમાં પાંચ જણ હોય છે. તેમાંનો મુખી ધોળો તેલિયો ઝભ્ભો પહેરે છે, ગળામાં કોડીની માળા અને પગમાં ઝાંઝર પણ પહેરે છે. તે મૂર્તિની સામે સૌની આગળ ઊભો રહે છે.

૨. ન. ધાંધલ; ગોટાળો; ખોટી ધમાલ.

ગોંધલી પું. દક્ષિણ હિંદમાં ગોંધલ નામનો નાચ કરનાર એક જાતનો ભિખારી. તે ભગવાનની પૂજા કરે છે અને ઘેર ઘેર ભીખ માગે છે.

ગોંધવવું સ. ક્રિ. છાનું રાખવું.

ગોંધવી ૧. સ્ત્રી. કોંકણ, કર્ણાટક અને દખ્ખણમાં રહેનારી એક જાત. તેનો ધંધો ધાર્મિક ગીતો ગાવાનો હોય છે.

૨. સ્ત્રી. ધાંધલ; માથાફોડ.

૩. ન. એ નામની જાતનું માણસ.

૪. વિ. એ નામની જાતનું.

ગોંધવું ૧. સ. ક્રિ. એક ઠેકાણેથી બીજે ઠેકાણે ન જવાય તેમ કરવું; કબજે કરવું; કેદ કરવું; બંધિયાર જગ્યામાં રોકી રાખવું.

૨. સ. ક્રિ. કોઈ પણ પ્રાણીનો જીવ રૂંધાય તેમ કરવું; મુસીબતમાં આણવું.

૩. સ. ક્રિ. ખાળવું; અટકાવવું; રોકવું.

ગોંધળ ૧. પું. ગોટાળો; ઘાલમેલ.

૨. પું. સેળભેળ; ખીચડો.

૩. સ્ત્રી. ગૂંચવણ; મૂંઝવણ.

ગોંધાલમ ન. એક જાતનું હસ્તવાજિંત્ર. તેના ઉપર તાર જડેલા હોય છે.

ગોંધાવું ૧. અ. ક્રિ એક સ્થળેથી બીજે સ્થળે હરાય ફરાય નહિ તેમ થવું; પુરાઈ રહેવું; રોકાવું; પુરાવું.

૨. અ. ક્રિ. જીવ રૂંધાય તેમ રહેવું; મુસીબતમાં આવી પડવું.

ગોંધિયારું ૧. ન. ઘોલકું; નાનું અંધારિયું ઘર.

૨. વિ. ગોંધાઈ મરાય એવું બંધિયાર.

ગોંફ [સં. ગુલ્ફ] પું. એડી; પગની નીચેની ગાંઠ.

ગોંબો પું. એક જાતનો ભીંડો. તે ગમે તે વખતે વવાય છે અને પુષ્કળ થાય છે.

ગોંયજો પું. વાળંદ; નાઈ; હજામ.

ગોંવર પું. (વૈદ્યક) એક જાતનો પુટ. જમીન ઉપર છાણાંનો અડધો ચૂરો નાખી તેના ઉપર શરાવ ઇત્યાદિ રાખી, ઉપર બાકીનો ગુવર એટલે ચૂરો નાખી ઢાંકીને ઉપર અગ્નિ આપવો તે.

ગોંસાઇયણ જુઓ ગોસાંઇયણ

ગોંસાઈ જુઓ ગોસાંઈ.

ગોંસાઈજી જુઓ ગોંસાઈજી.

ગોંસાઈસ્થાન જુઓ ગોસાંઈસ્થાન.

ગોંસાવી જુઓ ગોસાવી.

ગૌ ૧. પું. અનાથ માણસ.

૨. પું. ગાઉ; કોસ.

૩. પું. ચંદ્ર.

૪. પું. દ્યુલોક; દ્યૌ.

૫. પું. (પુરાણ) વરુણનો પુત્ર અને સેનાપતિ.

૬. પું. સૂર્ય.

૭. પું. સૂર્યરશ્મિ.

૮. [સં. ગો] સ્ત્રી. ગાય; ધેનુ; ગૌમાતા.

૯. સ્ત્રી. (પુરાણ) ચાલુ મન્વંતરમાંના પુલસ્ત્ય ઋષિની સ્ત્રી; સૂર્યવંશી નિરષ્યંત રાજાના પૌત્ર તૃણબિંદુ રાજર્ષિની કન્યા.

૧૦. સ્ત્રી. ભૂમિનાં ૪૩ માંહેનું એક નામ.

પ્રત્યેક ક્ષણમાં ભ્રમણ કરે છે માટે પૃથ્વીને ગૌ કહે છે. પૃથ્વી આકાશથી દૂર દૂર થાય છે. સૂર્યને પણ ગૌ કહે છે, કારણકે તે પોતે ભ્રમણ કરે છે અને તેથી સર્વ રસોમાં ગતિ ઉત્પન્ન થાય છે. દ્યૌ એટલે દ્યુલોક એને પણ ગૌ કહે છે, કારણકે એમાંના સર્વ ચળકતા ગોળ ફરે છે. સૂર્યરશ્મિ અને ચંદ્ર એમને પણ ગૌ કહે છે કારણકે તે પણ ફરે છે. તે ગતિવાન છે. સૂર્યને સ્વ: એટલે સ્વર્ પણ કહે છે. ઋગ્વેદાદિ ભાષ્યભૂમિકા

૧૧. સ્ત્રી. (પુરાણ) માનસ નામના પિતરની કન્યા.

૧૨. સ્ત્રી. (પુરાણ) શમીક ઋષિની સ્ત્રી અને શૃંગી ઋષિની માતા.

૧૩. સ્ત્રી. (પુરાણ) સોમવંશી પુરુકુલોત્પન્ન બ્રહ્મદત્ત રાજાની સ્ત્રી. એનાં સરસ્વતી અથવા સજાતિ એવાં બીજાં નામ હતાં.

૧૪. ન. અઢાર માંહેનું એક મુખ્ય ધન.

૧૫. વિ. ગાય જેવું; ગરીબ; દીન.

૧૬. વિ. નમ્ર; વિવેકી.

૧૭. વિ. ભોળું.

૧૮. વિ. શરણે આવેલું; રક્ષણીય; રક્ષણ કરવા યોગ્ય.

ગૌઆ સ્ત્રી. ગાય.

ગૌકર્ણી સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

ગૌકંટક ૧. પું. એક જાતનો છોડ; ગોકંટક. તે જમીન ઉપર પથરાયેલ હોય છે. તેનાં પાન ચણા કે આંબલીનાં પાન જેવાં ઝીણાં અને ફૂલ પીળાં હોય છે. ફળ બેઠાં રવાઈડાં જેવાં પાંચ પાંખાવાળાં થાય છે. તેના દરેક પાંખામાં કાંટા હોય છે.

૨. પું. ગોક્ષુર; ગોખરુ.

ગૌકોસ પું. ગાયનો અવાજ સંભળાય તેટલા અંતરનું જમીનનું માપ.

ગૌક્રીડા (ગૌક્રીડ઼ા) સ્ત્રી. પુષ્ટિ સંપ્રદાયના મંદિરોમાં સંધ્યાકાળે ચોગાનમાં ભગવાનને પધરાવી કરવામાં આવતી એક ક્રિયા.

ગૌક્ષુર જુઓ ગૌકંટક.

ગૌખ ૧. [હિં.] પું. ઉંબરો.

૨. પું. દરવાજા આગળનો ભાગ; રવેશ.

ગૌખી [હિં.] સ્ત્રી. ગાયના ચામડાના બનેલા જોડા.

ગૌગોટો પું. ગાયના મોઢામાંથી નીકળતો એક પદાર્થ; ગોરોચના.

ગૌગ્રાસ પું. જમતા પહેલાં ગાયને માટે જુદો રાખેલો ભાગ; ગોગ્રાસ.

ગૌઘાટ ૧. પું. એ નામનો એક ઘાટ. તે પુષ્કરના કિનારા ઉપર છે.

૨. પું. ગાયોને પાણી પીવાની જગ્યા.

ગૌચના સ્ત્રી. ઘઉં તથા ચણાનું વાવેતર કરેલી જમીન.

ગૌચર ૧. [સં. ગોચર] ન. ગામને સીમાડે ગાયો અને ઢોરને ચરવા માટે અલગ રાખેલી જગ્યા.

૨. વિ. ઇંદ્રિયથી પહોંચાય તેવું.

ગૌચરભૂમિ [સં. ગોચરભૂમિ] સ્ત્રી. ગાયોને ચરવાની જગ્યા.

ગૌચરી ૧. સ્ત્રી. ગાયોને ચરવાનો કર. તે જમીનદાર પોતાની પ્રજા પાસેથી લે છે અને તેના બદલામાં ગાયો ચરાવવા માટે તે અમુક જમીન રાખે છે.

૨. સ્ત્રી. (જૈન) સાધુની ભિક્ષા. ચરવા માટે નીકળેલી ગાય જેમ એક જ સ્થળેથી સઘળો ચારો નથી ચરતી પણ થોડું થોડું કરીને અનેક સ્થળેથી ચરે છે અને ચારો સારો છે કે નરસો તે જોતી નથી; તેમ લોકસેવક, સંતપુરુષો કે ઋષિમુનિઓ પોતાના દેહનિર્વાહ માટે લેવામાં આવતા આહારનો ભાર એક જ કોઈ સ્થળ કે વ્યક્તિ ઉપર ન નાખતાં થોડું થોડું માગી નિર્વાહ કરે છે, તેમ જ દેનારની દોલત તરફ નજર ન કરતાં ભિક્ષા લે છે.

ગૌચંદન [સં. ગોચંદન] ન. ગાયના માથામાંથી નીકળતું ચંદન; ગોરોચના.

ગૌચારણ ૧. પું. ગાયોને ચારનાર માણસ; ગોવાળિયો.

૨. પું. શ્રીકૃષ્ણ.

૩. ન. ગાયોને ચારવાની લીલા.

૪. વિ. ગાયો ચારનાર.

ગૌચારી વિ. ગાયોને ચારનાર.

ગૌચી સ્ત્રી. ખાડો.

ગૌછી ૧. સ્ત્રી. ખાડો.

૨. સ્ત્રી. ઘાસનું મૂળિયું.

ગૌઝ ૧. [ફા.] પું. અખરોટ.

૨. પું. હરણ.

ગૌઝબાન સ્ત્રી. એક જાતની વનસ્પતિ; ખરમંજરી. તેનાં પાંદડાં લોહી સુધારવા માટે ઔષધિ તરીકે અકસીર મનાય છે.

ગૌટિકા પું. ગામનો મુખ્ય વ્યવસ્થાપક.

ગૌઠાણ ન. ગૌસ્થાન; ગોંદરૂં; ગાયોને ઊભા રહેવાનું સ્થળ.

ગૌડ (ગૌડ઼) ૧. [સં.] પું. અઠ્ઠાણું માંહેનો એ નામનો એક દેશ; હાલના બંગાળથી માંડીને ભુવનેશ્વર સુધીનો પ્રદેશ.

૨. પું. એ નામનો એક પર્વત. તેમાંથી નીકળતું રૂપું ગૌડિક કહેવાય છે.

૩. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે કુંડલિયા છંદનો ભેદ છે. તેમાં ૫૬ ગુરુ અને ૪૦ લઘુ મળી ૯૬ વર્ણ અને ૧૫૨ માત્રા હોય છે.

૪. પું. રજપૂત અને કાયસ્થ લોકોની એક જાતિ.

૫. પું. (સંગીત) સારંગ રાગનો એક પ્રકાર. તે ત્રીજે પહોરે ગવાય છે. સંગીત રત્નાકરમાં ટક્કગ્રામ રાગમાંથી ગૌડ રાગ ઉત્પન્ન થયાનું લખ્યું છે. કોઈ શ્રી રાગમાંથી તેની ઉત્પત્તિ માને છે.

૬. પું. (સંગીત) હનુમંત મત પ્રમાણે શ્રી રાગના આઠ માંહેનો એક પુત્ર. તેની જાતિ સંપૂર્ણ છે. મધ્યમ સિવાય સર્વે સ્વર તીવ્ર છે, એટલે ખરજ, રિખવ તીવ્ર, ગંધાર તીવ્ર, મધ્યમ કોમળ, પંચમ, ધૈવત તીવ્ર અને નિખાદ તીવ્ર એ પ્રમાણે સાતે સ્વર આવે છે. તેમાં ગ્રહસ્વર ખરજ તથા પંચમ છે. કોઈ ગંધાર પણ કોમળ લે છે. વાદી સ્વર પંચમ છે, ખરજ સ્વર સંવાદી છે. આ રાગ ધન્યાશ્રી, મલ્હાર અને બિલાવલથી મિશ્ર છે.

૭. સ્ત્રી. બ્રાહ્મણની એક જાત. સારસ્વત, કાન્યકુબ્જ, ગૌડ, ઉત્કલ અને મૈથિલ એમ પાંચ જાતના બ્રાહ્મણ છે.

૮. સ્ત્રી. હિંદુ લગ્નની એક વિધિ. તેમાં કન્યાને તેનાં નજીકનાં સગાં પૂજે છે.

૯. ન. એ નામની જાતનું માણસ.

૧૦. વિ. એ નામની જાતનું.

૧૧. વિ. ગૌડ દેશમાં રહેનાર; વિંધ્યાચળની ઉત્તરે રહેનાર.

૧૨. વિ. બંગાળને લગતું; ગૌડનું; બંગાળી.

૧૩. વિ. મધુર; મીઠું.

ગૌડકૃતિ (ગૌડ઼કૃતિ) સ્ત્રી. એ નામની એક રાગિણી. આ રાગિણી સમયસારમાં આપેલ ગંડકૃતિને મળતી આવે છે. ફક્ત ગંડકૃતિની વ્યાપ્તિ તારગ સુધી છે અને ગૌડકૃતિની વ્યાપ્તિ તારમ સુધી છે.

ગૌડતાલ (ગૌડ઼તાલ) પું. (સંગીત) એક ચતસ્રજાતિ ૨૪ માત્રાનો તાલ. તેનાં તાલસ્થાન ૧, ૫, ૯, ૧૧, ૧૩ અને ૧૭ માત્રા ઉપર છે.

ગૌડનટ (ગૌડ઼નટ) પું. (સંગીત) ગૌડ અને નટ રાગના યોગથી થતો એક સંકર રાગ.

ગૌડપર્વત (ગૌડ઼પર્વત) પું. ગંગોત્રી પર્વતનું પ્રાચીન નામ.

ગૌડપાદ (ગૌડ઼પાદ) પું. સ્વામી શ્રી શંકરાચાર્યના ગુરુ. તેમણે માંડૂક્યોપનિષદ ઉપર કારિકા લખી હતી અને સાયણ કારિકાનું ભાષ્ય કર્યું હતું.

ગૌડપાદાચાર્ય (ગૌડ઼પાદાચાર્ય) જુઓ ગૌડપાદ.

ગૌડપાદીયકારિકા (ગૌડ઼પાદીયકારિકા) સ્ત્રી. માંડૂક્યોપનિષદ ઉપર ગૌડપાદે લખેલ શ્લોકબદ્ધ ટીકારૂપ ચાર પ્રકરણ.

ગૌડપુર (ગૌડ઼પુર) ન. પ્રાચીન હિંદનું એ નામનું એક શહેર.

ગૌડબજાણિયા (ગૌડ઼બજાણિયા) પું. બ. વ. ઢોલ શરણાઈ સાથે અંગકસરતના જાહેર તમાશા કરી આજીવિકા ચલાવનાર માણસો.

ગૌડબંગાલ (ગૌડ઼બંગાલ) ૧. પું. એક પ્રાચીન પ્રદેશનું નામ; હાલના મધ્ય બંગાલની આસપાસનો પ્રદેશ.

૨. સ્ત્રી. યુક્તિ ભરેલી વાતચીત; એક વિરુદ્ધ અને બીજી મળતી વાત કરી મૂળ મુદ્દાને ઉડાડી દેવાની યુક્તિ.

ગૌડબંગાલી (ગૌડ઼બંગાલી) પું. જાદૂગર; જાદૂમંત્ર જાણનારો માણસ; ગારુડી; બાજીગર. ગૌડ અને બંગાળ એ દેશના લોકો જાદૂઈ કળાને માટે વિખ્યાત મનાતા.

ગૌડમલાર (ગૌડ઼મલાર) જુઓ ગૌડમલ્હાર.

ગૌડમલ્લાર (ગૌડ઼મલ્લાર) જુઓ ગૌડમલ્હાર.

ગૌડમલ્હાર (ગૌડ઼મલ્હાર) પું. (સંગીત) મલ્હાર રાગનો એક પ્રકાર; ખમાન થાટમાંથી ઉત્પન્ન થતો એ નામનો એક રાગ; ગૌડ અને મલ્હારના યોગથી થતો એક સંકર રાગ. તેની જાતિ સંપૂર્ણ છે. એટલે ખરજ શુદ્ધ, રિખવ તીવ્ર, ગંધાર તીવ્ર, મધ્યમ તીવ્ર કોમળ બે, પંચમ શુદ્ધ, ધૈવત તીવ્ર, નિખાદ તીવ્ર કોમળ બે એ પ્રમાણે સાત સ્વર આવે છે. ગંધાર ગ્રહ સ્વર છે, કોમળ નિખાદ ન્યાસ છે. તેનું આરોહ અવરોહ સ્વરૂપ આ પ્રમાણે છે: સ, રિગરિ, મગરિ સ, રિપમપ, ધસ| ધપ, મપમગ રિરિ, મમ, પપ, મપ, ધસ|| ધપ, મપમગ, રિગરિમ, ગરિસ|| તેનો વાદી અને સંવાદી સ્વર મ અને સ છે. ગાવાનો સમય વર્ષા ઋતુ છે.

ગૌડમલ્હારદ્રુત (ગૌડ઼મલ્હારદ્રુત) પું. એ નામનો એક રાગ.

ગૌડવધકાવ્ય (ગૌડ઼વધકાવ્ય) ન. વાક્‌પતિરાજે રચેલ એ નામનું કાવ્ય.

ગૌડવાસ્તુક (ગૌડ઼વાસ્તુક) [સં.] સ્ત્રી. એક જાતનું શાક; પત્રશાક.

ગૌડશ્યામ (ગૌડ઼શ્યામ) પું. (સંગીત) શ્યામ રાગની બાર માંહેની એક જાતનો રાગ.

ગૌડસારસ્વત (ગૌડ઼સારસ્વત) ૧. પું. એ નામની બ્રાહ્મણની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

ગૌડસારંગ (ગૌડ઼સારંગ) પું. (સંગીત) ગૌડ અને સારંગના મિશ્રણથી બનતો એ નામનો એક રાગ; સારંગની તેર જાત માંહેનો રાગ. આ રાગ ગાવાનો વખત બીજો પ્રહર છે. જાતિ સંપૂર્ણ એટલે ખરજ શુદ્ધ, રિખવ તીવ્ર, ગંધાર તીવ્ર, મધ્યમ તીવ્ર, નિખાદ તીવ્ર, કોમળ બંને પંચમ શુદ્ધ, ધૈવત તીવ્ર, નિખાદ તીવ્ર કોમળ બે એ પ્રમાણે સાતે સ્વર આવે છે. ગ્રહ સ્વર નિખાદ તીવ્ર છે. ન્યાસ સ્વર ગંધાર છે. ગીષ્મ ઋતુમાં બપોર પહેલાં તે ગાવાનો સમય મનાય છે. ઋષભ વાદી અને મધ્યમ સંવાદી હોય છે અને તે વીર અને શાંત રસના વર્ણનમાં સામાન્ય રીતે વપરાય છે. તેમાં કલ્યાણ થાટના શુદ્ધ અને તીવ્ર મધ્યમ પણ લેવાય છે. આ રાગનું સારંગ ગૌલ એવું પ્રાચીન નામ પ્રસિદ્ધ છે. તેમાં સર્વ શુદ્ધ સ્વર ઉપરાંત તીવ્ર મધ્યમ પણ છે. કેટલાક આ રાગનો વાદી સ્વર ગંધાર અને સંવાદી સ્વર નિખાદ માને છે.

ગૌડા (ગૌડ઼ા) પું. બ. વ. ઓરિસામાં પાલખી ઉપાડનારા એક જાતના લોક.

ગૌડિક (ગૌડ઼િક) ૧. ન. ગૌડ દેશમાંથી નીકળતું એક જાતનું રૂપું.

૨. [સં.] સ્ત્રી. શેરડી.

૩. વિ. ગોળનું; ગોળ સંબંધી.

ગૌડિનિ (ગૌડ઼િનિ) પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

ગૌડિયા (ગૌડ઼િયા) પું. બ. વ. ગૌડ દેશના રહેવાસી.

ગાડિયાસંપ્રદાય (ગૌડ઼િયાસંપ્રદાય) પું. ચૈતન્ય મહાપ્રભુએ ચલાવેલો એક વૈષ્ણવ સંપ્રદાય.

ગૌડિયો (ગૌડ઼િયો) પું. જાદૂગર; બાજીગર; ગારુડી; મદારી.

ગૌડી (ગૌડ઼ી) ૧. [સં.] સ્ત્રી. એક પ્રકારની કાવ્યની રીતિ. ઘણા સમાસવાળી, કર્કશ, અનિષ્ટ, શબ્દાડંબરી અને ઉદ્ધતપદથી વિરાજિત આ રચના હોય છે. જયદેવ કવિએ ગીતગોવિંદમાં અને દંડી કવિએ કાવ્યાદર્શમાં આ રીતિનો ઉપયોગ કર્યો છે. વૈદર્ભી, પાંચાલી અને ગૌડી એમ ગદ્યપદ્ય લખવાની ત્રણ રીતિ છે અને તે વિદર્ભ, પાંચાલ અને ગૌડ દેશના કવિઓને પ્રિય હોવાથી આ નામ પડેલાં મનાય છે.

૨. સ્ત્રી. ગૌડ દેશની સ્ત્રી.

૩. સ્ત્રી. મદિરા; ગોળમાંથી બનાવેલ દારૂ.

૪. સ્ત્રી. (સંગીત) સંપૂર્ણ જાતિની એ નામની એક રાગિણી. તા રાત્રે પહેલે પહોરે ગવાય છે. કેટલાક લોકો તેને કલ્યાણ રાગનો ભેદ માને છે. વીર અને શૃંગાર રસના વર્ણનમાં તેનો ઉપયોગ થાય છે.

ગૌડીય (ગૌડ઼ીય) વિ. ગૌડ દેશને લગતું.

ગૌડીયમાધ્વમત (ગૌડ઼ીયમાધ્વમત) પું. મહાપ્રભુ ચૈતન્યે સ્થાપેલો એ નામનો સંપ્રદાય; ચૈતન્યમત. આ મતમાં હિંદુ મુસલમાનનો ભેદ રાખવામાં આવ્યો ન હતો. સ્ત્રીઓના અધિકાર તેમાં સાવચેતીપૂર્વક આપવામાં આવ્યા હતા.

ગૌડીયમાર્ગ (ગૌડ઼ીયમાર્ગ) પું. ચૈતન્ય મહાપ્રભુનો સંપ્રદાય.

ગૌડીવૃત્તિ જુઓ ગૌડી ૧.

ગૌડેશ્વર (ગૌડ઼ેશ્વર) પું. કૃષ્ણચૈતન્ય સ્વામી; ગૌરાંગપ્રભુ.

ગૌઢી સ્ત્રી. ચરિયાણ જમીન.

ગૌણ ૧. [સં.] વિ. અમુખ્ય; પ્રધાન ન હોય એવું.

૨. વિ. ગુણનિષ્પન્ન; ગુણથી બનેલું.

૩. વિ. ગુણ સંબંધી.

૪. વિ. બીજા નંબરનું; ઊતરતું.

૫. વિ. હલકું; નજીવું.

ગૌણઅધિકરણ ન. અધિકરણનો એક પ્રકાર; અભિવ્યાપકઅધિકરણ. તેના બે પ્રકાર છે: ઔપશ્લેષિક અને વૈષયિક.

ગૌણઅંગ ન. ઉપાંગ; નાનું અંગ.

ગૌણકર્મ [સં.] ન. (વ્યાકરણ) કર્મનો એક પ્રકાર. ધાતુ દ્વિકર્મક હોય ત્યારે એક પ્રધાન કર્મ અને બીજું હોય તે ગૌણ કર્મ.

ગૌણકાર્ય [સં.] ન. ઉપક્રિયા.

ગૌણગ્રહ પું. પ્રધાન નહિ તેવો ગ્રહ; ઊતરતા પ્રકારનો ગ્રહ.

ગૌણચાંદ્ર [સં.] પું. અંધારિયા પડવેથી શરૂ થઈ પૂનમ સુધીનો ચાંદ્રમાસ.

ગૌણતા [સં.] સ્ત્રી. અપ્રાધાન્યપણું; ગૌણપણું.

ગૌણત્વ જુઓ ગૌણતા.

ગૌણધાતુ સ્ત્રી. મુખ્ય ધાતુના સંયોગી પદાર્થવાળી વસ્તુ.

ગૌણપક્ષ પું. ઊતરતો પક્ષ; મુખ્ય નહિ પણ નછૂટકે લેવો પડે એવો પક્ષ.

ગૌણપત્રકાધીશ [સં.] પું. નોંધણી કામદાર; નોંધણી કર્મચારી.

ગૌણપાંડુરોગ [સં.] પું. લોહી ફિક્કું પડી જવાનો એક રોગ; રક્તન્યૂનતા. ખાસ કરીને આ રોગ રક્તસ્રાવથી થાય છે. ટાઢિયો તાવ, ઉપદંશ અથવા કાલા આજારથી રક્તાણુઓ નાશ પામે છે. તેને અંગે આ રોગ લાગુ પડે છે.

ગૌણપાંસળી સ્ત્રી. નાની પાંસળી.

ગૌણપ્રયોજન [સં.] ન. (વેદાંત) બીજાની ઇચ્છાને અધીન હોવાપણું.

ગૌણભસ્મ [સં.] સ્ત્રી. વિવાહના અગ્નિથી ઉત્પન્ન થયેલી, સમિધના અગ્નિથી ઉત્પન્ન થયેલી કે દાવાનલથી ઉત્પન્ન થયેલી ભસ્મ.

ગૌણરેખા [સં.] સ્ત્રી. હાથમાં આવેલી નાની રેખા.

ગૌણસ્વામી પું. પેટા માલિક.

ગૌણાક્ષ [સં.] સ્ત્રી. નાની ધરી.

ગૌણાત્મા પું. (વેદાંત) સ્ત્રી, પુત્ર વગેરે.

ગૌણાનુવાદી પું. (સંગીત) બાર સ્વર માંહેનો એક સ્વર લઈ તેને વાદી ગણી તેનાથી ચોથો આરોહમાં આવતો સ્વર.

ગૌણાર્થ [સં.] પું. લાક્ષણિક અર્થ.

ગૌણિક ૧. [સં.] પું. ગુણ.

૨. વિ. ગુણ જાણનાર.

૩. વિ. ગુણી.

૪. વિ. નાનું.

૫. વિ. સત્ત્વ, રજ અને તમ એવા ત્રણ ગુણવાળું.

ગૌણી ૧. [સં.] સ્ત્રી. લક્ષણાનો એક પ્રકાર. તેના બે ભેદ છેઃ સારોપા અને સાધ્યવસાના કે ઉપચારસહિતા અને ઉપચારરહિતા.

૨. વિ. ગૌણ; અપ્રધાન; સાધારણ.

ગૌણીવૃત્તિ ૧. સ્ત્રી. (વેદાંત) પદના શક્ય અર્થના સાદસ્ય રૂપથી અશક્ય અર્થના બોધના હેતુની વૃત્તિ. જેમકે, દેવદત્ત સિંહ છે એ વાક્યમાં સિંહનો અને દેવદત્ત નામે પુરુષનો અભેદ સ્પષ્ટ થાય છે. તે સંભવતો નથી, માટે સિંહ પદની ગૌણીવૃત્તિથી શ્રોતા પુરુષને સિંહના જેવો દેવદત્ત છે એવો બોધ થાય છે. એમાં સિંહ પદનો શક્ય અર્થ જે મૃગરાજ નામે પશુ છે, તેનામાં રહેલા જે શૂરતા, ક્રૂરતા વગેરે ધર્મ છે, તે ધર્મ દેવદત્તમાં પણ છે, એ જ દેવદત્ત અને સિંહનું સાદસ્ય છે. એ સાદશ્ય વડે તે દેવદત્ત પુરુષનો બોધ સિંહ શબ્દની ગૌણીવૃત્તિથી થાય છે.

૨. સ્ત્રી. શબ્દનો લક્ષ્યાર્થ.

ગૌણીસાધ્યવસાના સ્ત્રી. લક્ષણાનો એક પ્રકાર; ગુણ નહિ જણાવ્યા છતાં જણાઈ આવે તેવી લક્ષણા.

ગૌત [હિં.] પું. હિંદુસ્તાનની ઉત્તર તરફના પહાડી મુલકમાં થતી મજબૂત પહાડી જાતનો ઘોડો.

ગૌતન પું. ગાયનો પુત્ર; નંદી.

ગૌતમ ૧. પું. અહલ્યાનો પુત્ર શતાનંદ.

૨. પું. ઇંદ્રભૂતિ ગણધરનું એ નામનું ગોત્ર.

૩. પું. એ નામનો એક ઋષિ. ઋગ્વેદના ચોથા મંડલનાં સૂક્તો તેણે રચ્યાં છે.

૪. પું. એ નામનો એક પર્વત. તે નાસિક પાસે છે અને તેમાંથી ગોદાવરી નદી નીકળે છે.

૫. પું. એકત, દ્વિત અને ત્રિત નામના ત્રણ ઋષિઓના પિતા.

૬. પું. (પુરાણ) કૃપાચાર્ય.

૭. પું. (પુરાણ) કૌશિક ઋષિનો એક શિષ્ય; રામના સભાના ધર્મશાસ્ત્રીઓમાંનો એ નામનો એક.

૮. પું. ગૌતમ ઋષિના વંશનો માણસ.

૯. પું. ચાલુ મન્વંતરના સપ્તર્ષિ માહેનો એક.

૧૦. પું. દશમી શતાબ્દિમાં આર્યાવર્તમાં પ્રવર્તતો એ નામનો એક મત.

૧૧. પું. નચિકેતા, કેમકે તે ગૌતમવંશી હતો.

શુદ્ધ જળે નખાયેલું તાદશ બનતું જળ,
તેમ બ્રહ્મવિદ પામે બ્રહ્મને નિત્ય ગૌતમ!

જેમ નિમેળ પાણી નિર્મળ પાણીમાં નંખાતાં તેવું જ નિમેળ થઈ જાય છે એમ હે ગૌતમ અર્થાત્ ગૌતમવંશી નચિકેતા! બ્રહ્મને જાણતા મુનિનો આત્મા પણ હંમેશાને માટે તેવો જ અર્થાત્ સદાને માટે બ્રહ્મ જ થઈ જાય છે.

કઠોપનિષદ

૧૨. પું. ન્યાયશાસ્ત્રના એક આચાર્ય અને પ્રણેતા. તે ઈસુથી લગભગ ૬૦૦ વર્ષ પહેલાં થયા હતા. આ સમર્થ બ્રહ્મર્ષિનો જન્મ બ્રહ્મમાનસપુત્ર અંગિરા ઋષિના દીર્ઘતમાને ત્યાં ત્રેતાયુગના આરંભમાં હિમાલય પ્રદેશમાં થયો હતો. તે મહાન તેજસ્વી, તત્ત્વજ્ઞ અને તીવ્ર બુદ્ધિના હતા. ન્યાય, તર્ક, રસાયણ, પદાર્થ, પૃથક્કરણ અને તત્ત્વ વગેરેની શોધ તેમણે કરેલી છે. લાંબો કાળ તપશ્ચર્યા કરી તેમણે તપસમૃદ્ધિ મેળવી હતી. પોતાની પ્રબળ શક્તિથી સર્વમાં માન પામી સપ્તર્ષિના પંચમાં તેમની નિમણૂક થઈ. તેને અહલ્યા નામે મહા તેજસ્વી અને રૂપસુંદર સ્ત્રી હતી. ઇંદ્ર વગેરે દેવો અહલ્યાને વરવા ઇચ્છતા હતા, પણ સ્વયંવરમાં તે ગૌતમને પરણી ત્યારથી ઇંદ્ર તેમના ઉપર દ્વેષ રાખતો. અહલ્યા મહા સતી હતી અને દંપતી વચ્ચે ગાઢ સ્નેહ હતો. ગૌતમને આ સાધ્વી સ્ત્રીએ ધર્મોપદેશ, ધર્મનીતિનાં કૃત્યો અને શોધોમાં ઘણી સહાયતા આપી હતી. એક વાર ગૌતમની ગેરહાજરીનો લાભ લઈ ઇંદ્ર દ્વેષબુદ્ધિથી ગૌતમના વેશે કપટથી છેતરવા આવ્યો અને સતીને પોતાના પ્રપંચ જાળમાં સપડાવવા લાગ્યો, તેટલામાં ઋષિ આવ્યા. તેમણે ઇંદ્રને ઓળખી શાપ આપ્યો તેથી ઇંદ્રના શરીરમાં સહસ્ર છિદ્ર પડ્યાં અને તે નપુંસક થયો. સતી ઇંદ્રના પ્રપંચને પારખી શકી નહિ તેથી તેને પણ ઋષિએ શાપ આપી શલ્યારૂપ કરી. પત્નીવિયોગથી ઉદાસ થઈ તે હિમાલય તરફ ગયા ને પત્નીનો ઉદ્ધાર થતાં સુધી નિરંતર તપશ્ચર્યા જ કર્યા કરી. જ્યારે રામચંદ્રની કૃપાથી અહલ્યાનો ઉદ્ધાર થયો ત્યારે તેમને મળી આનંદ પામ્યા હતા. ગૌતમનો આશ્રમ પ્રથમ પ્રયાગ પાસે હતો, પછી મિથિલાના અરણ્યમાં, પછી હિમાલયમાં ને પછી પત્નીને પામ્યા પછી વરણકાનનમાં આવી ત્યાં આશ્રમ બાંધી રહ્યા હતા. ત્યારથી એ આશ્રમ ગૌતમાશ્રમ નામથી પ્રસિદ્ધ છે. ત્યાં તેમણે લાંબો કાળ તપશ્ચર્યા કરી હતી. તેમની પાસે ઘણા શિષ્યો વિદ્યાભ્યાસ કરતા હતા, તેમાં કનાયન અને નિબાળી એ બે મુખ્ય શિષ્ય હતા. ગૌતમ ઋષિને શતાનંદ નામે પુત્ર થયો, તે વિદેહવંશી જનકનો પુરોહિત થયો હતો. તે પુરાણીના નામથી પણ પ્રસિદ્ધ છે. એના પછી અંજની નામે પુત્રી થઈ, જે હનુમાનની માતા થાય. બીજો પુત્ર ચિરકારી નામનો હતો. તે ઋષિમંડળમાં પ્રસિદ્ધ થયેલ છે. પ્રત્યેક મન્વંતરના દ્વાપરયુગમાં પુરાણોના વક્તા વ્યાસો થયેલા છે. આજ સુધી ૨૮ વ્યાસ થયા, તેમાં ગૌતમ ૨૦મા વ્યાસ ગણાય છે. એણે રચેલી સ્મૃતિને ગૌતમ સ્મૃતિ કહે છે. તેમ જ ન્યાયશાસ્ત્રાદિ ગ્રંથો પણ તેમણે રચ્યા છે. ન્યાયશાસ્ત્રને ન્યાયદર્શન અથવા ગૌતમદર્શન પણ કહે છે. તે ન્યાયશાસ્ત્ર સર્વમાન્ય છે. ન્યાયસૂત્ર ઉપર વાત્સ્યાયનનું ભાષ્ય છે. તેના બીજા પણ ઘણા ગ્રંથો છે. આ મહાત્માના તપના પ્રભાવથી ગોદાવરી ગૌતમગંગા કહેવાય છે. ત્યાં કારતક માસમાં સિંહના બૃહસ્પતિ આવે ત્યારે મોટી યાત્રા ભરાય છે. આ ઋષિએ નિમિ રાજાનો એક હજાર વર્ષનો યજ્ઞ કરાવ્યો હતો. ગૌતમાશ્રમમાં અહલ્યાહ્રદ નામનું તીર્થ છે. ગૌતમાશ્રમ પાસે આજે ભિન્નમાળ નામનું નગર છે. એ પ્રાચીન શ્રીમાળ નગર નામથી પ્રસિદ્ધ હતું. સઘળા શ્રીમાળી બ્રાહ્મણ, વાણિયા કે સોની એ શ્રીમાળ નગરના મૂળ વતની છે. પાછળથી ગૌતમ ઋષિને બ્રાહ્મણો વચ્ચે અંટસ પડવાથી તેમણે જૈન ધર્મ પ્રવર્તાવ્યો કહેવાય છે. ગૌતમ ઋષિને બ્રાહ્મણ માહાત્મ્ય સંબંધી અત્રિની જોડે, નદીના માહાત્મ્ય સંબંધી આંગિરસ સાથે અને માબાપના ઋણમાંથી શી રીતે છુટાય એ સંબંધી યમની સાથે સંવાદ થયો હતો. તે ઉત્તંગ કે ઉદંક ઋષિના સસરા થાય. એક વખત પંદર વર્ષ સુધી અનાવૃષ્ટિ થઈ. આથી દુકાળ પડતાં સંખ્યાબંધ માણસો

મરવા લાગ્યાં. ભૂખથી પીડાતાં માણસો પશુઓને, બાળકોને અને મુડદાંઓને પણ ખાતાં. આ વખતે બ્રાહ્મણોએ વિચાર કર્યો કે, ગૌતમમુનિ મહાતપસ્વી છે, આપણને તે મદદ કરશે. વળી તેમના આશ્રમમાં સુકાળ છે એમ સંભળાય છે. આમ વિચાર કરીને બ્રાહ્મણો અગ્નિહોત્ર, કુટુંબ, ગાયો અને દાસદાસીઓને લઈ ગૌતમના આશ્રમમાં ગયા. આ બધા બ્રાહ્મણોને આવતા જોઈ ગૌતમે તેઓને પ્રણામ કર્યા અને તેમને અભય આપ્યું. ગૌતમે પછી ગાયત્રીની પ્રાર્થના કરતાં ગાયત્રી દેવીએ ગૌતમને પ્રત્યક્ષ દર્શન દઈને એક પૂર્ણપાત્ર આપ્યું. તે પાત્રમાંથી અન્ન, ખડ, વસ્ત્ર, યજ્ઞના સાધનરૂપ પદાર્થો વગેરે ઢગલાબંધ વસ્તુઓ અને ગાયો, ભેંસો વગેરે પશુઓ પણ નીકળ્યાં. ગૌતમે બધા બ્રાહ્મણોને બોલાવી આ વહેંચી આપ્યું. બ્રાહ્મણો ગૌતમના વખાણ કરવા લાગ્યા. આ પ્રમાણે ગૌતમે બાર વર્ષ સુધી બ્રાહ્મણોનું પાલન કર્યું. તેમણે એ સ્થળમાં ગાયત્રીનું ઉત્તમ સ્થાન કર્યું હતું, ત્યાં બેઠા બેઠા બ્રાહ્મણો પુરશ્ચરણો કરતા. ગાયત્રી દેવી પણ ત્યાં સવારે બાળા, બપોરે યુવાન અને સાયંકાળે વૃદ્ધારૂપે દર્શન આપતાં. એક વખતે ઇંદ્રે સ્વર્ગમાં મુનિઓના પોષણ સંબંધી વાતો કરતાં ગૌતમની સર્વોત્તમ કીર્તિ ગાઈ. તે સાંભળી નારદ ગૌતમ ઋષિના આશ્રમે તેમનાં દર્શન કરવા આવ્યા અને ઇંદ્રે કરેલી પ્રશંસા કહી સંભળાવી. પછી આશ્રમ જોઈ ગાયત્રીનાં દર્શન કરી ત્યાંથી વિદાય થયા. આશ્રમમાં રહેલા બ્રાહ્મણોએ ગૌતમની કીર્તિ સાંભળી. આથી તેમને દ્વેષ આવ્યો અને તેમણે વિચાર કર્યો કે, દુકાળ મટે અને સુભિક્ષ થાય ત્યારે આપણે ગૌતમની કીર્તિ સર્વથા ન રહે તેમ કરવું. કાળે કરીને વૃષ્ટિ થઈ અને સઘળા દેશોમાં સુભિક્ષ થયો. એ વખતે બ્રાહ્મણોએ એક ઘરડી અને તરત મરી જાય એવી ગાય બનાવી. ગૌતમ મુનિ યજ્ઞ કરતા હતા તે વખતે ગાય અગ્નિશાળામાં જતાં ગૌતમે હું હું એમ કહી એને અટકાવી. પેલી ગાય ત્યાં જ પડી મરી ગઈ. બ્રાહ્મણોએ કોલાહલ મચાવ્યો કે ગૌતમે ગાય મારી. ગૌતમે યજ્ઞ કરી રહ્યા પછી નેત્ર મીંચીને જોતાં બ્રાહ્મણોનું આ સઘળું કપટ જાણ્યું. તેમને ઘણો ગુસ્સો આવ્યો અને બ્રાહ્મણોને શાપ આપ્યો. આ શાપથી બ્રાહ્મણો પોતાની વિદ્યા ભૂલી ગયા અને અધમ સ્થિતિમાં આવી પડ્યા. તેઓ ગૌતમને શરણે જઈ ક્ષમા માગવા લાગ્યા. ગૌતમે તેમને ગાયત્રી દેવીનું સેવન કરવાનું કહ્યું. વળી તેમણે શાપનો અનુગ્રહ કર્યો કે, કળિયુગમાં તમે નરકમાંથી નીકળી પુનર્જન્મ લેશો. શિવપુરાણ પ્રમાણે ગૌતમના આશ્રમમાં રહેતા બ્રાહ્મણોએ ગણપતિને પ્રસન્ન કરી તેમની પાસે વરદાન માગ્યું કે, તમે ગાય બની ગૌતમને માથે ગૌહત્યા દોષ આવે તેમ મરી જાઓ. ઘણી આનાકાની કર્યા બાદ વચને બંધાયેલા ગણપતિ ગાય બન્યા અને ગૌતમે બ્રાહ્મણોને ખવરાવવા યવ, નીવાર વગેરે પવિત્ર ધાન વાવ્યાં હતાં ત્યાં પેઠા. ગૌતમ સંધ્યા કરતા હતા. તેમણે ઘાસના તણખલાથી ગાય હાંકતાં ગાય પડીને મરી ગઈ. કૃતઘ્ની બ્રાહ્મણોએ ગૌતમને અપવિત્ર ઠેરવી આશ્રમમાંથી જતા રહેવાનું કહ્યું. છેવટે શિવે દર્શન આપી ગૌતમ પવિત્ર છે એમ કહ્યું.

૧૩. પું. ભરદ્વાજ ઋષિ.

૧૪. પું. ભૂમિહારોનો એક ભેદ.

૧૫. પું. મહાવીર સ્વામીનો મુખ્ય શિષ્ય.

૧૬. પું. યુધિષ્ઠિરના અશ્વમેધ યજ્ઞમાં ઋત્વિજનું કામ કરનાર સોળ માંહેનો એક ઋષિ.

૧૭. પું. વિચિત્ર બળદને શણગારી તેની મારફત ભિક્ષા ઉધરાવનાર ભિક્ષુક.

૧૮. પું. વિષુવાંશ ૯ અને ઉત્તર ક્રાંત્યંશ ૫૬માં આવેલો એ નામનો એક તારો.

૧૯. પું. શાક્ય વંશી એ નામનો એક રાજકુમાર; બૌદ્ધ ધર્મનો સ્થાપક રાજકુમાર સિદ્ધાર્થ. તેમનો સમય ઈ. સ. પૂર્વે ૫૬૦થી ૪૮૦ મનાય છે. તેમના રાજ્યની રાજધાની કપિલવસ્તુ કાશીથી ૧૦૦ માઈલ દૂર ઈશાન ખૂણામાં આવેલ છે. કિશોરાવસ્થાનાં અને યુવાવસ્થાનાં તેમનાં ડહાપણ અને શક્તિની અનેક દંતકથા જાણીતી છે. ૨૯ વર્ષની ઉંમરે તેમને જ્ઞાન પ્રાપ્ત થયું. ત્યારબાદ તેમણે ધર્મમય જીવન ગાળ્યું. પોતાને ત્યાં પુત્રજન્મ થયા પછી થોડા સમય બાદ પોતાની સ્ત્રી તથા બાળકને સૂતેલાં મૂકી, દોલત અને સત્તા છોડી દઈ સંન્યાસી જેવો પોશાક ધારણ કરી તે ચાલી નીકળ્યા. છ વર્ષ સુધી તેમણે ઉગ્ર તપ કર્યું. તેમના શિષ્યોએ તેમને તજી દીધા. ત્યાર પછી બોધિવૃક્ષ નીચે તેમને જ્ઞાન પ્રાપ્ત થયું. ચાળીશ વર્ષ સુધી તેમણે ઉપદેશ કર્યો. અહિંસા અને સત્ય તેમનાં સૂત્ર હતાં. કુશીનગરમાં તે નિર્વાણ પામ્યા. તેમના અવશેષો તેમના શિષ્યોને સોંપવામાં આવ્યા હતા. તેને જાળવવા સ્તૂપ બાંધવામાં આવ્યા હતા.

૨૦., પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૨૧. સ્ત્રી. એ નામની સુતારની એક અટક.

૨૨. ન. આયાસ્ય ગોત્રનું એ નામનું એક પ્રવર.

૨૩. ન. એ નામની અટકનું માણસ.

૨૪. ન. ગૌતમના કુળમાં પેદા થયેલ માણસ.

૨૫. ન. શારદ્વત ગોત્રનું એ નામનું એક પ્રવર.

૨૬. વિ. એ નામની અટકનું.

ગૌતમદ્વાર [સં.] ન. પાટલિપુત્રનું એ નામનું એક પ્રવેશદ્વાર.

ગૌતમદ્વીપ [સં.] પું. લવણ સમુદ્રમાં આવેલો એ નામનો એક બેટ.

ગૌતમપર્ક [સં.] પું. સામવેદમાં જણાવેલ એ નામનો એક ઋષિ.

ગૌતમરાહુગણ [સં.] પું. એક વૈદિક ઋષિ. તેણે કુલ ૨૦૪ ઋચાવાળાં વીશ સૂક્ત રચ્યાં છે.

ગૌતમશાસ્ત્ર [સં.] ન. ન્યાયશાસ્ત્ર.

ગૌતમસ્મૃતિ [સં.] સ્ત્રી. વીશ માંહેની ગૌતમઋષિએ બનાવેલી એ નામની એક સ્મૃતિ.

ગૌતમસ્વામી પું. મહાવીર સ્વામીનો એ નામનો મુખ્ય શિષ્ય.

ગૌતમાશ્રમ ૧. [સં.] પું. ગોદાવરીના મૂળ પાસે ત્ર્યંબકમાં આવેલ એ નામનો આશ્રમ. રામાયણમાં ગૌતમ ઋષિનો આશ્રમ જનકપુરની પાસે આવ્યાનું કહેવાયેલ છે.

૨. પું. તિરહટમાં જનકપુરથી નૈર્ઋત્યે ચોવીસ માઈલ ઉપર અહિયારી ગામમાં આવેલ એક આશ્રમ; અહલ્યાસ્થાન.

૩. પું. સરયૂને કિનારે ગોંડનામાં આવેલ એ નામનો એક આશ્રમ.

ગૌતમાંગિરસ [સં.] સ્ત્રી. અંગિરસના વંશની ત્રણ માંહેની એક મુખ્ય શાખા.

ગૌતમી ૧. પું. અશ્વત્થામા.

૨. પું. બ્રહ્મની સભામાંનો એ નામનો એક દેવતા.

૩. સ્ત્રી. એ નામની એક રાક્ષસી.

૪. સ્ત્રી. એ નામની સુતારની અટક.

૫. સ્ત્રી. એક પવિત્ર પરમાર્થી વૃદ્ધ બ્રાહ્મણની એ નામની સ્ત્રી.

૬. સ્ત્રી. કણ્વ ઋષિની એ નામની બહેન.

૭. સ્ત્રી. કૃપાચાર્યની સ્ત્રી. તે પ્રસિદ્ધ તપસ્વિની હતી.

૮. સ્ત્રી. ગોદાવરી નદી. તે ગૌતમ નામના પર્વતમાંથી નીકળે છે.

૯. સ્ત્રી. ગોદાવરીની ઉત્તર તરફની શાખાનું નામ; ગોદાવરી નદીનો એક ફાંટો. તે બંગાળાના અખાતને મળે છે. આ નદીનું નામ ગૌતમ ઋષિ ઉપરથી પડ્યું છે. ગૌતમ ઋષિએ પોતાની પત્નીને ઇંદ્ર સાથે ગમન કર્યા બદલ શુષ્ક નદી બની જવાનો શાપ આપ્યો. તેણીએ કૃપા માટે યાચના કરતાં ઋષિએ જણાવ્યું કે જો તેણી ગોદાવરી નદીને મળશે તો પ્રથમનું સ્વરૂપ પુનઃ પ્રાપ્ત કરશે.

૧૦. સ્ત્રી. ગોરોચના; ગૌચંદન.

૧૧. સ્ત્રી. ગૌતમ ઋષિની બનાવેલી સ્મૃતિ.
૧૨. સ્ત્રી. ગૌતમ ઋષિની સ્ત્રી અહલ્યા.
૧૩. સ્ત્રી. દુર્ગાનું એક નામ.
૧૪. સ્ત્રી. દ્રોણાચાર્યની સ્ત્રી; કૃપી.
૧૫. સ્ત્રી. પાર્વતી.
૧૬. સ્ત્રી. શાક્યસિંહ મુનિએ બનાવેલ વિદ્યા.
૧૭. ન. ઉદ્દયારન ગોત્રનું એ નામનું એક પ્રવર.
૧૮. ન. એ નામની અટકનું માણસ.
૧૯. વિ. એ નામની અટકનું.

ગૌતમીગંગા [સં.] સ્ત્રી. ગોદાવરી નદીની ઉત્તર તરફની શાખાનું નામ. તેને કાંઠે ગૌતમ ઋષિએ તપ કરેલ હોવાથી તેને ગૌતમીગંગા કહે છે. ત્યાં કારતકમાં સિંહના બૃહસ્પતિ આવે ત્યારે સ્નાન કરવા લાખો માણસોની યાત્રા ભરાય છે.

ગૌતમીય [સં.] વિ. ગૌતમે બનાવેલ.

ગૌતમીસ્મૃતિ [સં.] સ્ત્રી. અઢાર માંહેની એ નામની એક સ્મૃતિ.

ગૌતમેશ પું.; ન. શિવનાં બાર માંહેનું અગિયારમું લિંગ.

ગૌતરાટ [સં. ગૌ (ગાય) + ત્રિ (ત્રણ) + રાત્રિ] પું. ત્રણ રાત પાળવાનું ગાયનું એક વ્રત. ભાદ્રપદ સુદિ ૧૩થી ૧૫ સુધીમાં સ્ત્રીઓ આ વ્રત કરે છે.

ગૌતિકમાત્રા સ્ત્રી. સંગીતની એ નામની એક માત્રા.

ગૌત્રાટ જુઓ ગૌતરાટ.

ગૌત્રાટવ્રત જુઓ ગૌતરાટ.

ગૌત્રિયા સ્ત્રી. ગાય.

ગૌદંતેય [સં.] વિ. ગોદંત નામે ચંદન સંબંધી.

ગૌદાન [સં.] ન. ગાયનું દાન; ધર્માદામાં ગાય આપવી તે.

ગૌદાનિક [સં.] વિ. કેશાંત સંસ્કારમાં કરવામાં આવતું.

ગૌદો [ફા.] પું. મૂર્ખ.

ગૌધણ ન. ગાયનું ધણ; ગાયનું ટોળું.

ગૌધન ૧. [સં.] ન. ગાયો રૂપી મિલકત.
૨. વિ. ઇંદ્રિયોથી સુખી હોય એવું.

ગૌધામ ન. ગાયોને રહેવાનું સ્થળ.

ગૌધાર [સં.] પું. કાળો સર્પ અને સ્થળઘોથી ઉત્પન્ન થયેલ એક જાતનું પ્રાણી; ગોધિકાપુત્ર.

ગૌધૂમીન [સં.] ન. ઘઉં જેમાં પાકી શકે તેવું ખેતર.

ગૌધેય જુઓ ગૌધાર.

ગૌધેર જુઓ ગૌધાર.

ગૌન ૧. [હિં.] પું. બળદ બાંધવામાં આવે એવી છાંયાવાળી જગ્યા.
૨. વિ. ગૌણ; સાધારણ.

ગૌનહાર [હિં.] સ્ત્રી. કન્યા સાથે સાસરે જતી સ્ત્રી.

ગૌના [સં. ગમન (જવું તે)] સ્ત્રી. (હિંદી) સગપણ કરેલી દીકરીને સાસરે વળાવવાપણું.

ગૌપત્ય [સં.] ન. ગોવાળપણું; ગાયોનું માલિકપણું.

ગૌપદ [સં.] ન. ગાયનું પગલું.

ગૌપદવચ્છસંસાર પું. ગાયથી જન્મેલા વાછરડાના પગની ખરીથી જમીનમાં પડેલ ખાડા જેટલું પાણી સમાય તેની બરાબર તુચ્છ સંસાર.

ગૌપાયન ૧. પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.
૨. વિ. ગોપના વંશનું. તેમાં ખાસ કરીને ચાર વિદ્વાન ઋષિ થઈ ગયા. તેમાંનો એક સુબંધુ મરી ગયા પછી ફરી વાર જીવતો થયો હતો.

ગૌપાલન [સં.] ન. ગાયો પાળવી તે.

ગૌપિક [સં.] પું. ગોવાળણનો દીકરો.

ગૌપુચ્છ ૧. [સં.] ન. ગાયનું પૂછડું.
૨. વિ. ગાય કે બળદના પૂછડા જેવું.

ગૌપુચ્છિક ૧. [સં.] વિ. ગાય કે બળદના પૂછડાથી તરનાર.
૨. વિ. ગાયના પૂછડાં સંબંધી.

ગૌપુત્રી [સં.] સ્ત્રી. વાછડી.

ગૌપ્તિક ૧. પું. કોટવાળ.
૨. વિ. રક્ષક; રક્ષણ કરનાર.

ગૌપ્ય પું. અઠ્ઠાણુ માંહેનો એક દેશ.

ગૌપ્રતિપાલક [સં.] વિ. ગાયોનું પાલન કરનાર.

ગૌબ્રાહ્મણ [સં.] પું. ગાય અને બ્રાહ્મણ.

ગૌબ્રાહ્મણપ્રતિપાલ ૧. [સં.] પું. રાજા; હાકેમનો આગળના વખતનો એક ઇલ્કાબ.
૨. વિ. ગાયો અને બ્રાહ્મણોનું પાલન કરનાર.

ગૌબ્રાહ્મણપ્રતિપાળ જુઓ ગૌબ્રાહ્મણપ્રતિપાલ.

ગૌભિલ પું. એ નામનો એક ઋષિ.

ગૌમઈઝ ન. (જરથોસ્તી) ગાયનું મૂત્ર.

ગૌમયિક [સં.] વિ. ગાયના છાણથી બનેલ.

ગૌમંડલ [સં.] ન. ગાયનો સમૂહ.

ગૌમંડળ જુઓ ગૌમંડલ.

ગૌમાતા સ્ત્રી. ગાય.

ગૌમાર પું. સિંહ.

ગૌમુખ ૧. સ્ત્રી. ગૌમુખી; ગાયના મોઢાના આકારની માળા ફેરવવાની કોથળી.
૨. ન. ગાયના મોંનો આકાર.
૩. [સં.] ન. ગાયનું મોઢું.
૪. વિ. મોં ઉપરથી ગરીબ દેખાતું.

ગૌમુખવ્યાઘ્ર [સં.] પું. મુખમાં રામ પણ બગલમાં છૂરી હોય એવો માણસ; કપટી માણસ; જીભે મધ પણ હૃદયમાં હળાહળ ઝેર હોય તેવો માણસ; ભયંકર માણસ.

ગૌમુખાસન [સં.] ન. યોગનું એ નામનું આસન. તે કરવાની રીતઃ જમણા ઢીંચણ ઉપર ડાબું ઢીંચણ રાખીને બેસવું ને ડાબા હાથને બરડાની પાછળ લઈ જઈ, ઊંચો કરી, જમણો હાથ માથાને પડખે કાન પાસે કોણી રહે એમ ઊંચો રાખી, તે હાથે કોણીની નીચેનો ભાગ નીચો નમાવી પકડવો.

ગૌમુખિયું જુઓ ગૌમુખું.

ગૌમુખી ૧. સ્ત્રી. ગાયના મોઢાના આકારની માળા ફેરવવાની કોથળી; ગોમુખી.
૨. સ્ત્રી. નાગરી પૂજાવિધિ.
૩. ન. એ નામનું એક સ્થળ. આ સ્થળ ગંગોત્રીથી બે માઈલ દૂર આવેલ છે. એ મોટા ખડકરૂપે હોઈ હિંદુઓ એને ગોમુખ કહે છે, કારણકે એનો આકાર ગાયના ધડ અને મુખને મળતો આવે છે.
૪. વિ. ગાયના મોઢાવાળું.

ગૌમુખીગંગા સ્ત્રી. પથ્થરમાંથી કોરેલ ગાયના મુખમાંથી નીકળતા પાણીનો પ્રવાહ. ગિરનાર ઉપર ગૌમુખીગંગા છે. ત્યાં ગાયના મુખમાંથી પાણી નીકળ્યા કરતું જોવામાં આવે છે.

ગૌમુખું ૧. વિ. ગાયના મોઢાવાળું.
૨. વિ. રાંક; ગરીબ.

ગૌમુખો વાઘ = (૧) ઉપરથી ગરીબ દેખાતું પણ અંદરથી વાઘ જેવું ક્રૂર. (૨) દેખીતું ગાયના મોં જેવું; દીન મુખવાળું.

૩. વિ. શરમાળ.

ગૌમૂત્ર [સં.] ન. ગાયનું મૂત્ર. તે પવિત્ર ગણાય છે. તેની અંદર ક્ષારનો ભાગ રહેલ છે અને તેથી તે મૂત્રલ તથા સારક તરીકે વપરાય છે. શરીરે ચેળ આવતી હોય ત્યારે ગૌમૂત્રથી સ્નાન કરવામાં આવે છે.

ગૌમૂત્રપ્રાશન [સં.] ન. (વૈદક) ઔષધ તરીકે ગૌમૂત્ર પીવું તે.

ગૌમેટ ૧. ન. ગાયનું માંસ.
૨. વિ. ગાયની માટી બરાબર; હરામ; અગ્રાહ્ય.

ગૌમેદ [સં.] પું. એક પ્રકારનું રત્ન. તે ગૌમૂત્રના રંગનું હોય છે.

ગૌમેધ ૧. [સં.] પું. એ નામનો એક યજ્ઞ.

૨. સ્ત્રી. ગાયોનું બળિદાન.

ગૌમેધક ન. એક પ્રકારનું ઝવેરાત.

ગૌમોદક ન. એ નામનું એક ઝવેરાત.

ગૌર ૧. [સં.] પું. એક જાતનો મૃગ. તેની ખરીમાં ફાટ હોતી નથી.

૨. પું. એક પર્વત. તે બ્રહ્માંડ પુરાણ અનુસાર કૈલાસની ઉત્તરમાં છે.

૩. પું. કપૂર.

૪. પું. કેસર.

૫. [અ.] પું. ખયાલ.

૬. પું. ચંદ્ર.

૭. પું. ચિંતન; વિચાર.

૮. પું. ચૈતન્ય મહાપ્રભુનું એક નામ.

૯. પું. ધોળા સરસવ; સફેદ સરસવ.

૧૦. પું. ધોળો રંગ; સફેદ રંગ.

૧૧. [ફા.] પું. નાસ્તિક માણસ.

૧૨. પું. પીળો રંગ.

૧૩. પું. (પુરાણ) મત્સ્ય પુરાણ પ્રમાણે ગૌરી એટલે અષ્ટવર્ષા કન્યાનો પુત્ર. તે વેદ જાણનાર અને સોમ પીનાર બ્રાહ્મણ જેવો પંક્તિપાવન ગણાય છે.

૧૪. પું. (પુરાણ) મહાભારતમાં જણાવેલો એક પ્રાચીન દેશ.

૧૫. પું. લાલ રંગ.

૧૬. સ્ત્રી. પાર્વતી.

૧૭. સ્ત્રી. સાઠી ચોખા.

૧૮. સ્ત્રી. હિંદુ લગ્નની એક વિધિ. તેમાં કન્યાને તેનાં નજીકનાં સગાં પૂજે છે.

૧૯. ન. એક જાતનું માપ.

૨૦. ન. કમળ.

૨૧. ન. સોનું.

૨૨. વિ. ગોરૂં; સફેદ; ધોળું; ઉજ્જ્વળ.

૨૩. વિ. પીળું; ફીકું.

૨૪. વિ. લાલ રંગનું.

૨૫. વિ. શુદ્ધ.

૨૬. વિ. સુંદર.

ગૌરક ૧. પું. ગૌર દેશનો વતની.

૨. ન. એ નામે એક જાતનું પ્રાણી.

ગૌરક્ષણ [સં.] ન. ગાયોનું રક્ષણ; ગૌરક્ષા.

ગૌરક્ષા [સં.] સ્ત્રી. ગાયની રક્ષા; ગાયોનું રખવાળું; ગાયોનું પાલનપોષણ.

ગૌરક્ષામંડળી સ્ત્રી. ગાયોની રક્ષા કરનાર મંડળ.

ગૌરક્ષ્ય [સં.] ન. ગાયનું રક્ષણ કરવારૂપ એક વૈશ્ય કર્મ; પશુપાલન કર્મ.

ગૌરખર પું. એક જાતનો ગધેડો.

ગૌરગ્રીવ ૧. [સં.] પું. એ નામનો એક દેશ.

૨. પું. (પુરાણ) એક બ્રહ્મર્ષિનું નામ.

૩. વિ. એ નામના દેશમાં રહેનાર.

ગૌરચંદ્ર ૧. [સં.] પું. કૃષ્ણ ચૈતન્ય મહાપ્રભુ.

૨. પું. સફેદ ચંદ્ર.

ગૌરજ [સં.] સ્ત્રી. ગાયોથી ઊડતી રજ.

ગૌરજિન પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

ગૌરજીરક [સં.] ન. ધોળું જીરૂં.

ગૌરતા [સં.] સ્ત્રી. ગોરાપણું; સફેદાઈ.

ગૌરથ પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

ગૌરપરાશર પું. (પુરાણ) એ નામનો એક ઋષિ. તેના કુળમાં કાંડૂષપ, વાહનપ, જૈહ્યપ, ભૌમતાપન અને ગોપાલિ નામના પ્રખ્યાત ઋષિ થઈ ગયા.

ગૌરપૃષ્ઠ [સં.] પું. (પુરાણ) એ નામનો યમની સભામાંનો એક ક્ષત્રિય.

ગૌરપ્રભ પું. (પુરાણ) શુક્રાચાર્યને પીબરીથી થયેલા પાંચ માંહેનો એ નામનો એક પુત્ર.

ગૌરમલ્હાર પું. એ નામનો એક રાગ.

ગૌરમંડળ પું. બંગાળમાં થતો એક ઊંચી જાતનો આંબો.

ગૌરમુખ [સં.] પું. (પુરાણ) શમીક ઋષિનો એ નામનો શિષ્ય. તેણે ગુરુની આજ્ઞાથી પરીક્ષિતને ત્યાં જઈને તેના મૃત્યુની ખબર કરી હતી.

ગૌરમૃગ ૧. [સં.] પું. એક જાતનો ધોળો મૃગ.

૨. ન. સફેદ હરણના ચામડાનું બનાવેલું વસ્ત્ર.

ગૌરવ ૧. પું. ઉત્કર્ષ; ચડતી.

૨. પું. (ન્યાય) એક પ્રકારનો દોષ. બુદ્ધિ બધા નિયમોને બને ત્યાંસુધી એક નિયમ નીચે લાવવા મથે છે. આ ઉપરથી એમ ફલિત થાય કે જ્યાં એક વસ્તુનો તર્ક કરવાથી ચાલતું હોય ત્યાં બેનો ન કરવો અને જ્યાં સરલ પદ્ધતિથી ખુલાસો થતો હોય ત્યાં વધારે અટપટી પદ્ધતિથી ન કરવો. આ નિયમનો ભંગ કરવો એ ગૌરવદોષ કહેવાય છે.

૩. ન. અગત્ય.

૪. ન. અભિમાન; ગર્વ.

૫. [સં.] ન. આદર; સન્માન.

૬. ન. આબરૂ; ઇજ્જત.

૭. ન. આસક્તિ; લાગણી.

૮. ન. ગમન; ગતિ.

૯. ન. ગુરુપણું; ગુરુનું કર્મ.

૧૦. ન. ઘણો અર્થ સમાયેલો હોય તેવું કાવ્ય.

૧૧. ન. ચલણ; વગ.

૧૨. ન. ભક્તિ.

૧૩. ન. મહત્તા; મોટાઈ; પ્રતિષ્ઠા; મોભો.

૧૪. ન. લાલિત્ય; છટા.

૧૫. ન. વજન; ભાર.

૧૬. ન. શોભા; ભપકો.

૧૭. ન. સાંકૃત્યન ગોત્રનું એ નામનું એક પ્રવર.

૧૮. વિ. ગુરુ સંબંધી.

ગૌરવઠાણ [પ્રા.] ન. મોટાઈ; મહત્તા.

ગૌરવદન [સં.] ન. સુંદર મોઢું.

ગૌરવદાન [સં.] ન. વસ્તુની મહત્તા અથવા ઉપયોગિતાનું પ્રમાણ ઠરાવવું તે. તે નક્કી કરવામાં વસ્તુનો વ્યય, તેના વેપારનું પ્રમાણ, સરવૈયાનું પ્રમાણ અને તેની ઉપયોગિતા ધ્યાનમાં લેવાય છે.

ગૌરવપૂર્ણ [સં.] વિ. ગૌરવથી ભરેલું.

ગૌરવપ્રદ [સં.] વિ. ગૌરવ આપનારૂં.

ગૌરવર્ણ ૧. [સં.] પું. ઊજળો રંગ; સફેદ વર્ણ.

૨. વિ. ગોરા રંગનું; ઊજળા વાનવાળું.

ગૌરવલ્લી [સં.] સ્ત્રી. એક જાતનો વેલો.

ગૌરવવંતું વિ. ગૌરવવાળું.

ગૌરવવાન જુઓ ગૌરવવંતું.

ગૌરવશાલી [સં. ગૌરવશાલિન્] વિ. ગૌરવવાળું.

ગૌરવશાળી જુઓ ગૌરવશાલી.

ગૌરવશીલ [સં.] વિ. પ્રભાવશાળી; ગૌરવ ભરેલું.

ગૌરવહાનિ [સં.] સ્ત્રી. ગૌરવમાં નુકસાન; માનહાનિ.

ગૌરવાન્વિત [સં.] વિ. ગૌરવવાળું; પ્રતિષ્ઠિત.

ગૌરવાહન [સં.] પું. (પુરાણ) એ નામનો એક ક્ષત્રિય.

ગૌરવાંકિત [સં.] વિ. ગૌરવથી અંકાયેલું.

ગૌરવિત ૧. વિ. ગર્વિષ્ઠ; ગર્વવાળું.

૨. [સં.] વિ. પૂજ્ય; માનનીય.

ગૌરવી વિ. સ્ત્રી. ગૌરવવાળી.

ગૌરવીતિ પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

ગૌરશાલિ [સં.] ન. એક પ્રકારનું શાલિ ધાન્ય.

ગૌરશિરા પું. (પુરાણ) એ નામનો એક ઋષિ.

ગૌરશી સ્ત્રી. પરીક્ષા; ચિકિત્સા.

ગૌરસ ન. છાશ.

ગૌરસર્ષપ ૧. [સં.] પું. એ નામનો એક મુનિ.

૨. પું. ત્રણ સરસવનું એક માપ.

૩. પું. સફેદ સરસવ.

ગૌરસુવર્ણ ૧. [સં.] ન. એક જાતની વનસ્પતિ. તે ચિત્રકૂટમાં ભીનાશવાળી જગ્યાએ બહુ થાય છે. તેનાં પાંદડાં નાનાં અને સોનેરી રંગનાં હોય. તેના નાના નાના કટકા થઈ જાય છે અને તેમાંથી બહુ સરસ સુગંધી નીકળે છે. તે ત્રિદોષ તાવ તથા પાક દૂર કરનાર મનાય છે.

૨. ન. પીળું સોનું.

ગૌરસ્વરૂપ [સં.] વિ. ધઉંવર્ણું.

ગૌરહારી સ્ત્રી. (સંગીત) ધ્રુપદ ગાવાની તાનસેનની એક બાની.

ગૌરા ૧. પું. ચકલો.

૨. પું. (સંગીત) હનુમંત મત પ્રમાણે હિંદોલ રાગના આઠ માંહેનો એક પુત્ર. તે ગાવાનો સમય સાંજનો છે. તેની જાતિ સંપૂર્ણ એટલે ખરજ શુદ્ધ, રિખભ કોમળ, ગંધાર તીવ્ર, મધ્યમ તીવ્ર, પંચમ શુદ્ધ, ધૈવત તીવ્ર અને નિખાદ તીવ્ર એ પ્રમાણે સાતે સ્વર આવે છે. તેમાં પંચમ વાદી સ્વર, ખરજ સંવાદી સ્વર અને ધૈવત ગ્રહ સ્વર છે.

૩. [હિં.] સ્ત્રી. ગોરા રંગની સ્ત્રી.

૪. સ્ત્રી. પાર્વતી; ગિરિજા.

૫. [સં.] સ્ત્રી. વિશુદ્ધ સ્ત્રી.

૬. સ્ત્રી. હળદર.

૭. ન. ગોરોચન નામનું સુગંધી દ્રવ્ય.

ગૌરાજાજી [સં.] ન. ધોળું જીરૂં.

ગૌરાણી સ્ત્રી. એક જાતનો બે ત્રણ ફૂટ ઊંચો ઊગતો શિંગવાળો છોડ. શિંગમાંથી નીકળતાં બિયાં ઢોરને ખવરાવાય છે. ચામડીના રોગ ઉપર તે ફાયદો કરનાર મનાય છે.

ગૌરાર્દ્ર જુઓ ગૌરાર્દ્રક.

ગૌરાર્દ્રક [સં.] ન. અફીણ, કણેર વગેરે સ્થાવર ઝેર.

ગૌરાશ્વ ૧. [સં.] પું. અર્જુન.

૨. પું. (પુરાણ) એ નામનો એક રાજર્ષિ.

૩. પું. યમની સભાનો એ નામનો સભાસદ.

ગૌરાસ્ય [સં.] પું. ધોળા મોઢાવાળો એક જાતનો વાનર.

ગૌરાહર ૧. સ્ત્રી. રજપૂતોની એક જાતિ.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

ગૌરાહિક [સં.] પું. એક જાતનો ઝેર વિનાનો સાપ.

ગૌરાંગ ૧. [સં.] પું. ગોરા અંગવાળો માણસ.

૨. પું. બંગાળમાં નવદ્વીપ અથવા નદિયામાં પ્રાચીન સમયમાં થઈ ગયેલા એક મહાન ભક્ત; ચૈતન્ય મહાપ્રભુ; એક ધર્માચાર્ય.

૩. પું. વિષ્ણુ.

૪. પું. શ્રીકૃષ્ણ.

૫. વિ. ગોરા અંગવાળું; સફેદ અંગવાળું; સુંદર; રૂપાળું.

૬. વિ. યરપિયનને લગાડવામાં આવતું એક વિશેષણ.

ગૌરાંગદેવ ૧. પું. ગોરા અંગવાળો પશ્ચિમનો વતની.

૨. [સં.] પું. ચૈતન્ય મહાપ્રભુ.

ગૌરાંગના સ્ત્રી. ગોરી સ્ત્રી.

ગૌરાંગિની ૧. સ્ત્રી. ગોરી સ્ત્રી; યરપિયન સ્ત્રી.

૨. વિ. સ્ત્રી. ગૌર અંગવાળી.

ગૌરાંગિરસ પું. સામવેદનો એ નામનો એક ઋષિ.

ગૌરાંગી સ્ત્રી. ગોરી સ્ત્રી.

ગૌરિ ૧. [સં.] પું. આંગિરસ ઋષિ.

૨. સ્ત્રી. ગોરી સ્ત્રી.

ગૌરિકા [સં.] સ્ત્રી. આઠ વર્ષની કુંવારી કન્યા.

ગૌરિયા ૧. [હિં.] સ્ત્રી. એક જાતનું મોટું કપડું.

૨. સ્ત્રી. કાળા રંગનું એક જાતનું જલપક્ષી. તેનું માથું ભૂરા રંગનું અને ડોક સફેદ હોય છે. ઋતુના ફેરફાર પ્રમાણે તેની ચાંચનો રંગ બદલાતો જાય છે.

૩. સ્ત્રી. માટીનો બનાવેલો નાનો હુક્કો.

ગૌરિવીતિ ૧. [સં.] પું. એ નામનો એક ઋષિ. તેણે ઋગ્વેદના નવમા મંડલનું ૧૦૮મું અને દશમા મંડલનાં ૩૭ અને ૭૪માં સૂક્ત રચ્યાં છે.

૨. પું. સામવેદનો એ નામનો એક ઋષિ.

ગૌરી ૧. પું. (પિંગળ) એક અર્ધસમજાતિ માત્રામેળ છંદ. તે આર્યા છંદનો એક ભેદ છે. તેમાં ૨૦ ગુરુ અને ૧૭ લઘુ મળી ૩૭ વર્ણ અને ૫૭ માત્રા હોય છે.

૨. પું. (સંગીત) એક ચતસ્ત્રજાતિ ૨૦ માત્રાનો તાલ. તેનાં તાલસ્થાન ૧, ૫, ૯, ૧૩, ૧૭ માત્રા ઉપર છે.

૩. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે પંચા છંદનો ભેદ છે. તેમાં ૯ ગુરુ અને ૨૮ લઘુ મળી ૩૭ વર્ણ અને ૪૬ માત્રા હોય છે.

૪. પું. (પિંગળ) એક સમજાતિ માત્રામેળ છંદ. તે દ્રૌપદી છંદનો ભેદ છે. તેમાં ૪૮ ગુરુ અને ૧૬ લઘુ મળી ૬૪ વર્ણ અને ૧૧૨ માત્રા હોય છે.

૫. પું. ગુવાર.

૬. પું. (પિંગળ) જગતીની જાતનો બે નગણ અને બે રગણ મળી બાર અક્ષરનો એક છંદ; પ્રભા; મંદાકિની; પ્રમુદિતમદના; પ્રમુદિતવદના.

૭. પું. (પિંગળ) દરેક ચરણમાં આઠ મગણ અને બે ગુરુ મળી છવ્વીશ અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; જીમૂતવાહન. તે ઉત્કૃતિ છંદનો ભેદ છે.

૮. પું. (પિંગળ) દરેક ચરણમાં તગણ, બે જગણ અને યગણ મળી બાર અક્ષરનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; માયા. તે જગતીનો છંદનો ભેદ છે. તેમાં સાતમા અક્ષરે યતિ આવે છે.

૯. પું. (સંગીત) પૂર્વીથાટમાંથી ઉત્પન્ન થતો એ નામનો એક રાગ. તે ગાવાનો સમય દિવસનો ત્રીજો પહોર છે. તેમાં રિખભ, ધૈવત કોમળ છે. તે સિવાય સર્વે શુદ્ધ સ્વર છે. આ રાગનો વાદી સ્વર રિખભ અને સંવાદી સ્વર ધૈવત છે.

૧૦. સ્ત્રી. આકાશમાંસી નામની વનસ્પતિ.

૧૧. સ્ત્રી. આઠ વર્ષની બાળા.

૧૨. સ્ત્રી. એ નામની એક નદી. ગ્રીક લોકોએ તેને ગૌરાઇઓસ અગર ગૌરીલ કહી છે.

૧૩. સ્ત્રી. એ નામની દેવી. તેનું સ્થાન કનોજમાં છે.

૧૪. સ્ત્રી. એ નામની પીંજારાની એક અટક.

૧૫. સ્ત્રી. એક જાતની વિદ્યા; બુદ્ધની તે નામે એક શક્તિ.

૧૬. સ્ત્રી. કોથમીર.

૧૭. સ્ત્રી. ગંગા નદી.

૧૮. સ્ત્રી. ગોરા રંગની સ્ત્રી; સુંદરી.

૧૯. સ્ત્રી. ગોરોચન.

૨૦. સ્ત્રી. ગોળમાંથી બનાવેલ દારૂ.

૨૧. સ્ત્રી. ચમેલી.

૨૨. સ્ત્રી. તુલસી.

૨૩. સ્ત્રી. દારૂહળદર.

૨૪. સ્ત્રી. ધોળી ધ્રોખડ.

૨૫. સ્ત્રી. ધોળું નસોતર.

૨૬. સ્ત્રી. પાર્વતી; ઉમા; કાત્યાયની.

૨૭. સ્ત્રી. પુરાણાનુસાર બ્રહ્માના ત્રીશ માંહેનો અઠ્ઠાવીશમો દિવસ.

૨૮. સ્ત્રી. પૃથ્વી.

૨૯. સ્ત્રી. પ્રિયંગુ વૃક્ષ.

૩૦. સ્ત્રી. મજીઠ.

૩૧. સ્ત્રી. માનાર્થે સ્ત્રીઓનાં નામ આગળ લગાડાતો શબ્દ. જેમકે, જયાગૌરી; શાંતાગૌરી.

૩૨. સ્ત્રી. રજોદર્શન જેને ન થયું હોય તેવી કન્યા.

૩૩. સ્ત્રી. વાણી; બોલી.

૩૪. સ્ત્રી. શરીરની એક નાડી.

૩૫. સ્ત્રી. સફેદ રંગની ગાય.

૩૬. સ્ત્રી. સૂર્યવંશી પ્રસેનજિત રાજાની એ નામની સ્ત્રી.

૩૭. સ્ત્રી. સોનેરી કેળ.

૩૮. સ્ત્રી. (પુરાણ) સ્વાયંભુવ મન્વંતરમાંના પશ્ચિમ દિક્પાળ વરુણની સ્ત્રી.

૩૯. સ્ત્રી. (સંગીત) હનુમંત મત પ્રમાણે માલકોષ રાગની પાંચ માંહેની એક રાગિણી. તે ગાવાનો સમય સંધ્યાકાળનો છે. તેની જાતિ સંપૂર્ણ છે. તેમાં ખરજ શુદ્ધ, રિખભ કોમળ, ગંધાર તીવ્ર, મધ્યમ કોમળ, પંચમ ધૈવત કોમળ, નિખાદ તીવ્ર એમ સાતે સ્વર આવે છે. આરોહમાં ગંધાર બાદ છે. આ રાગિણી શ્રીરાગની જોડે મળતી આવે છે. તે જેજેવંતી, આશાવરી, ગુર્જરી અને સોરઠથી મિશ્ર છે. તેની ત્રણ જાત છે: ૧. શુદ્ધ ગૌરી, ૨. જૈતી કે જયંતી ગૌરી અને ૩. લલિતા ગૌરી.

૪૦. સ્ત્રી. હળદર.

૪૧. ન. એ નામની અટકનું માણસ.

૪૨. વિ. એ નામની અટકનું.

૪૩. વિ. સ્ત્રી. ગોરી; સફેદ; રૂપાળી.

ગૌરીઉત્સવ પું. પાર્વતીના માનમાં ચૈત્ર સુદિ ૩ થી વૈશાખ સુદિ ૩ સુધી ઊજવાતો એ નામનો ઉત્સવ. આ દિવસોમાં સ્ત્રીઓ બહુ ઉલ્લાસમાં હોય છે. આ દિવસોમાં હળદર કંકુ, ખોળો ભરવો વગેરે કામ થાય છે. ગૌરીને શણગાર પહેરાવીને સૌભાગ્યવતી સ્ત્રીઓ તેની પૂજા કરે છે. આ ઉત્સવ શીતળાગૌરી નામથી પણ ઓળખાય છે.

ગૌરીકલ્પ [સં.] પું. (પુરાણ) ચાલુ બ્રાહ્મમાસમાં હવે પછી થનારો અઠ્ઠાવીશમો દિવસ. આ કલ્પમાં ગૌરીનો અવતાર પ્રથમ થનાર છે.

ગૌરીકાંત [સં.] પું. મહાદેવ; શંકર.

ગૌરીકુંડ ૧. [સં.] પું. કેદારનાથની દક્ષિણે આશરે આઠ માઈલ ઉપર આવેલું એક નાનું તળાવ. તેમાં ઊના પાણીનું ઝરણું છે.

૨. પું. કૈલાસ પર્વત ઉપર આવેલ એક સરોવર. તેમાંથી સિંધુ અને સરયૂ નદી નીકળે છે.

ગૌરીગુરુ [સં.] પું. હિમાલય.

ગૌરીચતુર્થીવ્રત [સં.] ન. માઘ સુદિ ૪ને દિવસે કરવામાં આવતું એક વ્રત. તે દિવસે ગૌરીપૂજન કર્યા પછી ભોજન કરવામાં આવે છે.

ગૌરીચરણમણિ [સં.] પું. પાર્વતીના પગથી ઉત્પન્ન થયેલો મણિ.

ગૌરીચંદન [સં.] ન. લાલ ચંદન.

ગૌરીચોથ સ્ત્રી. માઘ સુદિ ચોથ.

ગૌરીજ ૧. [સં.] પું. કાર્તિકેય.

૨. પું. ગણેશ.

૩. ન. અબરખ.

૪. વિ. ગૌરીથી જન્મેલું.

ગૌરીતક્ર [સં.] ન. વૈદ્યકપ્રસિદ્ધ એક છાશ.

ગૌરીતનય ૧. [સં.] પું. કાર્તિક સ્વામી.

૨. પું. ગણેશ.

ગૌરીતપોવ્રત [સં.] ન. કાર્તિક માસની અમાવાસ્યાને દિવસે કરવામાં આવતું એક વ્રત. તે દિવસે પાર્વતીનું પૂજન કરાય છે.

ગૌરીતાંડવ [સં.] ન. શિવનું ગૌરી સાથેનું એક જાતનું તાંડવ નૃત્ય.

ગૌરીતૃતીયા ૧. [સં.] સ્ત્રી. ચૈત્ર સુદિ ત્રીજ; મત્સ્યજયંતી.

૨. સ્ત્રી. ભાદ્રપદ સુદિ ત્રીજ. તે દિવસે શક્તિ માતાએ ભક્તોના રક્ષણને માટે હિમાલયની કન્યા પાર્વતીરૂપે અવતાર લઈ શિવશક્તિને પ્રસન્ન કર્યાં હતાં.

ગૌરીત્રીજ જુઓ ગૌરીતૃતીયા.

ગૌરીદોલોત્સવ પું. ચૈત્ર સુદિ ત્રીજને દિવસે ઊજવાતો ઉત્સવ. તે દિવસે શંકરપાર્વતીને હિંડોળામાં ઝુલાવવામાં આવે છે અને તે રાતે જાગરણ કરવામાં આવે છે.

ગૌરીનંદન ૧. [સં.] પું. કાર્તિક સ્વામી.

૨. પું. ગૌરીનો પુત્ર; ગણપતિ; ગણેશ.

ગૌરીનાથ [સં.] પું. મહાદેવ.

ગૌરીનો ફણો પું. એક જાતનો વેલો. તે ધારાં ઉપર ફાયદો કરનાર મનાય છે. આ વેલા પાણીમાં થાય છે. એનાં પાન હાથતળિયાની આકૃતિ જેવાં અને ડાંડી કાળી હોય છે.

ગૌરીપતિ [સં.] પું. શંકર; શિવ.

ગૌરીપાષાણ પું. સોમલ.

ગૌરીપુત્ર ૧. [સં.] પું. કાર્તિક સ્વામી.

૨. પું. ગણપતિ; ગણેશ; વિનાયક.

ગૌરીપુષ્પ [સં.] ન. પ્રિયંગુ વૃક્ષ.

ગૌરીપૂજન ૧. [સં.] ન. એક જાતનું સ્ત્રીઓનું વ્રત.આ વ્રતમાં કન્યાઓ સારા વરની યાચના માતાજી પાસે કરે છે.

૨. ન. પાર્વતી દેવીનું પૂજન.

ગૌરીપૂજા જુઓ ગૌરીપૂજન.

ગૌરીપ્રિય [સં.] પું. શિવ.

ગૌરીફલ ન. એક જાતનું ફળ. હિમાલયની પશ્ચિમ બાજુએ સમશીતોષ્ણ હવામાં ૩થી ૭ હજાર ફૂટની ઊંચાઈએ તેનો છોડ થાય છે. તેનાં ફૂલ નાનાં, આછા ગુલાબી રંગનાં અને ફળ નાનાં, કાળાં અને ખાવામાં વાપરી શકાય તેવાં હોય છે.

ગૌરીફળ જુઓ ગૌરીફલ.

ગૌરીમનોહરી પું. (સંગીત) બત્રીશ માંહેનો ત્રીજો થાટ. તેમાં ગંધાર કોમળ આવે છે, બીજા સ્વરો શુદ્ધ હોય છે.

ગૌરીમય વિ. ગૌરીથી વ્યાપ્ત.

ગૌરીમંત્ર [સં.] વિ. તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ એક મંત્ર.

ગૌરીય સ્ત્રી. એક જાતની ધાતુ; 'થોરીઅમ'. આ ધાતુનો પ્રાણવાયુના સંયોગથી બનેલો પદાર્થ પેટ્રોમેક્સ વગેરે બત્તીમાં વપરાતા મેન્ટલ બનાવવાના ઉપયોગમાં લેવામાં આવે છે.

ગૌરીરમણ [સં.] પું. શિવ.

ગૌરીરોચન ન. ગોરોચન.

ગૌરીલલિત [સં.] ન. હરતાલ.

ગૌરીવ્રત ન. એ નામનું એક વ્રત. જુઓ ગૌરીપૂજન.

ગૌરીશ [સં.] પું. શંકર; શિવ.

ગૌરીશંકર ૧. [સં.] પું. મહાદેવ; શિવ.

૨. ન. આખી દુનિયાનું ઊંચામાં ઊંચું હિમાલય પર્વતનું એ નામનું શિખર.

૩. ન. એક જાતનો રુદ્રાક્ષ; જોડિયા રુદ્રાક્ષ.

૪. ન. પાર્વતીનું તપશ્ચર્યા કરવાનું સ્થાન. તેના ઉપર સ્નાનકુંડ નામનું તીર્થ છે.

ગૌરીશિખર જુઓ ગૌરીશંકર ૨, ૩.

ગૌરીશ્વર [સં.] પું. શિવ.

ગૌરીસપ્તમી [સં.] સ્ત્રી. ભાદ્રપદ સુદિ સાતમને દિવસે કરાતું એક વ્રત.

ગૌરીસર [હિં.] પું. ઉપલસરી; કપૂરીમધુરી; હંસરાજ નામની બૂટી.

ગૌરીસુત ૧. [સં.] પું. કાર્તિક સ્વામી.

૨. પું. ગૌરીપુત્ર ગણેશ.

ગૌરીસ્ટાન્ડર્ડ સ્ત્રી. એ નામની ઉત્તમ ગણાતી ખાંડ.

ગૌરુવા ૧. [હિં.] સ્ત્રી. આગ્રા અને મથુરામાં રહેતા રજપૂતોની એક જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

ગૌરૂક ન. એક જાડા થડવાળું ઝાડ; બેઉબાબ.

ગૌરેય પું. એક જાતનો વિદ્યાધર.

ગૌરૈયા ૧. [હિં.] સ્ત્રી. કૂકડી.

૨. [સં. ગૃહકુલાય] સ્ત્રી. (હિંદી) ચકલી.

૩. સ્ત્રી. માટીનો બનાવેલો હુક્કો.

ગૌરૌચીનાથ પું. નાથધર્મનો એ નામનો એક સિદ્ધ પુરુષ.

ગૌર્જર સ્ત્રી. એક જાતની લિપિ.

ગૌર્જરી સ્ત્રી. ગુજરાતી ભાષા.

ગૌલક્ષણિક [સં.] વિ. ગાય કે બળદનાં લક્ષણ જાણનાર.

ગૌલણ સ્ત્રી. એ નામની એક વનસ્પતિ. તેનાં પાન નાનાં હોય છે. ઘાસની જેમ તે જમીન ઉપર પથરાય છે. તેનું થડ સાત આઠ આંગળ લંબાઈનું થાય છે. કંકસર્પ ઉપર તે વપરાય છે.

ગૌલસારંગ પું. (સંગીત) એક રાગ; ગૌડસારંગ.

ગૌલા ૧. [હિં.] સ્ત્રી. ગૌરી; પાર્વતી.

૨. પું. ઢોર ચારનાર માણસ; ગોવાળ.

ગૌલિ ૧. સ્ત્રી. ગૌર રંગની સ્ત્રી.

૨. સ્ત્રી. સફેદ ગાય.

૩. વિ.સ્ત્રી. ગૌર રંગની.

ગૌલોક ૧. [સં.] પું. ગોલોક; વિષ્ણુનું રહેઠાણ.

૨. ન. મોક્ષ; સ્વર્ગ.

ગૌલોકવાસી વિ. સ્વર્ગવાસી; મરણ પામેલ.

ગૌલોચન ન. ગૌમૂત્રમાંથી નીકળતો પદાર્થ; ગોરોચન.

ગૌલોમન [સં.] વિ. ગાયનાં રુવાંટા જેવું.

ગૌલૌ પું. એક જાતનો આખલો.

ગૌલ્મિક [સં.] પું. કોટવાળ; નગરરક્ષક.

ગૌવચ્છ ન. વાછરડું.

ગૌવધ પું. ગાયની હત્યા.

ગૌવર ન. ગાયનું છાણ.

ગૌવિલાપ પું. ગાયોનું કકલાણ.

ગૌશાલા [સં.] સ્ત્રી. ગાયોને રાખવાનું મકાન; વાડો; ગાયો બાંધવાની જગ્યા.

ગૌશાળા જુઓ ગૌશાલા.

ગૌશીતળા પું. ગાયની રસી મૂકીને કાઢેલા બળિયા; ગાયના આંચળ ઉપરથી ચેપ લઈ કાઢેલ શીળી. ડોક્ટર જેનર નામના એક અંગ્રેજે ગાયના પેટ ઉપરથી શીતળાની રસી લઈ માણસના શરીર ઉપર શસ્ત્ર વડે મૂકી સ્વાભાવિક શીતળા અટકાવી શકાય તેવી શોધ સને ૧૭૯૬માં કરી.

ગૌશૃંગ [સં.] ન. એક પ્રકારનું સામગાન.

ગૌષ્ઠીન [સં.] ન. પ્રથમ જ્યાં ગાયનો વાડો હોય એવું સ્થળ.

ગૌસ ન. છાણુ.

ગૌસહસ્રિક [સં.] વિ. જેની પાસે હજાર ગાય હોય તેવું.

ગૌસાલા જુઓ ગૌશાલા.

ગૌસેવક [સં.] પું. ગાયોની સેવા કરનાર પુરુષ.

ગૌસ્વામી ૧. સ્ત્રી. એ નામની બાવાની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ગૌહ ૧. સ્ત્રી. ઉદ્યમ.

૨. સ્ત્રી. રક્ષણ.

ગૌહત્યા [સં.] સ્ત્રી. ગાયની હત્યા; ગાયને મારવાનું પાપ.

ગૌહની ૧. સ્ત્રી. ગામ.

૨. સ્ત્રી. ગામ નજીકની જમીન.

ગૌહર ૧. [ફા.] પું. કુળ; વંશ.

૨. પું. ડહાપણ.

૩. પું. મણિ; રત્ન.

૪. પું. [હિં.] મોતી.

૫. પું. સત્ત્વ.

૬. પું. સંતતિ.

૭. પું. સ્વભાવ.

ગૌહરસંજ ૧. વિ. ટીકા કરનાર.

૨. વિ. હીરા જોખનાર.

ગૌહરા [હિં.] પું. ગાયને રહેવાનું સ્થાન; વાડો.

ગૌહરી [ફા.] પું. ઝવેરી.

ગૌં ૧. [હિં.] સ્ત્રી. જરૂર.

૨. સ્ત્રી. તક; પ્રસંગ.

ગૌંઆં પું. ગામડાનો મુખી.

ગૌંખ પું. (ચારણી) ડિંગળ માંહેનો એક રાગ.

ગૌંઘાટ ૧. સ્ત્રી. તક.

૨. સ્ત્રી. શક્તિ.

ગૌંટા ૧. [હિં.] પું. ગામડામાં થતું ખર્ચ.

૨. સ્ત્રી. એક જાતની વનસ્પતિ; મેંદી.

૩. ન. નાનું ગામડું.

ગૌંડા ૧. પું. કન્યાને ગામ જાન આવે ત્યારે અપાતું દાન.

૨. પું. ગાડારસ્તો.

૩. પું. ગામ.

ગૌંડી પું. ભીંત ઉપર શિલ્પકામ કરનાર માણસ.

ગૌંતિયા સ્ત્રી. નાનું ગામડું.

ગૌંન ન. નિવાસ; રહેઠાણ.

ગૌંસ ન. એક જાતનું ઝાડ. તે ૫૦ ફૂટ ઊંચું વધે છે. ટાઢના દહાડામાં તેનાં પાતરાં ખરી પડે છે અને ઉનાળામાં નવાં આવે છે. હિમાલય અને શિવાલિકમાં તે પુષ્કળ પ્રમાણમાં થાય છે.

ગૌંહજા ૧. [હિં.] પું. ગામડિયો.

૨. પું. મૂર્ખ માણસ.

૩. પું. સસરો.

ગ્યાટ ૧. સ્ત્રી. ચોકી; પહેરો.

૨. સ્ત્રી. પોલીસના માણસોને રહેવા, બેસવા, હથિયાર રાખવા વગેરેનું મકાન.

ગ્યાડોલિનાઇટ સ્ત્રી. એક જાતનો ખનિજ પદાર્થ.

ગ્યાન ૧. પું. ઈશ્વર.

૨. [હિં.] પું. ખાસ ધાર્મિક જ્ઞાન.

૩. પું. ઘર ફાડવાનું એક જાતનું હથિયાર; કડછો.

૪. પું. ચંદ્રમા.

૫. ન. જ્ઞાન; બુદ્ધિ.

ગ્યાનચર્ચા [હિં.] સ્ત્રી. ધાર્મિક વાદવિવાદ.

ગ્યાનવાન ૧. [હિં.] વિ. ચતુર; હોશિયાર.

૨. વિ. જ્ઞાની; ફિલસૂફ.

૩. વિ. ડાહ્યું.

ગ્યાની જુઓ ગ્યાનવાન.

ગ્યામાએરાટીઝ પું. (જ્યોતિષ) અશ્વિનીનાં ત્રણ માંહેનો એક તારો.

ગ્યામાઓરાયન પું. મૃગ નક્ષત્રનો બીજો તારો.

ગ્યામામાયનોર પું. (જ્યોતિષ) ધ્રુવમત્સ્યમાંના સાત માંહેનો બીજો તારો.

ગ્યારસ [હિં.] સ્ત્રી. ચાંદ્રમાસનો અગિયારમો દિવસ; અગિયારશ. આ દિવસે હિંદુઓ ઉપવાસ કરે છે.

ગ્યારહ [હિં.] વિ. અગિયાર.

ગ્યાલન [અં. ગૅલન] ન. પ્રવાહી માપવાનું એક માપ; આઠ શેરનું માપ.

ગ્યાલરી [અં. ગૅલરિ] સ્ત્રી. છજું; રવેશ; રાવડી.

ગ્યાલિયમ સ્ત્રી. જસતના પથ્થરમાંથી નીકળતી એક ધાતુ. તે ચળકતી અને ચાંદી જેવી સફેદ હોય છે. તે પીગળાવી શકાય છે, કાપી શકાય છે અને વાળી પણ શકાય છે.

ગ્યાલિંગ ન. તિબેટના જંગલી લોકોનું રણશિંગાના આકારનું એ નામનું એક વાદ્ય. તે બહુ નાનું, ફૂંકી વગાડી શકાય તેવું, શણગારેલી

લાકડાની ભૂંગળીનું બનેલું હોય છે અને વૈદૂર્યથી જડેલી સોનાની અથવા નીકલની કડીઓ તેમાં બેસાડેલી હોય છે.

ગ્યાસ [અં. ગેસ] પું. સ્થિતિસ્થાપક ગુણનો એક વાયુરૂપી પદાર્થ.

ગ્યાસડાઈ સ્ત્રી. લોઢાના પેચના આંટા પાડવા કામ લાગતું એક હથિયાર.

ગ્યાસતેલ ન. કેરોસીન; ધાસલેટ; ધાસતેલ.

ગ્યાસમાન ન. વાયુ માપવાનું એક યંત્ર.

ગ્યાળ ન. નિકંદન; નાશ.

ગ્યાંન [હિં.] ન. જ્ઞાન.

ગ્યેય ૧. [હિં.] ન. જાણવાની વસ્તુ.
૨. વિ. જાણવા લાયક; જ્ઞેય.

ગ્ર પું. તાડપત્રીય પુસ્તકનાં પાનાંની ગણતરી માટે કરેલા એકમ અંકો માંહેનો એક.

ગ્રથ્ ૧. [સં.] અ. ક્રિ. ખરાબ થવું.
૨. અ. ક્રિ. વળવું.
૩. સ. ક્રિ. (ધાતુ) ગૂંથવું. તે ઉપરથી થયેલ શબ્દ: ગ્રથન; ગ્રથ્ન; ગ્રથિત.

ગ્રથ પું. નાણું; પૈસો.

ગ્રથન ૧. ન. ગૂંથવું તે; ગૂંથણ.
૨. ન. ધાટું થઈ જવું તે; ગાંઠા પડી જવા તે.
૩. ન. પુસ્તક રચવું કે લખવું તે.
૪. ન. બનાવટ; રચના; ગોઠવણી.

ગ્રથલ ૧. ન. ગાંડપણ.
૨. વિ. દિઙ્મૂઢ; ચકિત; આભું.

ગ્રથલતા ૧. સ્ત્રી. ઉન્માદ.
૨. સ્ત્રી. ચકિતપણું; છક્ક થવાપણું; આભા બની જવું તે.

ગ્રથવું ૧. [સં. ગ્રથ્] સ. ક્રિ. ગૂંથવું; ગાંઠવું.
૨. સ. ક્રિ. ગોઠવવું.
૩. સ. ક્રિ. બનાવવું; રચવું; લખવું.

ગ્રથાવું ૧. અ. ક્રિ. ગુંથાવું; ગંઠાવું.
૨. અ. ક્રિ. ગોઠવાવું.
૩. અ. ક્રિ. રચાવું; લખાવું.

ગ્રથિત ૧. સ્ત્રી. એ નામની ગાયત્રીની ચોવીશ માંહેની એક મુદ્રા.
૨. વિ. એકઠું કરેલું.
૩. [સં.] વિ. ઓળંગેલું.
૪. વિ. ગૂંથેલું.
૫. વિ. રચેલું; બનાવેલું; પ્રણીત.
૬. વિ. હિંસા કરી મારી નાખેલું.

ગ્રથિતમુદ્રાપત્ર [સં.] ન. મુદ્રાપાટ; ગોઠવેલ બીબાં મૂકવાનો તકતો; ગેલી.

ગ્રસ્ ૧. [સં.] સ. ક્રિ. અશુદ્ધ શબ્દોચ્ચાર કરવો.
૨. સ. ક્રિ. ખાઈ જવું; ફાડી ખાવું; ગ્રસવું.
૩. સ. ક્રિ. (ધાતુ) ગળવું; ગળી જવું. તે ઉપરથી થયેલા શબ્દ: ગ્રસન; ગ્રસ્ત; ગ્રસ્તોદય; ગ્રસ્તાસ્ત.
૪. સ. ક્રિ. ગ્રહણ કરવું; લેવું.
૫. સ. ક્રિ. નાશ કરવું.

ગ્રસન ૧. પું. (પુરાણ) એ નામનો એક અસુર. તે તારકાસુરનો એક સેનાપતિ હતો. તારકામય સંગ્રામમાં તેનું યમની સાથે જબરૂં યુદ્ધ થયું હતું. છેવટે તેને વિષ્ણુએ માર્યો હતો.
૨. [સં.] ન. કોળિયો; ગ્રાસ.
૩. ન. ગળી જવું તે; ભક્ષણ કરવું તે; ગ્રસવાની ક્રિયા.
૪. ન. ગ્રહણ; પકડવું તે; ઝાલવું તે.
૫. ન. સૂર્ય કે ચંદ્રનું અમુક ભાગનું ગ્રહણ.

ગ્રસનિકા [સં.] સ્ત્રી. ગળું; સપ્તપથ; અન્નનલિકાનો ઉપલો પહોળો ભાગ. અન્નને ગળનારા આ ભાગમાં અન્નનલિકા પહોળી થાય છે. તેની દીવાલો માંસ પેશીઓ અને કલા વડે બનેલી હોઈ તે ચારથી પાંચ ઈંચ લાંબી અને ધતૂરાના ફૂલની માફક ઉપર પહોળી અને નીચે સાંકડી છે. તે ગ્રીવાકશેરૂકાઓની આગળ અને નાસાગુહા, મુખગુહા તેમ જ સ્વરયંત્રની પાછળ રહેલી છે. આ ભાગની દીવાલો કંઠસંકોચ નામની ત્રણ પેશીઓ તથા બીજી નાની પેશીઓ મળીને બનેલી છે. આ દીવાલોની અંદરની બાજુ કલા વડે ઢંકાયેલી છે. ગ્રસનિકાના ત્રણ વિભાગ પાડવામાં આવ્યા છે: (૧) નાસાગુહા પશ્ચિમ, (૨) ગલદ્વાર પશ્ચિમ અને (૩) સ્વરયંત્ર પશ્ચિમ. ગ્રસનિકાની દીવાલો દશ પેશીઓ મળીને બનેલી છે. ગ્રસનિકાની દરેક બાજુ ઉપર પાંચ પાંચ પેશીઓ રહેલી છે: ત્રણ કંઠસંકોચની, શિફાગલાંતરીયા તથા શ્રુતિસુરંગદ્વારિકા. આમાંની ત્રણ કંઠસંકોચની પેશીઓ એમનાં નામ પ્રમાણે એકબીજાની ઉપર ગ્રસનિકાને વીંટળાય છે અને સામી બાજુની ત્રણ પેશીઓ સાથે મળીને ગ્રસનિકાની દીવાલ મજબૂત કરે છે. ગ્રસનિકા સપ્તદ્વારવાળો પ્રદેશ છે. બે નાક સાથે સંબંધ રાખનારાં, બે કાન સાથે સંબંધ રાખનારાં, એક મુખ સાથે સંબંધ રાખનારૂં, એક અન્નનલિકા સાથે સંબંધ રાખનારૂં, જ્યારે એક શ્વાસનલિકા સાથે સંબંધ રાખનારૂં એમ સાત દ્વારો કે છિદ્રો આ ભાગમાં છે. ગ્રસનિકાની દીવાલ બનાવનારી માંસપેશીઓ પરતંત્ર પ્રકારની છે. તેઓ કોળિયો ગળે ઉતારતી વખતે ગ્રસનિકા અથવા ગળાના આ ઉપલા ભાગને પહોળો કરી ઊંચો લાવે છે. ત્યારબાદ ગ્રસનિકાની પેશીઓ કોળિયાની આસપાસ સંકોચાય છે, ગ્રસનિકા નીચે આવે છે અને ખોરાક નીચે અન્નનલિકામાં જાય છે. આ ક્રિયા દરમિયાન શ્વાસનળીનું દ્વાર અથવા સ્વરયંત્રનું દ્વાર તથા નાકનું પાછલું દ્વાર અનુક્રમે અધિજિહ્વિકા તથા કોમળ તાલુ વડે બંધ થઈ જાય છે. છોકરાંઓમાં ગ્રસનિકાગ્રંથિ વધે છે, તેને પરિણામે તેના શરીર ઉપર ઘણી માઠી અસર થાય છે. આ કારણે છોકરાંઓ બહેરાં થાય છે, તેમની છાતી બેડોળ બની જાય છે અને નાકની આકૃતિ પણ બગડે છે. તેથી કરીને છોકરાંની માનસિક સ્થિતિ પણ નબળી બની જાય છે.

ગ્રસનિકાગ્રંથિ [સં.] સ્ત્રી. ડોક અને ખોપરીના સાંધાની આગળ રૂના લોચા જેવી ગાંઠ. તેનું બંધારણ ગળાના કાકડા જેવું છે.

ગ્રસવું ૧. સ. ક્રિ. આવરવું; ઢાંકવું.
૨. સ. ક્રિ. કબજે લેવું; કબજે કરવું; પકડવું; ઝાલવું.
૩. સ. ક્રિ. કોળિયો કરવો; ખાવું; ભક્ષ કરી જવું; ખાઈ જવું.
૪. સ. ક્રિ. ગળવું; મોંમાં લેવું.
૫. સ. ક્રિ. સૂર્યચંદ્રને કેતુ અથવા રાહુએ ઘેરવું.

ગ્રસિત ૧. [સં.] વિ. આવરેલું; ઢાંકેલું.
૨. વિ. ખાઈ જવાયેલું.
૩. વિ. ગળેલું; મોંમાં લીધેલું.
૪. વિ. ગ્રહણમાં ઝડપાયેલું.
૫. વિ. પકડાયેલ; ગ્રસ્ત.

ગ્રસિષ્ણુ [સં.] વિ. ગળનારૂં; ખાનારૂં; ખાઈ જનારૂં.

ગ્રસ્ત ૧. [સં.] પું. બોલવાના અઢાર માંહેનો એક પ્રકારનો દોષ; જીભના મૂળમાં ઉચ્ચારેલો વર્ણ અસ્પષ્ટ જેવો સંભળાવો તે.
૨. ન. વર્ણપદ જેમાં લોપ પામે છે એવું એક જાતનું વાક્ય.
૩. વિ. ઉદ્યોગી; પરોવાયેલ; પ્રવૃત્ત.
૪. વિ. ગ્રાસ કરેલું; ખાધેલું; ગળેલું.
૫. વિ. ઘેરાયેલું.
૬. વિ. ડૂબેલું; ગરકાવ.
૭. વિ. પકડાયેલું; સપડાયેલું.
૮. વિ. વર્ણપદ જેમાંથી લોપ પામ્યું હોય તેવું; અસંપૂર્ણ ઉચ્ચરેલ શબ્દ જેવું.
૯. વિ. વ્યાધિથી પીડાતું; રોગથી દુ:ખી થતું; રોગથી સપડાયેલું.

ગ્રસ્તાસ્ત [સં.] પું. ગ્રહણ છૂટ્યા પહેલાં સૂર્યચંદ્રનું આથમી જવું તે; ગ્રહણવાળા ગ્રહનો વગર મુક્ત થયે એમ ને એમ અસ્ત થઈ જવો તે.

અસ્તોદય [સં.] પું. ગ્રહાયેલા સૂર્યચંદ્રનો ઉદય થવો તે; ઉદય થયા પહેલાં જેમને ગ્રહણ લાગી ગયું હોય એવા સૂર્યચંદ્રનું ઊગવું તે; ગ્રહણ અવસ્થામાં જ સૂર્ય કે ચંદ્રનો ઉદય.

ગ્રસ્ય [સં.] વિ. ગ્રાસ કરવા જેવું; ખાવા યોગ્ય.

ગ્રહ્ ૧. [સં.] સ. ક્રિ. અટકાવવું; અટકાયતમાં રાખવું; થોભાવવું.

૨. સ. ક્રિ. અશુદ્ધ શબ્દોચ્ચાર કરવો.

૩. સ. ક્રિ. કેદ કરવું; કબજે કરવું.

૪. સ. ક્રિ. ખરીદવું; વેચાતું લેવું.

૫. સ. ક્રિ. ખુશ કરવું; સંતોષવું.

૬. સ. ક્રિ. ખેંચવું; આકર્ષવું.

૭. સ. ક્રિ. ગણવું; માનવું; સમજવું.

૮. સ. ક્રિ. જુદું પાડવું; વિમુખ કરવું; લઈ જવું.

૯. સ. ક્રિ. ધારવું; કલ્પના કરવી.

૧૦. સ. ક્રિ. નાશ કરવું.

૧૧. સ. ક્રિ. (ધાતુ) પકડવું; લેવું; ઝાલવું. તે ઉપરથી બનેલ શબ્દ: અનુગ્રહ, ગ્રહ, પરિગ્રહ, અપરિગ્રહ, ગ્રહણ, પાણિગ્રહણ, આગ્રહ, સંગ્રહ.

૧૨. સ. ક્રિ. પહેરવું; ધારણ કરવું.

૧૩. સ. ક્રિ. પારંગત થવું; કાબૂ મેળવવો; નિષ્ણાત થવું.

૧૪. સ. ક્રિ. પૂર્વગ્રહ હોવો.

૧૫. સ. ક્રિ. મેળવવું; લેવું; સ્વીકારવું.

૧૬. સ. ક્રિ. સંયમ રાખવો.

ગ્રહ ૧. [સં.] પું. અનુગ્રહ; કૃપા.

૨. પું. આકાશમાં સૂર્યની આસપાસ ફરતા તેજસ્વી ગોળામાંનો દરેક; સૂર્યમંડળનો ગોળો; આકાશમાં સૂર્યની આસપાસ ફરતો તારો. રવિ, ચંદ્ર, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ, રાહુ અને કેતુ એ મુખ્ય ગ્રહો છે. ગ્રહોની પાછળ ફરનારા જે ગોળા છે તે ઉપગ્રહ કહેવાય છે. જ્યોતિષ પ્રમાણે ઉપર કહ્યા મુજબ ગ્રહ નવ છે. તે મનુષ્યની ઉપર વહેતા જતા કાળની સાથે સારી ખરાબ અસર કરતા મનાય છે. જન્મ વખતની ગ્રહસ્થિતિ ઉપરથી જન્મનારના જીવનમાં ગ્રહોની જે ફેરફારી અને ગતિ રહેવાની તેની ગણતરી થાય છે અને તે ગ્રહો જેવા તેની જન્મકુંડલીમાં હોય તેવી અસરો ઉપજાવતા ચાલ્યા જાય છે. ફલિત જ્યોતિષમાં પ્રત્યેક ગ્રહને અમુક દેશ, જાતિ, જીવ અને પદાર્થનો સ્વામી માનેલ છે અને તેના વર્ણવિભાગ કરેલા છે: ગુરુ અને શુક્રને બ્રાહ્મણ, મંગળ અને રવિને ક્ષત્રિય, બુધ અને ચંદ્રને વૈશ્ય તથા શનિ અને રાહુ તેમ જ કેતુને શૂદ્ર કહેલ છે. મંગળ અને સૂર્યનો રંગ લાલ, ચંદ્રમા અને શુક્રનો રંગ સફેદ, બુધ અને ગુરુનો રંગ પીળો અને શનિ, રાહુ તથા કેતુનો રંગ કાળો બતાવ્યો છે. વળી ફલિત જ્યોતિષમાં જે કુંડલી બનાવવામાં આવે છે તેમાં પ્રત્યેક ગ્રહની બીજા ગ્રહો ઉપર દૃષ્ટિ પડતી બતાવવામાં આવે છે. શુભ ગ્રહની દૃષ્ટિનું ફળ શુભ અને અશુભ ગ્રહની દૃષ્ટિનું ફળ અશુભ મનાય છે. આ દૃષ્ટિના ચાર પ્રકાર: પૂર્ણ, ત્રિપાદ, અર્ધ અને એકપાદ. પૂર્ણ દૃષ્ટિનું ફળ પૂર્ણ, ત્રિપાદનું ફળ પોણું, અર્ધનું અર્ધું અને એકપાદનું પા હોય છે. દરેક ગ્રહ પોતાના સ્થાનથી ત્રીજા અને દશમા ઘરના ગ્રહોને એકપાદ, પાંચમા અને નવમા ઘરના ગ્રહોને અર્ધ, ચોથા અને આઠમા ઘરના ગ્રહોને પોણી અને સાતમા ઘરના ગ્રહને પૂર્ણ દૃષ્ટિથી દેખે છે. ગ્રહોની કક્ષા સાધારણ માન્યતા પ્રમાણે ગોળ એટલે વર્તુલાકાર નથી પરંતુ લંબવર્તુલાકાર હોય છે. ગ્રહો સૂર્યની સમીપ હોય ત્યારે તેમની ગતિ વધારે ઉતાવળી અને સૂર્યથી દૂર હોય ત્યારે ગતિ ધીરી હોય છે. ગ્રહની ગતિનો વેગ તેમની અને સૂર્યની વચ્ચેના અંતરની ઉપર આધાર રાખે છે. રવિ, સોમ, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ, રાહુ અને કેતુ એવાં નવ મંડળ અને તેના ઉપર અધિકરણવાળા તે તે નામના અધિપતિ તે ગ્રહો એમ પુરાણ કહે છે. દરેક નક્ષત્રની ગણતરી જોકે ગ્રહમાં થતી નથી, પરંતુ તેઓ પણ આ મંડળોમાં જ છે. પોતપોતાના પુણ્યપ્રભાવ વડે તે તે સ્થાનના અભિમાની દેવતા ત્યાં ત્યાં વાસ કરે છે. જેમકે, સૌરમંડળ ઉપર સૂર્ય, સૌમ્યમંડળ ઉપર સોમ, શાક્ર મંડળ ઉપર શુક્ર. આ પ્રમાણે નક્ષત્રોનાં સ્થાનમાં કલ્પની સમાપ્તિ પર્યંત કશો ફેરફાર થશે નહિ. ફેરફાર થાય તે માત્ર અધિપતિનો થાય. રાહુ અને કેતુ એ બે ગ્રહનાં મંડળની વ્યવસ્થા એવી છે કે રાહુમંડળ ચંદ્ર અને સૂર્યની અને કેતુમંડળ પૃથિવી અને સૂર્યની વચ્ચે છે. તેથી એ મંડળો અનુક્રમે ચંદ્ર સૂર્ય મંડળોના ગ્રહણનાં કારણ થાય છે. પાશ્ચાત્ય વિજ્ઞાન પ્રમાણે સૂર્યગ્રહણનું કારણ ચંદ્ર અને ચંદ્રગ્રહણનું કારણ પૃથિવી છે. પ્રાચીન વ્યાખ્યા પ્રમાણે સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ, રાહુ અને કેતુ એમાંનો પ્રત્યેક ગ્રહ મનાય છે. અર્વાચીન વ્યાખ્યા પ્રમાણે સૂર્યની આસપાસ ફરતો આકાશીય ગોળો તે ગ્રહ કહેવાય છે. ગ્રહની નવ અવસ્થા: દીપ્ત અવસ્થા, સ્વસ્થ અવસ્થા, મુદિત અવસ્થા, શાંત અવસ્થા, સુપ્ત અવસ્થા, પ્રપીડિત અવસ્થા, દીન અવસ્થા, વિકળ અવસ્થા અને ખળ અવસ્થા. કેટલાકની માન્યતા પ્રમાણે નવ ગ્રહ, સૂર્યથી તેમનું અંતર વગેરે નીચે પ્રમાણે છે:

ગ્રહ	સૂર્યથી અંતર (માઈલ)	વર્ષની લંબાઈ	ચંદ્ર (સંખ્યા)
બુધ	૩,૫૦,૦૦,૦૦૦	૮૮ દિવસ	નથી
શુક્ર	૬,૬૦,૦૦,૦૦૦	૨૨૪ દિવસ	નથી
પૃથ્વી	૯,૩૦,૦૦,૦૦૦	૩૬૫$\frac{૧}{૪}$ દિવસ	૧
મંગળ	૧૪,૦૦,૦૦,૦૦૦	૬૮૬ દિવસ	૨
બૃહસ્પતિ	૪૮,૩૦,૦૦,૦૦૦	૧૨ વરસ	૯
શનિ	૮૭,૦૦,૦૦,૦૦૦	૨૯$\frac{૧}{૨}$ વરસ	૧૦
વારુણી	૧,૭૫,૪૦,૦૦,૦૦૦	૮૩ વરસ	૪
વરુણ	૨.૭૫,૦૦,૦૦,૦૦૦	૧૬૫ વરસ	૧

નવ ગ્રહનાં વાહન અનુક્રમે નીચે પ્રમાણે છે: ૧. ખર, ૨. ઘોડો, ૩. હાથી, ૪ બોકડો, ૫. શિયાળ, ૬. સિંહ, ૭. કાગડો, ૮. મોર, ૯ હંસ. પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં નીચે પ્રમાણે અઠ્યાસી ગ્રહોનાં નામ મળે છે: (૧) અંગારક, (૨) વિકાલિક, (૩) લોહિતાંક, (૪) શનૈશ્ચર, (૫) આધુનિક, (૬) પ્રાધુનિક, (૭) કણ, (૮) કણકણક, (૯) કણક, (૧૦) વિતળીક, (૧૧) કણસંતાનક, (૧૨) સોણ, (૧૩) સહિત, (૧૪) અશ્વાસન, (૧૫) રુત, (૧૬) કાર્યોપગ, (૧૭) કર્બુરક, (૧૮) અજકરક, (૧૯) દુંદુભક, (૨૦) શંખ, (૨૧) શંખનાભ, (૨૨) શંખવર્ણાભ, (૨૩) કંસ, (૨૪) કંસનાભ, (૨૫) કંસવર્ણાભ, (૨૬) નીલ, (૨૭) નીલાવભાસ, (૨૮) રુપ્ય, (૨૯) રુપ્યાવભાસ, (૩૦) ભસ્મક, (૩૧) ભસ્મરાશિ, (૩૨) તિલ, (૩૩) તિલપુષ્પવર્ણ, (૩૪) દક, (૩૫) દકવર્ણ, (૩૬) કાય, (૩૭) બંધ્ય, (૩૮) ઈંદ્રાગ્નિ, (૩૯) ધૂમકેતુ, (૪૦) હરિ, (૪૧) પિંગલ, (૪૨) બુધ, (૪૩) બૃહસ્પતિ, (૪૪) શુક્ર, (૪૫) રાહુ, (૪૬) અગસ્તિ, (૪૭) પ્રાણપ, (૪૮) કામસ્પર્શ, (૪૯) ધુર, (૫૦) પ્રમુખ, (૫૧) વિકટ, (૫૨) વિસંધિકલ્પ, (૫૩) પ્રકલ્પ, (૫૪) જટાલ, (૫૫) અરુણ, (૫૬) અગ્નિ, (૫૭) કાલ, (૫૮) મહાકાલ, (૫૯) સ્વસ્તિક, (૬૦) સૌવસ્તિ, (૬૧) વર્ધમાન, (૬૨) પ્રલંબ, (૬૩) નિત્યાલોક, (૬૪) નિત્યોદ્યોત, (૬૫) સ્વયંપ્રભુ, (૬૬) અવભાસ, (૬૭) શ્રેયસ્કર, (૬૮) ક્ષેમંકર, (૬૯) આરંભકર, (૭૦) પ્રભંકર, (૭૧) અરજા, (૭૨) વિરજા, (૭૩) અશોક, (૭૪) વીતશોક, (૭૫) વિતપ્ત, (૭૬) વિવસ્મ, (૭૭) વિશાલ, (૭૮) શાલ, (૭૯) સુવ્રત, (૮૦) અનિવૃત્તિ, (૮૧) એકજટી, (૮૨) દ્વિજટી, (૮૩) કર, (૮૪) કરિક, (૮૫) રાજા, (૮૬) અર્ગળ, (૮૭) પુષ્પ અને (૮૮) ભાવકેતુ.

૧. અવળા ગર–ગ્રહ–ગ્રે હોવા = ગ્રહોની પ્રતિકૂળતા હોવી; દુર્ભાગ્યની દશા હોવી. અભણ લોકો ગ્રહને ગરે કે ગ્રે કહે છે.

૨. ગ્રહ આવવો = ખરાબ ગ્રહની અસર નીચે આવવું.

૩. ગ્રહ કઠણ થવા = દિવસ વાંકા થવા; દૈવ પ્રતિકૂળ થવું; ધારેલું કામ પાર ન પડવું.

૪. ગ્રહ ગામ જવા = (૧) અક્કલ કે શુદ્ધિ જતી રહેવી. (૨) દહાડા વાંકા હોવા; નસીબ પ્રતિકૂળ હોવું; સારા ગ્રહ ઠેકાણે ન હોવા; સિકંદર પાધરો ન હોવો.

૫. ગ્રહ ધરેણે મૂકવા = (૧) અક્કલ કે શુદ્ધિ ગુમાવવી. (૨) દૈવ પ્રતિકૂળ હોવું.

૬. ગ્રહ ઘેર હોવા = સુભાગ્ય હોવું; ગ્રહોની અનુકૂળતા હોવી.

૭. ગ્રહ દેખવા = જન્માક્ષર જોવા.

૮. ગ્રહ મળવા = મેળ મળવો.

૯. ગ્રહ વાંકા હોવા = સિતારો પાધરો ન હોવો; દહાડા નબળા હોવા; નસીબ અનુકૂળ ન હોવું.

૩. પું. આગ્રહ.

૪. પું. આસક્તિ.

૫. પું. કર્મનો બંધ.

૬. પું. ગાયનના આલાપનો આરંભ; જે સ્વર ઉપરથી રાગના આલાપની કે ગાયનની શરૂઆત કરવામાં આવે છે તે; મંડાણનો સ્વર; પકડનો સ્વર.

૭. પું. ગ્રહસ્થાન.

૮. પું. (જ્યોતિષ) ચંદ્ર સૂર્યનું ગ્રહણ.

૯. પું. ચાર આંગળનું એક માપ.

૪ આંગળ = ગ્રહ
૨ ગ્રહ = મુષ્ટિ

૧૦. પું. જ્ઞાન; જાણવું તે.

૧૧. પું. નવની સંખ્યા; નવ બતાવનારી સંજ્ઞા. વાસ્તવિક રીતે ગ્રહ નવ હોવાથી નવની સંજ્ઞા તરીકે તે વપરાય છે.

૧૨. પું. પૂર્વગ્રહ; પહેલેથી જ બંધાયેલો અભિપ્રાય.

૧૩. પું. બાળકોને પીડનાર બાલગ્રહ. બાળકોને પીડાકારક ગ્રહ નવ છે: (૧) સ્કંદ, (૨) સ્કંદાપસ્માર, (૩) શકુની, (૪) રેવતી, (૫) પૂતના, (૬) ગંધપૂતના, (૭) શીતપૂતના, (૮) મુખમંડિકા અને (૯) નૈગમેય.

૧૪. પું. મળબંધ.

૧૫. પું. યજ્ઞમાં દેવતાઓને સોમરસનું હવિષ્ય આપવાનું પાત્ર.

૧૬. પું. યુદ્ધ કરવા તૈયાર થવું તે; રણમાં ઉદ્યમ.

૧૭. પું. (જ્યોતિષ) રાહુ.

૧૮. પું. લેવું તે; ગ્રહણ કરવું તે.

૧૯. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૨૦. પું. સ્વીકાર.

૨૧. ન. (સંગીત) તાલના દશ માંહેનો એક પ્રાણ; રાગનું દશ માંહેનું એક લક્ષણ; તાલ કે તાળીના સ્થાનને પકડવું તે. કોઈ પણ તાલમાં તાલી મારવાનાં અમુક અમુક અંગો હોય છે. તે અંગોમાં જેટલી માત્રા આવતી હોય તેમાંની જે માત્રા ઉપર તાલી કે ટકોરો મારવો પડે છે તે માત્રાને કે તે સ્થાનને પકડવું તેને ગ્રહ કહે છે. સમ, અતીત અને અનાગત એ ગ્રહના ત્રણ પ્રકાર છે. કોઈ વિષમગ્રહ એમ ચોથો પ્રકાર પણ માને છે.

૨૨. ન. મગર; મત્સ્ય.

ગ્રહક [હિં.] પું. ગ્રહણ કરનાર; ગ્રાહક.

ગ્રહકક્ષા [સં.] સ્ત્રી. ગ્રહોનો સૂર્યની આસપાસ ફરવાનો માર્ગ.

ગ્રહકલ્લોલ [સં.] પું. (જ્યોતિષ) રાહુ.

ગ્રહકુષ્માંડ ૧. [સં.] પું. પુરાણાનુસાર એક પ્રકારની દેવયોનિ.

૨. ન. કોળાના આકારનું પ્રાણી.

ગ્રહકુંડલી સ્ત્રી. જન્માક્ષર.

ગ્રહક્ષમતા [સં.] સ્ત્રી. ગ્રહણ કરવાની શક્તિ કે ગુણ.

ગ્રહગણિત [સં.] ન. ગ્રહોના ચલન ઇત્યાદિનું ગણિત.

ગ્રહગતિ [સં.] સ્ત્રી. ગ્રહોની ગતિ.

ગ્રહગતિદર્શક [સં.] ન. ગ્રહોની ગતિ બતાવનાર યંત્ર.

ગ્રહગંધ [સં.] પું. સૂર્ય વગેરે ગ્રહોને ઉદ્દેશી અપાતું ચંદન.

ગ્રહગોચર [સં.] પું. એ નામનો એક જ્યોતિષગ્રંથ.

ગ્રહગોળ પું. ગ્રહનો ગોળો.

ગ્રહગ્રહિત [સં.] વિ. દુષ્ટ ગ્રહથી પીડાતું.

ગ્રહચિંતક [સં.] પું. જ્યોતિષી; જોશી.

ગ્રહણ ૧. [સં.] ન. અવાજ; શબ્દ.

૨. ન. અંગીકાર; સ્વીકાર.

ગ્રહણ કરવું = (૧) કબૂલ કરવું. (૨) સમજવું. (૩) સ્વીકારવું.

૩. ન. આદર; સત્કાર.

૪. ન. ઇંદ્રિય.

૫. ન. કર; હાથ.

૬. ન. કળા; વિદ્યા.

૭. ન. ગળી જવું તે.

૮. ન. છાયા પડેલી હોય એમ થવાપણું.

૯. ન. જ્ઞાન.

૧૦. ન., તાત્પર્ય; અર્થ; મતલબ.

૧૧. ન. ધારણશક્તિ.

૧૨. ન. પકડવું તે.

૧૩. ન. પાણિગ્રહણ; લગ્ન.

૧૪. ન. (વેદાંત) પ્રત્યક્ષ જ્ઞાન.

૧૫. ન. પ્રત્યય; ઉપલબ્ધિ.

૧૬. ન. શિક્ષા.

૧૭. ન. સમજ.

૧૮. ન. સમજવું તે.

૧૯. ન. સૂર્ય અને પૃથ્વી વચ્ચે ચંદ્રના આવવાથી કે સૂર્ય અને ચંદ્ર વચ્ચે પૃથ્વીના આવવાથી સૂર્ય કે ચંદ્રનું ઘેરાવું અથવા ગ્રસાવું તે. ૧૮ સૌર વર્ષ અને ૧૧ દિવસ એટલા વખતમાં જે જે ગ્રહણ જે ક્રમે થાય તે જ બહુ કરીને તે જ ક્રમથી તેટલા કાળમાં થાય છે. ચાંદ્ર સૌરમાનને હિસાબે કોઈ વાર આ કાળમાં ૧૮ વર્ષ થાય છે તો કોઈ વાર ૧૮ વર્ષ અને એક ચાંદ્રમાસ થાય છે. સૂર્ય ચંદ્ર રાહુ બિંદુમાં એક વાર આવે ત્યારપછી પાછા ત્યાં ફરીને શુમારે ઉપર જણાવેલ સમયમાં એક જ વખતે બહુ થોડે અંતરે તે સ્થળે આવે છે. એક ચક્રમાં બહુ કરી ૭૦ ગ્રહણ હોય છે. તેમાં ૪૨ સૂર્યનાં અને ૨૮ ચંદ્રનાં ગ્રહણ અર્થાત્ ચંદ્રનાં ગ્રહણથી સૂર્યનાં ગ્રહણ દોઢાં થાય છે. કોઈ વાર એક ચક્રમાં ૭૧ ગ્રહણ હોય છે ત્યારે ચંદ્રનાં ૨૯ થાય છે. ચક્રમાં સૂર્યનાં ગ્રહણ પુષ્કળ થાય છે પરંતુ એક જ સ્થળે તેમાંનાં થોડાંક જ દેખાય છે. તે એકંદર જેટલાં થાય છે તેનો છઠ્ઠો ભાગ એટલે શુમારે ૭ ગ્રહણ એક ઠેકાણે દેખાય છે: ચક્રમાંનાં ૨૮ ચંદ્રગ્રહણમાં સરાસરી ૧૮ એક: ઠેકાણે દેખાય છે, એટલે ૧૮ વર્ષમાં પૃથ્વી ઉપર થનાર એકંદર ૭૦ ગ્રહણ માંહેનાં ૭ સૂર્યગ્રહણ અને ૧૮ ચંદ્રગ્રહણ એક ઠેકાણે દેખાય છે અને બાકીનાં ૪૫ તે ઠેકાણે દેખાતાં નથી. કોઈ વાર પૂર્ણિમાએ કે અમાવાસ્યાએ ગ્રહણ થયા પછી પાછું એક કે બે પર્વે ગ્રહણ થાય છે અર્થાત્ લાગલાગટ બે કે ત્રણ ગ્રહણ થાય છે. કોઈ વાર એક જ થાય છે, અને ત્યારપછી પાંચ સાડાપાંચ કે છ ચાંદ્રમાસને અંતરે ફરીથી ગ્રહણ થાય છે. ચંદ્રગ્રહણ હમેશા પૂનમે અને સૂર્યગ્રહણ હમેશા અમાસે જ થાય છે. સૂર્યગ્રહણ લાગવા માંડે છે તે પહેલાં ચંદ્ર સૂર્યની પશ્ચિમે હોય છે; પરંતુ તે ઉતાવળો ચાલનાર હોવાથી સૂર્યના બિંબને ઓળંગીને કેટલીક વારે સૂર્યની પૂર્વે આવે છે. પશ્ચિમ તરફથી આવતાં આવતાં ચંદ્ર સૂર્યની પશ્ચિમ કોરની આડે આવે છે અને તેમ થતાં સૂર્યનું તે દિશામાં ગ્રહણ થવા માંડે છે. તે વખતે ગ્રહણનો સ્પર્શ થયો એમ કહે છે. સૂર્યગ્રહણનો સ્પર્શ સૂર્યબિંબની પશ્ચિમ તરફથી

થાય છે અને સૂર્યની પૂર્વ બાજુએ ચંદ્ર સૂર્યને મોકળો કરે છે, એટલે ગ્રહણ છૂટે છે. તે વખતે ગ્રહણનો મોક્ષ થયો એમ કહેવાય છે. આ પ્રમાણે જ ભૂછાયાની પશ્ચિમ તરફથી આવીને ચંદ્ર પૂર્વ તરફ જાય છે. આને લીધે ચંદ્રનો પૂર્વભાગ પહેલો ઢંકાય છે અને પશ્ચિમભાગ છેવટે છાયામાંથી બહાર નીકળે છે. એથી ચંદ્રગ્રહણનો સ્પર્શ બિંબની પૂર્વ તરફથી થાય છે ને મોક્ષ પશ્ચિમ તરફથી થાય છે. બિંબનો જેટલો ભાગ આચ્છાદિત થાય તેટલો ગ્રાસ થયો તેમ કહે છે. સ્પર્શથી મોક્ષ સુધીમાં જેટલો કાળ જાય તેટલા સમયને પૂર્વકાળ કહે છે. આ કાળના મધ્યને શુમારે સૌથી મોટો ગ્રાસ થાય છે. તે વખતે ગ્રહણનું મધ્ય થયું એમ કહે છે. રાહુ સૂર્યને ખાઈ જાય છે એવી મૂળ કલ્પના હતી તે ઉપરથી ગ્રાસ એ સંજ્ઞા પ્રચારમાં આવી હોવી જોઈએ. ચંદ્ર નીચમાં અને સૂર્ય ઉચ્ચમાં હોતાં સૂર્યબિંબથી ચંદ્રબિંબ બહુ જ મોટું દેખાય છે. આવે વખતે ગ્રહણ થાય ત્યારે તે ખગ્રાસ થાય છે. સૂર્યબિંબથી ચંદ્રબિંબ નાનું હોય છે ત્યારે કંકણ ગ્રહણ થાય છે. ખગ્રાસ વખતે ચંદ્રની છાયાનો વ્યાસ બહુ તો ૧૮૦ માઈલ હોય છે. આથી એટલી પહોળાઈ જેટલો પૃથ્વીનો પૂર્વપશ્ચિમ પટ્ટો છાયામાં આવે છે, માત્ર તેટલી જ જગ્યામાં ખગ્રાસ ગ્રહણ થાય છે. કંકણ ગ્રહણમાં તે કંકણ દેખાતા ભાગનો પટ્ટો શુમારે ૧૦૦ માઈલ પહોળો હોય છે. આ પટ્ટાની ઉત્તરે અને દક્ષિણે તે જ ગ્રહણ ખંડિત માત્ર દેખાય છે. કોઈ એક ચોક્કસ સ્થળમાં ખગ્રાસ અથવા કંકણ સૂર્યગ્રહણ ઘણે વર્ષે દેખાય છે. ખગ્રાસ સૂર્યગ્રહણમાં સૂર્ય પૂરેપૂરો ઢંકાયેલો બહુ તો આઠ મિનિટ હોય છે અને કંકણ ગ્રહણ બહુ તો માત્ર ૩૧ પળ દેખાય છે. અવસ્થા અથવા સ્થિતિભેદ પ્રમાણે ગ્રહણના દશ પ્રકાર માનેલા છે: સવ્ય, અપસવ્ય, લેહ, ગ્રસન, નિરોધ, અવમર્દ, આરોહ, આઘ્રાત, મધ્યતમ અને તમોંત્ય. આ પ્રમાણે ગ્રહણના મોક્ષના પણ દશ પ્રકાર માનેલા છે: હણુભેદના જમણું અને ડાબું એવા બે ભેદ, કુક્ષિભેદના જમણું અને ડાબું એવા બે ભેદ, પાયુભેદના જમણું અને ડાબું એવા બે ભેદ, સંચ્છર્દન, જરણ, મધ્યવિદારણ અને અંતવિદારણ.

૧. ગ્રહણ કાઢવું = (૧) ઘર ધોળી કરી સાફ કરવું. (૨) ઘર લીંપવું, વાળવું, ઝાડવું વગેરે; કલેડાં, કોડિયાં વગેરે કાઢી નાખવાં, તમામ વપરાતાં કપડાં ધોવાં વગેરે.

૨. ગ્રહણ વેળાએ સાપ કાઢવો = જે વખતે જે કામ થઈ શકે નહિ તે વખતે તે કામને ઊભું કરવું.

ગ્રહણક ૧. [સં.] ન. ગ્રહણ કરાવનારૂં શાસ્ત્ર; ગ્રાહકશાસ્ત્ર.

૨. ન. (જૂ. ગુ.) ઘરેણું; ગીરો.

ગ્રહણકપત્ર [સં.] ન. ઘરેણાખત.

ગ્રહણકાલ [સં.] પું. ગ્રહણ સમય; ગ્રહણનો વખત.

ગ્રહણઘેલું વિ. સગર્ભા સ્ત્રી ઉપર ગ્રહણનો ઓળો પડતાં જન્મેલું. આવું બાળક અવતરતાં માઠી દશા થાય એમ મનાય છે.

ગ્રહણચક્ર [સં.] ન. જે ક્રમમાં એનાં એ જ ગ્રહણ ફરી ફરીને આવે તે ક્રમ; ૬૫૮૬ દિવસનો યુગ.

ગ્રહણધારણશક્તિ [સં.] સ્ત્રી. શીખેલું મનમાં ધારણ કરવાનું બળ.

ગ્રહણપર્વકાળ પું. ગ્રહણના સ્પર્શ અને મોક્ષ વચ્ચેનો સમય.

ગ્રહણપાત્ર [સં.] ન. કોઈ વસ્તુ રાખવાનું વાસણ.

ગ્રહણમધ્ય [સં.] ન. ગ્રહણમાં જે સમયે સૂર્ય અથવા ચંદ્રનો વધારેમાં વધારે ભાગ ઘેરાયેલો હોય તે સમયની સ્થિતિ.

ગ્રહણમર્યાદા [સં.] સ્ત્રી. સૂર્ય કે ચંદ્ર એ બે વચ્ચેના વધારેમાં વધારે જેટલા અંતરની અંદર ગ્રહણ થઈ શકે તેટલું અંતર.

ગ્રહણમોક્ષ [સં.] પું. સૂર્ય કે ચંદ્રનું ગ્રહણમાંથી છૂટી જવું તે.

ગ્રહણયુગ [સં.] પું. ગ્રહણની પુનરાવૃત્તિનો સમય. લગભગ ૧૮ સૌર વર્ષ જેટલા સમયમાં અર્થાત્ ૨૨૩ ચાંદ્રમાસ જેટલા કાળમાં સૂર્ય તેમ જ ચંદ્રનાં ગ્રહણ એક વાર જે કાળાંતરે થયેલ હોય તેટલા જ અંતરે તેની પુનરાવૃત્તિ થાય છે.

ગ્રહણશક્તિ ૧. [સં.] સ્ત્રી. ધારણશક્તિ.

૨. સ્ત્રી. સમજવાની શક્તિ.

ગ્રહણશીલ [સં.] વિ. ગ્રહણ કરી શકે તેવું; ગ્રહણ કરવાની ટેવવાળું; સ્વીકાર કરે એવું; અપનાવે એવું.

ગ્રહણશીલતા [સં.] સ્ત્રી. ગ્રહણ કરી શકે તેવું હોવાપણું; સ્વીકારવાનો સ્વભાવ.

ગ્રહણસાધન ન. ઇંદ્રિય.

ગ્રહણસ્પર્શ પું. સૂર્ય કે ચંદ્રનું ગ્રહણ શરૂ થવું તે; છાયા લાગવા માંડવી તે; સૂર્ય કે ચંદ્રની કોર કાળી દેખાવા માંડવી તે.

ગ્રહણાજ્ઞા [સં.] સ્ત્રી. પકડવાનો હુકમ; 'વૉરંટ'.

ગ્રહણાજ્ઞાપત્ર જુઓ ગ્રહણાજ્ઞા.

ગ્રહણાવૃત્તિ જુઓ ગ્રહણચક્ર.

ગ્રહણાશક્યતા ૧. સ્ત્રી. પકડી ન શકાય એવું હોવાપણું.

૨. સ્ત્રી. સમજમાં ન આવી શકે એવું હોવાપણું.

ગ્રહણાંત ૧. [સં.] પું. ગ્રહણની સમાપ્તિ; ચંદ્ર કે સૂર્યનો ગ્રહણથી મોક્ષ.

૨. પું. વિદ્યાકળાના અભ્યાસનો અંત.

ગ્રહણિ જુઓ ગ્રહણી.

ગ્રહણિકા [સં.] સ્ત્રી. ઉદરગુહાના પારિનાભિક પ્રદેશમાં આવેલ શરીરનો એ નામનો અવયવ.

ગ્રહણી ૧. સ્ત્રી. અન્નનળીનો એક ભાગ; નાના આંતરડાનો શરૂઆતનો બાર આંગળ લાંબો ભાગ. તેમાં પિત્તકોષમાંથી આવેલું પાચક પિત્ત તથા અગ્ન્યાશયમાંથી આવેલો આગ્નેયરસ જુદા જુદા સ્રોત વડે આવીને બંને સ્રોતનાં એક સામાન્ય મુખ વડે દાખલ થાય છે. તેથી અધૂરી રહેલી પાચનક્રિયા સંપૂર્ણ થાય છે. આમાશય તથા ગ્રહણીના મુખ વચ્ચે મુદ્રિકાદ્વાર રહેલું છે. આ ગ્રહણીભાગ વાંકાચૂકો થઈ અગ્ન્યાશયના શીર્ષભાગને વીંટળાઈ નીચે આવે છે અને મોટા આંતરડાના આડા ભાગની પાછળ જાય છે. ત્યાંથી ડાબી બાજુ તરફ જતાં તે પૃષ્ઠવંશને ઓળંગે છે અને બીજી કટિકશેરૂકાના ડાબા પડખા સુધી જાય છે. ત્યાંથી તે પાછો ચક્કાવો ખાઈ નાભિ તરફ વળે છે અને મધ્યાંત્રક સાથે જોડાય છે. આ પ્રમાણે તેની આકૃતિ ઘણી વિચિત્ર છે. તેને ચીરીને જોતાં તેના અંદરના પડમાં ઉપર કહેલા બંને સ્રોતનું સામાન્ય મુખ જણાય છે. તે શલાકા જઈ શકે તેવડું મોટું છે. રસાંકુરિકાવાળી વલીરાજિ પણ ત્યાં નજરે પડે છે.

૨. સ્ત્રી. આગ વખતે ભંડાર વગેરેમાંથી ચીજો સારવા માટે વપરાતી ટોપલી.

૩. [સં.] સ્ત્રી. એ નામનો એક રોગ; સંગ્રહણીનો રોગ; અતિસાર.

૪. સ્ત્રી. ગુદાશય; ગુહ્યસ્થાન.

૫. સ્ત્રી. પિત્તધરા નામની કલા; પિત્તને રહેવાનું સ્થાન; સુશ્રુત અનુસાર ઉદરમાં પક્વાશય અને આમાશય વચ્ચેની એક નાડી જે અગ્નિ અથવા પિત્તનો પ્રધાન આધાર છે.

૬. સ્ત્રી. શરીરમાં ગરમી ફેલાવનારી નાડી. તે ઉદરગુહાના હૃદયાધરિક પ્રદેશમાં આવેલી છે.

ગ્રહણીકપાટરસ પું. (વૈદક) સંગ્રહણી તથા મરડા ઉપર વપરાતું એક દેશી ઔષધ. તે બે પ્રકારનો હોય છે: કાળો અને લાલ. તેની બનાવટ: શુદ્ધ મોરથૂથુ, શુદ્ધ હરતાલ, શુદ્ધ

પારદ, લોહભસ્મ, સુવર્ણમાક્ષિકભસ્મ, શુદ્ધ ટંકણ અને શુદ્ધ ગંધક એ દરેકનો એકેક ભાગ અને શંખભસ્મ ત્રણ ભાગ એ બધાંને લીંબુના રસમાં ખલ કરી તેના લોંદાને જરા શેકવાથી આ રસ બને છે. વાયુને લઈને થતા આમને પણ તે મટાડે એમ મનાય છે.

ગ્રહણીગજકેશરી સ્ત્રી. (વૈદ્યક) સંગ્રહણી, આંતરડાની નબળાઈ, મંદાગ્નિ અને જૂના અજીર્ણના રોગ ઉપર વપરાતું એક ઔષધ. એ રતીની માત્રામાં મધ, દૂધ કે પાણી સાથે તે લેવાય છે.

ગ્રહણીય ૧. [સં.] વિ. ગ્રહણ કરવા યોગ્ય; પકડવા જેવું.

૨. વિ. સ્વીકારવા જેવું; લેવા યોગ્ય.

ગ્રહણીહર ૧. [સં.] ન. લવિંગ. લવિંગ ઝાડાને તથા વમનને મટાડનાર મનાય છે. ગર્ભિણી સ્ત્રીને થતું વમન મટાડે છે માટે તેને ગ્રહણીહર કહેવામાં આવે છે.

૨. વિ. સંગ્રહણીના રોગને દૂર કરનાર.

ગ્રહતાલ પું. (સંગીત) એક ચતસ્રજાતિ પચીશ માત્રાનો તાલ. તેનાં તાલસ્થાન ૧, ૫, ૯, ૧૧, ૧૩, ૧૫, ૧૭, ૨૦ અને ૨૩ માત્રા ઉપર છે. તેના કોટડીના બોલઃ—ધા ૧ સમ ધિન નક તક ધા ૨ ધિન્ નક તક ૩ ધિનનક ૪ ધિનનક ૫ ધિનનક ૬ ધિનનક ૭ ધા ધિનકિટ ધા ૮ ધિનકિટ ધા ૯ ધિનકિટ.

ગ્રહદશા ૧. [સં.] સ્ત્રી. ગ્રહોની સ્થિતિ.

૨. સ્ત્રી. ગ્રહોની સ્થિતિ અનુસાર માણસની સારી કે માઠી અવસ્થા; ગ્રહની અસરથી થતી હાલત.

૩. સ્ત્રી. દુર્દશા; કમબખ્તી અને અભાગ્ય.

ગ્રહદાન ન. ગ્રહની નઠારી અસર મટાડવા માટે આપવામાં આવતું દાન; ગ્રહોને ઉદ્દેશીને કરાતું દાન; ગ્રહની માઠી અસર ન થવાને અર્થે કરવામાં આવતું પુણ્ય.

ગ્રહદિક્પાલપૂજન [સં.] ન. ગ્રહ અને દિશાઓના દેવની પૂજા કરવી તે.

ગ્રહદિન [સં.] પું. કોઈ ગ્રહ એક દિવસે ઊગે ત્યારથી તે બીજે દિવસે ફરીને ઊગે ત્યાંસુધીનો સમય.

ગ્રહદિશા ૧. સ્ત્રી. ખરાબ ગ્રહની અસર.

૨. સ્ત્રી. માઠા દિવસ.

ગ્રહદીર્ઘાક્ષ [સં.] સ્ત્રી. ગ્રહની મોટી ધરી; ગ્રહનો દીર્ઘ વ્યાસ; ગ્રહના વિષુવવૃત્તનો વ્યાસ.

ગ્રહદૃષ્ટિ [સં.] સ્ત્રી. (જ્યોતિષ) ગ્રહોની દૃષ્ટિ.

ગ્રહદેવતા [સં.] પું. સૂર્ય વગેરે ગ્રહોના અધિષ્ઠાયક રુદ્ર વગેરે દેવ.

ગ્રહદ્રુમ [સં.] ન. કાકડાશીંગી.

ગ્રહધૂપ [સં.] પું. ગ્રહોને ઉદ્દેશીને અપાતો ધૂપ.

ગ્રહનાયક ૧. [સં.] પું. આકડાનો છોડ.

૨. પું. (જ્યોતિષ) શનિ ગ્રહ.

૩. પું. સૂર્ય.

ગ્રહનાશ ૧. [સં.] પું. એક પ્રકારની શાક વનસ્પતિ.

૨. ન. એક જાતનું ઝાડ; સતિવન.

ગ્રહનિરીક્ષણ [સં.] ન. ગ્રહમંડળની તપાસ; ગ્રહની ગતિ વગેરે જોવાં તે.

ગ્રહનિરીક્ષણશાળા સ્ત્રી. વેધશાળા; ગ્રહોની ગતિ વગેરે જોવાનું સ્થાન.

ગ્રહનિરીક્ષા [સં.] સ્ત્રી. ગ્રહની બારીક તપાસ; ગ્રહાવલોકન; ગ્રહનું નિરીક્ષણ.

ગ્રહનેમિ ૧. [સં.] પું. આકાશ.

૨. પું. કપૂર.

૩. પું. ચંદ્ર.

૪. સ્ત્રી. ચંદ્રમાનો મૂળ અને મૃગશીર્ષ નક્ષત્ર વચ્ચેનો માર્ગ.

ગ્રહપતિ ૧. [સં.] પું. આકડાનો છોડ.

૨. પું. (જ્યોતિષ) શનિ ગ્રહ.

૩. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૪. પું. સૂર્ય.

ગ્રહપત્ર [સં.] પું. ગ્રહકુંડલી; જન્મોત્રી; જન્માક્ષર.

ગ્રહપથ ૧. પું. કક્ષા.

૨. પું. ગ્રહમાર્ગ.

ગ્રહપરિવૃત્તસંવત્સર પું. ભારતીય ચોત્રીસ માંહેનો એક સંવત. તે ઈ. સ. પૂર્વે ૨૪થી શરૂ થાય છે. આ સંવતનું ૬૦ વર્ષનું ચક્ર છે. ૬૦ વર્ષ પૂરાં થયા પછી ફરી પાછું એકથી શરૂ થાય છે.

ગ્રહપાત ન. કલંક.

ગ્રહપિટક ન. બે ગ્રહનું જોડકું.

ગ્રહપીઠમાલા [સં.] સ્ત્રી. એ નામનું જ્યોતિષ સંબંધી એક પુસ્તક.

ગ્રહપીડન (ગ્રહપીડ઼ન) [સં.] ન. ગ્રહની અસરથી થતું દુઃખ; જેમાં સ્વકૃત્યોની અસર ન હોય તેવું દુઃખ; દુષ્ટ ગ્રહ સંબંધી પીડા.

ગ્રહપીડા (ગ્રહપીડ઼ા) જુઓ ગ્રહપીડન.

ગ્રહપૂજન [સં.] ન. ગ્રહોનું પૂજન; ખરાબ થયેલા ગ્રહોની શાંતિને અર્થે તેમનું પૂજન કરવું તે; સૂર્ય વગેરે નવ ગ્રહોની પૂજા.

ગ્રહપૂજા જુઓ ગ્રહપૂજન.

ગ્રહબલ [સં.] ન. ગ્રહની પ્રબળ અસર; ગ્રહનું જોર; ગ્રહની સારી માઠી અસર.

ગ્રહબહિર્ગત [સં.] પું. (જ્યોતિષ) રાશિચક્રની બહાર ફરનારો ગ્રહ.

ગ્રહબળ જુઓ ગ્રહબલ.

ગ્રહભગણ પું. (જ્યોતિષ) એક કલ્પમાં અથવા બીજા કોઈ નિશ્ચિત સમયમાં કોઈ ગ્રહ આકાશની જેટલી પ્રદક્ષિણા કરે તે સંખ્યા.

ગ્રહભાવ [સં.] પું. ગ્રહથી થતી અસર; ગ્રહનું ફળ.

ગ્રહભિન્ન ન. (જ્યોતિષ) જેની વચ્ચે થઈ ગ્રહ પસાર થાય તે નક્ષત્ર. તેમાં દીક્ષા આદિ કાર્ય કરવાથી હાનિ થાય, માટે વર્જવા કહેલ છે.

ગ્રહભેદ પું. એક ગ્રહનું બિંબ બીજા ગ્રહના બિંબને થોડું અથવા પૂરેપૂરું ઢાંકતું દેખાય એવી સ્થિતિ.

ગ્રહભોજન [સં.] ન. ગ્રહોને આપવામાં આવતું બલિદાનરૂપ ભોજન.

ગ્રહમખ [સં.] પું. ગ્રહની શાંતિને અર્થે કરવાનો યજ્ઞ; ગ્રહયજ્ઞ.

ગ્રહમધ્યાહ્ન [સં.] ન. ગ્રહનું યામ્યોત્તરવૃત્ત ઉપર આવવું તે.

ગ્રહમંડલ ૧. [સં.] ન. ગ્રહનો સમુદાય; ગ્રહચક્ર; ગ્રહમાળા; સૂર્ય વગેરે ગ્રહોનું કૂંડાળું.

૨. ન. ગ્રહોની પૂજાર્થે કરવામાં આવતું અષ્ટ પદ્માકાર સ્થાન.

ગ્રહમંડળ જુઓ ગ્રહમંડલ.

ગ્રહમંદપરિધિ [સં.] પું. ગ્રહના પરમ મંદ ફળના જેવડી ત્રિજ્યાથી કાઢેલા વર્તુળનો પરિધિ.

ગ્રહમંદફલ ન. ગ્રહોના દીર્ઘવર્તુલાકાર માર્ગને લીધે તેમની ગતિના એકસરખાપણામાં પડતો તફાવત.

ગ્રહમાન [સં.] ન. ગ્રહ પ્રમાણેની ગણતરી.

ગ્રહમાર્ગ પું. ગ્રહપંથ; ગ્રહફેરી; ગ્રહોને જવાનો માર્ગ; જે માર્ગમાં થઈને ગ્રહ સૂર્યની આસપાસ ફરે છે તે માર્ગ; ગ્રહકક્ષા.

ગ્રહમાલા [સં.] સ્ત્રી. સૂર્ય અને તેની આસપાસ ફરતા ગ્રહોનો સમુદાય.

ગ્રહમુશલ [સં.] ન. મુશળને આકારે ગ્રહોની ઊંચી શ્રેણી.

ગ્રહમૈત્ર [સં.] ન. વિવાહમાં લેવા યોગ્ય વરકન્યાની રાશિ અને ગ્રહોની મિત્રતા; વર અને કન્યાના ગ્રહોના સ્વામીઓની મિત્રતા અથવા અનુકૂળતા. વિવાહ વખતે આ બાબતનો વિચાર કરવામાં આવે છે.

ગ્રહમૈત્રી જુઓ ગ્રહમૈત્ર.

ગ્રહયજ્ઞ [સં.] પું. શાંતિ અને પુષ્ટિ વગેરે માટે ગ્રહોને ઉદ્દેશીને કરાતો યજ્ઞ. તેમાં દૂધ, ઘી, ધાન્ય વગેરે દ્રવ્યોની જરૂર પડે છે. ગ્રહોની ઉગ્રતા અથવા કોપ સંબંધી દોષો દૂર થવા માટે આ પ્રકારનું પૂજન અથવા યજ્ઞ કરવામાં આવે છે.

ગ્રહયંત્ર [સં.] ન. ગ્રહોની ગતિ બતાવનારૂં યંત્ર. આ યંત્રમાં સૂર્ય અને ગ્રહોને દર્શાવનારા ગોળા રાખવામાં આવેલા હોય છે અને ગ્રહોની ગતિની આબેહૂબ નકલ કરવામાં આવે છે.

ગ્રહયાગ જુઓ ગ્રહયજ્ઞ.

ગ્રહયુતિ ૧. [સં.] પું. (જ્યોતિષ) ગ્રહોની એક રાશિ વગેરેમાં સ્થિતિભેદથી કલ્પવા યોગ્ય એક યોગ; એક રાશિના એક જ અંશ ઉપર ગ્રહોનું એકત્ર થવું તે.

૨. પું. બે ગ્રહોના ક્રાંતિવૃત્તીય ભોગ સરખા હોય તેવી સ્થિતિ.

ગ્રહયુદ્ધ ૧. [સં.] ન. ઉપર ઉપર રહેલા ગ્રહોનું કિરણસ્પર્શ વગેરેથી થતું યુદ્ધ.

૨. ન. બે ગ્રહ વચ્ચેનું અંતર એક અંશ કરતાં ઓછું હોય તેવી સ્થિતિ.

૩. ન. બે ગ્રહોનું નક્ષત્રની દક્ષિણ ઉત્તરે સમશ્રેણીમાં રહેવું તે.

૪. ન. સૂર્યસિદ્ધાંત અનુસાર બુધ, બૃહસ્પતિ, શુક્ર, શનિ અથવા મંગળમાંથી કોઈ એક ગ્રહનું ચંદ્રમા સાથે અથવા તે ગ્રહોમાંથી કોઈ બે ગ્રહોનું એકસાથે એક રાશિના એક અંશ ઉપર એવી રીતે એકત્ર હોવું કે તે ગ્રહ ઉપર ગ્રહણ લાગેલું જણાય.

ગ્રહયુદ્ધભ [સં.] ન. જેમાં ગ્રહોનું યુદ્ધ થયું હોય તે નક્ષત્ર; જેની ઉપર કોઈ બે ગ્રહ એક સાથે એકત્ર થાય તે નક્ષત્ર.

ગ્રહયોગ ૧. [સં.] પું. ગ્રહયુતિ; ગ્રહનો યોગ.

૨. પું. સંયોગ.

ગ્રહરત્ન [સં.] ન. હિંદુ જ્યોતિષશાસ્ત્ર મુજબ નવ ગ્રહ માટે યોજેલાં નવ રત્ન. તે આ પ્રમાણે: રવિ માટે માણેક, ચંદ્ર માટે મોતી, મંગળ માટે પરવાળું, બુદ્ધ માટે પાનું, ગુરુ માટે પુષ્કરાજ, શુક્ર માટે હીરો, શનિ માટે નીલ, રાહુ માટે ગોમેદ અને કેતુ માટે વૈદૂર્ય.

ગ્રહરાજ ૧. [સં.] પું. આકડાનો છોડ.

૨. પું. કપૂર.

૩. પું. ચંદ્ર.

૪. પું. બૃહસ્પતિ.

૫. પું. મોટો ગ્રહ.

૬. પું. સૂર્ય; ગ્રહનો રાજા.

ગ્રહલઘુવ્યાસ પું. ગ્રહની નાની ધરી; ગ્રહના ઉત્તરધ્રુવ અને દક્ષિણધ્રુવને જોડનારી સીધી લીટી.

ગ્રહલઘ્વક્ષ જુઓ ગ્રહલઘુવ્યાસ.

ગ્રહલાઘવી વિ. ગ્રહલાઘવાદિ ગ્રંથો ઉપરથી કરેલું.

ગ્રહલાઘવીપંચાંગ ન. એક જાતનું પંચાંગ. ગ્રહલાઘવી પંચાંગમાં કોઈ એક સૂર્યસંક્રાંતિ જે દિવસે થાય તેનાથી શુમારે ચાર દિવસ પહેલાં કેરોપંતી પંચાંગમાં થાય અને તેનાથી પણ અઢાર દિવસ પહેલાં એટલે કે ગ્રહલાઘવી સંક્રાંતિથી બાવીશ દિવસ પહેલાં સાયન પંચાંગમાં થાય.

ગ્રહવર્ષાદિફલ [સં.] ન. સૂર્ય વગેરે ગ્રહો જેના સ્વામી હોય તેવા વર્ષ કે માસનું અમુક ફળ.

ગ્રહવહ્નિ [સં.] પું. ગ્રહયજ્ઞમાં ગ્રહોને ઉદ્દેશી જેમાં હોમ થાય છે તે અગ્નિ.

ગ્રહવાવું અ. ક્રિ. ગ્રહાવું.

ગ્રહવિક્ષેપ પું. (જ્યોતિષ) ગ્રહની કક્ષા અને ક્રાંતિવૃત્ત વચ્ચેનો ખૂણો.

ગ્રહવિપ્ર ૧. [સં.] પું. જોશી; ગ્રહોને ઉદ્દેશી અપાતાં દાન લઈ પતિત થયેલ બ્રાહ્મણ.

૨. પું. બંગાળ અને દક્ષિણ હિંદના એક પ્રકારના બ્રાહ્મણ. તે કોઈ ખાસ ક્રિયા વડે ગ્રહોનું શુભાશુભ ફળ બતાવે છે.

ગ્રહવું ૧. સ. ક્રિ. પકડવું; ઝાલવું; ધરવું; લેવું.

૨. સ. ક્રિ. સમજવું.

૩. સ. ક્રિ. સ્વીકારવું; અંગીકાર કરવો.

ગ્રહવેધ ૧. [સં.] પું. ગ્રહની સ્થિતિ વગેરે જાણવું તે.

૨. પું. સૂર્યચંદ્રાદિ સાથે ગ્રહનો વેધ.

ગ્રહશાંતક જુઓ ગ્રહશાંતિ.

ગ્રહશાંતિ [સં.] સ્ત્રી. ગ્રહોની અસર પ્રશમન અર્થે કરાતી દાન આપવા વગેરેની ક્રિયા; કોઈ પણ મંગળ ક્રિયા કરતી વખતે ગ્રહોની શાંતિને માટે અથવા તેની માઠી અસર નિવારવા માટે કરાતી ધાર્મિક ક્રિયા.

ગ્રહશાંતિક ૧. [સં.] ન. મંગળકાર્યની શરૂઆતમાં ગ્રહોની માઠી અસર નિવારવા માટે કરાતી ધાર્મિક ક્રિયા. વિવાહના નક્ષત્રોમાં તેમ જ પુષ્ય, શ્રવણ, હસ્ત અને અશ્વિની એ ચાર નક્ષત્રોમાં તથા શુક્રવાર, બુધવાર અને ગુરુવાર એ ત્રણ દિવસે શાંતિક અથવા પૌષ્ટિક કર્મ કરવાથી ફળદાયક લાભ થવાનું મનાય છે.

૨. વિ. ગ્રહશાંતિ કરનારૂં.

ગ્રહશાંતેક જુઓ ગ્રહશાંતિક.

ગ્રહશીઘ્રપરિધિ [સં.] પું. ગ્રહના પરમ શીઘ્ર ફલના જેવડી ત્રિજ્યાથી કાઢેલા વર્તુલનો પરિધિ.

ગ્રહશીઘ્રફલ [સં.] ન. ગ્રહની સૂર્યકેંદ્રક સ્થિતિને એટલે સૂર્યમાંથી જોતાં જે સ્થાને દેખાય તે સ્થાનદર્શક સ્થિતિને ભૂકેંદ્રક સ્થિતિ એટલે પૃથ્વીમાંથી જોતાં જે સ્થાને દેખાય તે સ્થાનદર્શક સ્થિતિ ઉપર લાવવા કરવો જોઈતો સંસ્કાર.

ગ્રહશીલતા સ્ત્રી. ગ્રાહકતા; સમાવી શકવાની કે ગ્રહણ કરવાની શક્તિ કે ગુણ.

ગ્રહશૃંગાટક ૧. [સં.] પું. એ નામનો એક ગ્રહયજ્ઞ.

૨. પું ગ્રહયુગ્મ; ગ્રહનું જોડકું.

૩. પું. બૃહત્સંહિતા અનુસાર ગ્રહોનો એક પ્રકારનો યોગ. તેની અવસ્થા અનુસાર શુભ અને અશુભ ફળ મળવાનું મનાય છે.

૪. ન. શીંગોડાના ફળની પેઠે ગ્રહોનું રહેવું તે.

ગ્રહષડ્ભાંતર પું. બે ગ્રહો એકબીજાની બરાબર સામે હોય એટલે તેમની વચ્ચે ૭ રાશિનું એટલે ૧૮૦ અંશનું અંતર હોય એવી સ્થિતિ.

ગ્રહસમાગમ ૧. [સં.] પું. ચંદ્રની સાથે મંગળ વગેરે પાંચ ગ્રહોનો એક યોગ.

૨. પું. બે ગ્રહોના ક્રાંતિવૃત્તીય ભોગ સરખા હોય અને તેમની વચ્ચેનું અંતર એક અંશ કરતાં વધારે હોય એવી સ્થિતિ.

ગ્રહસંગમ [સં.] પું. ગ્રહનો સંયોગ; ગ્રહોનું એકઠા થવું તે.

ગ્રહસંયમ [સં.] પું. ગ્રહોનું નિયમન.

ગ્રહસાધન [સં.] ન. ગ્રહોનું આકાશમાં દેખાતું સ્થાન નક્કી કરવા માટેનું ગણિત.

ગ્રહસિદ્ધિ [સં.] સ્ત્રી. ગ્રહોનું આકાશમાં દેખાતું સ્થાન પ્રાપ્ત કરવું તે.

ગ્રહસ્તી ૧. પું. ખેડૂત.

૨. [સં. ગૃહસ્થ] પું. સંસારી માણસ.

ગ્રહસ્થ [સં.] વિ. ગ્રહમાં રહેલ.

ગ્રહસ્થિતિપત્ર [સં.] ન. ખગોળવિદ્યા સંબંધીનું પંચાંગ; ટીપણું.

ગ્રહસ્થિતિપત્રક જુઓ ગ્રહસ્થિતિપત્ર.

ગ્રહસ્વર પું. (સંગીત) રાગનો જેનાથી આરંભ થાય તે સ્વર.

ગ્રહા પું. એક જાતનું જળચર પ્રાણી; ગ્રાહ; મગર.

ગ્રહાક્ષ [સં.] સ્ત્રી. ગ્રહની ધરી.

ગ્રહાધાર [સં.] પું. (જ્યોતિષ) ધ્રુવ નક્ષત્ર. તે સર્વ ગ્રહોનો આધાર મનાય છે.

ગ્રહાધિકરણ [સં.] ન. તે નામે નૈયાયિકોનું એક અધિકરણ.

ગ્રહાધીન [સં.] વિ. ગ્રહોને સ્વાધીન.

ગ્રહાધીશ ૧. [સં.] પું. આકડાનો છોડ.
૨. પું. સૂર્ય.

ગ્રહાધ્યક્ષ જુઓ ગ્રહાધીશ.

ગ્રહાપહા [સં.] સ્ત્રી. ગોરોચન.

ગ્રહામય ૧. [સં.] પું. ગ્રહોને લીધે થતો રોગ.
૨. પું. ગ્રહોનો આવેશ.

ગ્રહાવવું સ. ક્રિ. ગ્રહણ કરાવવું.

ગ્રહાવું અ. ક્રિ. પકડાવું.

ગ્રહાશ્રય જુઓ ગ્રહાધાર.

ગ્રહીત વિ. ગૃહીત; ઝડપાયેલ; પકડાયેલ.

ગ્રહીતવ્ય [સં.] વિ. ગ્રહણ કરવા યોગ્ય; સ્વીકારવા યોગ્ય; લેવા જેવું.

ગ્રહીતા [સં. ગ્રહીતૃ] વિ. ગ્રહણ કરનાર; લેનાર.

ગ્રહેવાવું સ. ક્રિ. ઝડપાવું; પકડાવું.

ગ્રહેવું સ. ક્રિ. લેવું; પકડવું; ઝાલવું; ગ્રહણ કરવું.

ગ્રહેશ ૧. [સં.] પું. આકડાનો છોડ.
૨. પું. ગ્રહોનો ઈશ; રવિ; સૂર્ય.
૩. પું. ચંદ્ર.

ગ્રહેશ્વર જુઓ ગ્રહેશ.

ગ્રહોપરાગ [સં.] પું. એક જાતનું યજ્ઞપાત્ર.

ગ્રહોલ્લેખ [સં.] પું. બે ગ્રહનાં બિંબ એકબીજાને સ્પર્શ કરતાં દેખાય એવી સ્થિતિ.

ગ્રહ્ય [સં.] ન. એક જાતનું યજ્ઞપાત્ર.

ગ્રંથ્ ૧. [સં.] સ. ક્રિ. (ધાતુ) ઉત્પન્ન કરવું; બનાવવું.
૨. સ. ક્રિ. ગોઠવવું; રચવું; લખવું; ઘડવું.
૩. સ. ક્રિ. ગોળ વીંટાળવું.
૪. સ. ક્રિ. (ધાતુ) જોડવું; ગૂંથવું; ગંઠવું. તે ઉપરથી નીકળેલ શબ્દો: ગ્રંથ, ગ્રંથન, ગ્રંથિ, ગ્રંથિત, ગ્રંથિક, ગાંઠ, ગાંઠડી.
૫. સ. ક્રિ. બાંધવું; લટકાવવું.

ગ્રંથ ૧. [સં.] પું. એકબીજાની સાથે સંબંધવાળાં વાક્યોનો સમૂહ; વિચારોની એકબીજા સાથે કરેલી ગૂંથણીથી બનેલો મોટો સમુદાય.
૨. પું. ગાંઠ.
૩. પું. ગૂંથવું તે; ગૂંથણી; ગંઠો.
૪. પું. છંદ; શ્લોક; બત્રીશ અક્ષરના અનુષ્ટુપ છંદવાળો શ્લોક.
૫. પું. ધન; દોલત.
૬. પું. ધર્મશાસ્ત્ર.
૭. પું. પુસ્તક. આ શબ્દ ગ્રંથિ ઉપરથી થયો છે. અગાઉ તાડપત્રો ઉપર લખાણ લખી એ બધાંની વચ્ચે કાણું પાડી તેમને દોરીમાં પરોવી બે બાજુ ગાંઠ વાળવામાં આવતી, જેથી તાડપત્રો વેગળાં થઈ ન જાય. આમ ગ્રંથિ વડે બંધાયેલ પુસ્તકની ગ્રંથ સંજ્ઞા પડી.
૮. પું. પ્રકરણ; ખંડ; પુસ્તકનો એક ભાગ.
૯. પું. બત્રીશ અક્ષરની ગણતરી.
૧૦. પું. બંધન.
૧૧. પું. શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિઘંટ, નિરુક્ત, છંદ અને જ્યોતિષ તથા સંહિતા, બ્રાહ્મણ અને આરણ્યક એ દશનો સમૂહ.
૧૨. પું. શીખ લોકોનું ધર્મપુસ્તક; ગ્રંથસાહેબ. તેના લેખક ગુરુ અર્જુન મનાય છે.
૧૩. પું. સમૂહ.
૧૪. પું. સૂત્રાર્થ; શાસ્ત્રની મતલબ.
૧૫. પું. સ્વજન; સંબંધી લોક.
૧૬. સ્ત્રી. અઠ્ઠાવન માંહેના એક અર્વાચીન લિપિ.

ગ્રંથકર્તા [સં. ગ્રંથકર્તૃ] પું. પુસ્તક બનાવનાર માણસ.

ગ્રંથકર્તૃત્વ [સ.] ન. ગ્રંથ લખવો, રચવો કે તૈયાર કરવો તે.

ગ્રંથકર્ત્રી [સં.] સ્ત્રી. લેખિકા; પુસ્તક રચનાર સ્ત્રી.

ગ્રંથકાર ૧. [સં.] પું. પુસ્તક બનાવનાર માણસ; ગ્રંથકર્તા; લેખક.
૨. પું. શાસ્ત્રકાર.

ગ્રંથકાલ ૧. [સં.] પું. ગ્રહગણિતના પુસ્તકમાં જે સમય સુધીનું ગણિત તૈયાર આપ્યું હોય અને જ્યાંથી આગળ ગણિત કરવાની રીત આપી હોય તે સમય.
૨. પું. ગ્રંથ લખાયાનો વખત.

ગ્રંથકુટિ [સં.] સ્ત્રી. પુસ્તકાલય.

ગ્રંથકોશ [સં.] પું. ગ્રંથોનું સૂચિપત્રક.

ગ્રંથખંડ [સં.] પું. પુસ્તકો રાખવાનો ઓરડો.

ગ્રંથગત [સં.] વિ. પુસ્તકમાં આવેલું.

ગ્રંથગૂંથણ ન. પુસ્તક લખવું તે.

ગ્રંથગૃહ [સં.] ન. પુસ્તકાલય; પુસ્તકશાળા.

ગ્રંથઘેલું વિ. પુસ્તક વાંચવામાં મગ્ન રહેતું.

ગ્રંથઘોડી (ગ્રંથઘોડ઼ી) સ્ત્રી. પુસ્તકો મૂકવાની લાકડાની કે લોઢાની ઘોડી.

ગ્રંથજ્ઞાન [સં.] ન. પુસ્તકો વાંચીને પ્રાપ્ત કરેલું અનુભવ વગરનું જ્ઞાન.

ગ્રંથતાત્પર્ય [સં.] ન. પુસ્તકનો સાર.

ગ્રંથતીર્થ [સં.] ન. ઉત્તમ પુસ્તક; શ્રેષ્ઠ ગ્રંથ.

ગ્રંથન ૧. [સં.] ન. દોરાથી ભેગું બાંધવું તે; ગૂંથવું તે; ગંઠણ; ગૂંથણ.
૨. ન. પુસ્તક રચવું કે લખવું તે.

ગ્રંથના જુઓ ગ્રંથન.

ગ્રંથનિર્વેચન [સં.] ન. પુસ્તક પ્રસિદ્ધ કરવું તે.

ગ્રંથપઠન [સં.] ન. પુસ્તક વાંચવું તે.

ગ્રંથપરીક્ષક [સં.] પું. તૈયાર થયેલા પુસ્તકમાંથી અસંગ કે વિરોધદર્શક હકીકતની તપાસ કરી તેમાં ફેરફાર કરનાર અમલદાર; 'સેન્સર'.

ગ્રંથપરીક્ષણ [સં.] ન. સિંહાવલોકન; પુસ્તકની વસ્તુનું બારીક નિરીક્ષણ કે વિવેચન.

ગ્રંથપરીક્ષા જુઓ ગ્રંથપરીક્ષણ.

ગ્રંથપંથ પું. પુસ્તક લખવાની રીત.

ગ્રંથપાઠ [સં.] પું. પુસ્તકનો ભાગ.

ગ્રંથપાલ [સં.] પું. પુસ્તકાલયમાં પુસ્તકોની રક્ષા અને આપવા લેવાની વ્યવસ્થા કરનારો કારકુન; 'લાઇબ્રેરિયન'.

ગ્રંથપાળ જુઓ ગ્રંથપાલ.

ગ્રંથપ્રકાશક [સં.] પું. પુસ્તક છપાવી બહાર પાડનાર માણસ.

ગ્રંથપ્રકાશન [સં.] ન. પુસ્તક છપાવી બહાર પાડવું તે.

ગ્રંથપ્રચાર [સં.] પું. પુસ્તકનો ફેલાવો થાય એવી જાહેરાત કરવાપણું.

ગ્રંથપ્રવર્તક [સં.] પું. ગ્રંથનો પ્રચાર કરનાર માણસ.

ગ્રંથપ્રશસ્તિ ૧. [સં.] સ્ત્રી. પુસ્તકનાં વખાણ.
૨. સ્ત્રી. પુસ્તકનાં વખાણની કવિતા કે લેખ.

ગ્રંથપ્રસિદ્ધક [સં.] પું. પુસ્તક પ્રસિદ્ધ કરનાર માણસ.

ગ્રંથપ્રસિદ્ધિ જુઓ ગ્રંથપ્રકાશન.

ગ્રંથપ્રામાણ્ય [સં.] ન. પુસ્તકનું આધારરૂપ હોવાપણું.

ગ્રંથભંડાર [સં.] પું. પુસ્તકાલય; પુસ્તકશાળા.

ગ્રંથભાષા [સં.] સ્ત્રી. પુસ્તકમાં વપરાયેલી ભાષા.

ગ્રંથમણિ [સં.] પું. શ્રેષ્ઠ પુસ્તક.

ગ્રંથમાળા સ્ત્રી. એક જ સ્થળેથી એક પછી એક પ્રસિદ્ધ થતા ગ્રંથોની હારમાળા.

ગ્રંથમુદ્રણ [સં.] ન. પુસ્તક છાપવું તે.

ગ્રંથરક્ષક [સં.] પું. પુસ્તકશાળાનો વ્યવસ્થાપક; ગ્રંથપાલ; 'લાઇબ્રેરિયન'.

ગ્રંથરચના [સં.] સ્ત્રી. પુસ્તકનું લખાણ.

ગ્રંથરત્ન [સં.] ન. શ્રેષ્ઠ પુસ્તક.

ગ્રંથરાજ જુઓ ગ્રંથરત્ન.

ગ્રંથરાશિ [સં.] સ્ત્રી. સાહિત્ય; પ્રજાનાં જ્ઞાન, વિચાર, ભાવના વગેરેની ભાષામાં સંગ્રહાયેલી મૂડી.

ગ્રંથલિપિ [સં.] સ્ત્રી. દક્ષિણી શૈલીની છ માંહેની એક જાતની લિપિ. તે મદ્રાસ ઇલાકાની ઉત્તરે અને દક્ષિણે આર્કટ, સાલેમ, ત્રિચિનાપલ્લિ, મદુરા અને તિન્નેવેલ્લિ જિલ્લામાં ફેલાયેલી છે. ઈ. સ.ની પૂર્વે સાતમી સદીથી પંદરમી સદી સુધી એમાં કંઈ કંઈ ફેરફાર થઈને વર્તમાન ગ્રંથલિપિ બની. તેમાંથી અર્વાચીન મલાયલમ અને તુળુ લિપિઓ ઉત્પન્ન થઈ. મદ્રાસ ઇલાકામાં જે ભાગમાં તામિલ લિપિના અક્ષરોની અપૂર્ણતાને લીધે સંસ્કૃત ગ્રંથ લખી શકાતા ન હતા ત્યાં સંસ્કૃત ગ્રંથ આ લિપિમાં લખાયા, તેથી તેનું નામ ગ્રંથલિપિ એટલે સંસ્કૃત ગ્રંથોની લિપિ પડ્યું.

ગ્રંથલેખન [સં.] ન. પુસ્તક લખવું તે.

ગ્રંથવસ્તુ [સં.] ન. પુસ્તકની મુખ્ય બીના; પુસ્તકની સારભૂત હકીકત.

ગ્રંથવિક્રેતા [સં. ગ્રંથવિક્રેતૃ] પું. પુસ્તક વેચનાર માણસ.

ગ્રંથવિવેચન [સં.] ન. પુસ્તકો સંબંધી ટીકા.

ગ્રંથવિશારદ [સં.] પું. વિદ્વાન; પંડિત.

ગ્રંથવિશારદતા [સં.] સ્ત્રી. વિદ્વત્તા; પાંડિત્ય.

ગ્રંથશાલાધિકારી [ગ્રંથશાલાધિકારિન્] પું. વાચનાલયનો અધિકારી; પુસ્તકશાલાધ્યક્ષ.

ગ્રંથસંકલના [સં.] સ્ત્રી. પુસ્તક રચવું તે.

ગ્રંથસંકળના જુઓ ગ્રંથસંકલના.

ગ્રંથસંગ્રહ [સં.] પું. પુસ્તકભંડાર; ગ્રંથાલય; પુસ્તકાલય.

ગ્રંથસંગ્રહાલય [સં.] પું.; ન. પુસ્તકભંડાર; પુસ્તકો એકઠાં કરવાનું સ્થળ.

ગ્રંથસંગ્રાહક [સં.] પું. પુસ્તકો સંગ્રહી રાખનાર માણસ.

ગ્રંથસંધિ [સં.] પું. ગ્રંથનો સંધિવિભાગ; પરિચ્છેદ.

ગ્રંથસાહેબ પું. શીખ લોકોનું એ નામનું પવિત્ર ધર્મપુસ્તક. તેમાં બધા ગુરુઓનો ઉપદેશ એકઠો કરવામાં આવેલ છે. શીખ લોકો ગ્રંથસાહેબની પૂજા કરે છે. એમના છેલ્લા ગુરુએ ગુરુ કે આચાર્યની પ્રથા બંધ કરી ગ્રંથસાહેબને જ સદાના ગુરુ માનવાનું ઠરાવ્યું છે.

ગ્રંથસૂચિ સ્ત્રી. પુસ્તકોની યાદી.

ગ્રંથસ્થ [સં.] વિ. પુસ્તકમાં આવેલું; ચોપડીમાં મુકાયેલું કે સંગ્રહાયેલું.

ગ્રંથસ્વામિત્વ [સં.] ન. ગ્રંથકારને પોતાના ગ્રંથ છપાવવાનો હક્ક; નકલહક્ક. 'કૉપિરાઇટ'.

ગ્રંથા સ્ત્રી. ચોપડી.

ગ્રંથાતીત ૧. [સં.] પું. (જૈન) પરિગ્રહ વગરનો મુનિ.

૨. વિ. પરિગ્રહ વગરનું.

ગ્રંથાર્પણ [સં.] ન. ગ્રંથનું સમર્પણ; પુસ્તક કોઈને અર્પણ કરવાપણું.

ગ્રંથાલય [સં.] પું.; ન. પુસ્તકાલય.

ગ્રંથાવલિ [સં.] સ્ત્રી. પુસ્તકમાળા; પુસ્તકોની હારમાળા; પુસ્તકોની પરંપરા.

ગ્રંથાવલી જુઓ ગ્રંથાવલિ.

ગ્રંથાવલોકન [સં.] ન. પુસ્તકની સમાલોચના; ગ્રંથ સંબંધી અભિપ્રાય; પુસ્તકના ગુણદોષનું અવલોકન.

ગ્રંથાવળિ જુઓ ગ્રંથાવલિ.

ગ્રંથાવળી જુઓ ગ્રંથાવલિ.

ગ્રંથાંતર ૧. [સં.] પું. એક સિવાય બીજા ગ્રંથ.

૨. ન. એક પુસ્તકને બીજી ભાષામાં ઉતારવું તે.

૩. ન. ભાષાંતર.

ગ્રંથિ ૧. પું.; સ્ત્રી. આંટી; ગૂંચવણ.

૨. પું.; સ્ત્રી. એ નામનું ઝાડ; ગ્રંથિપર્ણ.

૩. [સં.] પું.; સ્ત્રી. એક જાતની મોથ.

૪. પું.; સ્ત્રી. કુટિલતા; વક્રતા.

૫. પું.; સ્ત્રી. ખામી; અપૂર્ણતા.

૬. પું.; સ્ત્રી. ગૂંચળું.

૭. પું.; સ્ત્રી. ગૂંથવું તે; ગૂંથણી.

૮. પું.; સ્ત્રી. ઢેકો; દડબ; પિંડ; ગઠ્ઠો; ગોળો.

૯. પું.; સ્ત્રી. થેલી.

૧૦. પું.; સ્ત્રી. ધન.

૧૧. પું.; સ્ત્રી. પીપરીમૂળ.

૧૨. પું.; સ્ત્રી. પોશાક.

૧૩. પું.; સ્ત્રી. બંધન; બાંધવું તે.

૧૪. પું.; સ્ત્રી. ભ્રૂણકોષ.

૧૫. પું.; સ્ત્રી. મંગળસૂત્ર.

૧૬. પું.; સ્ત્રી. માયા રૂપી પાશ; અહંતામમતા રૂપી ગાંઠ. બૌદ્ધ સંપ્રદાયમાં ગ્રંથિઓ ચાર છે: ૧. અભિજ્જા કે અભિધ્યા એટલે પારકા ધનની ઇચ્છા, ૨. બ્યાપાદ એટલે પરદ્વેષ, ૩. સીલબ્બતપરામાસો એટલે શીલ અને વ્રતથી અને ઉપવાસ વગેરેથી મોક્ષ મળે છે એમ માનવું તે, અને ૪. ઇદં સચ્ચાભિનિવેસો એટલે હું કહું છું એ જ સાચું છે એવો દુરાગ્રહ.

> જ્યારે સર્વે તૂટી જાયે ગ્રંથિ હૃદય સંશ્રિત,
> મર્ત્ય અમૃત ત્યારે જ આટલો ઉપદેશ છે.
>
> કઠોપનિષદ

૧૭. પું.; સ્ત્રી. લોહી બગડવાથી થતો એક જાતનો રોગ; અર્બુદ; ગુમડોડા.

૧૮. પું.; સ્ત્રી. વજ.

૧૯. પું.; સ્ત્રી. વસ્ત્રની ગાંઠ.

૨૦. પું.; સ્ત્રી. વાંસ વગેરેની ગાંઠ.

૨૧. પું.; સ્ત્રી. વિઘ્ન; અંતરાય.

૨૨. પું.; સ્ત્રી. શરીરમાંની રસની નાની કોથળી; શરીરમાં વપરાનારા કે શરીરમાંથી બહાર કાઢી નાખવાના પદાર્થનો સ્રાવ કરનારું અંગ; ગંડ. શરીરમાં ગ્રંથિઓ ઘણી હોય છે. દરેક ગ્રંથિનું કામ સ્રવણ કરવાનું હોય છે. થૂંકની ગ્રંથિ થૂંકનું સ્રવણ કરે છે. લસિકાગ્રંથિનું કામ લસિકા સ્રવણ કરવાનું છે. જઠરગ્રંથિ જઠરરસનું સ્રવણ કરે છે. આવી દરેક ગ્રંથિનું કર્તવ્ય શરીરને ઘણું ઉપયોગી છે. ગ્રંથિઓ એકસરખા માપની હોતી નથી. નાનામાં નાની વટાણાના દાણા જેવડી હોય છે, જ્યારે મોટી નાળિયેર જેવડી હોય છે. કેટલીક ગ્રંથિમાં પ્રવાહી, કેટલીકમાં નક્કર, કેટલીકમાં ઘઉંની કણેક જેવો ચીકણો પદાર્થ માલૂમ પડે છે. કેટલીક ગ્રંથિમાં દાહ થાય છે, કેટલીકમાં થોડી ઘણી પીડા થાય છે ને કેટલીકમાં બિલકુલ પીડા થતી નથી. કેટલીક ગાંઠો પાકીને મટી જાય છે, કેટલીકને કાપીને કાઢવાની જરૂર પડે છે, કેટલીક ગાંઠો કાપ્યા પછી પણ ફરી પાછી ઊપડે છે. આ પ્રત્યેક ગ્રંથિ જ્ઞાનતંતુનું મધ્યબિંદુ મનાય છે. એક રીતે તે દરેક ગ્રંથિ કરોડવાળાં પ્રાણીઓના મગજ સાથે સરખાવી શકાય એવું મગજ હોય છે.

૨૩. પું.; સ્ત્રી. સમૂહ; ટોળું; સંઘ.

૨૪. પું.; સ્ત્રી. સાંધો; જોડાણ.

ગ્રંથિક ૧. [સં.] પું. (પુરાણ) અજ્ઞાતવાસ વખતે વિરાટને ત્યાં પાંડવ સહદેવે ધારણ કરેલું નામ.

૨. પું. એ નામની વનસ્પતિ; રિસામણી. તેનાં ફૂલની એકેક પાંખડી દોઢે વળેલી હોય છે. તેના થડમાં ગાંઠો હોય છે અને પાન પણ ઘૂંચવાળાં હોય છે તેથી તેને ગ્રંથિક કહે છે.

૩. પું. ગ્રંથિમય અવયવોમાંથી ખેંચી કાઢવામાં આવતો એક મૂળ પદાર્થ.

૪. પું. જોશી.

૫. પું. પુસ્તકનો કોઈ એક ભાગ.

૬. ન. એક જાતનું ઝાડ; ગ્રંથિપર્ણ.

૭. ન. કેરડાનું ઝાડ.

૮. ન. ગૂગળ.

૯. ન. પીપરીમૂળનો ગંઠોડો.

૧૦. ન. વાંસ.

ગ્રંથિકસન્નિપાત [સં.] પું. ગ્રંથિજ્વર; મહામારી; મરકી; પ્લેગ; ગાંઠિયો તાવ.

ગ્રંથિકા ૧. સ્ત્રી. ગાંઠ.

૨. [સં.] સ્ત્રી. ચોપડી; નાનો ગ્રંથ.

૩. સ્ત્રી. વજ.

ગ્રંથિકાદિકવાથ પું. (વૈદ્યક) બધા તાવ ઉપર અપાતો એક જાતનો ઉકાળો.

ગ્રંથિકાપત્ર ન. તાલીસપત્ર. તેનાં પાનને વાળી ચોપડી બંધાય એવી રીતે ગુંથાય છે.

ગ્રંથિકાવલિ સ્ત્રી. નાની ચોપડીઓની માળા.

ગ્રંથિકી [સં.] સ્ત્રી. વજ.

ગ્રંથિકોષ [સં.] પું. નિસ્સારણ કરનાર કોષ. તે ગ્રંથિના ઉપાસ્તરથી જુદો હોય અથવા તો તેમાં રહેલો હોય છે. આ કોષ માત્ર શોષવાનું કામ કરે છે.

આવા કોષો નિસ્સારણ ઉત્પન્ન કરનારા છે. તેમને **ગ્રંથિકોષ** (ગ્લેન્ડ્યુલર સેલ)ના નામથી ઓળખવામાં આવે છે.

પ્રાણીવિદ્યાનું રેખાદર્શન

ગ્રંથિજ્વર ૧. [સં.] પું. ગાંઠના દુખાવાથી ચડતો તાવ.

૨. પું. ગાંઠિયો તાવ; મરકી; મહામારી; પ્લેગ.

ગ્રંથિત ૧. [સં.] વિ. ગંઠેલું; ગૂંથેલું.

૨. વિ. ગ્રંથિત; સંકળાયેલું.

ગ્રંથિતવ્યા [સં.] સ્ત્રી. ગાંઠ.

ગ્રંથિતૃણ ન. એ નામની ઔષધોપયોગી એક વનસ્પતિ.

ગ્રંથિપત્ર [સં.] ન. ચોરક નામનું ગંધદ્રવ્ય.

ગ્રંથિપર્ણ ૧. [સં.] ન. એક જાતનું ઝાડ.

૨. ન. તગરની ગાંઠ.

ગ્રંથિપર્ણક [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ.

ગ્રંથિપર્ણા [સં.] સ્ત્રી. એક જાતની વનસ્પતિ; પનડી.

ગ્રંથિપર્ણી ૧. [સં.] સ્ત્રી. એક જાતની ધ્રો.

૨. સ્ત્રી. એક જાતનો વેલો.

ગ્રંથિપીડા [સં.] સ્ત્રી. ગ્રંથિ સંબંધી વ્યાધિ.

ગ્રંથિફલ ૧. [સં.] ન. કોઠનું ઝાડ.

૨. ન. મીંઢળનું ઝાડ.

ગ્રંથિબંધન ૧. [સં.] ન. ગાંઠ બાંધવી તે.

૨. ન. છેડાછેડી બાંધવાપણું.

૩. ન. જન્મતિથિએ ગોરોચનાવાળું સૂતર બાંધવું તે.

ગ્રંથિભેદ ૧. [સં.] પું. ખીસાકાતરુ.

૨. પું. ગાંઠ કાપનાર માણસ.

૩. પું. ગાંઠ છોડવી અથવા કાપવી તે.

૪. પું. વસ્ત્ર વગેરેની ગાંઠ છોડનાર માણસ.

ગ્રંથિભેદક [સં.] વિ. ગાંઠ છોડી ચોરી કરનાર.

ગ્રંથિભેદન ૧. [સં.] ન. ગાંઠ છોડવી અથવા કાપવી તે.

૨. ન. યોગનું એક આસન.

ગ્રંથિભેદનાસન [સં.] ન. યોગનું એ નામનું એક આસન. ડાબા સાથળના મૂળમાં જમણો પગ રાખી તથા જમણા સાથળના મૂળમાં ડાબો પગ રાખી પછી બંને ઢીંચણને છાતી ભણી ઊંચા લાવવા અને બંને હાથના પંજા પરસ્પર પકડી બંને હાથના મધ્યભાગના આધારથી ઊંચા કરેલા ઢીંચણોને આધાર આપી સ્વસ્થ બેસવાથી આ આસન થાય છે. આ આસનથી હાથપગ માંહેની નાડીઓની ગ્રંથિઓનો ભેદ થાય છે.

ગ્રંથિમાન સ્ત્રી. એ નામની એક વેલ; હાડસાંકળ.

ગ્રંથિમૂલ ૧. [સં.] ન. ગાજર.

૨. ન. મૂળો.

૩. ન. લસણ.

ગ્રંથિમૂલા [સં.] સ્ત્રી. એક જાતની ધ્રોખડ.

ગ્રંથિમોચક ૧. [સં.] પું. ખીસાકાતરુ.

૨. વિ. ગાંઠ છોડનાર.

ગ્રંથિરોગ [સં.] પું. ગાંઠનો રોગ; અર્બુદ રોગ.

ગ્રંથિલ ૧. [સં.] ન. આદુ.

૨. ન. આલૂ.

૩. ન. ચોર નામનું ગંધદ્રવ્ય.

૪. ન. કેરડાનું ઝાડ.

૫. ન. ગાંઠ.

૬. ન. ગોખરુ.

૭. ન. પીપરીમૂળ.

૮. ન. બીલીનું ઝાડ.

૯. ન. વિકળો.

૧૦. વિ. ગાંઠવાળું; ગ્રંથિવાળું.

ગ્રંથિલા ૧. [સં.] સ્ત્રી. એક જાતની ધ્રોખડ; ધોળી ધ્રો.

૨. સ્ત્રી. એક જાતની મોથ; ભદ્રમોથ.

૩. સ્ત્રી. કેરડાનું ઝાડ.

૪. સ્ત્રી. ચોર નામનું ગંધદ્રવ્ય.

૫. સ્ત્રી. ફોદીનો.

ગ્રંથિવાત [સં.] પું. એક જાતનો સાંધાનો રોગ; સંધિવા.

ગ્રંથિવિસર્પ [સં.] પું. વિસર્પ રોગના સાત માંહેનો એક પ્રકાર. આ રોગમાં લાંબી, નાની, ગોળ, રાતી ગાંઠની માળા થાય છે. ગાંઠમાં સણકા થાય અને તાવ આવે છે.

ગ્રંથિશામક [સં.] વિ. ગાંઠની પીડા શાંત કરનારું.

ગ્રંથિસન્નિપાત [સં.] પું. ગ્રંથિજ્વર; મહામારી; મરકી; પ્લેગ.

ગ્રંથિસંવેદન [સં.] ન. ગ્રંથિમાં લાગણી થઈ આવવાપણું.

ગ્રંથી ૧. પું. શીખનું ધર્મપુસ્તક વાંચનાર માણસ.

૨. સ્ત્રી. ગ્રંથિ; ગાંઠ.

૩. સ્ત્રી. બંધન; ગૂંથણી.

૪. સ્ત્રી. સમૂહ; ટોળું.

૫. સ્ત્રી. સંબંધ.

ગ્રંથીક [સં.] ન. પીપરીમૂળ.

ગ્રંથોત્તમ [સં.] પું. ઉત્તમ ગ્રંથ; આદર્શ પુસ્તક.

ગ્રંથોત્સર્ગ [સં.] પું. અર્પણપત્રિકા; ગ્રંથનું અર્પણ.

ગ્રંથોપાસના [સં.] સ્ત્રી. ગ્રંથપૂજા; પુસ્તકની ઉપાસના.

ગ્રા પું. તાડપત્રના પુસ્તકનાં પાનાંની ગણતરી માટે કરેલા એકમ અંકો માંહેનો સાતમો; ૭.

ગ્રાઉંડ ૧. [અં.] ન. ચોગાન; મેદાન.

૨. ન. જમીન; ભોંયતળિયું.

૩. ન. મુદ્દો; કારણ.

ગ્રાઉંડગ્લાસ [અં.] પું. આંધળો કાચ; ઘસેલો કાચ.

ગ્રાઉંડબીટલ [અં.] ન. ઢાલપક્ષવર્ગનું ધોળાં ટપકાંવાળું એક મોટું કીટક. તે ડાંગરમાં થતી ઇયળનો અને જીવડાંનો નાશ કરે છે.

ગ્રાઉંડબોલ [અં. ગ્રાઉન્ડ બૉલ] પું. ક્રિકેટની રમતમાં જમીન સાથે ઘસાઈને ફેંકાઈ આવતો દડો. ગ્રાઉંડબોલ કેટલાક રમનારાને બરાબર ફાવતા નથી.

ગ્રાનચોટી [અં. ગ્રૅચ્યુઇટિ] સ્ત્રી. નોકરને નોકરી છોડતી વખતે સારી નોકરી કર્યા બદલ આપવામાં આવતી ઇનામી રકમ.

ગ્રાનિટ [અં. ગ્રૅનિટ] પું. એક જાતનો કાળો, કઠણ અને બરડ પથ્થર.

ગ્રાફ [અં.] પું. રેખાલેખન; રેખાંકન.

ગ્રામ ૧. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

૨. [સં.] પું.; ન. અમુક લક્ષણવાળા બ્રાહ્મણ વગેરેનું નિવાસસ્થાન.

૩. પું.; ન. (સંગીત) આર્ચિક ગાયનના બે માંહેનો એક ભેદ.

૪. પું.; ન. ઇંદ્રિયોનો સમૂહ.

૫. પું.; ન. એક પ્રકારની ક્ષેત્રગણના.

૧૦૦ કુટુંબ = ૧ ગ્રામ.
૧૦૦ ગ્રામ = ૧ જનપદ.

૬. પું.; ન. ગામ; ગામડું. ચાણક્યના અર્થશાસ્ત્ર પ્રમાણે ગામડાના પ્રથમ, મધ્યમ અને કનિષ્ઠ એવા ત્રણ વર્ગ પડતા. એ દરેકના પરિહારક, આયુધીય, કુપ્ય અને વિષ્ટિ એવા ચાર પેટા વિભાગ પડતા.

૭. પું.; ન. ગામની લઘુતા બતાવવા છેડે વપરાતો શબ્દ.

૮. પું.; ન. જેમાં બ્રાહ્મણો અને ખેડૂતો વિશેષ હોય એવો દેશ.

૯. [સં.] પું.; ન. તોલનું એક જાતનું અંગ્રેજી માપ; શુદ્ધ પાણીના ૧ ક્યુબિક સેંટિમિટર જેટલું વજન.

૧૦. પું.; ન. પ્રાણીઓનો સમૂહ.

૧૧. પું.; ન. લંબાઈનું એક અંગ્રેજી માપ; ૧ મિટરનો ૧૦૦મો ભાગ.

૧૨. પું.; ન. વસતી.

૧૩. પું.; ન. (સંગીત) ષડ્જ, મધ્યમ, ગંધાર કે પંચમથી શરૂ થતું સાત સ્વરોનું સપ્તક; સ્વરસંકલના; સ્વરસપ્તક; સ્વરોના ધાટા કે ઝીણા સ્વર પ્રમાણે પાડેલ ભાગ; સાત સ્વરમાં જે મુખ્ય ત્રણ અવધિ હોય છે તેમાંનો અક્કેક. મૂર્ચ્છના આદિના આશ્રયરૂપ સ્વરસમૂહ ષડ્જ, મધ્યમ અને ગંધાર એ ત્રણ ગ્રામ કહેવાય છે. કોઈ તેને આદિ, મધ્ય અને અવસાન ગ્રામ પણ કહે છે. સંગીતમાં ષડ્જ, મધ્યમ અને પંચમ તથા કોઈના મત પ્રમાણે ષડ્જ, મધ્યમ અને ગંધાર એ નામે ત્રણ ગ્રામ નક્કી કરેલા છે, જેને અનુક્રમે નંદ્યાવર્ત, સુભદ્ર અને જીમૂત પણ કહે છે, અને જેના દેવતા અનુક્રમે બ્રહ્મા, વિષ્ણુ અને શિવ છે. દરેક ગ્રામમાં સાત સાત મૂર્ચ્છના છે. સા. ષડ્જથી આરંભ કરીને સા રી ગ મ પ ધ નિ એ સાત સ્વર થાય તેના સમૂહને ષડ્જગ્રામ, મ મધ્યમથી આરંભ કરીને મ પ ધ નિ સા રી ગ એ સાત સ્વર થાય તેના સમૂહને મધ્યમગ્રામ અને એ પ્રકારે ગા ગંધારથી અથવા પ પંચમથી શરૂ કરતાં જે સાત સ્વર થાય તેના સમૂહને ગંધાર અથવા પંચમગ્રામ કહે છે. પહેલા બે ગ્રામનો વ્યવહાર આ લોકમાં મનુષ્યો દ્વારા થાય છે, પણ ત્રીજા ગ્રામનો વ્યવહાર સ્વર્ગલોકમાં નારદ કરે છે. વાસ્તવિક રીતે ત્રીજો ગ્રામ બહુ જ ઊંચો છે અને તેનો સ્વર કેવળ સિતાર, સારંગી, હારમોનિયમ વગેરે વાજાંમાંથી નીકળી શકે છે, મનુષ્યના ગળામાંથી નીકળી શકતો નથી. નાસિકા, કંઠ, હૃદય, તાલુ, જીહ્વા અને દંતને સ્પર્શ કરી છ સ્થાનમાંથી ઉત્પન્ન થતા ષડ્જના આધિપત્ય નીચે રહેલા સ્વરોના એકીકરણને ગ્રામ કહે છે.

૧૪. પું.; ન. સમુદાય; સમૂહ; સંગ્રહ. આ અર્થમાં આ શબ્દ સમાસને છેડે આવે છે. જેમકે, ગુણગ્રામ.

> વિસર નિવહ સંદોહ ઊહ, યૂથ વ્રાત ઘન જાત;
> ચક્ર અનંત સમાજ બહુ સ્તોમ **ગ્રામ** સંઘાત.
>
> પિંગળલઘુકોષ

૧૫. વિ. નિપુણ; હોશિયાર.

ગ્રામ અધિકારી પું. ગામનો મુખી.

ગ્રામકંટક ૧. [સં.] પું. આખા ગામને દુઃખ આપનાર માણસ; ગામનું પાપ; ગામનો ઉતાર; ગુંડો.

> રાજા વેશ્યા યમો વહ્નિ અતિથિ બાલ યાચકો,
> પરદુઃખો ન જાણે તે આઠમો **ગ્રામકંટક**.
>
> સુભાષિત

૨. પું. ઇંદ્રિયસમૂહરૂપ કાંટો.

૩. પું. નઠારો શબ્દ; ગાળ.

ગ્રામકુક્કુટ [સં.] પું. પાળેલો મુરઘો; ગામમાં રહેતો કૂકડો.

ગ્રામકુમાર [સં.] વિ. આખા ગામમાં સૌથી સુંદર.

ગ્રામકૂટ ૧. પું. મુખી.

૨. [સં.] પું. શૂદ્ર.

ગ્રામકૂટી [સં.] સ્ત્રી. શૂદ્ર જાતિની સ્ત્રી.

ગ્રામકેળવણી સ્ત્રી. ગામડાના લોકોને આપવાનું શિક્ષણ.

ગ્રામકોડ [સં.] ન. ગામમાં રહેતું ભૂંડ.

ગ્રામગ [સં.] વિ. ગામ જનાર.

ગ્રામગુરુ પું. ગામોટ; ગ્રામગોર.

ગ્રામગેય [સં.] પું. ગામમાં ગાવા યોગ્ય એક સામવિભાગ.

ગ્રામગોર પું. ગામની શૂદ્ર જાતિઓનું ગોરપદું કરનાર બ્રાહ્મણ; ગામોટ.

ગ્રામગોશ પું. ગામનો પટેલ.

ગ્રામઘાત ૧. [સં.] પું. ગામનો નાશ.

૨. ન. ગામમાં રહેતાં માણસોને મારી નાખવાં તે.

ગ્રામચર્યા ૧. [સં.] સ્ત્રી. ગ્રામ્ય ધર્મ.

૨. સ્ત્રી. સ્ત્રીસંયોગ; મૈથુન.

ગ્રામજ [સં.] વિ. ગામમાં ઉત્પન્ન થનાર.

ગ્રામજન પું. ગામડાનો માણસ.

ગ્રામજીવન ન. ગામડામાં રહીને ગળાતું જીવન.

ગ્રામણ [સં.] વિ. ગામના મુખી સંબંધી; ગામેતી સંબંધી.

ગ્રામણિ પું. (પુરાણ) એ નામનો એક ગંધર્વ.

ગ્રામણી ૧. [સં.] પું. ગામનું ગોરપદું કરનાર બ્રાહ્મણ; ગામોટ.

૨. પું. ગામનો માલિક.

૩. પું. ગામનો મુખી; પટેલ; ગામેતી; ગ્રામાધ્યક્ષ.

૪. પું. (પિંગળ) ત્રિષ્ટુપની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં સગણ, રગણ, જગણ અને બે ગુરુ મળી અગિયાર અક્ષર હોય છે.

૫. પું. નેતા; આગેવાન.

૬. પું. પતિ.

૭. પું. બહુ સ્ત્રીસંભોગ કરનાર માણસ.

૮. પું. યક્ષ.

૯. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. ભૂતગ્રામનું નેતૃત્વ કરનાર હોવાથી તે ગ્રામણી કહેવાય છે.

૧૦. પું હજામ; વાળંદ.

> મક્ષિકા મક્ષકો વેશ્યા મૂષકો યાચકો તથા,
> **ગ્રામણી** ગણકો સાતે પરભક્ષક લેખાય છે.
>
> સુભાષિત

૧૧. સ્ત્રી. ગળીનો છોડ.

૧૨. સ્ત્રી. ગામના મુખીની સ્ત્રી; પટલાણી.

૧૩. સ્ત્રી. વેશ્યા; કસબણ.

૧૪. વિ. ગામનું; ગામડાનું.

૧૫. વિ. પ્રધાન; મુખ્ય; ઉત્તમ.

૧૬. વિ. શ્રેષ્ઠ; ઉમદા.

ગ્રામણીતા [સં.] સ્ત્રી. ગામેતીપણું; મુખીપણું; ગ્રામાધ્યક્ષપણું.

ગ્રામણીત્વ જુઓ ગ્રામણીતા.

ગ્રામણીપુત્ર ૧. [સં.] પું. ગ્રામાધ્યક્ષનો દીકરો.

૨. પું. વેશ્યાનો પુત્ર.

ગ્રામણીસવ [સં.] પું. એક દિવસમાં થતો એક પ્રકારનો યજ્ઞ.

ગ્રામતંત્ર [સં.] ન. ગામડામાં ચાલતું ગામલોકોનું તંત્ર.

ગ્રામતા [સં.] સ્ત્રી. ગામનો સમુદાય.

ગ્રામદ પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

ગ્રામદંડપાલ [સં.] પું. ગ્રામરક્ષક; પસાયતો; ચોકીદાર.

ગ્રામદાહ [સં.] પું. ગામનું સળગવું તે.

ગ્રામદેવતા ૧. પું. ગામનું રક્ષણ કરનાર દેવતા; ખેતરપાળ.

૨. સ્ત્રી. ગામની ઇષ્ટ દેવતા; ગ્રામદેવી.

ગ્રામદેવી સ્ત્રી. ગામડાંની દેવી.

ગ્રામદ્વાર [સં.] ન. ગામનો ઝાંપો.

ગ્રામધર્મ ૧. [સં.] પું. ગ્રામ્યધર્મ; ગામડાનો આચારવિચાર.

૨. પું. મૈથુન; વિષયપ્રવૃત્તિ.

૩. પું. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ ઇંદ્રિયોના પાંચ વિષય.

ગ્રામપતિ [સં.] પું. ગામનો મુખી; ગ્રામાધ્યક્ષ.

ગ્રામપથ ૧. [સં.] પું. ગામડામાં થઈને જતો રસ્તો.

૨. પું. ગામડે જતો રસ્તો.

ગ્રામપદ્ધતિ સ્ત્રી. (સંગીત) કાળભેદથી થયેલી બે માંહેની એક પદ્ધતિ; પ્રાચીન સંગીતપદ્ધતિ.

ગ્રામપંચ ન. ગામના પ્રતિષ્ઠિત ગૃહસ્થોનું પંચ.

ગ્રામપંચાયત સ્ત્રી. ગામનો વ્યવહાર ચલાવનાર પંચાયત.

ગ્રામપાલ ૧. પું. ગામનું રક્ષણ કરનાર માણસ; રાજા.

૨. પું. ગામનો માલિક.

૩. [સં.] પું. ચોકીદાર; ગામની રક્ષા કરનાર સૈનિક.

૪. પું. પટેલ; મુખી.

ગ્રામપુનર્રચના [સં.] સ્ત્રી. ગામનું નવું બંધારણ; ગામનો નવો વસવાટ.

ગ્રામપુસ્તકાલય [સં.] ન. ગામડાનું પુસ્તકાલય.

ગ્રામપુંજ પું. ગામડાંઓનો સમૂહ.

ગ્રામપોલીસ પું. ગ્રામરક્ષક; પસાયતો; ચોકિયાત.

ગ્રામપ્રેષ્ય [સં.] પું. ગામનોકર.

ગ્રામભૃત ૧. [સં.] પું. ગામડાનો ગરીબ માણસ.

૨. પું. ગામડે સંદેશો લઈ જવા માટે રાખેલ નોકર.

ગ્રામભૃતક [સં.] પું. ગામડિયો મજૂર.

ગ્રામભોજક ૧. પું. ન્યાય અને વસૂલી કામદાર.

૨. પું. મુખી; પટેલ.

ગ્રામમંડળ ન. ગામનો વ્યવહાર ચલાવનાર પંચાયત; ગ્રામપંચાયત.

ગ્રામમાર્ગ ૧. પું. ગામડા તરફ જતો રસ્તો.

૨. પું. ગામડામાંનો રસ્તો.

ગ્રામમુખ [સં.] ન. હાટ; દુકાન; બજાર.

ગ્રામમૃગ [સં.] પું. કૂતરો.

ગ્રામયાચક [સં.] પું. ગામડાનો પુરોહિત બ્રાહ્મણ.

ગ્રામયાજક [સં.] પું. ગામડામાં ચાલતા ધર્મનો અધ્યક્ષ.

ગ્રામયાજી પું. ગામોટ; ગ્રામગોર.

ગ્રામરક્ષ જુઓ ગ્રામરક્ષક.

ગ્રામરક્ષક [સં.] પું. કોટવાળ; ગામનો રક્ષક; ગામેતી.

ગ્રામરચના સ્ત્રી. ગામનું બંધારણ.

ગ્રામરાગ પું. (સંગીત) રાગના દશ માંહેનો એક વર્ગ.

ગ્રામવાસ ૧. [સં.] પું. ગામમાં રહેનાર ગામડિયો.

૨. પું. ગામમાં રહેવું તે; જંગલ છોડી ગામમાં વસવું તે.

ગ્રામવાસી ૧. [સં. ગ્રામવાસિન્] પું. ગામડિયો.

૨. વિ. ગામડામાં રહેતું.

ગ્રામવિધાન [સં.] ન. ગામડાની રચના.

ગ્રામવિન્યાસ [સં.] પું. નવું શહેર બાંધવા માટે વિગતવાર રચના.

ગ્રામવૃત્તિ સ્ત્રી. ગ્રામસંગઠનના કામમાં પડવા ને ફાવવામાં અનુકૂળ વૃત્તિ.

ગ્રામવૃદ્ધ [સં.] પું. ગામડા માંહેનો ઘરડો પુરુષ.

ગ્રામશાળા સ્ત્રી. ગામડાની નિશાળ; ગામઠી નિશાળ.

ગ્રામશિક્ષક પું. ગામડાની નિશાળનો શિક્ષક.

ગ્રામશિક્ષણ ન. ગામડાની નિશાળમાં અપાતું શિક્ષણ.

ગ્રામષંડ [સં.] પું. નપુંસક.

ગ્રામષંડક [સં.] ન. નપુંસકપણું.

ગ્રામસભા સ્ત્રી. ગામ સાથે સંબંધ ધરાવતી સભા; નગરસભા; નગરવ્યવસ્થામંડળ; શહેરસુધરાઈખાતું; ગામલોકોની સભા; મ્યુનિસિપાલિટિ.

ગ્રામસમુદાય પું. ગામડાના લોકો.

ગ્રામસમૂહ પું. ગામડાંનો જથ્થો.

ગ્રામસહસ્રાંશ પું. ગ્રામનો હજારમો ભાગ; 'મિલિગ્રામ'.

ગ્રામસંકટ ન. આખા ગામ ઉપર આવી પડેલું દુ:ખ.

ગ્રામસંગઠન ૧. ન. ગામડાના આખા જીવનનું સંગઠન કામ.

૨. ન. ગામડાંઓનું ઐક્ય કરવું તે.

ગ્રામસંસ્થા સ્ત્રી. ગ્રામમંડળ; ગ્રામપંચાયત; ગામનો વ્યવહાર ચલાવનાર મંડળ.

ગ્રામસાધારણ ૧. ન. (સંગીત) મધ્યમ સાધારણ.

૨. ન. ષડ્જ સાધારણ.

ગ્રામસિંહ [સં.] પું. કૂતરો. ગ્રામમાં એટલે વસતીમાં તે સિંહ જેવો છે.

ગ્રામસુધાર પું. ગામડાના આખા જીવનને સુધારવું તે.

ગ્રામસુધારણા સ્ત્રી. ગામડાને સુધારવું તે.

ગ્રામસેવક [સં. ગ્રામ (ગામડું) + સેવક (સેવા કરનાર)] પું. ગામડાની સેવા કરનાર; ગામનો નોકર; ગ્રામસેવા કરનાર.

ગ્રામસેવા સ્ત્રી. ગામડાંઓની સેવા.

ગ્રામસ્થ [સં.] વિ. ગામમાં રહેનાર; ગામડિયું.

ગ્રામસ્થાન [સં.] ન. ગામઠાણ; ગામતળ.

ગ્રામહાસક [સં.] પું. બનેવી; બહેનનો પતિ.

ગ્રામાચાર [સં.] પું. ગામનો આચાર; ગામનો વ્યવહાર; ગામની રૂઢિ; ગામના રીતરિવાજ.

ગ્રામાધાન [સં.] ન. મૃગયા; શિકાર.

ગ્રામાધિકારી [સં. ગ્રામ (ગામ) + અધિકારિન્ (અમલદાર)] પું. ગામ અમલદાર; ગામ કામગાર.

ગ્રામાધિકૃત [સં.] પું. ગામનો મુખી; ગામનો પટેલ; ગામનો અધિકારી.

ગ્રામાધિપ પું. ગામનો મુખી; ગ્રામણી; પટેલ.

ગ્રામાધિપતિ [સં.] પું. ગામનો મુખી; ગામનો પટેલ; ગામનો અધિકારી.

ગ્રામાધ્યક્ષ [સં.] પું. ગામનો મુખી; પટેલ; ગામનો વડો; ઉપરી.

ગ્રામાનુગ્રામ અ. (જૈન) એક ગામથી બીજે ગામ.

> પજૂસણ પડિક્કમીનઈ રહિઉ હુઈ તુહઇ પણિ;
> **ગ્રામાનુગ્રામ** પ્રતિ વિહાર કરિવા કલ્પઇ.
> પુરાતત્ત્વ સં. ૧૨૦૪

ગ્રામાફોનિયું વિ. ગ્રામોફોનને લગતું. જેમકે, ગ્રામાફોનિયું સંગીત.

ગ્રામારામ [સં.] પું. ગામબગીચો.

ગ્રામાર્ધ [સં.] પું. ગામનો અરધો ભાગ.

ગ્રામાંત ૧. [સં. ગ્રામ (ગામ) + અંત (છેડો)] પું. ગામની પાસેની જગ્યા.

૨. પું. સીમાડો.

૩. વિ. ગામની પાસેનું; ગામની સમીપનું.

ગ્રામાંતર [સં.] ન. બીજું ગામ.

ગ્રામાંતરવાસી [સં. ગ્રામાંતર (બીજું ગામ) + વાસિન્ (વસનાર)] વિ. ઉપરવાડિયું; બીજા ગામમાં રહેનારૂં.

ગ્રામિક ૧. [સં.] પું. ગ્રામાધ્યક્ષ; ગામનો મુખી; પટેલ.

૨. વિ. ગામનું; ગામ સંબંધી; ગામડાંને લગતું.

૩. વિ. વિષયાભિલાષી.

ગ્રામિક્ય [સં.] ન. ગામપણું.

ગ્રામિણી [સં.] સ્ત્રી. ગળીનો છોડ.

ગ્રામી ૧. [સં. ગ્રામિન્] પું. ગામડિયો.

૨. પું. પટેલ; ગામનો મુખી.

૩. વિ. ગામને લગતું.

૪. વિ. ગામમાં રહેનારૂં.

૫. વિ. ગ્રામ્યધર્મવાળું; મૈથુનવાળું.

૬. વિ. સમૂહવાળું. તે પદને અંતે વપરાય છે. જેમકે, ગુણગ્રામી.

ગ્રામીણ ૧. [સં.] પું. કાગડો.

૨. પું. કૂકડો.

૩. પું. કૂતરો.

૪. પું. ગામડિયો.

૫. પું. ભૂંડ; સૂવર.

૬. વિ. ગામડાનું; ગામને લગતું.

૭. વિ. ગામમાં ઉત્પન્ન થનાર.

ગ્રામીણા ૧. [સં.] સ્ત્રી. એક શાક.

૨. સ્ત્રી. ગળીનો છોડ.

ગ્રામીણી ૧. [સં.] સ્ત્રી. એક જાતનું ઔષધ.

૨. સ્ત્રી. ગામડાની સ્ત્રી.

ગ્રામેય [સં.] વિ. ગામમાં હોનાર કે થનાર.

ગ્રામેયા [સં.] સ્ત્રી. વેશ્યા.

ગ્રામેરૂક ન. રાતા અથવા રતાશ પડતા કાળા રંગનું એક જાતનું ચંદન. બકરાના મૂતર જેવી તેની વાસ હોય છે.

ગ્રામેવાસ ૧. [સં.] પું. ગામડામાં રહેવું તે; ગામમાં વસવાટ.

૨. વિ. ગામમાં રહેનાર.

ગ્રામેવાસી [સં. ગ્રામેવાસિન્] વિ. ગામમાં રહેનાર; ગામડામાં રહેનાર.

ગ્રામેશ [સં.] પું. ગામધણી.

ગ્રામેશ્વર [સં.] પું. ગામધણી.

ગ્રામોદ્ધાર [સં.] પું. ગામડાનો ઉદ્ધાર; ગ્રામ્યોદ્ધાર.

ગ્રામોદ્યોગ [સં.] પું. ગામડાનો ઉદ્યોગ.

ગ્રામોપાધ્યાય [સં.] પું. ગામડાનો શિક્ષક.

ગ્રામોફોન [અં.] ન. થાળી કે તાવડી ચડાવીને વગાડાતું એક જાતનું વાજું; 'ફોનોગ્રાફ'. આ વાજામાં એક ખાસ દ્રવ્યની બનાવેલી તાવડી જેને ચૂડી કહે છે તેના ઉપર સોઈ લગાડીને કમાનથી ચાલતા એક યંત્રની મદદથી બધા પ્રકારનાં બોલેલાં વાક્ય અથવા ગાયેલાં ગીત વગેરે ખાસ રીતે અંકિત થઈ જાય છે અને તે અંકિત વાક્યો અથવા ગીતો ઇચ્છા હોય ત્યારે વિદ્યુત ઉત્પન્ન કરનાર એક બીજા યંત્રની મદદથી સાંભળી શકાય છે. ગ્રામોફોન શાળાનું એક કીમતી સાધન છે અને કેળવણીના બધા તબક્કામાં તે અગત્યનો ભાગ ભજવે છે. સંગીતના શિક્ષણમાં તે મહત્ત્વનો ભાગ ભજવે છે. ગ્રામોફોનથી તો જે મહાન સ્ત્રીપુરુષો આપણને છોડીને ગયાં છે અને જેઓના ધ્વનિ સંઘરી રાખવામાં આવ્યા છે તેમને પણ સાંભળી શકાય છે. ગ્રામોફોનનો એક ખાસ લાભ છે કે કોઈ વાણી આપણે ધારીએ તેટલી વખત ફરી ફરીને સાંભળી શકીએ છીએ.

ગ્રામ્ય ૧. [સં.] પું. (કાવ્ય) એક જાતનો અર્થદોષ; લોકોને જે અર્થ અપ્રિય લાગે તે જાતનો દોષ. જુઓ અર્થદોષ.

૨. પું. (કાવ્ય) પદદોષનો એક ભેદ; ગ્રામ્ય વચનથી રસનો અપકર્ષ થાય તેથી થતો દોષ. શ્રોતાઓની વિમુખતા આ દોષનું કારણ છે. આ દોષ અનિત્ય છે.

૩. પું. પાળવામાં આવતું અને ગામમાં રહેતું પશુ. જેમકે, બળદ, ઘોડો, ગધેડો.

૪. પું. (જ્યોતિષ) મેષ અને વૃષભ રાશિ.

૫. પું. રાત્રિ.

૬. પું. સ્વીકાર.

૭. ન. એ નામનો એક રતિબંધ.

૮. ન. એક જાતનું કાવ્ય; ગોપ.

૯. ન. ગામડી બોલી.

૧૦. ન. (જ્યોતિષ) મિથુન રાશિ.

૧૧. ન. મૈથુન; સ્ત્રીસંગ.

૧૨. ન. (કાવ્ય) રીતિ અને વૃત્તિને ઉપયોગી એવાં ૭ માંહેનું એક પ્રકારનું પદ.

૧૩. ન. સંસ્કૃત વિનાની સર્વે પ્રાકૃત ભાષા માંહેની દરેક.

૧૪. ન. હલકું વાક્ય; અશ્લીલ ભાષણ.

૧૫. વિ. અસભ્ય; અનાગરિક; ગામડિયું; અણઘડ; નહિ સુધરેલું; પ્રાકૃત; ગામડાની રીતભાતનું; રોંચા જેવું.

૧૬. વિ. ગામ સંબંધી; ગામનું.

૧૭. વિ. ગામઠી; ગામડાનું; ગામડાને લગતું.

૧૮. વિ. ગામમાં હોનાર કે થનાર.

૧૯. વિ. પ્રાકૃત; અસલી.

૨૦. વિ. મૂઢ; મૂર્ખ; અજ્ઞાની; બેવકૂફ.

ગ્રામ્યઉદ્યોગ પું. ગામડાના ઉદ્યોગ. જેવા કે, ખેતી, ગોપાલન, ગોરસવિદ્યા.

ગ્રામ્યકથા ૧. [સં.] સ્ત્રી. ગપ્પાં, યુક્તિ અને પ્રયુક્તિવાળી વાતચીત.

૨. સ્ત્રી. ગામ માંહેના ખબર સંબંધી વાતચીત.

ગ્રામ્યકર્મ [સં.] ન. મૈથુન.

ગ્રામ્યગાથા સ્ત્રી. એક જાતનું ટૂંકું ચરણ.

ગ્રામ્યગૌરી ૧. [સં.] સ્ત્રી. ગામડાની સુંદરી.

૨. સ્ત્રી. વેશ્યા.

ગ્રામ્યજન [સં.] પું. ગામડિયો માણસ; ગામડામાં રહેનાર પુરુષ.

ગ્રામ્યજીવન [સં.] ન. ગામડાની જિંદગી; ગામડાનું જીવન.

ગ્રામ્યતા [સં.] સ્ત્રી. અશિષ્ટતા; અનાગરિકતા; ગ્રામડિયાપણું; જંગલીપણું.

ગ્રામ્યદેવતા [સં.] પું. ગ્રામદેવતા; ગામના મુખ્ય દેવ; ગામનું રક્ષણ કરનાર દેવ.

ગ્રામ્યદેવળ ન. ગામડાનું મંદિર.

ગ્રામ્યધર્મ [સં.] પું. મૈથુન; વિષયાંધ થવું તે; હદબહાર વિષય ભોગવવાપણું.

ગ્રામ્યધર્મી [સં. ગ્રામ્યધર્મિન્] વિ. મૈથુનમાં આસક્ત.

ગ્રામ્યપશુ [સં.] પું. ગામમાં રહેનાર પશુ.

ગ્રામ્યપંચાયત સ્ત્રી. ગ્રામપંચાયત; ગામનો વ્યવહાર ચલાવનાર મંડળ.

ગ્રામ્યબંધારણ ન. ગામડાનું ઘડતર.

ગ્રામ્યબાળા સ્ત્રી. ગામડાની છોકરી.

ગ્રામ્યભાષા [સં.] સ્ત્રી. અશિષ્ટ બોલી; અપભાષા; ગામડી બોલી.

ગ્રામ્યમૃગ [સં.] પું. કૂતરો.

ગ્રામ્યમૃગી [સં.] સ્ત્રી. કૂતરી.

ગ્રામ્યરચનાત્મકપ્રવૃત્તિ [સં.] સ્ત્રી. ગામડાંની ફરીથી ગોઠવણી કરવાની હિલચાલ.

ગ્રામ્યરાશિ [સં.] પું. (જ્યોતિષ) મિથુન વગેરે રાશિ.

ગ્રામ્યવલ્લભા [સં.] સ્ત્રી. વેશ્યા.

ગ્રામ્યવાણી [સં.] સ્ત્રી. ગામડિયા લોકોમાં વપરાતી બોલી.

ગ્રામ્યવાદી ૧. [સં. ગ્રામ્યવાદિન્] વિ. ગ્રામ્ય શબ્દ બોલનાર. જેમકે, ખેડૂત.

૨. વિ. હલકી ભાષા બોલનાર.

ગ્રામ્યવાર્તા ૧. [સં.] સ્ત્રી. ગામ સંબંધી વાત.

૨. સ્ત્રી. હલકી વાત.

ગ્રામ્યવિપર્યય [સં.] પું. ગામડાનું પરાવર્તન; ગામડાનું ફરી ગયેલું દશ્ય.

ગ્રામ્યશૂકર [સં.] ન. ગામડામાં રહેતું ભૂંડ

ગ્રામ્યશૂકરી [સં.] સ્ત્રી. ગામડામાં રહેતી ભૂંડણી.

ગ્રામ્યશ્રી [સં.] સ્ત્રી. ગામડાની શોભા; ગામડાનો વૈભવ.

ગ્રામ્યસંસ્થા [સં.] સ્ત્રી. ગામડાનું મંડળ.

ગ્રામ્યસાહિત્ય [સં.] ન. ગામડાનાં રસિક ગીત કે વાતો.

ગ્રામ્યસુધાર પું. ગામડાંની શાસનપદ્ધતિનો પુનરુદ્ધાર.

ગ્રામ્યસેવક પું. ગામડાની સેવા કરનાર માણસ.

ગ્રામ્યા ૧. [સં.] સ્ત્રી. ગળીનો છોડ.

૨. સ્ત્રી. તુળસી.

ગ્રામ્યાયનિ પું. (પુરાણ) એ નામના એક બ્રહ્મર્ષિ.

ગ્રામ્યાશ્વ [સં.] પું. ગધેડો.

ગ્રામ્યાશ્વા [સં.] સ્ત્રી. ગધેડી.

ગ્રામ્યોદ્ધાર [સં.] પું. ગ્રામોદ્ધાર; ગામડાંનો ઉદ્ધાર.

ગ્રાવ ૧. [સં. ગ્રાવન્] પું. પથ્થર.

> ગ્રાવ અશ્મ પ્રસ્તર ઉપલ શિલ પાન અતિભાર,
> પાણી પાણી પર તળે, જેના નામ આધાર.
> પિંગળલઘુકોષ

૨. [હિં.] પું. પર્વત; પહાડ.

ગ્રાવગ્રાભ [સં.] પું. યજ્ઞ કરાવનાર એક જાતનો ઋત્વિજ; સોળ માંહેનો તેરમો ઋત્વિજ. તેને અચ્છાવાક પણ કહે છે. યજ્ઞમાં જ્યારે અધ્વર્યુ સોમરસ કાઢે છે ત્યારે આ ઋત્વિજનું કામ પાવમાન્ય ઋચાઓ ગાવાનું હોય છે અને તેના હાથમાં સોમરસ કાઢવાના પાણા હોય છે.

ગ્રાવરોહક [સં.] પું. એ નામની વનસ્પતિ; આસંધ.

ગ્રાવસ્તુત [સં. ગ્રાવસ્તુત્] પું. ગ્રાવગ્રાભ.

ગ્રાવહસ્ત જુઓ ગ્રાવગ્રાભ.

ગ્રાવા ૧. [સં. ગ્રાવન્] પું. પથ્થર; ખડક.

૨. પું. પર્વત; પહાડ.

૩. પું. મેઘ.

ગ્રાવાણ પું. સોમરસ કાઢવાનો પથ્થર.

ગ્રાવાસ્તરણ પું. (પિંગળ) અતિધૃતિ છંદની જાતનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ. તેના દરેક ચરણમાં મગણ, ભગણ, સગણ, ભગણ, મગણ, ભગણ અને ગુરુ મળી ઓગણીશ અક્ષર હોય. તેમાં દશમા અક્ષર ઉપર યતિ એટલે વિસામો આવે.

ગ્રાવીય ન. એ નામની એક ધાતુ; 'લીચિયમ'.

ગ્રાવીલિયા ન. સોથી દોઢસો ફૂટ ઊંચું થતું રાતાં ફૂલવાળું એક જાતનું ઝાડ.

ગ્રાસ ૧. [સં. ગ્રસ્ (ખાવું) + અ (ક્રિયાવાચક પ્રત્યય)] પું. કોળિયો; કવલ.

૧. ગ્રાસ કરવું = કોળિયો ભરવો; ખાવું.

૨. પ્રથમ ગ્રાસે મક્ષિકા = પ્રારંભમાં જ વિઘ્ન; પહેલે કોળિયે માખી આવવી.

૨. પું. ખાવું તે; અન્નભક્ષણ.

૩. પું. ગરાસ; નોકરીને પેટે મળતી જમીન.

૪. પું. ગ્રહણ કરવાપણું.

૫. પું. ગ્રહણને લીધે સૂર્ય કે ચંદ્રના જેટલા ભાગ ઉપર છાંયો પડેલો હોય તેટલો ભાગ; સૂર્ય તથા ચંદ્રના બિંબનું ઢંકાઈ જવું તે; જ્યોતિર્બિંબના અમુક ભાગનું આચ્છાદિત થવું તે. બિંબનો જેટલો ભાગ ઢંકાય તેટલો ગ્રાસ થયો એમ કહેવાય છે.

૬. પું. ઢાંકવા યોગ્ય અને ઢાંકનારનો સ્પર્શ.

૭. પું. ભાગ.

ગ્રાસક ૧. [સં.] વિ. ગળી જનાર.

૨. વિ. છુપાવનાર.

૩. વિ. પકડનાર.

ગ્રાસધારી [સં. ગ્રાસ (ગરાસ) + ધારિન્ (ધારણ કરનાર)] પું. ગરાસિયો; સામંત; જાગીરદાર.

ગ્રાસપટ્ટી ૧. સ્ત્રી. કણીની ઉપરથી શરૂ થતો પહેલો અમુક પ્રકારનાં પશુ, પક્ષી, હાથી વગેરેની કોતરણીવાળો ભાગ.

૨. સ્ત્રી. (શિલ્પ) સિંહાસનના ઉદયના છયાશી માંહેના સાત ભાગનો બનેલો એક ભાગ; સિંહાસનના ઉદયનો નીચેથી ગણાતાં સાતમો એ નામનો ભાગ અથવા ધાટ.

ગ્રાસમુદ્રા સ્ત્રી. (તાંત્રિક) જમણા હાથની આંગળીઓ ટેરવાંને અલગ અલગ રાખીને વાંકી કરી એને ડાબા હાથમાં મૂકવાથી થતી મુદ્રા.

ગ્રાસવું ૧. સ. ક્રિ. ખાઈ જવું.

૨. સ. ક્રિ. ઘેરી લેવું.

ગ્રાસશલ્ય [સં.] ન. કોળિયામાં રહેલો માછલાં વગેરેનો કાંટો.

ગ્રાસાચ્છાદન [સં.] ન. ખોરાક અને કપડાં; અનાજ અને વસ્ત્ર.

ગ્રાસાચ્છાદનાધિકાર [સં.] પું. અન્નવસ્ત્રનો હક્ક; ભરણપોષણાધિકાર.

ગ્રાસાંધ્રિ [સં.] પું. ગ્રહણ વખતે સૂર્ય કે ચંદ્રના બિંબ ઉપર સ્પર્શ અથવા મોક્ષનું સ્થાન બતાવનાર પરિણામ.

ગ્રાસિયો પું. વંશપરંપરાથી વારસામાં મળેલી જમીન ભોગવનાર પુરુષ; ગરાસિયો.

ગ્રાસી વિ. ગળી જનાર.

ગ્રાહ ૧. પું. અભિપ્રાય; વિચાર; ભાવના.

૨. [સં.] પું. આગ્રહ; હઠ; જીદ.

૩. પું. (પુરાણ) એ નામનો એક મગર. તેણે દ્રોણાચાર્યને પકડ્યા હતા. અર્જુને તેને મારીને ગુરુને છોડાવ્યા હતા.

૪. પું. ગ્રહણ; સ્વીકાર; કબૂલ કરવું તે.

૫. પું. ગ્રાસ; કોળિયો.

૬. પું. ગ્રાહક; ગ્રહણ કરનાર માણસ.

૭. પું. જ્ઞાન; જાણવું તે.

૮. પું. નિરોધ; પ્રતિરોધ; અટકાવ.

૯. પું. પકડ; પકડવું તે.

૧૦. પું. મગર; મગરમચ્છ; ઝૂડ નામે જળચર પ્રાણી.

૧૧. વિ. ગ્રહણ કરનાર; લેનાર.

૧૨. વિ. સ્વીકારનાર; કબૂલ કરનાર.

ગ્રાહક ૧. પું. એક જાતનું ભૂત. તે ખાલી ઘરમાં અથવા સુકાઈ ગયેલા કૂવામાં રહે છે. જેને તે વળગ્યું હોય તે ખાવાપીવાની અથવા કોઈનું સાંભળવાની દરકાર રાખતું નથી.

૨. પું. ગુરુ; વિદ્યા આપનાર શિક્ષક.

૩. [સં.] પું. બાજ પક્ષી.

૪. પું. વસ્તુ ખરીદનાર માણસ; ઘરાક.

૫. પું. વિષવૈદ્ય; શરીરમાં દાખલ થયેલું ઝેર ચિકિત્સા દ્વારા દૂર કરનાર વૈદ્ય.

૬. પું. સર્પ પકડનાર વાદી.

૭. પું. સિતાવર નામની શાકમાં ઉપયોગી વનસ્પતિ.

૮. પું. હૃદયના ડાબા અને જમણા પાસાનો ઉપલો ભાગ.

૯. ન. વરાળને ઠંડી કરી જેમાં એકઠી કરવામાં આવે તે વાસણ; 'રીસીવર'.

૧૦. વિ. કદર કરનાર; બૂજ જાણનાર.

૧૧. વિ. ગ્રહણ કરનારું; સમજનારું.

૧૨. વિ. ઝાડા મટાડનાર; ઝાડો બંધ કરનાર.

૧૩. વિ. પકડનાર; ગ્રહણ કરનાર.

૧૪. વિ. લેનાર; ખરીદ કરનાર.

૧૫. વિ. સ્વીકારનાર; કબૂલ કરનાર.

ગ્રાહકકોષ્ઠ જુઓ ગ્રાહક ૮.

ગ્રાહકતા ૧. [સં.] સ્ત્રી. ગ્રહણશક્તિ; ગ્રહણ કરવાનો ગુણ.

૨. સ્ત્રી. દૃઢતા.

ગ્રાહકત્વ જુઓ ગ્રાહકતા.

ગ્રાહકપદ્ધતિ [સં.] સ્ત્રી. શિક્ષણની એક શૈલી; બુદ્ધિથી સમજવાની રીત.

ગ્રાહકપુટ જુઓ ગ્રાહક ૮.

ગ્રાહકમાર્ગી [સં. ગ્રાહકમાર્ગિન્] પું. દલાલ; ગ્રાહકાન્વેષી.

ગ્રાહકવૃત્તિ [સં.] સ્ત્રી. ગ્રહણ કરવાનો ગુણ.

ગ્રાહકશક્તિ [સં.] સ્ત્રી. ગ્રહણ કરવાની શક્તિ; ધારણાશક્તિ; સામો માણસ કહે તે ઝટ સમજી લેવાની શક્તિ.

ગ્રાહકસંબંધ પું. ધંધાની ઘરાકી; વેપારીની સારી છાપ.

ગ્રાહકાન્વેષી [સં. ગ્રાહકાન્વેષિન્] પું. દલાલ; ગ્રાહકમાર્ગી.

ગ્રાહકી ૧. સ્ત્રી. ગ્રાહક હોવું તે.

૨. સ્ત્રી. ઘરાકી; વેચાણ.

ગ્રાહણ [સં.] ન. બોધવચન; ઉપદેશ.

ગ્રાહા [સં.] સ્ત્રી. મગરી.

ગ્રાહિકા સ્ત્રી. ગુદાદ્વાર.

ગ્રાહિણી ૧. [સં.] સ્ત્રી. એક જાતનો જવાસો.

૨. સ્ત્રી. ગ્રહણ કરનારી સ્ત્રી.

૩. સ્ત્રી. ધમાસો નામે વનસ્પતિ.

૪. સ્ત્રી. રિસામણી નામે વનસ્પતિ.

ગ્રાહિત [સં.] વિ. શીખવેલ; ગ્રહણ કરાવેલ.

ગ્રાહી ૧. [સં. ગ્રાહિન્] પું. કોઠનું ઝાડ.

૨. પું. ઘરાક; ગ્રાહક; વસ્તુ ખરીદનાર માણસ.

૩. પું. (પિંગળ) ત્રિષ્ટુપની જાતનો એક છંદ; પ્રાકારબંધ. તેના દરેક ચરણમાં ત્રણ તગણ અને બે ગુરુ મળી અગિયાર અક્ષર હોય છે.

૪. પું. શરીરના પ્રવાહી પદાર્થોનું શોષણ કરનાર, દીપન, પાચન અને ઉષ્ણ ગુણવાળું દ્રવ્ય. જેમકે, સૂંઠ, જીરૂં, ગજપીપર.

૫. વિ. કદર કરનાર; ખૂબ જાણનાર.

૬. વિ. ઝાડાને સરી પડતો અટકાવે એવું; દસ્ત રોકનારૂં; પેટના મળનું બંધન કરનાર.

૭. વિ. પકડે એવું; ધરી રાખે એવું; પકડનાર.

૮. વિ. લેનાર; ખરીદનાર.

૯. વિ. સમજનાર; ગ્રહણ કરનાર.

ગ્રાહુક [સં.] વિ. ગ્રહણ કરવાના સ્વભાવવાળું; લેનાર; લેવાવાળું.

ગ્રાહ્ય ૧. [સં.] ન. ગ્રહણનો વિષય. જેમકે, રૂપ એ ચક્ષુથી ગ્રાહ્ય ગુણ છે.

૨. ન. જઠરાગ્નિને પ્રદીપ્ત કરનાર, કાચા મળને પકવનાર અને શરીરના પ્રવાહી પદાર્થોનું શોષણ કરી ઘટ્ટ કરનારી દવાનો ગુણ.

૩. ન. સ્વીકારવા યોગ્ય વસ્તુ.

૪. વિ. કબૂલ કરવા લાયક; માનવા જેવું.

૫. વિ. ગ્રહણ કરવાને યોગ્ય; લેવા લાયક; સ્વીકારવા જેવું.

૬. વિ. સમજી શકાય એવું.

ગ્રાહ્યતા [સં.] ન. લેવા જોગ હોવું તે; સ્વીકાર્યતા; ગ્રહણપણું.

ગ્રાહ્યત્વ જુઓ ગ્રાહ્યતા.

ગ્રાહ્યપણું જુઓ ગ્રાહ્યતા.

ગ્રાહ્યશક્તિ જુઓ ગ્રાહકશક્તિ.

ગ્રાહ્યસમાપત્તિ [સં.] સ્ત્રી. (યોગ) ગ્રાહ્યના અશેષ વિશેષનો સાક્ષાત્કાર. ચિત્તવૃત્તિ વડે ગ્રહણ કરી શકાય એવા સ્થૂલ કે સૂક્ષ્મ પદાર્થો ગ્રાહ્ય કહેવાય છે. જગતમાંના જડ પદાર્થોનો એટલે પૃથ્વી આદિ સ્થૂલ ભૂતોને અને ગંધાદિ તન્માત્રાઓ, અહંકાર, મહત્તત્ત્વ પ્રકૃતિરૂપ સૂક્ષ્મનો ગ્રાહ્ય વિષયોમાં સમાસ થાય છે. તે ગ્રાહ્યમાંના કોઈ એક ગ્રાહ્યમાં ચિત્તને ધારણ કરવામાં આવતાં તેનો રજોગુણ તમોગુણ દૂર થઈ તે યોગીને યોગ જ પ્રત્યક્ષ દ્વારા તે ગ્રાહ્યના અશેષ વિશેષનો સાક્ષાત્કાર થાય છે તે ગ્રાહ્યસમાપત્તિ કહેવાય છે. સ્થૂલ ગ્રાહ્યના સાક્ષાત્કારને વિતર્કાનુગતસંપ્રજ્ઞાતયોગ અને સૂક્ષ્મ ગ્રાહ્યના સાક્ષાત્કારને વિચારાનુગતસંપ્રજ્ઞાતયોગ કહેવામાં આવે છે.

ગ્રાહ્યાગ્રાહ્ય [સં.] વિ. ગ્રહણ કરવા યોગ્ય અને ગ્રહણ નહિ કરવા યોગ્ય.

ગ્રાંટ [અં.] સ્ત્રી. બક્ષિશ તરીકે આપેલી મદદ.

ગ્રાંડ ૧. [અં. ગ્રૅંડ] વિ. ભવ્ય.

૨. વિ. મોટું; મહાન.

ગ્રાંડ ઓલ્ડ મેન [અં. ગ્રૅંડ ઑલ્ડ મૅન] પું. બહુ વૃદ્ધ માણસ; વડીલ.

ગ્રાંડમોગલ પું. એ નામનો એક જાતનો ગુલાબનો છોડ. તેનું લાલ ચળકતું ફૂલ બગીચાને દીપાવે છે.

ગ્રાંડીઝ ન. એક જાતનું તાડનું ઝાડ.

ગ્રિઝિલ ન. અમેરિકમાં થતું એક જાતનું મોટું રીંછ. તે રોકી પર્વતમાં અલાસ્કાથી મેક્સિકો સુધીમાં જોવામાં આવે છે. તેને પીળાશ પડતાં ભૂરા રંગનાં રૂવાં હોય છે. જ્યારે તેના ઉપર હલ્લો કરવામાં આવે અથવા તો તે ભૂખ્યું હોય ત્યારે બહુ ભયકારક બને છે.

ગ્રિફ્ન [અં.] પું. પક્ષીઓના શિકાર માટે વપરાતો એક જાતનો કૂતરો. બ્રસેલ્સગ્રિફ્ન એ તેની એક પેટા જાત છે. તે પાંચથી દશ રતલ વજનનો હોય છે.

ગ્રીક ૧. પું. ગ્રીસ દેશનો વતની. શરૂઆતની પ્રાચીન ગ્રીક ટોળીઓ અને જાતો વચ્ચે રાજકીય ઐક્ય ન હતું, પણ ધાર્મિક અને સામાજિક એકતા ઘણી હતી. આ જાતોએ ઘણી જાતની રાજકીય સંસ્થાઓ અને રાજ્યો સર્જ્યાં છે. ગ્રીક લોકો સાહસિક અને દરિયાઈ સફરમાં રસ લેનાર હોવાથી અનેક જાતના લોકોના સંસર્ગમાં આવ્યા, તેમનાં રીતરિવાજો જાણ્યાં, તેમના સંસ્કારો શીખ્યા અને પોતાની બુદ્ધિમત્તા વિશાળ કરી, તેમની ધાર્મિક અને સામાજિક રૂઢિઓ અને ધારાધોરણ ઘણાં ડહાપણ ભરેલાં થયાં. પારસીઓ અને ગ્રીકો ઈ. સ. પૂર્વે ૪૦૦૦ થી ૨૫૦૦ સુધીના સમયમાં હિંદના આર્ય લોકોમાંથી જુદા પડ્યા મનાય છે.

૨. સ્ત્રી. અઠ્ઠાવન માંહેની એક અર્વાચીન લિપિ.

૩. સ્ત્રી. ગ્રીસ દેશની ભાષા.

૪. વિ. ગ્રીક લોક કે ભાષા સંબંધી.

૫. વિ. ગ્રીસ દેશનું; યૂનાન દેશનું; યૂનાન દેશ સંબંધી.

ગ્રીકઅગ્નિ પું. એક જાતની આગ; દેવતા. તે નખતેલ, ગંધક અને રાળની મેળવણીનો ઘાટો ધુમાડો થઈ ભયંકર અવાજ કરતો, પાણી લાગવાથી વધારે ભડકો કરતો, રેતી કે મૂત્ર કે સરકો એથી જ હોલવાતો, વાસણમાંથી રેડાતો, તાંબાની નળીઓમાંથી ફેંકાતો વગેરે ઘણી રીતે વપરાતો. એની જાણ પહેલાં ગ્રીક લોકોને જ હતી. પછી મુસલમાનોએ તેને બનાવવાની, ઉડાડવાની અને વરસાવવાની ગ્રીક કરતાં વધારે સારી યુક્તિ ખોળી કાઢી. એ અગ્નિ ચૌદમા સૈકાના અર્ધકાળ સુધી લડાઈમાં વપરાતો. પછી સુરોખાર, ગંધક ને કોયલો એ ત્રણની મેળવણીનો અગ્નિ વપરાતો થયો.

ગ્રીઝ ૧. [અં.] સ્ત્રી. પ્રાણીઓની ચરબી.

૨. સ્ત્રી. યંત્ર વગેરે ઉંઘવાં માટેનો મીણ જેવો ચીકણો પદાર્થ.

ગ્રીન ૧. [અં.] ન. વન; જંગલ.

૨. વિ. લીલા રંગનું.

ગ્રીનલૅંડ [અં.] ન. શીત કટિબંધમાં આવેલો એ નામનો એક મોટો બેટ.

ગ્રીનિચ [અં.] ન. વેધશાળા અને ગ્રહાવલોકન વગેરે માટે પ્રસિદ્ધિ પામેલું ઈંગ્લંડનું લંડનથી એક ગાઉ દૂર આવેલું શહેર. ત્યાંનાં બાગ અને હૉસ્પિતાલ વખાણવા લાયક છે. હૉસ્પિતાલમાં અપંગ ખલાસીની માવજત સારી થાય છે. તેને લગતી શાળામાં નૌકાશાસ્ત્રનું જ્ઞાન આપવામાં આવે છે. બાગ ઘણો જૂનો છે. તેના મધ્ય ભાગમાં ખગોળશાસ્ત્ર સંબંધી એક મોટું અવલોકનસ્થાન છે. અહીંની ઘડિયાળનો વખત આખા દેશમાં પ્રમાણરૂપ છે. જેમ હિંદુસ્તાનમાં ઉજ્જયિનીથી રેખાંશ ગણાય છે, તેમ વિલાયતમાં ગ્રીનિચથી ગણવામાં આવે છે.

ગ્રીવ ૧. પું. (કાવ્ય) સિતાર બજાવવામાં ઉપયોગી સાત માંહેનો એક અલંકાર; ક્રમરેચિત; જેમાં સ્વરો બોલતાં બે લઘુ જેટલો વખત જાય તે અલંકાર. તેના સ્વરો આ રીતે છેઃ સ ગ રિ ગ મૅ ગ રિ સ | રિ મૅ ગ મૅ પ મૅ ગ રિ | ગ પ મૅ પ ધ પ મૅ ગ | મૅ ધ પ ધ નિ ધ પ મૅ | પ નિ ધ નિ સ નિ ધ પ | ધ સ̍ નિ સ̍ રિ̍ સ̍ નિ ધ | નિ રિ̍ સ̍ નિ ગ̍ રિ̍ સ̍ નિ | સ̍ ગ̍ રિ̍ ગ̍ મૅ̍ ગ̍ રિ̍ સ̍ ||

૨. [સં. ગ્રીવા] સ્ત્રી. ડોક; ગરદન; ગળાનો પાછલો ભાગ; બોચી.

ગ્રીવગરલ ૧. પું. શંકર; શિવ; મહાદેવ.

૨. વિ. કંઠે ઝેરવાળું.

ગ્રીવા ૧. [સં.] સ્ત્રી. ગરદન; ગળું; ડોક; ગળાનો પાછલો ભાગ; બોચી.

૨. સ્ત્રી. ચાલ; ઓસરી; પરસાળ.

૩. સ્ત્રી. દાંતના મૂળ ભાગ તથા શિખર ભાગ વચ્ચે રહેલો સાંકડો ભાગ; દાંતની ડોક. તે પેઢા વડે વીંટળાયેલો હોઈ નજરે પડતો નથી. જ્યારે પેઢાનો રોગ થઈને સંકોચાવા માંડે ત્યારે આ ભાગ નજરે પડે છે.

૪. સ્ત્રી. લાંબા હાડકાના ગોળ દડા જેવા છેડાની નીચેનો ભાગ; હાડકાના માથાને તેના મુખ્ય શરીર સાથે જોડનાર સાંકડો ભાગ.

૫. સ્ત્રી. સ્ત્રીની જનનેંદ્રિયના અંડકોષ, અંડવાહકનલિકા, ગર્ભાશય, ગ્રીવા જનનેંદ્રિય અને ઉપસ્થ એવા છ ભાગ માંહેનો એક.

ગ્રીવા કશેરુકા. ૧. [સં.] સ્ત્રી. ડોકના પાછળના ભાગનું દંડ જેવું હાડકું.

૨. સ્ત્રી. ડોકમાં પૃષ્ઠવંશના ભાગમાં આવેલ સાત માંહેનો એક મણકો.

ગ્રીવાઘંટા [સં.] સ્ત્રી. ડોકે બાંધેલી ઘંટડી.

ગ્રીવાચ્છદા [સં.] સ્ત્રી. ડોકના ભાગમાં રહેલી માંસધરા કલા.

ગ્રીવાધર [સં.] પું. એ નામનો એક મોટો સ્નાયુરજ્જુ. તે ડોકની સાતમી કશેરુકાના પૃષ્ઠકંટક ઉપર લાગેલો છે અને શિરોગ્રીવ સંધિને મજબૂત ટેકો આપે છે. પશ્ચિમાર્બુદથી ઊતરી આવી મહાવિવર સુધી પહોંચતી મધ્યાલિકા નામની રેખાને તે લાગેલો છે.

ગ્રીવાપર્શુકા [સં.] સ્ત્રી. ડોકની દરેક બાજુએ તેના મૂળ ભાગમાં સાતમી ગ્રીવાકશેરુકા ઉપરથી ફૂટતી પાંસળી.

ગ્રીવાપૃષ્ઠ [સં.] પું. ગરદનનો પાછલો ભાગ.

ગ્રીવાપ્રચ્છદા [સં.] સ્ત્રી. એ નામની એક આભ્યંતર પ્રાવરણી.

ગ્રીવાપ્રદેશ ૧. [સં.] પું. ગર્ભાશયનો એક ભાગ. ગર્ભાશયનો આકાર ત્રિકોણ છે. આ ત્રિકોણનો નીચલો છેડો ગ્રીવાપ્રદેશ સાથે મળેલો છે.

૨. પું. ડોક; ગરદન.

ગ્રીવાભંગ [સં.] પું. પાછળ નજર કરીને જોવું તે.

ગ્રીવામધ્યકંચુક [સં.] પું. ગ્રીવાપ્રચ્છદા પ્રાવરણીની બે શાખા પરસ્પર મળીને બનતી એ નામની એક કોથળી. તે ગળાની આગલી બાજુ ઉપર બરાબર મધ્ય રેખામાં છે. તેમાં શ્વાસનલિકા, અન્નનલિકા, ગ્રૈવેયગ્રંથિ, ગ્રસનિકા તથા સ્વરયંત્ર રહેલાં છે.

ગ્રીવામૂલા [સં.] સ્ત્રી. ડોકના મૂળ ભાગમાં આવેલી એ નામની રસાયની.

ગ્રીવાર્દ્ધપૃષ્ઠિકા [સં.] સ્ત્રી. ડોકના પાછળના ભાગની એ નામની પેશી. તે ઉપલી પાંચ પૃષ્ઠકશેરુકાનાં બાહુપ્રવર્દ્ધનો ઉપરથી ઉત્પન્ન થઈને બીજીથી પાંચમી સુધીની ગ્રીવાકશેરુકાના કંટકોમાં લાગેલી છે. આ પ્રમાણે ચાર મૂલ અને પાંચ મોંવાળી આ પેશી દેડકાના પગ જેવી દેખાય છે. ડોકના પાછલા ભાગમાં, મધ્ય રેખાની બાજુ ઉપર સૌથી ઊંડાણમાં આ પેશી રહેલી છે. તે ગ્રીવાવંશને પાછળ ખેંચે છે તથા બાજુ ઉપર મરડે છે.

ગ્રીવાવંશ [સં.] પું. ડોકમાં રહેલી કરોડરજ્જુની આગલી બાજુ.

ગ્રીવાસરણિ [સં.] સ્ત્રી. ગર્ભાશયની અંદરનો એક ભાગ. ગર્ભાશયગ્રીવા પછીના ત્રિકોણાકાર ભાગનો નીચેનો છેડો ગર્ભાશયની ગ્રીવાસરણિને મળેલો છે.

ગ્રીવાસ્તંભન [સં.] ન. ડોકનું અક્કડાઈ જવું તે; ડોકનો એક જાતનો રોગ.

ગ્રીવાસ્થાનીય [સં.] વિ. ડોકને ઠેકાણે આવેલું; ગ્રૈવેયક.

ગ્રીવી ૧. [સં. ગ્રીવિન્] પું. ઊંટ.

૨. વિ. લાંબી ડોકવાળું.

ગ્રીવીલિયા ન. એક જાતનું ઊંચું ઝાડ. તેને સુંદર રાતાં ફૂલ અને રૂપેરી રંગનાં પાન થાય. આ ઝાડ ૧૦૦થી ૧૨૫ ફૂટ ઊંચું થાય છે.

ગ્રીષ્મ ૧. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે ષટ્પદી છપ્પયનો એક ભેદ છે. તેમાં ૧૧૮ લઘુ અને ૧૭ ગુરુ મળી કુલ ૧૫૨ માત્રા હોય છે.

૨. પું. શિવ; શંકર; મહાદેવ.

૩. પું.; સ્ત્રી. ઉનાળો; નિદાઘ; ગરમીની મોસમ. આ ઋતુ વૃષભ રાશિનો સૂર્ય થાય ત્યારે બેસે અને કર્ક રાશિનો સૂર્ય થાય ત્યારે ઊતરે છે.

૪. પું.; સ્ત્રી. તાપ; ગરમી; ઉષ્ણતા.

૫. વિ. ગરમીવાળું; ગરમ; ઊનું.

ગ્રીષ્મગૃહ [સં.] ન. ઉનાળાની ઋતુમાં આરામ લેવાનું સગવડવાળું ઘર.

ગ્રીષ્મજ [સં.] વિ. ગરમીમાં ઉત્પન્ન થનાર; ગીષ્મ ઋતુમાં થનાર.

ગ્રીષ્મજા ૧. [સં.] સ્ત્રી. નવમલ્લી નામની વનસ્પતિ.

૨. સ્ત્રી. સીતાફળી.

ગ્રીષ્મધાન્ય [સં.] ન. ગ્રીષ્મ ઋતુમાં થતું અનાજ.

ગ્રીષ્મપાનક [સં.] ન. ઉનાળામાં પીવાનું પીણું.

ગ્રીષ્મપુષ્પી [સં.] સ્ત્રી. ગ્રીષ્મ ઋતુમાં ફૂલ આવે એવો ફૂલ છોડ.

ગ્રીષ્મભવ [સં.] વિ. ગ્રીષ્મ ઋતુમાં થનાર.

ગ્રીષ્મભવન જુઓ ગ્રીષ્મગૃહ.

ગ્રીષ્મસુંદર ૧. [સં.] ન. એ નામની એક ઔષધિ.

૨. ન. એક જાતનું શાક.

ગ્રીષ્મહાસ [સં.] પું. ગ્રીષ્મ ઋતુમાં થતો એક જાતનો કપાસ.

ગ્રીષ્માંત પું. બેસતી વરસાદની મોસમ; વર્ષા; ચોમાસું.

ગ્રીષ્મી [સં.] સ્ત્રી. બટમોગરો.

ગ્રીષ્મોત્સવ [સં.] પું. ગ્રીષ્મ ઋતુમાં ઊજવાતો એ નામનો ઉત્સવ.

ગ્રીષ્મોદ્ભવા [સં.] સ્ત્રી. બટમોગરો.

ગ્રીસ ૧. [અં.] પું. યુરપનો એ નામનો એક દેશ; યૂનાન દેશ. ઈ. સ. પૂર્વે આઠમી સદીમાં ગ્રીસના ગામોમાં જે પ્રજા વસતી હતી તેમનાં ગામદીઠ રાજ્યો થયાં. આ રાજ્યો નગરરાજ્ય અથવા સીટી સ્ટેટ્સ કહેવામાં આવે છે.

૨. સ્ત્રી. યંત્ર વગેરેમાં ઊંઘવા માટે વપરાતો મીણ જેવો એક પદાર્થ.

ગ્રુપ [અં.] ન. મંડળ; ટોળી; સમૂહ; સમુદાય.

ગ્રુપકેપ્ટન [અં. ગ્રુપ કૅપ્ટિન] પું. હવાઈ લશ્કરમાંનો એક દરજ્જો; એર કોમોડોરથી ઊતરતો અને વિંગ કમાન્ડરથી ચડિયાતો એક દરજ્જો; લશ્કરમાં કર્નલને મળતો અને દરિયાઈ લશ્કરમાં કેપ્ટનને મળતો એક દરજ્જો.

ગ્રૂવ ૧. [અં.] પું. ખાંચો; ઘીસી.

૨. [અં. ગ્રોવ;] ન. ઝાડનું ઝુંડ.

ગ્રૂસ [અં.] ન. બાર ડઝન; એકસો ચુંમાળીસ નંગ.

ગ્રે [અં.] વિ. ભૂરૂં; ભૂરા રંગનું.

ગ્રેચ્યુઇટિ [અં.] સ્ત્રી. નોકરી કર્યા બદલ એકસામટી મળતી બદલાની બક્ષિશ તરીકેની રકમ.

ગ્રેજ્યુએટ [અં.] પું. વિશ્વવિદ્યાલયનો પદવીધર; સ્નાતક; કોઈ પણ માન્ય કરેલ વિદ્યાપીઠની ડોક્ટર માટેની, સ્નાતક અથવા પારંગત માટેની પરીક્ષા પસાર કરી હોય તેવો પદવીધર.

ગ્રેટ ૧. [અં.] પું. ચૂલો.

૨. વિ. મોટું.

ગ્રેટત્રીએક ન. કાચબાના ઘાટનું એક પ્રાણી. તે આફ્રિક ખંડમાં નાળિયેરીના ઝાડમાં વસે છે. ઘણી વાર નાળિયેરી ઉપર ચડી તે નાળિયેરી કરડી ખાય છે. તેના પેટ આગળનો ભાગ નરમ ચામડીનો હોવાથી તેમાં તીણી ચીજ ભોંકાતાં તે મરણ પામે છે.

ગ્રેટપ્રાઇમર [અં.] પું. એક જાતના છાપવાનાં બીબાં.

ગ્રેટબ્રિટન [અં.] ન. યુરપની પશ્ચિમે અને ફ્રાન્સની ઉત્તરે આવેલો બ્રિટન એટલે અંગ્રેજ લોકોનો દેશ.

ગ્રેટમોગલ પું. એ નામનો એક પ્રખ્યાત હીરો. કહેવાય છે કે આશરે ચાર હજાર વર્ષ પૂર્વે મહાભારતના સમયમાં આ હીરો દાનેશ્વરી કર્ણની પાસે હતો. ત્યારપછી સને ૧૩૦૪માં માળવામાંથી અલાઉદ્દીને તે હાથ કર્યો હતો.

ગ્રેડ ૧. [અં.] પું. અનુક્રમ.

૨. પું. ઢાળ; ઢોળાવ.

૩. પું. પાયરી; પદવી; દરજ્જો.

ગ્રેન ૧. [અં.] પું. અનાજ; દાણો.

૨. પું. એક ઘઉંભાર જેટલું વજન; આશરે એક જવનું અથવા અરધી રતીનું અંગ્રેજી વજન; એક પેનિવેટનો ચોવીશમો ભાગ.

ગ્રેનાઇટ [અં. ગ્રૅનિટ] પું. એક જાતનો કાળો અને લીસો પથ્થર; અડદિયો પાણો. તે ચિરોડી, અબરખ, વગેરેનો બનેલો હોય છે. ખૂબ ભારે દબાણથી આવો આગ્નેય ખડક બને છે.

ગ્રેપફ્રૂટ ૧. [અં.] ન. એ નામના ઝાડનું ઝાંખા પીળા રંગનું મોટું લીંબુ. તેની અંદરનો ગર ને રસ ઓછો ખાટો હોવાથી બહુ ઉપયોગમાં લેવાય છે.

૨. ન. એક જાતનું ગરમ પ્રદેશમાં થતું ફળઝાડ. પપનસ આકારનાં તેનાં ફળ પૌષ્ટિક અને લોહીસુધારક છે.

ગ્રેફાઇટ [અં.] પું. સીસાપેન બનાવવાનો કોલસો; કાળું સીસું; 'પ્લમ્બેગો.' તે એક બહુ નરમ ખનિજ છે અને જૂના પાસાદાર ખડકોમાંથી મળી આવે છે. કોલસાને વધારે સમય અને વધારે દબાણ મળવાથી અંદરનાં વાયુમય દ્રવ્યો ઊડી જવાથી તેમાંથી કાર્બનનું ગ્રેફાઇટ નામનું સ્ફટિક રૂપ પ્રાપ્ત થાય છે. તેની સપાટી બહુ જ લીસી હોય છે. તે સીસાપેન બનાવવાના કામમાં આવે છે. બીબાં બનાવવા માટે પણ વપરાય છે. બેહદ તાપ અને દબાણની અસરથી આ ગ્રેફાઇટનું પણ રૂપાંતર થવાથી શુદ્ધ પારદર્શક સ્ફટિકરૂપમાં હીરા બને છે. ત્રાવણકોર રાજ્યમાં તેની ખાણો છે. વળી સિલોન, માડાગાસ્કર, બોહેમીઅ વગેરે જગ્યાએથી પણ તે મળી આવે છે. નીઆગ્રા ધોધ પાસે બનાવટી ગ્રેફાઇટ બનાવાય છે, તેનો રંગ લોઢાના જેવો અને ભૂખરો હોય છે.

ગ્રેફોલોજી [અં. ગ્રૅફોલૉજિ] સ્ત્રી. હસ્તાક્ષર ઉપરથી માણસની ચાલચલગત, સ્વભાવ અને લાયકાત વગેરે પારખવાની વિદ્યા.

ગ્રેરી સ્ત્રી. એક જાતની નાની ચપટી માછલી.

ગ્રેવલ ૧. [અં.] પું. કાંકરો.

૨. પું. રેતી.

ગ્રેવિટિ [અં.] સ્ત્રી. ગુરુત્વાકર્ષણ.

ગ્રેવું ૧. સ. ક્રિ. ગ્રહવું; પકડવું; લેવું; ઝાલવું.

૨. સ. ક્રિ. જાણવું; સમજવું.

૩. સ. ક્રિ. જોવું.

૪. સ. ક્રિ. સાંભળવું.

૫. સ. ક્રિ. સ્વીકારવું; કબૂલ કરવું.

ગ્રેસ [અં.] સ્ત્રી. મહેરબાની; કૃપા.

ગ્રેસડાર્લિંગ [અં.] ન. એ નામનું એક જાતનું ધોળી ઝાંયવાળું કિરમજી રંગનું ગુલાબનું ફૂલ.

ગ્રેહ [પ્રા.] ન. ગૃહ; ઘર.

ગ્રેહવું જુઓ ગ્રેવું.

ગ્રેહાઉંડ [અં.] પું. તીવ્રદષ્ટિવાળો એક જાતનો શિકારી કૂતરો. તે ઊંચો, પાતળા બાંધાનો અને લાંબા પગવાળો હોય છે. તેના સુંવાળા વાળ ભૂરા હોય છે. તે બહુ ઝડપી હોવાથી શિકારને શોધી કાઢવામાં વપરાય છે. તેની ઘણી જાત છે.

ગ્રૈવ ૧. [સં.] ન. ડોકનું ઘરેણું.

૨. વિ. ડોક સંબંધી.

૩. વિ. ડોકમાં હોનાર કે થનાર.

ગ્રૈવેય ૧. [સં.] ન. (જૈન) એ નામનું વિમાન; ગ્રૈવેયક.

૨. [સં. ગ્રીવા (ડોક)] ન. ઘોડા, હાથી વગેરેની ડોકમાં નખાતી સાંકળ વગેરે.

૩. ન. ડોકમાં પહેરવાનો દાગીનો.

૪. વિ. ડોકમાં હોનાર કે થનાર.

ગ્રૈવેયક ૧. [સં.] ન. ગળાના મૂળમાં આવેલો ઉરઃફલકનો સૌથી ઉપરનો ભાગ; ઉરઃફલકના ત્રણ માંહેનો એ નામનો ઉપલો વિભાગ.

૨. ન. ડોકમાં પહેરવાનું ઘરેણું.

૩. ન. (જૈન) નવ ગ્રૈવેયકવાસી દેવ.

૪. ન. (જૈન) બાર દેવલોકની ઉપર આવેલ એ નામના નવ દેવલોક. તેની ત્રણ ત્રિક છે. દરેક ત્રિકમાં ત્રણ ત્રણ દેવલોક છે. તે પુરુષાકૃતિ લોકના ગ્રીવાસ્થાનીય ભાગમાં હોવાથી ગ્રૈવેયક કહેવાય છે. તે ગ્રૈવેયક નામના દેવતાનું નિવાસસ્થાન છે.

૫. વિ. ગ્રીવા સંબંધી; ડોકના ભાગમાં આવેલું.

૬. વિ. ડોકમાં હોનાર કે થનાર.

ગ્રૈવેયકકર્મ ન. હાથીના ગળામાં પટો પહેરાવવાનું કામ.

ગ્રૈવેયકકશેરુક પું. કંઠમણક.

ગ્રૈવેયકચર્મ ન. કંઠચર્મ.

ગ્રૈવેયકનાડી (ગ્રૈવેયકનાડ઼ી) સ્ત્રી. કંઠનાડી.

ગ્રૈવેયકર્મ [સં.] ન. હાથીને ગળે પટો બાંધી તેને હેળવવાની ક્રિયા.

ગ્રૈવેયકવિસ્તાર પું. કંઠ વિસ્તાર.

ગ્રૈવેયગ્રંથિ [સં.] સ્ત્રી. ગળાની આગલી બાજુ ઉપર બરાબર મધ્ય રેખામાં રહેલી ગ્રીવામધ્યકંચુક નામની કોથળીમાંની એક ગાંઠ.

ગ્રૈવેચી જુઓ ગ્રૈવેયક.

ગ્રૈવેચીધમની સ્ત્રી. ડોકમાંની એ નામની શુદ્ધ લોહી લઈ જનારી એક નળી.

ગ્રૈવેચીસંજ્ઞા સ્ત્રી. અનુગ્રીવિકા નાડી.

ગ્રૈવ્ય [સં. ગ્રીવા (ડોક) + ય (સંબંધી)] વિ. ડોકમાં હોનાર કે થનાર.

ગ્રૈષ્મ ૧. [સં.] વિ. ગરમી સંબંધી.
૨. વિ. ગ્રીષ્મ સંબંધી; ઉનાળાને લગતું.

ગ્રૈષ્મક [સં] વિ. ગ્રીષ્મ ઋતુમાં હોનાર.

ગ્રૈષ્મિક ૧. [સં. ગ્રીષ્મ (ઉનાળો) + ઇક (લગતું)] પું. ઉનાળાનો પાક.
૨. વિ. ગ્રીષ્મ ઋતુના ધર્મને જાણનાર; ગ્રીષ્મ ઋતુના ધર્મને જણાવનાર ગ્રંથનું અધ્યયન કરનાર.

ગ્રૈષ્મી [સં.] સ્ત્રી. બટમોગરો; નવમલ્લિકા.

ગ્રોટો પું. ગુફા; ભોંયરું.

ગ્રોબાડીપંચચીરા ન. એક જાતનું કાપડ.

ગ્રોસ ૧. [અં] ન. બાર ડઝન; ગ્રુસ.
૨. વિ. સામટું; એકંદર.

ગ્રોસઆવક સ્ત્રી. એકંદર આવક; કુલ આવક; સામટી આવક.

ગ્રોસન પું. રૂપાનો સિક્કો.

ગ્લપન ૧. [સં.] ન. થાક; પરિશ્રમ.
૨. વિ. ગ્લાનિકારક.
૩. વિ. થકવનાર; પરિશ્રમકારક.

ગ્લવ્ઝ [અં.] ન. બ. વ. ક્રિકેટ રમતાં હાથમાં પહેરવાનાં ચામડાનાં અથવા રબરનાં મોજાં.

ગ્લહ્ ૧. [સં] અ. ક્રિ. (ધાતુ) જુગાર રમવો. તે ઉપરથી થયેલ શબ્દ: ગ્લહ.
૨. સ. ક્રિ. ગ્રહણ કરવું; લેવું.

ગ્લહ ૧. [સં.] પું. પાસા ખેલવા તે; જુગાર; દ્યુત.
૨. પું. જુગારમાં હોડમાં મૂકેલ વસ્તુ; પણ; જુગારમાં પણરૂપ ગ્રાહ્ય વસ્તુ; હોડ.

ગ્લાઇડર [અ.] ન. એંજિન વગરનું હવામાં તરતું વિમાન; મોટર વગરનું વિમાન; સરતું વિમાન.

ગ્લાન ૧. [સં.] ન. ગ્લાનિ; ખિન્નતા.
૨. ન. થાક; પરિશ્રમ.
૩. ન. દીનતા.
૪. ન. ફિકર; ચિંતા.
૫. વિ. ઉત્સાહ વિનાનું; ખિન્ન.
૬. વિ. ઉદાસીન.
૭. વિ. ગ્લાનિ પામેલ; દીન થયેલ.
૮. વિ. થાકેલું.
૯. વિ. દુર્બલ; રોગ વગેરેથી ક્ષીણ થયેલ.
૧૦. વિ. ફિક્કું; વિવર્ણ.
૧૧. વિ રોગી.

ગ્લાનિ ૧. સ્ત્રી. અસ્ત; અંધકાર.
૨. સ્ત્રી. કરમાવું તે; ફિક્કાશ; નિસ્તેજપણું; ચહેરો ઊતરી જવાપણું; દુઃખ, રોગ, શોક વગેરે કારણથી મોઢાની કાંતિમાં ફેરફાર થવો તે.
૩. [સં. ગ્લૈ (કરમાવું)] સ્ત્રી. ખિન્નતા; અનુત્સાહ; સુસ્તી.
૪. સ્ત્રી. ઘૃણા; કમકમી; અણગમો.
૫. સ્ત્રી. થાક; ખેદ; શ્રમ.
૬. સ્ત્રી. દિલગીરી; શોક; અફસોસ; જેમાં પોતાનું કોઈ કાર્ય, બૂરાઈ અથવા દોષ વગેરે દેખીને અનુત્સાહ, અરુચિ અને ખિન્નતા ઉત્પન્ન થાય એવી મનની વૃત્તિ.
૭. સ્ત્રી. દુર્બળતા; દુર્બળપણું; માંદ્ય; શારીરિક અથવા માનસિક શિથિલતા. વ્યાધિ, મનસ્તાપ, ઉપવાસ, ક્ષુધા, અતિપાન, તપ, અભ્યાસ, વમન વગેરે વિભાવથી બલહીન થવું તેને ગ્લાનિ કહે છે.
૮. સ્ત્રી. (કાવ્ય) બીભત્સ રસનો એક સ્થાયી ભાવ. સાહિત્યદર્પણ અનુસાર તે એક વ્યભિચારી ભાવ છે. નિર્બળતાથી શિથિલતા અથવા અસહનશીલતાના ખેદને ગ્લાનિસંચારી કહે છે.
૯. સ્ત્રી. બીમારી; રોગ.
૧૦. સ્ત્રી. હાનિ; વર્ણાશ્રમ આદિ લક્ષણરૂપ પ્રાણીઓના અભ્યુદય તથા નિ:શ્રેસના સાધનરૂપ ધર્મની હાનિ.

જ્યારે જ્યારે ધીરવીર ! થતી ધર્મની **ગ્લાનિ** ભારે,
જામે જૂથો અધરમતણાં જન્મું પોતે હું ત્યારે.
ગીતાપંચામૃત

ગ્લાનિકર [સં.] વિ. દિલગીરી ઉપજાવે એવું; દિલગીરી ભરેલું.

ગ્લાનિકારક ૧. [સં.] વિ. અણગમતું; સૂગ ચડે એવું.
૨. વિ. દુઃખદ.

ગ્લાબશબ પું. ટિબેટન લોકોમાં પ્રધાન અને દલાઈલામા વચ્ચેનો અમલદાર; 'રીજન્ટ'.

ગ્લાસ ૧. [અં.] પું. ઊભો અને લાંબો પ્યાલો.
૨. પું. કાચ.
૩. પું. કાચનો પ્યાલો.

ગ્લાસવેર [અં.] પું. કાચનો સામાન; કાચકામ.

ગ્લાસવોટરગેજ [અં. ગ્લાસવૉટરગેજ] સ્ત્રી. બોઇલરનું પાણી માપવા માટે રાખેલ કાચનું માપ.

ગ્લાસે ન. એક જાતનું ચામડું.

ગ્લાંડ [અં. ગ્લેંડ] સ્ત્રી. શરીરમાંનો રસોત્પાદક પિંડ; ગ્લૅંડ.

ગ્લીસરિન [અં.] ન. તેલમાંથી કે ચરબીમાંથી નીકળતું એક જાતનું રંગ વિનાનું જાડું પ્રવાહી દ્રવ્ય.

ગ્લુ [અં.] પું. સરેશ અથવા ગુંદર જેવો એક જાતનો ચીકણો પદાર્થ; ચામરસ. પેટ્રોલમાં હાડકાં સહિત ચરબી ઓગાળવાથી સરેશ જેવો ચીકણો પદાર્થ મળી આવે છે. માછલીઓની ચરબી ઉકાળીને પણ તેમાંથી સરેશ તૈયાર કરવામાં આવે છે. તેની ગંધ અસહ્ય હોય છે. ઠંડું પાણી નાખવાથી તે નરમ બને અને ફૂલે તથા ગરમ પાણી નાખવાથી ઓગળી જાય.

ગ્લુકોઝ ૧. [અં. ગ્લૂકોસ] સ્ત્રી. દ્રાક્ષશર્કરા; મીઠાં ફળોમાંથી અગર મધ વગેરે મધુર પદાર્થોમાંથી બનાવાતી એક જાતની સાકર. પાણીમાં તે સહેલાઈથી ઓગળી જાય પણ દારૂમાં ઓગળતી નથી. નરમ તેજાબમાં સ્ટાર્ચ ઉકાળવાથી આ સાકર મેળવી શકાય.
૨. સ્ત્રી. શરીરમાં રહેલી એક પ્રકારની સાકર; કલેજામાં લોહીમાંથી ઉત્પન્ન થતો સાકરને ઘણો જ મળતો એક પદાર્થ. કલેજું પોતે સાકર અથવા ગ્લુકોઝ નામનો પદાર્થ પેદા કરે છે. માંસપેશીઓ લોહીમાંથી ગ્લુકોઝ નામની સાકરને પોષણ તરીકે વાપરે છે.

ગ્લુચ્ ૧. [સં.] અ. ક્રિ. ગમન કરવું; જવું.
૨. સ. ક્રિ. ચોરવું; લૂંટવું.
૩. સ. ક્રિ. હરણ કરવું; લઈ જવું.

ગ્લુટન [અં.] ન. ઘઉંની અંદરનું પૌષ્ટિક તત્ત્વ; ઘઉંનો ચિકાશવાળો પદાર્થ.

ગ્લુટેન જુઓ ગ્લુટન.

ગ્લેઇઝ [અં. ગ્લેઇઝડ] વિ. ચળકાટ મારતું અને લીસું.

ગ્લેગોલિટિક સ્ત્રી. અઠ્ઠાવન માંહેની એ નામની એક અર્વાચીન લિપિ.

ગ્લેઝ [અં. ગ્લેઝ] સ. ક્રિ. ઓપ ચડાવવો; ચળકાટ આપવો.

ગ્લેઝિંગ [અં. ગ્લેઝિંગ] ન. ચકચકિત કરવું તે.

ગ્લેડર [અં. ગ્લાઇડર] ન. મોટર વગરનું વિમાન.

ગ્લૈધ્યક્ષ પું. પ્રાચીન સમયનો એક અમલદાર. તેને માત્ર ગાયોનું જ નહિ પણ, ભેંસ, પાડા, ઘેટાં, બકરાં, ગધેડાં, ઊંટ, ડુક્કર, ખચ્ચર અને કૂતરાઓનું પણ ધ્યાન રાખવાનું હતું. તેની એક મુખ્ય ફરજ દોહનારાઓ, છાશ કરનારાઓ અને શિકારીઓ નીમવાની હતી. ગોવાળો નીમવાનું કામ પણ તે જ કરતો. દરેકને ૧૦૦ જાનવર સોંપવામાં આવતાં. વળી તે નાનાં ઢોર, મોટાં

ઢોર, દૂઝણાં ગાભણાં કે વસૂકેલ ઢોર, વંધ્ય ઢોર વગેરેનું પત્રક રાખતો અને તેમાં તેઓનાં રંગ, એ શિંગડાં વચ્ચેનું અંતર વગેરેની નોંધ પણ રાખતો.

ગ્લેશિયર [અં.] પું. બરફનો ખસતો પહાડ.

ગ્લેંડ [અં. ગ્લેંડ] સ્ત્રી. લોહીમાંથી ચોક્કસ પદાર્થ જુદો કરવાની શક્તિ ધરાવતી ગાંઠ; ગ્રંથિ.

ગ્લૈ ૧. [સં.] અ. ક્રિ. (ધાતુ) દિલગીર થવું; શોક કરવો. તે ઉપરથી થયેલ શબ્દ: ગ્લાનિ.

૨. અ. ક્રિ. થાકી જવું.

૩. અ. ક્રિ. દૂબળા થવું.

૪. અ. ક્રિ. નાપસંદ થવું; કામકાજમાં ઉદાસીનતા રાખવી.

૫. અ. ક્રિ. રંગ ઊડી જવો.

ગ્લોકનિકોઈ જુઓ ગ્લૌકનિકોઈ.

ગ્લોટિસ [અં. ગ્લૉટિસ] ન. જેમાંથી હવા આવે જાય છે તે વાયુનળીનો ઉપલો ભાગ; કંઠદ્વાર.

ગ્લોબ ૧. [અં.] પું. કાચનો પોટો.

૨. પું. પૃથ્વીનો ગોળો.

ગ્લોસૈ પું. પ્રાચીન હિંદના એ નામના લોક.

> આના જેવું બીજું રાજ્ય **ગ્લોસૈ** અથવા ગ્લોકનિકોઈ લોકોનું હતું.
> હિંદુરાજ્યવ્યવસ્થા

ગ્લોસોપ્ટેરીસ સ્ત્રી. એક જાતની વનસ્પતિ.

> એ ખડકોમાં **ગ્લોસોપ્ટેરીસ**ની પુષ્કળ વનસ્પતિઓ દટાઈ કોલસો બની ગયેલ છે.
> ભૂસ્તરવિદ્યા

ગ્લોસોફારીંજિયલતંતુ પું. જીભને સ્વાદ જાણવાની શક્તિ આપનારા બે માંહેનો એક તંતુ. તેના વડે જીભના પાછળના ભાગને સ્વાદ સમજવાની શક્તિ મળે છે.

ગ્લૌ ૧. [સં.] પું. કપૂર.

૨. પું. ચંદ્ર.

> કુમુદબંધુ શ્રીબંધુ અને રોહિણીધવ સુરપેય;
> ઉડુરાજ દ્વિજરાજ હરિ **ગ્લૌ** મૃગાંક આત્રેય.
> પિંગળલઘુકોષ

ગ્લૌકાનકોઈ ૧. પું. એ નામના લોક; ગ્લોસૈ.

૨. ન. એ નામનું એક હિંદી પ્રજાસત્તાક રાજ્ય.

ગ્લૌચુકાયનક ૧. પું. પ્રાચીન હિંદના એ નામના એક જાતના લોક.

૨. ન. એ નામનું એક હિંદી પ્રજાસત્તાક રાજ્ય.

ગ્લૌસઈ જુઓ ગ્લોસૈ.

ગ્લ્યુ પું. ચામરસ; એક જાતનો સરેશ; 'ગ્લૂ'.

ગ્લ્યુકોઝ જુઓ ગ્લુકોઝ.

ગ્વાકો પું. દક્ષિણ અમેરિકમાં થતો એ નામનો છોડ. તે ખાનારને સર્પદંશની ઈજા થતી નથી એમ મનાય છે.

ગ્વાનાકો જુઓ ગ્વાનેકો.

ગ્વાનેકો ન. દક્ષિણ અમેરિકનું એક પ્રાણી. તે ખરેખરી રીતે જંગલી લામા છે અને પર્વતોમાં ટોળાબંધ રહે છે. તે ખભા સુધી ચાર ફૂટ ઊંચું હોય છે. આ પ્રાણી ઊંટને મળતું છે પણ એને ઢેકો હોતો નથી, તેથી નાના ટટ્ટુ જેવું લાગે છે.

ગ્વાનો ન. દરિયાઈ પક્ષીઓની હગારનું એક જાતનું ખાતર. તેમાં એમોનિઅ અને ફોસ્ફરસ હોવાથી તે કીમતી ગણાય છે.

ગ્વાલ ૧. [હિં.] પું. આહીર.

૨. [સં. ગોપાલ] પું. ગોપ; ગોવાળિયો.

૩. પું. (પિંગળ) જેના દરેક ચરણમાં પહેલો ગુરુ અને બીજો લઘુ એમ બે અક્ષર આવે એવો છંદ; સાર; શાતુ.

૪. પું. વૈષ્ણવ સંપ્રદાયમાં એક દિવસમાં ઠાકોરજીનાં આઠ વખત દર્શન થાય છે તે માંહેનું એક. તેમાં ઠાકોરજીનાં ગોવાળરૂપે દર્શન કરાવવામાં આવે છે.

ગ્વાલકરી સ્ત્રી. પંજાબ અને ઉત્તર હિંદમાં થતી એક જાતની વેલ. જંગલનાં લોકો તેનાં ફળ ખાય છે. સતલજ નદીના કિનારાનાં લોકો તેનાં મૂળ ધાતુસ્રાવ અટકાવવામાં વાપરે છે.

ગ્વાલન ૧. [હિં.] પું. ગોવાળ; ગાયો ચારનાર માણસ.

૨. સ્ત્રી. ગોવાળણી; ભરવાડણ.

ગ્વાલપાળ પું. ગોવાળ; ગોવાળિયો.

ગ્વાલભોગ પું. હવેલીમાં ગ્વાલ દર્શન વખતે ઠાકોરજી આગળ ધરાતો પ્રસાદ.

ગ્વાલમંડળી સ્ત્રી. શ્રીકૃષ્ણના સખાની ટોળી.

ગ્વાલિન જુઓ ગ્વાલિની.

ગ્વાલિની [હિં.] સ્ત્રી. ગોવાળણી; ભરવાડણ.

ગ્વાલિયર ૧. સ્ત્રી. છપ્પન માંહેની એક જાતની ભાષા.

૨. [સં. ગોપાલશૈલ] ન. મધ્ય હિંદુસ્તાનમાં આવેલું મોટી કિલ્લેબંધીવાળું સિંધિયાની રાજધાનીનું શહેર.

ગ્વાલેરી ૧. સ્ત્રી. એ નામની એક ભાષા.

> સંસ્કૃત ભાષા સરસ, માગધી મોંઘે મૂલ્યે,
> **ગ્વાલેરી** ગુણનિધ, અપભ્રંશી તે તુલ્યે,
> દેશી ભાષા રાખ પિશાચી પઠજો પ્રીત.
> શામળ

૨. વિ. ગ્વાલિયરનું.

ગ્વાહી પું સાક્ષી; પુરાવો.

ગ્વાળ જુઓ ગ્વાલ.

ઘ

ઘ

ઘ ૧. પું. ગુજરાતી લિપિના મૂળાક્ષરો માંહેનો પંદરમો અને વ્યંજનો માંહેનો કંઠસ્થાની ચોથો મહાપ્રાણ વર્ણ. તેમાં કંઈક ગ અને કંઈક હનો ભેળસેળ ઉચ્ચાર છે. લહિયાઓ પુસ્તક લખતાં લખતાં સહેજ ઊઠવું હોય અથવા લખવાનું તે દિવસ માટે કે અમુક વખત માટે બંધ કરવું હોય તો આ અક્ષર ઉપરથી અટકે છે, કારણકે તેઓ માને છે કે ઘ ઘસડી લાવે. દેવરૂપે તેનું ધ્યાન ધરાય ત્યારે વાહન ઊંટનું, હાથમાં સાંબેલું, ગદા ને વજ્ર, બે મુખ અને રંગે ગૌર હોય એમ કલ્પાય છે. તેનું સંકેત નામ મેધા કહેવાય છે.

૨. [સં.] પું. ઘંટ.

૩. પું. ઘંટનો શબ્દ.

૪. પું. ચારસૂચક સાંકેતિક અક્ષર.

૫. પું. નાશકારક એવો અર્થ બતાવતો અક્ષર. શબ્દને છેડે ઘ અને ઘ્ન નાશ કરનારનો અર્થ લે છે. જેમકે, રાજઘ એટલે રાજાને મારનાર.

૬. વિ. ઠોઠ.

ઘઇ ૧. સ્ત્રી. ઉતાવળ; ત્વરા.

૨. [હિં.] સ્ત્રી. ટેક.

૩. સ્ત્રી. ધાંધલ; ધમાલ.

૪. સ્ત્રી. પાણીની ભમરી; વમળ.

૫. સ્ત્રી. ભીડ; ભરાવો.

૬. વિ. અત્યંત; ગંભીર.

ઘઉમ જુઓ ઘઉલ.

ઘઉલ સ્ત્રી. એક જાતની શેરડી. તેનો રંગ ઝાંખો પીળો હોય ને તેમાં લીલાં ટપકાં હોય છે. આવી શેરડી કાનપુર ને બરેલી તરફ વવાય છે.

ઘઉં [સં. ગોધૂમ; પ્રા. ગોહૂમ–ગોહૂંવું–ગોહૂંઉં; હિં. ગોહૂં–ગેહૂં–ઘેઉં] પું. બ. વ. ઊંચી જાતનું એક અનાજ; ગોધૂમ; મધૂલી; નંદીમુખ. તે દુનિયા ઉપર લગભગ બધે ઠેકાણે થાય છે. પંજાબ, માળવા, ઉત્તર હિંદ, મધ્ય હિંદુસ્તાન અને ગુજરાતમાં તેની ખેતી સારી થાય છે. તે આસો કારતકમાં વવાય અને ફાગણમાં તૈયાર થાય. મનુષ્યના ખોરાક તરીકે તેમાં ઉપયોગી તત્ત્વ રહેલાં છે. સર્વ પ્રકારનાં ધાન્યમાં ઘઉં શ્રેષ્ઠ મનાવાથી તેને ધાન્યરાજ કહે છે. ઘઉંનો રોપો બે હાથ ઊંચો વધે છે. કાળી જમીનમાં ઘઉંનો પાક સારો થાય છે. ઘઉંની ઉંબીઓને શેકી તેનો પોંક પાડી ખાવાથી સ્વાદિષ્ટ લાગે છે. ઘઉંના જેટલા પદાર્થ બને છે તેટલા કોઈ પણ ધાન્યના બનતા નથી. ઘઉંનું પરાળ અને ઘાસ ઢોરને ખવરાવાય છે. કાગળો વગેરે ચોટાડવાને એના લોટની લાહી બને છે. ઘઉં સ્નિગ્ધ, મધુર, શીતલ, ગુરુ, ધાતુવર્ધક, બલકર, કફકર, સારક, વર્ણ્ય, રુચ્ય, જીવન, ભગ્નસંધાનકારક, વ્રણને હિતકર, સ્થિરતાકારક, આમ કરનાર, વૃષ્ય અને વાયુ તથા પિત્તનો નાશ કરનાર મનાય છે. ઘઉંનો ઉપયોગ ખોરાક તરીકે લગભગ આખી દુનિયા કરે છે. ઘઉંની વધારે ઊપજ રશિઆ, યુનાઇટેડ સ્ટેટ્સ, કાનડા, હિંદુસ્તાન, અર્જેન્ટીના, ફ્રાન્સ, ઓસ્ટ્રેલિઅ અને ઇટલિમાં થાય છે. ઘઉં ઘણી જાતના થાય છે. જેવા કે, ધોળા, કાબરા, પીળા, પોટા, લાલ કે રાતડા, પોપટિયા, પુનેમિયા, માળવી, કાઠા, વાજિયા, હાંસોટી, વણજારૂ, હાંસિયા, દાઉદખાની, ચંદુશી, ચાસિયા, બંસી વગેરે. કાઠા ઘઉંના દાણા મોટા, જાડા, મીઠા ને સખત હોય ને રંગે લાલ વધારે હોય. વાજિયા ઘઉંના દાણા લાંબા ને ઝીણા હોય ને રંગે કાળાશ પડતા એટલે કે લાલ થોડા હોય. તે ચોમાસાના પાછલા વરસાદથી થાય છે. પોપટિયા ઘઉંના દાણા ઉપર કમોદની માફક ફોતરી ચોટેલ હોય, જે ખાંડવાથી છૂટી પડે છે. હાંસોટી ઘઉંના દાણા ચળકતા, પીળાશ પડતા ધોળા, પોચા અને ભરાઉ હોય છે. આ જાત સુરત અને ભરૂચ જિલ્લામાં થાય છે. દાઉદખાની ઘઉંના દાણા ચળકતા, પીળાશ પડતા ધોળા, પોચા અને ભરાઉ હોય છે. આ જાત ઉત્તર હિંદમાં થાય છે. ચાસિયા ઘઉં પાણી પાયા વગર થાય છે. પોટા કે પોટલિયા ઘઉંનો દાણો ટૂંકો પણ ભરાઉ હોય છે. તે ઘણી પોચી, કાળી અને ઊંડી જમીનમાં થાય છે. તે ખેતરમાં વવાય છે અને તેને ફરી પાણી પાવું પડતું નથી. આ જાત ભાલમાં થાય છે. કાઠા અને વાજિયા સંબંધે એવી હકીકત છે કે, કાઠા ઘઉં વાવ્યા હોય તેની ડૂંડીમાં નીચલા ભાગમાં કાઠા અને ઉપરના છેલ્લા ભાગમાં એટલે કે છેલ્લી પૂતળીમાં બે ત્રણ દાણા વાજિયા થાય. પણ જો વાજિયા વાવ્યા હોય તો વાજિયા જ થાય. તે ડૂંડી લાંબી કાઢે અને તેમાં હલકા અને વજનમાં ફોરા ઘઉં થાય. માટે ખેડૂતો કાઠા જ ઘઉં વાવે છે. ઘઉંની આખી ડાંખળીને ઘઉંનો વલ કહે છે. ઘઉંને પલાળી તેને દળીને જે સત્ત્વ કાઢવામાં આવે તેને મેંદો, ઘઉંનો નિશાસ્તો કે ઘઉંનું દૂધ કહે છે. ઘઉંના છોડ, જવ, જુવાર, ડાંગર અને મકાઈ વગેરેને નુકસાન કરનારી ઇયળ થાય છે. તે અંડાવસ્થામાં અઠવાડિયું રહ્યા બાદ ઇયળ અવસ્થા શિયાળામાં અઢી માસ અને ઉનાળામાં એક માસ વિતાવે છે. નાની ઇયળ પીળી હોય પણ મોટી ઇયળનો રંગ ઘેરો ગુલાબી ને માથું ભૂરૂં હોય છે. જ્યારે ઘઉંને ડૂંડી આવે છે ત્યારે આ ઇયળ બહુ નુકસાન કરે છે. તેનો નાશ કરવો હોય તો શરૂઆતથી જ તેના ઈંડાંનો નાશ કરવો. ઘઉંના ખેતરની નજીકમાં જુવારના ખૂંપરા રહેવા દેવા નહિ. જે ખેતરમાં આગલી મોસમમાં જુવાર કે મકાઈનું વાવેતર કરવામાં આવ્યું હોય તેમાં બીજી મોસમમાં ઘઉંનું વાવેતર કરાય નહિ.

૧. કાચા પાકા પણ ઘઉંના રોટલા = દેખાવે ગમે તેવું હોય પણ સારી વસ્તુ હોય તે સારી જ નીવડે.

૨. ઘઉં ખેતરમાં ને બેટા પેટમાં = જે વસ્તુ હાથમાં આવી ન હોય તેના મનોરથ; શેખચલ્લીના વિચાર.

૩. ઘઉં ગણે ને મૂઠા ભૂલે = ખાળે ડૂચા ને દરવાજા મોકળા.

૪. ઘઉં ભરવા જવું = માળવે જવું;

મરી જવું. અગાઉ લોકો માળવામાં ઘઉં ભરવા જતા, કેમકે ત્યાં ઘઉં સારા પાકતા. જે જતા તે ભાગ્યે જ પાછા ઘર તરફ આવી શકતા, કેમકે તે વખતે ફાંસિયા અને ઠગ લોકોનો ભય બહુ હતો. તે ઉપરથી ઘઉં ભરવા જવું એટલે મરી જવું એવી રૂઢિ થઈ.

૫. ઘઉં ભેગો ચીણો નભ્યો જાય = સારા માણસની પાછળ બૂરો પણ પોષાય.

૬. ઘઉંના ભાખરે થાય ને ઘેવરે થાય = (૧) કોઈ ચીજનો સારો તેમ નરસો પણ ઉપયોગ કરી શકાય. (૨) જેવો કેળવનાર હોય તેવી વસ્તુ તે ઉત્પન્ન કરી શકે.

૭. ઘઉંમાં કાંકરો અને દાળમાં ડોળ, હોય હોય ને હોય જ = કોઈમાં કંઈ અને કોઈમાં કંઈ થોડો ઘણો દોષ તો હોય જ.

ઘઉંઆ ૧. સ્ત્રી. એ નામની કણબીની અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ઘઉંઆળું ન. ઘઉંના છોડનું ગોળ ભેળવેલું ગોતું. તે ઢોરને ખવરાવાય છે.

ઘઉંનાં ગાડાં પોસ પોસ સ્ત્રી. એ નામની એક રમત; ખોડીખમચી.

ઘઉંપૂર વિ. ઘઉંના એક દાણાના વજન જેટલું.

ઘઉંલા પું. બ. વ. એક જાતનું કરિયાણું. તે ઠંડક આપનાર હોવાથી માથામાં નાખવાનું તેલ બનાવવાના કામમાં આવે છે.

ઘઉંલાં ન. બ. વ. સપાટી ઉપર ઘઉંના દાણા જેવા ઘાટ કરેલ કડલાં; સ્ત્રીઓને પગમાં પહેરવાનું એક ઘરેણું.

ઘઉંલી સ્ત્રી. કરાળ જમીનમાં ઊગતું એક ઊંચી જાતનું ખડ.

ઘઉંલું ૧. ન. એક જાતનું ઘાસ. તે કેવડાના જેવું અને ઘઉંના છોડ જેટલું ઊંચું વધે છે.
૨. ન. ઘઉં ખાંડીને બનાવેલું ધાન.
૩. વિ. ઘઉંના જેવું; ઘઉંવર્ણું.

ઘઉંલો ૧. પું. એક જાતનો સુગંધી પદાર્થ. ચંદનમાં તેનો ઉપયોગ થાય છે. કપૂરકાચલી ને ઘઉંલા એ બંને સુખડ સાથે ઘસીને કપાળે અર્ચા થાય છે. વળી સુગંધી માટે શરીરે લેપ કરવાના કામમાં પણ તે આવે છે.
૨. પું. કાંગનું ફળ; પ્રિયંગુકા.
૩. પું. ઘઉંના રંગનો વાછડો.
૪. પું. ઘઉંમાંથી બનતી ખાવાની એક ચીજ.
૫. પું. ઘાસમાં થતો એક જાતનો છોડ.
૬. વિ. પું. ઘઉંના રંગનો; ઘઉંવર્ણો.

ઘઉંલો સાપ પું. ઘઉંના ખેતરમાં થતો ઘઉંના રંગનો એક જાતનો સાપ.

ઘઉંવર્ણું વિ. ઘઉં જેવા રંગનું; સહેજ ઊજળું, પીળું ને ધોળા રંગનું; ગોરૂં.

ઘઉંવાડું (ઘઉંવાડું) ન. ઘઉં વાવેલું ખેતર.

ઘઉંવારી ૧. સ્ત્રી. મુહૂર્ત અથવા શુકનમાં ઓસરીમાં કરવામાં આવતો સાથિયો.
૨. સ્ત્રી. મોતીથી ભરેલ સાથિયાનું ચિહ્ન.

ઘકાર ૧. પું. ઘ અક્ષર; ઘઘ્ઘો.
૨. પું. ઘ ઉચ્ચાર.

ઘકારપ્રવિભક્તિ પું.; ન. (જૈન) ઘના આકાર જેવું બત્રીશ માંહેનું એક નાટક.

ઘકારાંત વિ. જેને છેડે ઘ અક્ષર હોય એવું.

ઘખવું ૧. અ. ક્રિ. કઢવું; કઢાપો કરવો.
૨. [સં. ઘુષ્ (શબ્દ કરવો)] સ. ક્રિ. ગુસ્સે થવું; વઢવું; ભાંડવું; અંદરના ક્રોધથી બબડવું; ઠપકો દેવો.
૩. સ. ક્રિ. મારવું; ધએડવું.

ઘખિલા [અ.] પું. અંતકોણ; અંદરનો ખૂણો.

ઘગરી [હિં.] સ્ત્રી. નાનું ફરાક.

ઘગ્ગર સ્ત્રી. એ નામની એક પ્રાચીન નદી; દૃષદ્વતી.

ઘગ્ઘો જુઓ ઘઘ્ઘો.

ઘઘ્રી ૧. [હિં.] સ્ત્રી. એક જાતનું સંગીત વાદ્ય.
૨. સ્ત્રી. પોલી ધાતુની વીંટી.

ઘઘ ન. ઊંટ.

ઘઘક સ્ત્રી. જ્યોત; ઝાળ.

ઘઘકાર જુઓ ઘઘક.

ઘઘડા (ઘઘડ઼ા) ૧. સ્ત્રી. એ નામની સોની અને કોળીની અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ઘઘડાટ (ઘઘડ઼ાટ) પું. ઘડઘડાટ; ઘડઘડ થવું તે; ગડગડાટથી વધારે ભારે થતો અવાજ; ઘડઘડ એવો અવાજ.

ઘઘરડી (ઘઘરડ઼ી) સ્ત્રી. ઘૂઘરી; ધાતુના પતરાની પોલી ખણખણતી ગોળી.

ઘઘરણું [સં. ગૃહ (ઘર) + ગમ્ (જવું)] ન. નાતરું; પુનર્લગ્ન; ફરીને ઘર માંડવું તે; બીજું ઘર કરવું તે.

ઘઘરવું ૧. અ. ક્રિ. ગળામાંથી ઘરઘર એવો અવાજ થવો; ઘરઘર થવું; ઘરડ ઘરડ થવું; ગળામાંથી ખોખરો અવાજ નીકળવો.
૨. અ. ક્રિ. વિધવાએ નાતરે જવું; બીજું ઘર કરવું; ઘરઘવું; બીજી વાર પરણવું.

ઘઘરવેલ [હિં.] સ્ત્રી. એક વનસ્પતિ; કૂકડવેલ; બંદાલ.

ઘઘરી ૧. [હિં.] સ્ત્રી. ઘાઘરી.
૨. સ્ત્રી. ઘૂઘરી; બાફેલ અનાજ.
૩. સ્ત્રી. નાનો લેંઘો.

ઘઘરો ૧. પું. ઘાઘરો.
૨. પું. લેંઘો; ચોરણો.
૩. પું. વાજિંત્રનો અવાજ.

ઘઘલાવવું સ. ક્રિ. ખૂબ ઠપકો આપવો; ધમકાવવું; ખખડાવવું.

ઘઘુંબવું ૧. અ. ક્રિ. આકાશનું ઘેરાવું કે છવાવું.
૨. અ. ક્રિ. ગાજવું; ગર્જના કરવી.

ઘઘો ૧. પું. ઝભ્ભો; મોટો લાંબો કોટ; ડગલો; જામો.
૨. પું. ઝાઝા ઘેરવાળો ઘાઘરો.

ઘઘોમઘો પું. ચારે તરફથી ઢાંકીને કે ઓઢીને બેસવું તે.

ઘઘ્ઘુ ૧. પું. ઘ અક્ષર; ઘકાર.
૨. પું. ઠોઠ.

ઘઘ્ઘો ૧. પું. ઘ અક્ષર; ઘકાર.
૨ પું. ઘ એવો વર્ણોચ્ચાર.
૩. પું. બેવકૂફ માણસ; મૂર્ખ.
૪. પું. મોટો ડગલો; જામો; ઝભ્ભો; ઘઘો.
૫. પું. શીખવ્યા છતાં પણ કંઈ આવડે નહિ તેવો વિદ્યાર્થી; ઠોઠ અભ્યાસી.

ઘચ ૧. પું. તંગ પટમાં કે પોચી વસ્તુમાં એકદમ કોઈ વસ્તુ ભોંકાતાં થતો અવાજ; ઘચ એવો અવાજ.

ઘચ દઈને = ઘચ એવો અવાજ થાય એવી રીતે.

૨. પું. તાળી પાડવી તે.
૩. પું. ભાલાથી કે તરવારથી મારવાનો અવાજ.
૪. અ. વધારે પ્રમાણમાં; ઢગલાબંધ.

ઘચક ૧. પું. તંગ પટમાં કે ત્વચામાં એકદમ કોઈ વસ્તુ ભોંકાતાં થતો અવાજ.
૨. અ. ઘચ અવાજ થાય એમ.

ઘચઘચ ૧. અ. ઘચ એવો ભોંકાવાનો અવાજ થાય તેમ.
૨. અ. ઘચોઘચ; ઉપરાઉપરી; એક પછી એક; વારાફરતી.

ઘચડઘચડ (ઘચડ઼ઘચડ઼) ૧. પું. જોરથી કચડાવાથી થતો અવાજ.
૨. અ. ઘચડઘચડ અવાજ થાય તેમ.

ઘચડવું (ઘચડ઼વું) ૧. સ. ક્રિ. કચડવું; ભીડવું.

૨. સ. ક્રિ. ઘચડઘચડ થાય એમ જોરથી હિંચોળવું; ઘચરડવું.

૩. સ. ક્રિ. બાળકને ઝોળીમાં નાખીને રોતું ને રોતું હિંડોળવું.

ઘચડાઘચડ (ઘચડ઼ાઘચડ઼) ૧. સ્ત્રી. આમથી તેમ ઘચડઘચડ કરવું તે.

૨. [સં. ઘર્ષ્] સ્ત્રી. જોરથી હિંચોળવાની ક્રિયા.

૩. સ્ત્રી. ભીંસાભીંસ; કચડાકચડી; ભીંસ; ગિરદી.

૪. અ. ઘચડાતું હોય તેમ.

૫. અ. ઘણું જ દબાણુ હોય એમ.

ઘચડાઘચડી (ઘચડ઼ાઘચડ઼ી) જુઓ ઘચડાઘચડ.

ઘચડાવું (ઘચડ઼ાવું) ૧. અ. ક્રિ. કચડાવું; ભિડાવું; ભીંસાવું; રગડાવું; પિલાવું; ઘચરડાવું.

૨. અ. ક્રિ. જોરથી હિંડોળાવું.

ઘચરકાવિકાર પું. ખરાબ ઘચરકો આવવાને લીધે શરીરમાં થયેલો બગાડ; ગચરકું ગળાઈ જવાથી થતો ચામડીનો એક રોગ.

ઘચરકું જુઓ ઘચરકો.

ઘચરકો ૧. પું. અર્ધ પચ્યા કે વગર પચ્યા ખોરાકનું ઓઝરીમાંથી પાછું વળવું તે; અજીર્ણનો ખાટો અને તીખો ઓડકાર; ગચરકો.

૨. ન. ઓડકારને લીધે થતો રોગ.

ઘચરડવું (ઘચરડ઼વું) જુઓ ઘચડવું.

ઘચરડાઘચરડ (ઘચરડ઼ાઘચરડ઼) જુઓ ઘચડાઘચડ.

ઘચરડાઘચરડી (ઘચરડ઼ાઘચરડ઼ી) જુઓ ઘચડાઘચડ.

ઘચરડાવું (ઘચરડ઼ાવું) ૧. અ. ક્રિ. ઘચડઘચડ થાય તેમ થવું.

૨. અ. ક્રિ. ઝોળીમાં રોતું ને રોતું હિંડોળાવું.

ઘચાકા [હિં.] સ્ત્રી. ઉમરે પહોંચેલી જુવાન છોકરી.

ઘચાઘચ ૧. [હિં.] સ્ત્રી. નરમ વસ્તુમાં કોઈ ધારદાર વસ્તુ નાખવાથી અથવા ધસવાથી થતો અવાજ.

૨. પું. ભોંકાવાનો અવાજ.

૩. વિ. જાડું.

૪. અ. ઉપરાઉપરી; ઘચોઘચ; એક પછી એક; વારાફરતી.

ઘચાપચી સ્ત્રી. સંભોગ.

ઘચી સ્ત્રી. મોઈદાંડિયાની રમત રમવા માટે છોકરાઓએ જમીનમાં કરેલ ખાડો; ગબી.

ઘચુમડો (ઘચુમડ઼ો) પું. ઘણાકનું ખીચોખીચ મળી રહેવું તે; ઠઠ; ભીંસ.

ઘચુંબલો ૧. પું. અવ્યવસ્થાવાળો જથ્થો.

૨. પું. ગૂંચવણી.

ઘચુંમલ ૧. વિ. જથ્થામાં રહેલ; ઝૂમખાવાળું.

નેપુરકેરી **ઘચુંમલ** ઘુઘરી ઘમકે. દયારામ

૨. વિ. સુંદર.

ઘચૂ જુઓ ઘચી.

ઘચૂમ ૧. પું. ઘચૂમલો; જૂથ.

૨. પું. ઘમકારો.

ઘચૂમલ ૧. પું. જૂથ; ટોળું.

૨. વિ. ઘચૂમલાવાળું; ગૂંચવાડાવાળું.

૩. વિ. ભરાવદાર.

ઘચૂમલો ૧. પું. ગૂંચવાડો; અવ્યવસ્થા.

૨. પું. જૂથ; ટોળે વળીને ઊભા રહેવું તે; ભેગું થવાપણું.

૩. પું. ભરાવો; ઢગ; જમાવ.

ગળે ઘરેણાં ઘણાં થયાં **ઘચૂમલે** રે. વલ્લભ

ઘચૂલ જુઓ ઘચૂમલો.

ઘચેટો ૧. પું. ગચરકો; ઘચરકો.

૨. પું. ગચેટો; ગઠ્ઠો; પિંડ; લોંદો.

ઘચૈડવું (ઘચૈડ઼વું) જુઓ ઘચડવું.

ઘચો પું. કોડીની રમતમાં કોડીઓ ભરવા માટે થતો જમીનમાં ખાડો; ગબી.

ઘઝબ (ઘઝ઼બ) ૧. [અં.] પું. અત્યાચાર; જુલમ.

૨. પું. આફત.

૩. પું. કોઈની વસ્તુ પરાણે પડાવી લેવાપણું; લૂંટ.

૪. પું. ક્રોધ.

૫. પું. શાપ.

૬. વિ. ઈજા કરનારૂં; નુકસાન કરે એવું.

૭. વિ. ગુસ્સે થયેલું; નાખુશ; નારાજ.

૮. વિ. ભયભીત કરે એવું; ભયાનક; ભયંકર.

૯. વિ. ભવ્ય.

૧૦. વિ. મનોહર; ઘણું સુંદર.

૧૧. વિ. હદ કરતાં વધારે; અતિ.

ઘઝબન (ઘઝ઼બન) ૧. [હિં.] સ્ત્રી. જુલમ કરનાર સ્ત્રી.

૨. વિ. ગુસ્સે થયેલું.

ઘઝબનાક (ઘઝ઼બનાક) ૧. [અ.] વિ. ગુસ્સાવાળું; ક્રોધી.

૨. વિ. ભયંકર.

ઘઝબાન (ઘઝ઼બાન) વિ. ગુસ્સે થયેલું.

ઘઝબી (ઘઝ઼બી) ૧. [અ.] પું. ક્રોધ; કોપ.

૨. વિ. ગુસ્સે થયેલું.

૩. વિ. જુલમ ગુજારનાર.

ઘઝલ (ઘઝ઼લ) ૧. [અ.] સ્ત્રી. એ રાગનું કાવ્ય.

૨. સ્ત્રી. ગઝલ; એ નામનો ફારસી રાગ.

ઘઝંફર (ઘઝ઼ંફર) ૧. [અ.] પું. વીર નર; બહાદુર માણુસ.

૨. પું. સિંહ.

ઘઝાલ (ઘઝ઼ાલ) ૧. [અ.] પું. કોમળ જુવાન માણુસ.

૨. પું. સૂર્ય.

૩. પું. હરણનું બચ્ચું.

ઘઝાસફા (ઘઝ઼ાસફ઼ા) ૧. [અ.] સ્ત્રી. લડાઈ.

૨. સ્ત્રી. લૂંટ.

ઘટ્ ૧. [સં.] અ. ક્રિ. ચેષ્ટા કરવી.

૨. અ. ક્રિ. પહોંચી જવું; આવી જવું.

૩. અ. ક્રિ. મશગૂલ હોવું.

૪. અ. ક્રિ. મહેનત કરવી.

૫. અ. ક્રિ. (ધાતુ) હોવું; થવું; બનવું. તે ઉપરથી નીકળેલ શબ્દો: ઘટના, ઘટિત, ઘટિકાયંત્ર, ઘટિક, ઘડી.

૬. સ. ક્રિ. અટકવું.

૭. સ. ક્રિ. અસર કરવી.

૮. સ. ક્રિ. ઘસવું.

૯. સ. ક્રિ. જોડવું; એકત્ર કરવું; મેળવવું.

૧૦. સ. ક્રિ. નજીક લાવવું.

૧૧. સ. ક્રિ. પહેરવું; ધારણ કરવું.

૧૨. સ. ક્રિ. બનાવવું; આકૃતિ કરવી.

૧૩. સ. ક્રિ. સહવાસમાં લાવવું.

ઘટ ૧. પું. એ નામનું એક ઝાડ; ધાવડો.

૨. પું. (શિલ્પ) એક જાતનું કોતરકામ. જુઓ અબ્જ.

૩. પું. (જ્યોતિષ) કુંભ રાશિ.

૪. પું. કોષ; કોથળી.

૫. પું. ખાલી જગ્યા; અવકાશ; જગદાકાશ.

૬. [સં.] પું. ઘડો; માટી કે ધાતુનું સાંકડા મોઢાનું પાણીનું વાસણ; જળપાત્ર; દોરિયો.

૭. પું. (વ્રજ) ઘરેણું; દાગીનો.

૮. પું. (જૂ. ગુ.) ઘોડો.

ગરજ વડઈ ગજ **ઘટ** લ્યાવીઉ. લાવણ્યસમય

૯. પું. ટોળું.

૧૦. પું. દુર્ગા દેવીનું ચિહ્ન.

૧૧. પું. દેહ; શરીર; પિંડ. માણુસના દેહને માટીના ઘડાની ઉપમા અપાયેલ છે, કેમકે દેહ પણ ઘડાની જેમ માટીનો છે, ઘડાની પેઠે એમાં પણ માંહે પોલાણુ છે, ઘડાની જેમ એ પણ અગ્નિમાં પાકીને આવ્યો છે અને ઘડાની માફક વધારે પડતી ઠોકર લાગવાથી કે ટક્કર ખાવાથી ભાંગી પડે છે.

દયા ધરમકો મૂલ હૈ, પાપ મૂલ અભિમાન;
તુલસી દયા ન છાંડીએ, જબ લગ **ઘટ**મેં પ્રાણ.
તુલસીદાસ

૧૨. પું. નક્કર, પ્રવાહી કે વાયુરૂપ કોઈ પણ ઘાટ; આકાર.

૧૩. પું. નવ પ્રકારનાં દ્રવ્ય માંહેનું એક; તુલા.

૧૪. પું. પાણી ભરીને પૂજેલો અથવા પૂજા કરવાના સાધનમાં લીધેલો ઘડો.

ઘટ સ્થાપન = કોઈ ઠેકાણે વાસ્તુ કરતાં અથવા શુભ કામનો આરંભ કરતાં પહેલવહેલો ઘડો મૂકવો તે.

૧૫. પું. પ્રાણાયામ માંહેનો કુંભક.

૧૬. પું. મદોન્મત્ત હાથીનું કુંભસ્થળ.

૧૭. પું. મન; અંતઃકરણ; હૃદય.

૧૮. પું. (પિંગળ) મોહનવસ્તુની જાતનો એક વિષમજાતિ માત્રામેળ છંદ. તેમાં બત્રીશ ગુરુની ચોસઠ માત્રા હોય છે.

૧૯. પું. યોજવું તે; જોડવાપણું.

૨૦. પું. વજનનું એક માપ; દ્રોણ; ૪ આઢક; ૧૦૨૪ રૂપિયાભાર; કલશ.

૪ આઢકનો ૧ દ્રોણ (૧૦૨૪ રૂપિયાભાર). તેનાં કલશ, નલ્વણ, અર્મણ, ઉન્માન, **ઘટ** અને રાશિ વગેરે નામો છે. યોગચિંતામણિ

૨૧. [હિં.] પું. વસ્તુનું સંકોચાઈને ઘટ થવાપણું.

૨૨. પું. વીશ દ્રોણનું એક માપ.

૨૩. પું. સમય; વખત.

૨૪. પું. (શિલ્પ) સ્તંભના આઠ માંહેનો એક પ્રકાર.

૨૫. [સં. ઘટ્ (ઘટવું)] સ્ત્રી. કસર; ઓછપ; ખૂટ; તૂટ; ઘટાડો.

૧. ઘટ ખમવી = ખોટ સહેવી; ઓછું પડે તે મજરે આપવું.

૨. ઘટ જવી = ઓછું થવું; ખોટ આવવી.

૨૬. સ્ત્રી. ખામી.

૨૭. સ્ત્રી. ખોટ; તોટો; નુકસાન.

૨૮. વિ. ગાઢ; ઘન.

૨૯. વિ. ઘટ્ટ; રગડા જેવું; જાડું; ઘાટું.

૩૦. વિ. પાકટ થયેલું; પાકેલું.

પાડયું નાળિકેરીનું નાળિયેર **ઘટ**. પ્રેમાનંદ

૩૧. વિ. પાસેપાસે દોરા હોય એવું; ભરચક ભરેલું; ઠાંસીને વણેલું.

૩૨. અ. એકદમ.

૩૩. અ. ગળી જવાનો અવાજ.

ઘટક ૧. પું. એક આખી વસ્તુના ઘણાક ભાગો માંહેનો એક ભાગ; અંશ; ભાગ; વિભાગ; વસ્તુનો અંગભૂત અવયવ.

૨. [સં.] પું. દલાલ; મધ્યસ્થ; મધ્ય રહેલ માણસ.

૩. પું. નાનો ઘડો.

૪. પું. લગ્ન જોડી આપનાર પુરુષ.

૫. પું. વંશપરંપરા બતાવનાર માણસ; વહીવંચો; ચારણ.

૬. પું. સફેદ રક્ત; સાધારણ કદનો રક્તકણ.

૭. વિ. અંગભૂત; વસ્તુના અંશરૂપ.

૮. વિ. બેને મેળવનાર; જોડી દેનાર.

૯. વિ. મધ્યસ્થ રહેનાર.

૧૦. વિ. યોજનારૂં; રચનારૂં; યોજના કરી આપનાર; ઘડનારૂં.

૧૧. અ. પીણાનો ઘૂંટડો ઉતારવાનો અવાજ.

ઘટકઘટક અ. પીવાની ક્રિયામાં ઉતાવળથી કે અધીરાઈથી થતો અવાજ; ગટકગટક.

ઘટકદ્રવ્ય ૧. [સં.] ન. અવયવભૂત વસ્તુ; અંશ; ભાગ.

૨. પું. માલમસાલો; વસાણું; ઉપાદાન.

ઘટકરણ પું. (પુરાણ) રાવણના ભાઈ કુંભકર્ણનું એક નામ; ઘટકર્ણ.

ઘટકર્કટ [હિં.] પું. (સંગીત) એક જાતનો તાલ.

ઘટકર્ણ પું. (પુરાણ) રાવણનો ભાઈ કુંભકર્ણ.

ઘટકર્પર ૧. [સં.] પું. ઘડાનું અરધિયું.

૨. પું. ઘડાનું ઠીકરૂં.

૩. પું. વિક્રમાદિત્યની સભામાં નવરત્નોમાં કાળિદાસની સાથે જેનું નામ આવે છે એવો એ નામનો એક કવિ. તેણે નીતિસાર નામે ગ્રંથ બનાવ્યો છે.

ઘટકવું ૧. સ. ક્રિ. ગળવું; ગળે ઉતારવું; અવાજ સાથે ઉતાવળે કે અધીરા થઈને પીવું.

૨. સ. ક્રિ. ગળી જવું; ઉચાપત કરી જવું.

ઘટકંચુકી [સં. ઘટ (ઘડો) + કંચુક (ચોળી)] સ્ત્રી. તાંત્રિકોની એક રીત. આમાં ભૈરવીચક્રમાં એકઠી થયેલી સ્ત્રીઓની ચોળીઓ લઈને એક ઘડામાં ભરવામાં આવે છે. પછી એક એક પુરુષ વારાફરતી એક એક ચોળી કાઢે. જે પુરુષના હાથના જે સ્ત્રીની ચોળી આવે તે સ્ત્રી સાથે તે સંભોગ કરી શકે એમ કહેવાય છે.

ઘટકા ૧. [સં. ઘટિકા] સ્ત્રી. ઘટિકા; ઘડી; ઘંટા; ચોવીશ મિનિટ જેટલો વખત.

૨. સ્ત્રી. ઘડી માપવાનો વાટકો.

ઘટકાર [સં.] પું. ઘડાનો બનાવનાર માણસ; કુંભાર.

ઘટકારક [સં.] પું. ઘટકાર; કુંભાર.

ઘટકારિણી સ્ત્રી. કુંભાર જાતિની સ્ત્રી; કુંભારણ.

ઘટકાવયવ [સં. ઘટક (મૂળરૂપ) + અવયવ (ભાગ)] પું. મુખ્ય ભાગ; અંગભૂત અવયવ.

ઘટકાવવું સ. ક્રિ. ઉતાવળે કે અધીરાઈથી ગળે ઉતારવું; અવાજ સાથે પીવું; ઘટકઘટક કરીને ઝટ પી જવું.

ઘટકી ૧. સ્ત્રી. ગોરસની નાની માટલી.

૨. સ્ત્રી. નાનો ઘૂંટડો; કોગળો.

૩. સ્ત્રી. હેડકી.

ઘટકો ૧. પું. આંખ કે કાનમાં ઓચિંતું દુઃખ થવાપણું; સણકો; દુખાવો; ચટકો; ખટકો.

૨. પું. ઘૂંટડો; કોગળો.

૩. પું. સૂજેલા કે પાકેલા ભાગમાં કાંટા ભોંકાતા હોય એવું રહી રહીને થતું દુઃખ; લવકારો; તીક્ષ્ણ દરદ.

ઘટગ્રહ [સં.] પું. ઘડો લેવાપણું. પ્રાચીન કાળમાં રાજકુમારોને શસ્ત્રવિદ્યાનો અભ્યાસ, કુસ્તી વગેરે શીખવવામાં આવતું. તેમાં ધનુર્વિદ્યા શીખવવા માટે એક લાકડાનું વાંકું કાંગડા જેવું આકર્ષ બનાવતા અને તેને દોરી બાંધી એક ભરેલા ઘટને તે વળગાડતા. પછી પેલા આકર્ષને એવું તાણતા કે પેલો ઘટ વામહસ્ત આગળ આવે. એને ઘટગ્રહ કહેતા, અને એમ જે આકર્ષ તણાય તેને પૂર્ણકર્ષ કહેતા.

ઘટગ્રાહ [સં.] વિ. ઘડો લેનાર.

ઘટઘટ ૧. પું. કોગળા કરવાનો અવાજ.

૨. પું. પ્રવાહી વસ્તુના ઘૂંટડા ઉતારવાનો અવાજ.

૩. પું. શરીરનો દરેકે દરેક ભાગ; અંગેઅંગ.

૪. અ. પ્રવાહી પદાર્થ પીતાં ગળામાંથી અવાજ નીકળે તેમ.

૫. અ. રોમેરોમ; કોશેકોશ.

૬. અ. સ્થળેસ્થળે.

ઘટઘટાવવું સ. ક્રિ. અવાજ સાથે એકદમ પી જવું.

ઘટઘેરણ વિ. શરીરને ઘેરવાવાળું.

ઘટજ ૧. [સં. ઘટ (ઘડો) + જન્ (જન્મવું)] પું. અગસ્ત્ય ઋષિ; કુંભજ.

૨. વિ. ઘડામાંથી જન્મેલું.

ઘટજાત જુઓ ઘટજ.

ઘટજાનુક પું. (પુરાણ) એ નામનો એક ઋષિ.

ઘટડું (ઘટડું) ૧. ન. અંતર; હૃદય; હૈયું; દિલ.

૨. ન. શરીર.

ઘટડો (ઘટડો) ૧. પું. આત્મા.

૨. પું. દેહ; શરીર.

ઘટણીય વિ. ઘટે એવું; ઓછું થાય એવું.

ઘટતા જુઓ ઘટત્વ.

ઘટતી ૧. સ્ત્રી. ઓછાપણું.

૨. સ્ત્રી. પડતી; પતન; અવદશા.

ઘટતું ૧. [સં. ઘટિત] વિ. અનુકૂળ આવતું; વાજબી; માફક; બરાબર; યથાયોગ્ય.

ઘટતું કરવું = જેટલું અને જેમ યોગ્ય હોય તેમ કરવું.

૨. વિ. ખૂટતું; ઓછું; કમી; ન્યૂન; અધૂરૂં.

ઘટત્વ ૧. ન. ઘાટાપણું; ઘટતા; ઘનત્વ.

૨. ન. (વેદાંત) પોતાના આશ્રયરૂપ જે ઘટ તેનાથી ભિન્ન અધિકરણમાં નહિ રહેનારૂં જાતિ સામાન્ય.

૩. ન. બંધારણ; પોત; કુમાશ.

ઘટદાસ [સં.] પું. પાણી ભરનાર નોકર.

ઘટદાસી ૧. [સં.] સ્ત્રી. કૂટણી સ્ત્રી.

૨. સ્ત્રી. નાયક નાયિકાનું સંમેલન કરાવી દેનાર દાસી.

૩. સ્ત્રી. પાણી ભરનાર દાસી.

ઘટદીપકી સ્ત્રી. (સંગીત) એ નામની એક રાગણી. તે ગાવાથી અત્યંત રુદન વડે ઝાંખાં થયેલ નેત્રો તેજસ્વી થાય એમ મનાય છે.

ઘટન ૧. [સં.] ન. ઉદ્યમ; પ્રયત્ન.

૨. ન. ઘટના; બનાવ.

૩. ન. ઘડવાનું કામ.

૪. ન. યોજવું તે; જોડાવાપણું.

ઘટના ૧. સ્ત્રી. કારીગરી; બનાવટ; ઘડતર.

૨. સ્ત્રી. કિરણના પડવાની દિશા; પતનકોણ; પતનરેખા.

૩. સ્ત્રી. ખરી વાત; સિદ્ધ થયેલી હકીકત; 'ફૅક્ટ'.

૪. સ્ત્રી. ગણતરી; ગણના.

૫. સ્ત્રી. ગોઠવણ; વ્યવસ્થા; યોજના; રચના.

૬. સ્ત્રી. બનવું તે; બનાવ; પ્રસંગ; સંજોગ.

૭. સ્ત્રી. બેસતેબેસતું આવે એમ જોડવાપણું; એકઠું મેળવવું તે; મેળ.

૮. સ્ત્રી. યંત્રરચના; 'ત્રિકૅનિઝમ'.

૯. સ્ત્રી. હાથીઓનો સમૂહ.

ઘટનાચિત્ર [સં.] ન. જુદા જુદા આકારોના સંમિશ્રણથી ઉપજાવવામાં આવતો ખાસ કલામય આકાર.

ઘટનાપૂર્ણ [સં.] વિ. જુદા જુદા બનાવોથી ભરેલું; જેમાં અગત્યની બાબતો બનેલી હોય એવું.

ઘટપટ ૧. સ્ત્રી. અસંગત પ્રબંધ; વગર સંબંધનું ભાષણ કે લખાણ.

૨. સ્ત્રી. એકઠું થવું તે.

૩. સ્ત્રી. તકરાર; કજિયો

૪. સ્ત્રી. મળવું તે.

૫. વિ. અવ્યવસ્થિત રીતે મળી ગયેલું.

૬. વિ. લડાઈમાં કે મૈથુનમાં રોકાયેલું.

૭. અ. હાથોહાથ.

ઘટપાટ પું. ડગે નહિ એવું દૃઢ આસન.

ઘટપાટલ ન, શરીર બદલવું તે; પરકાયાપ્રવેશ.

ઘટપુષ્પી સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; કુંભપુષ્પી.

ઘટપૂજા [સં.] સ્ત્રી. દુર્ગા દેવીના ચિહ્ન તરીકે ઘડાની પૂજા; કુંભપૂજા.

ઘટપ્રક્ષેપ [સં.] ન. પ્રાયશ્ચિત્ત કર્યા પછી પ્રાયશ્ચિત્ત કરનારાએ કરવાનો એક વિધિ.

ઘટપ્રદીપન્યાય [સં.] પું. એક જાતનું દૃષ્ટાંત. ઘડો પોતાની અંદર મૂકેલા દીવાનો પ્રકાશ બહાર જવા દેતો નથી, તેમ જે કોઈ પોતાનું જ ભલું ચાહતો હોય અને બીજા ઉપર ઉપકાર કરતો ન હોય ત્યાં આ ન્યાય દેવાય છે.

ઘટબઢ ૧. [હિં.] સ્ત્રી. એક જાતનું નૃત્ય.

૨. સ્ત્રી. વધઘટ; વધતું ઓછું હોવાપણું.

ઘટબોર ન. એ નામની એક વનસ્પતિ. તેનાં મૂળ અને છાલ ચામડાં રંગવામાં વપરાય છે.

ઘટમટ સ્ત્રી. સંકલ્પવિકલ્પ; વિચારોની પરંપરા.

ઘટમઠ ન. સ્થળ; જગ્યા.

ઘટમદાર વિ. ઘાટીલું; સુરેખ.

ઘટમંચિકા સ્ત્રી. પાણીનું વાસણ રાખવાની લાકડા કે લોઢાની ઘોડી.

ઘટમાન ૧. વિ. ખૂટતું; કમી; ઓછું.

૨. વિ. ઘટતું; યોગ્ય; લાયક.

૩. વિ. ઘડાતું; બનતું; થતું; જેની બનાવટ બની રહી હોય એવું.

૪. વિ. બને એવું; સંભવિત.

ઘટમાળ ૧. સ્ત્રી. ઊલટીસૂલટી જગતની માયા.

૨. સ્ત્રી. જીવનક્રમ.

છે માનવીજીવનની **ઘટમાળ** એવી,
દુ:ખ પ્રધાન સુખ અલ્પ થકી ભરેલી.
નરસિંહરાવ

૩. સ્ત્રી. પરંપરા; ક્રમ; ગતિ.

૪. સ્ત્રી. પ્રણાલિકા; રિવાજ; સામાન્ય માર્ગ.

૫. સ્ત્રી. બનાવ.

૬. સ્ત્રી. રેંટની માફક ફરી ફરીને એક જ જગાએ અથવા એક જ સ્થિતિમાં આવી પહોંચવું તે.

૭. સ્ત્રી. રેંટમાં ગોઠવેલી ઘડાની હાર; ચક્રમાં ગોઠવેલી ને ફેરવતાં એક એકની પાછળ ફરતી જાય એવી ઘડાઓની રચના.

ઘટમાળા જુઓ ઘટમાળ.

ઘટયલ જુઓ ઘટયાલ.

ઘટયંત્ર ન. સાતથી આઠ શેર પાણી સમાય તેવડો અને ચાર ઇંચ પહોળા મોઢાનો ઘડો; આપ્યાયનયંત્ર.

ઘટયાલ ૧. વિ. જાડું.

૨. વિ. સસ્તું.

૩. વિ. હલકું; તુચ્છ.

ઘટયોનિ [સં.] પું. અગસ્ત્ય ઋષિ; ઘટજ.

ઘટરઘટર અ. પાણી પીતાં થતો અવાજ.

ઘટરાજ પું. ઘડો.

ઘટરાશિ પું. એક દ્રોણનું માપ. તે લગભગ સોળ શેરનું હોય છે.

ઘટવટ જુઓ ઘટમટ.

ઘટવધ સ્ત્રી. વધઘટ; વધતું ઓછું હોવાપણું.

ઘટવવું ૧. સ. ક્રિ. ઓછું થાય એમ કરવું.

૨. સ. ક્રિ. ઘટી રહે અને બંધબેસતું આવે એમ ઝીણવટથી ગોઠવવું; બેસતું કરવું; તાણીતૂસીને બંધ બેસાડવું; યોગ્ય લાગે ને શોભે તેમ કરવું.

ઘટવાર ૧. [હિં.] પું. ઘાટના દેવતા.

૨. પું. પર્વતમાંથી ચાલવાના ઘાટનો કે બંદરે ઊતરવાના સ્થળનો ઉપરી.

૩. પું. હોડીવાળો.

ઘટવાલ જુઓ ઘટવાર.

ઘટવું ૧. અ. ક્રિ. ઓછું થવું; ખૂટવું; કમી થવું; ખોટ પડવી.

૨. અ. ક્રિ. ચડી જવું; શોષાવું.

૩. અ. ક્રિ. પાછું ખસવું.

૪. અ. ક્રિ. બંધબેસતું આવવું; લાગુ પડવું.

૫. અ. ક્રિ. લાયક હોવું; યોગ્ય હોવું; છાજવું.

૬. અ. ક્રિ. સંભવવું; શક્ય હોવું.

ઘટસર્પ પું. ગળામાં થતો એક રોગ; વલય. તેમાં લસણનો રસ ઉપયોગી મનાય છે.

ઘટસંભવ [સં.] પું. અગસ્ત્ય ઋષિ; ઘટજાત.

ઘટસિક્તભૂમિ સ્ત્રી. નદી અથવા નાળામાંથી ઢેકવા મારફત પાણી પાયેલ જમીન; ઢેકુડિયાત જમીન.

ઘટસૃંજય પું. મહાભારતમાં જણાવેલો દક્ષિણ ભારતવર્ષનો એક પ્રાચીન દેશ.

ઘટસ્થાપન ૧. ન. આસો સુદિ પડવાનો દિવસ.

૨. [સં.] ન. કુંભસ્થાપન; દુર્ગા દેવીના નામે ઘડાની કરવામાં આવતી સ્થાપના; નવરાત્રમાં દેવી પ્રીત્યર્થે કળશ સ્થાપવામાં આવે છે તે; નવરાત્રના દિવસોમાં ગરબા કે ઘડા દ્વારા માતાજીની સ્થાપના કરવાની ક્રિયા.

૩. ન. નવા ઘરમાં રહેવા જતાં પહેલાં મંગળચિહ્ન તરીકે ઘડાની સ્થાપના કરવી તે.

ઘટસ્થાપના જુઓ ઘટસ્થાપન.

ઘટસ્ફોટ ૧. [સં.] પું. કોઈ છૂપી વાતનો ભેદ ભાંગી નાખવો તે; વાત બહાર પડવાપણું; રહસ્ય ખુલ્લું થઈ જવું તે.

૨. પું. કોઈ શખ્સને જ્ઞાતિબહાર કરતી વખતે અથવા સ્ત્રીનો ત્યાગ કરતી વખતે દક્ષિણી લોકોમાં કરવામાં આવતી ઘડો ફોડવાની ક્રિયા; સગાઈ સંબંધનો ત્યાગ કરવો તે; છૂટાછેડા કરવાપણું.

૩. પું. છેવટનો નિકાલ થઈ જાય એમ કરવાપણું; તોડ; નિકાલ.

ઘટસ્ફોટ કરવો = (૧) છૂટાછેડા કરવા. (૨) નિકાલ કે નિશ્ચય જાહેર કરવો; તોડ કરવો; છેવટ આણવું. (૩) મારી નાખવું; ઠેકાણે કરવું.

૪. પું. મુડદાને બાળી ચિતા ઠાર્યા પછી છેલ્લી વારે તે તરફ મોઢું ફેરવી ઘડો ફોડવો તે.

ઘટસ્ફોટ થવો = (૧) જાહેર થવું. (૨) ઠેકાણે પડવું. (૩) મોટી દુર્દશામાં આવી પડવું. પ્રેતને લઈ જતી વખતે પાણીનો ઘડો ફોડી નાખવાની રૂઢિ છે. તે ઉપરથી આ પ્રયોગ થયો છે.

૫. પું. ફરીથી ન કરવો એવા નિશ્ચયથી સંબંધને હમેશને માટે તોડી નાખવો તે.

ઘટહા [હિં.] સ્ત્રી. નદી ઓળંગવા માટેની હોડી.

ઘટંત સ્ત્રી. ઘટાડો; ખોટ.

ઘટંપટં ૧. અ. આડુંઅવળું.

૨. અ. ખરૂંખોટું.

ઘટા ૧. પું. ગુલામ.

૨. સ્ત્રી. ઓછપ; ખામી.

૩. [સં.] સ્ત્રી. ગોષ્ઠી; વાતચીત.

૪. સ્ત્રી. ચડાણ.

૫. સ્ત્રી. છાયા; છાંયડો.

૬. સ્ત્રી. યત્ન; કોશિશ.

૭. સ્ત્રી. વાત કરવાની છટા.

૮. સ્ત્રી. વાદળાંનું એકઠાં થવું તે; ઘટાટોપ; મેઘાડંબર; મેઘમાળા; વાદળાંનું પાસે પાસે આવી રહેવું તે; વરસાદ ચડી આવ્યાથી થઈ આવતો કાળો દેખાવ.

૯. સ્ત્રી. વૃક્ષોનાં ડાળી પાંદડાંની સંઘટના; ઘણી ઝાડીનું શીળું આચ્છાદન; વનસ્પતિ અને ઝાડ પાન વગેરેનો ભરાવો કે સમૂહ.

૧૦. સ્ત્રી. વેદમંત્રો બોલવાની ઢબ.

૧૧. સ્ત્રી. સભા.

૧૨. સ્ત્રી. સંઘાત; સમૂહ; ઝુંડ; જમાવ.

૧૩. સ્ત્રી. હાથણી.

૧૪. સ્ત્રી. હાથીનું ટોળું.

ઘટાઉ વિ. ઓછું થતું જતું હોય એવું.

ઘટાકાશ ૧. [સં.] પું. (ન્યાય) ઘડામાંનો અવકાશ એટલે પોલાણ ભાગ; મહાઆકાશથી જુદું પડેલું ઘડામાંનું આકાશ; ખાલી ઘડામાં ઘેરાય તેટલો આકાશનો ભાગ.

૨. પું. પ્રત્યેક માણસ.

૩. અ. સ્થળેસ્થળે; સર્વત્ર.

ઘટાગુમ વિ. ઘણી ઘટાવાળું; ઘનઘોર; ઘટાઘુમ.

ઘટાગ્ર [સં.] પું. (શિલ્પ) વાસ્તુવિદ્યામાં સ્તંભના નવ વિભાગો માંહેનો આઠમો વિભાગ.

ઘટાઘુમ જુઓ ઘટાગુમ.

ઘટાઘેર જુઓ ઘટાટોપ.

ઘટાઘોર જુઓ ઘટાગુમ.

ઘટાટોપ ૧. [સં.] પું. આડંબર; ભપકો.

૨. પું. ઘોરંભો; ઘનઘટા; વરસાદનો ઘેરાવો; મેઘાડંબર; વરસાદનો માંડવો.

૩. પું. ચારે બાજુ ઢંકાઈ જાય તેવી ઘટા.

૪. પું. ચારે બાજુ ઢંકાઈ જાય તેવું ઢાંકણ.

૫. પું. ડાળાં પાંદડાંનો ભરાવો; પુષ્કળ ઝાડપાન અને વનસ્પતિનો ભરાવો.

૬. પું. પાલખી કે ગાડીનું ઉપલું ઢાંકણ.

૭. પું. મોટી ટોપી.

૮. પું. વાદળાંની માફક ચારે તરફથી ઘેરી લેનાર સમૂહ.

ઘટાડવું (ઘટાડ઼વું) ૧. સ. ક્રિ. ઉતારી પાડવું; તોડી પાડવું; માનભંગ કરવું.

૨. સ. ક્રિ. ઓછું કરવું; કમી કરવું; ઘટે એમ કરવું.

ઘટાડો (ઘટાડ઼ો) પું. કમીપણું; કસર; ઘટ; ન્યૂનતા; ઓછપ.

ઘટાદાર વિ. ઘટાવાળું; ઘટાગુમ.

ઘટાબંધ જુઓ ઘટાદાર.

ઘટારત જુઓ ઘટારથ.

ઘટારથ વિ. ઘટતું; યોગ્ય; વાજબી; લાયક; જોઈએ તેવું; શોભે એવું; યથાયોગ્ય.

ઘટારો જુઓ ઘટાડો.

ઘટાર્થ જુઓ ઘટારથ.

ઘટાવ ૧. પું. ઓછું હોવું તે; ઘટાડો.

૨. પું. કીમતનું ઘટવું તે.

૩. પું. ખામી; ખોડ.

૪. પું. ટૂંકાણ; સંક્ષેપ.

૫. પું. નદીનું પડવું તે.

૬. પું. બંદોબસ્ત; વ્યવસ્થા.

૭. પું. આદબાકી.

૮. પું. વેતન; મહેનતાણું.

ઘટાવત સ્ત્રી. લાગુ પાડવાપણું.

ઘટાવબઢાવ ૧. પું. (ગણિત) ઘાતકર્મ અને ઘાતમૂળ.

૨. પું. ચડઊતર; વધઘટ.

ઘટાવવું ૧. સ. ક્રિ. ઉતારવું; ઓછું કરવું.

૨. સ. ક્રિ. ઘાટું કરવું; ગાઢ બનાવવું.

૩. સ. ક્રિ. બાદ કરવું.

૪. સ. ક્રિ. લાગુ પાડવું; બંધબેસતું આવે એમ કરવું; અર્થ બેસાડવો; ઘટે એમ કરવું.

ઘટાવસ્થા સ્ત્રી. યોગાભ્યાસીને ધ્યાનકાલે અનુભવાતા નાદની ચાર માંહેની એક અવસ્થા; કંઠમાં રહેલ વિષ્ણુગ્રંથિનું ભેદન થતાં જે નાદ સંભળાય તે.

ઘટિક ૧. પું. કલાક પૂરો થતાં ડંકા વગાડનાર સિપાઈ.

૨. [સં.] પું. નિતંબ; કૂલો.

૩. ન. પ્રવાહી પદાર્થ માપવાનું એક માપ.

૮૪ કુડુંબ = ૧ વરાક

$\frac{૧}{૪}$ વરાક = ૧ ઘટિક

૪. વિ. ઘડા વડે તરનાર.

ઘટિકા ૧. પું. (પિંગળ) એક અર્ધસમવૃત્ત વર્ણમેળ છંદ; લોલઘટિકા. આ છંદ અસંકીર્ણ વર્ગનો છે. તેના પહેલા અને ત્રીજા ચરણમાં તગણ, સગણ, જગણ અને ગુરુ મળી દશ અક્ષર હોય અને બીજા અને ચોથા ચરણમાં સગણ, સગણ, જગણ અને ગુરુ મળી દશ અક્ષર હોય છે.

૨. પું. એક ઘડીમાં સો શ્લોક બનાવનાર કવિ.

૩. સ્ત્રી. એક ઘડીએ ભરાઈને બૂડી જાય એવો ઘડી માપવાને માટે બનાવેલો ઝીણા કાણાવાળો પાણીમાં મૂકવાનો જોશીનો વાટકો.

૪. સ્ત્રી. એક જાતનું વજન.

૪ ઘટિકા = ૧ વારી.

૫. સ્ત્રી. ઘડિયાળ; વખત બતાવનાર યંત્ર. ઘડિયાળ ટિક ટિક કરે છે છતાં એ યંત્ર ઘડી બતાવે છે. તે ઉપરથી તેનું નામ ઘટિકા કે ઘડિયાળ આપવામાં આવ્યું છે.

૬. [સં.] સ્ત્રી. ઘડી; સાઠ પળ જેટલો વખત; કલાકનો અઢીમો ભાગ; ચોવીશ મિનિટ જેટલો કાળ.

૭. [સં.] સ્ત્રી. નાનો ઘડો.

ઘટિકામંડલ ન. (જ્યોતિષ) વિષુવાંશ ૫૦ થી ૬૫ અને દક્ષિણ ક્રાંત્યંશ ૪૦ થી ૬૫ની વચ્ચે આવેલો એ નામનો તારાપુંજ.

ઘટિકાયંત્ર ૧. [સં.] ન. ઘડિયાળ.

૨. ન. ઘડી માપવાનું યંત્ર; ઘડી એટલે ૨૪ મિનિટ કે ૬૦ પળ માપવાનો પાણીમાં મૂકવા જેવો ઝીણા કાણાવાળો વાટકો. ચોખ્ખા પાણીથી ભરેલ એક મોટા વાસણમાં નીચે છિદ્રવાળો તાંબાનો કટોરો તરતો મુકાય, છિદ્ર વાટે તેમાં પાણી ભરાય, આખો ભરાય ત્યારે ડૂબી જાય. એવી રીતે તે એક રાતદિવસમાં ૬૦ વખત ભરાય અને ડૂબે તે યંત્રને ઘટિકાયંત્ર અથવા કપાલયંત્ર કહે છે.

ઘટિકાસ્થાન ૧. ન. જાત્રાળુઓને ઊતરવાનું સ્થાન; ધર્મશાળા.

૨. ન. ત્રણ કલાક સુધી કાચી અટકાયતમાં રાખવાની જેલની કોટડી. કવેળા અથવા કટાણામાં રસ્તે જતા માણસોને સિપાઈ અટકાવી આવી જાતની ઓરડીમાં એક પ્રહર એટલે ત્રણ કલાક રાખી શકતા.

ઘટિઘટ [સં.] પું. મહાદેવ; શંકર.

ઘટિત ૧. [સં.] ન. ઘડવું તે; યોજના.

૨. ન. નમસ્કારસૂચક એક શબ્દ.

૩. વિ. ઘટારથ; ઉચિત; વાજબી; જેવું જોઈએ તેવું; યોગ્ય; જેમ ઘટતું હોય તેમ થયેલું હોય તેવું; લાયક.

૪. વિ. ઘડેલ; રચેલ; કરેલ.

૫. વિ. યુક્ત; જોડેલ; યોજેલ.

ઘટિતત્વ [સં.] ન. યોજેલપણું; યુક્તપણું; રચેલપણું.

ઘટિતાંગી વિ. વ્યવસ્થિત રચનાવાળું.

ઘટિયા [હિં.] વિ. હલકું; સસ્તું.

ઘટી ૧. [હિં.] સ્ત્રી. ઓછાપણું; વજન અથવા કીમતમાં ઓછાપણું.

૨. સ્ત્રી. ખોટ; ઘટ; કમી; ઘટાડો; ખાધ.

૩. સ્ત્રી. ઘટિકા; ઘડી; સાઠ પળ જેટલો વખત; ચોવીશ મિનિટ જેટલો કાળ.

૪. [સં.] સ્ત્રી. ઘડિયાળ; વખત બતાવનાર યંત્ર.

૫. સ્ત્રી. ઘાંટો.

૬. [સં. ઘટ્ (ભેગું કરવું)] સ્ત્રી. (વહાણવટું) નાના મછવાને તે ઊંધો ન વળે તે માટે પવનની સામી બાજુ લાકડું ભરાવી તરાપા જેવું કર્યું હોય તે; 'આઉટરિગર.'

૭. સ્ત્રી. નાનો ઘડો.

૮. સ્ત્રી. પડતી.

૯. સ્ત્રી. પાણીમાં મૂકવામાં આવતો ઘડી જેટલો કાળ માપવાનો કાણાવાળો વાટકો. જુઓ ઘડી.

૧૦. [સં. ઘટિન્] વિ. ઘડાવાળું.

ઘટીકાર ૧. [સં.] પું. કુંભાર.

૨. પું. ઘડિયાળી.

ઘટીચક્ર [સં.] ન. કૂવામાંથી પાણી કાઢવાનો કોશને બદલે ઘડાની કે ડોલચાંની માળાનું ફરતું ચક્ર; રેંટ; ઘટમાળ.

ઘટીપાત્ર ન. વખત માપવાની વાડકી. અગાઉના વખતમાં એક વાટકીને તળિયે કાણું પાડી તેને પાણી ઉપર મૂકતા તે પૂરી ભરાઈ ડૂબી જાય એટલે એક ઘડી થઈ ગણાતી.

ઘટીયંત્ર ૧. [સં.] ન. કૂવામાંથી પાણી કાઢવાનું યંત્ર; રેંટ; ઘટમાળ; જળઉચ્ચાલક; ઢેકુડી; આબપાશીકૂંજો.

૨. ન. ઘડિયાળ.

૩. ન. જૂના કાળમાં વખત જાણવા માટે વપરાતું એક યંત્ર; કાળમાન યંત્ર; કાળનું માપ દેખાડનારૂં યંત્ર; ઘટિકાયંત્ર.

૪. ન. સંગ્રહણી રોગનો એક ભેદ. તે અસાધ્ય મનાય છે.

૫. ન. સાતથી આઠ શેર પાણી સમાય તેવડો અને ચાર ઈંચ પહોળા મોઢાનો ઘડો; ઘટયંત્ર; ઘડીયંત્ર; આપ્યાયન યંત્ર.

ઘટીલગ્ન ન. લગ્ન માટેનો યોગ્ય સમય.

ઘટુકવું અ. ક્રિ. ઘટ ઘટ એમ અવાજ થવો.

ઘટુડિયું ઘાસ (ઘટુડ઼િયું ઘાસ) ન. બરડા પર્વતમાં ચારથી છ ઈંચ ઊંચું વધતું એક જાતનું ઘાસ. એનાં ફૂલની ચમરી ધોળા લાંબા વાળથી ભરાયેલી હોય છે. ફૂલો નીચાં નમતાં ઘંટુડી જેવાં દેખાય છે.

ઘટૂકા [સં. ઘટોત્કચ] પું. (હિંદી) ભીમસેનને હિડિંબા રાક્ષસીથી થયેલ એ નામનો દીકરો; ઘટોત્કચ.

ઘટે ૧. વિ. આબેહૂબ.

૨. અ. ખરેખર.

૩. અ. જાણે; જાણે કે.

ઘટેશ પું. (પુરાણ) મંગળના પુત્રનું નામ.

> વરાહથી પૃથ્વીના ગર્ભમાં મંગળ નામે પુત્ર થયો છે અને મંગળનો **ઘટેશ** નામનો પુત્ર થયો છે.
>
> ભગવતી ભાગવત

ઘટોત્કચ [સં. ઘટ (ઘડો) + ઉત્કચ (કેશ વિનાનું)] પું. (પુરાણ) હિડિંબા રાક્ષસીની કૂખે પાંડુપુત્ર ભીમસેનથી થયેલ એ નામનો દીકરો; ગટોરગચ્છ. એ જન્મ્યો ત્યારે એનું માથું મોટું ઘડા જેવડું અને બિલકુલ વાળ વગરનું હોવાથી તેનું આ નામ પડેલું છે. એનાં માબાપને લઈ ને એનાં ભૈમ્ય, ભૈમસેનિ, હૈડિંબ, હૈડિંબેય એવાં બીજાં નામ છે. તે હમેશા પોતાની મા પાસે જ રહેતો, પાંડવો પાસે રહેતો ન હતો. એ મોટો થયો એટલે હિડિંબાએ એને ગુપ્ત થવાની, ગુપ્ત જાણવાની, મરજીમાં આવે ત્યારે અને મરજીમાં આવે તેવડું સ્વરૂપ ધારણ કરવાની એમ અનેક રાક્ષસી વિદ્યા શીખવી હતી. આ સિવાય કોઈ પણ પોતાનું સ્મરણ કરે ત્યાં તત્કાળ પ્રગટ થવાની વિદ્યા એણે શીખવી હતી. એક વખતે પાંડવો જ્યારે વનવાસમાં હતા ત્યારે ગંધમાદન પર્વત ઉપર ચડતાં થાકી ગયા. એ વખતે ઘટોત્કચે પાંડવોને અને બધા ઋષિઓને એક જ ખેપે ઊચકીને એક ક્ષણમાં પર્વત ઉપર નરનારાયણના આશ્રમમાં મૂકયા. બળરામને વત્સલા નામે કન્યા હતી, એનું સગપણ અભિમન્યુ સાથે કર્યું હતું, પણ પાંડવો રાજ્યભ્રષ્ટ થયા એટલે દુર્યોધને પોતાના દીકરા લક્ષ્મણ જોડે એનાં લગ્ન કરવાનું બળરામ પાસે કબૂલ કરાવ્યું. ઘટોત્કચને આ વાતની ખબર પડતાં તે અભિમન્યુને દ્વારકા લઈ ગયો અને કૃષ્ણની અનુમતિ લઈને કૌરવોની દુર્દશા કરી વત્સલાને અભિમન્યુ સાથે પરણાવી. મહાભારતના યુદ્ધમાં એ પાંડવના પક્ષમાં હતો. એ મહા બળવાન હતો. એની આકૃતિ સ્વાભાવિક જ ઘણી ભયંકર અને વિશાળ હતી. એના રથને આઠ પૈડાં રાખવા પડતાં અને ખેંચવાને માટે સો ઘોડા જોડવા પડતા. એની ધજા ઉપર ગીધ પક્ષીનું ચિહ્ન હતું. યુદ્ધ સમયે એ પોતાના હાથમાં પૌલસ્ત્ય નામનું ધનુષ્ય ધારણ કરતો. વિરુપાક્ષ એનો સારથિ હતો. રાત્રિયુદ્ધ વખતે એણે કૌરવોની ઘણી સેનાનો ઘાણ કાઢી નાખ્યો હતો. એણે અલંબુષ નામના કૌરવોના જબરા રાક્ષસને માર્યો હતો અને કર્ણને એટલો હંફાવ્યો કે એને થયું કે આ મને મારશે; તેથી તેણે ઇંદ્રે આપેલી સાંગ, જે અર્જુનને મારવા માટે રાખી મૂકી હતી, તે તેના ઉપર ફેંકી, તેથી તે મરણ પામ્યો.

ઘટોત્કચારિ [સં. ઘટોત્કચ (ભીમસેનનો દીકરો) + અરિ (દુશ્મન)] પું. કર્ણ.

ઘટોત્કચાંતક [સં. ઘટોત્કચ (ભીમસેનનો દીકરો) + અંતક (નાશ કરનાર)] પું. કુંતીપુત્ર કર્ણ.

ઘટોદર પું. (પુરાણ) રાવણ પક્ષનો એ નામનો એક રાક્ષસ.

ઘટોદ્ભવ ૧. [સં. ઘટ (ઘડો) + ઉદ્ભવ (જન્મેલ)] પું. અગસ્ત્ય મુનિ.

૨. વિ. ઘડામાંથી ઉત્પન્ન થયેલું.

ઘટોર્ગચ્છ જુઓ ઘટોત્કચ.

ઘટ્ટ્ ૧. [સં.] સ. ક્રિ. અડકવું.
૨. સ. ક્રિ. અડચણ કરવી.
૩. સ. ક્રિ. ઘસવું.
૪. સ. ક્રિ. દ્વેષભાવથી બોલવું.

ઘટ્ટ ૧. [સં.] પું. ચલાવવું તે.
૨. પું. દાણ લેવાનું સ્થાન.
૩. પું. નદી વગેરેનો ઘાટ.
૪. પું. (જૈન) બીજા નરકનો પાંચમો વાસો.
૫. વિ. ઘન.
૬. [પ્રા. ઘટ્ટ (સમૂહ)] વિ. ઘાટું; પોતમાં જાડું.
૭. વિ. ધિંગું; મજબૂત.

મુખ આગળે કેસરી સોળ જોડ્યા,
તાણે ત્રેલિયાં ત્રણસો ઘટ્ટ ઘોડા. પ્રેમાનંદ

૮. વિ. સજડાસજડ; ખીચોખીચ; પાસે પાસે.

ઘટ્ટતા જુઓ ઘટ્ટપણું.

ઘટ્ટન [સં.] ન. અથડાવું તે.

ઘટ્ટના ૧. [સં.] સ્ત્રી. આજીવિકા; ગુજરાન.
૨. સ્ત્રી. ચલાવવું તે.
૩. સ્ત્રી. દુઃખ; પીડા.
૪. સ્ત્રી. ભાર દઈને ઘસવું તે.
૫. સ્ત્રી. મારવું તે.
૬. સ્ત્રી. વિચાર.
૭. સ્ત્રી. સ્પર્શ.

ઘટ્ટપણું ૧. ન. કૃપણતા; કંજૂસાઈ; બખીલાઈ.
૨. ન. ગુરુત્વ; ઘનત્વ; ઘનતા.
૩. ન. જાડાપણું; જાડાઈ.
૪. ન. નિકટનો સંબંધ; ગાઢ સ્નેહ; ઘરવટ.

ઘટ્ટપાલ [સં.] પું. ધક્કાવાળો; બંદરવાળો.

ઘટ્ટા ૧. [હિં.] પું. કમી; ઓછાપણું.
૨. પું. તડ; ચીરો.
૩. પું. પગમાં થતી કપાસી.
૪. પું. બાટલીનું બૂચ.

ઘટ્ટાધિકારી [સં. ઘટ્ટાધિકારિન્] પું. ધક્કાવાળો; બંદરવાળો.

ઘટ્ટાધ્યક્ષ જુઓ ઘટ્ટાધિકારી.

ઘટ્ટિત ૧. [સં.] વિ. કરેલ.
૨. વિ. ચલાવેલ.
૩. વિ. પ્રેરણા કરેલ.
૪. વિ. બનાવેલ; નિર્મિત.
૫. વિ. રંગેલ; ઘૂંટેલ.
૬. વિ. સ્પૃષ્ટ; અડકેલ.

ઘટ્ટી ૧. સ્ત્રી. અખોટિયું.
૨. [હિં.] સ્ત્રી. કમી; ઘટાડો.
૩. સ્ત્રી. ખર્ચ.
૪. સ્ત્રી. નુકસાન.

ઘટ્ઠું ૧. [સં. ઘૃષ્ટ] વિ. (જૂ. ગુ.) ઘસેલું.
૨. વિ. સાફ કરેલું.

ઘઠવું અ. ક્રિ. (જૂ. ગુ.) ઓછું થવું; ઘટવું.

મોટાં નગર ગયાં તે ઘઠી. લાવણ્યસમય

ઘઠા [હિં.] પું. ગુનેગાર.

ઘડ ૧. પું. કિલ્લો; ગઢ.
૨. (ઘડ઼) [સં. ઘટ] પું. (જૂ. ગુ.) ઘડો; કળશ.
૩. પું. પરૂ કે ખરાબ લોહી જમા થવાથી થયેલ ફોલ્લો; ગડ.
૪. સ્ત્રી. કેળાંની લૂમ.
૫. સ્ત્રી. નાનો ગોળાકાર પથરો.
૬. સ્ત્રી. વ્યવસ્થા; ગોઠવણ.
૭. સ્ત્રી. સમજણ; વાત ગળે ઊતરવી તે.

ઘડ બેસવી = (૧) ધ્યાન પડવું; સૂઝવું; સમજ પડવી. (૨) બંધ બેસતુ થવું; માફક આવવું.

૮. સ્ત્રી. સળ; ઘડી; કાગળ વગેરેને વાળતાં પડતો આંકો.

૧. ઘડ પાડવી = સળ પાડવા; સંકેલવું.
૨. ઘડ બેસાડવી-વાળવી = (૧) આંકા પાડવા. (૨) વાંકાને સીધું કરવું. (૩) વાંધો પતાવવો.

ઘડકાર (ઘડ઼કાર) [સં. ઘટકાર] પું. (જૂ. ગુ.) ઘડાનો બનાવનાર; કુંભાર.

ઘડઘચો (ઘડ઼ઘચો) સ્ત્રી. ગિરદી; ભીડ.

ઘડઘડ (ઘડ઼ઘડ઼) ૧. પું. વાદળાંની ગર્જના કે ગાડી ચાલવા વગેરેનો અવાજ.
૨. અ. ઘડઘટાટ અવાજ થતો હોય તેમ.

ઘડઘડવું (ઘડ઼ઘડ઼વું) અ. ક્રિ. ઘડઘડ એવો અવાજ થવો; ગડગડવાથી કંઈક વધારે ભારે અવાજ થવો.

ઘડઘડાટ (ઘડ઼ઘડ઼ાટ) પું. ઘડઘડ થવું તે; ગડગડાટથી વધારે ભારે થતો અવાજ; ઘડઘડ અવાજ.

ઘડચ્ચા [મ.] સ્ત્રી. ઝાડી.

ઘડણ (ઘડ઼ણ) ૧. [સં. ઘટન] ન. ઘડવું તે; ઘડતર.
૨. વિ. ઘડનાર; બનાવનાર.

ઘડણહાર (ઘડ઼ણહાર) વિ. (જૂ. ગુ.) ઘડનાર; બનાવનાર.

ઘડત (ઘડ઼ત) ૧. [હિં] સ્ત્રી. આકાર; રૂપ.
૨. સ્ત્રી. જૂઠાણું.
૩. સ્ત્રી. ટીપવું તે.
૪. સ્ત્રી. બનાવટ; કારીગીરી.
૫. વિ. ટીપીને બનાવેલું.

ઘડતર (ઘડ઼તર) ૧. ન. એક જાતનું નરમ લોઢું.
૨. ન. ઘડવાની રીત.
૩. ન. ઘડામણ; ઘડામણી; ઘડવાની મજૂરી.
૪. ન. ઘડીને એટલે ટીપી ટીપીને કરેલી બનાવટ; રચના.
૫. ન. બંધારણ.

ઘડતરિયો (ઘડ઼તરિયો) પું. પથ્થર ઘડનાર માણસ.

ઘડતલી (ઘડ઼તલી) જુઓ ઘડમચી.

ઘડદા (ઘડ઼દા) પું. નાના ગોળ પથરાથી રમવાની છોકરાંઓની એક રમત. તેમાં એક છોકરો પોતાની ઘડ દૂર ફેંકે છે અને બીજો તે ઘડને પોતાની ઘડ વડે આંટે છે.

ઘડનાળું (ઘડ઼નાળું) ન. સડક, પાળ કે કોટ નીચેથી પાણી જવા માટે રાખેલો ઉઘાડવાસ થઈ શકે એવો માર્ગ; ગરનાળું.

ઘડપ (ઘડ઼પ) [હિં.] પું. મોટો કોળિયો.

ઘડપણ (ઘડ઼પણ) ૧. [સં. જર્જર] ન. જરા; વૃદ્ધાવસ્થા; પાકી ઉમર; બુઢાપો.

૧. ઘડપણનો ગળકો = તીવ્ર ઇચ્છા; અભળખા.
૨. ઘડપણનો ઘા = (૧) ઉત્તરાવસ્થામાં લાગેલો ફટકો. (૨) સુધરવાની ઝાઝી આશા ન રહે એવું હોવું તે.

૨. ન. વૃદ્ધની માફક વર્તવું કે બોલવું ચાલવું તે; ઘરડાપો; મોટાઈ; ગાંભીર્ય; ડહાપણ.

ઘડબો (ઘડ઼બો) વિ. પું. અઘડઘટ્ટો; વિચિત્ર આકારનો; સુરેખ નહિ એવો.

ઘડભાંગ (ઘડ઼ભાંગ) ૧. સ્ત્રી. ઘડવું અને ભાંગવું તે; ભાંગફોડ.
૨. સ્ત્રી. સંકલ્પવિકલ્પ; વિચારોનું ડામાડોળપણું; ગડમથલ.

ઘડભાંજ (ઘડ઼ભાંજ) જુઓ ઘડભાંગ.

ઘડમચી (ઘડ઼મચી) ૧. પું. હોકાની ચલમ રંગવાનો એક જાતનો લાલ રંગ.
૨. સ્ત્રી. પાણીનો ઘડો રાખવા માટે ત્રણ કે ચાર પાયાની લાકડા કે લોઢાની ઘોડી; ઘડમાંચી.

ઘડમથલ (ઘડ઼મથલ) સ્ત્રી. માથાકૂટ; ધમાલ; મહેનત; ફાંફાં; ઘાલમેલ.

ઘડમંચી (ઘડ઼મંચી) જુઓ ઘડમચી.

ઘડમાંચી (ઘડ઼માંચી) જુઓ ઘડમચી.

ઘડવંચી (ઘડ઼વંચી) જુઓ ઘડમચી.

ઘડવા (ઘડ઼વા) ૧. પું. ખળામાં કચરા ભેગા પડી રહેલા છૂટાછવાયા દાણા.
૨. [સં. ગૃહકુલાય] સ્ત્રી. કૂકડી.
૩. સ્ત્રી. ચકલી.

૪. સ્ત્રી. નાનું ઘર.

૫. સ્ત્રી. માટીનો બનાવેલ હૂકો.

ઘડવાઈ (ઘડ઼વાઈ) સ્ત્રી. ઘડવાનું ખર્ચ; ઘડાઈ.

ઘડવી (ઘડ઼વી) ૧. પું. ગઢવી; ચારણ.

૨. સ્ત્રી. નાની કોઠી; કોઠલી.

૩. સ્ત્રી. નાનું ટાંકું; વીશ પચીશ બેડાં પાણી સમાય એવી ટાંકો.

ઘડવું (ઘડ઼વું) ૧. ન. ગોળનો ગાડવો.

૨. [સં. ઘટ્] સ. ક્રિ. આકાર કરવો; રૂપ આપવું; અમુક આકૃતિમાં આણવું.

ઘાટ ઘડવો = (૧) મારી ઝૂડીને જે કરવાનું હોય તે કરી નાખવું. (૨) મારી નાખવું; ઠેકાણે પાડવું. (૩) રૂપ આપવું.

૩. સ. ક્રિ. ઉત્પન્ન કરવું; સરજવું.

૪. સ. ક્રિ. કલ્પના કે તર્ક કરવો.

૫. સ. ક્રિ. કાપણી વગેરેથી ખેતર મોકળું થયા પછી ખેડૂતે કળપી ફેરવી મૂળિયાં કચરો વગેરે ઉખેડી નાખવાં.

૬. સ. ક્રિ. કેળવીને તૈયાર કરવું.

૭. સ. ક્રિ. ગોઠવવું; સંકલના કરવી.

૮. સ. ક્રિ. ટીપવું; ઠોકવું.

૯. સ. ક્રિ. બનાવવું; રચવું.

૧૦. સ. ક્રિ. મારવું; માર મારવો.

ઘડી નાખવું = (૧) બાળકને ધમકાવતાં માર મારવો. (૨) મારી નાખવું; ઠેકાણે પાડી દેવું.

૧૧. સ. ક્રિ. મુસદ્દો અથવા ખરડો કરવો.

૧૨. સ. ક્રિ. યોજવું.

૧૩. સ. ક્રિ. વાર્તા બનાવવી.

૧૪. સ. ક્રિ. શિખામણ વગેરેથી પાવરધું કરવું.

ઘડવયો (ઘડ઼વૈયો) પું. ઘડનાર માણસ.

ઘડવો (ઘડ઼વો) [સં. ઘટ] પું. ઘડાના ઘાટનો લોટો.

ઘડસો (ઘડ઼સો) પું. મરનારની પાછળ શ્રાદ્ધ કરતાં તેરમાને દિવસે મૂકવામાં આવતો પાણીથી ભરેલો ઘડો.

ઘડંત (ઘડ઼ંત) ૧. સ્ત્રી. કારીગીરી; બનાવટ.

૨. સ્ત્રી. ટીપવું તે.

૩. સ્ત્રી. વાર્તાની રચના.

ઘડા (ઘડ઼ા) ૧. [સં. ઘટ] પું. (હિંદી) માટીનો પાણી ભરવાનો ઘડો.

૨. સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તે સિંગાપુર, પિનાંગ તથા ઑસ્ટ્રેલિઅમાં ઘણું કરીને મળે છે. તેના પાંદડાની અણી ઉપર ઘડાનો આકાર હોય છે.

ઘડાઈ (ઘડ઼ાઈ) ૧. સ્ત્રી. ઘડવાની મજૂરી; ઘડામણ.

૨. સ્ત્રી. ઘડવાની રીત; ઘડતર; બનાવટ.

ઘડાઉ (ઘડ઼ાઉ) વિ. ઘડીને બનાવેલું.

ઘડાબાજી (ઘડ઼ાબાજી) સ્ત્રી. આતશબાજીની એક રમત.

ઘડાબૂડ (ઘડ઼ાબૂડ) વિ. ઘડો બૂડે એટલું.

ઘડામણ (ઘડ઼ામણ) ન. ઘડવાનું મહેનતાણું; ઘડાઈ; ઘડવાની મજૂરી; ઘડતર.

સોના કરતાં ઘડામણ મોંઘું = વસ્તુ કરતાં તેમાંથી બનતી ચીજની મજૂરી મોંઘી પડવી.

ઘડામણી (ઘડ઼ામણી) જુઓ ઘડામણ.

ઘડાયલું (ઘડ઼ાયલું) જુઓ ઘડાયેલું.

ઘડાયેલ (ઘડ઼ાયેલ) જુઓ ઘડાયેલું.

ઘડાયેલું (ઘડ઼ાયેલું) ૧. વિ. અનુભવી; અનુભવથી પાકું થયેલું.

૨. વિ. ઘડાઈને સીધું થયેલું.

૩. વિ. પલોટાયેલું; માહિતગાર.

ઘડાવન (ઘડ઼ાવન) [હિં.] સ્ત્રી. ઘડવાનું ખર્ચ; ઘડાઈ.

ઘડાવવું (ઘડ઼ાવવું) સ. ક્રિ. ઘડાય એમ કરવું; બનાવરાવવું; ઘડીને તૈયાર કરાવવું.

ઘડાવું (ઘડ઼ાવું) ૧. અ. ક્રિ. ઘડ્યું હોય એવું થવું.

ઘડાઈ જવું = માર ખાવો.

૨. અ. ક્રિ. ઠોકર ખાઈ ખાઈને ઠેકાણે આવવું; અનુભવ આવવો; પુખ્ત થવું; પાકા થવું.

ઘડાઈ ઘડાઈને ઠેકાણે આવવું = ઠોકર ખાઈ ખાઈને સુધરવું; અનુભવી બનવું; પુખ્ત થવું.

ઘડિત્ર (ઘડ઼િત્ર) વિ. ઘડેલું.

ઘડિયા (ઘડ઼િયા) ૧. [હિં.] સ્ત્રી. ગર્ભાશય.

૨. સ્ત્રી. મધપૂડો.

૩. સ્ત્રી. સોનીની કુલડી.

ઘડિયાજોજણ (ઘડ઼િયાજોજણ) જુઓ ઘડિયાજોયણ.

ઘડિયાજોયણ (ઘડ઼િયાજોયણ) [સં. ઘટિયોજન] વિ. (જૂ. ગુ.) એક ઘડીમાં જોજન ચાલે એવું; વેગીલું; ઝડપી.

ઘડીઆજોયણ સાંઢિ પહલાણિ, પૂઠઈ પરઠઈ ભાર. કાન્હડદેપ્રબંધ

ઘડિયાલ (ઘડ઼િયાલ) ૧. [હિં.] સ્ત્રી. મગરમચ્છ.

૨. સ્ત્રી.; ન. ઝાલર; ઘંટ.

૩. સ્ત્રી.; ન. વખત બતાવનારૂં યંત્ર. જુઓ ઘડિયાળ.

ઘડિયાલચી (ઘડ઼િયાલચી) જુઓ ઘડિયાલી.

ઘડિયાલા (ઘડ઼િયાલા) ૧. પું. ઘડિયાલી.

૨. પું. ઘડી ઉપર દેખરેખ રાખનાર અને કલાકના ઘંટા મારનાર માણસ.

ઘડિયાલી (ઘડ઼િયાલી) ૧. [હિં.] પું. ઘડિયાલ વેચનાર કે દુરસ્ત કરનાર આદમી; ઘડિયાલના સંચાકામનો જાણનાર માણસ.

૨. પું. ઘડી ઉપર દેખરેખ રાખનાર અને કલાકના ઘંટા મારનાર માણસ.

૩. સ્ત્રી. એ નામની મેમણની અટક.

૪. સ્ત્રી. પાણી ભરી રાખવાની નાની કોઠલી; પાણી ભરવાની નાની છોબંધ ઘડી.

૫. ન. એ નામની અટકનું માણસ.

૬. વિ. એ નામની અટકનું.

ઘડિયાવલ (ઘડ઼િયાવલ) સ્ત્રી. ઘડિયાલ; વખત બતાવનારૂં યંત્ર.

ઘડિયાળ (ઘડ઼િયાળ) ૧. [સં. ઘટ્યાલય] સ્ત્રી.; ન. કાળમાપક યંત્ર; વખતદર્શક યંત્ર; વખત બતાવનારૂં યંત્ર; ઘડી ગણી દેખાડનારૂં યંત્ર. દિવસમાન ઘડીઓની ગણતરીએ થતું હોવાથી જોશી લોકો એક ઘડીના માન જેટલું પાણી ભરાય એવું કે રેતી ગરે એવું યંત્ર રાખતા. તે ઉપરથી ઘડિયાળ નામ પડ્યું મનાય છે. હાલ જેને ઘડિયાળ કહીએ છીએ તે પશ્ચિમ તરફની શોધનું એક કાલમાપક યંત્ર છે. તેમાં અઢી ઘડીનો એક કલાક થાય એવું માપ હોય છે અને એવા બાર બાર કલાકના માપની તેના ઉપર ગોઠવણ કરેલી હોય છે. મધરાતથી બપોર લગીના બાર અને બપોરથી મધરાત લગીના બાર મળીને ચોવીશ કલાકનું દિનમાન ગણાય છે. તેમાં કમાનથી ચક્કરો ફરે છે. ચક્કરોની ઉપર એક તખ્તી રાખેલ હોય છે. તે તખ્તી ઉપર ૧થી ૧૨ સુધી આંકડા પાડેલા હોય છે. તખ્તી ઉપર વળી બે કાંટા રાખેલ હોય છે ને તે ચક્કર સાથે સંબંધવાળા હોય છે. નાનો કાંટો કલાક અને મોટો મિનિટ બતાવે છે. મોટો કાંટો આખો ગોળ ફરી રહે ત્યારે નાનો કાંટો બાર માંહેનું એક ઘર ચાલી થયેલો કલાક બતાવે છે. કેટલાંક ઘડિયાળમાં સેકંડ બતાવનાર એક ત્રીજો નાનો કાંટો જુદા ગોળ ચક્રમાં રાખવામાં આવે છે. કેટલાંક ઘડિયાળને એક દહાડાની અને કેટલીકને આઠ કે વધુ દહાડાની ચાવી આપવાની હોય છે. મોટાં ઘડિયાળને ક્લોક અને નાનાંને વોચ કહે છે. ઘડિયાળો ૧૩મી સદીમાં જાણીતી હતી, પણ કદાચ તેથી પણ પહેલાં શોધાઈ હોય એમ મનાય છે. વેસ્ટમિન્સ્ટરમાં આવેલું 'બિગબેન' ઘડિયાળ બહુ મોટું છે, પણ તેના કરતાં પણ મોટું ઘડિયાળ લંડન એમ્બેન્કમેન્ટના મકાન ઉપર ચડાવવામાં આવેલું છે.

૨. સ્ત્રી.; ન. કાંસાનો ગોળ સપાટ ઘંટ; ઝાલર; ઘડી.

ઘડિયાળવેલ (ઘડ઼િયાળવેલ) સ્ત્રી. જેમાં ઘડિયાળના આકારનાં ફૂલ આવે છે એવી એક જાતની વેલ.

ઘડિયાળાં (ઘડ઼િયાળાં) ૧. ન. બ. વ. અમુક વખત થયો તે જાહેર કરવા સારૂ વગાડવામાં આવતું વાજિંત્ર.

૨. ન. બ. વ. ચાર ચાર ઘડીને અંતરે વગાડવામાં આવતાં નગારાં; ચોઘડિયાં.

ઘડિયાળી (ઘડ઼િયાળી) જુઓ ઘડિયાલી.

ઘડિયાળું (ઘડ઼િયાળું) ન. અમુક ઘડી થઈ એમ બતાવવાને ઘડી ઘડીને અંતરે મોગરીથી વગાડાય એવું ધાતુની તખ્તી જેવું સાધન; કાંસાની તખ્તી; ગજરાં. અમુક આટલો વખત થયો એવું બતાવવાને માટે આગળ રાજમહેલ અને દેવળો વગેરે સ્થળે ઘટિકાયંત્ર રાખવામાં આવતાં. એ યંત્રમાં રેતીથી કે પાણીથી ઘડીઓનું માપ લેવાતું અને તેની ઉપર દેખરેખ રાખનાર માણસો, અમુક ઘડીઓ થઈ એવું લોકને જણાવવાને માટે ધાતુની તખ્તી ઉપર મોગરી ઠોકી કે રણકાદાર વાજિંત્ર વગાડી જાહેર કરતા. આ જે ઘડીઓ થયાની જાહેરાત કરવામાં આવતી તે ઘડિયાળાં વાગ્યાં એમ કહેવાતું. જાહેર પ્રજાજનને વખત જણાવનારી એ એક જૂની રીત હતી. ચાર ચાર ઘડીએ વાગનારાં તે ચોઘડિયાં કહેવાતાં. મંગલ પ્રસંગે હાલ પણ ચોઘડિયાં વગડાવાય છે.

ઘડિયાં (ઘડ઼િયાં) ૧. ન. બ. વ. ઘડીના વખતના માપની શીશી.

૨. વિ. તાત્કાલિક; તરતનું.

ઘડિયાંચોઘડિયાં (ઘડ઼િયાંચોઘડ઼િયાં) ન. બ. વ. નોબત.

ઘડિયાંપડિયાં (ઘડ઼િયાંપડ઼િયાં) ન. બ. વ. ડોસાં ડગરાં; ઘરડા બુઢ્ઢા.

ઘડિયાંયોજન (ઘડ઼િયાંયોજન) વિ. એક ઘડીમાં એક જોજન જાય એવું; ઝડપી.

ઘડિયાંલગ્ન (ઘડ઼િયાંલગ્ન) ન. બ. વ. ગમે તે વખતે થતાં લગ્ન; વખત નહિ ગુમાવતાં સારામાં સારી પહેલી તક હાથ આવે તે તક લગ્ન તરીકે સાધી લેવી તે.

ઘડિયું (ઘડ઼િયું) ૧. ન. નાનો ઘડો; નાની કોઠી; મટકી.

૨. ન. નાળિયેરી કે ખજૂરીની તાડી કાઢી લેવાને તેના થડમાં પાડેલા છેદ આગળ બાંધવામાં આવતું લાંબી ડોકનું ઢોચકું.

૩. વિ. તાત્કાલિક; તરતનું.

૪. વિ. વૃદ્ધ; ઘરડું.

ઘડિયો (ઘડ઼િયો) ૧. પું. આંકનો એક પાઠ; પાડો; ગડિયો.

૨. પું. દાળિયા ભૂંજવાનું લાકડાનું એક ગોળ હાથાવાળું સાધન.

૩. પું. પથ્થરપાટીમાં ચૂંક કે પથ્થર વડે કરેલ લીટો.

ઘડી (ઘડ઼ી) ૧. સ્ત્રી. કલાક.

૨. સ્ત્રી. ગડ; ઘડ; કલ્લી; સળ; લૂગડાના એક ભાગને બીજા ઉપર, બીજાને ત્રીજા ઉપર એમ વાળવાપણું.

૩. સ્ત્રી. [હિં.] ગામડાનો નાનો ભાગ; ગામનો પેટા વિભાગ.

૪. [સં. ઘટિકા] સ્ત્રી. ઘટી; ઘટિકા; ચોવીશ મિનિટ જેટલો કાળ; સાઠ પળ જેટલો વખત.

૧. ઘડી ગઈ તે સોનાની = જે વખત જાય છે તે સારો, કારણકે આગળ શું થશે તેની ખબર પડતી નથી.

૨. ઘડી ઘડીના રંગ = વારંવાર ફેરફાર થવા તે; તરેહવાર બંગ ઊઠ્યા કરવા તે.

૩. ઘડી જાય છે તે દોહ્યલી = બહુ સંકટનો વખત બતાવવો તે.

૪. ઘડી મિથ્યા ન થવી = નસીબમાં લખેલું કદાપિ કાળે કોઈથી પણ મિથ્યા થતું નથી.

૫. ઘડીએ ઘૂંટ ભરાય = (૧) મરવાની તૈયારીમાં હોવું. (૨) વિલંબ દુઃસહ થવો.

૬. ઘડીઓ ગણવી–ગણાવી–જાવી = (૧) ઘણી જ આતુરતાથી રાહ જોયા કરવી. (૨) બહુ જ થોડી મુદ્દતમાં બને એમ હોવું. (૩) મરવાની તૈયારી ઉપર આવવું કે હોવું; ઘડીએ ઘડીએ મરણની રાહ જોવાવી; હમણાં મરણ થશે એવી સ્થિતિમાં હોવું.

૭. ઘડીકી નક્ટાઈ લેકિન સારા દિનકી પાદશાહી = થોડું અપમાન થાય તો ભલે થાય પણ ઘણા વખતનો લાભ મળવો.

૮. ઘડીતડીનું = ઘડી બે ઘડીનું; થોડી વારનું.

૯. ઘડીના છઠ્ઠા ભાગમાં = સહેજ વારમાં; થોડી વારમાં; જોતજોતામાં; પલકારામાં; તાબડતોબ.

૧૦. ઘડીની નવરાશ નહિ ને પાઈની પેદાશ નહિ = લાભ વગર દોડધામ કરવી તે.

૧૧. ઘડીનો ભરોસો ન હોવો = જિંદગી ક્ષણભંગુર હોવી.

૧૨. ઘડીમેં તોલા ને ઘડીમેં માસા = અસ્થિર મગજનું.

૫. સ્ત્રી. ઘડિયાળ; વખત બતાવનાર યંત્ર; કાળમાપક યંત્ર; સમયસૂચક યંત્ર.

૬. સ્ત્રી. ઘડીનું માપ બતાવનાર કોઈ પણ એક જાતનું યંત્ર; ઘડી માપવાની કાચની રેતી ભરેલી શીશી.

૭. સ્ત્રી. ઝાલર; ઘંટ; ધાતુનો ગોળ ચંદો; કાંસાની ગોળ જાડી તખ્તી.

૮. સ્ત્રી. તક; પ્રસંગ.

૯. સ્ત્રી. તડકામાં મૂકવાથી ઓળા ઉપરથી વખત બતાવનારૂં એક સાધન.

૧૦. સ્ત્રી. નાનું ઘડું; કોઠલી.

૧૧. સ્ત્રી. તળિયે ઝીણા કાણાવાળો કાળ માપવાનો વાટકો. આ વાટકાને પાણીમાં મૂકવામાં આવે છે. તળેના કાણામાંથી પાણી ભરાઈ તેને બૂડી જતાં એક ઘડી લાગે છે.

૧૨. સ્ત્રી. પળ; ક્ષણ.

૧૩. સ્ત્રી. પાંચ શેર.

૧૪. સ્ત્રી. બનાવટી રેશમ, જરી, સતારા વગેરેની સાડી ઉપર ચોડવાની કોર.

૧૫. સ્ત્રી. રેંટ; જલઘટિકા; કૂવામાંથી પાણી કાઢવાની ઘટમાળ.

૧૬. સ્ત્રી. વખત; સમય; કાળ.

૧૭. વિ. વાળેલું.

ઘડીએક (ઘડ઼ીએક) અ. એક ઘડી જેટલો વખત થાય તેમ; એક ઘડીને આશરે.

ઘડીએઘડીએ (ઘડ઼ીએઘડ઼ીએ) અ. વારંવાર; હરઘડી; ક્ષણેક્ષણ; નિરંતર.

ઘડીએવારે (ઘડ઼ીએવારે) અ. વારેઘડીએ; વખતોવખત.

ઘડીક (ઘડ઼ીક) અ. એકાદ ઘડી; એક ઘડીને આશરે; બહુ થોડો વખત લાગે તેમ; સહેજ વાર.

ઘડીઘડી (ઘડ઼ીઘડ઼ી) અ. વારંવાર; હરઘડી; ક્ષણેક્ષણે; નિરંતર; આખો દહાડો.

ઘડીતાળ (ઘડ઼ીતાળ) ૧. વિ. મરવાની અણી ઉપર હોય એવું.

૨. અ. મરવાની અણી ઉપર.

ઘડીદાન (ઘડ઼ીદાન) અ. થોડીક વાર; ઘડીક.

ઘડીપળ (ઘડ઼ીપળ) અ. ઘડીક વાર; ઘડીક.

ઘડીબઘડી (ઘડ઼ીબઘડી) અ. એકાદ બે ઘડી; થોડીક વાર.

ઘડીબંધ (ઘડ઼ીબંધ) ૧. વિ. ગડીબંધ; ઘડીવાળું; અકબંધ.

૨. વિ. ઘડી વાળેલું; ઘડીના આકારમાં હોય એવું.

૩. વિ. વપરાયા વગરનું; જેમનું તેમ.

ઘડીભર (ઘડ઼ીભર) અ. એક ઘડી સુધી; ઘડીક વાર; થોડી વાર.

ઘડીયંત્ર (ઘડ઼ીયંત્ર) ૧. ન. વખત બતાવનાર યંત્ર; કાળમાન યંત્ર; ઘટિકાયંત્ર.

૨ ન. સાતથી આઠ શેર પાણી સમાય તેવડો અને ચાર ઈંચ પહોળા મોઢાનો ઘડો; ઘટયંત્ર; આપ્યાયનયંત્ર.

ઘડીવ (ઘડ઼ીવ) પું. ઇમારત બાંધવાના કામમાં આવતો લંબચોરસ પથ્થર.

ઘડીસાઝ (ઘડ઼ીસાઝ) [હિં.] પું. ઘડિયાળનું સમારકામ કરનાર; ઘડિયાળી.

ઘડીસાધ (ઘડ઼ીસાધ) અ. ઘડીતાળ; મરવાની અણી ઉપર.

ઘડીસાપડી (ઘડ઼ીસાપડ઼ી) અ. ઘડીબઘડી; થોડો વખત; સહેજ વાર.

ઘડીસોરૂં (ઘડ઼ીસોરૂં) અ. થોડા વખતમાં.

ઘડીંબલો (ઘડ઼ીંબલો) ૧. પું. ઢગલો.

૨. વિ. પું. સાબડબોથા જેવો.

ઘડુ (ઘડ઼ુ) ૧. ન. કોઠી.

૨. ન. ઘડૂલો.

૩. ન. ઘંટ.

ઘડુડાટ (ઘડ઼ુડાટ) ૧. પું. ઘડઘડાટનો અનુકરણાત્મક અવાજ; ઘડુડુડુ એવી ગર્જનાવાળો ભારે અવાજ; ઘડડડ અવાજ.

૨. પું. ઘડો પાણીથી ભરાતાં થતો અવાજ.

ઘડુડુધુસ (ઘડ઼ુડ઼ુધુસ) અ. ઘડુડુડુ એવો અવાજ થઈને એકદમ શમી જતું હોય તેમ; મોટા ગડગડાટ સાથે એકદમ પડી ગયું એમ બતાવનારો ઉચ્ચાર.

ઘડું (ઘડ઼ું) ૧. [સં. ઘટ] ન. અનાજ કે પાણી ભરવાની જમીનમાં રાખેલી મોટી કોઠી; દૂંટાવાળી બેસણી વગરની માટીની પાકી કોઠી. તેમાં પાણી કે દાણો ભરાય છે.

૨. ન. ઘડાના આકારની નીચેથી દાણા કાઢી શકાય એવી માટીની કોઠી.

૩. ન. બહુ સારો ઘડેલો ન હોય એવો અને દળમાં જાડો ઘડો; ઢોચકું.

ઘડૂઆ (ઘડ઼ૂઆ) ૧. પું. કચરામાં પડી રહેલા ખળામાંના છૂટાછવાયા દાણા. તે ગરીબ લોકો એકઠા કરી લે છે.

૨. પું. નાનું ઘર.

૩. પું. વહાણ માંહેનું રસોડું.

ઘડૂકવું (ઘડ઼ૂકવું) અ. ક્રિ. મેઘનું ગાજવું.

ઘડૂડઘડૂડ (ઘડ઼ૂડઘડ઼ૂડ) ૧. પું. ગડબડતી અથવા ખેંચાતી ભારે વસ્તુને લીધે થતો અવાજ.

૨. પું. જોરથી વાવાથી થતો અવાજ.

ઘડૂડવું (ઘડ઼ૂડવું) અ. ક્રિ. ઘડૂડઘડૂડ એવો અવાજ કરવો; ગાજવું; ગડગડવું.

ઘડૂલિયો (ઘડ઼ૂલિયો) ૧. પું. ચોથું ચરણ; ટૂંકાવેલો દુહો.

૨. પું. નાનો ઘડો; ઘડૂલો; ઘડા માટે કવિતામાં વપરાતો શબ્દ.

ઘડૂલી (ઘડ઼ૂલી) સ્ત્રી. નાનો ઘડો; નાનો ઘડૂલો; છોકરીઓના રમકડારૂપ ઘડો.

ઘડૂલો (ઘડ઼ૂલો) ૧. પું. નાનો ઘડો.

૨. પું. ચોથું ચરણ; ટૂંકાવેલો દુહો.

૩. પું. છોકરૂં માંદું થતાં તેને માથેથી રાઈમેથી ઉતારી દેવતામાં નાખી ઉપર ઘડો ઢાંકી તે ઉપર પાણી રેડવાની ક્રિયા; પાણીની થાળીમાં ઘડાને ઊંધો વાળી નજર બાંધતી વખતે થતી એક ક્રિયા; છોકરૂં બી જતાં તે બીક કાઢવા માટે ઘડામાં પાણી ભરી કરવામાં આવતો એક પ્રયોગ.

ઘડેડાટ (ઘડ઼ેડ઼ાટ) પું. ઘડૂડ ઘડૂડ એવો અવાજ.

ઘડેલો (ઘડ઼ેલો) પું. નાનો ઘડો; ઘડૂલો.

ઘડો (ઘડ઼ો) ૧. પું. તાજો ગોળ નાખીને ભરેલું સાંકડા મોંનું વાસણ.

૨. [સં. ઘટ–ઘટક; અપ. ઘડ] પું. ધાતુ અથવા માટીનું સાંકડા મોંનું પહોળા ગોળ પેટાળનું પાણી ભરવાનું વાસણ; કુંભ; ઘટ; ગાગર.

૧. અધૂરો ઘડો છલકાય = થોડી આવડત કે શક્તિવાળો માણસ વધારે પડતો દેખાવ કે અભિમાન કરે.

૨. ઘડા જેવડું માથું જજો પણ ચણા જેવડું નાક ન જજો = આબરૂ જાય તે કરતાં મોત આવે તે વધારે સારૂં.

૩. ઘડા જેવડું મોતી, નહિ કાને ને નહિ કોટે = હદથી વધારે મોટી વસ્તુ કંઈ કામની નહિ.

૪, ઘડાના કળશિયા કરવા = નકામી ભાંગફોડ કરી નુકસાન વેઠવું; ખોટનો ધંધો કરવો.

૫. ઘડો ગાગર થવી = સારાનરસો નિકાલ થવો; ફેંસલો થવો; આખરનું પરિણામ આવવું; કોઈ અનિશ્ચિત વાતનો નિકાલ થવો.

૬. ઘડો ઢોળવો = (૧) સગપણ તોડી નાખવું. (૨) સ્નાન કરવું.

૭. ઘડો તેવી ઠીકરી ને મા તેવી દીકરી = બાપ તેવા બેટા; હોઠે તે હૈયે.

૮. ઘડો ફૂટવો = (૧) ઘટસ્ફોટ થવો; છૂપું રહેલું જે કાંઈ તે ઉઘાડું પડવું; ઘણું પાપ એકઠું થઈ તેનું જાહેર થઈ જવું. (૨) મરી જવું અથવા મરી જવા જેવી સ્થિતિમાં આવવું. (૩) મોટું નુકસાન થવું; તંગીમાં આવી પડવું; પાયમાલ થવું: ખરાબખસ્ત થવું; દુર્દશામાં આવી પડવું.

૯. ઘડો ભરાવો = (૧) ઠેઠ સુધી પહોંચવું; શિખરે પહોંચવું; બદલો અથવા શિક્ષા જે મળવાનું હોય તે મળવાની તૈયારી ઉપર આવવું. (૨) મરી જવાની અણી ઉપર આવવું.

૧૦. ઘડો મૂકવો = મકાન બદલાવતાં જૂને ઘેર કુંભ મૂકવો.

૧૧. ચાક ઉપર પેંડો, ઘડો ઊતરશે કે ગાગર = ચાલતા કામનું શું પરિણામ આવશે તે કહી શકાય નહિ.

૧૨. પાકે ઘડે કાંઠા ન ચડે = ઊતરતે કાળે કામ ન થઈ શકે.

ઘડોઘાટ (ઘડ઼ોઘાટ) ૧. પું. ચુકાદો; ફેંસલો; નિકાલ.

ઘડોઘાટ કરવો = મારી નાખવું; ઠેકાણે કરી નાખવું; નિકાલ આણવો; ખરાબ દશા કરવી; મોટા નુકસાનમાં આણી મૂકવું.

૨. પું. તૈયાર માલ; જેની ઉપર બીજી ક્રિયા કરવાનું બાકી રહેલું ન હોય એવી સ્થિતિ; આયતું.

ઘડોલા (ઘડ઼ોલા) [હિં.] પું. ઘડો; કૂજો.

ઘડોલાડવો (ઘડ઼ોલાડવો) ૧. પું. આખરી ફેંસલો; છેવટ નિકાલ; છેવટનું પતાવી દેવું તે.

ઘડોલાડવો કરવો = આખર નિકાલ કરવો; છેવટનું પતાવી દેવું. (૨) ગતે ઘાલવું; વળ કવળ ન જોતાં જેમ ફાવે તેમ કરીને નિકાલ કરવો. (૩) જે તે નિશ્ચય ઉપર આવવું. (૪) બરતરફ કરવું; રજા આપવી; ફારક કરવું. (૫) મારી નાખવું; ઠાર કરવું; કાશ કાઢવી.

૨. પું. ગોટો; પિંડાળો; ગોટોપોટો.

૩. પું. મરનારની પાછળ ઘડાના મોં ઉપર લાડવો મૂકીને તે આપી દેવાની કરવામાં આવતી ક્રિયા.

૪. પું. મુડદાને બાળી રહ્યા પછી શ્મશાનમાં ઘડા ઉપર લાડવો મૂકીને તે ઘડો ફોડી નાખવાની ક્રિયા.

૫. પું. મારી નાખવું તે.

ઘડો લાડવો થવો = (૧) આવી બનવું; મરી જવું; મોત થવું; મૃત્યુ પામવું. પ્રેતશ્રાદ્ધ કર્યા પછી ઘડા ઉપર લાડવો મૂકીને તે બ્રાહ્મણને આપવામાં આવે છે તે ઉપરથી આ અર્થમાં આ પ્રયોગ થયો છે. (૨) ખરાબ થવું; મોટી

નુકસાનીમાં આવી પડવું. (૩) કાશ જવી. (૪) ગતે ઘલાવું. (૫) નિકાલ થવો. (૬) પાર પડવું; એક નિશ્ચય ઉપર આવવું. (૭) બરતરફ થવું.

ઘડોંચા (ઘડ઼ોંચા) સ્ત્રી. ઘડોંચી; ઘડમાંચી; પાણીનું માટલું રાખવાની લાકડાની ઘોડી.

ઘડોંચી (ઘડ઼ોંચી) સ્ત્રી. ઘડોંચા; ઘડમાંચી.

ઘડૌંચી (ઘડ઼ૌંચી) [હિં.] સ્ત્રી. ઘડમાંચી; પાણીનું માટલું રાખવાની લાકડાની ઘોડી.

ઘડ્ડા (ઘડ઼્ડા) ૧. પું. આંખમાં આંજવાનું આંજણ.

૨. પું. મોત વખતે થતો ઘર્ઘર એવો અવાજ.

ઘડ્ડું (ઘડ઼્ડું) વિ. ઘરડું.

ઘડ્યોઘાટ (ઘડ઼્યોઘાટ) ૧. પું. તૈયાર થયેલ આકાર.

૨. જુઓ ઘડોઘાટ.

ઘઢપણ ન. વૃદ્ધાવસ્થા; ઘડપણ.

ઘઢાણ ન. ગઢાણ; બીડનું ઊભું ઘાસ; કાપ્યા વગર ઊભેલું ઘાસ.

ઘઢિયું ન. તાડી ભરવાનું લાંબી ડોકનું ઘાડવું.

ઘણ ૧. [સં. ઘન; અપ. ઘણ] પું. ટીપવાનું અને ઠોકવાનું ભારે ઓજાર; મોટો ને ભારે હથોડો.

ઘણ પડવા = ટીપવું. રસનો ઢાળો બનાવી તેને મોટા હથોડા વતી ટીપવું પડે છે તેને ઘણ પડવા કહે છે.

૨. પું. પ્રહાર.

૩. પું. મામણમૂંડો; લાકડાનો સળો કરનાર કાજુકંળિયા જેવો એક જીવડો; લાકડામાં પેદા થતો કીડો.

૪. પું. લક્કડખોદ.

૫. પું હોંશ; હાંજા; હદામ; મોતીઆ.

ઘણ બેસી-મરી જવા = (૧) ઉદાસ થઈ જવું. (૨) ઢીલા થવું; શિથિલ થવું. (૩) નાહિંમત થવું. (૪) ભયગ્રસ્ત થવું. (૫) હતાશ થઈ જવું. (૬) હોસકોસ ઊડી જવા.

૬. [સં. ઘુણ] સ્ત્રી. લાકડાની અંદરનું એક જાતનું જીવડું.

૭. સ્ત્રી. હળથી ખેતર ખેડવાનો ફેરો. એક વાર ખેડાયું હોય તેને એક ઘણ, બે વાર ખેડાયું હોય તેને બે ઘણ દીધી કહેવાય છે.

૮. ન. (ગ્રામ્ય) સૂર્ય કે ચંદ્રનું પકડાવું તે; ગ્રહણ.

ઘણ વખતે સાપ કાઢવો = અણીને પ્રસંગે વચ્ચે અટકાવ નાખવો.

૯. વિ. (જૂ. ગુ.) ઘણું; અતિ.

સત્યલ હોઠ પયોધરઈ, રોમ રાય ઘણુ હુંતિ.
લાવણ્યસમય

ઘણકમો પું. સ્વાર્થી સાધુ.

ઘણકાર ૧. પું. ઘણણ એવો અવાજ.

૨. પું. ઘણનું કામ કરનાર પુરુષ.

ઘણકારી પું. ઘણ મારવાવાળો પુરુષ; ઘણનું કામ કરનારો આદમી.

ઘણખરૂં જુઓ ઘણુંખરૂં.

ઘણઘણ [સં. ઘનઘનાયિત; પ્રા. ઘણઘણાઇય] અ. ધાતુ, ઘંટડી વગેરેનો હવામાં અવાજ થઈ રહ્યો હોય તેમ; ઘણઘણાટનો હવામાં થતો રણકાર; પ્રતિધ્વનિનો ગુંજારવ; ઠણઠણ.

ઘણઘણાટ પું. ઘણઘણ એવો ધાતુમાંથી નીકળતો અવાજ; ખણખણાટ; ઘણઘણ થવું તે.

ઘણચવડો (ઘણચવડ઼ો) પું. લોઢાને ટીપીને વધારવાનું એક સાધન.

ઘણચવું ૧. વિ. ઘણું ચાવનારૂં.

૨. વિ. બહુ ઊંડો વિચાર કરનારૂં.

મારૂ એસી પાતળી, જેસી રાણ ખજૂર;
થોડાબોલી **ઘણચવી**, કેમ વિસારી દૂર.
દુહો

ઘણણણ [સં. ઘનઘનાયિત; પ્રા. ઘણઘણાઇય] અ. ઘણઘણાટ થતો હોય એમ; ધાતુ, ઘંટડી વગેરેનો હવામાં અવાજ થઈ રહ્યો તેમ; એવો રણકાર; ઠણઠણ.

ઘણમૂલું ૧. વિ. ઘણા મૂલ્યવાળું.

૨. વિ. (ગ્રામ્ય) બેડોળ; કદરૂપું. ગ્રહણ ન જોવાય એવું માનનારા લોકોમાં એમ કહેવાય છે કે જો કોઈ જોઈ જાય તો બેડોળ બને છે. તેને માટે ઘણમૂલું શબ્દ વપરાય છે.

૩. વિ. વહાલું.

ઘણરવ પું. રાવણના દીકરા મેઘનાદનું એક નામ.

ઘણસ પું. એક જાતનો સાપ.

ઘણસકાંડું સ્ત્રી. થોડાં પાંદડાંવાળી એક જાતની વેલ; ઘોનશી. પારદબંધન માટે તે વપરાય છે.

ઘણસપાત સ્ત્રી. એક જાતની વનસ્પતિ; નાગફણી કેતકી.

ઘણસરી સ્ત્રી. એક જાતનું મોટું ઝાડ; ગુનસુરી; ગાનસુરી. તેનાં પાન ભિલામાં જેવાં લાંબાં અને ઘણી સારી વાસવાળાં હોય છે. ઘોણસ, ઘરોળી અને ઘોયરાનું વિષ ઉતારવા તે ઢોરને અપાય છે. વળી રેચ, ફોડકી, નખવા વગેરે રોગ ઉપર પણ તે ઉપયોગમાં આવે છે.

ઘણસા ફુરસો પું. ફુરસાની જાતનું એક પ્રાણી. તે રંગે કાળાશ પડતો, મોઢું મોટું, વેંત જેટલો લાંબો, પગના અંગૂઠા જેવડો જાડો અને અંગ ઉપર મોટાં મોટાં ચાકાંવાળો હોય છે. એનો દંશ થતાં જ ઔષધોપચાર થાય તો જ માણસ બચવા પામે.

ઘણસાર પું. (પિંગળ) નાગપિંગળમાં જણાવેલો એક વર્ણમેળ છંદ.

ઘણસારો પું. ઘસારો; ઘસારાનો અવાજ.

ઘણાએક જુઓ ઘણાક.

ઘણાક વિ. ઘણા; અનેક; બહુ; કેટલાક; કેટલાએક.

ઘણાઘણ જુઓ ઘણાઘણી.

ઘણાઘણી સ્ત્રી. ઘણી મિત્રતા અને ઘણો વ્યવહાર હોય એવી સ્થિતિ; ગાઢ મૈત્રી અથવા સંબંધ; ઘણો સ્નેહ; ગાઢ સંબંધ; ઘરવટ; નજીકનો સંબંધ અને સારી ઓળખ.

ઘણાં વિ. બ. વ. બહુ; અનેક.

ઘણાંએક જુઓ ઘણાંક.

ઘણાંક વિ. બ. વ. બહુ અનેક; કેટલાંક; ઘણાંએક.

ઘણાંખરાં જુઓ ઘણુંખરૂં.

ઘણાંવાનાં ૧. ન. બ. વ. ઘણી ઘણી ચીજો; બહુ વાનાં.

૨. ન. બ. વ. ઘણી ઘણી રીતે સમજાવવું તે; ઘણી રીતની સમજણ આપવી તે, ઘણું ઘણું કહેવું તે.

ઘણાંવાનાં કરવાં = (૧) ખૂબ પરોણાગત કરવી. (૨) ઘણું ઘણું કહેવું; પ્રસંગ પ્રમાણે સમજાવવું. (૩) ઘણો ઠપકો આપવો. (૪) ઘણો પ્રયાસ કરવો.

ઘણિયારૂં. ૧. ન. પાણી જવાનો રસ્તો; નાળું.

૨. ન. સાળનું એ નામનું એક લાકડું.

ઘણિયું ૧. ન. ડોકનું એક ઘરેણું.

૨. વિ. સ્ત્રી. બ. વ. ઘણી.

રાઠોડ ઘાધલ ઘણિયું હત્યાયું કરી.
સોરઠી બહારવટિયા

ઘણિયો પું. ટૂંકા હાથાનો લાંબા મોઢાવાળો લોઢાનો હથોડો. તે તાંબા પિત્તળનાં કામના કામમાં વપરાય છે.

ઘણીએક જુઓ ઘણીક.

ઘણીક વિ. સ્ત્રી. બહુ; ઘણી; અનેક.

ઘણું ૧. [સં. ઘન; હિં. ઘના] વિ. બસ; પૂરતું. જેમકે, ઘણું થયું, હવે મારે નહિ જોઈએ.

૨. વિ. વજનમાં, માપમાં કે બીજી રીતે વધારે હોય એવું; બહુ; ખૂબ; પુષ્કળ; અતિ; વિશેષ; અત્યંત. આ શબ્દ એકવચનમાં જથ્થો અને બહુવચનમાં સંખ્યા બતાવે છે. જેમકે, ઘણું પાણી; ઘણાં માણસ.

૧. ઘણા કંકાસે તો ગોળાનું પાણી નાસે = બહુ તકરાર કરવાથી ઘણું માઠું પરિણામ આવે.

૨. ઘણાં ઘરનો પરોણો ભૂખે મરે = ઝાંઝાંને વળગવાથી ઊલટું નુકસાન થાય.

૩. ઘણાં ઢાલ્યાં બહુ ખરડાય = બહુ બીએ તે બહુ સપડાય.

૪. ઘણી ઉતાવળે ઘણી વાર = વધુ ઉતાવળ કરવાથી કામ વહેલું થવાને બદલે ઊલટું મોડું થાય.

૫. ઘણી ખમા = બહુ કુશળ રહો એવા આશીર્વાદાત્મક ઉદ્ગાર.

૬. ઘણું કરે તે થોડા માટે = ઝાઝું તાણ્યે તૂટી જાય.

૭. ઘણો ભોળો તે ભૂંડાઈ નો ભાઈ = હદ ઉપરાંત ભલા થવાથી સારાને બદલે ખરાબ પરિણામ આવે.

૩. અ. મોટા જથ્થામાં; બહુ હોય એમ.

૧. ઘણી કરી = બહુ કરી; હદ થઇ ગઈ. મૂળ શબ્દ ઘણીખરી એટલે ઘણુંખરૂં એ ઉપરથી અપભ્રંશ થઈને આ શબ્દ બન્યો લાગે છે.

૨. ઘણું કરવું = ઘણાં ઘણાં વાનાં કરવાં; બહુ બહુ રીતે સમજાવવું.

૩. ઘણું કહેવું = વારંવાર સમજાવવું.

૪. ઘણું હોવું = અંત સમયનો મંદવાડ હોવો; મરી જાય એવું હોવું.

ઘણુંક વિ. ઘણુંથી કંઇક ઓછું; ઝાઝાથી કંઈક થોડું. 'ઘણું'થી જરા ઓછું એવો અર્થ બતાવે છે.

ઘણુંકરીને અ. બનતાં લગી; વિશેષે કરીને; ખસૂસ; જરૂર; સંપૂર્ણ નહિ પરંતુ લગભગ ખાતરી બતાવવું હોય તેમ; મુખ્યત્વે કરીને; ઘણે ભાગે; મુખ્યશ:; વિશેષત:, બહુધા; બહુ રીતે; સાધારણ રીતે જોતાં; ઘણી વખત.

ઘણુંખરું અ. બહુધા; મોટે ભાગે; અવારનવાર; ઘણું કરીને; સાધારણ રીતે જોતાં; ઘણી વખત.

ઘણુંતો અ. બહુ બહુ તો.

ઘણુંય વિ. ઘણુંથી વધારે.

ઘણેભાગે જુઓ ઘણુંકરીને.

ઘણેરું [સં. ઘનતર; પ્રા. ઘણયરઉ-ઘણઇરઉ-ઘણેરું] વિ. ઘણું; બહુ; અતિશય.

ઘણોવણો પું. ઘરમાં રહી બની શકે તેવો ધંધો.

ઘત ૧. પું. આત્મા.

૨. પું. વિચાર.

૩. [સં. ઘૃત] ન. ઘી.

૪. ન. મન; હૃદય.

ઘતન [સં.] વિ. મારનાર.

ઘતર [હિં.] ન. સવાર; પરોઢિયું.

ઘતિયું વિ. ખૂની; હિંસા કરનારૂં.

ઘત્તા પું. (પિંગળ) અપભ્રંશમાં વપરાયેલો એક છંદ.

ઘદ પું. ફટકો; પ્રહાર.

ઘદર [અ.] પું. બળવો; અવ્યવસ્થા; અંધેર.

ઘદાર પું. ખાડો.

ઘદીપરા ૧. સ્ત્રી. એ નામની ખવાસની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ઘદીર ૧. [અ.] પું. શિયા લોકોનો એક તહેવાર.

૨. વિ. છેતરે એવું; છેતરનાર.

ઘદ્દાર ૧. [અ.] વિ. છેતરે એવું; છેતરનાર.

૨. વિ. લુચ્ચું.

ઘદ્ર ૧. પું. અવાજ; ગરબડ.

૨. પું. ઘદર; બળવો.

૩. પું. છેતરપિંડી; લુચ્ચાઈ.

ઘઘડિયો (ઘઘડ઼િયો) પું. ચાર દાંત સાથે જન્મેલો વાછડો.

ઘન ૧. પું. (જૈન) અતિશય ગુણ.

૨. [સં.] પું. એ નામની એક ઉપધાતુ; અભ્રક.

૩. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે મોહનવસ્તુ નામના છંદનો એક ભેદ છે. તેમાં ૧૭ ગુરુ અને ૩૦ લઘુ મળી ૪૭ વર્ણ અને ૬૪ માત્રા હોય છે.

૪. પું. એરણ.

૫. પું. કઠણપણું; મજબૂતાઈ.

૬. પું. કફ.

૭. [હિં.] પું. કપૂર.

૮. પું. કફ; શરીરની એક ધાતુ.

૯. પું. કાંસિયાં, ઝાલર, ઘંટ વગેરે વાજિંત્રોનો શબ્દ.

૧૦. પું. (ગણિત) કોઈ સંખ્યાને તેનાથી જ બે વાર ગુણવાથી આવતો ગુણાકાર; ત્રણ સરખાં પરિમાણોનો ગુણાકાર; ત્રિઘાત; 'ક્યૂબ'. જેમકે, ૫ × ૫ × ૫ = ૧૨૫. તેથી આવેલો ગુણાકાર ૧૨૫ એ ૫ નો ઘન કહેવાય અને મૂળ સંખ્યા ૫ એ તે ગુણાકાર ૧૨૫નું ઘનમૂળ કહેવાય છે.

૧૧. પું. છ ખૂણાવાળી આકૃતિ; ષટ્કોણાકૃતિ.

૧૨. પું. જેની લંબાઈ, પહોળાઈ તથા ઊંચાઈ અથવા જાડાઈ ત્રણે સરખાં હોય અને જેના બધા ખૂણા કાટખૂણા હોય એવો સરખી બાજુવાળો નક્કર પદાર્થ.

૧૩. પું. તેલ કાઢવા માટેનો ઘણો મોટો પથરો.

૧૪. પું. દહીંનું જામેલું પોકું.

૧૫. પું. મોટો હથોડો; ઘણ.

ઘનની ચોટ = મોટો ઘા.

૧૬. પું. મોથ; નાગરમોથ નામની વનસ્પતિ.

૧૭. પું. (પુરાણ) લંકાનો એક નામાંકિત રાક્ષસ.

૧૮. પું. (ગણિત) લંબાઈ, પહોળાઈ અને જાડાઈનો ગુણાકાર.

૧૯. પું. લોઢાનો મગદળ; લોખંડી મુદ્દગર.

૨૦. પું. વરસાદ.

૨૧. પું. વિસ્તાર; ફેલાવ.

૨૨. પું. વેદમંત્રોનો પાઠ કરવાની એક રીત. વેદમંત્રોનાં પદ જુદાં પાડી તેનો પાઠ એકવડી, બેવડી, ત્રેવડી એમ આઠ રીતે થાય છે. તેથી વેદની ક્રમ, જટા, શિખા, માલા, રથક્રમ, વરુણક્રમ, દંડક્રમ અને ઘન એમ આઠ વિકૃતિ કહેવાય છે. 'નમ: રુદ્રેભ્ય: યે' એ પદો ઘન રીતે બોલીએ તો નીચે પ્રમાણે બોલાય: નમો રુદ્રેભ્યો રુદ્રેભ્યો નમો નમો રુદ્રેભ્યો યે યે રુદ્રેભ્યો નમો નમો રુદ્રેભ્યો યે.

૨૩. પું. શરીર; પિંડ.

૨૪. પું. સમૂહ.

૨૫. પું.; ન. મેઘ; વાદળું; જલધર.

ધારાધર જલધર જલદ, જગજીવન જીમૂત;
અભ્ર બલાહક મુદિર હરિ કામુકિ ધૂમસુપુત.
નીરદ ક્ષીરદ અંબુવહ વારિદ જલમુચ નાઉ;
ઘન વિયોગ વીજળી સમી જોતાં વારી જાઉં.
પિંગળલઘુકોષ

૨૬. ન. આકાશ; વાદળ.

૨૭. ન. (જૈન) એ નામનું એક દેવવિમાન.

૨૮. ન. (વૈદ્યક) ઔષધિનું સત્ત્વ; કોઈ પણ વસ્તુના ચૂર્ણને ૧૬ગણા પાણીમાં બાફી આશરે આઠમા ભાગનું પાણી રહે ત્યારે ગાળી ધીમા તાપથી ઉકાળતાં છેવટે માવા જેવો થતો ઘાટો પદાર્થ.

૨૯. ન. કાંસિયાં, ઝાંઝ, તાલ, કરતાલ વગેરે વાજિંત્ર; કાંસાનું વાદ્ય; જેના ઉપર તાર ચઢ્યા ન હોય, તેમ ચામડું પણ મઢેલ ન હોય અને બે હાથનો આઘાત થવાથી અથવા હરકોઈ પ્રકારે તેના ઉપર આઘાત કરવાથી વાગે તે વાદ્ય. જેવાં કે, કાંસ્યતાલ, જલતરંગ, ઝાંઝ, મંજીરા, કરતાલ, ઘંટ, ઘટિકા, ઝાલર વગેરે.

૩૦. ન. ચામડું; ચર્મ.

૩૧. ન. જ્ઞાન.

૩૨. ન. પગના ચાપામાંનાં સાત કુર્ચાસ્થિ

માંહેનું ચોથું હાડકું; 'ક્યુબોઇડ બોન'. આ હાડકું ચાપાની બહારની સીમા ઉપર આવેલું હોઈ સહેલાઈથી ઓળખી શકાય તેવું છે. તે ચોથી અને પાંચમી મૂલશલાકાઓને ટેકો આપે છે.

૩૩. ન. પગની એડી; પાર્ષ્ણિ.

૩૪. ન. મધ્યમ નૃત્ય.

૩૫. ન. લોઢું; લોખંડ.

૩૬. ન. વિદ્યુતનાં બે માંહેનું એક અંગ; 'પોઝિટિવ'. વીજળીમાં ધન અને ઋણ એ બે અંગ હોય છે.

૩૭. વિ. ઉન્નતોદર; બહિર્ગોળ; 'કોન્વેક્સ'.

૩૮. વિ. કઠણ; મજબૂત; દૃઢ.

૩૯. વિ. ગંભીર; ગહન; અગાધ.

૪૦. વિ. ઘટ્ટ; ઘાટું; ગાઢ; ગીચ.

૪૧. વિ. ઘણી ઝાડીવાળું.

૪૨. વિ. ઘણું; બહુ; પુષ્કળ.

૪૩. વિ. નક્કર; નિરંતર ભરેલું.

૪૪. વિ. પીધેલું.

૪૫. વિ. પૂર્ણ; પૂરું.

૪૬. વિ. લંબાઈ, પહોળાઈ અને ઊંચાઈ એ ત્રણેનો જેમાં સમાવેશ થયો હોય એવું; 'ક્યૂબિક'.

ઘન અખાડો પું. અષાઢ મહિનાનો વરસાદ.

ગાજ્યો અનિરૂદ્ધ **ઘન અખાડો.** પ્રેમાનંદ

ઘનકફ [સં.] પું. વરસાદમાં પડતા કરા.

ઘનકવચ [સં.] ન. જાડું પડ; જાડું આવરણ.

ઘનકાલ [સં.] પું. વર્ષાઋતુ.

ઘનકોણ [સં.] પું. (ગણિત) ત્રણ સપાટી એક બિંદુમાં મળે તો તે બિંદુ આગળ થતો કોણ; શિરોબિંદુ એક જ હોય, પણ જુદા જુદા તલમાં આવેલા હોય એવા ત્રણ અથવા વધારે કોણનો બનેલ ખૂણો; 'સૉલિડ ઍંગલ'.

ઘનકોદંડ [સં.] પું. ઇંદ્રધનુષ્ય.

ઘનક્ષેત્ર [સં.] ન. લંબાઈ, પહોળાઈ અને જાડાઈ એવાં ત્રણ પરિમાણવાળી આકૃતિ.

ઘનગત [સં.] વિ. વાદળની વચમાં આવેલું.

ઘનગતિવિદ્યા [સં.] સ્ત્રી. એક જાતનું શાસ્ત્ર. જો ઘન પદાર્થ ઉપર બળ એવી રીતે કામ કરે કે જેથી તે બળની અસર નીચે તે પદાર્થનો આકાર જરા પણ ન બદલે તો તે બળની તે પદાર્થ ઉપર થતી અસરના ગણિતને ઘનગતિવિદ્યા કહે છે.

ઘનગતિશાસ્ત્ર જુઓ ઘનગતિવિદ્યા.

ઘનગરજ [હિં.] ૧. સ્ત્રી. એક જાતની તોપ.

૨. સ્ત્રી. વીજળી અને ગાજવીજનો અવાજ.

૩. વિ. મોટો અવાજ કરતું.

ઘનગર્જના [સં.] સ્ત્રી. વાદળાંનો ગડગડાટ.

ઘનગર્જિત [સં.] વિ. મેઘની ગર્જનાવાળું.

ઘનગોલ ૧. સ્ત્રી. એ નામની વોરાની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ઘનગોલક [સં.] પું. એકઠું મળેલ સોનું તથા રૂપું.

ઘનઘટા ૧. સ્ત્રી. ઘણી ડાળીઓનો જમાવ; ઘીચપણું.

૨. સ્ત્રી. મેઘાડંબર; વરસાદનું છવાઈ રહેવું તે; ઘોરંભો; વાદળાંનો ઘેરાવો; વાદળાંની ઘટા.

ઘનઘન ન. એક જાતનું બોર.

ઘનઘનૌઘ [સં.] પું. જળ ભરેલા મેઘનો સમૂહ.

ઘનઘાતી ૧. ન. (જૈન) કર્મનો એક પ્રકાર; જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચાર કર્મ.

૨. વિ. (જૈન) અતિશય ગુણનો નાશ કરે એવું.

ઘનઘોર ૧. [હિં.] પું. વાદળાંની ભયંકર ગર્જના.

૨. પું. વાદળાંનું એકઠું થવું તે; બહુ વાદળાં ભેગાં થવાં તે.

૩. વિ. ગાઢ; ગીચ.

૪. વિ. ઘટાટોપ; ઘેઘૂર.

૫. વિ. ભીષણ; ભયાનક; ભયંકર.

૬. વિ. મેઘથી છવાઈ રહેલું હોય એવું; ઘનથી ઘેરાયેલું; અંધરાયેલું; વરસાદ ચડી આવવાથી અંધકાર થઈ રહ્યો હોય એવું.

ઘનઘોષ [સં.] પું. વરસાદનો અવાજ.

ઘનચક્કર ૧. [હિં.] પું. ચંચળ બુદ્ધિવાળો માણસ.

૨. ન. એક પ્રકારની આતશબાજી; ચકરી; ચરખી.

૩. ન. ભમરડો; ગરિયો.

૪. ન. સૂર્યમુખી ફૂલ.

૫. વિ. ઉધાન પાયાનું; મગજનું ચસકેલું; વલવલતું.

૬. વિ. મૂર્ખ; બેવકૂફ; અક્કલ વિનાનું; મૂઢ.

ઘનચય [સં.] પું. વાદળાંનો સમૂહ.

ઘનચિડી (ઘનંચિડ઼ી) સ્ત્રી. એ નામનું એક પક્ષી.

ઘનચિત્રક જુઓ ઘનચિત્રદર્શક.

ઘનચિત્રદર્શક [સં.] ન. ચિત્રને આબેહૂબ જોવાનું એક યંત્ર. તેમાં બે સપાટ ચિત્ર ઉપરથી એક ઘનચિત્ર ઉદ્ભવે છે. તેમાં વસ્તુઓ ભીંત ઉપર ચીતરેલાં ચિત્રો જેવી દેખાતી નથી પણ શિલ્પીએ કોતરેલા પૂતળા જેવા આબેહૂબ અસલ રૂપમાં દેખાય છે.

ઘનચિત્રદર્શન [સં.] ન. લંબાઈ, પહોળાઈ અને જાડાઈ એ ત્રણે પરિમાણોનું ભાન કરાવે એવો દેખાવ.

ઘનચિહ્ન ન. (ગણિત) ઉમેરો કરવાનું નિશાન; વત્તાની નિશાની; + આવું ચિહ્ન.

ઘનચૂરી ન. મલબાર તરફનું, ચાંચ ઉપર શીંગડા જેવા આકારનું બુટ્ટાદાર એક જાતનું પંખી.

ઘનચ્છદ [સં.] પું. સરગવાનું ઝાડ.

ઘનછત્ર [સં.] ન. આકાશરૂપી છત્રી.

ઘનછાય સ્ત્રી. વાદળની છાયા; વાદળથી પડતો છાંયડો.

ઘનજ્વાલા [સં.] સ્ત્રી. વીજળી.

ઘનતનવરણ ૧. પું. કૃષ્ણ.

૨. વિ. વાદળાના રંગ જેવા શરીરવાળું.

ઘનતા ૧. [સં.] સ્ત્રી. ગાઢપણું; મજબૂતાઈ; ઘાટાપણું.

૨. સ્ત્રી. ગુરુત્વ; ઘટતા; ઘન હોવું તે; ઘનીભાવ; સ્થૂલપણું.

૩. સ્ત્રી. તુલનાત્મક વજન. પાણીનું વજન એકમ ગણીને તેના કરતાં બીજી વસ્તુઓ કેટલી ભારે કે હલકી છે તેવી ગણના.

ઘનતાલ ૧. [હિં.] પું. કરતાલ.

૨. [સં.] પું. ચાતક પક્ષી.

૩. પું. વાદ્ય વગેરેનો અમુક તાલ.

ઘનતિમિર ૧. [સં.] ન. ગાઢ અંધકાર; ગાઢ અંધારૂં.

૨. ન. મેઘથી થયેલું અંધારૂં.

ઘનતોલ [સં.] પું. ચાતક પક્ષી.

ઘનત્વ જુઓ ઘનતા.

ઘનદ ન. એક જાતનું ઘર.

ઘનદળ ન. વાદળાંનો સમૂહ.

ઘનદાર વિ. જાડું; ઘાટું.

ઘનધ્રુવ પું. વીજળીમાં ઋણ ધ્રુવથી ઊલટા ગુણવાળો ધ્રુવ; ઘનાગ્ર; 'ઍનોડ'.

ઘનધ્વનિ ૧. [સં.] પું. વાદળાંનો અવાજ.

૨. વિ. મેઘના જેવા શબ્દવાળું.

ઘનનાદ ૧. [સં.] પું. (પુરાણ) રાવણનો એ નામનો એક દીકરો; મેઘનાદ.

૨. પું. વાદળની ગર્જના.

ઘનનીલકંઠ ૧. [સં.] પું. ત્રિપુરાસુરને મારવા માટે શંકરે ફેંકેલાં બાણનો માર્ગ.

૨. પું. શંકર.

ઘનપટ ૧. [સં.] ન. આકાશ.

૨. ન. વાદળાંનું પડ.

ઘનપટલ જુઓ ઘનપટ.

ઘનપડ (ઘનપડ઼) જુઓ ઘનપટ.

ઘનપણું જુઓ ઘનતા.

ઘનપતિ [સં.] પું. ઈંદ્ર.

ઘનપત્ર ૧. [સં.] પું. સરગવો.

૨. પું. સાટોડી.

ઘનપદ જુઓ ઘનમૂળ.

ઘનપદવી [સં.] સ્ત્રી. આકાશ.

ઘનપદી સ્ત્રી. (ગણિત) એક જાતની સંખ્યા; 'ક્યૂબિક એક્સપ્રેશન'. જે પદીનું દરેક પદ ત્રણ ઘાતનું હોય અથવા જે પદીનું કોઈ એક પદ ત્રણ ઘાતનું હોય અને બાકીના માંહેનું કોઈ પણ ત્રણથી વધારે ઘાતનું ન હોય તેને ઘનપદી કહે છે. જેમકે, $ક^{૩} + ખ^{૩}$; $ક^{૩} + ૩ ક^{૨}ખ + ૩ કખ^{૨} + ખ^{૩}$; $ક^{૩} + ક^{૨} + ક + ૧$.

ઘનપરવલય [સં.] પું. (ગણિત) પરવલય પોતાની ધરી ઉપર ફરતાં ઉત્પન્ન થતો ઘન આકાર; 'પેરૅબોલૉઇડ'.

ઘનપરિમંડલ [સં.] ન. નક્કરરૂપે વર્તુલ આકાર.

ઘનપંક્તિ પું. (પિંગળ) એ નામનો એક સમવૃત્ત વર્ણમેળ છંદ; પ્રગુણ. તે સુપ્રતિષ્ઠા છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં સગણ અને બે ગુરુ મળી પાંચ અક્ષર હોય છે.

ઘનપાઠ ૧. પું. ગણિતની એક જાતની શ્રેણી.

૨. પું. વેદ ભણવાની એક રીત.

ઘનપાઠી વિ. ઘનપાઠ પ્રમાણે વેદ ભણનારૂં.

ઘનપાદ જુઓ ઘનફૂટ.

ઘનપાષંડ [સં.] પું. મોર પક્ષી.

ઘનપિંડ [સં.] પું. નક્કર ગઠ્ઠો.

ઘનપેષકપિંડ [સં.] પું. મોન્ટેસોરિ પદ્ધતિનું એક સાધન. આ સાધનમાં ત્રણ લાકડાની જાડી પટ્ટી હોય છે અને તેમાં પિંડ કે લાકડાની સોગડીઓ ખાનાં પાડી બેસાડવામાં આવે છે. આ સાધન વડે સ્પર્શેંદ્રિય કેળવાય છે.

ઘનપ્રસરણ જુઓ ઘનપ્રસાર.

ઘનપ્રસાર [સં.] પું. કોઈ પણ પદાર્થનો ઘનમાપમાં વિસ્તાર થવો તે.

ઘનપ્રિય [સં.] પું. મોર; મયૂર.

ઘનફલ [સં.] ન. (ગણિત) નક્કર વસ્તુની લંબાઈ, પહોળાઈ અને ઊંચાઈ વગેરેનું કુલ પરિમાણ; ઘનમાપ; વસ્તુના કદનું માપ.

ઘનફલદર્શક જુઓ ઘનફલમાપક.

ઘનફલમાપક [સં.] ન. ઘનફલ માપવાનું યંત્ર; કોઈ પણ વસ્તુનું અને તેમાં ખાસ કરીને નક્કર વસ્તુનું કદ માપવાનું યંત્ર.

ઘનફલમિતિ [સં.] સ્ત્રી. ઘનફલમાપક યંત્રથી વસ્તુનું કદ માપવાની ક્રિયા.

ઘનફળ જુઓ ઘનફલ.

ઘનફૂટ પું. (ગણિત) એક ફૂટ લાંબું, એક ફૂટ પહોળું અને એક ફૂટ જાડું એવું માપ.

ઘનબહેડા (ઘનબહેડ઼ા) [હિં.] પું. અમલતાસ; ગરમાળો.

ઘનબંધન ન. વાદળાંનો ઘેરાવો.

ઘનભૂમિતિ [સં.] સ્ત્રી. (ગણિત) લંબાઈ, પહોળાઈ અને જાડાઈ એ ત્રણ પરિમાણની ભૂમિતિ; 'સૉલિડ જ્યોમેટ્રિ'.

ઘનમ [અ.] પું. લૂંટ તરીકે લઈ જવું તે.

ઘનમદ ૧. [સં.] પું. ઘણો મદ.

૨. પું. વર્ષાકાળનો મદ.

ઘનમધુરદુગ્ધ [સં.] ન. જમાવેલું મીઠું દૂધ; 'આઇસ્ક્રીમ'.

ઘનમયૂર પું. (પિંગળ) સત્તર અક્ષરનો એક અક્ષરમેળ છંદ. તે અત્યષ્ટિ છંદનો એક ભેદ છે. તેના દરેક ચરણમાં બે નગણ, ભગણ, સગણ, રગણ, લઘુ અને ગુરુ મળી સત્તર અક્ષર હોય અને સાતમા અને તેરમા અક્ષર ઉપર વિસામો આવે છે.

ઘનમાન જુઓ ઘનમાપ.

ઘનમાપ ન. કદ તથા જથ્થો બતાવનારૂં માપ; કોઈ પણ વસ્તુ કેટલી જગ્યા રોકે છે તે બતાવનારૂં માપ; લંબાઈ, પહોળાઈ અને ઊંચાઈનું પરિમાણ; ઘનમાન; ઘનફળ; 'ક્યૂબિક મેઝર'.

ઘનમાળ સ્ત્રી. ઘનઘટા; વરસાદનો ઘોરંભો; વાદળાંની હાર કે ઘટા.

ઘનમૂલ [સં.] ન. (ગણિત) કોઈ પણ એક સંખ્યાને એકની એક સંખ્યાએ એક પછી એક બે વાર ભાગતાં આવતી સંખ્યા; તૃતીયમૂળ; ત્રિઘાત વડે કાઢેલું સંખ્યાનું મૂળ; ઘનનું મૂળ; આપેલી સંખ્યા જેનો ઘન હોય તે સંખ્યા. કોઈ સંખ્યાને તેની તે સંખ્યાએ ગુણી આવેલા ગુણાકારને પાછા તે જ સંખ્યાએ ગુણતાં આવતા ગુણાકારને તે સંખ્યાનો ઘન કહે છે અને એ મૂળ સંખ્યાને તે ગુણાકારનું ઘનમૂલ કહે છે. જે એકની એક સંખ્યા ત્રણ વાર લઈ તેનો ક્રમિક ગુણાકાર કરતાં છેવટનો ગુણાકાર આપેલી સંખ્યાની બરાબર થઈ રહે તે સંખ્યાને આપેલી સંખ્યાનું ઘનમૂલ કહે છે. જેમકે, ૫ × ૫ × ૫ = ૧૨૫. એમાં ૧૨૫ એ ૫ નો ઘન છે અને ૫ એ ૧૨૫નું ઘનમૂલ છે.

ઘનમૂલકસમીકરણ ન. (ગણિત) ઘનીય સમીકરણ; 'ક્યૂબિક ઇકવેશન'.

ઘનમૂલિકગુણોત્તર ન. (ગણિત) આપેલા ગુણોત્તરનાં બંને પદોનાં ઘનમૂલ વચ્ચેનું ગુણોત્તર; ત્રિગુણ ગુણોત્તર. જેમકે, ૮ : ૨૭ નું ૨ : ૩ એ ઘનમૂલિક ગુણોત્તર છે.

ઘનમૂળ ન. ત્રિઘાત વડે કાઢેલું સંખ્યાનું મૂળ; ઘનમૂલ.

ઘનમૃદંગ [સં.] પું. મોટું નગારૂં.

ઘનયાર્ડ પું. ઘનવાર; સત્તાવીશ ઘનફૂટ જેટલું માપ.

ઘનરવ ૧. [સં.] પું. મેઘનો અવાજ; વરસાદની ગર્જના.

૨. પું. મોર; મયૂર.

ઘનરવી [સં.] સ્ત્રી. મયૂરી; ઢેલ.

ઘનરસ ૧. [સં.] પું. ઉકાળીને કાઢેલું સત્ત્વ; જાડું સત્ત્વ; કાઢો; ગાઢ રસ.

૨. પું. કપૂર.

૩. પું. જળ; પાણી; નીર; ઉદક.

> અંબુ કમલ કીલાલ જલ પય પુષ્કર વન વારિ;
> અંભ અરુણ જીવન ભુવન **ઘનરસ** કુશ પાપારિ.
> પિંગળલઘુકોષ

૪. પું. હાથીનો એક રોગ. તેમાં તેનું લોહી બગડી જાય, પગના નખ ગળવા લાગે અને તે લંગડાતો ચાલે છે. આ રોગ હાથીનો કોઢ ગણાય છે.

ઘનરાજી સ્ત્રી. વાદળાંની હારની હાર; ઘનઘટા.

ઘનરૂપ ન. નક્કર આકાર; સ્થૂલ રૂપ.

ઘનલવ [સં.] પું. નાનું વાદળું.

ઘનવર્જનીય વિ. ઘણ વડે વાળી શકાય એવું.

> તેનાં હથિયાર બનાવવા જહાંગીરે તે અશનિ એક કારીગરને આપ્યો; તેણે કહ્યું કે તેનું લોખંડ **ઘનવર્જનીય** એટલે વળી શકે એવું નથી.
> જ્યોતિર્વિલાસ

ઘનવર્તુલ ન. ગોળો.

ઘનવર્ત્મ [સં. ધનવર્ત્મન્] ન. આકાશ.

ઘનવર્ધનીય વિ. ઘણથી ટીપીને વધારી શકાય એવું.

અશનિમાં ૨૫ ભાગ **ઘનવર્ધનીય** લોખંડ, ૪૦ ભાગ સિલિકા, ૬ થી ૮ ભાગ નિકલ અને થોડુંઘણું અશુદ્ધ લોખંડ હોય છે. જ્યોતિર્વિલાસ

ઘનવલ્લિકા જુઓ ઘનવલ્લી.

ઘનવલ્લી ૧. [સં.] સ્ત્રી. અમૃતસ્રવા નામની વેલ.

૨. સ્ત્રી. વીજળી; વિદ્યુત.

ઘનવસ્તુ સ્ત્રી. જેને લંબાઈ, પહોળાઈ અને જાડાઈ હોય તેવો પદાર્થ.

ઘનવા ૧. [સં. ધનવન્] પું. ઇંદ્ર.

૨. જુઓ ઘનવાત.

ઘનવાત ૧. પું. એ નામનું એક નરક.

૨. [સં.] પું. (જૈન) ઘનોદધિ તથા વિમાન આદિના આધારભૂત જામેલા બરફ જેવો અથવા થીજેલા ઘી જેવો એક પ્રકારનો કઠિન વાયુ.

પહેલી નરકભૂમિની નીચે ઘનોદધિ છે, ઘનોદધિની નીચે **ઘનવાત** છે, ઘનવાતની નીચે તનુવાત અને તનુવાતની નીચે આકાશ છે. તત્ત્વાર્થસૂત્ર

૩. પું. મેઘનો વાયુ.

ઘનવાતવલય ન. ઘનવાત નામની કઠિન વાયનું વલય; વલયાકારે રહેલ ઘનવાયુ.

ઘનવાદ્ય ન. ધાતુના રસને ઢાળીને બનાવેલ નક્કર વાદ્ય. જેમકે, ઘંટ, મજીરા, કાંસ્યતાલ, ઝાંઝ, કરતાલ, ઝાલર. આ વાદ્યમાંથી માત્ર એક જ સ્વર ધ્વનિત થતો હોવાથી તેને અર્ધવાદ્ય પણ કહેવામાં આવે છે. મુખ્યત્વે કરીને પિત્તળ, કાંસુ વગેરે ધાતુનો રસ બીબામાં નાખી જુદી જુદી આકૃતિઓ બનાવવામાં આવે છે. આ વાદ્યો બહુધા દેવમંદિર વગેરે સ્થળોમાં કીર્તન પ્રસંગે વપરાય છે.

ઘનવાય જુઓ ઘનવાત ૨.

ઘનવાયુ જુઓ ઘનવાત ૨.

ઘનવાર પું. ઘનયાર્ડ.

ઘનવાસ ૧. [સં. ઘન (વાદળું) + વાસ (રહેઠાણ)] પું. આકાશ.

અંબર પુષ્કર નભ વિયત અંતરીક્ષ **ઘનવાસ**,
વ્યોમ અનંત વિહાયસ અરૂ સુરમગ ખં ખગવાસ.
પિંગળલઘુકોષ

૨. [સં. ઘન + વાસ (ગંધ)] પું. કોળાનો વેલો.

ઘનવાહન ૧. [સં.] પું. ઇંદ્ર. તેનું વાહન મેઘ કહેવાય છે.

૨. પું. શિવ; શંકર; મહાદેવ.

ઘનવાહી ૧. [હિં.] સ્ત્રી. લોઢાના ઘણ વડે ટીપવાનું કામ કરનારને ઊભા રહેવાનો ખાડો.

૨. સ્ત્રી. લોઢાના ઘણ વડે ટીપવાનું કામ.

ઘનવિદ્યુત સ્ત્રી. ઋણવિદ્યુતથી વિરુદ્ધ ગુણવાળી વિદ્યુત. વિદ્યુતના પૉઝિટિવ અને નેગેટિવ એમ બે પ્રકાર છે. પહેલાને ઘનવિદ્યુત અને બીજાને ઋણવિદ્યુત કહે છે. કાચ ઉપર રેશમ ઘસવાથી જે વીજળી થાય છે તે ઘનવિદ્યુત કહેવાય છે.

ઘનવિભવ પું. આકાશ.

ઘનવીજ સ્ત્રી. વાદળાં અને વીજળી.

ઘનવીથિ [સં.] સ્ત્રી. આકાશ.

ઘનવીંટ્યું વિ. વાદળાંથી ઘેરાયેલું.

ઘનવૃત [સં.] ન. નક્કર; ગોળાકાર.

ઘનવૃષ્ટિ [સં] સ્ત્રી. વાદળાંઓનું વરસવું તે; વરસાદ.

ઘનવૈદ્યુત વિ. ઘનવિદ્યુતવાળું.

ઘનશકલ [સં. ઘન (વાદળું) + શકલ (અંશ)] ન. વરસાદની છાંટ; નાનું ઝાપટું.

ઘનશામળું વિ. વાદળા જેવું કાળું; બહુ કાળું.

ઘનશીલ [સં.] વિ. ઘન થવાના સ્વભાવવાળું; જામી જાય એવું.

ઘનશીલરસ [સં.] પું. આપોઆપ થીજી જતો રસ; આપોઆપ ઘટ્ટ થઈ જાય એવો રસ; જામી જાય એવો રસ.

ઘનશોણિત [સં.] પું. લોહીનો જામી ગયેલો ગઠ્ઠો; 'ક્લૉટ'.

ઘનશોથ પુ. (વૈદ્યક) એક જાતનો રોગ; ચર્મોપબંધન રોગ; ચર્મસ્તબ્ધતા; ગજચર્મ; મૂર્તસ્તબ્ધતા; શિલિભાવ. આ રોગ શીત તથા આર્દ્રતાને લીધે થાય છે. તેમાં સંધિવાતના જેવી પીડા થાય, ચામડી ઉપર કીડીઓ ચાલતી હોય તેવી અસર જણાય અને ચામડી સૂજી જાય તથા ફરકે.

ઘનશ્યામ ૧. [સં.] પું. અત્યંત કાળો રંગ.

૨. પું. રામ.

૩. પું. વિષ્ણુ.

૪. પું. શ્રીકૃષ્ણ.

૫. પું. સ્વામીનારાયણ સંપ્રદાયના સ્થાપક સહજાનંદ સ્વામીનું બાલ્યાવસ્થાનું નામ.

૬. ન. કાળું વાદળ.

૭. વિ. મેઘ જેવું કાળું; કાળા રંગનું; પાણી ભરેલા વાદળાના રંગનું; આભ જેવું કાળું.

૮. વિ. મેઘ વડે કાળું થયેલું.

ઘનશ્યામલ વિ. મેઘના જેવું શ્યામ; ઘનશ્યામ.

ઘનશ્યામળો પું. શ્રીકૃષ્ણ.

કાઢાવ્યા છે પ્રણામ તમને,
ઘણું કરી **ઘનશ્યામળે**. દયારામ

ઘનશ્રેણી [સં.] સ્ત્રી. પૃથ્વી.

ઘનસમય [સં.] પું. મેઘનો સમય; વરસાદનો વખત; વરસાદની મોસમ.

ઘનસમીકરણ ૧. ન. (ગણિત) જે સમીકરણમાં મોટામાં મોટા ઘાતવાળું પદ ત્રીજા એટલે ઘન ઘાતનું હોય તેવું સમીકરણ. જેમકે, $૨ક્ષ^{૩} - ૩ક્ષ^{૨} + ૫ક્ષ = ૨૦૦$.

૨. ન. (ગણિત) જેમાં એક જ અથવા વધારે અવ્યક્ત રાશિ હોય અને તે દરેક ત્રીજા ઘાતના હોય તેવું સમીકરણ. જેમકે, $या^{३} = ૮$; $या^{३} + का^{३} = ૨૭$.

ઘનસમુત્સાર જુઓ ઘનપરવલય.

ઘનસમોત્સાર પું. (ગણિત) પરવલય પોતાની ધરી ઉપર ફરતાં થતી ઘન આકૃતિ; ઘનપરવલય.

ઘનસંતાનક પું. કરોળિયાનું પડ.

ઘનસંમર્દ પું. ગ્રહ તથા નક્ષત્રની વચમાં થઈને ચંદ્ર અને સૂર્ય ચાલે તે યોગ.

ઘનસાગર ૧. [સં.] પું. કપૂર.

૨. પું. પાણી; જળ.

૩. પું. પારો.

ઘનસાર ૧. [સં.] પું. કપૂર.

૨. પું ચંદન.

૩. પું. પાણી; જળ.

૪. પું. પારો.

૫. પું. (જ્યોતિષ) બુધ નામનો ગ્રહ.

૬. પું. શ્રેષ્ઠ મેઘ.

ઘનસુશિર ૧. ન. ઘન ધાતુનું પોલું કામ. જેમકે, સોનાનો પ્યાલો.

૨. ન. વસ્તુનો પોલો કટકો.

ઘનસ્કંધ [સં.] પું. આંબલીનું ઝાડ.

ઘનસ્વન ૧. [સં.] પું. એક વનસ્પતિ; તાંદળજો.

૨. પું. ગંભીર અવાજ.

૩. પું. મેઘનો અવાજ; મેઘગર્જના.

૪. વિ. મેઘના જેવા અવાજવાળું.

ઘનહસ્ત ૧. [સં.] પું. અમુક એક જાતનું હસ્તમાન; અન્ન વગેરે માપવાનું એક માપ; ખારી; ખારિકા. તે એક હાથ લાંબું, એક હાથ પહોળું અને એક હાથ ઊંડું હોય છે.

૨. પું. એક હાથ લાંબું, એક હાથ પહોળું અને એક હાથ ઊંડું એવું ક્ષેત્ર અથવા એવો પિંડ.

ઘનહસ્તક્ષેત્ર ન. જે ઘન આકૃતિની સામસામેની સપાટી એક બીજીને સમાંતર હોય એવી ૭ સરલ પૃષ્ઠની આકૃતિ.

ઘના ૧. [ફા.] સ્ત્રી. પૈસો; દોલત.
૨. [સં.] સ્ત્રી. માસપર્ણી નામની વનસ્પતિ.
૩. સ્ત્રી. સ્થૂલ સ્ત્રી.
૪. વિ. ગભરાયેલું.
૫. વિ. ઘણું.
૬. વિ. જાડું.
૭. વિ. સંખ્યાબંધ.

ઘનાઈમ ૧. [અ.] પું. બ. વ. દુશ્મનો; લૂંટારા.
૨. પું. બ. વ. શિકાર; લૂંટ.

ઘનાકર [સં.] પું. વર્ષાકાળ; વરસાદની મોસમ.

ઘનાકૃતિ સ્ત્રી. ઘન જેવા આકારની આકૃતિ; વક્ર કે સમતલ બાજુ વડે જેની હદ બંધાયેલી હોય એવા અવકાશનો કોઈ પણ ભાગ.

ઘનાક્ષર જુઓ ઘનાક્ષરી.

ઘનાક્ષરી પું. (પિંગળ) એક સમવૃત્ત અક્ષરમેળ છંદ. કેટલાક લોકો તેને કવિત કે મનહર કહે છે. તેમાં લઘુ ગુરુનો નિયમ નથી પણ અંતે ગુરુ આવે એમ એકત્રીશ અક્ષર હોય છે. તેમાં સોળમા અક્ષરે યતિ આવે છે.

> એકત્રીશ વર્ણ જેમાં ગુરુ લઘુ નિ'મ નહિ;
> અંતે ગુરુ એક યતિ સોળે **ઘનાક્ષરી**માં.
> રણપિંગળ

ઘનાગમ [સં.] પું. વર્ષાકાળ; મેઘનું આવવું તે.

ઘનાગ્ર પું. ઘનધ્રુવ; વિદ્યુતમાં ઋણધ્રુવથી ઊલટા ગુણવાળો ધ્રુવ; 'એનોડ'.

ઘનાઘન ૧. [સં.] પું. ઈંદ્ર.
૨. પું. પરસ્પર અથડાવાપણું; અન્યોન્યનું સંઘટ્ટન.
૩. પું. મદવાળો હાથી; માતેલો હાથી; મારી નાખે એવો હાથી.
૪. પું. વરસતો મેઘ; વૃષ્ટિ કરનારૂં વાદળું.
૫. વિ. નિરંતર ઘાત કરનાર.
૬. વિ. દયા વગરનું.
૭. વિ. દુષ્ટ.
૮. વિ. ક્રૂર.
૯. વિ. સાંધા વગરનું.

ઘનાઘના [સં.] સ્ત્રી. એ નામની એક વનસ્પતિ; કાકમાચી.

ઘનાતિપરવલય પું. (ગણિત) ઘનાધિકોત્સાર; અતિપરવલય પોતાની ધરી ઉપર ફરતાં થતી ઘન આકૃતિ.

ઘનાત્મક ૧. [સં.] વિ. જેની લંબાઈ, પહોળાઈ તથા ઊંચાઈ કે જાડાઈ બરાબર હોય એવું.
૨. વિ. લંબાઈ, પહોળાઈ તથા ઊંડાઈના ગુણાકારથી મળેલું.

ઘનાત્મકવિદ્યુત જુઓ ઘનાત્મકવીજળી.

ઘનાત્મકવીજળી સ્ત્રી. ઘનવિદ્યુત; કાચ જેવા પદાર્થથી ઉત્પન્ન થતી વીજળી.

ઘનાત્યય ૧. પું. મેઘનું દૂર થવું તે.
૨. પું. શરત્કાલ; શરદ ઋતુ.

ઘનાધિકોત્સાર પું. (ગણિત) ઘનાતિપરવલય.

ઘનાધેયમાપક [સં.] ન. કોઈ પણ વસ્તુનું ઘનપણું એટલે ઘનફલ માપવાનું યંત્ર.

ઘનાનંદ ૧. પું. ગદ્ય કાવ્યનો એક ભેદ.
૨. પું. હિંદી ભાષાનો એક સુપ્રસિદ્ધ કવિ. તેને આનંદઘન પણ કહે છે.

ઘનામય [સં.] પું. ખજૂરી.

ઘનામલ [સં.] પું. એક જાતનું શાક.

ઘનાયત ન. નક્કર વસ્તુની લંબાઈ.

ઘનારાવ ૧. [સં.] પું. મેઘનો શબ્દ; મેઘની ગર્જના.
૨. વિ. મેઘના જેવા અવાજવાળું.

ઘનારુણ [સં.] વિ. અતિશય લાલ.

ઘનાવયસ્ક વિ. કાણા વગરનું; નિરંધ્ર; નક્કર.

ઘનાશ્રય ૧. [સં.] પું. આકાશ.
૨. પું. વાતાવરણ.

ઘનાસ્થિ ન. હાથના કાંડા કે પગની ઘૂંટીનું બહારનું હાડકું.

ઘનાંક પું. (ગણિત) ઘન સંખ્યા; જે સંખ્યા બીજી કોઈ સંખ્યાના ઘનની બરાબર હોય તેવી સંખ્યા. જેમકે, ૨૭, ૬૪.

ઘનાંગાર પું. એક જાતનો કઠણ કોયલો; નિર્ધૂમ કોયલો.

ઘનાંબુ [સં.] ન. વરસાદનું પાણી; આકાશમાંથી પડતું પાણી.

ઘનિકા ન. (જ્યોતિષ) પોપટના પાંજરાના આકારનું એ નામનું એક નક્ષત્ર. તેમાં પાંચ તારા છે.

ઘનિત્વ ન. કઠણપણું.

ઘનિમ જુઓ ઘનીમ.

ઘનિષ્ઠ ૧. [સં.] વિ. અતિશય નક્કર.
૨. વિ. ઘણું જ ગાઢ; બહુ જ ઘાટું; સૌથી ઘન; સૌથી ગાઢ.
૩. વિ. નિકટનું; ખૂબ પાસેનું; નજીકનું.

ઘનિષ્ઠતા ૧. [સં.] સ્ત્રી. ઘનિષ્ઠ હોવાની સ્થિતિ; ઘણું નક્કર હોવાપણું.
૨. સ્ત્રી. નજીક હોવું તે.
૩. સ્ત્રી. બહુ ઘાટું હોવાપણું.

ઘની ૧. [અ.] પું. અલ્લાહનું એક નામ.
૨. પું. ધનાઢ્ય પુરુષ.
૩. પું. સ્વતંત્ર માણસ.
૪. વિ. ધનવાન; પૈસાદાર; સમૃદ્ધ; શ્રીમંત.
૫. વિ. સ્વાધીન.

ઘનીકરણ ૧. [સં.] ન. ઘટ્ટ આકારમાં ફેરવવાપણું.
૨. ન. ઘન થાય એમ કરવાની ક્રિયા; નક્કરરૂપ કરવું તે; ઘનરૂપ કરવાપણું.

ઘનીકારક [સં.] વિ. એકીકારક; ઘટ્ટ બનાવનાર.

ઘનીકૃત ૧. [સં.] વિ. ઘટ્ટ કરેલ; ઘાટું કરેલું.
૨. વિ. ઘન કરેલું.
૩. વિ. જાડું કરેલું.
૪. વિ. નક્કી કરેલું.
૫. વિ. મજબૂત કરેલ; દૃઢ કરેલું.

ઘનીકૃત દુગ્ધ [સં.] ન. પાણી ઉડાડી દઈને ઘાટું બનાવેલું દૂધ; જમાવેલું દૂધ.

ઘનીભવન [સં.] ન. ઘન થવું તે; ઘટ્ટ બનવાની ક્રિયા; ઘનરૂપ થવું તે.

ઘનીભાવ પું. ઘન થયેલું હોવાપણું.

> જેમ તેજની **ઘનીભાવ** મૂર્તિ સૂર્ય છે, પરિમલની ઘનીભાવ મૂર્તિ જેમ કપૂર છે, તેમ હું ચિન્માત્ર બ્રહ્મની ઘનીભૂત પ્રતિમા છું. ગીતાપંચામૃત

ઘનીભૂત ૧. [સં.] વિ. ઘન બનેલું; નક્કર થયેલ.

> પરમાત્માની જ **ઘનીભૂત** ઇચ્છાસ્વરૂપ આ સમસ્ત જગત છે. પ્રશ્નોપનિષદ

૨. વિ. ઘાટું બનેલું; જાડું; ઘટ્ટ બનેલું.
૩. વિ. જાડાઈવાળું; દળદાર.

ઘનીભૂતત્વ ૧. ન. ઘન થયેલું હોવાપણું.
૨. ન. ઘાટું બનેલું હોવું તે.
૩. ન. દળદાર હોવાપણું.

ઘનીમ ૧. [અ.] પું. દુશ્મન.
૨. પું. લૂંટારો.

ઘનીમત ૧. [અ.] સ્ત્રી. આશીર્વાદ.
૨. સ્ત્રી. ઈશ્વરકૃપા.
૩. સ્ત્રી. પુષ્કળતા.
૪. સ્ત્રી. લૂંટ.
૫. ન. સદ્‌ભાગ્ય.

ઘનીય [સં.] વિ. (ગણિત) ઘન સંબંધી.

ઘનીયમાન ન. ઘનમાપ.

ઘનીય સમીકરણ જુઓ ઘનમૂલકસમીકરણ.

ઘનુદા વિ. ઊંઘી ગયેલ; નિદ્રા પામેલ.

ઘનેતરું ન. નેતરું; વલોણું કરવાનું દોરડું.

> ધૂમે વલોણું ઘોર, **ઘનેતરૂં** તાણી ગુણ વખાણે.
> પ્રેમાનંદ

ઘનેરા [હિં.] વિ. ઘણું.

ઘનેશ પું. એક જાતનું ભૂરા રંગનું પક્ષી. તેની પૂછડી તથા ચાંચ લાંબી હોય છે. તે એપ્રિલ, મે કે જૂન માસમાં નાશ થયેલ ઝાડના પોલાણમાં ઈંડાં સેવે છે.

ઘનોદ ૧. પું. ઘનધ્રુવ; ઘનાગ્ર.
૨. પું. સમુદ્ર.

ઘનોદધિ ૧. [સં.] પું. એ નામનું એક નરક.
૨. પું. (જૈન) બરફની પેઠે જામેલા ઘટ્ટ પાણીનો સમુદ્ર.

> પહેલી નરકભૂમિની નીચે **ઘનોદધિ** છે, ઘનોદધિની નીચે ઘનવાત છે, ઘનવાતની નીચે તનુવાત અને તનુવાતની નીચે આકાશ છે. તત્ત્વાર્થસૂત્ર

૩. પું. વરસાદનું પાણી; ઘનાંબુ.

ઘનોદધિવલય [સં.] પું. (જૈન) પ્રત્યેક નરકની પૃથ્વી નીચે બરફની પેઠે જામેલ ઘનરૂપ પાણીનું વલય. તે વીશ હજાર યોજન જેટલું હોય છે.

ઘનોપલ [સં.] પું. વરસાદમાં પડતો કરો.

ઘનોચી [હિં.] સ્ત્રી. ઘડમાંચી.

ઘપ ૧. [અ.] પું. ફટકાનો અવાજ.
૨. પું. બડાઈ કરવાપણું.

ઘપચી [હિં.] સ્ત્રી. બથ.

ઘપચૂપ [મ.] વિ. શાંત; ચૂપ.

ઘપટવું સ. ક્રિ. દૂર કરવું.

ઘપલા ૧. [હિં] પું. ગોટાળો.
૨. પું. છેતરપિંડી.

ઘપશપ [અ.] ન. ગપસપ; ગોટાળો.

ઘપાઘપ ૧. પું. ઉતાવળે ખાવાથી થતો અવાજ.
૨. અ. મોટા જથ્થામાં.

ઘફ (ઘફ઼) [ફા.] વિ. ઘાટું વણેલું.

ઘફર (ઘફ઼ર) [અ.] પું. માફી; ક્ષમા.

ઘફલ (ઘફ઼લ) ૧. [અ.] પું. બેદરકારી.
૨. પું. માફી; ક્ષમા.

ઘફલત (ઘફ઼લત) ૧. [અ.] સ્ત્રી. બેદરકારી; પ્રમાદ; ગફલત.
૨. સ્ત્રી. મૂર્છા.

ઘફલતી (ઘફ઼લતી) [અ.] વિ. બેદરકાર.

ઘફા પું. આંખમાં આંજવા માટેનું આંજણ.

ઘફાર (ઘફ઼ાર) [અ.] વિ. માફી આપે એવું.

ઘફીર (ઘફ઼ીર) [અ.] વિ. ઘણું; પુષ્કળ.

ઘફૂર જુઓ ઘફ્ફાર.

ઘફ્ફાર (ઘફ્ફ઼ાર) ૧. [અ. ઘફર (તેણે માફ કર્યું)] પું. ક્ષમા કરનાર.
૨. પું. પરમેશ્વર.
૩. વિ. ક્ષમાશીલ; દયાળુ.

ઘફ્સ (ઘ઼ફ઼્સ) ૧. [અ.] વિ. ઉપયોગી.
૨. વિ. પોતમાં જાડું; ઘટ્ટ.
૩. વિ. બાંધેલ.

ઘબ ૧. પું. જોરથી ભોંકાય તેમ મારવું તે.

> ઘબ ગોદો ને આપું ચણા = કામ મહેનતનું પણ મહેનતાણું ઓછું.

૨. અ. ખોસવા કે ભોંકવાથી થતા અવાજની જેમ.

ઘબકા પું. બ. વ. ગપાટા.

ઘબઘબ (ઘ઼બઘ઼બ) ૧. [ફા.] પું. હડપચી નીચે લટકતો ચરબીનો લોચો.
૨. અ. પોલાણમાં કંઈક ખોસતાં અથવા ઠોકતાં થતો અવાજ.

ઘબન (ઘ઼બન) ૧. પું. ઓછી યાદશક્તિ.
૨. [અ.] પું. પૈસાની ઉચાપત.
૩. વિ. યાદ ઓછું રહેતું હોય એવું.

ઘબરાટ પું. ગભરાટ; ઘૂંચવણ; ગભરામણ.

ઘબરાવું અ. ક્રિ. ગભરાવું; મૂંઝાવું.

ઘબરાહટ [હિં.] સ્ત્રી. ગભરાટ.

ઘબરી જુઓ ઘબરાહટ.

ઘબાવત (ઘ઼બાવત) [અ.] સ્ત્રી. મૂર્ખાઈ.

ઘબી (ઘ઼બી) ૧. સ્ત્રી. રમતને માટે છોકરાઓએ જમીનમાં ખોદેલો ખાડો; ગબી.
૨ (ઘ઼બી) [અ.] વિ. ઠોઠ; ભૂલકણું; યાદશક્તિ ઓછી હોય એવું.
૩. વિ. બેદરકાર.

ઘબૂચલું વિ. સાંકડું.

ઘબૂચલો પું. ગોળ કૂંડાળામાં બેસવું તે.

ઘબોડવું (ઘબોડ઼વું) સ. ક્રિ. બોળવું; નાખવું.

ઘબ્ન (ઘ઼બ્ન) ૧. [અ.] પું. છેતરપિંડી.
૨. પું. નુકસાન.

ઘભરાટ જુઓ ઘબરાટ.

ઘભરાયેલું વિ. વ્યગ્ર ચિત્તવાળું; અકળાયેલ.

ઘભરાવવું ૧. સ. ક્રિ. ગૂંચવણમાં નાખવું.
૨. સ. ક્રિ. બેહોશ કરવું.

ઘભરાવું ૧. અ. ક્રિ. આકુળવ્યાકુળ થવું; ગભરાવું.
૨. અ. ક્રિ. ગૂંચવણમાં પડવું.

ઘભાણ સ્ત્રી. ગભાણ; ગમાણ.

ઘભ્ભુસ વિ. ગભરૂ; ભોળું.

ઘમ ૧. પું. (ભીલી) ઘઉં; ગોધૂમ.
૨. પું. ચિંતા.
૩. (ઘ઼મ) [અ.] પું. દુઃખ; ખેદ; શોક.
૪. પું. ફરિયાદ.
૫. સ્ત્રી. ઘઉંની જમીન.
૬. અ. કોમળ વસ્તુ ઉપર આઘાત કરવાથી થતો અવાજ.

ઘમક સ્ત્રી. ધમકારો; ધમધમ અવાજ.

ઘમકવું અ. ક્રિ. ધમધમ અવાજ થવો; ઘૂઘરાનું વાગવું.

ઘમકશ (ઘ઼મકશ) [અ.] વિ. દિલગીરી સહન કરનાર.

ઘમકા [હિં.] પું. ગરમી; બફારો.

ઘમકાર ૧. પું. ઘમકવાનો અવાજ; ઘમકો; ઘમકારો.
૨. વિ. ઘમઘોર.

ઘમકારિયું ૧. ન. ખેતરમાંથી જનાવર નસાડવા માટે હાંલ્લાને મોઢે ચામડું બાંધી તેમાં એક પીંછી આરપાર પરોવી કરેલું વાજું.
૨. ન. ખોખરું નગારૂં.
૩. ન. જેમાંથી ઘમઘમ અવાજ નીકળે તેવી વસ્તુ.

ઘમકારો જુઓ ઘમકાર ૧.

ઘમકાવવું ૧. સ. ક્રિ. ઘમઘમ થાય એમ કરવું; વગાડવું.
૨. સ. ક્રિ. ચોરીને લઈ જવું; ચોરી કરવી.
૩. સ. ક્રિ. ઠપકો આપવો.
૪. સ. ક્રિ. દબડાવવું.
૫. સ. ક્રિ. મારવું; ઠોકવું.

ઘમકો ૧. પું. ઘમકવાનો અવાજ; ઘૂઘરાનો અવાજ.
૨. પું. છાશ ફેરવતાં થતો ઘમઘમ એવો અવાજ.
૩. પું. માર મારવાથી થતો અવાજ.

ઘમખાર (ઘ઼મખ઼ાર) ૧. [અ.] પું. લાગણી દર્શાવનાર પુરુષ.
૨. વિ. દયાજનક; ખેદકારક.
૩. વિ. લાગણીવાળું.

ઘમખારી (ઘ઼મખ઼ારી) ૧. [અ.] પું. દિલાસો; હમદર્દી.
૨. સ્ત્રી. લાગણી.

ઘમખોર (ધ઼મખ઼ોર) વિ. શાંત; ધીરજવાળું; નમ્ર.

ઘમખ્વાર (ધ઼મખ઼્વાર) ૧. વિ. અફસોસ કરતું; દુ:ખી.
૨. વિ. ગાઢ મિત્ર હોય એવું.
૩. વિ. દયા લાવતું.
૪. વિ. દિલાસો દેનાર.

ઘમખ્વારગી જુઓ ઘમખ્વારી.

ઘમખ્વારી (ધ઼મખ઼્વારી) ૧. સ્ત્રી. ગાઢ મિત્રતા.
૨. સ્ત્રી. દિલાસો.
૩. સ્ત્રી. દુ:ખ.
૪. સ્ત્રી. લાગણી.

ઘમગલત ૧. પું. આનંદ; વિનોદ.
૨. પું. દારૂ.

ઘમગીન (ધ઼મગીન) [ફા.] વિ. દિલગીર; ગમગીન; શોકાતુર.

ઘમગીની (ધ઼મગીની) [અ.] સ્ત્રી. દિલગીરી; ખેદ.

ઘમઘમ ૧. [દે. ગુમગુમંત-ઘમમિય] અ. ધમકારાનો પ્રતિઘોષ; ધમકાની રણઝણ.
૨. અ. જલદી; ઉતાવળે.

ન ભણતાં વાગે સોટી ચમ,
જેથી વિદ્યા જીભે ચડે **ઘમઘમ**. પ્રેમાનંદ

ઘમઘમઘમ જુઓ ઘમઘમ.

ઘમઘમવું અ. ક્રિ. ઘમઘમ થવું; ઘમઘમ અવાજ થાય એમ વાગવું; ખણખણવું.

ઘમઘમાટ ૧. પું. કડવી અને સારી એવી મિશ્ર સુગંધ થઈને આવતી વાસ.
૨. પું. ધમકારાવાળો અવાજ; ઘમઘમ.
૩. પું. ઘમઘમ થઈ રહેવું તે.

ઘમઘમાવવું ૧. સ. ક્રિ. ઘમઘમ અવાજ થાય તેમ જોરથી નાખવું.
૨. સ. ક્રિ. ઘમઘમ થાય એમ કરવું.
૩. સ. ક્રિ. ધમકી આપવી.

ઘમઘાસ ન. નદીનાળાંને કાંઠે કે ખારચ પાણી ભરાઈ રહેતું હોય એવી જગામાં ઊગી નીકળતું એક પ્રકારનું ઘાસ. એના છોડ ૨ થી ૪ હાથ ઊંચા થાય છે.

ઘમઘોર ૧. પું. ઘટાટોપ; ઘોરંભો; મેઘનાં વાદળાંનો જમાવ; આકાશમાં વાદળાં ચડી આવવાથી થયેલ અંધારૂં.
૨. વિ. ઘનઘોર; મેઘથી છવાઈ રહેલું; અંધરાયેલું.

ઘમઘોરવું અ. ક્રિ. વાદળાંનું ખૂબ ચડી આવવું.

ઘમચકડી (ધ઼મચકડ઼ી) સ્ત્રી. એ નામની રમત; ફેરફૂદડી.

ઘમચકરડી (ધમચકરડ઼ી) જુઓ ઘમરડીચકરડી.

ઘમઝદગી (ધ઼મઝદગી) ૧. [અ.] સ્ત્રી. દિલગીરી.
૨. સ્ત્રી. દુ:ખ.

ઘમઝદા (ધ઼મઝદા) ૧. [અ.] વિ. દિલગીર થયેલું.
૨. વિ. દુ:ખી.

ઘમઝા (ધ઼મઝા) ૧. [ફા.] પું. ઇશારો; આંખમીંચામણાં.
૨. પું. બ. વ. નખરાં.

ઘમડ (ધમડ઼) ૧. સ્ત્રી. એ નામની ઢેઢની અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ઘમડઘમડ (ધમડ઼ધમડ઼) અ. છાશ ફેરવતાં થતા અવાજની જેમ.

ઘમડીચકડી (ધમડ઼ીચકડ઼ી) સ્ત્રી. છોકરાંની એક રમત. તેમાં બે હાથ લાંબા કરીને ફેર ફરવા કે ચકરભમર ફરવાનું હોય છે.

ઘમતળિયું ૧. ન. ઊંડાણ.
૨. ન. જીવ મૂંઝાઈને ઊંડો ઊતરી જવાપણું.
૩. ન. હૃદયમાં થતી ઊંડી મૂંઝવણ.

ઘમદીદા (ધ઼મદીદા) ૧. [અ.] વિ. દિલગીર.
૨. વિ. દુ:ખી.

ઘમનાક (ધ઼મનાક) વિ. દિલગીર; ઉદાસ.

ઘમપ્લાસ્ટર ન. એક જાતની આગળી.

ઘમર ૧. પું. ગંભીર ધ્વનિ.
૨. પું. નગારાં, ઢોલ વગેરેનો મોટો અવાજ.
૩. પું. વલોણાનો મોટો અવાજ.

ઘમરઘટા સ્ત્રી. ખીચોખીચ ડાળીઓ અને પાંદડાંવાળાં ઝાડનો જથ્થો; ઝાડી.

ઘમરઘમર ૧. પું. ચક્કર; વમળ.
૨. પું. બાળકને ઘોડિયામાં સુવાડી ખૂબ હીંચકા નાખવા તે.
૩. અ. ગોળગોળ ગતિના અવાજ જેમ.

ઘમરઘમર ફરવું = ફેર ખાવા; ફૂદડી ફરવી.

ઘમરડી (ધમરડ઼ી) સ્ત્રી. ફેરફૂદડી.

ઘમરડીચકરડી (ધમરડ઼ીચકરડ઼ી) ૧. સ્ત્રી. ઘુમાવીને ચક્કર ખવરાવવું તે.
૨. સ્ત્રી. ફૂદડી ફરવાની છોકરાંની એક રમત.

ઘમરસીદા (ધ઼મરસીદા) ૧. [અ.] વિ. દિલગીર થયેલું.
૨. વિ. દુ:ખી.

ઘમવલોણું ૧. ન. દખલગીરી.
૨. ન. મોટું દુઝાણું.

ઘમવું ૧. સ. ક્રિ. ગોખવું.
૨. સ. ક્રિ. ઘમઘમાવવું; મારવું; ઢીબવું.

ઘમશાણ જુઓ ઘમસાણ.

ઘમશાન જુઓ ઘમસાણ.

ઘમસ ૧. [હિં.] સ્ત્રી. ગરમી; બફારો.
૨. સ્ત્રી. ભીડ; ગિરદી.

ઘમસઘમ્મા સ્ત્રી. ભીડાભીડ.

ઘમસાણ ૧. ન. અસ્તવ્યસ્ત કરી મૂકવું તે; ઊંધુંચત્તું કે ભેળસેળ કરી કામને બગાડી નાખવું તે; ધૂળધાણી કરી મૂકવું તે.
૨. ન. ઉન્માદભર્યો આનંદ.
૩. ન. કતલ; કાપાકાપી; નાશ.

ઘમસાણ વળવું = નખોદ નીકળી જવું; બધો નાશ થઈ જવો.

૪. ન. ધમચકડી; શોરબકોર; ઘોંઘાટ.
૫. ન. ભયંકર યુદ્ધ; ધિંગાણું.
૬. ન. ભીડ; લોકોનું ટોળું.
૭. ન. રમણભમણ; તોફાન.
૮. ન. હુલ્લડ.

ઘમસાન જુઓ ઘમસાણ.

ઘમંડ ૧. [હિં.] પું. અભિમાન; અહંકાર; ગર્વ.
૨. પું. ખોટો ડોળ કે દેખાવ; દંભ; દેખાડો; આડંબર.
૩. પું. પતરાજી; શેખી.
૪. પું. બળ; જોર; વીરતા.
૫. પું. ભરોસો.
૬. પું. મદદ.
૭. પું. વાદળાં એકઠાં થવાં તે.

ઘમંડી ૧. સ્ત્રી. અહંકાર; ગર્વ; પતરાજી.
૨. સ્ત્રી. મોજશોખ.
૩. વિ. અભિમાની; ગર્વી; અહંકારી.
૪. વિ. દંભી; આડંબરી; ડોળી; ખોટો દેખાવ કરનાર.
૫. વિ. બડાઈખોર; શેખી કરનાર.

ઘમંડીખોર વિ. ગર્વિષ્ઠ; અભિમાની; ઘમંડી.

ઘમાકો પું. ઘમ એવો અવાજ; ભારે આઘાતનો અવાજ.

ઘમાઘમ ૧. સ્ત્રી. ઉપરાઉપરી મુક્કાનો માર મારવો તે.
૨. સ્ત્રી. ધમાલ; ધાંધલ; દોડાદોડ.
૩. અ. ઉપરાઉપરી ઘમઘમ થતું હોય તેમ.
૪. અ. ઝફળવફળ; આમતેમ.

ઘમાચકડી (ધમાચકડ઼ી) સ્ત્રી. ઘમાઘમ થઈ રહે એવી મસ્તી.

ઘમાણ સ્ત્રી. ઢોર માટેની ગમાણ.

ઘમાર ૧. પું. એક જાતનો નાચ.

૨. પું. (સંગીત) તિસ્રજાતના ત્રિપુટતાલનો એક પર્યાય.

ઘમાસાણ [હિં.] પું. લડાઈ.

ઘમાસાન જુઓ ઘમાસાણ.

ઘમી ૧. સ્ત્રી. મરણ.

૨. (ઘ઼મી) [અ. ઘમ (અફસોસ)] સ્ત્રી. શોક; ખેદ.

૩. વિ. દિલગીર.

ઘમીન [અ.] વિ. દિલગીર.

ઘમૂઈ [હિં.] સ્ત્રી. એ જાતનો છોડ.

ઘમૂચલો પું. જથ્થો; સંગ્રહ.

ઘમોઈ [હિં.] સ્ત્રી. પીળાં ફૂલવાળો એક જાતનો છોડ; કટેલ.

ઘમોડવું (ઘમોડ઼વું) ૧. અ. ક્રિ. ઝડપથી કરવું; ત્વરાથી કરવું.

૨. સ. ક્રિ. હલાવવું.

ઘમ્મ [સં. ઘર્મ] પું. (જૂ. ગુ.) ધામ; બફારો.

ઘમ્મર પું. છાશ કરતાં રવાઈ ફરવાનો અવાજ.

ઘમ્મરગોળી સ્ત્રી. છાશ કરવાની ગોળી.

ઘમ્મરઘમ્મર પું. ઘંટી ફરવાનો અવાજ.

ઘમ્મરઘંટી [સં. ઘૂર્ણિતૃ; પ્રા. ઘુમ્મિર] સ્ત્રી. ઘમઘમ અવાજ કરતી ફરે એવી ઘંટી; મોટી ને ભારે ચક્કી.

ઘમ્મરઘાઘરો પું. મોટો અને ખૂબ ઘેરવાળો ઘાઘરો.

ઘમ્મરવલોણું ૧. ન. છાશ ફેરવવાની મોટી રવાઈ.

૨. ન. મોટું ભારે વલોણું.

ઘમ્મસઘમ્મા ૧. સ્ત્રી. ઉપરાઉપરી ધાલમેલ કરવી તે; ઉપરાઉપરી પેસનીકળ કે બોલંબોલા થતી હોય એવી હુંસાતુંસી.

૨. સ્ત્રી. ધાંધલ; ગડબડ.

ઘમ્મા [સં. ઘર્મા] સ્ત્રી. (પ્રાકૃત) એ નામનું પહેલું નરક.

ઘમ્માઝ (ઘ઼મ્માઝ) ૧. [અ.] પું. ખબર આપનાર માણસ.

૨. પું. ચાડી કરનાર પુરુષ.

ઘમ્માઝી (ઘ઼મ્માઝી) ૧. [અ.] સ્ત્રી. વાત કરવી તે.

૨. સ્ત્રી. ચાડી.

ઘયડિયા (ઘયડ઼િયા) પું. બ. વ. ઘરડાઓ; પૂર્વજો.

ઘયડું (ઘયડ઼ું) [સં. જરઠક; પ્રા. જરઠઉ-ગરઢઉ-ગરઢો-ઘરડો] વિ. વૃદ્ધ; ઘરડું.

ઘયૂર (ઘ઼યૂર) ૧. [અ.] વિ. દેવનું એક વિશેષણ.

૨. વિ. માન કે પ્રેમની બાબતમાં અદેખું.

ઘયૂરી (ઘ઼યૂરી) [અ.] સ્ત્રી. અદેખાઈ.

ઘયેબ (ઘ઼યેબ) ૧. [અ.] વિ. અદૃશ્ય; ગુપ્ત.

૨. વિ. ખોવાયેલું.

૩. વિ. છૂપું.

૪. વિ. સંતાડેલું.

ઘયેબત (ઘ઼યેબત) ૧. [અ.] સ્ત્રી. ગુપ્તતા.

૨. સ્ત્રી. ગેરહાજરી.

ઘયેબદાન (ઘ઼યેબદાન) [અ.] પું. ગુપ્ત વાત જાણનાર માણસ; સર્વજ્ઞ.

ઘયેબી (ઘ઼યેબી) ૧. [અ.] વિ. અદૃશ્ય.

૨. વિ. ઈશ્વરદત્ત; આસમાની.

૩. વિ. ગેરહાજર.

ઘયેર (ઘ઼યેર) ૧. [અ.] પું. અજાણ્યો માણસ.

૨. વિ. જુદું; બીજું; અન્ય.

૩. વિ. સિવાય; વગરનું.

ઘર ૧. [સં. ગૃહ] ન. આવાસ; હવા, પાણી, ટાઢ, તડકો અને દુશ્મનથી બચાવ થાય એવું રહેવાનું ઠેકાણું; વાસસ્થાન; મકાન; ગૃહ; ખોલ. રાજવલ્લભમાં ઘરની જમીનની પરીક્ષા કરવા માટે કહ્યું છે કે, ઘર કરવાની જમીનમાં એક હાથ ઊંડો ખાડો ખોદવો. તે ખાડો ખોદતાં નીકળેલી માટી તે જ ખોદેલા ખાડામાં પાછી પૂરતાં ઘટે તો હીન ફળ જાણવું, ખોદેલી માટી ખાડામાં પૂરતાં તે ખાડો જમીનની સપાટી બરાબર પુરાઈ રહે તો તેનું સાધારણ ફળ જાણવું અને ખોદેલા ખાડામાંથી નીકળેલી માટી પાછી તે જ ખાડામાં પૂરતાં વધે તો લાભ થાય એમ સમજવું. પ્રાચીન સાહિત્યમાં જુદી જુદી જાતનાં ઘરનાં નામ આપવામાં આવેલાં છે. જેમકે, (અ) એક શાળવાળાં ઘર: (૧) ધ્રુવ, (૨) ધાન્ય, (૩) જય, (૪) નંદ, (૫) ખર, (૬) કાંત, (૭) મનોરમ, (૮) સુવક્ત્ર, (૯) દુર્મુખ, (૧૦) ક્રૂર, (૧૧) વિપક્ષ, (૧૨) ધનદ, (૧૩) ક્ષય, (૧૪) આક્રંદ, (૧૫) વૈપુલ, (૧૬) વિજય, (૧૭) રમ્ય, (૧૮) શ્રીધર, (૧૯) મુદિત, (૨૦) વર્ધમાન, (૨૧) કરાલ, (૨૨) સુનાભ, (૨૩) ધ્વાંક્ષ, (૨૪) સમૃદ્ધ, (૨૫) સુંદર, (૨૬) બરદ, (૨૭) ભદ્ર, (૨૮) પ્રમુખ, (૨૯) વિમુખ, (૩૦) શિવ, (૩૧) સર્વલાભ, (૩૨) વિશાળ, (૩૩) વિલક્ષ, (૩૪) અશુભ, (૩૫) ધ્વજ, (૩૬) ઉદ્યોત, (૩૭) ભીષણ, (૩૮) સૌમ્ય, (૩૯) અજિત, (૪૦) કુળનંદન, (૪૧) હંસ, (૪૨) સુલક્ષણ, (૪૩) સૌમ્ય, (૪૪) હય, (૪૫) ભાલુક, (૪૬) ઉત્તમ, (૪૭) રુચિર, (૪૮) સનત, (૪૯) ક્ષેમ. (૫૦) ક્ષેપક, (૫૧) ઉદ્ધૃત, (૫૨) વૃષ. (૫૩) ઉચ્છ્રિત, (૫૪) વ્યય, (૫૫) આનંદ, (૫૬) સુનંદ, (૫૭) અલંકૃત, (૫૮) અલંકાર, (૫૯) રમણ, (૬૦) પૂર્ણ, (૬૧) ઈશ્વર, (૬૨) પુણ્ય, (૬૩) સુગર્ભ, (૬૪) કળશ, (૬૫) દુર્ગત, (૬૬) રિક્ત, (૬૭) ઈપ્સિત, (૬૮) ભદ્રક, (૬૯) વંચિત, (૭૦) દીન, (૭૧) વિભવ, (૭૨) કામદ, (૭૩) પ્રભાવ, (૭૪) ભાવિત, (૭૫) રુકમ, (૭૬) તિલક, (૭૭) ક્રીડન, (૭૮) સૌખ્ય, (૭૯) યશોદ, (૮૦) કુમુદ, (૮૧) ભાસુર, (૮૨) ભૂષણ, (૮૩) વસુધર, (૮૪) ધાન્યનાશ, (૮૫) કુપિત, (૮૬) વિત્તવૃદ્ધિ, (૮૭) કુલસમૃદ્ધ, (૮૮) કાળ, (૮૯) ચૂડામણિ, (૯૦) પ્રભદ્ર, (૯૧) ક્ષેમ, (૯૨) શેખર, (૯૩) ઉચ્છ્રિત, (૯૪) વિશાળ, (૯૫) ભૂતાદિ, (૯૬) હૃષ્ટ, (૯૭) વિરોધ, (૯૮) કાળપાસ, (૯૯) નિરામય, (૧૦૦) સુશાળ, (૧૦૧) રૌદ્ર, (૧૦૨) મેધ, (૧૦૩) મનોભવ, (૧૦૪) સુભદ્ર. (આ) બે શાળવાળાં ઘર: (૧૦૫) સિદ્ધાર્થ, (૧૦૬) યામસૂર્ય, (૧૦૭) દંડ, (૧૦૮) કાચ, (૧૦૯) ચુલ્હી, (૧૧૦) સંતત, (૧૧૧) શાંતિદ, (૧૧૨) વર્ધમાન, (૧૧૩) કુર્કુટ, (૧૧૪) સ્વસ્તિક, (૧૧૫) હંસ, (૧૧૬) વર્ધમાન, (૧૧૭) કીર્તિવિનાશ, (૧૧૮) શાંત, (૧૧૯) હર્ષણ, (૧૨૦) વિમુખ, (૧૨૧) કરાળ, (૧૨૨) વિત્ત, (૧૨૩) ચિત્ત, (૧૨૪) ધન, (૧૨૫) કાળદંડ, (૧૨૬) બંધુદ, (૧૨૭) પુત્રદ, (૧૨૮) સર્વ, (૧૨૯) કાળચક્ર, (૧૩૦) ત્રિપુર, (૧૩૧) સુંદર, (૧૩૨) નીલ, (૧૩૩) કૌટિલ, (૧૩૪) શારદ, (૧૩૫) શાસ્ત્રદ, (૧૩૬) શીળ, (૧૩૭) કોટર, (૧૩૮) સૌમ્ય, (૧૩૯) સુભદ્ર, (૧૪૦) વર્ધમાન, (૧૪૧) ક્રૂર, (૧૪૨) શ્રીધર, (૧૪૩) કામદ, (૧૪૪) પુષ્ટિદ, (૧૪૫) કીર્તિવિનાશ, (૧૪૬) શ્રીભૂષણ, (૧૪૭) શ્રીવસન, (૧૪૮) શ્રીશોભ, (૧૪૯) કીર્તિક્ષય, (૧૫૦) શ્રીધરયુગ્મ, (૧૫૧) સર્વાર્થદ, (૧૫૨) લક્ષ્મીનિવાસ, (૧૫૩) કુપિત, (૧૫૪) ઉદ્યોતક, (૧૫૫) બાહુતેજ, (૧૫૬) સુતેજ, (૧૫૭) કળહાવહ, (૧૫૮) વિશાળ, (૧૫૯) બહુનિવાસ, (૧૬૦) સુષ્ટિદ, (૧૬૧) કોપસમાન, (૧૬૨) મહાંત, (૧૬૩) મહિત, (૧૬૪) દક્ષ, (૧૬૫) કુળક્ષય, (૧૬૬) પ્રતાપવર્ધન, (૧૬૭) દિવ્ય, (૧૬૮) સુખાધિક, (૧૬૯) સૌખ્યહર, (૧૭૦) અજગત, (૧૭૧) સિંહયાન,

(૧૭૨) હસ્તિયાન, (૧૭૩) કંટક, (૧૭૪) સૂર્ય, (૧૭૫) વાસવ, (૧૭૬) પ્રાસાદ, (૧૭૭) વિમલ, (૧૭૮) વીર્યવંત, (૧૭૯) ભાસ્કર, (૧૮૦) દુંદુભ, (૧૮૧) સુતેજ, (૧૮૨) હયજ, (૧૮૩) મહાંત, (૧૮૪) ત્રૈલોક્યાડંબર, (૧૮૫) વરદ, (૧૮૬) માલીન, (૧૮૭) વિલાસ, (૧૮૮) કમળ, (૧૮૯) સુંદર, (૧૯૦) ત્રિદશ, (૧૯૧) ત્રિદશાવાસ, (૧૯૨) સુરૂપ, (૧૯૩) કુમુદ, (૧૯૪) છત્ર, (૧૯૫) પુત્રહર, (૧૯૬) કામ, (૧૯૭) હ્રસ્વભદ્ર, (૧૯૮) સ્વધન, (૧૯૯) કુબેર, (૨૦૦) પક્ષ, (૨૦૧) કામદ, (૨૦૨) જલજ, (૨૦૩) ભેષજ, (૨૦૪) ગજ, (૨૦૫) કૂપ, (૨૦૬) વિજય, (૨૦૭) જય, (૨૦૮) નિનાદ, (૨૦૯) કીર્તિજ, (૨૧૦) સકુળ, (૨૧૧) નિર્લોભ, (૨૧૨) વાસદ, (૨૧૩) કૌશલ, (૨૧૪) ઈશ્વર, (૨૧૫) વરદ, (૨૧૬) ભીમ, (૨૧૭) કુશળ, (૨૧૮) વેદબુદ્ધિ, (૨૧૯) સ્વજન, (૨૨૦) કોશદ, (૨૨૧) નીલ, (૨૨૨) વરદ, (૨૨૩) સરદ, (૨૨૪) દંડક, (૨૨૫) કાકપક્ષ, (૨૨૬) હયંનાદ, (૨૨૭) ગજનાદ, (૨૨૮) બાહુલ, (૨૨૯) કીર્તિજ, (૨૩૦) સિંહ, (૨૩૧) વૃષ, (૨૩૨) ગજ, (૨૩૩) કોશ, (૨૩૪) સુભદ્ર, (૨૩૫) માણિભદ્ર, (૨૩૬) રત્નજ, (૨૩૭) કાંચન, (૨૩૮) ભૈરવ, (૨૩૯) ભરત, (૨૪૦) નરજ, (૨૪૧) કુબેર, (૨૪૨) હસ્તિયાન, (૨૪૩) વિયાન, (૨૪૪) હયજ, (૨૪૫) કૂપજ, (૨૪૬) સાગર, (૨૪૭) ક્ષીરદ, (૨૪૮) રત્નદાયક, (૨૪૯) કોલાહલ, (૨૫૦) ગંધર્વ, (૨૫૧) ક્ષિતિભૂષણ, (૨૫૨) સર્વજ્ઞ, (૨૫૩) દર્પક, (૨૫૪) ધાન્ય, (૨૫૫) સુક્ષેત્ર, (૨૫૬) ચુલ્હી, (૨૫૭) પક્ષઘ્ન, (૨૫૮) સોમ, (૨૫૯) શંકર, (૨૬૦) વિશ્વ, (૨૬૧) રુદ્ર, (૨૬૨) સાગર, (૨૬૩) નૃપશોભિત, (૨૬૪) સૌખ્યદ, (૨૬૫) રાજાગ્ર, (૨૬૬) અસંયુત, (૨૬૭) સર્વશાંત, (૨૬૮) કુલનંદન, (૨૬૯) કલ્યાણ, (૨૭૦) સૌભાગ્યવર્ધન, (૨૭૧) આનંદ, (૨૭૨) જનશોભન, (૨૭૩) ગોવર્ધન, (૨૭૪) ત્રૈલોક્યસુંદર, (૨૭૫) શ્રીતિલક, (૨૭૬) વિષ્ણુપ્રિય, (૨૭૭) શ્રીત્રિદશ, (૨૭૮) શ્રીનિવાસ, (૨૭૯) શ્રીવત્સ, (૨૮૦) શ્રીધર, (૨૮૧) શ્રીભૂષણ, (૨૮૨) શ્રીજય, (૨૮૩) શ્રીતિલક, (૨૮૪) શ્રીવિલાસ, (૨૮૫) શ્રીતેજોદય. (ઇ) ચાર શાળવાળાં ઘર: (૨૮૬) ચંદ્ર, (૨૮૭) મલય, (૨૮૮) શોભન, (૨૮૯) સુકર્ણ, (૨૯૦) નાગેંદ્ર, (૨૯૧) ચક્ર, (૨૯૨) જયાવહ, (૨૯૩) મકરધ્વજ અને (૨૯૪) કામદ.

૧. ઘર કરતાં ઓસરી મોટી-વધે = બંધબેસતું ન હોવું તે.

૨. ઘર કહે તોડી જો ને વિવાહ કહે માંડી જો = ઘર માંડવું અને વિવાહ વરો કરવો એ કામ એવાં છે કે તેમાં અંદાજ રહે નહિ.

૩. ઘર કોચવું = (૧) ગોત્રગમન કરવું. (૨) ઘરની ભીંત ખણીને ખાતર પાડવું.

૪. ઘર ખોઈને તમાશો જોવો = પોતાનો નાશ કરવો અને મોજશોખમાં વખત ગુમાવવો.

૫. ઘર જવું = આજીવિકાનું સાધન જવું; સર્વસ્વ જવું; બહુ નુકસાન થવું; મોટી ખોટ આવવી.

૬. ઘર જવું ને ઓસરી રહેવી = હાથી જવો ને અંકુશ રહેવો; મુખ્ય વસ્તુ ચાલી જવી અને નકામી વસ્તુ બાકી રહેવી.

૭. ઘર દીકરી ને ખેતર દીકરો = ઘરની શોભા વગેરેમાં દીકરીના કરિયાવરની પેઠે માત્ર ખર્ચ જ થાય છે, જ્યારે ખેતર ઉત્પન્ન આપે છે એટલે કે દીકરાની પેઠે કમાણી કરે છે. એ ઉપરથી ઘરને દીકરી અને ખેતરને દીકરાની ઉપમા અપાય છે.

૮. ઘર ધોવું = ઘરને પાયમાલ કરવું; ઘરનો પૈસો ઉડાવી દેવો; બાપદાદાની માલમતા ઉડાવી દઈ ભિખારી થઈ જવું.

૯. ઘર પ્રમાણે બારસાખ = દેવ તેવી પૂજા; કચરાના દેવને કપાસિયાની આંખો.

૧૦. ઘર ફાડવું = કોઈ રીતે ઘરમાં દાખલ થવું; ખાતર પાડવું; ચોરી કરવા ઘરમાં પેસવું.

૧૧. ઘર ફૂંકીને તમાશો જોવો-દેખવો = ઘર બાળીને તીર્થ કરવું.

૧૨. ઘર બનાવવું = (૧) ઘર બાંધવું. (૨) ઘર સારી રીતે ચલાવવું. (૩) માળો બાંધવો.

૧૩. ઘર બાળીને-ભાંજીને-વેચીને તીરથ કરવું = (૧) ઘરની ખરાબી થાય એવું પુણ્ય કે ધર્મદાન કે વ્યાપાર કરવો. (૨) ફૂલણજી બનવું.

૧૪. ઘર ભરવું = (૧) ઘરની અંદર ચીજ વસ્તુ વગેરે લાવીને દાખલ કરવી. (૨) છોકરાં છૈયાંથી કુટુંબનો વિસ્તાર વધારવો. (૩) જેના ઉપર હક્ક નથી તેવી માલમતા એટલે પૈસોટકો લાવી પોતાના ઘરને શણગારવું; બીજાને નુકસાન કરી પોતે તાજા થવું; સામાને નુકસાન કરી પૈસોટકો, માલમતા વગેરે લાવી પોતાના ઘરને સધન કરવું. (૪) લાંચ લેવી. (૫) સ્થિતિ જમાવવી; ખૂબ કમાવું.

૧૫. ઘર ભલું ને આપણે ભલા = (૧) કોઈની આડીઅવળી લપ્પનછપ્પન ન કરતાં પોતે ભલા ને પોતાનું કામ ભલું એવી રીતે વર્તવું. ઘેરથી કામ ઉપર ને કામ કરીને પાછા વળતાં સીધા ઘર તરફ જ જનાર માણસ પોતે પોતાને વિષે વાપરે છે. (૨) બીજા કોઈના કામકાજમાં માથું ન ઘાલવું; તટસ્થ રહેવું.

૧૬. ઘર ભેગું કરવું = ઘેર પહોંચાડવું.

૧૭. ઘર ભેગું થવું = ઘેર પહોંચવું.

૧૮. ઘર માથે કરવું = ખોવાયેલી વસ્તુ મેળવવાને માટે આખું ઘર શોધી વળવું.

૧૯. ઘર માથે લેવું = (૧) કલેશ કંકાસ કરવો. (૨) મોટેથી અવાજ કરવો.

૨૦. ઘર શિર ઉપર ઉઠાવવું = (૧) ઘરની વ્યવસ્થા કરવી. (૨) ભયંકર અવાજ કરવો.

૨૧. ઘર હોડવું = ઘર ઉપર દીધેલું તાળું તોડવું.

૨૨. ઘરથી નીકળી વનમાં ગયાં ને વનમાં લાગી લાય-ઘરનાં દાઝયાં વનમાં ગયાં ને વનમાં લાગ્યો દા = કર્મ બે ડગલાં આગળનું આગળ; ચૂલામાંથી ઓલામાં પડવું.

૨૩. ઘરથી બેઘર કરવું = ઘર બહાર કાઢી મૂકવું.

૨૪. ઘરની ઘૂસ = ઘરમાંથી બહાર ન નીકળતું હોય તેવું માણસ.

૨૫. ઘરનું ગભાણ = જમીનનો જે ભાગ ઇમારતી કામ માટે ધારણ કરવામાં આવ્યો હોય તે.

૨૬. ઘરનું ઘંઘોલિયું કરવું = ઘર ઉજાડવું; ઘરની પાયમાલી કરવી.

૨૭. ઘરનું ઘંઘોલિયું થવું = પૈસેટકે પાયમાલ થવું; સારી આબરૂવાળા ઘરની લોકમાં વાત થવી. ઘંઘોલિયું એટલે નમૂનાનું કે છોકરાંને રમવાની રમતનું નાનું ઘર. જે ઘરની વ્યવસ્થા બરાબર જળવાતી ન હોય અથવા વ્યવસ્થા જાળવનાર પૂરતાં માણસ પાછળ ન હોય એવા માત્ર નામના કહેવાતા ઘરને વિષે બોલતાં તે વપરાય છે.

૨૮. ઘરનો ઓરડો-ખૂણો તપાસવો = (૧) ઘરમાં દ્રવ્ય સંબંધી તપાસ કરવો. (૨) દ્રવ્ય સંબંધી પોતાની શક્તિ જોવી.

૨૯. ઘરનો રસ્તો લેવો = ચાલ્યું જવું.

૩૦. ઘરમાં આડો વાંસ ફરવો = ઘરમાં કંઈ ખાવાપીવાનું અને સરસામાન ન હોવો; ઘરમાં માલમતા ન હોવી.

૩૧. ઘરમાં આડો વાંસ ફરે તો હાલ્લું યે નડે નહિ = ઘરમાં અન્ન ભરવાનું કે કચરાનું વાસણ પણ મળે નહિ એવી કંગાલિયત હોવી.

૩૨. ઘરમાં આવવું = (૧) ઘરમાં દાખલ થવું. (૨) મેળવવું.

૩૩. ઘરમાં ભૂત ભુસ્કા મારવા = ખાવાપીવાનું કાંઈ ન હોવું; ખાલીખમ હોવું.

૩૪. ઘરમાં ભૂત ભુસ્કા મારે અને હનુમાનજી હડીઓ કાઢે = ઘરમાં કાંઈ સરસામાન કે આજીવિકાનું સાધન ન હોવું. ખાલીખમ હોવું.

૩૫. ઘરમાં રંધાવું = પ્રાપ્તિ થવી; કામ સિદ્ધ થવું; ફાયદો થવો.

૩૬. ઘરમાં શંખ વાગવો = ઘરમાં કાંઈ માલમતા ન હોવી; સરસામાન કાંઈ ન હોવો; ખાવાપીવાનુ કાંઈ ન હોવું.

૩૭. ઘરમાં હાલ્લાં અથડાવાં-ખડખડવાં = ઘરમાં ખાવાપીવાનું કાંઈ ન હોવું.

૩૮. ઘરે બેસવું = નોકરીમાંથી રુખસત મળવી.

૩૯. ઘરે બેસાડવું = નોકરીમાંથી રુખસત આપવી.

૪૦. નહિ ઘરનું કે નહિ બહારનું = ઠામઠેકાણા વગરનું; રખડાઉ.

૪૧. પાણી પીને ઘર પૂછવું = આગળથી વગર વિચારે કામ કરવું અને પછી પસ્તાવું.

૨. ન. કચેરી; કાર્યાલય; ઓફિસ.

૧. ડાક ઘર = ટપાલ ઓફિસ.

૨. તાર ઘર = તાર ઓફિસ.

૩. મોટું ઘર = જેલ; કેદખાનું.

૪. રેલ ઘર = રેલવે સ્ટેશન.

૩. ન. કોઈ વસ્તુને સગવડથી રાખવાનું ખોખા કે દાબડી જેવું સાધન; ઘરૂં; મયાન; ખોખું.

૪. ન. ખાનું; સ્થાન; અમુક મર્યાદાવાળો એકાદ વિભાગ. જેમકે, સોગઠા અથવા પેદાનું ઘર.

ઘરમાં જવું = કાંકરી ખૂડી જવી.

૫. ન. (જ્યોતિષ) ગ્રહનું જે રાશિમાં સ્થાન હોય તે; ભુવન. નવ ગ્રહ માંહેનો અમુક ગ્રહ જે અમુક રાશિ સાથે સંબંધ ધરાવતો હોય તે ગ્રહનું ઘર કહેવાય છે.

ચંદ્રમાનું ઘર સાધવું = શુકન જોવાં.

૬. ન. ઘરનાં માણસ; કુટુંબ; ગોત્ર; કુળ; વંશાન્વય; વંશ.

૧. ઊંચું ઘર = ખાનદાન કુટુંબ.

૨. ઘર અજવાળવું = કુટુંબને શોભાવવું; જેથી આખા કુટુંબની કીર્તિ વધે એવું નીકળવું.

૩. ઘર ઉખેડી નાખવું = (૧) કુટુંબનો નાશ થાય તેમ કરવું; પાછળ કોઈ રહેવા ન પામે એવી દશા કરવી; ઘર પાયમાલ કરવું. (૨) મોટું નુકસાન પહોંચે એમ કરવું.

૪. ઘર ઉઘાડું પડવું = ઘરની એબ ઉઘાડી થવી; જળવાઈ રહેતો ભરમ ઉઘાડો પડી જવો.

૫. ઘર ઉઘાડું રહેવું = વંશનુ ચાલુ રહેવું; પુત્ર થવો.

૬. ઘર ઉઘાડું રાખવું = પરણેલા થઈ સ્ત્રી સાથે રહેવું; કુટુંબ ચાલુ રહે તેમ કરવું.

૭. ઘર ઉજાળવું = (૧) કુટુંબની કીર્તિ વધારવી. (૨) ઘરનું ધંધોલિયું કરવું; ઘરનો નાશ કરવો.

૮. ઘર ઉઠાવી-ઉપાડી લેવું = નવી સ્ત્રીએ ઘરનો ભાર ઉપાડી લેવો; આખા ઘરનું કામકાજ તેમ જ વ્યવહારનું જોખમ માથે લેવું.

૯. ઘર ઊખડી જવું = (૧) કુટુંબનો નાશ થવો; નખોદ જવું; એકનુંએક સંતાન ગુજરી જવું; નિઃસંતાન થવું; વંશમાં પાછળ કોઈ વસનાર ન હોવું. (૨) મોટું નુક્સાન થવું.

૧૦. ઘર ઊઘડવું = (૧) ઘરમાં ફાયદો થવો; કલ્યાણ થવું. (૨) પરણવું. (૩) મોકળું થવું; છૂટ મળવી. (૪) સંતાન થવું.

૧૧. ઘર ઊજળું કરવું = ઘરને શોભાવવું; કુટુંબની કીર્તિ વધે એમ કરવું.

૧૨. ઘર ઊજળું થવું = ઘરની આબરૂ વધવી.

૧૩. ઘર ઊભું રહેવું = (૧) કુટુંબનો વ્યવહાર ચાલુ રહેવો. (૨) ઘરનો મોભો જળવાઈ રહેવો. (૩) ધણીનું નામ રહેવું. એથી ઊલટું ઘર ભાંગવું કે વણસવું કહેવાય છે. (૪) નુકસાનમાંથી બચી જવું. (૫) પરણવું; સ્ત્રી મળવી.

૧૪. ઘર ઊભું રાખવું = (૧) કુટુંબ ચાલુ રહે એમ કરવું. (૨) વ્યવહારને તૂટી પડતાં બચાવી લેવો.

૧૫. ઘર ખોવું-બરબાદ કરવું = ઘર અથવા કુટુંબને પાયમાલ કરવું; કુટુંબનો નાશ કરવો.

૧૬. ઘર ઘરની નોખી ઢોલકી = કપાળે કપાળે જુદી મતિ.

૧૭. ઘર ઘાલવું = (૧) ગોત્રગમન કરવું. (૨) ઘરમાં કંકાસ કરવો. (૩) ચોરી કરી નુકસાન કરવું. (૪) જામવું; જમાવટ થવી; સ્થિર થવું. (૫) જ્યાં હક્ક નથી ત્યાં માલિકી જમાવવી. (૬) પ્રવેશ કરી ઘરની ખરાબી કરવી. (૭) પ્રવેશ થવો; પ્રવેશ કરી તબિયત બગાડવી. (૮) વિશ્વાસઘાત કરવો.

૧૮. ઘર ચલાવવું = સંસાર વ્યવહાર ચલાવી લઈ બૈરાંછોકરાં વગેરેનું પોષણ કરી રૂડી રીતે દહાડા કાઢવા; નિભાવ કરવો; આજીવિકા ચલાવવી.

૧૯. ઘર જાણે પાડોશી ને કુળ જાણે વેવાઈ = અનુભવ થયો હોય એ જ ખરી બાબત જાણે.

૨૦. ઘર જોડવું = કોઈ કુટુંબની સાથે સંપસલાહ કરી વ્યવહાર ચલાવવો અને શાંતિ ભોગવવી.

૨૧. ઘર ડુબાવવું = પોતાનો અને કુટુંબનો નાશ કરવો.

૨૨. ઘર ડૂબવું = નાશ થવો.

૨૩. ઘર તક પહોંચવું = કુટુંબીઓને ગાળો કાઢવી.

૨૪. ઘર તરતુ રાખવું = ઘરનો વ્યવહાર રૂડી રીતે ચલાવતા રહેવું; ઘરનો મોભો જાળવી રાખવો.

૨૫. ઘર તૂટવું = કુટુંબમાંથી સંપ જતો રહેવો; અણબનાવ થવો; ઘરનાં માણસોના સંબંધમાં વાંધો પડવો.

૨૬. ઘર તેવી ગોત્રજ = દેવ તેવી પૂજા.

૨૭. ઘર ત્યાં વર નહિ અને વર ત્યાં ઘર નહિ = (૧) દૈવની એ ખૂબી જ છે કે એક સારૂં હોય ત્યાં બીજું ન હોય. જેમકે, ચંદનને પુષ્પ હોતાં નથી. (૨) સારૂં કુટુંબ ખોળતાં વરમાં કાંઈક કહેવાપણું મળી આવે અને વર ભણેલોગણેલો ખોળતાં કુટુંબ ગરીબ હોય.

૨૮. ઘર ફૂટવું = ઘરના માણસે સામાવાળાના પક્ષમાં જતા રહેવું અને તેને છાની માહિતી આપવી; ઘરની ગુપ્ત વાત ઘરના જ માણસે બહાર પાડવી; ઘરમાં જ ફૂટ એટલે કુસંપ થવો; કરેલા સંપમાંથી છૂટા થવું કે છૂટા પડી સામે થવું.

૨૯. ઘર ફૂટયું તેનું કર્મ ફૂટયું = જેના ઘરમાં કુસંપ થયો તેનું ભાગ્ય ફરી વળ્યું.

૩૦. ઘર ફૂટયે ઘર જાય = જ્યારે ઘરનું જ માણસ ઘરની વાત કે માહિતી સામા પક્ષવાળાને આપે ત્યારે જ ઘર નાશ પામે.

૩૧. ઘર ફૂટયે શત્રુ ફાવે = ઘરમાં કુસંપ થાય ત્યારે દુશ્મનનો જય થાય.

૩૨. ઘર ફોડવું = (૧) કુટુંબના કોઈ માણસને લાલચ આપી ઘરની છૂપી વાત જાણી લેવી; સામાવાળાના કુટુંબના એકાદ માણસને લાલચ આપી પોતાની તરફ લઈ તેનું જોર તોડવું. (૨) કોઈ પણ માણસ આવે જાય નહિ તેવો બંધ કરેલ માર્ગ ખુલ્લો કરીને ઘરમાં દાખલ થવું અથવા ઘર બહાર નીકળવું. (૩) મતલબ પાર પાડવાને શત્રુના ઘરમાં કુસંપ કરાવવો; કોઈના ઘરમાં યુક્તિથી ક્લેશ ઘાલવો.

૩૩. ઘર બગડવું-વંઠવું = (૧) કુટુંબનાં માણસ નીતિભ્રષ્ટ થવાં. (૨) ઘરની કીર્તિ ઓછી થવી; ઘર વણસવું; ઘરની ખરાબી થવી. (૩) ઘરનો નાશ થવો. (૪) ધણીનું અથવા સ્ત્રીનું મરણ પામવું.

૩૪. ઘર ખૂડવું-બેસવું-બેસી જવું = (૧) આજીવિકાનાં સાધન બંધ પડવાં. (૨) ખોટ આવવી; નુકસાન જવું. (૩) ઘેરે આરામ કરવો. (૪) નાશ થવો; પાયમાલી થવી. (૫) નોકરીચાકરી જતી રહેવી; નિરુદ્યમી થઈ પડવું. (૬) વંશની સમાપ્તિ થવી; કુળનું નિકંદન જવું; નિઃસંતાન જવું. (૭) સ્ત્રીનું મૃત્યુ થવું.

૩૫. ઘર મારવું = (૧) ઘરની ખરાબી કરવી. (૨) ઘરમાં દાખલ થઈ તે જ ઘર માંહેતું ધન હરી લેવું અથવા તે જ ઘરનાં માણસ સાથે અનીતિ કરવી; વિશ્વાસઘાત કરવો. (૩) ઘસારો કરી ઘર લૂંટવું અથવા ઘણી કીમતનું ચોરવું. (૪) પરાઈ સ્ત્રી સાથે નઠારો સંબંધ રાખવો. (૫) સત્યાનાશ વાળવો; ઊંધુંચતું કરી નાખવું.

૩૬. ઘર લાગવું = (૧) એકનો એક દીકરો મરણ પામવો. (૨) પાયમાલ થવું; નિકંદન જવુ.

૩૭. ઘર વસાવવું = (૧) કુટુંબને ઉછેરવું. (૨) ઘરને સધન કરવું. (૩) પરણીને ઘરસંસાર ચલાવવો. (૪) મકાન ખરીદવું.

૩૮. ઘર વંઠે ત્યારે ભગતડું પેસે = જ્યારે ભક્તિનો અત્યંત છંદ લાગે ત્યારે જાણવું કે સંસારનો વ્યવહાર ભાંગી પડશે, કારણકે ભક્તિ, વૈરાગ્ય અને સંસારપ્રપંચ એ એકબીજાથી વિરુદ્ધનાં છે.

૩૯. ઘર સંભાળવું-સાચવવું = પોતાને ગેરલાભ થાય નહિ એવી રીતે કામ કરવું; પોતાને નુકસાન લાગે નહિ એવી ખબરદારી રાખવી.

૪૦. ઘર સુધરે તો ગામ સુધરે = વ્યક્તિનો સુધારો તે સમષ્ટિનો સુધારો; આપ ભલા તો જગ ભલા; એક ઘર સુધરે તો પછી તેના શિક્ષણથી અને અનુકરણથી બીજાઓ પણ સુધરે, માટે પ્રથમ ઘર સુધારવું જોઈએ.

૪૧. ઘરકા ટટ્ટુ બેલ બરાબર-ઘરકી મુરઘી દાળ બરાબર = પારકી વસ્તુની કીમત વધારે અંકાવી.

૪૨. ઘરકે લોગ = સ્ત્રી; પત્ની.

૪૩. ઘરના પીરને તેલનો મલીદો = ઘરનાં માણસનું કાંઈ માન નહિ; અતિ પરિચયે અનાદર.

૪૪. ઘરનાં છૈયાં-છોકરાં ઘંટી ચાટે ને ઉપાધ્યાયને આટો = ઘરનાં માણસોને સૌથી પહેલો લાભ ન આપવો ને ઉદાર થવું; પોતે નુકસાન સહન કરી બીજાને લાભ આપવો.

૪૫. ઘરની અક્કલ = પોતાનું ડહાપણ.

૪૬. ઘરની કસર ને વહાણની સફર = કરકસરથી ધન વધે છે; કરકસર કરવાથી પૈસા થાય અથવા વહાણથી વેપાર કરવાથી પૈસા થાય.

૪૭. ઘરની ગત પરને કહેવી નહિ = ખાનગીમાં જે કાંઈ કરતાં હોઈએ તે બહાર જણાવવું નહિ.

૪૮. ઘરની વાત = સહેલું કામ.

૪૯. ઘરનું ખોડું ને બહારનું ઘોડું = પોતાનું સારૂં ન લાગે પણ પારકાનું સારૂં એટલે કીમતી લાગે; અતિ પરિચયવાળું કીમતી ન જણાય; ઘરકી કુશકી અને પરાઈ લાપશી.

૫૦. ઘરનું ઘાતકી = ઘરમાં જ નુકસાન કરે એવું; સ્વજનને જ હાનિ કરે એવું; કુળદ્રોહી.

૫૧. ઘરનું ઢાંકણ નાર = ઘરમાં શું છે, શું થાય છે, અને કેમ નભે છે તે જો સ્ત્રી હોય તો જ કોઈના જાણવામાં આવતું નથી; સ્ત્રીથી ઘરનું સંરક્ષણ કે સંગોપન થાય છે.

૫૨. ઘરનું નાક = (૧) કુટુંબની આબરૂ; શાખ; નોક. (૨) જેના વડે ઘરની આબરૂ જળવાઈ રહે તે માણસ; ઘર કે કુટુંબની શોભા કે ભૂષણરૂપ માણસ.

૫૩. ઘરનું નામ ડુબાવવું = કુટુંબને બટ્ટો લગાડવો.

૫૪. ઘરનું માણસ = (૧) વર. (૨) વહુ. (૩) વિશ્વાસુ; ખાનગી.

૫૫. ઘરનું સુખી = સારી સ્થિતિનું; ગૃહસ્થ.

૫૬. ઘરનો આદમી = (૧) કુટુંબી જન; ઘરનો માણસ. (૨) જાણીતી વ્યક્તિ. (૩) દિલોજાન દોસ્ત.

૫૭. ઘરનો-ઘરઘરનો ઉંદર = ઘરની ખાનગી વાત જાણનાર; ભોમિયો; ઘરનો જાણીતો માણસ; ઘરના મનુષ્ય જેવો ઘરની બધી હકીકત જાણનાર માણસ.

૫૮. ઘરનો ઘાણ વળવો = પાયમાલ થઈ જવું.

૫૯. ઘરનો થંભ = (૧) ઘર કે કુટુંબનો જેની ઉપર આધાર હોય એવો માણસ; જેને આધારે ઘર ચાલતું હોય તે પુરુષ; ઘરનો મુખ્ય આધાર; ઘર કે કુટુંબમાં સૌનું ભરણપોષણ કરતો હોય તે પુરુષ. (૨) ઘરનો ધણી.

૬૦. ઘરનો દીવો = જેના વડે ઘર નભતું હોય અથવા ઘરની આબરૂ શોભી રહેતી હોય તે પુરુષ; સુપુત્ર.

૬૧. ઘરનો ધોકો = હઠ ભરેલી વાત.

૬૨. ઘરનો મોભ = (૧) ઘરસૂત્ર ચલાવનારી સ્ત્રી. (૨) જેના ઉપર ઘરના વ્યવહારનો આધાર હોય તે માણસ.

૬૩. ઘરનો રોટલો બહાર ખાવો = (૧) પોતાને ઘેર જે બીજાને ખવરાવે તેની બહાર તેટલી જ સરભરા થાય. (૨) બહાર જઈને રહેવું અને ઘરમાં ખાડો પાડવો એવી મૂર્ખાઈને માટે એમ કહેવાય છે.

૬૪. ઘરમાં અંધારૂં ને આંગણે દીવો = બારણાં ઉઘાડાં ને ખાળે ડૂચા; જ્યાં દીવો કરવો જોઈએ ત્યાં નહિ અને જ્યાં ન જોઈએ ત્યાં દીવો કરવો એવો અવિવેક.

૬૫. ઘરમાં એઠાં ને બારણે બેઠાં = કામ મૂકીને તડાકા મારવાપણું.

૬૬. ઘરમાં ઓસડ ને આંખ જવાની = આળસાઈ કે બેપરવાઈની પરિસીમા.

૬૭. ઘરમાં ગોપી-ધો ઘાલવી = ઘરમાં કજિયાકંકાસ કરાવવા.

૬૮. ઘરમાં ઘોડો ઘાલવો = નુકસાન કરવું; ઘસારો આપવો.

૬૯. ઘરમાં ઘોડો ફેરવવો = (૧) ઘરમાં પણ ઘોડે બેસીને ફરવું એવી આછકલાઈ; અવિવેકની પરિસીમા. (૨) પોતાની જાતને નુકસાન કરવું.

૭૦. ઘરમાં બોલે ડોકરાં ને બહાર બોલે છોકરાં = મોટાં માણસ જેવું કરે છે અને બોલે છે તેવું જ છોકરાં શીખે છે અને બહાર જઈ તેવું જ બોલે છે.

૭૧. ઘેર ઘેર માટીના ચૂલા = કેટલીક નરસી રીતભાતમાં કે ચાલચલણમાં સઘળા લોક એકસરખા હોય છે અથવા ઘણાખરા લોક ભૂલમાં જ હોય છે.

૭૨. નીચું ઘર = હલકું કુળ.

૭૩. ભર્યુંપૂર્યું ઘર = (૧) સરસામાનથી ભરપૂર ઘર. (૨) સુખી કુટુંબ.

૭. ન. ચામડીના સૌથી ઉપરના ભાગમાં દેખાતું છિદ્ર.

૮. ન. જમીનમાં ખોદેલો ખાડો; બોડ; દર; માળો; પશુ અથવા પંખીઓને રહેવાનું સ્થાન.

૯. ન. ઝરો.

૧૦. ન. તાબો; કબજો; માલિકી.

૧. ઘર રાખવું = પોતાનું સંભાળવું; પોતાને ગેરલાભ ન થાય તેમ બોલવું કે કાર્ય કરવું.

૨. ઘરની ધોરાજી = પોતે ઉપજાવી કાઢેલ વાત.

૩. ઘરનું = (૧) પોતાના ઘર જેવું; ખાનગી. (૨) પોતાનું; આપ્ત; અંગત.

૪. ઘરનું ઘર = પોતાનું.

૧૧. ન. દેશ; સ્વદેશ; માતૃભૂમિ; જન્મભૂમિ.

૧૨. ન. પુરુષ. સ્ત્રી પોતાના પતિ માટે વાપરે છે.

૧૩. ન. બચાવ; નીકળી જવાનું બારૂં. જેમકે, તે પોતાનું ઘર રાખીને કામ કરે છે.

૧૪. ન. મનની હાલત. જેમકે, તે ઉદાસીના ઘરમાં છે.

૧૫. ન. મૂળ; કારણ; ઉત્પત્તિસ્થાન. જેમકે, ખાંડ કીડી અને માખોનું ઘર છે.

૧૬. ન. રાગ અથવા સૂરની જાત. જેમકે, તે બધા રાગનાં ઘર જાણે છે.

૧૭. ન. વાજાના સૂરનાં ખાનાં માંહેનું એકેક.

૧૮. ન. શરીરમાં ગેમૂળ ઘાલવું તે. જેમકે, તાવ ઘર કરી રહ્યો છે, રોગે શરીરમાં ઘર કર્યું છે.

ઘર કરી જવું-બેસવું-રહેવું = કાયમનું થઈ જવું; મજબૂત થઈ જવું.

૧૯. ન. સંસાર; સ્ત્રીપુરુષે સાથે જોડાઈને જીવનવ્યવહાર ચલાવવો તે.

૧. ઘર આબાદ કરવું = પરણવું.

૨. ઘર ચલાવવું-ઘરખટલો ચલાવવો = (૧) કરકસરથી અને વ્યાવહારિક નીતિરીતિથી સંસારનું ગાડું ગબડાવવું; નિભાવ કરવો; આજીવિકા ચલાવવી; ઘરનો વહીવટ કરવો. (૨) કોઈના ઘરનું ખર્ચ પૂરૂં પાડવું.

૩. ઘર માંડવું = (૧) જુદું ઘર લઈને રહેવું. (૨) પરણીને ઘરસંસાર ચલાવવો; સ્ત્રીપુરુષનો વ્યવહાર ચાલુ કરવો; સ્ત્રીપુરુષે મળીને સંસાર ચલાવવો.

૪. ઘર લઈ બેસવું = સંસારવ્યવહાર રૂડી રીતે ચલાવવો; ઘર ઉપાડી લેવા શક્તિમાન થવું.

૨૦. ન. સ્ત્રી. પુરુષ પોતાની પત્ની માટે વાપરે છે.

૧. ઘર કરવું = (૧) અનુકૂળ થઈ રહેવું; ગોઠવાઈ જવું. (૨) કાયમના ધામા નાખવા; સ્થાયી રહી તબિયત બગાડવી; રહેઠાણ કરવું; નિવાસ કરવો; જાથૂનો પ્રવેશ કરવો; જોર જમાવવું. (૩) ઘર બાંધવું; ઘર બનાવવું. (૪) ઘર ભરવું. (૫) રહેવાને માટે વગ કરવી. (૬) લગ્ન કરવું; પરણવું; સંસારસંબંધમાં જોડાવું; સ્ત્રીએ પુરુષ અને પુરુષે સ્ત્રી કરવી. (૭) સારો સંબંધ એટલે કે ઘર જેવો સંબંધ થવો.

૨. ઘર ફાટવું = (૧) ખોટ આવવી. (૨) બાળક જન્મવું.

૩. ઘર બાંધવું = (૧) પરણવું; સંસાર ચલાવવો. (૨) મકાન ચણવું.

૪. ઘર ભાંગવું = (૧) કુટુંબમાં ક્લેશ કરાવવો; સ્ત્રીપુરુષ વચ્ચે અણબનાવ થાય એમ કરવું. (૨) ઘરની ખરાબી કરવી. (૩) નિઃસંતાન થવું. (૪) પતિપત્નીમાંથી એકાદનું મરી જવું. મુખ્યત્વે સ્ત્રી મરી જાય ત્યારે વપરાય છે, કેમકે ઘર તે ઘર નથી પણ ઘરના કામકાજનો બોજો ઉપાડી લેનારી સ્ત્રી જ ઘર કહેવાય છે.

૫. ઘર સાંઢવું = સ્ત્રી એ પતિ સાથે રહી વ્યવહાર ચલાવવો.

૬. ઘર હોવું = પતિપત્ની વચ્ચે પ્રેમ અને સુમેળ હોવો.

૭. ઘરનું હાંડલું ભાંગવું = ઘરભંગ થવું; સ્ત્રી મરણ પામવી.

૮. ઘરમાં પડવું = રખાત તરીકે રહેવું.

૯. ઘરમાં પૂછી જોવું = ઘરના કોઈ માણસને અથવા બોલનારની સ્ત્રીને પૂછવું.

૧૦. ઘરમાં બેસવું = પરણવું.

૧૧. ઘરમાં બેસાડવું = (૧) પરણવું. (૨) વિધવા અગર ઊભનોરીને પત્ની તરીકે સ્વીકારવી.

૧૨. બીજું ઘર કરવું = ફરીને પરણવું.

૨૧. ન. સ્થિતિ; હાલત; શક્તિ; બલાબલ.

૧. ઘર જોઈને કામ કરવું = સ્થિતિ પ્રમાણે વર્તવું.

૨. ઘર જોવું = (૧) કન્યા આપતાં કે લેતાં ઘરની તપાસ કરવી; સારાનરસા કુટુંબ સંબંધી તપાસ કરવી. (૨) જપ્તી લેવી.

૩. ઘર તપાસવું = (૧) ઘર જોવું. (૨) પોતાની ભૂલનો વિચાર કરવો. (૩) બલાબલનો વિચાર કરવો; શક્તિ જોવી.

૪. ઘર પહોંચવું = ખર્ચ કરવાની શક્તિ હોવી.

ઘરઆંગણું **૧.** ન. અતિ પરિચયવાળું પાસેનું સ્થાન.

૨. ન. ઘર અને આંગણું.

૩. ન. ઘરનું આંગણું.

ઘરઆંગણું કરવું-કર્યા કરવું = વારંવાર ઘરમાંથી આંગણે આવીને એટલે બહાર નીકળીને માર્ગપ્રતીક્ષા કરવી; આતુર મને રાહ જોયા કરવી; પ્રિય જન હમણાં આવશે, એવી આતુરતાથી વારંવાર તેના માર્ગ તરફ જોયા કરવું.

૪. વિ. ઘર અને આંગણા જેવું; બહુ નિકટના સંબંધનું.

૫. અ. નજદીકપણે; ઘર અને આંગણું જેમ જેમ જુદાં કે દૂર નથી તેમ જુદું કે દૂર નહિ તેમ.

ઘરઉદ્યોગ પું. ગૃહઉદ્યોગ.

ઘરઉંબરિયું વિ. ઘરઘરનું; દરેક ઘરનું.

ઘરઉંબરે અ. ઘર નજીક; બહુ નજીક; છેક પાસે હોય એમ; ઘર આગળ જ.

ઘરઊજડી (ઘરઊજડ़ી) સ્ત્રી. ઘરનો નાશ કરનાર સ્ત્રી.

ઘરઊઠી **૧.** સ્ત્રી. ગૃહકંકાસ; ઘરકજિયો.

ઘરઊઠી થવી = ઘરમાંથી જ વિપરીતપણું થવું.

૨. અ. અંદરોઅંદર; માંહોમાંહે.

ઘરકજિયો પું. અંદરઅંદરનો કલેશ.

ઘરકરી [મ.] પું. કુટુંબનો વડીલ; ઘરધણી.

ઘરકવું અ. ક્રિ. ઘૂરકવું; ખીજવું; મોટા ઘાંટાથી ઠપકો આપવો.

ઘરકાજ જુઓ ઘરકામ.

ઘરકાણું **૧.** ન. ઘરનું છિદ્ર.

૧. ઘર કાણું કરવું = (૧) ઘરમાં ને ઘરમાં વ્યભિચાર કરવો. (૨) ઘરમાં ફૂટ પાડવી; ઘરના માણસને ફોડવું.

૨. ઘર કાણું થાય ત્યારે ઘરમાંનો પૂંજો રહેવો મુશ્કેલ = ઘરમાંનું એક માણસ બગડે ત્યારે આખું ઘર વણસે.

૩. ઘર કાણું હોવું = ઘરની ગુપ્ત વાત ઘરના જ કોઈ માણસે જાહેર કરવી.

૨. ન. ઘરમાં એકમત ન હોવો તે.

૩. ન. જેમાંથી ખાનગી વાતચીત બહાર જતી હોય એવું ઘર.

ઘરકામ **૧.** ન. કુટુંબનું કામકાજ.

૨. ન. ખાનગી કામ.

૩. ન. ઘરનું સાધારણ કામકાજ; પૂંજો વાળવો, વાસણ માંજવાં, રસોઈ કરવી વગેરે ઘરને લગતું કામકાજ.

ઘરકારજ ન. ઘરકામ; ગૃહકાર્ય.

ઘરકિયું ન. ઘરકીને ઠપકો દેવો તે; તાડૂકીને વારવું તે; ઘૂરકિયું; છાંછિયું.

ઘરફૂકડ (ઘરફૂકડ़) જુઓ ઘરફૂકડી.

ઘરફૂકડિયું (ઘરફૂકડ़િયું) **૧.** વિ. આખો દિવસ ઘરમાં જ રહેનાર; ઘરમાં ને ઘરમાં ભરાઈ રહેનારૂં.

૨. વિ. શરમાળ.

ઘરફૂકડી (ઘરફૂકડ़ી) **૧.** સ્ત્રી. ઘરમાં ભરાઈ બેસનાર માણસ.

૨. સ્ત્રી. ઘરમાં ભરાઈ રહેતી મરઘડી.

૩. વિ. ઘરમાં ને ઘરમાં ભરાઈ રહેનારૂં; ઘરફૂકડિયું.

૪. વિ. શરમાળ.

ઘરફૂકડીપણું (ઘરફૂકડ़ીપણું) ન. ઘરને ખૂણે ભરાઈ રહેવાનો સ્વભાવ; કૂપમંડૂકતા.

ઘરફૂકડો (ઘરફૂકડો) ૧. પું. ઘરમાં ને ઘરમાં ભરાઈ રહેવાની આદતવાળો માણસ; કૂપમંડૂક; ઘરનું ઘિલોડું.

૨. વિ. પું. બાયલો.

ઘરકેહ (ઘરકેહ) [ફા.] ન. (વહાણવટું) કડાં.

ઘરકેળવણી સ્ત્રી. ઘરમાંથી મળતું શિક્ષણ; ગૃહકેળવણી.

ઘરખટલો ૧. પું. ઘરને લગતો સરસામાન; ઘરવખરી.

૨. પું. ઘરનો કજિયો.

૩. પું. સંસારનો ભાર; સંસારવહેવારનું કામકાજ; ઘરનો કારભાર.

૪. પું. સ્ત્રી છોકરાં વગેરેનો સમૂહ; કુટુંબકબીલો.

ઘરખપ પું. ઘરગથ્થુ ઉપયોગ.

ઘરખફ્તે વિ. ઘરજોગું.

ઘરખરચ પું.; ન. ઘર ચલાવવા માટે થતું ખરચ; ખાવા પીવા અને પહેરવા ઓઢવા પાછળ થતું ખરચ; ઘરના ગુજરાન માટેનો ખર્ચ.

ઘરખરચી સ્ત્રી. ઘરના ગુજરાન માટેનો ખરચ; ઘરખરચ.

ઘરખર્ચ જુઓ ઘરખરચ.

ઘરખળે અ. ઘરને આંગણે.

ઘરખૂણિયું ૧. વિ. ઘરગથ્થુ.

૨. વિ. ઘરને ખૂણે પડી રહેલું; અપ્રસિદ્ધ.

૩. વિ. ઘરનો ખૂણો ઝાલીને બેસી રહેનાર; ઘરમાં બેસી રહેનારું; ઘેર ને ઘેર રહેનારું; ઘરફૂકડિયું.

૪. વિ. શરમાળ.

ઘરખૂણે ૧. અ. ઘરને ખૂણે; ખાનગીમાં; એકાંતમાં.

૨. અ. માંહોમાંહે; અંદરઅંદર; અંદરમેળે.

ઘરખેડ (ઘરખેડ઼) ૧. સ્ત્રી. ઘેર ખેડવા રાખેલી જમીન; ખાતેદાર પોતે જ ખેડતો હોય તે જમીન; ઘરજોત.

૨. સ્ત્રી. જમીનદારની જમીન.

૩. સ્ત્રી. દરબારી જમીન અથવા ખાતેદાર તરફથી મળેલા હક્ક પ્રમાણે ખેડવામાં આવતી જમીન.

ઘરખોદું વિ. ઘરની જ ખોદણી કરનાર; ઘરનું બગાડનાર; પોતે પોતાને નુકસાન કરે એવું.

ઘરખોયું વિ. ઘરનું ખૂએ એવી બુદ્ધિવાળું.

ઘરખોરડાં (ઘરખોરડ઼ાં) ન. બ. વ. માલમિલ્કત; સ્થાવર મિલ્કત.

ઘરગઈ સ્ત્રી. ઘરનો નાશ કરનાર સ્ત્રી.

ઘરગતુ ૧. [સં. ગૃહગત] વિ. આત્મીય; કૌટુંબિક.

૨. વિ. ખાનગી; અંદરઅંદરનું.

૩. વિ. ઘરમાંનું; બહારનું નહિ એવું; જેની ઉત્પત્તિ, બનાવટ કે વપરાશ ઘરમાં જ હોય એવું; ઘરમાં વપરાતું.

૪. વિ. બજારમાંથી નહિ પણ આડોશીપાડોશી કે સગાંસ્નેહી પાસેથી લીધેલું; ઘરઘરાઉ.

૫. વિ. વેચવા માટે નહિ કરેલું; ગૃહોપયોગી.

૬. વિ. સામાન્ય; સાધારણ.

ઘરગતું જુઓ ઘરગતુ.

ઘરગથાઉ જુઓ ઘરગતુ.

ઘરગથુ જુઓ ઘરગતુ.

ઘરગથ્થુ જુઓ ઘરગતુ.

ઘરગથ્થુવૈદક ન. સારવાર માટેના ઘરના ઉપાય; ડોશીવૈદું.

ઘરગરણું જુઓ ઘરઘરણું.

ઘરગવું અ. ક્રિ. નાતરું કરવું; બીજું ઘર કરવું; પુનર્લગ્ન કરવું.

ઘરગુતી વિ. ઘરગતુ.

ઘરગૈલ અ. ઘર દીઠ.

ઘરગોટી સ્ત્રી. ઘરમાં જમતી વખતે પહેરવાનું રેશમી કપડું; પીતાંબર; અબોટિયું.

ઘરઘથ્થુ જુઓ ઘરગતુ.

ઘરઘર ૧. ન. એ નામની એક રમત.

૨. અ. એક ઘેરથી બીજે ઘેર; ઘેરેઘેર; દરેક ઘેર.

૩. અ. ઘંટી ફેરવતાં નીકળતો અવાજ.

૪. અ. દમના રોગીને શ્વાસોચ્છ્વાસ વખતે ગળામાંથી નીકળતો અવાજ.

ઘરઘર થવું = (૧) અંતકાળનો શ્વાસ બોલવો. (૨) ઘરઘર એવો અવાજ થવો.

ઘરઘરણી સ્ત્રી. સ્ત્રી; ઘરવાળી,

રામ તણી **ઘરઘરણી** ભણીઈ,
તુહ્ય સીત કાં આણી ? સીતાહરણ

ઘરઘરણું [સં.] ન. નાતરું; પુનર્લગ્ન.

ઘરઘરવું ૧. [સં. ઘર્ઘર] અ. ક્રિ. ગળગળ અવાજ થવો.

૨. અ. ક્રિ. ઘરઘર થવું; ગળામાં ખોખરો અવાજ થવો.

૩. અ. ક્રિ. ઘરડો બોલવો; અંતકાળનો શ્વાસ બોલવો.

૪. અ. ક્રિ. (જૂ. ગુ.) ઘૂરકવું; ધમકાવવું.

ઘરઘરા (ઘ઼રઘ઼રા) ૧. [ફા.] પું. કોગળા કરવાનું ઔષધ.

૨. પું. ઘરઘર અવાજ થવાપણું.

ઘરઘરાઉ ૧. પું. ઘેર બનાવેલો માલ.

૨. પું. પોતાના ઘરના જ ઉપયોગ માટે રાખેલો માલ.

૩. વિ. જાહેર વેચાણમાં નહિ મુકાયેલું; ઘરમેળે કરાયેલું.

૪. વિ. પોતાની માલિકીનું; પોતાના ઘરની માલિકીનું.

૫. વિ. બજારમાંથી નહિ પરંતુ આડોશીપાડોશી કે સગાંસ્નેહી પાસેથી મળેલું.

૬. વિ. માંહોમાંહેનું; અંદરઅંદરનું; ખાનગી.

ઘરઘરાટ પું. ઘરઘર એવો અવાજ.

ઘરઘરેહ પું. (વહાણવટું) રોધ.

ઘરઘવું અ. ક્રિ. નાતરું કરવું; બીજું ઘર કરવું; પુનર્લગ્ન કરવું.

મા ઘરઘે ને દીકરો ચોખા ખાવા જાય = નામોશી ભરેલા કામમાં મગરૂરી લઈ આનંદ માનવો.

ઘરઘાટ ૧. પું. આત્મા; પ્રાણ.

૨. પું. ઘરની રીતભાત.

પહેલાં **ઘરઘાટ** સુધારી લે,
અનુભવથી વાત વિચારી લે. કેશવકૃતિ

ઘરઘાટી પું. ઘરનો ઘાટી; ઘરમાં રહેનાર કાયમનો પગારદાર નોકર.

ઘરઘાલુ ૧. વિ. ઉડાઉ; ખરચાળ.

૨. વિ. દગાબાજ.

૩. વિ. પોતે પોતાને જ ગેરલાભ કરે એવું; પોતે જ પોતાના ઘરની આબરૂ બગાડે એવું.

ઘરઘુરા પું. તમરું; એક જાતનું નાનું જંતુ.

ઘરઘૂસડૂ (ઘરઘૂસડ઼ૂ) [હિં.] વિ. ઘરમાં હમેશા રહેનાર; ઘરફૂકડિયું.

ઘરઘૂસિયું ૧. વિ. ઘરમાં સંતાઈ રહે એવું; ઘરમાંથી બહાર ન નીકળે એવું; ઘરમાં જ પડી રહેનાર.

૨. વિ. શરમાળ; અતડું.

ઘરઘેલું ૧. વિ. ઘર પ્રત્યે બહુ મમતાવાળું; ઘર વગર ન રહી શકે એવું.

૨. વિ. નાતરું કર્યું હોય એવું.

ઘરઘોટી સ્ત્રી. ઘરમાં જમતી વખતે પહેરવાનું રેશમી કપડું; પીતાંબર; અબોટિયું.

ઘરઘોલકિયું જુઓ ઘરઘૂસિયું.

ઘરઘોલીકું ન. જેમાં ધૂળના કૂબા બાંધીને રમાય એવી છોકરીઓની એક રમત.

ઘરચોઢણિયું વિ. કુટુંબમાં ને કુટુંબમાં આડો વ્યવહાર રાખનાર.

ઘરચોળું [સં. ગૃહ + ચોલ] ન. સ્ત્રીઓને પહેરવાનું એક જાતનું ભાતીગળ રેશમી લૂગડું; ક્લગર; બાંધણીની ચૂંદડી.

ઘરજણ્યું વિ. ઘરમાં કે કુટુંબમાં ઉત્પન્ન થયેલું.

ઘરજમાઇ ૧. પું. માથે આવી પડેલું હોય એવી બાબત.

ઘરજમાઈ થઈ પડવું = (૧) કોઈનો માલ કે પદાર્થ ઘરમાં પડી રહે અને તેનો કાંઈ બદલો ન મળવો. (૨) ઘરમાં સડ્યા કરવું; ઘરમાં નિરુપયોગી પડી રહેવું. (૩) નકામા બોજારૂપ થઈ પડવું; માથે પડવું.

૨. [સં. ગૃહ જામાતૃક; પ્રા. ઘરજામાઉય] પું. સાસરાના ઘરમાં જઈ રહેલો પુરુષ; સાસરામાં સંસાર માંડીને રહેલો પુરુષ.

ઘરજુગત સ્ત્રી. ઘર સંબંધી કરકસર.

ઘરજોગું વિ. ઘરની ખપત જેટલું; ઘરમાં જોઈએ તેટલું.

ઘરજોત સ્ત્રી. માલિકની પોતાની ખેડ.

ઘરઝ (ઘ઼રઝ) ૧. [અ.] સ્ત્રી. ઇચ્છા; નેમ.

૨. સ્ત્રી. ગરજ; મતલબ.

૩. સ્ત્રી. તક; જરૂરિયાત.

૪. સ્ત્રી. દરકાર.

૫. સ્ત્રી. ધારણા.

૬. સ્ત્રી. ધિક્કાર.

૭. સ્ત્રી. નક્કીપણું.

૮. સ્ત્રી. હિત.

૯. અ. ટૂંકામાં.

ઘરઝમંદ (ઘ઼રઝમંદ) [અ.] વિ. મતલબી.

ઘરઝમંદી (ઘ઼રઝમંદી) [અ.] સ્ત્રી. સ્વાર્થ; મતલબ.

ઘરઝી (ઘ઼રઝી) વિ. સ્વાર્થી; મતલબી.

ઘરટલો પું. ઘરડકો; ઘરેડો; મરણ વખતે ઊપડતો શ્વાસ.

ઘરટંટો પું. ઘરકજિયો.

ઘરટી સ્ત્રી. (જૂ. ગુ.) ઘંટી.

ઉષલ મૂંસલ નીસા વાટિ,
કોલ્હૂ ઘાણી **ઘરટી** ઘાટ. લાવણ્યસમય

ઘરટીપ સ્ત્રી. ઘરની સંખ્યાની નોંધ.

ઘરડ (ઘરડ઼) ૧. [હિં.] પું. ઢોરને અપાતો ચણાનો ચારો.

૨. સ્ત્રી. આમલીની સૂકી છાલ.

૩. [સં. ઘર્ષ] સ્ત્રી. ગાડી ગાડાં વગેરેની અવર જવરને લીધે જમીનમાં પડેલી ઊંડી વાટ; ચીલો; ગરીડો.

૧. ઘરડ પડવી = નવો રસ્તો થવો.

૨. ઘરડમાં પડવું = ચાલતું થવું; શરૂ થવું; સરાણે ચડવું; હાર પડવું; ચીલે પડવું. ગાડું ઘરડમાં પડે છે ત્યારે સહેલાઈથી ચાલતું થાય તે ઉપરથી આ રૂઢિ પડી છે.

૪. સ્ત્રી. રાહ; ધારો; ચાલુ નિયમ કે ધોરણ;

૫. અ. દૃઢ મનથી.

ઘરડકો (ઘરડ઼કો) ૧. પું. અંતસમયનો શ્વાસ; મરતી વખતે જોરથી ચાલતા ટૂંકા શ્વાસનો અવાજ.

ઘરડકો બોલવો = મરતી વખતે જોરથી ચાલતા ટૂંકા શ્વાસનો અવાજ થવો.

૨. પું. ગળામાંથી નીકળતો અવાજ.

૩. પું. ઘસરકો; આંકો; લિસોટો.

ઘરડઘરડ (ઘરડ઼ઘરડ઼) અ. ઊંઘમાં નસકોરાં બોલવાથી થતો અવાજ.

ઘરડપણ (ઘરડ઼પણ) ૧. ન. ઘરડાપો; વૃદ્ધાવસ્થા.

૧. ઘરડપણ અને ગાંડપણ બરાબર = સાઠે બુદ્ધિ નાઠી.

૨. ઘરડપણનો ઘા = ઉત્તરાવસ્થામાં કોઈ નજીકના સગાના ખેદકારક મરણનો લાગેલો ફટકો.

૨. ન. મોટાઈ; ઘરડાની માફક વર્તવું કે બોલવું ચાલવું તે; ડહાપણ; ગાંભીર્ય.

૩. ન. સુધરવાની ઝાઝી આશાનો અભાવ.

ઘરડફરડ (ઘરડ઼ફરડ઼) અ. છાશ કરતાં થતો અવાજ.

ઘરડવું (ઘરડ઼વું) ૧. અ. ક્રિ. ઘરડ ઘરડ થવું; કંઠ બોલવો; ઘરેડો ચાલવો; ઘસડાતું ખેંચવું.

૨. સ. ક્રિ. ખેતરના જૂના પાકનાં મૂળિયાં કાઢવાં.

૩. સ. ક્રિ. ઘરડ ઘરડ એવો અવાજ થાય એમ ઘસવું; ખણવું; જોરથી વલુરવું; ઘવડવું.

૪. સ. ક્રિ. ચોપડવું.

ઘરડી નાખવું = ચીતરી મૂકવું; ગમે તેમ લખી નાખવું.

ઘરડાપો (ઘરડ઼ાપો) ૧. પું. ઘરડપણ; વૃદ્ધાવસ્થા; બુઢાપો; ઘડપણ.

૨. પું. ઘરડાના જેવું ડહાપણ; પીઢતા; ગાંભીર્ય.

ઘરડામું (ઘરડ઼ામું) વિ. ઘરડું દેખાય એવું; ઘરડાને યોગ્ય.

ઘરડાવરડા (ઘરડ઼ાવરડ઼ા) પું. બ. વ. બાપદાદા; પૂર્વજ; વડવા.

ઘરડાવું (ઘરડ઼ાવું) અ. ક્રિ. ઘરડું થવું.

ઘરડિયા (ઘરડ઼િયા) ૧. સ્ત્રી. એ નામની કણબીની અટક.

૨. ન. એ નામની કણબીની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ઘરડિયું (ઘરડ઼િયું) વિ. ઘરડું થયેલું; વૃદ્ધ; ઉમરે પહોંચેલું.

ઘરડિયો (ઘરડ઼િયો) ૧. પું. કાઠી ગરાસિયો.

૨. પું. કાપો; લિસોટો.

૩. પું. ગળામાંથી થતો ઘરઘર અવાજ; ગળામાંથી નીકળતો શ્વાસનો અવાજ.

૪. પું. ઘરડો માણસ; વૃદ્ધ પુરુષ.

૫. પું. ઘાસ કાપવાનું દાતરડું.

૬. પું. તળાતી વસ્તુ ફેરવવાનું લાકડાનું એક સાધન.

૭. પું. ધાર કાઢવાનો પથ્થર; સરાણ; નિસરણો.

૮. પું. વડીલ પુરુષ.

૯. પું. શેકાઈને ફૂટતા ચણાને ફોતરાં ઉખેડવા માટે ઘરડવાનું લાકડાનું પાટિયું.

ઘરડું (ઘરડ઼ું) ૧. ન. ઘર; ગૃહ; મંદિર; આવાસ.

૨. વિ. અનુભવી; જેણે ઘણી ઠોકર ખાધી હોય એવું.

ઘરડાં ગાડાં વાળે = વૃદ્ધ અનુભવી અણીને વખતે ઉપયોગી થઈ પડે; મુશ્કેલીને પ્રસંગે ઘરડાં કાંઈ બારી શોધી કાઢે.

૩. [સં. જરઠક; પ્રા. જરઢઉ-ગરઢઉ-ગરઢુ-ઘરડુ] વિ. પાકી ઉમરે પહોંચેલું; મોટી વયનું; પાકટ ઉમરનું; વૃદ્ધ; વાળ ધોળા થઈ જવા, દાંત પડી જવા, ઇંદ્રિયો નરમ પડી જવી વગેરે ઘરડપણનાં ચિહ્ન જેની ઉપર દેખાતાં હોય એવું.

૧. ઘરડા = બાપદાદા; વડીલ જનો.

૨. ઘરડાને વારે = અગાઉ.

૩. ઘરડી ગાય ગોરને આપો = બળતું ઘર કૃષ્ણાર્પણ.

૪. ઘરડી ગાય ને કોટે ડેરો-ઘરડી ગાય ને ટોકરો-ઘરડી ઘોડી ને લાલ લગામ = ઉમરમાં મોટા હોવું છતાં પોશાક વગેરે યુવાન માણસની જેમ શોભે નહિ તોપણ ભપકાબંધ રાખવાં.

૫. ઘરડું થાય એટલે ગતિ જાય = (૧) વૃદ્ધપણાને લીધે ચાલવાની શક્તિ કમી થવી. (૨) સાઠે બુદ્ધિ નાઠી.

૬. ઘરડો થાય પણ ગુલાંટ ન ભૂલે = સ્વભાવ બદલી શકાતો નથી.

૪. વિ. પાકી ગયેલું; જર્જરિત; કડણ.

૫. વિ. પુરાણું; જૂનું; ઘણાં વર્ષનું.

૬. વિ. મુખ્ય; મોટું.

૭. વિ. વડીલ; મોટું.

ઘરડુંકચ્ચર (ઘરડ઼ુંકચ્ચર) વિ. સાવ ઘરડું; બહુ મોટી ઉમરનું.

ઘરડુંખખ (ધરડુંખખ) વિ. બહુ ધરડું; સાવ ધરડું; ખખળી ગયેલું; વયોવૃદ્ધ.

ઘરડુંખંખ (ધરડુંખંખ) જુઓ ધરડુંખખ.

ઘરડુંઠચ્ચર (ધરડુંઠચ્ચર) વિ. સાવ ધરડું.

ઘરડુંપાન (ધરડુંપાન) ૧. ન. અતિ વૃદ્ધ માણસ.

૨. ન. પાકેલું પાન.

૩. વિ. વૃદ્ધ; ધરડું; ઉત્તરાવસ્થાને પ્રાપ્ત થયેલું.

ઘરડુંહાડ (ધરડુંહાડ) જુઓ ધરડુંખખ.

ઘરડેઘડપણ (ધરડેધડપણ) અ. ધડપણમાં; પાકી અવસ્થાએ; છેક વૃદ્ધાવસ્થામાં.

ઘરડેરું (ધરડેરું) ૧. ન. પૂર્વજ; બાપદાદા.

૨. ન. વૃદ્ધ અને પૂજ્ય માણસ; ગુરુજન.

૩. વિ. ધરડું; વૃદ્ધ; વડીલ.

ઘરડો (ધરડો) પું. કઢણ સપાટી ઉપર પડેલો ન ભુંસાય તેવો લાટો; ધરડિયો.

ઘરડોવરડો (ધરડોવરડો) પું. પાકટ અને પુખ્ત ઉમરનો માણસ.

ઘરણ ૧. પું. એક જાતનો જીવડો.

૨. પું. મોટો ભારે હથોડો; ધણ.

૩. ન. અડચણ; હરકત; આડખીલી; અણુગમતું એવું જે કંઈ તે; લફરૂં; કજિયાકંકાસનું કારણ.

૧. ધરણ થવું = અડચણ આવવી; ખટપટ થવી; પંચાતી આવી પડવી; તકરાર થવી; લફરૂં લાગવું.

૨. ધરણ લગાડવું = જૂઠું સમજાવી કોઈ બે જણને લડાવવા.

૩. ધરણ લાગવું = (૧) એકબીજા વચ્ચે તકરાર થવી; ખટપટ લાગવી. (૨) કામગરા માણસને માથાકૂટિયા સાથે પ્રસંગ પડવો.

૪. ધરણ વળગવું = (૧) એકબીજા વચ્ચે ખટપટ કે અણુબનાવ થવો. (૨) માથાકૂટિયા એટલે નવરા માણસે કામ કાઢી લેવાને કોઈની પાછળ લાગી તેનો સમય રોકી કંટાળો આપવો.

૪. ન. સૂર્ય અને ચંદ્રનું ઘેરાવું કે ગ્રસાવું તે; ગ્રહણ.

ધરણ વખતે સાપ કાઢવો–નીકળવો = ન કરવાને વખતે કરવા જેવું કામ કાઢવું; અણીને વખતે મુશ્કેલી ઊભી કરવી; સમય વિચાર્યા વગર સમયાનુકૂલ ન હોય એવું કામ કે ધતિંગ કાઢવું.

ઘરણઘેલું ૧. વિ. ગ્રહણ વખતે જન્મેલું.

૨. વિ. થોડું ગાંડું; દાધારંગું; અર્ધગાંડું. લોકોમાં એવી માન્યતા છે કે ગર્ભવતી સ્ત્રી જો ગ્રહણ જુએ તો તેનું છોકરું ગાંડા જેવું થાય.

૩. વિ. વહેમીલું; શંકાશીલ.

ઘરણિયા ૧. સ્ત્રી. એ નામની ભંગીની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ઘરણિયું ૧. વિ. ગ્રહણ વખતે જન્મેલું.

૨. વિ. મુશ્કેલીને વખતે ચીજ માગનાર.

ઘરણી [સં. ગૃહિણી] સ્ત્રી. ધરધણિયાણી; ગૃહિણી; સ્ત્રી; પત્ની; ધરનું કામકાજ ઉપાડી લેનાર વહુ.

અ–ધરણી = ધરધણિયાણી નહિ પરંતુ ધરની માતા.

ઘરણું ન. લાંઘણ.

ધરણું ધરવું = બારણા આગળ લાંઘવા બેસવું.

ઘરણે અ. ધરેણે; બદલે; આંટમાં

ઘરતંત્ર ન. ધરનો વહેવાર.

ઘરથાર સ્ત્રી. મકાનની જગ્યા; ધરભેણી; ધરના ઉપયોગમાં આવેલી કે આવનારી જમીન.

ઘરથાલ જુઓ ધરથાર.

ઘરથાળ જુઓ ધરથાર.

ઘરદાસી [હિં.] સ્ત્રી. ગૃહિણી; ભાર્યા; પત્ની.

ઘરદીવડો (ધરદીવડો) ૧. પું. ધરનો દીવો.

૨. પું. પુત્ર; દીકરો.

ઘરદુઆરી જુઓ ધરદ્વારી.

ઘરદેવ ૧. સ્ત્રી. એ નામની બ્રાહ્મણની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ઘરદ્વાર ૧. ન. રહેવાનું સ્થાન; રહેઠાણ.

૨. ન. રાચરચીલું.

ઘરદ્વારી ૧. [હિં.] સ્ત્રી. ધરવેરો.

૨. સ્ત્રી. દુકાનદાર અને ધરધણી નાખે એવો એક જાતનો ગેરવાજબી કર.

૩. સ્ત્રી. દુકાનદાર ઉપર લેવામાં આવતો એક જાતનો કર.

ઘરધણિયાણી ૧. ધરધણીની પત્ની; વહુ; સ્ત્રી; ધરવાળી.

૨. સ્ત્રી. ધરની મુખ્ય સ્ત્રી.

૩. સ્ત્રી. શેઠાણી; ધરની માલિક સ્ત્રી.

ઘરધણી ૧. પું. ધર ચલાવનાર મુખ્ય પુરુષ.

૨. પું. ધરનો માલિક.

ધરધણી ફીટીને પાડોશી થવું = ખરો હક્ક ગુમાવી દેવો; વ્યાજે નાણાં લઈ ઉછીના આપવા જેવું થવું.

૩. પું. પતિ; વર; સ્વામી.

૪. પું. માલિક; સ્વામી; શેઠ.

ઘરધન ન. ગ્રહધન; ગીધની જાતનું, સમળા કરતાં મોટું, મડદાંનું માંસ ખાનારૂં, બહુ ભુખાળવું, ખૂબ ઊંચે સુધી ઊડતું, રંગે કાળું ભૂખરૂં ને લાંબી ગરદનવાળું એક પક્ષી.

ઘરધવું ન. સ્ત્રીનું પુનર્લગ્ન.

ઘરધંધો પું. ધરને લગતું પરચૂરણ કામકાજ.

ઘરધાવડું (ધરધાવડું) ૧. વિ. ધરને ધાવીને રહેનારૂં; વડીલોએ મૂકેલી મિલ્કત ઉપર જીવનારૂં; ધરમાં જે કાંઈ હોય તે ઉપર આજીવિકા ચલાવનાર.

૨. વિ. નિરુદ્યમી; બેકાર; ધર સાચવીને બેસી રહેનાર.

ઘરધોણી સ્ત્રી. ધરમાં જ પોતાની જાતે અથવા તો માણસ કે નોકરચાકર પાસે લૂગડાં ધોવરાવવાં તે; ધરનાં કપડાંલત્તાં ધોવાનું કામકાજ.

ઘરનાથ [સં. ગૃહનાથ] પું. ધરધણી; પતિ; સ્વામી; ધણી.

ઘરનાર સ્ત્રી. સ્ત્રી; પત્ની.

ઘરનારી જુઓ ધરનાર.

ઘરનાળું ન. પાણી ગળાઈને જવા માટે બાંધેલું નાળું; પાણી જવાનું દ્વાર; નાકું; ગરનાળું.

ઘરની [હિં.] સ્ત્રી. સ્ત્રી; ધણિયાણી.

ઘરનું ૧. વિ. ખાનગી.

૨. વિ. પોતીકું; પોતાના ધર જેવું.

ઘરપટ્ટી સ્ત્રી. જૂના વખતમાં લેવાતો એક જાતનો ધરવેરો.

ઘરપડી (ધરપડી) પું. બારની સંખ્યા બતાવવા માટે વપરાતો એક સાંકેતિક શબ્દ.

ઘરપરિયાણ ન. કુટુંબ સાથેની મસલત.

ઘરપાઠ પું. વિદ્યાર્થીને ઘેરથી તૈયાર કરવા માટે આપેલું કામ.

ઘરપૂરતું વિ. ધરને જોઈએ તેટલું.

ઘરપ્રવેશ ૧. પું. ધરમાં પેસવું તે; ધરમાં વિધિ પ્રમાણે પ્રવેશ કરવાપણું.

૨. પું. નવા ધરમાં જઈને રહેતાં પહેલાં કરવાનો વિધિ; વાસ્તુ.

૩. પું. પરણીને આવેલી વહુનું પહેલવહેલાં ધરમાં દાખલ થવું તે.

૪. પું. લગ્ન થયા પછી વહુ પહેલી જ વાર સાસરાના ધરમાં આવે ત્યારે કરવાની એક રીત.

૫. પું. વગર રજાએ પારકા ધરમાં દાખલ થવાનો ગુનો.

ઘરફોડ (ધરફોડુ) ૧. પું. ચોર.

૨. વિ. ધર ફાડીને ચોરી કરનારૂં; ખાતર પાડનાર.

ઘરફાંત સ્ત્રી. સરકારી વસૂલાત આપવા માટે કરેલી ગોઠવણ.

ઘરફેડ (ઘરફેડ઼) સ્ત્રી. (જૂ. ગુ.) ખર્ચ; વ્યય.

એણી પરિ કીધી **ઘરફેડિ**,
ખટઈની મેડિલ નીમેડી. લાવણ્યસમય

ઘરફો ન. એક જાતનું હાથ બે હાથ ઊંચું થતું ઘાસ. તે ધોળું અને ક્યારેક રતાશ પડતું હોય છે. તેનાં ફૂલની ચમરી પીળા કે જાંબુડિયા રંગની હોય છે.

ઘરફોડ (ઘરફોડ઼) ૧. સ્ત્રી. ઘર તોડી ચોરી માટે દાખલ થવું તે.

૨. સ્ત્રી. ઘર ભાંગવું તે.

ઘરફોડિયો (ઘરફોડ઼િયો) જુઓ ઘરફાડુ.

ઘરફોડુ (ઘરફોડ઼ુ) જુઓ ઘરફાડુ.

ઘરબ ૧. [અ.] પું. પશ્ચિમ દિશા.

૨. પું. સૂર્યાસ્ત.

ઘરબંદી પું. ઘરમાં જન્મેલો ગુલામ.

ઘરબાર ૧. ન. કુટુંબકબીલો; કુટુંબ.

ઘરબાર આબાદ કરવું-વસાવવું = (૧) પરણાવવું. (૨) વહુને આણું વળાવીને તેડી આવવી.

૨. ન. ગૃહસ્થાશ્રમી જીવનનાં તમામ સાધન; ઘર, સ્ત્રી, છોકરાં, માલમિલ્કત અને રાચરચીલું વગેરે; ઘર અને ઘરને લગતું જે બધું તે.

૩. ન. ઘર તથા આંગણું.

૪. ન. ઘરકામ; કુટુંબવ્યવહાર; ઘરની જંજાળ.

૫. ન. રહેવાનું સ્થળ.

૬. ન. સ્થિર ગૃહજીવન હોવું તે; ભટકતી એકલવાઈ સ્થિતિ ન હોવી તે; કુટુંબકબીલાવાળી સ્થિતિ.

ઘરબારી ૧. પું. કુટુંબકબીલાવાળો માણસ; સંસારી; ગૃહસ્થ.

૨. પું. કુટુંબનો વડીલ.

૩. પું. મહાનુભાવ પંથના લોકોના બે માંહેનો બીજો વિભાગ. તેઓ સંસારી હોય છે.

૪. સ્ત્રી. ગૃહવ્યવસ્થા.

૫. સ્ત્રી. જાહેર જમણ; ઉજાણી.

૬. વિ. ગૃહસ્થાશ્રમી; બાળબચ્ચાંવાળું; સંસારી; કુટુંબી; પરણેલું.

ઘરબાંધણી સ્ત્રી. ઘર બાંધવાની રીત.

ઘરબી [અ.] વિ. પશ્ચિમનું; પાશ્ચાત્ય.

ઘરબૂડી સ્ત્રી. સત્યાનાશ; પાયમાલી.

ઘરબેઠાં અ. વગર રખડ્યે; ક્યાંય પણ ગયા વિના.

ઘરબેઠે ૧. અ. આરામથી.

૨. અ. ક્યાંય પણ ગયા વિના.

ઘરબેઠેની નોકરી = (૧) ટાઢા લોહીની નોકરી. (૨) પેન્શન ખાવું તે.

ઘરબોળ ૧. ન. પાયમાલી; સત્યાનાશ.

૨. વિ. ઘર બોળાઈ જાય તેવું; બહુ નુકસાનવાળું.

ઘરબોળ સાટું = ઘણો નુકસાનકારક ધંધો; જેમાં કુલ સ્થાવર જંગમ મિલ્કત વહી જતી હોય તેવો સોદો.

ઘરબોળુ વિ. ઘર કે કુટુંબને બોળી નાખનાર; ઘરબારને બેઆબરૂ કે પાયમાલ કરે એવું; કુટુંબની રાહરસમે નહિ ચાલતાં તેને હીણું લગાડે એવું.

ઘરભરણી સ્ત્રી. નવા ઘરની વાસ્તુક્રિયા.

ઘરભરુ વિ. ઘર ભરનાર; ઘરમાં લાવીને નાખનાર; ગમે ત્યાંથી ગમે તે પ્રકારે પણ ઘરમાં લાવનાર.

ઘરભંગ ૧. પું. સ્ત્રી મરવાથી ઘર ભાંગવું તે.

૨. વિ. પું. વિધુર; જેની પત્ની મરી ગઈ હોય એવો.

ઘરભાડું (ઘરભાડ઼ું) ન. મકાનમાં રહેવા બદલ આપવામાં આવતી રકમ; ઘરનું ભાડું.

ઘરભાર પું. કમાઈને કુટુંબનું પૂરૂં કરવું તે; ઘર ચલાવવા ભારે મહેનત કરીને કમાઈ લાવવું અને સૌને સંતોષવાં તે.

ઘરભીરુ વિ. બીતાં બીતાં ઘરમાં આવતું હોય એવું.

ઘરભેણી ૧. સ્ત્રી. ઇમલા કે મકાન નીચેની જમીન.

૨. સ્ત્રી. ગામની જમીન.

૩. સ્ત્રી. ઘરની જમીન.

૪. સ્ત્રી. મકાન, જમીન વગેરે સ્થાવર મિલ્કત.

૫. વિ. સ્ત્રી. ઇમારતી કામ માટે ધારણ કરવામાં આવેલ હોય એવી.

ઘરભેદુ વિ. ઘરની તમામ ખાનગી વાત જાણનાર; પોતાના ઘરનો ભેદ જાણનારૂં કે બહાર પાડી દઈ દગો દેનારૂં.

ઘરમંદિર ન. પૂજા માટે પોતાના ઘરમાં જુદો રાખેલ ભાગ.

ઘરમાર વિ. ઘરમાં ને ઘરમાં નુકસાન કરનાર.

ઘરમાલિક પું. ઘરધણી.

ઘરમાંટી પું. ઘરધણી.

નગણુઈ **ઘરમાંટી** કુણ માત્ર,
નારિઉ જાઈ જોવા જાત્ર. લાવણ્યસમય

ઘરમુખું વિ. ઘર તરફ નજર કરનાર; ઘરમાં ભરાઈ રહેનાર.

ઘરમેળ ૧. પું. ઘરનું ખરચખૂટણ લખવાનો ચોપડો.

૨. પું. ઘરમાં સૌનો સારા સ્નેહવાળો મેળાપ; એકતા; કુસંપ કે મતભેદ ન હોવાપણું; ગૃહૈક્ય.

ઘરમેળે ૧. અ. ખાનગી રીતે; ઘરમાં.

૨. અ. ઘરની અંદર મેળ મેળવી સમજાવી સમાધાન કરાતું હોય તેમ; અંદરઅંદર સમજાય તેમ; જાહેરમાં કોઈ જાણે નહિ તેમ; ઘરની રીતે; ત્રીજા પક્ષ પાસે ગયા વિના.

ઘરમેળે માંડી વાળવું = માંહોમાંહે પતાવવું.

૩. અ. દોસ્તીની રાહે; મિત્રતાની રીતે.

ઘરમોર્યું વિ. ઘર તરફ મોંવાળું કે વળેલું.

ઘરમોહ્યું વિ. ઘરમાં બેસી રહેનારૂં; ઘરમાં રહેવા ઉપર જ પ્રીતિવાળું; ઘરકૂકડિયું.

ઘરરખણી વિ. સ્ત્રી. ઘર સાચવે એવી; ઘરરખુ.

ઘરરખુ વિ. ઘરની સંભાળ રાખે એવું; પોતાનું ઘર સાચવવાની વૃત્તિવાળું.

ઘરરખુપણું ૧. ન. ઘરની સંભાળ રાખવાનો સ્વભાવ.

૨. ન. સ્થિતિચુસ્તતા; સનાતનીપણું; ચાલતી આવતી સ્થિતિમાં ફેરફાર ન કરવો એવી વૃત્તિ.

ઘરરોઈ સ્ત્રી. ઘરમાં રહી દુ:ખને લીધે રોયા કરતી સ્ત્રી.

ઘરરોયો પું. બીકણ; નામર્દ માણસ.

ઘરલ [સં. ગરલ (ઝેર)] સ્ત્રી ગરોળી, સાપ કે ઝેરી જંતુની લાળ.

ઘરવખરી [સં. ગૃહ + ઉપસ્કર] સ્ત્રી. ઘરની જંગમ મિલ્કત; ઘરની પરચૂરણ ચીજો; ઘરનું રાચરચીલું; ઘરને લગતો સરસામાન.

ઘરવખુ વિ. ઘર તરફ જેની વૃત્તિ વધારે રહેતી હોય એવા સ્વભાવનું; ઘરની ચાહનાવાળું; ઘરની તરફેણ કરનારૂં; ઘરમોહ્યું.

ઘરવટ ૧. સ્ત્રી. એક ઘરનાં હોય તેવો ગાઢ સંબંધ; ઘરપણું; ઘરોબો; પોતીકાવાટ; ગાઢ સ્નેહ.

૨. સ્ત્રી. ખાનગી કૌટુંબિક સંબંધ; એકબીજા કુટુંબો વચ્ચેનો આપલેનો વહીવટ.

૩. વિ. ઘરના જેવા સંબંધવાળું.

ઘરવડ (ઘરવડ઼) જુઓ ઘરવટ.

ઘરવડવું (ઘરવડ઼વું) ૧. સ. ક્રિ. ખંજોળવું; ઘરડવું.

૨. સ. ક્રિ. ભેળવવું; રગદોળવું.

ઘરવણાઉ ૧. વિ. ઘરગથ્થુ.

૨. વિ. ઘરના ઉપયોગ માટે ખાસ વણાવેલું; ઘેર વણેલું.

૩. વિ. પોતે જ ઉપજાવી કાઢેલું; કલ્પેલું; જોડી કાઢેલું.

ઘરવપરાશ સ્ત્રી. ઘરમાં વાપરવું તે.

ઘરવરવું જુઓ ઘરવડવું.

ઘરવરાપુર અ. ઘરનું ગુજરાન સારી રીતે ચાલે તેટલું; ઘરવરા પૂરતું.

ઘરવલું ૧. વિ. ઘર ઉપર પ્રીતિ રાખનારૂં; ઘર પ્રત્યે મમતાવાળું; ઘરરખુ.
૨. વિ. ઘરમાં જ રહેનારૂં.

ઘરવલ્લું જુઓ ઘરવલું.

ઘરવહીતરૂં જુઓ ઘરવૈતરું.

ઘરવાખરો પું. ઘરને લગતો સરસામાન; ઘરનો પરચૂરણ સામાન; રાચરચીલું.

ઘરવારા પું. બુંદેલખંડમાં આવેલ એ નામનો એક પ્રાંત.

ઘરવાલા ૧. [હિં.] પું. ઘરનો માલિક; ઘરધણી.
૨. પું. પતિ; વર.

ઘરવાલી [હિં.] સ્ત્રી. ધણિયાણી; સ્ત્રી; ઘરવાળી.

ઘરવાવ સ્ત્રી. ઘરમાં આવેલી વાવ.

ઘરવાસ ૧. [સં. ગૃહવાસ] પું. ઘર કરીને રહેવું તે; ગૃહસ્થાશ્રમ.
૨. પું. રહેઠાણ.

ઘરવાળી ૧. સ્ત્રી. ઘરધણિયાણી; ઘરના વડાની સ્ત્રી.
૨. સ્ત્રી. ઘરની માલિકી ધરાવનારી સ્ત્રી.
૩. સ્ત્રી. પત્ની; વહુ.
૪. વિ. સ્ત્રી. ઘરની માલિકી ધરાવનારી.

ઘરવાળું વિ. ગૃહસ્થાશ્રમી; જેને ઘર હોય એવું.

ઘરવાળો ૧. પું. ધણી; પતિ; ભરથાર; વર.
૨. પું. ઘરધણી; ઘરનો માલિક.
૩. પું. ઘરનો મુખ્ય પુરુષ; ઘરનો વડો.

ઘરવેરો પું. ઘર ઉપર નાખેલો વેરો; ઘર ઉપર લેવાતો કર.

ઘરવૈતરું ૧. ન. ઘરધંધો કરનાર પુરુષ કે સ્ત્રી.
૨. ન. વૈતરારૂપ ઘરકામ.
૩. વિ. ઘરધંધો કરનાર.

ઘરવૈદું ૧. ન. એ નામનું ઘરમેળે ઇલાજ કરી શકાય એ બાબતને લગતું એક વૈદકીય પુસ્તક.
૨. ન. ઘરગથ્થુ વૈદું; ઘરે થતા દવાના ઇલાજો.

ઘરવ્યવસ્થા સ્ત્રી. ઘરનો કારભાર.

ઘરશાહી વિ. ઘરના મોભા પ્રમાણેનું; ઘરની સ્થિતિને અનુસરતું.

ઘરશાંતક ન. ગ્રહશાંતિ; ગ્રહોની શાંતિને માટે કરાતી ધાર્મિક ક્રિયા.

ઘરસબીલ ન. ખેડૂતોને ઝૂંપડી બાંધવા માટે અગાઉથી આપેલી રકમ.

ઘરસરી ૧. વિ. કુટુંબવાળું; ગૃહસ્થાશ્રમી; ઘરબારવાળું; ઘરસંસારી.
૨. વિ. ઘરનું.

ઘરસંસાર ૧. પું. ગૃહસ્થાશ્રમ.
૨. પું. ઘર અને કુટુંબકબીલો.
૩. પું. સ્ત્રી, છોકરાં અને ઘરને ચલાવવાને જોઈતાં સાધન.
૪. પું. સંસારવ્યવહાર; ઘરવહેવાર.

ઘરસંસારી ૧. વિ. કુટુંબી; છૈયાંછોકરાંવાળું; બચરવાળ.
૨. વિ. ગૃહસ્થાશ્રમી; ઘરસંસારવાળું; જેણે પરણીને ઘરસંસાર માંડેલો હોય એવું.
૩. વિ. ઘરસંસારને લગતું.

ઘરસાડી (ઘરસાડ઼ી) ૧. સ્ત્રી. અબોટિયું.
૨. સ્ત્રી. સ્ત્રીઓને ઘરમાં પહેરવાનો સાડલો.

ઘરસુતારૂં ન. ગૃહસ્થાશ્રમ; ગૃહસંસાર; ઘરવાસ; ઘરસૂત્ર.

ઘરસૂત્ર ૧. [સં. ગૃહ + સૂત્ર] ન. કુટુંબ કબીલાવાળું ઘર.
૨. ન. કુટુંબકબીલો.
૩. ન. ગૃહસ્થાશ્રમ; ઘરસંસાર.
૪. ન. પત્ની; વહુ; સ્ત્રી.
૫. વિ. ઘરરૂપ.

ઘરસેવા સ્ત્રી. ઘરનાં કામકાજ તથા ફરજોનું પાલન.

ઘરંદા (ઘ઼રંદા) [ફા.] વિ. ક્રૂર; ઘાતકી.

ઘરંદાજ વિ. મોટા ઘરનું; કબીલેદાર.

ઘરાઉ વિ. અંદર અંદરનું; ખાનગી; ઘરઘરનું.

ઘરાક ૧. [સં. ગ્રાહક–ઘ્રાઅકુ–ઘરાક] પું.; ન. ખરીદનાર; ગ્રહણ કરનાર; માલ ખરીદ કરનાર માણસ.
૨. પું.; ન. ખૂબી પિછાણનાર; ગુણ રસ સમજનાર વ્યક્તિ.
૩. પું.; ન. ભોગવનાર; માણનાર માણસ.
૪. ન. મહેનત મજૂરી કરવા બદલ બીજા સાથે રાખેલ સંબંધ.

ઘરાકી ૧. [સં. ગ્રાહક (ખરીદ કરનાર)] સ્ત્રી. ઉઠાવ; ખપત; ખરીદ.
૨. સ્ત્રી. કામકાજ કરવાનો અથવા અમુક વસ્તુ ખરીદવાનો એકહથ્થુ હક્ક.
૩. સ્ત્રી. ખરીદ કરવાનો બાંધેલો વહેવાર.
૪. સ્ત્રી. ઘરાકનું નામ.
૫. સ્ત્રી. ઘરાકપણું.
૬. સ્ત્રી. દુકાન ઉપર ઘરાકોનો આવરો.
૭. સ્ત્રી. નેકનામી; પત; આબરૂ.
૮. સ્ત્રી. વકરો; વેચાણ.

ઘરાખું ન. એરિંગનો એક ભાગ.

ઘરાખો પું. ઘરવટ; ઘર જેવો સંબંધ.

ઘરાગ જુઓ ઘરાક.

ઘરાગણ સ્ત્રી. ઘરાક સ્ત્રી.

ઘરાગી જુઓ ઘરાકી.

ઘરાચાર [મ.] પું. કુટુંબના રીતરિવાજ; કુલાચાર.

ઘરાડો (ઘરાડ઼ો) પું. ટેવ; સ્વભાવ.

ઘરાણિયા ૧. વિ. કરજે લીધેલા રૂપિયાનું વ્યાજ નહિ અને ખેતરની સાંથ કે ઘરનું ભાડું નહિ એવા કરારે આપેલું.
૨. વિ. ઘરેણે અથવા ગીરો મૂકેલું.

ઘરાણિયાત વિ. ઘરેણિયાત; ઘરેણે લીધેલું.

ઘરાણિયું વિ. અવેજના સાટામાં મૂકેલું; ગીરવી; ગીરો; ઘરેણે મૂકેલું.

ઘરાણું ન. અલંકાર; ઘરેણું; દાગીનો.

ઘરાતલ વિ. ભૂતલ; સપાટ ભોંયતળિયું.

ઘરાન (ઘ઼રાન) ૧. [ફા.] પું. કુળ; પેઢી.
૨. વિ. ઘાતકી.

ઘરાબ ન. એક જાતનું વહાણ.

ઘરામત (ઘ઼રામત) ૧. [અ.] પું. કરજ; દેણું.
૨. પું. કલંક.
૩. પું. ડાઘ.
૪. પું. દંડ.
૫. પું. શરમ.

ઘરાર ૧. અ. અલબત.
૨. અ. સાત ફેરે; સાત વાર.

ઘરારા (ઘ઼રારા) ૧. [અ.] પું. કોગળા કરવાનું એક ઔષધ.
૨. [ફા.] પું. ઘરઘર અવાજ.
૩. પું. મોટો કોથળો.

ઘરારૂ વિ. ઘરનું; ઘરે તૈયાર કરાવેલું; ઘરઘરાઉ.

ઘરાળુ જુઓ ઘરારૂ.

ઘરાં ૧. ન. બ. વ. ઘર.
૨. ન. બ. વ. ઘરૂંનું બહુવચન.
૩. ન. બ. વ. વહાણના પાછલા મોરા પાસે જડવામાં આવતું ઊભું જાડું લાકડું.

ઘરાંપરાં ન. મીઠાશવાળી વાતચીત.

ઘરિયા સ્ત્રી. ધાતુ વગેરે ગાળવાની કુલ્લી.

ઘરિયાર ૧. પું. મગરમચ્છ.
૨. સ્ત્રી. ઘડિયાળ.

ઘરી [હિં.] સ્ત્રી. સમયનું એક માપ. જુઓ ઘડી.

ઘરીક (ઘ઼રીક઼) ૧. [અ.] પું. ડૂબેલો માણસ.
૨. વિ. ડૂબેલું.
૩. અ. એક ઘડી; થોડી વાર.

થરીઝ (ઘ઼રીઝ) ૧. [અ.] પું. નમ્રતા.
૨. પું. સ્વભાવ.

ઘરીઝી (ઘ઼રીઝી) ૧. [અ.] વિ. અંદરનું.
૨. વિ. કુદરતી.

ઘરીન (ઘ઼રીન) [ફા.] સ્ત્રી. જંગલ; ઝાડી.

ઘરીબ (ઘ઼રીબ) ૧. [અ.] વિ. અજાણ્યું.
૨. વિ. ગરીબ; નિર્ધન.
૩. વિ. નમ્ર; રાંક સ્વભાવવાળું.
૪. વિ. પરદેશી.
૫. વિ. વિચિત્ર.

ઘરીબખાનું (ઘ઼રીબખાનું) ૧. [ફા.] ન. ઝૂંપડી.
૨. ન. પોતાનું ઘર.

ઘરીબઘુર્બા (ઘ઼રીબઘુર્બા) [અ.] પું. બ. વ. ગરીબ માણસો.

ઘરીબનવાઝ (ઘ઼રીબનવાઝ) ૧. [ફા.] પું. ગરીબ ઉપર કૃપા કરનાર; ગરીબના બેલી.
૨. પું. મોટા અધિકારી અથવા રાજા મહારાજા માટે માનાર્થે વપરાતો શબ્દ.

ઘરીબપરવર જુઓ ઘરીબનવાઝ.

ઘરીબમાર (ઘ઼રીબમાર) ૧. [ફા.] સ્ત્રી. કમનસીબી.
૨. સ્ત્રી. ગરીબ ઉપર જુલમ.

ઘરીબી (ઘ઼રીબી) ૧. [અ.] સ્ત્રી. ગરીબાઈ.
૨. સ્ત્રી. નમ્રતા.

ઘરીવાન (ઘ઼રીવાન) [ફા.] ન. બક્ષિશ.

ઘરીસ વિ. બચરવાળ; બહોળા કુટુંબવાળું.

ઘરું ૧. [સં. ગૃહ] ન. વસ્તુ રાખવાનું લાકડા કે પતરા વગેરેનું ખોખું.
૨. વિં. કુંવારું; ઘર કર્યા વિનાનું.

ઘરૂ ૧. [સં. ગૃહ] ન. ઘર.
૨. વિ. ઘરનું; ઘરને લગતું.

ઘરૂઆ પું. બાળકોએ રમવાને બનાવેલું ઘર.

ઘરૂકવું અ. ક્રિ. ગાજવું; વાગવું.

ઘરૂણી [સં. ગૃહિણી; પ્રા. ઘરણી] સ્ત્રી. ગૃહિણી; ઘરધણિયાણી; પત્ની; સ્ત્રી.

ઘરૂબ (ઘ઼રૂબ) [અ.] પું. સૂર્યાસ્ત.

ઘરૂર (ઘ઼રૂર) [અ.] પું. અભિમાન; મગરૂરી.

ઘરૂં ન જુઓ ઘરું.

ઘરે ૧. [સં. ગ્રહ] પું. (જ્યોતિષ) ગ્રહ.
૨. અ. ઘેર; ઘરમાં.
ઘરે બેસાડવું = નોકરીમાંથી કાઢી મૂકવું; રજા આપવી.

ઘરેકુન ન. બદામી રંગની એક જાતની ફૂગ.

ઘરેડ (ઘરેડ઼) ૧. સ્ત્રી. આંકો; કૂવા ઉપરના પથ્થર ઉપર દોરડાના ઘસારાથી પડેલો ખાડો; દોરડાનો કાપો; વાટ.
૨. સ્ત્રી. કામ કરવાની રીત; ઢબ; રાહ; પ્રણાલિકા.
૩. સ્ત્રી. ઘરડ; ચીલો; ગાડી, રથ, વગેરે વાહન ચાલતાં પૈડા વડે જમીન ઉપર થયેલી નિશાની.
૪. [સં. ગ્રહ્ (લેવું)] સ્ત્રી. ટેવ; સ્વભાવ; હેવા.
૫. સ્ત્રી. રૂઢિ.
૬. સ્ત્રી. હાર; એક એકની પૂંઠે ચાલ્યા જવું તે; ઓળ.

ઘરેડિયું (ઘરેડ઼િયું) વિ. એકધારું; ચીલા ઉપર ચાલતું.

ઘરેડી (ઘરેડ઼ી) ૧. સ્ત્રી. કાપો.
૨. સ્ત્રી. ગરગડી; ગરેડી.
૩. સ્ત્રી. ઘરડ ઘરડ એમ બોલતો મરતી વખતનો શ્વાસ; ઘરેડિયો; મરતી વખતનો જોરથી ચાલતા શ્વાસનો અવાજ.

ઘરેડો (ઘરેડ઼ો) ૧. પું. ચીલો; રાહ; ઘરેડ.
૨. પું. મૃત્યુ વખતે ઘરડ ઘરડ બોલતો શ્વાસ; છેલ્લા શ્વાસથી થતો અવાજ.

ઘરેણાઉ ૧. વિ. ગીરો રાખેલું; ઘરેણે રાખેલું.
૨. વિ. ગીરો સંબંધી.

ઘરેણાઉખત ન. ગીરોખત.

ઘરેણાખત ન. ગીરોખત.

ઘરેણાબાજી સ્ત્રી. ગંજીફાનાં પાનાની એક રમત.

ઘરેણિયાત વિ. ઘરેણે લીધેલું કે આપેલું.

ઘરેણિયું વિ. અવેજના સાટામાં આંટમાં મૂકેલું કે લીધેલું; ઘરેણે મૂકેલું કે રાખેલું; ગીરવી.

ઘરેણું ન. અલંકાર; જેનાથી કોઈ સ્થળ, વસ્તુ કે વિચાર વગેરે શોભે કે સુંદર દેખાય તે; આભૂષણ; શરીરને શોભાવનાર સોના કે રૂપાનો દાગીનો.
૧. ઘરેણાં ચડાવવાં = કન્યાને ચૂંદડી ઓઢાડવી.
૨. ઘરેણાં જેવું = કીમતી; શોભારૂપ.
૩. ઘરેણાં પહેરાવવાં = શણગારવું; શોભાવવું.

ઘરેણુંગાંઠું ન. ઘરેણું ને બીજો ગઠિલો અલંકાર; દરદાગીનો.

ઘરેણે અ. આંટમાં કે સાનમાં આપેલું હોય તેમ; ગીરવી; ગીરો આપેલું કે લીધેલું હોય તેમ.
૧. ઘરેણે મૂકવું = અવેજની જામીનગીરી તરીકે આપવું; ગીરો મૂકવું.
૨. ઘરેણે લેવું = અવેજ ધીરી અવેજ લેનારની કોઈ વસ્તુ પોતાના કબજામાં રાખવી.

ઘરેબારે ૧. અ. ઘર, કુટુંબ, પૈસોટકો અને આપઅખત્યાર વગેરે સૌ પ્રાપ્ત થયું હોય તેમ; ઘરબારવાળું હોય તેમ; સંસારી સ્થિતિમાં.
૨. અ. ઘરમાં કર્તાહર્તા એટલે આપઅખત્યાર હોય તેમ; જામેલા આપઅખત્યાર સાથે.

ઘરેરવું ૧. અ. ક્રિ. ઝપાટામાં જવું.
૨. અ. ક્રિ. વધારે પડતું બોલવું.

ઘરેરાટ ૧. પું. ઘરર ઘરર એવો અવાજ.
૨. અ. આકાશમાં પાંખનો અવાજ થતો જાય તેમ.
૩. અ. એકદમ; ઝપાટાબંધ.
૪. અ. નસકોરાં બોલે એવી રીતે.

ઘરેરાટી જુઓ ઘરેડો.

ઘરેરો ૧. પું. ઘોઘરો અવાજ.
૨. પું. મરણ વખતનો મુસીબતે લેવાતા શ્વાસનો અવાજ.

ઘરેલું ૧. વિ. અંગત; ખાનગી.
૨. વિ. પાળેલું.

ઘરેવ ૧. પું. ગળાનો ઘોઘરો અવાજ.
૨. પું. લોકોનું ટોળું.

ઘરોખો પું. ઘરવટ; ઘરના જેવો સંબંધ.

ઘરોઘર અ. એક પછી એક દરેક ઘેર; ઘેરઘેર; બધે ઘેર.

ઘરોડ (ઘરોડ઼) સ્ત્રી. ઘરેડ; ચીલો.

ઘરોપું ૧. ન. ઘરના જેવો ગાઢ સંબંધ; ઘરવટ.
૨. ન. મૈત્રી; દોસ્તી; નાતો.
૩. ન. સંપ; ઐક્ય.

ઘરોપો જુઓ ઘરોપું.

ઘરોબો જુઓ ઘરોપું.

ઘરોલુ ન. રાતા દાંડલાવાળું અને બાજરી જેવાં પાંદડાંવાળું એક જાતનું ઘાસ.

ઘરોળી [સં. ગૃહગોધિકા] સ્ત્રી. ઘરની દીવાલ ઉપર ફરનારું ભૂખરા રંગનું એક નાનું પ્રાણી; ઢેઢગિલોડી; ગરોળી. એના મોંની લાળ બહુ ઝેરી કહેવાય છે.

ઘરૌંજ ન. કુટુંબ; વંશ.

ઘરૌંટ પું. ઉઝરડો.

ઘર્ક (ધ઼ર્ક઼) ૧. [અ.] ન. ડૂબવું તે
૨. વિ. ગરકાવ; તલ્લીન.
૩. વિ. ડૂબેલું.

ઘર્કાબ (ધ઼ર્કાબ) ૧. [અ.] ન. ઊંડું પાણી; પાણીનો ધૂનો.
૨. વિ. ગરકાવ; તલ્લીન.
૩. વિ. ડૂબેલું.

ઘર્કી ૧. સ્ત્રી. એક વેંત જેટલો લંગોટીનો ટુકડો.
૨. (ધ઼ર્કી) [અ.] સ્ત્રી. જળપ્રલય; પાણીની ભરતી.
૩. સ્ત્રી. નીચાણવાળી જમીન.

ઘર્ઘટ [સં.] ન. એક જાતનું માછલું.

ઘર્ઘણ પું. શ્વાસ પ્રશ્વાસમાં રોગ બતાવનારો એક જાતનો અવાજ.

ઘર્ઘર ૧. [સં.] પું. ગાડી વગેરે ચાલવાનો ઘરઘર કરતો અવાજ.
૨. પું. ગોગ્રા નદી.
૩. પું. ઘોઘરો શબ્દ.
૪. પું. ચાલતા પાણીનો અવાજ.
૫. પું. પહાડી રસ્તો; પર્વતદ્વાર.
૬. પું. હાસ્યવિનોદ.
૭. ન. ઘુવડ; ઘૂડ.
૮. ન. દ્વાર; બારણું.
૯. ન. પ્રાચીન કાળનું તાલ દેવાનું એક વાજું.
૧૦. વિ. અસ્પષ્ટ; સમજાય નહિ એવું.
૧૧. વિ. ખળખળ એવો અવાજ કરતું.

ઘર્ઘરા (ધ઼ર્ઘ઼રા) ૧. [અ.] પું. ખળખળ એવો અવાજ.
૨. [સં.] સ્ત્રી. કચૂમાઉનમાંથી નીકળી સરયૂને મળતી એક પ્રાચીન નદી; ગોગ્રા.
૩. સ્ત્રી. ગંગા નદી.
૪. સ્ત્રી. ઘૂઘરી.
૫. સ્ત્રી. વીણા નામનું વાજિંત્ર.

ઘર્ઘરિકા ૧. [સં.] સ્ત્રી. એક જાતનું વાજિંત્ર.
૨. સ્ત્રી. નાની ઘંટી.
૩. સ્ત્રી. શેકેલું અનાજ.

ઘર્ઝ (ધ઼ર્ઝ) સ્ત્રી. ગરજ; જરૂરિયાત.

ઘર્ઝમંદ (ધ઼ર્ઝમંદ) ૧. વિ. જરૂરિયાતવાળું.
૨. વિ. સ્વાર્થી.

ઘર્ઝી (ધ઼ર્ઝી) સ્ત્રી. સ્વાર્થ; પોતાનું હિત.

ઘર્નાઈ સ્ત્રી. એક જાતની નાની હોડી.

ઘર્બ (ધ઼ર્બ) ૧. [અ.] પું. પશ્ચિમ દિશા.
૨. પું. સૂર્યનું આથમવું તે.
૩. ન. જવું તે; ગમન.

ઘર્બી (ધ઼ર્બી) ૧. [અ.] વિ. પશ્ચિમનું; પશ્ચિમ દિશા સંબંધી.
૨. વિ. પશ્ચિમનું રહેવાસી.

ઘર્મ ૧. [સં.] પું. ઉકળાટ; ગરમી; ધામ; બફારો.
૨. પું. ઉનાળાનો તાપવાળો દિવસ.
૩. પું. ગાય વગેરેનું દૂધ.
૪. પું. પરસેવો; પસીનો; સ્વેદ.
૫. પું. યજ્ઞ.
૬. પું. રસ.
૭. ન. એક જાતનું યજ્ઞપાત્ર.
૮. વિ. ગરમ; તાપવાળું; પ્રદીપ્ત.

ઘર્મતાપસ પું. ઋગ્વેદના નવમા મંડલના ૧૧૪મા સૂક્તનો કર્તા એક ઋષિ.

ઘર્મદ્યુતિ ૧. [સં.] પું. આકડાનો છોડ.
૨. પું. સૂર્ય.

ઘર્મબિંદુ [સં.] ન. પસીનો; પરસેવો.

ઘર્મરશ્મિ ૧. [સં.] પું. આકડાનો છોડ.
૨. પું. સૂર્ય.

ઘર્મસૌર્ય પું. એ નામનો એક ઋગ્વેદિક ઋષિ. તેણે દશમા મંડલના ૧૮૧મા સૂક્તની ત્રીજી ઋચા બનાવી છે.

ઘર્મસ્રાવી વિ. પરસેવો લાવે એવું.

ઘર્માંત [સં.] પું. વર્ષાકાળ; ચોમાસું.

ઘર્માંબુ [સં.] ન. પરસેવો.

ઘર્માંશુ [સં.] પું. સૂર્ય.

ઘર્મોદક [સં.] ન. પરસેવો.

ઘર્રા (ધ઼ર્રા) ૧. [અ.] પું. અભિમાન; ગર્વ.
૨. પું. ઘરેડો; મરણ વખતે ગળામાંથી નીકળતો ઘરરાટીનો અવાજ.
૩. વિ. અભિમાની; મગરૂર.
૪. વિ. આડું; હઠીલું; જિદ્દી.
૫. વિ. છેતરાયેલું.
૬. વિ. તેજસ્વી; પ્રકાશમાન.

ઘર્રાઝી (ધ઼ર્રાઝી) ૧. [અ.] સ્ત્રી. અભિમાન.
૨. સ્ત્રી. બહાદુરી.

ઘર્રાન (ધ઼ર્રાન) [અ.] વિ. ઘાતકી; ક્રૂર.

ઘર્શ (ધ઼ર્શ ([ફા.] પું. ગુસ્સો.

ઘર્ષ ૧. [સં.] પું. અરસપરસ ઘસાવું તે; ઘર્ષણ; ઘસારો.
૨. પું. બોલાચાલી; તકરાર.

ઘર્ષક ન. રબ્બર.

ઘર્ષકારિણી સ્ત્રી. વેશ્યા; વ્યભિચારિણી સ્ત્રી.

ઘર્ષણ ૧. પું. શિવનાં હજાર માંહેનું એક નામ.
૨. ન. આંકો; ઉઝરડો.
૩. ન. ગમકના દશ માંહેનો એક ભેદ; ઘસીટ.
૪. ન. ઘસરકો; ઘસવું તે; ઘસારો; બે વસ્તુનું એકબીજાની સાથે અથડાવું કે ઘસાવું તે.
૫. ન. તકરાર; બોલાચાલી; રકઝક.
૬. ન. (વૈદ્યક) વ્યાધિવાળા ભાગ ઉપર ઘસવાની દવા.

ઘર્ષણકાચ પું. આંધળો કાચ; 'ગ્રાઉન્ડ ગ્લાસ'.

ઘર્ષણગુણક ન. ઘર્ષણ અને સપાટી વચ્ચેના બળનું પ્રમાણ.

ઘર્ષણનેતિ સ્ત્રી. (યોગ) યોગની એક જાતની ક્રિયા. તેમાં દેશી અથવા ચિનાઈ સૂતરનો ગ્રંથિ વિનાનો ત્રણ ચાર વેંતનો તાંતણો લઈ, તેના બંને છેડા ઉંદરપુચ્છા કરી, તેના સરખા ત્રણ વિભાગ કરી, તેને સારી રીતે વળ દઈ, દઢ મેળવી તેના ઉપર મીણ ચડાવવું. પછી એક છેડો નાસાપુટમાં નાખી તેનો બીજો છેડો મોઢા વડે બહાર કાઢવો. પછી ડાબે હાથે નાકની બહારનો છેડો પકડીને જમણે હાથે મોઢા વાટે બહાર કાઢેલા છેડાને પકડીને તે બંને હાથ હળવે હળવે હલાવી તે નેતિ વડે નાકની અંદરના ભાગનું ઘર્ષણ કરવું.

ઘર્ષણવાદ્ય [સં.] ન. ઘસાવાથી અવાજ થાય તેવું વાજિંત્ર. જેમકે, ઝાંઝ, કરતાલ.

ઘર્ષણવિદ્યુત [સં.] સ્ત્રી. બે વસ્તુના ઘસારાથી ઉત્પન્ન થતી વીજળી.

ઘર્ષણી ૧. સ્ત્રી. કાંટાવાળી કાનસ.
૨. [સં.] સ્ત્રી. હળદર.

ઘર્ષવું ૧. સ. ક્રિ. કાપવું.
૨. સ. ક્રિ. ઘસવું.

ઘર્ષિત [સં.] વિ. ઘસેલું.

ઘલઘલાવવું સ. ક્રિ. ઠપકો આપવો; ધખવું.

ઘલચગી (ધ઼લચગી) [ફા.] સ્ત્રી. રખડુ જીવન.

ઘલચો (ધ઼લચો) ૧. [અ.] પું. ગામડિયો; જંગલી માણસ.
૨. પું. રખડુ માણસ.

ઘલઢું વિ. વૃદ્ધ; ઘરડું.

ઘલઢેરું વિ. ઘરડું; વૃદ્ધ.

ઘલત (ધ઼લત) ૧. [અ.] સ્ત્રી. ભૂલ.
૨. વિ. અશુદ્ધ; ખોટું; ભૂલવાળું.
૩. વિ. અસત્ય; જૂઠું.

ઘલતગો (ધ઼લતગો) [અ.] વિ. ખોટું જાહેર કરનાર.

ઘલતગોઈ (ઘ઼લતગોઈ) [અ.] સ્ત્રી. ખોટું જાહેર કરવું તે.

ઘલતનવીસ (ઘ઼લતનવીસ) [અ.] વિ. ભૂલવાળું લખનાર.

ઘલતનામા (ઘ઼લતનામા) [અ.] ન. શુદ્ધિપત્ર.

ઘલતફેહમી (ઘ઼લતફ઼હમી) [અ.] સ્ત્રી. ખોટી સમજ; સમજફેર.

ઘલતબરદાર (ઘ઼લતબરદાર) [અ.] ન. ભૂલ ભૂંસી નાખનાર; રબ્બર.

ઘલતી (ઘ઼લતી) ૧. [અ.] સ્ત્રી. અશુદ્ધિ; ભૂલ.
૨. સ્ત્રી. ખોટું જાહેર કરવું તે.
૩. સ્ત્રી. ગેરસમજણ.
૪. સ્ત્રી. ભૂલી જવું તે; ધ્યાન બહાર જવું તે.

ઘલબા (ઘ઼લબા) ૧. [અ.] પું. ઉપરીપણું; ચડિયાતાપણું.
૨. પું. જીત; વિજય.
૩. પું. તાકાત; બળ.
૪. પું. હુમલો.

ઘલબો (ઘ઼લબો) [અ.] પું. બળવો.

ઘલાઈ જવું ૧. અ. ક્રિ. ઘણી નુકસાનીમાં આવી પડવું.
૨. અ. ક્રિ. ધીરેલાં નાણાં પાછાં ન મળે એમ થવું; નાણાં જતાં રહેવાં; લેણું ખોટું થવું.

ઘલાઝત (ઘ઼લાઝત) [અ.] સ્ત્રી. ગંદકી; બગાડ.

ઘલાત (ઘ઼લાત) ૧. [અ.] સ્ત્રી. ખોટ; નુકસાની.
૨. સ્ત્રી. વસૂલ ન આવવું તે.

ઘલાફ (ઘ઼લાફ઼) ૧. [અ.] પું. ઓશીકાની ખોળ.
૨. પું. ઘૂંઘટ.
૩. પું. રજાઈ.

ઘલામણ ૧. ન. ઘલાવવાની મજૂરી.
૨. ન. ઘલાવવું તે.

ઘલામણું ૧. ન. સંભોગનું સાધન.
૨. વિ. સંભોગ કરાવે એવું.

ઘલાવવું ૧. સ. ક્રિ. દાખલ કરાવવું; અંદર જાય એમ કરાવવું.
૨. અ. ક્રિ. સંભોગ કરાવવો.

ઘલાવું ૧. અ. ક્રિ. આવવું.
૨. અ. ક્રિ. ખોવાવું; ખોવાઈ જવું.
૩. અ. ક્રિ. ઘાલેલું અંદર ને અંદર રહેવું; ઘાલેલું ન નીકળે એમ થવું; દબાવું.
૪. અ. ક્રિ. જવું.
૫. અ. ક્રિ. દાખલ કરાવું; પરોવાવું.
૬. અ. ક્રિ. નુકસાનીમાં ફસી પડવું.
૭. અ. ક્રિ. પહેરાવું.
૮. અ. ક્રિ. પેસાડી શકાવું.

ઘલીઝ (ઘ઼લીઝ) ૧. વિ. ગંદું; અપવિત્ર; નાપાક.
૨. વિ. જાડું.

ઘલેફ (ઘ઼લેફ઼) જુઓ ઘલાફ.

ઘલેવાજ (ઘ઼લેવાજ) [ફા.] સ્ત્રી. સમડી.

ઘલોડી (ઘલોડ઼ી) ૧. સ્ત્રી. ગરોળી; એક જાતનું ઘરમાં ભીંતે ફરતું ભૂખરા રંગનું નાનું પ્રાણી; ઢેઢગરોળી.
૨. સ્ત્રી. ઘિલોડી; શાકનો એક જાતનો વેલો; જેને ઘોલાં, ઘિલોડાં કે ટિંડોરાં થાય છે તે વેલી. તેની બે જાત છે: એક કડવી અને બીજી મીઠી.

ઘલોડું (ઘલોડ઼ું) ન. ઘિલોડું; ઘોલું; ટિંડોરું. આ ફળ આંગળી જેવડું પણ ભરેલું અને લીલા રંગનું થાય છે. કડવાં ઘલોડાં અને મીઠાં ઘલોડાં એમ તેની બે જાત છે. મીઠાં ઘલોડાં શાક તરીકે વપરાય છે. સંસ્કૃતમાં તેને બિંબફળ કહે છે. આ ફળ પાકતાં બહુ જ લાલ થાય છે. હોઠની રતાશને એની ઉપમા આપે છે.

ઘલ્ત જુઓ ઘલત.

ઘલ્તા (ઘ઼લ્તા) ૧. [અ.] પું. એક જાતનું જાડું કપડું.
૨. પું. ખંજર ઉપરનું ચામડાનું મ્યાન.

ઘલ્બા (ઘ઼લ્બા) જુઓ ઘલબા.

ઘલ્લા (ઘ઼લ્લા) ૧. [અ.] પું. અનાજ.
૨. પું. જમીનની પેદાશ.
૩. પું. પૈસા રાખવાની પેટી.
૪. પું. રોજનો વકરો.

ઘલ્લાઇ (ઘ઼લ્લાઇ) [અ.] સ્ત્રી. ભાડા તરીકે અનાજ આપવું તે.

ઘલ્લાદાન (ઘ઼લ્લાદાન) પું. કોઠાર.

ઘલ્લાફરોશ (ઘ઼લ્લાફ઼રોશ) ૧. પું. અનાજનો ઈજારદાર.
૨. પું. અનાજનો વેપારી.

ઘલ્લાફરોશી (ઘ઼લ્લાફ઼રોશી) ૧. પું. અનાજનો ઈજારો.
૨. પું. અનાજનો વેપાર.

ઘવડ (ઘવડ઼) પું. એક જાતનો ચામડીનો રોગ.

ઘવડવું ૧. સ. ક્રિ. ખંજવાળવું; ખણવું; ઘસવું; નખ વડે ચેળ ભાંગે તેમ કરવું; જોરથી વલૂરવું.
૨. સ. ક્રિ. ખેંચવું; તાણવું.
૩ સ. ક્રિ. વેઠવું; સહન કરવું.

ઘવડો (ઘવડ઼ો) પું. ખૂજલી; ચેળ.

ઘવડાહટ (ઘવડ઼ાહટ) સ્ત્રી. ગભરામણ; મૂંઝવણ.

ઘવદ [હિં.] પું. અંગૂર અથવા કેળાંનો ઝૂમખો.

ઘવરાવવું ૧. સ. ક્રિ. અનાજમાં હાલરું પીલવું.
૨. સ. ક્રિ. ઘાયલ કરવું; ઈજા કરવી.

ઘવરાવું સ. ક્રિ. ઘાયલ થવું; ઈજા થવી.

ઘવલું ન. ઘાસની એક જાત. તે ઘઉંના છોડ જેટલું ઊંચું થાય છે. તેનાં પાન પણ ઘઉંના પાનને મળતાં હોય છે. તેનો છોડ લાલ પડતો પીળો દેખાય છે અને ઉપર લોળં થાય છે.

ઘવાયેલું ૧. વિ. ખોટકી ગયેલું; અટકી પડેલું.
૨. વિ. ઘાયલ થયેલું.

ઘવાવું અ. ક્રિ. ઘા પડવો; ઘાયલ થવું; જખમી થવું.

ઘવાસી જુઓ ઘવ્વાસી.

ઘવ્વાસ (ઘ઼વ્વાસ) [અ.] પું. મોતીને માટે દરિયામાં ડૂબકી મારનાર માણસ.

ઘવ્વાસી (ઘ઼વ્વાસી) [અ.] સ્ત્રી. મોતીને માટે દરિયામાં ડૂબકી મારવી તે.

ઘશ (ઘ઼શ) [અ.] સ્ત્રી. મૂર્છા; બેભાન થવું તે. ઘશ થવી = (૧) કોઈની પાછળ ગાંડું થવું. (૨) પ્રેમમાં પડવું.

ઘશમશમ (ઘ઼શમશમ) [અ.] વિ. જિદ્દી; હઠીલું.

ઘશિયું ૧. ન. દરિયાનું પાણી ખાડાઓમાં સૂકવી કરેલું મીઠું; વડાગરું મીઠું.
૨. વિ. કરકરા લોટ જેવું.

ઘશી જુઓ ઘશ.

ઘશ્યત જુઓ ઘશ.

ઘસ ૧. ન. ઠંડું.
૨. ન. જમીનમાંની મોટી ફાટ.
૩. અ. એકદમ; જલદી.

ઘસઘસ ૧. પું. નિરાંતે અને વગર ચિંતાએ ઊંઘવું તે.
૨. અ. ગાઢ ઊંઘમાં ચાલતા એકસરખા શ્વાસોચ્છ્વાસથી થતો અવાજ.

ઘસઘસાટ ૧. વિ. ગાઢ; ઘોર.
૨. વિ. ઘસઘસ એવો અવાજ કરતું.
૩. અ. ગાઢ રીતે.
૪. અ. ઘસઘસ શ્વાસ ચાલતો હોય તેમ; લસલસાટ.
૫. અ. નચિંત રીતે; નિરાંતે; નિર્ભર.

ઘસડગાડી (ઘસડ઼ગાડી) સ્ત્રી. બહુ ધીમે ચાલતું વાહન.

ઘસડપટ્ટી (ઘસડ઼પટ્ટી) સ્ત્રી. નકામી મહેનત.

ઘસડપસડ (ઘસડ઼પસડ઼) ૧. વિ. ઢીલું; પોચું.

૨. અ. જેમતેમ; ઢંગધડા વિના.

ઘસડબોજો (ઘસડ઼બોજો) પું. ભારે બ્યાધિ; મોટી ઉપાધિ.

ઘસડબોરો (ઘસડ઼બોરો) ૧. પું. કામનો બોજો; ગદ્ધામજૂરી; વૈતરૂં; વેઠ.

૨. પું. ઘસડવાનું એટલે લખવાનું કામ.

૩. પું. લખલખ કરવાની મહેનત.

ઘસડવું (ઘસડ઼વું) ૧. સ. ક્રિ. ઘસરડવું; ઘસાતું જાય એવી રીતે ખેંચવું; જમીનને અડે એવી રીતે કોઈ પદાર્થને તાણવો.

૨. સ. ક્રિ. જેમતેમ કરી ઉતાવળા ઉતાવળા લખી કાઢવું; ઝપાટાબંધ ગમે તેમ લખવું.

૩. સ. ક્રિ. પ્રાણીને તેની મરજી વિરુદ્ધ અને પદાર્થને એમને એમ ખેંચીને જોરથી તાણવો; ઢસરડવું; પકડીને લઈ જવું.

ઘસડાવું (ઘસડ઼ાવું) ૧. અ. ક્રિ. ખેંચાવું; પાછળ તણાવું.

૨. અ. ક્રિ. જોરથી જમીન સાથે ઢસરડાવું.

ઘસણ સ્ત્રી. ઘસવાની ક્રિયા.

ઘસણી સ્ત્રી. લપસી જવું તે.

ઘસણું ન. મૈથુન; સંભોગ.

ઘસત સ્ત્રી. ફોજ; લશ્કરની ટૂકડી.

ઘસતું બોલવું સ. ક્રિ. નિંદા કરવી; વાંકું બોલવું.

ઘસનાર ૧. વિ. પું. ઘસવાનું કામ કરનાર; ઘસાય એમ કરનાર.

૨. વિ. પું. પહેલ પાડનાર.

૩. વિ. પું. સાફ કરનાર; માંજનાર.

ઘસબ (ઘ઼સબ) [અ.] પું. ઉચાપત; ગોટાળો.

ઘસરકો પું. આંકો; ઉઝરડો; કોઈ પણ વસ્તુની સપાટી ઉપર જોરથી બીજી વસ્તુ ઘસાયાને લીધે પડેલો લીટો કે છેકો; કાપો; ખચકો.

ઘા ભેળો ઘસરકો = (૧) કામ અધૂરૂં રહેતું હોય તો વધારે શ્રમ લઈ પૂરૂં કરવું. (૨) ઘા મારતાં કેટલોક ભાગ કપાયા વગરનો રહી જાય તો તે પૂરો કરવા ભેગો ભેગો કાપો મારી દેવો.

ઘસરડવું (ઘસરડ઼વું) ૧. સ. ક્રિ. ઉતાવળે લખવું; જેમ તેમ કરી જલદી લખી નાખવું.

ઘસરડી નાખવું = જેમ કરવું જોઈએ તેમ નહિ પરંતુ બેદરકારીથી જેમ તેમ કરી નાખવું.

૨. સ. ક્રિ. જમીનને ઘસાતું રહે એમ ખેંચવું.

૩. સ. ક્રિ. જોરથી ઇચ્છા વિરુદ્ધ લઈ જવું.

કોર્ટમાં ઘસરડવું = દાવો કરવો; પ્રતિવાદીને કોર્ટે ચડાવવો.

ઘસરડાવું (ઘસરડ઼ાવું) ૧. અ. ક્રિ. જમીન સાથે અડકયા રહીને ખેંચાતા જવું; સપાટી ઉપર લોટાતાં લોટાતાં તણાવું.

૨. અ. ક્રિ. જોર હોય તે તરફ ખેંચાવું; તણાવું.

ઘસરડિયો (ઘસરડ઼િયો) પું. યમનો એ નામનો એક દૂત.

ઘસરડો (ઘસરડ઼ો) ૧. પું. ઉઝરડો; ઘસરડો; કાપો; છેકો.

૨. પું. વૈતરૂં; વેઠ.

ઘસરપટ્ટી ૧. સ્ત્રી. એકનું એક કામ ફરીવાર કરવું તે.

૨. સ્ત્રી. ગદ્ધામજૂરી; વેઠ.

ઘસરપસર ૧. અ. ઘસડાય અને પછડાય તેમ; ધીરૂં અને ઉતાવળું ચાલ્યા કરે તેમ; જેમતેમ; ઘસડાતુંપછડાતું.

૨. અ. પરાણે; ઇચ્છા વિરુદ્ધ.

ઘસલોષ્ટ સ્ત્રી. ઈંટની અગિયાર માંહેની એક જાત.

ઘસવાટ જુઓ ઘસારો.

ઘસવું ૧. સ. ક્રિ. અણી કાઢવી; ઘસીને ધાર ચડાવવી; ઉતારવું; સજ્જ કરવું.

૨. સ. ક્રિ. ઉખાડવું; છોલવું.

૩. સ. ક્રિ. ઉજાળવું; સાફ કરવું; ઓપ આપવો.

૪. સ. ક્રિ. ઉટકવું; માંજવું.

૫. સ. ક્રિ. એક વસ્તુને બીજી વસ્તુ ઉપર જોરથી દાબીને ફેરવવી કે ખેંચવી; ઘસાય એમ કરવું.

૬. સ. ક્રિ. કાઢી નાખવું; ભૂંસી નાખવું.

૧. ઓટલો કે ઉંબરો ઘસવો = (૧) ખુશામત કરવી. (૨) ખૂબ આવજા કરવી.

૨. કર ઘસવા; (૧) અફસોસ કરવો. (૨) નિરાશા બતાવવી.

૩. ઘસાઈ જવું = નબળા પડવું.

૪. ઘસી નાખવું = કાપી નાખવું; વાઢી નાખવું.

૫. ઘસી પીવું = (૧) અંદરઅંદર સમજી જવું; માંહોમાંહે સમાધાન કરી નાખવું. (૨) દરકાર ન રાખવી; નહિ ગણવું; નહિ લેખવવું; બેદરકાર રહેવું.

૬. ઘસીને કાપવું = (૧) પૂરેપૂરૂં માનભંગ કરવું. (૨) મૂળથી સપાટીની પાસેથી લઈને નામનિશાન રહે નહિ તેમ કાપવું.

૭. ઘસીને ગૂમડે ચોપડવું = કોઈ સ્નેહી સગું જરૂરને કે અણીને વખતે કામમાં ન આવવું.

૮. ઘસીને ના પાડવી = સાફ ના પાડવી.

૯. નાક ઘસવું = નીચું જોવું; શરમ થવી.

૧૦. હાથ ઘસવા = (૧) અફસોસ કરવો. (૨) પાછા પડવું; ભોંઠા પડવું.

૭. સ. ક્રિ. ચોળવું; મસળવું; રગડવું.

૮. સ. ક્રિ. જેમતેમ કરી લખી નાખવું.

૯. સ. ક્રિ. સંભોગ કરવો.

ઘસા ૧. પું. દીકરો.

૨. સ્ત્રી. ક્ષારવાળી ભૂમિ.

ઘસાઘસ ૧. સ્ત્રી. ખૂબ ઘસવું તે; ઘસઘસ કરવું તે; ઘસાઈ જાય એમ કરવું તે.

૨. સ્ત્રી. સામસામે એકબીજાનું ભૂંડું બોલ્યા કરવું તે; એકબીજા સામેની વિરુદ્ધતા; તકરાર; કજિયો.

ઘસાતું વિ. કડું; નિંદાવાળું; વાંકું.

ઘસાતું બોલવું = નિંદા કરવી.

ઘસામણ ૧. સ્ત્રી. ઘસારો; ઘસવાની ક્રિયા.

૨. સ્ત્રી. ઘસી આપવાનું મહેનતાણું.

ઘસામણી જુઓ ઘસામણ.

ઘસાર જુઓ ઘસારો.

ઘસારણ ૧. ન. અમુક વસ્તુને ઘસવાથી પડતી કણી, છોલ અથવા ભૂકો; ઘસાવાથી પડેલી રજ; ઘાસ.

૨. ન. ખોટ; ધક્કો; નુકસાન.

૩. ન. ઘસવાની મજૂરી; ઘસામણ.

૪. ન. ઘસાયાથી પડેલો આંકો; ઘસરકો; લિસોટો.

૫. ન. ઘસાવું તે; ઘસારો.

૬. ન. ઘસીને પીવાનું ઓસડ.

ઘસારવું ન. ઘસીને પીવા પીવરાવવાનું ઓસડ.

ઘસારો ૧. પું. કચરો; ઘસાયાનો ભૂકો; ઘસાવાથી પડેલી રજ; ઘાસ.

૨. પું. ખાધ; ખોટ; નુકસાન.

૧. ઘસારો આપવો–દેવો = (૧) ખરચ કરાવવું; (૨) નુકસાન કરવું. (૩) નુકસાન મજરે આપવું.

૨. ઘસારો પડવો–લાગવો = ખોટ આવવી; નુકસાન લાગવું.

૩. ઘસારો વેઠવો = ખરચ ખમવું; નુકસાન વેઠવું.

૩. પું. ઘસવું તે; ઘસવાની ક્રિયા; ઘસારણ.

૪. પું. ઘસાયાથી પડેલી નિશાની; આંકો; લીટો; ઘસરકો.

૫. પું. ઘસીને તૈયાર કરેલી પ્રવાહી વસ્તુ.

૬. પું. ઘસીને પાવાનું કે પીવાનું ઓસડ.

ઘસાલા (ઘ઼સાલા) ૧. [અ.] ન. જેનાથી કંઈ પણ ધોયેલું હોય તેવું ગંદું પાણી.

૨. ન. નાહવું તે; સ્નાન.

ઘસાવ ૧. પું. ઘસવું તે; ઘસારો.

૨. પું. દીકરો.

ઘસાવવું ૧. સ. ક્રિ. ઉખડાવવું; છોલાવવું.

૨. સ. ક્રિ. ઊજળું કરાવવું; ઓપ ચડાવાવવો.

૩. સ. ક્રિ. કોઈ ઘસે એમ કરાવવું.

૪. સ. ક્રિ. ખણુજ ભંગાવવી.

૫. સ. ક્રિ. ચંદન ઘસાવવું; લેપ કરાવવો.

૬. સ. ક્રિ. ચોળાવવું; મસળાવવું; માલેસ કરાવવું.

૭. સ. ક્રિ. ધાર કઢાવવી.

૮. સ. ક્રિ. ભૂકો પડાવવો.

૯. સ. ક્રિ. મંજાવવું; ઉટકાવવું.

૧૦. સ. ક્રિ. વધારાનું બહાર હોય તે ઓછું કરાવવું.

હાથ ઘસાવવા = (૧) અફસોસ કરાવવો. (૨) પાયમાલી કરવી; રખડાવવું; રઝળાવવું.

ઘસાવું ૧. અ. ક્રિ. અશક્ત થઈ જવું; દૂબળા થવું; શરીરે જીર્ણ થઈ જવું.

૨. અ. ક્રિ. એક વસ્તુ બીજી વસ્તુની ઉપર જોરથી ઘસડાવી.

૩. અ. ક્રિ. કામ આવવું; શરીરથી કે પૈસાથી બીજાને સહાય રૂપ થવું.

૪. અ. ક્રિ. ખમવું; સહન કરવું.

૫. અ. ક્રિ. ખરચમાં આવવું; પૈસાની ભીડમાં આવવું.

પૈસેટકે ઘસાવું = ગરીબાઈ આવવી.

૬. અ. ક્રિ. ઘસવાથી ઓછું થવું; ઘટવું; ઘસાઈને કમતી થવું.

૧. ઘસાતું બોલવું = આબરૂને ધક્કો પહોંચે એમ બદબોઈ કરવી; હીણું બોલવું; નિંદા કરવી.

૨. નામનિશાન ઘસાઈ જવાં = યાદગીરીનું એકેય ચિહ્ન ન રહેવું.

૩. સુખડ ઘસાય પણ કંઈ ઓરસિયો ઘસાય ? = સાળ નમે પણ નમાર ન નમે; પથ્થર કરતાં ઈંટ કુણી.

૭. અ. ક્રિ નુકસાન ભોગવવું.

ઘસિયાડો (ઘસિયાડ઼ો) જુઓ ઘસિયારો.

ઘસિયારી સ્ત્રી. ઘાસ વેચનારી સ્ત્રી.

ઘસિયારો પું. ખડવાળો; ઘાસ કાપી વેચનાર માણસ.

ઘસિયું ૧. વિ. ઊઝરડી લીધેલું; ઘસીને ઉખેડેલું.

૨. વિ. પાસાદાર ગાંગડાવાળું નહિ એવું; ભૂકો ભૂકો થઈ ગયેલું.

૧. ઘસિયું મધ = એક જાતની નાની માખીઓથી ઝાડના પોલાણમાં બનાવાયેલું મધ.

૨. ઘસિયું મીઠું = દરિયાનું પાણી ભરેલા ક્યારડા સૂકાઈ જતાં તેમાં જે મીઠું બાઝયું હોય તે ઉઝરડી લઈ એકઠું કરવામાં આવે તે. આ મીઠું ભૂકા જેવું હોવાથી ઘસિયું મીઠું કહેવાય છે.

ઘસિયો ૧. પું. ઘસવાનું કામ કરનાર માણસ.

૨. પું. દૂધથી કરમોવી થોડા ઘીમાં શેકેલો નાની નાની ગડીઓવાળો ઘઉં કે બાજરીના લોટનો ફાકવાનો ખોરાક; લોટ શેકીને કરાતી એક વાની.

ઘસીટ ૧. સ્ત્રી. (સંગીત) એક સ્વરથી બીજા સ્વર સુધી જે અંતર હોય તે બધું અંતર નાદ કે સ્વરથી પ્રકાશિત કરતાં ચાલ્યા જવું કે ચાલ્યા આવવું તે; મીંડ.

૨. સ્ત્રી. ગાયન કે રાગમાં કોઈ સૂર ધ્રુજાવી ગળામાંથી કે વાજિંત્ર ઉપર જુદી ગતિથી કાઢવાની એક ક્રિયા.

૩. સ્ત્રી. સિતારના છઠ્ઠા પરદા ઉપર એક મજરાબનો આઘાત કરી ચૌદમા કે તેથી વધારે ઓછા પરદા સુધી આંગળી એકદમ લઈ જવી તે; પ્રત્યાહત; ઘર્ષણ. તે ગમકનો એક ભેદ છે.

ઘસીને અ. ચોખ્ખી રીતે; ભાર દઈને; સાફ; સ્પષ્ટ.

ઘસુંબલી સ્ત્રી. માર મારવા અને લૂંટવા આવેલી નાની ટોળી.

ઘસેરા વિ. ઘાસ વાઢનાર.

ઘસો પું. ચીરો; કાપો.

ઘસોટિયો પું. ઘઉંના લોટને શેકી કે ઘસીને ખાંડ નાખીને બનાવેલો ખાવાનો એક પદાર્થ; ઘસિયો.

ઘસોડવું (ઘસોડ઼વું) સ. ક્રિ. ખોસવું; નાખવું.

ઘસોદર પું. નાક, મુખ અને સ્વરદ્વારની સાથે સંબંધ ધરાવતો મોઢામાંનો સ્નાયુમય પોલો ભાગ; 'ફેરિંક્સ'.

ઘસ્મર ૧. વિ. અકરાંતિયું; ખાઉધરૂં.

૨. વિ. ખરાબ; નઠારૂં.

ઘસ્ર ૧. [સં.] પું. કેસર. કેસરને ઘસવાથી એટલે ઘૂંટવાથી તેનો રંગ અસલ પીળાશવાળો નીકળે છે અથવા તે ઘસવાથી સરકી જાય છે માટે તેને ઘસ્ર કહે છે.

૨. પું. દિવસ.

૩. પું. પંદર સૂચક એક સાંકેતિક શબ્દ.

૪. વિ. હિંસક; હિંસા કરનારૂં.

ઘસ્રલોષ્ટ સ્ત્રી. ઈંટની અગિયાર માંહેની એક જાત.

ઘસ્સાલ (ઘ઼સ્સાલ) [અ.] પું. મુડદાં ધોવાનો ધંધો કરનાર માણસ.

ઘસ્સો ૧. પું. ઘસવું તે.

૨. પું. દીકરો.

ઘહ પું. સંચાર; હીલચાલ; ચળવળ.

ઘહર [હિં.] સ્ત્રી. ગર્જના.

ઘહું પું. ઘઉં.

ઘહુંવર્ણું વિ. ઘઉંના રંગનું; બદામી; ભૂરૂં.

ઘળકો પું. ગળકો; પ્રવાહીનું મોટું મોજું; રેલો.

ઘં અ. એકદમ; જલદી.

ઘંગોલ ન. એક જાતનું કમળ.

ઘંગોલવું સ. ક્રિ. કાદવવાળું કરવું; ડોળવું; બગાડવું.

ઘંઘ વિ. અનાથ; ગરીબ.

ઘંઘલ ન. ઘર; રહેઠાણ.

ઘંઘશાલા સ્ત્રી. અનાથાલય; અનાથગૃહ.

ઘંઘસ પું. જાટ લોકોનો એક પેટા વિભાગ.

ઘંઘોડી (ઘંઘોડ઼ી) સ્ત્રી. સારંગીનો ગજ.

ઘંઘોલિયું ૧. ન. ઘૂંઘટો; મોઢે માથે ઓઢવું તે.

૨. ન. કુક્કરખાનું.

૩. ન. ધૂળધાણી; વિનાશ.

૪. ન. નાનું અને અંધારાવાળું કપડાનું ઘુમ્મટદાર ઘર; ઘોઘો.

૫. ન. નાનું, માલ વગરનું જેવુંતેવું ઘર; ખરાબ ઘર; કશી પણ સગવડ વગરનું, અવ્યવસ્થિત, ગંદું અને અંધારાવાળું ઘર.

ઘંચ [હિં.] પું. ગરદન; ગ્રીવા.

ઘંટ ૧. [સં. ઘંટા] પું. આંખની ચપળતા તથા યુક્તિથી કામ લેવાનું શીખવતી આઠ અથવા વધારે રમનારની ચતુરાઈવાળી એક રમત. આ રમતમાં છોકરા ગોળ કૂંડાળામાં ઊભે પગે ઢીંચણ આગળનો ભાગ પોલો રહે એ રીતે બેસે. પછી તેમના ઢીંચણ ઉપર લુગડું ઢાંકે. દાવવાળો છોકરો કૂંડાળાની વચ્ચોવચ બેસે. દાવ લેનાર છોકરામાંથી ગમે તે એક પાસે હાથમાં ગોટીલો હોય. તે ઢાંકેલા લુગડાની અંદરથી પગના ઢીંચણ તળેથી એકબીજાને આપતાં, જે છોકરાનો લાગ ફાવે તે બહાર કાઢી દાવવાળાને મારે અને પાછો લુગડાની અંદરથી પગ તળેથી બીજા છોકરાને આપી દે, જેથી દાવવાળા છોકરાથી જણાય નહિ. જો દાવવાળો છોકરો એ ગોટીલો પકડે તો પછી મારનારને માથે દાવ આવે અને તેને વચમાં બેસવું પડે. પ્રથમનો દાવવાળો છોકરો તેને ઠેકાણે બેસે.

૨. પું. ટોકરી; મોગરી કે બીજું કંઈ પણ ઠોકતાં ઘણઘણાટ અવાજ કરે એવો કાંસાનો અગર બીજી ધાતુનો જાડી લોઢી જેવો કે ઊંધા

પ્યાલા જેવો એક આકાર. મંદિરોમાં અને દેવળોમાં કાંસાનો ઊંધા પ્યાલા જેવો ઘાટ પડથી આગળની કડીથી ઊંચે ટાંગી રાખવામાં આવે છે. એ ઘાટની અંદર અંડાકૃતિનો એક ટોકરો એટલે જીભ લબડતી રહે છે, જે પેલા ઘાટની સાથે અફળાવતાં અવાજ થાય છે.

૧. ઘરમાં ઘંટ વાગવો = ઘરમાં કાંઈ પણ ન હોવું.

૨. ઘંટ જેવું = (૧) કંજૂસ; કૃપણ. (૨) ખંધું; ધૂર્ત; બહુ જ પાકું; શઠ.

૩. ઘંટ વગાડવો = સૌ કોઈ જાણે એમ મોઢેથી જાહેર કરવું.

૪. ઘંટ વાગવો = ખપી જવું; ખાલી થઈ જવું; વપરાઈ જવું.

૩. પું. ધૂર્ત; લુચ્ચો માણસ.

૪. પું. પુરુષની જનનેંદ્રિય; લિંગ; શિશ્ન.

૫. પું. મોટી ઘંટી.

૬. સ્ત્રી. અંસજની એ નામની એક અટક.

૭. ન. એ નામની અટકનું માણસ.

૮. વિ. એ નામની અટકનું.

૯. વિ. દીપેલ; પ્રકાશેલ.

ઘંટજોડ (ઘંટજોડ઼) સ્ત્રી. હાથીની બે બાજુએ વાગતા બે ઘંટ.

ઘંટડી (ઘંટડ઼ી) [સં. ઘંટા] સ્ત્રી. છેક નાનો ઘંટ; ટણટણી; ટોકરી.

૧. ઘંટડી વગાડવી = (૧) ખાલી થવું; પૂરું થવું. (૨) ભોજન સમય થયો એમ જણાવવું. (૩) હવે કંઈ વળે નહિ; નવરા નકામા ફર્યા કરવું.

૨. ઘંટડી વાગવી = (૧) ખાલી થઈ જવું; સમાપ્ત થવું. (૨) નૈવેદ્ય અથવા ભોજનની વેળા થવી.

ઘંટડો (ઘંટડ઼ો) ૧. પું. ઘંટો; ટોકરો; મોટો ઘંટ.

૨. પું. નાની ઘંટી; ભરડવાનું સાધન.

ઘંટતનુ ન. ઘંટના આકારના શરીરનું એક પ્રાણી.

ઘંટધ્વનિ પું. ઘંટનો અવાજ.

ઘંટનાદ જુઓ ઘંટધ્વનિ.

ઘંટપુષ્પ [સં.] ન. ધતૂરાનું ફૂલ. તેનો આકાર ઘંટ જેવો હોય છે.

ઘંટમાળ સ્ત્રી. ઘંટડીઓની માળા અથવા હાર; ઘૂઘરમાળ.

ઘંટર ૧. [હિં.] પું. કલાક.

૨. પું. ઘંટ.

૩. પું. પુરુષનું લિંગ.

ઘંટરમાળ સ્ત્રી. ઘૂઘરમાળ.

ઘંટરવાળ સ્ત્રી. શિકારીનું એક વાદ્ય.

ઘંટલો ૧. પું. ઘંટીનો પથ્થર.

૨. પું. ભરડવાની થાળા વિનાની ઘંટી; નાની ઘંટી.

ઘંટવો પું. શ્વાસ નળીને ઢાંકનાર પડ.

ઘંટસ્થાન [સં.] ન. જ્યાં ઘંટ ટાંગેલ હોય તેવો મિનારાનો ભાગ.

ઘંટા ૧. પું. એક જાતનો છોડ; શણ.

૨. [હિં.] પું. કલાક; સાઠ મિનિટનો સમય.

૩. પું. કંઈ નહિ તે.

૪. પું. ધક્કો.

૫. [હિં.] પું. પુરુષનું લિંગ.

૬. સ્ત્રી. કાંસાની ઝાલર.

૭. સ્ત્રી. ઘડિયાળ.

૮. [સં.] સ્ત્રી. ઘંટ; ઘંટડી; ટોકરી.

૯. સ્ત્રી. નાગબલા વનસ્પતિ; અતિબલા.

ઘંટાક પું. એક જાતનો છોડ.

ઘંટાકર્ણ ૧. પું. એક જૈન પક્ષ. તેની સ્થાપના વિજાપુર પાસે મહુડી ગામમાં બુદ્ધિસાગરસૂરિએ કરાવી છે.

૨. પું. કાશીમાં આવેલો એ નામનો એક ધરો.

૩. પું. ઘેટું.

૪. પું. મહાદેવનો એક પ્રિય અનુચર. એ શિવના નામ સિવાય અને એનાં ગુણાનુવાદ સિવાય બીજું કંઈ સંભળાય નહિ માટે નિરંતર કાનમાં ઘંટ બાંધી રાખતો, માટે એનું આ નામ પડ્યું છે. આ ગણ મહા બળવાન અને પોતાના ભક્તની કામના પૂરનાર ગણાય છે. કેટલાક લોક એની ઉપાસના કરે છે. એની પૂજા ફાગણ સુદિ ચૌદશને દિવસે થાય છે અને તે ગણ અતિશય સુંદર હોવાને લીધે તેના પૂજનથી સૌંદર્ય પ્રાપ્ત થાય એવી માન્યતા છે.

ઘંટાકાર ૧. [સં.] પું. ઘંટના જેવો આકાર.

૨. વિ. ઘંટના જેવા આકારનું.

ઘંટાકૃતિ સ્ત્રી. ઘંટના આકારવાળી આકૃતિ.

ઘંટાઘર [હિં.] ન. ઘડિયાળમાં ડંકા વાગવાનો ટાવર; જાહેર ઉપયોગ માટે રખાતી મોટી ઘડિયાળનું ઘર.

ઘંટાતરંગ પું. એક પ્રકારનું વાદ્ય.

ઘંટાતાડ (ઘંટાતાડ઼) [સં.] પું. અમુક સમયને જણાવવા માટે ઝાલર વગાડનાર માણસ; ઘડિયાલચી.

ઘંટાતાડન (ઘંટાતાડ઼ન) [સં.] ન. ઘંટ વગાડવો તે.

ઘંટાનાદ ૧. પું. કુબેરનો એ નામનો એક મંત્રી.

૨. [સં.] પું. ઘંટનો અવાજ.

૩. પું. હંસોપનિષદ પ્રમાણે નાદના દશ માંહેનો એક પ્રકાર. તેનાથી પ્રસ્વેદ થાય છે.

ઘંટાનાદક પક્ષી ન. દક્ષિણ અમેરિકનું એ નામનું એક પક્ષી. તે એક મિનિટમાં લગભગ સાઠ વખત તીવ્ર અને ટૂંકો અવાજ કરે છે. તે ઘંટના અવાજને મળતો આવે છે.

ઘંટાપથ [સં.] પું. ગામનો અથવા શહેરમાંનો જાહેર મોટો રસ્તો; ધોરી રસ્તો; જાહેર માર્ગ; મુખ્ય રસ્તો; રાજમાર્ગ.

ઘંટાપા પું. (બૌદ્ધ) ચોરાશી માંહેનો એ નામનો એક સિદ્ધ.

ઘંટાપાટલિ [સં.] ન. એ નામનું એક વૃક્ષ; પાટલા.

ઘંટાપાણિ પું. બોધિસત્ત્વનું એક સ્વરૂપ.

ઘંટાયો પું. થાળા વગરની ઘંટી; ઘંટલો.

ઘંટારવ ૧. પું. ખણખણિયાં; ઝણઝણિયાં.

૨. [સં.] પું. ઘંટનો અવાજ; રણકો; ઘંટનો નાદ.

ઘંટાલ [સં.] ન. મીંઢળનું ઝાડ. તેનાં ફળ ટોકરાના આકારે નીચાં લટકતાં હોય છે.

ઘંટાલી ૧. સ્ત્રી. ઘંટડીઓની હાર.

૨. સ્ત્રી. મોટાં લીંબુનું ઝાડ.

ઘંટાવળી ૧. સ્ત્રી. એક જાતની મૃગયા.

૨. વિ. સ્ત્રી. સારા અવાજવાળી.

ઘંટાવળું વિ. સારા અવાજવાળું.

ઘંટાશબ્દ [સં.] પું. ઘંટડીનો અવાજ.

ઘંટાશિકાર પું. વાદ્ય વગાડી, તેથી મોહિત થઈ આવેલા પ્રાણીને મારવું તે.

ઘંટાળિયા ૧. સ્ત્રી. એ નામની ગોહિલવાડી કણબીની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ઘંટાળી [સં. ઘંટ + આવલિ (હાર)] સ્ત્રી. ઘંટડીઓની હાર; ઘંટાલી.

ઘંટિકા ૧. [સં.] સ્ત્રી. ઉપજીહ્વા; પડજીભ.

૨. સ્ત્રી. એક પ્રકારનું ઘનવાદ્ય; ઘંટડી; ટોકરી.

૩. સ્ત્રી. ઘૂઘરી.

૪. સ્ત્રી. દાઢીનો નીચલો ભાગ.

૫. સ્ત્રી. લડાઈનું એક શસ્ત્ર. તે મોટા ટોપ કે ઘંટના આકારનું બનાવી તેમાં દારૂ ભરી જાડે પાટિયે જડી દરવાજા વગેરે ઉડાડી દેવાના કામમાં અગાઉ વપરાતું.

ઘંટિયાળી સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેનાં ફૂલ ઘણાં ચળકતાં પીળા રંગનાં હોય છે.

ઘંટિયો ૧. પું. એક જાતનું પક્ષી.

૨. પું. ગોંડલ સંસ્થાનમાં આવેલ મોજીરા પાસેનો એ નામનો એક ડુંગર. તે ઘંટિયા પાણાને માટે વખણાય છે.

૩. પું. ઘંટી ટાંકનાર.

૪. પું. થાળા વગરની ઘંટી; ભરડવાની નાની ઘંટી.

ઘંટી ૧. [સં. ઘરટ્ટ] સ્ત્રી. અનાજ દળવાનું પથ્થરના બે પડવાળું એક સાધન; દળવાનું સાધન; ચક્કી.

૧. ઘરનાં છૈયાં–છોકરાં ઘંટી ચાટે ને ઉપાધ્યાયને આટો = ઘરનાં છોકરાં ભૂખે મરે અને પારકાને પક્વાન્ન આપવું; પોતે નુકસાન સહન કરી બીજાને લાભ આપવો.

૨. ઘંટી ચાટવી = ભૂખ્યા રહેવું.

૩. ઘંટી તળે આવવું = નુકસાનીમાં પડવું.

૪. ઘંટી તળે હાથ = પથ્થર તળે હાથ; મુશ્કેલીમાં હોવું તે.

૫. ઘંટી તેનાં ગીત = જેનું ખાતાં હોઈએ તેનું સારૂં બોલાય.

૬. ઘંટી ધરાવવી = ઘંટી ફેરવવાની શરૂઆત કરવી.

૭. ઘંટી પ્રમાણે ઓરણું ને ચૂલા પ્રમાણે ખોરણું = જેવી જેની શક્તિ તેવું તેને શોભે; સોડ પ્રમાણે સાથરો.

૮. ઘંટીએ બેસવું વરની ને ગીત ગાવાં વીરાનાં = ખાવું કોઈનું અને ગુણ ગાવાં બીજાનાં.

૯. ઘંટીના ગળામાં ગયું બચે પણ લોકના ચાવ્યામાં આવ્યું ના બચે = લોકની બત્રીસીએ ચડનારનો નાશ થાય એમ મનાય છે.

૧૦. ઘંટીના પડની વચ્ચે પિસાવું = દરેક રીતે અકળાવું; દરેક રીતે જુલમ સહન કરવો.

૧૧. ઘંટીના સો ને ઘંટાનો એક = નાનાના ઘણા તે મોટાના એક બરાબર; સો સાસુના તો એક વહુનો.

૧૨. ડોકે ઘંટીનું પડ ટાંગવું = ઘંટીનું પડ ટાંગવા જેવું વસમું લાગે એવું કામ વળગાડવું.

૨. સ્ત્રી. ગળાના હાડકાનો બહાર નીકળેલો ભાગ.

૩. સ્ત્રી. ગળાની અંદરનો માંસનો નાનો પિંડ. તે જીભના મૂળ પાસે લટકતો રહે છે.

૪. સ્ત્રી. ઘડિયાળ.

૫. સ્ત્રી. ટોકરી; ઝાલર; નાનો ઘંટ.

ઘંટીખીલડો (ઘંટીખીલડ઼ો) પું. પાંચ કે વધારે રમનાર છોકરાઓની એ નામની એક મેદાની રમત; કાગડૂકું; કોરડાદાવ; કોરડાવટ. તેને કોરડો મુકામણી, ખીલગોટીલો, ખીલદડો, ખીલપાડો, ગરઝાપટિયો, ગોળપાકચો, ઘાંચીનો ગોધલો, ઘાણી, ચીરચપેટો, ચીલચપટા, ચીલઝપટ, ટોપાટપલી, ડૂકું, ડોશીનો પોંક, ડોસાડોસી, ઢાંકણીમાં ઢૂંઢું, ઢૂંડી, ધોબીશલ, પાડાખીલો, પાડાપોળ, પીલ્લાદડી, ભમરગોટીલો, મડસગોટીલા, મામાની મોદ, મામાની મોર, ખીલગબટ્ટા, લૂગડાં મેલામણી, શેપટ, શેપટીમાર, હનુમાનજીનું પૂંછડું, હાડિયા કરસણ, હાડિયા ડૂકું અથવા હાંલ્લું પણ કહે છે. રમવાની જગ્યાની વચ્ચે એક લાકડાનો ખીલો દટાય છે અથવા ખીલાને બદલે રમનાર છોકરાઓમાંથી દાવ સિવાયના ગમે તે એક છોકરાને તે જગ્યાએ બેસાડવામાં આવે છે. પછી દાવવાળા છોકરાના લૂગડાનો એક છેડો ખીલે બાંધે છે અથવા છોકરો બેઠો હોય તો તેની પાસે ઝલાવે છે. તે લૂગડાનો બીજો છેડો ઝાલી દાવવાળો છોકરો ખીલાની અથવા ખીલાને ઠેકાણે બેસાડેલા છોકરાની આસપાસ ગોળ કૂંડાળામાં ફરે છે. બીજા રમનાર છોકરાઓ પોતાની પાસે જે ધોતિયું કે પટકો હોય તેના ગોળ દડા વાળીને કૂંડાળાની વચ્ચેની ખીલી પાસે અથવા ખીલીને ઠેકાણે બેસાડેલા છોકરાના મોઢા આગળ મૂકે છે. પછી તે બધા છોકરા પેલો દાવવાળો છોકરો જે કૂંડાળામાં ફરે છે તેની બહાર છૂટા ઊભા રહે છે. આમ ગોઠવાયા પછી તેઓ દાવવાળા છોકરાની નજર ચુકાવી કૂંડાળામાંથી એક એક બધા ગોટીલા લઈ જવા પ્રયત્ન કરે છે. દાવવાળો છોકરો જો કોઈ છોકરાને પકડી પાડે તો તેનો દાવ ઊતરે અને જેને અડકયો હોય તેને માથે દાવ આવે. આ રમત રમવાની એક બીજી રીત છે: દાવવાળા છોકરાને લૂગડાનો એક છેડો ઝલાવી વચ્ચોવચ ખીલીને ઠેકાણે બેસાડે છે ને એક હોશિયાર છોકરો તેનો બીજો છેડો ઝાલે છે અને બીજા હાથમાં કોરડો રાખી ગોળ ફરે છે. બીજા છોકરાઓ વચમાં બેઠેલા છોકરાને ધપ્પા મારવા જાય એટલે પેલો ફરનાર છોકરો કોરડો મારવા અથવા અડકવા પ્રયત્ન કરે. જેને કોરડો વાગે અથવા અડકાય તેને માથે દાવ આવ્યો ગણાય.

ઘંટીઘોબાળું ૧. વિ. ઘંટીના પડમાં ટાંકણાં મારવાથી જેવા ખાડા પડેલા હોય તેવું; ખાડા ખાડાવાળું.

૨. વિ. શીતળાનાં ચાઠાંવાળું.

ઘંટીઘોબો પું. ઘંટીના પડમાં ટાંકણું મારવાથી પડેલો ખાડો.

ઘંટીચોર ૧. પું. ખીસાકાતરુ.

૨. પું. ચાલાક ચોર; ચબરાક ચોર.

ચોરનો ભાઈ ઘંટીચોર = પહેલાનાં કરતાં વધારે ખરાબ વ્યક્તિ; એકના કરતાં વધારે ખરાબ માણસ.

૩. પું. સોનેરી ટોળીનો માણસ.

ઘંટીટંકારો ૧. [સં. ઘરટ્ટ (ઘંટી) + ટંકૃ (ટાંકવું)] પું. એક જાતનું પક્ષી; લક્કડખોદ. તે બોલે છે ત્યારે ઘંટી ટંકાતાં જે અવાજ થાય તેવો અવાજ નીકળે છે. જુઓ ઘંટીટાંકણિયો.

૨. પું. ઘંટી ટાંકનારો માણસ.

૩. પું. ટકટકાટ; કંટાળો આપે તેવો લવારો.

ઘંટીટંકારો કરવો = (૧) કોઈને વારે વારે ટોક ટોક કર્યા કરવું. (૨) બોલબોલ કરવું. (૩) મોટે અવાજે વચમાં બોલવું.

ઘંટીટાંકણિયો પું. એક જાતનું પક્ષી; કંસારો; ટુકટુક; હુડહુડ. શિયાળામાં આ પક્ષી હિંદુસ્તાનમાં બધે દેખાય છે, પણ ઉનાળામાં પૂર્વ અને પશ્ચિમ હિમાલયમાં જતાં રહે છે અને ઈંડાં પણ ત્યાં જ મૂકે છે. ઈંડાં મૂકવાની ઋતુ ફેબ્રુઅરિથી જુલાઈ સુધી હોય છે. ઈંડાંની સંખ્યા ત્રણથી દશ સુધીની અને તે રંગે ઝાંખાં લીલાં વાદળી હોય છે. તેનો અવાજ ઘંટી ઉપર પડતા ટાંકણાના અવાજ જેવો છે, તે ઉપરથી તેને ઘંટીટાંકણિયો કહે છે. તે બંને બાજુ ઝૂકતું જાય અને ટુકટુક અવાજ કરતું જાય. તેનો રંગ સુંદર હોય છે. માથાનો લાલ રંગ આંખની આસપાસના પીળા રંગના કૂંડાળા સુધી પહોંચેલો હોય છે. માથા ઉપર કલગી હોય છે. માથાના પાછલા ભાગમાં સહેજ કાળો અને તેની નીચે પીઠ ઉપર લીલો રંગ હોય છે. ઉપર તપકીરિયાં છાંટણાં અને ગળે કાળો કાંઠલો હોય છે. પેટ ઉપર આછા પીળા અને લીલા રંગના નાના લીટા હોય છે. પગ લાલ હોય છે. આ રીતે તેના વિધવિધ રંગોથી આ પક્ષી ઘણું સુંદર લાગે છે. તેની પૂંછડી ટૂંકી અને શરીરનો આગળનો ભાગ વજનદાર હોવાથી તેની બેઠક બીજાં પક્ષીઓ કરતાં વધારે ઊભી હોય છે. તે કદી જમીન ઉપર બેસતું નથી, પણ તારની નીચી વાડ કે લીમડો, વડ, પીપળો વગેરેની પાતળી ડાળીઓ ઉપર બેસે છે. તેના પંજા પોપટની જેમ મજબૂત હોય છે. બીજાં પક્ષીઓ કરતાં આ પક્ષી બહાદુર છે. માણસ છેક નજીક જતાં સુધી તે ઊડતું પણ નથી. આખો વખત એ ખાવા કરતાં ગાવાનું વધારે પસંદ કરે છે.

ઘંટીટાંકણું જુઓ ઘંટીટાંકણિયો.

ઘંટીકૂદડી (ઘંટીકૂદડ઼ી) સ્ત્રી. એ નામની એક રમત.

ઘંટીયંત્ર પું. એક પ્રકારનો સંગ્રહણી રોગ. તેમાં રોગીના પાસામાં શૂળ અને જળઘંટીયંત્ર જેવો શબ્દ થાય છે. તે અસાધ્ય મનાય છે.

ઘંડુ ૧. [સં.] પું. હાથીના ગળા ઉપર બાંધેલ ઘંટની સાંકળ કે દોરી.

૨. પું. હાથીને ગળે બાંધેલો ઘંટ.

ઘંટુડો (ઘંટુડો) પું. ઘંટડો; નાની ઘંટી; ઘંટૂલો.

ઘંટૂલો જુઓ ઘંટુડો.

ઘંટેલિયા ન. (જૈન) જિનદત્તસૂરિએ સ્થાપેલું ઓશવાળ વંશનું એક ગોત્ર.

ઘંટેશ્વર ૧. [સં.] પું. એ નામનો એક દેવ; મંગળનો પુત્ર.

૨. પું. (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે મંગલવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં ૫ ગુરુ અને ૭૮ લઘુ મળી ૮૩ વર્ણ અને ૮૮ માત્રા હોય છે.

૩. ન. (પુરાણ) ભારતવર્ષીય એ નામનું તીર્થ.

ઘંટો ૧. પું. ડગલા બનાવવામાં વપરાતું એક જાતનું કપડું.

૨. પું. પવન અથવા પાણીના જોરથી કે બળદથી ફરતી મોટી ઘંટી; મોટી દળવાની ચક્કી.

૩. પું. મોટા ઘંટનો ટકોરો.

૪. પું. મોટો ઘંટ.

૫. પું. લિંગ; શિશ્ન.

ઘંટોવિદ્યા સ્ત્રી. ઘંટને ઢાળવા, વગાડવા વગેરેની કળા.

ઘંડ પું. ભમરો; ભ્રમર.

ઘંડૂર ન. એક જાતનું તીવ્ર વાસવાળું કંદ; લસણ.

ઘંતુ [સં. ઘાતુક] વિ. (પ્રાકૃત) ઘાત કરનાર; મારનાર.

ઘંપ જુઓ ઘંપો.

ઘંપો ૧. પું. ગડદો; ઘૂસ્તો.

૨. પું. પુરુષની જનનેંદ્રિય; લિંગ; શિશ્ન.

ઘંબાર પું. પારસી લોકોમાં મરણની વાર્ષિક તિથિએ થતું જમણ.

ઘંવા ૧. સ્ત્રી. લેઉઆ કણબીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ઘંવાર પું. ઘઉંના લોટનો ભૂકો.

ઘંવાળ ન. ઘઉં કાઢી લીધા પછીની છોડની ફોતરી; ફૂંવળ.

ઘા ૧. [સં. ઘાત; અપ. ઘાવ–ઘાઓ–ઘાઉ–ઘા] પું. આઘાત; બીક; હેબત.

ઘા ખાવો = (૧) કામ વગેરેનું મુલતવી રહેવું. (૨) ગાડી વગેરે વાહનનું ખસી જવું. (૩) ઘાયલ થવું. (૪) પાછું હઠવું. (૫) હેબતાઈ જવું.

૨. [સં.] પું. કટિમેખળા; કંદોરો.

૩. પું. કાગળના ચોવીશ તાનો જથ્થો.

૪. પું. કાપ; ક્ષત; છેદ; જખમ.

૧. એક ઘાનાં બે કામ = તડ ને ફડ કરવું તે.

૨. ઘા ભેગા કીડા–જીવડા = અસંભવિત બાબત.

૩. ઘા ભેગો ઘસરકો = કરવું ત્યારે તો પૂરું જ કરવું એટલે કે થોડા માટે અધૂરું ન રાખવું; તરવાર માર્યા પછી ઉપાડી ન લેતાં ઘસીને ખેંચી લેવી કે જેથી કાપવાનું કંઈ બાકી હોય તો તે પણ સાથે કપાઈ જાય.

૪. પૂંઠનો ઘા = અણધાર્યો ફટકો; દગો થવો તે; વિશ્વાસઘાત.

૫. પું. (કચ્છી) ખડ; ઘાસ.

૬. પું. ચોટ; ઝટકો; પ્રહાર; ફટકો.

૧. ઘા કરવો = (૧) જખમ પાડવો; ઝાટકો મારવો. (૨) ફગાવવું; ફેંકવું. (૩) યોગ્ય વખતે કામ કરવું.

૨. ઘા કાઢવો = સંભોગ કરવો.

૩. ઘા ઘૂમવો = આગલુંપાછલું વેર સ્મરણમાં રાખવું.

૪. ઘા ચૂકવો = (૧) મળેલી તક ખોવી. (૨) માર્ગ ફેરવવો; રસ્તો બદલવો; રીત બદલવી.

૫. ઘા ઝીલવો = બીજાની આફત આડેથી સહન કરવી.

૬. ઘા દેવા = છિનાળું કરવું.

૭. ઘા પડવો = (૧) અશક્ત થવું. (૨) જખમ થવો; ફટકો પડવો.

૮. ઘા મારવો = (૧) ઘા મારવા જેટલું જોર અજમાવવું. (૨) તન દઈને કામ કરવું. (૩) નુકસાન કરવું. (૪) યોગ્ય વખતે યોગ્ય કહેવું. (૫) સંભોગ કરવો.

૭. પું. (સંગીત) તબલાંનો બોલ.

૮. પું. ફગાવવું અથવા ફેંકવું તે.

ઘાએ ચડાવવું = ઊંધે માર્ગે ચડાવવું.

૯. પું. ફડકો; વ્યાધિ.

૧૦. પું. મહેણાં મારવાં તે.

૧૧. પું. મોટા દુ:ખની ઊંડી અસર.

૧. ઘા ખમવો = નુકસાન ખમવું; સહન કરવું.

૨. ઘા લાગવો = (૧) અસર થવી; ઘણું લાગવું. (૨) પ્રિયજનના મરણથી ઘણું દુ:ખ થવું. (૩) મોટું નુકસાન થવું. (૪) વાગવાથી જખમ થવો.

૩. છાતીનો ઘા = દુ:ખ થાય એવો બનાવ.

ઘાઇત [અ.] પું. છાણ.

ઘાઇલ ૧. [હિં.] વિ. કામપીડિત; પ્રેમમાં પડેલ.

૨. વિ. ઘવાયેલું; જખમી; ઘાયલ.

ઘાઈ ૧. [હિં.] સ્ત્રી. આંગળીઓ અને અંગૂઠાના મૂળ વચ્ચેની જગ્યા.

૨. સ્ત્રી. ઉતાવળ; ત્વરા; દોડાદોડી.

૩. સ્ત્રી. ચૂલાનો ઓલો.

૪. સ્ત્રી. ઝાડની ડાળીએ થડ સાથે બનાવેલો ખૂણો.

૫. સ્ત્રી. ધમાલ; ધાંધલ.

૬. સ્ત્રી. નગારા ઉપર દાંડીના ઘાથી વાગતી જુદી જુદી ગત.

૭. સ્ત્રી. પહોળી તલવાર કે લાકડીનો ફટકો.

૮. સ્ત્રી. પાંચની સંખ્યા.

૯. સ્ત્રી. ભરાવો; ભીડ.

૧૦. સ્ત્રી. યુક્તિ; પ્રપંચ.

૧૧. સ્ત્રી. લડાઈનો દાવપેચ.

૧૨. સ્ત્રી. લાઠીદાવ.

૧૩. સ્ત્રી. વાંક.

૧૪. સ્ત્રી. વિચારશ્રેણી.

ઘાઈં સ્ત્રી. બાજુ.

ઘાઉ જુઓ ઘા.

ઘાઉઘપ ૧. પું. ઉડાઉ માણસ.

૨. પું. હરામખોરી.

૩. વિ. માંડમાંડ ગુજરાન કરતું.

ઘાએલ જુઓ ઘાયેલ.

ઘાઓઘપ જુઓ ઘાઉઘપ.

ઘાક ન. ખાખરાનું ઝાડ.

ઘાકડું વિ. મતલબી; સ્વાર્થી.

ઘાકાડુ જુઓ ઘાકડું.

ઘાગ ૧. વિ. અનુભવી.

૨. વિ. ઘરડું.

૩. વિ. ચપળ; ચાલાક.

ઘાગર ન. હાથીને પગે બાંધેલું દોરડું.

ઘાગરા ૧. પું. કબૂતર.

૨. [સં. ઘર્ઘર] પું. ઘાઘરો; ચણિયો.

ઘાગરી સ્ત્રી. ઘાઘરી; નાનો ઘાઘરો.

ઘાઘ જુઓ ઘાગ.

ઘાઘર પું. ઘાઘરો; ચણિયો.

ઘાઘરા ૧. પું. એક જાતનો છોડ.

૨. પું. ચણિયો; ઘાઘરો.

૩. સ્ત્રી. કબૂતર.

૪. સ્ત્રી. કચૂમાઉનમાંથી નીકળીને સરયૂને મળતી એ નામની નદીનું પ્રાચીન નામ; ગોગ્રા.

૫. સ્ત્રી. લેઉઆ કણબીની એ નામની અટક.

૬. ન. એ નામની અટકનું માણસ.

૭. વિ. એ નામની અટકનું.

ઘાઘરાપલટન ૧. સ્ત્રી. સ્કૉટલંડના પહાડી ગોરાઓની એક સેના. તેનો પહેરવેશ કમરથી ગોઠણ સુધીના ચણિયા જેવો હોય છે.

૨. સ્ત્રી. સ્ત્રીઓનું ટોળું.

૩. સ્ત્રી. હીજડાનું ટોળું.

ઘાઘરાપાટ ૧. પું. ઘાઘરાનું લૂગડું.

૨. પું. ઘાઘરાનો પનો.

ઘાઘરાવટ પું. ઘાઘરાને અથવા ચણિયાને પૂરતું માપ થાય તેટલું કપડું.

ઘાઘરિયો ૧. વિ. પું. ઘાઘરીવાળો.

૨. વિ. પું. રાંડવો; હીજડો.

ઘાઘરી ૧. સ્ત્રી. એ નામની નદી; ગોગ્રા.

૨. સ્ત્રી. એક જાતનું હસ્તવાદ્ય.

૩. સ્ત્રી. એક જાતનો છોડ.

૪. સ્ત્રી. કપાસ પીલવાના દેશી ચરખામાં રૂ અને કપાસિયા ભેગા ન થઈ જાય તે માટે ચરખાના પછવાડેના ભાગમાં રાખવામાં આવતો લૂગડાનો કટકો.

૫. [સં. ઘર્ઘર] સ્ત્રી. કમરથી ઘૂંટી સુધી આવી રહે એવું છોકરીઓને પહેરવાનું એક ઘેરદાર કપડું; ચણિયો; નાનો ઘાઘરો.

૧. ઘાઘરિયું ગોતર = જેમાં છોકરીઓની વસતી ઘણી હોય અને વળી છોકરીઓ થયા કરતી હોય તેવું કુટુંબ.

૨. ઘાઘરિયો વિસ્તાર = છોકરીઓની વસતી ઘણી હોવી તે.

૩. ઘાઘરી ઘુમાવવી = ઘાઘરી પહેરી આમ તેમ ફર્યા કરવું.

૪. ઘાઘરી પહેરવી = (૧) નર્તક બનવું; સ્ત્રી પાત્ર તરીકે ભાગ લેવો. (૨) નામર્દ ગણાવું; છોકરી જેવા થવું.

૫. ઘાઘરી ફાડવી = ઝાટકી નાખવું; પીંખવું.

૬. સ્ત્રી. ઝૂલવાળો સુંદર ગલેફ.

૭. સ્ત્રી. વીણા રાખવાની ચીણ અને નાડાવાળી કોથળી.

ઘાઘરો [સં. ઘર્ઘર; દે. ઘગ્ઘર] પું. સ્ત્રીઓને પહેરવાનું કમરથી પગની પાટલી સુધીનું ઘેરદાર સીવેલું લૂગડું; ચણિયો.

૧. ગયો ઘાઘરો ને ગયો ઘરવાખરો = જેની સ્ત્રી ગઈ એનું સર્વસ્વ ગયું; સ્ત્રી ગઈ એટલે ઘર નકામું.

૨. ઘાઘરા ચલણ = સ્ત્રીનું વર્ચસ્વ.

૩. ઘાઘરામાં ટોલા = અતિ સંભોગ કરાવનાર સ્ત્રીના આશકો.

૪. ઘાઘરે ઘર ઘાલવું = ઝાઝી છોકરીઓ થવી.

૫. ઘાઘરે તાળું = (૧) ગમે તે ખોલી શકે તેવું હોવું તે. (૨) પોલારિયું; ખાળે ડૂચા ને દરવાજા મોકળા જેવી હાલત.

૬. ઘાઘરો પહેરવો = નામર્દ થવું; સ્ત્રીની પંક્તિમાં આવવું.

૭. બગડેલ ઘાઘરાની = છિનાળ; હલકા ચારિત્રવાળી.

ઘાઘસ ન. એ નામનું એક પંખી. ભાલ પ્રદેશમાં ખાર તપવાથી તે વખતે ત્યાં પાણી અને ખોરાકની તંગી પડતાં તેઓ અન્ય સ્થળે વસવાટ કરે છે અને ચોમાસું બેસતાં ફરી ભાલપ્રદેશમાં જાય છે. કેટલીક વખત દૃષ્ટિ ન પહોંચી શકે એટલી ઊંચાઈએ તેઓ ઊડે છે.

ઘાજી જુઓ ઘાઝી.

ઘાજુ ન. પડતર ખાલી જગા.

ઘાઝા (ઘ઼ાઝા) [ફા.] પું. રાતો રંગ. તેનાથી સ્ત્રીઓ પોતાનું મોઢું રંગે છે.

ઘાઝી (ઘ઼ાઝી) ૧. [અ.] પું. પરધર્મી સામે યુદ્ધ જીતનાર માણસ; ધર્મયુદ્ધમાં વિજય મેળવનાર માણસ.

૨. પું. પહેલવાન; લડવૈયો.

ઘાઝીમર્દ (ઘ઼ાઝીમર્દ) ૧. પું. ઘોડો.

૨. પું. વીર પુરુષ.

ઘાટ ૧. પું. ઊતરવાની જગ્યા; ઉતરાણ.

૨. પું. ઓઢણું; ચૂંદડી.

૩. પું. ઓવારો; ડક્કો.

૪. પું. ચણિયો; ઘાઘરો.

૫. પું. કલેવર; શરીરનો બાંધો.

૬. પું. કાંટો.

૭. પું. ખૂન.

૮. પું. ખોટ; ઊણપ; તંગી.

૯. પું. ગાયો વગેરેને ચરવાનું સ્થળ.

૧૦. પું. ગુનો; દોષ.

૧૧. પું. ઘડીને બનાવેલો આકાર; આકૃતિ.

૧. ઘાટ ઉતારવો = (૧) આકાર લાવવો. (૨) ચોકઠું બેસાડવું. (૩) ધારેલું થાય તેમ કરવું.

૨. ઘાટ ઘડવો = (૧) આકાર આણવો; કોઈ વસ્તુ કે પદાર્થને આકાર આપવો. (૨) ઘણું નુકસાન કરવું. (૩) મનસૂબો કરવો; વિચાર કરવો. (૪) મારી નાખવું; નાશ કરવો.

૧૨. પું. ઘરેણું; અલંકાર; ભૂષણ.

૧૩. પું. ધ્વંસ; રાખ.

૧૪. પું. ચહેરો; સિકલ; સીનો; દેખાવ.

૧૫. પું. જથ્થો; સમૂહ.

૧૬. પું. ટપકાંવાળું લીલા અથવા પીળા રંગનું અબોટિયું.

૧૭. પું. તરવારની ધારમાંનો વાંક.

૧૮. પું. તાલ; પ્રસંગ; લાગ; અવકાશ.

ઘાટ આણવો-લાવવો = તક લાવવી; પ્રસંગ આવે એમ કરવું.

૧૯. પું. નવાણ ઉપર નાહવા ધોવા તથા પાણી ભરવા માટે કરેલું પગથિયાંવાળું બાંધકામ.

ઘાટઘાટનાં પાણી પીવાં = દેશદેશનો અનુભવ લેવો.

૨૦. પું. પહાડી પ્રદેશમાંનો વણજારનો મોટો માર્ગ; પર્વતમાં થઈને જતો તેમ જ તળેટીએ જવાનો પહાડી રસ્તો.

ઘાટું બાંધવું = ઓડા બાંધવા; નાકું રોકવું.

૨૧. પું. મનોરથ; વિચાર; મનસૂબો.

૨૨. પું. માન; પ્રતિષ્ઠા; શાખ.

૨૩. પું. મિત્રતા; ભાઈબંધી.

૨૪. પું. મોતીના દાણા જેવો બાજરો.

૨૫. પું. યુક્તિ, તજવીજ કે સમજાવટથી કંઈ કામ પાર પાડવું તે; વેતરણ; યુક્તિથી કામ કાઢી લેવાની યોજના.

૧. ઘાટ ગોઠવવો = યુક્તિ રચવી.

૨. ઘાટ બેસવો = ધાર્યા પ્રમાણે થવું.

૩. ઘાટ ઘાલવો = ઉપયોગમાં લેવું; ઠેકાણે પાડવું.

૪. ઘાટમાં લાવવું = દાવમાં ઉતારવું; ફસાવવું.

૨૬. પું. રીત; લક્ષણ.

૨૭. પું. સહ્યાદ્રિ પર્વતનો પહાડી પ્રદેશ.

૨૮. પું. સ્ત્રીઓને પહેરવાનું એક જાતનું રેશમી કપડું; ગાળો; કલગર.

૨૯. વિ. ઓછું; ઓછું કરેલું.

૩૦ વિ. ઘટ્ટ; જાડું.

ઘાટક ૧. પું. ઘાટ જેવો મંદિર માંહેનો ભાગ.

૨. પું. દુશ્મન.

૩. સ્ત્રી. દવા; ઔષધ.

ઘાટકપ્તાન [હિં.] પું. બંદરનો પ્રધાન અધ્યક્ષ.

ઘાટઘડો (ઘાટઘડ઼ો) વિ. પું. ઘાટ ઘડનારો; વાસણ બનાવનારો.

ઘાટઘૂટ પું. આકારનું સમપ્રમાણ; આકૃતિની સુરેખતા.

ઘાટડી (ઘ઼ાટડ઼ી) ૧. સ્ત્રી. ગાતડી; છાતી અને પીઠ ઢંકાય તેમ આડસોડિયે શરીરે ગાંઠ મારીને કપડું વીંટાળવું તે.

ઘાટડી ભીડવી-વાળવી = સ્ત્રીઓએ પોતાના પહેરેલા કપડાના ઝૂલતા છૂટા છેડાને મરદાનગીનું કામ કે મહેનત કરતાં પહેલાં ગાંઠ મારીને કમરે બાંધવા. પુરુષો જેમ મરદાનગીનું કામ કરતાં પહેલાં ઝૂલતા ધોતિયાનો કચ્છ ભીડે છે તેમ સ્ત્રીઓ પણ પોતાની સાડીની ઘાટડી ભીડે છે. ખેડૂતો શરદીના દહાડામાં પિછોડીની ઘાટડી ભીડી છાતી અને પીઠ ઢાંકે છે. ઘાટડી એવી રીતે વળાય કે જેથી છાતી અને પીઠ સારી રીતે ઢંકાવા ઉપરાંત હાથ ખુલ્લા રહે.

૨. સ્ત્રી. રાતા રંગનું બાંધણીની ભાતનું સ્ત્રીઓને ઓઢવાનું રેશમી લૂગડું. કન્યાના મોઢા ઉપર વર તરફથી મંગળ વસ્ત્ર તરીકે તે ઓઢાડવામાં આવે છે.

૩. સ્ત્રી. શરીર.

૪. સ્ત્રી. સોવાસણ સ્ત્રીના મડદા ઉપર ઓઢાડવાની ચૂંદડી.

૧. આવી ઘાટડીએ અને જઈશ ઠાઠડીએ = લગ્ન થયાં તે મરણે જ છૂટવાનાં. ઘાટડી ઓઢીને જે સ્ત્રી ઘેર આવી તે બીજી રીતે તેના પતિનો સંબંધ છોડી શકતી નથી, પણ મરણે જ જુદી પડે છે.

૨. ઘાટડી ઘાલવી = મરનાર સોવાસણને પિયેર તરફથી ચૂંદડી ઓઢાડવી.

૩. ઘાટડી સાથે જવું = પતિની પહેલાં સોવાસણને વેષે મરવું.

૪. ઘાટડીએ જવું = પતિને જીવતો મૂકીને સ્ત્રીએ મરવું.

ઘાટણ ૧. સ્ત્રી. ઘરકામ કરનારી સ્ત્રી; ચાકરડી.
૨. સ્ત્રી. સહ્યાદ્રિ પર્વતના પ્રદેશમાં રહેનારા લોકની સ્ત્રી; ઘાટીની સ્રી.

ઘાટદાર ૧. વિ. ઘાટીલું; રૂપાળું; સારા ઘાટવાળું; સુરેખ.
૨. વિ. પહેલદાર; પાસાવાળું.

ઘાટપ સ્ત્રી. ઘટા; ઝૂંડ.

ઘાટપોત ન. હલકી જાતનું રેશમી કપડું.

ઘાટબંધ જુઓ ઘાટદાર.

ઘાટબારી ૧. સ્ત્રી. ઘાટ ઉપર ઉઘરાવવામાં આવતો કર.
૨. સ્ત્રી. હોડીમાંથી ઊતરવાની જગ્યા.

ઘાટમાર પું. ઘાટ ઉપર લેવાતો કર ન ભરનાર દાણચોર.

ઘાટવાલ ૧. પું. જાત્રાળુઓને ચંદન વગેરે પૂરું પાડી તેમની પાસેથી પૈસા લેનાર બ્રાહ્મણ.
૨. પું. નદી ઉપરના ઘાટની અથવા પહાડી રસ્તાની દેખરેખ રાખનાર માણસ.
૩. પું. હોડીવાળો.

ઘાટવું સ. ક્રિ. માટીના વાસણને લીસું કરવું.

ઘાટા [હિં.] પું. ઓછપ; ખામી; ઘટ; નુકસાન.

ઘાટાઈ સ્ત્રી. ઘટ્ટપણું; ઘનતા; ઘાટાપણું.

ઘાટાખાતું ન. ખોટનો હિસાબ.

ઘાટાની સ્ત્રી. નદીઓ અને પહાડ ઉપરના ઘાટ ઓળંગવાને માટે નખાતો કર.

ઘાટિક પું. મિત્ર; ભાઈબંધ.

ઘાટિકા સ્ત્રી. સ્વરયંત્રનાં નવ માંહેનું દરેક તરુણાસ્થિ.

ઘાટિયો ૧. પું. ઘાટ ઉપર બેસીને તેમાં સ્નાન કરનાર પાસેથી દક્ષિણા લેનાર બ્રાહ્મણ; ગંગાપુત્ર.
૨. પું. જાત્રાળુઓને ચંદન વગેરે પૂરું પાડી તેમની પાસેથી પૈસા લેનાર બ્રાહ્મણ.

ઘાટી ૧. પું. એક જાતના કપાસિયા.
૨. પું. ઘરકામ કરનાર ચાકર.
૩. પું. ચીરો; તડ.
૪. પું. દખ્ખણના પહાડી પ્રદેશનો રહેવાસી માણસ; પૂર્વઘાટ કે પશ્ચિમઘાટમાં વસતો માણસ.
૫. પું. પર્વતના માર્ગની ચોકી કરનાર માણસ.
૬. પું. પર્વતનો ઢાળ.
૭. સ્ત્રી. આફત; મુશ્કેલી.
૮. સ્ત્રી. કંઠમાળ.
૯. સ્ત્રી. ખામી; ખોટ.
૧૦. સ્ત્રી. ખીણ; નળ; બે ટેકરી વચ્ચેનો રસ્તો.
૧૧. સ્ત્રી. ગળું.
૧૧. સ્ત્રી. બાંધણી; ચૂંદડી.
૧૩. સ્ત્રી. પરવાનો; મંજૂરી.
૧૪. સ્ત્રી. શરીરનો બાંધો.
૧૫. વિ. ઊંડું.
૧૬. વિ. ખીચોખીચ; ભરાઉ.
૧૭. વિ. જંગલી; પહાડી; ઘાટનું.
૧૮. વિ. જાડું; કઠણ; મજબૂત.
૧૯. વિ. દખ્ખણના પહાડી પ્રદેશમાં એટલે ઘાટમાં રહેતી એક જાતિનું.

ઘાટીલું ૧. વિ. ઘાટદાર; ઘાટવાળું; સુરેખ.
૨. વિ. દેખાવડું; રૂપાળું; ખૂબસૂરત; શોભીતું.

ઘાટીવેલ સ્ત્રી. એક જાતનો વેલો. તેનાં પાન મોટાં અને તેના ઉપર જાડા રેસા હોય છે. તેને ચણા જેવડાં ફળના ગુચ્છા આવે છે. આ ફળ રેચક છે. વેલામાં કાંટા હોય છે.

ઘાટું ૧. વિ. કઠણ; સંગીન.
૨. વિ. કઠોર; લાગણીહીન.
૩. વિ. ખીચોખીચ ભરેલું; ઘન; ઘાડું; ઘટ્ટ.
૪. વિ. ગાઢ; પુષ્કળ; ઘણું.
૫. વિ. ઘટ; લચકાદાર.

ઘાટેલું વિ. ઓપેલું; સાફસૂફ કરેલું.

ઘાટોળે ૧. સ્ત્રી. ખાનદેશ તરફના કણબીની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ઘાઠલ વિ. ઘસાયેલું; લીસું થયેલું.

ઘાઠવું અ. ક્રિ. ઘસાવું; લીસું થવું.

ઘાડ જુઓ ઘાડું.

ઘાડવું ન. ગોળ વગેરે ભરવાનું માટીના ઘડા જેવું વાસણ; ઘડું.

ઘાડવો પું. ગાડવો; ઘી તેલ ભરવાનું માટીનું સાંકડા મોંવાળું વાસણ.

ઘાડાચ સ્ત્રી. ઘાડું હોવું તે.

ઘાડિયા ૧. સ્ત્રી. લેઉઆ કણબીની એ નામની અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ઘાડુઓ જુઓ ઘાડવો.

ઘાડું (ઘાડું) ૧. ન. નળિયાં કે ઈંટો કરવાની ગણતરીના દિવસ.
૨. વિ. કઠોર; લાગણીહીન.
૩. વિ. ખીચોખીચ; ભરાઉ.
૪. વિ. ગાઢ; પુષ્કળ.
૫. વિ. ઘટ્ટ; લચકાદાર.
૬. વિ. છેક નરમ પાણી ન હોય એવું; રગડા જેવું.
૭. વિ. જાડું; પાસેપાસે આવેલું; આરપાર ન દેખાય તેવું.
૮. વિ. દુઃખ સહીને કઠણ છાતીવાળું થઈ ગયેલું; રીઢું.

ઘાઢૂંડી (ઘાટૂંડી) સ્ત્રી. એક જાતનો છોડ. તેનાં પાન લાંબાં, તરવારના આકારનાં, સાંકડાં અને બંને બાજુ ધારવાળાં હોય છે.

ઘાઢેશરિયું ન. ઘાબાજરિયું; પાનની ઢૂડી.

ઘાણ ૧. પું. આખાનો અમુક જથ્થા જેટલો ભાગ; એક ફેરે રંધાય, તળાય, કચરાય અને ખંડાય એટલો જથ્થો; મોટા જથ્થાના સગવડને ખાતર પાડેલા ભાગલા માંહેનો અક્કેક; ઘાણવો.

૧. ઘાણ કાઢવો = (૧) ઘાણવો કાઢવો; રંધાઈ તૈયાર થયેલી વસ્તુ બીજા વાસણમાં ઠાલવવી. (૨) દાટ વાળવો; નખોદ વાળવું; સંહાર કરવો. ૨. ઘાણ દાઝી જવો-બગડી જવો = કામ ખરાબ થઈ જવું.

૩. ઘાણ બગાડવો = ગોઠવેલો દાવ બગાડી નાખવો; બાજી બગાડવી.

૨. પું. ઘાણીમાં પિલાવાથી થતી હાલત; કચરી છૂંદી નાખવું તે; ખરાબી; સંહાર; દાટ; ધૂળધાણી; સથરવથર કરી નાખવું તે.

૧. ઘાણ ઘાલવો-વાળવો = (૧) દાટ વાળવો; સર્વનો નાશ કરવો. (૨) નુકસાન કરવું; ભેળસેળ કરી બગાડી નાખવું.

૨. ઘાણ નીકળી જવો-વળવો = (૧) ઘણી જ હલકી સ્થિતિમાં આવી પડવું. (૨) ઘાણીમાં પિલાવા જેવી સ્થિતિ થવી; નરમ થઈ જવું. (૩) મોટો સંહાર થવો.

૩. પું. બદબો; દુર્ગંધ.

૪. પું. લગ્ન વખતે વરકન્યાને પ્રથમ પીઠી ચોળવાની ક્રિયા.

ઘાણ ભરવો = સીમંત વગેરે વખતની એક શુભ ક્રિયા.

૫. પું. લાકડું કોરી ખાનાર એક કીડો.

ઘાણ પેસવો = વિકાર, બગાડ અથવા જીવલેણ રોગ આવવો.

૬. પું. લુહારનું એક હથિયાર; સૌથી મોટો હથોડો; ઘણ.

ઘાણવો જુઓ ઘાણ ૧.

ઘાણિયો ૧. પું. દંતાળ; સાત દાંતાવાળું ખેતીનું એક હથિયાર.

૨. પું. દાણા સમા કરવાનું લૂગડું.

ઘાણી ૧. સ્ત્રી. એ નામની એક દેશી રમત; ધંટીખીલડો.

૨. સ્ત્રી. ચૂનો પીસવાની ચક્કી.

૩. [સં. ઘૂર્ણિ (ચક્કર ફરવું તે)] સ્ત્રી. તેલી બિયાં પીલવાનું યંત્ર; તેલ કાઢવાનું લાકડાનું યંત્ર.

ઘાણી કરવી = (૧) ગોટાળો કરવો. (૨) ઘાણી રાખી તલ વગેરે પીલવાનું કામ કરવું; તેલ પીલી કાઢવાનો ધંધો કરવો. (૩) ચકવે ચડાવવું.

૪. સ્ત્રી. મહેનત અને પીડાકારક થઈ પડેલું રોજનું અણગમતું કામ.

૧. અવળી ઘાણીએ ઘાલીને પીલવું = સખતમાં સખત ક્રૂર શિક્ષા કરવી; ઘણું જ રીબવું; અતિશય દુઃખ દેવું; કનડવું.

૨. ઘાણીએ જોડવું = કંટાળા ભરેલા કામમાં જોડવું; ઘટમાળમાં નાખવું.

૩. ઘાણીમાં ઘાલીને તેલ કાઢવું-ઘાણીમાં ઘાલીને પીલવું = જેમાંથી છુટાય નહિ એવા કામમાં નાખીને દુઃખ દેવું; મૂંગો બેઠો માર મારવો; રિબાવવું.

૪. ઘાંચીની ઘાણી = એનું એ કંટાળા ભરેલું કામ કે વૈતરું.

૫. સ્ત્રી. શેરડી પીલવાનો ચિચોડો.

૬. સ્ત્રી. સંસાર.

ઘાણીનો બળદ = (૧) ઘટમાળમાં ફરતો જીવ. (૨) ચાલુ ને ચાલુ કામકાજમાં પડ્યો રહી વૈતરું કરનાર માણસ.

ઘાણીકઢું વિ. ઘાણીથી તરત ઊતરેલું; ઘાણીમાંથી તરત નીકળેલું.

ઘાણીકોઠો પું. ઘાણીને માંડવાની જગ્યા.

ઘાણો પું. એ નામની એક દેશી રમત. બાર તેર છોકરાંએ ગોળાકાર બેસવું અને પોતાના પગ લંબાવી એક નાનો છોકરો ઊભો રહી શકે એવું તે પગનું જ વર્તુલ બનાવી તેમાં એક નાના છોકરાને ઊભો રાખવો. એ છોકરાએ બરાબર ટટ્ટાર ઊભા રહી કમરને જરા પણ વળવા ન દેતાં પાછળ સહેજ નમવું. પોતાના હાથ ઊભા કરીને બેઠેલા છોકરાઓએ તેને ઉપર ને ઉપર ઝીલવો અને બાજુના છોકરા તરફ લાગલો જ ઠેલવો. આવી ઠેલાઠેલ એકસરખી ચાલુ રાખવી. વચલા છોકરાએ પોતાના પગ સતત ચાલુ રાખવા. પછી એવું કરવું કે તે છોકરાને બાજુ તરફ ન ઠેલતાં તદ્દન બરાબર સામે ઠેલવો અને તે સામાવાળાએ પણ તેને તેવો જ ઝીલીને જરા તિરકસ ઠેલવો. આખરે તે છોકરાને તે બેઠેલા છોકરાઓએ પોતાના લાંબા કરેલા હાથ ઉપર જ આમથી તેમ ગબડાવવો. આમ કરવામાં વચલા છોકરાની સારી તૈયારી જોઈએ અને લાંબા હાથ રાખેલા છોકરાઓએ પણ પૂરી રીતે સાવધ રહેવું જોઈએ. બાર માંહેના એક જ જણનું જો દુર્લક્ષ થઈ જાય તો કામ પતી જ જાય. એ ઘાણાનો થાંભલો તરત જમીન ઉપર આવી પડે અને કદાચ તેને લાગે પણ સારી રીતે.

ઘ્રાણ્ય [સં. ઘ્રાણ] સ્ત્રી. સુગંધ; વાસ; ગંધ.

ઘાત ૧. [સં. હન્ (હણવું)] પું. અકાળ મૃત્યુની ઘાંટી.

૨. પું. આપઘાત.

૩. પું. (પિંગળ) એક પ્રકારનો છંદ; ઘત્તા.

૪. પું. (ગણિત) એક સંખ્યાને તેના જ વતી જેટલી વખત ગુણવામાં આવ્યું હોય તે બતાવનાર સંખ્યા.

૫. [સં.] પું. કતલ; ખૂન; ઘાથી મારવું તે; નાશ.

૬. પું. (ગણિત) કોઈ પણ સંખ્યાને તેની તે સંખ્યાએ એક કરતાં વધારે વાર ગુણવાથી આવતો ગુણાકાર; 'પાવર'. એની એ સંખ્યા બે વાર લઈ તેનો ગુણાકાર કર્યો હોય તો જે સંખ્યા આવે તેને તે મૂળ સંખ્યાનો દ્વિઘાત અથવા વર્ગ કહે છે. એની એ સંખ્યા ત્રણ વાર લઈ ગુણાકાર કર્યો હોય તો જે સંખ્યા આવે તેને તે મૂળ સંખ્યાનો ત્રિઘાત અથવા ઘન કહે છે. એની એ સંખ્યા ચાર વાર, પાંચ વાર, છ વાર, સાત વાર, આઠ વાર લઈ ગુણાકાર કર્યો હોય તો જે સંખ્યા આવે તે અનુક્રમે મૂળ સંખ્યાના ચતુર્ઘાત, પંચઘાત, ષડ્ઘાત, સપ્તઘાત, અષ્ટઘાત વગેરે કહેવાય છે.

૭. પું. ગુણાકર.

૮. પું. ચોપાઈ.

૯. પું. ઝટકો; ઘા; પ્રહાર.

૧૦. પું. ઝાડીમાં છુપાવું તે.

૧૧. પું. નરક.

૧૨. પું. બાણ.

૧૩. પું. ભય; આફત.

૧૪. પું. વિઘ્ન; નડતર.

૧૫. પું. (જ્યોતિષ) સંક્રાંતિ.

૧૬. પું. સંસાર.

૧૭. સ્ત્રી. જાળ; પ્રપંચ.

ઘાતક ૧. પું. (પિંગળ) એ નામનો એક માત્રામેળ છંદ. તેમાં સોળ માત્રા અને બાર અક્ષર આવે છે. તેમાં ૧, ૫, ૯ અને ૧૩ માત્રાએ તાલ આવે છે.

૨. [સં.] પું. (ગણિત) ઘાતચિહ્ન; એકની એક સંખ્યા જેટલી વાર લઈ તેનો ગુણાકાર કર્યો હોય તે બતાવનાર આંકડો.

૩. પું. જલ્લાદ; ખાટકી.

૪. પું. દુશ્મન; શત્રુ.

૫. પું. (જ્યોતિષ) મૃત્યુ થાય એવો યોગ.

૬. વિ. અંત લાવનાર; ખૂની; મારનાર; નાશ કરનાર.

૭. વિ. (ગણિત) એક પરિમાણને બીજા પરિમાણમાં લાવવા માટે જે ગુણક વડે ગુણવાની જરૂર પડે તે ગુણક.

૮. વિ. ક્રૂર; નિર્દય.

૯. વિ. પાપી.

૧૦. વિ. ભય ભરેલું; ભયંકર.

ઘાતકતા સ્ત્રી. ઘાતકીપણું.

ઘાતકી ૧. વિ. ક્રૂર; દયા વગરનું; નિર્દય.

૨. વિ. ખૂની; ખૂન કરનાર; ઘાત કરનાર.

ઘાતક્રિયા ૧. [સં.] સ્ત્રી. (ગણિત) કરણીગત રાશિને અકરણીગત બનાવવાની ક્રિયા.

૨. સ્ત્રી. (ગણિત) કોઈ પરિમાણને તે જ પરિમાણથી વારંવાર ગુણવાની ક્રિયા; સંવર્ગીકરણ.

૩. સ્ત્રી. (ગણિત) બે ફરતાં બિંદુઓ એક સ્થિર બિંદુની સાથે હમેશા સીધી લીટીમાં રહેતાં હોય

અને જો તે સ્થિર બિંદુથી તેઓનાં અંતરોનો ગુણાકાર હમેશા એકસરખો રહેતો હોય અને જો તે બે ફરતાં બિંદુઓમાંથી એકનો ભ્રમણમાર્ગ આપ્યો હોય તો તે ઉપરથી બીજાનો ભ્રમણમાર્ગ કાઢવાની ક્રિયા.

ઘાતક્રિયાકેંદ્ર [સં.] ન. (ગણિત) જો બે ફરતાં બિંદુઓ એક સ્થિર બિંદુની સાથે હમેશા સીધી લીટીમાં રહેતાં હોય અને જો તે સ્થિર બિંદુથી તેઓનાં અંતરોનો ગુણાકાર હમેશા એકસરખો રહેતો હોય તેવું સ્થિર બિંદુ.

ઘાતગણુન [સં.] ન. (ગણિત) ગણુતરીની સરળતા ખાતર સંખ્યાઓને બદલે તેમનાં ધાતમાન લઈને કરવામાં આવતી ગણુતરી. જુઓ ધાતમાન.

ઘાતચક્ર ૧. [સં.] ન. (જ્યોતિષ) જુદી જુદી રાશિઓ અને નક્ષત્રોમાં જુદી જુદી જાતની આવતી વિપત્તિઓનું મંડળ.

૨. ન. મોત આણુનારૂં ચક્ર.

ઘાતચંદ્ર [સં.] પું. (જ્યોતિષ) નુકસાન કરે તેવા ઘરનો ચંદ્ર; કૂંડલીમાં નુકસાન કરે એવા સ્થાનનો ચંદ્રમા; નબળો ચંદ્ર.

ઘાતચિહ્ન [સં.] ન. (ગણિત) એક પરિમાણુ બીજા પરિમાણુના જે ધાતની બરોબર હોય તે ધાત બતાવનાર સંખ્યા. જેમકે, $૫^{૨} = ૨૫$. અહીં ૨ એ ધાતચિહ્ન છે. તેની તે સંખ્યાનો કેટલીક વાર ગુણાકાર કરવાનો છે તે બતાવવાને તે સંખ્યા ઉપર જમણી બાજુ તરફ જે નાનો આંકડો અથવા અક્ષર લખવામાં આવે તેને ધાતચિહ્ન કહે છે.

ઘાતડી (ધાતડ઼ી) સ્ત્રી. ડર; ભય.

ઘાતતિથિ [સં.] સ્ત્રી. (જ્યોતિષ) નુકસાનકારક તિથિ; અશુભ દિવસ.

ઘાતદિવસ જુઓ ધાતતિથિ.

ઘાતન ૧ [સં.] પું. મારી નાખવું તે; ખૂન.

૨. ન. એ નામનું એક નરક.

ઘાતનક્ષત્ર [સં.] ન. (જ્યોતિષ) નુકસાન કરે તેવું નક્ષત્ર; હાનિકારક નક્ષત્ર.

ઘાતનિયમ પું. (ગણિત) સમાન અવ્યક્ત રાશિઓનો ગુણાકાર, ભાગાકાર, ધાત કે મૂળ કાઢવાને તે તે રાશિઓના ધાતનો અનુક્રમે સરવાળો, બાદબાકી, ગુણાકાર કે ભાગાકાર કરવાનો નિયમ.

ઘાતની [સં.] સ્ત્રી. એક જાતનું શસ્ત્ર; ગદા.

ઘાતપ્રકાશક [સં.] પું. (ગણિત) ધાત બતાવનારી સંખ્યા; 'એક્સપોનન્ટ'. જેમકે, $૩^{૪} = ૮૧$ એ સમીકરણુમાં ૪એ ૩નો ધાત બતાવનાર અંક છે. માટે ૪એ ધાતપ્રકાશક છે.

ઘાતમાન ન. (ગણિત) તેની તે તે સંખ્યા જેટલી વાર લઈ ગુણાકાર કર્યો હોય તે બતાવનાર અંક; ધાતક.

ઘાતમૂળ ન. (ગણિત) ધાતનું મૂળ.

ઘાતર ન. પરોઢિયું.

ઘાતવાદ્ય ન. ચાર માંહેનું એક પ્રકારનું વાદ્ય.

ઘાતવાર [સં.] પું. ધાતતિથિ; ધાતનો દિવસ; હાનિકારક દિવસ; અશુભ દિવસ.

ઘાતવિધિ ૧. [સં.] પું.;સ્ત્રી. (ગણિત) કોઈ પણ સંખ્યાનો ધાત શોધી કાઢવાની રીત; કોઈ પરિમાણુને તે જ પરિમાણુથી વારંવાર ગુણવાની ક્રિયા; 'ઇન્વોલ્યુશન'.

૨. પું.; સ્ત્રી. (ગણિત) બે ફરતાં બિંદુઓ એક સ્થિર બિંદુની સાથે હમેશા સીધી લીટીમાં રહેતાં હોય અને જો તે સ્થિર બિંદુથી તેઓનાં અંતરોનો ગુણાકાર હમેશા એકસરખો રહેતો હોય અને જો તે બે ફરતાં બિંદુઓમાંથી એકનો ભ્રમણમાર્ગ આપ્યો હોય તો તે ઉપરથી બીજાનો ભ્રમણમાર્ગ કાઢવાની ક્રિયા.

ઘાતવું ૧. સ. ક્રિ. કાપવું.

૨. સ. ક્રિ. (જૂ. ગુ.) ધાલવું; નાખવું.

૩. સ. ક્રિ. નાશ કરવું.

ઘાતસંખ્યા [સં.] સ્ત્રી. જે સંખ્યાનું મૂળ બરાબર નીકળી શકે તેવી સંખ્યા.

ઘાતસ્થાન ૧. [સં.] ન. કસાઈવાડો.

૨. ન. (જ્યોતિષ) નુકસાન અથવા હાનિ કરનારૂં ગ્રહાદિનું સ્થાન.

૩. ન. મારવાનું સ્થળ; વધભૂમિ.

૪. ન. શ્મશાન.

ઘાતારોહ [સં.] પું. (ગણિત) પદોને તેમના ધાતના ચડતા ક્રમમાં ગોઠવવાં તે; પહેલા પદમાં સૌથી નાનો ધાત, બીજા પદમાં તેથી મોટો એમ ઉત્તરોત્તર ચડતો ધાત આવે તેવી પદી; 'એસેન્ડિંગ ઑર્ડર ઑવ પાવર્સ'. જેમકે, $૧ + ક + ક^{૨} + ક^{૩} + ક^{૪}$.

ઘાતાવરોહ [સં.] પું. (ગણિત) પદોને તેમના ધાતના ઊતરતા ક્રમમાં ગોઠવતાં તે; પહેલું પદ સૌથી મોટા ધાતનું હોય, બીજું તેથી ઓછા ધાતનું, ત્રીજું તેથી યે ઓછા ધાતનું એમ ઉત્તરોત્તર દરેક પદ ઓછાઓછા ધાતનું હોય એવો બીજ; 'ડિસેન્ડિંગ ઑર્ડર ઑવ પાવર્સ'.

ઘાતાંક [સં.] પું. (ગણિત) એક પરિમાણુ બીજા પરિમાણુનો કેટલામો ધાત છે તે બતાવનાર સંખ્યા.

ઘાતાંકગણુન [સં.] ન. (ગણિત) ગણુતરીની સરળતા ખાતર સંખ્યાઓને બદલે તેમના ધાતમાન લઈને કરવામાં આવતી ગણુતરી; ધાતગણુન.

ઘાતિક ૧. પું. ધાતક.

૨. વિ. અશુભ; ખરાબ.

૩. વિ. ખૂની.

ઘાતિકર્મ ન. (જૈન) એક પ્રકારનાં પાપકર્મ. જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાય એ ધાતિકર્મ કહેવાય છે. જુઓ ધાતીકર્મ.

ઘાતિકા [સં.] વિ. સ્ત્રી. વિનાશ કરનારી.

ઘાતિત ૧. [સં.] વિ. ધવાયેલ; જખમી.

૨. વિ. ધાત કરાવેલ; હણેલું.

ઘાતિની [સં.] વિ. સ્ત્રી. ધાતકી; નાશ કરનારી; વધ કરનારી.

ઘાતિપક્ષી [સં. ધાતિપક્ષિન્] પું. એક જાતનું પક્ષી; બાઝ.

ઘાતિયા વિ. (જૈન) જ્ઞાન, દર્શન, સુખ અને વીર્ય રૂપી આત્માના મુખ્ય ચાર ગુણુની ધાત કરનાર.

ઘાતિયાકર્મ જુઓ ધાતીકર્મ.

ઘાતી ૧. [સં. ધાતિન્] પું. કસાઈ; ખૂની.

૨. ન. (જૈન) ચાર ધાતિકર્મ માંહેનું દરેક.

૩. વિ. ખૂન કરનાર; ધાતક; ધાત કરનાર; ધાતકી.

૪. વિ. દગાખોર.

ઘાતીકર્મ ન. (જૈન) આત્મિક ગુણોની ધાત કરનાર કર્મ. જે કર્મ જીવના જ્ઞાનાદિક અનુજીવી ગુણોની ધાત કરે તેને ધાતિયા કર્મ કે ધાતીકર્મ કહે છે. તેવાં કર્મ ૪૭ છે: જ્ઞાનાવરણનાં ૫, દર્શનાવરણનાં ૯, મોહનીયનાં ૨૮ અને અંતરાયનાં ૫.

ઘાતીલું ૧. પું. કસાઈ.

૨. વિ. નાશ કરનાર.

ઘાતુક [સં.] વિ. ક્રૂર; ધાતકી.

ઘાતેલ ન. ધા ઉપર સારી અસર કરી રૂઝ લાવે તેવું એક જાતનું તેલ.

ઘાત્ય ૧. [સં.] વિ. ગુણવા યોગ્ય.

૨. વિ. ધાત કરવા યોગ્ય; હણવા જેવું.

ઘાત્રાદિયોગ પું. (વૈદ્યક) એક પ્રકારની ઔષધિની બનાવટ. આમળાં, સૂંઠ, પીપર, મરી, નાગભસ્મ, લોહભસ્મ, જસતભસ્મ, વાવડિંગ, રસસિંદૂર એ બધાં સમભાગે મેળવી ભાંગરાના રસની ભાવના દેવી. તેની માત્રા ૩થી ૬ ગોળી છે. તે મધ કે ઘીમાં ચટાડી ઉપર દૂધ પાવું. આ પ્રયોગ

એક વર્ષનો છે. તેનાથી આયુષ્ય અને બળ વધે એમ મનાય છે.

ઘાન ૧. [હિં.] પું. ઘંટી અથવા તાવડામાં એકીવારે જેટલું નાખવામાં આવે તેટલો જથ્થો. જુઓ ઘાણ.
 ૨. પું. ફોલ્લો; ગડ; ગૂમડ.

ઘાની ૧. [હિં.] સ્ત્રી. ઘંટી કે પેણામાં એકી વખતે જેટલું નખાય તેટલો જથ્થો.
 ૨. સ્ત્રી. ઘાણી.
 ૩. સ્ત્રી. ચિચોડો.
 ૪. સ્ત્રી. ફોલ્લો; ગડ; ગૂમડ.
 ૫. વિ. ઘાણી ઉપર કામ કરનાર.
 ૬. (ઘ઼ાની) [અ.] વિ. પૈસાદાર.
 ૭. વિ. સ્વાધીન.

ઘાનીવેલ સ્ત્રી. એ નામની એક વેલ. તેને નાનાં ધોળાં ફૂલ આવે છે. તેની ગંધ વઘારણી જેવી હોય છે.

ઘાપણ પું. ઘાની રૂઝ લાવે એવો એક જાતનો પથ્થર. ઘા ઉપર લગાડતાં જ તે ચોંટી જાય અને જ્યારે ઘા રૂઝાય ત્યારે ઊખડે.

ઘાપહાણ જુઓ ઘાપણ.

ઘાપાણ જુઓ ઘાપણ.

ઘાપાન ન. કેતકીની જાતનો એક છોડ. તેનાં પાન અનનાસનાં પાન જેવાં હોય, પણ તેને છેડે વાંક અને કરવત જેવા કાંટા હોય. જખમ ઉપર ઘાપાનનાં પાંદડાં વાટી ચોપડવાથી આરામ થાય છે. પાંદડાં પલાળી રાખી કચરી તેનું સૂતર કાઢી મજબૂત દોરડું વણાય છે.

ઘાફર ન. સવાર; પરોઢિયું; પો.

ઘાફિર (ઘ઼ાફ઼િર) ૧. [અ. ઘફર (તેણે માફ કર્યું)] પું. પરમેશ્વર.
 ૨. વિ. ક્ષમા કરનાર; માફી આપનાર.

ઘાફિલ (ઘ઼ાફ઼િલ) વિ. બેદરકાર; કાળજી વિનાનું; પ્રમાદી.

ઘાફિલી (ઘ઼ાફ઼િલી) સ્ત્રી. પ્રમાદ; બેકાળજી; બેદરકારી.

ઘાફી ૧. સ્ત્રી. નાની જગ્યા.
 ૨. વિ. ખૂની; હિંસક.

ઘાફીથ પું. એક જાતનો છોડ.

ઘાબરૂં વિ. ગાભરૂં; અકળાયેલું; મૂંઝાયેલું.

ઘાબાજરિયું ૧. ન. એક જાતનો છોડ. તે ત્રણથી છ હાથ ઊંચો થાય છે. તેનાં મૂળ પેડુ ઉપર બાંધવાથી પેશાબ છૂટે છે.
 ૨. ન. એક જાતનો છોડ. તેનું થડ બાજરાના છોડને મળતું આવે છે. શરીરમાંના કોઈ પણ ઘાને રૂઝવવાનો તે ગુણ ધરાવે છે. તેનાં ડૂંડાં બાજરાનાં ડૂંડાં જેવાં હોય છે. ઘા વાગવાથી લોહી વહેતું હોય ત્યારે તેનાં ડૂંડાં ઉપરનો રૂ જેવો પદાર્થ લઈ ઘા ઉપર ચોંટાડવાથી લોહી વહેતું બંધ થાય છે તથા ઘા પાકતો નથી.

ઘાબિર (ઘ઼ાબિર) [અ.] વિ. બાકીનું.

ઘામ ૧. પું. ઉકળાટ; ગરમી; બફારો; બાફ.
 ૨. પું. તડકો; તાપ.
 ૩. પું. પરસેવો; પસીનો.

ઘામચ ૧. ન. તડમાં થઈને વહાણમાં ભરાયેલું પાણી; વહાણના તળિયામાં ઝામી ઝામીને ભરાયેલું પાણી.
 ૨. ન. પરસેવો; પસીનો.
 ૩. વિ. પસીનાથી ગંદું થયેલું.

ઘામચું જુઓ ઘામ.

ઘામટ ૧. ન. ગાબડું પડવાથી વહાણમાં આવેલું પાણી; વહાણના તળિયામાં ઝામી ઝામીને ભરાયેલું પાણી.
 ૨. ન. પરસેવો; પસીનો.
 ૩. વિ. અહંકારી; ગર્વી.
 ૪. વિ. આડંબરી; દંભી; ઘમંડી.
 ૫. વિ. પસીનાથી ગંદું થયેલું.

ઘામડ (ઘામડ઼) ૧. વિ. આળસુ; સુસ્ત.
 ૨. વિ. મૂર્ખ.

ઘામત જુઓ ઘામટ ૧.

ઘામતકૂંડી સ્ત્રી. વહાણમાં પેસતા પાણીની કૂંડી; બંદુલ. ત્યાંથી તે ઉલેચી નખાય છે.

ઘામફોડો (ઘામફોડ઼ો) પું. ગરમીથી થયેલ ફોલ્લો.

ઘામરોળું ન. અજગર; એક જાતનો સાપ.

ઘામવું અ. ક્રિ. ઉકળાટ થવો; ઘામ થવો.

ઘામારી સ્ત્રી. એક જાતનો છોડ. તે ભેજવાળી જગ્યામાં થાય છે. તેને તોરા આવી ફળ થાય છે. આ છોડની ઊંચાઈ આશરે બે હાથ હોય છે. તેનાં પાંદડાનો આકાર પર્ણબીજનાં પાંદડાં જેવો થાય છે. ફળનો આકાર લાંબો હોય છે. તેનો રંગ પહેલાં લીલો અને પછી રાતો થઈ જાય છે. ઘામારીનાં પાંદડાંનો રસ જખમ ઉપર ચોપડવાથી જખમ રુઝાઈ જાય. બાળકોના રક્તાતિસાર ઉપર પણ તે ઉપયોગી મનાય છે.

ઘામિઝ (ઘ઼ામિઝ) ૧. [અ.] વિ. અઘરૂં; મુશ્કેલ.
 ૨. વિ. ગુપ્ત; છાનું.

ઘામિયું ન. બફારાથી કે ઘામથી થતું ગૂમડું.

ઘામેચા ૧. સ્ત્રી. દરજી અને સુતારની એ નામની એક અટક.
 ૨. ન. એ નામની અટકનું માણસ.
 ૩. વિ. એ નામની અટકનું.

ઘામેડુ (ઘામેડુ઼) વિ. ચોરી કરીને બીજાને નુકસાન કરે એવું.

ઘામેલિયા ૧. સ્ત્રી. કણબીની એ નામની એક અટક.
 ૨. ન. એ નામની અટકનું માણસ.
 ૩. વિ. એ નામની અટકનું.

ઘામો ૧. પું. અડચણ; હરકત.
 ૨. પું. ઊણપ; ખામી.
 ૩. પું. ખોટ; તોટો; નુકસાન.
 ૪. પું. ચોરી કરી મિલકત ઉચાપત કરી જવી તે.
  ઘામો દેવો = ચોરી કરવી.
 ૫. પું. તાપ; તડકો; સૂર્યની ગરમી.

ઘામોટ [સં. ગ્રામહોતૃ] પું. ગામડાનો ગોર.

ઘામોટું ન. ગામડાના ગોરનું કર્મ; ગોરપદું.

ઘામોડિયું (ઘામોડ઼િયું) ૧. વિ. ઘડી ઘડીમાં બહુ ઘામ થાય તેવી પ્રકૃતિવાળું.
 ૨. વિ. ચોરી કરી કંઈ પણ ઉચાપત કરી જનારૂં.
 ૩. વિ. બહુ પવન ખાવાની ટેવવાળું.

ઘામોડો (ઘામોડ઼ો) પું. ચોરી; કોઈની ચીજ છાની રીતે લઈ લેવી તે.
  ઘામોડો દેવો = છાનું લઈ લેવું; ચોરી કરવી.

ઘામોર ન. એક જાતનું ઘાસ.

ઘાય ૧. પું. ઘા; ઘાવ; જખમ.
 ૨. સ્ત્રી. થાંભલાને ઊભો રાખવા માટે બંને બાજુથી દોરડાથી તાણવું તે.

ઘાયક વિ. ઘાતક; ઘાયલ કરનાર.

ઘાયડ (ઘાયડ઼) ૧. વિ. અતિશય; ઘણું.
 ૨. વિ. કીમતી.
 ૩. વિ. ગહન; અઘરૂં; મુશ્કેલ.
 ૪. વિ. બહાદુર.
 ૫. વિ. ભારે; વજનદાર.

ઘાયડમલ (ઘાયડ઼મલ) વિ. બહાદુર; શૂર; શૂરવીર.

ઘાયડમલ્લ જુઓ ઘાયડમલ.

ઘાયણ સ્ત્રી. ઇડર રાજ્યમાં થતી ખેતીને ઉપયોગી એક જાતની વનસ્પતિ.

ઘાયણું ન. વળતર; બદલો.

ઘાયત (ઘ઼ાયત) ૧. [અ.] સ્ત્રી. છેડો.
 ૨. સ્ત્રી. વાવટો; નિશાન.

૩. સ્ત્રી. સંપૂર્ણતા.

૪. વિ. અસાધારણ.

૫. વિ. ઊંડું.

૬. વિ. ઘણું; બહુ.

ઘાયપાત પું. એક જાતનો છોડ. તેના રેસાનાં દોરડાં બને છે.

ઘાયબ (ઘ઼ાયબ) ૧. [અ.] પું. ત્રીજો પુરુષ.

૨. પું. દૈવ; નસીબ.

૩. પું. પરમેશ્વર.

૪. વિ. અદશ્ય; ગુપ્ત; છાનું.

૫. વિ. ગેરહાજર.

ઘાયબબાઝ (ઘ઼ાયબબાઝ) પું. જાદૂગર.

ઘાયમારી સ્ત્રી. એક જાતનું ઝાડ.

ઘાયલ ૧. સ્ત્રી. એ નામની કણબીની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. ઇશ્કી; કામપીડિત; સ્નેહથી ઘવાયેલું.

૪. વિ. એ નામની અટકનું.

૫. વિ. ઘવાયેલું; જખમી.

૬. વિ. દુઃખી; પીડિત.

૭. વિ. મોજીલું; શોખીન.

ઘાયલું ૧. ન. કોઇક કામમાં પોતાની છૂપી ગોઠવણ રાખવાપણું.

૨. ન. ગોટાળો.

ઘાયાળ સ્ત્રી. કેતકીના પાંદડાંના મધ્ય ભાગમાંથી નીકળતી લાકડી.

ઘાયાંપડઘાયાં ૧. ન. બ. વ. ઘવાયા કે બૂડવા વગેરેથી કમોતે મરેલાં માણસ. ભાદરવા વદિ ૧૪ ને દિવસે તેમનું શ્રાદ્ધ નખાય છે.

૨. વિ. ન. બ. વ. અકસ્માતથી ગુજરી ગયેલાં; કમોતે મૂએલાં; ઘા વાગવાથી અથવા પાણીમાં બૂડવાથી મરણ પામેલાં.

ઘાયાંબૂડ્યાં જુઓ ઘાયાંપડઘાયાં.

ઘાયેડુ (ઘાયેડુ) વિ. ઉઠાઉગીર; ચૂપકીથી કંઇ લઇ જનાર.

ઘાયેબ (ઘ઼ાયેબ) ૧. [અ.] વિ. ખોવાયેલું.

૨. વિ. ગેરહાજર.

૩. વિ. છૂપું; છાનું.

ઘાયેલ ૧. વિ. કામપીડિત; જેને કામની અસર કે મોહ લાગેલો હોય એવું; ઇશ્કી.

૨. વિ. ઘવાયેલું; જખમી; ઝટકાયેલું.

૩. વિ. દુઃખી; પીડિત.

૪. વિ. મોજીલું; શોખીન.

ઘાયો ૧. [સં. ઘાત] પું. ઘા; જખમ; ઝટકો.

૨. પું. ચોત્રીશ કાગળનો જથ્થો; દસ્તો; ઘા.

૩. પું. હૈયું ભેદાય અને દિલ ઉપર અસર થાય એવું માર્મિક લખાણ; સંકેતનું લખાણ; કોયડો.

૪. વિ. પું. ઘાયલ થયેલો.

૫. વિ. પું. ઘાયલ થવાથી મરી ગયેલો.

ઘાર ૧. પું. ગરમીની મોસમમાં સવારમાં દિવસ ગરભાઈ જતાં થતી અકળામણ.

૨. પું. ઘા; જખમ.

૩. સ્ત્રી. એક જાતની મટોડીવાળી જમીન.

ઘાર થઈ જવું = વહેતા પાણીથી જમીનનું ઘસાઈ જવું.

૪. સ્ત્રી. કોતર; ગુફા.

૫. સ્ત્રી. ખાડો; બખોલ; પોલાણ.

૬. સ્ત્રી. ઝાકળ.

૭. સ્ત્રી. નાનો વોંકળો.

ઘારક પું. ઘોડાં ફેરવવાનો ઉસ્તાદ; ચાબુકસવાર; ઘોડાંઓને કૂંડાળે નાખનાર પુરુષ.

ઘારડમલ (ઘારડ઼મલ) પું. યોદ્ધો; લડવૈયો.

ઘારડી (ઘારડ઼ી) સ્ત્રી. ઘારી; કોપરાનું ઝીણું ખમણ, માવો, મેવો અને મસાલો વગેરે મેળવી બનાવેલ પૂરણને પડમાં રાખીને તળી કાઢેલી પૂરી.

ઘારણ ૧. પું. એ નામનો સંવત્સર.

૨. ન. ખૂબ ઊંઘ આવવી તે; ઘોર નિદ્રા; ઊંઘથી ઘોરવું તે.

૧. ઘારણ આવવું–પામવું–વળવું = ખૂબ ઊંઘવાની અથવા ઊંઘ ઊંઘ કરવાની જબરી અસર થવી; ગાઢ નિદ્રા આવવી.

૨. ઘારણ મૂકવું–મેલવું = સામું માણસ ઊંઘે એમ કરવું; ગાઢ ઊંઘમાં પાડવું; ગાઢ નિદ્રા આવી જાય એમ કરવું.

૩. ન. ખૂબ ઊંઘ લાવે એવું ઔષધ.

૪. ન. ઝેરની અસરથી થતી બેચેની.

ઘારણો પું. માયાવી પુરુષ; જાદૂગર.

ઘારત (ઘ઼ારત) ૧. [અ.] સ્ત્રી. નાશ; ધ્વંસ.

૨. સ્ત્રી. લૂંટ; કોઈની મિલ્કત ઝૂંટવી લઈ જવાપણું.

ઘારતગર (ઘ઼ારતગર) ૧. [અ.] પું. નાશ કરનાર માણસ.

૨. પું. લૂંટારો.

ઘારતગરી જુઓ ઘારત.

ઘારવડું (ઘારવડ઼ું) ન. ચણાનો અને બીજો લોટ મેળવીને ભીના કપડામાં દાબીને તૈયાર કરેલી એક જાતની તળેલી વાની.

ઘારાપુરી પું. મુંબઈથી ૭ માઈલ દૂર દરિયામાં આવેલો એક પ્રાચીન બેટ. ઈ. સ. ની ત્રીજીથી દશમી સદીમાં આ જગ્યા યાત્રાનું સ્થળ લેખાતી હતી. એને એકલો પુરીનો બેટ પણ કહે છે. આ નાના ટાપુના એક ભાગમાં બૌદ્ધકાળની કેટલીક ગુફાઓ અને ટાંકાં વગેરે છે. શિવરાત્રીને દિવસે ત્યાં મેળો ભરાય છે.

ઘારિ [સં.] પું. એ નામે એક છંદ.

ઘારી ૧. [સં. ઘૃતપૂર્ણ; દે. ઘારિય] સ્ત્રી. અડદ કે મગની દાળનું તળેલું ઢેબરૂં.

૨. સ્ત્રી. આફત; મુશ્કેલી.

૩. સ્ત્રી. એકઢાળિયું; ઢોર બાંધવાનો વાડો.

૪. સ્ત્રી. કોપરાનું ઝીણું ખમણ, માવો, મેવો અને મસાલો વગેરે મેળવીને બનાવેલું પૂરણ પડમાં રાખીને તળી કાઢેલી પૂરી.

૫. સ્ત્રી. ખીણ.

૬. સ્ત્રી. ઘેરાવો; પરિઘ.

૭. સ્ત્રી. ચોટલીની ચારે બાજુએ રાખેલા કેશનું ચકરડું; ઘેર.

૮. સ્ત્રી. દાળ અને ગોળનું પૂરણ મૂકીને બનાવેલી રોટલી.

૯. સ્ત્રી. પાણીમાં છરતી ઠીકરી મારવાથી પડતાં ચકરડાંમાંનું એકેક.

ઘારીકૂન ન. લસણ.

ઘારીપૂરી સ્ત્રી. લોટના પડમાં પૂરણ મૂકીને બનાવેલી વાની. જુઓ ઘારી ૪.

ઘારું ૧. ન. ગાડરડું; ઘેટીનું બચ્ચું.

૨. ન. જખમ અગર બીજા કોઈ કારણથી કોઈ ભાગ પાકી ફૂટે ને તેમાંથી પાણી પરૂ વગેરે ઝર્યા કરે તે; ચાંદું; જેમાંથી લોહી, પરૂ વગેરે નીકળ્યા કરતાં હોય એવું ચામડી, માંસ કે હાડકામાં પડેલું કાણું; નારું.

૩. ન. બકરીનું બચ્ચું; લવારું.

ઘારોડવું (ઘારોડ઼વું) અ. ક્રિ. નસકોરાં બોલે તેમ ઊંઘવું.

ઘારોપાટ સ્ત્રી. કડી તરફ રમાતી ચીંગલપટ્ટા નામની એક દેશી રમત.

ઘાલ ૧. સ્ત્રી. ખાધ; ખોટ; નુકસાની.

૨. સ્ત્રી. ગરબડ; ગોટાળો.

૩. સ્ત્રી. ઘાણવો; આખા જથ્થાનો અમુક ભાગ.

૪. સ્ત્રી. જમવા બેઠેલા માણસની હાર; પંગત; પંક્તિ; ઓળ.

ઘાલ પાડવી = માણસોને હારબંધ જમવા બેસાડવાં.

૫. સ્ત્રી. ઢોર બાંધવાની કોડ.

૬. સ્ત્રી. તોફાન.

૭. સ્ત્રી. નાશ.

૮. સ્ત્રી. મધપૂડો.

૯. સ્ત્રી. વાત; હકીકત.

ઘાલક ૧. પું. રાજા.

૨. વિ. નાશ કરનાર.

ઘાલખાદ સ્ત્રી. કાઢઘાલ કરવાથી થતી નુકસાની; ઘટ; તોટો.

ઘાલખાદ્ય જુઓ ઘાલખાદ.

ઘાલઘુસેડ (ઘાલઘુસેડ઼) ૧. સ્ત્રી. અવ્યવસ્થા; કાઢઘાલ; ઘાલમેલ.

૨. સ્ત્રી. અસલ લખાણમાં નવા શબ્દ ઉમેરવા તે.

૩. સ્ત્રી. ગાઢ સંબંધ.

ઘાલઘૂસણ જુઓ ઘાલઘુસેડ.

ઘાલઘૂસલ જુઓ ઘાલઘુસેડ.

ઘાલણુ વિ. વસ્તુ ઘાલી રાખનાર; ચીજ પાછી ન આપનાર.

ઘાલણુઠી જુઓ ઘાલણુ.

ઘાલણુદાસ પું. લોકનાં નાણાં ઘાલી જનારો માણસ; દિવાળિયો; લઈ ને પાછું નહિ આપનાર પુરુષ; નાદાર.

ઘાલણિયું જુઓ ઘાલણુ.

ઘાલમેલ ૧. સ્ત્રી. આપલેનો સંબંધ; વાતચીત, લેવડદેવડ કે અવરજવરનો સંબંધ.

૨. સ્ત્રી. આવજા; પેસનીકળ.

૩. સ્ત્રી. ઉતાવળ.

૪. સ્ત્રી. ઓળખાણ.

૫. સ્ત્રી. કોઈ પણ વસ્તુ અથવા વાતમાં ઘાલવા મેલવાથી થતી ગડબડસડબડ; કાઢઘાલ; ગોટાળો.

૬. સ્ત્રી. ખટપટ; પ્રપંચ.

૭. સ્ત્રી. પંચાત; ધમાલ.

૮. સ્ત્રી. ભેળસેળ; ભેગ; મિશ્રણ.

ઘાલમેલ કરવી = (૧) ઊંધુંચત્તું કરવું; કંઈક કાઢી લેવું ને કંઈક મૂકવું; ગોટાળો કરવો. (૨) ખટપટ કરવી; દાવપેચની બાજી રમવી. (૩) પેસનીકળ કરવી.

ઘાલમેલિયું ૧. વિ. આવજાનો સારો સંબંધ રાખવાની વૃત્તિવાળું; પેસનીકળ કર્યા કરનારૂં.

૨. વિ. ઉતાવળિયું.

૩. વિ. ઘાલમેલ કરનારૂં; ગડબડિયું; પંચાતિયું; ખટપટી.

૪. વિ. પેચી.

ઘાલમેળ પું. મેળ; એકદિલી; ઐક્ય.

ઘાલવું ૧. સ. ક્રિ. અંદર મૂકવું; ખોસવું; પેસાડવું.

૧. કોઠી ઘાલવી = પેઢી સ્થાપવી; પડાવ નાખવો.

૨. ખોળે ઘાલવું = રક્ષણ નીચે લેવું.

૩. પગ ઘાલવો = દાખલ થવું.

૪. માથું ઘાલવું = (૧) આંટોફેરો ખાવો; મળતા જવું. (૨) દાખલ થવું.

૫. માથે પાણી ઘાલવું = (૧) ઘણે દહાડે નહાવું. (૨) મંદવાડમાં સાજા થઈ ઊઠવું.

૨. સ. ક્રિ. આંજવું.

૩. સ. ક્રિ. કહેવું.

૪. સ. ક્રિ. કોઈનાં નાણાં ખાઈ જવાં; લઈને ફરી પાછું નહિ આપવું.

નાણાં ઘાલવાં = નાણાં પચાવી પાડવાં; માગતું ન આપવું.

૫. સ. ક્રિ. ખંતથી મચ્યા રહેવું; લાગુ ને લાગુ રહ્યા કરવું.

૧. ઊંધું ઘાલવું = નીચું જોવું.

૨. નજર ઘાલવી = ધ્યાન આપવું; લક્ષ દેવું.

૬. સ. ક્રિ. નાશ કરવો; બગાડવું.

૧. ઘર ઘાલવું = ઘર પાયમાલ કરવું.

૨. નીચું ઘાલવું = નમી પડવું; લજવાઈ જવું; શરમાવું.

૩. માથે ધૂળ ઘાલવી = ફજેત થવું; મૂર્ખ બનવું.

૭. સ. ક્રિ. પહેરવું; ધારણ કરવું.

વાને ઘાલવું = જનોઈ દેતા પહેલાં આગલે દિવસે બટુકને અમુક ક્રિયા કરવી.

૮. સ. ક્રિ. ભરવું.

૧. ગાડે ઘાલવું = ચાલવાને અશક્ત હોવાથી કે ઘાયલ હોવાથી ગાડામાં બેસાડવું.

૨. ગાંઠ-વેળ ઘાલવી = સોજો આવી લોહીનું બંધાઈ જવું.

૯. સ. ક્રિ. મૂકવું; પીરસવું.

૧૦. સ. ક્રિ. મેળવવું; ભેળવવું.

૧૧. સ. ક્રિ. રખાત તરીકે રાખવું.

૧૨. સ. ક્રિ. સંભોગ કરવો.

ઘાલા સ્ત્રી. આફત; મુશ્કેલી.

ઘાલિચા (ઘ઼ાલિચા) [ફા.] પું. શેતરંજી.

ઘાલિબ (ઘ઼ાલિબ) ૧. [અ. ઘલબ] વિ. ચડિયાતું; શ્રેષ્ઠ.

૨. વિ. બની શકે તેવું; શક્ય.

૩. વિ. મજબૂત.

૪. વિ. વધારે કાબેલ; હોશિયાર.

૫. વિ. વિજયી; ફતેહમંદ.

ઘાલિબ આવવું-રહેવું-હોવું = (૧) ચડિયાતું હોવું. (૨) જીત હોવી; જીત કરવી. (૩) તોડી પાડવું. (૪) મેળવવું.

ઘાલિબન (ઘ઼ાલિબન) [અ.] અ. ઘણું કરીને; મુખ્યત્વે.

ઘાલી વિ. કીમતી; મોંઘું.

ઘાલુ વિ. ઘાલનાર; ખોસનાર.

ઘાલેડુ (ઘાલેડ઼ુ) વિ. ચીજ રોકી રાખનાર; પાછું ન દેનાર.

ઘાવ ૧. [સં. ઘાત; પ્રા. ઘાઅ] પું. અવાજ; થાપ.

૨. પું. આઘાત; ક્ષત; જખમ; ઘા.

૩. પું. કોયડો; પ્રશ્નોત્તરી કવિતા; સમસ્યા; સવાલજવાબવાળું પદ્ય.

૪. પું. ઝાકળ.

૫. પું. ધારવાળું કે અણીદાર હથિયાર.

ઘાવડ (ઘાવડ઼) ૧. સ્ત્રી. ચોરી.

૨. સ્ત્રી. છિનાળી; વ્યભિચાર.

ઘાવડવું (ઘાવડ઼વું) સ. ક્રિ. ચોરવું; છાનું લઈ જવું.

ઘાવમેલણું વિ. જખમ રુઝાવનારૂં.

ઘાવર ૧. ન. ધાર; ભેજ.

૨. ન. ઝાકળ; ઓસ.

ઘાવલ સ્ત્રી. ડાંગરના ક્યારડામાં પાણી ભરી તેમાં હળ ફેરવી તૈયાર કરેલી જમીનનું કામ.

ઘાવાખાતું ન. કોઠીઘર; દોઢીના ચોકીદાર આરબોને ઘાવો કાઢવાની ઓરડી.

ઘાવાદાની સ્ત્રી. ઘાવો પકાવવાનું વાસણ.

ઘાવાસ વિ. પાણીમાં ડૂબકી મારી મોતી કાઢનાર.

ઘાવિર (ઘ઼ાવિર) ૧. [અ.] વિ. ડાહ્યું; સમજુ.

૨. વિ. વાજબી; યોગ્ય; લાયક.

૩. વિ. શક્તિમાન.

ઘાવું અ. ક્રિ. ઝટકો લાગવો; ઘવાવું; ઘાયલ થવું.

ઘાવેડી (ઘાવેડ઼ી) ૧. વિ. ઘા મારવામાં કુશળ.

૨. વિ. ચતુર; ચબરાક; ચંચળ; ઝીણી બુદ્ધિનું.

૩. વિ. ચોરી કરનાર; છાનુંમાનું ઉપાડી જનાર.

ઘાવેડુ (ઘાવેડ઼ુ) જુઓ ઘાવેડી.

ઘાવો પું. બુંદને શેકી તેની ભૂકી કરી પાણીમાં સહેજ મીઠું નાખી કરેલો ઉકાળો; કાવો.

ઘાશ ન. ઘરેણું.

ઘાશિયો પું. ઘોડા ઉપર સામાન નાખ્યા પછી છેવટ મૂકવાનું કપડું; જીનપોશ; દળી; ખોગીર.

ઘાશિયો ગુદાવવો = ઉપાડી જવું; ઉચાળા ભરવા.

ઘાસ ૧. [સં. ગ્રાસ] પું. કોળિયો.

૨. પું. ઘટ; ઘટાડો; નુકસાની; ખોટ.

૧. ઘાસ કાપવી = ઘટના બદલામાં કે ઘસારા તરીકે વાળી લેવું; મજરે લેવું.

૨. ઘાસ ખાવી = ઘટ ખમવી; નુકસાન વેઠવું.

૩. ઘાસ લાગવી = ઘસારો પડવો; ઘટ આવવી; નુકસાન થવું.

૩. પું. ઘસારો; ધાતુ વગેરેને ઘસવાથી પડેલી ભૂકી.

૪. ન. એક જાતનું રેશમી કાપડ.

૫. ન. ખડ; ચારો; પશુઓનો ખોરાક. તૃણ જ્યારે લીલાં અને કુમળાં હોય ત્યારે ચાર અને જ્યારે સૂકાં થાય ત્યારે ઘાસ કહેવાય છે, છતાં બેઉ એકબીજાના અર્થમાં પણ વપરાય છે. રણ અને ખેતીના પ્રદેશ સિવાય દુનિયાના દરેક ભાગમાં ઘાસ ઊગી નીકળે છે. ઘાસનો છોડવાઓની જાતમાં સમાવેશ થઈ જાય છે. વાંસ પણ એક જાતનું ઘાસ છે. જે ઘાસ પ્રાણીનું જીવન ટકાવે છે તે જ ઘાસ કોઈ વખત તેના નાશનું કારણ બને છે. બ્રિટન, રશિઅ, ઓસ્ટ્રેલિઅ, ઉત્તર અમેરિક અને બીજા કેટલાક પ્રદેશમાં ગોખરુ જેવાં એક જાતનાં ઘાસનાં બિયાં ઘેટાની ઊનમાં ગૂંચવાઈ જઈ ચામડીમાં પેસી જઈ ભયજનક જખમ ઉત્પન્ન કરે છે. તેને લીધે ઘણાં ઘેટાં દર વર્ષે નાશ પામે છે. દુનિયાની પ્રગતિમાં ઘાસનો હિસ્સો ઘણો મોટો છે. કોઈ કોઈ ઘાસના થડમાં ચકમક જેવા પદાર્થનો મોટો ભાગ હોય છે તેને લીધે તે ઘાસ અત્યંત ઊંચું હોવા છતાં અક્કડ રહી શકે છે. વરસાદ અથવા પવનને લીધે તે કદાચ નીચું નમી જાય પરંતુ તેના ઉપર તડકો પડતાં તરત જ તે તેની અસલ સ્થિતિમાં આવી જાય છે. ઘાસની આશરે ૪,૦૦૦ જુદી જુદી જાત થાય છે. ઘાસનાં ફૂલ આપણી નરી આંખે જોઈ શકાતાં નથી, પરંતુ તે બહુ જ નાજુક અને અનેકરંગી હોય છે. વણખેડાયેલ જમીનમાં ઘાસ પુષ્કળ ઊગે છે તેનું કારણ એટલું જ કે છોડનું રક્ષણ ઘણું થાય છે. પ્રથમ નાનું પાંદડું જમીનમાંથી બહાર દેખાય છે. દરમિયાન તેનાં મૂળિયાં ચારે બાજુ વિસ્તાર પામી પુષ્કળ ખોરાક મેળવે છે. ઘાસનાં બિયાં ઘણાં નાનાં હોય છે. ઘાસને તડકામાં સૂકવી લઈ શિયાળામાં પ્રાણીઓના ખોરાક તરીકે વપરાય છે. જો ઘાસને કાપ્યા પછી ઝાઝો સમય સૂર્યના તડકામાં અને પવનમાં રાખવામાં આવે તો તેનું સત્ત્વ, સુગંધ અને રંગ ઘટી જાય છે. ઘાસ તેની સુવાસને લીધે પ્રાણીઓને સ્વાદમાં પ્રિય લાગે છે. પ્રાણીને ખોરાક તરીકે આપવાનું ઘાસ તેના પૂર જોસમાં ખીલ્યું હોય ત્યારે કપાવું જોઈએ. જો સમય વધી જાય તો તેમાં બિયાં થઈ જાય અને ઘાસમાં લાકડું પણ થઈ જાય. જો કાપેલ ઘાસમાં વરસાદ પડે તો ગુંદ, શર્કરા જેવા તેના અમુક પદાર્થ પાણી સાથે મિશ્ર થઈ નીકળી જાય. જો તે ઝાઝો સમય ભીનું રહે તો સડી જાય અને શર્કરાનો મદ્યસાર થઈ જાય. ઘાસ ત્રણ રીતે ફેલાવો પામે છે: પહેલી રીત તેનાં બિયાંથી, બીજી રીતે તેના થડના જમીનની અંદરના ફેલાવાને લીધે અને ત્રીજી રીતે જમીન ઉપરના પ્રસરણને લીધે. કુદરતે ઘાસને બહુ જ સુરક્ષિત રાખ્યું છે અને તેથી દુનિયામાં ચોમેર તે મોટા જથ્થામાં માલૂમ પડે છે. તેનાં ભૂંગળાવાળાં પાંદડાં તેનું જીવડાં અને બીજા ભયથી રક્ષણ કરે છે. તેનું થડ મંદવાહક હોઈ વાતાવરણના અતિ શીતોષ્ણ ફેરફારોથી રક્ષણ કરે છે. તેનાં મૂળિયાંમાં ખોરાક સંગ્રહ કરવાની અજબ શક્તિ રહેલી હોય છે. સામાન્ય રીતે ગરમ સૂકી હવામાં એક દિવસમાં એક ઘાસનો છોડ પોતાની ભારોભાર પાણી વાતાવરણમાં આપે છે. પેપિરસ નામનું ઘાસ કે જેમાંથી અંગ્રેજી પેપર શબ્દ યોજાયો છે તેમાંથી કાગળ બનાવાય છે. પેપિરસ ઘાસની પોષણશક્તિ ઘણી ઓછી હોય છે. ઘાસના પ્રકાર નીચે પ્રમાણે છે: (૧) જીંજવો, (૨) સણિયાર, (૩) ધ્રોખડ, (૪) ધરફો, (૫) સામો, (૬) ધ્રામણું, (૭) રાતડું, (૮) કાળિયું, (૯) પોષ્ટી, (૧૦) ચામણચોટો, (૧૧) કણેરૂં, (૧૨) દાભસૂળિયું, (૧૩) લામડો વગેરે.

૧. ઘાસ કાપવું = નહિ સાંભળવું; ઉપેક્ષા કરવી; નહિ ગણકારવું.

૨. ઘાસ ખાવું = (૧) ખડ ખાઈ જવું. (૨) પશુની માફક વર્તવું.

૩. ઘાસની ગંજી ઉપરનો કૂતરો = (૧) પોતાને કંઈ જ ઉપયોગી ન હોય એવી વસ્તુનું પણ સ્વામિત્વ પોતાના હાથમાં આવવાથી મગરૂર થઈ ગયેલો માણસ. (૨) પોતાને નિરુપયોગી વસ્તુ પણ બીજાને ઉપયોગમાં ન લેવા દે એવો અદેખો માણસ.

૪. મોંમાં ઘાસ લેવું = તાબે થવું; શરણે જવું.

ઘાસકટ્ટુ જુઓ ઘાસકટો.

ઘાસકટો પું. પોતાના માલિકના ઘોડા માટે દરરોજ તાજું ઘાસ કાપવાનું અથવા મેળવી આપવાનું કામ કરનાર માણસ.

ઘાસકાટણી સ્ત્રી. ઘાસ કાપવાની લેતરી.

ઘાસકાટો જુઓ ઘાસકટો.

ઘાસકુંઠ [સં.] પું. એક જાતનો મોગરો.

ઘાસખાતું ન. ઘાસના હિસાબને લગતું ખાતું.

ઘાસગંજી ન. એક જાતનું ઘાસ; ઉસઘાન. તે ત્રણથી ચાર ફૂટ ઊંચું વધે છે. સિલોન તથા સિંગાપુરમાં ઘાસગંજીનું તેલ કાઢવામાં આવે છે.

ઘાસઘર ન. ઘાસ ભરવાની ઓરડી.

ઘાસઘરેણિયું ન. ગીરો લીધેલી મિલ્કતના વ્યાજને બદલે તેનો ભોગવટો લેવો તે.

ઘાસચારો પું. ઢોરના નિર્વાહનું ઘાસ, ખાણ વગેરે.

ઘાસચિનાઈ ન. ઘણું કઠણ અને જલદી ઊગતું એક ઝાડ. એની છાલમાંથી તંતુઓ કાઢી, તેનું સૂતર કાંતી કપડાં બનાવવામાં આવે છે.

ઘાસણ ન. છાણાં થાપતી વખતે છાણમાં ભેળવવાનો ખડ, કચરો વગેરેનો ઝીણો ભૂકો.

ઘાસણી ૧. સ્ત્રી. ક્ષયરોગ; રાજ્યક્ષ્મા; ખે રોગ.

૨. સ્ત્રી. ઘસારો.

૩. સ્ત્રી. સંગ્રહણી.

ઘાસણું ન. કોસ હાંકનારને કડે બાંધવાનો ચામડાનો કટકો.

ઘાસતાપણી ૧. વિ. સ્ત્રી. જલદી સળગી ઊઠે એવી.

૨. વિ. સ્ત્રી. તુરત ક્રોધે ભરાઈ જાય એવી; તપી જાય તેવી.

ઘાસતેલ ૧. ન. જમીનમાંથી નીકળતું એક જાતનું વાસવાળું અને જ્વાળાગ્રાહી તેલ; કેરોસીન; ઘાસલેટ.

૨. ન. પેટ્રોલ; માટીતેલ.

ઘાસદાણો ૧. પું. ઘાસ અને દાણારૂપે અપાતી ખંડણી; પેશ્વાઈ અમલમાં લશ્કરી ઘોડા માટે ઘાસદાણા પેટે લેવાતો કર.

૨. પું. ઢોરના નિર્વાહનું ઘાસ, અન્ન વગેરે.

ઘાસપાટ પું. લીલા ઘાસનું મેદાન.

ઘાસપિતપાપડો (ઘાસપિતપાપડો) [સં. પર્પટક] પું. એ નામનું એક ઝાડ; ખડસલિયો; પિતપાપડો. એનાં પાન બારીક હોય છે. એના ઉપર જીંડવા જેવા તોરા આવે, એનું શાક થાય છે. તે દવાના કામમાં પણ વપરાય છે. તે શીતળ, કડવો, ગ્રાહક, વાતકારક, લઘુ તથા પાકકાળે તીખો છે અને પિત્ત, કફ, જ્વર, રક્તદોષ, અરુચિ, દાહ, ગ્લાનિ, ભ્રમ, મદ, પ્રમેહ, ઓકારી, તૃષા તથા રક્તપિત્તનો નાશ કરે છે.

ઘાસપૂળી સ્ત્રી. અગિયાર કે વધારે રમનારની, સવાલજવાબવાળી, જનાવરોના અવાજ સંભળાવતી, દોડાદોડીની એક મેદાની રમત. બધા છોકરા આંકડા ભીડી ઊભા રહે પછી કાંઈ બોલતા બોલતા દરેક બે છોકરા વચ્ચે થઈ નીકળતાં બધાના હાથની આંટી પડી જાય. પછી પેલો ને છેલ્લો છોકરો બૂમ મારે કે બધા છોકરા આંકડા છોડી બેસી જાય. તેમાં પાછળ રહે તેને માથે દાવ આવે. તે બધાને પકડવા જાય. જો છોકરો બેસી જાય તો તેને ન પકડાય. એમ જેને પકડે તેને માથે દાવ આવે એટલે તે પકડવા જાય.

ઘાસપૂળો પું. ઘાસની ઝૂડી.

ઘાસપૂંજો પું. કચરોપૂંજો; ઓગાટ; વાસીદું.

ઘાસફૂંસ પું. કચરોપૂંજો.

ઘાસમેરવો પું. (કચ્છી) એક જાતનો છોડ. તે એકથી અઢી ફૂટ ઊંચો થાય છે. તેમાં ઝીણાં લાંબાં પાન હોય છે. તે દવા તરીકે સંધિવા ઉપર વપરાય છે.

ઘાસરોટી સ્ત્રી. ઘસારો; ઘાસ.

ઘાસલેટ ૧. ન. જમીનમાંથી નીકળતું એક જાતનું ઉગ્ર વાસવાળું અને જ્વાળાગ્રાહી તેલ; કેરોસીન; ગ્યાસતેલ; ઘાસતેલ.

૨. ન. પીવાનો દારૂ.

ઘાસલેટિયું ૧. વિ. દારૂડિયું; દારૂ પીનાર.

૨. વિ. હલકા પ્રકારનું.

ઘાસલેટિયો ૧. પું. ઘાસલેટ વેચનાર માણસ.

૨. પું. દારૂડિયો.

ઘાસલેટી વિ. અનિષ્ટ; ખરાબ.

ઘાસવાણ ન. ઘાસ ઊગતું હોય એવી જમીન.

ઘાસવું ૧. અ. ક્રિ. ઉપકાર કરવો; ઘસાવું; રેહ ખમવો.

ઘાસી છૂટવું = નુકસાન લઈ છૂટવું; કામ કરી છૂટવું.

૨. [સં. ધર્ષ્] અ. ક્રિ. ઘસાવું; ઘસાઈ જવું.

૩. અ. ક્રિ. ઘોડાએ ઉધરસ ખાવી.

૪. અ. ક્રિ. થાકવું.

૫. અ. ક્રિ. નુકસાન ભોગવવું.

૬. અ. ક્રિ. હારવું.

ઘાસાહારી વિ. ઘાસ ખાનાર; તૃણાહારી.

ઘાસાળું વિ. ઘાસ ઊગેલું; ઘાસવાળું.

ઘાસિયા ૧. સ્ત્રી. એક અંત્યજ કોમનું નામ.

૨. ન. એ નામની કોમનું માણસ.

૩. વિ. એ નામની કોમનું.

ઘાસિયું ૧. ન. એક જાતનું પક્ષી.

૨. ન. ઘાસ ઉગાડવાને માટે રાખેલું ખેતર; ગોચર; બીડ.

૩. વિ. ઘાસમાંથી ઉત્પન્ન થયેલું; ઘાસનું.

ઘાસિયું ઘી = જે ઢોર એકલા ઘાસ ઉપર જ રહેતાં હોય અને જેને ખાણ ખવરાવવામાં આવતું ન હોય તેનું ઘી.

૪. વિ. જેમાં ઘાસ નીપજતું હોય તેવું.

૫. વિ. ભેળવાળું; ઘાસ જેવી જ આછી પિળાશ રહી હોય એવું; હલકું. જેમકે, ઘાસિયું સોનું.

ઘાસિયો ૧. [અ. ગાશિયહ્ (જીનને ઢાંકનાર પલાણ)] પું. ખોગીર ને કાઠાની ઉપર નાખવામાં આવતો રૂ ભરેલ ગાદી જેવો સામાન; જીનપોશ; ઘોડાની પીઠ ઉપર નાખવાની કામળ; ઘોડા ઉપર નાખવાની ગાદી.

૨. પું. ઘાસ કાપનારો માણસ.

ઘાસિયો ગુંડાળવો = ઉચાળો ભરવો; સાથરો ઉઠાવી લેવો; ઘાસનું જે બેઠકિયું પાથરીને બાવા સાધુ વગેરે બેસે છે તે ઉઠાવી વીંટાળીને ચાલ્યા જવું.

૩. પું. ઘાસથી ઢંકાએલી જગ્યા.

૪. પું. ઘાસનો પથારો.

૫. પું. (વહાણવટું) ટૂંકા પડાણને સાંધો કરવાનું લાકડું.

ઘાસેટિયું ન. બલોયું; ઘસાય તોય વાંધો નહિ તેવી ઘરમાં પહેરવાની ચૂડી.

ઘાસોટ ન. પૂળામાંથી છૂટું પડેલ ઘાસ.

ઘાસોટિયું જુઓ ઘાસેટિયું.

ઘાસોટી સ્ત્રી. ઘસારો.

ઘાહ પું. ઘસારો.

ઘાહડમલ (ઘાહડ્મલ) પું. બહાદુર પુરુષ; શૂરવીર માણસ.

ઘાંગરો ૧. સ્ત્રી. કબૂતર.

૨. [સં. ઘર્ઘરા] સ્ત્રી. ઘાઘરો; ચણિયો.

ઘાંઘ ૧. સ્ત્રી. જૈન મત પ્રમાણે ચોરાશી માંહેની એ નામની એક જ્ઞાતિ.

૨. ન. એ નામની જ્ઞાતિનુ માણસ.

૩. વિ. એ નામની જ્ઞાતિનું.

ઘાંઘરડવું (ઘાંઘરડ્વું) ૧. અ. ક્રિ. ખૂબ રોવું; ભારે ઘાંટો કાઢીને રડવું; આરડવું.

૨. અ. ક્રિ. મોટે અવાજે બોલવું; બૂમો પાડ્યા કરવી.

ઘાંઘરવું અ. ક્રિ. રડવું.

ઘાંઘરાં ન. બ. વ. ઓવારણાં.

ઘાંઘરી સ્ત્રી. એક જાતનું વાજું.

ઘાંઘલું ૧. ન. ઓવારણાં.

ઘાંઘલાં લેવાં = ઓવારણાં લેવાં.

૨. ન. ભૂત ભરાવું તે; ગાંડા જેવું આચરણ.

૩. વિ. ગાંડું; બહાવરૂં.

ઘાંઘલેશ્વર પું. ગોંડલ રાજ્યમાં ગોમટા નજીક આવેલ મહાદેવની એ નામની પ્રસિદ્ધ જગ્યા.

ઘાંઘાઈ સ્ત્રી. ઘાંઘું થવાપણું.

ઘાંઘું ૧. વિ. ઉતાવળું.

૨. વિ. ગભરાયેલું; બેબાકળું; ગાભરૂં.

૩. વિ. નિર્માલ્ય; ગરીબ.

ઘાંઘુંવાંઘું વિ. ગભરાયેલું.

ઘાંચ ૧. સ્ત્રી. અડચણ; વાંધો; ફાંસ.

૨. સ્ત્રી. આપદા; પીડા

૩. સ્ત્રી. આંચકો; ઠપકારો.

૪. સ્ત્રી. ચીલામાંનો ખાડો; પૈડું ઠપકાઈને નીચે પડે અને ઝટ નીકળે નહિ એવો ખાડો.

૫. સ્ત્રી. મુશ્કેલી; ગૂંચવણ; ગૂંચ.

ઘાંચણ સ્ત્રી. ઘાંચીની કે ઘાંચી જાતિની સ્ત્રી.

ગાંગલી ઘાંચણ = દંતકથામાં આવતી જાદુ જાણનારી એક સ્ત્રી.

ઘાંચા ૧. સ્ત્રી. વાંસડાના સૂંડલા વગેરે બનાવનાર લોકોની જાત.

૨. ન. એ નામની જાતનું માણસ.

૩. વિ. એ નામની જાતનું.

ઘાંચી ૧. [સં. ઘર્ષ] પું. તેલી બિયાંને ઘાણીમાં પીલી તેલ કાઢનાર અને તેલ વેચવાનો ધંધો કરનાર માણસ; તેલી. કેટલાંક ઠેકાણે તે ઘાંચી અને કેટલેક ઠેકાણે ઘાંચી વહોરા કહેવાય છે. તેઓ હિંદુમાંથી વટલેલ સુન્ની મુસલમાનો છે અને મન્સુરી એટલે મન્સુરને માને છે. કેટલાક ઘાંચી હિંદુ પણ હોય છે.

૧. ઘાંચી ખૂટવો = દીવાનું તેલ અથવા દીવેલ ખૂટવું.

૨. ઘાંચી જેવું = મેલું; ગંદું.

૩. ઘાંચીની ઘાણી જેવું = બહુ ગંદું; ઘણુંજ મેલું; ચીકટવાળું.

૪. ઘાંચીની ઘાણીએ જોડાવું = ગળેલા બળદની પેઠે એક જ ઘરેડમાં ફરી ભાર વહેવા માંડવો; દીપી ન નીકળાય એવી જંજાળમાં સામેલ થવું.

૫. ઘાંચીની છોકરી અને ખોળ ના ઓળખે = ન મનાય એવું અજાણપણું.

૬. ઘાંચીનું ગાળિયું = (૧) ઘાણીમાંના બળદ ઉપરની ધૂંસરી. (૨) જન્મમરણનો ફેરો.

૭. ઘાંચીને લૂગડે ડાઘ શો ખોળવો ? = દોષથી ભરપૂર હોય તેમાં દોષ ગોતવાપણું હોય નહિ.

૮. ઘાંચીનો ઘાણ = ગંદો પોષાક.

૯. ઘાંચીનો બળદ ઠામનો ઠામ = ચાલી ચાલીને ઠેરના ઠેર.

૧૦. ઘાંચીનો બળદ બાર ગાઉ ચાલે તો યે ઘેરનો ઘેર = ચાલી ચાલીને ઠેરના ઠેર.

૧૧. ઘાંચીનો બેલ-બળદ = એકને એક રસ્તે હમેશ મહેનત કર્યા કરનાર; સંસારના કામકાજમાં ગુંચવાઈ ગયેલો મનુષ્ય.

૧૨. ઘાંચી સેતાનની માંચી = ઘાંચીની જાત બહુ પહોંચેલી એટલે કાબેલ હોય છે.

૨. વિ. ઘાણી રાખી તેલ પીલી કાઢવાનું અને વેચવાનું કામ કરનારા લોકોની જાતનું; તેલ તથા દૂધ વેચવાનો ધંધો કરતી ન્યાતનું.

૩. વિ. મેલાં લૂગડાંવાળું.

ઘાંચીનો ગોધલો સ્ત્રી. ઘંટીખીલડો નામની દેશી રમત. જુઓ ઘંટીખીલડો.

ઘાંચીમોચી પું. ઊતરતી જાતના લોક; હલકા લોક.

ઘાંચીવાડ (ઘાંચીવાડ઼) સ્ત્રી. ઘાંચીઓના વસવાટવાળો લત્તો.

ઘાંચેણ ૧. સ્ત્રી. ઘણાં મેલાં અને ડાઘાડૂઘીવાળાં કપડાં પહેરનારી સ્ત્રી.

૨. સ્ત્રી. ઘાંચીની કે ઘાંચી જાતિની સ્ત્રી.

ઘાંચો ૧. પું. ઘાંચી. તુચ્છકારમાં ઘાંચો કહેવાય છે.

૨. પું. વાંસફોડો; વાંસના ટોપલા ટોપલી ને સાદડીઓ બનાવનાર માણુસ.

ઘાંટ પું. કંસારો.

ઘાંટરવાલ સ્ત્રી. મોરલી; જંતર.

ઘાંટા સ્ત્રી. એરંડાની પાકેલી લૂમ; માળ.

ઘાંટાઘાંટ પું. બૂમાબૂમ; શોરબકોર.

ઘાંટાઘાંટી સ્ત્રી. શોરબકોર; ઘાંટાઘાંટ.

ઘાંટાઝન પું. ઘાટાબાજ; પાણીમાં ડૂબનાર કે ડૂબકી મારનાર માણુસ.

ઘાંટિક ૧. [સં.] પું. ઘંટ વગાડનાર માણુસ.

૨. પું. ઘંટા વગાડી ભિક્ષા માગનાર માણુસ.

૩. પું. દેવળમાં મૂર્તિ પાસે ઘંટ વગાડનાર પુરુષ.

૪. પું. ધંતૂરો.

૫. પું. સવારમાં રાજાને ઉઠાડવા વાદ્ય વગાડનાર માણુસ.

ઘાંટી ૧. સ્ત્રી. અડચણું; વિડંબના.

૧. ઘાંટી આવવી-નડવી-પડવી = હરકત આવવી.

૨. ઘાંટી વટાવવી = મુશ્કેલીમાંથી પાર ઊતરી જવું.

૩. મરણુની ઘાંટી = મરવાના વખતની પીડા.

૪. સુવાવડની ઘાંટી = જનનકાળની મુશ્કેલી; પ્રસૂતિ સમયની વિડંબના.

૨. સ્ત્રી. અવાજ; સૂર; કંઠ; ગળું.

૩. સ્ત્રી. આંટી; ગૂંચવણુ.

૪. સ્ત્રી. ગળાની અંદરથી અવાજ ઉત્પન્ન કરનારો અવયવ.

૫. સ્ત્રી. ગળાને વચલે ભાગે રહેલું શંકુ આકૃતિનું હાડકું; હરડિયો; હરડિયાનું અસ્થિ. આ અવયવ ઊંચો નીચો થયા વગર ખોરાક ગળી શકાતો નથી. માણુસને જુવાની આવતાં આ અવયવ જરાક સપાટી બહાર નીકળે છે.

ઘાંટી ફૂટવી = જુવાની આવવી.

૬. સ્ત્રી. ચક્કી.

૭. સ્ત્રી. ઠેકાણું.

૮. સ્ત્રી. નાનાં બચ્ચાં બિમારીથી ગળતાં જાય તેવો રોગ.

ઘાંટી પડવી = ગળું પડવું; બાળકનું ગળતું જવું.

૯. સ્ત્રી. બે પર્વત કે ડુંગરાની વચ્ચેનો સાંકડો રસ્તો.

૧૦. સ્ત્રી. મુશ્કેલીનો સમય.

ઘાંટીઘૂંટી ૧. સ્ત્રી. આંટીઘૂંટીવાળો માર્ગ.

૨. સ્ત્રી. ગૂંચવણુ; આંટીઘૂંટી.

૩. સ્ત્રી. મુશ્કેલીનો સમય.

ઘાંટુ ન. હુક્કાની ચલમનો નીચલો ભાગ. તે હાથમાં પકડવામાં આવે છે.

ઘાંટું ૧. ન. ચલમનો નીચલો ભાગ.

૨. ન. ગળામાંથી નીકળતો અવાજ.

૩. ન. તલનો ડોડવો; તલસરૂં.

ઘાંટો ૧. પું. ગળામાંથી નીકળતો અવાજ; સાદ; સૂર.

૧. ઘાંટો ઊઘડવો-ખૂલવો = સારો સાદ નીકળવો.

૨. ઘાંટો બેસવો = અવાજ ખોખરો થવો.

૨. પું. ખિજાઈને કાઢેલો સાદ.

૩. પું. બૂમ; પોકાર; બરાડો; મોટો સાદ.

૧. ઘાંટા કાઢવા = ગુસ્સે થઈ મોટેથી બોલવું; બૂમ પાડીને બોલવું.

૨. ઘાંટો પાડવો = (૧) ખીજવું. (૨) બોલાવવું.

૪. પું. મોટી ઘાંટી; ડુંગરાળ રસ્તો.

ઘાંડી સ્ત્રી. ઘરનું નેવું કે ઝાડની ડાંખળી ઉપરથી લટકતી શંકુ આકારની બરફની કટકી; હિમકણુ.

ઘાંણ [સં. ઘ્રાણુ] સ્ત્રી. ગંધ.

ઘાંણો [સં. ઘુણ્ (ફરવું)] પું. સુખાણુનો ધોકો વહાણુના પાછલા ભાગમાં ધરીમાં પેસે તે માટે રાખેલું કાણું.

ઘાંતી ન. આદમનું ફળ.

ઘાંદુ પું. એક જાતનો રોગ. તેમાં પહેલાં ભૂરાં ચાંદાં થઈ ધીમે ધીમે ધોળાં થઈ જાય છે. ઘડીવારમાં આખું શરીર કોહવાઈ જઈ માણુસ મરણુ પામે છે. આ રોગ આફ્રિકમાં થાય છે.

ઘાંયજી સ્ત્રી. ગાંયજી; હજામડી; હજામની સ્ત્રી.

ઘાંયજો ૧. પું. મોરની ચાંદલા વગરની મોટી પીંછી.

૨. પું. હજામ; વાળંદ; નાપિત.

ઘાંયજો ઊડચો ને કચરો ફૂટચો = એક ગયું કે બીજું તૈયાર.

ઘાંસ જુઓ ઘાસ.

ઘાંસણુ ન. છાણાં થાપતી વેળાએ સ્ત્રીઓ છાણુ સાથે ભેળવે છે તે કુંવળ અથવા ખડનો ભૂકો.

ઘાંસણિયું ન. કૂવાના થાળા પાસે રાસડી નીચે રાખવાનું લાકડું.

ઘાંસણી સ્ત્રી. ક્ષયરોગ.

ઘાંસરોટી સ્ત્રી. ઘસારો.

ઘાંસલેટ ન. કેરોસીન તેલ.

ઘાંસવું ૧. અ. ક્રિ. ઉધરસ ખાવી.

૨. અ. ક્રિ. ઘસાવું.

૩. અ. ક્રિ. દુર્બળ થવું.

૪. અ. ક્રિ. નિર્ધન થવું; પૈસો ચાલ્યો જવો.

ઘાંસિયું ન. કોસ હાંકનારના લૂગડાને વરતથી ઘાંસોટી ન લાગે એટલા માટે કેડે બાંધવામાં આવતો ચામડાનો ચોરસ કટકો; ગાંડિયું.

ઘાંસિયો પું. ઘોડાના પલાણુ ઉપર નાખવાની પાતળી ગાદી.

ઘાંસી ૧. સ્ત્રી. ઘાઘરા ઉપર ઓઢણી તરીકે ઓઢવાનો લૂગડાનો કટકો.

૨. સ્ત્રી. બોરડી વગેરે કાંટાળી વનસ્પતિનો ઢગલો; ઝરડાં.

ઘાંસોટિયું ન. કોઈ પણુ વસ્તુને ઘસાતી અટકાવવાનું સાધન.

ઘાંસોટી ૧. સ્ત્રી. ઘસારો.

૨. સ્ત્રી. સોનારૂપાના ચવ પારખવાનો પથ્થર.

ઘિઘવાવું અ. ક્રિ. ગગલી જવું.

ઘિઘી સ્ત્રી. બોલવામાં જીભ થોથરાવી તે.

ઘિચપિચ ૧. સ્ત્રી. અતિશય ભાર.

૨. સ્ત્રી. લખવામાં બહુ ભેગું લખવું તે.

૩. વિ. અવ્યવસ્થિત; અસ્તવ્યસ્ત; ગોટાળા ભરેલું.

ઘિચરપિચર વિ. અવ્યવસ્થિત; અસ્તવ્યસ્ત.

ઘિચલી વિ. ગંદું; મેલું.

ઘિઝા (ઘ઼િઝા) [અ.] સ્ત્રી. ખોરાક.

ઘિઝાયત (ઘ઼િઝાયત) [અ.] સ્ત્રી. ખોરાક.

ઘિઝાલ (ઘ઼િઝાલ) ૧. [અ.] પું. જુવાન માણુસ.

૨. પું. સૂર્ય.

૩. ન. હરણુનું બચ્ચું.

ઘિડગૂં (ઘ઼િડગૂં) ન. ઘડો રાખવાનું ટેકણુ.

ઘિણુ ૧. સ્ત્રી. ઠપકો; ધમકી.

૨. સ્ત્રી. ધિક્કાર; તિરસ્કાર.

૩. સ્ત્રી. વેર; દુશ્મનાવટ.

૪. સ્ત્રી. શરમ; લાજ.

ઘિનાબ સ્ત્રી. દુર્ગંધ; ખરાબ વાસ.

ઘિબ્બ (ઘિ઼બ્બ) [અ.] પું. એકાંતરો તાવ.

ઘિબ્બન (ઘિ઼બ્બન) ૧. [અ.] અ. દરેક બીજે દિવસે; એકાંતરે.

૨. અ. ભાગ્યે જ.

ઘિમડ (ઘિમડ઼) ૧. વિ. આળસુ.

૨. વિ. મૂર્ખ.

ઘિમેલ સ્ત્રી. મંકોડાથી સહેજ નાનું અને કીડીથી જરા મોટું એક જાતનું રાતું જીવડું.

ગાંડમાંથી ઘિમેલ નીકળી જવી = (૧) ગજા ઉપરાંત કામ આવી પડવાથી લોથ થઈ જવું. (૨) હારી જવું; મહાત થવું.

ઘિયા ૧. સ્ત્રી. વાણિયા તથા લોહાણાની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ઘિયાવાડ (ઘિ઼યાવાડ઼) સ્ત્રી. ઘીનો વેપાર જ્યાં ચાલતો હોય તે લત્તો; ઘીકાંટો.

ઘિયાસ (ઘિ઼યાસ) ૧. [અ.] પું. ઊંડો અભ્યાસ કરવો તે.

૨. પું. ડૂબકી.

૩. પું. ફરિયાદ સાંભળનાર માણસ.

૪. પું. મુક્તિ; છૂટકારો.

ઘિયાળ વિ. પુષ્કળ ઘી આપે એવું; ઘીભર્યું; જેના દૂધમાંથી ઘણું ઘી નીકળતું હોય તેવું.

ઘિયો ૧. પું. ઘીનો વેપારી.

૨. સ્ત્રી. એક જાતની કેરી.

ઘિરકા સ્ત્રી. એક જાતની બાળકોની રમત.

ઘિરગટ [હિં.] પું. કાકીડો; કાચંડો.

ઘિરત [હિં.] ન. ઘૃત; ઘી.

ઘિરતી સ્ત્રી. ગરેડી.

ઘિરની ૧. સ્ત્રી. એક જાતનું કબૂતર.

૨. સ્ત્રી. એક જાતનું જળગામી પક્ષી.

૩. સ્ત્રી. ગરેડી; એક પ્રકારનું ઉચ્ચાલન.

૪. સ્ત્રી. દોરડાને વળ દેવાનું ઓજાર.

૫. સ્ત્રી. બેચેની.

ઘિરાંદ ૧. સ્ત્રી. દુર્ગંધ; ખરાબ વાસ.

ઘિરીવ (ઘિ઼રીવ) ૧. [ફા.] પું. ગરબડ; ગોટાળો; અવ્યવસ્થા.

૨. પું. ગળામાં ગુડગુડ એવો અવાજ થવો તે.

૩. પું. ટોળું; સમૂહ.

ઘિર્બાલ (ઘિ઼ર્બાલ) ૧. [અ.] સ્ત્રી. ઉખાણું.

૨. સ્ત્રી. ચાળણી.

ઘિલઝાઈ સ્ત્રી. હિંદની વાયવ્ય સરહદની એક પઠાણ કોમ.

ઘિલાઝત (ઘિ઼લાઝત) ૧. [અ.] સ્ત્રી. કચરો; ગંદવાડ.

૨. સ્ત્રી. ખરબચડાપણું.

૩. સ્ત્રી. રીતભાતમાં જંગલીપણું.

ઘિલાફ (ઘિ઼લાફ઼) ૧. [અ.] પું. ઓશીકાની ખોળી.

૨. પું. ખોખું; મયાન.

૩. પું. ઘૂંઘટ.

૪. પું. રજાઈ.

ઘિલાફી (ઘિ઼લાફ઼ી) [અ.] વિ. ભેળ કરેલું; મિશ્રિત.

ઘિલાલા (ઘિ઼લાલા) [અ.] પું. નીચે પહેરવાનો કબજો.

ઘિલેરી ન. ખિસકોલી ખાનારું બાજ પક્ષી.

ઘિલોઘિશ (ઘિ઼લોઘિ઼શ) [અ.] સ્ત્રી. બીક; ભય; ડર.

ઘિલોડી (ઘિલોડ઼ી) ૧. સ્ત્રી. ઘિલોડાંનો વેલો.

૨. સ્ત્રી. સરડા કે કાચંડા જેવું ચપટું અને રાખોડિયા રંગનું એક નાનું પ્રાણી; ગરોળી.

ઘિલોડું (ઘિલોડ઼ું) ૧. ન. ઘિલોડીના વેલાનું શાકમાં ઉપયોગી ફળ; ટિંડોરું; ઘલોડું.

૨. ન. ફાંસ; ફાચર; સાલ.

ઘિલોડું પેસવું = લફરું વળગવું; બલા વળગવી; પોતાના કામમાં નડે એવું બીજું વચમાં કોઈ કામ આવી પડવું.

ઘિલ્ઝત (ઘિ઼લ્ઝત) ૧. [અ.] સ્ત્રી. ગંદવાડ.

૨. સ્ત્રી. જંગલીપણું.

ઘિલ્લ (ઘિ઼લ્લ) ૧. [અ.] પું. ઠગાઈ.

૨. પું. દ્વેષ.

૩. પું. ધિક્કાર; તિરસ્કાર.

ઘિસડવું (ઘિસડ઼વું) અ. ક્રિ. આગળ ઘસડાવું.

ઘિસની સ્ત્રી. ઘસવું તે; ઘસવાની ક્રિયા.

ઘિસરા સ્ત્રી. માછલાં પકડવાની એક જાતની જાળ.

ઘિસલું ૧. ન. આશરે ત્રણ ચાર હાથ લાંબું એક છેડે બે પાંખવાળું બળદ પલોટવાનું લાકડાનું થાન; જૅસલો.

૨. ન. છોકરાંને રમવાનું વતરણું.

ઘિસલે ઘાલવું = (૧) મુશ્કેલ કામમાં દાખલ કરવું. (૨) સંસારમાં જોડવું.

ઘિસવ [હિં.] સ્ત્રી. ઘસારો; ઘર્ષણ.

ઘિસવું ૧. અ. ક્રિ. ઘસાઈ જવું; ઘસાવું.

૨. સ. ક્રિ. મુક્કીનો માર મારવો; ટપેરવું; ધીબવું.

ઘિસાઈ સ્ત્રી. ઘસારો; ઘર્ષણ.

ઘિસાવટ ૧. સ્ત્રી. ગુણમાં ઘટી જવું તે.

૨. સ્ત્રી. ઘસારો; ઘર્ષણ.

ઘિસાવવું સ. ક્રિ. મુક્કી મરાય એમ કરવું; ઢોંસો મારવામાં આવે તેમ કરવું; મુક્કો મારવાનું કહેવું; ટિપાવવું; માર ખવરાવવો.

ઘિસાવું અ. ક્રિ. મુક્કો ખાવો; ઢોંસો ખાવો; માર ખાવો; ટિપાવું.

ઘિસોડી (ઘિસોડ઼ી) સ્ત્રી. તૂરિયાનો વેલો. તેનાં ફૂલ પીળાં હોય છે. તેને ફરતી હાંસવાળું લાંબું ફળ થાય તેને ઘિસોડું કહે છે.

ઘિસોડું (ઘિસોડ઼ું) ન. તૂરિયું; ઘિસોડીનું ફળ. તે સાધારણ રીતે પિત્ત કરનાર મનાય છે, પણ તેમ નથી. તે ઠંડું એટલે વાયુ અને કફ કરનાર છે. પિત્તમાં, ખાંસીમાં અને તાવમાં પણ એનું શાક ખવાય છે.

ઘિસ્સા ૧. પું. ઘસવું તે; ઘર્ષણ.

૨. પું. દીકરો.

ઘિસ્સાવટ સ્ત્રી. ઘસણપટ્ટી; ઘર્ષણ.

ઘિસ્સો ૧. પું. એકદમ જોરથી પડેલો ઘસરકો; કાપો; દાંતિયો.

ઘિસ્સો દેવો = (૧) કાપ પાડવો. (૨) ખોટમાં ઉતારવું; નુકસાનમાં ઉતારવું.

૨. પું. ઘોડાને પલોટવાનું એક સાધન.

૩. પું. થાપ દેવી તે.

૪. પું. ધક્કો; ઠોકર.

૫. પું. મલ્લવિદ્યાનો એક જાતનો દાવ. જોડીદાર પહેલવાને સામા પહેલવાનને નીચે લાવી, લાંબો કરી, તેનો હાથ તેની કમર પાસેથી પકડી, તેની કમર પાસે હાથને લાવી તેને લાંબો કરી, પોતે એક પગ ઊંચો રાખી, બીજા હાથે તેને હાથની થપી મારી ઉથલાવવો. એ રીતે એ ચીત થાય છે. મુસલમાન લોકો આ દાવને તરાવો અને હિંદુઓ તેને ઘિસ્સો કહે છે.

૬. પું. માંજાની દોરી ઉપર પડતો ઘસારો.

ઘી [સં. ઘૃત; ઘિઅં-ઘિઉ-ઘી] ન. દૂધનું દહીં, દહીંનું માખણ અને એ માખણને તાવીને બનાવેલું ચીકણું સ્વાદ વગરનું ઊનું કરતાં પ્રવાહી થાય અને ટાઢું પડતાં થીજી જાય એવું સત્ત્વ; ઘૃત; તૂપ; ચીકટ; આજ્ય, તે સ્નિગ્ધ તથા દાહશામક છે. જેમ ઘી તાજું તેમ ખાવા માટે વખણાય છે. ઔષધને માટે તો ફક્ત

ગાયનું તાજું ઘી જ કામ આવે છે. તે ખાવાથી ચરબી વધે છે ને શરીરમાં ઠંડક થાય છે. જે ખોરાકમાં ઘીનો ભાગ વધારે આવે તે ખોરાક ઉત્તમ ગણાય છે. તે ખાવાથી શક્તિ વધે છે, નબળાઈ અને ગરમી હઠે છે. ઠાલી ઉધરસ ઉપર ઘી ચટાય છે, તેમ જ સોપારી વગેરે રુક્ષ ચીજ ખાવાથી ઉધરસ થઈ આવે ત્યારે ઘી ચાટવું યોગ્ય છે. ઝેર ખાધું હોય ત્યારે ઊલટી કરાવવા સારૂ ઘી ઊનું કરી પવાય છે. ઘી બહાર લગાડવામાં ઠંડું છે.

૧. ખીચડીમાં ઘી ઢોળાવું = વ્યર્થ ન જવું.

૨. ઘી ખાના સક્કરસે ઓર દુનિયા ચલાના મક્કરસે = ઘી સાકર સાથે ખાવું અને સંસારવ્યવહારમાં યુક્તિપ્રયુક્તિથી વર્તવું.

૩. ઘી ચોપડવું = માખણ લગાડવું; ખુશામદ કરવી.

૪. ઘી બોલવું = જૈન મંદિરમાં આંગીને દિવસે ભગવાનની આરતી ઉતારવા માટે હરરાજીમાં ઘીની માગણી કરવી.

૫. ઘીના ઠામમાં ઘી પડવું-ઘીને ઘડે ઘી થવું = સારાં વાનાં થવાં.

૬. ઘીની ધાર જોવી = છેવટ સુધી રાહ જોવી.

૭. ઘીમાંથી ઈયળ કાઢવી = દૂધમાંથી પૂરા કાઢવા.

૮. નરમ ઘી જેવી માગણી કરવી = દેખાવમાં નમાલી છતાં ભારે માગણી કરવી.

૯. બળતામાં ઘી હોમવું = પડ્યા ઉપર પાટુ મારવું; મામલો વધારે બગડવો.

૧૦. માગ્યા ઘીએ ચૂરમું થવું = પારકે પૈસે ઉજાણી કરવી.

૧૧. મોટું ઘી = ચરબી ભેળવેલું ખરાબ ઘી.

૧૨. હાંડીનું ઘી = તાજું સારૂં માખણ.

ઘીઆન સ્ત્રી. ઠાંઠડી; નનામી.

ઘીઆરી ન. એક જાતનું ઝાડ.

ઘીઉ [સં. ઘૃત] ન. (હિંદી) ઘી.

ઘીઓ પું. ઘીનો ધંધો કરનાર વેપારી; ઘી વેચનાર માણસ.

ઘીકાંટો પું. જ્યાં ઘી જોખાતું અને વેચાતું હોય તે જગા; ઘીનું બજાર.

ઘીકુમાર જુઓ ઘીકુવાર.

ઘીકુમારી જુઓ ઘીકુવાર.

ઘીકુવાર સ્ત્રી. કુંવાર; ઘૃતકુમારી; અજરા નામની એક વનસ્પતિ.

ઘીકુંવાર જુઓ ઘીકુવાર.

ઘીકેળાં ૧. ન. બ. વ. આનંદ ઉત્સવ; ખૂબ મોજમજા; મોજશોખ; સારાંવાનાં.

૨. ન. બ. વ. ગદ્દબદિયાં; ખૂબ નફો; ખૂબ ફાયદો.

ઘીકેળાં થવાં = ઘણો નફો થવો.

૩. ન. બ. વ. ઘી અને કેળાં.

ઘીખીચડી (ઘીખીચડ઼ી) ૧. પું. બ. વ. ગાઢ દોસ્તાર; પાકા મિત્ર.

૨. સ્ત્રી. ઘી અને ખીચડીનું મિશ્રણ.

ઘી ખીચડીના અક્ષર બે = ટૂંકામાં કહેવું તે.

ઘીગળણી સ્ત્રી. ઘી વગેરે પ્રવાહી ગાળવાનું ઝીણી જાળીનું વાસણ.

ઘીચ વિ. ગીચ; પાસેપાસે આવી રહેલું; સંકડાઈ રહેલું; ભરચક; ઘાટું.

ઘીચોઘીચ વિ. ખીચોખીચ; ખૂબ ઘીચ; ઠાંસોઠાંસ.

ઘીચોપડ (ઘીચોપડ઼) ન. ઘી અને તેના જેવું બીજું ચીકણું દ્રવ્ય; ચીકટ પદાર્થ; ઘી તેલ વગેરે ચરબી જેવી વસ્તુ.

ઘીટ ૧. [સં. ધૃષ્ટ; પ્રા. ધિટ્ઠ] ન. નિર્લજ્જતા; નફટાઈ; બેશરમી.

૨. ન. હિંમત; બહાદુરી.

૩. વિ. ધટ્ટ; જાડું; મજબૂત.

૪. વિ. બહાદુર; હિંમતવાન.

૫. વિ. બેશરમ; નિર્લજ્જ.

૬. વિ. સહનશીલ.

ઘીડઘીચ (ઘીડ઼ઘીચ) ૧. સ્ત્રી. ખટપટ.

૨. સ્ત્રી. ગીરદી.

૩. સ્ત્રી. તોફાન.

ઘીડવા (ઘીડ઼વા) પું. બ. વ. કાણાં; છિદ્રો.

ઘીત [સં. ઘૃત] ન. ઘી.

ઘીતામણી જુઓ ઘીતાવણી.

ઘીતાવણી સ્ત્રી. માખણને કકડાવીને ઘી કરવાનું વાસણ; માખણને તાવીને ઘી બનાવવાનું માટીનું રીઢું વાસણ.

ઘીતી ન. (કચ્છી) એક જાતનું ઝાડ; કુંઢેર.

ઘીતૂરિયાં ન. બ. વ. એ નામનું એક જાતનું શાકફળ; ધિસોડાં.

ઘીતલાં ૧. ન. બ. વ. ઘીતેલી વનસ્પતિના મૂળમાં થતી ગાંઠ.

૨. ન. બ. વ. બોલાચાલી.

ઘીતેલી સ્ત્રી. એક જાતનો પાણીમાં થનાર છોડ. એનાં પાન કમળનાં પાન જેવાં પાણી ઉપર તરતાં હોય છે. તેમાં રાતાં કે ધોળાં ફૂલ થાય છે. તે રાતને વખતે ઊઘડે છે. ફૂલ તથા પાનની ડીંટ પાણી જેટલું ઊંડું હોય તેટલી લાંબી અને પહોળી હોય છે. ફૂલનો વ્યાસ ચારથી છ ઈંચ હોય છે. તેમાં સોપારીના મોટા ત્રોફા જેવડાં ફળ થાય તેને ઘીતલાં કહે છે. પાન વાટી સોજા ઉપર ચોપડાય છે.

ઘીતલું ૧. ન. ઘી અને તેલના જેવા સ્વાદવાળા ઘીતેલીના મૂળમાં થતી ગાંઠ. પાણીમાં થતા તેના છોડની ડાંડલી અને પાન લાલ રંગનાં હોય છે. ફૂલ ઘણી પાંખડીવાળું લાલ મોટું હોય છે. એમાંની કેટલીક ગાંઠોનો સ્વાદ ઘી જેવો હોવાથી ઘિયું કહેવાય છે અને કેટલીકનો સ્વાદ તેલ જેવો હોવાથી તેલું કહેવાય છે. આ ઉભય સ્વાદના મિશ્રણને લીધે તે ઘીતલું કહેવાય છે. તે સોપારીના મોટા ત્રોફા જેવડું, અંદરથી પોચું, લીસું અને પીળું ચળકતું હોય છે. તેમાં બી રાતાં કે કાળાં રંગનાં નાનાં હોય છે. ફળની ગંધ ઉગ્ર અને સ્વાદ તેલિયો જરા કડવાશ પડતો હોય છે. એના દૂધનો ઉકાળો લોહીવિકાર ઉપર અપાય છે. એનાં ફળ તાજાં હોય ત્યારે ખવાય છે. તેની ભૂકી સાકર સાથે સંગ્રહણી ઉપર અપાય છે. ઘીતલાં બહુ ટાઢાં અને પૌષ્ટિક ગણાય છે.

૨. ન. પોયણીનું ફળ; કમલિની અને પોયણીનાં મૂળમાં તેનાં ફળ કહેવાતી ગોટા જેવી થતી નાની ગાંઠ.

ઘીદાણી સ્ત્રી. ઘી ભરવાનું માટીનું વાસણ.

ઘીના ઘડા (ઘીના ઘડ઼ા) ૧. પું. એક જાતનો વેલો. કટગુંદી જેવાં એનાં ફળ થાય છે અને ઇંદ્રામણા જેવાં તેનાં પાંદડાં થાય છે. થોરની વાડમાં તે પુષ્કળ ઊગે છે.

૨. પું. બ. વ. અભય.

ઘીપ પું. દ્વીપ.

ઘીબત (ઘ઼ીબત) ૧. [અ.] સ્ત્રી. ખરાબ બોલવું તે; નિંદા.

૨. સ્ત્રી. મુખ્ય સત્તા જ્યાં રહેતી હોય ત્યાંથી દૂરનો પ્રદેશ કે પ્રાંત.

ઘીમ ૧. પું. શક; વહેમ; શંકા.

૨. [સં. ગ્રીષ્મ-ગિમ્હુ-ઘિમ્મુ-ઘીમ] સ્ત્રી. ફાગણ મહિનામાં હોલિકોત્સવ પછી પહેલે દિવસે કરવામાં આવતી એક જાતની વિધિ; હોળી પછીને દિવસે કરવામાં આવતી એક ક્રિયા. તેમાં આંબાનો મોર અને સાકર રૂપામહોર ઉપર ચડાવી બાળકને પ્રાશન કરાવે છે, તથા નવું કપડું પહેરાવી હુતાશણીનાં દર્શન કરાવે છે. આ કપડાને ઘીમિયું કહે છે.

ઘીમિયું ન. ઘીમ ઉપર બાળકને પહેરાવવાનું નવું કપડું. જુઓ ઘીમ.

ઘીમેલ સ્ત્રી. કીડી જેવી એક જાતની જીવાત. ઉનાળામાં તે દેખાય છે.

ઘીય પું. શક; વહેમ; શંકા.

ઘીયા ૧. સ્ત્રી. દૂધી.

૨. વિ. સુંવાળું; ઘી જેવું.

ઘીયાકશ પું. તુંબડીને કાપવા અને સાફ કરવા માટેનું એક ઓજાર.

ઘીયાકસ જુઓ ઘીયાકશ.

ઘીયાતુરાઈ ન. ગલકું.

ઘીયાતોરાઈ પું. એ નામનો એક વેલો. મેથી જુલાઈ સુધીમાં તેનાં બી વવાય છે. દોઢથી બે માસમાં તે ફળે છે. તેનાં ફળનું શાક થાય છે.

ઘીયામંડી ૧. સ્ત્રી. ઘીપીઠ; ઘીબજાર.

૨. સ્ત્રી. તુંબડીને કાપવા અને સાફ કરવા માટે વપરાતું એક હથિયાર.

ઘીલા પું. એક જાતનો જંગલી વેલો.

ઘીલાં ન. વ. વ. ધોળા રંગના એક જાતની વનસ્પતિના દાણા. તે સ્વાદમાં ઘી જેવાં હોય છે.

ઘીલી સ્ત્રી. ચળવળાટ; ગદબદિયા.

ઘીવટી પું. (જૂ. ગુ.) ઘિયો; ઘીનો વેપારી.

ઘીવાલા ૧. સ્ત્રી. વાણિયા અને મેમણની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ઘીસ ૧. સ્ત્રી. ગીસ.

૨. સ્ત્રી. ઘિસ્સો; જોરથી કરેલો આઘાત.

૩. સ્ત્રી. તપાસ કે રમતગમતને માટે સાથે મળીને નીકળેલા ઘણા માણસોનું ટોળું; મંડળ; સંઘ; સમૂહ.

૪. સ્ત્રી. ધાતુનો ખરેલો બારીક ભૂકો.

૫. સ્ત્રી. માર; ઠોક.

૬. સ્ત્રી. રોન ફરનારાઓનું મંડળ; ચોકિયાતોનું ટોળું.

૭. સ્ત્રી. લાગ; દાવ.

૮. સ્ત્રી. હોળીનો વરઘોડો; હોળીના તહેવારમાં માણસને અવળે ગધેડે બેસાડી માથે સાવરણી બાંધી કાઢવામાં આવતું સરઘસ. તેમાં ગાળો અને બીભત્સ ગીતોનો ઉપયોગ થાય છે. દરેક મહોલ્લાના લોક પોતપોતાનાં નિશાન અને તાંસા ઢોલ સાથે વરઘોડો કાઢે છે. તેમાં છેલ્લે એક જણ વરરાજા થઈ ગધેડા ઉપર બેઠેલો હોય છે. એને સાવરણી વગેરેથી ચમ્મર થાય છે અને પાછળ સાજનિયા વરને ભૂંડાં ગીત ગાય છે.

ઘીસ ખાવી = (૧) પરાજય પામવો. (૨) માર ખાવો. (૩) હાથમાં લીધેલ કામમાં ભૂલ થવી; ધાર્યું કામ ન થવું.

ઘીસડિયો (ઘીસડ઼િયો) પું. લાકડાની પટીમાં લોઢાના કરવત જેવા કાકરવાળું એક જાતનું ઓજાર. ખાંચા કરવા અને નકશી કાઢવા માટે તે વપરાય છે.

ઘીસત સ્ત્રી. બહારવટિયાની પાછળ જનારી પલટણ.

ઘીસરૂં ૧. ન. ધૂંસરું.

૨. ન. હળ, દંતાળ વગેરે નીચે રાખવાનું એક સાધન; કઢામણું.

ઘીસલી સ્ત્રી. ખેતરમાં ચોકડીઓ પાડવાનું એક ઓજાર.

ઘીસલું ન. બળદ અથવા ઘોડાને પલોટવાનું લાકડાના પાટિયાવાળું વાહન.

ઘીસવું સ. ક્રિ. ઢીબવું; મારવું; ટીપવું.

ઘીસાઘીસ ૧. સ્ત્રી. ઉપરાઉપરી ઘીસઘીસ થતું હોય એવી હાલત.

૨. સ્ત્રી. ઉપરાઉપરી ધડોધડ ઝીકો મારવી તે; ઠોકંઠોકા.

૩. સ્ત્રી. કજિયો.

૪. સ્ત્રી. ધમ્માચકડી; ધમાલ.

૫. સ્ત્રી. ભીડાભીડ.

ઘીસાડી (ઘીસાડ઼ી) સ્ત્રી. દખ્ખણ તરફ રહેતી લુહારનો ધંધો કરતી લોકોની એક જાત.

ઘીસાવવું સ. ક્રિ. મુક્કો મારવાનું કહેવું; ટીપાવવું; માર ખવરાવવો.

ઘીસી સ્ત્રી. સાંકડો ખાંચો.

ઘીસો જુઓ ઘિસ્સો.

ઘીસોડિયું (ઘીસોડ઼િયું) ન. લાકડાનો ખાંચો.

ઘીહટી પું. (જૂ. ગુ.) ઘિયો; ઘી વેચનાર માણસ.

ઘીહરું (ઘીહ઼રું) ન. હળને ઊભું રાખવાનું બે પાંખિયાંનું ઓજાર; હળ લાવવા અને લઈ જવા માટે વપરાતો બે પૈડાંવાળો લાકડાનો એક ઘોડો; ઘીસરું.

ઘીંગાઘાંગી સ્ત્રી. અંધેર; ગેરબંદોબસ્ત.

ઘીંઘ [અં. ગૅંગ] સ્ત્રી. જથ્થો; ટોળું.

ઘીંઘર સ્ત્રી. ઘણાં માણસોનો જથ્થો; સમૂહ; ઘીંઘ.

ઘીંચવું ૧. સ. ક્રિ. ખૂંચવી લેવું.

૨. સ. ક્રિ. ચૂસી લેવું.

૩. સ. ક્રિ. તરવાર ખેંચવી.

૪. સ. ક્રિ. પોતાના ઉપર લઈ લેવું.

૫. સ. ક્રિ. ફાંસી દેવી.

૬. સ. ક્રિ. રાખી મૂકવું.

૭. સ. ક્રિ. લખવું.

૮. સ. ક્રિ. લીટી દોરવી.

૯. સ. ક્રિ. શ્વાસમાં લઈ લેવું.

ઘીંસરું ન. ઘીસરું; જેસલો; હળને ઊભું રાખવાનું બે પાંખિયાંનું એક ઓજાર.

ઘીંસો પું. નવો ઘોડો પલોટવાનું પાટિયું. તેમાં બે કડાં હોય છે. તેમાં ઘોડો જોડી ખેતરમાં અથવા નદીમાં ફેરવાય છે.

ઘીંહરું (ઘીંહ઼રું) જુઓ ઘીહરું.

ઘુ ૧. [સં.] પું. કબૂતરનો અવાજ.

૨. પું. દા અને ધા એવા રૂપવાળા ધાતુઓની પાણિનીય વ્યાકરણ પ્રસિદ્ધ એક સંજ્ઞા.

૩. પું. લઘુ અક્ષર.

૪. અ. ક્રિ. અવાજ કરવો; શબ્દ કરવો.

ઘુએડ (ઘુએડ઼) ન. ઉલૂક; ઘુવડ; રાત્રે જ દેખી શકતું એક જાતનું પક્ષી.

ઘુગી સ્ત્રી. લડાઈમાં માથાનું રક્ષણ કરનાર એક સાધન; શિરસ્ત્રાણ.

ઘુગુર ન. એક જાતનું હાથવાજિંત્ર. તેને બંગાળમાં તાલી કહે છે.

ઘુગ્ગી ૧. સ્ત્રી. એક જાતની ધાબળી; માથું અને ખભો ઢંકાય એવી કામળી.

૨. સ્ત્રી. કબૂતર.

ઘુગ્ગુ ૧. પું. ઘુવડ.

૨. પું. પડતી અને નાશની નિશાની.

૩. પું. મૂર્ખ માણસ.

ઘુઘડ (ઘુઘડ઼) પું. સફેદ ગીધ.

ઘુઘરવટ ૧. પું. છેડે ઘૂઘરીઓ મૂકેલી હોય એવો ઘાઘરો.

૨. સ્ત્રી. ઘાઘરાના ઘેરની નીચેની ઘૂઘરીવાળી ઝૂલ.

ઘુઘરાવવું સ. ક્રિ. ફૂલીને મોટું થાય એમ કરવું; ઘૂઘરવું.

ઘુઘારયાળ ૧. વિ. ઘૂઘરીવાળું; ઘૂઘરી મૂકેલું.

૨. વિ. વાંકડિયું.

ઘુઘરિયાળું જુઓ ઘુઘરિયાળ.

ઘુઘવાટ ૧. પું. કબૂતરનો અવાજ.

૨. પું. ઘાંટો; બરાડ; ગર્જના.

૩. પું. ઘૂઘવવું તે; ઘૂઘૂ એવો ભારે અને જોરદાર અવાજ.

ઘુઘવાટી જુઓ ઘુઘવાટ.

ઘુઘવાટો જુઓ ઘુઘવાટ.

ઘુઘવાવવું સ. ક્રિ. ઘૂઘવે એમ કરવું.

ઘુઘાટ ૧. પું. ઘુઘવાટ; ઘોંઘાટ; બૂમરાણ.
૨. પું. ઘુવડનો અવાજ.

ઘુઘાર પું. ઘૂઘરો.

ઘુઘી ૧. સ્ત્રી. કૂજો.
૨. સ્ત્રી. ઘોડાની ડોકે બાંધવાનું ભરત ભરેલું લૂગડું.

ઘુઘુ ૧. સ્ત્રી એ નામની વાણિયાની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ઘુઘુની સ્ત્રી. બાફેલ કે ઉકાળેલ ચણા.

ઘુઘુર ૧. પું. મોત વખતે ગળામાંથી થતો અવાજ.
૨. સ્ત્રી. નાની ઘંટડી.

ઘુઘુવાવું ૧. અ. ક્રિ. ઘૂઘવાટ કરવો.
૨. સ. ક્રિ. જોરથી ફૂંકી વગાડવું.

ઘુચ્ચો ૧. પું. અંબોડો.
૨. પું. ઘુમ્મો; ધીબકો; મુક્કો.
૩. પું. ચમરી.

ઘુઝરૂફ (ઘુઝ઼રૂફ઼) [અ.] ન. કોમલાસ્થિ; તરુણાસ્થિ; કૂણું હાડકું.

ઘુટ્ ૧. [સં.] અ. ક્રિ. અટકાવવું.
૨. અ. ક્રિ. આઘાત થવો.
૩. અ. ક્રિ. (ધાતુ) પાછું આવવું; પાછું વળવું. તે ઉપરથી થયેલ શબ્દ: ઘૂંટણ, ઘૂંટી.
૪. અ. ક્રિ. રક્ષણ કરવું; બચાવવું.
૫. અ. ક્રિ. સામા થવું; પ્રતિઘાત કરવો; સામું મારવું.

ઘુટ [સં.] પું. પગની ઘૂંટી.

ઘુટણા પું. કુસ્તીનો એક દાવ. હરીફ જ્યારે ઘૂંટણ ઉપર પડ્યો હોય ત્યારે બગલમાંથી આપણા બંને હાથ નાખી તેના ડાબા હાથને ખૂબ ખેંચવો. પછી તેના માથાને પગથી દબાવી ખેંચવું એટલે તેના ખભા ઉપર તે પડી જશે અને ચીત થશે. આ દાવથી જોરાવર કે લાંબો હરીફ હોય તોપણ મહાત થઈ શકે છે.

ઘુટન ૧. [હિં.] સ્ત્રી. ગરમી; બફારો.
૨. સ્ત્રી. ગૂંગળાઈ જવું તે.

ઘુટબોર ન. એક જાતનું ફળ.

ઘુટબોરડી (ઘુટબોરડ઼ી) સ્ત્રી. એક જાતનું ઝાડ. તેની છાલ કપડાં અને ચામડાં રંગવામાં વપરાય છે. તે બકરીનો પ્રિય ચારો કહેવાય છે.

ઘુટુકબ પું. કબૂતરનો અવાજ.

ઘુટ્ટી સ્ત્રી. એક જાતની દવા. તે નવા જન્મેલ બાળક માટે પેટ સાફ કરવામાં વપરાય છે.
ઘુટ્ટીમાં પડવું = નાનપણથી આદત પડવી.

ઘુડ (ઘુડ઼) ૧. [હિં.] પું. ઘોડો.
૨. ન. ખલનાં પાટિયાંની સાંધને પાણી ન ઝમે એવાં રૂની વાટથી ઠાંસીને સજ્જડ કરવાં તે.

ઘુડકાવવું (ઘુડ઼કાવવું) સ. ક્રિ. ધમકાવવું; ડરાવવું.

ઘુડકી (ઘુડ઼કી) સ્ત્રી. ધમકી; ડર; ઠપકો.

ઘુડઘુ (ઘુડ઼ઘુ) ન. ઘૂડ; ઘુવડ.

ઘુડચઢ (ઘુડ઼ચઢ઼) સ્ત્રી. ઘોડેસવારી.

ઘુડચઢા (ઘુડ઼ચઢ઼ા) ૧. [હિં.] પું. અંગરક્ષક.
૨. પું. ઘોડેસવાર.

ઘુડચઢી (ઘુડ઼ચઢ઼ી) ૧. [હિં.] પું. ઘોડા ઉપર બેસીને વરરાજાએ કન્યાને ઘેર જવું તે.
૨. પું. ઘોડેસવાર.
૩. સ્ત્રી. ઘોડેસવારી.
૪. સ્ત્રી. સ્ત્રી ઘોડેસવાર.

ઘુડદોડ (ઘુડ઼દોડ઼) સ્ત્રી.. ઘોડાની દોડવાની શરત; ઘોડદોડ; 'રેસ'.

ઘુડનાલ (ઘુડ઼નાલ) [હિં.] સ્ત્રી. તોપ.

ઘુડબહલ (ઘુડ઼બહલ) [હિં.] સ્ત્રી. ઘોડાથી ચલાવવામાં આવતી ચાર પૈડાંવાળી ગાડી.

ઘુડમખ્ખી (ઘુડ઼મખ્ખી) [હિં.] સ્ત્રી. ઘોડા ઉપર બેસતી માખી.

ઘુડમુંહા (ઘુડ઼મુંહા) [હિં.] વિ. ઘોડા જેવા મોઢાવાળું.

ઘુડશાલન (ઘુડ઼શાલન) ન. ઘોડાખાનું; તબેલો.

ઘુડસાર (ઘુડ઼સાર) જુઓ ઘુડશાલન.

ઘુડસાલ (ઘુડ઼સાલ) જુઓ ઘુડશાલન.

ઘુડારથ (ઘુડ઼ારથ) પું. સહેલથી ન સમજાય એવો અર્થ.

ઘુડ્યા (ઘુડ઼્યા) સ્ત્રી. તુંબડી.

ઘુણ્ ૧. [સં.] અ. ક્રિ. (ધાતુ) ભમવું; ચક્કાકાર ફરવું. તે ઉપરથી થયેલ શબ્દ: ઘુણિત.
૨. સ. ક્રિ. લેવું; ધારણ કરવું; ગ્રહણ કરવું.

ઘુણ ૧. પું. કીનો; દ્વેષ.
૨. [સં.] પું. ઘુણો; લાકડાને કોરનાર એક જાતનું જંતુ.

ઘુણપ્રિયા [સં.] સ્ત્રી. અતિવિષા નામની વનસ્પતિ.

ઘુણવલ્લભા [સં.] સ્ત્રી. અતિવિષની કળી; ઘુણપ્રિયા.

ઘુણાક્ષર ૧. [સં.] પું. ઘુણ નામના કીડાએ સ્વાભાવિક રીતે કરેલી અક્ષરના જેવી આકૃતિ; લાકડામાં કે કાગળમાં જીવડાંએ અક્ષર જેવું કોતરેલ હોય તે.
૨. વિ. જેનું રહસ્ય ન સમજાય તેવું. ઘુણ નામના કીડાએ લાકડા કે કાગળમાં કોતરેલ અક્ષર જેવી આકૃતિ ઉકેલી શકાતી નથી. તે ઉપરથી આમ કહેવાય છે.

ઘુણાક્ષરન્યાય [સં.] પું. અકસ્માત કે અણધાર્યું બનવું તે; કાકતાલીયન્યાય; ઘુણાક્ષરની જેમ વગર ઇરાદે બનતો બનાવ. ઘુણ નામના કીડાએ લાકડા કે કાગળમાં કોતરેલ આકૃતિ ભાગ્યે જ કોઈ અક્ષરને મળતી આવે છે. આ ઉપરથી અકસ્માત બનેલા બનાવ માટે ઘુણાક્ષરન્યાયનો પ્રયોગ થાય છે.

ઘુણિત વિ. કીડાથી વીંધાયેલ.

ઘુદ્દ (ઘુદ્દ) [અ.] પું. ગાંઠનો સોજો.

ઘુન ૧. [હિં.] પું. એક જાતનું જીવડું.
૨. પું. દિલગીરી; અફસોસ.
૩. પું. સડેલ લાકડા કે દાણાનો ભૂકો.

ઘુનકાળ પું. ગેરબંદોબસ્ત; અંધેર; અવ્યવસ્થા.

ઘુનચા (ઘુનચા) [ફા.] સ્ત્રી. ફૂલની કળી.

ઘુના ૧. વિ. અદેખું; કીનાખોર.
૨. વિ. ખરાબ સ્વભાવનું.
૩. વિ. ગુપ્ત; છાનું.

ઘુનારવું સ. ક્રિ. છાનું લઈ જવું.

ઘુનૂદગી (ઘુનૂદગી) [ફા.] સ્ત્રી. ઊંઘ.

ઘુનેગાર વિ. ગુનેગાર; દોષિત.

ઘુન્ના (ઘુન્ના) ૧. [અ.] પું. નાકમાંથી નીકળતો અવાજ.
૨. પું. માખીઓનું ગણગણવું તે.

ઘુપ [હિં.] વિ. ગુપ્ત; છાનું.

ઘુફરાન (ઘુફ઼રાન) [અ.] પું. માફી; ક્ષમા.

ઘુફાર (ઘુફ઼ાર) [અ.] પું. ઈશ્વર.

ઘુબર પું. વંટોળિયો.

ઘુબાર (ઘુબાર) ૧. [અ.] પું. અપવિત્રતા; ગંદાપણું.
૨. પું. ખરાબ લોહી.
૩. પું. ઝીણામાં ઝીણા અરબી અથવા ફારસી અક્ષર.
૪. પું. દુઃખ; મૂંઝવણ; પીડા; આપદા.
૫. પું. ધિક્કાર.
૬. પું. ધૂમસ.
૭. પું. ધૂળ.
૮. પું. ધૂળના ગોટા; વંટોળિયો.
૯. પું. વરાળ.

ધુબ્બારા (ધુબ્બારા) [અ.] પું. ગભારો; બલૂન; હવામાં ઊડતું વિમાન.

ધુબ્બારિખાતિર (ધુબ્બારિખાતિર) [અ.] સ્ત્રી. મનની મૂંઝવણ.

ધુબ્બાવળ પું. એક જાતનો ગુંદર.

ધુમધુમ અ. સુંદર સ્વરથી; મીઠાશ ભરેલી હોય તેવા અવાજે.

ધુમધુમા ૧. [હિં.] પું. ચક્કર ફરવું તે.
૨. પું. પ્રપંચ; યુક્તિ.
૩. પું. શંકા.

ધુમધુમી ૧. સ્ત્રી. ચક્કર; ફેર આવવા તે.
૨. સ્ત્રી. બેચેની.

ધુમડલી (ધુમડ઼લી) સ્ત્રી. બાળકને હીંચકો નાખતાં થાબડવાની ક્રિયા; ઘૂમડી.

ધુમડાવવું (ધુમડ઼ાવવું) સ. ક્રિ. ઘૂમડે એમ કરવું.

ધુમણડી (ધુમણડ઼ી) સ્ત્રી. ચકરડી; ઘૂમરી.

ધુમરડવું (ધુમરડ઼વું) ૧. સ. ક્રિ. ધાટા પ્રવાહીમાં હાથ નાખી તળે ઉપર કરવું.
૨. સ. ક્રિ. ધુમરડી ખવરાવવી; ગોળ ફેરવી એકતાર થાય એમ કરવું.
૩. સ. ક્રિ. પકડીને વળ દેવો.

ધુમરડિયો (ધુમરડ઼િયો) પું. ગોપીના વેશમાં ઘેર ઘેર ભીખ માગતો સાધુ.

ધુમરડી (ધુમરડ઼ી) ૧. સ્ત્રી. ચક્કર; વમળ; ઘૂમરી.
૨. સ્ત્રી. પકડનારને ચુકાવી દેવા ઘૂમી જવું કે ફરી જવું તે.
૩. સ્ત્રી. ફેર ખાવા તે; ફૂદરડી; ફૂદડી; ચક્કર ચક્કર ફરવું તે; ભ્રમણ.
૪. સ્ત્રી. બાળકને ઘોડિયામાં સુવાડીને ખૂબ હીંચકા નાખવા તે; હીંચોળવું તે.

ધુમરડો (ધુમરડ઼ો) પું. પેટની અંદરનો દુખાવો; પેટમાં આવતી વીંટ; આંકડી.

ધુમરા ૧. પું. એ નામનો એક છોડ.
૨. પું. ભમરો.

ધુમરાઈ ૧. સ્ત્રી. ધૂમણી; ધુમરડી.
૨. સ્ત્રી. મગરૂરી; ગર્વ.
૩. સ્ત્રી. માથું ફરવું તે; અંધારાં આવવાં તે; ચક્કર.
૪. સ્ત્રી. વમળ; ભમરી; પાણીમાં જોરથી વહેતાં કૂંડાળાં.

ધુમરાવવું સ. ક્રિ. ઘૂમરાય એમ કરવું.

ધુમલ સ્ત્રી. ધુમલી; જેઠવા રજપૂતોની રાજધાનીનું જૂનું શહેર.

ધુમલડી (ધુમલડ઼ી) ૧. સ્ત્રી. ધુમરડી; ઘૂમરી; વમળ.
૨. સ્ત્રી. ફેરફૂદડી; ફેર.

ધુમલિયા ૧. સ્ત્રી. એ નામની ભંગીની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ધુમલી સ્ત્રી. જેઠવા રજપૂતોની જૂની રાજધાનીનું શહેર.

ધુમલો પું. ટોળે વળીને બેસવું તે.

ધુમંડવું અ. ક્રિ. વાદળાંનું ભેગું થવું.

ધુમંડી પું. ગર્વ; અહંકાર.

ધુમાઉ સ્ત્રી. એક દિવસમાં એક બળદની જોડીથી ખેડી શકાતી જમીન.

ધુમાવ જુઓ ધુમાઉ.

ધુમાવતી સ્ત્રી. દશ માંહેની એક મહાવિદ્યા.

ધુમાવવું ૧. સ. ક્રિ. ખુંદાવવું; નચાવવું.
૨. સ. ક્રિ. ગોળ ગોળ ફેરવવું; ઘૂમે એમ કરવું; ચારે તરફ ફરે એમ કરવું.
કલમ ધુમાવવી = બહુ સારી રીતે ઇબારતથી લખવું.

ધુમાવું ૧. અ. ક્રિ. એકાગ્ર થવું; તન્મય બનવું; એકતાન થવું.
૨. અ. ક્રિ. ઘૂમે એમ કરવું.
૩. અ. ક્રિ. સવાલનો જવાબ આપતાં વિરોધાભાસ થાય તેમ બોલવું.

ધુમેડવું (ધુમેડ઼વું) જુઓ ધુમરડવું.

ધુમેર સ્ત્રી. ફેર; ચક્કર.

ધુમેરી જુઓ ધુમેર.

ધુમો પું. કાપેલ પથ્થર ઊચકવાનું એક સાધન. તેનાથી એક સાથે બે ચાર પથ્થર ઊચકી શકાય છે.

ધુમ્મટ જુઓ ઘુંમટ.

ધુમ્મર સ્ત્રી. ચક્રવ્યૂહ.

ધુમ્મો પું. ઘીબકો; મુક્કો; ગુમ્મો.

ધુયડો (ધુયડ઼ો) પું. (વહાણવટું) ધોયડો.

ધુર્ ૧. [સં.] અ. ક્રિ. (ધાતુ) અવાજ કરવો; શબ્દ કરવો; ઘૂરકવું. તે ઉપરથી થયેલ શબ્દઃ ધુર, ધુરધુર.
૨ અ. ક્રિ. દુઃખથી બૂમ પાડવી.
૩. અ. ક્રિ. નસકોરાં ઘરડવાં.

ધુર ૧. પું. અવાજ; શબ્દ.
૨. ન. ધણ; ઢોરનું ટોળું.

ધુરકાટ પું. ઘૂરકવું તે; ધુધવાટો; ત્રાડ.

ધુરકાવવું ૧. સ. ક્રિ. જોરથી બોલીને બિવરાવવું; ધમકાવવું.
૨. સ. ક્રિ. ડોળા કાઢવા; આંખો ફાડી જોવું.
૩. સ. ક્રિ. ભસાવવું.

ધુરકિયું ૧. ન. ઘૂરકીને બોલવું તે; ઘૂરકવાનો અવાજ; છાંછિયું; ગુસ્સાનો બોલ.
ધુરકિયાં કરવાં = ઘૂરકી ઘૂરકીને ઠપકો દેવો.
૨. ન. બીક બતાવવી તે; ધમકી; દબડકી.

ધુરકી ૧. સ્ત્રી. કરડી નજર.
૨. સ્ત્રી. ઠપકો; ધમકી; હુબડકી.
૩. સ્ત્રી. બીક.

ધુરધુર ૧. પું. કૂતરાં વગેરેનો અવાજ.
૨. પું. કફને લીધે માણસના ગળામાં શ્વાસ લેતી વખતે થતો અવાજ.
૩. પું. પેટમાં થતો એક જાતનો અવાજ.

ધુરધુરા ૧. [હિં.] પું. એક જાતનો સાપ; ઝીંગુર. તે જ્યાં કરડેલ હોય તે જગ્યા બહુ બળતરા સાથે વાંકી અને અક્કડ થઈ જાય, શરીર ઠંડું પડી જાય, માથું દુખવા લાગે અને મોઢામાંથી લાળ ઝરે.
૨ પું. ધસાઈ જતું ગૂમડું.
૩. પું. તમરું.
૪. પું. લાકડું કોતરનાર કાળું અને સફેદ નાનું જીવડું.

ધુરધુરાટ ૧. પું. આંતરડામાં થતો એક જાતનો અવાજ.
૨. પું. ધુરધુર એવો અવાજ.

ધુરઝંગ (ધુરઝંગ) [ફા.] પું. કૂદકો.

ધુરત [હિં.] પું. ઢોરનો વાડો.

ધુરની સ્ત્રી. ચક્કર; ફેર.

ધુરફા (ધુરફ઼ા) ૧. [ફા.] પું. ઉપલો ઓરડો.
૨. પું. દીવાનખાનું.

ધુરફિશ (ધુરફ઼િશ) [ફા.] સ્ત્રી. ધમકી; ઠપકો.

ધુરબા ૧. પું. બ. વ. અજાણ્યા લોકો.
૨. (ધુરબા) [અ. ધરીબનું બહુવચન] પું. બ. વ. ગરીબ લોકો.

ધુરરઘૂરવું અ. ક્રિ. ધુર ધુર કરવું; ધુર ધુર એવો અવાજ કરવો.

ધુરરર પું. એક જાતનો અવાજ.

ધુરરાટ પું. ઘૂરકવાનો અવાજ.

ધુરવડી (ધુરવડ઼ી) સ્ત્રી. પશ્ચિમ હિંદુસ્તાનની એ નામની એક ગુફા.

ધુરહરાટ જુઓ ધુરરાટ.

ધુરંદા (ધુરંદા) [ફા.] વિ. ગર્જના કરતું.

ઘુરા (ઘ઼ુરા) ૧. [ફા.] પું. સૂર્ય; સૂરજ.

૨. વિ. સફેદ; તેજસ્વી.

ઘુરાબ (ઘ઼ુરાબ) ૧. [અ.] પું. મોટો કાગડો.

૨. ન. એક જાતનું અરબી વહાણ.

ઘુરાયું વિ. ઉતાવળું; રઘવાયું; બાવરૂં.

ઘુરિયા [હિં.] પું. ઉકરડો.

ઘુરી [સં.] સ્ત્રી. ભૂંડનું મુખ.

ઘુરૂબ (ઘ઼ુરૂબ) ૧. [અ.] પું. અસ્ત; આથમવું તે.

૨. પું. પશ્ચિમ દિશા.

ઘુરૂર (ઘ઼ુરૂર) ૧. [અ.] પું. અભિમાન; મગરૂરી.

૨. પું. દંભ.

ઘુરૂરી (ઘ઼ુરૂરી) [અ.] સ્ત્રી. મગરૂરી.

ઘુરે પું. મૃગી રોગ; વાઈ; ફેફરૂં.

ઘુર્ઘુર ૧. પું. અવાજ.

૨. [સં.] પું. એક જાતનો કીડો.

૩. પું. ભૂંડનો શબ્દ; ડુક્કરનો અવાજ.

૪. વિ. ગુસ્સાથી બોલતું.

ઘુર્ઘુરિકા [સં.] સ્ત્રી. છાતીમાં ઘુર ઘુર અવાજ થાય એવી ઉધરસ.

ઘુર્ફા (ઘ઼ુર્ફા) ૧. [અ.] પું. ખડકી; બારી.

૨. પું. છૂપી જગ્યા; ખૂણો.

ઘુર્ફિશ (ઘ઼ુર્ફિશ) [ફા.] સ્ત્રી. ધમકી; ઠપકો.

ઘુર્બત (ઘ઼ુર્બત) ૧. [અ.] સ્ત્રી. ગરીબી.

૨. સ્ત્રી. મુસાફરી.

ઘુર્માણ પું. સૂર્ય.

ઘુર્રા (ઘ઼ુર્રા) ૧. [અ.] પું. અજવાળિયાનો પહેલો દિવસ; સુદિ પડવો.

૨. પું. ઉપવાસ.

૩. પું. કપાળ.

૪. પું. કાબરચીતરો ઘોડો.

૫. પું. ઘોડાના કપાળ ઉપરનું ધોળું ટપકું.

૬. પું. તેજસ્વીપણું.

૭. વિ. રતાશ પડતું.

ઘુર્રાઝ (ઘ઼ુર્રાઝ) ૧. [અ.] વિ. ગુસ્સે થતું.

૨. વિ. બહાદુર.

ઘુર્રાવું અ. ક્રિ. ઘૂરકવું.

ઘુલ ૧. પું. અવાજ; ગરબડ.

૨. સ્ત્રી. એ નામની આયરની એક અટક.

૩. સ્ત્રી. જથ્થો; સમૂહ; ટોળું.

૪. ન. એ નામની અટકનું માણસ.

૫. વિ. એ નામની અટકનું.

ઘુલઘુપારા સ્ત્રી. ગરબડ.

ઘુલઘુલા (ઘ઼ુલઘ઼ુલા) ૧. [ફા.] પું. અવાજ.

૨. પું. ખાવાની એક જાતની વાની.

ઘુલન ન. ઓળંગવું તે.

ઘુલમિલ ૧. [હિં.] વિ. દયાથી પીગળેલું.

૨. વિ. ભેળવેલું.

ઘુલર ૧. ન. એ નામના ઝાડનું ફળ; ઊંબરૂં.

૨. ન. એક જાતનું અંજીર જેવું ઝાડ; ઊંબરો.

૩. ન. કાનનું એક ઘરેણું; ઘૂઘરીઓ બાંધેલું લોળિયું.

ઘુલવું ૧. અ. ક્રિ. પાકવું.

૨. અ. ક્રિ. પીગળવું.

૩. અ. ક્રિ. ભેળવવું.

૪. અ. ક્રિ. માંદગીથી ઘસાઈ જવું.

ઘુલશોર પું. શોરબકોર; અવાજ; ગોકીરો.

ઘુલા ૧. [હિં.] વિ. ઓગળેલું.

૨. વિ. કોમળ; પોચું.

૩. વિ. પાકું.

ઘુલાઊ [હિં.] વિ. ઓગળતું.

ઘુલામ (ઘ઼ુલામ) ૧. [અ.] પું. ગુલામ; નોકર; સેવક.

૨. પું. ગંજીફામાં ગુલામનું પાનું.

૩. પું. જુવાન માણસ.

૪. પું બંદો; નાનો માણસ જ્યારે મોટા માણસ સાથે વાત કરે ત્યારે પોતા માટે વપરાતો શબ્દ.

ઘુલામિલા [હિં.] વિ. ગાઢ; પાકું.

ઘુલામી (ઘ઼ુલામી) [અ.] સ્ત્રી. ગુલામી; સેવા; ચાકરી.

ઘુલાવટ ૧. [હિં.] સ્ત્રી. ઓગાળવું તે; ઓગાળવાની ક્રિયા.

૨. સ્ત્રી. કોમળ નજર.

૩. સ્ત્રી. સુંવાળપ; કોમળતા.

ઘુલૂ (ઘ઼ુલૂ) ૧. [અ.] પું. બળવો.

૨. વિ. ઓળંગતું.

ઘુલેર ન. ડોકનું એક અસલી ઘરેણું.

ઘુલ્લક (ઘ઼ુલ્લક) [ફા.] સ્ત્રી. પૈસા રાખવાનું ભીંતમાંનું નાનું કાણું.

ઘુલ્લા (ઘ઼ુલ્લા) [ફા.] પું. નાનો દડો; ગોળી.

ઘુવડ (ઘુવડ઼) [સં. ઘૂક-ઘૂઅહુ-ઘુવડ] પું.; ન. રાતે જ દેખે એવું એક પક્ષી; ઉલૂક. જુઓ ઘૂડ.

૧. ઘુવડ જેવું = ગમાર; આંધળું.

૨. ઘુવડનું મોત કાગડો = ઘુવડ અને કાગડા જેવો અણબનાવ. ઘુવડ અને કાગડાને ઉંદર અને બિલાડીની જેમ વેર હોય છે. તેઓ એકબીજાંને જોતાં જ મારવા દોડે છે.

ઘુવડમુખું (ઘુવડ઼મુખું) વિ. ઘૂડના જેવું; મૂઢ.

ઘુવા [હિં.] પું. હલકી જાતનું રૂ.

ઘુવો ૧. પું. ઘાસપાનથી છાયેલ ઢોર બાંધવાનું છાપરૂં.

૨. પું. ઢૂંઢાં, ભૂકો, ફોતરી, ઝીણું ઘાસ વગેરે ભરવાની કોઠી.

ઘુશ્મેશ પું. એ નામનું એક જ્યોતિર્લિંગ.

ઘુષ્ ૧. [સં.] સ. ક્રિ. (ધાતુ) અવાજ કરવો. તે ઉપરથી થયેલ શબ્દ: ઘોષ, ઘોષિત, ઘોષણા, ઘુષિત.

૨. સ. ક્રિ. જાહેર કરવું; નિવેદન કરવું.

ઘુષિત [સં.] વિ. પ્રખ્યાત; જાહેર કરેલું; ખુલ્લું કરેલું.

ઘુષ્ટ વિ. ઊંચે સ્વરે બોલાયેલ; ઉદ્ઘોષણા કરેલ.

ઘુસ ૧. [હિં.] પું.; સ્ત્રી. દાખલ થવું તે.

૨. પું.; સ્ત્રી. પેટે ચાલવું તે.

૩. ન. ઉંદર.

ઘુસઘુસ ૧. ન. ચણચણ; ધીરે ધીરે થતી વાતની ચર્ચા; છાની છાની વાત.

૨. અ. કાનમાં મોં ઘાલીને; કોઈ ન સાંભળે એમ.

ઘુસડફુસડ (ઘુસડ઼ફુસડ઼) ૧. [હિં.] ન. કાનમાં વાત કરવી તે; ઘુસફુસ.

૨. ન. ઠાંસી ઠાંસીને ભરવું તે.

ઘુસણિયું વિ. કોઈ પણ ભોગે યોગ્ય રસ્તો શોધી કાઢનાર; માથામારિયું; જ્યાં ને ત્યાં પેસતીકળ કરનારૂં.

ઘુસપુસ જુઓ ઘુસઘુસ.

ઘુસફુસ જુઓ ઘુસઘુસ.

ઘુસયાલો ૧. [હિં.] પું. નાનું ઘર.

૨. પું. પક્ષીનો માળો.

ઘુસરફુસર જુઓ ઘુસઘુસ.

ઘુસરાંદ [હિં.] ન. એક જાતનું પથરાતું ઘાસ; તેમાં પીળાં ફૂલ થાય છે.

ઘુસલ (ઘ઼ુસલ) ૧. [અ.] પું. નાવણું; નહાવું તે.

૨. પું. પાણીમાં વારંવાર ડૂબકી મારીને પવિત્ર થવાની ક્રિયા.

ઘુસલ કરવું = સંભોગ કરવો; મૈથુન સેવવું.

ઘુસલખાનું (ઘ઼ુસલખાનું) ન. દિલ્હીના દીવાને ખાસનું એક નામ; શાહમહાલ; દોલતખાનું.

ઘુસાડવું (ઘુસાડ઼વું) સ. ક્રિ. ઘૂસે એમ કરવું; દાખલ કરાવવું; ઘાલવું; પરાણે પેસાડવું; કોઈ પણ રીતે દાખલ કરવું.

ઘુસાવવું જુઓ ઘુસાડવું.

ઘુસાવું અ. ક્રિ. ઘૂસે એમ કરાવું.

ઘુસીલા (ઘ઼ુસીલા) [અ.] વિ. તામસી; ક્રોધી; ચીડિયું.

ઘુસૂન (ઘ઼ુસૂન) [અ.] પું. બ. વ. નાની ડાળીઓ.

ઘુસૃણ [સં.] ન. કેસર.

ઘુસેડવું (ઘુસેડ઼વું) ૧. સ. ક્રિ. અંદર નાખવું; દાખલ કરવું.

૨. સ. ક્રિ. ઠાંસી ઠાંસીને ભરવું.

૩. સ. ક્રિ. ભોંકવું.

ઘુસૈલ જુઓ ઘુસીલા.

ઘુસ્તો પું. ઠોંસો; મૂઠી વાળીને મારવું તે; મુક્કો; ગડદો.

ઘુસ્યલ જુઓ ઘુસીલા.

ઘુસ્લ (ઘ઼ુસ્લ) ૧. [અ.] પું. નાવણ; નહાવું તે; સ્નાન.

૨. પું. પાણીમાં વારંવાર ડૂબકી મારીને પવિત્ર થવાની ક્રિયા.

૩. પું. વજૂ.

ઘુસ્લખાના (ઘ઼ુસ્લખ઼ાના) ૧. પું. એકાંતવાળી જગા.

૨. [અ.] પું. સ્નાનાગાર; નાહવાનો ઓરડો.

ઘુસ્લખાનું (ઘ઼ુસ્લખ઼ાનું) જુઓ ઘુસ્લખાના.

ઘુસ્સા ૧. [હિં.] પું. આંચકો.

૨. પું. ક્રોધ.

૩. (ઘ઼ુસ્સા) [અ.] પું. ગૂંગળાવવું તે.

૪. પું. ઘુસ્તો; ઠોંસો; મુક્કો.

૫. પું. ચિંતા.

૬. ન. એક જાતનું કાપડ.

ઘુસ્સાનાક (ઘ઼ુસ્સાનાક) [અ.] વિ. ગુસ્સે થયેલું.

ઘુસ્સાલ (ઘ઼ુસ્સાલ) [અ.] પું. મુસલમાનમાં મડદાંને નવડાવનાર માણસ.

ઘુસ્સાવાર જુઓ ઘુસ્સાનાક.

ઘુસ્સે અ. ગુસ્સામાં.

ઘુસ્સો ૧. પું. ગુસ્સો; ક્રોધ; રીસ; કોપ.

૨. પું. મુક્કો; ઠોંસો.

ઘુંઇયાં [હિં.] સ્ત્રી. અળવી.

ઘુંગચી ૧. [હિં.] સ્ત્રી. એક નાનું લાલ બી; ચણોઠી.

૨. સ્ત્રી. માસાનો આઠમો ભાગ; એક રતીનું વજન.

ઘુંગનિયાં [હિં.] સ્ત્રી. બાફેલ ચણા.

ઘુંગરાલું વિ. ગૂંચળાવાળું. તે વાળના સંબંધમાં વપરાય છે.

ઘુંગરી સ્ત્રી. જાડી ઊનનો ઝભ્ભો.

ઘુંગરૂ ૧. [હિં.] પું. નાચનારીને પગે બાંધવામાં આવતા ઘૂઘરા.

૨. પું. નાની ઘંટડી.

ઘુંગ્રૂ [હિં.] પું. નાની ઘંટડી.

ઘુંઘચી [હિં.] સ્ત્રી. એક નાનું લાલ બી; ચણોઠી.

ઘુંઘટડો (ઘુંઘટડ઼ો) ૧. પું. ઘૂંઘટો; મોઢું દેખાય નહિ તેમ તાણેલો માથા ઉપરનો લૂગડાનો પડદો; સ્ત્રીઓ લાજ કે અદબ દેખાડવા માટે માથા ઉપર મોં આડે ધરે તે છેડો.

૨. પું. ખૂરખો; મોં ઢંકાય એવો પડદો.

ઘુંઘરવારી વિ. વાંકડિયું. વાળ માટે આ શબ્દ વપરાય છે.

> નટવર છબ બલહારિ અલકેં **ઘુંઘરવારી**.
>
> દયારામ

ઘુંઘરૂ જુઓ ઘુંગરૂ.

ઘુંઘરૂં જુઓ ઘુંગરૂ.

ઘુંઘલી વિ. જેની સોંસરવું ન દેખાય એવું; અપારદર્શક.

ઘુંઘવાટ પું. ઘોંઘાટ.

ઘુંઘવાટો જુઓ ઘુંઘવાટ.

ઘુંઘળી સ્ત્રી. તાડછાની ગૂંથેલી વરસાદથી બચવાની એક જાતની છત્રી.

ઘુંચા (ઘ઼ુંચા) [ફા.] પું. ગુલાબની કળી.

ઘુંચાવું અ. ક્રિ. મૂંઝવણમાં પડવું.

ઘુંજ (ઘ઼ુંજ) [ફા.] પું. ઇશારો.

ઘુંટ ૧. પું. એક જાતનો ઘોડો.

૨. પું. ક્રોધનો ઉછાળો; ગુસ્સો.

૩. પું. ઘૂંટડો; કોગળો.

૪. [સં.] પું. પગની ઘૂંટી.

ઘુંટાટરડો (ઘુંટાટરડ઼ો) પું. અર્થ વિનાનો લીટો.

ઘુંડા ૧. [હિં.] પું. ધનુષ્યની દોરી.

૨. પું. પાઘડીની કોરમાં રહેલ સોનેરી તાર.

૩. (ઘ઼ુડા) [ફા.] પું. મશ્કરીને લાયક માણસ.

ઘુંડી ૧. સ્ત્રી. ચોખાનો પાક કપાયા પછી તે ખેતરમાં ઊગતો છોડ.

૨. [હિં.] સ્ત્રી. લૂગડાનું બટન; બોરિયું; ડોરણું. દિલની ઘુંડી = શંકા; મૂંઝવણ; ગાંઠ.

ઘુંબજ પું. ઘુંમટ.

ઘુંમજ ૧. [ફા. ગુંબ્દ] પું. ઘુંમટ; દેવળ કે મકાનનો ઊભી અંડાકૃતિ જેવો આકાર.

૨. પું. મંદિરની અંદરનો ઓરડો; ઘુંમટ તળેનો ભાગ; ગર્ભાગાર.

૩. પું. શિખર.

ઘુંમટ જુઓ ઘૂમટ.

ઘુંમટઘેરો જુઓ ઘૂમટઘેરો.

ઘુંમટવિધાન જુઓ ઘૂમટવિધાન.

ઘુંમટીઘુંમટ ન. એ નામનું એક વાજિંત્ર.

ઘુંસાર [હિં.] પું. ચૂલો.

ઘુંસી ૧. [હિં.] વિ. અદેખું.

૨. વિ. લાંચ લેનાર.

ઘુંસ્તો પું. ઘુંબો; ઢીકો.

ઘુંહું ન. ઘંઘૂડીની દોરી સખત રાખવા માટે રાખવામાં આવતી લાકડાની ચીપ કે સાબરશિંગાનો કટકો.

ઘૂઆ પું. પાણીમાં કે ભીનાશવાળી જગામાં થતો એક જંતુ.

ઘૂઈ [હિં.] સ્ત્રી. ચોમાસામાં ઊંચી જમીન ઉપર ઊગતો એક છોડ.

ઘૂઓ પું. પોચી જમીનમાં થતો પાણીનો ખાડો.

ઘૂક ૧. [સં.] પું. ઉલૂક; ઘૂડ; ઘુવડ.

૨. (ઘ઼ૂક) [અ.] પું. દેડકો.

ઘૂકનાદિની [સં.] સ્ત્રી. ગંગા નદી.

ઘૂકારિ [સં.] પું. કાગડો.

ઘૂકી [સં.] સ્ત્રી. ઘુવડની માદા.

ઘૂગરી ૧. સ્ત્રી. અનાજ પાકે ત્યારે ગામના મુખીને ભેટ આપવામાં આવતું અનાજ.

૨. સ્ત્રી. અનાજવેરો.

૩. સ્ત્રી. બાફેલું અનાજ; ઘૂઘરી.

ઘૂગસ [હિં.] પું. બુરજ.

ઘૂઘ ૧. [હિં.] પું. લાજ કાઢવી તે; ઘૂંઘટો.

૨. પું. લિંગના ફૂલ ઉપરની ચામડી.

ઘૂઘર ૧. [સં. ઘુર્ (અવાજ કરવો)] પું. ઘૂઘરમાળ. તે બળદની ડોકે બંધાય છે.

૨. [સં. ઘુર્ઘુર–ઘુગ્ઘુર–ઘૂઘર] પું. ઘૂઘરો.

૩. સ્ત્રી. ઘૂઘરી.

ઘૂઘરડી (ઘૂઘરડ઼ી) ૧. સ્ત્રી. ઘૂઘરા.

૨. સ્ત્રી. નાની ઘૂઘરી.

ઘૂઘરપાટ પું. ઘૂઘરીવાળી ઘાઘરી.

ઘૂઘરમાળ સ્ત્રી. ઘૂઘરાની માળા; બળદની ડોકે બાંધવાનો ઘૂઘરા જડેલ પટ્ટો; ઘંટડીઓ કે ટોકરીઓવાળો હાર.

ઘૂઘરલી સ્ત્રી. નાની ઘૂઘરી.

ઘૂઘરલો પું. ઘૂઘરો.

ઘૂઘરવું ૧. અ. ક્રિ. પાકવું.

૨. અ. ક્રિ. ફૂલીને મોટું થવું.

ઘૂઘરા ૧. પું. બ. વ. ઘૂઘરીવાળો પટ્ટો. તે બળદની ડોકમાં પહેરાવાય છે.

૨. પું. બ. વ. ઝાંઝર; નૂપુર; ઘૂઘરીઓવાળું એક આભૂષણ. તે નૃત્ય વખતે પગમાં પહેરાય છે.

૩. પું. બ. વ. મોટી ઘૂઘરીઓ.

ઘૂઘરાવું અ. ક્રિ. ગુસ્સાથી ડોળા કાઢવા.

ઘૂઘરાળું ૧. વિ. ગંદું. કણબી કે ખેડૂતને ખીજવવા માટે આ શબ્દ વપરાય છે.

૨. વિ. ઘૂઘરાવાળું; ઘૂઘરા બાંધ્યા હોય એવું.

૩. વિ. ફૂમકાવાળું; ફૂમકું ટાંકેલ.

ઘૂઘરિયાં સ્ત્રી. બ. વ. ઘૂઘરીઓ. આ શબ્દ કાવ્યમાં વપરાય છે.

ઘૂઘરિયું ન. નવ અથવા વધારે એકી છોકરાંથી રમાતી એક દેશી રમત; અટકીમટકી; હરહર. એક રમનાર ઊભો રહે અને બાકીનાં સામસામે પગ અડાડી બેસે. પછી પેલો રમનાર કાંઈ બોલી ગણતાં જ્યાં અટકે તે બે જણને માથે દાવ આવે. તે બંને જણ એક લૂગડું લઈ તેના બે છેડા પકડી બીજાને પકડવા દોડે. લૂગડા વચ્ચે આવે તે અને તેનો જોડીદાર દાવ આપે.

ઘૂઘરિયો સાપ પું. એક જાતનો અમેરિકનો ઝેરી સાપ. તેની પૂછડીને છેડે ઢીલાં સંધાયેલાં હાડકાંનાં ચક્કર હોય છે. તે ઘૂઘરી જેવો અવાજ કરે છે.

ઘૂઘરી ૧. [સં. ક્ષુર્ઘરી] સ્ત્રી. એક રમકડું; નાનો ઘૂઘરો.

૨. સ્ત્રી. ધાતુના પતરાની પોલી ખણખણતી ગોળી; ધાતુનો ખડખડે એવો પોલો દાણો.

ઘૂઘરીઓ લટકાવવી = ફાટેલાં અને લબડતાં થીગડાવાળાં કપડાં પહેરવાં. મશ્કરીમાં આ પ્રયોગ થાય છે.

૩. સ્ત્રી. પગમાં પહેરવાનું એક આભૂષણ.

૪. સ્ત્રી. બાફેલું આખું અનાજ; બાફેલ ઘઉં, બાજરી કે જુવાર. તે ઢોરને ખવરાવવામાં વપરાય છે.

૫. સ્ત્રી. સોનારૂપાની ઘૂઘરીવાળું બાજુબંધ જેવું સ્ત્રીઓનું કોણીએ પહેરવાનું એક ઘરેણું.

ઘૂઘરૂ ૧. પું. ઘૂઘરો.

ઘૂઘરૂ બાજે હરિકે પૈયાં. દયારામ

૨. સ્ત્રી. એ નામની એક વનસ્પતિ.

૩. સ્ત્રી. લીલી તમાકુનાં ઉઝરડી લીધેલ પાન.

ઘૂઘરો ૧. પું. એ નામની એક મીઠાઈ. તે માવો અને બીજો મસાલો ભરીને બનાવાય છે અથવા તો તે બનાવવા પચીશ રૂપિયાભાર તલ પાણીમાં પલાળી એક કલાક પછી કાઢી તેને ચોળી ફોતરાં કાઢી નાખી સાફ કરવા. તેમાં વીશ રૂપિયાભાર ગોળ નાખી તેનો ગોળો કરવો. પછી પચીશ રૂપિયાભાર ચોખાના લોટમાં બે રૂપિયાભાર ઘીનું મોણ નાખી તે લોટ પલાળીને બાંધવો. પછી તેને થાપી પૂરી જેવું કરી તેમાં ઉપર કહેલ તલગોળનું પૂરણ થોડું થોડું નાખી તેને વાળી દઈ ઘૂઘરા બનાવી વીશ રૂપિયાભાર ઘી લઈ તેમાં તળી નાખવા.

૨. પું. એક જાતનું ઝાડ. તેમાં ફીકા જાંબુડા રંગનાં ફૂલ આવે છે.

૩. પું. એક જાતનો છોડ. તેનાં પાન ટૂંકી ડીટડી ઉપર આંતરે આવેલાં, તળિયે સાંકડાં ને મથાળે પહોળાં ત્રણેક ઈંચનાં હોય છે. તેમાં પીળાશ પડતાં જાંબલી રંગનાં ફૂલ અને એકાદ ઈંચ લાંબી, લીસી ને ચળકતી શિંગો થાય છે. આ શિંગ પાકે ત્યારે ઘૂઘરાની જેમ ખખડે છે.

૪. પું. ઘૂઘરીઓનો ઝૂમખો.

૫. પું. ચૂનો બનાવવા પકવેલ મરડિયા.

૬. પું. છોકરાંનું એક રમકડું; અંદર કાંકરા જેવી વસ્તુ ભરીને કરેલો ખખડે તેવો ધાતુ વગેરેનો પોલો ગોળો. તે પતરાનો, લાકડાનો, ઘાસનો કે પાનનો બનાવાય છે.

૧. ઘૂઘરા જેવું = (૧) બોલકણું. (૨) સુંદર; મજાનું.

૨. ઘૂઘરો આપવો = (૧) વાત પકડાવવી; નાક પકડાવવું. (૨) વેપાર વગેરેમાં ખોટ જવી.

૩. ઘૂઘરો બનવું = (૧) કોઈને આધીન થવું; પરવશ થઈ જવું. (૨) તાને ચડવું; લહેરમાં આવી જવું. (૩) રમકડારૂપ થવું.

૪. છોકરાં ઘૂઘરે રમવાં = પૈસા કમાવા.

૫. પૈસો હોય તેનો છોકરો ઘૂઘરે રમે = જેની શક્તિ હોય તે કાર્ય કરે; જેની પાસે કંઈ હોય તે કામ કરે.

૭. પું. દાળ કરવા માટે ફોતરી ઊખેડવા પલાળીને સૂકવેલ કઠોળ.

ઘૂઘરો કરવો = રાય, ચણા વગેરે કઠોળને પલાળીને સૂકી ઘંટડે ભરડવા.

૮. પું. નૃત્યમાં પગે બાંધવાનું એક આભૂષણ.

૧. ઘૂઘરા બાંધવા-પગે ઘૂઘરા બાંધવા = (૧) નાચ કરવો; નાચવું. (૨) નિર્લજ્જ થવું; શરમ મૂકીને કામ કરવું. (૩) હોંશથી કામ માટે તૈયાર થવું.

૨. ઘૂઘરા બાંધી રહેવું = આતુરતાથી કામ કરવા તૈયાર થઈ રહેવું.

૯. પું. પગે પહેરવાનું સ્ત્રીઓનું એક ઘરેણું.

૧૦. [સં. ઘર્ઘરા; અપ. ઘગ્ઘય] પું. મોટી ઘૂઘરી; ધાતુના પતરાની બનાવેલી પોલી ખણખણતી ગોળી.

ઘૂઘરા મૂકવા = શોભાયમાન કરવું; સુંદર બનાવવું; ધ્યાન ખેંચાય એવું કરવું.

૧૧. પું. શણનો પોપટો.

ઘૂઘલ ૧. સ્ત્રી. એ નામની ઢેઢની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ઘૂઘવવું ૧. અ. ક્રિ. ગર્જવું; ગાજવું; ઘૂઘવાટ કરવો.

૨. અ. ક્રિ. ઘૂઘૂ એવો અવાજ કરવો.

૩. અ. ક્રિ. પારેવાનું બોલવું.

૪. અ. ક્રિ. મોટે અવાજે જોરથી બોલવું.

ઘૂઘવાવું ૧. અ. ક્રિ. ઘૂઘૂ એવો અવાજ કરવો.

૨. સ. ક્રિ. જોરથી ફૂંકી વગાડવું.

ઘૂઘવું ૧. અ. ક્રિ. ગર્જવું; ગાજવું.

૨. અ. ક્રિ. ઘૂઘૂ એવો અવાજ કરવો.

૩. અ. ક્રિ. પારેવાનો બોલવાથી અવાજ થવો.

ઘૂઘશ પું. એક જાતનો છોડ. તેનાં પાન ત્રણેક ઈંચ લાંબાં, તળિયે સાંકડાં ને મથાળે પહોળાં થાય છે. તેમાં પીળાશ પડતાં જાંબલી ફૂલ અને એક ઈંચ લાંબી શિંગ આવે છે. શિંગ પાકે ત્યારે ઘૂઘરાની પેઠે વાગે છે.

ઘૂઘૂ ૧. [પ્રા.] પું. ઘુવડ.

૨. [હિં.] પું. મૂર્ખ.

૩. પું. હોલો.

૪. અ. ઊંઘનો અવાજ.

૫. [સં. ઘુઘુય્; પ્રા. ઘુઘુય] અ. કબૂતરનો અવાજ; કપોતનો અવાજ.

૬. અ. ઘુવડનો અવાજ.

૭. અ. મોટે સાદે બોલવાથી થતો અવાજ.

૮. અ. રેલગાડી, સમુદ્ર વગેરેનો અવાજ.

ઘૂઘૂઆ ૧. [હિં.] પું. ઘુવડ.

૨. પું. મૂર્ખ માણસ.

ઘૂઘૂઘૂ અ. હોલાનો અવાજ; હોલાનો બોલવાથી થતો અવાજ.

ઘૂઘૂઘૂઘૂ અ. ઘૂડનો અવાજ.

ઘૂઘૂરવ પું. ઘુઘવાટ.

ઘૂઘો પું. એક જાતનો જીવડો. તે ધૂળમાં કાણું પાડી અંદર ઊતરી જાય છે.

ઘૂચ (ઘૂંચ) ૧. [ફા.] પું. લડવામાં ઉપયોગી શિંગડાંવાળો ઘેટો.

૨. ન. ખપેડામાં વીંધ પાડવાનું લોઢાનું એક ઓજાર.

ઘૂટ ૧. [હિં.] પું. ઘૂંટડો.
૨. સ્ત્રી. ગટગટાવી જવું તે.
૩. સ્ત્રી. નળાથી ખેંચવું તે; શ્વાસ અંદર લેવો તે; સટ.
૪. સ્ત્રી. પગની ઘૂંટી.

ઘૂટકો પું. ઘૂંટડો.
ઘૂટકા ગળી જવા = ખામોશ રાખવી; ગમ ખાવી; સહન કરવું.

ઘૂટણ [સં. ઘુણ્ટક] પું. પગનો મધ્ય ભાગ; ગોઠણ.

ઘૂટી ૧. સ્ત્રી. એક જાતનો છોડ. તેનાં પાન ગરિયાના આકારનાં હોય છે. પાનની ડીટડીના થડમાં બે તીક્ષ્ણ કાંટા હોય છે. ફૂલ ધોળા રંગનાં અને ફળ સોપારી જેવડાં જાંબલી રંગનાં થાય છે. તેમાં છએક બી હોય છે.
૨. [હિં.] સ્ત્રી. ચોખાના પાકની જમીન.
૩. [સં. ઘુણ્ટ] સ્ત્રી. પગની ઘૂંટી.
૪. ન. એક જાતનું ઘણી શાખાવાળું ઝાડ. તે દશેક ફૂટ ઊંચું વધે છે. પાન અણીવાળાં ને સુંવાળાં હોય છે. ફૂલ ધોળા રંગનાં થાય છે. તેનાં મૂળ અને છાલ બાળી કરેલ ભસ્મ કોલેરા ને અજીર્ણ ઉપર ઉપયોગી મનાય છે.

ઘૂઠી સ્ત્રી. પગની ઘૂંટી.

ઘૂડ (ઘૂડ઼) ૧. [સં. ઘૂક–ઘુઅડુ–ઘુવડ–ઘૂડ] પું.; ન. રાત્રે જ દેખી શકતું એક પક્ષી; ઘુવડ; ઉલૂક. તે રાતનો રાજા છે. તે ઘાટા ઝાડની ઘટામાં દિવસે સૂએ છે અને સાંજે પાણીવાળા પ્રદેશ તરફ પાંખો ફફડાવતું ઊડે છે. તેને ડીલે નરમ રુવાંટાંવાળાં પીંછાં હોવાથી ટાઢથી એનું રક્ષણ થાય છે. ઘૂડની ઘણી જાતો છે: ભૂરૂં માછીમાર ઘૂડ લગભગ બાવીશ ઇંચ લાંબું હોય છે. નર અને માદા દેખાવમાં ને કદમાં સરખાં હોય છે. ઉપરના ભાગનાં પીંછાં લાલાશ ઉપર ભૂરાં અને ઉપર પહોળી કાળી રેખા હોય છે. ગળું સફેદ અને ખભાઓ ઉપર કેટલાંક આછાં કેસરી અને સફેદ ટપકાં હોય છે. ભૂરૂં ઘૂડ શિકાર કરતી વેળા ઘણો જ દુખિયારો અવાજ કાઢે છે. ધોળું ઘૂડ હળવી ચાલવાળું ને બરફ જેવું ધોળું હોય છે. તે ઉત્તર અક્ષાંશમાં વસે છે. આ સિવાય બીજી જાતો: ખડકનું ગરુડ ઘૂડ, સાયં ગરુડ ઘૂડ અને ટપકાંવાળું નાનું ઘૂડ. સામાન્ય રીતે ઘૂડનું માથું ઘણું મોટું, ચાંચ ટૂંકી અને વાંકી, કાનનું બાંકું ઘણું જ મોટું અને પીછાંથી ઢંકાયેલું, પીછાં પુષ્કળ ને સુંવાળાં અને નહોર તીણા અને વળેલા હોય છે.
૨. સ્ત્રી. બે પાટિયાંની વચ્ચેની સાંધોમાં કાથો, ડામર વગેરે કસણીને પૂરવાં તે.
૩. ન. એક જાતનું વહાણ.
૪. વિ. અજ્ઞાની.
૫. વિ. અતિવૃદ્ધ.
૬. વિ. આંધળું.
૭. વિ. ગુમાની.
૮. વિ. મૂંગું.

ઘૂડણગણ (ઘૂડ઼ણગણ) પું. ઘુવડનો સમૂહ.
ત્યાં અંધારાં ઘોર, **ઘૂડણગણ** તમ આંખોમાં આવે.
સ્નેહમુદ્રા

ઘૂણિયો પું. ઘડાના ઘાટનું સાંકડા મોંવાળું પાણી ભરવાનું માટીનું વાસણ; દેગડો.

ઘૂન [હિં.] પું. કીનો; દ્વેષ.

ઘૂના ૧. [હિં.] વિ. અદેખું; કીનાખોર.
૨. વિ. ખરાબ સ્વભાવવાળું.
૩. વિ. ગુપ્ત; છૂપું.
૪. વિ. ચતુર; અનુભવી.

ઘૂનો ૧. [સં. હૃદ] પું. ઊંડા પાણીવાળી જગા; નદીમાંનો ઊંડો ભાગ; ધરો.
૨. પું. ઊંડાણ; ખાઈ; ખીણ.
૩. પું. ગુનો; તકસીર.
૪. પું. પાપ.

ઘૂપ સ્ત્રી. રાળ.

ઘૂપન ન. એક જંતુનાશક ઔષધ. દુર્ગંધ અને જંતુઓનો નાશ કરવા તેનો ઉપયોગ થાય છે. તેમાં ગંધક, ક્લોરિન વગેરે તીવ્ર જંતુનાશક દવાઓ ભેળવેલ હોય છે.

ઘૂમ ૧. પું. દશમી શતાબ્દિમાં આર્યાવર્તમાં વર્તતો એક મત.
૨. સ્ત્રી. એક જાતની રમત.
૩. [હિં.] સ્ત્રી. ચક્કર; ફેર.
૪. વિ. આંધળુંભીંત; બેભાન.
૫. વિ. ગરક; લીન.
૬. વિ. ચકિત; આભું.
૭. અ. આસપાસ.
૮. અ. પાછળ.

ઘૂમઈડી (ઘૂમઈડ઼ી) સ્ત્રી. ચકરડી; ઘુમાવી ઘુમાવીને ચક્કર ફરવું તે.

ઘૂમઘા પું. મૂઢ માર; કચર. તેમાં શરીરને બહારની ઈજાથી ફૂટ નહિ થતાં તે ભાગ સોજી આવી લોહીનો જમાવ થઈ દુખે છે.

ઘૂમઘુમાલા વિ. ઘેરવાળું; પહોળું.

ઘૂમઘુમેલા જુઓ ઘૂમઘુમાલા.

ઘૂમચી સ્ત્રી. ઘુમરડી; ચક્રાકારે ફરી વળવું તે.

ઘૂમચો પું. જથ્થો; સમૂહ; ટોળું.

ઘૂમટ ૧ પું. ઉપસ્થની આગલી ચામડી.
૨. પું. ગગનાકાર ઢાંકણ.
૩. પું. ઘૂમટ નીચેનો દેરાની અંદરનો ભાગ.
૪. [ફા. ગુંબદ] પું. દેરા અથવા મકાનની ઉપર છત્રના આકારનું ધાબું; ગુંબજ.
૫. પું. રજપૂતાના તરફ કરાતો એક જાતનો નાચ.
૬. ન. બુંદેલખંડમાં પન્નામાં આવેલ એ નામનું એક મંદિર.

ઘૂમટઘેરો પું. બાળકો ઘેરી વળીને બેસી ઉપર ઘૂમટાની જેમ કપડું ઓઢીને રમવા માટે કરાતો ડેરો.

ઘૂમટદાર વિ. ઘૂમટવાળું.

ઘૂમટવિધાન ન. ઘૂમટ મૂકવાની રીત.

ઘૂમટી ૧. સ્ત્રી. કાઠિયાવાડી ઘોડાંની એક જાત.
૨. સ્ત્રી. ગોળ ચકરડી; ચકરડીભમરડી; ગોળાકૃતિ.
૩. [ફા. ગુંબદ] સ્ત્રી. ઘૂમટ જેવી નાની આકૃતિ.
૪. સ્ત્રી. જંગલમાં ઝાડની ઘટાવાળી બેઠક.
૫. સ્ત્રી. પોલીસ ચોકીની છાપરી.
૬. સ્ત્રી. માથું અને પીઠ ન પલળે એવી ઘાસ કે વાંસની ચીપોની અથવા જાવલીની બોયલા જેવી છત્રી.

ઘૂમટીખડક (ઘૂમટીખડ઼ક) પું. જમીનની અંદર દેરાના ઘૂમટના આકારનો પથ્થરનો ગઢો.

ઘૂમટો ૧. પું. ઘૂમટ જેવી વસ્ત્રની આડ; માથા ઉપર ઓઢેલ લૂગડું તાણીને મોં ઢાંકવું તે; ઘૂંઘટ.
ઘૂમટો તાણવો = લાજ કાઢવી.
૨. પું. શિશ્નના મણિની આસપાસ ચોંટેલ ચડી અને ઊતરી શકે એવી ત્વચા; ઇંદ્રિયના મુખ ઉપર ઢંકાઈ રહેતો ચામડીનો પડદો.

ઘૂમડ (ઘૂમડ઼) ન. આકાશમાં વાદળાંનું છવાઈ રહેવું તે.

ઘૂમડવું (ઘૂમડ઼વું) ૧. સ. ક્રિ. એકરસ થાય એમ જોરથી પ્રવાહીને હલાવવું; તળેઉપર થાય તેમ ફેરવવું; ચક્કર ચક્કર ફેરવવું.
૨. સ. ક્રિ. હીંચોળવું; હીંચકા નાખવા; હિંદોળવું.

ઘૂમડાવું (ઘૂમડ઼ાવું) અ. ક્રિ. ઘૂમડવાની ક્રિયામાંથી પસાર થવું.

ઘૂમડી (ઘુમડ઼ી) ૧. સ્ત્રી. ઘુમરડી; ગોળ ચકરડી.
૨. સ્ત્રી. હીંચકાનું આમ તેમ ઘુમાવું તે.

ઘૂમણ ન. ઘૂમવું તે; હીંચવું તે.

ઘૂમણી ૧. સ્ત્રી. ઘુમરડી; ચક્રાકારે ફરવું તે; ફૂદડી; ઘૂમડી.

૨. સ્ત્રી. પકડનારને ચુકાવી દેવા ઘૂમી જવું તે.
૩. સ્ત્રી. ફેર; ચક્કર.
૪. સ્ત્રી. વમળ.
૫. સ્ત્રી. હીંચોળવું તે; ખૂબ હીંચકા નાખવા તે.
ઘૂમણી ઘાલવી = છોકરાંને પારણામાં સુવાડીને ગાતાં ગાતાં દોરી ખેંચી હીંચકાવવું.

ઘૂમણું ન. ઘોડિયું.
ઘૂમણે ઘાલવું = ઘોડિયામાં સુવાડવું.

ઘૂમત પું. મુક્કો; ધુંબો.

ઘૂમતી લકીર સ્ત્રી. (ગણિત) વ્યાસાર્ધ; ત્રિજ્યા.

ઘૂમર ૧. પું. રજપૂતાના તરફ કરાતો એક જાતનો નાચ.
૨. સ્ત્રી. છત્રીના આકારની ખજૂરી.
૩. ન. આમતેમ ફરતું ટોળું.
૪. વિ. મજબૂત.
૫. વિ. સુંદર; રૂપાળું.

ઘૂમરણ સ્ત્રી. ધૂળ ઊડવાથી થયેલ અંધકાર.

ઘૂમરાયેલું ૧. વિ. ક્રોધિત; ગુસ્સાવાળું; ધૂંધવાયેલું.
૨ વિ. ઘૂમરાયું હોય એવું.

ઘૂમરાવું ૧. અ. ક્રિ. કેફની અસર જણાવી; નશો ચડવો.
૨. અ. ક્રિ. ઘૂમરી ખાવી; વમળમાં આવવું.
૩. અ. ક્રિ. ડહોળાવું.
૪. અ. ક્રિ. રીસમાં મોં ચડવું; ધૂંધવાવું.
૫. અ. ક્રિ. વરસાદનું ચડી આવવું; વરસાદનું અંધારાવું.

ઘૂમરી ૧. સ્ત્રી. અભિમાન.
૨. સ્ત્રી. અંતરાં આવવાં તે; માથામાં આવતી ચકરી.
૩. [સં. ઘૂર્ણિત; પ્રા. ઘુમ્મિર] સ્ત્રી. ઘુમરડી; ઘૂમડી; ગોળ ગોળ ફરવું તે; ચકરડી; ફેરફૂદડી.
૪. સ્ત્રી. પાણીનું વમળ; ભમરો; પાણીમાં જોરથી વળતું કૂંડાળું.
૫. સ્ત્રી. ફરંટી; પકડનારને ચુકાવી દેવા ઘૂમી જવું તે.
ઘૂમરી ખાવી-મારવી = ચકરી ખાવી; ગોળાકારમાં ફરવું.

ઘૂમરો ૧. પું. ઘૂમરી; ચક્કર.
૨. પું. ઘેરો; ગોળાકારમાં ટોળે મળવું તે.

ઘૂમવું ૧. અ. ક્રિ. આગળ ને આગળ ચાલવું.
૨. અ. ક્રિ. ગામમાં મોટો કારભાર કરવો; મહાલવું.
૩. [સં. ઘૂર્ણ્; પ્રા. ઘુમ્મ] અ. ક્રિ. ગોળ ફરવું.
ઘૂમતો તારો = ગ્રહ.
૪. અ. ક્રિ. ઘોળાયા કરવું.
૫. અ. ક્રિ. ચારે બાજુ ફેલાઈ ઝીણો ઘોર કરવો.
૬. અ. ક્રિ. ભમવું; આંટા મારવા; ચોમેર ફરવું; રખડવું.
૭. અ. ક્રિ. વ્યાપ્ત થઈ રહેવું; મચ્યું રહેવું; મશગૂલ થવું; તલ્લીન થઈ જવું.
૮. સ. ક્રિ. તાણવું; ઘુમરડવું; વલોવવું.
૯. સ. ક્રિ. પાછું આવવું.

ઘૂમશ્ચક્રી સ્ત્રી. વાવંટોળિયો; આંધી.

ઘૂમંતું વિ. ઘૂમતું; ફરતું. કવિતામાં આ શબ્દ વપરાય છે.

ઘૂમાઘૂમ સ્ત્રી. હરફર; દોડધામ.

ઘૂમાઘૂમી જુઓ ઘૂમાઘૂમ.

ઘૂમાવ [હિં.] પું. એક દિવસમાં એક બળદની જોડીથી ખેડી શકાતી જમીન.

ઘૂમાવતી સ્ત્રી. એ નામની એક દેવી.

ઘૂમિત વિ. ઘૂમતું; હાલતું; ઘોળાતું.
મદભર **ઘૂમિત** લોચનથી, નિજ જનને દેતા માનજી.
ગિરધર

ઘૂર ૧. [હિં.] પું. ઉકરડો.
૨. પું. તાકીને જોવું તે.
૩. પું. દેવતા રાખવાની જગા.
૪. સ્ત્રી. એક જાતની રેતીવાળી જમીન.

ઘૂરકવું ૧. અ. ક્રિ. કતરાવું; પોપચાં ન મીંચાય એવી રીતે ફાટી આંખે ગુસ્સાથી જોયા કરવું; તાકીને ડોળા કાઢવા.
૨. અ. ક્રિ. ગુસ્સામાં કહેવું; ગુસ્સામાં ઘાંટો પાડવો; તડૂકવું; ગાજવું.
૩. અ. ક્રિ. ઘુરઘુર કરવું.
૪. અ. ક્રિ. જોરથી ભસવું.

ઘૂરકાઘૂરકી ૧. સ્ત્રી. ભસાભસ.
૨. સ્ત્રી. સામસામે ઘૂરકવું તે.

ઘૂરકાવું અ. ક્રિ. ઘૂરકવાની ક્રિયા થવી.

ઘૂરચી સ્ત્રી. દોરામાં પડતી આંટી.

ઘૂરત [હિં.] પું. ઢોર પૂરવાનો વાડો.

ઘૂરવું ૧. અ. ક્રિ. ક્રોધમાં જોરથી રાડો પાડવી; ગર્જવું.
૨. અ. ક્રિ. ગળામાંથી ઘૂઘૂ એવો અવાજ નીકળવો.
૩. અ. ક્રિ. ઘુરઘુર થવું.
૪. અ. ક્રિ. ઘૂરકવું; ભસવું.
૫. અ. ક્રિ. ચક્કર ફરવું; ગોળ ગોળ ફરવું.
૬. અ. ક્રિ. નજરમાં કતરાવું; ક્રોધથી જોવું; ડોળા કાઢવા.
૭. અ. ક્રિ. બિલાડીની જેમ અવાજ કરવો.

ઘૂરા ૧. [હિં.] પું. અમુક વખત માટે દેવતા રાખવાની જગા.
૨. પું. ઉકરડો.
૩. પું. કબૂતરનો એક રંગ.
૪. (ઘૂરા) [ફા.] પું. કાચી દ્રાક્ષ અથવા ખજૂર.
૫. પું. છાણનો ઢગલો.
૬. પું. જમીન.
૭. [પ્રા.] સ્ત્રી. જાંઘ વગેરે શરીરના અવયવ.

ઘૂરાઘારી સ્ત્રી. સામસામી આંખ મારવી તે.

ઘૂરિયલ વિ. ઘૂરીવાળું; ઘૂરી ચડતી હોય એવું.

ઘૂરિયા ૧. સ્ત્રી. એ નામની મરાઠાની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ઘૂરિયો પું. તુવેર અથવા પાપડીની લૂમ.

ઘૂરી ૧. સ્ત્રી. આવેશ; ઊભરો.
૨. સ્ત્રી. ઉધામો; તરંગ; તાન.
૩. સ્ત્રી. જુસ્સો; ઉત્સાહ.
૪. સ્ત્રી. વાયુથી માથામાં આવતી ચકરી; ઘૂમરી.

ઘૂર્ણ્ ૧. [સં.] અ. ક્રિ. (ધાતુ) ચક્રાકાર ફરવું; ગોળ ગોળ ફરવું. તે ઉપરથી થયેલ શબ્દ: ઘૂર્ણન, ઘૂર્ણના, ઘૂર્ણાયમાન, ઘૂર્ણિ.
૨. અ. ક્રિ. ભમવું; આમતેમ ફરવું.

ઘૂર્ણ ૧. [સં.] પું. એક જાતનું શાક.
૨. પું. એક જાતનો રોગ. તેમાં ચક્કર આવે છે.
૩. ન. ચક્રાકારે ફરવું તે; ગોળ ફરવું તે.
૪. ન. ભમવું તે; ડોલાં ખાવાં તે.
૫. વિ. ચક્રાકારે ફરતું; ગોળ ગોળ ફરે એવું.
૬. વિ. ભમેલ; ફરેલ.

ઘૂર્ણન ૧. [સં.] ન. ગોળ ચક્કર ફરવું તે.
૨. ન. ભમવું તે; ચક્રાકાર ફરવાપણું.

ઘૂર્ણના જુઓ ઘૂર્ણન.

ઘૂર્ણાયમાન ૧. [સં.] વિ. ચક્રાકારે ઘૂમતું; ચક્કર ફરતું.
૨. વિ. ભમતું; રખડતું.
૩. વિ. હાલતું; ધ્રૂજતું.

ઘૂર્ણિ ૧. [સં.] પું. ચક્રાકાર ઘૂમવું તે; ગોળ ફરવું તે.
૨. પું. ભમવું તે; ભ્રમણ.
૩. પું. હાલવું તે; ધ્રૂજવું તે.

ઘૂર્ણિકા [સં.] સ્ત્રી. (પુરાણ) શુક્રાચાર્યની કન્યા દેવયાનીની એ નામની ધાવ.

ઘૂલ (ઘૂલ્) [અ.] પું. માણસો અને પ્રાણીઓનું ભક્ષણ કરનાર એક કલ્પિત રાક્ષસ.

ઘૂલર ૧. ન. ઉમરડું; ઉંબરાનું ફળ.
૨. ન. એ નામનું કાનનું એક ઘરેણું.
૩. ન. ગૂલર; ઉમરડો; ઉંબરો.

ઘૂલરડો (ઘૂલરડ઼ો) પું. ઉમરડો; ઉંબરો.

ઘૂલરું ૧. ન. ઉંબરાનું ઝાડ; ગૂલર.
૨. ન. ઉંબરું; ઉમરડાનું ફળ.
૩. ન. ઘોડિયે લટકાવેલું એક લાકડાનું રમકડું.
૪. ન. ઝૂલતી ઘુઘરીઓનો જથ્થો.
૫. ન. પાપડનો લૂઓ.
૬. ન. બાળકોનું એક ઘરેણું. તેમાં વાઘનો નખ, નજરબુટ્ટા વગેરે હોય છે.
૭. ન. સ્ત્રીઓનું કાનનું એક ઘરેણું.

ઘૂલરો જુઓ ઘૂલરડો.

ઘૂશ સ્ત્રી. લાંચ; રિશ્વત.

ઘૂસ ૧. પું. મોટો વકરેલો ઉંદર; કોળ. તે સામાન્ય રીતે જમીનમાં બહુ ઊંડું દર ખોદીને રહે છે. મુંબઈમાં ગટરના મોટા ઉંદરોને ઘૂસ કહે છે.
૨. [સં. ગુહ્યાશય] સ્ત્રી. (હિંદી) રિશ્વત; લાંચ.

ઘૂસખોરી સ્ત્રી. લાંચ; રિશ્વત.

ઘૂસણ ૧. ન. વગરહક્કનો પ્રવેશ; અતિક્રમણ.
૨. વિ. ઘૂસણિયું.

ઘૂસણપટી ૧. સ્ત્રી. પગપેસારો કરવો તે.
૨. સ્ત્રી. પરાણે કરવું તે; દોકી બેસાડવું તે.

ઘૂસણિયું વિ. ઘૂસી જવાની વૃત્તિવાળું; ગમે તે પ્રકારે પેસી જનારૂં.

ઘૂસત ૧. [હિં.] પું. ઘુવડનું બચ્ચું.
૨. સ્ત્રી. ઘીસત; બહારવટિયાની પાછળ જનારી ઘોડેસવારની પલટન.

ઘૂસતો ૧. પું. એક જણથી કપાય એવું કરવત. તે લોઢાનું હોય છે.
૨. પું. મુક્કો.

ઘૂસપૈઠ [હિં.] સ્ત્રી. દાખલ થવું તે; પ્રવેશ.

ઘૂસમઘૂસા [હિં.] પું. ઘુસતા મારવા અને ખેંચાખેંચી કરવી તે.

ઘૂસવું ૧. અ. ક્રિ. પેસવું; બીજાની ઇચ્છા વિરુદ્ધ દાખલ થવું; જોરજુલમથી અંદર જવું; સામેલ થઈ જવું; જોરથી કે ગમે તેમ કરી પેસી જવું.
ગાંડમાં ઘૂસવું = ખુશામત કરવી.
૨. અ. ક્રિ. માથું મારવું.
૩. અ. ક્રિ. વગર આમંત્રણે દાખલ થવું.
૪. અ. ક્રિ. વચમાં પડવું.
૫. સ. ક્રિ. ખોસવું.

ઘૂસા ૧. [હિં.] પું. ઘૂસતો.
૨. પું. મોટો ઉંદર.

ઘૂસિયું ન. કોળવાઈ; કોળ પકડવાનું છટકું; ઉંદરિયું.

ઘૂસિયું મધ ન. એક જાતનું ઝીણી માખોએ બનાવેલ મધ. તે ઝાડની બખોલમાં એક જાતની મધમાખીઓ તૈયાર કરે છે.

ઘૂહડ ન. (જૂ. ગુ.) ઘુવડ.

ઘૂંઅરિયું વિ. ઝાંખું; મેલું.

ઘૂંકાર પું. ઘમકાર; ઘૂં એવો અવાજ.

ઘૂંકો પું. (કચ્છી) ધોંકો; ઘૂસતો; ગોદો.

ઘૂંગચી [હિં.] સ્ત્રી. રતીનું વજન; રતીભાર.

ઘૂંગટ જુઓ ઘૂંઘટ.

ઘૂંગટવાલી જુઓ ઘૂંઘટવાલી.

ઘૂંગટી જુઓ ઘૂંઘટી.

ઘૂંગટો જુઓ ઘૂંઘટ ૨.

ઘૂંગણી [હિં.] સ્ત્રી. કઠોળ કે ઘઉંની આખી રાંધેલ ઘૂઘરી.

ઘૂંગર [હિં.] પું. વાંકડિયો વાળ.
ઘૂંગરવાલે-ઘૂંઘરવાલે બાલ = વાંકડિયા વાળ.

ઘૂંગરવાલે [હિં.] વિ. ઘૂંચળાવાળું. આ શબ્દ વાળ માટે વપરાય છે.

ઘૂંગરૂ ૧. પું. નાની ઘંટડી.
૨. [હિં.] પું. પગની ઘૂંટીએ પહેરાતું ઘૂઘરીઓવાળું એક ઘરેણું.
૩. પું. મરણ વખતે ગળામાંથી કફને લીધે થતો અવાજ.

ઘૂંગી ૧. [હિં.] સ્ત્રી. એ નામનું એક જંતુ.
૨. સ્ત્રી. વરસાદથી બચવા માટે માથા ઉપર મૂકેલ ઘડીવાળું કપડું; ઘૂંઘી.

ઘૂંગુ [હિં.] પું. ઘૂઘરી.

ઘૂંઘચી સ્ત્રી. ચણોઠી; રતી.

ઘૂંઘટ ૧. પું. ઇંદ્રીના ફૂલની ઉપલી ચામડી.
૨. પું. ઘૂંઘટો; લાજ; મુખત્રાણ; મોં દેખાય નહિ એમ માથા ઉપર તાણેલ લૂગડાનો પડદો; લાજ કે અદબ દેખાડવા માથા ઉપરનો છેડો સ્ત્રીઓ મોં આડે ધરે છે તે.
૧. ઘૂંઘટ કરવો = (૧) ગરદન પાછી ખેંચવી. આ પ્રયોગ ઘોડાના સંબંધમાં વપરાય છે. (૨) લાજ કાઢવી.
૨. ઘૂંઘટ કાઢવો-તાણવો-મારવો = લાજ કાઢવી; મોં ઢાંકવું.
૩. ઘૂંઘટ ખાવો = હારી જવું; ભંગાણ પડવું. આ પ્રયોગ લશ્કરના સંબંધમાં વપરાય છે.
૩. પું. નૃત્યમાં ગતિ ભરવાના સોળ માંહેનો એ નામનો એક પ્રકાર. ઘૂંઘટના પૂર્ણઘૂંઘટ અને અર્ધઘૂંઘટ એવા બે પ્રકાર છે. પૂર્ણઘૂંઘટમાં દુપટ્ટાનો છેડો મોં ઢંકાઈ જાય ત્યાંસુધી ઘૂંઘટ તાણી પેશવાજના છેડાને બે હાથથી બે હાથે ઉપાડી ચક્ર લેતાં જવું. પ્રથમ જમણી બાજુ ચક્ર લઈ પછી ડાબી તરફ લેવું. અર્ધઘૂંઘટમાં મોઢું જરાક ઢાંકવું, જમણે હાથે માથાની સોડ દાબવી ને ડાબે હાથે બાજુની સોડને ચીપ દઈ આંગળીઓથી પકડી સુંદર અભિનય સહિત નૃત્ય કરવું.
૪. પું. બુરખો; મોં ઢંકાય એવો પડદો.
૫. પું. સ્ત્રીની સાડીના છેડાનો મોં ઢાંકવા માટે વપરાતો ભાગ.

ઘૂંઘટડો (ઘૂંઘટડ઼ો) પું. ઘૂંઘટો. આ શબ્દ કવિતામાં વપરાય છે.

ઘૂંઘટની ગત જુઓ ઘૂંઘટ ૩.

ઘૂંઘટવા પું. ઘૂમટો.

ઘૂંઘટવાલી સ્ત્રી. લાજ કાઢવાવાળી સ્ત્રી.

ઘૂંઘટી ૧. સ્ત્રી. નાનો ઘૂંઘટ.
૨. સ્ત્રી. માથે નાખવાનો ચલાખો કે કામળી; ચોમાસામાં છત્રીને બદલે ઓઢવાનું સૂતર, ઊન, કે પાંદડાંનું સાધન.

ઘૂંઘટી છિનાલ સ્ત્રી. લાજનો ખોટો ઢોંગ બતાવનારી સ્ત્રી.

ઘૂંઘટો જુઓ ઘૂંઘટ ૨.

ઘૂંઘર ૧. [હિં.] પું. ગુચ્છાદાર વાળ; પટિયાં.
૨. પું. વાળની લટ.
૩. પું. વાળનો ગુચ્છો; વાળમાં પડેલ મરોડ.

ઘૂંઘરાનું હાડકું ન. ત્રિકાસ્થિ; કેડના પાછલા ભાગમાં રહેલ એ નામનું એક હાડકું; 'સેક્રમ'.

ઘૂંઘરી [હિં.] સ્ત્રી. નેપુર; ઝાંઝર.

ઘૂંઘરુ ૧. પું. ઘૂઘરી.
૨. પું. ઘૂઘરીવાળું પગનું ઘરેણું.

ઘૂંઘરૂ જુઓ ઘૂંઘરુ.

ઘૂંઘી [હિં.] સ્ત્રી. વરસાદથી બચવા માટે માથા ઉપર મૂકેલ ઘડીવાળું કપડું.

ઘૂંઘૂં પું. ભમરાનો અવાજ.

ઘૂંચ ૧. સ્ત્રી. ગૂંચવણ; આંટી; ઝટ ન ઊકલી શકે એવી ગોઠવણી.
૨. સ્ત્રી. ઝટ તોડ ન થઈ શકે એવી હાલત; ગડબડ; મુશ્કેલી.

ઘૂંચઘાંચ સ્ત્રી. ગૂંચવાડો; મુશ્કેલી; નડતર.

ઘૂંચણ સ્ત્રી. ગૂંચવણ; ગરબડ; ચટપટી.

ઘૂંચવણી ૧. સ્ત્રી. ગૂંચવણી; ગૂંચાઈ જવું તે.

૨. સ્ત્રી. જેમાંથી ઉકેલ કાઢવો મુશ્કેલ થઈ પડે એવી પરિસ્થિતિ.

ઘૂંચવવું ૧. સ. ક્રિ. ગોટવી દેવું; આંટી પાડી દેવી.

૨. સ. ક્રિ. ઘૂંચાય એમ કરવું; ગૂંચવવું; માર્ગ સૂઝે નહિ એવી સ્થિતિમાં મૂકવું.

ઘૂંચવાયેલી બાજી = ગોટો હોય એવું કામ; સૂઝ ન પડે એવું કામ; નિકાલ કરતાં વાર લાગે એવું ગોટાળિયું કામ.

ઘૂંચળું ૧. ન. ગૂંચવાડો.

૨. ન. ગોળાકારમાં વીંટેલ હોય તે; ગોળ આંટાઆંટા વળેલ હોય તે; વર્તુલના આકારમાં રહેલું હોય તે.

ઘૂંચાવું ૧. અ. ક્રિ. ગૂંચાવું; ઘૂંચ પડવી.

૨. અ. ક્રિ. જંજાળમાં ફસાવું; ગૂંચવણમાં આવવું.

૩. અ. ક્રિ. નિકાલ નહિ જડવાથી ગભરાવું; ઘૂંચ પડે એવી હાલતમાં હોવું.

ઘૂંજવું ૧. [સં. ગુઞ્જ્ (અવાજ કરવો)] અ. ક્રિ. ઘુંઉંઉં એવો અવાજ કરવો; ભમરડો ફરવાથી અવાજ થવો.

૨. અ. ક્રિ. તીર, ગોળી વગેરે બહુ જ ગતિથી હવામાં જતાં અવાજ થવો.

ઘૂંજું ૧. ન. ખીસું; ગજવું.

૧. ઘૂંજાનો વર = ઘૂંજે ધન ઘાલવું પડે અને મોટી પહેરામણી આપવી પડે એવો કુળવાન વર.

૨. ઘૂંજામાં ઘાલવું-મૂકવું = (૧) ઉપાડી લેવું; છાનું લઈ લેવું. (૨) દરકાર ન કરવી; ન ગણકારવું; ન લેખવવું.

૩. ઘૂંજે ઘાલવું = દીકરી પરણાવતાં સામા પક્ષવાળાને પૈસા આપવા.

૨. ન. સૂકો મસાલો ભરીને બનાવેલ અર્ધગોળ પૂરી; ઘૂઘરો.

ઘૂંટ ૧. પું. એક જાતનો ઘોડો; એક જાતનું પહાડી ટટ્ટુ.

૨. પું. ઘાંટો; કંઠ.

૩. પું. ઘૂંટડો; ગોટ; કોગળો.

૧. લહૂના ઘૂંટ = માફી આપવી તે.

૨. લોહીનો ઘૂંટ = ક્રોધનો ઉછાળો; ગુસ્સો; કોઈ પણ બનાવથી લોહી તપી જઈ કંઈનું કંઈ કરી નાખવાનો ઉછાળો.

૪. પું. દુષ્કાળ; અછત.

૫. પું. મોં ભરાય એટલું પ્રમાણ.

૬. સ્ત્રી. ગટગટાવી જવું તે.

ઘૂંટ પીવી-લેવી = (૧) ગટગટાવવું. (૨) નળીથી પીવું.

૭. સ્ત્રી. જીવનું ઘૂંટાવું કે ગૂંગળાવું તે.

૮. સ્ત્રી. ધર્મની સંસ્થાને બક્ષિશ તરીકે આપેલી વેરા વગરની જમીન.

૯. [હિં.] સ્ત્રી. નળીથી ખેંચવું તે; હોકો, ચલમ, બીડી વગેરે પીવાનો દમ ખેંચવો તે; ફૂંક.

૧૦. સ્ત્રી. બંગાળ સિવાય હિંદના ઘણાં સ્થાનોમાં થતું એક જાતનું ઝાડ. તેનાં પાન ચાર પાંચ આંગળ લાંબાં અને ઘેરા લીલા રંગનાં હોય છે. વૈશાખ જેઠમાં તેને ફૂલ આવે છે અને આસો માસમાં તેને ફળ આવે છે. ફળ ખવાતાં નથી, પણ તેની ગોઠલી ખવાય છે. તેનાં પાન ચારા તરીકે અને છાલ તથા સૂકાં ફળ ચામડાં રંગવાના કામમાં આવે છે.

ઘૂંટકામ ન. શંખજીરૂં નાખી ઘાબો ઘૂંટવાનું કામ.

ઘૂંટઘાટ પું. ઘાટઘૂટ; આકાર અને સૌંદર્ય.

ઘૂંટડો (ઘૂંટડ઼ો) [ઘૂંટ (કોગળો) + ડો (લઘુતાદર્શક પ્રત્યય)] પું. ગળા વાટે એકીવખતે ઊતરી શકે તેટલો પ્રવાહી પદાર્થ; મોંમાં એકીવખતે જેટલું માય તેટલું પ્રવાહી; ગોટ; કોગળો.

૧. કડવો ઘૂંટડો પીવો = અપ્રિય વાત કે વચન સહન કરવાં.

૨. ઘૂંટડો ઉતારવો = (૧) સમજાવવું; ગમાડવું. (૨) સહન કરવું.

૩. ઘૂંટડો ઊતરવો = (૧) ગમવું; પ્રિય લાગવું. (૨) પ્રવાહી ગળે ઊતરવું. (૩) સાચું માનવામાં આવવું; સમજવું; વાત માનવામાં આવવી.

૪. ઘૂંટડો ગળવો-પી જવો = (૧) ક્રોધ મારવો; ક્રોધના જુસ્સાને સહન કરવો; ગુસ્સો દાબી રાખવો. (૨) સહન કરવું; સાંખવું.

ઘૂંટણ ૧. ન. ઈડર રાજ્યમાં થતું એક જંગલી ઝાડ.

૨. ન. ગોખણ; વારંવાર ગોખવું તે.

૩. [સં. ઘુંટિકા] ન. પગની વચમાંનો સાંધો; ગોઠણ; ઢીંચણ.

૧. ઘૂંટણ ઉપર ખસવું-ચાલવું = ઘૂંટણ ઘસીને જાઆવ કરવું.

૨. ઘૂંટણની ટોપી = ઘૂંટણ ઉપરનું ગોળ અને ઉપરથી ઊપસેલ હાડકું.

૩. ઘૂંટણીએ બેસવું = (૧) ઘૂંટણ ઉપર જોર આવે તેમ કરવું. (૨) ઘૂંટણ ઉપર બેસીને નમવું; પગે લાગવું. (૩) ભાગી જવું; પલાયન થઈ જવું. (૪) મોગલાઈ અદબે ઢીંચણ વાળીને બેસવું.

૪. ઘૂંટણે પડવું = ગોઠણભર થવું.

ઘૂંટણભર અ. ઘૂંટણ ઉપર; ભાંખોડિયાભર; ગોઠણભર.

ઘૂંટણભેર જુઓ ઘૂંટણભર.

ઘૂંટણમંડી અ. ઘૂંટણ માંડીને; ઘૂંટણે પડીને.

ઘૂંટણિયું ૧. ન. ઢીંચણ

૨. ન. નાના બાળકનું ઘૂંટણથી ભરેલું ડગલું.

ઘૂંટણિયાં ખેંચવાં-તાણવાં-ભરવાં = ઘૂંટણ ઘસીને જાઆવ કરવું.

ઘૂંટણી સ્ત્રી. પગની પાની.

ઘૂંટણું ન. અફીણ ઘૂંટવા માટેનું લાકડાનું સાધન.

ઘૂંટબોરડી (ઘૂંટબોરડ઼ી) સ્ત્રી. એક જાતની નાની બોરડી.

ઘૂંટવું ૧. સ. ક્રિ. એકરસ કરવું.

૨. સ. ક્રિ. ચુનાળેથી ખૂબ ઘસવું.

૩. સ. ક્રિ. ભૂકાને વધારે ઝીણો બનાવવા માટે કૂંડા કે ખલમાં નાખી બત્તાથી પીસવું; લસોટવું; પરતવું; ઘસવું. ખાંડવા કે કૂટવામાં ઉપરનું જોર, વાટવામાં આડું જોર ને ઘૂંટવામાં ફરતું જોર વિશેષ હોય છે.

૪. સ. ક્રિ. વસ્તુને લીસી અને ઊજળી કે ચળકતી બનાવવા ઘસવું.

૫. [સં. ઘુટ્ (ઘૂંટવું)] સ. ક્રિ. વારંવાર ફેરવ ફેરવ કરવું; ખરડામાં લખ્યા કરવું; અંદર ને અંદર ફેરવવું કે લખવું; અક્ષર ઠરાવવા; દસ્કત વાળવા; લખેલા ઉપર એનું એ ફરી લખવું.

દોપિસ્તાં ઘૂંટવાં = (૧) નવેસરથી લખવું; એકડે એકથી માંડવું. (૨) પત્તાં કે પાટી ઉપર ખણેલા અક્ષરમાં ફરી ફરીને કલમ ફેરવ્યા કરવી.

૬. સ. ક્રિ. શ્વાસને અંદર રોકવો.

૧. દમ ઘૂંટવો = શ્વાસને લંબાવી લેવો; શ્વાસને રોકી રાખવો.

૨. રાગ-સૂર ઘૂંટવો = રાગને મેળવવા માટે અથવા સૂર લેવા યતિ આગળ તૂટ પડે નહિ તે માટે અથવા રાગ બેસાડવા સારૂ ઘાંટાને તૂટી ન જાય તેમ લંબાવવો.

ઘૂંટામણ ૧. ન. ઘૂંટવું તે.

૨. ન. ઘૂંટાવવાનું મહેનતાણું.

ઘૂંટાવવું ૧. સ. ક્રિ. એકરસ કરાવવું.

૨. સ. ક્રિ. ઘસાવવું; ઉટકાવવું.

૩. સ. ક્રિ. ઘૂંટડો ભરાવવો.

(કોઈ) પહલી પાણી પાય, (એને) ઘડે ઘી ઘુંટાવીએ;
(મારાં) કુંપળડાં કરમાય, રોપા રાણકદેવના.
દુહો

૪. સ. ક્રિ. ઘૂંટે તેમ કરવું; લસોટાવવું; પિસાવવું.

૫. સ. ક્રિ. ચુનાળેથી ખૂબ ઘસાવવું.

૬. સ. ક્રિ. વસ્તુને લીસી અને ઊજળી કે ચળકતી કરવા ઘસાવવું.

૭. સ. ક્રિ. વારંવાર ઉપરાઉપરી લખાવવું.

૮. સ. ક્રિ. શ્વાસને અંદર રોકવો.

ઘૂંટાવું ૧. અ. ક્રિ. એકરસ કરાવું.

૨. અ. ક્રિ. ઘસાવું; ઉટકાવું.

૩. અ. ક્રિ. ઘૂંટડો ભરાવો.

૪ અ. ક્રિ. ઘૂંટે તેમ કરાવું; લસોટાવું; પિસાવું.

૫. અ. ક્રિ. ચુનાળેથી ખૂબ ઘસાવું.

૬. અ. ક્રિ. વસ્તુને લીસી અને ઊજળી કે ચળકતી કરવા ઘસાવું.

૭. અ. ક્રિ. વારંવાર ઉપરાઉપરી લખાવું.

૮. અ. ક્રિ. શ્વાસનું અંદર રોકાવું.

ઘૂંટી ૧. સ્ત્રી. ગ્રંથિ; ગાંઠ; આંટી.

૨. સ્ત્રી. છળવિદ્યા; પ્રપંચજાળ. આ શબ્દ આંટીની સાથે વપરાય છે. જેમકે, આંટીઘૂંટી.

૩. [હિં.] સ્ત્રી. નવા જન્મેલ બાળકને અપાતો એક જુલાબ; ગળથૂથી. તે રેચક હોવાથી પેટ સાફ કરવા માટે પવાય છે.

જનમઘૂંટી = નવા જન્મેલ બાળકને અપાતું એ નામનું ઔષધ. તે પેટ સાફ કરવા માટે જન્મને બીજે દિવસે આપવામાં આવે છે. જ્યાંસુધી ઘૂંટી પાઈને બચ્ચાનું પેટ સાફ કરવામાં ન આવે ત્યાંસુધી તેને ધવાડવામાં આવતું નથી.

૪. સ્ત્રી. પગની પાટલી અને નળાને જોડનાર સાંધા આગળનું હાડકું; બહાર નીકળેલ પગની ખીલી.

ઘૂંટીનું હાડકું = પગની પાટલી અને નળાને જોડનાર સાંધા આગળનું હાડકું; બહાર નીકળેલ પગની ખીલી.

૫. સ્ત્રી. બચ્ચાંને અપાતું એક ઔષધ. સ્વાસ્થ્ય તથા પાચનના કારણથી નાનાં બચ્ચાંને તે નિત્ય અપાય છે.

૬. સ્ત્રી. ભરાઈ પડાય એવી મુશ્કેલી; ગૂંચવણ.

ઘૂંટો ૧. પું. કુંદી; કાપડમાં સફાઈ ને ઝલેહ આણવાનું એક ઓજાર.

૨. પું. ખૂબ ઘૂંટીને બનાવેલ મુલાયમ રગડો; લોંદો; અવલેહ.

૩. પું. ઘૂંટવાથી આવેલ ઓપ.

૪. પું. ઘૂંટવાનું કે લસોટવાનું એક સાધન; બત્તો.

૫. પું. ચામડાને લીસું કરવાનું એક ઓજાર.

૬. પું. સહેજ વળાક; રેલવેના પાટામાં થઈ ગયેલ સહેજ વાંક; 'ક્લિક'.

ઘૂંડી ૧. સ્ત્રી. ચોખાનો પાક કપાયા પછી તે ખેતરમાં ઊગતો એક જાતનો છોડ.

૨. [હિં.] સ્ત્રી. બટન; બોરિયું.

ઘૂંસ ૧. [હિ.] સ્ત્રી. કોળ; મોટો ઉંદર. તે સામાન્ય રીતે જમીનમાં બહુ લાંબું દર કરીને રહે છે.

૨. સ્ત્રી. ગૂંચ; ગૂંચવણી; ગોટવાઈ જવું તે.

૩. સ્ત્રી. રિશ્વત; લાંચ.

૪. સ્ત્રી. વાળેલ મૂઠી.

ઘૂંસખોર વિ. લાંચિયું; રિશ્વત લેનાર.

ઘૂંસખોરી સ્ત્રી. રિશ્વતખોરી; લાંચ લેવી તે.

ઘૂંસણ વિ. મારનાર.

ઘૂંસપચ્ચર સ્ત્રી. લાંચ.

ઘૂંસમઘાંસા પું. બ. વ. મુક્કામુક્કી; મુક્કાબાજી.

ઘૂંસમઘૂંસા જુઓ ઘૂંસમઘાંસા.

ઘૂંસા ૧. [હિ.] પું. ઢીકો; મુક્કો.

૧. ઘૂંસા મારવો-લગાવવો = ઢોંસો મારવો.
૨. ઘૂંસા લડવા = મુક્કામુક્કી કરવી.

૨. પું. ધબકારો; ઢબકારો.

ઘૂંસિયા વિ. લાંચિયું.

ઘૃ ૧. [સં.] સ. ક્રિ. (ધાતુ) છાંટવું; સીંચવું. તે ઉપરથી થયેલ શબ્દ: ઘૃણા, ઘૃણાલુ, ઘૃણિ, ઘૃણિત, ઘૃત.

૨. સ. ક્રિ. દીપવું; પ્રકાશવું.

૩. સ. ક્રિ. ભીનું કરવું.

ઘૃણ્ ૧. [સં.] અ. ક્રિ. પ્રકાશવું.

૨. અ. ક્રિ. બળવું.

૩. સ. ક્રિ. લેવું; ગ્રહણ કરવું.

ઘૃણ ૧. [સં.] પું. દિવસ.

૨. વિ. પ્રદીપ્ત; ગરમ.

ઘૃણતા સ્ત્રી. દયા; અનુકંપા.

ઘૃણા ૧. [સં.] સ્ત્રી. અનુકંપા; દયા; કૃપા.

> મયા દયા ને કૃપા ઘૃણા અનુકંપા અનુક્રોશ,
> કરુણાકર કરુણાનિધિ રાધા કરો ન રોષ.
> પિંગળલઘુકોષ

૨. સ્ત્રી. તિરસ્કાર.

> જે વળી સર્વ ભૂતોને આત્મમાં નિશ્ચયે જુએ,
> આત્મને સર્વ ભૂતોમાં તેની ઘૃણા ન કોઈને.

જે મહાનુભાવ સર્વ ભૂતો અર્થાત્ પ્રાણીમાત્રને આત્મામાં જુએ છે અને સર્વ પ્રાણીમાં આત્માને જુએ છે તેવા આત્મદર્શીની કોઈ ઘૃણા અર્થાત્ તિરસ્કાર કરતું નથી. અહીં આત્મા એટલે પોતાનું વાસ્તવ સ્વરૂપ એમ પણ અર્થ ઘટે. તાત્પર્ય કે આત્મપ્રેમના વર્તુળને વિશ્વવ્યાપી જે બનાવી શકે તે જગત કહેવાય; કેમકે તેનો તિરસ્કાર કોઈ પણ કરતું નથી. ઈશોપનિષદ

૩. સ્ત્રી. નિંદા.

૪. સ્ત્રી. (કાવ્ય) બીભત્સ રસનો સ્થાયીભાવ.

ઘૃણાજનક [સં. ઘૃણા (તિરસ્કાર) + જનક (ઉત્પન્ન કરનાર)] વિ. તિરસ્કાર ઉત્પન્ન કરે એવું; ઘૃણા લાવનારું.

ઘૃણાલુ ૧. [સં.] વિ. અનુકંપાવાળું; દયાળુ; કૃપાળુ; દયાવાળું.

૨. વિ. તિરસ્કારવાળું.

૩. વિ. નિંદાયુક્ત.

ઘૃણાવતી [સં.] સ્ત્રી. ગંગા નદી.

ઘૃણાવાન ૧. [સં. ઘૃણાવત્] વિ. અનુકંપિત; દયાળુ; દયાવાન.

૨. વિ. તિરસ્કારયુક્ત.

૩. વિ. નિંદાવાળું.

ઘૃણાશીલ ૧. [સં.] વિ. તિરસ્કાર કરવાના સ્વભાવવાળું.

૨. વિ. દયાળુ.

૩. વિ. નિંદાખોર.

ઘૃણાશીલતા ૧. [સં.] સ્ત્રી. તિરસ્કાર આવે એવો સ્વભાવ; દુર્ગંધવાળી વસ્તુ ઉપર અણગમો; સૂગ આવવાનો સ્વભાવ.

૨. સ્ત્રી. દયાળુ સ્વભાવ.

૩. સ્ત્રી. નિંદા કરવાનો સ્વભાવ.

ઘૃણાસ્પદ ૧. [સં. ઘૃણા + આસ્પદ (ઠેકાણું)] વિ. તિરસ્કારયુક્ત.

૨. વિ. નિંદિત.

ઘૃણિ ૧. [સં.] પું. કિરણ.

૨. પું. જ્વાલા.

૩. પું. તરંગ.

૪. પું. સૂર્ય.

૫. પું. (પુરાણ) સ્વાયંભૂ મન્વંતરના ૭ મરીચિ પુત્ર માંહેનો એ નામનો એક.

૬. ન. પાણી; જલ.

૭. વિ. અપ્રિય.

૮. વિ. દીપ્ત; પ્રકાશેલું.

ઘૃણિત ૧. [સં.] વિ. દયા કરેલું.

૨. વિ. નિંદેલું.

ઘૃણિતા [સં.] સ્ત્રી. દયાળુપણું.

ઘૃણિત્વ જુઓ ઘૃણિતા.

ઘૃણોત્પાદક [સં. ઘૃણા + ઉત્પાદક (ઉત્પન્ન કરનાર)] વિ. ઘૃણા ઉપજાવે એવું; તિરસ્કાર પેદા કરનારું.

ઘૃત ૧. પું. (જૈન) એ નામનો એક દ્વીપ.

૨. પું. (જૈન) એ નામનો એક સમુદ્ર.

૩. [સં.] ન. (વૈદક) ઔષધિમાંથી

બનાવેલ ઘી, જે પીવા તથા ચોપડવાના કામમાં આવે છે. જે ઔષધનું ઘૃત કરવું હોય તે ઔષધના સ્વરસ કે કલ્કથી ચારગણું ઘી લેવું ને ઘીથી ચોગણાં દૂધ, પાણી અગર ગૌમૂત્ર લેવાં. ધીમો ધીમો તાપ કરવો. જો ઔષધનો કાઢો લેવાનો હોય તો તે ઔષધને સોળગણા પાણીમાં ઉકાળી ચોથો ભાગ પાણી રહે ત્યારે તે ગળી લઈ તે ઉકાળામાં ઘી, પાણી વગેરે નાખવાં અને તેને રીતસર તાપ આપવો. જ્યારે બધું પાણી બળી જાય ને માથે ફીણ ન રહે ત્યારે ઘૃત પક્વ થયું સમજવું. આ ઘી જામ્યા પહેલાં તેને ગરણીથી ગળી લેવું, જેથી તેની અંદર નાખેલો કલ્કનો કૂચો ઉપર રહી જાય. જ્યારે કોઈ ધાતુનું ઘી સિદ્ધ કરવું હોય ત્યારે તે ધાતુને શુદ્ધ કરી, દૂધમાં ઉકાળી, તે દૂધ જમાવી તેનું દહીં કરવું. પછી તેને વલોવી અંદરથી માખણ કાઢી લેવું. આ માખણ તાવવાથી જે ઘૃત તૈયાર થાય તે તે ધાતુનું ઘી એવા નામથી ઓળખાય છે. જે પ્રમાણે તેને તાપ આપવામાં આવે તે પ્રમાણે તેના જુદા જુદા ઉપયોગ કરવામાં આવે છે. જ્યારે તાપ જરા ધીમો આપવામાં આવ્યો હોય ત્યારે જે પાક થાય તે મૃદુ પાક હોય છે ને તે સૂંઘવાના કામમાં આવે છે. મધ્યમ પાક ખાવાને માટે અને સખ્ત પાક બહાર લગાડવાના કામમાં આવે છે. સાધારણ રીતે આ સિદ્ધ થયેલ ઘીની માત્રા ૨થી ૪ તોલા છે. ઘી એક વરસ પછી સત્ત્વહીન થઈ જતું હોવાથી તે પછી તે ઉપયોગમાં ન લેવાય.

૪. ન. ઘી જેવું ચીકણું ને સ્નેહયુક્ત પાણી.

૫. [સં.] ન. તૂપ; ઘી.

૬. ન. દીપ્તિ; ચમક.

૭. ન. પાણી; જળ.

૮. ન. મલમ.

૯. વિ. પ્રદીપ્ત; પ્રકાશેલ.

૧૦. વિ. વિગલિત.

> ભગવાનની આશિષ એટલે પ્રાર્થનાઓ ઘૃત એટલે વિગલિત છે તેથી તે ઘૃતાશી કહેવાય છે.
>
> વિષ્ણુસહસ્રનામ

૧૧. વિ. સિંચનાર; છાંટનાર.

ઘૃતકુમારિકા જુઓ ઘૃતકુમારી.

ઘૃતકુમારી [સં.] સ્ત્રી. એક જાતની કુંવાર; ઘીકુંવાર; અજરા નામની વનસ્પતિ.

ઘૃતકુંવાર જુઓ ઘૃતકુમારી.

ઘૃતકેશ [સં.] પું. અગ્નિ.

ઘૃતકૌશિક ૧. પું. (પુરાણ) એ નામનો એક ઋષિ.

૨. ન. એ નામના ગોત્રનું એક પ્રવર.

૩. ન. એ નામનું એક ગોત્ર.

ઘૃતઘટ્ટ [સં.] પું. ઘીનો મેલ; કીટું.

ઘૃતચ્યુતા સ્ત્રી. (પુરાણ) કુશદ્વીપમાંની એ નામની એક મહાનદી. કુશદ્વીપમાંની સાત મહા નદીઓ: રસકુલ્યા, મધુકુલ્યા, મિત્રવંદા, તવિંદા, દેવગર્ભા, ઘૃતચ્યુતા અને મંત્રમાળા.

ઘૃતદ્વીપ [સં.] પું. ક્ષીરસમુદ્ર પછી આવેલો અને ઘૃતસમુદ્રથી ઘેરાયેલો એ નામનો એક દ્વીપ.

ઘૃતધારા ૧. સ્ત્રી. (પુરાણ) કુશદ્વીપની એ નામની એક નદી.

૨. [સં.] સ્ત્રી. ઘીની ધાર.

ઘૃતપ [સં.] પું. એ નામનો એક પિતૃગણ.

ઘૃતપક્વ [સં.] વિ. ઘીમાં પકવેલ; ઘીમાં તળેલું.

ઘૃતપદી ૧. [સં.] સ્ત્રી. ઈડા દેવી.

૨. સ્ત્રી. સરસ્વતી દેવી.

ઘૃતપશુ [સં.] ન. યજ્ઞાદિમાં હોમવાને માટે પશુને બદલે ઘીનું કરેલ પશુ.

ઘૃતપાત્ર [સં.] ન. ઘીનું ઠામ.

ઘૃતપાન [સં.] ન. ઘી પીવું તે.

ઘૃતપૂર [સં.] ન. એક પ્રકારનું પક્વાન્ન; ઘેવર.

ઘૃતપૂર્ણ ૧. [સં.] ન. ઘેવર.

૨. વિ. ઘીથી ભરેલું.

ઘૃતપૃષ્ઠ પું. (પુરાણ) પ્રિયવ્રત રાજાના દશ માંહેનો છઠ્ઠો પુત્ર. ક્ષીરોદથી વીંટાયેલા ક્રૌંચદ્વીપનો એ અધિપતિ હતો. એણે પોતાના દ્વીપના આમ, મધુસહ, મેઘપૃષ્ઠ, સુધામા, ભ્રાજિષ્ઠ, લોહિતાર્ણ અને વનસ્પતિ એવા સાત ભાગ કરીને પોતાના સાત પુત્રોને વહેંચી આપ્યા હતા.

ઘૃતપ્રમેહ [સં.] પું. એક જાતનો પ્રમેહ રોગ. તેમાં ઘી જેવો ઘાટો અને ચીકણો પેશાબ આવે.

ઘૃતપ્રાશ જુઓ ઘૃતપ્રાશન.

ઘૃતપ્રાશન [સં.] ન. ઘી ખાવું તે.

ઘૃતપ્લુત [સં.] વિ. ઘીમાં ઝબોળેલ; ઘી ચોપડેલું; ઘી છાંટેલું.

ઘૃતભુક [સં. ઘૃતભુક્] વિ. ઘી ખાનાર.

ઘૃતમેઘ પું. (જૈન) ઘીના જેવો વરસતો વરસાદ; ભરતક્ષેત્રમાં ઉત્સર્પિણીનો બીજો આરો બેસતાં ચૌદ દિવસ સુધી બે મેઘ વરસ્યા પછી સાત દિવસ સુધી ત્રીજો મેઘ વરસે તેનું નામ.

ઘૃતવતી ૧. [સં.] સ્ત્રી. દ્યાવાભૂમિ; પૃથ્વી અને આકાશ.

૨. સ્ત્રી. મહાભારતમાં જણાવેલ એક પ્રાચીન નદી.

ઘૃતવર [સં.] ન. એક પકવાન્ન; ઘેવર.

ઘૃતવૃષ્ટિ [સં.] સ્ત્રી. ઘીનો વરસાદ.

ઘૃતસમુદ્ર [સં.] પું. સાત માંહેનો એ નામનો એક સમુદ્ર.

ઘૃતહેતુ ૧. [સં.] પું. દહીં.

૨. પું. દૂધ.

૩. પું. માખણ.

ઘૃતાચી ૧. [સં.] સ્ત્રી. એ નામની એક અપ્સરા; રૌદ્રાશ્વની સ્ત્રી. તે કશ્યપની સ્ત્રી પ્રાધાને પેટે જન્મેલ હતી. દર મહા માસમાં સંચાર કરનાર સૂર્યની જોડે એ હોય છે.

૨. સ્ત્રી. કુશ નામના એક પ્રાચીન રાજાની એ નામની રાણી.

૩. સ્ત્રી. યજ્ઞના અગ્નિમાં ઘી નાખવાની કડછી.

૪. સ્ત્રી. રાત્રિ.

૫. સ્ત્રી. સરસ્વતી; વિદ્યાદેવી.

૬. વિ. સ્ત્રી. ઘીવાળી.

૭. વિ. સ્ત્રી. ચમકતી; ચકચકિત.

ઘૃતાધ્યાય [સં.] પું. ઘી સંબંધી પ્રકરણ.

ઘૃતાન્ન ૧. [સં.] પું. અગ્નિ.

૨. ન. ઘીમિશ્ર અન્ન.

ઘૃતાર્ચિસ ૧. [સં. ઘૃતાર્ચિસ્] પું. અગ્નિ.

૨. પું. ચિત્રાનું ઝાડ.

ઘૃતાશી ૧. [સં. ઘૃત (ઘી) + અશિન્ (ખાનાર)] પું. અગ્નિ.

૨. પું. વિષ્ણુનાં હજાર માંહેનું એક નામ. ભગવાનની આશિષ એટલે પ્રાર્થનાઓ ઘૃત એટલે વિગલિત છે, તેથી તે ઘૃતાશી કહેવાય છે. ગોપિકાઓનું માખણ ખાઈ જનારા તે છે. વળી કોઈની યાચના ન કરનારા સદા તૃપ્ત રહેનારા પણ તેજ છે. તેથી તે ઘૃતાશી કહેવાય છે.

ઘૃતાહુતિ [સં.] સ્ત્રી. ઘીની આહુતિ; યજ્ઞ વગેરેમાં ઘી હોમવું તે.

ઘૃતાહ્વન [સં.] પું. અગ્નિ.

ઘૃતાહ્વય સ્ત્રી. બેરજો. બેરજાનો રસ ઝાડમાંથી નીચે પડે છે ત્યારે ઘીની પેઠે જામી જાય છે, માટે તેને ઘૃતાહ્વય કહે છે.

ઘૃતાંડી સ્ત્રી. ઘેવર.

ઘૃતિની [સં.] સ્ત્રી. ગંગા નદી.

ઘૃતોદ [સં. ઘૃત (ઘી) + ઉદન્ (પાણી)] પું. એ નામનો એક સમુદ્ર; ઘીનો સમુદ્ર. તેનું પાણી ઘી જેવું મીઠાશવાળું હોય છે. પુરાણાનુસાર

પૃથ્વી ઉપર જે સાત મહાસમુદ્ર છે તેમાંનો આ એક કુશદ્વીપને વીંટાયેલો હોઈ તેની પછી વર્તુલાકાર ક્રૌંચદ્વીપ આવે છે.

ઘૃતોદક [સં.] ન. ઘી રાખવાનું ચામડાનું પાત્ર; કુલ્લું.

ઘૃતોદધિ જુઓ ઘૃતોદ.

ઘૃતૌદન [સં. ઘૃત (ઘી) + ઓદન (ભાત)] પું. ઘીમિશ્ર ભાત.

ઘૃષ્ ૧. [સં.] સ. ક્રિ. અફાળવું.
૨. સ. ક્રિ. ઘસવું; કૂટવું; વાટવું.
૩. સ. ક્રિ. પીસવું; દળવું; ચૂર્ણ કરવું.
૪. સ. ક્રિ. સાફ કરવું; મેલ રહિત કરવું; રજોટી નાખવું.
૫. સ. ક્રિ. સ્પર્ધા કરવી.

ઘૃષ્ટ ૧. [સં.] ન. એક પ્રકારનું ચંદન.
૨. વિ અફાળેલું.
૩. વિ. ઘસેલું; વાટેલું.
૪. વિ. પીસેલું; દળેલું.
૫. વિ. સાફ કરેલ; રજોટી નાખેલ.
૬. વિ. સ્પર્ધા કરેલ.

ઘૃષ્ટક [સં.] પું. ઘસવાનો પાણો; ઘસવાનો પથરો.

ઘૃષ્ણા સ્ત્રી. અધીરતા; અધીરાઈ.

ઘેઊરા ન. એક જાતનું ખાવા લાયક કંદ.

ઘેઊં પું. ઘઉં.

ઘેકુલ સ્ત્રી. એ નામની એક સુંદર વેલ; સુરીકંદ.

ઘેગરા ૧. પું. કપાસનું જીંડવું.
૨. ન. જીંડવું.
૩. ન. શીંગ.

ઘેગા ૧. સ્ત્રી. ચોખાના લોટની એક વાની.
૨. સ્ત્રી. વાંસાના ભાગમાં થતું અદીઠ ગૂમડું; પાઠું.

ઘેઘુંબ જુઓ ઘેઘૂર.

ઘેઘુંબવું અ. ક્રિ. ઘટાટોપ થવું; છવાવું.

ઘેઘૂર ૧. વિ. ઘટાદાર; ઘેરું; સઘન; ગીચ; ખીચોખીચ.
૨. વિ. ચકચૂર; મસ્ત.

ઘેટલી સ્ત્રી. ટીંડોરાની વેલ.

ઘેટવાળિયો પું. ઘેટાં લઈ જંગલમાં ફરનાર માણસ.

ઘેટા [સં. ઘટ્ટ] સ્ત્રી. જાડી મોટી ગાંઠ.

ઘેટાચાલ સ્ત્રી. ગતાનુગતિક; આંધળિયા ચાલ; એકનું જોઈ બીજાએ તેમ કરવું તે.

ઘેટિયા ૧. સ્ત્રી. કડવા કણબીની એક અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ઘેટિયું વિ. ઘેટા જેવું જાડું; માંસલ.

ઘેટી ૧. સ્ત્રી. ખાદી; એક જાતનું દેશી કપડું.
૨. સ્ત્રી. ઘેટાની માદા; મેંઢી.
૩. સ્ત્રી. ચોમાસાના વખતમાં પાણી બાંધવાની બાળકોની એક રમત.
૪. વિ. સ્ત્રી. જાડી; માંસલ; તાજી; ભરેલા શરીરની.

ઘેટુલી સ્ત્રી. સાટોડીનો છોડ.

ઘેટું ૧. ન. આખે શરીરે સુંવાળા વાળવાળું એક ચોપગું જનાવર; મેંઢું; ગાડરૂં. તેના શરીર ઉપરના વાળ ઊન કહેવાય છે. કામળા અને ધાબળીઓ વગેરે ગરમ કપડાં તેમાંથી બનાવવામાં આવે છે. આ પ્રાણી બહુ જ ગરીબ હોય છે. ભરવાડ લોકો બકરાં સાથે તેને પાળે છે. તે આંચળવાળું પ્રાણી છે. ઘેટી બે વરસની ઉમરે વિયાય છે. તેની આયુમર્યાદા ૧૨ વર્ષની મનાય છે.
ઘેટાંનું ટોળું = ગાડરની પેઠે એક જ રીત કે રિવાજને અનુસરીને વર્તનારો સમાજ; એકનું જોઈને તે પ્રમાણે વગર વિચાર્યું કરનાર ટોળી.
૨. ન. નમ્ર માણસ.

ઘેટો ૧. પું. ઘેટાંની જાતનો નર; મેંઢો; મેષ.
૨. પું. ઢેઢવાડો; અસ્પૃશ્ય ગણાતા લોકોને રહેવાની જગ્યા.
૩. [સં. ખેટક] પું. (વહાણવટું) પારીને અડગ રાખવા માટે જડવામાં આવતો ઠેસી જેવો લાકડાનો કટકો.
૪. પું. ભરાઉ શરીરનો જાડો માણસ.
૫. પું. રોમન લોકોનું દીવાલમાં ગાબડું પાડવાનું એક ખાસ હથિયાર.

ઘેડ (ઘેડ઼) ૧. સ્ત્રી. ગડી; સળ.
ઘેડ બેસવી = વાત ગળે ઊતરવી.
૨. સ્ત્રી. ગીર તરફનો લીલોતરીવાળો પ્રદેશ.
૩. સ્ત્રી. ઘટમાળ; કૂવા ઉપર પાણી ખેંચવા માટે માટીના ઘડાને એકબીજા સાથે સાંકળી કરવામાં આવતી ગોળ હાર.
૪. સ્ત્રી. નદીનો છૈયાથી ભરપૂર કાંઠો.
૫. સ્ત્રી. નાનો ઘડો.
૬. સ્ત્રી. બંદર પાસે નદી દરિયામાં મળવા આવતાં પૂરાઈને બનેલી જમીન; ભાઠું.
૭. સ્ત્રી. લૂમ; જથ્થો.
૮. સ્ત્રી. લોટું; ઢોચકું; સાંકડા મોંનો માટીનો ઘડો.

ઘેડિયા (ઘેડ઼િયા) સ્ત્રી. કોળીની એક જાત.

ઘેડિયો ઓખરાડ (ઘેડ઼િયો ઓખરાડ઼) પું. એક પ્રકારનો છોડવો. એનાં ફૂલની મંજરી હાથીની સૂંઢ જેવી વાંકી હોય છે. ફૂલ ધોળાં અને ફળ બેથી ચાર બીજવાળાં થાય છે. એનો પાલો ઝેરી જાનવરના ડંખ ઉપર ચોપડાય છે.

ઘેણી પું. સ્વીકાર; લેવું તે.

ઘેણુદેણે ૧. [મ.] ન. લેવડદેવડ.
૨. ન. વેપાર.

ઘેતલા [હિં.] પું. વાંકી અણીવાળું પગરખું.

ઘેન ૧. [સં. ગ્રહણ; પ્રા. ગ્રહણ-ઘયણ-ઘેન] ન. અભિમાન; મદ; નશો; કેફ; ખુમારી.
૨. ન. ઇંદ્રિયોને શિથિલ કરી સ્મૃતિભ્રંશ કરાવનારી ઝેરી કે માદક પદાર્થો વગેરેની અસર.
૩. ન. ઊંઘ આવવાની અસર; તંદ્રા.

ઘેનઘેરૂં વિ. ઘેનને લઈ ઘેરાયેલું; મસ્ત.

ઘેનમાછલી સ્ત્રી. પગની આંગળીએ ઘાલવાનું એક જાતનું ઘરેણું.

ઘેની વિ. માદક; ઊંઘ આણે એવું.

ઘેત્રી ન. કાનમાં પહેરવાનું એક જાતનું ઘરેણું.

ઘેબત (ઘેબત) [અ.] સ્ત્રી. ખરાબ બોલવું તે; નિંદા.

ઘેબર [સં. ઘૃતવર] ન. એક જાતની મીઠાઈ; ઘી નાખીને બનાવેલી, ઘીમાં તળી કાઢેલી અને ખાંડ પાયેલી પૂરી; પુષ્કળ ઘીનું મોણ નાખીને તૈયાર કરેલા માલપૂડાના જેવા પ્રવાહી લોટની ટોપ જેવા ઊંડા વાસણમાં ઊકળતા ઘીમાં ધાર કરીને તળાને તૈયાર કરી ચાસણીમાં બોળી કાઢેલી મીઠાઈ.

ઘેબરિયું વિ. ઘેબરના જેવું સ્વાદિષ્ઠ; રસકસદાર.

ઘેબરૂં જુઓ ઘેબર.

ઘેભરૂં જુઓ ઘેબર.

ઘેમાસૂત્ર [સં. ગ્રીવાસૂત્ર] ન. ડોકમાં પહેરવાનું એક જાતનું ઘરેણું.

ઘેયડી (ઘેયડ઼ી) ૧. સ્ત્રી. છોકરી.
૨. વિ. આનંદમાં મસ્ત રહેનાર.

ઘેર ૧. પું. ગીરની આસપાસનો એ નામનો પ્રદેશ.
૨. પું. ગોળ ચક્કરમાં ફરવું તે.
૩. પું. ગોળ ફરતી હદ; ઘેરાવો; પરિધ.
૪. પું. ઘાઘરા, અંગરખા વગેરેનો નીચેનો ચોમેર ફરતો વિસ્તાર; અંગરખાની ચાળ; કોર ઉપરનો ભાગ.
૫. પું. ઘેરી લેનાર વસ્તુ.
૬. પું. ચોટલીની આસપાસ રાખેલા ટૂંકા વાળ; ધારી.

૭. પું. જિલ્લો.

૮. પું. ભૂમિતિની આકૃતિની બાજુઓનો સરવાળો; પરિમિતિ; પરિમાણ.

૯. પું. વાડો; કંપાઉન્ડ.

૧૦. પું. સમૂહ; ટોળી.

૧૧. સ્ત્રી. ઘેરૈયાનું ટોળું; હોળી ખેલવા નીકળેલ ટોળી; હોળીના દિવસોમાં ગોઠ માગવા નીકળતી છોકરાની ટોળી.

૧૨. સ્ત્રી. નિંદા.

૧૩. સ્ત્રી. પ્રાણીને ઘેરીને મારવું તે; શિકારનો એક પ્રકાર.

૧૪. વિ. ગોળ; ઘેરવાળું.

૧૫. વિ. ગોળ ફરતું.

૧૬. વિ. ઢીલું.

૧૭. [સં. ગૃહે] અ. ઘરમાં; ઘર તરફ. આ રૂપમાં સપ્તમીનો એ પ્રત્યય ર ને લાગે એટલે ઘરે થાય, પણ પ્રત્યયનો વ્યત્યય થઈ ઘેર થયું છે. ગામડિયું ઘરે સુધરેલા ઘેર કરતાં વધારે સાચું લાગે છે.

૧. ઘેર આવી = મરી ગઈ; ચાલતી ઉઠાડી લીધી. રમતમાં સોગઠી માટે વપરાય છે.

૨. ઘેર ઊડી જવું = મોંઘું થવું; અછત થવી.

૩. ઘેર કરવું = (૧) જતું રહે તેમ કરવું. (૨) તાબે કરવું; જીતવું. (૩) હોલવવું; દીવો ઠારી નાખવો; રાજ કરવું.

૪. ઘેર કાંટા પડવા = ઘર ઊજડ થવું.

૫. ઘેર ગોળી બેસવી = ઘરમાં ખોટ આવવી; આદમી અથવા પૈસાનું નુકસાન થવું.

૬. ઘેર ઘેર માટીના ચૂલા = દરેક ઠેકાણે સારું ખોટું અને ભલું ભૂંડું તો તેવું ને તેવું જ હોય.

૭. ઘેર જવું = (૧) જવું તે સારૂં થવું; પાપ જવું. માણસના સંબંધમાં બેદરકારીમાં, તિરસ્કારમાં કે કંટાળામાં બોલાતાં એમ વપરાય છે. (૨) ઠેકાણે જવું; મુકામે જતા રહેવું. (૩) વાત બાજુએ રાખવી. (૪) હોલવાવું; ઠરી જવું.

૮. ઘેર તાળું દેખાવું = (૧) જપ્તી આવવી. (૨) સત્યાનાશ વળી જવું.

૯. ઘેર બેઠાં = (૧) કામ કર્યા વગર; વગર મહેનતે. (૨) ઘરમાં કામ કરતાં. (૩) બહાર ગયા વગર.

૧૦. ઘેર બેઠાં ગંગા થવી = વગર મહેનતે મોટો ફાયદો થવો; અનાયાસે તૈયાર લાભ મળવો; સાધન અનુકૂળ થવાં.

૧૧. ઘેર બેસવું = (૧) ઘરનો નાશ થવો. (૨) ઘેરે આરામથી હોવું. (૩) જીવતા થવું. (૪) નુકસાન થવું; ખર્ચ થવું. (૫) નોકરીથી બરતરફ થવું; રજા મળવી. (૬) પાછું આવવું. (૭) રોજગાર વગરના થવું; ધંધો અથવા નોકરી મૂકી દેવી; નિરુદ્યમી થવું.

૧૨. ઘેરે બેસાડવું = નોકરીમાંથી રજા આપવી.

૧૩. ઘેર મૂકવું = (૧) ઘરમાં રહેવા દેવું. (૨) ઘરેણે મૂકવું. (૩) પાસે ન રાખવું; દૂર કરવું; વેગળું કરવું.

ઘેરકી ૧. સ્ત્રી. થોડો જથ્થો; નાનો સમૂહ.

૨. સ્ત્રી. મોલનો નાનો સમૂહ.

ઘેરકું ન. ટોળું; ઘેરો.

ઘેરકો ૧. પું. જથ્થો; સમૂહ.

૧. પું. મોલનો સમૂહ.

ઘેરગંભીર ૧. વિ. અત્યંત ગંભીર.

૨. વિ. ઘટાદાર; લેલૂંબ; પાંદડાં, ફળ, ફૂલ વગેરેથી ભરપૂર.

દાદાને આંગણ આંબલો, આંબલો **ઘેરગંભીર** જો.
લોકગીત

ઘેરગંભીરૂં જુઓ ઘેરગંભીર.

ઘેરઘાર ૧. પું. ખુશામત.

૨. પું. વિનતિ.

૩. પું. વિસ્તાર.

૪. સ્ત્રી. પહોળાઈ.

ઘેરઘેર અ. દરેક ઘેર; ઘરોઘર; ઠામેઠામ.

ઘેરઘેર માટીના ચૂલા = સૌને ત્યાં સરખું; બધે એકસરખી રીત.

ઘેરણ ૧. ન. ઘારણ; ઊંઘ; ઘેન; ગાઢ નિદ્રા.

ઘેરણ ગોળી = ઊંઘ લાવે તેવી દવા; બાળાગોળી.

૨. ન. ઘેરી લેવું તે; ઘેરો.

ઘેરદાર ૧. વિ. ખૂલતું; ચપોચપ નહિ એવું.

૨. વિ. ગોળ.

૩. વિ. જેને ઘેર હોય એવું; ઘેરવાળું; નીચેથી ફરતા ખૂલતા ભાગનું; ફરતા ઘેરવાળું.

૪. વિ. વિશાળ; પહોળું.

૫. વિ. વિસ્તારવાળું.

ઘેરની સ્ત્રી. રેંટિયો ફેરવવાનો હાથો.

ઘેરમૃગયા સ્ત્રી. મૃગયાનો એક પ્રકાર; પ્રાણીને ઘેરીને મારવું તે.

ઘેરવા [હિં.] પું. જામીનગીરી માટે વ્યાજના બદલામાં જમીન ગીરો મૂકવી તે.

ઘેરવું ૧. [સં. ગ્રહ્] સ. ક્રિ. અટકાવવું; ખાળવું; નહિ જવા દેવું; વાડ કરવી; આંતરવું; રોકવું.

૨. સ. ક્રિ. ખુશામત કરવી.

૩. સ. ક્રિ. ચારે તરફથી ઘેરાય તેમ કરવું; આસપાસ ફરી વળી અંદર લેવું; ચારેતરફ ફરી વળવું.

૧. ઘેરી બેસવું = અમુક કાર્ય કરાવવા માટે કોઈની પણ સામે રોકાણ કરી બેસવું.

૨. ઘેરી લેવું = આસપાસ ફરી વળીને નાસી જાય નહિ એમ કરવું.

૪. સ. ક્રિ. પશુને પાણી પાવું.

૫. સ. ક્રિ. મૂંઝવી દેવું; ગભરાવવું.

૬. સ. ક્રિ. વિધવા પરણવી.

૭. સ. ક્રિ. વિસ્તારને ભરી દેવો; ઢાંકવું; છાવું.

૮. સ. ક્રિ. સપડાવવું; ફસાવવું.

૯. સ. ક્રિ. સમાવેશ કરવો.

૧૦. સ. ક્રિ. સ્વતંત્રતા લઈ લેવી.

ઘેરંડસંહિતા સ્ત્રી. યોગનું એ નામનું એક પુસ્તક.

ઘેરા ૧. [હિં.] પું. ગોળ; ચક્ર.

૨. પું. ઘેરાવો.

૩. પું. ઘેરેલું સ્થાન.

૪. પું. ઘેરો.

૫. પું. પૈડું; ચક્ર.

૬. પું. બેભાની; મૂર્છા.

૭. પું. મુશ્કેલી.

૮. પું. વાડ; વાડો.

૯. વિ. ગોળ.

ઘેરાટ પું. ઘેરાવો; પરિધ.

ઘેરાવ ૧. પું. અટકાયત; રોકાણ; પ્રતિબંધ.

૨. પું. ગોળ આકાર.

૩. પું. ઘેર; ફેલાવો; પ્રસાર; વિસ્તાર.

૪. પું. જેમાં જેટલું ઘેરાયું હોય તેટલું પ્રમાણ.

ઘેરાવવું સ. ક્રિ. ઘેરાય તેમ કરવું.

ઘેરાવું ૧. અ. ક્રિ. ઊંઘમાં પડવું.

૨. અ. ક્રિ. કેદ થવું.

૩. અ. ક્રિ. ઘેરાઈ જવું; વ્યાપ્ત થઈ જવું.

૪. અ. ક્રિ. ચારે તરફથી અંતરાઈ જવું; નાસવા છૂટવાનો માર્ગ ન રહેવો; ચારે બાજુ વીંટળાવું.

૫. અ. ક્રિ. વધવું; ફેલાવું.

૬. અ. ક્રિ. સંકટમાં આવવું; મુશ્કેલીમાં પડવું.

૭. અ. ક્રિ. સંકડાશમાં આવવું.

૮. અ. ક્રિ. સૂર્ય કે ચંદ્રનું ગ્રહાવું.

૯. અ. ક્રિ. હવાલામાં હોવું.

ઘેરાવો જુઓ ઘેરાવ.

ઘેરિયા ન. લાંબી ચાંચ અને લાંબા પાતળા પગવાળું એક જાતનું પક્ષી.

ઘેરિયાગેરિયા ન. બ. વ. હોળીનાં છાણાં ઉઘરાવનાર લોકો.

ઘેરિયો ૧. પું. ઘેર રમનારો માણસ.

૨. પું. નવરાત્રમાં ગરબા લેનાર પુરુષોનું ટોળું.

ઘેરી ૧. સ્ત્રી. ધારી.
૨. સ્ત્રી. ઘેન; કેફ.
૩. સ્ત્રી. માથા ઉપર ચોટલીની આજુબાજુ આંગળ બે આંગળ ગોળ ફરતા ટૂંકા વાળ; માથા ઉપરની ધારી.
૪. વિ. સ્ત્રી. ઘેરા રંગની.
૫. વિ. સ્ત્રી. પહોળી.

ઘેરુ ન. કીડાએ કોરવાથી ગરેલો લાકડાનો લોટ.

ઘેરું ૧. વિ. ઊંડું; ગહન.
૨. [સં. ગંભીર; અપ. ગહિરું-ઘેરું] વિ. ગાઢ; ભરપૂર; ભરેલું.
૩. વિ. ઘણું; ખૂબ.
૪. વિ. ચકચૂર; ખુમારીવાળું.
૫. વિ. પાકા રંગનું; ધાટું.
ઘેરો રંગ = (૧) ગાઢ રંગ; પાકો રંગ. (૨) મંદ; અભિમાન.
૬. વિ. ભરાવદાર અવાજવાળું.

ઘેરૂ [સં. ગૃહ] ન. ઘર.

ઘેરૈયાચૌદશ સ્ત્રી. ફાગણ સુદિ ચૌદશ.

ઘેરૈયો પું. હોળીની ગમ્મત મેળવવાને બહાર પડેલો માણસ; ઘેરમાં ચાલનારો માણસ; હોળૈયો; હોળી ખેલવા નીકળેલો ઘેરમાંનો માણસ.

ઘેરો ૧. [સં. ગ્રહ્ (પકડવું)] પું. અટકાવ; પ્રતિબંધ; રોકાણ.
૨. પું. ઘેરાવો; પરિધ.
૩. પું. ચારે તરફથી ઘેરી લેવું તે.
ઘેરો ઘાલવો = ઘેરી લેવું; ચારે તરફથી બંધ કરવું.
૪. પું. જથ્થો; ટોળું; સમુદાય.
૫. પું. મોલનો સમૂહ; છોડનો અથવા ઝાડનો ઘેરો.
૬. પું. વાડ.
૭. વિ. પું. ઊંડો; ગાઢ.
૮. વિ. પું. ઘાટો.

ઘેરોએક વિ. ઘણું; ઝાઝું.

ઘેલ ન. ઘેલછા; ઘેલાપણું.

ઘેલચંદ્ર વિ. જેની ઘેલછા ચંદ્રની ક્ષયવૃદ્ધિની પેઠે પાક્ષિક હોય એવું; વખતે ગાંડું અને ડાહ્યું થઈ જતું હોય એવું.

ઘેલચંદ્રું જુઓ ઘેલચંદ્ર.

ઘેલચોદ્યું વિ. મૂર્ખથી ઉત્પન્ન થયેલ. અપશબ્દ તરીકે આ શબ્દ વપરાય છે.

ઘેલછા ૧. સ્ત્રી. ગાંડાઈ; ગાંડપણ; ઘેલાપણું. ગાંડપણ બે રીતે ઉત્પન્ન થાય છે. મગજના બંધારણમાં કંઈ રોગ થવાથી અથવા કોઈ માનસિક વ્યાધિને અંગે ઉત્પન્ન થાય છે. સુધરેલા દેશોમાં દર ૩૦૦ માણસોએ એક માણસ ગાંડો હોય એમ મનાય છે. નિકટનાં સંબંધીઓના ગૃહસંસારથી ઉત્પન્ન થતી પ્રજામાં ગાંડપણનો અંશ હોય એ કાંઈ આવશ્યક નથી. જો તે પ્રજાનાં માતપિતામાં જરા યે ઘેલછા હોય તો જરૂર તે અંશ તેની પ્રજામાં માલૂમ પડે. ઘણા શારીરિક રોગો જેવા કે, વાઈ, ચાંદી, તથા દારૂ પીવાથી અને શરદીથી થતા રોગને અંગે પણ ગાંડપણ ઉત્પન્ન થાય છે. મન ઉપરનો ઓચિંતો આંચકો અને મગજ ઉપર રહેતા સખત બોજાને અંગે પણ ગાંડપણ આવે છે.
૨. સ્ત્રી. મનનું એકમાર્ગી વલણ; તરંગ; ધૂન.

ઘેલડપણું (ઘેલડ઼પણું) ન ગાંડાઈ; ઘેલછા.

ઘેલડિયું (ઘેલડ઼િયું) વિ. ઘેલું.

ઘેલડી (ઘેલડ઼ી) વિ. સ્ત્રી. ગાંડી; પ્રેમઘેલી.

ઘેલડું (ઘેલડ઼ું) વિ. ઘેલું; ગાંડું.

ઘેલપ સ્ત્રી. ગાંડાઈ.

ઘેલપણ ન. ઘેલાપણું; ગાંડપણ; મૂર્ખતા.

ઘેલપણું ન. ગાંડપણ; ઘેલછા.

ઘેલફાડયું (ઘેલફાડ઼યું) જુઓ ઘેલસકું.

ઘેલરૂં વિ. ઘેલું; ગાંડું.

ઘેલસપ્કું જુઓ ઘેલસકું.

ઘેલસકું વિ. ઢંગ વગરનું; ઘેલછાના અંશવાળું. અપશબ્દ તરીકે આ શબ્દ વપરાય છે.

ઘેલસાગરૂં વિ. મૂર્ખ; ગાંડું.

ઘેલહાઘરૂં (ઘેલહ઼ાઘરૂં) જુઓ ઘેલસાગરૂં.

ઘેલાઈ સ્ત્રી. ગાંડાઈ; ગાંડપણ; ઘેલછા.

ઘેલાણી ૧. સ્ત્રી. ગોહિલવાડી લેઉઆ કણબીની અને દશાશ્રીમાળી વાણિયાની એ નામની અટક.
૨. ન. એ નામની અટકનું માણસ.
૩. વિ. એ નામની અટકનું.

ઘેલાવું અ. ક્રિ. ઘેલા થવું.

ઘેલાશા પું. ભાવનગરના વજેસંગ ઠાકોરના સમયમાં થઈ ગયેલો એ નામનો એક પ્રખ્યાત પુરુષ.
ઘેલાશાનું બરવાળું = એ નામનું એક ગામ. ઘેલાશાએ બરવાળું નામનું ગામ કબજે કર્યું હતું, જેથી તેનું નામ રાખવા માટે ઘેલાશાનું બરવાળું કહેવાય છે.

ઘેલાં ન. બ. વ. ગાંડપણભર્યું વર્તન.
ઘેલાં કહાડવાં-કાઢવાં = (૧) ગાંડું ગાંડું બોલવું. (૨) જૂઠું બોલવું. (૩) મશ્કરી ઠઠ્ઠા કરવાં. (૪) લાડમાં ઘેલાઈ કરવી; ઘેલાં બની લાડવું.

ઘેલી ૧. સ્ત્રી. એ નામની એક નદી.
૨. સ્ત્રી. ગાંડી સ્ત્રી.

ઘેલીતૂર ૧. વિ. સ્ત્રી. ગાંડી; અત્યંત દીવાની; બેહદ પાગલ.
૨. વિ. સ્ત્રી. પ્રેમઘેલી; પ્રેમાતુર.

ઘેલું ૧. [સં. ગૃહીત; પ્રા. ગહિલ્લ; ઘલ્લ] ન. ઘેલછા; ગાંડપણ.
૨. વિ. અક્કલ વગરનું; મૂર્ખ.
૩. વિ. આવેશી.
૪. વિ. ગાંડું; દીવાનું; પાગલ.
૧. ઘેલા ના ખાતો, તો કહે બહીસે ખાઈશ = ના કહ્યાથી બમણું કરે.
૨. ઘેલા સાથે ઘેલા થવું = જેવું માણસ હોય તેવું થવું; જેવા સાથે તેવા થવું.
૩. ઘેલાની જાતે જવું અને ભૂખે મરવું = ઠેકાણા વગરનું કામ કરવામાં લાભ હોય જ નહિ.
૪. ઘેલાં કરવાં-કહાડવાં-કાઢવાં = (૧) ગાંડા બનવું; દીવાના થવું. (૨) જૂઠું બોલવું. (૩) ફાવે તેમ બોલવું. (૪) લાડમાં ઘેલાઈ કરવી.
૫. ઘેલાંનાં ઘર કંઈ ગામ હોતાં નથી = ગાંડાં તો કોઈક જ હોય.
૬. ઘેલી થઈને છૂટે ને ગામ બધું લૂટે = જૂઠાં ગાંડાં કાઢવામાં કેટલાક ફાવી જાય છે.
૭. ઘેલી સાસરે ન જાય ને ડાહીને શિખામણ દે = કહેવું પણ તે પ્રમાણે કરવું નહિ.
૮. ઘેલીનાં ઘેરઘેર સાસરાં = ઠેકઠેકાણે ગવાળો નાખવો ને રહેવું તે.
૯. ઘેલી ને વળી ભૂત વળગ્યું = વાંદરૂં ને વળી નીસરણી મળી.
૧૦. ઘેલીનો ગવાળો = વગર સંભાળે ઘણો સરસામાન રાખવો તે.
૧૧. ઘેલું જે આવે તે ખાય ને મગન થાય = ગાંડાને સારાસાર વિવેક હોતો નથી.
૧૨. ઘેલો થઈને ઘર રાખે = ગાંડા થઈને પણ સ્વાર્થ સાધી લે.
૫. વિ. મસ્ત; અંધ.

ઘેલુંતૂર ૧. વિ. અત્યંત ઘેલું; બેહદ પાગલ; સાવ ઘેલું.
૨. વિ. પ્રેમઘેલું.

ઘેલૂડી (ઘેલૂડ઼ી) વિ. સ્ત્રી. ગાંડી.

ઘેલૂડું (ઘેલૂડ઼ું) વિ. ગાંડું; બુદ્ધિહીન.

ઘેલૂડો (ઘેલૂડ઼ો) વિ. પું. ગાંડો.

ઘેલે સ્ત્રી. મુંબઈ પાસેના દરિયામાં મળતી એક જાતની માછલી.

ઘેલોટ સ્ત્રી. રજપૂત લોકની એક જાતિ.

ઘેલોસોમનાથ પું. જસદણ તાબાના મોઢુકા ગામની નજીક ઘેલો નદીને કિનારે આવેલું સોમનાથનું સ્થાન.

ઘેલૌની સ્ત્રી. બદલામાં વધારે આપેલી ચીજ.

ઘેવ [હિં.] ન. ઘી.

ઘેવડો (ઘેવડ઼ો) પું. વાલોળની જાતનો એક વેલો. તેના ઉપર ત્રિદળ પાંદડાં ઊગે છે. તેની શીંગ તેમ જ માંહેના દાણાનું શાક સ્વાદિષ્ટ બને છે. તેનાં પાંદડાંનો રસ ચોપડવાથી ઝેર ઊતરે છે.

ઘેવર ૧. પું. પગમાં પહેરવાનું ઘરેણું.

૨. [સં. ઘૃતવર] પું. માવાની એક જાતની મીઠાઈ.

૩. સ્ત્રી. ગહ્વર; ગુફા; બખોલ.

ઘેવરિયા ૧. સ્ત્રી. વાણિયા અને લેઉઆ કણબીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ઘેવરિયું ૧. ન. ઘેવર પાડવાનું વાસણ.

૨. વિ. ઘેબરિયું; ઘેબરના જેવું સ્વાદિષ્ટ.

૩. વિ. ઘેવર જેવું કૂણું; સુંવાળું.

ઘેવરી સ્ત્રી. ઘેવર બનાવવાનું એક જાતનું પિત્તળનું વાસણ.

ઘેવરું જુઓ ઘેવર.

ઘેવાદેવા ૧. ન. લેવડદેવડ.

૨. ન. વેપાર.

ઘેસલા ૧. [હિં.] સ્ત્રી. અનાજનાં કણસલાં ઝૂડવાની લાકડી.

૨. સ્ત્રી. જાડી પૂરી.

ઘેસવવું ૧. સ. ક્રિ. ખર્ચમાં ઉતારવું; ઘસારો આપવો.

૨. સ. ક્રિ. ઘસી નાખવું.

ઘેસુ સ્ત્રી. ધૂળ; રજ.

ઘેહેર ન. ઘારણ; બહુ ઊંઘ આવવી તે.

ઘેહેલિયું વિ. ગાંડું; ઘેલું.

ઘેંગ પું. એક જાતનો કીડો.

ઘેંગા ન. ગૂમડું.

ઘેંઘટ ૧. સ્ત્રી. વરસાદ અંધાર્યો હોય એવી આકાશની સ્થિતિ.

૨. વિ. ઘેનની, કેફની કે ઊંઘની અસરથી ઘેરાઈ ગયેલું; મસ્ત.

૩. વિ. ચકચૂર; તલ્લીન; મગ્ન.

૪. વિ. પૂર જોરથી ખીલી રહેલું.

ઘેંઘાટ ૧. પું. અડચણ; મુશ્કેલી; હરકત.

૨. પું. ઘણો આનંદ; લીલાલહેર.

૩. પું. ઘોંઘાટ; ગડબડ.

ઘેંઘાયલું વિ. ઘેનવાળું; મસ્ત.

ઘેંઘૂબ જુઓ ઘટાટોપ.

ઘેંઘેં અ. નગારાનો અવાજ.

ઘેંચ ૧. સ્ત્રી. અતિશય ભાર; ઘણું વજન.

૨. સ્ત્રી. લખવામાં બહુ ભેગું લખવું તે.

૩. વિ. ઘાટું; ગીચ.

ઘેંચુલ [હિં.] સ્ત્રી. એક રતીનું વજન.

ઘેંટ ન. ગળું.

ઘેંટએમી સ્ત્રી. ગોવામાં થતી એ નામની એક જાતની કેરી. તેનું વજન આશરે ૩૫ તોલા હોય છે. તેની છાલ લીલા પીળા રંગની અને રસ લાલ કેસરિયો હોય છે.

ઘેંટલી સ્ત્રી. સાટોડી; પુનર્નવા નામની વનસ્પતિ.

ઘેંટા ૧. પું. ડુક્કર; ભૂંડ.

૨. પું. શીંગ; 'પૉડ'.

ઘેંડસ ન. એક જાતનું સફેદ રંગનું ફળ. પપનસ જેવા આકારનું આ ફળ વજનમાં એકથી સવા તોલો હોય છે.

ઘેંત ૧. સ્ત્રી. કપટ; દગો.

૨. [સં. ગ્રન્થિ] સ્ત્રી. ગઠ્ઠો; પિંડ.

૩. સ્ત્રી. ગુપ્ત બાબત; ખાનગી વાત.

૪. સ્ત્રી. ગેરસમજ.

૫. સ્ત્રી. થેલી; ખીસું.

૬. સ્ત્રી. ઠરાવ.

૭. સ્ત્રી. ધોતિયાની ગાંઠ.

૮. સ્ત્રી. નાભિ; દૂંટી.

૯. સ્ત્રી. પોટકું.

૧૦. સ્ત્રી. ફાંસો.

૧૧. સ્ત્રી. બંધ.

૧૨. સ્ત્રી. મુશ્કેલ કાર્ય; અઘરૂં કામ.

૧૩. સ્ત્રી. સાંધો.

૧૪. સ્ત્રી. હળદર કે આદુનો કટકો.

ઘેંદ્રિયા સ્ત્રી. પૂના તરફ થતી એ નામની એક જાતની કેરી. તેનું વજન આશરે ૦।। શેર હોય છે. તેની છાલ ઘેરા પીળા રંગની અને રસ જાડો ને મીઠો હોય છે.

ઘેંન ૧. ઇંદ્રિયોની પોતપોતાના વિષયો ગ્રહણ કરવામાં આળસ.

૨. ન. ઉદ્ધતાઈ; છક.

૩. ન. ઊંઘની અથવા કેફની આંખોમાં જણાતી અસર.

૪. ન. મદ; અભિમાન; મગરૂરી.

ઘેંપેં ૧. [હિં.] પું. કજિયો; તોફાન.

૨. પું. ધુમરાણ.

ઘેંશ સ્ત્રી. છાશમાં અથવા પાણીમાં મીઠું નાખીને બનાવેલું બાજરી, બાવટો વગેરેના લોટનું લેહ્ય; રાબ; ભરડકું.

૧. આવડે નહિ ઘેંશ ને રાંધવા પેસ = સાદામાં સાદું કામ પણ જેને આવડતું ન હોય તેને મોટાં મોટાં કામમાં યોજવું.

૨. ઘેંશ ખાય તે ઘોઘર થાય = પથ્ય ભોજનથી હમેશ ફાયદો થાય.

૩. ઘેંશ છાશનું ખાણું અને બદામોનું નાણું = કંઈ માલ ન હોવો તે.

૪. ઘેંશ જેવું થઈ જવું = સાવ નરમ થઈ જવું; સુસ્ત બનવું.

૫. ઘેંશનાં હાંડલાં ફોડવાં = (૧) ગરીબની રાબડી તોડવી; નિર્ધનને હાલાકીમાં મૂકવું. (૨) યુદ્ધમાં સામાન્ય સૈનિકને મારવો.

૬. ઘેંશમાં ઘી = ખીચડીમાં સાકર જેવું; જેમાં જે ન ઘટે તે તેમાં નાખવું તે.

ઘેંશિયું વિ. તદ્દન પાતળા કાગળનું બનાવેલું.

ઘેંસ જુઓ ઘેંશ.

ઘેંસિયું (ઘેંહ્) જુઓ ઘેંશિયું.

ઘેંહ જુઓ ઘેંશ.

ઘૈડપણ (ઘૈ઼ડપણ) ન. વૃદ્ધાવસ્થા; ઘડપણ.

ઘૈડા (ઘૈડ઼ા) ન આંખમાં આંજવાનું આંજણ.

ઘૈડિયો (ઘૈડ઼િયો) પું. ઘરડો માણસ; વૃદ્ધ પુરુષ.

ઘૈબ (ઘૈ઼બ) ૧. [અ.] વિ. ગુપ્ત; અદૃશ્ય; જોઈ ન શકાય તેવું.

૨. વિ. ગૂઢ; સમજી ન શકાય એવું.

૩. વિ. દિવ્ય; સ્વર્ગીય.

ઘૈબત (ઘૈ઼બત) [અ.] સ્ત્રી. અદૃશ્ય થવું તે.

ઘૈબાની (ઘૈ઼બાની) [અ.] સ્ત્રી. વ્યભિચારિણી સ્ત્રી; વેશ્યા.

ઘૈબી (ઘૈ઼બી) જુઓ ઘૈબ.

ઘૈયું ૧. ન. ચીલામાંનો અથવા વહેણમાંનો ખાડો; ખાધરો.

૨. ન. માર્ગ; રસ્તો.

ઘૈર (ઘૈ઼ર) ૧. [અ.] પું. અજાણ્યો માણસ.

૨. પું. નિંદામય ચર્ચા; ચુગલી.

૩. પું. બદનામી; અપયશ.

૪. પું. હરીફ; પ્રતિસ્પર્ધી.

૫. વિ. અજાણ્યું.

૬. વિ. ખરાબ; દુષ્ટ.

૭. વિ. જુદું; બીજું.

૮. અ. વગર; સિવાય.

ઘૈરઅઝ (ઘૈ઼રઅઝ) [ફા.] અ. સિવાય; વગર.

ઘૈરત (ઘૈ઼રત) ૧. [અ.] સ્ત્રી. અદેખાઈ; ઈર્ષા.

૨. સ્ત્રી. દુશ્મનાવટ; વેર.

૩. સ્ત્રી. માન; પ્રતિષ્ઠા.

૪. સ્ત્રી. રમૂજવૃત્તિ.

૫. સ્ત્રી. શરમ; લજ્જા.

ઘૈરત ખાવી = શરમાવું.

૬. સ્ત્રી. હિંમત.

ઘૈરિયત (ઘૈ઼રિયત) જુઓ ઘૈરત.

ઘૈલ પું. માટીનો પાણી ભરવાનો ઘડો.

ઘૈલચી સ્ત્રી. ઘડમચી; પાણીનું વાસણ રાખવાનું સાધન.

ઘો ૧. સ્ત્રી. ખોટો કંકાસ; કારણ વિનાનો કજિયો.

૨. સ્ત્રી. ગરોળી અથવા કાચંડાની જાતનું એક પ્રાણી. તેની બે ત્રણ જાત છે: જાડી પાસલા જેવી જાત પાટલાઘો કહેવાય છે. પાતળી ઊડતી કે ઊછળતી જાત ચંદનઘો કહેવાય છે. ચંદનઘો ઝેરી હોવાનું મનાય છે. તેના પંજાના નખની પકડ બહુ જ મજબૂત હોય છે. ચોર લોકો ઘોની કમરે રેશમની ગાંઠ વાળી દોરી બાંધતા અને મોટી હવેલીની બારીએ વળગાડી ઉપર ચડી જતા. માણસનો ભાર આવવા છતાં પણ તે જ્યાં વળગાડી હોય ત્યાંથી વછૂટી નહિ જતાં સજ્જડ વળગી રહે છે.

ઘોના પાપમાં પીપળો બળી જવો = નઠારાની સોબતમાં સારૂં માર્યું જવું.

૩. સ્ત્રી. મુશ્કેલી; વિટંબણા; આફત.

ઘોઈ જુઓ ઘો ૩.

ઘોકવું ૧. સ. ક્રિ. મારવું; ઠોકવું.

૨. સ. ક્રિ. મોટો ઘાંટો કાઢીને લડવું; ઠપકો દેવો; બખાળવું.

૩. સ. ક્રિ. મોઢે કરવા માટે વારંવાર કંઈ બોલવું; ગોખવું.

ઘોકો ૧. પું. કોણીનો ગોદો; ધોંકો.

૨. પું. મુક્કો.

ઘોગધારી જુઓ ઘોગંધારી.

ઘોગર ૧. પું. છોકરાંને બીક આપવા કલ્પેલો એક બિહામણો જાડો પુરુષ; બાહુક; બાવો.

૨. પું. ભારે માથાનો જંગલી બિલાડો.

૩. ન. એક જાતનું ઝાડ.

૪. ન. એક જાતનું પક્ષી.

ઘોગંધારી સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તેનાં મૂળિયાં વાળાના રોગમાં તથા સોજા ઉપર દવા તરીકે ચોપડવામાં આવે છે. એના વેલા રાતા રંગના છથી બાર ફૂટ લાંબા થાય છે. ડાંડી ભૂરા રંગની લીસી અને તે ઉપરથી પાતળી ફોતરી ઊતરતી દેખાય છે. તેનાં બંને બાજુ રાતી સપાટીવાળાં પાન ખાટખટુંબાની જેમ એક ડીંટ ઉપર ત્રણ ત્રણ આવેલાં હોય છે.

ઘોગા પું. બરાડો; રાડ; ચીસ.

ઘોગી ૧. [હિં.] સ્ત્રી. કબૂતર.

૨. સ્ત્રી. માથું અને ખભો ઢંકાય એવી કામળી.

ઘોઘ ૧. [હિં.] પું. ઇંદ્રોના ફૂલની ઉપરની ચામડી.

૨. પું. લાજ; ઘૂમટો.

ઘોઘટ પું. તાજ; મુગટ.

ઘોઘડ (ઘોઘડ઼) સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તે સાપનું ઝેર ઉતારવામાં વપરાય છે.

ઘોઘર ૧. [સં. ગોઘાતક] પું. ગાયો મારી નાખે એવો જંગલી બિલાડો; ભારે માથાનો ક્રૂર જંગલી બિલાડો; માર્જાર.

૨. પું. બાબરો ભૂત; પિશાચ.

૩. પું. બાળકને બિવડાવવાનો હાઉ; બીક લાગે એવું એક ભયંકર કાલ્પનિક સ્વરૂપ; નાનાં બાળકોને સોડ લગાડવાને ગુજરાતમાં સ્ત્રીઓ ઘોઘર આવ્યો એમ કહી બાળકને બિવરાવે છે.

ઘોઘર જેવું = ભારે અને ભય ઉત્પન્ન કરે એવું; બિહામણું.

૪. ન. એક જાતનું પક્ષી.

૫. વિ. કૌવતવાળું; મજબૂત.

૬. વિ. (જૂ. ગુ.) જાડું; ઘોઘરૂં.

૭. વિ. ભયંકર; ભયજનક.

ઘોઘરબિલાડો (ઘોઘરબિલાડ઼ો) પું. ભારે માથાનો જંગલી બિલાડો.

ઘોઘરરાણો ૧. પું. ઘોઘરોનો રાજા.

૨. પું. નવરાત્રિમાં બનાવાતી એક મોટી ને સ્થૂલ પુરુષાકૃતિ; માતાનો ઘાંચી. તેની આગળ છોકરા રમે છે.

ઘોઘરા સ્ત્રી. કચૂમાઉનમાંથી નીકળીને સરયૂને મળતી ઘર્ઘરા નદીનું એક પ્રાચીન નામ.

ઘોઘરું ૧. વિ. બેસી ગયેલ. સાદ માટે આ વિશેષણ વપરાય છે.

૨. વિ. ભારે સાદવાળું; ઘરઘર અવાજ કરતું હોય એવું; ખોખરૂં.

ઘોઘરો જુઓ ઘોઘળો.

ઘોઘલું ન. કેરી ઉપર થતી એક જીવાત.

ઘોઘવા ૧. સ્ત્રી. મોઢેરાથી ઘોઘે ગયેલ મોઢ વાણિયાની એક પેટા જ્ઞાતિ.

૨. ન. એ નામની જ્ઞાતિનું માણસ.

૩. વિ. એ નામની જ્ઞાતિનું.

ઘોઘળો ૧. [સં. ઘર્ઘર] પું. ઘાંટો; સાદ; ભારે અવાજ.

૧. ઘોઘળે સિંદૂર દે = ઘાંટો ન નીકળે, બોલાય નહિ એમ કર.

૨. ઘોઘળો કાઢવો = બહુ મોટેથી બોલવું.

૩. ઘોઘળો તાણવો = લાંબો સૂર તાણીને ગાવું.

૨. પું. જેમાંથી અવાજ નીકળે તે ગળાનો ભાગ; ગળું; કંઠ; ઘાંટી.

૧. ઘોઘળે બાઝવું = ગળાના તે ભાગને બાંઝવું કે જેથી મરણ થાય.

૨. ઘોઘળો ઝાલવો-પકડવો = ગળે ઝાલવું; ટોટો પકડવો.

ઘોઘા ૧. પું. એક જાતનો નાનો કીડો. તે ચણાના પાકને હાનિ પહોંચાડે છે.

૨. પું. ગરબડાટ; કલબલાટ.

૩. ન. ખંભાતના અખાતને પશ્ચિમ કિનારે ભાવનગર નજીક આવેલું એ નામનું એક બંદર. તે અગાઉ એક પ્રસિદ્ધ બંદર હતું.

૧. ભેંશ ઘોઘે ને ઘેર ઘિંગાણું = ગામમાં પેસવાના સાંસા ને પટેલને ઘેર ઊનાં પાણી; ખોટું ઘિંગાણું.

૨. લંકાની લાડી ને ઘોઘાનો વર = ક્યાંનું ક્યાં હોય એવું.

ઘોઘાઈ ૧. સ્ત્રી. લોહાણાની એક પેટા જ્ઞાતિ.

૨. વિ. ઘોઘાનું; ઘોઘા તરફનું.

૩. વિ. મૂર્ખ.

ઘોઘાપાંચમ સ્ત્રી. નાગપાંચમ.

ઘોઘાબાપજી પું. મોટો નાગ; નાગબાપજી.

ઘોઘારાણો ૧. પું. એ નામનો એક ચાંચિયો. તે સુરત તથા ગુજરાતના વહાણવટીઓને લૂંટતો.

૨. પું. કદરૂપો માણસ.

૩. પું. નવરાત્રિના દિવસમાં બનાવાતું એક કદરૂપું પૂતળું.

ઘોઘારી ૧. પું. એક જાતનો બાજરો.

૨. સ્ત્રી. વાણિયા તથા વોરાની એ નામની એક અટક.

૩. ન. એક જાતનું હિંદી રૂ. તેનો તાર ટૂંકો અને તેની સફાઈ અને રંગમાં ખાસ ગુણ છે. આ જાત ભરૂચમાં વવાય છે. તે બીજી જાતના કપાસ કરતાં વધારે ઊતરે છે.

૪. ન. એ નામની અટકનું માણસ.

૫. વિ. એ નામની અટકનું.

૬. વિ. ઘોઘા તરફનું; ઘોઘા બંદરનું.

ઘોઘારી પાઘડી (ઘોઘારી પાઘડ઼ી) સ્ત્રી. એક જાતની પાઘડી.

ઘોઘારો પું. બચ્ચાંઓને બિવડાવવા માટે વપરાંતો શબ્દ; ઘોઘર.

ઘોઘાવવું ૧. અ. ક્રિ. ખોદાવવું; ખણાવવું; ખાડો પડાવવો.

૨. અ. ક્રિ. ઘોદાવવું.

૩. અ. ક્રિ. નાશ થાય એમ કરાવવું.

૪. અ. ક્રિ. પોચું થાય એમ કરવું.

૫. અ. ક્રિ. સંગ કરાવવો.

ઘોઘાવાલ પું. શેવડાના ચોરાશી ગચ્છનો એક પેટા ગચ્છ.

ઘોઘી ૧. સ્ત્રી. કબૂતરી.

૨. [હિં.] સ્ત્રી. ગજવું; ખીસું.

૩. સ્ત્રી. માથાથી તે ઢીંચણ સુધી શરીર ઢંકાય એવું કપડું.

ઘોઘો ૧. પું. કીડીનો સાવજ.

૨. પું. નાગદેવ; સાપ. નાગરાજને નિમિત્તે નવરાત્રિમાં ભિક્ષા માગતી વખતે નીચેનું ગીત ગવાય છે:

> ઘોઘો રાણો રક્ષા કરે, રક્ષે રક્ષે દીવા બળે;
> આપો રે ભાઈ આપો, જીવે તમારો બાપો.

૩. પું. મેરાયું.

> દિવાળીની રાત પડી ને મેરાયાં નીકળ્યાં. એક છોકરો ને એક મેરાયું. મેરાયુ એટલે ઘોઘો.
>
> ગિજુભાઈ

૪. પું. મોં અને માથું ઢંકાય એવો કપડું ઓઢીને કરેલો ઘુંમટ; ઘંઘોલિયું.

ઘોઘો કરવો = મોઢે અને માથે ઓઢવું; કપડામાં મોં છુપાવવું.

૫. પું. લાકડાં કોરી ખાનારો કીડો; ઘણુ.

૬. વિ. અભણ; મૂર્ખ.

૭. વિ. પું. ઘોઘા ગામનો.

ઘોઘોઈ ન. એક જાતનું પક્ષી.

ઘોઘોમોઘો પું. ચારે તરફથી ઢાંકીને બેસવું તે; ઘંઘોલિયું.

ઘોઘોરાણો જુઓ ઘોઘરરાણો.

ઘોચ ૧. સ્ત્રી. ઘોંચવું તે; ઘોંચાયાની અસર.

૨. સ્ત્રી. ચામડીમાં ભોંકાયાથી પડેલું છિદ્ર; ભોંક; કાંટાનો ખાડો.

ઘોચણું ન. એ નામનું એક સુતારી ઓજાર.

ઘોચપરોણી સ્ત્રી. વારે વારે પરોણો ઘોંચવો તે; ઘોંચપરોણો.

ઘોચપરોણો ૧. પું. વખતોવખત ટોકણી કરવી તે; વારંવાર સતાવ્યા કરવું તે.

૨. પું. હેરાનગતિ; કનડગત.

ઘોચવું સ. ક્રિ. ઘાલવું; પેસાડવું; દાખલ કરવું; ભોંકવું; ઘોંચવું.

ઘોચા પું. વાંસફોડા.

ઘોચાવું અ. ક્રિ. ઘોચાય એમ કરવું.

ઘોજ ૧ પું. ગૂમડાનો અપક્વ સોજો; દરદનો અંબાડ.

૨. પું. પરૂ; પાચ; ગૂમડામાંથી નીકળતી રસી.

ઘોજારૂં ૧. વિ. અંદરખાનેથી દ્વેષ રાખનાર.

૨. વિ. જેથી માણસ અથવા પ્રાણીનું મોત થયું હોય એવું; હત્યારૂં; ખૂની.

ઘોઝ સ્ત્રી. કચરો; નકામી વસ્તુ.

ઘોઝા (ઘ઼ોઝા) [ફા.] ન. કપાસનું જીંડવું.

ઘોઝાર ૧. વિ. ગભરાયેલ; વ્યાકુળ.

૨. વિ. ઘાતકી.

ઘોઝારૂં ૧. વિ. અપશુકનિયું; અનેક વખત મોતના અકસ્માત થયા હોય એવું.

૨. વિ. ખૂની.

ઘોટ ૧. [સં.] પું. અશ્વ; ઘોડો.

૨. પું. ઘૂંટ; ઘૂંટડો.

૩. [હિં.] પું. હવા ઘૂંટવાની શક્તિ.

૪. ન. ઘર્ષણ.

ઘોટક ૧. [સં.] પું. ઘોડો; તુરંગ; વાજી; હય; અશ્વ.

૨. પું. (પિંગળ) ચોવીશ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; દુર્મિલા.

ઘોટકદોષ પું. (જૈન) કાઉસગ્ગ કરતાં પગ ઊંચો રાખવાનો એક દોષ.

ઘોટકમુખ ૧. [સં.] પું. એ નામનો એક ઋષિ.

૨. પું. કામશાસ્ત્રનો એ નામનો એક લેખક.

૩. પું. ઘોડા જેવા મુખવાળો કિન્નર દેવ.

૪. ન. ઘોડાનાં લક્ષણ જોવાનું શાસ્ત્ર.

ઘોટકશાલ સ્ત્રી. ઘોડાનો તબેલો; ઘોડાર.

ઘોટકારિ [સં.] પું. પાડો.

ઘોટખોર [હિં.] પું. તારૂ; ડૂબકી મારનાર માણસ.

ઘોટઘરૂં પું. ઘોડાને પકડનાર માણસ.

ઘોટવું ૧. [હિં.] અ. ક્રિ. ખંતથી કામ કરવું.

૨. અ. ક્રિ. ગૂંગળાવું.

૩. અ. ક્રિ. ઘસાવું.

૪. અ. ક્રિ. દળાવું.

૫. અ. ક્રિ. ભરાવું.

૬. અ. ક્રિ. રંધાવું.

૭. અ. ક્રિ. વાતચીતમાં રોકાવું.

૮. અ. ક્રિ. સફાચટ હજામત કરાવવી.

૯. સ. ક્રિ. ઉકાળવું.

૧૦. સ. ક્રિ. વારંવાર વાંચવું.

ઘોટવેલ સ્ત્રી. એ નામની પલાંડુ વર્ગની એક વનસ્પતિ.

ઘોટાખોર પું. ડૂબકી મારનાર માણસ.

ઘોટાળો પું. ગોટાળો; ગરબડ; અવ્યવસ્થા; ગેરબંદોબસ્ત.

ઘોટાળોપિંડાળો પું. ગરબડગોટો.

ઘોટિકા ૧. સ્ત્રી. એક જાતની ભાજી; મોટી લૂણી.

૨. [સં.] સ્ત્રી. કાકડી.

૩. સ્ત્રી. ઘોડી.

ઘોટી ૧. [હિં.] સ્ત્રી. કમોદ ઊભી હોય તેવી જમીન.

૨. [સં.] સ્ત્રી. ઘોડી.

૩. ન. બોરડીના જેવું એક જાતનું ઝાડ. તે ઉપર ઝીણાં ફળ આવે છે.

ઘોટીવેલ સ્ત્રી. ચોમાસામાં ઊગતી એક જાતની વેલ. એનો ઘણો વિસ્તાર થાય છે. તેનાં પાંદડાં મોટાં, જાડાં અને ખરબચડાં હોય છે અને તે ઉપર જાડી રેષાઓ હોય છે. એ વેલને બારીક કાંટાઓ હોય છે. એને ચણા જેવડાં ફળના ગુચ્છા આવે છે.

ઘોટુ [હિં.] વિ. ચકચકિત; લીસું.

ઘોટો પું. નળો.

ઘોડગસ્તે (ઘોડ઼ગસ્તે) પું. ઉપચારાધિકારી; કોઈ પણ પ્રસંગ માટે પ્રવૃત્તિ ચલાવનાર અધિકારી.

ઘોડગાંઠ (ઘોડ઼ગાંઠ) ૧. સ્ત્રી. એક જાતની ગાંઠ.

૨. સ્ત્રી. ઘોડાની શરતનું ઠેકાણું.

૩. સ્ત્રી. શેતરંજની રમતમાં ઘોડાઓ જે સ્થિતિમાં પોતપોતાનું રક્ષણ કરતા હોય તે સ્થિતિ; શેતરંજમાં સામસામું ઘોડાનું જોર.

ઘોડઘસ્તે (ઘોડ઼ઘસ્તે) જુઓ ઘોડગસ્તે.

ઘોડત (ઘોડ઼ત) [હિં.] ન. ટેકણ.

ઘોડદોડ (ઘોડ઼દોડ઼) ૧. સ્ત્રી. ઉતાવળ; ધમાલ; હુસાતુંસી.

૨. સ્ત્રી. એક પ્રકારનું નાવ. તેનો આગલો ભાગ ઘોડાના મોઢાના આકારનો બને છે.

૩. સ્ત્રી. ઘોડાની ઉતાવળી ચાલ.

૪. સ્ત્રી. ઘોડાને દોડાવવાની હરીફાઈ.

૫. સ્ત્રી. ઘોડેસવાર સેનાની કવાયત.

૬. સ્ત્રી. હરીફાઈથી ઘોડાઓ દોડાવવાની ખુલ્લી સપાટ જગ્યા; શરતનું મેદાન.

ઘોડપલટણ (ઘોડ઼પલટણ) સ્ત્રી. ઘોડેસવારની પલટણ.

ઘોડફોડ (ઘોડ઼ફોડ઼) સ્ત્રી. ગરોળીની જાતનું એક પ્રાણી.

ઘોડમખો (ઘોડ઼મખો) વિ. પું. ઘોડા જેવા મોઢાવાળો.

ઘોડમહાત (ઘોડ઼મહાત) સ્ત્રી. શેતરંજની રમતમાં પોતાના ઘોડાની શેહ પહોંચાડી સામાવાળાના પાદશાહને બાંધી લેવો તે; શેતરંજમાં ઘોડાની શેહથી પાદશાહનો નિગ્રહ કરી સામાવાળાને હરાવવો તે.

ઘોડમાત (ઘોડ઼માત) જુઓ ઘોડમહાત.

ઘોડમુખું (ઘોડ઼મુખું) વિ. ઘોડાના જેવા મોંનું.

ઘોડલાં (ઘોડ઼લાં) ન. બ. વ. ઘોડા.

ઘોડલિયું (ઘોડ઼લિયું) ન. સામસામે બબ્બે પાયાના ચોકડાની વચમાં એક મોલ નાખી બનાવવામાં આવેલી લાકડાની એક આકૃતિ; પારણું.

ઘોડલી (ઘોડ઼લી) સ્ત્રી. ઘોડી.

ઘોડલો (ઘોડ઼લો) ૧. [સં. ઘોટક] પું. ઘોડો; અશ્વ.

૨. પું. ક્યારાનાં નાકાં ધોવાઈને પહોળાં ન થાય તેને માટે બનાવેલો ધૂળનો પિંડો.

૩. પું. ઘરના બારણાની ઉપર બંને બાજુએ બહાર પડતો ભાગ; ટોડલો.

૪. પું. ઘોડિયાના બંને પાયા ઉપર રાખવાનું હાથેક લંબાઈનું લાકડું.

૫. પું. લોઢ; મોજું; પાણીનો મોટો પ્રવાહ.

ઘોડવ (ઘોડ઼વ) ૧. પું. ઘોડો.

૨. પું. શેતરંજની રમતમાં સરદાર.

ઘોડવહેલ (ઘોડ઼વહેલ) સ્ત્રી. ઘોડા જોડવાની ગાડી; સુંદર ઘોડાગાડી.

ઘોડવાટ (ઘોડ઼વાટ) સ્ત્રી. ઘોડા ઉપર બેસીને જવાનો રસ્તો.

ઘોડવેલ (ઘોડ઼વેલ) ૧. સ્ત્રી. ઘોડા જોડવાની ગાડી; સુંદર ઘોડાગાડી.

૨. સ્ત્રી. ભોંયકોળાનો વેલો. તેનાં પાન ઘેવડાનાં પાન જેવાં ત્રિદળ હોય છે. તેમાં નાળિયેર જેવડાં અને તેથી મોટાં તપખિરિયા રંગનાં ફળ થાય છે.

ઘોડશાળ (ઘોડ઼શાળ) ૧. સ્ત્રી. ઘોડા બાંધવાની જગા; ઘોડાર; તબેલો; અશ્વશાળા.

૨. સ્ત્રી. ઘોડાનો જથ્થો.

ઘોડસવાર (ઘોડ઼સવાર) પું. ઘોડા ઉપર બેસનારો માણસ.

ઘોડહાર (ઘોડ઼હાર) સ્ત્રી. ઘોડા બાંધવાનો તબેલો; ઘોડાર; અશ્વશાળા; હયશાળા.

ઘોડા (ઘોડ઼ા) ૧. પું. એ નામનો હઠવિદ્યાનો એક મહાન યોગી.

૨. સ્ત્રી. દશાશ્રીમાળી વાણિયા અને નાગરની એ નામની એક અટક.

૩. ન. એ નામની અટકનું માણસ.

૪. વિ. એ નામની અટકનું.

ઘોડાઆકુન (ઘોડ઼ાઆકુન) પું. એક જાતનો છોડ; સરપંખો. તેનાં ફૂલ પીળાશ લેતા લીલા રંગનાં અને ફળ પાતળી પોપટીમાં ઢંકાયેલાં લીલા પીળા કેસરિયા રંગનાં હોય છે. પાન કુક્કરના કાન જેવા આકારનાં હોય છે. તેનાં મૂળ પ્લેગમાં ઔષધિ તરીકે કામ આવે છે.

ઘોડાઆણીનું (ઘોડ઼ાઆણીનું) વિ. ઘોડાથી પેદા થયેલું. આ શબ્દ અપશબ્દ તરીકે બોલાય છે.

ઘોડાઆસંધ (ઘોડ઼ાઆસંધ) સ્ત્રી. અશ્વગંધા નામની વનસ્પતિ. તેનો છોડ બેથી ત્રણ ફૂટનો થાય છે. તેનાં પાન ખરખોટી જેવાં ગોળ હોય છે. તેમાં ચણા જેવા પોપટા થાય છે. અંદર રાતાં ડોડવાં થાય છે. તેનું મૂળ વીંછીનું ઝેર ઉતારે છે. આ વનસ્પતિ પૌષ્ટિક તરીકે ક્ષય, નબળાઈ, તથા તેથી થતા બીજા રોગની અંદર ઉપયોગી છે.

ઘોડાઆસુન (ઘોડ઼ાઆસુન) જુઓ ઘોડાઆકુન.

ઘોડાઆસોડ (ઘોડ઼ાઆસોડ઼) જુઓ ઘોડાઆકુન.

ઘોડાઆસોંદ (ઘોડ઼ાઆસોંદ) જુઓ ઘોડાઆસંધ.

ઘોડાઉધરસ (ઘોડ઼ાઉધરસ) સ્ત્રી. ખોંખલી; ઉટાંટિયું.

ઘોડાકન (ઘોડ઼ાકન) જુઓ ઘોડાઆકુન.

ઘોડાકરંજ (ઘોડ઼ાકરંજ) સ્ત્રી. એક જાતની કરંજ. તે ચામડીનો રોગ મટાડે છે અને ઝેરની અસર દૂર કરે છે.

ઘોડાકાતરી (ઘોડ઼ાકાતરી) સ્ત્રી. એક જાતની વનસ્પતિ. તાવ ઉપર તે ઔષધિ તરીકે વપરાય છે.

ઘોડાકાન (ઘોડ઼ાકાન) જુઓ ઘોડાઆકુન.

ઘોડાકાબર (ઘોડ઼ાકાબર) સ્ત્રી. લાલ આંખવાળી કાબર; ખેડૂતનું એક દોસ્તપક્ષી. તેના આખા શરીરનો રંગ અર્ધ સોનેરી હોય છે. પાંખોનો રંગ અર્ધ સોનેરી અને અર્ધ તદ્દન કાળો હોય છે. ચાંચની ઉપરનો ભાગ કાળો ચળકતો હોઈ ગળા સુધી તે રંગ પ્રસરેલો હોય છે. આંખો તદ્દન લાલ હોઈ તેની શોભામાં ઘણો વધારો કરે છે. ચાંચનો રંગ ગુલાબી હોય છે. તેની ચાલ ઘોડા જેવી હોવાથી તેનું નામ ઘોડાકાબર પાડવામાં આવ્યું છે. તેને ગંગાકાબર પણ કહે છે. દેખાવે અને કદમાં સામાન્ય કાબર જેવી છતાં ભૂખરૂં શરીર, ગુલાબી ચાંચ તથા પીળા પગ અને કાળી પાંખોથી ઓળખાઈ જતી આ કાબર રેલવે સ્ટેશનોનાં છાપરાંમાં અડ્ડા જમાવે છે. પાસેથી નીચે ભખ ભખ કરતાં ઍંજિન જતાં હોય, બંદૂકના ભડાકા કરી તેને ઉડાડી મૂકવા યત્ન થાય છતાં આ કાબર તેનો વસવાટ છોડતી નથી. દિવસની તે ટોળે વળીને રહે છે. રાતે પણ એક ઝાડ ઉપર ટોળે મળીને ઊંઘે છે. છતાં નવાઈની વાત એ છે કે એમને માળા બાંધવા માટે ભીંત, છાપરાં કે ઝાડ કામ નથી લાગતાં પણ નદી કે તળાવની ભેખડો જ શોધવી પડે છે. ગ્રીષ્મઋતુમાં માળામાં ઘાસ બિછાવી તે ઉપર તે ૩ થી ૫ ઈંડાં મૂકે છે.

ઘોડાકુન (ઘોડ઼ાકુન) જુઓ ઘોડાઆકુન.

ઘોડાખીલો (ઘોડ઼ાખીલો) પું. સોનીનું ચીતરકામ કરવાનું એક ઓજાર.

ઘોડાગર્ભ (ઘોડ઼ાગર્ભ) પું. મકાનમાં મૂકાતા બે ઘોડા વચ્ચેનો ભાગ.

ઘોડાગાડી (ઘોડ઼ાગાડી) સ્ત્રી. જેને ઘોડા જોડાતા હોય એવી ગાડી; ઘોડવેલ.

ઘોડાગાંઠ (ઘોડ઼ાગાંઠ) ૧. સ્ત્રી. બેવડી સૈડકાગાંઠ; સવળી અને અવળી આંટી મળી થતી ગાંઠ; 'રીફ નૉટ'. તે ગાંઠ ઝટ લઈને છૂટી જતી નથી.

૨. સ્ત્રી. શેતરંજની રમતમાં અઢી અઢી ઘરને છેટે બે ઘોડાઓ મૂકી તેમને અન્યોન્યનું બળ આપવામાં આવે તે; શેતરંજના બે ઘોડાઓને એક એકના જોરમાં રાખવા તે.

ઘોડાગીની (ઘોડ઼ાગીની) સ્ત્રી. ઘોડાની છાપવાળો બ્રિટિશ સરકારનો એક સોનાનો ચલણી સિક્કો.

ઘોડાગોટીલો (ઘોડ઼ાગોટીલો) પું. દશ કે વધારે પણ બેકી બાળકોની વાંકી આંખે જોવાની અને ગોટીલો ઝીલવાની રમૂજી મેદાની રમતનું નામ. તે કડી તરફ રમાય છે.

ઘોડાઘસ (ઘોડ઼ાઘસ) સ્ત્રી. ઘણું જ દુઃખ કરે અને ગૂમડાં જેવા ફોલ્લા પાસેપાસે થાય તેવી ખસ.

ઘોડાઘાટડી (ઘોડ઼ાઘાટડી) સ્ત્રી. જાનીવાસે જવાને ઘોડે બેઠેલી પરણેલી કન્યાને વર તરફથી માથે ઓઢાડાતી ચૂંદડી.

ઘોડાઘાસ (ઘોડ઼ાઘાસ) પું. ઘોડાને ખાવાનું એક ખાસ ઘાસ.

ઘોડાઘોડા (ઘોડ઼ાઘોડ઼ા) ૧. સ્ત્રી. એક દેશી મેદાની રમત; લાકડી ઘોડો. રમનાર બધા છોકરા લાકડીના ઘોડા ઉપર બેસી હારબંધ ઊભા રહે છે. પછી બધા સાથે દોડવા માંડે છે. જે છોકરો સૌથી આગળ જાય તે જીત્યો કહેવાય છે. તેના બીજા ત્રણ પ્રકાર છે: (૧)

જોડી માંહેનો મોટો છોકરો હાથ તથા ગોઠણુ અને પગનાં આંગળાં જમીન ઉપર ટેકવીને ઘોડો થાય અને નાનો છોકરો ચાબૂક લઈને તેના ઉપર સવાર થાય. સવારનું વજન પીઠ ઉપર અને હાથ ઉપર તોળી શકાય માટે ઘોડો થયેલા છોકરાના હાથ, પગ તથા પીઠની કરોડ મજબૂત થાય છે. સવાર થનારને ગમ્મત મળે છે અને ઘોડા ઉપર બેસવાનો થોડો વ્યાયામ પણ થાય છે. ઘોડો થનાર છોકરો વધારે મોટો જોઈએ અને સવાર પડી ન જાય તે માટે તેણે કાળજી રાખવી જોઈએ. (૨) એક લાકડી બે પગની વચમાં રાખીને બાળકો આ ખેલ રમે છે. એક હાથથી લાકડી પકડી રાખીને બીજા હાથમાં નાનો ચાબૂક રાખીને તે લાકડીના પાછલા ભાગને મારે છે અને પોતે જલદી દોડીને આ ખેલ કરે છે. આ ખેલ માટે ઘરની અંદરની જગા આગળનું આંગણું અગર રસ્તાની ખુલ્લી જગા પણ ચાલે છે. (૩) એક છોકરો ઘોડો થાય છે અને બીજો હાંકનાર થાય છે. ઘોડો થનાર છોકરાની ડોક ઉપરથી એક લાંબો રૂમાલ અગર પહોળી દોરી બાંધીને તેના બંને છેડા બંને બગલમાંથી પાછળની બાજુએ લાવે છે અને તે હાંકનાર છોકરો લગામ તરીકે પોતાના હાથમાં પકડી રાખે છે. કેટલાક વખત પછી હાંકનાર છોકરો ઘોડો બને છે અને ઘોડો બનેલો તે હાંકનાર બને છે. આ રીતે ખેલમાં બંનેને દોડવાનો વ્યાયામ થાય છે.

૨. અ. એકદમ; ઘોડાવેગે; ત્વરાથી.

ઘોડાઘોડી (ઘોડ઼ાઘોડ઼ી) સ્ત્રી. એ નામની કચ્છ તરફની એક રમત; મિયાંજીની ઘોડી.

ઘોડાચડ (ઘોડ઼ાચડ઼) ૧. પું. ઘોડે ચડેલો માણસ; ઘોડે બેસનારો સવાર.

૨. પું. વરરાજો; વરલાડ્ડો.

ઘોડાચિયો (ઘોડ઼ાચિયો) ૧. પું. એક જાતનું ઘાસ. તે બેથી ચાર હાથ ઊંચું થાય છે.

૨. પું. એક જાતનો છોડ. તે નાનો હોય ત્યારે ઘોડો બહુ ખાય છે. તે મીઠા પાણીનાં તળાવ, ખાબોચિયાં કે ખાઈમાં ઊગે છે. તેની દાંડી ધારવાળી હોય છે. પાન નીચેથી ખોલીવાળાં નીકળેલાં અને અનિયમિત લંબાઈનાં હોય છે. તેમાં ફૂલની ચમરી છત્રાકાર આવેલી હોય છે. ચમરી ચપટી પીળા રંગની હોય છે. બીજ પણ ધારવાળાં ને લીસાં હોય છે.

ઘોડાચોળી (ઘોડ઼ાચોળી) સ્ત્રી. સર્વ રોગ ઉપર અપાતું એક દેશી ઔષધ; અશ્વચોળી.

ઘોડાજીભ (ઘોડ઼ાજીભ) સ્ત્રી. એક જાતનો છોડ. તેની શાખાઓ ઉપર ઘણું કરીને ત્રણ ઊભી ધાર આવેલી હોય છે. તેનાં પાન આંતરે આવેલાં એકથી ૭ કે આઠ ઇંચ લાંબાં અને બે ઇંચ પહોળાં હોય છે. તેમાં ગુલાબી રંગનાં સૂક્ષ્મ ફૂલ થાય છે અને છથી અઢાર સાંધાવાળી શીંગ થાય છે.

ઘોડાઠોકી (ઘોડ઼ાઠોકી) વિ. સ્ત્રી. ઘોડાની પેઠે સ્ત્રીને વાંકીવાળી પાછળ ઊભા રહી સંભોગ કર્યો હોય એવી.

ઘોડાડામણ (ઘોડ઼ાડામણ) ૧. સ્ત્રી. વારાફરતી દુઃખવા આવતી આંખ.

૨. ન. ઘોડાના પગમાં નાખવામાં આવતું દોરડું.

૩. અ. એક બાજુના બે ઝાડની વચમાં સામી બાજુનું ઝાડ આવે એમ.

૪. અ. બેવડી હારે.

૫. અ. વારાફરતી; એક પછી એક.

ઘોડાડાંડીઓ (ઘોડ઼ાડાંડીઓ) ૧. પું. ઘોડો.

૨. પું. નવકાંકરીની રમતમાં કાંકરી જડવામાં વચ્ચે અટકાવ કરવો તે.

ઘોડાદડી (ઘોડ઼ાદડ઼ી) સ્ત્રી. ઘોડાવાવ નામની સોરઠ તરફ રમાતી એક દેશી રમત.

ઘોડાદમો (ઘોડ઼ાદમો) પું. ડિંગળ માંહેનો એક રાગ.

ઘોડાદામણ (ઘોડ઼ાદામણ) જુઓ ઘોડાડામણ.

ઘોડાદામણી (ઘોડ઼ાદામણી) જુઓ ઘોડાડામણ.

ઘોડાદોડ ૧. (ઘોડ઼ાદોડ઼) સ્ત્રી. ઘોડાઓની દોડવાની હરીફાઈ.

૨. સ્ત્રી. ઘોડાઓને દોડવા માટેનું મેદાન અથવા રસ્તો.

૩. સ્ત્રી. ઘોડેસવારીની કસરત.

ઘોડાનસ (ઘોડ઼ાનસ) સ્ત્રી. પગમાં રહેલી મોટી નસ.

ઘોડાપારસી (ઘોડ઼ાપારસી) સ્ત્રી. ઇશારો કરી આજુબાજુના ન જાણે તેમ બીજાને કાંઈ કહેવું તે.

ઘોડાપૂર (ઘોડ઼ાપૂર) ૧. ન. એકદમ ઓચિંતું ખૂબ પાણી આવવું તે; સપાટાબંધ ખળકે અને ખળકે પાણીનો ચડાવ થતો હોય એવી રેલ.

૨. અ. જોશથી; ઘોડાપૂરની જેમ.

ઘોડાપેટું (ઘોડ઼ાપેટું) વિ. છાતી પહોળી અને કેડ સાંકડી હોય એવું.

ઘોડાબચકું (ઘોડ઼ાબચકું) વિ. પોતાનો ખોટો મત ઘણી સમજ આપવા છતાં છોડે નહિ એવું; હઠીલું.

ઘોડાબર (ઘોડ઼ાબર) વિ. ઘોડાને લાયક.

ઘોડામાખી (ઘોડ઼ામાખી) સ્ત્રી. એક જાતની માખી. તે યરપના દરેક ભાગમાં મળી આવે છે. તે લંબાઈમાં ૩/૪ ઇંચ, રંગે કાળી પણ પેટ ઉપર પીળી છાંટદાર હોય છે. તેની મોટી આંખો લીલા રંગની પણ ઉપરથી સોનેરી ચળકાટવાળી હોય છે.

ઘોડામૂઈ (ઘોડ઼ામૂઈ) સ્ત્રી. એક જાતની ઔષધોપયોગી વનસ્પતિ.

ઘોડાર (ઘોડ઼ાર) ૧. સ્ત્રી. ઘોડા બાંધવાની અથવા રાખવાની જગા; તબેલો; અશ્વશાળા.

ઘોડા ઘોડારમાં જ શોભે = મનુષ્ય તેના યોગ્ય સ્થાન ઉપર હોય તો જ શોભે.

૨. ન. એક જાતનું પક્ષી.

ઘોડારિયો (ઘોડ઼ારિયો) પું. ઠાણિયો; ઘોડા સાચવનાર માણસ; ખાસદાર.

ઘોડારૂં (ઘોડ઼ારૂં) ન. ઘોડું.

ઘોડાલિયું (ઘોડ઼ાલિયું) ૧. ન. વાંસના ખપાટીઆને છોલીને કરેલી સાત આઠ આંગળ લાંબી ચીપ.

૨. ન. વાંસની એક ચીપને વચમાંથી જીભ કાઢી બનાવેલું દાંતમાં ઘાલી વચલી જીભને થડકાવી વગાડવાનું ભીલ લોકોનું વાજું.

ઘોડાલીધી (ઘોડ઼ાલીધી) વિ. સ્ત્રી. સ્ત્રીઓ માટે વપરાતો એક અપશબ્દ; સ્ત્રીવાચક ગાળ.

ઘોડાલીધું (ઘોડ઼ાલીધું) ન. બાળકને માટે વપરાતો એક અપશબ્દ.

ઘોડાવઉ (ઘોડ઼ાવઉ) સ્ત્રી. સ્ત્રીઓ માટે વપરાતો એક અપશબ્દ.

ઘોડાવછ (ઘોડ઼ાવછ) પું. ઔષધિમાં વપરાતો એક જાતનો છોડ.

ઘોડાવજ (ઘોડ઼ાવજ) સ્ત્રી. એક જાતની ઔષધિ; ગંધારો વજ; ઉગ્રગંધા; ક્ષુદ્રપત્રિકા; જટિલા; ઉગ્રા. તે જળાશયવાળા સ્થાને અને રેતાળ પ્રદેશમાં ઊગે છે. તેમાંથી તેલ બને છે. તે વાઈના રોગ ઉપર વપરાય છે. તે શોધક, દીપન, વામક, કફઘ્ન, વાતહર અને કૃમિઘ્ન મનાય છે. શૂળ અને આફરા ઉપર એ કામ આવે છે. આ દવા કૌવત આપનારી ગણાય છે.

ઘોડાવાટ (ઘોડ઼ાવાટ) સ્ત્રી. પગવાટ; પગરસ્તો; જે રસ્તે સવાર કે પાળો જઈ શકે પણ ગાડીથી ન જવાય એવો રસ્તો.

ઘોડાવાવ (ઘોડ઼ાવાવ) સ્ત્રી. આઠ કે તેથી વધારે બાળકોની સ્પર્શશક્તિ કેળવનારી એક રમત; ઘોડાદડી. શેરીમાં ઓટલા ઉપર એક છોકરો રાજા થઈને બેસે. તેના ખોળામાં માથું રાખી દાવ દેનાર છોકરો ઘોડો થઈ વાંકો ઊભો રહે. રાજા

થયેલ છોકરો તેની આંખો દાબે. પછી દાવ દેનાર છોકરા ઉપર વગર બોલે એક છોકરો સવાર થાય. રાજા પૂછે, 'કોણ સવાર ?' તેના જવાબમાં ઘોડો થયેલ છોકરો હરકોઈ રમનારનું નામ આપે. જવાબ ખરો પડે તો ખરા પડેલ નામવાળા છોકરાને માથે દાવ આવે. નહિતો સવાર ઊતરી પડે અને બીજો ઘોડા ઉપર ચડે. અગાઉની માફક સવાલ જવાબ થાય.

ઘોડાવાળતું (ઘોડ઼ાવાળતું) વિ. તંદુરસ્ત; સશક્ત.

ઘોડાવાળી (ઘોડ઼ાવાળી) ૧. સ્ત્રી. ઘોડાવાળાની સ્ત્રી.

૨. સ્ત્રી. જેની પાસે ઘોડો હોય એવી સ્ત્રી.

૩. સ્ત્રી. દળનારી સ્ત્રી.

ઘોડાવાળો (ઘોડ઼ાવાળો) ૧. પું. ઘોડાની ચાકરી કરનારો; ઘોડા હાંકનારો; રાવત.

૨. પું. ઘોડાનો વેપારી.

ઘોડાવાંસ (ઘોડ઼ાવાંસ) પું. એક જાતનો વાંસ. તે પૂર્વ બંગાળ અને આસામમાં બહુ થાય છે.

ઘોડાવેગ (ઘોડ઼ાવેગ) પું. ઘોડાના જેવો વેગ; ઉતાવળી ચાલ.

ઘોડાવેલ (ઘોડ઼ાવેલ) ૧. સ્ત્રી. એક જાતની વેલ. તેનાં મૂળિયામાં ગાંઠો હોય છે. ચૈત્ર વૈશાખમાં તેને ફૂલ આવે. બુંદેલખંડમાં અને ઉત્તર હિંદના કેટલાક ભાગોમાં તે થાય છે.

૨. સ્ત્રી. ઘોડાગાડી.

ઘોડાશક્તિ (ઘોડ઼ાશક્તિ) સ્ત્રી. અશ્વબળ; 'હોર્સ પાવર'. જુઓ અશ્વબલ.

ઘોડાસમેરવો (ઘોડ઼ાસમેરવો) પું. એક જાતનો છોડ. આ છોડ ચોમાસામાં ઊગે છે. ભાલાના આકારનાં તેનાં પાન ૭ ઈંચ લાંબાં અને બે ઈંચ પહોળાં હોય છે. તેમાં જાંબલી રંગનાં ફૂલ અને ૭ સાંધાવાળી નાની કરચલીવાળી શીંગ થાય છે. તે ઘોડાં તેમ જ બીજાં જાનવર ખાય છે.

ઘોડાસર (ઘોડ઼ાસર) ૧. સ્ત્રી. એ નામની એક ટેકરી.

૨. સ્ત્રી. ઘોડાર.

ઘોડાસરા (ઘોડ઼ાસરા) ૧. સ્ત્રી. દશાશ્રીમાળી વાણિયા તેમ જ કડવા કણબીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ઘોડાસળિયું (ઘોડ઼ાસળિયું) ન. એક જાતનું વાદ્ય. જુઓ ઘોડાલિયું ૨.

ઘોડાસામાન (ઘોડ઼ાસામાન) પું. ઘોડાને સજાવવામાં જોઈતો સામાન.

ઘોડાસાળ (ઘોડ઼ાસાળ) સ્ત્રી. ઘોડાર; ઘોડાને રાખવાનું મકાન; અશ્વશાળા.

ઘોડાસૂન (ઘોડ઼ાસૂન) ન. એક જાતની વનસ્પતિ.

ઘોડાહરણુ (ઘોડ઼ાહરણુ) સ્ત્રી. એક જાતની ઔષધિ.

ઘોડાહાર (ઘોડ઼ાહાર) સ્ત્રી. તબેલો; ઘોડાર.

ઘોડાળું વિ. ઘોડાં વગેરે ડાઘવાળું.

ઘોડાળો (ઘોડ઼ાળો) પું. ઘોડેસવાર.

ઘોડિયા ૧. સ્ત્રી. કુંભારની એ નામની અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ઘોડિયાખાતું (ઘોડ઼િયાખાતું) ન. મોટાં કારખાનાંમાં કામ કરતી સ્ત્રીઓનાં બાળકો રાખવા કરવાનું ખાતું.

ઘોડિયાચડ (ઘોડ઼િયાચડ઼) ન. ઘોડિયામાં સૂતું બાળક.

ઘોડિયાટ (ઘોડ઼િયાટ) પું. મોભ ટેકવવા માટે એક પાટડા ઉપર બે પહોળે ખૂણે લાકડાં લગાડી બનાવવામાં આવતું ત્રિકોણિયું; મોભ ટેકવવાનું ત્રિકોણિયું; ગીલતાન; આડી પાટડી.

ઘોડિયાર (ઘોડ઼િયાર) પું. મોભ આડીને ટેકો આપનાર લાકડું; દેશી કેંચી.

ઘોડિયાવટ (ઘોડ઼િયાવટ) પું. છાપરાના દોરિયાઓને આધાર માટે ઊભી ઘાલવામાં આવતી પાંટડી.

ઘોડિયાશાળા (ઘોડ઼િયાશાળા) સ્ત્રી. મજૂરણોનાં નાનાં બાળકોનાં ઘોડિયાં એક સ્થળે રાખવાની જગા.

ઘોડિયું (ઘોડ઼િયું) ૧. ન. ચરખામાં રહેતું લાકડાનું સાધન.

૨. ન. તાડછાંનો દાંડો.

૩. ન. શેતરંજની રમતમાં ઘોડાનું મહોરું.

૪. ન. સામસામે બબ્બે પાયાના ચોકઠાંની વચમાં એક મોભ નાખી બનાવવામાં આવેલું પારણું. ઘોડિયાના બે છેડે બે ડોલણાં નાખી ઝોળી બાંધી તેમાં બાળકને સુવાડવામાં આવે છે.

૧. ઘોડિયામાં સાચું નહિ રોનારું = જન્મથી જ જૂઠું માણસ.

૨. ઘોડિયામાંથી ઝડપાવું = નાનાં બાળક ઘોડિયામાં ઝૂલતાં હોય તેવાંઓનો વિવાહ થવો.

૩. ઘોડિયું બંધાવું = છોકરાં થવાં.

૪. ઘોડિયે ઘર = જ્યાં કોઈ મોટો પાલક પુરુષ ન હોય પણ સગીર છોકરાં જ હોય એવું ઘર; નાનાં બચ્ચાંવાળું નિરાધાર ઘર.

૫. ઘોડિયે રાજ = જ્યાં કોઈ મોટો પાલક પુરુષ ન હોય પણ સગીર રાજા હોય એવું રાજ.

૬. ઘોડિયે હીંચકવું = બાળસ્વભાવ દેખાડવો; બાળચેષ્ટા કરવી.

ઘોડિયો (ઘોડ઼િયો) પું. બાજીગર; જાદુગર.

ઘોડિયાને વશ વર્તે કાષ્ટની જ્યમ પુતળી.

ભાલણ

ઘોડી (ઘોડ઼ી) ૧. સ્ત્રી. (જ્યોતિષ) અઠ્ઠાવીશ માંહેનું પહેલું નક્ષત્ર. અશ્વિની નક્ષત્રના ઘોડાના માથાના આકારમાં ત્રણ તારા છે.

૨. સ્ત્રી. અભ્યાસ નહિ કરવા માટે નિશાળિયાના હાથ પાછળ રખાવી, બાંધી, પીઠ અને માથાની વચ્ચે પાટી મૂકવામાં આવે એવી એક શિક્ષા.

૩. સ્ત્રી. આધાર; ટેકો.

૪. સ્ત્રી. ઊંચે પહોંચાય તે માટે બનાવેલું એક સ્ટૂલ; નાની નિસરણી.

૫. સ્ત્રી. એ નામની મેમણની એક અટક.

૬. સ્ત્રી. કપડાં, પાઘડી, ટોપી વગેરે મૂકવાની લાકડાની ખીંટીવાળી બનાવટ.

૭. સ્ત્રી. ખુમારી; લહેર; તરંગ.

૧. કાળી ઘોડીએ ચડવું-ચઢવું = અફીણની ખુમારી ચઢવી.

૨. ઘોડી ઉપર ચડવું-ચઢવું = પૂર નશામાં હોવું.

૩. લીલી ઘોડી = ભાંગની ખુમારી; કેફ.

૪. લીલી ઘોડીના સવાર = ભંગીજંગી.

૮. [સં. ઘોટિકા; પ્રા. ઘોડિઆ] સ્ત્રી. ઘોડાની માદા; ઘોડી. એક જ ઘોડાથી જુદી જુદી જાતની ઘોડીમાં ઓલાદ લેવરાવાય છે. જે જાતની ઘોડી હોય તે જાતનું બચ્ચું થાય છે. માટે ઘોડી ઉપરથી ઘોડાની જાત ગણાય છે. કાઠિયાવાડી ઘોડીની પ્રખ્યાત જાતો નીચે પ્રમાણે છે: ૧. ઢસાની માણકી, ૨. ચોટિલાની ચાની, ૩. પાળિયાદની હરણ, ૪. ભડલીની તાજણ, ૫. મૂળીની બેરી, ૬. બાબરાના ઢેલ, ૭. હળવદની રામપાસા, ૮. લીંબડીની લાલ, ૯. ભીમોરાની કેસર, ૧૦. લખતરની શિંગાળી, ૧૧. જૂનાગઢની હીરાળ. એ સિવાય તીખી, વાંગળી, વાંદર્ય, રેશમ, કચાટી, રોઝી, બોદલી, વીજળી, હરણી, કપિ, ચાંદલી, ઉતાલ, માંકડી, પાંખાળી, સોજવાળી, જબાદ, પટુઈ, છબીલી, છોગાળી, ચમરઢાળ, વાગલી, પીરાણી, રેડી, ભૂતડી, જબાલ, મોરણ, ચાંખડિયાળ, લખી, ફૂલમાળ, ચારૂપ, તાજણ વગેરે જાતો છે.

૧. ઘરડી ઘોડી ને લાલ લગામ = પાકલ ઉમરે ન છાજે એવો પહેરવેશ.

૨. ઘોડી ઘર આપણાં = આ તો આપણું છે અને સંભાળી કરકસરથી કામ લેવાનું છે, પારકું નથી કે જેમ વપરાય તેમ વાપરવું.

૩. ઘોડી ઘર ઢૂંકડાં = પોતાના ઉપર આવે ત્યારે આઘા ખસવું.

૪. ઘોડી ચડાવવી = સુન્નત અથવા લગ્નના વરઘોડામાં છોકરાને ઘોડા ઉપર બેસાડવો તે.

૫. ઘોડી ચલામણી = છોકરાંઓની એક રમત.

૬. ઘોડી તણાવવી = (૧) ઘોડી ઉપર ઘોડો નખાવવો. (૨) સ્ત્રીપુરુષનો સંભોગ.

૭. ઘોડી પખે ઘોડો ને ધરતી પખે દાણો = એક એકના પછી પ્રાપ્ત થાય એવી વસ્તુઓ.

૮. ઘોડી પાદર લગી = સહેજ કામ કરી અટકી જવું તે.

૯. ઘોડી પ્રસવી ને વાત પ્રસરી = ઘોડી વિયાય તે દિવસે કોઈ ગપ ચલાવવી. લોકોમાં એવી માન્યતા છે કે, ઘોડી દિવસે વિયાય ત્યારે તેનો ધણી એક ગપ ન ચલાવે તો અશુભ થાય. આથી આ પ્રયોગ થયો છે.

૧૦. ઘોડી બનવું = અંગૂઠા પકડી ઊભા રહેવું.

૯. સ્ત્રી. જારનાં કણસલાં ઝૂડી તેમાંથી જાર ચોખ્ખી કરવા જારની લાંબી વાળેલી ઢગલી.

૧૦. સ્ત્રી. ટેકણ; તંબૂરાના તાર ઊંચા રાખવાની ઘોડી.

૧૧. સ્ત્રી. ટેકો લઈને ચાલવાની લાકડી; લંગડાની ઘોડી.

૧૨. સ્ત્રી. ત્રિપાઈ; જેની ઉપર કોઈ વસ્તુ મુકાય અથવા ગોઠવાય એવી લાકડા કે ધાતુની બનાવટની બેસણી.

૧૩. સ્ત્રી. દેશી ચરખાના લાકડાના લાઠિયા નીચે કરેડામાં નાખવાનું એક સાધન.

૧૪. સ્ત્રી. નીંભાડાના બારા ઉપરના કાંઠા ઉપરની ત્રણ નળિયાંની ગોઠવણી. કુંભાર જ્યારે નીંભાડો પકવે ત્યારે નીંભાડો તૈયાર કર્યો પછી કૂચો દઈ લીધા પછી નીંભાડાને ગોઠવતી વખતે આઠ બારાં રાખેલાં હોય છે. તે બારાં ઉપર બીજા વાસણના કાંઠા રાખે અને તે કાંઠા ઉપર ત્રણ નળિયાં લઈ ગોઠવે. તેને ઘોડી કહે છે. બારામાં રાખ ન પડે તે માટે તે રાખવી પડે છે.

૧૫. સ્ત્રી. પીંજણમાં નેજ અને હથવાસાની વચ્ચે રખાતી લાકડાની પાતળી ને સંઘેડે ઉતારેલ નાની ડાંડી.

૧૬. સ્ત્રી. રમતમાં દાવ દેનાર છોકરો. તેની પીઠ ઉપર દાવ લેનાર ચડે છે.

૧૭. સ્ત્રી. લગ્નગીત.

૧૮. સ્ત્રી. વસ્તુ ટંગાય અથવા અદ્ધર રખાય એવી લાકડાની ચીપોની બનાવટ.

૧૯. સ્ત્રી. વસ્તુ મૂકવાનું અથવા બેસવાનું કે ભરાવવાનું લાકડાનું ચોકઠું.

૨૦. સ્ત્રી. વહાણ ઉપરનું પાયખાનું; જાજરૂનું પાંજરૂં. તે હમેશા ડાબી બાજુએ બહાર લટકાવવામાં આવે છે.

૨૧. સ્ત્રી. વેજાનું પાણ બાંધતી વખતે દોરા ઊંચા રાખવાનું સાધન.

૨૨. સ્ત્રી. શેતરંજની રમતમાં ઘોડાનું મહોરૂં.

૨૩. સ્ત્રી. શેવ પાડવાનો સંચો.

૨૪. સ્ત્રી. સુન્નત સાદીમાં વપરાતો લાકડાનો ચીપિયો.

૨૫. સ્ત્રી. હોકાનું નાળિયેર રહી શકે તેવી લાકડાની કે ધાતુની ચીપોની બનાવટ.

૨૬. ન. એ નામની મેમણની અટકનું માણસ.

૨૭. વિ. એ નામની અટકનું.

ઘોડીઅત્રી (ઘોડ઼ીઅત્રી) સ્ત્રી. વહાણનું ડાબું પડખું.

ઘોડીગોટલો (ઘોડ઼ીગોટલો) સ્ત્રી. એક દેશી રમત; ગોટલાદાવ; ઘોડીદાવ. પાંચ અથવા વધારે છોકરા તે રમી શકે છે. પ્રથમ એક જણ ઉપર દાવ ઠરાવવામાં આવે. તે ઘોડીની પેઠે ઊભો રહે. પછી કોઈ પણ એક છોકરો તે ઘોડી ઉપર સવાર થઈ પોતાના હાથમાંનો લૂગડાંનો ગોટો ઊંચે ભીંત ઉપર ફેંકે. તે ગોટો બધા રમનાર તથા ઘોડી તથા તેનો સવાર પણ ઝીલવા પ્રયત્ન કરે. જો ઘોડી ઝીલે તો તે સવાર થાય અને ફેંકનાર ઘોડી થાય. જો સવાર ઝીલે તો તે ફરીને ગોટો ફેંકે. જો રમનાર માંહેનો કોઈ ઝીલે તો તે સવાર થાય અને ઘોડી તે જ ચાલુ રહે. જો કોઈ પણ ઝીલી ન શકે તો બધા નાસવા માંડે અને ઘોડી ગોટો જ્યાં પડ્યો હોય ત્યાંથી ઉપાડીને કોઈને મારે. જેને વાગે તે ઘોડી થાય ને મારનારો સવાર થાય. જો કોઈને ન વાગે તો પ્રથમ પ્રમાણે રમત ચાલુ રહે.

ઘોડીઘોસ (ઘોડ઼ીઘોસ) સ્ત્રી. વહાણની ડાબી બાજુ.

ઘોડીટપ્પા (ઘોડ઼ીટપ્પા) પું. એકબીજાના વાંસા ઉપર સવાર થવાની એક રમત.

ઘોડીટટા (ઘોડ઼ીટટા) સ્ત્રી. એ નામની એક દેશી રમત; મિયાંજીની ઘોડી.

ઘોડીદા (ઘોડ઼ીદા) જુઓ ઘોડીગોટલો.

ઘોડીદાવ (ઘોડ઼ીદાવ) જુઓ ઘોડીગોટલો.

ઘોડીપડવો (ઘોડ઼ીપડવો) પું. ધજા ચડાવવાનો પડવો.

ઘોડીપલાણ (ઘોડ઼ીપલાણ) જુઓ ઘોડીગોટલો.

ઘોડીપાટિયું (ઘોડ઼ીપાટિયું) ન. નિશાળમાં રાખવામાં આવતું લાકડાની ઘોડી ઉપરનું કાળું પાટિયું; 'બ્લૅક બૉર્ડ'.

ઘોડીલો (ઘોડ઼ીલો) પું. અશ્વ; ઘોડો.

ઘોડું (ઘોડું) ૧. ન. ઘોડેસવાર; હયદળનો સિપાઈ.

૨. ન. દૂબળો ઘોડો અથવા ઘોડી; ટટ્ટુ.

૧. કાણું ઘોડું અને વળી કરડકણું = એક તો કાણું ને વળી કરડકણું; બે ખોડવાળું.

૨. ઘોડાં ખૂંદવાં = ઉતાવળ કરવી.

૩. ઘોડાં દોડે ત્યારે કાનસૂરીનો ફેર પડે = સરખી શક્તિનાં માણસો સ્પર્ધામાં ઊતરે ત્યારે વધારે ફેર પડતો નથી.

૪. ઘોડાં ફેરવવાં = સેના ચલાવવી.

૫. ઘોડાં ભેડવવાં = ઘોડાંની શરત કરવી.

૬. ઘોડું અને ગધેડું કંઈ સરખું હોય? = સારાનરસાનો ભેદ રાખવો જોઈએ.

૭. ઘોડું અને લોઢું વાપર્યું કામનું = ઘોડું અને લોઢું બંને જેમ વપરાય તેમ સારાં રહે. ઘોડું બેસી રહ્યાથી અટકી પડે અને લોઢું કટાઈ જાય.

૮. ઘોડુંટોરૂં = ઘોડું, તેનો સવાર વગેરે.

૯. ઘોડું પાડવું = બહુ ખરચ કરી નાંખવું; બહુ થઈ જવું.

ઘોડે (ઘોડ઼ે) અ. પેઠે; જેમ; રીતે.

ઘોડેસવાર (ઘોડ઼ેસવાર) ૧. પું. ઘોડા ઉપર બેઠેલો માણસ; ઘોડા ઉપર સવારી કરનારો માણસ; પોલીસનો અથવા લશ્કરનો ઘોડેસવારી કરનારો સિપાઈ.

૨. પું. ધણી; પતિ.

ઘોડેસવારી (ઘોડ઼ેસવારી) સ્ત્રી. ઘોડા ઉપર બેસવું તે; ઘોડાની સવારી કરવી તે.

ઘોડો (ઘોડ઼ો) ૧. પું. અડિયલ કે હઠીલો છોકરો.

૨. [સં. ઘોટક; પ્રા. ઘોડઉ–ઘોડો] પું. અશ્વ; નહિ વાગોળનારાં પશુમાંનું સવારીનું એક સુંદર ચોપગું-પશુ; તુરગ; હય. ઘોડાને પગે ફાટ નથી હોતી. તેને ખરી નહિ પણ ડાબલા જેવો આખો નખ હોય છે. સિંહની માફક એની ગરદન ઉપર વાળ હોય છે. આ પ્રાણી સવારી કરવામાં અને ગાડીએ તથા હળે જોડવાના કામમાં આવે છે. બધાં પ્રાણીઓમાં ઘોડો ખરેખરો નર ગણાય છે, કારણકે તેને એકલાને જ સ્ત્રીચિહ્ન એટલે સ્તન હોતાં નથી. બધાં જાનવરોમાં સુંદર બાંધો અને દેખાવપણાનો ગુણ ઘોડામાં જ જોવામાં આવે છે. ઘોડો એ સૌંદર્ય અને ઉત્સાહની મૂર્તિ જ હોય એમ દેખાય છે. તે રંગે ધોળો,

કાળો, રાતો, પીળો અથવા મિશ્ર રંગનો હોય છે. તેના અવાજને ખોંખારવું કે હણહણવું કહે છે. સ્વભાવે તે ગરીબ, હુકમ ઉઠાવનાર અને વફાદાર છે. ખડ અને ધાન્ય તેનો ખોરાક છે. ઘોડી ગર્ભાધાનથી ૧૧ મહિને અથવા તો ૩૪૫ દિવસે એક બચ્ચાંને જન્મ આપે છે. ઘોડાની આયુર્મર્યાદા ૨૭ વર્ષની મનાય છે. એમ કહેવાય છે કે, ઘોડા પાસે સેતાન આવી શકતો નથી. માઠા બનાવની ૪૦ દિવસ અગાઉ તેને ખબર પડે છે. જે ઘરમાં ઘોડો હોય ત્યાંથી બલા તથા દુઃખ દૂર થઈ ઘણી આઝાદી ભોગવવાનું મનાય છે. રંગ અને ગુણ ઉપરથી ઘોડાની ચાર જાત માનેલી છે: બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર. બ્રાહ્મણ: આ ઘોડાના શરીરની વાસ ફળ અથવા દૂધ જેવી હોય. તે સ્વભાવે ગરીબ અને દયાળુ હોય. પાણીમાં મોઢું ડુબાડી પાણી પીએ. તેને ઘેર રાખ્યાથી ધનવૃદ્ધિ થાય. ક્ષત્રિય: તેના શરીરની વાસ બકરા કે અગરૂ જેવી હોય. તે ચંચળ અને બળવાન હોય છે. પાણી પીતાં હોઠ બીડી ખરી ઠોક્યા કરે છે. તે લડાઈ માટે પસંદ થાય છે. વૈશ્ય: તેના શરીરની વાસ ઘી જેવી હોય છે. પાણી પીતાં તે નાકને પાણીમાં ડુબાડે. શૂદ્ર: તેના શરીરની વાસ માછલી જેવી હોય. પાણી પીતાં તે પાણીને નાક અડાડતો નથી. સ્વભાવે તે ગુસ્સાબાજ અને બોજો ઉપાડવાના કામનો છે. ઘોડો ખરીદતી વખતે તેના ગુણદોષ તેના રંગ ઉપરથી પારખવામાં આવે છે. ખજૂરના જેવા રંગવાળો, અબલકી, જેનો આગલો અર્ધો ભાગ હરતાલના જેવા રંગનો પીળો હોય, જેનું માથું, કાન, ચારે પગ લાલ અને છાતી સફેદ હોય, જેનો જમણો કાન લાલ અથવા કાળો હોય તે સારો ઘોડો ગણાય છે. ચક્રવાક, મલ્લિકાક્ષ, શ્યામકર્ણ, પંચકલ્યાણી અને અષ્ટમંગળ એ શુભ લક્ષણવાળા ઘોડા છે. ચક્રવાકનું શરીર પીળું અને પગ ધોળા, મલ્લિકાક્ષનું શરીર જાંબુઆ રંગનું અને પગ ધોળા, સ્યામકર્ણનું શરીર ધોળું અને બીજા રંગ મિશ્રિત, પંચકલ્યાણીનું મોં અને પગ ધોળા તથા અષ્ટમંગળનાં મોં, કપાળ, પૂછડું, પગ અને છાતી સફેદ હોય છે. જુદા જુદા દેશમાં ઉત્પત્તિ મુજબ પણ ઘોડાને નામ અપાય છે: જેમકે, સિંધી, કાઠિયાવાડી, અરબી, કાબુલી, દક્ષિણી, પહાડી, પેગુ, મારવાડી, કચ્છી, માળવી, ઓસ્ટ્રેલિયન વગેરે. સિંધી ઘોડાનું નાક બકરા જેવું ઊંચું હઈ તેની ચાલ રેતીમાં ચાલવા જેવી છે. કાઠિયાવાડી ઘોડો તીખો, શરીરે પાતળો અને દેખાવડો હોય છે. ઘોડાની સંખ્યાબંધ જાત છે: ફૂલમાળિયો, માણેક, બોરિયો, તાજણિયો, કેસરી, રેડિયો, માલિયો, બોદલિયો, લખિયો, ફૈશિયો, શિંગાળિયો, બાદરિયો, ચવરઢાળ, જખાદિયો, હરણિયો, મારૂચો, ડોલર, રેશમિયો, લખમિયો, વાગળિયો, એગડિયો, ચટપંખો, નાગફણો, બહેરિયો, સારટિયો, રીમિયો, બાજળિયો, ચિંતામણી, અગરિયો, પરવાળિયો, મોરધ્વજ, પારખમણી, પરૈયો, પોપટ, છલમલ, તોખારિયો, સાંકળિયો, કાબર, ઘૂમટી, કાલડી, કાગડિયો, પંખાળિયો, હસળિયો, મણિયો, આખાડિયો, રામપહા, કાળીભાર, પૂતળિયો, તેજો, ખંખારિયો, સળિયો, દાવલિયો, કોહાલ, રૂપાળિયો, હરડિયો, માકડો, છપરિયો, ચોટીલો, હીરાળો, માછલિયો વગેરે. આ પ્રાણી મનુષ્યને જીવતાં જેમ ઉપયોગી છે તેમ મુઆ પછી તેની લાશમાંથી પણ ઉપયોગી ચીજો બને છે. પગનાં હાડકાંમાંથી છરીકાંટાના હાથા, પૂછડીના વાળનું કપડું, પાંસળી અને ગરદનને બાળીને તેનાં હાડકાંનો કોલસો અને ચામડામાંથી શિકારી બૂટ બને છે. તેની ખરી સાફ કરી તેમાંથી તેલ કાઢી લીધા પછી બાકી રહેલી કઠણ ચીજનાં લિખિયાં અને દાંતખોતરણી બને છે. ઊંચાઈ પ્રમાણે ઘોડા સાત જાતના છે: સાઠ આંગળ ઊંચો સાધુ, ચોસઠ આંગળ શ્રીવત્સ, અડસઠ આંગળ અહિલાદ, બોતેર આંગળ મનોહારી, છોતેર આંગળ વિજય, એંશી આંગળ વૈભવ અને ચોરાશી આંગળ ઊંચો ઘોડો શાન્ત કહેવાય છે.

૧. ગાંડો ઘોડો = મૂર્ખ માણસ.

૨. ઘોડા એટલા અસવાર = બધા માણસો જાણકાર હોવા.

૩. ઘોડા એવા અસવાર = જે કામ જેને બંધ બેસી ગયું હોય તે તેને માટે છે.

૪. ઘોડા ગણવા = (૧) તરંગ ઉડાવ્યા કરવા. (૨) નાસી જવું; ભાગી જવું.

૫. ઘોડાગાંઠ પડવી = મજબૂત રીતે બંધાવું.

૬. ઘોડા ઘડવા = મનસૂબા કરવા; તરંગ ઉડાવવા.

૭. ઘોડા ઘોડા કરવું = (૧) આગળ પડવું. (૨) ઉતાવળા થવું. (૩) કોઈના ઉપર દબાણ કરવું.

૮. ઘોડા ઘોડા થવું = ઉતાવળ કરવી.

૯. ઘોડા ચાલ-વેગ = ઉતાવળી ચાલ.

૧૦. ઘોડા જેવું = તંદુરસ્ત; સાજુંતાજું.

૧૧. ઘોડા થાકી જવા = હારી જવું; આગળ વધવાની હિંમત જતી રહેવી.

૧૨. ઘોડા નહિ પહોંચવા = ગજું નહિ ચાલવું; શક્તિ ન હોવી.

૧૩. ઘોડા પડવા = લૂગડું રંગતી વખતે તેની અંદર સફેદ ડાઘ રહી જવા.

૧૪. ઘોડા પર ઘોડા ચડવા = વ્યાજ ઉપર વ્યાજ ચડવું.

૧૫. ઘોડા લે-ઘોડાં લે = વખાણ કે તિરસ્કારમાં બોલાતો ઉદ્ગાર. કાઠિયાવાડમાં ધાડપાડુનાં ઘોડાં ફરતાં અને તે સારા માણસોને બાન ઝાલી જતા, ત્યારે તેને ઘોડે લઈ ગયાં એમ કહેવાતું. તે ઉપરથી કોઈનાં કંઈ વખાણ કરતાં અથવા તિરસ્કારના ભાવમાં બોલતાં ઘોડાં લે એમ બોલવાની રૂઢિ પડી ગઈ છે.

૧૬. ઘોડા વાળતા થવું = બીમારીમાંથી સારી રીતે સાજા થવું.

૧૭. ઘોડાના ગાઉ = લાંબા લાંબા ગાઉ.

૧૮. ઘોડાના ઘે ઘટે અને અસવારના ઘે ઘટે = બંને પક્ષની અપકીર્તિ થાય.

૧૯. ઘોડાનું ખૂટતું અને ગાયનું તરતું = ઘોડો રાખનારને નુકસાન અને ગાયવાળાને લાભ થાય.

૨૦. ઘોડાને ચાબખા અને ગધેડાને ડફણાં = જેવી જેની યોગ્યતા તે પ્રમાણે મળવું.

૨૧. ઘોડાને જવું = પાણીની પાટમાં પડવું; કોઈ કામ પરત્વે થાક અગર કંટાળો ઉપજતાં નીકળતો ઉદ્ગાર.

૨૨. ઘોડાને તંગ અને પુરુષને બંગ = માણસને બંગ ભસ્મથી જેટલું જોર આવે છે, તેટલું ઘોડાને તંગ બાંધવાથી આવે છે.

૨૩. ઘોડે આવવું = જલદી કરવું.

૨૪. ઘોડે ગયા અને ગધેડે આવ્યા = હારીને નિષ્ફળ થઈ પાછા ફરવું.

૨૫. ઘોડે ચડવું-બેસવું = (૧) આગળ પડવું; અગ્રેસર બનવું. (૨) ઉત્તેજાવું; તૈયાર થઈ જવું. (૩) મૂર્ખ બનવું; ફજેત થવું.

૨૬. ઘોડે ચડીને આવવું = ઉતાવળ કરતું આવવું.

૨૭. ઘોડે ચડે તે પડે = જે માણસ કાર્ય કરે તેને સારોમાઠો અનુભવ થાય.

૨૮. ઘોડે પલાણ નાખવું = (૧) લડવા જવું. (૨) સત્વર જવાને તૈયાર થવું.

૨૯. ઘોડે બેસી ગાંસડી માથે મૂકવી = મૂર્ખ બનવા જેવું કરવું.

૩૦. ઘોડો કરવો = બે પગ વચ્ચે લાકડી વગેરે રાખી તેથી જમીનમાં લીટા કરતા ચાલવું.

૩૧. ઘોડો ખૂંદવો = (૧) કોઈ કામમાં વધારે પડતી ધમાલ કરવી. (૨) બહુચરાજી કે રાંદલ દેવીના ભૂવાનું ઊભાં ઊભાં ધૂણવું. (૩) વાતમાં આડે આવવું.

૩૨. ઘોડો ગડવો = મસલત કરવી; છાની ગોઠવણ કરવી.

૩૩. ઘોડો ઘાલવો = (૧) અડચણ નાખવી; વિઘ્ન કરવું. (૨) નુકસાન કરવું.

૩૪. ઘોડો ઘેરવો = ઘોડાને પાણી પાવા લઈ જવું.

૩૫. ઘોડો ઘોડાના રૂપને દોડે = જેવી જેની યોગ્યતા તેવું તે કામ કરે.

૩૬. ઘોડો ચડાવવો = (૧) ત્રાજવાની દાંડીમાં એવી યુક્તિ કરવી કે જેથી ઓછુંવત્તું જોખાવું. (૨) વાંદરો ખેંચવો; બંદૂકની કલ ઊંચી કરવી.

૩૭. ઘોડો છૂટ્યો, ઘોડી છૂટી = શું થાય, શું નહિ તે ચોક્કસ કહેવાય નહિ, માટે કર્યું તે કામ.

૩૮. ઘોડો છે પણ સવાર નથી = મિલકત છે, પણ વારસ નથી.

૩૯. ઘોડો છોડતો = કોઈની પાછળ ઘોડાને દોડાવવો.

૪૦. ઘોડો જોર ઉપર હોવો = જુસ્સામાં હોવું.

૪૧. ઘોડો તપાવવો = ઢીલ કરવી; વિલંબ કરવો.

૪૨. ઘોડો તાણી બાંધવો = શ્વાસ ખાવો; ખમવું; ઉતાવળ ન કરવી.

૪૩. ઘોડો દાબવો = (૧) કોઈ ઉપર એકદમ સખત દબાણ કરવું. (૨) ઘોડાને દોડાવવો. (૩) બંદૂકનો ઘોડો પાડવો. (૪) બીજાને બહુ તાકીદ કરવી.

૪૪. ઘોડો દેખાડવો = ઘોડીનો ઘોડાની સાથે સંભોગ કરાવવો.

૪૫. ઘોડો દોડી દોડી મરે પણ સવારને હિસાબમાં નહિ = નિર્ગુણિયા આગળ મહેનત કરવી ફોગટ છે.

૪૬. ઘોડો પલાણવો = (૧) કોઈ વસ્તુને બે પગની વચ્ચે ઘાલીને તેની ઉપર બેસવું; સવાર થવું. (૨) ઘોડા ઉપર જીન નાખવું.

૪૭. ઘોડો પાડવો = બંદૂક ફૂટે તે માટે તેની કળને ચડાવેલા ચાંપથી છટકાવવી.

૪૮. ઘોડો, પાન ને રોટલી ફેરવ્યાં સુધરે ને બેઠાં બગડે = ઘોડાને, પાનને અને રોટલીને જેમ હોય તેમ પડી રહેવા દેવાં તે સારૂં નહિ. તેમને ફેરવવાં જોઈએ.

૪૯. ઘોડો ફેરવવો = (૧) ઘોડાને ખેલવવો. (૨) નુકસાન કરવું.

૫૦. ઘોડો મારી મૂકવો = ઉતાવળે નાસી જવું.

૫૧. ચડચે ઘોડે આવવું = ઉતાવળે કામ કરાવવા આવવું.

૩. પું. અંગૂઠાની પાસેની પહેલી આંગળીએ પહેરવાનું એક રૂપાનું ઘરેણું; કાંબી જેવી લંબગોળ વીંટી.

૪. પું. આધાર; લાગ; અવલંબન.

૫. પું. કપડાં વગેરે મૂકવાને ભીંતમાં ઘાલેલું ઘોડાની મુખાકૃતિવાળું લાકડું; ઘોડા જેવા આકારની જાડી નકશીદાર ખીંટી.

૬. પું. ખેતર કે સીમાડાની હદ બતાવવા દાટવામાં આવતો પથ્થર; ખૂંટ; બાણ; ખાંભો.

૭. પું. ચાર પાંખડીનું કપાસનું કાલું.

૮. પું. ચોપાટનું પીળા રંગનું સોગઠું.

૯. પું. છાપરૂં સંચારતાં નેવાંની સંકડાશથી એક હારમાં બીજી હાર જોડી દેવી તે.

૧૦. પું. જેની ઉપર ચડીને ઊંચી વસ્તુ લેવાય અથવા ઊંચેનું કામકાજ થાય એવી નિસરણી.

૧૧. પું. જેની લંબાઈ, પહોળાઈ અને ઊંચાઈ અઢાર તસુથી ઓછી હોય નહિ એવો પથ્થર.

૧૨. પું. ત્રણની સંજ્ઞા.

૧૩. પું. દરજીના સંચામાં જેના વડે સોય ઊંચી નીચી થાય છે તે લોઢાનો કટકો.

૧૪. પું. ધાતુના તાર, વાળા અને ત્રાક વગેરે લોઢાની વસ્તુમાં પડેલો વાંક.

૧૫. પું. નવકાંકરીની રમતમાં કાંકરી જડવામાં વચ્ચે અટકાવ કરવો તે.

૧૬. પું. નુકસાન; ખોટ.

૧૭. પું. પોલકા ઉપર મૂકેલી કસબની દોરી.

૧૮. પું. બંદૂકના લવિંગ ઉપર મૂકેલા કેપને ફોડવાનું સાધન; બંદૂકની ચાંપ. કેપ ઉપર આ ઘોડો પડે ત્યારે કેપ તૂટે અને તેમાંથી અગ્નિ ઉત્પન્ન થાય ત્યારે બંદૂક છૂટે.

૧૯. પું. બે તરફ ચડઊતર કરવાનાં પગથિયાંવાળો ઊંચો બાંકડો.

૨૦. પું. ભરતી વખતે દરિયાના પાણીનો જોસબંધ પ્રવાહ નદીમાં ધકાયેલ ત્યારે સૌથી પહેલાં આવતું માથાપૂર મોજું; નદી કે દરિયામાં આવતું મોજું; તરંગ; લોઢ.

૨૧. પું. મટ્ટી ખોદકામમાં સપાટી જોવા માટે વચમાં રાખેલો અને જેની આસપાસ ખોદાણ કામ કરાય તે ટેકરો.

૨૨. પું. રંગ પૂરવામાં રંગ લાગે નહિ તે ભાગ.

૨૩. પું. શેતરંજની રમતમાં વપરાતું એક મહોરૂં. તે અઢી ઘર ચાલે છે.

૨૪. વિ. પું. ઉચ્છૃંખલ; ધાંધલિયું.

૨૫. વિ. પું. ગમે તે પ્રસંગમાં પોતાના સ્વભાવની ઉગ્રતા, હઠીલાઈ કે તુમાખીપણું બતાવનાર.

૨૬. વિ. પું. ત્વરિત ગતિવાળો.

૨૭. વિ. પું. સૌથી સરસ ભાર વહેનાર; ખમતીધર.

ઘોડોકૂદામણી (ઘોડ઼ોકૂદામણી) સ્ત્રી. એ નામની એક દેશી રમત; ખોડીખમચી. દાવવાળો છોકરો પોતાના બે હાથ ભોંય ઉપર મૂકી વાંકો વળી ઘોડાની પેઠે ઊભો રહે છે. બીજા રમનાર છોકરા તેની એક બાજુએથી બીજી બાજુએ કૂદી જાય. કૂદનાર છોકરાના શરીરનો કોઈ પણ ભાગ કે તેનું લૂગડું ઘોડો થયેલા છોકરાના શરીરના કોઈ પણ ભાગને કે લૂગડાને અડે તો તેને માથે દાવ આવે, એટલે તેને ઘોડો થવું પડે અને દાવવાળો છોકરો બીજા સાથે કૂદવા માંડે.

ઘોડોઘોડો (ઘોડ઼ોઘોડ઼ો) પું. એ નામની એક દેશી રમત. છોકરાઓમાંથી એક નાનો અને એક મોટો એમ બબ્બેનાં જોડકાં થાય. મોટો છોકરો હાંકનાર ને નાનો ઘોડો થાય. ઘોડાના ગળામાં પટકી નાખી હાંકનાર તેના બે છેડા ઝાલે. પછી બધાં જોડકાં હારે ઊભે અને સાથે દોડવા માંડે. જે જોડકું આગળ જાય તે જીત્યું કહેવાય.

ઘોડ્યામાસ (ઘોડ઼્યામાસ) પું. પાંત્રીશ અહોરાત્ર જેટલો વખત.

ઘોડ્યાવાક (ઘોડ઼્યાવાક) પું. વહાણની અંદરના ભાગમાં કાથાનો વાક.

ઘોડ્યે (ઘોડ઼્યે) અ. પેઠે; એ રીતે; માફક; જેમ.

ઘોઢલ્યો પું. બળદિયો; સાંઢ.

ઘોણ ૧. પું. ખોળિયો મૂકવો પડે તેવી રીતે મકાનના છાપરામાં આવતો વાંક.

૨. [સં. ઘન] પું. ઘણ; મુદ્ગર; મોટો હથોડો; મોટી મોગરી.

૩. પું. બહુ પ્રાચીન કાળનું તાલવાળું એક વાજું.

૪. ન. એક જાતનું જીવડું.

ઘોણશી સ્ત્રી. એક જાતની વેલ. તેનાં પાન પીપળાનાં પાન જેવા આકારનાં પણ તેથી ઘણાં મોટાં હોય છે. તેમાં એક ઇંચ પહોળાઈનો ખાંચો હોય છે. આ વેલની જાડાઈ પગના અંગૂઠા જેટલી હોય છે. તે શીતળ અને ગુરુ છે તથા શૂળ, હેડકી, જીર્ણવિષ, સર્પવિષ અને ઉન્માદ મટાડનાર મનાય છે.

ઘોણસ [સં.] પું. એક જાતનો ભૂરાશ પડતા રંગનો સર્પ; કુસક્યા. આ સર્પ ચિત્રા જેવો અને લીલા રંગનો હોય છે. એનું ઝેર પ્રાણઘાતક નથી. તે આશરે દોઢ હાથ જેટલી લંબાઈનો હોય છે. એના ઝેરની અસર કોઈ કોઈ વાર મહિના સુધી રહે છે.

ઘોણા ૧. [સં.] સ્ત્રી. ઘોડાનું નાક.

૨. સ્ત્રી. નાસિકા; નાક.

ઘોણિની [સં.] સ્ત્રી. ભૂંડણ.

ઘોણિયા ૧. સ્ત્રી. લેઉઆ કણબીની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ઘોણિયું ૧. ન. ધણુ ધણુ થાય એવું ઢોલ; બાયું.
૨. ન. ધણ મારવાનું કામ કરનાર માણસ.
૩. ન. ઘી ભરવાનું વાસણ.
૪. ન. દૂધ દોહવાનું વાસણ.

ઘોણિયો ૧. પું. ઘડાથી મોટું ને પહોળા મોઢાનું માટીનું વાસણ; ઘી ભરવાનું ઠામ.
૨. પું. તાંબાની મોટી વટલોઈ.

ઘોણી [સં. ઘોણિન્] પું. ડુક્કર; વરાહ.

ઘોણ્ય સ્ત્રી. એકઢાળિયું; કોઢ; નાની ઓરડી.

ઘોત (ઘ઼ોત) ૧. [અ.] પું. ડૂબકી.
૨. પું. મૂર્છા.
૩. પું. વિચાર.

ઘોતક ન. પ્રદર્શક; સૂચક.

ઘોતઘાત [હિં.] વિ. મૂંઝાગેલું.

ઘોતમગાતા ૧. પું. પતંગને ગોથાં ખવરાવવાં તે.
૨. પું. પાણી નીચે ડૂબીને સંતાવું અને ગોતવાની રમત.

ઘોતમઘાતા જુઓ ઘોતમગાતા.

ઘોતર ન. કઠોળની શીંગનાં છોડાં તથા પાંદડાંનો જથ્થો.

ઘોતા (ઘ઼ોતા) [અ.] પું. ડૂબકી.
૧. ઘોતા ખાવા = (૧) આડે રસ્તે જવું; ભૂલું પડવું; રખડવું. (૨) કાદવવાળા રસ્તામાં મુસાફરી કરવી. (૩) છેતરાવું. (૪) ડૂબકી મારવી.
૨. ઘોતા દેવા = (૧) ખ્રિસ્તી ધર્મમાં દાખલ કરવો. (૨) છેતરવું. (૩) ડૂબકો મારવી.

ઘોતાખોર (ઘ઼ોતાખ઼ોર) ૧. પું. એક જાતની આતશબાજી.
૨. પું. ડુબકી મારનાર માણસ.

ઘોતાખોરી (ઘ઼ોતાખ઼ોરી) સ્ત્રી. ડુબાડવું તે.

ઘોતાબાઝ (ઘ઼ોતાબાઝ) વિ. ડૂબકી મારનાર.

ઘોતું ૧. ન. ગાય ભેંસ જેવાં ઢોરને દૂધ દોહતી વેળા અપાતી ખાવાની ચીજ; ખાણ.
૨. વિ. ગંદું.
૩. વિ. ટાઢું; શીતળ.
૪. વિ. બેસ્વાદ; સ્વાદ રહિત.

ઘોદાવવું ૧. અ. ક્રિ. એકથી બીજે ઠેકાણે અને બીજેથી ત્રીજે સ્થળે એમ રખડાવવું.
૨. અ. ક્રિ. કોઈ પણ કામમાં ટોકણી કર્યા કરવી.
૩. અ. ક્રિ. ઘોદા મારવા.
૪. અ. ક્રિ. નિરાંતે બેસવા ન દેવું.

ઘોદો ૧. પું. ધુસ્તો; ગડદો.
૨. પું. ધક્કો; ફેરો.
ઘોદો ખાવો = આંટો ખાવો.
૩. પું. નુકસાન; હાનિ; ખોટ.
૪. પું. પોચા ભાગ ઉપર ઘોંકો મારવો તે; ગોદો; ઘોંકો.
ઘોદો મારવો = લાકડીની અણીથી ધક્કો મારવો.
૫. પું. સંભોગ વખતે મરાતો હડસેલો.

ઘોનસ [સં.] પું. એક જાતનો મોટો સાપ.

ઘોનારવું સ. ક્રિ. મારવું; પ્રહાર કરવો.

ઘોપા ૧. [હિં.] સ્ત્રી. કબૂતર.
૨. સ્ત્રી. કામળી; ધાબળી.
૩. પું. ઠંડી અથવા વર્ષા ઋતુમાં પહેરવાનો ઝભો.

ઘોબાઘડિયો (ઘોબાઘડ઼િયો) પું. ઠામ સમાં કરનાર માણસ; વાસણના ઘોબા ઉપાડનાર વ્યક્તિ.

ઘોબાથાળી સ્ત્રી. બહુ ટિચાયા કરતી ચીજ.

ઘોબો ૧. પું. બળિયાનો અથવા શીતળાનો ડાઘ.
૨. પું. સપાટીમાં રહેલો ખાડો; ગોબો.

ઘોમાખી સ્ત્રી. એક જાતની માખી. આ રૂપાળું જંતુ ઝીણાં જીવડાંનું ભક્ષક છે.

ઘોય સ્ત્રી. ઘાસ કે પૂળાની ગંજી.

ઘોયડો (ઘોયડ઼ો) [સં. ઘોટક] પું. વહાણમાં આગલા મોરાની ઉપર કે પાસે બેસાડવામાં આવતી ઘોડાના મોઢાની અથવા પોપટની ચાંચ જેવી કે બીજા આકારની આકૃતિ.

ઘોયરું ન. ગોતું બાફવાનો ચૂલો.

ઘોયરો પું. ચંદનઘોની નરજાતિ.

ઘોયાણ વિ. ઘણું ઊંડું.

ઘોયાદા પું. ગરિયાને ઘોયાં મારવાની એક રમત.

ઘોયું ૧. ન. કોઈ વાતમાં નિરર્થક ભળવું તે.
૧. ઘોયાં મારવાં = કોઈ વાતમાં વચ્ચે નિરર્થક બોલ્યા કરવું.
૨. ઘોયું દેવું = ખોટો ગપાટો મારવો.
૨. ન. જખમ.
૩. ન. ભમરડા ઉપર પડેલો ખાડો; બીજા ગરિયા ઉપર ટોચા પાડવા તે.
રસતું ઘોયું = રસિયું.

ઘોર ૧. પું. અવાજ; ધ્વનિ; રણકો.
૨. પું. એ નામનો એક ઋષિ.
૩. (ઘ઼ોર) [ફા.] પું. એ નામનો એક પ્રાંત.
૪. પું. એક જાતનો ઘોડો.
૫. પું. કચરો.
૬. પું. ગર્જના; મોટો અવાજ.
૭. [સં.] પું. ઘોડા જેવી ચાલ.
૮. પું. ઢોલનો અવાજ.
૯. પું. તંબૂરામાં પિત્તળના તારથી નીકળતો જાડો ખરજનો સૂર.
૧૦. પું. પાપ.
૧૧. પું. પૂડલા માટે તૈયાર કરેલ પ્રવાહી; ખોળો.
૧૨. પું. બીક; ભય.
૧૩. પું. (પુરાણ) બ્રહ્માના ત્રીશ માંહેનો પચીશમો દિવસ.
૧૪. પું. (પુરાણ) લંકાનો એ નામનો એક રાક્ષસ.
૧૫. પું. વિચાર; ક્યાસ; અટકળ; ધારણા.
૧૬. પું. (પુરાણ) વૈવસ્વત મન્વંતરના અંગિરા ઋષિના આઠ માંહેનો એક દીકરો; બૃહસ્પતિનો ભાઈ.
૧૭. પું. શિવનાં હજાર માંહેનું એક નામ; વેદમાં વપરાયેલું રુદ્રનું એક નામ.
૧૮. પું. શ્વાસમાં નસકોરાં બોલવાં તે; ઊંઘમાં નાક વાટે જતા આવતા શ્વાસને લીધે નીકળતો અવાજ.
૧૯. સ્ત્રી. ઊંડી અંધારી ખાઈ.
૨૦. સ્ત્રી. કબર; મડદું દાટી તેની ઉપર કરેલું બાંધકામ
૧. ઘોર ખોદવી = (૧) અંતે વિનાશ થાય એવું કામ કરવું. (૨) નિંદા કરવી; ભૂરું બોલવું. (૩) મડદું દાટવાનો ખાડો ખોદવો.
૨. ઘોર ચણવી = મડદું દાટ્યા પછી તેની ઉપર બાંધકામ કરવું.
૨૧. [ફા. ગોર] સ્ત્રી. મડદાં દાટવાનો ખાડો.
૨૨. ન. ઝેર.
૨૩. ન. ટોળું; સમૂહ; સમુદાય; ગણ.
૨૪. ન. વહાણના આગલા મોરા પાસેનું સઢ બાંધવાનું લાકડું.
૨૫. વિ. અત્યંત; ઘણું.
ઘોર અંધારી રાત = અત્યંત અંધારાવાળી કાળી બિહામણી રાત.
૨૬. વિ. અધમ; દુષ્ટ.
૨૭. વિ. આકરું; કઠણ; સખત.
૨૮. વિ. ઊંડું.
૨૯. વિ. ક્રૂર; ઘાતકી.
૩૦. વિ. ગાઢ; ગંભીર.
૩૧. વિ. ભય ઉત્પન્ન કરે એવું; બિહામણું; ભયંકર.

ઘોરક પું. (પુરાણ) એ નામનો એક દેશ.

ઘોરકલ્પ પું. (પુરાણ) બ્રહ્માના ત્રીશ માંહેનો એક દિવસ; હાલમાં ચાલુ બ્રહ્મમાસનો પચીશમો દિવસ; કલ્પ. આ કલ્પની રાત સમાપ્ત થયાના

વખતે મત્સ્ય અવતાર થયો હતો અને પછી દિવસ અથવા કલ્પ જે શરૂ થયો તે જ આ વારાહકલ્પ કે જે હાલમાં ચાલુ છે.

ઘોરકાણ્વ પું. એ નામનો એક વૈદિક ઋષિ. તેણે કુલ ૭૬ ઋચાવાળાં આઠ સૂક્ત રચ્યાં છે.

ઘોરકાલ પું. ભયંકર વખત.

ઘોરખર [સં. ગૌરખર; પ્રા. ગોરખર] પું. જંગલી ઘોડો. જુઓ ખરગધ.

ઘોરખોદિયું [ફા. ગોર (કબર) + કન્દન (ખોદવું)] ન. એક જાનવર; જરખ. તે ઘોર ખોદી તેમાંથી મડદું ખેંચી કાઢી ખાઈ જાય છે.

ઘોરખોદિયો ૧. પું. કૂચડી; પીંછી.

૨. પું. ઘોર ખોદી મડદું ખાઈ જનાર એક પ્રાણી.

૩. પું. દાણમાફીથી અનાજ વેચવાની છૂટ મળી હોય એવો માણસ.

૪. પું. બીજુ બહાવરો; મધખોર. તે આખા હિંદુસ્તાનમાં માલમ પડે છે. તેને મધ બહુ વહાલું છે.

૫. વિ. પું. અકર્મી; મૂર્ખ.

૬. વિ. પું. હીણું કામ કરનાર.

ઘોરખોદી વિ. સ્ત્રી. ઘોરખોદા જેવું ખરાબ કામ કરનારી. એ બૈરાંની એક ગાળ છે.

ઘોરખોદું ૧. ન. કબર ખોદનારું પ્રાણી; દાટેલાં મડદાંને ખાનાર એક જંગલી જનાવર.

૨. વિ. ઘોર ખોદે એવું; વિનાશક.

ઘોરઘોરતર ૧. [સં.] પું. શિવ.

૨. વિ. અત્યંત ભયંકર.

ઘોરઘોરા સ્ત્રી. ચોસઠ માંહેની એ નામની એક યોગિની.

ઘોરણ ૧. સ્ત્રી. ઊંઘ લેતી વેળા નાકમાંથી શ્વાસ કાઢતાં થતો અવાજ; ઘોર; નસકોરાં બોલવાથી થતો અવાજ.

૨. સ્ત્રી. ઘોરવું તે; ખૂબ ઊંઘવું તે; ગાઢ નિદ્રા.

ઘોરત [હિં.] ન. ટેકણ.

ઘોરતપા [સં.] પું. શિવનાં હજાર માંહેનું એક નામ.

ઘોરતમ [સં.] વિ. ખરાબમાં ખરાબ; અત્યંત ઘોર.

ઘોરતર [સં.] વિ. વધારે ભયાનક.

ઘોરતરા સ્ત્રી. (સંગીત) મંદ્ર સ્થાનીય બાવીશ માંહેની ચોથી શ્રુતિ.

ઘોરતા [સં.] સ્ત્રી. ભયંકરપણું; ભયાનકપણું.

ઘોરત્વ જુઓ ઘોરતા.

ઘોરદર્શન ૧. [સં.] ન. ઘુવડ; ઘૂડ પક્ષી.

૨. વિ. ભયંકર દેખાવવાળું.

ઘોરદર્શની [સં.] સ્ત્રી. ઘૂડની માદા.

ઘોરનરક પું. ભયથી ભરેલો તાર્તરી પ્રદેશ.

ઘોરપડ (ઘોરપડ઼) ન. એક જાતનું પ્રાણી; પાટલાઘો.

ઘોરપડે (ઘોરપડ઼ે) ૧. સ્ત્રી. મરાઠી ક્ષત્રિય જ્ઞાતિની એક અટક. પરાક્રમી રાણા ભૈરવજીનું બીજું નામ ભોંસાજી હતું. તેના વંશજો ભોંસાવત અથવા ભોંસલે કહેવાયા. આ ભૈરવજી અથવા ભોંસાજી મુધોળના પહેલા રાણા બન્યા. તેના વંશજો પરાક્રમથી દક્ષિણમાં મુધોળ વગેરે જાગીરો મેળવીને મુધોળપતિ કહેવાયા. મુધોળપતિના એક પરાક્રમની વાત એવી છે કે, મુધોળપતિ કરણસિંહજીના વખતમાં ખેલનાનો કિલ્લો બહુ વિકટ હતો. તે ઉપર ચડી જવાનો એક વખતે પ્રસંગ આવ્યો. કોઈની હિંમત ચાલી નહિ, ત્યારે મુધોળપતિએ બીડું ઝડપ્યું. પાટલાઘોને કેડે રેશમનો દોર બાંધી અને કિલ્લા ઉપર ચડાવી. એ દોરને આધારે મુધોળના જાગીરદારો અને બીજાઓ ઉપર ચડ્યા. પાટલાઘોને મરાઠી ભાષામાં ઘોરપડ કહે છે અને એ ઘોરપડનો ઉપયોગ કરી કિલ્લો ચડી ગયા તેથી આ ઘોરપડને લીધે ભોંસલેને નામના મળી હોવાથી તે કુટુંબ ઘોરપડે કહેવાયું.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ઘોરપદ સ્ત્રી. ગરોળી.

ઘોરપંથ પું. શિવને પૂજનાર સાધુઓનો એક વર્ગ. ગમે તેવી ગંદી અને અસ્વચ્છ વસ્તુ તેઓ ખાય છે.

ઘોરબ્રહ્મચર્યઋદ્ધિ સ્ત્રી. (જૈન) ઘણો વખત સુધી બ્રહ્મચર્ય પાળવા છતાં સ્વપ્નમાં પણ ખોટો વિચાર ન આવે એવી શક્તિ.

ઘોરમ વિ. મુશળધાર; સખત.

ઘોરમનાથ પું. એ નામનો મહાન યોગી. તેણે પટ્ટણ દટ્ટણ કર્યું હતું એમ કહેવાય છે. તેનું બીજું નામ ઘૂંઘલીમલ હતું.

ઘોરમવું અ. ક્રિ. ગાજવું; ઘરર ઘરર અવાજ થવો; ઘૂઘવવું.

ઘોરરાસન ૧. [સં.] પું. શિયાળ; કોલું.

૨. વિ. ભયંકર શબ્દ કરનાર.

ઘોરરૂપ ૧ પું. ભયંકર દેખાવ.

૨. [સં.] પું. મહાદેવ.

૩. વિ. ભયંકર સ્વરૂપવાળું.

ઘોરલ ન. હિમાલય તરફનું એક બકરા જેવું હરણ. તે કશ્મીરથી ભૂતાન સુધીના પ્રદેશમાં ૩૦૦૦ થી ૮૦૦૦ ફૂટની ઊંચાઈએ રહે છે. તેમ જ નાગા નામની ટેકરીમાં તથા આસામના ભાગમાં પણ તે વસે છે. તેનાં ગર્ભવહનનો સમય છ માસનો છે. દરેક વખતે એક બચ્ચાને મે અથવા જૂનમાં જન્મ આપે છે. હિમાલય પ્રદેશના જનાવરોમાં તે સૌથી સાધારણ અને સૌથી ઓછું નિર્ભય છે. દેખાવમાં તે બકરા જેવું છે. તેના અવયવ મજબૂત અને વાળ જાડા હોય છે. બોચીથી ગરદનને છેડે આવેલ ખાંધના હાડકાંઓના સાંધા સુધી એક નાની કલગી આવેલી હોય છે. તેનો મોઢાનો ભાગ ઝાંખો હોય છે, પણ શીંગડાં તરફ કાળો થતો જાય છે. તેને બોચીથી પૂછડી સુધી એક કાળી લીટી હોય છે. દરેક પગના આગલા ભાગમાં નીચે પણ કાળી લીટી હોય છે. તેના ગળાનો ભાગ ધોળો, પૂછડી અને શીંગડાં કાળાં, સમાંતર અને ભાગ્યે જ કતરાતાં હોય છે. તે ચારથી આઠની ટોળીમાં ઘાસવાળી ટેકરીઓમાં અથવા જંગલની અંદર ખડકવાળી જમીનમાં રહે છે. સાધારણ રીતે તે સવારે અને સાંજે ચરવા નીકળે છે. વૃદ્ધ પશુ સામાન્ય રીતે એકલું ફરે છે. બીકની ચેતવણી આપવી હોય ત્યારે તે સૂસવાટો કરે છે. તેની ઊંચાઈ ૨૭ ઇંચ અને લંબાઈ ૫૦ ઇંચ આશરે હોય છે. તેની પૂછડી ૪ ઇંચ લાંબી હોય છે. નરનાં શીંગડાં ૬ થી ૮ ઇંચનાં હોય છે. માદાનાં શીંગડાં તેથી ઓછી લંબાઈનાં હોય છે.

ઘોરવવું ૧. અ. ક્રિ. ગાજવું; ઘૂઘવવું.

૨. સ. ક્રિ. અવાજ થાય એમ કરવું; ગજવવું.

ઘોરવાડો (ઘોરવાડ઼ો) ૧. પું. કબરસ્તાન; મુસલમાન લોકોનું મસાણ.

૨. પું. નાનાં છોકરાંને દાટવાની જગ્યા.

ઘોરવું ૧. અ. ક્રિ. આસપાસ જવું.

૨. અ. ક્રિ. ઊંઘમાં નસકોરાં બોલવાં; નાકમાંથી અવાજ થવો.

૩. અ. ક્રિ. ગરજવું; ઘોર અવાજ કરવો; ઘૂઘવવું.

૪. અ. ક્રિ. ગાઢ ઊંઘવું; ભર ઊંઘમાં પડવું; ઘસઘસાટ ઊંઘવું.

ગામ ઘોરે ત્યારે ઘેલી ઘેંસ ઓરે = અયોગ્ય વખતે કામ કરવું.

ઘોરવૃત્તિ [સં.] સ્ત્રી. વિષયમાં પ્રીતિ.

ઘોરવો ૧. પું. ચોળવું તે; મસળવું તે.

૨. પું. તાંબા પિત્તળનો ઘડો.

૩. પું. લાડવો. સોનીની પારસીમાં લાડવાને ઘોરવો કહે છે.

ઘોરસંસારતારિણી સ્ત્રી. સ્વાહાનું એક નામ.

ઘોરસ્થાન ન. કબરસ્તાન; સ્મશાન.

ઘોરંબો પું. વાદળાંવાળી આકાશની સ્થિતિ; મેઘાડંબર.

ઘોરંભ જુઓ ઘોરંબો.

ઘોરંભવું ૧. અ. ક્રિ. અંધારવું; ઘેરાવું; છાવું.

૨. અ. ક્રિ. વાદળાં ચડી આવવાં.

ઘોરંભાવું જુઓ ઘોરંભવું.

ઘોરંભો પું. ઘનઘટા; મે અંધારવો તે; મેઘનું ચડી આવવું તે.

ઘોરા ૧. સ્ત્રી. (જ્યોતિષ) અમુક નક્ષત્રમાં સૂર્યનું સંક્રમણ.

૨. [સં.] સ્ત્રી. એક જાતનો વેલો.

૩. (ઘ઼ોરા) [ફા.] સ્ત્રી. કાચી દ્રાક્ષ.

૪. સ્ત્રી. દેવતાલી વૃક્ષ.

૫. સ્ત્રી. ભયાનક સ્ત્રી.

૬. સ્ત્રી. (સંગીત) મંદ્ર સ્થાનીય બાવીશ શ્રુતિ માંહેની ત્રીજી શ્રુતિ.

૭. સ્ત્રી. રજોગુણી મનોવૃત્તિ.

૮. સ્ત્રી. રાત્રિ; રાત.

૯. સ્ત્રી. (જ્યોતિષ) શ્રવણ, ચિત્રા, ધનિષ્ઠા અને શતભિષા નક્ષત્રોમાં બુધની ગતિ.

ઘોરાક્ષરી વિ. ભયંકર અક્ષરવાળી; બિહામણા અક્ષરવાળી.

ઘોરાઘોર સ્ત્રી. અવાજ સાથે દોડાદોડ; ધાંધલ; બૂમાબૂમ અને દોડાદોડી.

ઘોરાડ (ઘ઼ોરાડ઼) ન. એક જાતનું પક્ષી. તે આશરે સવા ગજ ઊંચું, ધોળી છાતીવાળું, લાંબી ડોકવાળું, મોરના જેવા નહોરવાળા પગવાળું હોય છે.

ઘોરાતનુ પું. રુદ્રનું એક ભયંકર સ્વરૂપ.

ઘોરાવું અ. ક્રિ. અવાજથી ગાજી ઊઠવું.

ઘોરાંભવું અ. ક્રિ. વાદળાંનું છવાવું; ઘોરંભાવું.

ઘોરી (ઘ઼ોરી) ૧. પું. એ નામનો મુસલમાની વંશ.

૨. પું. ગંદો માણસ.

૩. પું. ઢોરનું ટોળું; ધણ.

૪. [હિં.] સ્ત્રી. એક જાતનું માટીનું વાસણ.

૫. [ફા.] સ્ત્રી. રકાબી.

૬. વિ. ઊંઘણશી.

૭. વિ. ખૂબ ખાનાર; અકરાંતિયું.

૮. [હિં.] વિ. ગંદું.

ઘોરૂં ૧. [સં. ગંભીર] વિ. ગંભીર; ઠરેલ; ભારેખમ.

૨. વિ. ભલું; ભોળું.

૩. વિ. યાદદાસ્ત વિનાનું.

ઘોરૈયો ૧. પું. એક મેલો દેવતા. ઉત્તર ગુજરાતના લુહારોમાં એની પૂજા થાય છે.

૨. પું. ઢગલો.

ઘોરો ૧. પું. આકાશનું વાદળાંથી છવાઈ રહેવું તે; વરસાદનો ઘટાટોપ.

૨. પું. આદમી; પુરુષ.

૩. પું. કંકાસ.

૪. પું. વહાણનો એક ભાગ.

૫. વિ. ગંભીર; ઠરેલ; ભારેખમ.

૬. વિ. ભલું; ભોળું.

૭. વિ. યાદદાસ્ત વિનાનું.

ઘોર્યું ૧. અ. ઊંઘ્યું.

૨. અ. બળ્યું; મૂઉં; હશે; છોને.

ઘોલ ૧. [સં.] પું. છાશ; છણેલું દહીં; મઠો; દહીંનું ઘોળવું.

આવ્યાં **ઘોલ**ભર્યાં માટલાં,
ભરી ભરી મેહલ્યાં વાટલાં. લાવણ્યસમય

૨. [હિં.] પું. ટોળું; સમૂહ.

૩. [પ્રા.] પું. (જૂ. ગુ.) દહીંને કપડામાં બાંધી પાણી નિતારી નાખવું તે.

૪. પું. ભંડાર.

૫. પું. રગડ; જાડો રસ.

૬. સ્ત્રી. એક જાતની મોટી માછલી.

૭. સ્ત્રી. કંકુ અથવા સુરમો રાખવાનું પાત્ર.

૮. ન. એ નામનો એક છોડ.

૯. વિ. નરમ; અશક્ત.

ઘોલક (ઘ઼ોલક) ૧. સ્ત્રી. કોટડી; ઝૂંપડી.

૨. [ફા.] સ્ત્રી. ગુપ્ત બાબત.

૩. સ્ત્રી. તદ્દન નાનું અંધારિયું ઘર.

૪. સ્ત્રી. નાનાં છોકરાંને રમવાને માટે જમીન સાફ કરી ધૂળની પાળ કરી થતું ઘર; ઘરઘરની રમત.

૫. સ્ત્રી. હડફો.

ઘોલકી જુઓ ઘોલક.

ઘોલકું ૧. ન. ઝૂંપડી; મઢી.

૨. ન. નાનકડું અંધારિયું ઘર.

૩. ન. નાનાં છોકરાંથી બનાવાતું રમવાનું ઘર.

ઘોલઘુમાવ [હિં.] પું. પ્રપંચ; યુક્તિ.

ઘોલજ ૧. [સં.] ન. ઘી.

૨. ન. માખણ.

ઘોલડાં (ઘોલડ઼ાં) ન. બ. વ. છીંડવાં.

ઘોલદંગ (ઘ઼ોલદંગ) [ફા.] વિ. તોફાની; બંડખોર.

ઘોલન ન. અંગૂઠા અને આંગળીવતી કેરીની જેમ ઘોળવું તે.

ઘોલમાલ પું. ગોટાળો; દગો; ઘાલમેલ.

ઘોલમેલ પું. મિશ્રણ; ગોટાળો.

ઘોલર ન. કદમાં જાડું અને સ્વાદે ઓછી તીખાશવાળું એક જાતનું લાલ મરચું. તે ફૂલેલ, પોલું ને ભરાઉ હોય છે.

ઘોલર ઘાલવું = એક તરફ અળગું રાખવું; છૂટું રાખવું.

ઘોલરા સ્ત્રી. ઘોડાની લગામને મોઢે સૂતરથી પાડેલ ગાંઠ.

ઘોલરી ૧. સ્ત્રી. કેડિયાને કાંઠે ભરવામાં આવતી વાંકીચૂંકી દોરી.

૨. સ્ત્રી. સોયરો રાખવાની શીશી.

ઘોલરૂં ન. સોયરો રાખવાની શીશી.

ઘોલવટક [સં.] ન. દહીંવડું.

ઘોલવડું (ઘોલવડુ઼ં) ન. (જૂ. ગુ.) દહીંમાં આથેલું વડું.

ઘોલવડાં નિ વયગણ જાણિ. લાવણ્યસમય

ઘોલવું ન. માછીની જાળ નાખી રાખવાનો થાંભલો.

ઘોલા ૧. સ્ત્રી. એક જાતની માછલી.

૨. સ્ત્રી. ભાંગ કે અફીણમાંથી બનાવેલી કેફી વસ્તુ.

ઘોલિદંગ (ઘ઼ોલિદંગ) ૧. [ફા.] વિ. તોફાની; બળવાખોર.

૨. વિ. મજબૂત; જાડું.

ઘોલિયો પું. વગર નોતરે જમવા જનાર માણસ.

ઘોલી ૧. સ્ત્રી. એક જાતની વેલ; ખરખોડીની વેલ. તેના પાનની ભાજી થાય છે. એના વેલા ઘણું કરીને બારે માસ થાય છે. તેનાં પાન પાંચખૂણિયાં જાડાં રસભર્યાં હોય છે. તેને ધોળાં ફૂલ થાય છે. ફળ લીસાં લંબગોળ રાતાં હોય છે. એનાં મૂળ કંદ જેવાં હોય છે. તેમાં કડવી અને મીઠી એમ બે જાત છે. તેનો વેલો આઠ દશ વર્ષ સુધી રહે છે. ભાજી સ્વાદે સારી અને પથ્યકર છે અને તે શીતળ, મધુર, ગ્રાહક, તૂરી, કડવી, પાકકાળે તીખી તથા વાતુલ છે અને કફ તથા પિત્તનો નાશ કરે છે. તેના વધારે પડતા સેવનથી જીભે જડત્વ આવે છે. તે મધુર, શીતળ, કફ અને ઊલટી કરનારી, તેમ જ ક્ષય, શ્વાસ, કમળો, પિત્તશોથ, રક્તવિકાર, વિષદોષ, ઉધરસ, રક્તપિત્ત તથા તાવ મટાડે છે.

૨. સ્ત્રી. ખિલોડી; ટીંડોરાનો વેલો.

ઘોલીકા ૧. સ્ત્રી. લૂણીની ભાજી. તે રસદાર તથા ચીકણી હોય છે.

૨. ન. એક જાતનું ઝાડ. એની ગોળાકાર પાંદડી રતાશ ઉપર હોય છે. એના દીંડવામાં કાળા રંગનાં બીજ હોય છે. ઘોલીકાની બે જાત છે. એનાં ફળ બેથી અઢી આંગળ મોટાં હોય છે. એનું શાક થાય છે.

ઘોલું ૧. ન. આડખીલી; ડખલ; ફાંસ.

૨. ન. ખૂણો.

૩. ન. ઝોલું.

૪. [સં. તુંડી; પ્રા. ગોહલું] ન. ટીંડોરૂં; ઘોલીનું ફળ; ઘિલોડું.

૫. વિ. બહુ જ લાલ.

૬. વિ. મૂર્ખ.

ઘોલૈયું વિ. વગર તેડે કે વગર નોતરે જમવા જનારૂં; વગર આમંત્રણે જમવા જનાર.

ઘોલૈયા મહાજનને બે પતરાળી = મફતનું જમવું ને તોફાન કરવું.

ઘોલૈયો પું. વગર નોતરે જમવા જનાર માણસ.

ઘોલ્યું ન. ખસ્સી કરેલો તાંનો ઉમરમાં નહિ આવેલો બળદ.

ઘોલ્યો પું. ઊછરતો અણપલોટ બળદ.

ઘોલ્લીઓ જુઓ ઘોલૈયો.

ઘોલ્લું વિ. વગર બોલાવ્યું પારકી વાતમાં માથું મારનારૂં; પારકો પંચાતમાં હાથ ઘાલનારૂં.

ઘોલ્લૈયું જુઓ ઘોલ્લું.

ઘોલ્લો ૧. પું. ખસી કરેલો વાછડો.

૨. પું. દિવાળીનો ઘોડો; એક જાતની ચકલી.

૩. પું. નાના બાળક માટેનું એક જાતનું ઘોડિયું.

૪. પું. મકાનમાં બારસાખની બંને બાજુની દીવાલમાં રહેતા લાકડાના છેડા માંહેનો દરેક.

૫. પું. વગર નોતરે જમવા જનારો માણસ; ઘોલ્લીઓ.

૬. વિ. પું. બીજાની પંચાતમાં માથું મારવું.

ઘોવ સ્ત્રી. એક જાતનું પ્રાણી; પાટલાઘો.

ઘોશૂહો પું. (જરથોસ્તી) ઘી.

ઘોષ ૧. [સં.] પું. અઘાડો નામની વનસ્પતિ.

૨. પું. અવાજ; ધ્વનિ; સ્વર; શબ્દ; ઉચ્ચાર.

ઘોષ જવું = વહાણનું કતરાતે પવને જવું.

૩. પું. આહીરનું ઝૂંપડું; આહીરપલ્લી; ભરવાડનો નેસ; ગોવાળિયાનું રહેઠાણ.

૪. પું. કિનારો; તટ.

૫. પું. ગાય અને ભેંસવાળો પ્રદેશ; ગોકુળ; વ્રજભૂમિ.

૬. પું. ગાયોનો સમુદાય; ગાયનું ધણ.

૭. પું. ગોખવું તે; મોઢે કરવું તે.

૮. પું. ગોવાળ; ભરવાડ.

૯. પું. ઘોડાને બાંધવાનું ઠેકાણું; તબેલો.

૧૦. પું. ઘોષણા; ઢંઢેરો; જાહેરાત.

૧૧. પું. મચ્છર.

૧૨. પું. (વ્યાકરણ) મૃદુ વ્યંજનના ઉચ્ચારણનો બાહ્ય પ્રયત્ન.

૧૩. પું. મૌર્ય વંશની અંદર શુંગ વંશમાં થયેલ પુલિંદ રાજાનો એ નામનો પુત્ર. એનો પુત્ર વજ્રમિત્ર તે વંશનો છઠ્ઠો રાજા હતો.

૧૪. પું. (પુરાણ) વૈવસ્વત મન્વન્તરના ધર્મ ઋષિને લંબા નામની સ્ત્રીને પેટે થયેલો એ નામનો એક દીકરો.

૧૫. પું. વ્યાકરણપ્રસિદ્ધ એક જાતનો અક્ષર; કોમળ કે મૃદુ વ્યંજન; ગ, જ, ડ, દ, બ, ઘ, ઝ, ઢ, ધ, ભ, ઙ, ઞ, ણ, ન, મ, ય, ર, લ, વ, હ માંહેનો દરેક અક્ષર.

૧૬. સ્ત્રી. ગૌશાળા.

૧૭. સ્ત્રી. બંગાળમાં આવેલા કાયસ્થોની એ નામની એક અટક.

૧૮. ન. એ નામની અટકનું માણસ.

૧૯. ન. એક જાતની ઉપધાતુ; કાંસું.

૨૦. વિ. એ નામની અટકનું.

૨૧. વિ. કોમળ; મૃદુ.

ઘોષક ૧. પું. થાળી પીરસનાર માણસ.

૨. ન. એક જાતની હલકી ધાતુ; કાંસું.

૩. ન. તૂરિયું; ઘીસોડું.

૪. [સં.] વિ. ગોખનાર; મોઢે કરનાર.

૫. વિ. જાહેર કરનાર; ઢંઢેરો પીટનાર.

૬. વિ. ભરવાડના નેસમાં હોનાર કે થનાર.

ઘોષકાકૃતિ [સં.] પું. એ નામનો એક વેલો.

ઘોષણ ૧. [સં.] ન. જાહેરાત; જાહેરનામું; ઢંઢેરો; દાંડી પીટવી તે.

૨. ન. પોકાર; બુમાટો.

૩. ન. શબ્દ; અવાજ.

ઘોષણપત્ર [સં.] ન. જાહેરાત; જાહેરખબર; જાહેરનામું.

ઘોષણા જુઓ ઘોષણ.

ઘોષણાપત્ર [સં.] ન. જાહેરનામું; વિજ્ઞપ્તિ; ઢંઢેરો.

ઘોષપાશુપત પું. દશમા સૈકામાં આર્યાવર્તમાં વર્તતો એક ધર્મ.

ઘોષપ્રસારક [સં.] ન. અવાજને ફેલાવનારૂં યંત્ર.

ઘોષયાત્રા [સં.] સ્ત્રી. ગાય, ભેંસ, બળદ, આખલા વગેરે રાજ્યપશુઓની તપાસણી કરવાની મુસાફરી.

ઘોષલતા [સં.] સ્ત્રી. એક જાતની કડવી વેલ.

ઘોષવતી ૧. [સં.] સ્ત્રી. વરિયાળી. તે ગમે ત્યાં હોય પણ પોતાની ગંધ જાહેર કરે છે.

૨. સ્ત્રી. વામને જ્યારે બલિ પાસે ત્રણ પગલાં જમીન માગી તે સમયે તેને દેવોએ આપેલ એ નામની વીણા.

૩. સ્ત્રી. વીણા; સારંગી.

૪. વિ. સ્ત્રી. અવાજ કરતી.

ઘોષવિક્રય [સં.] પું. હરરાજી; લીલામ.

ઘોષવ્યંજન જુઓ ઘોષ ૧૫.

ઘોષા ૧. [સં] સ્ત્રી. (પુરાણ) કક્ષીવતની એ નામની એક દીકરી. તેને પતરોગ લાગુ પડ્યો હતો, તેથી પરણવાને લાયક હતી નહિ. જ્યારે તે મોટી થઈ, ત્યારે અશ્વિનીકુમારે તેને તંદુરસ્તી, જુવાની અને સ્વરૂપ આપ્યું, તેથી તે પરણી શકી.

૨. સ્ત્રી. કાકડાશીંગી.

૩. સ્ત્રી. તૂરિયું.

૪. સ્ત્રી. મધુરિકા; વરિયાળી.

૫. સ્ત્રી. વાવડિંગ.

૬. સ્ત્રી. વેદકાળની મંત્રદષ્ટ્રી સ્ત્રી ઋષિ.

૭. સ્ત્રી. શતપુષ્પી.

૮. સ્ત્રી. સુવાની ભાજી.

ઘોષાકાક્ષીવતી સ્ત્રી. એ નામની ઋગ્વેદમાં જણાવેલ એક સ્ત્રી ઋષિ. તેણે દશમા મંડલનાં ૩૯-૪૦ સૂક્તો રચ્યાં છે.

ઘોષાતકી સ્ત્રી. તૂરિયાની વેલ.

ઘોષાલ ૧. સ્ત્રી. બંગાળી બ્રાહ્મણની એ નામની એક અટક.

૨. ન. એ નામની અટકનું માણસ.

૩. વિ. એ નામની અટકનું.

ઘોષાવતી સ્ત્રી. (સંગીત) મંદ્ર સ્થાનીય બાવીશ માંહેની તેરમી શ્રુતિ.

ઘોષિણી સ્ત્રી. અનાહત નાદના બાર માંહેનો એક ભેદ.

ઘોષિત [સં.] વિ. જાહેર કરેલ; સાદ પડાવેલ.

ઘોષિતક્ષેત્ર [સં.] ન. જાહેર કરાયેલો વિસ્તાર.

ઘોષિતપ્રદેશ જુઓ ઘોષિતક્ષેત્ર.

ઘોષિતમૂલ્ય [સં.] ન. જાહેર રીતે નક્કી કરેલ કીમત.

ઘોષિતલાભ [સં.] પું. જાહેર કરેલો નફો.

ઘોષિતલાભાંશ જુઓ ઘોષિતલાભ.

ઘોસપરોણો પું. નકામી કનડગત.

ઘોસલો પું. પક્ષીનો માળો.

ઘોસાતક ન. એક જાતનું શાક; ઘિસોડું.

ઘોસી ૧. [હિં.] પું. આહીર મટી મુસલમાન થઈ ગયેલ માણસ.

૨. પું. દૂધ વેચનાર માણસ.

૩. પું. ભરવાડ; ગોવાળ.

ઘોસું ન. ખાવાની એક વાની; વડું.

ઘોસો ૧. પું. આડોઅવળો પડેલો સામાન.

ઘોસો ઘાલવો = મૂંઝવણ થવી; અડચણ પડવી.

૨. પું. કંકાસ; કજિયો.

૩. પું. કુસંપ.

૪. પું. ઘાટું ઝાડ.

૫. પું. રીસનો ધૂંધવાટ.

૬. પું. વરસાદનો ઘટાટોપ.

ઘોહ સ્ત્રી. ચંદનઘો; પાટલાઘો.

ઘોહો ૧. પું. કચરો.

૨. પું. વાદળાંનો જથ્થો; વાદળાંનો જમાવ; ડામાડોળ.

૩. વિ. પું. મૂર્ખ; બુદ્ધિ વગરનો.

ઘોળ ૧. પું. અંધેર; અરાજકતા.

૨. પું. ઘોળાય તે; શું કરવું ને શું નહિ એ કંઈ સૂઝે નહિ તે; ગૂંચવણ; ગભરાટ; વધરો.

૧. ઘોળ ઘાલવો = (૧) ગરબડગોટા વાળવા. (૨) પંચાત કે ડખલ આણવી.

૨. ઘોળ પડવો = વાંધો આણવો; અડચણ થવી.

૩. પું. જથ્થો; ટોળું; વાડો; તડ.

૪. પું. રાજાને માથેથી ઉતારી તેને ધરેલી રકમ. આ રકમ ધરમાદામાં વાપરવાથી રાજાનું પુણ્ય વધે અને તેનાં દુઃખ દૂર થાય એવી શુભેચ્છાથી તે ધરવામાં આવે છે.

૫. પું. વાદવિવાદ.

૬. ન. કેરીનું ઘોળિયું.

ઘોળચો પું. લોટો.

ઘોળછંટાઈ સ્ત્રી. મુસલમાનોમાં લગ્ન પ્રસંગે ચંદન ઘોળીને છાંટવાની એક ક્રિયા.

ઘોળવું ૧. ન. અફીણથી બનાવેલો માદક પદાર્થ.

૨. ન. ભડકું; રાબડી.

૩. ન. મિશ્રણ; સેળભેળ.

૪. ન. હાથે ભાંગીને કરેલી જાડી છાશ; તાજું ભાંગેલું દહીં.

૫. સ. ક્રિ. આમથી તેમ અને તેમથી આમ જાય એમ કરવું; જોરથી હલાવવું; ફેરવવું; ઘૂમડવું.

૬. સ. ક્રિ. એકનો એક વિચાર કર્યા કરવો.

૭. સ. ક્રિ. ઘૂંટવું; મેળવવું; મર્દન કરવું; વાટીને ભેળવવું; ઓગાળવું.

૮. સ. ક્રિ. ચકચાર ચલાવવી; ચર્ચવું; ચૂંથવું.

૯. સ. ક્રિ. ચોળી ચોળીને નરમ કે ઢીલું કરવું; ફરતેથી દાબીને નરમ કરવું.

ઘોળીને પી જવું = (૧) કશી ગણતરીમાં નહિ ગણવું; બેદરકાર રહેવું; ન લેખવવું. (૨) દવા કે ગોળીને પાણીમાં ઓગાળીને ચોળીને પી જવી.

૧૦. સ. ક્રિ. ઢોરને સીમમાં હાંકી જવાં.

૧૧. સ. ક્રિ. ફીદા થવું; વારી જવું.

ઘોળવો ૧. પું. એક જાતના ઘાટનો કળશો; લોટો.

૨. પું. તાંબા પિત્તળનો નાનો ઘડો.

ઘોળંઘોળ સ્ત્રી. ગડમથલ; સંકલ્પવિકલ્પ; મૂંઝવણ.

ઘોળાઘોળ જુઓ ઘોળાઘોળી.

ઘોળાઘોળી ૧. સ્ત્રી. ખૂબ ઘોળવું તે.

૨. સ્ત્રી. ઘોળાઘોળ કરવી તે; ચકચાર; શું કરવું ને શું નહિ તેને લગતી ચર્ચા; મનમાં વિચાર કર્યા કરવો તે; મનની અનિશ્ચિત સ્થિતિ.

ઘોળાવવું ૧. સ. ક્રિ. ઘોળાય એમ કરાવવું.

૨. સ. ક્રિ. ચર્ચાવવું; ચૂંથાવવું.

૩. સ. ક્રિ. ચોળાવવું.

ઘોળાવું ૧. અ. ક્રિ. અમુક હદમાં આમતેમ આઘુંપાછું થવું; અંદર અને અંદર ગોળ આમથી તેમ અને તેમથી આમ થયા કરવું.

૨. અ. ક્રિ. ચર્ચાવું; ચૂંથાવું.

૩. અ. ક્રિ. ચોળાઈને નરમ થવું; વલોવાવું.

ઘોળાયા કરવું = (૧) મનમાં એક ને એક વાત આવ્યા કરવી. (૨) વખત ગાળવો; ખોટી થવું.

ઘોળ્યું ૧. વિ. ઘોળેલું; ઘૂંટેલું.

૨. અ. હશે; રહ્યું; બળ્યું; મૂઉં; છોને.

ઘોળ્યું કરવું = જતું કરવું; તજી દેવું.

ઘોંક ૧. પું. ખાંચો; વાંક.

૨. ન. એક જાતનું પક્ષી.

ઘોંકડું (ઘોંકડું) ૧. ન. આડચ; મકાનનો ખાંચવાળો ભાગ.

૨. ન. ઊંડી અને સાંકડી વાંકીચૂકી જગા.

ઘોંકવું ૧. અ. ક્રિ. કોણી મારવી; ગોદો મારવો.

૨. અ. ક્રિ. જોખવું; તોળવું.

૩. અ. ક્રિ. ભોંકવું; ઘોંચવું.

ઘોંકારિયું ન. કોઈના ઉપર ગુસ્સે થઈને દાંતિયાં કરવાં તે.

ઘોંકાવવું સ. ક્રિ. ભોંકવું; ઘોંચવું.

ઘોંકી સ્ત્રી. ઘોંક પક્ષીની માદા.

ઘોંકો ૧. પું. કોણીનો ગોદો; ઠોંસો.

૨. પું. મુક્કો.

ઘોંગડી (ઘોંગડી) સ્ત્રી. કામળી; ધાબળી.

ઘોંગા ૧. ન. અણીવાળું શંખલું.

૨. ન. એક જાતની બે છીપવાળી માછલી.

૩. ન. છીપ.

ઘોંઘા ૧. ન. આઠ પગવાળું શંખના જેવું પાણીનું એક જીવડું. તેને બે પડની બનેલી, બહારથી સમ મિતિવાળી. ચક્રાકાર ખાનાવાળી છીપ હોય છે. તે મુખ્યત્વે કરીને ઊંડા પાણીમાં રહે છે. તેનો આકાર ચક્કરદાર અને મોઢું ગોળ હોય છે. તે ઉઘાડબીડ થઈ શકે છે. તેનો ઉપરનો અસ્થિકોશ શંખ કરતાં બહુ પાતળો હોય છે. વૈદકમાં તેનું માંસ મધુર અને પિત્તનાશક મનાય છે.

૨. વિ. મૂર્ખ; જડ; બેવકૂફ.

ઘોંઘાટ પું. કલબલ; કળકળાણ; ભેગો થયેલો મોટો અવાજ; શોરબકોર; બુમરાણ; ગરબડાટ.

ઘોંઘાટ મચાવવો = પોકાર કરી મૂકવો.

ઘોંઘી સ્ત્રી. ધાબળાને છેડે ગાંઠ બાંધીને વરસાદથી રક્ષણ મેળવવા કરેલી કૂંચલી.

ઘોંચ ૧. સ્ત્રી. ઘોંચાયાથી પડેલો ખાડો અથવા ગોળ ઘા.

૨. સ્ત્રી. ચીલામાં ગાડાની અવરજવરથી પડેલો ઊંડો ખાડો.

૩. સ્ત્રી. નુકસાન.

ઘોંચપરોણી ૧. સ્ત્રી. આડખીલી; નડતર; અડચણ.

૨. સ્ત્રી. હેરાન કરવું તે.

ઘોંચપરોણો ૧. પું. ઘાલમેલ; ડખલગીરી.

૨. પું. વારંવાર હેરાન કરવું તે; ટોકણી.

૩. પું. વારેવારે પરોણો ભોંકવો તે.

ઘોંચવું સ. ક્રિ. જોરથી ઘાલવું; દાખલ કરવું; પેસારવું; ભોંકવું.

જમનાને લેતું'તું કોણ; એનો બાપ ઘોંચી ગયો ત્યારે શું કરિયે? નર્મકોશ

ઘોંચાઘોંચી સ્ત્રી. ઘોંચવાની વારંવાર થતી ક્રિયા.

ઘોંચાટવું સ. ક્રિ. વારંવાર ઘોંચવું.

ઘોંચાડવું (ઘોંચાડવું) ૧. સ. ક્રિ. ઇચ્છા વિરુદ્ધ કન્યા આપવી.

૨. સ. ક્રિ. ઘોંચવું; ભોંકવું.

૩. સ. ક્રિ. મરજી નહિ છતાં સુવડાવી દેવું.

ઘોંચાવું અ. ક્રિ. ભોંકાવું.

ઘોંટ ૧. ન. ગટગટાવી જવું તે; ઘૂંટડો.

૨. ન. ગોકણ.

૩. ન. સોપારીનું ઝાડ.

ઘોંટલો પું. થોડી વાર ઊંઘવું તે.

ઘોંટવું અ. ક્રિ. ઊંઘવું; નિદ્રામાં પડવું; ઘોરવું; સૂઈ જવું.

ઘોંટા ૧. [સં.] સ્ત્રી. બોરડીનું ઝાડ.
૨. સ્ત્રી. સાગનું ઝાડ.
૩. સ્ત્રી. સોપારીનું ઝાડ.
૪. ન. બોર.

ઘોંટાડવું (ઘોંટાડ઼વું) સ. ક્રિ. સુવડાવી દેવું.

ઘોંટાફલ ન. સોપારી; ફોફળ.

ઘોંટાવું અ. ક્રિ. ઊંઘવું; નિદ્રા લેવી; ઊંઘી જવું.

ઘોંટાળો પું. ગરબડ; ગૂંચવણ; ગોટાળો.

ઘોંટી સ્ત્રી. એક જાતનો છોડ. તેનાં પાન નાનાં ગોળ હોય છે. તેનાં બોર જેવડાં ફળને રાનબોર કહે છે. તે કમળો, રક્તદોષ, સોજો, કફ, વ્રણ, કોઢ, ખરજ, ત્વચા રોગ, વાયુ અને પિત્તનો નાશ કરનાર મનાય છે. નવા જન્મેલા બાળકને પેટ સાફ કરવાને ઘૂંટીને રેચક તરીકે તે પાવામાં આવે છે.

ઘોંણ પું. ઘણ; મોટો હથોડો.

ઘોંભિયા પું. (બૌદ્ધ) ચોરાશી માંહેનો એ નામનો એક સિદ્ધ.

ઘોંશ સ્ત્રી. ઘરમાં ચાલતો છાનો કજિયો.

ઘોંશપરોણો જુઓ ઘોંચપરોણો.

ઘોંસટો પું. અવાજ; ઘોંઘાટ.

ઘોંસવું અ. ક્રિ. દાબીને નાખવું; ખોસવું.

ઘોંસા સ્ત્રી. છત્રીશ માહેનું એક વાજિંત્ર.

ઘોંસો પું. ઘા; પ્રહાર; થાપ.

ઘૌઘા (ઘ઼ૌઘ઼ા) ૧. [ફા.] પું. અવાજ; ગડબડ; ઘોંઘાટ.
૨. પું. બળવો; બંડ.

ઘૌઝ (ઘ઼ૌઝ) [અ.] સ્ત્રી. ગપાટો; ખોટી વાતચીત.

ઘૌઝિયા (ઘ઼ૌઝિયા) [અ.] વિ. ગપાટા મારનાર.

ઘૌડ (ઘૌડ઼) [હિં.] સ્ત્રી. દ્રાક્ષ, ખજૂર કે કેળાંની લૂમ.

ઘૌર ૧. પું. એ નામનો ઋગ્વેદમાં જણાવેલ એક ઋષિ. તેણે પહેલા મંડલનાં ૩૪-૩૬ સૂક્ત રચ્યાં છે.
૨. પું. બારીક ધ્યાન; લક્ષ.
૩. (ઘ઼ૌર) [અ.] પું. વિચાર; મનન.
૪. [સં.] ન. ક્રૂરતા; નિર્દયતા.

ઘૌરકાણ્વ પું. એ નામનો ઋગ્વેદમાં જણાવેલ એક ઋષિ. તેણે આઠમા મંડલના પહેલા સૂક્તની પહેલી બે ઋચા બનાવી છે.

ઘૌરપદખ્તી (ઘ઼ૌરપદખ્તી) [અ.] સ્ત્રી. ઉછેરવું તે; પોષણ.

ઘૌસ (ઘ઼ૌસ) ૧. [અ.] પું. મુસલમાન ફકીરનો એક ખિતાબ. તેની ભક્તિ એવી ખંતવાળી હોય છે કે ભક્તિમાં માથું અને અવયવ જુદાં પડે છે.
૨. ન. એક જાતનું નોબતને મળતું હસ્તવાજિંત્ર.

ઘૌસિયત (ઘ઼ૌસિયત) [અ.] ન. ભક્ત હોવાપણું.

ઘૌંગચી ૧. [હિં.] સ્ત્રી. ચણોઠી.
૨. સ્ત્રી. માછલી.

ઘૌંગા ૧. [હિં.] પું. અણીવાળું શંખલું.
૨. પું. એક જાતની બે છીપવાળી માછલી.

ઘૌંચી [હિં.] સ્ત્રી. પ્રાણીઓના પગથી પડેલ ખાડો.

ઘ્ન [સં. હન્] વિ. હણનાર; મારનાર; નાશ કરનાર. તે શબ્દને છેડે આવવાથી તેનો અર્થ નાશ કરનાર થાય છે. જેમકે, કૃતઘ્ન; વાતઘ્ન; શત્રુઘ્ન; કફઘ્ન.

ઘ્રતલા ન. ઘી; ઘૃત.

ઘ્રતિ [સં.] સ્ત્રી. નાક; નાસિકા; સૂંઘવાની ઇંદ્રિય.

ઘ્રવતલ પું. સંતોષ; તૃપ્તિ.

ઘ્રા [સં.] સ. ક્રિ. (ધાતુ) વાસ લેવી; સુગંધ લેવી; સૂંઘવું. તે ઉપરથી નીકળેલ શબ્દ: ઘ્રાણ, ઘ્રાણેંદ્રિય, ઘ્રાતિ.

ઘ્રાણ ૧. પું. ઘોડાનો એક રોગ.
૨. [સં.] ન. ઉચ્ચારના આઠ માંહેનું એક સ્થાનક; નાક.
૩. ન. ગંધ; વાસ.
૪. ન. (તાંત્રિક) છત્રીશ માંહેનું એ નામનું એકવીશમું તત્ત્વ.
૫. ન. પૃથ્વીથી ઊપજતાં પંચતત્ત્વ પૈકીનું એક તત્ત્વ.
૬. ન. સૂંઘવાની શક્તિ.
૭. ન. સોળ માંહેનો એક વિકાર. જુઓ વિકાર.
૮. વિ. સૂંઘેલું.

ઘ્રાણકલા [સં.] સ્ત્રી. નાકની અંદર આવેલી શ્લેષ્મ કલા.

ઘ્રાણગ્રહણ ૧. [સં.] ન. નાક પકડવું તે.
૨. ન. પ્રાણાયામ; શ્વાસ ખેંચવો તે.

ઘ્રાણજ [સં.] વિ. નાસિકાથી થનારું.

ઘ્રાણજન્ય [સં.] વિ. સૂંઘવાથી જાણી શકાય એવું.

ઘ્રાણતર્પણ [સં.] પું. સુગંધી; સુગંધ.

ઘ્રાણતંતુ પું. મગજને ગંધના સંદેશા પહોંચાડનાર જ્ઞાનતંતુ.

ઘ્રાણદુ:ખદા [સં.] સ્ત્રી. છીંક.

ઘ્રાણપથ [સં.] પું. નાકનાં આગલાં છિદ્રોથી છેક ગળામાં ઊઘડતાં પાછલાં છિદ્રો સુધીનો માર્ગ.

ઘ્રાણપરીક્ષા [સં.] સ્ત્રી. સૂંઘવાથી થતી કસોટી.

ઘ્રાણવિવર [સં.] ન. નાકનાં આગલાં છિદ્ર માંહેનું દરેક.

ઘ્રાણશક્તિ [સં.] સ્ત્રી. સૂંઘવાની શક્તિ.

ઘ્રાણાયતન [સં.] ન. બૌદ્ધ મત પ્રમાણે જ્ઞાન સંચારના બાર માંહેનું એ નામનું એક સ્થાન.

ઘ્રાણાંકુર [સં.] પું. નાકમાં ઊગતા વાળ.

ઘ્રાણેંદ્રી [સં. ઘ્રાણેંદ્રિય] સ્ત્રી. જે વડે સુગંધ લઈ શકાય તે ઇંદ્રિય; નાસિકા; નાક.

ઘ્રાણેંદ્રિય જુઓ ઘ્રાણેંદ્રી.

ઘ્રાણેંદ્રિયવિજ્ઞાન [સં.] ન. નાક વિષે પૂરતું જ્ઞાન આપનાર શાસ્ત્ર.

ઘ્રાત [સં.] વિ. સૂંઘેલ.

ઘ્રાતવ્ય [સં.] વિ. સૂંઘવા લાયક.

ઘ્રાતા [સં. ઘ્રાતૃ] વિ. સૂંઘનાર.

ઘ્રાતિ ૧. [સં.] સ્ત્રી. નાક; નાસિકા.
૨. સ્ત્રી. વાસ; ગંધ.
૩. સ્ત્રી. સૂંઘવાની ક્રિયા; સૂંઘવું તે.

ઘ્રાતૃ [સં.] વિ. સૂંઘનાર; વાસ લેનાર.

ઘ્રાન [સં. ઘ્રાણ] ન. નાક; નાસિકા.

નાક **ઘ્રાન** ને વાસગૃહ, ગજમુક્તા શોભંત;
શુક ચંચુ સમ શોભતી હેમવાળી ચળકંત.
પિંગળલઘુકોષ

ઘ્રાવું ૧. સ. ક્રિ. ગંધ લેવી; વાસ લેવી; સૂંઘવું.
૨. સ. ક્રિ. ચુંબન કરવું; ચુંબવું.

ઙ

ઙ

ઙ ૧. [સં.] પું. એક ઘોષ વ્યંજન; ગુજરાતી ભાષાના મૂળાક્ષરો માંહેનો સોળમો અને વ્યંજનો માંહેનો પાંચમો કંઠસ્થાની અનુનાસિક વ્યંજન; ક વર્ગનો છેલ્લો બ્યંજન. તે એક સ્પર્શ વ્યંજન છે અને તેનો ઉચ્ચાર કંઠ અને નાસિકાથી થાય છે. ગુજરાતીમાં આ અક્ષરથી શરૂ થતો કોઈ શબ્દ નથી. ઙને કોઈ બ્યંજન જોડવો હોય તો તે ખોડો લખાય છે. જેમકે, પરાઙ્મુખ.

૨. પું. ગંધ; સુગંધ.

૩. પું. ભૈરવ દેવ; શંકર.

૪. પું. વિષય; કામવાસના.

૫. પું. સૂંઘવાની શક્તિ.

૬. પું. સ્પૃહા; ઇચ્છા.

ભગવદ્ગોમંડલ શબ્દ અર્થ ગણતરી

	પૃષ્ઠ	શબ્દ	અર્થ	રૂઢિપ્રયોગ
ક	૧૮૩૫ થી ૨૫૩૫	૨૬૭૧૩	૫૨૧૯૯	૨૩૬૬
ખ	૨૫૩૬ થી ૨૬૯૫	૬૦૫૮	૧૨૪૯૨	૮૭૯
ગ	૨૬૯૬ થી ૨૯૭૯	૧૦૪૫૭	૨૦૪૦૪	૭૫૫
ઘ	૨૯૮૦ થી ૩૦૫૮	૨૭૯૬	૫૪૯૯	૬૧૪
ઙ	૩૦૫૯	૧	૬	૦
		૪૬૦૨૫	૯૦૬૦૦	૪૬૧૪

શ્રી ભગવતસિંહજી વિદ્યુત મુદ્રણાલય-ગોંડલ

STOCK VERIFY
2020
G.K.V. Library